ભગવદ્ગોમંડલ

અ

અ ૧. [સં.] પું. અક્ષરો માંહેનો એ નામનો એક સંસ્કૃત અને ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો પહેલો હ્રસ્વ સ્વર અક્ષર; પ્રકૃત એટલે બીજભૂત સ્વર, જેમાંથી બીજા સ્વર ઉત્પન્ન થાય છે; બારે સ્વરની ઉત્પત્તિનો મૂળ સ્વર; પ્રકૃતિભૂત સ્વર; ઉચ્ચારમાળાનો આદિભૂત ઉચ્ચાર. તેનો ઉચ્ચાર મોઢું થોડું ઉઘાડી શ્વાસ મૂકવાથી થાય છે અને તેમાં શ્વાસને કાંઈ રોકવાપણું ન હોઈને તે બધે તેટલો હળવાથી સહાય છે. અન્ય વર્ણની મદદ વગર તેનો ઉચ્ચાર થતો હોવાથી તે સ્વર કહેવાય છે. તેનો ઉચ્ચાર કરવામાં મોઢાના કોઈ ભાગનો ઉપયોગ થતો નથી, પણ તેનો અવાજ કંઠમાંથી નીકળે છે, તેથી તે કંઠ્ય કહેવાય છે. વ્યંજનોનો પૂરો ઉચ્ચાર એની સહાયતા વિના થઈ શકતો નથી. બોલવામાં એ સૌથી સહેલો છે તેટલા માટે બીજી જાણીતી ભાષામાં પણ તેને મળતો અક્ષર પહેલો મુકાય છે. અક્ષરોમાં એ સર્વથી શ્રેષ્ઠ મનાય છે. ઉપનિષદોમાં એનો ઘણો મહિમા વર્ણવ્યો છે અને ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે અક્ષરોમાં હું અ છું.

આ અક્ષરનાં સર્વે જૂનાં સ્વરૂપો અશોકના શિલાલેખમાંથી મળી આવે છે. અશોકના સમયમાં એટલે ઈ.સ. પૂર્વે ત્રીજા શતકમાં અનું સ્વરૂપ જુદા પ્રકારનું હતું. ત્યાર પછી તે હાલના સ્વરૂપમાં બદાયો તે પહેલાં તેને ઘણી અવસ્થામાં પસાર થવું પડ્યું છે.

પ્રથમ વ્યાપાર કંઠ્યવિધાન, જેણે કરીને અકાર પ્રગટ્યો. બીજો વ્યાપાર સ્થાનાંતરવિધાન. તેની પ્રવૃત્તિ થકાર ઉકારના આવિર્ભાવમાં મનોગોચર થાય છે. ત્રીજો વ્યાપાર વિલંબનવિધાન, જેથી હ્રસ્વ સ્વરના દીર્ઘ સ્વર આ ઈ ઊ નીપજે છે. ચોથો વ્યાપાર ગુણવૃદ્ધિવિધાન, જેનું કાર્ય એ ઓ ઔ ઔ છે. પાંચમો વ્યાપાર વિશ્લેષવિધાન, જેને લીધે એ (અૅ) ઓ (ઑ) ઉદ્ભવે છે. આ રીતે અકારનો ઇ ઉ સાથે, આ બધાનો આ ઈ ઊ સાથે, એમનો પાછળ એ ઓ ઔ ઔ સાથે અને એમાંના સંવૃત એ ઓ નો વિવૃત્ત એ (અૅ) ઓ (ઑ) સાથે સંબંધ ધ્યાનમાં લેવું તો સાંખ્ય શાસ્ત્રમાં નિરૂપિત સૃષ્ટિના આવિર્ભાવના જેવી એક તરેહની અવિચ્છિન્ન સૃંખલા અથવા પરંપરા પ્રતીત થાય છે.

કેશવ હર્ષદ

આ અક્ષરની વિશિષ્ટતા એવી છે કે ગુજરાતી કોઈ પણ શબ્દને છેડે તે આવતો નથી.

શબ્દને છેડે વ્યંજન સાથે અ આવતાં તેનો પૂરો ઉચ્ચાર નથી થતો, તેથી તેને અર્ધસ્વર કે અંતસ્થ સ્વર પણ કહે છે. તેના પછી બીજો કોઈ પણ સ્વર આવે તો સંધિ થાય છે. જો અ પછી અ કે આ આવે તો બન્ને મળીને આ, ઇ કે ઈ આવે તો એ, ઉ કે ઊ આવે તો ઓ, ઋ આવે તો અર્, એ કે અૈ આવે તો અૈ, અને ઓ કે ઔ આવે તો ઔ થાય છે. જેમકે દેશ + અભિમાન = દેશાભિમાન, પરમ + આત્મા = પરમાત્મા, પરમ + ઈશ્વર = પરમેશ્વર, પર + ઉપકાર = પરોપકાર, સપ્ત + ઋષિ = સપ્તર્ષિ, એક + એક = એકૈક, ઉત્તમ + ઔષધિ = ઉત્તમૌષધિ.

૨. પું. અગ્નિ, કેમકે તે ઊંચે જનાર છે.

૩. પું. અમૃત; સુધા.

૪. પું. અંગ્રેજી કક્કાનો એ સૂચક અક્ષર.

અ, બ, ક જેવા અક્ષરથી નિર્દેશ દર્શાવવા હોય તો તેની પળ '.' મૂકવામાં આવે છે.

બૃહદ્ વ્યાકરણ

૫. પું. ઈંદ્ર.

૬. પું. એક સૂચક સાંકેતિક અક્ષર.

૭. પું. કીર્તિ; યશ; સ્તુતિ.

૮. પું. કુબેર; ધનદ; ધનાધિપ.

૯. પું. (તાંત્રિક) દેવતા. તંત્રશાસ્ત્ર પ્રમાણે દરેક વર્ણને દેવતારૂપ માન્યો છે; તેમાં કેટલાક દેવ, કેટલાક દેવી ને કેટલાક બન્ને છે. અનું સ્વરૂપ: ત્રિશૂળ, ગદા આદિ આયુધવાળું, આઠ હાથ, ચાર મુખ અને કાચબાના વાહનવાળું સુવર્ણના જેવું ગંભીર શરીર છે.

૧૦. [સં. અવ્ (સતત ફેલાવું)] પું. બ્રહ્મા, તે ઉત્પન્ન કરનાર મનાય છે.

કૌ શબ્દ અ, ઉ અને મ્ નો બનેલો છે અને તેનો અર્થ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ થાય છે.

આરણ્યક

૧૧. પું. લલાટ; કપાળ.

૧૨. [સં. અવ્ (પ્રસરવું)] પું. વાયુ; પવન.

૧૩. પું. વિરાટ પુરુષ.

૧૪. પું. વિષ્ણુ; આશ્રયસ્થાન.

૧૫. [સં. અવ્ (રક્ષણ કરવું)] પું. વિષ્ણુ, કેમકે તે રક્ષણ કરનાર ગણાય છે.

૧૬. પું. શિવ.

૧૭. પું. સરસ્વતી; વાણી.

૧૮. સ્ત્રી. (સંગીત) તાલના મુખ્ય ૭ અંગમાંનું એ નામનું એક વિરામ અંગ. જુઓ તાલ.

અર્ધચંદ્ર, કરજ, અર્ધખિલુક, અર્ધકૂત, અ, આઝ, ધ્રુવ, એકાક્ષર, શિરસ્, ત્રુતિ, અને બીજ વિરામ અંગનાં બીજાં નામો છે.

ગાયનવાદન પાઠમાળા

૧૯. સ્ત્રી. સરખીનું ટૂંકું રૂપ.

૨૦. સ્ત્રી. અર્થમાં વધારો કરનાર પૂર્વગ.

૨૧. સ્ત્રી. અવ્યયનું ટૂંકું રૂપ.

૨૨. સ્ત્રી. નકાર દેખાડનારો પૂર્વગ. તેનો પ્રયોગ જુદી જુદી ૭ રીતે થાય છે: (૧) સાદૃશ્ય એટલે સમાનતા: અબ્રાહ્મણ = બ્રાહ્મણ સિવાય બીજા વર્ણનું બ્રાહ્મણ જેવું જનોઈવાળું માણસ. (૨) અભાવ: અફલ = ફલ રહિત. (૩) અન્યત્વ એટલે ભિન્નતા: અઘટ = ઘટથી ભિન્ન પટ વગેરે. (૪) અલ્પતા એટલે ઓછપ: અનુદરી કન્યા = કૃશોદરી કન્યા. (૫) અપ્રાશસ્ત્ય એટલે નિંદિતપણું: અધન = અરાળ ધન. (૬) વિરોધ: અધર્મ = ધર્મથી વિરુદ્ધ આચરણ.

અઃ

આ રીતે સંસ્કૃત ભાષામાં વિશેષણ, વિશેષ્ય તથા ક્રિયાની પહેલાં અ લગાડી વિરુદ્ધ અર્થવાળા શબ્દો બનાવી શકાય છે. કોઈ કોઈ વખત ગુજરાતી ભાષામાં પણ તેવા પ્રયોગ થાય છે, પણ તે બહુધા બંધબેસતા લાગતા નથી. ઉપરના છ પ્રયોગ મહિનો પહેલો પ્રયોગ માત્ર સંસ્કૃત ભાષામાં દૃષ્ટિગોચર થાય છે. બીજો પ્રયોગ ગુજરાતી ભાષામાં બહુ પ્રચલિત છે. બાકીના પ્રયોગ તો ક્યારેક ક્યારેક જ જોવામાં આવે છે.

સ્વરથી આરંભાતા શબ્દની પૂર્વે બહુધે આગમ અનું અન્ અને એ અનનું અણ રૂપ પણ થઈ જાય છે. જેમકે અ + અંત = અન્ + અંત = અનંત; અ + ઉતાર = અન્ + ઉતાર = અનુતાર. પણ કેટલીક વાર જૂના કવિઓ સ્વરથી શરૂ થતા શબ્દ પૂર્વે અ અવિકારી રાખે છે. જેમકે અજરિ; અજાણુ.

૨૩. વ. નિરર્થક વપરાતો પૂર્વગ. જેમકે અબોધ; અસવાર.

૨૪. જા. પાદપૂરક પદ. પાદપૂરક આ સંસ્કૃત અ ઉપરથી થયો છે ને તે અર્વાચીન પદ્યનું પૂર્વરૂપ છે.

જે રામ પૂજી આ ભાવતિ વર્ણસંકર ચિંતામિ.
ભાલણ

૨૫. વ. હર્ષ, શોક, આશ્ચર્ય, દુઃખ વગેરેની બોલાચાલે થતી લાગણી બતાવનાર અવ્યય.

અઅઅઅમ (અઅઅમ) [જ. અઅમ (કે જેટલો હતો)] વિ. ઉત્તમ; બેહદ.

અઅમરિ [સં. અ (નહિ) + અરિ (શત્રુ)] વિ. શત્રુ વગરનું.
અઅમરિ નામને વીસરી વળી વલ્લભ

અઆં ૧. વ. ઓહ; ચેહ્ણ; પ્યે.
આગોનેથી બાલાં કાચબાં,
અઆં વીરોછ આને રે. લોકગીત

૨. વ. પાસેથીનું કેમાડનાર અવ્યય. જેમકે અઆ આવે; અઆ જાય.

અઆઅઅર [સં. અહિ (સર્પ) + વર (શ્રેષ્ઠ)] પું. (ભાગ) એક જાતનો મોટો નાગ; અજગર.

અઆઆર [પ્રા.] પું. ગોહો.
વીણી સહસ્ત્ર માર્યા અઆયાર.
પ્રાચીન

અઆણું વ. કુંવારું.

અઆત ૧. [જ. ઐન] વિ. એનું; ભરેખરું હોય એટલું; ભરોભર.
અઆત જમા; અઆત ખરચ.

૨. વિ. મુખ્ય; ખાસ.

અઆમા [જ.] સ્ત્રી. મુખ્ય શહેનશાહના વખતમાં ધર્મગુરુઓને બક્ષિસ આપાતી જાગીર; ધર્માદા જાગીર.

અઆમાદાર [જ. અઆમા (ધર્માદા જાગીર) + ફા. દાર (વાળું)] વિ. અઆમા અથવા ધર્માદા જાગીરનો ભોગવટો કરનાર.

અઆયાર ૧. [જ. અય્યાર (ઠગારો)] વ. ઠગાઈ; માયકૂડ; લુચ્ચું માણસ.

૨. જ. વેશ બદલવામાં તથા કૂદ અને બરછી તરીકેનું કામ કરવામાં હોશિયાર માણસ.
કુલિનસિંહે ત્યારે અઆયારોને ચોમ ચોપાસ આપી રવાના કર્યા. બહારી બનાર

અઆયારી ૧. [જ. અય્યાર (ઠગારો)] સ્ત્રી. ઠગાઈ; કપટકળા.

૨. સ્ત્રી. બહુરૂપી બનવાની કળા; જુદાં જુદાં રૂપ ધારણ કરવાની હિકમત.
વિજય બાહુસિંહ પાસે આયારી શીખ્યો હતો. બહારી બનાર

અઆયાસી ૧. [જ. ઐયાશી (સુખચેન)] સ્ત્રી. ઐશઆરામ; સુખચેન.

૨. વિ. ચેનચોખીલું.

અઆરાફ જ. (બ્રહ્મલોક) તપોબળવડે પાપ પુણ્ય સરખાં હોય એવા મરી ગયેલ માણસના આત્માને સ્વર્ગ માટે લાયક થતાં સુધી રહેવાની જગ્યા.

અઆરૂ [પ્રા.] વિ. અટકચાળું; તોફાની.

અઆર્યપટ્ટ [સં. આર્યભટ્ટ પહેલાની જેવાં-ગેરવર્ષ] પું. (જ્યોતિષ) તમામ રાજ્ય અથવા સમસ્તને લીધ્યા પછી નાવરની ત્રિયા પ્રકાર કરનારને મળતો એ નામનો એક ખિતાબ.

અઆરાના [સં. એરણ્ડ (રુપ્પા)] સ્ત્રી. ઇચ્છા; મરજી.
હરિ મુને લાગી કેરે મોહીની અઆરાના.
જૂનું

અઆલુવ [પ્રા.] જ. એ નામનું એક જાતનું વાલ.
અઆલુવ સંખ તરાપ ચોસ હિ. પ્રાચીન

અઇઅર [સં. ઐંદ્ર] પું. (જ્યોતિષ) જ્યોતિષશાસ્ત્રના ૨૭ યોગમાંનો ૨૧મો યોગ.

અઇ ૧. જ. આઈ; બાઉલું; અડપ્પુ.

૨. ન. કરડે એવો છવ; છવડું; જંતુ.

૩. જ. ઉપરનિ નિવારવાને કહેવાતું એક બાઈ.

૪. [સં. અહિ (સર્પ)] જ. સાપ જેવું.

૫. વ. 'ઓ' પ્રત્યયનું બહુધા રૂપ. જેમકે ધોડઈ.

અઉઆમાં રૂપ બહુ જ લાંબા કાળ સુધી ટકી રહી છે. સંવત્ ૧૭૦૦ સુધી બાલમાં આવ્યાં હતાં; તે પછી પણ ૪ અને ૫ એમ રૂપ લાંબો વખત સુધી રહ્યાં. સંવત્ ૧૭૫૦ પછી એ અને એ એ રૂપાંતર થયેલાં લાગે છે.
નરસિંહરાવ

અઉપતિય વિ. એક જ.

અઉવાડું (અઉવાડું) ૧. વિ. નાનું.

૨. વિ. બાવરું; બેબાકળું.
અઉવાડું અવળી આવે છે,
કેડમાં સરખાં નેન ન. બાલન

અઉવાણું [સં. અન્ (નહિ) + ઉપાનહ્ (જોડો)] વિ. અડવાણું; ઉઘાડા પગવાળું.

અઉરાબ્બામ સ્ત્રી. (જરથોસ્તી) બળસકે બોલાતી બંદગી.

અઉઠ [સં. અર્ધ (અરધું) + ચતુર્થ (ચોથું)] વિ. (જૂ. ગુ.) સાડાત્રણ; ઓઠ.
અઉઠ હાથનાં હવનાં દેહ. વિમલપ્રબંધ

અઉજાણ ૧. [સં. અ (નહિ) + જ્ઞાન (કજાણ)] જ. દેવું ન હોવાપણું.

૨. વિ. કરજ વગરનું; દેવા વિનાનું.

અઉજાણી [સં. અ (નહિ) + ઋણિન્ (કરજદાર)] વિ. માથે કરજ ન હોય એવું; અનૃણી.
અઉજાણી મુનિ વિચાર બિહમાં શું બગાડે?
પ્રેમાનંદ

અઉ [સં. અવિ (ઘેટું)] જ. અવે; ઓહ; અરે; હે.

અઉધેતરાજ (અઉધેતરાજ) ૧. [જ. અરજ (તેણે અરજ કરી)] પું. દીકરા વાંધો; વિવાદ.

૨. પું. કપટ.

અઉબેવડાઈ સ્ત્રી. (જરથોસ્તી) ઈરાને દુનિયાની સલ્તનતમાં ગેલ કરેલી ગામ. આ ગામથી ૨૮૨ જાતનાં પરંદા-પરંદા જેટલે પશુ-પક્ષી પેદા થયાં હતાં.

અઉબોરોજ (અઉબોરોજ) [પહેલવી] જ. મુસકેશનું ફૂલ.

અઉ ૧. [સં. અઈ (આકરો)] પું. આકરો.

૨. પું. (વ્યાકરણ) કર્તાવાચક કૃત્ પ્રત્યય જેટલે 'નાર'ના અર્થમાં વપરાતો પ્રત્યય. જેમકે ચોપઉ.

૩. પું. (વ્યાકરણ) નારીજાતિનો કૃત્ પ્રત્યય. જેમકે અણઉ; જણઉ; ભોગઉ.
અણઉ, ણી, અઉ, અણુ, અણી, આઉ, આત, આતી, ણુ, આવ, ણ—નારીજાતિના પ્રત્યયો છે.
બૃહદ્ વ્યાકરણ

૪. [સં. અ (નહિ) + ઇ (સુખ)] જ. દુઃખ; પીડા.
ન અઉ તુજને યે કહું. પ્રેમાનંદ

૧. ન. પાપ; પાતક; અઘ.
ન અઘ નામ તો યે સદા પડું. પ્રેમાનંદ
૬. [સં. અક્ (સર્પ પેઠે વેક થઈને ચાલવું)] વિ. દુઃખ ભોગવતાં ચાલતું; વાંકું ચાલતું.

અકથ્યાત ન. અખતર.
અકથ્યાત પડું છે અંગ
દક્ષ આગેલો રાજની સંગ. સામળ

અકદ્ય ૧. પું. હેતુમદ્. માયા વિનાનો હોવાથી તે અકદ્ય કહેવાય છે.
૨. [સં. અ (નહિ) + કદ્ય (કડવું)] વિ. ખોટું; વાણ વિનાનું.

અકદ્મ ૧. [સં. અ (નહિ) + કદ્મ (પણ પામીવાળો રેસ)] પું. પાસીની તાજુવાળો રેસ.
૨. [સં. અ (નહિ) + કદ્મ (મળવી)] વિ. નાગું.
૩. વિ. બલિચારી; કાબરીછું.

અકજ ૧. [સં. અ (નહિ) + પ્રા. કજ્જ (કામ)] વિ. અકામ; નકામું.
૨. વિ. અપંગ.
વાવ પાખ વિના પંખી અકજ. પ્રેમાનંદ
૩. [અ (નહિ) + કજ (ઉપાય)] વિ. ઉપાય વગરનું; નિરુપાય.

અકજો પું. (કચ્છી) રાતો આકડો. જુઓ આકડો.
અકજોનું સંસ્કૃત અર્ક એટલે રાતો આકડો અને અલર્ક એટલે પીળો આકડો.
જયકૃષ્ણ ઉદ્ભટ

અકઠોવિકઠ ૧. [સં. ઊકઠ (તીવ્ર) + વિકટ (મુશ્કેલ)] વિ. અતિ કઠિન; બહુ મુશ્કેલ.
૨. [સં. ઊકઠ (બહું) + વિકટ (અંતર)] વિ. અતિ અંતરવાળું.

અકઠિન [સં. અ (નહિ) + કઠિન (મુશ્કેલ)] વિ. સહેલું.

અકઠોર ૧. [સં. અ (નહિ) + કઠોર (નિર્દય)] વિ. દયાળુ.
૨. [સં. અ (નહિ) + કઠોર (કઠણ)] વિ. નરમ; પોચું.

અકઠોરતા ૧. [સં. અકઠોર (દયાળુ) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. દયા.
૨. સ્ત્રી. નરમાશ.

અકડમ (અકડ્મ) [સં.] ન. (તાંત્રિક) તંત્રશાસ્ત્ર માંહેનું એ નામનું એક ચક્ર. તેમાં લ, ક, ઢ, ત; ણ, ફ, ધ, ઠ વગેરે અક્ષરો લખેલા હોય છે. કોઈ પણ કેવળી સાધના કરતાં પહેલાં તે કેવળી અને સાધકની રાશિ મેળવી પ્રયોગ અરિ, મિત્ર, સિદ્ધ, સાધ્ય કે સુસાધ્ય છે કે નહિ તે જોવા તે વપરાય છે.

અકડબકડિયું (અકડ્બકડિયું) ૧. વિ. અક્કલ હોશી બધે જોયું; બધે તેમ કરીને કામ પાર પાડનાર; કરામતી.
૨. વિ. બુદ્ધિબળથી વગર પૈસે પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવનાર.

અકડબકડ (અકડ્બકડ્) [સં. અકડુ (બરાબર બેઠું) + બાકુલ (બાવું)] સ્ત્રી. બેમેળ; બાબતો; ચિંતા; ચટપટી.
એક વાગ્યો તોય જો કોઈ આવ્યું નહિ એટલે આપણને તો ચામડી ઉપર પ્રમાણે અકડબકડ થવા લાગી. ભરડાખાન

અકડવું (અકડ્વું) ૧. સા.ક્રિ. આખડવું; બાઝવું.
૨. સા.ક્રિ. ઝઘડો કરવો; તોર કરવો.
૩. સા.ક્રિ. ચોટવું; પડવું.
૪. સા.ક્રિ. દુઃખ થવું; બાયાઈ કરવી.

અકડંબકડં (અકડ્મ્બકડં) જ. (આખ) ન સમજાય એવી ગરબડિયા ભેળી.

અકડંમકડં (અકડ્મ્મકડં) જ. (આખ) ગરબડિયા ભેળી.

અકડાઅકડી (અકડાઅકડી) ૧. સ્ત્રી. કોરાકડી; અક્કિનો સમય.
૨. [સં. આર્દ્ર (ભેજવાળું) + વિકૃષ્ટિ (વાવ)] સ્ત્રી. ભેજાભેજ; રસાકસી; અકસાઅકસી; વાદ; કસાકસી; રપર્ધા.
૧. અકડાઅકડી ઉપર આવવું = કસરાઈ કરવી.
૨. અકડાઅકડીનો વખત = કોરાકડીનો વખત; બારીક સમય.
૩. સ્ત્રી. પતરાક્ષ; અર્ચિપત્રું.
૪. સ્ત્રી. ખીલ; મિરડી.

અકડાઈ (અકડાઈ) ૧. [અકડ (બગડવું) + આઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અક્કડપણું; બગડી; ગર્વ.
૨. સ્ત્રી. કાંકડાપણું; બાયાઈ.

અકડાટ (અકડ્ટ) પું. સાંધા રહી જવા તે.

અકડાવું (અકડ્વું) ૧. સા.ક્રિ. અવયવોના સાંધા બરડ થઈ જવા; સાંધાનું રહી જવું; અંગ કામ ન કરવું.
૨. સા.ક્રિ. શ્રમ કે મુશ્કેલીથી થાકી જવું.
૩. સા.ક્રિ. બળકામાં રહેવું.
૪. સા.ક્રિ. બીકમાં દબાવું.
૫. સા.ક્રિ. બગડીમાં રહેવું.

અકડાશ (અકડ્શ) ૧. સ્ત્રી. અક્કડાઈ; દુકારપણું.
૨. સ્ત્રી. બતડાઈ.
૩. સ્ત્રી. કઠણપણું.
૪. સ્ત્રી. ગર્વ; અહંકાર.

અકડીકકડી (અકડીક્કડી) સ્ત્રી. ઓનપીન કાઢીનો બોડો નામની એક રમત. જુઓ ઓનપીન કાઢીનો બોડો.
લાલી અમને અકડીકકડી રમાડે છે.
ત્રિભુવન

અકડું (અકડું) વિ. અક્કડ; અહંકારી; અર્ચિષ્ય.

અકડેઠઠ (અકડેઠ્ઠ) જુઓ અકડેઠું.

અકતો [સં. અ (નહિ) + કૃત (કામ)] પું. કામથી વિરામ પામવાનો દિવસ; વસવાયાં વગેરે કારીગર બોકો પાળે છે તે છૂટી; પાખી; અજૂલો; અજોલો.
૧. અકતો કાંતવું = સમય મળે તેનો લાભ લઈ લેવો. અકતે કાંતું તે આગળ મજૂરે આવે.–કહેવત
૨. અકતો કાંતવો = ઉતાવળને લગતું કામકાજ બંધ રાખવું ને બીજું પરગજુ કામ કરવું.
૩. અકતો પાળવો = કામકાજ બંધ રાખવું.

અકત્તા વિ. સહન ન થઈ શકે એવું.

અકથ્ય ૧. પું. (તાંત્રિક) વર્ણોત્મક નિકાલ. સ્થૂળ–સૂક્ષ્મ સૃષ્ટિનું મૂળ નિકાલ છે. તે સ્થૂળમાં ઉત્પત્તિ સ્થાન રૂપે અકત છે અને સૂક્ષ્મમાં અવ્યક્ત છે. આદિ નિકાલ વર્ણોત્મક માન્યો છે. આ વર્ણોત્મક નિકાલ અકથ નામથી ઓળખાય છે. એ અકથ શબ્દનો પ્રત્યાહારથી બાર શબ્દ બને છે ને તે ઉચ્ચારણે મુકવામાં આવે છે. વર્ણોમાં સ્વર એ શક્તિ છે, વ્યંજન એ ઈશ્વર છે. એક બની નિકાલની મધ્યે રહી વર્ણોનો વિન્યાસ કરે છે એટલે પદ વાક્યાદિની ઉત્પત્તિ થાય છે. એને ઈશ્વરે પોતાનો આત્મા જ માન્યો છે, તેથી અ થી હ સુધીનાથી બનેલા શબ્દો અહં શબ્દથી સૂચવાય છે. આ પ્રમાણે આખો વિશ્વપ્રપંચ શબ્દમાત્ર-બોલવામાત્ર કરે છે. એટલે અહંનો વાસ્તવાર્થ પ્રત્યક્ષ આત્મામાત્ર સ્વરૂપથી રહે છે. એ અર્થતત્ત્વનો નિષ્કર્ષ અર્થ છે.
૨. સ. (સંગીત) અઢારસો વાડવતાનમાંનું એ નામનું એક તાન; પંચમ આમની શુદ્ધ-પ્રકૃત્ય મૂર્છનામાં નિષાદ ઉમેરવાથી થતું એક તાન.
૩. [સં. અ (નહિ) + કથ્ય (કહી શકાય એવું)] વિ. કહી ન શકાય એવું; અકથનીય; અવર્ણનીય.
ના સુવે ઉર આકો, બાકું અકથ જે બાર છું.
નરસિંહરાવ
૪. વિ. નહિ વર્ણવેલું; નહિ કહેલું.

અકથનીય [સં. અ (નહિ) + કથનીય (કહેવા જેવું)] વિ. કહ્યું ન જાય એવું; અવર્ણનીય.

અકથહ [સં.] પ્ર. (તાન્ત્રિક) તંત્રશાસ્ત્ર અંતર્ગત આવેલું એ નામનું એક ચક્ર. જુઓ અકડમ.

અકથિત ૧. વિ. (વ્યાકરણ) ગૌણ.

ગૌણ કર્મને સંસ્કૃતમાં અકથિતકર્મ પણ કહે છે. બૃહદ્ વ્યાકરણ

૨. [સં. અ (નહિ) + કથિત (કહેલું)] વિ. નહિ કહેલું; જેને માટે કહેવામાં ન આવ્યું હોય એવું.

અકથિતકર્મ પ્ર. (વ્યાકરણ) કર્મનો એ નામનો એક પ્રકાર.

ગૌણ કર્મને સંસ્કૃતમાં અકથિતકર્મ પણ કહે છે; કારણ કે વાક્યમાં હોય તો એ કર્મને અન્ય કારકથી પણ દર્શાવી શકાય. બૃહદ્ વ્યાકરણ

અકથ્ય ૧. [સં. અ (નહિ) + કથ્ય (કહી શકાય એવું)] વિ. અકથનીય; અવર્ણનીય; અનિર્વચનીય.

૨. વિ. કહ્યું ન જાય એવું.

અકથ્યકથન ૧. [સં. અકથ્ય (ન કહી શકાય એવું) + કથન (વાત)] પ્ર. છૂપી વાત.

૨. પ્ર. નહિ કહેવા જેવી ખોટી વાત; ગાળ.

અકદ ૧. [અ.] સ્ત્રી. કરાર; પ્રતિજ્ઞા.

૨. સ્ત્રી. ગાંઠ.

૩. સ્ત્રી. સમજણ; સમકરાર.

૪. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે માન્યું આ ધાતુ ઉપરથી એજ્યતકાદ = વિશ્વાસ, અકીદત = ભક્તિ શબ્દો નીકળેલા છે.

અકદનામા ૧. [અ. અકદ (ગાંઠ) + ફા. નામા (લેખ)] પ્ર. સમજણ કરાર.

૨. પ્ર. લિખિત કરાર.

અકદનામું જુઓ અકદનામા.

અકદાના [હિં.] પ્ર. લગ્ન વખતે કન્યાને આપવાનું દ્રવ્યાદિક.

અકનિષ્ઠ ૧. [સં. અક (વેદધર્મખંડનરૂપી કહેવાતું પાપ) + નિક્ષ (ઘસવું)] પું. શુદ્ધ ભગવાન.

૨. જ નીચકર્મ પાળનાર માણસ.

૩. વિ. વેદધર્મ વિરુદ્ધ ઉપદેશ કરનાર.

૪. [સં. અ (નહિ) + કનિષ્ઠ (સૌથી નાનું)] વિ. સૌથી નાનું નહિ એવું; મોટું; વચલું.

૫. [સં. અ (નહિ) + કનિષ્ઠ (સૌથી હલકું)] વિ. સૌથી હલકું નહિ એવું; ઉત્તમ; મધ્યમ.

અકનિષ્ઠક [સં. અકનિષ્ઠ (વેદધર્મખંડન કરનાર) + ક (અર્થમાં)] પું. શુદ્ધ.

અકનિષ્ઠપ ૧. [સં. અકનિષ્ઠ (નીચ) + પ (પાલક)] પું. શુદ્ધ.

૨. [સં. અકનિષ્ઠ (ઉત્તમ કે મધ્યમ) + પ (પાલક)] વિ. ઉત્તમ કે મધ્યમ પાલક.

અકની સ્ત્રી. અખની; સેરવાની સાથે પકાવેલું ચોખાનું જમણ.

અકનુંઅકનું ન. એક જાતનું ઘાસ. રોહણાસનાં મૂળ જેવાં આ ઘાસનાં પાન થાય છે.

અકન્યા [સં. અ (નહિ) + કન્યા] સ્ત્રી. ઋતુકાળમાં આવી ગયેલી કન્યા; તરુણ અવસ્થામાં આવેલી સ્ત્રી.

અકપટ ૧. [સં. અ (નહિ) + કપટ] વ. કપટનો અભાવ; સરળતા; નિષ્કપટતા.

૨. વિ. સીધું; સરલ; નિખાલસ; નિષ્કપટી.

અકપટી જુઓ અકપટ ૨.

અકપિ [સં.] પું. (પુરાણ) વ્યા ચૌદ્યા તામસ નામના મન્વંતરમાં થયેલા સપ્તર્ષિમાંના એ નામના એક.

અકપુચ્છી [સં.] સ્ત્રી. ભરણેલ; એક જાતનું ઝાડ.

અકબક ૧. પું. બોકીબોકી.

૨. પું. બકોર; મિતા.

૩. પું. બકબક; બોટો બકબકાટ; બકવાદ.

૪. [સં. અ (નહિ) + વક્ષ (ચિત્તવું)] વિ. ચકિત; સ્તબ્ધ; ન જોયું થયું એવું.

અકબર ૧. પું. દિલ્હીનો મુઘલ વંશનો એક નામીચો બાદશાહ. તેણે હિંદુ મુસલમાનને સરખા ગણ્યા. હિંદુઓ પરનો જઝિયા નામનો ભારે કર તથા હિંદુ યાત્રાળુ પરનો વેરો માફ કર્યો. સર્વ ધર્મોની તરફ સમભાવ રાખી સલ્તનત ઉત્તમ સિદ્ધાંતોને સ્વીકારીને તેણે દીને ઇલાહી નામનો ધર્મસંપ્રદાય શરૂ કર્યો. લોકોને ઋતુકારી કરવામાં સુગમતા થાય એટલા માટે સૌર વર્ષવાળો ઇલાહી નામનો નવો સંવત શરૂ કર્યો. રાજ્યની મહેસૂલપદ્ધતિ પણ સુધારીને નક્કી કરી.

૨. [અ. કબર (તે મોટો હતો)નું એલ્યલર્સ રૂપ] વિ. સૌથી મોટું; મહાન; જેષ્ઠ.

અલ્લાહુ અકબર = ઈશ્વર સૌથી મોટો છે.

અકબરદિલ્લી [અ. અકબર (સૌથી મોટું) + ફા. દિલ] સ્ત્રી. દિલની મોટાઈ; દિલની ઉદારતા.

અકબરનામા [અ. અકબર + ફા. નામા (લેખ)] ન. મુઘલ બાદશાહ અકબરના સમયનો ઇતિહાસ આપતું એ નામનું એક પુસ્તક. આઇને અકબરી આ ગ્રંથનો બીજો ભાગ છે.

અકબરશાહી ૧. સ્ત્રી. અકબરની રાજ્યપદ્ધતિના જેવી રાજ્યપદ્ધતિ.

૨. [અ. અકબર + શાહી (રાજ્ય)] સ્ત્રી. અકબરનું રાજ્ય અકબરનો અમલ.

૩. વિ. અકબર બાદશાહ સંબંધી.

૪. વિ. અકબર બાદશાહના રાજ્ય સંબંધી.

૫. વિ. અકબર બાદશાહે કરેલું–બનાવેલું.

૬. વિ. અકબરના સમયનું; અકબરી.

અકબરી ૧. સ્ત્રી. ચોખાના લોટમાંથી બનાવેલી એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. છરાની જાતનું એ નામનું એક હથિયાર.

૩. [અ. અકબર (સૌથી મોટું)] સ્ત્રી. મોટાઈ.

૪. સ. લેણિયા કાપણીની એ નામની એક બટકનું માપસ.

૫. વિ. અકબર સંબંધી.

૬. વિ. અકબરના કાળનું; અકબરશાહી.

આઇને અકબરી = અકબર બાદશાહના વખતમાં ચાલતા રીતરિવાજ, ધારા તથા કાયદાકાનૂનનો સંગ્રહ.

૭. વિ. અકબરે કરેલું.

૮. વિ. લેણિયા કાપણીની એ નામની એક બટકવાળું.

અકબરીરાય [અ. અકબર (મોટો) + રાય (પુરાવો)] પું. સાબ કરવાને માટે પૂરતો પુરાવો.

અકબંધ [સં. અંક (નિશાન) + બદ્ધ (બાંધેલું)] વિ. જેની ઉપરના બંધ, આંક અને નિશાનીઓ જેમનાં તેમ હોય એવું; અખંડ; સાબૂત; અનામત.

અકમલ [અ. કમલ (તે પૂર્ણ હતો)] વિ. સૌથી હોશિયાર.

અકમાર્ગ [અ (અસત) + કમાર્ગ (કમાણી)] સ્ત્રી. બરાબ રીતની ચેદાશ.

અકમાઉ [અ (નહિ) + કમાઉ (સ્વતં)] વિ. નિરુદ્યમી; નહિ કમાતું.

અકમીઆ પું. હોવા એટલે જાતિ કે પ્રજાના ચોરાશી લક્ષનો એક ચેટા લક્ષ. જુઓ હોવા ચોરાશી.

અકર ૧. [સં. અ (નકારો) + કર (વેરો)] પું. નકારો વેરો.

જ્યાં નહિ દંડ અકર બનાય.

૨. [સં. અ (નહિ) + કૃ (કરવું)] વિ. કામ નહિ કરતું; કામ કરવાને નારાજ.

૩. [સં. અ + કર (કિરણ)] વિ. કિરણ વિનાનું.

૪. [સં. અ + કર (હાથ)] વિ. કૂંઠું.

૫. [સં. અ + કર (વેરો)] વિ. વેરા વિનાનું.

૬. [સં. અ + કર (સંઘ)] વિ. સંઘ વગરનું.

અકરકરા [હિં.] પું. અકલકરો.

અકરઅકર ૧. અ. (આમ) ગમે તાંથી; ન બજાય તેવી બજાએથી.

૨. અ. ગમે તેમ; ગમે તે પ્રકારે.

અકરણ ૧. [સં. અ + કરણ (ઇંદ્રિય)] પું. ઈશ્વર; પરમાત્મા, જે કોઈ ઇંદ્રિયાદિ રહિત છે.

૨. [સં. અ + કરણ (કર્મ)] ન. (વેદાંત) કર્મનો અભાવ; નિવૃત્તિ; કર્મના ફલ રહિત હોવાપણું. સાંખ્ય અનુસાર સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થયા પછી કર્મ અકરણ જોટલે કે ન કર્યા સમાન થઈ જાય છે અને એનું કર્મ પણ ફળ દેતું નથી.

૩. ન. ન કરવું તે.

૪. વિ. ઇંદ્રિયોથી રહિત; ઇંદ્રિય વગરનું.

૫. વિ. કર્મ નહિ કરનાર.

૬. વિ. કુદરતી; અસલ.

૭. વિ. ન કરવા જેવું.

૮. [સં. અકારણ] અ. વિના કારણ; બેસબબ.

અકરણિ ૧. [સં.] સ્ત્રી. નિરાશા.

૨. સ્ત્રી. નિષ્ફલતા.

૩. સ્ત્રી. શાપ.

અકરણી ૧. [સં. અ (નહિ) + કરણી (કૃતિ)] સ્ત્રી. અકૃતિ; નહિ કરેલું કામ.

૨. [સં. અ (અશોભ્ય) + કરણી (કૃતિ)] સ્ત્રી. અવળી કૃતિ; નહિ કરવા જેવું કામ.

૩. વિ. સ્ત્રી. (ગણિત) ધારણાથી બરાબર નીકળે તેવી.

$\sqrt[3]{ટ}$ એ અકરણી છે, કારણ કે $\sqrt[3]{ટ} = ૨$.

અકરણીગત જુઓ અકરણી.

અકરણીપદી સ્ત્રી. (ગણિત) જ્યાં પદ અકરણી હોય તેવી પદી.

$૧૨ક^{૩} + \frac{૨}{ટ}ક^{૨} + \sqrt{ક^{૨} + ૨ક + ૫^{૨}}$

અકરણીફલ ન. (ગણિત) સર્વાંગે અકરણી હોય તેવું ફલ.

$ક = \sqrt[૩]{ક^{૩}} + ૬$ આમાં ૬ એ કહ્યું અકરણીફલ છે.

અકરણીય [સં. અ + કરણીય (કરવા જેવું)] વિ. નહિ કરવા જેવું.

અકરણીયમીકરણ ન. (ગણિત) જ્યાં પદ અકરણી હોય તેવું સમીકરણ.

$\sqrt[૩]{ક^{૨}} + ૬ = ૧૨ + \frac{૨}{ટ}$

અકરત [સં. અ (નહિ) + કૃત (કાર્ય)] ન. (આમ) નાઠું કામ; દુષ્ટ કર્મ; પાપ.

અકરદાયી [સં. અ (નહિ) + કર (વેરો) + દાયિન્ (આપનાર)] વિ. કર નહિ ભરનાર.

અકરન પું. (પિંગળ) જે નામનો ૪૦ ગુરુ અને ૭૮ લઘુ મળી ૧૧૮ વર્ણ અને ૧૫૮ માત્રાવાળો એક વિષમમાત્રિક છંદ. તે ચાદિની કુંડલિનીનો એક ભેદ છે.

અકરણ ૧. [અ.] પું. ખેતર ઉપર સીધ રેખાંટી અને વચ્ચે વચ્ચે બીજી ટૂંકી રેખાંટી હોય તેવી ઓળખવાનો ચિહ્ન.

૨. પું. વીંછી.

૩. પું. (જ્યોતિષ) વૃશ્ચિક રાશિ.

૪. [અ. કરમ (તે નષ્ટ હતો)] વિ. સૌથી નકામું; ખરું.

અકરભૂમિ [સં. અ (નહિ) + કર (વેરો) + ભૂમિ (જમીન)] સ્ત્રી. કર વિનાની જમીન.

અકરમકરુ વિ. સ્ત્રી. અકરમકરી. જુઓ અકર્મકરુ.

અકરમાસે સ્ત્રી. (મરાઠી) કોઈ પણ તરેહના વાઠલોફરથી બનેલી અધર્મ સંતતિ.

પૂર્વે ગોમાન મહારાજાએ પોતાના જમાઈના વધ પ્રસંગે તેને એક સુંદર સ્ત્રી ભેટ આપતા. આવી સ્ત્રીથી થયેલી પ્રજા અકરમાસે કહેવાય છે.

મુ. કાનોડાત

અકરમાલી [સં. અકરા (અવિચાર) + માસ (માસ)] સ્ત્રી. ખાર માસ કામ કરવું અને અધિકાર માસનો પગાર મળે એવી નોકરી.

અકરમી વિ. અણાગિયું. જુઓ અકર્મી.

અકરવકર [સં. આકુલ (ગભરાયેલું) + આકુલ (આકરું)] સ્ત્રી. (બરસી) આકુળવ્યાકુળતા.

બાઈ ક્યારે આવે અને તે ક્યારે પતે તેની મારાને અકરવકર થયા કરતી હતી.

મળસાટ

અકરસાઠ પું. ચેટને હાથ વડે કાનતાં થતું દરદ.

પેટમાં હાથ કાન્યાથી દરદ લાગે તેને અકરસાઠ કાન્યાનો. બારોટ

અકરાંઅકરાં અ. ગમે ત્યાંથી; ન બજાય એવા રસ્તેથી; અકરઅકર.

અકરા [સં. અક (દુઃખ) + કર (કરનાર)] સ્ત્રી. અંજળનું ઝાડ. જેમાંથી તેથી રોગનાં દુઃખનો નાશ થાય છે.

અકરાકેર ૧. [કા. અકરા (અનુકરણ શબ્દ) + અ. કેહર (નાશ)] પું. કાળો કેર; ગજબ; હાહાકાર વર્તી રહે એવો બનાવ.

અકરાકેર અતિ થયું હો બહુબરી.

બહબલહ

૨. પું. ભયંકર નાશ.

અકરાન સ્ત્રી. હજ દરમ્યાન હજ માટેનાં મુકરર કરેલ કપડાં પહેરવાની ક્રિયા.

અકરામ ૧. [અ. કરમ (તે ઉદાર હતો)] ન. ઉદારતા.

૨. [અ. કરમ (કૃપા) નું અ. વ.] ન. ભેટ; બક્ષિસ; નવાજિશ; કૃપા. આ શબ્દ એકલો વપરાતો નથી, પણ માનઅકરામ કે ઇનામ-અકરામ એમ સાથે વપરાય છે.

૩. ન. માન.

અકરાલ જુઓ અકરાળ.

અકરાવવું સ.ક્રિ. દુઃખ ભગાડવું; ભોગવું.

અકરાળું વિ. અરાળ.

અકરાળ ૧. [સં. અ (અતિ) + કરાલ (ભયંકર)] વિ. અતિ ભયંકર; બહુ કરામણું.

૨. [સં. અ (નહિ) + કરાલ (ભયંકર)] વિ. ભયંકર નહિ તેવું.

અકરાળવિકરાળ [સં. અ (અતિ) + કરાલ (ભયંકર) + વિ (વિશેષ) + કરાલ (ભયંકર)] વિ. અતિ ભયંકર; બહુ ભિલામણું; કારણ.

અકરાંતિયાવેડા (અકરાંતિયાવેડા) [મુ. અકરાંતિયું (ખાઉધરા) + સં. વૃત્તિ (રીત)] પું. ન.બ. બહુ ખાવાની રીત; ખાઉધરાવેડા.

અકરાંતિયું ૧. [સં. અતિ (વધારે) + કૃ (ખાવું)] વિ. ખાવાની હદ ઊલંઘી જનારું; ખાઉધરું; બહુ ખાનારું; ખાતાં નહિ ધરાય એવું; ભૂખ્યું; ભૂખડીબારસ.

૨. અ. હદ બહાર.

અકરાંઅકરાંની ઝાંઝર સ્ત્રી. એ નામની એક રમત; નારગોટકી; વાયળકરી. આ રમતમાં રમનાર છોકરાઓમાંથી જે બે મુખ્ય અને મોટા હોય તેમાંથી એક વાઘ અને બીજો મુખ્ય બકરી થાય. બાકીના છોકરા નાનાં બકરાં થઈ મુખ્ય બકરી બનાર છોકરાની પછવાડે એક જોડની રેખ થાથી હારમાં ઊભા રહે. પછી વાઘ બનેલો છોકરો મુખ્ય બકરીની પાછળ નાનાં બકરાંને પકડવા આવે. મુખ્ય બકરી બનેલો છોકરો બે હાથ પહોળા કરી તેને અટકાવે. એમ આડાંઅવળાં ફરતાં વાઘ

ચમેલો છોકરો જે બકરાને આડે તે આથી જેસે, એટલે કે બકરાંની ફાંદરમાંથી નીકળ્યા બાદ. ઉપર મુખ્ય બકરી ચમેલો છોકરો રોડે ને વાય પકડી લાવે એટલે રમત પૂરી થાય.

અકરિણ [અ. કરણ (તે વગર હોવું)] વિ. નષ્ટાત્મું; સત્વ.

અકરીઠકરી ૧. સ્ત્રી. એ નામની એક રમત. આ રમતમાં રમનારા બે ભાગમાં વહેંચાઈ જઈ સામા પક્ષને એટલે પક્ષને શોધવી મુશ્કેલ પડે તેવી જગ્યાએ પૂગની હલ્લીઓ કરે. પછી દરેક પક્ષ સામાવાળાની હલ્લીઓ શોધવા જાય. જે પક્ષની ઝાઝી હલ્લીઓ શોધવી બાકી રહે તે છતનો કહેવાય.—

૨. સ્ત્રી. રાઘરચીલું; નાનીમોટી ચીજવસ્તુ; ઝીણોમોટો સામાન.

અકરીબકરી સ્ત્રી. એ નામની એક રમત. તેને કાળોટી હાવ અને ગોલરીઓ પણ કહે છે. આ રમત બેઠિંદાના પ્રકારની છે અને તેના ત્રણ પેટા ભેદ છેઃ ૧. કાંબીળ્યા હાવ, ઉઘાડીઓ હાવ, ૨. પેટા ગણવવા, મુજ્જર રોલ્યો, ૩. હાકલા બદાવવા, ઉઘડ, મૂકીઓ હાવ. રાતુડી. આમાં રમનાર છોકરાઓનાં બે ટોળાં કે જથ્થા બંધાય છે. પછી બોલ પર એક બકરી એટલે મળી ખોદી તેના ઉપર કાંબી બોઈ મૂકી દેને દંડા વતી ત્રણ ટપ્પા મારી ઉઘાડા દેડે મારી દૂર દેવે છે. પછી બોઈ જ્યાં પડે ત્યાંથી બળી મુઠ્ઠી દંડા ભરે છે. એ દંડા ભરતી વખતે દરેક દંડાનું જુદું જુદું નામ હોય છે. પહેલો દેડો 'બકરી', બીજો 'બકરી', ત્રીજો 'દગો', ચોથો 'લો', પાંચમો 'સો', એ રીતે પાંચ દંડા ભરી એના એજ નામથી ફરી ભરે છે. બોઈને દેડો મારી ઉઘાડતી વખતે જો વાગ્યું ચૂકી જાય તો તે છોકરાનો હાવ બંધ થઈ બીજો ઊઠે છે. બધા રમી રહ્યા પછી બધાની બકરી અને બકરીનો સરવાળો થાય છે. બે પક્ષમાંથી એટલે પક્ષમાંથી જેનો સરવાળો વધારે થાય તે પક્ષ જીતે અને એમ રમત પૂરી થાય છે.

અકરુણ ૧. [સં. અ + કરુણા (દયા)] વિ. ક્રૌર; નિર્દય; ક્રૂર; દયા વિનાનું; નિષ્ઠુર.

૨. વિ. કરુણ રસ વગરનું.

અકરુણતા [સં. અ + કરુણા (દયા) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નિષ્ઠુરતા; નિર્દયપણું.

અકરુણા [સં. અ (નહિ) + કરુણા (દયા)] સ્ત્રી. નિર્દયતા; ક્રૂરતા.

અકરું ૧. વિ. અધૂકું; ઊણું નહિ તેમ જોડેનું નહિ તેવી સ્થિતિનું; ઊણે પણે જોડેનું.

૨. વિ. અસ્થિર.

અકર્કર ૧. [સં.] પું. અકલકરો; અકલગરો.

૨. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

અકર્કશ ૧. [સં. અ + કર્કશ (કઠોર)] વિ. કોમળ; કુમળું; કઠોરતા વિનાનું.

૨. વિ. સાંભળવું ગમે એવું.

અકર્કશતા ૧. [સં. અ + કર્કશ (કઠોર) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. કોમળતા.

૨. સ્ત્રી. સાંભળવું ગમે તેવું હોવાપણું.

અકર્ણ ૧. [સં. અ + કર્ણ (કાન)] પું. સાપ. સર્પને કાન નથી માટે તે અકર્ણ કહેવાય છે.

૨. વિ. કાન વગરનું.

૩. વિ. બહેરું.

અકર્ણધાર ૧. [સં. અ + કર્ણ (સુકાન) + ધૃ (ધારણ કરવું)] પું. જહાજ સુકાની.

૨. વ. સુકાન વિનાનું વહાણ.

૩. વિ. આગેવાન વિનાનું.

અકર્ણવેધ [સં. અ + કર્ણ (કાન) + વેધ (કાણું)] વિ. કાન વીંધ્યા વિનાનું.

અકર્ણ્ય [સં. અ (નહિ) + કર્ણ્ય (સાંભળવા યોગ્ય)] વિ. નહિ સાંભળવા જેવું.

અકર્તન ૧. [સં. અ (નહિ) + કર્તન (કાતરવું તે)] વ. નહિ કાતરવું તે.

૨. વિ. ટાલિયું; વામન.

૩. વિ. ધાર વગરનું; ન કાપે એવું.

અકર્તરિ વિ. (વ્યાકરણ) સત્ત (ભેદ). સંસ્કૃતમાં ય પ્રત્યયથી સાધવાનું અકર્તરિ રૂપ બને છે. પ્રાકૃતમાં ઇજ્જ અને ઇજ્જિ જેવા બે અકર્તરિ પ્રત્યય થયા અને તેમાંથી ઉપરોક્ત ઈજ્જ પ્રત્યય થયો. આ પ્રમાણે થયેલા પ્રાકૃત પ્રત્યયોમાંથી ગુજરાતીમાં ર્ઈ અને ઈજ્જ એ બે અકર્તરિ પ્રત્યય ઊતરી આવ્યા.

> પહેલો ઈ અર્વાચીન પંજાબીમાં અને બીજો ઈજ્જ અર્વાચીન હિંદીમાં રહેલો મળી આવે છે. અર્વાચીન ગુજરાતીમાં તો અકર્તરિ પ્રત્યય ક્યાં વપરાય છે. કેશવ હર્ષદ

અકર્તવ્ય ૧. [સં. અ (નહિ) + કર્તવ્ય (કામ)] વ. ક્રિયાકલાપ વૈતન્ય.

૨. [સં. અ (અયોગ્ય) + કર્તવ્ય (કામ)] વ. દુષ્કરણ; ન કરવા જેવું કામ.

૩. [સં. અ (નહિ) + કર્તવ્ય (કરવા જેવું)] વિ. નહિ કરવા જેવું; અઘટિત.

અકર્તવ્યતા [સં. અ + કર્તવ્ય (કામ) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. કરવા જેવા ન હોવાપણું.

અકર્તા ૧. [સં.] પું. (વ્યાકરણ) અણુપ્રત્યય કર્તા; જોડવું કર્તા.

૨. પું. જેનો કર્તા અથવા ઉત્પાદક નથી તે અનાદિ પરમ તત્ત્વ.

૩. પું. (સાંખ્ય) પુરુષ જે પ્રકૃતિથી જુદો છે; કર્તાથી ભિન્ન સાંખ્ય પુરુષ. સાંખ્યમાં પ્રકૃતિને કર્તા માનેલી છે અને તેથી ભિન્ન પુરુષને ફક્ત અકર્તા એટલે સાક્ષી માત્ર જ માનેલો છે.

૪. વ. કર્મ ન કરનાર માણસ.

૫. વ. (વેદાંત) સાંખ્ય અનુસાર જે કર્મથી નિર્લેપ એટલે કર્મના ફળની ઇચ્છા વિના હોય તે.

૬. [સં. અ + કૃ (કરવાનું)] વિ. નહિ કરનાર; પ્રવૃત્તિ રહિત.

> આર વર્ષના કર્તા ભર્તા મને તું અવિનાશી
> અકર્તા અણુએ. અનાસક્તિયોગ

અકર્તુમ્ [સં. અ + કર્તુમ્ (કરવાને)] વ. કરેલું ન કરવાને. આ શબ્દ જોકલો વપરાતો નથી; પરંતુ કર્તુમ્ અકર્તુમ્ એમ વપરાય છે, અને તે પણ ઈશ્વરની અબાધ શક્તિ દેખાડવાને.

> કર્તુમ્ અકર્તુમ્ સમર્થ જો હરિ. પ્રેમાનંદ

અકર્તૃ ૧. [સં. અ + કર્તૃ (કર્તા)] પું. (વ્યાકરણ) અકર્તા; જે ક્રિયાનાશ નથી તે; અક્રિયાનાશ.

૨. પું. કર્તા વિનાનો સંસાર.

૩. વિ. નહિ કરનાર.

અકર્તૃક ૧. [સં. અ + કર્તૃ (કરનાર) + ક (વાળું)] વ. (વ્યાકરણ) સકર્મક, અકર્મક, અકર્તૃક એમ ક્રિયાપદના ત્રણ પ્રકાર પાડીને એ નામનો એક. અકર્તૃક ક્રિયાપદમાં કર્તા ક્રિયાપદમાં જ સમાયેલ હોય છે તેથી તેને અકર્તૃક કહે છે.

૨. વિ. કર્તા કે કરનાર વગરનું.

અકર્તૃત્વ ૧. [સં.] વ. (વેદાંત) અકર્તા હોવું તે. સાંખ્યમતમાં પુરુષનો પ્રકૃતિથી ભેદસાધક પર્યાયોનો એ નામનો એક ધર્મ.

૨. વ. આત્માનું પ્રકૃતિથી પર હોવાપણું.

૩. વ. કાંઈ પણ કાર્ય તેની જેવું હોવું તે.

અકર્તૃભાવ [સં. અ + કર્તૃ (કરનાર) + ભાવ (સ્થિતિ)] પું. કર્તૃત્વ રહિત હોવાપણું; કર્મ રહિત સ્થિતિ; નિષ્કર્મપણું; નૈષ્કર્મ્ય.

અકર્તવ્ય જુઓ અકર્તવ્ય.

અકર્તવ્યતા જુઓ અકર્તવ્યતા.

અકર્તા જુઓ અકર્તા.

અકર્દમ ૧. [સં.] વ. (પુરાણ) તપસ્યા નદીને કાંઠે વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે આવેલું એ નામનું પ્રસિદ્ધ તીર્થ.

૨. [સં. અ (નહિ) + કર્મન (કાર્ય)] વિ. કાર્ય વગરનું.

અકર્મ ૧. [સં. અ (અયોગ્ય) + કર્મન (કામ)] ન. અયોગ્ય કામ; દુષ્કર્મ; કુકર્મ.

૨. [સં. અ (નહિ) + કર્મન્] ન. કર્મનો અભાવ; કર્મલાગ; અપ્રવૃત્તિ.

૩. ન. ગુનો; અપરાધ.

૪. ન. નિષ્કામ કર્મ.

૫. ન. નિષ્ફળ ગયેલું કામ.

૬. વિ. કામ વગરનું; ધંધા વિનાનું.

૭. વિ. દુષ્ટ; નીચ; હલકું; અધમ.

૮. વિ. ધાર્મિક ક્રિયા માટે નાલાયક.

અકર્મક ૧. ન. જે જનાવરમાં બચ્ચાં અથવા દૂધમાં દૂધ ઉત્પન્ન કરવાની શક્તિ નથી તે જનાવર કે ગાય.

૨. વિ. કર્મશૂન્ય.

૩. [સં. અ + કર્મન્ + ક (વાળું)] વિ. (વ્યાકરણ) જેનો વ્યાપાર અને ફળ જોકર જ આશ્રયમાં હોય એવું (ક્રિયાપદ); જેને કર્મ નથી એવું; કર્મ રહિત. જેમકે જવું, કરવું, આવવું.

૪. વિ. વાંઝિયું; અફળ.

અકર્મકર [સં. અ + કર્મન્ (કામ) + કર (કરનાર)] વિ. કર્મ નહિ કરનારું; ઉપરેત પાર નહિ પાડનારું; નિરુપયોગી; નિરર્થક.

> વ્યવહારનું શુષ્ક જ્ઞાન એ રોનાગ્રોની વાણીને સ્વપ્નના કર્મ જેવી અકર્મકર કહી નાંખે છે.
>
> સરસ્વતીચંદ્ર

અકર્મકારી ૧. [સં. અ + કર્મન્ (કામ) + કારિન્ (કરનાર)] વિ. કર્મ નહિ કરનારું; નિષ્કર્મ.

૨. [સં. અ (નાસ્તે) + કર્મન્ (કાંમ) + કારિન્ (કરનાર)] વિ. કુકર્મ કરનાર; અનર્થ આચરનાર.

અકર્મઠ [સં. અ (નહિ) + કર્મઠ (ઉદ્યોગી)] વિ. આળસુ; નિરુદ્યમી.

અકર્મણ્ય ૧. [સં. અ (અકામ) + કર્મિણી (કામવાળી)] વિ. સ્ત્રી. અણઆવડવાળી; કામનસીબ; લાગ વિનાની.

૨. વિ. સ્ત્રી. કુલટા.

૩. [સં. અ (નાસ્તે) + કર્મિણી (કામવાળી)] વિ. સ્ત્રી. નિરુદ્યમી; કામ વગરની.

અકર્મણ્યતા ૧. ન. કામ નહિ કરવું તે આળસાઈ.

૨. વિ. અકાર્ય; નહિ કરવા જેવું; કર્મને માટે નિષિદ્ધ ગણેલું.

૩. [સં. અ (નહિ) + કર્મક્ષમ (કામ કરવાનું હોંશિયાર)] વિ. કામ કરવાની શક્તિ વિનાનું; કામ ન કરી શકનાર; કામ કરવાને નાલાયક.

અકર્મણ્યતા ૧. [સં. અ + કર્મણ્ય (કરવા યોગ્ય) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. કરવાને અયોગ્ય હોવાપણું.

૨. સ્ત્રી. કામ કરવાની અણશક્તિ; કાર્યશક્તિ ન હોવાપણું.

૩. સ્ત્રી. નિરુદ્યમીપણું.

અકર્મત્વ ૧. [સં. અ + કર્મન્ (કર્મ) + ત્વ (પણું)] ન. (વેદાંત) કર્મ કરવાથી છૂટવાને બંધન થાય છે માટે કર્મ ન કરવાનો સિદ્ધાંત.

૨. ન. (વિજ્ઞાન) પદાર્થોને કોઈ બહારનું બળ ન લાગે તો તેઓ પોતાની મૂળ સ્થિતિમાં કાયમ રહે, એટલે સ્થિર હોય તો સ્થિર અને ગતિમાં હોય તો ગતિમાં રહે તે સ્વાભાવિક ધર્મ; જડત્વ.

અકર્મત્વબોધક [સં. અ + કર્મન્ (કામ) + ત્વ (પણું) + બોધક (બતાવનાર)] ન. (વિજ્ઞાન) બાહ્ય પદાર્થનું અકર્મત્વ જે જોકર બિંદુમાં સમાયેલું કલ્પી શકાય તે બિંદુ.

અકર્મત્વવક્રાગમક [સં. અ + કર્મન્ (કામ) + ત્વ (પણું) + વક્રાગમક (ફરનાર)] ન. (વિજ્ઞાન) ધરી ઉપર ફરતા પદાર્થના અમુક અણુનું ફળ, અને તે અણુથી ધરી સુધીના અંતરનો વર્ગ જો બને (ફળ અને વર્ગ) તો મૂલ્યાકાર. આ પ્રમાણે પદાર્થના દરેક અણુ માટેના મૂલ્યાકાર કરી તે બધા મૂલ્યાકારોનો સરવાળો કરવાથી અકર્મત્વવક્રાગમ આવે છે.

અકર્મભૂમિ ૧. [સં. અ (નહિ) + કર્મન્ (કામ) + ભૂમિ (જગ્યા)] સ્ત્રી. ખેતી આદિ કર્મ રહિત ભૂમિ.

૨. સ્ત્રી. (જૈન) સુખવિષાનાં ૩૦ ક્ષેત્ર.

૩. સ્ત્રી. (જૈન) જ્યાં મોક્ષ માર્ગને બતાવનારા અને તેનો ઉપદેશ કરનારા તીર્થંકર પેદા નથી થઈ શકતા તે બધી અકર્મભૂમિ.

> પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ વિદેહ. એને બાદ કરીને બાકીનાં ત્રીસ ક્ષેત્ર તથા બધા અંતરદ્વીપ અકર્મભૂમિ જ છે.
>
> તત્વાર્થસૂત્ર

૪. સ્ત્રી. ભોગભૂમિ; સ્વર્ગ. જ્યાં કર્મ કરવાનાં નથી પણ અગાઉ કરેલ સુકર્મનું ફળ માત્ર ભોગવવાનું છે.

૫. વિ (જૈન) અસિ, મસી અને કૃષી એટલે કે તલવાર, કલમ અને ખેતી, એ જાતના પ્રકારનાં કર્મ કે વ્યાપાર વિના કરવાથી ઉપર નિર્વાહ કરનાર.

અકર્મભોગ જુઓ અકર્મભૂમિ..

અકર્મશીલ [સં. અકર્મન્ (આળસુ) + શીલ (વલણવાળું)] વિ. આળસુ; નિરુદ્યમી.

અકર્મા ૧. [સં. અકર્મન્ (આળસુ)] વિ. આળસુ; કામ નહિ કરનારું; નિષ્કર્મ.

૨. [સં. અ (નહિ) + કર્મન્ (કામ)] વિ. કર્મના બંધન વગરનું; નિર્લેપ.

અકર્મિણી [સં. અ (અકામ) + કર્મિન્ (કર્મવાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. કામનસીબ; લાગવગીન.

અકર્મી ૧. [સં. અ (અકામ) + કર્મિન્ (કામવાળું)] વિ. બેકામનું; કામનસીબ; લાગવગીન.

૨. [સં. અ (નહિ) + કર્મિન્ (કામ કરનાર)] વિ. કામ નહિ કરનાર.

૩. [સં. અ (અકામ) + કર્મિન્ (કામ કરનાર)] વિ. દુષ્કર્મી; પાપી; અપરાધી; દુરાચારી.

૪. વિ. બુદ્ધિહીન; ઠોઠ.

અકલ ૧. પું. (પિંગળ) જે નામનો ૪૭ મુક્ત અને ૩૦ લઘુ મળી ૧૧૭ વર્ણનો એક વિષમાક્ષરિ માત્રામેળ છંદ. જે ચૂપદી છપ્પયનો એક ભેદ છે.

૨. પું. પરમાત્મા.

૩. [અ. અક્લ (જેને બાંધવાનું ઊંટડું)] સ્ત્રી. બુદ્ધિ; સાધુપણું; સમજણ; અનુરાગ. જુઓ અક્લ.

૪. [અ.] ન. ઊંટને બાંધવાનું દોરડું.

> અરબી ભાષામાં અકલનો અર્થ ઊંટને બાંધવાનું દોરડું થાય છે; બુદ્ધિ પણ મનુષ્યને અંકુશમાં રાખે છે તેથી તેને અકલ કહે છે.
>
> બૃહદ્ ભારતણ

૫. [સં. અ + કલ (અવયવ)] વિ. અવયવ વિનાનું; નિરવયવ.

૬. [મુ. અ (નિરર્થક વ્યવહારનો પૂર્વપ્રત્યય) + સ. કલ (મધુર અને અવ્યક્ત)] વિ. અવ્યક્ત અને મધુર.

> ઉપવન કુસુમિત જોઈ અતિ ખુશ કુંજે,
> અકલ પરભૃત આ વસી કે પ્રેમી તણી.
>
> પ્રેમાનંદ

૭. વિ. અણકલામણ; બેચેન.

૮. [સં. અ + કલા (ચતુરાઈ)] વિ. કળા રહિત; ચતુરાઈ વિનાનું.

૯. [સં. અ + કલ (અવ્યક્ત)] વિ. ન કળી શકાય એવું; અગમ્ય; ગહન.

૧૦. [સં. અ + કલા (ખંડ)] વિ. વિભાગ વગરનું; અખંડ.

અકલકલા જુઓ અકળાકળા.

અકલકળા જુઓ અકળાકળા.

અકલનકલ સ્ત્રી. બુદ્ધિશક્તિ; ચાતુરી.

અકલનીય [સં. અ + કલનીય (અનુમાન યોગ્ય)] વિ. ન કળાય એવું; ન સમજી શકાય એવું.

અકલપ જુઓ અકલ્પ.

અકલબેર જુઓ અકલબેર.

અકલબૂદી જુઓ અકલબૂદી.

અકલહુ [સં. અ + કલહ (કલિયો)] પુ. કંકાસ કે કજિયા વગરની સ્થિતિ; શાંતિ.

અકલંક જુઓ અકલંકિત.

અકલંકતા [સં. અકલંક + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નિર્દોષતા.

અકલંકિત ૧. [સં. અ + કલંકિત (લાંછનવાળું)] વિ. આગ ન લાગેલું હોય એવું; નામોશી વગરનું.
૨. વિ. શુદ્ધ; પવિત્ર; નિર્મળ.

અકલંકી [સં. અ + કલંકિન્ (કલંકવાળું)] વિ. કલંક વિનાનું. અવતારની સાથે આ શબ્દનો પ્રયોગ થાય છે. આગામીની ચોવીસીમાં આગામીને અકલંકી અવતાર માને છે.

અકલા ૧. સ્ત્રી. અસૂયાવગર; નિર્મત્સરતા.
૨. [સં. અ (નહિ) + કલા (કારીગરી)] સ્ત્રી. કારીગરી કે કલા ન હોય તે.
૩. [સં. અ (ખરાબ) + કલા (કારીગરી)] સ્ત્રી. ખરાબ કળા.
૪. [સં. અ + કલ્ (અવ્યક્ત)] વિ. સ્ત્રી. ન કળી શકાય એવી.

અકલિત જુઓ અકલિત.

અકલી ૧. [સં. અકલા (બુદ્ધિ) + ગુ. ઈ (વાળું)] વિ. અક્કલવાળું; બુદ્ધિશાળી; મતિમાન.
૨. વિ. કળાવાળું; કલાકી; ડિઝાઇની.
૩. વિ. સમજુ; ડાહ્યું.

અકલુષ ૧. [સં. અ + કલુષ (મેલું)] વિ. પાપ વિનાનું; નિર્દોષ.
૨. વિ. મેલ વિનાનું; શુદ્ધ.

અકલુષિત જુઓ અકલુષ.

અકલુષિતતા ૧. સ્ત્રી. નિર્દોષતા.
૨. [સં. અ (નહિ) + કલુષિત (મેલું) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. શુદ્ધતા; પવિત્રતા.

અકલેજકલે જુ. પ્રમાણમાં; તોલીને તોલીને.

અકલેવર ૧. [સં. અ (નહિ) + કલેવર (શરીર)] પું. પ્રમથેલ કેમો તે શરીર વિનાનો મનાય છે.
૨. પું. (જૈન) સિદ્ધ ભગવાન.
૩. વિ. શરીર વિનાનું.

અકલ્ક ૧. [સં. અ + કલ્ક (દંભ)] વિ. દંભ વગરનું; પાખંડ વિનાનું; નમ્ર; વિનયી.
૨. [સં. અ + કલ્ક (મેલ)] વિ. મેલ વિનાનું; શુદ્ધ; નિર્મળ.
૩. [સં. અ + કલ્ક (ગોત્ર)] વિ. (વૈદક) ગોત્ર વગરનું.

અકલ્કતા ૧. [સં. અકલ્ક (શુદ્ધ) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નિર્મળતા.
૨. [સં. અ + કલ્ક (દંભ) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. પાખંડ કે દંભ વિનાનું હોવાપણું.
૩. [સં. અકલ્ક (ગોત્ર વગરનું) + તા (પણું)] સ્ત્રી. ગોત્ર કે ગોત્ર એવું નહિ હોવાપણું.

અકલ્કન ૧. [સં. અ + કલ્કન (ક્લેશ)] ન. ક્લેશનો અભાવ; કલહનો અભાવ.
૨. વિ. ક્લેશ કે કલહથી રહિત.
૩. [સં. અ + કલ્કન (દંભવાળું આચરણ)] વિ. દંભ વિનાનું.
૪. વિ. શુદ્ધ.

અકલ્કર જુઓ અકલ્કારો.

અકલ્કા [સં. અ (નહિ) + કલ્ક (મેલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કાંતવું આવડવાળું; ચાંલ્લી; કોમુદી.

અકલ્પ ૧. [સં. અ (નહિ) + કલ્પ (આચાર)] પું. ધર્મ પ્રમાણ આચાર ન રાખનો તે.
૨. [સં. અ (નહિ) + કલ્પ્ (સમર્થ હોવું)] વિ. નપાણું; અશક્ત; અસમર્થ.
૩. વિ. ન સરખાવી શકાય એવું.
૪. [સં. અ (નહિ) + કલ્પ્ (ધારવું)] વિ. નહિ કલ્પી શકાય એવું; અકલ્પ્ય.
૫. વિ. નિરંકુશ; રાજ વગરનું.
૬. [સં. અ (નહિ) + કલ્પ (જૈન)] વિ. (જૈન) સાધુને ન ખપે એવું.

અર્વાચી રહી જે રિપેટ,
તે પણ અકલ્પ દોષ. ધનિવિજય

અકલ્પનિક વિ. (જૈન) અકલ્પનું; અશક્ત; ન કલ્પે એટલે ખપે નહિ.

અકલ્પનીય ૧. [સં. અ + કલ્પનીય (ખપે એવું)] વિ. (જૈન) અશક્ત; અસ્વીકાર્ય; ન ખપે તેવું.
૨. [સં. અ + કલ્પનીય (કલ્પના બહાર હોય એવું)] વિ. કલ્પનામાં ન આવી શકે એવું; ધારી ન શકાય એવું; અતર્ક્ય.

અકલ્પનીયતા ૧. [સં. અકલ્પનીય (અતર્ક્ય) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. ધારી ન શકાય એવું હોવાપણું.
૨. [સં. અકલ્પનીય (અશક્ય) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. ન બને એવું હોવું તે.

અકલ્પિત ૧. વિ. અસ્તિત્વવાળું; હયાતી હોય એવું.
૨. [સં. અ + કલ્પિત (કલ્પેલું)] વિ. કલ્પિત નહિ એવું; સાચું; બને જોયું; સાચું; સ્વાભાવિક.
૩. વિ. નહિ કલ્પેલું; અચિંતિત; અણધાર્યું; ઓચિંતું.
૪. વિ. મૂળ; અસલ

અકલ્પિતવાદ [સં. અકલ્પિત (અસ્તિત્વવાળું) + વાદ (મત)] પું. બધી વસ્તુઓ અરેખર અસ્તિત્વ ધરાવે છે એ પ્રકારનો મત; સ્વયંસિદ્ધવાદ; વસ્તુવાદ.

અકલ્પ્ય [સં. અ + કલ્પ્ય (કલ્પના થાય એવું)] વિ. કલ્પી ન શકાય એવું; ધારી ન શકાય એવું; કલ્પનાતીત.

અકલ્માષ ૧. પું. (પુરાણ) તામસ મનુના એક દીકરાનું નામ.
૨. [સં. અ+કલ્માષ (કલંક)] વિ. નિષ્પાપ; નિષ્કલંક; પવિત્ર; શુદ્ધ; નિર્દોષ; નિર્વિકાર.

અકલ્માષ પું. (પુરાણ) એક મનુનો હસ્તિ નામે દીકરો.

અકલ્ય ૧. [સં. અ (નહિ) + કલ્ય (આવતી કાલે)] ક. આવતી કાલ નહિ પહોંચેલું માણસ; અકાલ.
૨. વિ. અસમર્થ.
૩. [સં. અ + કલ્ય (આરોગ્ય)] વિ. રોગવાળું; રોગી.
૪. [સં. અ (નહિ) + કલ્ય (સિદ્ધ)] વિ. સત્ય; મિથ્યાભૂત નહિ એવું.

અકલ્યાણ ૧. [સં. અ + કલ્યાણ (મંગલ)] ન. અમંગળ; અનિષ્ટ; અશુભ.
૨. વિ. અશુભકારક; અહિતકારી; બૂરું; પાપી.

અકલ્યાણકારક [સં. અ + કલ્યાણ (લાભ) + કારક (કરનાર)] વિ. ખરાબ કરનાર; બૂરું કરનાર.

અકલ્યાણકારી જુઓ અકલ્યાણકારક.

અકવચ ૧. [સં. અ (નહિ) + કવચ (બખ્તર)] વ. બખ્તર નહિ પહેરેલું માણસ.
૨. વિ. બખ્તર વિનાનું.

અકવાડા (અકવાડો) વિ. પથ્થરની ખોડ બતનું.

અકવાલિયા ૧. વ. લેહેવા કણબીની એ નામની એક અટકવાળું માણસ.
૨. વિ. લેહેવા કણબીની એ નામની એક અટકનું.

અકવિ ૧. [સં. અ + કવિ (કાવ્યકાર)] વ. કવિતા કરી ન જાણનાર માણસ.
૨. [સં. અ (નહિ) + કવિ (વિદ્વાન)] વિ. (વેદાંત) મૂર્ખ; અજ્ઞાની.

અકવિતા [સં. અ + કવિતા (કાવ્ય)] સ્ત્રી. કાવ્યનાં લક્ષણો વિનાની શબ્દરચના; કાવ્યગુણ રહિત શબ્દરચના; બરાબર કવિતા.

અકવીય [સં. અ + કવિ + ઈય (વાળું)] વિ. કવિના ગુણ વિનાનો માણસ જેને તેનું; અકવિને લાગે તેનું.

અકષાય [સં. અ + કષાય (ક્રોધ લોભાદિ વાસનાઓ કે વિકાર)] વિ. (જૈન) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર વિકાર રહિત.

અકષાયી [સં. અ + કષાય (વિકાર) + ઈન્ (વાળું)] વિ. ક્રોધલોભાદિ વિકાર વગરનું.

અકષ્ટ [સં. અ (નહિ) + કષ્ટ (મહેનત)] વિ. મહેનત વગરનું.

અકષ્ટકલ્પના [સં. અકષ્ટ (મહેનત વગરનું) + કલ્પના (ખ્યાલ)] સ્ત્રી. મહેનત વિના ઊપજેલો ખ્યાલ; આપોઆપ સૂઝેલો વિચાર.

અકષ્ટકલ્પિત ૧. વિ. કુદરતી.
૨. [સં. અકષ્ટ (મહેનત વગરનું) + કલ્પિત (ઘડેલું)] વિ. સહેલાઈથી ઘડેલું.

અકસ ૧. [અ. અક્સ (દ્વેષ)] પું. વીનો; દ્વેષ; ખાર.
૨. પું. પ્રસંગ બંદોબસ્ત; અદાવત; વિરોધ.
૩. પું. ભાંગો; ઓળખો; પડછાયો; પ્રતિબિંબ.
૪. વિ. કસ વગરનું; સત્ત્વ વગરનું.

અકસબોર [અ. અક્સ (દ્વેષ) + ફા. બોર 'બાનાર)] વિ. દ્વેષી; ખારીલું; ઝેરીલું; કંસીલું.

અકસર ૧. [અ. અક્સર (અસલ કરીને)] વિ. અકસીર; રામબાણ.
૨. વિ. અતિ; ઘણું.
૩. ક્રિ. વિ. કોઈ વેળાએ; વખત.
૪. ક્રિ. વિ. ઘણું કરીને; મોટે ભાગે; વિશેષે; ઘણુંખરું.
૫. ક્રિ. વિ. જરૂર; ખાસ કરીને.

અકસરઅવકાત ક્રિ. વિ. ઘણીવાર; સામાન્ય રીતે.

અકસાણી ૧. વ. એ નામની એક જાતનું માણસ.
૨. વિ. મારવાડ અને વિજાપુર તરફ સોનીનો ધંધો કરતી એ નામની એક જાતનું.

અકસિજ્ઞ [સં. અકૃત્સ્ન (અપૂર્ણ)] વિ. (પ્રાકૃત) અપૂર્ણ; અધૂરું.

અકસીર ૧. [અ. ઇક્સિર (રામ કરે એવું)] સ્ત્રી. રોગ મટાડે એવું ઔષધ; બરાબર અસર કરે એવી દવા.
૨. વિ. બરાબર અસર કરે એવું; રામબાણ; નિષ્ફળ ન જાય એવું.

અકસ્માત ૧. [સં. અ + કસ્માત્ (શા કારણથી)] પું. અણધાર્યો બનાવ; હોનારત; ઓચિંતી આફત; દૈવયોગ.
૨. વ. બનાવ; બોકાસો.
૩. ક્રિ. વિ. અણધારી રીતે; અણચિંતવ્યું; સહસા.

અકસ્માતદંડ [સં. અકસ્માત્ (ઓચિંતું) + દંડ (બનાવને દુઃખ ઊભવવું પડે તેવી પ્રવૃત્તિ)] પું. (જૈન) બીજાને હણવા જતાં ઓચિંતું બીજું હણાઈ જાય તેને લીધે થતું પાપ; એવું ક્રિયાસ્થાન, જેટલે કર્મબંધનનું કારણ.

અકસ્માતજન્ય પું. (જૈન) બાણ નિમિત્ત વિના કલ્પના માત્રથી ઉત્પન્ન થતો બંધ.

અકસ્માત્ત્વ [સં.] વ. (વેદાંત) કારણાનધીનત્વ. જે ક્રમ જાણવા માટે કોઈ પણ કારણની અપેક્ષા ન હોય તે ક્રમ કારણાનધીન કહેવાય. કારણાનધીનપણું તે અકસ્માત્ત્વ. માયા, સ્વપ્ન, મનોરથ ઇત્યાદિમાં અકસ્માત્ત્વ રહેલું છે.

અકહુ ૧. [સં. અકથ (કહ્યું ન જાય એવું)] વિ. (પ્રાકૃત) કહી ન શકાય એવું.
૨. વિ. કહેવું ન શોભે એવું; બરાબર.

અકહુરિ પું. (પિંગળ) એ નામનો ૧૪ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; અકૂહરિ. તેના દરેક ચરણમાં નગણ, નગણ, નગણ, નગણ, લઘુ અને લઘુ, એમ ૧૪ અક્ષર હોય છે.

અકહુરિ રચ ન ન ન ન લ લ ચરી.

રણજિતરામ

અકહુલ ૧. વ. એ નામની એક જાતનું માણસ.
૨. વિ. આસામની ઉત્તર તરફના અને બ્રહ્મદેશની પૂર્વ તરફના પહાડી મુલકમાં ટોળાબંધ રહેતી જિંદગી ગુજારતા બેકિનની એક જાતનું. તેઓમાં જાતની જૂની વગેરે ઘણા વિચિત્ર રિવાજો પ્રચલિત છે.

અકહોલી ૧. વ. નાનકપંથી ગણા સાખપંથી પાળનારાઓના એક વિભાગનું માણસ. 'સત શ્રી અકાલ,' એ સૂત્ર તેઓનો પરમોપ હોવાથી તેઓ અકાલી કહેવાય છે. લુઓ અકાલી.
૨. વિ. એ નામની એક જાતનું.

અકળ ૧. [સં. અ + કલ્ (કળવું)] વિ. કળી ન શકાય એવું; અગમ્ય; ગહન; ગૂઢ; દુર્વિજ્ઞેય.
૨. [સં. અ + કલ્ (ગણવું)] વિ. ગણી કે માપી ન શકાય એટલું; ઘણું; ઝાઝું.
૩. વિ. ન માની શકાય એટલું.

અકળકળા ૧. [સં. અ (નહિ) + કલ્ (જાણવું) + કળા (રીત)] સ્ત્રી. ન કળી કે ન જાણી શકાય એવી કળા; અગમ્ય રીતરસમ; માયા; કુદરત.
૨. સ્ત્રી. રહસ્ય; મર્મ; ભેદ; કોયડો.

અકળકાળ [સં. અકલ (ન જાણી શકાય એવું) + કાલ્ન (કાળ)] પું. એવરાળ, કેમે તે ન જાણી શકાય તે રીતે વરસે છે; વરસાદેવ.

અકળકોયલ [સં. અ (નહિ) + કલ્ (જાણવું) + કોયલ (માયા)] સ્ત્રી. અગમ્ય માયા.

અકળચકળ લુઓ અકળવિકળ.

અકળવિકળ ૧. [સં. અ (નહિ) + કલ્ (જાણવું) + વિ (વધારે) + કલ્ (જાણવું)] વ. ગભરાટ; ગભરામણ; સંભ્રમ; અધીરતા; ચિત્તવિક્ષિપ્તતા.
૨. વિ. અસ્વસ્થ.
૩. વિ. આકુળવ્યાકુળ; ગભરાયેલું.
૪. વિ. મિડાયેલું.

અકળવું [સં. અ (નહિ) + કલ્ (જાણવું)] ક્રિ. નહિ જાણવું; જાણવામાં નહિ આવવું.

અકળસ્વરૂપ ૧. [સં. અકલ (ન જાણી શકાય એવું) + સ્વરૂપ (આકાર)] પું. ભગવાન; પ્રભુ.
૨. વ. ન કળી શકાય એવું રૂપ.
૩. વિ. આકાર કે રૂપ ન જાણી શકાય એવું.

અકળા ૧. [સં. અ + કલા (આવડત)] સ્ત્રી. અણઆવડત.
૨. [સં. અ + કલા (કારીગરી)] સ્ત્રી. કળાથી વિરુદ્ધ વસ્તુ.
૩. વિ. સ્ત્રી. ન કળી શકાય એવી.

અકળાઈ [અકળાવું + આઈ (પ્રત્યય)] પું. અકળામણ; મૂંઝવણ; ગભરાટ.

અકળામણ ૧. [અકળાવું + આમણ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આકસ્મિકતા; મૂંઝવણ; પીડાચૂંટા.
૨. સ્ત્રી. કંટાળો; ત્રાસ થવું તે; નિર્વેદ.

અકામ

૩. સ્ત્રી. મેલેરી; ફેધામણ; ગભરામણ.

અકળાવવું જુ. ક્રિ. અકળાવ એમ કરવું; મૂંઝવવું; ગભરાવવું; કાબર કરવું; બાકુળ કરવું.

અકળાવું ૧. [સં. આકુલ (કંટાળેલ)] જા. ક્રિ. કંટાળવું; કાબર થવું; ત્રાસવું.

૨. જા. ક્રિ. બાકુળ થવું; મૂંઝાવું; ગભરાવું.

અકળિત ૧. [સં. અ + કલિત (કળેલું)] વિ. કળતર ન કરું હોય કે અડચણો ન કાઢવો હોય એવું.

૨. વિ. ન જાણી શકાય એવું; કળી ન શકાય એવું; અગમ્ય; ગૂઢ.

૩. વિ. નહિ પારેલું; નહિ કળેલું.

રામ બામની રે કુમારી,
એણે અકળિત વાત વિચારી. પ્રેમાનંદ

અકળી [સં. અ + કલિત (કળેલું)] વિ. સ્ત્રી. ન કળી શકાય એવી.

અંબા આની અકળી વાતો
નથ નિયે તેને લાવતા રે. હરજોવન

અકાચું ૧. [સં. અ + કચ્ (કચવું)] વિ. કચી ન શકાય એવું.

૨. [સં. અ + કચ્ (આવવું)] વિ. સમજી ન શકાય એવું.

અકેબન ૧. વિ. (કચ્છી) અશુદ્ધ.

૨. વિ. અસલ નહિ એવું; છાર્યું હોવાનું.

૩. [સં. અ (નહિ) + કિંચન (કંઈ પણ)] વિ. કંગાલ; દીન; ગરીબ.

અકેરક ૧. [સં. અ + કંટક (કાંટો)] વિ. કાંટા વિનાનું; નિષ્કંટક.

૨. વિ. મુશ્કેલી વિનાનું; નિર્વિઘ્ન.

૩. વિ. હરીફ વિનાનું; શત્રુ રહિત.

અકેક ૧. [સં. અ (અલ્પ) + એક (એકું)] વિ. બીજા સાથવાળું.

૨. વિ. બેસી ગયેલ અવાજવાળું.

અકેપ ૧. વિ. અસલ; સાચું; બનાવટી હોય તેવું જ.

પૂર્ણ વરદાયી સુર તેવો જ
આપીને બને અકેપ. નિષ્કુર્ષ

૨. [સં. અ + કંપ્ (કંપવું)] વિ. કુશળ વિનાનું; હોશ રહિત; સ્થિર.

અકેપતા [સં. અકંપ (સ્થિર) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. સ્થિરતા.

અકેપત્વ [સં. અકંપ (કુશળ) + ત્વ (પણું)] ન. કુશળ રહિત સ્થિતિ. બંસી બજાવવામાં આંગળીઓનું અકંપત્વ એટલે ન કંપવું એ એક આવશ્યક અભ્યાસ છે.

અકંપન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક રાજર્ષિ. એને હરિવા નામે એક મહાપરાક્રમી પુત્ર હતો.

૨. પું. (પુરાણ) એ નામનો રાવણનો એક દૂત. જનસ્થાનમાં શ્રીરામચંદ્રે ખર આદિ રાક્ષસને માર્યાની હકીકત રાવણને એણે કહી હતી. એ રામ-રાવણના સંગ્રામમાં હનુમાનને હાથે મરણ પામ્યો હતો. તેને પ્રહસ્ત અને ધૂમ્રાક્ષ એવા બે ભાઈ હતા. તેના બાપનું નામ સુમાલી અને માતાનું નામ કેતુમતી હતું. તેને બે બહેન હતી-રાવણની માતા કૈકસી અને બીજી કુંભીનસી.

૩. [સં. અ + કંપ્ (ધ્રૂજવું)] જા. કુશળતાનો અભાવ; સ્થિરતા.

૪. વિ. ન કંપે એવું; અડગ; સ્થિર; નીડર.

અકંપનીય [સં. અ + કંપનીય (કંપે એવું)] વિ. ન કંપે કે ન કંપે એવું; અડગ; નીડર.

અકંપનીયતા [સં. અકંપનીય + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. અડગપણું; નીડરપણું.

અકંપિત ૧. પું. (જૈન) ઉત્સા તીર્થંકરનો એ નામનો એક શિષ્ય.

૨. [સં. અ + કંપિત (કંપેલું)] વિ. નહિ કંપેલું; સ્થિર; અડગ; દૃઢ; નિશ્ચલ; સ્થિર બુદ્ધિવાળું.

૩. વિ. (જૈન) જૈન ગ્રન્થપિટોના એ નામના એક પ્રકારનું.

અકંપિતતા [સં. અકંપિત (નહિ કંપેલું) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. સ્થિરતા; દૃઢતા; અડગપણું.

અકંપ્ય [સં. અ + કંપ્ય (કંપે એવું)] વિ. કંપારી કે કમ્પારી ન શકાય એવું; સ્થિર; અચળ; અટળ.

અકંપ્યતા [સં. અકંપ્ય (સ્થિર) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. અચળપણું; સ્થિરતા.

અકા ૧. જા. એ નામની એક જાતનું માણસ.

૨. વિ. તિબેટી અને બર્મી બોલીની એ નામની એક લડવૈયા જાતનું.

અકાઇય ૧. પું. (પ્રાકૃત) સિદ્ધ ભગવાન.

૨. [સં. અ + કાય (શરીર) + ઇક (વાળું)] વિ. (પ્રાકૃત) શરીર વિનાનું.

અકાઠ ૧. પું. ઋષિ; મુનિ.

સુખ દુઃખ વર્જિત જે રહે સદાયે,
અકાઠ તે કહેવાય. વિરમ

૨. વિ. પરવા વિનાનું; બેદરકાર; નિરપેક્ષ.

૩. વિ. સુખદુઃખથી પર.

અકાકિયો પું. એ નામનો એક જાતનો બાવળ. એનાં પાંદડાં અણીદાર હોતાં નથી. ઢોરાંનું કૂતરાંના કરડવા ઉપર એ પાંદડાં બાફીને બંધાય છે. તેના કાંટા કંઈક દૂંપા, અને તેની સિંગ કાતરાદાર નહિ પણ સહેજ ગોળાકાર હોય છે.

અકાજ ૧. વિ. લાચાર.

૨. બુઝો આકાર્ય.

અકાટ્ય [સં. અ (નહિ) + કૃત (કાપવું)] વિ. ન કાપી શકાય એવું; ખંડન ન થઈ શકે એવું; દૃઢ; મજબૂત; અટલ.

અકાતર ૧. [સં. અ (નહિ) + કાતર (ભીરુ)] વિ. નીડર; હિંમતવાળું; બહાદુર; સાહસિક.

૨. ક્રિ. વિ. સ્વરથ; ગભરાયા વિનાનું.

અકાદાજ [અ.] પું. આદિકામાં હતો એ નામનો એક જાતનો ચુંદર. તે મોંમાં નાખતાં પ્રથમ કંઈ સ્વાદ આપતો નથી, પણ ચાવ્યાથી તીખો લાગે છે. મોંમાં પડતાં ચાંદાં ઉપર ઔષધિ તરીકે તેનો ઉપયોગ થાય છે.

અકાબ [અ. ઉકાબ] જા. ગરુડ પક્ષી.

ગગન ગરબને તૈયાર કરીને પોતાના અકાબ
પક્ષીને ઘડવા દીધું. ઇચ્છારામ મોરી

અકાબર ૧. [અ. અકાબિર (મોટા)નું બહુવચન] પું. અમલદાર; અધિકારી; હોદ્દેદાર.

૨. [અ. કબર (તે મોટો હતો)] પું. મોટો માણસ; મહાન પુરુષ.

૩. પું. વડીલ; વૃદ્ધ પુરુષ.

૪. જા. માન આપવા લાયક માણસ.

૫. વિ. (પારસી) મહાન; મોટું; પ્રતિષ્ઠિત.

અકામ ૧. [સં. અ (નહિ) + કામ (ઇચ્છા)] પું. અનિચ્છા; ઇચ્છા ન હોવાપણું.

૨. પું. (પિંગળ) એ નામનો પ૭ ગુરુ અને ૪૨ લઘુ મળી ૯૯ વર્ણવાળો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે અનુપ્રસ્તારપ્રકાર પ્રમાણે પદ્મની છપ્પયનો એક ભેદ છે.

૩. પું. (ભાકરણ) ૨ પછી ૨ આવે તો પહેલા ૨નો લોપ થાય અને તેની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય એવો સંધિનો નિયમ.

૪. પું. (જૈન) સર્વ ઇચ્છાની જ્યાં નિવૃત્તિ થાય છે તે; મોક્ષ.

૫. [સં. અ (અયોગ્ય) + કર્મન્ (કામ)] ન. ખોટું કામ.

૬. વિ. ઇચ્છાપૂર્વક નહિ એવું; અજાણતાં બનેલું.

૭. વિ. નિષ્કામ; કામના રહિત; ઇચ્છા વિનાનું; નિઃસ્પૃહ.
૮. વિ. વિષયની ઇચ્છા રહિત.
૯. વિ. (જૈન) સ્વાભાવિક રીતે કર્મ અપે એટલે નાશ પામે તેવું.

અકામકૃત [સં. અકામ + કૃત (કરેલું)] વિ. અનાયુમાં કરેલું; ઇચ્છાપૂર્વક નહિ કરેલું.

અકામકૃત્ય વિ. (જૈન) ફળની ઇચ્છા રાખ્યા વિના કામ કરનાર.

અકામત [અ.] સ્ત્રી. નિમાજ પઢવાને વખતે બોલવામાં આવતી નાની બાંગ.

પાળી અકામત—નાની બાંગ—કહી નમાજ પઢયા.
હુસેનનો અહાલ સત્યાગ્રહ

અકામતા [સં. અ + કામ (ઇચ્છા) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. ઇચ્છા રહિતપણું; નિષ્કામપણું.

અકામનિર્જરા [સં. અકામ (ઇચ્છા વિનાનું) + નિર્જરા (પૂર્વબાંધેલાં કર્મો ભોગવી ક્ષય કરવાં તે)] સ્ત્રી. (જૈન) નિર્જરાની ઇચ્છા વિના પરાધીનપણે સહન કરાતાં દુઃખતરસ; સ્વેચ્છાથી નહિ પણ પરતંત્રપણે કરવામાં આવતો ભોગોપભોગનો ત્યાગ.

પરાધીનપણે અથવા અનુસરણ આદર જે અહિતકર પ્રવૃત્તિનો કે આહાર આદિનો ત્યાગ તે અકામનિર્જરા. તત્ત્વાર્થસૂત્ર

અકામમરણ ન. (જૈન) અજ્ઞાનપણે વિષય આદિની આસક્તિમાં થતું મરણ; બાલમરણ કહેવાય છે અપંડિતમરણ.

અકામા [સં.] વિ. સ્ત્રી. સંયમી; જિતેંદ્રિય.

અકામી ૧. પું. (પિંગળ) એ નામનો ૫ ગુરુ અને ૮૧ લઘુ મળી ૯૧ વર્ણવાળો એક માત્રાદંડક માત્રામેળ છંદ. એ માર્કંડનો એક ભેદ છે.
૨. પું. સાધુ; સંન્યાસી.
૩. [સં. અ + કામિન્ (ઇચ્છાવાળું)] વિ. કામના કે ઇચ્છા વિનાનું; નિઃસ્પૃહ; નિઃસ્વાર્થ; નિષ્કામ.
૪. [સં. અ (નહિ) + કામિન્ (વિષયી)] વિ. રતિભોગસુખતા રહિત; સંયમી; જિતેંદ્રિય; વિષયથી દૂર રહેનાર.

અકામુક [સં. અ (નહિ) + કામુક (વિષયી)] વિ. પ્રેમી નહિ એવું; લંપટ ન હોય એવું.

અકામ્ય [સં. અ + કામ્ય (ઇચ્છવા જેવું)] વિ. ન ઇચ્છવા યોગ્ય; અનિચ્છનીય.

અકાય ૧. [સં. અ (નહિ) + કાય (શરીર)] પું. કામદેવ, જે દેહ વિનાનો છે.
૨. પું. પરમાત્મા, જે આકાર વિનાના છે.
૩. પું. અગ્નિકાયા.
૪. પું. રાહુ, જે પદ્મ વિનાનો છે.
૫. વિ. કાયા રહિત; શરીર વિનાનું.

અકાયા ૧. પું. (ઇન્દી) કામદેવ.
૨. પું. પરમાત્મા.
૩. વિ. આકાર; દેહ વગરનું.

અકાર ૧. [સં. અ + કાર (અવાજ)] પું. એ અક્ષર; એનો ઉચ્ચાર; આદિ અક્ષર.
૨. પું. ઓંકારની પ્રથમ માત્રા આંહેની એ નામની એક.
૩. પું. વાયુ.
૪. પું. વિષ્ણુ.
૫. પું. શંકર.
૬. [સં. અ + કાર (કારણ)] વિ. કામ વિનાનું; ક્રિયા રહિત.
૭. [સં. અ + કાર (કારણ)] અ. કારણ વગર; વિના કારણ; અમસ્તું; નકામું; અકારણ.

અકારક ૧. [સં. અ (નહિ) + કારક (કરનાર)] વિ. આકારણ નકામું; કર્તા પદ્મ ન કરી છે એવું; નિરહંકારી.
૨. વિ. જેનો કોઈ કર્તા ન હોય એવું; અકર્તૃક.

અકારકવાદ [સં. અકારક (નિરહંકારી) + વાદ (મત)] પું. જૈનીસ વાદ આંહેનો એ નામનો એક. સુખો વાદ.

કરતો, કારવતો, અને બધું કરતો એવો આત્મા વિદ્યમાન નથી અર્થાત્ જે આકારક છે; એવો કશું કરતો નથી. નિયતિકારે આ મતને અકારકવાદ કહ્યો છે. ત્રિકારે આને સાંખ્ય કહ્યો છે. પુરાતત્ત્વ

અકારજ જુઓ અકાર્ય.

અકારણ ૧. [સં. અ (નહિ) + કારણ] ન. ઉદ્દેશ, હેતુ કે કારણ રહિતપણું.
૨. વિ. કારણ વગરનું; નિષ્કારણ; હેતુ રહિત; પ્રયોજન વિનાનું; નિષ્પ્રયોજન.
૩. વિ. જેની ઉત્પત્તિનું કોઈ કારણ નથી એવું; કોઈથી ઉત્પન્ન ન થયું હોય તેવું; સ્વયંભૂ.
૪. અ. વગર કારણે કે હેતુ; અમસ્તું; નકામું.

અકારણગુણોત્પન્ન [સં. અ (નહિ) + કારણ-ગુણ (કારણના ગુણ) + ઉત્પન્ન (પેદા થયેલું)] વિ. (ન્યાય) કારણના ગુણોથી નહિ પણ દેખાવમાત્રથી.

અકારણગુણોત્પન્નગુણ [સં. અ (નહિ) + કારણ-ગુણ (કારણના ગુણ) + ઉત્પન્ન (પેદા થયેલું)] પું. ન. (ન્યાય) નૈયાયિકો રૂપરસાદિ ગોવાસ ગુણ સ્વીકારે છે, તે પૈકી કર્મજતંતુરૂપે કારણગુણોથી અારંભાય છે એમ તેઓ માને છે. જેમકે તંતુગત રૂપાદિથી પટગત રૂપાદિનો આરંભ થાય છે. તંતુ શ્વેત હોય તો પટ પણ શ્વેત થાય, ઇત્યાદિ. એવા ચોવીસ ગુણો છે. બાકીના દસ ગુણો કારણગતગુણોથી ઉત્પન્ન થતા નથી તેથી તે અકારણગુણોત્પન્ન કહેવાય છે. તે દસ ગુણો બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, યત્ન, ધર્મ, અધર્મ, ભાવના અને શબ્દ છે. એ દસ ગુણો વિશુપદાર્થોના વિશેષ ગુણ છે.

અકારણચાર ૧. [સં. અકારણ (કારણ વગર) + વાદ (મત)] પું. કારણ વગર કરાતી ક્રિયાઓ; નિષ્કારણ કરેલો વિચાર.
૨. [સં. અકારણ + વાદ (મત)] પું. કારણ વગર કાર્ય બની આવે છે એવું પ્રતિપાદન કરતો વાદ.

અકારત ૧. [અ. કેકારત (વિકાર)] પું. વિકાર.
૨. [સં. અકર્મણ્ય] વિ. અવકિત; નાલાયક.
૩. [સં. અ + પ્રયોજનઃ (હેતુથી)] અ. અર્થે; કામટ; નકામું; નિષ્ફળ; અકાળ; નિરર્થક.

અકારથ [સં. અકર્મણ્ય] અ. નાહક; વ્યર્થ; કામટ; વૃથા.

અકારાદિ [સં. અકાર (એ અક્ષર) + આદિ (શરૂઆત)] વિ. એ અક્ષરથી શરૂ થતું.

અકારાંત [સં. અકાર (એ અક્ષર) + અંત (છેડો)] વિ. છેડે એ હોય એવું; અંતે અકારવાળું.

અકારિબ્ન [અ. કરબ (તે નષ્ટ કરનો)] પું. ન. ઔષધવિદ્યા.

અકારી ૧. પું. એ નામના પંથનો સ્થાપક. એણે લોકોને તાકીદ વિશે શિખામણ આપી હતી અને કુદરત પોતાના આણ પ્રમાણે વર્તે છે એવું શીખવ્યું હતું.
૨. પું. કુદરત પોતાના આણ પ્રમાણે વર્તે છે એવું માનનાર એ નામનો એક પંથ.
૩. ન. એ નામના પંથને માનનારું માણસ.
૪ [સં. અ (નહિ) + કારિન્ (કરનાર)] વિ. અણસુ; નિરુદ્યમી.
૫. વિ. સ્ત્રી. ક્રિયા નહિ એવી; અણખામણી.

અકારુ ૧. ન. સુકોની એ નામની એક જાતનું માણસ.
૨. [સં. અ (નહિ) + કારુ (કારીગર)] વિ. સુતારોની એ નામની એક જાતનું.

અકારું વિ. [જ.] જ. જે નામનું જોડ કરિયાવું; વગ.

૨. વિ. અપ્રિય; અણગમતું; અણખામણું; નહિ ગોઠતું; નાપસંદ.

અકારું કરવું = અણગમતું બનાવવું.

૩. [સં. અ + કાર્ય (કરવા યોગ્ય)] વિ. આકરું; કઠણ.

અકારો કેર = ભારો કેર; ત્રાસ.

૪. વિ. કઠોર; ક્રૂર.

અકાર્પણ્ય વિ. [સં. અ (નહિ) + કાર્પણ્ય (દીનતા)] જ. દીનતાનો અભાવ.

૨. [સં. અ + કાર્પણ્ય (કંજૂસાઈ)] જ. ભોળી ન હોવાપણું; કૃપણતાનો અભાવ.

૩. વિ. દીનતા કર્યા વિના મળેલું.

૪. વિ. દીનતા વિનાનું; કૃપણતા રહિત.

૫. વિ. (વેદાંત) સાંસારિક મિથ્યાજ્ઞાનને નિવૃત્ત કરનાર.

અકાર્ય વિ. [સં. અ (અયોગ્ય) + કાર્ય (કામ)] જ. અઘટ; બરાબર કામ; દુરાચરણ; દુષ્કર્મ.

૨. [સં. અ (નહિ) + કાર્ય (કામ)] જ. કામનો અભાવ.

૩. [સં. અ (નહિ) + કાર્ય (કરવા યોગ્ય)] વિ. નહિ કરવા જેવું; કરવાને અયોગ્ય.

૪. જ. અસારતા; ફોગટ; મિથ્યા; વ્યર્થ; નકામું.

અકાર્યકર વિ. [સં. અ (નહિ) + કાર્ય (કર્તવ્ય) + કર (કરનાર)] વિ. કર્તવ્ય નહિ કરનાર.

૨. [સં. અ (અયોગ્ય) + કાર્ય (કામ) + કર (કરનાર)] વિ. નહિ કરવા જેવું કામ કરનાર; દુકર્મી.

૩. [સં. અ (નહિ) + કાર્ય (કામ) + કર (કરનાર)] વિ. નિરુદ્યમી; આળસુ.

અકાર્યકારક જુઓ અકાર્યકર.

અકાર્યકારી જુઓ અકાર્યકર.

અકાર્યક્ષમ [સં. અ + કાર્ય (કામ) + ક્ષમ (સમર્થ)] વિ. બેદરકાર; કામ કરવાની આવડત વગરનું.

અકાર્યક્ષમતા [સં. અકાર્યક્ષમ + તા (ભાવ અર્થવાચક પ્રત્યય)] સ્ત્રી. બેદરકારી.

અકાર્ષ્ય જુઓ અકાર્પણ્ય.

અકાર્ષ્ય [સં. અ (નહિ) + કાર્પણ્ય (કંજૂસાઈ)] વિ. કામ વિનાનું; નિષ્કર્મા.

અકાલ વિ. [સં. અ + કાલ (અવસર)] પું. અવસર; કવખત; કમોકો; કમોસમ.

૨. [સં. અ (અયોગ્ય) + કાલ (વખત)] પું. અયોગ્ય વખત; ચોગ્ય પહેલાંનો વખત.

૩. પું. દુકાળ.

૪. પું. પરમાત્મા, કે જે કાળથી પર છે.

૫. વિ. કવખતનું; અયોગ્ય સમયે બનેલું.

૬. [સં. અ (નહિ) + કાલ (કાળ)] વિ. કાળું નહિ એવું.

૭. વિ. નિત્ય; હમેશનું.

અકાલકુષ્માંડ જ. [સં. અકાલ (અયોગ્ય વખત) + કુષ્માંડ (કોળું)] જ. કુળનાશક લક્ષણવાળું માણસ. ગાંધારીએ અપૂરે માસે કોઠામાં અકારણ બાંધવાને બદલે બાંધ્યો હતો. તેમાંથી દુર્યોધન વગેરે કૌરવ જન્મ્યા. પાછળથી એ કૌરવ વડે કુરુકુળનો નાશ થયો. એ ઉપરથી કુળનો નાશ થાય એવા લક્ષણવાળું માણસ અકાલકુષ્માંડ કહેવાય છે.

૨. જ. ભોજન વિનાનું ભટકાળું.

અકાલકુસુમ [સં. અકાલ + કુસુમ (ફૂલ)] જ. ઋતુ વિનાનું ફૂલ; કરતું ફૂલ. એ ફૂલ ઊપદવસૂચક ગણાય છે.

અકાલચારી [સં. અકાલચરિન્] વિ. (જૈન) કવખતે ગોચરી કરનાર એટલે ભિક્ષુ માગનાર.

અકાલજ્ઞ વિ. [સં. અ + કાલ + જ્ઞ (જાણનું)] વિ. કવખતે ચેતા સમેવું. કામકાનું; આકાશે જાગેલું કે ઊપજ્યું સમેવું; કરતું.

૨. વિ. ચોગ્ય સમય પહેલાં પાકેલું; અકાલપક્વ.

અકાલજન્મા [સં. અકાલ (અયોગ્ય વખત) + જન્મન્ (જન્મ)] પું. વખત પૂરો થયા વગર થયેલ જન્મ; અપૂરે માસે થયેલ જન્મ.

અકાલજ્ઞાન [સં. અકાલ (કવખતનું) + જ્ઞાન (જાણવું તે)] જ. (જૈન) કવખતનું વાદળું; ચોગ્ય વગરનું વાદળ.

અકાલજ્ઞાની જુઓ અકાલજ્ઞ.

અકાલનિત [સં. અકાલ (કવખતનું) + નૃત (નાચ)] પું. ખોટું નાચવું.

આ અકાલનિતનમાં રોજમાં આવતા સાંઝ આસો-કવખતે ચડી આકરે પાકી બીજા સાંઝ ઉગ્યા મારે ત્યારે આવા, અતિસાર વગેરે રોગો થઈ આવે છે. સાર્થદર

અકાલનિદાન [સં. અકાલ (અવસર) + દાન (આપવું તે)] જ. અવાસ્તવિક દાન; વખત વગર કરેલું દાન.

અકાલનિરોહક [સં. અકાલ (કવખત) + રોહક (અંકોળનારી ઇચ્છા)] સ્ત્રી. કવખતે મૂર્છિતપણે થતી ઇચ્છા.

અકાલપક્વ વિ. અધૂરિયું.

૨. [સં. અકાલ (અયોગ્ય વખત) + પક્વ (પાકેલું)] વિ. કવખતે પાકેલું; ચોગ્ય પહેલાં પાકી ગયેલું; કરતનું.

અકાલપ્રાપ્ત [સં. અકાલ + પ્રાપ્ત (આવ્યું)] જ. કાળ આવ્યા વિના આવવું તે; અવકાશ નહિ કરવાને વખતે આવવું તે; કવખતે આવવું તે.

અકાલપરિપ્લુતિ [સં. અકાલ (વખત પહેલાં) + પરિપ્લુત (કળવું)] સ્ત્રી. આકાશે પાકવું તે; ખગોળવૃદ્ધિ.

રમણભૂતાલિ. અનુકાલપ્લુતિ અને અકાલપરિપ્લુતિના પરિણામ કાંતી ચોગ્ય સુધારાઓ વખતો માનવસમાજના વિષયમાં ૪ ૪ ૪ સુરમ-દિ રચ્યા થાય છે. મણિલાલ દેસાઈ

અકાલપરિભોજી [સં. અકાલ + પરિભોજિન્ (ભોજન કરનાર)] વિ. (જૈન) રાત્રિભોજન કરનાર.

અકાલપરિહીન [સં. અ (નહિ) + કાલ (વખત) + પરિહીન (ગુમાવેલું)] જ. તકાળ; સીમ.

અક્ષક્ષેત્ર ૧. પું. (ભૂમિતિ) એક ખૂણો અક્ષાંશની બરાબર હોય અને બીજો ખૂણો કાટખૂણો હોય એવો ત્રિકોણ.

૨. ન. (જ્યોતિષ) છાયાનું ક્ષેત્ર; અર્ક સાધવા માટે કલ્પેલ આઠ ક્ષેત્ર માંહેનું દરેક.

૩. [સં. અક્ષ (પાસો) + ક્ષેત્ર (જગા)] ન. પાસા નાખવાની જગા.

અક્ષગ્રહ [સં. અક્ષ (ઇંદ્રિય) + ગ્રહ (ગ્રહણ)] પું. ઇંદ્રિયગ્રહણ.

અક્ષજ ૧. જુઓ અક્ષક્ષેત્ર ૨.

૨. [સં. અક્ષ (ઇંદ્રિય) + જ (જન્મેલ)] પું. વિષ્ણુ, પ્રત્યક્ષ જે તે જીવની નાસિકા ઇંદ્રિયોથી વરાહરૂપે પ્રકટ થયા મનાય છે.

૩. ન. ઇંદ્રિયજન્ય જ્ઞાન; અનુભવસિદ્ધ જ્ઞાન; પ્રત્યક્ષ જ્ઞાન.

૪. [સં. અક્ષ (અવયવ) + જ (ઉત્પન્ન થયેલું)] ન. વજ્ર, કેમી તે અસ્થિરૂપ અવયવનું બનેલું મનાય છે.

૫. ન. હીરો.

૬. વિ. ઇંદ્રિયજન્ય.

૭. [સં. અક્ષ (આંખ) + જ (જન્મેલ)] વિ. (જ્યોતિષ) આંખથી ઉત્પન્ન થનાર.

અક્ષજ્ઞવલન ૧. ન. અક્ષાંશની બનાવી વાંકાઈ.

૨. ન. (ભૂગોળ) મહાન કાંતિવૃત્તોમ સ્થાનાંથી ધ્રુવ અને ઉત્તરબિંદુ સુધી દોરેલા બે ચાપ વચ્ચેનો ખૂણો.

અક્ષતયોનિ જ. બોહી; રુધિર.
બોલ્યિત રજા પુરુષ અને અક્ષત રુધિર અક્ષતયોનિ; બોહી બીજું પૂતના પવિત્ર કરિયાં આપ. વિજયવલ્લભ

અક્ષદ્યૂત [સં. અક્ષ (પાસો) + દ્યૂત (જુગાર)] વિ. પાસા રમવાની કળા જાણનાર; પાસા રમવામાં ચતુર.

અક્ષધન [સં. અ (અભાવ) + ક્ષય (નાશ)] વિ. ક્ષયપ્રાપ્તનું; કદીયે ખૂટે નહિ એવું.

અક્ષયતૃતીયા ૧. [સં. અ (નહિ) + ક્ષય (ઘટવું) + તૃ (આપનારી)] સ્ત્રી. ઉત્સવ નહિ આપનારી સ્ત્રી.
૨. [સં. અ (નહિ) + ક્ષયવતિ (રાત્રિ)] સ્ત્રી. રાત્રિ નહિ તે.

અક્ષયપુણ્યેષી [સં. અ + ક્ષય (નાશ) + પુણ્યિન્ (પવિત્રકાર)] વિ. ક્ષયપ્રાપ્તમાં દીપનાર.
એવી રીતે તેમણે અક્ષયપુણ્યેષી અને લાભને બદલે બાધી નામવાની સક્રિયાઓ થઈ. પુરાતત્ત્વ

અક્ષયસ્થિતિ [સં. અ (નહિ) + ક્ષયિષ્ણુ (ક્ષયપ્રાપ્ત કરે એવું)] વિ. તરત નાશ ન પામે એવું; બાધુ રહે તેવું.

અક્ષરજ્ઞું [સં. અક્ષત (ચોખા) + વાસન (ઘેલ)] જ. અભિમાનું; બોબાથી કે વધારે લાવેલી બાળ.
સોલાઅવતી અક્ષરજ્ઞું વારી,
બાંધ્યાં તે તો બીજન ધરી. નાકર

અક્ષરા ૧. પું. જવ; યવ.
૨. પું. કાંસર; ચોખા.
૩. પું. પાસો.
૪. પું. પરમેશ; પુરુષોત્તમ પરમનો માણસ.
૫. પું. શિવ.
૬. પું.બ.વ. તણિયત ભગવેલ મનુષ્યના માથા ઉપરથી ઉતારેલ ચોખા, ઘીકું, ટોપલો, પાઈ, પૈસો કે સોનાંનો કટકો.
૧. અક્ષત ઉતારવા = માણસની તબિયત બગડતાં તેને વળગેલ વળગાડ જાણવાને ચોખા, ઘીકું, ટોપલો વગેરે તેને માથેથી સાત વાર ઉતારવાં. આજકાલ માથેથી ઉતારેલ આ સર્વ અક્ષત વાલકુને બતાવતાં તેમાંના ચોખા કાચા લાગે તો પોતાની તંત્રપાટી ઉપર નાખી જોવ કે વળગાડ હોય તો કહે છે.
૨. અક્ષત જોવા-વાળવા = વળગાડની અસર છે કે નહિ તે તપાસવા માથેથી ઉતારેલા ઘઉંના દાણા જોવા.

અક્ષત [સં. અ (નહિ) + ક્ષત (ઘાયેલું)] પું.બ.વ. વણબાંગેલા ચોખાના દાણા. મંગળ પ્રસંગે દેવને અને ચોટલા બાલકને વધારી લેવામાં કે બાંદલા ઉપર ચોડવામાં અક્ષતનો ઉપયોગ થાય છે.
૧. અક્ષત ચોડવા = ધાર્મિક ક્રિયામાં કપાળમાં બાદલા ઉપર ચોખા ચોડવા.
૨. અક્ષત બાંધવા = કંકુ ચડાવેલા ચોખા બાંધવા.
૮. જ. કાકડાશીંગ નામની ઔષધિ.
૯ [સં. અ (નહિ) + ક્ષત (ઘા)] જ. જખમ ન હોવાપણું.
૧૦. જ. ધાન્ય; અનાજ.
૧૧. જ. મંગળ; કલ્યાણ; શુભ.
૧૨. વિ. અખંડ.
તમારી અક્ષત કરેલો કુલવતા વીરબાલ. બનારાજ
૧૩. [સં. અ (ઊણું) + ક્ષત (ન્યૂન પડેલું)] વિ. ઊતરેલું.
૧૪. [સં. અ (નહિ) + ક્ષત (કપેલ)] વિ બાકી નહિ કરેલું.
૧૫. વિ. નહિ ભાંગેલું; આખું; સલામત; અણીશુદ્ધ.

અક્ષતત્વ [સં. અક્ષ (પાસો) + તત્વ] જ જુગાર રમવાની કળા; જુગારની વિદ્યા.

અક્ષતપણું [સં. અક્ષત (અખંડ) + પ્રત્યય (ભાવ બતાવનાર પ્રત્યય)] જ. જરા પણ ખંડિત ન થયું હોય એટલે બાંધ્યું ન હોય તેવી સ્થિતિ; સલામતપણું.

અક્ષતયોનિ ૧. [સં. અક્ષત (અખંડ) + યોનિ] સ્ત્રી. કુમારિકા; કન્યા.
૨. વિ.સ્ત્રી. પુરુષના સંબંધમાં નહિ આવેલી તૈયાર ખંડિત નથી થયું એવી.

અક્ષતયોની જુઓ અક્ષતયોનિ.

અક્ષતવીર્ય [સં. અક્ષત (અખંડ) + વીર્ય] વિ.પું. અસ્ખલિત વીર્યવાળો; ઓસંગ ન થયો હોય એવો; વાતવારી.

અક્ષતશરીર ૧. [સં. અ (નહિ) + ક્ષત (ઘવાયેલ) + શરીર] જ. નહિ ઘવાયેલું શરીર; નુકસાન ન પહોંચ્યું હોય તેવું શરીર.
૨. વિ. જખમી નહિ થયેલ.

અક્ષતા ૧. [સં.] સ્ત્રી. કન્યા; કુમારી.
૨. સ્ત્રી. કાકડાશીંગી.
૩. વિ.સ્ત્રી. પુરુષના સંબંધમાં નહિ આવેલી.
આ સર્વબોધની નમસ્કૃતા, અપરા, અક્ષીતા, શુદ્ધ એનીયું મહત્વ કરો. પુરાતત્ત્વ

અક્ષત્ર [સં. અ (નહિ) + ક્ષત્ર (ક્ષત્રિય)] વિ. ક્ષત્રિય વિનાનું.

અક્ષત્રિય ૧. [સં. અ (નહિ) + ક્ષત્રિય] જ. ક્ષત્રિય વર્ણ સિવાયનું અન્ય માણસ.
૨. વિ. ક્ષત્રિય વિનાનું; અક્ષત્ર.

અક્ષદર્શક ૧. [સં. અક્ષ (પાસો) + દર્શક (દેખાડનાર)] પું. જુગારીનો સરદાર.
૨. [સં. અક્ષ (વ્યવહાર) + દર્શક (બતાવનાર)] પું. ન્યાય આપનાર અમલદાર; ન્યાયાધીશ.

અક્ષદ્રુહ્પરિવર્તન [સં. અક્ષ + દ્રુહ્ (દ્વિત્વ) + પરિવર્તન (ફેરફાર)] જ. (ભૂગોળ) અયનચલનની અનિયમિતતા; પ્રથમ અયનચલન અને શુદ્ધ અયનચલન વચ્ચેનો તફાવત; 'ન્યુટેશન.'

અક્ષદેવી [સં. અક્ષ (પાસો) + દેવિન્ (રમનાર)] સ્ત્રી. જુગાર ખેલવાવાળું; જુગારી.

અક્ષદ્યૂત ૧. [સં. અક્ષ (પાસો) + દ્યૂત (જુગટું)] પું. પાસા ખેલનાર પુરુષ; જુગારી.
૨. જ. પાસાની રમત; જૂગટું.

અક્ષધર ૧. [સં. અક્ષ (ચક્ર) + ધર (ધારણ કરનાર)] પું. વિષ્ણુ.
૨. [સં. અક્ષ (પૈડાનો આરો) + ધર (ધરનાર)] જ. પૈડું.
૩. જ. સાગોદ નામનું ઝાડ.
૪. [સં. અક્ષ (પાસો) + ધર (ધરનાર)] વિ. પાસો ખેલનાર; પાસો પકડનાર.
૫. વિ. પૈડું પકડી રાખનાર.

અક્ષધુર [સં. અક્ષ (ગાડી) + ધુર (ધોંસરું)] પું. ગાડીનું ધોંસરું.

અક્ષધૂર્ત [સં. અક્ષ (પાસો) + ધૂર્ત (ઠગારો)] પું. પાસાની રમતમાં કુશળ ઠગારો; જુગારી.

અક્ષધૂર્તિલ [સં. અક્ષ (જાદુ) + ધૂર્તિ (ઠાર) + લા (લેનાર)] પું. ગાડે લોહેલ બગદ.

અક્ષનિપુણ જુઓ અક્ષકુશલ.

અક્ષનૈપુણ [સં. અક્ષ (પાસો) + નૈપુણ (કુશળતા)] જ. પાસા રમવામાં કુશળતા.

અક્ષપટલ ૧. [સં. અક્ષ (ન્યાય) + પટલ (પ્રસ્થ)] પું. ન્યાય આપનાર અમલદાર; ન્યાયાધીશ.
૨. પું. હિસાબી; હિસાબ રાખનાર.
૩ [સં. અક્ષ (આંખ) + પટલ (પડળ)] જ. આંખનું પડળ.

૪. જ. આંખનો એ નામનો એક રોગ.

૫. [સં. અક્ષ (ન્યાય) + પટલ (ટાપલો)] જ. કામદાની ચોપડીઓ રાખવાનું સાધન.

૬. [સં. અક્ષ (ન્યાય) + પટલ (કાપડ)] જ. ન્યાયકચેરી.

અક્ષપટલાધ્યક્ષ [સં. અક્ષપટલ (હિસાબી) + અધ્યક્ષ (ઉપરી)] પું. હિસાબી ખાતાનો મુખ્ય અધિકારી.

અક્ષપરિ [સં. અક્ષ (પાસો) + પરિ (વિપરીત)] જ. પાસાની રમતમા હાર થાય એમ; હારનો દાવ હોય એવી રીતે.

અક્ષપાટક ૧. [સં. અક્ષ (ન્યાય) + પટ્ (પ્રકાશવું)] પું. કામદામાં પ્રવીણ પુરુષ.

૨. પું. ન્યાયાધીશ.

અક્ષપાત [સં. અક્ષ (પાસો) + પાત (પતન)] પું. પાસાનો દાવ.

અક્ષપાદ ૧. [સં. અક્ષ (આંખ) + પાદ (પગ)] પું. ન્યાયશાસ્ત્રના રચનાર ગૌતમ-મુનિ. એમ કહેવાય છે કે પોતાના મતનું ખંડન કરનાર બાસનું મુખ પોતાની આંખે કદી ન જોવું એવી પ્રતિજ્ઞા ગૌતમે કરી હતી. પછી બાસે જ્યારે એને પ્રસન્ન કર્યા ત્યારે એણે પોતાના પગમાં આંખ કરી તેને જોયા. આ કારણથી ગૌતમનું નામ અક્ષપાદ પડ્યું.

૨. [સં. અક્ષ (ઇન્દ્રિય) + પાદ (જ્ઞાન સાધન)] પું. ન્યાયશાસ્ત્રને જાણનાર પુરુષ, નૈયાયિક; તાર્કિક. નૈયાયિકોનો તર્ક પ્રત્યક્ષોપ જીવી હોઈ એટલે કે ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષ જ તેમના મતમાં મુખ્ય જ્ઞાનસાધન હોવાથી 'અક્ષપાદ' સંજ્ઞા થઈ જણાય છે.

અક્ષપાસો [સં. અક્ષ (જુગાર) + પાસક (પાસો)] પું. જુગાર રમવાનો પાસો.

અક્ષપીડા ૧. [સં. અક્ષ (આંખ) + પીડા (વેદના)] સ્ત્રી. આંખની વેદના.

૨. [સં. અક્ષ (ઇન્દ્રિય) + પીડા] સ્ત્રી. ઇન્દ્રિયોની ખેંચ.

૩. સ્ત્રી. વનસ્પતિનો નામની વનસ્પતિ.

અક્ષપ્રદક્ષિણા [સં. અક્ષ (ધરી) + પ્રદક્ષિણા (ભ્રમણ)] સ્ત્રી. (ભૂગોળ) ધરીની આસપાસ ફરવું તે; આકાશી પદાર્થનું પોતાની ધરી પર ફરવું તે; 'રોટેશન.'

સુમારે પચાસથી સાઠસીત્તેર દિવસ સુધીમા ગ્રહની અક્ષપ્રદક્ષિણા થાય છે.

જ્યોતિર્વિલાસ

અક્ષપ્રદક્ષિણાકાળ [સં. અક્ષ (ધરી) + પ્રદક્ષિણા (ભ્રમણ) + કાલ (વખત)] પું. (ભૂગોળ) આકાશી પદાર્થને ધરીની આસપાસ ફરતાં લાગતો વખત.

અક્ષબંધ [સં. અક્ષ (આંખ) + બન્ધ્ (બાંધવું)] પું. જાદુથી લોકોની આંખમાં ધૂળ નાખવી; નજરબંધી.

અક્ષભા ૧. સ્ત્રી. (ભૂગોળ) અક્ષાંશના રપર્શકને ૧૨ વડે ગુણવાથી આવે તેટલા અંગુલ.

૨. સ્ત્રી. છાયા.

અક્ષભાગ [સં. અક્ષ (બાસ) + ભાગ (અંશ)] પું. અક્ષાંશ.

અક્ષભાર ૧. [સં. અક્ષ (ગાડું) + ભાર (વજન)] પું. ગાડાનો ભાર; ગાડાનું વજન.

૨. પું. ગાડામાં ભરેલો ભાર.

અક્ષભ્રમણ જુઓ અક્ષપ્રદક્ષિણા.

અક્ષભ્રમણગતિ [સં. અક્ષભ્રમણ (ધરીની આસપાસ ફરવું તે) + ગતિ] સ્ત્રી. (ભૂગોળ) ધરીની આસપાસ ફરવાની ગતિ.

અક્ષમ ૧. [સં. અ (નહિ) + ક્ષમ (યોગ્ય)] વિ. અનુચિત; અઘટિત; અયોગ્ય.

૨. [સં. અ (નહિ) + ક્ષમ (સમર્થ)] વિ. અસમર્થ; અશક્ત; લાચાર.

૩. [સં. અ (નહિ) + ક્ષમા (ખામોશી)] વિ. ક્ષમાનો ગુણ ન હોય એવું.

૪. [સં. અ (નહિ) + ક્ષમ (સાચે એવું)] વિ. બીજાને તેઓના મત ધરાવવા અથવા ધર્મ પાળવા દેવાને નારાજ.

અક્ષમણીય [સં. અ (નહિ) + ક્ષમણીય (માફ કરવા જેવું)] વિ. અક્ષમ્ય; માફી ન આપવા જેવું.

અક્ષમતા જુઓ અક્ષમા ૧, ૨, ૪.

અક્ષમત્વ જુઓ અક્ષમા ૧, ૨, ૪.

અક્ષમદ [સં. અક્ષ (પાસો) + મદ (તીવ્ર ઇચ્છા)] પું. જુગાર રમવાની તીવ્ર ઇચ્છા.

અક્ષમા ૧. [સં. અ (નહિ) + ક્ષમા (સહન કરવાપણું)] સ્ત્રી. ધીર્યા; અદેખાઈ.

૨. સ્ત્રી. ક્રોધ; ગુસ્સો.

૩. સ્ત્રી નાટ્યના ૩૩ અલંકારમાંનો એ નામનો એક.

૪. સ્ત્રી. પારકાના મતને ઉદારતાપૂર્વક માન આપવાની અશક્તિ; ક્ષમાનો અભાવ.

અક્ષમાપક [સં. અક્ષ (બાસ) + માપક (માપનાર)] જ. (ભૂગોળ) રેખાંશ ને અક્ષાંશ ઉપરથી ગ્રહ-નક્ષત્ર જોવાનું એ નામનું એક પ્રકારનું યંત્ર.

અક્ષમાપન [સં. અ (નહિ) + ક્ષમાપન (માફી)] જ. માફ ન કરવાપણું.

અક્ષમાલા ૧. [સં. અક્ષ (નક્ષત્રચક્ર) + માલા] સ્ત્રી. (ભૂગોળ) ઉત્તર દિશામાં વસિષ્ઠ નામના તારા પાસે સપ્તર્ષિ મંડળમાં માળારૂપે રહેલ તારો; અરુંધતી નામનો તારો.

૨. [સં. અક્ષ (મણકો) + માલા] સ્ત્રી. રુદ્રાક્ષ, સ્ફટિક વગેરેના મણકાની માળા; જેરખો; જપમાળા.

૩. [સ. અક્ષ ('અ' થી 'ક્ષ' સુધીના અક્ષર) + માલા (હાર)] સ્ત્રી. વર્ણમાલા; અક્ષર-માળા; અ થી ક્ષ સુધીના અક્ષરની હાર.

૪. સ્ત્રી વસિષ્ઠ ઋષિનાં પત્ની અરુંધતી.

અક્ષમાલિકા ૧. [સં.] સ્ત્રી. એકસો આઠ ઉપનિષદો પૈકીની એકનું નામ. જુઓ ઉપ-નિષદ.

૨. જુઓ અક્ષમાલા ૨, ૩.

અક્ષમાશીલ [સં. અ (નહિ) + ક્ષમા સહનશીલતા) + શીલ (સ્વભાવ)] વિ. સહનશક્તિ વિનાનું; બીજાના મતને સહી ન શકે એવું.

અક્ષમાળા જુઓ અક્ષમાલા.

અક્ષમૌન [સં. અક્ષ (ઇન્દ્રિય) + મૌન (ચૂપકી)] જ. મૌનનો એ નામનો એક પ્રકાર; બળાત્કારથી ઇંદ્રિયોનો કરવામાં આવેલો નિગ્રહ.

બળાત્કારે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ અક્ષ-મૌન છે. ત્રિકાળજ્ઞાનદર્પણ

અક્ષમ્ય [સં. અ (નહિ) + ક્ષમ્ય (ક્ષમા આપી શકાય તેવું)] વિ. ક્ષમા ન આપી શકાય તેવું; માફ ન કરાય તેવું.

અક્ષય ૧. [સં. અ (નહિ) + ક્ષય (નાશ)] પું. ઈશ્વર; પરબ્રહ્મ; પરમાત્મા.

૨. જ. બૃહસ્પતિ સંવત્સરનું ૨૦મું વર્ષ.

૩. વિ. અખૂટ; ન ખૂટે એવું.

૪. [સં. અ (નહિ) + ક્ષય (ઘર)] વિ. ગરીબ; નિર્ધન; ઘર વગરનું.

૫. વિ. નાશ ન પામે એવું; અવિનાશી; શાશ્વત.

અક્ષયકીર્તિ ૧. [સં. અક્ષય (નાશ ન પામે તેવું) + કીર્તિ (આબરૂ)] સ્ત્રી. નાશ ન પામે તેવી આબરૂ.

૨. વિ. કીર્તિ કાયમ રહે એવું.

અક્ષયકુમાર [સં.] પું. મંદોદરીથી ઉત્પન્ન થયેલો રાવણનો એ નામનો દીકરો જ્યારે સીતાજીને શોધવા લંકા આવેલ હનુમાન

રાવણના પ્રમોદવનનો નાશ કરતો હતો ત્યારે રાવણે હનુમાનને પકડવા માટે તેને મોકલેલ. ત્યાં તે હનુમાનને હાથે માર્યો ગયો હતો.

અક્ષયગુણ ૧. [સં. અક્ષય (નાશ ન પામે તેવું) + ગુણ (સદ્‌ગુણ)] પું. શિવ.
૨. વિ. નાશ ન પામે તેવા ગુણવાળું.

અક્ષયતા ૧. [સં. અક્ષય (નાશ ન પામે તેવું) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નાશ નહિ થવાપણું.
૨. સ્ત્રી. વાંસ, રસવત વગેરેથી નહિ ઉત્પન્ન થનાર તે ગ્રંથ.

અક્ષયતુલ્ય [સં. અક્ષય (અવિનાશી) + તુલ્ય (બરાબર)] વિ. અવિનાશી જેવું; નાશ વિનાનું.

અક્ષયતૃપ્તિ ૧. [સં. અક્ષય (ન ખૂટે તેવું) + તૃપ્તિ (ધાવનું ધાવું)] પું. અર્જુન.
૨. વિ. પું. અખૂટ ભાથાના ભાગવાળો.

અક્ષયતૃતીયા [સં. અક્ષય (નાશ ન પામે એવું) + તૃતીયા (ત્રીજ)] સ્ત્રી. અખાત્રીજ; વૈશાખ સુદ ત્રીજ; મરેલાને નામે બ્રાહ્મણને પાણીથી ભરેલાં માટલાં, વીંજણા, દક્ષિણા વગેરે આપવાનો તેમ જ પિતૃઓનું તલ વડે તર્પણ કરવાનો દિવસ. ખેડૂતો ખેડવાના આરંભનું મુહૂર્ત આ દિવસે કરતા હોવાથી જો આ તિથિએ કૃત્તિકા કે રોહિણી નક્ષત્ર હોય તો બહુ જ સારું મનાય છે. આ દિવસે ગામડાના ઘરઘરમાં ઘરની પર હીંચકા બાંધીને હીંચવાનો રિવાજ છે. એ સૃષ્ટિની ઉત્પત્તિનો તથા સત્યયુગના આરંભનો દિવસ મનાય છે. આ તિથિએ કરેલું પુણ્યદાન નાશ પામતું નથી એવી માન્યતા ઉપરથી આ નામ પડેલું ધરાય છે.

અક્ષયત્વ જુઓ અક્ષયતા.

અક્ષયધામ ૧. [સં. અક્ષય (અવિનાશી) + ધામન્ (સ્થાન)] ન. નાશ ન પામે એવું સ્થાન; વૈકુંઠ.
૨. ન. મોક્ષ; નિર્વાણ; મુક્તિ.

અક્ષયનવમી [સં. અક્ષય (નાશ ન પામે એવું) + નવમી (નોમ)] સ્ત્રી. અખેનોમ; કારતક સુદ નોમ. સૌભાગ્યવતી સ્ત્રી આ દહાડે ઉપવાસ તથા પિતૃપૂજન કરી સૌભાગ્ય છબ્બી કેળાનું દાન કરે છે. ત્રેતાયુગની શરૂઆત આ તિથિથી થયેલી મનાય છે. તે દિવસે ગોવિંદ-લિંગોત્સવ ઊજવાય છે, અને શ્રીવલ્લભાચાર્યજીએ સ્થાપેલી સર્વે મોટામાં મોટું પુરાય છે.

અક્ષયનિધિ ૧. [સં. અક્ષય (અખૂટ) + નિધિ (ભંડાર)] પું. અખૂટ ભંડાર.
૨. [સં. અક્ષય (ન ખૂટે એવું) + નિધિ (સમુદ્ર)] પું. મહાસાગર; મોટો સમુદ્ર.

અક્ષયનિષ્પિતપ [સં.] ન. (જૈન) મોક્ષ આપતું તપ.

અક્ષયનીવિ [સં. અક્ષય (અખૂટ) + નીવિ (મૂડી)] સ્ત્રી. અખૂટ મૂડી.

અક્ષયપદ જુઓ અક્ષયધામ.

અક્ષયપદપૂર્ણ [સં.] પું. છત્ર વગરની સ્થિતિમાં છત્ર્યા વગર રહેલો આત્મા.

અક્ષયપાત્ર ૧. [સં. અક્ષય (અખૂટ) + પાત્ર (વાસણ)] ન. જેમાં રાંધેલી વસ્તુ ખૂટે નહિ એવું વાસણ; અખેપાત્ર. વનવાસ વખતે સહેં યુધિષ્ઠિરને આ પાત્ર આપ્યું હતું, જેથી પાંડવો પોતાની સાથે વનવાસમાં રહેતા અનેક ઋષિ વગેરેને ભોજન આપી શકતા.
૨. ન. નીપજમાંથી બારમાસને બાપાતે ધર્માર્થ લાગ.
૩. ન. ભિક્ષા લેવાનું પાત્ર.

અક્ષયબાણો [સં. અક્ષય (અખૂટ) + બાણ (બાણ)] પું. બાણ ન ખૂટે એવો બાણો.

અક્ષયભંગલા ૧. ન. એ નામની જાતિનું માણસ.
૨. વિ. બાલવણી એ નામની જેવું જાતનું.
૩. [સં. અક્ષય (અખૂટ) + ભંગ (સુખ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. બધાનું કલ્યાણ કરનારી.

અક્ષયલોક [સં. અક્ષય (અવિનાશી) + લોક (જગત)] પું. સ્વર્ગ.

અક્ષયવટ [સં. અક્ષય (અવિનાશી) + વટ (વડ)] પું. પ્રલયકાળે પણ જેનો નાશ ન હોતો થયો તેવો અતિ પ્રાચીન મનાતો એક વડ. પ્રલયકાળે તેનાં પાંદડાં પર ભગવાન પોઢતા હતા એમ કહેવાય છે. પ્રયાગમાં અક્ષયવટ કરીને એક સ્થાનમાં તે વડનું ઝાડ છે. તેનું ઝાડ બહુ જૂનું છે. અક્ષયવટ પરથી ગંગાસ્નાનના સંગમમાં ઝંપલાવીને આત્મહત્યા કરવાથી પાપ નથી લાગતું, ઊલટું મોક્ષપ્રાપ્તિ થાય, એવી જૂની માન્યતા હોવાથી કેટલાક યાત્રાળુ આ વડ ઉપરથી પડીને જીવનનો અંત કરતા.

અક્ષયવડ જુઓ અક્ષયવટ.

અક્ષયવાણી ૧. [સં. અક્ષય (અખૂટ) + વાણી (વાણી)] સ્ત્રી. પ્રલય છે નહિ એવી વાણી.
૨. [સં. અક્ષય (નાશ ન પામે એવું) + વાણી] સ્ત્રી. વચનસિદ્ધિ.
૩. સ્ત્રી. સરસ્વતી.

અક્ષયવૃક્ષ ૧. [સં. અક્ષય (અવિનાશી) + વૃક્ષ (ઝાડ)] પું. કલ્પવૃક્ષ.
૨. પું. કીર્તિરૂપી ઝાડ.
૩. જુઓ અક્ષયવટ.

અક્ષયસુખ ૧. [સં. અક્ષય (શાશ્વત) + સુખ] ન. કાયમનું સુખ; અવિનાશી સુખ.
૨. ન. નાશ ન થાય તેવા સુખનું સ્થાન; મોક્ષ.

અક્ષયસ્થાન જુઓ અક્ષયધામ.

અક્ષયસ્થિતિ [સં. અક્ષય (અવિનાશી) + સ્થિતિ (અવસ્થા)] સ્ત્રી. (જૈન) બધાં કર્મોનો નાશ થયા પછી પ્રાપ્ત થતી દૈવકાલાતીત સ્થિતિ. આયુ તથા કર્મનો ક્ષય થવાથી નાશ ન થાય એવી અનંતસ્થિતિ સિદ્ધને પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિને આદિ છે, પણ અંત નથી, તેથી સિદ્ધ સાદિઅનંત કહેવાય છે.

અક્ષયા ૧. [સં.] સ્ત્રી. અક્ષય પુણ્ય આપનારી તિથિ: સોમવતી અમાસ, રવિવારી સાતમ, અને મંગળવારી ચોથ.
૨. વિ. સ્ત્રી. અખૂટ પુણ્ય આપનારી.

અક્ષયાનવમી જુઓ અક્ષયનવમી.

અક્ષયાપાર્વતિતા [સં. અક્ષયા (અખૂટ પુણ્ય આપનારી) + સપ્તમિતા (કુમારિકા)] સ્ત્રી. ભાદરવા સુદ સાતમ. અખંડ સૌભાગ્ય ઇચ્છતી સ્ત્રી એ દિવસે શિવ અને દુર્ગાના તહેવાર તરીકે ઊજવે છે.

અક્ષયિણી [સં.] સ્ત્રી. પાર્વતી.

અક્ષરી ૧. [સં. અ (નહિ) + ક્ષરિન્ (ખરી જવું)] વિ. અખૂટ.
૨. [સં. અ (નહિ) + ક્ષરિન્ (નાશ પામે એવું)] વિ. નાશ ન પામે તેવું; અક્ષય; અવિનાશી.

અક્ષય્ય ૧. [સં. અ (નહિ) + ક્ષય (ખરી જવું)] ન. ઘઉં, ચોખા, પાણી વગેરેની કદી પણ ખોટ ન પડે એવી પ્રાર્થના સાથે જે વસ્તુનું દાન. ચંદ્રગ્રહણના પ્રસંગ વખતે જે આપવામાં આવે તે અક્ષય્ય થાય એવી માન્યતા ઉપરથી આ શબ્દ વપરાતો જણાય છે.
૨. જુઓ અક્ષયી.

અક્ષય્યદાન જુઓ અક્ષય્ય ૧.

અક્ષય્યનવમી જુઓ અક્ષયનવમી.

અક્ષરમોદક ૧. [સં. અક્ષય (અક્ષ) + ઉદક (પાણી)] પું. સાગર.
૨. ન. ગાદીમાં પિંડદાન પછી વારસદારના હાથમાં 'અક્ષય હો' કહીને મૂકવામાં આવતું મધ અને તેલ ભેળવેલું પાણી.

અક્ષર ૧. પું. અંજીર નામની વનસ્પતિ.
૨. [સં. અ + ક્ષર (વિનાશી)] પું. આત્મા. જેમાંથી તેનો નાશ થતો નથી.
૩. પું. બે માત્રા જેટલો વખત; સ્વરનો ચોથો અને વ્યંજનોનો આડત્રીસ માત્રા.
૪. પું. મહેલું.
અક્ષર ઉતારવા = (૧) મહેલું દાગવું. (૨) માથેથી ભાર ઉતારવો.
૫. [સં. અ (નહિ) + ક્ષર્ (નાશ પામવું)] પું. મોક્ષ; મુક્તિ; નિર્વાણ.
૬. પું. લેખ; દસ્તાવેજ; ખત.
૭. પું. વિષ્ણુ.
૮. પું. શબ્દ; વચન; બોલ.
અક્ષર બોલવા-બોલાંથી અક્ષર કાઢવા = બોલવું; ઉચ્ચારવું.
૯. પું. શિવ.
૧૦. પું. સ્થૂળ શબ્દાર્થ; વચનનો બાહ્યાર્થ નહિ પણ માત્ર શબ્દાર્થ.
અક્ષર પાળવો = હેતુ નહિ સાચવતાં શબ્દને જ વળગી રહેવું.
૧૧. પું. ન. વ. બીજગણિત વગેરેમાં સંખ્યાને બદલે વપરાતા અક્ષર, જેનું કોઈ પણ અવયવ અમુક નિશ્ચિત મૂલ્ય હોઈ શકે. (ક + ખ) (ક - ખ) = ક^{૨} - ખ^{૨}. અહીં ક અને ખ નાં કોઈ પણ મૂલ્ય હોઈ શકે; પણ ૧૨ ક + ક = ૧૦૦. અહીં ક નું મૂલ્ય ૭ જ હોઈ શકે.
૧૨. પું. ન. વ. વિધિના લેખ.
જેના અક્ષર કેમ ઘટે જે લખ્યા પુરુષપુરાતનના. પ્રેમાનંદ
૧. અક્ષર ભૂંસવા-દાબવા = (૧) અક્ષર ઊકેલવા; ભૂંસવું. (૨) આજ્ઞા પલટાવવું.
૨. વિધિના અક્ષર = ભવિષ્યના લેખ; ભાગ્ય.
૧૩. પું. ન. ક. ઘરડ; વર્ણ.
૧. અક્ષર કાઢવા = (૧) અક્ષર ઘૂંટવા. (૨) લખેલું ભૂંસી નાખવું. (૩) સંભાળથી લખવું.
૨. અક્ષર કોતરવા = અક્ષરની કોતરણી કરવી.
૩. અક્ષર જોવા = (૧) લખાણ જોઈ-જાણવું. (૨) લખેલું તપાસવું.
૪. અક્ષર પાડવા = (૧) કોતરણી કરવા ભૂંસણીમાં અક્ષર કાઢવા. (૨) છાપવું. (૩) લખતાં અક્ષર ભૂલી જવા. (૪) લખવું. કરવું. (૫) લખાણ કરી આપવું; લખવું. (૬) સંભાળપૂર્વક લખવું.
૫. અક્ષર પારખવા = લખાણ ઓળખવું.
૬. અક્ષર માંડવા = પ્રયત્નથી લખવું.
૭. અક્ષર મેળવવા = લખેલું સરખાવવું.
૮. અક્ષર લખવા = લખવું.
૯. અક્ષર વાળવા = મરોડદાર અક્ષર આવે એમ કરવું.
૧૪. સ્ત્રી માયા.
માયારે ઉપનિષદમાં અક્ષર એવું નામ આપેલું છે. ગીતારહસ્ય
૧૫. ન. અક્ષરલોક; વૈકુંઠ; અક્ષરધામ.
૧૬. ન. અવિનાશીપદું.
૧૭. ન. આકાશ.
૧૮. ન. બે પ્રકારનું વખતનું માપ; પ્રાણનો ઓછામાં ઓછો સમય.
૧૯. ન. જલ.
૨૦. ન. તપસ્યા; તપશ્ચર્યા.
૨૧. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ અંગ પૈકીનું ચાર માત્રાનું ત્રીજું અંગ.
૨૨. ન. ધર્મ.
૨૩. ન. નાશ ન પામે એવું લખાણ.
૨૪. ન. ન્યાય; ઇન્સાફ.
૨૫. ન. પ્રાણ; પરમાત્મા; ઈશ્વર; પરબ્રહ્મ; કૂટસ્થ ચૈતન્ય.
૨૬. ન. (વેદાંત) બ્રહ્મધામ; પરમાત્માનું નિવાસસ્થાન.
૨૭. ન. અવતાર; કોળવણી.
૨૮. ન. વટ.
૨૯. વિ. વિનાશરહિત.
૩૦. [સં. અ + ક્ષર્ (ખરવું)] વિ. ન ખરે એવું; નિત્ય; અમુખાવું ન થાય એવું; દૃઢ.
૩૧. વિ. નાશ ન પામે એવું; અવિનાશી; નિત્ય; અમર.

અક્ષરક ૧. [સં.] ન. વર્ણ.
૨. ન. સ્વર.

અક્ષરકળા [સં. અક્ષર + કલા (કુનર)] સ્ત્રી. લખવાનો હુનર.

અક્ષરકૂટ [જુ. ગ.] પું. અક્ષરમાં બનેલી ભૂલ.

અક્ષરગણિત [સં. અક્ષર+ગણિત] ન. આંકડા નહિ, પરંતુ અક્ષર માંડીને ગણતરી કરવાનું શાસ્ત્ર; બીજગણિત. અક્ષરગણિત એક પ્રાચીન હિંદુવિદ્યા છે. અક્ષરગણિતના સાંકેતિક રૂપમાં યુરોપીય ગણના કરતાં હિંદુઓ આગળ હતા. પ્રાચીન હિંદુઓનું અક્ષરગણિત સંબંધી ચોક્કસ જ્ઞાન વ્યવસ્થિત રૂપમાં મહાન અને તે નવી વિદ્યાના મૂળ સ્થાપક તરીકે નામ ધરાવનાર ગણિતજ્ઞોની આર્યભટ્ટ પાટલિપુત્રમાં ઈ.સ. ૪૭૬ માં જન્મ્યો હતો. ઈ.સ. પંદરમાથી અઢારમા સૈકા સુધીમાં હિંદુ અક્ષરગણિતમાં બહોળો વિકાસ થયો હતો. હિંદુઓએ સંપાદિત કરેલું જ્ઞાન યુરોપમાં સત્તરમા અને અઢારમા સૈકા સુધી જાણમાં આવ્યું ન હતું અને તે પણ બીજ વસ્તુને બીજ વાર શોધી કાઢી હતી એમ કહી શકાય. આ સમયનું હિંદુ અક્ષરગણિત બીજગણિતની પેઠે બાબુનાં અને મુસ્લમાનો પુસ્તકોની મારફત અરબોમાં, અને તેની મારફત યુરોપમાં પ્રસિદ્ધ થયું. ચીન અને જાપાનમાં પણ સાંત્ર ગણિતશાસ્ત્રીઓ હિંદુ અક્ષરગણિતનો ઉપયોગ જાણતા હતા.

અક્ષરઘોષ જુઓ અક્ષરધ્વનિ.

અક્ષરચક્ષુ જુઓ અક્ષરચંચુ.

અક્ષરચક્ષુ જુઓ અક્ષરચંચુ.

અક્ષરચંચુ [સં. અક્ષર + ચંચુ (પ્રત્યય)] પું. લહિયો; લેખક; લેખનકળા ઉપર મુસ્તાન ધરાવનાર પુરુષ.

અક્ષરચુંચુ જુઓ અક્ષરચંચુ.

અક્ષરછંદ [સં. અક્ષર + છંદસ્ (છંદ)] પું. અક્ષરમેળછંદ; અક્ષરવૃત્ત. જુઓ અક્ષરમેળ-છંદ.

અક્ષરજનની ૧. [સં. અક્ષર + જનની (ઉત્પન્ન કરનારી)] સ્ત્રી. કલમ; લેખણ.
૨. [સં. અક્ષર (નાશ ન પામે એવું) + જનની (માતા)] સ્ત્રી. નાશ ન થાય એવી માતા.

અક્ષરજ્ઞાતા જુઓ અક્ષરચંચુ.

અક્ષરજ્ઞાતૃ જુઓ અક્ષરચંચુ.

અક્ષરજ્ઞાની ૧. [સં. અક્ષર + જ્ઞાનિન્ (જાણનાર)] પું. ઈશ્વર.
૨. જુઓ અક્ષરચંચુ.

અક્ષરજ્ઞ [સં. અક્ષર + જ્ઞ (જાણનાર)] વિ. ભણેલું.

અક્ષરજ્ઞાન [સં. અક્ષર + જ્ઞાન] ન. વાંચવા-લખવા જેટલું જ્ઞાન; લેખનવાચન પૂરતું જ્ઞાન.

અક્ષરત્વ [સં. અ (નહિ) + ક્ષરત્વ (નાશ)] ન. ખરી ન પડવું તે; નાશ ન પામવાનો ગુણ.

અક્ષરણીય ૧. [સં. અ (નહિ) + ક્ષૃ (ખરવું)] વિ. દૃઢ; મક્કમ.
૨. [સં. અ (નહિ) + ક્ષૃ (જોખવું)] વિ. ન જોખાય તેવું.

૩. [સં. ન (નહિ) + ક્ષર (ખરવું)] વિ. ન ખરે એવું.

અક્ષરતા ૧. [સં. અક્ષર + તા (પણું)] સ્ત્રી. અક્ષર સંબંધી જ્ઞાન.

૨. [સં. ન (નહિ) + ક્ષરતા (નાશ પામવાપણું)] સ્ત્રી. નાશ ન પામવું તે; અવિનાશીપણું.

અક્ષરતીર્થ ૧. [સં. અક્ષર + તીર્થ (પવિત્ર જગા)] ન. મોક્ષ; પરમધામ; સ્વામીનું પવિત્ર ધામ.

૨. વિ. ઘણું પુણ્ય આપનારું.

૩. વિ. સ્વામીને માટે પવિત્ર.

અક્ષરતૂલિકા [સં. અક્ષર + તૂલિકા (પીંજ)] સ્ત્રી. કલમ; બોબડું.

અક્ષરદેરી [સં. અક્ષર (નાશ ન પામે એવું) + પ્રા. દેહરય (દેવસ્થાન)] સ્ત્રી. સ્વામીનારાયણ ધર્મના પ્રગટાતીતાનંદ સ્વામીનું મોક્ષમાં આવેલું પવિત્ર સમાધિસ્થાન. તે સ્વામી અક્ષર બનાવ્યા હોવાથી તે જગાને અક્ષરદેરી કહે છે.

અક્ષરદેહ ૧. પું. કીર્તિ.

૨. [સં. અક્ષર (અમર) + દેહ (શરીર)] પું. નાશ ન પામે એવું શરીર; દિવ્ય દેહ.

૩. [સં. અક્ષર (બ્રહ્મ) + દેહ (શરીર)] પું. ભેખધારી શરીરરૂપી ઘર જેની સરખામણીમાં વધારે આયુષ્યવાળો એનો કૃતિકાલ જાણવા એના લખાણનો સમૂહ; લખાણરૂપી શરીર. જેમકે ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત સ્વામીનો અક્ષરદેહ.

અક્ષરદેહધારી [સં. અક્ષર (અમર) + દેહ (શરીર) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. અમર; નાશ ન પામે એવું.

અક્ષરદ્રુમ [સં. અક્ષર + દ્રુમ (ઝાડ)] સ. (સંગીત) તાલનો મુખ્ય છ અંગ પૈકીનું બીજું અંગ; કૃતભંગ; ક્ષુદ્ર; કોકુદ; વલય; કૂપ; બિન્દુ; અર્ધમાત્રિક; સુકૃત; અક્ષરક; ઉત્તમ; વૃત્ત; ૬; બે માત્રાને અંતરે તાલ આવે તે બાજુ; બે માત્રાનું અંગ.

અક્ષરધામ જુઓ અક્ષરધામ.

અક્ષરધ્વનિ [સં. અક્ષર (વર્ણ) + ધ્વનિ (ઉચ્ચાર)] પું. અક્ષરનો ઉચ્ચાર; અક્ષર બોલતાં થતો અવાજ; અક્ષરબોધ.

અક્ષરનિવાસ જુઓ અક્ષરધામ.

અક્ષરન્યાસ ૧. [સં. અક્ષર (વર્ણ) + ન્યાસ (ગોઠવણ)] પું. અક્ષરની ગોઠવણ; લખાવટ; અક્ષરની રચના; લખાણ.

૨. [સં. અક્ષર (વર્ણ) + ન્યાસ (અર્પણ)] પું. (તાંત્રિક) મંત્રનો જેટલો જેટલો અક્ષર બોલતાં હાથ, નાક, કાન વગેરેને આંગળ જેવી તંત્રની જોડ કિયા.

૩. [સં. અક્ષર (વર્ણ) + ન્યાસ (બેસવું)] પું. બેસવું; ઠરવું; ઠરાવેલું.

૪. પું. વર્ણમાલા; લિપિ.

અક્ષરપદ જુઓ અક્ષરધામ.

અક્ષરપદ્ધતિ [સં. અક્ષર + પદ્ધતિ (રીત)] સ્ત્રી. અક્ષર લખવાની રીત; વર્ણપદ્ધતિ; વર્ણમાળાની ગોઠવણ.

અક્ષરપરસ્ત ૧. [સં. અક્ષર + ફા. પરસ્ત (પૂજનાર)] વિ. અક્ષરપૂજક.

રહિમસ્ત અનુભવ અને અક્ષરપરસ્ત બીજા રેસમાં પણ આ કેફાર અનુભવમાં મુકાયેલ છે.
કાલેલકર

૨. [સં. અક્ષર (અમર) + ફા. પરસ્ત (પૂજક)] વિ. અમરપૂજક; વિદ્વાનનું કે કવિઓની પ્રશંસા.

અક્ષરપંક્તિ ૧. [સં. અક્ષર + પંક્તિ (પાંખ)] પું. (પિંગળ) જે નામનો જે અક્ષરનો ગણ અક્ષરગણ છંદ; હંસ; પંક્તિ. તેના દરેક ચરણમાં લઘુ, ગુરુ અને ગુરુ હોય છે.

હંસ ન ન ન મે. ઋષિપિંગળ

૨. [સં. અક્ષર + પંક્તિ (હાર)] સ્ત્રી. અક્ષરની હાર.

૩. વિ. પાંચ માત્રાવાળું.

અક્ષરપુરુષ [સં. અક્ષર (અવિનાશી) + પુરુષ] પું. આત્મા, જીવ-ન.

બધાની સાથે સંબંધ રાખતા જીવ-મને અક્ષરપુરુષ કહે છે. શ્રીવર્ણમામૃત

અક્ષરબદ્ધ [સં. અક્ષર + બદ્ધ (ગોઠવેલું)] વિ. અક્ષરને મેળવાળું.

અક્ષરબંધ ૧. [સં. અક્ષર + બંધ (ગોઠવણ)] પું. અક્ષરનું બંધારણ નહિ પણ તેની સંખ્યા જ નિયામક તત્ત્વ હોય એવી પદ્યરચના; પદ્યબંધની રચનાના પાંચ પ્રકારમાંનો જે નામનો બોજ; વૈદિક છંદ. બાકીના કરતાં વખતે તેમાંના ઓછા અક્ષર ઊંચા કે નીચા સ્વરથી કે લાંબથી બોલાય છે. તેમાં ઊંચા સ્વરથી બોલાય તે ઉદાત્ત, નીચા સ્વરમાં બોલાય તે અનુદાત્ત, અને બંનેમાં જે ન બોલાય તે સ્વરિત. જેમાં છંદ અમુક અક્ષરની સંખ્યાથી બનાવેલા છે; પણ તેમાં બધા જ સ્વરના સંબંધના કંઈક નિયમ રાખેલ હોય છે. તે નિયમ કયા હતો તે સમજી શકાતું નથી. આમાં અક્ષરના સમૂહ આવર્તન પામતા નથી તેવી તે અનાવર્તી અક્ષરબંધ રચના ગણવી જોઈએ. અક્ષરબંધ પદ્યરચનાના અનાવર્તી અને આવર્તી એવા બે પ્રકાર છે. વેદના છંદ કે જેમાં અક્ષરના સમૂહ આવર્તન પામતા નથી તે અનાવર્તી, અને અનુષ્ટુપ, મનહર વગેરે છંદ, જેમાં બે બે, ચાર ચાર, કે આઠ આઠ અક્ષરના સમૂહ આવર્તન પામે છે તે આવૃત્ત અક્ષરબંધ છે. અક્ષરબંધનું ખાસ લક્ષણ એ કે, ચરણમાં ખાલી અમુક જ અક્ષર આવે, પણ અક્ષરની અવધિ, પ્રાસ, યતિ કે એવું કશું ન મળે.

૨. [સં. અક્ષર + બંધ (બંધારણ)] પું. અક્ષરનું બંધારણ.

૩. [સં. અક્ષર (ક્ષ) + બંધ (બંધન)] પું. અનુપ્રાસ સંબંધ; ગાઢ મૈત્રી.

૪. પું. ઝરમટ.

અક્ષરબ્રહ્મ ૧. [સં. અક્ષર + બ્રહ્મન્] પું. ઈશ્વર; પરમાત્મા; કૂટસ્થ; બ્રહ્મ.

૨. ન. બ્રહ્મનું ધામ.

અક્ષરબ્રહ્માત્મક [સં. અક્ષરબ્રહ્મ (પરમાત્મા) + આત્મક (સ્વરૂપવાળું)] વિ. પરમાત્માના મુખ્યધર્મવાળું.

પોતાનો આત્મા અક્ષરબ્રહ્માત્મક છે એમ બન્યા પોતાને વિશે જ અતિશયી કૃપાપૂર્ણ દર્શન કરે છે. પુષ્ટિમાર્ગીય પરિભાષા

અક્ષરભાર [સં. અક્ષર + ભાર (બોજ)] પું. ઉચ્ચારણમાં અમુક પદ ઉપર મુકાતો ભાર.

પ્રાચીનકાળના જોડણીના નિયમ પ્રસિદ્ધ કર્યા જેમાં અક્ષરભારનું તત્ત્વ અને તત્કાલના હ્રસ્વ-દીર્ઘનો નિયમ સ્વીકાર્યો છે.
કુમુદમાળા

અક્ષરભુવન ૧. [સં. અક્ષર (નાશ ન પામે એવું) + ભુવન (લોક)] ન. ઉત્તમલોક; સ્વર્ગભુવન.

૨. [સં. અક્ષર (નાશ ન પામે એવું) + ભવન (મકાન; સામ્પ્રદાયિકને લીધે અહીં ભવનને બદલે ભુવન શબ્દ વપરાયો છે)] ન. શ્રીસ્વામીનારાયણના જોગવાઈ સર્વ વસ્તુનો સંગ્રહ જેમાં કર્યો છે તે મકાન; પ્રસાદીની વસ્તુનું સંગ્રહસ્થાન.

અક્ષરમતિ ૧. [સં. અક્ષર (અવિનાશી) + મતિ (બુદ્ધિ)] સ્ત્રી. ઈશ્વર અવિનાશી છે એવો નિશ્ચય.

૨. સ્ત્રી. નાશ ન થાય તેવી બુદ્ધિ.

રટવી વાત કહે હરિ વણી,
અખા અક્ષરમતિ નહિ આપણી.

અખો

અક્ષરમય [સં.] વિ. અક્ષરરૂપ; અક્ષરમાં અથવા શબ્દમાં પ્રકટ થયેલ.

> રસના આત્માને મૂકી માત્ર અક્ષરમય રસનો આદર કરવા કોને અવકાશ મળે?
>
> ગોવર્ધનરામ

અક્ષરમાલણ જુઓ અક્ષરમાલા.

અક્ષરમાલા ૧. [સં. અક્ષર (વર્ણ) + માલા] સ્ત્રી. અક્ષરનો સમૂહ; મૂળાક્ષર; વર્ણમાળા.

૨. સ્ત્રી. અક્ષરરૂપી પુષ્પની માળા.

અક્ષરમાલિકા જુઓ અક્ષરમાલા.

અક્ષરમાળ જુઓ અક્ષરમાલા.

અક્ષરમાળા જુઓ અક્ષરમાલા.

અક્ષરમુખ ૧. [સં. અક્ષર (વર્ણ) + મુખ (મોઢું)] પું. અક્ષરોમાં પહેલો અક્ષર અ.

૨. પું. શિષ્ય; ચેલો.

૩. વિ. અક્ષર શીખવાવાળું; અક્ષરનો અભ્યાસ કરનારું.

અક્ષરમુષ્ટિકા [સં. અક્ષર (વર્ણ) + મુષ્ટિકા (મૂઠી)] સ્ત્રી. આંગળીની કારતરથી વાતચીત કરવાની ભાષા; કરપલ્લવી.

અક્ષરમુષ્ટિકાઠબનકલા ૧. [સં. અક્ષર (વર્ણ) + મુષ્ટિકા (મૂઠી) + કળા (કહેવું તે) + કલા (કુનહ)] સ્ત્રી. બોલ્યા વગર કરપલ્લવી; આંગળીની કારતરથી વાતચીત કરવા સમજવા રૂપ સાંકેતિક ભાષા.

૨. સ્ત્રી. મૂઠીમાંની વસ્તુ પારખવાની વિદ્યા; ૧૪ કળા પૈકીની એક નામની કોઈ માણસના હાથમાં કે બંને હાથમાં કોઈ બીજી હોય તે પારખવી હોય તો આ કળા કામ લાગે છે. કોઈ વસ્તુ હાથમાં રાખવાથી થતા હાવભાવ તથા હાથની સ્થિતિ તે વસ્તુ જાણવા માટે જરૂરની છે. તેમ ન પરખાય તો રંગ, ગુણ, નામના અક્ષર, તે અક્ષરથી કયા કયા શબ્દ અને વગેરે પ્રશ્ન પૂછી પેલી વસ્તુનું નામ નક્કી કરવામાં આવે છે. વળી કોઈ માણસ દૂર બેસી આંખમુખથી ન કંપાય તેનું ધાર્યું હોય, તો તેના હાથના વાસવ અને કમળની દાંડ ઉપરથી તેણે શું ધાર્યું તે પારખી શકાય.

અક્ષરમેળ ૧. [સં. અક્ષર + મેલ] પું. અક્ષરની ગણતરીવાળો છંદ; અક્ષરમેળછંદ. જુઓ અક્ષરમેળછંદ.

૨. વિ. અક્ષરની ગણતરીવાળું.

અક્ષરમેળછંદ [સં. અક્ષરમેલ + છંદસ્ (છંદ)] પું. (પિંગ.) અક્ષરની ગણતરીવાળા છંદમાંનો દરેક. છંદ બે જાતના હોય છે: અક્ષરમેળ અને માત્રામેળ. અક્ષરની જ ગણતરી અને બાંધ ગણના આધારે જે છંદની રચના થાય તેને અક્ષરવૃત્ત એટલે અક્ષરમેળછંદ કહે. એમાં માત્રાનો મેળ હોય જ, પણ તે વૃત્તોમાં લઘુ ગુરુ અક્ષરના જ નિયમે આવે. દરેક પદમાં બરાબર જ અક્ષર આવવા જોઈએ અને તે આવી રીતે મૂકવા જોઈએ. અનુષ્ટુપ, ઉપજાતિ, વસંતતિલકા, માલિની, મંદાક્રાંતા, સ્રગ્ધરિણી, શાર્દૂલવિક્રીડિત વગેરે અક્ષરમેળછંદ છે. અક્ષરમેળની કૃતિ મુશ્કેલ છે.

> અજ્ઞાનો માહીથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
> ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા;
> મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા,
> તું દીવો હું હું તો તુજ દરસનાં દાન દઈ જા.
>
> ઉપરના ત્રિભંગિણી અક્ષરમેળછંદના દરેક ચરણમાં ૧૭ અક્ષર હોય છે. તેના અક્ષ ૫, મ, ન, સ, ભ તથા છેલ્લે એક લઘુ અને એક ગુરુ હોય છે. બધે અક્ષરે વિરામ છે. શેષરેખા, સોરઠો, હરિગીત, ચોપાઈ, સવૈયો, છપ્પો, ગતિ વગેરે માત્રામેળછંદ છે અને તેની કૃતિ અક્ષરમેળછંદ કરતાં સહેલી છે.

અક્ષરમેળવૃત્ત જુઓ અક્ષરમેળછંદ.

અક્ષરયંત્ર [સં.] ન. ત્રિભંગિણ; ચેલ્બયંત્ર.

અક્ષરયોગ ૧. [સં. અક્ષર + યોગ (મેળવણી)] પું. અક્ષર જોડવા તે; અક્ષર જોડવા તે.

૨. [સં. અક્ષર (બીજ) + યોગ (સંબંધ)] પું. ઈશ્વર સંબંધ.

અક્ષરયોગી [સં. અક્ષર (બીજ + પ્રણવ મંત્ર) + યોગિન્ (યોગી)] પું. શિવ; મહાદેવ.

અક્ષરયોજક ૧. [સં. અક્ષર + યોજક (ગોઠવનાર)] પું. છાપખાનામાં અક્ષરનાં બીબાં ગોઠવનાર માણસ.

૨. પું. વહિયો.

અક્ષરરચના [સં. અક્ષર + રચના (ગોઠવણ)] સ્ત્રી. અક્ષરની ગોઠવણી; અક્ષરપદ્ધતિ.

અક્ષરરૂપ [સં. અક્ષર (અવિનાશી) + રૂપ (સ્વરૂપ)] વિ. અવિનાશી સ્વરૂપવાળું.

અક્ષરલક્ષણ [સં. અક્ષર + લક્ષણ (જેનથી સમજ પડે એવું)] વિ. અક્ષરના જ્ઞાનથી મળે એવું; લેખન વાચનથી પ્રાપ્ત થઈ શકે એવું.

અક્ષરલાભ ૧. [સં. અક્ષર (જ્ઞાન) + લાભ (પ્રાપ્તિ)] પું. ઈશ્વરપ્રાપ્તિ.

૨. [સં. અક્ષર (શબ્દ) + લાભ (પ્રાપ્તિ)] પું. શબ્દનાં ગતિ, અર્થ વગેરેનું જ્ઞાન.

અક્ષરલિપિ [સં. અક્ષર + લિપિ (લખવાની રીત)] સ્ત્રી. જુદા જુદા અક્ષર કે જેની ગોઠવણીથી કંઈ પણ વિચાર બરાબર સમજાવી સમજી વાતચીત કરી શકાય તે અક્ષરનો સમૂહ.

અક્ષરલેખન [સં. અક્ષર + લેખન (લખવું તે)] ન. અક્ષર લખવા તે.

અક્ષરલોક [સં. અક્ષર (નાશ ન પામે એવું) + લોક (દુનિયા)] પું. નાશ વગરની દુનિયા; સ્વર્ગ.

અક્ષરલોકવાસી ૧. [સં. અક્ષર (અવિનાશી) + લોક (દુનિયા) + વાસિન્ (રહેનાર)] વિ. અવિનાશી દુનિયામાં રહેનાર; અમર લોકમાં રહેનાર.

૨. વિ. મરી ગયેલું.

અક્ષરલોળ ૧. [સં. અક્ષર + લોલ (લાલચ)] પું. કાગળપત્રની આશા.

૨. [સં. અક્ષર (જ્ઞાન) + લોલ (તૃષ્ણા)] પું. જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા; મુમુક્ષુતા.

અક્ષરવર્જિત [સં. અક્ષર + વર્જિત (રહિત)] વિ. અભણ; અજ્ઞાન; લખતાં વાંચતાં ન આવડતું હોય એવું; નિરક્ષર.

અક્ષરવાસ જુઓ અક્ષરધામ.

> અક્ષરવાસી થવું = મરણ પામીને ઊર્ધ્વગતિ મેળવવી; મરણ પામવું.

અક્ષરવાસિની [સં. અક્ષર (મોક્ષ) + વાસિની (વસનારી)] વિ. સ્ત્રી. મોક્ષમાં વસનારી.

> દેવરિવાણે પળે હર લાગી અક્ષરવાસિની થઈ. સંધમિત્રા

અક્ષરવાહી [સં. અક્ષર + વાહિન્ (વાહ)] વિ. મૂળ અર્થ પ્રમાણેનું; અક્ષર પ્રમાણે જ વાસ્તવિક જેનો અર્થ કરેલો છે એવું; શબ્દે શબ્દના અર્થવાળું.

અક્ષરવિદ [સં. અક્ષર + વિદ્ (જાણનાર)] વિ. અક્ષર ઓળખનાર; અક્ષર ઓળખવાની વિદ્યા જાણનાર; અક્ષરનિષ્ણાત.

અક્ષરવિદ્યા ૧. [સં. અક્ષર (વર્ણ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. અક્ષર સંબંધી જ્ઞાન; લખવા વાંચવાની આવડત.

૨. [સં. અક્ષર (બીજ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. બીજવિદ્યા; તત્ત્વજ્ઞાન.

અક્ષરવિધિ ૧. [સં. અક્ષર + વિધિ (નિયમ)] સ્ત્રી. અક્ષર લખવા તે.

૨. સ્ત્રી. સહી કરવાનું કામ.

અક્ષરવિન્યાસ ૧. [સં. અક્ષર + વિન્યાસ (ગોઠવણી)] પું. ખત; લેખ; દસ્તાવેજ.
૨. પું. સ્વભાવ; લોઅણી; શુદ્ધ લેખનવિદ્યા; અક્ષરની ગોઠવણી.
૩. પું. વર્ણમાળા; લિપિ.

અક્ષરવૃત્ત જુઓ અક્ષરમેળછંદ.

અક્ષરવેધ [સં. અક્ષર + વેધ (છેદ)] પું. કામમાં આવતા દમ્માક્ષર; અશુભ અક્ષર.

અક્ષરવૈવિધ્ય [સં. અક્ષર + વૈવિધ્ય (જુદા પણું)] ન. અક્ષરનું જુદાપણું; જુદી જુદી જાતની અક્ષરરચના.

અક્ષરવ્યક્તિ [સં. અક્ષર + અભિ (રચનારા)] સ્ત્રી. વર્ણમાળાના અક્ષરનું રપષ્ટ ઉચ્ચારણ.

અક્ષરશત્રુ ૧. [સં. અક્ષર (વર્ણ) + શત્રુ (દુશ્મન)] ન. અક્ષરનું દુશ્મનઃ લખતા વાંચતાં ન આવડતું હોય તેવું માણસ
૨. વિ. કાળા અક્ષરને કૂટી મારે એવું; અભણ.

અક્ષરશસ્ત્ર [સં. અક્ષર + શસ્ત્ર (હથિયાર)] ન. અક્ષરરૂપી હથિયાર.

અક્ષરશઃ ૧. [સં. અક્ષર + શઃ (અવ્યય બનાવનાર પ્રત્યય)] ક્રિ. એકપણ અક્ષર રહી ન જાય તેમ; એક અક્ષર પણ ન ઊડતાં; અક્ષરેઅક્ષર.
૨. જ મૂળશબ્દાનુસાર; શબ્દાર્થ પ્રમાણે.

અક્ષરશાસ્ત્ર [સં. અક્ષર + શાસ્ત્ર (ગ્રંથ)] ન. અક્ષરનું જ્ઞાન આપનાર ગ્રંથ; અક્ષરગ્રંથ.

અક્ષરશાળા [સં. અક્ષર + શાલા (નિવાસ)] સ્ત્રી. અક્ષરનું જ્ઞાન અને તેની નિશાળ.

અક્ષરશિક્ષણ [સં. અક્ષર + શિક્ષણ (શીખવવાપણું)] ન. અક્ષર શીખવવાપણું; અક્ષરજ્ઞાન.

અક્ષરશિક્ષા ૧. [સં. અક્ષર + શિક્ષા (વિદ્યા)] સ્ત્રી. તંત્રશાસ્ત્ર આદેની એક પ્રકારની અક્ષરવિદ્યા.
૨. [સં. અક્ષર (જ્ઞાન) + શિક્ષા (જ્ઞાન)] સ્ત્રી. વર્ણજ્ઞાન.

અક્ષરશૂન્ય જુઓ અક્ષરવર્જિત.

અક્ષરશૂન્યતા [સં. અક્ષર (અક્ષરજ્ઞાન) + શૂન્ય (રહિત) + તા (પણું)] સ્ત્રી. અભણપણું

અક્ષરસગાઈ [સં. અક્ષર + સગાઈ (સમ્બન્ધ)] સ્ત્રી. (કાવ્ય) એક સાથે આવતા શબ્દોના પહેલો અક્ષર અમુક એક જ હોય એ પ્રકારનો શબ્દાલંકાર; વર્ણસગાઈ. જેમકે ભૂમિ ભૂમિ પશુ ભારત ભૂમિ, તારાં નંદન વન સાં વાન રે.

અક્ષરસદૃશ [સં. અક્ષર + સદૃશ (સમાનતા)] ન. અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર; હ્રસ્વ, દીર્ઘ, પ્લુત ઓટલે એક, બે કે ત્રણ માત્રાવાળા અક્ષર જેવા હોય તેવા બોલવા તે.

અક્ષરસમાસ [સં. અક્ષર + સમાસ (મેળાપ)] પું. અક્ષરનું પરસ્પર મેળાપણું

અક્ષરસમુદાય [સં. અક્ષર + સમુદાય (જથ્થો)] પું. અક્ષરનો જથ્થો; અક્ષરજથ્થ.

અક્ષરસમૂહ જુઓ અક્ષરસમુદાય.

અક્ષરસંજ્ઞા [સં. અક્ષર + સંજ્ઞા (ઓળખ)] સ્ત્રી. એક, બે, ત્રણ, ચાર એમ અક્ષરની ઓળખ.

અક્ષરસંસ્થાન [સં. અક્ષર + સંસ્થાન (ગોઠવણી)] ન. અક્ષરની રચના; લિપિ.

અક્ષરસંહતિ ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) જોડાક્ષર શબ્દમાં વપરાતા અર્ધની રચના.
> ધર્મ, રસ, સ્વરૂપ એટલે કોઇપણ અક્ષર સંમતિ, રીતિ, અવસ્થિતિ ને વૃત્તિ એ ૬ પ્રમાણે પરાયો રસિક અર્ધને આલિંગન આપે છે. કાવ્યાદર્શ

૨. સ્ત્રી. નાટકનાં ૬૬ લક્ષણમાંનું એ નામનું એક લક્ષણ.

અક્ષરસાજ [સં. અક્ષર + ગુ. સાજ (વસ્ત્ર આદિ)] પું. બોલ; વાણી.
> જોવો કેવું મંદ મંદ ને મધુર જ અક્ષરસાજ. સરસ્વતીચન્દ્ર

અક્ષરસામુદ્રિક [સં. અક્ષર + સામુદ્રિક (રેખાશાસ્ત્ર)] ન. લખેલા અક્ષર ઉપરથી માણસની ખાસિયત, સ્વભાવ અને લાયકાત પારખવાની વિદ્યા.

અક્ષરસામ્ય [સં. અક્ષર + સામ્ય (સરખાપણું)] ન. અક્ષરનું સરખાપણું.

અક્ષરસૃષ્ટિ [સં. અક્ષર + સૃષ્ટિ] સ્ત્રી. લખાણ

અક્ષરસૌષ્ઠવ [સં. અક્ષર + સૌષ્ઠવ (સુંદરતા)] ન. અક્ષરની સુંદરતા.

અક્ષરસૌંદર્ય જુઓ અક્ષરસૌષ્ઠવ.

અક્ષરસ્થ ૧. વિ. મરી ગયેલું.
૨. [સં. અક્ષર (મોક્ષધામ) + સ્થ (રહેનારું)] વિ. મોક્ષધામમાં રહેનારું.

અક્ષરસ્પષ્ટતા [સં. અક્ષર + સ્પષ્ટતા (સ્પષ્ટપણું)] સ્ત્રી. અક્ષરનું સ્પષ્ટપણું વર્ણશુદ્ધિ.

અક્ષરાકૃતિ [સં. અક્ષર + આકૃતિ (આકાર)] સ્ત્રી. અક્ષરનો આકાર.

અક્ષરાકૃતિનામબંધ [સં. અક્ષરાકૃતિ + નામ + બંધ (રચના)] પું. (કાવ્ય) અક્ષર સાથે નામનો આકાર બને એવા લખાણવાળી પદ્યરચના; એક જાતની ચિત્રકાવ્યરચના. આ રચનામાં નામને વાળી પ્રાર્થી પણ અક્ષરના જેવી આકૃતિ બનાવી શકાય છે. નામના મોઢાથી શરૂ કરી પૂંછે કાવ્ય આવે છે. છંદ પ્રમાણે જ્યાં અટકવાનું હોય, ત્યાં ઊભો અક્ષર એ વખત વપરાય છે.

અક્ષરાજ [સં. અક્ષ (પાસો) + રાજન્ (રાજા)] પું. જુગારી; જુગારમાં કુશળ પુરુષ.

અક્ષરાડંબર [સં. અક્ષર + આડંબર (ખોટો ઠાઠ)] પું. (કાવ્ય) કાવ્યનો એ નામનો એક પ્રકારઃ ઓછા અક્ષરનો ખોટો ઠાઠ કરેલો હોય પણ રસ કે ભાવના ન હોય તેવું કાવ્યઃ અધમકાવ્ય.

અક્ષરાતીત ૧. [સં. અક્ષર (વર્ણ) + અતીત (બીજા પાર ગયેલું)] ન. ઈશ્વરઃ પરમાત્મા, કેમકે તે અક્ષરથી પર હોઈ અનિર્વચનીય છે. ક્ષર, અક્ષર અને અક્ષરાતીત એ ત્રણ વેદાંતમાં સર્વભૂત, કૂટસ્થ અને પરબ્રહ્મને માટે વપરાતા શબ્દ છે.

૨. વિ. અક્ષરથી ન વર્ણવાય એવું; વાણીથી વર્ણવી ન શકાય તેવું; અવર્ણનીય.

અક્ષરાત્મક ૧. [સં. અક્ષર (વર્ણ) + આત્મક (સંબંધનું)] વિ. અક્ષરમેળવાળું; જેમાં અક્ષરનો મેળ હોય એવું.
૨. વિ. અક્ષરની મુખ્યતાવાળું.
૩. [સં. અક્ષર (અવિનાશી) + આત્મક (સ્વરૂપવાળું)] વિ. અવિનાશી સ્વરૂપવાળું.

અક્ષરાર્થ ૧. [સં. અક્ષર (વર્ણ) + અર્થ (સમજણ)] પું. અક્ષરનો અર્થ; તાત્પર્ય.
૨. પું. કેવળ અક્ષરને વળગી રહીને કરેલો અર્થ; શબ્દાર્થ; સંકુચિત અર્થ.

અક્ષરાધ્યાત્મ [સં. અક્ષર (ન ખૂટવાપણું તેવું) + અધ્યાત્મ (આત્મા સંબંધી)] વિ. ન ખૂટવાપણું તેવું જીવ, જીવંત આત્મજ્ઞાન સંબંધ.

અક્ષરાનુક્રમ [સં. અક્ષર + અનુક્રમ (પેઠી)] પું. એક પછી એક ક્રમમાં અક્ષર આવે તેવી રચના.

અક્ષરાન્નાથ [સં. અક્ષર + અન્નાથ (સ્વામી)] પું. વર્ણમાળા.

અક્ષરારંભ ૧. [સં. અક્ષર + આરંભ (શરૂઆત)] પું. અક્ષરની શરૂઆત.
૨. પું. નિશાળે બેસાડવાની ક્રિયા.

અક્ષરારાધન ૧. [સં. અક્ષર (બીજ) + આરાધન (આરાધના)] ન. પદ્માસનયુક્ત.
૨. જુઓ અક્ષરાર્ચા.

અક્ષરારોપણ [સં. અક્ષર + આરોપણ (બિરાજમાન)] ન. શરૂ અક્ષર લીતરવાની ક્રિયા.

અક્ષરાવલંબન જુઓ અક્ષરાલંબન.

અક્ષરાવલિ ૧. [સં. અક્ષર + આવલિ (હાર)] સ્ત્રી. વર્ણમાલા; લેખનમાં અક્ષરની [illegible]
૨. સ્ત્રી. લિપિ; અક્ષર લખવાની રીત.

અક્ષરાવલી ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, જગણ, જગણ અને ગુરુ મળી ૧૬ અક્ષર આવે એવો જે નામનો એક અક્ષરમેળ છંદ; હારિણી.
ર ર ર ર ની અક્ષરાવલી. ઉદાહરણ
૨. જુઓ અક્ષરાવલિ.

અક્ષરાંતર [સં. અક્ષર + અંતર (બીજું)] ન. એક લાખનું બીજા લાખના મૂળાક્ષરમાં લખાણ; બીજા લાખના મૂળાક્ષરથી જુદી ભાષાના અક્ષર લખવા તે; અક્ષર ઉતારવા તે
તેના અક્ષરાંતરની ઘણી પ્રતિઓ કરવાના કામમાં લાકીનો ઘોમાસાનો વખત જોડ્યો છે. પુરાતત્ત્વ

અક્ષરી ૧. પું. બારાક્ષરી મંત્ર.
૨. સ્ત્રી. અક્ષરની હાર; વર્ણપંક્તિ.
૩. [સં. અક્ષ (આખું)] સ્ત્રી. જોખમાયું, વર્યા.
૪. [સં. અક્ષર (અર્થ) + ઇન્ (વાળું)] વિ. અક્ષરવાળું.
૫. [સં. અ + ક્ષર્ (નાશ પામવું)] વિ. નાશ ન થાય એવું અક્ષય રહેનારું; અમર.

અક્ષરેક્ષક [સં. અક્ષ + ઇક્ષક (જોનું)] ન. જોડ બનાવું જોનું.

અક્ષરેઅક્ષર [સં. અક્ષર + અક્ષર] ન. જોડ પણ અક્ષર રહી ન જાય તેવી રીતે; અક્ષરશઃ.

અક્ષરેખા [સં. અક્ષ (ધરી) + રેખા (લીટી)] સ્ત્રી. જોડ પદાર્થના બબ્બેબિંદુઓમાંથી પસાર થઈ અને તરત તેની સપાટી સુધી બરાબર ઊભી સીધી લીટી.

અક્ષરેશ [સં. અક્ષર (અવિનાશી) + ઈશ (ઈશ્વર)] પું. પરમેશ્વર.

અક્ષરેશ્વર જુઓ અક્ષરેશ

અક્ષરોપજીવ [સં. અક્ષર + ઉપજીવ્ (વર્તવું)] પું. (અલંકાર) બીજબંધોમાં જે ઉપજીવ્ય જોઈએ તેવું સંખ્યાથી નહિ પણ અક્ષરથી દર્શાવવામાં આવે તે; 'લિટરલ કોન્ટ્રેક્ટ'. ઉદા૰ + ઉદા૨ + ઉદા – ૫. અહીં ક અક્ષરોપજીવ છે.

અક્ષરોપાસક ૧. [સં. અક્ષર + ઉપાસક (પૂજક)] વિ. અક્ષરની ઉપાસના કરનાર.
૨. [સં. અક્ષર (બીજ) + ઉપાસક (પૂજક)] વિ. બીજની ઉપાસના કરનાર.

અક્ષરોપાસના ૧. [સં. અક્ષર + ઉપાસના (પૂજા)] સ્ત્રી. અક્ષરની પૂજા.
૨. [સં. અક્ષર (બીજ) + ઉપાસના (પદ્ધતિ)] સ્ત્રી. બીજની ઉપાસના કરવાની પદ્ધતિ.

અક્ષલ [સં.] સ્ત્રી. અથર્વવેદની એક શાખા-માંની એ નામની એક.

અક્ષવતી ૧. [સં. અક્ષ (પૈડું) + વતી (વાળી)] સ્ત્રી ગાડી.
૨. [સં. અક્ષ (પાસો) + વત્ (વાળું) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જુગારની રમત; જુગાર.
૩. [સં. અક્ષ (ધરી) + વતી (વાળી)] સ્ત્રી. પૃથ્વી.
૪. વિ. સ્ત્રી. ધરીવાળી.

અક્ષવલન [સં. અક્ષ + વલન (વાંકા)] પું. (ભૂગોળ) ગ્રહના ક્રાંતિવૃત્તીય સ્થાનમાંથી ધ્રુવ અને ઉત્તરબિંદુ સુધી દોરેલા બે આર્ક વચ્ચેનો ખૂણો.

અક્ષવલનક્ષેત્ર [સં. અક્ષવલન + ક્ષેત્ર (વિસ્તાર)] ન. (ભૂગોળ) ગ્રહના ક્રાંતિવૃત્તીય સ્થાનને ધ્રુવ અને ઉત્તરબિંદુ સાથે જોડવાથી બનતું વિસ્તારક્ષેત્ર.

અક્ષવલય [સં. અક્ષ + વલય (વર્તુળ)] ન. (ભૂગોળ) ઉત્તરબિંદુની આસપાસ અક્ષાંત જેટલે અંતરે અને અક્ષાના જેવડી ત્રિજ્યા વડે દોરવું વર્તુળ.

અક્ષવાટ ૧. [સં. અક્ષ (પૈડું) + વાટ (રેખાવું)] પું. ગાખડો; કુસ્તી કરવાની જગા, જેની ત્યાં રમવાથી ઘણો બનેલ પૂળ જેવી રેતી હોય છે.
૨. [સં. અક્ષ (જુગાર) + વાટ (સ્થાન)] પું. જુગારખાનું.
૩. પું. પાસા નાખવાનું પાટિયું.
૪. પું. સભાસ્થાન.

અક્ષવિચલન જુઓ અક્ષરપંદન.

અક્ષવિત જુઓ અક્ષવિદ.

અક્ષવિદ ૧. [સં. અક્ષ (સમજો) + વિદ્ (જાણનાર)] વિ. સમજમાં પ્રવીણ.
૨. [સ અક્ષ (પાસો) + વિદ્ (જાણનાર)] વિ. 'રાજાની રમત રમી જાણનાર; જુગારી.

અક્ષવિદ્યા [સં. અક્ષ (જુગાર) + વિદ્યા] સ્ત્રી. પાસા નાખવાની વિદ્યા; જુગાર રમવાની કળા; દ્યૂતવિદ્યા.

અક્ષવૃત્ત ૧. [સં. અક્ષ (ધરી) + વૃત્ત (વર્તુળ)] ન. (ભૂગોળ) ધરીના અંત બતાવવા માટે વિષુવવૃત્તથી સમાંતરે દોરેલી લીટી; અક્ષાંતવૃત્ત; 'પેરેલલ ઑવ ડેક્લિનેશન'.
૨. ન. રાશિચક્રરૂપ વૃત્તક્ષેત્ર.
૩. [સં. અક્ષ (જુગાર) + વૃત્ત (કાર્મે વર્તેલ)] વિ. જુગારી; જુગારમાં ચોટેલ મનવાળું.

અક્ષવેધ જુઓ અક્ષવાટ ૨.

અક્ષશાસ્ત્ર [સં.] ન. મહર્ષિ ભારદ્વાજે રચેલું એ નામનું એક શાસ્ત્ર. તેમાં અક્ષ શબ્દની સમજૂતી, અક્ષની સાત જાત, અક્ષના વિભાગ, અક્ષશક્તિનાં સંમેલનસ્થાન, વિવિધ પ્રકારનાં વાતાવરણમય આવરણ, તેનાં સ્થાન અને તેની વચ્ચેનાં અંતર, તેની અંદર આવેલી ઊષ્મા અને અગ્નિ, જે ગ્રહ, સ્થાન અને પરિધિની અંદર અક્ષ ભ્રમણ કરે તેનું વર્ણન, આકાશપ્રદેશમાં આવેલાં ભ્રમણ આવરણ, નક્ષત્રભ્રમણ અને વિમાન, આ અક્ષપરિધિમાં આવેલી પૃથ્વીઓ, અક્ષની ગતિ, તેનું ભ્રમણ, તેની શક્તિમાંથી ઉત્પન્ન થતાં મોજાં, અને તેની ગતિ વગેરે બાબતનું વિવેચન કરેલું છે.

અક્ષસૂત્ર ૧. [સં. અક્ષ (ધરી) + સૂત્ર (દોરો)] ન. જોડપો; જપ કરવાની માળા; કંઠાની માળા.
૨. [સ. અક્ષ (આંખ) + સૂત્ર (દોરો)] ન. આંખનો ડોરો.
૩. ન. ધાગાસૂત્ર; જનોઈ.

અક્ષસ્તુપ [સં.] ન. મહેડાનું થાક.

અક્ષસ્પંદ જુઓ અક્ષસ્પંદન.

અક્ષસ્પંદન [સં. અક્ષ (ધરી) + સ્પંદન (ધ્રુજારા)] ન. (જ્યોતિષ) અક્ષવલયની અનિયમિતતા; ક્રમમાં અલનવલન અને સ્પષ્ટ અલનવલન વચ્ચેનો તફાવત; 'નુટેશન'.

અક્ષહીન ૧. [સં. અક્ષિ (આંખ) + હીન (વિનાનું)] વિ. આંધળું.
૨. [સં. અક્ષ (પાસો) + હીન (જાણનું)] વિ. પાસા વગર રમનાર.

અક્ષરકુટ્ટમ [સં. અક્ષ (પાસો) + કુટ્ટમ (કપટ)] ન. જુગાર રમવામાં હોશિયારી.

અક્ષરાંતરન્યા [સં. ન (નહિ) + ક્ષરાંતરન્યા (બીજા સ્થાન જેવું)] વિ. બીજા ન કરી શકાય એવું; અક્ષુણ્ણ.

અક્ષરાગ્રા [સં. અક્ષ (ધરી) + અગ્ર (આગળનો ભાગ)] પું. ગાડીની ધરીનો આગળનો ભાગ; ધરીનો છેડો.

અક્ષરાગ્રકીલક [સં. અક્ષ (ધરી) + અગ્ર (આગળનો ભાગ) + કીલક (ખીલો)] પું. ગાડીની ધરીના આગલા ભાગમાં નાખવાનો ખીલો.

અક્ષરાસું જુઓ અક્ષિનાસું.

અક્ષાર ૧. [સં. ન + ક્ષાર (ખાર)] ન. ચામાં હોમવા માટે બીજા વગરની વસ્તુ; દૂધ, ઘી, ગોખા, તલ, મગ, જવ વગેરે.

૨. ન. ક્ષિપવા; બોક અખિલ ક્ષાર.

૩. વિ. બીજું ન હોય એવું; બીજા વગરનું. અક્ષાર કરવું = હવનું કરવું; ક્ષારહીન કરવું; નરમ કરવું.

અક્ષારક્ષવણ ૧. [સં. અક્ષાર (ખાર વિનાનું) + લવણ (મીઠું)] ન. ક્ષાર વિનાનું મીઠું. તે મીઠું ખારીમાંથી તૈયાર થાય છે.

૨. ન બનાવટી નહિ એવું મીઠું; સમુદ્રનું મીઠું.

૩. જુઓ અક્ષાર ૧.

અક્ષાવપતિ [સં. અક્ષ (રમત) + અવપતિ (હાર)] સ્ત્રી. જય કરવાની માગણ; જય-માગણ; તરણી.

અક્ષાવપની જુઓ અક્ષાવપતિ.

અક્ષાવાપ ૧. [સં. અક્ષ (પાસો) + અવ (પાસે) + વપ્ (ફેંકવું)] પું. જુગાર-ખાનાનો માલિક.

૨. પું. જુગારી; જુગાર ખેલનાર.

અક્ષાંતિ ૧. સ્ત્રી. અધીરાઈ; ઉતાવળ.

૨. [સં ન + ક્ષાંતિ (ક્ષમા)] સ્ત્રી. ક્ષમાનો અભાવ; અક્ષમા; અસહિષ્ણુતા.

૩. સ્ત્રી. ગુસ્સો.

૪. વિ. ક્ષમા વગરનું.

અક્ષાંશ ૧. [સં. અક્ષ + અંશ (ભાગ)] પું. ક્ષિતિજનું તલ પૃથ્વીના અક્ષ વડે જ્યાં કપાય ત્યાં તે બે વચ્ચે ઓછો ખૂણો.

૨. [સં. અક્ષ (વિષુવવૃત્તથી ઉત્તર-દક્ષિણ અંતર) + અંશ (ખૂણાનો ૩૬૦મો ભાગ)] પું. (ભૂગોળ) વિષુવવૃત્તથી ઉત્તર અથવા દક્ષિણ દિશામાં કરવામાં આવતું અંતર; ધ્રુવબિંદુથી બીજા ધ્રુવબિંદુ સુધી એક લીટી દોરી તેના જે ભાગ કરવામાં આવે તે; 'ડીગ્રી ઑવ લેટિટ્યૂડ'. વિષુવવૃત્તની ઉત્તર તરફના ૯૦ અને દક્ષિણ તરફના ૯૦ મળીને ૧૮૦ અક્ષાંશ થાય છે.

૩. ન. અક્ષાંશની સમાંતરે આવેલું ભૌગોલિક સ્થાન.

૪. ન. નક્ષત્રનું ક્રાંતિવૃત્તની ઉત્તર અથવા દક્ષિણ બાજુનું કોણાંતર.

૫. ન. ભૂમધ્યરેખા અને ભૌગોલિક સ્થાનની વચ્ચમાં ધ્રુવમેખાની પૂર્વ સ્થિતિ કે અંતર.

અક્ષાંશરાજુત્ત [સં. અક્ષાંશ + વૃત્ત (વર્તુળ)] ન. વિષુવવૃત્તથી સમાંતરે દક્ષિણે અને ઉત્તરે પૂર્વ-પશ્ચિમ દોરેલું વર્તુળ; અક્ષવૃત્ત; 'પેરલલ ઑવ લેટિટ્યૂડ'.

અક્ષિ ૧. [સં.] સ્ત્રી. આંખ; ચક્ષુ; નેત્ર.

૨. સ્ત્રી. બે સંખ્યા સૂચવતો શબ્દ, કેમકે આંખ બે હોય છે.

૩. ન. બૃહદારણ્યક ઉપનિષદમાંની એકનું નામ. જુઓ ઉપનિષદ.

અક્ષિઅંતર જુઓ અક્ષિઅન્તર.

અક્ષિક ૧. [સં. અક્ષ (ધરી) + ઇક (ને લગતું)] પું. ગોડ લાકડું, જેનું બાકું ધરી બનાવવામાં કામ લાગે છે; વેજવક્ષ.

૨. પું. ક્ષાર.

૩. સ્ત્રી. હલકી ધાતુ ઉપર જેને ચઢાવ્યું તે ધાતુ સોનું કે રૂપું નથી એવા ભાન કરાવવા છે તે રાગોડી.

૪. ન. કૃષ્ણયજુર્વેદની એક ઉપનિષદનું નામ.

અક્ષિકંપ [સં. અક્ષિ (આંખ) + કંપ્ (ધ્રુજવું)] પું. આંખનો ફફડારો.

અક્ષિકરીક્ષ [સં.] ન. એક નાનું એક ફળ; જલેબું.

અક્ષિકૂટ [સં. અક્ષિ (આંખ) + કૂટ (આગળો ભાગ)] પું. આંખનું રતન; આંખની કીકી.

અક્ષિકૂટક જુઓ અક્ષિકૂટ.

અક્ષિકોશ જુઓ અક્ષિકોષ.

અક્ષિકોષ ૧. [સં. અક્ષિ (આંખ) + કોષ (ઘર)] પું. આંખનો ગોખલો.

૨. પું. આંખનો ડોળો.

અક્ષિગત ૧. [સં. અક્ષિ (આંખ) + ગત (ગયેલું)] પું. શત્રુ; વિરોધી.

૨. વિ. આંખે ચોટેલું.

૩. વિ. દેખેલું; જોયેલું.

૪. વિ. દેખ કરવા જેવું.

અક્ષિગોલક જુઓ અક્ષિગોલક.

અક્ષિગોલક [સં. અક્ષિ (આંખ) + ગોલક (ગોળો)] પું. આંખનો પ્રકાશ ગ્રહણ કરનાર પડદો. જુઓ અક્ષિપટ.

> જ્યારે તે પદાર્થની આકૃતિ જેવા જેવી અક્ષિગોલકમાં હોય છે ત્યારે અંતઃકરણ તે પદાર્થની આકૃતિને ધારણ કરે છે.
>
> સિદ્ધાંતસૈન

અક્ષિજાત ૧. [સં. અક્ષિ (આંખ) + જાત (થયેલું)] પું. આંખનો એક જાતનો રોગ.

૨. પું. આંખમાં વાગવું તે.

અક્ષિજ્યોતિ [સં.] સ્ત્રી. આંખ.

અક્ષિત ૧. [સં.] ન. ચોખા.

૨. ન. સો અબજની સંખ્યા.

૩. [સં. ન + ક્ષિત (ક્ષીણ)] વિ. નાશ વગરનું; સ્થિર; અમર્યાદ.

અક્ષિતારક [સં. અક્ષિ (આંખ) + તારક (તારો)] પું. આંખનું રતન; આંખની કીકી.

અક્ષિતારા જુઓ અક્ષિતારક.

અક્ષિદર્શક [સં. અક્ષિ (આંખ) + દર્શક (બતાવનાર)] ન. આંખની રચના તપાસવાનું એક જાતનું યંત્ર.

અક્ષિદોષ ૧. [સં. અક્ષિ (આંખ) + દોષ (રોગ)] પું. આંખની ખૂબ; જોવામાં ખામી ખૂબ; દૃષ્ટિદોષ.

૨. પું. આંખનો રોગ.

અક્ષિનિમેષ [સં. અક્ષિ + નિમેષ (પલકારો)] પું. આંખના પલકારા જેટલો વખત;

[redacted]

અક્ષિપક્ષ્મ [સં. અક્ષિ + પક્ષ્મન્ (પાંપણ)] ન. પાંપણ.

અક્ષિપટ [સં. અક્ષિ (આંખ) + પટ (પડદો)] પું. આંખની કીકી પાછળનો પ્રકાશ ગ્રહણ કરનારો પડદો, જેના ઉપર બહારની વસ્તુની આકૃતિ પડે છે.

> રેટિનાનું વક્રીભવન થઈ જે મૂર્તિ ઉત્પન્ન થાય છે તે તારાની પાછળ પણ તેનાથી બહુ દૂર આવેલ અક્ષિપટની ઉપર પડે છે.
>
> [redacted]

અક્ષિપટશોથ [સં. અક્ષિપટ (આંખનો પડદો) + શોથ (બળવો)] પું. આંખના પડદાને સોજો; આંખનો એક જાતનો રોગ.

અક્ષિપટલ ૧. [સં. અક્ષિ (આંખ) + પટલ (પડદો)] ન. આંખનું પડળ; આંખનો પડદો.

૨. ન. આંખે પડળ આવી જવાનો એક રોગ.

અક્ષિપાક [સં. અક્ષિ + પાક (પાકવું તે)] પું. આંખ ઊઘડવાનો રોગ.

અક્ષિપીઠ [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

અક્ષિપુટ [સં. અક્ષિ (આંખ) + પુટ (કાચું)] પું. ચોપડું.

અક્ષિપ્રમાણી [સં. અ (નહિ) + ક્ષિપ્ર (જલદી) + માણિન્ (માપવું કરનાર)] વિ. બહુ ધીમે માપવું કરનાર; ઊતાવળથી કામ ન ઉપાડી કે સમજી લેનાર.

> આંખ ઉઘાડવા અને એક બળ એ છ સાધનોથી થનાર મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા આદિ ક્રમથી જે ચોવીસ ભેદ થાય છે તે બધા ક્ષયોપશમ અને વિષયની વિવિધતાનો બાર બાર જાતના થાય છે; જેમકે બહુગ્રાહી, અલ્પગ્રાહી, બહુવિધગ્રાહી, એકવિધગ્રાહી, ક્ષિપ્રગ્રાહી, અક્ષિપ્રગ્રાહી અનિશ્રિતગ્રાહી, નિશ્રિતગ્રાહી, અસંદિગ્ધગ્રાહી, સંદિગ્ધગ્રાહી, ધ્રુવગ્રાહી, અને અધ્રુવગ્રાહી
> તત્ત્વાર્થસૂત્ર

અક્ષિપ્રરેખા ઇ. [સં. અક્ષિ (આંખ) + પ્રરેખ (ધાર)] પું. આંખ આગળનો ધાર.

૨. પું. દૃષ્ટિમર્યાદા.

અક્ષિપ્રભાગ ઇ. [સં. અક્ષિ (આંખ) + પ્રભાગ (ભાગલા)] પું. આંખનું આગલું.

૨. [સં. અક્ષિ (આંખ) + પ્રભાગ (ભરવું)] પું. જોવામાં કરેલી ભલતી.

અક્ષિપૂર્ણ ઇ. [સં. અક્ષિ (આંખ) + પૂ. કૃદંતું] વિ. આંખ ફરેલી હોય એવું; કાણું.

૨. વિ. આંધળું.

અક્ષિભેષજ ઇ. [સં. અક્ષિ (આંખ) + ભેષજ (ઔષધ)] ન. આંખના અમુક રોગ મટાડનાર એક વનસ્પતિ.

૨. ન. એક જાતનું અંજન; સુરમો.

અક્ષિરોગ [સં. અક્ષિ (આંખ) + રોગ] પું. આંખનું કરણ આંખનો રોગ. સુશ્રુત અક્ષિરોગ છ જાતના માને છે.

અક્ષિલ ઇ. [સં.] પું. એક જાતનું ઝાડ; સરગવો.

૨. ન. દરિયાઈ મીઠું; પકવેલું મીઠું.

અક્ષિલગ્ન ઇ. [સં. અક્ષિ (આંખ) + લગ્ન (રહેલું)] વિ. આંખ આગળ રહેલું; નજર આગળનું.

૨. વિ. આંખમાં રહેલું.

અક્ષી ઇ. ન. તદ્દન; બિલકુલ.

૨. ન. તમામ.

૩. ન. હમેશાં.

અક્ષીકરણ ન. (ભવેજ્ઞ) આમથી પદાર્થ લેવા માટે દૂરબીનની અમુક પ્રકારની ગોઠવણ; નજર સામે પદાર્થને લાવવાની ક્રિયા; 'ફોકસીંગ'.

અક્ષીકરણયંત્ર ન. (ભવેજ્ઞ) દૂરબીનનું અક્ષીકરણ કરવા માટે બીજું નાનું મદદગાર દૂરબીન; 'ફોકસીંગ ટેલિસ્કોપ'.

અક્ષીકાચક ન. જોવાની વસ્તુ જોવા માટે વપરાતું એક જાતનું યંત્ર; દૂરબીન.

અક્ષીજ ઇ. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. [સં. અ (નહિ) + ક્ષીણ (ઘસાયેલું)] વિ. અખૂટ રહેલું; નહિ ઘટેલું.

૩. વિ. અવિનાશી; નાશ વગરનું.

૪. વિ. (જૈન) સમજેલું; જાણવાનું.

અક્ષીણતા ઇ. [સં. અક્ષીણ (અવિનાશી) + તા (પણું)] સ્ત્રી. અવિનાશીપણું.

૨. [સં. અક્ષીણ (અખૂટ રહેલું) + તા (પણું)] સ્ત્રી. ક્ષય ન પામેલું હોવું તે નહિ ઘટેલું હોવાપણું.

અક્ષીણપરિભોગી [સં. અક્ષીણ (ઉપયોગ' + પરિભોગિન્ (ભોગવનાર)] વિ. (જૈન) ઉપયોગમાં ભોગવાઈ જાય; સમેત ભોગવ્યા ખાનારું.

અક્ષીણમહાનસિક [સં. અક્ષીણ (અખૂટ) + મહાનસ (રસોડું) + ઇક (વાળું)] પું. (જૈન) હજારો માણસને જમાડે છતાં પોતે ન જમે ત્યાં સુધી અન્ન ખૂટે નહિ એવી શક્તિવાળો સાધુ પુરુષ.

અક્ષીણલબ્ધિ [સં. અક્ષીણ (અખૂટ) + લબ્ધિ (શક્તિ)] સ્ત્રી. (જૈન) હજારો માણસને જમાડે છતાં પોતે ન જમે ત્યાં સુધી અન્ન ખૂટે નહિ એવી એક શક્તિ.

અક્ષીણ જુઓ અક્ષીજ.

અક્ષીયઅંતર ન. (ભવેજ્ઞ) આમથી પદાર્થ લેવા માટે દૂરબીન ગોઠવવામાં જુદા જુદાથી જોવાને પદાર્થ તેની ખરી જગ્યાએથી જોઈએ તેટલો આઘોપાછો જણાય તેટલો તફાવત; 'એરર ઓવ કોલીમેશન'.

અક્ષીયપ્રતિષ્ઠાપક પું. (ખગોળ) એ નામનો એક પ્રતિષ્ઠાપક. તેમાં એક આપેલી સ્થિર સુરેખા અને તે સુરેખામાં એક આપેલું સ્થિર બિંદુ હોય છે. ઇષ્ટ બિંદુને સ્થિર બિંદુ સાથે જોડવાથી સ્થિર સુરેખા સાથે જોડે ખૂણે તે એક પ્રતિષ્ઠાપક. અને ઇષ્ટ બિંદુ-અને સ્થિર બિંદુ વચ્ચેનું અંતર તે બીજો પ્રતિષ્ઠાપક.

અક્ષીયભુજભુગ્ન પું. કોઈ બિંદુનું ધ્રુવબિંદુથી તથા કોઈ એક નિશ્ચિત બિંદુથી અંતર દર્શાવનારી જે રેખાનું જોડકું; 'પોલર કોઓર્ડિનેટ્સ'.

અક્ષીયરેખા સ્ત્રી. દૂરબીનના કાચના મધ્યબિંદુને દૃષ્ટિના કેંદ્ર સાથે જોડનારી રેખા; 'લાઈન ઓવ કોલિમેશન'.

અક્ષીયસમીકરણ ન. (ખગોળ) જોવી અંતર અક્ષોપ્રતિષ્ઠાપક આવતા હોય તેવું સમીકરણ; 'પોલર ઈક્વેશન'.

અક્ષીરઅકૃસાર્પિક [સં. અ (નહિ) + ક્ષીર (દૂધ) + અકૃ (અબ) + સર્પિસ્ (ઘી) + ક (વાળું)] પું. (જૈન) દૂધ, ઘી વગેરેનો લાભ કરનાર સાધુ.

અક્ષીર ઇ. પું. સરગવો.

૨. ન. સમુદ્રનું મીઠું.

૩. [સં. અ + ક્ષીર (ઉત્પન્ન)] વિ. દૂધ વગરનું.

અક્ષુણ્ણ ઇ. [સં. અ (નહિ) + ક્ષુણ્ણ (પરિચય કરેલ)] વિ. અનુભવ વગરનું.

૨. [સં. અ (નહિ) + ક્ષુણ્ણ (કમાયેલું)] વિ. જ્યાં હાજરાત ન થતી હોય એવું; પગરવ વિનાનું.

૩. [સં. અ (નહિ) + ક્ષુણ્ણ (ખંડિત)] વિ. નહિ ભાંગેલું.

૪. [સં. અ (નહિ) + ક્ષુણ્ણ (હણેલ)] વિ. નહિ મારેલું.

૫. વિ. નહિ હારેલું.

૬. વિ. વિશિષ્ટ અસામાન્ય.

> પ્રત્યેક પ્રસંગે એમની બુદ્ધિ કોઈ અજબ અક્ષુણ્ણ માર્ગ જ લેતી હતી. ક્રૌમુદી

અક્ષુદ્ર ઇ. [સં.] પું. (જૈન) ઉદાર આશય; મોટા આશય.

૨. પું. શિવ.

૩. [સં. અ (નહિ) + ક્ષુદ્ર (તુચ્છ)] વિ. તુચ્છ નહિ એવું.

અક્ષુદ્રતા [સં. અ (નહિ) + ક્ષુદ્ર (તુચ્છ) + તા (પણું)] સ્ત્રી. તુચ્છ નહિ હોવાપણું.

અક્ષુધ [સં. અ (નહિ) + ક્ષુધા (ભૂખ)] વિ. ભૂખ વિનાનું.

અક્ષુધા [સં. અ (નહિ) + ક્ષુધા (ભૂખ)] સ્ત્રી. ભૂખનો અભાવ.

અક્ષુબ્ધ ઇ. [સં. અ + ક્ષુબ્ધ (ઉદ્વેગ પામેલું)] વિ. ક્ષોભ નહિ પામેલું; નહિ ઉદ્વેગ પામેલું. સ્વસ્થ.

૨. વિ. નહિ ડહોળાયેલું.

અક્ષુબ્ધતા [સં. અ (નહિ) + ક્ષુબ્ધ (હલકલ્લોલ) + તા (પ્રત્ય)] સ્ત્રી. શાંતપણું.

અક્ષુબ્ધિત જુઓ અક્ષુબ્ધ.

અક્ષૈ ૧. પું. રાવણનો પુત્ર અક્ષય.

ઇન્દ્રજીત અક્ષૈ અતિકાય વજે તન મરણ્ય રાય. પ્રેમાનંદ

૨. [સં. અક્ષય (અવિનાશી)] વિ. અવિનાશી; અમર.

અક્ષૈત્ર ૧. [સં. અ (અયોગ્ય) + ક્ષેત્ર (સ્ત્રી)] સ્ત્રી. વર્ણાંતર સ્ત્રી; નીચ વર્ણની સ્ત્રી.

૨. [સં. અ (અયોગ્ય) + ક્ષેત્ર (ઠેકાણું)] ન. ઉપદેશ માટે અયોગ્ય શિષ્ય; કુપાત્ર.

૩. ન. ક્ષાર હોવાને લીધે પાકને માટે અયોગ્ય જમીન; ખરાબ ખેતર.

૪. ન. જેની એક બાજુની લંબાઈ બાકીની બધી બાજુના સરવાળાની બરાબર હોય અથવા તેથી મોટી હોય તેવી બેઠી આકૃતિ; જેના ખૂણા અથવા બાજુનાં પરિમાણ જેવી રીતનાં આપેલાં હોય કે તે દોરી ન શકાય તેવી બેઠી રીતનો સાદો આકાર. ત્રિભાજની એક બાજુનું પરિમાણ ૩, ૧, ૬ અથવા ૩, ૧, ૧૦ એમ આપેલાં હોય તો તે ત્રિભાજ દોરી ન શકાય. ચતુર્ભાજમાં એક બાજુ ૧૨ અને બાકીની ૨, ૩, ૬ આપી હોય તો તે ચતુર્ભુજ પણ ન દોરી શકાય. વળી ત્રિભાજની એક બાજુ આપી હોય અને તે બાજુને લગતા ખૂણાનો સરવાળો બે કાટખૂણાની બરાબર કે તેથી વધારે આપ્યો હોય તો તે ત્રિભાજ પણ દોરી ન શકાય. આ બધાં અક્ષેત્ર કહેવાય છે.

૫. વિ. ન ખેડાયું હોય એવું; અખેડાયેલ.

અક્ષૈત્રજ [સં. અ (નહિ) + ક્ષેત્ર (સ્ત્રી) + જ (ઉત્પન્ન થયેલ)] વિ. રજાત સ્ત્રીથી ઉત્પન્ન થયેલ; અનૌરસ.

અક્ષૈત્રજ્ઞ ૧. [સં. અ + ક્ષેત્ર (શરીર) + જ્ઞ (જાણનાર)] વિ. આત્મજ્ઞાન વગરનું; શરીરના તત્ત્વને ન જાણનાર; જડ અને આત્મજ્ઞાન વિવેકજ્ઞાન રહિત.

૨. વિ. શરીરનો કુદરતી સ્વભાવ નહિ જાણનાર.

અક્ષૈત્રવર્ષી ૧. [સં. અક્ષેત્ર (અયોગ્ય) + વર્ષિન્ (વરસનાર)] વિ. અપાત્ર આગળ જ્ઞાન આપનારું.

૨. [સં. અક્ષેત્ર (ઊખર જમીન) + વર્ષિન્ (વરસનાર)] વિ. ઊખર ભૂમિમાં વરસનારું.

અક્ષૈત્રવિદ જુઓ અક્ષેત્રજ્ઞ.

અક્ષૈત્રી ૧. [સં. અ (અન્ય) + ક્ષેત્રિન્ (ખેતરનો માલિક)] પું. બેતરના માલિકથી ભિન્ન પુરુષ; ક્ષેત્રપતિથી જુદો આસામી.

૨. [સં. અ. (નહિ) + ક્ષેત્રિન્ (પતિ)] પું. પતિ સિવાયનો પુરુષ.

૩. વિ. બેતર વગરનું; જેને બેતર ન હોય એવું.

૪. વિ. જે બેતરનો ધણી ન હોય તેવું.

૫. [સં. અ (નહિ) + ક્ષેત્રિન્ (ખીલવું)] વિ. ખીલે વગરનું; વાંઝ.

અક્ષૈમ [સં. અ + ક્ષેમ (કલ્યાણ)] ન. અમંગળ; અશુભ; અકલ્યાણ.

અક્ષૌટ ૧. [સં.] ન. અખરોટ; લાકડા તથા ફળને માટે કીમતી ગણાતું એક ઝાડ.

૨. ન. એક જાતનું ફળ. તેનાં બીજ બદામની માફક ખવાય છે.

અક્ષૌટક જુઓ અક્ષોટ.

અક્ષૌટતૈલ [સં. અક્ષોટ (અખરોટ) + તૈલ (તેલ)] ન. અખરોટનું તેલ.

અક્ષૌટ્ય જુઓ અક્ષોટ.

અક્ષૌડક જુઓ અક્ષોટ.

અક્ષૌહી જુઓ અક્ષૌહિણી.

અક્ષૌહ [સં. અક્ષ્ (વ્યાપી આવવું) + ઊહ્ (પામવું)] ન. (પુરાણ) એ નામનું એક સરોવર.

સરોવરમાં અત્યંત પ્રખ્યાત માનસ સરોવર, બિંદુસર અને અક્ષૌહ એમ્રો વધારે પવિત્ર ગણાય છે. લાખતી લાખવત

અક્ષૌભ્ય ૧. [સં. અ + ક્ષોભ (ચલાયમાન)] પું. ક્ષોભનો અભાવ; સ્થિરતા.

૨. [સં. અ + ક્ષોભ (ભય)] પું. હાથી બાંધવાનો ખીલો.

૩. વિ. ક્ષોભ વગરનું; સ્થિર; શાંત; અચલ.

સિંધુ નદી પૂરીત અક્ષૌભ્ય. લીલ

અક્ષોભનીય [સં. અ (નહિ) + ક્ષોભનીય (ચલાયમાન થાય એવું)] વિ. ચલાયમાન ન થાય એવું.

અક્ષોભ્ય ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. બુદ્ધ.

૩. પું. મધ્ય સંપ્રદાયનો એ નામનો એક આચાર્ય. તેણે વિદ્યારણ્યસ્વામી સાથે વાદવિવાદ કર્યો હતો. તે સંબંધમાં એવી આખ્યાયિકા છે કે 'તત્ત્વમસિ' રૂપ શ્રુતિનો અક્ષોભ્યે વિદ્યારણ્યનું ઉલટ કર્યું અને અક્ષમુનિ વિદ્યારણ્યે અક્ષોભ્ય મુનિને ક્ષોભ પમાડ્યો.

૪. પું. બેટી સંખ્યા.

૫. [સં. અ (નહિ) + ક્ષોભ્ય (ચલાયમાન થવા)] વિ. ચલાયમાન ન પામે એવું; જેને વિચલીત ન થાય એવું.

૬. વિ. સ્થિર; શાંત.

અક્ષોભ્ય મુદ્રાથી બેઠેલી તાળાની શાસ્ત્રોક્ત મૂર્તિ છે. પુરાતત્ત્વ

અક્ષોભ્યકવચ [સં. અક્ષોભ્ય (સ્થિર) + કવચ (બખ્તર)] ન. (તાંત્રિક) એ નામનું એક કવચ; ભૂત, પિશાચ કે મુખોટથી શરીરનું રક્ષણ કરનો મનાતો એ નામનો એક મંત્ર.

અક્ષોભ્યા [સં.] સ્ત્રી. મણિદ્વીપમાં રહેતી ૬૪ દેવી પૈકીની એ નામની એક. જુઓ ૬૪૦.

અક્ષૌહિણી ૧. સ્ત્રી. અતિવાર સ્પષ્ટ સૌપ્રસિદ્ધ શબ્દ. જુઓ ૨૬.

૨. [સં. અક્ષ (ઇંદ્રિય) + ઊહ્ (તર્ક કરવો)] સ્ત્રી. ઇંદ્રિયોનું અગોચર જ્ઞાન.

૩. સ્ત્રી. એક આંકડા ઉપર ૨૧ મીંડાંવાળી સંખ્યા.

૪. [સં. અક્ષ (રથ) + ઔહિની (ગોઠવેલો સમુદાય)] સ્ત્રી. જેમાં ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ રથમાં જોડેલા સિવાયના ઘોડા અને ૧૦૯૩૫૦ પાયદળ હોય તેવું ચતુરંગી સૈન્ય. એનાં અંગઉપાંગનું કોષ્ટક:

૧ હાથી + ૧ રથ + ૩ ઘોડા + ૫ પાયદળ = ૧ પત્તિ
૩ પત્તિ = ૧ સેનામુખ
૩ સેનામુખ = ૧ ગુલ્મ
૩ ગુલ્મ = ૧ ગણ
૩ ગણ = ૧ વાહિની
૩ વાહિની = ૧ પૃતના
૩ પૃતના = ૧ ચમૂ
૩ ચમૂ = ૧ અનીકિની
૧૦ અનીકિની = ૧ અક્ષૌહિણી

રેવંત અક્ષૌહિણી સહિત આવ્યો હું સત્તરવાર. પ્રાચીનકાવ્ય

અક્ષ્ણ ૧. [સં.] પું. સમય; વખત.

૨. [સં. અક્ષ્ (વ્યાપવું)] વિ. નહિ ભાંગેલું; આખું; અખંડ.

અક્ષ્ય ૧. [સં.] પું. પ્રતિબિંબ; પડછાયો.

૨. સ્ત્રી. છબી; તસવીર.

અક્ષ્ય ખેંચવી = છબી પાડવી.

અક્ષ્યાત [અ. ક્રિયાનું બહુવચન] ન. ઘ. ઘ. મહેસાણા સરવાળા હતા.

અક્ષરીયત ૧. [ફા.] ન. બહુમત; બહુમત.

૨. ન. સલાતપણું.

અખપડું

અખ ૧. જી. (કચ્છી) આંખ.

૨. જી. ખાસ; ખત્રીસો.

અખર [સં. અક્ષર] વિ. અક્ષય; અવિનાશી; અમર.

અખર અજરામર મુનિયા રેજી. ઝાલર

અખરજ ૧. [સં. અખાદ્ય; પ્રા. અખજ્જ] જ. નહિ ખાવા જેવી વસ્તુ.

જાતભાતનાં ભોજન તજીને
થયો અખરજનો ચારી. ભોજો

૨. ન.-ભાંગ વગેરે અનીતિનો પૈસો.

૩. વિ. નહિ ખાવા જેવું; અભક્ષ્ય.

અખર્જી જુઓ અખજ.

અખડ ૧. જ. વાણિયાની એ નામની એક જાતનું માણસ.

૨. વિ. વાણિયાની એ નામની એક જાતનું.

અખડુ [સં.] પું. ચારોળીનો ઝોડ.

અખડા (અખડ) ૧. જ. (કચ્છી) અખરોટ; અખોડ.

૨. [સં. અદૃઢ; પ્રા. અદ્રિઢ] વિ. કઠાવવું; નહિ વપરાતું.

૩. વિ. એક જાતની ખોડવાળું.

૪. [સં. અ + બદ્ધ (બાંધ)] વિ. બાંધ વગરનું; બાંધ પણ ન બેસે એવું.

૫. [સં. અ (નહિ) + દૃષ્ટ (જોવાયેલું)] વિ. નહિ જોવાયું; પાતર.

૬. વિ. બાંધ ન પડતો હોય એવું; અકબંધ.

૭. વિ. વાણિયું; ખોટનું વગરનું.

અખડજમીન (અખડજમીન) ૧. જી. બાંધ પણ ન બેસતું હોય એવી જમીન.

૨. જી. પાતર જમીન; નહિ ખેડાતી જમીન.

અખડતાડા (અખડતાડા) ૧. પું. ન. ક. પ્રાચીન કાળનું મત ન બાંધ એવા વિષય.

૨. પું. ન. ક. પ્રાચીનકાળ વગરના કેટલાક આવે એવા રહ્યા.

અખડબખડ (અખડબખડ) વિ. ઊંચુંનીચું; બાંધબેસતાવાળું.

અખડવું (અખડવું) સ. ક્રિ. ખોદર બાજીને પછી જવું; બાંધવું.

અખડી પાડવું = (૧) ખોદર બાજીને ખોદર બાંધીને પછી જવું. (૨) ચણતરીમાં બાંધવું.

અખડેબખડે જુઓ અખડબખડ

અખડોબખડી (અખડબખડી) જી. બાંધબેસતા; ગોઠવણ.

અખડોબખડું જુઓ અખડબખડ.

અખડોબાંધ (અખડબાંધ) ૧. જી. બાંધબેસતા; રચનાબંધ.

૨. જી. ખેરાતબંધી.

અખડાવવું (અખડાવવું) ૧. સ. ક્રિ. બાંધી કરાવવી; ઠરિયો કરાવવો.

૨. સ. ક્રિ. બાંધવવું; બેબાંધવું.

અખડાવું (અખડાવું) ૧. સ. ક્રિ. બાંધવું; બાંધમુજબનું બોલવું.

૨. સ. ક્રિ. બાંધવું; બાંધણી પડવું; ઠિબાવું.

૩. સ. ક્રિ. લડી પડવું; ધમાધમી થવી; લડાઈ થવી.

૪. સ. ક્રિ. લડવું પડવું.

અખણ [સં. દક્ષિણ; અપ. દક્ખણ (એ નામની એક દિશા)ને ક્રિ.વિ.] જી. (પ્રાચ) ઉત્તરદિશા.

અખણ દખણ દહીંના ઘાર, દહીં દુકાણું.

અખત્રિયાત જુઓ અખત્રિયાઈ ૨.

અખત્રિયાતું જુઓ અખત્રિયાત.

અગવાન ૧. [સં. અગ્ર (આગળનો ભાગ) + વત્ (વાનું)] પું. (હિંદી) અતિથિને આદર સહિત બોલાવનારો પુરુષ.

૨. [સં. અગ્ર (આગળ) + થાન (જવું તે)] સ્ત્રી. (હિંદી) અતિથિને આગળ જઈ બોલાવું તે.

અગવાની ૧. [સં. અગ્રગામિન્ (આગળ જનાર)] પું. (હિંદી) અગ્રેસર.

૨. પું. ભોમિયો.

૩. જુઓ અગવાન ૨.

અગવાર ૧. [હિં.] પું. બળદમાંથી ઘાસ લેવા માટે કરેલો ભાગ.

૨. પું. ચમાર.

૩. ન. ખરીદને બદલે કુટુંબવાળું હલકું બળ.

અગવૃત્તિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગાડકી; ગાલેડી.

અગવો ૧. [સં. અગ્ર (આગળ) + વહ્ (લઈ જવું)] પું. અગ્રેસર; આગેવાન; નેતા.

જેનો અગવો આંબળો તેનું કટક કુશળ.

કહેતી

૨. પું. ભોમિયો; રસ્તો દેખાડનાર; રાહબર.

તું સ્વપ્ન અગવો આપણ કરે,
તે પૂરે જો તું સંચરે.

અખો

૩. પું. વધાવો.

અગસા ૧. વ. પોળીનો ઘંઘો કરતી જેલખામ ધારવાળ વરણની એક જાતનું માણસ.

૨. વિ. એ નામની એક જાત.

અગસિંહ પું. સોનાનો એક સિક્કો. જુઓ સિક્કો.

અગસ્ટ [અં. ઓગસ્ટ] પું. અંગ્રેજી વર્ષનો આઠમો મહિનો.

અગસ્ત [સં. અગસ્ત] પું. અગસ્ત્ય. જુઓ અગસ્ત્ય.

અગસ્તચાલો જુઓ અગસ્ત્યવાર.

અગસ્તા [૫.] પું. અગસ્તિયાનું ઝાડ.

અગસ્ત્યાન વ. એ નામનું નરમ લાકડાવાળું એક ઝાડ. સોદર, સાલ અને મુલાખી એમ ત્રણ જાતનાં ફૂલવાળાં તેનાં જુદાં જુદાં ઝાડ થાય છે. તે સાધારણ જમીનમાં પણ ઊગી નીકળે છે.

અગસ્ત્યાશ્રમ જુઓ અગસ્ત્યાશ્રમ.

અગસ્તિ ૧. [સં.] પું. અગસ્તિયાનું ઝાડ. જુઓ અગસ્ત.

૨. [સં. અગ (પર્વત) + સ્તૈ (અટકાવવું)] પું. અગસ્ત્ય ઋષિ. જુઓ અગસ્ત્ય.

નવ્ય દાન અગસ્તિના કોપને લીધે અગત્ય બંધ હતો. ભગવતી ભાગવત

૩. પું. અગસ્ત્ય ઋષિએ જેમ દક્ષિણમાં સૌથી પહેલાં જઈ વસવાટ કરેલો તેમ કોઈ પણ ઠેકાણે સૌથી પહેલાં જનાર પુરુષ; અગ્રગામી.

૪. પું. (ભગોળ) અદૃશ્યથી અસ્તમાનો એ નામનો ૪૫મો ગ્રહ.

૫. પું. (ભગોળ) એ નામનો તારો.

અગસ્તિપુરી [સં. અગસ્તિ (અગસ્ત્ય ઋષિ) + પુરી (નગરી)] સ્ત્રી. રામાયણમાં વર્ણવેલું એ નામનું એક ઠેકાણું. જુઓ અગસ્ત્યાશ્રમ.

અગસ્તિહરસાયન વ. (વૈદક) રસાયન કરાવનારું એ નામનું એક ઔષધ.

અગસ્તિક્ષુતરસરાજ [સં.] પું. (વૈદક) પારો ૧ તોલો, ગંધક ૧ તોલો, ત્રિફળા ૧ તોલો, ધંતૂરાનાં બીજ ૨ તોલા, અજીબ ૨ તોલા એ બધાને એકઠાં કરી તેને આંકના રસની ભાવના દઈને બનાવેલું ઔષધ. તે એક રતિના પ્રમાણમાં ત્રિકટુ (સૂંઠ, મરી, પીપર) તથા મધ સાથે આપવા છતાં અને અપથ્ય સાથે ખરાબ વ્યાધિ ઉપર અપાય છે.

અગસ્તિહરીતકચ્યવનેષ્ટ [સં. અગસ્તિ (એ નામના ઋષિ) + હરીતકિ (હરડે) + અવલેહ (ચાટણ)] પું. (વૈદક) એ નામની એક ચાટવાની દવા. આ ચાટણથી ઉપરસ, દમ, શ્વાસ, હેડકી, સંગ્રહણી, વિષમજ્વર, સંગ્રહણી

અગ્નિ વગેરે રોગ નાશ પામે, બળ પ્રાપ્ત થઈ શરીરની કાંતિ સારી થાય અને દીર્ઘાયુષ્ય દૂર થાય એમ મનાય છે. આ અવલેહ બનાવવાની બધુ રીત અગસ્તિ ઋષિએ યોજેલી કહેવાય છે.

પહેલો પ્રકાર: જવ ૨૫૬ તોલા, દશમૂળ ૮૦ તોલા, ત્રિફળા, પીપરીમૂળ, અજમોદી, વજ્રક્ષારો, ક્ષૈત્રજીરું, સંચળ, જવાખાર, ગજપીપર, બળદાણાના ક્ષારનાં મૂળ અને પુષ્કરમૂળ એ દરેક ૮ તોલા લઈ તે બધાંનું ચૂર્ણ કરી ૨૫૬૦ તોલા પાણીમાં જ્યાં સુધી પાક થાય ત્યાં સુધી ઉકાળવું. પછી ગાળી લઈ ભોંયરી મે.ટી દરેકે ૧૦૦ નાખવી, તેમજ ઘી અને તેલ એ દરેક ૩૨ તોલા અને ગોળ ૪૦૦ તોલા નાખી તે પકવવું. ઠંડું થયા પછી નીચે ઉતારી તેમાં મધ ૩૨ તોલા અને લીંડીપીપરનું ચૂર્ણ ૧૬ તોલા નાખવું. તેમાંથી દરરોજ ૬ દરેક એમાંના પાક સાથે ખાવા આપવા છે. પાક ઉપર દૂધ અથવા મધ અને ઘીનું સેવન કરવાનું હોય છે.

બીજો પ્રકાર: દશમૂળ, ક્ષૈત્રજીરું, સંચળ, વજ્રક્ષારો, બળદાણાનાં મૂળ, ગજપીપર, અજમોદી, પીપરીમૂળ, ત્રિફળાનાં મૂળ, ભારંગમૂળ અને પુષ્કરમૂળ એ પ્રત્યેક ૮ તોલા અને જવ ૨૫૬ તોલા, ૨૫૬૦ તોલા પાણીમાં નાખી જવ બરાબર બધા ત્યાં સુધી ઉકાળી તે ગાળી લેવું. પછી તેમાં ૧૦૦ ભોંટી દરેકે, ગોળ ૪૦૦ તોલા, ઘી ૩૨ તોલા, તેલ ૩૨ તોલા અને લીંડીપીપરચૂર્ણ ૧૬ તોલા નાખી તેને ઠરવા દેવું. ઠર્યા પછી તેમાં મધ ૧૬ તોલા નાખવું.

ત્રીજો પ્રકાર: સંચળ, દશમૂળ (બીલી, અરણી, અરલુ, ઊભી ભોરિંગણી, ભોંય ભોરિંગણી, સાલવણ, પીડવણ, ગોખરુ, ત્રિકંટક અને પાડલ), પુષ્કરમૂળ, વજ્રક્ષારો, ધમાસો, ક્ષૈત્રનાં મૂળ, બળદાણાના ક્ષારનાં મૂળ, અજમોદી, ગજપીપર, બળો, સંઠ, પદ્મકમૂળ, ત્રિફળાનાં મૂળ, પીપરીમૂળ (જાંબા), ભારંગમૂળ અને રાસ્ના એ પ્રત્યેક ૮ તોલા, જવ ૨૫૬ તોલા લઈ ૨૫૬૦ તોલા પાણીમાં જવ બરાબર ત્યાં સુધી ઉકાળો કરી પછી તે ગાળી લઈ તેમાં ૧૦૦ ભોંટેલી ભોંટી દરેકે, ૪૦૦ તોલા ગોળ, તથા લીંડીપીપર ૧૬ તોલા, તલનું તેલ અને ઘી દરેક ૩૨ તોલા નાખી બેઉ તૈયાર કરવો. પછી તે નીચે ઉતારી ઠંડું થયા પછી તેમાં ૩૨ તોલા મધ નાખવું.

અગસ્તી ૧. [સં.] સ્ત્રી અગસ્તના વંશની સ્ત્રી. ૨. સ્ત્રી. દક્ષિણ દિશા.

અગસ્ત્ય ૧. [સં.] પું. અગથિયો નામનું ઝાડ. તેનાં ફૂલ ઓહમાં ઝાલ આવે છે. એની શીંગ તેમજ ફળનું અથાણું અને શાક થાય છે. નાગરવેલ અગથિયાને પરણાવી તેના પર વેલી ચડાવવાનો ઓક લોકરિવાજ છે. જુઓ અગથિયો.

૨. પું. (અગોળ) અષુગણી ઓહમાનો બે નામનો ૪૫ મો અંક.

૩. પું. એ નામનો એક વૈદક ગ્રંથ. તે અગસ્ત મુનિનો અવતાર હોવાનું દક્ષિણ દિશામાં મનાય છે. તેમની બાબતમાં પહેલવહેલું બાકરણ તેણે જ કર્યું હતું. આ બાકરણને અગસ્તબાકરણ કહે છે. ઉપરાંત તેણે પુરાણ, ન્યાયશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને પૂજાપદ્ધતિ ઉપર બધા ગ્રંથ રચ્યા હતા.

૪. પું. (અગોળ) એ નામનો દક્ષિણ તરફનો પહેલા વર્ગનો તારો: આસ્વિનમાસની ત્રેવીસ સુધી આકાશમાં દક્ષિણ દિશા તરફ રાત્રિના આઠ નવ વાગતાં સુધી દેખાતા તારાઓમાં સૌથી વધારેમાં વધારે તેજસ્વી બાજ, પારધિ, સુબ્બક, અહાસુબ્બક કે સિરિયસ નામના તારાના દક્ષિણ બાજુમાં તેનાથી તેજમાં સહેજ ઊતરતી જ્યોતિ તારો: 'કેનોપસ'. આસ્વિનમાસની શરૂઆતમાં રાત્રે દશારે સાત સાડા-સાત વાગે ઊગી તે પરોઢિયામાં સાડાત્રણ ચાર વાગે આથમે છે. માર્ગ મહિનાના પહેલા પખવાડિયામાં પહેલી રાતે દશારે સાત વાગે તે પોતાને બરોબર માર્ગ કાપી બરાબર માથાની સીધી લીટીમાં આવી પહોંચેલો દેખાય છે. કેટલાકોક અગસ્તને દક્ષિણ-ધ્રુવ સમજે છે. આ તારાના ઉદય પછી વર્ષાઋતુનાં બરાબર રહેલાં રસ્તા વગેરે સ્થળનાં પાણી સૂકાઈ જઈ માર્ગ ચાલવા લાયક બને છે.

> ઉદિત અગસ્ત પંથ જલ સોષા,
> જિમિ લોભહિ સોખૈ સંતોષા.
>
> તુલસીકાબાબ્ય

૫. પું. (પુરાણ) કાલંજર પર્વતની પાસે આવેલો એ નામનો એક નાનો પર્વત.

૬. પું. માનસીના ૨૪ ઋષિ પૈકીનો એ નામનો એક. જુઓ ઋષભો.

૭. [સં. અગ્ર (પર્વત) + સ્તૈ (અટકવું)] પું. (પુરાણ) મિત્રાવરુણના પુત્ર અને લોપામુદ્રાને પરણનાર એ નામના એક ઋષિ. તેનું મૂળ નામ અગત્ય હતું. વિંધ્ય પર્વતનો અહંકાર દૂર કરવાથી એનું નામ અગસ્ત્ય એટલે પર્વતને બંધાવનાર પડ્યું. પૂર્વે કેટલાક અસુર સમુદ્રમાં સંતાઈ રહી ઉદ્દામ કેરને, ઋષિને અને બીજા પ્રાણીને પીડા કરતા. સમુદ્રને પી જવાથી આ પીડા દૂર કરવા એમ ધારી ઇંદ્રે અગ્નિ અને વાયુને તેમ કરવાની આજ્ઞા કરી. તેમણે તેમ નહિ કરવાથી ઇંદ્રે બંનેને શાપ આપ્યો કે તમે મનુષ્યયોનિમાં જન્મશો. ત્યારે વૈવસ્વત મન્વંતરમાં અગ્નિ અને વાયુ બંનેને મિત્રાવરુણદ્વારા એક જ દેહમાં જન્મ આપ્યો એ જ અગસ્ત્ય. એને મૈત્રાવરુણિ પણ કહે છે. મહર્ષિ વસિષ્ઠ આદિત્યના યજ્ઞમાં એક વાર ગયા. ત્યાં ઊર્વશી નામની અપ્સરાને દેખીને તેનું વીર્ય સ્ખલિત થયું. તેમાંથી બે ભાગ કુંભમાં પડ્યો, તેમાંથી અગસ્ત્ય ને વસિષ્ઠ જન્મ્યા. કુંભમાંથી ઉત્પત્તિ થઈ તેથી તેને કુંભયોનિ તથા કુંભજ પણ કહે છે. તે પોતાનો આશ્રમધર્મ પાળતા, તે સમયે એક કાળેય નામનો અસુર લોપામુદ્રાને દુઃખ દેતો. ઋષિઓની પ્રાર્થના પરથી તેણે સમુદ્રને પી જઈ કાળેયનો નાશ કર્યો. આ પ્રસંગથી એનું નામ 'પીતાબ્ધિ' પડ્યું. એની સ્ત્રી લોપામુદ્રા મહાવાની ને શક્તિની મોટી ઉપાસક હતી. તેના ઉપદેશથી પોતાના ગુરુ હયગ્રીવ દ્વારા અગસ્ત્યે જુદા જુદા પ્રકારની શક્તિ મેળવી. વિંધ્યની દક્ષિણમાં કુંજર પર્વત ઉપર એણે પોતાનો આશ્રમ રાખ્યો. રામચંદ્ર સીતાની ખોળ કરતા ત્યાં આવી પહોંચતાં ઋષિએ પ્રભુ આવ્યથી તેમનો સત્કાર કીધો, ને થોડા દિવસ પાસે રાખી 'વિરજા' નામની શૈવદીક્ષા આપી. એમાં આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવું, રુદ્રાક્ષ ધારણ કરવા અને શિવમંત્ર જપવાનો હોય છે. ઋષિએ રામને વિદાય કરતી વેળા જુદા જુદા પ્રકારના સંસ્કારના મંત્ર આપી સંતુષ્ટ કીધા. નહુષ રાજાને મોટા વૃત્રાસુર ઉપરની ચાઢી સંભારણા બોલાવેલા. તે વેળા તેણે આળસુ થઈ સાત ઋષિઓ પાસે પાલખી ઉપડાવેલી ને ઋષિઓને ચાલતાં વાર લાગે ત્યારે પાલખી-માંથી 'સર્પ, સર્પ' એટલે જલદી ચાલો, જલદી ચાલો એમ તે બોલતો. આ સાંભળી અગસ્ત્યે તેને શાપ આપ્યો કે તું 'સર્પ' થઈ પૃથ્વી પર પડ. (જુઓ નહુષ.) દક્ષિણમાં રહી એણે દ્રાવિડી ભાષામાં ઘણા ગ્રંથ લખ્યા. સંપૂર્ણ પ્રાકૃત ભાષાનાં બાકરણ એણે રચ્યાં એમ કહેવાય છે. રસાયન ઉપર પ્રમાણભૂત ગ્રંથ તેણે લખેલો છે, અને વિષયમાંએ તેના ગ્રંથ ઉપરથી આધાર લીધેલા છે. અગસ્ત્યનું પુસ્તક અપૂર્ણ સ્થિતિમાં મળેલ છે તથા તેટલો ભાગ માનસાર-શિલ્પશાસ્ત્રને મળતો આવે છે. એ ઋષિ તંત્રશાસ્ત્રના આચાર્ય હતા, ઉત્તમ તત્ત્વ-

વંતા હતા. ધનુર્વિદ્યામાં ઘણા કુશળ હોઈ હમેશ ધનુષ્ય સાથે રાખી ફરતા. એની પરોપકારબુદ્ધિ ઘણી હતી. તેણે કેટલેક મુસાફરી કરી ઘણા દેશ શોધી કાઢવા હતા. વળી નૌકાસાહ્ય બનાવી હોડીની પહેલવહેલી શોધ એણે કરી હતી એમ મનાય છે. દક્ષિણમાંથી સમુદ્ર ઓળંગી તે જવા તથા બલિના ભેટમાં જઈ રહ્યા હતા તે ઉપરથી તે સમુદ્ર પી જવાનું કહેવાય છે.

અગસ્તના વાયદા = ખૂટું વચન; ખોટો વાયદો; અંત વિનાનો વાયદો. સૂર્ય મેરુની પ્રદક્ષિણા કરે છે અને નીલ પર્વતને ઓળંગી જાય છે, તે સહન નહિ થવાથી વિન્ધ્યાચળ મેઘજળથી ઊંચો ઊંચો વધવા લાગ્યો. પરિણામે અંધકાર વ્યાપી લોકોને ઘણી હેરાનગતિ થતી અને દેવ પણ મુંઝાતા. તે પર્વત અગસ્ત્યનો શિષ્ય હતો, તેથી દેવ અગસ્ત્ય પાસે ગયા. તેમની પ્રાર્થનાથી અગસ્ત્ય ઋષિ વિન્ધ્યાચળ પાસે આવ્યા. પર્વતે નીચે પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કીધા. ત્યારે ઋષિએ આશીર્વાદ આપી કહ્યું કે 'મારે દક્ષિણમાં કામ છે તો ત્યાં જઈ આવું; હું પાછો આવું ત્યારે ઊભો રહેજે.' આમ કહી ઋષિ દક્ષિણે સિધાવ્યા. એ ગયા તે ગયા. વાયદાનો અંત આવ્યો જ નહિ, તેથી વિન્ધ્યાચળ નમેલો જ રહ્યો. લોકો ને દેવના હિતને સારૂ પોતે કાશીવાસ તજી દક્ષિણમાં આશ્રમ કરી રહ્યા. આ વૃત્તાંત પરથી અગસ્ત્યના વાયદા એ કહેવત ચાલી છે.

૮. પું. સિંહ.

૯. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં બ્રહ્મામાનસપુત્ર પુલસ્ત્ય ઋષિને કર્દમ પ્રજાપતિની હવિર્ભૂવા નામની કન્યાને પોટે થયેલા બે પુત્રમાંનો એ નામનો મોટો દીકરો. એના નાના ભાઈનું નામ વિશ્રવાઋષિ હતું.

૧૦. વ. જેને આંખવાળું એવું જાનવું કલ્પિત પ્રાણી.

અગસ્ત્યકૂટ [સં. અગસ્ત્ય + કૂટ (પર્વતનું શિખર)] પું. (પુરાણ) મહાભારત પ્રમાણમાં કહેવામાં આવેલ એ નામનો એક પર્વત.

અગસ્ત્યગીતા [સં. અગસ્ત્ય + ગી (ગાવું)] સ્ત્રી. (પુરાણ) મહાભારતના શાંતિપર્વ માંહેની અગસ્ત્ય મુનિએ ગાયેલી વિદ્યા.

અગસ્ત્યતીર્થ [સં. અગસ્ત્ય + તીર્થ (પવિત્ર સ્થાન)] ન. (પુરાણ) એ નામનું દક્ષિણ હિંદમાં આવેલું એક તીર્થ. અર્જુને એની જાત્રા કરી હતી.

અગસ્ત્યદત્ત [સં. અગસ્ત્ય (એ નામના ઋષિ) + દત્ત (આપેલું)] વિ. અગસ્ત્યે આપેલું.

ઘરીને કરમાં ગોયું અગસ્ત્યદત્ત કંબલ,
પધાર્યા રત્નપુરે રામ, ઉમંગ્યો જલ્લાળ.
ત્રિવિક્રમ

અગસ્ત્યમત ૧. પું. (પિંગળ) પિંગળના ૮ પ્રકારના મત માંહેનો એ નામનો એક. આ મતમાં આરોહક્રમ છે, એટલે સર્વલઘુથી શરૂ કરી સર્વગુરુ આવે ત્યાં લગણ ચઢતા જવાય છે; પરંતુ સંખ્યાક્રમ તો અવળે આવેલા સર્વગુરુના રૂપથી ગણવામાં આવે છે. ૨. વ. અગસ્ત્ય મુનિએ સંસ્કૃતમાં રચેલું એ નામનું રત્નશાસ્ત્ર. તેમાં રત્નની ઉત્પત્તિ તથા તેનાં લક્ષણ, મૂલ્ય અને પરીક્ષાનું વર્ણન છે.

અગસ્ત્યમત સંખ્યા વિપરીત પું. (પિંગળ) પિંગળના ૮ પ્રકારના મત માંહેનો એ નામનો એક. આ મતમાં સર્વગુરુના રૂપથી શરૂ કરી આરોહક્રમે સર્વલઘુના રૂપ લાવવામાં આવે છે; પરંતુ સંખ્યાક્રમ સર્વલઘુના રૂપથી ગણવામાં આવે છે.

અગસ્ત્યમત સ્થાન વિપરીત પું. (પિંગળ) પિંગળના ૮ પ્રકારના મત માંહેનો એ નામનો એક. આ મતમાં કાની જાતિનાં ચિહ્ન નીચેના રૂપમાં હોય છે તેને ઉપરના રૂપમાં ફેરવવામાં આવે છે અને ખૂટતી માત્રા અથવા વર્ણ જગ્યા ખાલુ જણી મૂકી તે ફર ફરી કરવામાં આવે છે. સંખ્યાક્રમની શરૂઆત સર્વગુરુવાળા ફારથી ગણવામાં આવે છે.

અગસ્ત્યયાત્રા [સં. અગસ્ત્ય (એ નામના ઋષિ) + યાત્રા (મુસાફરી)] સ્ત્રી. વિન્ધ્ય પર્વતને વાયદે આપી અગસ્ત્યે દક્ષિણ દિશામાં કરેલ પ્રવાસ.

અગસ્ત્યરસ [સં. અગસ્ત્ય + રસ (સત્ત્વ)] પું. (વૈદક) પેટના રોગ માટેની એક દવા. તે બનાવવા માટે પારો, ગંધક, નેપાળાનાં બી, લોઢાની ભસ્મ, સિલાજીત, તાંબાની ભસ્મ અને હરતાર દરેક સરખે ભાગે લઈ તેને ત્રિફળા, ભાંગરો, આકડા, લીમડો, નગોડ અને સેતેલાના રસની એકએક ભાવના એટલે પુટ દેવો. તેની માત્રા રતિ ૧ થી ૨ છે. તેના અનુપાન તરીકે મોળા, ફરડે અથવા કંપીલાનું ચૂર્ણ લેવું.

અગસ્ત્યવટ [સં.] ન. હિમાલય પાસે આવેલું એ નામનું એક પવિત્ર સ્થાન.

અગસ્ત્યવટી [સં.] સ્ત્રી. (વૈદક) એ નામની એક દવા.

અગસ્ત્યવાસી ૧. વ. એ નામની એક પ્રાચીન જાતિનું માણસ.

૨. વિ. પ્રાચીનની એ નામની એક જાતનું.

અગસ્ત્યસંકલ્પાધિકાર [સં.] પું. સ્થાપત્ય ઉપર અગસ્ત્ય ઋષિએ લખેલું પુસ્તક.

અગસ્ત્યસંહિતા [સં. અગસ્ત્ય + સંહિતા (ગ્રંથરાજ)] સ્ત્રી. રામચંદ્ર, વિષ્ણુ, વામન વગેરેની મૂર્તિ કેવી રીતે કરવી તે સમજાવનારું અગસ્ત્ય મુનિએ રચેલું શાસ્ત્ર.

અગસ્ત્યહરિદ્રા [સં. અગસ્ત્યહરીતકી] પું. (વૈદક) કેટલીક વસ્તુની ભેળસેળથી બનતી એક આયુર્વેદિક ઔષધિ. તેમાં હરડે મુખ્ય છે. તે આસી, સંગ્રહણી વગેરે રોગમાં ઉપયોગી મનાય છે.

અગસ્ત્યાચાર્ય [સં. અગસ્ત્ય + આચાર્ય] પું. વાયદા નહિ પાળનાર પુરુષ.

અગસ્ત્યાશ્રમ ૧. [સં. અગસ્ત્ય + આશ્રમ (રહેઠાણ)] પું. અગસ્ત્ય ઋષિનો આશ્રમ. ૨. પું. પંચવટી પાસે આવેલું એ નામનું એક પવિત્ર સ્થાન. રોહિણ પર્વત પર તે નાસિકથી અગ્નિખૂણે ૨૪ માઈલ છે. તે હાલ અગસ્તિપુરી કહેવાય છે.

અગસ્ત્યો [સં. અગસ્ત્ય; પ્રા. અગત્તિય] પું. અગસ્તિયાનું ઝાડ.

અગસ્ત્યોદય [સં. અગસ્ત્ય + ઉદય (ઊગવું તે)] પું. અગસ્ત્ય નામના તારાનો ઉદય.

અગહનું પું. અગહર મહિનો. લુહેરો અગહન.

માર્કંડીયને વૈદિક લોકો અગહાયણ કહેતા. આજે પણ અગહાના લોકો એને અગહનું કહે છે. શિક્ષણ અને સાહિત્ય

અગહન ૧. [સં. અગ્ર (આગલું) + હાયન (વર્ષ)] પું. વર્ષની શરૂઆત એટલે વર્ષનો પહેલો મહિનો; માગશર મહિનો, કેમકે પૂર્વકાળમાં નવું વર્ષ માગશર માસથી શરૂ થતું અને તેથી જ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે મહીનામાં માગશર માસ હું છું.

૨. [સં. અ (નહિ) + ગહન (ઘટ્ટ)] વિ. આછું; પાતળું.

૩. [સં. અ (નહિ) + ગહન (ઊંડું)] વિ. છીછરું.

૪. [સં. અ (નહિ) + ગહન (સમજવા નહિ એવું)] વિ. સમજી શકાય એવું; સરળ.

અગાણ ૧. [સં. અ (નહિ) + ગણ (ગણવું)] વિ. ગણી ન શકાય એવું; ગણાય નહિ એવું.

૨. વિ. નહિ ગણાયેલું.

અગ્નિમિની

૩. વિ. નહિ ગણેલું; બાકી વિનાનું.

અગણિત [સં. અગણ] વિ. (માત્ર) અપરાર; ન ખપે એવું.

અગંગ [સં. અ (નહિ) + ગંગા (જે નામની જોડ નથી)] વિ. જ્યાં ગંગા નદી વહેતી ન હોય એવું; ગંગા વિનાનું.

અગંગતટક [સં.] પું. ગંગાથી ૮ આંગળને અંતરે આવેલું સ્થળ.

અગજ વિ. (માત્ર) ન ઉતરાય એવું; ગાંજ્યું ન જાય એવું.

અગતવ્ય [સં. અ (નહિ) + ગંતવ્ય (જવા જેવું)] વિ. નહિ જવા જેવું.

અગદ ૧. [સં. અ (નહિ) + રોગ (રોગપણ)] પું. (જૈન) સાધુ, જેમણે રોગ સમાવવાનાં હોતાં નથી.

૨. [સં. અ (નહિ) + ગંજ (ધન)] વિ. (જૈન) જેની પાસે ધન ન હોય એવું

અગંધનકુળ [સં. અગધન (સર્પની જોડ જાત) + કુલ (વંશ)] ન. નામનું જોડ ઊંચું કુળ. તે કુળના નાગ મરવું પસંદ કરે પણ પોતાનું ઝેર કદી પાછું ચૂસે નહિ એમ મનાય છે.

અગનેન [સં. અગ્નિ] સ્ત્રી. બળતરા; દાહ; ઝાળ

રામી બાજના ઘરની અગનેન.

ઝવેરાત

અગંભીર ૧. [સં. અ (નહિ) + ગંભીર (ઊંડું)] વિ. છીછરું.

૨. [સં. અ (નહિ) + ગંભીર (શાંત)] વિ. શાંત ન હોય એવું; ઉતાવળું.

૩. [સં. અ (નહિ) + ગંભીર (ન સમજાય એવું)] વિ. સમજાય એવું; સરલ.

અગાઉ ૧. [જા. અગાડી] સ્ત્રી. આગાહી; ભવિષ્યવાણી.

૨. સ્ત્રી. ચેતવણી.

૩. સ્ત્રી. (કચ્છી) માંદગી; બીમારી.

અગાઉ [સં. અગ્ર; પ્રા. અગ્ગ] ક્રિ. આગળ; પૂર્વે; પહેલાં.

અગાજ [સં. અ (નિષેધ વાચક પૂર્વગ) + ગર્જ (ગર્જના કરવી)] પું. (માત્ર) ગર્જના; મોટો અવાજ.

એ મૂરખ આગળથી ગાજ્યો,
કયો મતિ આગાજ હ. રામાનંદ

અગાઢ વિ. ઘાટું.

અગાડ પું. (કચ્છી) સવાં બિયે લાકરથી ખરોદ સુધીનો વખત.

અગાઢપછાઢ પું. (કચ્છી) ખરોદની આગલી રાતે અને પછીનો એટલે આખે દિવસ; સવારથી સાંજ સુધીનો વખત.

અગાડી (અગાડી) ૧. [સં. અગ્ર, પ્રા. અગ્ગ + હિં. આડી (તરફ)] પું. આંતરખા કે કેડિયાનો આગળનો ભાગ.

૨. પું. બારકરનો પહેલો હલ્લો.

૩. પું. વસ્તુનો આગળનો ભાગ.

૪. સ્ત્રી. પોતાને બાંધવાની સરક.

૫. ક્રિ. વિ. આગળ.

૬. ક્રિ. વિ. આગળથી; પ્રથમથી.

૭. ક્રિ. વિ. પહેલાં; ભૂતકાળમાં; બના વખતમાં.

૮. ક્રિ. વિ. ભવિષ્યકાળમાં; હવે પછી.

૯. ક્રિ. વિ. સન્મુખ; સામે.

અગાડીપછાડી (અગાડીપછાડી) ૧. [સં. અગ્ર (આગળ) + પશ્ચાત્ (પાછળ)] સ્ત્રી. પોતાને ફરે તે બધે બાંધવાનું પોતડું.

૨. ક્રિ. વિ. આજુબાજુ; આજેતરાં; આસપાસ.

૩. ક્રિ. વિ. વહેલુંમોડું.

અગાડું (અગાડું) વિ. (માત્ર) આગળ પડતું.

અગાઢ ૧. [સં. અ + ગાઢ (ઘાટું)] વિ. ઝીણું.

૨. વિ. (જૈન) તત્ત્વનિષ્ઠ; તત્ત્વમાં આસક્તવાળું.

૩. [સં. અગાધ] વિ. (પ્રાકૃત) બહુ ઊંડું; ઘાટું.

૪. વિ. (જૈન) સાધકમાં પારંગત.

અગાઢપ્પમા [સં. અગાઢ (તત્ત્વનિષ્ઠ) + પ્રમા (શુદ્ધિ)] પું. (જૈન) તત્ત્વનિષ્ઠ શુદ્ધિવાળું.

અગાત ૧. પું. પથ્થર ઉપર કોતરેલો લેખ; શિલાલેખ.

૨. [સં. ગ્ય (પાસે) + ગત (ગયું)] વિ. આગળના વખતમાં ગઈ ગયેલું; ભૂતું.

૩. ક્રિ. વિ. પહેલાંના વખતમાં; પૂર્વે; અગાઉ.

અગાત્રસ્વજા [સં. અગ્ર (પર્વત) + આત્મજા (દીકરી)] સ્ત્રી. હિમાલયની પુત્રી પાર્વતી.

અગાત્ર [સં. અ (નહિ) + ગાત્ર (અવયવ)] વિ. અંગ વિનાનું; કૈ વગરનું.

અગાદ [પ્રા.] ક્રિ. આગળ; સન્મુખ.

વહિ વાનિની કહે પદ્મિની,
તુમ્હોને જોઈ બહ અગાદ. નંદબત્રીસી

અગાધ ૧. [સં.] પું. રત્નાકરરત્ન પાંચ અગ્નિમાંનો એ નામનો જોડ.

૨. ન. ઘણું ઊંડું જાણું.

૩. [સં. અ + ગાધ (તળિયું)] વિ. ઊંડું; જેનો તાગ ન આવે એવું.

૪. વિ. ન સમજાય એવું; કળી ન શકાય એવું દુર્બોધ.

એ હું બાણી કિ અગાધ, દુર્ઘટ કામ દધિણે બાધિ;
મૂકિ તાં પીડિ કિ બગ, તંહિ નથી પીડ્યું તંબ.

૫. વિ. પાર વિનાનું; બહુ.

અગાધગતિ ૧. [સં. અગાધ (ન સમજાય એવું) + ગતિ] પું. પરમાત્મા, કે જેની ગતિ સમજી શકાતી નથી.

૨. વિ. જેની ગતિ ન સમજી શકાય એવું.

અગાધજળ ૧. ન. ઊંડું તળાવ; ઊંડું સરોવર, જેમાં તેમાં બહુ પાણી હોય છે.

૨. [સં. અગાધ (ઊંડું) + જલ (પાણી)] ન. ઊંડું પાણી.

૩. વિ. ઊંડા પાણીવાળું.

અગાધતા [સં. અગાધ (ઊંડું) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. તાગ ન આવે એટલી ઊંડાઈ.

જેહ તણા જીવવું તણો નવ પારિ જે પણ પાર,
તેહ સ્વરૂપની અગાધતાનું કું કહેવું તે વાર.

ઝવેરાત

અગાધશક્તિ [સં. અગાધ (બહું) + શક્તિ (બળ)] વિ. બહુ બળવાળું.

અગાધિકા પું. (પિંગળ) જે નામનો જોડ વિષમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના પહેલા ચરણમાં તગણ, જગણ અને રગણ એમ ૯ અક્ષર, બીજા અને એવા દરેક ચરણમાં જગણ, સગણ, જગણ અને ગુરુ એમ ૧૦ અક્ષર તથા ત્રીજા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ એમ ૧૦ અક્ષર હોય છે.

જેણે ત જ સ કો લહે,
બીજે ભા સ જ ગા પદે ભણે;
સ સ ભ ય ત્રીજે અગાધિકા,
જેણે પાદ ભરે ય સ જ ગા.

ઇન્દુપિંગળ

અગાન [સં. અ (નિષેધ વાચક પૂર્વગ) + ગાન (ગીત)] ન. ગાયન; ગીત.

સરસ્વતીનગરો બાંધ બીજો છે કર્ણસુંદર અગાન.

રસસાગર

અગાપી જ. (માત્ર) દુઃખી માણસ.

અગામિની [સં. આગામિની] વિ. સ્ત્રી. ભવિષ્યની.

ઉત્તમ શિક્ષણ તે આકર્ષણ શિક્ષકો પર અગામિની પ્રજાનો આધાર રહેલો છે.

મ. સા. વિશ્વકોશ

અગામિય ૧. [સં. અગ્રામિક] વિ. (પ્રાકૃત) ગ્રામ રહિત.

૨. [સં. અગામિક] વિ. (પ્રાકૃત) ભવિષ્યમાં આવવાનું; હવે પછીનું.

અગામિયા [સં. અગ્રામિકા] સ્ત્રી. (પ્રાકૃત) જેમાં કોઈ ગ્રામ ન હોય એવું જંગલ.

અગાયું ૧. વિ. જ્યાને અણકત.

અગાયા વયા સિધિયા સર્વે ગામા.

વલ્લી

૨. [સં. અ (નહિ) + અમ્બ (અઈ સામય એવું)] વિ. જ અઈ સામય એવું.

૩. [સં. અ (નહિ) + અમ્બ (મણી રહી એવું)] વિ. મણી ન રહી એવું.

અગાર ૧. [સં. અકાર] પું. (પ્રાકૃત) આ અક્ષર.

૨. પું. (જૈન) ગૃહસ્થાશ્રમ.

૩. પું. (જૈન) છૂટ; અપવાદ.

૪. પું. સમૂહ; ઢગલો.

૫. ન. ઓરડો.

૬. [સં] ન. ઘર; રહેવાનું.

અગારત્થ ૧. [સં. અગાર (ઘર) + સ્થ (રહેનાર)] પું. (પ્રાકૃત) ગૃહસ્થાશ્રમમાં દાખલ થયેલો માણસ; ગૃહસ્થ; સંસારી.

૨. વિ. ઘરમાં પડી રહેનારું; ઘરની ધૂંસ જેવું.

અગારદાહ [સં. અગાર (ઘર) + દાહ (આગ)] પું. ઘરમાં લાગેલી આગ.

અગારદાહી [સં. અગાર (ઘર) + દાહિન્ (બાળનાર)] વિ. ઘરને આગ લગાડનાર.

અગારબંધન [સં. અગાર ઘર) + બંધન (દોરડું)] ન. ઘરની અંદર જેલ પુરાવું તે; ઘરમાંથી બહાર ન નીકળી શકાય એવી સ્થિતિ.

અગારવાસ ૧. [સં. અગાર (ગૃહસ્થાશ્રમ) + વાસ (રહેવું તે)] પું. (જૈન) ગૃહસ્થાશ્રમમાં રહેવું તે.

૨. [સં. અગાર (ઘર) + વાસ (રહેવું તે)] પું. (જૈન) ઘરમાં રહેવું તે; ગૃહવાસ.

અગારિ ૧. [સં. અગારિન્] પું. (પ્રાકૃત) ગૃહસ્થ.

૨. [સં. અગ્ર + અરિ (દુશ્મન)] પું. શ્રીકૃષ્ણ, કેમકે તેમણે અગ્ર નામના રાક્ષસને મારેલો હતો.

૩ વિ. (પ્રાકૃત) ઘરબારી; સંસારી.

અગારી ૧. [સં. અગારિણી] સ્ત્રી. (પ્રાકૃત) સંસાર માંડી બેઠેલી સ્ત્રી.

૨. [સં. અગારિન્] વિ. (જૈન) ગૃહસ્થાશ્રમી.

૩. વિ. (જૈન) વિષયની ઇચ્છાવાળું.

જે કે અગારી અને અનગાર એ બે શબ્દોનો સીધો અર્થ ઘરમાં વસવું કે ન વસવું એટલોજ છે છતાં અહીં તેનો તાત્પર્યાર્થ લેવાનો છે અને તે એ કે જે વિષયતૃષ્ણા ધરાવતો હોય તે અગારી અને જે વિષયતૃષ્ણાથી મુક્ત થયો હોય તે અનગાર. તત્વાર્થસૂત્ર

૪. સ્ત્રી. (હિંદી) અગાડી; અગાઉ.

અગારીપણું [સં. અગારિન્ (ગૃહસ્થાશ્રમી) + ગુ. પણું (ભાવ બતાવનાર પ્રત્યય)] ન. (જૈન) ગૃહસ્થાશ્રમમાં હોવું તે; ગૃહસ્થપણું.

અગારીપણું અને અનગારીપણાની સાથે તેમજ મુખ્ય કરીને એ બેઠક છે. તત્વાર્થસૂત્ર

અગારીવ્રતી [સં. અગારિન્ (ગૃહસ્થ) + વ્રતિન્ (વ્રતવાળું)] વિ. (જૈન) હિંસા ન કરવી, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, પરસ્ત્રીગમન ન કરવું, પરિગ્રહની હદ બાંધવી એવાં બારેકનાં પ્રથમનાં પાંચ વ્રત ધારણ કરનાર; અણુવ્રતધારી.

જે અણુવ્રતધારી હોય તે અગારીવ્રતી કહેવાય છે. તત્વાર્થસૂત્ર

અગાર્યા ૧. ન. ગોંડ લોકોની એ નામની એક પેટા જાતિનું માણસ. આ લોકોનો ધંધો લોખંડના ઓજારો કરવાનો છે. રામપુર, બિલાસપુર જિલ્લામાં તેઓ માલમ પડે છે.

૨. વિ. એ નામની એક જાતિનું.

અગારા સ્ત્રી. અવળાની હાજત.

અગારી ૧. [સં. આગાર] સ્ત્રી. બળતણનો ઢગલો કે ખૂણાવાળો ભાગ.

બળતણના ઉપલા કે ખૂણાવાળા ભાગને બળતણવિભાગ અથવા અગારી કહે છે. અ. મા. દાસ

૨. સ્ત્રી. મકાનના ઉપલા ભાગમાં કરેલી ખુલ્લી ઓસરી જેવા; અગાડી.

૩. સ્ત્રી. મેનિ.

અગારુ ૧. [સં. અગ્ર, પ્રા. અગ્ગ + ગુ. આરુ (નામ બનાવનાર પ્રત્યય)] પું. ખુલ્લી જગા; બારણા આગળનો ઓટો.

૨. [સં. અગારક] ન. આકાશ.

અગારુસિયા [સં. અગારુકીય] વિ. વરસાદના પાણી ઉપર આધાર રાખનારું; જેને કૂવાનું કે નહેરનું પાણી મળે એમ ન હોવાથી વાવેતર ઓછા આકારમાંથી પડનારા પાણી ઉપર આધાર રાખવું હોય એવું.

અગારુસી જુઓ અગારી.

અગારુસુ ૧. વિ. ખુલ્લી જગ્યામાં પડી રહેનાર.

૨. ન. નકામું; બરણ વગર.

અગાસુર [સં. અઘાસુર] પું. શ્રીકૃષ્ણે મારેલો અઘાસુર રૂપી એક દૈત્ય. તે ૮ માઈલ લાંબો અને ૨ માઈલ પહોળો હતો એમ કહેવાય છે.

અગાસું ૧. ન. અગાસી; ધાબું; ગચ્ચી.

૨. વિ. ઉઘાડું; ઢાંકણ વિનાનું; બીજા વગરનું; ખુલ્લું.

૩. વિ. દૂર; આઘું.

અગાહ ૧. [સં. અગાધ] વિ. ઊંડું.

૨. વિ. ગંભીર; ઉદાસ.

૩. વિ. ખરું; સહુ.

૪. [સં. આગાહ (અનુમાન)] સ્ત્રિ જાણીતું; પ્રકટ; માલૂમ.

૫. [સં. અ (નહિ) + માત્ર (જેવામ એવું)] વિ. ન જેવામ એવું.

અગાહ અગાહ અગાહ અછત.

હરિરસ

૬. [સં. આગાહ (ભવિષ્ય)] વિ. ભવિષ્યમાં થવાનું.

અગાહી ૧. [સં. આગાહી] સ્ત્રી. ચેતવણી; સાવચેતી.

૨. સ્ત્રી. ભવિષ્યમાં થવાનું તે; ભાવિ.

૩. સ્ત્રી. ભવિષ્યવાણી; અનુમાનથી પરિણામની કલ્પના કરીને કહેવું તે.

અગ્યાં [સં. અગ્ર] ન. આગળ.

અગ્રિકૃત ન. કાલનું કામ.

અગ્રિયર [સં. અગ્રજ] પું. અગ્રજ.

પુત્રજંત માટે ન કહ્યો
તે થયો અગ્રિયર રૂપ. નાકર

અગ્રિયાકોઠલિયા [અગ્ર + કોયલા] પું. (હિંદી) વિક્રમાદિત્યે કલ્પેલે કરેલા એ નામના ૨ વૃક્ષ. સ્મરણ કરતાં જ તેઓ તેની સેવામાં હાજર થતા હતા.

અગ્રિયાકોતેરસો (અગ્રિયાકોતેરસો) [ગુ. અગ્રિયાર + સં. ઉત્તર (વધારે) + ગુ. સો] વિ. એકાસી અગ્રિયાર; ૧૧૧.

અગ્રિયાર ૧. [સં. એકાદશ; પ્રા. એક્કારસ] પું. ચોપાટની રમતમાં ૭ કોડીમાંથી ૬ કોડી ચત્તી પડે અને ૧ ઊંધી પડે એ જાતનો એ નામનો એક દાવ.

૨. પું. ૨૮.

૩. વિ. દસને એક; ૧૧.

અગ્રિયારમી સ્ત્રી. મુસલમાની હરીફાઈ માસની અગ્રિયારમી તારીખ.

અગ્રિયારમું ૧. [સં. એકાદશમ] ન. બરાબર પછી અગ્રિયારમા ક્રિસ્તનો જન્મવાર.

અગુણત્વ

અગિયારમું સરાવવું = અગિયારમાને દિવસે શ્રાદ્ધક્રિયા કરવી.

૨. ક. મરણ પછી અગિયારમે દહાડે થતી ઠાવટાની ક્રિયા.

અગિયારસ ૧. [સં. એકાદશી] સ્ત્રી. હિંદુ મહિનાના બંને પક્ષની અગિયારમી તિથિ.

૨. સ્ત્રી. હિંદુ મહિનાના બેઉ પક્ષની અગિયારમી તિથિએ કરવામાં આવતું વ્રત.

૧. અગિયારસ ઊજવવી = જ્યાં વર્ષે ૩ માસ સુધી અગિયારસ કર્યા પછી તે વ્રત નિમિત્તે અમુક ક્રિયા અને પુણ્યદાન કરી તે પૂરું કરવું.

૨. અગિયારસ કરવી = (૧) અન્ન વિના ચલાવવું. (૨) ૬૨ પખવાડિયાને અગિયારમે દિવસે ઉપવાસ કરવો.

અગિયારસિયણ વિ. સ્ત્રી. અગિયારસ કરનારી.

અગિયારસિયું ૧. વિ. અગિયારસ કરેલી હોય એવું.

૨. વિ. અગિયારસનું વ્રત કરનારું.

૩. વિ. અગિયારસને દિવસ અમુક જેવાં કર્મ કરવાના નિયમવાળું.

અગિયારસ જુઓ અગિયારસ.

અગિયારસિયણ જુઓ અગિયારસિયણ.

અગિયારસિયું જુઓ અગિયારસિયું.

અગિયારા પું. ઘ. ઘ. ૧૧ × ૧ = ૧૧ થી ૨૦ × ૧૦ = ૨૦૦ સુધીના આંકના પાડા-પડિયા.

અગિયારા અજવા-આજવા = ચોપગા જાનવર; રસ્તો પકડવો; નાસી જવું. વળતી અગિયારા મલ્યું, એમ વિચાર્યું વિપ્ર; ભેટી બાકડે બાંધ્યું, દક્ષિણા પાયું ક્ષિપ્ર-મુક્તાનંદ

અગિયારી ૧. સ્ત્રી. ૧૧ × ૧૧ = ૧૨૧ થી ૨૦ × ૨૦ = ૪૦૦ સુધીના આંકના પડિયા જેટલે પાડા.

૨. [સં. અગ્નિ + આગાર (ઘર)] સ્ત્રી. (જરથોસ્તી) પવિત્ર અગ્નિ રાખવાનું ઠેકાણું; આતશબહેરામ; પારસી લોકોનું મંદિર; દરે-મેહેર.

૩. સ્ત્રી. સગડી; ચૂલો.

અગિયારો પું. આગેવાન; અધિકાર; નાયક.

અગિયારોતેરસો જુઓ અગિયારોતેરસો.

અગિયારોવૈતાલ ૧. પું. બેબજવાળી જગીનમાં અને મુખ્યત્વે કરીને સ્મશાનમાં પોતાની જેમ કાયમી સગવડ ઊભી કરે એવા જેવા જાતના વાણુથી ઉત્પન્ન થતી જાત.

૨. [પ્રા. અગ્નિ (અગ્નિ) + વેતાલ (જેવા જાતનું ભૂત)] પું. બોદામાંથી આવ કરતી હોય એવું પ્રેત.

૩. પું. વિક્રમાદિત્યના ૨ વેતાલમાંનો એ નામનો જોડ.

અગિર ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. આકડાનો જોડ.

૩. પું. ચિત્રાનું ઝાડ.

૪. પું. રાક્ષસ.

૫. પું. સૂર્ય.

૬. પું. સ્વર્ગ.

અગિલ્લા ૧. [સં. અ (નહિ) + આલિ (ચેલ)] સ્ત્રી. (પ્રાકૃત) ઉત્સાહ; હોંસ; અભિલાષા

૨. સ્ત્રી. તિરસ્કાર; અવજ્ઞા.

અગિલાઉ [સં. અ (નહિ) + આલ (બિલકાવું)] વિ. (પ્રાકૃત) ઉત્સાહી; હોંસીલું

અગિહુ ૧. [સં. અ (નહિ) + ગૃહ (ઘર)] વિ. (જૈન) ઘરનો ત્યાગ કરનાર.

૨. વિ. ઘર વિનાનું.

૩. વિ. ત્યાગી.

અગિહાના [સં. અગ્નિધાન] ન. (હિંદી) અગ્નિ રાખવાનું ઠેકાણું.

અગીઆ સ્ત્રી. (કચ્છી) આઘળ; પાસે.

અગીઆં [સં. અંગ (શરીર)] ન. અંગરખું કવિતામાંજ આ શબ્દ વપરાય છે.

અગીઈ સ્ત્રી. દીર્ઘ 'ઈ'નું ચિહ્ન; અન્વયનું ચિહ્ન.

આ ચિહ્નને આપણે દીર્ઘ 'ઈ'નું ચિહ્ન કહીએ છીએ. આપણી લિપિઓમાં પંક્તિઓને તેને અન્વય કે અન્વય કહે છે. અને નામ અગીઉ છે. ગુ. સા. પરિષદ

અગીતપછીત ૧. [સં. અગતઃ + પશ્ચાત્] સ્ત્રી. આગળનો તથા પાછળનો ભાગ.

૨. સ્ત્રી. (હિંદી) આજુબાજુનો; આરેપાસ.

અગીતાર્થ [સં. અ (નહિ) + ગીતાર્થ (શાસ્ત્રના અર્થ જાણનાર)] વિ. (જૈન) શાસ્ત્ર નહિ જાણનાર.

અગીત [સં. અગીત] વિ. (પ્રાકૃત) ગાયનનું પૂરું જ્ઞાન ન હોય એવું.

અગીર ૧. ન. એ નામની જોડ જાતનું ઝાડ.

૨. વિ. પંજાબની એ નામના હિંદુ લોકોની જોડ જાતનું. આ જાતના લોકો ખેતી તૈયાર કરવાનો ધંધો કરે છે. તેઓ ખુમારથી ચાલતા અને બહુ લોકોથી ઊતરતા ગણાય છે.

અગુ ૧. પું. રાહુ.

૨. ન. આંધો.

૩. [સં. અ (નહિ) + ગો (ગિરવું)] વિ. ગિરવું વિનાનું.

૪. [સં. અ (નહિ) + ગો (ગામ)] વિ. ગામ વગરનું.

૫. વિ. દુષ્ટ; પાપી; નીચ.

૬. વિ. નિર્ધન; ગરીબ.

અગુમ્મા ૧. [સં. અગ્ર + હિં. આ (નામ બનાવનાર પ્રત્યય)] પું. (હિંદી) અમલદાર; નાયક; સરદાર.

૨. પું. માર્ગ બતાવનાર પુરુષ; ભોમિયો.

૩. પું. વિવાહની વાત લાવનારો માણસ.

અગુમ્માઈ ૧. [સં. અગ્ર, પ્રા. અગ્ગ + હિં. આઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. (હિંદી) આગેવાની; સરદારી.

૨ સ્ત્રી. રસ્તો દેખાડવો તે.

અગુજ વિ. (કચ્છી) સમજ પડે એવું; સરલ.

અગુજરાતી [અ + ગુજરાતી] વિ. ગુજરાતી ભાષાનું જ્ઞાન હોય એવું; ઠેઠ ગુજરાતી.

તેને અગુજરાતી કે "ઠેઠ ગુજરાતી" બનાવવાનો અર્થ અને હાસ્યાસ્પદ આડંબર માત્ર છે. સંજ્ઞા

અગુણ ૧. [સં. અ (અપ્રાપ્તિના ભાવનો ઉપસર્ગ) + ગુણ] પું. ખરાબ ગુણ; દોષ; અવગુણ.

૨. [સં. અ (નહિ) + ગુણ] પું. ગુણનો અભાવ.

૩. [સં. અ (વિરોધ બતાવનો ઉપસર્ગ) + ગુણ (લાભ)] પું. લાભ ન થવો તે.

૪. વિ. ગુણ વિનાનું; જેનામાં ગુણ ન હોય એવું.

૫. [સં. અ + ગુણ (દોરી)] વિ. જેરી વગરનું; ગુણ વિનાનું.

અગુણકારક [સં. અ (નહિ) + ગુણ (લાભ) + કારક (કરનાર)] વિ. નુકસાન કરનાર; અવગુણ કરનાર.

અગુણકૃત [સં. અ + ગુણ + ઠ (બનાવનાર)] વિ. ગુણની કદર ન હોય એવું; ગુણને નહિ જાણનારું.

અગુણકૃતતા [સં. અગુણકૃત (ગુણની કદર ન કરનાર) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ગુણની કદર ન કરવાનો ભાવ.

અગુણકૃતા [સં. અગુણ + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ગુણ વિનાની સ્થિતિ.

અગુણત્વ જુઓ અગુણતા.

અણુકૂદરથી જુઓ અણુકૂપેથી.

અણુકૂપેથી [સં. અણુકૂપ (હોજ) + પેથિન્ (જોનાર)] વિ. હોજ જોનારું.

અણુકૂવાયક જુઓ અણુકૂવાદી.

અણુકૂવારી [સં. અણુકૂપ + વાદિન્ (બોલનાર)] વિ. બીજાના હોજ જોનારું; અણુકૂપ બતાવનાર.

અણુકૂશીલ ૧. [સં. અ + કૂપ + શીલ (આચરણ)] વિ. કૂપ અને શીલ વિનાનું.

૨. [સં. અણુકૂપ (હોજ) + શીલ (આચરણ)] વિ. દુરાચરણી; હલકા વર્તનવાળું.

અણુખી ૧. [સં. અ + મુખિન્ (મુખવાળું)] વિ. મુખ વિનાનું.

૧. વિ. નમાલું; ઉપકારનો બદલો નહિ વાળનારું; કૃતઘ્ન.

૨. વિ. મૂર્ખ.

અણુગ ૧. [સં. અ (નહિ) + મુગ (રહેવું)] વિ. મનમાં નહિ રાખેલું.

૨. [સં. અ (નહિ) + મુગ (ઢાંકવું)] વિ. જાહેર; ખુલ્લું.

૩. વિ. બડબડિયું; મનમાં વાત છૂપી ન રાખી શકે તેવું; મનમાં હોય તે કહી દેનારું.

અણુગઈંદ્રિય [સં. અણુગ (મનમાં નહિ રાખેલું) + ઇંદ્રિય] વિ. (જૈન) ઇંદ્રિયો અણુગમાં નથી રાખી એવું.

અણુગિ [સં. અ + મુગિ (રહસ્ય)] સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયા વડે જેમાં પોતાની જાતને બચાવવા યત્ન નહિ કરવો તે.

અણુરુ ૧. [સં. અ (અભાવ) + મુરુ (શિક્ષક)] પું. નાલાયક શિક્ષક.

૧. ન. અજાણપંડત.

મારા ગુરુ, ગુરુ બનવે લાયક છે, તેથી તેમને અણુરુની કોટિ આપું છું. પ્રેમચંદ

૩. ન. ખોટું નામનું ઝાડ.

૪. ન. સીસમનું ઝાડ.

૫. [સં. અ (નહિ) + મુરુ (શિક્ષક)] વિ. ગુરુ પાસેથી ઉપદેશ ન મેળવ્યો હોય એવું.

૬. [સં. અ (નહિ) + મુરુ (ભારવાળું)] વિ. હળવું; હલકા વજનનું.

૭. [સં. અ (નહિ) + મુરુ (મોટું)] વિ. ટૂંકવ; લઘુ.

અણુરુલઘુ [સં. અ (નહિ) + મુરુ (ભારે) + લઘુ (હલકું)] વિ. (જૈન) ભારે નહિ તેમ જ હલકું નહિ એવું.

આત્મા ચરિત્રમાં પ્રમાણિકતાને બદલે અણુરુલઘુની હાનિવાદિરૂપ છે.

તત્ત્વાર્થસૂત્ર

અણુરુલઘુત્વ [સં. અણુરુલઘુ + ત્વ (ભાવ બતાવનાર પ્રત્યય)] ન. (જૈન) બહુ ભારે નહિ તેમ જ બહુ હલકું નહિ એવી સ્થિતિ.

અણુરુલઘુનામ [સં. અણુરુલઘુ + નામન (નામ)] ન. (જૈન) નામકર્મના ૮ ભેદ માંહેનો એ નામનો ભેદ, જે વડે લોઢાની પેઠે ભારે નહિ અને કપાસની પેઠે હલકું નહિ પણ મધ્યમ વજનદાર શરીર મળે છે.

અણુરુસાર [સં. અણુરુ (ચંદન) + સાર (સત્ત્વ)] પું. એક જાતનો સુગંધી પદાર્થ.

અણુવાની [હિ.] સ્ત્રી. અણેવાની; સરદારી.

અણુવું [સં. અણ (આવવું) + વહ્ (વર્તવું)] વિ. આગળ જનારું; આગળ ચાલનારું

અણુવો ૧. [સં. અણ (આગળ) + વહ (વહન કરવું)] પું. નાયક; અણેવાન; અગ્રેસર.

૨. પું. માર્ગ દેખાડવા બોજારે ચાલનાર પુરુષ; ભોમિયો.

૩. પું. વણજારે; રસ્તામાં સંભાળ રાખનાર માણસ.

અણુસી [સં. અ + મુણ (જાણવું)] વિ. જાહેર; ખુલ્લું; પ્રકટ.

અણૂઢ [હિ. અણોઢી] સ્ત્રી. લાવવા માટે જોરદીના સાસરાની આંબવાળી પ્રતગી.

અણૂઢ ૧. પું. (પ્રાચ્ય) અલંકારશાસ્ત્રમાં અંગના ૮ ભેદ માંહેનો એ નામનો ભેદ. જેમકે

ઉદયાચલને ચુંબે રવિ, અસ્તાચલને ચંદ.
આમાં સવાર હોવાનું આડકતરી રીતે કહેવા છતાં પણ સ્પષ્ટ છે.

૨. [સં. અ + ગૂઢ (અનું)] વિ. ખુલ્લું; પ્રકટ; જાહેર.

૩. [સં. અ + ગૂઢ (ઢાંકેલું)] વિ. ઉઘાડું.

૪. [સં. અ + ગૂઢ (ન સમજાય એવું)] વિ. સમજાય એવું; સરલ.

અણૂઢગંધ ૧. [સં. અ + ગૂઢ (અનું) + ગંધ] સ્ત્રી. વધારણી, જેમાં તેની ગંધ જાની રહેતી નથી.

૨. વિ. ગંધ જાની નથી એવું.

અણૂઢભાવ ૧. [સં. અણૂઢ (જાહેર) + ભાવ (અર્થ)] વિ. ખુલ્લા અર્થવાળું; ભાવાર્થ સ્પષ્ટ હોય એવું.

૨. [સં. અણૂઢ (સરલ) + ભાવ (ભાવ)] વિ. નિષ્કપટ દિલનું; ભોળા સ્વભાવનું.

અણૂઢલંછન પું. (પ્રાચ્ય) શબ્દના મુખ્ય અર્થ કરતાં બીજો પણ ગૌણપણે અર્થ નીકળે એવો એક અલંકાર. જેમકે

શ્રીપતિની શૈયાતલું દ્રગ સખી કરે ધ્યાન,
ધૂપટ ઉંચો કરી કરે ચારી કર્યુંથી પાન.
અહીં પાન કરવાને અર્થે લાંબવું, અને ધૂપટ ઉંચો કરીને જોઈએ બલ્કે આંખથી—બન્યે જ શિલા નીરખતી કેમ ન હોય એ રીતે ધૂપટ ઉંચો કરીને—બરાબર આદરપૂર્વક ધ્યાન આપીને વગેરે અંગ સ્પષ્ટ સમજાઈ આવે છે.

અણૂર [સં. અગ્ર; હિ. આગે] સ્ત્રી. અણસીનર ઉપરની ત્રિમત આગળ પહેલાં જમીનદારને ખેડૂત તરફથી અગાઉથી અપાતી જમીન-મહેસૂલ.

અણૂલ [સં. અ + મૂલ (લાલચુ)] વિ. મોલ વગરનું; લાલચ વિનાનું.

અણૂહ ૧. [સં. અ + મૂહ (વાદ)] પું. વાદ-પ્રસંગ લીધેલ પુરુષ; સંન્યાસી.

૨. ન. ઘર વગરનું માણસ.

અણૂહીત [સં. અ + મૂહીત (લીધેલું)] વિ. નહિ લીધેલું; લેવાયા વિનાનું.

મારું તારું બધું રહ્યરહિત,
રહ્યધારણી ઊપજ્યું અણૂહીત. નરસૈંયો

અણૂહી ૧. [સં. અ + મૂહ (પદાર્થજ્ઞાનને લગતું)] વિ. પદાર્થજ્ઞાનને નહિ લગતું એવું.

૨. [સં. અ + મૂહ (પામેલું)] વિ. નહિ પામેલું.

૩. [સં. અ + મૂહ (જેવા જેવું)] વિ. નહિ જેવા જેવું.

અણેરસી વિ. (કાઠી) પ્રમાદ વિનાનું.

અણેસ [સં. અ + ઐસ (અવાજ જેવું)] વિ. ગાર્ડ ન લગાડ એવું.

અણેસતા [સં. અણેસ + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. કવિતાની ગાર્ડ ન લગાડ જેવી સ્થિતિ.

અણેસોકન ન. અનરનું ઝાડ. મીઠ અને રોગન જેવો અનર માટે આ શબ્દ વાપરે છે.

અણેવાણ [સં. અગ્ર + વહ (વર્તવું અર્થ)] પું. અણેવાનું નાયક.

વહતમલ્લ અણેવાણ તુરીય
કાર જેઢ પાખરીય. પૃથ્વીરાજ

અણેળ ન. (બીલી) અણસ.

પાકી રાત સહ્યણ જે ચરિ અણેળ ચાલ્યાટ.
વાલોટ રામચણ

અગ્નેય [સં. અગ્નિમંથ] જ. (હિંદી) અરણીનું ઝાડ.

અગોચર ૧. [સં. અ + ગોચર (ઇન્દ્રિયગમ્ય)] પું. પરમાત્મા, જેમને તે ઇન્દ્રિયોથી જાણી શકાતા નથી.

૨. [સં. અ (નહિ) + ગોચર (ઇન્દ્રિયનો વિષય)] જ. ઇન્દ્રિયોથી જાણી ન શકાય તે.

૩. [સં. અ + ગોચર (જવા જેવો પ્રદેશ)] જ. નહિ જવા જેવી જગ્યા.

૪. વિ. ઇન્દ્રિયોથી ન જાણી શકાય એવું; અગમ્ય.

અગમ અગોચર કૈને હરિ,
મકા મોહ તણી માયા આવરી. અખો

૫. વિ. જ્યાં કશેરો પગો રહેતો હોય એવું.

૬. વિ. જ્યાં પગદોરો થતો ન હોય એવું.

ગાઢ અગમ વેલા મૂવથી
તે ઠેર અગોચર થાય. વલ્લભ

૭. વિ. પગ મૂકવે ન ગમે એવું.

અગોચરતા [સં. અગોચર + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. ઇન્દ્રિયોના વિષયની બહાર હોવું તે.

અગોચરવાણી ૧. સ્ત્રી. કેવળવાણી; ન કેળાય એવા બોલનારની વાણી.

૨. [સં. અગોચર (ઇન્દ્રિયાતીત) + વાણી] સ્ત્રી. સમજી ન શકાય તેવા બોલ.

અગોદર જ. અગાઉથી; પહેલાં.

અગોપ ૧. [સં. અ + ગુપ્ (સંતાડવું)] વિ. ખુલ્લું; પ્રકટ.

૨. વિ. ન કેળાય એવું; અગોપ્ય; અદશ્ય.

અગોપન ૧. [સં. અ + ગોપન (ઢાંકવું)] જ. ગુપ્તપણાનો અભાવ.

૨. વિ. ગુપ્તપણું વિનાનું; ખુલ્લું.

અગોપનીય [સં. અ + ગોપનીય (છુપાવવા જેવું)] વિ. નહિ છુપાવવા જેવું.

અગોપિત [સં. અ + ગોપિત (છુપાવેલું)] વિ. પ્રકટ; ખુલ્લું.

અગોપ્ય [સં. અ + ગોપ્ય (છુપાવવા જેવું)] વિ. નહિ છુપાવવા જેવું.

અગોર ૧. [હિં.] પું. ગોલ વગાડવા રાખેલ પુરુષ.

૨. [સં. અધીર] વિ. બિહામણું; ભયંકર.

મત અગોર ભયારે નર્ક
મણ ન કેણારે અગણ મર્ક. અખો

અગોરદાર [હિં. અગોર+ન (રખવાળી કરવી) + ફા. દાર (વાળું)] પું. રખવાળ; પહેરો ભરનાર પુરુષ.

અગોરબારી [હિં.] સ્ત્રી. ગામીનના ગઢિયા અને ખેતર વચ્ચે નીચલની પહોળાઈ.

અગોરા [હિં.] પું. ગોળ; ગોઠ કિલ્લાની મજૂરીના પૈસા.

અગોરિયો [હિં. અગોરિયા] પું. ખેતરની રખવાળી કરનાર પુરુષ.

અગોરી [હિં.] પું. લીંબડાં બાવળ પડતાં નીકળેલાં હોય તેવો બગાડ.

અગોલી ૧. વિ. પ્રકાશિત; ઊજળું.

૨. [સં. અ + ગુહ્ (સંતાડવું)] વિ. સંતાડી ન શકાય એવું.

૩. [સં. અ + ગોહ (ઘર)] વિ. સામાન્ય રીતે ઘરમાં ન મળે એવું.

અગૌકસ ૧. [સં. અક્ષ (ઘર) + ઓકસ (રહેવાસ)] પું. પક્ષી.

૨. પું. સરસ પ્રભુ; ૮ વસવાયો મૂળ.

૩. પું. શિવ.

૪. [સં. અક્ષ (પર્વત) + ઓકસ (રહેવાસ)] વિ. પર્વતમાં રહેનાર.

અગૌણ [સં. અ + ગૌણ (મુખ્ય નહિ એવું)] વિ. મુખ્ય; પ્રધાન.

આત્મ શબ્દના પ્રયોગથી ઉદ્દેશ્ય અગૌણ છે એમ કોઈ-આમ એ સાધ્ય કહે તો તેને વિષે ઉત્તર પદે છે. કમળાશંકર

અગૌર [સં. અ + ગૌર (ગોરું)] વિ. ગોરું નહિ એવું; શ્યામવર્ણ.

અગૌરવ ૧. [સં. અ + ગૌરવ (મોટાઈ)] જ. નિરભિમાન.

૨. [સં. અ + ગૌરવ (પ્રતિષ્ઠા)] જ. પ્રતિષ્ઠાનો અભાવ.

અગૌરી સ્ત્રી. (પિંગળ) એ નામનો ૧૨ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, નગણ, મગણ અને રગણ હોય છે.

ન ન મ ર થી અગૌરી છે રોચતી.
સ્વરૂપિણ

અગ્ગ જુઓ અગ્ર.

અગ્ગા ૧. [સં. અ (નહિ) + ગમ્ (જવું)] પું. પર્વત.

પ્રથમ બીજ કે ઘણ, પ્રથમ નીકળે કે અગ્ગજ. સ્વામિ

૨. [સં. અગ્ર (વાંસનું ચાલતું)] પું. સાપ.

૩. પું. સૂરજ.

અગ્ગેસર જુઓ અગ્રેસર.

અગ્ઘ [સં. અર્ઘ] પું. (પ્રાકૃત) પૂજની સામગ્રી.

અગ્ઘાડ (અગ્ઘાડ) [પ્રા.] પું. અળીયો નામની વનસ્પતિ.

અગ્ઘાય ૧. [સં. આઘ્રાત] વિ. (પ્રાકૃત) સૂંઘ લીધેલું; સૂંઘેલું.

૨. વિ. ભોગવેલું.

અગ્ઘારવહારી સ્ત્રી. વનસ્પતિ કેમ વાવવી, ઉગાડવી અને તેનો માનુષના ખોરાકમાં કેમ ઉપયોગ કરવો વગેરે બતાવનારું મહર્ષિ અગ્નિવેશે બનાવેલું એક શાસ્ત્ર.

અગ્ઘાયી ૧. [સં.] સ્ત્રી. અગ્નિની સ્ત્રી સ્વાહા.

૨. સ્ત્રી. જોતાપુત્ર.

અગ્નિ ૧. [સં.] પું. અગ્નિપુરાણનો દેવ.

૨. પું. અગ્નિદેવ.

૩. પું. (પુરાણ) અવભૃતનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) ઉત્તરાર્ધિ નામના ચૌદમા મન્વંતરમાં થનાર સપ્તર્ષિમંડળનો એ નામનો એક ઋષિ.

૫. પું. (અભિધાન) એ નામનો એક તારો; 'બીજા દોરી, નેમ'.

વસ્તુથી પૂર્વે ઉત્તરમાં માથા ઉપરના બે તારાને વસુનાં શીર્ષો વસ્યાં છે. ઉપરના શીર્ષોને અગ્નિનો તારો કહે છે. આચારદર્શન

૬. પું. (જૈન) ક્રોધ, દ્વેષ, ગ્રહ, ભીતિ, જરા, મરણ, શોક, પરિતાપ, દુઃખ, દૌર્મનસ્ય અને ઉપઘાત એ ૧૧માંથી દરેક.

૭. પું. (અભિધાન) કૃત્તિકા નક્ષત્ર.

૮. પું. (અભિધાન) કૃત્તિકા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.

૯. પું. ચાવીસના ૨૪ દેવતા માંહેનો એ નામનો એક.

૧૦. પું. ત્રિતંતુનું ઝાડ, જેમકે તેના મૂળની છાલમાં અગ્નિની પેઠે દાહો ઉત્પન્ન કરવાનો ગુણ છે.

૧૧. પું. ભસ્મરાશિ; ખોરાક પચાવનારી શક્તિ. ભૂખ, તરસ, નિદ્રા, આળસ અને સંધ એ પાંચ અગ્નિની પ્રકૃતિ છે.

૧૨. પું. ક્રુદ્ધતા; ક્રોધ; આવેશ.

૧૩. પું. (પુરાણ) તામસ નામના ચૌદમા મન્વંતરના સપ્તર્ષિમંડળનો એ નામનો એક.

૧૪. પું. તેજ; પાંચ મુખ્ય તત્ત્વમાંનું એ નામનું એક તત્ત્વ.

૧૫. પું. ઋતુની સંતા, પ્રત્યક્ષને મુખ્ય અગ્નિ ઋતુ છે.

૧૬. પું. (પુરાણ) દક્ષકન્યા અને અગ્નિની ધર્મપત્ની વસુને પેટે જન્મેલા અષ્ટવસુમાંનો એ નામનો પાંચમો દીકરો. એને વસોર્ધારા નામે બીજી અને દ્રવિણક નામે દીકરો હતાં.

૧૭. [સં. અગ્ન્ (ઊર્ધ્વ અર્થ)] પું. દેવતા. વૈદ્યક મત મુજબ અગ્નિ ૩ પ્રકારનો છે: (૧) ભૌમ, કે જે લાકડાં વગેરેના બળવાથી ઉત્પન્ન થાય; (૨) દિવ્ય, કે જે આકાશમાં વીજળીથી ઉત્પન્ન થાય; (૩) ઉદર અથવા જઠરનો, કે જે પિત્ત રૂપે હૃદયની ઉપર ને કંઠની નીચે રહીને ખાધેલું અન્ન પચાવે. કર્મકાંડમાં અગ્નિ ૬ પ્રકારના છે: (૧) આર્દ્રપવ; (૨) આહવનીય; (૩) દક્ષિણાગ્નિ; (૪) સભ્યાગ્નિ; (૫) આવસથ્ય અને (૬) ઔપાસનાગ્નિ. તેમાં પહેલા ત્રણ મુખ્ય છે. રસોઈને માટે પૂમાગ્નિ, દીપાગ્નિ, મંદાગ્નિ, મધ્યમાગ્નિ, ખરાગ્નિ અને જઠરાગ્નિ એમ ૬ પ્રકારના અગ્નિ છે. જ્વાળા નહિ નીકળતાં જે અગ્નિમાંથી માત્ર ધુમાડો જ નીકળે તેને ધૂમાગ્નિ, મુઠ્ઠીમાં આવી જાય તેટલાં બધાં લાકડાંની બાકીની રાખ પાછળ રહે તેટલે નાના પાતળા કટકાને સળગાવી જે અગ્નિ કરવામાં આવે તે દીપાગ્નિ, ચોથા ભાગની રાખ વધે જે અગ્નિ કરાય તે મંદાગ્નિ, બે લાકડાંની બે રાખ સાથે સળગાવીને કરેલા અગ્નિને મધ્યમાગ્નિ, એવી પાંચ રાખ સાથે સળગાવી કરેલો અગ્નિ ખરાગ્નિ, અને જે અગ્નિથી વાસણના બધાળા સુધી ચોતરફ જ્વાળા દેખાય તેને જઠરાગ્નિ કહે છે.

શુદ્ધિ, ઋજુ, ઉદાત્ત, ઘાટ અને રૂપ એ પંચતત્ત્વ અગ્નિથી ઉપજે છે. કાવ્યતત્ત્વવિચાર

૧. અગ્નિ અગ્નિ ધર્યું જવું = (૧) આગ લાગવી. (૨) શરીરમાં ઋતુ બળતરા થવી.

૨. અગ્નિ આગળ ઘી = એક જીવ પર બહુ ઉપકાર કરી વિકૃતિ ઉપજાવે એવા પદાર્થ: રાક્ષ અને દેવતા.

૩. અગ્નિ ઊકરો = (૧) બળતરા થવી. (૨) રીસ ચડવી.

૪. અગ્નિ ઓલવવો = (૧) આગ ઓલવવી. (૨) શાંત કરવું; ઠંડું પાડવું.

૫. અગ્નિ ચરવો-પીવો = (૧) અગ્નિનો ભારપાર નીકળવું. (૨) શાંત થવું.

૬. અગ્નિને ઉપેર્યું ન લાગે = (૧) અગ્નિ બધું બાળી નાખે છે. (૨) અગ્નિની આકર જે ભરેખાઈ શુદ્ધ છે તેને કાંઈ લાગતું નથી

૧૮ પું. પિત્ત.

૧૯. પું. પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, મન, દેવ, આત્મા અને બુદ્ધિ એ ૯ પદાર્થ મહેનો તેજ નામનો પદાર્થ.

૨૦. પું. (પુરાણ) જે રાતી ભેંસો, ચાર શીંગડાં, બકરી જેવી આંખો, ઋજુ પગ, સાત હાથ, અને કાંટાવાળી જીભ, કરાળી, ભયોત્પન્ના, સુલોહિતા, ધૂમ્રવર્ણા, ઉષ્મા તે પ્રદીપ્તા નામની સાત જ્વાળાઓ પ્રકાશ અને અગ્નિને ઉપરી દેવ. તેનું વાહન ઘેટું, ખોરાક ઘી, અને ક્રમ દેવને બલભાગ પહોંચાડવાનું છે. અગ્નિને પ્રજાપતિ સાથેના સંબંધે પૂર્વ અને દક્ષિણ એ બે વચ્ચેની દિશાનું ઉપરીપણું આપ્યું હતું. એથી એ દિશાનું આગ્નેયી એટલે અગ્નિખૂણો એવું નામ પડ્યું છે. દક્ષપ્રજાપતિની ૧૬ કન્યામાંથી સ્વાહા નામની કન્યા એમની પત્ની હતી. સ્વાહાની કૂખે એમને સ્વારોચિત નામે પુત્ર અને દુષ્કાળા નામે કન્યા થઈ હતી. જે ઉત્તાનપાદના દીકરા ધ્રુવના દીકરા શિષ્ટને પરણ્યાની હતી. આ સિવાય એને પાવક, પવમાન અને શુચિ એ નામના ૩ પુત્ર હતા. આ ત્રણે પુત્ર તેની એ સ્વાહાથી ઉત્પન્ન થયા હતા. એ ૩ પુત્રને ૪૫ પુત્ર થયા હતા. એમ બધા મળી ૪૯ અગ્નિ બનાવ છે. શિવઅંશાવતાર વિદ્વાર દક્ષે ઉદ્ધત કહેવાથી શિવ પાસે અગ્નિ બાળવા જતાં ક્રોધ કરી તેને શિવે પોતાનું વીર્ય આપ્યું હતું. અગ્નિ એ વીર્ય પી ગયો પણ ગળામાં ન ઉતારવાથી ગળામાં બાકી રહ્યું. એ વીર્યથી કાર્તિકેય થયો. પૂર્વે પૌતકી રાજાએ ૨૪ વર્ષ સુધી રાત્રિદિવસ યજ્ઞ કર્યા. તેમાં હોમેલી વસ્તુ ઘણી ખાવાથી અગ્નિને અજીર્ણ થયું અને તે ભોગ કાઈ ગયો. એના ઉપાય માટે શ્રીકૃષ્ણ ને અર્જુનની રજા લેવરી ખાંડવ વનમાંથી બાળબળતરી ઔષધિ ખાઈને આરોગ્ય મેળવ્યું. તેણે વરુણ પાસેથી વાંદરાની ધ્વજાવાળો દિવ્ય રથ અને ગાંડિવ ધનુષ્ય માગીને અર્જુનને આપ્યાં અને વજ્રનાભ ચક્ર અને કૌમોદકી ગદા શ્રીકૃષ્ણને આપી બન્નેને સંતોષ્યા. દેવોને બલભાગ પહોંચાડવાનું એને માથે છે. એની પત્ની એની જ સ્વાહા બલભાગ લે છે અને પોતે તે પહોંચાડે છે. દરેક આકૃતિ વખતે સ્વાહાને સંબોધાય છે. અગ્નિનું બીજું નામ ચિત્ર છે.

ચિત્ર શબ્દને બ્રહ્મ કહે, ચિત્ર અગ્નિનું નામ;
ચિત્ર ચિત્ર બહુ બળતણો, એક જ સુંદર શ્યામ.
ચિત્રભક્તપ્રબોધ

૨૧. પું. (પુરાણ) બલભાનનું એક સ્વરૂપ.

૨૨. પું. (જૈન) ઋતનપતિ દેવતાની એ નામની એક ઋદ્ધિ: અગ્નિકુમાર દેવતા.

૨૩. પું. ચિત્રકનું ઝાડ.

૨૪. પું. (ખગોળ) મંગળગ્રહ.

લાલ રંગ ઉપરથી આને અંગારક, લોહિતાંગ, અગ્નિ વગેરે નામો મળેલાં છે.
જ્યોતિર્વિલાસ

૨૫. પું. (તાંત્રિક) 'ર' બીજને બદલે વપરાતો શબ્દ.

૨૬. પું. લાલ બળતરા.

૨૭. પું. સિગ્નેચર; સિક્કાનું ચાંદ.

૨૮. પું. વેદના ૩ મુખ્ય દેવતાંનો એ નામનો એક. તે સ્વર્ગમાં સૂર્યના રૂપમાં, આકાશમાં વીજળીના રૂપમાં અને પૃથ્વી ઉપર સાધારણ દેવતાના રૂપમાં છે. ઋગ્વેદની ઉત્પત્તિ આ અગ્નિદેવથી થયેલી મનાય છે.

૨૯. પું. સોનું.

૩૦. પું. સોમવેલીની ૨૪ બીજ મહિની એ નામની એક.

૩૧. [સં. આગ્નેયી] સ્ત્રી. એ નામની પૂર્વ અને દક્ષિણ વચ્ચે આવેલી દિશા; અગ્નિખૂણો.

૩૨. ન. અઢાર પુરાણમાંનું એ નામનું એક.

૩૩. ન. કેસર.

૩૪. ન. (પુરાણ) સરસ્વતીને કિનારે આવેલું એ નામનું એક પવિત્ર સ્થાન. અહીં વિદુર તીર્થયાત્રામાં આવેલ હતા.

અગ્નિઅગ્નિ જુઓ અગ્નઅગ્ન.

અગ્નિકણ ૧. [સં. અગ્નિ + કણ (કણાર)] પું. અણગો.

૨. પું. અરણી.

૩. [સં. અગ્નિ + કૃ (પ્રકારવું)] પું. આગિયો કીડો, જેમાં તે અગ્નિ બાહક પ્રકારી છે.

૪. પું. ચિત્રક; ચિત્રો.

૫. પું. બિલાડો.

અગ્નિકણ્વ [સં. અગ્નિ + કણ્વ (ઋષિ)] પું. તણખો.

અગ્નિકર [સં. અગ્નિ (પાચનશક્તિ) + કર (કરનાર)] ન. (વૈદ્ય) મંદાગ્નિ ઉપર અપાતું એ નામનું એક ઔષધ.

અગ્નિકર્મ ૧. [સં. અગ્નિ + કર્મન્ (કામ)]
■ અગ્નિદેવનું કર્તવ્ય.
■. ન. બાળવું કામ.
૩. ન. બાતલગાળ.
૪. ન. ડામ દેવો તે.
૫. ■ મુડદાંને બાળવાની ક્રિયા.
૬. ન. રસોઈ.
૭. ન. હોમ.
વૈદ્યકી વગે ક્યાય નહિ વટે કરે અગ્નિકર્મ.

અગ્નિકર્મશાસ્ત્રે [સં. અગ્નિકર્મન્ (આતશબાજી) + શાસ્ત્ર (વ્યવસ્થિત તથા વ્યવસ્થિત જ્ઞાન)] ન. આતશબાજી બનાવવાના હુનર સંબંધી જ્ઞાન.

અગ્નિકલા ૧. [સં. અગ્નિ + કલા (ભાગ)] સ્ત્રી. અગ્નિનો ભાગ. તંત્રશાસ્ત્ર પ્રમાણે અગ્નિકલા ૧૦ છે: ધૂમ્રાર્ચિસ, ઊષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગી, સુશ્રી, સુરૂપા, કપિલા, હવ્યવાહા અને કવ્યવાહા.

૨. [સં. અગ્નિ + કલા (હુનર)] સ્ત્રી. આતશબાજી બનાવવાનો હુનર.

૩. સ્ત્રી. તપણ.

અગ્નિકલ્પ [સં. અગ્નિ + કલ્પ (જેવું)] વિ. અગ્નિના જેવું; ઝગઝગતું.

અગ્નિકાગ ૧. પું. અગ્નિનો કાગ: સૂર્યનાં કિરણમાં ઘરવાથી અગ્નિ ઝરે એવો કાગ.

૨. પું. કાગા કેરમો કાગના જેવો જ્વાળામુખી ખડક.

અગ્નિકાય [સં. અગ્નિ + કાય (શરીર)] પું. (જૈન) અગ્નિનો જીવ; જીવના ૬ ભેદ માંહેનો એ નામનો ભેદ.

પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ ૬ જીવભેદ છે.
પુરાતત્ત્વ

અગ્નિકારક [સં. અગ્નિ + કારક (કરનાર)] વિ. અગ્નિ ઉત્પન્ન કરનાર.

અગ્નિકાર્ય જુઓ અગ્નિકર્મ.

અગ્નિકાષ્ઠ ૧. [સં. અગ્નિ + કાષ્ઠ (લાકડું)] ન. અગરનું લાકડું.

૨. ન. અગરીનું લાકડું.

૩. ન. બાળવાનાં લાકડાં.

અગ્નિકાષ્ઠ ભક્ષવું-ભક્ષણ કરવાં = ચિતા ખડકી પોતાની મેળે બળી મરવું.

અગ્નિકાંડ [સં. અગ્નિ + કાંડ (ભાગ)] પું. અગ્નિનો ભડકો.

લા મુકલ્લાહમા બોલાબોલ અગ્નિકાંડ વર્ષો.
કાંપુરી

અગ્નિકીટ [સં. અગ્નિ + કીટ (કીડા)] પું. સમદર નામનો કીડા, જેમાં તેનું રહેઠાણ અગ્નિમાં મનાય છે.

અગ્નિકુક્ષુ ૧. [સં. અગ્નિ + કુક્ષિ (તપુમો)] પું. અગ્નિથી બાળેલી ખાલની [illegible]

૨. [સં. અગ્નિ + કુક્ષિ (કોઠો)] પું. ઊપાધિવું.

અગ્નિકુમાર ૧. [સં. અગ્નિ + કુમાર (દીકરો)] પું. ન. ન. અગ્નિના પુત્ર. જોગો ૧૧૦૦૦ ઋષિ હતા. હંસકરણમાં તેઓ તપ કરતા હતા. ત્યાં વનમાં ફરતાં ફરતાં રામચંદ્રજી આવ્યા ત્યારે શીરામચંદ્રજીનું સ્વરૂપ, લાવણ્ય જોઈને તેમને કોલાવ ઉત્પન્ન થયો અને તે માટે શીરામચંદ્રજીની પ્રાર્થના કરી. શીરામચંદ્રે કહ્યું કે હું હમણાં જોકપત્નીવ્રતધારી છું. જ્યારે તમારો મનોરથ પરિપૂર્ણ થશે પછી તેઓ વજ્રમાં કુમારિકા રૂપે ઉત્પન્ન થયા. મૂળ ઋષિઓ હોવાથી ભગવાન સિવાય અન્ય પોતાનું દાન અથવા સ્વશરીરનો ભોગ ન થાય એટલા માટે તેઓએ કાલાવથી વત કર્યું. શીકૃષ્ણે શીગ્રહણના મિષથી તેમનો મનોરથ પૂર્ણ કરવાનું વરદાન આપ્યું અને સરદ ઋતુમાં વેણુનાદદ્વારા તેમનું આકર્ષણ કરી તેમની સાથે રાસ કરી તેમનો મનોરથ પૂર્ણ કર્યો.

૨. પું. અગ્નિક સ્વામી. જેનું કહેવાય છે કે જોક ભિન્ન અગ્નિદેવ, વસિષ્ઠ, અત્રિ, અગ્નિરસ વગેરે સપ્તર્ષિ અરુધતી વગેરે કોનાં રૂપ-લાવણ્યથી મોહિત થયા. દક્ષ રાજાની દીકરી અને અગ્નિની સ્ત્રી સ્વાહાએ પોતાના સ્વામીનો મનોભાવ જાણીને અરુધતી સિવાય બીજા ૬ ઋષિપત્નીનું રૂપ ધારણ કરીને પોતાના સ્વામી માટે ૬ વાર વિહાર કર્યો. વિહાર કર્યા પછી સ્વાહાદેવીએ જોક કાંચનકુંડમાં વીર્યને નાખ્યું. ને તેજસ્વી વીર્યમાંથી અગ્નિકુમાર કે કાર્તિક સ્વામી ઉત્પન્ન થયા.

૩. પું. (વૈદક) ભગંદરમાં વપરાતી જોની જોક નામની જોક દવા.

૪. પું. પુષ્ટિમાર્ગીય આચાર્ય શ્રીવલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી. જો આચાર્યવાળા વલ્લભાચાર્યને અગ્નિનો અવતાર માને છે.

૫. પું. (જૈન) ભુવનપતિની ૧૦ જાતિમાં પાંચમી જાતિના દેવ.

અગ્નિકુમારોને આસનસ્થમાં બકરાનું ચિહ્ન હોય છે.
તત્ત્વાર્થસૂત્ર

અગ્નિકુમારજોષક [સં.] પું (વૈદક) ગ્રમહપ્રી, શ્વાસ, વગેરે રોગ ઉપર અપાતું જોક નામનું ઔષધ.

અગ્નિકુમારરસ [સં. અગ્નિકુમાર (જોક જાતિ) + રસ (સત્ત્વ)] પું. (વૈદક) વાતરોગ, શ્વાસરોગ, મંદાગ્નિ, કફરોગ, જ્વરોગ, ઉપરસ, સર્વ વગેરે ઉપર ફાયદો કરતી બનાવટી જોક નામની જોક દવા. તે સાદીસાદી રીતે બનાવાય છે. ટંકણખાર, સાજો અને ત્રિકટુ દરેક તોલો ૧, વછનાગ, મરીફળ અને સંચળ ભારંગ દરેક તોલા ૩ તથા ભરી તોલા ૮ લઈ તેમને લીંબુના રસમાં ૧૨ કલાક ખૂંદવાથી આ દવા બને છે.

અગ્નિકુમારલોહ [સં. અગ્નિકુમાર + લોહ (લોઢું)] ન. (વૈદક) જ્વરોગ માટે જોક નામની જોક દવા. તે મોરથૂથુ, હિંગ, ટંકણખાર, સિંધાલૂણ, ધાણાજીરું, અજમો, મરી, સૂંઠ, લવિંગ અને વાવડિંગ દરેક ૧ તોલો, લોહ ૧૦ તોલા, પારો ૪ તોલા, અને ગંધક ૪ તોલા મેળવવાથી બને છે. તેનું અનુપાન ઘી તથા મધ છે. તેની માત્રા ૧થી ૨ વાલ છે.

અગ્નિકુળ ૧. ન. કાળુનું ઝાડ.

૨. [સં. અગ્નિ + કુલ (વંશ)] ન. પરમાર, પરિહાર, ચાલુક્ય કે સોલંકી અને ચૌહાણ એ ૪ રજપૂત કુળ. અમારે દૈત્યો જ્યારે ઋષિઓના તપમાં વિઘ્ન નાખવા લાગ્યા, ત્યારે ઋષિઓએ વસિષ્ઠના ઊપરીપણા નીચે આબુ પર્વત પર જોક યજ્ઞ કર્યો. આ યજ્ઞના કુંડમાંથી જોક પછી જોક ૪ પુરુષ નીકળ્યા અને તે દરેકમાંથી પરમાર, પરિહાર, ચાલુક્ય ને ચૌહાણ વંશ આવ્યા.

૩. ન. શીલ્લાભાભાનો વંશ; જોસ્વામીકુળ.

અગ્નિકુંડ ૧. [સં. અગ્નિ + કુંડ] પું. અગ્નિ રાખવા કરેલ કુંડ: વેદી.

સીતાહરણ સુરજ પતિ બાધુ:
અગ્નિકુંડમાં અલાયજ.
સીતાહરણ, પંદરણી સ્ત્રી

૨. પું. (પુરાણ) જનતા અંગારા જોવા અને બીજા પાસેથી લોકથી ભરેલો જે નામનો પહેલો નરકકુંડ. તેમાંથી ૧૦૦ ગાઉ ઊંચી જ્વાળા નીકળ્યા કરતી મનાય છે.

અગ્નિકુંડબોધ પું. (કાવ્ય) અગ્નિકુંડના જેવો આકાર બનાવી, તેમાં અક્ષરો ગોઠવી રચેલી કવિતા. જુઓ આકારચિત્ર.

અગ્નિકુંડરસ પું. (વૈદક) ઘા ઉપર અપાતું જે નામનું જોક ઔષધ.

અગ્નિકેતુ ૧. [સં. અગ્નિ + કેતુ (ચિહ્ન)] પું. ધુમાડો, કારણ કે તે અગ્નિનું ચિહ્ન છે.

૨. પું. (પુરાણ) રાવણની સેનાના જે નામના ૨ રાક્ષસ. તેને યુદ્ધમાં રામે માર્યા હતા.

૩. પું. શંકર: મહાદેવ.

અગ્નિકેલિ [સ. અગ્નિ + કેલિ (ખેલ)] પું. અગ્નિખેલ: દક્ષિણ તથા પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો, જેમાં તેનો દેવ અગ્નિ છે.

અગ્નિક્રિયા ૧. [સ. અગ્નિ + ક્રિયા (કામ)] સ્ત્રી. અગ્નિ દેવાની ક્રિયા.

૨. સ્ત્રી. સુડકું બાળવાની ક્રિયા; અગ્નિસંસ્કાર.

અગ્નિક્રીડા ૧. [સં. અગ્નિ + ક્રીડા (રમત)] સ્ત્રી. અગ્નિ સાથે કરવામાં આવતી રમતઃ પ્રજ્વલતા અંગારા ઉપર ચાલવું, બળતા કોલસા ચૂસવા, લાલ ગરમ થવાને લીધે ફૂલ ઊઠતાં હોય એવી લોહાની સાંબેલ પકડવી વગેરે.

૨. સ્ત્રી. આતશબાજી; દારૂખાનું.

અગ્નિખૂણો જુઓ અગ્નિકોણ.

અગ્નિખેલ જુઓ અગ્નિક્રીડા.

અગ્નિગર્ભન [સં. અગ્નિ + ગર્ભન (ગર્ભ તે)] ન. અગ્નિનો ભડકો થતો અવાજ; ભડભડાટ.

અગ્નિગર્ભ ૧. [સં. અગ્નિ + ગર્ભ (અંદરનો ભાગ)] પું. અગ્નિગર્ભ નામનો ઊંડો.

૨. પું. અરણીનું ઝાડ.

૩. પું. આગિયો જીવ.

૪. પું. ચકમક.

૫. પું. સૂર્યકાંત મણિ.

૬. પું. સૂર્યકાંત મણિ, જેમકે તેના ઉપર સૂર્યનાં કિરણ પડવાથી અગ્નિ ઉત્પન્ન થાય એમ મનાય છે.

૭. વિ. અંદર અગ્નિ રહેલો હોય એવું.

અગ્નિગર્ભપર્વત [સં. અગ્નિગર્ભ + પર્વત] પું. જ્વાળામુખી પહાડ, જેમકે તેની અંદર અગ્નિ છે.

અગ્નિગર્ભા ૧. [સં. અગ્નિ + ગર્ભ (અંદરનો ભાગ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બીજોરી. ફળ તરીકે તે ઠંડી, તૂરી અને રેચક તથા શ્વાસ, કૃમિ, હરસને મટાડે તેવી મનાય છે.

અત્રિને ઋષિ! પુત્રીને અગ્નિગર્ભા સમી ગણી. નાનાલાલ

૨. સ્ત્રી. પૃથ્વી, જેમકે તેના અંદરના ભાગમાં અગ્નિ ભરેલો છે.

૩. સ્ત્રી. મોટી માલકાંગણી.

અગ્નિગોચરક વિ. (સ્થાપ્ય) મોટા પ્રમાણમાં પ્રાણિજન્યાગ ગંધકના બનેલા મિશ્રણ સંબંધી.

અગ્નિગૃહ ૧. [સં. અગ્નિ + ગૃહ (ઘર)] ન. (જરથોસ્તી) અગ્નિશાળા.

૨. ન. અગ્નિ રાખવાની જગ્યા; અગ્નિશાળા.

અગ્નિગ્રંથ [સં. અગ્નિ + ગ્રંથ (પુસ્તક)] પું. અગ્નિદેવ સંબંધી વર્ણન કરતું પુસ્તક.

અગ્નિગ્રાવ ૧. [સં. અગ્નિ + ગ્રાવન્ (પથ્થર)] પું. અગ્નિનો પથ્થર; સૂર્યકાંત.

૨. પું. જ્વાળામુખી પર્વતના બનેલા રસનો ઠંડો.

અગ્નિઘૃત [સં. અગ્નિ + ઘૃત (ઘી)] ન. (વૈદ્ય) પાચનશક્તિ વધારવા ત્રિફળાના મૂળમાંથી બનાવેલી એ નામની એક દવા.

અગ્નિચક્ર ૧. [સં. અગ્નિ + ચક્ર (કુંડાળું)] ન. બળતા અગ્નિનું કુંડાળું.

૨. [સં. અગ્નિ + ચક્ર (કુંડાળા જેવું ચિહ્ન)] ન. (યોગ) શરીરની અંદર માનેલા ૬ ચક્ર માંહેનું બન્ને ભવાંની વચ્ચે આવેલું એ નામનું એક ચક્ર. તેના ઉપરી દેવ પરમાત્મા મનાય છે. એ ચક્રમાં કલ્પવામાં આવેલ કમળને ૨ પાંખડી છે અને એના અક્ષર હ અને ક્ષ છે.

અગ્નિચયન ૧. પું. અગ્નિ સ્થાપન કરવાનો મંત્ર.

૨. [સં. અગ્નિ + ચયન (સમૂહ)] પું. અગ્નિનો ઢગલો.

૩. પું. વેદમંત્રથી કરાયેલી અગ્નિની સ્થાપના.

અગ્નિચયન જુઓ અગ્નિચય.

અગ્નિચર્યા [સં. અગ્નિ + ચર્યા (પૂજા)] સ્ત્રી. અગ્નિનું પૂજન.

અગ્નિચિત [સં. અગ્નિ + ચિ (એકઠું કરવું)] પું. મંત્રથી અગ્નિનું સ્થાપન કરી તેમાં હોમ કરનાર પુરુષ; અગ્નિહોત્રી.

અગ્નિચિત્યા [સં. અગ્નિ + ચિત્યા (એકઠું કરવું તે)] સ્ત્રી. અગ્નિનું સ્થાપન.

અગ્નિકુંભક ૧. [સં. અગ્નિ + કુંભ (આકર્ષવું)] વિ. અગ્નિને આકર્ષે એટલે ખેંચે એવું

૨. વિ. શીતોષ્ણતામાં ફેરફારને લીધે ચુંબકશીલતામાં થતા ફેરફાર સંબંધી.

અગ્નિચૂર્ણ [સં. અગ્નિ + ચૂર્ણ (ભૂકો)] ન. દેવતાનો દારૂ.

અગ્નિજ ૧. [સં. અગ્નિ + જન્ (જન્મવું)] પું. અગ્નિજર નામનો ઊંડો.

૨. પું. અગ્નિમાંથી પેદા થયેલ પથ્થર; જ્વાળામુખી પથ્થર.

૩. પું. કાર્તિકેય સ્વામી; કાર્તિકેય, જેમકે તે અગ્નિમાંથી જન્મેલ મનાય છે.

૪. પું. ભૂખ ન મટે એવો રોગ.

૫. પું. વિષ્ણુ.

૬. પું. સમુદ્રફીણનું ઝાડ.

૭. ન. સોનું.

૮. વિ. અગ્નિ પેદા કરે એવું.

૯. વિ. અગ્નિમાંથી પેદા થયેલું.

અગ્નિજ ખડો હાલમાં બે જ ઠેકાણાં આકંઠ સમાધિ રહેતા નથી. ગુજરાતમિત્ર

૧૦. વિ. બળ પચાવે એવું.

અગ્નિજનક ૧. [સં. અગ્નિ + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. અગ્નિ ઉત્પન્ન કરનારું.

૨. વિ. ભૂખ લગાડનારું.

અગ્નિજન્મા ૧. [સં. અગ્નિ + જન્મન્ (જન્મ)] ન. સોનું.

૨. વિ. અગ્નિથી પેદા થતું.

અગ્નિજન્યા [સં. અગ્નિ + જન્મન્ (જન્મ)] પું. કાર્તિકેય. જુઓ અગ્નિજ.

અગ્નિજપ્રસ્તર [સં. અગ્નિ + જ (જન્મેલું) + પ્રસ્તર (પથ્થર)] પું. અગ્નિથી ઉત્પન્ન થયેલ પથ્થર; જ્વાળામુખી પથ્થર.

અગ્નિજાત જુઓ અગ્નિજ.

અગ્નિજાર ૧. [સં. અગ્નિ + જર્ (જન્મવું)] પું. એ નામનો એક ઊંડો.

૨. પું. સમુદ્ર કાંઠે ઊગતું એ નામનું દવામાં ઉપયોગી ઝાડ; સમુદ્રફળનું ઝાડ.

૩. ન. અંબર. તેની ૪ જાતમાં લાલ રંગનું શ્રેષ્ઠ મનાય છે. સારી બરાઈ હોય ત્યાં તેમ જ તરલમાં તે ગુણકારી મનાય છે.

અગ્નિજારક જુઓ અગ્નિજાર.

અગ્નિજિહ્વ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. [સં. અગ્નિ + જિહ્વા (જીભ)] પું. દેવ.

દેવ અમર નિર્જર વિબુધ સુર સુમનસ ત્રિદિવેશ,
ઇંદ્રાદિને વિશ્વાનરાત્મજ અગ્નિજિહ્વ અમૃતેશ;
દિવિષદ જેવા અર્દિકુંભ શીર્ષાંસુ અતિ ક્રોધ,
ઠામ જેવા ઠેક તીક્ષ્ણ બ્યા મિક્ષ બહુ ક્રોપ. વિનયચંદ્રકોષ

૩. પું. વિષ્ણુનું વરાહરૂપ.

૪. વિ. બહુ આકરું ખોસે એવી ઝીભવાળું.

અગ્નિજિહ્વા ૧. [સં. અગ્નિ + જિહ્વા (જીભ)] સ્ત્રી. અગ્નિની જીભ. અગ્નિ દેવતાને ૭ જીભ હોવાનું મનાય છે, અને તેનાં નામ જુદી જુદી રીતે અપાયેલાં છે. મુંડકોપનિષદમાં તેનાં નામ આ પ્રમાણે છે: (૧) કાલી, (૨) કરાલી, (૩) મનોજવા, (૪) સુલોહિતા, (૫) ધૂમ્રવર્ણી, (૬) સ્ફુલિંગિની અને (૭) વિશ્વરુચી. બૃહત્ સંહિતામાં ઉલ્લાં એ નામ ઉમા અને પ્રદીપ્તા છે. કોઈ તેનાં નામ નીચે પ્રમાણે આપે છે: (૧) કરાલી, (૨) ભૂમિની, (૩) શ્વેતા, (૪) લોહિતા, (૫) નીલલોહિતા, (૬) સુવર્ણા અને (૭) પદ્મરાગા.

૨. સ્ત્રી. અગ્નિની જ્વાળા.

૩. સ્ત્રી. ગજપિપ્પલીનો ઊંડ.

૪. સ્ત્રી. લાંબલી નામનો ઊંડ.

અગ્નિજ્યોતિ [સં. અગ્નિ + જ્યોતિઃ (પ્રકાશ)] સ્ત્રી. અગ્નિનો પ્રકાશ.

અગ્નિજ્વાલા [સં. અગ્નિ + જ્વાલા (જ્વાલ)] સ્ત્રી. અગ્નિની જ્વાળ.

અગ્નિજ્વાલા ૧. [સં. અગ્નિ + જ્વાલા (જ્વાલ)] સ્ત્રી. અગ્નિની જ્વાળ.

૨. [સં. અગ્નિ + જ્વાલા (તેજ)] સ્ત્રી. અગ્નિનું તેજ.

૩. સ્ત્રી. કાપીપરનો છોડ, જેમાંથી તેને અગ્નિ જેવાં લાલ ફૂલ હોય છે.

અગ્નિજ્વાલા [સં. અગ્નિજ્વાલા] સ્ત્રી. (હિંદી) અગ્નિની જ્વાળ.

અગ્નિતત્ત્વ [સં. અગ્નિ + તત્ત્વ] ન. પંચ મુખ્ય તત્ત્વ માંહેનું એ નામનું એક.

સ્વરનો વાયુ સાથે ચાલતો હોય તો તેને અગ્નિતત્ત્વ જાણવું. રાજવલ્લભ

અગ્નિતત્ત્વની ધારણા સ્ત્રી. (જૈન) હઠયોગની પંચ ધારણામાંની ત્રીજી ધારણા. આ ધારણા સિદ્ધ થતાં સમસ્ત જગતને ફેરવી શકવાનું સામર્થ્ય આવવું હોવાની માન્યતા છે.

અગ્નિતપ્ત [સં. અગ્નિ + તપ્ત (તપ્યું)] વિ. અગ્નિથી તપેલું.

અગ્નિતરંગ [સં. અગ્નિ + તરંગ (મોજું)] પું. અગ્નિનું મોજું.

અગ્નિતાપ પું. તાપુમેહ; રક્તપિત્ત ઊપડતી બીનગારી.

અગ્નિતીર્થ ન. (પુરાણ) જગન્નાથ મંદિરની દક્ષિણ દિશાએ આવેલું એ નામનું તીર્થ.

અગ્નિતુલ્ય જુઓ અગ્નિકલ્પ.

અગ્નિતુંડાવટી સ્ત્રી. (વૈદક) અજીર્ણ દૂર કરનારી એ નામની દવાની ગોળી. તે બનાવવા શુદ્ધ પારો, વછનાગ, મંજીઠ, અજમોદ, ત્રિફળા, સાજીખાર, જવખાર, ચિત્રક, સિંધાલૂણ, સૂંઠ, સજ્જી, ચાવડિંગ, મીંઢું, ત્રિકટુ, બાકળા, લીમડાની છાલ અથવા પાન, બધું સરખે ભાગે લઈ લીંબુના રસમાં વાટી મરી જેવડી ગોળી કરવી. તેની માત્રા ગોળી ૧ થી ૨ છે.

અગ્નિતુંડી જુઓ અગ્નિતુંડાવટી.

અગ્નિતુંડીરસ જુઓ અગ્નિતુંડાવટી.

અગ્નિતુંડીવટી જુઓ અગ્નિતુંડાવટી.

અગ્નિતૂણ [સં. અગ્નિ + તૂણ (૬)] ન. ૬ ઉપર સુરોખારના તેજાબ અને મંજીઠના તેજાબની અસરથી થતો એ નામનો ચાઠાં.

અગ્નિતેજ ૧. પું. અગ્નિચારમા ઋત્વંતરના સપ્તઋષિ માંહેનો એ નામનો એક.

૨. [સં. અગ્નિ + તેજસ્ (તેજ)] ન. અગ્નિનું તેજ.

૩. વિ. અગ્નિના જેવું તેજવાળું.

અગ્નિત્રય [સં. અગ્નિ + ત્રય (સમૂહ)] પું. ગાર્હપત્ય, દક્ષિણ અને આહવનીય નામના ત્રણ પવિત્ર અગ્નિનો સમૂહ.

અગ્નિત્રયી જુઓ અગ્નિત્રય.

અગ્નિનેતા જુઓ અગ્નિત્રય.

અગ્નિદગ્ધ ૧. [સં. અગ્નિ + દગ્ધ (બાળેલું)] ક. આગ લગાડવાનું મોટું પાપ કરનારું માણસ.

૨. વિ. આગ લગાડનારું.

૩. [સં. અગ્નિ (જઠરાગ્નિ) + દગ્ધ (બાળેલું)] વિ. પાચનશક્તિ વધારનાર.

અગ્નિદગ્ધ ૧. [સં. અગ્નિ + દગ્ધ (બાળેલું)] પું. ઋગ્વેદ અને મનુએ બતાવેલા પિતૃના બે વર્ગમાંનો એક; પોતાની હયાતીમાં જેમણે ગાર્હપત્ય અગ્નિ રાખી તેમાં હોમ કર્યો હોય તે પિતૃ. જેમણે ગાર્હપત્ય અગ્નિ ન રાખ્યો હોય તે 'અનગ્નિદગ્ધ પિતૃ' કહેવાય છે.

૨. વિ. ચિતામાં બાળેલું.

૩. વિ. દીકરા વગરનું હોવાને કારણે જેનું મુખ સ્વર્ગાતમાં બાળવામાં અગ્નિ મૂકવાની વિધિ બિન્ન સગાએ મૂકવું હોય એવું.

૪. વિ. બળેલું; દાઝેલું.

પાપકર્મ કરતો બ્રાહ્મણ બ્રાહ્મણો વચ્ચે-પોતાનાં જ કર્મોથી તે દુર્ભેદ્ય અગ્નિદગ્ધપણાની પીડ વહે છે. પદ્મપદ

અગ્નિદગ્ધપ્રસ્તર [સં. અગ્નિ + દગ્ધ (બળેલું) + પ્રસ્તર (પત્થર)] પું. અગ્નિના સંયોગથી ઉત્પન્ન થયેલો પત્થર. ભૂસ્તરવિદ્યાશાસ્ત્રીઓના એવો મત છે કે પત્થર બે પ્રકારના છે: (૧) અગ્નિદગ્ધ બનવા અગ્નિથી ઉત્પન્ન થયેલ, અને (૨) વારસુ પત્થર. અગ્નિદગ્ધ પત્થરની જે હાલની સ્થિતિ જોવામાં આવે છે તે અગ્નિથી પીગળ્યા પછી ઠરી જવાથી થયેલી હોય છે.

અગ્નિદગ્ધની [સં. અગ્નિ + દગ્ધની (બાળનારી)] સ્ત્રી. બરણીનું એક, જેમાં તેમાં અગ્નિ રહેલો મનાય છે.

અગ્નિદહન જુઓ અગ્નિદાહ.

અગ્નિદાતા [સં. અગ્નિ + દાતૃ (દેનાર)] વિ. મુડદાને આગ મૂકનાર; અગ્નિસંસ્કાર કરનાર.

અગ્નિદાન [સં. અગ્નિ (આગ) + દાન (આપવું તે)] ન. અગ્નિમાં હવનેલી વસ્તુ નાખવું તે.

અગ્નિદાહ ૧. [સં. અગ્નિ + દાહ (બાળવાની ક્રિયા)] પું. અગ્નિમાં બાળવાનું કામ; બાળી સંસ્કાર કરવાની ક્રિયા.

૨. પું. મુડદું બાળવાની ક્રિયા; અગ્નિસંસ્કાર. આર્યોમાં અગ્નિદાહની રીત ઘણા જૂના કાળથી ચાલતી છે. ગુજરાતી અને રોમન પ્રજામાં આખા અગ્નિદાહનો રિવાજ હતો. તેઓ પ્રથમ ગામ બહાર ચોક્કસ જગામાં લાકડાની ચિતા ખડકી તે ઉપર મુડદું મેલતા અને પછી આસપાસ મૂકેલી બધાં બાંધી કુલહાર ચડાવી બાળતા.

અગ્નિદિક્ [સં. અગ્નિ + દિક્ (દિશા)] પું. અગ્નિખૂણો. જેમાં પૂર્વ અને દક્ષિણ વચ્ચેની દિશાનો દેવ અગ્નિ છે.

અગ્નિદિવ્ય જુઓ અગ્નિપરીક્ષા.

અગ્નિદીક્ષા [સં.] સ્ત્રી. અગ્નિસંસ્કાર.

સંન્યાસ પહેલાં દીધ અગ્નિદીક્ષા. સંપ્રતિકા

અગ્નિદીપક ૧. [સં. અગ્નિ (જઠરાગ્નિ) + દીપક (સતેજ કરનાર)] પું. (વૈદક) તુવેરની દાળનો પ્રકાર, જેમાં તે પાચનશક્તિ વધારનાર મનાય છે.

૨. વિ. જઠરાગ્નિ તીવ્ર કરનાર; પાચનશક્તિ વધારનારું.

ભોજનમાં મુકેલ આયુર્વેદ પ્રમાણે કબિયર, અગ્નિદીપક, મલમૂત્રશોધક, સ્વાદુ, પૌષ્ટિક, તથા રસાયન છે. પ્રસ્થાન

અગ્નિદીપન ૧. [સં. અગ્નિ + દીપન (ઉત્તેજન)] પું. જઠરાગ્નિ વધારનાર ઔષધ.

૨. ન. પાચનશક્તિમાં થતો વધારો.

૩. વિ. જઠરાગ્નિ વધારનાર; પાચનશક્તિ સતેજ કરનારું.

અગ્નિદીપ્ત ૧. [સં. અગ્નિ + દીપ્ત (બળેલું)] વિ. અગ્નિથી બળેલું.

૨. [સં. અગ્નિ + દીપ્ત (તેજસ્વી)] વિ. ઝગઝગતું; તેજસ્વી.

અગ્નિદીપ્તા [સં. અગ્નિ + દીપ્તા (તેજ કરનારી)] સ્ત્રી. જઠરાગ્નિ વધારનારી ઔષધિ.

અગ્નિદીપ્તિ [સં. અગ્નિ + દીપ્તિ (તેજ)] સ્ત્રી. સારી પાચનશક્તિ; તીવ્ર જઠરાગ્નિ.

અગ્નિદુર્ગ પું. (પુરાણ) ભૌમાસુરની પ્રાગ્જ્યોતિષ નગરીની પાસેના અનેક કિલ્લા પૈકી એ નામનો એક. શ્રીકૃષ્ણે સુદર્શન વડે તેનો નાશ કર્યો હતો.

અગ્નિદૂત ૧. [સં. અગ્નિ + દૂત (સંદેશ)] પું. દેવતાઓ દેવ.

૨. પું. બકરો.

૩. વિ. અગ્નિ જેનો સ્વીકાર કર્યો હોય તે એવું.

અગ્નિદૂષિત વિ. [સં. અગ્નિ + દૂષિત (બગાડેલું)] વિ. અગ્નિએ ખાઈને બગાડી નાખેલું; બળીને કાળું પડી ગયેલું.
૨. વિ. ક્રોધ દર્શાવેલું.

અગ્નિદેવ વિ. [સં. અગ્નિ + દેવ] પું. અગ્નિ પૂજનાર માણસ.
૨. લુપ્તો અગ્નિદેવતા વિ.

અગ્નિદેવતા વિ. [સં. અગ્નિ + દેવતા [દેવ]] પું. તેજ તત્ત્વનો દેવ.
૨. સ્ત્રી. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર. તેનો દેવ અગ્નિ છે.

અગ્નિદેવતાબટી સ્ત્રી. (વૈદક) વાનો રોગ મટાડનાર એક ઔષધ.

અગ્નિદેવા લુપ્તો અગ્નિદેવતા.

અગ્નિધમની [સં. અગ્નિ + ધમની (નાળી)] સ્ત્રી. અગ્નિને ધમવાની ભૂંગળી.

અગ્નિધાન વિ. [સં. અગ્નિ + ધાન (રેકાણ)] ન. અગ્નિ રાખવાની જગ્યા; અગ્નિશાળા.
૨. ન. અગ્નિનું સ્થાપન.
૩. [સં. અગ્નિ + ધા (રાખવું)] ન. અગ્નિહોત્રનો અગ્નિ રાખવો તે.

અગ્નિધાની લુપ્તો અગ્નિધાન.

અગ્નિધારક [સં. અગ્નિ + ધૃ (ધારણ કરવું)] વિ. અગ્નિ ક્રમવે જેવું; અગ્નિ રાખી શકે તેવું.
પ્રાણવાયુમાં અગ્નિધારક ગુણ છે અર્થાત્ અગ્નિ-ત્વાળા તે વાયુ વિનાની બીજાઓ બાબત પામે છે. ગુ. સા. પરિષદ

અગ્નિધારણ [સં. અગ્નિ + ધૃ (ધારણ કરવું)] ન. પવિત્ર દેવતા ઘરમાં રાખવાનું કર્મ.

અગ્નિધારણા વિ. સ્ત્રી. અગ્નિ હોવાની સાબિતી.
૨. [સં. અગ્નિ + ધૃ (ધારણ કરવું)] સ્ત્રી. અગ્નિ ધારણ કરવાની શક્તિ.

અગ્નિધારા [સં.] સ્ત્રી. (પુરાણ) કૈલાસ-વન પાસે થઈ વહેતી એ નામની એક નદી.

અગ્નિધારિણી વિ. [સં. અગ્નિ + ધારિણી (ધરનારી)] સ્ત્રી. અગ્નિને ધારણ કરનાર સ્ત્રી.
૨. સ્ત્રી. બરણીનું ઝાડ.
૩. સ્ત્રી. પૃથ્વી, જેમાં તેની અંદર અગ્નિ છે.
૪. સ્ત્રી. સમીવૃક્ષ.

અગ્નિધારી વિ. [સં. અગ્નિધારિન્] પું. અગ્નિ-હોત્રી.
૨. વિ. અગ્નિ રાખનાર.

અગ્નિધૃત વિ. [સં. અગ્નિ + ધૃત (ધરેલું)] વિ. અગ્નિના આધારે રહેલું.
૨. વિ. અગ્નિને ધારણ કરનાર.

અગ્નિધ્રો વિ. [સં. અગ્નિ + ધ્રુ (ધારણ કરવું)] પું. મંત્ર વડે અગ્નિનું સ્થાપન કરનાર બ્રાહ્મણ.
૨. પું. યજ્ઞ.

અગ્નિનક્ષત્ર [સં. અગ્નિ + નક્ષત્ર] ન. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર, જેનો દેવ અગ્નિ છે.

અગ્નિનયન વિ. [સં. અગ્નિ + નયન (લાવવું)] પું. સોનાર, જેમાં તેની ભીંજ આખમાંથી અગ્નિ કરે છે.
૨. ન. અગ્નિહોત્ર નામનો યજ્ઞ.
૩. [સં. અગ્નિ + નયન (જેથી કર્મ કરવું તે)] ન. વેદવિધિથી દેવતા કર્મ કરવાની ક્રિયા.
૪. વિ. અગ્નિ જેની આંખ છે એવું.
૫. વિ. આંખમાં અગ્નિ હોય એવું.

અગ્નિનિર્વાસ [સં. અગ્નિ + નિર્વાસ (ત્યાગ)] ન. અગ્નિહોત્ર નામનો યજ્ઞ, જેમાં અગ્નિ રહેવો મનાય છે.

અગ્નિનેત્ર વિ. પું. દેવતા; દેવ.
૨. [સં. અગ્નિ + નેત્ર (આંખ)] પું. સોનાર. લુપ્તો અગ્નિનયન.
૩. ન. અગ્નિરૂપ નેત્ર.

અગ્નિનોઢા વિ. સ્ત્રી. આગબોટ સાથે અથડાઈ તેનો નાશ કરનારું અને સળગી ઊઠે એવા પદાર્થથી ભરેલું હથિયાર.
૨. [સં. અગ્નિ + નૌકા (હોડી)] સ્ત્રી. વરાળના જોરે ચાલતું વહાણ; આગબોટ.
આફ્રિકાં વેપારી અને વાહનોના માટે રેલવે લાઇનમાં કોઈ કોઈ સ્થળે મોટાભોટા પણ છે. જેમાં ટ્રેવીફેલને માટે સ્વતંત્રવાહનતંત્ર, સ્ટીમરને માટે અગ્નિનૌકા કે આગબોટ વગેરે.
ગુ. સા. પ. મં. પરિષદ

અગ્નિપક્વ [સં. અગ્નિ + પક્વ (રંધેલું)] વિ. દેવતાથી રંધેલું.

અગ્નિપત્થર [સં. અગ્નિ + પ્રસ્તર (પત્થર)] પું. અંદર આગ હોય તેવો પત્થર; ચકમક.

અગ્નિપદ વિ. ન. એ નામની એક વનસ્પતિ.
૨. ન. ચૂલો.
૩. [સં. અગ્નિ + પદ (રેકાણું)] ન. દેવતા રાખવાનું રેકાણ.

અગ્નિપરિક્રિયા [સં. અગ્નિ + પરિક્રિયા (સેવા)] સ્ત્રી. અગ્નિપૂજા; હોમ વગેરે અગ્નિની સેવા.

અગ્નિપરિગ્રહ વિ. [સં. અગ્નિ + પરિગ્રહ (સ્વીકાર)] પું. અગ્નિને હંમેશાં બળતો રાખવાનું વ્રત.
૨. [સં. અગ્નિ + પરિગ્રહ (સ્વીકાર)] પું. અગ્નિનું સ્થાપન; ૧૮ સંસ્કારમાંનો એ નામનો એક સંસ્કાર.

અગ્નિપરિચ્છદ [સં. અગ્નિ + પરિચ્છદ (આચ્છાદન)] ન. ચૂલાનો સામાન.

અગ્નિપરિધાન [સં. અગ્નિ + પરિધાન (ધારણ)] ન. યજ્ઞના અગ્નિને એક બાજુના પડખા વડે ઘેરી લેવાની ક્રિયા.

અગ્નિપરીક્ષા વિ. સ્ત્રી. આકરી કસોટી.
૨. [સં. અગ્નિ + પરીક્ષા (કસોટી)] સ્ત્રી. અગ્નિમાં બળતી કોઈ ચીજમાંના દોષિત-પણા કે નિર્દોષપણાની કરવામાં આવતી કસોટી; અગ્નિશિખા. બનાવના બનતમાં ગુનેગાર નક્કી કરવા માટે તહોમતદારને બળતા અગ્નિ-માંથી પસાર કરાવવો, ઊકળતા પાણી કે તેલમાંથી તેની પાસે વીંટી કઢાવવી, તપેલેલ લોઢાનો ગોળો ઉપડાવવો, તપાવેલો સાંબેલો, સાંકળ કે રેકડા પકડાવવાં, ઉપર કહ્યાનું તેલ કે પાણી નાખવું વગેરે ક્રિયા કરવામાં આવતી. માન્યતા એવી હતી કે નિર્દોષ હોય તો તેને કઈ ઈજા થાય નહિ.
૩. સ્ત્રી. સોનું, રૂપું વગેરે ધાતુને આગમાં તપાવી થતી પારખ.

અગ્નિપર્વત [સં. અગ્નિ + પર્વત] પું. જ્વાળા-મુખી.

અગ્નિપિંડ વિ. [સં. અગ્નિ + પિંડ (ગોળો)] પું. (જ્યોતિષ) ખરતો તારો, જેમાંથી અગ્નિ જેવો પ્રકાશ નીકળે છે.
૨. પું. લાલ તપાવેલો લોઢાનો ગોળો.
૩. વિ. તેજના ઢગલાવાળું.

અગ્નિપિંડોદ્ધરા લુપ્તો અગ્નિપિંડ ૧, ૨.

અગ્નિપુચ્છ [સં. અગ્નિ + પુચ્છ (પાછલો ભાગ)] પું. અગ્નિની સ્થાપના કરી હોમ કે બ્રહ્મની પાછળનો ભાગ.

અગ્નિપુત્ર વિ. [સં. અગ્નિ + પુત્ર (દીકરો)] પું. કાર્તિક સ્વામી.
૨. પું. (જૈન) ભરતક્ષેત્રના એ નામના ત્રેવીસમા તીર્થંકર.

અગ્નિપુરઃસર [સં. અગ્નિ + પુરઃસર (આગળ ચાલનાર)] ન. જેને મોખરે અગ્નિ છે એવા સામેલા સાથે.
અગ્નિપુરઃસર બ્રહ્મ નૃપ ઉતારો.
નિરોષ્ઠ

અગ્નિપુરાણ [સં.] ન. (પુરાણ) અઢાર પુરાણમાંનું એ નામનું એક. સૌથી પહેલું અગ્નિએ વસિષ્ઠઋષિને તે સંભળાવેલું, એ ઉપરથી એનું નામ અગ્નિપુરાણ પડ્યું. એના શ્લોકની સંખ્યા કોઈ ૧૪૦૦૦, કોઈ ૧૫૦૦૦ અને કોઈ ૧૬૦૦૦ માને છે. તેમાં શિવ-માહાત્મ્ય ઉપરાંત કર્મકાંડ, રાજનીતિ, ધર્મ-શાસ્ત્ર, આયુર્વેદ, અલંકાર, છંદઃશાસ્ત્ર, વ્યાકરણ વગેરે જુદાજુદા વિષયની ચર્ચા છે.

અગ્નિપૂજક વિ. [સં. અગ્નિ + પૂજક (પૂજવાવાળું)] પું. પારસી, જેઓ તે અગ્નિને પૂજે છે.

૨. વિ. અગ્નિની પૂજા કરનાર.

અગ્નિપૂજા [સં. અગ્નિ + પૂજા] સ્ત્રી. અગ્નિની પૂજા.

> દેવસ્થાનમાં પ્રાચીનમાં પ્રાચીન અગ્નિપૂજા અને સર્વપૂજ્ય છે. આનંદશંકર ધ્રુવ

અગ્નિપ્રણયન [સં. અગ્નિ + પ્રણયન (ઉત્તમ સંસ્કાર)] ન. વેદવિધિ પ્રમાણ અગ્નિનો સંસ્કાર; અગ્નિનયન.

અગ્નિપ્રતિકાર જુઓ અગ્નિપ્રતીકાર.

અગ્નિપ્રતિષ્ઠા [સં. અગ્નિ + પ્રતિષ્ઠા (સ્થાપના)] સ્ત્રી. અગ્નિની સ્થાપના.

અગ્નિપ્રતીકાર [સં. અગ્નિ + પ્રતીકાર (ઉપાય)] પું. આગ સામેનો ઉપાય.

અગ્નિપ્રદ વિ. [સં. અગ્નિ + પ્રદ (આપનાર)] વિ. આગ લગાડનાર; દેવતા પૂજનાર.

૨. વિ. ગરમી ઉત્પન્ન કરતું.

૩. વિ. પાચનશક્તિ વધારનારું.

૪. વિ. પૌષ્ટિક.

અગ્નિપ્રદેશ વિ. [સં. અગ્નિ + પ્રદેશ (ભૂમિ)] પું. આગ લાગી હોય તેટલો ભાગ.

૨. પું. જ્વાળામુખીનો વિસ્તાર.

અગ્નિપ્રભ [સં. અગ્નિ + પ્રભા (તેજ)] વિ. અગ્નિની પેઠે ઝળકતું; અગ્નિના જેવા તેજવાળું.

અગ્નિપ્રભા [સં. અગ્નિ + પ્રભા (તેજ)] સ્ત્રી. અગ્નિનું તેજ.

અગ્નિપ્રયોગ [સં. અગ્નિ + પ્રયોગ (ક્રિયા)] પું. હોમ કરવા પ્રગટાવવાની ક્રિયા.

અગ્નિપ્રવેશ વિ. [સં. અગ્નિ + પ્રવેશ (અંદર જવું તે)] પું. આગમાં પેસવાની ક્રિયા.

> ત્રિભાષાકિવાળાઓનું અગ્નિપ્રવેશ, અનશન, અનુગમન, અનશન વગેરે તપ તે બાલતપ.
> તત્ત્વાર્થસૂત્ર

૨. પું. સતી થવાની ક્રિયા; પતિના મરણ પછી બીજે તેની સાથે જ કે જ ચિતામાં બળી મરવું તે.

અગ્નિપ્રસ્કંદન [સં. અગ્નિ + પ્રસ્કંદન (ઉલ્લંઘન)] ન. વિધિ પ્રમાણે નહિ કરવામાં આવેલું અગ્નિહોત્ર વગેરે અગ્નિકાર્ય.

અગ્નિપ્રસ્તર [સં. અગ્નિ + પ્રસ્તર (પત્થર)] પું. અગ્નિ ઉત્પન્ન કરનારો પત્થર; ચકમક.

અગ્નિપ્રકુરકરાજ્ય પું. (રસાયણ) હીરાકસના તેજાબને ગરમી આપી બનાવેલો એ નામનો તેજાબ.

અગ્નિપ્રકુરરહિત પું. (રસાયણ) હીરાકસના તેજાબને ગરમી આપી બનાવેલા તેજાબનો ક્ષાર.

અગ્નિબધ [સં. અગ્નિ + બધ (ઉત્પન્ન કરવું)] ન. અરણીનું કાષ્ઠ, જેને ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે.

અગ્નિબલ વિ. [સં. અગ્નિ + બલ (શક્તિ)] ન. અગ્નિની શક્તિ.

૨. ન. પાચનશક્તિ.

> આનાથી અગ્નિબલ વિચારી આહારની યોજના કરવી. ચરકસિદ્ધાંતમણિ

અગ્નિબંધ [સં. અગ્નિ + બંધ (બાંધવું)] પું. (વૈદક) ઘરો બાંધવાની ક્રિયા.

અગ્નિબંધન [સં. અગ્નિ + બંધન (રોકવું તે)] ન. અગ્નિની બાળવાની શક્તિ મંત્રથી બંધ કરવી તે.

અગ્નિબાણ વિ. [સં. અગ્નિ + બાણ (તીર)] ન. આગની જ્વાળા પ્રગટ થાય તેવું તીર.

૨. ન. આતશબાજીની એ નામની એક બનાવટ; હવાઈ.

૩. ન. (જ્યોતિષ) એ નામનું એક અતનું દુષ્ટસંજ્ઞક. સંક્રાંતિના અંતને ૧૨થી ગુણી ૯ વડે ભાગતાં ૫ શેષ રહે ત્યારે આ પ્રકાર થયું કહેવાય છે

૪. ન. એ નામનો એક અતનો રોગ.

અગ્નિબાધા વિ. [સં. અગ્નિ + બાધા (ઉપદ્રવ)] સ્ત્રી. આગથી નડતર.

૨. સ્ત્રી. (વૈદક) પેશાબને અટકે એ નામનો એક રોગ. તે મટાડવા તેજાનો ખૂબો પેશ કોડી તેના કટકા કરી તેનું ચટાણવંત વડે તેલ કાઢી ચોપડાય છે.

અગ્નિભાવ વિ. [સં. અગ્નિ + હિં. ભાવ (ભાવ)] પું. (હિંદી) ચોખાં અને બીજાં પશુને થતો એ નામનો એક રોગ. તેમાં શરીરે નાની ફોલ્લી નીકળી, ફૂટી, બધે ફેલાય છે.

૨. પું. માણસને થતો ચામડીનો એક રોગ, જેમાં લાલ ચકતાં નીકળે છે અને સાથે ભારે વાર તાવ પણ આવે છે.

અગ્નિભાહુ વિ. [સં. અગ્નિ + બાહુ (ભુજા)] પું. પુરુરવા.

૨. પું. (પુરાણ) પહેલા મનુનો એ નામનો દીકરો. તેણે છત્રનપર્વત ઘણાવર્ષ પાળ્યું હતું.

૩. પું. (પુરાણ) પ્રિયવ્રત અને બ્રહ્માનો એ નામનો દીકરો.

અગ્નિભિંદુ [સં. અગ્નિ + બિંદુ (ચોથો અંશ)] પું. દેવતાનો તણખો.

અગ્નિબીજ વિ. ન. 'ર' અક્ષર.

૨. [સં. અગ્નિ + બીજ] ન. સોનું, કારણ કે જૂના સમયમાં તેની ઉત્પત્તિ અગ્નિના સંબંધથી જણાતી છે.

અગ્નિબ્રાહ્મણ [સં. અગ્નિ + બ્રાહ્મણ] પું. મુડદાને અગ્નિસંસ્કાર કરાવનાર બ્રાહ્મણ.

અગ્નિભય વિ. ન. (અજોગ) કૃત્તિકા નક્ષત્ર.

૨. [સં. અગ્નિ + ભા (પ્રકાશવું)] ન. સોનું.

૩. વિ. આગની માફક પ્રકાશનાર.

અગ્નિભવ વિ. [સં અગ્નિ + ભવ (જન્મ)] પું. કાર્તિકેય સ્વામી.

૨. વિ અગ્નિથી ઉત્પન્ન થનાર.

અગ્નિભાલેખન [સં. અગ્નિ + ભા (તેજ) + આલેખન (ચિત્ર)] ન. નિબામાં માટીનાં ઢાંકણ પકવવામાં આવે છે તેની રીતે અગ્નિ વડે તસવીર ઉતારવાની ક્રિયા.

અગ્નિભૂ વિ. [સં. અગ્નિ + ભૂ (ઉત્પન્ન થવું)] ન. પારસી, જેમણે જગતત્વની ઉત્પત્તિ અગ્નિથી મનાયેલી છે.

૨. ન. સોનું.

અગ્નિભૂક વિ. ન. ગળોરવણી.

૨. [સં. અગ્નિ + ભૂજ્ (ખાવું)] વિ અગ્નિ ભક્ષણ કરનાર.

અગ્નિભૂ વિ. [સં. અગ્નિ + ભૂ (ઉત્પન્ન થવું)] પું. (પુરાણ) કાર્તિકેય સ્વામી, જે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલ મનાય છે.

૨. પું. (સંજ્ઞા) ૭૭ સંખ્યા સાંકેતિક શબ્દ. કાર્તિકેય સ્વામીને ૬ મોઢાં હોવાથી તેનું નામ ૬ ની સંખ્યાનું સૂચક છે.

૩. વિ. અગ્નિથી ઉત્પન્ન થનાર.

અગ્નિભૂત વિ. [સં. અગ્નિ + ભૂત (ઉત્પન્ન થયેલું)] પું. કાર્તિકેય સ્વામી.

૨. ન સોનું.

૩. જે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલું.

અગ્નિભૂતિ ૧. પું. (જૈન) મહાવીર સ્વામીના ત્રણ નામના બીજા ગણધર.

૨. [સં. અગ્નિ + ભૂતિ (તેજ)] સ્ત્રી. અગ્નિનું તેજ.

૩. [સં. અગ્નિ + ભૂતિ (રાખ)] સ્ત્રી. રાખ.

૪. [સં. અગ્નિ + ભૂતિ (ઉત્પત્તિ)] સ્ત્રી. સોનું, કેમકે તેની ઉત્પત્તિ અગ્નિના સંબંધથી કહેવાય છે.

૫. જિ. અગ્નિથી ઉત્પન્ન થયેલું.

અગ્નિભાજ [સં. અગ્નિ + ભાજ્ (પ્રાપ્તવું)] જિ. અગ્નિ જેવા તેજવાળું.

અગ્નિમણ્ડિ ૧. [સં. અગ્નિ + મણ્ડિ] પું. ગરમ.

૨. પું. સર્વાંત; આગિયો કીડો, કારણકે સર્વનાં ઉદરમાં પડતાં તે ભોજન થઈ અગ્નિ ઉત્પન્ન કરે છે.

અગ્નિમતિ [સં. અગ્નિ + મતિ (બુદ્ધિ)] પું. ત્રણ નામનો એક પંથ. તે પંથના જૈન હીરા અને માણેક અગ્નિના અંશ છે એવું કહી તેની પૂજા કરતા.

અગ્નિમય [સં. અગ્નિ + મય (બરેલું)] જિ. અગ્નિથી ભરપૂર.

અગ્નિમંથ ૧. [સં. અગ્નિ + મંથ્ (વલોવું)] પું. અરણીનું કાઠ, કેમકે તેનાં કાકડાને ઘસીને બીજા સાથે વલોવાથી અગ્નિ પેદા થાય છે.

૨. પું. જે વસ્તુ ઘસી અગ્નિ પ્રગટાવવો તે.

૩. પું. જે વસ્તુ ઘસી યજ્ઞ માટે અગ્નિ પ્રગટાવતી વખતે બોલાતો મંત્ર.

અગ્નિમંથન જુઓ અગ્નિમંથ.

અગ્નિમાકર [સં.] પું. ઝાડને કીડા થવનાર એ નામનો એક ઋષિ. તે વાલ્મીકિનો શિષ્ય હતો.

અગ્નિમાણવ પું. (જૈન) અગ્નિકુમાર દેવના બે ઉપ ભાંહેનો એ નામનો એક.

અગ્નિમાન [સં.] પું. (પુરાણ) એ નામનો એક પ્રાચીનતાગ્નિ.

અગ્નિમાપકયંત્ર [સં. અગ્નિ + માપક (માપનાર) + યંત્ર] ન. ગરમી માપવાનું યંત્ર.

અગ્નિમારુતિ [સં. અગ્નિ + મારુત (વાયુ)] પું. (પુરાણ) અંગિરસ મુનિ, કેમકે તે અગ્નિ અને વાયુના દીકરા હતા.

અગ્નિમાંદ્ય ૧. [સં. અગ્નિ + માંદ્ય (મંદતા)] ન. પેટાનિ ચલો એ નામનો એક રોગ. આ રોગમાં પેટનું દાઝે અને ખરસ ખાવું ન ગમે એ રિંગણીનાં મૂળ, ઊભી ગોરિંગણીનાં મૂળ, બીયાનાં પંદડાં, હરડે, સૂંઠ, કરિયાતું, વાવડિંગ, અજમોદ, નગોડ, અરણીનાં પંદડાં એ દરેક ઔષધ માસો અને અજમો પોણો માસો લઈ એ સર્વ ઔષધિનું ચૂર્ણ કરી ખૂના ગોળમાં સાત દિવસ ખવરાવવામાં આવે છે.

૨. [સં. અગ્નિ + માંદ્ય (મંદતા)] ક. (વૈદક) પાચનશક્તિની નબળાઈ.

> આ ગોરનારને આવતા અન્નમાં અગ્નિમાંદ્યનો રોગ થાય છે. લિપુરસંભવ દેવ।

અગ્નિમિતિ [સં. અગ્નિ + મા (માપવું)] સ્ત્રી. ગરમી માપવાની ક્રિયા.

અગ્નિમિત્ર ૧. [સં.] પું. પુષ્પમિત્ર રાજાનો દીકરો અને માલવિકાગ્નિમિત્ર નાટકનો મુખ્ય નાયક.

૨. પું. વાયુ, કેમકે તે અગ્નિને ઉત્તેજિત કરે છે.

૩. પું. (પુરાણ) ઐલવંશ ચૌદ રાજા પૃથ્વીમાંની પછી ગાદીએ આવેલ શૂર રાજાઓમાં એ નામનો પ્રથમ રાજા.

અગ્નિમુખ ૧. [સં. અગ્નિ + મુખ (પ્રધાન)] પું. અગ્નિહોત્રી; મંત્રપૂર્વક અગ્નિનું સ્થાપન કરી હોમ કરનાર બ્રાહ્મણ.

૨. [સં. અગ્નિ + મુખ (મોઢું)] પું. દેવ, કેમકે અગ્નિમાં હોમેલું દેવને પહોંચે એમ કહેવાય છે.

૩. [સં. અગ્નિ + મુખ (મોઢું)] પું. બ્રાહ્મણ, કારણકે તેના મુખમાં સાક્ષાત્ અગ્નિ રહેલો મનાય છે અને તેથી જ તે વાસ્તવ કહેવાય છે.

૪. પું. બાણ, કેમકે તેને અગ્નિ અગ્નિની માફક વેદના કરે છે.

૫. ન. અગ્નિદેવતાનું મોઢું.

૬. ન. (વૈદક) આઠમું મકાનાઈ અને અજરામિ જોર કરનારું ચૂર્ણ. જુઓ અગ્નિમુખચૂર્ણ.

૭. ન. એક રસઔષધિ, જેનાથી વાતરક્ત મટે એમ મનાય છે.

૮. ન. એ નામનું એક પ્રેત. તેના મોઢામાંથી અગ્નિ ઝરતી હોવાનું કહેવાય છે.

૯. ન. ત્રિફળા નામનું ઝાડ.

૧૦. ન. સિલારસનું ઝાડ.

૧૧. [સં. અગ્નિ + મુખ (આકાર)] જિ. અગ્નિ જેનો આકાર હોય એવું.

અગ્નિમુખચક્ર સ્ત્રી. (વૈદક) અગ્નિપ્રદીપ્ત કરવાને ચિત્રવિચિત્ર માટે એ નામની એક દવા. તે બનાવવા માટે ૧ તોલા પારા સાથે ૧ તોલા ગંધકને એકઠી ૨ તોલા તાંબાના પતરા ઉપર અર્જુનવૃક્ષ જેટલે સાદા નામના ઝાડની છાલના ઊકાળા સાથે તે ચોપડવું. ઉપર પાકું ઊનરાનાં પાન તથા સંજળ દાંડો સંપુટમાં મૂકવું. પાકા પછી ઠંડુ થયે ગાઢો લઈ તેનું ચૂર્ણ કરવું. તેની માત્રા ૧ રતીથી વધતાં એક માસમાં ૭ તોલા સુધી છે.

અગ્નિમુખચૂર્ણ [સં.] ન. (વૈદક) પાચનશક્તિ વધારનારી એ નામનું એક ચૂર્ણ. ત્રિફળ તોલો ૧, ચિત્રકમૂળ તોલા ૨, પીપર તોલા ૩, સૂંઠ તોલા ૪, અજમો તોલા ૫ હરડે તોલા ૬, ચિત્રક તોલા ૭ ને ઊપલેટ તોલા ૮ લઈ બધી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. જોટલે જે જીણા કપડામાંથી ચાળી શકાય એવું બારીક બાંધવું. તેની માત્રા વાલ ૨ થી ૪ સુધી છે.

અગ્નિમુખભૃંગરાજ [સં.] પું. (વૈદક) સોજા માટે એ નામની એક દવા. ભાંગરાનરસ ૧૨ પળ, ગોમૂત્ર ૧૨ શરાવ, અને સૂઠ, મરી, પીપર, ચવક અને ચિત્રક એ પાંચ બીજ સરખે ભાગે મળી ૧ પળ, તથા દેવદાર, મોથ, ત્રિફળ ત્રિફળા અને વાવડિંગ એ દરેક ૧ પળ પૂરી પછી ગોળી કરવામાં આવે છે. તેની માત્રા વાલ ૪ થી ૮ સુધી અને અનુપાન તરીકે ગરમ પાણી સાથે આપવું છે.

અગ્નિમુખરસ [સં.] પું. (વૈદક) જઠરાગ્નિ મંદકારી એ નામની એક દવા. પારો તોલો ૧, ગંધક તોલો ૧, તામ્રભસ્મ તોલો ૩, એકે બીજા સાતના પાનના રસમાં તથા થીજવૃક્ષના રસમાં ઘૂંટવાથી તે બને છે. તેના અનુપાન તરીકે ચવક-ચાવિજ્યૂર્ણ ગરમ પાણી સાથે આપવા છે.

અગ્નિમુખલવણ [સં.] ન. (વૈદક) પાચનશક્તિ વધારનારી એ નામની એક દવા. તે બનાવવા ચિત્રક, ત્રિફળા, કંટીપ્રણ, નસોતર, ઊપલેટ, દરેક સરખે ભાગે તથા બધાની બરોબર સિંધાલૂણ લેવું. તે બધું સાથે એળની ઘોરના દૂધના પુટ આપવો. પછી ઘોર પાસે ખાડો કરી તેમાં તે ભરવું અને કપડાં તથા માટી વડે હવા ન પેસી શકે એવી રીતે ડાટો મારવો. આ પ્રમાણે કરી સહેજ અગ્નિમાં પકવવાથી દવા તૈયાર થાય છે. તેની માત્રા વાલ ૧ સુધી છે.

અગ્નિમુખલોહ [સં.] ન. (વૈદક) દરસ માટે વપરાતી એ નામની એક દવા. તે બનાવવા માટે નસોતર, ચિત્રક, નગોડ, ચોર, લોંબજીરાની દરેક ૮ પળ લઈ ૧ કોળુ પાણીમાં ગોળો બબર રહે ત્યાં સુધી તેને ઉકાળવાં. પછી તેમાં બી ૨૪ પળ અને

હોડાની લંબાઈ ૧૨ ફૂટ નાખી તે પ્રમાણે. બાકીનું માપ એટલે તેમાં વાવડિયું ૩ ફૂટ, ત્રિકોણ ૫ ફૂટ, ત્રિકટુ ૧ ફૂટ, ત્રિસાગ્નિત ૧ ફૂટ, મધ ૨૪ ફૂટ અને સાકર ૨૪ ફૂટ મેળવવાં.

અગ્નિમુખી ૧. [સં. અગ્નિ + મુખી (પોતાવાળું)] પું. ગાયત્રીમંત્ર.

કવિ પણ બ્રહ્મની અંદર ગાયત્રીનો અર્થ કરવો નહિ કારણકે ગાયત્રી અગ્નિમુખી કહેવાય છે.
સ્વામી વિવેકાનંદ

૨. સ્ત્રી. દુષ્ટિને વળગાડ.

૩. સ્ત્રી. ત્રિફળાનું ઝાડ.

૪. સ્ત્રી. રસોળું.

૫. વિ. ગોદામમાંથી અગ્નિ નીકળતો હોય એવું.

અગ્નિમૂઢ [સં. અગ્નિ + મૂઢ (મોહાયેલ)] વિ. અગ્નિની ગરમીથી બેભાન બનેલું.

અગ્નિમૂર્તિ ૧. [સં. અગ્નિ + મૂર્તિ (સ્વરૂપ)] પું. અગ્નિ જેવો દેખાવ; કોપી દશા.

૨. વિ. અગ્નિ જેવા દેખાવવાળું; ગુસ્સાવાળું.

અગ્નિમૂલક [સં. અગ્નિ + મૂલ (કિનારા)] વિ. બહુ જોખમ; બહુ ભયકારી.

અગ્નિમેખ [સં. અગ્નિ + મેખ (બાવળું)] પું. તાર વચ્ચે દેખાતાં ઝાંખરાવાળાં વાદળાં જેવાં ધાબાં; ' નેબ્યુલા '.

અગ્નિમેખ ઉપરથી દેખાતું જે તે તે અગ્નિપ્રદીપ વાયુના કિરણ વરાળના સ્વભાવાનુસાર છે. આને આપણે અગ્નિમિશ્ર અથવા તેજોમેઘ કહીશું.
જ્યોતિર્વિલાસ

અગ્નિમેહ [સં. અગ્નિ + મેહ (મૂત્રરોગ)] પું. અગ્નિ જેવી બળતરા ઉત્પન્ન કરનાર એ નામનો એક મૂત્રરોગ.

અગ્નિયંત્ર ૧. [સં. અગ્નિ + યંત્ર (સંચો)] ન. અગ્નિના બળથી ચલાવી શકાય તેવું યંત્ર.

રસાયન માટેના યંત્રોમાં ત્રણ જોઈ છે, જેમ જ જળયંત્રના ત્રણ જોઈ છે, તથા અગ્નિયંત્રના ૭ જોઈ છે.
રાજવલ્લભ

૨. ન. બંદૂક; તોપ.

અગ્નિયાન [સં. અગ્નિ + યાન (વાહન)] ન. વરાળના જોરથી ચાલતું વાહન; એન્જિન, સ્ટીમબોટ વગેરે.

અગ્નિયાનશાસ્ત્ર [સં. અગ્નિ + યાન + શાસ્ત્ર] ન. અગ્નિયાન સંબંધી શાસ્ત્ર.

અગ્નિયાનશાસ્ત્રી [સં. અગ્નિયાન + શાસ્ત્રિન્] પું. અગ્નિયાનશાસ્ત્રમાં કુશળ પુરુષ.

અગ્નિયુગ [સં. અગ્નિ + યુગ (પાંચ વર્ષનો સમય)] પું. (જ્યોતિષ) પાંચ પાંચ વર્ષના ૧૨ યુગ મળીને જે નામનો જોડ. તેનાં સિત્તેરાયુ, સવત્સર, પરિવત્સર, ઇદ્વત્સર અને વત્સર એ ૫ વર્ષ છે.

અગ્નિરક્ષક ૧. વિ. અગ્નિની સંભાળ રાખનાર; ઘરમાં અગ્નિને નિરંતર બળતો રાખનાર.

૨. [સં. અગ્નિ + રક્ષક (બચાવનાર)] વિ. આગમાંથી બચાવનાર.

અગ્નિરક્ષણ ૧. ન. અગ્નિની સંભાળ.

૨. ન. અગ્નિનું રક્ષાબંધન.

૩. ન. અગ્નિમાં હોમ કરવાની ક્રિયા.

૪. [સં. અગ્નિ + રક્ષણ] ન. દેવતાની રક્ષા કરનારો મંત્ર.

૫. ન. હોમ માટે અગ્નિને અખંડ બળતો રાખવો તે.

અગ્નિરક્ષિત [સં. અગ્નિ + રક્ષિત (બચાવેલું)] વિ. અગ્નિને અખંડ બળતો રાખનાર.

અગ્નિરજ ૧. [સં. અગ્નિ + રજસ્ (તેજ)] પું. ઉદ્યોગ નામનો કીડો. તે દેવતા જેવો લાલ રંગ છે.

૨. [સં. અગ્નિ + રજસ્ (વીર્ય)] ન. અગ્નિનું વીર્ય.

૩. ન. સોનું. જેની ઉત્પત્તિ અગ્નિના સંયોગથી માનેલી છે.

અગ્નિરથ [સં. અગ્નિ + રથ] પું. આગગાડી; રેલગાડી.

અહીં અમારે બેસવાનો અગ્નિરથ તૈયાર હતો.
રમણભાઈ

અગ્નિરથવિશ્રામ જુઓ અગ્નિરથાલય.

અગ્નિરથવિશ્રામસ્થાન જુઓ અગ્નિરથાલય.

અગ્નિરથસ્થાન જુઓ અગ્નિરથાલય.

અગ્નિરથસ્થાનાધિકારી [સં. અગ્નિરથ (આગગાડી) + સ્થાન (જગ્યા) + અધિકારિન્ (અમલદાર)] પું. આગગાડીના મથકનો અમલદાર.

અગ્નિરથાલય [સં. અગ્નિરથ (આગગાડી) + આલય (ઠેકાણું)] ન. આગગાડી ઊભી રહેવાનું મથક; સ્ટેશન.

અહંબ્રહ્મમાંના પુરુષપુરી સાંદરેક અગ્નિરથાલય મૂલ્યવત્રિક આપો એમ કહેનાર પાત્રની. સંસ્કૃત નહિ અનુસાર પારસી દિગ્વિ માસ્તરે જેવી ખબર લીધી તેવી કોઈએ હોય.
ક. ના. પરીખ

અગ્નિરસ [સં. અગ્નિ + રસ (પારો)] પું. (વૈદ્ય) ક્ષયરોગની એ નામની જોડ દવા. તે બનાવવા લીંબુની અંદર તોલો ૧, ધુતૂરાના રસમાં તોલા ૨, પારો તોલા ૩, ગંધક તોલા ૬ લઈ બનાવે જોખરસના ઉકાળાની ૭ ભાવના આપવી. પિત્તનું મૂલ તથા બીજોરાંના રસના અનુપાન સાથે રોગ ઉપરોગ કરવો. તેની માત્રા રતી ૧ સુધી છે. રસબ્રહ્મસિંદૂરને ત્રિકટુ, ત્રિફળા, ત્રિફલા, ત્રિકટુ અને ત્રિજાતના ઉકાળાનો જુદો જુદો પુટ આપવાથી પણ આ દવા બને છે. તેની માત્રા વાલ ૪ થી ૮ સુધી છે અને અનુપાન તરીકે મધ લેવું. જુઓ રસબ્રહ્મસિંદૂર.

અગ્નિરાશિ ૧. [સં. અગ્નિ + રાશિ (સમૂહ)] પું. ચિતા.

૨. [સં. અગ્નિ + રાશિ (નામનો મૂળપ્રદેશ)] સ્ત્રી. (ભૂગોળ) મેષ, સિંહ અને ધન રાશિમાંની દરેક.

અગ્નિરૂપ ૧. [સં. અગ્નિ + રૂપ (આકાર)] ન. અગ્નિનું સ્વરૂપ.

૨. વિ. અગ્નિ જેવા સ્વરૂપવાળું.

અગ્નિરેચક [સં.] પું. શરીરમાં રહેલ પિત્તધાતુ.

અગ્નિરેત ૧. [સં. અગ્નિ + રેતસ્ (વીર્ય)] ન. અગ્નિ જેવાતું વીર્ય.

૨. ન. સોનું. જેની ઉત્પત્તિ અગ્નિના સંયોગથી માનેલી છે.

અગ્નિરોહિણી ૧. [સં. અગ્નિ + રોહિણી (ઉગવો)] સ્ત્રી. ભાંગલાઈ.

૨. સ્ત્રી. બરડાની ચાંડ.

૩. સ્ત્રી. શરીર પર ફોલ્લા પડી બળતરા ઉત્પન્ન કરનાર એ નામનો એક રોગ.

અગ્નિલિંગ ૧. [સં. અગ્નિ + લિંગ (ચિહ્ન)] સ્ત્રી. અગ્નિની જ્વાળાનાં રંગ જે દિશા ઉપરથી શુભાશુભ ફળ જાણવાની વિદ્યા.

૨. [સં. અગ્નિ + લિંગ (મૂર્તિ)] ન. રક્તિમવું અનેલું અગ્નિરેખનું પીળા રંગનું ચિહ્ન

રક્તાભિ લિંગો ત્રણ પ્રકારનાં છે: (૧) શ્વાસ, (૨) ગંધ, અને (૩) અગ્નિ. શ્વાસલિંગ સફેદ, ગંધલિંગ લાલ અને અગ્નિલિંગ પીળું હોય છે. બધેમાં બળતરાની જ્વાળા રહેતી હોય છે.
સંતરંજિતા

અગ્નિલોક [સં. અગ્નિ + લોક (દુનિયા)] પું. (પુરાણ) મેરુ પર્વતના શિખર નીચે આવેલ અગ્નિદેવની દુનિયા. પુરાણમાં તે લોક અંતરિક્ષમાં હોવાનું અને મહીભાગવતમાં તેને ઇંદ્રપુરીની દક્ષિણે આવેલ હોવાનું બતાવેલ છે.

અગ્નિલોહ ન. (વૈદ્ય) ક્ષયરોગની એ નામની જોડ દવા. તે બનાવવા નવસાદર, ત્રિફળા, નવસેર, પીપર અને લોખંડભસ્મની દરેક ૮ પળ લઈ ૧ કોષ્ઠ બરણીમાં ઊભરો મોસિ લાગ રહે

એટલે ગાળી લેવું. તેમાં ૪ પળ વાવડિંગ, ૪ તોલા સૂંઠ, ૩ તોલા મરી, ૩ તોલા પીપર, ૧ પળ ત્રિફળા, ૧ પળ ચિત્રકમૂલ અને ક્ષારજ કરેલી જવખાર ૧૨ પળ નાખી પકવવું. તે ઘાડું થાય એટલે ઉતારી લઈ ઠંડું પાડવું પછી તેમાં ઘી, સાકર અને મધ એ દરેક ૨૪ પળ નાખી અવલેહ જેવું બનાવવું.

અગ્નિવચન [સં. અગ્નિ + વચન (રેચ)] ન. કોઠો વચન.

> આરપળી વેરિ ઉપર ઉપા થઈને એ અનાથપુણ વીરે આ પ્રમાણે અગ્નિવચન ઉચ્ચાર્યાં.
> ઉદાલિનો મુક્તિયજ્ઞ

અગ્નિવત ૧. [સં. અગ્નિ + વત્ (વાળું)] વિ. દેવતાવાળું.

૨. [સં. અગ્નિ + વત્ (બાહક)] વિ. બાળી નાખે એવું, અગ્નિના જેવું.

અગ્નિવધૂ [સં. અગ્નિ + વધૂ (સ્ત્રી)] સ્ત્રી. અગ્નિની સ્ત્રી. દક્ષની દીકરી સ્વાહા અગ્નિની સ્ત્રી હતી.

અગ્નિવર્ચ ૧. [સં. અગ્નિ + વર્ચસ (તેજ)] ન. આગનું તેજ.

૧. વિ. દેવતા જેવા તેજવાળું.

અગ્નિવર્ણ ૧. [સં. અગ્નિ + વર્ણ (રંગ)] પું. આગ જેવા રંગવાળો ઘોડો.

૨. પું. આગનો રંગ.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી ક્ષત્રવૃદ્ધકુળના કુશાગ્રિરાજાના દીકરા સુદર્શનનો દીકરો; રામચંદ્ર પછીનો અયોધ્યાનો સત્તરમો રાજા.

૪. ન. ગોસિયા, અષ્ટશિલ અને અમેરિકાના ગરમ પ્રદેશમાં રહેનારું પાંચ ફૂટ લંબાઈનું એ નામનું એક જળચર પ્રાણી.

૫. વિ. દેવતા જેવા રંગવાળું.

અગ્નિવર્ણી [સં. અગ્નિ + વર્ણી (રંગવાળી)] સ્ત્રી. જવા ઘાટ, જેમાં તે આગ જેવા રંગનો દેખાય છે.

અગ્નિવર્ણી જુઓ અગ્નિવર્ણ ૫.

અગ્નિવર્દ્ધક જુઓ અગ્નિવર્ધક.

અગ્નિવર્ધક ૧. [સં. અગ્નિ + વર્ધક (વધારનાર)] પું વાયુ, કારણો તે અગ્નિને વધારે છે

૨. વિ. આગ વધારનાર.

૩. વિ. જઠરાગ્નિ તીવ્ર કરનાર.

અગ્નિવર્ધિની [સં. અગ્નિ + વર્ધિની (વધારનારી)] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અજમો. તે ખાવાથી પાચનશક્તિ વધે એમ મનાય છે.

અગ્નિવલ્લિકા ૧. [સં. અગ્નિ + વલ્લ્ય (ક્રિયા)] પું. રાજા, જેમાંથી તે સહેલાઈથી સળગી ઊઠે છે.

૨. ન. સાબુનું ગાડું.

૩. વિ. અગ્નિને લગતું.

અગ્નિવંશ [સં. અગ્નિ + વંશ] પું. એ નામનો એક રાજવંશ. જુઓ અગ્નિકુળ.

> પરમાર વંશનો પ્રાચીન પૌરાણિક સૂર્યવંશ અને ચંદ્રવંશમાં સમાવેશ ન હોવાથી અગ્નિવંશ તરીકે ઓળખાય છે. કુમારપાળનાં તીર્થસ્થાનો

અગ્નિવાહ ૧. પું. અગ્નિનું વાહન ઘોડો.

૨. [સં. અગ્નિ + વહ્ (લઈ જવું)] પું. પુરોહિત.

૩. વિ. અગ્નિ લઈ જનાર.

અગ્નિવાહન ૧. [સં. અગ્નિ + વાહન (લઈ જનાર)] પું. ઘોડો, કારણ કે અગ્નિનું વાહન મનાય છે.

૨. [સં. અગ્નિ (આગ) + વાહન (આગળ આવે વપરાતું સાધન)] ન. આગબોટ.

અગ્નિવિકાર ૧. [સં. અગ્નિ + વિકાર (ફેરફાર)] પું. (વિજ્ઞાન) અગ્નિને લીધે પદાર્થમાં થતો ફેરફાર.

૨. [સં. અગ્નિ + વિકાર (અપચો)] પું. જઠરાગ્નિનો અપચો.

અગ્નિવિક્ષ ૧. પું. અગ્નિહોત્રી બ્રાહ્મણ.

૨. [સં. અગ્નિ + વિદ્ (જાણવું)] વિ. અગ્નિની પૂજા સંબંધી સારી જાણનાર.

અગ્નિવિદ્યા ૧. [સં. અગ્નિ + વિદ્યા] સ્ત્રી. અગ્નિએ સમજાવેલી વિદ્યા. ઉપનિષદમાં અગ્નિએ ઉપકોસલને બ્રહ્મવિદ્યાની અંશભૂત આ વિદ્યાનો ઉપદેશ કર્યો છે.

૨. સ્ત્રી. અગ્નિહોત્ર; સવાર સાંજ મંત્ર વડે અગ્નિની કરાતી પૂજા.

૩. સ્ત્રી. (વિજ્ઞાન) અગ્નિ સંબંધી શાસ્ત્ર; ઉષ્ણતાશાસ્ત્ર.

અગ્નિવિમોચન [સં. અગ્નિ + વિમોચન (મુક્તિ)] ન. મરેલા અગ્નિ ઠારવાની ક્રિયા.

અગ્નિવિષ્ણુરૂપ પું. (જ્યોતિષ) અવાજથી વીંટળાયેલ અને સંખ્યામાં ૧૨૦ મનાતા કેતુ તારાનો એ નામનો એક પ્રકાર.

અગ્નિવિસર્પ [સં. અગ્નિ + વિસર્પ (ચલન)] પું. ખસ જેવો પીડા કરનારો એ નામનો એક રોગ. તેને અગ્નિએ રોગ પણ કહે છે.

અગ્નિવિહારસ્થ જુઓ અગ્નિવિહાર.

અગ્નિવિહાર ૧. [સં. અગ્નિ + વિહાર (ક્રિયા)] પું. અગ્નિની રમત.

૨. પું. અગ્નિમાં હોમ કરવો તે.

૩. [સં. અગ્નિ + વિહાર (લઈ જવું તે)] પું. અગ્નીધ્ર પાસેથી સદોમંડપમાં એટલે સભામંડપમાં યજ્ઞનો અગ્નિ લઈ જવાની ક્રિયા.

૪. પું. આતશબાજી.

અગ્નિવીજ જુઓ અગ્નિબીજ.

અગ્નિવીર્ય ૧. [સં. અગ્નિ + વીર્ય (બળ)] ન. અગ્નિનું બળ.

૨. [સં. અગ્નિ + વીર્ય (બીજ)] ન. સોનું.

અગ્નિવૃદ્ધિ [સં. અગ્નિ + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. પાચનશક્તિમાં વધારો.

અગ્નિવૃષ્ટિ [સં. અગ્નિ + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. અગ્નિનો વરસાદ.

અગ્નિવેત્તા [સં. અગ્નિ + વેત્તૃ (જાણનાર)] પું. અગ્નિવિદ્યા જાણનાર પુરુષ.

અગ્નિવેશ [સં.] પું. ચરક નામનો આયુર્વેદનો એક આચાર્ય. તે અગ્નિનો દીકરો કહેવાય છે. તેણે ગુરુ-શિષ્યના સવાદરૂપે વૈદકશાસ્ત્રનું ચરક-સહિતા નામનું એક પુસ્તક પોતાના નામ ઉપરથી બનાવ્યું છે.

> અગ્નિવેશ, ભેલ, જતૂકર્ણ, પરાશર, હારીત, ક્ષારપાણિ આ ૬ શિષ્યોમાં પહેલું અગ્નિવેશી પોતાનું તંત્ર રચ્યું. પુરાતત્ત્વ

અગ્નિવેશ્ય ૧. પું. (પુરાણ) ભરત ઋષિનો એ નામનો એક શિષ્ય. દ્રોણાચાર્ય તેની પાસેથી ધનુર્વિદ્યા શીખ્યા હતા. તેને જાબાલિ નામનું અન્ય પક્ષ આની પાસેથી મળ્યું હતું. પાંડવો જ્યારે દ્વૈતવનમાં રહેતા હતા ત્યારે અગ્નિવેશ્ય કેટલા વખત સુધી તેમની સાથે હતો.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૩. પું. (જૈન) કૃષ્ણપક્ષનો આઠમો દિવસ.

૪. પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષના એ નામના રાજા.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી નરિષ્યંતકુળના દેવદત્તરાજાનો એ નામનો દીકરો. તેને જતૂકર્ણ બ્રાહ્મણ મંત્રી અને તેની સંતતિને અગ્નિવેશ્યાયન કહે છે. એ પોતાના તપોબળથી બ્રાહ્મણ થયો હતો.

૬. ન. (જ્યોતિષ) રાત્રિ દિવસના ૩૦ મુહૂર્તમાંનું એ નામનું એક.

અગ્નિવેશ્યાયન [સં.] પું. (પુરાણ) અગ્નિવેશ્યના કુળના બ્રાહ્મણ.

અગ્નિવૈશ્વાનર [સં.] પું. વૈશ્વાનર અગ્નિ.

અગ્નિવ્રત ૧. [સં.] પું. વેદનો એ નામનો એક મંત્ર.

૨. ન. અગ્નિની ઉપાસના કરવાનું વ્રત.

અગ્નિશાકુ ૧. [સં. અગ્નિ + શકુ (કુશળ)] પું. આગ સુલગાવવાનું યંત્ર.

૨. પું. પારણી.

અગ્નિશય્યા [સં. અગ્નિ + શય્યા (બિછાત)] સ્ત્રી. ચિતા; ગેડ.

> મારુઃ રામા મેની અગ્નિશય્યા બળાતી.
> સંમમિત્રા

અગ્નિશારક [સં. અગ્નિ + શારક (ઘર)] જ. અગ્નિશાળા.

અગ્નિશર્મા ૧. [સં. અગ્નિ + શર્મન્ (આશીર્વાદના નામને અંતનું વિશેષણ)] પું. એ નામનો એક ઋષિ.

૨. [સં. અગ્નિ + શર્મન્ (સુખી)] વિ. ઘણું હોમી; તીવ્ર કોપવાળું.

અગ્નિશર્માર્ષિવ્રત [સં.] પું. (પુરાણ) એ નામનો એક વ્રતવિધિ. તેના વરાજ પ્રભુ એ જ નામથી ઓળખાતા.

અગ્નિશલાકા [સં. અગ્નિ + શલાકા (સળી)] સ્ત્રી. ઉદ્દીપકસળી.

અગ્નિશામક ૧. [સં. અગ્નિ + શામક (ઠંડું કરનાર)] જ. આગ ઓલવનાર યંત્ર; બંબો.

૨. વિ. અગ્નિ ઓલવે કરનાર.

૩. વિ. બળતરા ઠંડી પાડે એવું.

અગ્નિશાલા ૧. સ્ત્રી. અગ્નિ પૂજવાનું મંદિર; અગિયારી.

૨. [સં. અગ્નિ + શાલા (ઘર)] સ્ત્રી. અગ્નિ રાખવાનું ઘર; ભોંત કે સ્થાને અગ્નિ રાખવાનો ઓરડો.

અગ્નિશાસ્ત્ર જુઓ અગ્નિવિદ્યા ૧, ૩.

અગ્નિશાળા જુઓ અગ્નિશાલા.

અગ્નિશાંતિ [સં. અગ્નિ + શમ્ (ઠંડું પાડવું)] સ્ત્રી. આગ બુઝાવવાની ક્રિયા.

અગ્નિશાંતિસ્થાન [સં. અગ્નિ (આગ) + શાંતિ (ઉપદ્રવનું નિવારણ) + સ્થાન (જગા)] જ. બંબાખાનું; બંબા રાખવાનું સ્થળ.

અગ્નિશિખ ૧. પું. દીવો.

૨. પું. (જૈન) દક્ષિણ દિશાના અગ્નિકુમાર દેવતાનો એ નામનો ઇંદ્ર.

૩. [સં. અગ્નિ + શિખા (જ્વાળા)] પું. દીવો.

૪. પું. હવાઈ; આતશબાજીની એ નામની એક બનાવટ.

૫. જ. કસુંબાનું ઝાડ.

૬. જ. કસુંબાનું ફૂલ.

૭. જ. કેસર, કેમકે તે અગ્નિના રંગ જેવું હોય છે.

૮. જ. કેસરનું ઝાડ.

૯. જ. બાણ; તીર.

૧૦. જ. સોનું.

૧૧. [સં. અગ્નિ + શિખા (જ્વાળા)] વિ. અગ્નિ જેવી જ્વાળાવાળું.

અગ્નિશિખા ૧. [સં. અગ્નિ + શિખા (જ્વાળા)] સ્ત્રી. જ્વાળા; અગ્નિની જ્વાળા.

૨. સ્ત્રી. વનસ્પતિ નામનું ક્ષુપ, કેમકે તે અગ્નિ જેવું ગરમ છે. તેની જડમાં ઝેર હોય છે.

અગ્નિશિર ૧. સ્ત્રી. એ નામની એક અસ્ત્રવિદ્યા.

૨. [સં.] જ. (પુરાણ) પ્રાગ્જ્યોતિષની ઉત્તરમાં આવેલું એ નામનું એક તીર્થ. અહીં સત્ય નામના રાજાએ શ્યામકેતુ નામનો યજ્ઞ તેમ જ ભરતરાજાએ ૧૪૮ યજ્ઞ કર્યા હતા.

અગ્નિશુદ્ધિ ૧. સ્ત્રી અગ્નિપરીક્ષા.

૨. [સં. અગ્નિ + શુદ્ધિ (પવિત્રતા)] સ્ત્રી. અગ્નિમાં નાખી શુદ્ધ કરવાની ક્રિયા.

અગ્નિશુશ્રૂષા [સં. અગ્નિ + શુશ્રૂષા (સેવા)] સ્ત્રી. હોમ વગેરેથી કરાતી અગ્નિની પૂજા.

અગ્નિશેખર [સં અગ્નિ + શેખર (શિખા)] જ કેસર. જુઓ અગ્નિશિખ.

અગ્નિશૌચ ૧. [સં. અગ્નિ + શૌચ (શુદ્ધિ)] જ. અગ્નિમાં નાખી શુદ્ધ કરવાની ક્રિયા.

૨. વિ. અગ્નિ જેવું શુદ્ધ.

૩. વિ. અગ્નિમાં શુદ્ધ કરેલું.

અગ્નિશ્રી ૧. [સં. અગ્નિ + શ્રી (તેજ)] સ્ત્રી. દેવતાનું તેજ.

૨. વિ. અગ્નિ જેવા પ્રકાશવાળું.

૩. વિ. દેવતાથી પ્રકાશતું.

અગ્નિષ્ટુત ૧. [સં. અગ્નિ + સ્તુ (સ્તુતિ કરવી)] પું. એક દિવસમાં પૂરો થતો એ નામનો એક યજ્ઞ; અગ્નિષ્ટોમ યજ્ઞનો પહેલો દિવસ, જેમાં અગ્નિની સ્તુતિ કરવામાં આવે છે.

૨. પું. (પુરાણ) અજમીઢને નલવનીથી થયેલા ૧૧ દીકરાઓમાંનો એ નામનો સાતમો દીકરો.

અગ્નિષ્ટુભ ૧. [સં. અગ્નિ + સ્તુભ્ (સ્તુતિ કરવી)] પું. અગ્નિષ્ટોમ.

૨. પું. છઠ્ઠા મનુનો એ નામનો એક દીકરો.

અગ્નિષ્ઠામ ૧. [સં. અગ્નિ + ષ્ઠા (બેસવું)] પું. અગ્નિ ઘરમાં સ્થાપવો તે.

૨. પું. એ નામના યજ્ઞને લગતો મંત્ર અથવા કર્મ.

૩. [સં. અગ્નિ + સ્તોમ (સ્તુતિ)] પું. વસંતઋતુમાં થતો અને ઓછામાં ઓછા દિવસ ચાલતો એ નામનો એક યજ્ઞ. જ્યોતિષ્ટોમ યજ્ઞનો તે બગલનો ભાગ છે. સ્વર્ગની ઇચ્છાથી અગ્નિહોત્રી બ્રાહ્મણ તે કરે છે. તેનું દેવ સોમ, અને તેના દેવતા રુદ્ર, વાયુ વગેરે છે. તેમાં ઋત્વિજની સંખ્યા ૧૬ હોય છે.

૪. પું. સોમ નામનો છોડ.

૫. જ. (સંગીત) ષાડવતાનના ૨૮ ભેદમાંનો એ નામનો એક; ષડ્જ ગ્રામની પહેલી મૂર્છનાના સ્વરમાંથી ષડ્જ સ્વર તજવાથી થતું એક તાન.

૬. જુઓ અગ્નિષ્ટુત ૨.

અગ્નિષ્ઠ ૧. [સં. અગ્નિ + સ્થા (રહેવું)] પું. અગ્નિ ઉપર રહી હોમે તેવું લોહાનું પાત્ર કે રેત.

૨. પું. અપમેધના ૨૧ યૂપમાંનો એ નામનો અગ્નિધારણ યૂપ, જે અગ્નિની તદ્દન નજદીક હોય છે.

૩. વિ. અગ્નિમાં, અગ્નિ ઉપર કે અગ્નિ નજીક મૂકેલું

૪. વિ. અગ્નિમાં રહેનાર.

અગ્નિષ્વાત્ત ૧. [સં. અગ્નિ + ષ્વા (સાફ) + આત્ત (મહણ કરેલ)] પું. અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞ ન કરતાં કેવળ ગાર્હપત્ય યજ્ઞ કરી પિતૃપદ પામેલ પિતૃ.

> પિતૃષુ જે અગ્નિષ્વાત્તાદિ,
> તેના ગોત્રપુરુષ જાણવાદી. નિઘંટુશેષ

૨. પું. આગ, વીજળી વગેરે સંબંધી વિદ્યા જાણનાર પુરુષ.

૩. પું. (પુરાણ) પિતૃઓનો એક પિતર, જે કરપ ઋષિનો પુત્ર હોઈને મુખ્યત્વે દેવોને ફળ આપનાર છે.

અગ્નિસખ ૧. [સં. અગ્નિ + સખિ (મિત્ર)] પું. એ નામનો પ્રમાદાના કેસના બગલી કલહારની એક જાત, કારણકે તેના માંસથી જઠરાગ્નિ તીવ્ર થતી હોવાનું મનાય છે.

૨. પું. પુમાડો.

૩. પું. વાયુ; પવન, કેમકે તે અગ્નિનો મિત્ર ગણાય છે.

અગ્નિસખા જુઓ અગ્નિસખ.

અગ્નિસમ ૧. પું. (જ્યોતિષ) શૌનકિમંડલ નક્ષત્રનો એ નામનો એક તારો; 'ઑલ્ફર્ડ, બીટા સીહિસ'.

૨. [સં. અગ્નિ + સમ (જેવું)] વિ. અગ્નિ જેવું.

અગ્નિસમુદ્ર [સં. અગ્નિ + સમુદ્ર] પું. અગ્નિનો દરિયો.

અગ્નિસહનશીલા ૧. [સં. અગ્નિ + સહન + શીલા (સ્ત્રીપ્રત્યય)] સ્ત્રી. અગ્નિસહિષ્ણુ.

૨. વિ. સ્ત્રી. ગરમી સહન કરી શકે એવી.

અગ્નિસહાય જુઓ અગ્નિસખ.

અગ્નિસંકાશ ૧. [સં. અગ્નિ + સંકાશ (સરખું)] વિ. અગ્નિના જેવા રંગવાળું.

૨. વિ. જેવો તેવું તેજવાળું.

અગ્નિસંદીપન [સં. અગ્નિ + સં (સારી રીતે) + દીપન (તેજ કરનાર)] વિ. જઠરાગ્નિ તેજ કરનારું.

અગ્નિસંદીપનરસ [સં. અગ્નિ + સંદીપન + રસ] પું. (વૈદ્ય) જઠરાગ્નિ તેજ કરવા માટે જે નામની એક દવા. પંચલોહ (સોનું, રૂપિયો, જસત, સિસું, લોખંડ), પંચક્ષાર (સાજીખાર, જવખાર, ટંકણખાર, સાકોરિયું, કાંદાનો ક્ષાર), ત્રિકટુ, ત્રિફળા, ત્રિમદ, ત્રિલવણ, ઉપલેટ, અજમો, ત્રિજાતક (તજ, તમાલપત્ર, એલચી), અજમોદી ભાવના રાખ, અજમાની રાખ, વજનમાં, પારો, ગંધક, અજમોદરસ, લોહભસ્મ, લોખંડરસ, હરિતાલ અને હરડે દરેક તોલો ૧ તથા અભ્રકભસ્મ અને શંખભસ્મ દરેક તોલા ૨ આ બધી વસ્તુનો ભૂકો કરવાથી આ દવા થાય છે.

અગ્નિસંભવ ૧. [સં અગ્નિ + સમ્ + ભૂ (ઉત્પન્ન થવું)] પું. કાર્તિક સ્વામી.

૨. પું. મંગળની ઉત્પત્તિ.

૩. પું. લાંબો કાંસકાવાળું ઝાડ.

૪. વિ. સોનું.

૫. વિ. અગ્નિમાં ઉત્પન્ન થયેલું.

અગ્નિસંસ્કાર ૧. [સં. અગ્નિ + સંસ્કાર (વિધિ)] પું. અગ્નિમાં નાખી શુદ્ધ કરવું તે.

૨. [સં. અગ્નિ + સંસ્કાર (કર્મ)] પું. તપાવવું, બાળવું વગેરે અગ્નિ વડે થતી ક્રિયા.

૩. [સં. અગ્નિ + સંસ્કાર (અગ્નિ ક્રિયા)] પું. મૂકવું બાળવાની ક્રિયા: અગ્નિદાહ.

૪. [સં. અગ્નિ + સંસ્કાર (વિધિ)] પું. ગાદલાં પિંજ રાખવાની વેદિયર અગ્નિ પ્રકટવાનો વિધિ.

અગ્નિસંસ્પર્શા સ્ત્રી. ચાપડી.

અગ્નિસાક્ષિક ૧. [સં. અગ્નિ + સાક્ષિન્ (અગ્નિ જોનાર) + ક (વાળું)] વિ. અગ્નિની સાક્ષીએ કરેલું કર્મ.

૨. વિ. અગ્નિ જેનો સાક્ષી હોય એવું. અગ્નિ સમક્ષ લેવામાં આવેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવામાં અત્યંત ભય છે. આજ કારણથી વિવાહ વગેરે પ્રસંગમાં વરકન્યા જે પ્રતિજ્ઞા લે તે અગ્નિ સમક્ષ લે છે.

અગ્નિસામ [સં. અગ્નિ + સામન્ (સામવેદ)] પું. અગ્નિષ્ટોમ યજ્ઞ પૂરો થયા પછી ગાવામાં આવતો સામવેદનો જે નામનો ભાગ.

અગ્નિસાર ૧. [સં. અગ્નિ + સાર (શક્તિ)] પું. અગ્નિની શક્તિ.

૨. પું. (હઠયોગ) પેટનિો જે નામનો એક પ્રકાર.

> નાભિને અંદર ખેંચી કરોડની સાથે જોડવી. જે પ્રકારે સિંહ વાર કરવું એટલે પેટને એટલું અંદર ખેંચવું કે પીઠના હાડકા સાથે અડે. એ ક્રિયાને અગ્નિસાર ક્રિયા કહે છે.
>
> વિદ્યાનંદકોશ

૩. પું. રસાંજનનું આંખમાં આજવાની જે નામની એક દવા.

અગ્નિસિદ્ધ [સં.] વિ. (વૈદ્ય) ઔષધ બનાવવા પાણીમાં નાખી ચોળ્યા બાદ બાકી રહે તેમાં સુધી બાળી કરેલું ઉકાળેલું.

અગ્નિસુંડરસ પું. (વૈદ્ય) અજીર્ણ માટે જે નામની એક દવા. ફુદાવેલ ટંકણખાર તોલો ૧ અને મરી તોલા ૨ નું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આદુના રસની ભાવના દેવાથી આ દવા થાય છે. તેનું અનુપાન લવિંગનો ભૂકો છે.

અગ્નિસૂતરસ પું. (વૈદ્ય) મંદાગ્નિ, કૃમિવાયુ વગેરે માટે જે નામની દવા. કોઠીલરસ ૨ ભાગ; શંખભસ્મ ૨ ભાગ, મંધક અને પારાની કજ્જલી ૧ ભાગ, મરીનું ચૂર્ણ ૪ ભાગ એ સઘળું એકત્ર કરી લીંબુના રસમાં ખરલ કરવાથી આ દવા બને છે. બી સાફ કાઢી તે બનાવવાથી મંદાગ્નિ અને કૃમિવાયુનો નાશ કરે છે, તથા શૂળ, તાવ, ઝાડા, ગોળો, અર્શ, સંગ્રહણી અને પ્રમેહ ઉપર પણ ઉપયોગી મનાય છે.

અગ્નિસૂત્ર [સં. અગ્નિ + સૂત્ર (દોરો)] ન. યજ્ઞ કરતી વેળા બાંધવાની કેડ ઉપર બંધાતો મુંજ નામના ઘાસનો કમરબંધ.

અગ્નિસેવન ૧. [સં. અગ્નિ + સેવન (સેવ)] ન. તાપણી.

૨. ન. શેક.

અગ્નિસ્તંભ ૧. [સં. અગ્નિ + સ્તંભ્ (અટકાવવું)] પું. અગ્નિની બાળવાની શક્તિ ઓપરી વડે દૂર કરવાની ક્રિયા.

૨. પું. અગ્નિની બાળવાની શક્તિ દૂર કરવા વપરાતી દવા.

૩. પું. અગ્નિની બાળવાની શક્તિ દૂર કરવા વપરાતો મંત્ર.

અગ્નિસ્તંભન જુઓ અગ્નિસ્તંભ.

અગ્નિસ્તંભનિકા જુઓ અગ્નિસ્તંભ.

અગ્નિસ્તુભ જુઓ અગ્નિષ્ટુભ.

અગ્નિસ્તોમ જુઓ અગ્નિષ્ટોમ.

અગ્નિસ્થ જુઓ અગ્નિષ્ઠ.

અગ્નિસ્નાન ૧. [સં. અગ્નિ + સ્નાન] ન. ચિતામાં બળી મરવું તે.

૨. ન. સતીત્વની કસોટી માટે ચિતામાં બેસવું તે.

અગ્નિસ્નાનવિશુદ્ધા ૧. [સં. અગ્નિ + સ્નાન + વિશુદ્ધા (શુદ્ધ થયેલી)] સ્ત્રી. ચિતામાં બેસવા છતાં દાઝ્યા વિના અગ્નિશુદ્ધ બહાર આવી પોતાની સતીત્વની પરીક્ષા જેણે આપી છે એવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. અગ્નિમાં પ્રવેશ કરી શુદ્ધ થઈને નીકળેલી.

> અગ્નિસ્નાનવિશુદ્ધાને કોચવાયાએ લાજ,
> તમારા કુળને લાજ એ છે જ આજ કું ?
>
> ભિરિરાજ

અગ્નિસ્ફુલિંગ [સં. અગ્નિ + સ્ફુલિંગ (તણખો)] પું. દેવતાનો તણખો.

અગ્નિસ્ફુલિંગન્યાય [સં. અગ્નિસ્ફુલિંગ + ન્યાય] પું. તણખો અગ્નિનો અંશ છે એટલે તણખો અને અગ્નિ એક જ છે એવો ન્યાય. શુદ્ધાદ્વૈત વેદાંતના મતે આ ન્યાય પ્રમાણે જીવ એ ઈશ્વરનો અંશ છે એટલે જીવ અને ઈશ્વર એક જ છે.

અગ્નિસ્વાત્ત જુઓ અગ્નિષ્વાત્ત.

અગ્નિહવની [સં. અગ્નિ + હવની (યજ્ઞકુંડ)] સ્ત્રી. હવનનો અગ્નિ રાખવાનો કુંડ.

અગ્નિહુત ૧. [સં. અગ્નિહુત] પું. અગ્નિમાં હોમ કરનાર અગ્નિહોત્રી.

૨. [સં. અગ્નિ + હુત (હોમેલું)] વિ. અગ્નિમાં હોમેલું.

અગ્નિહુતક [સં. અગ્નિ + હુત] વિ. હવનમાં ઉત્સાહપૂર્વક અગ્નિ રાખનાર; ઉત્સાહને લીધે ભાતીમાં ઊભરતા ગરમ બોલીવાળું.

અગ્નિહોત્ર ૧. [સં. અગ્નિ + હોત્ર] પું. દેવતા; અગ્નિ.

૨. પું. (પુરાણ) સવિતા અને પૃથ્વીનો જે નામનો પુત્ર.

૩. [સ. અગ્નિ + હોત્ર (હોમવાની ચીજ)] ન. અગ્નિમાં હોમવા લાયક પદાર્થ.

૪. ન. કૃષ્ણયજુર્વેદની એ નામની એક ઉપનિષદ.

૫ ન. દૂધ, ખાટી કાંજી તથા તેલનું અગ્નિને અપાતું બલિદાન.

૬. ન. (જૈન) ધર્મધ્યાનરૂપ અગ્નિમાં કર્મરૂપ ઇંધનનો હોમ.

૭. ન. પંચ મોટા યજ્ઞ માંહેનો એ નામનો એક યજ્ઞ.

૮. ન. મંત્રપૂર્વક અગ્નિનું સ્થાપન કરી તેમાં વિધિથી કરવામાં આવતો હોમ. આ હોમ ૨ પ્રકારનો છે: (૧) નિત્ય અને (૨) નૈમિત્તિક કે કામ્ય. અગ્નિની વિધિપૂર્વક સ્થાપના કરી જીવન પર્યંત સવાર સાંજ તેમાં દૂધ વગેરે આહુતિ આપવી તે નિત્ય; અને અમુક વખતે અમુક દેવને લક્ષીને જ વિધાન કરવામાં આવે તે નૈમિત્તિક કે કામ્ય.

પ્રજાપતિએ અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, પૌર્ણમાસી, ઉક્થ્ય, અમાવાસ્યા, અતિરાત્ર વગેરે યજ્ઞોને ઉત્પન્ન કર્યો. અથર્વવેદ

૯. વિ. અગ્નિને અધિષ્ઠાનમાં આપવામાં આવેલું.

અગ્નિહોત્રવાદ [સં. અગ્નિહોત્ર + વાદ (મત)] પું. અગ્નિહોત્રથી સ્વર્ગ મળે છે એવો મત.

અગ્નિહોત્રવાહી [સં. અગ્નિહોત્ર + વાહિન (વાહનાર)] વિ. અગ્નિહોત્રથી સ્વર્ગ મળે છે એવો માનનાર.

અગ્નિહોત્રહવની ૧. [સં. અગ્નિહોત્ર + હવની (વાડકો)] સ્ત્રી. અગ્નિહોત્રમાં હોમ કરવાનો સરવો.

૨. સ્ત્રી. હોમ કરતી વખતે બોલાતો મંત્ર.

અગ્નિહોત્રી ૧. [સં. અગ્નિહોત્રિન્] પું. અગ્નિહોત્ર કરનાર બ્રાહ્મણ; વેદવિધિથી સવારે અને સાંજે અગ્નિમાં હોમ કરનાર બ્રાહ્મણ. બ્રાહ્મણ જ અગ્નિહોત્રી થઈ શકે છે. તેને ઘેર ચોરાસિ કલાક અગ્નિ જગતો રાખીને તેમાં નિત્યકર્મ તરીકે વૈદિક યજ્ઞ કરવામાં આવે છે. બ્રાહ્મણ માટે ધર્મશાસ્ત્રમાં કહેલું છે કે બ્રાહ્મણજીવન પૂરો કરી વિવાહ કરવો અને જે અગ્નિ આપના વિવાહ સમયે હોય તેને પત્નિપત્નીએ પોતાના ઘરમાં એક અગ્નિશાળામાં રાખી હમેશાં તેનું સવાર સાંજ પૂજન અને હોમ કરવાં તથા એ જ અગ્નિએ દેવદહ જગાડવું.

૨. પું. યજ્ઞ માટે જગ્યા તૈયાર કરનાર પુરુષ.

૩. ન. બ્રાહ્મણજાતી એ નામની એક જાતનું માણસ. કેટલાક અગ્નિહોત્રીને એવું કહે છે કે કોઈ પાસેથી દાન લેવું નહિ. શાસ્ત્રોએ તેમને દાન લેવા વીનવતા અને જે દાન ન લેતા તેને નાત બહાર મૂકતા. જેઓ કેવળ સાત્ત્વિક હતા તેઓ શ્રોત્રિય કહેવાતા.

અગ્નિહોમ [સં. અગ્નિ + હોમ (યજ્ઞ)] પું. હવન.

અગ્નીધ્ર ૧. [સં.] પું. (પુરાણ) જંબુદ્વીપનો એ નામનો એક રાજા. દીકરો મેળવવા તે એક પુલહાશ્રમમાં જઈ સમાધિ કરવા બેઠો. બ્રહ્માએ તેનું તપ તોડવા પૂર્વચિત્તિ નામની એક અપ્સરા મોકલી. તેના નામસ્મરણથી મોહિત બની અગ્નીધ્રરાજા સમાધિમાંથી જાગ્યો અને તેને પરણ્યો. તે અપ્સરાથી તેને નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ નામના નવ દીકરા થયા. અપ્સરા કેટલાંક વર્ષ પછી બ્રહ્માના દરબારમાં ચાલી ગઈ. જેના વિયોગથી બ્રાહ્મણ બની એ રાજાએ જંબુદ્વીપના ૯ ભાગ પાડી નવે દીકરાને વહેંચી દીધા. નવે ખંડનાં નામ તેમના ઉપરથી પડ્યાં. મરતાં પહેલાં એ રાજાએ પોતાના ૯ દીકરાને મેરુ પર્વતની મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા ને દેવપ્રીતિ નામની કન્યા સાથે પરણાવ્યા.

૨. [સં. અગ્નિ + ધૃ (રાખવું)] પું. પુરોહિત, કેમકે તેનું કામ યજ્ઞમાં દેવતા રાખવાનું પણ હોય છે; અગ્નિસ્થાપન કરનારો ઋત્વિજ.

૩. પું. ત્રિયવતરાજાનો એ નામનો દીકરો.

૪. પું. મનુનો એ નામનો દીકરો.

૫. પું. હવન.

અગ્નીય ૧. [સં. અગ્નિ + ઈય (અર્થ)] વિ. અગ્નિ પાસે આવેલું.

૨. [સં. અગ્નિ + ઈય (વિશેષણ બનાવનાર પ્રત્યય)] વિ. દેવતા સંબંધી.

અગ્નીધ્રર ૧. પું. અગ્નિએ સ્થાપન કરેલા એ નામના બ્રાહ્મણ.

૨. [સં. અગ્નિ + ઈધ્મ] પું. અગ્નિમાંથી ઈંધણ.

૩. પું. ઉક.

૪. પું. પ્રક્ષતીનો એ નામનો એક વાર.

અગ્નીષોમ [સં. અગ્નિ + સોમ] પું. દ્વ. વ. અગ્નિ અને સોમ; એક દક્ષિણના જોડાના બે દેવતા એ નામના બે દેવ.

અગ્નીષોમપ્રણયન [સં. અગ્નિ + સોમ + પ્રણયન (એક સંસ્કાર)] ન. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં અગ્નિ અને સોમને લગતો એક વિધિ.

અગ્નીષોમપ્રણયની સ્ત્રી. અગ્નિ અને સોમના સરઘરમાં ઉપયોગી મંત્ર કે પાત્ર.

અગ્નીષોમીય [સં. અગ્નિ + સોમ + ઈય (સંબંધી)] વિ. અગ્નિ અને સોમને લગતું.

અગ્નીંદ્ર ૧. પું. ઉત્તમ અગ્નિ.

૨. [સં. અગ્નિ + ઉદ્] પું. દ્વ. વ. અગ્નિ અને ઉદ.

અગ્નીંધન ૧. [સં. અગ્નિ + ઇન્ધ્ (સળગાવવું)] પું. યજ્ઞનો દેવતા સળગાવતાં બોલાતો મંત્ર.

૨. ન. દેવતા સળગાવવાની ક્રિયા.

૩. ન. બળતણ; બળવાનાં લાકડાં.

અગ્નેયસ્થાલી [સં. આગ્નેય (અગ્નિ સંબંધી) + સ્થાલી (વાસણ)] સ્ત્રી. રાંધવામાં કામ આવતું વાસણ.

અગ્નૌકરણ [સં. અગ્નૌ (અગ્નિમાં) + કૃ (અગ્નિમાં આપવું)] ન. બાર વખતે બાળ પીરસતાં પહેલાં અગ્નિ અને સોમને અપાતી એ આહુતિ.

અગ્નૌકરણ નામે વિધિ,
તેને નામથી બોલાવે લિધિ. પ્રેમાનંદ

અગ્નૌકાર જુઓ અગ્નિકાર.

અગ્નૌકૃત [સં. અગ્નિ + અકૃત (અભાવવાચક)] વિ. (વિદ્વાન) જાતથી ભક્ષ્ય પકવેલા જેવા સ્વભાવનું.

અગ્નૌષ્ણ [સં. અગ્નિ + ઉષ્ણ (ગરમ)] વિ. (વિદ્વાન) ગરમ કરવાથી પારદર્શક બને એવું.

અગ્ન્યાધાન ૧. [સં. અગ્નિ + આધાન (સ્થાપના)] ન. અગ્નિની વિધિથી કરેલી સ્થાપના.

૨. ન. દેવતાનું સ્થાપન.

૩. ન. હોમ.

અગ્ન્યાધેય ૧. પું. અગ્નિહોત્રી બ્રાહ્મણ.

૨. [સં. અગ્નિ + આધેય (સ્થાપના)] ન. વિધિથી કરેલી અગ્નિની સ્થાપના.

અગ્ન્યાલય [સં અગ્નિ + આલય (ઘર)] ન. અગ્નિશાળા.

અગ્ન્યારોગ્ય [સં. અગ્નિ + આરોગ્ય (કેળવવું)] ન. જરોગને અહીં જબરજસ્તી બાલુ પ્રકાશ સુધી ઊભી અગ્નિશાળ પાળા આજેલી એ નામની એક ગાંઠ; સ્વાદુપિંડ. જારરામિ તેમાં રહેલો મનાય છે.

અગ્ન્યાશ્રય જુઓ અગ્નિશ્રય.

અગ્ન્યાહિત [સં. અગ્નિ + આહિત (રજા-પેઠું)] પું. અગ્નિહોત્રી બ્રાહ્મણ.

અગ્ન્યુત્પાત ૧. [સં. અગ્નિ + ઉત્પાત (અપશુકન)] પું. અગ્નિથી ઉત્પન્ન થયેલી આફત.
૨. પું. અગ્નિનો ઉપદ્રવ; આગ.
૩. પું. ઉલ્કાપાત.
૪. પું. જ્વાળામુખી સ્થાનું વહેતું તે.

અગ્ન્યુદ્ગરણ ૧. [સં. અગ્નિ + ઉદ્ગરણ (બહાર કાઢવું તે)] ન. અરણિનું લાકડું ઘસીને કરેલી દેવતાની ઉત્પત્તિ.
૨. ન સૂર્ય ઊગતાં પહેલાં રાખના ઢાંકણમાંથી અગ્નિને ઘણા ભારે બહાર કાઢવાની ક્રિયા.

અગ્ન્યુદ્ધાર જુઓ અગ્ન્યુદ્ગરણ.

અગ્ન્યુપસ્થાન ૧. [સં. અગ્નિ + ઉપસ્થાન (પૂજા)] ન. અગ્નિદેવની પૂજા.
૨. ન. અગ્નિ પૂજવાનો મંત્ર.

અગ્યારશ ૧. પું. અજવાળી અગિયારમો દિવસ.
૨. ન ખાલ્કવની એ નામની એક પેટા હાતિનું માણસ.
૩. વિ. ખાલ્કવની એ નામની એક પેટા હાતિનું.

અગ્યારી સ્ત્રી. પારસી લોકોનું મંદિર. જુઓ અગ્નિયારી.

અગ્યાર્પણ જુઓ અગ્યારણ ૨, ૩.

અગ્ર ૧. [સં.] પું. (ગણિત) શેષ; વધારો; 'રીમેઇન્ડર'.
૨. [સં. અગ્રુ (આંસુ)] ન. આંસુ; રોગ.
૩. ન. આરંભ; શરૂઆત.
૪. ન. આલંબન.
૫. ન. ઉત્તમતા; અભિજાતપણું.
૬. ન. ઉપલો ભાગ.
૭ ન. (જ્યોતિષ) ઊગતા અથવા આથમતા સૂર્યનું દૃષ્ટિમર્યાદા ઉપર પૂર્વબિંદુ કે પશ્ચિમબિંદુથી અંશાત્મક અંતર.
૮. ન. એ નામનું એક વજન; એક પલ.
૯. ન. તીક્ષ્ણતા.
૧૦. ન. બાલ્કવને અપાની ક્રિયાનું પરિમાણ આ પરિમાણ ૪ પ્રાણનું હોય છે.
૧૧. ન. સમૂહ; જથ્થો.
૧૨. ન. હેતુ; ઉદ્દેશ.
૧૩. વિ. આગલું.
૧૪. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.
૧૫. વિ મુખ્ય.

કૈમિનિ કહે સાંભળ રાજન,
અગ્ર કથા કહું મારજે મન. — કૈમિનિ

૧૬. વિ. વધારે અધિક.
૧૭. ક્રિ. આગળ; મોખરે.

અગ્રગન્ધીક [સં. અગ્ર + ગન્ધીક (ગરકર)] ન. આગળનું ગરકર.

અગ્રગામીક [સં. અગ્ર + ગમ્ (જાવું)] વિ. પહેલું જનાર

બજારી બજારે જોઈને લઈ આવ, કે અગ્રગામીક થઈશ. પુરાતત્વ

અગ્રઉદ્યાન [સં. અગ્ર (શ્રેષ્ઠ) + ઉદ્યાન [બગીચો)] ન. ઉત્તમ બાગ.

અગ્રકર ૧. [સં. અગ્ર (આગળ) + કર (હાથ)] પું. આંગળી; હાથનો આગળનો ભાગ.
૨. પું. કોણીથી આંગળી સુધીનો હાથ.
૩. પું. બાજુનો હાથ.
૪. [સં. અગ્ર (પહેલું) + કર (કિરણ)] પું. પ્રકાશિત પદાર્થનું પહેલું કિરણ.
૫. [સં. અગ્ર (મુખ્ય) + કર (વેરો)] પું. મુખ્ય વેરો.
૬. [સં. અગ્ર (અગ્નિ) + કર (દાંત)] પું. હાથીની સૂંઢનો આગળનો ભાગ.
૭. [સં. અગ્ર (આગળ) + કર (કરનાર)] વિ. પહેલનાર; આગળ કરનાર.

અગ્રકર્તા [સં. અગ્ર (આગળ) + કર્તૃ (કરનાર)] વિ. આગળ કરનાર; પહેલનાર.

અગ્રકર્મ [સં. અગ્ર (મુખ્ય) + કર્મન્ (કામ)] ન. મુખ્ય કામ; પહેલું કામ.

અગ્રકર્મી [સં. અગ્ર (પહેલું) + કર્મન્ (કામ)] વિ. સૌથી પહેલું કામ કરનાર; કામ કરવામાં પહેલું.

અગ્રકર્મી જુઓ અગ્રકર્મા.

અગ્રકથા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ગણના.

અગ્રકાય [સં. અગ્ર (આગળ) + કાય (શરીર)] પું. માણસથી કેડ સુધીનો શરીરનો ભાગ.

અગ્રકારક જુઓ અગ્રકર્તા.

અગ્રકારણ [સં. અગ્ર (મુખ્ય) + કારણ] ન. મુખ્ય કારણ.

અગ્રકાર્ય જુઓ અગ્રકર્મ.

અગ્રકાલિક જુઓ અગ્રભાગ ૧.

અગ્રકાલિક ભાગ જુઓ અગ્રભાગ ૧.

અગ્રકેશ [સં. અગ્ર (આગળનું) + કેશ (વાળ)] પું. વાળનો આગળનો ભાગ.

અગ્રકેસર [સં. અગ્ર (આગળ) + કેસર (ફૂલની અંદર રહેતો તંતુ)] પું. આગળનો તંતુ પહેલો તંતુ.

અગ્રકૃત્ય જુઓ અગ્રકાર્ય.

અગ્રકૃત્યકૃત્ય જુઓ અગ્રકાર્યાધિકાર.

અગ્રકૃત્યાધિકાર [સં. અગ્ર (પહેલો) + કૃત્ય (કરીતી) + અધિકાર (હક)] પું. વેચાતું લેવાનો પહેલો હક.

વિક્રાતના કોઈ અન્ય વેચાણમાં અગ્રકૃત્યાધિકારનો હક કોઈ હરામનામમાં આપશે. દીવાની કાયદો

અગ્રક્રિયા જુઓ અગ્રકર્મ.

અગ્રક્રિયાધિકાર [સં. અગ્ર (પહેલું) + ક્રિયા (કામ) + અધિકાર (સત્તા)] પું. પહેલું કામ કરવાની સત્તા.

અગ્રગ ૧. [સં. અગ્ર (આગળ) + ગમ્ (જવું)] પું. અગ્રેસર; મુખી.
૨. વિ. આગળ જનાર; પહેલું ચાલનાર.

અગ્રગણ્ય ૧. [સં. અગ્ર (મુખ્ય) + ગણ્ (ગણવું)] પું. આગેવાન.
૨. વિ. મુખ્ય; આગળ પડતું.

અગ્રગણ્યતા [સં. અગ્ર + અવસ્થા (અવતરી)] સ્ત્રી. અવતરીમાં પહેલું હોવાની સ્થિતિ.

અગ્રગતિ [સં. અગ્ર (આગળ) + ગતિ (જવું તે)] સ્ત્રી. આગળ જવું તે.

અગ્રગમન ૧. [સં. અગ્ર (આગળ) + ગમન (જવું તે)] ન. આગળ ચાલવું તે; સૌથી પહેલાં જવું તે.
૨. ન. પૂર્વગમનનું આપદા પ્રાથમિકતા.

અગ્રગર્ભા જુઓ અગ્રજ.

અગ્રગામી ૧. [સં. અગ્ર (આગળ) + ગામિન્ (જનાર)] પું. આગેવાનું નેતા.
૨. વિ. આગળ ચાલનાર.
૩. વિ. ઉપરનું.
૪. વિ. નેતા.

અગ્રગાર ૧. [સં. અગ્ર (આગળ) + ગૃ (ચાલવું)] પું. આગેવાન; નેતા.
૨. વિ. આગળ ચાલનાર.
૩. વિ. ભવિષ્યના બનાવની આગાહી કરનાર.

અગ્રચંદ્ર પું. (પિંગળ) એ નામનો ૨૩ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સર્વગામી. તેના દરેક ચરણમાં ૭ તગણ તથા ૨ ગુરુ આવે છે, અને અગિયારમે અક્ષરે વિસામો આવે છે.

ઃ તાત ઃ તાત ઃ ચંચલારી,
અહું ગ્રામ સર્વ સ્થલે તેજ પ્રીયુઃ
ઃ સર્વગામી સદા વિશ્વનું તેં,
વલી મૂલથી અગ્ર લે ગાવી દીયું.

છન્દોદર્પણ

અગ્રજાયા [સં. અગ્ર (આગળનો ભાગ) + જાયા (પત્નીનો)] સ્ત્રી. ઉપલા ભાગનો પત્નીનો.

> મધ્યાહ્ન પછી તે અગ્રજાયા પત્નિની બીજા બાનુએ રજસ્વલા કરે ત્યારે તે રજસ્વલિદુરવાને પણ એક નિશાની કરવી. નર્મદાશિવિધાન

અગ્રજ ૧. [સં. અગ્ર (આગળ) + હિં. જના (જન્મ)] પું. (હિંદી) નાયક; નેતા.

૨. [સં. અગ્ર (આગળ) + જન્ (જન્મવું)] પું. ભડવા.

૩. [સં. અગ્ર (મુખ્ય) + જન્ (જન્મવું)] પું. બાહ્મણ, કેમકે તે પરમાત્માના પ્રધાન અંગ મુખમાંથી ઉત્પન્ન થયેલ મનાય છે.

૪. પું. મોટો ભાઈ.

> બીજાનુ કહે અગ્રજને
> તમારો મોટો મહિમા છે સમ. પ્રેમાનંદ

૫. વિ. પહેલાં જન્મેલું.

૬. વિ. (હિંદી) શ્રેષ્ઠ; ઉત્તમ.

અગ્રજન્યા જુઓ અગ્રજા.

અગ્રજંઘા [સં. અગ્ર (આગળ) + જંઘા (પગ)] સ્ત્રી. પગનો આગળનો ભાગ.

અગ્રજા ૧. સ્ત્રી. (જ્યોતિષ) અગ્રજન્મા. જુઓ અગ્રજન્યા ૧.

૨. [સં. અગ્ર (આગળ) + જન્ (જન્મવું)] સ્ત્રી. મોટી બેન.

> બન વિશાળા અગ્રજા જ સીપ ચાંપ. કવિરાજ

૩. વિ. સ્ત્રી. પહેલાં જન્મેલી.

અગ્રજાત જુઓ અગ્રજ ૨, ૩, ૪, ૫.

અગ્રજાતક જુઓ અગ્રજાત.

અગ્રજાતિ [સં. અગ્ર (શ્રેષ્ઠ) + જાતિ] સ્ત્રી. બ્રાહ્મણ જાતિ.

અગ્રજિત [સં. અગ્ર (નાયક) + જિત્ (જીતનાર)] વિ. સેનાના સરદારને જીતનાર.

અગ્રજિહ્વા [સં. અગ્ર (આગળ) + જિહ્વા (જીભ)] સ્ત્રી. જીભનું ટેરવું.

અગ્રજેતા [સં. અગ્ર (પ્રથમ) + જેતૃ (જીતનાર)] વિ પું. પ્રથમ જીતનાર.

અગ્રજ્ઞા ૧. [સં. અગ્ર + જ્ઞા] સ્ત્રી. ઊભતા આવવા બ્રાહ્મણના સર્વનું દૃષ્ટિમર્યાદા ઉપર પૂર્વ કે પશ્ચિમબિંદુથી જે અંશાત્મક અંતર તેની જ્ઞા.

૨. [સં. અગ્ર (આગળ) + જ્ઞા (ખબર પાડવી)] સ્ત્રી. ધનુષની પણછને આગળનો ભાગ; ધનુષની દોરીનો છેડો.

અગ્રજ્યોત [સં. અગ્ર (પહેલું) + જ્યોતિ: (તેજ)] સ્ત્રી. અગ્નિની પહેલી જ્વાળા.

અગ્રજ્વિકું જુઓ અગ્રજ્વી ૧, ૩, ૮.

અગ્રજ્વિકો જુઓ અગ્રજ્વી ૨, ૪, ૫.

અગ્રજ્વી ૧. [સં. અગ્ર (આગળ) + જ્વી (દોરવું)] પું. અગ્નિ.

૨. પું. અગ્નેયાસ્ત્ર; નાયક.

૩. પું. ચિત્તાનું ઝાડ.

૪. પું. ગોમાસનું પાડા; આગલ્ય પાડા.

૫. પું. બોમિયો; વધારાનો.

૬. વિ. આગળ લઈ જનાર.

૭. વિ. મુખ્ય; પહેલું.

૮. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

અગ્રજ્વીય [સં. અગ્ર (આગળ) + જ્વી (દોરવું)] વિ. આગળ પડતું; પ્રથમ.

> એરિઝનની બાજારાતિ શૈલીમાં અગ્રજ્વીય સ્થાને તો કેનોયાસ અને પીનાકીસ હોવા જ જોઈએ. પ્રદીપન

અગ્રતત્ત્વ [સં. અગ્ર + તત્ત્વ (મૌલિક બનાવનાર પ્રત્યય)] વિ. સૌથી મહિમાનું; શ્રેષ્ઠ.

અગ્રતઃ ૧. [સં.] અ. આગળ; મોખરે.

૨. અ. પ્રથમથી; પહેલાં.

૩. અ. જેવા આગળ; સામસુ.

અગ્રતઃસર ૧. [સં. અગ્રતઃ (આગળ) + સ (જનાર)] પું. નાયક; નેતા.

૨. વિ. આગળ ચાલનાર.

અગ્રતા [સં. અગ્ર (પહેલું) + તા (ભાવ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. પૂર્વ હક્ક; પૂર્વાધિકાર; પહેલો હક્ક.

અગ્રથિત [સં. અ + ગ્રથિત (ગૂંથેલ)] વિ. નહિ ગૂંથેલું.

અગ્રદત્ત ૧. [સં.] પું. (જૈન) ઋષભદેવજીની સાધુ મોરસીનના એ નામના જેરસિયા તીર્થંકર.

૨. [સં. અગ્ર (આગળ) + દત્ત (આપેલ)] વિ. અગાઉથી આપેલ.

અગ્રદંત [સં. અગ્ર (આગળનું) + દંત (દાંત)] પું. આગળનો દાંત.

અગ્રદંતી [સં. અગ્ર (આગળ) + દંતિન્ (દાંતવાળું)] સ્ત્રી. આગળ દાંતવાળી એક જાતની મરઘણી.

અગ્રદાની ૧. પું. પ્રેતને ઉદ્દેશી અપાતું દાન લેનાર બ્રાહ્મણ; કાળદોષે બ્રાહ્મણ.

૨. વિ. આશ્રમમાં વસતી એ નામની એક બ્રાહ્મણ જાતિનું બ્રાહ્મણ. તે પ્રેતનું દાન લે છે.

૩. વિ. એ નામની એક બ્રાહ્મણ જાતિનું.

અગ્રદાનીય [સં. અગ્ર + દાનીય (દાન દેવા જેવું)] વિ. પહેલા દાન આપવા યોગ્ય.

અગ્રદૂત [સં. અગ્ર + દૂત (કાસદ)] પું. આગળથી સમાચાર લઈ જનાર પુરુષ.

> અગ્નિ મોરાબાં મોટો પુરોહિત છે, યજ્ઞનો ઋત્વિજ છે, અગ્રદૂત છે, પુણ્ય ફલ આપનાર છે. હિન્દુસ્તાનના દેવો

અગ્રદૃષ્ટિ [સં. અગ્ર + દૃષ્ટિ (નજર)] સ્ત્રી અગમચેતી.

અગ્રદેય [સં. અગ્ર (પહેલું) + દેય (દેવા યોગ્ય)] વિ. પહેલું આપવા જેવું.

અગ્રદેયતા ૧. [સં. અગ્ર (અગાઉ) + દેય (દેવા યોગ્ય) + તા (ભાવ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અગ્રાધિકાર.

૨. સ્ત્રી. પહેલાં આપવું પડે એવી સ્થિતિ.

અગ્રદ્વારે [સં. અગ્ર (આગળ) + દ્વાર (બારણું)] અ. આગળ બારણે.

અગ્રદ્વીપ [સં. અગ્ર (પહેલું) + દ્વીપ (બેટ)] પું. ગંગા નદી વચ્ચેનો જે નામનો એક મોટ. ગંગા નદીના મોટમાં તે સૌથી પહેલો પડેલો હતો.

અગ્રધાન્ય [સં. અગ્ર (પહેલું) + ધાન્ય (અનાજ)] સ. ગોમાસાનો પહેલો પાક; મકાઈ, જુવાર, સામો વગેરે.

અગ્રનખ [સં. અગ્ર + નખ] પું. નખનો આગલો ભાગ.

અગ્રનાયક [સં. અગ્ર (મુખ્ય). + નાયક (આગેવાન)] પું. મુખ્ય આગેવાન.

અગ્રનાસા જુઓ અગ્રનાસિકા.

અગ્રનાસિકા [સં. અગ્ર (આગળ) + નાસિકા (નાક)] સ્ત્રી. નાકનું ટેરવું.

અગ્રનિરૂપક [સં. અગ્ર + નિરૂપક (અનુમોદન)] સ. ભવિષ્યવાણી; આગાહી.

અગ્રનેતા જુઓ અગ્રનાયક.

અગ્રપક્ષ ૧. [સં. અગ્ર + પક્ષ (સંખ્યા)] સ. (ગણિત) આગળની સંખ્યા.

૨. સ. પૂર્વગમન; અગ્રગમન.

૩. [સં. અગ્ર (મુખ્ય) + પક્ષ (સ્થાન)] સ. મુખ્ય સ્થાન.

અગ્રપર્ણી [સં. અગ્ર (આગળ) + પર્ણ (પાન) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એ નામનું ઝાડ; કવચબીજ.

અગ્રપશ્ચાદ [સં. અગ્ર (આગળ) + પશ્ચાત્ (પાછળ)] સ. આગળપાછળ; ઋતાઋત્વિજ; પૂર્વાપર.

અગ્રપાણિ જુઓ અગ્રહસ્ત ૧, ૨, ૩.

અગ્રપાદ ૧. [સં. અગ્ર (આગળનો ભાગ) + પાદ (પગ)] પું. પગનો દરજ્જો.

૨. પું. મૂર્તિ કે બીજી વસ્તુ ઊભું રાખવા તે નીચે કરાતું બાકોરું.

અગ્રબિંદુ [સં. અગ્ર + બિંદુ (ટપકું)] પું. લિખા આપવા માટે અણીદાર મોટી રાખેલો ચોરાકનો ભાગ.

અગ્રપુષ્પ [સં. અગ્ર + પુષ્પ] સ્ત્રી. પહેલું પુષ્પ.

અગ્રપૂજા [સં. અગ્ર (આગળ) + પૂજા (પાનું)] સ્ત્ર. આગળનું પદું; મુખપૃષ્ઠ.

અગ્રફલ [સં. અગ્ર + ફલ] સ્ત્ર. દૂધ બાળવાથી ઊપરનું ફોતરું.

અગ્રબાહુ [સં. અગ્ર + બાહુ (હાથ)] પું. કોણીથી કાંડા સુધીનો હાથ.

અગ્રબીજ ૧. સ્ત્ર. કુલમ નામવાળી ઊભરતું ઝાડ.

૨. સ્ત્ર. ડાંગની કુલમ.

૩. [સં. અગ્ર + બીજ (બી)] સ્ત્ર. બી નામવાળી ઊભરતું ઝાડ.

અગ્રભાગ ૧. [સં. અગ્ર + ભાગ] પું. આગ-તાનો હક્ક મળે એવો ભાગ; અગ્રહક્ક ભાગ.

૨. પું. આગળનો ભાગ.

૩. પું. (જ્યોતિષ) ઊભરતા અથવા આથમતા આકાશી પદાર્થના પૂર્વ કે પશ્ચિમબિંદુથી અંતરનો અંશ.

૪. પું. રોગ; બલ્ગી.

૫. [સં. અગ્ર (શ્રેષ્ઠ) + ભાગ] પું. બાકીનો ભાગ; શ્રેષ્ઠ ભાગ.

૬. પું. મુખમુદ્રાવાળી બાજુ; ઉપલો ભાગ.

૭. પું. મુખ્ય ભાગ; શ્રેષ્ઠ ભાગ.

૮. પું. ભાઈ વગેરેમાં પહેલેથી જુદો પાડી આપેલ સામાન.

અગ્રભાગી ૧. [સં. અગ્ર (આગ્રી) + ભાગિન્ (ભાગવાળું)] વિ. અણિવાળા ભાગનું.

પેનસીલનું અગ્રભાગી નીબું લિંદુ કાગળ ઉપર આમથી તેમ ફેરવીએ તો તે બેઉ બાજુ બનાવે છે. નાથા ભૂમિતિ

૨. [સં. અગ્ર (પહેલું) + ભાગિન્ (ભાગવાળું)] વિ. પહેલો ભાગ લેનારાનું.

અગ્રભાદ્ર સ્ત્ર. (જ્યોતિષ) પૂર્વાભાદ્ર નક્ષત્રનું ચોથું.

અગ્રભુક જુઓ અગ્રભુજ.

અગ્રભુજ ૧. [સં. અગ્ર + ભુજ્ (ખાવું)] વિ. પહેલું ખાનાર.

૨. વિ. દરદ ઉપરાંત ખાનાર; અકૃતિમું.

અગ્રભૂ જુઓ અગ્રજ.

અગ્રભૂમિ ૧. સ્ત્રી. (હિંદી) ઘરની છત.

૨. [સં. અગ્ર (આગળ) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઘરની પરસાળ.

૩. [સં. અગ્ર (ઉપરનું) + ભૂમિ (ભાગ)] સ્ત્રી. શિખર; રોમ.

અગ્રમણિ [સં. અગ્ર + મણિ] પું. શિરોમણિ.

અગ્રમહિષી [સં. અગ્ર (મુખ્ય) + મહિષી (રાણી)] સ્ત્રી. પટરાણી.

અગ્રમહેષી જુઓ અગ્રમહિષી.

અગ્રમાન [સં. અગ્ર (શ્રેષ્ઠ) + માન] સ્ત્ર શ્રેષ્ઠ માન.

પ્રાચીન કાળમાં જુદા જુદા સ્થળે વિદ્વાનો ઋષિઓએ વિચારપૂર્વક ધર્મને અગ્રમાન આપ્યું. આર્યોના લક્ષણનો પ્રતિકાર

અગ્રમાંસ ૧. [સં અગ્ર (વિશેષ) + માંસ] સ્ત્ર. એ નામનો કાળજાનો એક રોગ.

૨. [સં. અગ્ર (શ્રેષ્ઠ) + માંસ] સ્ત્ર. બાવાના ઉપયોગમાં આવે એવું હરણનું માંસ, જેથી તે બહુ સ્ફૂર્તિષ્ટ બનાય છે.

૩. સ્ત્ર હરણ.

અગ્રમુખ [સં. અગ્ર + મુખ (મોઢું)] સ્ત્ર. મોઢાનો આગલો ભાગ.

અગ્રયકૃ ૧. પું. આગલર આગમાં જન્મ એ નામનો નવા અનાજનો એક પાક.

૨. સ્ત્ર. અગ્નિ કર્યા વિના થતું એ નામનું એક ઘાસ.

અગ્રયાન ૧. [સં. અગ્ર + યા (જવું)] સ્ત્ર. આગળ જવું તે.

૨. સ્ત્ર. આગળ ચાલવું કામ.

૩. સ્ત્ર. લશ્કરનો આગળનો ભાગ.

૪. વિ. બેઅરે આગળનું.

અગ્રયાયી ૧. પું ઈશ્વર.

૨. પું. (પુરાણ) સોમવંશી પૃતરાષ્ટ્રના ૧૦૦ દીકરાઓનો એ નામનો એક.

૩. [સં. અગ્ર + યાયિન્ (જનાર)] વિ. આગળ જનાર.

૪. વિ. શ્રેષ્ઠ.

અગ્રયોષી ૧. [સં. અગ્ર (મુખ્ય) + યોષિત (સ્ત્રીઓ)] પું. મુખ્ય રોહો.

૨. વિ. લશ્કરને બેઅરે રહી લડનાર.

અગ્રલેખ [સં. અગ્ર (મુખ્ય) + લેખ] પું. વર્તમાનપત્ર માંહેનો મુખ્ય લેખ.

અગ્રલોક [સં. અગ્ર (શ્રેષ્ઠ) + લોક (સ્થાન)] પું (જૈન) મુક્તસ્થાન; સિદ્ધક્ષેત્ર.

અગ્રલોહિતા [સં. અગ્ર (આગળનું) + લોહિતા (લાલ)] સ્ત્રી. એ નામની એક ભાજી. તેનો આગળનો ભાગ લાલ હોવાથી તે અગ્રલોહિતા કહેવાય છે.

અગ્રવક્ત્ર પું. (વૈદક) વાઢકાપમાં વપરાતું એ નામનું એક ઓજાર.

અગ્રવન સ્ત્ર. અગ્રા પાસે આવેલું એ નામનું વન.

અગ્રવર્તિત્વ [સં. અગ્ર + વર્તિત્વ (હોવાપણું)] સ્ત્ર. આગેવાની.

અગ્રવર્તી [સં. અગ્ર (આગળ) + વર્તિન્ (રહેનાર)] વિ. આગળ રહેનાર; મુખ્ય.

અગ્રવર્તી ભવાનન્દ કરે સમાધાન,
ઉ અગ્રવર્તી બીજભવાન. પ્રેમાનંદ

અગ્રવાદી ૧. પું. અગ્રેસર; મુખી.

૨. પું. પૂર્વપક્ષી; વાદમાં પહેલો બોલનાર.

૩. પું. પરિવાદી.

૪. [સં. અગ્ર + વાદિન્ (બોલનાર)] વિ. બોલવાની શરૂઆત કરનાર.

અગ્રવાલ ૧. સ્ત્ર. વાણિયાની એ નામની એક પેટા જાતિનું માણસ.

૨. વિ. વાણિયાની એ નામની એક પેટા જાતનું. હંસારથી દસ ગાઉ ઉપર અગ્રોહા નામનું ગામ હતું. ત્યાં સં. ૨૧૭૭ની સાલમાં રાજા અગ્રસેન દીકરા અને શહેરના મોટાઓને ભેગા કરાવીને જૈન બનાવ્યા. ત્યારપછી તે ગામ ઉજ્જડ થઈ ગયું અને બધા બીજે ગામ જઈ વેપાર કરવા લાગ્યા. અગ્રોહા ગામ ઉપરથી તેઓ અગ્રવાલ વાણિયા કહેવાયા.

અગ્રશિર [સં. અગ્ર + શિરસ્ (માથું)] સ્ત્ર. કપાળ.

અગ્રશુદ્ધિ [સં. અગ્ર + શુદ્ધિ (પવિત્રતા)] સ્ત્રી. પ્રથમ કરવાની શુદ્ધિ.

આ જગતમાં જે પંડિતો છે તેઓ જપ વિચારો નાશ એ જ આત્માના અગ્રશુદ્ધિ છે એમ કહે છે બાપા ! સુનિપાત

અગ્રશોચી ૧. વિ. આગળથી વિચાર કરનાર; દૂરદર્શી.

અગ્રશોચી સદા સુખી. શૌકાંક્રિ

૨. [સં. અગ્ર (આગળથી) + શોચિન્ (શોક કરનાર)] વિ. પહેલેથી શોક કરનાર.

અગ્રસર ૧. [સં. અગ્ર (આગળ) + સૃ (જવું] પું. આગેવાન; નાયક.

શ્રમ કર્યે જ અગ્રસરો કંઈ મિલે. નર્મદ

૨. ન. (ગણિત) બે સંખ્યાનું ગુણોત્તર બતાવવામાં પહેલી સંખ્યા; 'અંટીસીડન્ટ'. જેમકે ૬ અને ૯નું ગુણોત્તર ૨/૩, તેમાં ૬ અગ્રસર કહેવાય છે.

ગુણોત્તરમાં અગ્રસર અને ઉપાગ્રસર મળીને એક પૂર્ણ થાય છે. કેળવણીનું દાયરા

૩. વિ. આગળ આવનાર.

અગ્રસંખ્યા [સં. અગ્ર + સંખ્યા] સ્ત્રી. પહેલો નંબર; પ્રથમ સ્થાન.

અગ્રસંધાની ૧. [સં. અગ્ર (પ્રક્રિયામાં પૂર્વે) + સંધાની (કાર્યની નોંધ)] સ્ત્રી. વખતો રોજમેળ, જેમાં માણસનાં સારાનરસાં કર્મ નોંધાય છે.

૨. [સં. અગ્ર (આગમચી) + સંધા (બાંધવું)] વિ. આગળથી બાંધી લેનાર.

અગ્રસંધ્યા ૧. [સં. અગ્ર (પહેલાંનું) + સં (સારી રીતે) + ધ્યે (ધ્યાન કરવું)] સ્ત્રી. પ્રાતઃસંધ્યા; સવારનું સંધ્યોપાસન કર્મ.

૨. [સં. અગ્ર + સંધ્યા (સાંજ)] સ્ત્રી. સાંજ પહેલાંનો વખત; રોકું.

૩. [સં. અગ્ર (પહેલાંનું) + સંધ્યા (રાત્રિ અને દિવસ વચ્ચેની સંધિનો વખત)] સ્ત્રી. સૂર્ય ઊગ્યા પહેલાંનો વખત; પ્રભાત.

અગ્રસંહાર [ખ.] પું. (કા.) ભેગેલી મૂળ વસ્તુ ઉપરથી લેવા જેવું કેરેલું નાનું ચિત્ર; પદાર્થના દેખાવ તથા પ્રમાણનો બરાબર ખ્યાલ આવે એવી રીતે સપાટી પર લેવા કેરેલા ચિત્રના આધારે પ્રમાણસર કૃતિ કરવા તે.

અગ્રસાક્ષાત્કર્મબંધની સ્ત્રી. કરેલાનું ફાડવું; ભેરવણ.

અગ્રસાર [સં.] પું. વાંસળો; વાંસ.

અગ્રસારા ૧. [સં. અગ્ર (ઉપરનો ભાગ) + સાર (સત્ત્વ)] સ્ત્રી. ફળ વિનાની ચિબાવળી ઝાંખર. ફળ નહિ હોવાથી નકામું સત્ત્વ ઉપરના ભાગમાં જ હોય છે.

૨. સ્ત્રી. (ગણિત) મોટી સંખ્યા ગણવાની દેશી રીત.

અગ્રસૂચના ૧. [સં. અગ્ર (આગળ) + સૂચના (જાણ)] સ્ત્રી. અગમચેતી.

૨. સ્ત્રી. અગાઉથી પડેલી ખબર; આગાહી.

અગ્રસેકી [સં. અગ્ર (પહેલું) + સેકી] સ્ત્રી. પહેલી વારની સેકી.

અગ્રસ્થ ૧. [સં. અગ્ર (આગળ) + સ્થ (રહેલું)] વિ. આગળ રહેલું.

૨. વિ. ઉત્તમ; સૌથી ચડિયાતું.

૩. વિ. ભવિષ્યનું.

અગ્રસ્થાન [સં. અગ્ર (મુખ્ય) + સ્થાન (જગ્યા)] ન. મુખ્ય જગ્યા.

વિશ્વના બંધમાં ચર્મબંધરચના, અસ્થાન અને અનુબંધને અગ્રસ્થાન ઘટે છે. વિશ્વ અને વિશ્વ

અગ્રસ્થિત જુઓ અગ્રસ્થ.

અગ્રસ્થૈય [સં. અગ્ર (આગળ) + સ્થૈય (ઊભવા લાયક)] વિ. આગળ રહેવા લાયક.

અધસ્તલો ૧. [સં. અધઃ (નીચે) + તલ (જમીન)] પું. જમીનમાં બનાવેલું ઘર; ભોંયરું; ભોંયરૂં.

૨. સ. નીચેનો ઓરડો.

અધસ્તાત્ [સં.] અ. નીચે; હેઠે; તળિયે.

અધસ્તાપક સ. (જૈન) બેઠક જાતનું પિશાચ.

પિશાચોના પંદર ભેદ આ ક્રમમાં છે: કૂષ્માંડ, પટક, જોષ, આન્હક, કાલ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધ-સ્તારક, હેઠ, મહાવિદેહ, તૂષ્ણીક અને વન-પિશાચ. તત્ત્વાર્થસૂત્ર

અધસ્સ્વસ્તિક પું. (અજોડ) બરોબર પગ નીચેનું આકારબિંદુ; પાતાલકેંદ્ર.

અધહાર સ્ત્રી. ચોસઠ સેરવાળી માળા.

અધંગ [હિં.] પું. અર્ધાંગવાયુ; પક્ષઘાત.

અધંગી [હિં.] વિ. પક્ષઘાતથી પીડાતું.

અધંતરી [અધઃ (નીચે) + અંતરી] સ્ત્રી. (આભૂષ) મલબંજની એક ઝવરત.

અધા [સં.] અ. નીચે; તળે; હેઠે.

અધાઃશીર્ષ [સં. અધઃ (નીચે) + ઊર્ધ્વ (ઊંચ)] અ. ઉપરનીચે.

અધાઃકર [સં. અધઃ (નીચે) + કર (હાથ)] પું. હાથનો નીચેનો ભાગ.

અધાકર્મ [સં. અધઃ–પ્રા. આહા (અન્ન સાધુ માટે બનાવાતો ખોરાક) + કર્મન્ (દોષ)] સ. (જૈન) પોતાને માટે બનાવેલ આહાર લેવાથી સાધુને લાગતો એ નામનો એક દોષ.

અધાઃકાય [સં. અધઃ (નીચે) + કાય (શરીર)] સ્ત્રી. શરીરનો નીચલો ભાગ; કૂંટીની નીચેનો ભાગ.

અધાઃક્ષેપ [સં. અધઃ (નીચે) + ક્ષેપ (ફેંકવું)] પું. નીચે ફેંકવું તે.

અધાઃપતન ૧. [સં. અધઃ (નીચે) + પતન (પડવું તે)] સ. અધઃપાત; અધોગતિ; અવનતિ; પડતી.

૨. સ. દુર્દશા; દુર્ગતિ.

૩. જ. નરકવાસ.
૪. જ. વિનાશ; ક્ષય.

અધઃપતનશીલ [સં. અધઃ (નીચે) + પતન (પડવું તે) + શીલ (સ્વભાવ)] વિ. નીચે પડવાની ટેવવાળું.

અધઃપતનશીલતા [સં. અધઃ (નીચે) + પતન (પડવું તે) + શીલ (સ્વભાવ) + તા (પણું)] સ્ત્રી. દરેક વસ્તુને નીચે પડવાનો ગુણ.

અધઃપતિત [સં. અધઃ (નીચે) + પતિત (પડેલ)] વિ. નીચે પડેલું; પડતી દશાને પામેલું.

અધઃપાત [સં. અધસ્ (નીચે) + પાત (પડવું)] પું. અધઃપતન; અધોગતિ; અવનતિ; પડતી.

આત્માના અનુક અનુભવો પછી જો કોઈ પોતાની પ્રકૃતિમાં ફેરફાર ન કરે તો તે ખોટો અધઃપાત અનુભવે. પ્રસ્થાન

અધઃપાતન જુ. [સં. અધઃ (નીચે) + પાતન (પડવું તે)] જ. (વિજ્ઞાન) વીજળીને ઉપયોગમાં પડવું તે; નિષ્ક્રમણપાતન.

જુ. [સં. અધઃ (નીચે) + પાતન (પાડનાર)] વિ. નીચે પાડનાર.

અધઃપાતનયંત્ર [સં. અધઃ (નીચે) + પાતન (પાડનાર) + યંત્ર (સાધન)] જ. પારદર્શકમાં મોટું ઊંડું યંત્ર; ડમરૂયંત્રનો ઊંધો પ્રકાર.

અધઃપાસ જ. હવાની દશા; પડતી.

અધઃપુષ્પી જુ. સ્ત્રી. અનંતમૂળ નામની ઔષધિ.
જુ. [સં. અધઃ (નીચે) + પુષ્પ (ફૂલ)] સ્ત્રી. ઊંધાપૂલી; ધાવડી નામે વનસ્પતિ. ધાવડી.

અધઃપ્રદેશ [સં. અધઃ (નીચે) + પ્રદેશ (ભાગ)] પું. નિચાણનો ભાગ; નિચાણવાળો દેશ.

અધઃપ્રસ્તર [સં. અધઃ (નીચે) + પ્રસ્તર (પાથરવું)] જ. અપવિત્ર મનાતાને જોવવા માટે પાસ વગેરેનું ન બળાય એવું બાજુનું કુશાસન.

અધઃપ્રસ્તાર પું. ધરતી કિનારી.

અધઃશયન [સં. અધઃ (નીચે) + શયન (સૂવું તે)] જ. ભોં પર સૂવું તે; ભૂમિશય્યા. બ્રહ્મચારીનો આ એક સંયમ મનાય છે.

અધઃશય્યા જુ. [સં. અધઃ (નીચે) + શય્યા (પથારી)] સ્ત્રી. જમીન ઉપર સૂવું તે.
જુ. [સં. અધઃ (નીચે) + શય્યા (પથારી)] સ્ત્રી. જમીન ઉપરની પથારી; ભોંયપથારી.

અધઃશલ્ય જુઓ અધઃશલ્ય.

અધઃશલ્યા [સં. અધઃ (નીચે) + શલ્ય (કાંટો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અધેડો નામની વનસ્પતિ. તેનાં બીજ ઉપરની કાંટો નીચે વળેલી હોય છે તેથી તેને અધઃશલ્યા કહે છે.

અધઃશૃંગ પું. ક્ષિતિજની નીચેના પદાર્થથી ક્ષિતિજ ઉપર જોવરેલો કોણ.

અધઃશ્વાભ્ર [સં. અધઃ (નીચું) + શ્વભ્ર (કાણું)] વિ. (જોડાંત) જેની કાંણ નીચે આવેલી છે એવું.

અધઃશ્વાભ્રા [સં. અધઃ (નીચું) + શ્વભ્રા (કાણી)] સ્ત્રી. નીચે આવેલી કાણી.

રાજદ્વેષ અધઃશ્વાભ્રા બની,
કર્મ ફલ ઉર્ધ્વશ્વાભ્રા તે વળી.
પ્રાચીન કાવ્યમાલા

અધઃસંપતની [સં. અધઃ (નીચે) + સામ (સામવું) + ર્ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. તમતમા નામનું સામવું નરક.

અધઃસંચારી [સં. અધઃ (નીચે) + સંચરિન્ (સંચાર)] વિ. નીચે સંચરનાર.

અધઃસંયોગ પું. સાપ્રદ દ્રવ્યનો નીચેના દેશ સાથે થતો સંયોગ.
ભૂમિ દ્રવ્યનો જે નીચેના દેશ સાથે સંયોગ થાય છે તેને અધઃસંયોગ કહે છે. જો અધઃસંયોગનું અસ્તિત્વ ન હોય તો ભૂમિ જે, તે ભૂમિ અપરિપક્વ કહેવાય છે. ઉપાધ્યાય વગેરે

અધઃસ્થ [સં. અધઃ (નીચે) + સ્થ (રહેવું)] વિ. નીચેનું; હલકું.

અધઃસ્થિત [સં. અધઃ (નીચે) + સ્થિત (રહેલું)] વિ. નીચે રહેલું; પડતું.

અધઃસ્પર્શી [સં. અધઃ (નીચે) + સ્પર્શિન્ (અડનાર)] વિ. ધારથી તે બાજુ-રેખની ટોચ સુધી જોખાયેલું.

અધઃસ્વસ્તિક [સં.] પું. (ભૂગોળ) ભોંયરાની જગાએ નીચેનો આકાશવિભાગ; અધોબિંદુ; ભોંયરા પછીની નીચેનું આકાશબિંદુ.

અધાક જ. [અ (નહિ) + ધાક (બીક)] પું. નિરંકુશતા.
જ. વિ. દાબ વગરનું; હાક વગરનું; કોઈની બીક ન હોય એવું; નિરંકુશ; સ્વચ્છંદી; નિર્બંધ.

અધાતન જ. (આમ) અજાણપણું.

અધાતા [સં. અ (નહિ) + ધાતૃ (ધારણ કરનાર)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. પોતાની મેળે જન્મેલ હોવાથી તેને ધારણ કરનાર કોઈ નથી, તેથી તે અધાતા કહેવાય છે.

અધાતુ જ. [સં. અ (નહિ) + ધાતુ (ધાતુનિર્દિષ્ટ ક્રિયા)] સ્ત્રી. ધાતુ નહિ તે; ધાતુના મૂળ વગરની ચીજ.
જ. સ્ત્રી. પથ્થર; ગ્રામ.

અધાતુ ધાતુની મૂરતી બનવી પ્રભુ તેં ઘડી. આર્યભજનામૃત

અધાતુક જ. [સં. અ (નહિ) + ધાતુ (ધાતુનિર્દિષ્ટ ક્રિયા) + ક (વાળું)] વિ. ધાતુના મૂળ વગરનું.
જ. વિ. ધાતુનું નહિ એવું.

અધાપંથ જ. સ્ત્રી. અજ્ઞાન.
જ. સ્ત્રી. અંધાપુંધી; અવ્યવસ્થા; ગરબડ.
૩. [અંધ (આંધળું) + કૂપ (ખાડો)] સ્ત્રી. અંધારું; અંધારો.

અધાપુંધ જ. સ્ત્રી. અજ્ઞાન.
જ. સ્ત્રી. અંધાપુંધી; ગરબડાટ; અવ્યવસ્થા; અસ્તવ્યસ્તતા; બધાં કામનું કશું આલે નહિ એવી કંઈક હાલત; અંતંગતા; અરાજકતા.
૩. [અંધ (આંધળું) + કૂપ (ખાડો)] સ્ત્રી. અંધારો; અંધારું.
૪. વિ. પડતું.
૫. વિ. તદ્દન ખોટું.
૬. વિ. બેધડક.

અધાપુંધી જ. સ્ત્રી. અજ્ઞાન.
જ. સ્ત્રી. અવ્યવસ્થા; ગરબડાટ; અસ્તવ્યસ્તતા; અંતંગતા; અરાજકતા.
૩. [અંધ (આંધળું) + કૂપ (ખાડો)] સ્ત્રી. અંધારો; અંધારું.

અધાપૂખ જ. સાવ; તદ્દન; અંધારોમ; નરાતાળ; નિરાકૃત; પૂરેપૂરું.

અધાપોમ જુઓ અધાપૂખ.

અધાપ વિ. (અરબી) સંતોષ ન પામે એવું; તૃપ્ત નહિ થતું.

અધાર્યા પું. (પિંગળ) માત્રિક ગણનો ૨૮ અને ૨૦ એ રીતે ૫૮ માત્રાનો એક માત્રામેળ છંદ.

અધાર જ. પું. (પિંગળ) બે નામનો ૫૨ મુરુ અને ૫૪ લઘુ મળી ૧૦૬ વર્ણનો એક માત્રામેળ છંદ. તે ૬૪૫૨ી છંદની જાતનો એક વિષમ ભેદ છે.
૨. [સં. અ (નહિ) + ધાર (આધાર આપનાર)] વિ. અનાધાર; નિરાધાર; આધાર વગરનું.
૩. વિ ધારવું ન જઈ શકે એવું.

૪. [સં. અ + ધાર્ય (સહન)] વિ. સહન ન થઈ શકે તેવું; અસહ્ય; અધાર્ય.
૫. ક્રિ.વિ. અસહ્ય રીતે; અનમાની રીતે.

અધારી [હિં.] સ્ત્રી. પ્રકાશ વિનાનો અભાવ.

અધાર્મિક ૧. [સં. અ (નહિ) + ધાર્મિક (ધર્મવાળું)] વિ. અન્યાયી; ધર્મ વિરુદ્ધનું.
૨. વિ. ધર્મ વિનાનું; ધર્મની લાગણી રહિત.
૩. વિ. ધર્મ સાથે સંબંધ વગરનું.

અધાર્મિકતા ૧. [સં. અ (નહિ) + ધાર્મિક (ધર્મનિષ્ઠ) + તા (પણું)] સ્ત્રી. અધર્મીપણું; નાસ્તિકતા.
૨. સ્ત્રી. અન્યાયીપણું.
૩. સ્ત્રી. પાપીપણું; દુરાચાર.

અધાર્ય [સં. અ (નહિ) + ધાર્ય (સહન થઈ શકે એવું)] વિ. ન વેઠી શકાય એવું; અસહ્ય.

અધાંધ ૧. [સં. અર્ધ (અધું) + અંધ (આંધળું)] વિ. થોડું દેખતું; મંદ દૃષ્ટિવાળું.
૨. વિ. રતાંધળું.

અધાંધર સ્ત્રી. (પ્રારંભ) પધાપટી; ધટાધટ.

અધિ ૧. [સં.] પું. મનની પીડા; મનોદુઃખ; આધિ.
૨. સ્ત્રી. અષ્ટકાલ્પાણી સ્ત્રી; અધિ.
૩. સા. અધિકતા, વિશેષતા, તીવ્રતા બતાવતો ઉપસર્ગ. જેમકે, અધિમાસ, અધિકમાસ.
૪. સા. આગળ.
૫. સા. ઉપરીપણું કે શ્રેષ્ઠત્વ બતાવતો ઉપસર્ગ. જેમકે, અધિરાજ, અધિપતિ.
૬. સા. નીચે; હેઠે.
૭. સા. માટે; વાસ્તે; કાજે.
૮. સા. પાસે; નજીક; ઓરે.
૯. સા. મુખ્ય કે પ્રધાન એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અધિદૈવત.
૧૦. સા. વખતમાં.
૧૧. સા. સંબંધી, વિષે એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અધિક્ષેપ.
૧૨. સા. ૬૬ અક્ષર.

અધિક ૧. પું. (અલં) એ નામનો એક જાતનો અલંકાર; અતિશયોક્તિ; આધાર કરતાં આધેયનું અથવા ઉપમેય કરતાં આધારનું વધારે વર્ણન કરવામાં આવે છે તે અલંકાર. જેમકે, જલ ભરેલાના સર્વને મન આનંદ માય નહિ.
૨. પું. (ન્યાય) સાધ્ય સિદ્ધ થઈ શકવું હોય, તે છતાં બીજા હેતુ કે દૃષ્ટાંતોને પ્રયોગ કરવું નિગ્રહસ્થાન.

> દાખ પણ એક હેતુ કે ઉદાહરણથી સાધ્ય સિદ્ધ થતું હોય છતાં બીજા હેતુ કે ઉદાહરણોનો પ્રયોગ કરવાથી અધિક વાદનો નિગ્રહસ્થાનથી પરાજિત ગણાય છે. પુરાતત્ત્વ

૩. વિ. ઉચ્ચતર; વધારે ઊંચું; અધિકતું.
૪. વિ. (હિંદી) ઘણું.
૫. વિ. ઉત્તરોત્તર.
૬. વિ. ગોળવું; ગોળાવું.
૭. વિ. ઘણું; પૂરું; પુષ્કળ; અતિ.

> વૃક્ષ અતિશય અતિશય ખૂબ અધિક અત્યંત ખિલ્યા. અતિ ઉત્કર્ષ વર્ણિત કરી બધા સંત અત્યંત. વિશ્વનાથકવિ

૮. વિ. અજોડ; જોટ.
૯. વિ. વધારાનું; ફાલતુ.
૧૦. વિ. વધારે; વધારે પડતું; વધતું; વિશેષ; ઉપરાંતનું.
૧૧. વિ. (હિંદી) બેર; સર્વત્ર.
૧૨. અ. (હિંદી) ઉપરાંત; વધારે પડતું.
૧૩. અ. ફરી; વળી.
૧૪. અ. (હિંદી) બેહદ હદ હદે.

અધિકઈં વિ. (બા. પ્ર.) અધિક; વધારે.

> હમણાં અધિકઈં રહ્યા બાપી કરિ અમ્હ ભણી પધારા. પ્રબોધચિન્તામણિ

અધિકગણવું [સં. અધિક (વધારે) + ગણવું (કરવું)] ક્રિ. વધારે ગણવું; વધુ કરવું.

અધિકજોઈ જુઓ અધિકજોવું.

અધિકજોવું [સં. અધિક (વધારે) + જોવું (જોવું)] ક્રિ. (અંકિત) જોઈ કાઢવું કરતાં મોટો અને જે કાઢવું કરતાં નાનો ખૂણો; પહેલાખૂણ; 'ઓબ્ટ્યૂસ ઍંગલ'.

અધિકડું (અધિકડું) ૧. [સં. અધિક (પૂરું) + ડું (સ્વાર્થવાચક પ્રત્યય)] વિ. પૂરું; ઘણું.
૨. વિ. અધિકાનું; ઉચ્ચતર; વધારે ઊંચું.
૩. વિ. વિશેષ; વધારે.

અધિકતદ્ગુણરૂપક [સં.] પું. (અલં) રૂપકના પેટાભેદરૂપ એ નામનો એક અર્થાલંકાર. આરોપ્યમાણ ઓછા કરતાં આ મુખ્યત્વે અધિક હોવાને છે. આમાં ઉપમેયનું નિગ્રહસ્થરૂપે ઉપમાન કરતાં અધિકત્વ વર્ણવ્યું હોવાથી તે અધિકતદ્ગુણરૂપક છે.

અધિકતમ [સં. અધિક (વધારે) + તમ (અતિશયતા પ્રત્યય)] વિ. સૌથી વધારે; બધામાં વધારે.

અધિકતમસામાન્ય [અધિકતમ (બધામાં વધારે) + સામાન્ય (સમ)] સ્ત્રી. વધારેમાં વધારે સમાનતા.

અધિકતમશુલ્ક ૧. [સં. અધિકતમ (સૌથી વધારે) + શુલ્ક (કરવેરાની કિંમત લાદીને વસૂલ કરાતું ધન)] ન. કરવાની વધારેમાં વધારે લેવાતી કિંમત.
૨. [સં. અધિકતમ (સૌથી વધારે) + શુલ્ક (ભરવાનું)] ન. વધારેમાં વધારે લાગત કે ભરપાઈ.
૩. [સં. અધિકતમ (બધામાં વધુ) + શુલ્ક (કિંમત)] ન. વસ્તુની વધારેમાં વધારે લેવાતી કિંમત.

અધિકતર [સં. અધિક (ઘણું) + તર (વિશેષણનું ભવનવાચક પ્રત્યય)] વિ. વધારે; બહુ અધિક.

અધિકતા ૧. [સં. અધિક (વધારે) + તા (પણું)] સ્ત્રી. અધિકપણું; વિશેષતા; આધિક્ય
૨. સ્ત્રી. ઉત્કર્ષ; અધિકતાપણું; ચઢિયાતાપણું.
૩. સ્ત્રી. બહુપણું; પુષ્કળતા; અતિશયતા.
૪. સ્ત્રી. મોટાઈ; મહત્ત્વ; મહિમા; ગૌરવ.
૫. સ્ત્રી. વધારો; વૃદ્ધિ.
૬. સ્ત્રી. વૈભવ; શોભા.

અધિકતાગ્રંથિ [સં. અધિકતા (મોભા) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. ઉત્તમ સંબંધ; ઉત્કર્ષગ્રંથિ; સૌથી સરસ સંબંધ.

અધિકતાવાચક [સં. અધિકતા (વિશેષપણું) + વાચક (બતાવનાર)] વિ વિશેષતા બતાવનાર; અધિકપણું બતાવનાર.

અધિકતાવાચકરૂપ [સં. અધિકતા (વિશેષપણું) + વાચક (બતાવનાર) + રૂપ] ન. વધારેપણું દેખાડનાર શબ્દ.

અધિકતિથિ [સં. અધિક (વધારે) + તિથિ (દિવસ)] સ્ત્રી હિંદુ પંચાંગમાં વધારાનો દિવસ; સૂર્યોદય પહેલાં અથવા સૂર્યોદય સાથે જ શરૂ બીજા દિવસના સૂર્યોદય પછી પૂરી થતી તિથિ; સામાન્ય બે દિવસ સૂર્યોદયને વખતે આવતી તિથિ; જેમાં બે સૂર્યોદય આવી જતા હોય તેવી તિથિ.

અધિકતા જુઓ અધિકતા.

અધિકદંતો [સં. અધિક (વધારે) + દંત (દાંત)] વિ.પું. દાંત વધારે હોય એવો ઘોડાવાળો. સામાન્ય રીતે હોય તે કરતાં વધારે દાંતવાળા ઘોડાને અધિકદંતો ઘોડો કહે છે.

અધિકદિન જુઓ અધિકતિથિ.

અધિકદિવસ જુઓ અધિકતિથિ.

અધિકનિરૂપણ [સં. અધિક (વધુ) + નિરૂપણ (વર્ણન)] ન. વિશેષ પરીક્ષા; વધુ ચોકસી.

અધિકપદ [સં. અધિક (વધારે) + પદ (શબ્દ)] ન. (અલં) વાક્યદોષનો એ

નામનો એક ભેદ; નિત્યનપુંસકી શબ્દ વાપરવાથી થતો દોષ.

જે પદ ન હોય તો કંઈ અપૂર્ણતા દેખાય નહિ એવા પદનું કથન તે અધિકપદ.
કાવ્યતત્ત્વ

અધિકપરિસાંત [સં. અધિક (વધુ) + પરિસ (ચતુર્થનો પેટાભેદ) + અંત (ભાગ)] પું. વર્તુળના ઘેરાવાના અર્ધ ભાગ કરતાં મોટો ટુકડો.

અધિકપ્રજ્ઞમપદ [સં.] વિ. (અધિકૃત) બીજા પછી પ્રથમ પદ મોટું હોય એવું.

અધિકમાસસંજ્ઞ ૧. [સં. અધિક (વધારે) + પ્રસંગ (સહવાસ)] પું. વધારે પડતો પરિચય.
૨. પું. હદ બહારની છૂટ.

અધિકભાર [સં. અધિક (વિશેષ) + ભાર (બોજો)] પું. વિશેષ બોજો.

અધિકમહિનો જુઓ અધિકમાસ.

અધિકમાસ [સં. અધિક (વધારાનું) + માસ (મહિનો)] પું. પુરુષોત્તમ માસ; અધિકમહિનો; મળમાસ; સૂર્યની સંક્રાંતિ વિનાનો મહિનો. ચંદ્રની ગતિને આધારે થતી ગ્રહગણનાને સૂર્યની ગતિથી થતી ગ્રહગણનાના સાથે મેળવી લેવાને સરેરાશ ૩૨ મહિના, ૧૬ દિવસ અને ૪ ઘડીને અંતરે એક અધિકમાસ આવ્યો જોઈએ. તે ગ્રહગણનાના જે માસમાં સૂર્યસંક્રાંતિ ન હોય તે માસમાં અધિક માસ ધારીને તથા સરેરાસ મેળવી લેવાને અમુક અનુક્રમથી ક્ષયમાસ ધારીને પૂરી કરાય છે. જે મહિનામાં અધિકમહિનો બેસતો હોય તે મહિનાનું નામ તેને આપવામાં આવે છે. એક જ નામના બે માસમાંનો પહેલો મહિનો અધિક ગણાય છે.

અધિકરક્ષકજ્ઞ [સં. અધિક (વધારાનું) + રક્ષક (રક્ષણ કરનાર) + જ્ઞ (કરનાર)] જ્ઞ. વધારાની પોલીસ; બનાવે બરકાર.

અધિકરણ ૧. [સં. અધિ (વધારે) + કૃ (કરવું)] ક. અધિકાર; હક.
૨. જ્ઞ. આધાર; આશ્રય.
૩. જ્ઞ. ઓરણ; સુથાર કે લોહીનું ઘડવાનું એ નામનું એક સાધન. તેના ઉપર ધાતુ રાખી હથોડા વતી ટીપે છે.
૪. ક. (વ્યાકરણ) કર્તા કે કર્મ વડે ક્રિયાનું આધારભૂત કારક; સપ્તમ્યર્થ સાતમી વિભક્તિનો અર્થ. 'તે ગાદી પર બેસે છે' એમાં 'ગાદી' કર્તાનો-બેસનારનો આધાર છે. 'તે તપેલીમાં ખીચડી રાંધે છે' એમાં તપેલી સાથે 'માં' કર્મનો સંબંધ છે.
૫. જ્ઞ. (જૈન) કલહ; ઝઘડો.
૬. ક. નિમણૂક; અધિકૃત કરવાનું કામ.
૭. જ્ઞ. (ન્યાય) ન્યાયના ચાર સિદ્ધાંતમાંનો એ નામનો એક. જુઓ અધિકરણસિદ્ધાંત.
૮. જ્ઞ. ન્યાયમંદિર; અદાલત; કચેરી.
૯. જ્ઞ. પદાર્થ; વસ્તુ; દ્રવ્ય; જીવ.
૧૦. જ્ઞ. પદાર્થને રહેવાનું અવકાશ જિનાને બનાવ્યું હોય તે.
૧૧. જ્ઞ. પ્રકરણ, ગ્રંથ કે અભ્યાસનો વિષય અથવા વિભાગ. નિર્ણય કરવામાં પાંચ અંગવાળા વાક્યસમુદાય અધિકરણ કહેવાય છે. મીમાંસાદર્શન પ્રમાણે વિષય, સંશય, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ અને સંગતિ અથવા નિર્ણય, અને વેદાંત પ્રમાણે વિષય, સંશય, સંગતિ, પૂર્વપક્ષ અને સિદ્ધાંત, એ અધિકરણનાં પાંચ અંગ છે.
એનો વિષય યાને અભ્યાસ તથા અભ્યાસે અભ્યાસે યાને થાક પડ્યે અને પાછે પાછે અનેક અધિકરણ રચે છે. સિદ્ધાંતસાર
૧૨. જ્ઞ. પણ વસ્તુ; અધિષ્ઠાન.
૧૩. જ્ઞ. (ન્યાય) વિષય સંબંધી જ્ઞાનવાનું કે કથન.
વિષયને ઉદ્દેશીને જે કહેવાય છે-જણાય છે તેને અધિકરણ કહે છે. પુષ્ટિમાર્ગ
૧૪. જ્ઞ. જોડતા; અડિયાતાપણું.
૧૫. જ્ઞ. સંબંધ; નિસબત.
૧૬. જ્ઞ. સાધન; ઉપકરણ; ઇલેક્ટ્રોન.
૧૭. જ્ઞ. કહેવાત ચલાવવાનું કામ.

અધિકરણભોજક [સં. અધિકરણ (ન્યાય) + ભોજક (પ્રમાણ)] પું. ન્યાયપીઠ; અદાલત; ન્યાયાધિકારી.

અધિકરણમંડપ [સં. અધિકરણ (ન્યાય) + મંડપ (જગા)] પું. ન્યાયમંદિર; કચેરી; અદાલત.

અધિકરણવિચાર [સં. અધિકરણ (દ્રવ્ય) + વિચાર (જોવાનું)] પું. દ્રવ્યનો કરવાના આવતી વપરાશ.

અધિકરણસિદ્ધાંત [સં. અધિકરણ (ચાર અંગવાળાં વાક્યોનો સમુદાય) + સિદ્ધાંત (નિર્ણય)] પું. (ન્યાય) પ્રમાણવેત્તાના આગળ રહીને પોતાની સાથે બીજા સિદ્ધાંત કે અર્થને પણ સાબિત કરનારો સિદ્ધાંત. જેમકે, પૃથ્વી વગેરે સાવયવ છે એ સિદ્ધાંત સિદ્ધ કરવા પહેલાં પૃથ્વી વગેરે પણ તેનો કર્તા સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે એમ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

અધિકરણિક ૧. [સં. અધિકરણ (ન્યાયમંદિર) + ઇક (વાળું)] પું. ન્યાયપીઠ; ન્યાયાધિકારી.
૨. [સં. અધિકરણ (અધિકાર) + ઇક (વાળું)] પું. સત્તાવાળો આગેવાન; અધિકૃત પુરુષ.

અધિકરણશાલા [સં. અધિકરણ (ન્યાય) + શાલા (જગા)] સ્ત્રી. ન્યાયાલય; કચેરી.

અધિકર્મ ૧. [સં. અધિ (ઉપર) + કર્મન્ (કામ)] ક. દેખરેખ; તપાસ.
૨. ક. બારે કામ; અધિકારનું કામ.
૩. વિ. અધિકારવાળું.
૪. [સં. અધિ (વધારે) + કર્મન્ (કામ)] વિ. વધારે કામવાળું.

અધિકર્મકૃત ૧. પું. કુટુંબમાં મુખ્ય પુરુષ.
૨. [સં. અધિકર્મન્ (દેખરેખ) + કૃત (કરેલું)] પું. ભંડારકર; મુકાદમ.
૩. પું. દેખરેખ રાખનાર અધિકારી; નિરીક્ષક.
૪. પું. સુથાર; લુહાર.

અધિકર્મિક [સં. અધિકર્મન્ (દેખરેખ) + ઇક (વાળું)] પું. બજાત લેનાર અધિકારી; ખાંડવિયો; નાકાદાર.

અધિકસામગ્રી [સં. અધિક (વધારાનું) + સામગ્રી (સરસામાન)] સ્ત્રી. કાયદા સરસામાન; વધારાનું રાચરચીલું.

અધિકસ્મર ૧. [સં. અધિક (વધારે) + સ્મર (કામદેવ)] પું. કામી પુરુષ.
૨. વિ. અતિશય કામી; બહુ કામવાસનાવાળું.

અધિકંદક [સં. અધિ (ખાવું) + કંદ (ગાંઠો)] પું. એ નામની એક જાતની મધુ ગાંઠવાળી વનસ્પતિ; જવાસો.

અધિકાઈ ૧. [અધિક (વિશેષ) + આઈ (પણું)] સ્ત્રી. અધિકતા; વિશેષપણું; બાહુલ્ય; પુષ્કળતા.
૨. સ્ત્રી. અવશેષ; બચત.
૩. સ્ત્રી. અડિયાતાપણું; ઉત્કર્ષ; મોટાઈ; જેરતા; વડપણું; મહિમા; મહત્ત્વ.
૪. સ્ત્રી. વધારો; વૃદ્ધિ.

અધિકાકાંક્ષા ૧. [સં. અધિક (વધારે) + આકાંક્ષા (ઇચ્છા)] સ્ત્રી. તાણીતૂશીને બેસાડેલો અર્થ; મારીમચડીને અર્થ કરવા રૂપ દોષ. આમાં સ્વીકારેલ અર્થ કરતાં વધારે અર્થની અપેક્ષા રહે છે.
૨. સ્ત્રી. વધુ લોભ; અતીચ્છા.

અધિકાધિક ૧. [સં. અધિક (બહું) + અધિક (વધારે)] વિ. ઘણું જ; ઘણું વધારે; પુષ્કળ.
૨. વિ. વધારે ને વધારે.
૩. વિ. વધારેમાં વધારે.

અધિકારભેદરૂપક [સં. અધિક (વધું) + અભેદ (સમાનતા) + રૂપક (એ નામનો એક અર્થાલંકાર)] જ. (કા.પ્ર.) રૂપક અલંકારના ત્રણમાંનો એ નામનો એક ચેદાભેદ. આમાં ઉપમાન અને ઉપમેય વચ્ચે ઝીણવટભરી બાબતમાં સરખાપણું બતાવ્યા પછી ઉપમેયમાં કંઈક અધિકતા કે વિશેષતા બતાવવામાં આવે છે.

આજે સમરહિનો સ્વીકાર કરી આ મહારેવ વિશ્વનું રક્ષણ કરે છે: એમાં રાજા ઉપમેય અને મહાદેવ એ ઉપમાન એ બન્નેનો અભેદ વિષમ કહિના આશ્રય અધિક સારે વર્ણવવામાં આવ્યો તેથી આ અધિકભેદરૂપક છે. કા.માધવરાજ

અધિકામ ૧. [સં. અધિ (વધું) + કામ (ઇચ્છા)] પું. અધિક અભિલાષ; વધુની ઇચ્છા.

૨. વિ. પુષ્કળ ઇચ્છાવાળું.

૩. [સં. અધિ (માટે) + કામ (ઇચ્છા)] જ. અભિલાષમાં; મનકામનાને લીધે.

અધિકાર ૧. [સં.] પું. (વેદાંત) એક પ્રસ્તમનો તેની પછીના પ્રસંગ સાથે, એમ ઉત્તરોત્તર ચાલતો સંબંધ.

૨. પું. કર્મનું કર્તાપણું.

૩. [સં. અધિ (ઉપર) + કૃ (કરવું)] પું. કુલ અધિકાર; સ્વામ્ય; માલિકી.

અધિકાર નષ્ટ-વિલોપ કરવો = સરકાર દાખલ કરવું; હક નષ્ટ કરવો; જપ્ત કરવું.

૪. પું. વધું હોવાપણું; અધિકતા.

૫. પું. સ્થાન; જવાબદારી.

૬. પું. ધર્મ; ફરજ; સત્તા.

૭. પું. (હિંદી) પંથો; વૃત્તિ; આજીવિકા.

૮. પું. પ્રકરણ; પરિચ્છેદ; અધ્યાય.

૯. પું. પ્રારંભ; કર્મનું ફળ.

૧૦. પું. પ્રારંભ; આરંભ; શરૂઆત.

૧૧. પું. યોગ્યતા; પાત્રતા; લાયકાત.

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે,
તહિ અર્થ ના સરે. કા.પ્રેમ

૧૩. પું. વસ્તુ; વિષય; બાબત; પ્રસંગ.

૧૪. પું. પરીવટ; અવસ્થા.

૧૫. પું. શક્તિ; તાકાત; સામર્થ્ય.

૧૬. પું. શાસન; અમલ; હકૂમત; અખત્યાર.

૧. અધિકાર આપવો = અખત્યાર દેવો.

૨. અધિકાર કરવો = (૧) આજ્ઞા કરવી. (૨) રાજ્ય ચલાવવું. (૩) પરીવટ કરવો.

૩. અધિકાર ચલાવવો = હકૂમત ચલાવવી.

૧૭. પું. સાધન; હેતુ.

૧૮. પું. હક; ઇખ્તિયાર; સત્તા.

૧. અધિકાર આપવો-દેવો = (૧) સોંપી દેવું. (૨) નીમવું. (૩) પ્રતિનિધિ બનાવી આપવું તરીકે નીમવું. (૪) સત્તા આપવી; હક આપવો.

૨. અધિકાર ભગવો = (૧) પંચકાલ ભગવો. (૨) સત્તા ભગવી; પદવી ભગવી.

૩. અધિકાર રાખવો = (૧) નોકરીમાં બાહાલ રહેવું; પદવી ઉપર રહેવું. (૨) માલિકી-હક હોવો. (૩) સત્તા હાથમાં રાખવી. (૪) હકદાર હોવું હક રાખવો.

૪. સહાયક અધિકાર = સહાયકારી હક; વાપરનો અધિકાર.

૫. સહાયકારી અધિકાર = વાપરનો હક.

૧૯. પું. હોદ્દો; પદવી.

અધિકાર ચલવે = હોદ્દાની રૂએ.

અધિકારક્રમે [સં. અધિકાર (લાયકાત) + ક્રમ (પરિપાટિ)] જ. લાયકાત પ્રમાણે, યોગ્યતાઅનુસાર.

અધિકારક્ષતિ [સં. અધિકાર (સત્તા) + ક્ષતિ (નાશ)] સ્ત્રી. સત્તાનો નાશ.

અધિકારક્ષેત્ર [સં. અધિકાર (સત્તા) + ક્ષેત્ર (પ્રદેશ)] જ. હકૂમત હોવાનો પ્રદેશ.

અધિકારચ્યુતિ ૧. સ્ત્રી. અધિકાર ખૂંચવી લેવાપણું.

૨. સ્ત્રી. માલિક પાસેથી તેના નાના જમીનના ટુકડાની બાજુ તેની મિલકતની માલિકી ખાતરીથી ખૂંચવી લેવી તે.

અધિકારજન્ય [સં. અધિકાર (પદવી) + જન્ય (ઉત્પન્ન થવું)] વિ. અધિકારને લીધે ઉત્પન્ન થતું.

અધિકારજ્ઞાપન ૧. [સં. અધિકાર (સત્તા) + જ્ઞાપન (જાહેરાત)] જ. ઇકરાર; કરાર; સ્થાપન.

૨. [સં. અધિકાર (યોગ્યતા) + જ્ઞાપન (બતાવવું તે)] જ. યોગ્યનું સ્થાપન; યોગ્યતાનું ભાન કરાવવાપણું.

અધિકારતઃ [સં.] જ. હોદ્દાની રૂએ; હોદ્દાના સંબંધથી.

અધિકારત્યાગ [સં. અધિકાર (હોદ્દો) + ત્યાગ (છોડવું તે)] પું. પદવી રાજીનામું.

અધિકારદત્ત [સં. અધિકાર (સત્તા) + દત્ત (સોંપેલું)] વિ. મંજૂર થયેલું.

અધિકારદંડ [સં. અધિકાર (સત્તા) + દંડ (લાકડી)] પું. અધિકાર ચલાવનાર બની; સત્તા ચલાવનારી હાથમાં રાખવાની લાકડી; હોદ્દાનું ચિહ્નરૂપ દંડ.

તે વખતે મહારાજાને અધિકારદંડ આપવામાં આવે છે. કેસકર

અધિકારદાન [સં. અધિકાર (અખત્યાર) + દાન (અર્પણ)] જ. અધિકારસુપરત; અધિકારસમર્પણ; સત્તાદાન; અખત્યારની સોંપણી.

અધિકારધ્વંસ ૧. [સં. અધિકાર (સત્તા) + ધ્વંસ (નાશ)] પું. અખત્યાર ખૂંચવી લેવાપણું.

૨. [સં. અધિકાર (સ્થાન) + ધ્વંસ (નાશ)] પું. હક જીનની લેવાપણું.

અધિકારધ્વંસપૂર્વક [સં. અધિકાર (સ્થાન) + ધ્વંસ (નાશ) + પૂર્વક (થી)] જ. સરકાર દાખલ કરીને; જપ્ત કરીને.

અધિકારનિમજ્જન [સં. અધિકાર (સત્તા) + નિમજ્જન (ડૂબવું)] જ. એકબીજા સત્તા-વાળી સંજ્ઞપ્તિ; એકના જ હાથમાં સત્તાવાળું રાજતંત્ર.

અધિકારપત્ર ૧. પું. એક જાતનો દસ્તાવેજ, જેમાં લેણદારો દેવાદારને તેનું કામકાજ ચાલુ રાખવા દેવા, બાકી તેમાં જણાવેલ કોઈ પ્રમાણે દેવું ભરવા આપવા સંમત થાય છે.

૨. [સં. અધિકાર (અખત્યાર) + પત્ર (દસ્તાવેજ)] પું. મુખત્યારનામું; અખત્યારનામું; બીજાને નામે કામ કરવાની સત્તા આપનાર દસ્તાવેજ.

૩. પું. શાસનપત્ર; રાજ્યપત્ર; સનદ; ખાસ હક.

અધિકારપત્રિકા જુઓ અધિકારપત્ર.

અધિકારપદ [સં. અધિકાર (સત્તા) + પદ (સ્થાન)] જ. હોદ્દો; પદવી; અધિકારનું સ્થાન

અધિકારપ્રત્યાહરણ [સં. અધિકાર (સત્તા) + પ્રત્યાહરણ (પાછું લેવાનું કામ)] જ. હકૂમત પાછી લેવાનું કામ.

અધિકારપ્રવર્તન જુઓ અધિકારપ્રત્યાહરણ.

અધિકારપ્રહિણ્વભૂત [સં. અધિકાર (સત્તા) + પ્રહિણ્વભૂત (બહાર મોકલેલ)] વિ. અધિકાર ખૂંચવી લીધેલું; સત્તા ખોઈ બેઠેલું.

અધિકારબાહ્ય [સં. અધિકાર (સત્તા) + બાહ્ય (બહારનું)] વિ. સત્તા બહારનું.

અધિકારભાવ [સં. અધિકાર (સત્તા) + ભાવ (હોવાપણું)] પું. અખત્યાર હોવાપણું.

અધિકારભોગ [સં. અધિકાર (લાયકાત) + ભોગ (લાભવત)] પું. યોગ્યતાનો તાદાત્મ; પાત્રતાનો ભોગ; બીજા કરતાંની લાયકાત.

અધિકારભંજન ૧. [સં. અધિકાર (હોદ્દો) + ભંજન (ભાંગવાપણું)] જ. પદભ્રષ્ટ કરવાપણું.

૨. [સં. અધિકાર (સ્થાન) + ભંજન (નાશ)] જ. સરકાર દાખલ કરવું તે; જપ્તી; હક નષ્ટ કરવાપણું

અધિકારમુખ [સં. અધિકાર (હોદ્દો) + મુખ (મોઢું)] ન. પ્રતિમા કે મૂર્તિનું જોઈને તેનું બનવા હોદ્દાને પ્રમાણેનું મોઢું.

ગૌરવ, મુખ્યપણું, પ્રધાન. મુખ હોદ્દાનો મુદ્રા, ત્રિકોણ નહિ મોઢું, વક્ર નહિ જોવું અધિકારમુખ થાય. પુરાતત્ત્વ

અધિકારવશ [સં. અધિકાર (સત્તા) + વશ (તાબેદાર)] વિ. સત્તાને તાબે રહેતું.

અધિકારવશતા [સં. અધિકાર (સત્તા) + વશ (તાબેદાર) + તા (પ્રત્યય)] સ્ત્રી. સત્તાને તાબે રહેવાનો ગુણ.

અધિકારવિભજન ૧. [સં. અધિકાર (સત્તા) + વિભજન (જુદું પાડવું)] ન. સત્તાની વહેંચણી; અધિકારસવિભાગ.

૨. [સં. અધિકાર (સત્તા) + વિભજન (જુદે જુદે ભાગે પાડવું)] ન. સત્તાનો દુરુપયોગ.

અધિકારવિધિ [સં. અધિકાર (હોદ્દાની રીતિ)] સ્ત્રી. (મીમાંસા) બીજા કરતાં પોતાનામાં વધારે કરવું જોઈએ એવું બતાવવા કહેવું કર્મ કરવું જોઈએ એટલે કે તે કર્મ કરનાર અધિકારી છે તે બાબતની ખબર આપનાર વિધિ કે આજ્ઞા; પ્રતિજ્ઞાસંબંધ સહિત કારણરૂપ વાક્યોનો કરવાની સાથે સંબંધ જણાવનાર વિધિ. જેમકે, સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો, રાજાએ રાજસૂય યજ્ઞ કરવો.

અધિકારવિભાજન [સં. અધિકાર (સત્તા) + વિભાજન (ભાગ પાડવાપણું)] ન. સત્તાની વહેંચણી.

અધિકારવિસ્તારોપન ૧. [સં. અધિકાર (હક્ક) + વિસ્તારોપન (વધારો)] ન. દરબાર-સરકાર તરફથી થતી જપ્તી; હકની ખોનવણી.

૨. [સં. અધિકાર (પદવી) + વિસ્તારોપન (વધારો)] ન. બરતરફી; પદભ્રષ્ટતા.

અધિકારશાસન [સં. અધિકાર (સત્તા) + શાસન (અમલ)] ન. જોહકમોની કુલ સત્તા-વાળું રાજ્યતંત્ર; સત્તાધારી પુરુષોનું રાજ્યતંત્ર.

અધિકારશાહી ૧. [અધિકાર (સત્તા) + શાહ (રાજા)] સ્ત્રી. અધિકાર ભોગવનાર માણસોનો સમૂહ; અધિકારીવર્ગ.

૨. સ્ત્રી. જોહકશાહી; જોહકમોથી ચાલતું રાજ્યતંત્ર.

અધિકારસમર્પણ ૧. [સં. અધિકાર (અમલ-દાર) + સમર્પણ (સોંપણી)] ન. અધિકાર-સુપરત; અધિકારદાન; સત્તાદાન; પ્રતિનિધિ તરીકે નિમણૂક.

૨. ન. સ્વેચ્છાથી કરેલો રાજ્યત્યાગ.

અધિકારસંવિભાગ [સં. અધિકાર (સત્તા) + સંવિભાગ (વહેંચણી)] પું. સત્તાની વહેંચણી; જોહદાનું સત્તાને બદલે જોહદીએ પક્ષે સત્તા વહેંચી નાખવી તે; સત્તાવિભાગ; જોહ કરતાં વધારે સ્વજોને સત્તાનાં જોહ બનાવવાં તે; અધિકારવિભજન.

અધિકારસીમા ૧. [સં. અધિકાર (સત્તા) + સીમા (હદ)] સ્ત્રી. કાયદા પ્રમાણે બાંધેલી સત્તાની હદ.

૨. સ્ત્રી. હકમત; અધિકારક્ષેત્ર.

અધિકારસુપરત [અધિકાર (સત્તા) + સિપુર્દન્ (સોંપવું)] સ્ત્રી. અધિકારસમર્પણ; સત્તાદાન.

અધિકારસૂચી [સં. અધિકાર (હક્ક) + સૂચી (યાદી)] સ્ત્રી. હકની નોંધ.

અધિકારસૂત્ર ૧. [સં. અધિકાર (આરંભ) + સૂત્ર] ન. આરંભસૂત્ર; પ્રથમસૂત્ર.

૨. [સં. અધિકાર (ઉત્તરોત્તર ચાલતો સંબંધ) + સૂત્ર (સિદ્ધાંતવાક્ય)] ન. ન્યાયસૂત્રો સાંખ્યોમાં પછીનાં સૂત્રોમાં પણ લાગુ પડે તેવું પ્રમાણવાક્ય; આદર્શસૂત્ર; આધારભૂત નાનું વાક્ય.

આ 'સ્વાધ્યાયપ્રવચનાભ્યાં 'મુક્તયાં ઊઠું' એ વચન અધિકારસૂત્રોને લાંબો સમય લેતું. નરસિંહરાવ

અધિકારસ્થ [સં. અધિકાર (સત્તા) + સ્થ (સ્થિતિવાળું)] વિ. અધિકાર ઉપર બેઠેલું; અધિકારવાળું; સત્તાધારી.

અધિકારસ્થાપકત્વિનય [સં. અધિકાર (સત્તા) + સ્થાપક (સ્થાપનાર) + વિનય (નમ્રતા)] પું. હક સ્થાપનારને કાયદે; હક ભોગવવાને કરેલી અરજ.

અધિકારસ્થાપનપ્રાર્થનાપત્ર જુઓ અધિકાર-સ્થાપકત્વિનય.

અધિકારસ્વાતંત્ર્ય [સં. અધિકાર (સત્તા) + સ્વાતંત્ર્ય (સ્વતંત્રતા)] ન. સ્વતંત્રઅધિકાર; સ્વાધીનરાજસત્તા; સ્વેચ્છાતંત્ર.

અધિકારહીનતા ૧. [સં. અધિકાર (સત્તા) + હીનતા (રહિતપણું)] સ્ત્રી. સત્તા ન હોવા-પણું; અધિકાર વગરની સ્થિતિ.

૨. [સં. અધિકાર (હક) + હીનતા (અભાવ)] સ્ત્રી. હક વગરની સ્થિતિ.

અધિકારાનુસાર [સં. અધિકાર (હોદ્દો) + અનુસાર (પ્રમાણે)] ક્રિ. વિ. હોદ્દાની રૂએ; અધિ-કાર મુજબ.

અધિકારાભાવાત્ [સં. અધિકાર (હકમત) + અ (નહિ) + ભાવાત્ (હોવાથી)] અ. હકૂમત-પણા અભાવે; હકૂમત ન હોવાને લીધે.

અધિકારાર્જનાયાધર્મ જુઓ અધિકારસ્થાપક-ત્વિનય.

અધિકારિક ૧. [સં. અધિકાર (સત્તા) + ઇક (વાળું)] વિ. અધિકારવાળું; સત્તાવાળું.

૨. વિ. ભોગવટા લાયક; પાત્ર.

પ્રમાણ વગાંત વડે અધિકારિક વસ્તુની કલ્પના કરી છે. પ્રમાણમીમાંસા

અધિકારિણી ૧. [સં. અધિકારિન્ (સત્તાવાળું) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. અધિકાર અથવા સત્તા ભોગવનારી.

૨. [સં. અધિકારિન્ (હક્ક) + ઈ (સ્ત્રી-જાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. પાત્રતા અથવા હકદારવાળી.

૩. વિ.સ્ત્રી. અધિકારી ધરાવતી.

અધિકારિતા ૧. [સં. અધિકારિન્ (સત્તાવાળું) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. અધિ-કારીપણું; ઉપરીપણું.

૨. [સં. અધિક (વધારે) + અરિ (દુશ્મન) + તા (પ્રત્યય)] સ્ત્રી. વધારે દુશ્મનાવટ; મહાન દ્વેષ.

૩. [સં. અધિકારિન્ (હક્ક) + તા (પ્રત્યય)] સ્ત્રી. ભોગવટા; હકદારી.

૪. સ્ત્રી. સત્તા; અમલદારી.

અધિકારિત્વ જુઓ અધિકારિતા.

અધિકારી ૧. [સં. અધિકાર (સત્તા) + ઇન્ (વાળું)] પું. અમલદાર; કારભારી.

૨. પું. જ્યોતિષી.

૩. પું. ઉપરી; મુખી.

૪. પું. ભોમજી.

૫. પું. કર્મચારી મંડળ; અધિકારીમંડળ.

૬. પું. (વિશેષ) કરેલ કરાવવાનાં સમર્થ, ઇચ્છુ અને મુક્ત ભોગ છ અવસ્થાઓ જે નામનો ભોક્તા ધરાવનાર હોય.

૭. પું. (વેદાંત) પ્રાપ્તરૂપ મળ અને મનની અંધતાના વિક્ષેપ ન હોય, તેમજ વિવેક, વૈરાગ્ય, શમાદિ છ ગુણ અને મુમુક્ષુતા જેનાં મોટાં સાધનથી સંપન્ન હોય, જેનાં માત્ર પોતા-ના આત્મસ્વરૂપનું અજ્ઞાન હોઈ તેવો પુરુષ.

૮. પું. પ્રતિનિધિ; મદદનીશ.

૯. પું. પ્રભુ; સ્વામી; માલિક; ધણી; શેઠ.

૧૦. પું. મુનીમ.

૧૧. પું. રાજકાજ ધરાવનાર પુરુષ.

૧૨. પું. વારસ.

૧૩. પું. વેદાંતનિપુણ પુરુષ.

૧૪. પું. સત્તાધીશ.

૧૫. પું. રહિત કર્તા તરીકે પુરુષ.

૧૬. સ્ત્રી. સત્તાધારિણી; અમલદારી.
૧૭. વિ. અધિકારવાળું; સત્તાધારી; હોદ્દેદાર; પદવીવાળું.
૧૮. વિ. પાત્ર; લાયક; યોગ્ય.
૧૯. વિ. સત્તાવાન.
૨૦. વિ. હકદાર.

અધિકારીતંત્ર [સં. અધિકારિન્ (કર્મચારી-મંડળ) + તંત્ર (વહીવટ)] ન. અધિકાર-શાસન; નોકરોની કુલ સત્તાવાળું રાજતંત્ર.

અધિકારીપણું ૧. ન. કારકારીપણું; ઉપરી-પણું.
૨. ન. લાયકાત.
૩. ન. સત્તા; અમલદાર.

અધિકારીપદ ૧. ન. પદવી; હોદ્દો.
૨. [સં. અધિકારિન્ (લાયક) + પદ (સ્થાને)] ન. લાયકાત; પાત્રતા.

અધિકારીમંડળ [સં. અધિકારિન્ (સત્તાધારી) + મંડલ (સમૂહ)] ન. અધિકાર ભોગવનાર માણસોનો સમૂહ; અમલદાર વર્ગ.

અધિકારીવર્ગ જુઓ અધિકારીમંડળ.

અધિકારોત્સર્ગ [સં. અધિકાર (પદવી) + ઉત્સર્ગ (ત્યાગ)] પું. રાજીનામું; પદવીનો ત્યાગ.

અધિકાર્થ ૧. [સં. અધિક (વધું) + અર્થ] પું. (અલં) એ નામનો એક અર્થાલંકાર. તેમાં અક્ષર કે શબ્દ થોડા અને અર્થ વધુ હોય છે.
[વિ. કિ. ઉ. કુ. ન.ના વાચક વીસ્ત્ર જોતાં વાટ, મુજ ઠેકાણે કે સખી ઉપરના અધિક ઉદાહ.

આમાં વિજ્યાદશમી, દિવાળી, ઉત્તરાયણ, કુતાસની અને અજોસ જેટલા બધા અર્થ વિ. કિ. ઉ. કુ. ન.માં સમાયેલા છે.
૨. વિ. અતિશયોક્તિવાળું.

અધિકાર્થવચન [સં. અધિકાર્થ (અતિશયોક્તિ-વાળું) + વચન (બોલ)] ન. સ્તુતિ કે નિંદાનું અતિશયોક્તિવાળું વાક્ય.

અધિકાલંકાર [સં. અધિક (વધુ) + અલંકાર (શબ્દ અથવા અર્થની ચમત્કૃતિવાળી રચના)] પું. (અલં) કહ્યું હોય તે કરતાં વધારે કહેવું એ દર્શાવતો એ નામનો એક અલંકાર. જુઓ અધિક ૧.

અધિકાવવું સ.ક્રિ. વધારો કરવો; વિશેષ કરવું; વધારવું.

અધિકાશન [સં. અધિક (વધુ) + અશન (ભોજન)] ન. અધિક ભોજન; અકરણીયતા-પણું.

અધિકાંક [સં. અધિક (અતિશય) + અંક (સંખ્યા)] પું. (ગણિત) મોટી સંખ્યાઓ આંકવા; જેમાંથી કેટલી રકમ બાદ કરવાની હોય તે આંકવા. ૨૫ અને ૧૮માં ૨૫ અધિકાંક છે.

અધિકાંક ને બાદકમ કહે તે સરખી સમજ ઉમેરી બાદબાકી કરવાની પદ્ધતિમાં એક જ આવે છે. દેસાઈનું દાણ

અધિકાંગ ૧. ન. અભ્યંતર ઉપર બાંધવાનો પટ્ટો; અભ્યંતરધારી ચોટલાએ જાતી ઉપર બાંધેલો પટ્ટો.
૨. [સં. અધિક (વધારાનું) + અંગ (અવયવ)] ન. વધારાનો અવયવ; સાધારણ કરતાં વિશેષ અંગ. જેમકે, છઠ્ઠી આંગળી.
૩. વિ. વધારાના અવયવવાળું.

અધિકાંગી [સં. અધિક (વધારે) + અંગ (અવયવ) + ઈ (નદીબ્રાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. વધારે અંગવાળી.

અધિકાંશ ૧. [સં. અધિક (વધુ) + અંશ (ભાગ)] પું. વધારે ભાગ; વિશેષ હિસ્સો.
૨. વિ. ઘણું; વિશેષ.
૩. ક્રિ. વિ. ઘણુંખરું; બહુધા; પ્રાય.
૪. ક્રિ. વિ. વિશેષ કરીને; બહુધા.

અધિકું ૧. [સં. અધિક] વિ. ઘણું; પુષ્કળ.
૨. વિ. વધારે; વિશેષ.

અધિકૂપ્ય ૧. [સં. અધિ (ઘણું) + કૂપ્ય (કાપડ)] ન. એ નામનું એક ભરિનો ઝાલવું વાસ.
૨. [સં. અધિ (બહુ) + કૂપ્ય (કાપડ)] ન. ઘણું કુપ્ય.
૩. વિ. બહુ કાપવાળું.

અધિકૃત ૧. [સં. અધિ (વધુ) + કૃત (કરેલું)] પું. અધિકારી; અમલદાર.
૨. પું. ઊપજ અર્થે જોનાર ઉપરી; અમલદાર; આબાદ જોનાર અમલદાર.
૩. [સં. અધિકૃ (સત્તા આપવી) નું ભૂત-કૃદંત] વિ. અધિકાર આપવામાં આવેલું; અધિકારવાળું; સત્તાવાળું.
૪. વિ. જેની વાત ચાલતી હોય એવું; પ્રસ્તુત; પ્રકરણપ્રાપ્ત.
૫. વિ. મારેલું; કબજો કરેલું.
૬. વિ. નીમેલું.
૭. વિ. મંજૂર કરેલું.
૮. વિ. લાયક; યોગ્ય.
૯. વિ. સત્તાવાર.
૧૦. વિ. સ્વામીપણાવાળું; માલિકીવાળું
૧૧. ■ ઉપાલામાં આવેલું; હાથમાં આવેલું.

અધિકૃતવૃત્તિ [સં. અધિકૃત (સત્તા ભોગવત) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. મુખ્ય આમ ચલાવતી આજીવિકા; પ્રધાનપદ ભોગવતી વૃત્તિ.

અધિકૃતાધિકાર [સં. અધિકૃત (અધિકારવાળું) + અધિકાર (જોગવટા)] પું. કોઈ કર્મ કરવા-નો અધિકાર પામેલાનો બીજું કર્મ કરવાનો અધિકાર. જેમકે, દર્શપૂર્ણમાસ નામના યજ્ઞનો અધિકાર પામેલાનો સોમયાગનો અધિકાર.

અધિકૃતિ ૧. [સં. અધિ (ઉપર) + કૃ (કરવું)] સ્ત્રી. અધિકાર; સત્તા; હકૂમત.
૨. સ્ત્રી. પદવી.
૩. સ્ત્રી. પાત્રતા; લાયકાત.
૪. સ્ત્રી. પ્રકરણ.
૫. સ્ત્રી. કરજ.
૬. સ્ત્રી. હક.

અધિકેકું [સં. અધિક] વિ. ચડિયાતું; અદકેરું.

અધિકોત્તર ૧. [સં. અધિક (વધુ) + ઉત્તર (ચડિયાતું)] પું. અસાધારણતા.
૨. [સં. અધિક (વધુ) + ઉત્તર (જવાબ)] પું. જોઈએ તેથી વધારે આપાતો જવાબ.
૩. વિ. અસાધારણ; વિલક્ષણ; અમલકારિક; અલૌકિક.
૪. [સં. અધિક + ઉત્તર (વધારે)] ક્રિ. વિશેષ; ઝિરસ્તાથી વધારે; હદથી વધુ.

અધિકોત્સાર [સં.] પું. (ગણિત) અતિ-પરવલય; જેની ઉદ્રેદતા એક કરતાં વધારે હોય એવો શંકુચ્છેદ; 'હાઇપરબોલા'.

અધિકોત્સારીય અવકાશ [સં. અધિકોત્સારીય + અવકાશ] પું. (ગણિત) અધિકોત્સારના મુખ્ય અક્ષને સંપ્રયુક્ત હોય એવી જ્યા અને અધિકોત્સાર વચ્ચે આવેલું ક્ષેત્ર અથવા તેનું ક્ષેત્રફળ; અતિપરવલીય અવકાશ; 'રેક્ટેંગ્લ બિટવીન એ હાઇપરબોલા એન્ડ ઇટ્સ કંજગેટ ડાયમિટર'.

અધિકોત્સારીય કલ [સં. અધિકોત્સારીય + કલ] ન. (ગણિત) અધિકોત્સારના સમીકરણને સંતોષે એવું કલ; અતિપરવલીય કલ; 'હાઇપર-બોલિક ફંક્શન'. જે પ્રકારનો સંબંધ વર્તુળ અને જ્યા, કોટિજ્યા વગેરે વચ્ચે છે, તે જ પ્રકારનો સંબંધ અધિકોત્સાર અને અધિકોત્સા-રીય જ્યા (જ્યા), અધિકોત્સારીય કોટિ-જ્યા (કોટિજ્યા) વગેરે વચ્ચે છે.

અધિકોત્સારીય શંકરાળ પું. (ગણિત) ગોળ સપાટી ઉપર અધિકોત્સારના પરિભ્રમણથી ઉપજતી શંકુના જેવી ઘનાકૃતિ; અતિપરવલીય શંકરાળ; 'હાઇપરબોલિક કૉંકોઇડ ઑફ રિવોલ્યૂશન'.

અધિકોપમા [સં. અધિક (અધિકતું) + ઉપમા (ઉપમાલંકાર)] સ્ત્રી. (અલં.) ઉપમેય ઉપમેયને ઉચ્ચ ઉપમાન સાથે સરખાવવાથી ઉપમા અલંકારનો બનતો એક નામનો એક પ્રકાર. જેમકે, નિયમ નિત્યવાળા તપસ્વી સરખા બ્રાહ્મણો નહીં કહિ ધ્યાન ધરી જોયા છે.

અધિક્રમ ૧. [સં. અધિ (ઉપર) + ક્રમ (જવું)] પું. આક્રમણ; ચઢાઈ; હુમલો; હલ્લો.

૨. પું. આરોહણ; સવાર થવું તે.

અધિક્રમણ ૧. ન. (જ્યોતિષ) આકાશમંડળના કોઈ એક ગોળનું અથવા તો તેની અમુક ખીલ્લા ઉપર મધ્યે પસાર થવું તે; 'ટ્રાન્સિટ'.

૨. [સં. અધિ (ઉપર) + ક્રમ (જવું)] ન. આક્રમણ; ચઢાઈ; હુમલો; હલ્લો.

અધિક્ષિપ્ત ૧. [સં. અધિક્ષિપ્ (નિંદા કરવી)] વિ. નિંદેલું; તિરસ્કૃત; અપમાન કરેલું; વખોડેલું; હલકું પાડેલું.

૨. વિ. ફેંકેલું.

૩. [સં. અધિક્ષિપ્ (દેવું)] વિ. દેવાયેલું.

૪. વિ. સ્થાપેલું.

અધિક્ષેપ ૧. [સં. અધિક્ષિપ્ (તિરસ્કાર કરવો)] પું. તિરસ્કાર; નિંદા; અપમાન; ધાક.

૨. પું. ફેંકવું.

૩. પું. ફેંકવાની ક્રિયા.

૪. પું. ભારતવર્ષ; હિન્દુસ્તાન.

૫. પું. (ક્રિયા) બંધન; દાબેલું; તાણેલું; બાંધેલું.

૬. પું. સ્થાપન.

અધિક્ષેપણ ૧. [સં.] ન. ફેંકવું.

૨. ન. સ્થાપના.

અધિગણન [સં. અધિ (વધુ) + ગણ્ (ગણવું)] સ્ત્રી. વધારે ગણવું; વધારે કિંમત આંકવી તે.

અધિગત ૧. [સં. અધિગમ્ (જાણવું)] વિ. જાણેલું; જ્ઞાત; અવગત; સમજેલું.

૨. [સં. અધિગમ્ (મેળવવું)] વિ. મેળવેલું; પ્રાપ્ત કરેલું; પામેલું; સંપાદન કરેલું.

અધિગમ ૧. [સં. અધિ (ઉપર) + ગમ્ (જવું)] પું. બોધનું મેળવવું.

૨. પું. ગુરુનો ઉપદેશ સાંભળવાથી મળેલું જ્ઞાન.

૩. [સં. અધિગમ્ (જાણવું)] પું. જ્ઞાન; અવબોધ; નિષ્ણાતતા.

૪. [હિ.] પું. પહોંચ; ગતિ; શક્તિ.

૫. [સં. અધિગમ્ (મેળવવું)] પું. પ્રાપ્તિ.

૬. પું. જ્ઞાત નિમિત્ત.

સમ્યગ્દર્શન નિસર્ગથી એટલે કે પરિણામ માત્રથી અથવા અધિગમથી એટલે કે બાહ્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થસૂત્ર

૭. પું. રસ્તો.

૮. પું. લાભ; નફો.

૯. પું. સંબંધ; સંસર્ગ; સમાગમ.

૧૦. પું. સેવા; ભક્તિ.

૧૧. પું. સ્વીકાર.

અધિગમન ૧. [સં. અધિગમ્ (જાણવું)] ન. જ્ઞાન.

૨. ન. નિર્ણય.

૩. [સં. અધિગમ્ (મેળવવું)] ન. પ્રાપ્તિ.

૪. [સં. અધિ (ઉપર) + ગમ્ (જવું)] ન. (ક્રિયા) ચઢવું; ઉપર જવું.

૫. ન. રસ્તો.

૬. ન. લાભ; ફાયદો; નફો.

૭. ન. સમાગમ; સંસર્ગ; સંબંધ.

૮. ન. સ્વીકાર.

અધિગમનીય ૧. [સં. અધિગમ્ (જાણવું)] વિ. જાણવા યોગ્ય; સમજવા જેવું.

૨. [સં. અધિગમ્ (મેળવવું)] વિ. પ્રાપ્ય; મેળવવા જેવું.

અધિગમશૈલિ [સં. અધિગમ (ગુરુના ઉપદેશથી થયેલ જ્ઞાન) + કૃષિ (ખેતરાસ)] સ્ત્રી. ગુરુના ઉપદેશથી જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા.

અધિગમ્ય જુઓ અધિગમનીય.

અધિગુરુ ૧. [સં. અધિ (ઉપર) + ગુરુ (ભારે)] પું. મોટા વડીલ; ઊંચા પ્રકારનો ગુરુ.

૨. [સં. અધિ (ઉપર) + ગુરુ (ભારે)] વિ. ગોરી આપેલું.

૩. વિ. જોર મુજબનું; લાયક.

૪. વિ. સારી રીતે ખેંચેલું કે તાણેલું.

અધિગ્રહ ૧. [સં. અધિ + ગ્રહ્ (સંગ્રહવું)] વિ. ભરપાયેલું; ઠસાવેલું; સંતાડેલું.

૨. [સં. અધિ + ગ્રહ્ (સ્વીકારવું)] વિ. રહેલું; બનાવેલું; સંતાયેલું.

અધિગ્રહણ [સં. અધિ (ઉપર) + ગ્રહ્ (ભરવું)] ન. કોઈ વસ્તુ ઉપર પગ મૂકી આક્રમવાની ક્રિયા.

અધિચિકિત્સા [સં. અધિ (બનવું દુઃખ) + ચિકિત્સા (ચિકિત્સો ઉપચાર)] સ્ત્રી. માનસિક રોગોનું નિવારણ કરવા માટેની એક નામની એક વિદ્યા.

અધિજનન [સં. અધિ + જન્ (જન્મવું)] ન. જન્મ; ઉત્પત્તિ.

અધિજિહ્વ ૧. [સં. અધિ (ઉપર) + જિહ્વા (જીભ)] પું. જીભ ઉપર સોજો આવવાનો એક નામનો એક જાતનો રોગ.

૨. [સં. અધિ (વધારે) + જિહ્વા (જીભ)] પું. સર્પ, જેમને તેને બે પાંખાંવાળી જીભ હોય છે.

અધિજિહ્વા ૧. [સં. અધિ (ઉપર) + જિહ્વા (જીભ)] સ્ત્રી. જીભ ઉપર સોજો આવવાનો એક રોગ.

૨. સ્ત્રી. પકડણ; કાકડો.

અધિજ્ય [સં. અધિ (ઉપર) + જ્યા (પણછ)] વિ. પણછ ચઢાવેલું; દોરી ખેંચેલું.

અધિજ્યકાર્મુક [સં. અધિજ્ય (દોરી ખેંચેલું) + કાર્મુક (ધનુષ્ય)] વિ. પું. જેણે ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું છે એવો.

અધિજ્યધન્વા જુઓ અધિજ્યકાર્મુક.

અધિત્યકા [સં. અધિત્યકા (ઉચ્ચ પ્રદેશ)] સ્ત્રી પર્વત પરની સપાટ જમીન; ઊંચું સમતળ મેદાન; ઉચ્ચ પ્રદેશ; ઉચ્ચ સમભૂમિ.

અધિદંતનેતા [સં. અધિ (મુખ્ય) + દંત (શિક્ષા) + નેતૃ (નાયક)] પું. ગમ, જેમણે પશુઓને શિક્ષા કરવા માટેની પ્રભુની આજ્ઞાઓનો તે મુખ્ય આજ્ઞાપક મનાય છે.

અધિદંત [સં. અધિ (વધારાનું) + દંત (દાંત)] પું. એક દાંત ઉપર બીજો વધારાનો દાંત; ચમચિયો દાંત.

અધિદેવ ૧. પું. ઇંદ્રદેવ; પુરંદેવ; રક્ષક દેવ.

૨. [સં. અધિ (ઉપરી) + દેવ (દેવતા)] પું. ઉપરી દેવતા; અમુક વસ્તુ કે સ્થળનો દેવ; અધિષ્ઠાતા દેવ. અગિયાર ઇંદ્રિયોમાંથી દરેકને એક એક ઉપરી દેવ છે એવી માન્યતા છે. જેમકે, આંખનો સૂર્ય, કાનનો વરુણ, વગેરે.

હિંસા, વાયુ, સૂર્ય, વરુણ, અગ્નિકુમાર, અગ્નિ, ઇંદ્ર, ઉપેન્દ્ર, યમ અને પ્રજાપતિ એ દસ ઇંદ્રિયોના દેવો અને ચંદ્ર, બ્રહ્મા, વાસુદેવ અને રુદ્ર એ ચાર ઇંદ્રિયોના અધિદેવો છે. પુરુષોત્તમજીવા

૩. પું. સર્વોપરી દેવ; પરમાત્મા; પરમેશ્વર.

અધિદેવતા ૧. પું. ઇંદ્રિયનો અધિષ્ઠાતા દેવ.

૨. [સં. અધિ (મુખ્ય) + દેવતા] પું. સર્વોપરી દેવ; પરમેશ્વર.

૩. [સં. અધિ (ઉપરી) + દેવતા (શક્તિ)] પું.; સ્ત્રી. અધિષ્ઠાતા દેવતારૂપી. શરીર કે ખેતર-મકાન સંબંધે જે આસ દેવશક્તિ હોય તે તેની અધિદેવતા કહેવાય છે.

૪. [સં.] પું.; સ્ત્રી. ઇષ્ટદેવ કે દેવી કુળદેવ કે કુળદેવી; રક્ષક દેવ કે દેવી.

અધિદેવન [સં. અધિ (ઉપર) + દિવ્ (જુગાર રમવું)] ન. જુગાર રમવાનું જોર.

અધિદેવી ૧. [સં. અધિ (ઉપરી) + દેવી (શક્તિ)] સ્ત્રી. અધિદેવતા; અધિષ્ઠાતા દેવી.

૨. સ્ત્રી. ઇષ્ટદેવી; કુળદેવી.

અધિદેવ્યા [સં. અધિદેવી] સ્ત્રી. (બ્રા. પ્ર.) અધિદેવી; અધિષ્ઠાત્રી દેવી.

મોટી તાં નંદનજા તણી.
અધિદેવ્યા આણે અમ લણી. સાકળ

અધિદેહ [સં. અધિ (ઉપરી) + દેહ (શરીર)] પું. શરીરનો અધિપતિ.

અધિપદ (સર્વ વસ્તુનો અધિપતિ) તે હું જ આ દેહમાં અધિદેહ છું. ગીતાસ્વરૂપ

અધિદૈવ ૧. [સં. અધિ (ઉપરી) + દૈવ (દેવ)] ન. અધિષ્ઠાતા દેવ; ઉપરી દેવતા.

૨. ન. અમુક રજાના અધિદેવનું માહાત્મ્ય.

૩. ન ઇષ્ટદેવ; કુળદેવ.

૪. ન. જગતનું મૂળ આધારરૂપ સ્વરૂપ; બ્રહ્મ; પરમેશ્વર.

૫. ન. મુખ્ય બળ; પ્રધાન શક્તિ.

૬. વિ. દૈવયોગથી બનાવું; દૈવકૃત; આકસ્મિક; દૈવિક.

અધિદૈવત ૧. [સં. અધિ (સંબંધી) + દૈવત (દેવોને સમૂહ)] ન. (હિંદી) અગ્નિ, વાયુ, સૂર્ય વગેરે દેવતાઓની ઉપાસનાથી ધારેલું ફળ મેળવી આપનાર તથા વસ્તુવિભૂતિ જોટલે સહિતા પદાર્થોના મુખ્ય વગેરેની શિક્ષા આપનાર પ્રકરણ કે મંત્ર; પદાર્થ સંબંધી વિજ્ઞાન વિષય કે પ્રકરણ.

૨. ન. અધિદેવ; ઇંદ્રિયોનો દેવ.

૩. ન. અમુક રજાના અધિદેવનો મહિમા.

૪. ન. ઇષ્ટદેવ; કુળદેવ.

૫. [સં. અધિ (ઉપરી) + દૈવત (દેવ)] ■ ઉપરી દેવતા; અધિષ્ઠાતા દેવ.

૬. ન. દેવતાપણું.

૭. ન. પરમાત્મા; પરમેશ્વર.

૮. ન. મુંખ્ય બળ; પ્રધાન શક્તિ.

૯. [સં. અધિ (સંબંધી) + દૈવત (દેવ)] વિ. દેવતા સંબંધી.

૧૦. [સં. અધિ (વધુ) + દૈવત (શક્તિ)] વિ. વધારે દૈવત અથવા શક્તિવાળું.

અધિદૈવશક્તિ સ્ત્રી. (શાક્ત) બ્રહ્માણ્ડશક્તિ; ઇંદ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકારમાં અને અગ્નિ આદિ ઉપકારક દેવવર્ગમાં રહેલી શક્તિ.

આ જોવાના કરવાનું મહત્ત્વ પ્રાણીનું સામર્થ્ય પ્રકૃતિના નિયામક દેવોના ઉપકાર ઉપર આધાર રાખનાર છે, અને તે ઉપકાર મહત્ત્વ પ્રાણીની ઇચ્છાને ઉપર વધુ છે. આ ઉપકારક સામર્થ્યને અધિદૈવશક્તિ કહે છે. શાક્તસંપ્રદાય

અધિદૈવિક ૧. [સં. અધિદૈવિક] વિ. અધિદેવોને લગતું; આંખ, કાન વગેરે ઇંદ્રિયોના ઉપરી દેવનું.

૨. વિ. ઇંદ્રિયોથી થતું.

૩. વિ. પરમાર્થ સંબંધી.

૪. વિ. ભૂત, પ્રેત, પિશાચને લગતું.

અધિદૈવિકરૂપધર [અધિદૈવિક (ઉપરી દેવનું) + રૂપ (આકાર) + ધૃક્ (ધારણ)] પું. વિષ્ણુ; અધિદૈવિક રૂપ ધારણ કરનાર દેવ.

અધિનાથ ૧. [સં. અધિ (ઉપરી) + નાથ (માલી)] પું. સ્વામી; સર્વેસર્વા જગતનો ધણી; અધીશ્વર.

સર્વે તણે હ્રદય રહે અધિનાથ એને
તે એક ઈશ્વર સદા નમું નિત્ય તેને.

૨. પું. સરદાર.

અધિનાયી [અધિ (અધિક) + નાયી (પ્રભાવ)] વિ. વધારે પ્રભાવવાળું; વિશેષ પ્રભાવ.

વધ્યા નથી છે હું નહિ સરીખો
વધ્યા નથી અધિનાયી. દયારામ

અધિનાયક ૧. [સં. અધિ (પ્રધાન) + નાયક (જોનાર)] પું. નેતા; સર્વોપરી નાયક; મુખ્ય સરદાર.

૨. પું. માલિક; સ્વામી.

અધિનિવેશ [સં. અધિ (માં) + નિવેશ (રહેવાનું)] ન. સ્થાન; વાસું; વસાહત; નિવાસ.

અધિનિવેશી ૧. [સં. અધિ (પાસે) + નિવેશિન્ (રહેનાર)] વિ. નજીકમાં અથવા પાસે રહેનાર; પાડોશી.

૨. [સં. અધિ (માં) + નિવેશિન્ (રહેનાર)] વિ. પરદેશમાં સ્થપાયેલા વસાહતો રહેવાથી; સંસ્થાનવાસી.

અધિપ ૧. [સં. અધિ (જોર) + પ (રક્ષણ કરનાર)] પું. પ્રભુ; ધણિયર.

૨. પું. રાજા; શાસક.

૩. પું. સરદાર.

૪. પું. સરદાર; નાયક; મુખી; અધિપતિ; ઉપરી.

૫. પું. સ્વામી; માલિક; ધણી.

અધિપત ૧. [સં. અધિપતિ] પું. અધિપતિ.

૨. પું. રાજા; શાસક.

અધિપત કે તાત બનમાં આવો. રામણ

અધિપતિ ૧. [સં. અધિ (ઉપરી) + પતિ (સ્વામી)] પું. અધિપ; ઉપરી; સ્વામી.

૨. પું. પત્ર કે પુસ્તકનો મુખ્ય લખનાર.

૩. પું. પ્રભુ; ધણિયર.

૪. પું. શાસ્ત્રનું માત્ર. ભુવનનું ભોટલે ભૂત-ભવ્યનું પોષણ કરનાર માત્ર માત્રને ભુવનપતિ કહેલ છે અને શાસ્ત્રનું માત્ર તેમાંથી અધિક પ્રકાશ કરનાર હોવાથી તેનું નામ અધિપતિ પડેલ છે.

૫. પું. માણસનો જે નામનો ભોક્તા અર્થ લાગ. સાં સહેજ પણ વધુ લાગવાથી મરણ નીપજે એમ મનાય છે.

૬. પું. રાજા; શાસક; નરેશ; ભૂપ.

નૃપ નરેશ ધરાપાલ ધન,
અધિપતિ મહિપતિ ભૂપ.

વિજયવિનોદ

૭. પું. વર્તમાનપત્ર કે ચોપાનિયાનો માલિક અથવા વ્યવસ્થાપક.

૮. પું. સરદાર; નાયક; મુખી.

અધિપતિપ્રત્યય ૧. [સં. અધિપતિ (મુખ્ય) + પ્રત્યય (હેતુ)] પું. (બૌદ્ધ) ઇંદ્રિય; ચિત્ત જોટલે જ્ઞાન અને ચૈતા જોટલે સુખાદિ ઉત્પન્ન કરનાર આઠ હેતુમાંનો જે નામનો જોક. આ હેતુ જ્ઞાનના રૂપાદિ વિષયનું નિયમન કરે છે.

આલમ્બનપ્રત્યય, . સમનન્તરપ્રત્યય, અધિપતિપ્રત્યય અને સહકારિત્વપ્રત્યય એ ચાર હેતુને માન કરીને વિજ્ઞાનસંપ્રયુક્તક ચિત્ત અને ચેતનાસંપ્રયુક્તક ચૈતા ઉત્પન્ન થાય છે.

અનુવાદ્ય

૨. [સં. અધિપતિ + પ્રજ્ઞા (પ્રતિજ્ઞા)] પું. (જૈન) વિષયને ગ્રહણ કરવાના નિયમ સંબંધી જે નામનો જોક જ્ઞાનનો સંયમ.

અધિપતિમર્મ [સં. અધિપતિ (માણસનો જે નામનો જોક લાગ) + મર્મન્ (કોમળ લાગ)] પું. મસ્તકની અંદર અર્ધા આંગળ વિસ્તારનો, અને વાળમાં પડેલી ભમરીના જેવા દેખાવવાળો જે નામનો જોક કોમળ લાગ. સાં ઘણી ચિંતા લેવી પડે છે, અને તે લાગમાં ઈજા થવાથી તરત મરણ નીપજવાનું મનાય છે.

અધિપત્ની ૧. સ્ત્રી. રાજરાણી; અધિરાણી.

૨. [સં. અધિ (ઉપરી) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. સ્વામિની; શેઠાણી.

અધિપત્ય જુઓ અધિપપણું.

અધિપપણું ૧. [અધિપ (માલિક) + પણું (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] સ. ઉપરીપણું; માલિકપણું; ધણીપણું; સ્વામિત્વ.

૨. [અધિપ (પ્રભુ) + પણું] સ. પ્રભુપણું, ઈશ્વરપણું.

૩. [અધિપ (સરદાર) + પણું] સ. મુખીપણું; નેતૃત્વ; સરદારી; આગેવાની.

૪. [અધિપ (રાજા) + પણું] સ. રાજાપણું; રાજત્વ.

અધિપાક્ષ [સં. અધિ (ઉપરી) + પક્ષ (રક્ષણ કરનાર)] પુ. ગીરો મૂકેલી વસ્તુના વેચાણ વગેરે પર દેખરેખ રાખનાર અમલદાર.

અધિપાલક [સં. અધિ (વિશેષ) + પાલક (રક્ષણ કરનાર)] પુ. રાજા; નરેશ; ભૂપ.

અધિપીતક [સં.] પુ. (વૈદક) સૃષ્ટિના આકારનો નખવાળાનો એ નામનો એક પરાર્ધ. પીતક અને મૂત્રાઘાતને તે વધુ મળતો આવે છે. પ્રાણીઓની આંખપેશીમાં તે બાસ કરીને જોવામાં આવે છે.

અધિપુરુષ ૧. [સં. અધિ (શ્રેષ્ઠ) + પુરુષ (આત્મા)] પુ. પરમપુરુષ; પરમાત્મા; ઈશ્વર.

૨. પુ. વિરાટપુરુષ; અત્યંત તેજસ્વી ને મહાન દેહધારી પરમેશ્વર.

> પ્રથમ આદિપુરુષમાંથી વિરાટની ઉત્પત્તિ થઈ. વિરાટપુરુષ એટલે અધિપુરુષ પ્રધાન કે તેજ. અજ્ઞાતભાષી ૬ઠ્ઠી

૩. પુ. (પુરાણ) સ્વાયંભૂવ મનુ.

અધિપૂરુષ જુઓ અધિપુરુષ.

અધિભૂ [સં. અધિ (પ્રમુખ) + ભૂ (થવું)] પુ. ઉપરી; અધિપતિ; સ્વામી.

અધિભૂત ૧. [સં.] સ. (વેદાંત) બાહ્ય ઇંદ્રિયોના વિષય. આંખ અધ્યાત્મ છે, જોવાનો વિષય એ અધિભૂત છે, અને સૂર્ય એ અધિદૈવ છે.

૨. સ. જડ સૃષ્ટિ.

૩. સ. દેહમાંનો નાકવંત ભાવ.

૪. [સં. અધિ (અં) + ભૂત (પ્રાણી)] સ. પરમેશ્વર, જેમાં તે સર્વ પ્રાણીમાં રહેલો છે.

૫. [સં. અધિ (શ્રેષ્ઠ) + ભૂત (તત્ત્વ)] સ. જેમાં તે પરમ તત્ત્વ.

૬. સ. પ્રાણીમાં; ભૂતમાં.

અધિભૂતશક્તિ સ્ત્રી. (શાક્ત) પ્રકૃતિશક્તિ; નિયમબલ; જડશક્તિ; પૃથ્વી વગેરે પંચભૂત અને તેનાં રૂપોમાં રહેલી શક્તિ.

અધિભોજન ૧. [સં. અધિ (વધુ) + ભોજન (જમવું)] સ. આકરાતિથાપણું.

૨. [સં. અધિ (ખાવું) + ભોજન (ભક્ષણ)] વિ. ખાવું ગમતી; ભક્ષ ભક્ષવાનું.

અધિભૌતિક ૧. વિ. પંચમહાભૂત સંબંધી.

૨. વિ. પ્રાણીને લગતું.

૩. વિ. શારીરિક.

અધિમંથ ૧. [સં. અધિ (વધારે) + મંથ (મથવું)] પું. અગ્નિ ઉત્પન્ન કરવા માટે કરવામાં આવતું મથવું.

૨. પુ. અરણીનું લાકડું, જેમાં તે અગ્નિ ઉત્પન્ન કરે છે.

૩. [સં. અતિ (ખાવું) + મંથ્ (દુઃખ થવું)] પું. નેત્રરોગ; આખરસ. શરૂઆતમાં આંખ ઊઘડ્યા જેવું થાય છે, અને પછી તે વધી જતાં આ રોગ ઉત્પન્ન થાય છે. તેમાં આંખમાં બારે વેદના થતાં અર્ધી ઊંઘ સુધી બહુ દુઃખ થાય છે.

અધિમાત્ર [સં. અધિ (વધુ) + માત્ર (પ્રમાણ)] વિ. અધિક પ્રમાણવાળું; વધારે માપવાળું.

અધિમાનસ [સં. અધિ (વધારે) + માનસ (મન)] વિ. સર્વ ઉપરનું પડેલું; પરમાનસ; સુપ્રમ.

અધિમાસ [સં. અધિ (વિશેષ) + માસ (મહિનો)] પુ. અધિકમાસ; પુરુષોત્તમ મહિનો.

અધિમાસપ્રોષ [સં. અધિમાસ (અધિક માસ) + પ્રોષ (જાવું)] પું. સર્પની જેમ સંતતિ અને તેની પહેલાંની ત્વચા વચ્ચેની તિમિંગોની સંખ્યા.

અધિમાંસ ૧. [સં. અધિ (વધુ) + માંસ] પું. આંખનો એ નામનો એક રોગ. તેમાં આંખના પોપચા ભાગમાં પહોળું, ભારે અને પ્રસાદ સહિત રતાશવાળું માંસ વધે છે.

૨. પુ. (વૈદક) હંતમૂલરોગનો એ નામનો એક રોગ; દાઢની જુઓ હંતમૂલરોગ.

૩. [સં. અધિ (અં) + માંસ] પુ. માંસની અંદર પડેલું ગાંઠું.

૪. પુ. વધારાનું માંસ; વરણી વધવાનો રોગ.

અધિમાંસાર્બુદ [સં.] પુ. એક જાતનો દાઢનો રોગ; દાઢરી. તેમાં દાઢમાં પીડા અને સોજો થઈ આવતાં પેઢામાંથી લાળ પડે છે, દાંડરી તથા દાનમાં પીડા થાય છે, અને ખોરાક લેવામાં બહુ મુશ્કેલી પડે છે.

અધિમાંસાર્શ પું. (વૈદક) એ નામનો એક નેત્રરોગ.

અધિમિત્ર ૧. પુ. ગાઢ મિત્ર.

૨. [સં. અધિ (વધારે) + મિત્ર (આર્દ્રનક્ષ)] પું. (જ્યોતિષ) બે મિત્રમહોનો યોગ.

અધિમુક્તિ [સં. અધિ (મં) + મુક્ત્ (માનવું)] સ્ત્રી. વિશ્વાસ; શ્રદ્ધા.

અધિમુક્તિ [સં.] પું. ગુપ્તના આગલા મોર્યોસ અવતારમાંનો એ નામનો એક.

અધિય [પ્રા.] વિ. અધિક; વધારે.

અધિયજ્ઞ ૧. [સં. અધિ (મુખ્ય) + યજ્ઞ (હોમ)] પું. મુખ્ય હોમ; જેમાં યજ્ઞ.

૨. પું. મુખ્ય હોમનું સાધન.

૩. [સં. અધિ (ઉપરી) + યજ્ઞ (હોમ)] પું. યજ્ઞનો અધિષ્ઠાતા દેવ.

૪. [સં. અધિ (સંબંધી) + યજ્ઞ (હોમ)] વિ. યજ્ઞને લગતું; યજ્ઞ સંબંધી.

૫. અ. હોમના સંબંધમાં; હોમના વિષય ઉપર.

અધિયા ૧. [હિં.] પુ. અરધો હિસ્સેદાર; ગામના અરધા ભાગનો માલિક.

૨. [સં. અર્દ્ધિક] સ્ત્રી. અરધો હિસ્સો; ગામની અરધી પાટીનો ભાગ.

૩. સ્ત્રી. એકની જમીન ને બીજી, અને બીજાની જાતમહેનત એ રીતે વહેંચણી.

૪. સ્ત્રી. ક્ષત્રરે જેને નામે વિઘોટી આવતી હોય તેને ખેડનાર તરફથી અપાતો વિઘોટીનો અર્ધો ભાગ.

૫. સ્ત્રી. નીપજની જે રીતે ભાગે વહેંચણી; અર્ધો ભાગ માલિકને અને અર્ધો ભાગ મહેનત કરનારને મળે એવી રીતે વહેંચવાની રીત.

અધિયાર ૧. [હિં.] પુ. અરધો હિસ્સો.

૨. પુ. ગામના અરધા ભાગની અથવા ગામની અરધી ઊપજની માલિકી ધરાવનાર જમીનદાર.

૩. પુ. જે ગામ સાથે સંબંધ રાખનાર પુરુષ; અધવાટે કરનારો આસામી.

અધિયારી ૧. [સં. અર્દ્ધ (અરધું)] સ્ત્રી. (હિંદી) અરધા ભાગની માલિકી.

૨. સ્ત્રી. કોઈ આસામી અથવા જમીનદારની જમીનદારી અથવા નીપજના ભાગનો હક જે જુદા જુદા ગામમાં હોવાપણું.

૩. સ્ત્રી. નફામી માથાકૂટ.

૪. સ્ત્રી. વહોરી લીધેલી પોતાને માટે નફામી મહેનત.

૫. સ્ત્રી. વેઠ.

અધિકારું [સં. અર્દ્ધ (અડધું)] વિ. દુપાતું દોર તેની અરધી કિંમતે પાકું આપવાની શરતે વિધવા કાં સુધી પાળવા આપવું તે; બળાવર આપે બંધાવવું તે; પાકું છોડેલું વાળું કે પાકું આપવા માટેની વાત કે જેમ બહુક વખત સુધી પાળવા અને સાચવવા આપવાં તે.

અધિયાંગ જુઓ અધિકાંગ.

અધિરું [સં. અ (નહિ) + ધી (બુદ્ધિ)] વિ. બુદ્ધિ વગરનું; ઠોઠ.

અધિરોગ [સં. અધિ (ઉત્તમ) + રોગ (વખત)] પું. (જ્યોતિષ) પ્રયાણ કે રવાના થવા માટે શુભ ગણાતો રોગ; બહોનો શુભ રોગ.

અધિરોપ [સં. અધિ (કેરું) + રોપ (રોપવું)] પું. મહાન રોપણ; મોટો છાપરેલો.

અધિરથ ૧. પું. (પુરાણ) કર્ણને પાલક પિતા. કુંતીએ કુમારીપણામાં તરતના જન્મેલા પોતાના પુત્ર કર્ણને નદીમાં નાખી દેવાં તે અધિરથના હાથમાં આવ્યો હતો.

૨. [સં. અધિ (ઉપર) + રથ (ઉપર યુદ્ધમાં જેવા બનવાનું વાહન)] પું. ચડી હાંકનાર પુરુષ; સારથિ.

૩. [સં. અધિ (ઉત્તમ) + રથ] પું. મોટો રથ; ઉત્તમ રથ.

૪. વિ. ચાર ઘોડાનો ચાર.

૫. વિ. રથ ઉપર બેઠેલ.

અધિરાજ ૧. [સં. અધિ (ઉપરી) + રાજ] પું. ચક્રવર્તી રાજા; સમ્રાટ; શહેનશાહ.

૨. પું. અધિક; ધણી; ઠોઠ.

૩. [સં. અધિ (અધિક) + રાજ્ (પ્રકાશવું)] વિ. અધિક શોભાવાળું.

અધિરાજ્ય ૧. [સં અધિ (મુખ્ય) + રાજ્ય (સત્તા)] ન. ઉપરીપણું; મુખ્ય સત્તા; સર્વાધિકાર; પ્રભુત્વ; રાજી બજાવનાર.

૨. [સં. અધિ (ઉપર) + રાજ્ (પ્રકાશવું)] ન. ચક્રવર્તી રાજ્ય; સામ્રાજ્ય; શહેનશાહત.

૩. ન. (પુરાણ) દક્ષિણ ખંડના કેટલાક દેશોની દક્ષિણે આવેલો ભારતવર્ષનો એ નામનો એક ભાગ. પાંડવોના વખતમાં ત્યાં હંતવક્ર નામે રાજા રાજ્ય કરતો હતો.

અધિરાજ્ય [સં. અધિ (ઉપરી) + રાજ્ય (રાજ્ય)] પું. રાજ્યનો રાજા; સમ્રાટ; ચક્રવર્તી રાજા.

અધિરાજ્ઞ જુઓ અધિરાજ્ય.

અધિરૂઢ ૧. [સં. અધિ (ઉપર) + રૂઢ (ચડેલું)] વિ. ઉપર ચડી બેઠેલું; આરૂઢ થયેલું; પ્રાપ્ત કરેલું.

૨. [સં. અધિ (વધારે) + રૂઢ (ઉગેલું)] વિ. વધી ગયેલું; સંવર્દ્ધિત; વધી ઉઠિ પામેલું.

અધિરૂઢા [સં. અધિ (વધારે) + રૂઢ (વધેલું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ચાળીસથી પચાસ વર્ષની સ્ત્રી; આધેડ સ્ત્રી.

અધિરોહ ૧. [સં. અધિ (ઉપર) + રહ્ (ચડવું)] પું. ઉપર ચડવું તે.

૨. પું. વધી ઉઠિ.

૩. પું. હાથી ઉપર સવારી કરનાર અશ્વિન.

અધિરોહણ ૧. [સં. અધિ (ઉપર) + રહ્ (ચડવું)] ન. આરોહણ; સવારી.

૨. ન. વધી ઉઠિ.

૩. ન. તખ્તનશીન થવું તે.

૪. ન. (સંગીત) ક્રમે સ્વરનો આરોહ.

અધિરોહણી જુઓ અધિરોહિણી.

અધિરોહિણી [સં. અધિ (ઉપર) + રહ્ (ચડવું)] સ્ત્રી. સીડી; નિસરણી.

મુખડાની બધાં અધિરોહિણી.
ઉદયશંકર

અધિલોક ૧. [સં. અધિ (ઉપર) + લોક (ચોક)] પું. આકાશ; દુનિયા.

૨. [સં. અધિ (સંબંધી) + લોક (આકાશ)] વિ. આકાશ સંબંધી; લોક સંબંધી.

અધિવચન ૧. [સં. અધિ (વધુ) + વચ્ (બોલવું)] ન. અતિશયોક્તિ; વધારીને કહેલી વાત.

૨. ન. નામ; સંજ્ઞા; અભિધાન.

૩. [સં. અધિ (સંબંધી) + વચન (બોલ)] ન. પરણાતી વખતે; વાગ્દાનમાં બોલ.

અધિવચનસંજ્ઞા [સં. અધિ (સંબંધી) + વચન (બોલ) + સંજ્ઞા (નામ)] સ્ત્રી. બોલાવવાથી પદ્ધ શબ્દના આલંબનથી પ્રકટ થનારી સંવેદનરૂપી જોટલે જ્ઞાનરૂપી સંજ્ઞા. સંજ્ઞા બે પ્રકારની છે: બોલાવવાથી આંતર સંવેદનરૂપ અને બોલાવવાથી પદ્ધ શબ્દના આલંબનથી પ્રકટ થનારી સંવેદનરૂપ. પહેલીનું નામ પ્રત્યક્ષસંજ્ઞા અને બીજીનું નામ અધિવચનસંજ્ઞા છે.

અધિવર્ષ [સં. અધિ (અધિક) + વર્ષ (વરસ)] ન. બારસો બાસઠ દિવસવાળી ઉજ્જુની સાલ; ફેબ્રુઆરીના ઓગણત્રીસ દિવસવાળી સાલ; 'લીપ યીઅર'. ઉજ્જુની સાલના આંકડાને ૪ વડે ભાગતાં ૦ વધે તો તે વર્ષ અધિવર્ષ છે, પદ્ધ વર્ષના આંકડાને છેડે ઓગણમાં ઓછાં બે બીજાં હોય તો તે આંકડાને ૪૦૦ વડે ભાગવાથી ૦ વધે તોજ તે વર્ષ અધિવર્ષ છે, એટલે કે સૈકાવાળા બધી સાલ અધિવર્ષ નથી હોતી.

અધિવર્ષીય [સં. અધિવર્ષ] વિ. ફેબ્રુઆરીના ૨૯ દિવસવાળું; જે વર્ષમાં ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ હોય એવું.

અધિવસ ૧. [સં. અધિ (ઉપર) + વસ્ (પહેરવું)] ન. ઉપર પહેરવું તે પહેરેલું કપડું.

૨. વિ. કપડાં પહેરેલું.

અધિવસનિકપ્રબન્ધ [સં. અધિ (સંબંધી) + વસનિક (ઘર ખર્ચ સંબંધી) + પ્રબન્ધ (પૈસો)] ન. કન્યાને પિયરથી સાસરે જતી વખતે આપવી રકમ.

અધિવંગ [સં.] ન. (પુરાણ) મૌર્યવંશની પહેલું ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

અધિવાચન [સં. અધિવચ્ (બદલ બોલવું)] ન. પલાંતરી; ચૂંથણી.

અધિવાસ ૧. [સં. અધિ (ઉપરનું) + વાસ (પહેરવું)] પું. ઉપરનો વાસ.

૨. [સં. અધિવસ્ (પ્રતિષ્ઠા કરવી)] પું. ધાર્મિક કામ સંબંધી સંસ્કારની ક્રિયા; પરણતાં આરંભના આગલે દિવસે દેવને સ્થાપવાનું કામ; દેવમૂર્તિની પ્રતિષ્ઠા.

૩. [સં. અધિવસ્ (પહેરવું)] પું. પહેરવાનાં લૂગડાં ઉપર ઓઢવાનું કપડું.

૪. [સં. અધિ (પાસે) + વસ્ (રહેવું)] પું. પાડોશી.

૫. [સં. અધિ (વધારે) + વાસ (સુગંધ)] પું. વધુ સુગંધ; વધારે સુગંધ.

૬. પું. ભીનાને બેસ કરવામાં આવતો વાસ; મનુસ્મૃતિ પ્રમાણે સોના જ દોષમાંનો એ નામનો એક.

૭. પું. મુખ્ય સોગઠું.

૮. [સં. અધિ (વધારે) + વાસ (વસવાટ)] પું. મોટો વાસ; મોટી અવધી; ઘણાં માણસનો એક કેટલો વાસો.

૯. પું. સાંધણ; કોઈ પદ્ધ વસ્તુ બાંધવામાં કરાતી બહુ ઘડ; બાંધણીમાં વિના કોઈને બાંધવે બહુક વસ્તુ માટે જોવું તે.

૧૦. [સં. અધિ (વધુ) + વસ્ (રહેવું)] પું. લાંબા વખત માટે કરવામાં આવતો નિવાસ.

૧૧. [સં. અધિ (ઘર) + વાસ (રહેવું)] પું. વાસ; નિવાસસ્થાન; રહેઠાણ; ઘર.

૧૨. પું. (ક્રિયા). નિયત પહેલાં જેમ હુકાર બોલવાનો નિયમ; પીઠીનો નિયમ.

૧૩. [સં. અધિ (બારે) + વાસ (સુગંધી કરવું)] પું. સુગંધી કરવાનું કામ; ચંદનાદિ વગેરેથી કરેલો સંસ્કાર.

૧૪. વિ. રહેનાર.

અધિવાસન ૧. [સં. અધિવસ્ (પવિત્ર કરવું)] ન. પૂજન વગેરે માંગલિક કામ કરતાં પહેલાં સમિધ વગેરે સામગ્રીને મંત્ર બોલી પાણી છાંટી પવિત્ર કરવાનું કર્મ; અભિમંત્રિત.

૨. [સં. અધિવસ્ (પ્રતિષ્ઠા કરવી)] ન. મૂર્તિ વગેરે પ્રાણપ્રતિષ્ઠા થઈ કરતાં પહેલાં દેવની પ્રતિષ્ઠા કરવાનું કામ; દેવને માનથી બોલાવીને આપવામાં આવતું સ્થાન; દેવસ્થાપના.

૩. [સં. અધિવાસ (સુગંધ લગાડવો)] ન. શરીરે સુગંધી ચોળી કપડાં પહેરવાં તે; સુગંધી કરવું તે; સંસ્કારમાં વગેરે પહોંચે વડે કરેલો સંસ્કાર.

૪. ન. સુગંધ આપનાર ચીજ.

અધિવાસર [સં. અધિ (શ્રેષ્ઠ) + વાસર (દિવસ)] પું. ઉત્તમ દિવસ; મોટે દાડે ઉત્સવ; તહેવાર.

અધિવાસસ્થાન [સં. અધિવાસ (નિવાસ) + સ્થાન (ઠેકાણું)] ન. રહેઠાણ.

અધિવાસી ૧. [સં. અધિ (માં) + વસિન્ (રહેનાર)] વિ. નિવાસી; રહેવાસી.

૨. [સં. અધિવાસ (સુગંધી કરવું)] વિ. સુગંધકાર.

અધિવાસુન ૧. [સં. અધિ (ઉપર) + વસ્ (વસી જવું)] ન. ઉપર વસી જવું તે.

૨. [સં. અધિ (ઉત્તમ) + વાહન (મુસાફરીનું સાધન)] ન. જમીન ઉપર આવજા કરવા માટેનું રથ કે ગાડા જેવું બીજું વાહન.

અધિવિન્ના [સં. અધિ (ઉપર) + વિન્ના (પરણેલી)] સ્ત્રી. પહેલી પરણેલી સ્ત્રી; જેના ઉપર સોક આવવામાં આવી હોય તેનું પ્રથમ પરણેતર.

અધિવૃષ્ણિકા [સં. અધિ (ઉપર) + વૃષ્ણ (અંડ) + ઠક (સંબંધી) + ટાપ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પુરુષની મૂત્રેન્દ્રિયનો એ નામનો એક ભાગ; વૃષ્ણની અંદરની ચોળીની ગાંઠોની બારીક નળીઓ જેમાં શુક્રનો સંગ્રહ અને મોળાઓમાંથી બહાર નીકળતી મોટી નળી.

> અધિવૃષ્ણિકા અને શુક્રવાહિની નળીઓને પ્રવાસ બહુ જ આપ્યો છે અને તેમાં બહુ પ્રમુખી કોઈ અજબ સ્થાન હશે.
>
> ન. મ. શાસ્ત્ર

અધિવેત્તા ૧. [સં. અધિ (ઉપર) + વેત્ (જોનાર)] પું. પહેલી સ્ત્રી હયાત છતાં બીજી વાર પરણનાર આદમી.

૨. [સં. અધિ (બારે) + વેત્ (જાણનાર)] વિ. બારે જાણનાર.

અધિવેદ ૧. [સં. અધિ (ઉપર) + વિદ્ (મિલવવું)] પું. પ્રથમ પત્ની હયાત છતાં બીજી વાર કરેલું પરણેતર.

૨. [સં. અધિ (સંબંધી) + વેદ (આર્યોનું સૌથી જૂનું ધર્મપુસ્તક)] ન. વેદને લગતું.

૩. [સં. અધિ (માં) + વેદ] ન. વેદમાં.

અધિવેદન [સં. અધિ (ઉપર) + વિદ્ (મિલવવું)] ન. પહેલી સ્ત્રી હયાત છતાં બીજી વખત કરેલું પરણેતર.

અધિવેદનિક [સં. અધિવેદન (બીજી વખત કરેલું પરણેતર) + ઠક (સંબંધી)] ન. બીજું લગ્ન કરતી વખતે પ્રથમ પરણેતરી સ્ત્રીના ભરણપોષણ માટે આપવા આવતી રકમ.

અધિવેશન [સં. અધિ (માં) + વેશન (પ્રવેશ)] ન. મેળક; મેળાવડો; સંમેલન.

અધિશાયિત [સં. અધિ (પર) + શયિત (સૂતી)] સ્ત્રી. સર્વ શયિતાઓમાં ઊંચા સ્વરૂપવાળી કાળી ચામડાવાળી દેવી. ભુજો કાળીમાતા.

અધિશાયિન્ ભુજો અધિશયન.

અધિશ્રય ૧. [સં. અધિશ્રી (ચૂલે મૂકવું)] પું. ઉકાળવા કે ગરમ કરવાનું કામ.

૨. [સં. અધિ (માં) + શ્રી (મૂકવું)] પું. તાપું; હાંડિયું.

૩. પું. રાંધવું; પાક; રસોઈ.

અધિશ્રયણ ૧. [સં. અધિશ્રી (ઉપર ચૂલે મૂકવું)] ન. ચૂલા ઉપર મૂકવું તે; ઉકાળવાની ક્રિયા.

૨. [સં. અધિશ્રી (સંબંધ)] ન. ચૂલો.

અધિશ્રયણી ૧. [સં. અધિશ્રી (રસોઈ કરવી)] સ્ત્રી. ચૂલો; રાંધવા માટે વપરાતી જગ્યા.

૨. [સં. અધિશ્રી (ઉપર મૂકવું)] સ્ત્રી. સીડી; નિસરણી.

અધિશ્રી ૧. [સં. અધિ (બારે) + શ્રી (અધિકાર)] વિ. ઉપર સત્તાવાળું; મહાન.

૨. [સં. અધિ (બહુ) + શ્રી (લક્ષ્મી)] વિ. લક્ષ્મીવાળું; બહુ સંપત્તિવાન.

૩. [સં. અધિ (બહું) + શ્રી (સોવા)] વિ. બહુ સોણલાવાળું.

અધિશ્વભ્રક ૧. [સં.] ન. ગાડામાનું પાટિયું.

૨. ન. સોપારસ્ત્ર પ્રહરણનું વાસણ.

૩. ન. રત્નાન.

અધિષ્ટ પું. (પિંગળ) એ નામનો ૫૦ ગુરુ અને ૫૬ લઘુ મળી ૧૦૬ વર્ણનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. ઋગ્વેદસંહિતાપ્રાતિશાખ્યમાં એને બૃહતી છન્દનો એક ભેદ માનેલો છે.

અધિષ્ઠાતા ૧. [સં. અધિષ્ઠાતૃ (નિયંતા)] પું. અધિદેવ; રક્ષક દેવ.

૨. પું. ઈશ્વર; પ્રકૃતિને જડમાંથી ચેતન કલામાં લાવનાર દેવ.

૩. પું. ઉપરી; અધ્યક્ષ; પ્રમુખ; મુખી.

૪. પું. મુખ્ય કરીને સ્થાપેલ દેવ, રાજા કે કારભારી.

૫. વિ. દેખરેખ રાખનાર; કામ ચાલ્યા કરે છે કે જોવાઈ રહી તે જોનાર.

૬. વિ. નિયામક; નિયમમાં રાખનાર; વ્યવસ્થા કરનાર; વ્યવસ્થાપક.

૭. વિ. ભોગવનાર.

૮. વિ. સ્થાપનારો; મુખ્ય સ્થાપક.

અધિષ્ઠાતૃત્વ [સં અધિષ્ઠાતૃ (નિયંતા) + ત્વ (પણું)] ન. નિયંતાપણું.

અધિષ્ઠાતૃમંડળ [સં. અધિષ્ઠાતૃ (વ્યવસ્થા કરવું) + મંડળ (સંઘ)] ન. કારભાર કરનાર સંઘ.

અધિષ્ઠાત્રી ૧. [સં. અધિષ્ઠા (ઉપરીપણું ભોગવવું)] સ્ત્રી. અધિદેવતા; અધિદેવી; મુખ્ય દેવી; ઉપરી દેવશક્તિ.

૨. સ્ત્રી. કારભારણ; સ્ત્રીનિયામક.

૩. સ્ત્રી. સોમપ્રમુખ; આત્રેયાન માતૃ.

અધિષ્ઠાન ૧. [સં. અધિષ્ઠા (આશ્રય આપવો)] ન. અધિકાર; રાજ્યના રાજ્યસત્તા.

૨. [સં. અધિ (ઉપર) + સ્થા (ઊભવું)] ન. આધાર; આશ્રય.

૩. ન. આશીર્વાદ; દુઆ.

૪. ન. ઉપરીપણું, આધિપત્ય.

૫. ન. મઠનો; પાટનો.

૬. ન. ખાસ પ્રસંગ લક્ષ્ય નક્કી કરેલા નિયમ કે ધર્મ.

૭. ન. (વેદાંત) જેને વિષે બીજી વસ્તુનો ભ્રમ થાય છે તે વસ્તુ. જેમકે, રજ્જુમાં સાપ અને છીપમાં ચાંદીનો ભ્રમ થાય છે તેથી રજ્જુ સાપનું અને છીપ ચાંદીનું અધિષ્ઠાન કહ્યું.

૮. [સં. અધિ (ઉપર) + સ્થા (ઊભવું)] ન. તળિયું; આધાર; પાયો.

૯. [સં. અધિ (માં) + સ્થા (રહેવું)] ન. નિવાસસ્થાન; ઘામ; મુકામ; રહેઠાણ.

૧૦. [સં. અધિ (પાસે) + સ્થ (રહેવું)] ન. પાસે હોવાપણું; નજીક હોવું તે સંનિધિ.
૧૧. ન. પૈસું.
૧૨. ન. પ્રભાવ.
૧૩. ન. (બૌદ્ધ) બોધિસત્ત્વને મેળવવાની દસ પારમિતામાંની એ નામની એક. જુઓ પારમિતા.
૧૪. ન. વેદ.
આ અધિષ્ઠાનતત્ત્વ અથવા બ્રહ્મ કંઈ પૂર્ણ સત્ પદાર્થ છે એવું જ નહિ પણ પૂર્ણ ચિત્ હરેક અભિમાનીમાં પ્રેરક આત્મા રૂપે રહે છે, અને કેવળ જડ વિષય વીતક પ્રકરણમાં અંતર્યામી રૂપિયે રહે છે.
નર્મદાશંકર દેવશંકર
૧૫. ન. (સાંખ્ય) ભોગ્ય અને ભોગનો સંયોગ. જેમકે, આત્માનો શરીર સાથે અને ઇંદ્રિયોનો વિષય સાથે સંયોગ.
૧૬. [સં. અધિ (મુખ્ય) + સ્થાન (ઠેકાણું)] ન. મુખ્ય સ્થાન; મુખ્ય રહેઠાણ.
૧૭. ન. મૂળવસ્તુ; અધિકરણ.
૧૮. ન. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. ઉપાદાન કારણરૂપથી સર્વભૂત જગતમાં રહેલ હોવાથી તે અધિષ્ઠાન કહેવાય છે.
૩. વિ. આરંભ અને અંત વગરનું; સનાતન; નિત્ય; શાશ્વત.

અનાદિક [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + ક (વાળું)] વિ. અનાદિ.

અનાદિકાલીન [સં. અનાદિ (સનાતન) + કાલીન (વખતનું)] વિ. બહુ લાંબા વખતનું; પરાપૂર્વનું; પ્રાચીન કાળથી ચાલતું આવેલું.

અનાદિકાળ [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + કાલ (વખત)] પું. પુરાતન વખત; જેની શરૂઆત ક્યાંથી થઈ તે ન જણાય એવો વખત; બહુ લાંબો સમય; અતિપ્રાચીન કાળ.

અનાદિત ૧. [સં. ન (નહિ) + નદિત (આનંદી થયેલું)] વિ. આનંદથી ભરાઈ જવું ન હોય એવું.
૨. વિ. નહિ વધારેલું.

અનાદિતા [સં. અનાદિ (શરૂઆતનો અભાવ) + તા (પણું)] સ્ત્રી. અનાદિ હોવાનો ભાવ; નિત્યતા; અનાદિપણું.

અનાદિત્વ જુઓ અનાદિતા.

અનાદિનિધન ૧. [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + નિધન (વિનાશ)] પું. પરમાત્મા; અનાદિનાથ.
૨. પું. વિષ્ણુનું હજાર નામ ધરાવતું સ્તોત્ર. તેમાંનું આદિ સ્તોત્રથી અન્ય, અને નિધન સ્તોત્રથી મરણ ન હોવાથી તે અનાદિનિધન કહેવાય છે.
૩. પું. શિવ; શંકર.
૪. વિ. સનાતન; નિત્ય શાશ્વત.

અનાદિપરાર્ધ [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + પરાર્ધ (પદ)] પું. (જૈન) આદિ કે શરૂઆત નથી એવો પરાર્ધ. તેવા ૭ પરાર્ધ છે. જુઓ અનાદિપલ્ય.

અનાદિપરંપરા ૧. [સં. અનાદિ (પરાપૂર્વનું) + પરંપરા (ચાલતો આવતો ક્રિયાપ્રવાહ)] સ્ત્રી. બહુ લાંબા સમયથી ચાલતો આવતો ક્રિયાપ્રવાહ.
૨. [સં. અનાદિ (આદિ રહિત) + પરંપરા (ક્રમ)] સ્ત્રી. પરાપૂર્વ; લાંબો લાંબો સમય.

અનાદિપલ્ય [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + પલ્ય (કાળ)] પું. (જૈન) આદિ અને અંતનો પરાપૂર્વનો સંયોગ.

અનાદિભૂમિ [સં. અનાદિ (ઘણાકાળથી ચાલતું આવતું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઘણાકાળથી જમીન.

અનાદિમધ્યાંત [સં. અન્ (નહિ) + આદિ (આરંભ) + મધ્ય (વચલો ભાગ) + અંત (છેડો)] વિ. આદિ, મધ્ય કે અંત વિનાનું; જેને આરંભ, વચલો ભાગ કે છેડો નથી એવું; અનાદિ; નિત્ય સનાતન.

અનાદિરૂપ [સં. અનાદિ (પ્રથમ) + રૂપ (આકાર)] ક્ર. પ્રથમ સ્વરૂપ.

અનાદિવાદ [સં. અનાદિ (શરૂઆત વગરનું) + વાદ (સિદ્ધાંત)] પું. આ જગત શરૂઆતથી જ ચાલ્યું આવ્યું છે, કોઈએ ઉત્પન્ન કરેલું નથી એવો સિદ્ધાંત.

અનાદિવાદી [સં. અનાદિ (સનાતન) + વાદી (જાણનાર)] વિ. આ જગત શરૂઆતથી જ ચાલ્યું આવ્યું છે, કોઈએ ઉત્પન્ન કરેલું નથી એવું માનનાર.

અનાદિસંતાન જુઓ અનાદિપરંપરા.

અનાદિસંયોગ [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + સંયોગ (સંબંધ)] પું. પુરુષ અને પ્રકૃતિનો પરાપૂર્વનો સંબંધ.

અનાદિસિદ્ધ ૧. [સં. અનાદિ (શરૂઆત) + સિદ્ધ (સ્થાપિત)] પું. પુરાતન કાળથી જે સિદ્ધ જ છે તે; પરમેશ્વર; ઈશ્વર; પરમાત્મા.
૨. વિ. અજરામર.
૩. વિ. કયારથી અને ક્યાંથી આરંભ છે તે ન સમજાય એવું; બહુ કાળથી જે સિદ્ધ જેટલે સ્થાપિત જ હોય એવું; બહુ પ્રાચીન કાળથી સ્થાપિત કે પુરવાર થયેલું.
૪. વિ. સ્વયંસિદ્ધ.

અનાદિસિદ્ધાંત [સં. અનાદિ (સનાતન) + સિદ્ધાંત (નિર્ણય)] પું. પરાપૂર્વથી સ્થાપિત થયેલ નિર્ણય.

અનાદીનવ ૧. [સં. અન્ (નહિ) + આદીનવ (દુઃખ)] વિ. દુઃખ વિનાનું.
૨. [સં. અન્ (નહિ) + આદીનવ (વહ)] વિ. નિરપરાધી; નિષ્પાપ; નિર્દોષ.

અનાદૃત ૧. [સં.] ક. અનાદર; અપમાન.
૨. વ. તિરસ્કાર; ધિક્કાર.
૩. [સં. અન્ (નહિ) + આદૃત (માન અપાયેલું)] વિ. અપમાન પામેલું; માન નહિ અપાયેલું.
૪. વિ. તિરસ્કાર પામેલું; તરછોડાયેલું.
૫. વિ. બેપરવા; બેફામ.

અનાદેય ૧. [સં. અન્ (નહિ) + આદેય (લેવા જેવું)] વ. પ્રયોજકતામાં નિર્દેશેલી જોઈએ નહિ એવું કરવા જેવી અનુજ્ઞાવેલી વસ્તુ.
૨. વિ. સ્વીકારી ન શકાય એવું; માનવું ન કરવા જેવું; અમાન્ય.

અનાદેયવચન ક. (જૈન) હિતકારી વચન પણ કોઈ સ્વીકારે નહિ, અને ઉપકાર કરાયેલ વ્યક્તિ પણ તિરસ્કાર કરે એવી પ્રકૃતિવાળું કર્મ નામનું જોર નામકર્મ.

અનાદેયવચન [સં. અનાદેય (અમાન્ય) + વચન (વાક્ય)] વિ. જેનો બોલ માનવા લાયક ન હોય એવું.

અનાદેવી સ્ત્રી. મનુષ્યનું રક્ષણ કરતી હિંદુઓની એ નામની જોડ દેવીઓ પૈકીની. રજપૂતો બાળક આગળ જોને નૈવેદ ધરે છે.

અનાદેશ ૧. [સં. અન્ (નહિ) + આદેશ (હુકમ)] પું. આજ્ઞા ન હોવાપણું.
૨. [સં. અન્ (નહિ) + આદેશ (ઉપદેશ)] પું. ઉપદેશનો અભાવ.

અનાદેશકર [સં. અન્ (નહિ) + આદેશ (હુકમ) + કર (કરનાર)] વિ. હુકમ ન કરે એવું હોય તે કરનાર; હુકમ પ્રમાણે નહિ કરનાર.

અનાદ્યનંત જુઓ અનાદિઅનંત.

અનાદ્યનંતતા [સં. અનાદિ (શરૂઆત વગરનું) + અનંત (છેડા વગરનું) + તા (પણું)] સ્ત્રી. છેડો અને શરૂઆત ન હોય એવી સ્થિતિ; સનાતનપણું.

અનાદ્યંત જુઓ અનાદિઅનંત.

અનાદ્યંતતા જુઓ અનાદ્યંતત્વ.

અનાદ્યંતત્વ [સં. અન્ (નહિ) + આદિ (શરૂઆત) + અંત (છેડો) + ત્વ (પણું)] ક. આરંભ અને અંત ન હોવાપણું.

અનાહુત પું. (સંગીત) ૫૫ નામ જેવડો સમય; બહુ. જોર જે બહુનો જોડ કૂત અને જે કૂતનો જોડ લઘુ બહુ થાય છે.

૮ ત્રુટિ = ૧ લવ
૮ લવ = ૧ પ્રાણ
૮ પ્રાણ = ૧ નિમેષ
૮ નિમેષ = ૧ કલા
૨ કલા = ૧ ત્રુટિ

૨ ત્રુટિ = ૧ અણુ ૩ અનાદ્યુત
૨ અણુ = ૧ દ્યુત
૨ દ્યુત = ૧ લવ (માત્રા) અક્ષર

અનાધાર ૧. [સં. અન્ (નહિ) + આધાર (ટેકો)] પું. (ન્યાય) અદ્રવ્ય વગેરે છ પ્રકારોમાંનો ભિન્ન પદાર્થ.
૨. વિ. (વેદાંત) વ્યાપક.
૩. વિ. આધાર રહિત; ટેકા વગરનું; નોધારું.
૪. વિ. નરીનું; દીનું; અનાથ; લાચાર.

અનાધિ ૧. [સં. અન્ (નહિ) + આધિ (ચિંતા)] વિ. ચિંતા વગરનું; માનસિક વ્યથા વિનાનું.
૨. [સં. અન્ (નહિ) + આધિ (વ્યાધિ)] વિ. તાજવું વગરનું; કરજ કરવામાં મારી પડતી માલની કે રોકડની અનામત વિનાનું.

અનાધિષ્ઠય [સં. અન્ (નહિ) + આધિષ્ઠય (અધિકપણું)] વિ. વધારે ન હોવાપણું.

અનાધિષ્ઠયચિકીર્ષુ [સં. અન્ (નહિ) + આધિક્ય (અધિકપણું) + ચિકીર્ષુ (કરવાની)] વિ. (ગણિત) ભેદ રાશિ બીજી કરતાં મોટી નથી એમ બતાવવા વપરાતું ચિહ્ન. જે રાશિ મોટી ન હોય તે ચિહ્નની પહેલાં આવે. જેમકે, ૨ × ૩ > ૫.

અનાધિસૂનિક [સં. અનાધિ (તાજવું વગરનું) + ધનિક (પૈસા આપે આપનાર)] પું. તાજવું વગરનો લેણદાર; જેને લાં માલની કે રોકડની અનામત મૂકવામાં ન આવી હોય એવો લેણદાર.

અનાધીન ૧. [અન (નહિ) + અધીન (તાબે)] વિ. તાબે નહિ તેવું; સ્વતંત્ર.
૨. વિ. નપંસિયાતું.

અનાધૃષ્ટિ ૧. પું (પુરાણ) જે નામનો શ્રીકૃષ્ણનો અનુયાયી ભેદ થયેલ.
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુવંશના ભેદાયનો દીકરો. જેની માનું નામ મિશ્રકેશી હતું.

અનાધૃષ્ય ૧. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્ર રાજાનો જે નામનો ભેદ પુત્ર.
૨. [સં. અન્ (નહિ) + આધૃષ્ય (હરાવવું)] વિ. અજેય; જીતી ન શકાય એવું.
૩. [સં. અન્ (નહિ) + આધૃષ્ય (ઉંચા કરવા)] વિ. સંપૂર્ણ; અસંગત; ઉપેક્ષા વગરનું.
૪. વિ. સામે ન જવાય એવું.

અનાધ્ય ૧. [સં. અનાધ્ય] વિ. આધાર વગરનું; આશ્રય વિનાનું.
૨. [સં. અન્ (નહિ) + આધિ (ચિંતા)] વિ. ચિંતા રહિત; અપ્રયત્ન વગરનું.

અનાધ્યાય ૧. [સં. અન્ (નહિ) + આધ્યાય (વેદનું ભણવું)] પું. વેદનો અભ્યાસ બંધ રાખવાનો દિવસ; રજાનો દિવસ; અનધ્યાય; અજોળો; છુટ્ટી.
૨. પું. વેદનો અભ્યાસ બંધ રાખવો તે.

અનાનસ ૧. પું. એ નામનો એક છોડ. લુઓ અનનાસ.
૨. વ. અનનાસ; એ નામનું ફળ.

અનાનુગામિક [અન (નહિ) + અનુગામિક (પાછળ આવનાર)] વિ. સાથે ન આવનારું.
જે અવધિજ્ઞાન જેવાનું ઉત્પત્તિસ્થાન છૂટી જતાં કાયમ રહેતું નથી તે અનાનુગામિક.
તત્ત્વાર્થસૂત્ર

અનાનુપૂર્વી [સં. અન્ (નહિ) + આનુપૂર્વી (અનુક્રમ)] સ્ત્રી. અનુક્રમ નહિ, જેમ અનુક્રમ જોઈએ તે ક્રમનું વિપરીતપણું નહિ તે; અવ્યવસ્થાપણું; નિયમિત ક્રમમાં ન હોવાપણું.
સપુરુષોએ અનાનુપૂર્વી જોવના કરી છે, તે બહુ સુંદર અને આત્મવાંછિતને આપનારી છે.
સમ્યક્ત્વ

અનાનુપૂર્વ્ય જુઓ અનાનુપૂર્વી.

અનાપત્ત [સં. અન્ (નહિ) + આપત્ત (દુઃખ)] સ્ત્રી. દુઃખ કે વિપત્તિ ન હોવાપણું.

અનાપદા જુઓ અનાપત્ત.

અનાપના વ. જોખમેલ; જોખમદાર.

અનાપન્ન [સં. અન્ (નહિ) + આપન્ન (જોખમેલું)] વિ. નહિ જોખમેલું; અપ્રાપ્ત.

અનાપરાનાપ [સં. અનાપ] પું. (હિંદી) નિરર્થક બકવાદ; અસંબદ્ધ પ્રલાપ.

અનાપ સનાપ ૧. [હિં.] વ. બેહદ; અપાર.
૨. વ. માપીને કે પ્રમાણ વિના.

અનાપાત [સં. અન્ (નહિ) + આપાત (આવવું)] વ. નિર્જન સ્થાન; ઉજ્જડ જગા; માણસની અવરજવર વગરનું સ્થળ.

અનાપેક્ષ ૧. [સં. અન્ (નહિ) + આપેક્ષ (અપેક્ષાવાળું)] વ. અપેક્ષાવાળું નહિ તેવું.
૨. [સં. અન્ (નહિ) + આપેક્ષ (કુશળ)] વિ. અકુશળ; અનિપુણ; અનાડી.
૩. [સં. અન્ (નહિ) + આપેક્ષ (સાચું)] વિ. અસત્ય; ખોટું.
૪. વિ. નજીકના સંબંધ વગરનું; સગું ન હોય તેવું; અબાંધવ.
૫. [સં. અન્ (નહિ) + આપ્ત (જોખમેલું)] નહિ જોખમેલું; અપ્રાપ્ય.
૬. વિ. જોખમવાનો પ્રસંગ કરતાં નિપુણ બનેલું; આંબી ન શકેલું; નહિ પહોંચી શકેલું.
૭. [સં. અન્ (નહિ) + આપ્ત (વિશ્વાસપાત્ર)] વિ. વિશ્વાસપાત્ર ન હોય એવું; અનાપ્તાશ્રયિક; અવિશ્વાસનીય.

અનાપ્તતા ૧. [સં. અન્ (નહિ) + આપ્ત (કુશળ) + તા (પણું)] સ્ત્રી. અકુશળતા; નિપુણતાનો અભાવ.
૨. [સં. અન્ (નહિ) + આપ્ત (જોખમેલું) + તા (પણું)] સ્ત્રી. અપ્રાપ્તિ.
૩. [સં. અન્ (નહિ) + આપ્ત (સત્ય) + તા (પણું)] સ્ત્રી. અસત્યપણું.
૪. સ્ત્રી. આંબવાની શક્તિ ખલાસ હોવાપણું.
૫. [સં. અન્ (નહિ) + આપ્ત (નજીકના સંબંધવાળું) + તા (પણું)] સ્ત્રી. નજીકનો સંબંધવાળું કે સગું ન હોવાપણું.
૬. [સં. અન્ (નહિ) + આપ્ત (વિશ્વાસપાત્ર) + તા (પણું)] સ્ત્રી. વિશ્વાસપાત્ર ન હોવાની સ્થિતિ.

અનાપ્તિ [સં. અન્ (નહિ) + આપ્તિ (મળવું તે)] સ્ત્રી. અપ્રાપ્તિ; નહિ મળવાપણું.

અનાબાધી ૧. સ્ત્રી. અવનતિ; પડતી.
૨. સ્ત્રી. પડતર જમીન.
૩. સ્ત્રી. વેરાની.
૪. [અન (નહિ) + આબાદ (ભોગવેલું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પડતર; નહિ ભોગવેલી.

અનાબાધ [સં. અન્ (નહિ) + આબાધ (દુઃખ)] પું. મોટું સુખ.
૨. વિ. પીડા રહિત; દુઃખ વિનાનું.

અનાબાધસુખ [સં. અનાબાધ (પીડા રહિત) + સુખ] વ. (જૈન) મોક્ષનું સુખ; પરમાનંદ.

અનાભોગ ૧. [સં. અન્ (નહિ) + આભોગ (જ્ઞાન); મા. અણાભોગ] પું. અજ્ઞાન; અજાણપણું.
૨. પું. (જૈન) જે નામનું જે અતું મિથ્યાત્વ જોરથી વિપરીત બુદ્ધિ.
૩. પું. ઘણી વિસ્મૃતિ.

અનાલોચકિયા [સં. અનાલોચ (અન્યત્વનું) + ક્રિયા (પારખું કામ)] સ્ત્રી. (જૈન) સાધુ કર્યા વિનાની અથવા બારીકીથી જોયા વગરની જગ્યા ઉપર શરીર રાખવાથી લાગતો દોષ.

અનાલોચનિક્ષેપ [સં. અનાલોચ (અજ્ઞાન) + નિક્ષેપ (મૂકવાપણું)] પું. (જૈન) સાધુ રાખ્યા વગર વસ્તુને મૂકી દે.

અનામ ૧. [સં. અન (પ્રાણ) + અમ્ (અનું)] પું. અંતઃશ્વાસ; અંદર લેવાતો શ્વાસ.
૨. પું. ઉચ્છ્વાસ; બહાર કઢાતો શ્વાસ.
૩. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. અષ્ટપ્રસ્તારપ્રસ્તાર પ્રમાણે એ બૃહતી છંદપ્રભેદનો એક ભેદ છે. તેમાં ૬૮ ગુરુ અને ૨૦ લઘુ મળી ૮૮ અક્ષર હોય છે.
૪. [સં. ન (નહિ) + નામન્ (નામ)] પું. નામ વગરનો મહિનો; અધિકમાસ; પુરુષોત્તમમાસ.
૫. પું. પ્રભુ; ઈશ્વર પરમેશ્વર, કેમકે તેને નામ એટલે ચિહ્નવિશેષ નથી.
૬. [સં. અન (જીવન) + અમ્ (પીવું)] ન. (વૈદક) એક જાતનો રોગ; હરસ.
૭. ન. અક્ષિસ્ત્રાવ; કંનામ; પરિતોષિક; ભેટ.
૮. વિ. અતિ ઉત્તમ; બહુ જ સારું; સર્વોત્કૃષ્ટ. કાંઈ બાળોને બીજા અનામ પ્રભુનાને વરતાં. સરઝ્ઝ
૯. વિ. અપ્રસિદ્ધ; અપ્રખ્યાત.
૧૦. વિ. કંનામ કે અક્ષિસ્ત્રાવ થવા લાગ્યો.
૧૧. વિ. નામ રહિત; નામ વગરનું; નનામું.
રાત્ર-દિવ્ય-અમાંસ રવરૂપ અનાદિ,
અનામ એક અરૂપ છે. ઉમાશંકર જોશી

અનામક ૧. [સં. ન (નહિ) + નામન્ (નામ) + ક (વાળું)] પું. પુરુષોત્તમ મહિનો; મળમાસ; અધિકમાસ.
૨. વિ. અપ્રખ્યાત; અપ્રસિદ્ધ.
૩. વિ. નામ વગરનું.

અનામત ૧. [અ. અમાનત] સ્ત્રી. અત્રિમાત વખતે પ્રથમમાં જોવા સાચવી રાખેલી વસ્તુ.
૨. સ્ત્રી. રોજમેળમાં લખેલી પણ ખાતાવહીમાં ન લખાયેલી રકમ.
૩. સ્ત્રી.; ન. સંભાળ માટે સોંપેલી વસ્તુ; અમાનત રાખવા આપેલી ચીજ; થાપણ; નિક્ષેપ; ન્યાસ.
૧. અનામત ઓછાં કરવી–ઓછવણી–ઘાઈ કરવી–ઝાંત કરવી–ઝળી કરવી = સાચવવા આપેલી રકમ પાછી પાડવી; થાપણ પાછી ન આપવી.
૨. અનામત મૂકવું = સંભાળ રાખવાને સોંપવું; બાકી બાકર વાજબ વગર થાપણ તરીકે મેલવું.
૩. અનામત રકમ = સાચવી રાખવા સોંપેલી રકમ; થાપણ.
૪. અનામત રાખવું = (૧) થાપણ તરીકે રાખવું. (૨) સાચવવા રાખવું.
૫. અનામત લાવવું = સાચવી સંભાળને જેમનું તેમ લાવવું.
૬. અનામતમાં ખયાનત કરવી = વિશ્વાસભંગ કરવો.
૪. વિ. ઉપયોગ ન કરતાં જેમ હોય તેમ બાજુએ રાખેલું.
અનામત રાખવું = જેમનું તેમ રહેવા દેવું; જેમ હોય તેમનું તેમ રાખી કે સંભાળી મૂકવું.
૫. વિ. વાપરવા નહિ પણ સાચવવા સારુ બરોબર ઉપર આપેલું; સાચવી રાખવા સોંપેલું.
૬. વિ. સલામત.
અનામત રહેવું = જેમ હોય તેમજ વપરાયા વગર રહેવું.

અનામતખાતું ન. થાપણ મૂકેલી રકમના હિસાબનું ખાતું; જે રકમ ખર્ચમાં વાપરવાની ન હોય, જે રકમની અમુકથી સંભવતા હોય, અથવા કોને ખાતે કેટલું ખર્ચ કરવાનું છે તે જાણવામાં ન હોય અથવા ચોક્કસ ન હોય તે ચોક્કસ થતાં સુધી જોવી રકમો લખવાનું ખાતું.

અનામતદાતા [અનામત (થાપણ) + દાતા (આપનાર)] વિ. અનામત મૂકનાર.

અનામતદાર ૧. [અનામત (થાપણ) + દાર (વાળું)] પું. અમાનતદાર; સુપ્રભેદાર; અમીન.
૨. વિ. થાપણવાળું.

અનામતબંદોબસ્ત [અનામત (સલામત) + બંદોબસ્ત (જેવી કોલેરી મહી)] ન. કાયમ રાખી મૂકવાની રકમ; કાયમ બંદોબસ્ત.

અનામતી ૧. [અ. અમાનત (થાપણ)] સ્ત્રી. અનામત આપેલું અથવા લીધેલું તે; નિક્ષેપ; થાપણ.
૨. સ્ત્રી. રોજમેળમાં લખેલી પણ ખાતાવહીમાં નહિ લખાયેલી રકમ.
૩. વિ. જેમને તેમ રાખેલું.
૪. વિ. ગીરો મૂકેલું; બાંધમાંનું; થાપણ તરીકે મૂકેલું.

અનામય ૧. [સં. અન્ (નહિ) + આમય (રોગ)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. કર્મોથી ઉત્પન્ન થતી બાહ્ય તથા આંતરિક વ્યાધિથી રહિત હોવાથી તે અનામય કહેવાય છે.
૨. પું. શિવ.
૩. [સં. અન્ (નહિ) + આમય (રોગ)] ન. આરોગ્ય; તંદુરસ્તી; રોગરહિતતા.
જેમ અનામય વહે સદા સિત તં શુભ કલ્યાણ,
કર્યા વિશ્વે પતિ કૃપાળ છે પૂરી કુંવરી મુજ્યાણ.
ન્હાનાલાલ કવિ
૪. વિ. આબાદ; અણીશુદ્ધ; નિર્દોષ.
૫. વિ. નીરોગી; તંદુરસ્ત; આરોગ્યવાળું; કુશળ; નિરાબાધ.
૬. વિ. દોષ રહિત; ખોટ વગરનું; નિર્દોષ.

અનામંત્રિત ૧. [સં. અન્ (નહિ) + આમંત્રિત (નોતરેલું)] વિ. અણનોતર્યું; બોલાવ્યા વગરનું.
૨. ન. વગર તેડ્યે; વણનોતર્યે.

અનામા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો માર્તંડની જાતનો એક માત્રાદંડક છંદ. તેમાં ૨૭ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૯ અક્ષર હોય છે.
૨. [સં. ન (નહિ) + નામન્ (નામ)] પું. મળમાસ; અધિકમાસ; પુરુષોત્તમ મહિનો. આ માસમાં વૈદિક કર્મ થતું નથી, માટે તે નામ રહિત છે.
૩. સ્ત્રી. અનામિકા; વચલી અને ટચલી વચ્ચેની આંગળી. બીજા આંગળાઓની માફક આ આંગળીનું નામ નથી, માટે તેને અનામા કે અનામિકા કહે છે. જુઓ અનામિકા.
૪. વિ. સ્ત્રી. અપ્રસિદ્ધ.
૫. વિ. સ્ત્રી. નામ વિનાની.

અનામિ પું. ઘડા; ડોલ; બાંલડ; બાંબી; બંડાળ.
મહેતા નરસિંહ હરિની મહેર
ઉતર્યા કૂવે અનામિ પેર.
રવાયમ

અનામિક ૧. પું. (વૈદક) એક જાતનો રોગ. તેમાં ગાલની ગુલ્મ ફાટીને લાલ થઈ જાય છે.
૨. પું. ઘડા; ડોલ; બાંલડ; બાંબી; બંડાળ.
૩. [સં. ન (અભાવ) + નામન્ (નામ) + ક (વાળું)] વિ. નામ ન હોવા જેવું.
૪. વિ. નામ વગરનું; નનામું.

અનામિકા ૧. [સં. ન (નહિ) + નામિક (નામવાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ટચલીની જોડેની આંગળી; મધ્યમા અને ટચલી આંગળી વચ્ચેની આંગળી; ઉપાનિધિકા. એ આંગળી વડે સિવે ચાંપવું બાકી રાખેલું, તેથી તે અપવિત્ર મનાય છે. યજ્ઞ આદિ પ્રસંગે તેને શુદ્ધ કરવા પવિત્રી જોડલે કાંનની વીંટી પહેરાવવાનો વિધિ છે. એ આંગળી નામ વગરની હોવાથી અનામિકા કહેવાય છે.

૨. [સં. અનામિકા (દેહ) + અ (તદ્ધિતનો પ્રત્યય)] સ્ત્રી. દેહડી; ચડાવણી; ઉંબિયણ.
૩. સ્ત્રી. વીંટી.
૪. સ્ત્રી. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રના પંચમાંના બીજા તારાનું નામ.

અનામિષ ૧. [સં. અન્ (નહિ) + આમિષ (માંસ)] પું. માંસ વગરનો ખોરાક; અલાહાર.
૨. વિ. દુર્બળ; નબળું.
૩. વિ. માંસ વગરનું; નિરામિષ.
૪. વિ. લાલ વિનાનું; ફાલ્યા વગરનું.

અનામિષાહારી [સં. અન્ (નહિ) + આમિષ (માંસ) + આહારિન્ (ખાનાર)] વિ. માંસાહારી નહિ તેવું; વનસ્પત્યાહારી; શાકાહારી; માંસ વિનાનું ખાનાર.

અનામી ૧. પું. એ નામનો એક વર્ણ.
૨. પું. પરમેશ્વર; પરબ્રહ્મ; ઈશ્વર.
૩. પું. (પિંગળ) માર્તંડની જાતનો એ નામનો એક માત્રાદંડક છંદ. તેમાં ૬ ગુરુ અને ૮૪ લઘુ મળી ૯૦ અક્ષર હોય છે.
૪. સ્ત્રી. ઠાકડી; નનામી.
૫. વિ. અવર્ણનીય; વર્ણન ન થઈ શકે એવું.
૬. [સં. અ (નહિ) + નામન્ (નામ)] વિ. નામ વગરનું; નનામું.

અનામૃત [સં. અન્ (નહિ) + મ (રહિત) + અમૃત (મોત વગરનું)] વિ. અવિનાશી; અમર; નાશ ન પામનારું.

અનાય [અ + નાય (ન્યાયનું અપભ્રંશ)] પું. અન્યાય.
ન લાયં વિલાયે ન નાયં અનાયં.
શ્રીભોજપ્રબંધ

અનાયક ૧. [સં. અ (નહિ) + નાયક (નેતા)] વિ. નેતા વિનાનું; માલિક વગરનું.
૨. વિ. અવસ્થા વગરનું; અવ્યવસ્થિત; અંતર.

અનાયત ૧. [સં. અન્ (નહિ) + આયત (વિસ્તારેલું)] વિ નહિ વિસ્તારેલ; ટૂંકું; સાંકડું.
૨. [સં. અન્ (નહિ) + આયત (નિયંત્રિત)] વિ. નિરંકુશ; સ્વતંત્ર.
૩. [સં. અન્ (નહિ) + આયત (દૂરનું)] વિ. પહોંચનું; નજીકનું.

અનાયતન ૧. [સં. અન્ (નહિ) + આયતન (વિશ્રામનું ઠેકાણું)] સ. (જૈન) પાસત્થા એટલે આચારભ્રષ્ટ સાધુને ઊતરવાનું ઠેકાણું.
૨. સ. તત્ત્વજ્ઞાનના સંસર્ગ એટલે સંગત વગરનું સ્થાન.
૩. સ. (જૈન) સાધુને ન રહેવા જેવી જગ્યા. જેમકે, નાટકશાળા, વેશ્યાનું ઘર.

અનાયત્ત ૧. [સં. અન્ (નહિ) + આયત્ત (વશ વર્તિત)] વિ. તાબે નહિ તેવું; અનધીન.
૨. વિ. સ્વતંત્ર; મુક્ત મુખત્યાર.

અનાયાસ ૧. [સં. અન્ (નહિ) + આયાસ (પ્રયત્ન)] પું. આળસ; નિરુદ્યોગ.
૨. [સં. અન્ (નહિ) + આયાસ (પીડા)] પું. કરાર; આરામ; શાંતિ.
૩. [સં. અન્ (અભાવ) + આયાસ (મહેનત)] પું. ઓછી મહેનત; ઓછો પ્રયત્ન.
૪. પું. શ્રમ કે મહેનતનો અભાવ.
૫. પું. સહેલાઈ; સરળતા; સહજપણું.
૬. વિ. મહેનત વગરનું; શ્રમ ન પડે એવું; સહેલું; સુગમ.
૭. સ. અચાનક; એકાએક; સહસા.
૮. સ. મહેનત વગર; શ્રમ વિના; વગર તરદીએ.

અનાયાસકંઠ [સં. અનાયાસ (શ્રમ વગર) + કંઠસ્થ (અક્ષર અવયવ માત્રાના નિયમો જાણેલી કવિતા)] પું. (પિંગળ) શ્રમ વગર પોતાની મેળે નીકળી આવતો છંદ; સહેલાઈથી બોલાઈ જતો છંદ.

અનાયાસે ૧. [સં. અન્ (નહિ) + આયાસ (મહેનત)] સ. અચૂકપણે રીતે; અચાનક; અગાઉની કોઈ જોગવાઈ વગર.
૨. સ. મહેનત વગર; શ્રમ વિના; સહેલાઈથી; વગર પ્રયત્ને; સહેજે.

અનાયુ ૧. પું. (જૈન) જેમને ફરીથી ઉત્પન્ન થવાનું નથી તે. જેમકે, કેવળી, તીર્થંકર.
૨. [સં. અન્ (નહિ) + આયુસ્ (અવસ્થા)] પું. (જૈન) સિદ્ધ ભગવાન, જેમને તે આયુઃકર્મ રહિત છે.
૩. વિ. નિરંતરી ઓળી કરે તેવું; આવરદા વધારનારું.

અનારંભક [સં. અન્ (નહિ) + આરંભ (આયુષ વધારનાર)] વિ. લાંબી આવરદા નહિ આપનાર; લાંબા આયુને નુકસાનકારક. જેમકે, અતિભોજન, અતિઔસંગ.

અનારોગ્યિક [સં. અન્ (નહિ) + આરોગ્ય (સંપત્ત) + ઇક (વાળું)] વિ. અસાવધાન; બેદરકાર.

અનાર ૧. [સં.] સ. દાડમ.
૨. સ. દાડમનું ઝાડ. તે ૧૫-૨૦ ફૂટ ઊંચું અને જરાક કાંટાવાળી ખાતળી ડાળીવાળું હોય છે. ફળ ઉપરની કાંચળ ઝાડ તોડવા-થી અંદર રસથી ભરપૂર સોંદે જે લાલ દાણા નીકળે છે, જે ખાવામાં આવે છે. ગરમીના દિવસમાં લોહી તેનું શરબત કરી પીએ છે. તેનાં લાલ ફૂલ રંગ બનાવવાના અને દવાના, તેની આંતરછાલ ભરડા ઉપર, અને બહારની છાલ ચામડાં પકવવાના કામમાં આવે છે. પશ્ચિમ હિમાલય અને સુલેમાનની ટેકરીઓ પર આ ઝાડ પોતાની મેળે ઊગે છે. કાબુલ અને કંદહારનાં અનાર વખણાય છે.
૩. સ. દાડમને મળતું એક જાતનું ફળ.
૪. સ. ભંબુ; ભંભોટિયો; એક જાતનું દારૂખાનું; આતશબાજીમાં ફોડવામાં આવતી દાડમના બાદની દારૂની ફોડી.
૫. વિ. બનાવીને બદલે કવિતામાં વપરાતું રૂપ; ગંજેરી; મૂર્ખ; અનાર્ય.

અનારકળી સ્ત્રી. દાડમની કળી. કવિઓ દાંતને દાડમની કળીની ઉપમા આપે છે.
અનારકળી શા દંત રૂપાળા,
પીપળ પલ્લવ જેવા ઓષ્ઠ.
પ્રાચીન કાવ્યમાળા

અનારત ૧. સ. અભંતાલાવ; સંપૂર્ણ અભાવ.
૨. [સં. અન્ (નહિ) + આરત (અટકેલું)] સ. નિત્યતા; સતતપણું.
૩. [સં.] વિ. અટકાવ વગરનું; આખું; સતત; અવિરત.
૪. [અન (નહિ) + આરત (પીડા)] વિ. પીડા વગરનું; દુઃખ રહિત.
૫. વિ. હંમેશનું; નિત્ય; કાયમનું.
૬. સ. નિરંતર; હંમેશાં; કાયમને માટે.

અનારદાણા [હિ. અનારદાના] પું.બ.વ. એક જાતનું મરિયાનું; બારા દાડમના સૂકવેલા દાણા.

અનારદાના ૧. [હિ.] પું. અનારનો બોટમે દાડમનો દાણો; દાડમનું બી.
૨. પું. દાડમના દાણા જેવું એક જાતનું બનાવ.
૩. પું. લાલ ચોકડીવાળું એક જાતનું કાપડ.

અનારબ્ધ [સં. અન્ (નહિ) + આરબ્ધ (શરૂ કરેલું)] વિ. શરૂ ન કરેલું; નહિ આરંભેલું.

અનારબ્ધકર્મ [સં. અન્ (નહિ) + આરબ્ધ (શરૂ કરેલું) + કર્મન્ (કર્મ)] સ. ફળ ભોગવવાનાં શરૂ નથી થયાં એવું કર્મ; સંચિતકર્મ.

અનારબ્ધકાર્ય [સં. અન્ (નહિ) + આરબ્ધ (તત્કાળ ફળ દેવું એવું) + કાર્ય (કર્મ)] સ. તત્કાળ ન ફળે એવું કર્મ; આગળ ભોગવવાનું સંચિતકર્મ.
વેદાંત સૂત્રમાં પ્રારબ્ધને જ પ્રારબ્ધકાર્ય અને જે પ્રારબ્ધ નથી તેને અનારબ્ધકાર્ય કહેવાનાં નામો આપેલાં છે.
ગીતારહસ્ય

અનારબ્ધિ [સં. અન્ (નહિ) + આરબ્ધિ (આરંભ)] જી. અનારંભ; શરૂઆત ન કરવી તે.

અનારબ્ધ ૧. [સં. અન્ (નહિ) + આરબ્ધ (શરૂ કરવું જેનું)] વિ. શરૂ ન કરવા જેવું.
૨. સ. કોઈ ખાસ બાબતની સાથે સંબંધ વગર.
૩. ક્રિ. વિ. શરૂ કર્યા વગર.

અનારબ્ધયાહ [સં. અનારબ્ધ (કોઈ ખાસ બાબત સાથે સંબંધ વગર) + વાહ (કક્ષા)] પું. છૂટી દીકરા.

અનારબ્ધાધીત ૧. [સં. અન્ (નહિ) + આરબ્ધ (શરૂ કરવા જેવું) + અધીત (અભ્યાસેલું)] પું (વેદાંત) વેદના જે મંત્રનો કોઈ પણ કર્મમાં વિનિયોગ જોડવે પ્રયોગ કરવો ન હોય તેવો મંત્ર.
૨. [સં. અનારબ્ધ (શરૂ) + અધીત (અભ્યાસેલું)] વિ. કોઈ ખાસ વિષયની સાથે સંબંધ વગર અભ્યાસ કરેલ કે વાંચેલું; ખાસ વિષય તરીકે શીખેલું.

અનારબ્ધોદાત્ત [સં. અનારબ્ધ (કોઈ ખાસ વિષય સાથે સંબંધ વગર) + ઉદાત્ત (કહેલું)] વિ. કોઈ ખાસ વિષય સાથે સંબંધ વગર કહેલું.

અનારવા જી. આંબાની એ નામની એક જાત.

અનારશી જી. ગંગાજમના આંબાની એ નામની એક ઊંચી જાત.

અનારસું ૧. સ. એક જાતનું પકવાન.
૨. સ. એક જાતનું ફળ; અનાર; દાડમ.
૩. સ. ચોખાના લોટની વીંટ્યા વગેરેની એક જાતની રૂંવાટી મીઠાઈ.

અનારંભ ૧. [સં. અન્ (નહિ) + આરંભ (શરૂઆત)] પું. આરંભનો અભાવ; શરૂઆત ન કરવી તે; અનારબ્ધિ.
૨. પું. (જૈન) દુઃખને ઉત્પન્ન કરવે ગણ પીડા કે જવાબદારી ન કરવાં તે.
૩. પું. માથે ન લેવું તે; અંગીકાર.
૪. પું. શરૂઆત સિવાયનું કોઈપણ; મધ્ય કે અંત.
૫. [સં. અન્ (નહિ) + આરંભ (પાપકારી વ્યાપાર)] વિ. (જૈન) પાપકારી કામ રહિત.

અનારંભક [સં. અન્ (નહિ) + આરંભક (કાર્યને ઉત્પન્ન કરનાર)] વિ. કાર્યને ઉત્પન્ન નહિ કરનાર.

અનારંભકત્વ [સં. અન્ (નહિ) + આરંભક (કાર્યને ઉત્પન્ન કરનાર) + ત્વ (પણું)] જી. કાર્યને ઉત્પન્ન ન કરી શકવાપણું.

અનારંભકસંયોગ [સં. અન્ (નહિ) + આરંભક (કાર્યને ઉત્પન્ન કરનાર) + સંયોગ] પું (વેદાંત) કાર્યને ઉત્પન્ન નહિ કરનારો એ નામનો જોડ બનનો સંયોગ.
તે કપાલોનો જે આકાશાદિક પૂર્વદેશ સાથે સંયોગ છે તે સંયોગ પાનો બનાવ નથી પણ તે સંયોગ અનારંભકસંયોગ કહેવાય છે.
જોડાવવા ■

અનારંભજન્યવિની ૧. [સં. અન્ (નહિ) + આરંભ (પાપવાનું કામ) + જન્યવિની (જન્મનારી)] જી. (જૈન) સાધ્વી, જેઓ તે હિંસાથી દૂર રહે છે.
૨. વિ. જી. આરંભજન્યથી જોડવે પાપવાનાં કામથી નિવૃત્ત થયેલી; હિંસા ન કરનારી.

અનારંભજીવી ૧. [સં. અન્ (નહિ) + આરંભ (પાપકારી કામ) + જીવિન્ (જીવનાર)] પું (જૈન) સાધુ, જેઓ તે પાપકારી કામથી દૂર રહે છે.
૨. વિ. હિંસા ન કરનાર; પાપવાનાં કામથી દૂર રહેનાર.

અનારંભત્વ ૧. [સં. અન્ (નહિ) + આરંભવત્ (આરંભ)] જી. આરંભનો અભાવ.
૨. [સં. અન્ (નહિ) + આરંભણ (આલંબન)] જી. નિરાધાર; અનાલંબન.

અનારંભણીય [સં. અન્ (નહિ) + આરંભણીય (શરૂ કરવા જેવું)] વિ. શરૂ ન કરવા જેવું.

અનારંભી ૧. [સં. અન્ (નહિ) + આરંભિન્ (પાપકારી કામ કરનાર)] વિ. (જૈન) આત્માની કૃપિથી બનાવ નહિ બનાવ; આત્મિક સિવાયની વસ્તુ પર આસક્તિ નહિ રાખનાર.
૨. વિ. પાપનો આરંભ નહિ કરનાર.

અનારાધક [સં. અન્ (નહિ) + આરાધક (પૂજનાર)] વિ. ધર્મનું વિરોધી; સેવાપૂજા નહિ કરનાર.

અનારી ૧. સ. આકાશીન બાવૂસ.
૨. સ. આવડત વિનાનું માણસ.
૩. [સં. અનાર (દાડમ)] સ. લાલ રંગની ઓળખવાનું કબૂતર.
૪. [હિ.] વિ. અજાણ; અજાણ્યું.
૫. વિ. અણઘડ; બિનકુશળ.
૬. વિ. અનાડી.
૭. વિ. ઠંડું; બેહોળ.
૮. [સં. અનાર્ય] વિ. ખરાબ દુષ્ટ.
૯. વિ. દાડમી રંગનું.
૧૦. વિ. નિરક્ષર; અભણ.

અનારોગ્ય ૧. [સં. અન્ (નહિ) + આરોગ્ય (તંદુરસ્તી)] સ. બંદવાડ; માંદગી.
૨. વિ. આરોગ્યનું વિરોધી; તંદુરસ્તીને હાનિ કરનારું; આરોગ્યનું સાધન નહિ તેવું.
૩. વિ. માંદું; રોગી.

અનારોગ્યકર [સં. અન્ (નહિ) + આરોગ્ય (તંદુરસ્તી) + કર (કરનાર)] વિ. તંદુરસ્તી બગાડનાર.

અનાર્જવ ૧. [સં. અન્ (નહિ) + આર્જવ (સરળતા)] પું. કુટિલપણું; સરળતાનો અભાવ કપટ.
૨. પું. રોગ; અનારોગ્ય.
૩. વિ. સરળતા વિનાનું; કુટિલ; અપ્રામાણિક.

અનાર્જવોપેત [સં. અન્ (નહિ) + આર્જવ (સરળતા) + ઉપેત (વાળું)] વિ. અપ્રામાણિક; સરળતા વગરનું.

અનાર્તવ ૧. [સં. અન્ (નહિ) + આર્તવ (ઋતુસંબંધી)] સ. ઋતુ સંબંધી રજસ્વલા થવું બંધ થવું તે.
૨. [સં. અન્ (નહિ) + ઋતુ (યોગ્ય)] વિ. ઋતુયોગ્ય; રજસ્વલાનું; વખત પહેલાંનું.

અનાર્તવા ૧. જી. ઋતુસમય ન આવ્યો હોય એવી છોકરી; દૂર ગયેલી નહિ થયેલી બાઈ.
૨. [સં. અન્ (નહિ) + આર્તવા (રજસ્વલા)] જી. રજસ્વલા નહિ એવી સ્ત્રી.

અનાર્થિક ૧. [સં. અન્ (નહિ) + અર્થિક (પૈસા સંબંધી)] વિ. નાણાંની નજરે જોતાં નિરુપયોગી.
૨. વિ. પૈસા સંબંધી નુકસાન કરનાર.

અનાર્દ્ર ૧. [સં. અન્ (નહિ) + આર્દ્ર (કોમળ)] વિ. કોમળતા વગરનું; કઠણ.
૨. [સં. અન્ (નહિ) + આર્દ્ર (ભીનું)] વિ. ભીનું નહિ એવું; સૂકું; કોરું.
૩. [સં. અન્ (નહિ) + આર્દ્ર (સ્નેહવાળું)] વિ. સ્નેહ રહિત; કઠોર; લાગણી વિનાનું.

અનાર્દ્રતા ૧. [સં. અન્ (નહિ) + આર્દ્રતા (નિમગ્નપણું)] જી. કઠણપણું.
૨. [સં. અન્ (નહિ) + આર્દ્રતા (ભીનાશ)] જી. કોરાપણું.
૩. [સં. અન્ (નહિ) + આર્દ્રતા (પ્રેમ)] જી. સ્નેહનો અભાવ; કઠોરતા; અપ્રીતિ.

અનાર્દ્રત્વ જુઓ અનાર્દ્રતા.

અનાર્દ્રવાયુભારમાપક [સં. અન્ (નહિ) + આર્દ્ર (રસ) + વાયુ (હવા) + ભાર (વજન) + માપક (માપનાર)] સ. (વિજ્ઞાન) વાયુનું વજન માપવાનું યંત્ર; વાતાવરણનું વજન માપવાનું યંત્ર; ધાતુની

હવા વગરની ગરમીના સ્થિતિસ્થાપક બળના-ની હિલચાલ વડે વાતાવરણનું કરાતું બનાવ-નારું યંત્ર. તેમાં પારો કે કોઈ પ્રવાહી નહિ વપરાતું હોવાથી તે અનાદ્રવાનુસારબળ કહેવાય છે. બાસ કરીને ઊંચાઈ બાંધવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

અનાદરણીય વિ. (સમાસ) જે નામનો કોઈ પોળો ભાર.

અનાદ્રિત વિ. (સમાસ) નિરાદર પામી વગર-નું બનવું; પામી ઉમેરવાથી બનવું અને જેવો પ્રાપ્તપાત્રવાળો ભિન્ન પદાર્થ.

અનાર્ય ૧. [સં. અન્ (નહિ) + આર્ય એ નામની પ્રજા)] પું. આર્યથી નહિ વસાયેલો દેશ.

૨. પું. બાત જેટલે બાકાશનો અવકાશ તેને ન પામનાર દ્રવ્ય; વેદવિરોધી જાતિ.

૩. [સં. અન્ (નહિ) + આર્ય (શ્રેષ્ઠ સિવાયના અન્ય વર્ગ)] પું. શૂદ્ર.

૪. વિ. અસભ્ય માણસ.

૫. વિ. આર્યેતર માણસ; આર્ય નહિ તે; આર્યલોકોમાંનું નહિ જેવું માણસ. જેમકે, ભીલ, વનવાસી, બ્લેચ્છ.

૬. વિ. બ્લેચ્છને લાગતું બાબતનું.

૭. [સં. અન્ (નહિ) + આર્ય (કુલીન)] વિ. અધમ; નીચ; જંગલી; હલકું; દુરાચારી; નાલાયક; પામર.

મુને કહું અહો અનાર્ય,
તેં કહું કુલ તપસ્વિની! કહું કર્મ.
પ્રેમાનંદ

૮. વિ. બનાચારી; ન કરવા જેવું કામ કરનાર.

૯. વિ. અનાર્ય દેશમાં વસનાર.

૧૦. [સં. અન્ (નહિ) + આર્ય (સદાચાર-વાળું)] વિ. અસભ્ય.

૧૧. [સં. અન્ (નહિ) + આર્ય (સુખદ)] વિ. અસંસારી.

૧૨. વિ. બાબા વિનાનું.

૧૩. વિ. આર્યને લાયક નહિ જેવું.

૧૪. વિ. આર્યોથી નહિ વસાયેલ.

૧૫. વિ. કુટિલ સ્વભાવનું; સીધી નજરથી નહિ જોનાર.

૧૬. વિ. દુષ્ટ; પાપી.

અનાર્યક ૧. ન. સુખનું લાકડું; ચંદન; બગર.

૨. [સં. અનાર્ય (આર્યથી નહિ વસાયેલો દેશ) + ક (પદ)] વિ. અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલ.

અનાર્યકર્મ [સં. અનાર્ય (આર્યને નહિ કરવું) + કર્મન્ (કામ)] ન. આર્યને ન છાજે એવું કામ; હલકું કામ; દુરાચાર.

અનાર્યકર્મી [સં. અનાર્ય (આર્યને ન છાજે એવું) + કર્મિન્ (કામ કરનાર)] વિ. આર્યને નહિ છાજતું કર્મ કરનાર.

અનાર્યકાળ ૧. [સં. અનાર્ય (આર્ય નહિ એવું) + કાલ (વખત)] પું. કલ્યુ લોકોની સત્તાનો વખત.

૨. પું. પાપયુગ; બોબાપુરીનો સમય.

અનાર્યકૃત્ય જુબો અનાર્યકર્મ.

અનાર્યજ ૧. ન. બગરનું લાકડું.

૨. [સં. અનાર્ય (આર્ય નહિ એવું) + જ (ઉત્પન્ન થયેલ)] વિ. અનાર્યદેશમાં પેદા થયેલું.

૩. વિ. આર્યથી ઉત્પન્ન નહિ થયેલું; અનાર્યથી ઉત્પન્ન થયેલું.

૪. વિ. નીચ જાતિમાં ઉત્પન્ન થયેલું.

અનાર્યદુષ્ટ [સં. અન્ (નહિ) + આર્ય (શિષ્ટ માણસ) + દુષ્ટ (સેવન કરેલું)] વિ. ઉત્તમ લોકોએ સેવન નહિ કરેલું; ઉત્તમ લોકોએ ત્યજેલું; શિષ્ટ માણસોએ નહિ પણ અધમ લોકોએ આચરેલું.

અનાર્યતા ૧. [સં. અનાર્ય (આર્યપણાને અભાવ) + તા (પણું)] સ્ત્રી. આર્યને નહિ છાજવાપણું.

૨. સ્ત્રી. દુષ્ટતા; જંગલીપણું; અસભ્યતા; હલકાઈ; નાલાયકી; દુર્જનપણું.

૩. સ્ત્રી. સંસારીને ન ઘટે એવી રીતભાત; આર્ય કરતાં જૂદી રીતભાત અને બાલબચ્ચાં.

અનાર્યતિક્ત [સં. અનાર્ય (આર્ય નહિ તે) + તિક્ત (કડવું)] ન. કડવાપણાનો છોડ. કેમો તે અનાર્યને ત્રિદોષ હોવાનું બનાવ છે.

અનાર્યત્વ જુબો અનાર્યતા.

અનાર્યદાન [સં. અનાર્ય (અધમ) + દાન] ન. અધમને આપેલું દાન.

અનાર્યધર્મ ૧. [સં. અનાર્ય (આર્ય નહિ તે) + ધર્મ] પું. અનાર્યનો ધર્મ; અનાર્યો પાળતા હોય તે ધર્મ.

૨. પું. દુરાચાર; પાપકર્મ.

અનાર્યધર્મી [સં. અનાર્ય (આર્યને અયોગ્ય) + ધર્મિન્ (ગુણવાળું)] વિ. આર્યને ન છોલે એવા ગુણવાળું.

અનાર્યભાવ [સં. અનાર્ય (આર્યને અનુચિત) + ભાવ (વૃત્તિ)] પું. કોઈપણ દુષ્કૃત્યવાળી વૃત્તિ; અનાર્યતા.

અનાર્યભાષા [સં. અનાર્ય (અસંસ્કારી) + ભાષા (બોલી)] સ્ત્રી. અનાર્ય લોકોમાં બોલાતી ભાષા; સંસ્કાર નહિ પામેલી બોલી.

અનાર્યલોકવાસ અનાર્યદેશવાસ જુ. ઠીકુરી

અનાર્યવૃત્તિ ૧. [સં. અનાર્ય (આર્યને અનુચિત) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. અનાર્ય-ભાવ; અનાર્યતા.

૨. [સં. અનાર્ય (આર્યને નહિ બનવું) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. કુબાલ; બદબાલ; આર્યને ઉચિત નહિ એવું વર્તન.

અનાર્યવેદ [સં. અનાર્ય (દુરાચારી) + વેદ (ધર્મપુસ્તક)] પું. આર્યને નહિ છાજતું ધર્મપુસ્તક; દુરાચારનો ઉપદેશ આપતું ધર્મપુસ્તક.

અનાર્યા ૧. સ્ત્રી. દુષ્ટા; પાપિણી; પાપી વિચારવાળી સ્ત્રી.

૨. [સં. અન્ (નહિ) + આર્યા (આર્ય સ્ત્રી)] સ્ત્રી. ભીલડી; બ્લેચ્છ; વનની.

૩. વિ.સ્ત્રી. આર્યા નહિ જેવી; આબરૂદાર નહિ તેવી; હલકી; નીચ; અધમ.

અનાર્યોચિત [સં. અનાર્ય (અંત્યજ) + ઉચિત (યોગ્ય)] વિ. અનાર્યને લાયક; આર્યને ન છાજતું.

અનાર્ષ ૧. [સં. અન્ (નહિ) + આર્ષ (ઋષિનું)] વિ. અરૌદિક; વેદનું નહિ જેવું.

૨. [સં. અન્ (નહિ) + આર્ષ (ઋષિનું)] વિ. ઋષિએ નહિ જોયેલ.

૩. વિ. ઋષિએ નહિ બનાવેલું; ઋષિકાળમાં નહિ બનેલું.

૪. વિ. ઋષિના નામ સાથે નહિ જોડાતું.

અનાર્ષેય જુબો અનાર્ષ.

અનાલય ૧. [સં. અન્ (નહિ) + આલય (સ્થાન)] પું. ઈશ્વર; પ્રભુ.

૨. પું. સંન્યાસી, જેમણે તે કોઈ એક સ્થાને રહેતો નથી.

અનાલસ્ય ૧. [સં. અન્ (નહિ) + આલસ્ય (આળસ)] ન. આળસનો અભાવ.

૨. વિ. આળસ વગરનું; સ્ફૂર્તિવાળું.

અનાલસ્યનિલય ૧. [સં. અન્ (નહિ) + આલસ્ય (આળસ) + નિલય (રહેઠાણ)] ન. ઉત્સાહનું ઘર; બહુ ઉત્સાહી માણસ.

૨. વિ. અતિઉત્સાહી; આલસ; સ્ફૂર્તિવાળું.

અનાલંબ ૧. પું. ઉદ્વેગ; વિષાદ.

અપ્રીતિ, પાંડુતા, અરોચક, અનાલંબ અને કૃશતા એ વિકારવશથાનું લક્ષણ છે.
ભાવ પ્રકાશ

૨. [સં. અન્ (નહિ) + આલંબ (ટેકો)] પું. ટેકાનો અભાવ; નિરાધારપણું.

૩. વિ. અવલંબન વિનાનું; નિરાધાર; આધાર વગરનું.

૪. વિ. બીજાના ટેકાની જેને જરૂર નથી એવું; સ્વાવલંબી.

અનાલંબન ૧. [સં. અન્ (નહિ) + આલંબન (ટેકો)] ન. ટેકાનો અભાવ; નિરાધારપણું.

૨. ન. (જૈન) શુક્લ ધ્યાનનો ત્રીજો અને ચોથો ભેદ. તેમાં કોઈ પણ બાહ્ય પદાર્થનું આલંબન હોતું નથી.

૩. વિ. આધાર વગરનું; નિરાધાર.

૪. વિ. બીજાની મદદ વગરનું; આત્મનિર્ભર.

અનાલંબી [સં.] સ્ત્રી. સિંધની વીણા.

અનાલંબુક જુઓ અનાલંબુક.

અનાલંબુકા [સં. અન્ (નહિ) + આલંબ (સ્પર્શ)] સ્ત્રી. રજસ્વલા; ઋતુવાળી સ્ત્રી. જેણે તેને અડી ન હોય.

અનાલાપ ૧. [સં. અન્ (નહિ) + આલાપ (વાતચીત)] પું. અણગમો સ્વભાવ.

૨. પું. અબોલા; મૌન.

૩. [સં. અન્ (અલ્પ) + આલાપ (વાતચીત)] પું. અલ્પ બોલવું; ઓછું બોલવું તે.

૪. [સં. અન્ (અયોગ્ય) + આલાપ (વાતચીત)] પું. કુત્સિત વાણી; ખરાબ બોલવાપણું.

૫. [સં. અન્ (નહિ) + આલાપ (સ્વર)] પું. (સંગીત) ગાયનમાં સ્વરસાધનનો અભાવ; આલાપ વિનાનું ગાયન.

૬. પું. ઓછું બોલવાનો સ્વભાવ.

૭. પું. રાગ બરાબર ન લેવાયું.

૮. વિ. ઓડાબોલું; અણગમી.

૯. વિ. નહિ બોલવાના સ્વભાવવાળું.

અનાલાપી ૧. [સં. અન્ (નહિ) + આલાપિન્ (સ્વરસાધનવાળું)] વિ. (સંગીત) આલાપ વિનાનું; બેસૂરું.

નથી તેને માટે મુજ મનમાં નાદ વસવા, અનાલાપી ગાવું અનવરત એ લાગવી બધું.

૨. વિ. નહિ બોલતું; નહિ બોલવાના સ્વભાવવાળું.

અનાલેપન પું. (ચિત્રા) સંગીતું વર્ણનો ત્રેર અર્ધસમવૃત્ત અક્ષરગણ છંદ. તેના પહેલા અને બીજા ચરણમાં તગણ, ભગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ૧૪ અક્ષર, તથા ત્રીજા અને ચોથા ચરણમાં તગણ, તગણ, તગણ, તગણ અને ગુરુ મળી ૧૩ અક્ષર હોય છે.

અનાલોચનીય ૧. [સં. અન્ (નહિ) + આલોચનીય (કરવા] વિ. જોઈ ન શકાતું.

૨. [સં. અન્ (નહિ) + આલોચનીય (વિવેચન કરવા જેવું)] વિ. ટીકા ન કરવા યોગ્ય; જોવે તિરે જોવી ન શકાય એવું.

અનાલોચિત ૧. વિ. જોવેલું; અનુભવેલું.

૨. [સં. અન્ (નહિ) + આલોચિત (જોવેલું)] વિ. નહિ જોવેલું; નહિ તપાસેલું.

૩. વિ. પૂરો વિચાર કર્યા વિનાનું.

૪. વિ. વિચાર પહેલાં કરવું.

અનાલોચિતચારક [સં. અનાલોચિત (વગર વિચારેલું) + ચારક (કામ)] પું. વગર વિચર્યું કામકરો વિચારી.

જે અનાલોચિતચારક છે તેને કામ અનુકૂલ આવવું

અનાલોચ્ય જુઓ અનાલોચનીય.

અનાવ [સં. અન્ (વિશેષ) + પ્રા. આવ (સ્વભાવ)] પું. અતિથિ; પરોણો.

આપ્યાં અનાવને આસ ઘાલ્યાં કરે દીકા છે. નિષ્કુલાનંદ

અનાવક જુઓ અનાવાત.

અનાવકાત (અનાવાત) [અન (નહિ) + આવકાત (કુશળતા)] સ્ત્રી. આવકાતની ખામી; અકુશળતા.

અનાવગ્ર [અન (નહિ) + અગ્ર (ઉત્તમ)] વિ. અધમ; અધૂરું.

અનાવરણીય ૧. [સં. અન્ (નહિ) + આવ (કંઈ) + અનીય (નિષ્પન્ન કૃદંતનો પ્રત્યય)] વિ. આવરણ ઉપર આવરણ ન કરેલું.

૨. વિ. નહિ ઢાંકવા કે છુપાવવા જેવું.

૩. [સં. અન્ (નહિ) + આવ (પ્રસંદ કરવું) + અનીય (નિષ્પન્ન કૃદંતનો પ્રત્યય)] વિ નહિ સ્વીકારવા લાયક; નાપસંદ કરવા જેવું.

અનાવર્ત [સં. અન્ (નહિ) + આવર્ત (વળવા જેવું)] વિ. પાછા નહિ વળે તેવું; ન વળે તેવું.

અનાવર્તી ૧. [સં. અન્ (નહિ) + આવર્તી (ફરે)] પું. મોક્ષ; ફરી જન્મ ન લેવાપણું.

૨. વિ. ફરીફરી ન આવતું.

અનાવર્તિ [સં. અન્ (નહિ) + આવર્તિ (પાછું આવવું તે)] સ્ત્રી. મોક્ષ; મુક્તિ. કેમકે ત્યાં ગયેલ જીવને ફરી અવતરવાનું નથી.

અનાવર્તી [સં. અન્ (નહિ) + આવર્તિન્ (પાછું આવનાર)] વિ. આવર્તન નહિ કરનાર; પાછું નહિ આવનાર; ફરીને નહિ આવનાર.

અનાવર્ષ [સં. અન્ (નહિ) + આવર્ષ (વરસાદ)] ન. અનાવૃષ્ટિ; અવર્ષા; વરસાદ ન વરસવો તે.

અનાવસા ૧. ન વ.વ. ગુજરાતમાં વસતી અનાવિલ જાતિનાં માણસ. તેઓ બાલિયા કે મામતાન એ નામે પણ ઓળખાય છે. સંસારી સ્થિતિએ અનાવસાના દેસાઈ અને બાલિયા દેસાઈ એ વચ્ચે ઠરેવાય છે. ચોરવાડ અને બીજે બારમાની સાખાતમાં કેટલાકે અનાવસા પુલકની ઊપજ ઊપરાવનારા કે તેના પગરા રાખનારા કે ગામોની સંભાળ રાખનારા અધિકારી હોવાથી 'દેસાઈ' નામ ધરાવતા

૨. વિ. અનાવિલ જાતિનું.

અનાવસી ૧. સ્ત્રી. અનાવિલ જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. અનાવિલ પ્રજાની સ્ત્રી.

અનાવસું ૧. વિ. અનાવિલ જાતિનું.

૨. વિ. અનાવિલ પ્રજાનું.

અનાવસો ૧. [સં. અનાવિલ (સ્વચ્છ)] પું. અનાવિલ જાતિનો પુરુષ.

૨. પું. અનાવિલ પ્રજાનો વતીત.

અનાવશ્ય [સં. અન્ (નહિ) + આવશ્ય (અવશ્ય પરિણામ)] વિ. (ન્યાય) નૈમિત્તિક પરિણામ માટે અનિયમિત બાબત ઉપર આધાર રાખનારું.

અનાવશ્યક [સં. અન્ (નહિ) + આવશ્યક (જરૂરનું)] વિ. નહિ જરૂરનું; બિનજરૂરી.

અનાવશ્યકતા [સં. અન્ (નહિ) + આવશ્યક (જરૂરી) + તા (પણું)] સ્ત્રી. આવશ્યકતાનો અભાવ; બિનજરૂરિયાત.

અનાવશ્યકવાદી [અન (નહિ) + આવશ્યકવાદી (બાબતનું નિર્ણાયક વલણ હોય એવું)] વિ. આવશ્યક ન ગણાય હોય તેવું; મોક્ષ ન બનવાનું હોય તેવું.

તેવો નિર્ણય સંભાળ કરવો એ કોઈ ત્રિજ્ઞ ત્રિજ્ઞાત્મા પુરુષ વગર બની શકવું કેવળ અશક્ય છે, એટલું જ નહિ પરંતુ છે જ અસંભવિત અને અનાવશ્યકવાદી છે.

મહિલાકૃપાલુ

અનાવસ્થા [અન (અભાવ) + અવસ્થા (હાલત)] સ્ત્રી. નિષ્ફુર વર્તાવ; દુર્વ્યવહાર; દુઃખ દેવું તે.

અનાવળ જુઓ અનાવિલ.

અનાવળો જુઓ અનાવસો.

અનાવિદ્ધ ૧. [સં. અન્ (નહિ) + આવિદ્ધ (વીંધાયેલું)] વિ. અણવીંધ્યું; અખંડ; કાણું પાડ્યા વિનાનું.

૨. [સં. અન્ (નહિ) + અવિદ્ધ (આપેલું)] વિ. આપ્યું; અર્પિત.
૩. વિ. ઈજા નહિ પામેલું.
૪. વિ. નહિ ભોગવેલું; અનુભવ્યું.

અનાવિર્ભૂત [સં. અન્ (નહિ) + આવિર્ભૂત (પ્રગટ થયેલ)] વિ. આવિર્ભાવ નહિ પામેલું, આવિર્ભૂત નહિ તેવું; અપ્રગટ.

અનાવિલ ૧. પું. એક જાતનો આહ્મણ; અનાવલો.
૨. પું. સુરત જિલ્લાની પાસે આવેલો એ નામનો એક પ્રદેશ.
૩. વિ. ગુજરાતમાં વસતી એ નામની એક જાતિનું.
૪. વિ. નીરોગી; આરોગ્ય આપનારું.
૫. વિ. ભેજ વગરનું.
૬. [સં. અન્ (નહિ) + આવિલ (મેલું)] વિ. સ્વચ્છ; નિર્મળ; સાદું; દોષ વિનાનું.

અનાવિષ્કૃત ૧. [સં. અન્ (નહિ) + આવિષ્કૃત (પ્રગટ થયેલ)] વિ. અપ્રગટેલું; પૂરી ચેતના નહિ પામેલું.
૨. વિ. પ્રગટ નહિ કરેલું.

અનાવિષ્કૃતપૂર્વ [સં. અન્ (નહિ) + આવિષ્કૃત (પ્રગટ કરેલું) + પૂર્વ (અગાઉ)] વિ. અગાઉ શોધાયા વિનાનું.

અનાવિષ્ટ ૧. [સં. અન્ (નહિ) + આવિષ્ટ (ખાનારું)] વિ. ખાન વિનાનું; ભેદરહિત.
૨. [સં. અન્ (નહિ) + આવિષ્ટ (આવેશવાળું)] વિ. ભૂત વગેરેના આવેશ વિનાનું, આવેશ રહિત.

અનાવૃત ૧. [સં. અન્ (નહિ) + આવૃત (ઢાંકેલું)] વિ. ખુલ્લું; ઢાંક્યું કે ઢાંપો કરેલું ન હોય એવું; નહિ ઢાંકેલું.
૨. [સં. અન્ (નહિ) + આવૃત (વરેલું)] વિ. નહિ ઘેરાયેલું.
૩. વિ. નહિ ઢોરેલું; નાગું; કપડાં નહિ પહેરેલું.
૪. [સં. અન્ (નહિ) + આવૃત (ઢંકાયેલ)] વિ. નહિ ઢંકાયેલું; અનાચ્છાદિત.
૫. વિ. નિરાધાર; અનાશ્રિત; અનાથ.

અનાવૃતિ [સં. અન્ (નહિ) + આવૃતિ (ઢાંકણ)] સ્ત્રી. ન ઢાંકવા કે ખુલ્લું રાખવાપણું.

અનાવૃત્ત ૧. વિ. ખુલ્લું; ઉઘાડું; નહિ ઘેરાયેલું.
ઠેઠલાગેક ધર્મકેતુઓની કક્ષા અત્યંત ભિન્ન અપાસ્ત એવી અતની અનાવૃત્ત હોય છે.
—જ્યોતિર્વિલાસ
૨. [સં. અન્ (નહિ) + આવૃત્ત (ઢોંકેલું)] વિ. નહિ ઢાંકેલું; ઢાંક્યું કે ઢાંપો વગરનું; ખુલ્લું.
૩. વિ. નિરાધાર; અનાશ્રિત; અરક્ષિત.
૪. [સં. અન્ (નહિ) + આવૃત્ત (ફરીથી વર્તેલું)] વિ. પહેલી વખત વર્તેલું કે કરેલું; ફરીથી નહિ વર્તેલું.
૫. [સં. અન્ (નહિ) + આવૃત્ત (પાછું આવેલું)] વિ. પાછું નહિ ફરેલું; ફરીથી નહિ આવેલું.

અનાવૃત્તકક્ષા [સં. અનાવૃત્ત (ઉઘાડું) + કક્ષા (ફરવાનો માર્ગ)] સ્ત્રી. ધૂમકેતુને ફરવાનો ઉઘાડો એટલે કે જેના બે છેડા ન મળે એવો લંબગોળ આકારનો માર્ગ.

અનાવૃત્તિ ૧. [સં. અન્ (નહિ) + આવૃત્તિ (ફેરો)] સ્ત્રી. આવર્તનનો અભાવ; બોલાવ્યા ન ફરવું તે.
૨. [સં. અન્ (નહિ) + આવૃત્તિ (પાછું આવવું તે)] સ્ત્રી. પાછા ન ફરવાપણું; ફરી ન આવવું તે; પુનરાગમનનો અભાવ.
૩. સ્ત્રી. મોક્ષ; મુક્તિ.

અનાવૃષ્ટિ ૧. [સં. અન્ (નહિ) + આ (સર્વ) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. બિલકુલ વરસાદનો અભાવ.
૨. સ્ત્રી. વરસાદ નિયમિત ન થતો હોય એવો દુકાળ; અછતવાળું; સુકવણું.
૩. સ્ત્રી. વરસાદની મોસમમાં વરસાદનો અભાવ; અતવેળુ.

અનાવેશ ૧. [સં. અન્ (નહિ) + આવેશ (ગુસ્સો)] પું. ક્રોધનો અભાવ; અક્રોધ.
૨. [સં. અન્ (નહિ) + આવેશ (આગ)] પું. બેબાકળાપણું; બેદરકારી; ઉપેક્ષા.
૩. [સં. અન્ (નહિ) + આવેશ (વળગાડ)] પું. વળગાડ વગરની સ્થિતિ.

અનાશક ૧. પું. આદિમમાં આવેલો એક્સિનિસ નામનો દેવ.
૨. પું. (જિન) એ નામનો ૪ મુહૂર્ત ને ૧૮ લાખ પૂર્વ ૬૦ વર્ષનો ગાળો અર્હત્સમ્પત્તિ માટેનો કાળ. એ અવસર્પણના સંપ્રતનો ૯મો છે.
૩. પું. નાશનો અભાવ; નાશ ન થયો તે.
૪. પું. વિષ્ણુ, કેમકે તેમનો નાશ કદી નથી.
૫. [સં. અ (નહિ) + નાશ (સંહાર)] વિ. નાશ ન પામે એવું; અવિનાશી; અમર.
૬. [સં. અન્ (નહિ) + આશા] વિ. નિરાશ; આશા વિનાનું; ઉદાસ; -ખિન્ન.

અનાશક ૧. [સં. અન્ (નહિ) + આ (સારી રીતે) + અશ્ (ખાવું)] સ. ભરપૂ જતાં સુધી પણ ખોરાક ન લેવો તે; ઉપવાસ.
૨. [સં. અ (નહિ) + નાશ (સંહાર) + ક (વાળું)] વિ. અવિનાશી; નાશ વગરનું.
૩. [સં. અ (નહિ) + નાશક (નાશ કરનારું)] વિ. નાશ નહિ કરનારું.
૪. [સં. અન્ (નહિ) + આ (સારી રીતે) + અશ્ (ભોગવવું)] વિ. સંપૂર્ણ ઉપભોગ ન થાય એવું.

અનાશકાયન ૧. [સં. અનાશક (અવિનાશી) + અયન (મેળવવાનો ઉપાય)] સ. આત્માના ચિંતન તથા જ્ઞાનને અર્પણ કરેલી ઇહલૌકિક અવસ્થા કે વિલક્ષણ અવસ્થા.
૨. [સં. અનાશક (ઉપવાસ) + અયન (અનુ તે)] સ. ઉપોષણ; પ્રાયશ્ચિત તરીકે કરાતો ઉપવાસ.
યજ્ઞ, ઉષા, સત્યારણ્ય, મૌન, અનાશકાયન (ઉપોષણ) અને અશ્વમેધ વગેરે કલ્પ વાક્યોનો સમન્વય કર્યો છે એવું બંગોબમા કહેવું છે. —આર્યોના વહેવારોનો ઇતિહાસ

અનાશય ૧. [સં. અન્ (નહિ) + આશય (હેતુ)] પું. આશય ન હોવાપણું; હેતુનો અભાવ.
૨. પું. મોટાઈની લાલસાનો અભાવ.
૩. વિ. આશય વિનાનું; હેતુ વગરનું.
૪. વિ. ફળની આશા વિનાનું.
૫. વિ. મોટાઈની લાલસા રહિત.

અનાશવિનાશકરણ [સં. અ (નહિ) + નાશ + વિનાશ + કરણ (કામ)] પું. માલના નાશ-વિનાશ સંબંધમાં કેફરેખ રાખનાર અમલદાર.

અનાશાતના [સં. અન્ (નહિ) + આશાતના (વિનયમર્યાદાનું ઉલ્લંઘન)] સ્ત્રી. (જૈન) ગુરુ, ધર્મ આદિનું અપમાન કે અનાદર ન કરવાપણું.

અનાશી ૧. [સં. અ (નહિ) + નાશિન્ (નાશવાનું)] પું. આત્મા.
૨. પું. પરમેશ્વર.
૩. [સં. અન્ (નહિ) + અશ્ (ભોગવવું)] વિ. કર્મનાં ફલ નહિ ભોગવનાર.
૪. વિ. નાશ ન પામે એવું; અવિનાશી; નાશરહિત.

અનાશ્રમી ૧. [સં. અન્ (નહિ) + આશ્રમિન્ (આશ્રમવાળું)] વિ. તપોવનમાં આશ્રમ કરીને નહિ રહેનાર.
૨. વિ. પતિત; ભ્રષ્ટ.
૩. વિ. મનુષ્ય જીવનના ચાર આશ્રમ, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એવા જે ચાર આશ્રમ ધર્મશાસ્ત્રોમાં કહેલા છે તેમાંના કોઈ આશ્રમનું નહિ એવું; આશ્રમોના કોઈ આશ્રમ પ્રમાણે નહિ વર્તનાર.

અનાશ્રય ૧. [સં. અન્ (નહિ) + આશ્રય (આસરો)] પું. સ્વાત્માવલંબનઃ કોઈના ઉપર આધાર ન રાખવાપણું.
૨. વિ. અરક્ષિત; અસહાય; અનાથ.
૩. વિ. આસરા વગરનું; નિરાધાર; નિરાશ્રિત.
૪. વિ. બેઘરું; બેઠાણી.

અનાશ્રવણીય [સં. અન્ (નહિ) + આશ્રવણીય (આસરો કરવા જેવું)] વિ. આશ્રય ન કરવા લાયક; જેને આસરે ન રહેવાય એવું.

અનાશ્રયિણી ૧. વિ. સ્ત્રી. આસરા વિનાની.
૨. [સં. અન્ (નહિ) + આશ્રયિણી (આધારવાળી)] વિ. સ્ત્રી. મીણ ઉપર આધાર નહિ રાખનારી.

અનાશ્રવ ૧. [સં. અન્ (નહિ) + આશ્રવ (કર્મ આવવાનું દ્વાર)] પું. (જૈન) આશ્રવનો અભાવઃ સંવર, એટલે કર્મરૂપ પાણીનો પ્રવાહ બંધ હોવાપણું.
૨. પું. આશ્રવનો નિરોધઃ નવાં કર્મ આવતાં અટકાવવાં તે.
૩. પું. દયાઃ અહિંસા.
૪. વિ. કર્મબંધ રહિત.
૫. [સં. અન્ (નહિ) + આશ્રવ (કષાય)] વિ. કષાય ન કરનારઃ આત્મવતીપું.
૬. [સં. અન્ (નહિ) + આશ્રવ (મુક્તપણા સાંભળનાર)] વિ. (જૈન) ગુરુનો ઉપદેશ ન સાંભળનારઃ ગુરુના વચન ઉપર ધ્યાન ન આપનાર.

અનાશ્રવા ૧. [સં. અન્ (નહિ) + આશ્રવ (કષાય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કષાયી સ્ત્રી; આત્મવતીથી ઊંધી સ્ત્રી.
૨ વિ. સ્ત્રી. આત્મવતીથી; કષાય ન કરનારી; કષાયી.

અનાશ્રિત ૧. વિ. અધિકાર છતાં પણ બીજાનો આશ્રયને ગ્રહણ ન કરનાર.
૨. [સં. અન્ (નહિ) + આશ્રિત (આસરો લીધો)] વિ. અરક્ષિત; અધીન વગરનું.
૩. વિ. અસંબદ્ધઃ છૂટું.
૪. વિ. આશ્રય વગરનું; નિરાધાર; લાચાર.
૫. વિ. મીણ ઉપર આધાર નહિ રાખનાર; સ્વતંત્ર.

અનાશ્રિતભૂમિ [સં. અનાશ્રિત (અધીન વગરનું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. અધીન વગરની જમીન.

અનાશ્વાસ ૧. [સં. અન્ (નહિ) + આશ્વાસ (ભરોસો)] પું. અવિશ્વાસઃ અનાસ્થા.
૨. [સં. અન્ (નહિ) + આશ્વાસ (દિલાસો)] પું. દિલાસાનો અભાવઃ આશ્વાસન નહિ મળવું તે.

અનાસ ૨. એ નામનું એક ક્ષુદ્ર. વનસ્પતિ અનેનાસ.

અનાસક્ત [સં. અન્ (નહિ) + આસક્ત (મોહવાળું)] વિ. આસક્તિ વિનાનું નિરપેક્ષઃ મોહ વગરનું.

અનાસક્તિ [સં. અન્ (નહિ) + આસક્તિ (મોહ)] સ્ત્રી. મોહ રહિત સ્થિતિઃ નિરપેક્ષતા.

અનાસન [સં. અન્ (નહિ) + આસન (બેઠવું)] વિ. ઘરઃ બેઘરું.

અનાસર [સં. અનાસિર (કારણ એટલે તત્ત્વનું બ. વ.)] સ. વ. વ. કારણ અને પ્રમાણેનાં ચાર મૂળતત્ત્વોઃ હવા, આકાશ, પાણી અને જમીન.
અનાસર એ એક તત્ત્વ છે) એનું મૂળ કારણ છે. સામાન્ય રીતે ૪ અનાસરો પ્રમાણે બધાં કાર્યઃ હવા, આકાશ, પાણી, જમીનઃ આ પાંચ પ્રમાણે પાંચનું આકાશ લેખી કહ્યું છે. આ પાંચ અનાસરોને ઇંદ્રિયો સાથે પણ સંબંધ આકાર રાખીને લીધે છે.

તત્ત્વ	ઇંદ્રિયત્વ	ઇંદ્રિય
આકાશ	શબ્દ	કાન
હવા	સ્પર્શ	ચામડી
આગ	રૂપ	આંખ
પાણી	રસ	જીભ
જમીન	ગંધ	નાક

ગાનસક

અનાસવ [સં. અન્ (નહિ) + આસવ (મદ)] પું. મદ સિવાય બીજો પદાર્થઃ આસવ.

અનાસવવાસિતા પું. (પિંગલ) સંડોતેર વર્ણનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ. જેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, ભગણ, રગણ, જગણ, સગણ અને ગુરુ મળી ૧૬ અક્ષર, તથા બીજા અને ચોથા ચરણમાં નગણ, ભગણ, રગણ, રગણ અને વર્ણ મળી ૧૫ અક્ષર હોય છે.

અનાસવાખ્ય [સં. અન્ (નહિ) + આસવ (મદ) + આખ્ય (નામ)] વિ. અનાસવ નામનું. જૈનોને અનાસવાખ્ય આસવ કહ્યો છે.

અનાસંગ ૧. [સં. અન્ (નહિ) + આસંગ (આસક્તિ)] પું. આસક્તિનો અભાવઃ અનાસક્તિ.
૨. [સં. અન્ (નહિ) + આસંગ (સમાગમ)] પું. સમાગમ ન હોવાપણું.
૩. વિ. આસક્તિ વગરનું; અનાસક્ત.

અનાસાદિ પું. (પિંગલ) ઓગણીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જેના દરેક ચરણમાં રગણ, જગણ અને લઘુ મળી ૭ વર્ણ હોય છે.
સ ન ને અનાસાદિ. ઋષિપિંગલ

અનાસાદિત [સં. અન્ (નહિ) + આસાદિત (મેળવેલું)] વિ. મેળવ્યા વગરનું; સંપાદન નહિ કરેલું.

અનાસાદિતા [સં. અ (નહિ) + નાસા (નાક) + સિત (બેઠેલું)] વિ. નાખ્યા વગરનું.

અનાસિક [સં. અ (નહિ) + નાસિકા (નાક)] વિ. નાક વગરનું; નકટું.

અનાસુર ૧. [સં. અન્ (નહિ) + આસુર (રાક્ષસી)] પું. અસુર નહિ તે; દેવ.
૨. [સં. અન્ (નહિ) + આસુ (સાંભળવું)] સ. અનવણતાં; અજાણપ.

અનાસુરતી [સં. અન્ (નહિ) + આસુત (સાંભળેલું)] સ. અજાણપ; અનવણતાં.

અનાસેવના [સં. અન્ (નહિ) + આસેવના (સંયમમાં અતિચાર દોષ લગાડવો તે)] સ્ત્રી. (જૈન) સંયમ એટલે વ્રતમાં દોષ સેવવાનો અભાવઃ અતિચારાદિ દોષ ન લગાડવા તે.

અનાસ્તિત્વ [અન (નહિ) + અસ્તિત્વ (હોવાપણું)] સ. ન હોવાપણું; અભાવ.

અનાસ્થ ૧. [સં. અન્ (નહિ) + આસ્થા (આદર)] વિ. આદર વગરનું.
૨. [સં. અન્ (નહિ) + આસ્થા (વિશ્વાસ)] વિ. આસ્થા વિનાનું; વિશ્વાસ વગરનું.
૩. વિ. બેદરકાર; ઉપેક્ષા કરનાર.

અનાસ્થા ૧. [સં. અન્ (નહિ) + આસ્થા (આદર)] સ્ત્રી. અનાદરઃ અપ્રતિષ્ઠા.
૨. સ્ત્રી. અપ્રીતિ; અભાવ; અક્રમઃ ઠાગો.
૩. [સં. અન્ (નહિ) + આસ્થા (શ્રદ્ધા)] સ્ત્રી. આસ્થા ન હોવાપણું; અશ્રદ્ધા; બેપરવાઈ; અવિશ્વાસ.
૪. સ્ત્રી. ઉપેક્ષા; અવજ્ઞા; બેદરકારી.

અનાસ્થાન ૧. વિ. બેસવા માટે ઉપયોગમાં ન આવે એવું; જેના પર બેસી ન શકાય એવું.
૨. [સં. અન્ (નહિ) + આસ્થાન (વિશ્વાસ કરેલું)] વિ. સ્થિર જગ્યા વગરનું.

અનાસ્રવ [સં. અન્ (નહિ) + આસ્રવ (કષાય)] વિ. (જૈન) અનાસ્રવતા; કષાય વિનાનું; આસ્રવ વગરનું.
૭ ઉપસંપદા, અનાશ્રિત અને અનાસ્રવ હોય તેને મુક્ત લોકો મુનિ કહે છે.
સુત્તનિપાત

અનાહૂ પું. (પિંગળ) એ નામનો ૨૯ ગુરુ અને ૫૮ લઘુ મળી ૧૦૭ વર્ણનો વૃત્તની છપ્પય જાતિનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ.

અનાસ્વાદિત વિ. [સં. અન્ (નહિ) + આસ્વાદિત (સ્વાદ લીધેલું)] વિ. ચાખ્યા વગરનું; સ્વાદ ન લીધો હોય એવું.
૨. વિ. ભોગવ્યા વિનાનું; અનુભવ.

અનાહ વિ. [સં. અ (નહિ) + નાહ (બંધન)] પું. (વૈદક) સંગ્રહણીનો રોગ.
૨. વિ. અનાથ.
૩. [સં. અનાદ્ય; પ્રા. અણાહ] વિ. નિરાધાર; પગથી વિનાનું; આધાર વગરનું.
વહાણ કે' વરી વાર અવિયા અનાહ છે.

અનાહત વિ. [સં.] પું. (યોગ) કાન બંધ કરી ધ્યાન કરવાથી સંભળાતો અવાજ.
૨. [સં. અન્ (નહિ) + આહત (મારેલ)] પું. વગર ટકોરે થતો અવાજ.
૩. [સં. અન્ (નહિ) + આહત (પુરાયું હતું)] વ. નવું કપડું.
૪. વ. (તાંત્રિક) શરીરમાં રહેલ છ ચક્ર માંહેનું બારમું ચંપકવર્ણનું એ નામનું એક. વધુમાં અનાહતચક્ર.
મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞાચક્ર એ છ ચક્ર છે.
ત્રિભોવનદાસ પુરુષોત્તમ

૫. વિ. આપણા પહોંચ્યા વગરનું; અણુભવ્યું.
૬. [સં. અન્ (નહિ) + આહત (કમાયેલું)] વિ. ખેત કે ઢોરથી કાંઈ પણ કમાયા વગરનું; ખેર; નહિ વાપરેલું; તાજું નવું.
૭. [સં. અન્ (નહિ) + આહત (ચુસેલ)] વિ. ચુસ્યા વગરનું; જેને ચુસવામાં ન આવ્યું હોય તેવું.
૮. [સં. અન્ (નહિ) + આહત (માર મારેલ)] વિ. નહિ મારેલું; જેને મારવામાં ન આવ્યું હોય એવું.
૯. વિ. નહિ વગાડેલું; નહિ બજવેલું; વગાડ્યા વગર નીકળેલું; આઘાત વિના જેની મેળે થતું.
અનાહત વાજાં નિસાણ
વિણ ચોટિ વગાડ્યા આપ.

૧૦. વિ. સાંભળ્યું ન સંભળાય એવું.
સંગીતમાં તો આહત નાદનું જ કામ પડે, અનાહતનું નહિ. વાસવીય સંગીત કલા

૧૧. વ. અવિચ્છિન્ન; સતત; અખંડ.
કુસુમવલિ અનાહત વાસ છે.
દલપતરામ

૧૨. વ. અપવાયા વગર.

અનાહતચક્ર [સં. અનાહત (વગર માર્યે થતો અવાજ) + ચક્ર (મુલાધી લઈને મસ્તક સુધીમાં આવતાં છ સ્થાનકોનું ટોળું)] વ. (યોગ) શરીરની અંદરનાં છ ચક્રમાંનું સુષુમ્નાની વચ્ચે રહેલું બારમું ચંપકવર્ણનું એક ચક્ર. તેનું સ્થાન હૃદય, તેનો વર્ણ લાલ પીળો, દેવ રુદ્ર, શક્તિ ઉમિયા, વાયુ પ્રાણવાયુ, તત્ત્વ વાયુ, ઇંદ્રિય ચામડી અને દલમ ૧૨ થકી ને ૪૧ પણનો માનેલ છે. આ ચક્રમાં આવેલી અંબુજા જેવડી તેજોમય મૂર્તિનું ધ્યાન ધરવાથી ઇચ્છિત ફળ મળવાનું મનાય છે. આ ચક્રના જપ વગેરે નીચે પ્રમાણે છે:
મંત્રની સંખ્યા-૬૦૦૦.
બીજ-'ક'થી 'ઠ' સુધી.
ફળ-ઇંદ્રિયજય, પરકાય-પ્રવેશ.
સિદ્ધિ-ખેચરી.
યંત્ર-ષટ્કોણ.
વેધ-સ્પર્શ.
યોગની સિદ્ધિ પામેલા યોગેશ્વરો પોતાની અંદર રહેલાં મૂલાધારચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપુરચક્ર, અનાહતચક્ર, વિશુદ્ધિચક્ર અને આજ્ઞાચક્રને ઉલંઘીને સહસ્રાર વાસુદેવની કૃપા થતાં પોતાના આત્મરૂપ વિષે જાણે છે.
પુરુષોત્તમ પ્રેમાનંદ

અનાહતધ્વનિ જુઓ અનાહતનાદ.

અનાહતનાદ ૧. [સં. અનાહત (માર્યા વગર થયેલ) + નાદ (અવાજ)] પું. તાલ વિના એટલે આપોઆપ વગર નીકળતો અવાજ; વગર અથડાયે થતો અવાજ.
૨. પું. નાદના બે પ્રકારમાંનો એ નામનો એક; મોઢાવાટે બોલાતી ભાષા નથી તેવા સૂક્ષ્મ મુખનાદ.
અનાહતનાદના બાર ભેદ છે: ૧. ચોવિણી, ૨. ઘિણિ, ૩. ઘર્ઘરિની, ૪. વાસુદેવિની, ૫. નાથમિત્ર, ૬. જૌન્દી, ૭. વૈષ્ણવી, ૮. સાંતરી, ૯. મહતી, ૧૦. પ્રકૃતિ, ૧૧. ધરી અને ૧૨. ભારતી.
કૌમુદી
૩. પું. ચક્રોમાંથી કોઈ પણ થતો અવાજ; હૃદયમાંથી ઊઠતા જાતે નાદ; પ્રણવનાદ; અનહદનાદ; યોગીઓને સંભળાતો એક જાતનો ધ્વનિ. અનાહતનાદના અધિકારી ઇન્દ્રાણ, સરસ્વતી અને સ્ફારાં ઋષિઓ છે, અને તે સાંભળતાં અભ્યાસ દરમિયાન જાતે સાધક અવસ્થા થાય છે.

અનાહતપદ્મ [સં. અનાહત (કોઈપણ વગર વાગ્યા અવાજવાળું) + પદ્મ (કમળ)] વ. (તાંત્રિક) હૃદયના પ્રદેશમાં આવેલું એ નામનું કમળ. તે 'ક' થી 'ઠ' સુધીના બાર અક્ષરરૂપી બાર પાંખડીવાળું છે. તેના વચ્ચે બાજમાં દસ કુલર સૂર્ય સરખી કાંતિવાળું ત્રાજુલિંગ રહેલું છે. આ પદમાં શબ્દબ્રહ્મમય સ્વાભાવિક શબ્દ થયા કરે છે, તેથી યોગીઓ તેને અનાહત એટલે કોઈના વગરના શબ્દવાળું પદ કહે છે. તે આનંદના સ્થાનરૂપ છે, અને તેમાં રહ્યા છે એમ મનાય છે.

અનાહતવાણી [સં. અનાહત (જેની મેળે થયેલ) + વાણી (વાચા)] સ્ત્રી. ગગનગિરા; દૈવવાણી; આકાશવાણી; જેની નાદ.
તે કે' વર અનાહતવાણી,
તે થશે તું હું અજાણી. દયારામ

અનાહતશબ્દ જુઓ અનાહતનાદ.

અનાહતવાણી જુઓ અનાહતવાણી.

અનાહુપદ વ. ચોદ અંગળનું માપ કહિયા, સલાટ, સુતાર વગેરેના માપ ઉપર હોય છે તે ચોદ આંગળનું માપ.

અનાહાર ૧. [સં. અન્ (નહિ) + આહાર (ખોરાક)] પું. આહારનો ત્યાગ; ઉપવાસ; લાંઘણ.
૨. [સં. અન્ (નહિ) + આહ (ઉત્પન્ન કરવું)] પું. ઉત્પન્ન નહિ થવું તે.
૩. [સં. અક્ષ (કાજ) + આર (બાજુ કરનાર); પ્રા. અણ્ણાહાર] વિ. કરજદાર; દેવાદાર.
૪. વિ. ખાવું ન હોય એવું; ઉપવાસી.
૫. વિ. જેનાં કોઈ ખાવામાં ન આવે એવું. જેમકે, અનાહારવત.

અનાહારક [સં. અન્ (નહિ) + આહાર (ખોરાક) + ક (વાળું)] વિ. અનાહારી; ખોરાક લીધા વગરનું; ઉપવાસી.

અનાહારમાર્ગણા [સં.] સ્ત્રી. (જૈન) એ નામનું એક વ્રત.

અનાહારવ્રત [સં. અન્ (નહિ) + આહાર (ભોજન) + વ્રત (ટેક)] વ. અનશનવ્રત; ઉપવાસ.

અનાહારી ૧. [સં. અન્ (નહિ) + આહારિન્ (ખોરાકમાં ઉપયોગ જેનું)] વિ. (જૈન) આહારમાં ન ઉપયોગ જેનું.
૨. [સં. અન્ (નહિ) + આહારિન્ (આહાર)] વિ. ઉપવાસ કરનાર; ભૂખ્યું રહેનાર; લાંઘણ કરનાર; આહારત્યાગી; અનશનવ્રત પાળનાર.

અનાહાર્ય ૧. [સં. અન્ (નહિ) + આહાર્ય (કામનિક)] વિ. અકૃત્રિમ; સ્વાભાવિક.
૨. [સં. અન્ (નહિ) + આહાર્ય (ખાવા જેવું)] વિ. નહિ ખાવા લાયક; અખાદ્ય.

૨. [સં. અન્ (નહિ) + આહ (કહ્યું)] વિ. નહિ કહેવા જેવું.

અનાહિતાગ્નિ [સં. અન્ (નહિ) + આહિત (સ્થાપેલ) + અગ્નિ (દેવતા)] વિ. જેણે વિધિપૂર્વક અગ્નિહોત્ર કરવા અગ્નિનું સ્થાપન ન કરેલ હોય એવું; અગ્નિહોત્રી ન હોય તેવું; નિરગ્નિ; વેરમંત્રથી જેણે અગ્નિનો સંસ્કાર કરી તેને ઘરમાં રાખ્યો ન હોય તેવું.

અનાહિત સ. સહિતા સાત નામોનું એ નામનું એક. સાત નામ આ પ્રમાણે છે: આત્રેય, મૃગાધાર, સહસ્ય, વિશ્રુતિ, અગ્નિપુરક, અનાહિત અને સ્વાવિપ્રત.

અનાહુત ૧. [સં. અન્ (નહિ) + આહુત (બોલાવેલું)] વિ. અણબોલાવ્યું; અનિમંત્રિત; વણનોતર્યું.

૨. વિ. અજાણ્યું; બિનપાત્રાદાર.

૩. વિ. ન ધારેલું.

એ જોવી તો જેવાનાય તણી છે,
એ હાર અનાહુત રે. નવાખ્યાન

૪. વિ. વેચાતું લેવા વગરનું; આપમેળે.

અનાહુતોપવિષ્ટ [સં. અનાહુત (વણનોતર્યું) + ઉપવિષ્ટ (બેઠેલું)] વિ. વણનોતર્યા જેમ-તેમ આવીને બેઠેલું.

અનાહૂસાદ [સં. અન્ (નહિ) + આહ્લાદ (આનંદ)] પું. નાખુશી; વિષાદ; ગ્લાનિ.

અનાળસ ૧. [સં. અન્ (નહિ) + આલસ્ય (સુસ્તી)] સ્ત્રી.; ન. આળસ ન હોવાપણું; સ્ફૂર્તિ; ત્વરિતતા.

૨. વિ. આળસ વગરનું; સ્ફૂર્તિવાળું; ત્વરિત.

અનિ સ. (સરખા) અને.

અનિકામ ૧. [સં. અ (નહિ) + નિકામ (ઇચ્છા)] વિ. (જેને) કોઈ; અલ્પ.

૨. [સં. અ (નહિ) + નિકામ (નિયમ)] વિ. નિયમ વગરનું.

૩. વિ. હલકું; તુચ્છ.

અનિકામમુખ [સં. અ (નહિ) + નિકામ (ઇચ્છા) + મુખ (આનંદ)] સ. કોઈ સુખ.

અનિકૃષ્ટ ૧. [સં. અ (નહિ) + નિકૃષ્ટ (નજીક)] સ. નજીક ન હોવાપણું.

૨. [સં. અ (નહિ) + નિકૃષ્ટ (બહાર કાઢેલું)] વિ. હાંકી બહાર નહિ કાઢેલું.

૩. વિ. દૂર; બાકી.

૪. [સં. અ (નહિ) + નિકૃષ્ટ (નીચ)] વિ. હલકું નહિ એવું; ઉત્તમ; ઉચ્ચ પ્રકારનું.

અનિકેત ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક વસુ.

૨. [સં. અ (નહિ) + નિકેત (ઘર)] પું. સંન્યાસી, કેમકે તે નિશ્ચિત રહેઠાણ હોતું નથી.

અનિકેત એ શબ્દ વૃદ્ધસ્થાન લેવા અને સંન્યાસ લઈ કરવાં ત્રિક્ષા માટના ફરવાર વસ્તિનો ત્યાગ કર્યા પછી વાપરવામાં આવે છે અને એનો ખરેખર અર્થ ઘર ન હોય તે એવો થાય છે.
વીરાજદત્ત

૩. વિ. ઘર વિનાનું; રહેઠાણ વગરનું; નિવાસ રહિત; બાકરું.

૪. વિ. ક્યારે ક્યારે રોકાવે અથવા કાયમ મુસાફરી કરનાર.

અનિકેતન જુઓ અનિકેત.

અનિક્ષિપ્ત ૧. [સં. અ (નહિ) + નિક્ષિપ્ત (મૂકી મૂકેલું)] વિ. મૂકી નહિ મુકાયેલું.

૨. [સં. અ (નહિ) + નિક્ષિપ્ત (આપ્યા મૂકેલું)] વિ. આપ્યા કે સોંપે ન મૂકેલું.

૩. [સં. અ (નહિ) + નિક્ષિપ્ત (ગોઠવેલું)] વિ. નહિ ગોઠવેલું; તાલ કર્યા વગરનું.

૪. [સં. અ (નહિ) + નિક્ષિપ્ત (ફેંકેલું)] વિ. નહિ ફેંકેલું.

૫. વિ. નિરંતર; અવિચ્છિન્ન.

અનિક્ષુ [સં. અન્ (સાથમાં) + ક્ષુ (જોનારું)] સ્ત્રી. આસપાસ; ચોપડી જોવું એવું એક જાતનું લાંબું ઘાસ, જેમાંથી સાદડી વગરની બાંધ બને છે.

અનિક્ષેપ [સં. અ (નહિ) + નિક્ષેપ (થાપણ)] વિ. તારણ વગરનું; અનામત કે થાપણ વિનાનું.

અનિક્ષેપધની [સં. અ (નહિ) + નિક્ષેપ (અનામત) + ધનિન્ (ધરાવનાર)] પું. તારણ વગરનો ધીરધાર; જેની પાસે અનામત મૂકવામાં ન આવી હોય એવો ધીરધાર.

અનિગ્ન પું. રુમણ્વાનો પ્રપૌત્ર અને પ્રમતિ એક પ્રાચીન ઋષિ.

અનિગ્રાહ્ય ૧. [અ (નહિ) + નિગ્રહ (મહેનતાણું)] સ્ત્રી. મોટી વજનનો અભાવ; અવકૃપા; ઓછી મહેનતાણું; અનિચ્છ.

૨. [અ (નહિ) + નિગ્રહ (કેદ)] વિ. બંધન વગરનું; કેદ રહિત.

અનિગીર્ણ ૧. [સં. અ (નહિ) + નિગીર્ણ (ગળેલું)] વિ. ગળે નહિ ઉતારેલું.

૨. [સં. અ (નહિ) + નિગીર્ણ (ઘુમાવેલ)] વિ. (અવાજ) સંભળાવ વગરનું; નહિ ઘુમાવેલું; બાચકાર નહિ એવું; હાજર. જેમકે, 'જેના અવ કોઈ ઉ' ત્યાં અવાજ ઉચ્ચારવું નિગીર્ણ એટલે ઘુમ નથી.

અનિચ્છ ૧. [સં. અ (નહિ) + નિચ્છ (ઘૂંટ)] વિ. ઘુસ્યું; અહેરા ન ઘૂંટાયેલું.

૨. વિ. બોલ બોલ્યે સહજ વજનું; ઝાઝપણા વિનાનું; સરળતા ભરેલું.

અનિચ્છ ૧. [સં. અ (નહિ) + નિચ્છ (ખંડન)] પું. ખંડનનો અભાવ.

૨. [સં. અ (નહિ) + નિચ્છ (દમન)] પું. દમન ન કરવું તે.

૩. પું. દમન વગરનું હોવાપણું; સંયમ રહિત સ્થિતિ.

૪. [સં. અ (નહિ) + નિચ્છ (હાર)] પું. હોલમાં કોઈથી નહિ હારવું તે; ખંડનનો અસ્વીકાર.

૫. [સં. અ (નહિ) + નિચ્છ (બંધન)] પું. બંધનનું અસ્તિત્વ; બંધાવ ન હોવાપણું; અનવરોધ.

૬. વિ. અબળ; ન છતી શકાય એવું.

૭. [સં. અ (નહિ) + નિચ્છ (સીમા)] વિ. અસીમ; બેહદ.

૮. [સં. અ (નહિ) + નિચ્છ (દંડ)] વિ. દંડ વગર વજનું.

૯. [સં. અ (અભાવ) + નિચ્છ (મન)] વિ. દંડ ન કરવા જેવું; અદંડ.

૧૦. વિ. નિગ્રહ વિનાનું; અસંયમી; નિરોધ રહિત; નિરંકુશ; બંધન વગરનું.

૧૧. વિ. પીડા રહિત; નીરોગી.

૧૨. વિ. સ્વતંત્ર; ઉદાત્ત.

અનિચ્છસ્થાન [સં. અ (નહિ) + નિચ્છ (બંધન) + સ્થાન (પ્રસંગ)] સ. બંધનનો પ્રસંગ ઊભો ન થાય એવી સ્થિતિ.

અનિચ્છા જુઓ અનિચ્છ.

અનિચ્છ ૧. [સં. અન્ (નહિ) + ઇચ્છા (ખરચ)] વિ. ઇચ્છા રહિત; નિઃસ્પૃહી; અપેક્ષા વગરનું; ઇચ્છા નહિ રાખનાર.

૨. [સં. અન્ (નહિ) + ઇચ્છા (ખુશી)] વિ. નાખુશ; નારાજ; વિમુખ.

૩. [સં. અન્ (નિષેધ) + ઇચ્છા (ખરચ)] વિ. મન વગર કરેલું; અનાકાનીથી કરેલું.

અનિચ્છક જુઓ અનિચ્છ.

અનિચ્છતું [સં. અન્ (નહિ) + ઇચ્છ (ઇચ્છવું)] વિ. ખરચ વિનાનું.

અનિચ્છનીય [સં. અન્ (નહિ) + ઇચ્છનીય (ઇચ્છવા જેવું)] વિ. ન ઇચ્છવા જેવું; નહિ ખરચ કરવા લાયક.

અનિચ્છઆરબ્ધ [સં. અનિચ્છ (ઇચ્છા વગરનું) + આરબ્ધ (શરૂ કરેલું)] વ. ઇચ્છા ન હતાં જે આરબ્ધના બળથી બળી આવે તે નસીબ; દૈવેચ્છાથી બનતું વસ્તુ મળી આવવી તે; દૈવેચ્છાથી બનવાપણું.

અનિચ્છા ૧. [હિં.] સ્ત્રી. અનિચ્છા.

૨. [સં. અન્ (નહિ) + ઇચ્છા (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છા ન હોવાપણું; નિઃસ્પૃહતા.

૩. સ્ત્રી. (વેદાંત) જગ્યા બનતું આરબ્ધમાંનું જે નામનું ત્રીજું. ખુલ્લો અનિચ્છાઆરબ્ધ.

અનેકવિધ પ્રારબ્ધ હોવાથી નથી જોગ આ. નિર્યા ઇચ્છા અનિચ્છા તે પ્રોગ્રામ પ્રારબ્ધ આ. ધંધરણી

૪. સ્ત્રી. નારાજી; નાખુશી; ઉદાસીનતા.

અનિચ્છાકૃત [સં. અન્ (નહિ) + ઇચ્છા (ઇચ્છા) + કૃત (કરેલું)] વિ. જેહિલીથી કરેલું; ઇચ્છા વગર કરેલું.

અનિચ્છાધીન [સં. અન્ (નહિ) + ઇચ્છા (ઇચ્છા) + અધીન (વશ)] વિ. ઇચ્છાને આધીન નહિ એવું.

અનિચ્છાપૂર્વક [સં. અન્ (નહિ) + ઇચ્છા (ઇચ્છા) + પૂર્વ (અગાઉ)] વિ. ઇચ્છા વિનાનું; ઇચ્છા વગરનું.

અનિચ્છાપ્રારબ્ધ જુઓ અનિચ્છાઆરબ્ધ.

અનિચ્છિત ૧. વિ. અનિચ્છિત; અણધાર્યું.

૨. [સં. અન્ (નહિ) + ઇચ્છિત (ઇચ્છેલું)] વિ. નહિ ઇચ્છેલું; અણધાર્યું.

૩. વિ. નહિ ધારેલું; અણધાર્યું.

અનિચ્છિતસમ્ભવ [સં. અનિચ્છિત (નહિ ઇચ્છેલું) + સમ્ભવ (અવતાર)] પું. (કાવ્ય) ઇચ્છ્યા ને જોગ બહિનો જોગ. કાવ્ય જોગથી આત્મા વગેરે જ્ઞાત પદાર્થમાંનો કોઈ જોગ પદાર્થ તથા કર્મ જોગથી ઉલ્લેખવું વગેરે પાંચ હિમાંની કરીકઈ ક્રિયા જે ભળે જોગત્ત અર્થાં જોગનારી ઇચ્છા વગર અર્થ રહિત જે 'અળખણ' શબ્દ જ્ઞાન તે અનિચ્છિત અણધાર્યું જે.

અનિચ્છુ જુઓ અનિચ્છ.

અનિચ્છુક જુઓ અનિચ્છ.

અનિઠ જુઓ અનીઠ.

અનિત ૧. વિ. અનિત.

૨. [સં. અન્ (નહિ) + ઇત (ગયેલું)] વિ. નહિ ગયેલું.

૩. વિ. વગરનું; રહિત.

અનિત્યંત્વરૂપ [સં. અન્ (નહિ) + કર્યું (આ પ્રકારે) + ત્વ (લાક્ષણિક અવસ્થા) + રૂપ (આકાર)] વ. (જૈન) ગુણના ન કરી શકાય તેવો આકાર; કોઈ જોગ જોગત્ત પ્રકારે નિરૂપણ કરી ન શકાય જોગો આકાર.

જેમ આત્મિક સંસ્થાન જોગો કે રૂપના અનિર્વચનીય છે; કેમકે અનિવચ્યત્વ હોવાથી કોઈ જોગ પ્રકારે જોગું નિરૂપણ કરી નથી શકાતું નથી.

કલ્પસૂત્ર

અનિત્ય ૧. [સં. અ (નહિ) + નિત્ય (અવિનાશી)] વિ. અશાશ્વત; નશ્વર; વિનાશી; ક્ષણભંગુર.

૨. [સં. અ (નહિ) + નિત (રમેલું)] વિ. અણગમતું; અપ્રિય.

૩. [સં. અ (નિત) + નિત (રમેલું)] વિ. અણગમતું; અણધારેલું.

૪. વિ. અસ્થિર; અણગમતું; અણુક; અવગ; અણધાર્યું; અણધાર્યું; અણધાર્યું.

૫. [સં. અ (નહિ) + નિત (ચેતન)] વિ. જડ; ચેતન વગરનું.

૬. વિ. (ગણિત) જે રાશિનું મૂલ્ય અથવા જે નિયુક્ત સ્થાન બદલાતું રહે તેનું; વિકારી; 'વેરીએબલ'.

૭. વિ. (ન્યાય, વેદાંત) જેનો અભાવ જોઈએ જ્યારે જેનો અભાવ હોય અને પાછળથી ખાસ જોઈએ ત્યારે નાશ થઈ જતો હોય તેવું.

૮. [સં. અ (નહિ) + નિત (જે ન કરવાથી પાપ લાગે એવું)] વિ. નૈમિત્તિક; પ્રાસંગિક.

૯. વિ. સંદિગ્ધ; શંકાસ્પદ; અનિશ્ચિત.

અનિત્યજાડ્ય [અનિત્ય (નાશ પામવું) + જાડ્ય (જડ)] સ્ત્રી. પ્રાણવાળી જડ.

અનિત્ય અવદાતત્વ [સં. અનિત્ય (નાશવંત) + અવદાતત્વ (વર્ણન ન થઈ શકે એવું)] વિ. (જૈન) જે અવદાત છે અને જેના વિશે કોઈ જોગી પણ ન વદાત જોવું.

વિવરણ, અનિચ્છા અને અવદિચ્છાને લીધે ઉપરની પણ વાચકત્વનાઓના પારસ્પરિક વિવિધ મિશ્રણથી બીજા પણ ચાર વાચકત્વનાઓ બને છે. જેમકે, નિત્યાનિત્ય; નિત્ય અવદાતત્વ; અનિત્ય અવદાતત્વ અને નિત્ય અનિત્ય અવદાતત્વ. કલ્પસૂત્ર

અનિત્ય આકસ્મિક ધર્મ [સં. અનિત્ય (અવશ્યનું નહિ જોવું) + આકસ્મિક (દૈવાધીન) + ધર્મ (ગુણ)] પું. (ન્યાય) અનિત્ય ઉપાધિ; અવશ્યાનિત્ય અવદાતત્વ ગુણ; અવશ્ય નહિ રહેતો ગુણ. આકસ્મિક ધર્મોના નિત્ય અને અનિત્ય જોવા બે ભાગ છે. જે ધર્મ આકસ્મિક હોવા છતાં પદાર્થના સ્વભાવધર્મમાં સાથે નિત્ય જોડાયેલો અણુક તે નિત્ય અને કોઈક વાર જોડાયેલો જોવામાં આવે તે અનિત્ય.

કાર્યોમાં હોવાં જે તથા અન્ય નીચે આંખવ જેવી વાતથી હોવી જે આકસ્મિક અનિત્ય આકસ્મિક ધર્મો છે. કારણે આકસ્મિક સ્વભાવિક ધર્મો સાથે હમેશાં જોડાયેલા તેમને આપણે નથી જોતા. જોકકે કે કેટલાક અવસ્થાઓમાં તે નથી હોતા. પણ કાર્યોમાં અવશ્ય જે નિત્ય આકસ્મિક ધર્મ છે.

પ્રમાણમીમાંસા

અનિત્યકર્મ જુઓ અનિત્યક્રિયા.

અનિત્યકોટિ જુઓ અનિત્યપક્ષ.

અનિત્યક્રિયા [સં. અ (નહિ) + નિત (રમેલું) + ક્રિયા (કામ)] સ્ત્રી. કોઈક વખતે ખાસ કરવામાં આવતી ક્રિયા; નૈમિત્તિક ક્રિયા. જેમકે, યજ્ઞ.

અનિત્યતા જુઓ અનિત્યત્વ.

અનિત્યતાપક્ષ જુઓ અનિત્યપક્ષ.

અનિત્યતાવાદ [સં. અનિત્યતા (વિનાશીપણું) + વાદ (મત)] પું. બધેજ વસ્તુ નાશવંત છે જેવો મત.

અનિત્યતાવાદી [સં. અનિત્યતા (નશ્વરત્વ) + વાદિન્ (મત ધરાવનાર)] વિ. બધેજ વસ્તુ નાશવંત છે જેવો મત ધરાવનાર.

અનિત્યત્વ ૧. [સં. અનિત્ય (વિનાશી) + ત્વ (પણું)] સ. અનિત્યપણું; નશ્વરતા; વિનાશીપણું; ક્ષણભંગુરતા; ક્ષણિકતા.

૨. સ. અસ્થિરતા; નિત્યપણું.

૩. સ. અસ્થિરતા; ચંચળતા; અસ્થાયિત્વ.

૪. સ. પ્રાસંગિકતા; નૈમિત્તિકપણું

૫. સ. સંદિગ્ધતા; અનિશ્ચિતતા.

અનિત્યદત્ત ૧. [સં. અ (નહિ) + નિત (રમેલું) + દત્ત (આપેલું)] પું. બધાયે અણુક સમયને માટે દત્તક આપેલો દીકરો.

૨. વિ. અણુક મુદત માટે આપેલું.

અનિત્યપ્રત્યવેક્ષા [સં. અનિત્ય (ક્ષણભંગુર) + પ્રત્યવેક્ષા (બારબાર જોવું તે)] સ્ત્રી. (જૈન) કોઈ વસ્તુ નાશવંત છે અને ચાલી જવા છે તેનું ધ્યાન.

અનિત્યપ્રપંચત્વ જુઓ અનિત્યપ્રપંચ.

અનિત્યપ્રપંચ [સં. અનિત્ય (ક્ષણભંગુર) + પ્રપંચ (જગત)] પું. ક્ષણભંગુરતા; ક્ષણિકતા; નશ્વરતા; વિનાશીપણું.

અનિત્યભાવના [સં. અનિત્ય (નાશવંત) + ભાવના (વિચાર)] સ્ત્રી. (જૈન) સંસારની બધી વસ્તુ નાશવંત છે જેવી માન્યતા; અનિત્યાનુપ્રેક્ષા.

અનિત્યવિભૂતિ ૧. [સં. અનિત્ય (નાશવંત) + વિભૂતિ (સંપત્તિ)] સ્ત્રી. નાશવંત સંપત્તિ.

૨. સ્ત્રી (વેદાંત) સંસાર.

અનિત્યસમ [સં. અનિત્ય (અનું) + સમ (સરખું)] સ્ત્રી. (ન્યાય) અપવાદને સામાન્ય નિયમની અનુનામાં મૂકવાથી થતી ખોટી દલીલ: ન્યાયની ચોવીસ જાતિ માંહેની એક. જુઓ જાતિ.

અનિત્યસમાસ [સં. અ (નહિ) + નિત્ય (હંમેશ) + સમાસ] પું. બધે હંમેશાં કરવો આવશ્યક ન હોય એવો સમાસ; અસમસ્ત પદોથી પણ અર્થ દર્શાવી શકાય તેવો સમાસ.

અનિત્યસમાસો જુઓ અનિત્યસમાસ.

અનિત્યાનંદ [સં. અનિત્ય (ક્ષણભંગુર) + આનંદ (હર્ષ)] પું. સાંસારિક સુખ; વિષયાનંદ.

> માણસનું આયખું ક્ષણભર ભરી જવાથી આત્માનંદની અભિવ્યક્તિ દુર્લભ બની તેના પર પડ આવી જતાં તે અભિવ્યક્તિનું રૂપાંતર થઈ જતું એ પ્રકારની આત્માનંદની સ્થિતિને અનિત્યાનંદ કહે છે. તેને જ વિષયાનંદ પણ કહે છે. રાજસંહિતા

અનિત્યાનુપ્રેક્ષા જુઓ અનિત્યભાવના.

અનિદ્રા ૧. [પ્રા. અણિદ્દા] સ્ત્રી. (જૈન) અજ્ઞાનપણે કરેલી હિંસા.

૨. સ્ત્રી. ચિત્તની વિક્ષિપ્તતા.

૩. સ્ત્રી. બેભાનપણું; અજ્ઞાન.

અનિદાન [સં. અ (નહિ) + નિદાન (તપના ફળની અભિલાષા કરીને આચરણ)] વિ. (જૈન) તપ વગેરેનું અભિલાષા ફળ ન માગનાર.

અનિદેશ્ય [સં.] પું. (પુરાણ) વસ્ત્ર સંબંધી એક અગ્નિનું નામ.

અનિદ્ર ૧. પું. ઊંઘ ન આવવાનો રોગ; પ્રજાગર.

૨. [સં. અ (નહિ) + નિદ્રા (આળસ)] વિ. આળસ રહિત; તત્પરતા આળસરૂપી નિદ્રાથી રહિત.

૩. [સં. અ (નહિ) + નિદ્રા (ઊંઘ)] વિ. ઊંઘ વગરનું; જાગતું.

૪. વિ. સાવધ; સાવચેત.

અનિદ્રદુઃસ્વપ્ન [સં. અનિદ્ર (ઊંઘ વગરનું) + દુઃ (ખરાબ) + સ્વપ્ન (ઊંઘમાં આવતો ભાવ)] સ્ત્રી. ઊંઘ ન આવે ત્યારે આવતો એક જાતનો ભોગવાટ. આ ભણકાર સ્વપ્નમાં થતી ઉપર બાર પ્રકાર પડે છે.

અનિદ્રા ૧. [સં. અ (નહિ) + નિદ્રા (ઊંઘ)] સ્ત્રી. ઊંઘ નહિ આવવી તે; ઊંઘનો અભાવ; ઉજાગરો.

૨ સ્ત્રી. સાવચેતી; સાવધાની.

અનિદ્રાક્રમ [સં. અનિદ્રા (ઉજાગરો) + ક્રમ (પદ્ધતિ)] પું. ઉજાગરાથી સામનો થાક.

અનિપાત ૧. [સં. અ (નહિ) + નિપાત (વપરાશ)] પું. કૂદકો નહિ મારવાપણું.

૨. [સં. અ (નહિ) + નિપાત (અવ્યય)] પું. નિપાતથી ભિન્ન શબ્દ; અવ્યય ન હોય એવો શબ્દ.

અનિપુણ ૧. [સં. અ (નહિ) + નિપુણ (કુશળ)] વિ. અકુશળ; અકુશળ.

૨. વિ. બાહોશી વગરનું; અપરિશ્રમિત; અજાણ.

અનિપુણતા ૧. [સં. અ (નહિ) + નિપુણ (કુશળ) + તા (પણું)] સ્ત્રી. અકુશળતા; અપરીપૂર્ણતા; અકુશળપણું.

૨. સ્ત્રી. અજાણતા.

અનિપુણશ્રમ [સં. અનિપુણ (અકુશળ) + શ્રમ] પું. નિરીક્ષણશ્રમ મજૂરી.

અનિબદ્ધ ૧. [સં. અ (નહિ) + નિબદ્ધ (બાંધેલું)] વિ. નહિ બાંધેલું; છૂટું.

૨. વિ. સંબંધ વગરનું; મેળ વિનાનું

અનિબદ્ધનિબંધ [સં. અનિબદ્ધ (બંધન વગરનું) + નિબંધ (લેખ)] પું. હળવી શૈલીનો લેખ; સ્વાત્મલક્ષી નિબંધ; નિબંધિકા.

> આ નિબંધપ્રકાર પુરોપમાં જે હલકું નામું ગણાય છે. અહીં પણ જેને ઉત્તમ લખવાનો હોય તે ઓછો જ લખે છે એમ કહીએ તો ચાલે. વાચકને જે નવું આપવું હોય તે આપવું જ પડતું હોય, અને જેના ઉપર વાંચવાનો જ આધાર હોય એવાં નવાં નામ પાડે છે. દુનિયાના સ્વતંત્ર વાચન લોકને આજે અનુકરણને લીધે જેને અનિબદ્ધ નિબંધ કહે છે. કોઈ જેની શૈલી, આદર્શ કે વાતુને અનુસરીને જેને 'આદર્શ નિબંધ' કહે છે. કોઈ જેની શૈલી વસ્તુ પ્રધાન હોવાથી જેને 'વસ્તુની શૈલીના નિબંધો' એવું સાધુ નામ આપે છે, અને કેટલાક નબળાઈના નિબંધને 'નિબંધિકા' એવું નારીજાતિનું નામ આપે છે.
> પારિભાષિક શબ્દકોશ

અનિબંધ [સં.] પું. એક નામનો ગાન રીતનો એક પ્રકાર. એકારમાંથી ઉત્પન્ન થતા આ ગીતમાં અનુરનિયમ હોતો નથી, પણ આલાપથી આનંદ મળે છે.

અનિબંધન [સં. અ (નહિ) + નિબંધન (કારણ)] વિ. નિષ્કારણ; કારણ રહિત અકારણિક.

અનિભ્યાર્થ ૧. [સં.] પું. સ્વતંત્રતા; છૂટાપણું.

૨. વિ. બીજા નિમિત્તનું; દુઃખ રહિત.

અનિભૃત ૧. [સં.] પું. (પિંગળ) નગણ અને તગણ મળી ૬ અક્ષરનો એક નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આઠનો છંદનો એક ભેદ છે.

અનિભૃતે ૧ વ. વ. અનુપિબત

૨. [સં. અ (નહિ) + નિભૃત (સ્થાન)] વિ. અસ્થાન; અસ્થિર.

૩. વિ. ઉદ્ધત; બેશરમ; ધૃષ્ટ.

૪. [સં. અ (નહિ) + નિભૃત (ગુપ્ત)] વિ. પ્રગટ; જાહેર; પ્રકટ.

૫. વિ. ચાલાક; ચતુર.

અનિમ ૧. પું. એ નામનું એક ઝાડ; અમૂક.

૨. પું. કમળના તંતુ; પદ્મકેસર.

૩. [સં. અનિમ (કમળ) + કૈ (પ્રકારવાચી)] પું. કેટલો, કેમડો તે મરી જવેલ હોય તોયે ફરી સજીવન થવાનું મનાય છે.

૪. પું. બધમાખનો નર.

૫. [સં. અનિમ (શબ્દ) + કૈ (પ્રકારવાચી)] સ્ત્રી. કોયલ, કેમડો તે મધુર શબ્દ વડે પ્રસારી છે

અનિમંત્રિત [સં. અ (નહિ) + નિમંત્રિત (નોતરેલું)] વિ. બધનોતરું; તેડા વગરનું.

અનિમિષ ૧. [સં. અ (નહિ) + નિમિષ (આંખની પલકારે)] પું. કોય, કેમડો તેની આંખો પલકારા મારતી નથી.

૨. વ. માણવું, કેમડો તેની આંખને ઢાંકવું ન હોવાથી તે ઉઘાડી જ રહે છે.

> ફરી અનિમિષ અક્ષ સિધિ, પ્રભુલોમા પાઠીન, મકર ઉદધી અંબરચ, વૈસારિણ હમ મીન.
> પિંગળશાસ્ત્રોપ

અનિમિત્ત ૧. સ્ત્રી. એ નામની એક પ્રાચીન અનિમિત્ત લિપિ.

૨. [સં. અ (નહિ) + નિમિત્ત (કારણ)] વ. કારણ ન હોવાપણું; કારણશૂન્યતા.

૩. [સં. અ (અશુભ) + નિમિત્ત (જ્ઞાન)] વ. અશુભ શુકન; અપશુકન.

૪. વ. નિર્વાણ; મોક્ષ. કેમકે તે અકારણ એટલે કે સ્વતઃસિદ્ધ વસ્તુ છે, જન્ય નથી.

૫. વિ. એકાગ્રતાથી; ઓચિંતું.

૬. વિ. કારણ વિનાનું; અકારણ; નિઃસ્વાર્થ; નિષ્કામ; હેતુ રહિત.

૭ વ. કારણ વગર; નાહક.

અનિમિત્તક [સં. અ (નહિ) + નિમિત્ત (કારણ) + ક (વાચક)] વિ. વિના કારણનું; નિમિત્ત વગરનું.

અનિમિત્તભાવના [સં. અનિમિત્ત (નિર્વાણ) + ભાવના (વિચાર)] સ્ત્રી. નિર્વાણનું ચિંતન; મોક્ષવિચાર.

નિર્વાણને અનિમિત્ત એવી સંજ્ઞા આપવામાં આવે છે, અને તેના ચિંતનને અનિમિત્ત-ભાવના કહે છે. પ્રસ્થાન

અનિમિત્તલિંગનાશ [સં. અનિમિત્ત (જોઈ-એ) + લિંગનાશ (આંધળો)] પું. (વૈદક) તદ્દન આંધળો આવે એવો આંખનો એક રોગ.

અનિમિષ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો ધરુવનો એક પુત્ર.

૨. [સં. ન (નહિ) + નિમિષ (આંખનો પલકારો)] પું. દેવ. જેમ મનાય છે કે દેવોની આંખો પલકારા મારતી નથી.

૩. પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. તે નિત્યશુદ્ધ સ્વરૂપ તેમ જ સત્યરૂપ કે જ્ઞાન-રૂપ હોવાથી અનિમિષ કહેવાય છે.

૪. પું. શિવનું એક નામ; મહાદેવ.

૫. વિ. માછલું. માછલાંની આંખને ઢાંકણ ન હોવાથી તે ઉઘાડી જ રહે છે.

૬. વિ. એકીટશે જોઈ રહેવું; મટકું માર્યા વગરનું; સ્થિર દૃષ્ટિવાળું.

૭. વિ. ખુલ્લું; ઉઘાડું; ખીલેલું.

૮. વિ. જેની આંખો મટકું મારતી નથી એવું; જેની આંખ ઊઘડે કે મીંચાય નહિ તેવું.

૯. વિ સાવધાન; ધ્યાન રાખતું.

૧૦. વિ. સ્થિર; ક્રિયા વિનાનું.

૧૧. ક્રિ. વિ. નિરંતર; હંમેશ.

૧૨. ક્રિ. વિ. મટકું માર્યા વગર; એકીટશે; ખૂબ ધ્યાનથી.

અનિમિષક્ષેત્ર [સં. અનિમિષ (વિષ્ણુ) + ક્ષેત્ર (પ્રદેશ)] ન. (પુરાણ) કુરુક્ષેત્ર વિષ્ણુ વડે પવિત્ર થયેલો પ્રદેશ; વિષ્ણુનું ક્ષેત્ર.

અનિમિષત્વ જુઓ અનિમેષત્વ.

અનિમિષદૃષ્ટિ ૧. [સં. અનિમિષ (મટકું માર્યા વગરનું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. ખુલ્લામાં એકાગ્રતા.

૨. વિ. સ્થિર દૃષ્ટિવાળું; એકધ્યાન; મટકું માર્યા વગર જોઈ રહેનું.

અનિમિષનયન ૧. [સં. ન (નહિ) + નિમિષ (આંખનો પલકારો) + નયન (આંખ)] પું. દેવ. દેવની આંખ પલકારા મારતી નથી એમ મનાય છે.

૨. ન. માછલું. આંખને ઢાંકણ નહિ હોવાથી માછલું મટકું મારી શકતું નથી.

૩. વિ. આંખનો પલકારો ન મારનાર.

૪. વિ. એકીટશે જોઈ રહેતું; સ્થિર દૃષ્ટિવાળું.

અનિમિષાચાર્ય [સં. અનિમિષ (દેવ) + આચાર્ય (ગુરુ)] પું. દેવના ગુરુ; બૃહસ્પતિ.

અનિમિષાવલોકન જુઓ અનિમેષાવલોકન.

અનિમેષ જુઓ અનિમિષ ૨, ૫, ૬-૧૨.

અનિમેષત્વ [સં. અનિમેષ (દેવ) + ત્વ (પણું)] ન. દેવપણું; દેવત્વ.

અનિમેષદૃષ્ટિ જુઓ અનિમિષદૃષ્ટિ.

અનિમેષનયન જુઓ અનિમિષનયન.

અનિમેષાચાર્ય જુઓ અનિમિષાચાર્ય.

અનિમેષાવલોકન [સં. અનિમેષ (પલકારા વિના) + અવલોકન (જોવું)] ન. સ્થિર દૃષ્ટિ; પલકારો માર્યા વિના જોયા કરવું તે.

અનિયડીબાદર ન. (જૈન) નવમું ગુણસ્થાનક. જુઓ અનિવૃત્તિબાદર.

અનિયત ૧. વિ. (અસ્થિર) જે ચલિતું રહ્યા કરતું હોય કે નિયત સ્થાન કોઈ નિયમને આધીન ન હોય તે.

૨. [સં. ન (નહિ) + નિયત (કાયમનું)] વિ. અસ્થિર; હંમેશ વગરનું.

૩. [સં. ન (નહિ) + નિ (નીચે) + યમ્ (રોકવું)] વિ. અસ્થિર; ચંચળ.

૪. [સં. ન (નહિ) + નિયત (અંકુશમાં રખાયેલ)] વિ. કાબૂમાં નહિ રખાયેલ; લગ વગરનું; નિરંકુશ.

૫. વિ. કારણ વગરનું; આકસ્મિક.

૬. વિ. નહિ ઠરાવેલ; અનિશ્ચિત.

૭. [સં. ન (નહિ) + નિયત (નિયમ)] વિ. નાશ પામે એવું; અનિત્ય.

૮. [સં. ન (નહિ) + નિયત (નિયમવાળું)] વિ. નિયમ વગરનું; અવ્યવસ્થિત.

૯. વિ. સામાન્ય નહિ એવું; અસાધારણ.

અનિયતઉપાધિ [સં. અનિયત (આકસ્મિક) + ઉપાધિ (ગુણ)] સ્ત્રી. (ન્યાય) અનિત્ય આકસ્મિક ધર્મ; વસ્તુનો અપકાલિક એટલે ગૌણ ગુણ માટેનો અનાવશ્યક ગુણ.

અનિયતકર્મ [સં. અનિયત (અનિશ્ચિત) + કર્મન્ (કામ)] ન. નિશ્ચિત નહિ કરેલું કર્મ.

અનિયતકારણજન્યવાદ [સં. અનિયત (આકસ્મિક) + કારણ (કર્મની ઉત્પત્તિનું બીજ) + વાદ (મત)] પું. કોઈ પણ ભાવ માટે જરૂરની સ્થિતિ અથવા પ્રસંગ તે ભાવની ઉત્પત્તિમાં અસર કરવાં નથી એવો મત; ખાસ કરી મન અથવા પદાર્થમાં જોડી સાથે ચમત્કાર કે ફેરફાર, જે બીજામાં એવા ફેરફારનો પ્રસંગ બને, પણ તે સહજ ભાવ તેટલા માટે કેવી સહાયની જરૂર પડે છે એવો મત.

અનિયતકાલિક [સં. અનિયત (અનિશ્ચિત) + કાલિક (સમયનું)] વિ. અનિશ્ચિત સમયે થાય તેવું; અચોક્કસ વખતે બનતું.

અનિયતકાલીન [સં. અનિયત (અચોક્કસ) + કાલીન (સમયનું)] વિ. અચોક્કસ સમય સુધી રહેનાર; સમયના બંધન વગરનું.

અનિયતચારી [સં. અનિયત (નિરંકુશ) + ચારિન્ (ફરનાર)] વિ. નિરંકુશ રીતે ફરનાર; નિયમિત માર્ગમાં ન ચાલનાર.

પ્રકૃતિનું તારા કહેવાની મતલબ એ છે કે બીજા કેટલાક તારાઓ જેવા પણ છે કે જે અનિયતચારી હોવાથી ક્યારેક સૂર્ય ચંદ્રની નીચે પણ ચાલ્યા જાય છે અને ક્યારેક ઉપર પણ ચાલ્યા જાય છે. તત્ત્વાર્થસૂત્ર

અનિયતરૂપ [સં. અનિયત (અનિશ્ચિત) + રૂપ (આકાર)] ન. અનિશ્ચિત આકાર.

અનિયતવાહીપવનગંધક [સં. અનિયત (નિયમ વગરનું) + વાહિન્ (વાનાર) + પવન (વાયુ) + ગંધક (પ્રદેશ)] ન. (ભૂગોળ) અનિયમિત રીતે પવન વાય તે પ્રદેશ.

અનિયતવૃત્તિ ૧. [સં. અનિયત (અનિશ્ચિત) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. નિશ્ચિત આજીવિકાનો અભાવ; મુજરાનું ચોક્કસ સાધન ન હોવાપણું; અનાકારી વૃત્તિ.

૨. [સં. અનિયત (અનિશ્ચિત) + વૃત્તિ (અર્થ)] વિ. અનિશ્ચિત અર્થવાળું; અર્થના પ્રકાર અજ્ઞાવનારી વૃત્તિઓની કોઈ પણ ચોક્કસ વૃત્તિ જેને લાગુ ન પડે એવું. શબ્દના અર્થની જુદી જુદી વૃત્તિઓ છે, તેમાં કઈ વૃત્તિ લાગુ પડે છે એ ચોક્કસ ન હોય ત્યારે તેને આ વિશેષણ લાગે છે.

૩. વિ. કામધંધા વિનાનું; બેકાર.

૪. વિ. મુજરાનાં અનિશ્ચિત સાધનવાળું.

૫. [સં. અનિયત (નિરંકુશ) + વૃત્તિ (આચરણ)] વિ. નિરંકુશ રીતે વર્તનાર.

૬. વિ. નિશ્ચિત આવક વગરનું; અચોક્કસ આવકવાળું.

અનિયત વ્યાપાર ૧. [સં. અનિયત (નિરંકુશ) + વ્યાપાર (વેપાર)] પું. નિરંકુશ ધંધો; બિનજકાતી એટલે લાગુ વિનાનો વેપાર; અનધિકૃત વ્યાપાર.

અનિયત અનુપ્રાસ, અનિયત વ્યાપાર, અનિયત સાપેક્ષનાં એ બધાં વાક્યો રૂપકાર્થે છે, અને સ્વયં અન્ય જેવી બાબત નિયંત્રણનો અભાવ માત્ર સૂચવે છે.

ભોગીલાલ નથુભાઈ

૨. પું. બંધન વગરની સ્થિતિ.

અનિયતાત્મા ૧. વિ. સંયમ વિનાનું; અસ્થિર મનવાળું

૨. [સં. અનિયત (કાબૂ વિનાનું) + આત્મન્ (મન)] વિ. મનને વશ નહિ રાખનાર; અજિતેંદ્રિય.

અનિયતિ ૧. [સં. અ (નહિ) + નિયતિ (સંયમ)] સ્ત્રી. અસંયમ; નિયમ વગરની સ્થિતિ.

૨. સ્ત્રી. મોટાળો; અભ્યુદય.

૩. સ્ત્રી. સ્વતંત્ર ઇચ્છા; આપખુદીવાળી.

અનિયતિવાદ [સં. અનિયતિ (સ્વતંત્ર ઇચ્છા) + વાદ (મત)] પું. (વેદાંત) માણસની ઇચ્છા અને વર્તણૂક પર હેતુઓની અસર થાય છે પણ તેનાથીજ તેઓ નક્કી થતી નથી એવો મત; અભ્યવસાય વાદ.

અનિયમ ૧. [સં. અ (નહિ) + નિયમ (ધારો)] પું. અવ્યવસ્થા; ધારાધોરણનો અભાવ.

૨. પું. (અલં) એ નામનો અર્થાલંકારનો એક પ્રકાર. જુઓ અર્થાલંકાર.

૩. [સં. અ (અભેદ) + નિયમ (અલગ થવું)] પું. ન છૂટે તેવું અલગપણું; ગેરવર્તન.

૪. પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. તે સર્વના નિયામક છે, પણ તેમનો કોઈ નિયામક નથી ? તેમને કોઈ નિયમ નથી, તેથી તે અનિયમ કહેવાય છે.

૫. [સં. અ (નહિ) + નિયમ (ખાતરી)] પું. શંકા; અનિશ્ચિતતા; સંદેહ.

૬. વિ. વગર નિયમે થાતું; નિયમ વગરનું.

૭. ક્રિ. વિ. અનિયમિત રીતે.

અનિયમનિયમા [સં. અનિયમ (નિયમ વગરનું) + નિયમા (નિયમવાળી)] સ્ત્રી. અનિયમજ જેનો નિયમ છે તેવી ઈશ્વરની અદ્‌ભુત માયા.

અનિયમિત ૧. [સં. અ (નહિ) + નિયમિત (નક્કી કરેલ)] વિ. અનિશ્ચિત; નક્કી નહિ કરેલ.

૨. [સં. અ (નહિ) + નિયમિત (નિયમવાળું)] વિ. અવ્યવસ્થિત; નિયમ વગરનું.

૩. [સં. અ (નહિ) + નિયમિત (સ્થિર)] વિ. અસ્થિર; ચંચળ.

૪. વિ. ઓછું; ન્યૂનું.

૫. [સં. અ (નહિ) + નિયમિત (પ્રમાણેસર)] વિ. નિયમ બહારનું; ગેરપ્રમાણેસર.

૬. [સં. અ (નહિ) + નિયમિત (બંધાયેલ)] વિ. નિયમથી નહિ બંધાયેલ; કાયદાથી મુક્ત.

અનિયમિત કૌલ [સં. અનિયમિત (ગેરપ્રમાણેસર) + કૌલ (રમત)] સ્ત્રી. ગેરપ્રમાણેસર રમત; લુચ્ચાર.

અનિયમિત ચીરો [અનિયમિત (રીત વિનાનો) + ચીરો (ચીરવું)] વિ. કૂદી વિરુદ્ધ ધરેલે મોરું.

અનિયમિત જન્મતા [સં. અનિયમિત (નિયમ વિનાનું) + જન્મતા (જંતુ)] સ્ત્રી. ગેરપ્રમાણેસર જંતુણી.

અનિયમિતતા ૧. [સં. અનિયમિત (અનિશ્ચિત) + તા (પણું)] સ્ત્રી. અનિશ્ચિતપણું નક્કી ન હોવાપણું.

૨. [સં. અનિયમિત (અવ્યવસ્થિત) + તા (પણું)] સ્ત્રી. ચાલ્યાકરાવ્યાવાળી સ્થિતિ; અવ્યવસ્થા.

૩. [સં. અનિયમિત (અસ્થિર) + તા (પણું)] સ્ત્રી. ચંચળતા; અસ્થિરપણું.

૪. સ્ત્રી. ઓછપાઈ; ન્યૂનાઈ.

૫. [સં. અનિયમિત (ગેરપ્રમાણેસર) + તા (પણું)] સ્ત્રી. નિયમ વિરુદ્ધ વર્તન; ગેરપ્રમાણેસરપણું.

૬. [સં. અનિયમિત (કાયદાથી મુક્ત) + તા (પણું)] સ્ત્રી. નિયમથી નહિ બંધાયેલ હોવાપણું; કાયદાથી છુટાપણું.

અનિયમિત તાવ [સં. અનિયમિત (નિયમ વગરનું) + તાપ (તાવ)] પું. (વૈદક) રહી-રહીને આવતો તાવ; વિષમજ્વર.

અનિયમિત પવન [સં. અનિયમિત (નિયમ વગરનું) + પવન (વા)] પું. વગર નિયમે વાતો પવન.

અનિયમિત બહુકોષ પું. (પ્રાણિ) બધા ભૂણા સરખા ન હોય તેવો બહુકોષ.

અનિયમિત ભૂતકાળ [સં. અનિયમિત (નિયમ વિનાનું) + ભૂતકાળ (જે નામનો ભેદ કાળ)] પું. (વ્યાકરણ) મુખ્ય છ કાળ પૈકીનો જે નામનો ભેદ. જેના પ્રત્યયો તો, તી, તું, તાં, તાં છે.

અનિયમિત રાજસત્તા [સં. અનિયમિત (અનિશ્ચિત) + રાજન્ (રાજા) + સત્તા (અધિકાર)] સ્ત્રી. રાજાની સત્તા કાયદાથી નિયમિત ન હોય તેવું રાજતંત્ર.

અનિયમિત વર્તમાનકાળ [સં. અનિયમિત (નિયમ વિનાનું) + વર્તમાનકાળ (જે નામનો ભેદ કાળ)] પું. (વ્યાકરણ) મુખ્ય છ કાળ પૈકીનો જે નામનો ભેદ. જુઓ કાળ.

અનિયમિતાર્તવ [સં. અનિયમિત (અનિશ્ચિત) + આર્તવ (સ્ત્રીસ્રાવ)] પું. (વૈદક) આર્તવ નિયમિત ન આવે એવો રોગ.

અનિયંત્રણ ૧. [સં. અ (નહિ) + નિયંત્રણ (બંધન)] વ. કાબૂ પ્રમાણે વર્તના; બીજાથી નહિ દોરવાવાપણું; સ્વચ્છંદ.

૨. [સં. અ (નહિ) + નિયંત્રણ (અંકુશ)] વ. નિરંકુશપણું; સ્વતંત્રતા.

અનિયંત્રણતા જુઓ અનિયંત્રણ.

અનિયંત્રિત ૧. [સં. અ (નહિ) + નિયંત્રિત (સીમાવાળું)] વિ. અસીમ; બેહદ.

૨. [સં. અ (નહિ) + નિયંત્રિત (કાબૂમાં રખાયેલું)] વિ. કાબૂમાં નહિ રખાયેલું; કાબૂ વગરનું; નિરંકુશ.

૩. વિ. નિયમ વગરનું; અનિયમિત.

૪. [સં. અ (નહિ) + નિયંત્રિત (ગોઠવેલ)] વિ. મનમાન્યું; મરોજિયું.

અનિયંત્રિતતા જુઓ અનિયંત્રણ.

અનિયંત્રિત વ્યાપાર [સં. અનિયંત્રિત (નિરંકુશ) + વ્યાપાર (વેપાર)] પું. બિનજકાતી વેપાર; નિરંકુશ વ્યાપાર.

અનિયંત્રિત સંમતિ [સં. અનિયંત્રિત (બળ કે પ્રલોભનથી) + સંમતિ (મંજૂરી)] સ્ત્રી. પ્રલોભનથી આપેલી મંજૂરી.

અનિયંત્ર્ય [સં. અ (નહિ) + નિયંત્ર્ય (નિયમમાં રાખવા જેવું)] વિ. અંકુશમાં નહિ રાખવા જેવું.

અનિરુદ્ધ પું. (પુરાણ) એ નામનો એક યોદ્ધો; રાજા બાણની યોદ્ધાગણનો પણ.

અનિરુક્ત ૧. [સં. અ (નહિ) + નિરુક્ત (નિર્ણય)] પું. ન્યાયપીઠ તરીકે જેની નિમણૂક ન થઈ હોય અને જેને મત આપવાનો હક્ક ન હોય એવો પંચનો સભ્ય.

૨. [સં. અ (નહિ) + નિરુક્ત (જોડેલું)] વિ. નહિ જોડાયેલ.

૩. વિ. નહિ નિમાયેલું.

અનિરોજિત ૧. [સં. અ (નહિ) + નિરોજિત (નામેરું)] વિ. અનધિકૃત; નહિ નિમાયેલ.

૨. વિ. ઉપદેશ નહિ કરેલ.

૩. વિ. નહિ જોડાયેલું; અસંયુક્ત.

અનિરુદ્ધ પું. (પિંગળ) પહેલા અને બીજા ચરણમાં નગણ, ભગણ, સગણ, ભગણ અને ગુરુ એમ ૧૨ અક્ષર, તથા બીજા અને ચોથા ચરણમાં નગણ, ભગણ, ભગણ, ભગણ અને ગુરુ એમ ૧૨ અક્ષરવાળો અક્ષરોનું બંધારણ એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ.

અનિરાકરણ ૧. [સં. અ (નહિ) + નિરાકરણ (ખંડન)] ન. અખંડન; વાદ કે કલેશનો રહિયો નહિ આપવાપણું.
૨. [સં. અ (નહિ) + નિરાકરણ (અભાવ)] ન. અટકાવ ન કરવો તે; નિનરોધત.
૩. ન. પરિશ્રમ કે ઊહો નહિ આવેલ હોવાપણું.
૪. ન. સમાધાનીનો અભાવ.

અનિરાકરણીય ૧. [સં. અ (નહિ) + નિરાકરણીય (અટકાવી શકાય એવું)] વિ. અટકાવ ન થઈ શકે એવું; નિવારી ન શકાય એવું.
૨. [સં. અ (નહિ) + નિરાકરણીય (ખંડન કરાય એવું)] વિ. ખંડન ન થઈ શકે એવું.

અનિરાકર્તૃ વિ. (અનિરસ્) સંપ્રકલનના બધુ પ્રકાર બાંધેનો એ નામનો એક; નિરાકરણ ન કરનાર.
'તે સૂર્યને અર્ઘ આપે છે.' આમાં સૂર્ય પૂજની પ્રાર્થના કરતો નથી કે નિરાકરણ પણ કરતો નથી. તેથી સૂર્યને લક્ષિને અનિરાકર્તૃ (નિરાકરણ ન કરનાર) સંપ્રદાન કહ્યું છે.
બૃહદ્ અનુવાદ

અનિરાકૃત ૧. [સં. અ (નહિ) + નિરાકૃત (ખંડન કરેલું)] વિ. ખંડન નહિ કરાયેલું.
૨. [સં. અ (નહિ) + નિરાકૃત (અટકાવેલું)] વિ. રોકવા વગરનું; નહિ અટકાવેલું.

અનિરીક્ષ [સં. અ (નહિ) + નિરીક્ષ (જોઈ શકાય તેવું)] વિ. નિરીક્ષણ ન થઈ શકે એવું; જોઈ ન શકાય એવું.

અનિરુક્ત ૧. [સં. અ (નહિ) + નિરુક્ત (વિવેચન)] વિ. વ્યાખ્યા ન થઈ શકે એવું; વાણીથી વર્ણન ન કરી શકાય એવું.
૨. [સં. અ (નહિ) + નિરુક્ત (જોવાયેલું)] વિ. સ્પષ્ટ નહિ ઉચ્ચારાયેલું; અસ્પષ્ટ.
૩. [સં. અ (નહિ) + નિરુક્ત (વ્યુત્પત્તિ)] વિ. સ્પષ્ટ નહિ સમજાવેલું; જેની વ્યુત્પત્તિ સ્પષ્ટ ન કરી હોય એવું.

અનિરુક્તજ્ઞાન [સં. અનિરુક્ત (અસ્પષ્ટ) + જ્ઞાન] ન. અસ્પષ્ટ જ્ઞાન; સ્પષ્ટ જોવેલના જ્ઞાનનો એક પ્રકાર.

અનિરુદ્ધ ૧. પું. અહંકાર.
પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ (અહંકાર) થયો.
ગીતાતત્ત્વસ્વ
૨. પું. (પુરાણ) એ નામનો એક શિલ્પશાસ્ત્રી. ભૃગુનો શિષ્યપદ.
૩. પું. (જ્યોતિષ) સપ્તપુરુષ નક્ષત્રનો એ નામનો એક તારો; 'ઓરિયોનિસ'.
૪. પું. ચિત્તનો અધિષ્ઠાતા દેવ.
૫. પું. કૃષ્ણ; બલરામ.
૬. [સં. અ (નહિ) + નિરુદ્ધ (રોકેલું)] પું. પરમાત્મા, કેમકે તેનો નિરોધ થતો નથી.
૭. પું. વૃદ્ધ.
૮. પું. વિષ્ણુનાં ઉત્તર નામ ધરાવતું એક. ઉત્પત્તિ વખતે કોઈથી નિરુદ્ધ ન થયા તેથી, તેમજ શત્રુઓથી કદી અટકાવી શકાતા નથી તેથી, તે અનિરુદ્ધ કહેવાય છે.
૯. પું. શિવ.
૧૦. પું. (પુરાણ) શ્રીકૃષ્ણના દીકરા પ્રદ્યુમ્નને એ નામનો એક દીકરો. બાણાસુરની દીકરી ઉષા તેની સાથે પ્રેમમાં પડી અને પોતાના બાપના ગામ શોણિતપુરમાં પોતાના ઓરડામાં અનિરુદ્ધને તે જાદુથી લાવી. બાણાસુરે અનિરુદ્ધને પકડવા માટે લશ્કરો મોકલ્યા, પણ તે બધાને અનિરુદ્ધે બહુ વડે મારી નાખ્યા. છેવટે તે જાદુથી પકડાયો. ત્યારે કૃષ્ણ, બલરામ અને પ્રદ્યુમ્ને બધા ભેગા થઈ, ત્યારે તેઓ અનિરુદ્ધને છોડે કરાવવા બધા બાણાસુર સામે લડ્યા. બાણાસુરને શિવની અને સ્કંદની મદદ હતી, તોપણ તે હાર્યો અને શિવના વચ્ચે પડવાથી તેની જિંદગી બચી. ઉષા અનિરુદ્ધને પરણી અને તેઓ દ્વારકા ગયાં. અનિરુદ્ધને રુકમી રાજાની દીકરી રોચના નામની બીજી એક સ્ત્રી હતી.
૧૧. ન. લોહું.
૧૨. વિ. અટકાવ વિનાનું; નહિ અટકાવેલ; રોકવા વગરનું.
૧૩. વિ. નિરંકુશ; લગ્ન વિનાનું.
૧૪. વિ. સ્વચ્છંદી; પોતાની મરજી પ્રમાણે વર્તનાર.
૧૫. વિ. સ્વતંત્ર; મુક્ત.

અનિરુદ્ધપથ ૧. [સં. અનિરુદ્ધ (અટકાવ વિનાનું) + પથ (રસ્તો)] પું. આકાશ.
૨. પું. ખુલ્લો રસ્તો; અટકાવ વિનાનો માર્ગ.

અનિરુદ્ધપ્રભ ૧. [સં. અનિરુદ્ધ (અટકાવ વિનાનું) + પ્રભ (ઉદ્યું જ્ઞાન પ્રકાશવાળા)] પું. (જૈન) તીર્થંકર તથા કેવળી, જેમને તેમની ખુદ્ધિ સામા રસ્તેથી જરા પણ અટકી નથી.
૨. વિ. સ્થિર બુદ્ધિવાળું.

અનિરુદ્ધવધૂવિની [સં. અનિરુદ્ધ (પ્રદ્યુમ્નનો દીકરો) + વધૂવિની (સ્ત્રીવાચી સ્ત્રી)] સ્ત્રી. એ નામની અનિરુદ્ધની સ્ત્રી; ઉષા.

અનિરુદ્ધવધૂસૂક્ત [સં. અનિરુદ્ધ (સ્વામ) + વધૂ (સ્ત્રી) + સૂક્ત (સૂક્ત)] પું. બાણાસુરના ઘર વધૂમાંનું એક સ્વરૂપ. પ્રથમ સૂક્ત તેનું કાર્ય છે.
શક્તિ + તેજવાળું રૂપ તે અનિરુદ્ધવધૂસૂક્ત.
અનુવાદ

અનિરોધ્ય [સં. અ (નહિ) + નિરોધ્ય (અટકાવી શકાય તેવું)] વિ. અટકાવ ન થઈ શકે એવું; અટકાવી ન શકાય એવું.

અનિરૂપિત [સં. અ (નહિ) + નિરૂપિત (નક્કી કરાયેલ)] વિ. અનિશ્ચિત; અનિર્ણીત.

અનિરોધ ૧. [સં. અ (નહિ) + નિરોધ (રોક)] પું. નિરંકુશપણું.
૨. પું. સ્વતંત્રતા.

અનિર્ગત [સં. અ (નહિ) + નિર્ગત (બહાર નીકળેલું)] વિ. બહાર નહિ નીકળેલું.

અનિર્ણય ૧. [સં. અ (નહિ) + નિર્ણય (નિશ્ચય)] પું. અનિશ્ચય; અનિશ્ચિતતા.
૨. પું. નિશ્ચય થવા વિનાની સ્થિતિ; હોવાનો અભાવ.

અનિર્ણયવાદ [સં. અ (નહિ) + નિર્ણય (નિશ્ચય) + વાદ (મત)] પું. અજ્ઞાનવાદ; મનુષ્ય ખરા જ્ઞાનથી અજાણ્યો છે એવો વાદ; સંશયવાદ.

અનિર્ણાયક [સં. અ (નહિ) + નિર્ણાયક (નિશ્ચય કરનું)] વિ. નિશ્ચય નહિ કરનું; નિર્ણય ન કરનાર.
બીજા શબ્દો: અનિર્ણાયક પ્રમાણોથી જે સંભાવના થઈ શકે તેનાથી સંતોષ માનવાનો છે.
પુરાતત્ત્વ

અનિર્ણીત ૧. [સં. અ (નહિ) + નિર્ણીત (નક્કી કરેલ)] વિ. નિર્ણય કરાયો ન હોય એવું; નક્કી નહિ કરેલું; નિરાકરણ થયા વગરનું.
૨. વિ. પૂરું ન થયું હોય તેવું; અપૂર્ણ.

અનિર્ણીતભેળી [સં. અનિર્ણીત (નક્કી નહિ કરેલ) + ભેળી (હાર)] સ્ત્રી. મુલતવી રાખવાની સુલભવસ્તુ.

અનિર્ણેય [સં. અ (નહિ) + નિર્ણેય (નિશ્ચય થઈ શકે એવું)] વિ. નિશ્ચય કે ખાત્રી ન થઈ શકે એવું.

અનિર્દેશ [સં. અ (નહિ) + નિર્દેશ (કશું ચિહ્ન બતાવી બોલવું)] વિ. કશાનો કશા ચિહ્ન વડે ન હોય એવું.

અનિર્દેશ્યા [સં. અ (નહિ) + નિર્દેશ (કશું ચિહ્ન બતાવી શકાય એવું) + આ (સ્ત્રીલિંગે પ્રત્યય)] વિ. સ્ત્રી. વિશ્વરૂપને કશા ચિહ્ન વડે ન બતાવી શકાય તેવી. આ શબ્દનો પ્રયોગ ખાસ કરીને ગાવના સંબંધમાં થાય છે. આવી ગાયનું દૂધ પીવું નિષિદ્ધ છે.

અનિર્દિષ્ટ ૧. [સં. અ (નહિ) + નિર્દિષ્ટ (નક્કી કરેલ)] વિ. અનિશ્ચિત; નક્કી નહિ કરેલ.

૨. વિ. અસીમ; હદ વગરનું.
૩. વિ. અરજદ.
૪. વિ. મોક્ષ સદૃશ નિત્યનું.
૫. [સં. અ (નહિ) + નિર્દિષ્ટ (બતાવેલું)] વિ. નહિ બતાવેલું; નહિ સૂચવેલું.

અનિર્દેશ ૧. [સં. અ (નહિ) + નિર્દેશ (આજ્ઞા)] પું. આજ્ઞા ન હોવાપણું.
૨. પું. ઉલ્લેખનો અભાવ; સૂચિત ન હોવું તે.
૩. ન. અજ્ઞાનભાવ; મન-વાણીથી અગોચર
[redacted]
૪. ન. અમોક્ષ કેવાયું.

સહજાનંદ સ્વામી પોતાના સર્વે પ્રયોગ પોતાનું સ્થાન અનિર્દેશ બતાવતા; અનિર્દેશની છેલ્લામિતિમ સ્વામી થી ૭ સહજાનંદજી મહારાજના સર્વે સાધનો આઈ આઈ બાલવાનું બાંધતો. ઇ. સા. પરિચય

૫. [સં. અ (નહિ) + નિર્દેશ (નિરૂપણ)] ન. પરા, જેમાં તેનું વર્ણન થઈ શકતું નથી.

અનિર્દેશ્ય ૧. [સં. અ (નહિ) + નિર્દેશ્ય (વર્ણન થઈ શકે એવું)] ન. પરા; પરમાત્મા, જેમાં તેનું વર્ણન થઈ શકતું નથી.
૨. વિ. અજ્ઞાનતા; અનનુભવ; જેની બરાબર કોઈ ન હોય એવું; અદ્વિતીય.
૩. વિ. વર્ણન ન થઈ શકે એવું; અવર્ણનીય; અનિર્વચનીય; અજ્ઞેય.

અનિર્દેશ્યવપુ [સં. અનિર્દેશ્ય (અવર્ણનીય) + વપુ: (શરીર)] પું. વિષ્ણુનાં સુંદર નામ માંહેનું એક. સુષુપ્તિથી રહિત હોવાથી જેમનું રૂપ અમુક પ્રકારનું છે એવો નિશ્ચય થતો નથી, માટે તે અનિર્દેશ્યવપુ કહેવાય છે.

અનિર્ધારણીય જુઓ અનિર્ણેય.

અનિર્ધારિત [સં. અ (નહિ) + નિર્ધારિત (નક્કી કરેલ)] વિ. અયોજેલ; નક્કી નહિ કરેલું.

અનિર્ધાર્ય ૧. [સં. અ (નહિ) + નિર્ધાર્ય (નક્કી કરવા જેવું)] વિ. નક્કી નહિ કરવા જેવું; નિશ્ચય કરવા લાયક નહિ એવું.
૨. વિ. વર્ણન ન થઈ શકે એવું; અજ્ઞેય.

અનિર્ણય ૧. [સં. અ (નહિ) + નિર્ણય (આગ્રહ)] પું. આગ્રહનો અભાવ.
૨. વિ. હાથ પગરનું; બંધન વિનાનું.
૩. [સં. અ (નહિ) + નિર્ણય (પરાધીન)] વિ. સ્વતંત્ર; સ્વાધીન.

અનિર્ણયનીય ૧. [સં. અ (નહિ) + નિર્ણયનીય (આગ્રહ કરવા લાયક)] વિ. આગ્રહ નહિ કરવા જેવું.
૨. [સં. અ (નહિ) + નિર્ણે (પાકવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. બંધનમાં ન આવે એવું.

અનિર્ણેર [સં. અ (વિશેષ આગ્રહપૂર્વક ઉપરનું) + નિર્ણેર (પાકવું)] વિ. ચોક્કસ બનાવ.

અનિર્ણેશ પું. (પિંગલ) દરેક ચરણમાં સગણ, ગણ, ગુરુ અને ગુરુ મળી ૮ અક્ષરનો અનુષ્ટુપની જાતનો એક છંદ.

અનિર્ણેય ૧. [સં. અ (નહિ) + નિર્ણેય (વિચારવાલાયક)] પું. નિશ્ચયકરવાની; કૃતકત્વ.
૨. વિ. નિશ્ચયકરાયા; કૃતક.

અનિર્ણેય [સં. અ (નહિ) + નિર્ણય (નક્કી નિશ્ચય)] વિ. અનિશ્ચયવાળું; ચોક્કસ; કોયડા.

અનિર્ણેત [સં. અ (નહિ) + નિર્ણેત (સ્પષ્ટ)] વિ. અસ્પષ્ટ; ગૂંચવાળું.

અનિર્ણેતત્વ [સં. અ (નહિ) + નિર્ણય (સ્પષ્ટ) + ત્વ (પણું)] સ્ત્રી. ગૂંચવણ; અસ્પષ્ટ-પણું; અસ્પષ્ટતા.

અનિર્ણિક્ત ૧. વિ. નક્કીપણું નહિ તે; અનોખાપણું.
૨. [સં. અ (નહિ) + નિર્ણિક્ત (સ્પષ્ટ)] વિ. નહિ સ્પષ્ટેલું; નહિ સમજેલું.

અનિર્ણિત ૧. [સં. અ (નહિ) + નિર્ણિત (નક્કી થયેલું)] વિ. નક્કી નહિ કરેલું; નિર્ણય કર્યા વગરનું; નક્કીમેલું નહિ એવું.
૨. [સં. અ (નહિ) + નિર્ણિત (સમજેલું)] વિ. નહિ સમજેલું; અજ્ઞાત.

અનિર્ણેય [સં. અ (નહિ) + નિર્ણેય (પૂરેપૂરો બોધ)] પું. પૂરેપૂરા બોધનો અભાવ; સંપૂર્ણ છુટકારો ન થવાપણું.

અનિર્વચનીય [સં. અ (નિરર્થક વપરાતો ઉપસર્ગ) + નિર્ (નહિ) + વંચનીય (બોલવા લાયક તેવું)] વિ. બોલવાને ન લાયક તેવું.

અનિર્વચન ૧. ન. અજ્ઞાન; જ્ઞાનનો અભાવ.
૨. [સં. અ (નહિ) + નિર્વચન (વ્યાખ્યા)] ન. વ્યાખ્યાનો અભાવ; બોલવા રૂપ અનુભવી ન લાયક એવું હોવાપણું.
૩. વિ. અવર્ણનીય; બોલવા રૂપ ન અનુભવી લાયક એવું.
૪. વિ. ટીકા ન થઈ શકે એવું.

અનિર્વચનીય ૧. [સં. અ (નહિ) + નિર્વચનીય (વર્ણન થઈ શકે તેવું)] ન. પરા, જેમાં તેનું વર્ણન થઈ શકતું નથી.
૨. ન. (વેદાંત) માયા; અવિદ્યા.
૩. ન. સંસાર; જગત; દુનિયા, જેમાં તેને સત્ કે અસત્ કહી શકાતી નથી.
૪. [સં. અ (નહિ) + નિર્વચનીય (બોલવા જેવું)] વિ. નહિ બોલવા જેવું.
૫. વિ. વર્ણન ન થઈ શકે એવું; અવર્ણનીય; અજ્ઞાનીય; જેને નિત્ય-અનિત્ય, સત્-અસત્ ન કહેવાય એવું.

અનિર્વચનીયખ્યાતિ [સં. અનિર્વચનીય (વર્ણન ન કરી શકાય એવું) + ખ્યાતિ (જ્ઞાન)] સ્ત્રી. (વેદાંત) ન બોલી શકાય એવું જ્ઞાન; માયાવાદ; ભ્રમવાદ; વિવર્તવાદ. નામ રૂપ ભ્રમવાં એ જેવ પ્રકારનો પ્રકૃતિનો વિસ્તાર છે, માટે નામરૂપાત્મક માયા તે પ્રકૃતિનો વિસ્તાર ભ્રમવાની શક્તિ-વિક્ષેપશક્તિ છે. વિક્ષેપ ભ્રમવા છતાં પણ પ્રકૃતિ અધિષ્ઠાન સત્તા નથી, સર્વદા બાકાત જ રહે છે, માટે ન બાધાતાં છતાં હોવારૂપ જે અજ્ઞાન તે પ્રકૃતિની આવરણશક્તિ. માયા અને અજ્ઞાન તેનું જ નામ અનિર્વચનીય છે; એટલે અનિર્વચનીયખ્યાતિ તે જ વિવર્તવાદ. વિવર્ત એટલે જે વસ્તુ જે રૂપે નથી તે રૂપે તેનો ભાસવો. રજ્જુ પ્રકૃતિરૂપ વસ્તુ, તેનાં વિવર્ત તે જ નામ રૂપ. વિવર્ત શું છે, કેમ થયો, ક્યાંથી થયો એ સર્વ અનિર્વચનીય; માટે આ ખ્યાતિનું નામ અનિર્વચનીયખ્યાતિ કે વિવર્તવાદ. ઉદાહરણ:—'છીપમાં રૂપું દેખાય છે' એટલે ભ્રમથી છીપમાં અનિર્વચનીય રૂપની ઉત્પત્તિ થાય છે એમ માનવું તે. રજત રૂપના અનુભવજન્ય સંસ્કારવાળા પુરુષના ચક્ષુ ઇન્દ્રિયને ક્યારે મોહ આવતા પોતી છીપની સાથે સંયોગ થાય છે, તે વખતે અજ્ઞાનદ્વારા બહાર નીકળેલા અંતઃકરણની તે છીપમાં રજતાકાર એટલે આ આકાર તથા આવરિત રૂપે વૃત્તિ ઉત્પન્ન થાય છે. તે આવરિતસ્વરૂપ સાક્ષાત્કાર કહેનથી પ્રથમ જોયેલા રૂપના સંસ્કાર જાગ્રત થાય છે. છીપના પોતાના નીલરક્ત ચિદ્રોપાકૃતિ વગેરે ખાસ અંશને ઢાંકી દેનારી અવિદ્યા કે અજ્ઞાન દોષ પામીને રજતાકાર પરિણામને પામે છે તથા રજત વિષયક જ્ઞાનરૂપ પરિણામને પામે છે. એનું નામ વિવર્તવાદ કે અનિર્વચનીયખ્યાતિ.

અનિર્વચનીયતા [સં. અનિર્વચનીય (વર્ણવી ન શકાય તેવું) + તા (પણું)] સ્ત્રી. વર્ણવી ન શકાય એવું હોવાપણું; અનિર્વાચ્યતા.

અનિર્વચનીયનિહારિકા [સં. અનિર્વચનીય (વર્ણવી ન શકાય એવું) + નિહારિકા (આકાશમાં દૂધના ઢગલા જેવો દેખાતો)] સ્ત્રી. (જ્યોતિષ) આકાશમાં દૂરનો એક પ્રકારનો ઉપગ્રહ જેવ-

પુંજ. મોટા દૂરબીનમાંથી જોવા જતાં તેના વિસ્તાર દેખાતા નથી, અને તે એક હોય એવો લાગે છે; 'હરીઝોંટેલ્સ નેબ્યુલા'.

અનિર્વાચ્ય ૧. [સં. અ (નહિ) + નિર્વાચ્ય (વર્ણવવા જેવું)] વિ. અકથનીય; વર્ણન ન થઈ શકે એવું; અનિર્વચનીય.
૨. [સં. અ (નહિ) + નિર્વાચ્ય (જોવાને જેવું)] વિ. નહિ જોવાના લાયક.
૩. વિ. જોવાય જતાં ન જોવાય એવું.

અનિર્વાચ્યતા જુઓ અનિર્વચનીયતા.

અનિર્વાણ ૧. [સં. અ (નહિ) + નિર્વાણ (મોક્ષ)] સ. મોક્ષનો અભાવ.
૨. [સં. અ (નહિ) + નિર્વાણ (ઠરીને મારવું)] વિ. નહિ ખોમેલું; નહિ નાહેલું; સાજ કર્યા વગરનું.

અનિર્વાચ્ય [સં. અ (નહિ) + નિર્વાચ્ય (સાવ થઈ રહે એવું)] વિ. શાંત ન થઈ રહે એવું; ઝુકાવી ન શકાય એવું.

અનિર્વાણ ૧. પું. અગ્નિ; પૂરું ન થયું તે; અસિદ્ધિ; કાર્યસિદ્ધિનો અભાવ.
૨. [સં. અ (નહિ) + નિર્વાહ (ગુજરાન)] પું. ગુજરાનનું સાધન ન હોવાપણું; નિર્ધનતા; કંગાલિયત; કરીનાર્ઈ.
૩. [સં. અ (નહિ) + નિર્વાહ (પૂરો કરવા-પણું)] પું. છટકો ન આવવો તે.

અનિર્વિણ્ણ ૧. પું. વિષ્ણુનો હલકા નામ માંહેનું એક. પૂર્ણકામ હોવાથી તેમને નિર્વેદ એટલે ઉદાસીનતા નથી, તેથી તે અનિર્વિણ્ણ કહેવાય છે.
૨. [સં. અ (નહિ) + નિર્વિણ્ણ (કંટાળેલ)] વિ. નહિ થાકેલ; કંટાળ્યા વગરનું.

અનિર્ઋતિ ૧. [સં. અ (નહિ) + નિર્ઋતિ (શાંતિ)] સ્ત્રી. અસ્વસ્થતા; બેચેની; અશાંતિ.
૨. સ્ત્રી. કરીનાર્ઈ; દરિદ્રતા; અનિર્વાહ.
૩. સ્ત્રી. ચિંતા.

અનિર્વેદ ૧. [સં. અ (નહિ) + નિર્વેદ (નિરાશા)] પું. નિરાશા નહિ હોવાપણું.
૨. [સં. અ (નહિ) + નિર્વેદ (વૈરાગ્ય)] પું. વૈરાગ્યનો અભાવ; અવિરક્તિ.
૩. પું. સ્વાત્મારામતા; આત્મવિશ્વાસ.

અનિર્વેદવાદ [સં. અ (નહિ) + નિર્વેદ (નિરાશા) + વાદ (મત)] પું. આશાવાદ; સુખવાદ; જે થાય તે બધું સારાને માટે જેવી માન્યતા; સર્વસુખવાદ.

અનિર્વેદવાદિની ૧. [સં. અનિર્વેદવાદ (આશાવાદ) + ઇન્ (વાદું) + ઈ (સ્ત્રી-પ્રત્યય)] સ્ત્રી. આશાવાદમાં માનનારી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. આશાવાદમાં મનાવાળી; સુખ-વાદિની.

અનિર્વેદવાદી [સં. અનિર્વેદવાદ (આશાવાદ) + ઇન્ (વાદું)] વિ. આશાવાદી; સુખવાદમાં માનવાવાળું.

અનિલ ૧. પું. બાર વસુ માંહેનો એ નામનો પાંચમો.
૨. પું. એ નામનો એક વસુ, જેમાં સાત સબ્બે હોય છે. યુગ્મો વસુ.
૩. પું. એ નામનો મરુતનો પુત્ર.
૪. પું. ભોજવૃષ્ણિની સંખ્યાસૂચક સંજ્ઞા.
૫. પું. (વિશ્વ) દરેક મરુતમાં સબ્બે, મબ્બે, નબ્બે વસુ અને મુખ મળી ૧૧ બારનો બિનુકુળી બલનો એ નામનો સમરૂપ વર્ણમેળ છંદ.
૬. પું. નવ વસુ પૈકે માંહેનો એ નવમનો એક.
૭. પું. (જૈન) અવસર્પિણના અર્ધ ચોરાસીના એ નામના સત્તરમા તીર્થંકર.
૮. પું. (જૈન) અવનપતિ દેવોની દસ માંહેનો એ નામની એક જાતિ.
૯. પું (જ્યોતિષ) મિથુન રાશિનો એ નામનો તારો; 'કેસ્ટા જેમિનોરમ'.
૧૦. પું. 'વ' અક્ષર.
૧૧. [સં. અન્ (ચાલવું)] પું. વાયુ; પવન; પંચમહાભૂત માંહેનું એ નામનું એક.

> ચેતન સદાગતિ મરુત હરિ
> અમૃત જગત પરાણ,
> અનિલ પ્રભંજન વંજનદ
> નવસ્વર પવન પ્રમાણ. — નિઘંટુશેષ

૧૨. પું. વાયુ દેવતા.
૧૩. પું. (પુરાણ) વાયુના અંશો. તે ઓગણ-પચાસ છે.
૧૪. પું. (વૈદક) વાયુના વિકારને લીધે થતો રોગ; વાતરોગ.
૧૫. [સં. અન્ (નહિ) + કલન (પ્રેરણા કરનાર); અન્ (નહિ) + ઇલ (ચલન); અ (નહિ) + નિલ (ચલન)] પું. વિષ્ણુનાં હલકા નામ માંહેનું એક. તે પ્રેરણા કરતા ન હોવાથી, નિત્ય પ્રભુકાજ હોવાથી, ચલન નહિ હોવાથી એટલે આપોને સુલભ હોવાથી, તેમનું કોઈ નિશ્ચિત નિવાસસ્થાન નહિ હોવાથી, તે અનાદિ હોવાથી, કાર્ય ન કરવાના કારણથી કોઈ જ મોટા કરવાથી તે અનિલ કહેવાય છે.
૧૬. પું. વૃષ્ણિવંશનો પુત્ર એ નામનો એક યદુવંશ.
૧૭. પું. શરીરમાં રહેલ વાયુ; શરીરના ત્રણ દોષમાંનો એ નામનો એક.
૧૮. પું. શિવ; શંકર; મહાદેવ.
૧૯. પું. (જ્યોતિષ) સ્વાતિ નક્ષત્ર.

અનિલકુમાર ૧. [સં. અનિલ (પવન) + કુમાર (પુત્ર)] પું. પવનકુમાર; હનુમાન.
૨. પું. (જૈન) ભવનપતિ દેવતાનો એ નામનો એક ભેદ.
૩. પું. ભીમ; અનિલાત્મજ.

અનિલજ ૧. [સં. અનિલ (વાતદોષ) + જ (નાશ કરનાર)] સ. જહેનું, જેમાં તે વાયુનો નાશ કરનાર બનાવ છે.
૨. વિ. વાતજ; શરીરના વાતદોષને વધારનાર; વાયુ મટાડનાર.

અનિલજાક ૧. સ. જહેનાનું કામ.
૨. [સં. અનિલ (વાયુરોગ) + જ (હણ-નાર) + ક (એવો જે અર્થ બતાવનાર પ્રત્યય)] સ. જહેનું. જેમાં વાયુ નાશ કરવાનો ગુણ હોવાથી તેને અનિલજાક કહે છે.

અનિલનાશી [સં. અનિલ (વાયુરોગ) + નાશિન્ (નાશ કરનાર)] સ્ત્રી. સિંધક નામની વનસ્પતિ. તેમાં વાયુરોગ દૂર કરવાનો ગુણ હોવાથી તે અનિલનાશી કહેવાય છે.

અનિલપર્યય [સં.] પું. પોપચાં અને આંખના ભાગના ભાગ ઉપર ઝટો સોળે તથા ફુલાવો.

અનિલપ્રકૃતિ ૧. પું. (જ્યોતિષ) શનિગ્રહ.
૨. [સં. અનિલ (વાયુ) + પ્રકૃતિ (ગુણ)] વિ. વાયુપ્રકૃતિવાળું; શરીરમાં વાયુનો વિકાર હોય એવું.

અનિલબંધુ [સં. અનિલ (પવન) + બંધુ (મિત્ર)] પું. અનિલસખા; પવન છે મિત્ર જેનો તે એટલે કે અગ્નિ.

અનિલભક્ષ ૧. પું. સાપ; નાગ, કેમકે તે પવન ખાઈને રહેતો મનાય છે.
૨. વિ. ઉપવાસી.
૩. [સં. અનિલ (પવન) + ભક્ષ (ખોરાક)] વિ. વાયુનો આહાર કરનાર; તપસ્વી.

અનિલયન ૧. [સં. અ (નહિ) + નિલયન (ઘર)] સ. ઘરબાર વગરની સ્થિતિ.
૨. [સં. અ (નહિ) + નિલયન (વિનાશ)] વિ. અવિનાશી.

> આરે આ તે આકાશ, અવકાશ, અનિલયન
> અનિલયનમાં અવકાશ પ્રતિક્ષા ગિલવે છે, આરે
> તે અવકાશે પ્રાપ્ત કરનાર થાય છે.

બેટાલાલ શાહ

૩. [સં. ન (નહિ) + નિલય (આશ્રય)] વિ. કોઈના આધારની અપેક્ષા રાખનું; અનાધાર.

અનિલલહર [સં. અનિલ (પવન) + લહરી (ભેદનું)] સ્ત્રી. પવનની લહરી; પવનનું ફરકવું; વાયુનો તરંગ.

અનિલવ્યાધિ [સં. અનિલ (પવન) + વ્યાધિ (રોગ)] પું. વાતરોગ.

અનિલશત્રુ [સં. અનિલ (વાયુરોગ) + શત્રુ (દુશ્મન)] પું. એરંડો નામની વનસ્પતિ. તે વાતરોગ દૂર કરનાર મનાય છે.

અનિલસખ સુખો અનિલબંધુ.

અનિલા પું. (પિંગલ) દરેક ચરણમાં ૪ ગણ એટલે ૧૬ માત્રાનો અને ૧, ૫ ને તથા ૧૩ માત્રાએ તાલવાળો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણને છેડે ૨ લઘુ હોય છે.

અનિલાત્મજ ૧. પું. ભીમ, કેમકે તે વાયુના મંત્રબળાવથી કુંતીને પેટે અવતર્યો હતો.
૨. [સં. અનિલ (પવન) + આત્મજ (દીકરો)] પું. વાયુનો દીકરો હનુમાન.

અનિલામય ૧. [સં. અનિલ (વાયુ) + આમય (રોગ)] પું. વાતરોગ.
૨. પું. વાયું પડવાનો રોગ.

અનિલાયન [સં. અનિલ (પવન) + અયન (ગતિ)] પું. પવનનો રસ્તો.

અનિલારિ સુખો અનિલશત્રુ.

અનિલારિરસ [સં. અનિલ (વાયુ) + અરિ (દુશ્મન) + રસ (પ્રવાહી દ્રવ્ય)] પું. (વૈદ્ય) વાતરોગમાં વપરાતું એક નામનું એક ઔષધ. તેને બનાવવા માટે પારો તોલો એક તથા ગંધક તોલા બેની કજલી કરી, તેને એરંડાના મૂળ તથા નગોડના રસની એકેક ભાવના આપી, ગોળાના સંપુટમાં મૂકી વાલુકાયંત્રમાં ભાઠાના કેવતથી પકાવવી. ઠંડા થયા પછી બહાર કાઢી લઈ નગોડ, એરંડાનું મૂળ તથા ત્રિફળાના ક્વાથની એકેક ભાવના આપવી. આ રસની માત્રા ૧ થી ૨ રતિ છે.

અનિલાયન [સં. અનિલ (પવન) + અયન (ખોરાક)] પું. સાપ. સુખો અનિલભક્ષ.

અનિલાશી [સં. અનિલ (પવન) + અશિન્ (ખાનાર)] પું. સાપ. સુખો અનિલભક્ષ.

અનિલાંતક ૧. [સં. અનિલ (વાત) + અંતક (નાશ કરનાર)] પું. એરંડો. જે વાતનો નાશ કરનાર મનાય છે.
૨. પું. વાતરોગનો નાશ કરનાર ઉંધોડી નામની વનસ્પતિ; ગંગારૂપ.

અનિલોદધિ [સં. અનિલ (વાયુ) + ઉદધિ (દરિયો)] પું. વાયુનો સમૂહ; વાતાવરણ.

અનિલોદ્ધતમુખી [સં.] પું. (પિંગલ) અતિજગતીની જાતનો જે નામનો અક્ષરમેળ છંદ. તેમાં નગણ, રગણ, રગણ, નગણ અને ગુરુ મળી ૧૩ અક્ષર હોય છે.
ન ૧ ૧ ૧ ૨ ૧ થી તે અનિલોદ્ધતમુખી.
સ્વરચિત

અનિલોહા [સં.] પું. (પિંગલ) દરેક ચરણમાં રગણ, ભગણ, તગણ, યગણ, રગણ અને ગુરુ મળી ૧૬ અક્ષરનો જે નામનો અક્ષરમેળ છંદ. તે અષ્ટિનો એક ભેદ છે.

અનિવર્ત (અનિવૃ) [સં. ન (નહિ) + નિવર્ત (પાછો ફરવું)] વિ. (પ્રાકૃત) અટકાયતી કે રોકી ન શકાય એવું.

અનિવર્તી ૧. પું. (જ્યોતિષ) જે નામનો એક મહ.
૨. [સં. ન (નહિ) + નિવર્તન (પાછું ફરવું તે)] પું. (જૈન) મોક્ષ; મુક્તિ.

અનિવર્તન ૧. [સં. ન (નહિ) + નિવર્તન (પાછું ફરવું તે)] ન. અનાવૃત્તિ; મોક્ષ; અનિવર્તી.
૨. વિ. પાછું ન હઠે એવું; દૃઢ.

અનિવર્તી ૧. પું. વિષ્ણુનું ઉત્તર નામ ધરાવતું એક. દેવ-અસુર સંગ્રામમાંથી તે પાછા હઠતા ન હોવાથી, તેમ જ ધર્મથી તે વિમુખ નહિ હોવાથી અનિવર્તી કહેવાય છે.
૨. વિ. તત્પર; એકધ્યાન.
૩ [સં. ન (નહિ) + નિવર્તિન્ (પાછું ફરનાર)] વિ. પાછું ન ફરનારું.
૪. વિ. પીઠ ન દેખાડનાર; વીર; બહાદુર.

અનિવાર ૧. [સં. ન (નહિ) + નિર્ (દૂર) + વ (રાંધવું)] વિ. દૂર ન કરી શકાય એવું; અનિવાર્ય; વારવું શક્ય ન હોય એવું.
૨. [સં. ન (નહિ) + નિવાર્ય (અટકાવી શકાય એવું)] વિ. બહુ; ઘણું; પુષ્કળ; અટકાવ્યા નહિ એટલું બધું; અનંત.
અનિવાર ઝરણે ઝબ ઢળીને દૂર થયા.
નર્મદાશંકર
૩. વિ. બહુ જરૂરનું; અતિ આવશ્યક.
૪. વિ. ઝડપ; ઉતાવળ; વાયુ.
૫. વિ. હળીમળી; ભિડી; બાઝી.

અનિવારણ [સં. ન (નહિ) + નિવારણ (અટકાવ)] ન. છૂટ; સ્વતંત્રતા.

અનિવારણીય સુખો અનિવાર્ય.

અનિવારિકા [સં. ન (નહિ) + નિવારિ (અટકાવી શકાય એવું)] સ્ત્રી. જેને સાંભરવું કરતાં કોઈ અટકાવનાર નથી એવી સ્ત્રી; સ્વચ્છંદી સ્ત્રી.

અનિવારિત [સં. ન (નહિ) + નિવારિત (વારેલું)] વિ. અણવાર્યું; વારેલું નહિ એવું; નહિ અટકાવેલું.

અનિવારિતતા [સં. ન (નહિ) + નિવારિત (વારેલું) + તા (પણું)] સ્ત્રી. અણવાર્યું હોવાપણું; સ્વચ્છંદીપણું.

અનિવાર્ય ૧. [સં. ન (નહિ) + નિવાર્ય (ટાળી શકાય એવું)] વિ. અટકાવી ન શકાય એવું.
૨. વિ. બહુ જરૂરનું; અનિવાર્ય.
૩. વિ. પુષ્કળ પડ્યું; અતિશય.
૪. વિ. દૃઢનિશ્ચયી.
૫. વિ. ચોક્કસ; ઉપાય વિનાનું; નિરુપાય.

અનિવાર્યઉપસ્થિતિ [સં. અનિવાર્ય (દૃઢનિશ્ચય) + ઉપસ્થિતિ (હાજરી)] સ્ત્રી. દૃઢનિશ્ચયી હાજરી.

અનિવાર્યતા ૧. સ્ત્રી. અચલ; અફરિયાત.
૨. [સં. અનિવાર્ય (ટાળી ન શકાય તેવું) + તા (પણું)] સ્ત્રી. ટાળી ન શકાય તેવી સ્થિતિ; દૂર ન કરી શકાય તેવી દશા.
૩. સ્ત્રી. દૃઢનિશ્ચયપણું.
૪. સ્ત્રી. ચોક્કસાઈ; નિરુપાયપણું.

અનિવાર્યપ્રત્યય [સં. અનિવાર્ય (દૂર ન કરી શકાય એવું)] + પ્રત્યય (ભાવના)] પું. દૂર ન કરી શકાય તેવી ભાવના.

અનિવાર્યવિશિષ્ટાદ્વૈત [સં. અનિવાર્ય (દૃઢનિશ્ચયી) + વિશિષ્ટાદ્વૈત (એકવડી)] ન. દૃઢનિશ્ચયી એકવડી; ભાવશક્ય વિશિષ્ટાદ્વૈત.

અનિવાર્યવિશિષ્ટાદ્વૈત સુખો અનિવાર્યવિશિષ્ટાદ્વૈત.

અનિવાર્ય સૈનિક સેવા [સં. અનિવાર્ય (દૃઢનિશ્ચયી) + સૈનિક (લશ્કરી) + સેવા (નોકરી)] સ્ત્રી. દૃઢનિશ્ચયી લશ્કરી નોકરી.

અનિવાસિત્વ [સં. ન (નહિ) + નિવાસિત્વ (વસવાટ)] ન. (અર્થશાસ્ત્ર) જમીનદાર પોતાની માલિકીની જમીનની ઊપજ પરદેશમાં રહી જ્યાં તેવી વહીવટની રીતઃ અનિવાસી જમીનદાર પદ્ધતિ.
જમીનના માલિક પોતાની જમીન હોય તે પ્રદેશમાં ન રહેતા બીજા પ્રદેશોમાં રહે અને જમીનની ઊપજ લીધા કરે અને તો પોતાની આવકની જ્યાં તે પદ્ધતિને તેઓ જમીનવાળા પ્રદેશમાં અનિવાસી હોવાથી અનિવાસી જમીનદાર પદ્ધતિ' અથવા 'દેશમાં અનિવાસિત્વ કહી શકાય.
વિઠ્ઠલદાસ ઠોકારી

અનિવૃત્ત ૧. [સં. અ (નહિ) + નિવૃત્ત (અટકેલું)] વિ. ચાલુ; નહિ અટકેલું; જારી.
૨. [સં. અ (નહિ) + નિવૃત્ત (દૂર થયેલ)] વિ. દૂર નહિ થયેલું; નહિ ફારગ થયેલું.
૩. વિ. વિષયોથી દૂર ન થયેલ અર્થાત્ અવિરક્ત.

અનિવૃત્તાત્મા [સં. અ (નહિ) + નિવૃત્ત (અટકેલું) + આત્મન્ (આત્મા)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. સર્વવ્યાપી હોવાથી તેમનો આત્મા કોઈ કૈમાંથી નિવૃત્ત નથી, તેથી તે અનિવૃત્તાત્મા કહેવાય છે.

અનિવૃત્તિ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો ૮૮ ગ્રહમાંનો એક. સુખો ગ્રહ.
૨. પું. (જૈન) બોલતા શાંત થવાની કે સ્મરણમાં નાશની સ્વરૂપાત.

અનિવૃત્તિબાદર ૧. પું. (જૈન) મોહ મારવું નવમું ગુણસ્થાન; અનિવટ્ટીબાદર. આ ગુણસ્થાનમાં ક્રમોદય કરતા ગુણસ્થાનોની અપેક્ષાએ સ્થૂલ છે. વળી આ ગુણસ્થાને રહેલ જીવો જીવોના અધ્યવસાયો પરસ્પર આવૃત્તિ પામતા નથી. માટે આ ગુણસ્થાનને અનિવૃત્તિબાદર સંપરાય પણ કહે છે.

> જે અવસ્થામાં ચારિત્ર મોહનીય કર્મના ઊંચ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ આગળ હોય છે તે અવસ્થા અનિવૃત્તિબાદર. પુરાતત્ત્વ

૨. પું. (જૈન) નવમા ગુણસ્થાને પહોંચેલો જીવ.

અનિવૃત્તિબાદર સંપરાય પું. (જૈન) એ નામનું નવમું ગુણસ્થાન. સુખો અનિવૃત્તિબાદર ૧.

અનિવેદ ૧. [સં. અ (નહિ) + નિવેદ (કહેવાપણું)] વિ. કહેવાપણું નહિ એવું.
૨. વિ. રેવને ઘરાવાપણું નહિ એવું.

અનિવેદન [સં. અ (નહિ) + નિવેદન (રહેઠાણ)] વિ. રહેઠાણ વિનાનું; ઘરબાર વગરનું.

અનિવેશી ૧. [સં. અ (નહિ) + નિવેશિન્ (રહેઠાણવાળું)] વિ. આશ્રયસ્થાન ન હોય એવું; રહેઠાણ વગરનું; અનિવેદન.
૨. [સં. અ (નહિ) + નિવેશિન્ (અવલંબવાળું)] વિ. તંબૂ વિનાનું.

> બોદ્ધો જેમ અનિવેશી એટલે તંબૂ બહાર રહે છે તેમ અનિવેશી સ્ત્રી દાસોનાં સમૂહ કરવું. ધમ્મપદ

૩. [સં. અ (નહિ) + નિવેશિન્ (પરણેલું)] વિ. નહિ પરણેલું.

અનિશ ૧. વિ. સતત; સતત; નિત્ય; નિરંતર.
૨. [સં. અ (નહિ) + નિશા (રાત)] વિ. રાતિ સિવાયનું.
૩. અ. હમેશ; હંમેશ; સતત; નિરંતર.

અનિશં [સં. અ (નહિ) + નિશા (રાત)] અ. હંમેશાં; નિરંતર; સદા.

અનિશ્ચય [સં. અ (નહિ) + નિશ્ચય (નિર્ણય)] પું. અનિશ્ચિતપણું; અનિર્ણય.

અનિશ્ચયતા [સં. અ (નહિ) + નિશ્ચયતા (નક્કીપણું)] સ્ત્રી અનેકાન્તવાદ; સંશયશીલપણું.

અનિશ્ચયવાચક [સં. અનિશ્ચય (અનિર્ણય) + વાચક (બતાવનાર)] વિ. અનિશ્ચિતપણું બતાવનાર; મુકરરપણું નહિ બતાવનારું.

અનિશ્ચેલ [સં. અ (નહિ) + નિશ્ચલ (સ્થિર)] વિ. અસ્થિર; ચંચળ.

અનિશ્ચ્યાયક [સં. અ (નહિ) + નિશ્ચાયક (નિર્ણય કરનાર)] વિ. નિર્ણય ન બતાવે એવું; નિશ્ચય ન થઈ શકે એવું.

અનિશ્ચિત ૧. વિ. ચંચળ; અસ્થિર.
૨. [સં. અ (નહિ) + નિશ્ચિત (નક્કી કરેલું)] વિ. નક્કી નહિ કરેલું; અનિર્ણીત.
૩. વિ. (વ્યાકરણ) બતાવેલ પદાર્થને ચોક્કસ રૂપમાં ઉલ્લેખ ન કરનારું. જેમકે, કોઈ, કોઈ, કંઈ.

> જેમાથી નિશ્ચિત અર્થ નીકળતો નથી તેવાં સર્વનામ અનિશ્ચિત છે. કામતાપ્રસાદ

અનિશ્ચિતવાચક જુઓ અનિશ્ચિતવાર.

અનિશ્ચિતવાદી [સં. અનિશ્ચિત (નક્કી નહિ કરેલ) + વાદિન્ (બોલનાર)] વિ. નક્કીપણે નહિ બોલવાવાળું; સંશયવૃત્તિ.

અનિશ્ચિતતા ૧. [સં. અનિશ્ચિત (અચોક્કસ) + તા (પણું)] સ્ત્રી. અચોક્કસ; ચંચળપણું; નિશ્ચિત ન હોવાપણું.
૨. સ્ત્રી. આનાકાની; હા ના કરવી તે.
૩. સ્ત્રી. શંકા; સંશય; ગમાઓગમપણું.

અનિશ્ચિતતાવાચક [સં. અનિશ્ચિતતા (અચોક્કસપણું) + વાચક (બતાવનાર)] વિ. (વ્યાકરણ) અચોક્કસપણું બતાવનાર. સંખ્યાવાચક શબ્દની પહેલી 'એક' ઉમેરવાથી અનિશ્ચિતતાનો અર્થ આવે છે. જેમકે, એકેક, એકેક, કોઈક, કોઈક. તેમ જ પાસેપાસેના બે સંખ્યાવાચક શબ્દોનો સમાસ કરવાથી પણ અનિશ્ચિતતાનો અર્થ આવે છે. જેમકે, ચારપાંચ, દસપંદર.

અનિશ્ચિતપણું જુઓ અનિશ્ચિતતા.

અનિશ્ચિત વાર [સં. અનિશ્ચિત (નક્કી નહિ કરેલ) + વાર (બોલે)] પું. તરતો બોલે; બોલતાની સાથે જ ઊપડતું ચાલુ વેણ.

અનિશ્ચિત સર્વનામ [સં. અનિશ્ચિત (અચોક્કસ) + સર્વનામ (નામને બદલે આવતો શબ્દ)] વ. (વ્યાકરણ) સર્વનામનો એ નામનો પ્રકાર. જેમાંથી નિશ્ચિત અર્થ નીકળતો નથી તેવાં સર્વનામ અનિશ્ચિત કહેવાય છે. જેમકે, કોઈ, કોઈ, કંઈ, કોઈક

અનિશ્ચિત સંખ્યાવાચક [સં. અનિશ્ચિત (નક્કી નહિ કરાયેલ) + સંખ્યાવાચક (આંકડો બતાવનાર)] વિ. (વ્યાકરણ) અચોક્કસ સંખ્યા બતાવનાર. જેમકે, કોક, ઘણું.

અનિશ્ચેય ૧. વિ. (અક્ષિત) અચોક્કસ કિંમતવાળું.
૨. [સં. અ (નહિ) + નિશ્ચેય (નક્કી થઈ શકે એવું)] વિ. અનિશ્ચિત; નક્કી થઈ ન શકે એવું.

અનિશ્ચેય સમીકરણ વ. (અક્ષિત) અચોક્કસ કિંમતવાળું સમીકરણ.

> આપે પણ પ્રાપ્તિ અપક્ષીની મદદથી લેવાનું અનિશ્ચેય સમીકરણ અને સિંહ પ્રકારની લેવાનું તે જ સમીકરણ એક જ પદોમાં થઈને પ્રકાર થાય છે. પુરાતત્ત્વ

અનિશ્ચ [પ્રા. અણિચ્ચઅ (આજના વગરનું)] વિ. (જૈન) સર્વથી તજવેલ; નિરાધાર.

અનિશ્રા સ્ત્રી. (જૈન) અનાસક્તિ; મમતાનો અભાવ; મોહ નહિ હોવાપણું.

અનિશ્રિત ૧. [પ્રા. અણિસ્સિઅ] વ. (જૈન) લિંગ કે પુરાવાની અપેક્ષા વિના થતું જ્ઞાન; અવગ્રહ જ્ઞાનનો એ નામનો ભેદ.
૨. વિ. આધાર વિનાનું.

> જિન અને અશિષ્યો ત્યાગ કરીને સર્વત્ર અનાસક્ત અને અનિશ્રિત અને સંયોજનોથી મુક્ત હોય તે આ જગતમાં સમણ, પરિવ્રાજક થાય. સુત્તનિપાત

૩. વિ. અપ્રવૃત્ત; સંસારના વિષયમાં નહિ ભળેલું.
૪. વિ. (જૈન) આરણ વડે નક્કી નહિ થયેલ.
૫. વિ. (જૈન) મમતા રહિત; નિષ્કામ; આસક્તિ વિનાનું.

અનિશ્રિતબાદી [સં. અનિશ્રિત (આરણ વડે નક્કી નહિ થયેલ) + વાદિન્ (બોલનાર)] વિ. (જૈન) આરણ વડે નક્કી નહિ થયેલ ભાગને સ્વીકારનાર.

અનિશ્રિતોપધાન ૧. [સં. અનિશ્રિત (મમતા વગરનું) + ઉપધાન (તપ)] વ. નિષ્કામ તપ.
૨. [સં. અનિશ્રિત (સહારા વિનાનું) + ઉપધાન (તપ)] વ. (જૈન) સહારા વિના કરવામાં આવતું તપ.

અનિષિદ્ધ ૧. સં. અ (નહિ) + નિષિદ્ધ (અટકાવવામાં)] વિ. પુરસ્કૃત; સ્વીકૃત.
૨. [સં. અ (નહિ) + નિષિદ્ધ (બંધ કરેલ)] વિ. બંધ નહિ કરેલ; મંજૂર.

અનિષિદ્ધવચન [સં. અનિષિદ્ધ (પુરસ્કૃત) + વચન (વચન)] ન. પુરસ્કૃત રાખેલું વચન; પ્રતિબંધ વગરનું વચન.

અનિષેધ્ય [સં. અ (નહિ) + નિષેધ્ય (બંધ થઈ શકે એવું)] વિ. જેના વિષે બંધ ન થઈ શકે એવું.

અનિષ્કંપ [સં. અ (નહિ) + નિસ્ (વિનાનું) + કંપ (ધ્રુજ)] વિ. અચલ; ધ્રુજારી; અસ્થિર.

અનિષ્કૃત ૧. [સં. અ (નહિ) + નિસ્ (નિઃશેષ) + કૃત (કરેલું)] વિ. અધૂરું; પૂરું નહિ કરેલું; અપૂર્ણ.
૨. વિ. નિરાસ થયા વિનાનું; અનિર્ણીત.

અનિષ્કૃતપાપ [સં. અનિષ્કૃત (નિરાસ થયા વિનાનું) + પાપ (અપકર્મ)] ન. જેનું પ્રાયશ્ચિત્ત ન થયું હોય તેવું પાપ.

અનિષ્ટ ૧. [સં. અન્ (નહિ) + ઇષ્ટ (યજ્ઞકાર્ય)] ન. અપકર્મ; પાપ.
૨. ન. અપરાધ; ગુનો.
૩. ન. કમનસીબી; દુર્ભાગ્ય.
૪. ન. ખરાબ પરિણામ.
૫. ન. દુઃખ; પીડા; આફત.
૬. ન. નુકસાન; હાનિ; અભાવ.
૭. ન. ખોટું; અહિત.
૮. ન. સારાના અભાવમાં નરસું કરવું તે; અપકાર.
૯. [સં. અન્ (નહિ) + ઇષ્ટ (પ્રિય)] વિ. અપ્રિય; અણગમતું; અનિચ્છ.
૧૦. વિ. અશુભ; અમંગળ.
૧૧. વિ. ખોટું; અસત.
૧૨. [સં. અન્ (નહિ) + ઇષ્ટ (ફળેલ)] વિ. જેનું ફળન ન થયું હોય તેવું; નહિ ફળેલું.
૧૩. વિ. નહિ ઇચ્છવા જેવું; ખરાબ.
૧૪. [સં. અન્ (નહિ) + ઇષ્ટ (ઇચ્છેલ)] વિ. નહિ ઇચ્છેલું; અવાંછિત.

અનિષ્ટકર ૧. [સં. અનિષ્ટ (અશુભતા) + કર (કરે)] વિ. અશુભતો કરે; મરણ વિઘ્ન કેવો પાતો કર.
૨. [સં. અનિષ્ટ (નુકસાન) + કર (કરનાર)] વિ. અનિષ્ટ કરનારું; નુકસાનકારક; હાનિવાળું.

અનિષ્ટકર્મા ૧. પું. (પુરાણ) કલિયુગમાં થયેલ રાજાની પછી કુળપરંપરાનુસાર જે ત્રીજા રાજા થયા તેમાંનો એ નામનો છઠ્ઠો રાજા.
૨. [સં. અનિષ્ટ (અશુભ) + કર્મન્ (કામ)] વિ. અનિષ્ટ કર્મ કરનાર; દુષ્ટ.

અનિષ્ટકર્મી ૧. [સં. અનિષ્ટ (અશુભ) + કર્મ (કામકાજ) + ઇન્ (વાળું)] વિ. બદકર્મી, કમબાખ્ત; દુર્ભાગી.
૨. [સં. અનિષ્ટ (ન ઇચ્છવા જેવું) + કર્મિન્ (કામવાળું)] વિ. ન ઇચ્છવા જેવું કામ કરનાર; દુરાચારી.

અનિષ્ટકારક ૧. [સં. અનિષ્ટ (અશુભ) + કારક (કરનાર)] વિ. ખરાબ કામ કરનાર.
૨. વિ. નુકસાન કરે તેવું; કામ બગાડનાર.
૩. વિ. બૂરું ઇચ્છનાર.

અનિષ્ટકારી [સં. અનિષ્ટ (નુકસાન) + કારિન્ (કરનાર)] વિ. નુકસાનકારક; હાનિકર; અહિતકારી.

અનિષ્ટજ્ઞાપન [સં. અનિષ્ટ (દુઃખ) + જ્ઞાપન (જણ)] ન. દુઃખનું કારણ; આપત્તિનું સૂચન.

અનિષ્ટતમ [સં. અનિષ્ટ (અશુભ) + તમ (સર્વની આજુબાજુ કરતી આખરી કોટિ)] પું. (જ્યોતિષ) અમંગળ ગ્રહ; ખરાબ ફળ આપનાર ગ્રહ.

અનિષ્ટવાહી [સં. અનિષ્ટ (અશુભ) + વાહ (વિચાર)] પું. ખરાબ વિચાર; હાનિકારક આવ; દુષ્ટ ખ્યાલ.

અનિષ્ટચિંતન [સં. અનિષ્ટ (અશુભ) + ચિંતન (વિચાર)] ન. દુષ્ટ વિચાર; જોઈતું બૂરું કરવાનો મનસૂબો.

અનિષ્ટજનક [સં. અનિષ્ટ (નુકસાન) + જનક (પેદા કરનાર)] વિ. નુકસાન કરનાર; હાનિકારક.

અનિષ્ટતા ૧. [સં. અનિષ્ટ (અહિત) + તા (પણું)] સ્ત્રી. અહિતતા; અનિષ્ટકારીપણું.
૨. [સં. અનિષ્ટ (નુકસાનકારક) + તા (પણું)] સ્ત્રી. નુકસાનકારકપણું; અહિતકર હોવાપણું.

અનિષ્ટતિર્યગ્યોનિ [સં. અનિષ્ટ (નહિ ઇચ્છવા જેવું) + તિર્યક્ (પશુ) + યોનિ (વંશ) + જન્મિ (ઉત્પત્તિસ્થાન)] સ્ત્રી. નહિ ઇચ્છવા જેવો પશુ વંશોમાં જન્મ.

અનિષ્ટપ્રસંગ ૧. [સં. અનિષ્ટ (ખોટું) + પ્રસંગ (તક)] પું. ખોટી તકો; અણગમતી [illegible].
૨. પું. ખોટી તકો કરવાથી અણગમતી વાત સ્વીકારવાપણું.
૩. [સં. અનિષ્ટ (દુઃખ) + પ્રસંગ (વખત)] પું. દુઃખનો વખત; આફતનો સમય.
૪. [સં. અનિષ્ટ (ન ઇચ્છવા જેવું) + પ્રસંગ (બનાવ)] પું. નહિ ઇચ્છવા જેવો બનાવ.

અનિષ્ટપરિણામ [સં. અનિષ્ટ (ખરાબ) + પરિણામ (પરિણામ)] ન. ખરાબ પરિણામ.

અનિષ્ટભય [સં. અનિષ્ટ (નુકસાન) + ભય (બારણ)] વિ. નુકસાનથી બારણું; હાનિથી બારેલું.

અનિષ્ટભયતા [સં. અનિષ્ટ (નુકસાન) + ભય (બારણ) + તા (પણું)] સ્ત્રી. નુકસાનથી બારણું હોવાપણું.

અનિષ્ટમૂલક [સં. અનિષ્ટ (હાનિ) + મૂલક (ઉત્પન્ન કરનાર)] વિ. હાનિકારક; નુકસાન કરનાર; દુઃખકારક.

અનિષ્ટવાત ૧. [સં. અનિષ્ટ (ખરાબ) + વાર્તા (સમાચાર)] સ્ત્રી. માઠા સમાચાર; દુઃખદાયક ખબર.
૨. સ્ત્રી. માઠો પ્રસંગ; દુઃખદાયક બનાવ.

અનિષ્ટવાદ [સં. અનિષ્ટ (દુઃખ) + વાદ (મત)] પું. આ દુનિયામાં જોવું દુઃખ જ છે, કાંઈ સુખ નથી એવો મત; અનર્થવાદ; અશુભવાદ; નિરાશાવાદ.

અનિષ્ટવાદી [સં. અનિષ્ટ (દુઃખ) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. અનિષ્ટવાદમાં માનનાર; અશુભવાદી; નિરાશાવાદી; અનર્થવાદી.

અનિષ્ટવિધાતા [સં. અનિષ્ટ (બૂરું) + વિધાતૃ (કરનાર)] વિ. બૂરું કરનાર; બીજાનું અહિત થાય તેવું કામ કરનાર.

અનિષ્ટશંકા [સં. અનિષ્ટ (નુકસાન) + શંકા (અંદેશ)] સ્ત્રી. નુકસાન થશે એવો સંદેહ; અમંગળની બીક; અહિત થવાનો ભય.

અનિષ્ટસંયોગઆર્તધ્યાન [સં. અનિષ્ટ (નહિ ઇચ્છવા જેવું) + સંયોગ (પ્રાપ્તિ) + આર્ત (દુઃખી) + ધ્યાન (વિચાર)] ન. (જૈન) આર્તધ્યાનના ચાર પ્રકાર પૈકીનો એ નામનો ભેદ; નહિ ઇચ્છવા જેવી વસ્તુ મળવાથી થતો ક્રેમ દૂર કરવો એ વિષે દુઃખથી કરાતો વિચાર.
જ્યારે અનિષ્ટ વસ્તુનો સંયોગ થાય છે ત્યારે તદ્જન્ય દુઃખથી વ્યાકુળ બનેલો આત્મા તેને દૂર કરવા તે વસ્તુ ક્યારે પોતાની પાસેથી ખસે તે માટે જે સતત ચિંતા કર્યા કરે છે તે અનિષ્ટસંયોગઆર્તધ્યાન. તત્ત્વાર્થસૂત્ર

અનિષ્ટસૂચક [સં. અનિષ્ટ (અશુભ) + સૂચક (બતાવનાર)] વિ. અમંગળ સૂચવનાર; અશુભદર્શક; અકલ્યાણ બતાવનાર.

અનિષ્ટસ્થાન [સં. અનિષ્ટ (અહિત) + સ્થાન (જગા)] ન. અકલ્યાણ થાય એવી જગા; અશુભ સ્થળ.

અનિષ્ટહેતુ ૧. [સં. અનિષ્ટ (હાનિ) + હેતુ (કારણ)] પું. અશુભસૂચક ચિહ્ન; અપશુકન.

૨. [સં. અનિષ્ટ (અયોગ્ય) + હેતુ (ઉદ્દેશ)] પું. બરાબર ઉદ્દેશ.

૩. વિ. બરાબર આશયવાળું.

અનિષ્ટા [સં. અન્ (નહિ) + ઇષ્ટ (ઇચ્છવા જેવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. બરાબર પરિણામ લાવનારી.

અનિષ્ટાનુબંધી [સં. અનિષ્ટ (દુઃખ) + અન્ (નહિ) + અનુબંધિન્ (જોડાયેલું)] વિ. દુઃખથી અમિશ્રિત; દુઃખના સંબંધ વિનાનું.

અનિષ્ટાનુબંધી [સં. અનિષ્ટ (દુઃખ) + અનુબંધિન્ (જોડાયેલું)] વિ. દુઃખથી મિશ્રિત; દુઃખના સંબંધવાળું.

અનિષ્ટાપત્તિ ૧. [સં. અન્ (નહિ) + ઇષ્ટ (ઇચ્છેલું) + આપત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. (અમિત) તર્ક; જે સત્ય સાબિત કરવું હોય તેથી વિરુદ્ધ બાબત સ્વીકારી તે ઉપરથી દલીલ કરી ઊલટ ન સ્વીકારી શકાય એવી તકોકત ઉપર આવતાં મૂળ સ્વીકારી લીધેલ બાબત ખોટી અને તેથી વિરુદ્ધ બાબત સાચી એમ તર્ક કરી સત્ય સાબિત કરવાની રીત; 'રીડક્ટિયો ઍડ ઍબ્સર્ડમ'. જેમકે, જ્યાં બીજા સરખી કિંમતનાં નથી હોતાં. એ સત્ય સાબિત કરવાને તેઓ સરખી કિંમતનાં છે એમ દલીલની ખાતર માની લઈએ તો

૧ × ૦ = ૧૦૦૦ × ૦

∴ ૧ = ૧૦૦૦

પણ ૧ અને ૧૦૦૦ સરખાં નથી. માટે જ્યાં બીજા સરખી કિંમતનાં છે એમ દલીલની ખાતર માનેલ બાબત ખોટી અને જ્યાં બીજા સરખી કિંમતનાં નથી એ બાબત સાચી.

૨. [સં. અનિષ્ટ (નહિ ઇચ્છવા જેવું) + આપત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. ન ઇચ્છવા જેવી સ્થિતિ આવી પડવાપણું; અનિચ્છનીય બનાવ.

અનિષ્ટાપાત જુઓ અનિષ્ટાપત્તિ.

અનિષ્ટાંશ [સં. અનિષ્ટ (અપ્રિય) + અંશ (ભાગ)] પું. અણગમતો ભાગ.

અનિષ્ઠ [સં. અ (નહિ) + નિષ્ઠા (આસ્થા)] વિ. નિષ્ઠા વિનાનું; આસ્થા વગરનું.

અનિષ્ઠા [સં. અ (નહિ) + નિષ્ઠા (અંત)] સ્ત્રી. અસ્થિરતા; અનાસ્થા.

અનિષ્ઠુર [સં. અ (નહિ) + નિષ્ઠુર (ક્રૂર)] વિ. દયાવાળું; મૃદુ.

અનિષ્ઠુરતા [સં. અનિષ્ઠુર (કૂરતા વિનાનું) + તા (પણું)] સ્ત્રી. દયા; મૃદુતા.

અનિષ્પાત [સં. અ (નહિ) + નિષ્પાત (ચોક્કસપણું)] વિ. અચુકતા; અચાકસાઈ; અપૂર્ણ જ્ઞાનવાળું.

અનિષ્પત્તિ ૧. [સં. અ (નહિ) + નિષ્પત્તિ (સમાપ્તિ)] સ્ત્રી. અપૂર્ણતા; અધૂરાપણું; અસમાપ્તિ.

૨. [સં. અ (નહિ) + નિષ્પત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. અસિદ્ધિ; અપ્રાપ્તિ.

અનિષ્પન્ન ૧. [સં. અ (નહિ) + નિષ્પન્ન (પૂરું થયેલ)] વિ. અધૂરું; અપૂર્ણ

૨. [સં. અ (નહિ) + નિષ્પન્ન (નિષ્પન્ન)] વિ. અસંપન્ન; અસિદ્ધ; નહિ પેદા થયેલું.

૩. વિ. નહિ ઉત્પન્ન થયેલ; અજાત.

અનિસર્ગ ૧. [સં. અ (નહિ) + નિસર્ગ (સ્વભાવ)] વિ. અકુદરતી.

૨. વિ. અસ્વાભાવિક.

અનિસૃષ્ટ ૧. [સં. અ (નહિ) + નિસૃષ્ટ (છોડી મૂકેલ)] વિ. અમુક્ત; નહિ છોડેલ.

૨. વિ. (જૈન) પત્નીની કે સહિયારીની અનુમતિ વિનાનું.

અનિસૃષ્ટદોષ [સં. અનિસૃષ્ટ (પત્નીની કે સહિયારીની અનુમતિ વિનાનું) + દોષ (અપરાધ)] પું. (જૈન) પત્નીની કે સહિયારીની રજા વિના સાધુને ભિક્ષા આપવાથી લાગતો એ નામનો દોષ.

અનિસ્તાર [સં. અ (નહિ) + નિસ્તાર (તારણ)] વિ. તારણ વગરનું; અનામત વિનાનું.

અનિસ્તારપ્રતિકૃતિ [સં. અ (નહિ) + નિસ્તાર (તારણ) + પ્રતિકૃતિ (જોખમદાર)] પું. તારણ એટલે અનામત વગરનો જોખમદાર.

અનિસ્તીર્ણ [સં. અ (નહિ) + નિસ્તીર્ણ (પાર પહોંચેલું)] વિ. પાર નહિ પહોંચેલું; ઓળંગાયા વિનાનું.

અનિહત ૧. વિ. (જૈન) ઉપસર્ગાદિથી જેટલે પરીષહ, ઉપદ્રવ વગેરેથી નહિ નિસ્તાજેલ; ઉપસર્ગથી પરાભવ નહિ પામેલું.

૨. વિ. (જૈન) જેનું આયસ્ત હજામ નહિ એવું; નિરુદ્યમ જેટલે જે નહિ જેવા આયુષવાળું.

૩. [સં. અ (નહિ) + નિહત (મારેલું)] વિ. નહિ મારેલું; ન હણાયેલ.

અનિહ્નું સ. કવિતામાં તાલ પૂરવા માટે વપરાતો અવ્યય. તે ઘણુંખરું પાદની પુનરાવૃત્તિ વખતે વપરાય છે.

અનિહ્નું રે હંસવન રાસ રમ્યો.

નરસિંહ

અનિંદ્યકુવિંદુ [સં.] પું. (ગણિત) નવમ, દશમ, તત્ત્વમ, રવમ, શુક્ર અને કુજ મળી ૧૪ અસુરનો શર્કરીની ભાતનો એ નામનો સમકૃત વર્ગમેળ છંદ. તેનો કુવિંદુ કે કુવિંદુ પણ કહે છે.

ન ન ત ર ગા સે સોરો અનિંદ્યકુવિંદુ.

અમૃતિલાલ

અનિંદનીય ૧. [સં. અ (નહિ) + નિંદનીય (નિંદવા જેવું)] વિ. નહિ નિંદવા જેવું; અનિંદ્ય; નિર્દોષ.

૨. વિ. પસંદ કરાયેલ.

૩. વિ. વખણાયેલ.

૪. વિ. સુંદર; રૂપાળું.

અનિંદિત ૧. પું. (જૈન) ત્રિનવ નામના ભવતરના દસ પ્રકારમાંનો એ નામનો એક.

ત્રિનવ નામના ભવાંતરના દસ પ્રકાર છે: ત્રિનવ, ત્રિપુરુષ, ત્રિપુરુષોત્તમ, ત્રિનારોત્તમ, હુરવંશમ, કુલકારી, અનિંદિત, અનોરમ, સતપ્રિય અને ત્રિલોક. ભગવતીસૂત્ર

૨. વિ. ઉત્તમ; પ્રશસ્ત.

૩. [સં. અ (નહિ) + નિંદિત (નિંદાયેલું)] વિ. નહિ નિંદાયેલું; નિંદા કરાયા વિનાનું.

૪. વિ. નિર્દોષ; ભારે વગરનું; ખામી વિનાનું.

૫. વિ. સારું; સુંદર; રૂપાળું.

અનિંદિતભંગી [સં. અનિંદિત (સુંદર) + અંગિન્ (શરીરવાળું)] વિ. સુંદર શરીરવાળું; રૂપાળું.

અનિંદ્ય જુઓ અનિંદનીય.

અનિંદ્યવિષય [સં. અનિંદ્ય (પ્રશસ્ય) + વિષય (બાબત)] પું. ઉત્તમ બાબત; નિંદાને પાત્ર નહિ એવો વિષય.

અનિંદ્ર ૧. [સં. અન્ (નહિ) + ઇંદ્ર (ઇંદ્રિયો સાથ)] વિ. ઇંદ્ર વિનાનું.

૨. વિ. ઇંદ્રની પૂજા નહિ કરનાર.

૩. વિ. ઇંદ્રને નહિ અનુસરતું.

અનિંદ્રિય ૧. [સં. અન્ (નહિ) + ઇંદ્રિય (જ્ઞાન લેવા કર્મનું સાધન)] પું. (જૈન) સિદ્ધ ભગવાન, કેમકે તે ઇંદ્રિય તથા તેના ઉપભોગ વિનાના છે.

૨. જ. તર્કબુદ્ધિ.

૩. મ. મન.
૪. વિ. ઇંદ્રિય વગરનું.
૫. વિ. ઇંદ્રિયથી નહિ જણી શકાતું; અતીંદ્રિય.
૬. વિ. (જૈન) ઇંદ્રિયજ્ઞાન નહિ આપેલું. જૈનમતમાં જીવની ૬ પ્રાણ એટલે શક્તિ માનેલી છે: આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન. જીવ ઉત્પન્ન થયા પછી આ ૬ પ્રાણ અનુક્રમે બાંધે છે એટલે જેવાને છે. જેનાથી તેણે ઇંદ્રિયપ્રાણ ન બાંધી હોય તેનાથી તે અનિંદ્રિય કહેવાય.

અનિંદ્રિયપ્રદેશ ૧. [સં. અનિંદ્રિય (તાંબુલિ) + પ્રદેશ (ભૂમિ)] પું. તાંબુલિનો પ્રદેશ.
૨. પું. બનની ભૂમિ.

અનીક સ. કવિતાની કડીમાં વધારો કરનારો શબ્દ.
અની હરિ જોને વિચાર કરી. પ્રેમાનંદ

અનીક ૧. [સં.] પું. બહેરો.
૨. પું. (જૈન) કેવોનો એક પ્રકાર. જે કેવ સૈનિક અથવા સેનાધિપતિરૂપે હોય તે અનીક કહેવાય છે.
૩. પું. ધાર; ઉંડો; અણી.
૪. પું. મુખ; આગેવાન; અગ્રેસર.
૫. મ. યુદ્ધ; લડાઈ.
અબોધન શબ્દ આદિ પ્રથમ આહત સંખ્ય સમીપ, સંપ્રત્યય સંબર સમર સંયુગ કલહ અનીક. પિંગલપ્રકાશ
૬. મ. લશ્કરની એક ટુકડી; સૈન્યનો એક ભાગ; પલટણ.
૭. મ. સમૂહ; ટોળું; સંઘાત.
'અહો પાકી પાપ તણું અનીક
ઉદય આજ આંગણ આવ કંસરીક. કવિ
૮. મ. સુખ.
૯. મ. સૈન્ય; હોજ; લશ્કર; સેના.

અનીકવિદારણ ૧. પું. (પુરાણ) બલરામનો એક નામનો ભાઈ.
૨. [સં. અનીક (સૈન્ય) + વિદારણ (કાપ)] મ. લશ્કરનો નાશ.
૩. વિ. લશ્કરનો નાશ કરનાર.

અનીકસ્થ ૧. [સં.] પું. નિશાની; ચિહ્ન.
૨. [સં. અનીક (લશ્કર) + સ્થ (ઊભું રહેનાર)] પું. ચોકી; લાવૈયો.
૩. પું. રક્ષણિકું; પાયદળ.
૪. પું. સંત્રી; પહેરેગીર.
૫. પું. લશ્કરનો હાંકનાર કે કેળવનાર; મહાવત.
૬. વિ. યુદ્ધમાં રહેલ.

અનીકાધિપતિ [સં. અનીક (સૈન્ય) + અધિપતિ (ધણી)] પું. લશ્કરનો આગેવાન; સેનાધિપતિ; સેનાનો નાયક.

અનીડિની ૧. [સં. અનીડ (ઘર) + ઇની (પ્રત્યેયવાળી)] સ્ત્રી. અણોહિણીનો દશમો ભાગ. ૨૧૮૭ હાથી, ૨૧૮૭ રથ, ૬૫૬૧ ઘોડા અને ૧૦૯૩૫ પાયદળનું અનેલું લશ્કર. લુપ્તો અણોહિણી.
૨. સ્ત્રી. ટોળ; પક્ષ.
૩. સ્ત્રી. હોજ; સેના.

અનીશ ૧. [સં. અ (નહિ) + નીશ (ઘરનું)] વિ. ઘરબાર નહિ એવું.
૨. [સં. અ (નહિ) + નીશ (પીવું)] વિ. દારૂ કઈ ખોરાક નહિ એવું પીનેથી ખોરાનું.
૩. વિ. માનનીય.

અનીશ્વર [સં.] પું. (જિનમત) બ્રહ્મલોકની ઉપરનો બે નામનો સમવસરણ વર્ણવેલ દેવ. તેમાં બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રાર મળી ૧૨ અક્ષર હોય છે.
અનીશ્વર રમ્ય ન ન ન ન ગ ગો.
અક્ષરનિઘંટ

અનીશ્વરશર્મિ પું. (નૌકા) એક જાતનો સાધુ.

અનીઠ ૧. [સં. અન્ (નહિ) + ધૃષ્ટ (બગડેલું)] વિ. અનિષ્ટ; નહિ ધારેલું.
૨. વિ. અમંગળ; અશુભ; અવળું.
બન અજવાળા ઉદર ધર્યોતા. બન્યા વધું દુઃખ ઊંડ. કામ કામોને ચોવિચોટા, હવે હું થઈ અનીઠ.

૩. [સં. અ (નહિ) + નિષ્ઠિત (નક્કી કરેલ)] વિ. ધરે નહિ એવું; અણધાર્યું; અણચિંતવ્યું; અબૂટ.
ભોટે કૂલ ને પાલખ અનીઠ.
અમે ખાં ને મારે અનીઠ. અખો
૪. વિ. નહિ ઇચ્છવા જેવું; ખરાબ.

અનીઠું [સં. અનિષ્ટ] વિ. અમંગળ; અશુભ.
રહિત રીઠ દુઃખ અનીઠઉ ઊઠઈ અમલ ન ચોર.
વસંતવિલાસ

અનીડ (અનીડ) ૧. [સં. અ (નહિ) + નીડ (આશ્રય)] પું. અગ્નિ, કેમકે તે શરીર વગરનો છે.
૨. [સં. અ (નહિ) + નીડ (માળો)] વિ. માળા વગરનું; રહેવાનું ઘર વગરનું.
૩. વિ. શરીર વિનાનું; જેને વગરનું.

અનીત ૧. સ્ત્રી. અનીતિ.
૨. [સં. અ (નહિ) + નિત (લઈ જવાયેલું)] વિ. અનિષ્ટ થોડા વગરનું; નાશવંત.
૩. વિ. જોઈએ તેટલું નહિ એવું.
૪. [સં. અ (નહિ) + નીત (લઈ જવાયેલું)] વિ. નહિ લઈ જવાયેલું.

અનીતિ ૧. [સં. અ (નહિ) + નીતિ (સદાચાર)] સ્ત્રી. અનાચાર; દુરાચાર.
૨. સ્ત્રી. અંધેર; અત્યાચાર.
૩. [સં. અન્ (નહિ) + ધૃતિ (સંતોષ)] સ્ત્રી. અશાંત કે સંતોષમાંથી છુટકારો.
૪. [સં. અ (નહિ) + નીતિ (ન્યાય)] સ્ત્રી. બેરહેમીથી; અન્યાય.
૧. અનીતિ કરવી = અન્યાયે ચાલવું; અપ્રમાણિક રીતે વર્તવું.
૨. અનીતિએ ચાલવું = અન્યાયી રીતે વર્તવું.
૫. સ્ત્રી. દુર્જનપણું.
૬. સ્ત્રી. પાપ; અધર્મ વિરુદ્ધ કામ.
અનીતિએ ચાલવું = પાપ કરવું.
૭. સ્ત્રી. લાંચ; રુશવત.
૮. સ્ત્રી. વિવેક ન હોવાપણું; અવિનય.
૯. સ્ત્રી. અવિચાર.
૧. અનીતિ કરવી = ખરાબ કામ કરવું; અવિચાર કરવો.
૨. અનીતિએ ચાલવું = અવિચાર કરવો.

અનીતિકારક [સં. અનીતિ (દુરાચાર) + કારક (કરનાર)] વિ. દુરાચાર કરનાર; અનીતિ આચરનારું.

અનીતિગૃહ [સં. અનીતિ (અવિચાર) + ગૃહ (ઘર)] સ. અવિચારિણી સ્ત્રીઓ રહેતી હોય એવું ઘર.

અનીતિજનક [સં. અનીતિ (દુરાચાર) + જનક (પેદા કરનાર)] વિ. દુરાચાર ઉત્પન્ન કરનારું; અનીતિ પેદા કરે એવું.

અનીતિજ્ઞ ૧. [સં. અ (નહિ) + નીતિ (વિનય) + જ્ઞ (જાણનાર)] વિ. અવિનયી; વિવેકહીન.
૨. વિ. કદાચરણ વગરનું.
૩. [સં. અ (નહિ) + નીતિ (રાજનીતિ) + જ્ઞ (જાણનાર)] વિ. રાજનીતિને નહિ જાણનારું.

અનીતિભર્યું ૧. [સં. અનીતિ (દુરાચરણ) + ભૃત (ભરેલું)] વિ. અનીતિવાળું; અનીતિથી ભરેલું; દુરાચારી.
૨. [સં. અનીતિ (અન્યાય) + ભૃત (ભરેલું)] વિ. અપ્રમાણિક; અન્યાયી; ખોટું.
૩. [સં. અનીતિ (પાપ) + ભૃત (ભરેલું)] વિ. પાપથી ભરપૂર; પાપી.
૪. [સં. અનીતિ (અવિચાર) + ભૃત (ભરેલું)] વિ. અવિચારી.

અનીતિમત્તા ૧. [સં. અનીતિ (અપ્રમાણિકપણું) + મત્ (વાળું) + તા (પણું)] સ્ત્રી. અપ્રમાણિકપણાવાળી સ્થિતિ.

૨. [સં. અનીતિ (દુરાચાર) + મત્ (વાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. દુરાચારી હોવાપણું.

૩. [સં. અનીતિ (અનિયમ) + મત્ (વાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. અનિયમિતપણું.

અનીતિમય જુઓ અનીતિભર્યું.

અનીતિમાન જુઓ અનીતિભર્યું.

અનીતિમૂલક [સં. અનીતિ (દુરાચાર) + મૂલ (ઉત્પત્તિનું કારણ) + ક (વાળું)] વિ. અનીતિમાંથી ઉત્પન્ન થયેલું.

અનીતિયુક્ત જુઓ અનીતિભર્યું.

અનીતિવાન જુઓ અનીતિભર્યું.

અનીતિશાસ્ત્ર [સં. અનીતિ (અન્યાય) + શાસ્ત્ર (શાસ્ત્ર)] ન. દુરાચરણના નિયમનું શાસ્ત્ર.

અનીતું વિ. (બા. પ્ર.) અન્યાયી; નીતિ વગરનું.

પ્રગટ કહે હું પાપીઓ, નિર્લેજ પીઠ અનીતી રે. આનંદરાજ્યઅજોદમિ

અનીન સ્ત્રી. લગામ.

અનીનસ ન. મરમ કેરીમાં થતું એક નામનું સ્વાદિષ્ટ ફળ. એનું મૂળ કેરાલું અમેરિકામાં છે. પોર્ટુગીઝ લોકો આ ફળના છોડને હિંદુસ્તાનમાં ઈ. સ. ૧૫૮૪માં લાવ્યા હતા. એનાં પંદરાંત રેસામાંથી દોરડાં તથા કપડાં વણાય છે.

અનીપ્સિત ૧. વિ. (વ્યાકરણ) કર્તા જેના વડે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે નહિ એવું.

અનીપ્સિત કર્મના બે પેટા ભાગ છે: ૧. ઉદાસીન. ૨. દ્વેષ્ય. બૃહદ્ વ્યાકરણ

૨. [સં. અન્ (નહિ) + ઈપ્સિત (ઇચ્છેલું)] વિ. નહિ ઇચ્છેલું; અનિચ્છિત.

અનીય ક. (વ્યાકરણ) વિધ્યર્થક પ્રત્યય. જેમકે, વંદનીય; સ્તવનીય; વર્ણનીય; માનનીય; પૂજનીય; ચિંતનીય.

અનીયા પું. (પુરાણ) એ નામનો જોયણ; રાધાનો વર.

અનીલ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો વસુ. તે આઠ મન્વંતરમાં વાયુ દિશાનો સ્વામી છે.

૨. પું. (પુરાણ) એ નામનો સર્પ.

૩. પું. (પુરાણ) ભિન્નવિદાને કુન્થુથી થયેલો એ નામનો દીકરો.

૪. સ્ત્રી. અગ્નિ.

હિંદીમાં તેનું (અગ્નિનું) નામ નીલ છે. તે પરથી પોર્ટુગાલે તેને 'અનીલ' કહેલ અને આપ્યો 'નીલ' કહેલ. ગુજરાતીમાં

૫. [પ્રા. અણિલ્લ] વિ. પ્રભાત; સવાર; બળસકુ.

૬. [સં. અ (નહિ) + નીલ (ભૂરા રંગનું)] વિ. ભૂરા રંગનું નહિ એવું, એટલે કે ધોળું, વગેરે.

અનીલબદ્રક પું. એ નામનો એક જાતનો રસ. રસની સાત જાત નીચે પ્રમાણે છે:-

૧. નલબધાનબદ્રક-આકારમાં ચોરસ.
૨. પ્રણંજનબદ્રક-આકારમાં પટ્ટકોણ.
૩. નિર્વાતબદ્રક-બે બદ્ર હોય છે.
૪. પવનબદ્રક-ત્રણ બદ્ર હોય છે.
૫. ઝંઝાબદ્રક-ચાર બદ્રક હોય છે.
૬. ઉદ્ગતબદ્રક-પાંચ બદ્રક હોય છે.
૭. અનીલબદ્રક-સાત બદ્રક હોય છે.

અનીલવાજી ૧. [સં. અનીલ (ધોળું) + વાજિન્ (ઘોડો)] પું. અર્જુન, કેમકે તે ધોળા ઘોડા ઉપર સવારી કરતો.

૨. વિ. સફેદ ઘોડાવાળું.

અનીશ જુઓ અનીશ્વર.

અનીશ ૧. [સં. અન્ (નહિ) + ઈશા (સત્તા)] સ્ત્રી. અસમર્થતા; નિર્બળતા.

૨. સ્ત્રી. માયા; અવિદ્યા.

અનીશાર્યદોષ પું. (જૈન) સાધુ અને સાધ્વીને વિદ્યા આપવા સંબંધી એ નામનો દોષ. તેના બે પ્રકાર છે: ઈશ્વરદોષ અને અનીશ્વરદોષ.

અનીશ્વર ૧. પું. ઈશ્વરથી જુદો પદાર્થ; જડ વસ્તુ.

૨. [સં. અન્ (નહિ) + ઈશ્વર (પ્રભુ)] પું. ઈશ્વરનો અભાવ; પ્રભુ ન હોવાપણું.

૩. [સં. અન્ (નહિ) + ઈશ્વર (પત્ની)] પું. વિષ્ણુ, કેમકે તેને કોઈ પત્ની નથી.

૪. ન. (સાંખ્ય) સંસાર; જગત.

૫. [સં. અન્ (નહિ) + ઈશ્વર (ભગવાન)] વિ. અસહાય; અસમર્થ; શક્તિ વગરનું.

૬. વિ. અસ્વતંત્ર; પરતંત્ર તાબેદાર.

૭. વિ. ઈશ્વર વિનાનું; પ્રભુ સિવાયનું.

૮. વિ. ઈશ્વરની હસ્તીને ન સ્વીકારનાર; ઈશ્વર નથી એવું માનનાર; નાસ્તિક.

૯. વિ. પત્ની વિનાનું; જેનો કોઈ ઉપરી ન હોય એવું; અનિયંત્રિત; નિરંકુશ.

અનીશ્વરતા ૧. [સં. અનીશ્વર (પત્ની વિનાનું) + તા (પ્રત્યય)] સ્ત્રી. અસહાયતા; બેપાકપણું; અવ્યવસ્થા.

૨. [સં. અન્ (નહિ) + ઈશ્વર (પ્રભુ) + તા (પ્રત્યય)] સ્ત્રી. નાસ્તિકપણું.

અનીશ્વરદોષ પું. (જૈન) સાધુ અને સાધ્વીને વિદ્યા આપવા સંબંધના અનીશાર્યદોષના બે ભેદ પૈકીનો એ નામનો ભેદ. દાન દેનારને દાન દેતાં કોઈ રોકે તો તેવો અનીશ્વરદોષ કર્યો કહેવાય. અનીશ્વરદોષના ત્રણ ભેદ છે: (૧) બાલ, (૨) અબાલ અને (૩) સંબાલ.

અનીશ્વરવાદ ૧. [સં. અન્ (નહિ) + ઈશ્વર (પ્રભુ) + વાદ (મત)] પું. જગતમાં ઈશ્વર છે જ નહિ એવો મત; નાસ્તિકમત; નિરીશ્વરવાદ; અવૈદિકમત.

૨. પું. મીમાંસકોનો વાદ.

અનીશ્વરવાદી ૧. [સં. અન્ (નહિ) + ઈશ્વર (પ્રભુ) + વાદિન્ (બોલનારું)] પું. અનીશ્વરવાદમાં માનનાર પુરુષ; નાસ્તિક; નાસ્તિક.

૨. પું. મીમાંસક.

૩. વિ. ઈશ્વર નથી એવા મતવાળું; અનીશ્વરવાદમાં માનનારું; નાસ્તિક.

૪. વિ. નાસ્તિક સંબંધી.

અનીસુ ૧. [અ. અનીસહ] પું. એક જાતનો, બારીક ને સુવાસિત પાંદડાંવાળો અને ધોળાં ફૂલવાળો એ નામનો છોડ; સુવાનો છોડ.

૨. ન. એ નામના છોડનાં અજમાને મળતાં બી; અણીસું; કમી છતાં. તેમાંથી એક જાતનું તેલ નીકળે છે.

અનીસું જુઓ અનીસુ.

અનીસુન જુઓ અનીસુ.

અનીહ ૧. [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં રાજર્ષિ રામના વંશમાં જન્મેલા કેવાનીક રાજાનો એ નામનો પુત્ર અને અયોધ્યાનો રાજા. એનું બીજું નામ અદીનર હતું. એને પરિયાત્ર અને સહસ્ત્રાય નામના બે દીકરા હતા.

૨. [સં. અન્ (નહિ) + ઈહા (ઇચ્છા)] વિ. તૃષ્ણા વગરનું; જેને કોઈ ઇચ્છા ન હોય એવું.

૩. [સં. અ (નહિ) + પ્રા. ણિહ (કપટી)] વિ. પ્રપંચ વગરનું; કપટ વિનાનું.

૪. વિ. નેકરાકર; પ્રામાણિક વગરનું.

૫. [સં. અન્ (નહિ) + ઈહા (ચેષ્ટા)] વિ. ચેષ્ટા કર્યા વગરનું નિષ્ક્રિય.

અનીહા ૧. [સં. અન્ (નહિ) + ઈહા (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છા નહિ હોવાપણું; અનિચ્છા.

૨. [સં. અન્ (નહિ) + ઈહા (ચેષ્ટા)] સ્ત્રી. નિષ્ક્રિયપણું; ચેષ્ટાનો અભાવ.

૩. સ્ત્રી. નેકરાકરી; પ્રામાણિકપણું.

અનુ ૧. [સં.] પું. (પિંગળ) હરેક અક્ષરમાં નગણ, મગણ અને લઘુ મળી ૭ અક્ષરનો ઉચ્ચારની જાતનો એ નામનો છંદ.

અનુ ન મ ય લા વીજ. રઘુપિંગળ

૨. પું. (પુરાણ) નહુષના દીકરા યયાતિ રાજાને શર્મિષ્ઠાથી થયેલ ત્રણ દીકરા માંહેનો એ નામનો મોટો દીકરો. પિતાનો શ્રાપ હોવાના એણે પોતાની જુવાની ભોગવી ના પાડી. એથી તેના વંશને રાજ્ય વિનાના રહેવું એવો યયાતિએ તેને શાપ આપ્યો. આથી મુખ્ય રાજ્યાધિકાર ન મળતાં એ ઉત્તરમાં ક્લેચ્છોનો અધિપતિ થયો હતો. તેના વંશમાંના પણ્યાનાં નામ ઉપરથી દેશોનાં નામ પડેલાં છે. જેમકે, અંગ; બંગ; કલિંગ.

૩. પું. વેદના સમયના ચંદ્રવંશી આર્ય લોકની એક જાત.

૪. પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર કૈશિકના મધ્યમના ક્રમ વંશમાં જન્મેલા સાત્વતના દીકરા અંધકમૃગના કપોતરોમા નામના રાજાનો દીકરો.

૫. પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર કૈશિકના મધ્યમમાં થયેલા, ક્રમ મૃગના કુરુવશ રાજાનો દીકરો.

૬. અ. અનુક્રમવાર; ક્રમ પ્રમાણે. જેમકે, અનુનિર્દેશ.

૭. અ. અને.

અનુ કર્મે સુખ સંપદા ચાખી કાવ્યસંગ્રહ

૮. અ. અમુક સ્થિતિનું.

૯. અ. અંદર એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુમતિ.

૧૦. અ. ઊતરતા દરજ્જાનું કે હલકું એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુચર; અનુજ્ઞક.

૧૧. અ. જ્યાંત્યાં પ્રમાણે.

૧૨. અ. તરફ; દિશામાં.

૧૩. અ. દરેક અથવા પ્રત્યેક અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુદિન; અનુક્ષણ.

૧૪. અ નિયમસર, નિયમ પ્રમાણે એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુક્રમ.

૧૫. અ. પછી, પાછળ એવો અર્થ બતાવનારો ઉપસર્ગ. જેમકે, અનુકરણ; અનુગામી.

૧૬. અ. પાસે એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુનય.

૧૭. અ. લાગમાં.

૧૮. અ. યોગ્ય એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુક્રમ.

૧૯. અ. લીધે; પરિણામે; પ્રમાણે.

૨૦. [પ્રા. અણુ] અ. વધારો ભાગ એવો અર્થ દર્શાવતો ઉપસર્ગ. જેમકે, અનુદિવા.

૨૧. અ. વારંવાર. જેમકે, અનુશીલન.

૨૨. અ. સરખું, જેવું અથવા મળતું એવો અર્થ બતાવનો ઉપસર્ગ. જેમકે, અનુરૂપ; અનુગુણ.

૨૩. અ. સાથે એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુકંપા; અનુપાન.

૨૪. અ. હિતકર અથવા લાભદાયક એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અનુપર્ણ.

અનુક ૧. [સં.] વિ. ક્રમી; વિધિ; લંપટ.

૨. વિ. ઠગપણું; નીચકૃત્યાળું.

૩. વિ. લોભી; લાલચુ.

અનુકથન ૧. સ. અનુવાદ.

૨. [સં. અનુ (પાછળ) + કથન (કહેવું તે)] સ. પાછળથી કરેલો નિર્દેશ.

૩. સ. વાતચીત; વાર્તાલાપ; સંભાષણ.

અનુકર ૧. [સં. અનુ (ઊતરતા દરજ્જાનું) + કર (કરનાર)] સ. હાથ નીચેનું પાણક્ષ; તાબાનું મનુષ્ય.

૨. [સં. અનુ (જેવું) + કૃ (કરવું)] વિ. નકલ કરનારું; અનુકરણ કરનાર.

અનુકરણ ૧. [સં. અનુ (જેવું) + કરણ (કરવું તે)] સ. દેખાદેખી; નકલ.

૨. સ. નકલ કરવાનું સાધન.

૩. સ. મૂલ ઉપરથી ઉતારેલું લખાણ; ઉતારો.

૪. સ. સ્વીકાર; માન્યતા; સંમતિ.

૫. વિ. નકલ કરનાર.

ખળખળવું, ખાળવું, ખળખળવું એ અનુકરણ ક્રિયાપદો છે. નર્મકોશ

અનુકરણકલા [સં. અનુકરણ (નકલ) + કલા (હુનર)] સ્ત્રી. નકલ કરવાનો હુનર.

અનુકરણકળા જુઓ અનુકરણકલા.

અનુકરણકાર [સં. અનુકરણ (નકલ) + કાર (કરનાર)] વિ. નકલ કરનાર.

અનુકરણકારી જુઓ અનુકરણકાર.

અનુકરણકૃત્ય [સં. અનુકરણ (નકલ) + કૃત્ય (કામ)] સ. બીજાનું જોઈને કરેલું કામ; નકલ.

અનુકરણચિત્ર [સં. અનુકરણ (નકલ) + ચિત્ર (આકૃતિ)] સ. નકલ કરેલ ચિત્ર; નમૂના ઉપરથી દોરેલ આકૃતિ.

અનુકરણત્વ [સં. અનુકરણ (નકલ) + ત્વ (પણું)] સ. નકલ કરવાનું કામ.

અનુકરણપદ્ધતિ [સં. અનુકરણ (નકલ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. (શિલ્પશાસ્ત્ર) જોઈ જોઈને શીખવાની રીત. શિલ્પ ચિત્ર દોરે ને તે જોઈને શિષ્યો કારે તે અનુકરણચિત્ર, એ રીતે ચિત્ર શીખવાની રીત અનુકરણ-પદ્ધતિ કહેવાય છે.

અનુકરણવાચક ૧. [સં. અનુકરણ (નકલ) + વાચક (બતાવનાર)] વિ. અનુકરણ બતાવનારું.

૨. વિ. પ્રાણી કે પદાર્થના અવાજની નકલ કરનાર.

અનુકરણવાદ [સં. અનુકરણ (નકલ) + વાદ (મત)] પું. કળા એ અનુભવનું અનુકરણ છે એવો મત.

અનુકરણવૃત્તિ [સં. અનુકરણ (નકલ) + વૃત્તિ (સ્વભાવ)] સ્ત્રી. નકલ કરવાનો સ્વભાવ.

અનુકરણશક્તિ [સં. અનુકરણ (નકલ) + શક્તિ (તાકાત)] સ્ત્રી. નકલ કરવાની તાકાત; અનુકરણ કરવાની શક્તિ.

ઉચ્ચારમાં ઊંચી અનુકરણશક્તિ કરતાં પ્રતિનિર્માણશક્તિ ચડિયાતી છે. અમરેશવર

અનુકરણશબ્દ [સં. અનુકરણ (નકલ કરનાર) + શબ્દ (અવાજ)] પું. નકલ કરતો અવાજ; પ્રાણીના કે પદાર્થના અવાજ જેવા અવાજવાળો શબ્દ. જેમકે, ધડકાર; ખળખળ; પળપળ; ઝણઝણાટ.

અનુકરણશાસ્ત્રશાસ્ત્ર [સં. અનુકરણ (નકલ) + શબ્દ (અવાજ) + શાસ્ત્ર (જ્ઞાન)] સ. અવાજના પડઘા અને આંદોલનો સંબંધી કુદરતે બાંધેલું જે નામનું શાસ્ત્ર.

અનુકરણશીલ [સં. અનુકરણ (નકલ) + શીલ (સ્વભાવ)] વિ. નકલ કરવાના સ્વભાવવાળું; નકલ કરવાની ટેવ હોય એવું.

અનુકરણાત્મક જુઓ અનુકરણશીલ.

અનુકરણાત્મક કલા [સં. અનુકરણ (નકલ) + આત્મક (વાળું) + કલા (હુનર)] સ્ત્રી. લલિતકળા; મુગ્ધકળા. જેમકે, ચાલિસ, સંગીત, ચિત્ર, નાટચ, શિલ્પ, કાવ્ય વગેરે.

આપણે પ્રથમ લલિતકળા સંબંધે છે. શ્રી દીક્ષિત આ કળાઓ સૂચવવા 'અનુકરણાત્મક કલાઓ' શબ્દ વાપરતા. વસંત

અનુકરણિયું [સં. અનુકરણ (નકલ)] વિ. અનુકરણ કરનાર; નકલ કરનારું; નકલી.

અનુકરણીય [સં. અનુ (પ્રમાણે) + કૃ (કરવું) + અનીય (વિધ્યર્થ પ્રત્યય)] વિ. અનુકરણ કરવા જેવું; દાખલો લેવા લાયક; નકલ કરવા જેવું.

અનુકરવું [સં. અનુ (જેવું) + કૃ (કરવું)] સ.ક્રિ. નકલ કરવી; અનુકરણ કરવું; અનુસરવું.

દિગ્મોહવશે અનુકરિ. કવ સુધા પ્રવાસ સુધામ.

અનુકર્તવ્ય જુઓ અનુકરણીય.

અનુકર્તા ૧. [સં. અનુ (બાદ) + કર્તૃ (કરનાર)] પુ. નકલિયો; અનુકરણ કરનાર પુરુષ.
૨. પુ. નટ; વેશ બનવનારો.
૩. વિ. અનુકરણ કરનાર; નકલ કરનારું.
૪. [સં. અનુ (તાબાનું) + કર્તૃ (કરનાર)] વિ. હુકમ ઉઠાવનાર; આજ્ઞાંકિત.

અનુકર્ષ ૧. [સં. અનુ (જેનું) + કર્ષન્ (ખેંચ)] ન. અનુકરણ; નકલ.
૨. [સં. અનુ (પાછળ) + કર્ષન્ (ખેંચ)] ન. પાછળનું ખેંચ; પાછળની ખિંચ.

અનુકર્ષ ૧. [સં. અનુ (પાછળ) + કૃષ્ (ખેંચવું)] પુ. (જ્યોતિષ) અર્ક બંધમેળનો કરવા માટે આગલા વારમાં આવી ગયેલ પહેલું પછીના વારમાં લેવાયેલું.
૨. [હિં.] પુ. ઢોલથી કરેલું કર્તવ્યનું પાલન.
૩. પુ. કેવાનું આવાહન; કેવનું આમંત્રણ.
૪. પુ. પૈસા ઉપર આપેલું વ્યાજ; પીંજણી.
૫. ન. આકર્ષણ; ખેંચાણ.

અનુકર્ષણ જુઓ અનુકર્ષ.

અનુકર્ષવું [સં. અનુ (પાસે) + કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. ખેંચવું; લેવું.

> તું રાજ્ય વાપરી છે ત્યાં ત્યાં તેનો અર્ધ ભાગ છે, અને તે પદાવાક્યમાત્ર તારાથી અનુકર્ષાયો છે. ભીતરંપાયાત

અનુકલ્પ ૧. પું. મોક્ષ આચાર પુરસ્કાર કરનાર સંપ.
૨. [સં. અનુ (બાદ) + કલ્પ (આચાર)] પું. મોક્ષ વિધિ; મુખ્યની અનેકાંતમાં કરાતો આચાર. જેમકે, જળ ન મળે ત્યારે લીંપી બાલે શુદ્ધ કે મોજા વાપરવાનો વિધિ.

અનુકંપ ૧. [સં. અનુ (પાસે) + કંપ (ધ્રુજારી)] પું. એક વસ્તુમાં થતાં આંદોલનને પરિણામે બીજી વસ્તુમાં થતું તેવું જ આંદોલન; સામી વસ્તુના જેવી ધ્રુજારી.
૨. [સં. અનુ (બીજો) + કંપ (ધ્રુજારો)] પું. કંપારો; બીજાનો ધ્રુજારો.
૩. પું. કૃપા; અનુકંપા; દયા.

અનુકંપક ૧. વિ. (જૈન) આત્મશક્તિમાં શ્રદ્ધા ધરાવનાર.
૨. [સં. અનુ (પાસે) + કંપક (ધ્રુજનાર)] વિ. દયા રાખનાર; દયાળુ.
૩. વિ. સેવા કરનાર; ભક્તિ કરનારું.

અનુકંપન જુઓ અનુકંપ.

અનુકંપવું [સં. અનુ (પાસે) + કંપ્ (ધ્રુજવું)] સ. ક્રિ. દયા આવવી; કૃપા લાવવી.

> અહીં જેમ પોતાને અનુકંપે છે તેમ બીજાને અનુકંપે છે. અહોરાત્રિ

અનુકંપા ૧. [સં. અનુ (પાસે) + કંપ (દયા)] સ્ત્રી. કરુણા; મહેર; કૃપા; દયા.

> અમને દયા રે કૃપા પૂરણ અનુકંપા અનુકૂલ, કરુણા કર કરુણાનિધિ સમા કહે ન જોય. વિનયચન્દ્રસૂરિ

૨ સ્ત્રી. દિલસોજી; સમભાવ; સહાનુભૂતિ.
૩. સ્ત્રી. ભક્તિ; સેવા; જેમની લાગણી.
૪. સ્ત્રી. મહેરબાની; અનુગ્રહ.

અનુકંપાકર્તા [સં. અનુકંપ (દયા) + કર્તા (બજાવનાર)] વિ. દયા બતાવનાર.

અનુકંપાદાન ૧. [સં. અનુકંપ (દયા) + દાન (આપવું)] ન. દયાથી દુઃખીને આપવું દાન.
૨. ન. દયાપી દાન.

અનુકંપાવાન [સં. અનુકંપ (દયા) + વત્ (વાળું)] વિ. દયાવાન; અનુકંપાવાળું.

અનુકંપાવું જુઓ અનુકંપવાન.

અનુકંપિત ૧. [સં. અનુ (પાસે) + કંપિત (ધ્રુજેલ)] વિ. દયા બતાવેલું; જેની ઉપર કૃપા કરવામાં આવી હોય તેવું.
૨. વિ. બીજી વસ્તુમાં થતાં આંદોલનને લીધે આંદોલિત થયેલું.

અનુકંપી ૧. [સં. અનુ (પાસે) + કંપિન્ (ધ્રુજનાર)] વિ. દયાળુ; અનુકંપા બતાવનાર.
૨. વિ. સેવા કરનાર; ભક્ત.

અનુકંપ્ય ૧. પું. પ્રસાદ; ખેપિયો.
૨. પું. ભક્તિ; સેવાચાકરી.
૩. [સં. અનુ (પાસે) + કંપ્ય (દયા લાવવા જેવું)] વિ. દયાપાત્ર; કરુણા ઊપજે તેવું; અનુકંપાને લાયક.
૪. વિ. જોખમવાળું.

અનુકામ ૧. [સં. અનુ (જોગ) + કામ (ઇચ્છા)] પું. વાસના પ્રેમ્યા.
૨. વિ. મરજીને અનુકૂળ; અભિલાષાને હાવે તેવું.
૩. [સં. અનુ (પ્રમાણે) + કામ (ઇચ્છા)] ક્ર. મરજી અનુસાર; યથેચ્છ.

અનુકામી [સં. અનુકામ (ઇચ્છાને અનુકૂળ) + ઇન્ (વાળું)] વિ. જેવાની ઇચ્છા પ્રમાણ વર્તનાર; સ્વચ્છંદી.

અનુકાર ૧. [સં. અનુ (બાદ) + કૃ (કરવું)] પું. અનુકરણ; નકલ.
૨. પું. અનુકરણ કરનાર; નકલિયો.
૩. પું. (સંગીત) બીજાના ગાયનની નકલ કરનાર ગાયક.
૪. [સં. અન્ (નહિ) + ઉકાર (ઉ સ્વર)] વિ. ઉકાર વગરનું; જેમાં ઉકાર ન હોય એવું.
૫. વિ. સરખું; જેવું.

> ઉદ્ય રવિ અનુકાર ઘટાર ચિત્ત ચેત ૧. જ્ઞાનવિમલસૂરિ

અનુકારક [સં. અનુ (જેવું) + કારક (કરનાર)] વિ. અનુકરણ કરનારું; નકલ કરનાર.

અનુકારસ્વર જુઓ અનુકરણસ્વર.

અનુકારિણી [સં. અનુકારિન્ (નકલ કરનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નકલ કરનારી.

અનુકારી ૧. પું. શિવ; શંકર; મહાદેવ.
૨. સ્ત્રી. અનુકરણ કરવું તે.
૩. [સં. અનુ (જેવું) + કારિન્ (કરનાર)] વિ. નકલ કરનાર; અનુકારક.
૪. વિ. માનું આવતું; સમાનતાવાળું.
૫. [સં. અનુ (પ્રમાણે) + કારિન્ (કરનાર)] વિ. હુકમ પ્રમાણે વર્તનાર; તાબેદાર.

અનુકાર્ય ૧. ન. જેની નકલ થાય તે.

> સમજી પાઠ શીખવાનો હોય તો ગમ અનુકાર્ય છે. કાન્તાબહેન

૨. [સં. અનુ (પાછળ) + કાર્ય (ક્રિયા)] ન. પાછળથી કરવાની ક્રિયા.
૩. [સં. અનુ (સરખું) + કાર્ય (કરવા જેવું)] વિ. સરખો લેવા લાયક; નકલ કરવા જેવું.

અનુકાલ ૧. [સં. અનુ (નિયમ પ્રમાણે) + કાલ (સમય)] વિ. વખતને અનુસરતું; સમયોચિત.
૨. ક્ર. યોગ્ય વખતે; સમય મળ્યે.

અનુકાલિક [સં. અનુ (નિયમ પ્રમાણે) + કાલિક (સમયનું)] વિ. નિયતકાલિક; નિયમિત વખતે થતું.

અનુકાશ [પ્રા. અણુકાસ] પું. વિકાસ; ફેલાવો; પ્રસાર.

અનુકાંક્ષા ૧. [સં. અનુ (પાછળનું) + આંક્ષા (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છા; અભિલાષ; આકાંક્ષા.
૨. સ્ત્રી. ઉમેદ; મુરાદ; આશા.
૩. સ્ત્રી. મરજી; ભાવના.

અનુકાંક્ષિત ૧. [સં. અનુ (પાછળ) + આંક્ષિત (ઇચ્છેલું)] વિ. ઇચ્છિત; આકાંક્ષાવાળું.
૨. વિ. ઉમેદવાળું; આશા રખાયેલું.
૩. વિ. ભાવનાવાળું.

અનુક્રમ ૧. પું. (સંજ્ઞા) એ નામનો અર્થાલંકાર. જેમકે,

તે અજાણને, મમ સાન્નિધ્યને, હું જેવું ને,
હરિ લાઈ અવા, અનાથ ધારે–નર્મદ

૨. પું. પ્રસંગ; ધારો.

૩. પું. ઠેકાણે; પદ; સ્થાન.

૪. પું. વિચાર; આચાર.

૫. પું. રીત; પદ્ધતિ.

૬. પું. અવસ્થા; નિયમ; બંદોબસ્ત.

૭. [સં. અનુ (એક પછી એક) + ક્રમ (અર્થ)] પું. પંક્તિ; હાર; પરિપાટી.

૮. પું. સાંકળિયું; અનુક્રમણિકા.

૯. વિ. યોગ્ય ક્રમમાં આવતું; એક પછી એક એમ આવનારું; ક્રમને નહિ ઓળંગેલું.

અનુક્રમણ ૧. [સં. અનુ (પાછળ) + ક્રમ (અર્થ)] ન. અનુગમન; પાછળ જવું તે.

૨. [સં. અનુ (ક્રમસર) + ક્રમ (અર્થ)] ન. ક્રમસર આગળ વધવું તે.

અનુક્રમણિકા ૧. પું. ગ્રન્થમાં દર્શાવેલો એ નામનો ક્રમ. જેમાં ગ્રંથોના અધિ. ઈ. હેવતા અને વિનિયોગનું વર્ણન છે.

૨. સ્ત્રી. ક્રમ; હાર.

૩. [સં. અનુ (એક પછી એક) + ક્રમ (અર્થ)] સ્ત્રી. સાંકળિયું; વિષયસૂચિ; ગ્રંથમાં અમુક વસ્તુ અમુક પાને કે ઠેકાણે છે એમ બતાવવાની યોજવણ; અનુક્રમણી.

અનુક્રમણી જુઓ અનુક્રમણિકા.

અનુક્રમવાર [અનુક્રમ (પરિપાટી) + વાર (પ્રમાણે)] ક્રિ. અનુક્રમ પ્રમાણે.

અનુક્રમવું ૧. [સં. અનુ (પાછળ) + ક્રમ (અર્થ)] સ.ક્રિ. અનુસરવું; પાછળ જવું.

૨. સ.ક્રિ. એક પછી એક એમ ક્રમ બતાવવો.

અનુક્રમાંક [સં. અનુ (પ્રમાણે) + ક્રમ (શ્રેણી) + અંક (આંકડો)] પું. આગળ આંકડો; ક્રમ પ્રમાણે આવતો આંકડો.

અનુક્રમે જુઓ અનુક્રમવાર.

અનુક્રંદન ૧. [સં. અનુ (સાથે) + ક્રંદન (રુદન)] ન. કોઈને રડતું સાંભળી કરવામાં આવતું રુદન.

૨. [સં. અનુ (પાછળ) + ક્રંદન (રડવું તે)] ન. પાછળ રુદન કરવું તે.

અનુક્રાંત ૧. [સં. અનુ (પાછળ) + ક્રમ (અર્થ)] વિ. આક્રમેલ.

૨. વિ. સેવેલું; અનુષ્ઠાન કરેલ.

અનુક્રિયા ૨. [સં. અનુ (સાથે) + ક્રિયા (કામ)] સ્ત્રી. અનુવાદ; તરજૂમો; વાક્યાંતર.

૨. સ્ત્રી. નકલ; અનુકરણ.

અનુક્રોશ ૧. [સં. અનુ (સાથે) + ક્રુશ્ (રડવું)] પું. દુઃખ; દયા; અનુકંપા.

આર્યપુત્રનો આ બન્ને વિષે અનુક્રોશ અને પરિણામ સાંભળી હૃદય સુખ અને દુઃખની વચ્ચે ઝૂલે છે. પુરાતત્ત્વ

૨. [સં. અનુ + ક્રોશ (ગાઉ)] ન. એક ગાઉ ચાલીસનું લોક તેવું માપ.

અનુક્ષણ [સં. અનુ (દરેક) + ક્ષણ (પળ)] ક્રિ.વિ. પ્રત્યેક ક્ષણે; દરેક પળે; વારેવારે; ક્ષણેક્ષણે.

અનુક્ષિતિજ [સં. અનુ (પ્રમાણે) + ક્ષિતિજ (દિગ્મંડળ)] વિ. ક્ષિતિજને સમાંતર; સમતલ.

અનુખણ ૧. [સં. ઉદ્‌ખણ] પું. ખાંડણિયો; મોટી ખાંડણી; ઊખણ.

૨. પું. મૂસળ.

અનુખળ જુઓ અનુખણ.

અનુખું ૧. વિ. અસાધારણ; અલૌકિક; નવાઈનું

૨. વિ. નોખું; અનેરું; જુદું.

અનુખ્યાતા ૧. [સં. અનુખ્યાતૃ] વિ. પાછળ ખબરદાર; સમાચાર દેનાર.

૨. વિ. સોપક્ષ; સોપભોગ કરનાર.

અનુખ્યાતિ ૧. [સં. અનુ (પાછળ) + ખ્યા (પ્રસિદ્ધ થવું)] સ્ત્રી. સોપ; ભોગ.

૨. [સં. અનુ (પાછળ) + ખ્યા (કહેવું)] સ્ત્રી. સમાચાર; ખબર.

અનુગ ૧. [સં. અનુ (પાછળ) + ગ (જનાર)] પું. ચાકર નોકર; સેવક; અનુચર.

વિદિશા ઉત્તર દિશા અને સેવક અનુગ પ્રકૃતિ, ફૂલ ફરે ઉત્તિયન રાજા તમે વસ્તુ નથી અતિ. વિનયસાગરોપ

૨. પું. સહચર; સાથી; સોબતી.

૩. ન. અનુસરણ; પંથનું માપણ.

૪. વિ. અનુગામી; અનુસારી; અનુસરનારું.

૫. વિ. પાછળ જનાર; વાંસે ચાલનારું.

અનુગચ્છન [સં. અનુ (વારંવાર) + ગચ્છન (જવાની)] ન. વારંવાર કરાતી જવારી.

અનુગત ૧. [સં. અનુ (પાછળ) + ગત (ગયેલું)] પું. સેવક; અનુચર; નોકર.

૨. [સં. અનુ (પ્રમાણે) + ગત (ગયેલું)] વિ. બનાવની માફક; ચાલ્યું આવતું.

૩. વિ. અનુકરણ કરેલું; અનુસરેલ.

૪. વિ. આશ્રિત.

૫. ■ ભોગવાયેલું; ઠરી ગયેલું.

૬. વિ. જાણેલું.

૭. વિ. ઠેકાણે પડેલું; સ્થાનસ્થિત.

૮. ■ પાળ્યા ગયેલું; સાથે ગયેલ; અનુયાત.

૯. વિ. પાળ્યામાં ગયેલું.

૧૦. વિ. પૂર્ણ; ભરેલું; વ્યાપ્ત.

૧૧. વિ. પ્રાપ્ત થયેલું; મેળવાયેલું.

૧૨. [સં. અનુ (અનુકૂળ) + ગત (પામેલું)] વિ. બાકી; અનુકૂળ.

૧૩. [સં. અનુ (યોગ્ય) + ગત (મિળવેલું)] વિ. લાયક; ઘટતું.

અનુગતત્વ [સં. અનુ (પાછળ) + ગત (ગયેલું) + ત્વ (પણું)] ન. (વેદાંત) અનેક પદાર્થોમાં વર્તતો હોય તેવો પદાર્થ.

અનુગતધર્મ [સં. અનુ (સાથે) + ગત (ગયેલું) + ધર્મ (ગુણ)] પું. સ્વાભાવિક ગુણ; વસ્તુસ્થિતિ.

અનુગતપ્રત્યય [સં. અનુ (પાછળ) + ગત (ગયેલું) + પ્રત્યય (ઉદ્દિષ્ટ વસ્તુ વિષે થતું જ્ઞાન)] ન. ઉદ્દિષ્ટ વસ્તુ પાછળથી થતું જ્ઞાન.

સપર્ણ આવતા પ્રોત્સાહનના અભાવે. એટલી તે વહેતે વધ પછી આવ તે પછી પણ પ્રત્યય જોવી વાર થતે છે. એ પ્રત્યયને અનુગતપ્રત્યય કહે છે. ભક્તિલાલ ગાંધાણી

અનુગતાર્થ ૧. [સં. અનુ (પાછળ) + ગત (ગયેલ) + અર્થ (રહસ્યાર્થ)] વિ. સમજાય પ્રમાણ અર્થવાળું.

૨. વિ. સહેલાઈથી સમજી શકાય એવું.

અનુગતિ ૧. [સં. અનુ (પાછળ) + ગતિ (જવા)] સ્ત્રી. અનુકરણ; નકલ.

૨. સ્ત્રી. અનુસરણ; અનુગમન; પાછળ જવું તે.

૩. [હિં.] સ્ત્રી. અંતિમ દશા; મરણ.

૪. [સં. અનુ (અનુકૂળ) + ગતિ (ગતિ)] સ્ત્રી. પ્રસન્નતા; અનુમોદના; સંમતિ.

૫. [સં. અનુ (અંદર) + ગતિ (પ્રવેશ થવાનું)] સ્ત્રી. પ્રવેશ.

અનુગમ ૧. પું. (ન્યાય) જે રૂપ કે ધર્મ જોડલા પદાર્થોમાં હોય તે ઉપરથી જોડલા જોડલા પદાર્થોનું અલગ અર્થ હોય તે રૂપ કે ધર્મનું તેવલા પદાર્થોમાં અનુસ્યૂત હોવાપણું. જેમકે, ઘટત્વરૂપ ધર્મ વડે સર્વ ઘટોનું અલગ અર્થ હોય છે, માટે ઘટત્વનો સર્વ ઘટમાં અનુગમ છે.

૨. પું. ધર્મ; અમુક હોય કે અમુક પુરુષે અનુસરેલી આચાર, વિચાર અને મહાની પદ્ધતિ.

૩. પું. (જૈન) પદ, પદ્ધતિ, વિધિ. અન્વય વડેરે વ્યાખ્યાનના પ્રકાર.

૪. પું. (વેદાંત) પૂર્વાપર વાક્યોનો અર્થ જોડવતાં બંધબેસતો અર્થ; સર્વ વાક્યોની એકવાક્યતા કરતાં સિદ્ધ થતી અર્થસંગતિ.

૫. પું. (વેદાંત) સામા-વાક્યનું અર્થાન્તરન્યાસ; નામનિર્દેશ; વિસ્તાર; વ્યાપ્તિ; આગમ; ઉત્પત્તિ; વિશેષ વાત ઉપરથી સાધારણ વાતનું અનુમાન.

૬. પું. (જૈન) સૂત્રની વ્યાખ્યા; સૂત્રના અર્થનો ખુલાસો; નિક્ષેપથી પાંચ ભેદમાંથી પ્રકરણ કે પ્રસંગને અનુકૂળ રચેલો અર્થ.

૭. જુઓ અનુગમન ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦.

અનુગમન ૧. [સં. અનુ (પાછળ) + ગમન (ગતિ,)] ન. અનુસરણ; પાછળ જવાપણું.

૨. [સં. અનુ (અનુકૂળ) + ગમન (જવું તે)] ન. આધીન થવું તે.

૩. [સં. અનુ (પાસે) + ગમન (પ્રવાસ)] ન. (જૈન) ગુરુને આવકાર આપવા સામા જવાની ક્રિયા.

૪. ન. ટીકા; વ્યાખ્યા.

૫. ન. પત્નીની પાછળ સતી થવું તે. ક્ષત્રિયાદિકની સ્ત્રીઓ પોતાના પતિની ચાખડી અથવા બીજી કોઈ વસ્તુને લઈ ચુડી ચિતામાં બળી મરે તે અનુગમન કહેવાય, અને પતિનું માથું પોતાના ખોળામાં લઈ કોઇ જ ચિતામાં પતિની સાથે બળી મરે તે સહગમન કહેવાય. પતિનું શબ હાથમાં ન આવે અથવા તો તે પરદેશમાં મૃત્યુ પામ્યો હોય ત્યારે અનુગમન થાય.

૬. ન. બોધ; જ્ઞાન.

૭. ન. મરનારની દહન કે દાનક્રિયાને અંતે સ્નાન પાછળ રમશાને જવું તે.

૮. ન. સમાન આચરણ; અનુકરણ.

૯. ન. સહભાવપણું; સમાનતા.

૧૦. [સં. અનુ (સાથે) + ગમન (સંસર્ગ)] ન. સંયોગ; મૈથુન.

૧૧. ન. સંમતિ; અનુમોદના; પ્રશંસા.

અનુગમવાદ [સં. અનુગમ (વ્યાપ્તિ) + વાદ] ન. (વેદાંત) વ્યાપ્તિવાદ; વ્યાપ્ત પૂર્વવત્ ઉદાહરણ.

અનુગમવું [સં. અનુ (પાછળ) + ગમ્ (જવું)] સ.ક્રિ. પાછળ જવું; સાથે જવું.

અનુગર્જન [સં. અનુ (સાથે) + ગર્જન (ગર્જવાની ક્રિયા અવાજ)] ન. પડઘો; પ્રતિધ્વનિ; પડઘાતું.

અનુગર્જિત ૧. [સં. અનુ (સાથે) + ગર્જિત (ગાજવું અવાજ)] ન. મોટો અવાજ થાય તેવો પડઘો.

૨. વિ. ગર્જના કરેલું.

અનુગા સ્ત્રી. સુથારનું ઓજાર; જેનો નામનું જોડ બનાવવું પડે.

અનુગામિક ૧. પું. (જૈન) આંતરજ્ઞાન થોડું અથવા અનુમાન જોડલે અવધિ જ્ઞાન આવવું.

૨. પું. અનુચર; નોકર.

૩. પું. અનુમાન ઉપરથી કરેલ નિશ્ચય; અન્વયવ્યતિરેકી જોડલે સાધ્યસાધક હેતુથી થતો પરતુનો નિર્ણય.

અનુગામી [સં. અનુ (પાછળ) + ગામિન્ (જનાર)] પું. (જૈન) અવધિજ્ઞાનનો એ નામનો ભેદ; સાથે જનારું અવધિજ્ઞાન.

૫. વિ. પાછળ જનાર; સાથે જનાર.

૬. વિ. બીજા જન્મમાં સાથે આવતાં સુખને ઉત્પન્ન કરનારું.

૭. વિ. બીજાની અનુસરનાર.

અનુગામિની ૧. [સં. અનુ (પાછળ) + ગામિની (જનારી)] સ્ત્રી. પતિની પાછળ સતી થનારી સ્ત્રી.

૨. સ્ત્રી. પાછળ જનારી સ્ત્રી; અનુગામી નૈરી.

૩. વિ સ્ત્રી. સાથે રહેનારી; પાછળ આવનારી.

અનુગામી ૧. [સં. અનુ (પાછળ) + ગામિન્ (જનાર)] પું. અનુસરનાર પુરુષ; અનુયાયી.

૨. પું. (જૈન) અવધિજ્ઞાનનો એ નામનો પ્રકાર; જે દેશથી અવધિજ્ઞાન આવું હોય ત્યાંથી બીજે દેશાંતરે પણ સાથે જનારું અવધિજ્ઞાન.

૩. પું. આશ્રિત.

૪. પું. આકર; સેવક; અનુચર.

૫. પું. (જૈન) સાધ્યસાધક હેતુ; હોય ત્યારનો હેતુ.

૬. વિ. અનુકરણ કરનાર; નકલ કરનારું.

૭. વિ. અનુયાયી; અનુસરનાર; પાછળ જનાર; વળગી રહેનાર.

૮. વિ. (પ્રમા) ઉપનય અને ઉપસંહાર વાક્યમાં જોડ સ્વરૂપથી રહેનાર. જેમકે,

> આજ પંથ ચહિયતિ સુખદ,
> સહુ સ્વજન કરે સંચાર.

ઉપનય અને ઉપસંહાર વાક્યમાં એક સ્વરૂપથી રહેવાવાળા ધર્મને અનુયાયી કહે છે.

કાવ્યપ્રકાશ

૯. વિ. પાછળ આવનાર; પાછળ રહેનારું.

૧૦. વિ. બીજું પ્રમાણે ક્રમ કરનાર; બીજાનો લખ્યો લઈ તે પ્રમાણે વર્તનાર.

૧૧. વિ. વારસ; જગ્યાએ આવનાર; અનુવર્તી.

૧૨. વિ. સંયોગ કરનાર.

૧૩. [સં. અનુ (સાથે) + ગામિન્ (જનાર)] વિ. સાથે જનાર; સહચર.

૧૪. [સં. અનુ (પ્રમાણે) + ગામિન્ (જનાર)] વિ. કુદરત પ્રમાણે વર્તનાર; આજ્ઞાધારી; બીજાની ઇચ્છા પ્રમાણે ચાલનારું.

અનુગામી ઉપાધિ [સં. અનુગામિન્ (પાછળ આવનું) + ઉપાધિ (સંજ્ઞા)] સ્ત્રી. અનુગામી સંજ્ઞા; અનુગામી સંજ્ઞા.

અનુગામી પ્રતિજ્ઞા જુઓ અનુગામી ઉપાધિ.

અનુગામી સંજ્ઞા જુઓ અનુગામી ઉપાધિ.

અનુગીત ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો છંદ; ગીતા. તેમાં ૨૬ માત્રા હોય છે અને ૧૪ તથા ૧૨ માત્રાએ યતિ આવે છે.

૨. [સં. અનુ (પાછળ) + ગીત (ગાન)] ન. પાછળ કરાતું ગાન; ગાયન કીર્તન તે.

૩. [પ્રા. અણુગીઅ] વિ. જેના વિષે ગવાયું આવ્યું હોય તેવું; કીર્તિત.

૪. વિ. (જૈન) તીર્થંકરાદિની વાણીથી સાંભળીને પાછળથી સ્થવિરોએ કહેલું.

૫. [સં. અનુ (પાછળ) + ગીત (ગાયેલું)] વિ. પાછળથી ગવાયું આવેલ.

અનુગીતા [સં.] સ્ત્રી. મહાભારતના અશ્વમેધ પર્વના ૧૬ થી ૫૨ સુધીના અધ્યાયનું નામ.

> શ્રીકૃષ્ણે દ્વારકા જવા પહેલાં અર્જુનને અનુગીતા કહેલી છે. ગીતારહસ્ય

અનુગીતિ ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામનો પ્રસ્તુતગીતિ ગાવાયેલ છંદ. તેના પહેલા ચરણમાં ૧૨ અને ૧૫ માત્રાએ યતિવાળી ૨૭ માત્રા, અને બીજામાં ૧૨ અને ૧૭ માત્રાએ યતિવાળી ૨૯ માત્રા હોય છે.

> આર્યા ઉત્તર ચરણમ,
> પ્રથમવત્ રચયિતવ્યું કવિના.
> બે ચરણ બીજો વધારી,
> થાપી આર્યા અનુગીતિ વિષે પરને.

ભૂષિણ

૨. [સં. અનુ (પાછળ) + ગીતિ (ગવું તે)] સ્ત્રી. પાછળ ગાવું તે.

૩. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામનો માત્રામેળ છંદ. તેના પહેલા ચરણમાં ૨૭ અને બીજામાં ૩૨ માત્રા હોય છે. તે આર્યાનો જોડ જોડ છે.

અનુગુણ ૧. પું. (પ્રમા) એ નામનો અલંકાર. જુઓ અનુગુણાલંકાર.

૨. [સં. અનુ (જોગ) + ગુણ (અતિસ્વભાવ)] પું. ખાસ ગુણ; સ્વાભાવિક લક્ષણ.

૩. [સં. અનુ (પાછળ) + ગુણ (ઉપકાર)] પું. ગુણ ઉપર ગુણ કરવાપણું.

૪. વિ. આવતા પ્રમાણે ચાલનારું; અનુસરનાર.

૫. વિ. ગુણમાં પ્રીતિવાળું.

૬. [સં. અનુ (અનુકૂળ) + ગુણ] વિ. બંધબેસતું; જોગ; અનુકૂળ.

૭. [સં. અનુ (સરખું) + ગુણ (સ્વભાવ)] વિ. સમાન ગુણવાળું; મળતા સ્વભાવનું.
૮. અ. ક્રમાનુસાર; મરજી મુજબ.
૯. [સં. અનુ (પ્રમાણે) + ગુણ] અ. ગુણ પ્રમાણે.
૧૦. અ. સ્વાભાવિક રીતે.

અનુગુણાલંકાર [સં.] પું. (કાવ્ય) બીજી વસ્તુની મદદથી એકનો ગુણ વધવા પામે તે બતાવનારો અલંકાર. જેમકે,
મર્દ ને વળી મરિયા પીજે.

અનુગ્રસ્ત ૧. વિ. આશ્રિત; આશ્રય આપેલું; રક્ષણ કરેલ.
૨. [સં. અનુ (ચોગ) + ગ્રસ્ત (સંકળાયેલું)] વિ. સોડેલું; આચ્છાદિત.

અનુગ્રહ [પ્રા. અણુગ્ગહ] વિ. (જૈન) લોભુપતાવાળું; અત્યાસક્ત; વધુ મોહિત.

અનુગ્રહિ [પ્રા. અણુગ્ગહિ] સ્ત્રી. (જૈન) લોભુપતા; અત્યાસક્તિ; વધુ મોહ.

અનુગ્રહીત ૧. [સં. અનુગ્રહ્ (ઉપકાર કરવો)] વિ. આભારી; જેના ઉપર ઉપકાર કરવામાં આવ્યો હોય એવું; ઉપકૃત.
૨. વિ. કૃતજ્ઞ; કરેલ ઉપકારની કદર કરનાર.

અનુગ્રૂષા [સં. અનુ (પાછળ) + ગ્રૂષ (વધવું પ્રમાણમાં)] વિ. વધુ આસક્ત; સંસાર વધારવામાં વધુ આસક્તિવાળું.

અનુઘ ૧. [સં. અન્ (નહિ) + ઉગ્ર (બળવું)] વિ. અસમર્થ; અશક્ત; દુર્બળ.
૨. [સં. અન્ (નહિ) + ઉગ્ર (આકરું)] વિ. આકરું નહિ એવું; સહન થઈ શકે એવું;
[illegible]
૩. [સં. અન્ (નહિ) + ઉગ્ર (ઉદ્ધત)] વિ. ઉદ્ધતાઈ વગરનું; વિનયવાળું.
૪. [સં. અન્ (નહિ) + ઉગ્ર (ક્રોધી)] વિ. ક્રોધ વિનાનું; ઠંડા મિજાજનું; શાંત.

અનુગ્રહ ૧. [સં. અનુ (સમૃદ્ધ) + ગ્રહ્ (પકડવું)] પું. અનુકૂળપણું.
૨. પું. આભાર; પક્ષ; ઉપકાર.
વનસ્પતિ અનુગ્રહ માનિ છિ।
તથા જોઉ પ્રભાત. લાલચ
૩. પું. ઉપદેશ.
૪. [સં. અનુ (પાછળ) + ગ્રહ્ (પકડવું)] પું. રાજા, ગુરુ અથવા મોટા માણસો કોઈની ઉપર પ્રસન્ન થઈ તેને પોતાનું કરવું તે; કૃપા; મહેરબાની; પ્રસન્નતા; અનુકંપા; કૃપા દૂર કરવાની ક્રિયા.
અનુગ્રહ કરવો = (૧) આભારી કરવું. (૨) પ્રસન્ન થવું; મહેરબાની કરવી. (૩) મદદ કરવી; હાથ પકડવો. (૪) માફી આપવી. (૫) લાભ આપ જોગ કરવું. (૬) સાથે વળી લેવો; દયા કરવી. (૭) સ્વીકારવું.
૫. પું. પાછળની દુકડી.
૬. [સં. અનુ (ચોગ) + ગ્રહ (સ્વીકાર)] પું. ચોગ બનાવીને સ્વીકારવું તે; સ્વીકાર.
૭. પું. વરદાન; બક્ષિસ; ભેટ.
૮. પું. સાચું નિવારણ; માફી.
મેં આપ તણાશે લીધ મહાત્મે,
અનુગ્રહ કેમ આપ છ. પ્રેમાનંદ
૯. પું. સહાય; મદદ.
૧૦. પું. સાથે રહેવાપણું.
૧૧. [સં. અનુ (પાછળ) + ગ્રહ (સર્વ વસ્તુ આકારમાંના ચોગ)] વિ. સર્વ વસ્તુ મનને અનુસરેલ.

અનુગ્રહકર્તા [સં. અનુગ્રહ (ઉપકાર) + કર્તૃ (કરનાર)] વિ. અનુગ્રહ કરનાર; ઉપકાર કરનારું.

અનુગ્રહકારી [સં. અનુગ્રહ (ઉપકાર) + કારિન્ (કરનાર)] વિ ઉપકાર કરનારું; લાભકારક.
હરમંથી બહાર કાઢવામાં આવતી નિઃશ્વાસ વાયુ-પ્રાણ અને હરની અંદર જતો ઉચ્છ્વાસ વાયુ-અપાન એ બંને પોષકતિ છે, અને ઇત્યાદિ હોવાથી આત્માને અનુગ્રહકારી છે.
સત્યાર્થપ્રકાશ

અનુગ્રહણ જુઓ અનુગ્રહ.

અનુગ્રહભાજન [સં. અનુગ્રહ (કૃપા) + ભાજન (પાત્ર)] અ. પ્રીતિપાત્ર માણસ.

અનુગ્રહિત [સં. અનુગ્રહ્ (કૃપા કરવી)] વિ. કૃપાપાત્ર; મહેરબાનીવાળું; જેના ઉપર અનુગ્રહ કર્યો હોય તેવું. આ શબ્દ અનુગ્રહીત શબ્દનો ખોટો ઉપયોગ છે.

અનુગ્રહી ૧. [સં. અનુગ્રહ (મહેરબાની) + ઇન્ (વાળું)] વિ. અનુગ્રહ કરે તેવું; મહેરબાન; કૃપાળુ; આભારી; દયા બતાવે તેવું.
૨. વિ. આભાર કરનારું.
૩. વિ. માફી આપનાર; શાપ નિવારણ કરનારું.
૪. વિ. વરદાન આપે તેવું.
૫. વિ. સહાયક; મદદ કરનાર.

અનુગ્રામ ૧. [સં. અનુ (પછી) + ગ્રામ (ગામ)] અ. (જૈન) એક ગામ પછી આવતું બીજું ગામ; ભરતક્ષેત્ર અર્ધા વચ્ચે આવતું ગામ.
૨. [સં. અણુ (નાનું) + ગ્રામ (ગામ)] અ. નાનું ગામ.
૩. [સં. અનુ (પાસે) + ગ્રામ (ગામ)] અ. શહેરની પાસેનો બાગ; પરું.

અનુગ્રાહક ૧. [સં. અનુગ્રહ્ (ઉપકાર કરવો) + અક (કર્તવાચક પ્રત્યય)] વિ. અનુગ્રહ કરનાર; ઉપકારી.
૨. વિ. (બાકરણ) પોષક; સમર્થક; પુષ્ટિકારક.
એક વાક્ય બીજા સ્વાર્થપ્રામાણ્યનો હેતુ છે, તો તેને વિષે બીજાં અનુગ્રાહક વાક્યોનું શું પ્રયોજન છે? કમારસંકર
૩. વિ. મહેરબાની કરનારું; કૃપાળુ; આભારી; દયા બતાવે તેવું.
૪. વિ. માફી આપનારું; શાપ નિવારણ કરનાર.
૫. વિ. વરદાન આપનારું.
૬. વિ. સહાયક; મદદગાર.

અનુગ્રાહી જુઓ અનુગ્રાહક.

અનુગ્રહીત ૧. [સં. અનુગ્રહ્ (ઉપકાર કરવો)] વિ. ઉપકાર કરવા લાયક.
૨. [સં. અનુગ્રહ્ (કૃપા કરવી)] વિ. કૃપાપાત્ર; મહેરબાની કરવા જેવું; હાથ પકડવા લાયક.
૩. વિ. (બાકરણ) પુષ્ટિયોગ્ય; સમર્થન આપવા જેવું.
૪. વિ. મદદ કરવા લાયક; સહાયને પાત્ર.
૫. વિ. મહેરબાનીની જેને જરૂર હોય એવું.
૬. વિ. માફી આપવા લાયક.
૭. વિ. વરદાનને પાત્ર.

અનુઘટન [સં. અનુ (સાથે) + ઘટન (જોડાણ)] અ. એક વસ્તુનું બીજી સાથે જોડાણ.

અનુઘાત [સં.] પું. નાશ; સંહાર.

અનુઘ્ન જુઓ અનુગ્રહ.

અનુચર ૧. પું. (જ્યોતિષ) એક આકાશી પદાર્થની આસપાસ ફરનાર બીજો આકાશી પદાર્થ; 'સેટેલાઇટ'.
૨. પું. (બૌદ્ધ) નકામો દોષ.
આત્મ ચિત્ત (તૃષ્ણા-અભિમાન) ને મારીને, બે ક્ષત્રિય ધર્મ (૧. શાશ્વત સ્થિતિ, ૨. ઉચ્ચતર સ્થિતિ) ને મારીને, અનુચર (બીજા દોષો) સહિત રાજાને મારીને આત્મા દુઃખ રહિત થાય છે. બ્રહ્મબિંદુ
૩. [સં. અનુ (પાછળ) + ચર્ (જનું)] પું. નોકર ચાકર સેવક; દાસ.
૪. [સં. અનુ (સાથે) + ચર્ (જનું)] પું. સહચર; સાથી; મિત્ર.
૫. પું. હબૂસ્સો; તહેનાતમાં રહેનાર નોકર.

૬. [સં. અનુ (પાળવા) + ચર (ચરાવવા)] સ. ચરાવવા કે છુપા રૂપની પાળવા જનાર માણસ.

૭. સિ. વાંસે જનાર; પાળવા જનાર.

અનુચરવું ૧. [સં. અનુ (પાળવા) + ચર્ (જવું)] સ. ક્રિ. અનુસરવું; પાળવા જવું.

> ગગવાન વિષ્ણુના બાલચરિત્રને અનુચરવા મેવાળીબાનોના વેષે નેહડામાં ઉતરે છે.
>
> પુરાતત્વ

૨. સ. ક્રિ. નાશ કરવો.

૩. સ ક્રિ. પાળવા જાવું; પેઠો લેવો; લોપમાં કરવું; મેળવવા પ્રયત્ન કરવો.

૪. સ. ક્રિ. વર્તવું.

૫. [સં. અનુ (સાથે) + ચર્ (જવું)] સ. ક્રિ. સાથે કરવું.

૬. [સં. અનુ (પાસે) + ચર્ (રહેવું)] સ. ક્રિ. સેવા કરવી; તહેનાતમાં રહેવું; હાજર રહેવું.

અનુચરા જુઓ અનુચરી.

અનુચરાવું ૧. [અનુ (પાળવા) + ચરાવું (જવાનું)] સ. ક્રિ. અનુસરાવું; પાળવા જવાનું

૨. સ. ક્રિ. તહેનાતમાં રહેવાનું.

૩. [સં. અનુ (સાથે) + ચર્ (જવું)] સ. ક્રિ. સાથે કરાવું.

અનુચરિત ૧. [સં. અનુ (પાળવા) + ચરિત (આચરણ)] ન. અનુસરણ; નાસ.

> પૂર્વજનું અનુચરિત (અનુસરવું) એમાં લોપ તે નાશ કહેવાય છે.
>
> પ્રસ્થાન

૨. [સં. અનુ (લોપ) + ચરિત (ચરિત)] ન. આચરિત ચરિત.

૩. સિ. આચરિનું અનુસરણ કરી આચરેલું; અનુસરેલું.

૪. [સં. અનુ (પ્રત્યયે) + ચરિત (વર્તન)] સ. આચરિને અનુસાર.

અનુચરી ૧. [સં. અનુચર (નોકર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દાસપુત્રી.

૨. સ્ત્રી. દાસી; ચાકરડી.

૩. [સં. અનુ (પાળવા) + ચર્ (જવું)] સ્ત્રી. લગ્નમાં પરણીની પાળવા જાતીને સાથદારીનાં બનવાં ગરનારી નવી પરણેલી સ્ત્રી; સહધર્મચારિણી.

૪. [સં. અનુ (પાસે) + ચર્ (રહેવું)] સ્ત્રી. સખી; સહિયર; સહેલી.

૫. સ્ત્રી. સાથે કરનાર અને તહેનાતમાં રહેનાર દાસી.

૬. સિ. પાળવા જાનારી.

અનુચર્યિત જુ. (વિશ્વ) દરેક અવસ્થામાં નમસ્કૃ, સમસ્કૃ, અનુસ્કૃ અને પુરઃ સાથે ૧૦ અક્ષરનો પંક્તિની અંતનો સમવૃત્ત વર્ણમેળ છંદ.

ન્સ ર ન અનુચર્યિત્ત વિશે.

અનુચિત્ત

અનુચારક ૧. [સં. અનુ (પાસે) + ચારક (રહેનાર)] જુ. તહેનાતમાં રહેનાર નોકર; હજૂરિયો.

૨. [સં. અનુચર્ (સેવા કરવી) + અક (કર્તૃવાચક પ્રત્યય)] જુ. સેવક; નોકર; દાસ.

૩ સિ. અનુસરનાર; પાળવા જાનાર.

અનુચારિકા ૧. [સં. અનુ (પાળવા) + ચારિકા (ચાલનારી)] સ્ત્રી. ચાકરડી; દાસી.

૨ [સં. અનુ (સાથે) + ચારિકા (જનારી)] સ્ત્રી. સખી; સહેલી.

અનુચારી જુઓ અનુચર ૪–૭.

અનુચિકિત્સા [સં. અનુ (રાખવું) + ચિકિત્સા (રોગ દૂર કરવાનો ઉપાય)] સ્ત્રી. (વૈદ્ય) જે પ્રકારનો રોગ હોય પ્રકારનું ચાલું થયું ઔષધ આપી રોગ મટાડવાનું વેવું, જેમકે જે ગરમી ઉપર ગરમ અને ઠરડી ઉપર ઠરડ ઔષધ આપવાની વિદ્યા; સમચિકિત્સા; સદ્રવ્યચિકિત્સા.

અનુચિકીર્ષા [સં. અનુ (પ્રત્યયે) + ચિકીર્ષા (કરવાની ઇચ્છા)] સ્ત્રી. અનુકરણ કરવાની [illegible]

અનુચિત ૧. [સં. અન્ (નહિ) + ઉચિત (યોગ્ય)] સિ. અવ્યવસ્થિત; અનુચ્છંદ; અનુપાસિત; ગેરવાજબી.

૨. [સં. અન્ (નહિ) + ઉચિત (પરિચિત)] સિ. અપરિચિત; અજાણ્યું.

૩. સિ. અપૂર્ણ; અધૂરું.

૪. [સં. અન્ (ઉપરું) + ઉચિત (સમું)] સિ. નકામું; બરાબર.

અનુચિતતા ૧. [સં. અન્ (નહિ) + ઉચિત (યોગ્ય) + તા (પણું)] સ્ત્રી. અવ્યવસ્થિતપણું; અનૌચિત્ય અયોગ્યતા.

૨. [સં. અન્ (નહિ) + ઉચિત (પરિચિત) + તા (પણું)] સ્ત્રી. અપરિચિતપણું.

૩. સ્ત્રી. અપૂર્ણતા.

૪. [સં. અન્ (ઉપરું) + ઉચિત (સમું) + તા (પણું)] સ્ત્રી. નકામપણું.

અનુચિતત્વ ૧. ન. (વ્યાકરણ) જે નામનો હોય; શબ્દ બદલવાથી ચાલો હોય. જેમકે, અને બદલી લાગી, પ્રથમ બનવાં હું તુજ વસ્યો, ઉપરું થયું મોં ને તુજ સ્મિત જોઈ હું ભળી ગયો.

આ કાવ્યમાં પ્રથમ કડિયે હ્રસ્વ વર્ણોચ્ચાર છે, ને તેનો નિર્દેશ પુનઃ કરતી વખતે શબ્દ બદલી સ્મિત શબ્દ પ્રયોજ્યો છે.

> આમ શબ્દ બદલવાની ઔચિત્યમાં કૃતિ વાચ છે, તે અનુચિતત્વ દોષ થાય છે. × × × સ્મિત અને હાસ્યમાં ભેદ છે, અહીં બેને પર્યાય શબ્દ તરીકે કવિએ વાપર્યા છે, તેથી રસને અપકર્ષ થાય છે.
>
> કવિતાવિમર્શ

૨. ચુક્યો અનુચિતતા.

અનુચિતાર્થ [સં. અન્ (નહિ) + ઉચિત (યોગ્ય) + અર્થ (મતલબ)] જુ. (અલંકાર) જોડ પ્રકારનો પદદોષ; અયોગ્ય અર્થમાં શબ્દ વપરાવાથી થતો દોષ. જેમકે,

> વૈદ્ય વૃદ્ધ બળ જે છે,
> કરી ક્ષીણતા ઉપચારો સ્થાપાને;
> વિલાસરત થઈ વધૂસે,
> આવી મળે જો પતિ વૈદ્ય આને.

આમાં નાયકને વૈદ્ય કરવાથી નિત્ય આસક્ત થાય છે, માટે અનુચિતાર્થ દોષ છે.

> ઉચિત અર્થનો તિરસ્કાર કરીને અનુચિત અર્થ સ્થિત પદનું કથન તે અનુચિતાર્થ. વિવક્ષિત અર્થનો બાધ આ દોષનું કારણ છે.
>
> કાવ્યાલોક

અનુચિંતક [સં. અનુચિન્ત્ (યાદ કરવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] સિ. સ્મરણ કરનાર; યાદ કરનાર.

અનુચિંતન ૧. [સં. અનુ (પાળવા) + ચિંતન (વિચાર)] ન. અનુચિંતા; ધ્યાન; ઈશ્વરનો વિચાર કર્યા કરવાપણું.

૨. સ. ચિંતા; ફિકર.

૩. ન. (વેદાંત) શ્રવણેન્દ્રિયોથી સાંભળેલો અર્થ સાચો છે કે નહિ એનાથી શંકાનું નિવારણ કરનારી યુક્તિઓનો વિચાર કરવો તે.

૪. સ. સ્મરણ.

અનુચિંતનીય ૧. [સં. અનુ (પાળવા) + ચિંતનીય (વિચારવા જેવું)] સિ. અનુચિંતન કરવા જેવું; વિચાર કરવા લાયક.

૨. સિ. સ્મરણીય; યાદ કરવા જેવું.

અનુચિંતવન જુઓ અનુચિંતન.

અનુચિંતા જુઓ અનુચિંતન.

અનુચીર્ણ ૧. [સં. અનુ (વારંવાર) + ચીર્ણ (આચરેલું)] સિ. કરેલું; અનુષ્ઠિત.

૨. [સં. અનુ (પાળવા) + ચીર્ણ (આચરેલું)] સિ. પરિશ્રમેલું; પરિશ્રમ પામેલું.

૩. [સં. અનુ (પાસે) + ચીર્ણ (જોઈ જોયું)] સિ. પ્રાપ્ત; મેળવેલું.

૪. [સં. અનુ (સાથે) + ચીર્ણ (કરેલું)] વિ સંબંધમાં આવેલું.

અનુચીર્ણતા ૧. [સં. અનુચીર્ણ (કરેલું) + તા (પણું)] સ્ત્રી. અનુકરણ; વિહિતપણું.
૨. સ્ત્રી પરિણામ.
૩. સ્ત્રી. પ્રાપ્તિ; મળવું તે; લાભ.
૪. સ્ત્રી. સમાગમ; સંબંધ.

અનુચીર્ણત્વ જુઓ અનુચીર્ણતા.

અનુચ્ચ ૧. [સં. અન્ (ન્હલું) + ઉચ્ચ (મહાન માર્ગનું ઊંચામાં ઊંચું બિંદુ)] પું. (જ્યોતિષ) ગ્રહોનું નીચ સ્થાન.
૨. [સં. અન્ (નહિ) + ઉચ્ચ (ઊંચું)] વિ. ઊંચું નહિ તેવું; નીચું.
૩. વિ. હલકું; અધમ.

અનુચ્ચત્વ ૧. [સં. અન્ (નહિ) + ઉચ્ચ (ઊંચું) + ત્વ (પણ)] ન. નીચાપણું.
૨. જ હલકાપણું; અધમતા.

અનુચ્ચરિત ૧. [સં. અન્ (નહિ) + ઉચ્ચરિત (ઉચ્ચાર થતો હોય એવું)] વિ. (વ્યાકરણ) ઉચ્ચાર ન થતો હોય એવું; શાંત; અસ્વરિત. જેમકે, મત. રીત, મધ આમાં અંત્ય 'અ' અનુચ્ચરિત છે.
૨. [સં. અન્ (નહિ) + ઉચ્ચરિત (બોલેલું)] વિ. નહિ બોલેલું; અનુક્ત.

અનુચ્ચારિત જુઓ અનુચ્ચરિત.

અનુચ્ચાર્ય ૧. [સં. અન્ (અયોગ્ય) + ઉચ્ચાર્ય (બોલવા જેવું)] વિ. ઉચ્ચાર કરવાની પદ્ધતિને અયોગ્ય.
૨. [સં. અન્ (નહિ) + ઉચ્ચાર્ય (બોલવા જેવું)] વિ. નહિ બોલવા જેવું.

અનુચ્છિષ્ટ ૧. [સં. અન્ (નહિ) + ઉચ્છિષ્ટ (એઠું)] વિ. ખાધું નહિ તેવું; અજુઠું; અજુઠપુ.
૨. વિ. તાજું; નવું; નવીન.
તેના વિચારો પ્રાયઃ અનુચ્છિષ્ટ હોવાથી તેને સાહિત્યરાજાનો રવાપક અથવા ઉપપ્લવક કહી શકાય છે. કાન્યરાજ
૩. વિ. પવિત્ર.
૪. વિ. વપરાયા વગરનું.

અનુચ્છિષ્ટતા ૧. [સં. અન્ (નહિ) + ઉચ્છિષ્ટ (અજુઠું) + તા (પણું)] સ્ત્રી. ઉચ્છિષ્ટ ન હોવાપણું; અજુઠાપણાનો અભાવ.
૨. સ્ત્રી. તાજું હોવાપણું.
૩. સ્ત્રી. પવિત્રતા.
૪. સ્ત્રી. વપરાયા વગરનું હોવાપણું.

અનુચ્છિષ્ટત્વ જુઓ અનુચ્છિષ્ટતા.

અનુચ્છેદ [સં. અન્ (નહિ) + ઉચ્છેદ (નાશ)] પું. મૂળમાંથી ઉખેડી નાશ ન કરવાપણું; અવિનાશ; રક્ષા.

અનુચ્છેદ્ય [સં. અન્ (નહિ) + ઉચ્છેદ્ય (નાશ કરી શકાય એવું)] વિ. જેની જડ ઠાંડી ન શકાય એવું.

અનુજ ન. સીતાફળ.

અનુજડી (અનુડી) [અનુજ (સીતાફળ) + ડી (સ્વાર્થે પ્રત્યય)] સ્ત્રી. સીતાફળી; એ નામનું નાનું ઝાડ, જેના પર સીતાફળ થાય છે.

અનુજુત્સ વિ. (અ. મુ.) અસ્પૃહણીય; અપ્રાર્થિત; અનાવશ્યક.
સાખી પહી એક કહાવી રે, સુણિજ્યા;
પાછો સોંપવું અનુજુત્સ, પંખી મુજ વસીઉ.
અદારાનો દાસ

અનુજ્ઞ ૧. પું. અનુમતિ; સિદ્ધ
૨. પું. એ નામનો એક જાતનો છોડ; પ્રપૌંડરીક.
૩. [સં. અનુ (પાછળ) + જ્ઞ (જાણેલ)] પું. નાનો ભાઈ.
૪. ન. એ નામનો સુગંધી પદાર્થ.
૫. વિ. અનુજ્ઞાપી; અનુસરનાર.
૬. વિ. પાછળથી જન્મેલું; ઉંમરે નાનું; અનુજાત; વાંસે પેદા થયેલું.
અનુજ અવર્જસ નાભિ વખી, અવિક્ષ કનિક કનીય, વધુ સ્હોદરની સરખ હોય નહિ હે સીય. પિંગળપ્રકોષ
૭. વિ. સ્વાભાવિક; પ્રકૃતિસિદ્ધ; સ્વાભિત; સર્વમાન્ય; સ્વભાવસિદ્ધ.

અનુજજ્ઞા [સં. અનુ (પાછળ) + જ્ઞા (માનવું)] પું.; ન. અનુમતિ; નોંધ.

અનુજન્મા ૧. [સં. અનુ (પાછળ) + જન્મન્ (જન્મ)] પું. નાનો ભાઈ.
૨. પું. પાછળથી થયેલ જન્મ.
૩. વિ. પાછળથી જન્મેલું.

અનુજવધૂ [સં. અનુજ (નાનો ભાઈ) + વધૂ (સ્ત્રી)] સ્ત્રી. નાના ભાઈની સ્ત્રી.

અનુજા ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ત્રાયમાણા લતા.
૨. [સં. અનુ (પાછળ) + જા (જન્મેલી)] સ્ત્રી નાની બહેન.
૩. વિ સ્ત્રી. પાછળ જન્મેલી.

અનુજાત જુઓ અનુજ.

અનુજાતત્વ ૧. [સં. અનુ (પાછળ) + જાત (જન્મેલું) + ત્વ (પણું)] ન. પાછળથી જન્મેલું હોવાપણું
૨. [સં. અનુજાત (સ્વાભાવિક) + ત્વ (પણું)] ન. સ્વાભાવિકપણું; પ્રકૃતિસિદ્ધતા.

અનુજાતા જુઓ અનુજા.

અનુજિઘૃક્ષા [સં. અનુ (સાથે) + જિઘૃક્ષા (લેવાની ઇચ્છા)] સ્ત્રી દયા બતાવવાની ઇચ્છા.

અનુજીવિતા ૧. [સં. અનુજીવિન્ (આશ્રિત) + તા (પણું)] સ્ત્રી. અનુજીવીપણું; આશ્રિતપણું.
૨. [સં. અનુ (પાછળ) + જીવિન્ (જીવવાળું) + તા (પણું)] સ્ત્રી. પાછળ જીવતા રહેવાપણું; અતિજીવન.
૩. [સં. અનુજીવિન્ (ચાકર) + તા (પણું)] સ્ત્રી. સેવાપણું; દાસત્વ.

અનુજીવિત્વ જુઓ અનુજીવિતા.

અનુજીવિદાયાધિકાર [સં. અનુ (પાછળ) + જીવિન્ (જીવતું) + દાય (વારસો) + અધિકાર (હક)] પું. મિલકતમાં બીજાની સાથે સંયુક્ત હિત ધરાવનાર પાછળ જીવતા રહેતા પક્ષને મળતો સંપૂર્ણ વારસાનો હક; અતિજીવનહક.

અનુજીવિની ૧. [સં. અનુજીવિન્ (ચાકર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ચાકરડી; સેવિકા; દાસી.
૨. વિ સ્ત્રી. આશ્રિત; પરોપજીવિની; બીજાના આધારે જીવનારી.
૩. [સં. અનુજીવિન્ (પાછળ જીવનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પાછળ જીવતી રહેનારી.

અનુજીવિસ્વત્વાધિકાર જુઓ અનુજીવિદાયાધિકાર.

અનુજીવી ૧. પું. ચાકર; સેવક; અનુચર.
૨. વિ અર્થી, યાચક.
૩. [સં. અનુ (પાછળ) + જીવિન્ (જીવતું)] વિ. આશ્રિત; આધારે જીવનાર; બીજાને આધારે ગુજરાન ચલાવનાર.
૪. વિ. તાબેદાર.
૫. [સં. અનુ (પાછળ) + જીવિન્ (જીવતું)] વિ પાછળ જીવવાવાળું; પાછળ જીવતું રહેનાર.

અનુજીવ્ય [સં. અનુ (પાછળ) + જીવ્ (જીવવું)] પું. શેઠ; સ્વામી; અન્નદાતા; સેવ્ય; પોષણ કરનાર.

અનુજ્ઞપ્તિ [સં. અન્ (નહિ) + ઉજ્ઞપ્તિ (જાણવું)] વિ. અજાણ.

અનુજ્ઞપ્તિ જુઓ અનુજ્ઞાપન.

અનુજ્ઞા ૧. [સં. અનુ (અનુકૂળ) + જ્ઞા (જાણવું)] સ્ત્રી. અનુમતિ; પરવાનગી; રજા; સંમતિ.

૨. સ્ત્રી. આજ્ઞા; આદેશ; ફરમાન; હુકમ; વિધિ.

અનુજ્ઞા અને પરિહાર એટલે વિધિ અને નિષેધ. અજ્ઞાત

૩. સ્ત્રી. (અલં) એ નામનો અર્થાલંકાર. લુપ્તો અનુજ્ઞાલંકાર.

૪. સ્ત્રી. માફી; ક્ષમા.

૫. સ્ત્રી. (વેદાંત) વિકલ્પબુદ્ધિના વિષયભૂત સર્વ પદાર્થોને સ્વાત્મરૂપે જાણવા તે.

૬. સ્ત્રી. વિદાય લેવાની રજા; જવાની પરવાનગી

અનુજ્ઞાત ૧. [સં. અનુ (પાછળ) + જ્ઞાત (જાણેલું)] વિ. આકરમાન અપાયેલ.

૨. વિ. કૃપા બતાવેલું.

૩. [સં. અનુ (અનુકૂળ) + જ્ઞાત (જાણેલું)] વિ. મંજૂર કરેલું; પરવાનગી અપાયેલું; અનુમત; સંમત અપાયેલ.

૪. વિ. માફી આપવામાં આવેલું.

૫. વિ. વીનવાયેલું.

૬. વિ. હુકમ કરાયેલ.

અનુજ્ઞાતા [સં. અનુજ્ઞા (સંમતિ આપવી) + તૃ (કર્તૃવાચક પ્રત્યય)] વિ. અનુમતિ આપનાર; સંમતિ દેનાર; રજા આપનાર.

અનુજ્ઞાપત્ર ૧. [સં. અનુજ્ઞા (પરવાનગી) + પત્ર (કાગળ)] સ. પરવાનાવાળું આણપત્ર.

૨. વિ. પરવાનગી પરાવનાર.

અનુજ્ઞાપારક લુપ્તો અનુજ્ઞાપર.

અનુજ્ઞાન લુપ્તો અનુજ્ઞા.

અનુજ્ઞાપક ૧. [સં.] સ. હુકમ કરનાર માણસ.

૨. વિ. પરવાનગી આપનાર.

૩. વિ. હુકમ કરનાર.

અનુજ્ઞાપત્ર [સં. અનુજ્ઞા (પરવાનગી) + પત્ર (ચિઠ્ઠી)] સ. છટ; રજાચિઠ્ઠી; પરવાનો.

અનુજ્ઞાપન ૧. [સં.] સ. આજ્ઞા આપવી તે; હુકમ કરવાપણું.

૨. સ. પરવાનગી આપવાપણું; અધિકૃતિ.

૩. [હિં.] સ. સ્વજન.

અનુજ્ઞાપના ૧. સ્ત્રી. અનુજ્ઞા; રજા.

૨. સ્ત્રી. આજ્ઞા કરવાપણું.

અનુજ્ઞાપિત [સં.] વિ. પરવાનગી અપાયેલું.

અનુજ્ઞાપિતપાનભોજન [સં. અનુજ્ઞાપિત (રજા અપાયેલું) + પાન (પીવાની ચીજ) + ભોજન (આહાર)] સ. (જૈન) વિધિ પ્રમાણે આહારપાણી જેવાના પછી ગુરુને જતાવી તેની પરવાનગી મેળવી તેનો કરાતો ઉપયોગ.

અચૌર્યવ્રતની અનુજ્ઞાવિશુદ્ધસંસ્તારક, અનુજ્ઞાવિશુદ્ધ અવગ્રહમાર્ગણ, અવગ્રહાવસ્થારૂપ, સાધર્મિક પાસેથી અવગ્રહયાચન અને અનુજ્ઞાપિતપાનભોજન એ પાંચ ભાવનાઓ છે.

તત્ત્વાર્થસૂત્ર

અનુજ્ઞાલંકાર [સં.] પું. (અલં) એ નામનો અર્થાલંકાર, જેમાં કુત્સાસ્પદ વસ્તુમાં પણ મુખ્ય રૂપે તે જેવસ્તુની પ્રશંસાનું વર્ણન કરવામાં આવે છે. જેમકે,

વિપત્તિ આપ વિધાતા, મુજને કૃપ કરી; રમાં સદાય નામ, જેવી તાહ્યું હરી હરી.

અનુડી ૧. [હિં. અનાડ] વિ સ્ત્રી. અજૂડી; અદ્‌ભુત.

૨. વિ સ્ત્રી. સુંદર.

અનુડું વિ. (કચ્છી) નહીં; ન વપરાયેલું.

અનુતાપ ૧. [સં. અનુ (પાછળ) + તાપ (પીડાયેલ)] વિ. ખેદવાળું; દુઃખી.

૨. વિ. ગરમ થયેલું.

૩. વિ. પશ્ચાત્તાપ કરતું; અનુતાપ પામેલું.

અનુતાર [સં. અનુતૃ (સામે પાર જવું)] સ. હોડીનું બાકું.

અનુતર્ષ ૧. [સં. અનુ (પાછળ) + તૃષ્ (તરસ લાગવી)] પું. તરસ; પ્યાસ.

૨. પું. તીવ્ર ઇચ્છા; મરજી.

૩. પું. લાર; મદિરા.

૪. પું. લાર પીવાનું પાત્ર.

૫. પું. મદિરાપાન.

અનુતર્ષુ લુપ્તો અનુતર્ષ.

અનુતાપ ૧. [સં. અનુ (પાછળ) + તાપ (બળવી વેદના)] પું. અફસોસ; પસ્તાવો; પશ્ચાત્તાપ.

૨. પું. ગરમી; તાપ.

૩. પું. તાવ; ભળતરા.

અનુતાપજનિત [સં. અનુતાપ (પશ્ચાત્તાપ) + જનિત (જેના વગેર)] વિ. પશ્ચાત્તાપથી થયેલું.

અનુતાપન ૨. પું. (પુરુષ) કશ્યપથી ઓ દનુના અઠારમાંનો એ નામનો ચૌદમો દીકરો.

૨. [સં. અનુ (પાછળ) + તાપન (બળવી વેદના)] સ. પશ્ચાત્તાપ; અફસોસ.

૩. વિ. ખેદ ઉત્પન્ન કરનાર; દુઃખ આપે એવું.

અનુતાપિત [સં. અનુ (પાછળ) + તાપિત (વેદના પામેલું)] વિ. પશ્ચાત્તાપ પામેલ.

અનુતાપી [સં. અનુતાપ (પશ્ચાત્તાપ) + ઇન્ (વાળું)] વિ. પસ્તાવો કરનાર.

અનુતાર [સં. અનુતૃ (સામે પાર જવું)] વિ. મોક્ષ આપનાર; મુક્તિ દેનારું.

અનુતાર્ક ૧. [સં. અન્ (નહિ) + ઉત્કટ (તીવ્ર)] વિ. તીવ્ર ન હોય એવું; અલ્પ.

૨. [સં. અન્ (નહિ) + ઉત્કટ (મુશ્કેલ)] વિ. મહેનત; મુશ્કેલી વિનાનું.

અનુતાર્કતા ૧. [સં. અન્ (નહિ) + ઉત્કટ (તીવ્ર) + તા (પણું)] સ્ત્રી. તીવ્ર ન હોવાપણું; અલ્પતા.

૨. [સં. અન્ (નહિ) + ઉત્કટ (મુશ્કેલ) + તા (પણું)] સ્ત્રી. મહેનતાર્ક; મુશ્કેલી ન હોવાપણું.

અનુતાર્ષી ૧. [સં. અન્ (વિશેષ અલંકાર વપરાયો) + ઉત્કર્ષ (ચડતી)] પું. અવનતિ; પડતી.

૨. વિ. પડતીવાળું; અવદશાવાળું.

અનુતાર્ષીક [સં. અન્ (વિશેષ અલંકાર વપરાયો) + ઉત્કર્ષ (ચડતી) + ક (પ્રત્યય)] વિ. અવદશા કરનારું.

અનુતાર્ષ્ણુ [સં. અન્ (વિશેષ અલંકાર વપરાયો) + ઉત્કર્ષણુ (ચડતી)] સ. અવદશા; માઠી દશાત.

અનુત્તમ ૧. [સં. અન્ (નહિ) + ઉત્તમ (ચડિયાતું)] પું. વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક. તેમનાથી કોઈ ઉત્તમ નથી, તેથી તે અનુત્તમ કહેવાય છે.

૨. પું. શિવ.

૩. વિ. અધમ; હલકું.

૪. [સં. અન્ (નહિ) + ઉત્તમ (પહેલો પુરુષ)] વિ. (વ્યાકરણ) પહેલા પુરુષમાં ન વપરાય એવું.

૫. વિ. સૌથી સરસ; અનુપમ; અજોડ; જેનાથી ચડિયાતું ન હોય એવું.

અનુત્તમતા ૧. [સં. અનુત્તમ (અધમ) + તા (પણું)] સ્ત્રી. અધમતા; હલકાઈ.

૨. [સં. અનુત્તમ (શ્રેષ્ઠ) + તા (પણું)] સ્ત્રી. ઉત્તમતા; સૌથી સારું હોવાપણું.

અનુત્તર ૧. [સં. અન્ (અભાવ) + ઉત્તર (જવાબ)] પું. ઉડાઉ જવાબ.

૨. પું. (જૈન) એ નામનાં પાંચ વિમાન. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તરવિમાન છે.

૩. પું. (જૈન) દેવતાઓનો એ નામનો પ્રકાર; અનુત્તરવિમાનમાં રહેતા દેવતા.

૪. [સં. અન્ (નહિ) + ઉત્તર (ઉત્તમ)] વિ. અધમ; નીચ; હલકું.

૫. [સં. અન્ (નહિ) + ઉત્તર (અધિકાધિકું)] વિ. ઉત્તમ; ભેષ્ઠ; સુંદર; જેનાથી અધિકાધિકું ન હોય એવું.

૬. [સં. અન્ (વિશેષ અવધારણ વાચક અર્થમાં) + ઉત્તર (ઉત્તર દિશાનું)] વિ. ઉત્તર દિશાનું નહિ એવું; દક્ષિણ દિશાનું.

૭. વિ. જવાબ ન આપી શકાય એવું.

૮. [સં. અન્ (નહિ) + ઉત્તર (જવાબ)] વિ. જવાબ વગરનું; નિરુત્તર.

૯. [સં. અન્ (નહિ) + ઉત્તર (પાછળનું)] વિ. પાછળનું નહિ એવું.

૧૦. વિ. મુખ્ય.

૧૧. વિ. સાંધ વિનાનું જોડનાર.

૧૨. [સં. અન્ (નહિ) + ઉદ્ (બહાર)] વિ. સ્થિર; અચલ.

અનુત્તરગતિ [સં. અનુત્તર (જૈન) + ગતિ (મૃત્યુ પછીની હાલત)] સ્ત્રી. મોક્ષ; સિદ્ધગતિ.

અનુત્તરદેવસ્થાન જુઓ અનુત્તરવિમાન.

અનુત્તરયોગતંત્રયાન જ. (બૌદ્ધ) મહાયાનના નવ પેટા સંપ્રદાય માંહેનો એ નામનો એક. જુઓ મંત્રયાન.

અનુત્તરવાસી [સં. અન્ (નહિ) + ઉત્તર (જવાબ) + વાદિન્ (બોલનાર)] વિ. જવાબ ન આપવાની ટેવવાળું.

અનુત્તરવાસી [સં. અન્ (નહિ) + ઉત્તર (અધિકાધિકું) + વાસિન્ (રહેનાર)] વિ. (જૈન) અનુત્તરવિમાનમાં રહેનાર; વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તરવિમાનમાં વસનારા.

અનુત્તરવિમાન [સં. અન્ (નહિ) + ઉત્તર (અધિકાધિકું) + વિમાન (વૈમાનિક દેવોનું નિવાસસ્થાન)] જ. (જૈન) વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ વિમાનમાંનું દરેક. આમાંનાં પહેલાં ચાર વિમાનમાં વસતા દેવ બે વાર મનુષ્ય-જન્મ ધારણ કરીને અને સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવ એક જ વાર મનુષ્ય-જન્મ લઈને મોક્ષ પામે છે.

અનુત્તરવિમાનવાસી [સં. અન્ (નહિ) + ઉત્તર (અધિકાધિકું) + વિમાન + વાસિન્ (રહેનારું)] વિ. (જૈન) અનુત્તરવિમાનમાં વસનાર.

> અનુત્તરવિમાનવાસી દેવો સૌધર્મ ઐશાનીને અવધિજ્ઞાનથી જોઈ શકે છે.
>
> ત્યાર્થસૂત્ર

અનુત્તરશૈલ [સં. અન્ (નહિ) + ઉદ્ (ઉપર) + તરંગ (મોજું)] વિ. સ્થિર; હાલ્યાચાલ્યા વિનાનું; જેમાં મોજાં ઊછળતાં ન હોય એવું.

અનુત્તરા ૧. [સં. અન્ (વિશેષ અવધારણ વાચક અર્થમાં) + ઉત્તરા (ઉત્તર દિશા)] સ્ત્રી. દક્ષિણ દિશા; ઉત્તરથી વિરુદ્ધ દિશા.

૨. [સં. અન્ (નહિ) + ઉત્તર (જવાબ) + આ (સ્ત્રીલિંગે પ્રત્યય)] વિ. સ્ત્રી. જવાબ આપવા વખતની; મૂંગી.

અનુત્તરિત વિ. જવાબ અપાયા વિનાનું.

અનુત્તરોપપાતિકદશા સ્ત્રી. (જૈન) એ નામનું નવમું અંગસૂત્ર. તેમાં અનુત્તરવિમાને જનાર દેવોની હકીકત છે.

અનુત્તરોપપાતિકદશા જુઓ અનુત્તરોપપાતિકદશા.

અનુત્તાન [સં. અન્ (વિશેષ અવધારણ વાચક અર્થમાં) + ઉત્તાન (ચત્તું)] વિ. ચત્તું નહિ એવું; ઊંધું મોઢું નીચી જાતું મુખવાળું.

અનુત્તીર્ણ [સં. અન્ (નહિ) + ઉત્તીર્ણ (પાર ઊતરેલ)] વિ. પાર નહિ ઊતરેલું; નાપાસ.

અનુત્તેજિત [સં. અન્ (નહિ) + ઉત્તેજિત (ઉશ્કેરાયેલું)] વિ. નહિ ઉશ્કેરાયેલું; ઉત્તેજિત નહિ થયેલું.

અનુત્થાન [સં. અન્ (નહિ) + ઉત્થાન (ઊભા)] જ. આળસ.

અનુત્પત્તિ ૧. [સં. અન્ (નહિ) + ઉત્પત્તિ (પેદાશ)] સ્ત્રી. પેદાશ ન હોવાપણું; ઉત્પત્તિનો અભાવ.

૨. સ્ત્રી. મૂળ ન હોવું તે.

અનુત્પત્તિસમ પું. (ન્યાય) ઉત્પત્તિસ્થાનના અભાવે અમુક બાબત ઠરતી ધરાવતી નથી એમ સાબિત કરવાની ખોટી રીત; ન્યાયની ૨૪ જાતિ માંહેની એ નામની એક.

> દૃષ્ટાન્ત હેતુની સાધ્યને અસિદ્ધ સિદ્ધ કરે છે. પણ જો હેતુને રહેવાનો આધાર ન હોય તો હેતુના અભાવને લીધે સાધ્ય જ સિદ્ધ ન થઈ શકે. એ રીતે અનુત્પત્તિ દ્વારા દૂષણ આપવું તે અનુત્પત્તિસમ.
>
> પ્રભાકર

અનુત્પન્ન [સં. અન્ (નહિ) + ઉત્પન્ન (પેદા થયેલ)] વિ. પેદા નહિ થયેલું; અજાત.

અનુત્પન્નાતાનબીજાદુક [સં. અન્ (નહિ) + ઉત્પન્ન (પેદા થયેલ) + અજ્ઞાન (જોવું તે) + સમ્ (સાથે) + આદક (લેનાર)] પું. આવી રહેલો ૪૨ વરસ કારકુન અધિકારી.

અનુત્પાતસૂચક [સં. અન્ (નહિ) + ઉત્પાત (આપત્તિનું ચિહ્ન) + સૂચક (બતાવનાર)] વિ. દુઃખનું ચિહ્ન નહિ બતાવનાર.

અનુત્પાદ જુઓ અનુત્પત્તિ.

અનુત્પાદક ૧. વિ. નિરુપયોગી; ઉપયોગમાં ન આવે એવું.

૨. [સં. અન્ (નહિ) + ઉત્પાદક (પેદા કરનાર)] વિ. પેદા ન કરનારું; જેનાથી ઉત્પત્તિ ન થાય એવું.

અનુત્પાદકમહેનત [અનુત્પાદક (પેદા ન કરે એવું) + મિહનત (શ્રમ)] સ્ત્રી. (અર્થશાસ્ત્ર) કોઈ ઉત્પન્ન ન કરે એવી મહેનત.

> એવી કેટલીક મહેનત છે કે જે બહુ ઉપયોગી છે, જોઈએ કલ્પના ઉત્પાદનમાં કંઈ મદદ કરતી નથી. આવી મહેનતને અનુત્પાદકમહેનત કહે છે.
>
> અર્થશાસ્ત્રનાં મૂળતત્ત્વો

અનુત્પાદકશ્રમ જુઓ અનુત્પાદકમહેનત.

અનુત્પાદકવ્યય [સં. અનુત્પાદક (ઉત્પન્ન ન કરે એવું) + વ્યય (ખરચ)] પું. (અર્થશાસ્ત્ર) કોઈ ઉત્પન્ન ન કરી શકે એવી રીતનો ઉપયોગ.

> ઉત્પાદકવ્યય વ્યય ગણાતો નથી, પણ અનુત્પાદકવ્યય તો અવશ્ય વ્યય જ છે.
>
> જ્ઞાનમંજૂષા

અનુત્પ્રેક્ષિત [સં. અન્ (નહિ) + ઉત્પ્રેક્ષિત (ધારેલું)] વિ. નહિ ધારેલું; અણધાર્યું; અતર્કિત.

અનુત્સાહ ૧. [સં. અન્ (નહિ) + ઉત્સાહ (આનંદ)] પું. ખિન્નતા; નાઉમેદી; હોંસ-રહિતપણું; નિરુત્સાહ.

૨. વિ. ઉત્સાહ વગરનું; નિરુત્સાહી; ખિન્ન.

અનુત્સાહક ૧. વિ. ઉત્સાહ ન આપે એવું.

૨. [સં. અન્ (નહિ) + ઉત્સાહ (હોંસ) + કે (વાળું)] વિ. ઉમંગ વિનાનું; હોંસ વગરનું.

અનુત્સાહી [સં. અન્ (નહિ) + ઉત્સાહ (ઉમંગ) + ઈન્ (વાળું)] વિ. ઉમંગ વગરનું; નિરુત્સાહી; ઉત્સાહ વિનાનું.

અનુત્સુક ૧. [સં. અન્ (નહિ) + ઉત્સુક (આતુર)] વિ. ઉત્કંઠા રહિત; ઉત્સુક નહિ એવું; આતુરતા વિનાનું.

૨. [સં. અન્ (નહિ) + ઉત્સુક (અધીરું)] વિ. શાંત; અધીરાઈ વિનાનું.

અનુત્સુકતા ૧. [સં. અન્ (નહિ) + ઉત્સુકતા (ઉત્કંઠા)] સ્ત્રી. ઉત્કંઠાનો અભાવ; ઉત્સુક ન હોવાપણું.

૨. [સં. અન્ (નહિ) + ઉત્સુક (અધીર) + તા (પ્રત્ય)] સ્ત્રી. શાંતિ; ધીરજ; ખામોશી.

અનુત્સૂત્ર ૧. [સં. અન્ (નહિ) + ઉત્સૂત્ર (નિયમ વિરુદ્ધ)] વિ. નિયમને અનુસરતું; નિયમિત.

૨. [સં. અન્ (નહિ) + ઉત્સૂત્ર (સૂત્રથી ઊલટું)] વિ (જૈન) સૂત્રને અનુસરતું; શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનું.

અનુત્સૃષ્ટ [સં. અન્ (નહિ) + ઉત્સૃષ્ટ (છોડેલું)] વિ. નહિ છોડેલું; અમુક્ત.

અનુત્સેક [સં. અન્ (નહિ) + ઉત્સેક (અભિમાન)] કું. ઉદ્ધત ન હોવાપણું.

અનુત્સેકી [સં. અન્ (નહિ) + ઉત્સેકિન્ (ગર્વયુક્ત)] વિ. ગર્વ વિનાનું; ગમારી વગરનું.

અનુદક ૧. [સં. અન્ (નહિ) + ઉદક (પાણી)] ન. પાણી વિના તર્પણ કરવામાં આવે એવું શ્રાદ્ધ.

૨. વિ. જેને શ્રાદ્ધની અંજલિ આપનાર કોઈ ન હોય એવું; વારસ વિનાનું.

૩. વિ. પાણી વગરનું; નિર્જળ.

૪. [સં. અન્ (નહિ) + ઉદક (પાણી)] વિ. જ્યાં બીજું પાણી હોય એવું.

અનુદય ૧. [સં. અન્ (નહિ) + ઉદય (ઉન્નતિ)] કું. ઉન્નતિનો અભાવ; આબાદી ન હોવાપણું.

૨. કું. (જૈન) કર્મના વિપાકના ઉદયનો અભાવ; ફળ આપવાની સ્થિતિએ કર્મનું નહિ પહોંચેલું હોવાપણું.

૩. કું. પ્રાણીવિનિમયના સોદામાં જે ઢોરનો પ્રાણ બીજામાં દાખલ કરવાના પ્રયોગ કરનારને તેના પ્રયોગમાં નિષ્ફળ કરવાની ભાવના ન હોવાપણું.

> પ્રયોગની વિધિ કોઈ પણ પ્રાણીનો અનુદય. સોદામાં જે વિધાયક નિયમ લાગુ છે તેને લગતી માહિતી, જે વિધાયકના અમલથી શરીરમાં થતા ફેરફારોની સંખ્યા વધી તે ન વધ્યા હોવાનો પ્રયત્ન જે સોદા કોઈ વિધિ દાખલ ન હોવાપણું.
>
> મણિલાલ નભુભાઈ

અનુદર [સં. અન્ (અલ્પ) + ઉદર (પેટ)] વિ. પાતળી કેડવાળું; કૃશોદર.

અનુદરા [સં. અન્ (અલ્પ) + ઉદર (પેટ) + આ (સ્ત્રીલિંગે પ્રત્યય)] વિ. સ્ત્રી. પાતળી કેડવાળી; કૃશોદરી.

અનુદરાકન્યા [સં. અનુદરા (પાતળી કેડવાળી) + કન્યા (કુંવારી છોકરી)] સ્ત્રી. પાતળી કેડવાળી કુમારિકા.

અનુદરી જુઓ અનુદરા.

અનુદર્શન ૧. [સં. અનુ (પાછળ) + દર્શન (જોવાપણું)] ન. પાછળથી કરવામાં વિચાર; અનુચિંતન.

૨. ન. પાછળથી જોવાની ક્રિયા.

અનુદર્શી ૧. [સં. અનુદર્શ (પાછળથી જોવું)] વિ. ક્રમ અને તેના પરિણામને જોનાર.

૨. વિ. (વેદાંત) શાસ્ત્ર વગેરેમાં કહેલી અર્થ વાતની છે કે નહિ વગેરે સંશયનું નિવારણ કરનાર; વિવેચક.

અનુદાત્ત ૧. કું. (સંગીત) સ્વરના ત્રણ ભેદ પૈકીનો નીચો સ્વર. લઘુ સ્વર.

૨. [સં. અન્ (નહિ) + ઉદાત્ત (ઉચ્ચ)] વિ. ક્ષુદ્ર; ઉચ્ચ નહિ એવું.

૩. [સં. અન્ (નહિ) + ઉદાત્ત (ઉચ્ચ સ્વરવાળું)] વિ. નીચા સ્વરવાળું. સ્વરોને ઉચ્ચારના ક્રમ પ્રમાણે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એમ ત્રણ ભાગમાં વહેંચી નાખેલા છે. તેમાં અનુદાત્ત સ્વર નીચો સ્વર છે.

> ઉદાત્ત ઊંચો સ્વર બોલે. અનુદાત્ત સ્વર નીચ; ઊંચ નીચ વિના સ્વર સ્વરિતને, બધુ સ્વર બાજાં ચૌદ
>
> માધવરાવ પાઠમાળા

અનુદાત્તતા ૧. [સં. અનુદાત્ત (નીચા સ્વરવાળું) + તા (પ્રત્ય)] સ્ત્રી. લઘુ ઉચ્ચારણ; નીચે સ્વરે બોલવાપણું.

૨. સ્ત્રી. વિચારનું સાંકડાપણું; સંકુચિતતા.

અનુદાર ૧. [સં. અન્ (નહિ) + ઉદાર (ઘણી વિદ્યા)] વિ. ઉદાર ન હોય એવું; કંજૂસ.

૨. વિ. નિષ્કપટ બનવું નહિ એવું.

૩. [સં. અનુ (પાછળ) + દાર (સ્ત્રી)] વિ. પોતાને અનુસરનાર; સ્ત્રીની ઇચ્છા પ્રમાણે વર્તનારું.

૪. વિ. મોકું નહિ એવું; નાનું.

૫. [સં. અનુ (અનુકૂળ) + દાર (સ્ત્રી)] વિ. લાયક સ્ત્રીવાળું.

૬. વિ. સાંકડા વિચારનું; અભિપ્રાયનું; સ્થિતિસ્થાપક; કાયદાને બરાબર પરિવર્તન-વિરોધી; પુરાતન મતવાદી; રૂઢિવાદી.

૭. વિ. સૌથી વધારે ઉદાર; જેનાથી વધારે ઉદાર કોઈ ન હોય એવું.

અનુદારતા [સં. અનુદાર (કંજૂસ) + તા (પ્રત્ય)] સ્ત્રી. ઉદારતા ન હોવાપણું; કંજૂસાઈ.

અનુદાહરણ [સં. અન્ (અયોગ) + ઉદાહરણ (દાખલો)] ન. અયોગ્ય દૃષ્ટાંત; બંધ-નહિ બેસતો દાખલો.

અનુદિત ૧. [સં. અન્ (નહિ) + ઉદિત (ઉચ્ચારેલું)] કું. રહી ગયેલો ઊગો હોય તેવો પખવાડ.

૨. [સં. અન્ (નહિ) + ઉદિત (જોવામાં આવેલું)] વિ. અકથિત; અનુક્ત; ન બોલાયેલું.

૩. વિ. ઉદય પામ્યા વગરનું; નહિ ઊગેલું.

૪. વિ. (જૈન) ઉદયમાં નહિ આવેલ; ફળ આપવાની સ્થિતિએ નહિ પહોંચેલું.

૫. [સં. અન્ (નહિ) + ઉદિત (વધારેલું)] વિ. નહિ વધારેલું; વર્ધન કર્યા વગરનું.

અનુદિન [સં. અનુ (દરેક) + દિન (દિવસ)] ક્રિ. હમેશાં; દરરોજ; નિત્ય; પ્રતિદિન.

અનુદિની જુઓ અનુદિન.

અનુદિવ જુઓ અનુદિન.

અનુદિવસ જુઓ અનુદિન.

અનુદિશા [પ્રા. અણુ (નજીક આવ) + સં. દિસ્ (દિશા)] સ્ત્રી. ખૂણો; બે દિશા મળતી હોય તે જગા.

અનુદીર્ણ [સં. અન્ (નહિ) + ઉદીર્ણ (ફળ આપવાની સ્થિતિમાં આવેલ)] વિ. (જૈન) ફળ આપવાની સ્થિતિમાં નહિ આવેલું; અનુદિત.

અનુદેશ ૧. [સં.] કું. આજ્ઞા; હુકમ; ફરમાન.

૨. કું. ઉપદેશ.

૩. કું. ક્રમ પ્રમાણે ઉચ્ચાર.

૪. કું. સજાના; અમલીના નિયમનું સ્મરણ કરનાર ક્રમ.

અનુદેશી ૧. [સં. અનુ (પ્રમાણે) + દેશ (દેશ)] વિ. દેશાંશ સંબંધી.

૨. વિ. દેશાંશને અનુસરતું.

અનુદ્ગાર [સં. અન્ (નહિ) + ઉદ્ગાર (બોલ)] કું. મૌન; ચૂપકીદી.

અનુદ્દિષ્ટ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્દિષ્ટ (કહેલ)] વિ. નહિ કહેલું.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્દિષ્ટ (ઉદ્દેશેલું)] વિ. નહિ ઉદ્દેશાયેલું; સંબોધાયેલું નહિ એવું.

૩. [સં. અન્ (નહિ) + ઉદ્દિષ્ટ (જણાવેલ)] વિ. નહિ જણાવેલું; અજાણ્યા વગરનું.

અનુદ્દીપ્ત [સં. અન્ (નહિ) + ઉદ્દીપ્ત (ઉશ્કેરાયેલ)] વિ. શાંત; નહિ ઉશ્કેરાયેલું.

અનુદ્દેશ [સં. અન્ (નહિ) + ઉદ્દેશ (હેતુ)] કું. ઇરાદો ન હોવાપણું.

અનુદ્ધત ૧. [સં. અન્ (નહિ) + ઉદ્ધત (ઉદ્ધાંત)] વિ. નમ્ર; વિનીત; શાંત.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્ધત (અવિનય)] વિ. સભ્ય; ઉદ્ધતાઈ વિનાનું.

અનુદ્ધતત્વ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્ધત (ઉદ્ધંડ) + ત્વ (પણું)] સ. નમ્રતા; વિનીતપણું.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્ધત (અવિનય) + ત્વ (પણું)] સ. સભ્યતા; ઉદ્ધત ન હોવાપણું.

અનુદ્ધરણ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્ધરણ (મોક્ષ)] ન. અનુદ્ધાર; મુક્તિ ન મળવાપણું.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્ધરણ (ઉપાડવું)] ન. ઉપાડવું ન થવું તે.

૩. ન. ન બસેરવાપણું.

૪. ન. સાબિત નહિ કરવું તે.

અનુદ્ધરી [પ્રા. અણુદ્ધરિ] પું. મોક્ષ નહીં જનાર જંતુ; મોક્ષ જનારો ઠેરવો.

અનુદ્ધાર ૧. [સં. અન્ (નહિ) + ઉદ્ધાર (મુક્તિમાર્ગ)] પું. ઉદ્ધારનો અભાવ; મોક્ષ ન મળવાપણું.

૨. પું. છુટકારો ન થવો તે.

૩. પું. બાદ ન લેવાપણું.

૪. પું. હાર્ડ ન બનું તે; નહિ બસેરવાપણું.

૫. પું. સારી સ્થિતિમાં ન લાવવાપણું.

અનુદ્ધૃત ૧. [સં. અન્ (નહિ) + ઉદ્ધૃત (ઉતારેલું)] વિ. અવતરણ તરીકે નહિ લેવાયેલું.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્ધૃત (ઉદ્ધારને યોગ્ય)] વિ. ઉદ્ધાર કર્યો નહિ.

૩. વિ. નહિ બસેરેલ.

અનુદ્યુક્ત [સં. અન્ (નહિ) + ઉદ્યુક્ત (તત્પર)] વિ. નહિ તત્પરેલું; સ્વાર્થતત્પર નહિ થયેલું.

અનુદ્રુત ૧. [સં. અન્ (નહિ) + દ્રુત (ચેતા થયેલ)] વિ. અનુકંપા; ચેત ન થયેલું.

૨. વિ. મુગ્ધ; અપ્રગટ.

૩. વિ. અહાર ઊગી નહિ નીકળેલું.

અનુદ્રુતત્વ [સં. અનુદ્રુત (મુગ્ધ) + ત્વ (પણું)] સ. (ન્યાય-વેદાંત) ઇંદ્રિયોથી જ્ઞાન ન થઈ શકે તેનું હોવાપણું.

અનુદ્રુત શક્તિ [સં. અનુદ્રુત (અપ્રગટ) + શક્તિ] સ્ત્રી. (વિજ્ઞાન) સંભાવ્ય શક્તિ; સ્થાનાપન્ન શક્તિ.

અનુદ્વ પું. અનુદ્વ: પ્રાણુવિનિમયના ગેરલે કે ગેરનો પ્રાણુ બીજામાં દાખલ કરવાના પ્રયોગ કરનારને તેના પ્રયત્નમાં નિષ્ફળ કરવાની ભાવના ન હોવાપણું.

અનુદ્વત ૧. [સં. અન્ (નહિ) + ઉદ્વત (ભરેલ)] વિ. ખાલસુ; પ્રમ ન કરે એવું.

૨. વિ. બેકાર; પ્રમાદવા વગરનું; નિરાલસી.

અનુદ્વમ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્વમ (ઓક)] પું. ખાલસ; ઉદ્વમનો અભાવ.

૨. વિ. અનુદ્વત; ખાલસુ.

અનુદ્વમી જુઓ અનુદ્વત.

અનુદ્યુક્ત ૧. [સં. અન્ (નહિ) + ઉદ્યુક્ત (તત્પર)] વિ. પ્રમ વિનાનું; અનુદ્વમી; ખાલસુ.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્યુક્ત (તૈયાર)] વિ. તૈયારી વગરનું.

૩. વિ. બેકાર; પ્રમબંધા વગરનું.

અનુદ્યુક્તતા ૧. [સં. અનુદ્યુક્ત (આલસુ) + તા (પણું)] સ્ત્રી. આલસુ હોવાપણું.

૨. સ્ત્રી. તૈયારી વગરનું હોવાપણું.

૩. સ્ત્રી. બેકારી.

અનુદ્યોગ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્યોગ (ધંધો)] પું. ઉદ્યોગનો અભાવ; બેકારી; પ્રમબંધો ન હોવાપણું.

૨. પું. મજૂરોનો રળવાનો દિવસ; અજૂરો.

૩. પું. નિવૃત્તિ; આરામ.

૪. વિ. આલસુ; ઉદ્યોગ વિનાનું.

૫. વિ. બેકાર; પ્રમબંધ વગરનું.

અનુદ્યોગી જુઓ અનુદ્યત.

અનુદ્રુત ૧. [સં.] સ. (સંગીત) આલાપનો બીજો ભાગ; આલાપ દ્રુત જેટલા વખતનું માપ.

૨. વિ. ધાવંડો પીડું.

૩. [સં. અનુ (પાછળ) + દ્રુત (ચેતેલું)] વિ. પાછળ દોડેલું; પૂંઠે પડેલું.

અનુદ્રુતવિલંબિત સ્ત્રી. બોલાઈ પ્રમાણની ત્રિપદિ માત્રિની ત્રણ નગણની ત્રોટક.

અનુદ્રાહ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્વાહ (લગ્ન)] પું. કુંવારા હોવાપણું; અપરણ્યાવસ્થા.

૨. વિ. નહિ પરણેલું; અવિવાહિત.

અનુદ્વિગ્ન ૧. [સં. અન્ (નહિ) + ઉદ્વિગ્ન (દુઃખ પામેલ)] વિ. ઉદ્વેગ વગરનું; દુઃખ વિનાનું.

૨. [સં. અન્ (નહિ) + ઉદ્વિગ્ન (ચિંતાતુર)] વિ. ચિંતા વગરનું; નશ્ચિંત.

૩. [સં. અન્ (નહિ) + ઉદ્વિગ્ન (કંટાળેલું)] વિ. નહિ કંટાયેલ.

૪. [સં. અન્ (નહિ) + ઉદ્વિગ્ન (અસ્વસ્થ)] વિ. નહિ અસ્વસ્થેલું.

૫. વિ. ધીમા વગરનું.

અનુદ્વેગ ૧. [સં. અન્ (નહિ) + ઉદ્વેગ (ચિંતા)] પું. ચિંતા વિનાની સ્થિતિ; નશ્ચિંતપણું; નિશ્ચિંતતા.

૨. વિ. ચિંતા વગરનું.

અનુદ્વેગકર [સં. અનુદ્વેગ (નશ્ચિંતપણું) + કર (કરનાર)] વિ. બેદ ન કરાવનાર; ચિંતા ન આપે એવું

અનુધર્મ ૧. [સં. અનુ (હિતકર) + ધર્મ] પું. (જૈન) અનુકૂળ ધર્મ; હિતકર ધર્મ.

૨. [સં. અનુ (સરખું) + ધર્મ (ગુણ)] પું. સરખો ગુણ; મળતો ગુણ.

૩. [સં. અનુ (પ્રમાણે) + ધર્મ] સ. ધર્મ પ્રમાણે; ધર્મને અનુસરીને.

અનુધર્મચારિણી ૧. વિ. સ્ત્રી. (જૈન) ધર્મ પાળનારી.

૨. [સં. અનુ (પાલન) + ધર્મ + ચરિન્ (આચરનાર) + ઈ (સ્ત્રીલિંગવાચક પ્રત્યય)] વિ. સ્ત્રી હિતકર ધર્મ પ્રમાણે ચાલનારી; અનુકૂળ ધર્મ પ્રમાણે વર્તનારી.

અનુધર્મચારી ૧. [સં. અનુ (પ્રમાણે) + ધર્મ + ચરિન્ (વર્તનાર)] વિ. (જૈન) તીર્થંકરના માર્ગ પ્રમાણે ચાલનાર.

૨. [સં. અનુ (પાલન) + ધર્મ + ચરિન્ (આચરનાર)] વિ. હિતકર ધર્મ આચરનાર.

અનુધર્મતા [સં. અનુ (સરખું) + ધર્મ (ગુણ) + તા (પણું)] સ્ત્રી. સરખાપણું; ગુણની સમાનતા.

અનુધાર્મિક ૧. [સં. અનુ (અનુકૂળ) + ધાર્મિક (ધર્મ સંબંધી)] વિ. ધર્મને અનુકૂળ; ધર્મોચિત.

૨. વિ. મળતા ગુણવાળું; તુલ્ય; સમાન.

અનુધાર્મિકતા જુઓ અનુધર્મતા.

અનુધાવન ૧. [સં. અનુ (પાછળ) + ધાવ્ (દોડવું)] સ. અનુસરણ; પાછળ જવા કે દોડવાની ક્રિયા; પૂંઠે પડવું તે.

૨. સ. તત્ત્વના નિર્ણયને અનુસરવાપણું.

૩. સ. તપાસ; શોધખોળ; સાચા જ્ઞાન માટે અમુક વસ્તુ પાછળ પડવાપણું.

૪. સ. નકલ; અનુકરણ.

૫. સ. ભલી ન હો તેવી કોઈ બેબરવા માટે કરેલો પ્રયાસ.

૬. [સં. અનુ (વારંવાર) + ધાવ્ (ધોવું)] સ. વારેવારે શુદ્ધિ કોગવવી તે; અનુશિલન; વિચાર.

૭. સ. શુદ્ધિકરણ; પવિત્ર બનાવવાપણું.

અનુબાવવું [સં. અનુ (પાછળ) + ભાવ્ (હોવું)] સ. ક્રિ. અનુસરવું; પળવાને હોવું; પાળવું પાડવું; પૂછ પાડવી.

અનુધ્યાન ૧. [સં. અનુ (વારંવાર) + ધ્યાન (ચિંતન)] સ. સ્વરૂપનું કરાતું ચિંતન; સતત મનન.
૨. સ. ગાઢું કેન્દ્રીકરણ; સુવ્યવસ્થિત.
૩. સ. ગાઢગીરી; સ્મૃતિ.
૪. વિ. ધ્યાન ધરેલું; ચિંતનેલ; મનન કરેલું.

અનુધ્વનન જુઓ અનુધ્વનિ.

અનુધ્વનિ ૧. [સં. અનુ (સરખું) + ધ્વનિ (અવાજ)] પું. અનુરૂપ શબ્દ; ઓછાવત્તો અવાજ.
૨. પું. પડઘો; પ્રતિધ્વનિ.
૩. [સં. · અનુ (પાછળ) + ધ્વનિ (અવાજ)] પું. વાણિજ્ય વ્યવહારમાં બંધ થયા પછી સંભળાતો આછો અવાજ; રણકાર; રણકો. ધ્વનિ સામે જે ધ્વનિ આવે તે પ્રતિધ્વનિ, અને ધ્વનિ તથા પ્રતિધ્વનિ લીન થતાં હવામાં જે અણસાર રહે તે અનુધ્વનિ કહેવાય છે.

અનુનય ૧. [સં. અનુનય્ (આજ્ઞા)] પું. કરગરાટ; આજીજી; કાલાવાલા; પ્રાર્થના.
૨. [સં. અનુની (કબજો)] પું. કેળવણી; સુધારણા.
૩. પું. નાટકનાં ૩૬ લક્ષણમાંનું એ નામનું એક. જુઓ નાટક.
૪. પું. પ્રેમથી છટી જેવાનો પ્રસંગ; સંવનન; વિનવણી. આ શબ્દ પુરુષ કે સ્ત્રીની પ્રેમની માગના સંબંધમાં વાપરવામાં આવે છે. તેના ત્રણ પ્રકાર છે: (૧) લગ્ન પહેલાંનો અનુનય, (૨) લગ્ન પછીનો કંઈક વચ્ચેનો અનુનય, (૩) સંજોગો અપેક્ષા રાખ્યા સિવાયનો આવતાં તો લગ્ન નિયમનું ઉલ્લંઘન કરીને કરેલો અનુનય.

અનુનય [સં. અનુ (પાછળ) + ની (લઈ જવું)] પું. મનાવવું; સમાધાની; સાંત્વન.

> સુખત લાગ્યું હું કરી અનુનય ઘર વસ્યુ.
> બોબંધારણ

૧. પું. સજ્જનતા; સૌજન્ય; વિનય; પ્રતિષ્ઠા.
૭. પું. સલામ; પ્રણામ; વંદન.
૮. વિ. શાંત કરનારું.
૯. [સં. અનુ (પ્રમાણે) + નય (નીતિ)] સ. ક્રિ. યોગ્ય રીતે; અનુકૂળ પડે તેમ.

અનુનયી ૧. [સં. અનુનય (આજ્ઞા) + ઇન્ (વાળું)] વિ. પ્રાર્થના કરનાર; વીનવનાર.
૨. [સં. અનુનય (વિનય) + ઇન્ (વાળું)] વિ. સજ્જન; વિનયી; વિવેકી.

અનુનાદ ૧. [સં. અનુ (સરખું) + નાદ (અવાજ)] પું. એકસરખો અવાજ.
૨. પું. પ્રતિધ્વનિ; પડઘો.
૩. પું. રણકાર; અનુધ્વનિ.

અનુનાદક ૧. સ. (વિજ્ઞાન) પ્રતિધ્વનિ ઉત્પન્ન કરવાનું સાધન.
૨. [સં. અનુ (સરખું) + નાદક (અવાજ કરનાર)] વિ. એકસરખો અવાજ કરનાર.

> કાચના વાસણમાંથી જે સૂર નીકળતો હતો તેને અનુનાદક કહેવામાં આવે છે. અને વાસણ આવી રીતે અનુનાદક કહેવાય છે.
> ગાતિલભાષા

૩. [સં. અનુ (પાછળ) + નાદક (અવાજ કરનાર)] વિ. પડઘો પાડનારું.
૪. વિ. રણકાર કરનાર.

અનુનાદિત ૧. [સં.] વિ. જેનો અનુનાદ કે પડઘો પડ્યો હોય એવું.
૨. વિ. રણકારવાળું.

અનુનાદિતા ૧. [સં. અનુ (સરખું) + નાદિન્ (અવાજવાળું) + તા (પણું)] સ્ત્રી. પ્રતિધ્વનિ કરનાર હોવાપણું.
૨. સ્ત્રી. રણકો કરવાનો ગુણ પ્રગટવો તે.

અનુનાદિત્વ જુઓ અનુનાદિતા.

અનુનાદી ૧. [સં. અનુનાદ (પડઘો) + ઇન્ (વાળું)] વિ. પ્રતિધ્વનિ કરનાર.
૨. વિ. રણકો કરે એવું.

અનુનાદીપટી [સં. અનુનાદિન્ (રણકો કરે એવું) + પિટક (પેટી)] સ્ત્રી. તારવાદ્ય વાદ્યિનને પોલો ભાગ, જે ઘૂમતા તારના અવાજને વધારે છે.

અનુનાયક ૧. [સં. અનુ (ઉતરતું) + નાયક (નાયકનું મુખ્ય પુરુષપાત્ર)] પું. નાયકથી ઊતરતા દરજ્જાનું પુરુષપાત્ર.
૨. [સં. અનુની (માન આપવું)] વિ. વિનવણી
૩. વિ. શાંત; નમ્ર.

અનુનાયિકા [સં. અનુ (ઉતરતું) + નાયિકા (નાયકનું મુખ્ય સ્ત્રીપાત્ર)] સ્ત્રી. નાયિકાથી ઊતરતા પ્રકારનું સ્ત્રીપાત્ર જેમકે, સખી, પરિચારિકા, ચાકરડી.

અનુનાસ ૧. વિ. અનુનાસિક; નાકમાંથી ઉચ્ચારતું.
૨. [પ્રા. અણુણાસ] વિ. અનુનાસવાળું.

અનુનાસિક ૧. [સં. અનુ (જેવું) + નાસિકા (નાકનું)] પું. અણસારે અવાજે નાકમાંથી અનુસ્વાર જેવો બોલાતો અવાજ; મોઢા અને નાકમાંથી ઉચ્ચારાતો વર્ણ; નાકમાંથી ઉચ્ચારાતો વ્યંજન. અનુનાસિક પાંચ છે:– ઙ, ઞ, ણ, ન અને મ.
૨. પું. (સંગીત) ગાયનના મુખ્ય ૧૪ દોષ માંહેનો એ નામનો દોષ; નાકમાંથી ગાવાનો દોષ.
૩. વિ. નાકમાંથી ઉચ્ચાર કાઢનારું.
૪. વિ. જીભ તથા નાક વડે જેનો ઉચ્ચાર થતો હોય તેવું.

અનુનાસિકતા [સં. અનુનાસિક (નાકમાંથી ઉચ્ચારાતું) + તા (પણું)] સ્ત્રી. નાકમાંથી ઉચ્ચારાતું હોવાપણું.

અનુનાસિકત્વ જુઓ અનુનાસિકતા.

અનુનાસિકવાદ [સં. અનુનાસિક (નાકમાંથી ઉચ્ચારાતો વ્યંજન) + વાદ (મત)] પું. મીંડાને બદલે અનુનાસિક અક્ષર વાપરવો એવો મત.

અનુનાસિકવાદી [સં. અનુનાસિક (નાકમાંથી ઉચ્ચારાતો વ્યંજન) + વાદિન્ (મતવાદું)] વિ. મીંડાને બદલે અનુનાસિક અક્ષર વાપરવો એવા મતવાળું

અનુનાસિકા સ્ત્રી. (સંગીત) મેલસ્વાનિત ૨૨ કુતિ માંહેની એ નામની એક. તેનું પ્રાચીન નામ પ્રીતિ છે. જુઓ કુતિ.

અનુનિર્દેશ [સં. અનુ (ક્રમ પ્રમાણે) + નિર્દેશ (કથન)] પું. અગાઉ કહેલી બાબતોનું ક્રમવાર વિવેચન.

અનુનેય ૧. [સં. અનુની (કબજો)] વિ. મરડાય એવું; વશે એવું; નરમ.
૨. [સં. અનુ (પાછળ) + નેય (હોવા જોઈએ)] વિ. પીનવણીથી વશ કરવા જેવું.

અનુનેયતા [સં. અનુનેય (વશ થઈ જાય એવું) + તા (પણું)] સ્ત્રી. વશે થઈ જાય એવું હોવાપણું; નરમાશ.

અનુન્નત ૧. [સં. અન્ (નહિ) + ઉન્નત (ઊંચું)] વિ. ઊંચું ન હોય એવું.
૨. વિ. અહં વિનાનું; અભિમાન વગરનું.

અનુન્નતમાત્ર [સં. અન્ (નહિ) + ઉન્નત (ઊંચું) + માત્ર (માત્ર)] વિ. જેનાં અંગ પ્રત્યંગ ખાસ ઊપસી આવે એવાં ન હોય એવું.

અનુન્નતાનત [સં. અન્ (નહિ) + ઉન્નત (ઊંચું) + અનત (નીચું)] વિ. ઊંચું કે નીચું ન હોય એવું; સપાટ; સમતલ.

અનુન્મત્ત ૧. [સં. અન્ (નહિ) + ઉન્મત્ત (ગાંડું)] વિ. ગાંડું નહિ તેવું.

૨. વિ. હીન; ઊતરે.

અનુપ ૧. [સં. અનુ (પાસે) + અપ્ (પાણી)] પું. કચ્છ દેશનું બેટવાળું નામ.

૨. પું. બેટવાળો પ્રદેશ.

૩. [સં. અન્ (નહિ) + ઉપમા (સરખામણી)] વિ. અનુપમ; ઉપમા આપી ન શકાય એવું; અતુલ્ય; બેજોડ; અદ્વિતીય.

૪. વિ. બેટવાળું; પાણીવાળું.

અનુપકાર ૧. પું. અપકાર ગુણનો બદલામાં અવગુણ કરવાપણું.

૨. [સં. અન્ (નહિ) + ઉપકાર (ભલું)] પું. ઉપકારનો અભાવ.

અનુપકારસમ પું. (વેદાંત) કારણ વગર કાર્ય થાય જ નહિ એવો નિયમ જેને વિષે ભંગ હોઈ નહિ તે.

અનુપકારિણી ૧. વિ. સ્ત્રી. અપકારિણી; અવગુણ કરનારી.

૨. વિ. સ્ત્રી. ઉપકાર ન કરનારી.

અનુપકારી ૧. વિ. અપકાર કરનાર.

૨. [સં. અન્ (નહિ) + ઉપકારિન્ (ઉપકાર કરે એવું)] વિ. ઉપકાર ન કરનારું; કોઈનું સારું કરવાની ઇચ્છા વિનાનું.

૩. વિ. નકામું; ઉપયોગ વિનાનું; અનુપયોગી.

૪. વિ. નિમકહરામ; પોતાની ઉપર કરેલો ઉપકાર ભૂલી જનાર; નગુણું; કૃતઘ્ન.

અનુપકૃત [સં. અન્ (નહિ) + ઉપકૃત (ઉપકાર કરેલ)] વિ. જેના ઉપર કૃત્ય કરાયો ન હોય એવું; ઉપકાર નહિ કરાયેલું.

અનુપગત [સં. અન્ (નહિ) + ઉપગત (પાસે આવેલ)] વિ. દૂરનું; પાસે નહિ આવેલ.

અનુપગીત ૧. [સં. અન્ (નહિ) + ઉપગીત (વખણાયેલું)] વિ. નહિ વખણાયેલું; અપ્રશસ્ત.

૨. [સં. અન્ (નહિ) + ઉપ (પાસે) + ગીત (ગાયેલું)] વિ. સારી બીજા કોઈએ નહિ ગાયેલું; એકલાએ જ ગાયેલું.

અનુપઘાત [સં. અન્ (નહિ) + ઉપઘાત (ઈજા)] પું. નુકસાનનો અભાવ.

અનુપચયભાવ પું. (જ્યોતિષ) કુંડળીમાં ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૨ એ સ્થાનો આવ.

અનુપજીવિની [સં. અન્ (નહિ) + ઉપજીવિન્ (આશ્રિત) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પરોપજીવી નહિ એવી; સ્વતંત્ર રીતે ગુજરાન ચલાવનારી.

અનુપજીવી [સં. અન્ (નહિ) + ઉપજીવિન્ (બીજાના આધારે રહેનાર)] વિ. પરોપજીવી નહિ એવું; સ્વતંત્રપણે જરૂરપૂરતું કરનાર.

અનુપતન ૧. સ. અનુકૂળ પડવાપણું.

૨. [સં. અનુ (સામે) + પતન (અધઃપાત)] સ. આપેલા ઢાળાંશ સામેનો અધઃપાત.

૩. સ. ઉપર પડવું તે.

૪. [સં. અનુ (કમ પ્રમાણે) + પતન (પડવાપણું)] સ. કમવાર જવા કે આવવાપણું.

૫. સ. (ગણિત) ત્રિરાશી.

૬. [સં. અનુ (પાછળ) + પતન (પડવું તે)] સ. પાછળ પડવાપણું; અનુસરણ.

૭. સ. (ગણિત) પ્રમાણ.

અનુપતાપ ૧. [સં. અન્ (નહિ) + ઉપતાપ (તરત વધેલ)] વિ. ગરમ નહિ થયેલું; તપેલ નહિ એવું.

૨. [સં. અન્ (નહિ) + ઉપતાપ (સંતાપ પામેલ)] વિ. સંતાપ નહિ પામેલું.

અનુપથ ૧. [સં. અનુ (અનુસાર) + પથિન્ (માર્ગ)] પું. અનુકૂળ રસ્તો.

૨. [સં. અનુ (પાછળ) + પથિન્ (માર્ગ)] વિ. રસ્તે ચાલનારું; માર્ગને અનુસરનારું.

૩. [સં. અનુ (પ્રમાણે) + પથિન્ (માર્ગ)] સ. માર્ગ; રસ્તે.

અનુપદ ૧. સ. જે નામની જોડે બતાવ્યું આવ્યું.

૨. [સં. અનુ (વારંવાર) + પદ (કવિતાની કડી)] સ. ગેય; કવિતાનું ચરણ.

૩. સ. જેનાં બધાં ઉપાંગોનું જે નામનું જોડ.

૪. વિ. જે નામની જોડે બતાવ્યું.

૫. [સં. અનુ (પાછળ) + પદ (પગલું)] ■ પગલે પગલે પાછળ બરાબર જોડે.

૬. [સં. અનુ (પાછળ) + પદ (શબ્દ)] સ. પાછળ બોલાવ.

૭. [સં. અનુ (પ્રમાણે) + પદ (શબ્દ)] વિ. શબ્દે શબ્દ પ્રમાણે વર્તનારું.

૮. સ. અનંતર; બાદ વિના; તાત્કાલ બાદ.

૯. સ. પગલે પગલે; ક્રમ વિના.

અનુપદવી [સં.] સ્ત્રી. રસ્તો.

અનુપદિષ્ટ [સં. અન્ (નહિ) + ઉપદિષ્ટ (શીખવેલું)] વિ. નહિ શીખવેલું; નહિ ઉપદેશેલ.

અનુપદેશ ૧. [સં. અન્ (નહિ) + ઉપદેશ (શિક્ષણ)] પું. ઉપદેશનો અભાવ; શિક્ષણ ન હોવું તે.

૨. [સં. અનુપ (બેજવાળું) + દેશ] પું. નદીઓ, તળાવો વગેરે પર્વતોવાળો વધુ નીચો કે બેજવાળો જમીનનો ભાગ.

અનુપધારી [સં. અન્ (નહિ) + ઉપધારિન્ (બીજા કરનાર)] વિ. બીજા નહિ કરનાર; ઉપદ્રવ નહિ કરનારું.

અનુપધિ [સં. અન્ (નહિ) + ઉપધિ (કપટ)] વિ. કપટ વગરનું; નિષ્કપટી; નિખાલસ.

અનુપનિબદ્ધ સ. જે નામનું જૂનું વચનનું રાજ્ય. જુનો ઠરાવ.

અનુપનીત ૧. [સં. અન્ (નહિ) + ઉપનીત (જનોઈ અપાયેલ)] પું. જનોઈ ન આપી હોય તેવો છોકરો.

૨. [સં. અન્ (નહિ) + ઉપનીત (પાસે લઈ જવાયેલ)] વિ. પાસે નહિ લઈ જવાયેલ.

અનુપન્યાસ ૧. [સં. અન્ (નહિ) + ઉપન્યાસ (કથન)] પું. નહિ કહેવાપણું; અકથન; અકથન.

૨. [સં. અન્ (નહિ) + ઉપન્યાસ (પુરાવો)] પું. પ્રમાણ કે પુરાવાનો અભાવ; અનિશ્ચિતતા; સંદેહ.

અનુપપત્તિ ૧. [સં. અન્ (નહિ) + ઉપપત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. અપ્રાપ્તિ; અસિદ્ધિ.

૨. સ્ત્રી. અસંગતતા; અસંબદ્ધિતપણું.

૩. સ્ત્રી. બહાનું; ખોટાઈ.

૪. સ્ત્રી. કારણ; નિર્ધનતા.

૫. [સં. અન્ (નહિ) + ઉપપત્તિ (સંગતિ)] સ્ત્રી. પ્રમાણ કે પુરાવાનો અભાવ; દલીલ ન હોવાપણું.

૬. સ્ત્રી. સાબુ ન પડવાપણું.

૭. સ્ત્રી. વિરોધ; અસંગતિ.

અનુપપન્ન ૧. વિ. અસંગત; અસંબદ્ધિત.

૨. [સં. અન્ (નહિ) + ઉપપન્ન (પૂરું પાડેલ)] વિ. ગરીબ; નિર્ધન.

૩. [સં. અન્ (નહિ) + ઉપપન્ન (જોવામાં આવેલ)] વિ. નહિ જોવામાં આવેલું; અપ્રાપ્ત.

૪. [સં. અન્ (નહિ) + ઉપપન્ન (યોગ્ય)] વિ. યુક્તિ પ્રમાણે નહિ એવું; બંધ ન બેસે એવું; અયુક્ત; અસંગત.

૫. [સં. અન્ (નહિ) + ઉપપન્ન (સિદ્ધ)] વિ. સાબિત ન થયેલ; અસિદ્ધ.

અનુપભુક્ત [સં. અન્ (નહિ) + ઉપભુક્ત (વાપરેલું)] વિ. ઉપભોગ ન કરાયો હોય એવું; નહિ ભોગવાયેલું; વણવાપરેલું.

અનુપભૂમિ [સં. અનુપ (બેજવાળું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. બેજવાળી જમીન.

અનુપમ [સં. અન્ (નહિ) + ઉપમા (સરખામણી)] વિ. સરખામણી ન થઈ શકે એવું; અતુલ; અનુપ; અજોડ; બેજ; અપ્રતિમ; અદ્વિતીય.

અનુપમતા [સં. અનુપમ (જેવ) + તા (પ્રત્યય)] સ્ત્રી. જોડતા; અજોડપણું; ઉપમા ન હોય એવી સ્થિતિ.

અનુપમદર્શી [સં. અનુપમ (જેવ) + દર્શિન્ (બતાવનાર)] વિ. જોડતા બતાવનાર; ચરિત્રવાન.

અનુપમાદરણ [સં. અનુપમ (ઉપમા વગરનું) + કરણ (કરવાની ક્રિયા)] ન. ઉપમા ન આપી શકાય તેવો કરવાની ક્રિયા.

અનુપમા ૧. [સં. અન્ (નહિ) + ઉપમા (સરખામણી)] સ્ત્રી. ઉપમાનો અભાવ; સરખામણી ન હોવાપણું.

૨. સ્ત્રી. નેપાલમાંથી મળતા રક્ત કુસુમ નામના દિગંબરી છોડ.

અનુપમિત [સં. અન્ (નહિ) + ઉપમિત (ઉપમા આપેલું)] વિ. ઉપમા રહિત; અનુપમ; અતુલ્ય.

અનુપમેય [સં. અન્ (નહિ) + ઉપમેય (ઉપમા આપી શકાય એવું)] વિ. ઉપમા આપી ન શકાય એવું; અજોડ; સર્વોત્તમ.

અનુપમેયતા [સં. અનુપમેય (અજોડ) + તા (પ્રત્યય)] સ્ત્રી. અજોડપણું; ઉપમા આપી ન શકાય એવું હોવાપણું.

અનુપમ્ય જુઓ અનુપમ.

અનુપયુક્ત ૧. [સં. અન્ (નહિ) + ઉપયુક્ત (વપરાયેલું)] વિ. નહિ વપરાયેલું.

૨. [સં. અન્ (નહિ) + ઉપયુક્ત (ઉપયોગી)] વિ. નિરુપયોગી; નકામું; અર્થ.

૩. [સં. અન્ (નહિ) + ઉપયુક્ત (યોગ્ય)] વિ. બંધબેસતું નહિ એવું; અયોગ્ય.

અનુપયુક્તતા ૧. [સં. અનુપયુક્ત (નકામું) + તા (પ્રત્યય)] સ્ત્રી. નિરુપયોગીપણું.

૨. [સં. અન્ (નહિ) + ઉપયુક્ત (યોગ્ય) + તા (પ્રત્યય)] સ્ત્રી. બંધબેસતું ન હોવાપણું.

૩. [સં. અનુપયુક્ત (નહિ વપરાયેલું) + તા (પ્રત્યય)] સ્ત્રી. વપરાયેલું ન હોવાપણું.

અનુપયોગ ૧. [સં. અન્ (અભાવ) + ઉપયોગ (વપરાશ)] પું. દુર્વ્યવહાર; ખરાબ પ્રયોગ.

૨. [સં. અન્ (નહિ) + ઉપયોગ (વપરાશ)] પું. નિરુપયોગ; નિરર્થકતા.

૩. વિ. ઉપયોગ વગરનું; નિરર્થક; નકામું.

અનુપયોગિતા જુઓ અનુપયુક્તતા.

અનુપયોગી જુઓ અનુપયુક્ત.

અનુપરત ૧. [સં. અન્ (નહિ) + ઉપરત (અટકેલું)] વિ. અટક્યા વગરનું; નિરંતર; અવિચ્છિન્ન.

૨. [સં. અન્ (નહિ) + ઉપરત (મરણ પામેલું)] વિ. મરણ નહિ પામેલું.

અનુપરૂપ [સં. અનુપ (જેવ) + રૂપ (આકાર)] વિ. જેવું; અનુપમ.

અનુપરોધ [સં. અન્ (નહિ) + ઉપરોધ (રુકાવટ)] પું. રુકાવટ ન હોવાપણું; અપ્રતિબંધ.

અનુપલભ્ય ૧. [સં. અન્ (નહિ) + ઉપલભ્ય (મેળવેલ)] વિ. અપ્રાપ્ય; નહિ મેળવેલ.

૨. [સં. અન્ (નહિ) + ઉપલભ્ય (અનુભવેલું)] વિ. નહિ અનુભવેલું; જ્ઞાન થયું વગરનું.

અનુપલબ્ધિ ૧. [સં. અન્ (નહિ) + ઉપ (સમીપ) + લબ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. અપ્રાપ્તિ; જ્ઞાનનો અભાવ.

૨. [સં. અન્ (નહિ) + ઉપલબ્ધિ (જ્ઞાન)] સ્ત્રી. ઇંદ્રિયજ્ઞાનથી પર હોવાપણું; અનિંદ્રિયજ્ઞાન; ઇંદ્રિયોથી ન સમજાવું તે; પ્રત્યક્ષજ્ઞાન ન હોવાપણું.

૩. સ્ત્રી. (તર્ક) પ્રમાણ ન હોવાપણું; જ્ઞાનનાં છ પ્રકારનું કોઈ પણ સાધન વસ્તુના નહિ દેખાવાથી તેના અભાવનો નિયમ. જેમ કે,
નથી તારે ઘરે રાહુ કેતુ, કુળ સ્થિત વિષ્ણુ આધાર;
ઉલ્લાસ છે ગ્રહિની, આવે જોષ વિચાર.

અનુપલબ્ધિપ્રમાણક [સં. અન્ (નહિ) + ઉપલબ્ધિ (પ્રાપ્તિ) + પ્રમાણક (સાધનવાળું સાધન)] ન. (વેદાંત અને ધર્મમીમાંસા) જે કોઈથી જે વસ્તુ જાણી જોઈએ, તે કોઈથી તે વસ્તુ નથી જોવા વગેરે અનુભવની સાબિતીનું પ્રમાણ; કોઈ વસ્તુની પ્રાપ્તિનો કે અભાવનો અનુભવ આપવા સાબિતી જે મળવું કે પ્રમાણથી જાણ તે.

અનુપલબ્ધિસમ ૧. [સં. અનુપલબ્ધિ (અપ્રાપ્તિ ન હોવાપણું) + સમ (સરખા પ્રમાણવાળું)] પું. અમુક વસ્તુ ઇંદ્રિયોથી સમજી શકાતી અપ્રાપ્ત છે જોઈ કહી તે વસ્તુ સંબંધી તે સિવાયનું બીજું અમુક સત્ય સાબિત કરનાર વાક્ય.

૨. સ્ત્રી. (ન્યાય) ન્યાયની ૨૪ મહિનાની કોઈ નામની જોડ ભૂલ. જુઓ ભૂલ.

અનુપલંભ [સં. અન્ (નહિ) + ઉપલંભ (જ્ઞાન)] પું. જ્ઞાન ન થવાપણું; ઉપલંભનો [redacted]

અનુપલિપ્ત [સં. અન્ (નહિ) + ઉપલિપ્ત (લેપ કરેલ)] વિ. લેપ નહિ કરેલું.

અનુપવીત [સં. અન્ (નહિ) + ઉપવીત (જનોઈ)] વિ. જનોઈ અથવા વિનાનું.

અનુપશમ [સં. અન્ (નહિ) + ઉપશમ (શાંતિ)] પું. અશાંતિ.

અનુપશય ૧. [સં.] પું. રોગ ચારમવાની પાંચ રીતમાંની એક, જેમાં આહારવિહારનું ખરાબ પરિણામ જોઈને રોગીને અમુક પ્રકારનો રોગ હોવાનું કહેવામાં આવે છે.

૨. પું. રોગને વધારનાર વસ્તુ.

અનુપશયના [સં. અનુ (પાછળ) + પશ્ (જોવું)] સ્ત્રી. (ન્યાય) સાધ્યસ્વરૂપનું ખરાખર જોવું તે.

> આ દુઃખ અને આ દુઃખસમુદય જાણીને જોઈ અનુપશ્યના. અને આ દુઃખનિરોધ અને આ દુઃખનિરોધગામી માર્ગ જાણીને બીજી અનુપશ્યના. બુદ્ધચરિત

અનુપસર્ગ ૧. [સં. અન્ (નહિ) + ઉપસર્ગ (પૂર્વપદ)] પું. ઉપસર્ગ લગાડવામાં ન આવ્યો હોય તેવો શબ્દ.

૨. પું. કોઈ બાબતની વિશેષતા કે વધારાની બાજુ નથી બોલી કેવી ક્રિયા.

૩. પું. ધાતુ કે ધાતુ ઉપરથી બનેલ નામ બાજુમાં જોડાતો ન હોય એવો શબ્દ.

અનુપસંખ્યા [સં.] સ્ત્રી. અજ્ઞાન; અવિદ્યા.

અનુપસંહાર [સં. અન્ (નહિ) + ઉપસંહાર (સારાંશ)] પું. ઉપસંહારનો અભાવ; સારાંશ ન બતાવેલો હોવાપણું.

અનુપસંહારી ૧. [સં. અન્ (નહિ) + ઉપસંહરિન્ (સમાપ્ત કરનાર)] પું. (ન્યાય) જે નામને દૂષ્ટ હેતુ. જુઓ અનુપસંહારી-હેત્વાભાસ.

૨. વિ. ઉપસંહાર નહિ કરનાર; સારાંશ નહિ બતાવનાર.

અનુપસંહારીહેત્વાભાસ પું. (ન્યાય) વસ્તુના જ પોતાના પક્ષમાત્રમાં સમાઈ જવાથી સાબિતીને માટે દૃષ્ટાંત જ ન મળે એવો હેત્વા- [redacted]

અનુપસ્થ ૧. [સં. અન્ (નહિ) + ઉપસ્થ (નજીકનું)] વિ. આઘેનું; દૂરનું.

૨. વિ. (આકરણ) ચોક્કસ; મુખ્ય નહિ એવું.

અનુપસ્થાન [સં. અન્ (નહિ) + ઉપસ્થાન (હાજરી)] ન. બેદરકારી; હાજર ન હોવાપણું.

અનુપસ્થાયી [સં. અન્ (નહિ) + ઉપસ્થાયિન્ (પાસે રહેનાર)] વિ. પાસે નહિ એવું; દૂરનું જોડેનું.

અનુપસ્થિત ૧. [સં. અન્ (નહિ) + ઉપસ્થિત (પાસે હાજર)] વિ. પાસે ન હોય એવું; ગેરહાજર.

૨. [સં. અન્ (નહિ) + ઉપસ્થિત (જાહેર આવેલ)] વિ. જાહેર ન હોય એવું; વિસ્મૃત.

અનુપસ્થિતિ ૧. [સં. અન્ (નહિ) + ઉપસ્થિતિ (હાજરી)] સ્ત્રી. ગેરહાજરી; ઉપસ્થિતિનો અભાવ.

૨. [સં. અન્ (નહિ) + ઉપસ્થિતિ (જાહેર)] સ્ત્રી. વિસ્મૃતિ; જાહેર ન હોવાપણું.

અનુપહત ૧. વ. કોઈ વગરનું.

૨. [સં. અન્ (નહિ) + ઉપહત (ઈજા પામેલ)] વિ. ઈજા પામ્યા વગરનું.

૩. વિ. ન વપરાયેલ; નવું; કોરું.

અનુપહાસનીય [સં. અન્ (નહિ) + ઉપહાસનીય (હસવા જેવું)] વિ. જેની હસવા જેવું; મશ્કરી કરવા લાયક નહિ એવું.

અનુપળ ૧. [સં. અનુ (ઉપરાંત) + પલ (પળનો ૧૦મો ભાગ)] સ્ત્રી. સૌથી પળનો સાતમો ભાગ; વિપળ.

૨૪ રેણુ = ૧૦ અનુપળ = ૧ પળ
૨૪ નિમિષ = ૧૦ પળ = ૧ ઘડી
૨૪ કાષ્ઠા = ૧૦ ઘડી = ૧ ચાનિશિયમ

૧. [સં. અનુ (દરેક) + પલ (ક્ષણ)] વ. વખતોવખત; કલેજલે; પ્રત્યેક પળે; દરેક ક્ષણે.

અનુપાત જુઓ અનુપાતન.

અનુપાતક [સં. અનુ (સમાન) + પાતક (પાપ)] વ. વાસનાના વગેરે અનાચારના જેવું પાપ. જેમકે, ચોરી; ખૂન; હિંસાનું.

અનુપાતકી [સં. અનુપાતક (અનાચાર) + ઇન્ (વાળું)] વિ. વાસનાના વગેરે અનાચાર કરનાર.

અનુપાતગમ્યતા [સં. અનુપાત (પ્રમાણ) + ગમ્ય (જાણ્યા જેવું) + તા (પણું)] સ્ત્રી. પ્રમાણમાં સાથે જણાવાપણું.

અનુપાતસિદ્ધ [સં. અનુપાત (પ્રમાણ) + સિદ્ધ (થયું)] વિ. પ્રમાણસર.

અનુપાતી ૧. [સં. અનુ (પાળવા) + પત્ (પડવું)] વિ. અનુસરનાર; પાળનાર.

૨. [સં. અનુ (ઉપરાંત) + પત્ (પડવું)] વિ. (જમીન) ઊંચકાયેલું; 'રિલિવર'.

૩. વિ. ભળતું; જેવું; સદૃશ.

અનુપાદક [સં.] પું. (તંત્ર) આકારથી જાતે ન્યારો જોડ તત્ત્વ.

અનુપાદિશેષનિર્વાણ વ. (બૌદ્ધ) જે નામનો જોડ પ્રકારનો મોક્ષ; શરીરિક દુઃખ વગેરે જેમાં નથી રહેતું તેવો મોક્ષ. જે જ્ઞાન પામેલ ભિક્ષુને મરણ પછી મળે છે.

અનુપાધિક ૧. [સં. અન્ (નહિ) + ઉપાધિ (ઊપજ) + ક (વાળું)] વ. (બૌદ્ધ) નિર્વાણ; મોક્ષ.

૨. [સં. અન્ (નહિ) + ઉપાધિ (ઢોંગ) + ક (વાળું)] વિ. શુદ્ધ; ઢોંગ વિનાનું.

અનુપાન ૧. [સં. અનુ (સાથે) + પાન (પીવું)] વ. ઔષધની સાથે કે તેની ઉપર ખાવામાં અથવા પીવામાં આવતી વસ્તુ; ઔષધની સાથે લેવાતી કોઈ વસ્તુરૂપ વસ્તુ. જેમકે, મધ; ઘોળ.

> ખૂબ લાંબું અનુપાનથી ૪ ૪ ૪ ૪ એનું એક રસાયણ વિવિધ રૂપની પ્રાપ્તિ કરે છે.
> —અનિરુદ્ધ જાની

૨. વ. કરી; પરોઠા; પાન.

૩. [સં. અનુ (પાસે) + પાન (પીવું)] વ. નજીકમાં હોય એવું પીવું.

૪. વ. વારવાર ઔષધની અસરને દૂર કરનાર ખોરાક.

અનુપાય ૧. [સં. અન્ (નહિ) + ઉપાય (ઉપાય)] વિ. ઉપાય વિનાનું; નિરુપાય.

૨. વ. ઇલાજ; નાલાજ; અગમચેતી; નાસીપો.

અનુપાર્જિત [સં. અન્ (નહિ) + ઉપાર્જિત (કમાયેલ)] વિ. કમાયેલું નહિ એવું; નહિ મેળવેલું.

> અનુપાર્જિત વહિ = પ્રયાસ વિના મળેલો વપરાશ.

અનુપાલક ૧. [સં. અનુ (પાળવા) + પાલક (પાળનાર)] પું. રક્ષક; પરિપાલન કરનાર વ્યક્તિ.

૨. [સં. અનુ (પ્રમાણે) + પાલક (પાળનાર)] વિ. કહ્યું કરનાર; આજ્ઞા ઉઠાવનારું.

૩. વિ. રક્ષણ કરનારું; પાળનાર.

અનુપાલન ૧. [સં. અનુ (પ્રમાણે) + પાલન (પાળવું)] વ. કાયદા પ્રમાણે કરવાપણું; દુઃખ ઉઠાવવે છે એ આચારણ.

૨. [સં. અનુ (પાળવા) + પાલન (પાળવું તે)] વ. રક્ષણ; જતન.

અનુપાલના [સં. અનુ (પાળવા) + પાલન (જતન) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. (જૈન) સંઘ પાસે પાપ નિત્ય વ્યવહાર પાળવા તે.

અનુપાવૃત્ત ૧. [સં. અનુપ (પાણીવાળો પ્રદેશ) + આવૃત (વીંટાયેલું)] પું. (પુરાણ) જે નામનો હિંદુસ્તાનનો ખૂબો દેશ.

૨. વિ. પહેરવાનું; આવરવાનું.

૩. [સં. અન્ (નહિ) + ઉપાવૃત (ઢાંકેલ)] વિ. ઢાંકું નહિ કરેલું.

અનુપુરુષ [સં. અનુ (ઉપરાંત) + પુરુષ (માણસ)] પું. કોળ; આકર; નોકર.

અનુપૂરક [સં. અનુ (પાળવા) + પૂરક (પૂરું કરનાર)] વિ. પુરવણી કરનાર; પૂરું કરનું.

અનુપૂરકકર્મ [સં. અનુપૂરક (પુરવણી કરનાર) + કર્મન્ (કામ)] વ. પુરવણી કામ.

અનુપૂરકકાર્યવિધિ જુઓ અનુપૂરકકર્મ.

અનુપૂર્તિ ૧. [સં. અનુ (પાળવા) + પૂર્તિ (પહોંચી)] સ્ત્રી. ઉણપો; પુરવણી; કવિતામાં કે વાક્યમાં ખૂટતું પૂરું કરવું તે.

૨. સ્ત્રી. ઉકેલવણી; ઉકેલના ઝાપટી; સંકોરણી

૩. સ્ત્રી. કુશારો; કોઠારો.

અનુપૂર્તિ જુઓ અનુપૂર્તિ.

અનુપૂર્વ ૧. [સં.] વિ. અનુભવવાનું; જોઈ પછી જોઈ આવવું.

૨. વિ. પાછીથી; પુરુષ આકારવાનું.

૩. વિ. પાળવા જનાર.

૪. વિ. ક્રોધી-નીચેનું.

અનુપૂર્વજ [સં. અનુપૂર્વ (ક્રમ પ્રમાણેનું) + જ (જન્મેલ)] વિ. જોઈ જ વંશમાં ઊતરી આવેલું.

અનુપૂર્વી [સં. આનુપૂર્વી] સ્ત્રી. ક્રમ; અનુક્રમ.

અનુપૂષ ૧. [સં. અનુ (ક્રમ પ્રમાણે) + પૂષ (પાળનો ભાગ)] વ. અનુપૂર્વી; અનુક્રમ; પરિપાટી.

૨. [સં. અનુ (પાળવા) + પૂષ (પોષ)] વ. પાંસોવાંસ.

અનુપેક્ષણીય [સં. અન્ (નહિ) + ઉપેક્ષણીય (પાળવાં નહિ જેવા જેવું)] વિ. પાળવાં રાખવા લાયક; વહાવાં જેવા જેવું.

અનુપેત ૧. [સં. અન્ (નહિ) + ઉપેત (સમીપે આવેલું)] વિ. અનુપનીત; પાસેથી આવેલું; સમીપે અવાય વગરનું; ઉપનયન સંસ્કાર નહિ કરાવેલું.

૨. [સં. અન્ (નહિ) + ઉપેત (યુક્ત)] વિ. જોડવું; રાખ વિનાનું.

૩. [સં. અન્ (નહિ) + ઉપેત (પાસે આવેલું)] વિ. પાસે નહિ આવેલ.

૪. [સં. અન્ (નહિ) + ઉપેત (વાળું)] વિ. વગરનું; વિનાનું; રહિત.

અનુપ્ત [સં. અન્ (નહિ) + ઉપ્ત (વાવેલ)] વિ. નહિ વાવેલું; પાળવા વગરનું.

અનુપ્રતિબિંબિત [સં. અનુ (પાછળ) + પ્રતિબિંબિત (પડછાયો)] વ. (જ્યોતિષ) અન્વાદર્શ; કોઈપણ તેવા પદાર્થની અરિપટમાંથી સીધું ઊર્ધ્વપતન દૂર થયા પછી નજરે પડતી આકૃતિ; આગંતુક પ્રતિરૂપ.

અનુપ્રદાન ૧. વ. (વ્યાકરણ) અમુક વર્ષ ઉત્પન્ન થાય એવો ચોક્કસ અવયવોનો ભરાર-નો પ્રયત્ન; અક્ષરોના ઉચ્ચારણમાં થતી અમુક જાતની ખાસ પ્રેરણા.

ઓષ્ઠ્ય અને નાસિક્ય અનુપ્રદાન કહે છે. કેમકે બન્નેની પાછળ બે થાય છે. બૃહદ્ વ્યાકરણ

૨. [સં. અનુ (પાછળ) + પ્રદાન (દેવું તે)] વ. બક્ષિસ; ભેટ.

અનુપ્રયોગ ૧. [સં. અનુ (પાછળ) + પ્રયોગ (ઉપયોગ)] પું. ક્રમ કરીવાર કરવાપણું.

૨. પું. વધારાનો ઉપયોગ.

અનુપ્રવચન [સં. અનુ (પાછળ) + પ્રવચન (સારી રીતે બોલવું તે)] વ. ત્રિપદી કહ્યું હોય તેનું પુનરાવર્તન; ગુરુએ કરેલ ઉચ્ચાર પ્રમાણે બોલવાપણું.

અનુપ્રવિષ્ટ ૧. [સં. અનુ (પાછળ) + પ્રવિષ્ટ (પેઠેલું)] વિ. પાછળથી પેઠેલ; પછીથી દાખલ થયેલું.

૨. [સં. અનુ (સાથે) + પ્રવિષ્ટ (પેઠેલ)] વિ. પ્રવેશ કરેલું; દાખલ થયેલ.

પરમેશ્વર શરીરમાં પ્રવિષ્ટ થયેલા જીવોની સાથે અનુપ્રવિષ્ટ રૂપાન થઈને વેદાન્ત સર્વ વ્યવ-હારોની વિધાને પ્રગટ કરે છે. રામાનુજભાષ્ય

અનુપ્રવેશ ૧. [સં. અનુ (પાછળ) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. અનુકૂળ પ્રવેશ.

૨. [સં. અનુ (એક પછી એક) પ્રવેશ (દાખલ થવાપણું)] પું. એક પછી એક દાખલ થવાપણું; કમસર દાખલ થવું તે.

૩. પું. નકલ; અનુકરણ.

૪ [સં. અનુ (પાછળ) + પ્રવેશ (પેસારો)] પું. પાછળથી થયેલ પેસારો.

૫. પું. બીજાની મરજીને અનુકૂલ વર્તી જવાપણું.

અનુપ્રશ્ન [સં. અનુ (પાછળ) + પ્રશ્ન (સવાલ)] પું. ગહનમાં પુછવામાં સાથે સંબંધ ધરાવતો પાછળથી પુછાતો સવાલ.

અનુપ્રસક્તિ ૧. [સં. અનુ (પાછળ) + પ્રસક્તિ (આસક્તિ)] સ્ત્રી. અત્યંત મોહ.

૨. [સં. અનુ (અનુક્રમે) + પ્રસક્તિ (પ્રસંગ)] સ્ત્રી. શબ્દોનો યોજિત્ય ઉત્તરોત્તર સંબંધ; ઉત્તરોત્તર યુક્તિપ્રયુક્તિ.

અનુપ્રસાદન [સં. અનુ (સાથે) + પ્રસાદન (શાંતિ)] વ. સમાધાન કરવાપણું; મનાવણું; આશ્વાસન; સાંત્વન; શાંતિ

અનુપ્રસ્થ [સં. અનુ (અરધું) + પ્રસ્થ (સપાટ ભેદાત)] વિ. દૃષ્ટિમર્યાદાની સમાંતરે હોય એવું

અનુપ્રસ્થાપન ૧. [સં. અનુ (પાછળ) + પ્રાસ્થાપન (મોકલવું)] વ. ફરીવાર પ્રસ્થાપન; પ્રાયશ્ચિત્ત પૂરવો તે; ફરીવાર મોકલવાપણું.

૨. વ. સહાય; મદદ.

અનુપ્રાણિત ૧. [સં. અનુ (પાછળ) + પ્રાણિત (ફરીવાર)] વિ. જેમાં ફરી સંચાર કર્યો હોય એવું; સજીવન બનાવેલું.

૨. વિ. પ્રેરણા કરેલું.

અનુપ્રાપ્ત [સં. અનુ (સાથે) + પ્રાપ્ત (મેળવેલ)] વિ. મેળવેલ; પ્રાપ્ત કરેલું.

અનુપ્રાપ્તિ [સં. અનુ (સાથે) + પ્રાપ્તિ (મળવું તે)] સ્ત્રી. લાભ.

અનુપ્રારંભિક [સં. અનુ (પાછળનું) + પ્રારંભિક (શરૂઆતનું)] વિ. શરૂઆત કર્યા પછીનું; ગૌણ.

અનુપ્રાશન [સં. અનુ (સાથે) + પ્રાશન (ભોજન)] વ. ખાવું તે; ભક્ષણ.

અનુપ્રાસ [સં. અનુ (વારંવાર) + પ્ર (આગળ) + આસ (નાખવું)] પું. (કાવ્ય) એકનો એક અક્ષર જેમાં વારંવાર આવે અને કવિતાની શોભાનું કારણ બને એવો જે નામનો અલંકાર. સરખા સ્વર, સરખા વ્યંજન અથવા સરખા શબ્દની જે રચના તે અનુપ્રાસ. સ્વરનું સરખાપણું તો જોઈએ, પણ કાવ્યમાં સ્વર લુપ્ત હોય તોપણ શબ્દનું જે કોઈ સરખા-પણું હોવું તે અનુપ્રાસ. અનુપ્રાસ પાંચ પ્રકારના છે: (૧) છેકાનુપ્રાસ, (૨) વૃત્યનુપ્રાસ, (૩) શ્રુત્યનુપ્રાસ, (૪) અંત્યાનુપ્રાસ અને (૫) લાટાનુ-પ્રાસ.

અનુપ્રાસયોજના [સં. અનુપ્રાસ (એક શબ્દાલંકાર) + યોજના (વ્યવસ્થા)] સ્ત્રી. અનુપ્રાસની વ્યવસ્થા; તાલબંધ ગોઠવણી.

અનુપ્રિય [સં. અનુ (જેવું) + પ્રિય (ગમતું)] વિ. અનુકૂળ; ગમે આવે એવું.

અનુપ્રેક્ષા ૧. સ્ત્રી. (જૈન) ઊંડું ચિંતન; એકાગ્રતાપૂર્વક મનન.

જે વિષયનું ચિંતન દૃઢમુષ્ટિમાં વિશેષ ઉપ-યોગી બનવાને સંભવ છે તેવા બાર વિષયે પસંદ કરી તેના ચિંતનને બાર અનુપ્રેક્ષા તરીકે ઓળખાવેલાં છે. તત્ત્વાર્થસૂત્ર

૨. [સં. અનુ (પાછળ) + પ્રેક્ષા (તપાસ)] સ્ત્રી. ધ્યાનપૂર્વક તપાસ.

અનુપ્લવ [સં. અનુ (પાછળ) + પ્લવ (જવાર)] પું. રસ; આકર; નોકર.

અનુપ્લુત [સં.] પું. (પિંગળ) બે નામનો માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૮ અને ૪ મળી ૧૨ માત્રા હોય છે. તેમાં ૧, ૫ અને ૯ માત્રા ઉપર તાલ અને ૮ માત્રાએ યતિ આવે.

આર કલા રવી, આવત, યતિ આઠે ઠિક, લાવત; તલ અનુપ્લુતકો પ્રથમ જ, આરે આરે, પછી સજ. અનુપ્લિંગ

અનુબદ્ધ ૧. [સં. અનુ (સાથે) + બદ્ધ (બાંધેલું)] વિ. જોડેલું; બાંધેલું; સંબદ્ધ.

૨. વિ. નિર્મિત; નક્કી કરેલું.

૩. વિ. પરિણામરૂપે જોડે પછી જોડે આવતું.

૪. વિ. સતત; અક્ષુણ્ણ.

૫. [સં. અનુ (સાથે) + બદ્ધ (બંધાયેલ)] વિ. સંબંધવાળું.

અનુબદ્ધત્વ [સં. અનુબદ્ધ (સંબંધવાળું) + ત્વ (પણું)] વ. સંબંધવાળું હોવાપણું; સાપેક્ષત્વ.

અનુબલ [સં. અનુ (પાછળ) + બલ (તાકાત)] વ. જોડે રહેનારની પાછળ ભળતું બીજું મદદગાર લશ્કર.

અનુબંધન વ. (જ્યોતિષ) પ્રાણસ્થમાં કંઈક નવીન રચના કરે એવો ફેરફાર.

અનુબંધવું જુઓ અનુબાંધવું.

અનુબંધ ૧. પું. અનુરાગ; પ્રીતિ.

૨. પું. મૂળની મરજી પ્રમાણે ચાલનાર શિષ્ય.

૩. પું. અપૂર્ણાનુકૂળને હોવનો અભ્યાસ.

૪. પું. દોષ; ગુનો; અપરાધ.

૫. પું. ધાતુ; પ્રકાર.

૬. [સં. અનુ (પાછળ) + બંધ્ (જોડવું)] પું. નકલ; અનુકરણ.

૭. પું. નકલી ભાળત.

૮. [સં. અનુ (સાથે) + બંધ્ (જોડવું)] પું. પરસ્પર સંબંધ; જોડાજોડીથી છુટું ન પાડ તેવો સંબંધ.

૯. પું. પરિણામ.

૧૦. પું. પાશો; જાળ.

૧૧. પું. (ગણિત) પ્રકૃતિ અને અપ્રકૃતિનો સંબંધ.

૧૨. પું. બંધન; જોડાણ.

૧૩. પું. મંગલાચરણ કર્યા પછી કથના આરંભમાં જે કહેવામાં આવે તે.

૧૪. પું. બાપાએ પગલે ચાલનાર પુત્ર.

૧૫. પું. બાગા; હાર; જેવી.

૧૬. પું. મુખ્ય બાબત સાથે સંબંધ ધરાવનાર વસ્તુ; ઊતરતા દરજ્જાનો વિષય.
૧૭. પું. મૂળથી છૂટો ન પડે તેવો શબ્દ.
૧૮. પું. રસ્તો; રીત.
૧૯. પું. વસ; ઓલાદ.
૨૦. (વૈદ્ય) પું. વાત, પિત્ત વગેરે દોષની ઓછપ.
૨૧. પું. (વેદાંત) વિષય, પ્રયોજન, અધિકારી અને સંબંધ એ ચાર બાબતનો સમૂહ. શાસ્ત્રના આરંભમાં એ ચારે બાબત કહેલી હોય છે.
૨૨. પું. શરૂઆત; આરંભ.
૨૩. પું. સતત મોહ; આસક્તિ.
૨૪. પું. સતતપણું; અવિચ્છિન્નતા.
૨૫. પું. (વ્યાકરણ) સ્વરબાર અથવા રૂપ-બ્યાનમાં કંઈ પણ ખાસિયત બતાવવા માટે વપરાતો અક્ષર. વ્યાકરણમાં કૃત્ નામને સોંપિતિઃ વર્ણ, જે મૂળ, ધાતુ વગેરેમાં ઉપયોગી થાય છે.
૨૬. પું. હરકત; અડચણ; વિઘ્ન.
૨૭. પું. હેતુ; કારણ.
૨૮. ન. કુટુંબને બારાબર આપવા.

અનુબંધચતુષ્ટય જુઓ અનુબંધ ૨૧.

અનુબંધવદ્યા સ્ત્રી. (જૈન) દરેક બાર મહિનો એ નામનો એક પ્રકાર.

> ૧૬ કે સિત્તેર દિવસે કરવાં કલ્યાણી ઉપદેશ આપે એ દેખવામાં તો અયોગ્ય લાગે છે; પરંતુ પરિણામ કલ્યાણનું કારણ છે—એનું નામ અનુબંધવદ્યા. ઊર્મિનવ

અનુબંધન જુઓ અનુબંધ.

અનુબંધી ૧. [સં. અનુ (પાછળ) + બધિન્ (બાંધનાર)] પું. કારણ; અનુસર.
૨. સ્ત્રી. તરસ; તૃષ્ણા.
૩. સ્ત્રી. હેડકી.
૪. વિ. અનુસરેલ; પાછળ જોડેલ.
૫. વિ. આગાહ બનું; ઊંડાણ પામતું.
૬. વિ. દુઃખરૂપ; પરિણામરૂપ.
૭. વિ. સતત; અવિરત.
૮. વિ. સંબંધી; અનુબંધવાળું.

અનુબંધ્ય ૧. [સં. અનુબંધ્ (બાંધવું) + ય (યોગ્ય)] પું. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં વધ કરવા લાયક અનુબંધનું મુખ્ય પશુ.
૨. વિ. મુખ્ય; પ્રધાન.
૩. વિ. યજ્ઞમાં વધ કરવા જેવું.

અનુબોધ ૧. [સં. અનુ (પાછળ) + બોધ (જ્ઞાન)] પું. અમુક સમય પછી થયેલ જ્ઞાન.
૨. પું. નાહવાથી બંધન વગેરેના લેપની ચોકી કરેલી સુગંધ નવો લેપ કરીને વધારવી તે.
૩. પું. ચાદર; રજસ્વલ.

અનુબોધક [સં. અનુ (પાછળ) + બોધક (જ્ઞાન કરાવનાર)] વિ. રજસ્વલ કરાવનાર; ચાદર ઓઢનાર.

અનુબોધન [સં. અનુ (પાછળ) + બોધન (જ્ઞાન)] ન. રજસ્વલ; ચાદર.

અનુબ્રાહ્મણ [સં. અનુ (જેનું) + બ્રાહ્મણ (મંત્ર વિનાનો વેદવિભાગ)] ન. મંત્ર સિવાયના વેદભાગ જેવો ગ્રંથ.

> શાકપૂર્ણિનું નામ અનુબ્રાહ્મણમાં પ્રસિદ્ધ હોવાને લીધે નિરુક્ત વિખ્યાત છે. પુરાતત્ત્વ

અનુભગતદ્રૂપરૂપક [સં.] ન. (કાવ્ય) રૂપકનો એ નામનો પેટા પ્રકાર. જેમકે, તારો મુખચંદ્ર પ્રકાશિત, નેત્રકુમુદ્રાજ અને કામો-ત્પિક છે. એ બધા ઉલ્લેખો ચંદ્રને અમૃતનો વર્ષ લેવા તો તે પણ તારા અવયવમાં જ છે. બીજાં ઉપમાનનો ઊલ્લેખ કે અધ્યવસાન ન હોવાથી ઉપમાન અને ઉપમેય એ બન્નેનો અભેદ કહેવામાં આવ્યો છે.

અનુભગસોઽરૂપક [સં.] ન. (કાવ્ય) રૂપકનો એ નામનો પેટા ભેદ. જેમકે, જેણે ત્રણમાં નમરો બાજ્યાં તે આ સાક્ષાત્ મહાદેવજ છે. આમાં ઉપમાન તથા ઉપમેયનો અભેદ અધિકાર કે ઊતરતાપણું અનુભવ્યા વગર બતાવ્યો છે.

અનુભવ ૧. [સં. અનુ (પાછળ) + ભૂ (થવું)] પું. કરવાથી, જોવાથી, અભ્યાસથી, અવલોકનથી અથવા પરિણામ પામવાથી થયેલું જ્ઞાન.
૨. પું. (ન્યાય) પ્રત્યક્ષ જ્ઞાન. સ્મૃતિથી જુદા જેવા જ્ઞાનને અનુભવ કહે છે. પ્રત્યક્ષાદિ પ્રમાણથી ઉત્પન્ન થયેલું 'આ ઘડો' ઇત્યાદિ જ્ઞાન છે, તે સ્મૃતિથી જુદું પડે છે અને જ્ઞાન-રૂપ પણ છે. માટે 'આ ઘડો' ઇત્યાદિ જ્ઞાન અનુભવ કહેવાય છે. એ અનુભવ બે પ્રકારનો છે: યથાર્થ અને અયથાર્થ. નૈયાયિકોના મત પ્રમાણે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એ ચાર જ્ઞાનનાં મૂળ છે, પરંતુ વેદાંતી અને મીમાંસકો તેમાં અર્થાપત્તિ અને અનુપલબ્ધિ ઉમેરે છે. વૈશેષિકો અને બૌદ્ધો બાદ પ્રત્યક્ષ અને અનુમાન જ માને છે. સાંખ્યો ઉપમાન સ્વીકારતા નથી. ચાર્વાકો બાદ પ્રત્યક્ષ જ માને છે. જ્ઞાન મેળવવાનો સંભવ, ચૌદિત્ય અને ચેષ્ટા એ બધું વધારે માને છે.
૩. પું. પ્રયોગ; અજમાયશ.
૪. પું. ફળ; પરિણામ.
૫. પું. મહાવરો; ટેવ; અભ્યાસ.
૬. પું. લહાવો; ઉપલોગ; ભોગવટો.
૭. પું. રીતરસ; ઉપાર્જન.
૮. પું. સમજણશક્તિ; સમજ.

અનુભવગમ્ય ૧. [સં. અનુભવ (પરિચય) + ગમ્ય (મેળવી શકાય એવું)] વિ. અનુભવથી મેળવી શકાય એવું.
૨. વિ. અનુભવી શકાય એવું.
૩. [સં. અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન) + ગમ્ય (સમજાય એવું)] વિ. પ્રત્યક્ષ જ્ઞાનથી સમજી શકાતું.

અનુભવગોચર જુઓ અનુભવગમ્ય.

અનુભવજન્ય [સં. અનુભવ (અભ્યાસ) + જન્ય (પેદા થયેલ)] વિ. અનુભવથી પેદા થયેલું.

અનુભવજન્યજ્ઞાન [સં. અનુભવ (મહાવરો) + જન્ય (પેદા થયેલ) + જ્ઞાન] જ્ઞ. અનુભવ-થી ઉપજેલ જ્ઞાન.

અનુભવજ્ઞાન જુઓ અનુભવજન્યજ્ઞાન.

અનુભવજ્ઞાનસંપાદનપદ્ધતિ [સં. અનુભવ-જ્ઞાન (અનુભવથી ઉપજેલ જ્ઞાન) + સંપાદન (પ્રાપ્તિ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. બધું જ્ઞાન અનુભવથી મેળવવાની રીત.

અનુભવપર [સં. અનુભવ + પર (બધું)] વિ. અનુભવથી નહિ મળેલું; સહજ; કુદરતી.

અનુભવપ્રાગ્રહ [સં. અનુભવ + પ્રાગ્રહ (ઉત્સાહ)] જ્ઞ. અનુભવ મેળવવાનો ઉત્સાહ.

અનુભવભૂમિકા [સં. અનુભવ + ભૂમિકા (જગા)] સ્ત્રી. અનુભવ મેળવવાની જગા; અપરોક્ષ જ્ઞાનની ક્ષમા.

અનુભવમંત્ર [સં. અનુભવ + મંત્ર (ગૂઢ વાક્ય)] પું. અનુભવનું ગૂઢ વાક્ય.

અનુભવમૂલક [સં. અનુભવ + મૂલક (મૂળવાળું)] વિ. અનુભવ ઉપર રચાયેલું.

અનુભવરસિક [સં. અનુભવ + રસિક (રસવાળું)] વિ. અનુભવમાં રસ લેનારું.

અનુભવવશ્ય [સં. અનુભવ + વશ્ય (મેળવી શકાય એવું)] વિ. અનુભવથી મેળવી શકાય એવું.

અનુભવવાદ [સં. અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન) + વાદ (મત)] પું. (ન્યાય) બધું જ્ઞાન અનુભવથી જ થાય છે એવો મત.

અનુભવવાદી [સં. અનુભવ + વાદ (મત) + ઇન્ (વાદી)] પું. અનુભવવાદમાં માનનાર; અનુભવથી જ જ્ઞાન મળે છે એમ માનનાર.

અનુભવવું ૧. [સં. અનુ (પાછળ) + ભૂ (થવું)] સ. ક્રિ. અનુભવ લેવો; પરિચય કરવો; પ્રત્યક્ષ જ્ઞાન મેળવવું.
૨. સ. ક્રિ. પ્રયોગ કરવો; અખતરો કરવો; કામ કરી જોવું.
૩. સ. ક્રિ. ભોગવવું; વેદવું; સહન કરવું.

અનુભવસૂક્ત [સં. અનુભવ + સૂક્ત (કરવું)] વિ. અનુભવે કરવું; વધુ અનુભવી; વધુ અનુભવ કર્યા હોય એવું.

અનુભવશીલ [સં. અનુભવ + શીલ (સ્વભાવ)] વિ. અનુભવ લેવાના સ્વભાવવાળું.

અનુભવશીલતા ૧. [સં. અનુભવ + શીલ (સ્વભાવ) + તા (પણું)] સ્ત્રી. અનુભવ લેવાનો સ્વભાવ.
૨. સ્ત્રી. (નીતિ.) ધારણ કરવાની શક્તિ; પ્રક્ષમૂર્ણ.સત્ય.

અનુભવશૂન્ય [સં. અનુભવ (પરિચય થયેલો બનવું જ્ઞાન) + શૂન્ય (વગરનું)] વિ. અનુભવ વગરનું.

અનુભવશૂન્યતા [સં. અનુભવ + શૂન્યતા (અભાવ)] સ્ત્રી. અનુભવ ન હોવાપણું.

અનુભવસાધર્મ્ય [અનુભવ + સાધ્ય (સમ) + ધર્મ (ગુણ)] પું. અનુભવથી લેવામાં આવેલ સત્યને આનનાર ગુણ.

અનુભવસાધર્મ્યી [અનુભવ + સાધ્ય (સમ) + ધર્મ (ગુણ) + ઈ (વાળું)] વિ. અનુભવથી મળેલ સત્યને આનનાર ગુણવાળું.

અનુભવસિદ્ધ ૧. [સં. અનુભવ (પરિચય) + સિદ્ધ (સાબિત)] વિ. આત્મપરિચયથી સાબિત થયેલું; આત્મરીબંધ.
૨. [સં. અનુભવ (અખતરો) + સિદ્ધ (સાબિત)] વિ. પ્રયોગસિદ્ધ; અખતરાથી નક્કી થયેલું.

અનુભવાડવું (અનુભવાડવું) [સં. અનુ (પાછળ) + ભૂ (થવું)] સ. ક્રિ. અનુભવ આપવો.

અનુભવાતીત [સં. અનુભવ (જ્ઞાન) + અતીત (ઓળંગી ગયેલું)] વિ. અનુભવમાં ન આવી શકે એવું.

અનુભવાતીતવાદ [સં. અનુભવ + અતીત (પર થયેલ) + વાદ (મત)] પું. તત્ત્વમીમાંસાના સિદ્ધાંતો વિચારની હિમાયા અનુભવથી જોવી શક્ય છે એવો મત.

અનુભવાત્મક [સં. અનુભવ + આત્મક (સ્વરૂપવાળું)] વિ. અનુભવવાળું; અનુભવથી બનેલું.

અનુભવાત્મજ્ઞાન [સં. અનુભવ + આત્મન્ (આત્મા) + જ્ઞાન (સમજ)] સ. જ્ઞાત-અનુભવથી મળેલ જ્ઞાન.

અનુભવાર્થી [સં. અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન) + અર્થિન્ (જરૂર રાખનાર)] વિ. પ્રત્યક્ષ જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળું.

અનુભવાવવું જુઓ અનુભવાડવું.

અનુભવાવું ૧. [સં. અનુ (પાછળ) + ભૂ (થવું)] સ. ક્રિ. અનુભવાવું; અખતરો કરાવો.
૨. સ. ક્રિ. અનુભવ લેવો; પરિચય લેવો.
૩. સ. ક્રિ. સહન થવું.

અનુભવિત સ્ત્રી. અનુભવથી સાબિત થયેલ જ્ઞાન.

અનુભવિષ્ણુ ૧. વિ. સ્ત્રી. અનુભવવાળી; અનુભવથી કુશળ બનેલી.
૨. વિ. સ્ત્રી. વધિક; અભ્યાસી.
૩. વિ. સ્ત્રી. સમજવાળી.

અનુભવ્યું જુઓ અનુભવી.

અનુભવી ૧. [સં. અનુભવિન્] વિ. કુશળ બનેલું; નિષ્ણાત; પારંગત.
૨. વિ. વધિક; અભ્યાસી. અનુભવ કરેલો હોય એવું; પ્રસાદેલું.
૩. વિ. સમજવું; કાબું.

અનુભવૈકવાદ જુઓ અનુભવવાદ.

અનુભાગ ૧. [પ્રા. અણુભાગ] પું. (જૈન) કર્મના સમૂહમાં રહેલ પ્રમાણે પાકો રસ.
૨. [સં. અનુ (પાછળ) + ભાગ (વહેંચણ)] પું. કર્મવિપાક; કર્મની ફળ ઉત્પન્ન કરવાની શક્તિ.
૩. પું. પ્રભાવ; મહિમા.
૪. પું. સામર્થ્ય; શક્તિ.
૫. પું. સ્વભાવ.

અનુભાગબંધ [અનુભાગ (કર્મના સમૂહમાં રહેલ પ્રમાણે પાકો રસ) + બંધ (બાંધવું)] પું. (જૈન) કર્મમાં તીવ્ર, મંદારે તીવ્ર વગેરે રસનો બંધ; કર્મપુદ્ગલમાં ફળ ઉત્પન્ન કરવાની શક્તિનું નિર્માણ.
જેના જેવા બંધ અધ્યવસાય તીવ્ર, મૃદુ કે અશુભ અધ્યવસાયથી કર્મ બાંધવામાં હોય તેને તેની અંદર તીવ્ર, મંદ અથવા મૃદુ કે અશુભ રસ પડે છે તે અનુભાગબંધ. ૩. સા. પરિષદ

અનુભાગિક [સં. અનુ (સરખું) + ભાગિક (ભાગવાળું)] વિ. સરખા ભાગવાળું.

અનુભાગિકતા [સં. અનુ (સરખું) + ભાગિક (ભાગવાળું) + તા (પણું)] સ્ત્રી. સમાનતાનો એક પ્રકાર, જેમાં વિષયનું પ્રમાણ સરખું હોય એટલું જ નહિ, પરંતુ જેમાં અવયવ પણ સરખું હોય.

અનુભાવ ૧. પું. (જૈન) કર્મની ફળ આપવાની શક્તિ.
૨. પું. (જૈન) તીવ્ર કે મંદરૂપે કર્મના રસનો અનુભવ કરવાપણું.
૩. પું. દૃઢ નિશ્ચય; મક્કમ વિચાર.
૪. પું. નાટકના ચાર પ્રકારના ભાવ માંહેનો એ નામનો એક. તેની આઠ જાત છે: ૧. સ્તંભ, ૨. સ્વેદ, ૩. રોમાંચ, ૪. સ્વરભંગ-વૈસ્વર્ય, ૫. વેપથુ, ૬. વૈવર્ણ્ય, ૭. અશ્રુ અને ૮. પ્રલય.
૫. પું. પ્રભાવ; પ્રતાપ; મોટાઈ; મહત્ત્વ.
૬. [સં. અનુ (સરખું) + ભાવ (ભાવ. ભાવ)] પું. (કાવ્ય) મનોગત ભાવનો બાહ્ય વિકાર; મનની અંદર રહેલ ભાવને દર્શાવનારું બાહ્ય ચિહ્ન; રસ ઉત્પન્ન થતા પહેલાં તેનું પ્રગટ થતું જે. કાવ્યમાં રસનાં કારણરૂપ જે વિભાવ છે: (૧) આલંબનવિભાવ અને (૨) ઉદ્દીપન-વિભાવ. આ બે પ્રકારના વિભાવો જે જે ચિહ્નોથી જણાઈ આવે તેને અનુભાવ કહે છે. જેમકે, રામના દર્શનથી સીતાના મનમાં જે રતિ ઉત્પન્ન થાય તે રતિ શૃંગાર રસનો સ્થાયી-ભાવ કહેવાય. રામ તરફ સીતા પોતાની રતિ દૃષ્ટિક્ષેપ, કટાક્ષ, હાસ્ય આદિથી દર્શાવે તે બધાં રતિરૂપ સ્થાયીભાવના કાર્ય હોવાથી અનુભાવ કહેવાય. દરેક રસના મુખ્ય મુખ્ય અનુભાવ નીચે મુજબ: શૃંગારના-સ્તંભ, સ્વેદ, કટાક્ષ વગેરે; હાસ્યના-નવનિકાસ, અશ્રુપાત વગેરે; કરુણના-હૈવની નિંદા, અશ્રુપાત વગેરે; રૌદ્રના-સ્વેદ, નિર્ભર્ત્સના વગેરે; વીરના-રોમાંચ, અટ્ટહાસ વગેરે; ભયાનકના-કંપ, ભીનેવી આંખથી જોવું વગેરે; બીભત્સના-નાક બંધ કરવું, વૈવર્ણ્ય વગેરે; અદ્ભુતના-સ્તંભ, વિસ્તારેલી આંખથી જોવું વગેરે; અને શાંતના-રોમાંચ, મનની સ્થિરતા વગેરે. અનુભાવના ચાર પ્રકાર છે: (૧) સાત્ત્વિક, (૨) કાયિક, (૩) માનસિક અને (૪) આહાર્ય.
૭. પું. મહેરબાની; કૃપા.
૮. પું. લોકસ્વભાવ; જગદ્ધર્મ.
૯. પું. સત્તા, વિદ્યા કે પદવીથી મળેલો અધિકાર.

અનુભાવક [સં.] વિ. બોધક; સમજાવનાર; સૂચન કરનાર.

અનુભાવકતા [સં. અનુભાવક (બોધક) + તા (પણું)] સ્ત્રી. જ્ઞાન; સમજ.

અનુભાવન ૧. [સં. અનુ (સરખું) + ભૂ (થવું)] સ. અનુકરણ.

૨. પ્ર. હાસ્યાદથી બાકીનું બતાવવાપણું.

અનુભાવબંધ [અનુભાવ (કર્મની ફલ આપવાની શક્તિ) + બંધ (બાંધવું)] પું. (જૈન) કર્મથી ફલ દેવાની શક્તિનું નિર્માણ.

અનુભાવિત [સં. અનુ (પાછળ) + ભાવિત (વાસેલ)] વિ. પાછળથી વાસેલ.

અનુભાવી ૧. [સં. અનુ (પાછળ) + ભાવિન્ (કર્તા)] વિ. પાછળ બનાર.

૨. [હિં.] વિ. બરાબરનું બરાબરી સારા સારો અને ઊપરનાં તેનાથી નાનું હોય તેવું તેનું રહ્યું.

૩. વિ. સાક્ષાત્કાર કરનારું; નજરોનજર કરનાર.

૪. વિ સાક્ષી; નજરોનજર જોનાર.

અનુભાષક ૧. [સં. અનુ (સરખું) + ભાષક (બોલનાર)] વિ. કહેલી વસ્તુ ફરીને બોલનાર, એટલે કે જેવું કહ્યું હોય તેવું જ ફરીને બોલનાર.

૨. વિ. તરજૂમો કરનાર ભાષાંતરકાર અનુ-

૩. [સં. અનુ (સાથે) + ભાષક (બોલનાર)] વિ. સાથે બોલનાર; વાતચીત કરનાર.

અનુભાષણ ૧. [સં. અનુ (સરખું) + ભાષણ (બોલવું તે)] ન. કહ્યું હોય તેવું જ ફરી કહેવાપણું; પુનરુક્તિ.

૨. ન. કોઈ સિદ્ધાંતનું ખંડન કરવાને માટે તેનું પુનઃકથન.

૩. ન. તરજૂમો; ભાષાંતર.

૪. [સં. અનુ (સાથે) + ભાષણ (બોલવું તે)] ન. વાતચીત.

અનુભાસ પું. કાચાની બોક બત.

અનુભૂત ૧. [સં. અનુ (પાછળ) + ભૂત (થયેલ)] વિ. પાછળ બન-બનેલું.

૨. વિ. પ્રત્યક્ષ જ્ઞાન થયું હોય એવું; અનુભવેલું.

૩. વિ. જોયેલું; વેઠેલ.

૪. વિ. સમજાયેલ; જણાયેલું.

૫. વિ સિદ્ધ; નક્કી.

અનુભૂતિ [સં.] સ્ત્રી. અનુભવ.

અનુભૂતિપ્રકાશ [સં.] પું. ઉપનિષદોના તાત્પર્યને સમજવવાને માધવાચાર્યે રચેલું એ નામનું પ્રકરણ.

અનુભૂતિવાદ ૧. પું. આત્મા અનુભવ સ્વરૂપ છે એવો મત.

૨. [સં. અનુભૂતિ (અનુભવ) + વાદ (મત)] પું. જાણ્યું જ્ઞાન અનુભવથી જ થાય છે એવો મત; અનુભવવાદ.

અનુભોગ ૧. [સં.] પું. ઉપભોગ ભોગવટો. ૨. પું. પ્રાચીન ગ્રંથમાં આપવામાં આવતી જનોઈ.

અનુભ્રાતા [સં. અનુ (પાછળ) + ભ્રાતૃ (ભાઈ)] પું. નાનો ભાઈ.

અનુમત ૧. [સં.] પું. આકાશ; પ્રેમી પુરુષ.

૨. [સં. અનુમત (સંમત કરવું)] ન. અનુમતિ; સંમતિ; મંજૂરી.

૩. ન. કામદેવ.

૪. ન. વિચાર.

૫. વિ. બોકમત; સંમત.

૬. વિ. બનવાજોગ; પસંદ પડે તેવું; ઇચ્છિત.

૭. વિ. મંજૂર કરેલ; માન્ય રાખેલ; કબૂલ કરેલું.

અનુમતવિધાન [સં. અનુમત (કબૂલ કરેલ) + વિધાન (કાર્ય)] પું. કબૂલ કરેલો ભાગ.

અનુમતિ ૧. પું. (પુરાણ) એ નામના ઋષિ.

૨. [સં. અનુ (સરખું) + મતિ (વિચાર)] સ્ત્રી. બોકમતી; કહ્યામાં હોવાપણું; સંમતિ.

૩. સ્ત્રી. (પુરાણ) કર્દમ ઋષિની દીકરી ઋતુને અંગિરા ઋષિથી થયેલી ચાર બહેનો એ નામની દીકરી.

૪. સ્ત્રી. ચંદ્રની બોક કળા ઓળી હોય એવી પૂર્ણિમા; બોકડ રાખે પૂનમ. આ દિવસે કેટલા અને ખિસ્સો અગ્નિદાન સ્વીકારે છે. સામાન્ય વર્ષમાં આ તિથિ કેવી તરીકે પૂનમ છે.

૫. સ્ત્રી. (પુરાણ) પ્રજા નામના ઋષિકની એ નામની બો.

૬. સ્ત્રી. મંજૂરી; રજા; પરવાનગી.

૭. સ્ત્રી. સપ્તદ્વીપોમાંની એ નામની નદી.

અનુમતિ. સિનીવાલી. સરસ્વતી. કુહૂ. રાકા. દર્શ અને પ્રાપ્તિ એ સાત સપ્તદ્વીપોની નદીઓ છે. લાવણી લાવણ્ય

૮. સ્ત્રી. ચંદ્રને અભિષેક કરવાને આવેલી એ નામની કેટલની.

૯. સ્ત્રી. દુર્ગા; ભવાની.

અનુમતિપ્રદાતા [સં. અનુમતિ (મંજૂરી) + પ્રદાતૃ (આપનાર કરનાર)] વિ. પરવાનો આપવાનું.

અનુમતિપત્ર [સં. અનુમતિ (મંજૂરી) + પત્ર (કાગળ)] પું.; ન. રજામિઠ્ઠી; પરવાનો; મંજૂરી બતાવનાર કાગળ.

અનુમતિશુલ્ક [સં. અનુમતિ (મંજૂરી) + શુલ્ક (કર)] પું. પરવાનો લેવાને આપવો પડતો કર પરવાનાની લાગત.

અનુમત્ત [સં. અનુમદ્ (હર્ષ પામવો)] વિ. આનંદને લીધે ઉન્મત્ત બનેલું; હર્ષિત.

અનુમનન ૧. [સં. અનુમન્ (જ્ઞા આપવી)] ન. કબૂલ મંજૂરી.

૨. ન. સ્વતંત્રતા.

અનુમરણ ૧. [સં. અનુ (પાછળ) + મરણ (મોત)] ન. પતિ પરદેશમાં મરી ગયા અને તેનું શબ ન હોય ત્યારે તેની સાથળી સાથે વિધવાએ બળી મરી સતી થવું તે. ક્ષત્રિય, વૈશ્ય અને બીજા લોકોને આ હક છે, પરંતુ બ્રાહ્મણ લોકોને નથી એમ મનાય છે.

૨. ન. પાછળ મરવાપણું.

૩. વિ. મોત પછીનું.

અનુમસ્તક જુઓ અનુમસ્તિષ્ક.

અનુમસ્તિષ્ક [સં. અનુ (પાછળ) + મસ્તિષ્ક (મોટું મગજ)] ન. નાનું મગજ; મોટા મગજની પાછળ આવેલું બીજું મગજ.

અનુમંતા [સં. અનુમંતૃ] વિ. પરવાનગી આપનાર; મંજૂરી દેનારું.

અનુમંતૃ [સં.] ન. (વ્યાકરણ) સંપ્રદાનના બોદ્ધે કર્મરૂપ કરવું પડે કર્તા જેની સારી બોધણ આપવા જેને મેળવવા ધાર્યું તેના અનુ મહિનો એ નામનો પ્રકાર. તેમાં કર્તા કિયાની અનુમતિ આપે છે. માટે 'ઉપાધ્યાય' અનુમંતૃ સંપ્રદાન છે. જુઓ વ્યાકરણ

તે ઉપાધ્યાયને શાસ્ત્ર આપે છે. એમાં ઉપાધ્યાય શાસ્ત્ર આપવાની પ્રાર્થના કરતો નથી પણ તે આપવાની અનુમતિ આપે છે માટે 'ઉપાધ્યાય' અનુમંતૃ સંપ્રદાન છે.

અનુમંત્રણ [સં.] ન. સ્તોત્ર બોદ્ધે સ્તુતિ અને પ્રાર્થના વડે કરવામાં આવતો સંસ્કાર.

અનુમંદ્ર ૧. [સં. અનુ (નીચું) + મંદ્ર (બીજા પ્રકારનો નીચો સ્વર)] ન. (સંગીત) સ્વરસપ્તકનો એ નામનો પ્રકાર મંદ્રથી નીચા સ્વરવાળું સપ્તક. જુઓ સપ્તક.

૨. વિ. મંદ્રથી નીચેનું.

અનુમા ૧. [સં. અનુ (સરખું) + મા (અનુમાન કરવું)] સ્ત્રી. અપેક્ષ સાધન ઉપરથી કરેલ અટકળ; અનુમાન.

૨. સ્ત્રી. પ્રતિમા; મૂર્તિ.

અનુમાતા [સં. અનુ (સરખું) + મા (અનુમાન કરવું) + તૃ (કર્તૃવાચક પ્રત્યય)] વિ. અનુમાન કરનારું; અટકળ કરનાર.

અનુમાન ૧. ન. (ન્યાય) એ નામનો અલંકાર. જેમકે, જ્યાં કોઈની નજર પડે છે ત્યાં અગ્નિજ્વાળાં દીસે પડે છે, માટે હું ધારું છું કે કામદેવ પોતાનાં બાણ ફેંકીને બાકીના આખામાં ત્યાં જઈ પહોંચે છે.

૨. ન. (કાવ્ય) એ નામનો પ્રમાણાલંકાર; જિજ્ઞાસુથી જિજ્ઞાસાનું જ્ઞાન. જેમકે,

અંબર છાયું ઘનથી,
ગિરિશિખરે નાચતી મયૂરમાલ;
ઘરઘર કલંગ ફૂલ્યાં,
આનંદપ્રદ આવ્યો વર્ષાકાલ.

અહીં મન આદિનો અને વર્ષાઋતુનો કાર્યકારણભાવ નથી, કિન્તુ અવિનાભાવ સંબંધ માત્રથી છે. અવિનાભાવ એ છે કે એના વિના બીજાનું ન થવું; તેથી આથી વર્ષાકાલ વિના બનારનું થવું નથી. આ અવિનાભાવથી વર્ષાઋતુનું અનુમાન થયું છે. કાવ્યપ્રકાશ

૩. [સં. અનુ (સરખું) + મન્ (માનવું)] ન. (ન્યાય) એક જ્ઞાન ઉપરથી થયું બીજું જ્ઞાન; ન્યાયનું એક પ્રમાણ; અમુક હકીકત ઉપરથી અમુક બાબત આમ જ હશે એમ કરાતો નિશ્ચય; અનુમિતિનું સાધન. અનુમાનના બધ પ્રકાર છે: (૧) પૂર્વવત્ કે કેવલાન્વયી, જેમાં કારણ વડે કાર્યનું જ્ઞાન થાય. જેમકે, વાદળું દેખીને વૃષ્ટિ થશે એનું અનુમાન. (૨) શેષવત્ કે અતિરેકી, જેમાં કાર્યને પ્રત્યક્ષ દેખીને કારણનું અનુમાન કરવામાં આવે. જેમકે, નદીમાં પૂર દેખીને ઉપરવાસ વરસાદ વરસ્યો હશે એનું અનુમાન. (૩) સામાન્યતોદૃષ્ટ કે અન્વયવ્યતિરેકી, જેમાં કંઈક બનતા સામાન્ય બનાવને દેખીને વિશેષ બનાવનું અનુમાન કરવામાં આવે. જેમકે, કોઈ વસ્તુને બીજી જગાએ જોઈ તેને ત્યાં લાવવામાં આવેલી હશે એવું અનુમાન.

વળી અનુમાન બે પ્રકારનું છે: સ્વાર્થ અને પરાર્થ. પોતાને માટે જ કરેલું અનુમાન તે સ્વાર્થ અનુમાન, અને પોતે અનુમાન કર્યા પછી બીજાને સમજાવવા અમુક રીતે વાક્યો રચી અનુમાન કરી બતાવીએ તે પરાર્થ અનુમાન. પરાર્થ અનુમાનનો સામાન્ય ક્રમ પ્રમાણસાક્ષીઓ નીચે પ્રમાણે બને છે:-

આ પર્વત અગ્નિવાળો છે (પ્રતિજ્ઞા)
કારણ કે તે ધુમાડાવાળો છે (હેતુ)

જે જે ધુમાડાવાળું હોય તે તે અગ્નિવાળું હોય છે. જેમકે, રસોડું (અગ્નિ ઉદાહરણ સાથે)

આ પર્વત અગ્નિથી ઉપજેલ ધુમાડાવાળો છે (ઉપનય)

તેથી આ પર્વત અગ્નિવાળો છે (નિગમન)

એક અનુમાન બાંધવામાં ત્રણ બાબતની આવશ્યકતા છે: પક્ષ, સાધ્ય અને સાધન. પક્ષ એટલે જેને વિષે કાંઈ સાબિત કરવું હોય તે. ઉપરના અનુમાનમાં પર્વત એ પક્ષ છે. સાધ્ય એટલે કહેલ પક્ષ ઉપર જે સિદ્ધ કરવાનું હોય તે; આ પ્રસંગે અગ્નિ. સાધન એટલે જેનાથી એ સિદ્ધાંત બંધાય તે. જેમકે, ધુમાડો જોવાથી એમ સાબિત થાય છે કે પર્વતમાં અગ્નિ છે. પાંચ અવયવોનું આ અનુમાન સાધવાં પક્ષ, સાધ્ય અને સાધન એ ત્રણ વાની પરીક્ષા કરવી પડે છે.

ગૌતમની પૂર્વેના વિદ્વાનો અનુમાનનાં દસ અવયવો કહે છે. બોજ અનુક્રમથી જોડવાથી તે નીચે પ્રમાણે થાય છે: જિજ્ઞાસા, સંશય, શક્યપ્રાપ્તિ, પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન, પ્રયોજન અને સંશયનુદાસ.

૪. [સં. અનુ (પાછળ) + ધા (ધારવું)] ન. તર્ક; અટકળ; કલ્પના.

૫. ન. દ્રવ્ય; પરિણામ; ઉપસંહાર.

૬. ન. (વૈદક) રોગની પરીક્ષા કરવાનાં ત્રણ માંહેનું એ નામનું એક પ્રમાણ. પહેલું આપ્તોપદેશ, બીજું પ્રત્યક્ષ અને ત્રીજું અનુમાન.

૭. ન. ધુમાડો; આકાશ; અંદાજ; અટકળ; કયાસ.

૮. ન. સરખાપણું; સમાનતા.

૯. ન. સિદ્ધાંત; નિર્ણય; નિશ્ચિત મત.

૧૦. ન. સિદ્ધાંત ઉપરથી જેનાવેત નિર્ણય; ઉપસિદ્ધાંત; ઉપપ્રમેય.

૧૧. ન. હા ના કરવી તે; આનાકાની.

અનુમાનખંડ [સં. અનુમાન (અનુમિતિનું સાધન) + ખંડ (ભાગ)] પું. (ન્યાય) ન્યાયશાસ્ત્રનો એ નામનો ભાગ.

અનુમાનચિહ્ન [સં. અનુમાન (અનુમિતિનું સાધન) + ચિહ્ન (નિશાની)] ન. અનુમાન બતાવનાર નિશાની; તેથી, તેટલા માટે, એવી અર્થ બતાવનાર નિશાની. તે ∴ આ પ્રમાણે કરાય છે.

અનુમાનજન્ય [સં. અનુમાન + જન્ય (પેદા થયેલ)] વિ. અનુમાનથી ઉત્પન્ન થયેલું.

અનુમાનપત્ર [સં. અનુમાન (અટકળ) + પત્ર (કાગળ)] પું.; ન. ઉપજ તથા ખર્ચના અંદાજનું ઠરાવેલું.

અનુમાનપ્રપંચ [સં. અનુમાન (અનુમિતિનું સાધન) + પ્રપંચ (વિસ્તાર)] પું. (ન્યાય) પૂર્વાનુમાનઃ અટકળ કરવામાં ઉપયોગી પંચાવયવ વાક્ય.

અનુમાનપ્રમાણ ૧. [સં. અનુમાન (અટકળ) + પ્રમાણ (પુરાવો)] ન. (ન્યાય) એક કેટલા એટલે સ્વાનમાં જે જેને સંબંધ બાબતે હોય, તેમાંથી એકને જાણવાથી બીજા એક કેટમાં રહેલા બીજા પદાર્થનું થતું જ્ઞાન.

૨. [સં. અનુમાન + પ્રમાણ (યથાર્થ જ્ઞાનનું સાધન)] ન. (ન્યાય) યથાર્થજ્ઞાનનું કારણ. જેમકે, 'આ પર્વત અગ્નિવાળો છે' આ પ્રકારના અનુમિતિજ્ઞાનનું 'આ ધુમાડો અગ્નિથી કેવાયેલ છે' એ પ્રકારનું વ્યાપ્તિજ્ઞાન કારણ છે. માટે એ વ્યાપ્તિજ્ઞાન અનુમાનપ્રમાણ કહેવાય.

અનુમાનલિંગ [સં. અનુમાન + લિંગ (પરિણામ)] ન. અનુમાનનું પરિણામ.

સ્મૃતિ એ અનુમાનલિંગ છે, કેમકે એને પ્રમાણ ઠરાવવાને કુતર્કની અપેક્ષા રહે છે.
સિદ્ધાંતલહરી

અનુમાનવાક્ય સુજ્ઞો અનુમાનપ્રપંચ.

અનુમાનવું ૧. સ. ક્રિ. અટકળ કરવી.

૨. સ. ક્રિ. આશરો કાઢવો.

અનુમાનશૃંખલા [સં. અનુમાન (નું) + શૃંખલા (સાંકળ)] સ્ત્રી. એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું એવી રીતે નીકળતાં અનુમાનોની પરંપરા; આલ્લનુમાન; આનર્થરી; સધાનશૃંખલા.

અનુમાનસિદ્ધ [સં. અનુમાન + સિદ્ધ (સાબિત કરેલ)] વિ. અનુમાનથી સાબિત કરેલું; અન્વયસિદ્ધ; અર્થાપન.

અનુમાનાભાસ [સં.] પું. (ન્યાય) એક વાક્ય ઉપરથી પરખાઈ જોયેલું બીજું વાક્ય; અસંબદ્ધિત અટકળ; અપરોક્ષ અનુમિતિ.

જુઓ 'પરોક્ષ અનુમિતિ' વાળી નિર્દેશ પરિવર્તીને બદલે બતાવવા માટે તેમને 'અપરોક્ષ અનુમિતિ અથવા અનુમાનાભાસ' એવું નામ આપવામાં આવ્યું છે. ન્યાયસાર

અનુમાનાવું સ. ક્રિ. અનુમાન થવું; અટકળ થવી.

અનુમાનાશ્રય [સં. અનુમાન + આશ્રય (આધાર)] વિ. અનુમાન ઉપર આધાર રાખતું.

અનુમાનાશ્રયમાળા સુજ્ઞો અનુમાનશૃંખલા.

અનુમાનારૂઢ [સં. અનુમાન + આરૂઢ (ચઢેલ)] વિ. અનુમાનથી જેના ચઢેલ; અટકળેલું.

અનુમાનિક ૧. [સં. અનુમાન (અટકળ) + ઇક (વાળું)] વિ. અટકળ ઉપર આધાર રાખનાર; તર્કાભાસી.

૨. વિ. અનુમાન ઉપરથી માનેલું; અટકળ કરેલું.

અનુમાનિત [સં. અનુ (પાછળ) + મન્ (માનવું)] વિ. અનુમાનેલું; અટકળ કરેલું.

૧. અનુમાનિત આયવ્યય = આવકજાવકનો અંદાજ.

૨. અનુમાનિત મૂલ્ય = વસ્તુની અટકળે કરેલી કીમત.

અનુમાનોક્તિ [સં. અનુમાન + ઉક્તિ (કથન)] સ્ત્રી. તર્ક; કલ્પના.

અનુમાપક [સં.] વિ. (ન્યાય) અનુમાનનું કારણ હોય એવું.

અનુમાર્ગ [સં. અનુ (પાછળ) + માર્ગ (રસ્તો)] સ. પાછળપાછળ; પગલે.

અનુમાર્ગજાત ૧. [સં. અનુમાર્ગ (પગલે) + જાત (જન્મેલ)] પું. નાનો ભાઈ; અનુજ.

૨. વિ. પાછળ જન્મેલું.

અનુમાર્ગજાતા ૧. [સં. અનુમાર્ગ (પગલે) + જાતા (જન્મેલી)] સ્ત્રી. નાની બહેન; અનુજા.

૨. વિ સ્ત્રી. પાછળ જન્મેલી.

અનુમાસ ૧. [સં. અનુ (પછી) + માસ (મહિનો)] પું. પછીનો મહિનો.

૨. [સં. અનુ (રોજ) + માસ (મહિનો)] સ. દરેક મહિને; દરમાસ.

અનુમાંસક પું. ખારરસ અને ક્ષોભરસ સાથે માંસલ પદાર્થોનું પાચન થઈ ઉત્પન્ન થતા પદાર્થોમાંનો એ નામનો દ્રવ્ય પદાર્થ.

અનુમિત [સં.] વિ. અટકળથી જણેલું; અનુમાન ઉપર રચાયેલ.

અનુમિતપ્રમા [સં. અનુમિત (અનુમાન ઉપર રચાયેલ) + પ્રમા (યથાર્થ જ્ઞાન)] સ્ત્રી. (ન્યાય) અનુમાન ઉપર રચાયેલ યથાર્થ-જ્ઞાન.

અનુમિતિ ૧. [સં.] સ્ત્રી. (ન્યાય) એક જ્ઞાનના સાધનથી મેળવેલ બીજું જ્ઞાન; અનુમાનપ્રમાણથી પ્રાપ્ત થયેલ જ્ઞાન; પરામર્શજન્ય જ્ઞાન. કાર્યકારણરૂપ અન્યોન્ય સંબંધ તે વ્યાપ્તિ-સંબંધ; કાર્યકારણરૂપે જોડાયેલાં ન હોવાપણું તે વ્યભિચાર. જ્યારે વ્યાપ્તિ હોય અને વ્યભિચાર ન હોય ત્યારે કાર્યકારણનો સર્વતંત્ર સિદ્ધાંત થાય તે વ્યાપ્તિ. કાર્યકારણ પૈકીનો જેનો પ્રદેશ મોટો તે વ્યાપક અને જેનો પ્રદેશ નાનો તે વ્યાપ્ય. કાર્ય વ્યાપ્ય, કારણ વ્યાપક છે. વ્યાપ્યવ્યાપકના સંબંધરૂપ વ્યાપ્તિ મળે ત્યારે અનુમિતિ થઈ શકે. વ્યાપ્તિના બે પ્રકાર છે: અનુભવથી વ્યાપ્તિ ગ્રહણ તે સ્વાર્થાનુમિતિ અને આપણો નિશ્ચય બીજાને મળે ઉતારવા પરામર્શ ઇત્યાદિ દ્વારા યુક્તિ કરીએ તે પરાર્થાનુમિતિ. અન્વયવ્યતિરેકી હેતુ, કેવલાન્વયી હેતુ અને કેવલ વ્યતિરેકી હેતુ એ ત્રણ પ્રકારના હેતુથી અનુમિતિ બની શકે છે. પરામર્શનો સબંધ સાદૃશ્ય ઉપર છે.

'આવ્યો ભરચોમાસ છે,
ચોમાસું આવ્યું છે,
માટે ચોમાસું ભરચોમાસ છે.'

એ અનુમિતિમાં આપણે સાદૃશ્ય આવ્યું જ આપણા ધ્યાનમાં રાખીએ છીએ.

ઝવેરચંદ મેઘાણી

૨. સ્ત્રી. (ન્યાય) પૂર્વાનુમાન; અનુમાનપ્રપંચ.

અનુમિત્સા [સં.] સ્ત્રી. અનુમાન કરવાની ઇચ્છા.

અનુમૃત ૧. [સં. અનુ (પાછળ) + મૃત (મરેલું)] વિ. પાછળ મરેલું.

૨. [સં. અનુ (રાશે) + મૃત (મરેલ)] વિ. રાશે મરેલું.

અનુમૃત્યુ ૧. [સં. અનુ (પાછળ) + મૃત્યુ (મરણ)] સ. પાછળ મરવું તે; અનુમરણ.

૨. વિ. મરણ પછીનું.

અનુમૃત્યુપત્ર [સં. અનુમૃત્યુ (મરણ પછીનું) + પત્ર (કાગળ)] પું.; સ. વસિયતનામું.

અનુમેય ૧. [સં.] વિ. અનુમાન કરવા જેવું.

૨. વિ. અનુમાન થઈ શકે એવું.

અનુમોઢ જુઓ અનુમોદન ૨, ૩, ૪.

અનુમોદક ૧. [સં. અનુમોદ્ (સંમત થવું)] વિ. રાજી આપનાર; સંમતિ દર્શાવનાર.

૨. વિ. તાજું તરત થી સારું કરનાર.

૩. વિ. દાખલો આપનાર.

૪. વિ. દાતા.

અનુમોદકરાજચિકિત્સક [સં. અનુમોદક (દાખલો આપનાર) + રાજચિકિત્સક (રાજા કે રાજકુટુંબનો વૈદ્ય)] પું. પ્રમાણપત્ર આપનાર રાજવૈદ્ય.

અનુમોદન ૧. [સં. અનુ (પાછળ) + મુદ્ (ખુશી થવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. પ્રસન્નતા બતાવવાપણું.

૨. [સં. અનુમુદ્ (સંમત થવું)] સ. મંજૂરી; બહાલી; રજા; અનુમતિ.

૩. સ. સંતોષ; પ્રસન્નતા; સહાનુભૂતિને પરિણામે થતો હર્ષ.

૪. સ. સંમતિ; રાજી.

અનુમોદનપત્ર [સં. અનુમોદન (મંજૂરી) + પત્ર (કાગળ)] પું.; સ. મંજૂરીનો કાગળ; રજાપત્ર.

અનુમોદના જુઓ અનુમોદન.

અનુમોદવું ૧. [સં. અનુમુદ્ (રાજી આપવો)] સ. ક્રિ. રાજી આપવો; સંમતિ દર્શાવવી.

૨. સ. ક્રિ. દાખલો આપવો.

૩. સ. ક્રિ. મંજૂર કરવું; બહાલી આપવી.

૪. સ. ક્રિ. સહાનુભૂતિથી રાજી થવું.

અનુમોદિત ૧. [સં. અનુમુદ્ (રાજી આપવો)] વિ. અનુમોદન આપેલું; અનુમત; સંમત.

૨. વિ. દાખલો અપાયેલ; પ્રમાણિત.

૩. વિ. મંજૂર કરેલ; રજા આપેલ.

૪. વિ. રાજી થયેલ; પ્રસન્ન.

અનુમોદિતકેતન [સં. અનુમોદિત (પ્રમાણિત) + કેતન (ખરીદનાર)] સ. ખરીદવાની પરવાનગીવાળું માલસામાન.

અનુમોદ્ય [સં. અનુમુદ્ (રાજી આપવો) + ય (યોગ્ય)] વિ. રાજી આપવા યોગ્ય.

અનુમ્લોચા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની અપ્સરા.

અનુયજ્ઞ જુઓ અનુયજ્ઞ.

અનુયાજ ૧. [સં.] પું. એ નામનો યજ્ઞ. ૨. પું. યજ્ઞક્રિયાનો અમુક ભાગ; વધારાની યજ્ઞક્રિયા.

અનુયાત ૧. [સં. અનુ (પાછળ) + યાત (ગયેલું)] વિ. અનુસરેલ; પાછળ ગયેલું.

૨. વિ. વારસ બનાર.

૩. [સં. અનુયા (અનુસરવું કરવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. સરખું; સમાન; સદૃશ.

૪. [સં. અનુ (સાથે) + યાત (ગયેલ)] વિ. સાથે ગયેલ.

અનુયાતા ૧. [સં. અનુ (પાછળ) + યાતૃ (જનાર)] પું. નોકર; ચાકર.

૨. વિ. અનુસરનાર.

અનુયાત્રિક [સં. અનુ (પાછળ) + યાત્રિક (જનાર)] પું. નોકર કે અનુયાતા.

અનુયાન [સં. અનુ (પાછળ) + યાન (ગમન)] સ. પાછળ જવાપણું; અનુસરણ.

અનુયાયી ૧. [સં. અનુ (પાછળ) + યાયિન્ (જનાર)] પું. અનુચર; સેવક; દાસ; ચાકર; નોકર.

૨. પું. (પુરાણ) પૃતરાષ્ટ્ર રાજાનો એ નામનો દીકરો.

૩. પું. વિદ્યાર્થી; અભ્યાસી.

૪. પું. શિષ્ય; ચેલો.

૫. સ. અમુક મત કે પંથને અનુસરનાર માણસ; અમુક સંપ્રદાયને માનનાર વ્યક્તિ.

૬. વિ. અનુકરણ કરનાર; અનુગામી.
૭. વિ. પંથનું; મતનું.
૮. વિ. પાછળ જનાર; અનુગામી; અનુસરનાર.
૯. વિ. સમાન; સરખું; સદૃશ.

અનુયાયી મંડળ [સં. અનુયાયિન્ (અનુસરનાર) + મંડલ (સમૂહ)] ન. અનુસરનાર માણસોનો સંઘ.

અનુયાયી શરત [અનુયાયી (અનુસરનાર) + શરત (કથન)] સ્ત્રી. અનુગામી શરત; પાછળની શરત; અનુયાયી સંકેત.

અનુયાયી સંકેત જુઓ અનુયાયી શરત.

અનુયુક્ત ૧. [સં.] વિ. કપાયેલું આપેલું.
૨. વિ. નિયોજેલ; વપરાયેલું
૩. વિ. પ્રશ્ન કરાયેલ; સવાલ પૂછવામાં આવેલ હોય તેનું; પૂછેલું

અનુયુક્તિ ૧. [સં. અનુયુજ્ (જોડવું કામ વગાડવું)] સ્ત્રી. અદલ પંચાત.
૨. [સં. અનુયુજ્ (જોડ આપવો)] સ્ત્રી. અર્પિત રાખવો.

અનુયોક્તા ૧. [સં. અનુયોક્તૃ] પું. પૈસા લઈ શીખવનાર મહેતાજી.
૨. પું. સવાલ કરનાર પુરુષ.

અનુયોગ ૧. [સં. અનુ (એક પછી એક) + યોગ (પ્રસંગ)] પું. એકની પાછળ આવતો બીજો પ્રસંગ કે અકસ્માત.
૨. પું. એકની સાથે પ્રાણના યોગને બદલે તે એકની આડાપણે બીજાની સાથે જતો પ્રાણનો યોગ.
વિદ્યાના બહાના હીણ ને હિંમત કરી રાતને હીણ તો તેણે પોતાના વિષેના લાભમાં કોઈ પણ માણસનો લાભ આપ્યો.....પછી પ્રેમ કરવા વગેરેનું કામ આ નવો માણસ જ બજાવશે. જેમ વિદ્યાબહેના પ્રાણના એક બદલે આપણે યોગ કહીએ બીજે તેમ આને અનુયોગ કહીશું. પ્રાણવિનિમય
૩. પું. ટીકા; વિવરણ.
૪. પું. કપાસ.
૫. પું. પરીક્ષા; તપાસ.
૬. પું. પ્રાર્થના; આજીજી; વિનંતિ.
૭. પું. મહેનત; ઉદ્યમ; પ્રયાસ.
૮. પું. સવાલ; પૂછપરછ.

અનુયોગદ્વાર પું. (જૈન) આખ્યાન કરવાનાં ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર દ્વાર; આખ્યાની રીતિ.

અનુયોગાધીન [સં. અનુયોગ (ટીકા) + અધીન (વશ)] વિ. જવાબદાર; લેખભદાર.

અનુયોગી ૧. પું. (વેદાંત) અભાવ, સંબંધ કે સાદૃશ્યનો આશ્રય જેમાં અભાવ, સંબંધ કે સાદૃશ્ય રહેલ હોય તેવો પદાર્થ. જેમકે, ભૂતલ ઉપર ઘટ નથી એમાં ઘટનો અભાવ ભૂતલ વિષે કહેલો છે, માટે ભૂતલ એ ઘટાભાવનું અનુયોગી છે, અને ઘટ ઘટાભાવનો પ્રતિયોગી છે. 'ચંદ્રમા જેવું મુખ' એમાં ચંદ્રનું સાદૃશ્ય મુખને વિષે રહેલું છે, માટે મુખ એ સાદૃશ્યનું અનુયોગી છે, અને ચંદ્ર એ સાદૃશ્યનો પ્રતિયોગી છે. 'આંખનો નખ' એમાં નખનો સંબંધ આંખનો સાથે છે, માટે આંખ એ સંબંધનો અનુયોગી છે, અને નખ પ્રતિયોગી
■
૨. [સં. અનુ (સાથે) + યુજ્ (જોડવું)] વિ. જેને કોઈ જોડાયું હોય તેનું; યુક્ત.
૩. વિ (આકરણ) જોડનાર; સયોગી; અન્વય કરાવનાર.
૪. [સં. અનુયુજ્ (સવાલ પૂછવો)] વિ. સવાલ પૂછનાર; પ્રશ્ન કરનાર.

અનુયોગીઅન્યોન્યાભાવ [સં.] પું. જેમાં એવા એવા પદાર્થની સત્તા, જે અસ્તિપદાર્થથી સ્પષ્ટ ઊડીપણ જોવાઈ જાય પછી જેમાં છે અને જે તેના મૂળ રૂપ અને બાતને સામાન્ય રીતે ઓળી સ્વરૂપતા ને તેજ સાથે કાયમ રાખે છે; અનુયોગીપ્રતિયોગ્યસત્ત્વ.

અનુયોગીપ્રતિયોગ્યસત્ત્વ જુઓ અનુયોગીઅન્યોન્યાભાવ.

અનુયોજન ૧. [સં. અનુયુજ્ (પ્રશ્ન કરવો)] ન. પ્રશ્ન; પૂછપરછ.
૨. [સં. અનુ (સાથે) + યોજન (જોડવું તે)] ન. સયોજન; જોડાણ

અનુયોજિત ૧. [સં. અનુ (સાથે) + યોજિત (જોડેલ)] વિ. જોડેલું; યોજેલું.
૨. [સં. અનુયુજ્ (પૂછપરછ કરવી)] વિ. પૂછપરછ કરવામાં આવેલું.

અનુયોજ્ય ૧. [સં.] પું. નોકર; ચાકર.
૨. ન. વાદામાંના જ્ઞાન માટે અનુકૂળ જોઈતી ૪૮ વસ્તુ માંહેની એક. જુઓ વાદમાર્ગ.
૩. વિ. જવાબદાર; લેખભદાર.
૪. [સં. અનુ (સાથે) + યોજ્ય (જોડવા જેવું)] વિ. જોડવા લાયક.
૫. વિ. નિંદા કરવા જેવું.
૬. વિ. સવાલ પૂછવા લાયક.

અનુરક્ત ૧. [સં.] પું. (અલં) મન, વચન અને કર્મથી નાયિકાના પ્રેમને વશ બનાવે વૈદિક બાબતનો એક ભેદ.
૨. [સં. અનુ (પાછળ) + રક્ત (પ્રીતિવાળું)] વિ. અનુરાગી; પ્રેમી; આસક્ત.
૩. વિ. રંગાયેલ; તલ્લીન.
૪. વિ. લાલ રંગવાળું.
૫. વિ. વફાદાર; નિમકહલાલ.
૬. વિ. સંતોષ પામેલું.

અનુરક્તતા ૧. [સં. અનુરક્ત (આસક્ત) + તા (પણું)] સ્ત્રી. અનુરાગ; આસક્તિ; પ્રેમ.
૨. [સં. અનુરક્ત (તલ્લીન) + તા (પણું)] સ્ત્રી. તલ્લીનપણું.
૩. [સં. અનુરક્ત (લાલ રંગવાળું) + તા (પણું)] સ્ત્રી. લાલ રંગવાળું હોવાપણું.
૪. [સં. અનુરક્ત (વફાદાર) + તા (પણું)] સ્ત્રી. વફાદારી; નિમકહલાલપણું.
૫. [સં. અનુરક્ત (સંતોષ પામેલું) + તા (પણું)] સ્ત્રી. સંતોષ પામેલું હોવાપણું.

અનુરક્તિ ૧. [સં.] સ્ત્રી. અનુરાગ; આસક્તિ; પ્રેમ; સ્નેહ.
૨. [સં. અનુ (પાછળ) + રક્તિ (લક્તિ)] સ્ત્રી. ધ્રુવિર સંબંધી જ્ઞાન થયા પછી ઊપજતી ભક્તિ.
ઈશ્વરની પ્રાપ્તિ અને સાક્ષાત્કાર જ્ઞાન થયા પછીની ભક્તિને અનુરક્તિ કહે છે.
વિવેકાનંદ
૩. સ્ત્રી. રંગાવું તે; તલ્લીનપણું.

અનુરણ ૧. ન. (સંગીત) ગાવી ધુતિ.
૨. [સં. અનુ (સાથે) + રણ્ (અવાજ થવો)] ન. (સંગીત) ગળતો સૂર; સમાન અવાજ.

અનુરણન ૧. [સં. અનુ (પાછળ) + રણ્ (અવાજ થવો)] ન. અનુધ્વનિ; પડઘો.
૨. ન. (બ્યાકરણ) અર્થ જણાવવાની શબ્દની શક્તિ; બંજના.
૩. ન. રણકો; રણકાર.

અનુરણનાત્મક ૧. [સં. અનુરણન (પડઘો) + આત્મક (વાળું)] વિ. પડઘો પાડનારું.
૨. [સં. અનુરણન (રણકાર) + આત્મક (વાળું)] વિ. રણકારવાળું.

અનુરત [સં. અનુ (પાછળ) + રત (પ્રીતિવાળું)] વિ. લીન; આસક્ત

અનુરતિ [સં. અનુ (પાછળ) + રતિ (પ્રીતિ)] સ્ત્રી. સ્નેહ; પ્રેમ; અનુરાગ; આસક્તિ.

અનુરસ ૧. [સં. અનુ (ઊતરતું) + રસ (સ્વાદ)] પું. ઊતરતા પ્રકારનો સ્વાદ.
૨. [સં. અનુ (ઊતરતું) + રસ (આનંદ)] પું. (અલં) ચોથો રસ.
૩. પું. પડઘો; પ્રતિધ્વનિ.

અનુરંજક વિ. [સં. અનુ (સાથે) + રંજ્ (પ્રસન્ન થવું)] વિ. પ્રસન્ન કરનાર; આનંદ દેનાર; વિનોદ આપનાર.

૨. [સં. અનુ (સાથે) + રંજ્ (પ્રેમ હોવો)] વિ. સ્નેહવાળું કરનાર.

અનુરંજન વિ. [સં. અનુ (સાથે) + રંજ્ (પ્રેમ હોવો)] સ. અનુરાગ; પ્રીતિ.

૨. સ. રંજન; ખુશી કરવાપણું.

૩. સ. વિનોદ; વિહાર.

૪. સ. સાંત્વના; ઉપશમન; શાંત પાડવું તે.

૫. વિ. આનંદ આપનાર; ખુશ કરનાર.

અનુરંજવું વિ. [સં. અનુ (સાથે) + રંજ્ (પ્રસન્ન થવું)] સ.ક્રિ. રાજી કરવું; ખુશ કરવું.

૨. સ.ક્રિ. વિનોદ કરવો.

૩. સ.ક્રિ. શાંત કરવું; ઉપશમન કરવું.

અનુરંજાવવું [સં. અનુ (સાથે) + રંજ્ (પ્રસન્ન થવું)] સ.ક્રિ. ખુશ કરાવવું; આનંદ અપાવવો.

અનુરંજિત [સં.] વિ. ખુશ કરાયેલું; પ્રસન્ન કરવામાં આવેલું.

અનુરાગ વિ. [સં.] પું. આસક્તિ; ગાઢ સ્નેહ; લગની; રહ.

> રોહત હારત સ્નેહ હિત પ્રભુત રાગ અનુરાગ. પ્રેમ પ્રીતની રીતને ભક્ત તે ભક્તરાગ. [વિજયવાણીવિલાસ

૨. પું. રંગાશ; લાલાશ.

૩. પું. વિષયવાસના.

૪. [સં. અનુરંજ્ (રાગ બતાવવું)] વિ. રાગ થયેલું; રાગ રંગનું.

અનુરાગવતી [સં. અનુરાગ (સ્નેહ) + વત્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. પ્રેમાળ; હેતવાળી; આસાળુ; સ્નેહાળ.

અનુરાગવું [સં. અનુરાગ (સ્નેહ)] સ.ક્રિ. પ્રીતિ કરવી; પ્રેમ રાખવો; આસક્ત થવું.

અનુરાગિણી વિ. [સં. અનુરાગિન્ (આસક્ત) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આસક્ત સ્ત્રી; પ્રેમપેલી બૈરી.

૨. સ્ત્રી. (સંગીત) એ નામનો સ્વર.

૩. સ્ત્રી. ચૌદમાંની એ નામની બહિણી.

> ભદ્રાયણિણી, સુરસુંદરી, અનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, વસિની, નવી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ૧૪ બહિણીઓ છે. [વિશ્વકર્મકરંભ

૪. સ્ત્રી. (કાવ્ય) પરકીયા નાયકાનો એક ભેદ. જુઓ પરકીયા.

૫. વિ.સ્ત્રી. પ્રેમી; સ્નેહવાળી; પ્રેમપેલી.

અનુરાગી વિ. [સં. અનુરાગિન્ (સ્નેહવાળું)] વિ. અનુરક્ત; પ્રેમપેલું; આસક્ત; પ્રેમમાં લીન થયેલું.

> આનંદ-ઘન સુર ક્ષીર, શિવ થવાં; 'ક્ષીર સુર' જો હું અનુરાગી ૨. આનંદઘન

૨. વિ. પ્રેમ ઉપજનારું.

અનુરાત્ર વિ. [સં. અનુ (પાછળ) + રાત્રિ (રાત)] વિ. રાત પછીનું.

૨. [સં. અનુ (એક) + રાત્રિ (રાત)] ક્રિ.વિ. દરેક રાતે.

અનુરાધ વિ. [સં.] પું. વિનંતિ; પ્રાર્થના; યાચના.

૨. વિ. અનુરાધા નક્ષત્રમાં જન્મેલું.

૩. વિ. કલ્યાણકારી; મંગલકારક.

અનુરાધવું [સં. અનુરુધ્ (વિનવું)] સ.ક્રિ. વિનંતિ કરવી; પ્રાર્થના કરવી; મનાવવું.

અનુરાધા વિ. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની દીકરી. તેને ચંદ્ર સાથે પરણાવવામાં આવી હતી.

૨. સ્ત્રી. ઋદ્ધિમાન.

૩. [સં. અનુ (પાછળ) + રાધા (વિશાખા નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) સત્તાવીસ ગણેલું એ નામનું સત્તરમું નક્ષત્ર. રાધા એટલે વિશાખા નક્ષત્ર પછી આવતું હોવાથી તે અનુરાધા કહેવાય છે. તેના સ્વામીનું નામ મિત્ર અને તેના પાયાના અક્ષર ના, ની, નૂ અને ને છે. તેનું કોઈ સ્વર્ગના જેવા આકારમાં સાત તારાના સમૂહરૂપે અને કોઈ બળદના જેવા આકારમાં બતાવે છે. તારાના સમૂહરૂપે વર્ણન કરે છે. આ નક્ષત્ર સુદ અને વિદ આ નક્ષત્ર હોય, તો તે વરસ સારું નીપજે એવી માન્યતાને લીધે આ નક્ષત્ર શુભ માનવામાં આવ્યું છે. એમ કહેવાય છે કે આ નક્ષત્રમાં જો રોગ થાય તો છ દિવસ પીડા ભોગવવી પડે.

> એક મને અનાદ મળે, આરાધિયા તું પણ બા; આવશે બળ પેલો, તો જો અનુરાધા. બાલી

અનુરાધા-જોગતારો પું. (જ્યોતિષ) એ નામનો એક તારો. લાલમાં તેનું વિષુવાંશ ૨૩૯, ક્રાંતિવૃત્ત ૨૨ અને મહત્ત્વ ૨.૫ છે.

અનુરી સ્ત્રી. સીતાફળી.

અનુરુક્ષ વિ. [સં. અનુરુક્ષ્ (રોકવું)] વિ. અટકાવેલ; રોકેલું.

૨. [સં. અનુરુક્ષ્ (અનુસરવું)] વિ. અનુસરેલું.

૩. વિ. દરકાર નહિ કરેલ.

અનુરુદ્ધ વિ. [સં.] અપૂર્ણ; અપૂર્ણ.

અનુરૂપ વિ. [સં.] પું. સ્તોત્રમાંને બળતા છંદવાળી એક ઋચા; સામે આવતી બધુ ઋચા બાંધેની એ નામની બીજી ઋચા. સ્તોત્રિય, અનુરૂપ અને પર્યાસ એ બધુ ઋચા એક સાથે બતાવે છે.

૨. સ. ઉપમાનો એક પ્રકાર. જુઓ ઉપમા.

૩. સ. યોગ્યતા; લાયકાત; બંધબેસતાપણું.

૪. [સં. અનુ (સરખું) + રૂપ (દેખાવ)] સ. સરખાપણું; સમાનતા; બળતાપણું.

૫. વિ. (ગણિત) બધી રીતે સરખું; 'ડૉમૂવ્રદ.' એકના ઉપર બીજી આકૃતિ મૂકવાથી તેની ઉપર બરાબર આવી જાય તો તે બે આકૃતિ અનુરૂપ કહેવાય. બે પદોને કોઈ રીતે એક જ રૂપમાં લાવી શકાય તો તે બે પદો અનુરૂપ કહેવાય. અનુરૂપતાનું ચિહ્ન ≡ છે. જેમકે, $(ક + ખ)^2 \equiv ક^2 + ૨ ક ખ + ખ^2$.

૬. વિ. યોગ્ય; અનુકૂળ; લાયક; પંડિત.

૭. વિ. સરખા આકારનું; સમપ્રમાણ.

૮. વિ. સરખું; સમાન; નકામેનકામ.

૯. સ. પ્રમાણ; મુજબ.

૧૦. સ. બધાયોગ્ય; બરાબર રીતે.

અનુરૂપક [સં. અનુ (સરખું) + રૂપક (આકૃતિવાળું)] પું. પ્રતિમા; મૂર્તિ.

અનુરૂપતા વિ. [સં. અનુરૂપ (સરખું) + તા (પણું)] સ્ત્રી. (ગણિત) આકૃતિઓ બાબત પદોનું બધી રીતે સરખાપણું; સાદૃશ્ય; એકસરતા; સમાનતા; 'ડૉમૂબ્દ.'

૨. સ્ત્રી. એકમત થવું તે; એકમતી; સંધિ.

૩. સ્ત્રી. બળતાપણું; સમાનતા; સરખાપણું.

૪. સ્ત્રી. યોગ્યતા; અનુકૂળતા; બંધબેસતું હોવાપણું.

અનુરૂં સ. સીતાફળ.

અનુરોદન [સં. અનુ (સાથે) + રુદ્ (રોવું)] સ. આશ્વાસન; દિલાસો, કોઈને દિલાસો આપનારને પણ સામા માણસ માટે દુઃખ થવું બતાવે છે.

અનુરોધ વિ. [સં. અનુરુધ્ (હરકત કરવી)] પું. અડચણ; હરકત; અટકાયત.

૨. પું. આજીજીભરી વિનંતિ.

૩. પું. બીજા પ્રમાણે વર્તન; હુકમ મુજબ અનુસરવું; અનુવૃત્તિ.

૪. પું. પ્રેરણા; ઉત્તેજન.

૫. વિ. બીજાનું માન્ય રાખે એવો સ્વભાવ.
૬. પું. મનકામના પૂરી કરવાની ઇચ્છા.
૭. પું. આનંદતૃપ્તિ; સંતોષ.
૮. પું. રાગ; મોહ.
૯. પું. વિનયપૂર્વક કહ્યું.
૧૦. પું. સંમતિ; અનુમતિ.
૧૧. પું. સિંદૂરસ.

અનુરોધક ૧. [સં. અનુરુધ્ (હરાવવું કરવી)] વિ. આડખીલી કરનાર.
૨. વિ. અનુસરનાર; આધા પ્રમાણે વર્તનારું.

અનુરોધન જુઓ અનુરોધ.

અનુરોધવિરોધ [સં. અનુરોધ (મોહ) + વિરોધ (દ્વેષ)] પું. ન.ક.વ. રાગદ્વેષ.
☞ જિજ્ઞાસુ આત્મો આત્મ કરીને ક્ષેપ અને પ્રક્ષેપને ઓળખે છે ત્યારે તે અનુરોધવિરોધથી મુક્ત થઈને આ જગતમાં સમ્યક્ વિચારક થાય. સુનિર્મળ

અનુરોધી જુઓ અનુરોધક.

અનુર્વર ૧. [સં. અન્ (નહિ) + ઉર્વરા (ફળદ્રુપ જમીન)] વિ. અનુપજાઉ; ફળ ન આપી શકે એવું.
૨. વિ. વાંઝિયું; છોકરાં ન થતાં હોય એવું.

અનુલક્ષ ૧. [સં. અનુલક્ષ્ (જોવું)] પું. જણાવવું તે; સૂચન.
૨. [સં. અનુ (પાછળ) + લક્ષ્ (ધ્યાન આપવું)] વિ. પાછળ ધ્યાન રાખનાર.

અનુલક્ષણ ૧. [સં. અનુ (પાછળ) + લક્ષ્ (ધ્યાન આપવું)] ન. ધ્યાનમાં રાખવું તે.
૨. [સં. અનુલક્ષ્ (જોવું)] ન. સૂચન; જણાવવાપણું.

અનુલક્ષવું ૧. [સં. અનુલક્ષ્ (જોવું)] સ. ક્રિ. ઉદ્દેશવું.
૨. [સં. અનુલક્ષ્ (ધ્યાનમાં લેવું)] સ. ક્રિ. ધ્યાનમાં લેવું; લક્ષમાં રાખવું.

અનુલક્ષાવું ૧. [સં. અનુલક્ષ્ (જોવું)] સ. ક્રિ. દર્શાવું; જતાવાવું.
૨. [સં. અનુ (પાછળ) + લક્ષ્ (જોવું)] સ. ક્રિ. પાછળ ધ્યાન અપાવું.

અનુલક્ષિત ૧. [સં. અનુલક્ષ્ (જોવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. જણાવેલું; બતાવેલું.
૨. [સં. અનુ (પાછળ) + લક્ષિત (ધ્યાન અપાયેલું)] વિ. પાછળ ધ્યાન અપાયેલું.

અનુલક્ષી ૧. [સં. અનુલક્ષિન્] વિ. દર્શાવનારું; સૂચન કરનાર.
૨. [સં. અનુ (પાછળ) + લક્ષિન્ (જોનાર)] વિ. પાછળ ધ્યાન આપનાર.

અનુલક્ષીને ૧. [સં. અનુલક્ષ્ (જોવું)] અ. અનુને ઉદ્દેશીને.
૨. [સં. અનુલક્ષ્ (ધ્યાનમાં લેવું)] અ. આધારે વિચાર કરીને.

અનુલગ્ન ૧. [સં. અનુ (પાછળ) + લગ્ન (જોડેલું)] વિ. આસક્ત; અનુરાગી.
૨. વિ. પાછળ લાગેલું; પાછળ પડેલું.

અનુલબ્ધિ [સં. અનુ (પાછળ) + લબ્ધિ (મેળવવાપણું)] સ્ત્રી. અનુમાન વડે મેળવેલો સિદ્ધાંત; અનુમિતિ.

અનુલંબ [સં. અનુ (પ્રમાણે) + લંબ (ઓળંગો)] વિ. પાણસરોદ; સીધું.

અનુલાપ [સં. અનુ (વારંવાર) + લાપ્ (બોલવું)] પું. પુનરુક્તિ; વારંવાર બોલવું તે.

અનુલાપી [સં. અનુ (વારંવાર) + લાપિન્ (બોલનારું)] વિ. વારંવાર બોલનાર.

અનુલાસ [સં. અનુ (વારંવાર) + લાસ (નાચ)] પું. મોર; મયૂર.

અનુલિપ્ત [સં. અનુલિપ્ (ચોપડવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ચોપડેલું; લીંપેલું; લપેડેલું.

અનુલેપ ૧. [સં. અનુ (ઉપર) + લેપ (લગાડવું)] પું. નાહ્ય; ઉતારો.
૨. [સં. અનુ (પાછળ) + લેપ (લગાડવું)] પું. પહેરીને ઉમેરેલું લગાડવું; લાગડલગ.

અનુલેપક ૧. ન. લગાડવું કે મિત્રની સંખ્યાબંધ નાહ્ય કરવા માટે જોઈતા ચોપડેલા પદાર્થવાળું પડું.
૨. [સં. અનુ (ઉપર) + લેપક (લગાડનાર)] વિ. નાહ્ય કરનાર.

અનુલેપકયંત્ર [સં. અનુ (ઉપર) + લેપક (લગાડનાર) + યંત્ર (સંચો)] ન. લગાડવાની નકલ કરવાનો એ નામનો એક જાતનો સંચો, જેમાં જોઈતા ચોપડેલા ખરીદ કાગળ ઉપર લગાડ છે. જે જગાએ લગાવવામાં આવે તે ક્રમના આરથી ખરીદ કરવું પડે અને તેના ઉપર જ્યારે સાદી બંદૂકમાં આવે ત્યારે તેની જોઈતા વસ્તુની જગામાંથી સાદીની નીચે રહેલા કાગળ ઉપર છાપ પડે.

અનુલેપન ૧. [સં. અનુ (ઉપર) + લેપન (લગાડવું)] ન. ઉતારો; નકલ.
૨. ન. દોષિતનાં લગાવાં તે; અક્ષર સુધારવા માટે ખૂબ લગાડવું જોઈ તેની નકલ કરીને લગાવું તે.
૩. [સં. અનુ (પાછળ) + લેપન (લગાડવું)] ન. પાછળથી લેપમાં કરેલો વધારો.
૪. ન. સાંભળીને લખવું તે; શ્રુતલેખન.

અનુલેખનપુસ્તક [સં. અનુલેખન (નકલ કરીને લખવું તે) + પુસ્તક (ચોપડો)] ન. કરતલલિપિક; 'કોપી-બુક'.

અનુલેખનપોથી જુઓ અનુલેખનપુસ્તક.

અનુલેપ ૧. [સં. અનુ (ઉપર) + લિપ્ (ચોપડવું)] પું. ચોપડવાનો પદાર્થ; મલમ; લેપ.
૨. પું. ધર્મપુરુષાર્થ માટે શિલ્પશાસ્ત્રમાં બતાવેલા મુખ્ય ભોગ માંહેની એ નામની કળા. જુઓ ધર્મપુરુષાર્થ
૩. પું. લીંપવું; ચોપડવું તે; ભરડ.
૪. પું. લેપ ઉપર લેપ કરવો તે.

અનુલેપક [સં. અનુ (ઉપર) + લિપ્ (ચોપડવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. લીંપનાર; ચોપડનાર.

અનુલેપન ૧. [સં. અનુ (ઉપર) + લિપ્ (ચોપડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. લીંપવું; ચોપડવું તે.
૨. ન. લીંપવાની વસ્તુ; મલમ; લેપ.
૩. ન. લેપ ઉપર લેપ કરવો તે.

અનુલેપી જુઓ અનુલેપક.

અનુલોમ ૧. [સં. અનુ (પ્રમાણે) + લોમ (વાળ)] પું. અડિયાતાથી ઊતરતા તરફ આવતો ક્રમ.
૨. પું. (સંગીત) સૂરોનો ઉતાર; અવરોહ.
૩. વિ. અનુકૂળ.
૪. વિ. જાતિ તરીકે ઊંચકળીન સાથે મિશ્ર બનેલું.
૫. વિ. તરત જ ઊતરતા વર્ણની સ્ત્રી સાથે બનેલું.
૬. વિ. તરત જ ઊતરતા વર્ણની સ્ત્રી સાથેના સંબંધથી ઉત્પન્ન થયેલ.
૭. ન. અવસ્થાનુસાર; રીતસર; ક્રમવાર.

અનુલોમક્ષય [સં. અનુલોમ (ક્રમ પ્રમાણે) + ક્ષય (શરીર બગડવાનો રોગ)] પું. અન્નના પાચનરસથી શુક્રધાતુ સુધી ક્રમસર બગાડો લાગુ થતો અને તેનો રોગ.

અનુલોમપ્રતિલોમ પું. (બહુ.) જાતોજાતનો ભેદ. જુઓ જાતોજાત.

અનુલોમજ [સં. અનુલોમ (અડિયાતાથી ઊતરતા તરફ આવતો ક્રમ) + જ (જન્મેલ)] વિ. તરત જ ઊતરતા વર્ણની સ્ત્રી સાથેના સંબંધથી ઉત્પન્ન થયેલું; ઊંચી જાતિનો પુરુષ

અને ઊતરતી જાતિની સ્ત્રી એ બેના સંબંધથી પેદા થયેલું. બ્રાહ્મણ પુરુષ ને ક્ષત્રિય સ્ત્રી, ક્ષત્રિય પુરુષ ને વૈશ્ય સ્ત્રી, અને વૈશ્ય પુરુષ ને શૂદ્ર સ્ત્રી, તેમાંથી થયેલાં છોકરાં અનુલોમ-જ કહેવાય.

અનુલોમન ૧. [સં.] ન. નિયમ પ્રમાણે ગતિકર સ્થિતિ.

૨. ન. નિયમસર ગતિકર સ્થિતિ.

૩. ન. (વૈદક) રેચ આપીને નિયમિત રસ્તેથી લઈ જવું તે; પણ ઝાડો કરી ગ્રામ વાટે લઈ જવાય છે.

૪. વિ. (વૈદક) ગાઢો ઊતારનાર; દસ્ત લાવનારું.

જે ઔષધ અપાન વાયુ, વિત, કફ અને મળને પ્રકુપિત કરી અને વધુના બંધને તોડી મળને નીચે ઉતારે તેને અનુલોમન ઔષધ કહે છે. આયુર્વિજ્ઞાન

અનુલોમપ્રાણાયામ પું. જે નામનો પ્રાણાયામ. જે નાકના ડાબાજમણા ઘરમાં જેટલી ઘડી પૂરક કર્યો હોય એટલો વાસ અંદર ભેગો હોય તે જ નસકોરામાંથી રેચક કરવો એટલે વાસ બહાર કાઢવો પણ પૂરક કરેલા ઘડિયી તરત જ રેચક કરવો નહિ, તે પ્રાણાયામને અનુ-લોમપ્રાણાયામ કહે છે.

અનુલોમરસપાક [સં. અનુલોમ (ક્રમ પ્રમાણે) + રસ (અન્નનું પ્રથમ રૂપાંતર) + પાક (નીપજ)] પું. ખોરાકમાંથી લોહી માંસ વગેરે બનાવવાની ક્રિયા.

ખોરાકમાંથી નવા ઘટક પદાર્થના બંધારણની અનુલોમી ક્રિયા પણ ચાલતી રહે છે; તેમ જ ન વપરાશ થયેલા તત્ત્વ જ છેવટનો અંત આવે. આપણે જોયું છે કે આ બંધારણ ક્રમની સ્વાભાવિકતાથી થાય છે; તેને અનુલોમરસપાક કહે છે. પ્રાણીવિજ્ઞાનનું રેખાદર્શન

અનુલોમલિપિ સ્ત્રી. બોલાઈ પ્રકારની લિપિ બ્રહ્મીની જે નામની બોલી. લુપ્તો લિપિ.

અનુલોમવિલોમવાક્ય [સં. અનુલોમ (ક્રમ પ્રમાણે) + વિલોમ (ઊલટું) + વાક્ય] ન. સરખાતણી કે ઊલટી બંને લીટી વાંચીએ તોપણ તેનું તે જ વંચાય એવું વાક્ય. જેમકે, શીમળી ગામે ગાડી મળી.

અનુલોમવિવાહ [સં. અનુલોમ (તત્ત્વ ઊતરતી જાતિની સ્ત્રી સાથેનું) + વિવાહ (લગ્ન)] પું. ઊંચી જાતિના પુરુષનો પોતાથી તરત જ ઊતરતી વર્ણની સ્ત્રી સાથેનો વિવાહ.

અનુલોમા [સં. અનુલોમ (ઊતરતા ક્રમનું) + ઙા (સ્ત્રીજાતિને પ્રત્યય)] સ્ત્રી. પછી કરતાં તરત જ ઊતરતી જાતિની સ્ત્રી.

અનુલોમાર્થ [સં. અનુલોમ (અનુક્રમ) + અર્થ] વિ. તરફેણમાં બોલતું; પક્ષ લેતું.

અનુલ્લંઘન જુઓ અનુલ્લાસ.

અનુલ્લંઘન ૧. [સં. અન્ (નહિ) + ઉલ્લંઘન (અતિક્રમ)] ન. ન ઓળંગવું તે.

૨. ન. પાલન; બરાબર પ્રમાણે વર્તવાપણું.

અનુલ્લંઘનીય ૧. [સં. અન્ (નહિ) + ઉલ્લંઘનીય (ઓળંગવા જેવું)] વિ. ઓળંગવું ન ઘટે તેવું.

૨. વિ. પાલન કરવા જેવું.

અનુલ્લાપ [સં. અન્ (અભાવ) + ઉલ્લાપ (વાણી)] પું. અપૂર્ણ વચન.

અનુલ્લાસ [સં. અન્ (નહિ) + ઉલ્લાસ (હર્ષ)] પું. ઉત્સાહરહિતપણું.

અનુલ્લેખ [સં. અન્ (નહિ) + ઉલ્લેખ (કહેવું તે)] પું. નહિ કહેવાપણું; અકથન.

અનુવક્તા ૧. [સં. અનુ (અનુસાર) + વક્તૃ (બોલનાર)] વિ. ગુરુએ બોલેલા મંત્રાદિનો તે પ્રમાણે ઉચ્ચાર કરનાર; ગુરુ ઉચ્ચાર કરી રીતસર તે પ્રમાણે બોલનાર.

૨. [સં. અનુ (પાછળ) + વક્તૃ (બોલનાર)] વિ. પાછળ બોલનાર; ટેકો આપનાર.

૩. વિ. બોલેલું બોલનાર.

અનુવક્ર [સં. અનુ (ક્રમ પ્રમાણે) + વક્ર (વાંકું)] વિ. વધુ વાંકું.

અનુવક્રકેંદ્રિક વિ. (ગણિત) વક્રનો જે નામનો એક પ્રકાર: 'ઉપોત્પૂર'.

જ્યારે એક વક્રની અનવરત ગતિને બે ફોય છે, ત્યારે આ બીજા વક્રની અપેક્ષાએ પહેલો વક્ર તેનો અનુવક્રકેંદ્રિક કહેવાય છે. વક્રિકા વક્ર

અનુવક્રત્વ [સં. અનુવક્ર (વધુ વાંકું) + ત્વ (અવસ્થા)] વિ. (ગણિત) વધુ વાંકું અવાર; વાંસી ગતિમાં ચાલનાર.

અનુવક્રા [સં. અનુ (ક્રમ પ્રમાણે) + વક્ર (વાંકું)] વિ. સ્ત્રી. વધુ વાંકી.

અનુવચન ૧. [સં. અનુ (અનુકૂળ) + વચન (બોલ)] ન. અનુકૂળ બોલવું.

૨. [સં. અનુ (પાછળ) + વચન (બોલ)] ન. ઉત્તર; જવાબ.

૩. ન. ગુરુના બોલવા પ્રમાણે કરાતો મંત્ર અને પાઠનો ઉચ્ચાર.

૪. ન. પ્રકરણ; અધ્યાય.

૫. ન. વાક્ય.

૬. ન. પ્રુફપાઠ.

૭. [સં. અનુ (વારંવાર) + વચ્ (બોલવું)] ક. વારંવાર કહેવું તે.

૮. ન. શિક્ષણ; કેળવણી.

અનુવત્સર ૧. [સં. અનુ (અનુક્રમ) + વત્સર (વર્ષ)] પું. ગ્રાનાદિ માટે અનુકૂળ વર્ષ. આ વર્ષમાં પ્રાનના દાનનું મહાન ફળ કહેલું છે.

૨. પું. (જ્યોતિષ) પાંચ વર્ષના યુગનું બીજું વર્ષ. તેના ૩૬૪ દિવસ અયનામાં આવે છે.

આ પ્રકારની સૂર્યની ગતિ ઉપરથી કાળ અનુમાન વિદ્વાનોએ સંવત્સર, પરિવત્સર, ઇદ્વત્સર, અનુવત્સર અને વત્સર એવી રીતના પાંચ ભેદ કલ્પેલા છે. ગુજરાતી જ્ઞાનકોશ

૩. પું. બાર બાર વરસના પાંચ બૃહસ્પતિયુગ માંહેનો પાંચમો યુગ.

૪. [સં. અનુ (કરો) + વત્સર (વર્ષ)] ન. દરવર્ષે; બરસાલ.

અનુવરે ૧. [સં. અનુ (સાથે) + વર] પું. વરની સાથે રહેનાર પુરુષ; અનુવર.

૨. વિ. અનુવર સંબંધી.

અનુવર્તક ૧. વિ. નકલ કરનાર.

૨. [સં. અનુ (પાછળ) + વૃત્ (હોવું)] વિ. પાછળ જનાર.

અનુવર્તન ૧. [સં. અનુ (સરખું) + વર્તન (આચરણ)] ન. અનુકરણ; નકલ.

૨. [સં. અનુ (પાછળ) + વૃત્ (હોવું)] ન. અનુગમન; પાછળ જવું તે; અનુસરણ.

૩. ન. અમુક નિયમનો કોઈ કોઈ જગાએ વારંવાર ઉપયોગ.

૪. ન. (વ્યાકરણ) આગલા વાક્યમાં કહેલ શબ્દનો પાછળનામાં અધ્યાહાર. જેમકે, રામ વનમાં ગયા, લક્ષ્મણ પણ.

૫. ન. ગુજરાન.

૬. ન. પરિણામ; ફળ.

૭. ન. સંતોષવું તે.

૮. ન. સંમતિ; અનુમોદન.

૯. [સં. અનુ (અનુક્રમ) + વર્તન (ગોળ)] ન. હિતકારક ઉદ્યોગ.

અનુવર્તવું ૧. [સં. અનુ (સરખું) + વૃત્ (હોવું)] સ. ક્રિ. નકલ કરવી.

૨. સ. ક્રિ. પાછળ જવું.

અનુવર્તાવવું ૧. [સં. અનુ (સરખું) + વૃત્ (હોવું)] સ. ક્રિ. નકલ કરાવવી.

૨. સ. ક્રિ. પાછળ મોકલવું.

અનુવર્તિ [સં. અનુ (પાછળ) + વૃત્ (હોવું)] વિ. (ગણિત) આગળ; ચાલતું.

અનુવર્તિત ૧. [સં. અનુ (પાછળ) + વૃત્ (હોવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. નકલ કરાયેલું.

૨. વિ. પાળ્યા ગયેલું.

અનુવર્તિપ્રતિકાર [સં. અનુવર્તિન્ (આપવું) + પ્રતિકાર (બદલો)] પું. ઉપકારનો બદલો.

અનુવર્તી ૧. [સં. અનુ (પાછળ) + વર્તિન્ (હોનાર)] પું. નોકર; સેવક.

૨. વિ. અનુસરનારું; પાળનાર.

૩. વિ. આગળ પ્રમાણે વર્તનારું; તાબેદાર.

૪. વિ. ઉપરનું; અંતનું.

૫. વિ. બીજાના કહેવા પ્રમાણે ચાલનાર.

૬. વિ. યોગ્ય; અનુકૂળ.

૭. વિ. શરણાગત; આશ્રિત.

૮. વિ. સરખું; જેવું.

અનુવશ ૧. [સં. અનુ (પાછળ) + વશ (આધીનતા)] સ્ત્ર. આધીનતા; તાબેદારી.

૨ વિ. તાબાનું; હુકમ પ્રમાણે કરનાર.

અનુવસન ૧. [સં. અનુ (પાછળ) + વસ (વસવું)] સ્ત્ર. પાળવાથી કરેલો વાસ.

૨. [સં. અનુ (સાથે) + વસન (કપડું)] ન. વધારાનું વસ્ત્રું.

અનુવસુ ૧. [સં. અનુ (સાથે) + વસુ (દોલત)] પું. આવક; જૈન મહત્ત્વ, જેમી તેની પાસે પૈસો હોય છે, બાકી જૈન સાધુ પાસે હોતો નથી.

૨. વિ. મોટી ઉમરનું; વૃદ્ધ; વડું.

૩. વિ. સમજાણું; આસક્ત.

અનુવહ ૧. [સં.] પું. અશ્વિની વાત કૃત્તિ મહિનાની બે નામની એક.

૨. પું. સાતમાંનો બીજો નામનો વાયુ, જે સૂર્ય અને મેઘની વચ્ચે રહે છે.

અનુવંશ ૧. [સં. અનુ (સાથે) + વંશ (કુળ)] પું. આંબો; પેઢીનામું; વંશવૃક્ષ.

૨. પું. નવું કુળ.

૩. પું. વંશ; પેઢી.

અનુવંશિક [સં. અનુવંશ (પેઢી) + ઇક (વાળું)] વિ. પરંપરાથી આવતું આવતું.

આવંશ્ય આવકની જગ્યા વર્ષા તેમાં પૈસિક કે અનુવંશિક મુજો ભારત ભેદ ખાસ નથી.
વિકાસસંદર્ભ

અનુવાક ૧. [સં. અનુ (પાછળ) + વચ્ (બોલવું)] પું. ઋગ્વેદ તથા યજુર્વેદનો ગ્રંથ.

૨. પું. ઋગ્વેદના મંત્રનો એક ભાગ. વેદમાં કુલ ૮૧ અનુવાક છે.

૩. પું. ઋગ્વેદની ગ્રંથ વાચવાની રીત.

૪. પું. પ્રકરણ; અધ્યાય.

તૈત્તિરીય યજુર્વેદમાં પ્રથમ કાંડ-વિભાગ સમજો છે અને પછી દરેક કાંડમાં પ્રપાઠક નામે વિભાગ પાડેલા છે અને દરેક પ્રપાઠકમાં અનુવાક નામે વિભાગ પાડેલા છે. વાસવાણી

૫. પું. સ્તોત્ર ગેયગે ઋતુવિશ્વ સ્તોત્ર નામનો વંદનો ભાગ.

૬. [સં. અનુ (વારંવાર) + વચ્ (બોલવું)] ન. એકની એક વાતનું ફરી કહેવાપણું; પુનરુક્તિ.

અનુવાકયા [સં. અનુ (પાછળ) + વચ્ (બોલવું)] સ્ત્રી. ઋગ્વેદની એક મંત્રાવલી; કેવળને બલિદાન દેવા અગમંત્રણ આપતી હોતારી બોલાતો એક મંત્ર.

અનુવાચન ૧. [સં. અનુ (પ્રમાણે) + વાચન (બોલવું તે)] ન. વેદમાં વિધિ પ્રમાણે મંત્રનો પાઠ.

૨. ન. શિષ્યનું; અભ્યાસ.

અનુવાત ૧. [સં. અનુ (અનુકૂળ) + વાત (પવન)] પું. અનુકૂળ પવન.

૨. [સં. અનુ (પ્રમાણે) + વાત (પવન)] ન. પવન વાતો હોય તે દિશામાં.

અનુવાદ ૧. [સં. અનુ (વારંવાર) + વદ્ (બોલવું)] પું. એકની એક વાત ફરીફરીને કહેવામાં આવે એવો વાક્યનો એક દોષ. જેમકે, 'આજ પધારો, પધારો, પધારો, આવી પધારો, હે જિન, પધારો'

૨. પું. આમંત્રણ; આવકાર; ઊતરી આવકાર.

૩. પું. ગ્રંથનું અનુસરણનું કથન.

૪. પું. ટેકો; આધાર; સમર્થન.

૫. પું. તરજૂમો; ભાષાંતર.

૬. પું. નિંદા; કુથલી.

૭. [સં. અનુ (પાછળ) + વદ્ (બોલવું)] પું. પાછળ બોલવાપણું.

૮. પું. પુનરુક્તિ.

૯. પું. આવકાર; સત્કારિક ક્રિયા આપણ.

૧૦. પું. બોલવાની સરખાત.

૧૧. પું. (મીમાંસા) વિધિ કે નિયમને સમજવા દલીલથી સમજાવ કરવા માટે તેનું જુદા શબ્દમાં કથન; જ્ઞાન સિદ્ધાંતને સમજવા તથા પુષ્ટિ માટે ફરી રજૂ કરવાપણું. અનુવાદના બધુ પ્રકાર: (૧) જ્ઞાતજ્ઞાનુવાદ–જેમાં હેતુના સમર્થન માટે જ્ઞાતજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે, અગ્નિ કેવળ ગરમ જ હતું. (૨) સ્તુત્યનુવાદ–જેમકે, વાયુ એ સૌથી વધુ 'વેગવાળો' હોવાથી દેવ છે. (૩) ભૂયોનુવાદ–જેમાં, સ્તુતિથી કથન કરે છે. 'કથન કરે છે' જેમાં 'સ્તુતિથી' એ વિશેષ ઉમેરી મુખ્ય બતાવો છે.

અનુવાદક ૧. [સં. અનુવદ (ફરી કહેવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું. ભાષાંતર કરનાર દુભાષિયો.

૨. વિ. કામનો આપનાર; સમજાવનાર.

૩. [સં. અનુ (પાછળ) + વાદક (બોલનાર)] વિ. પાછળથી બોલનાર.

૪. પું. બે બોલેલું બોલી બતાવનાર.

૫. વિ. બળતું આવતું; જેવું.

અનુવાદકર્તા જુઓ અનુવાદક ૧–૩.

અનુવાદકાર જુઓ અનુવાદક ૧–૩.

અનુવાદતા [સં. અનુ (પાછળ) + વદ્ (બોલવું) + તા (પણું)] સ્ત્રી. સંમતિ; અનુમોદના; સમર્થન.

અનુવાદન [સં.] ન. અનુવાદ કરવાની ક્રિયા.

અનુવાદમય ૧. [સં. અનુવાદ (પુનરુક્તિ) + મય (વાળું)] વિ. બોલવું બોલ ફરીથી કહેવું હોય બોલું.

૨. [સં. અનુવાદ (ભાષાંતર) + મય (વાળું)] વિ. ભાષાંતરવાળું.

અનુવાદવું [સં. અનુવદ્ (ફરી કહેવું)] સ.ક્રિ. પુનરુક્તિ કરવી; ફરીથી કહેવું.

અનુવાદાત્મક [સં. અનુવાદ (ભાષાંતર) + આત્મક (વાળું)] વિ. ભાષાંતરવાળું.

અનુવાદિત [સં. અનુવદ્ (ભાષાંતર કરવું) + ઇત (કૃદંતનો પ્રત્યય)] વિ. તરજૂમો કરેલ; ભાષાંતર કરેલું.

અનુવાદી ૧. [હિં.] વિ. પું. (સંગીત) જે સ્વર અમુક રાગમાં આવશ્યક ન હોય અને તે ઉમેરવાથી રાગ અશુદ્ધ થઈ જાય તેવો સ્વરનો એક ભેદ.

૨. વિ. પું. (સંગીત) વાદી અને સંવાદી સ્વરમાં ભળી જતો વાદીથી ત્રીજો સ્વર. દરેક સ્વરથી આરોહ અવરોહના ત્રીજા સ્વર. જેમકે, સ ના ધ અને મ. જોકે અનુવાદી તરીકે જોયા સ્વર પણ લેવાય છે.

આવા અનુવાદી સ્વરો વાદી સંવાદી સ્વરોની સ્થિતિમાં રહેવી અપૂર્ણતા પૂર્ણ કરવામાં સહાયક બને છે. સંગીતપ્રકાશ

૩. જુઓ અનુવાદક.

અનુવાદ્ય ૧. [સં.] ન. (બાકરણ) ઉદ્દેશ.

૨. [સં. અનુ (ફરી) + વાદ (વાત)] ન. જોડની પુષ્ટિમાં બતાવવાનું બીજું વાક્ય.

૩. વિ. ઉદાહરણ આપવા જેવું.

૪. [સં. અનુવદ્ (ફરી કહેવું)] વિ. (બાકરણ) કહેલું ફરી વખત બતાવવાનું.

અર્થવાદ પુનરુક્ત-કહેલી વાત કહેવી તે અનુવાદ; જે વિધેયનું અનુવાદ કરે છે તે અનુવાદ્ય; અનુવાદ્ય-વિધેયનું નામની પૂર્વે આવે છે. જેમકે આ સુંદર ભવન મેં પૂર્વે જોયો ન હોતો.
ગુજરાતી બાકરણ

૫. વિ. બાજુનિર કરવા લાયક.

અનુવાર [સં. અનુ (વારંવાર) + વાર (વખત)] અ. દરીદરીને; વારંવાર.

અનુવાસ જુઓ અનુવાસન.

અનુવાસન ૧. [સં. અનુ (પાછળ) + વાસ (ગંધ કરવું)] સ્ત્રી. મુદ્ર માર્ગથી શરીરમાં નરમ ઔષધ પહોંચાડનારી ચિકિત્સારીતિ; બસ્તિ.

૨. સ્ત્રી. મુદ્રા માર્ગથી શરીરમાં નરમ ઔષધ પહોંચાડવાની ક્રિયા; બસ્તિકર્મ.

૩. [સં. અનુ (સરખું) + વાસ (સુગંધ)] સ્ત્રી. સુગંધી બનાવવું તે.

અનુવાસનબસ્તિ જુઓ અનુવાસન ૧.

અનુવાસિત ૧. [સં. અનુવાસ (ચિકિત્સારી રૂપે) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. મુદ્ર માર્ગથી શરીરમાં નરમ ઔષધ પહોંચાડી ઉપચાર કરેલું.

૨. [સં. અનુ + વાસિત (સુગંધી)] વિ. સુગંધી બનાવેલ.

અનુવિદિત [સં. અનુ (પાછળ) + વિદિત (જાણેલું)] વિ. (ગૌ.) હાનીકારક બનવાનું.

અંકુર અને બહારની સેમોનું મૂળ સંસાર અને નામરૂપ છે, જેમ બહારને કર્મ સોમેલ મૂળ બળવાની જે મુક્ત થાય છે તેને તે મુક્તને લીધે અનુવિદિત કહે છે. મુક્તનિષ્પલ

અનુવિદ્ધ ૧. [સં. અનુ (સરખું) + વિદ્ધ (વીંધેલું)] વિ. સાથે પરોવેલું.

૨. વિ. જોડેલું; ભેગાડેલું.

૩. વિ. ભેગાપણું; સંબંધી.

૪. વિ. ફેલાયેલું.

અનુવિધાન ૧. [સં. અનુ (પ્રમાણે) + વિધાન (આજ્ઞા)] સ્ત્રી. આજ્ઞાપાલન; કહ્યા પ્રમાણે કરવાપણું.

૨. સ્ત્રી. તાબેદારી.

૩. સ્ત્રી. નકલ; અનુકરણ.

અનુવિધાયક ૧. [સં. અનુ (પ્રમાણે) + વિધાયક (આજ્ઞા કરનાર)] વિ. આજ્ઞાંકિત; તાબેદાર.

૨. વિ. મળતું આવતું; સરખું.

અનુવિધાયકત્વ ૧. [સં. અનુ (પ્રમાણે) + વિધાયક (આજ્ઞા કરનાર) + ત્વ (પણું)] સ્ત્રી. આજ્ઞાંકિતપણું; તાબેદારી.

૨. [સં. અનુ (સરખું) + વિધાયક (કરનાર) + ત્વ (પણું)] સ્ત્રી. મળતાપણું.

અનુવિધાયી જુઓ અનુવિધાયક.

અનુવિધિત્સ ૧. [સં. અનુ (પ્રમાણે) + વિધિત્સ (કરવા લાયક)] વિ. અનુકરણ કરવા લાયક અનુસરવા જેવું.

૨. [સં. અનુ (પાછળ) + વિધિત્સ (કરવા જેવું)] વિ. પાછળથી કરવા જેવું.

૩. [સં. અનુ (સરખું) + વિધા (હુકમ કરવો)] વિ. હુકમ કરાવા લાયક.

અનુવિનાશ [સં. અનુ (પાછળ) + વિનાશ (સંહાર)] પું. પાછળ મરણ.

અનુવિરતિ [સં. અનુ (ઉતરવું) + વિરતિ (વૈરાગ્ય)] સ્ત્રી. (જૈન) આવકપણું; મુકરર કોલપણું, કેમકે જેનો વૈરાગ્ય સાધુ કરતાં ઊતરતો છે.

અનુવિધિ [સં.] અ. ઈશાન ખૂણામાં રહેતા એ નામના દોષ.

અનુવિહિત ૧. [સં. અનુ (પાછળથી) + વિહિત (કહેલું)] વિ. પાછળથી કહેલું.

૨. [સં. અનુ (પ્રમાણે) + વિહિત (કહેલું)] વિ. કાયદા પ્રમાણેનું.

૩. વિ. સમજને અનુસરતું કહેલું.

૪. [સં અનુ (પ્રમાણે) + વિહિત (વર્તેલ)] વિ. સારામ પ્રમાણે વર્તેલ.

અનુવિહિત અવસ્થાન [સં. અનુ (પ્રમાણે) + વિહિત (વર્તેલ) + અવસ્થાન (રહેવું તે)] અ. કર્યા કેસારને અનુકૂળ થઈ રહેલ પ્રાણી દૂર થવે અને બીજાં નાશ પામે એવો ભા.

અનુવિહિત અવસ્થાનને બાર ભેદો છે ૧ જે કોઈ ઉત્તમમાં ઉત્તમ હોય છે. તેનો ઉપરે વિજય થાય છે. પરિસ્થિતિ પ્રમાણે કરીના બોધાયમાં કેવાર થયા કરે છે, અને પરિસ્થિતિ જે પ્રમાણે બદલાતી જાય છે તે પ્રમાણે કેવારોમાં પણ કેવારો થયા કરે છે ભેટલે જે કોઈ કરતી વખતે પરિસ્થિતિને અનુકૂળ થઈ રહી હોય છે તે ઉપરે ઉપરી-ઉપરી હોય છે, અને જે કોઈ સંપૂર્ણપણે અનુકૂળ થઈ રહી હોતું નથી તેને નાશ થાય છે.

કેદારનંદિતાનાં ભાષ્યો

અનુવિંદ ૧. પું. (પુરાણ) કેકય રાજાનો એ નામનો નાનો દીકરો. મહાભારતના યુદ્ધમાં તે પાંડવ તરફ હતો.

૨. પું. પૃતરાષ્ટ્રના સો દીકરામાંનો એ નામનો એક.

૩. પું. વસુદેવની એક રાજપત્નિને અવંતિરાજ અનસેનથી જન્મેલા બે દીકરામાંનો નાનો દીકરો. તે વિંદનો ભાઈ હતો અને મહાભારતની લડાઈમાં દુર્યોધનના પક્ષમાં લડતાં અર્જુનને હાથે મરાયો હતો.

અનુવીક્ષિ જુ. વિચાર કરીને.

અનુવીક્ષિ અવશ્યકથન [અનુવીક્ષિ (વિચાર કરીને) + અવશ્ય (જરૂર) + કથન (બોલવું)] જ. વિચાર કરીને જ વાપરવા માટે જોઈતા ઠેકાણાની માગણી.

અર્થોપાર્જનની અનુવીક્ષિ અવશ્યકથાન, અર્થાત્ અવશ્યકથાન, અવશ્યકથાન, કાર્યમાં પાડેલી અવશ્યકથાન અને અનુકાર્યિતાપાલનોક્ત એ પાંચ બાબતો છે.

તત્ત્વાર્થસૂત્ર

અનુવીક્ષિ ભાષણ [અનુવીક્ષિ (વિચાર કરીને) + ભાષણ (બોલવું તે)] જ. વિચારપૂર્વક બોલવું તે.

ક્રોધપ્રત્યે અનુવીક્ષિ ભાષણ, લોભપ્રત્યાખ્યાન, નિર્ભયતા અને હાસ્યપ્રત્યાખ્યાન એવી પાંચ બાબતો છે.

તત્ત્વાર્થસૂત્ર

અનુવૃત્ત ૧. [સં. અનુ (પાછળ) + વૃત્ (હોવું)] જ. પાછળ ચાલ્યા કરવું.

૨. જ. (ગણિત) સ્ત્રી. આવૃત્તિ.

૩. [સં. અનુ (પ્રમાણે) + વૃત્ (વર્તવું)] વિ. કહ્યા પ્રમાણે કરનાર આજ્ઞાનુસારી.

૪. વિ. પ્રીતિવાળું; હેતાળ.

૫. વિ. ભરતશાસ્ત્રમાં નજરના અનુભાવોના આઠ ભાંનો એ નામનો પ્રકાર. તેમાં નજર ડાબેથી જમણે નીચે કરવામાં આવે છે.

૬. વિ. સ્ત્રી. આજ્ઞાકારવાળું.

૭. [સં. અનુ (નિયમસર) + વૃત્ (હોવું)] વિ. સતત; ચાલુ; અખંડિત.

૮. વિ. સ્વભાવને મળતું.

અનુવૃત્તિ ૧. [સં. અનુ (નિયમસર) + વૃત્તિ (હોવાપણું)] સ્ત્રી. અખંડિતપણું; સાતત્ય કાયમ હોવાપણું.

૨. સ્ત્રી. (બા.૨૨) અર્થ સ્ફોટનો કરવા માટે અમુક શબ્દ કે શબ્દોનો આગલા વાક્યમાંથી પાછળના વાક્યમાં કરાતો ઉપયોગ. એ અનુવૃત્તિ ત્રણ પ્રકારની છે: ૧. સિંહાવલોકન, ૨. મંડૂકપ્લુતિ અને ૩. ગંગાસ્રોત.

૩. સ્ત્રી. એક જ જાતનું વારંવાર કહેવું તે.

૪. સ્ત્રી. કોઈ સૂત્ર કોટલે નિયમ અમે તે લાગુ પડતો હોય ત્યાં લાગુ પાડી બતાવવાપણું.

૫. સ્ત્રી. ખુશી કરવું તે; સંતોષવાપણું.

૬. [સં. અનુ (સરખું) + વૃત્તિ (વર્તણૂક)] સ્ત્રી. નકલ; અનુવર્તન.

૭. સ્ત્રી. નાટ્યના તેત્રીસ અલંકારમાંનો એ નામનો એક.

૮. સ્ત્રી. પરસ્પર સંબંધ.

૯. સ્ત્રી. પુનરાવર્તન.

૧૦. સ્ત્રી. મંજૂરી; સંમતિ.

૧૧. [સં. અનુ (સરખું) + વૃત્તિ (ધંધો)] સ્ત્રી. વકીલોના ધંધામાં કરતું મુજરાનું; ઉપાદ્વિક.

૧૨. સ્ત્રી. વારસામાં મળતું તે.

આ મતમાં વ્યક્તિના દેહના દાનસમયમાં થયેલા વ્યાપારો અને કર્મો વડે પ્રજામાં ગુણધર્મોની અનુવૃત્તિ થાય છે એવું માનવામાં આવે છે. નર્મદાશંકર દેવશંકર

૧૩. સ્ત્રી. સંસ્કૃતિ; સંસ્કાર.

પૂર્વજન્મની અનુવૃત્તિ (સંસ્કૃતિ) વિના તારતો જન્મેલ બાળક કિંમતવગ વિના રત્નપારખ જેમ કરે! આદિનાથમલ્લિક

૧૪. સ્ત્રી. સેવા.

૧૫. સ્ત્રી. સ્મૃતિ; યાદગીરી.

અનુવૃદ્ધિ ૧. [સં. અનુ (પાછળ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. (વૈદક) વાંસા અને કેડ ઉપરના કરોડના અણુઓનાં દાહકાંત સોંપા આગળનો અણીદાર ભાગ; અનુસ્રોહન.

૨. [સં. અનુ (ક્રમ પ્રમાણે) + વૃદ્ધિ (વધારો)] વિ. નિયમિત પ્રમાણમાં વધતું જતું; અનુક્રમે વધતું.

અનુવેદન [સં. અનુ (પાછળ) + વેદન (લાગણી)] ન. (વેદાંત) પાછળ રહેતી લાગણી.

અનુવેધ ૧. [સં. અનુવિધ્ (વીંધવું)] પું. વીંધવાની ક્રિયા.

૨. પું. મિશ્રણ; ભેળવણી.

૩. પું. મેળાપ; જોડાણ; સંયોગ.

૪. પું. કરાર; આકરણ; ઠર્લ્લ.

અનુવેલ ૧. [સં. અનુ (પાસે) + વેલા (કિનારો)] ન. કિનારા પાસે.

૨. [સં. અનુ (કરેક) + વેલા (વખત)] ન. હંમેશાં; કરેક વેળાએ; સદા.

અનુવેશ ૧. [સં. અનુ (પાછળ) + વિશ (દાખલ થવું)] પું. પાછળ દાખલ થવાપણું.

૨. પું. મોટો ભાઈ પરણ્યા પહેલાં નાનાનો વિવાહ.

અનુવેશન જુઓ અનુવેશ.

અનુવેશી [સં. અનુ (ક્રમ પ્રમાણે) + વિશ્ (દાખલ થવું)] પું. પાડોશી, જેમનું ઘર ક્રમમાં નજદીક છે.

અનુવેશ્ય ૧. [સં. અનુ (ક્રમ મુજબ) + વેશ્ય (દાખલ થવાય એવું)] પું. મંત્રણ કે શાંતિકર્મ કરનારના રહેઠાણથી જેટ ઘરના અંતર પર રહેતો પાડોશ. મનુએ મંત્રણ કે શાંતિકર્મમાં બાવા પાડોશને બોલાવવાની મનાઈ કરી છે.

૨. જુઓ અનુવેશી.

અનુવેષ જુઓ અનુવેશ.

અનુવેષન જુઓ અનુવેશ.

અનુવ્યવસાય જુઓ અનુવ્યવસાયજ્ઞાન.

અનુવ્યવસાયજ્ઞાન [સં. અનુવ્યવસાય (જાણવું તે) + જ્ઞાન] ન. (ન્યાય) જોવા અને અનુભવ પછી અનુભવથી થતું જ્ઞાન.

'આ ઘડો છે' એવું જ્ઞાન તે વ્યવસાયજ્ઞાન કહેવાય છે. તે પછી જે વ્યવસાયજ્ઞાનને વિષય કરનારું બીજું જ્ઞાન કરીને આપે કહ્યું છે એ પ્રકારનું માનસ પ્રત્યક્ષરૂપ જે જ્ઞાન ઉપજે છે તે અનુવ્યવસાયજ્ઞાન કહેવાય છે.

ભોગીલાલ વકીલ

અનુવ્યંજન [સં. અનુ (ઉતરતું) + વ્યંજન (નિશાની)] ન. મુખ્ય નહિ એવી નિશાની; ગૌણ ચિહ્ન.

અનુવ્યાખ્યાન ૧. [સં. અનુ (પાછળ) + વ્યાખ્યાન (ટીકા)] ન. વેદના અઘરા મંત્ર, સૂત્ર વગેરે સમજવે તેવો પાઠવ્યનો ભાગ; મંત્રવિવરણ.

૨. ન. વ્યાખ્યાનનું વ્યાખ્યાન; ટીકાની ટીકા.

અનુવ્યાપ [સં. અનુ (સાથે) + વ્યાપ્ (ફેલાવું)] પું. સંયોગ; મિલન.

અનુવ્યાહરણ ૧. [સં. અનુ (સાથે) + વ્યાહરણ (કથન)] ન. ગવાતા વિષય સાથે બીજી વાત કહેવી તે.

૨. ન. પુનરુક્તિ.

૩. ન. સાથ; સહકાર.

અનુવ્યાહાર જુઓ અનુવ્યાહરણ.

અનુશયન ૧. [સં. અનુ (પાછળ) + શયન (સૂવું તે)] ન. પાછળ જતું તે; અનુગમન.

૨. ન. વળાવવા જવાની ક્રિયા.

અનુશયના જુઓ અનુશયન.

અનુશર ૧. પું. (જૈન) સાધુનો ગૌણ વર્ગ.

૨. [સં. અનુ (ઉતરતું) + ચર (નિયમ)] ન. (જૈન) મૂલગુણ વ્રત. સાધુનાં વ્રત કરતાં શ્રાવકનાં વ્રત ઊતરતાં હોવ છે. જુઓ અણુવ્રત.

૩. ન. (પુરાણ) શાકદ્વીપમાં રહેનારી વાયુની ઉપાસના કરતી એક જાતિ.

રાજબલ, કૃતબલ, દામલ અને અનુચર નામના એ શાકદ્વીપના ચારે વર્ણો પ્રાણસ્વામી સ્વમેજીવ મારી નાખી પ્રાણપુરુષ સર્વોત્તમ વાયુદેવને ભજે છે. ભાગવતી ભાગવત

૪. વિ. વફાદાર; નિમકહલાલ.

૫. [સં. અનુ (અનુકૂળ) + ચર (નિયમ)] વિ. વ્રત અને ધાર્મિક ક્રિયા વગેરે પ્રમાણે કરવામાં આવતું.

૬. વિ. (પુરાણ) શાકદ્વીપમાં રહેનાર એ નામની જાતિનું.

અનુશતા ૧. [સં. અનુ (અનુકૂળ) + ચર (નિયમ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.

૨. વિ.-સ્ત્રી. વફાદાર; પતિવ્રત પાળનારી.

અનુશય ૧. [સં. અનુશી (પાછળ સૂવું)] પું. (વેદાંત) બાકી કર્મોનું ફળ, જે જન્મજૂનીથી બળથી રહી ફરીફરી જતા જન્મમાંથી મોક્ષ પામ્યા પછી મુક્તિ ભોગવ્યા પછી આત્માને બીજા શરીરમાં દાખલ કરાવે છે. તેના બે પ્રકાર છે: (૧) કર્માનુશય અને (૨) દૃષ્ટાનુશય.

૨. પું. પસ્તાવો.

૩. પું. ખોટો સંબંધ.

૪. પું. ઝઘડો; વાદવિવાદ; તકરાર.

ક્રીતાનુશય = વેચાણખરીદના કામકાજ સંબંધી નિયમ.

૫. પું. તિરસ્કાર; ધિક્કાર.

૬. [સં. અનુશી (શોક કરવો)] પું. પસ્તાવો; પશ્ચાત્તાપ.

૭. પું. વેર; બદલો લેવ.

અનુશયન ૧. [સં. અનુ (અનુકૂળ) + શયન (સ્થિતિ)] ન. અનુકૂળ સ્થિતિ.

૨. [સં. અનુ (પાછળ) + શયન (સૂવું તે)] ન. સુવાડીને સૂવું તે.

૩. જુઓ અનુશય.

અનુશયના જુઓ અનુશયના.

અનુશયનાચકા જુઓ અનુશયના.

અનુશયનાર્ચિકા જુઓ અનુશયના.

અનુશયાન [સં. અનુશી (પસ્તાવો કરવો)] વિ. અફસોસ કરવું; પશ્ચાત્તાપ કરનાર.

અનુશયાના [સં. અનુશી (પસ્તાવો કરવો)] સ્ત્રી. (કામ) ગમતામ નહિ મળે એવી બીકથી નિરાશ થયેલ સાખ્યાપરકીયાનાયિકા; મળવાનો સંકેત નિષ્ફળ જવાથી દુઃખ પામેલી સ્ત્રી. તેના બે ભેદ છે: (૧) સંકેતવિપ્રલબ્ધા, (૨) ભાવિસંકેતનષ્ટા અને (૩) રમણગમના.

અનુશયાની જુઓ અનુશયના.

અનુશયાર્ત [સં. અનુશય (શિક્ષાની) + આર્ત (પીડાયેલું)] વિ. પસ્તાવાથી દુઃખ પામેલું.

અનુશયી ૧. [સં. અનુશયિન્ (પસ્તાવો કરનાર)] પું. કર્મનો ક્ષય થાય ત્યાંસુધી ચંદ્રલોકમાં રહી કર્મ બાકી રહે ત્યારે પસ્તાવો કરી પૃથ્વીલોકમાં જન્મ લેવા તૈયાર થયેલ જીવ.

૨. સ્ત્રી. (વૈદક) પગના ઉપલા ભાગમાં થતું એક જાતનું ગૂમડું.

૩. [સં. અનુસર (તિરસ્કાર) + કૃત (વાર્યું)] વિ. તિરસ્કાર કરનારું.

૪. વિ. દેખીતું; ઉઘાડું કરનાર; ભરેખું; ઉઘરીતું.

૫. વિ. નિમકહલાલ; વફાદાર.

૬. વિ. પગે પડનાર.

૭. વિ. પરિશ્રમરૂપ આવેલું; આજીજી સાથે સબંધ હોય એવું.

૮. વિ. પ્રમાણાપવાળું; પસ્તાવો કરનાર.

૯. વિ. લીન; આસક્ત.

અનુશાર [સં. અનુ (અંકાર) + શૃ (હિંસા કરવી)] પું. રાક્ષસ.

અનુશાસ [સં. અનુ (ઉતરતું) + શાસ (હકિયાર)] સ. બીજાને બદલે વપરાતી ઠામઠામાઉ સંજ્ઞા; જોઈતું શબ્દ મળી ન શકે ત્યારે તેને બદલે વપરાતો પદાર્થ.

અનુશાલ્વ [સં. અનુ (પાછળ) + શાલ્વ (એ નામનો દેશ)] પું. (પુરાણ) સૌભપતિ શાલ્વ રાજાનો એ નામનો નાનો ભાઈ. પોતાના મોટા ભાઈને કૃષ્ણે માર્યો તેનું વેર લેવા તે કૃષ્ણને મારવાનો લાગ જોતો હતો. પાંડવોના અશ્વમેધમાં કૃષ્ણ પોતાની બહુનો અને દીકરા સાથે હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે અનુશાલ્વ તેના સુતાર નામના સેનાપતિ પાસે લશ્કર તૈયાર કરાવી, લશ્કર સાથે છૂપી રીતે હસ્તિનાપુર પાસે આવી રહ્યો. એવે વખતે તે અનોખાનો આવી અશ્વમેધ માટે આવેલા સમાચાર્યું ઘોડાનું હરણ કરી ગયો. ભીમસેન સેના લઈને એની પૂંઠે પડ્યો. એને પકડી લાવવાનું બીજું પ્રદ્યુમ્ન અને વૃષ્ણીનુઓ કરાવ્યું. પાંડવ અને અનુશાલ્વ વચ્ચે મોટી લડાઈ થઈ, તેમાં પ્રદ્યુમ્ન હાથે પણ વૃષ્ણીનુઓ ઘોર યુદ્ધ કરી તેને પકડી કૃષ્ણની પાસે આવ્યો. મરણ વગર છૂટકો નથી એમ જાણી કૃષ્ણ સાથે સ્નેહ બાંધી મોટો પાછો આપ્યો અને અશ્વમેધમાં મદદ કરવા વચન આપી પોતાને શહેર પાછો ગયો.

અનુશાસક ૧. [સં. અનુશાસ (ઉપદેશ આપવો)] વિ. ઉપદેશક; શિખામણ આપનારું.

૨. વિ. કાયદા બનાવનાર; નિયમ કરનાર.

૩. વિ. ખુલાસો કરનાર.

૪. [સં. અનુશાસ (રાજ્ય ચલાવવું)] વિ. રાજ્ય ચલાવનાર; હકૂમત ચલાવનાર; નિયામક.

૫. [સં. અનુશાસ (શિક્ષા કરવી)] વિ. શિક્ષા કરનાર; દંડ દેનાર.

૬. [સં. અનુશાસ (આજ્ઞા કરવી)] વિ. હુકમ કરનાર.

અનુશાસકસભા [સં. અનુશાસક (કાયદા બનાવનાર) + સભા (મંડળ)] સ્ત્રી. ધારાસભા; કાયદા બનાવનાર મંડળી.

અનુશાસકસમિતિ જુઓ અનુશાસકસભા.

અનુશાસન ૧. [સં. અનુશાસ (હુકમ કરવો)] સ. આદેશ; આજ્ઞા; હુકમ.

૨. [સં. અનુશાસ (ઉપદેશ આપવો)] સ. ઉપદેશ; શિખામણ.

૩. સ. નિયમ; કાયદો; વિધિ.

૪. સ. નીતિ: ન્યાય.

૫. સ. પ્રમાણ આપી સાબિત કરવાપણું.

૬. સ. મર્યાદામાં રાખવાની ક્રિયા; નિયમન.

૭. સ. મહાભારતનું એ નામનું તેરમું પર્વ. તેમાં ઉપદેશ આપેલો હોવાથી તે અનુશાસનપર્વ કહેવાય છે.

૮. [સં. અનુશાસ (રાજ્ય ચલાવવું)] સ. રાજ્ય ચલાવવું તે; રાજ્યવહીવટ.

૯. સ. આજ્ઞાનો વિસ્તાર.

૧૦. [સં. અનુશાસ (હુકમ કરવો)] સ. સત્તા; અધિકાર.

અનુશાસનકાર જુઓ અનુશાસક.

અનુશાસનપત્ર [સં. અનુશાસન (સત્તા) + પત્ર] પું. સનદ; અધિકારપત્ર.

અનુશાસનપર [સં. અનુશાસન (આજ્ઞા) + પર (જુદ્ધ રીતે વર્તનાર)] વિ. કહ્યા પ્રમાણે વર્તનારું; આજ્ઞાનુસારી; તાબેદાર.

અનુશાસનસ્થાપિત [સં. અનુશાસન (કાયદો) + સ્થાપિત (સ્થાપેલ)] વિ. કાયદાથી બંધાયેલ; નિયમ ઉપર સ્થાપેલું.

અનુશાસનસ્થાપિત રાજસત્તા [સં. અનુશાસન (કાયદો) + સ્થાપિત (સ્થાપેલ) + રાજસત્તા] સ્ત્રી. નિયમ પર સ્થાપેલી રાજસત્તા; કાયદા પ્રમાણેના બંધારણવાળી સરકાર.

અનુશાસનીય ૧. [સં. અનુશાસ (કાયદા બનાવવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. કાયદા બનાવવા લાયક.

૨. [સં. અનુશાસ (હુકમ બજાવવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. આજ્ઞા દેવા લાયક; હુકમ કરવા જેવું.

૩. [સં. અનુશાસ (ઉપદેશ દેવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. ઉપદેશ દેવા જેવું; શિખામણ આપવા લાયક.

૪. વિ. ખુલાસો કરવા જેવું.

અનુશાસ્તૃ ૧. [સં. અનુશાસ (હુકમ કરવો)] સ. વિ. આજ્ઞા કરનારું.

૨. [સં. અનુશાસ (શિક્ષા કરવી)] સ. વિ. દંડવું; શિક્ષા આપવી.

૩. [સં. અનુશાસ (રાજ્ય ચલાવવું)] સ. વિ. રાજ્ય ચલાવવું; રાજ્યવહીવટ કરવો.

૪. [સં. અનુશાસ (ઉપદેશ આપવો)] સ. વિ. શિખામણ આપવી; બોધ દેવો.

અનુશાસિત ૧. [સં. અનુશાસ (રાજ્ય ચલાવવું)] વિ. જેનાપર હકૂમત કરવામાં આવી હોય એવું.

૨. વિ. નિયમથી બંધાયેલ; ધારાધોરણ મુજબ ચલાવેલું.

૩. [સં. અનુશાસ (બોધ આપવો) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. શિખામણ આપેલ.

૪. [સં. અનુશાસ (હુકમ કરવો) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. હુકમ કરાયો હોય એવું; આજ્ઞા આપેલું.

અનુશાસિતા જુઓ અનુશાસક.

અનુશાસ્તા જુઓ અનુશાસક.

અનુશિક્ષ ૧. [સં. અનુશાસ (શિક્ષા કરવી)] વિ. દંડેલ.

૨. [સં. અનુ (પાછળ) + શિષ્ (બાકી રહેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. બાકી રહેલું; વધેલું.

૩. જુઓ અનુશાસિત.

અનુશિષ્ટિ ૧. [સં. અનુશાસ (બોધ આપવો)] સ્ત્રી. શિખામણ; ઉપદેશ.

૨. [સં. અનુ (પાછળ) + શિષ્ (બાકી રહેવું)] સ્ત્રી. શેષ; બાકી.

૩. [સં. અનુશાસ (હુકમ કરવો)] સ્ત્રી. હુકમ; આજ્ઞા.

અનુશીલન ૧. [સં. અનુ (વારંવાર) + શીલન (ચાલુ અભ્યાસ)] સ. કાયમ ઊંડો અભ્યાસ; એકની એક બાબતનો હરીહરી કરાતો [illegible].

૨. સ. ચિંતન; મનન.

૩. સ. પુનઃપુનઃ કર્યા કરવું તે.

અનુશીલનીય ૧. [સં. અનુશીલ્ (અભ્યાસ કરવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. અભ્યાસ કરવા લાયક.

૨. વિ. ચિંતન કરવા જેવું; મનનીય.

૩. વિ. વારંવાર કરવા જેવું.

અનુશૈલરવાં વિ. (પારસી) મરહૂમ; મરણ [illegible].

અનુશોક ૧. [સં. અનુ (પાછળ) + શોક (દિલગીરી)] પું. પશ્ચાત્તાપ; પસ્તાવો.

૨. પું. શોક; ખરખરો.

અનુશોચક ૧. [સં. અનુ (પાછળ) + શોચક (શોક કરનાર)] વિ. દિલગીર; પસ્તાવો કરનાર.

અનુશાન

૨. વિ. શિક્ષકીરી ઉપજનાર.

અનુશોચન જુઓ અનુશોક.

અનુશોચનીય ૧. [સં. અનુશોચ્ (પશ્ચાત્તાપ કરવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. પસ્તાવો કરવા જેવું.

૨. વિ. શોક કરવા લાયક.

અનુશોચી જુઓ અનુશોચક.

અનુશ્રવ ૧. [સં. અનુ (પાછળ) + શ્રુ (સાંભળવું)] પું. વેદ, કેમકે ગુરુ પાસેથી સાંભળ્યા પછી તેનો અભ્યાસ થાય છે.

૨. સ્ત્રી. ધર્મ સંબંધી આખ્યાયિકા.

અનુશ્રવણ [સં.] ન. આનુપૂર્વક સાંભળવા-પણું.

અનુશ્રવિક ૧. [સં. અનુશ્રવ (વેદ) + ઇક (લગતું)] વિ. વેદ સંબંધી; વૈદિક.

૨. વિ. વેદથી જણેલું.

અનુશ્રાવક [સં.] વિ. બ્યાનથી સાંભળનાર.

અનુશ્રાવિક [સં. અનુ (પાછળ) + શ્રુ (સાંભળવું) + ઇક (લગતું)] વિ. પરલોક સંબંધી પરંપરાથી સાંભળીને મેળવેલું.

અનુશ્લોક [સં. અનુ (પાછળ) + શ્લોક] પું. મહાભારતમાં બનાવું સામવેદનું એક ગીત.

અનુષક્ત ૧. [સં. અનુ (સાથે) + સક્ત (વળગવું)] વિ. ચોંટેલું; વળગેલું.

૨. વિ. પ્રેમી; આસક્ત.

અનુષંગ ૧. [સં. અનુ (સાથે) + સંગ્ (વળગવું)] પું. અટકાવી ન શકાય એવું પરિણામ; આવશ્યક ફળ.

૨. પું. (વ્યાકરણ) અભ્યાહાર શબ્દનું આગળના વાક્યમાંથી પછીના વાક્યમાં અનુસધાન. જેમકે, 'રામ વનમાં ગયા અને લક્ષ્મણ પણ.' આમાં 'પણ'ની પછી 'વનમાં ગયા' વાક્ય અનુષંગથી સમજી લેવામાં આવે છે.

૩. પું. અમુક અંતવાળા ધાતુ સાથે જોડાયેલ અનુનાસિક.

૪. પું. (વેદાંત) અમુક હેતુથી ભ્રમ કરનારને તેવો ન થાવું હોય તેવું બનવું બીજું ફળ. જેમકે, નાહવા માટે સરોવરમાં જનારને તરસ પણ છીપે, કેરીની આશાથી આંબા તળે જનારને ફળ અને સાથે છાંયો પણ મળે.

૫. પું. કરણ; દમ.

૬. પું. (ન્યાય) કોઈ વસ્તુમાં બીજી વસ્તુના જેવા ગુણનું સ્થાપન કરીને તે બાબતમાં કરાતો નિયમ; ઉપનયના અર્થનું નિગમન વાક્યમાં આકર્ષણ બનવા બદલાવવાપણું. જેમકે, ઘટ વગેરે પદાર્થ ઉત્પત્તિ ધર્મવાળા છે (ઉદાહરણ), તેવો જ શબ્દ પણ ઉત્પત્તિ ધર્મવાળો છે (ઉપનય), તેથી શબ્દ અનિત્ય છે (નિગમન).

૭. [સં. અનુસર્ (પાછી જવા પૂરતી)] પું. પાછી જવા પૂરતા માટે આગળપાછળનો સબંધ જોઈ મૂકવામાં આવતો શબ્દ.

૮. પું. તીવ્ર ઇચ્છા; ઉત્કટા.

૯. પું. નિકટ સંબંધ; સાહચર્ય.

૧૦. પું. પ્રસગ.

૧૧. પું. મિત્રતા; મૈત્રસ્ત્રી.

અનુષંગિક ૧. [સં. અનુષગ (વળગી રહેવું)] વિ. જોડાયેલ; વળગેલું.

૨. વિ. પાસેપાસેનું; નજીકનું.

૩. વિ. પ્રાસગિક.

૪. વિ. ફળરૂપે મળેલું; પરિણામરૂપ.

૫. વિ. સાથે જનારું.

અનુષ્ટુપી ૧. પું. (ઝવિત) જોડે જ નિકળ્યું-માંથી પ્રસાર થતી રેખા.

૨. પું. (જ્યોતિષ) કોઈ આકાશી પદાર્થ આકાશના ફરનાર બીજા પદાર્થ.

૩. [સં. અનુ (પાછળ) + સંસ્ (જવું)] પું. આકર; નોકર.

૪. પું. નાટકનો સંબંધી.

૫. [સં. અનુ (સાથે) + સખ્ (જવું)] પું. મિત્ર; દોસ્ત.

૬. વિ. (ઝવિત) જોડે નિકળ્યું બનતું; 'કો-ઓર્ડિનેટ'.

૭. [સં. અનુરાગ્ (વળગી રહેવું)] વિ. જોડાયેલું; વળગેલું.

૮. વિ. પાસેપાસેનું; નજીકનું.

૯. વિ. ફળરૂપે મળેલું; પરિણામરૂપ.

૧૦. વિ. સંબંધી; લગતું.

૧૧. વિ. સાથે જનારું.

અનુષંગી ક્રિયા [સં. અનુષગિન્ (સાથે જનાર) + ક્રિયા (ક્રિયા)] સ્ત્રી. બીજી ક્રિયા સાથે જનાર ક્રિયા.

અનુષ્ટુભ [સં.] પું. વૈદિક કાળનો એક નામનો વેદ.

અનુષેક જુઓ અનુષેચન.

અનુષેચન [સં. અનુ (વારંવાર) + સેચન (છાંટવું તે)] ન. વારંવાર કરાતું સિંચન.

અનુષ્ટુપ જુઓ અનુષ્ટુપ.

અનુષ્ટુપ ૧. [સં. અનુષ્ટુભ્] પું. આઠની સંખ્યાવાળો સાંકેતિક શબ્દ.

૨. પું. એક વૈદિક છંદ. તેમાં કુલ ૩૨ અક્ષર અને ૪ પદ હોય છે. વેદની કુલ ૮૫૫ ઋચા આ છંદમાં રચાયેલી છે.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં ૮ અક્ષરવાળો, ચાર ચરણનો, આખીના ૨૪ છંદ માંહેનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક પદમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો તથા આઠમો ગુરુ હોય. સાતમો અક્ષર પહેલા અને ત્રીજા પદમાં ગુરુ હોય અને બીજા તથા ચોથા ચરણમાં લઘુ આવે. વેદમાં એ છંદનાં બધાં ચરણ ૮, ૧૨, ૧૧ અક્ષરના નિયમવાળાં કહેલ છે. આ છંદના ૨૫૬ ભેદ થઈ શકે. વેદ પ્રમાણે તેના ઋષિ, દેવી, આસુરી, પ્રાજાપત્ય, બાહુતી, સાઓની, આર્ચી અને ઘાટી એવા ૮ પ્રકાર છે. છંદ પ્રભાકર પ્રમાણે, માણવકીડા, પ્રમાણિકા, વાણી, વિપુલા, ચિત્રપદા, વિદ્યુન્માલા, મણિબંધા, તુંગ, પદ્મ, વિતાન, રામા, નરસિંહ, મિત્રપદા, અને ભોક એ અનુષ્ટુપ છંદ છે. આ છંદ વાલ્મીકિના રામાયણમાંથી નીકળેલો મનાય છે. કેટલાક તેને સોમમાંથી ઉત્પન્ન થયેલો માને છે. સંસ્કૃતમાં લાંબા ગ્રન્થ રચવામાં આ છંદ ખૂબ વપરાયો છે.

તેમનું (ભાસનું) કોમળાંથી 'ઉપેન્દ્ર', ત્વષ્ટામાંથી 'ત્વાષ્ટી', ધાંસમાંથી 'ત્રિકુપ', રુદ્રાણીમાંથી 'અનુષ્ટુપ', અસ્થિમાંથી 'જગતી', પ્રાણમાંથી 'પંક્તિ' અને પ્રજા-માંથી 'બૃહતી' એમ સાત છંદો ઉત્પન્ન થયા.

પુરુષોત્તમ બીલ

૪. સ્ત્રી. વખાણ; સ્તુતિ.

૫. સ્ત્રી. વાણી; વચન.

૬. સ્ત્રી. સરસ્વતી.

અનુષ્ટુપિણ્ડ [સં. અનુષ્ટુભ્ (એ નામનો છંદ) + પિંડ (ગાંઠ)] વિ. અનુષ્ટુપ જેવું ૩૨ અક્ષરનું.

અનુષ્ટુપ્પાદ વિ. અનુષ્ટુપ છંદ હોય એવું.

અનુષ્ટુબ્ગર્ભા સ્ત્રી. (પિંગળ) બેઠેલું ચરણ ૧ અક્ષરનું અને બાકીનાં ચાર ચરણમાંનું દરેક ૮ અક્ષરનું હોય તેવો છંદ.

અનુષ્ટુભ [સં. અનુષ્ટુભ્] પું. એ નામનો વૈદિક છંદ.

અનુસ્તર ૧. [સં. અનુસ્તૃ (કરવા)] વિ. આચરનાર; કરનાર.

૨. વિ. તરી કરનાર; આરંભનાર.

૩. વિ. શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે કર્મ કરનાર.

અનુસ્તરણ ૧. [સં. અનુ (પાસે) + સ્તૃ (ઢાંકવું) + અન] ન. આચરણ; ક્રિયા.

૨. ન. કોઈની સામ આરાધના; પુરસ્કરણ.

૧. અનુસ્તરણ કરવું-બાંધવું = (૧) પૂજા કરવી. (૨) જોઈતું કામ કરવું (બંગલામાં). (૩) વશ પાડવું.

૨. અનુસ્તરણ કરાવવું-જોડાવવું = પૂજા કરાવવા માટે બીજાનું આવવા ગોરને જોડાવવો.

૩. ન. ધાર્મિક ક્રિયા.

૪. ન. બળતણ; બાલણ.

૫. સ. મહાવરો; અભ્યાસ.
૬. સ. સારસંભાળ; આરંભ.
૭. સ. શાસ્ત્રમાં કહેલ કર્મ વિધિથી કરવું તે વિધાન.

અનુષ્ઠાનકાળ [સં. અનુષ્ઠાન (શાસ્ત્રમાં કહેલ કર્મ વિધિથી કરવું તે) + કાલ (વખત)] પું. પૂજા, મંત્રના જપ કે પ્રાર્થના કરવાનો વખત.

અનુષ્ઠાનપદ્ધતિ [સં. અનુષ્ઠાન (ધર્મક્રિયા) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. ધર્મક્રિયાની વિધિ.

અનુષ્ઠાનશરીર [સં. અનુષ્ઠાન (ક્રિયા) + શરીર] સ. કર્મોત્પન્ન શરીર; સાંખ્યમત પ્રમાણે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની વચ્ચેનું શરીર.

અનુષ્ઠાની [સં. અનુષ્ઠાન (ધર્મિક ક્રિયાનું પાલન) + ઇન્ (વાળું)] વિ. વ્રત પાળનાર.

અનુષ્ઠાપક વિ. કર્મ કરાવનાર; કર્મમાં પ્રેરક; કર્મપ્રયોજક.

અનુષ્ઠાપન સ. બીજાને કર્મ કરવા કરાવી પ્રેરણા; અન્ય પાસે કર્મ કરાવવાપણું.

અનુષ્ઠાયી જુઓ અનુષ્ઠાતા.

અનુષ્ઠિત ૧. વિ. આજ્ઞા પ્રમાણે કરાયેલું; અમલમાં મૂકાયેલું.
૨. [સં. અનુ+સ્થા (કરવું) + ક્ત (ભૂત કૃદંતનો પ્રત્યય)] વિ. કરેલું; આચરેલું.
૩. વિ. વિધિપૂર્વક કરેલું.
૪. વિ. સારી કરેલ.

અનુષ્ઠીયમાન [સં. અનુ+સ્થા (કરવું) + શાન (વર્તમાનકાલનો પ્રત્યય)] વિ. ક્રિયા આદિ કર્તા હોય એનું; કરાતું; ક્રિયમાણ.

અનુષ્ઠેય [સં. અનુ+સ્થા (કરવું) + ઈય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. કરવા લાયક; આચરવા જેવું.

અનુષ્ણ ૧. [સં. અન્ (ઉલટું) + ઉષ્ણ (ગરમ)] પું. ઠંડું લાગવાપણું; ઠંડો સ્પર્શ.
૨. સ. ઠંડક; ઉત્પલ.
૩. [સં. અન્ (ઉલટું) + ઉષ્ણ (ગરમ)] વિ. આગલું; ઓદી.
૪. વિ. ઠંડું; ઠારું.
૫. વિ. ધીમું.

અનુષ્ણચક્ષિકા [સં.] સ્ત્રી. નીલદૂર્વાનો છોડ; લીલી ધરો.

અનુષ્ણા સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં અનુવેલી એ નામની નદી.

અનુષ્ણાશીત [સં. અન્ (નહિ) + ઉષ્ણ (ગરમ) + અ (નહિ) + શીત (ઠંડું)] વિ. ઠંડું નહિ તેમ ગરમ પણ નહિ એવું.

અનુષ્ણાશીતસ્પર્શ જુઓ અનુષ્ણાશી૧.

અનુષ્ણાશીતસ્પર્શ [સં. અન્ (નહિ) + ઉષ્ણ (ગરમ) + અ (નહિ) + શીતલ (ઠંડું) + સ્પર્શ] પું. ઠંડો નહિ તેમ ગરમ પણ નહિ એવો સ્પર્શ. આવો સ્પર્શ એ વાયુનો ગુણ છે. કોઈ વખતે પવનમાં ઠંડી કે ઉષ્ણતા અનુભવાય છે તે તેનો આગંતુક ધર્મ છે, સહજ ધર્મ નથી.

અનુષ્પંદ [સં. અનુ (પાછળ) + સ્પંદ (ફેલવું)] પું. પાછળ પૈસો.

અનુસઆંગ સ. હંસરાજ વનસ્પતિના અસિત ક્ષેપમાંથી ઊભી નીકળતી લીલી, પાંદડાં જેવી વનસ્પતિ. એની અંદર નર અને નારી એ બન્નેનાં જનિ સંબંધી અંગ હોય છે.

અનુસર ૧. પું. (પુરાણ) એ નામનો રાક્ષસ.
૨. [સં. અનુ (પાછળ) + સૃ (જવું)] પું. આસરો; નોકર; સેવક.

અનુસરણ ૧. [સં. અનુ (સાથું) + સૃ (જવું)] સ. અનુકરણ; નકલ.
૨. [સં. અનુ (પાછળ) + સૃ (જવું)] સ. પાછળ જવું તે અનુગમન.
૩. સ. મળતાપણું; અનુરૂપતા.
૪. સ. ઈદ્ધિ પણ વખતથી વપરાશમાં હોવાને લીધે અજ્ઞાત થયેલો રિવાજ.

અનુસરણીય ૧. [સં. અનુ (પાછળ) + સૃ (જવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. કરવા પ્રમાણે વર્તવા જેવું.
૨. [સં. અનુ (સાથું) + સૃ (જવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. નકલ કરવા જેવું.
૩. વિ. પાછળ જવા લાયક.

અનુસરવું ૧. [સં. અનુ (સાથું) + સૃ (જવું)] સ. ક્રિ. નકલ કરવી.
૨. [સં. અનુ (પાછળ) + સૃ (જવું)] સ. ક્રિ. પાછળ જવું.
૩. સ. ક્રિ. પાળવું; કહ્યા પ્રમાણે વર્તવું.
૪. સ. ક્રિ. મળતું આવવું; સરખું હોવું.

અનુસર્પ [સં. અનુ (સાથું) + સર્પ (સાપ)] પું. સાપના જેવું પેટે ચાલતું પ્રાણી.

અનુસંગ જુઓ અનુષંગ.

અનુસંગિક જુઓ અનુષંગિક.

અનુસંગી જુઓ અનુષંગી.

અનુસંચરણ [સં. અનુ (પાછળ) + સંચર્ (જવું)] સ. પાછળ જવું તે.

અનુસંધ [સં. અનુ (સાથે) + સંધા (જોડવું)] વિ. જોડીદાર સાથે જોડાયેલ.

અનુસંધાન ૧. [સં. અનુ (સાથે) + સંધાન (જોડાણ)] સ. આગળની વસ્તુ સાથે જોડાણ.
૨. સ. (ન્યાય) ઉપનય; વ્યાપ્તિનાં પાંચ અવયવવાળાં વાક્યમાંનું ત્રીજું, જેમાં સાધ્યથી વ્યાપેલું સાધન પક્ષ ઉપર બતાવવામાં આવે છે. જેમકે,
૧. પ્રતિજ્ઞા: આ પર્વત અગ્નિવાળો છે.
૨. હેતુ: કારણ કે તે ધુમાડાવાળો છે.
૩. વ્યાપ્તિ: જે જે ધુમાડાવાળું હોય તે તે અગ્નિવાળું હોય છે.
૪. ઉપનય: આ પર્વત અગ્નિથી વ્યાપેલા ધુમાડાવાળો છે.
૫. નિગમન: તેથી આ પર્વત અગ્નિવાળો છે.
૩. [સં. અનુસંધા (વિચાર કરવો)] ■ ચિંતન; મનન.
૪. [સં. અનુસંધા (તપાસ કરવી)] સ. શોધ.
૫. [સં. અનુસંધા (પાછળ જવું)] ■ પીછો.
૬. સ. પ્રબન્ધ; ગોઠવણ.
૭. સ. બંધબેસતો સંબંધ.
૮. સ. બારીક તપાસ.
૯. સ. યોજના; ગોઠવણ.
૧૦. સ. લક્ષ; ધ્યાન.

અનુસંધાનજ્ઞાન [સં. અનુસંધાન (તપાસ) + જ્ઞાન (જાણ)] પું. શોધાખોળ; શોધાઈની લાગતા; તલાશ બરમ.

અનુસંધાનાજ્ઞા [સં. અનુસંધાન (શોધ) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. તપાસનો હુકમ.

અનુસંધાનાત્મક [સં. અનુસંધાન (જોડાણ) + આત્મક (વાળું)] વિ. જોડણીના સાથે જોડાયેલ.
પૂર્વાનુભવની સ્મૃતિ, સંસ્કાર, નિયમ, ચિંતન અને પ્રવૃત્તિ જેવી અંતઃકરણની અનુસંધાનાત્મક ક્રિયાઓ પર બાર મૂકી તેને જુદાં જુદાં નામ આપ્યાં છે. ઇન્દુલાલ જોષી

અનુસંધાની ૧. [સં. અનુ (સાથે) + સંધા (જોડવું)] વિ. જોડતું.
૨. [સં. અનુસંધા (તપાસ કરવી)] વિ. તપાસ કરતું; શોધખોળ કરતું.
૩. વિ. યુક્તિ પ્રયોગમાં ચતુર.

અનુસંધાયી જુઓ અનુસંધાની.

અનુસંધિ [સં. અનુ (સાથે) + સંધિ (સમાધિ)] સ્ત્રી. ધ્યાનની વાતચીત; ભજનનું સંતસંગ.

અનુસંધિત્સ ૧. [સં. અનુ (સાથે) + સંધિત્સ (જોડવા ઇચ્છા)] વિ. જોડવા જેવું.

૨. [સં. અનુસંધા (તપાસ કરવી) + ઈ (સ્ત્રિયર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. તપાસ કરવા લાયક.
૩. [સં. અનુસંધા (વિચાર કરવો) + ઈ (સ્ત્રિયર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. વિચાર કરવા કે ધ્યાન દેવા જેવું.

અનુસંગહ [સં. અનુ (સાથે) + સંગ્રહ (સંગ્રહવેલ)] વિ. સંગ્રહેલું; વળગેલ.

અનુસંસ્થાપન [સં. અનુ (સાથે) + સંસ્થાપન (સ્થાપવું તે)] ક્રિ. બીજાને બદલે મૂકવાપણું.

અનુસંહિત [સં. અનુ (સાથે) + સંહિત (સમાડેલું)] વિ. સાથેલું; ભેગેલું; સાથે વળગાડેલું.

અનુસામીપ્ય [સં. અનુ (સાથે) + સામીપ્ય (નિકટતા)] ક્રિ. પડોશ; નજીકપણું.

અનુસાર ૧. [સં. અનુ (પાછળ) + સ (જવું)] પું. અનુસરણ; પાછળ જવું તે.
૨. પું. કૃપરની અવસ્થા.
૩. પું. પરિશ્રમ; શ્રમ.
૪. પું. પ્રચાર; ફેલાવો.
૫. પું. રીતિ; પદ્ધ વગત જ્યાં ચાલતો વિચાર; રીત; પ્રથા.
૬. પું. સરખાપણું; અનુરૂપતા; અનુસાર.
૭. પું. સરખું વર્તન; અનુસરણ.
૮. પું. સ્થિરાયેલી કે સ્થાપિત થયેલી પ્રથાની સત્તા.
૯. વિ. સરખું; સમાન; જેવું.
૧૦. અ. પેઠે; પ્રમાણે; માફક.

અનુસારણા [સં. અનુસ (પાછળ જવું)] સ્ત્રી. પાછળ જવું તે.

અનુસારિણી [સં. અનુસારિન્ (પાછળ જનાર) + ઈ (તારીખલિંગી પ્રત્યય)] વિ. સ્ત્રી. પાછળ આવનારી; અનુસરતી.

અનુસારિત્વ ૧. [સં. અનુસારિન્ (પાછળ જનાર) + ત્વ (પદું)] ક્રિ. અનુસરણ.
૨. ક્રિ. સરખાપણું.

અનુસારી ૧. [સં. અનુ (પાછળ) + સ (જવું)] વિ. તપાસ કરતું; શોધતું.
૨. વિ. પાછળ જનાર; અનુયાયી.
૩. વિ. મળતું આવતું; સરખું; જેવું.

અનુસારો [અ. પ્રમાણ] પું. અનુસરો; પ્રમાણ.

અનુસુરતી [અન (નહિ) + સરત (ખ્યાલ)] સ્ત્રી. બેખ્યાલ; ગોબિતું.

અનુસૂચક [સં. અનુ (અનુકૂળ) + સૂચ્ (જણાવવું)] વિ. અનુકૂળતાવાળું સૂચના કરનાર.

અનુસૂચન [સં. અનુ (અનુકૂળ) + સૂચ (જણાવવું)] ક્રિ. અનુકૂળતું કે સૂચના.

અનુસૂયા ૧. સ્ત્રી. (શાક્ત) એ નામની દેવી. તેનું સ્થાન નર્મદા તીરે ચાનોદ છે.
૨. સ્ત્રી. (પુરાણ) કર્દમ મુનિની દીકરી અને અત્રિ ઋષિની સ્ત્રી. ગુજ્યે અનસૂયા.

અનુસૂત [સં. અનુ (પાછળ) + સૂત (વણેલ)] વિ. જેની પાછળ પ્રેરેલું વણું હોય એવું

અનુસૂતિ ૧. [સં. અનુ (સરખું) + સૂ (જવું)] સ્ત્રી. અનુસરણ; નકલ.
૨. [સં. અનુ (પાછળ) + સૂ (જવું)] સ્ત્રી. પાછળ જવું તે; અનુસરણ.
૩. [સં. અનુ (સાથે) + સૂ (જવું)] સ્ત્રી. વેરવા; ફુલટા.

અનુસૃષ્ટિ ૧. [સં. અનુ (નિયમસર) + સૃષ્ટિ (રચના)] સ્ત્રી. ક્રમસર કે નિયમસર ઉત્પન્ન કરવાપણું.
૨. સ્ત્રી. હાજરજવાબી સ્ત્રી.

અનુસેવી ૧. [સં. અનુ (નિયમિત) + સેવિન્ (સેવા કરનાર)] વિ. બહુ સેવા કરનાર.
૨. વિ. મહાવરો રાખનાર.

અનુસૈન્ય [સં. અનુ (પાછળ) + સૈન્ય (લશ્કર)] ક્રિ. સેનાની પાછળની ટુકડી; લશ્કરનો પાછલો ભાગ; હવેલ.

અનુસ્તરણી ૧. [સં. અનુ (સાથે) + તૃ (તરવું)] સ્ત્રી. અગ્નિસંસ્કાર કરતી વખત પ્રાચીન સમયમાં બળતાં હોમાતી ઘાસ. મરનારનું બાળવાને નદીની વૈતરિણી નામની નદી ઓળંગવામાં તે મદદ કરવાનું મનાતું.
૨. સ્ત્રી. દાંકણું; આચ્છાદન.

અનુસ્તવન [સં. અનુ (પાછળ) + સ્તુ (વખાણ કરવું)] ક્રિ. સ્તુતિ; વખાણ.

અનુસ્નાતક ૧. [સં. અનુ (પાછળ) + સ્નાતક (વિદ્યાપીઠની પદવીવાળું)] ક્રિ. વિદ્યાપીઠની પદવી મેળવ્યા પછી અભ્યાસ કરનાર માણસ; અતિસ્નાતક.
૨. વિ. સ્નાતક થયા પછીનું; વિદ્યાપીઠની પદવી મેળવ્યા પછીનું.

અનુસ્નાતક અભ્યાસક્રમ [સં. અનુસ્નાતક (વિદ્યાપીઠની પદવી મેળવ્યા પછીનું) + અભ્યાસક્રમ (અભ્યાસનું તે)] ક્રિ. વિદ્યાપીઠની પદવી મેળવ્યા પછીનું શિક્ષણ.

અનુસ્નાન ૧. [સં. અનુ (વારંવાર) + સ્નાન (નહાવું તે)] ક્રિ. ફરીફરી કરાતું નહાવું.
૨. [સં. અનુ (પાછળ) + સ્નાન (નહાવું તે)] ક્રિ. શિવ પર ચઢેલા નિર્માલ્યનો સ્વીકાર; નમણ.

અનુસ્પષ્ટ [સં. અનુ (અનુકૂળ) + સ્પષ્ટ (ચોખ્ખું)] વિ. ખુલ્લું; દેખાય તેવું.

અનુસ્પ્રેક્ષન ક્રિ. વાંસા અને કેડ ઉપરના કરોળના મણકાનાં હાડકાંના સાંધા આગળનો અણીદાર ભાગ; અનુગૃહિ.

અનુસ્મરણ [સં. અનુ (વારંવાર) + સ્મૃ (સંભારવું)] ક્રિ. ફરીફરીને યાદ કરવું તે; યાદગીરી.

અનુસ્મરણલેખ [સં. અનુસ્મરણ (યાદગીરી) + લેખ] પું. યાદગીરીનો લેખ; સ્મરણ પ્રસંગ સાચવવા માટેનો લેખ.

અનુસ્મરણાલેખન [સં. અનુસ્મરણ (યાદગીરી) + આલેખન (ચિતરામ)] ક્રિ. અમુક વસ્તુ યાદ રાખી તેનું ચિત્ર દોરવાની ક્રિયા.

અનુસ્મૃતિ ૧. સ્ત્રી. ગોવીસની સંખ્યાસૂચક સંજ્ઞા.
૨. સ્ત્રી. મહાભારતના અનુશાસન પર્વમાં આવેલું જે નામનું વિષ્ણુનું સ્તોત્ર.
૩. સ્ત્રી. યાદ જેવી જ વસ્તુનો વિચાર.
૪. [સં. અનુ (વારંવાર) + સ્મૃતિ (યાદગીરી)] સ્ત્રી. યાદગીરી; ફરીફરીને કરાતું સ્મરણ.

અનુસ્યૂત ૧. [સં. અનુ (સાથે) + સ્યૂત (સીવેલું)] વિ. ઓતપ્રોત; ગૂંથાયેલું.
૨. વિ. બહુ સંબંધવાળું; સાથે જોડેલું.

અનુસ્વન [સં. અનુ (ભણવું) + સ્વન (અવાજ)] પું. ભણતો અવાજ; અવાજની નકલ.

અનુસ્વનાલેખન [સં. અનુ (ભણવું) + સ્વન (અવાજ) + આલેખન (લખવું તે)] ક્રિ. ભણતો અવાજ ઝડપવાપણું; અવાજની નકલ કરવી તે.

અનુસ્વર ૧. [સં. અનુ (ભણવું) + સ્વર (અવાજ)] પું. ભણતો અવાજ.
૨. ગુજ્યે અનુસ્વાર.

અનુસ્વરાલેખનયંત્ર ગુજ્યે અનુસ્વાનલેખક.

અનુસ્વાનલેખક [સં. અનુ (સરખું) + સ્વાન (અવાજ) + લેખક (લખનાર)] પું. જેવો બનાવું વાગું; હોનોગ્રાફ; ગ્રામોફોન.

અનુસ્વાર [સં. અનુ (પાછળ) + સ્વર] પું; ક્રિ. સ્વરની પાછળ બોલાતો અનુનાસિક વર્ણ; સ્વરની પછી બોલી શકાય એવો અનુનાસિક અવાજ, જેનું '◌ं' ચિહ્ન છે. જેમકે,

સિંહ, અંત, સંવત. વગી અંડ, ગંજ, કોટ, દંત, લંબ એમનાં અનુસ્વાર તેમના વર્ગના અનુનાસિક વ્યંજનરૂપે પણ દેખાય છે. જેમકે, અણ્ડ, ગણ્ડ, કણ્ઠ, દન્ત, લમ્બ.

'સ્વર' શબ્દને સ્વરાંત 'અ' પ્રત્યય લાગી, આદિ સ્વરની વૃદ્ધિ થઈ અંત્ય સ્વર લોપાઈ 'સ્વાર' શબ્દ થયો છે. 'સ્વર' તે જ 'સ્વાર'. સ્વરની પછી આવે છે માટે અનુસ્વાર.

ગૂહદ્ વ્યાકરણ

અનુહત ૧. [સં. અનુ + હન્ (નાશ કરવો)] વિ. અખંડ; સળંગ; અલંગ; અખંડિત.
૨. વિ. નહિ બોલાવેલ; અનાહૂત.
૩. વિ. પાર વિનાનું; અનહદ.

અનુહતધ્વનિ [સં. અનુહત (અખંડ) + ધ્વનિ (અવાજ)] પું. આહુ અવાજ.

અનુહતનાદ જુઓ અનુહતધ્વનિ.

અનુહરગીત પું. (પિંગળ) એ નામનો ૨૮ માત્રાનો સમચતુર્ભાત માત્રામેળ છંદ. તેનાં ૭, ૬, ૧૦, ૧૨, ૧૩, ૨૦, ૨૪, ૨૭ માત્રાએ તાલ આવે છે.

અનુહરણ જુઓ અનુકાર.

અનુહાર ૧. [સં. અનુ (જેવું) + હ (લેવું)] પું. અનુકરણ; નકલ.
૨. પું. આકૃતિ; આકાર.
૩. પું. ઉપમા.
૪. [સં. અનુ (પાછળ) + હ (લેવું)] પું. પાછળથી લઈ જવું તે; અનુકરણ.
૫. પું. ભેદ; પ્રકાર.
૬. પું. મળતાપણું; સમાનતા.
૭. અ. પ્રમાણે; જેમ.

અનુહારક ૧. [સં. અનુ (જેવું) + હારક (લઈ જનાર)] વિ. નકલ કરનાર; અનુકરણ કરનારું.
૨. [સં. અનુ (પાછળ) + હારક (લઈ જનાર)] વિ. પાછળથી લઈ જનાર.
૩. વિ. લાગુ પાડવા આવનાર.

અનુહારી જુઓ અનુકારક.

અનુહાર્ય ૧. વ. માર્મિક ગાલ.
૨. [સં. અનુ (સરખું) + હાર્ય (લેવા જેવું)] વિ. નકલ કરવા જેવું.

અનુહ્લાદ [સં.] પું. (પુરાણ) હિરણ્યકશિપુને જંભાસુરની દીકરી કયાધૂથી થયેલ એ નામનો દીકરો.

અનુહ્લાદ પું. (પુરાણ) એ નામનો રાક્ષસ.

અનૂઢ ૧. [સં.] પું. અગાઉનો જન્મ; પૂર્વજન્મ.
૨. વ. કુળ; વંશ.
૩. વ. ખરડો; કરોડ.
૪. વ. મહેરામણ કે કમાન વગેરેની ઊંચ; કમાનની ચાલી; ઢોલી.
૫. વ. ચાલું એક વાજું.
૬. વ. વેદીનો પાછલો ભાગ.
૭. વ. સ્વભાવ; પ્રકૃતિ.

અનૂઢપ પું. (પિંગળ) પહેલા અને બીજા ચરણમાં નગણ, જગણ, જગણ અને રગણ મળી ૧૨ અક્ષર, તથા ત્રીજા અને ચોથા ચરણમાં રગણ, રગણ, જગણ અને ગુરુ મળી ૧૦ અક્ષરવાળો સંકિર્ણ વર્ણનો અર્ધસમકરણ અક્ષરમેળ છંદ.

વિરમ વિશે ન જ ન ર તે અપે;
ર ર જ ન ગુ કહી અનૂઢપે. અપિંગળ

અનૂઢારો ૧. [સં. અનુ (કરવું) + કાર (કરવાનું)] પું. ઓળો; પડઘો.
૨. પું. દાખલો; ઉદાહરણ.

અનૂખળ [સં. ઉદૂખલ (ખાંડણિયો)] પું. ખાંડણિયો; ઊખળ.

વસોદામિ કમ્પાય ખાંપી અનૂખળે રે હોય. દયારામ

અનૂખળો [સં. ઉદૂખલ] પું. ખાંડણિયો.

અનૂખું જુઓ અનોખું.

અનૂચાન ૧. [સં. અનુ (પાછળ) + વચ્ (બોલવું)] પું. વેદનો પાઠ કર્યા વિના પાઠ કરનાર પાઠકારી.
૨. પું. વેદમાં પારંગત પંડિતજી.
૩. વિ. અભ્યાસમાં આનંદ લેનાર; વિદ્યારસિક.
૪. વિ. અંગ સહિત વેદનો અભ્યાસ કરનાર; અંગાભ્યાસી.
૫. વિ. વિનયી; નમ્ર.
૬. વિ. વેદના અર્થનું વ્યાખ્યાન કરવામાં હોશિયાર.
૭. વિ. સારા આચરણવાળું; ચરિત્રવાન.

અનૂચાના સ્ત્રી. (પુરાણ) કશ્યપ અને પ્રાધાથી ઉત્પન્ન થયેલી અપ્સરાઓની એ નામની જોડ.

અનૂચ્ય ૧. [સં. અન્ (વિના) + ઉચ્ય (કહેવું)] વિ. નીચ કુળનું.
૨. વિ. નીચું; ઊતરતું નહિ જેવું.

અનૂચ્ય ૧. [સં.] વ. ખાટલાની ખાલ ઉપર આવેલું લાકડું; ઈસ.
૨. [સં. અનુ (પાછળ) + વચ્ (કહેવું)] વિ. પાછળથી કહેવા જેવું; અમુક વાત કે વિષય ચાલતો હોય ત્યારે નહિ પરંતુ તે પૂરો થયા પછી કહેવા જેવું.

અનૂજ વ. (ગ્રામ્ય) સીતાફળ.

અનૂજડી (અનુજડી) સ્ત્રી. (ગ્રામ્ય) સીતાફળી.

અનૂઢ ૧. વ. કૈતરંજની રમતમાં અકેકી ન રાખવા જેવું અડોઠ; અબૂઝિયા.
૨. વિ. નહિ ઊકેલું.

અનૂઢમ ૧. [હિં.] વિ. અનુપમ.
૨. વિ. રચવું નહિ કરાવેલું.

અનૂઢું ૧. [સં. અનૂઢ; સ્ત્રી. અનૂઢા] વિ. અનોખું; ન્યારું; અપૂર્વ; નવું જ.
૨. વિ. સુંદર; સરસ.

અનૂઢ ૧. [સં. અન્ (નહિ) + ઊઢ (પરણેલું)] વિ. નહિ પરણેલ; વાંઢું; કુંવારું.
૨. વિ. નહિ લેવાયેલું; ઉપાડી લઈ નહિ જેવાયેલું.

અનૂઢા ૧. [સં. અનૂઢ (નહિ પરણેલ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કુમારિકા.
૨. સ્ત્રી. પરણેલી નહિ છતાં પુરુષની સાથે સંબંધ રાખનાર સ્ત્રી.
૩. વિ. સ્ત્રી. નહિ પરણેલી; કુંવારી.

અનૂઢાગમન [સં. અનૂઢા (કુંવારી) + ગમન (સ્ત્રીસંગ)] વ. કુંવારી સ્ત્રી સાથે સંગ.

અનૂઢાનાયિકા ૧. સ્ત્રી. કોઈ પુરુષ સાથે સંબંધ રાખતી નહિ પરણેલ સ્ત્રી.
૨. [સં. અનૂઢા (નહિ પરણેલી) + નાયિકા (મુખ્ય સ્ત્રી)] સ્ત્રી. પરકીયા નાયિકાનો એક ભેદ; કોઈ પુરુષ ઉપર ગુપ્ત રીતે પ્રેમ રાખનાર પરકીયા નાયિકા. જુઓ પરકીયા.

અનૂઢક ૧. [સં. અન્ (નહિ) + ઊઢ (પરણી)] પું. સાવાણું.
૨. વ. પાણીની તાપ.
૩. વિ. પાણી ન મળે એવું.

અનૂદક પું. (પુરાણ) પૃતરાષ્ટ્રના સોમાંનો એ નામનો દીકરો.

અનૂદિત ૧. [સં. અનુ (કરવું) + ઉદિત (કહેલું)] વિ. તરજૂમો કરેલ; બીજાંતર કર્યું હોય એવું.
૨. [સં. અનુ (પાછળથી) + ઉદિત (કહેલું)] વિ. પાછળથી કહેલું; ફરી કહેલું.

અનૂદેશ [સં. અનુ (પાછળથી) + ઉદેશ (કહેવું તે)] પું. (કાવ્ય) અગાઉ જે કહેવામાં હોય તેને પાછળથી કરવાર બતાવનાર એક અલંકાર.

અનૂન ૧. પું. પર્વતનું.
૨. [સં. અનુ (પાછળથી) + ઊન (કહેવા જેવું)] વિ. અનુવાદ કરવા લાયક; પાછળથી કહેવા જેવું.

અનૂન ૧. [સં. અન્ (નહિ) + ઊન (ઓછું)] વિ. ચડિયાતું; ઊંચા દરજ્જાનું.
૨. વિ. નકી નહિ એવું; અનિશ્ચિત.
૩. [સં. અન્ (નહિ) + ઊન (ઉણું)] વિ. પૂરું; ઓછું નહિ તેવું; ભરેલું.
૪. વિ. પૂરેપૂરી સત્તાવાળું.
૫. વિ. વધારે; અધિક.

અનૂનતા ૧. [સં. અનૂન (વધારે) + તા (પ્રત્યય)] સ્ત્રી. અધિકતા; વધારે હોવાપણું.
૨. સ્ત્રી. અનિશ્ચિતતા.
૩. [સં. અન્ (નહિ) + ઊન (ઉણું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ઊણપ ન હોવી તે.
૪. સ્ત્રી. અધિકારીપણું.
૫. સ્ત્રી. પૂરેપૂરી સત્તાવાળું હોવાપણું.

અનૂપ ૧. પું. (પુરાણ) એ નામનો દેશ. એની રાજધાની માહિષ્મતી હતી.
૨. પું. એક જાતનું કબૂતર.
૩. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ગુરુ અને ૨૬ લઘુ મળી ૬૧ વર્ણ હોય છે. અનુષ્ટુપપ્રસ્તારપ્રકાર પ્રમાણે તે ૧૬૫૨૭ છપ્પનો એક ભેદ છે.
૪. પું. તળાવ; સરોવર.
૫. પું. દેડકો, કેમ કે તે પાણીમાં રહે છે.
૬. પું. નદીનો કાંઠો.
૭. પું. પર્વતની ખાણ; પહાડી પ્રદેશ.
૮. પું. પાડો.
૯. [સં. અનુ (પાસે) + અપ્ (પાણી)] પું. બીજાવાળો મુલક.
૧૦. પું. હાથી.
૧૧. વિ. ઘણા પાણીવાળું.
૧૨. વિ. બેજવાળું; બીજાવાળું.
૧૩. [સં. અનુપમ] વિ. બેજ; અપૂર્વ.
૧૪. વિ. સુંદર; સારું.

અનૂપકેરલ પું. (પુરાણ) એ નામનો એક ભારતવર્ષીય દેશ. તેનો રાજા મહાભારતના યુદ્ધમાં પાંડવના પક્ષમાં હતો.

અનૂપજ ૧. [સં. અનૂપ (પાણીવાળી જમીન) + જ (જન્મેલ)] વ. ઝાડ, કેમકે તે પાણીવાળી જગ્યામાં ઊગે છે.
૨. વિ. પાણીવાળા પ્રદેશમાં પેદા થયેલ.

અનૂપદેશ ૧. પું. (પુરાણ) એ નામનો ભારતવર્ષીય દેશ. એની રાજધાની માહિષ્મતી હતી.
૨. પું. નદી, તળાવ અને પર્વત વધારે હોય તેવો બેજવાળો, હંસ, બગલાં, સારસાં, કુકડા અને સાપ જેવાં જંગલી પ્રાણી વધારે હોય તેવો તથા જેમાં વનસ્પતિ પુષ્કળ થતી હોય એવો આનોહવાવાળો દેશ. આવા દેશમાં અધિકાર અને વાતવિકાર વધુ થતા જણાય છે.

અન્યથાસિદ્ધિ [સં. અન્યથા (બીજી રીતે) + સિદ્ધિ (સાબિતી)] સ્ત્રી. (ન્યાય) સંબંધ વગરના કારણથી અમુક વાતની સાબિતી; જે કારણ જાણ્યા વિના કોઈ વાત સાબિત કરવી તે અનપેક્ષિત કારણથી. અન્યથાસિદ્ધિ બબ્બે પ્રકારની છે: ૧. બન્ને કારણની સાથે સમવાય સંબંધથી જોડાયેલા હોવાને લીધે તે કારણ વડે જેનું પૂર્વવર્તિત્વ સિદ્ધ થતું હોય તે. જેમકે, તંતુરૂપ અને તંતુત્વનું તંતુમાંથી પટથી પૂર્વવર્તિત્વ. ૨. કાર્યને ઉત્પન્ન કરનારાં કારણોની પૂર્વે હોવાને લીધે કૈમુતિક ન્યાયથી જેનું કાર્યથી પૂર્વવર્તિત્વ પ્રાપ્ત થતું હોય તે. જેમકે, ઘટ કરનાર કુંભારના પિતાનું ઘટથી પૂર્વવર્તિત્વ. ૩. કોઈ પણ કાર્યની ઉત્પત્તિને માટે અપેક્ષિત નિયત કાર્યોની સાથે સમવાય સંબંધથી જોડાયેલું ન હોય, પણ કારણોની સાથે આકસ્મિક સંબંધને લીધે જેનું પૂર્વવર્તિત્વ સિદ્ધ થતું હોય તે. જેમકે, ઘડા માટે માટી લાવવામાં ઉપયુક્ત બળદનું પૂર્વવર્તિત્વ.

અન્યથાસ્તોત્ર [સં. અન્યથા (જોકું) + સ્તોત્ર (વખાણવું તે)] સ. નિંદા કરતી કવિતા; નિંદાત્મક સ્તુતિ.

અન્યથોપપત્તિ [સં. અન્યથા (બીજી રીતે) + એવ (જ) + ઉપપત્તિ (સાબિતી)] સ્ત્રી. (વેદાંત) બીજી રીતે અન્યથા ઊલટી રીતે જ કોઈ વાત સાબિત થતી હોય એવો અર્થાપત્તિપ્રમાણનો દોષ.

> ઘરમાં દારૂ દેખાય છે તે સાદૃશ્યવિલક્ષણ અનિર્વચનીય ખ્યાતિ છે, એમ વેદાંતીઓ કહે છે. આ કોઈ વાતી એવું અર્થાપત્તિપ્રમાણ લાવે કે ઘરમાં જે દારૂ છે તે અસ્સી વિલક્ષણ છે, માટે નકુલવત્ એટલે બાજુવાળા દીનદયાળની માફક અસત્ હોવાથી ખ્યાતિ જ ગણાતી નથી; અને અસત્થી વિલક્ષણ હોવાથી સત્તાની પેઠે બાધ બાધતો નથી, વિલક્ષણ હોવાથી ખ્યાતિ અને બાધ બંને ગણાતાં નથી. આને વેદાંતી કહેશે કે તમારા કહેવાથી વિપરીત ઉપપત્તિ થઈ શકે છે એટલે સાદૃશ્યવિલક્ષણત્વ રૂપ અનિર્વચનીય ખ્યાતિ ભલી શકે છે, માટે તમારું અર્થાપત્તિપ્રમાણ **અન્યથોપપત્તિ** દોષવાળું છે.
> ભોગીલાલ વકીલ

અન્યદત્તાદૃત [સં. અન્ય (બીજું) + દત્ત (આપેલું) + કૃત (કરી બનાવ)] વિ. બીજાએ કરેલી બક્ષિસ લેનાર.

અન્યદર્શક ૧. [સં. અન્ય (બતાવવું) + દર્શક (બતાવનાર)] વિ. હોય તેથી કોઈ પણ નવું બતાવે એવું; વધારે બતાવનાર.

૨. [સં. અન્ય (બીજું) + દર્શક (બતાવનાર)] વિ. હોય તેથી જુદું બતાવનાર.

અન્યદર્શની [સં. અન્ય (બીજું) + દર્શન (સિદ્ધાંત) + ઇન્ (વાળું)] વિ. પરધર્મી; જુદા ધર્મવાળું.

અન્યદા ૧. [સં.] અ. એક વખત; એક દિવસે.

૨. અ. કોઈકોઈ વાર.

અન્યરાગ

૩. વ. બીજે પ્રેમ વખતે; જુદે પ્રસંગે

અન્યદાકદાચિત્ ૧. [સં. અન્યસ્ય (જેમ સિવસ) + કદાચિત્ (જેમ વખત)] વ. જેમ જેમ વખતે.

૨. વ. જુદે પ્રસંગે.

અન્યદીય ૧. [સં. અન્યત્ (બીજું) + ઈય (વાળું)] વિ. બીજા સંબંધી.

૨. વિ. બીજાનું; બીજાના તાબામાં હોય એવું.

અન્યદૃષ્ટિપ્રશંસા [સં. અન્ય (બીજું) + દૃષ્ટિ (જ્ઞાન) + પ્રશંસા (વખાણ)] સ્ત્રી. (જૈન) સમ્યગ્દર્શનના પાંચ અતિચાર પૈકીનો એ નામનો એક; પરધર્મીનાં વખાણ.

દોષ, પ્રશંસા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવ એ સમ્યગ્દર્શનના પાંચ અતિચારો છે. તત્ત્વાર્થસૂત્ર

અન્યદૃષ્ટિસંસ્તવ [સં. અન્ય (બીજું) + દૃષ્ટિ (જ્ઞાન) + સંસ્તવ (પરિચય)] પું. (જૈન) સમ્યગ્દર્શનના પાંચ અતિચાર પૈકીનો એ નામનો એક; જૈનેતર સાથે સમાગમ; જૈનધર્મ નહિ પાળનાર સાથે પરિચય.

અન્યદેશી ૧. [સં. અન્ય (બીજું) + દેશ + ઈન્ (વાળું)] વિ. પરદેશી; વિદેશી; બીજા દેશનું.

૨. વિ. બીજા વિષયને લગતું; જુદા હેતનું.

અન્યદેશીય જુઓ અન્યદેશી.

અન્યદ્વારક ૧. [સં. અન્ય (બીજું) + દ્વાર (રસ્તો) + ક (વાળું)] વિ. બારો રસ્તો બનાવ્યો.

૨. વિ. બીજાની મારફત થયેલું.

અન્યધર્મ ૧. [સં. અન્ય (બીજું) + ધર્મ (ગુણ)] પું. જુદો ગુણ.

૨. પું. બીજો ધર્મ.

૩. વિ. જુદા ગુણવાળું.

૪. વિ. જુદા ધર્મનું.

અન્યધર્માવલંબી ૧. [સં. અન્ય (બીજું) + ધર્મ + અવલંબ (આશ્રય) + ઈન્ (વાળું)] વિ. બીજા ધર્મમાં આચાર; સ્વધર્મત્યાગી.

૨. વિ. બીજા સંપ્રદાયનું; જુદા ધર્મવાળું.

અન્યધર્મી ૧. [સં. અન્ય (બીજું) + ધર્મ (ગુણ) + ઈન્ (વાળું)] વિ. જુદા ગુણવાળું.

૨. [સં. અન્ય (બીજું) + ધર્મિન્ (ધર્મવાળું)] વિ. જુદા ધર્મનું; બીજો ધર્મ પાળનારું.

અન્યનારી [સં. અન્ય (બીજું) + નારી (પરણેલી સ્ત્રી) + ઈન્ (વાળું)] વિ.સ્ત્રી. એક પરણી નહિ એવી; કિશોરવાળી.

અન્યધાર્મિક ૧. [સં. અન્ય (બીજું) + ધાર્મિક (ગુણવાળું)] વિ. જુદા ગુણવાળું.

૨. [સં. અન્ય (બીજું) + ધાર્મિક (ધર્મનું)] વિ. જુદા ધર્મનું.

અન્યધી [સં. અન્યસ્ય (બીજા કોઈનું) + ધી (મન)] વિ. પરમેશ્વર પરથી મન ઊઠી ગયું હોય એવું.

અન્યનિરપેક્ષ [સં. અન્ય (બીજું) + નિરપેક્ષ (બહાર વગરનું)] વિ. બીજાની બહાર વગરનું.

અન્યનિષ્ઠ [સં. અન્ય (બીજું) + નિષ્ઠા (આસ્થા)] વિ. બીજામાં બદલાયેલું.

અન્યપદાર્થ ૧. [સં. અન્ય (બીજું) + પદ (શબ્દ) + અર્થ] પું. બીજા શબ્દનો લાવાર્થ.

૨. [સં. અન્ય (બીજું) + પદાર્થ (વસ્તુ)] પું. બીજી વસ્તુ.

અન્યપર ૧. વિ. બીજા સાથે સંબંધવાળું.

૨. [સં. અન્ય (બીજું) + પર (બીજા)] વિ. બીજામાં પરોવાયેલું; બીજામાં લગાવ ધરાવેલું.

અન્યપુષ્ટ ૧. [સં. અન્ય (બીજું) + પુષ્ટ (પોષાયેલું)] પું. કોયલ. જુઓ અન્યભૃત.

૨. વિ. બીજાથી પોષાયેલું.

અન્યપુષ્ટા ૧. [સં. અન્ય (બીજું) + પુષ્ટા (પોષાયેલી)] સ્ત્રી. કોયલ. જુઓ અન્યભૃતા.

૨. વિ. સ્ત્રી. બીજાથી પોષાયેલી.

અન્યપૂર્વા ૧. [સં. અન્ય (બીજું) + પૂર્વ (પહેલાં) + આ (નારીલિંગે પ્રત્યય)] સ્ત્રી. પહેલા પરણીને મરણ પછી બીજે પતિ કરેલી હોય એવી બી.

૨. સ્ત્રી. બીજે કોઈએ ભોગવ્યા બનેલી બાઈ.

અન્યપૂર્વાગામી [સં. અન્યપૂર્વા + આગિન્ (આવનાર)] વિ. કન્યાનું કોઈ સાથે સગપણ થયેલું હોય તે વર મુજરી આવ પછી તે કન્યા સાથે લગ્ન કરનાર; અન્યપૂર્વા સાથે લગ્ન કરનાર.

અન્યબીજ [સં. અન્ય (બીજું) + બીજ (બી)] પું. બીજો કોઈ પરપુરુષ કોઈની; દત્તપુત્ર, જેમાં તેનાં માબાપ બીજાં હોય છે.

અન્યભૂમિ [સં. અન્ય (બીજું) + ભૂમિ (દેશ)] સ્ત્રી. બીજો દેશ; પરદેશ.

અન્યભૃત્ ૧. [સં. અન્ય (બીજું) + ભૃત્ (ઉછેરનાર)] પું. કાગડો, જેમાં તે કોયલનાં ઈંડાં સેવતો હોવાનું મનાય છે.

૨. પું. કોયલ.

અન્યભૃત ૧. [સં. અન્ય (બીજું) + ભૃત (ઉછેરેલું)] પું. કોયલ; કોયલા, જેમાં તે પોતાનાં ઈંડાં કાગડીના માળામાં મૂકી આવે છે અને કાગડી તેનો પોતાનાં બચ્ચાં તરીકે સેવન અને પોષણ કરે છે.

૨. વિ. બીજાએ પોષણ કર્યું હોય એવું; પરભૃત.

અન્યભૃતા ૧. [સં. અન્ય (બીજું) + ભૃતા (પોષાયેલી)] સ્ત્રી. કોયલ; કોયલા.

૨. વિ. સ્ત્રી. બીજાથી પોષાયેલી.

અન્યમત ૧. [સં. અન્ય (બીજું) + મત (સંપ્રદાય)] પું. જુદો પંથ; બીજો સંપ્રદાય.

૨. [સં. અન્ય (જાદું) + મત (સિદ્ધાંત)] પું. જુદો સિદ્ધાંત.

અન્યમતાવલંબી ૧. [સં. અન્ય (જાદું) + મત (સિદ્ધાંત) + અવલંબ (આશ્રય) + ઈન્ (વાળું)] વિ. જુદા સિદ્ધાંતવાળું.

૨. વિ બીજા સંપ્રદાયનું; જુદા ધર્મવાળું.

અન્યમતી [સં. અન્ય (બીજું) + મત (સંપ્રદાય) + ઈન્ (વાળું)] વિ. જુદા સંપ્રદાયનું.

અન્યમના [સં. અન્ય (બીજું) + મનસ્ (મન)] વિ. (હિંદી) ઉદાસ; ગમગીન.

અન્યમનસ્ક ૧. [સં. અન્ય (બીજું) + મનસ્ક (મનવાળું)] વિ. ખિન્ન; ઉદાસ.

૨. વિ. ચંચળ; અસ્થિર.

૩. [સં. અન્ય (બીજું) + મનસ્ (મન) + ક (વાળું)] વિ. બીજી વસ્તુ ઉપર ચિત્ત લાગ્યું હોય એવું; બીજે મન હોય એવું; ધ્યાન રહિત.

અન્યમનસ્કતા ૧. [સં. અન્ય (બીજું) + મનસ્ (મન) + ક (વાળું) + તા (પણું)] સ્ત્રી. ઉદાસીનતા; ગમગીની.

૨. સ્ત્રી. ચંચળતા; અસ્થિરતા.

૩. સ્ત્રી. ધ્યાનરહિતપણું; મન બીજે ફરતું હોય તેવી સ્થિતિ.

અન્યમનું [સં. અન્ય (બીજું) + મનસ્ (મન)] વિ. ધ્યાન રહિત.

અન્યમાતૃજ ૧. [સં. અન્ય (બીજું) + માતૃ (માતા) + જ (જન્મેલું)] પું. ઓરમાન ભાઈ, જેમાં તે બીજી માતાથી જન્મેલ છે.

૨. વિ. ઓરમાનું.

અન્યયૂથિક [સં. અન્ય (જાદું) + યૂથ (જન્મ) + ઈક (વાળું)] વિ. જુદા ધર્મનું.

અન્યરાગ [સં. અન્ય (બીજું) + રાગ (પ્રેમ)] પું. બીજાં ઉપરનો પ્રેમ.

અન્યરાષ્ટ્રીય ૧. [સં. અન્ય (બીજું) + રાષ્ટ્ર (દેશ) + ઈય (સંબંધી)] વિ. બીજા દેશનું.
૨. વિ. બીજા રાજા કે રાજ્યના તાબાનું.

અન્યરૂપ ૧. [સં. અન્ય (જુદું) + રૂપ (આકાર)] ન. જુદો આકાર.
૨. વિ. જુદા દેખાવનું.

અન્યરૂપતા [સં.] સ્ત્રી. બીજું રૂપ હોવાપણું; જુદો દેખાવ.

અન્યરૂપપ્રવેશ [સં. અન્ય (જુદું) + રૂપ (દેખાવ) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. જુદું સ્વરૂપ લેવાની ક્રિયા.

> ખાવું જોવું કે ઝવાની ક્રિયા વેશાભ્યાસથી નથી થતી, પણ અન્યરૂપપ્રવેશથી થાય છે.
> —નરસિંહરાવ

અન્યલક્ષી ૧. [સં. અન્ય (બીજું) + લક્ષ (હેતુ) + ઇન્ (વાળું)] વિ. બીજા હેતુવાળું; જુદો ઉદ્દેશ હોય એવું.
૨. [સં. અન્ય (બીજું) + લક્ષ (ખ્યાલ) + ઇન્ (વાળું)] વિ. બીજે ઠેકાણે ખ્યાલવાળું.

અન્યલિંગ ૧. [સં. અન્ય (જુદું) + લિંગ (વેશ)] ન. (જૈન) જૈન સાધુનાથી જુદો પોશાક; સંન્યાસી, સાધ્વી વગેરે સાધુનો વેશપાત્ર.
૨. [સં. અન્ય (બીજું) + લિંગ (જાતિ)] ન. (વ્યાકરણ) વિશેષ પ્રસંગે જેની જાતિ બદલી હોય એવો શબ્દ; વિશેષણ.

અન્યલિંગસિદ્ધ [સં. અન્ય (બીજું) + લિંગ (વેશ) + સિદ્ધ (મોક્ષ પામેલું)] પું. (જૈન) જૈન સિવાયના પહેરવેશે મોક્ષ પામેલ જીવ.

અન્યલિંગી ૧. [સં. અન્ય (જુદું) + લિંગ (જાતિ) + ઇન્ (વાળું)] વિ. (વ્યાકરણ) જુદી જાતિવાળું; બીજી જાતિનું.
૨. [સં. અન્ય (બીજું) + લિંગ (વેશ) + ઇન્ (વાળું)] વિ. (જૈન) જૈનેતર પોશાકવાળું.

અન્યવર્જિત ૧. [સં. અન્ય (બીજું) + વર્જિત (છોડેલું)] પું. કેવલ; અન્યભૂત.
૨. વિ. બીજાથી ઉદ્ભવેલું.

અન્યવાદી ૧. [સં. અન્ય (જુદું) + વાદિન્ (બોલનાર)] વિ. ખોટી સાક્ષી આપનાર.
૨. વિ. પોતાની કરેલી પ્રતિજ્ઞાથી વિરુદ્ધ રીતે વાદ કરનાર; પ્રતિવાદી.

અન્યવિધ [સં. અન્ય (બીજું) + વિધ (જાત)] વિ. બીજી જાતનું; જુદા પ્રકારનું.

અન્યવિવર્જિત ૧. [સં. અન્ય (બીજું) + વિવર્જિત (છોડેલ)] પું. કેવલ.
૨. વિ. બીજાથી ઉદ્ભવેલું; અન્યભૂત; બીજાએ પેદા કરેલું.

અન્યવિશ્લેષ [સં. અન્ય (બીજું) + વિશ્લેષ (અલગ કરવાપણું)] પું. (વિતાન) જેમાં કોઈ બીજાથી, ગરમી, વગેરે બીજામાં પ્રવેશ ન કરી શકે તેવું હોવાપણું.

અન્યવેશ [સં. અન્ય (બીજું) + વેશ (રૂપ)] પું. જુદું રૂપ; ભિન્ન સ્વરૂપ.

અન્યવ્રત ૧. [સં. અન્ય (બીજું) + વ્રત] ન. બીજાનું વ્રત; અન્ય કોઈનું વ્રત.
૨. ન. બીજું વ્રત.
૩. વિ. નાસ્તિક.
૪. વિ. પરસ્ત્રીમાં આસક્ત.
૫. વિ. પોતાને ન ગમે તેવું કર્મ કરનાર.
૬. [સં. અન્ય (બીજું) + વ્રત (નિયમ)] વિ. જૈનમાં કહ્યા સિવાયના બીજા નિયમ પાળનાર.

અન્યશાખ [સં. અન્ય (બીજું) + શાખા (વેદની સંહિતાનો ભાગ)] પું. પોતાની વેદશાખાનો ત્યાગ કરી બીજી વેદશાખા અનુસાર ચાલવું.

અન્યશાખક જુઓ અન્યશાખ.

અન્યસ્ત્રી [સં. અન્ય (જુદું) + સ્ત્રી (બાયડી)] પું. પરોણો.

> અન્યસ્ત્રીને ઘાંટીએ અન્ન માંહે અર્ક,
> બ્રહ્મા કાળી કીજ્યો.

અન્યસંક્રમ [સં. અન્ય (બીજું) + સંક્રમ (ફેરફાર)] પું. આડો વ્યવહાર; ખરેખી કે પરપુરુષનું સેવન.

અન્યસંનિધિવિશેષ પું. એ નામનો જૈન ગ્રંથ. જુઓ અન્યસંનિધિવિશેષગ્રંથ.

અન્યસંનિધિવિશેષગ્રંથ [સં. અન્ય (બીજું) + સંનિધિ (નજીક) + વિશેષ (ખાસ) + ગ્રંથ (આધારથી રીતે વ્યવસ્થિત કરાયેલું)] પું. (જૈન) ગ્રંથકારના ગોત્રથી જુદાના ભાવ વગેરેને પ્રગટ કરનાર હરિભદ્રસૂરિના ૬૪ પ્રકાર માંહેનો એ નામનો જૈન; નવવિધાને પાસે ઊભેલા નાયકને બતાવવા બતાવેલો સ્ત્રીનો. જેમકે,

> જોઉ બાલુ ઊભેલ, અનેતિમા હરિને જોઈ;
> સખીને ઊંચે સ્વરે, કહે છે કામિની કોઈ.
> જોઉ ધરી નહી તહે, બાલ હું પાણી ભરતાં;
> ચૂલી ચઈ છું હાર, વાટ બાલું બહુ રમતાં.
> હબડાં લઈ ગે હાર હું, બારીક નની ઉતાવળી;
> બાઈ મારે બારણે, જોઉ કપા કરી બે વહી.

બહી સખી સાથે વાત કરતાં નજીકમાં ઊભેલા નાયક હરિને જોઈ નહી કિનારાને સ્પર્શ બતાવ્યો તે અન્ય.

અન્યસંભોગદુઃખિતા [સં. અન્ય (બીજું) + સંભોગ (મૈથુન) + દુઃખિતા (દુઃખ પામેલી)] સ્ત્રી. (કામ) બીજી સ્ત્રીમાં સંભોગનાં ચિહ્ન દેખીને અને તે સંભોગ તેણે પોતાના પતિ સાથે જ કર્યો છે એવું જાણીને દુઃખ પામેલી નાયિકા.

અન્યસાપેક્ષ ૧. [સં. અન્ય (બીજું) + સાપેક્ષ (મેળની શરમ જોનું)] વિ. જુદાં સાધનથી મેળની શરમ જોનું.
૨. વિ. બીજાને મેળવેલું.

અન્યસાપેક્ષ [સં. અન્ય (બીજું) + સાપેક્ષ (આધાર રાખનાર)] વિ. બીજાની અપેક્ષા રાખનાર; બીજા ઉપર આધાર રાખનાર.

અન્યસાપેક્ષી જુઓ અન્યસાપેક્ષ.

અન્યસુરતિદુઃખિતા [સં. અન્ય (બીજું) + સુરતિ (સંભોગ) + દુઃખિતા (દુઃખ પામેલી)] સ્ત્રી. (કામ) જે નાયકની ઓર બીજાની નાયિકા. જુઓ અન્યસંભોગદુઃખિતા.

અન્યસ્ત્રી ૧. [સં. અન્ય (બીજું) + સ્ત્રી] સ્ત્રી. બીજાની બાયડી; પરનારી.
૨. જુઓ અન્યા ૪.

અન્યા ૧. પું. (કામ) અન્યાય; ત્રિશંકુપણું.
૨. [સં.] સ્ત્રી. બીજાની સ્ત્રી; પરનારી.
૩. સ્ત્રી. અધિકૃતીમાં રહેતી એ નામની દેવી.
૪. સ્ત્રી. (કામ) રીસના ત્રીજા, અન્યા અને સામાન્યા એમ ત્રણ ભેદ માંહેનો એ નામનો ભેદ; પરણીયા. અન્યા કુંવારી અથવા પરણેલી પણ હોય. કુંવારી અન્યા તરણાવસ્થામાં આવેલી તરુણ શરમાળ, અને પરણેલી અન્યા રસભરમત, ઉત્સવ વગેરેની શોખીન અને નીતિ રહિત હોય.

અન્યાડી (અન્યાડો) વિ. (કામ) અનાડી; મૂર્ખ; જડ.

અન્યાડીવેડા (અન્યાડીવેડો) પું. ન. ગ. અનાડીપણું; મૂર્ખતા.

અન્યાદૃશ ૧. [સં. અન્ય (બીજું) + દૃશ (જેવું)] વિ. બીજા જેવું.
૨. વિ. વિલક્ષણ; વિભિન્ન; અસામાન્ય.

અન્યાધીન [સં. અન્ય (બીજું) + અધીન (તાબે)] વિ. પરવશ.

અન્યાનપેક્ષ [સં. અન્ય (બીજું) + અન્ (નહિ) + અપેક્ષ (આદર)] વિ. સ્વતંત્ર; સ્વતઃસિદ્ધ; બીજાં પ્રમાણની બાકાની જરૂર ન પડે એવું.

અન્યાનુરક્ત [સં. અન્ય (પરનારી) + અનુરક્ત (મોહેલું)] વિ. પું. પરસ્ત્રીમાં મોહેલો; પારકી સ્ત્રી ઉપર પ્રેમ રાખનારો.

અન્યાનુરક્તા [સં. અન્ય (બીજું) + અનુરક્તા (પ્રેમવાળી)] વિ. સ્ત્રી. પરપુરુષ પર મોહેલી.

અન્યાન્ય [સં. અન્ય (બીજું) + અન્ય (વિશેષ)] વિ. બીજું બધું.

અન્યાપદેશ [સં. અન્ય (બીજું) + અપદેશ (કહેવું તે)] પું. કથનોક્તિ; બીજાને ઉદ્દેશીને બોલાયેલી વાણી; જેના વિશે કહેવું હોય તેને ન કહેતાં તેને લાગુ પડે તેમ બીજાને કહેવું તે. જેમકે, કંજૂસ માણસને માટે બોલતાં તમને જોઈ કહેવું કે તું સૌથી મોટો તો કહેવાશો, પણ તારી કમાણી કોઈ સુખ પામ્યું નહિ, તેમ બીજાં કુળ તેં અજાવ્યાં નહિ, મોટપણું જ નહિ પણ તેં તારું શરીર ઢાંક્યું નહિ. આડે તારી મોટાઈને ધિક્કાર છે.

અન્યાય ૧. [સં. અ (નહિ) + ન્યાય (ઇન્સાફ)] પું. અનીતિ; અધર્મ; ન્યાય વિરુદ્ધ આચરણ.
૨. પું. અયોગ્યતા.
૩. પું. અધિર; અવ્યવસ્થા.
૪. પું. ભૂલો; દોષ; વાંક.
૫. પું. જોરજુલમ.
૬. પું. વિચાર નહિ હોવાપણું.
૭. વિ. ન્યાય વિરુદ્ધ; અયોગ્ય; જોરજુલમી.

અન્યાયઉપયોગ [સં. અન્યાય (અયોગ્ય) + ઉપયોગ (વપરાશ)] પું. જોરજુલમ; ખોટી વપરાશ; દુરુપયોગ.

અન્યાયતઃ [સં.] ક્રિ. વિ. અન્યાયપણે; ખોટી રીતે.

અન્યાયપ્રયોગ [સં. અન્યાય (જોરજુલમી) + પ્રયોગ (વપરાશ)] પું. ખોટી વપરાશ.

અન્યાયભોગી [સં. અન્યાય (અધર્મ) + ભોગિન્ (વાપરનાર)] વિ. અનીતિથી ઉપભોગ કરનાર.

અન્યાયયુક્ત [સં. અન્યાય (જોરજુલમ) + યુક્ત (વાળું)] વિ. અન્યાયવાળું.

અન્યાયવૃત્ત [સં. અન્યાય (ન્યાય વિરુદ્ધ) + વૃત્ત (વર્તન)] વિ. ખોટે માર્ગે ગનાર.

અન્યાયસહિષ્ણુ [સં. અન્યાય (જોરજુલમ) + સહિષ્ણુ (સહન કરનાર)] વિ. જોરજુલમ સહન કરનાર.

અન્યાયાચરણ ૧. [સં. અન્યાય (ન્યાય વિરુદ્ધ) + આચરણ (વર્તન)] ન. જોરજુલમ; ખરાબ ચાલચલગત.
૨. ન. લુચ્ચાઈ; બનરબનતી.

અન્યાયી ૧. [સં. અ (નહિ) + ન્યાય (વાજબીપણું) + ઇન્ (વાળું)] વિ. અન્યાયથી વર્તનારું; જોરજુલમી કામ કરનાર; કુરાચારી.
૨. વિ. અયોગ્ય; અઘટિત.
૩. વિ. કુનેચાર; અપરાધી.
૪. વિ. જોરજુલમી; અન્યાયવાળું.
૫. વિ. વિચાર વગરનું.

અન્યાયું ૧. [સં. અ (નહિ) + ન્યાય (ઇન્સાફ)] વિ. (પ્રાચીન) અનુચિત; અયોગ્ય.
૨. વિ. કુનેચાર.
૩. વિ. કુરાચારી.
૪. વિ. ન્યાય વગરનું.
૫. વિ. વિચાર વિનાનું.

અન્યાયોપજીવી [સં. અન્યાય (જોરજુલમ) + ઉપજીવિન્ (પેટિયું કમાનાર)] વિ. અન્યાયને માર્ગે કમાનાર; જોરજુલમજોરનાં સાધનોથી જીવનાર.

અન્યાર્જ્ય ૧. [સં. અ (નહિ) + ન્યાર્જ્ય (વાજબી)] વિ. જોરજુલમી; અનુચિત.
૨. વિ. ન્યાય વિરુદ્ધ.
૩. વિ. પ્રમાણ વગરનું; સાબિતી વિનાનું.

અન્યારી સ્ત્રી. બાળવાનાં લાકડાંની હેલ; લાકડાની ગાડી.
અન્યારી બાકારી = કમાવો કરવો.

અન્યાર્થ ૧. [સં. અન્ય (બીજું) + અર્થ] પું. બીજો અર્થ.
૨. [સં. અન્ય (બીજું) + અર્થ (હેતુ)] પું. બીજો હેતુ.
૩. વિ. બીજો અર્થવાળું.
૪. વિ. બીજા બાબાર્થ કે હેતુવાળું.
૫. ક્રિ. વિ. બીજાને માટે.

અન્યાવતિર્યંઢ [સં. અન્ય (બીજા સ્ત્રી) + અવ્ (આનંદ આપવો) + પંઢ (નપુંસક)] પું. પોતાની સ્ત્રી છોડી બીજા સ્ત્રીમાં લોલુપ થયેલો અને તેથી પોતાની સ્ત્રી તરફ નપુંસક થયેલો પુરુષ.

અન્યાશ્રય ૧. પું. પોતાના કુટુંબ સિવાયના કોઈને આશ્રય આપવાનો હોય.
૨. [સં. અન્ય (બીજું) + આશ્રય (આધાર)] પું. પોતાના કુટુંબને છોડી બીજા કોઈને આશ્રય કરવું.
૩. [સં. અન્ય (બહું) + આશ્રય (આધાર)] પું. બીજાનો આશરો.

અન્યાશ્રયણ ૧. [સં. અન્ય (બીજું) + આશ્રયણ (લેવું)] ન. બીજાનો આશ્રય લેવો તે.
૨. વિ. બીજાને આશરે રહેનાર; બીજા ઉપર આધાર રાખનાર.

અન્યાશ્રયાસન [સં. અન્ય (બીજું) + આશ્રય (લેવું) + આસન (સ્થિતિ)] ન. બીજાના લેવું નીચે રહેવું તે; સાતના ૭ ગુણ મહિનો એ નામનો જોગ. ૧. સંધાનાસન, ૨. યાત્રાસંધાન, ૩. વિગ્રહવિશ્વાસન, ૪. દ્વૈધીભાવાસન, ૫. સંધિકરાસન, અને ૬. અન્યાશ્રયાસન, એ રાજાના ૭ ગુણ મનાય છે.

અન્યાશ્રયી ૧. [સં. અન્ય (બીજું) + આશ્રય (લેવું) + ઇન્ (વાળું)] વિ. પોતાના કુટુંબ સિવાય બીજાને આશ્રય આપનાર.
૨. [સં. અન્ય (બીજું) + આશ્રયિન્ (આશરો લેવાનું)] વિ. બીજા ઉપર આધાર રાખનાર.

અન્યાશ્રિત ૧. [સં. અન્ય (બીજું) + આશ્રિત (આધાર રાખવાનું)] વિ. પોતાના કુટુંબ સિવાય બીજાને આશ્રય આપનાર.
૨. [સં. અન્ય (બીજું) + આશ્રિત (આધાર રાખનાર)] વિ. બીજાને આશરે રહેલું.

અન્યૂન ૧. [સં. અ (નહિ) + ન્યૂન (ઊતરતું)] વિ. ઊતરતા દરજ્જાનું નહિ તેવું.
૨. [સં. અ (નહિ) + ન્યૂન (ઓછું)] વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.

અન્યૂનતા ૧. [સં. અ (નહિ) + ન્યૂન (ઊતરતું) + તા (પણું)] સ્ત્રી. ઊતરતું ન હોવાપણું.
૨. [સં. અન્યૂન (પૂરું) + તા (પણું)] સ્ત્રી સંપૂર્ણતા; ઓછું નહિ હોવાપણું.

અન્યૂનતાચિહ્ન [સં. અ (નહિ) + ન્યૂન (ઓછું) + તા (પણું) + ચિહ્ન (નિશાની)] ન. (ગણિત) જોડે રાશિ બીજા કરતાં નાનો નથી એમ દર્શાવતું ચિહ્ન; દા. ત. જે રાશિ નાનો ન હોય તે એ ચિહ્ન પહેલાં આવે છે. જેમકે, ૪ ≥ ૪ ≥ ૧૭.

અન્યૂનાધિક [સં. અ (નહિ) + ન્યૂન (ઓછું) + અધિક (વધારે)] વિ. વધારે વગરનું; વધારે નહિ તેમ ઓછું પણ નહિ એવું.

અન્યેદ્યુ ૧. [સં. અન્ય (બીજું) + દ્યુ (દિવસ)] અ. કોઈ વખતે; કોઈ એક દિવસે. ૨. અ. બીજે દિવસે.

અન્યેદ્યુક [સં. અન્ય (બીજું) + દ્યુ (દિવસ) + ક (વાળું)] વિ. બીજે દિવસે બનાર.

અન્યેદ્યુષ્ક ૧. [સં. અન્ય (બીજું) + દ્યુ (દિવસ) + ક (વાળું)] પું. (વૈદક) એકાંતરિયો તાવ; દિવસ અને રાતમાં એક વખત આવતો તાવ. તે ચોવીસ કલાકથી બીજે વખત વધારે મોડા પછી આવે છે. ૨. વિ. હંમેશનું; રોજિંદું; હંમેશાં આવતું.

અન્યેદ્યુઃ જુઓ અન્યેદ્યુ.

અન્યેદ્યુરુત્થ [સં. અન્યેદ્યુઃ (બીજે દિવસે) + જ્વર (તાવ)] પું. એક દિવસને આંતરે આવતો તાવ; એકાંતરિયો તાવ.

અન્યે પન્યે [અન્ય (બીજું) + પન્ય (અન્યનું એવડાપેટું રૂપ)] અ. એક અથવા બીજી રીતે; ગમે તે પ્રકારે.

અન્યોઅન્ય જુઓ અન્યોન્ય.

અન્યોક્તિ ૧. [સં. અન્ય (બીજું) + ઉક્તિ (બોલવામાં આવ્યું)] સ્ત્રી. (અલં) એક અર્થાલંકાર; બીજાપદેશ; બીજાને ઉદ્દેશીને બોલાયેલી વાણી; બોલવું અમુકને ઉદ્દેશીને અને લાગુ પડવું કોઈ બીજાને એવી વાણીની ચાતુરી; વર્ણન કરવું હોય તેનું ન કરતાં તેને લાગુ પડે એવું બીજાનું વર્ણન. જેમકે,

છાયા સુખ પથિકોને,
નથી અગને વિશ્રામસ્થાન કીધું;
અરે તાડ તારા તે તો,
અધિક વધીને શું આ કીધું?

આમાં તાડના વર્ણન ઉપરાંત ઊંચી પદવી મળ્યા છતાં કોઈનું ભલું ન કરનાર પુરુષનું સ્મરણ આપવા વર્ણન કરેલું છે. ૨. સ્ત્રી. કટાક્ષ; અન્યોક્તિ; વક્રોક્તિ. ૩. [સં. અન્ય (બીજું) + ઉક્તિ (કહેવું)] સ્ત્રી. હોય તેથી ઊલટું બોલવું તે; બોલવામાં ફેર પડવો તે.

અન્યોક્તિકથા [સં. અન્ય (બીજું) + ઉક્તિ (કથન) + કથા (વાર્તા)] સ્ત્રી. કલ્પિત વાત; પુરાણ કથા.

અન્યોક્તિકથાસાહિત્ય [સં. અન્ય (બીજું) + ઉક્તિ (કથન) + કથા (વાર્તા) + સાહિત્ય] ન. પુરાણસાહિત્ય.

અન્યોક્તિવિલાસ [સં. અન્યોક્તિ + વિલાસ (આનંદ)] પું. અન્યાપદેશ ન્યાયે કરેલા કથનથી એકને એકને ઉદ્દેશીને બોલવું અને બીજાને સંભળાવવું એવી રીતના કથનથી મળતો આનંદ.

અન્યોત્તરજીવી [સં. અન્ય (બીજું) + ઉત્તર (પાછળનું) + જીવિન્ (જીવવું)] વિ. પછળ જીવવું રહેલું.

અન્યોત્પન્ન [સં. અન્ય (બીજું) + ઉત્પન્ન (ઉત્પન્નેલું)] વિ. બીજાથી પેદા થયેલું; બલિ-આરથી અન્યોત્થું; કલામબ્રહ્મું.

અન્યોદર્ય ૧. [સં. અન્ય (બીજા સ્ત્રી) + ઉદર્ય (પેટમાં બચ્ચાં] પું. ઓરમાન બાઈ. ૨. વિ. ઓરમાનું; સાવકું.

અન્યોદર્યા [સં. અન્ય (બીજા) + ઉદર્યા (પેટમાં બચ્ચાં)] સ્ત્રી. ઓરમાન બેન.

અન્યોયમ [સં. અન્ય (બીજું) + ઉદ્યમ] પું. બીજો ધંધો.

અન્યોયોગ [સં. અન્ય (બીજું) + ઉદ્યોગ] પું. બીજો ધંધો; અન્યોદ્યોગ; જેવા ધંધો.

અન્યોન્ય ૧. [સં. અન્ય (બીજું) + અન્ય (બીજું)] પું. (અલં) એક અર્થાલંકાર; જે વસ્તુ અરસપરસ એક ક્રિયા કરતી હોય એવો અલંકાર; એકબીજાની હોડમાં કે હોડમાં પૂર્તિ કરી આપે તેવો અર્થાલંકાર. જેમકે,

વૃષ્ટિથી જળ હોળે,
જળથી વૃષ્ટિ હોળ ધરી રાજે;
મન મંદથી હોળે,
મન થકી સહી જળ જગી જાજે.

૨. ક્રિ. વિ. પરસ્પર; એકમેક; અરસપરસ.

અન્યોન્યકરણ [સં. અન્યોન્ય (પરસ્પર) + કરણ (કરી)] પું. બે જણ વચ્ચેનો પરસ્પર કરાર.

અન્યોન્યકારણ [સં. અન્યોન્ય (અરસપરસ) + કારણ (મૂળ)] પું. એકબીજાનું મૂળ.

અન્યોન્યતંત્ર [સં. અન્યોન્ય (પરસ્પર) + તંત્ર (આધારવાળું)] વિ. એકબીજા ઉપર આધાર રાખનાર.

અન્યોન્યતંત્રતા [સં. અન્યોન્ય (પરસ્પર) + તંત્રતા (આધાર)] સ્ત્રી. એકબીજા ઉપર આધાર રાખવાપણું.

અન્યોન્યદોહી [સં. અન્યોન્ય (અરસપરસ) + દોહિન્ (દોવું કરનાર)] વિ. એકબીજાની ઓબાઈ કરનાર.

અન્યોન્યનિરપેક્ષ [સં. અન્યોન્ય (પરસ્પર) + નિરપેક્ષ (બેદરકાર)] વિ. એકબીજાની પરવા કરે નહિ એવું.

અન્યોન્યનિષ્ઠ ૧. [સં. અન્યોન્ય (પરસ્પર) + નિષ્ઠ (સ્નેહ)] વિ. અરસપરસ સ્નેહવાળું. ૨. [સં. અન્યોન્ય (એકમેક) + નિષ્ઠા (આધાર)] વિ. એકબીજા પર આધાર રાખનાર.

અન્યોન્યપરાગનયન [સં અન્યોન્ય (પરસ્પર) + પરાગ (રજ) + નયન (લઈ જવાનું કામ)] ન. ફૂલના સ્ત્રીકેસરમુખ ઉપર બીજા ફૂલની રજ સ્થાપવાની ક્રિયા. વનસ્પતિની રજનામાંની વિવિધ યુક્તિથી, આવા પવન કે જીવડાં વારે આ ક્રિયા જુદાજુદા રીતે સધાય છે. નવી કે સુધરેલી વનસ્પતિ ઉપજાવવા માટે કૃત્રિમ રીતે પણ આ ક્રિયા આજકાલ પ્રચલિત છે. એ ક્રિયાનું પરિણામ તે અન્યોન્યફલન.

અન્યોન્યપૂરક [સં. અન્યોન્ય (એકમેક) + પૂરક (પૂરું કરનાર)] વિ. એકબીજાની ખોટ પૂરી પાડનાર.

અન્યોન્યફલન [સં. અન્યોન્ય (પરસ્પર) + ફલન (ફળ આવવાની સ્થિતિ)] ન. ફૂલનાં સ્ત્રીકેસરમુખ પર બીજા ફૂલની રજ પડવાથી ફળ આવવાપણું. જુઓ અન્યોન્યપરાગનયન.

અન્યોન્યવૈર [સં. અન્યોન્ય (અરસપરસ) + વૈર (દુશ્મનાવટ)] પું. દુશ્મનાવટ; વૈર; દુશ્મનાવટ.

અન્યોન્યમિથુન [સં. અન્યોન્ય (એકમેક) + મિથુન (જોડ)] ન. એકતા; એકબીજા સાથે ભળી જવું તે; પરસ્પર મિશ્રણ.

અન્યોન્યવાચક ૧. [સં. અન્યોન્ય (પરસ્પર) + વાચક (દર્શાવનાર)] વિ. 'પરસ્પર' એવું બતાવનાર. ૨. વિ. (વ્યાકરણ) સર્વનામના સાત પ્રકાર પૈકીનો એક.

અન્યોન્યવિલાસ [સં. અન્યોન્ય (અરસપરસ) + વિલાસ] પું. કોઈની કરમિયાનગીરી વગર બાજી પોતે એકબીજાએ કરેલી વારસાની વહેંચણી.

અન્યોન્યવિરોધી [સં. અન્યોન્ય (પરસ્પર) + વિરોધિન્ (દુશ્મન)] પું. એકબીજાનો શત્રુ.

અન્યોન્યવૃત્તિ [સં. અન્યોન્ય (પરસ્પર) + વૃત્તિ (ક્રિયા)] સ્ત્રી. બે વસ્તુની એકબીજા ઉપર થતી અસર.

અન્યોન્યવ્યાવર્તન ન્યાય [સં. અન્યોન્ય (અરસપરસ) + વ્યાવર્તન (એક દૂર કરવાપણું) + ન્યાય] પું. એકબીજાથી વિરુદ્ધ જુદી જુદી વખતે કોઈ બીજામાં હોઈ ન શકે એવો નિયમ.

અન્યોન્યસંબંધ [સં. અન્યોન્ય (અરસપરસ) + સંબંધ (સંબંધ)] પું. બે વસ્તુનો પરસ્પર સંબંધ.

અન્યોન્યસંશ્લિષ્ટ [સં. અન્યોન્ય (અરસપરસ) + સંશ્લિષ્ટ (સંબંધવાળું)] વિ. એકબીજા સાથે સંબંધવાળું; પરસ્પર મેળવાળું; એકબીજા સાથે મિશ્રિત થયેલું.

અન્યોન્યાક્ષેપ ૧. [સં. અન્યોન્ય (પરસ્પર) + આક્ષેપ (આકારવરી રીતે સૂચન)] પું. એકની હાજરી ઉપરથી બીજાની હાજરીનું આકારવરી રીતે સૂચન.

૨. [સં. અન્યોન્ય (પરસ્પર) + આક્ષેપ (આપવાદ)] પું. એકબીજાના ઉપર આપવાદ મૂકવાપણું.

અન્યોન્યાક્ષેપક [સં. અન્યોન્ય (અરસપરસ) + આક્ષેપક (નિંદા કરનાર)] વિ. એકબીજાના ઉપર આક્ષેપ મૂકનાર; એકબીજાને આપવાદ આપનાર.

અન્યોન્યાભ્યાસ [સં. અન્યોન્ય (પરસ્પર) + અભ્યાસ (ખોટું આરોપવું)] પું. ધર્મ અને ધર્મી બન્નેનો એકબીજામાં આરોપ; અરસપરસ કરાતું મિથ્યા આરોપણ.

> એકબીજાનો (મિત્ર અને કરનો) આરોપ એકબીજામાં કરવો તેને અન્યોન્યાભ્યાસ કહે છે. સિદ્ધાંતલેશ

અન્યોન્યાનુગામી [સં. અન્યોન્ય (અરસપરસ) + અનુગામિન્ (પાછળ જનાર)] વિ. વારાફરતું; એકબીજાની પાછળ જનાર.

અન્યોન્યાનુબંધી [સં. અન્યોન્ય (અરસપરસ) + અનુબંધિન્ (સંબંધવાળું)] વિ. પરસ્પર સંબંધવાળું.

અન્યોન્યાપહૃત [સં. અન્યોન્ય (અરસપરસ) + અપહૃત (વર્જ કીધેલું)] વિ. એકબીજા પાસેથી ખૂંચવી લેવાયેલું.

અન્યોન્યાપેક્ષક [સં. અન્યોન્ય (એકમેક) + અપેક્ષા (આદર) + ક (વાળું)] વિ. એકબીજાની જરૂરવાળું.

અન્યોન્યાપેક્ષા [સં. અન્યોન્ય (અરસપરસ) + અપેક્ષા (જરૂર)] સ્ત્રી. એકબીજાની જરૂર.

અન્યોન્યાભાવ [સં. અન્યોન્ય (પરસ્પર) + અભાવ] પું. (ન્યાય) બે વસ્તુના તાદાત્મ્યનો અભાવ; બે વસ્તુની એકતા ન હોવાપણું; તાદાત્મ્યાભાવ. જેમકે, ઘટ પટ નથી. અભાવ ચાર પ્રકારના છે: (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસાભાવ, (૩) અત્યંતાભાવ, અને (૪) અન્યોન્યાભાવ અથવા તાદાત્મ્યાભાવ.

અન્યોન્યાલંકાર [સં. અન્યોન્ય (અરસપરસ) + અલંકાર] પું. (અલં) એક અલંકાર; એકબીજાની હોડામાં કે હોડમાં ચડતિ કરી આપે તેવો અર્થાલંકાર.

અન્યોન્યાશ્રય [સં. અન્યોન્ય (પરસ્પર) + આ + શ્રય (આધાર)] પું. જ્યાં પ્રમાણ પ્રમેયપણાને પામેલું હોય તેના આધારે પ્રમાણ-પ્રમેયપણાના કહેવા પ્રમાણે આ જગત સાત અવિનાશી પદાર્થનું બનેલું છે: ૧. પૃથ્વી, ૨. પાણી, ૩. તેજ, ૪. વાયુ, ૫. સુખ, ૬. દુઃખ અને ૭. જીવ. આ સાત પદાર્થ કોઈએ કરેલા કે કરાવેલા નથી. તેનો મારનાર, મરાવનાર, કહેનાર, બતાવનાર અથવા વર્ણન કરનાર કોઈ નથી. વૈશેષિકના સાત પદાર્થ અને પ્રમેયના આ સાત પદાર્થમાં સંખ્યા સિવાય બીજું કશાયનું નથી.

અન્યોન્યાશ્રય ૧. [સં. અન્યોન્ય (અરસપરસ) + આશ્રય (આધાર)] પું. એકબીજાનો ટેકો; પરસ્પર આધાર.

૨. પું. એક વસ્તુના જ્ઞાનને માટે બીજી વસ્તુના જ્ઞાનપણાની જરૂર; સાપેક્ષતાન. જેમકે, ડાકણને ઓળખવા માટે મરઘીના, ને મરઘીને ઓળખવા માટે ડાકણના જ્ઞાનની અપેક્ષા છે.

૩. પું. (ન્યાય) દલીલનો એક દોષ; સામસામો અર્થસારણાભાવ.

> કોઈ બાબત સાબીત કરવી હોય તો પ્રથમ બાબત સાબતી તેને સાબિત કરીએ અને પછી એ સાબત પણ પ્રતિવાદીને સંમત ન હોય તો એ સાબત પહેલાં બીજી સાબતી સાબીત કરીએ એ અન્યોન્યાશ્રયનો દોષ છે. પ્રમાણમીમાંસાપ્રવેશિકા

૪. વિ. એકબીજા ઉપર આધાર રાખનાર.

અન્યોન્યાશ્રયદોષ ૧. પું. સાપેક્ષતાન. જુઓ અન્યોન્યાશ્રય ૨.

૨. પું. (ન્યાય) સામસામો અર્થસારણાભાવ. જુઓ અન્યોન્યાશ્રય ૩.

અન્યોન્યાશ્રયવાદ [સં. અન્યોન્યાશ્રય (અરસપરસ આધાર) + વાદ (મત)] પું. જીવન માટે એકબીજાની મદદ વગર ચાલે નહિ એવો મત.

અન્યોન્યાશ્રયવાદી [સં. અન્યોન્યાશ્રય (અરસપરસ આધાર) + વાદિન્ (માનનાર)] વિ. જીવનમાં એકબીજાને મદદની જરૂર છે એવા મતવાળું; અન્યોન્યાશ્રયવાદમાં માનનાર.

અન્યોન્યાશ્રયી ૧. [સં. અન્યોન્ય (પરસ્પર) + આશ્રયિન્ (આધાર રાખનાર)] વિ. અરસપરસ આધાર રાખનાર.

૨. વિ. (જ્યોતિષ) એકબીજાના ભુવનમાં રહેનાર. દરેક રાશિનો અધવા બે રાશિ કે ભુવનમાં હોય તેનો સ્વામી અમુક અમુક કહેવાય છે, અને તે રાશિવાળું કે ભુવન તે તે અમુક ભુવન કહેવાય છે અથવા તે ભુવનનો સ્વામી તે અમુક કહેવાય છે. આ રીતે એકબીજાના ભુવનમાં બે ગ્રહ રહ્યા હોય તે અન્યોન્યાશ્રયી કહેવાય. જેમકે, પાંચમી રાશિ કે તે રાશિવાળા ભુવનનો સ્વામી સૂર્ય છે, અને દસમી અગિયારમી રાશિ કે તે રાશિવાળાં ભુવનનો સ્વામી શનિ છે. જો પાંચમી રાશિના ભુવનમાં શનિ પડ્યો હોય અને દસમી કે અગિયારમી રાશિના ભુવનમાં સૂર્ય પડ્યો હોય તો શનિ અને સૂર્ય અન્યોન્યાશ્રયી કહેવાય.

અન્યોન્યાશ્રિત ૧. [સં. અન્યોન્ય (અરસપરસ) + આશ્રિત (આધારવાળું)] વિ. એકબીજા ઉપર આધાર રાખનાર.

૨. વિ. (જ્યોતિષ) એકબીજાના ભુવનમાં રહેનાર. જુઓ અન્યોન્યાશ્રયી ૨.

અન્યોન્યોક્તિ [સં. અન્યોન્ય (પરસ્પર) + ઉક્તિ (કહેવું તે)] સ્ત્રી. વાતચીત; વાર્તાલાપ.

અન્વક્ષ ૧. [સં. અનુ (પાછળ) + અક્ષ (ઇંદ્રિય)] વિ. તરત જ પાછળ આવતું; પછીનું.

૨. વિ. પ્રત્યક્ષ; સાક્ષાત; નજર સામેનું.

૩. ક્રિ. વિ. ઉપરાંત; વિશેષમાં.

૪. ક્રિ. વિ. સામે; નજર આગળ.

અન્વક્ષર [સં. અનુ (પાછળ) + અક્ષર] પું. પાછળ આવનારો અક્ષર; પછીનો અક્ષર.

અન્વક્ષરસંધિ [સં. અનુ (પાછળનું) + અક્ષર + સંધિ (સંયોગ)] સ્ત્રી. (વ્યાકરણ) સ્વર અને વ્યંજનનું જોડાણ.

અન્વગભાનુ પું. (પુરાણ) સોમવંશી પુરુ રાજાના દોષમનો દોષરો અને મિશ્રકેશી નામની અપ્સરાની કૂખે રૌદ્રાશ્વથી જન્મેલા ઋતેષુ, કક્ષેષુ, કૃકણેષુ, રવણેષુ, વનેષુ, જલેષુ, તલેષુ, સ્થલેષુ, ધર્મેષુ અને સન્નતેષુ એ નામના દસ પુત્રમાંથી પહેલો. ઋતેષુનાં અન્વગભાનુ અને અનાધૃષ્ટિ એવાં બીજાં બે નામ હતાં.

અન્વચ ૧. [સં. અનુ (પાછળ) + અચ્ (જવું)] પું. અનુક્રમ.

૨. પું. અનુસરણ; પાછળ જવાની ક્રિયા.

૩. પું. (ન્યાય) એક વસ્તુ હોય ત્યાં બીજી વસ્તુનું નિયમે કરીને હોવાપણું.

> એક હોય એટલે બીજું હોય જ તેને અન્વય કહે છે અને એક ન હોય એટલે બીજું ન જ હોય તેને વ્યતિરેક કહે છે. પ્રમાણમીમાંસાપ્રવેશિકા

૪. પું. કારણ હોય ત્યાં કાર્ય હોવાનો નિયમ; ઉપાદાન કારણતા.

૫. પું. કાર્યકારણનો સંબંધ.
૬. પું. કુળ; વંશ.
૭. પું. (વ્યાકરણ) ક્રિયાપદનો કર્તા તથા કર્મ સાથે અને વિશેષણનો નામ સાથે સંબંધ; વાક્યમાં પદોનો એકબીજા સાથે બેસતો સંબંધ.
૮. પું. જુદી જુદી વસ્તુને સરખા ગુણવાળી હોવાથી એક વર્ગમાં મૂકવાપણું. જેમકે, માણસ, બળદ, કૂતરા વગેરે જાતવા કરવાવાળાને જંગમના વર્ગમાં ગણવા.
૯. પું. તાત્પર્ય; ભાવાર્થ; સારાંશ.
અન્વય બેસાડવો-બાજાવો = અર્થ કરવો.
૧૦. પું. (ન્યાય) પ્રતિજ્ઞા અને અનુમાનનો નિયમપૂર્વક સંબંધ.
૧૧. પું. પ્રત્યક્ષ કેળવણીનું.
૧૨. પું. (વ્યાકરણ) વાક્યરચનાના નિયમ પ્રમાણે પહેલાં કર્તા, પછી કર્મ અને છેલ્લે ક્રિયાપદ એ પ્રમાણે શબ્દો ગોઠવવાની ક્રિયા.
અન્વય કરવો = (૧) અર્થ બેસાડવાને વ્યાકરણના નિયમ પ્રમાણે વાક્ય ગોઠવવું. (૨) પદને સ્થાને ગોઠવવું. (૩) બાબતોનું કારણ; તરજૂમો કરવો.
૧૩. પું. વૃત્તિ; ખનનું વલણ.
૧૪. પું. સમવય; અનુકૂળતા.
૧૫. પું. સંતતિ; બાળબચ્ચાં; સંતાન; ઓલાદ.
૧૬. પું. સંબંધ.
૧૭. વિ. અનુસરેલ.
૧૮. વિ. સીધું; સરલ.

અન્વયક્રિયા [સં. અન્વય (વંશ) + ક્રિયા] સ્ત્રી. કામ કરવાની સીધી રીત; 'ડિરેક્ટ મેથડ'.

અન્વયજ્ઞ [સં. અન્વય (વંશ) + જ્ઞ (જાણનાર)] પું. વહીવંચો; વંશ-ચેહરાનો જાણનારો.

અન્વયજ્ઞાન [સં. અન્વય (પ્રમાણ હોવાપણું) + જ્ઞાન] ન. (વેદાંત) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં તેના સાક્ષી તરીકે અનુભવ તુરીય આત્માનું જ્ઞાન. સુષુપ્તિ એટલે ગાઢ નિદ્રામાં પણ જ્ઞાનમાત્રના સાક્ષ શરીરનું જે ભાન નહિ પણ છતાં આત્માનું જાણું જ્ઞાન.

અન્વયદર્શક [સં. અન્વય (સંબંધ) + દર્શક (બતાવનાર)] વિ. સંબંધ બતાવનારું.

અન્વયદર્શકાવ્યય [સં. અન્વય (સંબંધ) + દર્શક (બતાવનાર) + અવ્યય] પું. સંબંધ બતાવનારો અવ્યય: 'પ્રેપઝિશન'.

અન્વયપદ્ધતિ [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. (ન્યાય) અન્વેષણની એક પદ્ધતિ. અમુક અર્થ જ્યાં-જ્યાં હોય તે સઘળા દાખલામાં એક જ બીજો સર્વસાધારણ અર્થ ઘણી આવતો હોય તો તે બે અર્થ પકડી કરીને કાર્યકારણ બતાવ કાર્યકારણ સંબંધવાળા સઘળામાં જાવે છે. જેમકે, જે જે ઘરમાં, જે જે શહેરમાં પ્લેગ ચાલે છે તેમાં પહેલાં ઉંદરો મરવા માંડે છે. આ પદ્ધતિથી કહી શકાય કે ઉંદરો મરવા અને પ્લેગ ચાલવા વચ્ચે કાર્ય-કારણનો સીધો સંબંધ છે, પણ ઉંદરો મરવા પોતે પ્લેગનું કારણ છે એમ ન કહી શકાય. કારણ કે આ અને બનાવો કોઈ એક જ કારણની સંયુક્ત અસર હોઈ શકે.

અન્વયપ્રતિજ્ઞા [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + પ્રતિજ્ઞા (પંચાવયવ વાક્યનું પહેલું)] સ્ત્રી. (ન્યાય) સિદ્ધાંત; પ્રમેય.

અન્વયબધિર પું. (કર્મ) શબ્દનો મુખ્ય અર્થ લેવાથી ચૂકી હોય. જેમકે, 'મંત્ર ઉપર ભાષ્યકારનું ભૂંડું' જેમાં મંત્ર શબ્દનો મુખ્ય અર્થ પાણીનો પ્રવાહ કાઢી શકાતો નથી, કેમકે પાણીના પ્રવાહમાં ભૂંડું હોઈ શકે નહિ.
મુખ્ય અર્થનો બાધ થાય ત્યારે તેની સાથે સંબંધ ધરાવનાર બીજો અર્થ જે લાક્ષ્ય થાય છે. અને જે કોઈ પણ કારણે કંઈ પ્રયોજન હોવું જોઈએ તે લાક્ષ્ય અર્થ અને બે શબ્દશક્તિ લક્ષણા કહેવાય છે. બે રીતે થઈ શકે છે: અન્વયબધિર કે તાત્પર્યબધિર.
કાવ્ય-સાહિત્ય મીમાંસા

અન્વયબોધ [સં. અન્વય (અનુસરવું) + બોધ (જ્ઞાન)] પું. શબ્દજ્ઞાનથી ઉત્પન્ન થનાર જ્ઞાનબોધરૂપ જોડ બનાવે અનુભવ.

અન્વયમાન [સં. અન્વય (રસ) + માન (માપ)] ન. સીધું માપ; 'ડિરેક્ટ મેઝર'.

અન્વયયુક્ત ૧. [સં. અન્વય (અનુક્રમ) + યુક્ત (સહિત)] વિ. અનુક્રમવાળું; એક પછી એક એમ ક્રમવાળું.
૨. [સં. અન્વય (અર્થ) + યુક્ત (વાળું)] વિ. આકાંક્ષાવાળું; તાત્પર્યવાળું.

અન્વયવ્યતિરેક [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + વ્યતિરેક (અભાવ)] પું. (ન્યાય) અમુક એક વસ્તુ હોય ત્યાં બીજી વસ્તુ હોવાનો અને ન હોય તો ન હોવાનો સંબંધ કે નિયમ. જેમકે, જ્યાં ઊના પાણીના ઝરા હોય ત્યાં પાણીમાં ગંધકનો મોટો અંશ હોય, અને જ્યાં ઊના પાણીના ઝરા ન હોય ત્યાં પાણીમાં ગંધક ન હોય. આ ઉપરથી સાબિત થાય કે ઝરાનું પાણી ઊનું રહેવાનું કારણ ગંધક છે.

અન્વયવ્યતિરેકપદ્ધતિ [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + વ્યતિરેક (અભાવ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. (ન્યાય) એક અન્વેષણપદ્ધતિ. અમુક અર્થ જ્યાં-જ્યાં હોય તે સઘળા દાખલામાં એક જ બીજો સર્વસાધારણ અર્થ બની આવતો હોય, અને જે અમુક અર્થ જ્યાં-જ્યાં ન હોય તે સઘળા દાખલામાં એક જ સર્વસાધારણ અર્થનો અભાવ પણ સર્વસાધારણ હોય તો એ સાધારણ અર્થ તે અર્થનું કાર્ય અથવા કારણનું જરૂરનું અંગ સમજવું. વળી આ નિયમ બરાબર ઘટાવો હોય તો આ પદ્ધતિથી જે કોઈ અર્થ બીજાનું કારણ બતાવાય તે તેનું અન્વય કારણ સમજવું. જેમકે, અમુક ક્રમમાં અમુક માણસોને વાળા નીકળે છે. તપાસ કરતાં બધાં માણસો એકસરખી રીતે રહેતાં, ખાતાં, પીતાં માલમ પડે છે. તેમનામાં માત્ર એક જ ફરક છે કે વાળા નીકળનારાં માણસો અમુક વાવનું પાણી પીએ છે, અને ન નીકળનારાં તે વાવનું પાણી પીતાં નથી. એટલે શંકા વગર સાબિત થયું કે એ વાવના પાણીમાં જ વાળનું કારણ છે.

અન્વયવ્યતિરેકી [સં. અન્વયવ્યતિરેકિન્ (અન્વય તથા વ્યતિરેકવાળું)] વિ. (ન્યાય) અન્વયવ્યાપ્તિ તેમ જ વ્યતિરેકવ્યાપ્તિ બતાવેવાળું.
જે હેતુ જેવો હોય કે તેને અન્વય અને વ્યતિરેક બન્ને વ્યાપ્તિ લાગુ પડે તેને અન્વયવ્યતિરેકી હેતુ કહે છે. ન્યાયસાર

અન્વયવ્યતિરેકી અનુમાન [સં. અન્વયવ્યતિરેકિન્ (અન્વય અને વ્યતિરેકવાળું) + અનુમાન (જ્ઞાન)] ન. (ન્યાય) હેતુ અને સાધ્યની અન્વયવ્યાપ્તિ તથા વ્યતિરેકવ્યાપ્તિથી સિદ્ધ થતું અનુમાન; સાધ્ય અને હેતુનો, તથ્ય તે બન્નેના અભાવનું બીજા બનાવો સાથે હોવાપણું કેળવાતું હોય તે અનુમાન.
પર્વત અગ્નિવાળો છે, ધૂમાડાવાળો હોવાથી'. આ અનુમાનમાં અગ્નિરૂપ સાધ્યનો તથા ધૂમરૂપ હેતુનો દરેકમાં સદ્ભાવ જોવામાં આવે છે. અને પાણીના દરામાં તે બન્નેનો અભાવ જોવામાં આવે છે, માટે આ અન્વયવ્યતિરેકી અનુમાન છે. જોડાક્ષર વાદ

અન્વયવ્યતિરેકી હિંસા [સં. અન્વયવ્યતિરેકિન્ (અન્વયવ્યાપ્તિ તથા વ્યતિરેકવ્યાપ્તિવાળું) + હિંસા (ખૂન)] સ્ત્રી. (ન્યાય) સાધ્યની અન્વયવ્યાપ્તિવાળું તથા વ્યતિરેકવ્યાપ્તિવાળું ખૂન; જે વસ્તુ સાબિત કરવાની સાધ્ય છે, તેની અન્વય-જોડના હોવાથી બીજાનું હોવું-ન હોવાપણું, તેમ જ તેની વ્યતિરેક-જોડ

ન હોય ત્યાં બીજાનું ન હોવું જો વ્યાપિવાળું જે સિદ્ધ તે. જેમકે, ધુમાડાના સિદ્ધથી અગ્નિનું અનુમાન થાય છે, કેમકે ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, જો ધુમાડાની અન્વયવ્યાપ્તિ છે; તેમ જ અગ્નિ ન હોય ત્યાં ધુમાડો ન હોય, જો ધુમાડાની વ્યતિરેકવ્યાપ્તિ છે; એટલે ધુમાડારૂપ સિદ્ધ અગ્નિનું અન્વયવ્યતિરેકી લિંગ છે.

ધુમાડાને લઈ પર્વત અગ્નિવાળો છે. આ પ્રસિદ્ધ અનુમાનમાં પ્રત્યક્ષ લિંગ અગ્નિરૂપ સાધ્યની અન્વયવ્યાપ્તિવાળું છે, તથા વ્યતિરેકવ્યાપ્તિવાળું છે, માટે તે અન્વયવ્યતિરેકી લિંગ કહેવાય છે. ભોગીલાલ વકીલ

અન્વયવ્યભિચાર [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + વ્યભિચાર (ખોટો નહિ હોવાપણું)] પું. (ન્યાય) કારણ હોવા છતાં કાર્યની ઉત્પત્તિ ન થવાપણું. જેમકે, કાતળી વગેરે મંથમાં મંગળ એટલે મંગળાચરણ કર્યા છતાં ગ્રંથ પૂરો થયો નથી, માટે અન્વયવ્યભિચાર છે, એટલે કે મંગળ એ અન્વયવ્યભિચારી કારણ છે.

અન્વયવ્યભિચારી [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + વ્યભિચાર (ખોટો ન હોવાપણું) + ઇન્ (વાળું)] વિ. કારણ હોવા છતાં કાર્યની ઉત્પત્તિ ન થાય એવું.

અન્વયવ્યાપ્તિ [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + વ્યાપ્તિ (સંબંધ)] સ્ત્રી. (ન્યાય) સાધન હોય ત્યાં સાધ્ય હોય એ સંબંધ; જેમ હોય ત્યાં બીજું હોય જ એવો સંબંધ.

અન્વયશૂન્ય ૧. [સં. અન્વય (સાતત્ય) + શૂન્ય (રહિત)] વિ. આવાર્ય વિનાનું; તાત્પર્ય વગરનું; અર્થ રહિત.

૨. [સં. અન્વય (વંશ) + શૂન્ય (વિનાનું)] વિ. વંશ રહિત; સંતતિ વગરનું.

૩. [સં. અન્વય (સંબંધ) + શૂન્ય (વગરનું)] વિ. સંબંધ વિનાનું.

અન્વયસહકાર [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + સહકાર (સાથે હોવાપણું)] પું. (ન્યાય) કારણ હોય તો કાર્ય થાય એવો નિયમ; કાર્યકારણનું હંમેશાં સાથે હોવાપણું. જેમકે, માટી, કુંભાર, દંડ, ચાકડો વગેરે કારણ હોય તો ઘડો બને; માટે તે માટી વગેરે કારણ અન્વયસહકારવાળાં કહેવાય છે.

અન્વયસિદ્ધ ૧. [સં. અન્વય (અર્થ) + સિદ્ધ (સાબિત)] વિ. અર્થ ઉપરથી સાબિત થતું.

૨. [સં. અન્વય (સંબંધ) + સિદ્ધ (સાબિત)] વિ. સંબંધ ઉપરથી સિદ્ધ થતું.

અન્વયાગત [સં. અન્વય (વંશ) + આગત (આવેલું)] વિ. વંશપરંપરાથી ઊતરી આવેલું.

અન્વયાધાર ૧. વિ. (આકરણ) પ્રસન્ન રહિત; ઓછપવરી; કમાનુમારી.

૨. [સં. અન્વય (વાક્યરચના) + આધાર] વિ. વાક્યરચના સંબંધી; શબ્દોચ્ચાર વિશેનું.

અન્વયાંતર ૧. [સં. અન્વય (સંબંધ) + અંતર (બીજું)] વ. અન્ય સંબંધ.

૨. [સં. અન્વય (રસ) + અંતર (અંતરવાળું)] વ. નિખાલસ દિલ; શુદ્ધ હૃદય; કપટ વગરનું મન.

૩. [સં. અન્વય (વંશ) + અંતર (બહું)] વ. બીજો વંશ.

૪. [સં. અન્વય (સીધું) + અંતર (છેડું)] વ. (અધિક) સીધું અંતર; 'ડિરેક્ટ ડિસ્ટન્સ'.

અન્વયી ૧. [સં. અન્વય (કાર્યકારણનો સંબંધ) + ઇન્ (વાળું)] વિ. (ન્યાય) અન્વયવ્યભિચારવાળું.

૨. [સં. અન્વય (વંશ) + ઇન્ (વાળું)] વિ. એક જ વંશનું; એક કુટુંબનું.

૩. [સં. અનુ (પાછળ) + ઇ (જવું)] વિ. પાછળ આવેલું; અનુસરેલું.

૪. [સં. અન્વય (સંબંધ) + ઇન્ (વાળું)] વિ. સંબંધવાળું; સંબંધ રાખનાર.

અન્વયે [સં. અનુ (પાછળ) + ઇ (જવું)] વ. પ્રમાણે; કમે.

અન્વર ૧. [હિં.] પું. ઓળખીને બંદૂકમાં ભરેલવાની પૂરણીવાળી વીંટી; અનુપ.

૨. [અ. નૂર (તેજ)નું બોલચાલીનું રૂપ] વિ. વધુ તેજસ્વી.

અન્વર્થ ૧. [સં. અનુ (પ્રમાણે) + અર્થ] વિ. નામ પ્રમાણે ગુણવાળું.

૨. વિ. બંધબેસતા અર્થવાળું; યથાર્થ.

અન્વર્થક જુઓ અન્વર્થ.

અન્વર્થસંજ્ઞા [સં. અનુ (પ્રમાણે) + અર્થ + સંજ્ઞા (કહેવાપણું)] વ. શબ્દનો અર્થ મૂળ અર્થ પ્રમાણે અથવા અક્ષરેઅક્ષર લેવાપણું.

અન્વર્થતા ૧. [સં. અનુ (પ્રમાણે) + અર્થ + તા (પણું)] સ્ત્રી. નામ પ્રમાણે ગુણવાળું હોવાપણું.

૨. [સં. અન્વર્થ (બંધબેસતો અર્થ હોય એવું) + તા (પણું)] સ્ત્રી. બંધબેસતો અર્થ હોવાપણું.

અન્વર્થસંજ્ઞા ૧. [સં. અન્વર્થ (યથાર્થ) + સંજ્ઞા (નામ)] સ્ત્રી. અર્થનું સીધી રીતે જ્ઞાન કરાવે એવો શબ્દ.

૨. સ્ત્રી. સ્પષ્ટ અર્થવાળું વિશેષનામ.

અન્વવસર [સં. અનુ (પ્રમાણે) + અવસર (પ્રસંગ)] વ. અવસર પ્રમાણે; યથા સમયે.

અન્વવસર્ગ ૧. [સં. અનુ (પાછળ) + અવસર્જ (છોડી દેવું)] પું. છોડી મૂકવાપણું; છૂટું કરવાની ક્રિયા.

૨. [સં. અનુ (પ્રમાણે) + અવસર્ગ (બરાબર પ્રમાણે વર્તન)] પું. બરાબર પ્રમાણે વર્તન; રજેરજ્જર.

૩. પું. બરાબર આવે તે પ્રમાણે કરવાની છૂટ.

અન્વવાય [સં. અનુ (પાછળ) + અવ (નીચે) + અય્ (જવું)] પું. વંશ; કુળ.

અન્વષ્ટકા ૧. [સં. અનુ (પાછળ) + અષ્ટકા (આઠમ)] સ્ત્રી. પોષ, માહ અને ફાગણ માસની વદ નોમ.

૨. [હિં.] સ્ત્રી. પોષ, માહ અને ફાગણ માસની વદ નોમને દિવસે કરવામાં આવતું માતૃશ્રાદ્ધ.

અન્વષ્ટાકા [સં. અન્વષ્ટકા] વ. પોષ, માહ અને ફાગણ માસની વદ નોમને દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ કે બીજી કોઈ ક્રિયા.

અન્વસ્ત ૧. પું. (ગણિત) સમોત્સાર; પરવલય; 'પૅરેબોલા'. જે વક્રના દરેક બિંદુનું બિંદુ આપેલા બિંદુથી અંતર, અને તે બિંદુનું બિંદુ આપેલી નિયતરેખાથી અંતર, જો બંને સરખાં હોય એવો વક્ર અન્વસ્ત કહેવાય.

૨. વિ. બોલીનીચે સાથે બૂંથેલું.

૩. વિ. મિશ્રવિચ્છિન્ન.

૪. [સં. અનુ (પાછળ) + અસ્ત (ફેંકવું)] વિ. પાછળ ફેંકેલું.

અન્વસ્તીય અવકાશ પું. (ગણિત) અન્વસ્તના અક્ષને લંબરૂપ હોય એવી તેની છાયા અને તે અન્વસ્ત એ બે વચ્ચેનો અવકાશ.

અન્વસ્તીય ક્ષેત્ર વ. (ગણિત) બિંદુ પ્રકારનું ક્ષેત્ર. આ કોટિમાં વર્તુળ સાથે જે પ્રકારનો સંબંધ છે તે પ્રકારનો સંબંધ અન્વસ્ત સાથે હોય તે ક્ષેત્ર અન્વસ્તીય ક્ષેત્ર કહેવાય છે.

અન્વસ્તીયસંકલ્પના સ્ત્રી. (ગણિત) અન્વસ્ત તેના અક્ષની અસરથી બરાબર અડધે અડધે કરવાથી મળી પણ આકૃતિ.

અન્વહ [સં. અનુ (રોજ) + અહન્ (દિવસ)] વ. દરરોજ; પ્રતિદિન.

અન્વાકાંક્ષ ૧. પું. ઊતરતા દરજ્જાની વસ્તુ; મુખ્ય નહિ એવી ચીજ.

૨. [સં. અનુ (સાથે) + અગ્નિ (બીજું ઠરું)] પું. મુખ્ય કામ કરવાની સાથે કોઈ બીજું કામ પણ કરવાની આદત; એક પંથ કે કામની આદત. જેમકે, લિખવા જેવા માટે બનાવે અને બે રસ્તામાં આમ મળે તો તેને પણ હાંકતા આવો.

અન્વાદર્શી ૧. પું. કલ્પના; ખ્યાલ; ધારણા.
૨. [સં. અનુ (પાછળ) + આદર્શ (નમૂનો)] પું. પાછળથી બનેલો વિચાર.

અન્વાદેશ ૧. [સં. અનુ (પાછળ) + આદેશ (હુકમ)] પું. એક કામ કર્યા પછી તેને બીજું કામ કરવાનો હુકમ. જેમકે, આ બાકરણ ભણ્યો છે, હવે એને સાહિત્ય ભણાવો.
૨. [સં. અનુ (પછી) + આદેશ (કથન)] પું. એકને એક શબ્દનું વાક્યના પાછળ ભાગમાં પુનઃકથન.

અન્વાધાન [સં. અનુ (પાછળ) + આધાન (મૂકવું તે)] ન. અગ્નિની સ્થાપના કર્યા પછી તે સાચવી રાખવા તેમાં બળતણ નાખવાની ક્રિયા.

અન્વાધિ ૧. [સં. અનુ (પાછળ) + આધિ (બાની પીડા)] પું. બીજું કામ કર્યા પછી થતી ચિંતા; ખ્યાલાપ; ફિકરીરી.
૨. પું. કોઈ પોતાના કામ માટે બીજા માણસ પાસે તેને તે બાબની જોવી કરતે લઈ આવેલી વસ્તુ; ઉછીની લીધેલી વસ્તુ.
૩. પું. બહા બધીને પાછી સોંપવા માટે બીજા માણસને આપેલી બાબત.

અન્વાધેય [સં. અનુ (પાછળ) + આધેય (આપવાનું)] ન. બીજે દિવસ બલવા સારા તરફથી પરવણ પછી મળેલી મિલકત; ઉપરિત.

અન્વાપ્ય [સં.] પું. કેનો એક વર્ગ.

અન્વાયતન [સં.] વિ. અણાંસરતમાં આવેલું.

અન્વાર [અ. વર (તેજ) નું બહુવચન] પું. ન. ૧. પ્રકાશ; તેજ.

અન્વારબ્ધ ૧. [સં. અનુ (પાછળ) + આરબ્ધ (શરૂ કરેલું)] વિ. પાછળ આરંભેલું; અનુસરેલું.
૨. વિ. શરીર ઉપર ચોપડેલું.
૩. [સં. અન્વારબ્ધ (અડકેલું)] વિ. શરીરના કોઈ ભાગ કે પીડાને અડકેલું.

અન્વારંભ [સં. અન્વારબ્ધ (અડકેલું)] પું. બળાનને ધર્મક્રિયાના પુરુષાર્થનો અધિકારી બનાવવા તેને આપવાની ક્રિયા.

અન્વારોહણ ૧. ન. પતિના શબ સાથે કે તેની પાછળ બળી મરવાનું.
૨. [સં. અનુ (પાછળ) + આરોહણ (ચડવું તે)] ન. પાછળ ચડવું તે.

અન્વાલોચન [સં. અનુ + આલોચન (વિચાર)] પું. અનુમોદન.

અન્વાલોપ પું. (અર્થિત) કોઈ બાતનો વાક; અમુક નિયમ પ્રમાણે ફરતી સુરેખાથી ઊપજતો વાક, જેમાં સુરેખા એ વાકને સ્પર્શક બને છે.

અન્વાવર્તન ૧. ન. ફરજ્યાત; ઉદ્યોગસ્થાન.
૨. [સં. અનુ (પછી) + આવૃત્ત (ફેરવેલું)] ન. કોઈના જેવા પછી જેવું તે બાતનો વિવેક.
૩. ન. ફરત લાવે તેવી મુદ્રામાં નાખવાની પિચકારી.
૪. ન. ફિકમીરી; પસ્તાવો; ખેદ.
૫. ન. પૂજા; સેવા; ઉપાસના.
૬. ન. વિદ્યાર્થીનું રહેઠાણ; શિષ્યોનું ઘર.

અન્વાસિત ૧. [સં. અનુ (પાછળથી) + આસિત (બેસાડેલું)] વિ. પાછળથી બેસાડવામાં આવેલું.
૨. વિ. સેવેલું; આરાધિત.

અન્વાહાર્ય ૧. પું. અતિથિને આપવાની થાની દક્ષિણા.
૨. પું. દર્ભાધાનનો અગ્નિ; અગ્નાધાને દિવસે કરવામાં આવતા બાહનો અગ્નિ.
ચર્યાપ્રા, અન્વાહાર્ય અને આહવનીય એ ત્રણે હોમ. આ અને મુખ રાખે રાખવાના અનુક્રમ
૩. [સં. અનુ (દરો) + આહૃ (આહુતિ આપવી)] પું. પિતૃ માટે અગ્નાધાને દિવસે કરવામાં આવતું માસિક બાહ; દર્ભાધાન; કાલાવન મુનિએ કહેલ નાંદીમુખ બાહ.

અન્વાહિત ૧. [સં. અનુ (પાછળથી) + આહિત (મૂકેલું)] વિ. એકની પાસેથી લઈને બીજા પાસે બનાવટ મોકલું.

અન્વિત ૧. [સં. અનુ (સાથે) + ઇ (જવું) + ત (કૃદન્તનો પ્રત્યય)] વિ. વાળું; સહિત. જેમકે, કર્મસન્વિત; ક્રોધાન્વિત.
૨. વિ. બાકરણના સંબંધવાળું.
૩. વિ. સપાયેલ; પકડાયેલું; બ્રસ્ત.
૪. વિ. સમજાઈ ચૂકેલું; મનમાં બરી બેસેલું.
૫. વિ. સંયુક્ત; જોડાયેલું.

અન્વિતાભિધાન પું. મીમાંસકોનો એક વાદ. જુઓ અન્વિતાભિધાનવાદ.

અન્વિતાભિધાનવાદ [સં. અન્વિત (સંબંધવાળું) + અભિધાન (શબ્દ) + વાદ (મત)] પું. પદોનો અર્થ સામાન્ય નહિ પણ વિશિષ્ટ બાબતો પરસ્પર જોડાયેલો છે એવો મત; વાકયના અર્થ તેના શબ્દો સ્વતંત્ર રીતે બતાવે સામાન્ય રીતે નહિ, પરંતુ તેમના પરસ્પર સંબંધથી બતાવે છે એવો પ્રાભાકર મીમાંસકોનો મત. જેમકે, 'ઘટ લાવો' એ વાકયમાં 'ઘટ' એટલે માત્ર ઘડો નહિ, પણ લાવો ક્રિયાપદથી બતાવવાની ક્રિયા સાથે સંબંધ ધરાવતો ઘડો એવો અર્થ થાય છે.

અન્વિતાભિધાનવાદી [સં. અન્વિતાભિધાન (એક વાદ) + વાદિન્ (મતનો બાનનાર)] વિ. અન્વિતાભિધાનવાદમાં બાનનાર.
પ્રાભાકરો એટલે પ્રભાકર કે મુરુના અનુબાયીઓ. આ પ્રભાકરે પદોનો અર્થ સામાન્ય નહીં, પણ વિશિષ્ટ છે; અર્થાત્ પરસ્પર અન્વિત કોયેલો છે. પદકર્તિની જે અન્વયની જોડ થાય છે; તેને જ બાકરણ, મીમાંસા કે સંનિધિની જરૂર નથી. આ મતને અનુસરે પદો સામાન્ય અર્થના વાચક નથી પણ અન્વિત અર્થનું અભિધાન કરે છે. અને પદોનો જેવો જે અન્વિત અર્થ તે જ વાકયાર્થ છે. આ સિદ્ધાન્તી આ કારણથી અન્વિતાભિધાનવાદી કહેવાય છે.
જુઓ બાકરણ

અન્વિતાર્થ ૧. [સં. અન્વિત (સંબંધેલું) + અર્થ] પું. બાકરણપાઠના સંબંધથી સહેજે સમજા બાબ જેવો અર્થ; અન્વય ઉપરથી તરત સમજાય જેવો અર્થ.
૨. વિ. બાકરણપાઠના સંબંધ પરથી સહેલાઈથી સમજાય જેવા અર્થવાળું.

અન્વિષ્ટ ૧. [સં. અન્વિષ્ (શોધવું)] વિ. જોવી શોધ કરવામાં બાવી હોય તેવું.
૨. વિ. તપાસ કરેલું.
૩. [સં. અનુ + ઇષ્ટ (ઇચ્છેલું)] વિ. વાંછિત; જોવી ઇચ્છા કરવામાં બાવી હોય તેવું.

અન્વીક્ષણ ૧. [સં. અનુ (પાછળ) + ઈક્ષ (જોવું તે)] સ્ત્રી. અવલોકન.
૨. [સં. અન્વીક્ષ્ (વિચાર કરવો)] સ્ત્રી. વિચાર.
૩. સ્ત્રી. જોવાબનના અર્થનો કરવામાં આવતો વિચાર.
૪. સ્ત્રી. શોધ; ખોળ.

અન્વીત ૧. [સં. અનુ (સાથે) + ઇત (ગયેલું)] વિ. વાળું; સહિત.
૨. વિ. બાકરણના સંબંધવાળું.

અપકર્તા

૩. વિ. સપડાયેલું; ફસ્યું.
૪. વિ. સમજાઈ ગયું હોય એવું.
૫. વિ. સંયુક્ત.

અન્વીતાર્થ ૧. [સં. અન્વીત (સમજાયેલું) + અર્થ] પું. અન્વય ઉપરથી તરત સમજાય એવો અર્થ.
૨. વિ. આકાંક્ષાપાલનના સંબંધ પરથી સહેલાઈથી સમજાય એવા અર્થવાળું.

અન્વેશ જુઓ અન્વેષ.

અન્વેષ જુઓ અન્વેષ.

અન્વેષક ૧. [સં. અન્વિષ્ (તપાસવું)] વ. હિસાબ તપાસનાર માણસ.
૨. વિ. તપાસ કરનાર; પૂછપરછ કરનાર.
૩. વિ. શોધ કરનાર.

અન્વેષણ ૧. [સં. અન્વિષ્ (શોધવું)] વ. જિજ્ઞાસા; જાણવાની ઇચ્છા.
૨. [સં. અન્વિષ્ (તપાસ કરવી)] વ. પૂછ-પૂછ; પૂછપરછ; તપાસ; ચોકસી.
૩. [સં. અન્વિષ્ (મેળવવા ચાહ કરવો)] વ. પ્રવૃત્તિ; કોઈ પણ મેળવવા કરાતો યત્ન.
૪. વ. શોધ; સંશોધન.
૫. વ. સંધાન.

અન્વેષણકાર ૧. [સં. અન્વેષણ (શોધન) + કાર (કરનાર)] વિ. જિજ્ઞાસુ; જાણવાની ઇચ્છાવાળું.
૨. વિ. તપાસ કરનાર; પૂછપરછ કરનાર.
૩. [સં. અન્વેષણ (યત્ન) + કાર (કરનાર)] વિ. યત્ન કરનાર.
૪. [સં. અન્વેષણ (સંશોધન) + કાર (કરનાર)] વિ. શોધખોળ કરનાર.

અન્વેષણપ્રતિનપત્રિકા [સં. અન્વેષણ (તપાસ) + દિન (દિવસ) + પત્રિકા (કાગળ)] સ્ત્રી. તપાસની રોજનીશી; કંમેશાં કરેલ તપાસની નોંધપોથી.

અન્વેષણપદ્ધતિ [સં. અન્વેષણ (તપાસ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. (ન્યાય) તપાસ કરવાની રીત. તે પંચ પ્રકારની છે: (૧) અન્વયપદ્ધતિ, (૨) વ્યતિરેકપદ્ધતિ, (૩) સવિકારપદ્ધતિ, (૪) અન્વયવ્યતિરેકપદ્ધતિ અને (૫) શેષપદ્ધતિ.

અન્વેષણવૃત્તિ [સં. અન્વેષણ (યત્ન) + વૃત્તિ (સ્વભાવ)] સ્ત્રી. કોઈ પણ ચીજ મેળવવા પ્રયાસ કરવાનો સ્વભાવ.
૨. [સં. અન્વેષણ (શોધન) + વૃત્તિ (વિચાર)] સ્ત્રી. જિજ્ઞાસા.
૩. [સં. અન્વેષણ (પૂછપરછ) + વૃત્તિ (સ્વભાવ)] સ્ત્રી. પૂછપરછ કરવાની ટેવ.
૪. [સં. અન્વેષણ (શોધ) + વૃત્તિ (વસ્તુ)] સ્ત્રી. શોધખોળ કરવાની આદત.

અન્વેષણા ૧. [સં. અન્વિષ્ (શોધવું)] સ્ત્રી. જિજ્ઞાસા; જાણવાની ઇચ્છા.
૨. [સં. અન્વિષ્ (તપાસ કરવી)] સ્ત્રી. તપાસ; પડપૂછ.
૩. સ્ત્રી. પ્રવૃત્તિ.
૪. સ્ત્રી. શોધ; ખોળ.

અન્વેષણપ્રજ્ઞા [સં. અન્વેષણ (તપાસ) + પ્રજ્ઞા (ડહાપણ)] સ્ત્રી. તપાસીને ઘૂસણ; તપાસ કરવાનું કરામત.

અન્વેષણશીલ ૧. [સં. અન્વિષ્ (તપાસ કરવી) + શીલ (વિષયે કંઈનો પ્રકાર)] વિ. તપાસ કરવા જેવું.
૨. [સં. અન્વિષ્ (શોધવું) + શીલ (વિષયે કંઈનો પ્રકાર)] વિ. શોધ કરવા લાયક.

અન્વેષિત ૧. [સં. અન્વિષ્ (શોધવું)] વિ. તપાસ કરાયેલું.
૨. વિ. શોધાયેલું.

અન્વેષી ૧. [સં. અન્વિષ્ (તપાસ કરવી)] વ. હિસાબ તપાસનાર માણસ.
૨. વિ. તપાસ કરનાર.
૩. વિ. શોધખોળ કરનાર.

અન્વેષ્ટવ્ય [સં. અન્વિષ્ (તપાસ કરવી) + તવ્ય (વિષયે કંઈનો પ્રકાર)] વિ. અન્વેષણીય.

અન્વેષ્ટા ૧. [સં. અન્વિષ્ (તપાસ કરવી) + તૃ (કર્તૃવાચક પ્રકાર)] પું. ચોકસી કરનાર અમલદાર.
૨. [સં. અન્વિષ્ (શોધ કરવી)] પું. ઘણા, ગમે તે માલ શોધી આપે છે.
૩. પું. હિસાબ તપાસનાર પુરુષ.
૪. વિ. પું. તપાસ કરનાર.

અન્સાર ૧. [અ. નસર (તેણે મદદ કરી) નું બહુવચન] વ. ઇ. સ. મહીનત કરી વખતે પેગંબર સાહેબને મદદ કરનાર માણસો.
૨. વિ. આપણા આપનાર; મદદ કરનાર.

અન્સુ પું. (પુરુષ) એ નામનો એક વસુ.

અન્હાર [અ. નહેર (નીક)નું બહુવચન] સ્ત્રી. ઇ. સ. સરોવર કે નદીમાંથી ખોદેલા મોટા કાંસ.

અન્હોમુક્ વાગ્વેધ્ય પું. સામવેદનો એક ઋષિ.

અપ ૧. [સં. અપ્] વ. પાણી; જળ.
૨. વ. અપમાન, નકારાત્મક, ખોટાપણું બતાવનાર ઉપસર્ગ. જેમકે, અપભૂત; અપમુખ.
૩. વ. આનંદ જેવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અપહાસ.
૪. વ. ઊતરતાપણું બતાવનાર ઉપસર્ગ. જેમકે, [redacted]
૫. વ. નાશ, ખોવું જેવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અપજય; અપવાદ.
૬. વ. નિર્દેશન, એટલે સામેલો બતાવનાર ઉપસર્ગ. જેમકે, અપદેશ.
૭. વ. નીચે, અધો જેવો અર્થ દેખાડનાર ઉપસર્ગ. જેમકે, અપાર્ય; અપહાર.
૮. વ. બાધ દર્શાવનાર ઉપસર્ગ. જેમકે, અપવાદ.
૯. વ. ભિન્નતા બતાવનાર ઉપસર્ગ.
૧૦. વ. વર્જન અથવા લાગ બતાવનાર ઉપસર્ગ. જેમકે, અપસાર; અપકૃતિ.
૧૧. વ. વિકાર, વિકૃતિ બતાવતો ઉપસર્ગ. જેમકે, અપંગ.
૧૨. વ. વિશેષ, દૂરતા જેવો અર્થનો ઉપસર્ગ. જેમકે, અપગમન; અપહરણ.
૧૩. વ. વિરોધ, વિપરીતતા, ઊલટાપણું જેવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અપમાન; અપયશ.

અપઅપના [હિં.] વ. પોતપોતાનું; સૌ-સૌનું.

અપર્ણ વિ. અણીનું; સમજાય એવું.

અપઅપોષ પું. (અરબોસ્તી) એ નામનો દેવ. એનું કામ ખાણી કે સાકી નામવાનું છે.

અપકરણ ૧. [સં. અપ (ખરાબ) + કરણ (કામ)] વ. ખોટું કામ; કુકર્મ.
૨. [સં. અપ (ખરાબ) + કરણ (કરવું તે)] વ. ખોટું કરવું તે.

અપકરણક ૧. [અપ (ખરાબ) + કરણક (કામ)] વ. અયોગ્ય કર્મ; બેરવાજબી કામ.
૨. વ. અધમતા; નીચતા.

અપકરેણક [સં. અપ (નહિ) + કરણ (કરવાનું)] વિ. નિર્દય; નિષ્ઠુર; કઠોર હૃદયનું.

અપકર્ણિત [સં. અપ (ઊલટું) + કર્ણિત (સાંભળેલું)] વિ. સાંભળવા છતાં ધ્યાનમાં નહિ લીધેલું; મન તળે કરી નાખેલું.

અપકર્તા ૧. પું. શત્રુ; દુશ્મન.
૨. [સં. અપ (ખરાબ) + કર્તૃ (કરનાર)] વિ. ખરાબ કામ કરનાર; દુરાચારી; પાપી.
૩. વિ. વેરી; દ્વેષી; વિરોધી.
૪. [સં. અપ (વિપરીત) + કર્તૃ (કરનાર)] વિ. હાનિ પહોંચાડનાર; નુકસાન કરનાર.

અપકર્મ ૧. [સં. અપ (ખરાબ) + કર્મન્ (કામ)] ન. અયોગ્ય કામ; કુકર્મ; દુરાચરણ.
૨. ન. ખાણ.
૩. [સં. અપ (દૂર) + કર્મન્ (કામ)] ન. કરજ અદા કરવાપણું.
૪. ન. કામ કરવાની અનુપાવતા.
૫. ન. દુષ્ટતા; અધમપણું.
૬. વિ. દુરાચારી; ખરાબ કર્મવાળું નીચ.

અપકર્ષ ૧. [સં. અપ (નીચે) + કૃષ્ (ખેંચવું)] પું. અપકીર્તિ; બેરબ્રાબ્રા.
૨. પું. (જ્યોતિષ) કોઈ ગ્રહથી બીજો ગ્રહ પોતાના કરતાં મોટા ગ્રહની નજીક થઈ પસાર થતાં તેના માર્ગમાં થતો ફેરફાર.
૩. પું. ખેંચાણ; આકર્ષણ.
૪. પું. ઘટ; ક્ષય; ઓછપ.

મુખ્ય અર્થનો બેઠો રસ ને આખો ઝાડી અપકર્ષ ને ક્ષતિ થાય તેને ક્ષેપ કહી છે.

૫. પું. નીચે ખેંચવું તે પાડી નાખવું તે.
૬. પું. પડતી; અવનતિ; અધોગતિ.
૭. પું. ભગાડ; વિકૃતિ.
૮. પું. બોજ વખત પડેલાં કામ કરવાપણું.
૯. પું. આકરણ, કવિતા કે મીમાંસામાં પાછી આવવાના શબ્દનું આગળથી કરેલું અનુમાન.
૧૦. વિ. ઊલટી દિશામાં જતું.

અપકર્ષક ૧. [સં. અપ (નીચે) + કર્ષક (ખેંચનાર)] વિ. ઓછું કરે એવું; ઘટાડનાર.
૨. વિ. ખેંચનાર; આકર્ષક.
૩. વિ. દૂર કરનાર.
૪. વિ. નીચે લાવી નાખનાર; પડતી કરે એવું.

અપકર્ષકારક ૧. [સં. અપ (નીચે) + કર્ષકારક (ખેંચનાર)] વિ. ઓછું કરનારું.
૨. [સં. અપાદ્ (ખેંચવું)] વિ. ખેંચાણ કરનાર.
૩. વિ. દૂર કરે એવું.
૪. [સં. અપકર્ષ (પડતી) + કારક (કરનાર)] વિ. પડતી કરનાર.

અપકર્ષણ ૧. [સં. અપ (નીચે) + કૃષ્ (ખેંચવું)] ન. ઓછપ.
૨. ન. ખેંચાણ.
૩. ન. બેરબ્રાબ્રા.
૪. [સં. અપ (દૂર) + કૃષ્ (ખેંચવું)] ન. દૂર હઠવાની ક્રિયા.
૫. ન. પડતી.
૬. વિ. ઊલટી દિશામાં જતું.
૭. વિ. ઘરણ કરનાર.

અપકર્ષત્વ [સ. અપકર્ષ (ઘટ) + ત્વ (પણું)] ન. (વેદાંત) પ્રકર્ષના ક્રમનો પહેલો પ્રકાર.

અપકર્ષવું ૧. [સં. અપ (દૂર) + કૃષ્ (ખેંચવું)] સ.ક્રિ. ઉપાડી જવું; દૂર ખેંચવું; પકડી જવું.
૨. [સં. અપ (નીચે) + કૃષ્ (ખેંચવું)] સ.ક્રિ. ઓછું કરવું; ઘટાડવું.

અપકર્ષસમ [સં. અપકર્ષ (અનુમાન) + સમ (જેવું)] પું. (ન્યાય) એક અનર્થી બોટી દલીલ; શબ્દ સાધર્મ્ય નથી, માટે વક્ર અને શબ્દમાં કોઈ બીજું સાધર્મ્ય નથી એવી દલીલ.

અપકર્ષક [સં. અપ (ખરાબ) + કર્ષક (કામ)] ન. ગુલામ નહિ એવું સાધન; મોટો બદો.

અપકવિ [સં. અપ (ઊલટું) + કવિ] પું. કવિની બનતી કવિતા બનાવનાર મુખ્ય.

અપકાજ [હિં.] વિ. બનાવટી; સ્વાર્થી.

અપકાર ૧. [સં. અપ (નહિ) + કાર (કામ)] પું. અનાદર; અવજ્ઞા; અપ્રીતિ.
૨. [સં. અપ (ખરાબ) + કાર] ન. કુકર્મ; ખરાબ કર્મ.
૩. વિ. ઉપયોગ વિનાનું.

અપકાય [સં. અપ્ (પાણી) + કાય (સમૂહ)] પું. (જૈન) પાણીના રૂપનો વર્ગ; રૂપના ૭ ભેદ માંહેનો એક.

પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ ૬ રૂપભેદ છે.
પુરુષોત્તમ

અપકાર ૧. [સં. અપ (ખરાબ) + કાર (કામ)] પું. અપરાધ કૃત્ય; ખોટું કામ.
૨. [સં. અપ (ઊલટું) + કૃ (કરવું)] પું. અનુપકાર; કૃત્ય ઉપર કરતો અવકૃત્ય; દ્રોહ; સારાના બદલામાં નાઠું કરવાપણું.
૩. પું. અપમાન; અનાદર.
૪. પું. ઉપવાસ; ઉંબ.
૫. પું. કોઈનું ખરાબ થાય એવો વિચાર; અનિષ્ટચિંતના; બીજાનું બૂરું થાય એવી ઇચ્છા.
૬. પું. વ્યુત્ક્રમ; અનાચાર; ત્રાસ.
૭. પું. હાનિ; નુકસાન; અહિત.

અપકારક ૧. [સં. અપ (ખરાબ) + કારક (કરનાર)] ન. ખરાબ કામ કરનાર માણસ; દ્રોહી.
૨. ન. શત્રુ.
૩. [સં. અપ (ઊલટું) + કારક (કરનાર)] વિ. કૃત્યના બદલામાં અવકૃત્ય કરનાર.
૪. વિ. નુકસાન કરનાર; હાનિકારક.
૫. વિ. બીજાનું બૂરું ઇચ્છનાર; અનિષ્ટ ચિંતનાર.

અપકારકૃત્ય ૧. [સં. અપકાર (ત્રાસ) + કૃત્ય (કામ)] ન. ઉપદ્રવિવાળું કામ.
૨. [સં. અપકાર (હાનિ) + કૃત્ય (કામ)] ન. નુકસાન કરવાનું કામ.

અપકારશીલ ૧. [સં. અપકાર (દ્વેષ) + શીલિન્ (સ્વભાવવાળું)] વિ. ઈર્ષાળુ; બીજાનું દેખી.
૨. [સં. અપકાર (હાનિ) + શીલિન્ (સ્વભાવવાળું)] વિ. નુકસાન કરવાની ટેવવાળું.

અપકારી જુઓ અપકારક.

અપકાર્ય ૧. [સં. અપ (ખરાબ) + કાર્ય (કામ)] ન. ખરાબ કામ.
૨. ન. નુકસાન.
૩. ન. વેર.

અપકારોપકારી [સં. અપકારિન્ (બૂરું કરનાર) + ઉપકારિન્ (ભલું કરનાર)] વિ. બૂરું કરનારનું પણ ભલું કરનાર; અપકારના બદલામાં ઉપકાર કરનાર.

અપકીર્તિ [સં. અપ (ખરાબ) + કીર્તિ (આબરૂ)] સ્ત્રી. અપયશ; બેઆબરૂ; બદનામી.

અપકીર્તિકર [સં. અપકીર્તિ (બદનામી) + કર (કરનાર)] વિ. બદનામી કરાવે એવું.

અપકીર્ત્તિ જુઓ અપકીર્તિ.

અપકીર્ત્તિકર જુઓ અપકીર્તિકર.

અપકૃત ૧. [સં. અપ (ખરાબ) + કૃત (કર્યું)] ન. અનુચિત કામ.
૨. [સં. અપ (ખરાબ) + કૃત (કરેલું)] વિ. કોઈનું બૂરું કર્યું હોય એવું.

અપકૃતિ જુઓ અપકાર.

અપકૃત્ય જુઓ અપકાર.

અપકૃષ્ટ ૧. પું. કમળો.
૨. ન. પાપ.
૩. [સં. અપ (નીચે) + કૃષ્ટ (ખેંચેલું)] વિ. ઊતરતું; પાછું પોસું; પડતી હાલતમાં આવેલું.
૪. વિ. ખેંચેલું; બહાર્યેલું.
૫. વિ. નીચ; અધમ.
૬. વિ. પશ્ચીન વ્યાકરણોથી આગળના વ્યાકરણમાં લીધેલું. જેમકે, તેનામાં તો નથી, પણ તારામાં કયાં આકર છે? આમાં પાછળના વ્યાકરણે વપરાયેલ 'આકર' શબ્દ આગલામાં પણ લેવાય છે.

અપગર

૭. વિ. ચોગ્ય વખત પહેલાં કરેલ.
૮. વિ. લાઈ લેવામેલું; ઉપાડી લીધેલું.

અપકૃષ્ટચેતન [સં. અપકૃષ્ટ (ખરાબ) + ચેતન (જ્ઞ)] વિ. હલકો અનોકૃવિવાળું; નીચ મનનું.

અપકૃષ્ટગતિ [સં. અપકૃષ્ટ (નીચ) + ગતિ (કુલ)] વિ. હલકી ગતિમાં ઉત્પન્ન થયેલું; અધમ વંશનું; નીચ કુળનું.

અપકૃષ્ટતા ૧. [સં. અપકૃષ્ટ (હલકું) + તા (પણું)] સ્ત્રી. અધમતા; નીચપણું; હલકાઈ.
૨. [સં. અપ (નીચે) + કૃષ્ટ (ખેચ્યું)] સ્ત્રી. અવનતિ; પડતી.

અપકેંદ્ર સ. (ભૌતિ) દીર્ઘવૃત્ત વગેરેમાં બેમાં કરતાં વધારે કેંદ્ર હોય તેમાંથી કોઈ બેને કેંદ્ર: 'ઍપોસેન્ટર'.

અપક્રમ ૧. [સં. અપ (ઉપરું) + ક્રમ] પું. ક્રમભંગ; વ્યત્યય; ઊલટપાલટ.
૨. [સં. અપ (દૂર) + ક્રમ્ (જવું)] પું. પ્રયાણ; ચાલી જવાની ક્રિયા.
૩. પું. વખત વહી જવાપણું.
૪. પું. હરીને જવાનું રહેવાપણું.
૫. વિ. ક્રમ વિનાનું.
૬. વિ. ખોટા ક્રમવાળું.

અપક્રમણ [સં. અપ (દૂર) + ક્રમ્ (જવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] ન. ચાલી જવું તે; પ્રયાણ.

અપક્રમ્ય જુઓ અપક્રમણ.

અપક્રાંત [સં. અપ (નીચે) + ક્રાન્ત (ગયેલું)] વિ. ઊતરી ગયેલ; પડતી થઈ હોય એવું; અવનતિ પામેલું.

અપક્રાંતિ [સં. અપ (નીચે) + ક્રાંતિ (જવાપણું)] સ્ત્રી. પડતી; અધોગતિ; અવનતિ.

અપક્રાંતિશૂન્ય [સં. અપક્રાંતિ (પડતી) + શૂન્ય (વિનાનું)] વિ. પડતી દશા વિનાનું; અધોગતિ ન થઈ હોય એવું.

અપક્રિયા ૧. [સં. અપ (દૂર) + ક્રિયા (કામ)] સ્ત્રી. કામ આડા કરવાપણું; ઊંધું ઊતરી આવું તે.
૨. [સં. અપ (ખરાબ) + ક્રિયા (કામ)] સ્ત્રી. ખોટું કામ; કુકર્મ.
૩. સ્ત્રી. દ્વેષ; વેર.
૪. સ્ત્રી. હાનિ; અહિત; નુકસાન.

અપક્રોશ [સં. અપ (ખરાબ) + ક્રુશ (બોલવું)] પું. નિંદા; ગાળ; ભાંડવું.

અપક્વ ૧. વિ. અપૂરું; અપૂર્ણ.
૨. [સં. અ (નહિ) + પક્વ (પાકેલું)] વિ. નહિ પાકેલું; કાચું.
૩. [સં. અ (નહિ) + પક્વ (ખીલેલું)] વિ. વિકાસ પામ્યા વિનાનું; પરિપાકને નહિ પામેલું; નહિ ખીલેલું.

અપક્વક્ષુપ [સં. અપક્વ (નહિ પાકેલું) + ક્ષુપ (ઝાડી)] વિ. કૈવલ્યને પ્રમાણે જીવના બે ભેદમાંનો એક; સંસારમાં વારંવાર જન્મ લેનાર કર્મથી બંધાયેલ જીવ; જેના પાપપુણ્ય ભોગ ન પામ્યા હોય તેવું.

અપક્વકષાય [સં. અપક્વ (નહિ પાકેલું) + કષાય (અવગતિ વિગત)] વિ. જેના રાગાદિ મનના ક્ષોભ પામ્યા ન હોય એવું.

અપક્વતા ૧. સ્ત્રી. અપૂરાપણું; અપૂર્ણતા.
૨. [સં. અ (નહિ) + પક્વ (પાકેલું) + તા (પણું)] સ્ત્રી. પાકેલું નહિ હોવાપણું; કાચાપણું; કચાશ.
૩. [સં. અ (નહિ) + પક્વ (વિકાસ પામેલું) + તા (પણું)] સ્ત્રી. પૂરો ખીલેલું ન હોય એવી સ્થિતિ.

અપક્વાંડ [સં. અ (નહિ) + પક્વ (પાકેલું) + અંડ (ઈંડું)] ન. કાચું ઈંડું.

અપક્ષ ૧. [સં. અ (નહિ) + પક્ષ (બાજુ)] વિ. તટસ્થ; અલિપ્ત.
૨. [સં. અ (નહિ) + પક્ષ (પંખ)] વિ. પંખ વગરનું.
૩. વિ. સહાય વિનાનું; ટેકાવાનું.
૪. [સં. અ (વિરુદ્ધ) + પક્ષ] વિ. સામા-વાળું; વિરુદ્ધ બાજુનું.

અપક્ષપાતી [સં. અ (નહિ) + પક્ષ (બાજુ) + પાતિન્ (પડનાર)] વિ. કોઈની પણ તરફેણ ન કરનાર; નિષ્પક્ષપાતી; તટસ્થ.

અપક્ષતા ૧. [સં. અ (નહિ) + પક્ષ (બાજુ) + તા (પણું)] સ્ત્રી. તટસ્થ હોવાપણું.
૨. [સં. અ (નહિ) + પક્ષ (પંખ) + તા (પણું)] સ્ત્રી. પંખ વગરનું હોવાપણું.

અપક્ષપાત [સં. અ (નહિ) + પક્ષ (બાજુ) + પાત (પડવું)] પું. કોઈની પણ પક્ષ ન લેવો તે; નિષ્પક્ષપાત; તટસ્થપણું; સમાનભાવ.

અપક્ષપાતી [સં. અ (નહિ) + પક્ષ (બાજુ) + પાતિન્ (પડનાર)] વિ. તટસ્થ; અલિપ્ત.

અપક્ષય ૧. [સં. અપક્ષિ (પડતી થવી)] પું. અવનતિ; પડતી; અધોગતિ.
૨. [સં. અપક્ષિ (ખરાબ કરવું)] પું. ક્ષીણ-તા; ઘસાઈ જવાપણું.
૩. [સં. અપક્ષિ (નાશ પામવું)] પું. વિનાશ; નાશ.

અપક્ષિપ્ત [સં. અપ (દૂર) + ક્ષિપ્ત (ફેંકેલું)] વિ. ફેંકી દીધેલું; નાખી દીધું હોય એવું.

અપક્ષેપ ૧. [સં. અપ (નીચે) + ક્ષિપ્ (ફેંકવું)] પું. (વૈશેષિક) ઉપરથી નીચે ફેંકવાની ક્રિયા.
૨. પું. (વિજ્ઞાન) કોઈ પદાર્થ સાથે અથડાઈ પ્રકાશ અને અવાજનું પાછું ફરવાપણું.
૩. પું. ફેંકી દેવાની ક્રિયા.

અપક્ષેપક ૧. સ. (વૈશેષિક) આકુંચન, પ્રસારણ વગેરે પાંચ પ્રકારનાં કર્મોનું જોડ.
૨. [સં. અપ (નીચે) + ક્ષિપ્ (ફેંકવું) + અક (નામ/અવ્યયના અર્થમાં)] સ. નાખી દેવાપણું; ફેંકી દેવું તે.
૩. સ. (વિજ્ઞાન) પ્રકાશ અને અવાજની ગતિ-માં કોઈ પદાર્થ આડો આવવાથી થતું આવર્તન જેટલે પાછું ફરવાપણું.

અપખો પું. (ગ્રામ્ય) અભાવો; અછીતિ; અછતનો; અનખો.

અપખે પડવું = અરુચિ થવી; નહિ ગમવું.

અપગત ૧. [હિં.] સ્ત્રી. અવગતિ; નરકવાસ.
૨. સ્ત્રી. કમોતે મરેલું મરણ.
૩. વિ. ખરાબ ગતિ પામેલું; અવગતિનું.
૪. [સં. અપ (દૂર) + ગત (ગયેલું)] વિ. જતું રહેલ; ચાલી ગયેલું.
૫. વિ. મરી ગયેલું; નાશ પામેલ.
અપરાહ્ણિક [સં. અપર (પાછલું) + અહન્ (દિવસ) + ઇક (વાળું)] વિ. બપોર પછીનું.

અપરાંગ [સં.] પું. જેમાં કહેલા ધારેલી વસ્તુ મુખ્યરૂપ હોય તેવું કોઈ કાવ્ય.

અપરાંત ૧. [સં. અપરા (પશ્ચિમ) + અંત (છેડો)] પું. છેક પશ્ચિમ દિશા.

૨. પું. પશ્ચિમ દિશામાં આવેલો દેશ; સહ્યાદ્રિ પાસેનો કોંકણ અને મલબાર; ઉત્તર કોંકણનું પ્રાચીન નામ.

૩. પું. મરણ; મૃત્યુ.

૪. પું. અફ્રીકા ખંડના દક્ષિણ કાંઠાનો પ્રદેશ.

૫. પું. સહ્યાદ્રિ પાસેના પશ્ચિમ દેશના રાજા.

૬. [સં. અપર (પાછલું) + અંત (છેડો)] પું. લાંબીનો પાછલો ભાગ.

૭. વ. પશ્ચિમ કિનારાના લોક.

૮. વિ. પશ્ચિમ દેશનું.

અપરાંતક ૧. પું. એક જાતનું ઝાડ.

૨. [સં. અપર (પશ્ચિમ) + અંત (છેડો) + ક (વાળું)] પું. બૃહત્સંહિતા પ્રમાણે પશ્ચિમ દિશાનો એક પર્વત.

૩. વ. અફઘાનિસ્તાન.

અપરાંતનિવાસ વ. એ નામનું જૂનું રાજ્ય. હાલમાં.

અપરાંતિકા [સં.] સ્ત્રી. (પિંગળ) દરેક ચરણમાં ૮ માત્રા, તથા રગણ, લઘુ અને ગુરુની ૮ માત્રા મળી ૧૬ માત્રાવાળો એક છંદ. તે વૈતાલીયનો એક પ્રકાર છે. તેમાં વૈતાલીયના સમચરણની માફક આર પદ હોય છે અને બીજી અને પાંચમી માત્રા મળીને એક ઉચ્ચારિત થાય છે.

અપરાંબુનિધિ [સં. અપર (પશ્ચિમનું) + અંબુ (પાણી) + નિધિ (સંગ્રહ)] પું. પશ્ચિમનો સમુદ્ર.

અપરિઠર વિ. (જૈન) મૂર્તિના બે પ્રકારમાંનો એક. મૂર્તિપૂજક જૈનોમાં જિન એટલે સર્વ

દ્વેષ છતીને સંપૂર્ણ જ્ઞાન પામેલ મહાપુરુષની મૂર્તિ પૂજવા લાયક ગણાય છે. તેના બે ભેદ છે: સપરિકર અને અપરિકર. સપરિકર પ્રતિમા તીર્થંકરની અને અપરિકર પ્રતિમા સિદ્ધની હોય છે. સપરિકરમાં આજુબાજુ પ્રાતિહાર્ય એટલે બાનદશામાં ઉભેલા છત્રત્રય ઇન્દ્ર અને ઉપર ગાંધર્વાદિ હોય છે. અપરિકરમાં કેવળ મૂર્તિ હોય અને તેનું સ્વરૂપ આ પ્રમાણે હોય:- કપાળ સમ, નાક ઊંચું, આંખો નંધ (શ્વેતાંબરોમાં ઉપર ઓઢેલી હોય છે), હોઠ બીડેલા ને શાંત, કાન ખભાને અડેલા તથા ઘૂંટણોથી નીચેલા અસ્તવ્યની પાછળ લાંબળા, શરીર વસ્ત્ર રહિત (શ્વેતાંબર મૂર્તિમાં કમરે કછનું નિશાન હોય છે), પદ્મનું પ્રાસન એટલે જમણો પગ ડાબા પગ પર આવેલ, તેના પર ડાબા હાથની નીચે અને જમણા હાથની ઉપર એમ બને હાથની હથેળી હોય. મૂર્તિ સિંહાસન ઉપર હોય છે અને તેની બને બાજુ ચમરધારી હોય છે. સિંહાસનના મધ્ય ભાગમાં જે તીર્થંકરની તે મૂર્તિ હોય તેનું ચિહ્ન હોય છે.

અપરિકલિત ૧. [સં. અ (નહિ) + પરિકલિત (આવેલું)] વિ. અજાત; અદૃષ્ટ; ન જોયેલું કે જાણેલું.

૨. વિ. અપ્રાપ્ત; ન મળેલું.

અપરિક્રમ ૧. [સં. અ (નહિ) + પરિક્રમ (પ્રવિણતા)] સ. ચોતરફ ન ફરવું તે.

૨. વિ. ઉદ્યોગી નહિ એવું; આળસુ.

૩. [સં. અ (નહિ) + પરિક્રમ્ (ચોળ કરવું)] વિ. ચોળ આવી શકે નહિ તેવું; ચોળ આવવા માટે અશક્ત.

અપરિક્લિન્ન [સં. અ (નહિ) + પરિક્લિન્ન (ભીનું)] વિ. સૂકું; શુષ્ક.

અપરિક્લિષ્ટ ૧. [સં. અ (નહિ) + પરિક્લિષ્ટ (દુઃખ પામેલું)] વિ. દુઃખ પામ્યા વિનાનું.

૨. વિ. સહેલું; સહજ; વિના પ્રયાસે આવી શકાય એવું.

અપરિક્લેશ [સં. અ (નહિ) + પરિક્લેશ (દુઃખ)] પું. દુઃખ કે મહેનત ન લેવાપણું.

અપરિગત [સં. અ (નહિ) + પરિગત (જાણેલું)] વિ. અજાણ્યું; નહિ જાણેલ.

અપરિગૃહીત [સં. અ (નહિ) + પરિગૃહીત (લીધેલું)] વિ. નહિ સ્વીકારેલ; ગ્રહણ ન કરેલું; નહિ લીધેલું.

અપરિગૃહીતા ૧. સ્ત્રી. દાસી.

૨. [સં. અ (નહિ) + પરિગૃહીતા (પરણેલી)] સ્ત્રી. ન પરણેલી સ્ત્રી.

૩. [સં. અ (નહિ) + પરિગૃહીત (ભર્તા કરનાર)] સ્ત્રી. વિધવા.

૪. સ્ત્રી. વેશ્યા, કેમકે તે કોઈ સાથે પરણેલી હોતી નથી.

૫. વિ. સ્ત્રી. નહિ પરણેલી; કુંવારી.

અપરિગૃહીતાગમન [સં. અ (નહિ) + પરિગૃહીતા (પરણેલી) + ગમન (સંગ)] સ. (જૈન) પોતાની પરણેતર ન હોય તેવી સાથે કરવાનું મૈથુન.

અપરિગ્રહ ૧. [સં. અ (નહિ) + પરિગ્રહ (સ્વીકાર)] પું. જરૂરિયાત કરતાં વધારાના ધન વગેરેનો ત્યાગ.

૨. પું. દાન ન લેવાપણું.

૩. પું. (જૈન) બાર વ્રત અંતેનું પાંચમું વ્રત. આનો અપરિગ્રહાણુવ્રત.

૪. [સં. અ (નહિ) + પરિગ્રહ (આસક્તિ)] પું. (જૈન) મોહનો ત્યાગ.

૫. પું. (યોગ) યમ એટલે ઉદ્વિનિગ્રહના પાંચ પ્રકાર માંહેનો એક. ત્યાગો યમ.

૬. પું. સંન્યાસી; પરિવ્રાજ.

૭. વિ. મમતા વગરનું.

૮. વિ. મિલકત વિનાનું; દરિદ્ર; અકિંચન.

અપરિગ્રહાણુવ્રતધારક સ. (જૈન) ધનધાન્ય વગેરેની અમુક હદ ઠરાવી તે ઉપરાંતનો ત્યાગ કરવાનું બારવ્રતનું પાંચમું વ્રત.

> અસત્ય, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહનો પોતાની પરિસ્થિતિ પ્રમાણે મર્યાદિત ત્યાગ કરવો તે અનુક્રમે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહાણુવ્રતધારી છે. —ભગવદ્ગોમંડલ

અપરિગ્રહણીય [સં. અ (નહિ) + પરિગ્રહણીય (ગ્રહણ કરવા જેવું)] વિ. સ્વીકારવા લાયક ન હોય એવું.

અપરિગ્રહવ્રત ૧. [સં. અ (નહિ) + પરિગ્રહ (સ્વીકાર) + વ્રત] સ. જરૂર કરતાં વધારે વસ્તુ નહિ રાખવાનો નિયમ.

૨ સ. દાન ન લેવાનો ધાર્મિક નિયમ.

અપરિગ્રહી ૧. [સં. અ (નહિ) + પરિગ્રહ (સ્વીકાર) + ઇન્ (વાળું)] વિ. દાન નહિ લેનાર.

૨. વિ. સંગ્રહ ન રાખનાર.

અપરિગ્રાહિ જુઓ અપરિગ્રહણીય.

અપરિચય [સં. અ (નહિ) + પરિચય (ઓળખાણ)] પું. ઓળખ; પિછાણ ન હોવાપણું.

અપરિચરી [સં. અ (નહિ) + પરિચર (પિછાણ) + ઇન્ (વાળું)] વિ. ઓળખવું.

અપરિચિત ૧. [સં. અ (નહિ) + પરિચિત (ઓળખીતું)] વિ. ઓળખવું; ઓળખાણ વગરનું.

૨. વિ. અપ્રસિદ્ધ; જેમાતમ.

અપરિચિતતા ૧. [સં. અ (નહિ) + પરિચિત (ઓળખાણવાળું) + તા (પણું)] સ્ત્રી. ઓળખાણપણું; ઓળખાણ ન હોવાપણું.

૨. સ્ત્રી. અપ્રસિદ્ધપણું.

અપરિચ્છેદ ૧. વિ. અંતનું.

૨. [સં. અ (નહિ) + પરિચ્છેદ (પરિચ્છેદ કરવા જેવું)] વિ. ઓળખાણ ન કરવા જેવું.

અપરિચ્છદ ૧. [સં. અ (નહિ) + પરિચ્છદ (ઢંકાવું)] વિ. ઢંકાવું વિનાનું; ખુલ્લું.

૨. વિ. દરિદ્ર; ગરીબ.

અપરિચ્છન્ન ૧. [સં. અ (નહિ) + પરિચ્છન્ન (ઢંકેલું)] વિ. ઉઘાડું; ખુલ્લું; ઢંકાયા વિનાનું.

૨. વિ. નક્કર વિનાનું; આધાર વગરનું.

૩. વિ. સાકાર વિનાનું.

૪. વિ. સર્વવ્યાપક.

અપરિચ્છિન્ન ૧. [સં. અ (નહિ) + પરિચ્છિન્ન (મર્યાદાવાળું)] સ. પરબ્રહ્મ, કેમકે તે સર્વવ્યાપક છે.

૨. વિ. અટકાવ વગરનું; આખું.

૩. વિ. તૂટ્યું ન પડેલું; વળગેલું.

૪. [સં. અ (નહિ) + પરિચ્છિન્ન (નિશ્ચય-વાળું)] વિ. (ગણિત) જેનું મૂલ્ય બરાબર ન નીકળી શકે તેવું; 'ઇન્કમેન્સ્યુરેબલ'. જેમકે, √૨ = ૧.૪૧૪૨૧...આમાં અમે જેટલાં દશાંશ સ્થળ સુધી વર્ગમૂલ કાઢતાં ગયા તે બરાબર કેટલું છે એમ ચોક્કસપણે કહી ન શકાય.

૫. [સં. અ (નહિ) + પરિચ્છિન્ન (ભાગ પાડેલું)] વિ. ભાગ ન પાડેલા હોય એવું.

૬. વિ. ભાગ ન પાડી શકાય એવું; અભેદ્ય.

૭. વિ. મર્યાદા વિનાનું; બેહદ; સીમા વગરનું.

અપરિચ્છેદ ૧. [સં. અ (નહિ) + પરિચ્છેદ (ભાગ)] પું. અખંડતા; અવિચ્છિન્નપણું; આખું રહેવાપણું.

૨. [સં. અ (નહિ) + પરિચ્છેદ (નિશ્ચય)] પું. નિશ્ચય ન કરી શકવાપણું.

૩. [સં. અ (નહિ) + પરિચ્છેદ (હદ)] પું. બેહદપણું; અપારતા.

૪. પું. વિવેકબુદ્ધિની ખામી.

૫. પું. વ્યવસ્થા કે ક્રમ વિનાની સ્થિતિ; ગોટાળો.

૬. વિ. અભાવ; બેહદ.

અપરિચ્છેદશીલ જુઓ અપરિચ્છિન્ન ૪.

અપરિચ્છેદ્ય ૧. પું. સિદ્ધનો હલકો નામ માંહેનું એક.
૨. વિ. પરિચ્છેદ એટલે નિયમ કે માપ ન કરવા જેવું.

અપરિણત ૧. [સં. અ (નહિ) + પરિણત (પૂરેપૂરું પાકેલું)] વ. (જૈન) પૂરેપૂરી અચેત એટલે નિર્જીવ ન થઈ હોય તે વસ્તુ લિયામાં લેવાથી મુનિને દોષનો હોય.
૨. [સં. અ (નહિ) + પરિણત (પાકેલું)] વિ. કાચું; અપાક.
૩. વિ. ફેરફાર થયા વગરનું; રૂપાંતર નહિ પામેલું.

અપરિણતદોષ જુઓ અપરિણત ૧.

અપરિણતબુદ્ધિ ૧. [સં. અ (નહિ) + પરિણત (પાક) + બુદ્ધિ (અક્કલ)] સ્ત્રી. અપાક બુદ્ધિ; કાચી બુદ્ધિ.
૨. વિ. કાચી બુદ્ધિનું; અનુભવહીન; પાક તુલના-શક્તિ વિનાનું.

અપરિણતવયસ્ક ૧. [સં. અ (નહિ) + પરિણત (પુખ્ત) + વયસ્ક (ઉમરનું)] વિ. કાચી વયનું; સગીર.
૨. વિ. નાદાન.

અપરિણય [સં. અ (નહિ) + પરિણય (વિવાહ)] પું. કુંવારાપણું.

અપરિણયન [સં. અ (નહિ) પરિણયન (લગ્ન)] વ. લગ્ન ન કરવું તે.

અપરિણામ ૧. [સં. અ (નહિ) + પરિણામ (ફેરફાર)] પું. એકની એક સ્થિતિમાં રહેવાપણું; રૂપાંતર ન થવું તે.
૨. પું. (જૈન) કોઈ જીવદ્રવ્યો અને તીર્થંકરનાં વચનના અર્થ નહિ બદલનાર દિગ્બ.

અપરિણામદર્શિતા [સં. અ (નહિ) + પરિણામ (અંત) + દર્શિતા (દીર્ઘદૃષ્ટિ)] સ્ત્રી. દીર્ઘદૃષ્ટિનો અભાવ; અદાબદુની બાબી; અવિચારીપણું.

અપરિણામદર્શી [સં. અ (નહિ) + પરિણામ (ફલ) + દર્શિન્ (જોનાર)] વિ. પરિણામનો વિચાર ન કરનાર; અણુધા; મૂર્ખ.

અપરિણામી ૧. [સં. અ (નહિ) + પરિણામ (વિકાર) + ઇન્ (વાળું)] વિ. નિષ્ફળ; નકામું.
૨. [સં. અ (નહિ) + પરિણામ (ફેરફાર) + ઇન્ (વાળું)] વિ. ફેરફાર વિનાનું; રૂપાંતર નહિ પામનારું.
વૈશેષિક અને નૈયાયિક કર્તન જ્ઞાન આદિને આત્માનો ગુણ માને છે પણ, પણ તેઓ આત્માને મોક્ષાંત નિત્ય-અપરિણામી માને છે. તત્પર્યસંસ્કૃત

અપરિણીત [સં. અ (નહિ) + પરિણીત (પરણેલું)] વિ. કુંવારું; ન પરણેલું.

અપરિણીતા [સં. અ (નહિ) + પરિણીતા (પરણેલી)] વિ.સ્ત્રી. વિવાહ ન થયો હોય એવી; કુંવારી.

અપરિતાંત [સં. અ (નહિ) + પરિતાંત (થાકેલું)] વિ. થાકના વગરનું; નહિ કંટાળેલું.

અપરિતાંતયોગી [સં. અ (નહિ) + પરિતાંત (થાકેલું) + યોગ (સંયમ) + ઇન્ (વાળું)] વિ. કંટાળે નહિ એવો સંયમી.

અપરિતુષ્ટ [સં. અ (નહિ) + પરિતુષ્ટ (સંતુષ્ટ)] વિ. અસંતુષ્ટ; સંતોષ પામ્યા વિનાનું.

અપરિતૃપ્ત [સં. અ (નહિ) + પરિતૃપ્ત (ધરાયેલું)] વિ. અતૃપ્ત; ધરાયા વગરનું.

અપરિતોષ [સં. અ (નહિ) + પરિતોષ (સંતોષ)] પું. અસંતોષ.

અપરિત્યક્ત [સં. અ (નહિ) + પરિ (પૂરેપૂરું) + ત્યક્ત (તજેલું)] વિ. નહિ તજાયેલ.

અપરિત્યાજ્ય [સં. અ (નહિ) + પરિ (પૂરું) + ત્યાજ્ય (તજવાની ક્રિયા)] પું. ન છોડી દેવાપણું.

અપરિત્યાજ્ય [સં. અ (નહિ) + પરિ (પૂર્ણ) + ત્યાજ્ય (છોડી દેવા જેવું)] વિ. ન તજવા જેવું.

અપરિદૃષ્ટ ૧. [સં. અ (નહિ) + પરિદૃષ્ટ (જોયેલું)] વિ. જોઈ ન શકાય એવું; અદશ્ય.
૨. [સં. અ (નહિ) + પરિ (પૂરેપૂરું) + દૃષ્ટ (જોયેલું)] વિ. નહિ જોયેલ; અવિચારી; અણજાણ.

અપરિનિષ્ઠિત ૧. [સં. અ (નહિ) + પરિનિષ્ઠિત (સિદ્ધ થયેલું)] વિ. સિદ્ધ ન થયેલું.
૨. [સં. અ (નહિ) + પરિનિષ્ઠિત (સિદ્ધ)] વિ. સિદ્ધ ન હોય એવું; સાધ્ય.

અપરિપક્વ ૧. વિ. અપાકું; અણપાકું.
૨. વિ. તપ વડે કરી, ગરમી, ઘૂપ, તડકો, આદિ સહન ન કર્યું હોય તેવું.
૩. [સં. અ (નહિ) + પરિપક્વ (પાકેલું)] વિ. પૂરેપૂરું નહિ પાકેલું; અપું.
૪. વિ. બીજપણે રહેલું; પૂર્ણ વિકાસ નહિ પામેલું; પૂરું નહિ બીજેલું.

અપરિપંથી [સં. અ (નહિ) + પરિપંથી (વાધ)] વિ. વાધુના વિનાનું; નૈરોબાધવાળું.

અપરિપાક ૧. [સં. અ (નહિ) + પરિપાક (પાક)] પું. અપાપણું.
૨. વિ. અપું.

અપરિપાટી [સં. અ (નહિ) + પરિપાટી (અનુક્રમ)] સ્ત્રી. વ્યવસ્થાનો અભાવ; અસ્ત-વ્યસ્તપણું.

અપરિપૂર્ણ [સં. અ (નહિ) + પરિપૂર્ણ (પૂરેપૂરું)] વિ. અપૂરું.

અપરિપ્લુત [સં. અ (નહિ) + પરિપ્લુત (પૂર્ણ)] વિ. અપૂરું; અપરિપૂર્ણ.

અપરિમાણ ૧. [સં. અ (નહિ) + પરિમાણ (માપ)] વ. માપ ન હોવાપણું.
૨. વિ. પાર વગરનું; અમાપ.

અપરિમાણગ્રહીત [સં. અ (નહિ) + પરિમાણ (માપ) + ગ્રીત (સ્વભાવવાળું)] વિ. (ગણિત) જેનું મૂલ્ય ગણતર ન નીકળે તેવું; 'ઇરેશનલ્ નમ્બર'. જેમકે √૨ = ૧.૪૧૪૨૧...આમાં ગમે તેટલાં દશાંક સ્થાન સુધી ગણવામાં આવતાં પણ તે ગણતર કેટલું છે એમ નક્કી કરી ન શકાય.

અપરિમિત ૧. [સં. અ (નહિ) + પરિમિત (માપવામાં)] વિ. અમાપ; પાર વગરનું; મોટું.
૨. વિ. અસંખ્ય; અગણિત.
ખૂબ સિંચ અપરિમિત આનુ,
મોહ પામ્યા વિનાકામાનુ. પ્રેમાનંદ

અપરિમિતતા ૧. [સં. અ (નહિ) + પરિમિત (માપવામાં) + તા (પણું)] સ્ત્રી. અમાપપણું; અપારતા.
૨. સ્ત્રી. અસંખ્યપણું.

અપરિમિતભોજન [સં. અ (નહિ) + પરિમિત (માપવામાં) + ભોજન (જમણ)] વ. અતિશયપણું.

અપરિમિતભોજી [સં. અ (નહિ) + પરિમિત (માપવામાં) + ભોજિન્ (જમનાર)] વિ. અતિશયી.

અપરિમિતાચાર ૧. [સં. અ (નહિ) + પરિમિત (માપવામાં) + આચાર (વર્તન)] પું. સંયમપણું; અનિયમિત વર્તન.
૨. વિ. આહાર અને વિહારમાં અનિયમિતપણે વર્તનાર; સંયમ; ભાકું.

અપરિમેય ૧. [સં. અ (નહિ) + પરિમેય (જાણી શકાય એવું)] વિ. અમાપ આપી ન શકાય એવું.
૨. વિ. અસંખ્ય; અગણિત.
૩. [સં. અ (નહિ) + પરિમેય (પ્રમાણ કાઢવા જેવું)] વિ. પ્રમાણ કાઢવા નહિ જેવું.

અપરિમિતાનંદ [સં. અ (નહિ) + પરિમિત (માપવું આવે એવું) + આનંદ] પું. પરમાનંદ; માપી ન શકાય એવો આનંદ; અમર્યાદિતાનંદ.

આત્મ એ પરમાત્મારૂપ અને અપરિમિતાનંદ રૂપ છે. અજ્ઞાતાનંદ

અપરિમેયાનંદ ૧. પું. એ નામનું એક સ્તવ; મહાસહસ્રક.

૨. [સં. અ (નહિ) + પરિમાણ (કરવાની બાકી રહેવું)] વિ. કરમાઈ ન ગયેલું.

૩. વિ. ન કરમાય એવું.

૪. વિ. તાજું; તાલું; અપરિશુષ્ક.

અપરિવર્તન [સં. અ (નહિ) + પરિવર્તન (ફેરફાર)] જ. ફેરફાર ન થવાપણું; એની એ જ સ્થિતિ.

અપરિવર્તનવાદ [સં. અ (નહિ) + પરિવર્તન (ફેરફાર) + વાદ (મત)] પું. ચાલતી રીતિમાં કે સિદ્ધાંતમાં ફેરફાર ન કરવો એવો મત; નાહેરવાદ.

અપરિવર્તનવાદી [સં. અ (નહિ) + પરિવર્તન (ફેરફાર) + વાદિન્ (મત પ્રતિપાદક)] વિ. ચાલુ સિદ્ધાંત કે રીતિમાં ફેરફાર ન કરવો એવો મત ધરાવનાર; નાહેરવાદી; અનુદાર; પુરાતનમતવાદી.

અપરિવર્તનશીલ ૧. [સં. અ (નહિ) + પરિવર્તન (અદલોબદલો) + શીલ (સ્વભાવવાળું)] વિ. અદલબદલ ન કરી શકાય એવું.

૨. [સં. અ (નહિ) + પરિવર્તન (ફેરફાર) + શીલ (સ્વભાવવાળું)] વિ. ફેરફાર ન કર્યા કરે એવું.

અપરિવર્તનશીલતા ૧. [સં. અ (નહિ) + પરિવર્તન (અદલોબદલો) + શીલ (સ્વભાવવાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. અદલબદલ કરી ન શકાય એવું હોવાપણું.

૨. [સં. અ (નહિ) + પરિવર્તન (ફેરફાર) + શીલ (સ્વભાવવાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. નહિ બદલાવાનો મુખ્ય; એકરૂપતા.

અપરિવર્તનીય ૧. [સં. અ (નહિ) + પરિવર્તનીય (અદલોબદલો કરી શકાય એવું)] વિ. અદલબદલ કરી ન શકાય એવું.

૨. વિ. નિત્ય; એકરૂપ.

૩. વિ. ફેરફાર ન કર્યા કરે તેવું.

૪. [સં. અ (નહિ) + પરિવર્તનીય (ફેરફાર કરવા જેવું)] વિ. ફેરફારને લાયક ન હોય એવું.

૫. વિ. બદલાયું ન બદલવા જેવું.

અપરિવર્તનીયતા [સં. અ (નહિ) + પરિવર્તનીય (ફેરફાર કર્યા કરે એવું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ફેરફાર ન કર્યા કરે એવું હોવાપણું.

અપરિવ્રાજ [સં. અ (નહિ) + પરિવ્રાજ (ત્યાગ)] વિ. અનિચ્છા કપડે આવી ન શકાય એવું; રોગ વિનાનું.

અપરિષ્કૃત ૧. [સં. અ (નહિ) + પરિષ્કૃત (સુધારેલ)] વિ. ઓતરસ નહિ વેરાયેલું.

૨. [સં. અ (નહિ) + પરિષ્કૃત (ઠંડાયેલું)] વિ. ન ઠંડાયેલ; ગુસ્સો.

અપરિસાઢિ [પ્રા. અપરિસાઢિ] પું. ખાતાં એટું ન વેરવાપણું.

અપરિશિષ્ટ [સં. અ (નહિ) + પરિશિષ્ટ (બચેલું)] વિ. પૂરેપૂરું વપરાઈ ગયેલું.

અપરિશીલન ૧. [સં. અ (નહિ) + પરિશીલન (અભ્યાસ)] જ. અભ્યાસનો અભાવ; અનભ્યાસીપણું.

૨. જ. પ્રમાણ ન કરવાનું હોય એવી દશા.

અપરિશુદ્ધ ૧. [સં. અ (નહિ) + પરિ (પોતાનું) + શુદ્ધ (પોખું)] વિ. અશુદ્ધ; અપવિત્ર; ગંદું.

૨. વિ. ખોટું; ગલવાનું.

અપરિશુષ્ક જુઓ અપરિમ્લાન ૪.

અપરિશેષ ૧. [સં. અ (નહિ) + પરિશેષ (બાકી)] પું. વધારો ન હોવાપણું.

૨. વિ. અંત વિનાનું; અવિનાશી; નિત્ય.

૩. વિ. બાકી રખા વગરનું; બધું; નિઃશેષ.

૪. વિ. સર્વ ઠેકાણે વ્યાપેલું; સર્વવ્યાપી.

અપરિશોધન ૧. [સં. અ (નહિ) + પરિશોધન (ચોખ્ખી બનાવ)] જ. જેવું જેવું હોય એવી દશા; ચોખ્ખારપણું.

૨. જ. ન ચૂકાવેલું દેવું.

અપરિશોધિત ૧. [સં. અ (નહિ) + પરિશોધિત (ચોખ્ખું કરેલું)] વિ. સારવાઈ નહિ કરેલું; ન ચૂકાવેલું.

૨. વિ. શુદ્ધ ન કરેલું; ચોખવાનું; ચોખવાનું.

અપરિશ્રય [સં.] પું. કર્મબંધનનું મુખ્ય કારણ ન હોવાપણું.

અપરિષ્કાર ૧. [સં. અ (નહિ) + પરિષ્કાર (સુધિ)] પું. અશુદ્ધિ; સુઘડતાનો અભાવ.

૨. પું. ગંદાપણું.

૩. [સં. અ (નહિ) + પરિષ્કાર (ઇલાજ)] પું. સંસ્કારનો અભાવ.

૪. [સં. અ (નહિ) + પરિષ્કાર (ઘરેણું)] વિ. અલંકૃતિ; ઘરેણું વગરનું.

૫. વિ. અશુદ્ધ; ખોટું.

૬. વિ. ગંદું.

અપરિષ્કૃત ૧. [સં. અ (નહિ) + પરિષ્કૃત (સુધારેલ)] વિ. અલંકૃત; અલંકૃત.

૨. [સં. અ (નહિ) + પરિષ્કૃત (કામ કરેલું)] વિ. અસ્તવ્યસ્ત; અનિયંત્રિત.

૩. વિ. વિશુદ્ધ ન કરેલું.

અપરિષ્ટિ [સં. અપ (ઉચ્ચારણનું અલંકાર રૂપાંતર) + સ્થિતિ (સ્થિતિ)] સ્ત્રી. પૂજા; અર્ચા.

અપરિસમાપ્ત [સં. અ (નહિ) + પરિસમાપ્ત (પૂરું)] વિ. અધૂરું; અપૂર્ણ.

અપરિસમાપ્તિ [સં. અ (નહિ) + પરિસમાપ્તિ (છેલ્લે)] સ્ત્રી. અંત ન હોવાપણું; અપૂર્ણતા.

અપરિસંખ્યાન ૧. [સં. અ (નહિ) + પરિસંખ્યાન (પૂરેપૂરી સંખ્યા)] જ. ગણી ન શકાય તેટલી સંખ્યા.

૨. વિ. અસંખ્ય; અગણિત.

અપરિસીમ [સં. અ (નહિ) + પરિસીમા (હદ)] વિ. હદ વગરનું; અપાર.

અપરિસ્પંદ [સં. અ (નહિ) + પરિસ્પંદ (હલનચલન)] વિ. હાલીચાલી ન શકે તેવું; સ્થિતિ વગરનું; સ્થિર.

અપરિસ્ફુટ ૧. [સં. અ (નહિ) + પરિસ્ફુટ (પ્રગટ)] વિ. અસ્પષ્ટ.

૨. [સં. અ (નહિ) + પરિસ્ફુટ (પૂરેપૂરું ખુલ્લું)] વિ. બરાબર ન ખીલેલું; પૂરો વિકાસ ન પામેલું.

અપરિસ્રાવી ૧. [સં. અ (નહિ) + પરિસ્રાવિન્ (કર્મ બાંધનાર)] વિ. કર્મ બંધાતાં અટકાવે હોય એવું.

૨. વિ. કર્મબંધન વગરનું.

૩. વિ. ગંભીર પેઠવાળું; સાંભળેલી વાત કોઈને ન કહેનારું.

૪. [સં. અ (નહિ) + પરિસ્રાવિન્ (ઝરી જાય એવું)] વિ. ઝરી ન જનારું.

અપરિહરણીય જુઓ અપરિહાર્ય.

અપરિહાર ૧. [સં. અ (નહિ) + પરિહાર (ત્યાગ)] પું. ત્યાગ ન કરવાપણું.

૨. પું. દૂર કરવાનો ઉપાય ન હોવાપણું.

૩. પું. નિવારણનો અભાવ.

અપરિહારક ૧. [સં. અ (નહિ) + પરિહારક (ત્યાગ કરનાર)] વિ. ત્યાગ ન કરનાર.

૨. વિ. નિવારણ ન કરનાર.

૩. વિ. ઝઘડો ન કરનાર.

અપરિહારિક ૧. [સં. અપરિહરિત] પું. (જૈન) આચારભ્રષ્ટ સાધુ; પાસત્થો.
૨. પું. જૈનેતર સન્યાસ.

અપરિહારિત ૧. [સં. અ (નહિ) + પરિહારિત (ત્યજેલું)] વિ. ન તજેલું.
૨. વિ. નિવારણ નહિ કરેલું; અનિવારિત.

અપરિહાર્ય ૧. [સં. અ (નહિ) + પરિહાર્ય (તજવા જેવું)] વિ. છોડી ન દેવા જેવું; અત્યાવશ્યક.
૨. વિ. માન આપવા લાયક.
૩. વિ. રોકી ન શકાય એવું; અનિવાર્ય.

અપરિહાસ [સં. અ (નહિ) + પરિહાસ (મશ્કરી)] પું. ગંભીરતા.

અપરીક્ષા [સં. અ (નહિ) + પરિ (પોતે) + ઈક્ષ (તપાસ)] સ્ત્રી. કસોટી ન કરવી તે; પરીક્ષાનો અભાવ.

અપરીક્ષિત ૧. [સં. અ (નહિ) + પરિક્ષિત (તપાસેલું)] વિ. ન તપાસેલું; પરીક્ષા કરાયા વગરનું.
૨. વિ. મૂર્ખ; અવિચારી.
૩. વિ. શાપિત ન થયેલું.

અપરીક્ષ્ય [સં. અ (નહિ) + પરિક્ષ્ય (તપાસવા જેવું)] વિ. પરીક્ષા ન કરવા જેવું.

અપરીત ૧. પું. અંતકાળ સુધી સંસારમાં રહનાર જીવ.
૨. પું. એ નામના સોમ.
૩. વિ. અંત વગરનું; પાર્યું.
૪. [સં. અ (નહિ) + પરીત (પીળા પડેલું)] વિ. નહિ પીંડાયેલું; અસરપાત કર્યું ન હોય એવું; પુલ્યું.
૫. વિ. પાસે ન ગયેલું; અનભિગત.

અપરૂપ [સં. અ (નહિ) + પરુષ (કઠોર)] વિ. કોરતા વગરનું; કોમલ.

અપરૂપ ૧. [સં.] ન. આનંદ; હર્ષ.
૨. ન. આનંદ આપે એવી સુંદરતા.
૩. ન. નવાઈ પમાડે એવો ચાટ.
૪. [સં. અપ (અભાવ) + રૂપ (ચાટ)] ન. ભેળસેળ કેમાવ.
૫. [સં. અપૂર્વ] વિ (હિંદી) અભૂતપૂર્વ અપૂર્વ.
૬. વિ. આનંદ પમાડે એવા રૂપવાળું.
૭. વિ. કદરૂપું; બેહાલ.

અપરોક્ષ ૧. [સં. અ (નહિ) + પર (દૂર) + અક્ષિ (આંખ)] વિ. નજર આગળનું; પ્રત્યક્ષ.
૨. વિ. નષ્ટ થયેલું; ચાલ્યું.
૩. વિ. વિષય અને ઇંદ્રિયના સંબંધથી થતું.
૪. વિ. સીધું; આડકતરું નહિ એવું.

અપરોક્ષ કર [સં. અપરોક્ષ (સીધું) + કર] પું. (અર્વાચીન) જમીન, ચામડું, ઘૂઘો, આવક અથવા એવી બીજી બાબત ઉપર લેવામાં આવતો સીધો વેરો; વસ્તુનો ઉપભોગ કરનાર પાસેથી સીધી રીતે લેવાતો કર.

અપરોક્ષ જ્ઞાન ૧. [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + જ્ઞાન] ન. અનુભવજન્ય થયેલું જ્ઞાન.
૨. ન. (વેદાંત) આત્માનું પ્રત્યક્ષજ્ઞાન; વિજ્ઞાન.

અપરોક્ષાનુભવ ૧. [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + અનુભવ] પું. પ્રત્યક્ષ અનુભવ; સાક્ષાત્કાર.
૨. પું. હું પોતે જ બ્રહ્મ છું એવું જ્ઞાન.

અપરોક્ષાનુભૂત [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + અનુભૂત (અનુભવેલું)] વિ. પ્રત્યક્ષ અનુભવમાં આવેલું.

અપરોક્ષાનુભૂતિ ૧. [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + અનુભૂતિ (અનુભવ)] સ્ત્રી. પ્રત્યક્ષ અનુભવ.
૨. સ્ત્રી. બ્રહ્મનો સાક્ષાત્કાર.
૩. સ્ત્રી. પીતાંબરદાસે રચેલું એ નામનું વેદાંતનું પુસ્તક.

અપરોક્ષાનુમિતિ [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + અનુમિતિ (અનુમાન)] સ્ત્રી. (ન્યાય) એક વાક્ય ઉપરથી પરત્વે અનુમાન કરેલ બીજું વાક્ય; પ્રત્યયલક્ષિત અનુમાન જેમકે, કેટલાએક વસ્તુઓ વૈશ્વાનર છે અને કેટલાએક વૈશ્વાનર વસ્તુઓ છે.

અપરોક્ષાવલોકન [સં. અપરોક્ષ (પ્રત્યક્ષ) + અવલોકન (તપાસ)] ન. અંતે કરેલી તપાસ; પ્રત્યક્ષ જોવું તે.

અપરોત્તર ૧. [સં. અપર (બીજું) + ઉત્તર (જવાબ)] પું. બીજો જવાબ.
૨. [સં. અપર (પશ્ચિમ) + ઉત્તર] પું. વાયવ્ય ખૂણો.

અપરોહ્નતા ૧. સ્ત્રી. (પિંગળ) ચૌદેક અક્ષરમાં સગણ, જગણ, રગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર, બીજા ચરણમાં જગણ, રગણ, જગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, રગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર, અને ચોથા ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી ૧૩ અક્ષરનો એક વિષમવૃત્ત છંદ.
૨. સ્ત્રી. (પિંગળ) ચૌદેક અક્ષરમાં રગણ, જગણ, રગણ અને લઘુ મળી ૧૦ અક્ષર, બીજા ચરણમાં જગણ, રગણ, જગણ અને ગુરુ મળી ૧૧ અક્ષર, અને ચોથા ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી ૧૩ અક્ષરનો એક વિષમવૃત્ત છંદ.

અપરોધ ૧. [સં. અપ (નહિ) + રોધ (અટકાવવું)] પું. નહિ રોકવાપણું; છૂટ.
૨. પું. અહિસ્સર.
૩. [સં. અવરોધ] પું. આપ; મના.

અપરોપ ૧. [સં. અપ (ઉપરું) + રોપ (બેસાડવું તે)] પું. ઊંચી પધરાવણું; પાટણ.
૨. પું. સમાધિનો નાશ.

અપર્જનું [સં. અપ (ઉપરું) + અર્જ્ (મિલવવું)] ક્રિ. વિ. તજવું; છોડી દેવું.
ઉપજ્યા ખપ કોઈ અપર્જીજો. પ્રેમાનંદ

અપર્ણ [સં. અ (નહિ) + પર્ણ (પાંદડું)] વિ. પાંદડાં વિનાનું.

અપર્ણા [સં. અ (નહિ) + પર્ણ (પાંદડું) + આ (સ્ત્રીલિંગી પ્રત્યય)] સ્ત્રી. દુર્ગા; પાર્વતી. કઠના વ્રતમાં મરણ પામ્યા પછી પાર્વતી હિમાલયને ત્યાં જન્મી હતી, અને આ જન્મમાં પણ શંકર પતિ તરીકે મળે તે હેતુથી તેણે આકરું તપ કર્યું. તપનાં પાંદડાં જ ખાઈ તે રહેતી. તોપણ પોતાને વર નહિ મળતાં તેણે પાંદડાનો આહાર પણ તજી દીધો અને તપ આકું કર્યું. આથી તેનું આ નામ પડ્યું છે. હરિવંશ પ્રમાણે હિમવાન અને મેનાની તે સૌથી મોટી દીકરી હતી. તે અને તેની બીજી બે બહેનો એકપર્ણા અને એકપાટલાએ સખત તપ કર્યું. એકપર્ણા ઓરાડ તરીકે આવ્યા પાંદડું આવી ત્યારે અપર્ણા પાંદડું પણ લેતી નહિ. તેથી તેની માતાને બહુ દુઃખ થયું, અને તેણે ▬ મારી કહ્યું "ઉ-મા". આથી અપર્ણા ઉમા કહેવાઈ.

તપ અપર્ણા કેરિયા ગૌરી સિદ્ધિ હોઈ,
પૂજા ચંડિકા અગ્નિકા લક્ષ્મા વારાણી સોઈ;
આર્યા મેનકા અન્ન સર્વમંગલા નામ,
શિવ નામ શિવ ઉર વસી, એહ સદા સુખધામ.
શિવકવચકોષ

અપર્ણિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

અપર્યવસિત ૧. [સં. અ (નહિ) + પર્યવસિત (અંતવાળું)] વિ. અનંત; ઉપર વગરનું.
૨. વિ. અવિનાશી; નાશ વિનાનું.

૩. [સં. અ (નહિ) + પર્યવસિત (નક્કી થયેલું)] વિ. નક્કી ન થયેલું; અનિર્ણિત.
૪. વિ. પૂરું નહિ થયેલું; અપૂર્ણ; અસમાપ્ત.

અપર્યાપ્ત ૧. [સં. અ (નહિ) + પર્યાપ્ત (પૂરતું)] વિ. ઓછું; અપૂર્ણ; અસંપૂર્ણ.
૨. વિ. માપી ન શકાય એવું; અપ્રમેય; અમાપ.
૩. [સં. અ (નહિ) + પર્યાપ્ત (શક્તિવાળું)] વિ. શક્તિ વિનાનું; અસમર્થ.
૪. વિ. સરખું નહિ એવું; અળતું ન આવતું.
૫. વિ. હદ વગરનું; બેશુમાર.

અપર્યાપ્તકર્મ [સં. અ (નહિ) + પર્યાપ્ત (પૂરું) + કર્મન્ (કર્મ)] ન. (જૈન) જેને લીધે જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ એટલે પૂરેપૂરી શક્તિ મેળવી શકતો નથી એવું પાપકર્મ.

અપર્યાપ્તનામ જુઓ અપર્યાપ્તકર્મ.

અપર્યાપ્તિ ૧. [સં. અ (નહિ) + પર્યાપ્તિ (પૂર્ણતા)] સ્ત્રી. અપૂર્ણતા; ઓછપણું.
૨. સ્ત્રી. અમાપતા; અપારપણું.
૩. સ્ત્રી. અશક્તિ; અસામર્થ્ય.

અપર્યાય ૧. [સં. અ (નહિ) + પર્યાય (અનુક્રમ)] પું. ક્રમનો અભાવ.
૨. વિ. ક્રમ વિનાનું.
૩. [સં. અ (નહિ) + પર્યાય (સમાનાર્થ)] વિ. સરખા અર્થવાળું ન હોય એવું; અસમાનાર્થક.
૪. વિ. સર્વાંશે સમાન ન હોય એવું; અસમાન.

અપર્યાયચિહ્ન [સં. અપર્યાય (અસમાન) + ચિહ્ન (નિશાની)] ન. (ગણિત) જે આકૃતિ અથવા પદી અનુરૂપ એટલે સર્વાંશે સમાન નથી એમ બતાવનારું ચિહ્ન; ઉ. જેમકે, $(ક + ખ)^{2} \neq ક^{2} + ખ^{2}$.

અપર્યુષિત [સં. અ (નહિ) + પર્યુષિત (વાસી)] વિ. વાસી ન હોય એવું; તાજું.

અપર્વ ૧. [સં. અ (નહિ) + પર્વન્ (અમાસ, પૂનમ, ચૌદશ અને આઠમ)] ન. અમાસ, પૂનમ, ચૌદશ અને આઠમ સિવાયનો દિવસ.
૨. ન. કવખત.
૩. [સં. અ (નહિ) + પર્વન્ (સાંધો)] ન. સાંધા ન હોવાપણું.
૪. વિ. મોસમ વિનાનું.
૫. વિ. સાંધા વગરનું, ગાંઠ વિનાનું.

અપર્વદંડ ૧. [સં. અ (નહિ) + પર્વન્ (સાંધો) + દંડ (સાંઠો)] પું. એક જાતની શેરડી.
૨. પું. ધાન્યાળરિયું.

અપલ ૧. [સં. અ (વિરોધ) + પલ્ (રક્ષણ કરવું)] ન. ખાત્રણિયો; લોભણ.
૨. [સં. અ (નહિ) + પક્ષ (પાંખ)] વિ. પાંખ વગરનું.

અપલક્ષણ ૧. [સં. અપ (ખરાબ) + લક્ષણ (નિશાની)] ન. અશુભ ચિહ્ન; માઠી નિશાની.
૨. ન. ખોળ; કલંક.
૩. ન. (ન્યાય) જેમાં અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષ હોય એવું લક્ષણ.
૪. ન. તોફાન; આડપલું.
૫. [સં. અપ (ખરાબ) + લક્ષણ (ટેવ)] ન. નઠારી ટેવ; કુટેવ.

અપલક્ષણું ૧. [સં. અપ (ખરાબ) + લક્ષણ (ટેવ)] વિ. અટકચાળું; ચાંદવું.
૨. વિ. કલંકવાળું; ખોળદાર.
૩. વિ. ખરાબ આદતવાળું; કુટેવી.
૪. [સં. અપ (ખરાબ) + લક્ષણ (નિશાની)] વિ. માઠી નિશાનીવાળું.

અપલખણ જુઓ અપલક્ષણ.

અપલખણું જુઓ અપલક્ષણું.

અપલપિત ૧. [સં. અપલપ્ (અસ્વીકાર કરવો)] વિ. અસ્વીકૃત; નામંજૂર કરાયેલું.
૨. [સં. અપલપ્ (સંતાડવું)] વિ. છુપાવેલું.
૩. વિ. નિષેધ કરાયેલું.

અપલબ્ધ [સં. અપ (ખરાબ) + લબ્ધ (મેળવેલું)] વિ. ખરાબ રીતે મેળવેલું.

અપલાપ ૧. [સં.] પું. ખંભા અને પાંસળીઓ વચ્ચેનો ભાગ; બગલ.
૨. [સં. અપલપ્ (અસ્વીકાર કરવો)] પું. નામંજૂર જવાબ; ઇનકાર.
૩. પું. પ્રસંગ ટાળવા માટે આડીઅવળી વાત કહેવાપણું.
૪. [સં. અપ (ખરાબ) + લાપ (બોલવું તે)] પું. મિથ્યાવાદ; બકવાદ.
૫. [સં. અપલપ્ (સંતાડવું)] પું. સંતાડવાપણું.
૬. પું. સ્નેહ; પ્રેમ.

અપલાપદંડ [સં. અપલાપ (ઇનકાર) + દંડ] પું. (ન્યાય) તહોમતદાર ગુનાનો ઇનકાર કરતો હોય તે છતાં કોર્ટ પુરાવા ઉપરથી તેને તકસીરવાર ઠરાવી કરેલો દંડ.

અપલાપગર્ભ [સં. અપલાપ (ઇનકાર) + ગર્ભન્ (પેટનો ભાગ)] ન. બલાની નીચે બાજુની ઉપરના ભાગમાં એટલે જે બાજુની અંદરની દીવાલ પરનો પોલાણ ભાગ.

અપલાપી ૧. [સં. અપલાપ (ઇનકાર) + ઇન્ (વાળું)] વિ. ઇનકાર કરનાર.
૨. [સં. અપલપ્ (સંતાડવું)] વિ. સંતાડનાર; છુપાવનારું.

અપલાયન ૧. [સં. અ (નહિ) + પલાયન (નાસી જવું તે)] ન. નાસી ન જવાપણું.
૨. ન. લાગી જવાપણું. મૂળ અર્થ નાસી ન જવાપણું છે, પણ હાલ 'નાસી જવું' એ અર્થમાં કેટલેક સ્થળે વપરાય છે.

અપલાષિકા ૧. [સં. અપ (વિરોધ) + લષ્ (ઇચ્છા કરવી)] સ્ત્રી. તીવ્ર ઇચ્છા; અતિશય તૃષ્ણા.
૨. સ્ત્રી. તૃષા; પિપાસા; તરસ.

અપલાષી ૧. [સં. અપ (વગરનું) + લાષિન્ (ઇચ્છાવાળું)] વિ. ઇચ્છા વગરનું.
૨. વિ. તરસ વિનાનું; પિપાસા રહિત.
૩. વિ. તરસ્યું; પિપાસુ.
૪. [સં. અપ (વિરોધ) + લષ્ (ઇચ્છા કરવી)] વિ. તીવ્ર ઇચ્છાવાળું; અતિશય તૃષ્ણાવાળું.

અપલાષુક જુઓ અપલાષી.

અપલોક ૧. [હિં.] પું. અપકીર્તિ; બદનામી.
૨. પું. ખોટો આરોપ; મિથ્યાદોષ.

અપલ્યા ૧. [સં. અ (નહિ) + પલ્ (બાંધવું)] સ્ત્રી. કુમળી સ્ત્રી.
૨. [સં. અ (નહિ) + પલ્ય (ઉત્તમ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કૂવા જેવી; ઝરી જાયડી.
૩. વિ. સ્ત્રી. અસક્ત; કામનોર; કુમળી.
૪. વિ. સ્ત્રી. ગંદી; કૂવા.

અપવચન ૧. [સં. અપ (ખરાબ) + વચન] ન. ખરાબ શબ્દ; ગાળ.
૨. ન. નિંદા.

અપવન ૧. [સં. અપ (ખરાબ) + વન] ન. ખરાબ બગીચો.
૨. [સં. ઉપ (નજીક) + વન] ન. શહેરની નજીક ઊગાડેલો બગીચો કે વાડી.
૩. [સં અ (નહિ) + પવન] વિ. પવન વગરનું; પવન ન આવે એવું.

અપવરક ૧. [સં. અપ (દૂર) + વૃ (ઢાંકવું)] પું. સુવાવડનો ઓરડો, કેમકે તે ઘરના અંદરના ભાગમાં હોય છે.
૨. પું. હવા આવવાનું બારોટું.

અપવરણ ૧. [સં. અપ (નહિ) + વૃ (ઢાંકવું)] ન. ઢાંકણ કાઢી નાખવાપણું.
૨. [સં. અપવૃ (ઢાંકવું)] ન. ઢાંકવું તે.
૩. ન. વસ્ત્ર; કપડું.

અપવર્ગ ૧. [સં. અપ (ઊલટું) + વૃજ્ (વર્જવું)] પું. અપવાદ; રીત, ધારો કે નિયમ લાગુ ન પડવાપણું.

૨. [સં. અપવર્ગ (પૂર્ણ કરવું)] પું. છેડો; સમાપ્તિ.

૩. [સં. અપ (દૂર) + વૃજ્ (વર્જવું)] પું. ત્યાગ.

૪. પું. દાન; બક્ષિસ.

૫. પું. ફલસિદ્ધિ; ફળપ્રાપ્તિ.

૬. પું. આયુ, પત્થર વગેરે ફેંકવાં તે.

૭. પું. (ન્યાય) ચાર પ્રમેયમાંનું એક.

પ્રમેય ચાર છે: આત્મા, શરીર, ઇન્દ્રિય, અર્થ, બુદ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, મિથ્યાજ્ઞાન, દુઃખ, દુઃખ, અપવર્ગ. અનુપ્રાસ

૮. પું. મોક્ષ; મુક્તિ; નિર્વાણ.

મુક્તિ અમૃત કૈવલ્ય અને અપુનર્જન્મ અપવર્ગ, નિઃશ્રેયસ નિર્વાણપદ બ્રહ્મસિદ્ધિ વાસવર્ગ. પિંગલપ્રકાશ

અપવર્ગી [સં. અપવર્ગ (મોક્ષ) + ઈન્ (વાળું)] વિ. મોક્ષ પામેલું.

અપવર્જન ૧. [સં. અપ (દૂર) + વૃજ્ (વર્જવું)] ન. ત્યાગ.

૨. ન. દાન; બક્ષિસ.

૩. ન. મોક્ષ; મુક્તિ; નિર્વાણ.

અપવર્જિત ૧. [સં. અપવૃજ્ (છોડ દેવું)] વિ. છોડેલું; તજેલ.

૨. વિ. મુક્ત; છુટકારો મેળવેલું.

અપવર્ત ૧. [સં. અપ (દૂર) + વૃત્ (વર્તવું)] પું. અપહરણ; લાઈ જવાપણું.

૨. [સં. અપ (ઊલટું) + વૃત્ (વર્તવું)] પું. પલટો; ફેરફાર; પરિવર્તન.

૩. પું. (ગણિત) બે અવયવ વચ્ચે રહેલો સામાન્ય અવયવ; 'કૉમન મેઝર'. જેમકે, ૧૫ અને ૨૧નો કોઠ અપવર્ત ૩ છે.

૪. પું. સામાન્ય પરિમાણનું રૂપ આપવું તે.

અપવર્તક ૧. [સં.] પું. (ગણિત) અવયવ; 'ફૅક્ટર'. જેમકે, ૧૮ નો કોઠ અપવર્તક ૩ છે.

૨. પું. કોઠ કાઢવાની યાત્રા.

કોઠ કોર, કોઠ ખોળી તથા કોઠ કોનાનો અમુક કોરી માત્રા અપવર્તક કહેવાય છે. મુક્તકુંજમાળા

૩. પું. સાધારણ અવયવ; અપવર્ત.

અપવર્તન ૧. ન. (ગણિત) અપૂર્ણાંકને અતિ સક્ષેપ રૂપ આપવું તે.

૨. [સં.] ન. કોઠ ઠેકાણેથી બીજે ઠેકાણે લાઈ જવાની ક્રિયા; અપહરણ.

૩. ન. ટૂંકું કરવાપણું.

૪. [સં. અપ (ખરાબ) + વર્તન (આચરણ)] ન. દુરાચાર.

૫. [સં. અપ (ઊલટું) + વૃત્ (વર્તવું)] ન. પલટો; ફેરફાર; પરિવર્તન.

૬. ન. (ગણિત) રાશિને તેના કોઠ અવયવ વડે લાગ્યો જે; વિભાજન. જેમકે, ૧૨૦ ને ૪ વડે અપવર્તન કરવાથી ૪૦ આવે છે.

૭. ન. (વિજ્ઞાન) વાંકું જવાપણું; વિભાજન.

અપવર્તનાંક [સં. અપવર્તન (લાગવાપણું) + અંક (સંખ્યા)] પું. (ગણિત) બે સંખ્યામાંની દરેકને જે મોટી સંખ્યા વડે લાગતાં શેષ ન વધે તે સંખ્યા; બે રાશિનો સામાન્ય અવયવ; 'કૉમન મેઝર'. જેમકે, ૪ એ ૧૮ અને ૩૦ એ બન્નેનો અપવર્તનાંક છે.

અપવર્તાવું [સં. અપ (દૂર) + વૃત્ (વર્તવું)] અ. ક્રિ. આઘે આઘે જવું.

અપવર્તિત ૧. [સં. અપ (ઊલટું) + વર્તિત (વર્તેલું)] વિ. પલટાયેલું; ફેરફાર પામેલું.

૨. [સં.] વિ. (ગણિત) રાશિને તેના કોઠ અવયવ વડે લાગવાથી આવતું. જેમકે, ૩૦ને ૪ વડે લાગવાથી ૧૦ આવે એ અપવર્તિત રાશિ કહેવાય.

અપવર્તના [સં.] સ્ત્રી. (જૈન) મનની વૃત્તિ પ્રમાણે અગાઉના બાંધેલાં કર્મની લાંબી સ્થિતિ અને તીવ્ર રસમાં ઘટતો ઘટાડો.

અપવર્તી [સં.] પું. (ગણિત) કોઠ સંખ્યા વડે શેષ વધ્યા વગર લાગી શકાતી મોટી સંખ્યા; 'મલ્ટિપલ'. જેમકે ૪ વડે ૧૮ને બરાબર લાગી શકાય છે માટે ૧૮ એ ૪ નો અપવર્તી છે.

અપવર્તયિષ્ણુ [સં.] વિ. (ગણિત) જેનાંથી બની શકતા—રેખાગણે પ્રકાર આપ જેવું નિકટ; 'અપ્રિસિયસ'.

અપવસન ૧. [સં. અપ (ખરાબ) + વસન (કપડું)] ન. ખરાબ વસ્ત્ર; ફાટલું કપડું; શરીરનું અંગ ઢાંકવા જેવું જીર્ણ વસ્ત્રનું.

૨. [સં. અપ (નિષ) + વસન (કપડું)] વિ. સૂતરાં વસ્ત્રનું.

અપવસનક [સં. અપ (નહિ) + વસન (કપડું) + ક (નિરર્થક પ્રત્યય)] ન. સૂતરાં વિના ટાટ વગેરે સાધન કરવાપણું.

અપવાચ્યા [સં. અપ (ખરાબ) + વાચ્ય (વાણી)] સ્ત્રી. અપવાદ; નિંદા.

અપવાદ ૧. [સં. અપ (ખોટું) + વદ્ (બોલવું)] પું. આરોપ; આક્ષેપ; ખોટું આળ; તહોમત.

ઇષ્ટ કાર્યને અર્થે દમયંતી અપવાદ બોલ્યો જેવો ૨. પ્રેમાનંદ

૨. પું. દોષ; વાંક.

૩. પું. ભેગ; પ્રસૂન.

૪. [સં. અપ (ખરાબ) + વદ્ (બોલવું,)] પું. બદનામી; નિંદા; અપકીર્તિ.

૫. પું. (વેદાંત) ભ્રમનું દૂર કરવાપણું. જેમકે, દોરીમાં સર્પનું જ્ઞાન એ મિથ્યારોપ છે, દોરીના સાચા જ્ઞાનથી એ મિથ્યારોપનું નિરાકરણ થાય એ નિરાકરણ અપવાદ કહેવાય.

૬. પું. ભ્રમનું બાધક જ્ઞાન.

૭. પું. મિથ્યાવાદ; ઊલટો વાદ.

૮. પું. રદિયો; દલીલ.

૯. પું. રીત, ધારો કે નિયમ લાગુ ન પડવાપણું.

૧૦. [સં. અપવદ (વિરોધ કરવો)] પું. વિરોધ; પ્રતિવાદ; આક્ષેપનું ખંડન.

૧૧. પું. વિશ્વાસ; શ્રદ્ધા; ભરોસો.

૧૨. પું. સંમતિ; અનુમતિ.

૧૩. પું. હરણને ફસાવવા માટે વગાડવામાં આવતો નાનો પંદ કે એવું કોઈ સાધન.

૧૪. પું. હુકમ; આદેશ; આજ્ઞા.

અપવાદક લુચ્ચો બદમાશ.

અપવાદન્યાય [સં. અપવાદ (ભ્રમનો નાશ) + ન્યાય] પું. (વેદાંત) વસ્તુનું ખરેખરું જ્ઞાન થતાં ભ્રમ જતો રહે એવો સિદ્ધાંત.

અપવાદભૂત [સં. અપવાદ (વિરોધ) + ભૂત (થયેલું)] વિ. વિરોધી.

અપવાદશૂન્ય [સં. અપવાદ (સામાન્ય નિયમ લાગુ નહિ પડવાપણું) + શૂન્ય (રહિત)] વિ. બાધ વિનાનું.

અપવાદાત્મક [સં. અપવાદ (વિરોધ) + આત્મક (વાળું)] વિ. વિરોધી.

અપવાદિક [સં. અપવાદ (સામાન્ય નિયમ લાગુ નહિ પડવાપણું) + ઇક (વાળું)] વિ. નિયમ લાગુ ન પડે એવું.

અપવાદિત ૧. [સં. અપ (ખરાબ) + વદ્ (બોલવું)] વિ. નિંદાયેલું; વગોવાયેલ.

૨. [સં. અપવદ્ (વિરોધ કરવો) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. વિરોધ કરવામાં આવ્યો હોય તેવું.

અપવાદિયું વિ. સ્ત્રી. બાધરૂપ બનવા જેવી.

અપવાદી ૧. [સં. અપ (ખોટું) + વાદિન્ (બોલનાર)] વિ. ખોટું બોલનાર; જૂઠાબોલું.

૨. વિ. ખોટો આરોપ મૂકનાર.

૩. વિ. નિંદા કરનારું; અપકીર્તિ કરનાર.
૪. વિ. વિતંડાવાદી; ખોટી રીતે વાદ ખડો કરનાર.
૫. [સં. અપવાદ (વિરોધ) + ઇન્ (વાળું)] વિ. વિરોધી; બાધક.
૬. વિ. સામાન્ય નિયમ લાગુ ન પડતું હોય એવું.

અપવારણ ૧. [સં. અપવૃ (ઢાંકવું)] ન. અટકાવ કરી બચાવવું; અંતર્ધાન.
૨. ન. ઢાંકણ; આચ્છાદન.
૩. [સં. અપ (દૂર) + વારણ (રોકવું)] ન. હટાવવાનું કે દૂર કરવાનું કામ.

અપવારિત ૧. [સં. અપવૃ (ઢાંકવું)] વિ. ઢાંકેલું; છુપાવેલ.
૨. [સં. અપ (દૂર) + વારિત (અટકાવેલ)] વિ. દૂર કરેલ; હટાવેલું.
૩. ક્રિ. વિ. (નાટ્ય) ગુપ્તપણે; છાની રીતે.
વસંતને અપવારિત કહ્યું. રાજ્યારોહણ

અપવાસ ૧. [સં. ઉપવસ (ભૂખ્યા રહેવું)] પું. અનશન; ખાવું નહિ તે.
૨. પું. અંતર્ધાન; અદશ્યતા.
૩. પું. ખોટ ખાતાનો ઘોડ.
૪. [સં. અપ (દૂર) + વાસ (સ્થિરવાસ)] પું. પાણ હટાવવું.
૫. પું. વાત તરીકે કરવામાં આવતો ઉપવાસ.

અપવાસણ સ્ત્રી. વાત તરીકે ખોરાક નહિ લેનાર સ્ત્રી.

અપવાસણી જુઓ અપવાસણ.

અપવાસિયું જુઓ અપવાસી.

અપવાસી ૧. [સં. ઉપવસ (ભૂખ્યા રહેવું)] વિ. નહિ જમવાના વ્રતવાળું.
૨. વિ. ભૂખ્યું.
અપવાસીને ઘેર હોકળાં = (૧) અસંભવિત વાતના. (૨) ભિખારી કદી કેવળિયા હોઈ શકે જ નહિ. (૩) ભૂખ્યા માણસને ત્યાં હોકળાં હોય જ નહિ, એટલે જેની પાસે કોઈ વસ્તુ હોય નહિ તેની ત્યાં અમુક વસ્તુ માગવા જવું તે.

અપવાહ ૧. પું. (વિનોદ) ખોટ ખાતરનો ઘંઢ; અપવાહક. તેના દરેક મરણમાં વચ્ચે ૧ નક્ષત્ર, શનિ, અને ૨ મુકી ૨૧ ગણાય, અને ૬, ૧૫, તથા ૨૧મા ગણરે ગણિ આવે છે.
૨. પું. ઊંચી જગાથી નીચે જવાનું સ્થાન.
ખોરણ ન ઠરાવેલો કેસ ઠરાવ છે, ત્યારે જે નથી, અસત્ય અને અપવાહ વચ્ચે છે, તેને કેસના વાદકાળે દુરાગ્રહક ગણવું છે. અનોકવાદિત

૩. [સં. અપ (દૂર) + વહ્ (લઈ જવું)] પું. ખોટેથી લઈ જવાપણું.
૪. પું. હાની કરવું તે.
૫. [સં. અપવહ્ (ખાલ કરવું)] પું. ખાલ-ખાલી.

અપવાહક ૧. પું. (વિનોદ) ખોટ ખાતરનો ઘંઢ. જુઓ અપવાહ ૧.
૨. [સં. અપ (દૂર) + વહ્ (લઈ જવું)] પું. વસ્તુને ખોટ ખાતરથી નીચે ઠેકાણે પહોંચે એવું યંત્ર; મુખનંત્ર.
૩. વિ. ખોટ ઠેકાણેથી નીચા ખાતા પર લઈ જનાર.

અપવાહન ૧. ન. ઠેકી કરીને લઈ જવાનું [illegible]
૨. [સં. અપ (ખરાબ) + વાહન] ન. ખરાબ વાહન.
૩. ન. ખોટી રીતે ચોરાઈ જવું તે.
૪. ન. પરદેશમાં રહેલ માણસને જોતાના દેશમાં પહોંચાડવાની ક્રિયા.
૫. [સં. અપવહ્ (બાદ કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બાદબાકી.
૬. [સં. અપ (દૂર) + વહ્ (લઈ જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. લઈ જવાપણું.

અપવાહિત [સં. અપ (દૂર) + વહ્ (લઈ જવું) + ઇત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ખોટી ખાતેથી.

અપવાહુક [સં. અપ (ખરાબ) + વાહુક (વાહનવાળું)] પું. વહુ વધવાથી થતો ખોટ ખાતનો રોગ, જેમાં હાથની નસો ખોટી પડી જઈ હાથ નકામો થઈ જાય છે; ભુજસ્તંભ રોગ; અપવાહુક.

અપવાહી [સં. અપ (દૂર) + વાહ (લઈ જવા ગ્રેડ)] વિ. દૂર કરવા લાયક.

અપવિક્ષ [સં. અપ (નહિ) + વિક્ષ (દક્ષતા)] વિ. ચાલાકી વિનાનું.

અપવિત્ર ૧. [સં. ન (નહિ) + પવિત્ર (શુદ્ધ)] વિ. અશુદ્ધ; નાપાક; દૂષિત.
૨. વિ. પાપી; અધર્મી.

અપવિત્રતા ૧. [સં. ન (નહિ) + પવિત્રતા (શુદ્ધિ)] સ્ત્રી. અશુદ્ધિ; મલિનતા.
૨. સ્ત્રી. પાપીપણું.

અપવિત્રત્વ જુઓ અપવિત્રતા.

અપવિત્રપણું જુઓ અપવિત્રતા.

અપવિત્રાઈ જુઓ અપવિત્રતા.

અપવિદ્ધ ૧. [સં. અપવ્યધ્ (ત્યજવું)] પું. માબાપે તજી દીધેલો કોઈ બીજાએ પાળેલો દીકરો; બાર જાતના દીકરામાંનો એક.
૨. વિ. અકસ્માત વિંધાયું; નિરાધાર.
૩. વિ. તજેલ; છોડી દીધેલ.
૪. વિ. નીચ; અધમ; હલકું.
૫. [સં. અવવ્યધ્ (વીંધવું)] વિ. વીંધેલ; કાણું પાડેલ.

અપવિદ્ધપુત્ર [સં. અપવિદ્ધ (ત્યજેલ) + પુત્ર (દીકરો)] પું. બાર જાતના દીકરામાંનો એક. જુઓ અપવિદ્ધ ૧.

અપવિદ્ધલોક [સં. અપવિદ્ધ (લોક તરછોડેલું) + લોક (દુનિયા)] વિ. દુનિયા છોડી જતું રહેલું; મરણ પામેલું.

અપવિદ્યા ૧. [સં. અપ (ખરાબ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. (વેદાંત) માયા; અવિદ્યા.
૨. [સં. અપ (હલકું) + વિદ્યા] સ્ત્રી. હલકી વિદ્યા.

અપવિષ [સં. અપ (નહિ) + વિષ (ઝેર)] વિ. ઝેર વગરનું.

અપવિષા ૧. [સં. અપ (નહિ) + વિષ (ઝેર) + આ (નારીજાતિને પ્રત્યય)] સ્ત્રી. ઝેર વિનાનું એક પ્રકારનું સુગંધી ઘાસ.
૨. વિ. સ્ત્રી. ઝેર વિનાની.

અપવીણ ૧. [સં. અપ (ખરાબ) + વીણા (વીણા)] વિ. ખરાબ વીણાવાળું.
૨. [સં. અપ (વિના) + વીણા (એક વાદ્ય)] વિ. વીણા વગરનું.

અપવીણા [સં. અપ (ખરાબ) + વીણા (વીણા)] સ્ત્રી. ખરાબ વીણા.

અપવૃત્ત ૧. [સં.] વ. (જ્યોતિષ) આકાશમાં જે ભાગે સૂર્ય ફરતો દેખાય છે તે રસ્તો; સૂર્યમાર્ગ; ક્રાંતિવૃત્ત; 'ઇક્લિપ્ટિક'.
૨. વિ. ઉકેરાયેલું.
૩. [સં. અપ (ઉપર) + વૃત્ત (વર્તેલું)] વિ. ઉપર વળી જોયેલું.
૪. [સં. અપ (ખરાબ) + વૃત્ત (વર્તેલું)] વિ. ખરાબ આચરણવાળું; દુરાચારી.
૫. વિ. નીચે રાખેલ ભોંવાળું.
૬. વિ. સમાપ્ત; પૂરું કરેલું.

અપવેષ [સં. અપ (ખોટું) + વસ્ (ઢાંકવું)] પું. ચોરી અને રત્નને ચોરી રીતે કે ચોરી કિલ્લામાં વીંધવાની ક્રિયા, એટલે કે ત્યાં પાડું પાડવાનું હોય ત્યાં નહિ પાડતાં ચોરી રીતે પાડું પાડીને તે બનાવવું તે.

અપવેષ્ટિત પું. હાવભાવ કરતી વખતે હાથ હલાવવાના ૧૨ પ્રકાર પૈકીનો એક; નીચે રખાતો હાથ.

અપવ્યય ૧. [સં. અપ (વિશેષ) + વ્યય (ખરચ)] પું. ઉડાઉપણું.

૨. [સં. અપ (ખોટું) + વ્યય (ખરચ)] પું. ખોટું ખરચ; ગેરવાપર; ગેરવાજબી ખરચ.

૩. પું. ખર્ચાઉ; ગુજરાની.

૪. [સં. અપ (નહિ) + વ્યય (નાશ)] વિ. અવિનાશી; અવ્યય.

અપવ્યયતા સ્ત્રી. ખોટો ખરચ.

> અસોક પોતાના ત્રીજા મુખ્ય શિલાલેખમાં કહે છે કે અપવ્યયતા (ખોટો ખર્ચ) અને અપભાંડતા (ખોટી બચત) બન્નેના બે બંનો છે.
> —અશોકાવલિત

અપવ્યયમાન જુઓ અપવ્યયી.

અપવ્યયી ૧. [સં. અપ (વિશેષ) + વ્યય (ખરચ) + ઇન્ (વાળું)] વિ. ઉડાઉ.

૨. [સં. અપ (ખોટું) + વ્યય (ખરચ) + ઇન્ (વાળું)] વિ. ગેરવાજબી ખરચનાર.

૩. વિ. હેતું કામ ન કરનાર.

અપવ્યવહરણ [સં. અપ (વિપરીત) + વ્યવહરણ (પ્રયોગ)] ન. ખોટો ઉપયોગ.

અપવ્યવહાર [સં. અપ (ખરાબ) + વ્યવહાર (ઉપયોગ)] પું. દુરુપયોગ.

અપવ્યાખ્યાન [સં. અપ (ખોટું) + વ્યાખ્યાન (વિવેચન)] ન. ખોટું વિવેચન; ખોટો અર્થ; ખોટું વ્યાખ્યાન.

અપવ્રત ૧. [સં. અપ (ઉતરતું) + વ્રત] ન. હલકું વ્રત.

૨. વિ. આકરામાંનું અનુષ્ઠાનાદિ.

૩. વિ. નિમકહરામ.

૪. [સં. અપ (વિરોધ અકરવાનો ઉપસર્ગ) + વ્રત (ધાર્મિક નિયમ)] વિ. વ્રત પૂરું થયું હોય એવું.

અપશકુન જુઓ અપશુકન.

અપશદ ૧. [સં. અપ (ઉતરતું) + શદ (ગબડ કરવું)] ન. પોતાથી ઊતરતી જાતની સ્ત્રીથી થયેલું સંતાન; અપસદ.

૨. ન. હલકી જાતનું માણસ.

૩. વિ. નીચ; અધમ.

અપશબ્દ ૧. [સં. અપ (ખરાબ) + શબ્દ] પું. અમંગળ શબ્દ; અયોગ્ય વચન.

૨. પું. (બહુવ) ખોટો શબ્દ; અશુભ શબ્દ; અપશંદ.

૩. પું. ખરાબ બોલ.

૪. પું. નિંદા; વગોવણી.

૫. પું. ખરાબ; છેલ્લો અપભ્રંશ.

૬. [હિં.] પું. સંબંધ વિનાનો બકવાદ; અર્થ વગરનો બોલ.

અપશંક [સં. અપ (વિના) + શંકા (સંશય)] વિ. શંકા રહિત; નિઃસંદેહ.

અપશંકા [સં. અપ (ખરાબ) + શંકા (સંદેહ)] સ્ત્રી. કુશંકા; ખરાબ આશંકા.

અપશીર્ષ [સં. અપ (નહિ) + શીર્ષ (માથું)] વિ. માથા વગરનું.

અપશુ ૧. [સં. અ (ખરાબ) + પશુ] ન. ખરાબ તથા ખોટા સિવાયનું બોજવું પ્રાણી; અપ્રશસ્ત પ્રાણી.

૨. [સં. અ (નહિ) + પશુ] વિ. પશુરૂપી ધન વિનાનું.

અપશુકન ૧. [સં. અપ (ખરાબ) + શકુન (પક્ષી)] ન. માઠી નિશાની; અશુભ ચિહ્ન. પક્ષીની બોલી, હિલચાલ વગેરે ઉપરથી શુકન અપશુકન જોવામાં આવે છે, એટલે લક્ષિણની બાબતથી માટે શકુન શબ્દ રૂઢ થયો છે. દેવતાને શકુન નામના પક્ષી ઉપરથી તે શબ્દ બન્યાનું માને છે, પ્રસ્તુ તે પક્ષી થાનું જાવે તે શુભ ગણાય છે.

> અણાય બોલ્યું અપશુકન. આવંત મુખવાસ: બોલ્યું જે છે શુકન શુભ. આખી વાત ન જાય.

૧. અપશુકન કરવા = અમંગળ લાગે તેવું કરવું કે કહેવું.

૨. અપશુકન થવાં = અશુભ ચિહ્ન જણાવાં.

૩. બોલી નિશાની અપશુકનમાંથી ન બચવા = બોલું બોલાનો ભાવ સમજવે જ.

૨. [અપ (ખરાબ) + શકુન (ભેદ)] ન. માઠું વચન કરવું ભેદ.

અપશુકન કરેલું = (૧) અશુભ કરાય કરવો. (૨) ખરાબ કેળી.

અપશુકનિયાળ [સં. અપ (ખરાબ) + શકુન (ચિહ્ન) + આળુ (વાળું)] વિ. અશુભ ચિહ્નવાળું; અપશુકનિયું; અમંગળ.

અપશુકનિયું જુઓ અપશુકનિયાળ.

અપશોક ૧. [સં. અપ (બહાર) + શોક (અફસોસ)] પું. આનંદ, કારણ કે તે હંમેશાં શોક બહારનો હોય છે.

૨. પું. આસોપાલવનું ઝાડ; અશોક.

૩. વિ. દિલગીરી વિનાનું.

અપશોચ [સં. અપ (વિશેષ) + શુચ્ (શોક કરવો)] પું. દિલગીરી; અફસોસ.

અપશોચ્ય [સં. અપ (વિશેષ) + શુચ્ (શોચવું)] ન. ચૂસી લેવાપણું.

અપશ્ચાત્તાપ [સં. અ (નહિ) + પશ્ચાત્તાપ (પસ્તાવો)] પું. પસ્તાવો ન કરવો તે.

અપશ્ચિમ ૧. [સં. અ (નહિ) + પશ્ચિમ (પાછળ હોનાર)] વિ. જેની પછવાડે કોઈ ન હોય એવું; છેલ્લું.

૨. વિ. જેનાં બાકી ન હોય એવું; શેષ વિનાનું.

૩. વિ. વિશેષ; અત્યંત.

૪. [સં. અ (ઉત્તર) + પશ્ચિમ (પાછળ)] વિ. સૌથી આગળનું; પહેલું.

અપશ્રય [સં. અપ (નીચે) + શ્રય (આધાર)] પું. ઓશીકું.

અપશ્રી ૧. [સં. અપ (નહિ) + શ્રી (લક્ષ્મી)] વિ. ધન વિનાનું; લક્ષ્મી વગરનું.

૨. [સં. અપ (નહિ) + શ્રી (શોભા)] વિ. શોભા વિનાનું; કુદરતા વગરનું.

અપશ્લેષન [સં. અપ (વિરોધ) + શ્લેષ્ (આલિંગન કરવું)] ન. પક્ષાઘાત; લકવો.

અપષ્ઠ ૧. [સં.] ન. અંકુરની અણી.

૨. [સં. અપ (દૂર) + સ્થા (ઊભું)] વિ. દૂર ખસી જઈને ઊભું રહેનાર.

અપસદ ૧. [સં. અપ (ઊતરતું) + સદ્ (ગબડ કરવું)] ન. પોતાથી ઊતરતી જાતની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ સંતાન; અપસદ.

૨. ન. હલકી જાતનું માણસ.

૩. વિ. અધમ; નીચ.

અપસરે ૧. પું. કપડાં ધોબણનું સાધન કરવું.

૨. [સં. અપ (ઊતરું) + સૃ (જવું)] પું. પાછી હઠ.

૩. પું. ચોગ્ય જગાનું સાધન કરવું.

૪. [સં. અપ્ (પાણી) + સૃ (નીકળવું)] સ્ત્રી. સ્વર્ગની નાનારી રંભા; અપ્સરા, કેમકે સમુદ્રમંથન વખતે તે પાણીમાંથી નીકળેલી મનાય છે.

> આકરે ઝાડવું બળે, પરનારે સ્વત પીચા;
> અપસરે ચઢે ઉતાવળી, વર કેરો વરવા.
> —કવિ

૫. વિ. ભગવાનું.

અપસરણ ૧. [સં. અપ (દૂર) + સરણ (ખસવું)] ન. નાસી જવું તે; પલાયન.

૨. ન. પાછું હઠવાપણું.

૩. સ. વેરણછેરણ; ટોળામાંથી વીખરાવાપણું.
૪. સ. (ગણિત) જેવીનાં જેમ જેમ વધારે પદ લેવા જઈએ તેમ તેમ તે પદોનો સરવાળો મોટો ને મોટો થતો જાય અને અનંત પદોનો સરવાળો અનંત જેટલો મોટો થાય એ સ્થિતિ; 'કાઇવર્જન્સ'. જેમકે, ૧ + ૨ + ૩ + ૪ + ૫ +.....

અપસરવું ૧. [સં. અપ (દૂર) + સૃ (જવું)] અ. ક્રિ. દૂર જવું; જતું રહેવું.
૨. અ. ક્રિ. નાસી છૂટવું.
૩. અ. ક્રિ. પાછું હઠવું.
૪. અ. ક્રિ. વીખરાવું.

અપસર્ગ ૧. [સં. અપ (દૂર) + સૃજ્ (છોડવું)] પું. ત્યાગ.
૨. પું. દાન.
૩. પું. મોક્ષ; નિર્વાણ.

અપસર્જન જુઓ અપસર્ગ.

અપસર્પ ૧. [સં. અપસૃપ્ (જવું વગેરે)] પું. જાસૂસ; બાતમીદાર; ગુપ્તચર.
૨. [સં. અપ (દૂર) + સૃપ્ (ભસવું)] પું. નાસી જવાની ક્રિયા; પલાયન.
૩. પું. પાછા હઠવાની ક્રિયા; પાછું જોવાની ક્રિયા.

અપસર્પક જુઓ અપસર્પ ૧.

અપસર્પણ ૧. [સં. અપ (દૂર) + સૃપ્ (ભસવું)] ક્રિ. ભાગી જવાપણું.
૨. ન. છૂપી તપાસ.
૩. ન. પીછેહઠ.

અપસર્પિત ૧. [સં. અપ (દૂર) + સર્પિત (ભસેલું)] વિ. ભાગી ગયેલું; નાસી ગયેલું.
૨. [સં. અપસૃપ્ (છૂપી રીતે જવું)] વિ. છૂપી તપાસ કરેલું.
૩. [સં. અપ (દૂર) + સર્પિત (ગયેલું)] વિ. પાછળ હઠેલું.

અપસવ્ય ૧. [સં.] સ. તર્જની પ્રદેશે અંગૂઠા પાસેની આંગળી અને અંગૂઠા વચ્ચે. તર્જની અને અંગૂઠા વચ્ચેનો ભાગ પિતૃતીર્થ કહેવાય છે, કેમકે તર્પણ વગેરે ક્રિયામાં પિતૃને તે ભાગથી પાણી અર્પણ કરવામાં આવે છે.

અપસવ્ય ૧. [સં.] સ. તર્જની પ્રદેશે અંગૂઠા પાસેની આંગળી અને અંગૂઠા વચ્ચેની જગ્યા; પિતૃતીર્થ.
૨. [સં. અપ (ઊલટું) + સવ્ય (જમણું)] સ. શરીરનો જમણો ભાગ.
૩. વિ. ઊલટું; પ્રતિકૂળ.
સવ્ય-અપસવ્ય કરી નાખવું = ઊલટુંપાલટું કરી નાખવું; ઊંધુંચત્તું કરી નાખવું.
૪. વિ. જમણી બાજુથી કરવું: 'નેગેટિવ'.

આજ સંબંધમાં તેમ જ બીજા અનેક જગ્યાએ પોઝિટિવ, નેગેટિવ શબ્દો વાપરવા પડે છે. એને માટે અનુક્રમે 'સવ્ય' 'અપસવ્ય' શબ્દો સૂચવું છું. સવ્ય ધનિમાની દિશા માટે, અપસવ્ય ઋણિમાની ઊલટી દિશા માટે.
અમરવાણ

૫. વિ. જમણું.

૧. અપસવ્ય ગ્રહણ = સૂર્ય કે ચંદ્રની જમણી બાજુ પર કાંઈ રાહુ ગ્રસે અથવા ગ્રહણ જમણી બાજુ તરફ જાય ત્યારે તેને અપસવ્ય ગ્રહણ કહે છે.

૨. અપસવ્ય પ્રવેશ = નાટ્યશાસ્ત્રમાં દાખલ કાંઈ જમણી બાજુ કરવામાં આવતો પ્રવેશ. પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણી તરફ નવી વસ્તુસ્થળમાં પ્રવેશ થાય તે બીજો અપસવ્ય પ્રવેશ કહેવાય-રામવાણ

૬. વિ. ડાબેરિયું; ડાબેરી.
૭. વિ. ઘારણી બાજુ બાદ કરતાં જમણી બાજુથી કરેલું.
૮. સ. જમણી તરફ; જમણા ખભાને આધારે જનોઈ ડાબી તરફ લટકે એમ.

અપસવ્ય કરવું = (૧) જેની પ્રક્રિયા કરવામાં આવતી હોય તે જમણી બાજુ રહે એવી રીતે તેની આસપાસ ફરવું. (૨) લગ્ન વગેરે ક્રિયામાં કાંધે ભરેથી જનોઈ જમણે ખભે કેરવવી.

અપસવ્યક જુઓ અપસવ્ય.

અપસાત [અપ (ઉપસર્ગ) + સાત્ (વખત)] અ. અગાઉથી; આ વખતે જ.

અપસાર ૧. પું. ચોરીનો માલ.
૨. [સં. અપ (દૂર) + સ (ભસેલું)] પું. દૂર ભસેલું તે.
૩. [સં. અપસ (ખાલી જવું)] પું. પલાયન.
૪. પું. પાણીનો ભાગ.
૫. [હિં. અપ (પાણી) + સાર] પું. પાણીનો છાંટો; બિંદુબિંદુ.
૬. પું. ખાર નીકળવું તે; ક્ષારિર્ગમન.

અપસારણ ૧. [સં. અપ (દૂર) + સારણ (દૂર જવાપણું)] સ. દૂર લઈ જવાપણું.
૨. સ. બરતરફી.

અપસારણચિહ્ન [સં. અપસારણ (દૂર કરવાપણું) + ચિહ્ન (નિશાની)] સ. ખુલાસો કરવાને તેમ જ અર્થ આપવા કે સ્પષ્ટીકરણ કરવાને વપરાતું ચિહ્ન:— —, જેમકે, કેદ ભલવાનો નિયમ — ઘણાખરી, સારો ખોરાક, કસરત વગેરે — બળવા તો દેખાયું જ બોગસ

અપસારણી ૧. [સં. અપસારણ (દૂર કરવાપણું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દૂર લઈ જવાપણું.
૨. સ્ત્રી. બરતરફી.

અપસારિત ૧. [સં. અપ (દૂર) + સૃ (જવું)] વિ. દૂર કરેલ; ખસેડેલું; ટાળી મૂકેલ.
૨. વિ. બરતરફ કરેલ.

અપસારિતાગ્નિભૂતલન્યાય [સં. અપસારિત (દૂર કરેલ) + અગ્નિ + ભૂતલ (પૃથ્વીનું તળિયું) + ન્યાય] પું. એક જાતનું દૃષ્ટાંત. જમીન પરથી અગ્નિ દૂર કર્યા જેવા છતાં અમુક વખત સુધી તે જમીન ગરમ રહે છે. તે પ્રમાણે પૈસાદાર માણસ પૈસો ન રહેવા છતાં અમુક વખત સુધી પોતાની સ્થિતિ ટકાવી રાખે તેવા બનાવને અપસારિતાગ્નિભૂતલન્યાય કહે છે.

અપસારી [સં. અપ (દૂર) + સારિન્ (જનાર)] વિ. દૂર રહેવું; નહિ કેળવાતું.

બીજું વસ્તુ સંસ્કાર કરીને અંદર રહેવું હોય છે. અને તે તેની અહારની શરીરચામડીને અથવા તેના અહારના દેખાવને અસર કરવું હોત નથી, તેવી તે અપસારી વસ્તુ કહેવાય.
પ્રાણીવિજ્ઞાનું દેખાડન

અપસિદ્ધાંત ૧. [સં. અપ (વિરુદ્ધ) + સિદ્ધાંત] પું. (ન્યાય) એક જાતનું નિગ્રહસ્થાન. જ્યાં કોઈ નિયમ સ્વીકારી તેની વિરુદ્ધ વાત કહેવામાં આવે ત્યાં આ નિગ્રહસ્થાન એટલે હારનું ઠેકાણું આવે છે.
૨. પું. ખોટનરેલો નિર્ણય; સિદ્ધાંત વિરુદ્ધ વિચાર.
૩. પું. વિરુદ્ધ માન્યતા.

જૈનશાસ્ત્રમાં જે સાધુનો સિદ્ધાંત છે. નોટબાયતિ એ અપસિદ્ધાંત છે. મુનિશ્રી

અપસુખ વ. (ગ્રામ્ય) અજંપો; ઉજાગરો.

અપસુખન ૧. [અપ (ખરાબ) + સ્વજન (જોત)] સ. ખોટો ભોત; ખરાબ.
૨. સ. માઠું વચન; કડવું વેણ.

અપસ્મૃત ૧. [સં. અપ (ખોટું) + સ્મૃત (યાદ કરેલું)] વિ. બરાબરનું જાતું; કેળવાયું.
૨. [સં. અપ (દૂર) + સ્મૃત (ભૂલેલું)] વિ. ભાનું ભૂલેલું.
૩. વિ (ગણિત) જે શ્રેણીનાં વધારે ને વધારે પદ લેવાથી તે પદોનો સરવાળો મોટો ને મોટો થતો જાય અને અનંત પદો સરવાળો અનંત

જેટલો મોટો વાય ગ્રેની; 'કાઇક્વિન્ટ'. જેમકે, ૨, ૪, ૬, ૮, ૧૦ એ શ્રેણીમાં પાંચનું પદ ૧૨ ઉમેરીએ તો તેનાં પદોનો સરવાળો પહેલાં ૩૦ હતો તે વધીને ૪૨ થાય. આ પ્રમાણે તેમાં પદો ઉમેરતા જઈએ તેમ તેનો સરવાળો વધતો જ જાય.

૪. વિ. ફેંકેલ; છોડેલ.

૫. વિ. લાંબું કરેલ; પ્રસારેલ.

અપસૃતકિરણ્ય [સં. અપસૃત (આઘે સરતે ગયેલું) + કિરણ્ય] ન. કેંદ્રથી નીકળી ફેલાતું કિરણ.

અપસૃતિ [સં. અપ (બહુ) + સૃ (જવું) + ક્તિ (ભાવ અર્થમાં પ્રત્યય)] સ્ત્રી. આઘે માર્ગે જવું તે.

અપસ્કર ૧. [સં.] પું. પૈડાં સિવાયનો રથનો બધો તે ભાગ.

૨. ન. મુદ્રા.

૩. [સં. અપ (દૂર) + કૃ (કરવું)] ન. મળ; વિષ્ટા.

૪. ન. યોનિમાર્ગ.

અપસ્તત્ત્વ [સં. અપસ્ (પાણી) + તત્ત્વ] ન. પાંચ તત્ત્વમાંનું એક; પાણી.

અપસ્તંભ [સં.] પું. (વૈદક) છાતીની અને ખાલુએ આવેલી વાતવહ નાડી. લુખ્યો અપસ્તંભમર્મ.

અપસ્તંભમર્મ [સં.] ન. (વૈદક) છાતીની અને ખાલુએ આવેલી વાતવહ નાડી. આ અર્થે અંગ્રેજીનું સિંકમર્મ છે. જ્યાં ઈજા થવાથી છાતીમાં વાયુ ભરાઈ જઈ ઉધરસ અને શ્વાસ થાય, મરણ કે તો જખ્મોથી અનુકોષિક નાડી તથા અંતઃસ્તનિકા ધમની પસાર થાય છે. આ ભાગને તથા કેફસાને ઈજા થતાં નેમાં રહેલો વાયુ છાતીમાં ફુટો થઈ જઈ શ્વાસક્રિયામાં કરાત આવે અને મરણ થાય.

અપસ્પૃક્ ન. (જ્યોતિષ) એવડો તારો પોતાની કક્ષાના જે નિકટે પોતાના કેંદ્રીકારથી વધારેમાં વધારે દૂર હોય તે બિંદુ; 'એપેરૂન'.

અપસ્પેશન જુઓ અપસ્પૃક્.

અપસ્નાત ૧. ન. જેની સ્નાનક્રિયા કરવાની હોય તે મુડદું.

૨. [સં. અપ (હતું) + સ્નાત (નાહેલું)] વિ. સગાંના મરણને લીધે નાહેલું.

અપસ્નાન ૧. [સં. અપ (હતું) + સ્નાન] ન. જે પાણીમાં બીજું કોઈ નાહ્યું હોય તે પાણીથી કરેલું નાહવું.

૨. ન. સગાંના મરણને લીધે કરેલું સ્નાન.

૩. ન. સ્નાન કરતાં બાકી રહેલું પાણી.

અપસ્પર્શ [સં. અપ (નહિ) + સ્પર્શ (લાગણી)] વિ. નેત્રાના; અચેતન.

અપસ્પૃશ [સં. અપ (વિનાનું) + સ્પૃશ (અસ્પૃશ)] વિ. અસ્પૃશ્ય વસ્તુનું; છુપા ભાતમીદાર વિનાનું.

અપસ્માર ૧. પું. (વૈદક) એક વાયુરોગ; વાઈ; મૃગીરોગ; ફેફરું; હિસ્ટિરિયા. આ રોગ વારસામાં ઊતરતો મનાય છે. વધારે ઘાટ, ભેજી વસ્તુ, વિષમાસાદપણું, વીર્યપાત, મગજની વ્યાધિ, કૃમિરોગ, બળાત્કારનું કરત, પ્રસૂતી, બાળકને દાંત કૂટવા, ખારતી, વધારે પડતો મુસ્સો વગેરે કારણથી આ રોગ થાય છે. તેમાં હુલ્લ કેવા લાગે, અને આંખે અંધારાં આવી રોગી મૂર્છા ખાઈને પડી જાય. તેના પ્રકારઃ (૧) વાતજ, (૨) પિત્તજ, (૩) કફજ, (૪) સન્નિપાતજ. વાતજમાં બારમે દિવસે, પિત્તજમાં પંદરમે દિવસે અને કફજમાં વીસમે દિવસે માઠરી આવે. ચિંતાકાર, આસ્ત ને ઉદ્વેગ તેના ઉપાય મનાય છે.

૨. પું. હંસનો એક ભેદ.

૩. પું. (અલં) સંચારીભાવનો એક ભેદ.

ઉદ્વેગ કાબૂણી કેવાતિ વર્ગ કારણવશ પડી જવું અને કેવાતિ મુખમાં આવવાથી અપસ્માર રોગની માફક રોગવાની સ્થિતિને અપસ્માર કહેવારી કહે છે. કાવ્યશાસ્ત્ર

૪. [સં. અપ (નહિ) + સ્માર (સ્મરણ)] પું. સ્મરણશક્તિનો અભાવ; ભુલાવો.

અપસ્મારનાશન ૧. [સં. અપસ્માર (વાઈ) + નાશન (નાશ કરનાર)] ન. વાઈનો રોગ મટાડનાર રસાયણ.

૨. વિ. વાઈનો રોગ મટાડનારું.

અપસ્મારી [સં. અપસ્માર (વાઈ) + ઇન્ (વાળું)] વિ. વાઈના રોગવાળું.

અપસ્મૃતિ ૧. સ્ત્રી. (વૈદક) વાઈ; ફેફરું.

૨. [સં. અપ (નહિ) + સ્મૃતિ (યાદશક્તિ)] સ્ત્રી. વિસ્મરણ.

૩. વિ. ભૂલી જવાના સ્વભાવવાળું; યાદશક્તિ વિનાનું.

અપસ્વીય પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

અપસ્વર ૧. [સં. અપ (બરાબ) + સ્વર (અવાજ)] પું. બેસુરો અવાજ.

૨. પું. (સંગીત) વર્જ્ય એટલે છોડી દેવા જેવો સ્વર.

૩. વિ. ખોટા સૂરનું.

૪. વિ. બેસુરું ગાનાર.

અપહૃત ૧. [સં. અપહૃ (ખસેડવું)] વિ. દૂર કરાયેલું; હઠાવેલું.

૨. [સં. અપહન્ (હણવું)] વિ. હણાયેલ.

૩. વિ. હરેલું; નાશ કરેલ.

અપહૃતપાપ્મા ૧. [સં. અપહત (નાશ પામેલ) + પાપ્મન્ (પાપ)] વિ. પાપ નાશ પામ્યાં હોય એવું; નિષ્પાપ કર્મના લેપથી રહિત.

અપહતપાપ્મા, સત્યકામ, સત્યસંકલ્પ, વગેરે શબ્દો બધા બ્રહ્મનું જ પ્રતિપાદન કરનાર છે. અનુભાષ્ય

૨. વિ. પાપનાશક.

અપહૃતિ ૧. [સં. અપહૃ (ખસેડવું)] સ્ત્રી. દૂર થઈ જવું તે; હરણ.

૨. [સં. અપહન્ (મારવું)] સ્ત્રી. નાશ.

અપહર [સં. અપ (દૂર) + હર (લઈ જનાર)] વિ. હરનાર; અપહરણ કરનાર.

અપહરણ ૧. [સં. અપ (દૂર) + હરણ (લઈ જવું તે)] ન. ઉપાધી જવાની ક્રિયા; નસાડી જવું તે.

૨. ન. ચોરી.

૩. ન. છીનવી કે લૂંટી લેવું તે.

૪. ન. છુપાવણી.

૫. ન દૂર કરવું તે; ખસેડવાની ક્રિયા.

૬. ન. સભાસદમાંથી કરેલી ચોરી; તફડંચી.

અપહરણીય ૧. [સં. અપ (દૂર) + હૃ (લઈ જવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. ઉપાધી જવા જેવું.

૨. વિ. ખસેડવા જેવું; દૂર કરવા લાયક.

૩. વિ. છીનવી કે લૂંટી લેવા જેવું.

૪. વિ. છુપાવવા લાયક.

૫. વિ. તફડંચી કરવા જેવું.

અપહરા [સં. અપ્સરા] સ્ત્રી. (જૂ. પ્રા.) અપ્સરા; પરી.

મેં અપ્સરી તે અપહરા હું થયો વાસ અજ્ઞાન. આનંદકાવ્યમહોદધિ

અપહર્તા ૧. [સં. અપ (દૂર) + હર્તૃ (લઈ જનાર)] વિ. ઉપાધી જનાર.

૨. વિ. ચોરી કરનારું.

૩. વિ. છીનવી લે એવું.

૪. વિ. છુપાવી રાખનારું; સંતાડનાર.

૫. વિ. નાશ કરનારું.

અપહસિત ૧. [સં. અપ (આનંદનો અર્થ બતાવતા ઉપસર્ગ) + હસિત (હાસ્ય)] ન. આંખમાં આંસુ આવે એવી હસાહસ; અપહાસ.

૨. ક્ર. અનાદર; અવજ્ઞા.
૩. [સં. અપ (અભાવ) + હસિત (હસવા-પણું)] ન. મૂર્ખાઈ ભરેલું અથવા અવજ્ઞા ભરેલું વર્તનનું હાસ્ય.

અપહસ્ત ૧. [સં. અપ (દૂર) + હસ્ત (હાથ)] પું. ઢેકો દેવાપણું.
૨. પું. ધક્કો.
૩. પું. હાંકી કાઢવાને ગોઠ ઉપર મૂકવામાં આવતો હાથ.
૪. વિ. હાથ વડે નગું પકડી કાઢી મૂકેલ.

અપહસ્તિત જુઓ અપહસ્ત ૪.

અપહા ૧. [સં. અપ (અભાવ) + હન્ (મારી નાખવું)] વિ. ખૂની; ઘાતકી.
૨. વિ. વિનાશકારી; ઉચ્છેદક.

અપહાન [સં. અપહા (કર્મ)] ન. લાગ.

અપહાર ૧. [સં.] પું. (સહિત) અણગમતી ગોઠવેલી અનબની ૨કમ ઉઠાવી લેવી તે; બે કે વધારે સમીકરણની બાદબાકી કરીને બાકી રહેતું નવું સમીકરણ ઉત્પન્ન કરવાપણું; અપાસન; 'એલિમિનેશન'. જેમકે, ૩ ય + ૨ = ૩૯; ય − ૧ = ૧. આ બે સમીકરણનો ઉપયોગ કરવાથી ૨ ઊડી જાય, અને ૪ ય = ૪૦. માટે ય = ૧૦ મળી આવે.
૨. પું. ઉચાપત; અપહરણ.
૩. પું. ચોરી.
૪. પું. છુપાવણી; સંગોપન.
૫. પું. નાશ; હત્યા.
૬. પું. બારકો મિલકતની વપરાશ.
જે ખેતે આપેલી અથવા બીજાએ આપેલી ભૂમિનો અપહાર કરે છે તેને ગોઠ લાખ ગૌહત્યાનું પાપ લાગે છે. પુરાતત્ત્વ
૭. પું. બળાત્કારથી લઈ જવાની ક્રિયા.
૮. પું. ચંદ્ર.
૯. [સં. અપ (દૂર) + હૃ (લઈ જવું)] પું. હરણ.
ભગ અપહરતિ ગોત્રમ્યો હી, કરવાને અપહાર. રાજમુનિ
૧૦. પું. હાનિ; નુકસાન; ખોટ; ક્ષતિ.

અપહારક ૧. [સં. અપ (અભાવ બતાવનાર ઉપસર્ગ) + હારક (લઈ જનાર)] પું. ચોર.
૨. પું. લૂટારો.
૩. વિ. ખસેડનાર.
૪. વિ. છુપાવનાર.
૫. વિ. નાશ કરનારું.
૬. વિ. બારકી મિલકત વાપરનાર.
૭. વિ. બળાત્કારથી ઉપાડી જનાર; અપહરણ કરનારું.
૮. વિ. હાનિકારક; નુકસાનકર્તા.

અપહારિત ૧. [સં. અપ (અભાવ બતાવનાર ઉપસર્ગ) + હૃ (લેવું)] વિ. ચોરેલું.
૨. [સં. અપ (દૂર) + હૃ (લઈ જવું)] વિ. છીનવી લીધેલું.
૩. વિ. છુપાવેલ.
૪. વિ. લૂંટી લીધેલું.

અપહારી ૧. [સં. અપ (અભાવ બતાવનાર ઉપસર્ગ) + હારિન્ (લઈ જનાર)] પું. ચોર.
૨. પું. લૂંટારો.
૩. ક્ર. શિકરી પક્ષીનો ગોઠ વર્ગ. ગીધ, બાજ, ઘુવડ વગેરે આ વર્ગનાં પક્ષી છે.
૪. [સં. અપ (દૂર) + હારિન્ (લઈ જનાર)] વિ. ગોઠ જગ્યાથી બીજી જગ્યાએ લઈ જનાર.
૫. વિ. છુપાવનાર.
૬. વિ. નાશ કરનારું.
૭. વિ. બારકી મિલકત વાપરનાર.
૮. વિ. હરણ કરનાર.
૯. વિ. હાનિકર; નુકસાનકારક.

અપહાર્ય ૧. [સં. અપ (દૂર) + હાર્ય (લેવા જેવું)] વિ. ખસેડવા લાયક.
૨. [સં. અપહૃ (લઈ જવું) + ય (વિધ્યર્થ કૃદંતને પ્રત્યય)] વિ. છીનવી લેવા જેવું.
૩. વિ. છુપાવવા જેવું.
૪. વિ. લઈ જવા લાયક.
૫. વિ. લૂંટી લેવા યોગ્ય.

અપહાસ ૧. [સં. અપ (અભાવો અર્થ બતાવનાર ઉપસર્ગ) + હાસ (હસવું તે)] પું. આંસુ આવે એવી હસાહસ.
૨. [સં. અપ (અભાવ) + હાસ (હસવા-પણું)] પું. કારણ વિનાનું કે મૂર્ખાઈ ભરેલું હાસ્ય.
૩. પું. અનાદર; અવજ્ઞા.

અપહૃત ૧. [સં. અપ (અભાવ) + હૃત (લીધેલું)] વિ. ચોરાયેલ.
૨. વિ. ઢંકાયેલું; છુપાયેલું.
૩. [સં. અપ (દૂર) + હૃત (લીધેલું)] વિ. દૂર ખસેડેલું.
૪. વિ. લૂંટાયેલ.
૫. વિ. હરણ થયેલું.

અપહૃત્યસંયમ [સં.] પું. (જૈન) સંયમના સાત ભેદ આઠેનો ગોઠ; બાકીના ગોઠવે બાકીને ગીજ લેવી મૂકી તે.
આમ સ્થાવર અને ચાર ત્રસ એ નવના વિષયમાં નવ સંયમ ઉપરાંત પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકારસંયમ એમ કુલ સત્તર. બાબાસંયમ

અપહેલા [હિ.] સ્ત્રી. તિરસ્કાર; હિલચાલ.

અપહ્નવ ૧. પું. ઇનકાર.
સાક્ષાત્કારથી જ્યાં પ્રતિતિ થયે છે. તેનો અપહ્નવ કરાય એમ નથી. કમળાશંકર
૨. પું. પ્રેમ; સ્નેહ.
૩. પું. મિત્ર; બહાનું.
૪. પું. સત્ય.
૫. પું. શાંતિ; સાંત્વન.
૬. [સં. અપ (બધારે) + હ્નુ (સંતાડવું)] પું. સંતાડવા કે બનું સાબવાપણું.

અપહ્નુત ૧. વિ. ખસેડેલ; બોઠ ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાયેલ.
૨. [સં. અપ (નિષેધ) + હ્નુત (સંતાડેલું)] વિ. છુપાવેલું; સંતાડેલું.
૩. વિ. નિષેધ કરાયેલું; અસ્વીકૃત.

અપહ્નુતિ ૧. [સં. અપ (બધારે) + હ્નુ (સંતાડવું)] સ્ત્રી. (કાવ્ય) અસલ મુદ્દાને છુપાવી બીજા મુદ્દાનો આરોપ કરવામાં આવે એવો અલંકાર. આના શુદ્ધાપહ્નુતિ અને અર્થાપહ્નુતિ એવા બે મુખ્ય વિભાગ સિવાય હેત્વપહ્નુતિ, પર્યસ્તાપહ્નુતિ, ભ્રાંતાપહ્નુતિ, છેકાપહ્નુતિ, બ્યાજાપહ્નુતિ પણ પ્રકાર છે. જેમાં કહેવાનું કારણ તે કારણ નથી, પણ રાત્રે જે બંધાઈ ચંદ્ર પણ તે તેના ચેહમાં રહેલું છે. આમાં કારણનો નિષેધ કરી તેને બંધારણ તરીકે વર્ણવેલું હોવાથી અપહ્નુતિ અલંકાર બને.
ઉપમેયનો નિષેધ કરીને જોઈએ તે અસલ છે એમ વર્ણવીને ઉપમાનને ત્યાં સત્ય તરીકે વર્ણવ્યું હોય ત્યાં અપહ્નુતિ અલંકાર છે. કમળાશંકર
૨. સ્ત્રી. ઇનકાર.
૩. સ્ત્રી. છુપાવણી.
૪. સ્ત્રી. નિષેધ કરવો તે.

અપહ્રિયમાણ ૧. [સં. અપ (બધારે) + હૃ (લઈ જવું) + શાનચ્ (વર્તમાનકૃદંત પ્રત્યય)] વિ. ચોરાતું; ખસેડાતું.
૨. વિ. છુપાવાતું.
૩. વિ. લૂંટાતું.
૪. વિ. નાશ કરાતું.
૫. વિ. બારકી મિલકત વપરાતું.
૬. વિ. બળાત્કારથી ઉપાડી જવાતું; અપહરણ કરાતું.
૭. વિ. હરણ થતું.

અપહ્રુતિ ૧. [સં. અપ (અભાવ બતાવનાર ઉપસર્ગ) + હ્રુ (વાંકું થવું) + ક્તિન્ (ભાવવાચક પ્રત્યય)] સ્ત્રી. વાંકાપણું; કુટિલતા.
૨. [સં. અપ (દૂર) + હ્રુ (વાંકું થવું) + ક્તિન્ (ભાવવાચક પ્રત્યય)] સ્ત્રી. ઊંધાપણું; ઊંધાઈ.

અપહ્રુત્યસંયમ [સં.] પું. (જૈન) સંયમના સત્તર ભેદ બાંધેનો ગોઠ; બાકીના ગોઠવે બાકીને ગીજ લેવી મૂકી તે.
આમ સ્થાવર અને ચાર ત્રસ એ નવના વિષયમાં નવ સંયમ ઉપરાંત પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકારસંયમ એમ કુલ સત્તર. બાબાસંયમ

અપંખાનું જુઓ અપંગાલય.

અપંગાલય [સં. અપ (વગર) + અંગ (અવયવ) + આલય (મકાન)] ન. નિરાશ્રિતગૃહ; અનાથાશ્રમ.

અપંગાશ્રમ [સં. અપ (વગર) + અંગ (અવયવ) + આશ્રમ (રહેઠાણ)] પું. નિરાશ્રિતગૃહ; અનાથાશ્રમ.

અપંચીકરણ [સં.] ન. (વેદાંત) પંચ મૂળતત્ત્વમાંથી એકનું બાકીનાં ચાર સાથે ન મળવાપણું; પંચીકરણ ન થવાપણું.

અપંચીકૃત ૧. [સં.] વિ. (વેદાંત) પંચમહાભૂતમાં ન વહેંચાયેલું.
૨. વિ. મૂળ સૂક્ષ્મભૂતરૂપે રહેલું.
૩. વિ. વેરણછેરણ; અસ્તવ્યસ્ત.

અપંડિત ૧. [સં. અ (નહિ) + પંડિત (વિદ્વાન)] વિ. અજ્ઞાન.
૨. વિ. અણવાત વગરનું; અકુશળ.

અપંડિતતા ૧. [સં. અ (નહિ) + પંડિત (વિદ્વાન) + તા (પણું)] સ્ત્રી. અજ્ઞાનતા.
૨. સ્ત્રી. અનાવડત; અકુશળતા.

અપંથ ૧. [સં. અ (નહીં) + પથિન્ (રસ્તો)] પું. અનીતિ.
૨. પું. અવળો રસ્તો; કુમાર્ગ.

અપાઠ ૧. [સં. અ (નહિ) + પાઠ (અભ્યાસ)] પું. અભ્યાસ; અટકચાળું; અલકમલકની.
૨. પું. કામકાજ; પાલવ વિનાની સ્થિતિ.
૩. [સં. અ (નહિ) + પાઠ (ઉત્તમ)] વિ. અનુપમ; જેનાથી બીજું ન હોય એવું.
૪. [અ (નહિ) + પાઠ (પવિત્ર)] વિ. અશુદ્ધ; મલીન.
૫. વિ. કામનું; પાલવે વગરનું.
૬. [સં. અપ (દૂર) + અંગ્ (જવું)] વિ. દૂર રહેલું; આઘે ઠરવાનું.
૭. વિ. નહિ પચેલું; અટકચું.
૮. વિ. પાપી.

અપાઠવ ૧. વિ. કુદરતી.
૨. [સં. અ (નહિ) + પાઠ (તેજસ્સંયોગ) + વ (ઉત્પન્ન થયેલું)] વિ. (ખાદ્ય) તેજસ્સંયોગથી ઉત્પન્ન ન થયેલું.
૩. વિ. પાકવાથી નહિ બનવું.
૪. [સં. અ (નહિ) + પાઠ + વ (ઉત્પન્ન થયેલું)] વિ. સંપવાથી નહિ બનેલું; રાંધ્યા વિના થયેલું.

અપાઠરણ ૧. [સં. અપાઠ (દૂર કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અભ્યાસ-પદ્ધ.
૨. ન. ઉપાડવું.
૩. ન. નિકાલ કરવું.
૪. ન. રદ કરવું તે.

અપાઠર્ન ૧. [સં. અપાઠ (દૂર કરવું)] ન. દૂર કરવું તે.
૨. ન. ઉપાડી પતાવવું.

અપાઠર્નકુ [સં. અપ (દૂર) + અપાર્નકુ (ખેંચવું)] ન. પાછું હડસેલવું તે.
આ અક્ષરો વિષે નથી હોતા પણ અંતરના આકર્ષણ અને અપાકર્ષણને લીધે એક પ્રકારની ગતિમય સ્થિરતાના કારણ હોય છે.
વિજ્ઞાનવિહાર

અપાકર્ષકું [સં. અપ (દૂર) + અકૃષ્ (ખેંચવું)] ન. વિ. દૂર હડસેલવું.
કાચ અને અબ્રખની પત્તી વિદ્યુત્ એક પ્રકારની નથી હોતા. કાચનું જે એક છેડાને અબ્રખ પત્તી એક પ્રકારની ખેંચી આકર્ષે છે અને બીજાની અપાકર્ષણ છે.
વિજ્ઞાનવિહાર

અપાકરણ [સં. અ (નહિ) + પક્ (રાંધવું) + અન] ન. આડું, જેમાં જેવું થાય એવું નથી.

અપાકૃત ૧. [સં. અપાકૃ (દૂર કરવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. દૂર કરેલું; ખસેડેલું.
૨. વિ. નાશ કરેલ.
૩. વિ. બરી આપેલું; સૂપરેલું.
૪. વિ. વગરનું; વિનાનું.

અપાકૃતિ ૧. [સં. અપાકૃ (દૂર કરવું)] સ્ત્રી. ખસેડવાપણું.
૨. સ્ત્રી. કેવાની લાચારી.
૩. સ્ત્રી. નાશ.
૪. સ્ત્રી. બાતલ કરવાપણું.
૫. સ્ત્રી. લાગ કે કોપને લીધે થતી લાચારી.

અપાકે જ. (કચ્છી) અજાણતાં.

અપાક્ષ ૧. [સં. અપ (નહિ) + અક્ષિ (આંખ)] વિ. આંખ વગરનું.
૨. [સં. અપ (ખરાબ) + અક્ષિ (આંખ)] વિ. ખરાબ આંખવાળું.
૩. વિ. અલક્ષ; લક્ષિવસ્તુ ઉદ્દિશીને અથવા લક્ષ્ય એવું.

અપાગી ૧. [ઁ] પું. પ્રાચીન કાળમાં હિંદની પશ્ચિમમાં રહેતી કોઈનું નામ.
૨. સ્ત્રી. દક્ષિણ દિશા.
૩. સ્ત્રી. પશ્ચિમ દિશા.

અપાગીન [સં.] વિ. દક્ષિણનું; દક્ષિણનું.

અપાગ્ય ૧. [સં.] વિ. દક્ષિણ દિશાનું.
૨. વિ. પશ્ચિમનું; પાશ્ચાત્ય.
૩. [સં. અ (નહિ) + પાગ્ય (પંખવા જેવું)] વિ. પંખાય નહિ એવું.

અપાજ ૧. [હિં.] વિ. અપંગ.
૨. વિ. આળસુ; એદી.

અપાટવ ૧. [સં. અ (નહિ) + પાટવ (કુશળતા)] ન. અનુકૂળ ન હોવાપણું; અપ્રૌઢત્વ; અણઘડતા.
૨. ન. બડતા.
૩. ન. ઘાટ; મઢ; શરમ.
૪. ન. અકસ્માતથી અકડું હોવું તે.
૫. [સં. અ (નહિ) + પાટવ (આરોગ્ય)] ન. રોગ; માંદગી.
૬. વિ. બેડોળ.
૭. વિ. મૂર્ખ.
૮. વિ. બેમગી; બીમાર; માંદું.
૯. વિ. સુસ્ત; મંદ.

અપાટ્ય [સં. અ. (નહિ) + પાટ્ય (વાંચવા લાયક)] વિ. નહિ વાંચવા જેવું.

અપાઠ (અપાઠ) વિ. નહિ પીસેલું.

અપાર્ડિંગ (અપાર્ડિંગ) વિ. અટકમાળું; અટપટું.

અપાણિ [સં. અ (નહિ) + પાણિ (હાથ)] વિ. હાથ વિનાનું.

અપાણિમદ્રક [સં. અ (નહિ) + પાણિ (હાથ) + મદ્રક (સ્વીકાર)] ન. લગ્ન ન થવાપણું; પરણ્યા વગરની સ્થિતિ; કુંવારાપણું.

અપાણિનીય ૧. [સં. અ (નહિ) + પાણિનીય (પાણિનિના મતને અનુસરતું)] વિ. પાણિનિના સંસ્કૃત ન જોવામાં આવે એવું.
૨. વિ. પાણિનિના વ્યાકરણના નિયમ પ્રમાણે સિદ્ધ ન થયેલું.
૩. વિ. પાણિનિના વ્યાકરણનો અભ્યાસ નહિ કરનાર.

અપાણિપાદ [સં. અ (નહિ) + પાણિ (હાથ) + પાદ (પગ)] વિ. હાથપગ વિનાનું.

અપાતક [સં. અ (નહિ) + પાતક (પાપ)] ન. પાપી ન હોવું તે; નિષ્પાપપણું.

અપાતકી [સં. અ (નહિ) + પાતક (પાપ) + ઈન્ (વાળું)] વિ. પાપ વગરનું; નિષ્પાપ.

અપાત્ર ૧. [સં. અ (અભાવ) + પાત્ર (વાસણ)] ન. પ્રસંગમાં ન આવે એવું વાસણ.
૨. [સં. અ (નહિ) + પાત્ર (લાયક)] ન. નાલાયક માણસ; કુપાત્ર.
૩. વિ. અયોગ્ય; અનધિકારી; નાલાયક.
૪. વિ. ઊણું વગરનું.
૫. વિ. મૂર્ખ.
૬. વિ. ખાસ જેવા પ્રસંગોમાં આમંત્રણ નહિ આપવા જેવું.

અપાત્રતા ૧. [સં. અ (નહિ) + પાત્રતા (યોગ્યતા)] સ્ત્રી. અયોગ્યતા; નાલાયકી.
૨. સ્ત્રી. મુખ વગરનું હોવાપણું.
૩. સ્ત્રી. મૂર્ખતા.

અપાત્રદાતા જુઓ અપાત્રદાયી.

અપાત્રદાન [સં. અ (નહિ) + પાત્ર (લાયક) + દાન (અર્પણ)] ન. કુપાત્રને આપેલું દાન.

અપાત્રદાયી [સં. અ (નહિ) + પાત્ર (લાયક) + દાયિન્ (દેનાર)] વિ. કુપાત્રને દાન દેનાર.

અપાત્રન્યસ્ત [સં. અ (નહિ) + પાત્ર (લાયક) + ન્યસ્ત (અનામત મૂકેલું)] વિ. કુપાત્રને સ્થાં અનામત મૂકેલું.

અપાત્રન્યાસ [સં. અ (નહિ) + પાત્ર (લાયક) + ન્યાસ (અનામત મૂકવાની ક્રિયા)] ન. કુપાત્રને સોંપણ; કુપાત્રને અનામત આપવાનું કાર્ય.

અપાત્રીકરણ [સં. અ (નહિ) + પાત્ર (લાયક) + કરણ (કરવું તે)] ન. નામોશી લાવેલું કામ કરવાપણું. હલકા માણસ પાસેથી દાન લેવું. વેપાર કરવો, હલકની સેવા કરવી અને ખોટું બોલવું એ બાર બાબતમાં કુપાત્ર બનાવનારાં મનાય છે.

અપાઠ [સં. અ (નહિ) + પાઠ (પગ)] વિ. પગ વિનાનું.

અપાઠપ [સં. અ (નહિ) + પાદપ (ઝાડ)] વિ. ઝાડપાન વિનાનું; ઉજ્જડ.

અપાદાન ૧. [સં. અપ (દૂર) + આદાન (લેવાપણું)] ન. (વ્યાકરણ) કારકના છ પ્રકાર માંહેનો બોજો; પંચમી વિભક્તિનો વિષય, સીમા બતાવતો અર્થ. અપાદાનના પ્રકાર: ૧. નિર્દિષ્ટવિષય = જેમાં દૂર થવાની ક્રિયા ધાતુમાં જ બતાવેલી હોય છે. જેમકે, તે ઘોડા ઉપરથી પડ્યો. ૨. ઉપાત્તવિષય = જેમાં બોજ ક્રિયા બીજાના વસ્તની હોય ને તે બીજાથી ઊતરતી હોય છે. જેમકે, વીજળીમાંથી તેજ પ્રકાશે છે, એટલે વીજળીમાંથી નીકળીને તેજ પ્રકાશે છે. આમાં નીકળવાની ક્રિયા અધ્યાહાર હોવા સાથે પ્રકાશવાની ક્રિયાને બીજું છે. ૩. અપેક્ષિતક્રિયા = જેમાં દૂર થવાની ક્રિયા બતાવેલી હોતી નથી, પણ અધ્યાહાર હોય છે. જેમકે, ઝાડ પરથી? એટલે ઝાડ પરથી પાડ્યા? ઝાડ અને અન્ય જેવા પણ જેના બાગ પાડી શકાય. જેમકે, ઝાડ અપાદાન—તે ઝાડના સ્થળે પડ્યો; અન્ય અપાદાન—ઝાડથી તે અલગ છે.

જ્યારે એક વસ્તુ બીજી વસ્તુથી દૂર પડે ત્યારે એ વિયોગમાં જે અવધિરૂપ પદાર્થ છે તે —જેનાથી તે દૂર પડે છે તે-અપાદાન કહેવાય છે. કામતાલેકર

૨. ન. દૂર ખસેડવાપણું.

અપાન ૧. [સં.] પું. ગુદા વાયુ; ક્ષારિનવાયુ; 'ઓમોનિયા'.
૨. પું. ગુદા.
૩. પું. શરીરના નીચલા ભાગમાં રહેલો અને ગુદા વાટે બહાર જતો વાયુ; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ વાયુમાંનો મળાશય તરફને અધઃસંચારી વાયુ.
૪. પું. શ્વાસ વાટે બહાર નીકળતો વાયુ; ઉચ્છ્વાસ.
૫. [હિ. અપના] ન. આત્મા સંબંધી જ્ઞાન.
૬. ન. પોતાપણું.
૭. વિ. બધાં દુઃખ દૂર કરનાર.

અપાનકનત્રિત [સં. અપાન (ગેસ વાયુ) + ક (પણું) + નત્રિત (નિર્ધૂમવાયુપણું)] પું. ઓમોનિયા સાથે નિર્ધૂમવાયુના ગેસ ભાગ ને પ્રાણવાયુના અણુ ભાગનું રાસાયણિક મિશ્રણ; 'ઓમોનિયમ નાઇટ્રેટ'.

આ ગૌસ અપાનકનત્રિત સાથે તેનું પા ગૌસ હાઇડ્રોજન આર્દ્ર ક્લોરિક ગૅસનો.

અપાનકક્ષારિતિક્લ [અપાન (ક્ષારિનવાયુ) + ક (પણું) + ક્ષારિતિક્લ (ગેરી તેજની સાથે ક્ષારિનવાયુના સંયોગ થવાથી ઉત્પન્ન થયેલ પદાર્થ)] પું. નવસાર: 'ઓમોનિયા મ્યોરાઇડ'.

અપાનકક્ષારિતિકલને સામાન્ય લોકો નવસાર કહે છે.

અપાનગમનાસન [સં.] ન. એ નામનું એક યોગાસન. વાયવક્રાપાનગમનાસન અને દક્ષિણપાદાપાનગમનાસન એના તેના બે ભેદ છે. કમ્મ પગને ઢીંચણથી વાળી તે પગનો ઢગલો જમણા સાથળના મૂળમાં બરાબરો અને પાની-ને નાભિને પાછે બરાબરી ગોઠવવું તે વામપાદાપાનગમનાસન. જમણા પગને ઢીંચણથી વાળી તે પગનો ઢગલો કમ્મ સાથળના મૂળમાં બરાબરી અને પાનીને કૂદીને પાછે બરાબરી ગોઠવવું તે દક્ષિણપાદાપાનગમનાસન.

અપાનગ્રંથિત [અપાન (ક્ષારિનવાયુ) + ગ્રંથિત (ક્ષારની સાથે બોજાનો તેજના બરાબરી વપરાત વસ્તુ)] પું. ઓમોનિયા સાથે ગંધકના તેજનાથી બનતો પદાર્થ; 'ઓમોનિયમ સલ્ફેટ'. તેની વરાળમાં નવસાર, ક્ષારિનવાયુ, બોજા અને પ્રાણવાયુ છે.

અપાનગ્રંથિતક્લ [અપાન (ક્ષારિનવાયુ) + ગ્રંથિત (ગંધક અને ક્લોરિનનો સંયુક્ત પદાર્થ)] પું. ઓમોનિયા અને ગંધકનું બોજ બનતું રાસાયણિક મિશ્રણ; નવસાર કે ક્ષાર મળેલા ગંધકના પ્રાણવાળો વાયુ; 'ઓમોનિયમ સલ્ફાઇડ'.

અપાનદ્વાર [સં. અપાન (બોજ વાયુ) + દ્વાર (બારણું)] ન. અપાનવાયુ નીકળવાનું બારણું; ગુદા; ગાંડ.

અપાનનત્રિત જુઓ અપાનકનત્રિત.

અપાનપવન [સં. અપાન (ગુદા) + પવન (વાયુ)] પું. શરીરમાંના પાંચ વાયુમાંનો બોજ; ગુદાદ્વારથી છૂટતો વાયુ; અપાનવાયુ; પાદ.

અપાનપ્રદેશા [સં.] સ્ત્રી. અંગૂઠો, તર્જની બોટલે અંગૂઠા પાસેની આંગળી અને વચલી આંગળી બેગી કરવાથી બતો આકાર.

અપાનવાયુ ૧. [સં. અપાન + વાયુ] પું. બધુ બાજ આર્દ્રવાયુ અને બોજ ભાગ નત્રવાયુ બળવાથી બનેલો ક્ષારિનવાયુ; 'ઓમોનિયા'. આ વાયુ રસાયણશાસ્ત્રીઓએ પ્રથમ મિસરમાં ઊંટની લાદમાંથી શોધ્યો હોવાનું મનાય છે.

એ સિવાય હવામાં આર્ગન, હિલિયમ, ઓઝન, આર્દ્રદ્વિપ્રાણિક, નવપ્રાણ, અપાનવાયુ વગેરે વાયુઓ પણ હાજર છે. વાતાવરણ
૨. પું. (વૈદક) પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ વાયુમાંનો બોજ; ગુદાદ્વારથી છૂટતો વાયુ. વિષ્ટા, મૂત્ર, ગર્ભ તથા રજને તે બહાર કાઢે છે. તેનું પ્રમાણ વધી જાય તો પથરી વગેરે મૂત્રાશયના રોગ અને ભગંદર વગેરે ગુદાના રોગ ઉત્પન્ન થવાનું મનાય છે.
૩. પું. શ્વાસ વાટે શરીરમાંથી બહાર કાઢેલી હવા; ઉચ્છ્વાસ.

અપાનાસન [સં.] ન. (યોગ) એ નામનું બોજ યોગાસન; સ્વસ્તિકાસનની પેઠે પગ રાખી, બને હાથના પંજાના મૂળ ભાગ અને સાથળના મૂળમાં જોરણો ભરાવી, શરીર તદ્દન સીધું રાખી બેસવું તે.

અપાપ ૧. [સં. અ (ઉપર) + પાપ] ન. પુણ્ય.
૨. [સં. અ (નહિ) + પાપ] વિ. પાપ વિનાનું.

અપાપતા [સં. અ (નહિ) + પાપ + તા (પણું)] સ્ત્રી. પાપ ન હોવાપણું; નિષ્પાપતા.

અપાપવિદ્ધ [સં. અ (નહિ) + પાપ + વિદ્ધ (વીંધેલું)] વિ. પાપ વિનાનું.

અપાપા ૧. [સં.] સ્ત્રી. જૈનના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા તે નગરી.
૨. [સં. અ (નહિ) + પાપ (પાપવાળી)] વિ. સ્ત્રી. પાપ વિનાની.

અપાપી [સં. અ (નહિ) + પાપિન્ (પાપી)] વિ. પાપ વગરનું.

અપામ–નપાત પું. (અવેસ્તી) પાણીનો દિકરતો.

અપામાર્ગ [સં. અપ (વિશેષ) + મૃજ્ (શુદ્ધ કરવું)] પું. એક જાતનો છોડ; અઘેડો. તેના ક્ષારમાં રોગનો નાશ કરવાનો ગુણ હોવાને લીધે તે અપામાર્ગ કહેવાય છે. તે દવામાં, દાંત સાફ કરવામાં અને યજ્ઞ વગેરે ધાર્મિક ક્રિયામાં કામ આવે છે.

અપામાર્ગક્ષાર [સં. અપામાર્ગ (અઘેડો) + ક્ષાર (ખાર)] પું. (વૈદક) અઘેડાનો ખાર. અઘેડાની રાખને માટીના વાસણમાં ચોખ્ખા પાણી સાથે ભેળવી ખૂબ હલાવવી. પછી તેને ખાર ક્ષાર હલાવ્યા વગર રહેવા દઈ ઉપરનું આછેરું પાણી ઉતારી લેવું. આ પાણીને લોઢાની કડાઈમાં બાળતાં તળિયે જે ધોળો ખાર જમી રહે તે અપામાર્ગક્ષાર કહેવાય છે. તે ખારી, દમ અને શ્વાસમાં ફાયદો કરનાર, પ્રાણી ગીરાસ તોડનાર, બરફા સહેલાઈથી ગાળનાર અને જળોદર તથા પેટના બીજા રોગમાં મૂત્ર છૂટથી લાવનાર મનાય છે. તેની માત્રા વાલ ૧ થી ૨ છે.

અપામાર્ગક્ષારતૈલ [સં. અપામાર્ગ (અઘેડો) + ક્ષાર (ખાર) + તૈલ (તેલ)] ન. (વૈદક) અઘેડાના ખારનું તેલ. અઘેડાની રાખને માટીના વાસણમાં ચોખ્ખા પાણીમાં ભેળવી તેને રાતના ખાર ઘોર રાખી મૂકવી. સવારે ઝાળી ગયેલું બધું પાણી લઈ પાણીથી બમણો ખાર તેલ નાખી ધીમા તેલ બાકી રહે ત્યાંસુધી પકવવાથી તે બને છે. તેનાં ટીપાં નાકમાં નાખવાથી કાનના રોગ મટતા મનાય છે.

અપામાર્ગતૈલ [સં. અપામાર્ગ (અઘેડો) + તૈલ (તેલ)] ન. (વૈદક) અઘેડાનું તેલ. અઘેડાનાં બી, સૂંઠ, મરી, પીપર, હળદર, નાગરમોથ્થો ૬ સરખાનાં બી, હિંગ અને વાવડિંગનો ઉકાળો ૪૦ ભે, ગોમૂત્ર ૪૦ ભે, તેલ ૪૦ ભે અને ઉપરની બ બીજોનો ભૂકો ૧૦ ભે પા ભેળવી તેલની રીતે પકવવું. તેનાં ટીપાં નાકમાં નાખવાથી કાનના રોગ મટતા મનાય છે.

અપામાર્જન ૧. [સં. અપ (વિશેષ) + મૃજ્ (સાફ કરવું)] ન. ચોખ્ખાઈ; સાફસૂફી.
૨. ન. દૂર કરવાપણું.

અપાય ૧. [સં. અપ (દૂર) + અય્ (જવું)] પું. અવાવરું; ગમન; વિદાય.
૨. પું. દેખાતું બંધ થવાપણું; અલોપ.
૩. પું. ક્ષોભ; ખાખી.
૪. પું. નાશક જંતુ.
૫. પું. હાંકો; હાંસો.
૬. પું. વિયોગ; છૂટાપણું; અળગાપણ.
■ પું. શબ્દનો છેડો.
૮. પું. (જૈન) સંયમ વિનાનું જ્ઞાન; અજ્ઞાન.
જેણે સમ્યક્ જ્ઞાન કર્યું પછી જેને નિયમ પાળ કે બા રાખવી કપરું નથી, દોરડાનો જ છે તે અજ્ઞાન—અપાય કહેવાય છે.
જ્ઞાનાર્ણવ
૯. પું. સંકટ; પીડા; સંતાપ; દુઃખ.
૧૦. પું. હાનિ; નુકસાન; ખોટાપણું.
૧૧. પું. હાનિકર પ્રભાવ.
૧૨. વિ. નિરુપયોગ; અસમર્થ; લાચાર.
ઉપાય થયે સાધ્ય અપાય. નર્મદ
૧૩. [અ (નહિ) + પાય (પગ)] વિ. પગ વિનાનું; લંગડું.

અપાયકારક [સં. અપાય (હાનિકારક) + કારક (કરનાર)] વિ. નુકસાન કરનારું; હાનિકર.

અપાયદર્શી ૧. [સં. અપાય (દોષ) + દર્શિન્ (દેખાડનાર)] વિ. દોષ બતાવનાર.
૨. [સં. અપાય (હાનિ) + દર્શિન્ (જોનાર)] વિ. ભવિષ્યમાં બનવાનું અનિષ્ટ કે ખોટું અનુમાનનાર.

અપાયવિચયધર્મધ્યાન ન. (જૈન) ધર્મધ્યાનના ચાર ભેદ માંહેનો બીજો; જીવ સંસારમાં દુઃખ કેમ ભોગવે છે તેનો વિચાર.
જીવના સ્વભાવો અને તેમાંથી કેમ છૂટાય તેનો વિચાર કરવા માટે જે અનોયોગ આપવો તે અપાયવિચયધર્મધ્યાન.
જ્ઞાનાર્ણવ

અપારી ૧. [સં. અપાય (વિશેષ) + ઇન્ (વાળું)] વિ. અવગુણ બનાવનાર.
૨. [સં. અપાય (નાશ) + ઇન્ (વાળું)] વિ. નાશવંત; ક્ષણભંગુર.
૩. [સં. અપાય (નુકસાન) + ઇન્ (વાળું)] વિ. નુકસાનકારક.
૪. વિ. વિયોગ કરાવે એવું.

અપાર ૧. પું. (સાંખ્ય) અપજ્ઞાનમાંથી તથા ધન મેળવવાના પરિશ્રમમાંથી છૂટકારો થતાં મળતો સંતોષ.
૨. પું. (જૈન) એક વિમાનપ્રતિ આવલિકા ગત. અધોમસ્તારપ્રસ્તટ પ્રમાણે તે પહેલી-બીજી નરકનો એક ભેદ છે. તેમાં ૫૨ મુરુ અને ૫૨ બધુ મળી ૧૦૪ વર્તુ હોય છે.
૩. પું. નદીનો આ કાંઠો.
૪. પું. સમુદ્ર.
સિંધુ સરિત્પતિ સકલસરિત્પતિ અંબોનિધિ અકૂપાર.
ઉદધાન અર્ણવ સકલિ કૃતાલય અબ્ધિ અપાર.
પિંગલગુપ્તોપ
૫. [સં. અ (વિનાનું) + પાર (કાંઠો)] પું. સામો કાંઠો.
૬. ન. (જૈન) દશ સંજ્ઞાજનમાંના એટલે ભવનમાંના પહેલા પાંચ; અવરભાગી સંજ્ઞાજન.
એને પાર, આપાર. અથવા પારાપાર નથી જેના તીર અવિચ્છિન્ન પુરુષને કું આવાસ કર્યું પું. મધ્યપદ
૭. વિ. અખૂટ; અમાપ.
૮. [હિં.] વિ. અવર્ણનીય.
૯. વિ. તીક્ષ્ણ; તીવ્ર.
૧૦. વિ. ન ઊતરી શકાય એવું; દુસ્તર.
૧૧. વિ. ભેદ; પાર વિનાનું.
૧૨. વિ. સીમા વિનાનું; મર્યાદા વગરનું.

અપારક [સં. અ (નહિ) + પારક (સક્તિમાન)] વિ. અસમર્થ; અશક્ત.

અપારગ ૧. [સં. અપાર્ગ] વિ. દૂરનું; છેટનું.
૨. વિ. નષ્ટ થયેલું; વાસેલું.

અપારતા ૧. [સં. અપાર (અખૂટ) + તા (પણું)] સ્ત્રી. અમાપતા; અખૂટપણું.
૨. [સં. અપાર (હદ વિનાનું) + તા (પણું)] સ્ત્રી. છેડો ન હોવાપણું; અનંતતા.

અપારદર્શક ૧. [સં. અ (નહિ) + પાર (સામું) + દર્શક (બતાવનાર)] વિ. આરપાર દેખાય નહિ એવું; પ્રકાશાભેદ્ય; કિરણાભેદ્ય. જે પદાર્થના અણુ એવા બહુ હોય કે તેમાંથી પ્રકાશનાં મોજાં પસાર થઈ શકે તે પારદર્શક, અને જેના અણુમાંથી પ્રકાશનાં આંદોલન પસાર થઈ ન શકે તે અપારદર્શક. પારદર્શકત્વનો આધાર અણુની બહુતા ઉપર અને પ્રકાશનાં મોજાંની તીવ્રતા ઉપર રહેલો હોય છે. 'સ' કિરણના પ્રકાશના આંદોલનની તીવ્રતા ઓછી થતી હોય કે બારીની પેટીમાં રહેલી વસ્તુ તે વડે જોઈ શકાય. બારીનું આ રીતે 'ઓપ્ટ્રિ ૨' એટલે 'સ' કિરણ માટેનું પારદર્શક બારણું.
૨. વિ. અડચણ; અવરોધ.

અપારદર્શકતા ૧. [સં. અ (નહિ) + પારદર્શક (સામું દેખાય એવું) + તા (પણું)] સ્ત્રી. આરપાર જોઈ ન શકાય એવું હોવાપણું; પ્રકાશ-અભેદ્યતા.

૨. સ્ત્રી. મલિનપણું; અસ્વચ્છતા.

અપારદર્શિતા સુખનો અપારસંકટા જુ.

અપારદર્શી જુ. [સં. અ (નહિ) + પાર (સૌસરું) + દર્શિન્ (જોનાર)] વિ. આરપાર ન જોઈ શકનાર.

૨. વિ. પરિણામ ન બતાવનાર.

અપારનામી જુ. [સં. અપાર (પાર્શ્વ) + નામન્ (નામ) + ઈન્ (વાળું)] પું. ઈશ્વર, જેમને તેનો પણ નામ છે.

૨. વિ. ઘણાં નામવાળું; બહુનામી.

અપારા [સં. અ (નહિ) + પાર (છેડો) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પૃથ્વી, જેમનો તેનો અંત નથી.

અપારાવાર વિ. (બૃ. ઉ.) બેહદ.

એ પ્રકાર અપારાવાર ધર્મ થકી હોયે નિસ્તાર.
અખંડાનંદ:સહોત્પત્તિ

અપાર્થ જુ. [સં. અપ (વિનાનું) + અર્થ] પું. અર્થ વગરની વાતચીત કે કર્યા.

૨. પું. (કાવ્ય) ન સમજાય તેવો અર્થ હોવાનો દોષ; મતિ-મત્તનાં જેવાં જોડણે તોરણી બાન ભૂલેલનાં જેવાં વચન હોય અને જેનો અર્થ સમજવામાં ન આવે એ અર્થની કૃત્રિતાની ખામી. જેમકે,

ચૂસિંહને પી ભાષે,
છે જેવો અતિશય સુન્દર દેહ;
ઐરાવત હરિ ગમતો,
નમને જે નિરખ્યો મલ્લિત મેહ.

આનો અર્થ તરત સમજાય તેવો નથી માટે અપાર્થદોષ થયો.

૩. [સં. અ (નહિ) + પાર્થ (અર્જુન)] વિ. અર્જુન વિનાનું; જેની બાંહ અર્જુન ન હોય તેવું.

૪. [સં. અપ (નહિ) + અર્થ] વિ. અર્થ; નકામું.

અપાર્થક જુ. પું. (ન્યાય) બાતીલ નિગ્રહસ્થાન બાંધવું એ નામનું દોષ; જોડણીમાં સાથે સંબંધ વિનાના વાક્યના વપરાશથી થતું નિગ્રહસ્થાન. આમાં કહેલા શબ્દોનો અર્થ નહિ સમજવાથી વાદી હાર પામે છે.

અપ્રતિકાળ, અર્થાન્તર, નિરર્થક, અપાર્થક એ ચાર નિગ્રહસ્થાન ઉપન્યાસાભાસ જેવાં જોવામાં જ પડવાય તેવાં છે. પુરાતત્ત્વ

૨. [સં. અ (નહિ) + પાર્થ (અર્જુન) + ક (વાળું)] વિ. અર્જુન વિનાનું.

૩. [સં. અપ (નહિ) + અર્થ + ક (વાળું)] વિ. નિરર્થક; અર્થ; નકામું.

અપાર્થકરણ જુ. [સં. અ (નહિ) + પાર્થ (અર્જુન) + ક (વાળું) + રણ (લડાઈ)] પું. અર્જુન વિનાનો સંગ્રામ.

૨. [સં. અપાર્થક (નકામું) + રણ (લડાઈ)] પું. નકામી લડાઈ.

૩. [સં. અપ (ખોટું) + અર્થ + કરણ (ક્રિયા)] ન. ખોટી દલીલ.

અપાર્થત્વ [સં. અપ (વિનાનું) + અર્થ + ત્વ (પણું)] ન. દરેક વાક્યનો સંબંધ સમજાય તેવો હોવા છતાં એકંદર અર્થ નહિ સમજતો તે.

અપાર્થિવ [સં. અ (નહિ) + પાર્થિવ (પૃથ્વીનું)] વિ. પૃથ્વીને લગતું નહિ એવું; અલૌકિક; દિવ્ય; સ્વર્ગીય.

અપાર્થિવપ્રેમ [સં. અ (નહિ) + પાર્થિવ (પૃથ્વીનું) + પ્રેમન્ (પ્રેમ)] પું. વિષય-વાસનાની ઇચ્છા વિનાનો નેહ; આત્મામાં ઐક્યભાવ; વિશુદ્ધ સ્નેહ; અલૌકિક પ્રેમ; ઇશ્વરી લાગણી.

અપાર્શ્વપૃષ્ઠમણિપરાવર્ત પું. (જૈન) વજ્રનું એક માપ.

આવે કોઈ એક અનાદ્યંત સમય પુદ્ગલ પરમાણુઓને આકાશ પ્રદેશ ઉપર ચૌદ રાજલોકમાં રહેલા પ્રત્યેક જીવ ક્રમે ક્રમે મરીને પુદ્ગલપરાવર્ત. જેમાં જીવે કાળ ગાળો હોય તે **અપાર્શ્વપૃષ્ઠમણિપરાવર્ત** કહેવાય છે. લોકપ્રકાશ

અપાલક [સં. અ (નહિ) + પાલ (રક્ષણ કરનાર)] વિ. રક્ષક વિનાનું; અનાથ.

અપાલન જુ. [સં. અ (નહિ) + પાલન (પાળવાપણું)] ન. પાળ કે રક્ષણ ન પાળવાપણું; સ્વચ્છંદ.

૨. ન. રક્ષણ ન કરવાપણું.

અપાલા [સં.] સ્ત્રી. (પુરાણ) અત્રિ-ઋષિની એ નામની દીકરી. એને ચર્મરોગનો રોગ લાગુ પડ્યો હોવાથી તેના પતિએ તેને છોડી દીધી, તેથી તે પોતાના આત્મા તપોવનમાં જઈ ભક્તિમાં લીન થઈ. ઋગ્વેદના ૮૧૯૧ સૂક્તની ૭ ઋચા તેણે બનાવી હતી. એણે ઇંદ્રને સોમરસ આપી વરદાન મેળવી અત્રિઋષિના ખેતરમાં પુષ્કળ વરસાદ વરસાવ્યો હતો.

અપાવન [સં. અ (નહિ) + પાવન (પવિત્ર)] વિ. અશુદ્ધ; મેલું; અપવિત્ર.

અપાવરણ જુ. [સં. અપ (ઉઘાડું) + આવરણ (ઢાંકણ)] ન. ઉઘાડવાપણું; ખુલ્લું કરવું તે.

૨. [સં. અપાર (ઢાંકવું)] ન. ઢાંકણ; આચ્છાદન.

૩. ન. ઢાંકપીછોડ.

૪. ન. સતાડવું તે.

૫. ન. સ્પષ્ટીકરણ; ખુલાસો.

અપાવરણપ્રકૃતિ [સં. અપાવરણ (ખુલ્લું કરવું તે) + પ્રકૃતિ (બીજ)] સ્ત્રી. મનની ઊંચી સ્થિતિ, જેમાં ખુલ્લી જગ્યા કે ઓકમાં જતાં મન ગભરાય કે ભમવા માંડે છે.

અપાવર્તન જુ. [સં. અપ (ઊલટું) + આવર્તન (ફરવું)] પું. પાછો.

૨. ન. પાછું હઠવાપણું; પીછેહઠ; પ્રત્યાવર્તન.

૩. ન. ઓટણ; ઓળોટવું તે.

અપાવવું [સં. અર્પ્ (આપવું)] સ. ક્રિ. દેવરાવવું; આપે એમ કરવું.

અપાવા [સં. અપાપા] સ્ત્રી. જૈનના ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા એટલે વિરહ પામ્યા તે નગરી; અપાપા.

અપાવું સ. ક્રિ. જેવું; આપવુંનું કર્મણિરૂપ.

અપાવૃત જુ. [સં. અપ (નહિ) + આવૃત (ઢાંકેલું)] વિ. ઉઘાડું; ખુલ્લું; નહિ ઢાંકેલું.

૨. વિ. ખુલાસેલું.

૩. વિ. મનમોજી; સ્વચ્છંદી.

અપાવૃતિ જુનો અપાવરણ.

અપાવૃત્ત જુ. [સં. અપાવૃત્ (અવગણના કરવી)] વિ. અનાદર કરનાર.

૨. વિ. કાઢી મૂકેલું.

૩. વિ. તિરસ્કાર કરનાર.

૪. વિ. પાછું ફરેલ.

અપાવૃત્તિ જુ. [સં. અપાવૃત્ (અવગણના કરવી)] સ્ત્રી. અનાદર.

૨. સ્ત્રી. ઊલટાપણું; વિપ્લવ; ઊથલપાથલ.

૩. સ્ત્રી. તિરસ્કાર.

૪. [સં. અપ (ઊલટું) + આવૃત્ (થવું)] સ્ત્રી. પાછા ફરવું તે.

અપાશાયી [અં. એપેસેમ] ન. આંગળવાળા વર્ગનું આકરે સવાસે ફૂટ લાંબું તથા આઠથી દસ આગલા દાંતવાળું એક પ્રાણી. તેના પગ લાકડી માફક પકડ કરી શકે તેવા અને પૂંઠી ચૂંચણું વાળીને પકડી શકે તેવી હોય છે.

અપાસી [સં. ઉપવાસ + ઈન્ (વાળું)] વિ. ઉપવાસી; ભૂખ્યું; ખાધા વગરનું.

કપાસી રે કપાસી તેનો વેપાર કરજે વપાસી,
નહિ તો ભોકમાં રહેશે અપાસી.

લોકોક્તિ

અપાશય ૧. [સં. અપાશ્રિ (આશરે લેવે)] પું. આરામ લેવાની જગ્યા.
૨. પું. ઘણિયામાં ઊભો કરેલો મંડપ.
૩. પું. શરીર; માથું.
૪. [સં. અપ (નહિ) + આશ્રય (આશરો)] વિ. આશરા વિનાનું; આધાર વગરનું; નિરાધાર.

અપાશ્રિત ૧. [સં.] વિ. એકાંતમાં રહેનારું.
૨. [સં. અપ (નહિ) + આશ્રિ (વળગી રહેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. સંસારમાંથી છુટકારો પામેલું; વિરક્ત; ત્યાગી.

અપાસન ૧. [સં. અપ (દૂર) + અસ (ફેંકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. છોડી દેવાપણું; ત્યાગ.
૨. ન. દેહી દેવું તે; પ્રક્ષેપણ.
૩. ન. (ગણિત) બે કે વધારે સમીકરણની મદદથી એક એવું નવું સમીકરણ ઉત્પન્ન કરવું કે જેમાં મૂળ સમીકરણના એક કે વધારે અજ્ઞાત ઊડી જતા હોય; અપહાર; 'એલિમિનેશન'. ક + ખ = ૩; ક − ખ = ૧. આ બે સમીકરણનો સરવાળો કરવાથી ખ ઊડી જાય અને ક = ૪ આવે તે અપાસન કહેવાય.
૪. ન. વધ; હત્યા.

અપાસરો ૧. [સં. ઉપાશ્રય] પું. જૈન સાધુ સાધ્વીના ઉતારાનું ઠેકાણું.
૨. પું. જૈનોનું ધર્મસ્થાનક.

> અપાસરે દીવો = અજ્ઞાન અથવા અસંભવિત બાબત. દીવામાં પડીને કૂતરું મરે તેથી અપાસરામાં કદી પણ દીવો કરવામાં આવતો નથી, તે પરથી આ કહેવત આવેલી છે.

અપાસંગ [સં.] પું. ત્યાગ.

અપાસુ [સં. અપ (વગર) + અસુ (પ્રાણ)] વિ. મરી ગયેલું; જીવ વગરનું.

અપાસ્ત ૧. વિ. (ગણિત) અતિપરવલય; અધિપ્રેત્યાર; જેની ઉત્કેંદ્રતા એક કરતાં વધારે હોય એવો શંકુચ્છેદ; 'હાઇપરબોલા'.

> શંકુની બાજુનો તેમજ પાયા સાથે જે કાટખૂણો થાય છે તે જ કાટખૂણો પાયા સાથે કલ્પાર રાખીને શંકુને કાપવાં જે છેદ થાય તે અપાસ્ત થાય, અને કાટખૂણો કલ્પાર બીજા બાજુની રાખીને તે કાપવામાં આવે ત્યારે અપાસ્ત થાય છે. જ્યોતિર્વિદાસ

૨. [સં. અપ (દૂર) + અસ્ત (ફેંકવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. દૂર કરેલું; ખસેડેલું.
૩. વિ. નાશવંત થયું; નહિ જેવું.

અપાસ્તીયગ્રવકાસ પું. (ગણિત) એક જાતનું ક્ષેત્રફળ; અપાસ્તના મુખ્ય અક્ષનો સંબંધ રખ હોય એવી છટા અને અપાસ્ત વચ્ચે આવેલું ક્ષેત્ર અથવા તેનું ક્ષેત્રફળ; 'હાઇપરબોલિક સ્પેસ'.

અપાસ્તીયક્ષેત્ર ન. (ગણિત) એક પ્રકાર; 'હાઇપરબોલિક કંસન'. બે જ્યાનો સંબંધ વર્તુલ અને કંસ, કોટિજ્યા વગેરે વચ્ચે છે, તેજ જ્યાનો સંબંધ અપાસ્ત અને અપાસ્તીય જ્યા (જ્યજ્યા), અપાસ્તીય કોટિજ્યા (જ્યકોજ્યા) વગેરે વચ્ચે છે. અપાસ્તના સમીકરણને સંતોષે એવું દ્વત અપાસ્તીયક્ષેત્ર કહેવાય છે.

અપાસ્તીયશંક્વાકાર સ્ત્રી. (ગણિત) એક જાતની આકૃતિ; ચોક્કસ બાજુ ઉપર અપાસ્તના પરિભ્રમણથી થતી શંકુના જેવી બનાકૃતિ.

અપાહરણ ૧. [સં. અપ + આહરણ (લઈ જવું તે)] ન. અપનોદન; આકર્ષણ.
૨. ન. ચોરી નાખવાની ક્રિયા.

અપાહિજ ૧. [હિં.] વિ. અપંગ.
૨. વિ. આળસુ; એદી.

અપાહ્યાંગ વિ. અપંગ.

અપાંકત જુઓ અપાંક્તેય.

અપાંક્તેય [સં. અ (નહિ) + પાંક્તેય (હારમાં બેસવા લાયક)] વિ. જ્ઞાતની હારમાં બેસીને જમવાને નાલાયક.

અપાંગ ૧. પું. અપેડો.
૨. પું. આંખનો ખૂણો; નેત્રાંત.

> નિકાળત મેહે તન નવાડ્યે વિકટને,
> અપાંગો ઓલંગી અનણપુર લીંબ વળીને.
> ભોજપ્રેમવિનોદ

૩. [સં. અપ (નહિ) + અંગ (શરીર)] પું. કામદેવ, કેમકે તે શરીર વગરનો કહ્યાય છે.
૪. પું. તિલક.

> કમળ કસુમ આલું,
> અપાંગ મૃગમદ કાલું કેસરું. મિષ્યાનંદ

૫. વિ. અવયવની ખામીવાળું.
૬. વિ. લૂલું; પાંગળું.

અપાંગક ૧. પું. અપેડો.
૨. પું. આંખનો ખૂણો.
૩. [સં. અપ (નહિ) + અંગ (શરીર) + ક (વાળું)] પું. કામદેવ.
૪. પું. તીર.
૫. [સં. અપ (નહિ) + અંગ (અવયવ) + ક (વાળું)] વિ. એક અવયવ વિનાનું.
૬. વિ. લૂલું; પાંગળું.

અપાંગતા ૧. [સં. અપ (નહિ) + અંગ (અવયવ) + તા (પણું)] સ્ત્રી. અવયવની ખામી.
૨. [સં. અપાંગ (પાંગળું) + તા (પણું)] સ્ત્રી. લૂલાપણું.

અપાંગદર્શન [સં. અપાંગ (આંખનો ખૂણો) + દર્શન (જોવાપણું)] ન. આંસુ જોવાની ક્રિયા; કટાક્ષ.

અપાંગદૃષ્ટિ [સં. અપાંગ (આંખનો ઉપરો) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. તીરછી નજર; કટાક્ષભરી નજર.

અપાંગદેશ [સં. અપાંગ (આંખનો ઉપરો) + દેશ (ઠેકાણું)] પું. આંખના ખૂણાનો ભાગ.

અપાંગનેત્ર [સં. અપાંગ (આંખનો ઉપરો) + નેત્ર (આંખ)] ન. અણિયાળી લાંબી આંખ.

અપાંગનેત્રા [સં. અપાંગ (આંખનો ઉપરો) + નેત્ર (આંખ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અણિયાળી લાંબી આંખવાળી.

અપાંગભર્મ [સં. અપાંગ (આંખનો ખૂણો) + મર્મન્ (મર્મ સ્થાન)] ન. આંખની બહાર જવાના ઉપલા નીચેનો અર્ધા આંખનાનો કોમળ ભાગ.

અપાંગમોક્ષ [સં. અપાંગ (કટાક્ષ) + મોક્ષ (છોડવું તે)] પું. તીરછી નજરથી જોવું તે.

અપાંગરંગ [સં. અપાંગ (કટાક્ષ) + રંગ (હર્ષ)] પું. કટાક્ષથી થતો આનંદ.

અપાંડુ પું. (પુરાણ) એક નામના એક ઋષિ.

અપાંતરતમા [સં. અપ (વગર) + અંતર (હોવું) + તમસ (અંધારું)] પું. (પુરાણ) સારસ્વત નામના ઋષિ. એમને પ્રાચીનગર્ભ અને વેદાચાર્ય પણ કહે છે.

અપાંનાથ ૧. [સં. અપાં (પાણીનું) + નાથ (પતિ)] પું. વરુણ.
૨. પું. સમુદ્ર.

અપાંનિધિ ૧. [સં. અપાં (પાણીનું) + નિધિ (ભંડાર)] પું. વિષ્ણુ, કેમકે તે સમુદ્ર સ્વરૂપ છે.
૨. પું. સમુદ્ર.

અપાંપતિ જુઓ અપાંનાથ.

અપાંવત્સ [સં.] પું. (જ્યોતિષ) હસ્ત અને ચિત્રા નક્ષત્રની ઉત્તરે આવેલ એ નામનો તારો.

> હસ્ત અને ચિત્રા એ બંનેની ઉત્તરે પ્રાચીન બંનેમાં વધુંવેલાં આપ અને અપાંવત્સ એ બે તારા હોય છે, તે અનુક્રમે બીજા ને ચોથા વર્ગના છે. જ્યોતિર્વિદાસ

અપાંશુલા [સં. અ (નહિ) + પાંશુલા (વેશ્યા)] સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.

અપંડક [સં.] વ. (પુરાણ) હિંદુસ્તાનનું એ નામનું એક દ્વીપ.

અપિ [સં.] અ. પણ; વળી; વિશેષમાં.

અપિચ [સં. અપિ (વળી) + ચ (અને)] અ. અને વળી; બીજું પણ; તદુપરાંત; તેમ જ.

> સંસ્કૃત નાટકોમાં એક શ્લોક લખ્યા પછી બીજો લખતાં પહેલાં અપિચ જેવા લખવાની પ્રણાલિકા છે. ગુણસુખ

અપિજ વિ. કું. બે મહિનો, કેમકે તે ચાર અવકાશ માટે અનુકૂળ મનાય છે.

૨. [સં. અપૂ (પાણી) + જ (જન્મેલું)] વિ. પાણીમાં ઉત્પન્ન થનાર.

અપિતુ વિ. [સં. અપિ (વળી) + તુ (પણ)] અ. પરંતુ; પણ; તોપણ.

૨. અ. વિશેષમાં; ખાસ.

અપિત્ત [સં. અ (નહિ) + પિત્ત (પિત્ત)] વિ. પાપ વિનાનું; પાપ મરી ગયો હોય એવું.

અપિત્તક વિ. [સં. અ (નહિ) + પિત્ત (પિત્ત) + ક (વાળું)] વિ. પાપમાં; પાપ વગરનું.

૨. વિ. વારસામાં નહિ આવેલું; વડીલોપાર્જિત નહિ એવું.

અપિત્વ [સં. અ (નહિ) + પિત્વ (પિતા તરફથી મળેલું)] વિ. બાપદાદા તરફથી નહિ મળેલું; વારસામાં ન મળેલું.

અપિધાન [સં. અપિધા (ઢાંકવું)] ન. ઢાંકણ; આવરણ.

> અપૂતાપિધાન = બરણી પરની બગડી હલેલી-માં લાઈ પીવાનું બોકું પાણી.

અપિનદ્ધ વિ. [સં. અપિ + નદ્ (બાંધવું) + ત (ભૂતકાળને પ્રત્યય)] વિ. બાંધેલું; બાંધેલું.

૨. વિ. ભરેલાગેલું; સજ્જારાગેલું; સજ્જ કરાગેલું.

અપિશાલ [સં.] કું. તે નામનો એક મુનિ.

અપિશુન વિ. [સં. અ (નહિ) + પિશુન (ચેષ્ટા)] વિ. ચાળાચાર્ય વિનાનું; બરાબર સ્વસ્થ વગરનું.

૨. [સં. અ (નહિ) + પિશુન (ચાડિયું)] વિ. ચાડિયું નહિ એવું.

૩. વિ. પ્રમાણિક.

અપિહિત [સં. અપિધા (ઢાંકવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ઢાંકેલું; આચ્છાદિત.

અપિંડક [સં. અ (નહિ) + પિંડ + ક (વાળું)] વિ પિંડ આપ્યા વગરનું.

અપિંડી [સં. અ (નહિ) + પિંડ (શરીર) + ઇન્ (વાળું)] વિ. શરીર વિનાનું; અશરીરી.

અપીચ્ય [સં.] વિ. પરમ સુંદર.

> સૌમ્ય વાપ વર મુખ અને મુદ અપીચ્ય પ્રશસ્ત, સુંદર નક્ષત્રોદર પર વાયું વિશે સમસ્ત. (પિંગળસુબોધ

અપીડન (અપીડ્ન) ૧. [સં. અ (નહિ) + પીડ્ (દુઃખ દેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. દુઃખ ન આપવાપણું.

૨. ન ન દબાવવાપણું; ન દાબવું તે.

અપીડનીય (અપીડ્નીય) ૧. [સં. અ (નહિ) + પીડ્નીય (દુઃખ આપવા જેવું)] વિ. દુઃખ ન આપવા જેવું.

૨. [સં. અ (નહિ) + પીડ્નીય (દાબવા જેવું)] વિ. ન દબાય એવું.

અપીડનીયતા (અપીડ્નીયતા) ૧. [સં. અ (નહિ) + પીડ્નીય (દુઃખ આપવા જેવું) + તા (પણું)] સ્ત્રી. દુઃખ ન આપવા જેવું હોવાપણું.

૨. સ્ત્રી. ન દબાય એવી સ્થિતિ.

અપીડિત (અપીડ્ત) ૧. [સં. અ (નહિ) + પીડિત (દુઃખી)] વિ. દુઃખ ન પામેલું.

૨. વિ. ન ચોગાયેલું કે દબાયેલું.

અપીત ૧. [સં. અ (નહિ) + પીત (પીધેલ)] વિ. નહિ પીધેલું.

૨. [સં. અ (નહિ) + પીત (પીળું)] વિ. પીળું નહિ તેવું.

૩. [સં. અપી (સાથ આપવું) + ત (ભૂતકાળને પ્રત્યય)] વિ. સાથ આપેલું; દીન બનેલું.

અપીતપાણી [અ (નહિ) + પીત (પીધેલ) + પાણી] સ્ત્રી. પાણી પીવાને પણ રોકાયા વગર. એટલે કે તરત; બરાબર; એકદમ.

અપીતિ ૧. [સં. અપી (સાથ આપવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. સાથ; પ્રસન્ન; નાસ.

૨. સ્ત્રી. સંગ્રામ; યુદ્ધ.

અપીનસ [સં. અ (નહિ) + પીન (જાડું) + સી (નાક કરવું)] કું. સસ્તોમસ, કેમકે એ રોગથી દરદી ફૂલ્યો જાડો બને છે.

> નાકમાંથી બળવા લાગી ઉપર આવેલા ખાટા-માંથી બહુ જ વધે સાદ બહુ દિવસ સુધી રહ્યા કરે છે તેને અપીનસ કહે છે. કેલકર

અપીર સ. હિંદુ ગ્રહોના ગણતરના સફરચરમાં વપરાતું કપાળ ઉપરથી સેંથા સુધી લંબાયેલું સાંકળી જેવું ઘરેણું. તેનો આંકડિયો સેંથાના વાળમાં ખોસી રાખવામાં આવે છે.

અપીલ ૧. [અં.] સ્ત્રી. આજીજીભરી વિનંતિ. ૨. સ્ત્રી. ઇન્સાફ કરવા માટે ચાલતા પડીને કરવામાં આવતી અરજ.

૩. સ્ત્રી. ખરેખરી બાબત રજૂ કરી સોગ લાવે તેમ કરવાની લોકોને કરવામાં આવતી અરજ.

૪. સ્ત્રી. નીચલી અદાલતના ચુકાદા ઉપર વિચાર કરવા માટે ઉપલી અદાલતને કરવામાં આવતી અરજ.

અપીલ કોર્ટ [અં.] સ્ત્રી. અપીલ સાંભળનારી કચેરી; વિવાદ નિવારણી.

અપુણ્ય [સં. અ (નહિ) + પુણ્ય (પાકું)] વિ. કમીર; કમી ઊતરતું.

અપુચ્છ [સં. અ (નહિ) + પુચ્છ (પૂછડું)] વિ. પૂછડા વિનાનું; ખાંડું.

અપુચ્છા [સં.] સ્ત્રી. સીસમનું ઝાડ.

અપુચ્છાંકુર [સં. અ (નહિ) + પુચ્છ (પૂછડું) + અંકુર (પાંદડો)] કું. જેનું મોઢું તથા માથું મોટાં અને આગલા પગ પાછલા પગ કરતાં લાંબા ને કૂદકો મારવા યોગ્ય હોય એવાં પૂછડાં વગરનાં પ્રાણી; દેડકાં આદિ પ્રાણી.

અપુણ્ય ૧. [સં. અ (ઉત્તમ) + પુણ્ય] ન. પાપ.

૨. વિ. પાપી; અધર્મી.

અપુણ્યકૃત્ ૧. [સં. અપુણ્ય (પાપ) + કૃત્ (કરનાર)] વિ. પાપી.

૨. [સં. અ (નહિ) + પુણ્ય + કૃત્ (કરનાર)] વિ. પુણ્ય નહિ કરનારું.

અપુત્ર ૧. [સં. અ (નહિ) + પુત્ર (દીકરો)] કું. દીકરો નહિ તે.

૨. [સં. અ (અભાવ) + પુત્ર] કું. નકામો દીકરો; કપૂત.

૩. [સં. અ (નહિ) + પુત્ર (દીકરો)] વિ. દીકરા વગરનું.

૪. વિ. વાંઝિયું.

અપુત્રક [સં. અ (નહિ) + પુત્ર + ક (વાળું)] વિ. દીકરા વગરનું.

અપુત્રતા [સં. અ (નહિ) + પુત્ર (દીકરો) + તા (વાળું) + ટાપ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પુત્ર વિનાની.

અપુત્રતા ૧. [સં. અ (નહિ) + પુત્ર (દીકરો) + તા (પણું)] સ્ત્રી. દીકરો ન હોવાપણું.

૨. સ્ત્રી. વાંઝિયાપણું.

અપુત્રવંત [સં. અ (નહિ) + પુત્ર (દીકરો) + વત્ (વાળું)] વિ. છોકરા વગરનું.

અપુત્રિકા ૧. [સં. અ (નહિ) + પુત્રિકા (દીકરી)] સ્ત્રી. દીકરો ન હોય એવા બાપની છોકરા વગરની દીકરી.

૨. વિ. સ્ત્રી. દીકરા વગરની.

અપુત્રિણી જુઓ અપુત્રા.

અપુત્રિયું ૧. [સં. અ (નહિ) + પુત્ર (દીકરો) + ઇન્ (વાળું); પ્રા. અપુત્તિય] વિ. છોકરા વિનાનું.

૨. વિ. વાંઝિયું.

અપુદ્ગલ ૧. [સં. અ (નહિ) + પુદ્ગલ (સ્થૂલ શરીર)] પું. સિદ્ધ ભગવાન; મુક્તાત્મા

૨. [સં. અ (નહિ) + પુદ્ગલ (પરમાણુ)] વિ. કર્મનાં પરમાણુ વિનાનું.

અપુનઃ ૧. [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી)] અ. બીજી વાર.

૨. અ. પ્રથમ માટે.

અપુનરન્વય [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + અન્વય (સંબંધ)] વિ. પાછું ન આવે એવું; મરેલું.

અપુનરાગમ ૧. [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + આગમ (આવવાની ક્રિયા)] પું. જ્યાંથી ફરી જન્મવું ન પડે તે સ્થાન; મોક્ષસ્થાન; નિર્વાણપદ.

૨. પું. પાછું નહિ આવવાપણું.

અપુનરાદાન [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + આદાન (ગ્રહણ)] અ. પાછું ન લેવાપણું.

અપુનરાવર્તન ૧. [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + આવૃત્ (પાછા ફરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] અ. ફરી ન આવવાપણું.

૨. અ. ફરીથી સંસારમાં ન આવવાપણું; મોક્ષ.

અપુનરાવૃત્તિ જુઓ અપુનરાવર્તન.

અપુનરુક્ત [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + ઉક્ત (કહેલું)] વિ. ફરીથી ન કહેલું.

અપુનર્બંધક [સં. અ (નહિ) + પુનર્ (ફરીથી) + બંધક (બાંધનાર)] વિ. રાગદ્વેષ વિનાનું, કેમકે રાગદ્વેષ ન હોય તો કર્મનાં બંધન લાગતાં નથી.

અપુનર્ભવ ૧. [સં. અ (નહિ) + પુનર્ભવ (ફરી ઉત્પત્તિ)] પું. જન્મમરણના ફેરામાંથી મુક્તિ; મોક્ષ; નિર્વાણ.

મુક્તિ અજર કૈવલ્ય અને અપુનર્ભવ અપવર્ગ.
નિઃશ્રેયસ નિર્વાણપદ મહાસિદ્ધિ વસ્તવર્ગ.
વિશ્વલોચન

૨. પું. જીવન્મુક્ત પુરુષ.

૩. પું. ફરી ન થવું તે.

૪. સ્ત્રી. એક જાતની સ્ત્રીરમ.

નિત્યપ્રકાશી સાથે મૂળી બાળીને ધમવા જતા ધાતુ પોતાના મૂળ સ્વરૂપને નહિ પામે ત્યારે તેને અપુનર્ભવ કે નિરત્ન કહેવામાં આવે છે.
રસતરંગિણી

૫. વિ. ફરીવાર જન્મ લેવાની ઉપાધિ વગરનું; જીવન્મુક્ત.

અપુનઃ ૧. [સં. અ (નહિ) + પુનઃ (ફરીથી)] અ. બીજી વાર; ફરીથી નહિ.

૨. અ. પ્રથમ માટે.

અપુનિત ૧. [સં. અ (નહિ) + પુનિત (પવિત્ર)] વિ. અપવિત્ર; અશુદ્ધ.

૨. વિ. ઠોબરાળું; દૂષિત.

અપુરાણ [સં. અ (નહિ) + પુરાણ (નવું)] વિ. બહુ નહિ તેવું; નવું.

અપુરાણું જુઓ અપુરાણ.

અપુરુષ ૧. [સં. અ (નહિ) + પુરુષ (મરદ)] વિ. નપુંસક; પુરુષત્વ વિનાનું; હીજડું.

૨. વિ. બળ વગરનું.

અપુરુષત્વ ૧. [સં. અ (નહિ) + પુરુષત્વ (મરદપણું)] વ. નપુંસકપણું; નામરદાઈ.

૨. વ. બળ ન હોવાપણું.

અપુરુષવાદ [સં. અ (નહિ) + પુરુષ (મરદ) + વાદ (કહેવાપણું)] પું. નપુંસકપણાનો આરોપ.

અપુરુષાતન ૧. [સં. અ (નહિ) + પુરુષાતન (મરદાઈ)] વ. નામરદાઈ; બાયલાપણું; કાયરતા.

૨. વ. બળ ન હોવાપણું.

અપુરુષાર્થ ૧. [સં. અ (નહિ) + પુરુષ (આત્મા) + અર્થ (વિષય)] પું. આત્માનો મુખ્ય વિષય ન હોય એવું હોવાપણું.

૨. પું. કરનારને લાભદાયક ન હોય એવી ધાર્મિક ક્રિયા.

૩. પું. કર્મ ન કરવાં તે; અકર્મ.

૪. [સં. અ (નહિ) + પુરુષ + અર્થ (ઇચ્છિત વસ્તુ)] પું. (સાંખ્ય) પુરુષની પ્રકૃતિનો અવિષય; પુરુષને અનપેક્ષિત વસ્તુ.

૫. વિ. (મીમાંસા) પુરુષે પોતાના સ્વાર્થ માટે ન કરેલું હોય એવું; પુરુષની ઇચ્છાપ્રવૃત્તિથી કરાતું ન હોય એવું. મીમાંસામાં કર્મ ને પ્રકારનાં કહ્યાં છે: પુરુષાર્થ, અને અપુરુષાર્થ. પુરુષ પોતાના લાભને માટે કરે તે પુરુષાર્થ કર્મ, અને મતને માટે યજ્ઞના અંગ તરીકે નિષ્કામપણે કરે તે અપુરુષાર્થ કર્મ.

અપુરોદંતી [સં. અ (નહિ) + પુરસ્ (આગલો ભાગ) + દન્તિન્ (દાંતવાળું)] વિ. મોઢાના આગલા ભાગમાં દાંત વગરનું.

અપુરોધાન ૧. [સં. અપૂ (પામી) + અધાન (જમવું તે)] વ. જમતાં પહેલાં અને પછી હથેળીમાં કાઈ પીવાનું ચોકું પાણી.

૨. વ. જમવાની શરૂઆતમાં લેવાતો ચોકો ભાત; અપોશન.

અપુષ્કળ ૧. [સં. અ (નહિ) + પુષ્કલ (પાકું)] વિ. પાકું નહિ એવું; ચોકું.

૨. વિ. નીચ; હલકું; અધમ.

અપુષ્ટ ૧. [સં. અ (નહિ) + પુષ્ટ (વધ)] વિ. ઓછા શરીરવાળું; પાતળું.

૨. વિ. પીખા અવાજવાળું.

૩. [સં. અ (નહિ) + પુષ્ટ (પોષાયેલું)] વિ. નબળા થયા વગરનું.

૪. વિ. પુષ્ટ અર્થને આધાર ન આપનારું; અસંગત; અસંબદ્ધ.

અર્થની પુષ્ટિ ન થાય એવાં નકામાં વિશેષણથી અપુષ્ટ દોષ થાય છે એ અર્થદોષ છે.
ગૃહદ્ ભાષારત્નો

અપુષ્ટતા ૧. [સં. અ (નહિ) + પુષ્ટ (વધ) + તા (પણું)] સ્ત્રી. ઓછા શરીરવાળું હોવાપણું.

૨. સ્ત્રી. પીખા અવાજવાળું હોવાપણું.

૩. [સં. અ (નહિ) + પુષ્ટ (પોષાયેલું) + તા (પણું)] સ્ત્રી. નબળાપણું ન હોય એવી સ્થિતિ.

અપુષ્ટત્વ જુઓ અપુષ્ટતા.

અપુષ્ટાર્થ [સં. અ (નહિ) + પુષ્ટ (પોષાયેલ) + અર્થ] પું. (અલં) પદનું પદ જ્યાં અર્થને આધાર ન આપી શકે એવો દોષ. જેમકે,

બાંધ્યા કેશ દશનમિસી,
નથી કરતી અભિસાર કહે તાને;
જોતા રહ રવિકવર,
વખત વિચારી જુવતી ઝટ જાને.

આમાં બાંધ્યા વાળ અને દાંત ઉપર લગાવેલ મેશ મિસી અભિસારના અર્થને પુષ્ટ કરતાં નથી.

અપુષ્પ ૧. [સં. અ (નહિ) + પુષ્પ (ફૂલ)] પું. ઉંબરાનું ઝાડ, કેમકે તેને ફૂલ હોતાં નથી.

૨. વિ. ફૂલ થતાં ન હોય એવું; ફૂલ ન બેસે એવું.

૩. વિ. ફૂલ વિનાનું.

અપુષ્પફૂલ ૧. પું. ઉંબરાનું ઝાડ.
૨. [સં. અ (નહિ) + પુષ્પ (ફૂલ) + ફલ (ફળ)] વ. કયુપ્રનું ઝાડ. તે ફૂલ વિનાનું હોય છે.
૩. વિ. ફૂલ આવ્યા વગર ફળ આપનારું.
૪. વિ. ફૂલ કે ફળ જેમાંથી એકે ન હોય એવું

અપુષ્પફૂલક જુઓ અપુષ્પફલ.

અપુષ્પવનસ્પતિ [સં. અ (નહિ) + પુષ્પ (ફૂલ) + વનસ્પતિ] સ્ત્રી. ફૂલ વિનાની વનસ્પતિ. તેમાં સારી રીતે વિકસેલાં વાહિનીમય અને દાંડલાને લગતાં તંત્ર હોય છે. મૂળ, થડ અને પાંદડાં પૂરેપૂરાં જુદાં પડેલાં હોય છે. આ અફૂના ચાર વર્ગ: અરેખરા હંસરાજ, અશ્વપુચ્છી ને સીતાહરિ.

અપુષ્પા [સં. અ (નહિ) + પુષ્પ (ફલ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ફળવતી ન થતી હોય એવી સ્ત્રી; જેને ગર્ભ પ્રાપ્ત થયો ન હોય એવી સ્ત્રી.

અપુષ્પિત ૧. [સં. અ (નહિ) + પુષ્પિત (ફૂલવાળું)] વિ. ફૂલ વિનાનું.
૨. વિ. ફૂલ્યાફાલ્યા વગરનું.

અપુષ્પિતા ૧. [સં.] સ્ત્રી. ઋતુકાળ આવ્યા વગરની કન્યા.
૨. વિ. સ્ત્રી. ફળવતી ન થયેલી.

અપુંસ [સં. અ (નહિ) + પુંસ (પુરુષ)] પું. નપુંસક.

અપુંસ્ત્વ [સં. અ (નહિ) + પુંસ (પુરુષ) + ત્વ (પણું)] વ. નામરદાઈ; નપુંસકપણું.

અપૂજ ૧. [સં. અ (નહિ) + પૂજ (પૂજવા જેવું); અપ. અપુજ્જ] વિ. ન પૂજવા જેવું.
૨. વિ. પૂજવા વગરનું; લાંબા સમય સુધી નહિ પૂજનારું.

અપૂજક [સં. અ (નહિ) + પૂજક (પૂજનાર)] વિ. પૂજા ન કરનાર.

અપૂજ્ય જુઓ અપૂજ.

અપૂજા ૧. [સં. અ (નહિ) + પૂજા] સ્ત્રી. પૂજા ન કરવી તે.
૨. [સં. અ (અયોગ્ય) + પૂજા (સેવા)] સ્ત્રી. વિધિસર ન કરેલી પૂજા.
૩. સ્ત્રી. સત્કાર ન કરવાપણું.

અપૂજિત ૧. [સં. અ (નહિ) + પૂજિત (પૂજાયેલું)] વિ. ન પૂજાયેલું.
૨. વિ. વિધિસર નહિ પૂજાયેલું.
૩. વિ. સત્કાર નહિ પામેલું.

અપૂજ્ય [સં. અ (નહિ) + પૂજ્ય (પૂજવા લાયક)] વિ. ન પૂજવા જેવું.

અપૂત ૧. [સં. અ (અસત્ય) + પુત્ર (દીકરો)] પું. નાલાયક દીકરો; કપૂત.
૨. [સં. અ (નહિ) + પૂત (શુદ્ધ)] વિ. અપવિત્ર.
૩. [સં. અ (નહિ) + પુત્ર (દીકરો)] વિ દીકરા વગરનું.

અપૂપ ૧. [સં.] પું. પૂડલો.
૨. પું. પૂરી.
૩. પું. મગપૂડો.
૪. પું. માલપૂડો.
૫. પું. ચામાં હોય કરવા માટે લોટમાંથી બનાવેલ અને માટીના તાવેરામાં પકાવેલ પૂડો; પુરોડાશ.

> અતિ સરસ પયપૂત ખીરમાં,
> અપૂપ જે ભલેવામ. નિરાંત

૬. પું. રોટલી.

અપૂપા સ્ત્રી. શરીરમાંની એ નામની એક નાડી. જુઓ નાડી.

અપૂપાષ્ટકા ૧. સ્ત્રી. પોષ વદ આઠમ.
૨. સ્ત્રી. પોષ વદ આઠમને દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ.

અપૂર ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું)] વિ. અપૂરું; પૂરું થયા વગરનું.
૨ [સં. અપૂર્વ] વિ. ઉત્તમ; સારું.
૩. [સં. અપૂર્ણ (અધૂરું)] વિ. પૂરું; અપૂર.

અપૂરવી [સં. અ (નહિ) + પૂ (પૂર્ણ કરવું)] સ્ત્રી. સ્ત્રીજાતનું ઝાડ; લાલમતી વૃક્ષ. કેમકે તે નિર્ફળ હોવાથી કોઈની પ્રીતિને પૂર્ણ કરતું નથી.

અપૂરતું [અ (નહિ) + પૂરતું] વિ. ઓછું; ઓછું.

અપૂરણ ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરેપૂરું)] વિ. અગાઉ ન હોય એવું.
૨. વિ. અગાઉનો ઉત્પન્ન કરનારું.

અપૂરિત ૧. [સં. અ (નહિ) + પૂરિત (ભરેલું)] વિ. અપૂરું; અપૂર્ણ.
૨. વિ. ખાલી.

અપૂરુષ ૧. [સં. અ (નહિ) + પુરુષ (માણસ)] વિ. અનેતાનું બળ.
૨. [સં. અ (નહિ) + પુરુષ (માણસ)] વિ. માણસ વિનાનું; નિર્જન.
૩. [સં. અ (નહિ) + પુરુષ (માણસ)] વિ. વસ્તી વગરનું; ઉજ્જડ.

અપૂર્ણ ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું)] વિ. અપૂરું; પૂરું થયા વગરનું.

અપૂર્ણ ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું)] વિ. પૂરી નહિ એવી સંખ્યા.
૨. વ. સંપૂર્ણ ન હોવાપણું.
૩. વિ. એકાંતનું; એકલદોકલી; બધાને લાગુ ન પડનારું.
૪. વિ. ઓછું; ન્યૂન.
૫. વિ. પૂરું નહિ એવું; અધૂરું; ઊણું; 'ઇન્કમ્પ્લીટ'.

અપૂર્ણ એકાધિકાર [સં. અપૂર્ણ (અધૂરું) + એકાધિકાર (ઇજારો)] પું. સંપૂર્ણ ઇજારો ન હોવાપણું; એકાધિકારાભાસ.

અપૂર્ણકર્પરી [સં. અપૂર્ણ (અધૂરું) + કર્પર (ખોપરી) + ઙીપ્ (પણું)] વ. કરોડરજ્જુવાળાં પ્રાણીનો એક વર્ગ; 'મામ્મૉલ્સ'. તેને અધૂરી, કોમળ હાડકાંની ખોપરી તથા હોવાથી જેવી હાલત હોય છે, અને નીચલું જડબું હોતું નથી.

અપૂર્ણકાલ ૧. [સં. અપૂર્ણ (અધૂરું) + કાલ (સમય)] પું. (વ્યાકરણ) ક્રિયાના અપૂરાપણાનો અર્થ બતાવતો કાળ.
૨. વિ. પૂર્ણપણાને માટે લાયક ગણાતા કાળને નહિ પહોંચેલું.
૩. વિ. વખત પૂરો થવા પહેલાંનું; અધૂરિયું.

અપૂર્ણકાલજ [સં. અપૂર્ણકાલ (અધૂરિયું) + જ (જન્મેલું)] વિ. અધૂરે માસે જન્મેલું.

અપૂર્ણકાળ જુઓ અપૂર્ણકાલ.

અપૂર્ણક્રિયાપદ [સં. અપૂર્ણ (અધૂરું) + ક્રિયાપદ] વ. (વ્યાકરણ) જેમાં કાળ તથા અર્થનાં રૂપ ન થતાં હોય એવું ક્રિયાપદ. જેમકે, જોઈ.

અપૂર્ણક્રિયાવાચક [સં. અપૂર્ણ (અધૂરું) + ક્રિયા + વાચક (બતાવનાર)] વિ. (વ્યાકરણ) જેમાંથી ક્રિયાનો પૂરો અર્થ નીકળતો ન હોય એવું; પૂરાની મદદ વિના જેમાંથી પૂરો અર્થ નીકળતો નથી એવું. હોવું, રહેવું, નીવડવું વગેરે અર્થનાં અકર્મક ક્રિયાપદ અને કેટલાંક સકર્મક ક્રિયાપદ જેમાં કર્મ આવ્યા છતાં ક્રિયાનો અર્થ અધૂરો રહે છે તે અપૂર્ણક્રિયાવાચક છે. જેમકે, આવી વર્તણૂકથી દીકરે આપને ઘણો ગુસ્સે કર્યો–કોધી બનાવ્યો. આ વાક્યમાં ગુસ્સે અને કોધી ક્રિયાનો અર્થ પૂરો કરે છે, તેથી તે અપૂર્ણક્રિયાવાચક છે.

અપૂર્ણછાયા [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું) + છાયા] સ્ત્રી. ખંડ છાયા; સાંજો ઓળો.

અપૂર્ણતા ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરેપૂરું) + તા (પણું)] સ્ત્રી. અપૂરાપણું; પૂરું ન હોવાપણું.
૨. સ્ત્રી. ખોટ; ખામી; કચાશ.

૩. સ્ત્રી. ન્યૂનતા; ઓછું હોવું તે.

અપૂર્ણપારદર્શક [સં. અપૂર્ણ (અપાં) + પારદર્શક (આરપાર જોઈ શકાય એવું)] વિ. પૂરેપૂરું સોંસરવું ન દેખાય એવું.

અપૂર્ણપારદર્શકતા [સં. અપૂર્ણ (અપાં) + પારદર્શક (આરપાર જોઈ શકાય એવું) + તા (પ્રત્યય)] સ્ત્રી. પૂરેપૂરું આરપાર જોઈ ન શકાય એવી સ્થિતિ; અર્ધપારદર્શકતા.

અપૂર્ણપ્રાણ [સં. અપૂર્ણ (અપાં) + પ્રાણ: (પ્રાણ વાયુ)] વિ. પ્રાણ વાયુ અપૂરું; અરધુંપરધું

અપૂર્ણબીજ [સં. અપૂર્ણ (અપાં) + બીજ (અક્ષરસમૂહ)] પું. (ગણિત) બીજસંખ્યાઓના અપૂર્ણાંક. જે અપૂર્ણાંકના ઉપલાં બૈજિક રાશિ હોય અને તે બંને અંશને ઠીક ભાગી ન શકાતો હોય તે અપૂર્ણબીજ કહેવાય છે. જેમકે, $\frac{x}{a}$; $\frac{a}{x}$; $\frac{a^2}{x^3}$

અપૂર્ણભાગ [સં. અપૂર્ણ (અપાં) + ભાગ] પું. (ગણિત) પ્રાતમાનનો અપૂર્ણાંક ભાગ; 'મૅન્ટિસા'. જેમકે, ૨૦૦૦નું પ્રાતમાન ૩.૩૦૧૦૩૦૦... છે, તેમાં .૩૦૧૦૩૦૦... પ્રાતમાનનો અપૂર્ણ ભાગ કહેવાય.

અપૂર્ણભૂત [સં. અપૂર્ણ (અપાં) + ભૂત (ભૂતકાળ)] વિ. (આકરણ) ક્રિયાનું અપૂરાપણું બતાવનાર ભૂતકાળ; આધુ ભૂતકાળ. જેમકે, તે ખાતો હતો.

અપૂર્ણવ્યાપ્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) વ્યાપ્તિ માટે અનુભવપૂર્વક જોવાતી પ્રકૃતિ પૂરેપૂરી અવલોકાઈ ન હોવાને લીધે રહેતી વ્યાપ્તિ. આવી અપૂર્ણ રીતે સાધન અને સાધ્યનો સંબંધ બે પ્રકારનો છે. એક અનુમા(અનુમીસંખ્યા)પ્રકાર જેમાં અમુક સાધર્મ્યના દાખલા કે દૃષ્ટાંતની સંખ્યા ઉપર સામાન્યપણાનો આધાર છે; અને બીજા સાધર્મ્ય(સરખા ધર્મવાળા બનાવપણા)પ્રકાર જેમાં જ્ઞાત અને અજ્ઞાત વસ્તુના સરખા ગુણ ઉપર તેનો આધાર હોય છે.

અપૂર્ણાર્થક [સં. અપૂર્ણ (અપાં) + અર્થક (અર્થવાળું)] વિ. અપૂરા અર્થવાળું.

અપૂર્ણાંક ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું) + અંક (સંખ્યા)] પું. (ગણિત) અપૂરી સંખ્યા; એકના અંશરૂપ સમ. જેમકે, ½, ⅓, ¼, ⅕, ⅙, ⅐ વગેરે. કોઈ રકમના કેટલા સરખા ભાગ પાડી તેમાંથી કેટલા ભાગ બતાવનાર આંકડાને અપૂર્ણાંક કહે છે. તે આંકડા લખવાની રીત: જેટલા ભાગ પાડવામાં આવ્યા હોય તે બતાવનાર આંકડાને તે લીટી નીચે અને જેટલા ભાગ લીધેલા હોય તેને લીટી ઉપર લખવામાં આવે છે. જેમકે, ½. અપૂર્ણાંકના પ્રકાર: ૧. વ્યવહારી, ૨. સમ, ૩. વિષમ, ૪. મિશ્ર, ૫. પ્રભાજ્યાતિ, ૬. દશાંશ અપૂર્ણાંક.

૨. પું. (ગણિત) અપૂરી સંખ્યાથી હિસાબ ગણવાની જેમ રીત.

અપૂર્ણ [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું)] વિ. અપૂરું; અપૂર્ણ.

અપૂર્ણતા ૧. [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરું) + તા (પ્રત્યય)] સ્ત્રી. અપૂરાપણું.

૨. સ્ત્રી. ખામી; ખોટ.

અપૂર્તિ [સં. અ (નહિ) + પૂર્તિ (પૂરું કરવાપણું)] સ્ત્રી. પૂરું ન કરવું તે; અપૂર્ણતા.

અપૂર્તિ જુઓ અપૂર્તિ.

અપૂર્વ ૧. [સં. અ (નહિ) + પૂર્વ (અગાઉ)] પું. પરબ્રહ્મ; પરમાત્મા. જેની પહેલાં કોઈ ન હતું એવા મનાય છે.

૨. ન. દૂરનું પરિણામ.

૩. ન. પુણ્ય અને પાપ.

૪. ન. (મીમાંસા) વિધિ કર્મથી ઉત્પન્ન થવાનાં સ્વર્ગાદિ ફળને માટે યજ્ઞાદિ કારણે સ્વીકારેલ વચની શક્તિ. તે ચાર પ્રકારનું છે: ૧. ક્રત્વપૂર્વ, ૨. ફલવત્પૂર્વ, ૩. ઉભયપૂર્વ અને ૪. અંગપૂર્વ.

૫. [અ (નિષેધ વાચતો અવ્યય) + પૂર્વ (અગાઉનું)] ન. સમિત કર્મ; પૂર્વજન્મનાં બાકી રહેલાં કર્મ.

આ સંચિત કર્મનું બીજું નામ અપૂર્વ એવું બીજું પણ છે. ચોકસાઈ

૬. [સં. અ (નહિ) + પૂર્વ (અગાઉ)] વિ. અગાઉ ન બનેલું; અસાધારણ; અજાયબ.

૭. વિ. ઉત્તમ; અનુપમ; જૈસા.

૮. [સં. અ (ન્યૂન અર્થમાં) + પૂર્વ (અગાઉ)] વિ. જેની પહેલાં ન કે બહ હોય એવું.

૯. વિ. નવું; નવીન.

૧૦. [સં. અ (નહિ) + પૂર્વ (પહેલું)] વિ. પહેલું નહિ એવું.

૧૧. વિ. વિચિત્ર; અદ્ભુત; ચમત્કારી; વિલક્ષણ.

અપૂર્વકરણ ૧. ન. (મીમાંસા) અપૂર્વ કરવું તે.

૨. [સં. અ (નહિ) + પૂર્વ (અગાઉ) + કરણ (કરવું તે)] ન. (જૈન) જીવ મુક્તસ્વભાવ મોહનીયનું ખરાબું. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિશ્રમોહનીય એ ૩, તથા અનંતાનુબંધી, અપ્રત્યાખાની તથા પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા અને લોભ એ ૧૨, અને સંજ્વલનનો ક્રોધ તથા માન એ ૨ મળી કુલ ૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે એટલે કે ક્ષયકિ ઉદય આવે તેને ક્ષય કરે અને સત્તામાં રહે છે તેને ઉપશમાવે ત્યારે આ પદ પમાય છે. જીવ અનાદિ આ જેવીઓ પહોંચેલ નથી માટે તેને અપૂર્વકરણ કહે છે. તેનું બીજું નામ નિવૃત્તિબાદર ગુણસ્થાનક છે.

૩. ન. અનું પવિત્ર વચન; પરિણામશુદ્ધિ.

અપૂર્વતા ૧. [સં. અપૂર્વ (અસાધારણ) + તા (પ્રત્યય)] સ્ત્રી. અગાઉ ન હોવાપણું; અસાધારણતા.

૨. સ્ત્રી. અનુપમતા; જોડપણું.

૩. સ્ત્રી જુલ પ્રમાણથી અણી ન શકાય એવી સ્થિતિ.

૪. સ્ત્રી. નવીનતા; નવું હોવાપણું; નવાઈ.

૫. સ્ત્રી. મૌલિકતા.

૬. સ્ત્રી. વિચિત્રતા; આશ્ચર્યતા.

૭. [સં. અપૂર્વ (કૃતનું પરિણામ) + તા (પ્રત્યય)] સ્ત્રી. સાચવેલ નકી કરવાનો હેતુ.

અપૂર્વત્વ જુઓ અપૂર્વતા.

અપૂર્વદૃષ્ટ [સં. અ (નહિ) + પૂર્વ (પહેલાં) + દૃષ્ટ (જોયેલું)] વિ. પહેલાં ન જોયેલું.

અપૂર્વપતિ [સં. અ (નહિ) + પૂર્વ (પહેલાં) + પતિ (ધણી)] સ્ત્રી. કન્યા; કુમારી.

અપૂર્વમાલિનીવસંત સ્ત્રી. (વૈદક) ક્ષય રોગ ઉપર વપરાતું એક નામનું એક રસાયણ.

અપૂર્વરચનાશક્તિ [સં. અ (નહિ) + પૂર્વ (પહેલાં) + રચના (બનાવટ) + શક્તિ] સ્ત્રી. ઉત્પન્ન કરવાની શક્તિ; સર્જકશક્તિ.

અપૂર્વરંગી [સં. અપૂર્વ (અદ્ભુત) + રંગ + ઇન્ (વાળું)] વિ. વિચિત્ર રંગવાળું.

અપૂર્વરંગીલું જુઓ અપૂર્વરંગી.

અપૂર્વરૂપ [સં.] પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર; જેમાં પહેલાં કહેલ ગુણ ન હોય એવો પૂર્વરૂપથી ઊલટો અલંકાર. જેમકે, ઘન ગમી ગાળે સ્થિતિ, વધતો વારંવાર; પણ હરી જોબનગ્રાપ્તિ નથી, માન નકી કર નાર.

આ ઉદાહરણમાં ચંદના સમાન યૌવન પણ ધીરે ધીરે વધીને એક જ ક્રમથી રહે છે; પરંતુ ચંદ્ર વારંવાર વધતો જાય છે અને યૌવન ફરી મળી શકતું નથી. આ કાવ્યની બીજી રીતમાં અપૂર્વરૂપ અલંકાર મુખ્ય છે.

અપૂર્વવત્ [સં. અ (નહિ) + પૂર્વ (અગાઉ) + વત્ (જેવું)] વિ. આગળની જેમ નહિ; નવીન રીતે.

અપૂર્વવશિત્વસિદ્ધિ [સં. અપૂર્વ (અદ્‌ભુત) + વશિત્વ (વશ કરવાપણું) + સિદ્ધિ] સ્ત્રી. વશ કરી લેવાની જેવી અસાધારણ કે અદ્‌ભુત સિદ્ધિ.

અપૂર્વવાદ ૧. પું. ગંગેશ નામના ઉપાધ્યાયે રચેલો એ નામનો ગ્રંથ.

૨. [સં. અપૂર્વ (પરમાત્મા) + વાદ (ચર્ચા)] પું. પરમાત્મા સંબંધી ચર્ચા.

અપૂર્વવિધિ [સં. અપૂર્વ (અસામાન્ય) + વિધિ (રીત)] પું. પ્રત્યક્ષ કે અનુમાનાદિ પ્રમાણથી જાણી ન શકાય એ મેળવવાની રીત. જેમકે, સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો. અહીં સ્વર્ગ મેળવવાની જે રીત બતાવવામાં આવી છે તે પ્રત્યક્ષ અથવા અનુમાન વડે સિદ્ધ થઈ શકતી નથી. તેના પ્રકાર: (૧) કર્મવિધિ, જેમકે, અગ્નિહોત્ર. (૨) મુખ્યવિધિ, જેમાં યજ્ઞ અથવા કર્મ કરવાની સામગ્રી અને દેવતા વગેરે સંબંધી હકીકત આપેલી છે. (૩) વિનિયોગવિધિ, જેમકે, ગાર્હપત્યમાં ઉદ્‌ગની ક્રિયાનો ઉપયોગ કરવો. (૪) પ્રયોગવિધિ અથવા અમુક ક્રિયા કર્યા પછી અમુક ક્રમ કરવાની આજ્ઞા.

અપૂર્ણ [સં. અ (નહિ) + પૂર્ણ (જે નામની ક્રિયા) + ન (યોગ્ય)] વિ. પૂર્ણ ક્રિયાને અયોગ્ય.

અપૂરણ ૧. સ્ત્રી. બાળકૂવાનું મોં બંધ કરવાનો ઓશરાનો ટુકડો; ઢાંકો.

૨. સ્ત્રી. દમ; જોમ; ગૌવત.

૧. અપૂરણ નીકળી જવી = સખત શ્રમ કરી થાકી જવું; બળ ઉપરાંત શ્રમ કરી થાકવું.

૨. શ્રમ કરાવીને અપૂરણ કાઢી નાખવી = થકવી નાખવું; કામ કરવું.

અપૂરણ્યું ૧. [સં. અપ્ (પાણી) + અરણ (બાકું તે)] ન. જમતાં પહેલાં અને જમ્યા પછી જમણી હથેળીમાં કાઈ પીવાનું જોકું પાણી.

૨. [સં. આપોશાન] ન. જમતાં પહેલાં અને જમ્યા પછી બોલવાનો મંત્ર.

૩. ન. જમવાની શરૂઆતમાં લેવાતો થોડો [illegible]

અપૂરાન જુઓ અપૂરણ્યું.

અપૂરત ૧. પું. (બાહરણ) વસિષ્ઠનિના મત પ્રમાણે એક અક્ષરનો પ્રત્યય.

૨. [સં. અ (નહિ) + પૂરત (ભરાયેલું)] વિ. ભરાયેલું; નહિ ભરેલું.

૩. વિ. જેમ વિનાનું; સંપૂર્ણ વગરનું.

અપૂરવા [સં. અ (નહિ) + પૂરવા (પૂરવા-પદું)] સ્ત્રી. પૂરવરત ન કરવાપણું.

અપૂર્વ ૧. [સં. અ (નહિ) + પૂર્વ (પહેલું)] વિ. પહેલું નહિ જોયેલું; જોયું જાણે; પહેલું પહેલું નહિ જેવું.

૨. ન. જોઈ જાણે; પહેલું પહેલું નહિ જેવું.

અપૂર્વકરણીય [સં. અ (નહિ) + પૂર્વ-કરણીય (પહેલું પાકી રાખવા જેવું)] વિ. જૈનતત્ત્વ પહેલાં ન પાકી રાખવા જેવું.

અપૂર્વકૃત [સં. અ (નહિ) + પૂર્વકૃત (પહેલાં પાકેલું)] વિ. ષટ્‌કતત્ત્વ પહેલાં નહિ પાકેલું.

અપૂર્વજ્ઞાન [સં. અ (નહિ) + પૂર્વજ્ઞ (જાણવું) + જ્ઞાન (જાણવું)] ન. કોઈ જાતિનું જાણવું.

અપૂર્વઅનુભૂત [સં. અ (નહિ) + પૂર્વ (પહેલું) + અનુભૂત (અનુભવેલું)] વિ. પહેલાં અનુભવેલું.

અપૂર્ણ [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરેલું)] વિ. ન પૂરેલું.

અપૂર્ણતાવિધિ [સં. અ (નહિ) + પૂર્ણ (પૂરેલું) + તા પ્ર + વિધિ (વાક્ય)] પું. (જૈન) જે વાક્યમાં તે પૂર્વના વિના જે વિધિ આવે તે જોનાર સાધુ.

અપૂર્ણપંચમ [સં. અ (નહિ) + પૂર્ણ (પાંચ) + પંચ (પૂર્ણ)] પું. કરોડ વરસનાં પ્રાણીનો ક્રમ.

અપૂર્ણદર્શી [સં. અ (નહિ) + પૂર્ણ (પાંચ) + પંચ (પૂર્ણ) + ઇન્ (વાળું)] વિ. કરોડ વરસનાં પ્રાણીના વર્ગનું.

અપેક્ષક ૧. [સં. અપ (પાણી) + ઈક્ષ્ (આશા રાખવી) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. આશા રાખનાર.

૨. વિ. દરકાર રાખતું.

૩. વિ. વાટ જોનારું.

અપેક્ષણ ૧. [સં. અપેક્ષ્ (આશા રાખવી) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આશા; ઇચ્છા.

૨. ન. પ્રબંધસ્વરૂપનો સંબંધ.

૩. ન. અપૂર્ણતા; ખામી.

૪. ન. જરૂરિયાત; અગત્ય; આવશ્યકતા.

૫. ન. ખપત; દરકાર.

૬. ન. માન; આદર.

અપેક્ષણીય [સં. અપેક્ષ્ (આશા રાખવી) + અનીય (વિધ્યર્થવાચક પ્રત્યય)] વિ. આશા રાખવા જેવું; ઇચ્છનીય.

અપેક્ષવું [સં. અપેક્ષ્ (આશા રાખવી)] સ. ક્રિ. આશા રાખવી; ઇચ્છવું.

એ દશ્યો જોતાં વિદ્વાન લેખકો સમષ્ટ તારો કે અનુષ્ટિપ કંપનવૃત્તિ પર આશા જ ઉતાવળા પ્રસંગો અને પરિણામો અપેક્ષાય છે.

કૌમુદી

અપેક્ષા ૧. [સં. અપેક્ષ્ (ઇચ્છવું)] સ્ત્રી. આશા; આકાંક્ષા; ઇચ્છા.

૨. [સં. અપ + ઈક્ષ્ (જોવું)] સ્ત્રી. ઊંચે જોઈ રહેવું તે.

૩. સ્ત્રી. પ્રબંધસ્વરૂપનો સંબંધ.

૪. સ્ત્રી. જરૂરિયાત; અગત્ય.

૫. સ્ત્રી. દરકાર; પરવા.

૬. સ્ત્રી. ધારણા; વહી; સંભવ.

૭. સ્ત્રી. માન.

૮. સ્ત્રી. મુકાબલો; સરખામણી; તુલના.

૯. સ્ત્રી. સંબંધ; વિષય.

૧૦. સ્ત્રી. (બાહરણ) સાંભળનારને બીજા પદની ઇચ્છા રહે એ રીતે પહેલા શબ્દનો અધૂરો અર્થ હોવાપણું.

અપેક્ષાપૂરકબાહ્યાર્થજ્ઞાન વિ. (બાહરણ) ઉભયાન્વયી અવ્યયનો જોડ પ્રકાર; જોડ વાક્યમાં જેની બોલેલી જરૂરિયાતને સંતોષી બીજું વાક્ય સાથે કરનાર. જેમકે, જો, તો.

અપેક્ષાબુદ્ધિ [સં. અપેક્ષા (ઇચ્છા) + બુદ્ધિ] સ્ત્રી. (ન્યાય, વેદાંત) 'આ જોડ, આ જોડ' એમ અનેકમાં જોડપણાના વિષયવાળી બુદ્ધિ. જેમકે, પ્રભુ ચૈતન્ય છે, હું ચૈતન્ય છું, તું ચૈતન્ય છે અને જેને તે અનેક ચૈતન્ય છે. પણ એ રીતે જોડથી વધારેમાં જોડત્વની બુદ્ધિ કરવી અને બીજાની અપેક્ષા રાખવી એ અપેક્ષાબુદ્ધિ ઈશ્વર કે ચૈતન્યમાં ન થવી.

અપેક્ષાબુદ્ધિજન્ય [સં. અપેક્ષા (આશા) + બુદ્ધિ + જન્ય (ઉત્પન્ન થયેલું)] વિ. (ન્યાય) જેથી આરંભી અનંત સુધીનું.

અપેક્ષાબુદ્ધિજન્ય જુઓ અપેક્ષાબુદ્ધિજન્ય.

અપેક્ષાવાદ [સં. અપેક્ષા (ઇચ્છા) + વાદ (મત)] પું. અતિમાત્ર સાપેક્ષ જોડમાં રહ્યાંત નહિ પરંતુ બીજા ઉપર આધાર રાખનાર છે એવો મત; સાપેક્ષપ્રક્રિયા.

અપેક્ષાવાન [સં. અપેક્ષા (ઇચ્છા) + વત્ (વાળું)] વિ. ઇચ્છવાળું; આશા રાખનારું.

અપેક્ષિત ૧. [સં. અપેક્ષ્ (આશા રાખવી)] ન. ઇચ્છા; વાંછના.

૨. ન. અપૂર્ણતા; ખામી.

૩. વિ. આશા રખાયેલું; આકાંક્ષિત; ઇચ્છેલ.

૪. વિ. આદરાયેલું; અંગીકારેલું.

૧. વિ. જરૂરનું; આવશ્યક; અગત્યનું.

અપેક્ષિતક્રિયાપ્રધાન [સં. અપેક્ષિત (આકાંક્ષા રાખેલ) + ક્રિયા + પ્રધાન (પંચમી વિભક્તિનો અર્થ)] વ. (વ્યાકરણ) છૂટા પડવાની ક્રિયા અપૂરતી ન હોય એવો અપાદાનનો એક પ્રકાર. જેમકે, તમે ક્યાંથી ? કોટમે તમે ક્યાંથી આવ્યા ? એમાં આવવાની ક્રિયા અધ્યાહાર છે.

અપેક્ષી [સં. અપેક્ષા (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. આશા રાખનાર; ઇચ્છવાળું.

અપેક્ષ્ય ૧. [સં. અપેક્ષ્ (આશા રાખવી) + ય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. આશા રાખવા જેવું; ઇચ્છવા યોગ્ય.
૨. વિ. કરકાર કરવા જેવું.

અપેય ૧. [સં. અ (નહિ) + પેય્ (પીવું)] વિ. અકરણ; ન કેવાય એવું.
૨. વિ. અપ્રગટ; અજાણવું, છૂપું.

અપેક્ષા ૧. [સં. અપેક્ષા] સ્ત્રી. (આમ) ઇચ્છા; વાંછના; આશા; ઉમેદ.
૨. સ્ત્રી. મરજી; મતલબ.

અપેયું [સં. અ (નહિ) + પેય્ (પેવું)] વિ. ન ઓપેલું; ઓપ વગરનું.

અપેત ૧. [સં. અપ (દૂર) + ઇત (ગયેલું)] વિ. અસેલ; દૂર ગયેલું.
૨. વિ. લુપ્ત; ગિલ; નોખું.
૩. વિ. કેવાતું બંધ થયેલું.
૪. વિ. વગરનું; વિનાનું.

અપેતરાક્ષસી [સં. અપ (દૂર) + ઇત (ગયેલું) + રાક્ષસ] સ્ત્રી. એક જાતની ઔષધિ; મોટા પ્રકાર દૂર કરતી મનાય છે.

અપેય ૧. [સં. અ (નહિ) + પેય (પીવા જેવું)] વ. ન પીવા જેવી વસ્તુ.
૨. વિ. ન પીવા લાયક.

અપેયપાન ૧. [સં. અપેય (ન પીવા જેવું) + પાન (પીવું)] વ. ન પીવા જેવું પીવું.
૨. વ. ન પીવા લાયક વસ્તુ પીવી તે.

અપેરણ [સં. અપ (બાજુ) + ઈરિણ (ગતિ)] વ. (જ્યોતિષ) આકાશી પદાર્થના તેજની ગતિ અને પૃથ્વી તથા આકાશી પદાર્થની ગતિ એ બન્નેને લીધે આકાશી પદાર્થનું વાસ્તવિક સ્થાન કરતાં જુદે ઠેકાણે દેખાવાપણું; 'એબરેશન'. તેના બબ્બે પ્રકાર છે: (૧) પૃથ્વીની તેની ધરી ઉપરની ગતિને લીધે થાય તે દૈનિક અપેરણ; (૨) પૃથ્વીની સૂર્ય આસપાસની ગતિને લીધે થાય તે વાર્ષિક અપેરણ; અને (૩) મહત્ તેજ પૃથ્વી ઉપર પહોંચતાં લાગતા વખત દરમ્યાન તે મહત્ની ગતિને લીધે થાય તે અંગ સંબંધી અપેરણ.

અપેરણનાશી સ્ત્રી. (જ્યોતિષ) સૂર્યના બિંબની આસપાસ દેખાતું પ્રકાશનું કૂંડાળું.

અપેરણસંસ્કાર પું. (જ્યોતિષ) પૃથ્વીની ગતિને લીધે આકાશી પદાર્થના દેખાવાના ઠેકાણામાં અને તેમની ખરી જગ્યામાં પડતો તફાવત; 'કરેક્શન ફોર એબરેશન'.

અપેક્ષક [સં.] વિ. અપેક્ષા રાખનાર; અપેક્ષા કરનાર.

અપૈતૃક [સં. અ (નહિ) + પૈતૃક (બાપદાદા તરફથી મળેલું)] વિ. બાપદાદા તરફથી નહિ ઊતરી આવેલું; વારસામાં ન મળેલું.

અપૈયો ૧. [સં. અ (નહિ) + પેય (પીવા જેવું)] પું (આમ) બાંધવું પણી કરાય કર્યું હોય તે જગા.
૨. પું. પાણી પણ પીવાનો તદ્દન દરિયો વ્યવહાર.

અપૈશુન ૧. વ. અપૈશુન્ય.
૨. વિ. ચાડિયું નહિ તેવું.

અપૈશુન્ય [સં. અ (નહિ) + પૈશુન્ય (ચાડિયાપણું)] વ. કુથલી કે ચાડીચુગલી ન કરવી તે.

અપોઓક્ષ ૧. [સં. અ (નહિ) + પોઓક્ષ (પંચમી દશ વર્ષ મુખીનો બાળક)] પું. બાળક; શિશુ; પંચ વર્ષથી ઓછી વયનો છોકરો.
૨. વિ. કાચું; અણસમજ; બેદોલ; શિશુવત્.
૩. વિ. કરગરીયાળું.
૪. [સં. અપત્ય (વૈય અર્થ) + ઓક્ષ (સામર્થ્ય)] વિ. બહુ ઓછા કે બહુ વધારે બંધવાળું.
૫. વિ. બીકણ; કરકસુ.
૬. વિ. સોળ વરસથી ઉપરની ઉમરનું.

અપોચ [અ (નહિ) + પ્રોચ (ખબ)] વિ. પ્રોચ વગરનું; શક્તિ વિનાનું.

અપોચિયું ૧. વિ. હાની ન શકે એવું; [redacted]

અપોચિયાના ધાબિયા = ન હાની શકે એવા માણસની ખોટી ગમખ્વાર.

૨. વિ. સાધારણ સ્થિતિવાળું.

અપોત્ર વિ. હીરાની બહાર બાજુ પૈકી ઉત્તમ જાતિનું. ખુબ્બો હીરો.

અપોમય [સં. અપસ્ (પાણી) + મય (વાળું)] વિ. પાણીવાળું.

અપોચિ [સં. અપ (પરાગ) + ઊર્મિ (લાગણીનું મોજું)] સ્ત્રી. દુઃખભાવ; મુંઝવણ.

અપોર્મિલ [સં. અપ (પરાગ) + ઊર્મિલ (લાગણીવાળું)] વિ. ખોટી લાગણીને વશ બનાર.

અપોર્મિલતા [સં. અપ (પરાગ) + ઊર્મિલ (લાગણીવાળું) + તા (પણું)] સ્ત્રી. ખોટી લાગણીને વશ થવાપણું.

અપોશણ ૧. [સં. અ (નહિ) + પુષ્ (પોષવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. જમવાની શરૂઆતમાં લેવાતો થોડો ભાત.
૨. [સં. અપસ્ (પાણી) + અશન (જમવું તે)] વ. જમવું શરૂ કરતાં પહેલાં તરત તેને છેડે જમણી હથેળીમાં લઈ પીવાનું થોડું પાણી

અપોષક [સં. અ (નહિ) + પોષક (પોષણ કરનાર)] વિ. નિભાવ ન કરે એવું.

અપોહ ૧. પું. અનુમાનપદ્ધતિ; ઉત્તર પદાર્થના જાણવું તે.
૨. પું. અર્થાતા વિભાગમાં આવે નહિ એવું બધું બાદ નાખવું તે.
૩. પું. નામ; ઓળખ કેવાપણું.
૪. પું. દલીલથી કરાતું તોડવું નિરાકરણ.
૫. પું. દૂર કરવા આવવા અસેડવાપણું.
૬. [સં. અપ (ઉલટું) + ઊહ (તર્ક)] પું. વિપરીત તર્ક; ઊલટું અનુમાન; બુદ્ધિના આઠ ગુણમાંનો એક. બુદ્ધિના આઠ ગુણ આ પ્રમાણે છે: ૧. શુશ્રૂષા, ૨. શ્રવણ, ૩. ગ્રહણ, ૪. ધારણ, ૫. ઊહ, ૬. અપોહ, ૭. અર્થવિજ્ઞાન અને ૮. તત્ત્વવિજ્ઞાન.

અપોહન ૧. [સં. અપ (દૂર) + ઊહ (અસેડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. અસેડવા કે દૂર કરવાપણું.
૨. વ. તર્કશક્તિ.
૩. વ. સ્મૃતિ અને જ્ઞાનનો નાશ.

અપોહ્ય પું. (પુરાણ) એક નામના એક ઋષિ.

અપોહ્ય ૧. [સં. અપ (દૂર) + ઊહ (અસેડવા જેવું)] વિ. અસેડવા જેવું; દૂર કરવા લાયક.
૨. વિ. તર્કશક્તિથી સ્થાપવાનું.

અપૌરુષ ૧. (આમ) સ્ત્રી. અશક્તિ; અસામર્થ્ય.
૨. સ્ત્રી. ઓછી બુદ્ધિ ન હોવાપણું.

અપૌરુષેય ૧. વિ. (આમ) ઓછી બુદ્ધિ વગરનું.
૨. વિ. પહોંચી ન શકે એવું; શક્તિ કે સામર્થ્ય વગરનું.

અપૌરુષિયું ૧. વિ. (આમ) અશક્ત.
૨. વિ. ઓછી બુદ્ધિ વગરનું.

અપૌરુષ ૧. [સં. અ (નહિ) + પૌરુષ (પુરુષાર્થ)] વ. દૈવી શક્તિ.

૨. [સં. અ (નહિ) + પૌરુષ (બરદાઈ)] વ. બાયલાપણું; નામરદાઈ.

૩. વિ. કૈતાઈ.

૪. વિ. બાયલું; પામર; નામરદ.

અપૌરુષતા ૧. [સં. અ (નહિ) + પૌરુષતા (બરદાનગી)] સ્ત્રી. પામરતા; બાયલાપણું; નામરદાઈ.

૨. સ્ત્રી. દૈવી શક્તિ.

અપૌરુષી [સં. અ (નહિ) + પૌરુષ (પરાક્રમ) + ઇન્ (વાળું)] વિ. દૈવી.

અપૌરુષેય ૧. વ. દૈવી શક્તિ; અપૌરુષતા.

૨. [સં. અ (નહિ) + પૌરુષેય (પુરુષનો વિકાર)] વ. નામર્દાઈ; બાયલાપણું.

૩. વિ. ઈશ્વરપ્રેરિત.

૪. વિ. બાયલું.

૫. [સં. અ (નહિ) + પૌરુષેય (માણસે બનાવેલું)] વિ. માણસે નહિ બનાવેલું; મનુષ્યકૃતિનું ન હોય એવું; દિવ્ય; ઈશ્વરકૃત.

અપૌરુષેયત્વ [સં. અ (નહિ) + પૌરુષેય (માણસે બનાવેલું) + ત્વ (પણું)] વ. (વેદાંત) જેનો કર્તા કોઈ માણસ ન હોય એવી હાલત; ઈશ્વરકૃત હોવાપણું.

અપૌરુષેયવાદ [સં. અ (નહિ) + પૌરુષેય (માણસે બનાવેલું) + વાદ (મત)] પું. (વેદાંત) વેદ માણસના બનાવેલ નથી પણ ઈશ્વરના રચેલા છે એવો મત.

અપ્પાય [સં. અપ્ (પાણી) + કાય (પ્રકાર)] પું. (જૈન) પાણીમાં ઉત્પન્ન થયેલ જંતુનો વર્ગ.

અપ્પાર [સં. અપ્ (પાણી) + કર્ (રહેવું)] પું. પાણીમાં રહેનાર જંતુ.

અપ્પાર ભીમ પાણીને જીવંત જંતુઓ રહિત કરવા ઉપાય કહેવામાં છે. પ્રાણીસૃષ્ટિ

૨. વિ. પાણીમાં રહેતું.

અપ્પારા [સં. અપ્ (પાણી) + કૃ (નીકળવું)] સ્ત્રી. (જૈન) અપસરા; પરી, જેમાંથી તે સમુદ્રમંથન વખતે પાણીમાંથી નીકળેલી મનાય છે.

અપ્પારંગ [સં. અપ્ (પાણી) + તરંગ (મોજું)] પું. પાણીનું મોજું.

અપ્પારંગી [સં. અપ્ (પાણી) + તરંગ (મોજું) + ઇન્ (વાળું)] વિ. પાણીનાં મોજાં જેવા ચંચળ સ્વભાવવાળું.

અપ્પોર્જીય ૧. [સં.] પું. અગ્નિષ્ટોમ યજ્ઞનો એ નામનો એક મુખ્ય ભાગ.

૨. પું. એ નામના યજ્ઞની સમાપ્તિ કરનારો સામવેદનો એ નામનો મંત્ર.

૩. પું. જ્યોતિષ્ટોમ યજ્ઞનો એવો બીજો ભાગ.

અપ્પ્રતિત પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

અપ્રજાન ૧. પું. બાહુ; ભુજા.

૨. પું. ભૃગુવંશનો એ નામનો ઋષિ.

અપ્સરા ૧. [સં. અપ્સી (પાણી)] પું. પાણી; કાંજી.

૨. [સં. અ (નહિ) + પ્સુ (ખાવું)] વિ. અભુખ્યું; ભોગ્ય.

૩. વિ. કમજોર; નેવડું.

૪. વ. નિત્ય; સતત; હંમેશ.

અપ્પતિ ૧. [સં. અપ્ (પાણી) + પતિ (પાણી)] પું. વરુણદેવ.

૨. પું. સમુદ્ર.

અપ્પયદીક્ષિત પું. જેમની સદીમાં થઈ ગયેલો અને અપ્પાય પંડિતના વખતનો સંસ્કૃત ભાષાનો એક પ્રખ્યાત ગ્રંથિક લેખક; ચિત્રમીમાંસા, કુવલયાનંદ નામના ગ્રન્થકારનો કર્તા. એણે અનેક ઉપર ગંથ લખ્યા છે.

અપ્પસ [હિ.] વિ. નકામું; નિરુપયોગી.

અપ્પા [સં. આત્મન્] પું. (પ્રાકૃત) આત્મા; જીવ.

અપ્પા કરવું ઉ.પ્ર. ખાઈ બદું. ગોરાંની સાથે બોલવામાં આ શબ્દ વપરાય છે.

અપ્પાસ [સં. ઉપવાસ] પું. ઉપવાસ; ભૂખ્યા રહેવું તે.

અપ્પાસી વિ. ઉપવાસી; અપવાસવાળું. ભુખ્યો અપવાસી.

અપ્પુ ૧. [સં. અપ્ (પાણી)] વિ. બગડી સંસ્કારી કરેલ.

૨. વિ. પાણી સંબંધી.

૩. [સં. અપ્ (મોકલવું)] વિ. પ્રેરણા; મોકલી શકાય એવું.

૪. વિ. મોકલવા લાયક.

૫. વિ. વહાણે કરવામાં સંબંધ.

૬. વિ. વહાણ સંબંધી.

અપ્પેય ૧. [સં. અપી (પાસે પાવું)] પું. અદશ્યતા; ન દેખાવાપણું.

૨. પું. શબ્દ થવાપણું; પ્રવેશ.

૩. [સં. અપિ + ઇ (જવું)] પું. મેળાપ; ભેટો.

૪. પું. લય; નાશ.

૫. પું. વિષ્ણુ, જેમાં પ્રલયકાળમાં બધાં તેમનામાં વિલીન થાય છે.

અપ્રકટ ૧. [સં. અ (નહિ) + પ્રકટ (જાહેર)] વિ. છૂપું; ગુપ્ત; છાનું.

૨. વિ. જાહેર નહિ પડેલું; અપ્રસિદ્ધ.

અપ્રકટપદોશ અધિકાર લુપ્તો અપ્રકટપદોશાધિકાર.

અપ્રકટપદોશસદ્ભાવ પું. એક પરણીને જમીનમાં બીજે આવ જવા આવવાનો હક લોગવે તોપણ તેના પરણીવાનો તેનો હક નથી એવો અદશ્ય હક.

અપ્રકટિત [સં. અ (નહિ) + પ્રકટિત (જાહેર થયેલું)] વિ. જાહેર નહિ થયેલું; અપ્રસિદ્ધ.

અપ્રકરણ ૧. [સં. અ (અભ) + પ્રકરણ (બાબત)] વ. ચોક્કસ દરબારની હકીકત; ચોક્કસ વાત.

૨. [સં. અ (નહિ) + પ્રકરણ (વિષય)] વ. સંબંધ વિનાની બાબત.

અપ્રકર્ષ ૧. [સં. અ (ઊતરું) + પ્રકર્ષ (ચડતી)] પું. પડતી.

૨. વિ. અધમ; નીચ.

અપ્રકૃષ્ય ૧. [સં. અ (નહિ) + પ્ર (પહું) + કૃપ્ (ખૂલવું)] પું. ખુલ્લાપણું ન હોવું તે.

૨. વિ. અધમ; નિંદ્ય.

૩. વિ. બરાબર વાણી ન ફાટવા જેવું.

અપ્રકૃષ્ય [સં. અ (નહિ) + પ્ર (પહું) + કૃપ્ (ખૂલવું)] વિ. ખુલ્લાપણું ન ફાટવા જેવું.

અપ્રકાશ ૧. [સં. અ (નહિ) + પ્રકાશ (અજવાળું)] પું. અજાણતા; અજાણપણું.

૨. પું. અંધારું; અંધકાર.

૩. પું. છાનું રાખવાપણું.

૪. પું. છૂપી વાત.

૫. વ. પરવાહ, જેમાં તે સ્વયંપ્રકાશ છે.

૬. વિ. છૂપું; છાનું; ગુપ્ત.

૭. વિ. તેજ વિનાનું; ઝાંખું.

૮. [સં. અ (વિશેષ) + પ્રકાશ (તેજ)] વિ. પોતાના તેજથી પ્રકાશતું; સ્વયંપ્રકાશ.

૯. વ. છૂપી રીતે; છાની રીતે.

અપ્રકાશકરણ [સં. અ (નહિ) + પ્રકાશન (જાહેરાત)] વ. છાનું રાખવાપણું

અપ્રકાશિત ૧. [સં. અ (નહિ) + પ્રકાશિત (પ્રસિદ્ધ થયેલું)] વિ. અપ્રગટ; અપ્રસિદ્ધ.
૨. [સં. અ (નહિ) + પ્રકાશિત (તેજવાળું)] વિ. અંધારાવાળું; પ્રકાશ ન આવતો હોય એવું
૩. વિ. છાનું; ગુપ્ત.
૪. વિ. ઝાંખું.

૭. પું. પ્લક્ષદ્વીપમાં આવેલ સાતમો દેશ. પ્રિયવ્રતના ભભ્રવ નામના પૌત્રના નામ પરથી તે દેશનું આ નામ પડ્યું છે.
શિવ, વસુ, વહ, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એ પ્લક્ષદ્વીપની અંદરના સાત ખંડોનાં નામ છે. ભાગવતી લોકવાત
૮. પું. બળ રાખવાનું મરણ ન રહે એમ કરવાપણું.
૯. પું. (જૈન) અભય દેવના જૈનિક શાસ્ત્રનો એ નામનો ટીકરો; અભયકુમાર.
૧૦. પું. શિવ; શંકર.
૧૧. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંનો ધર્મ ઋષિ અને દમનો દીકરો.
૧૨. પું.; વ. આશ્રય; રક્ષણ; કલ્યાણ.
૧૩. [સં. અ (નહિ) + ભાગ (ભીરુ)] પું.; વ. ડર ન હોવાપણું; સહિસલામતી; નિર્ભયતા.
અભય દેવું = (૧) બીક મિટાવું બતાવવું. (૨) શોકમાંથી બહાર કાઢવાનું વચન આપવું.
૧૪. વ. અક્ષયમાં લીન થયેલ આત્મા.
૧૫. વ. છુટકારો; મુક્તિ.
૧૬. વ. (જૈન) ક્ષત્રિય; કલ્યાણ; આશીર્વાદ.
૧૭. વ. પરમેશ્વર સંબંધી જ્ઞાન.
૧૮. વ. મનનું જે નામનું જોઈ શકાય.
૧૯. વ. ચાળો; ખસ.
૨૦. વ. કાયદેસરી આજ્ઞા પ્રમાણે બળ વાપર જિલ્લા કરનાર માણસ.
૨૧. વિ. ડરામણું.
૨૨. વિ. બહાદુર; હિંમતવાન.
૨૩. વિ. બીક વિનાનું; નીડર; નિર્ભય.
૨૪. વિ. રક્ષિત; સલામત.

અભયકુમાર પું. (જૈન) મગધદેશના શ્રેણિક રાજાને નંદા રાણીથી થયેલો એ નામનો પુત્ર.

અભયચારી [સં. અ (નહિ) + ભય (બીક) + ચારિન્ (કરનાર)] પું. જેને બારણાની કુંદ ન હોય એવું જંગલી પશુ.

અભયજાત્ર [સં. અ (નહિ) + ભય (બીક) + ત્ર (ત્રી)] વ. ભય ન હોય એવું આબાદનું ઠેકાણું.

અભયતાત પું. (પુરાણ) એ નામનો મુનિ.

અભયતિલક ૧. [સં. અભય (ડર ન હોવાપણું) + તિલક (નમણ)] વ. અંધારામાંનો બંદોબસ્ત કર્યા પછી અથવા રાત્ર અજવાસ પછી બાળી પિટારીને પ્રજાને જનમાલની સલામતીની આપતી ખાતરી; સુલેહનો ઠેકરો.
૨. વ. બીક ન લાગે એટલા માટે વગાડાતું વાજિંત્ર બીક જતાવું નગારું.

અભયદ ૧. [સં. અ (નહિ) + ભય (બીક) + દ (આપનાર)] પું. (જૈન) તીર્થંકર, જેમણે તે અભયના દેનાર છે.
અર્હન્ દેવનાં હજારો નામો છે, જેમાં શંભવ, જિન, સુસંભવ, જિનેશ્વર, તીર્થંકર, અભયદ, વીતરાગ આદિ નામો મુખ્યપણ છે.
જિનસહસ્રનામ
૨. પું. વિષ્ણુ.
૩. [સં. અભય (રક્ષણ) + દ (દેનાર)] વિ. રક્ષણ અથવા સહીસલામતીનું વચન આપનાર.

અભયદક્ષિણા ૧. [સં. અભય (રક્ષણ) + દક્ષિણા (દાન)] જી. આશ્રય પામેલાએ બચાવનારને આપેલી ભેટ.
૨. જી. રક્ષણ કરવાનું વચન; અભયદાન.

અભયદંડ [સં. અભય (બીક ન હોવાપણું) + દંડ (લાકડી)] પું. હાથમાં રાખવાથી ડર રહે નહિ એવી લાકડી.

અભયદાતા [સં. અભય (બીક ન હોવાપણું) + દાતૃ (દેનાર)] વિ. રક્ષણનું વચન આપનાર.

અભયદાન ૧. [સં. અભય (ભય) + દાન] ન. ભયમુક્તિ.
૨. [સં. અભય (રક્ષણ) + દાન (દેવાપણું)] ન. અભય આપવાનું વચન; સલામતીની ખાતરી.
અભયદાયી જુઓ અભયદાતા.
અભયદીપ [સં. અ (નહિ) + ભય (ભીડ) + દીપ (દીવો)] પું. કોલસાની ખાણમાં લાઈ અગાથી આગ ન લાગે એવો દીવો; રક્ષકદીપ. આ દીવાની આસપાસ નળાકાર જાળી હોય છે. તેમાં અગ્નિને અડતાં સળગી ઊઠે એવો કોલસાની ખાણમાંનો વાયુ દાખલ થઈ શકે, પણ અંદરના દીવાની જ્વાળા બહાર આવી શકતી નથી. તેથી કોલસાની ખાણમાંનો વાયુ સળગી ઊઠે અને બાકીનો ભાગ એ ભીડ રહેતી નથી. આથી તેને અભયદીપ કહે છે.
અભયનૃસિંહરસ પું. (વૈદક) સાંધો અને સંધિવાની મહાકાર એ નામનું ઔષધ. સોપેલો હિંગળો, ત્રિકટુ, શુદ્ધ વછનાગ, ટંકણખાર, પારો, ગંધક અને અજમોદાદિ દરેક તોલો ૧ તથા બધાંથી તોલા ૭ લઈ તેને લીંબુના રસમાં ઘૂંટી તેની ગોળી વાળવામાં આવે છે. તેની માત્રા રતી ૧ અને અનુપાન ઇરાદું ઘૂંટવું અને મધ છે.
અભયપદ્ધતિ [સં. અ (નહિ) + ભય (ડર) + પદ્ધતિ (રીત)] પું. રક્ષણ આપનારો દસ્તાવેજ.
અભયપત્ર [સં. અભય (ભય ન હોવાપણું) + પત્ર (લેખ)] પું. પોતાની તરફથી નુકસાન પહોંચશે નહિ એવું બાંહેધરીનામું લખાણ; રક્ષણની ખાતરી આપતો લેખ.
અભયપદ ૧. [સં. અભય (ભય વિનાનું) + પદ (કહેવું)] ન. ભીડ વગરની અવસ્થા.
૨. ન. મોક્ષ; મુક્તિ.
અભયપ્રકૃતિ [સં. અભય (ભય વિનાનું) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. નીડર સ્વભાવ.
અભયપ્રદ ૧. [સં. અભય (ભય ન હોવાપણું) + પ્રદ (આપનાર)] પું. (જૈન) તીર્થંકર, જેમણે તે અભયના દેનાર છે.
૨. પું. વિષ્ણુ.
૩. વિ. રક્ષણ કરવાનું વચન આપનાર.
અભયપ્રદાન ૧. [સં. અભય (ભય) + પ્રદાન (આપવું તે)] ન. ઇજાની બાંહેધરી દે.
૨. [સં. અભય (ભીડ ન હોવાપણું) + પ્રદાન (આપવું તે)] ન. રક્ષણ કરવાનું વચન.
અભયપ્રાપ્તસાક્ષી [સં. અભય (સલામતીની) + પ્રાપ્ત (મેળવેલ) + સાક્ષિન્ (સાક્ષી)] પું. માફી આપેલો સાક્ષી; સરકારસાક્ષી; બોરસી.
અભયમુદ્રા ૧. સ્ત્રી. (તંત્ર) જમીન તરફ હથેળી રહે એવો હાથનો અભિનય.
૨. [સં. અભય (રક્ષણ કરનાર) + મુદ્રા (વીંટી)] સ્ત્રી. રક્ષણ કરનારી વીંટી.
અભયયાચના [સં. અભય (નિર્ભયપણું) + યાચના (અરજ)] સ્ત્રી. રક્ષણ માટે આજીજી.
અભયવચન [સં. અભય (નિર્ભયતા) + વચન (બોલ)] ન. સલામતીની ખાતરી; રક્ષણની બાંહેધરી; ભયમાંથી બચાવવાની પ્રતિજ્ઞા.
અભયવન [સં. અભય (રક્ષિત) + વન (જંગલ)] ન. જેને કાપવાની છૂટ ન હોય એવું જંગલ; રક્ષિત વન.
અભયવન પરિગ્રહ [સં. અભય (રક્ષેલું) + વન (જંગલ) + પરિગ્રહ (લેવું તે)] પું. રક્ષિત જંગલ સંબંધી સરકાર તરફનો હુકમ.
અભયવિભૂતિ [સં. અભય (ભીડ વિનાનું) + વિભૂતિ (સંપત્તિ)] સ્ત્રી. કર વગરનું બનાવનાર રક્ષિત.
અભયશાસન જુઓ અભયપત્ર.
અભયશેખર ૧. [સં. અ (નહિ) + ભયંકર (ભીડ ઉત્પન્ન થવું)] પું. (જૈન) બધા જીવને જોતે અભયદાન આપી બીજાની પાસે અભય અપાવનાર મહાત્મા.
૨. વિ. બિલકુલ નહિ જેવું; સાંત દેખાવનું.
૩. [સં. અ (નહિ) + ભયં (ભય) + કર (કરવું)] વિ. સલામતી આપનાર; રક્ષણ કરનાર; અભય દેનાર; અભિત.
અભયા ૧. સ્ત્રી. એકાદશી.
અભયાને આજ રીતે અંતરીય વાસો.
૨. સ્ત્રી. ફ્રેંચ ટીપની જે નામની નદી.
અભયા, અમલોયા, આર્યકા, તીર્થવતી, રક્તપ્રવતી, હાવા અને પવિત્રવતી એ નામની ફ્રેંચ ટીપની સાત નદીઓ છે.
ગજવતી ગાયત્રી
૩. સ્ત્રી. જૂના વખતમાં હિંદુસ્તાનમાં બનતી એક જાતની નાની હોડી.
૪. [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.
૫. સ્ત્રી. હરડે. પંચ રેચનોમાંની હરડે અભયા કહેવાય છે.
અભયા પથ્યા અવ્યથા અમૃતા મિતા હોઈ, ભયમાં તે પૂતના, શિવા જેવી હોઈ; હરીતકી હેતે કરી હરે વિકારો રોગ, તેમજ ત્રિદોષહરણી બાલા રક્ષણ સંયોગ.
ત્રિદોષહરણોપ
૬. [સં. અ (નહિ) + ભય (ભીડ) + યા (નારીનામિને પ્રત્યય)] વિ. સ્ત્રી. બહાદુર; ભીડ વિનાની; નીડર.
અભયાદિક્વાથ [સં. અભયા (હરડે) + આદિ (વગેરે) + ક્વાથ (ઉકાળો)] પું. (વૈદક) દીપક, નાગરમોથ, ધાણા, રતાંજળી, પદ્મકાષ્ઠ, અરડૂસી, ઇંદ્રજવ, વાળો, ચણો, ગરમાળાનો ગર, કાળાપાઠ, સંઠ અને કડુ દરેક બે તોલો લઈ ૩૨ રૂપિયાભાર પાણીમાં ઉકાળી ૮ રૂપિયાભાર બાકી રહે ત્યારે ઉતારી લઈ બનાવાતો એક ઉકાળો. તે તાવ ઉપર ઉપયોગી બહુપ છે.
અભયાદિમોદક [સં. અભયા (હરડે) + આદિ (વગેરે) + મોદક (લાડુ)] પું. (વૈદક) હરડે, બહેડાં, સંઠ, ચાવડિ, આમળાં, પીપર, પીપરીમૂળ, તજ, તમાલપત્ર અને મોથ એ બધાં સરખે ભાગે લઈ તેમાં બધાંથી ચારગણો ગોળ નેપાળો, બધાંનું બારોબર અને બધાંથી બારગણી સાકર નાખી બધાંને ચૂર્ણ કરી મધ સાથે અડધા તોલાની વાળેલી લાડુડી. સવારમાં વહેલાં અડધા લાડુડી ખાવી, અને ઉપર ટાઢું પાણી પીવું. બાંધણી ઊનું પાણી અને ઊનો ખોરાક લેવામાં ન આવે બાંધણી રેચ લાગ્યા કરે. આ પ્રયોગ ઉપર પરેજની જરૂર નથી. સખત તાવ, પ્રજનશક્તિની નબળાઈ, પાંડુરોગ, ઉધરસ, ભગંદર, પ્રમેહની પીડા, પીઠ તેમજ સાથળનાં દરદ તેથી મટે અને સોફ વાળ કાળા થાય એમ મનાય છે.
અભયાદ્ય જુઓ અભયાદિમોદક.
અભયારિષ્ટ [સં. અભયા (હરડે) + અરિષ્ટ (મટી)] ન. (વૈદક) હરડેનો ઉકાળો.
અભયાવટી [સં. અભયા (હરડે) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) હરડે, બહેડાં, પીપર, ટંકણ દરેક સરખે ભાગે લઈ ચોરસ દૂધમાં વાળેલી અફીણ જેવડી ગોળી. તે રેચક અને પેટના રોગમાં ફાયદાકારક મનાય છે.
અભયાસ્તવ [સં. અભયા (દુર્ગા) + સ્તવ] ન. પાર્વતીનું સ્તવ. તે કરવાથી ભય દૂર થતું મનાય છે.
અભયાસ્ત્ર [સં. અભય (ભય વિનાનું) + અસ્ત્ર (આધાર)] પું. ભીડ ન રહે એવો આશરો.
અભયાંજલિ [સં. અભય (રક્ષણ) + અંજલિ (જોડેલા હાથ)] સ્ત્રી. રક્ષણ માટે હાથ જોડીને કરેલી અરજ.
અભયી ૧. [સં. અ (નહિ) + ભય (ભીડ) + ઈન્ (વાળું)] વિ. નીડર; હિંમતવાળું.
૨. વિ. સલામતીનું વચન મળેલું હોય એવું.
અભર ૧. [સં. અ (નહિ) + ભૂ (ભરવું)] વિ. ખાલી.

૨. વિ. ગરીબ; દીન.

■ [સં. અ (વિશે) + ભૃ (ભરવું)] વિ. પુષ્કળ; ખૂબ; ઘણોઘણ.

૧. અભરે ભરવું = (૧) અઢળક આપવું; મોટા પ્રમાણમાં આપવું; ન ગમતું હોય એ પણ ભરવું. (૨) ખમાવવું સહન કરવું. (૩) ખાવાનું કરવું; સળહ બનાવવું. છોકરો કહે કોટર ચિક કરે, બંડાર કોઈનો અભરે ભરે–લોકગ

૨. અભરે ભરવું = રિદ્ધિસિદ્ધિથી ભરપૂર બનવું; બરકત થવી.

અભરખો ૧. [સં. અભિલાષ (ઇચ્છા)] પું. અભિલાષને થતી ઇચ્છા; હોંશ; ઓરિયો.

૨. પું. તીવ્ર લાલસા; લાલચ.

૩. પું. હોંસ; ઉમળકો.

અભરન [હિં.] ક. આભરણ; ઘરેણું.

અભરવસ [અ (નહિ) + ભરોસો (આસ્થા)] સ્ત્રી. નિરાશા; નાઉમેદી.

અભરાઈ ૧. પું. સોનાનો એક બરણી સિક્કો.

૨. [સં. અભ (આકાશ) + રાજિ (હાર)] સ્ત્રી. છત નીચે ભીંત સાથે સરસામાન મૂકવા બાંધેલું પાટિયું.

અભરાઈ પર મૂકવું = (૧) અળગી ઉપર મૂકવું. (૨) ધ્યાન ન આપવું. (૩) વર્ષ બગાડ કે પગારી પાડવાના ઇરાદાથી સંતાડી દેવું.

અભરાભરણ ૧. [સં. અભર (ગરીબ) + ભરણ (પોષણ)] પું. પરમેશ્વર, જેઓ તે ગરીબને પાળનાર છે.

૨. ક. બનાવનું ભરણપોષણ.

૩. વિ. નિરાધારનું ભરણપોષણ કરનાર.

અભરામ ૧. પું. બદકીસ્મતને મળતા પુરુષ.

૨. [સં. અ (નહિ) + ભમ (શમ)] પું. શમ ન હોવાપણું; પૂરી સમજ.

૩. વિ. સંજ્ઞા વગરનું.

અભરામકુલનદાવા ૧. [અભમ (વિશ્વાસ) + કુલ (બધું) + ન (નહિ) + દેખ (દેખા જેવું)] પું. દેખામાંથી ઠારગતી; છૂટકારો; હવે જોવાલિવું નથી એવી પાકી સમજણ. ખતપત્રમાં વપરાતા 'અભરામકુલનદાવા' 'અભરામનદાવા'-નો અર્થ એ છે કે લખવાળી હાલતમાં નહિ પણ સારી અક્કલ હોશિયારીમાં તે લખત કરી આપેલું છે જેથી તે 'નદાવા' (ન દેખે) ઠેરવે ફરીને આપવા અગર લાવો કરવાને યોગ્ય નથી.

૨. વિ. ફરીને હક કે લાવો લાયક ન કરાર એવું.

અભરામનદાવા જુઓ અભરામકુલનદાવા.

અભરામી ૧. સ્ત્રી. જૂના વખતનો ચલણી સોનાનો સિક્કો.

૨. સ્ત્રી. પૈસા જેવા બોલ અક્ષરનાં સોનાનાં પતરાને નામાં જડી કરેલું ઓનું ઘરેણું.

૩. [સં. અ (નહિ) + ભમ (શમ)] વિ. અક્કલ હોશિયારીમાં કરેલું; સંજ્ઞા વિનાનું.

અભર્તૃકા ૧. [સં. અ (નહિ) + ભર્તૃ (પતિ) + ક (વાળી)] સ્ત્રી. કુમારિકા; કન્યા; કુંવારી છોકરી.

૨. સ્ત્રી. પતિ વિનાની સ્ત્રી; વિધવા.

અભર્યું ૧. [અ (નહિ) + ભર્યું (ભરેલું)] વિ. ખાલી.

૨. [સં. અ (વિશેષ) + ભૃ (ભરવું)] વિ. પુષ્કળ; ખૂબ; ઘણોઘણ.

અભર્યું ભરવું = અઢળક આપવું.

અભલાઈબા ૧. [હિં.] સ્ત્રી. ઇચ્છા; અભિલાષા.

૨. સ્ત્રી. તૃષ્ણા; લોભ.

૩. સ્ત્રી. પક્ષપાત.

૪. સ્ત્રી. પ્રેમ.

૫. સ્ત્રી. ખૂબ; રહિ.

૬. સ્ત્રી. મનોદશા.

૭. સ્ત્રી. માનસિક વલણ.

અભલેખ [સં. અભિલાષ (ઇચ્છા)] સ્ત્રી. ઉમેદ; હોંસ; પ્રેમ.

એક અભલેખ હજી આવ પૂરો.
હાર્દિક આખ્યાન

અભલેખા જુઓ અભલેખ.

અભવ ૧. [સં. અ (નહિ) + ભૂ (હોવું)] પું. અસ્તિત્વ ન પડે એવી સ્થિતિ; ઉત્પત્તિનો અભાવ.

૨. પું. ન હોવાપણું; અનસ્તિત્વ.

૩. પું. નાશ.

૪. પું. મોક્ષ; મુક્તિ.

૫. પું. શિવનું એક નામ.

અભવરણ ૧. [સં. અ (નહિ) + ભવ (સંસાર) + રણ (ભટકવું)] પું. જેણે સંસારમાં ભટકવાનું; મુક્તાત્મા, જેણે તેને સંસારમાં ભટકવાનું કેદ કરવાનું હોતું નથી.

૨. વિ. સંસારમાં ભટકવું નહિ પડનાર.

અભવિતવ્ય [સં. અ (નહિ) + ભવિતવ્ય (હોવા લાયક)] વિ. ન બનવા જેવું.

અભવિષ ૧. [સં. અ (નહિ) + ભવ (મોક્ષને લાયક)] પું. (પ્રાકૃત) મોક્ષ જેનારને નાલાયક જીવ.

૨. વિ. મોક્ષ ન પામનારું.

અભવ્ય ૧. [સં. અ (નહિ) + ભવ્ય (મોક્ષ જેનારને લાયક)] પું. (જૈન) સિદ્ધિ જેનારને નાલાયક જીવ.

ઉપદેશ ન લાગે અભવ્યને.

૨. ક. અમંગળ.

૩. ક. દુષ્ટ ભાગ્ય.

૪. વિ. અલાગિયું; કમનસીબ.

૫. [સં. અ (નહિ) + ભવ્ય (શુભ)] વિ. અશુભ; અમાંગલિક; કલ્યાણ નહિ કરનારું.

૬. વિ. ખરાબ; ખોટું.

૭. વિ. ખોડું.

૮. [સં. અ (નહિ) + ભવ્ય (થવા જેવું)] વિ. ન થવા લાયક.

૯. વિ. (જૈન) મોક્ષ ન પામે એવું; મુક્તિ જેનારને નાલાયક.

૧૦. વિ. વિચિત્ર; અદ્‌ભુત.

૧૧. [સં. અ (નહિ) + ભવ્ય (મોટું)] વિ. વિશાળ નહિ એવું.

૧૨. વિ. હલકું; કનિષ્ઠ; પામર.

અભવ્યત્વ [સં. અ (નહિ) + ભવ્ય (મોક્ષ માટે લાયક) + ત્વ (પણું)] ક. મોક્ષ માટે લાયક ન હોવાપણું.

અભવ્યસિદ્ધિ [સં. અ (નહિ) + ભવ્ય (મોક્ષ પામવાને યોગ્ય) + સિદ્ધિ (પ્રાપ્તિ)] પું. મોક્ષ માટે નાલાયક જીવ.

અભળખા ૧. સ્ત્રી. અભિલાષને થતી ઇચ્છા; ઓરિયો; હોંસ.

૨. [સં. અભિલાષ (ઇચ્છા)] સ્ત્રી. તીવ્ર ઇચ્છા; લોલુપતા.

૩. સ્ત્રી. હોંસ; ઉમળકો.

અભળખો જુઓ અભળખા.

અભંગ ૧. [સં. અ (નહિ) + ભંગ (ખંડ)] પું. આખું હોવાપણું; અખંડતા.

૨. પું. (સંગીત) એક અનુસ્વરાંકિત સોળ માત્રાનો તાલ.

૩. પું. (કાવ્ય) એક જાતનો શ્લોક અર્ધાંતર, જેમાં પહેલાં બે ચરણ વિના બીજો અર્ધો ભાગ હોય. જુઓ અર્ધાંતરશ્લોક.

૪. પું. (પિંગળ) તુકારામે બનાવેલો કવિતાનો જેવો એક મરાઠી લઘુગુરુના નિયમ વિનાનો અક્ષરમેળ છંદ. નાનો અભંગ આઠ અક્ષરનો, બે ચરણનો અને ચરણને છેડે અનુપ્રાસવાળો, અને મોટો અભંગ પહેલા બે ચરણમાં છ છ અક્ષરવાળો અને બીજા ચરણમાં ચાર અક્ષરવાળો હોય છે. જેમકે,

ભલે ભજન નિંદો, ગમે તો વખાણો,
તો ન પ્રિય પ્રાણ, કેમ તજું ?

૫. પું. પલાયન ન કરવું તે.
૬. પું. હાર ન મળી તે; જીત.
૭. વિ. ક્રમ તૂટેલો ન હોય એવું.
૮. વિ. ખુલ્લું.
૯. વિ. નહિ ભાંગેલું; અતૂટ; આખું; સતત.
૧૦. વિ. નાશ વગરનું.
૧૧. અ. ચોક્કસ; નક્કી.
રમવો નિજને ચંદ રમ, તુલસી વદે અભંગ.
તુલસી સપ્તશતી

અભંગતા ૧. [સં. અભંગ (આખું) + તા (પણું)] સ્ત્રી. આખાપણું; અખંડતા.
૨. સ્ત્રી. ક્રમ તૂટેલો ન હોય એવું હોવાપણું.

અભંગપદ જુઓ અભંગશ્લેષ.

અભંગપ્રવૃત્ત વિ. (પિંગળ) કવિતાના જેવો જોઈ આકારભેદ હોય. જુઓ અભંગ ૪.

અભંગશ્લેષ [સં.] પું. (પિંગળ) શબ્દનો ભંગ કર્યા વગર બીજો અર્થ થાય એવો શ્લેષાલંકારનો પેટાભેદ. જેમકે, દાળ કોરવા કરે લોકનાં હૃદય હરણ કરે છે, એમાં દાળનો બીજો અર્થ ચંદ્ર અને કરનો બીજો અર્થ કિરણ થાય.

અભંગી ૧. વિ. જે નામની લેણિયા કમાણીની બદલાનું માણસ.
૨. વિ. ભાગ્ય; અભૂતપૂર્વ; હદ.
૩. વિ. આખું; અખંડ.
૪. [સં. અ (નહિ) + ભંગ (નાશ) + ઇન્ (વાળું)] વિ. નાશ ન પામે એવું; અમર.
૫. વિ. લેણિયા કમાણીની જેમ બદલાનું.

અભંગુર ૧. [સં. અ (નહિ) + ભંગુર (નાશવંત)] વિ. નાશ ન થાય એવું; કાયમ ટકી રહેનારું; શાશ્વત.
૨. વિ. ભાંગી ન જાય એવું; દૃઢ; મજબૂત.
૩. વિ. સ્થિર.

અભંગુરતા ૧. [સં. અ (નહિ) + ભંગુર (નાશ પામે એવું) + તા (પણું)] સ્ત્રી. નાશ વિનાની સ્થિતિ; અવિનાશીપણું.
૨. સ્ત્રી. મજબૂતપણું; દૃઢતા.
૩. સ્ત્રી. સ્થિરતા.

અભંજન ૧. [સં. અ (નહિ) + ભંજન (ભાંગવાની ક્રિયા)] પું. કુદરતી ન થઈ હોય એવો પદાર્થ. જેમકે, પારો, તેલ વગેરે.
૨. વિ. ભાંગી ન શકાય એવું; અતૂટ; અખંડ.

અભંજનશીલ [સં. અ (નહિ) + ભંજન (ભેદવાની ક્રિયા) + શીલ (સ્વભાવવાળું)] વિ. તૂટે નહિ એવું; અભંગ.

અભંજનશીલતા [સં. અ (નહિ) + ભંજન (ભાંગવાપણું) + શીલ (સ્વભાવવાળું) + તા (પણું)] સ્ત્રી. ન તૂટવાપણું; અભંગતા.

અભંજનશીલ જુઓ અભંજનશીલ.

અભંજનશીલતા જુઓ અભંજનશીલતા.

અભંડ વિ. (બા. પ્ર.) ઓછું; નીચલત.
જે તુજ જોવા જોવ અભંડ,
કહિયાં છપ કુઈ રાવ ખંડ. વિજયવિજય

અભણ વિ. (કચ્છી) ઘરડું; બૂઢું

અભાગ્યો ૧. [હિં.] પું. અસ્તિત્વનો અભાવ.
૨. પું. ગેરહાજરી.
૩. પું. તંગી; મરીનાઈ.

અભાગી [સં. અ (નહિ) + ભાગિન્ (ભોગવનાર)] વિ. નહિ ભોગવનાર; મૌનવ્રતવાળું.

અભાગ ૧. [સં. અ (નહિ) + ભાગ] પું. આખાપણું; અખંડતા.
૨. [હિં.] પું. બદનસીબ; વિપત્તિ.
૩. [સં. અભાગ] વિ. કમનસીબી.
૪. વિ. આખું; અખંડ.
૫. વિ. મરીજ; દીન.
૬. વિ. દુઃખી.
૭. વિ. નાલાયક.
૮. વિ. વારસામાં હિસ્સો વિનાનું.

અભાગણી [સં. અ (નહિ) + ભાગિન્ (નસીબવાન) + ઈ (સ્ત્રીલિંગી પ્રત્યય)] વિ. સ્ત્રી. કંકાસણી; ઝઘડણી; કમનસીબ.

અભાગ્ય ૧. [હિં.] પું. કમનસીબ માણસ.
૨. વિ. કમનસીબ; દુર્ભાગી.
૩. વિ. મરીજ; કંગાલ.

અભાગિણી જુઓ અભાગણી.

અભાગિયણ જુઓ અભાગણી.

અભાગિયું ૧. [સં. અ (નહિ) + ભાગિન્ (નસીબવાન)] વિ. કમનસીબ; બદનસીબ.
૨. વિ. દીન; મરીજ.
૩. વિ. દુઃખી.
૪. વિ. નાલાયક.
૫. વિ. લાભ વગરનું; જેનાથી લાભ ન હોય એવું.

અભાગી જુઓ અભાગિયું.

અભાગ્ય ૧. [સં. અ (ખરાબ) + ભાગ્ય (નસીબ)] સ્ત્રી. બદનસીબ; દુર્દૈવ.
૨. વિ. દુષ્ટ ભાગ્યવાળું.

અભાગ્યવાન [સં. અ (બદલે) + ભાગ્ય (નસીબ) + વત્ (વાળું)] વિ. કમનસીબ; દુર્ભાગી.

અભાજન ૧. [સં. અ (નહિ) + ભાજન (આધાર)] સ્ત્રી. આધાર ન હોવાપણું.
૨. [સં. અ (નહિ) + ભાજન (લાયક માણસ)] સ્ત્રી. નાલાયક માણસ; કુપાત્ર.

અભાન ૧. [સં. અ (નહિ) + ભાન (જ્ઞાન)] સ્ત્રી. અજ્ઞાન; જ્ઞાન ન હોવાપણું; પદાર્થની સ્મૃતિ ન થવી તે.
૨. સ્ત્રી. ભાન ભૂલી જવાપણું.

અભાનાવરણ [સં. અજ્ઞાન (અજ્ઞાન) + આવરણ (ઢાંકણ)] સ્ત્રી. (વેદાંત) વસ્તુ હોવા છતાં આવરણને લીધે તેનું નહિ દેખાવાપણું.

અભાનાંધ [સં. અજ્ઞાન (અજ્ઞાન) + અંધ (આંધળું)] પું. (વેદાંત) અજ્ઞાનનો ભેદ; જ્ઞાન થવામાં નડતાં આવરણોમાંનો અજ્ઞાન જેવો ભેદ ભાગ.
અપરોક્ષજ્ઞાને કરી અભાનાંધની નિવૃત્તિ થાય
છે. પંચદશી

અભાનોર્મિ [સં. અજ્ઞાન (જ્ઞાન ભૂલી જવાપણું) + ઊર્મિ (તરંગ)] સ્ત્રી. જ્ઞાન ભૂલી જવાય એવો મનનો ઊભરો

અભાર ૧. [સં. અ (મોટું) + ભાર (વજન)] વિ. ઓછા વજનવાળું.
૨. [સં. અ (નહિ) + ભાર] વિ. બોજ વિનાનું.

અભાર્યો ૧. [સં. અ (નહિ) + ભાર્યા (બૈરી)] પું. જૈનિક વાતચીતમાં; અજાણ્યાના સ્થળ સંબંધવાળું માણસ.
૨. પું. બીજા વજનનો પુરુષ.

અભાવ ૧. [સં. અ (નહિ) + ભાવ (પ્રીતિ)] પું. અણગમો; કંટાળો; અરુચિ.
૨. પું. (જૈન) કુભાવ; ખરાબ વૃત્તિ.
૩. પું. ખોટ; ખામી; બેરહાજરી.
૪. પું. (વૈશેષિક) જે પ્રમાણ મહિનું જોઈ જોઈ વસ્તુ નહિ હોવાના જ્ઞાનથી તેની વિરોધી વસ્તુ હોવાનું જ્ઞાન થવાપણું. જેમકે, અંધારું ન હોય ત્યાં અજવાળું હોય.
૫. [સં. અ (નહિ) + ભાવ (હયાતી)] પું. (ન્યાય) દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, અને સમવાય એ ૬ ભાવરૂપ અને અભાવ, એ સાત તત્ત્વ કે પદાર્થમાંનો સાતમો. બરોબરી રીતે બધી વસ્તુના ભાવ અને અભાવ જોવા એ ન્યાય પાછી સમજ. અભાવના મુખ્ય બે ભેદ છેઃ સંસર્ગાભાવ અને તાદાત્મ્યાભાવ અથવા અન્યોન્યાભાવ. સંસર્ગાભાવના પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ અને અત્યંતાભાવ એવા ત્રણ પેટા પ્રકાર છેઃ ૧. સંસર્ગાભાવ-જોઈ રહ્યે અમુક પદાર્થ ન હોય તે, એટલે જોઈ વસ્તુના સંબંધમાં બીજી વસ્તુ ન હોવાપણું. જેમકે, ઘરમાં ઘડાનો અભાવ. ૨. પ્રાગભાવ-વસ્તુ જેના પોતાના પહેલાં તે ન હતી તે,

એટલે કોઈ શૂન્ય કે કિંમતી પહેલાં વસ્તુનું ન હોવું તે. જેમકે, ઘડો બન્યો તે પહેલાં તે ન હોતો. ૩. પ્રધ્વંસાભાવ-વસ્તુનો નાશ થાય ત્યારે તે પોતાને રૂપે ન હોય તે. જેમકે, ઘડો બનીને ફૂટી ગયો. ૪. અત્યંતાભાવ-જે વસ્તુ ત્રણે કાળમાં છે જ નહિ તે, એટલે પહેલાં કદી ન હતી, અત્યારે નથી, અને હવે પછી નહિ હોય એવો શૂન્ય. જેમકે, આકાશકુસુમ, વંધ્યાપુત્ર, સોમવતી અમાસે શુક્રવાર. ૫. અન્યોન્યાભાવ-એક પદાર્થ બીજો પદાર્થ ન હોઈ શકે તે. જેમકે, ઘોડો બળદ નથી અને બળદ ઘોડો નથી.

વેદાંતી પ્રાગભાવ તથા પ્રધ્વંસાભાવને માનતા નથી. તેમના મત પ્રમાણે બધું ઉત્પત્તિ પહેલાં કારણરૂપે સત્ હતું માટે પ્રાગભાવની કલ્પના ખોટી ઠરે અને જ્ઞાન વિના ઉત્પન્ન થયેલા ઘડા વગેરેનો જ્ઞાન નાશ થવાથી પ્રધ્વંસાભાવની કલ્પના ખોટી ઠરે. બૌદ્ધમતે પ્રતિસંખ્યાનિરોધ, અપ્રતિસંખ્યાનિરોધ અને આકાશ એ ત્રણ જાતનો અભાવ છે.

૧. પું. ન ભાવવું કે થવા દેવાનો તે.

૭. પું. ન હોવાપણું; અનસ્તિત્વ; અવિદ્યમાનપણું.

૮. પું. નાશ; સંહાર; ક્ષય; મરણ.

૯. [સં. અ (નહિ) + ભાવ (ઉત્પત્તિ)] પું. પરમાત્મા, કેમકે તે ઉત્પત્તિ રહિત છે.

૧૦. પું. (કા.) ભાવક્ત-અભાવ.

૧૧. પું. (કચ્છી) વહેમ; શંકા.

૧૨. પું. વાતાવરણનો વિસ્તાર.

૧૩. [સં. અ (નહિ) + ભાવ (રસ)] વિ. મિથ્યાભૂત; અસત્ય; ખોટું.

૧૪. વિ. સ્નેહ વગરનું; પ્રેમ વિનાનું.

૧૫. વિ. હયાતી વગરનું.

અભાવ સ્ત્રી. અણબનાવ; કુસંપ.

અભાવક (અભાવ) જુઓ અભાવદ.

અભાવતું વિ. નાપસંદ; અણગમતું.

અભાવત્વ [સં. અભાવ (ન હોવું એવું) + ત્વ (પણું)] સ. (ન્યાય) પદાર્થનું ન હોવાપણું.

અભાવદર્શક [સં. અભાવ (ન હોવાપણું) + દર્શક (બતાવનાર)] વિ. નકારવાચક; નિષેધાત્મક.

અભાવના ૧. [સં. અ (નહિ) + ભાવના (જ્ઞાન)] સ્ત્રી. ખરાખોટાનું જ્ઞાન ન હોવાપણું. ૨. સ્ત્રી. પર્યનો વિચાર ન કરવાપણું.

અભાવનીય [સં. અ (નહિ) + ભાવના (વિચાર) + ઈય (પણું)] વિ. કલ્પનામાં આવી ન શકે એવું.

અભાવપદાર્થ [સં. અભાવ (ન હોવાપણું) + પદાર્થ] પું. (ન્યાય) હયાતી ન ધરાવતી ચીજ; અસત્ પદાર્થ.

અભાવપ્રમા [સં. અભાવ (ન હોવાપણું) + પ્રમા (જ્ઞાન)] સ્ત્રી. (ન્યાય) અમુક વસ્તુ નહિ મળવાથી થતું જ્ઞાન. જેમકે, ઘડો ન મળવાથી પૃથ્વી ઉપર ઘડો ન હોવાનું જ્ઞાન.

અભાવપ્રમાણ [સં. અભાવ (ન હોવાપણું) + પ્રમાણ (સાચું જ્ઞાન)] ન. (ન્યાય) એક જાતનું પ્રમાણ, જેમાં કારણ ન હોવાથી કાર્ય ન હોવાનું જ્ઞાન થાય. જેમકે, કોઈ માણસ રાત્રે કહે કે તડકો જણાય છે, તો તે અભાવપ્રમાણથી અસત્ય છે, કેમકે તે વખતે તડકાનું કારણ સૂર્ય ન હોવાથી તેના અસ્તિત્વ તડકો ન હોવાનું જ્ઞાન થાય છે. મીમાંસકે અને પ્રમાણમાં ગણ્યું નથી.

અભાવરૂપ જુઓ અભાવદર્શક.

અભાવવાચક [સં. અભાવ (અનસ્તિત્વ) + વાચક (બતાવનાર)] વિ. અનસ્તિત્વપણું બતાવનાર.

અભાવશબ્દ [સં. અભાવ (ન હોવાપણું) + શબ્દ] પું. નકારવાચક શબ્દ.

અભાવસંપત્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) અસત્ વસ્તુના જ્ઞાનમાં ખોટો ભ્રમ; મિથ્યાભૂત પદાર્થનું ખોટેખોટું જ્ઞાન. જેમકે, છીપમાં રૂપાની અને રેતીમાં સાકરની બુદ્ધિ.

અભાવસૂચક જુઓ અભાવદર્શક.

અભાવા ૧. પું. ન.બ.વ. અણગમો; કંટાળો. ૨. પું.બ.વ. અણબનાવ; તીવ્ર કુસંપ. ૩. [સં. અ (નહિ) + ભાવ (રુચિ)] પું.બ.વ. ગર્ભવતી સ્ત્રીને કેટલાક ખાવાના પદાર્થ ઉપરથી મન ઊઠી જવાપણું.

અભાવા થાય ખવાતું ન ખાતાં. પ્રેમાનંદ

૪. પું.બ.વ. જુદી જુદી વસ્તુ ખાવાની અનિચ્છાને લઈ ઉપજતા કંટાળો; કોચ.

અભાવાત્મક [સં. અભાવ (ન હોવાપણું) + આત્મક (પણું)] વિ. નકારવાચક; નિષેધવાળું; નાસ્તિત્વ.

અભાવાત્મકનિર્દેશ જુઓ અભાવાત્મકવાક્ય.

અભાવાત્મકવાક્ય [સં. અભાવાત્મક (નકારવાચક) + વાક્ય] ન. નકાર બતાવનાર વાક્ય; નિષેધનિર્દેશ; નાસ્તિવાક્ય. અભાવાત્મકવાક્યો અવકાશમાં જે અર્થમાં વપરાય છે તેથી પ્રમાણશાસ્ત્રમાં જુદા રૂપમાં સમજવામાં આવે છે. અવકાશમાં 'આ કપડું લાલ નથી' તેનો ચર્ચિત અર્થ એવો થાય કે કપડું લાલ નથી પણ તેનો કોઈ બીજો રંગ છે. પણ પ્રમાણશાસ્ત્રમાં 'આ કપડું લાલ નથી' તેનો અર્થ એટલો જ થાય કે 'લાલ નથી'. કોઈ બીજો રંગ છે એવો અર્થ એ વાક્યમાંથી ન કાઢી શકે.

અભાવિક [સં. અ (નહિ) + ભાવિક (અનુભવ)] વિ. આરપા વિનાનું.

અભાવિત ૧. વિ. (જૈન) બોધ ન પામેલું. ૨. [સં. અ (નહિ) + ભાવિત (વિચારેલું)] વિ. વિચાર કર્યા વિનાનું. ૩. વિ. અહા વિનાનું.

અભાવી ૧. [સં. અ (નહિ) + ભાવિન્ (ભવિષ્યમાં બનારું)] વિ. ન બનાર. ૨. વિ. સિદ્ધાંતનો વિચાર ન કરી શકે એવું.

અભાવુક ૧. [સં. અ (નહિ) + ભાવુક (કાલ્પનિક)] વિ. કવિતામાં રસ નહિ લેનારું. ૨. વિ. બીજાના રસની અસર ન થાય એવું.

અભાવું જુઓ અભાવો.

અભાવેચ્છા ૧. [સં. અભાવ (ન હોવાપણું) + ઇચ્છા (મરજી)] સ્ત્રી. ધારેલું નહિ મળવાથી થતા દુઃખમાંથી છૂટવાની મરજી.

એવું પણ હોય છે કે જે પ્રબળ કામનું જ બને બનાવ છે તે, પછી વખત કોઈ અભાવેચ્છા અર્થાત્ અમુકના અભાવમાંથી થતા દુઃખના પરિહારની કામનામાંથી જ ઉપજે છે.

મણિલાલ બહુભાઈ

૨. સ્ત્રી. ન હોય તેવી વસ્તુની ઇચ્છા.

અભાવો ૧. [સં. અ (નહિ) + ભાવ (રુચિ)] પું. અરુચિ; કંટાળો.

૨. પું. જુદી જુદી વસ્તુ ખાવાની અનિચ્છાને લઈ ઉપજતો કંટાળો.

૩. પું. બારેવાઈ સ્થિતિમાં ઓને અમુક ખોરાક માટે થતો અણગમો.

અભાવોદધિ ૧. [સં. અ (નહિ) + ભાવ (હોવાપણું) + ઉદધિ (દરિયો)] પું. વિશાળ ખાતી જગા.

૨. પું. સ્પષ્ટ અને અવસ્થિત આકારની ઉત્પત્તિ પહેલાં પદાર્થની શેળભેળ અને અવસ્થિત સ્થિતિ અથવા તેવો સમૂહ; અપંચીકૃત ભૂતસ્થિતિ.

અભાવ્ય જુઓ અભાવી.

અભાષક ૧. [સં. અ (નહિ) + ભાષક (બોલનાર)] પું. (જૈન) એક ઇંદ્રિયવાળો જીવ, કેમકે તેને જીભ હોતી નથી.

૨. પું. મુક્તાત્મા; સિદ્ધ; મોક્ષ પામેલ જીવ.
૩. વિ. નહિ બોલનારું.
૪. વિ બોલવાની શક્તિ વિનાનું.

અભાષ્ય [સં. અ (નહિ) + ભાષ્ય (બોલવું તે)] ન. ચૂપકીદી; મૌન.

અભાષા ૧. [સં. અ (નિષેધવાચક અવ્યય પૂર્વગ) + ભાષા (બોલી)] સ્ત્રી. અસલ વાણી; જૂની ભાષા.
૨. સ્ત્રી. (જૈન) મિશ્ર વાણી; સાચીખોટી ભાષા.

અભાષિત [સં. અ (નહિ) + ભાષિત (બોલેલું)] વિ. નહિ કહેલું.

અભાષી ૧. [સં. અ (નિષેધવાચક અવ્યય પૂર્વગ) + ભાષિન્ (બોલનાર)] વિ. ખોટું બોલનાર.
૨. વિ. ન બોલવાના નિયમવાળું; મૌનવ્રતધારી.
૩. [સં. અ (નહિ) + ભાષિન્ (બોલનાર)] વિ. નહિ બોલનાર.
૪. વિ. મૂંગું.

અભાસ ૧. [સં. આભાસ] પું. ખોટો દેખાવ; ભ્રમ.
૨. [સં. અ (અલ્પ) + ભાસ (પ્રકાશ)] પું. ઝાંખો પ્રકાશ; ઓછું અજવાળું.
૩. પું. પ્રકાશનો; ઓજસ.
૪. [સં. અવભાસ] પું. (પ્રાકૃત) પ્રકાશ; તેજ.
૫. પું. સરખાપણું; સાદૃશ્ય.
૬. પું. (ન્યાય) હેત્વાભાસ; ખોટો હેતુ.

અભાસિક [સં. અ (નહિ) + ભાસ (પ્રકાશ) + ઇક (વાળું)] વિ. તેજ વિનાનું; ઝાંખું.

અભાંડ પું. દક્ષનાથી જટિલ સંન્યાસીનો અખાડો.

અભિ ૧. [સં.] અ. ઇચ્છા બતાવનારો ઉપસર્ગ. જેમકે, અભિલાષા.
૨. અ. ઉપર બતાવનારો ઉપસર્ગ. જેમકે, અભિષેક; અભિસિંચન.
૩. અ. ખરાબ એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, અભિદ્રુ.
૪. અ. ખૂબ, ઘણું એવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અભિજ્વર; અભિનવ.
૫. અ. ચોતરફ, આરે બાજુ એવો અર્થ બતાવનાર ઉપસર્ગ. જેમકે, અભિવ્યાપક.
૬. અ. જુદું જુદું; પ્રત્યેક.
૭. અ. દૂર એવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અભિહરણ.
૮. અ. નજીક, સમીપ, પાસે એવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અભિસારિકા; અભિનીત.
૯. અ. પ્રતિ, સામું, તરફ એવો અર્થ બતાવનાર ઉપસર્ગ. જેમકે, અભિગમન; અભિમુખ.
૧૦. અ. વારંવારના અર્થવાળો ઉપસર્ગ. જેમકે, અભ્યાસ.
૧૧. અ. જોરવા બતાવતો ઉપસર્ગ. જેમકે, અભિયર્ગ.
૧૨. અ. સરખું, જેવું એવો અર્થ બતાવનારો ઉપસર્ગ. જેમકે, અભિધાન.
૧૩. અ. સાથેના અર્થમાં વપરાતો ઉપસર્ગ. જેમકે, અભિમત.

અભિક ૧. પું. આશક; પ્રેમી પુરુષ.
૨. [સં. અભિ (ખરાબ) + ઇક (વાળું)] વિ. ક્રોધી; લંપટ; મમૂહ.

અભિકરણ ૧. ન. કરવાપણું.
૨. [સં. અભિ (ખરાબ) + કરણ (કામ)] ન. બદકર્મ પ્રત્યેક; બદકરણી.

અભિકલ્પના [સં. અભિ (ઘણું) + કલ્પના] સ્ત્રી. છાની વાત ખયાલથી જણાવવાની યુક્તિ.

અભિકર્ષણ ૧. [સં. અભિ (ખૂબ) + કર્ષણ (ખેંચવું)] ન. પણી પુનરુક્તિ.
૨. ન. લલચાવવાપણું.

અભિકામ ૧. [સં. અભિ (ઇચ્છા બતાવનારો ઉપસર્ગ) + કામ (ઇચ્છા)] પું. ઇચ્છા; અભિલાષ.
૨. [સં. અભિ (પાસું) + કામ (પ્રેમ)] પું. સ્નેહ.
૩. વિ. પ્રેમાળ; અનુરાગી.
૪. વિ. મરજીવાળું; ઇચ્છા પરાવનારું.
૫. [સં. અભિ (ખરાબ) + કન્ (વાળું)] વિ. ક્રિમી; લંપટ.

અભિકાત્મિક [સં. અભિ (ઇચ્છાવાચક ઉપસર્ગ) + કામ (ઇચ્છા) + ઇક (વાળું)] વિ. કામિક; અભિલાષિત.

અભિકાંક્ષા ૧. [સં. અભિ (ઇચ્છાવાચક ઉપસર્ગ) + કાંક્ષા (ઇચ્છા)] સ્ત્રી. મરજી; ઇચ્છા; અભિલાષા; મુરાદ.
૨. સ્ત્રી. લોભ.

અભિકાંક્ષિત [સં. અભિ (ભારે બતાવનાર ઉપસર્ગ) + કાંક્ષિત (ઇચ્છેલું)] વિ. ઇચ્છેલ.

અભિકાંક્ષી [સં. અભિ (અભિલાષસૂચક પૂર્વગ) + કાંક્ષિન્ (ઇચ્છનારું)] વિ. ઉમેદ રાખનાર; ઇચ્છા કરનાર.

અભિકૃતિ પું. (પિંગળ) સો અક્ષરનો એક વૈદિક છંદ.

અભિક્રોધ [સં. અભિ (સામું) + ક્રોધ (ગુસ્સો)] પું. (અલંકાર) બે સીધી લીટી એકબીજાને ઉંદરે ત્યારે બંને સામસામેના ખૂણામાંનો દરેક; 'વર્ટિકલી ઑપોઝિટ એંગલ'.

અભિક્રમ ૧. [સં. અભિ (ઉપર) + ક્રમ્ (ચડવું)] પું. ઉપર ચડવું તે; આરોહણ.
૨. [સં. અભિ (ઉપર ચઢીને) + ક્રમ્ (ચડવું)] પું. ઉલ્લંઘન.
૩. પું. ચઢાઈ; હુમલો.
૪. [સં. અભિક્રમ્ (આરંભ કર્યો)] પું. શરૂઆત; આરંભ.
૫. [સં. અભિ (સામે) + ક્રમ્ (ચડવું)] પું. સામે પ્રયાણ; સંમુખ ગમન.

અભિક્રમણ ૧. [સં. અભિ (ઉપર) + ક્રમણ (ગમન)] ન. ચઢાઈ; હલ્લો; હુમલો.
૨. [સં. અભિ (સામે) + ક્રમ્ (ચડવું) + અન (નામ બતાવનાર પ્રત્યય)] ન. સંમુખ ગમન; સામે જવું તે.

અભિક્રંદ [સં. અભિ (ખૂબ) + ક્રંદ્ (રડવું)] પું. ભ્રમ; ભ્રમણા.

અભિક્રાંત ૧. વિ. ચેતન રહિત.
૨. વિ. પરાક્રમ પામેલ; હારેલ.
૩. વિ. પ્રવૃત્ત થયેલ.
૪. [સં. અભિ (નજીક) + ક્રાંત (ચલિત)] વિ. ગોતની નજીક આવેલ.

અભિક્રાંતિ જુઓ અભિક્રમણ.

અભિક્રોધ ૧. [સં. અભિ (ચોતરફ) + ક્રોધ (ગુસ્સો)] પું. પશ્ચાત્તાપ; શોક કરવો તે.
૨. પું. સંતાપ; પરિતાપ; ઝાપો.

અભિક્રોશ ૧. પું. કપો.
૨. [સં. અભિ (ખરાબ) + ક્રોશ (બૂમ)] પું. નિંદા; બદબોઈ.
૩. પું. પસ્તાવો.
૪. [સં. અભિ (ખૂબ) + ક્રોશ (રાડ)] પું. રાડ; બૂમ.
૫. [સં. અભિ (ખાસું) + ક્રોશ (રુદન)] પું. વિલાપ; શોક.

અભિક્રોશક ૧. [સં. અભિ (ચોતરફ) + ક્રોશક (બૂમ પાડનાર)] પું. ભાટ; ચારણ.
૨. [સં. અભિ (ખરાબ) + ક્રોશક (બૂમ પાડનાર)] વિ. નિંદા કરનાર.

અભિક્ષા [સં. અ (નહિ) + ભિક્ષા (ભીખ)] સ્ત્રી. ભીખ ન માગવાપણું.

અભિક્ષ્ણા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ અને મગણ મળી ૬ અક્ષરનો એક છંદ.

૨. [સં. અભિ (શોભન) + ખ્યા (પ્રખ્યાત કરવું)] સ્ત્રી. કીર્તિ; આબરૂ.
૩. સ્ત્રી. બહેરાત.
૪. સ્ત્રી. નામ; સંજ્ઞા.
૫. સ્ત્રી. યુક્તિ.
૬. સ્ત્રી. બોલાવવાપણું; સંબોધન.
૭. સ્ત્રી. અભિદ્રુહીની ૬૪ કેરી અભિની એ નામની એક. લુચ્ચો પ્રકા.
૮. સ્ત્રી. શોભા; સુંદરતા.
૯. [સં. અભિ (સમજું) + ખ્યા (કહેવું)] સ્ત્રી. સરખા અર્થવાળો શબ્દ; પર્યાય.
૧૦. વિ. પ્રખ્યાત.

અભિખ્યાત [સં અભિ (શોભન) + ખ્યાત (જાણીતું)] વિ. જાણીતું; પ્રસિદ્ધ.

અભિખ્યાતા ૧. [સં. અભિ (તરફ) + ખ્યાતૃ (કહેનાર)] વિ. કથા કહેનાર.
૨. વિ. જોનાર; દેખરેખ રાખનાર.
૩. વિ. સામે જનાર.

અભિખ્યાન [સં. અભિ (શોભન) + ખ્યા (પ્રખ્યાત હોવું)] સ. કીર્તિ; યશ.

અભિગત ૧. [સં. અભિ (પાસે) + ગત (ગયેલ)] વિ. નજીક પહોંચેલું.
૨. વિ. ભેગાવેલું; પ્રાપ્ત કરેલું.
૩. વિ. સમજેલું; જાણેલ.

અભિગમ ૧. પું. ઉપદેશ સાંભળવાથી થતું જ્ઞાન.
૨. [સં. અભિ (પાસે) + ગમ્ (જવું)] પું. મુલાકાત.
૩. [સં. અભિ (સામે) + ગમ્ (જવું)] પું. સંયોગ; મૈથુન.
૪. પું. (જૈન) સાધુની પાસે જતા આવે સાચવવાના પાંચ નિયમ: ૧. સચિત્ત એટલે જીવવાળી વસ્તુનો ત્યાગ કરવો. ૨. ઘરમાં મર્યાદામાં રાખવાં. ૩. ખેસનો ઉત્તરાસંગ કરવો એટલે મોઢા આગો ખેસ ધરવો. ૪. બે હાથ જોડી અંજલિ બાંધવી. ૫. મન એકાગ્ર કરવું.
૫. પું. સામે જઈને કરવામાં આવતો સત્કાર.
૬. [સં. અભિ (સામે) + ગમ્ (જવું)] પું. સામે જવાપણું; પ્રતિગમન.

અભિગમન જુઓ અભિગમ.

અભિગમનીય ૧. [સં. અભિ (પાસે) + ગમનીય (જવા જેવું)] વિ. પાસે જઈ કરાય એવું.
૨. વિ. ઇચ્છાનુસાર; મનગમતું.
૩. [સં. અભિ (સામે) + ગમનીય (જવા લાયક)] વિ. સંયોગ કરવા જેવું.
૪. વિ. સંયોગ કરી શકાય એવું.
૫. [સં. અભિ (સામે) + ગમનીય (જવા જેવું)] વિ. સામે જવા લાયક.

અભિગમરુચિ [સં. અભિગમ (ઉપદેશ સાંભળવાથી થતું જ્ઞાન) + રુચિ (રસ)] સ્ત્રી. (જૈન) ઉપદેશ સાંભળી થયેલ જ્ઞાનની પ્રીતિ.

અભિગમ્ય ૧. પું. સિદ્ધ; શક્ય.
૨. જુઓ અભિગમનીય.

અભિગર્જન [સં. અભિ (મોટું) + ગર્જન (ગાજ)] સ. મોટો અવાજ.

અભિગામી ૧. [સં. અભિ (પાસે) + ગામિન્ (જનાર)] વિ. પાસે જનાર.
૨. [સં. અભિ (સામે) + ગામિન્ (જનાર)] વિ. લાઈ ભરે સામે જનાર.
૩. [સં. અભિ (સાથે) + ગામિન્ (જનાર)] વિ. સંયોગ કરનાર.

અભિગૃહીત [સં. અભિ (શોભન) + ગૃહીત (પકડેલું)] સ. નિશ્ચય; અવધારણ.

અભિગૃહીતમિથ્યાદર્શન સ. (જૈન) ખોટા પ્રકારના મિથ્યાત્વ બાંધેલું એવા દુરાગ્રહ.

> દષ્ટિ ૩ પંચમ મૌનાભિ કદાગ્રહી આભા જ અભિગૃહીતમિથ્યાદર્શન છે.
>
> તત્ત્વાવસ્તુ

અભિગ્રસ્ત ૧. [સં. અભિ + ગ્રસ્ (ખાવું)] વિ. ઢોળિયો કરેલું.
૨. [સં. અભિ (શોભન) + ગ્રસ્ત (પકડેલું)] વિ. ચારે તરફથી ઘેરાયેલું; રાખવામાં આવેલું.

અભિગ્રહ ૧. પું. (જૈન) અર્ધ બરાબર સમજી લક્ષમાં લેવી બાબા.
૨. પું. (જૈન) ખોરાકબાબતે ચોકસાઈમાં કૂંડી મર્યાદા બાંધવી એટલે પોતે નક્કી કરેલા ખેસ કે રંગનો અણધ્યો અમુક સ્થિતિમાં આવે તો જ લેવું એવી જાતનો નિયમ.
૩. પું. ચોરવા; ચોટલી.
૪. પું. ચાકરી; ગુલામી.
૫. પું. હસ્તિદંત; રાજ.
૬. [સં. અભિ (દૂર) + ગ્રહ્ (લઈ જવું)] પું. જનમેરીથી પહેલી લઈ જવાપણું કરવું.
૭. પું. ચાકરી; કુલ.
૮. પું. વૃંદ.
૯. પું. સભા; સમિતિ.
૧૦. પું. સ્વીકાર; ગ્રહણ.
૧૧. [સં. અભિ (બરાબ) + ગ્રહ (પકડ)] પું. હઠ; દુરાગ્રહ.
૧૨. ન. રાજુથી પકડાયેલું માણસ; બાન.

અભિગ્રહણ [સં. અભિ (દૂર) + ગ્રહણ (લઈ જવાપણું)] ન. વૃંદ; ગાયોની હાજરીમાં કેર ઉપાડી લેવું તે.

અભિગ્રહિક ૧. સ્ત્રી. (જૈન) અર્ધ બરાબર સમજી લક્ષમાં લેવી બાબા
૨. [સં. અભિ (બરાબ) + ગ્રહ (પકડ) + ઇક (સંબંધી)] સ. (જૈન) મુખ્ય અવયવના અણપણા વગર મોટા મતને પકડી રાખવાની દુરાગ્રહ.
૩. [સં. અભિગ્રહ (હઠ) + ઇક (વાળું)] વિ. દુરાગ્રહી; હઠવાળું.

અભિઘટ [સં.] પું. જૂના વખતનું લડાઈના બાકરનું ઉપર ચામડું મઢેલું એક વાજું.

અભિઘટદોષ પું. (જૈન) ઉદ્ગમદોષના એકવીસ સાધુ માટે આહાર બનાવતાં લાગતા દોષના ૧૬ ભેદ બાંધેનો એ નામનો એક. તેના બાબિત અને અનાબિત એવા બે ભેદ છે.

અભિઘર્ષક [સં. અભિ (સાથે) + ઘર્ષણ (ઘસવું તે)] સ. પરસ્પર સંયોગથી થતો ઘસારો.

અભિઘાત ૧. [સં.] પું. અક્ષરનો ઉચ્ચાર કરતી વખતે હોઠ, તાળુ વગેરે સ્થાનમાં થતો વાયુનો સંયોગ.
૨. પું. એકાએક લાગેલો આંચકો
૩. [સં. અભિ (તરફ) + હન્ (ઈજા કરવી)] પું. ચોટ; પ્રહાર; માર.
૪. પું. નાશ.
૫. પું. પીડા કરવાપણું.
૬. પું. પુરુષની કમળી બાજુનો અને સ્ત્રીની જમણી બાજુનો બાજુ.
૭. પું. સ્થિર વસ્તુનું વેગવાળી વસ્તુ સાથે ભેગાવું.
૮. પું. હિંસા.

અભિઘાતક ૧. [સં. અભિ (સામે) + હન્ (મારવું)] પું. શત્રુ; દુશ્મન; વેરી.
૨. વિ. અભિઘાત નામનો સંયોગ કરનાર.
૩. [સં. અભિ (શોભન) + ઘાતક (નાશ કરનાર)] વિ. જડમૂળથી નાશ કરનાર.
૪. વિ. સામો થા કરનાર.

અભિઘાતાખ્યસંયોગ [સં. અભિઘાત (એક સંયોગ) + આખ્ય (નામનું) + સંયોગ (મેળાપ)] પું. સ્પર્શ અને વેગ એ બે પ્રયત્નોથી પદાર્થનું બીજા કોઈ સ્થાન

જેવા પદાર્થ સાથે ભેગાવું. જેમકે, લાકડાને બે ઉપર કુહાડો મારે ત્યારે સ્પર્શ અને વેગવાળા કુહાડારૂપી વસ્તુનો કાષ્ઠરૂપ પદાર્થ સાથે સંયોગ થાય છે.

અભિઘાતી જુઓ અભિઘાતક.

અભિચાર ૧. [સં. અભિ (ઉપર) + ચૃ (કાપવું)] પું. અગ્નિમાં નખાતી ઘીની આહુતિ

૨. પું. ઘી.

૩. પું. પેટનું તેડ સિંચન.

૪. પું. વઘાર.

અભિચારણ [સં. અભિ (ઉપર) + ચૃ (કાપવું)] ન. ઘી સિંચવાની ક્રિયા.

અભિજિત ન. (જ્યોતિષ) અઠ્ઠાવીસ નક્ષત્રો પૈકીનું ૪ તારાનું અને ગણના ગોઠવાય ત્યારે એનું ગોત્ર નક્ષત્ર. તેના સ્વામીનું નામ વિષ્ણુ અને પ્રમાણ અનુસાર ચક્ર, બેલ, એ બેમાંથી એ છે.

અભિજ્ઞાત [સં. અભિ (સારી) + જ્ઞા (જાણવું)] વિ. સર્વ પ્રકારે કુશળ.

અભિજ્ઞાન [સં. અભિ (સારી) + જ્ઞા (જાણવું)] પું. ચેતના; ચાકર.

અભિજ્ઞાપન [સં. અભિ (ભરાણ) + જ્ઞા (જાણવું)] ન. ભરાણ હેતુથી મંત્રતંત્રનો પ્રયોગ. જેમકે, વશીકરણ માટે કરેલ ક્રિયાકાંડ.

અભિજ્ઞાપનીય [સં. અભિ (ભરાણ) + જ્ઞા (જાણવું) + અનીય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. મારણપ્રયોગ કરવા જેવું.

અભિજિત્ ન. (જ્યોતિષ) ૨૯ દિવસનાં ૩૦ મુહૂર્તમાંનું છઠ્ઠું.

અભિચાર ૧. પું. અથર્વવેદના પંચ કલ્પમાંનો ભેદ.

૨. [સં. અભિ (ભરાણ) + ચૃ (કાપવું)] પું. ભરાણ હેતુથી મંત્રતંત્રનો ઉપચાર; મારણપ્રયોગ; શત્રુના વધ માટે પ્રયોગ. અથર્વવેદમાં આપેલા આ વિદ્યાના બધા મંત્ર ને પ્રયોગને સ્મૃતિમાં પણ માન્યા છે. તેના ભેદ: ૧. મારણ, ૨. મોહન, ૩. સ્તંભન, ૪. વિદ્વેષણ, ૫. ઉચ્ચાટન અને ૬. વશીકરણ.

૩. પું. દુશ્મનના વધ માટે આભરી કલ્પ.

૪. પું. અભિચાર.

અભિચારક ૧. પું. ભારદ્વાજ.

૨. ન. મંત્રજંત્રથી મારણ.

૩. [સં. અભિ (ભરાણ) + ચારક (કરનાર)] વિ. જેથી વિદ્યાથી કોઈને મારી નાખવાનો પ્રયોગ કરનાર; મંત્રકારક.

અભિચારકલ્પ [સં. અભિચાર (મંત્રનો પ્રયોગ) + કલ્પ (વેદનો ભાગ)] પું. મંત્રતંત્રની ક્રીયાઓ બતાવનાર અથર્વવેદનો ભેદ ભાગ.

અભિચારજન્ય [સં. અભિચાર (મંત્રપ્રયોગ) + જન્ય (થતા)] પું. મંત્રસાધનાની અસરથી આવેલો તાવ. આમાં રોગી બેભાન થાય અને કોને તરસ બહુ લાગે.

અભિચારમંત્ર [સં. અભિચાર (મારણ-પ્રયોગ) + મંત્ર] પું. મારણપ્રયોગમાં બોલાતો મંત્ર.

અભિચારયજ્ઞ જુઓ અભિચારયાગ.

અભિચારયાગ [સં. અભિચાર (શત્રુ કાજ માટે મંત્રપ્રયોગ) + યાગ (યજ્ઞ)] પું. મારણ-પ્રયોગ માટે કરવામાં આવતો હોમ.

અભિચારવિધાન [સં. અભિચાર (મારણ કાજ માટે મંત્રનો ઉપચાર) + વિધાન (વિધિ)] ન. મારી નાખવાના મંત્રોપચારની રીત.

અભિચારહોમ જુઓ અભિચારયાગ.

અભિચારી ૧. પું. ભારદ્વાજ.

૨. [સં. અભિચાર (મારણ મંત્રનો ઉપચાર) + ઇન્ (વાળું)] વિ. મારણ કાજ માટે મંત્રતંત્રનો પ્રયોગ કરનાર.

અભિજન ૧. પું. બાપદાદા; વારસા.

૨. [સં. અભિ (સારું) + જન (માણસ)] ન. કુલવાન માણસ.

૩. [સં. અભિ (જોડકણાવાળા ઉપકર્મ) + જ્ઞા (જાણવું)] ન. જાનદાની; કુલીનતા.

૪. [સં. અભિ (સારો) + જન (માણસ)] ન. નોકર; ચાકર.

૫. ન. પ્રસિદ્ધિ; ખ્યાતિ; કીર્તિ.

૬. ન. બાપદાદાએ વસાવેલી જગ્યા.

૭. ન. વતન; જન્મભૂમિ.

૮. [સં. અભિ + જન્ (જન્મવું)] ન. વંશ; કુળ; ગોત્ર.

૯. [સં. અભિ (નજર) + જન (માણસ)] ન. સેવાપરિવાર; પોતાનું માણસ.

અભિજય [સં. અભિ (પાસું) + જય (હાર)] પું. હાર; પૂરી હરેફ.

અભિજ્ઞત ૧. પું. (જ્યોતિષ) ઓગણિસનો અભિજાતમો દિવસ; વાર અભિજાત.

૨. વિ. ઉત્તમ; ભેજ.

૩. [સં. અભિ (જોડકણાવાળા ઉપકર્મ) + જ્ઞત (જાણેલું)] વિ. ઊંચા કુળનું; જાનદાન.

૪. વિ. જાણેલું; ઉત્તમ જાણેલું.

૫. વિ. પંડિત; બુદ્ધિમાન.

૬. વિ. માન આપવા જેવું; પૂજ્ય.

૭. વિ. ચોખ્ખું; સાચું.

૮. વિ. સુંદર; મનોહર.

અભિજ્ઞતા [સં. અભિજ્ઞત (કુલવાન) + તા (પણું)] સ્ત્રી. કુલીનતા; જાનદાની.

અભિજ્ઞત્વ જુઓ અભિજ્ઞતતા.

અભિજ્ઞતિ જુઓ અભિજ્ઞતતા.

અભિજિત ૧. [સં. અભિજિત્] પું. (જ્યોતિષ) જે નામનો ભેદ તારો. તે ઉત્તરાષાઢાનાં ચરણ, તેમના પિતા તથા માતારૂપ વસુ તારાની સામે છેલ્લે છે.

> આજ હજાર વર્ષ પછી અભિજિત નામનો તારો ધ્રુવબિંદુની નજીક આવનાર છે.
>
> જ્યોતિર્વિલાસ

૨. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસમા નક્ષત્રનો ચોથો અને બાવીસમાનો પંદરમો ભાગ જેમાં બનતો કાળ. જેને જે લાગું નક્ષત્ર બરે તે ૨૮ નક્ષત્ર થાય.

૩. પું. (જ્યોતિષ) દિવસનું આઠમું મુહૂર્ત; મધ્યાહ્નના પહેલાંનું સાડાબાર વાગ્યા સુધીનો વખત. જાહેર કામ માટે અને ક્રિયા માટે આ મુહૂર્ત સારું મનાય છે.

૪. પું. પ્રાચીનકાળમાં કરવામાં આવતો એ નામનો ભેદ યજ્ઞ; અતિરાત્ર યાગ

૫. પું. વિષ્ણુ.

૬. ન. (જ્યોતિષ) એ નામનું ભેદ નક્ષત્ર. સર્વ નક્ષત્રમાં તે જેષ્ઠ અને શ્રીકૃષ્ણનું સ્વરૂપ મનાય છે.

૭. વિ. એ નામના નક્ષત્રમાં જન્મેલું.

૮. [સં. અભિ (પાસું) + જિત (જીતેલ)] વિ. પૂરેપૂરી કુશળ ખેલવટમાં બહાદુર કરનારું.

૯. વિ. વિજયી; જય જાનો હોય એવું.

અભિજિત્કાલ [સં. અભિજિત્ (એક મુહૂર્ત) + કાલ] સ્ત્રી. (જ્યોતિષ) કામ કરવાને સારો કે નઠારો વખત બતાવનાર ક્રાંતિનો પ્રકારનો.

> આજ અંગ્રેજના તારીખ ક્રાંતિ પ્રમાણે વીસ, સોમવારે સોળ, મંગળવારે પંદર, બુધવારે ચૌદ, ગુરુવારે તેર અને શુક્રવાર તથા શનિવારે બાર આંકડાની પછે તો શુભ કાર્યારંભ ન કરવો. આ તારીખો અમાને અભિજિત્કાલ કહેવામાં આવે છે.
>
> જ્યોતિર્ધર

અભિજિત્કાલીન [સં. અભિજિત્ (એક) + કાલ (મુહૂર્ત)] ન. (જ્યોતિષ) મધ્યાહ્ન પહેલાંનો એકાદશ ઘડિયાં અને પછીની તેટલી જ ઘડિયાં બાદ બનતો શુભ વખત.

અભિજ્ઞેય [સં. અભિજ્ઞેય (જાણે)] પું. હરિણક.

અભિયોગપત્ર [સં. અભિયોગ (દાવો) + પત્ર (કાગળ)] પું.; ન. કરિયાદ માટે કરેલી અરજી.

અભિયોગી [સં. અભિયોગ (દાવો) + ઇન્ (વાળું)] પું. વાદી; ફરિયાદી.

અભિરક્ષા ૧. [સં. અભિરક્ષા] સ્ત્રી. (પ્રાકૃત) રક્ષા; સાચવણ.
૨. સ્ત્રી. ચૈદ્ધ ધ્યાન; વિષયનું ચિંતન.
૩. સ્ત્રી. લોભ; અસંતોષ

અભિજ્ઞ ૧. [સં. અભિ (વિશેષ) + જ્ઞ (જાણનાર)] વિ. અનુભવી; માહિતગાર.
૨. વિ. હોશિયાર; નિપુણ; પ્રવીણ; પ્રવીણ.

અભિજ્ઞતા ૧. [સં. અભિજ્ઞ (માહિતગાર) + તા (પણું)] સ્ત્રી. જાણકારપણું; માહિતી; વાકેફગારી.
૨. [સં. અભિજ્ઞ (પ્રવીણ) + તા (પણું)] સ્ત્રી. પ્રવીણતા; નૈપુણ્ય; હોશિયારી; કુશળતા.

અભિજ્ઞા ૧. [સં. અભિ (પધારે) + જ્ઞા (જાણવું)] સ્ત્રી. બોધજ્ઞાન.
૨. સ્ત્રી. દૈવી શક્તિ. તે સામાન્ય રીતે પાંચ ગણાય છે: ૧. ગરજ પ્રમાણે ગમે તે સ્વરૂપ ધારણ કરવું. ૨. ગમે તેટલું દૂરનું સાંભળવું. ૩. દૂર જોઈ શકવું. ૪. માણસના વિચાર પારખવા. ૫. અવસરી અને પહેલાંની સ્થિતિ જાણવી.
૩. સ્ત્રી. યાદદાસ્ત; સ્મરણ.

અભિજ્ઞાત ૧. પું. (પુરાણ) સાતમણી દીપના સાત ખંડમાંનો એ નામનો એક.
૨. [સં. અભિ (વિશેષ) + જ્ઞાત (જાણેલું)] વિ. બોળખેલું; જાણેલું; પરિચિત.

અભિજ્ઞાતભૂમિધારક [સં. અભિજ્ઞાત (બોધેલું) + ભૂમિ (જમીન) + ધારક (વાળું)] પું. નોંધપોથી રાખનાર.

અભિજ્ઞાતા [સં. અભિ (પધારે) + જ્ઞાતૃ (જાણનાર)] વિ. વિશેષ જાણનાર; સમજનાર.

અભિજ્ઞાતાર્થ પું. (ન્યાય) વાદમાં હારનું એ નામનું દોષવાળું; વાદી જાણવા અર્થવાળા કે શ્લેષવાળા શબ્દથી કોઈ વાત કહેવા માટે અથવા એટલું બકવી બોલવા માટે કે કોઈ સમજી ન શકે અને તેથી તર્ક અટકી જાય તે અવસ્થા.

અભિજ્ઞાન ૧. [સં. અભિ (જાણવું) + જ્ઞાન] ન. બોધજ્ઞ; 'તે આજ છે' એવું જ્ઞાન.
૨. ન. બોધજ્ઞાનની નિશાની; બોધચિહ્ન; યાદી આપે એવું ચિહ્ન.
૩. ન. અદલા મિલનો પ્રસંગ લાગ.
૪. ન. નોંધપોથી.
૫. ન. મદોદ; સીલ.
૬. ન. સ્મરણ; સ્મૃતિ.
૭. ન. સ્વીકાર; અંગીકાર.

અભિજ્ઞાનતીર્થાધ્યક્ષ [સં. અભિજ્ઞાન (નોંધપોથી) + તીર્થ (વિભાગ) + અધ્યક્ષ (ઉપરી)] પું. નોંધપોથી ખાતાનો મુખ્ય અધિકારી; નોંધપોથી વિભાગાધીશ.

અભિજ્ઞાનપત્ર [સં. અભિજ્ઞાન (બોધચિહ્ન) + પત્ર (કાગળ)] પું.; ન. બોધચિહ્નનો કાગળ.

અભિજ્ઞાનશાકુન્તલ [સં. અભિજ્ઞાન (બોધચિહ્ન) + શાકુન્તલ] ન. બોધચિહ્નથી જોયાં શકુન્તલા સાંભરી આવેલી તે અર્થવાળું મહાકવિ કાલિદાસનું સંસ્કૃતમાં રચેલું નાટક. એમાં દુષ્યંત રાજા કણ્વઋષિની દીકરી શકુન્તલાને ગાંધર્વવિધિથી પરણ્યા પછી દુર્વાસાએ શકુંતલાને આપેલ શાપથી જોતું બને છે કે દુષ્યંત રાજાની બધી વાત ભૂલી જઈ એનો અસ્વીકાર કરે છે, પણ ઉત્તરે વીંટીના બોધચિહ્નથી રાજાની વાત એને સાંભરી આવતાં શકુંતલાને સ્વીકે છે.

અભિજ્ઞાનસૂચિ [સં. અભિજ્ઞાન (નોંધપોથી) + સૂચિ (યાદી)] સ્ત્રી. નોંધપોથી; ક્ષાતર; પત્રક

અભિજ્ઞાનાભરણ [સં. અભિજ્ઞાન (બોધચિહ્ન) + આભરણ (ઘરેણું)] ન. સંભારણા તરીકે આપેલું ઘરેણું.

અભિજ્ઞાપક [સં. અભિ (વિશેષ) + જ્ઞાપક (જણાવનાર)] વિ. બોધજ્ઞ આપનાર.

અભિજ્ઞેય [સં. અભિ (વિશેષ) + જ્ઞેય (જાણવા લાયક)] વિ. જાણવા જોગું.

અભિતપસ્ સૌવર્ય પું. એક ગાન્ધર્વિક ઋષિ. એણે ગાન્ધારના રાજા પંચવનું કળું સાત રમ્યું છે.

અભિતપ્ત ૧. [સં. અભિ (પણું) + તપ્ત (બળેલું)] વિ. પણું ગરમ બનેલું.
૨. વિ. દુઃખ પામેલું.

અભિતર્પણ ૧. ન. તાકું બનાવવાપણું.
૨. [સં. અભિ (ખૂબ) + તર્પણ (સંતોષ)] ન. સંતોષ આપવો તે.

અભિતઃ ૧. [સં.] ક્રિ. આગળ કે પાછળ.
૨. ક્રિ. આજુબાજુ; આસપાસ; ચારે બાજુ.
૩. ક્રિ. ઉતાવળે; જલદી.
૪. ક્રિ. નજીકમાં; પાસે; સમીપ.
૫. ક્રિ. પૂરેપૂરું; સંપૂર્ણ; ખરું.
૬. ક્રિ. બન્ને તરફથી.
૭. ક્રિ. સામે; સંમુખ.

અભિતાડન [સં. અભિ (વિશેષ) + તાડન (મારવું)] ન. ખૂબ પ્રહાર; સખત માર.

અભિતાપ ૧. પું. દુઃખ; પીડા.
૨. [સં. અભિ (વિશેષ) + તાપ] પું. સખત ગરમી.
૩. ક્રિ. વિ. સામે.

અભિત્તિચિત્ર [સં. અ (નહિ) + ભિત્તિ (ભીંત) + ચિત્ર] ન. ભીંત કે પડદા વિના દોરેલા ચિત્ર જેવી જોડેલી કે અસંબંધિત વાત.

અભિત્રુ વિ. ન ભીંજે એવું; નીડર; નિર્ભય.
ન સ્તુ અભિત્રુ ન ઈશા ન ઈના.
પ્રેમાનંદ

અભિદર્શન ૧. [સં. અભિ (વિશેષ) + દર્શન] ન. જોવાપણું.
૨. ન. દેખાવું તે; દર્શન.

અભિદવર્ગ [સં. અ (નહિ) + ભિદ્ (ભીંજવું) + વર્ષન્ (અક્ષર)] ન. ભૂંજે નહિ તેવું અક્ષર.

અભિદુર્ગ ૧. [સં. અભિ (વિશેષ) + દુર્ગ (અઘરું)] પું. અતિવિષમસ્થાન; મુશ્કેલીથી જઈ શકાય એવી જગ્યા.
૨. પું. દુઃખ ઉત્પન્ન કરે એવું સ્થાન.

અભિદ્રવ [સં. અભિ (ઉપર) + દ્રુ (દોડવું) + અ] પું. આક્રમણ; હુમલો.

અભિદ્રુત ૧. [સં. અભિ (પણું) + દ્રુ (પીડવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. દુઃખથી પીડાયેલ.
૨. [સં. અભિ (ઉપર) + દ્રુ (દુશ્મનો હલ્લો) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. હુમલો કરાયેલું.

અભિદોહ ૧. [સં. અભિ (વિશેષ) + દુહ્ (ખરાબ ચિંતવવું)] પું. અનિષ્ટચિંતન.
૨. પું. અપકાર.
૩. પું. અસર.
૪. પું. ત્રાસ.
૫. [સં. અભિ (વિશેષ) + દોહ (ઈચ્છા)] પું. લુચ્ચપ; નિર્દયતા.
૬. પું. નિંદા.

અભિધમ્મ જુઓ અભિધર્મ.

અભિધમ્મપિટક જુઓ અભિધર્મપિટક.

અભિધર્મ ૧. પું. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મના ત્રણ ગ્રંથોમાંનો એક ગ્રંથ.
૨. [સં. અભિ (શ્રેષ્ઠ) + ધર્મ] પું. પરમ સત્ય; શ્રેષ્ઠ ધર્મ.

અભિધર્મપિટક [સં. અભિ (શ્રેષ્ઠ) + ધર્મ + પિટક (સમૂહ)] ન. પરમ સત્યનું જ્ઞાન આપતો બૌદ્ધધર્મના ગ્રંથનો સમૂહ; બૌદ્ધધર્મના

સાહિત્યના બધુ વિષયમાંનું એક. તેમાં શબ્દ નાનાં નાનાં પુસ્તક છે: ૧. શબ્દસંગ્રહ, ૨. નિઘંટુ, ૩. ધાતુકોશ, ૪. પુષ્પાદકોશ, ૫. દ્રવ્યકોશ, ૬. નામકોશ, ૭. જ્ઞાનકોશ.

અભિધા ૧. [સં.] સ્ત્રી. અવાજ.

૨. સ્ત્રી. નામ; સંજ્ઞા.

૩. સ્ત્રી. (અલં.) મૂળ અર્થ બતાવનારી શબ્દની શક્તિ. શ્લેષ અલંકારમાં બધો અર્થ આથી બતાવાય છે, અને તે અર્થ બતાવવાના નીચે પ્રમાણે ભેદ છે: ૧. સંયોગ, ૨. વિયોગ, ૩. સાહચર્ય, ૪. વિરોધિતા, ૫. અર્થ, ૬. પ્રકરણ, ૭. લિંગ, ૮. બીજા પ્રસિદ્ધ શબ્દનું પાસે હોવાપણું, ૯. સામર્થ્ય જોઈને શક્તિ, ૧૦. ચોગ્યતા, ૧૧. દેશ, ૧૨. કાળ, ૧૩. વ્યક્તિ અને ૧૪. સ્મૃતિ. જેમકે,

> યમુનાને તીર શ્યામ સુંદર શરીર પર,
> પીળાં ચીર પેખી ઝટ તાપ તૂર્ત ટાળશ જે;
> ગોપી ગોપ સંગ ખ્યાલ કરતા કંસ તણે,
> પરમ કૃપાલ નંદલાલને નિહાળજ મેં.

આમાં તીર, શ્યામ, ચીર, જોપ, ખ્યાલ, કંસ અને નંદલાલ શબ્દો પોતાનો સંકેતિત અર્થ જ બતાવે છે.

૪. સ્ત્રી. શબ્દનો મૂળ અર્થ; વાચ્યાર્થ.

અભિધાત્રી પું. (સિંધ) દરેક વસ્તુમાં સત્ત્વ, રજસ્, તમસ્, જલ્પ, રજસ્, અને શુદ્ધ મળી ૧૧ અક્ષરનો એક છંદ.

અભિધાન ૧. ન. ઘાટ; ઉપનામ.

૨. ન. (આકરણ) કર્તા માટેનું વિધાન.

૩. [સં. અભિધા (કહેવું)] ન. કહેવાપણું; ઉલ્લેખ; નિર્દેશ.

૪. ન. (નામ) નામ; ઓળખ; સંજ્ઞા.

> કોઈ પણ પદાર્થ વિષે બતાવાય કહીં શકે તે માટે તેની કોઈ સંજ્ઞા તે શબ્દ બતાવ્યા અભિધાન. —ન્યાયસાર

૫. ન. વાણી; બોલી.

૬. ન. શબ્દ; પદ.

૭. ન. શબ્દકોશ; નિઘંટુ.

અભિધાનક [સં. અભિધા (જોવું)] ન. અવાજ.

અભિધાનકોશ [સં. અભિધાન (નામ) + કોશ (ભંડાર)] પું. જે નામને શબ્દસંગ્રહ; નામકોશ. તેમાં દરેક પદાર્થનાં નામ અને તેના અર્થ મળે છે.

અભિધાનચિંતામણિકોશ [સં.] પું. હેમચંદ્ર આચાર્યે બનાવેલો જે નામનો સંસ્કૃત શબ્દકોશ.

અભિધાનપ્રધાન ન. જોકે બધાનાં વિધાન મોટેનું જોર. સુખ્યો વિધાન.

અભિધાનભાષા [સં. અભિધાન (શબ્દ) + ભાષા (બોલી)] સ્ત્રી. શબ્દકોશ

અભિધાનરત્નમાલા સ્ત્રી. હલાયુધ નામે રચેલો જે નામનો સંસ્કૃત શબ્દકોશ.

અભિધાનવાદી [સં. અભિધાન (સંજ્ઞા) + વાદિન્ (બોલનાર)] વિ. અમુક વર્ગની અનેક વ્યક્તિમાંથી જેને તેની સમાન લક્ષણ જેવી સંજ્ઞા તે જ બધી વ્યક્તિ બતાવનાર છે, બધી વ્યક્તિ જેવો અર્થ દુનિયામાં નથી જેવા મતવાળો તત્ત્વવાદી; નામવાદી; શબ્દાર્થસંકેતવાદી.

અભિધાનાનુપપત્તિ સ્ત્રી. (વેદાંત) વાક્યનો જોડે બધ સાંભળવાથી તે વડે બીજા અર્થની કલ્પના. 'બારણું બંધ કરો' જે વાક્યનો 'બારણું' જોટલો જ બધ સાંભળતાં 'બંધ કરો' જે અર્થ બધાં સિવાય વાક્યને અર્થ બીજો નહિ માટે જેવો અર્થ ધારવો તે અભિધાનાનુપપત્તિ કહેવાય.

અભિધાનોચિત [સં. અભિધાન (નામ) + ઉચિત (ચોગ્ય)] વિ. નામને લાયક.

અભિધામૂલક [સં. અભિધા (મૂળ અર્થ) + મૂલક (મૂળવાળું)] વિ. શબ્દના મૂળ અર્થ ઉપર રચાયેલું.

અભિધામૂલધ્વનિ [સં. અભિધા (મૂળ અર્થ) + મૂલ (મૂળ) + ધ્વનિ (ધ્વનિ અર્થ)] પું. (અલં.) શબ્દશક્તિ મૂળ રૂપે હોય તે બંધના જોરથી બોલાયેલ બતાવવાની શબ્દની શક્તિ. તેમાં બંધબાદુતિ લક્ષણાને આધારે નહિ, પણ અભિધાને આધારે હોય છે. તેના બે ભેદ છે. ૧. અસંલક્ષ્યક્રમધ્વનિ અને ૨. સંલક્ષ્યક્રમધ્વનિ.

અભિધામૂલવ્યંજના [સં. અભિધા (મૂળ અર્થ) + મૂલ (મૂળ) + વ્યંજના (બોલાયેલ બતાવનાર શબ્દની શક્તિ)] સ્ત્રી. શબ્દમાં રહેલા અનેક અર્થને બીજે બીજો અર્થ લાવ જેવી શબ્દશક્તિ.

અભિધામૂલા જુઓ અભિધામૂલવ્યંજના.

અભિધાયક ૧. [સં. અભિધા (જોવું)] વિ. કહેનાર; બોલનાર.

૨. વિ. નામ લખનાર; નામ પાડનાર.

૩. વિ. બતાવનાર; બતાવનાર

અભિધાયી જુઓ અભિધાયક.

અભિધારણા ૧. [સં. અભિ (વધુ) + ધારણા (બનાવવું)] સ્ત્રી. ઇચ્છા; મુરાદ.

૨. સ્ત્રી. (જૈન) ચોગ; ધ્યાન.

અભિધાવક ૧. [સં. અભિ (ઉપર) + ધાવક (દોડનાર)] પું. દુશ્મનો મરનાર પુરુષ.

૨. વિ. ચાડી કરનારું.

૩. [સં. અભિ (તરફ) + ધાવક (દોડનાર)] વિ. વેગથી સામે જનાર.

અભિધાવન ૧. [સં. અભિ (તરફ) + ધાવન (દોડ)] ન. વેગથી સામે દોડવાપણું.

૨. [સં. અભિ (ઉપર) + ધાવન (દોડ)] ન. હલ્લો; ચઢાઈ.

અભિધાવૃત્તિ [સં. અભિધા (મૂળ અર્થ) + વૃત્તિ (શક્તિ)] સ્ત્રી. શબ્દની મૂળ અર્થ બતાવનારી શક્તિ. તેના ત્રણ પ્રકાર છે: ૧. જોગ, ૨. રૂઢિ અને ૩. જોગરૂઢિ.

અભિધાશક્તિ જુઓ અભિધાવૃત્તિ.

અભિધેય ૧. [સં. અભિધા (જોવું)] ન. નામ; સંજ્ઞા.

૨. ન. પદાર્થ; વસ્તુ; બીજ.

૩. ન. જોવાનો વિષય.

૪. ન. બતાવ્યું; તાત્પર્ય; સાર.

૫. ન. મૂળ અર્થ; વાચ્યાર્થ.

૬. વિ. કહેવા જેવું.

૭. વિ. કહેવાનું; બતાવવાનું.

૮. વિ. નામ દેવા જેવું.

૯. વિ. નામ દેવાથી સમજાય જેવું.

૧૦. વિ. શબ્દથી કહી શકાય જેવું.

અભિધેયાર્થ [સં. અભિધેય (શબ્દથી કહી શકાય જેવું) + અર્થ] પું. શબ્દ સાંભળતાં જેવું બાજ બાજ તે અર્થ; વાચ્યાર્થ.

અભિધ્યા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; અભિલાષ.

૨. સ્ત્રી. મરવા કરવાની અભિલાષા.

૩. સ્ત્રી. પારકી વસ્તુ લઈ લેવાની ઝંખના.

૪. [સં. અભિ (મૂળ) + ધી (જ્ઞાન કરવું)] સ્ત્રી. વિચાર; ચિંતન; ધ્યાન.

અભિધ્યાત ૧. વિ. ઇચ્છવાળું.

૨. [સં. અભિ (ચારેય) + ધ્યાત (જ્ઞાન કરેલું)] વિ. વિચાર કરેલું.

અભિધ્યાન ૧. ન. ઇચ્છા; અભિલાષા; લોભુપતા.

૨. [સં. અભિ (ચારેય) + ધી (ચિંતવવું)] ન. સતત ચિંતન.

અભિધ્યેય ૧. [સં. અભિ (ચારેય) + ધ્યેય (વિચારવા જેવું)] વિ. ચારેયાર ઇચ્છવા જેવું.

૨. વિ. સતત ચિંતન કરવા લાયક.

અભિધ્યેયતા ૧. [સં. અભિ (ચારેય) + ધ્યેય (વિચારવા જેવું) + તા (પણું)] સ્ત્રી. અવૃત્તિ; કોઈ મેળવવાને ચારેયાર થતી ઇચ્છા.

૨. સ્ત્રી. સતત ચિંતન.

અભિનવ ૧. પું. મોટાની સંજ્ઞા.

૭૨૫૧૬૬૦૪૬૬૬

અભિનિધન ૧. [સં. અભિ (પાસે) + નિધન (મરણ)] ન. મરણ વખતે બોલાતા સામવેદના મંત્ર.

૨. વિ. મરણની નજીક પહોંચેલું; નાશની તૈયારી પર આવેલું.

અભિનિધાન ૧. ન. અનુસ્વારયુક્ત. જો કે જો પછી અનો અવગ્રહ કાઈ ઉચ્ચાર થતો નથી તોને અભિનિધાન કહે છે.

૨. [સં. અભિ (સામે) + નિધાન (મૂકવું તે)] ન. સંપૂર્ણ કરાતું સ્થાપન.

અભિનિબોધ [સં. અભિ (વિશેષ) + નિબોધ (જ્ઞાન)] પું. (જૈન) મતિ, સ્મૃતિ, સંજ્ઞા અને ચિંતા એ ચારે જ્ઞાન.

> મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતાં બધાં જ્ઞાનોને માટે અભિનિબોધ શબ્દ સામાન્ય છે. તત્ત્વાર્થસૂત્ર

અભિનિમુક્ત [સં. અભિ (સામે) + નિમુક્ત (મોકલેલું)] વિ. તહેનાત; મોકલ.

અભિનિર્મુક્ત વિ. સૂર્યાસ્ત વખતે ઊગીને દીપે તે વખતનું કર્ક જોડેનું સોમ જોવું

અભિનિર્વાહ ૧. [સં. અભિ (તરફ) + નિર્વા (વહું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. કૂચ; યાત્રા; પ્રસ્થાન.

૨. [સં. અભિ (ઉપર) + નિર્વાહ (વહું તે)] ન. આધાર; ટેકો.

અભિનિવર્તન ૧. [સં. અભિ (ચોતરફ) + નિવર્તન (પાછું આવવું તે)] ન. ચોતરફથી નિવૃત્તિ.

૨. [સં. અભિ (તરફ) + નિવૃત્ (પાછું ફરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પાછું ફરવું તે.

અભિનિવિષ્ટ ૧. ન. ખંત; ઉત્સાહ.

૨. [સં. અભિ (પાસું) + નિવિષ્ટ (પેસા-યેલું)] વિ. કામ સાધવા માટે પાછળ લાગેલું; તહેનાત; મચેલું.

૩. વિ. ખંતીલું; આગ્રહી.

૪. વિ. ચિંતાથી બળરાયેલું; બાઘા.

૫. [સં. અભિ (બહુ) + નિવિષ્ટ (સ્થિર)] વિ. દૃઢ; સ્થિર; અચળ.

૬. વિ. પેસેલું; દાખલ થયેલ.

૭. વિ. ભેરાયું.

૮. વિ. હઠીલું; આગ્રહી.

૯. વિ. હોંશિયાર; પ્રવીણ; નિપુણ.

અભિનિવિષ્ટતા [સં. અભિ (વિશેષ) + નિવિષ્ટ (સ્થિર) + તા (પણું)] સ્ત્રી. મક્કમ-પણું; દૃઢતા.

અભિનિવૃત્ત [સં. અભિ (બહુ) + નિવૃત્ત (દૂર થયું)] વિ. પાર વિનાનું.

> જે સાંત અને અભિનિવૃત્ત વિષે બાલ આ નિબંધે છે એવો અભ્યાસ કરવો નથી, તેને મુજ બીજો આર્યધર્મી કહે છે. સુવર્ણવિચાર

અભિનિવૃત્તિ [સં. અભિ (ચોતરફ) + નિવૃત્તિ (વિરામ)] સ્ત્રી. સમાપ્તિ; પૂરું કરવું તે.

અભિનિવેશ ૧. પું. આગ્રહપણું; નિર્બંધ.

૨. [સં. અભિ (બહુ) + નિવિષ્ટ (સ્થિર)] પું. આગ્રહ નિર્બંધ.

૩. પું તત્પરતા; તૈયાર હોવાપણું.

૪. [સં. અભિ (બહુ) + નિવિશ્ (પેસવું)] પું. પ્રવેશ; દાખલ.

૫. [સં. અભિ (તરફ) + નિવિશ્ (પ્રેમ કરવો)] પું. પ્રેમ; પ્રીતિ; આસક્તિ.

૬. પું. પ્રેતબાધા; ઉપરાણ આપનાર અંતર-ની શક્તિ.

૭. પું. (યોગ) મરણનો ભય ઉત્પન્નવું એવું જ્ઞાનનું અજ્ઞાન; કુમરી કૃત્ય અને શારીરિક ભોગસોખ તરફ અંતરિક આસક્તિ અને મરણને લીધે તે બધાનો વિયોગ થશે એવો ભય.

> તરીકો રમિને બાકી વિયોગ થશે એવો ભય તે સકળદોષે પ્રસૂતિમરણ પ્રબળ થશે છે તેને અભિનિવેશ કહે છે. સિદ્ધાંતવર્ણન

૮. પું. દીનતા; ભોંઠપણું; ત-જ્ઞપતા.

૯. પું. વચ્ચે પડવાપણું; દખલગીરી; અંતરપાત.

૧૦. પું. હઠ; આગ્રહ; ખોટી વાતની પકડ.

અભિનિવેદન [સં. અભિ (બહુ) + નિવેદન (પ્રવેશ)] ન. દાખલ થવાપણું.

અભિનિવેશિક [સં. અભિનિવેશ (દખલગીરી) + ઠક (વાળું)] ન. (જૈન) પોતાની વાત ઉપર લાવવાને સારુ ખરી ઉપદેશ કરવો તે.

અભિનિવેશિત [સં. આત્મ (પાસું) + નિવિશ્ (અંદર જવું)] વિ. દાખલ થયેલું.

અભિનિવેશી ૧. વિ. આગ્રહી; હઠીલું.

૨. વિ. ઉત્સાહી.

૩. [સં. અભિ (તરફ) + આવંશ્ (જોઉ હોવું)] વિ. ખોટવાળું; આગ્રહવાળું.

અભિનિષ્કમણ જુઓ અભિનિષ્ક્રમણ.

અભિનિષ્ક્રમણ ૧. [સં. અભિ (પાસે) + નિષ્ક્રમણ (નીકળવું તે)] ન. પાસે નીકળ-પણું.

૨. [સં. આત્મ (તરફ) + નિષ્ક્રમ્ (બહાર જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બહાર જવાપણું; નીસરવું તે.

૩. ન. સંન્યાસ; ગૃહત્યાગ.

૪. [સં. અભિ (સામે) + નિષ્ક્રમણ (નીકળવું તે)] ન. સામે નીકળવું તે.

અભિનિષ્ક્રાંત ૧. [સં. અભિ (તરફ) + નિસ્ (બહાર) + ક્રાંત (ગયેલ)] વિ. દીક્ષિત; સંન્યાસી.

૨. [સં. અભિ (પાસે) + નિષ્ક્રાંત (નીકળેલ)] વિ. પાસે નીકળેલું.

૩. વિ. બહાર નીકળેલું.

૪. [સં. અભિ (સામે) + નિષ્ક્રાંત (નીકળેલું)] વિ. સામે નીકળેલ.

અભિનિષ્ક્રાન્તન [સં. અભિ (તરફ) + નિસ્ (બહાર) + ક્રાન્ત (પહોંચવું તે)] ન. બહાર પડવાપણું.

અભિનિષ્પત્તિ ૧. [સં. અભિ (બહુ) + નિષ્પત્તિ (સમાપ્તિ)] સ્ત્રી. અંત; પૂરું થવા-પણું.

૨. સ્ત્રી. ઉત્પત્તિ.

૩. સ્ત્રી. સંપત્તિ.

૪. સ્ત્રી. સિદ્ધિ; સફળતા.

અભિનિષ્પન્ન ૧. [સં. અભિનિષ્પદ્ (થવું)] વિ. ઉત્પન્ન થયેલું.

૨. વિ. સાધ્ય.

૩. વિ. સિદ્ધ.

અભિનીત ૧. વિ. ઠોપી; મુરલાવાળું.

૨. વિ ખેંચી આણેલું.

૩. [સં.] વિ. પકડી લાવેલું; જેલ.

૪. વિ. પીઠ; પીઠબળવાળું.

૫. વિ. ન્યાયી.

૬. [સં. અભિ (પાસે) + ની (લાવવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. પાસે લાવેલ.

૭. વિ. પૂજેલું.

૮. વિ. વાળ્યામેલું; અભિનય કરાયેલું.

૯. વિ. માફી આપનારું; ક્ષમાવંત.

૧૦. વિ. આપણું.

૧૧. વિ. લાયક; વાજબી; યોગ્ય.

૧૨. વિ. સંસ્કાર પામેલું.

૧૩. [સં. અભિ (તરફ) + નીત (લાવેલું)] વિ. સામે જોઈઆવેલ.

૧૪. [સં. અભિ (વિશેષતાવાચક ઉપસર્ગ) + નીત (રોકેલું)] વિ. સુશોભિત; સંસ્કારેલ.

અભિનીતિ ૧. [સં.] સ્ત્રી. ગ્રિમ બોલવા વગેરેની યુક્તિ.

૨. સ્ત્રી. રૂપ વગેરેનું કોઈ વગેરેથી અનુકરણ.

૩. [સં. અભિ (સામે) + ની (લઈ જવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. સામે લઈ જવાપણું.

અભિનીવિષ [સં. અભિ (પદું) + નિવિષ્ટ (આતુરતાવાળું)] વિ. (બહુ વ્ર.) હઠીલું; આગ્રહી.

અભિનીવિષ છે રીસ બે વહી તે.
વલ્લભ

અભિનૂત્ન વ. આપ્યા; કપટ.

અભિનેતવ્ય ૧. [સં. અભિની (હાવભાવ કરવો)] ન. હાવભાવ; શરીરની ભેટ્ટ.
૨. વિ. નાટક કરવા લાયક.
૩. [સં. અભિ (ઉપર) + નેતવ્ય (લાવવા જેવું)] વિ. લાવવા જેવું; રેતભૂમિ ઉપર લાવવા લાયક.
૪. [સં. અભિ (સામે) + નેતવ્ય (લઈ જવા જેવું)] વિ સામે લઈ જવા જેવું.

અભિનેતા [સં. અભિનેતૃ (હાવભાવ કરનાર)] પું. વેશ ભજવનાર પુરુષ; નટ.

અભિનેત્રી [સં. અભિનેતૃ (હાવભાવ કરનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. વેશ ભજવનાર સ્ત્રી; નટી.

અભિનેય જુઓ અભિનેતવ્ય ૨, ૩, ૪.

અભિન્ન ૧. [સં. ન (નહિ) + ભિન્ન (જાદું)] પું. (અલિક) પુરુષોમાં 'ઇન્દ્રજિત'.
૨. વિ. અંતર પાડ્યા વિનાનું.
૩. વિ. આખું; અખંડ.
૪. વિ. એકસરખું; એકરૂપ; ભેદ રહિત.
૫. વિ. (અલિક) પૂરું; પૂર્ણ.
૬. વિ. કૃત્રિમ કામ વગરનું; નહિ ભરેલું.
૭. વિ. એવું; એકનું બનેલું; સાદું નહિ એવું.
૮. વિ. સાચું; દૃઢ.
૯. વિ. સાથે રહેનારું.

અભિન્નગ્રંથિ [સં. ન (નહિ) + ભિન્ન (તોડવું) + ગ્રંથિ (ગાંઠ)] પું. (જૈન) રાગદ્વેષની નિબિડ ગાંઠ તોડી સમકિત એટલે શુદ્ધ જ્ઞાન જેનાથી ન હોય એવો જીવ.

અભિન્નતા ૧. [સં. ન (નહિ) + ભિન્ન (જાદું) + તા (પદું)] સ્ત્રી. અખંડતા; ભાગ પાડેલા ન હોય એવું હોવાપણું.
૨. [સં. ન (નહિ) + ભિન્ન (જાદું) + તા (પદું)] સ્ત્રી. એકતા; એકરૂપતા; સરખાપણું.
૩. સ્ત્રી. સંબંધ.

અભિન્નત્વ જુઓ અભિન્નતા.

અભિન્ન-નિમિત્તોપાદાન [સં. ન (નહિ) + ભિન્ન (જાદું) + નિમિત્ત (કર્તાકારણ) + ઉપાદાન (સમવાયિકારણ)] ન. (વેદાંત) એક જ જાતના કર્તારૂપ તેમ જ કર્મરૂપ હોવાપણું. જેમાં, જગતનો કર્તા પણ છે તથા જગત જ પદાર્થો માટે પણ છે માટે પણ જગતનું અભિન્ન-નિમિત્તોપાદાન કહેવાય.

અભિન્ન-નિમિત્તોપાદાનત્વ [સં. ન (નહિ) + ભિન્ન (જાદું) + નિમિત્ત (કર્તાકારણ) + ઉપાદાન (સમવાયિકારણ) + ત્વ (પદું)] ન. (વેદાંત) કાર્યનું કર્તાકારણ અને ઉપાદાન એટલે જેમાંથી કોઈ પણ વસ્તુ બનાવાતી હોય તે બંને પ્રકારના કારણરૂપ એક જ વસ્તુનું હોવું તે. જેમકે, કરોળિયો પોતાની જાળનું ઉપાદાન અને નિમિત્તકારણ પણ છે.

અભિન્નપદ પું. (કાવ્ય) એક જાતનો શ્લેષ-પ્રકાર.

અભિન્નબીજ [સં. અભિન્ન (આખું) + બીજ (મૂળ સંખ્યા)] ન. (અલિક) બીજ-શ્રેણીની પૂર્ણાંક સંખ્યા. જેમકે ૩; ૮૬૫; ૯૬૩૯૨.

અભિન્નરૂપ [સં. અભિન્ન (જાદું નહિ એવું) + રૂપ (આકાર)] વિ. એકસરખું; સમાન.

અભિન્નવિજ્ઞાન [સં. અભિન્ન (સમાન) + વિજ્ઞાન (જ્ઞાનપદું)] ન. બધે જ એક-સરખો અર્થ બતાવતું હોય એવો સિદ્ધાંત. જેમકે, માણસ મનુષ્યવર્ગનું પ્રાણી છે.

અભિન્નાત્મક [સં. અભિન્ન (પૂર્ણ) + આત્મક (રૂપ)] વિ. (અલિક) પૂર્ણાંક સમાયેલો હોય એવું.

અભિન્નાંક [સં. અભિન્ન (પદું) + અંક (આકડો)] પું. (અલિક) પૂરેપૂરો આકડો; 'ઇન્ટિજર'.

અભિન્યાસ [સં.] પું. (વૈદ્ય) સ્નેહપાનની એક જાત. તેમાં ઊંઘ ન આવે, શરીર કૃશ અને દૃષ્ટિનો દીપ્તી વધે એવા ઉપાય છે.

અભિપતન ૧. [સં. અભિ (તરફ) + પત્ (પડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઊપડવાપણું; રવાનગી.
૨. [સં. અભિ (ઉપર) + પત્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ચડાઈ; હુમલો.
૩. [સં. અભિ (પાસે) + પત્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પાસે જવું તે.

અભિપત્તિ ૧. [સં. અભિ (પાસે) + પત્ (જવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. પાસે જવાપણું.
૨. સ્ત્રી. સમાપ્તિ; પૂર્ણતા.
૩. સ્ત્રી. સિદ્ધિ.

અભિપથિ [સં. અભિ (વેશ) + પથ (કામ કરવા લાયક રસ્તો)] વિ. સુંદર; મનોહર.

અભિપુષ્પ ૧. [સં. અભિ (ચોતરફ) + પુષ્પ (ફૂલ)] ન. ચોતરફ ફૂલવાળું ઝાડ.
૨. [સં. અભિ (વેશ) + પુષ્પ (ફૂલ)] ન. સૌથી સુંદર ફૂલ.
૩. [સં. અભિ (ખૂબ) + પુષ્પ (ફૂલ)] વિ. ખૂબ ફૂલવાળું.

અભિપૂજન [સં. અભિ (પાસે) + પૂજન (સત્કાર)] ન. માન; આદરસત્કાર.

અભિપ્રણય ૧. પું. કૃપા; મહેરબાની.
૨. [સં. અભિ (ઉપર) + પ્રણય (પ્રેમ)] પું. પ્રેમ; સ્નેહ.
૩. પું. સંતોષ.

અભિપ્રણયન [સં. અભિ (ચોતરફ) + પ્રણયન (અગ્નિનો એક સંસ્કાર)] ન. વેદના મંત્ર બોલી પવિત્ર બનાવવાની ક્રિયા.

અભિપ્રણીત [સં. અભિ (બધી તરફ) + પ્ર (ઉત્તમ રીતે) + નીત (આણેલ)] વિ. વેદ-વિધિથી સંસ્કારી કરેલું.

અભિપ્રતપ્ત ૧. [સં. અભિ (પદું) + પ્રતપ્ત (તપેલું)] વિ. પદું ગરમ થયેલું.
૨. [સં. અભિ (પદું) + પ્રતપ્ત (તપાવી બનેલું)] વિ. દુઃખ કે તાવથી તપાવી બનેલું.
૩. વિ. સુકાઈ ગયેલું.

અભિપ્રવર્તન ૧. [સં. અભિ (આવંત) + પ્રવર્તન (શેકાયું)] ન. કામમાં પદું રોકાયું.
૨. ન. બનવાની ક્રિયા; બનત.
૩. ન. પરસેવો વળવાપણું.

અભિપ્રવૃત્ત [સં. અભિ (આવંત) + પ્રવૃત્ત (કામમાં રોકાયેલ)] વિ. બધી કામગીરીવાળું.

અભિપ્રાગ્વહન [સં. અભિ (તરફ) + પ્રાગ્વહન (વહાલની ક્રિયા)] ન. પ્રેમ બહાર કાઢવા-પણું; ઉન્મેષ.

અભિપ્રાય ૧. [સં. અભિ (તરફ) + પ્ર (ઉત્તમ રીતે) + ય (જવું)] પું. અભિલાષા.
૨. પું. નાટકનો કોઈ વસ્તુવ્યવહારનો ભાવિનો ભાગ.
૩. [સં. અભિપ્રે (વિચાર કરવો)] પું. મત; વિચાર.
૧. અભિપ્રાય આપવો = મતનો વિચાર જણાવવો.
૨. અભિપ્રાય બાંધવો = મત બાંધવો.
૩. અભિપ્રાય બળવો = બીજા માણસ સાથે પોતાનો વિચાર મળતો થવો.
૪. અભિપ્રાય લેવો = બીજા માણસનો વિચાર જાણવો; સલાહ લેવી.

૪. પું. મનસૂબો; ઇરાદો.

૫. [સં. અભિ (પ્રતિ) + પ્રે (જવું)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક, જેમાં પ્રલય વખતે જગત તેમની સામે જતું બતાવ્યું છે.

૬. પું. સલાહ.

૭. પું. સંબંધ.

૮. પું. સારાંશ; તાત્પર્ય; ભાવાર્થ.

૯. પું. હેતુ; મતલબ; આશય.

અભિપ્રાયસૂચક ૧. [સં. અભિપ્રાય (ઇચ્છા) + સૂચક (જણાવનાર)] વિ. ઇરાદો જાહેર કરનારું.

૨. [સં. અભિપ્રાય (મત) + સૂચક (જણાવનાર)] વિ. મત જણાવનાર.

અભિપ્રીતિ ૧. [સં. અભિ (પાસું) + પ્રીતિ (રાજીપો)] સ્ત્રી. આનંદ; હર્ષ.

૨. [સં. અભિ (તરફ) + પ્રીતિ (પ્રેમ)] સ્ત્રી. પક્ષપાત.

અભિપ્રેત ૧. [સં. અભિ (તરફ) + પ્ર (ઉત્તમ રીતે) + ઇ (જવું)] વિ. પક્ષપાતવાળું; અભિલાષી.

૨. વિ. ધારેલું; ઇષ્ટ.

૩. વિ. પ્રિય; વહાલું.

૪. વિ. સંમત.

૫. વિ. સ્વીકારેલું.

અભિપ્રોક્ષણ ૧. [સં. અભિ (ઉપર) + પ્રોક્ષણ (છાંટવું)] સ્ત્ર. છંટકાવ; સિંચન.

૨. સ્ત્ર. મંત્ર બોલતાં કે આશીર્વાદ દેતાં જજમાન ઉપર કળશથી પાણી છાંટવું તે.

૩. સ્ત્ર. વસ્તુને પવિત્ર કરવાને તેની ઉપર કરવામાં આવતો પાણીનો છંટકાવ.

અભિપ્લવ ૧. પું. ઉપદ્રવ; ઉત્પાત.

૨. પું. એ નામનો એક યજ્ઞ.

૩. પું. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં ૬૨ સામના છઠ્ઠે છઠ્ઠે દિવસે કરવામાં આવતી ક્રિયા.

૪. પું. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં ૬૨ સામનો પંચમો ભાગ. તે દરેક ૬ દિવસનો હતો, અને દરેકનું જુદું જુદું નામ હતું.

૫. [સં. અભિ (ચોતરફ) + પ્લુ (ઢંકાઈ જવું)] પું. ચોતરફ કૂદવું તે.

૬. પું. છલાંગ.

૭. પું. પ્રાણાયામ આદિમાં.

૮. પું. વ્યાધિ; દુઃખ.

૯. પું. સોમ આદિનો યજ્ઞ, જે એક અભિપ્લવમાં થતો હતો.

અભિબુદ્ધિ [સં. અભિ (પાસું) + બુદ્ધિ (જ્ઞાન)] સ્ત્રી. જ્ઞાનની ઇંદ્રિય. તે પાંચ છે: આંખ, કાન, નાક, જીભ અને ચામડી.

અભિભવ ૧. પું. અનાદર.

૨. [સં. અભિભૂ (તિરસ્કારવું)] પું. તિરસ્કાર; ધિક્કાર.

૩. પું. જગવાન અને એક જ જાતની વસ્તુના સંબંધથી અમુક ગુણ નહિ જેવાપણું. જેમકે, સોનું એક જાતનું તેજ છે, તેથી તેમાં પ્રકાશ પોતો હોવો જોઈએ. એમ છતાં પૃથ્વીનો જગવાન અને એક જ જાતનો સંબંધ હોવાથી પૃથ્વી મહિના પીળા રંગ અને બારીપણાને લીધે સોનાનું તેજ પોતું દેખાતું નથી.

૪. પું. માનભંગ; ગર્વખંડન.

૫. [સં. અભિભૂ (ઢંકાઈ જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. રોગના કુમળાથી અવયવોનું જડ થવું તે.

૬. પું. વિચિત્ર બનાવ; વિલક્ષણ ઘટના.

૭. પું. આપત્તિ; કેવાયો; પ્રસરવું.

૮. [સં. અભિભૂ (હરાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. હાર; પરાજય.

તે પ્રબળ શત્રુવારણની અસાધારણ લોકવારણાઓનો અભિભવ સંભવે છે.

નીલકંઠ મહેતા

અભિભવન ૧. સ્ત્ર. અનાદર.

૨. [સં. અભિભૂ (અવજ્ઞાપૂર્વક હસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્ર. તિરસ્કાર; ધિક્કાર.

૩. સ્ત્ર. રોગથી થતો શરીરનો શોષ.

૪. [સં. અભિભૂ (હરાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્ર. હાર; પરાજય.

અભિભવવું [સં. અભિભૂ (હરાવવું)] સ.ક્રિ. હરાવવું; છતવું.

તારી ભક્ત તારું અભિભવી.

ભિક્ષુ પંચાસિકા

અભિભંગ ૧. [સં. અભિ (ચોતરફ) + ભંગ (નાશ)] પું. ચોતરફથી અપમાન.

૨. પું. આંખી બનાવટ.

૩. વિ. નાશ કરનાર.

૪. વિ. આંખી બનાવના સ્વભાવવાળું.

અભિભાર [સં. અભિ (પાસું) + ભાર (બોજો)] વિ. પાસું ભારે; બહુ વજનદાર.

અભિભાવક ૧. પું. પાલક; વાલી.

૨. વિ. અનાદર કરનાર.

૩. વિ. બદલવું બોલનારું.

૪. [સં. અભિભૂ (અવજ્ઞાપૂર્વક હસવું)] વિ. તિરસ્કાર કરનાર.

૫. વિ. વશ બનાવનારું.

૬. [સં. અભિ (શ્રેષ્ઠ) + ભૂ (હોવું)] વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

૭. [સં. અભિભૂ (હરાવવું)] વિ. હરાવનાર; પરાજય કરનાર.

૮. [સં. અભિભૂ (ઢંકાઈ જવું)] વિ. ઢબલો કરનારું.

અભિભાવકતા ૧. [સં. અભિભાવક (વાલી) + તા (પણું)] સ્ત્રી. વાલીપણું.

૨. [સં. અભિભાવક (શ્રેષ્ઠ) + તા (પણું)] સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું.

અભિભાવી જુઓ અભિભાવક.

અભિભાષક [સં. અભિ (દ્વારા) + ભાષક (બોલનાર)] વિ. ટેલિફોન જેવાથી સ્વરસંવાહક યંત્રથી વાતચીત કરનાર.

અભિભાષણ [સં. અભિ (સામે) + ભાષણ] સ. વાતચીત.

અભિભાષા [સં. અભિ (ઉત્તમ) + ભાષા] સ્ત્રી. દેવની ભાષા.

તેણે આર્ય ચાર ભાષાઓનો જ સ્વીકાર કરેલો છે. (૧) અભિભાષા (દેવોની ભાષા); (૨) આર્યભાષા (આર્યોની ભાષા); (૩) અભિભાષા (વિવિધ અસુરોની ભાષા) અને (૪) અસંસ્કૃત ભાષા (પક્ષીઓની અને પશુઓની ભાષા). અસોઽચરિત

અભિભાષી ૧. [સં. અભિ (દ્વારા) + ભાષિન્ (બોલનાર)] પું. ટેલિફોન; દૂરાભાષક; સ્વરસંવાહક યંત્ર.

૨. વિ. વાતચીત કરનારું.

૩. [સં. અભિ (બાજુ) + ભાષિન્ (બોલનાર)] વિ. સંબોધન કરનાર; બોલાવનાર.

અભિભાષીસ્થાન [સં. અભિ (દૂર) + ભાષિન્ (બોલનાર) + સ્થાન (જગા)] સ્ત્ર. ટેલિફોનનું મુખ્ય સ્થળ.

અભિભૂ પું. (પુરાણ) કશ્યપ-દનુનો એ નામનો દીકરો. ભારતના યુદ્ધમાં તે પાંડવપક્ષમાં હતો.

અભિભૂત ૧. વિ. ગભરાયેલું; વ્યાકુળ.

૨. વિ. જડ થયેલ.

૩. [સં. અભિભૂ (અપમાન કરવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. તિરસ્કાર પામેલ.

૪. વિ. માનભંગ થયેલું.

૫. વિ. વશ કરાયેલું; કાબૂમાં આવેલું.

૬. [સં. અભિભૂ (હરાવવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. હારેલું; પરાજય પામેલું.

અભિભૂતિ ૧. સ્ત્રી. અપમાન; માનભંગ.

૨. [સં. અભિભૂ (હરાવવું) + તિ (ભાવ અર્થવાચક પ્રત્યય)] સ્ત્રી. પરાજય; હાર; પરાભવ.
૩. સ્ત્રી. સર્વોપરી સત્તા.
૪. વિ. હરાવનાર.

અભિમત ૧. [સં. અભિમત (માન્ય)] ભૂ. આશક; પ્રેમી.
૨. [સં. અભિ (તરફ) + મત (વિચાર)] ભૂ. ટેકો; સંમતિ; અનુમોદન.
૩. પું. વિચાર.
૪. વ. અભિમાન.
૫. [સં. અભિ (તરફ) + મન્ (વિચાર કરવો)] વ. મનોરથ; કલ્પના.
૬. વિ. કબૂલેલું; ચાહેલ; પસંદ કરેલું.
૭. વિ. પ્રિય; વહાલું.
૮. વિ. માનેલું.
૯. વિ. સ્વીકારેલું; સંમતિ આપેલું.

અભિમતિ ૧. સ્ત્રી. 'અમુક વસ્તુ મારી છે' એવી ખોટા અહંકારવાળી માન્યતા.
૨. સ્ત્રી. (પુરાણ) આઠ વસુમાંના એકની સ્ત્રી.
૩. [સં. અભિ (તરફ) + મન્ (વિચારવું)] સ્ત્રી. કલ્પના; ચાહના.
૪. સ્ત્રી. કબૂલાત; મંજૂરી.
૫. સ્ત્રી. ગર્વ; અહંકાર.
૬. સ્ત્રી. માન; આદર.
૭. સ્ત્રી. વિચાર.
૮. [સં. અભિ (તરફ) + મતિ (વિચાર)] સ્ત્રી. સંમતિ.

અભિમન્યુ ૧. [સં. અભિ (બહાદુર) + મન્યુ (ક્રોધવાળો)] પું. (પુરાણ) અર્જુન અને સુભદ્રાનો દીકરો. તે જન્મથીજ બહાદુર, લાંબા હાથવાળો અને ખૂબસૂરત હતો. પોતાના બાપ પાસેથી અસ્ત્રવિદ્યા શીખીને તે તેના જેવો પરાક્રમી બનેલો. ભીષ્મ અગર દ્રોણની પ્યારી પર સત્તા અને દ્રોણાચાર્યે ગોઠવેલું સેનાપતિપદું બીજું અને દુર્યોધને અર્જુનને હરાવનારી અગર સંહારક જોઈએ છું કહીને પોતાને મારીને જોવું પણ જેનાર સાવચેત પક્ષે યુદ્ધમાં રોકવાની યુક્તિ કરી અને દ્રોણાચાર્યે અર્જુન સિવાય બીજા પાંડવોથી ભેદી ન શકાય એવો ચક્રવ્યૂહ રચ્યો. આ બાજુના બહુને તોડવાની કળા માત્ર કૃષ્ણ, અર્જુન અને પ્રદ્યુમ્નને જ આવડતી હતી. તેમાંના બે સંહારક થયા હતા અને પ્રદ્યુમ્ન દ્વારકામાં હતો તેથી યુધિષ્ઠિરને ચિંતા થઈ, પણ અભિમન્યુએ અંદર જવાનું અને ભીમસેને તેની પાછળ જવાનું પોતે કીધું. અભિમન્યુ બોલ્યો કે ચક્રવ્યૂહ ભેદીને તેમાં કઈ રીતે પ્રવેશ કરવો એ તો મેં સાંભળ્યું છે, પણ બહાર કઈ રીતે નીકળવું એ સંબંધી કાંઈ સાંભળેલું ન હોવાથી મને ખબર નથી. જ્યાં આપ વડીલો મારી પાછળ રહેશો તો હું એ બહુને ભેદીશ. આથી ધીરજ ખલવવાથી ભીમસેન બોલ્યો કે એમ છે તો આપણા કેટલાક વીરોને લઈને તું જઈશ તે જ રસ્તે હું તારી પાછળ આવીશ. આથી પાછા ફરવાનું જ્ઞાન ન હોવા છતાં અમે બારોબાર કુમળી કોરકીનું ભેદવું એટલે કાંઈ આપણા પાછા નહિ. ભીમસેનનાં આવાં વચનો સાંભળી અભિમન્યુએ ચક્રવ્યૂહ ભેદીને અંદર જવાનું સ્વીકાર્યું. યુધિષ્ઠિર વિના તે ચક્રવ્યૂહમાં દાખલ થયો અને પાછળ ભીમસેન વગેરે પણ ગયા. જયદ્રથાદિએ આ જોઈ તેમના ઉપર પડતાં કર્યો. બંને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં તેણે દ્રોણની સેનાના મોટા બહાદુરો કર્ણપુત્ર વૃષસેન, કૃપાચાર્ય, કર્ણ વગેરેને ભોંયભેગા કર્યા. તેથી અભિમન્યુ ઉપરનો પડી ગયો અને દ્રોણ, કર્ણ, કૃપ, અશ્વત્થામા અને કૃતવર્માએ બાણના વરસાદથી તેને મારી નાખ્યો. એના મરણ વખતે તેની સ્ત્રી ઉત્તરા ગર્ભવતી હતી. તેને પરીક્ષિત નામે દીકરો જન્મ્યો.
૨. પું. (પુરાણ) અનુમંતુનો એક નામનો દીકરો.

અભિમર ૧. પું. બંનેની પ્રજાથી સાથે મોતની સજાર કર્યા વગર કરાતી હત્યાઈ; કાઠમારી.
૨. [સં.] પું. પોતાના પક્ષ તરફથી લડતો દ્ધો.
૩. પું. પોતાનું લશ્કર.
૪. પું. ભેદી; બંધન.
૫. પું. લાગ; ઘીક.
૬. પું. લડાઈ; યુદ્ધ.
૭. [સં. અભિ (પાસું) + મૃ (મરવું)] પું. વધ; નાશ; કતલ.

અભિમર્દ ૧. [સં. અભિ (તરફ) + મૃદ્ (ખૂંદવું)] પું. પગારો.
૨. પું. ઘા; તરાપ; મહ.
૩. પું. ઠેસની પગમાલી.
૪. [સં. અભિ (પાસે) + મૃદ્ (ચાંપવું કચરવું)] પું. પાસે કચરાવું.
૫. પું. બંધન જોઈએ બોલવું તે.
૬. પું. લડાઈ; યુદ્ધ; સમર; રણ.

અભિમર્દન ૧. [સં. અભિ (પાસે) + મૃદ્ (પાસે કચરે) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] વ. પાસું કચરવાની ક્રિયા.
૨. [સં. અભિ (ઉપર) + મૃદ્ (ચોળવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] વ. ચોળવું તે; મર્દન.
૩. [સં. અભિ (વિરોધ) + મૃદ્ (કચરવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] વ. યુદ્ધમાં; ત્રાસ.
૪. વ. નાશ.
૫. વ. યુદ્ધ; લડાઈ.
૬. વિ. દુઃખ આપનાર; કનડી નાખનાર.

અભિમર્શ ૧. વ. સ્પર્શવું.
૨. [સં. અભિમૃશ્ (સંબંધમાં આવવું)] વ. સંયોગ; મૈથુન.
૩. [સં. અભિ (પાસે) + મૃશ્ (અડવું)] વ. સ્પર્શ.
૪. વ. હાર; પરાભવ.
૫. વ. યુદ્ધનો; લડાઈ.

અભિમર્શક ૧. વિ. પસ્પરા.
૨. વિ. પરાભવ કરનાર.
૩. [સં. અભિમૃશ્ (સંબંધમાં આવવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. સંયોગ કરનાર; મૈથુનસેવી.
૪. [સં. અભિ (પાસે) + મૃશ્ (અડવું)] વિ. સ્પર્શ કરનાર.
૫. વિ. યુદ્ધનો કરનાર.

અભિમર્શન જુઓ અભિમર્શ.

અભિમર્શી જુઓ અભિમર્શક.

અભિમર્શ્ય જુઓ અભિમર્શ.

અભિમંડન ૧. [સં. અભિ (વિરોધ) + મંડન (સજાવટ)] વ. પોતાનો પક્ષ મજબૂત કરવાપણું.
૨. [સં. અભિ (વિરોધ) + મંડન (અનુકાર)] વ. અનુકારવાની ક્રિયા.

અભિમંતવ્ય ૧. [સં. અભિ (પાસું) + મંતવ્ય (માનવા લાયક)] વિ. બરાબર વિચારવા જેવું.
૨. વિ. અજમાવા જેવું.
૩. [સં. અભિ (પાસું) + મંતવ્ય (માનવા જેવું)] વિ. માનવા લાયક.

અભિમંતા ૧. [સં. અભિ (વિરોધ) + મન્તૃ (અભિમાની)] વિ. અભિમાની.
૨. [સં. અભિ (પાસું) + મન્ (વિચારવું) + તૃ (કર્તૃવાચક પ્રત્યય)] વિ. આદર કરનાર; સન્માન આપનારું.

અભિમંત્ય જુઓ અભિમંત્રણ.

અભિમંત્રણ ૧. [સં. અભિમંત્ર્ (આમંત્રણ કરવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] વ. આમંત્રણ; નોતરું.

૨. ન. આવાહન.
૩. ન. પ્રહાર.
૪. [સં. અભિ (સારી) + મંત્રવું (વિચાર કરવો તે)] ન. મસલત.
૫. [સં. અભિ (વિશેષ) + મંત્ર (પવિત્ર બનાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. મંત્ર બોલી પવિત્ર બનાવવાની ક્રિયા.

દીધું વરદ મંત્રણા કરીને,
આવ્યું અમે અભિમંત્રણ કરીને.

દયારામ

અભિમંત્રવું ૧. [સં. અભિ (સારી) + મંત્ર્ (વિચાર કરવો)] સ. ક્રિ. મસલત કરવી.
૨. [સં. અભિમંત્ર્ (આમંત્રવું)] સ. ક્રિ. આમંત્રણ કરવું; નોતરવું.
૩. સ. ક્રિ. આવાહન કરવું.
૪. સ. ક્રિ. પ્રહારવું.
૫. [સં. અભિ (વિશેષ) + મંત્ર્ (શુદ્ધ બનાવવું)] સ. ક્રિ. મંત્ર બોલી પવિત્ર બનાવવું.

અભિમંત્રિત ૧. [સં. અભિમંત્ર્ (આમંત્રવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. આમંત્રણ કરેલું; બોલાવેલ.
૨. વિ. આવાહન કરાયેલું.
૩. વિ. પ્રહારાયેલું.
૪. [સં. અભિ (સારી) + મંત્ર્ (વિચાર કરવો) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. મસલત કરાયેલું.
૫. [સં. અભિ (વિશેષ) + મંત્ર્ (શુદ્ધ કરવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. મંત્ર બોલી પવિત્ર કરાયેલું.

અભિમંથ ૧. પું. આંખનો એક રોગ.
૨. [સં. અભિ (વિશેષ) + મંથ્ (વલોવવું)] પું. વલોણું; મંથન; અત્યંત મથવું તે.

અભિમાઠ [સં. અભિ (વિશેષ) + માઠ (નઠારો કરવો)] પું. ખટકો; નઠારો.

અભિમાન ૧. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં થયેલા ધર્મ ઋષિનો ઉન્નતિને પોતે જન્મેલો એ નામનો દીકરો.
૨. [સં. અભિ (વિશેષ) + માન્ (સન્માન)] ન. ઇજ્જત; મરતબ.
૩. [સં. અભિ (વિશેષ) + માન્ (માનવું)] ન. ખોટો ગર્વ; અહંકાર; અભડથી; ફુંપવું.

સ્તબ્ધ ગર્વ અહંકાર મદ મર્ષ રજસ અભિમાન,
માન ગર્વિત ફુંફરિયું કરવ રાગ અભ્યસૂ.
નિષ્કલંકોપ

અભિમાનનું છોરું = ઘણું અભડથી.

૪. ન. ગુણ કે સ્થિતિમાં બીજાની બાદરીથી બંધાયેલો સારો મત.
૫. [સં. અભિ (ઘણું) + માન (બહાર)] ન. ગૌરવ; મોટાઈ.
૬. ન. ઘમંડ કરવાપણું.
૭. ન. નાટ્યના તેત્રીસ અલંકારમાંનો એક.
૮. ન. પ્રાર્થના.
૯. ન. પ્રેમ; સ્નેહ; પ્રણય.
૧૦. ન. પ્રેમ કે પરમાર્થ બુદ્ધિથી હસવું પ્રફુલ્લિત થવાપણું.
૧૧. ન. ભય; મિથ્યાજ્ઞાન.
૧૨. ન. મમતા; મોહ.
૧૩. [સં. અભિ (ઘણું) + માન્ (જાણવું)] ન. માનની લાગણી; પૂજ્યભાવ.
૧૪. ન. માન્યતા; મત.
૧૫. ન. વ્યંગ; ટિપ્પણ.
૧૬. ન. વેરનો બદલો; વેરની વસૂલાત.
૧૭. ન. કૃંગારરસની એક અવસ્થા; પ્રેમથી ઉત્પન્ન થયેલી સ્થિતિ.
૧૮. ન. સમજશક્તિ; બુદ્ધિ.

અભિમાનત્વ ૧. [સં. અભિમાન (અહંતા) + ત્વ (ભાવ)] ન. (વેદાંત) પોતાને માટે ઊંચાપણાનો વિચાર.
૨. ન. બીજાઓમાં મારાપણાનો ભાવ.

અભિમાનમૂર્તિ [સં. અભિમાન (અહંકાર) + મૂર્તિ (આકૃતિ)] સ્ત્રી. ઘણું જ ગર્વવાળું માણસ; માનનું પૂતળું.

અભિમાનારૂઢ ૧. [સં. અભિમાન (અહંતા) + આરૂઢ (ચઢેલ)] ન. ગર્વનું કારણ.
૨. વિ. અભડથી ભરાયેલું.

અભિમાનિકી [સં. અભિમાનિન્ (ગર્વવાળું)] વિ. સ્ત્રી. વિનાના વિચાર અને અભ્યાસ વિના માત્ર પોતાના સંસ્કારથી જ કરેલી.

અભિમાનિત ૧. [સં. અભિ (વિશેષ) + માન (સન્માન)] ન. ગર્વ; અહંકાર.
૨. ન. પ્રેમ.
૩. ન. સંભોગ; મૈથુન; સુરત; કામક્રીડા.
૪. [સં. અભિમાન (ગર્વ) + ક્ત (વાળું)] વિ. અભડથી; ગર્વિષ્ઠ.

અભિમાનિતા ૧. [સં. અભિ (વિશેષ) + માનિતા (માનીતું)] સ્ત્રી. અભિમાનીપણું.
૨. વિ. સ્ત્રી. અભિમાનવાળી.

અભિમાનિત્વ જુઓ અભિમાનિતા ૧.

અભિમાનિની [સં. અભિમાનિન્ (ગર્વવાળું) + ઈ (નારીવાચિકો પ્રત્યય)] વિ. સ્ત્રી. અહંકાર કરનારી.

અભિમાની ૧. પું. (પુરાણ) વસુદેવનો મોટો દીકરો; એક અગ્નિ. એની સ્ત્રી સ્વાહાને પાવક, પાવમાન અને શુચિ નામના ત્રણ દીકરા હતા. તેમને પિસ્તાળીસ દીકરા હતા. તે પોતે, એના ત્રણ દીકરા અને પિસ્તાળીસ પૌત્ર મળીને ઓગણપચાસ અગ્નિ થાય છે.
૨. પું. સોળ નામના મનુનો દીકરો.
૩. [સં. અભિમાનિન્] વિ. અહંકારી; અભડથી.
૪. વિ. ઉન્મત્ત; તોરી; છોછું.
૫. વિ. પ્રત્યય કોપવાળું; ફસલું લીધેલું હોય એવું.
૬. વિ. બધી બાબત પોતાની સાથે સંબંધ ધરાવે છે એમ માનનાર.
૭. વિ. મિથ્યાજ્ઞાનવાળું.
૮. વિ. સ્વમાન ગણવનાર.

અભિમુખ ૧. [સં. અભિ (તરફ) + મુખ (મોં)] વિ. અનુકૂળ વૃત્તિવાળું.
૨. વિ. તાકી રહેલું.
૩. વિ. નષ્ટકર્મ.
૪. વિ. પરાયણ; તત્પર.
૫. [સં. અભિ (પાસે) + મુખ (મોં)] વિ. પાસે આવતું.
૬. વિ. મોઢું ઊંચે રાખેલું.
૭. વિ. સામે મોઢું રાખી બેઠેલું.
૮. વિ. સામેનું; સંમુખ.
૯. ન. તરફ; પ્રતિ.

અભિમુખકોણ [સં. અભિમુખ (સામેનું) + કોણ (ખૂણો)] પું. (ગણિત) સામેનો ખૂણો; 'વર્તુલની ઓપોઝિટ એંગલ'.

અભિમુખતા ૧. [સં. અભિ (તરફ) + મુખ (મોં) + તા (પણું)] સ્ત્રી. અનુકૂળતા.
૨. [સં. અભિ (પાસે) + મુખ (મોં) + તા (પણું)] સ્ત્રી. પાસે હોવાપણું.
૩. સ્ત્રી. વૃત્તિ; વલણ.
૪. સ્ત્રી. સંમુખતા; સામે હોવું તે.

અભિમુખત્વ જુઓ અભિમુખતા.

અભિમૂર્ચ્છિત [સં. અભિ (વિશેષ) + મૂર્ચ્છિત (બેભાન)] વિ. બહુ બગડી ગયેલું; અવ્યવસ્થાવાળું; ગૂંચવાયેલું.

અભિમૃષ્ટ ૧. [સં. અભિ (સારી) + મૃષ્ટ (ચોખ્ખું)] વિ. ધોયેલ.
૨. વિ. પરાજય કરેલ.
૩. વિ. મળેલ; મિશ્ર થયેલ.
૪. [સં. અભિ (વિશેષ) + મૃજ્ (સાફ કરવું)] વિ. સાફ કરેલ.
૫. [સં. અભિ (સારી) + મૃષ્ટ (ચોખ્ખું)] વિ. સ્પર્શ કરેલ; અડકેલું; સંસૃષ્ટ.

અભિમૃક્ષ [સં. અભિ (સારી) + મૃક્ષ] પું. ઘાની એક ક્રિયા.

અભિયક્ષમાધિ [સં. અભિયક્ષ (યક્ષની ક્રિયા) + માધિ (મંત્ર)] સ્ત્રી. યક્ષ વગેરે ભોગવવાનો મંત્ર.

અભિયા ૧. [હિં. યહ હૈયા (આ બાઈ)] પું. આ પુરુષ.

અભિયા પરણ્યો દમયંતીને.
અરે પારણી આલા. પ્રેમાનંદ

૨. [સં. અભિ (પાસે) + યા (જવું)] સ્ત્રી. પાસે જવાપણું.

૩. [સં. અભિ (ઉપર) + યા (જવું)] સ્ત્રી. હુમલો.

અભિયાચન [સં. અભિ (તરફ) + યાચન (માગણી)] ન. પ્રાર્થના; અરજ.

અભિયાતા ૧. [સં. અભિ (સામે) + યાતૃ (જનાર)] પું. શત્રુ; દુશ્મન; વૈરી.

૨. [સં. અભિ (ઉપર) + યાતૃ (જનાર)] વિ. ચઢાઈ કરનાર.

૩. [સં. અભિ (પાસે) + યાતૃ (જનાર)] વિ. પાસે જનાર.

૪. [સં. અભિ (સામે) + યાતૃ (જનાર)] વિ. સામે આવનાર.

અભિયાતિ ૧. [સં. અભિ (સામે) + યાતિ (જવાપણું)] પું. શત્રુ; દુશ્મન.

૨. સ્ત્રી. યુદ્ધ માટે સામા જવું તે.

૩. [સં. અભિ (ઉપર) + યાતિ (જવાપણું)] સ્ત્રી. હુમલો.

અભિયાતી [સં. અભિ (સામે) + યાતૃ (જનાર)] પું. શત્રુ; દુશ્મન; વૈરી.

અભિયાન ૧. [સં. અભિ (ઉપર) + યાન (જવું તે)] ન. ચઢાઈ; હુમલો.

૨. [સં. અભિ (પાસે) + યાન (જવું તે)] ન. પાસે જવાપણું.

૩. [સં. અભિ (સામે) + યાન (જવું તે)] ન. સામે જવું તે.

અભિયાયી [સં. અભિ (સામે) + યાયિન્ (જનાર)] જુઓ અભિયાતા.

અભિયુક્ત ૧. [સં. અભિ (ઉપર) + યુજ્ (જોડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] પું. આત્મા.

૨. પું. (પુરાણ) કુશ દ્વીપમાંની સાત જાતિમાંની એક. આ જાતિનાં લોક અભિયુક્ત કહેવાય છે.

૩. પું. સુનેગાર; આરોપી.

૪. [સં. અભિયુજ્ (દાવો કરવો) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] પું. પ્રતિવાદી.

૫. વિ. આસક્ત; લાગણીવાળું.

૬. વિ. કહેલું; બોલેલું.

૭. [સં. અભિ (વિશેષ) + યુજ્ (જોડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ખાતરીવાળું; ઉદ્યોગી.

૮. વિ. ધરાવું; પકડ.

૯. વિ. જોડાયેલું.

૧૦. [સં. અભિ (પાસે) + યુજ્ (જોડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. નજીકના સગપણવાળું; આપ્ત.

૧૧. વિ. નિમાયેલું.

૧૨. વિ. પ્રવીણ; હોશિયાર; ચતુર.

૧૩. વિ. હોબ્બારી.

૧૪. [સં. અભિ (વિશેષ) + યુજ્ (ધ્યાન કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. રોકાયેલું; મગ્ન; મશગૂલ.

૧૫. વિ. વિદ્વાન; જ્ઞાની.

૧૬. વિ. શક્તિ વિનાનું; અશક્ત.

૧૭. વિ. શત્રુથી ઘેરાયેલું.

૧૮. વિ. સામે યોજેલું; સામે લગાડેલું.

અભિયુક્તતા ૧. [સં. અભિયુક્ત (શક્તિ વિનાનું) + તા (પણું)] સ્ત્રી. અશક્તિ.

૨. [સં. અભિયુક્ત (ઉદ્યોગી) + તા (પણું)] સ્ત્રી. ઉદ્યમ.

૩. સ્ત્રી. યુદ્ધ માટે ક્રમ ચલાવવું તે.

૪. સ્ત્રી. તહોમત.

૫. સ્ત્રી. પંડિતાઈ; વિદ્વત્તા.

અભિયુક્તભોજન [સં. અભિયુક્ત (આરોપી) + ભોજન (જમવું)] ન. આરોપીનો છુટકારો.

અભિયોક્તવ્ય ૧. [સં. અભિ (સામે) + યુજ્ (જોડવું) + તવ્ય (નિષ્પ્રયોજનનો પ્રત્યય)] વિ. તહોમતવાળું.

૨. વિ. ના પાડવા જેવું; નિષેધ કરવા લાયક.

૩. વિ. પ્રતિવાદી.

અભિયોક્તા ૧. [સં. અભિયોક્તૃ] પું. દોષી પુરુષ.

૨. પું. વધારે મજબૂત પક્ષ.

૩. [સં. અભિયુજ્ (દાવો કરવો) + તૃ (કર્તાવાચક પ્રત્યય)] પું. વાદી; ફરિયાદી.

૪. પું. શત્રુ; દુશ્મન.

૫. વિ. તહોમત મૂકનાર.

૬. [સં. અભિયુજ્ (ચાર્જ કરવું)] વિ. હુમલો કરનાર.

અભિયોગ ૧. [સં. અભિ (વિશેષ) + યોગ (જવાબ)] પું. આગ્રહ; ખંત.

૨. પું. આરોપ; તહોમત; ફરિયાદ.

૩. પું. ઉદ્યોગ.

૪. પું. (જૈન) દેવતાનો એક પ્રકાર; ચાકર દેવતા; મોટા દેવોનો હુકમ ઉઠાવનાર દેવ.

૫. [સં. અભિ (પાસે) + યુજ્ (જોડવું)] પું. નજીકનો સંબંધ.

૬. પું. નાકેબંદી; નિંદા; બદનોબી.

૭. પું. ખીજાના હક ઉપર તરાપ.

૮. [સં. અભિયુજ્ (દાવો કરવો)] પું. મુકદમો; દાવો.

અભિયોગ કરવો–ચલાવવો = ફોજદારી કામ ચલાવવું.

૯. પું. યુદ્ધ માટે પડકાર.

૧૦. પું. હઠની; આસક્તિ.

૧૧. પું. વિદ્વત્તા; પંડિતાઈ.

૧૨. [સં. અભિ (સામે) + યુજ્ (જોડવું)] પું. ચેતરવું; ઉપાય; ચેરવી.

૧૩. [સં. અભિ (સાથે) + યોગ (જોડાવું)] પું. સહવાસ; મૈથુન.

૧૪. પું. સોગન; શપથ.

૧૫. પું. હુમલો; ચઢાઈ; આક્રમણ.

અભિયોગકારણ [સં. અભિયોગ (દાવો) + કારણ] ન. દાવાનું કારણ.

અભિયોગપક્ષ [સં. અભિયોગ (ફરિયાદ) + પક્ષ (બાજુ)] પું. ફરિયાદ પક્ષ.

અભિયોગપક્ષસાક્ષી [સં. અભિયોગ (ફરિયાદ) + પક્ષ (બાજુ) + સાક્ષિન્ (નજરોનજર જોનાર)] પું. ફરિયાદ પક્ષનો સાહેદ.

અભિયોગપત્ર [સં. અભિયોગ (દાવો) + પત્ર (કાગળ)] પું ; ન. દાવાપત્રક.

અભિયોગપ્રવર્તન [સં. અભિયોગ (મુકદમો) + પ્રવર્તન (ચલાવવું)] ન. ફોજદારીમાં કામ ચલાવવું તે.

અભિયોગસમાધાન [સં. અભિયોગ (દાવો) + સમાધાન (નિવેડો)] ન. દાવાનો ફેસલો.

અભિયોગસમાધાની જુઓ અભિયોગસમાધાન.

અભિયોગસ્થળ [સં. અભિયોગ (દાવો) + સ્થળ (જગા)] ન. દાવો કરવાનું ઠેકાણું.

અભિયોગિક વિ. હુકમ ઉઠાવનાર; તાબેદાર.

પૂર્વે વધારે મુદત અમે ન કહું તેથી દેવલોકમાં આભિયોગિક દેવપણું અમે પામ્યાં.
જૈનયોગસાર

અભિયોગ્ય ૧. [સં. અભિયોગ (ફરિયાદ) + ખન્ (પામવું)] પું. ફરિયાદી; વાદી.

૨. [સં. અભિયોગ (આગ્રહ) + ખન્ (પામવું)] વિ. આગ્રહવાળું.

૩. વિ. ફરિયાદ કરનાર; આરોપ મૂકવું.

૪. વિ. યોજના કરનાર.

૫. [સં. અભિયોગ (આસક્તિ) + ખન્ (પામવું)] વિ. લીન; આસક્ત; મચેલું.

૬. [સં. અભિયોગ (હુમલો) + ખન્ (પામવું)] વિ. હુમલો કરનાર.

અભિયોગીસાક્ષી જુઓ અભિયોગપક્ષસાક્ષી.

અભિયોગ્ય ૧. વિ. તહોમત મૂકી શકાય એવું. ૨. [સં. અભિયુજ્ (ઘણે કરવો)] વિ. ઘણો કરવા લાયક.

અભિયોજવું ૧. સ. ક્રિ. પ્રેરણા કરવી. ૨. સ. ક્રિ. તૈયાર કરવું. ૩. [સં. અભિયુજ્ (આરોપ મૂકવો)] સ. ક્રિ. તહોમત મૂકવું. ૪. સ. ક્રિ. નીમવું; ગોઠવવું.

અભિયોજ્યવું ૧. [સં. અભિયુજ્ (કર્મણિ લાગવું)] સ. ક્રિ. પ્રસન્નતા અનુભવવી; લીન થવું. ૨. સ. ક્રિ. તૈયાર કરવું. ૩. સ. ક્રિ. તહોમત મૂકાવું. ૪. સ. ક્રિ. નીમાવું; ગોઠવાવું.

અભિયોજ્ય જુઓ અભિયોગ્ય.

અભિયોજ્યા નવરાત્રા [સં. અભિયોજ્ય (તહોમત મૂકી શકાય એવું) + નવ (અજાણ્યું) + ઉત્સા (વધ)] સ્ત્રી. અજાણની જાતનો સિદ્ધા લાયક ગુનો.

અભિરક્ત [સં. અભિ (વધુ) + રક્ત (સ્નેહવાળું)] વિ. પ્રીતિવાળું; આસક્ત.

અભિરક્ષક [સં. અભિ (ચોકસ) + રક્ષક (બચાવનાર)] વિ. સર્વ તરફથી રક્ષા કરનાર.

અભિરક્ષણ [સં. અભિ (ચોકસ) + રક્ષણ (બચાવ)] ન. બધી તરફથી જતન.

અભિરક્ષા જુઓ અભિરક્ષણ.

અભિરક્ષિત [સં. અભિ (બધી બાજુથી) + રક્ષિત (બચાવ કરાયેલું)] વિ. બધી તરફથી રક્ષાયેલું.

અભિરક્ષિતા [સં. અભિ (ચોકસ) + રક્ષિત્ (રક્ષા કરનાર)] વિ. સર્વ તરફથી રક્ષા કરનાર.

અભિરત ૧. [સં. અભિ (ખૂબ) + રત (પ્રસન્ન)] વિ. ખુશ; પ્રસન્ન. ૨. [સં. અભિ (વિશેષ) + રત (લગ્ન-વાળું)] વિ. મોહ પામેલું; વધુ આસક્ત. ૩. વિ. મુક્ત; રહિત. ૪. વિ. લીન; મગ્ન; મગ્નેલું. ૫. વિ. સાવધાન; ધ્યાન આપે એવું.

અભિરતિ ૧. [સં. અભિ (ખૂબ) + રતિ (પ્રેમ)] સ્ત્રી. ઘણો મોહ; આસક્તિ; અનુરાગ. ૨. સ્ત્રી. લીનતા; મગ્નપણું. ૩. સ્ત્રી. સંતોષ. ૪. [સં. અભિ (સાથે) + રમ્ (આનંદ કરવો)] સ્ત્રી. સંલોગ. ૫. સ્ત્રી. હરખ; આનંદ.

અભિરથ્ય [સં. અભિરમ્ (ખૂબ ગમવું)] વિ. આનંદ પમાડવાજોગું.

અભિરમ્ય [સં. અભિ (વિશેષ) + રમ્ય (મનોહર)] વિ. બહું સુંદર; ખૂબસૂરત; મનોરમ.

અભિરંજન ૧. [સં. અભિ (બહું) + રંજ્ (રાજી થવું) + અન (કામ આવનાર પ્રત્યય)] ન. બહું રાજી થવાપણું. ૨. [સં. અભિ (ઉપર) + રંજ્ (રંગવું)] ન. રંગવાની ક્રિયા.

અભિરાજ ૧. [સં. અભિ (વિશેષ) + રાજ્ (રાજ)] વિ. અધીપર. ૨. [સં. અભિ (બધું) + રાજ્ (શોભવું)] વિ. બધું શોભનાર; બહુ તેજસ્વી.

અભિરામ ૧. પું. આનંદ; સુખ. ૨. પું. શંકર. ૩. વિ. પ્રિય; વહાલું. ૪. [સં. અભિ (વિશેષ) + રામ (ખુશ કરે એવું)] વિ. મનને ગમે એવું; આનંદદાયક; મનોરંજક. ૫. વિ. સુંદર; રૂપાળું; મનોહર; રમણીય.

અભિરામ કંપાયિતવી તે,
આવી રેવમંવર પોઢાર. પ્રેમાનંદ

અભિરામવું [સં. અભિરમ્ (હરખાવું)] સ. ક્રિ. આનંદ પમાવો.

સતુ સન્મુખ ઊભો રહ્યાથી
જે બળ થયુ અભિરામિ. નર્મદ

અભિરામા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ, રગણ, તગણ, નગણ અને ગુરુ મળી ૧૭ અક્ષરનો એક છંદ. ૨. [સં. અભિ (વિશેષ) + રામ (ખુશ કરે એવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. મનને ગમે એવી; પ્રિયા. ૩. વિ. સ્ત્રી. રૂપાળી; સુંદર; મનોહર.

અભિરામી [સં. અભિરમ્ (ખૂબ ખુશ થવું)] વિ. આનંદ કરનાર.

અભિરુચિ ૧. [સં. અભિ (વધારે) + રુચિ (ગમતા)] સ્ત્રી. ઇચ્છા; ભાવ. ૨. સ્ત્રી. શોભા; સૌંદર્ય. ૩. સ્ત્રી. ખુશી; આનંદ. ૪. [સં. અભિ (વિશેષ) + રુચિ (લગાવ-વાળું)] સ્ત્રી. વધુ પ્રીતિ; વહાલ; પ્યાર. ૫. સ્ત્રી. પસંદગી; મનગમતાપણું. ૬. સ્ત્રી. શોખ; રસવૃત્તિ.

અભિરુચિત ૧. [સં. અભિ (બહું) + રુચિત (ગમેલું)] પું. આશય; પ્રેમી. ૨. વિ. પ્રિય; વહાલું; મનપસંદ થયેલું.

અભિરુચિર ૧. [સં. અભિ (વિશેષ) + રુચિર (ગમે એવું)] વિ. મનોરંજક; બહુ ગમે એવું. ૨. વિ. સુંદર; મનોહર.

અભિરુત સ્ત્રી. (સંગીત) ત્રણ નામની ત્રેવીસ મૂર્છના. તેની સારિગમ રી, ગ, ગ, પ, ધ, નિ, સ, ગ, ગ, પ, નિ, સ, રી, ગ, ગ, પ, ધ, નિ, સ એ પ્રમાણે છે.

અભિરુદ્ગતા ૧. સ્ત્રી. (સંગીત) પહેલા નામની ત્રેવીસ મૂર્છના મહિની જાતની. રે મધ્યમની વિકૃતથી આરોહ કરી મધ્યમની વિકૃત સુધી અને બીજા મત પ્રમાણે ષડ્જમના રિષભથી કરે અને મધ્યમાના પંચમ સુધી જઈ પાછી અવરોહ કરી મૂળ સ્વર ઉપર આવે છે. ૨. સ્ત્રી. (સંગીત) સાત મૂર્છના મહિની ત્રેવીસ નામની ત્રેવીસ. જુઓ મૂર્છના.

અભિરૂપ ૧. [સં. અભિ (શોભ) + રૂપ] પું. પ્રમાણેસર, જેમાં તે રૂપાવાળો કહેવાય છે. ૨. પું. ચંદ્ર. ૩. પું. પંડિત; વિદ્વાન. ૪. પું. વિષ્ણુ. ૫. પું. શિવ. ૬. વિ. પ્રિય; વહાલું; માનીતું. ૭. વિ. લાયક; અનુરૂપ; મળતેમળતું આવતું. ૮. વિ. સુંદર; રૂપાળું; રમણીય; મનોહર.

અભિરૂપતા ૧. [સં. અભિરૂપ (વિદ્વાન) + તા (પણું)] સ્ત્રી. પંડિતાઈ; વિદ્વત્તા. ૨. સ્ત્રી. શોભતા; લાયકાત. ૩. સ્ત્રી. વહાલપ. ૪. સ્ત્રી. સુંદરતા.

અભિરૂપપતિ ૧. [સં. અભિરૂપ (લાયક) + પતિ (ધણી)] પું. આવતા કલ્પમાં મનુ-ગમતો ધણી મળે તે માટે અત્યારમાં આવતું વ્રત.

અભિરોધ પું. છાતીમાં ઠીક પડે એવો પશુને થતો રોગ.

અભિલક્ષિત [સં. અભિ (ઉપર) + લક્ષિત (જોવેલું)] વિ. નિશાનીવાળું.

અભિલાષ્ય [સં. અભિલાષ (ઇચ્છા)] સ્ત્રી. (પ્રાકૃત) ઉમેદ; હોંસ.

અભિલાષણીય [સં. અભિલાષ્ (ઇચ્છવું) + અનીય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. ઇચ્છવા જેવું; ચાહના લાયક.

અભિલાષવું [સં. અભિલાષ (ઇચ્છા રાખવી)] સ. ક્રિ. ઇચ્છવું; વાંછવું.

અભિલષિક કું. વાયુથી ભત્ત જેવી ખોરણી ભાત માંહેની ભેદ.

અભિલષિત ૧. વ. આનંદ.
૨. [સં. અભિલષ્ (કામ્યર્થ)] ક. ઇચ્છા; વાંછના; આકાંક્ષા; અભિલાષ.
૩. વિ. ઇચ્છેલું; માગેલું; ધારેલ.

અભિલષિતવ્ય [સં. અભિલષ્ (કામ્યર્થ) + તવ્ય (નિમ્નર્થકતાનો પ્રત્યય)] વિ. ઇચ્છવા જેવું; માગવા લાયક.

અભિલંઘન [સં. અભિ (ઉપર જઈને) + લંઘ્ (ઓળંગવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઓળંગવાપણું; ઉલ્લંઘન.

અભિલંઘનીય [સં. અભિ (ઉપર) + લંઘ્ (ઓળંગવું) + અનીય (નિમ્નર્થકતાનો પ્રત્યય)] વિ. ઓળંગવા જેવું; ઉલ્લંઘન કરવા લાયક.

અભિલાખ ૧. કું. ઉત્સાહ; હોંસ; હોડ.
૨. [સં. અભિલાષ (ઇચ્છા)] કું. તીવ્ર ઇચ્છા; આતુરતા.
૩. કું. તૃષ્ણા; લોભ.
૪. કું. મનકામના; મનોરથ; ઉમેદ.

અભિલાખવું [સં. અભિલાષ (ઇચ્છા)] સ ક્રિ. ઇચ્છવું.

અભિલાખા જુઓ અભિલાખ.

અભિલાખી ૧. [સં. અભિલાષ (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. ઇચ્છાવાળું; આતુર.
૨. વિ. ઉત્સાહી; હોંસીલું.
૩. વિ. ઉમેદવાર; ઉમેદ રાખનારું.
૪. વિ. તૃષ્ણા કે લોભવાળું.

અભિલાપ ૧. [સં. અભિ (વિશેષ) + લપ્ (બોલવું)] કું. બહેરાત; પ્રસિદ્ધિ.
૨. કું. બોલ; વાણી.
૩. કું. ભત્ત બનવા ધાર્મિક ક્રિયા કરવાના ઉદ્દેશની બહેરાત.
૪. કું. શબ્દ; ધ્વનિ.
૫. [સં. અભિ (સામે) + લપ્ (બોલવું)] કું. સંભાષણ; વાતચીત.

અભિલાપીયંત્ર [સં. અભિ (દૂર) + લાપ (બોલવું તે) + ઇન્ (વાળું) + યંત્ર] ન. ઘણે દૂર સાંભળી શકાય એવું યંત્ર; સ્વર-સંવાહક યંત્ર; ટેલિફોન.

અભિલાપીસ્થાન [સં. અભિ (દૂર) + લાપ (બોલવું તે) + ઇન્ (વાળું) + સ્થાન (જગા)] ક. ટેલિફોનનું ટેબલું; બોલેલું ઘણે દૂર સાંભળી શકાય એવા યંત્રવાળું સ્થાન.

અભિલાવ [સં. અભિ (ચોતરફ) + લાવ (લણવું તે)] કું. લણવાની ક્રિયા.

અભિલાષ ૧. [સં. અભિ (કામ્યર્થક ઉપસર્ગ) + લષ્ (ઇચ્છવું)] કું. ઇચ્છા; આકાંક્ષા; સ્પૃહા.
૨. કું. ઉત્સાહ; હોંસ.
૩. કું. ઉમેદ; મનકામના.
૪. કું. લોભ; તૃષ્ણા.
૫. કું. તૃંબારની દશ દશા માંહેની ભેદ; પ્રેમીને મળવાની આતુરતા.

અભિલાષક ૧. [સં. અભિ (વિશેષ) + લષ્ (ઇચ્છવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. ઇચ્છા કરનાર; આકાંક્ષાવાળું.
૨. વિ. ઉત્સાહી; હોંસીલું.
૩. વિ. ઉમેદ રાખનાર.
૪. વિ. તૃષ્ણા કે લોભવાળું.

અભિલાષસિદ્ધિ [સં. અભિલાષ (ઇચ્છા) + સિદ્ધિ (સફળતા)] સ્ત્રી. ઇચ્છા પાર પડવા-પણું.

અભિલાષા જુઓ અભિલાષ ૧–૪.

અભિલાષાપ્રક [સં. અભિલાષ (ઇચ્છા) + અક્ષ (આંખ કહીને ઓળખે)] ક. મનકામના પૂરી કરે એવા આંક બોલે.

અભિલાષિણી ૧. [સં. અભિલાષ (ઇચ્છા) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. ઇચ્છા રાખનારી.
૨. વિ. સ્ત્રી. ઉત્સાહવાળી; હોંસીલી.
૩. વિ. સ્ત્રી. ઉમેદ રાખનારી.
૪. વિ. સ્ત્રી. તૃષ્ણા કે લોભવાળી.

અભિલાષી જુઓ અભિલાષક.

અભિલાષુ જુઓ અભિલાષક.

અભિલાષુક જુઓ અભિલાષક.

અભિલાસ જુઓ અભિલાષ.

અભિલાસક જુઓ અભિલાષક.

અભિલાસી જુઓ અભિલાષક.

અભિલિખિત ૧. [સં. અભિ (ઉપર) + લિખિત (લખેલું)] ક. લખાણ.
૨. વિ. ચોતરફ લખેલું.
૩. વિ. લખેલું.

અભિલૂતા સ્ત્રી. ગોઠ બનાવી કરોળિયો.

અભિલેપન [સં. અભિ (ચોતરફ) + લેપન (ચોપડવું તે)] ક. લીંપણ; આવરણ.

અભિવચન ૧. ક. કબૂલાત; ઇકરાર.
૨. ક. પ્રતિજ્ઞા; વચન.
૩. [સં. અભિ (નમ્ર) + વચન] ક. વચન; બોલ.

અભિવદન ૧. ક. અનુકૂળતા ખાતર કહેવું તે.
૨. [સં. અભિ (સામે) + વદ્ (બોલવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ક. સામે બોલવું તે.
૩. [સં. અભિ (સામે) + વદન (મુખ)] ક. મુખ સામે.

અભિવર્તન ૧. [સં. અભિ (પાસે) + વૃત્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ક. પાસે જવું તે; સમીપ ગમન.
૨. [સં. અભિ (સામે) + વૃત્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ક. હુમલો; ચડાઈ.

અભિવર્તી ૧. [સં. અભિ (સામે) + વર્તિન્ (વર્તનાર)] વિ. સામું વર્તન કરનાર.
૨. [સં. અભિ (સામે) + વર્તિન્ (હોનાર)] વિ. સામે હોનાર.

અભિવર્ધનસંવત્સર [સં. અભિ (વિશેષ) + વર્ધન (વધારો) + સંવત્સર (વરસ)] ક. (જ્યોતિષ) અધિકમાસવાળું વરસ.

અભિવર્ધિત ૧. [સં. અભિ (વિશેષ) + વર્ધિત (વધેલું)] વિ. જે વરસમાં તેર માંહમાસ હોય તેવું; અધિકમાસવાળું.
૨. વિ. પોતાને મોટું કરેલું; ઉછેરેલું.
૩. વિ. વધારેલું.

અભિવર્ષક [સં. અભિ (ચોતરફ) + વર્ષક (વરસનાર)] વિ. ચોતરફ વરસનાર; બધે વૃષ્ટિ કરનાર.

અભિવર્ષણ ૧. [સં. અભિ (ચારે બાજુ) + વર્ષણ (વરસવાપણું)] ક. ચોતરફ પડતો વરસાદ.
૨. ક. ચોતરફ વરસવું તે.

અભિવર્ષી જુઓ અભિવર્ષક.

અભિવર્ષુક [સં. અભિ (વશ) + વન્દ્ (નમવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. પ્રણામ કરનાર; બધે પગપાઈ.

અભિવંદન ૧. [સં. અભિ (વશ) + વંદન (નમન)] ક. આસામ; દેવની આરતી જેવા-પણું.
૨. ક. નમસ્કાર; પ્રણામ.
૩. ક. સ્તુતિ; પ્રશંસા.

અભિવંદના જુઓ અભિવંદન.

અભિવંદનીય ૧. [સં. અભિ (વશ) + વંદનીય (નમન કરવા જેવું)] વિ. પ્રણામ કરવા લાયક; પૂજ્ય.
૨. વિ. વખાણવા જેવું; સ્તુતિ કરવા લાયક.

અભિવંદવું ૧. [સં. અભિ (વશ) + વન્દ્ (નમવું)] સ. ક્રિ. નમસ્કાર કરવો.
૨. સ. ક્રિ. સ્તુતિ કરવી; વખાણવું કરવાં.

અભિવંદિત ૧. [સં. અભિ (ત્સ) + વંદિત (નમેલું)] વિ. પ્રણામ કરાયેલું.
૨. વિ. સ્તુતિ કરાયેલું; વખણાયેલું.
અભિવંદ્ય જુઓ અભિવંદનીય.
અભિવાદ ૧. [સં. અભિ (સામે) + વદ (બોલવું)] પું. આરોપ; તહોમત.
૨. પું. નમસ્કાર; પગેલાગણું; પ્રણામ; વંદના.
૩. પું. નિંદા; અપશબ્દ; ગાળ.
૪. પું. વાદવિવાદ ઝઘડવાપણું.
૫. પું. સામું બોલવું તે.
૬. પું. સ્તુતિ; વખાણ.
અભિવાદક ૧. [સં. અભિવાદ (નમ્ર) + ક (કરનાર)] વિ. પ્રણામ કરનાર.
૨. વિ. વિનયી; નમ્ર; માન આપે એવું.
અભિવાદન ૧. [સં. અભિ (તરફ) + વદ (બોલવું)] ન. નામ લઈ કરાતો નમસ્કાર; પગેલાગણું; પ્રણામ.
૨. ન. સ્તુતિ.
અભિવાદના [સં. અભિવાદ (નમ્ર)] સ્ત્રી. પ્રણામ; પગેલાગણું.
અભિવાદનીય જુઓ અભિવાદ્ય.
અભિવાદી ૧. [સં. અભિવાદ (નમ્ર) + ઇન્ (વાળું)] વિ. પ્રણામ કરનાર.
૨. વિ. વર્ણન કરનારું.
અભિવાદ્ય ૧. [સં. અભિવાદ્ (પ્રણામ કરવો)] પું. શંકર; શિવ, જેમણે તે અભિવાદ્ય જોઈએ નમસ્કાર કરવા યોગ્ય છે.
૨. વિ. નમસ્કાર કરવા લાયક; પૂજ્ય; વંદનીય.
૩. વિ. સ્તુતિ કરવા જેવું; વખાણવા લાયક.
અભિષાદ જુઓ અભિવાદન.
અભિવાસન ૧. [સં. અભિ (ઉપર) + વાસન (કપડું)] ન. કપડાં પહેરવાં તે.
૨. ન. લૂગડું.
અભિવાહિ ૧. ક. ભેટ; બક્ષિસ.
૨. [સં. અભિ (તરફ) + વહ્ (વહેવું)] ન. વહેતા વહેવું તે.
૩. [સં. અભિ (તરફ) + વહ્ (સમજવું) + ય (વિખ્યર્થકારંતનો પ્રત્યય)] વિ. ઊંચકવા લાયક; લઈ જવા જેવું.
અભિવાંછિત [સં. અભિ (વિશેષ) + વાંછ્ (ઇચ્છવું) + ઇત (વાચકારંતનો પ્રત્યય)] વિ. ઇચ્છેલું; ચાહેલું.
અભિવાંછુ [સં. અભિ (વિશેષ) + વાંછ્ (ઇચ્છવું)] વિ. ઇચ્છનાર.
અભિવિખ્યાત [સં. અભિ (ચોતરફ) + વિખ્યાત (જાહેરું)] વિ. જગવિખ્યાત; બધી જગાએ પ્રસિદ્ધ.
અભિવિદ્યા [સં. અભિ (ચોતરફ) + વિદ્ (જ્ઞાન કરાયેલું) + આ (નારીવાચિનો પ્રત્યય)] સ્ત્રી. પત્નીથી તજાયેલી સ્ત્રી.

> સ્ત્રીની નાલાયકી જાણ તો પુરુષ તેની સાથ કરી અન્ય સ્ત્રી સાથે વિવાહ કરી સહકુટુંબી પ્રેમ મેળવી શકતો. આવી રીતે તજેલી સ્ત્રીને આર્યોએ જગાવામાં અભિવિદ્યા કહેતા.
>
> નાગરિક

અભિવિધિ ૧. [સં. અભિ (ચોતરફ) + વિધિ (કામચલાઉ)] સ્ત્રી. બધાનો સમાવેશ કરવાપણું; વ્યાપ્તિ.
૨. સ્ત્રી. બધે જેમાંથી કેવાઈ રહેવાપણું; વ્યાપકતા.
૩. સ્ત્રી. મર્યાદા.
અભિવિનીત ૧. [સં. અભિ (વિશેષ) + વિનીત (તાલીમ આપેલું)] વિ. કેળવાયેલું.
૨. વિ. વિનયી; નમ્ર.
૩. વિ. શિષ્ટાચારવાળું; સભ્ય.
૪. વિ. શુદ્ધ; પવિત્ર.
અભિવિમાન ૧. [સં. અભિ (ચોતરફથી) + વિ (વિશ) + માન (માપ)] પું. પરમાત્મા, જેમણે તે બધે વ્યાપક છે.
૨. વિ. અનહદ પ્રમાણવાળું; અનંતતાવાળું.
અભિવીર [સં. અભિ (ચોતરફ) + વીર (બહાદુર પુરુષ)] વિ. જેની આસપાસ બહાદુર લડવૈયા હોય એવું.
અભિવૃત્તિ [સં. અભિ (સામે) + વૃત્તિ (વર્તણૂક)] સ્ત્રી. સામે જવાપણું.
અભિવૃદ્ધિ ૧. [સં. અભિ (ચોતરફ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. બધી તરફથી મોટી; ચઢાવટી; ઉન્નતિ.
૨. [સં. અભિ (ઘણું) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. વધારો; ઉમેરો.
અભિવૃદ્ધિસ્થાન [સં. અભિવૃદ્ધિ (ચઢતી) + સ્થાન (રહેવું)] ન. ચઢાવટી થાય એવું રહેઠાણ.
અભિવૃષ્ટ ૧. [સં. અભિ (ઉપર) + વૃષ્ટ (વરસેલું)] વિ. છંટેલું.
૨. વિ. જેના ઉપર વરસાદ પડ્યો હોય એવું.
અભિવ્યક્ત ૧. [સં. અભિ (વિશેષ) + વ્યક્ત (જાહેરું)] વિ. પ્રકટ થયેલું; જાહેર આવેલું.

> પૂર્વે કરેલા ધર્મ કે અધર્મનો સંસ્કાર જે વર્તમાન જન્મમાં અભિવ્યક્ત થયો હોય તેને પ્રકૃતિ કે સ્વભાવ પણ કહે છે. સિદ્ધાન્તકૌમુદી

૨. વિ. પ્રસ્તુત; નજર સામેનું.
૩. વિ. સ્પષ્ટ; જોખ્ખું; ખુલ્લું.
અભિવ્યક્તિ ૧. સ્ત્રી. કોઈ પ્રસ્તુતથી પહેલાં ન દેખાતી વસ્તુનું પ્રત્યક્ષ દેખાવાપણું. જેમકે, અંધારામાં રહેલી મીઠાની બરણીમાં દેખાવ.
૨. સ્ત્રી. જાહેરાત; પ્રસિદ્ધિ; પ્રકાશન.
૩. [સં. અભિ (વિશેષ) + અક્તિ (પ્રકટાવવું)] સ્ત્રી. બરાબરી; સહેલાઈથી દેખી કે સમજી શકાય એવું હોવાપણું; સ્પષ્ટપણું.
૪. સ્ત્રી. સાથે રહેવાપણું; સાહચર્ય.
૫. સ્ત્રી. (ન્યાય) સૂક્ષ્મ અને અગોચર પ્રસ્તુતનો પ્રત્યક્ષ પ્રમાણને દેખાવ; પ્રસ્તુતનો પ્રમાણને આવિર્ભાવ. જેમકે, બીજમાંથી અંકુર; તલમાંથી તેલ.
અભિવ્યક્તિકારણ ન. (યોગ) પ્રસ્તુતના નવ પ્રકાર પૈકી જે નામનો જોગ. નવ પ્રકાર આ પ્રમાણે છે: ઉત્પત્તિ, સ્થિતિ, અભિવ્યક્તિ, વિકાર, ગમન, પ્રાપ્તિ, વિશ્લેષ, અન્યત્વ અને ધૃતિ.
અભિવ્યંજક ૧. [સં. અભિ (વિશેષ) + વ્યંજક (બતાવનાર)] વિ. પ્રગટ કરનાર; બતાવનાર.
૨. વિ. સ્પષ્ટ કરનારું.
અભિવ્યંજન જુઓ અભિવ્યક્તિ.
અભિવ્યાપી [સં. અભિ (વિશેષ) + વ્યાપિન્ (ઊંચે કરનારું)] વિ. ઊંચું કરનાર; તુમ્મસાન કરે એવું.
અભિવ્યાપક ૧. [સં. અભિ (ચોતરફ) + વ્યાપક (ફેલાવિક)] પું. ઈશ્વર, જેમણે તે બધે વ્યાપી રહેલ છે.
૨. વિ. અંદર રહેલું; દરેક અંશમાં વ્યાપી રહેલું. જેમકે, તલમાં તેલ, દહીંમાં ઘી.
૩. વિ. ચોતરફ વ્યાપી જનાર.
૪. વિ. વિસ્તાર અર્થવાળું; બધે લાગુ પડનારું.
અભિવ્યાપી જુઓ અભિવ્યાપક.
અભિવ્યાપ્તિ ૧. [સં. અભિ (સારી રીતનું) + વ્યાપ્તિ (ફેલાવાપણું)] સ્ત્રી. ચોમેર ફેલાઈ રહેવાપણું; સર્વવ્યાપકતા.
૨. સ્ત્રી. બધે ઠેકાણે લાગુ પડવું તે.
૩. વિ. વિસ્તાર અર્થનું; બધે લાગુ પડે એવું.
અભિવ્યાહરણ જુઓ અભિવ્યાહાર.
અભિવ્યાહાર ૧. પું. નામ; સંજ્ઞા.
૨. [સં. અભિ (કહ) + વ્યાહાર (વાણી)] પું. જેમ બોલવું; ઉત્તમ વાણી.
૩. પું. સાથે કહેવાપણું.
અભિશપન ૧. ન. ઊંચું; તુમ્મસાન.
૨. ન. કલંક; બદનામ; નામોશી.
૩. ન. ગાળ.
૪. ન. તહોમત; આરોપ.

૨. વ. નિંદા.
'૬. [સં. અભિ (તર્ક) + શપન (ખરાબ કુળના)] વ. શાપ.
અભિશાપ ૧. વિ. ખોટો લેખ આપવામાં આવેલું.
૨. વિ. ખરાબ આપેલું.
૩. [સં. અભિ (તર્ક) + શપ્ (શાપ આપવો)] વિ. શાપ અપાયેલું; શાપિત.
અભિશબ્દિત ૧. [સં. અભિ (તર્ક) + શબ્દ (બોલવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. કહેલું.
૨. વિ. જાહેર કરેલ; પ્રસિદ્ધ કરેલું.
૩. વિ. નામ આપેલ.
અભિશારાપ [સં. અભિશાપ] જુ. શાપ; બદદુઆ.
અભિશાસ્ત ૧. વ. આગળ ભાંડતી તે.
૨. વ. ચુગેચાર કરેલ બાબત.
૩. વ. ખૂટું બોલ્યા.
૪. વ. શાપ આપવો તે.
૫. વ. હિંસા.
૬. વિ. અપમાન પામેલું.
૭. [સં. અભિ (વિશેષ) + શસ્ત (બોલ આપેલું)] વિ. ઉપ્ત થયેલું.
૮. વિ. શાપી નાખેલું.
૯. [સં. અભિશસ (આરોપ મૂકવો) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. તહોમત મુકાયેલું.
૧૦. વિ. દુષ્ટ; દુરાચારી; પાપી.
૧૧. વિ. નહિ બનવાનું; અયોગ્યાત.
૧૨. વિ. નાલાક ઠરાવેલ થયેલું.
૧૩. વિ. મારી નાખેલ; ઠાર મારેલું.
૧૪. વિ. કંપેલ; બિલ્લાયેલું.
૧૫. [સં. અભિશંસ (શાપ દેવો) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. શાપ લાગ્યો હોય તેવું.
૧૬. વિ. ઘુમવો થયેલું.
અભિશસ્તિ ૧. સ્ત્રી. અપમાન.
૨. સ્ત્રી. આફત; દુઃખ.
૩. [સં. અભિશંસ (ઉપ્ત કરવી)] સ્ત્રી. ઉપ્તનું કારણ કે મૂળ.
૪. [સં. અભિશંસ (આરોપ મૂકવો)] સ્ત્રી. તહોમત; આરોપ.
૫. સ્ત્રી. નિંદા.
૬. સ્ત્રી. બાતમી; વંચના; પ્રાર્થના.
૭. [સં. અભિશંસ (શાપ દેવો)] સ્ત્રી. શાપ; બદદુઆ.
૮. સ્ત્રી. ઈર્ષ્યા.
૯. સ્ત્રી. ખિસાનું કારણ.

અભિશંકા [સં. અભિ (ચોતરફ) + શંસ (વહેમ)] વિ. સર્વ તરફથી શંકા રાખનાર.
અભિશંસા ૧. [સં. અભિ (વિશેષ) + શંસ (વહેમ)] સ્ત્રી. ભય; ખોટો ખ્યાલ; વહેમ.
૨. સ્ત્રી. શક; સંદેહ; સંશય.
અભિશંસિત ૧. [સં. અભિશંસ (શક) + ક્ત (બધું)] વિ. ભયવાળું.
૨. વિ. શંકાવાળું; સંદેહવાળું.
અભિશંસ્તા ૧. વિ. ખોટું તહોમત મૂકનાર.
૨. [સં. અભિ (સંપૂર્ણ) + શંસ (આરોપ કરવો)] વિ. નિંદા કરનાર.
અભિશંસન ૧. વ. અપમાન.
૨ [સં. અભિશંસ (આરોપ મૂકવો)] વ. તહોમત; આરોપ.
૩. વ. નિંદા.
૪. વ. અભિચારનું ખોટું આળ.
અભિશંસિત [સં. અભિશંસ (આરોપ મૂકવો) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. આરોપી; ગુનેગાર.
અભિશંસિત વર્ગ = ગુના કરનારા લોકો.
અભિશંસી [સં. અભિશંસિન્] ગુજ્યો અભિશંસ્તા.
અભિશ્રાપ ૧. જુ. આરોપ; ખોટું આળ; તહોમત.
૨. જુ. ઉપ્તતા; ગુસ્સાન.
૩. જુ. ખાળો બોલવો તે.
૪. જુ. નિંદા.
૫. જુ. બદદુઆ; શાપ.
૬. [સં. અભિ (સામે) + શપ્ (શાપ દેવો)] જુ. શાપ દેનારને સામો આપેલો શાપ.
અભિશાપજ્વર [સં. અભિશાપ (બદદુઆ) + જ્વર (તાવ)] જુ. શાપ જેવાથી આવતો તાવ.
અભિશાપિત ૧. વિ. ખોટો લેખ મુકાયેલું.
૨. [સં. અભિ (તર્ક) + શાપિત (બદદુઆ પામેલું)] વિ. શાપ અપાયેલ.
અભિશોક [સં. અભિશોકન (બળવાનું લાકડું) + શોક] જુ. બળી ગયેલી લિસોટીઓ; કોઈ બળતા બાનમાં લાઈ કરેલો શોક.
અભિશોચન જુગ્યો અભિશોક.
અભિશોષ [સં. અભિ (વિશેષ) + શુષ્ (સુકાઈ જવું)] જુ. ઝાઝાનું બંધ થઈ જવાપણું.
અભિશ્રવણ [સં. અભિ (તર્ક) + શ્રુ (સાંભળવું)] વ. ગાઢ વખતે કરાતો મંત્રોચ્ચાર.

અભિશ્રાવ ૧. [સં. અભિ (ચારે બાજુ) + શ્રવ (ચાલ્યાં તે)] જુ. ચોતરફથી સાંજવારપણું.
૨. જુ. પ્રખ્યાત થયું તે.
અભિશ્રવ ૧. [સં. અભિષુ (સારુ કરવું)] જુ. સારું કરવું તે.
૨. જુ. પીવા કે નિચોવવાની ક્રિયા.
૩. જુ. અભિષવ આપવાપણું.
૪. જુ. યજ્ઞ.
૫. જુ. સોમરસ કાઢવામાં વપરાતી આંગળી, અંગુષ્ઠ, અનામિકા અને મધ્યમા એ ત્રણ વડે થતી પવમીમુદ્રા યજ્ઞમાં વપરાય છે, એમ કેટલાક માને ■
૬. જુ. સોમરસનું પાન.
૭. જુ. સોમવેલને કચરીને રસ કાઢવાની ક્રિયા.
૮. જુ. સ્નાન; નાવણ.
૯ વ. કાંજી.
અભિશ્રિત ૧. [સં.] વ. કેટલે ઘડી કાઢેલો ભાગ; અંશ.
૨. વ. સોમરસ કાઢવાનાં સાધન.
૩. વ. સોમલતાને પીસી રસ કાઢવાપણું.
૪. વ. સ્નાન; નાવણ.
અભિશ્રિત સ્ત્રી. બાનગૂંદ; બાનન.
અભિશ્રી [સં. અભિ (ચોતરફ) + શ્રા (બાજુ તેવું)] વિ. સારુ બાજુ લેવું; બાજી સારુ લેવું.
અભિશ્લંસ ૧. જુ. બાળ; કર્કશ.
૨. જુ. બાળ.
૩. જુ. ખોટો સંબંધ.
૪. જુ. તિરસ્કાર; અપમાન.
૫. જુ. દુઃખ; પીડા.
૬. [સ. અભિ (વિશેષ) + શ્લંસ્ (બળવું)] જુ. ૯૬ અભિશ્લંસન.
૭. જુ. નિંદા.
૮. જુ પરાભવ; હાર.
૯. [સં. અભિ (સામે) + શ્લંસ્ (બળવું)] જુ. ભૂતપ્રેતની નકારાત્મક બળબાધા.
૧૦. જુ. મોહ; આસક્તિ.
૧૧. જુ. બસન.
૧૨. જુ. શાપ.
૧૩. જુ. સોદો.
૧૪. જુ. સંયોગ; મૈથુન.
૧૫. જુ. સોગન; કસમ; સપથ; સમ.
અભિશ્લંસજ્વર [સં. અભિશ્લંસ (બળબાધા) + જ્વર (તાવ)] જુ. ભૂતપ્રેતની બાધાથી આવતો તાવ.
અભિશ્લંસા [સં.] સ્ત્રી. વેદનો એક મંત્ર.

અભિષિક્ત ૧. [સં. અભિ (ઉપર) + સિચ્ (છાંટવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. જેના ઉપર પાણી છાંટવામાં આવ્યું હોય એવું.
૨. વિ. નાહેલ.
૩. વિ. પીઠ કુર કરવા માટે મંત્ર ભણીને જે અને ઢાલણ પાણી છાંટવામાં આવેલું.
૪. વિ. મંત્ર ભણીને પાણી છાંટવામાં આવ્યું હોય એવું.
૫. વિ. રાજ્યગાદીએ બેસાડેલ; તખ્તનશીન થયેલું.
૬. વિ. વિધિ પ્રમાણે પાણી છાંટીને અધિકાર આપવામાં આવ્યો હોય એવું; સંસ્થાપિત; નિયુક્ત.

અભિષુત ૧. [સં. અભિષુ (સ્તવ કરવું)] વ. છાંણ્યા.
૨. વિ. પીસેલ; નિચોવેલ.

અભિષેક ૧. પું. નવાણવારી.
૨. પું. દેવ કે ગાદીએ બેસતા નવા રાજાના માથા ઉપર મંત્ર ભણતાં ભણતાં કુંભ કે પાણીનું આખું સિંચન કરી કરવામાં આવતો સંસ્કાર.
૩. પું. દેવ, રાજા વગેરેની વિધિ પ્રમાણે સ્થાપના.
૪. પું. ધારા કરતી કે ઠીબ પાડવું તે.
૫. પું. પાણી; જળ.
૬. [સં. અભિ (ઉપર) + સિચ્ (છાંટવું)] પું. પાણીનો છંટકાવ; સિંચન.
૭. પું. માથા ઉપર પાણી રેડી નવરાવવાની ક્રિયા; દેવ વગેરેને સ્નાન કરાવવું તે.
૮. પું. યજ્ઞ પૂરો થયે શાંતિ માટે વિધિ સહિત કરાતું સ્નાન.
૯. પું. શાંતિ કે મંગળને માટે મંત્ર ભણી કુશ કે દર્ભ ઘાસ વડે પાણી વગેરેનું કરાતું સિંચન.

અભિષેકકાળ ૧. [સં. અભિષેક (પાણી પર સ્થાપના) + કાલ (વખત)] પું. વિધિ સહિત પાણીનું સિંચન કરી તખ્તનશીન કરવાનો વખત.
૨. [સં. અભિષેક (દેવ વગેરેને સ્નાન કરાવવું તે) + કાલ (વખત)] પું. દેવ વગેરેને નવરાવવાનો વખત.

અભિષેકજળ [સં. અભિષેક (દેવ કે રાજાની સ્થાપના) + જલ (પાણી)] ન. દેવ કે રાજાની સ્થાપના વખતે મંત્ર બોલી છાંટવાનું પાણી.

અભિષેકપાત્ર ૧. [સં. અભિષેક (સિંચન) + પાત્ર (વાસણ)] ન. નવાણવારી.
૨. ન. મંત્ર બોલી પાણી છાંટવામાં વપરાતું વાસણ.
૩. વિ. અભિષેક કરવા લાયક.
૪. [સં. અભિષેક (પાણી પર સ્થાપના) + પાત્ર (લાયક)] વિ. પાણી પર બેસાડવા લાયક.

અભિષેકપીઠ [સં. અભિષેક (રાજ્યગાદી પર સ્થાપના) + પીઠ (બેઠક)] ક્રી. રાજ્યાભિષેક વખતે રાજાનું આસન.

અભિષેકમંડપ [સં. અભિષેક (પાણી પર સ્થાપના) + મંડપ (છાપરું)] વ. પાણીએ બેસાડતી વખતે ઉપર લાગે એવું છાપરું.

અભિષેકવું [સં. અભિ (ઉપર) + સિચ્ (છાંટવું)] સ. ક્રિ. છાંટવું; રેડવું.

અભિષેકશાળા [સં. અભિષેક + શાલા (ઓરડો)] ક્રી. તખ્તનશીન કરવાનો ઓરડો.

અભિષેકશિલા [સં. અભિષેક + શિલા (પથ્થર)] ક્રી. (જૈન) મેરુ પર્વતના પંડકવનમાં આવેલી પથ્થરની ચાર બેઠક. તેના ઉપર દક્ષિણ તરફની પાંડુકમ્બલા શિલા ઉપર ભરતક્ષેત્રના તીર્થંકરનો, ઉત્તર તરફની રક્તાકમ્બલા શિલા ઉપર ઐરવતક્ષેત્રના તીર્થંકરનો, પૂર્વ તરફની પાંડુકંબલા શિલા ઉપર પૂર્વમહાવિદેહક્ષેત્રના તીર્થંકરનો અને પશ્ચિમ તરફની રક્તકંબલા શિલા ઉપર પશ્ચિમમહાવિદેહક્ષેત્રના તીર્થંકરનો જન્માભિષેક થાય છે.

અભિષેકસભા ૧. [સં. અભિષેક (પાણી પર સ્થાપના) + સભા (મંડળી)] ક્રી. ગાદીએ બેસતી વખતે ભરવામાં આવતી સભા.
૨. ક્રી. ગાદીએ બેસતી વખતે સભા ભરવાની જગ્યા.

અભિષેકસ્નાન જુઓ અભિષેકસ્નાન.

અભિષેકોદક [સં. અભિષેક (સિંચન) + ઉદક (પાણી)] ન. અભિષેક કરવાનું પવિત્ર પાણી; અભિષેકજળ.

અભિષેક્તા ૧. [સં. અભિષેક્તૃ] પું. સ્નાનમૂહનો ઉપરી.
૨. વિ. અભિષેક કરનાર.

અભિષેચ્ય [સં. અભિ (ઉપર) + સિચ્ (છાંટવું)] વિ. અભિષેક કરવા લાયક.

અભિષેચ્યન ૧. ન. અભિષેક માટે ઉપયોગી વસ્તુ.
૨. ન. ગાદીએ બેસવાની ક્રિયા; રાજ્યારોહણ.
૩. [સં. અભિ (ઉપર) + સિચ્યન (છાંટવું તે)] ન. પાણીનું સિંચન.
૪. ન. વિધિ પ્રમાણે અધિકાર આપવાની ક્રિયા.

અભિષેચનીય ૧. ન. રાજ્યાભિષેક વખતે કરાતી યજ્ઞની જાણી જોઈ ક્રિયા.
૨. [સં. અભિ (ઉપર) + સિચ્ (છાંટવું) + અનીય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. અભિષેક કરવા લાયક.
૩. વિ. ગાદીએ બેસાડવા લાયક.
૪. વિ. રાજ્યાભિષેકને લગતું.

અભિષોતવ્ય [સં. અભિષુ (સ્તવ કરવું) + તવ્ય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. સ્તુતિ કરવા જેવું.

અભિષ્ટવ [સં. અભિ (વિશેષ) + સ્તુ (વખાણવું)] પું. વખાણ; પ્રશંસા; સ્તુતિ.

અભિસંધિ ૧. ક્રી. પાસે જવું તે; ઉપગમન.
૨. ક્રી. પૂજા; સ્તુતિ.
૩. ક્રી. યજ્ઞ.
૪. ક્રી. વૈદિક સૂક્ત.
૫. ક્રી. સહાય; મદદ.
૬. [સં. અભિ + ધા (યજ્ઞ કરવો)] વિ. હવિર્દાન વડે પૂજવા લાયક.

અભિસ્તુત [સં. અભિ (વિશેષ) + સ્તુ (વખાણવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. વખણાયેલું; સ્તુત; પ્રશંસા પામેલું.

અભિસ્વની પું. (પુરાણ) સોમવંશી કુરુપુત્ર જેહ કુમિ.

અભિસ્યંદ ૧. પું. આંખ ઊઠવાનો રોગ. તેમાં આંખમાં સોય ભોંકાવા જેવી પીડા થવા સાથે આંખ લાલ થઈ જાય, તેમાંથી પાણી નીકળે અને ચીપડા વળે. આ દરદમાં કપૂર, હળદર, લોધ્ર, કરકરી, કરવા બીમારના ભિન્ન, ગળોય અને રાતા ચોખાને બીબડાના રસમાં ખરલ કરી તેનો આંખ પર લેપ કરવામાં આવે છે.
૨. પું. પાણે વધારો.
૩. [સં. અભિ (પાણી) + સ્યંદ્ (ઝરવું)] પું. સ્રાવ; ઝરણ; ટપકવાપણું.

અભિસ્યંદનગર [સં. અભિસ્યંદ (પાણી વધારો) + નગર (શહેર)] ન. પૂર, કેમકે ગામ બહુ વખત તે પાણી હોય છે.

અભિસ્યંદી ૧. [સં. અભિસ્યંદ્ (ઝરવું)] વિ. આંખમાંથી પાણી ઝરાવનારું.
૨. વિ. આંતરડાં સાફ કરનારું; રેચક.
૩. વિ. ટપકતું; ઝરતું; ઝરનારું.

અભિસ્વંગ ૧. [સં. અભિ (વિશેષ) + સ્વંજ્ (ચોટવું)] પું. અનાત્મામાં આત્મબુદ્ધિ.
૨. પું. ગાઢ અનુરાગ; બહુ જ નેહ; આસક્તિ.
૩. પું. સંબંધ.

અભિસ્વંગી ૧. [સં. અભિ (વિશેષ) + સ્વંજ્ (ચોટવું) + ઇન્ (વાળું)] વિ. અનાત્મામાં આત્મબુદ્ધિવાળું.

૨. વિ. વધુ સ્નેહવાળું.
૩. વિ. સંબંધવાળું.

અભિસમન્વાહાર [સં. અભિ (સામે) + સમન્વાહાર (અન્વે)] પું. ભોજના; સંપ; મેળ.

અભિસર ૧. [સં. અભિ (સામે) + સૃ (જવું)] પું. નોકર; ચાકર; અનુચર.
૨. પું. મિત્ર; સખી; સાથી.
૩. ન. એ નામની જાતનું પાકકુસ.
૪. વિ. એ નામની જાતનું.

અભિસરણ ૧. [સં. અભિ (તરફ) + સરણ (જવું તે)] ન. નાયક-નાયિકાએ અગાઉથી નક્કી કરેલ મળવાની જગાએ જવું તે.
૨. ન. પાછળ જવાપણું; અનુસરણ.
૩. [સં. અભિ (પાસે) + સૃ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પાસે જવું તે; ઉપગમન.
૪. [સં. અભિ (ચોતરફ) + સરણ (જવું તે)] ન. શરીરમાં લોહી ફરવાની ક્રિયા; લોહીનું ભમવું.

> લોહીનું રક્તાભ્રયની ઠરણી અન્નનિઝરાંથી નીકળી શરીરમાં ફરી શિરાઓ દ્વારા જન્મદી હૃદયમાં અને આવી જન્મદી અન્નનિઝરાંમાં વહી પ્રવર્તનની બે ક્રિયા દ્વારા એને ફેફસાંમાં જઈ અને શુદ્ધ થઈ પાછી ઠરણી હૃદયમાંમાં અને આવી ઠરણી અન્નનિઝ-નાંથી પહેલાં નીકળેલું ત્યાં આવવું તે; લોહીનો ફેરો. તેને બીજું અભિસરણ કહે છે.
> ત્રિવેદી વસંત

૨. [સં. અભિ (સામે) + સરણ (જવું તે)] ન. સામે જવું તે; અભિગમન.

અભિસરણતંત્ર [સં. અભિસરણ (લોહીનું ફરવું) + તંત્ર (રચના)] ન. શરીરમાં લોહી ફરવાની રચના. શરીરના દરેક ભાગ સુધી જોતી અને પેશીના દરેક ભાગને ખોરાક પૂરો પાડતી પાતળી નળીઓનું જે રક્તવાહિનીઓનું અભિસરણતંત્ર બનેલું હોય છે.

અભિસરણમાર્ગ [સં. અભિસરણ (ભમવું) + માર્ગ (રસ્તો)] પું. શરીરમાં લોહીના ફરવાનો રસ્તો.

અભિસરણી [સં. અભિ (પાસે) + સૃ (જવું)] સ્ત્રી. જી. પાસે જનાર.

અભિસરવું ૧. [સં. અભિ (તરફ) + સૃ (જવું)] ક્રિ. વિ. પારેલી જગાએ જવું.
૨. ક્રિ. વિ. નાયક કે નાયિકાએ મળવા માટે નક્કી કરેલ ઠેકાણે જવું.
૩. ક્રિ. વિ. વહેવું.

અભિસર્ગ [સં. અભિ (વિશેષ) + સર્ગ (ઉત્પત્તિ)] પું. ઉત્પત્તિ; સર્જન.

અભિસર્જન ૧. [સં. અભિ (તરફ જવાની ક્રિયા) + સૃજ્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. તરફ જવાની ક્રિયા તે.
૨. [સં. અભિ (વિશેષ) + સૃજ્ (ત્યજવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ત્યાગ; ત્યજન.
૩. ન. વમન; ઊલટી.

અભિસર્તા ૧. [સં. અભિ (તરફ) + સર્તૃ (જનાર)] પું. એકનું પક્ષે કરનાર પતી.
૨. [સં. અભિ (સામે) + સર્તૃ (જનાર)] વિ. મદદગાર; સહાયક.
૩. [સં. અભિ (સામે) + સર્તૃ (જનાર)] વિ. સામે જનાર.
૪. [સં. અભિ (તરફ) + સર્તૃ (જનાર)] વિ. હુમલો કરનાર.

અભિસર્પણ [સં. અભિ (પાસે) + સૃપ્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પાસે જવાપણું; નજીક પહોંચવું તે.

અભિસંગ [સં. અભિ (પાસું) + સંગ (જોડાણ)] પું. પક્ષે સ્નેહ; મોહ; મમતા.

અભિસંતાપ ૧. [સં. અભિ (ચોતરફ) + સંતાપ (દુઃખ)] પું. ચોતરફનું દુઃખ.
૨. [સં. અભિ (વિશેષ) + સંતાપ (દુઃખ)] પું. દુઃખ; વલખાં.
૩. પું. તાપ કેવાપણું; અભિતાપ.

અભિસંધા ૧. [સં. અભિ (તરફ) + સં (સારી રીતે) + ધા (મૂકવું)] સ્ત્રી. પ્રકાર; પ્રતિજ્ઞા.
૨. [સં. અભિસંધા (ઉત્પન્ન)] સ્ત્રી. ઇચ્છા; ઇચ્છાપાત્ર.
૩. [સં. અભિ (તરફ) + સંધા (બાંધવું)] સ્ત્રી. કળનો હેતુ; લક્ષ્ય.

અભિસંધાન ૧. [સં. અભિસંધા (કળ)] ન. ઉત્તરપિંડી; ઇચ્છાઈ; ઇચ્છાપાત્ર.
૨. ન. ઓઢવાત.
૩. [સં. અભિ (સામે) + સંધા (મેળવવું)] ન. પ્રેમ; સ્નેહ.
૪. [સં. અભિ (સામે) + સંધાન (સમાધાન)] ન. સમાધાન; સમાધાન.
૫. [સં. અભિ (તરફ) + સંધા (બાંધવું)] ન. હેતુ; ઇચ્છાઓ; ધારણા; મુરાદ.

અભિસંધિ ૧. પું. ઇચ્છાપાત્ર પ્રતિજ્ઞા.
૨. [સં. અભિ (તરફ) + સંધા (બાંધવું)] પું. ઇચ્છાઓ; હેતુ; ધારણા.
૩. [સં. અભિ (સામે) + સંધિ (સમાધાન)] પું. કોલકરાર; કરાર.
૪. [સં. અભિસંધા (બાંધવું)] પું. ઇચ્છાપાત્ર; ઇચ્છાપાત્ર; કરેજ.
૫. પું. પ્રસંગ; તાકડો; ઢાંકણું.
૬. પું. ભાવાર્થ; તાત્પર્ય.
૭. પું. મત; અભિપ્રાય; વિચાર.
૮. [સં. અભિ (સામે) + સંધિ (સમાધાન)] પું. સલાહ; સમાધાન.

અભિસંધિતા સ્ત્રી. (સંજ્ઞા) કુલાંતરિતા નાયિકા; પતીના અનાચારથી મને નહિ તે પારખીને પસ્તાવો જોવી સ્ત્રી; પતીનું અપમાન કરી પાછળથી અફસોસ કરનાર સ્ત્રી.

અભિસંપન્ન [સં. અભિ (વિશેષ) + સંપન્ન (પૂર્ણ કરેલું)] વિ. પૂર્ણ; પૂરી રીતે બનેલું.

અભિસંપાત ૧. પું. અભિઘાત.
૨. પું. પડવું તે.
૩. [સં. અભિ (સામે) + સં (સારી રીતે) + પાત (પડવું તે)] પું. લડાઈ; યુદ્ધ; સંગ્રામ.
૪. [સં. અભિ (સામે) + સં (સારી રીતે) + પાત (પડવું તે)] પું. સંભમ; મેળાપ.

અભિસંબંધ ૧. [સં. અભિ (ચોતરફ) + સંબંધ] પું. ઘાટો સંબંધ; સારી ઓળખાણ.
૨. [સં. અભિ (સામે) + સંબંધ] પું. સંયોગ; મૈથુન.

અભિસંબુદ્ધ [સં. અભિ (પાસું) + સં (સારી રીતે) + બુદ્ધ (જાણી)] વિ. સારી રીતે બોધ પામેલું.

અભિસંબોધ જુઓ અભિસંબંધ.

અભિસંબોધ્ય [સં. અભિ (પાસું) + સં (સારી રીતે) + બુધ (વધેલું)] વિ. પાસું વધેલું; સારી રીતે વધિ પામેલું.

અભિસંભવ [સં. અભિ (ચોતરફ) + સંભવ (આધાર)] પું. આરે તરફનો આધારો.

અભિસંસ્કાર ૧. પું. આઠમ ક્રિયા; હાલ્લા વગરનું ક્રમ.
૨. [સં. અભિસંસ્કૃ (બદલું)] પું. વિચાર; ખ્યાલ.

અભિસાર ૧. [સં. અભિ (તરફ) + સૃ (જવું)] પું. આકાશમાર્ગનો અમુક જગાએ મળવાનો નિયમ; સંકેત.
૨. પું. એ નામના એક વનસ્પતિ લોક
૩. પું. તપસિયાની ઉત્તરે આવેલો એ નામનો દેશ.
૪. પું. નાયક-નાયિકાએ મળવાનું અગાઉથી ઠરાવેલ ઠેકાણું.
૫. પું. નાયક-નાયિકાનું નક્કી કરેલ જગાએ મળવા જવાપણું.
૬. [સં. અભિ (સામે) + સૃ (જવું)] પું. નોકર; સેવક; અનુચર; ચાકર.
૭. પું. પવિત્ર જનોઈવાળી ક્રિયા.

૮. પું. બળ; જોર; પરાક્રમ.
૯. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો દેશ.
૧૦. [સં. અભિ (સામે) + સૃ (જવું)] પું. ચઢાઈ; યુદ્ધ.
૧૧. પું. સહાય મદદ.
૧૨. [સં. અભિ (સામે) + સૃ (જવું)] પું. સાથી; સંગાથી.
૧૩. પું. સાધન; હથિયાર.
૧૪. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] પું. હુમલો; ચઢાઈ.

અભિસારક [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] વિ. પ્રેમીને મળવા નાયિકાએ નક્કી કરેલ ઠેકાણે જનાર.

અભિસારવું ૧. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] ક્રિ. જવું.
૨. ક્રિ. પ્રેમીને મળવાને માટે નાયિકાએ નક્કી કરેલ ઠેકાણે જવું

અભિસારિકા ૧. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] સ્ત્રી. આત્માને મળવા શૃંગારાદિ ઠેકાણે જનારી સ્ત્રી; સંસ્કૃત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી. વત્સ્યાયન પ્રમાણે ૬૪ અને ધનુમાર સત્તરમાં. શુકિલળ બનાવવું, સાકરા અને ઘર કરવાં એ તેના લક્ષણરૂપ છે. પરકીય અભિસારિકાની ત્રણ જાત છે: ૧. કૃષ્ણાભિસારિકા એટલે અંધારી રાતે મળવા જનારી; ૨. શુક્લાભિસારિકા એટલે ચાંદનીમાં મળવા જનારી; અને ૩. દિવાભિસારિકા એટલે દિવસે મળવા જનારી.

અભિસારિકા તો સાંપડી
જો સાજન સ્વપ્નાંતિ જોતિ.

૨. વિ. સ્ત્રી. મળવા જનારી.

અભિસારિણી ૧. [સં. અભિ (સામે) + સારિણી (જનારી)] સ્ત્રી. ચાકરડી; સેવિકા; દાસી.
૨. સ્ત્રી. (પ્રાચ્ય) કરેક વસ્તુમાં ૧૨ અક્ષરવાળો જગતીને મળતો એક છંદ.
૩. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] સ્ત્રી. પ્રેમીને મળવા સામે જનારી સ્ત્રી; અભિસારિકા.
ઓલે બંગલ ઓધારા બલ બા નીલું લોપી લને, અભિને અભિસારિણી કુબલિને કુંજ પને નિર્જને. ગીતગોવિંદ
૪. [સં. અભિ (સામે) + સારિણી (જનારી)] વિ. સ્ત્રી. સામે જનારી.

અભિસારી ૧. [સં. અભિ (સામે) + સૃ (જવું)] પું. નોકર; સેવક; અનુચર.
૨. સ્ત્રી. ચિત્રસેન રાજાના દેશની એ નામની રાજધાની.
૩. વિ. મદદ કરનાર; સહાયક.
૪. વિ. સામે મળવા જનાર
૫. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] વિ. હુમલો કરનારું.
૬. [સં. અભિ (ઉપર) + સૃ (જવું)] વિ. પું. નાયિકાને મળવા માટે નક્કી કરેલ જગાએ જનાર.

અભિસાંત્વન ૧. [સં. અભિ (વિશેષ) + સાંત્વન (સાંત્વનવચનું)] ન. દિલાસો; આશ્વાસન.
૨. [સં. અભિ (સામે) + સાંત્વન (સાંત્વિ)] ન. સમજણ; મનામણું.

અભિસૃષ્ટ ૧. વિ. આપેલું.
૨. [સં. અભિ (દૂર) + સૃષ્ટ (ફેંકેલું)] વિ. તજેલું; છોડેલ
૩. [સં. અભિ + સૃજ્ (સાજવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. સજેલું

અભિસ્નેહ [સં. અભિ (ચોતરફ) + સ્નેહ (પ્રેમ)] પું. અનુરાગ આસક્તિ; મોહ.

અભિસ્પંદન [સં. અભિ (વિશેષ) + સ્પંદન (ઝરો)] ન. ઝરમરો; ઝીણા કેફ.

અભિસ્પર્ધ જુઓ અભિસ્પંદ.

અભિસ્પર્ધી જુઓ અભિસ્પંદી.

અભિહત ૧. વિ. અથડાવેલું; વિંઝાયું.
૨. વિ. અભિઘાત સંયોગવાળું
૩. [સં. અભિહન્ (ઉપર કરવો) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. આઘાત પામેલું; ઈજા થયેલું.
૪. વિ. (ગણિત) ગુણેલ.
૫. વિ. મારેલું; ઠોકેલું.

અભિહતા સ્ત્રી. રતવેલિયો નામની વનસ્પતિ.

અભિહતિ ૧. સ્ત્રી. (ગણિત) ગુણાકાર.
૨. [સં. અભિ (સામે) + હન્ (મારવું)] સ્ત્રી. માર; પ્રહાર; સામે આવતાંને મારવું તે.

અભિહરવું ૧. ક્રિ. પહેરામણી આપવાની ક્રિયા.
૨. [સં. અભિ (પાસે) + હૃ (લઈ જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પાસે લાવવાપણું.
૩. [સં. અભિ (દૂર) + હૃ (લઈ જવું)] ન. ઘેંટ.
૪. ન. લેવું કે ઉપાડવું તે.

અભિહાર ૧. પું. ચઢાઈ.
૨. પું. નિંદા; બદબોઈ.
૩. [સં. અભિ (દૂર) + હૃ (લઈ જવું)] પું. પ્રબળ ચોરી; ઉંચાતું લઈ જવું તે; લૂંટ.
૪. પું. પ્રપંચ; બહેનત; કોશિશ.
૫. [સં. અભિ (પાસે) + હૃ (લેવું)] પું. મેળાપ; મિલાપ; મળી જવું તે.
૬. પું. લેવું કે ઉપાડવું તે.
૭. પું. હથિયાર ધારણ કરવાની ક્રિયા.
૮. [સં. અભિ (ઉપર) + હૃ (લેવું)] પું. હુમલો; ચઢાઈ; આક્રમણ.

અભિહાસ [સં. અભિ (વિશેષ) + હાસ્ય (હસવું તે)] પું. મશ્કરી; મશ્કરી; હાંસી; ઠઠ્ઠો.

અભિહિત [સં. અભિધા (કહેવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. કહેલું; બોલેલું; ઉક્ત; કથિત.
ક્રિયાપદ કેટલીક વખતે કર્તાનું અભિધાન..... કરે છે અને કેટલીક વખતે નથી કરતાં એ કર્તા-વાચક અભિહિત અને અનભિહિત એવા પરસ્પર વિરોધી બે ભેદ કર્યા છે. પૃહ્વ્ આખ્યાત

અભિહિતકર્તા [સં. અભિહિત (કહેલ) + કર્તૃ (કરનાર)] પું. (આખ્યાત) જેના વિષે કોઈ કહેવામાં આવ્યું હોય એવો કર્તા; જેનાં ભણિ, વચન કે પુરુષ પ્રમાણે ક્રિયાપદનાં રૂપમાં ફેરફાર થાય એવું કર્મ. જેમકે, કેવલને સાદડી બનાવી; કેવલથી સાદડી બનાવાય છે. આમાં 'બનાવી' અને 'બનાવાય છે' એ રૂપથી કર્મ 'સાદડી' વિષે કાર્યરૂપ કહેવામાં આવ્યું હોવાથી તે કર્મ અભિહિતકર્મ કહેવાય છે.

અભિહિતકર્મ [સં. અભિહિત (કહેલ) + કર્મન્ (કર્મ)] ન. (આખ્યાત) જેના વિષે કોઈ કહેવામાં આવ્યું હોય એવું કર્મ; જેનાં ભણિ, વચન કે પુરુષ પ્રમાણે ક્રિયાપદનાં રૂપમાં ફેરફાર થાય એવું કર્મ. જેમકે, કેવલે સાદડી બનાવી; કેવલથી સાદડી બનાવાય છે. આમાં 'બનાવી' અને 'બનાવાય છે' એ રૂપથી કર્મ 'સાદડી' વિષે કાર્યરૂપ કહેવામાં આવ્યું હોવાથી તે કર્મ અભિહિતકર્મ કહેવાય છે.

અભિહિત સંધિ [સં. અભિહિત (બોલેલું) + સંધિ (મુલેહ)] સ્ત્રી. લખાવટ ન થઈ હોય એવી એટલે કે બોલેની મુલેહ.

અભિહિતાન્વયવાદ [સં. અભિહિત (કહેલ) + અન્વયવાદ (અન્વયમત)] સ્ત્રી. (ન્યાય, વેદાંત) આખું વાક્ય સાંભળ્યા પછી તે બંધબેસતું ન થતું હોય ત્યારે તેને બંધબેસતું કરે એવા બીજા અર્થની કલ્પના. જેમકે, 'આત્માને જાણનારો શોકથી બંધાતો તરે છે' એ વાક્યમાં શોકથી મુક્તવામેલ જે બાધ તે જ્ઞાનથી છૂટી જાય એમ કહ્યું. પણ આંસુથી શોકનું નિષ્ક્રાન્તપણું સાબિત થાય નહિ આંસુથી એ વાક્યનો અર્થ બંધબેસતો થાય નહિ; માટે

શોધના મિથ્યાપણાની કલ્પના કરવી તે અલિહિતાનુપપત્તિ કહેવાય.

અલિહિતાન્વય [સં. અલિહિત (કહેલ) + અન્વય (સંબંધ)] પું. પાસપાસેના શબ્દના અર્થનો અલિપા નામની શક્તિથી પરસ્પર સંબંધ.

અલિહિતાન્વયવાદ [સં. અલિહિત (કહેલ) + અન્વય (સંબંધ) + વાદ (મત)] પું. (ન્યાય) વાક્યના જુદા શબ્દમાં અર્થ હોતો નથી એવો મત. દરેક શબ્દને પોતાનો અર્થ હોય, પણ અહીં શબ્દ એકબીજા સાથે સિલસિલાનો સંબંધ પામે ત્યારે જ તેમાંથી આખા વાક્યનો અર્થ નીકળે. પ્રભાકરમતના મીમાંસકો આથી ઊલટું વાક્યના દરેક શબ્દમાં વાક્યનો અર્થ રહેતો હોવાનું માને છે.

અલિહિતાન્વયવાદી [સં. અલિહિત (કહેલ) + અન્વય (સંબંધ) + વાદિન્ (મત પ્રતિપાદનાર)] વિ. અલિહિતાન્વયવાદમાં માનનારું.

અલિહોમ [સં. અલિ (અગ્નિ) + હોમ (યજ્ઞ)] પું. ઘીની આહુતિ.

અલી ૧. [સં. અ (નહિ) + લી (લીન)] વિ. જરા પણ; નિર્લેપ; નીડર.

૨. [હિં.] સ. આ બીજો; આ છોકરો.

અલી પરમગતિ પામે તેહ. નરસિંહ

અલીઢ ૧. પું. આલસ; પ્રેમી.

૨. પું. કવિ.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, નગણ અને ગુરુ મળી ૩ અક્ષરનો એક નામનો છંદ.

૪. પું. પતિ; ધણી.

૫. પું. અલિક.

૬. સ. નજીક હોવાપણું; પ્રીત.

૮. વિ. ઈચ્છવાળું; આતુર.

૯. વિ. કામી; વિષયોની ઇચ્છાવાળું; કામુક.

આસવ પાન અલીઢ કરાવે. સમારામ

૧૦. વિ. કૂર; દયા વગરનું; નિષ્ઠુર.

૧૧. વિ. ભમેલું; પાસે પહોંચેલું.

૧૨. [સં. અ (નહિ) + લી (લય) + ઢ (પામ્યું)] વિ. બીજે વગરનું; નીડર; નિર્લેપ.

૧૩. વિ. બખોર; ગરણ.

૧૪. સ. પાસે; નજીક.

અલીઢ ૧. [સં. અલિ (ચાટે) + ઢ (ચાટ કરવી)] પું. સંભોગ; મૈથુન; બંધ ન થાય એવું.

૨. વિ. ચાટુ; ખુશામતિયું.

૩. વિ. વારંવાર થતું.

૪. સ. વારંવાર; પુનઃપુનઃ.'

અલીઢકુઅવલહણાગમન [સં. અલીઢકુ (વારંવાર) + અવલહ (ચાટવું) + આગમન (આવવું)] ક. એક વાર આપીને ચાલિકે પાછી લીધી હોય, છતાં રોજ વગેરે પ્રસંગે ખાસ જરૂરી હોય તો તે બાબત તેના માલિક પાસેથી તેને ફરીથી ન લાવ તે માટે વારંવાર માગી લેવાપણું.

અગીયારમી અનુયોગિકલબ્ધિમાગમ, અલીઢકુઅવલહણાગમ, અવલંદાવણાગમ, સાતમિક પારેસણી અવલંદાવણાગમ અને અનુકૂલચિત્તાગમ એટલા બે ભાગ વાચનાનો છે. સત્તાવર્તસૂત્ર

અલીત ૧. [સં. અ (નહિ) + લીત (ઓગળેલું)] વિ. જરા વગરનું; ન ઓગળેલું.

૨. [સં. અલિ (ચાટે) + ઇત (ચાટેલું)] વિ. ચાટેલ ચાટેલ.

અલીતિ ૧. [સં. અ (નહિ) + લીતિ (લય)] સ્ત્રી. નિર્લેપતા; નીડરપણું.

૨. સ્ત્રી. પડોશ; પાસે હોવાપણું.

૩. સ્ત્રી. બીજા દૂર પ્રદેશ માટેની તાત્ત્વિક વીટી; અભયમુદ્રા.

૪. [સં. અલિ (ચાટે) + કૃતિ (ચામડી)] સ્ત્રી. ચામડી અથવા તે.

૫. [સં. અલિ (ફળ) + કૃતિ (મતિ)] સ્ત્રી. કુમળો; ગલગોટો.

૬. વિ. બીજે વગરનું.

અલીતું [સં. અ (નહિ) + લીત (ઓગળેલું)] વિ. બીજે વગરનું; નિર્લેપ.

વચન એને નીત નીર, વીર કૃપાનું અલીતો.

અલીનું [અ (નહિ) + લીનું (લીન્યેલું)] વિ. કોરું; વરસાદ વિનાનું; વરસ્યા વગરનું.

કાં જ લીલે કાંસે, સિંહ અલીનો હાક, વાગ્યા તો ભેગા જ વાજે ભીડ કરી કરી ભાત.

અલીપાદ ઉત્તર પું. સામવેદનો એક ઋષિ.

અલીપ્સા [સં. અલિ (વિરોધ) + ઈપ્સા (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છા; વાંછના.

અલીપ્સિત ૧. [સં. અલિ (વિરોધ) + ઈપ્સિત (ઇચ્છેલ)] વિ. અણગમતું; ઇચ્છેલું.

૨. વિ. અનભમતું; પ્રિય.

અલીમ ૧. [સં. અ (નહિ) + લીમ (લાગવું)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. નીતિને રસ્તે જવામાં માટે જે લાગવું નથી તેવો તે અલીમ કહેવાય છે.

૨. વિ. લાગવું નહિ તેવું; લોભ.

અલીમાન [સં.] પું. અભિમાન; ગર્વ.

અલીશોક [સં. અલિ (વિરોધ) + શોક (દુઃખ)] પું. આનંદ; ખુશી.

અલીસ ૧. [સં. અલિ (આગળ) + સ (જવું)] પું. ઓવાળિયો; ચોપાલ; ચોપ; બરવાડ. મનુના મત પ્રમાણે આ ચોરો અંગજ અવસ વૈલોકોની જાતની ઓથી બાકાયુને બચેલ સંતાન હતાં. તેઓ સિંધુ નદીના કાંઠા ઉપર વસવાટ કરે છે.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં ૧૧ માત્રા અને છેલ્લે જગણવાળો છંદ; આબીર.

અલીસાણ જી. એક જાતનું રેશમી કપડું.

અલીરી [સં. અલીસ (ગોવાળિયો)] સ્ત્રી. બરવાડ કે રબારીની ભાષા.

અલીરુ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

૨. પું. શિવ; ભૈરવ

૩. [સં.] સ્ત્રી. શતમૂળી નામની વનસ્પતિ; નારાયણી; અમૃતા; શતાવરી.

૪. [સં. અ (નહિ) + લીરુ (બીકણ)] સ. ડરાવનું એવાનું; ભુલસ્થાન, જેમાં જ્યાં ઉપર કે નીચાન માણસ જઈ શકાતું નથી.

૫. વિ. નીડર; બીક વગરનું.

૬. વિ. ગુમસ્તાન નહિ કરનારું.

અલીરુકા પું. (પિંગળ) જગણ, ભગણ, નગણ, નગણ અને ગુરુ મળી ૧૬ અક્ષરનો અતિજગતીની જાતનો એક છંદ.

અલીરુકા સ્ય, જ ભ ન ન ન ગ ગી.

વસુપિંગળ

અલીરુપત્રી [સં.] સ્ત્રી. શતાવરી; શતમૂલી નામની વનસ્પતિ; અલીરુ.

અલીરૂ જુઓ અલીરુ ૪.

અલીલાપ [સં. અલિ (ચાટે) + લપ્ (બોલ કરવો)] પું. સંભોગ; મૈથુન; ચાટચીત.

અલીવર્ત ૧. પું. ઋગ્વેદનો એક ઋષિ.

૨. પું. ષડવિંશ નામનો સામવેદનો ભાગ.

૩. [સં. અલિ (વારંવાર) + વૃત (પાછું ફરવું)] પું. વર્ષ.

૪. પું. કુમળો કરતાં છત મેળવવા માટે બોલાતો મંત્ર.

અલીવંગ પું. ત્યાગ; આક્રોશન.

અલીવાહી પું. (પુરાણ) એક નામનો દૈત્ય.

અલીષ્ટ ૧. [સં. અલિ (વિરોધ) + ષ્ટ (ઇચ્છવું)] પું. વહાલો પુરુષ.

૨. સ્ત્રી. ઇચ્છેલી વસ્તુ.

તારે અલીષ્ટ મળી કથી ઉમરે રે.

રસપ્રકાશ

૩. વિ. અત્યાધુનિક; બહુ.
૪. વિ. (કાવ્ય) બીજાના કરતાં ભારતમાં આપણા પોતાના કવિની સારપના દેખાઈ આવે એવો જોડ અલંકાર. જેમકે,
જે પ્રતાપરાણાના, બળ કરવાને જોગ તુરકજોડ;
તેને છતી લીધા, મળી સર્વ મેવાડી સિલ્હ લોક.
આમાં મુસલમાનોનાં છતવા લાયક મુલક છતવાના પ્રતાપરાણાના કવિની સારપના મેવાડી બીજા લોકોના કરતાં ભારતમાં દેખાઈ આવી માટે અલીઢ અલંકાર થયો.
૫. વિ. મનોરથ; ઇચ્છા.
૬. વિ. અનુકૂળ; મહેરબાન.
૭. વિ. ઇચ્છા ઉપર આધાર રાખનું; અપેક્ષિક.
૮. વિ. ઇચ્છેલું; ચાહેલું; વાંછિત.
૯. વિ. પસંદ કિરવ; વહાલું; માનીતું; મનગમતું.
૧૦. વિ. મનોહર; સુંદર.

અલીઢલાભ [સં. અલીઢ (ઇચ્છેલું) + લાભ (મળવું તે)] પું. ઇચ્છેલું મળવાપણું.

અલીઢસિદ્ધિ ૧. [સં. અલીઢ (ઇચ્છેલું) + સિદ્ધિ (સાધ્ય)] સ્ત્રી. ઇચ્છિત વસ્તુ મેળવવાની શક્તિ.
૨. [સં. અલીઢ (ઇચ્છેલું) + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. ઇચ્છેલું મળવાપણું.

અલીઢા ૧. સ્ત્રી. રેણુકા નામનો સુગંધી પદાર્થ.
૨. [સં. અલિ (વિશેષ) + ઇડા (ઇચ્છવી)] સ્ત્રી. વહાલી બૈરી; પ્રિયા.
૩. સ્ત્રી. સોપારી.

અલીઢાર્થ [સં. અલીઢ (ઇચ્છેલ) + અર્થ] પું. ઇચ્છેલ વસ્તુ.

અલીતિ ૧. સ્ત્રી. પાસે જવું તે; ઉપગમન.
૨. સ્ત્રી. પૂજા; સ્તુતિ.
અમરપુર [સં. અમર (દેવ) + પુર (શહેર)] ન. દેવતાની નગરી, અમરાવતી.

અમરપુષ્પ જુઓ અમરપુષ્પક.

અમરપુષ્પક ૧ [સં. અમર (અવિનાશી) + પુષ્પ (ફૂલ) + ક (વાળું)] ન. કરપદ્મ.
૨. ન. કસ્તૂરો; કસ્તૂર નામનું ઘાસ.
૩. ન. ગોખરુ.

અમરપુષ્પિકા સ્ત્રી. સુવા; સતપુષ્પી.

અમરપુષ્પી જુઓ અમરપુષ્પિકા.

અમરપ્રભુ ૧. [સં. અમર (દેવ) + પ્રભુ (ધણી)] પું. ઇંદ્ર.
૨. પું. વિષ્ણુ.

અમરફળ [સં. અમર (નાશ વિનાનું) + ફલ (ફળ)] ન. છટકી કાચના કકાવા જેવાં નાનાં ફળ; જે ખાવાથી મરણ આવ નહિ તેવું ફળ.

અમરબર્તા [સં. અમર (દેવ) + બર્તા (ધણી)] પું. અમરપ્રભુ; ઇંદ્ર.

અમરભાવ ૧. [સં. અમર (દેવ) + ભાવ (હોવાપણું)] પું. દેવ હોવાપણું.
૨. [સં. અમર (નાશ વિનાનું) + ભાવ (સ્થિતિ)] પું. નાશ વિનાની સ્થિતિ.

અમરભૂમિ [સં. અમર (દેવ) + ભૂમિ (જગા)] સ્ત્રી. દેવલોક; સ્વર્ગ.

અમરમાતા [સં.] સ્ત્રી. એ નામનો એક શબ્દકોષ.

અમરરત્ન [સં.] ન. સ્ફટિકમણિ.

અમરરાજ [સં. અમર (દેવ) + રાજન્ (રાજા)] પું. દેવોનો રાજા; ઇંદ્ર.

અમરલતા [સં. અમર (નાશ ન પામે એવું) + લતા (વેલ)] સ્ત્રી. એક વનસ્પતિ; અમરવેલ. પાણી વિના તે લાંબા કાળની રહે છે, તેથી તે અમરલતા કહેવાય છે.

અમરલિંગા ૧. ન. કાચા કાચુળીની એ નામની જાતનું માણસ. તેઓનું મૂળ સ્થાન અમરેલી હતી, અને તે પરથી તેઓનું આ નામ પડેલું મનાય છે.
૨. વિ. કાચા કાચુળીની એ નામની જાતનું.

અમરલોક ૧. પું. દેવ; દેવતા.
૨. [સં. અમર (દેવ) + લોક (સ્થાન)] પું. દેવલોક; સ્વર્ગ; વૈકુંઠ.

અમરલોકતા ૧. [સં. અમરલોક (દેવ) + તા (પણું)] સ્ત્રી. દેવપણું.
૨. સ્ત્રી. સ્વર્ગનું સુખ.

અમરવડ (અમરવડ) પું. એક જાતનો વડ.
તાતમલીને સેવ્યા સમા અમરવડ ઉદુમરી. નિષ્કુળાનંદ

અમરવધૂ [સં. અમર (દેવ) + વધૂ (સ્ત્રી)] સ્ત્રી. દેવી; દેવાંગના.

અમરવર [સં. અમર (દેવ) + વર (શ્રેષ્ઠ)] પું. ઉદ્ધવ, જેઓ તે દેવોમાં શ્રેષ્ઠ છે.

અમરવલ્લરી [સં. અમર (અવિનાશી) + વલ્લરી (વેલ)] સ્ત્રી. અમરવેલ.

અમરવલ્લી જુઓ અમરવેલ.

અમરવધૂ જુઓ અમરવધૂ.

અમરવાણી [સં. અમર (દેવ) + વાણી (બોલી)] સ્ત્રી. આકાશવાણી; દેવવાણી.

મુખ સ્વજન કેના પામશે
તે અમરવાણી હોય રે. શિવદાસ

અમરવારૂણીપાન ન. (યોગ) કાકબોજની એક ક્રિયા; તાળવાના ઉપરના ભાગમાં છુટ્ટા લાંબા થતાં અન્નરમાં રહેલું અદ્રાવ્ય છોતરાં ચૂસવા આવશ્યકતું.

અમરવેલ [સં. અમર (નાશ ન પામે એવું) + વલ્લી (વેલ)] સ્ત્રી. હમેશાં લીલી રહેનારી અને વધનારી, પીળાં અને કડવાં ફળવાળી, ઝાડ ઉપર વગર પાણીએ થતી એક પીળી વેલ; આકાશવેલ. જે ઝાડ પર તે ઊગે છે તે ઝાડના રસમાંથી પોષણ મેળવી તે ઝાડને તે નિર્બળ કરી મૂકે છે. આ વેલને જડ તથા પાંદડાં હોતાં નથી. તેની ડાંડીમાંથી ડાળીઓ અને તેનાં ઝીણાં પાંદડાં જેવાં કોતરાંમાંથી એકથી છ ઝાકળબિંદુ ફૂલનો ગુચ્છો નીકળે છે. તે ખૂબ લગાડનાર, પિત્ત અને કફનો નાશ કરનાર તથા આંખના રોગ અને હરસમાં ફાયદાકારક મનાય છે.

અમરવેલડી (અમરવેલડી) જુઓ અમરવેલ.

અમરવેલી જુઓ અમરવેલ.

અમરષ [સં. અમર્ષ (ક્રોધ)] પું. (જૂ. પ્ર.) કોપ; ગુસ્સો.

આજ લગઈ તે ચાલઈ રીતિ,
અમરષ કોઈ ન આણઈ ચિતિ.

અમરસ ૧. [સં. આમ્ર (કેરી) + રસ] પું. (હિંદી) કેરીનો રાંધેલો રસ.
૨. [સં. અમર્ષ (ક્રોધ)] પું. ગુસ્સો; ક્રોધ.

સો કિ ભલે અમર્ષ ભલો. અમરસ રાખિ ન અંગ.
આનંદકાવ્યમહોદધિ

અમરસરિત ૧. [સં. અમર (દેવ) + સરિત્ (નદી)] સ્ત્રી. આકાશગંગા; સ્વર્ગગંગા; વ્યોમગંગા; અમરાપગા.
૨. સ્ત્રી. ગંગા.

અમરસિંહ પું. અમરકોષનો કર્તા. તે વિક્રમાદિત્યના દરબારમાંના નવરત્નમાંનો એક હતો અને જૈન હતો એમ કેટલાક માને છે. કોઈ તેનો સમય પહેલી સદીમાં, કોઈ ચોથીમાં અને કોઈ પાંચમીમાં મૂકે છે. પણ તે ઈ.સ.નો અગિયારમો સૈકો પૂરો થતાં પહેલાં થયો હોવો જોઈએ, કારણ કે અગિયારમા સૈકામાં થયેલ મમ્મટે પોતાના ગ્રન્થપ્રકાશમાં અમરની સાક્ષી આપી છે. અમરકોષમાં અમરસિંહે દેવનાં સામાન્ય નામ આપી દેવ વિશેષના આરંભમાં જ બુદ્ધદેવનાં નામ આપ્યાં છે તે પરથી તેના બુદ્ધદેવ ઇષ્ટ હોવાનું પણ અનુમાન કરાય છે.

અમરસી [સં. આમ્ર (મરી) + રસ] સિ (હિંદી) કેરીના રસ જેવું પીળું. એક જાતનું ઝાડર અને આક આસો મૂનો મેળવવાથી આ રંગ બને છે.

અમરસુહાગિણી [સં. અમર (અવિનાશી) + સૌભાગ્યવતી (સ્ત્રી)] વિ. સ્ત્રી. અખંડ સૌભાગ્યવાળી.

અમરસુંદરરસ પું. (વૈદક) અથવા રોગમાં અપાતી એક દવા. પારાની ભસ્મ, શુદ્ધ હિંગળો, હરતાળભસ્મ અને શુદ્ધ મૉરપંખ દરેક ૪ તોલા લઈ, આંબરાના રસની ભાવના આપી, સાની, પીપરીના રસમાં ખૂરી, પાંચ કુકુટપદ આપવાથી તે બને છે. તેની માત્રા ૧ થી ૨ રતી છે. સાકર સાથે મોંમાં નાખી તે ઉપર દૂધ પીવામાં આવે છે.

અમરસુંદરી ૧. સ્ત્રી. અપ્સરા.
૨. [સં. અમર (દેવ) + સુંદરી (સ્ત્રી)] સ્ત્રી. દેવની સ્ત્રી; દેવાંગના.

અમરસુંદરીવટી સ્ત્રી. (વૈદક) તાવ ઉપર અપાતી એ નામની એક દવા. ત્રિકડુ, ત્રિફળા, પીપરીમૂળ, રેણુકબીજ, ત્રિફળ, ગજપીપર, સોહાગભસ્મ, પારો, મૉરપંખ, વત્સનાભ એ બધાં સરખે ભાગે લઈ બધાંથી અડધો ગોળ લેવાથી તેની અડીખોર જેવડી ગોળી કરવામાં આવે છે.

અમરસ્ત્રી જુઓ અમરસુંદરી.

અમરસ્વામી [સં. અમર (દેવ) + સ્વામિન્ (પતિ)] પું. ઇંદ્ર.

અમરહુકમ પું. ઈશ્વરેચ્છા; પ્રભુની મરજી.

અમરહૃદ ન. (પુરાણ) ભારતવર્ષનું એક તીર્થ.

અમરાંકિ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; હનુમંત. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, ગુરુ અને લઘુ મળી ૮ અક્ષર હોય છે.

ત્રા ત્રા ત્રો અમરાંકિ. સ્યૂનિંબય

અમરા ૧. સ્ત્રી. એક જાતની કુંવાર.
૨. સ્ત્રી. જમીની ચોતરફ વીંટાયેલી ઓર; જરાયુ.
૩. સ્ત્રી. જગો.
૪. સ્ત્રી. ચોર, કેમકે તે કાયમ લીલો રહે છે.
૫. સ્ત્રી. હંડીની નાળ.
૬. [સં. અમર (દેવતા) + આ (નદી-અન્તિને પ્રત્યય)] સ્ત્રી. દેવની નગરી અમરાવતી; ઇંદ્રપુરી.
૭. [હિં.] સ્ત્રી. ચિકાર.
૮. [સં. અ (નહિ) + મૃ (મરવું)] સ્ત્રી. મોગરા. તે હંમેશાં લીલી રહે છે.
૯. સ્ત્રી. સિંધ, કેરછરમાંડલમાં, મુલતાન, બહાવલપુર તથા દક્ષિણ અને મધ્ય હિંદમાં પોતાની મેળે ઊગતી તરબૂચના વેલા જેવી એક વનસ્પતિ; ઉંદરાબૂ.

અમરાઈ [સં. આમ્ર (આંબો) + રાજિ (હાર); અપ. અંબરાઈ] સ્ત્રી. આંબાવાડિયું; આંબાનું વન.

અમરાચાર્ય [સં. અમર (દેવ) + આચાર્ય (ગુરુ)] પું. બૃહસ્પતિ.

અમરાદ્રિ [સં. અમર (દેવ) + અદ્રિ (પર્વત)] પું. મેરુ પર્વત.

અમરાધિપ [સં. અમર (દેવ) + અધિપ (સ્વામી)] પું. ઇંદ્ર.

અમરાધીશ જુઓ અમરાધિપ.

અમરાધીશ્વર જુઓ અમરાધિપ.

અમરાપગા ૧. [સં. અમર (દેવ) + અપગા (નદી)] સ્ત્રી. આકાશગંગા.
૨. સ્ત્રી. ગંગા.

અમરાપર જુઓ અમરાપુરી.

અમરાપરી જુઓ અમરાપુરી.

અમરાપુર જુઓ અમરાપુરી.

અમરાપુરી [સં. અમર (દેવ) + પુરી (શહેર)] સ્ત્રી. દેવની નગરી; અમરાવતી; ઇંદ્રની રાજધાની.

અમરાય જુઓ અમરાર્ય.

અમરારણ [સં. અમર (દેવ) + અરણ્ય (જંગલ)] ન. દેવવોડ; સ્વર્ગ.

અમરાવતી ૧. પું. (પિંગળ) એ નામનો છંદ; વાસ્મતી. તેના પહેલા અને બીજા ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ મળી ૧૨ અક્ષર, તથા બીજા અને ચોથા ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી ૧૩ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. ઇંદ્રની રાજધાની; દેવનગરી. એમ કહેવાય છે કે વિશ્વકર્માએ તે નગરી બનાવી છે, અને તે સુમેરુ પર્વત ઉપર આવેલી છે. તે નગરીમાં રોગ, સંતાપ તથા જરા જેટલે પણ નથી, અને સદા વસંત ઋતુ ખીલી રહેલી હોય છે. તેમાં નંદનવન નામનો બગીચો, કામધેનુ ગાય, ઐરાવત હાથી, સાત મોઢાનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો છે. વળી અપ્સરાઓ, ગંધર્વો અને વિદ્યાધરો હંમેશાં નૃત્ય અને ગીતથી તેને આનંદદાયક બનાવે છે. તેને દેવપુર તથા પુરંદરપુરી પણ કહે છે.

ઉપરના ભાગમાં બ્રહ્મની 'બ્રહ્મપુરી', પૂર્વ દિશામાં ઇંદ્રની 'અમરાવતી', અગ્નિખૂણામાં અગ્નિની 'તેજોવતી' પુરી, દક્ષિણમાં યમની 'સંયમની' પુરી, નૈર્ઋત્ય ખૂણામાં નિઋતિ દેવની 'કૃષ્ણાંગ' પુરી, પશ્ચિમમાં વરુણની 'શ્રદ્ધાવતી' પુરી, વાયવ્ય ખૂણામાં વાયુની 'ગંધવતી' પુરી, ઉત્તરમાં કુબેરની 'મહોદયા' પુરી, અને ઈશાન ખૂણામાં ઈશાન દેવની 'યશોવતી' નામની પુરી છે. પુરુષોત્તમજીત

૩. સ્ત્રી. ગોદાવરીકાંઠાના રાજા સમ્પદેવે કૃષ્ણા નદીને કાંઠે ઈ.સ.ના બારમા સૈકામાં બંધાવેલી એ નામની નગરી. હાલ ત્યાં તેનાં ખંડિયેર જોવામાં આવે છે.

૪. ક. મદ્રાસ પ્રાંતના ગંતુર જિલ્લામાં આવેલું એ નામનું ગામ.

અમરાંગના ૧. સ્ત્રી. અપ્સરા.
૨. [સં. અમર (દેવ) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. દેવની સ્ત્રી; દેવી.

અમરી ૧. સ્ત્રી. અપ્સરા.
૨. સ્ત્રી. એ નામનું ઝાડ. એમાંથી નીકળતો મનોહર મુંદ સુગંધ માટે અગરબત્તી બનાવવામાં તથા તેની છાલ રંગ બનાવવાના અને ચામડું કેળવવાના કામમાં વપરાય છે.
૩. સ્ત્રી. ઘડપણ તથા મરણ વગરની સ્ત્રી.
૪. સ્ત્રી. ચમરી.
૫. [સં. અમર (દેવ) + ઈ (નદીબોધક પ્રત્યય)] સ્ત્રી. દેવની સ્ત્રી; દેવાંગના.
૬. સ્ત્રી. જોતેર કળા ઓઢેની અમર વગા ઓઢેની કળા. જુઓ કળા.

.....છત્રીસ રાજકુલ, ખેચરી, અમરી, વાદ, પાતાલસિદ્ધિ. પુણ્યચંદ્રચરિત્ર, ૧૫૮૮

૭. સ્ત્રી. બીલડી. કામરી, કમરી, કમરી, અમરી એમ જોડણીકાર ફરે ત્યાં જ્યાગ છે.
૮. સ્ત્રી. સ્ત્રીઓને માથે પહેરવાનું એક ઘરેણું. જુઓ અમરીઝમરી.

અમરીષ [સં. અંબરીષ] પું (બા.રૂ.) અંબરીષ નામનો આવતી સૂર્યવંશી રાજા.

અમરીઅમરી સ્ત્રી. સ્ત્રીઓને માથે પહેરવાનું એક ઘરેણું. માથે પહેરવાનો હલેરાના ઘાટનો સોનારૂપાનો ગહો તે અમરી અને તેને વળગાડેલી લટકતી ગૂંથેલી અમરના આકારની ઝૂમતી તે અમરી.

અમરુ પું. અમરુશતક નામનો સો શ્લોકનો શૃંગારરસ બનાવનાર કવિની સભાના સાતમા શૈકામાં થઈ ગયેલો એ નામનો કવિ.

અમરુશતક ન. અમરુ કવિએ બનાવેલો એ નામનો શૃંગારરસ.

અમર્ષ ન. કસ્તૂરીમાં બનતું એક રેતમી દ્રવ્ય; અંબર.

અમર્ષત [હિં.] ન. અમરત્વ.

અમર્ષદ [હિં. અમરત] ન. અમરફળ.

અમરેશ ૧. [સં. અમર (દેવ) + ઈશ (ધણી)] પું. ઇંદ્ર; દેવોનો રાજા.
૨. પું. વિષ્ણુ.
૩. પું. શિવ.

અમરેશ્વર ૧. પું. શિવનાં બાર લિંગ પૈકીનું એ નામનું પંચમું. તે ઉજ્જનમાં છે.
૨. લુપ્તો અમરેશ.

અમરેંદ્ર લુપ્તો અમરેશ.

અમરેંદ્રભરો પું. ખર, ખાજરા તથા વસૂના ચેતરમાં પથરાતું એક ઘાસ. તેનાં પાન ચોળવાથી બીજથી લાલ નીકળે છે. તેનાં વાસણ બનાવવામાં આવે છે.

સાત સીસમનો ગેલિયો અમરેંદ્રભરનાં વાસણ-લોકગીત

અમર્ષ પું. (પુરાણ) ઉલ્કા ઋષિનો એ નામનો સૌથી નાનો દીકરો.

અમર્ત લુપ્તો અમરત્વ.

અમર્ત્ય ૧. પું. દેવ.
૨. વિ. દિવ્ય; સ્વર્ગનું.
૩. [સં. અ (નહિ) + મર્ત્ય (મરણ પામે એવું)] વિ. નાશ ન પામે એવું; અમર; મરણધર્મરહિત.

અમર્ત્યતા ૧. [સં. અ (નહિ) + મર્ત્ય (નાશ પામે એવું) + તા (પણું)] સ્ત્રી. અવિનાશીપણું; અમરતા.
૨. સ્ત્રી. દેવત્વ.

અમર્ત્યત્વ લુપ્તો અમર્ત્યતા.

અમર્ત્યભુવન [સં. અમર્ત્ય (દેવ) + ભુવન (રહેઠાણ)] ન. સ્વર્ગ.

અમર્દન ૧. [સં. અ (નહિ) + મર્દ (ચૂર્ણ કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ચૂર્ણ ન કરવું તે.
૨. [સં. અ (નહિ) + મર્દન (ચોળવું તે)] ન. ચોળવું નહિ તે.
૩. ન. નાશ ન કરવાપણું.

અમર્દિત ૧. [સં. અ (નહિ) + મર્દિત (કચરેલું)] વિ. નહિ કચરાયેલું.
૨. વિ. દબાવ્યું ન હોય એવું; અપરાજિત; અજિત.

અમર્ભવેધી ૧. [સં. અ (નહિ) + મર્મન્ (કોમળ અવયવ) + વેધિન્ (વીંધનાર)] વિ. શરીરના નાજુક ભાગને ખૂબ છેદે નહિ એવું; કોમળ; મૃદુ.
૨. વિ. હાડને અસર ન કરનારું.

અમર્યાદ ૧. ન. વધારો; અધિકપણું; અતિશય.
૨. [સં. અ (નહિ) + મર્યાદ (હદ)] વિ. અતિશય; અપાર.
૩. વિ. છૂટું; સ્વતંત્ર.
૪. વિ. હદ વિનાનું; નિરંકુશ.
૫. વિ. પ્રતિષ્ઠા ખોટવે એવું કરવું; અપ્રતિષ્ઠિત.
૬. [સં. અ (નહિ) + મર્યાદ (વિવેક)] વિ. બેશરમ; તોછડું; અસભ્ય.
૭. વિ. બેશરમ; નિર્લજ્જ; શરમ વગરનું; શરમ વિનાનું.
૮. વિ. ભરપૂર; પૂર્ણ.

અમર્યાદક ૧. [સં. અ (નહિ) + મર્યાદા (વિવેક) + ક (વાળું)] વિ. અપમાન કરનાર.
૨. [સં. અ (નહિ) + મર્યાદ (હદ) + ક (વાળું)] વિ. મર્યાદા કે શરમ ન રાખનાર.

અમર્યાદા ૧. સ્ત્રી. અન્યાય.
૨. સ્ત્રી. અપરાધ; દોષ.
૩. સ્ત્રી. અપ્રતિષ્ઠા.
૪. સ્ત્રી. આબરૂ નહિ જાળવવાપણું.
૫. સ્ત્રી. પાપ.
૬. [સં. અ (નહિ) + મર્યાદ (વિવેક)] સ્ત્રી. બેશરમી; અસભ્યતા.
૭. સ્ત્રી. બેશરમી; નિર્લજ્જતા.
૮. [સં. અ (નહિ) + મર્યાદ (હદ)] સ્ત્રી. હદ ન હોવાપણું.

અમર્યાદિત ૧. વિ. (અમિત) અંત કિંવા પાર સુધી પહોંચી શકે એવું. જેમકે, વા.
૨. [સં. અ (નહિ) + મર્યાદિત (હદવાળું)] વિ. અપાર; બેહદ.
૩. વિ. પૂર્ણ; ભરપૂર.
૪. વિ. (અમિત) બીજવસ્તુમાં જે વસ્તુ અથવા જેની કીમત અંત હોય એવું.
૫. વિ. સ્વતંત્ર; છૂટું.

અમર્યાદિતસત્તા ૧. [સં. અ (નહિ) + મર્યાદિત (હદવાળું) + સત્તા] સ્ત્રી. રાજની સ્વતંત્ર સત્તાવાળું રાજ્ય.
૨. સ્ત્રી. સ્વતંત્ર કે સંપૂર્ણ સત્તા.

અમર્શ [સં. અ (નહિ) + મૃષ્ (સ્પર્શ કરવો)] ન. સ્પર્શ ન કરવો તે; અસ્પર્શ.

અમર્શન લુપ્તો અમર્ષ.

અમર્ષ ૧. પું. અદેખાઈ; ઈર્ષ્યા.
૨. [સં. અ (નહિ) + મર્ષ (ધીરજ)] પું. ક્રોધ; ગુસ્સો; રીસ.
૩. [સં. અ (નહિ) + મર્ષ (સહનશીલતા)] પું. ક્ષમા ન કરવાપણું; અસહિષ્ણુતા; અક્ષમા.
૪. પું. ખેદ; વેદ.
૫. પું. દ્વેષ નિશ્ચય; ઓછપ વિચાર.
૬. પું. (કામ) રસની ઉત્પત્તિમાં સ્થાયીભાવને પુષ્ટ કરી આસ્વાદ્ય બનતા તેત્રીસમાનો એ નામનો ભાવ; બીજનો અહંકાર ન સહન થવાથી તેને નષ્ટ કરવાની થતી ઇચ્છા.
૭. પું. સામે થવાની કે બરાબરી કરવાની અધીરાઈ; અક્ષમતા.
૮. [સં. અ (નહિ) + મર્ષ (સહનશીલતા)] વિ. સહન ન કરી શકે એવું.

અમર્ષણ ૧. પું. સૂર્યવંશી રામચંદ્રના પુત્ર કુશના વંશમાં અગ્નિવર્ણ પછી રાજનો દીકરો.
૨. ન. અક્ષમા; માફ ન કરવું તે.
૩. [સં. અ (નહિ) + મર્ષણ (સહન કરવું તે)] ન. અસહિષ્ણુતા.
૪. [સં. અ (નહિ) + મર્ષણ (ધીરજ)] ન. ક્રોધ; ગુસ્સો; રોષ.
૫. વિ. અધીરું.
૬. વિ. ક્ષમા નહિ કરનાર; અસહનશીલ
૭. વિ. ગુસ્સાવાળું; ક્રોધી.
૮. વિ. હદ નિશ્ચયવાળું.

અમર્ષપરાયણ લુપ્તો અમર્ષી.

અમર્ષવાન લુપ્તો અમર્ષી.

અમર્ષહાસ [સં. અમર્ષ (ગુસ્સો) + હાસ (હસવું તે)] ન. ક્રોધમાં કરેલું હાસ્ય.

અમર્ષી ૧. [સં. અમર્ષ (ઈર્ષ્યા) + ઈન્ (વાળું)] વિ. અદેખું; દ્વેષી; વેરીલું.
૨. વિ. અસહનશીલ.
૩. વિ. ઉતાવળું; અધીરું.
૪. [સં. અમર્ષ (ક્રોધ) + ઈન્ (વાળું)] વિ. ક્રોધી; ગુસ્સાવાળું.

૫. વિ. ક્રમમાં ન આવે એવું.
૬. વિ. અક્રમ વિચારવાળું.

અમલ ૧. [સં.] પું. અધિકાર; સત્તા.
૧. અમલ આંખનો હોય છે = સત્તાવાળું માણસ અધિકારના અભિમાનમાં સામી વસ્તુ જોઈ શકતું નથી.
૨. અમલ ઊતરવો = ઊંચા દરજ્જા પરથી ઊતરવું.
૩. અમલ કરવો = રાજ્યસત્તા ચલાવવી.
૪. અમલ જમાવવો = અધિકાર કરવો.
૫. અમલ બજાવવો = સત્તા વાપરવી.

૨. પું. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્રનો સૌથી અજવાળો તારો. તેનું મહત્ત્વ ૨-૧, વિષુવાંશ ૨૧ અને ક્રાંતિનું ઉત્તર ૨૩ છે.
૩. પું. અસર; પ્રભાવ.
૪. પું. અમરણ; વહેવાર.
૫. [અ.] પું. આદત.
૬. પું. આદત; ટેવ.
૭. [અ.] પું. ઉદ્યમ; ધંધો.
૮. પું. (પિંગળ) બે નામનો ૩૮ મુ૰ અને ૮૦ લઘુ મળી ૧૧૮ વર્ણને વિષમજાતિ છંદ.
૯. પું. ક્રમ.
જેમ અમલ પીતાં આવત નારી,
તેમ આંતરે આવે અધિકે પીત. નિષ્કુળાનંદ
૧૦. પું. ક્રમ.
૧૧. [અ.] પું. કર્મપદ્ધતિ.
૧૨. પું. જોગવાઈ; અવસ્થા.
૧૩. પું. (પિંગળ) ત્રિકાંગી છંદની બાજુનો ૮૪ લઘુ અને ૨૨ મુ૰ મળી ૧૨૮ માત્રાનો છંદ.
૧૪. પું. (પુરાણ) પ્રજાપતિ નામના પ્રધાનનો નાનો દીકરો.
૧૫. પું. નશો; કેફ; ચેન.
૧. અમલ કરવો = કેફ કરવો.
૨. અમલ ચડ્યો = કેફ ચાઢ્યો; કેફની ખુમારી આવવી.
૩. અમલ પહોંચવો = કેફની અસર રહેવી.
૧૬. પું. નામની અવસ્થા.
૧૭. પું. પત્ની; હોદ્દો.
૧૮. પું. બજવણી.
૧. અમલ કરવો = (૧) કસંનો પીવો. (૨) હુકમ પ્રમાણે વર્તવું; હુકમ બજાવવો.
૨. અમલમાં મૂકવું = (૧) પ્રચલિત જેટલો માલ કરવું. (૨) લાગુ કરવું; બજાવવું.
૩. અમલમાં લાવવું = હુકમ બજાવવો.
૧૯. [અ.] પું. મંત્ર.
અમલ પઢવો = મંત્ર ઉચ્ચારવો.
૨૦. [અ.] પું. આઠ પદાર્થ; કેફી વસ્તુ.
૨૧. પું. વખત; સમય.
૨૨. પું. વહીવટ; સાસન; કારકિર્દી.
અમલ ચલ્યો = (૧) રાજ્ય ચલ્યું. (૨) વખતનો સુમાર ચલ્યો.
૨૩. પું. બસન.
૨૪. પું. સુથાર; બાજરો.
૨૫. [અ.] પું. સાધના.
૨૬. પું. (જૈન) સિદ્ધ ભગવાન.
૨૭. પું. હુકમ.
૨૮. [અ. અમલ (અફિણ)] ન. અફીણ.
૨૯. ન. બળરખ.
૩૦. ન. પરવાઝ.
૩૧. ન. ભાળામોળા.
અમલ કરાવવું = બાળકને ભાળામોળા આપવી.
૩૨. ન. ઘાતલાનું ઝાડ.
૩૩. [સં. અ (નહિ) + મલ (મેલ)] ન. સ્વચ્છતા; નિર્મળપણું.
૩૪. વિ. ધોળું; ઊજળું.
૩૫. વિ. નિર્દોષ; પાપ વિનાનું.
૩૬. વિ. નિર્મળ; સ્વચ્છ.
૩૭. વિ. શુદ્ધ; પવિત્ર.
૩૮. [અ.] સ.ક્રિ. (ધાતુ) તેણે ક્રમ કર્યો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દોઃ અમલ = ક્રમ; અધિકાર. અમલદાર = અધિકારી. અમિલ = ક્રમ કરનાર. અમલ્લ = પોરબંદર; મામુલી. અમલમતદાર = અમલદાર. અમ્યામિલા = બનાવ; અમલો.

અમલકી સ્ત્રી. દારૂના રૂપ અભિસારક.

અમલગ વિ. અમલુ.

અમલગુમ્બ [સં.] પું. પલાશ કે પદ્મ નામનું ઝાડ.

અમલગુજાર [હિં.] પું. વસાતી અધિકારી.

અમલગેજ સ. (ક્રિયા) બોજવાળા; અમલ-ગમન.

અમલગેરી ૧. સ્ત્રી. બેદરકારી.
૨. [અ. અમલ (સત્તા) + ફા. ઝોર] સ્ત્રી. સત્તાનું બળ; અધિકારનો જોર; સત્તાનું અભિમાન.

અમલતા ૧. [સં. અ (નહિ) + મલ (મેલ) + ત્વ (પણું)] સ્ત્રી. બેદાગીરી; સ્વચ્છતા.
૨. સ્ત્રી. ધોળાશ; ઊજળું હોવાપણું.
૩. સ્ત્રી. નિર્દોષતા; પાપ રહિત હોવું તે.
૪. સ્ત્રી. પવિત્રતા.

અમલદસ્તક [હિં.] પું. મરજાળો; આરબંધ. આકારે રોઢ કુટ લાંબી કીંગરાવાળું અને પીળાં ફૂલવાળું એક ઝાડ. તેની કીંગનો પર ગીરાલ પડતો, બાજામાં બલ્લ મીઠો અને ઠલ્લ લાવે એવો હોય છે. તેનાં ફૂલમાંથી બનતો મુલાયમ મુલાયમના મુલાયમ કરતાં વધારે રેશમ મનાય છે.

અમલદસ્તક ૧. પું. મિલકતનો કબજો સોંપવાનો દસ્તાવેજ.
૨. [અમલ (સત્તા) + દસ્ત (હાથ) + ક (પણું)] પું. કુબજતારનામું.
૩. [હિં.] પું. વારંટ; મુનેગારને પકડવાનો હુકમ.
૪. [હિં.] પું. હકપત્ર.

અમલદસ્તૂરી [અ. અમલ (રાજ્યહીવટ) + દસ્તૂર (રૂઢ)] સ્ત્રી. બજાત ઉપર લેવાતો કર.

અમલદાર ૧. [અ. અમલ (સત્તા) + ફા. દાર (રાખનાર)] પું. અધિકારી; હોદ્દેદાર.
૨. [અ. અમલ (આદત) + ફા. દાર (રાખનાર)] પું. આદતિયો.
૩. પું. પ્રાંતનો સૂબો.
૪. પું. મહેસૂલ અધિકારી.
૫. પું. વહીવટદાર; વહીવટ કરનાર.

અમલદારશાહી [અમલદાર + શાહી (રાજ્યને લગતું)] સ્ત્રી. નોકરોની સત્તાવાળું રાજ્યતંત્ર; નોકરશાહી.

અમલદારી ૧. સ્ત્રી. અધિકાર; સત્તા; હકૂમત.
૨. સ્ત્રી. અમલદારનું કામ; કારભાર.
૩. સ્ત્રી. અમલદારનો હોદ્દો.
૪. સ્ત્રી. અમલદારપણું.
૫. [હિં.] સ્ત્રી. બાજબરદારી.
૬. સ્ત્રી. મહેસૂલ; વસૂલાત.
૭. સ્ત્રી. રાજ્યહીવટ; રાજ્યસત્તા.
૮. સ્ત્રી. વહીવટ; અવસ્થા.
૯. સ્ત્રી. સૂબાગીરી.

અમલદોર [અ. અમલ (અધિકાર) + ફા. દોર (સત્તા)] પું. અધિકારનું અભિમાન.

અમલનામું [હિં. અમલનામા] ન. બાતાપત્ર; કુબજતનામું.

અમલપહો ૧. પું. લોબવટો કરવાનો અધિકાર.
૨. [હિં. અમલપટ્ટા] પું. કુબજતારનામું.

અમલપાણી [અમલ (અફિણ) + પાણી] ન. કસૂંબો અમલ જેવો બીજો કોઈ કેફી પદાર્થ.
અમલપાણી કરવાં-દેવાં = કેફી વસ્તુ જેવી; કસૂંબો કેફી પીવો.

અમલપાની [હિં.] કું. માઠા પીણું.

અમલબજાવણી [અમલ (હુકમ) + બજાવવું] સ્ત્રી. હુકમ્યા પ્રમાણે કરવાપણું.

અમલબેત ૧. [હિં.] કું. કોરેટ કૂલ અને તરબૂચ જેવાં પણ અકલ્પ્યાં કળવાળી ભીલેરાં લીંબુની એક જાત. તેનાં કળની અટાય ઓટલી બધી હોય છે કે એમાં પોલાકની સોય પણ ઓબળે એમ છે. આ લીંબુ અગ્નિદીપક અને પાચક હોવાથી પેટના રોગ ઉપર તે અકસીર મનાય છે.

૨. [સં. અમ્લવેતસ] સ્ત્રી. (હિંદી) પશ્ચિમના પહાડોમાં થતી એક વેલ.

અમલબેદ જુઓ અમલબેત.

અમલબોલ [હિં.] સ્ત્રી. ગરમ પ્રદેશમાં થતી એ નામની એક વેલ. ચોમાસામાં તેને લીલાશ પડતાં ધોળાં ફૂલ આવે છે. તેનાં પાન મૂખમાંને પકવવા માટે બાંધવામાં આવે છે.

અમલમણિ ૧. [સં. અ (નહિ) + મલ (મેલ) + મણિ (મન)] કું. નિર્મોહ.

૨. કું. સદ્ધિક.

અમલમદ [અમલ (સત્તા) + મદ (નશો)] કું. અધિકારનું અભિમાન.

અમલમરત [અ. અમ્લ (અધિકાર) + મરત (મરવાનું)] સ્ત્રી. સત્તાના મદવાળું.

અમલમરત જુઓ અમલમણિ.

અમલમસનદ [અ. અમલ (જમીનનો વહીવટ) + ફા. સનદ (પરવાનો)] સ્ત્રી. ઊપજ વસૂલ કરવાનો પરવાનો.

અમલમસાય જોરવવા (અમલમસાય) સ. ક્રિ. મૂર્છિત કરવો.

અમલમસારો બંધક કું. તાવીને બાંધવા કરેલો બંધ.

અમલા ૧. [અ.] કું. કચેરી કે સરકારમાં કામ કરનાર પુરુષ; કામવિકારી.

૨. કું. (પિંગળ) દરેક ચરણમાં ૮ કલમ્ય, અને પ્રથમ મણી રૂપ અક્ષરનો એક છંદ.

૩. [સં. આમલક] સ્ત્રી. આંબળાનું ઝાડ.

૪. સ્ત્રી. કૂંડીની નાગ.

૫. સ્ત્રી. ઓબળાંબળી.

૬. સ્ત્રી. મલિકદીપની ૧૪ કેરીમાંની એ નામની એક. જુઓ આમ્રા.

૭. સ્ત્રી. લક્ષ્મી.

૮. સ્ત્રી. વૈવસ્વત મન્વંતરમાં થયેલા અત્રિ ઋષિની દીકરી. એ મહાન પતિવ્રતા હતી.

૯. [સં. અ (નહિ) + મલ (મેલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પવિત્ર; દોષ વગરની.

અમલાક ૧. [અ. મિલ્ક (મિલ્કત)નું બહુવચન] સ્ત્રી. માલમિલકત.

૨. સ્ત્રી. સ્થાવર મિલકત.

અમલાત્મા ૧. કું. રામદેવ વિનાનો જોગી.

૨. [સં. અમલ (પવિત્ર) + આત્મન્ (મન)] વિ. પવિત્ર મનવાળું; શુદ્ધ આત્મા-વાળું.

અમલાં ક. (આમ્ર) કેરાંનો.

અમલાં વેના આખે રંગ હો સુરજ વાલુ.
દુહો

અમલિન ૧. [સં. અ (નહિ) + મલિન (મેલું)] વિ. ચોખ્ખું; નિર્મળ.

૨. વિ. પાપ વિનાનું; નિર્દોષ.

૩. વિ. શુદ્ધ; પવિત્ર.

અમલિયું ૧. [અ. અમ્લ (અફીણ)] ક. અફીણ.

અમોરો અમલીઆં લોનારીઆં રે હોય.
મુખે ક્રોબ્યાં બોલાં ખોરડ રે હોય.
લોકગીત

૨. ક. અમલીને બાળામોળા પાવાની નાની વાટકી.

૩. વિ. અફીણના અસરવાળું; બંધાણી.

અમલી ૧. [હિં.] સ્ત્રી. આંબલી.

૨. સ્ત્રી. હિમાલયના દક્ષિણ પ્રદેશમાં થતું એક ઝાડનું ઝાડ.

૩. વિ. અમલમાં મુકાયેલું કે મૂકવાનું; અસરકારક.

૪. વિ. અમલમાં મૂકનાર.

૫. [અ. અમ્લ (અફીણ)] વિ. કેફ કરનાર; બંધાણી; બંધાણી.

૬. વિ. નશાખોર; કસુટેવવાળું.

૭. વિ. વાસ્તવિક.

૮. વિ. અસરકારક.

૯. વિ. શાસન સંબંધી.

૧૦. વિ. સત્તામાં આવેલું; અધીન.

૧૧. વિ. સુસ્ત; ઓદી.

અમલી જિન્સ ૧. કું. અમલદારી.

૨. [હિં.] કું. કેરી જાતની.

અમલીસન કું. હિંદુસ્તાનના કાર સંવતોમાંનો એક. તે ઈ.સ. પૂર્વે ૫૬ થી શરૂ થયો છે. તેનું વર્ષ ચાલવા ચૈત્ર ૧૨ થી શરૂ થાય છે. માસની અવધિમાંથી શરૂ થવાનું કારણ એ કે તે તિથિએ ઓજ્જયિનીના રાજા વિક્રમાદિત્યનો જન્મ થયો હતો. આનો પ્રચાર ઓરિસ્સા અને વેપારી-ઓમાં તેમજ લાંબી કચેરીમાં છે.

અમલું [સં. અ (નહિ) + મલ (મેલ)] વિ. સ્વચ્છ; શુદ્ધ.

અમલેક [સં. અમ્લ] કું. અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, કાશ્મીર અને પંજાબમાં થતું એ નામનું ઝાડ. આમાંથી પહેલો રસ ચૂંદતી વેળા ખાટો હોય છે. તેનાં ફળ તાજાં તેમજ સૂકાં બંને જાતનાં બજારમાં વેચાય છે.

અમલો ૧. [અ. અમલ] પુ. અમલદારને બેસવાની જગ્યા; કચેરી.

૨. [અ. ઇંગ્લાહ (કામ)] કું. માલનું બેલાશંધી બાંધકામ; ઇમારતનું બાંધકામ.

૩. કું. બેલાશંધી; મજૂરો.

૪. કું. હુકમ કરનાર પુરુષ.

અમવાત [અ. મૌત (મરણ)નું બહુવચન] ન. બ. વ. મરણ.

અમવાત નકશા = મરણનોંધનું પત્રક.

અમવાલ ૧. [અ. મલનું બહુવચન] સ્ત્રી. જંગમ મિલકત.

૨. સ્ત્રી. માલમિલકત.

અમશારપંદ પુ. (જરથોસ્તી) સાત મુખ્ય દિવસતા. તેનાં નામઃ અહુરમઝદ, બહમન, અર્દીબહિશ્ત, શેહેરીવર, અસ્ફંદારમદ, ખોરદાદ અને અમરદાદ.

અમસ ૧. કું. ઝાગ; વખત.

૨. કું. મૂર્ખાઈ.

૩. [સં. અમ્ (બાંધ પાડવું)] કું. રોગ; બીમારી; બંદરાય.

૪. વિ. બેદાની; નિર્દોષ.

૫. વિ. મૂર્ખ; બેવકૂફ.

અમસણું જુઓ અમરતું.

અમસ્તક [સં. અ (નહિ) + મસ્તક (માથું)] વિ. માથા વગરનું.

અમસ્તકું જુઓ અમસ્તું.

અમસ્તું ૧. વિ. અમસું; નકામું.

૨. ક્રિ. વિ. મફત; કીમત આપ્યા વગર.

૩. ક્રિ. વિ. વગર કારણે.

અમસ્તું જુઓ અમસ્તું.

અમહીયુ કું. સામવેદનો એ નામનો એક ઋષિ. તેણે નવમા મંડલના ૫૪ થી ૬૦ સૂક્ત રચ્યાં છે.

અમહીયુ આંગિરસ કું. સામવેદનો એ નામનો એક ઋષિ.

અમહીયુ વિષ્ણુપ કું. સામવેદનો એ નામનો એક ઋષિ.

અમળ ૧. [સં. અ (નહિ) + મલ (મેલ)] વિ. ધોયું; ઊજળું.

૨. વિ. પાપ વિનાનું; નિર્દોષ; નિષ્કલંક; દોષ, રહિત.

૩. વિ. શુદ્ધ; પવિત્ર.
૪. વિ. સ્વચ્છ; ચોખ્ખું; નિર્મળ.

અમળાઈ ૧. [સં. અ (નહિ) + મલ (મેલ) + તા (ભાવ)] સ્ત્રી. ચોખ્ખાઈ.
૨. સ્ત્રી. ધોળાશ; ઊજળું હોવાપણું.
૩. સ્ત્રી નિર્દોષપણું.
૪. સ્ત્રી. પવિત્રતા.

અમળતિયું ૧. [અ (નહિ) + મળતિયું (મળવાળું)] વિ. બીજે નહિ ભેળું; અલગ રહેવાના સ્વભાવવાળું; અતડું
૨. વિ. કરમાળ.
૩. વિ. સામા પડનું.

અમળપક્ષ [સં. અમલ (ઊજળું) + પક્ષ (પખવાડિયું)] પું. અજવાળિયું; શુક્લપક્ષ.

અમળા [સં. અ (નહિ) + મલ (મેલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. શુદ્ધ; પવિત્ર હોય એવી.

અમળાઈ ૧. પું. કરમોડાવાપણું; વક્રતા.
૨. પું. ખાર; વેર.
૩. પું. પેટમાં આવતી ચૂંક; આંકડી; પેટપીડ.
૪. પું. મિલકત; અછવાઈ.
૫. [અમળાવું (કરમાવું) + આઈ (ભાવ)] પું. વળ; કરચાઈ.
૬. પું. વાંકો આંક.

અમળાવવું ૧. સ. ક્રિ. ચૂંક આવવી.
૨. સ. ક્રિ. આમળા પાડવા; કમાવવું; વળ આવવો.
૩. સ. ક્રિ. ચોળાવવું.
૪. સ. ક્રિ. બીજા પાસે વળ દેવરાવવો.
૫. સ. ક્રિ. મોંમાં નાંખીને ફેરવ્યા કરવું; અમળાવવું.

અમળાવું ૧. અ. ક્રિ. અટકી રહેવું; વાંકું આવવું.
૨. અ. ક્રિ. આમળો આવો; વળ આવો; કમકમાવું.
શરીર અમળાવું = કળતર થવી.
૩. અ. ક્રિ. દુખાવું; કમરો ભારે આવવો.
૪. અ. ક્રિ. પેટમાં દુખવું; વાયુનું ચોળાવું; ચૂંક આવવી.
૫. અ. ક્રિ. પોતાને કરવું ન ગમવાથી રીસમાં કામ કરવું; કમને કે અનાકાનીએ કામ કરવું.
૬. અ. ક્રિ. વળ આવો; ચોળ કરવું.
૭. અ. ક્રિ. વળ ચડવો; અમળા આવા.

અમંગળ ૧. પું. ભેરવનો છોડ; ભેરવો.
૨. [સં. અ (નહિ) + મંગલ (શુભ)]
૧. અહિત; અકલ્યાણ.
૨. વ. દુર્ભાગ્ય; કમનસીબ.
૪. વિ. અપવિત્ર.
૫. વિ. અપશુકનિયાળ; અશુભ ચિહ્નવાળું.
૬. વિ. અમાંગલિક; અહિતકારી.
૭. વિ. અશુભ; માઠું; અશુભ.

અમંગલકપોત [સં. અમંગલ (અકલ્યાણવાળું) + કપોત (હોલો)] પું. એક જાતનો હોલો; રોક કરતો હોલો.

અમંગલકર ૧. [સં. અ (નહિ) + મંગલ (શુભ) + કર (કરનાર)] વિ. અકલ્યાણ કરે એવું.
૨. વિ. અપશુકનિયું.

અમંગલકારક જુઓ અમંગલકર.

અમંગલચિહ્ન ૧. [સં. અ (નહિ) + મંગલ (શુભ) + ચિહ્ન (નિશાની)] વ. અનિષ્ટની નિશાની; અનિષ્ટસૂચક નિમિત્ત.
૨. વ. અપશુકન.

અમંગલજનક [સં. અ (નહિ) + મંગલ (શુભ) + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. અનિષ્ટ ઉત્પન્ન કરનાર; વિપત્તિ આણનારું.

અમંગલતા ૧. [સં. અ (નહિ) + મંગલ (શુભ) + તા (ભાવ)] સ્ત્રી. અકલ્યાણ.
૨. સ્ત્રી. અપવિત્રતા.
૩. સ્ત્રી. અપશુકનિયાળપણું.
૪. સ્ત્રી. અહિતકારી હોવાપણું.
૫. સ્ત્રી. દુર્ભાગ્ય.
૬. સ્ત્રી. અશુભપણું; અશુભ હોવું તે.

અમંગળ જુઓ અમંગલ.

અમંગળતા જુઓ અમંગલતા.

અમંજન પું. (પિંગળ) આર્યાની જાતનો એક છંદ. તેમાં ૨૭ ગુરુ ને ૫૦ લઘુ મળી ૭૭ અક્ષર હોય છે.

અમંડ ૧. [સં.] પું. ભેરવનો છોડ; ભેરવો.
૨. [સં. અ (નહિ) + મંડ (શણગાર)] વિ. શણગાર વગરનું.
૩. વિ. જેનાં ઓસામણ ન હોય એવું.

અમંડિત [સં. અ (નહિ) + મંડિત (શણગારેલું)] વિ. શણગાર વગરનું; સાદું; બણગું વિનાનું.

અમંતવ્ય ૧. [સં. અ (નહિ) + મંતવ્ય (માનવા લાયક)] વિ. ન માનવા જેવું.
૨. [સં. અ (નહિ) + મંતવ્ય (અભિપ્રાય જોવા)] વિ. વિચાર કરવા જેવું ન હોય એવું.

અમંત્ર જુઓ અમંત્રક.

અમંત્રક ૧. [સં. અ (નહિ) + મંત્ર + ક (વાળું)] વિ. જેનાં મંત્રોચ્ચાર નથી થયા એવું.
૨. વિ. મંત્ર બોલવાની જરૂર વિનાનું.
૩. વિ. મંત્ર બોલવાને નાલાયક. જેમકે, સ્ત્રી, શૂદ્ર.
૪. વિ. વેદના મંત્ર નહિ ભણનારું.

અમંત્રવિદ [સં. અ (નહિ) + મંત્ર + વિદ્ (જાણનાર)] વિ. મંત્ર નહિ જાણનાર.

અમંત્રસિદ્ધ [સં. અ (નહિ) + મંત્ર + સિદ્ધ (પ્રાપ્ત)] વિ. મંત્ર બરાબર વપરાઈ કરેલું; અપવિત્ર.

અમંત્રોક્ત [સં. અ (નહિ) + મંત્ર + ઉક્ત (બોલેલું)] વિ. મંત્ર બોલ્યા વિનાનું.

અમંદ ૧. પું. (પિંગળ) ભગણવાળા રોળાના ૨૧ ગુરુ ને ૧૨ લઘુ મળી ૩૮ અક્ષરનો છંદ.
૨. [દિ.] પું. ઝાડ; વૃક્ષ.
૩. વિ. ઉગ્ર; તેજ.
૪. [સં. અ (નહિ) + મંદ (ધીમું)] વિ. ઉતાવળું; ઝડપી.
૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.
૬. વિ. ઉદાસીન; બાળસ વિનાનું.
૭. વિ. અમળ; સરળ.
૮. [સં. અ (નહિ) + મંદ (ઓછું)] વિ. ઓછું નહિ એવું; ઘણું.
૯. [સં. અ (નહિ) + મંદ (મૂર્ખ)] વિ. બુદ્ધિવાળું; ચતુર.
૧૦. અ. એકદમ; તરત.

અમંદતા ૧. સ્ત્રી. ઉગ્રતા.
૨. સ્ત્રી. ઉતાવળા હોવાપણું.
૩. સ્ત્રી. ઉત્તમતા; શ્રેષ્ઠપણું.
૪. સ્ત્રી. ઉદાસીનપણું.
૫. સ્ત્રી. ચતુરાઈ.
૬. સ્ત્રી. બુદ્ધિમત્તા.
૭. સ્ત્રી. પુષ્કળતા.

અમંદત્વ જુઓ અમંદતા.

અમંદપાત પું. (પિંગળ) ઝૂ નામનો છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ, ગુરુ તથા ગુરુ મળી ૧૨ અક્ષર હોય છે.
ઉ.ત. ન ન જમંદપાતમાં છે.
ભટ્ટપિંગલ

અમંદું જુઓ અમંદ ૪, ૫, ૬, ૭, ૯.

અમા ૧. [સં.] પું. આત્મા.
૨. સ્ત્રી. અમાસ; અમાવાસ્યા તિથિ.
૩. સ્ત્રી. ઘર.
૪. સ્ત્રી. ચંદ્રની સોળમી કલા.
૫. સ્ત્રી. ધર્મમાતા; પાલક મા.
૬. સ્ત્રી. મા; માતા; મા.
૭. સ્ત્રી. મનુષ્યલોક.

૮. [સં. અ (નહિ) + મા (માપવું)] સ્ત્રી. અમાપ; અપાર; બેહદ.
૯. અ. આ લોકમાં.
૧૦. અ. વૈર.
૧૧. અ. નજીક; પાસે.
૧૨. અ. સાથે; સહિત.

અમાજ જુઓ અમાજ્.

અમાજ્ [સં. અમા (વૈર) + જ્ (પરદા થવું)] સ્ત્રી. માણસને વૈર રહેતી અને તાંજ ધરતી થતી ક્રિયા.

અમાજ્ સ્ત્રી. અમાજ; મુદ્દલ વાપે બદાર નીકળતું આંતરડું.

> એ રીતે દર વેલા પશું સંસ્કારની પરિપાટીએ સાસે અદાર નીકળતો અંગ વાને અમાજ્ નીકળે.
> અરબંદર૩

અમાજું જ. અમાજ્.

> ગોરસની ગોળા સિર ભરી,
> અહુલની મેલી અમાજુ રે. નરસિંહ

અમાત [સં. અ (નહિ) + માત્ (મા)] સ્ત્રી. મા વિનાનું.

અમાતા [સં. અ (બરાબ) + માત્ (માતા)] સ્ત્રી. બરાબ મા.

અમાતાણ જ. એ નામનું એક કોમ હાલ.

અમાતુ [સં. અ (નહિ) + માત્ (મા)] સ્ત્રી. મા વિનાનું.

અમાતૃક ૧. [સં. અ (નહિ) + માત્ (મા) + ક (વાળું)] સ્ત્રી. મા વિનાનું; નમાયું.
૨. સ્ત્રી. માતાનું નહિ એવું.

અમાત્ય ૧. [સં.] પું. એક જ કુટુંબનો પુરુષ.
૨. પું. ખાનગી કારભારી; રહસ્યમંત્રી.
૩. પું. મરાઠી રાજ્યમાં બાર પ્રધાન માંહેનો એક. તેની પાસે જમાબંધીનું અને બરબની ચોકસીનું કામ રહેતું.
૪. પું. મંત્રી; પ્રધાન; દીવાન.
૫. પું. રાજાનો મિત્ર કે સાથી.

અમાત્યતંત્ર [સં. અમાત્ય (દીવાન) + તંત્ર (કારભાર)] જ. પ્રધાનની સત્તાથી ચાલતું રાજ્ય.

અમાત્યતંત્રી [સં. અમાત્ય (મંત્રી) + તંત્ર (કારભાર) + ઇન્ (વાળું)] સ્ત્રી. પ્રધાન ઉપર આધારવાળું.

અમાત્યપદ [સં. અમાત્ય (પ્રધાન) + પદ (સ્થાન)] જ. મંત્રીનો હોદ્દો.

અમાત્યપદવિ જુઓ અમાત્યપદ.

અમાત્યપદવી જુઓ અમાત્યપદ.

અમાત્યમંડળ જુઓ અમાત્યવર્ગ.

અમાત્યવર [સં. અમાત્ય (મંત્રી) + વર (ઉત્તમ)] પું. પ્રથમ પ્રધાન; મુખ્ય મંત્રી.

અમાત્યવર્ગ [સં. અમાત્ય (દીવાન) + વર્ગ] પું. પ્રધાનમંડળ; મંત્રીઓનો સમૂહ.

અમાત્ર ૧. [સં. અ (અ અક્ષર) + માત્ર] પું. પરમાત્મા; તુરીય સ્વરૂપ પરબ્રહ્મ. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે અક્ષરોમાં હું 'અ' અક્ષર છું, તેથી તે અમાત્ર કહેવાય છે.
૨. [સં. અ (અ અક્ષર) + માત્રા (હ્રસ્વ અક્ષરનો ઉચ્ચારકાળ)] સ્ત્રી. 'અ' અક્ષરના જેટલા માપવાળું; 'અ' અક્ષરનો ઉચ્ચાર કરતાં લાગતા વખત જેટલા માપવાળું.
૩. સ્ત્રી. માપવું નહિ એવું; લાગેલું; જોયું.
૪. [સં. અ (નહિ) + માત્ર (માપ)] સ્ત્રી બેહદ; અમાપ.

અમાત્સર્ય [સં. અ (નહિ) + માત્સર્ય (અદેખાઈ)] સ્ત્રી. ઈર્ષ્યા વિનાનું.

અમાન ૧. [અ.] સ્ત્રી. અબોલપણું.
૨. સ્ત્રી. રક્ષા; બચાવ.
૧. અમાન આપવી = પ્રભુનું રક્ષણ આપવું.
૨. અમાનમાં રાખવું = બચાવ કરવો.
૩. સ્ત્રી. સરહદ; પનાહ.
૪. [અ.] સ્ત્રી. શાંતિ.
૫. [અ. અમન (તે સલામત હતો)] સ્ત્રી. સલામતી.
૬. [સં. અ (નહિ) + માન (ગર્વ)] જ. નિરભિમાન.
૭. જ. માન વિનાનું હોવાપણું.
૮. સ્ત્રી. અભિમાન વિનાનું.
૯. [સં. અ (નહિ) + માન (આબ)] સ્ત્રી. આબ ન જઈ તો એવું; બેહદ.
૧૦. [સં. અ (નહિ) + માન (આદર)] સ્ત્રી. સ્વમાન વગરનું.

અમાનત ૧. સ્ત્રી. ખાનગીનગીરી બદલ અદાલતમાં મૂકેલી રકમ.
૨. સ્ત્રી. ભરવાનો.
૩. સ્ત્રી. પ્રમાણિકપણું; નેકનિયત.
૪. સ્ત્રી. વાલીપણું; સંભાળ.
૫. [અ. અમન (તે સલામત હતો)] સ્ત્રી. સલામતી; રક્ષણ.
૬. [અ.] સ્ત્રી. સલામત માટે સોંપેલી વસ્તુ; થાપણ; વિશ્વાસે મૂકેલી ચીજ કે રકમ; અનામત.
૭. સ્ત્રી. દવાનો; ભરોસો.
૮. સ્ત્રી. થાપણ તરીકે મૂકેલું.
અમાનત રાખવું = રક્ષણ તળે મૂકવું.
૯. સ્ત્રી. સલામતી; જોખમું તેમ રાખેલું.

અમાનતખાના [હિં.] જ. અનામત માલ ભરવાની બજાર.

અમાનતખાહી [અમાનત (થાપણ) + ખાહિન્ (લેનાર)] સ્ત્રી. થાપણ લેનાર.

અમાનતદફતર [અ. અમાનત (થાપણ) + ફા. દફતર (કબેરી)] જ. થાપણ સાચવવાની કચેરી.

અમાનતદાતા [અમાનત (થાપણ) + દાતૃ (દેનાર)] સ્ત્રી. અનામત મૂકનાર.

અમાનતદાર ૧. [અ. અમાનત (થાપણ) + ફા. દાર (રાખનાર)] પું. થાપણ સાચવનાર પુરુષ; અનામત રાખનાર પુરુષ; ટ્રસ્ટી.
૨. પું. રક્ષક; વાલી.

અમાનતદારી ૧. [હિં.] સ્ત્રી. આજ્ઞા.
૨. [અ. અમાનત (થાપણ) + ફા. દાર (રાખનાર) + ઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. થાપણની સાચવટ.
૩. સ્ત્રી. પ્રમાણિકપણું; વાલીપણું.
૪. સ્ત્રી. પ્રમાણિકતા; શરમ.
૫. સ્ત્રી. દવાનો; ભરોસો.

અમાનતનામા [અ. અમાનત (થાપણ) + ફા. નામા (લેખ)] જ. અનામત મૂકવાનો દસ્તાવેજ.

અમાનતનામું જુઓ અમાનતનામા.

અમાનતવહી [હિં.] સ્ત્રી. અનામત માલની નોંધનો ચોપડો.

અમાનતી ૧. [અ.] સ્ત્રી. થાપણ.
૨. સ્ત્રી. થાપણને લગતું.

અમાનતી ઓદામ ૧. [અમાનત (થાપણ) + ઈ (લગતું) + ગોદામ (કબાર)] જ. કર આપ્યા વગર વેપારી બત લાવી આપવાથી પોતાનો માલ રાખી શકે તે ગોદામ ૨. જ. માલ વેચવા તથા ખરીદવા ઓછી આવ તે જગા.

અમાનતે ખેરાતી [અ. અમાનત (થાપણ) + ફા. ખેરાતી (ધર્માર્થને લગતી)] સ્ત્રી. ધર્માર્થ થાપણ.

અમાનત જુઓ અમાનના.

અમાનના [સં. અ (નહિ) + માનના (માન આપવું તે)] સ્ત્રી. અનાદર; તિરસ્કાર; અપમાન.

અમાનનીય ૧. જિ. નાબૂદ; અસ્વીકાર્ય.

૨. [સં. અ (નહિ) + માનનીય (માન આપવા જેવું)] વિ. માનને નહિ લાયક.

અમાનવ ૧. [સં. અ (નહિ) + માનવ (માણસ)] વિ. દૈવી; અલૌકિક.
૨. વિ. માણસ નહિ જેવું; પશુ જેવું.
૩. વિ. માણસ વિનાનું; નિર્જન.
૪. વિ. માણસને ન છાજે એવું.

અમાનવ્ય ૧. [સં. અ (નહિ) + માનવ્ય (માણસને લગતું)] વ. માણસ ન હોવાપણું; પશુપણું; સારું નરસું સમજવાની અક્કલવાળું જીવન.

વિવેક વિનાનું જીવન ઊઘરે જ અમાનવ્ય ભેખ મને લાગે છે પ્રસ્થાન

૨. વિ. માણસને ન છાજે એવું.

અમાનિકા જુ. (પિંગળ) દરેક ચરણમાં જગણ, રગણ, ગુરુ અને લઘુ મળી ૮ અક્ષરનો છંદ.

અમાનિત ૧. વિ. નહિ સ્વીકારેલું; માનુ વાળેલું.
૨. [સં. અ (નહિ) + માનિત (માન આપેલું)] વિ. માન આપ્યા વગરનું.

અમાનિત સેવ્ય [સં. અ (નહિ) + માનિત (માન આપેલું) + સેવ્ય (સારું)] વિ. પોતાની યોગ્યતાને લાયક માન આપવામાં આવ્યું ન હોય અને તે કારણથી અસંતુષ્ટ હોય તેવું સારું. કૌટિલ્યે વિમાનિત કોટલે સેવેલ્યનો પ્રયોગ કરતાં આ સારને ઉપયોગી વસ્તુ છે, કારણ કે ઘણું માન મળતાં તે જીવ ઘમંડી થઈ જાય છે.

અમાનિતા ૧. સ્ત્રી. અણમાનીતી સ્ત્રી.
૨. [સં. અ (નહિ) + માનિન્ (અભિમાનવાળું) + તા (પણું)] સ્ત્રી. નમ્રતા; નિરભિમાન.
૩. વિ. સ્ત્રી. અપમાન પામેલી.
૪. વિ. સ્ત્રી. અણમાનીતી.

અમાનિત્વ [સં. અ (નહિ) + માનિન્ (ગર્વવાળું) + ત્વ (પણું)] જ. નમ્રતા; નિરભિમાન.

અમાની ૧. જુ. વિષ્ણુ, કેમકે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ હોવાથી પરમાત્મા અભિમાન હોવું નથી.
૨. [હિં.] સ્ત્રી. ઊપજું આપવાને બદલે આપ્યા તરફથી થતું કામ.
૩. [જ.] વિ. આપણ કરીને રાખવામાં.
૪. [સં. અ (નહિ) + માનિન્ (અભિમાનવાળું)] વિ. નિરભિમાન; ગર્વ વગરનું; નમ્ર.

અમાનીતું [અ (નહિ) + માનીતું (ગમતું)] વિ. અણમાનીતું; અળખામણું.

અમાનુષ ૧. [સં. અ (નહિ) + માનુષ (માણસ)] જુ. દેવ.
૨. જુ. રાક્ષસ.
૩. જ. પશુપંખી સુધું પ્રાણી.
૪. વિ. માણસને શોભે નહિ એવું.
૫. વિ. માણસ વિનાનું; ઉજ્જડ; વેરાન.
૬. વિ. માણસની રહિત બહારનું; દૈવી; અલૌકિક.
૭. વિ. રાક્ષસી; ક્રૂર; ઘાતકી.

અમાનુષતા ૧. [સં. અ (નહિ) + માનુષ (માણસ) + તા (પણું)] સ્ત્રી. અલૌકિકપણું.
૨. સ્ત્રી. માણસને ન છાજે એવું વર્તન.

અમાનુષિક ૧. [સં. અ (નહિ) + માનુષ (માણસ) + ઇક (સંબંધી)] વિ. માણસને શોભે નહિ એવું.
૨. વિ. રાક્ષસી.

અમાનુષી ૧. સ્ત્રી. માણસથી સુધું પ્રાણી.
૨. વિ. ઉજ્જડ; વેરાન.
૩. [સં. અ (નહિ) + માનુષી (માણસ સંબંધી)] વિ. માણસની રહિત બહારનું; અલૌકિક; દૈવી.
૪. વિ. માણસને શોભે નહિ એવું; માણસને અઘટિત.
૫. વિ. રાક્ષસી; ક્રૂર; ઘાતકી.

અમાનુષ્ય [સં. અ (નહિ) + માનુષ્ય (માણસ સંબંધી)] વિ. માણસની રહિત બહારનું; અલૌકિક; દૈવી.

અમાન્ય ૧. [સં. અ (નહિ) + માન્ય (માનવા જેવું)] વિ. નહિ માનવા જેવું.
૨. [સં. અ (નહિ) + માન્ય (પૂજ્ય)] વિ. માન નહિ આપવા લાયક; અમાનનીય.
૩. વિ. માન્ય નહિ જેવું; નામંજૂર.

અમાન્યતા ૧. સ્ત્રી. અપમાન; અનાદર.
૨. [સં. અ (નહિ) + માન્ય (માનવા જેવું) + તા (પણું)] સ્ત્રી. કાયદા નહિ રાખવાપણું; અવૈધતા.

અમાપ ૧. [સં. અ (નહિ) + માપ (હદ)] વિ. અપાર; બેહદ.
૨. વિ. બહુ; અતિશય.

અમાપું જુઓ અમાપ.

અમાપ્ય [સં. અ (નહિ) + માપ્ય ([redacted] જેવું)] જુઓ અમાપ.

અમામહસ્થિતા [સં. અમા (સાથે) + મહસ્થિતા] સ્ત્રી. પૂનમ ઉપરથી જોનારને સૂર્ય અને ચાંદ્રનું એક અમાસના જેમ એક દિશા ઉપર ઊભેલા દેખાય છે તે અને ફરીથી તે દેખાવે દેખાય સંસ્તુતીમાં તે ચાંદ્રિન જેવી સ્થિતિ પ્રતિપ્રિયા.

અમામાસી [સં. અમા (સાથે) + માસ (મહિનો)] સ્ત્રી. અમાસ.

અમારું વિ. અમારા; કીમત આંકી ન શકાય એવું.

પણ સાચું ત્યારે નહીં, કહે અમારો બાલ.
અખંડાનંદબોધિ

અમારો [અ. અમામ] જુ. પાઘડી.

અમાર્ગ ૧. [સં. અ (નહિ) + માર્ગ] જ. ધર્મ, કેમકે તે માર્ગ રહિત છે.
૨. વિ. અવિધિ વગરનું.
૩. વિ. કપટ વિનાનું.
૪. વિ. મમતા વગરનું.

અમાર્યા ૧. [સં. અ (નહિ) + માર્યા (કામ)] સ્ત્રી. કામનો અભાવ; માર્યા ન હોવાપણું; ખોટું કામ.
૨. [સં. અ (નહિ) + માર્ગ (કપટ)] સ્ત્રી. સરળતા; નિષ્કપટ.
૩. વિ. કપટ વિનાનું; સરલ.
૪. વિ. મમતા વગરનું.

અમાવાસી ૧. [સં. અ (નહિ) + માયાવિન્ (કપટી)] વિ. પ્રપંચ વિનાનું; નિષ્કપટી; સરલ.

મુનિએ સત્યવિય, અમાયસ્ય, અમાવાસી અને વાદાની મુક્ત થાં. મુક્તનિપાત
૨. વિ. પ્રામાણિક.

અમાયિક જુઓ અમાવાસી.

અમાયી જુઓ અમાવાસી.

અમારગ ૧. [સં. અ (અયોગ્ય) + માર્ગ (રસ્તો)] જુ. ખરાબ રસ્તો.

અનર્થ મોહિ ઊપાય, હું અમારગમાં કામ. વાલમ
૨. જુ. ખરાબ વર્તન; દુરાચરણ.
૩. [સં. અ (નહિ) + માર્ગ (રસ્તો)] વિ. રસ્તા વગરનું.

અમારવું (અમારવું) સ. અમારું.

અમારિ [સં. અ (નહિ) + મારિ (હત્યા)] સ્ત્રી. (જૈન) અહિંસા.

અમારિઘોષણા જુઓ અમારિપટહ.

અમારિપટહ (અમારિપડહ) [સં. અમારિ (અહિંસા) + પટહ (નગારું)] જુ. (જૈન) જીવ ન મારવાનો ઢંઢેરો.

કુમારપાળે આખા રાજ્યમાં અમારિપટહ વગડાવ્યો કે કોઈ પણ જીવને મારવા નહિ.
જૈનગોપાલ

અમારી ૧. [અ.] સ્ત્રી. હાથી ઉપર બેસવા માટેની ગાદીવાળી બેઠક; અંબાડી. અમાર નામના માણસે તેનો ઉપયોગ શરૂ કર્યાનું મનાય છે.

૨. [સં. અ (નહિ) + મારી (હત્યા)] જુઓ અમારિ.

અમાડું [સં. અરમદ્; પ્રા. અમારઉ] સ. 'હું'ની જગ્યાએ વિનમ્રતાનું બહુવચન.

અમાર્ગ ૧. [સં. અ (અભાવ) + માર્ગ (રસ્તો)] પું. ખરાબ રસ્તો; કુપંથ.

૨. પું. ખરાબ વર્તન; દુરાચરણ.

૩. [સં. અ (નહિ) + માર્ગ (રસ્તો)] વિ. રસ્તા વિનાનું.

અમાર્ગપતિ પું. (પુરાણ) એ નામના ઋષિ.

અમાર્જનીય ૧. વિ. જેનું પ્રાયશ્ચિત ન થઈ શકે એવું.

૨. [સં. અ (નહિ) + માર્જનીય (શુદ્ધ કરવા જેવું)] વિ. માફી ન આપી શકાય એવું; અક્ષમ્ય.

અમાર્જિત ૧. વિ. સંસ્કાર કર્યા વિનાનું.

૨. [સં. અ (નહિ) + માર્જિત (શુદ્ધ કરેલ)] વિ. શુદ્ધ નહિ કરેલું; અસ્વચ્છ; મેલું.

અમાર્મિક ૧. [સં. અ (નહિ) + માર્મિક (રહસ્ય)] વિ. અરસિક; રસને ન સમજનાર.

૨. [સં. અ (નહિ) + મર્મ (ગૂઢ ભેદ) + ઇક (વાળું)] વિ. ગૂઢ અર્થ વિનાનું; સીધું; સરલ.

અમાલિનાક્ષું ૧. ન. નોકરનાં સારાં કે ખરાબ કામની નોંધનું પત્રક.

૨. ન. મુસલમાની મત પ્રમાણે સારાં કે ખરાબ કામ કયામત વખતે રજૂ કરવા હનેકાં જોખાં લખાય છે તે પુસ્તક.

અમાવીન પું. (પિંગળ) કરેક વરણમાં વગણ, વગણ, ભગણ, ગુરુ અને ગુરુ મળી ૧૧ અક્ષરનો છંદ.

અમાસું [અ (નહિ) + માસું (ચોમાસું)] વિ. માલ વગરનું; રસ વિનાનું; નિર્માલ્ય.

અમાવઝ [હિં.] પું. મેરીનો રસ.

અમાવસ [હિં.] સ્ત્રી. અમાસનો દિવસ; અમાવાસ્યા.

અમાવસી જુઓ અમાવાસ્યા.

અમાવસુ ૧. પું. (પુરાણ) એ નામનો ઋષિ.

૨. પું. (પુરાણ) ચંદ્રવંશી પુરુરવાનો દીકરો.

અમાવસ્યા સ્ત્રી. અમાસ.

અમાવાસી જુઓ અમાવાસ્યા.

અમાવાસ્ય ૧. [સં.] વિ. અમાસની રાતે જન્મેલું.

૨. વિ. અમાસને દિવસે બનેલું.

અમાવાસ્યક જુઓ અમાવાસ્ય.

અમાવાસ્યા ૧. પું. અમાસને દિવસે કરવામાં આવતો યજ્ઞ.

> પ્રજાપતિએ અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, પૌર્ણમાસી, ઉક્થ્ય, અમાવાસ્યા, અતિરાત્ર વગેરે યજ્ઞોને ઉત્પન્ન કર્યા. — મહાભારત

૨. સ્ત્રી. જ્યા વખતે હોમવાનું હવિષ્યાન્ન.

૩. [સં. અમા (સાથે) + વસ્ (રહેવું)] સ્ત્રી. સૂર્ય અને ચંદ્ર બંને એક જ નક્ષત્રના હોય અથવા પૃથ્વી ઉપરથી સીધી લીટીમાં દેખાય તે તિથિ; સૂર્ય અને પૃથ્વીની વચ્ચે સીધી લીટીમાં ચંદ્ર આવે તે દિવસ; અમાસ. પુરાણ પ્રમાણે હકીકત એમ છે કે અમાવસુ નામનો પિતર ઇંદ્રિય ઉપર અત્યંત કાબૂવાળો હતો. એક વખત ઋષિપત્નીની આબરૂ-ના અપહરણ એના ઉપર બળી મોહિત થઈ અને પોતાને સ્વીકારવાને એને પ્રાર્થના કરી, પણ એણે એ વાત કબૂલ કરી નહિ. એના આવા સદાચરણને લઈને પિતૃઓ એના ઉપર ખુશ થયા અને આ કારણે જે તિથિએ બન્યો હતો તેનું નામ અમાવસુ ઉપરથી અમાવાસ્યા પાડ્યું.

અમાવાસ્યાંત [સં. અમાવાસ્યા (અમાસ) + અંત (છેલ્લે)] વિ. અમાસને દિવસે પૂરું થતું.

અમાસ ૧. [સં. અમાવાસ્યા] સ્ત્રી. ચંદ્રવાસિયનો છેલ્લો દિવસ. આ દિવસે પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર આવતો હોવાથી તેના જે ભાગ ઉપર સૂર્યનો પ્રકાશ પડે તે ભાગ પૃથ્વી તરફ નથી રહેતો એટલે ચંદ્ર બધો હોવ જ નહિ એમ લાગે છે.

> ૧. ફરે અમાસનો ચંદ્રમા = કાયમ રંજાડ.
> ૨. સોમવતી અમાસ ને શુક્રવાર = એકે દિવસ નહિ. બની ન શકે એવી વાત જણાવવાને આ પ્રયોગ વપરાય છે.

૨. સ્ત્રી. પૂરું ભોંયું.

અમાસવું સ. ક્રિ. ગાદીના જેવા વાસણને શુદ્ધ-ભાતમાં વાપરતી વખતે અંદર ઘાસ ને ઝોટ નાખી ચૂલે મૂકી ક્ષાર કરવું.

અમાસા સ. ચોથી વાર; ફુલવર.

અમાહઠ પું. (પુરાણ) એ નામનો ઋષિ.

અમાંગલિક [સં. અ (નહિ) + માંગલ્ય (કલ્યાણ) + ઇક (વાળું)] વિ. અશુભ; ખરાબ લક્ષણવાળું; અશુભસૂચક.

અમાંડલિક [સં. અ (નહિ) + માંડલિક (ખંડિયું)] વિ. ખંડણી નહિ ભરતું સ્વતંત્ર.

અમાંડળિક જુઓ અમાંડલિક.

અમાંત ૧. [સં. અમા (અમાસ) + અંત (છેલ્લે)] પું. અમાસ પૂરી થવાપણું.

૨. વિ. અમાસને દિવસે પૂરું થતું.

૩. વિ. જેને છેડે અમાસ હોય એવું. જેમકે, મહિનો.

અમાંસ ૧. [સં. અ (નહિ) + માંસ] ન. માંસ સિવાયની બીજી કોઈ વસ્તુ.

૨. વિ. દુબળું; કમજોર.

૩. વિ. માંસ વગરનું.

અમાંસભક્ષક [સં. અ (નહિ) + માંસ + ભક્ષક (ખાનાર)] વિ. વનસ્પતિનો આહાર કરનાર; અમાંસાહારી.

અમાંસલ ૧. [સં. અ (નહિ) + માંસલ (માંસવાળું)] વિ. નબળું; તાકાત વગરનું.

૨. વિ. માંસ વિનાનું.

અમાંસવું જુઓ અમાસવું.

અમાંસાહારી [સં. અ (નહિ) + માંસાહાર (માંસનો ખોરાક) + ઇન (વાળું)] વિ. માંસ નહિ ખાનારું.

અમિક [અ.] વિ. મૂરિનવાદ સંબંધી; અમોનિયાને લગતું.

અમિક્ષ ૧. વિ. ખારું; અમૂક.

૨. [સં. અ (નહિ) + મત્સર (નાલાયકી)] વિ. અમર; અવિનાશી.

૩. વિ. ન ઓળખાયું.

૪. વિ. ગુસ્સો નહિ કરેલું.

૫. વિ. ભૂલવું અશક્ય.

૬. વિ. ખોટું નહિ કરેલું; અકાળ.

અમિત ૧. પું. (પુરાણ) પુરુરવાના પુત્ર રય અને અમાનો દીકરો.

૨. પું. (અલં) સાધન જ સાધ્યની સિદ્ધિનું કારણ બનવાને એવો અર્થાલંકાર. જેમકે, સરિતો વહી જનાર રહી નામની પાસે નાયિકાનો સંદેશો લાવને આવ, પણ ત્યાં જઈને પોતે જ તેની સાથે પ્રીતિ કરી બેસે.

૩. [સં. અ (નહિ) + મિત (માપવાળું)] વિ. અનહદ; અપાર; અમાપ.

૪. વિ. અનાદર પામેલું; જેની દરકાર કરવામાં આવી ન હોય એવું.

૫. [સં. અ (નહિ) + મિત (ભણેલું)] વિ. નહિ ભણેલું.

૬. વિ. સાક્ષરતાનો કર્યો વિનાનું; અક્ષરજ્ઞાન નહિ કરેલું.

અમિતકેતુ ૧. [સં. અમિત (બહું) + કેતુ (ધ્વજ)] વિ. અત્યંત શક્તિવાળું.
૨. [સં. અમિત (અપાર) + કેતુ (બુદ્ધિ)] વિ. ઘણું ડહાપણ.
૩. [સં. અમિત (બહું) + કેતુ (ચિહ્ન)] વિ. જેણે ઘણા વીર કર્યા હોય એવું.

અમિતગતિ ૧. પું. (જૈન) દક્ષિણ દિશાના દિશાકુમાર જાતિના દેવતાનો ઇંદ્ર; ભવનપતિના ૨૦ ઇંદ્રમાંનો એ નામનો એક.
૨. [સં. અમિત (બહું) + ગતિ (ગતિ)] વિ. અત્યન્ત; અપાર ગતિવાળું.
૩. [સં. અમિત (બહું) + ગતિ (વેગ)] વિ. અતિ વેગવાન; ઘણી ઝડપવાળું.
૪. [સં. અમિત (બહું) + ગતિ (શક્તિ)] વિ. અપાર શક્તિવાળું.

અમિતજ્ઞાન [સં. અમિત (અપાર) + જ્ઞાન (જાણપણું)] ન. ઘણું જાણવું તે; સર્વજ્ઞતા.

અમિતજ્ઞાની [સં. અમિત (વિશેષ) + જ્ઞાન (જાણપણું) + ઇન્ (વાળું)] વિ. બધું જાણનાર; સર્વજ્ઞ.

અમિતતા [સં. અમિત (અપાર) + તા (પણું)] સ્ત્રી. બેહદપણું.

અમિતતેજ [સં. અમિત (અપાર) + તેજસ્ (પ્રકાશ)] વિ. ઘણું તેજવાળું.

અમિતદ્યુતિ જુઓ અમિતતેજ.

અમિતનક્ષત્રિક પું. (જિનાગ) એ નામનો છંદ. તેના દરેક ચરણમાં નગણ, સગણ, નગણ, નગણ અને ગુરુ મળી ૧૩ અક્ષર હોય છે.

અમિતબલ ૧. [સં. અમિત (બહું) + બલ (શક્તિ)] વિ. ઘણી શક્તિવાળું.
૨. વિ. ઘણું બળવાન.

અમિતભોગ ૧. [સં. અમિત (અપાર) + ભોગ (સુખ)] પું. ઘણું સુખ.
૨. વિ. ઘણું સુખી.

અમિતવાહન પું. (જૈન) ઉત્તર દિશાના દિશાકુમાર દેવતાનો ઇંદ્ર; ભવનપતિ દેવના ૨૦ ઇંદ્રમાંનો એ નામનો એક.

અમિતવિક્રમ ૧. [સં. અમિત (બહુ બળવું) + વિક્રમ (પરાક્રમ)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. તેમણે મોટાં બધું પગલાં હજારનાં હોવાથી બહુવ્રીહિ સમાસ કરીને વિરાટપણું અસાધારણ હોવાથી તે અમિતવિક્રમ કહેવાય છે.
૨. [સં. અમિત (અપાર) + વિક્રમ (શક્તિ)] વિ. ઘણા પરાક્રમવાળું.

અમિતવીર્ય ૧. [સં. અમિત (બહું) + વીર્ય (શક્તિ)] ન. ઘણું પરાક્રમ.
૨. વિ. બહુ પરાક્રમી.

અમિતવ્યય ૧. [સં. અમિત (બહું) + વ્યય (ખર્ચ)] પું. ઘણો ખર્ચ.
૨. વિ. ઘણું ખર્ચાળ.

અમિતવ્યયી જુઓ અમિતવ્યય ૨.

અમિતશક્તિ [સં. અમિત (અપાર બળવું) + શક્તિ] વિ. અત્યંત પરાક્રમ.

અમિતશત્રુ [સં. અમિત (અપાર) + શત્રુ (દુશ્મન)] પું. વિષ્ણુ.

અમિતાભ ૧. પું. બુદ્ધદેવનું એક નામ.
૨. ન. એ નામનું એક બૌદ્ધ તીર્થ.
૩. [સં. અમિત (વિશેષ) + આભા (પ્રકાશ)] વિ. ઘણા તેજવાળું.

અમિતાશન ૧. [સં. અમિત (હદ વિનાનું) + અશન (ખાવું તે)] પું. અગ્નિ. તે બધું બાળી ખાય છે, તેથી અમિતાશન કહેવાય છે.
૨. પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. સંહાર વખતે બધી દુનિયાને તે બાળી ખાય છે, તેથી તે અમિતાશન કહેવાય છે.
૪. ન. ઘણું ખાવું તે.
૫. વિ. અકરાંતિયું; ખાઉધરું.

અમિતાસ્યનિક [સં. ન (નહિ) + મિત (માપવાળું) + આસન (મોઢું) + ઇક (વાળું)] વિ. વારંવાર ખેસવાની જગ્યા બદલે એવું.

અમિતાહાર [સં. અમિત (વિશેષ) + આહાર (ખોરાક)] પું. પ્રમાણ વિનાનો ખોરાક; હદમાં નહિ લેવાતું ભોજન.

અમિતાહારી [સં. અમિત (બહું) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ. ઘણું ખાનાર; અકરાંતિયું; ખાઉધરું.

અમિતોજસ ૧. [સં. અમિત (બહું) + ઓજસ્ (શક્તિ)] વિ. ઘણી શક્તિવાળું.
૨. [સં. ન (નહિ) + મિત (માપવાળું) + ઓજસ્ (પ્રકાશ)] વિ. બહુ તેજસ્વી.

અમિતૌજા પું. (પુરાણ) કૌરવ-પાંડવ યુદ્ધના વંશનો એક રાજા. મહાભારતના યુદ્ધમાં તે દુર્યોધનના પક્ષમાં હતો.

અમિત્ર ૧. પું. (જિનાગ) એક વિમાનપતિ દેવનિકાય છંદ. તેમાં ૨૦ ગુરુ અને ૬૮ લઘુ મળી ૧૨૮ અક્ષર અને ૧૫૮ માત્રા હોય છે.
૨. પું. (જિનાગ) માર્તંડની જાતનો ૨૪ ગુરુ અને ૨૮ લઘુ મળી ૫૨ વર્ણનો માત્રામેળ છંદ.
૩. [સં. ન (નહિ) + મિત્ર (સાથિયો)] પું. શત્રુ; દુશ્મન; રિપુ; વૈરી.
૪. વિ. પ્રતિકૂળ.
૫. વિ. સાથિયો વગરનું.

અમિત્રઘાત ૧. [સં. અમિત્ર (શત્રુ) + ઘાત (નાશ)] પું. દુશ્મનનું નિકંદન.
૨. વિ. શત્રુનો મારનાર.

અમિત્રઘાતક ૧. પું. (પુરાણ) કુમવંશી બૃહદ્‌બલ રાજાનો દીકરો.
૨. [સં. અમિત્ર (શત્રુ) + ઘાતક (મારનાર)] વિ. શત્રુનો નાશ કરનાર.

અમિત્રઘાતી [સં. અમિત્ર (દુશ્મન) + ઘાતિન્ (મારનાર)] વિ. શત્રુનો સંહાર કરનાર.

અમિત્રજિત ૧. પું. (પુરાણ) સૂર્યવંશી બૃહદ્‌બલ કુળના સુતપા રાજાનો એ નામનો દીકરો.
૨. [સં. અમિત્ર (શત્રુ) + જિત્ (છતનાર)] વિ. દુશ્મનને છતનાર.
૩. [સં. અમિત્ર (શત્રુ) + જિત (જિતાયેલું)] વિ. શત્રુથી જિતાયેલ.

અમિત્રતા [સં. અમિત્ર (વૈરી) + તા (પણું)] સ્ત્રી. દુશ્મનાવટ; વૈર.

અમિત્રત્વ જુઓ અમિત્રતા.

અમિત્રસેના [સં. અમિત્ર (શત્રુ) + સેના (ફોજ)] સ્ત્રી. દુશ્મનનું લશ્કર.

અમિત્રહા ૧. પું. વિષ્ણુ.
૨. [સં. અમિત્ર (દુશ્મન) + હન્ (મારવું)] વિ. દુશ્મનનો નાશ કરનાર.

અમિથ્યા [સં. ન (નહિ) + મિથ્યા (ખોટું)] વિ. સાચું; સત્ય.

અમિય [સં. અમૃત; અપ. અમિઅ] ન. અમૃત.
તો જિનવાણિ વયણહું ન મુયહું અમિય સમાણ. આનંદાત્યબોધરાસ
અમિયલ ૧. વિ. અમર; નાશ વિનાનું.
અમિયલ રૂપે માણારાજ. લોકગીત
૨. વિ. નશામાં ચકચૂર.

અમિરી ૧. પું. ઉમરો.
૨. ન. એક જાતનું ઊનનું કપડું.
૩. [હિં.] વિ. ઊંચું-નીચું.
૪. [સં. ન (નહિ) + મિશ્ર (ભેગું)] વિ. ન ભળી શકે એવું; અસામ્ય.
૫. વિ. મેળ વગરનું.

અમિલિત [સં. અ (નહિ) + મિલિત (ભેગું થયેલું)] વિ. અલગ; છુટું.

અમિશ્ર જુઓ અમિશ્રિત.

અમિશ્રણ [સં. અ (નહિ) + મિશ્રણ (ભેળસેળ કરવું તે)] ન. ભેળસેળ ન હોવાપણું.

અમિશ્રરાશિ જી. (ગણિત) બેઠ આંકડાની સંખ્યા; ૧ થી ૯ સુધીની રકમ, કેમકે તેમાં બીજો આંકડો મિશ્ર બેઠકે મળેલ નથી.

અમિશ્રિત ૧. [સં. અ (નહિ) + મિશ્રિત (ભેળવેલ)] વિ. ભોખ્યું; ભેળ વગરનું; શુદ્ધ.
૨. વિ. ન ભેળવેલું; જે ભેળવવામાં ન આવ્યું હોય તેવું.

અમિષ ૧. [સં. અ (નહિ) + મિષ (બહાનું)] ન. પ્રામાણિકતા; ઈમાનદારી.
૨. [સં. અ (નહિ) + મિષ (બહાનું)] ન. બહાનું નહિ તે; અનિમિત્ત.
૩. [સં.] ન. માંસ.
૪. ન. સંસારનું સુખ.
૫. ન. સંસારનું સુખ દેનાર વસ્તુ.
૬. વિ. કપટ વગરનું; નિખાલસ.
૭. વિ. બહાના વિનાનું; ખોટા પ્રપંચ વગરનું

અમી ૧. [હિં.] પું. વરસાદ.
૨. પું. વરસાદનું પાણી.
૩. ન. ઓસ.
૪. [સં. અમૃત] ન. અમર બનાવે એવો રસ; સુધા; અમૃત.

સોમ સુધા પીયૂષ અમૃત અમરરાજ સુરભોગ.
મરત રહે સહુ લોક જિહાં કરી અમી ઉપભોગ.
નિષ્કળંકમુનિ

૫. ન. કૃપા; કૃપા.
૧. અમીની નજર = મહેરબાની; કૃપા.
૨. આંખમાં જરાયે અમી ન હોવું = જરા પણ દયા ન હોવી; ક્રૂર હોવું.
૬. ન. મીઠાસ; સ્નેહ; મિત્રતા.
૭. ન. ભોંમાનો ખાસ્સો રસ; ઘૂંટ.
ભોંદામાં અમી ન હોવું = ભોંકું તથા ઢબ સુધાર્યે જવાં.

અમીઆળહુડ પું. કેસુબારી મસ્તમાં આવતાં કૂલ રાખી તે ઉપરથી લીધેલો પાક.

અમીઠસુ [સં. અમૃત + ઽસુ (અસુ)] પું. અમૃતનું દીધું.

અમીઠર ૧. [સં. અમૃત + ઽર (ઉણ)] પું. ચંદ્ર. તેનાં કિરણ અમૃત જેવાં શાંતિ આપનારાં છે, તેથી તે અમીઠર કહેવાય છે.
૨. વિ શાંતિ આપનાર.

અમીકુંપ જુઓ અમીકૂપો.

અમીકૂપો [અમૃત + કૂપો (કોઠો)] પું. અમૃતનો કોઠો.

અમીજાંટો [અમી (અમૃત) + ઝાંટો (ઝીંક)] પું. અમૃતનું દીધું; અમીઝાપ.
અમીઝાંટો નાખવો = સુખી રાખવું; લાડકું-તાડકું રાખવું.

અમીઝોર વિ. (ગ્રામ્ય) ભમાડું.
દાસ અમીઝોર આલમરામ.

અમીત ૧. [સં. અમિત] પું. શંભુ.
૨. પું. શંકર; મહાદેવ.
૩. [સં. અ (નહિ) + મીત (ઈચ્છા રાખેલું)] વિ. ઇચ્છા વગરનું.
૪. [સં. અ (નહિ) + મી (વધ કરવો) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. હિંસા નહિ કરેલું.

અમીદૃષ્ટિ [સં. અમૃત + દૃષ્ટિ (નજર)] જી. મહેરબાની; મીઠી નજર; કૃપા.

અમીરેશ [સં. અમૃત + ઈશ] પું. અમૃત જેવો વહાલો દેવ.

અમીધર [સં. અમૃત + ધર (ધારણ કરનાર)] પું. ચંદ્ર. કારણ કે તેમાં અમૃત રહેલું મનાય છે.

અમીધાર જુઓ અમીધારા.

અમીધારા [સં. અમૃત + ધારા] જી. અમૃતની ધાર.

અમીન ૧. પું. ગામનો મુખ્ય અમલદાર.
૨. [અ.] પું. તપાસ કરનાર અધિકારી.
૩. પું. દીવાની ન્યાયાધીશ; મુનસફ. ઉપર દિલમાં અમીનનો વધારેમાં વધારે કરનાર, જમીન માપનાર, મહેસૂલ ઉઘરાવનાર કે દીવાની દાવા સાંભળનાર અધિકારી માટે આ શબ્દ વપરાય છે. બંદોબસ્તના ન્યાયખાતાના બે પ્રકારના અધિકારીઓ માટે અમીન શબ્દ વપરાય છે:
૧. સદર અમીન = બેઠક હજાર રૂપિયા સુધીના દાવા સાંભળનાર અધિકારી.
૨. સદર અમીન ઝાલી = અમીનના ફેસલા ઉપર અપીલ સાંભળનાર અને રૂપે તેટલી રકમનો દાવો સાંભળનાર અધિકારી.
૪. પું. હવાલદાર; વહી પ્રતિવાદી જો જેની તરફથી કજિયો ચૂકવવાને નિમાયેલો પુરુષ; પંચ.
૫. પું. વસાહતીખાતાની મહેસૂલ ઉઘરાવનાર અધિકારી.
૬. પું. સોંપેલી વસ્તુ બરાબર સાચવનાર માણસ; વહી; દરબી.
૭. [અ. અમીન (વિશ્વાસુ)] ન. ઈમાનદાર માણસ.
૮. [સં. અ (નહિ) + મીન (માછલું)] ન. માછલું નહિ તે માછલા સિવાયનું બીજું પ્રાણી.
૯. ન બેઉવા પટીદારની બેઠ અટક.
૧૦. ન. બેઉવા પટીદારની બે નામની અટકનું માણસ.
૧૧. વિ. બેઉવા પટીદારની બે નામની અટકનું.
૧૨. વિ. વિશ્વાસુ.

અમીનગીરી જુઓ અમીની ૧, ૨.

અમીનજર [અમી (અમૃત) + નજર] જી. મીઠી નજર; મહેરબાની; કૃપા.

અમીન કાઉન્સર ૧. [અ. અમીન (મુનસફ) + ફા. કાઉન્સર (કચેરી)] ન. મુનસફની કચેરી.
૨. ન. દિવાની ચોપડા.

અમીનદારી જુઓ અમીની ૧, ૨.

અમીનપોલીસ પું. ગામડાંના પોલીસ ઉપર કેટલેક રાખનાર અમલદાર. તેને મીમાંસાની તકરાર સાંભળી હદ નક્કી કરવાનો અને વિધોટીના હદ નક્કી કરવાનો ઉપરી અધિકારીને સવિસ્તર હેવાલ મોકલવાની અધિકાર હોય છે. અમલી આવા અધિકારીને ઉસાર્ઈ કહેતા. આ જગ્યા ઘણુંખરું વંશપરંપરા હોય છે.

અમીનપ્રથા [સં. અમીન (ન્યાયાધીશ) + પ્રથા (રૂઢિ)] ન. ન્યાયાધીશ તરીકેનો હોદ્દો.

અમીનાત જુઓ અમીની ૧, ૨.

અમીનિધિ ૧. [સં. અમૃત + નિધિ (ખજાનો)] પું. અમૃતનો ખજાનો.
૨. પું. ચંદ્ર; સુધાંશુ; શશી.

અમીની ૧. [અ.] જી. અમીનની પત્ની કે હોદ્દો.
૨. જી. અમીનખાનાના ખાતામાં આવતું સાહિત્યાદું.
૩. જી. ઈમાનદારી; વિશ્વાસ.
૪. જી. પ્રતિનિધિપદું.
૫. જી. મુનસફગીરી; ન્યાયાધીશ તરીકેનો હોદ્દો.
૬. જી. હવાલી; પંચાયતી.
૭. જી. વાલીપણું.

અમીપરા ૧. ન. બેઉવા કણબીની બે નામની અટકનું માણસ.
૨. વિ. બેઉવા કણબીની બે નામની અટકનું.

અમીપાન [સં. અમૃત + પાન (પીવાનું)] ન. અમૃતનું પીવું.

અમીબર [અમી (અમૃત) + બર (વરસ)] વિ. અમૃતથી ભરેલું.

અમીઅસ [સં. અમૃત + અસ (બોલું)] ગુજ્યો અમીલાર.

અમીર ૧. [અ.] પું. અફઘાનિસ્તાનના રાજાનો ઇલકાબ.
૨. પું. ઊંચી પદવીવાળો મુસલમાન અમલદાર.
૩. પું. ખાનદાન કુટુંબનો પુરુષ; સદ્‌ગૃહસ્થ.
૪. પું. પૈસાદાર માણસ; શ્રીમંત.
૫. પું. મોટા મનનો પુરુષ; ઉદાર માણસ.
૬. પું. સરદાર તરીકે મનેલ અમીર કે ખિતાબવાળો માણસ; ઉમરાવ.
૭. પું. હરિમ; સ્ત્રી.
૮. વિ. ઉદાર.

અમીરઅલી પું. બિહારી કલમી આંબાની એક જાત.

અમીરગરી જુઓ અમીરાતી.

અમીરગરો જુઓ અમીરાસ.

અમીરજાદા ૧. [અ. અમીર + ફા. ઝાદ (જન્મેલું)] પું. અમીરનો દીકરો.
૨. પું. ઉચ્ચ કુટુંબનો પુત્ર.
૩. પું. (વ્યંગ) પૈસાના મદથી છકી ગયેલો પુરુષ.
૪. પું. શાહજાદો.

અમીરજાદી ૧. [અ. અમીર + ફા. ઝાદ (જન્મેલું)] સ્ત્રી. અમીરની દીકરી.
૨. સ્ત્રી. ઉચ્ચ કુટુંબની પુત્રી.
૩. સ્ત્રી. શાહજાદી.
૪. સ્ત્રી. (વ્યંગ) પૈસાની ઊણપ નથી હોય એવી સ્ત્રી.

અમીરરજબ પું. અરબિસ્તાર મહિનો અજિપૂજાનો એ નામનો રજ.

અમીરવ [સં. અમૃત (અમી) + રવ (અવાજ)] પું. અમૃત જેવો મધુર અને આનંદકારક અવાજ.

અમીરશાસન [અમીર (ઉમરાવ) + શાસન (કારભાર)] ન. સત્તાની લગામ અમીર ઉમરાવના હાથમાં હોય એવી રાજપદ્ધતિ.

અમીરશાહી ૧. સ્ત્રી. અમલદાર વગેરેના હોદ્દાનું અભિમાન.
૨. સ્ત્રી. અમીરપણાનો ઠાઠ.
૩. [અ. અમીર (ઉમરાવ) + ફા. શાહી (રાજાને લગતું)] સ્ત્રી. અમીરવર્ગના હાથમાં રાજસત્તા હોય એવો કારભાર.
૪. [અ. અમીર + ફા. શાહી (રાજાને લગત)] વિ. ઉમરાવને છાજે એવું; અમીરી.

અમીરસ ૧ પું. અમૃત; સુધારસ.
૨. [સં. અમૃત (અમી) + રસ] પું. અમૃત જેવો રસ.

અમીરાઈ જુઓ અમીરાત.

અમીરાત ૧. સ્ત્રી. અમીરનો હોદ્દો.
૨. સ્ત્રી. ઉદારતા; મોટું મન.
૩. [અ. અમારત] સ્ત્રી. ઉમરાવી; ઉમરાવપદ; અમીરપણું.
૪. સ્ત્રી. ઉમરાવપદનું સાબિતીનું; અમીરપણા માટે અગત્યનું વર્તાવન.
૫. સ્ત્રી. ખાનદાની; કુલીનપણું.
૬. સ્ત્રી. મહત્તા; મોટપ.
૭. સ્ત્રી. વૈભવ.
૮. સ્ત્રી. શાહજારી; ધનાઢ્યતા.

અમીરાના ૧. વિ. ઉદાર.
૨. [અ. અમીર + ફા. આના (લાયક)] વિ. ઉમરાવને છાજે એવું.
૩. વિ. ખાનદાની.

અમીરી ૧. [અ.] સ્ત્રી. અમીરની પદવી.
૨. સ્ત્રી. ઉદારતા.
૩. સ્ત્રી. ખાનદાની; કુલીનપણું.
૪. સ્ત્રી. ઉમરાવી; ખાનદાની; વૈભવ.
૫. સ્ત્રી. નવસારીમાં બની આવતે ખનીજ કૃષિપાઉડર વગેરેની, મીઠી અને રેસા વગરની કેરીની એક જાત.
૬. સ્ત્રી. મહત્તા; મોટપ.
૭. સ્ત્રી. શ્રીમંતાઈ; શાહજારી; ધનાઢ્યતા.
૮. વિ. અમીરના જેવું; અમીરને લાયક.
૯. વિ. ઉદાર.
૧૦. વિ. ભભકાદાર; દમામવાળું.
અમીરી ઠાઠમાઠ-અમીરી ઠાઠ = (૧) ખાનદાની વૈભવ. (૨) મોજશોખ; ભોગ-આરામ.

અમીરીબા ૧. ન. એ નામની ઘાસવનસ્પતિ એક જાતિનું માણસ.
૨. વિ. એ નામની ઘાસવનસ્પતિ એક જાતનું.

અમીરુલઉમરા ૧. [અ. અમીર (ઉમરાવ) + અલ (નિશ્ચયાત્મક ઉપપદ) + ઉમરા (અમીરો)] પું. મુખ્ય અમીર; સૌથી મોટો ઉમરાવ; અમીરોનો અમીર.
૨. પું. લશ્કરી સરદાર.
અમીરે અમીરુલ ઉમરા = લશ્કરી સરદારને અર્થ પોતે અપાતી અમીર.

અમીરુલબહર [અ. અમીર (ઉમરાવ) + અલ (નિશ્ચયાત્મક ઉપપદ) + બહર (દરિયો)] પું. નૌકાસેનાપતિ; દરિયાઈ લશ્કરનો ઉપરી.

અમીરુલમોમનીન ૧. [અ. અમીર (ઉમરાવ) + અલ (નિશ્ચયાત્મક ઉપપદ) + મોમનીન (મુસલમાન)] પું. ખલીફાનો ઇલકાબ.
૨. [અ. અમીર (સરદાર) + અલ (નિશ્ચયાત્મક ઉપપદ) + મોમનીન (મુસલમાન)] પું. મુસલમાનોનો સરદાર.

અમીરેકારવાનસરા [અ. અમીર (અમલદાર) + ફા. કારવાનસરા (મંજલગા)] પું. મુસાફરખાનાનો ઉપરી.

અમીલ ૧. ન. સિંધની એ નામની એક જાતનું માણસ.
૨. વિ. સિંધની એ નામની એક જાતનું.

અમીવ ૧. [સં.] પું. દુશ્મન; શત્રુ.
૨. પું. રોગ.
૩. [સં. અમ્ (દુઃખી થવું)] સ્ત્રી. દુઃખ; પીડા.
૪. સ્ત્રી. પાપ.

અમીવા ૧. [સં.] સ્ત્રી. દુઃખ; વ્યાધિ; સંતાપ.
૨. સ્ત્રી. એક જાતનું એક કોષવાળું પ્રાણી જીવ; બહુરૂપી જીવ.
અમીબા (એમિબા) નામના પ્રાણીનું શરીર એક જ કોષનું બનેલું છે.
શરીરરચનું રેખાદર્શન

અમીવિલ [સં. અમૃત + વલ્લી (વેલ)] સ્ત્રી. અમરવેલ.

અમીવેલડી (અમીવેલડી) જુઓ અમીવેલ.

અમીશીલ [અમૃત + શીળું (ઠારું)] વિ. અમૃત જેવું ઠારું.

અમીસોત ૧. [સં. અમૃત + સ્રોતસ્ (ઝરો)] પું. અમીનું ઝરણ.
૨. [સં. અમૃત + સ્રોતસ્ (પ્રવાહ)] પું. અમીનો પ્રવાહ.

અમુ સ. (પારસી) અમે.

અમુક ૧. [સં.] સ. કોઈ.
૨. વિ. અજ્ઞાત; અનિશ્ચિત.
૩. વિ. ચોક્કસ; કહ્યાવું; વિશેષ અર્થમાં મુકરર કરેલું.

અમુકતમુક ૧. [અમુક + તમુક (અમુક કહેવું રહ્યું)] સ. જે તે.
૨. વિ. કહ્યાવું-કહ્યાવું.

અમુકલમુક સ. એક જ હળને વળગી રહેવાપણું; એકરીતિસેવન.

અમુકાત ૧. ન. એક જાતની ઝરીદાર હલકી.
૨. [સં. ન (નહિ) + મુક્ત (છોડેલું)] ન. નહિ ફેંકાતું હથિયાર; હાથમાં રાખીને વપરાતું હથિયાર.
૩. વિ. અમુક; ચોક્કસ કહ્યાવું.

૪. વિ. નહિ મૂકેલું; નહિ છોડેલું.

૫. વિ. મુક્ત ન કરેલ; છુટકારો ન પામેલું; બંધાયેલ.

૬. વિ. મોક્ષ પામ્યા વગરનું; જન્મમરણના ફેરામાંથી નહિ છૂટેલું.

અમુક્તઆયુષ [સં. અ (નહિ) + મુક્ત (છોડેલું) + આયુષ (હથિયાર)] ન. હાથમાં પકડી રાખી મારી શકાય એવું હથિયાર.

અમુક્તકેવાળિયો [અ (નહિ) + મુક્ત (છૂટું કરેલ) + કેવાળિયો] પું. છુટકારો નહિ પામેલો નાકાર.

અમુક્તરાન્તે જુઓ અમુક્તઆયુષ.

અમુક્તહસ્ત ૧. [સં. અ (નહિ) + મુક્ત (મૂકેલ) + હસ્ત (હાથ)] વિ. કરકસરવાળું; હાથ છૂટો નથી એવું.

૨. વિ. કંજૂસ; કોળી.

અમુક્તિ ૧. [સં. અ (નહિ) + મુક્તિ (સ્વતંત્રતા)] સ્ત્રી. પરતંત્રતા.

૨. [સં. અ (નહિ) + મુક્તિ (મુક્તાશે)] સ્ત્રી. બંધન.

૩. સ્ત્રી. મોક્ષ ન મળવાપણું; ઉદ્ધાર ન થવો તે.

અમુખ ૧. પું. શિવ; શંકર.

૨. [સં. અ (નહિ) + મુખ (મોં)] વિ. બોલ્યા ન આપે એવું.

અમુખ્ય ૧. પું. શિવ; શંકર.

૨. [સં. અ (નહિ) + મુખ્ય (પ્રધાન)] વિ. મુખ્ય નહિ તેવું; ગૌણ.

૩. વિ. સાધારણ; સામાન્ય.

અમુગ્ધ ૧. વિ. ઇંદ્રિયોને છેતનાર; કપટી.

૨. [સં. અ (નહિ) + મુગ્ધ (મુંઝાયેલ)] વિ. ભોળા; ડાહ્યું.

૩. [સં. અ (નહિ) + મુગ્ધ (મૂઢ)] વિ. મૂર્ખ નહિ એવું; ચતુર.

૪. વિ. મોહ નહિ પામેલું.

અમુઝાવવું [અ (નિષેધ વાચકો પૂર્વગ) + મુઝવવું (મૂંઝવવું)] સ. ક્રિ. મૂંઝવણમાં નાખવું; ગભરાવવું; સતાવવું.

અમુઝાવું ૧. [અ (નિષેધ વાચકો પૂર્વગ) + મુઝાવું (મૂંઝાવું)] સ. ક્રિ. મૂંઝાવું; ગભરાવું; આકુળવ્યાકુળ થવું.

૨. સ. ક્રિ. ખિજાવું.

અમુત્તર પું. શિવનું એક નામ.

અમુત્ર ૧. [સં. અમસ્ (આ) + ત્ર (કેવળ ભાવવાચક પ્રત્યય)] પું. પરલોક; બીજી દુનિયા.

૨. સ. આવતે જન્મે કહેવાયેલું હોય તેમાં.

૩. સ. આમાં.

૪. સ. જન્માંતરમાં; પરભવમાં.

૫. સ. તે રસ્તે.

૬. સ. ત્યાં.

૭ સ. પરલોકમાં.

પું નામા જે નરાણી એ તારિ, તેણે પુત્ર જે વિના તાં સુખ નહીં રે કહ્ય હોય કિ અમુત્ર.

ભાલણ

અમુદ્ર ૧. [સં. અ (નહિ) + મુદ્રા (મહોર)] વિ. જેની પાસે કોઈ કેસણે બનાવો પરવાનો કે મહોર ન હોય એવું.

૨. વિ. જેની પાસે મુદ્રા કે નિશાની ન હોય એવું.

અમુદ્રિત [સં. અ (નહિ) + મુદ્રિત (છાપેલું)] વિ. નહિ છાપેલું.

અમુમી [અ.] વિ. સાધારણ; સામાન્ય.

અમુલક વિ. અમૂલ્ય; બહુ કીમતી.

અમુખ્ય [સં.] વિ. પ્રસિદ્ધ; વિખ્યાત; મશહૂર.

અમુખ્યકુલ [સં. અમુખ્ય (પ્રસિદ્ધ) + કુલ (વંશ)] ન. પ્રસિદ્ધ વંશ; ખાનદાન કુળ.

અમુખ્યપુત્ર [સં. અમુખ્ય (પ્રસિદ્ધ) + પુત્ર (દીકરો)] પું. ઊંચા કુળમાં જન્મેલ પુરુષ.

અમુખ્યપુત્રી [સં. અમુખ્ય (પ્રસિદ્ધ) + પુત્રી (દીકરી)] સ્ત્રી. ઉત્તમ કુળમાં જન્મેલી છોકરી.

અમુખ્યાવસ્થ જુઓ અમુખ્યપુત્ર.

અમુંજું ન. (સામ) અમરતું; ક્ષોભ.

અમૂઢ ૧. [હિં.] વિ. અધુરું; અપૂર્ણ.

૨. [સં. અ (નહિ) + મૂઢ (મૂંઝાયેલું)] વિ. મૂંઝાયું નહિ તેવું; ગોઠવું.

૩. [હિં.] વિ. વાટતા; ભોજનાર.

અમૂઝણ ૧. સ્ત્રી. આતુરતા; ઉત્કંઠા.

૨. સ્ત્રી. ખોટી ગરબડ આવતાં થતી અકળામણ.

૩. સ્ત્રી. ચિંતા; ચિંતા.

૪. [સં. અહ (બહારે) + મૂઝ્ (મૂંઝવું)] સ્ત્રી. મૂંઝવણ; ગભરામણ.

અમૂઝવું ૧. [સં. અહ (બહારે) + મૂઝ્ (મૂંઝવું)] સ. ક્રિ. ગભરાવું; મૂંઝવું; અકળાવું.

ઉપમા દે ઉપમા પૂર્વિ દે કમ કોઇ અમૂઝિ.

અખાજી (૧૫૪૮)

૨. સ. ક્રિ. ખિજાવું.

અમૂઢ ૧. [સં. અ (નહિ) + મૂઢ (મૂર્ખ)] વિ. પંડિત; વિદ્વાન.

અમૂઢહસ્ત [સં. અ (નહિ) + મૂઢ (મૂર્ખ) + હસ્ત (હાથ)] વિ. હાથકારીગીરીમાં હોશિયાર.

અમૂમત [અ. અમ (મા)] ન. માતૃત્વ; માતાપણું.

અમૂમન [અ.] ક્રિ. વિ. સામાન્ય રીતે.

અમૂર્છન જુઓ અમૂર્છિત.

અમૂર્છિત [સં. અ (નહિ) + મૂર્છિત (બેભાન)] વિ. સાવધ; ભાનમાં હોય એવું; મૂર્છા રહિત.

અમૂર્છિતભાવ [સં. અ (નહિ) + મૂર્છિત (બેભાન) + ભાવ (સ્થિતિ)] પું. મોહ ન હોવાપણું.

અમૂર્ત ૧. [સં. અ (નહિ) + મૂર્ત (આકારવાળું)] પું. આકાશ.

૨. પું. આત્મા.

૩. પું. મન; વખત.

૪. પું. શિવ.

૫. પું. પરમેશ્વર, જેમણે તે નિરાકાર છે.

૬. પું. વાયુ.

અરહૂસી (અરહૂસી) [સં. અટરૂષ] સ્ત્રી. એક જાતનો છોડ; વાસક; વાસિકા; વાસાલિપ્ત-માતા; સિંહિકા; સિંહાસ્ય; વાજિદત્તા; અટરૂષ; અટરૂષક; અટરૂષ વૃક્ષ તામ; સિંહપર્ણી; સિંહ-પર્ણી; સિંહમુખી; સિંહી વાસા. પ્રથમ વાર્તા અસંખ્ય હોઈ નામ ઘરઘર હોવાથી સંસ્કૃતમાં તેને સિંહાસ્ય એટલે સિંહનું મોઢું કહેલ છે. પોળા અને મળે ભેરી જે જાતની અરડૂસી થાય છે. તેનો છોડ ત્રણ ચાર ફૂટ ઊંચો, તેનાં પાન અણીવાળાં, ત્રણ ચાર ઇંચ લાંબાં અને આકારે સવા ઇંચ પહોળાં, તેનાં ફૂલ સફેદ અને નામોલ્લના આકારનાં, અને ફળ મોગરાની કળીના આકારનાં અને તેમાં બિયાં બેવડાં થઈ ચાર બી હોય છે. પાન તથા ફૂલોનો રસ મધમાં આપવાથી ઉધરસ, શ્વાસ, દમ, ક્ષય જેવા રોગ મટતા મનાય છે. જ્વર, ત્રિદોષ, મરડો, ઝાડો અને રક્ત-વિકાર ઉપર ઉપાય, એક તેજાબ સ્વરૂપના રૂપમાં બજારમાં વેચાય છે. બાવીસ અને ફૂલસાંના સોળ ઉપર કોઢમાં તેનાં પાન ગ્રાય આવે છે. તે કફોત્તરને એટલે ઠંડો ચૂસ વધારે હોય એવી, દૂધ એટલે હરસને સુખ કરનાર, હલકી, તીખી, કડવી અને સ્વર્ય એટલે અવાજ સુધારનાર, ઉધરસ, કમળો, પૈત્તપિત્ત એટલે શીતસ, વિષ, જ્વર, કૃમિ, શ્વાસ, ખેંચ, કૃમ, તરસ, અરુચિ, ક્રોધ અને ઊલટી મટાડનાર અને રક્ત-પિત્ત પર અકસીર ઔષધ છે. આગળ અરડૂસી-નાં પાનનો ચૂકો બે થી ત્રણ તોલો છે. કાળી અરડૂસીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવાથી વીંછીનું ઝેર ઉતરે અને શ્વેત પ્રદર ઉપર અરડૂસીનાં મૂળનો રસ મધમાં આપવાથી સફેદ ધાત જતી બંધ થાય છે. બસ ઉપર અરડૂસીનાં કુમળાં પાંદડાં પાણીમાં ઉકાળી સ્નાન કરવું. સુખે પ્રસવ થવા માટે અરડૂસીનાં મૂળ ઉકાળી કૂદી અને દૂધ સાથ ઉપર લેપ કરાય છે. અરડૂસી-નાં લાકડાં કોમળ અને હલકાં હોવાથી એનાં કોલસા સારામાં સારાપણાના ક્રમમાં આવે છે.

અરડૂસો (અરડૂસો) [સં. અટરૂષ] પું. એક જાતનું ઝાડ; સ્નોનાક; સ્નોનાક; સોપકૃ; નટ; કટ્વંગ; ગંડૂપર્ણી; પત્રોર્ણ; શુક્લપુષ્પ દીર્ઘપત્ર; અરણ્ય; પ્રસુરિણ; આયુર્વેદમાં ગણાવેલાં દશમૂળ પૈકીનું એક મૂલ્યવાન વનસ્પતિ. તેનું લાકડું પોલું અને હલકું હોવાથી તે ઇમારતી કામમાં આવતું નથી, પણ તેનાં રમકડાં, કોલસા, પેંસિલ અને પેટલીક સુશોભિત વસ્તુ બને છે. આ ઝાડ ઊંચું ને મોટું, તેનાં પાન લીમડાનાં જેવાં સંયુક્તવાળાં તથા સમુક્ત, ફળ આવળના ફરસ જેવાં ચપટાં અને ઝાલ જાડી અને ખુબસ રેસની તેમજ પાતળી, અવરસ બેહદ તાવનાશક, દસ્ત રોકનાર અને કડવી હોય છે. તેની છાલમાં તજ જેવી વાસ આવવાથી ઔષધ કોઈ તજને બદલે તે છાલનો ઉપયોગ કરે છે. અજીર્ણ, ખાંસી, અરુચિ, તાવ, ઝાડો તથા સંમેલણી ઉપર તે ક્વાથ અથવા હિમના રૂપમાં અપાય છે. એનાં પાંદડાંની ભાજી આપવાથી કબજી મટે છે. પ્રસૂતિવાત, નાળબંધવાયુ, આમાતિસાર, વિષમજ્વર, વાળો, પટકી—કોમેરા, મુખરોગ, મુખપાક, પિત્ત અને ઝેર ઉપર તેનો ઉપયોગ થાય છે. તેની માત્રા ૧ વાલની છે. મોટા અરડૂસાના છોડને મહાદ્રુક પણ કહેવામાં છે.

અરડૂસો ને આમલી = જે મળે તે.

અરડો (અરડો) સ. પૂર્વ માણસે બળે તેમ બોલેલ શબ્દ.

એકને અરડો કહે, બેને કહે છે બાઉ;
ત્રણને તરડો કહે, ચોવાને કહે ગાઉ.

લોકમત

અરણ ૧. સ્ત્રી. એરણ; સુતાર તથા સોનીનું ધાતુ પાડવાનું ચોરસ કે લંબચોરસ ગજિયું.

૨. સ. ભારવાહનનું પ્રકરણ.

૩. સ. કાનમાં પહેરવાનું એક ઘરેણું; એરિંગ.

૪. [સં. અરણ્ય (જંગલ)] સ. જંગલ; વન; વનો; અરણ્ય.

૫. વિ. સુલભ્ય વસ્તુ; જેવાંતેવાં.

અરણવ [સં. અર્ણવ (સમુદ્ર)] પું. દરિયો; સમુદ્ર; સાગર.

ગંગાસતીએ ચર્ચું પણ અરણવમાં ખાબડ. પ્રેમાનંદ

અરણવાસ [સં. અરણ્ય (જંગલ) + વાસ (સ્થાન)] પું. વનવાસ; જંગલમાં રહેવું તે.

અરણા સ્ત્રી. (આમ) એરણ.

અરણિ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ઝાકમઝાક.

૩. પું. યજ્ઞને અગ્નિ ઉત્પન્ન કરવાનું લાકડું.

૪. પું. રાતીનું ઝાડ.

૫. પું. સૂર્ય.

૬. સ્ત્રી. એક જાતનું ઝાડ; અગ્નિમંથ. જુઓ અરણી ૧.

૭. સ્ત્રી. રસ્તો; માર્ગ.

અરણિકેતુ [સં.] પું. અગ્નિમંથ; અરણિ નામનું ઝાડ. જુઓ અરણી ૧.

અરણિસુત વિ. [સં. અરણિ (એક જાત) + સુત (દીકરો)] પું. અગ્નિ, કારણ કે અરણિનાં લાકડાં વલોવવાથી અગ્નિહોત્રનો અગ્નિ પ્રગટાવવામાં આવે છે.
૨. પું. શુક્રદેવ. પૃતાચી નામની અપ્સરાને જોઈને આસનું વીર્ય અરણી ઉપર રેંચલિત થયેલું. તેમાંથી જન્મેલ હોવાથી તે અરણિસુત કહેવાય છે.

અરણી ૧. [સં. અરણિ] સ્ત્રી. અગ્નિમંથ; ઓરણ; મીખણી; અરણિકાષ્ઠ; અગ્ન; અગંતી; તાંબરી; નાદેણી; વૈજયંતિમ. યજ્ઞ કરવામાં કુવાને સારે વપરાતું આ ઝાડ બૃહત પંચમૂલના લાકડાંનું જોડ છે. તેમાંથી અગ્નિ પ્રગટ નીકળતા કરે છે. તેની નાની ને મોટી, તથા કાળી ને ધોળા જોવી બે જાત છે. નાની જાતનાં ઝાડ ગામોટું અને મોટી જાતનાં ઝાડ ૨૦–૨૫ ફૂટ ઊંચાં થાય છે. મોટી અરણીનાં પાન ત્રિકોણી, સામસામે, કોરે કાંસકીવાળાં, ૪–૫ ઇંચ લાંબાં ને અણીદાર. તેનાં ફૂલ સુગંધીદાર, ઝૂમખા સોંદર રંગનાં અનવ મંજરી જેવાં ધોળાં, પાંચ પાંખડીવાળાં, જોડ કોડેસર તથા પાંચ પુંકેસરવાળાં, અને ફળ નાનાં, ગોળ ચરિયા જેવાં થાય છે. કાળી અરણીનાં પાન તથા મૂળ દવા તરીકે વપરાય છે. મોટી અરણી મરડા, દીપન, કાચ જોડાને કાને તોડી ફૂલો પાડનાર ને વાતહર જોડાને વાયુવિકાર દૂર કરનાર છે, તેમજ પાંડુ, સોજા, કૃમિજ્વર, પક્ષઘાત, સંધિવા, વાગ્યા કાપ ઉપર તથા આંખ ઊતર્યા ઉપર વપરાય છે. માત્રા: સ્વરસની ૧ તોલો ને અરણીના મૂળની છાલનો ૩ થી ૬ા તોલો છે. આ ઝાડનાં લાકડાંને ઓલીવ સાથે વલવણી અગ્નિ પેદા થાય છે. તેનાં પાતરાંની ભાજી, ફૂલની કઢી તથા સોટીઓની હોકાની નળી બને છે. નાની અરણીના કોકને નરવેલ પણ કહે છે.
૨. સ્ત્રી. યજ્ઞમાં અગ્નિ પ્રગટાવવાને કામ લાગતું અરણીનું લાકડાનું બનાવેલું યંત્ર. આ યંત્રના બે ભાગ હોય છે: અરણિ અથવા અધરારણિ અને ઉત્તરારણિ. અધરારણિ નીચે હોય અને તેમાંના કાણા ઉપર ઉત્તરારણિ ઊભી કરીને દોરીથી વલવામાં આવે છે. કાષ્ઠાની નીચે કુશ અથવા કપાસ રાખી વલવાથી તેમાં આગ લાગી જાય. લાગતી વખતે વૈદિક મંત્ર બોલવામાં આવે છે. લાગ્યાં પછી કરીને અરણીથી ઉત્પન્ન કરેલ અગ્નિ યજ્ઞમાં લેવામાં આવે છે.
અરણીપાત્ર ∗ જે લાકડાથી લાગ્યો અગ્નિ ઉત્પન્ન થાય છે તે લાકડું.

અરણીપાટો પું. જનરી પાટો; અરણ્યનો પાટો

અરણ્ય ૧. [સં.] પું. જંગલનું ઝાડ.
૨. પું. રામાયણનો એ નામનો એક કાંડ જેટલે ભાગ.
૩. પું. સં-વાસીઓના ૧૫ ભાંહેનો એક ભેદ.
૪. ન. જંગલ.

અરણ્ય ૧. [સં. અરણ્ય; પ્રા. રણ્ણ] ન. વન; જંગલ; વગડો; રાન; ઝાડી; કાનન; ગહન.
કાન વિષે અરણ્ય ના ગહન કક્ષ કાંતાર,
ઝાડીમાં ઝાંઝર ઝીલે ભોજન તરણાર.
ત્રિભુવનદાસ

અરણ્યક ૧. [સં.] ન. એક જાતનો છોડ.
૨. ન. જંગલની સપાટ.

અરણ્યકદલી [સં. અરણ્ય (જંગલ) + કદલી (કેળ)] સ્ત્રી. જંગલી કેળ.

અરણ્યકપાર્વાસી [સં. અરણ્ય (જંગલ) + કર્પાસી (કપાસનો છોડ)] પું. જંગલી કપાસ. જુઓ કપાસ.

અરણ્યકાંડ [સં. અરણ્ય (જંગલ) + કાંડ (ભાગ)] પું. વિષ્ણુભક્ત રાજાનાં જંગલમાં પરાક્રમો જેમાં વર્ણવ્યાં છે તે રામાયણનો

અરણ્યકાજ ૧. [સં. અરણ્ય (જંગલ) + કાજ (દાણો)] પું. જંગલી દાણો.
૨. પું. ખાતેલો ખાતંગ; છોલો દાણો.

અરણ્યકાન [સં. અરણ્ય (જંગલ) + કાન (કાણ)] ન. સામવેદનું જંગલમાં ભણવાનું જોડ ગાન.

અરણ્યકેસ [સં. અરણ્ય (જંગલ) + કેસ (વાળ વગર)] વિ. જંગલમાં ચરવા જેવું.

અરણ્યકોડક [સં. અરણ્ય (જંગલ) + કોડક (વાલો)] પું. જંગલી વાલોડ.

અરણ્યકોર [સં. અરણ્ય (જંગલ) + કોર (કનાર)] વિ. જંગલમાં ઝટકનાર; વનચર.

અરણ્યકોદ્રિકા ૧. [સં. અરણ્ય (જંગલ) + કોદ્રિકા (કોદરી)] સ્ત્રી. કોદરો જંગલમાંનો

૨. સ્ત્રી. નકામો રાનકાર; અરણ્યને અલંકાર. કોદરો જંગલમાં પોતે પ્રકાશ નકામો છે, કેમકે તે ખેતરા કે તેનો આનંદ લેવા કોઈ માણસ હોતું નથી, તેમ કોઈએ ધરેલું પહેલાં હોય પણ તે સારું જોવાની પણ જેમ જોરદારી બતાવે ત્યારે તે ધરેલું નકામાં છે.

અરણ્યકોર [સં. અરણ્ય (જંગલ) + કોર (કનીલ)] સ્ત્રી. વનમાં ઉત્પન્ન થયેલ; જંગલી.

અરણ્યકોરાત જુઓ અરણ્યકોર.

અરણ્યકોર્દ્રક [સં. અરણ્ય (જંગલ) + કોર (કનીલ) + કાંદ (ભાજી)] ન. જંગલમાં ઊગેલું ભાજી; જંગલી ભાજી.

અરણ્યકોર્દ્રવ જુઓ અરણ્યકોર્દ્રક.

અરણ્યકોરક જુઓ અરણ્યકોરક.

અરણ્યકોરક [સં. અરણ્ય (જંગલ) + કોરક (કળ)] પું. કળીકોરીનો છોડ. જુઓ કળીકોરી.

અરણ્યકોરક [સં. અરણ્ય (જંગલ) + કોરક (કળ)] જુઓ અરણ્યકોરક.

અરણ્યકોર ૧. [સં. અરણ્ય (જંગલ) + કોર (કનાર)] વિ. જંગલનાં ફળ વગેરે ઉપર

૨. વિ. વનચર; જંગલમાં રહેનાર.

અરણ્યકોરાલી [સં. અરણ્ય (જંગલ) + કોરાલી (માસ)] સ્ત્રી. આસકાર માસની પારણને દિવસે કરવામાં આવતું જોડ વ્રત.

અરણ્યકોરીપ [સં. અરણ્ય (રણ) + કોરીપ (જોડ)] પું. રણ કે ઉજ્જડ જગ્યામાં કુદરતી રીતે રહેતા.

અરણ્યકોર્મ ૧. પું. જંગલી અવસ્થા.
૨. [સં. અરણ્ય (જંગલ) + કોર્મ (કર્તવ્ય)] પું. વાનપ્રસ્થ ધર્મ; વાનપ્રસ્થીની ફરજ.

અરણ્યકોન્ન ૧. [સં. અરણ્ય (જંગલ) + કોન્ન (અનાજ)] ન. જંગલી અનાજ.
૨. ન. જંગલી ચોખા; નીવાર; સામો.

અરણ્યકોપતિ જુઓ અરણ્યરાજ.

અરણ્યકોપતિ ૧. [સં. અરણ્ય (જંગલ) + કોપતિ (પત્ની)] પું. પારધી; શિકારી.
૨. પું. રુદ્રદેવ.

અરણ્યકોપંડિત [સં. અરણ્ય (જંગલ) + કોંડિત (વિદ્વાન)] પું. મૂર્ખ, કેમકે તે પોતાનું જ્ઞાન જંગલમાંજ બતાવી શકે છે, કે જ્યાં તેનું કોઈ સાંભળે નહિ અને તેની કોઈ ભૂલ કાઢે નહિ.

અરણ્યકોળીજ [સં. અરણ્ય (જંગલ) + કોળીજ (બી)] ન. વગડાઉ બી.

અરણ્યકોવાસ [સં. અરણ્ય (જંગલ) + કોવાસ (વસ્ત્ર)] વિ. વગડાઉ; જંગલમાં વસનાર.

અરણ્યકોવહિકા [સં. અરણ્ય (જંગલ) + કોવહિકા (બાજી)] સ્ત્રી. ઢાંસ; મોટો મચ્છર.

અરણ્યકોવા [સં. અરણ્ય (જંગલ) + કોવ (કાપૂર)] વિ. જંગલથી ભરપૂર.

અરણ્યકોવાર્ડર [સં. અરણ્ય (જંગલ) + કોવાર્ડર (વિકાસો)] પું. જંગલી મીંઢળો; રાની વિકાસો.

અરણ્યકોમુદ [સં. અરણ્ય (જંગલ) + કોમુદ (કમ)] પું. જંગલી કમ

અરણિ

અરણ્યમૃદ્વક જુઓ અરણ્યમૃદ્વ.

અરણ્યયાન [સં. અરણ્ય (જંગલ) + યાન (જવું તે)] ન. જંગલમાં જવું તે; વનપ્રસ્થ આશ્રમ.

અરણ્યરક્ષક [સં. અરણ્ય (જંગલ) + રક્ષક (રખોપિયો)] પું. જંગલનો રખેવાળ.

અરણ્યરાજ [સં. અરણ્ય (જંગલ) + રાજન્ (રાજા)] પું. જંગલનો રાજા. આ શબ્દ સિંહ કે વાઘ માટે વપરાય છે.

અરણ્યરાજ્ય [સં. અરણ્ય (જંગલ) + રાજ્ય] ન. જંગલનું રાજ્ય.

અરણ્યરાશિ [સં. અરણ્ય (જંગલ) + રાશિ (નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) મેષ, વૃષભ, સિંહ, વૃશ્ચિક અને ધન રાશિ.

અરણ્યરુદન ૧. [સં. અરણ્ય (જંગલ) + રુદન (રોવું)] ન. જંગલમાં રોકકળ.
૨. ન. નકામી મહેનત.
૩. ન. નકામો પોકાર; જંગલના રોણાની પેઠે જેને કોઈ ન સાંભળે એવું વચન; કોઈ ન માનતું હોય તેની સલાહ.

અરણ્યરુદિત જુઓ અરણ્યરુદન.

અરણ્યરોદન જુઓ અરણ્યરુદન.

અરણ્યરોદનન્યાય [સં. અરણ્ય (જંગલ) + રોદન (રોવું) + ન્યાય] પું. જંગલમાં રોવા જેવો ન્યાય. કહેવા ઉપર કોઈ ધ્યાન ન આપતું હોય તો આ વાક્યનો ઉપયોગ થાય છે.

અરણ્યવાયસ [સં. અરણ્ય (જંગલ) + વાયસ (કાગડો)] પું. જંગલી કાગડો; ઝીણો કાગડો.

અરણ્યવાસ ૧. [સં. અરણ્ય (જંગલ) + વાસ (રહેવાનું)] પું. જંગલમાં રહેવું તે; વનવાસ.
૨. પું. જંગલમાંનો આશ્રમ.
૩. પું. સંસારત્યાગ.

અરણ્યવાસિની ૧. સ્ત્રી. જોઈ જાતનો વેલો; અલમ્બાપર્ણી.
૨. [સં. અરણ્ય (જંગલ) + વાસિની (રહેનારી)] સ્ત્રી. જંગલમાં રહેનારી સ્ત્રી.

અરણ્યવાસી ૧. [સં. અરણ્ય (જંગલ) + વાસિન્ (વસનાર)] વિ. જંગલી.
૨. વિ. વનવાસી; જંગલમાં રહેનાર.

અરણ્યવાસ્તૂક [સં.] પું. જોઈ જાતનો છોડ; વનવેતા; વનવાસ્તૂક.

અરણ્યવિલપિત જુઓ અરણ્યરુદન.

અરણ્યવિલાપ જુઓ અરણ્યરુદન.

અરણ્યવ્રત [સં. અરણ્ય (જંગલ) + વ્રત (નિયમ)] ન. ચોમાસા પહેલાંની અમાસને દિવસે કરવામાં આવતું વ્રત; અરણ્યષષ્ઠી.

અરણ્યશાલિ [સં. અરણ્ય (જંગલ) + શાલિ (ડાંગર)] પું. જંગલી ડાંગર; જંગલી ચોખા.

અરણ્યશૂકર [સં. અરણ્ય (વન) + શૂકર (સુવર)] પું. જંગલી ડુક્કર; ભૂંડ.

અરણ્યશ્રુસ્ક [સં. અરણ્ય (જંગલ) + શ્રુસ્ક (સૂપણ નામનું ઝાડ)] ન. જંગલી સરુવ.

અરણ્યષષ્ઠ [સં. અરણ્ય (વન) + ષષ્ઠ (કુલ્લો)] પું. વડ.

અરણ્યષષ્ઠી [સં. અરણ્ય (જંગલ) + ષષ્ઠી (છઠ)] સ્ત્રી. જેઠ સુદિ ૬ ને દિવસે સંતાનની વૃદ્ધિ માટે સ્ત્રીઓએ કરવાનું વ્રત. તે દિવસે સ્ત્રીઓ ફલાહાર કરે છે, કેળની પૂજા કરે છે અને હાથમાં બેલા જોટવે વાંસ લઈ જંગલમાં ફરે છે.

અરણ્યસભા [સં. અરણ્ય (જંગલ) + સભા (કચેરી)] સ્ત્રી. જંગલમાં રહેનાર લોકોની તકરારોનો નિકાલ કરવાની કચેરી.

અરણ્યસેતુક [સં. અરણ્ય (જોઈ શકે) + સેતુ (વધિયાર) + ક (જાણનો)] પું. પુરંદરયજ્ઞપુત્રનો સમય; પખરનાં ઢગિયાર વપરાતાં અને તે પહેલાંનો જમાનો. અરણ્યપરખા લોકોના અને અણીવાગ્ય ગામડાં એ આ પુત્રનું લાક્ષણિક સિદ્ધ છે.

અરણ્યહલદીકંદ [સં. અરણ્ય (જંગલ) + હલદી (હળદર) + કંદ] પું. જંગલી હળદર.

અરણ્યા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ.

અરણ્યાધ્યક્ષ [સં. અરણ્ય (જંગલ) + અધ્યક્ષ (ઉપરી)] પું. જંગલની દેખરેખ રાખનાર અધિકારી; 'રેન્જર.'

અરણ્યાની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋગ્વેદમાં કહેલ વન અને જંગલની અધિષ્ઠાત્રી દેવી; વનદેવી.
૨. સ્ત્રી. મોટું જંગલ.

અરણ્યું ૧. વિ. (આખ) કુમળું વનસ્પતિ.
કુણ્યું કામળેતુ કુણે અમારે,
અરણ્યું ન રહે કોઈ અમાસ કુણમાં.
૨. વિ. (આખ) વાંઝિયું; છોકરાં વગરનું.

અરત ૧. [સં. અ (નહિ) + રત (મૈથુન)] ન. મૈથુન ન કરવું તે; બ્રહ્મચર્ય.
૨. [સં. અ (નહિ) + રત (ખોદવાનું)] વિ. અનાગત; ઉકરડીનું વિરુદ્ધ; ઘેર વગરનું.
૩. વિ. બેદિલ.
૪. વિ. સંતોષ ન પામેલું.
૫. વિ. સુસ્ત; ઠંડું.

અરતિ ૧. [સં. અ (નહિ) + રતિ (ભોગ)] સ્ત્રી. અપ્રીતિ; અણગમો; અકૃપા; નાખુશી.
૨. સ્ત્રી. અસંતોષ.
૩. સ્ત્રી. ઇચ્છેલી વસ્તુના વિયોગથી અને અણગમતી વસ્તુ મળવાથી થતી ચિંતાગીરી; અસુખ; દુઃખ.
૪. સ્ત્રી. કામ જોટવે વિષયસુખની ઇચ્છાને લીધે થતી નાયકની જે નામની જોઈ હાલત; અનંગદશા.
૫. સ્ત્રી. દ્વેષ.
૬. સ્ત્રી. અણગમો.
૭. સ્ત્રી. વૈરાગ્ય.
૮. [સં. અ (નહિ) + રતિ (ક્રીડા)] સ્ત્રી. સંભોગનો અભાવ; અમૈથુન.
૯ સ્ત્રી. (જૈન) સંવરમાં હેતુરૂપ; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આચારમાં મેળવેલી.
૧૦. [સં. અ (નહિ) + રતિ (ઉત્સાહ)] સ્ત્રી. સુસ્તી; મંદતા.

અરતિપરિષહ [સં. અ (નહિ) + રતિ (આનંદ તે) + પરિષહ (દુઃખ સહન કરવું)] પું. (જૈન) સાધુના ૨૨ પરિષહ પૈકીનો જે નામનો જોઈ; સ્વીકારેલ માર્ગમાં મુશ્કેલીને લીધે કંટાળાનો પ્રસંગ આવે ત્યારે કંટાળો ન લાવતાં સમતા રાખવી તે.

અરતિમોહનીય [સં. અ (નહિ) + રતિ (પ્રીતિ) + મોહનીય (મોહ પમાડે તેવું)] ન. (જૈન) મોહ પમાડે તેવા કર્મની જોઈ પ્રકૃતિ, જેથી અપ્રીતિ ઉપજે છે. બીજાને મેળવેલી ઉપલબ્ધિ, કોઈના આરામમાં ખલલ નાખવી, હલકાં આચરણની સોબત કરવી વગેરે અરતિમોહનીયના આસ્રવ છે.

અરતી સ્ત્રી. વાંસના ગાલાની નીચે નાખેલું લોઢાનું ચોરસ અને ઉપરથી ગોળ આકારનું રાંપી જેવું ઓજાર. આ ઓજારથી ગાંતીને વગાડેલો ઠરડ કેવી નાખવામાં આવે છે.

અરત્ન [સં. અ (નહિ) + રત્ન (કીમતી પત્થર)] ન. રત્ન નહિ તે.

અરત્નિ ૧. [સં. અ (નહિ) + રત્નિ (મુઠ્ઠી વાળ)] પું. કોણી.
૨. પું. કોણીથી હથેળી આંગળાં સુધીનું માપ. આ માપ વડે જૂના વખતમાં કાપડ વગેરે માપવામાં આવતાં.

૩. પું. હથેળી આંગળા પહોળા હોય તેવે ખોબો ભરીયાળો હાથ.
૪. પું. હાથ.
૫. સ. ચોવીસ આંગળનું માપ; આશરે બે પૂરનું જૂનું માપ.
૬. વિ. પ્રમાણ નહિ કરનાર.

અરદિયો [સં. અરદિ (ઉંદરી) + ક (સ્વાર્થ)] વિ. ઉંદરી સંબંધી.

અરધ ૧. [હિં.] પું. અસર.
૨. પું. ઉપયોગ; ખપ; જરૂર; અગત્ય; જરૂર.
૩. પું. ક્રમ; ક્રમે.
અરધ સર્યો ને વેર વેરી = ક્રમ થઈ રહ્યા પછી સ્વાર્થી સામું જોતા નથી.
૪. પું. કારણ; સબબ.
૫. પું. ફીકર.
૬. પું. ઉપાડો; ઉખાણું.
અર્થ નામનો = ઉખાણું પૂછનું.

અરધ ૭. [સં. અર્થ] પું. દ્રવ્ય; ધન; પૈસો; દોલત; સંપત્તિ.
૮. પું. ધર્મ વગેરે ચારમાંનો બીજો પુરુષાર્થ.
૯. [સં. અર્થ્ (કાપવું)] પું. ઘારણા; ઉદ્દેશ; હેતુ; ઇરાદો; અભિપ્રાય.
૧૦. પું. ફળ; પરિણામ.
૧૧. પું. માનનો; અર્થ; મતલબ; સમજૂતી.
૧૨. [સં. ન (નહિ) + રથ (એક વાહન)] પું. રથ સિવાયનું વાહન. જેમકે, ગાડું.
૧૩. પું. વિષય; વસ્તુ.
૧૪. પું સાર; સત્ત્વ.
૧૫. વિ. રથ વગરનું થઈ ગયેલું.

અરધારત ૧. [સં. અર્ધરાત્ (એટલે ૩)] સ. એ ઇરાદાસર; એટલે કે; એવું છે માટે.
૨. [સં. યથાર્થમ્ (ખરેખર)] સ. ખરેખર; બોલ્યા; બરાબર.

અરધિયું [સં. અર્ધ (કાપ્યા) + ઇન્ (વાળું)] વિ. અરધિયાતવાળું; અરધકું.

અરધી ૧. [હિં.] પું. અરધાર.
૨. પું. આડતિયો.
૩. પું. આશ્રિત.
૪. પું. ઉમેદવાર.
૫. પું. નોકર.
૬. [સં. રથ (એક વાહન)] સ્ત્રી. ઘાટી; નનામો.
૭. [સં. અર્ધ (કાપ્યા) + ઇન્ (વાળું)] વિ. અર્ધવાળું; કાપ્યાવાળું; અરધકું.
૮. [સં. ન (નહિ) + રથિન્ (રથવાળું)] વિ. રથ વગરનું; રથમાંથી ઊતરેલું; રથમાં ન બેઠેલું.

અરધે [સં. અર્થે] અ. વાસ્તે; સારૂ; માટે.

અરહ ૧. પું. (અરબોસ્તી) પાંચમા મુખ્ય ફિરસ્તા અસરાફીલના ચાર હમદમોમાંનો એકનો એક. તેને અઝિસ કે અઝિસર્ત પણ કહે છે.
૨. [સં. ન (નહિ) + રહ (સંત)] સ. જેને સંત આવ્યા ન હોય તેવું ખાનદાન.
૩. વિ. સંત વગરનું.

અરહદ પું. પશ્ચિમવાહ અને સંમદ્રીપમાં થતું એક ખતરનું ઝાડ. તેમાંથી નીકળતો પીળા રંગનો ગુંદ ચટણીમાં ખોબલતો નથી, પણ દારૂમાં ખોબલે છે. તેનાથી સારો રોગન બને છે. તેનાં ફળ ખાવાથી ખટાઈના ક્રમમાં, અને તેના બીજમાંથી નીકળતું તેલ દવાના ક્રમમાં આવે છે. તેનું લાકડું કાળા દીદારવાળા ઘેરા રંગનું હોય છે.

અરહદી ૧. [અ. ઓરંતી (અજાણ્યાની જોડાતમાં રહેનાર બરાબરી માણસ)] પું. અમલદારના સંદેશા, તાર, કાગળ લઈ જનાર સિપાઈ.
૨. પું. વાસણ આપણ કરનાર નોકર.
૩. પું હજૂરિયો.

અરહરિરબ્બાબહાન પું. ઇરાનના સાસાનીઅન વંશનો એ નામનો રથાપક.

અરહા ૧. [હિં.] પું. બહલો.
૨. પું. વેરની વસૂલાત.

અરહાફેરવસ્તા પું. (અરબોસ્તી) છઠ્ઠા મુખ્ય ફિરસ્તા ખોરદાદના ચાર હમદમોમાંનો એકનો એક. તેને અરદાફરોશ અથવા ફરવરદીન પણ કહે છે.

અરહાફેરોશ ૧. પું. (અરબોસ્તી) પવિત્ર માણસને રસ્તો બતાવનાર દેવ.
૨. પું. પ્રેત.
૩. જુઓ અરહાફેરવસ્તા.

અરહાયા [જ્ઞા. અરહ (લોહ)] પું. (હિંદી) બરડો; બાકું; બરડેલું બખાળ. તે પોચાને ચંદી તરીકે આપવામાં આવે છે.

અરહાસ સ્ત્રી. (આખ્ય) પ્રાર્થના; અરજ; આરજૂ.
મેંનો મેલ હોત ઉજળી અરહાસું કરે;
જોવું દેખાવ્યે જે અને લોક પડીએ લાલુમા.
ભોજા-ઉજળી

અરહાસ ૧. [સં. અર્થ (માગવું) + અશ્ (ખાવું)] સ્ત્રી. અરજ; પ્રાર્થના; વિનંતિ; અરજી; આજીજી.
ત્યારે રાજ મયા શ્રીપતિ ખાસજી,
અમર રહુમે કરી અરહાસજી. નિષ્કુળાનંદ

૨. સ્ત્રી. ઈશ્વરપ્રાર્થના. નાનકપંથી દરેક શુભ કાર્યમાં અરદાસ કરે છે.
૩. સ્ત્રી. નિવેદનની સાથે ભેટ; નજર; નજરાણું.
૪. સ્ત્રી. શુભ કાર્ય કે બાધાની સફળતામાં કોઈ દેવતાની પ્રાર્થના કરી તે નિમિત્તે કંઈ ભેટ મૂકી રાખવી તે; દેવદેવીને ધરાતો ભોગ.

અરદાસાં સ્ત્રી. (આખ્ય) અરજી; વિનવણી.
વાડી આવે વાદળાં, ભેડી આવે મેં',
ઉભી અરદાસાં કરું, ભેડ હોંકારો દે!
ભેડ-ઉજળી

અરદિબહિશ્ત જુઓ અરદિબેહસ્ત.

અરદિબેહુસ્ત ૧. [જ્ઞા. ઉર્દીબહિશ્ત] પું. (અરબોસ્તી) અગ્નિ; દેવતા.
૨. પું. (અરબોસ્તી) એ નામનો ત્રીજો મુખ્ય ફિરસ્તો. અવસ્તામાં તેને અશવહિશ્ત કહેલ છે. આ ફિરસ્તો અગ્નિનો ઉપરી દેવ છે. તેના નામ પરથી અરબોસ્તી આસના બીજા દિવસનું નામ પડેલું છે.
૩. પું. અરબોસ્તી વર્ષનો એ નામનો બીજો માસ.
૪. પું. પારસી મહિનાનો ત્રીજો દિવસ. તે દિવસે આતશબહેરામમાં વધારે રોશની કરવામાં આવે છે, પવિત્ર આતશમાં વધારે પ્રમાણમાં સુખડ વગેરે નાખવામાં આવે છે, અને સફરી માણસો તળવામાં આવતી નથી. તેના બધા હમકારના દિવસોએ પણ એજ પ્રમાણે ક્રિયા કરવામાં આવે છે.

અરદિબેહુસ્તજશ્ન સ. અરબોસ્તી વર્ષના બીજા માસ અરદિબેહસ્તનો ત્રીજો દિવસ; અરદિબેહસ્તના રોજ થતા અરદિબેહસ્તના માનમાં પાળવામાં આવતો એ નામનો તહેવાર.

અરદેશર ૧. [સં. ઊર્ધ્વ (ઊંચું) + શિરસ્ (માથું); જ્ઞા. આરઝ (લોટ) + શીર (દૂધ)] પું. અરબસ્તિારના દીકરા બહમનનો ઇલકાબ. જ્યારે અરબસ્તિાર પોતાના બાપ ગુશ્તાસ્પ સાથે વાતો કરતો હતો ત્યારે તેના પુત્રના જન્મની તેને વધામણી મળી. તે વખતે એક સસલું હાથમાં રહ્યાની સાથેને સાથી નીકળ્યો. તેમાં શું હતું તે સિવે પૂછતાં તેણે 'અરદશીર' એટલે લોટ અને દૂધ કહ્યું. તે ઉપરથી તેનું નામ અરદશીર રાખ્યું. કેટલાક તેનું નામ સંસ્કૃત ઊર્ધ્વશિર ઉપરથી પડ્યાનું કહે છે.
૨. [જ્ઞા. અર્દ (સીધ) + શેર (સિંહ)] પું સિંહના જેવો જોખી પુરુષ; અર્જાવર.
૩. સ. લોટ અને દૂધ.
૪. [જ્ઞા. ઉર્દ (જેવો) + શેર (સિંહ)] વિ. પું. સિંહ જેવો.

અરદ્વિસુર સ્ત્રી. (પહેલવી) એ નામની નદી. તે હાલની ઓક્સસ નદી હોવાનું મનાય છે.

અરધ ૧. વ. કોઈ રાશિ કે પરિમાણના બે સરખા ભાગ કરવાથી આવતું એકેક આખું મૂલ્ય અથવા પરિમાણ.

૨. વિ. અડધું; અધૂરું.

૩. [સં. અર્ધ] વિ. અરધું; એક વસ્તુના બે સરખા ભાગમાંના એક જેટલું.

અરધઉઘાડું ૧. [સં. અર્ધ (અરધું) + ઉદ્‌ઘાટિત (ઉઘાડેલું)] વિ. અર્ધું ખુલ્લું.

૨. વિ. અર્ધું નાગું.

અરધઊરધ [સં. અધઃ (નીચે) + ઊર્ધ્વ (ઉપર)] ક્ર. નીચે ઉપરે; સર્વ ઠેકાણે.

આવત અવિનાશી એ નવ જ ભમે ઇન્દ્રો,
અરધઊરધની માંહે રહાશે. નરસિંહ

અરધપરસાર વિ. લગભગ અરધ.

અરધપંચાળ ૧. વિ. લગભગ અરધ બાજનું.

૨. સ્ત્રી. લગભગ અરધા બાજનું હોય તેમ.

અરધપાતાળિયા [સં. અર્ધ (અરધું) + પાતાલ (પાતાળ)] વિ. સાંગડી વાડે ઊંડેથી પાણી લેવામાં આવે એવું.

અરધંગ ૧. [હિં.] પું. શિવ. તેમનું એક રૂપ અર્ધું પુરુષનું અને અર્ધું સ્ત્રીનું કલ્પવામાં આવ્યું છે.

૨. [સં. અર્ધ (અરધું) + અંગ (શરીર)] સ્ત્રી. અર્ધાંગ; પત્ની. સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ મનાય છે.

બાયાં લક્ષ્મી આપ અરધંગ રે. દયારામ

અરધાંગ [સ. અર્ધ (અરધું) + અંગ (શરીર)] સ્ત્રી. અર્ધાંગના; પત્ની.

અમર આદીર અરધાંગ મોપાગના.
નરસિંહ

અરધાંગના [સં. અર્ધ (અરધું) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. પત્ની; પુરુષના અરધા અંગરૂપ પરણેલી સ્ત્રી; અર્ધાંગ.

અરધાંગી ૧. [સં. અર્ધ (અરધું) + અંગિન્ (શરીરવાળું)] પું. શિવ. પ્રસ્તુ કે જેનું રૂપ અર્ધું પુરુષનું અને અર્ધું સ્ત્રીનું કલ્પેલું છે.

૨. સ્ત્રી. અરધાંગ; પત્ની.

અરધાંતરાલ ન. સ. સ. (સંગીત) જેમાંથી એક જ સ્વર નીકળતો હોય તેવાં વાદ્યો. જેમકે, મંજીરા, ઝાંઝ, ઘૂઘરી, ઘંટ, કરતાલ, જલતરંગ, ભાંગતરંગ, ઝાલરી. ઘણાં ઘનવાદ્ય.

અરધિયાળું [સં. અર્ધ (અરધું)] વિ. લગભગ અરધું; અરધા જેટલું; અરધપંથાળ.

અરધિયું ૧. [સં. અર્ધ (અરધું)] વ. અરધો ભાગ.

ચૂનીનું અરધિયું = નાની પટીની ચૂની.

૨. વ. આઠ આનાનો સિક્કો; અરધો રૂપિયો.

૩. વ. ઝાકિયા વાટનું વાસણ.

૪. વ. મોટી વસ્તુનો નાનો ભાગ.

૫. વ. રેલગી કે ત્રિનજાલના તાસનો અરધો ભાગ.

૬. વિ. અરધું; અરધા ભાગ જેટલું.

અરધિયો ખેપૂત ૧. પું. અરધો ભાગ આપી બેક કરતો હોય એવો ખેપૂત; અવસરે કરનાર ખેપૂત.

૨. પું. વનેલાગમાંથી અરધો ભાગ સુથાર પાસે લેતાં આદીમાંથી બીજા દક્ષકારોને ભાગ આપવો પડતો હોય એવો ખેપૂત.

અરધી ૧. સ્ત્રી. બેક પૈસાના બીજા ભાગ જેટલી કોટલે આનાના અરધા ભાગ જેટલી કીમતનો ચાંદીનો સિક્કો; ચાર્ટ આ શબ્દ ખોટે ભાગે મુંબઈમાં જ બોલાય છે.

૨. સ્ત્રી. ભમ્મરનો બેક જાતનો ઘાટનો સિક્કો; અરધી ઝેરી.

અરધું ૧. [સં. અર્ધ] વ. અરધાંનો આંક; ૧૪૦૦ થી ૧૦૦૪૦૦ સુધીના આંક.

૨. કે. કોઈ પરિમાણના બે સરખા ભાગમાંના દરેકનું મૂલ્ય અથવા પરિમાણ.

૩. વિ. બે સરખા ભાગમાંનું દરેક; અરધા; અરધું.

ખિલાડિને અરધું કાઈ અનું = મુસ્લાથી બોલી જાણવું.

અરધુંપરધું વિ. અરધું અથવા તેથી ઓછું; આશરે અરધું.

અરધોઅરધ વિ. બરાબર અરધું; બરાબર બીજે ભાગે

અરના ૧. [હિં.] પું. આખાનું બાવું.

૨. પું. અરણીનો છોડ.

૩. [સં. આરણ્યક (જંગલી)] પું. (હિંદી) જંગલી પાડો.

અરનાથ પું. (જૈન) અઢ્ય અવસર્પિણી બેટલે ચોથરા આરામાં તીર્થંકર. તે જન્મમાં આવ્યા પછી તેમની મા રેવી રાણીએ સ્વપ્નામાં રત્નનો આરો અને પુલ જોયેલે તેમનો દીધાં. એ જન્મનો પ્રભાવ અણી તેમનું નામ અરનાથ પાડ્યું. તેની જન્મતિથિ ફાગણ સુદિ ૨, જન્મસ્થળ હસ્તિનાપુર, નિર્વાણસ્થળ સમેત શિખર અને લક્ષણ માછલી છે.

અરપણ [સં. અર્પણ (આપવું તે)] વ. અર્પણ કરવું તે; આપવાપણું.

અરપવું [સં. ગ્રહ (લેવવું) નું પ્રયોજક રૂપ] સ. ક્રિ. અર્પણ કરવું; આપવું.

અરપાવું [સં. ગ્રહ (લેવવું)] સ. ક્રિ. અર્પણ થવું; અપાવું.

અરફે [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે જાણ્યું. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: આરિફ = જ્ઞાની. મઅરફત = ઓળખાણ; જ્ઞાન; ઈશ્વર સંબંધી જ્ઞાન. મઅરૂફ = સુપ્રસિદ્ધ.

અરફેહ સ્ત્રી. અડચણ; પંચાત; કપટ; અણઘટતું.

અરફેર [હિં.] સ્ત્રી. હરડે.

અરફો ૧. [અ.] પું. ઈદની પહેલાંનો દિવસ.

૨. પું. અગરબત્ત.

અરફોદ જુઓ અરફદ.

અરફોત [અ.] વ. મક્કાથી ૧૨ માઈલ દૂર આવેલી એ નામની ટેકરી. ત્યાં હાજીઓ અરફાને દિવસે હજ્જ કરવા જાય છે, અને ત્યાંની તથા પાછા પહોરની નિમાજ પછી પાછા મક્કે આવે છે.

અરફો [અ. અર્ફહ્ (તહેવારથી આગલો દિવસ)] પું. મુસલમાની બેવા મહિનાની નવમી તારીખ. તે દિવસે મક્કામાં હજ્જ થાય છે.

અરબ ૧. [અ.] પું. અરબસ્તાનનો વતની; અરબ.

૨. પુ. અરબી ઘોડો.

૩. પું અરબોનો મુલક; અરબસ્તાન.

૪. પું. ઉંટ.

૫. [સં. અર્બન્] પું. ઘોડો.

૬. [સં. અર્બુદ] પું. દસ કરોડની સંખ્યા.

૭. વિ. દસ કરોડ.

અરબખરબ [સં. અર્બુદ (અબજ) + અર્બ (દસ અબજ)] વિ. અસંખ્ય.

અરબડવું (અરબડવું) સ. ક્રિ. હાથિયાં આવાં.

અરબદા [સં. અર્બુદા] સ્ત્રી. (ભૂગો) આબુ પર્વત ઉપર વસતી અર્બુદા દેવી.

સાખી મોરી દેવી શારદા,
અબદા તણી અરબુદ અરબદા.

અરબસ્તાન [અ. અરબ + સિતાન (ઠેકાણું)] વ. અરબોનો દેશ. અહીં ઇસ્લામ મત ફેલાવનાર મહમ્મદ સાહેબનો જન્મ થયો હતો. ત્યાંનાં ઘોડાં, ઊંટ અને ખજૂર વખણાય છે.

અરબાઈ પું. અરબોની લડાઈ.

૧. અરબાઈ ઊઘવા = મુસ્લાથી સામે જવું.

૨. અરબાઈ પોતે આવવું-જવું = મુસ્લા બોલી વાણી સામે દક્ષની રાખવું.

અરબાયુત વ. અરબસ્તાન.

અરબી ૧. [સ.] પું. અરબી ઊંટ; અરબ દેશનું ઊંટ. તે બહુ મજબૂત અને સહનશીલ હોય છે, અને રણપ્રદેશ વિનાની મરુભૂમિમાં એટલે રણવાળા મુલકમાં મુસાફરીને માટે વધુ ઉપયોગી છે.
૨. પું. અરબી ઘોડો. આ ઘોડા બીજા ઘોડાઓથી વધારે જોરાવર, મહેનતુ, સહનશીલ અને આજ્ઞાપાલક એટલે ફલામણા છે. તેનાં નસકોરાં પહોળાં, કરડાં મોટાં, માથું મોટું, આંખો મોટી, કાન નાના તથા પૂંછડી અને કેડવાળીના વાળ ચમકદાર હોય છે.
૩. પું. અરબી વાલ્યું; તાસું.
૪. સ્ત્રી. અરબ લોકની ભાષા.
૫. વિ. અરબસ્તાનનું; અરબસ્તાનને લગતું.
૬. વિ. અરબની ભાષાનું.
૭. વિ. અરબને લગતું.

અરબી ખજૂરી સ્ત્રી. કચ્છમાં થતું એક જાતનું ઝાડ. વરસાદની તંગી હોય ત્યારે એમાં થતી ખારેક ખજૂર તરીકે પ્રચલિત છે. આની દેશી અને પરદેશી એમ બે જાત છે.

અરબી ખાંડી સ્ત્રી. ખાંડ બનાવવાનું કારખાનું.

અરબી ચા સ્ત્રી. એક જાતનું ઝાડ. તે સામ દેશમાં થાય છે.

અરબી છરો પું. કબજેદાર પોતાના પાસેનું બારણે બે ફૂટ લાંબું, લશ્કરમાં વપરાતા ઉંચા, વચ્ચે એક ઉંચ ને છેવટે ઠોક ઉંચ પહોળું, અણીવાળું, એક જ બાજુએ ધારવાળું, તલવાર જેવું હથિયાર. તેનું પાનું અને મૂઠનો ખીલો એક જ હોય છે.

અરબી જનેવો લુખ્યો અરબી જુઓ.

અરબી પ્રવાહ પું. અરબી સમુદ્રમાંથી આવતો [illegible]

અરબી સન પું. ભારતીય કાર્ય સંવત મહિનાનો એક નામનો એક; શાકુર સન; પ્રચલિત. આ સન હિજરી સનનો એક પ્રકાર છે. હિજરી સનમાં ચાંદ્રમાસ મુજબ અને આ સનમાં સૌરમાસ મુજબ આવતી ફાલ છે. આ સન સુલતાન મહમ્મદે જ્યારે પોતાની રાજધાની દિલ્હીથી ફેરવી દૌલતાબાદ કરી ત્યારે એટલે ઈ.સ. ૧૦૦૬થી શરૂ થયો છે.

અરબીસમુદ્ર પું. અરબસ્તાન અને હિંદુસ્તાનની વચ્ચે આવેલો દરિયો.

અરબુદ ૧. [સં. અર્બુદ] પું. દસ કરોડની સંખ્યા.
૨. પું. રસોળ; ગાંઠ.
૩. વિ. દસ કરોડ.

અરબ્બી ૧. [અ.] સ્ત્રી. અરબી ભાષા.
૨. સ્ત્રી. અણોખાપું; પેટાં; અજાણી જાતનો કંટ.
૩. વિ. અરબસ્તાનને લગતું.
૪. વિ. અરબનું.

અરબાઈ [સં. અર્બક (ઝાડ)] ન. ખાખરા; ઓકરું.

અરબ્ય [સં.] વિ. નીચ; હલકું; અધમ.

અરમણીય [સં. ન (નહિ) + રમણીય (સુંદર)] વિ. આનંદ ન આપે તેવું.
શબ્દના બે પ્રકાર છે: ભક્યાત્મક અને વર્ણાત્મક. બે અક્ષર બન્ને પ્રકાર છે: રમણીય અને અરમણીય. કાન્તકાર

અરમદ [સં.] પું. વિષ્ણુ. વરબંભ પુરુષ.

અરમાઈક પું. એ નામનો પ્રાચીન એક્કાદ નામનો એક પરદેશી પ્રજાન પર રાજ્ય કરતો હતો, ત્યારે તેના રસોયા તરીકે નોકર રહી તેણે અને કરમાઈકે ૨૦૦ એટલા પ્રજાનીને બનાવ્યા હતા અને તેમોને દૂર દેશાવર મોકલી આપ્યા હતા, એમનાં વંશજો કૂવે લોકો લોચાનું બનાવ છે.

અરમાન ૧. [સં. અર્માન (ઇચ્છા)] સ્ત્રી. અભિલાષા; ઉમેદ; ઇચ્છા.
૨. સ્ત્રી. આતુરતા.
૩. સ્ત્રી. ચિંતા.
૪. સ્ત્રી. પશ્ચાતાપ; અફસોસ.
૫. [સં. અર્થ (હેતુ) + મન (ચિત્ત)] સ્ત્રી. વલખું.
૬. વિ. ઝોરમાનું; ઝાવું.

અરમાર [ચો.કું. આર્મેડા (ઝાડ)] સ્ત્રી. નૌકાસૈન્ય; લડાઈના વહાણનો કાફલો; દરિયાઈ કાફલો.

અરમારી ૧. [ચો.કું. આરમારિયા (કાફલો)] પું. ઑક્ટોબર મહિનો કાફલો; તાફું; લંગરિયું; ટોળાબંધ લડિયું.
૨. [ચો.કું. આર્મેડા] સ્ત્રી. દરિયાઈ કાફલો; નૌકાસૈન્ય.
૩. ન. સંદૂક ઑક્ટોબર, પટારા વગેરેમાં રાખેલું જાતું ભાતું.
૪. વિ. નૌકાસૈન્ય સંબંધી; દરિયાઈ કાફલાને લગતું.

અરમારીખાતું [અરમારી (નૌકાસૈન્ય સંબંધી) + ખાતું] ન. નૌકાખાતું; દરિયાઈખાતું; નૌકાબલ વિષયક નાવિક લશ્કર વિષયક.

અરમાં ૧. [સ. અર્માન (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છા; વાસના.
૨. ન. એ નામનું એક ગામ, અહીં ઇસ્ત્રી લોખંડ કામીલા રહે છે.

અરમિન ૧. [અં.] ન. એક જાતના અનવરનાં ફેવાંમાંથી બનાવેલું કાપડ.
૨. ન. એશિયા તથા યુરોપના ઉત્તર ભાગમાં રહેતું નોળિયાની જાતનું એક જનવર. યુરોપમાં અને આસ કરી ઉંચાંડામાં ન્યાયાધીશોના ગળામાં આ પ્રાણીનાં ફેવાં વપરાય છે.
૩. ન. ન્યાયાધીશની પદવી.
૪. ન. ન. બ. નોળિયાની જાતના એક જનવરનાં ફેવાં.

અરમૈતી સ્ત્રી. વિચારની શુદ્ધતા.

અરમ્ય [સં. ન (નહિ) + રમ્ય (સુંદર)] વિ. સુંદરતા વિનાનું; કદરૂપું; બેડોળ.

અરમાપરમા ૧. [હિ.] ન બધ બાબતો અને ચેલી બાબતો.
૨. ન. અરપાર.
૩. ન. મારું-બાબતું.

અરર ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. ન. કમાડ; બારણું.
૩. ન. ચામડું કાપવાની એક જાતની છરી.
૪. ન. હથિયાર.
૫. ન. લડાઈ; વિગ્રહ; યુદ્ધ.
૬. ન. વાંસના પીલા ઉપરનું પડ.
૭. ન. ચિંતાથી કે દુઃખની લાગણીથી બોલી જવાતો શબ્દ.
૮. ન. રે; હો; અરેરે; બીક સાથે આશ્ચર્ય બતાવતો શબ્દ.

અરરિ [સં.] સ્ત્રી. બારણું; કમાડ.

અરરો ૧. [સં.] પું. સજ્જ દુશ્મન.
૨. પું. હથિયાર; આયુધ.

અરલ ૧. પું. (કચ્છી) બબ્બર; પેટા બોલ્યા બોટા પ્રાણીને પણ મળી બબ્બર એક જાતનો [illegible]
૨. ન. બનીશ મહિનું એક દંડાયુધ. લુખ્યો દંડાયુધ.
૩. વિ. બાકું; ધીંગું.
૪. વિ. નીરોગી; તંદુરસ્ત.
૫. વિ. પૂર્ણ.

અરલક પું. એ નામનો એક ઋષિ, જેને દત્તાત્રેયે બ્રહ્મજ્ઞાન નામના વૈદક ગ્રંથનો અભ્યાસ કરાવ્યો હતો.

અરલતિ પું. પાદરો; હાથીના કંપાળના આડું બાંધવાનું કપડું.

અરલતો [સં. અરલુ] પું. અરડૂસો નામની વનસ્પતિ; અરલુ.

અરસી સ્ત્રી. જુઓ અળસી બાજ.

અરસુ ૧. [સં.] પું. અસલકો; અરધુસો; રિંડા; અરણવો.

૨. ન. તુંબડું.

૩. ન. બૃહત સંહિતામાંની એક ઔષધિ. દવાઓમાં અરસુનું મૂળ આવે છે.

૪. ન. રપોનાક; ટેંડુ; કોનાક; સુકનાસ. આ ગાઢ બહુ મોટું થતું નથી. એનાં પાંદડાં મરીનાં પાંદડાંને મળતાં, ત્રાંસા ચેરવાં અને તિક્ત આર આવણ પહોળી, બે હાથ લાંબી, તલવારના આકારની અને કપાસિયા જેવાં બસો અઢીસો બિયાંવાળી શેંગ છે. કુમળી શિંગનું શાક ને અથાણું કરાય છે. તેની છાલ જાપસ રંગની, ખરબચડી અને અંદર બહુ પોચી હોય છે. પ્રમેહ ઉપર અરસુની છાલ વાટીને અને પછી ઉપર તેનો બિયાંનું ચૂર્ણ અને ખાવડિયે ખાર ભોગમાં ભેગાં ભોળી કરીને આપવામાં આવે છે. એનાં ફળ ગુરુમ, વાયુ, કૃમિ અને કૃમિનો નાશ કરતાં હોવાનું મનાય છે. અરસુ વર્ષ, તીખું, કડવું, ગરમી વધારનાર, ભારેક, શીતળ, બળ આપનાર અને વાત, પિત્ત, સન્નિપાત, તાવ, કૃ, ત્રિદોષ, અરુચિ, દુર્ગંધવાળો સ્રાવો, કૃમિ, ઊલટી, ઉધરસ, અતિસાર, તરસ અને દોષ મટાડતું હોવાનું કહેવાય છે.

અરસુપુટપાક પું. (વૈદક) એ નામનો પુટપાક. રપોનાકની છાલને વાટી લોંચો કરી લાંબુના પાનમાં વીંટી તેને અગ્નિમાં પકવવો. આ પુટપાક અતિસાર, રક્તાતિસાર અને સંગ્રહણી પર ઉપયોગી કહેવાય છે. તેની માત્રા ૨ તોલા છે.

અરસું ન. ઢોરનો ચામડાનો કાંપો.

અરસો પું. કાંપો.

અરહ ૧. [સં. અ (નહિ) + રસ (સ્વાદ)] પું. સ્વાદનો અભાવ; ચૂપડી.

૨. વિ. સ્વાદ વગરનું; ફોતરાં ચૂપડીવાળું.

અરહડવું (અરવડવું) અ.ક્રિ. અથડાવું; ભટકાવું. ખાવું.

અરહતા મિસિદિયા પર બહું
અરહડતો ઠેકો પડ્યું. સાસ્વ

અરહટ્ટ પું. પોતાના પ્રાણના ભોગે બીજાની તરફ થતી ઢોર ઉપરની ક્રૂરતા. તે બે જણે ભાગીદારે હોય તો સારી અને ઢોર ભાગીદારે હોય તો અણઘટ ગણાય છે.

અરહટ્ટી [સં. અર્વાક્ (આવું પૂર્વનું) + અવધિ (હદ)] પું. જેનાં આવું પૂર્વનું આવેલો છે તે પૂર્વની હદ. તે ગુજરાતની ઉત્તરે આવેલ છે, અને તેનાં બંગાળા રેલીનું સ્થાન છે.

અરહટ્ટી જુઓ અરવટી.

અરહા ૧. [સં. ૨૬ (આવવા)નું બહુવચન] પું. આત્મા.

૨. પું. મનઃ અંતઃકરણ.

અરહાટ પું. એ નામનો રાજા.

અરહાહ [સં. અર્વાક્ (હદ બહારે આવવાનું બહુવચન)] પું. ન. બ. બાવાઓ.

અરવિંદ ૧. પું. (પિંગળ) અરવિંદપુષ્પી; અતિકૃતિની અંતની એ નામનો અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, સગણ, સગણ, સગણ, સગણ, સગણ, સગણ અને લઘુ મળી ૨૫ અક્ષર હોય છે. ૧૨મા અક્ષર પછી યતિ જોટસે વિસામો આવે છે.

૨. પું. કમળ.

૩. [સં. અ (અન્ય) + રવિ (સૂર્ય) + જે (ખંડન કરવું) ; સં. અર (આકાશ) + જિત્ (જીતનાર)] ન. કમળનું ફૂલ; પદ્મ; અબ્જ; રાજીવ; સરોજ, કેમકે જેનાની આજ્ઞામાં આખાય તરીકે સૂર્ય સિવાય બીજાને તે સ્વીકારતું નથી. પૌરાણ આખાની પેઠે તેનું પણ મને છે તેથી પણ તો અરવિંદ કહે છે.

પુંડરિક પુષ્કર કમલ, અંબુજ અબ્જ અંભોજ,
પંકજ સારસ સહસ્રદલ કુવલય કંજ સરોજ;
આંતરી અરવિંદ અને પદ્મ કુમુદના નામ,
નલિન જલજ આલીન રીસે કું સલજ કુમુદામ.
પિંગળપ્રકાશ

૪. ન. ગ્રામરેલનો પંચ બાષ્પનાનું એક. પંચ બાષ્પ: અરવિંદ, ગ્લોક, ગાંધારોર, નવમાલિક અને નીલોત્પલ.

૫. ન. મોટું કમળ.

૬. ન. તાંબુ.

૭. ન. નીલું કમળ.

૮. ન. રાતું કમળ.

૯ ન. સારસ પંખી.

અરવિંદનયન [સં. અરવિંદ (કમળ) + નયન (આંખ)] પું. કમળનયન; વિષ્ણુ.

અરવિંદનાભ [સં. અરવિંદ (કમળ) + નાભિ (ડૂંટી)] પું. વિષ્ણુ. જે કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા તે કમળ તેમની નાભિમાંથી નીકળ્યું હતું.

અરવિંદનાલિ જુઓ અરવિંદનાળ.

અરવિંદબંધુ [સં. અરવિંદ (કમળ) + બંધુ (સંબંધવું)] પું. સૂર્ય. તેનાં કિરણથી કમળ ખીલે છે, માટે તે અરવિંદબંધુ કહેવાય છે.

અરવિંદમુખ [સં. અરવિંદ (કમળ) + મુખ (મોં)] ન. કમળના જેવું મોહું.

અરવિંદમુખી ૧. પું. (પિંગળ) અરવિંદ અતિકૃતિની અંતિને એ નામનો અક્ષરમેળ છંદ. જુઓ અરવિંદ ૧.

૨. [સં. અરવિંદ (કમળ) + મુખી (મોંવાળી)] વિ. સ્ત્રી. કમળ જેવા મુખવાળી.

અરવિંદયોનિ [સં. અરવિંદ (કમળ) + યોનિ (ઉત્પત્તિસ્થાન)] પું. બ્રહ્મા.

અરવિંદલોચન [સં. અરવિંદ (કમળ) + લોચન (આંખ)] પું. વિષ્ણુ. જુઓ અરવિંદાક્ષ.

અરવિંદવદન [સં. અરવિંદ (કમળ) + વદન (મોંવાળું)] પું. બ્રહ્મા; કમલાસન, કેમકે તેમનો જન્મ કમળમાં છે.

અરવિંદાક્ષ [સં. અરવિંદ (કમળ) + અક્ષ (આંખ)] પું. વિષ્ણુ. તેમની આંખ કમળના જેવી હોવાથી તે અરવિંદાક્ષ કહેવાય છે.

અરવિંદિની ૧. [સં.] સ્ત્રી. કમલિની; કમળનો વેલો.

૨. સ્ત્રી. કમળનાં ફૂલથી ભરેલ જગા; કમળવાળો દેશ.

૩. સ્ત્રી. કમળનો જથ્થો.

અરવી [હિં.] સ્ત્રી. અળવીની ગાંઠ.

અરસ [સં. અર્ક] પું. દ્રવ; ગુદા વાટે નીકળતા આંચળ, જેમાંથી ચોઠી વહે છે.

અરશત [અ. અશરત] પું. આનંદ.

અરશદરસ [સં. અરસ્ક (અરીસો) + દર્શ (જોવું)] વિ. (પ્રાચ્ય) આબેહૂબ; અસલ જેવું જ; મૂળના જેવું જ; આરસીમાં સામું દેખાય તેવું.

અરશાહા સ્ત્રી બાજ.

અરશી પું. કૂવો.

અરશીરવંત પું. પારસી મહિનાના બીજામાંના પચીસમા દિવસનું નામ.

અરસ ૧. [સં. અ (નહિ) + રસ (સ્વાદ)] પું. સ્વાદ ન હોવાપણું; રસનો અભાવ.

૨. પું. હલકો રસ.

૩. ન. બંગાળા તરફ થતો એ નામનો ઢોર બાંધવાનો ઢોર. તેનાં પાંદડાં લાંબાં, છેડે અણીદાર તથા કરમલી કિનારીવાળાં હોય છે. એને ડાળી હોતી નથી. કૂંપિલું બબ્બર લંબાઈનું હોય છે. પાંદડાંની કૂંપિલાના મૂળથી ઊગી નીકળેલા લાંબા પુષ્પદંડ ઉપર પોણા રંગનાં પાંચ અવયવ જે પાંખડીનાં નાનાં ફૂલ આવે છે. ફૂલ નાનાં ગોર જેવાં હોય છે. પાંદડાંના રસનો ઉપયોગ ચાંદા રોપવા અને સંધિવા પર થાય છે.

૪. વિ. નિર્બળ; જોર વગરનું.
૫. વિ. રસ વગરનું; નીરસ; બોળું; ઘી-.
૬. વિ. રસને ન અનુભવે; અરસજ્ઞ.
૭. [સં. અ (નહિ) + રસ (સાર)] વિ. સાર વિનાનું; અસાર.

અરસપરસી [સં. અ (નહિ) + રસ (સ્વાદ) + ઇન્દ્રિ (ઇન્દ્રિય)] વિ. (જૈન) સ્વાદ વગરના ખોરાક ઉપર જીવનાર.

અરસજ્ઞ [સં. અ (નહિ) + રસ + જ્ઞ (અનુભવ)] વિ. રસને નહિ અનુભવે; અરસિક; બોદું.

અરસવો ૧. [હિં.] પું. અનુમાન; આશરો; આશરી.
૨. પું. બગાસાંનો માંસિક હિસાબ.
૩. પું. હવાલ.
૪. પું. રોકડનાણું.

અરસણ [હિં.] પું. બગાસાંનો માંસિક હિસાબ.

અરસતરસ જુઓ અરતારસ.

અરસપરસ ૧. [સં. રપર્ (અવ્યય)] પું. (હિંદી) આલિંગન; અરજીતા.
૨. પું. આંખમીંચામણીની રમત. જેમાં એક રમનારની આંખ બંધ કરાવવામાં આવે એટલે બીજા સાથી બદલે. પછી તે બીજાઓને પકડવા જાય. જે પકડાઈ જાય તેના ઉપર દાવ આવે.
૩. [સં. રપર્ (અવ્યય)] પું. પાસુનો ઘડાવ.
૪. [સં. પરસ્પર] વિ. અન્યોન્ય; પરસ્પર; એકબીજું.
૫. અ. માંહોમાંહિ; અન્યોન્યમાં; આપસ-આપસમાં.
૬. અ. સામસામું; સાટોસાટ.

અરસમિસ [સં. અ (નહિ) + રસ + મેસ (વસવાટ)] પું. જેનાથી મોટા પ્રમાણમાં ઘણે મીઠાવાળું અનાજ ન પડી જેવો વરસાદ.

અરસલાન ૧. [ત્રા. અર્સલાન] પું. મુસલમાન. તુર્ક લોકો પોતાના મુસલમાનું નામ અરસલાન રાખતા. પરિણામે અર્સલાન શબ્દનો અર્થ જ મુસલમાન થઈ ગયો. કોઈક વખત એ શબ્દ નામનો ભાગ પણ હોય છે. જેમકે, અરસ

[redacted]

૨. પું. સિંહ; સાવજ.

અરસાંકિત જ. ચાર નામનું એક હથિયાર.

અરસા ૧. [હિં.] પું. ગીત.
૨. પું. મુહૂર્ત.
૩. પું. વખતનો વખત; ગાળો.
૪. [સં. અ (નહિ) + રસ + અ (નારીપ્રત્યયે પ્રત્યય)] વિ. જી. રસ વગરની.

અરસાત [સં.] પું. (પિંગળ) એ નામનો ૨૪ અક્ષરનો છંદ ચારેદ; અબસા. તેની દરેક કડીમાં અગણ, અગણ, અગણ, અગણ, અગણ, અગણ, અગણ અને રગણ આવે છે.

અરસારી જ. અમેરિકાનું એક ભાતનું મુલક પક્ષી. તે ગરમ ભાગમાં વસે છે.

અરસાલ [અ. ઇરસાલ; રસલ (તેણે મોકલ્યું)] સ્ત્રી. મહેરબાની રાખવું અરજી.

અરસાહાર ૧. [સં. અ (નહિ) + રસ (સ્વાદ) + આહાર (ખોરાક)] પું. રસ વગરનો ખોરાક.
૨. વિ. સ્વાદ વગરના ખોરાક ઉપર જીવનાર.

અરસિક ૧. [સં. અ (નહિ) + રસિક (રસ અનુભવ)] વિ. અરસાદ; રસ અનુભવની શક્તિ વગરનું; રસ સમજી ન શકે તેવું.
૨. [હિં.] વિ. કવિતાના મર્મને નહિ સમજનાર.
૩. વિ. ચિત્તવેધક નહિ એવું; અમનોરંજક.
૪. વિ. નાપસાદ; અપ્રિય.
૫. [સં. અ (નહિ) + રસિક (રસવાળું)] વિ. રસ વગરનું; નીરસ; રસહીન; લુખ્ખું; મજા ન પડે એવું.

અરસિકતા ૧. સ્ત્રી. અરસિકપણું.
૨. સ્ત્રી. કવિતાનો મર્મ ન સમજી શકવાપણું.
૩. સ્ત્રી. ચિત્તવેધક ન હોવાપણું; અમનોરંજકતા.
૪. સ્ત્રી. રસ અનુભવની અશક્તિ અરસિકપણું.
૫. [સં. અ (નહિ) + રસિક (રસવાળું) + તા (પણું)] સ્ત્રી. સ્વાદનો અભાવ; નીરસતા.

અરસો ૧. પું. અવસર; ટાણું.
૨. પું. મુહૂર્ત; ઘડી; ક્ષણ.
૩. પું. વખતગાળાનો વખત; ગાળો.

અરસોદરસ જ. બરાબર.

અરસ્તુ પું. સિકંદરનો ગુરુ; એરિસ્ટોટલ નામનો પ્રખ્યાત ગ્રીક ફિલસૂફ. ઈ.સ.પૂ. ૩૮૪–૩૨૨માં તે થયો. તે ગ્રીક તત્ત્વજ્ઞાની પ્લેટોનો શિષ્ય હતો.

અરહટ ૧. [સં. અરઘટ્ટ] પું. રેંટ; પાણી ખેંચવાનું યંત્ર; અરઘટ્ટ. કૂવામાંથી પાણી કાઢવા માટે તેમાં બાંધ ચાર કે પૈડાં પર ચામડી કાર વગાડેલી હોય છે.
૨. પું. રેંટવાળો કૂવો.

અરહટ્ટ જુઓ અરહટ.

અરહર ૧. [હિં.] સ્ત્રી. આઢ.
૨. સ્ત્રી. આઢની દાળ.

અરહંત ૧. [સં. અરિ (શત્રુ) + હન્ (મારવું)] પું. (જૈન) અર્હંત; ક્રમ મોહાદિ શત્રુનો નાશ કરનાર તીર્થંકર; અરિહંત.
૨. પું. (બૌદ્ધ) બુદ્ધ; રાગ સંબોધનનો બુદ્ધ એટલે નાશ કરી જીવન્મુક્ત થયેલ ભિક્ષુ.
૩. [સં. અર્હત્] વિ. પૂજ્ય; પૂજવા લાયક.

અરહા પું. (બૌદ્ધ) અરહંત; જીવન્મુક્ત; સિદ્ધ. જેણે જી સંયોજનોને ક્ષય કર્યો હોય તે અરહા. આ સ્થિતિમાંથી જ નિર્વાણ મેળવાય છે. પુરાતત્ત્વ

અરહિત [સં. અ (નહિ) + રહિત (છોડેલું)] વિ. છોડેલું; રહિત.

અરહુણી (અરહુની) સ્ત્રી. (ગામ) ગામમાં એટલે હળના બે નામના ભાગમાં મારેલી લાકડાની ખીલી.

અરહું [સં. આરાત્ (પાસે)] અ. (બા. પ્ર.) નજીક જોઈ; દૂરનું.
હું તારાથી અરહું. લોકો

અરહોપરહો [સં. આરાત્ (નજીક) + પર (દૂર)] અ. (બા. પ્ર.) આમતેમ.
અરહોપરહો જોવતાં ઊંચી કન્યા મોઢ. નિબંધરત્ન

અરળચો [સં. અરટુ] પું. અરડૂસો નામની વનસ્પતિ; અરડુ.

અરંડ ૧. [સં.] પું. (પિંગળ) માત્રા છંદના ભેદરૂપ એ નામનો ૮ મુજ અને ૫૬ લઘુ મળી ૬૪ અક્ષરનો માત્રાછંદ.
૨. [સં. અર્ક (મદાર જાતનો)] પું. (હિંદી) સુવર્ણ; ભડેક.
૩. [અ (નહિ) + રંજ (અસર)] વિ. રંજ ન લાગ્યો હોય એવું; અસર વગરનું; નિર્લેપ.

અરંજી [અ (નહિ) + રંજ (અસર) + ઈ (વાળું)] વિ. રંજ લાગ્યા વગરનું; જરા ન લાગ્યો હોય એવું.

અરંડિત ૧. [સં. ન (નહિ) + રંડિત (રંડેલું)] વિ. રંડાયા વિનાનું; નહિ રંડેલું.
૨. [સં. ન (નહિ) + રંડિત (ઠગાયેલું)] વિ. ઠગાયા ન હોયેલું.

અરંડો [હિં.] પું. એરંડો; એરંડાનો છોડ.

અરંડોકરી (અરંડાકરી) [હિં.] સ્ત્રી. એરંડા જાતની ડાકણી.

અરંડોભરણોજ જુઓ અરંડાકરી.

અરંડો પું. એરંડ જાતનો નાનો અને ઝાડો [illegible]

અરંડિયું ન. એરંડીનું તેલ.

અરંડી [હિં.] સ્ત્રી. એરંડી; એરંડાનું ફળ.

અરંતુક પું. (પુરાણ) એ નામનો એક ઊંચો ડુંગર.

અરંદા વિ. સામે આવનાર; દુશ્મન; સામી પાર્ટીનું.

અરંધન ૧. [સં. ન (નહિ) + રંધન (રાંધવાની ક્રિયા)] પું. (હિંદી) એક પ્રકારનું વ્રત. તે સિંહસંક્રાંતિ અને કન્યાસંક્રાંતિને દિવસે આવે છે. આગલે દહાડે બાજરીના લોટ પ્રમાણે બધા દિવસે રાંધવાનું બંધ રખાય છે.
૨. સ્ત્ર. ન રાંધવું તે.

અરાઈ સ્ત્રી. સંધિવું; મોટી ઈંદોણી.

અરાકાન [સં. અરિ (રાક્ષસ) + અક્ષી કાન (દેશ)] પું. બ્રહ્મદેશનો એ નામનો એક પ્રાંત. તે બંગાળાની ખાડીના કિનારા પર છે.

અરાખવું (અરાખું) ૧. [સં. અલિખ્ (લખવું)] ન. આકૃતિ ઉતારવા માટે ચિતરા ઉપર મૂકવામાં આવતો તેલિયો કાગળ.
૨. સ્ત્ર. ચિત્ર ઉપર પાતળો કે તેલિયો કાગળ મૂકી કોરેલ આકાર.
૩. સ્ત્ર. બે પદાર્થ જોડાજોડની સામે કપાસમાં આવ્યથી તેમની સપાટી ઉપર જોડાજોડના આકારની પડી રહેતી છાપ; રેખાકાર; ભાત; ચિહ્ન; નિશાની. જેમકે, બનિયા કોલસાના ગઠિયાં ઉપર કોતરાઈ ગયેલી પંહડાની છાપ.

અરાગ ૧. [સં. ન (નહિ) + રાગ (સ્નેહ)] પું. અપ્રીતિ; સ્નેહ ન હોવાપણું.
૨. પું. દ્વેષ; અણબનાવ.
૩. પું. રિસ.
૪. [સં. ન (નહિ) + રાગ (ખોટ)] વિ. વાસના વિનાનું; વિરાગ; મોહ વગરનું.

અરાગવંત ૧. વિ. નિર્લેપ.
૨. [સં. ન (નહિ) + રાગ (ખોટ) + વત્ (વાળું)] વિ. ખોટ વગરનું.

અરાગી [સં. ન (નહિ) + રાગિન્ (ખોટવાળું)] વિ. ખોટ વિનાનું; શાંત; ઉદાસીન.

અરાજ ૧. [સં. ન (નહિ) + રાજન્ (રાજ)] ક. અવ્યવસ્થા; અંધાધૂંધી.
૨. વિ. રાજ વિનાનું; અંકુશમાં રાખનાર વગરનું.
૩. વિ. વ્યવસ્થા રહિત; બંદોબસ્ત વગરનું.

અરાજક ૧. [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (વાળું)] ક. અરાજકતા; અંધાધૂંધી.
૨. ક. એક રાજાનું મરણ બાદ રાજકુમાર એકલો રાજા હોવો અથવા રાજકુમાર ન હોય તેવું રાજા વગરનું કારણ એટલે મોટો.
૩. વિ. બંદોબસ્ત વગરનું; અંધાધૂંધીવાળું.
૪. વિ. રાજા વિનાનું.
૫. વિ. વિપ્લવકારી; બળવાખોર.

અરાજકતા ૧. [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + તા (પદું)] સ્ત્રી. અવ્યવસ્થા; અંધાધૂંધી.
૨. સ્ત્રી. અશાંતિ.
૩. [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + તા (પદું)] સ્ત્રી. રાજા ન હોવાપણું; શાસનનો અભાવ.

અરાજકતાવાદ [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + તા (પદું) + વાદ (મત)] પું. રાજ્ય-શાસનનો વિરોધ કરવાનો સિદ્ધાંત; રાજ્ય સામે બંડ કરવાની વૃત્તિ રાજાનો પ્રજા ઉપર અમલ ન હોય કે ઓછો મત.

અરાજકતાવાદી [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + તા (પદું) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. અરાજકવાદમાં નહિ માનનાર; રાજા પ્રજાનો રાજ્યકર્તા ન હોઈ કોઈ ઓછો મત ધરાવનાર; બંડખોર.

અરાજકપંથ [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + પંથ (સંપ્રદાય)] પું. રાજા ન જોઈએ એવા મતવાળો પંથ.

અરાજકપંથી [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + ક (બહુવીહિને છેડે લાગતો પ્રત્યય) + પંથિન્ (અનુસરનું)] વિ. રાજકર્તા ન જોઈએ એવા માનનાર; અરાજકતાવાદી.

અરાજકવાદ જુઓ અરાજકતાવાદ.

અરાજકવાદી જુઓ અરાજકતાવાદી.

અરાજન્ય [સં. ન (નહિ) + રાજન્ય (ક્ષત્રિય)] પું. ક્ષત્રિય નહિ તે.

અરાજયજ્ઞ [સં. ન (નહિ) + રાજન્ (રાજ) + યજ્ઞ (યજ્ઞ)] વિ. નિરુપયોગી; રદબાતલ.

અરાજ્ય [સં. ન (નહિ) + રાજ્ય (રાજ્યને લગતા)] વિ. રાજ્ય વગરનું; રાજ્યસત્તા ન હોય તેવું; અંધાધૂંધીવાળું.

અરાડા ૧. પું. બ. વ. રાજ્ય વગરના લોક.
૨. પું. બ. વ. ગુટારા.

અરાડી સ્ત્રી. એ નામનું વેલાની પેઠે પથરાતું કાંટાળું ઝેરનાં જેવાં પાંદડાંવાળું ઝાડ. પિત્ત ઉપર તે રામબાણ ઔષધ છે.

અરાડ (અરાડ) ૧. [સં. અટ્ટાલક્ (અટારી)] વિ. અટારી.
૨. [સં. ન (નહિ) + રાડિ (લડાઈ)] વિ. રાડ વિનાનું; કજિયા વગરનું; સુલેહવાળું. અરાડે ચડવું = બરાબર રસ્તે આવવું.

અરાડું (અરાડું) [સં. અટ્ટાલક્ (અટારી)] વિ. અટારવું.

અરાડવું (અરાડવું) ૧. [સં. આ (સુધી) + રદ્ (પાસ પાડવી)] સ. ક્રિ. અરાડવું; બરાડવું.
૨. સ. ક્રિ. રાડ પાડવી.
૩. સ. ક્રિ. અકડાવું; અડવું.

અરાડાવું (અરાડાવુ) ૧. સ. ક્રિ. અરાડાવવું; અડાવું.
૨. [સં. આ (સુધી) + રદ્ (પાસ પાડવી)] સ. ક્રિ. બરાડા પાડવા જેવા.
૩. સ. ક્રિ. બીવરાવવું; દમ દેવો.

અરાડાં (અરાડાં) સ. બ. વ. અટારનો બાંધ; ૧૮ × ૧ થી ૧૮ × ૧૦ મુઠીનો પાયો.

અરાઢ ૧. [સં. અષ્ટાદશન્; મા. અટ્ઠારહ] વિ. દસ ને આઠ જેટલી સંખ્યાવાળું; અઢાર.
૨. વિ. નિરુપદ્રવ.
૩. [સં. ન (નહિ) + રાડિ (લડાઈ)] વિ. શાંત; તકરાર વિનાનું; કજિયા વગરનું.

અરાતિ ૧. [સં. અરાતિ (શત્રુ)] પું. છની સંખ્યા. કેમકે આત્માના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૬ શત્રુ છે.
૨. પું. જ્યોતિષની કુંડળીમાં છઠું સ્થાન; શત્રુ-ભુવન.
૩. પું. શત્રુ; દુશ્મન; અરિ; રિપુ; અમિત્ર; વૈરી.

ઉદિ પુરુષ પ્રબલ સ્વર્ગતિ,
નિત્ય વિપુર્ણ રાજ અરાતિ. લીમ

૪. [સં. અ (નહિ) + રતિ (રમવું તે)] સ્ત્રી. રમણ ન હોવું તે.
૫ સ્ત્રી. આત્મામાં અંદરના વૈરી; આંતરિક શત્રુ: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

અરાતિતપન [સં. અરાતિ (શત્રુ) + તપન (પરાભવ)] ન. શત્રુને નમાવવો તે; દુશ્મનનું દમન.

અરાતિભંગ [સં. અરાતિ (દુશ્મન) + ભંગ (નાશ)] પું. શત્રુનો નાશ.

અરાની [અ (નહિ) + રમી (રમણી)] સ્ત્રી. રમણી ન હોય એવું.

અરાપરા ૧. [સં. અવર (પાસે) + પર (બહુ)] અ. અડીતોડી.
૨. અ. આમતેમ; આસપાસ.
શીદ નાસો છો અરાપરા,
પ્રીતવ્યા સ્વામી વસે બાજુ. પ્રેમાનંદ

અરાપરી સ્ત્રી. જી. જોવાતોવી; નગાણી.
આવ્યા નહ સાથ સખી મુજ સહેવો શેવ;
અરાપરીનો વાત નહિ અરાપરીનો ભેવ.
લોકસાહિત્ય

અરાફેણી પું. લોઢાની સાવરી; એક જાતનું હથિયાર.

અરાબગી [ફા. અરાબહ (ગાડી) + ગી (નામ બતાવનાર પ્રત્યય)] પું. ગાડીવાન.
મુખ્ય અરાબગીને રોકડા પાંચ રામ રામ બાર આનો.
આદમી આબગી

અરાણા ૧. [અ.] પું. ગાડી; ગાડું.
અમાર દસ અરાણા પાછળ વીસ ગાડીવાન અને બીજ મુસાફર રહેતો. આદમી આબગી
૨. પું. તોપનો રેકડો.

અરાણો ૧. પું. કુટુંબપરિવાર; ઘરબહલો. સ્ત્રી, છોકરાં, ઘરનાકર અને માલમિલકતનો આખો સમાસ થાય છે.
૨. પું. કુટિલ; બળ.
બહિત જોર કરી બંબનનું
આપ અરાણા અનોપા કરે. સામળ
૩. [સં. અરાલક (તોખો રેકડો)] પું. રેકડો; ગાડું.
૪. પું. સંચાની ગોઠવણી; બંધબેસ.

અરામ ૧. [હિં.] પું. આરામ.
૨. પું. મુસ્લો.
૩. [અ (નહિ) + રામ (રોકવું)] સ્ત્રી. જેની ઉપર રામ જોઈએ રોકડા આવતા ન હોય એવું; વધારાનું.

અરામી જી. એ નામની કુરોપની એક ભાષા.

અરાય પું. (જૈન) એક રોગનું નામ.

જેનોના આચારાંગ સૂત્રમાં પ્રસંગ રોગનાં નામ આપ્યાં છે કે જ્યાં પરિષહ પુરુષ ન બાદ તેમનાં નામ:—અરાય, સુવરાય, રોગાય ને કુણરાય છે. પુરાતત્વ

અરારૂટ [અં. એરોરૂટ] પું. અમેરિકાથી હિંદુસ્તાનમાં લાવી આવેલ કુલરૂપ જમીનમાં ઊગતો એક છોડ. બરમીના દિવસમાં જમીને કૂટને અંતરે તેના કંદને સાફ્યા પછી ખોદકામાં કૂલ આવી ફેણુજારીમાં તેનાં પંદરાં ભરવા માટે એટલે પછી બાદ સારે તે ખોદી પ્રથી કંદને પથરીમાં ખોર્ડ, ધૂંદી તેનું સત્ત્વ કાઢવામાં આવે છે. તેમાં ગંધ અને સ્વાદ હોતાં નથી.

અરાલ ૧. પું. મરવાળો હાથી; મદમસ્ત હાથી.
૨. પું. રાગ.
૩. [સં. અરાલ (વાંકું)] પું. વાંકો વળેલો હાથ.
૪. પું. હાથના ૨૮ બાદના અભિનય મંદિનો એક પ્રકાર; વિષપાન, અમૃતપાન વગેરેમાં પ્રયોગ કરવાનું પહેલું આંગળું વાળેલું હોવાપણું.
૫. વિ. પ્રમાણનું; વિરુદ્ધ હોવું.
૬. વિ. વાંકું; કુટિલ; વક્ર.

અરાલકેશી [અરાલ (વાંકું) + કેશ (વાળ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વાંકડિયા વાળવાળી સ્ત્રી.

અરાલપક્ષ્મ [સં. અરાલ (વાંકું) + પક્ષ્મન્ (પાંપણ)] વિ. વાંકી પાંપણવાળું.

અરાલા ૧. [સં.] સ્ત્રી. અધિક્રમ; વેશ્યા.
૨. સ્ત્રી. વિનતી સ્ત્રી.

અરાલિ [સં.] પું. (પુરાણ) વિશ્વામિત્રનો એ નામનો પુત્ર.

અરાલી [સં.] પું. (વિશ્વ) એ નામનો કરેક વસ્તુમાં બનાવ, બનાવ, વધુ અને ગુરુ મળી ૮ અક્ષરનો એક છંદ.

અરાવલિ [સં. અર (પૈડાનો આરો) + આવલિ (હાર)] સ્ત્રી. પૈડાના આરાનો બનાવો; આરાની હાર.

અરારસી જુઓ અરાવલિ.

અરાવળિ જુઓ અરાવલિ.

અરાવળી જુઓ અરાવલિ.

અરાષ્ટ્રક ૧. પું. ઘુડાર.
૨. [સં. અ (નહિ) + રાષ્ટ્ર (રાજ્ય) + ક (વાળું)] વિ. રાજ્ય વગરનું.

અરાષ્ટ્રીય [સં. અ (નહિ) + રાષ્ટ્રીય (રાષ્ટ્રનું)] વિ. દેશ વિરુદ્ધનું.

અરાંપરાં ૧. વિ. જોવુંતોવું; નગણ્ય.
બાકીનાં બાલાંબ્ય બા સ્વાદ કથા બો કાંઈ અરાંપરાં જોવી વાત નથી. પ્રદીપ્તસાગર
૨. અ. આમતેમ.
અરાંપરાં ચાલતા દીકિ, નરીના કપોલ.
બાલાબ્ધ

અરિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના વસુર્ષિ.
૨. [સં. ऋ (ગતિવાળા કરવું)] પું. ક્રમ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૬ વિકાર. તે આત્માના દુશ્મન ગણાય છે.
૩. પું. ગંધીલો ભેર.
૪. પું. ગાડીનો અમુક ભાગ.
૫. પું. બની સંખ્યા બતાવનારો કવિતામાં વપરાતો સંકેત.
૬. પું. (પિંગળ) કરેક ચરણમાં ભગણ, નગણ, વધુ અને ગુરુ મળી ૮ અક્ષરનો અક્ષરમેળ છંદ.
૭. પું. પરમેશ્વર.
૮. પું. પવન.
૯. પું. રોગ; વ્યાધિ.
૧૦. પું. (વેદાંત) પોતે કરેલા અપકારની અપેક્ષા રાખ્યા વિના જે સ્વભાવજન્ય ત્વરતાથી અપકાર કરે તે.
૧૧. પું. (જ્યોતિષ) લગ્નથી છઠું સ્થાન.
૧૨. પું. શત્રુ; દુશ્મન; રિપુ; વૈરી; વિપક્ષ; અરાતિ; અમિત્ર.
૧૩. પું. અણાનુ પુરુષ.
૧૪. ન. એક જાતનું હથિયાર.

અરિકક્ષક [સં. અરિ (શત્રુ) + કક્ષ (હથિયાર)] ન. શત્રુનું હથિયાર.

અરિકરિષ્ણુ [સં. અરિ (શત્રુ) + કરિન્ (હાથી) + ણુ (વાળું)] ન. શત્રુના હાથીનું ટોળું.

અરિકરી [સં. અરિ (શત્રુ) + કરિન્ (હાથી)] પું. શત્રુનો હાથી.

અરિકર્ષણ [સં. અરિ (દુશ્મન) + કર્ષણ (ખેંચનાર)] પું. દુશ્મનને તાબે કરનાર; શત્રુને હરાવનાર.

અરિકંઠક [સં. અરિ (દુશ્મન) + કંઠક (કાંટો)] પું. દુશ્મન રૂપી કાંટો.

અરિકુલ ૧. પું. વૈરી; દુશ્મન.
૨. [સં. અરિ (દુશ્મન) + કુલ (સમૂહ)] ન. દુશ્મનનું ટોળું.

અરિકેશી [સં. અરિ (દુશ્મન) + કેશી (એ નામનો રાક્ષસ)] પું. કેશી રાક્ષસનો શત્રુ; કૃષ્ણ.

અરિજ્ઞપ્રભુ [સં. અરિ (દુશ્મન) + જ્ઞપ્રભુ (જોવું)] ન. શત્રુનું ટોળું.

અરિમન જુઓ અરિમત્.

અરિમંજવું જુઓ અરિમંજન.

અરિમંજન [સં. અરિ (દુશ્મન) + મંજન (છતનાર)] વિ. શત્રુને હરાવનાર.

અરિષ્ટ ૧. પું. (પુરાણ) રાજપુત્ર પક્ષનો એ નામનો રાક્ષસ.
૨. [સં. અરિ (દુશ્મન) + ઘ (મારનાર)] વિ. દુશ્મનનો નાશ કરનાર.

અરિષ્ટનેમિ ૧. [સં] પું. (પુરાણ) બહાને પોટે જન્મેલો કૃષ્ણનો પુત્ર.
૨. [સં. અરિ (દુશ્મન) + નિત્ (છતનાર)] વિ. દુશ્મનને છતનાર; જેરીને તાબે કરનાર.

અરિનું (અરિનું) [અરિ (દુશ્મન) + નું (તુચ્છવાચી જતાવનાર પ્રત્યય)] જ. (માન) નમાલો દુશ્મન.

અરિતા [સં. અરિ (દુશ્મન) + તા (પણું)] સ્ત્રી. શત્રુપણું; દુશ્મનાવટ.

અરિષ્ટ ૧. [સં.] ન. પશુનો તાજ જેવાની રોરી.
૨. ન. કંસર.
૩. ન. વહાણ; હોડી.
૪. ન. વહાણ ચલાવવાનું લાંબના હલેસું.
૫. ન. સુકાન.
૬. ન. સોમરસ રાખવાનું વાસણ.
૭. [સં. અરિ (દુશ્મન) + ઘ (રક્ષનાર)] વિ. દુશ્મનથી બચાવનાર.

અરિત્વ જુઓ અરિતા.

અરિદમ [સં. અરિ (શત્રુ) + દમ્ (નાશ કરવું)] પું. શિવ, કેમકે તે શત્રુઓને કાબૂમાં લાવે છે.

અરિદમન ૧. [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં મગણ, મગણ, તગણ, નગણ, નગણ, નગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ૨૧ અક્ષરનો એક છંદ; અરિદમન. તેમાં ૮ મા અને ૧૮ મા અક્ષર પછી વિરામો આવે છે.
૨. પું. (પુરાણ) રાજા; ક્ષત્રિયકુળના નાના ભાઈનું નામ.
૩. [સં. અરિ (દુશ્મન) + દમન (પીડા)] જ. શત્રુને હેરાન કરવાપણું; સતામણી.
૪. વિ. દુશ્મનને છતનાર.
૫. વિ. પરાક્રમી; શક્તિવીર; બળવાન.
૬. વિ. શત્રુને દુઃખ દેનાર.

અરિદલ ૧. [સં. અરિ (દુશ્મન) + દલ (લશ્કર)] જ. દુશ્મનનું લશ્કર.
૨. જ. રામચંદ્ર ઉપરી દુશ્મનનું લશ્કર.

અરિદલન જુઓ અરિદમન ૧.

અરિદળ જુઓ અરિદલ.

અરિદ્રારણ [સં. અરિ (દુશ્મન) + દ્રારણ (ચીરી નાખનાર)] વિ. દુશ્મનોનો નાશ કરનાર.

અરિદ્રાંત [સં.] પું. (પુરાણ) યદુવંશનો એ નામનો ક્ષત્રિય.

અરિદ્યોત [સં.] પું. (પુરાણ) નહુષના પુત્રમાં બચેલ યદુના દીકરા ક્રોષ્ટાના વંશમાં પુત્રમાંના એક વંશમાં જન્મેલા દુંદુભિ રાજાનો દીકરો; પુનર્વસુ નામના રાજાનો બાપ.

અરિનંદન [સં. અરિ (શત્રુ) + નંદન (આનંદ કરનારું)] વિ. દુશ્મનને આનંદ આપનાર; શત્રુને સંતોષ પમાડનાર.

અરિપણું જ. દુશ્મનાવટ; શત્રુતા.

અરિપુ ૧. [સં. ન (નહિ) + રિપુ (દુશ્મન)] પું. શત્રુ નહિ તે; મિત્ર.
૨. વિ. શત્રુતા વિનાનું; વૈરરહિત.
૩. વિ. શત્રુ વગરનું.

અરિપુર [સં. અરિ (દુશ્મન) + પુર (નગર)] જ. શત્રુનું નગર.

અરિપ્રકૃતિ [સં. અરિ (દુશ્મન) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. લડાઈ કરતા રાજાની આસે તરફના શત્રુઓની સ્થિતિ.

અરિબંદ ૧. પું. એ નામનો છોડ; ક્ષારબંદ.
૨. [સં. અરિ (દુશ્મન) + બંધ (દુઃખ દેનાર)] વિ. શત્રુને પીડનાર.

અરિબર્હન ૧. [સં. અરિ (દુશ્મન) + બર્હ (બળવો નાખવું) + અન (નાશ બનાવનાર પ્રત્યય)] પું. (પુરાણ) અમૂર્તનો એ નામનો ભાઈ.
૨. પું. (પુરાણ) એ નામનો યદુવંશી એક ક્ષત્રિય; કૈકેય દેશના રાજા ધ્રુવસંધિનો ભાઈ, જે સાપને લીધે કુળમાં બચી ગયો હતો.
૩. પું. (પુરાણ) સોમવંશી ક્ષત્રિયોના કુળમાં જન્મેલા વૃષ્ણિના દીકરા ચિત્રક રાજાના તેરમાંનો એ નામનો દીકરો.
૪. [સં. અરિ (દુશ્મન) + બર્હણ (બોળવું તે)] જ. શત્રુનું દમન; શત્રુને હરાવવો અથવા દબાવી રેવો તે; દુશ્મનને તાબે કરવાપણું.
૫. વિ. શત્રુને બોળી નાખનાર; દુશ્મનને પૂરેપૂરો હરાવનાર.

અરિમિત્ર [સં. અરિ (દુશ્મન) + મિત્ર (દોસ્ત)] પું. શત્રુનો મિત્ર.

અરિમેજય ૧. [સં.] પું. અર્વરના સર્પસત્રમાંનો એ નામનો ઋષિ.
૨. પું તે નામનો એક યદુવંશી ક્ષત્રિય.

અરિમેઢ ૧. [સં.] પું. પરિમેઢ; મેંઢીનો ભેર.
૨. પું. આઠ બાજુનો ચરવાળો કીલો.
૩. પું. એક જૈનનું નામ.
૪. જ. હિન્દુનું તીર્થ. તેનું લાકડું પવિત્ર હોવાથી દાતરડી સિવાય બીજું વપરાતું નથી, પણ કેવળજ્ઞાન કલ્યાણક ક્ષેત્રમાં આવે છે.

અરિમેઢક ૧. [સં.] પું. બાજુમાં બરોબર એક બાજુનો કીલો.
૨. પું. ખોળો ભેર; મેંઢીનો ભેર.

અરિયન પું. શત્રુ.
એણે ન મીયાં અરિયન કી લીયાં.
ચારિત્રાખ્યાન

અરિયાપરિયા ૧. [અરિયા (પરિયાનું બિનપરિચિત રૂપ) + પરિયા (પૂર્વજો)] પું. જ. ક. વડવાઓ; બાપદાદા.
૨. પું. જ. ક. વંશજ; વંશપરંપરા.

અરિરાજ્ય [સં. અરિ (દુશ્મન) + રાજ્ય (દેશ)] પું. શત્રુનું રાજ્ય; દુશ્મનનો દેશ.

અરિલક્ષ [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં મગણ, ભગણ, ભગણ અને ભગણ મળી ૧૨ અક્ષરનો બાજતીની જાતનો એક છંદ.
અરિલક્ષમાં ૫ ૫ ૫ ૫ ૫ ૫.
બાજતીબંધ

અરિલોક ૧. [સં. અરિ (શત્રુ) + લોક (માણસ)] પું. દુશ્મન તરફનાં માણસ.
૨. પું. શત્રુનો મુલક.

અરિલક્ષ પું. (પિંગળ) એ નામનો ૧૬ માત્રાનો છંદ કે જેમાં ચરણો નથી, પણ ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.

અરિવર્ગ ૧. [સં. અરિ (દુશ્મન) + વર્ગ (સમૂહ)] પું. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૬ વિકાર; અરિષડ્વર્ગ.
૨. પું. શત્રુવર્ગ; દુશ્મનોનો સમૂહ.

અરિવિમર્દન ૧. [સં. અરિ (દુશ્મન) + વિમર્દન (કચરવાનું)] જ. દુશ્મનનો નાશ.
૨. વિ દુશ્મનોને બોળી નાખે એવું; દુશ્મનનો નાશ કરનાર.

અરિશય્યા [સં. ઈર્ષ્યા] સ્ત્રી. ઈર્ષ્યા; અદેખાઈ.
ઉપજી અરિશ્યા નગરમાં ઘણી.
મારવા લાગ્યા એ અદેખા છે. પ્રેમાનંદ

અરિષડ્વર્ગ [સં. અરિ (દુશ્મન) + ષડ્વર્ગ (છએ સમૂહ)] જ. જ શત્રુ: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

અરિષ્ટષટ્ક [સં. અરિ (દુશ્મન) + ષટ્ (છ) + ષટ્ક (સમૂહ)] જ. (જ્યોતિષ)

વિવાહમાં જોડી દેવા જેવો એક યોગ. વરકન્યાને પોતપોતાની રાશિથી છઠું અને આઠમું ઘર બંને શુદ્ધ હોય તો તે અશુભ મનાય છે.

અરિષડ્વર્ગ [સં. અરિ (દુશ્મન) + ષટ્ (૬) + વર્ગ (જથ્થો)] પું. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૭ અંતરના શત્રુઓનો સમુદાય.

અરિષ્ટ ૧. પું. (પુરાણ) કશ્યપ અને વિનતાનો દીકરો. એનું બીજું નામ તાર્ક્ષ્ય હતું.

૨. પું. (પુરાણ) કશ્યપ ઋષિનું બીજું નામ.

૩. પું. (પુરાણ) કંસના હુકમથી ગોકુળમાં ગયેલો રાક્ષસ; વૃષભાસુર. શ્રીકૃષ્ણને હાથે એ મરણ પામ્યો હતો.

૪. પું. ઝગડો; કજિયો; અભિપુષ્ટ; વાવસ; ઐકદૃષ્ટિ; નિરંજની.

૫. પું. કાદવ; ઉકાળો; કાથો.

૬. પું. (જ્યોતિષ) કુંડલીમાં અશુભ ઘર બારેના સૂર્ય વગેરે ગ્રહ.

૭. [સં.] પું. (પુરાણ) મુક્ત રહેવા વખતે સહદેવે ધારેલું નામ.

૮. પું. (પુરાણ) તે નામનો એક ઋષિ; તાર્ક્ષ્ય ઋષિ. એના દીકરાને હૈહય રાજકુમારે બાણથી હરણ ધારી મારી નાખ્યો હતો. બની વાત માલૂમ પડતાં ભરતાઈને પોતાના પિતા પાસે જઈને કુમારે બનેલી હકીકત કહી. રાજા, કુમાર વગેરે મરેલા મુનિ પાસે જતાં તેને પગો હતો તે જણાએ ન દીઠો. એની શોધ કરતાં તેઓ આ ઋષિના આશ્રમે આવી પહોંચ્યા. મુનિએ અર્ઘપાદ્ય વગેરે પૂજા, સુગંધી તજ પત્ર ધોવાનું પાણી આપવા માંડ્યું ત્યારે 'અમે બૂમમાં બાણવેલ કરી છે, તેથી તમારા આતિથ્યને લાયક નથી' એમ તેઓએ કહેતાં મુનિએ પોતાના મરેલા પુત્ર સાત્યકિ કરેલા દીકરાને બતાવ્યો અને કહ્યું કે તમે બૂમમાં મરેલા પ્રાણને સમાધાનથી ઘોર નાખ્યું ■.

૯. પું. (પુરાણ) કદુ રાક્ષસનો દીકરો.

૧૦. પું. દુશ્મન.

૧૧. પું. (પુરાણ) પ્રજાપતિ દક્ષની બાર દીકરીનો પતિ.

૧૨. પું. (પુરાણ) અરિરાજનો એક રાક્ષસ દીકરો. તેને શ્રીકૃષ્ણે મારો હતો.

૧૩. પું. (પુરાણ) મિત્ર નામના આદિત્યનો દીકરો.

૧૪. પું. લસણ; મહીજવ; બહાદર; કુંજન.

૧૫ પું. (પુરાણ) લંકા પાસે આવેલો યોજન જેટલો બાર માઈ વિસ્તાર ને ૩૦ યોજન ઊંચાઈનો એક પર્વત. સીતાની શોધ કરીને હનુમાન ત્રિજિયા આવ્યાને આ પર્વત ઉપર ઊભો રહીને કૂદ્યો હતો. એના કૂદવાના બળ વડે પર્વત ભોંયમાં પેસી ગયાનું કહેવાય છે.

૧૬. પું. ધોળાવો; સર્વતોભદ્ર; ત્રિભુનિવાસ; માલક; નિળ.

> અનાદ્યુપ્ત અરિષ્ટ પાલવનું અણોદ અનૂપ.
> બાલ્ય

૧૭ પું (જૈન) ચોવીસમા તીર્થંકરને દીક્ષા લેવાની સૂચના કરવા આવે છે.

> આસવત, આદિત્ય, વહ્નિ, અરુણ, મંતોષ, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ લોકાન્તિક છે. તત્વાર્થસૂત્ર

૧૮. પું. બહુનો જોટવે ઘરગતની રચનાનો એક પ્રકાર, જેમાં વચમાં રસ, આજુબાજુ હાથી અને પાછળ ઘોડા રહે છે.

૧૯. પું. રાજેયર; એક જાતની વનસ્પતિ.

૨૦. પું. સૂર્ય.

> લાટ માથે તપ્યો અરિષ્ટ અને કામ વિસરે રૂ.
> પ્રેમાનંદ

૨૧. સ્ત્રી. હાસ; દંભતા; તા.

૨૨. ન. અરીઠાનું ઝાડ; અરીઠો.

૨૩. ન. અરીઠું.

૨૪. ન. (જ્યોતિષ) અશુભ ગ્રહોનો યોગ. તેનું ફળ બરાબર મનાય છે.

૨૫. ન. અશુભની જોતવણી આપનાર ભણાવ; અમંગળ ઘટના; અનિષ્ટસૂચક ઉત્પાત. જેમકે, ધરતીકંપ.

૨૬. ન. આંખનું પાણી; આંસુ.

૨૭. ન. ગીધ.

૨૮. ન. દુર્ભાગ્ય; કમનસીબ.

૨૯. ન. મદ્ય; આસવ. જેમકે, દ્રાક્ષાસ્ટિ. અરિષ્ટ અને આસવમાં ફેર જોટવો જ કે અરિષ્ટના પદાર્થોને ઉકાળવા પડે, જ્યારે આસવમાં ઉકાળવા પડતા નથી. આસવ કરતાં અરિષ્ટ વધારે જાતવું હોય અને તેથી કેફમાં સારું લાગે; પણ આસવ મુખમાં અરિચતો ભણાય છે. ઔષધના ઉપયોગને કે તેના કોઈ પણ પદાર્થને ચળી, બંધ અને કોળની અંદર એક માટીના પાત્રમાં થણ દિવસ સુધી રાખી, તે પાત્રનું મોં ઢાંકણથી બંધ કરી, તેની આજુબાજુ કપડછણ કરી, પખવાડિયા કે મહિના સુધી જાપણ ઉપર રાખી મૂકવાથી તેનું ઉત્તમ અરિષ્ટ બને છે. સુશ્રુત તથા ચરકે માટે તેનાં જોગ જીદાં જણાવ્યા છે. અરિષ્ટની માત્રા ૪ તોલા છે.

૩૦. ન. ગોત્ર; અટક.

૩૧. ન. ગોતની નિશાની; જાતીચોન.

૩૨. ન. સંહાર; આપત્તિ; વસ્ત્ર સબંધી દુઃખ.

૩૩. ન. પાપ કર્મ.

૩૪. ન. પાપ નસીબ; દુઃખ.

૩૫. ન. સુવાવડખાનું; સૂતિકાગૃહ.

૩૬. ન. કિલ્લું એ નામનું એક પ્રાચીન શહેર.

૩૭. વિ. અવિનાશી.

૩૮. વિ. અશુભ; અમંગળ.

૩૯. વિ. ઉંમર ન પામેલું; મૂર્ખ; અસામંત.

૪૦. વિ. (જ્યોતિષ) કુંડલીમાં અશુભ સ્થાનમાં રહેલું.

૪૧. વિ. શુભ.

અરિષ્ટક ૧. [સં.] પું. લસણ.

૨. પું. બીજાનું ઝાડ.

૩. ન. અરીઠાનું ઝાડ.

૪. ન. અરીઠું.

અરિષ્ટકારી [સં. અરિષ્ટ (અમંગળ) + કારિન્ (કરનાર)] વિ. અશુભ; નુકસાનકારક.

અરિષ્ટઘ્ન [સં. અરિષ્ટ (સુવાવડખાનું) + ઘ્ન (ના)] ન. સુવાવડખાનું; સૂતિકાગૃહ.

અરિષ્ટદુષ્ટધી [સં. અરિષ્ટ (અશુ) + દુષ્ટ (ખરાબ) + ધી (બુદ્ધિ)] સ્ત્ર. અશુભ નજીક આવવાથી બુદ્ધિમાં ફેર થયો હોય એવું માણસ.

અરિષ્ટનેમિ ૧. પું. એ નામનો એક રાક્ષસ.

> અરિષ્ટનેમિ રૈભ્યનો દીકરો જે હંસ હતા તે પુરવરાજ રૂપે અવતર્યો હતો.
> ભાગવતી ભાગવત

૨. પું. (પુરાણ) કશ્યપ અને વિનતાનો એક દીકરો; ગરુડ. તેનું બીજું નામ તાર્ક્ષ્ય હતું.

૩. પું. (પુરાણ) કશ્યપ ઋષિનું એક નામ.

૪. પું. (જૈન) આવતી ચોવીસીના ત્રાવીસમા તીર્થંકર; નેમિનાથ. તેમના પિતા સમુદ્રવિજય રાજા ને માતા શિ.દેવી રાણી હતાં.

૫. પું. (પુરાણ) કૃષ્ણ રહેતી વખતે પાંડવોમાંના સહદેવે ધારણ કરેલું નામ.

૬. પું. (પુરાણ) ચોથ મન્વંતરમાં ભગ નામના આદિત્ય સાથે કરનાર ગંધર્વ.

૭. પું. (પુરાણ) પ્રચેતસ દક્ષની બાર કન્યાનો પતિ.

૮. પું. (પુરાણ) વસની સભામાંનો એક ■ત્રિય.

૯. પું. (પુરાણ) વિદેહ વંશના પુરજિત જનકનો દીકરો.

૧૦. પું. સગર રાજાના સસરાનું નામ.

૧૧. પું. (પુરાણ) સગરની સાથે મોક્ષસાધન વિશે સંવાદ કરનાર એક વાસણ.

૧૨. પું. સોળમા પ્રજાપતિ.

૧૩. પું. હરિવંશ પુરાણ પ્રમાણે વૃષ્ણિનો એક પ્રપૌત્ર, જે ચિત્રકનો પુત્ર હતો.

અરિષ્ટનેમિ તાર્ક્ષ્ય ૧. પું. ઋગ્વેદના દસમા મંડલનું ૧૭૮મું સૂક્ત રચનાર ઋષિ.
૨. પું. સામવેદનો એક ઋષિ.

અરિષ્ટપુર [સં.] ન. એ નામનું એક શહેર.

૨. વિ. માન આપી લાયક એવું; અર્ચનીય.

અર્જ્ [સં.] સ.ક્રિ. (ધાતુ) મેળવવું; પ્રાપ્ત કરવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: અર્જક; અર્જન; અર્જિત.

અર્જ ૧. [ફા. અર્ઝ] સ્ત્રી. ફરિયાદ.
૨. સ્ત્રી. વિનંતિ; પ્રાર્થના.

અર્જક ૧. પું. રામતુલસી; લીલી તુલસી; વનતુલસી.
૨. [સં. અર્જ્ (મેળવવું) + અક (કરનાર)] વિ. મેળવનારું કમાતું.

અર્જકાદિવટી [સં. અર્જક (રામતુલસી) + આદિ (વગેરે) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) વીર્ય રોગના માટે આપવી એક જાતની ગોળી. રામતુલસીનું મૂલ, સંભાલ્યો, નગોડ, આમરો, અનાકુળ, સર્વિમ, વાવર્ડિંગ, અજમોદા, તજ, તમાલ, એલચી, નાગેશર, વંશલોચન, ઉપલસરી, મુલાણી, સતાવરી, વિદારીકંદ અને ગોખરૂ સરખે ભાગે લઈ બાવળની છાલના કાઢામાં ઘૂંટી બધી જોર જેવડી ગોળી વાનગામાં આવે છે. તેની માત્રા જેવી ગોળી છે.

અર્જકાર [ફા. અર્ઝ (અરજ) + કાર (વાળું)] વિ. વિનંતિ કરનાર; અરજ ગુજરનાર.

અર્જકારત [ફા.] સ્ત્રી. નિવેદનનો પ્રકાર; પ્રાર્થનાપત્ર; અરજી.

અર્જન ૧. [સં. અર્જ્ (મેળવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. કમાઈ; ઉપાર્જન.
૨. ન. લાભ; પ્રાપ્તિ.
૩. ન. સંચરો; સંગ્રહ.

અર્જનરપૂહા [સં. અર્જન (મેળવવાપણું) + રપૂહા (ક્રિયા)] સ્ત્રી. મેળવવાની ક્રિયા.

અર્જના [ફા. અર્ઝ] સ્ત્રી. અરજ; પ્રાર્થના.

અર્જની [સં.] સ્ત્રી. રાત્રિ; રાત.

અર્જનીય ૧. વિ. મેળવું કરવા જેવું.
૨. [સં. અર્જ્ (મેળવવું) + અનીય (જેવું)] વિ. મેળવવા લાયક.
૩. વિ. મેળવી શકાય એવું.

અર્જલી ૧. ન. એક જાતનું ધોતું.
૨. વિ. પોળા ચાંદલાવાળા એક જ રંગના પોતાની એક જાતનું. તે જાત બરાબર ગણાય છે.

અર્જવ ૧. વિ. એકનું કરેલું; સંગ્રહિત.
૨. [સં. અર્જ્ (મેળવવું) + ઇત (વાળું)] વિ. કમાયેલું; મેળવેલું.

અર્જિતકૃત્તિકા પું. (ગણિત) કરેક સરવાળામાં ભરણું, ભાગવું, રકમ અને ભાગવું મળી ૧૨ અક્ષરનો એક સમવૃત્ત છંદ.
અર્જિતકૃત્તિકા ગા સ ત સ સ ગા.

અર્જિતશોધન [સં. અર્જિત (મેળવેલ) + શો + ધન] ન. બીજી પોતાની કમાઈની ચિંતવના.

અર્જુન ૧. [સં.] ■ પું.
૨. પું. કરેણનો છોડ.
૩. પું. (પુરાણ) શ્રીકૃષ્ણનો એ નામનો એક ભરવાડ. તે કૃષ્ણ અને બલરામનો મિત્ર હતો.
૪. પું. આમળીનો એક રોગ.
૫. પું. ધોળો રંગ.
૬. [સં. અર્જુન (રાજા)] પું. પાંચ પાંડવોમાંનો ત્રીજો. તેનાં બધાં કામ શુદ્ધ હતાં. એ કુવારિકા ઋષિના મંત્રજાપે ઉદરના ભાગથી કુંતીના ગર્ભમાં પેદા થયો હતો. પોતાના ભાઈઓ અને દ્રૌપદીની સાથે અર્જુને દ્રોણાચાર્ય પાસે શસ્ત્ર અને અસ્ત્રનો અભ્યાસ કર્યો. એ સૌથી વધારે હોશિયાર હોવાથી દ્રોણાચાર્યનો એના ઉપર ખાસ પ્રેમ હતો. બધા રાજકુંવરનો અભ્યાસ પૂરો થતાં દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં માગ્યું કે દ્રુપદ રાજાને બાંધીને મારી પાસે લાવો. અર્જુનના પરાક્રમથી પાંડવો તેને પકડી લાવી શક્યા હતા. લાક્ષાગૃહમાંથી નાસી છૂટ્યા પછી તે સાંભળ્યુંથી દ્રૌપદીના સ્વયંવરમાં અર્જુ મત્સ્યયંત્રનો વેધ ■ દ્રૌપદીને વર્યો. એક વાતમાં આવું પરાક્રમ કરી કન્યા લઈ જવા

ગ્રે જોઈ બધા રાજા દ્રૌપદી બરાબર સામા થયા. અર્જુને બાણથી અને ભીમે ગદાથી સૌને હંફાવ્યા. આ પરાક્રમથી પાંડવો છતા થઈ ગયા. ધૃતરાષ્ટ્રને પણ આ બધું જતાં સન્માનપૂર્વક તેણે પાંડવોને હસ્તિનાપુર બોલાવી તેમને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય આપ્યું તેથી તેઓ ત્યાં રહ્યા. દ્રૌપદી પાંચે પાંડવને વરેલ હોવાથી નિયમ એવો હતો કે જે ભાઈનો દ્રૌપદી સાથે રહેવાનો વારો હોય તેના સિવાય બીજા કોઈએ તેના અંતઃપુરમાં જવું નહિ અને જાય તેણે બાર વર્ષ વનવાસ સ્વીકારવો. એક વખતે એક બ્રાહ્મણની ગાયો ચોરાઈ ગઈ. અર્જુન તેને મદદ કરવાને માટે તૈયાર થયો, અને પોતાનું ધનુષ્ય શિવજીમાં મૂકવું હતું ત્યાં ગયો. ત્યાં યુધિષ્ઠિર અને દ્રૌપદી એકાંતમાં હતાં. તે વખતે તો ધનુષ્ય લઈને અર્જુન ગયો અને બ્રાહ્મણની ગાયો પાછી આણી આપી, પણ દ્રૌપદીના અંતઃપુરમાં જવાનો નિયમ યાદ આવતાં પોતાને વનવાસે જવું પડ્યું. ત્યાં તેણે ઘણી ઘણી યાત્રાઓ કરી. વનવાસ દરમ્યાન તે ઉલૂપી નામની એક નાગકન્યાને અને ચિત્રવાન રાજાની દીકરી ચિત્રાંગદાને પરણ્યો. આ સમયે તેને અનુક્રમે ઇરાવાન અને બભ્રુવાહન એમ બે દીકરા થયા. પ્રભાસવનમાં તેણે ઘણું તપ અને યુદ્ધથી શંકરને પ્રસન્ન કર્યા અને તેની પાસેથી કવચ અને કુંડળ મેળવ્યાં. રામેશ્વરનાં દર્શન કર્યા પછી અર્જુને હનુમાનને મોઢેથી રામચરિત્ર સાંભળ્યું. અર્જુને હસીને પૂછ્યું કે રામચંદ્રનું બળ હતું તો એમણે બાણ વડે પુલ કેમ ન બાંધ્યો? હનુમાને કહ્યું કે બાણ તો બાંધી બળ. અર્જુને જવાબ આપ્યો કે જો હું હોત તો બાણનો પુલ બાંધત. હનુમાનના કહેવાથી અર્જુને એક જોજન વિસ્તારનો પુલ બાંધ્યો અને પ્રતિજ્ઞા કરી કે જો હનુમાન તે બાંગે તો હું બળી મરું. હનુમાને કહ્યું કે જો હું ન બાંગી શકું તો તારી ધ્વજા ઉપર રહીને તને રોજ આધીન રહું. હનુમાને કૂદકો મારી પુલ બાંગી નાખ્યો. પ્રતિજ્ઞા પ્રમાણે સાઠમાં જોજનમાં કપી અર્જુન બળી મરવાની તૈયારી કરતો હતો એટલામાં બ્રાહ્મણનો વેશ લઈને કૃષ્ણ ત્યાં આવ્યા અને પૂછ્યું કે પુલ બાંધનારે સાક્ષી કોણ છે? કપીથી પુલ રચાય અને કપીથી તું બાંગે તો ખરી વાત. અર્જુને કપીથી પુલ બાંધ્યો પણ જે પુલ નીચે કૃષ્ણે પોતાનું ચક્ર બળી રીતે મૂકેલું જેટલે હનુમાનથી તે બંગાયો નહિ. બ્રાહ્મણે હનુમાનને કહ્યું કે પ્રતિજ્ઞા પ્રમાણે તું અર્જુનની ધ્વજા ઉપર રહી એને સહાય કરજે. પછી શિવાંગી અને વિષ્ણુકાંચીની યાત્રા કરી અર્જુન દ્વારકા ગયો, ત્યાં કૃષ્ણની સલાહથી સુભદ્રાનું હરણ કર્યું, જેને અભિમન્યુ બાવતર્યો. ઇન્દ્રપ્રસ્થ આવ્યા પછી એક વખતે ઉનાળામાં અગ્નિ ખાંડવનો વેશ લઈને ખાંડવ વન બાળી ખાઈ જવાની રજા લેવા અર્જુન પાસે આવ્યો. કૃષ્ણ અને અર્જુને ખાઇલા વેશે આવેલા અગ્નિને કહ્યું કે અમારી પાસે રથ અને યુદ્ધનાં સાહિત્યે પૂરાં ન હોવાથી અમને જો પૂરાં પાડવાની કૃપા કરો. અગ્નિએ વરુણ પાસેથી કપિની ધ્વજાવાળો દિવ્ય રથ અને ગાંડીવ નામનું ધનુષ્ય માગી આણી અર્જુનને આપ્યાં. એણે શ્રીકૃષ્ણની મદદથી મયાસુરનું રક્ષણ કર્યું તેથી તેણે પાંડવો માટે એક સભામંડપ બાંધી આપ્યો. પાંડવોએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે અર્જુને ઉત્તર દિશા જીતી સાંના રાજાઓને હરાવ્યા. આ યજ્ઞ આમ્રવૃક્ષ વિના પૂરો થવાથી દુર્યોધન અકોબાઈથી બળી ગયો. તેણે જૂગટું રમાડી તેમાં કપટે કરી પાંડવોની સઘળી મિલકત પડાવી લીધી. છેવટે જે હારે તે બાર વર્ષ વનવાસ ભોગવે અને એક વર્ષ કૂપ વેશે રહે એવી શરત કરી. એમાં પણ હારવાથી પાંડવોને વનવાસ જવું પડ્યું. પછી ઇંદ્રના પરોક્ષ તરીકે અર્જુન સ્વર્ગમાં ગયો, ત્યાં પાંચ વર્ષ રહી અસ્ત્રશસ્ત્રની વિદ્યા, ગાવાની, વગાડવાની અને નાચવાની કળા શીખ્યો. તેણે ઇંદ્રના દુશ્મન નિવાતકવચ, હિરણ્યપુરવાસી એ બધા અસુરોને માર્યા. વનવાસ પૂરો થતાં છપ્પા વાસનું વર્ષ આવી પહોંચ્યું. પાંડવો વિરાટને ત્યાં જાની રીતે રહેવાને ગયા. ત્યાં અર્જુને પોતાનું નામ બૃહન્નલા ધારણ કર્યું. છપ્પે વાસ પૂરો થતાં વિરાટ રાજાએ પોતાની દીકરી ઉત્તરા અર્જુનને શસ્ત્રમાં આપવા માંડી પણ અર્જુને નાચવાનું અને ગાવાનું શીખવ્યું હોવાથી ઉત્તરાને પોતાની દીકરી આની પોતાના પુત્ર અભિમન્યુ સાથે તેને પરણાવી. વનવાસનો વખત ફરત પ્રમાણે પૂરો થયા પછી પાંડવોનું રાજ્ય પાછું સોંપી દેવા શ્રીકૃષ્ણે કૌરવોને બહુ સમજાવ્યા પણ કંઈ ફાયદો ન થતાં છેવટે કૌરવો સાથે યુદ્ધનો વખત આવ્યો. શ્રીકૃષ્ણ અર્જુનનો રથ હાંકનાર બન્યા. કુરુક્ષેત્રના મેદાનમાં પોતાના સગાંવહાલાં જોઈને મોહ થવાથી અર્જુને હથિયાર છોડી દીધાં. તેથી શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ કરી મોહ છોડાવી ક્ષત્રિયધર્મને વળગી રહેવા બોધ આપ્યો. તેણે લડાઈમાં ઘણી બહાદુરી બતાવી ભીષ્મ અને દ્રોણ જેવાને હંફાવી બળદ્રથ વધ કર્યો અને મારી કૌરવોનો નાશ કર્યો. સગાંઓને મારી નાખવાના પાપમાંથી છૂટવા પાંડવોએ અશ્વમેધ યજ્ઞ આદર્યો. ઘોડાની સાથે જતાં રસ્તામાં બભ્રુવાહને હાથે અર્જુનનું મોત થયું. અર્જુનની સ્ત્રી ઉલૂપીએ પોતાના પિતા શેષ પાસેથી સંજીવકમણિ લાવવા પોતાના દીકરા બભ્રુવાહનને મોકલ્યો. તે લાવી અર્જુનને તેણે જીવતો કર્યો. યજ્ઞ પૂરો થયા પછી જ્યારે શ્રીકૃષ્ણ સ્વધામ ગયા ત્યારપછી અર્જુન અને તેના ભાઈઓ પણ સ્વર્ગે ગયા. એ પૂર્વ અને ઉત્તર ફાલ્ગુની એ બેની સંધિમાં જન્મ્યો હતો તેથી ફાલ્ગુન, ઇંદ્ર વગેરે દેવતાઓને તેણે જીતવા માટે જિષ્ણુ, ઇંદ્રે તેને મુકુટ આપ્યો હતો માટે કિરીટી, યુદ્ધમાં ભયંકર દેખાતો માટે બીભત્સ, એના રથના ઘોડા ધોળા હતા માટે શ્વેતવાહન, બળે હાથે બાણ મારી શકતો માટે સવ્યસાચી, હંમેશાં જીત મેળવતો માટે વિજય, બાળપણમાં મટોડીનાં ગામ ગોવાળ કરી રમતો માટે કૃષ્ણ, રાજાઓને જીતીને ધન મેળવ્યું હતું માટે ધનંજય, અને નિદ્રા જીતી હતી માટે ગુડાકેશ એવાં નામથી ઓળખાતો. ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણે અનઘ, કુરુનંદન, કુરુવીર, કુરુશ્રેષ્ઠ, કુરુસત્તમ ભૈરતેજ, તાત, પાર્થ, પરંતપ, પાંડવ, પુરુષર્ષભ, પુરુષવ્યાઘ્ર, ભરતર્ષભ, ભરતશ્રેષ્ઠ, ભરતસત્તમ, ભારત, મહાબાહુ, કપિધ્વજ વગેરે નામે સંબોધિત છે. આ ઉપરાંત અર્જુનને શક્રનંદન, શક્રસુત, જૂતલક્ષ, ગાંડીવધન્વા, ગાંડીવી, પાંડુનંદન, મધ્યમ પાંડવ, પાકશાસની, રાધાબેઢી, ઐંદ્રિ, ગાંડીવધર, ધનુર્ધર અને નર એવાં નામ પણ આપેલાં છે.

૭. પું. (પુરાણ) પાંચમા રૈવત મનુનો દીકરો.

૮. પું. ભગવાનનું સ્વરૂપ.

૯. પું. માનો એકનો એક દીકરો.

૧૦. પું. મોર.

૧૧. પું. કાર્તિકસ્વામીના નવ શુરુ મહિનો એ નામનો એક. તેણે અમૃતસરમાં આવેલું પ્રખ્યાત શીખ મંદિર બંધાવ્યું હતું. તે કવિ હતો ને શીખ ધર્મનો પ્રખ્યાત ગ્રંથ તેણે લખ્યો છે.

૧૨. પું. સાતમનું ગ્રહ; નદીસર્ગ; વીરતર; કપૂત. સાત અર્જુન પાંડવોમાં ગ્રહ છે બનમાંય ૨.

વાલણ

૧૩ પું. (જ્યોતિષ) સિંહ રાશિનો એક તારો.

૧૪. પું. હજાર હાથવાળો એક રાજા; સહસ્રાર્જુન. જુઓ કાર્તવીર્ય.

૧૫. ન. (વૈદક) આંખનો એક રોગ; આંજણી. ખડી સાકર, હલદીનું પાણી અને મધ એકઠું કરી તેનું ટીપું આંખમાં નાખવાથી આ રોગ મટે એમ મનાય છે.

૧૬. ન. એ નામની એક વનસ્પતિ; કહાપો.

૧૭. ન. ચાસ; તણખલું.

૧૮. ન. રૂપું.

૧૬. ન. સોનું.
કંચન અર્જુન કાર્તસ્વર હેમ હિરણ્ય સુવર્ણ,
અષ્ટાપદ દાક્ષ પુરટ જાતરૂપ હરિ રવર્ણ.
(પિંગલપ્રકાશ)

૨૦. વિ. ધોળું; સફેદ; શ્વેત.
શ્યામ શુભ્ર મધુર વિશદ અર્જુન સિત અવદાત,
ધવલ નવલ ઉજ્જ્વલ અદ્ય કરત વદાની વાત.
(પિંગલપ્રકાશ)

અર્જુનક ૧. પું. અર્જુનનો છોડ.

૨. પું. (પુરાણ) એક નામનો એક શિકારી. તે ગૌતમી નામની વૃદ્ધ બ્રાહ્મણીનો દીકરો હતો. નાનપણ કરડતે લીધે એનું મોત થવાથી તેની મા ગૌતમીને બહુ દુઃખ થયું. લોકોએ તે સર્પને પકડી ગૌતમીની પાસે આવ્યો અને એને પૂછ્યું કે આ સર્પને કેવી રીતે મારીએ? ત્યારે તેણે કહ્યું કે બધાં પ્રાણી કર્મને તાબે હોવાથી પરતંત્ર છે, માટે એ નાનને છોડી દો; મારો દીકરો એના પોતાના જ કર્મે મરણ પામ્યો છે.

૩. [સં. અર્જુન (એ નામનો એક પંડવ) + ક (વાળું)] વિ. અર્જુનનું.

અર્જુનપૂત [સં. અર્જુન (સાજડ) + પૂત (પી)] ન. (વૈદક) એક દવા. ધોળા સાજડની છાલને ૧૬ ગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું રહે એટલે ઉતારી ગાળી લઈ તે ક્વાથથી ચોથા ભાગનું ઘાસનું ઘી અને બીજી ચોથા ભાગનો અર્જુનની છાલનો ચૂર્ણ ગાળી દાબ એવો બધો નાખી બીજી રીતે પકાવવું. હૃદયના રોગ માટે બનાવેલી આ દવાની માત્રા બે તોલા છે.

અર્જુનતીર્થ ન. (પુરાણ) હિંદુસ્તાનનું બૂના વખતનું એક જાત્રાનું ઠેકાણું.

અર્જુનદ્રુમ [સં. અર્જુન (એક વનસ્પતિ) + દ્રુમ (ઝાડ)] ન. સાજડ. જુઓ અર્જુનવૃક્ષ.

અર્જુનધ્વજ [સં. અર્જુન (એક પંડવ) + ધ્વજ (ધ્વજ)] પું. હનુમાન, જેઓ અર્જુનની ધ્વજામાં તેનું ચિત્ર હોય છે.

અર્જુનનંદન [સં. અર્જુન (એક પંડવ) + નંદન (દીકરો)] પું. અર્જુનનો દીકરો અભિમન્યુ.

અર્જુનનંદનસુત [સં. અર્જુન (એક પંડવ) + નંદન (પુત્ર) + સુત (દીકરો)] પું. અભિમન્યુનો દીકરો પરીક્ષિત; અર્જુનનો પૌત્ર.

અર્જુનનંદનસુતતાત [સં. અર્જુન + નંદન + સુત (પુત્ર) + તાત (દીકરો)] પું. પરીક્ષિતનો દીકરો જનમેજય; અર્જુનનો પ્રપૌત્ર.

અર્જુનપાઠી ૧. [સં. અર્જુન (સફેદ) + પાઠિન્ (પાઠવાળું)] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ધોળા પાઠવાળો એક વેલો.

૨. ન. એ નામની વનસ્પતિનું ફળ.

અર્જુનપાલ પું. (પુરાણ) સોમવંશી વસુદેવના નાના ભાઈ શ્રુતદેવને સુદર્શનીને પેટે જન્મેલો એ નામનો દીકરો.

અર્જુનવૃક્ષ [સં. અર્જુન (સાજડ) + વૃક્ષ (ઝાડ)] ન. સાજડ; ૧૦ થી ૮૦ ફૂટ ઊંચું થતું એ નામનું એક ઝાડ. તે મુખ્યમાં ઠંડું, બળ આપનાર અને વીર્ય રોકનાર છે. તેની પાન દસરના દીવાઓને અજવાળવામાં, ઘાવ ધોવામાં પકવવામાં તથા રંગ અને દવા બનાવવામાં, મુંજ દબાવામાં, અને લાકડું ખેતીનાં ઓજાર, નાવ તથા ગાડી બનાવવામાં વપરાય છે. હૃદયના દરદ માટે તેની છાલ બધી ઉપયોગી મનાય છે. લાકડું બળતી વખતે હોય ત્યારે આ છાલ દૂધની સાથે લેવાથી હાડકું બળતી સંધાઈ જાય, ભરેલ લોહીની ગાંઠ બળી જાય, ઝીણો તાવ મટાડે અને બળવામાં લોહી પડતું અટકાવે છે. છાલની માત્રા બે તોલો છે. તેનો ઉકાળો ધારાં અને સોજો ઘાવ ધોવામાં વપરાય છે.

ફળ બેરડે અર્જુનવૃક્ષનું નામ છે. તેની છાલ ઉપર સફેદાઈ હોય છે. તે અર્જુનવૃક્ષનું બીજું નામ સાદડ આપેલું છે. તેને ગુજરાતમાં 'સાદડ' કહે છે. બે સાદડ બતાવ્યા સાદડ નામ બંને માટે વપરાય છે, કારણ કે બંને"ને બંને" સરખી જાત છે. વાનસ્પતિક

અર્જુનાદ્યઘૃત [સં. અર્જુન (સાજડ) + આદિ (વગેરે) + ઘૃત (ઘી)] ન. (વૈદક) પિત્તપ્રકોપ મટાડનાર એક દવા; અર્જુનની છાલ, પટોલ, કીંમચાની અંતરછાલ, વજ, અનંતમૂળ, મજીઠ, ત્રિફળા, અનંત, ખસ, ઉપલેટ, ત્રિફળ, ચંદન, વાળો, ગોખરુ, બોર, હળદર, ત્રિફળા, આસોંદરો, અજરસિંગ, સોપર અને અતિવિષની કળી સરખે ભાગે લઈ તેના ક્વાથ અને કલ્કથી સિદ્ધ કરેલું ઘી. તેની માત્રા બે તોલા છે.

અર્જુનાદ્યતૈલ [સં. અર્જુન (સાજડ) + આદિ (વગેરે) + તૈલ (તેલ)] ન. (વૈદક) પ્રદર અને વાતપ્રકોપ મટાડનાર એક ઔષધિ. આ દવાની બનાવટ અર્જુનાદ્યઘૃતને મળતી છે. તેમાં તફાવત એટલો જ કે તેમાં ઘીને બદલે તલનું તેલ વપરાય છે.

અર્જુનાલ્ક [સં. અર્જુન (સાજડ) + અલ્ક (અલર્ક)] સ્ત્રી. (વૈદક) શુદ્ધ બલાડાસ્કને અર્જુનવૃક્ષની છાલના રસમાં સાત ભાવના દઈ સૂકવી વાટી ખરીક કરેલું અલક. ખાસ કરીને હૃદયના રોગ ઉપર તે એક રસીલાર ઔષધ છે.

અર્જુનાવન પું. વરાહમિહિરના મત પ્રમાણે ઉત્તરનો એ નામનો એક દેશ.

અર્જુની ૧. સ્ત્રી. (પુરાણ) અનિરુદ્ધની સ્ત્રી; ઉષા.

૨. સ્ત્રી. એ નામની એક વેલ.

૩. સ્ત્રી. એક જાતની માછલી. તેમાં ખાસ સ્વાદ અને કંઈક ખાસ વાસ હોવાથી ખોસક તરીકે તે વધુ પ્રમાણમાં આવે છે.

૪. સ્ત્રી. એક જાતનો સાપ.

૫. સ્ત્રી. કૂદણી; ઝાડવું.

૬. સ્ત્રી. (જ્યોતિષ) હાસ્તની નક્ષત્ર.

૭. [સં. અર્જુન (ધોળું) + ઈ (નામીનવિકારે પ્રત્યય)] સ્ત્રી. સફેદ રંગની ગાય.

૮. સ્ત્રી. હિમાલયમાંથી નીકળી બંગાળને બળતી એ નામની એક નદી; બાહુદા.

૯. વિ. સ્ત્રી. સફેદ; ધોળી.

અર્જુનોપધ્મ [સં. અર્જુન (સાજડ) + ઉપધ્મ (સમાનાક્ષી)] ન. સાજડનું ઝાડ.

અર્જુર્જર [અ (નહિ) + જર (ઘસાયેલ)] વિ. નહિ ઘસાયેલું.

અર્જે (અર્જે) ૧. [અ.] પું. અણસાર.

૨. પું. પનો; પહોળાઈ.

૩. સ્ત્રી. અરજ; વિનતિ.
અર્જે ગુજારવી = અરજ કરવી; વિનતિ કરવી.

૪. સ્ત્રી. કીમત; ભાવ.

૫. [અ. ઉર્જ] સ્ત્રી. ચોખા.

૬. સ્ત્રી. જમીન; ભૂમિ.

અર્જેદાશ્ત (અર્જેદાસ્ત) [ફા.] સ્ત્રી. લખેલ અરજી.

અર્જો (અર્જો) ૧. [ફા.] વિ. પુષ્કળ; ઘણું.

૨. વિ. સસ્તું; સોંઘું.

અર્જ્ઝી (અર્જ્ઝી) ૧. [અ.] સ્ત્રી. અરજી; વિનતિપત્ર; લિખિત અરજ.

૨. સ્ત્રી. આનંદીપણું.

૩. વિ. જમીનને લગતું.

અર્જ્ઝીદમાવા (અર્જ્ઝીદમાવા) [ફા. અર્જે (અરજ) + અ. દમાવા (દાવો)] સ્ત્રી. દાવા-અરજી.

અર્જ્ઝીનવીસ (અર્જ્ઝીનવીસ) [અ. અર્જી (અરજ) + ફા. નવીસ (લખનાર)] પું. અરજી લખનાર.

અર્જ્ઝેઈરસાલી (અર્જ્ઝેઈરસાલ) [અ.] સ્ત્રી. અરજીની રકમની સિલકવાર નોંધ.

અર્જ્ઝેમાઝાર (અર્જ્ઝેમાઝાર) [ફા.] સ્ત્રી. બજાર-ભાવ.

અર્ઘેઅરબ્બત (અર્ધેઅરબ્બત) [હિ.] સ્ત્રી. પહેલી રાત્રિના૨૪ સુધારવાની ઘાતચોપડી.

અર્ઘેમુલિજ્યાત (અર્ધેમુલિજ્યાત) [હિ.] સ્ત્રી. નીચલી અવસ્થાના ગુણાક્ષ સાથે ઉપલી અવસ્થાને ગુણ્ય કરવા માટે કરવો પડતો ભાગાકાર ગુણ્ય.

અર્ણ ૧. [સં.] પું. અક્ષર.
૨. પું. (પિંગળ) ૧૬૬ ગણનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨ નગણ અને ૮ રગણ મળી ૨૦ અક્ષર આવે છે.
૩. વ. પાણી.
૪. વ. સામું જોવું.
૫. વિ. રોમવાળું; માંડું; રોમિલ.

અર્ણવ ૧. પું. આકાશ; અંતરિક્ષ.
૨. પું. ઉંટ.
૩. પું. ચારની સંખ્યા.
૪. પું. (પિંગળ) નગણ, નગણ અને ૬ રગણ મળી ૨૩ અક્ષરનો એક છંદ છે.
નગણ પર ન રાગ છે તે પછી ચારમાં ભંગ થ.
અણને અર્ણવે વર્ણ ચિત્તે પછી તેત્રિશે. ન્હાનાલાલ
૫. [સં.] પું. સમુદ્ર; દરિયો; સાગર; રત્નાકર; જલનિધિ.
સિંધુ સરિતપતિ સરિતપતિ અંભોનિધિ અણપાર, ઉદધિ અર્ણવ રત્નાકર અબ્ધિ જલધિ પારાવાર. ન્હાનાલાલ
૬. પું. પર્વત.
૭. વ. રત્ન; મણિ; જવાહિર.

અર્ણવચમ્પકલતા [અર્ણવ (દરિયો) + ચમ્પક (સુગંધિ)] સ્ત્રી. ચમ્પકનો દરિયો; ચમ્પક જેવી સુગંધિ.

અર્ણવજા ૧. સ્ત્રી. એક જાતની ચાટણી.
૨. [સં. અર્ણવ (સાગર) + જ (ઉત્પન્ન થયેલ)] વ. સમુદ્રોત્થ.
૩. વિ. દરિયા સંબંધી.
૪. વિ. સમુદ્રમાં પેદા થનાર.

અર્ણવજાત્મજા [સં. અર્ણવ (સાગર) + જ (જન્મેલ) + આત્મ (પેદા)] પું. સમુદ્રોત્થ.

અર્ણવતારી લુપ્તો અર્ણવયાન.

અર્ણવપોત લુપ્તો અર્ણવયાન.

અર્ણવમંદિર ૧. [સં. અર્ણવ (દરિયો) + મંદિર (ઘર)] પું. વરુણદેવ. જેનું રહેઠાણ દરિયામાં છે.
૨. પું. વિષ્ણુ.

અર્ણવયાન [સં. અર્ણવ (સમુદ્ર) + યાન (વાહન)] વ. વહાણ; હોડી.

અર્ણવયાનમંડલ વ. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર; 'આર્દ્રા'. લગ્નમાં તેનું રજન વિષુવાંશ ૧૨૦ અને ક્રાંત્યંશ દક્ષિણ ૪૦ની આસપાસ છે.

અર્ણવોદ્ભવ ૧. પું. એ નામની એક દરિયાઈ વનસ્પતિ; અબિલ્લ.
૨. પું. પ્રવાલ.
૩. [સં. અર્ણવ (સાગર) + ઉદ્ભવ (પેદા થયેલ)] પું. ચંદ્ર, કેમકે તે સમુદ્રમાંથી નીકળેલ મનાય છે.
૪. વ. આકાશ.

અર્ણવોદ્ભવા [સં. અર્ણવ (સમુદ્ર) + ઉદ્ભવ (પેદા થયેલ) + આ (સ્ત્રીલિંગે પ્રત્યય)] સ્ત્રી. લક્ષ્મી, કારણ કે સમુદ્રમંથન વખતે તે દરિયામાંથી નીકળ્યાં હોવાની માન્યતા છે.

અર્ણસ ૧. [સં. અર્ણસ્] વ. પાણી.
૨. [સં. અર્ણસ] પું. સમુદ્ર.
૩. વિ. પાણીવાળું.

અર્ણિ લુપ્તો અરણિ.

અર્ણિકપર્વ વ. મહાભારતનો એ નામનો એક ભાગ.

અર્ણી પું. અંજલી પાણી.

અર્ણોક ૧. [સં. અર્ણસ (પાણી) + ક (આપનાર)] વ. જોઈ આપવું તુલસી પાન.
૨. વ. નાગરમોથ.
૩. વ. પાણી.
૪. [સં. અર્ણસ (પાણી) + ઞ (આપનાર)] વિ. પાણી આપનાર.

અર્ણોજવ ૧. [સં. અર્ણસ (પાણી) + જવ (પેદા થયેલું)] પું. કોળ.
૨. વિ. પાણીમાં જન્મેલ; સમુદ્રમાં ઉત્પન્ન થયેલું.

અર્તજલ [સં. આર્ત (દુઃખી) + જલ (આંસુ)] પું. જોઈ આંસુનો ઢોળ; આર્તોત્પલ; આંખે દીઠેલી.

અર્તન [સં. ઋત (નિશ્ચિત)] વ. અવશ્યક; નિત્ય; ઝાઝ.

અર્તિ ૧. પું. (પિંગળ) ૧૬૬ અક્ષરમાં નગણ અને નગણ મળી ૬ અક્ષરનો એક છંદ.
ન ને અર્તિ કર. ન્હાનાલાલ
૨. સ્ત્રી. દિલગીરી; શોક.
૩. સ્ત્રી. પ્રભુનો ઠોકો.
૪. [સં. અર્ (દુઃખ દેવું)] સ્ત્રી. પીડા; વ્યથા.

અર્તિલ પું. (પિંગળ) પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, ૨ રગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર, તથા બીજા અને ચોથા ચરણમાં ૬ રગણ અને ગુરુ મળી ૧૦ અક્ષરનો અનિયમિત વર્ણનો અર્ધસમચરણ છંદ; અર્તોલ.

અર્થ ૧. [સં.] વ. કિ. બારણ કરવું; વિનવવું; યાચવું.
૨. વ. કિ. (ધાતુ) ભેળવવા કોષિત કરવું. તે ઉપરથી અર્થિત, અભ્યર્થના, પ્રાર્થના વગેરે શબ્દ નીકળેલા છે.

અર્થ ૧. [સં.] પું. અભિપ્રાય; મત.
૨. [હિ.] પું. અસર.
૩. પું. (વેદાંત, ન્યાય) ઇંદ્રિયનો વિષય. ચોતરા મત પ્રમાણે તે અનિત્યાર જાતનો છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન.
૪. પું. ધ્યેય; કાર્ય.
અર્થે આવવું = (૧) ઉપયોગમાં આવવું. (૨) મદદગાર થવું.
૫. [હિ.] પું. કારણ; સબબ.
૬. પું. કીમત; મૂલ્ય.
૭. પું. (જ્યોતિષ) કુંડલીમાં લગ્નથી બીજું ઘર.
૮. પું. ગોધો; ઉખાણું; કામકાજ.
૯. પું. ગરજ; જરૂર; ખપ; પ્રયોજન.
કૃષ્ણનો કો અર્થ કોય કોય ને ભાર્યા.
૧૦. પું. (પિંગળ) ૬૬ અક્ષરમાં ૨ નગણ અને રગણ મળી ૯ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
ન ન ૨ ગણ અર્થમાં. અખિલ
૧૧. [હિ.] પું. લાભ; ફાયદો.
૧૨. પું. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર-માંનો ત્રીજો પુરુષાર્થ.
૧૩. પું. ધારણા; મનસૂબો.
૧૪. પું. નિર્ણય; નિષ્પત્તિ.
૧૫. પું. પૈસો; ધન; દોલત. અર્થ બહુ પ્રકારના છે: ૧. મુખ્ય એટલે પ્રમાણિકપણે મેળવેલ, ૨. ગૌણ એટલે પ્રમાણિક અને અપ્રમાણિક બંને રીતે મેળવે કરેલ, અને ૩. દુષ્ટ એટલે અપ્રમાણિકપણે મેળવી કરેલ.
દ્રવિણ દ્રવ્ય વસુ વિત્ત ધન રાય અર્થ સુવર્ણ, ધન એનું બધાનું તેનું નહિ બહુ લોક. ન્હાનાલાલ
૧૬. પું. કારણ; સબબ.
૧૭. [હિ.] પું. ફળ; પરિણામ.
૧૮. પું. મતલબ; સમજૂતી; ભાવનો. અર્થ બહુ પ્રકારના છે: ૧. અભિધા એટલે શબ્દના મુખ્ય અર્થથી જણાતો, ૨. લક્ષણાથી લક્ષાતો અર્થથી જણાતો, ૩. વ્યંજનાથી એટલે ઉપરથી સૂચવાતા અર્થથી જણાતો.

૧. અર્થ કરવો = મતલબ સમજવવી.
૨. અર્થ બેસાડવો = અર્થ સમજવો અથવા સમજવવો.
૩. અર્થનો અનર્થ કરવો = ઠહેલું હોય તેથી ઊલટી રીતે સમજવું.

૧૯. [હિ.] કું. મતલબિયત.

૨૦. કું. (અર્થસાર) ગિત, ધન, ભૂમિ, પશુ અને ધાન્યની પ્રાપ્તિ તથા તેનો વધારો.

૨૧. કું. રીત; પ્રકાર.

૨૨. કું. લાભ; ફાયદો; હાંસલ.

૨૩. કું. વસ્તુ; વિષય.

અવગમ, ઉદ્દેશ, અભાવ, પ્રાપ્તિ એ ચાર અભિધાન અર્થને અનુસરે છે. ભાષાવિજ્ઞાન

૨૪. [સં. અર્થ્ (યાચવું)] કું. વિનંતિ; પ્રાર્થના.

૨૫. કું. વિષ્ણુ. સુખસ્વરૂપ હોવાથી સર્વ પ્રાણી તેમની પ્રાર્થના કરે છે તેથી તે અર્થ કહેવાય ■

૨૬. કું. (ન્યૌ) વ્યવહાર; ન્યાયનું કામ ચલાવવું તે; ન્યાયવહીવટ.

અર્થે બેસીને વ્યવહારનો ફાયદા નિકાલ કરે તેનાથી ધર્મસ્થ (ન્યાયાધીશ) કહ્યું નથી. કામન્દક

૨૭. કું. શિવ.

૨૮. કું. સાર; તાત્પર્ય.

૨૯. કું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં થયેલા ધર્મઋષિને તેમની પત્નિ નામની કન્યાને પેટે થયેલો દીકરો.

૩૦. કું. સ્વાર્થ; હિત.

૩૧. કું. હેતુ; આશય; ઉદ્દેશ.

૧. અર્થે કરવો = ધારેલું કામ પાર પાડવું.
૨. અર્થે સાધવો = ધારેલો ફાયદો પાર પાડવો.
૩. અર્થે સાધયામિ વા દેહં પાતયામિ = ધારેલો વિચાર પાર પાડવો અને તેમ ન થાય તો શરીરને પાડવું.

૩૨. અ. વાસ્તે; કાજે; માટે; સારૂ.

અર્થઅન્વીક્ષા [સં. અર્થ + અન્વીક્ષા (આન્વીક્ષા)] કું. (મીમાંસા) ખોટ આવતાં અર્થદોષ.

અર્થકર વિ. [સં. અર્થ + કર (કરનાર)] વિ. અર્થ કરનાર.

૨. [સં. અર્થ (હેતુ) + કર (કરનાર)] વિ. ઉપયોગી.

૩. [સં. અર્થ (પૈસો) + કર (કરનાર)] વિ. પૈસો પેદા કરાવે તેવું.

૪. [સં. અર્થ (લાભ) + કર (કરનાર)] વિ. ફાયદાકારક; લાભકારી.

અર્થકર્ષ [સં. અર્થ (ધન) + કર્ષ (ઘટાડો)] કું. ધનની ખોટ; પૈસા સંબંધી નુકસાન.

અર્થકામ વિ. [સં. અર્થ (પૈસો) + કામ (ઇચ્છા)] કું. ધનની ઇચ્છા.

૨. વિ. ધન મેળવવાની ઇચ્છાવાળું.

અર્થકિંકિણી [સં. અર્થ (પૈસો) + કિંકિણિ (ઘંટ) + ઙીપ્ (નાનું)] વિ. લેવડ-દેવડમાં ચોખ્ખો વ્યવહાર ન રાખનાર; બેઈમાન.

અર્થકૃચ્છ્ર વિ. [સં. અર્થ (હેતુ) + કૃચ્છ્ર (મુશ્કેલી)] વ. પૈસાની મુશ્કેલી; ધન સંબંધી કષ્ટ.

૨. [સં. અર્થ (વિષય) + કૃચ્છ્ર (મુશ્કેલ)] વ. મુશ્કેલ બાબત.

૩. વ. રાજની આર્થિક તંગી; રાજના કરવી અર્થનું નાનું તે. આવી તંગીમાં મંત્રણાના વખતમાં રાજા બોલે પહેલો મોઢું ખોલે અધો કર વરસ કરતા.

અર્થકોપ [સં. અર્થ (સમજવું) + કોપ (ગુસ્સો)] કું. મતલબ સહિત ગુસ્સાનો સંબંધ.

અર્થક્રિયાકારિત્વ [સં. અર્થ (હેતુ) + ક્રિયા (કામ) + કારિત્વ (કરાવવું)] વ. કામ પાર પાડવાપણું.

અર્થગત વિ. કું. (કામ) અલંકારનો ભેદ જેમાં; શબ્દાલંકાર જાતાં કે સમજફેરથી અર્થનો ફેર આવી શબ્દના અર્થમાં ફેર થઈ જવાનો હોય. જેમકે, કાગરો વટ ઘુંઘટ પટ ફરર ફરર ફેમ ફેમ-વર સુંદર શ્યામ રમે. આવા ભેદ ચાર છે: અર્થઅલંકાર, પદાર્થ, પદાંતરભેદ અને વાક્યભેદ.

૨. વિ. અર્થ ઉપર આધાર રાખતું.

૩. [સં. અર્થ (સમજવું) + ગત (બનેલું)] વિ. અર્થ વિનાનું.

અર્થગર્ભ [સં. અર્થ (સમજણ) + ગર્ભ (અંદરનો ભાગ)] વિ. ગૂઢ સમજવાળું.

અર્થગર્ભિત જુઓ અર્થગર્ભ.

અર્થગંભીર [સં. અર્થ (સમજવું) + ગંભીર (ઘણું)] વિ. અર્થવાળું; ગૂઢ અર્થવાળું.

અર્થગાંભીર્ય [સં. અર્થ (સમજવું) + ગાંભીર્ય (ઘોવાપણું)] વ. મતલબનું ઊંડાણ; ભાવ ઊંડો હોવાપણું.

અર્થગુણ [સં. અર્થ (સમજવું) + ગુણ (વસ્તુ)] કું. કાવ્યના અર્થનું લક્ષણ.

પ્રાચીન કેટલાક સાહિત્યવેત્તાઓએ ભામહ, ઓજસ્ અને પ્રસાદ એ ત્રણ જ ગુણો ગણ્યા. આ ગુણોમાંના કેટલાકે શબ્દગુણો ગણાવા જોઈએ છે, કેટલાકે અર્થગુણો ગણાવા જોઈએ છે અને કેટલાકે શબ્દાર્થોભયગુણ ગણાવા જોઈએ છે. કાવ્યાદર્શ

અર્થગૌરવ જુઓ અર્થગાંભીર્ય.

અર્થગ્રહ [સં. અર્થ (સાર) + ગ્રહ (લેવાપણું)] કું. મતલબની સમજણ.

અર્થગ્રહણ જુઓ અર્થગ્રહ.

અર્થગ્રાહિત્વ [સં. અર્થ (સાર) + ગ્રાહિન્ (લેનાર) + ત્વ (પણું)] વ. સારનો સમજવાપણું.

અર્થગ્રાહી [સં. અર્થ (હેતુ) + ગ્રાહિન્ (લેનાર)] વિ. બાબાર્થ સમજનાર; વિષયગ્રાહી.

અર્થગ્રાહી ચિન્તિકા [સં. અર્થગ્રાહિન્ (ઉદ્દેશનો વિષય સમજનાર) + ચિત્ (જ્ઞાન) + સિકા (નાડી)] સ્ત્રી. જ્ઞાનતંતુ.

અર્થઘન [સં. અર્થ (સમજણ) + ઘન (ગરૂડું)] વિ. સમજણથી ગરૂડું.

અર્થઘનતા [સં. અર્થ (સમજવું) + ઘન (ગરૂડ) + તા (પણું)] સ્ત્રી. સમજણથી ગરૂડ હોવાપણું.

અર્થઘ્ન [સં. અર્થ (હેતુ) + ઘ્ન (નાશ કરનાર)] વિ. પૈસા વેડફી નાખનાર; ઉડાઉ.

અર્થચમત્કૃતિ ૧. સ્ત્રી. કાવ્યની અંદર અર્થ વડે રસ આવવો તે; અર્થાલંકાર.

૨. [સં. અર્થ (ભાવ) + ચમત્કૃતિ (કરામત)] સ્ત્રી. (કાવ્ય) મતલબની ખૂબી.

અર્થચર [સં.] કું. સરકારી નોકર.

અર્થચિત્ર ૧. વ. (કાવ્ય) ચિત્રકાવ્યના ભેદમાં ચિત્રના આકારમાં લખેલી કવિતાના ત્રણ ભેદ માંહેનો ભેદ. તેના ભેદાકાર અર્થચિત્ર, દ્વિગ્રહ, ત્રિગ્રહ, ચતુરગ્રહ, પ્રહેલિકા, દ્વિગ્રહ-પ્રહેલિકા, ત્રિગ્રહેલિકા, ચતુરગ્રહ પ્રહેલિકા અને વર્ધ પ્રહેલિકા એ નવ ભેદ છે.

૨. [સં. અર્થ (આબરૂ) + ચિત્ર (નવાઈ પમાડે તેવું)] વ. (કાવ્ય) સમજણની ખૂબી. કવિતામાં બે જાતની ખૂબી આવતામાં આવે છે: ૧. શબ્દ–આકાર ચિત્ર, જેને સામાન્ય રીતે ચમત્કાર કહેવાય છે, અને ૨. અર્થચિત્ર, જેમાં અર્થાલંકાર ખોટથી અર્થનો ચમત્કાર હોય છે.

૨. વિ. મતલબના ગમઝારવાળું.

અર્થચિત્રકાવ્ય જુઓ અર્થચિત્ર ૧.

અર્થચિંતક ૧. [સં. અર્થ (પૈસો) + ચિંતક (વિચારનાર)] પું. રાજ્યની આવકજાવક ઉપર ધ્યાન રાખનાર અમલદાર; અર્થસચિવ.

૨. વિ. હમેશાનો વિચાર કરનાર.

અર્થચિંતન ૧. [સં. અર્થ (નાણું) + ચિંતન (વિચાર)] ન. પૈસાની ઉપાધિ.

૨. ન. રાજ્યકારભાર ચલાવવાપણું.

અર્થચિંતા જુઓ અર્થચિંતન

અર્થજાત ૧. [સં. અર્થ (વસ્તુ) + જાત (સમૂહ)] ન. ચીજોનો જથ્થો.

૨. વિ. ઊંડી સમજણવાળું.

૩. [સં. અર્થ (નાણું) + જાત (પેદા થયેલ)] વિ. પૈસાદાર; ધનવાન.

અર્થજ્ઞ ૧. [સં. અર્થ (હેતુ) + જ્ઞ (જાણનાર)] વિ. પ્રયોજન જાણનાર.

૨. [સં. અર્થ (રાજ્ય) + જ્ઞ (જાણનાર)] વિ. મતલબ જાણનાર; તાત્પર્ય સમજનાર.

૩. વિ. હરકોઈ વિષયનું જ્ઞાન ધરાવનાર.

અર્થતત્ત્વ [સં. અર્થ (વિષય) + તત્ત્વ (સાર)] ન. સત્ય.

અર્થતઃ ૧. [સં.] અ. ખરેખર; વાસ્તવિક રીતે; ખરાખત.

૨. અ. મતલબ કે; સારાંશ કે.

અર્થતાત્પર્યજ્ઞ ૧. [સં. અર્થ (રાજ્યનું) + તાત્પર્યજ્ઞ (જાણકાર)] ન. આશય; તાત્પર્ય; મતલબ.

૨. [સં. અર્થ (રાજ્યનું) + તાત્પર્યજ્ઞ (જ્ઞ)] વ. રાજ્યનું ચાલવત.

અર્થદ ૧. [સં. અર્થ (પૈસો) + દ (આપનાર)] પું. કુબેર; ધનપતિ.

૨. પું. પૈસા આપીને બચાવનાર મિત્ર.

૩. પું. શિવ.

૪. વિ. અનુકૂળ; મારફત આવે એવું.

૫. વિ. ઉદાર.

૬. વિ. પૈસા દેનારું; ધન આપનાર.

૭. વિ. રાજ્યકારભારમાં હિતકર.

અર્થદર્શક [સં. અર્થ (કીમત) + દર્શક (દેખાડનાર)] વિ. વસ્તુની કીમત બતાવનાર.

અર્થદર્શકપરિમાણ [સં. અર્થ (કીમત) + દર્શક (બતાવનાર) + પરિમાણ (માપ)] ન. વસ્તુની કીમત દેખાડનાર માપ; માપવાનું નાણું.

અર્થદર્શી ૧. વિ. બનવારુકુશળ.

અર્થદર્શી ભવિષ્યના વિદ્યુમ્બે પરિણામોને અનુકૂળ એવી હકમત રચીકારવી.

સુબંધિબાબુ

૨. [સં. અર્થ (મતલબ) + દર્શિન્ (જોનાર)] વિ. હેતુ સમજનાર.

અર્થદંડ ૧. [સં. અર્થ (પૈસો) + દંડ (સજા)] પું. શિક્ષા તરીકે લેવાતું નાણું.

૨. પું. (જૈન) સ્વાર્થ માટે કરાતું કર્મબંધન.

અર્થદંડન જુઓ અર્થદંડ.

અર્થદાનસૂચક [સં. અર્થ (પૈસો) + દાન (આપવાનું) + સૂચક (બતાવનારું)] વિ. પૈસા આપી દેવાની ચેતવણી.

અર્થદાસ [સં. અર્થ (પૈસો) + દાસ (ગુલામ)] પું. લોભિયો; પૈસાનો પૂજારી.

અર્થદુર્ગ [સં. અર્થ (રાજ્યનું) + દુર્ગ (કિલ્લો)] વિ. ન સમજાય એવું; ગૂઢ; ગહન.

અર્થદૂષણ ૧. [સં. અર્થ (મતલબ) + દૂષણ (ખૂન)] ન. અર્થની ચોરચાપલ્ય.

૨. ન. ચોરી રીતે ઉત્પન્ન કરાતી મિલકત.

૩. ન. ચોરી.

૪. ન. ખરામ પૈસાનો બનાવ.

૫. ન. પૈસા ઉધારવાપણું.

અર્થદોષ [સં. અર્થ (રાજ્ય) + દોષ (ખામી)] પું. (કાવ્ય) કાવ્યોમાં રહેતી સમજની ખામી; પ્રાપ્ત સાહિત્યના આઠ દોષ પૈકીનો કોઈ. અપુષ્ટાર્થ, કષ્ટાર્થ, અપાર્થ-અપાર્થ, વ્યાહત, અર્થપુનરુક્તિ, દુઃક્રમ, ગ્રામ્ય, સંદિગ્ધ, નિર્હેતુ, પ્રસિદ્ધિવિરુદ્ધ, વિદ્યાવિરુદ્ધ, અનવીકૃત, સનિયમ, અનિયમ, સવિશેષ, અવિશેષ, સાકાંક્ષ, અપદયુક્ત, સહચરભિન્ન, પ્રકાશવિરુદ્ધ, વિધિવિરુદ્ધ, અનુવાદવિરુદ્ધ, ત્યક્તપુનઃસ્વીકૃત અને અન્યોક્ત એવા અર્થદોષની ૨૩ જાત છે. જુઓ દોષ.

અર્થ પ્રતીતિ અર્થ પણ જે દોષનો બોધ થાય તે અર્થદોષ. કાવ્યપ્રકાશ

અર્થદ્યોતક [સં. અર્થ (રાજ્યનું) + દ્યોતક (સ્પષ્ટ કરનાર)] વિ. સમજનું પાડનાર; સમજાવનાર.

અર્થદ્યોતકતા [સં. અર્થ (રાજ્યનું) + દ્યોતક (સ્પષ્ટ કરનાર) + તા (પદું)] સ્ત્રી. સમજની ચોકસાઈ; મતલબની સ્પષ્ટતા.

અર્થદ્યોતનિકા [સં. અર્થ (રાજ્યનું) + દ્યોતનિકા (ખુલાસો)] સ્ત્રી. મતલબ સમજાવવાપણું; સ્પષ્ટીકરણ; ખુલાસો.

અર્થધર ૧. [સં. અર્થ (રાજ્યનું) + ધૃ (ધારણ કરવું)] વિ. ચારો બાજુને સમજનાર.

૨. વિ. શ્લોકનો અર્થ બતાવનાર.

અર્થધન જુઓ અર્થના.

અર્થધનક [સં. અર્થ (રાજ્યનું) + ધન (ધન)] પું. શબ્દને ગૌણ ને સમજને મુખ્ય માનનાર પક્ષ.

અર્થના ૧. [સં. અર્થ્ (માગવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પ્રાર્થના; વિનંતિ; યાચના; અભિલાષા.

૨. સ્ત્રી. ભિક્ષા; માગણી.

અર્થનાથ પું. ગોપ બાલના દેવ.

અર્થનિર્ણય [સં. અર્થ (રાજ્યનું) + નિર્ણય (કામો)] વિ. (બાહરનું) અર્થના નિયમવાળું. 'અમાન' ને 'ચીલુ' એ પ્રાચીન સંજ્ઞા અર્થ-નિર્ણય છ—અર્થને આધારે છે, માટે અનવદ્ય હોવારહિત છે. ગૃહ્ય બાબાબાબુ

અર્થનિરપેક્ષ [સં. અર્થ (રાજ્યનું) + નિર્ (વિનાનું) + અપેક્ષા (દરકાર)] વિ. સરળ; સમજવું ન પડે એવું; સાદું.

અર્થનિર્બંધ [સં. અર્થ (રાજ્યનું) + નિર્બંધ (નિયમ)] પું. માપનો નહીં કરવાપણું.

અર્થનિર્દેશ [સં. અર્થ (માપનો) + નિર્દેશ (સૂચન)] પું. માપનો બતાવવાપણું.

અર્થનિર્બંધ જુઓ અર્થનિર્બંધ.

અર્થનિષ્પત્તિ [સં. અર્થ (મતલબ) + નિષ્પત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. રાજ્યનું મેળવવાપણું.

અર્થનીતિ [સં. અર્થ (નાણું) + નીતિ (રાજનિતિ)] સ્ત્રી. રાજ્યની આવકજાવક સંબંધી સારું. રાજ્યમાં સામાન્યિક હિતને અર્થે ધનનો સંચય કેમ કરવો અને તે કેમ વાપરવું એનું રહસ્ય બતાવનાર વિદ્યા તે અર્થનીતિ એવી રીતે આ શબ્દની યોજના કરીએ તો 'પોલિટિકલ ઇકોનોમી'ના અર્થમાં અર્થનીતિ શબ્દ વાપરી શકાય.

અર્થનીતિજ્ઞ [સં. અર્થ (પૈસો) + નીતિ (રાજનિતિ) + જ્ઞ (જાણનાર)] વિ. રાજ્યની આવકજાવક સંબંધી સારું જાણનાર.

અર્થપતિ ૧. [સં. અર્થ (પૈસો) + પતિ (ધણી)] પું. કુબેર; ધનપતિ.

૨. પું. પૈસાદાર માણસ; સાહુકાર.

૩. પું. રાજા.

તિમ તેવી સુત અર્થપતિ જોઉ
પ્રગટ હુવા શુભ કામ. ભાલણ

૪. [સં. અર્થ (રાજ્ય) + પતિ (ધણી)] પું. રાજ્યના સ્વામી; સાર્વભૌમત્વવાળો ધણી.

અર્થપર ૧. [સં. અર્થ (પૈસો) + પર (દૂર)] વિ. બરોબર નિર્લોભ.

૨. [સં. અર્થ (ધન) + પર (લક્ષ)] વિ. પૈસો મેળવવામાં તત્પર.
૩. [સં. અર્થ (પ્રયોજન) + પર (તૈયાર)] વિ. સ્વપ્રયોજન સાધવામાં સાવચેત.

અર્થપિશાચ [સં. અર્થ (પૈસો) + પિશાચ (અવગતિયો દેવ)] વિ. પૈસો ભેગો કરવાનો હંમેશાં વિચાર કરનાર; ધનલોલુપ લોભી.

અર્થપુનરુક્તિ [સં. અર્થ (સમજણ) + પુનર્ (ફરીથી) + ઉક્તિ (કહેવાપણું)] પું. (અલં) એકના અર્થથી બીજા વાર કહેવાતો અર્થ; એક શબ્દથી સ્પષ્ટ થતો અર્થ ફરીથી તેના અર્થવાચક બીજા શબ્દ વડે સિદ્ધ કર્યો હોય એવો અર્થ. જુઓ અર્થદોષ. જેમકે,

> મેઘ હતો ત્રિવિધ તોરે,
> મધવા ધન ઊપર ઈંદ્ર આરૂઢ;
> કહિયે જોપણી મહીનો,
> આજે વજ્ર ઊપરે ઉદ્ધ મૂઢ.

આમાં મેઘ અને ધન, મઘવા અને ઇંદ્ર વગેરેનો એકજ અર્થ હોવા છતાં અર્થથી બીજા વાર જુદા શબ્દથી અર્થ કર્યો છે.

અર્થપુરુષાર્થ પું. કલા કારુ, નવીન વિદ્યા અને ચોસઠ કળાવાળો ચાર પુરુષાર્થ માંહેનો એક. જુઓ પુરુષાર્થ.

અર્થપૂર્ણ [સં. અર્થ (સમજણ) + પૂર્ણ (ભરપૂર)] વિ. સમજણથી ભરેલું; અર્થગૌરવવાળું.

અર્થપૂર્વકત્વ [સં. અર્થ (અનુમાન) + પૂર્વક (કારણ તે)] ન. અનુમાન જુદી પાડવાપણું.

અર્થપ્રકરણ [સં. અર્થ (પૈસો) + પ્રકરણ (વિષય)] ન. નાણા સંબંધી આખરી; કરકસર અને નાણાની આવકજાવકનો વિષય.

અર્થપ્રકાશ [સં. અર્થ (સમજણ) + પ્રકાશ (બતાવવાનું)] પું. અનુમાનની સોબતમાં; રજૂકરણ.

અર્થપ્રકાશક ૧. [સં. અર્થ (અનુમાન) + પ્રકાશક (બતાવનાર)] પું. એક વસ્તુની અનુમાન બીજામાં સમજાવનાર માણસ; દુભાષિયો.
૨. વિ. અર્થ સમજાવતું.

અર્થપ્રકૃતિ ૧. [સં. અર્થ (રસ) + પ્રકૃતિ (મુખ્ય સ્રોત)] સ્ત્રી. નાટકના વિષયનું મુખ્ય મૂળ બનવા પ્રસંગ. અર્થપ્રકૃતિ પાંચ છે: બીજ, બિંદુ, પતાકા, પ્રકરી અને કાર્ય.
૨. સ્ત્રી. પ્રયોજનનો હેતુ.

અર્થપ્રચુર [સં. અર્થ (અનુમાન) + પ્રચુર (ભરપૂર)] વિ. પુષ્કળ સમજણવાળું.

અર્થપ્રતિપાદક [સં. અર્થ (અનુમાન) + પ્રતિપાદક (સમજાવનાર)] વિ. અનુમાન સમજાવનાર.

અર્થપ્રદર્શક જુઓ અર્થપ્રતિપાદક.

અર્થપ્રધાન ૧. [સં. અર્થ (પ્રયોજન) + પ્રધાન (મુખ્ય)] પું. મુખ્ય અર્થ.
૨. [સં. અર્થ (પૈસો) + પ્રધાન (મુખ્ય)] વિ. જેમાં પૈસો મુખ્ય ગણવા હોય એવું.
૩. વિ. સમજણથી ભરેલ.

અર્થપ્રયોજન ૧. [સં. અર્થ (પૈસો) + પ્રયોજન (જરૂરિયાત)] પું. નાણું આપે આપવાપણું; કુલદાન.
૨. પું. રાજકારભાર.

અર્થપ્રાપ્ત [સં. અર્થ (સારાંશ) + પ્રાપ્ત (મેળવેલ)] વિ. સારાંશ ઉપરથી મળી આવેલું.

અર્થપ્રાપ્તિ ૧. [સં. અર્થ (પૈસો) + પ્રાપ્તિ (મેળવવાપણું)] સ્ત્રી. ધન કમાવાપણું; કમાઈ.
૨. સ્ત્રી લાભ; નફો.
૩. સ્ત્રી. વાદમાર્ગના જ્ઞાન માટે અનુમાની જોઈતી બાબતો સાંભળી એ નામની એક. જુઓ વાદમાર્ગ.

અર્થફેર [અર્થ (સમજણ) + ફેર (બદલવ)] પું. સમજણમાં તફાવત; સમજણફેર.

અર્થબંધ ૧. [સં. અર્થ (ઉદ્દિષ્ટનો વિષય) + બંધ (બાંધવ)] પું. ઉદ્દિષ્ટના વિષયનું બંધન.
૨. પું. કઠી; જોડ.
૩. [સં. અર્થ (ધન) + બંધ (બાંધવ)] પું. પૈસા સંબંધી બંધન.
૪. પું. હાથલો; ધનપ્રાપ્તિ.
૫. [સં. અર્થ (સમજણ) + બંધ્ (બાંધવું)] પું. સમાધાન; નિબંધ.

અર્થબુદ્ધિ ૧. [સં. અર્થ (પૈસો) + બુદ્ધિ (વિચારશક્તિ)] સ્ત્રી. ધનની ઇચ્છા.
૨. સ્ત્રી. પૈસા કમાવાની સમજ.
૩. [સં. અર્થ (હેતુ) + બુદ્ધિ (વિચારશક્તિ)] સ્ત્રી. લાભ સાથી લેવાની સમજ; સ્વાર્થદૃષ્ટિ; ચોતરફી મતલબ.
૪. વિ. મતલબિયું; સ્વાર્થી.

અર્થબોધ [સં. અર્થ (મતલબ) + બોધ (સમજણ)] પું. સાચી મતલબની ખબર.

અર્થબોધિની [સં. અર્થ (મતલબ) + બોધિન્ (સમજનાર) + ઈ (નારીજાતિને પ્રત્યય)] સ્ત્રી સ્ત્રી મતલબ સમજનારી.

અર્થભર [સં. અર્થ (પ્રયોજન) + ભૃ (ભરવું)] વિ. સમજણથી ભરપૂર.

અર્થભરિતતા [સં. અર્થ (સમજણ) + ભૃ (ભરવું) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. સમજણથી ભરેલું હોવાપણું.

અર્થ તો એ મારું સંભવનો પાઠાન્ત થઈ ગયો, કથા અને અર્થભરિતતા પ્રધાન છે તેજ બતાવવાને પ્રયત્ન થશે. ગુજ્યુમાલા

અર્થભાજ [સં. અર્થ (પૈસો) + ભાજ્ (ભાગ પાડવો)] વિ. મિલકતનો ભાગીદાર.

અર્થભારપૂરક [સં. અર્થ (સમજણ) + ભાર (ભાર) + પૂરક (પૂરનાર)] વિ. સમજણનો ભાર બરાબર ઉમેરેલ; ભારપૂરણાર્થ.

ઉપર ઉતારેલા વાક્યમાં 'પર' એ માત્ર અર્થભારપૂરક છે. રમણભાઈ

અર્થભાવ ૧. પું. (નાટ્ય) નાટકનો કે નાટકનો એક ભાવ; શૃંગાર, કરુણ, હાસ્ય વગેરે જે રસ નાટકના અર્થમાં હોય તે બરાબર બરાબરી બતાવવાપણું, એટલે કે નાટકના અર્થમાં ખુશી હોય તો ખુશી બતાવવી, તેમ જે મુસ્સાનો અર્થ હોય તો મુસ્સો બતાવવો.
૨. [સં. અર્થ (મતલબ) + ભાવ (સાર)] પું. મતલબ ભાવાર્થ; તાત્પર્ય.

અર્થભાવના [સં.] સ્ત્રી. (મીમાંસા) અર્થની ભાવના; પુરુષની ભાવના. ભાવના એટલે અનુભવથી બનાર સ્મૃતિનું સ્મરણ. ભાવના બે પ્રકારની છે: શબ્દભાવના અને અર્થભાવના.

અર્થભૂત [સં. અર્થ (પૈસો) + ભૂત્ (મેળવવું)] વિ. બહુ ધન મેળવનાર.

અર્થભેદ ૧. [સં. અર્થ (સમજણ) + ભેદ (પ્રકાર)] પું. અર્થમાં તફાવત; જુદો અર્થ થવાપણું.
૨. પું. શબ્દવિભેદ.

અર્થભેદક [સં. અર્થ (સમજણ) + ભેદ (પ્રકાર) + ક (વાળું)] વિ. મતલબના તફાવતવાળું.

અર્થમંજરી [સં. અર્થ (સમજણ) + મંજરી (નામે પ્રસિદ્ધ)] સ્ત્રી. સમજણસહિત વિદ્યાનું; જ્ઞાન ભૂલેલ.

> જ્ઞાન વાત કોપી જેં જ્ઞાન રે,
> કોપી અર્થમંજરી વાર્તા ભાન રે.
>
> પ્રેમાનંદ

અર્થમગ્ન જુઓ અર્થલગ્ન.

અર્થમગ્નતા જુઓ અર્થલગ્નતા.

અર્થમંત્રી [સં. અર્થ (પૈસો) + મંત્રિન્ (પ્રધાન)] પું. નાણાખાતાનો પ્રધાન; અર્થસચિવ.

અર્થમાત્ર [સં. અર્થ (મતલબ) + માત્ર (નિશ્ચય)] ન. નકી કરેલ મતલબ.

અર્થમાધુર્ય [સં. અર્થ (સમજણ) + માધુર્ય (મીઠાશ)] ન. અર્થની સુંદરતા.

અર્થભાર [સં. અર્થ (ધન) + ભાર (જેટલું તોલવું)] પું. સોનું-રૂપું તોળવાનું બાટ રતીભારનું એક માપ; માસો.

અર્થયુક્ત ૧. [સં. અર્થ (હેતુ) + યુક્ત (જોડાયેલ)] વિ. કોઈ હેતુથી કહેવાયેલું.
૨. [સં. અર્થ (અભિધેય) + યુક્ત (જોડાયેલું)] વિ. સમજવાળું.

અર્થયોનિ [સં. અર્થ (પૈસો) + યોનિ (પેદા થવાની જગ્યા)] સ્ત્રી. પૈસા મેળવવાનો ઉપાય; ધનપ્રાપ્તિનું સાધન.

અર્થરહિત ૧. [સં. અર્થ (પૈસો) + રહિત (વિનાનું)] વિ. ધન વિનાનું; ગરીબ.
૨. [સં. અર્થ (અભિધેય) + રહિત (વગરનું)] વિ. સમજવા જેવું નહીં; નિરર્થક.

અર્થરહિતપ્રત્યય ૧. [સં. અર્થ (સમજવું) + રહિત (વિનાનું) + પ્રત્યય (વિશ્વાસ)] પું. ફેર ન કરી શકાય એવી ભાવના જોડણે માનતા.
૨. [સં. અર્થ (પદાર્થ) + રહિત (વિનાનું) + પ્રત્યય (જ્ઞાન)] પું. પદાર્થ ન હોય છતાં તેનું જ્ઞાન. જેમકે, છીપમાં રૂપું નથી છતાં તેનું જ્ઞાન.

અર્થરહિતા [સં. અર્થ (સમજવું) + રહિત (વિનાનું)] સ. સમજના વિના.
જે કહું અભ્યાસ અર્થરહિતા,
સમજશે શીખ્યો નમીલા.
પ્રેમાનંદ

અર્થરાશિ [સં. અર્થ (પૈસો) + રાશિ (ઢગલો)] પું. ખજાનો; ભંડાર.

અર્થલક્ષી ૧. [સં. અર્થ (પૈસો) + લક્ષિન્ (જોનાર)] વિ. ધન જેનું લક્ષ્ય છે એવું.
૨. [સં. અર્થ (અભિધેય) + લક્ષિન્ (જોનાર)] વિ. સમજવા તરફ ધ્યાન ખેંચનાર.

અર્થલાભ [સં. અર્થ (નાણું) + લાભ (મેળવવાપણું)] પું. પૈસાનો લાભ; ધનની પ્રાપ્તિ.

અર્થલાલસા [સં. અર્થ (પૈસો) + લાલસા (તીવ્ર ઇચ્છા)] સ્ત્રી. પૈસા કમાવાનો મોહ.

અર્થલુબ્ધ [સં. અર્થ (પૈસો) + લુબ્ધ (લાલચુ)] વિ. લોભી; કંજૂસ.

અર્થલોભ જુઓ અર્થલાલસા.

અર્થવત્ ૧. [સં. અર્થ (હેતુ) + વત્ (વાળું)] વિ. અર્થનું; ઉપયોગી.
૨. વિ. કામનું.
૩. [સં. અર્થ (અભિધેય) + વત્ (વાળું)] વિ. સમજવાળું; અર્થવાળું.
૪. [સં. અર્થ (પૈસો) + વત્ (વાળું)] વિ. સાહુકાર; પૈસાદાર; ધનવંત.

અર્થવત્તા ૧. સ્ત્રી. પૈસો; ધન.
૨. [સં. અર્થ (અભિધા) + વત્ (વાળું) + તા (પણું)] વિ. સમજવાથી વારંવાર હોવાનો ગુણ; અર્થસંબદ્ધતા.

અર્થવાચક [સં. અર્થ (અભિધા) + વાચક (કહેનાર)] વિ. સમજનાર; અભિધા બતાવતું.

અર્થવાદ ૧. પું. તારીફ; પ્રશંસા; વખાણ.
૨. પું. (-વાદ, મીમાંસા) ત્રણ પ્રકારનાં વાક્યોમાંનું એક; જેથી કોઈ વિધિ કરવાની ઉત્તેજના કરવામાં આવે તેનું વાક્ય. તેના ચાર પ્રકાર છે: સ્તુતિ, નિંદા, પરકૃતિ અને પુરાકલ્પ.
૩. પું. ધન અને લાભ સંબંધી વિસ્તાર; પૈસા વિષયક વર્ણન.
૪. પું. નિંદા કરવા જેવો ખરાબ સ્વભાવ.
૫. [સં. અર્થ (સમજવું) + વાદ (કહેવું)] પું. પુસ્તકમાં મુખ્ય વિષયને સમજવવા આવતા તેની મોટાઈ બતાવવા લખેલો લાંબો.
૬. પું. વખાણ કરવા જેવા ખરા બતાવનાર શબ્દ.
૭. પું. વેદમાં વાક્યરચની અંદર આવતી આખ્યાયિકાઓ; કથની વિધિ સંબંધી વર્ણન.
૮. પું. (મીમાંસા) કાર્યો કહેલા કર્તવ્યની પ્રશંસા કરનાર અથવા અકર્તવ્યની નિંદા કરનાર વાક્ય. અર્થવાદ ત્રણ જાતનો છે: (૧) ગુણવાદ જોડણે બીજા પ્રમાણથી વિરુદ્ધ અર્થને અનુવાદનાર વાક્ય, (૨) અનુવાદ જોડણે બીજા પ્રમાણથી નક્કી થયો અર્થ અનુવાદનાર વાક્ય, અને (૩) ભૂતાર્થવાદ જોડણે બીજા પ્રમાણથી અવિરુદ્ધ તેમ જ અનિશ્ચિત અર્થ અનુવાદનાર વાક્ય. મીમાંસકો, વિધિરૂપ જોડણે કર્તવ્યની પ્રશંસા કરી તેમાં પ્રવૃત્તિરૂપ ઉપકાર કરનાર વાક્ય અને નિષેધરૂપ જોડણે કાર્યો જે કરવાની મનાઈ કરી છે તેની નિંદા કરી તેમાંથી નિવૃત્તિરૂપ ઉપકાર કરનાર વાક્ય જોવા જે વાદ પાડે છે.
૯. પું. હેતુ અનુવાદવાળું; ઉદ્દેશનું પ્રકરણ.

અર્થવાદઉપપત્તિ સ્ત્રી. ત્રિજ્યા જે પ્રકાર કહેવો જોઈએ. જુઓ ત્રિજ્ય.

અર્થવાદરૂપ ૧. [સં. અર્થવાદ (વખાણના અથવા વખોડના વાક્ય જેવા) + રૂપ (સ્વરૂપ)] વિ. તારીફ જોડણે વખાણ કરવા જેવું.
૨. વિ. નિંદા કરવા જેવું.

અર્થવાદાત્મક જુઓ અર્થવાદરૂપ.

અર્થવાન ૧. [સં. અર્થ (કામ) + વત્ (વાળું)] વિ. ઉપયોગી; કામનું.
૨. [સં. અર્થ (ધન) + વત્ (વાળું)] વિ. પૈસાદાર; સાહુકાર; ધનવંત.
૩. વિ. ફળવાળું.
૪. [સં. અર્થ (અભિધા) + વત્ (વાળું)] વિ. સમજવાથી ભરેલું; અર્થવાળું.

અર્થવાની [સં.] વિ. બોલવી અથવા ફિર-માવ્યા જેવું.

અર્થવાયર [સં. અર્થ (જમીન) + વાયર (તાર)] પું. જાતર; જમીનનું જમીન સાથે જોડાણ કરનારો અને ખાસ કરીને ટેલીગ્રાફ કે ટેલીફોન સાધનો પ્રવાહસાર જમીનમાં ઊંડો જનારો તાર.

અર્થવાહક જુઓ અર્થવાહી.

અર્થવાહકતા [સં. અર્થ (અભિધા) + વાહક (લઈ જનાર) + તા (પણું)] સ્ત્રી. અભિધા બતાવવાપણું.

અર્થવાહિત્વ જુઓ અર્થવાહકતા.

અર્થવાહી [સં. અર્થ (અભિધા) + વાહિન્ (લઈ જનાર)] વિ. અભિધા સમજવતું.

અર્થવિકલ્પ [સં. અર્થ (અભિધા) + વિકલ્પ (ફેરફાર)] પું. ખરી વાતથી બતાવાપણું.

અર્થવિકાસ [સં. અર્થ (સમજવું) + વિકાસ (ખીલવવું)] પું. સમજવાનો વિસ્તાર.

અર્થવિચ્છેદ પું. ફિન.

અર્થવિજ્ઞાન ૧. [સં. અર્થ (પૈસો) + વિજ્ઞાન (જ્ઞાન)] ન. ધન મેળવવું અને તેની વહેંચણી સંબંધી વિદ્યા; અર્થશાસ્ત્ર.
૨. ન. ગુર્જિના આઠ મુખ્ય ભાગોનો ભેદ.
૩. [સં. અર્થ (સમજવું) + વિ (વિશેષ) + જ્ઞાન (બતાવવું)] ન. સમજવાની બાબત; સમજ.

અર્થવિતરણ [સં. અર્થ (પૈસો) + વિતરણ (આપવાપણું)] ન. ધોવતની વહેંચણી.

અર્થવિદ [સં. અર્થ (અભિધા) + વિદ્ (બતાવું)] વિ. કાબેલ; ચતુર.

અર્થવિદ્યા [સં. અર્થ (પૈસો) + વિદ્યા] સ્ત્રી. ધન મેળવવું અને તેની વહેંચણી સંબંધનું શાસ્ત્ર; અર્થશાસ્ત્ર.

અર્થવિપ્રકર્ષ [સં. અર્થ (અભિધા) + વિપ્રકર્ષ (મુશ્કેલી)] પું. સમજવામાં મુશ્કેલિત.

અર્થવિરોધનિયમ [સં. અર્થ (પદાર્થ) + વિરોધ (વિરોધાપણું) + નિયમ] પું. (ન્યાય) કોઈ પણ વસ્તુ એક જ સમયે એક જ પદાર્થમાં હોય અને ન હોય એમ બનવું, તેમ જ તેમાં પરસ્પર વિરોધી ગુણ હોવા અને એક જ વાક્ય સાચું અને ખોટું અને હોવું અશક્ય છે એવો સિદ્ધાંત.

અર્થવિવરણ [સં. અર્થ (પદાર્થ) + વિવરણ (સમજવવાપણું)] ન. ટીકા; વિવેચન; ભાષ્ય.

અર્થવિશેષણ પું. (વ્યા.) તેનો ત્રણ અલંકારોનો એ નામનો એક.

અર્થવિહીન [સં. અર્થ (પદાર્થ) + વિહીન (વિનાનું)] વિ. સમજવું પડરનું.

અર્થવૃદ્ધિ [સં. અર્થ (ધન) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. પૈસાનો વધારો.

અર્થવેદ [સં. અર્થ (પૈસો) + વેદ (ચારોનું સૌથી નવું પુસ્તક)] પું. અથર્વવેદનો ઉપવેદ. તેમાં પૈસો કેમ મેળવવો, કુબેરકળા, શિલ્પશાસ્ત્ર વગેરેનું વર્ણન કરેલું છે, તેથી તેને અર્થવેદ કહે છે.

ઋગ્વેદ આયુર્વેદ, યજુર્વેદ ધનુર્વેદ, સામવેદ ગાંધર્વવેદ, ને અથર્વનને અર્થવેદ. આ પ્રમાણે ચાર વેદના ઉપવેદ થઈ એ સર્વ પ્રધાન વેદના અંગરૂપ થાય છે. ચરિત્ર-નિબંધ

અર્થવ્યક્ત [સં. અર્થ (સમજવું) + અવ્યક્ત (અજાણ્યું)] પું. (અલં.) સમજણ તેવો અર્થ, સીધી વાત અને જ્યાં સમાસ ન હોય એવી કવિતા. જેમકે,

હરિ રાધાને નિરખે,
રાધા નિરખે હરિને અનિમેષ;
ઉભુ બન્યાં દ્વય આનન,
આરે ચક્ષુ ચકોર બન્યાં જેમ.

આ કવિતામાં મોટા સમાસ નથી તેમ જ રચના અને શબ્દ પણ સહેલાં અને સમજણ તેવાં છે.

અર્થવ્યક્તિ [સં. અર્થ (પદાર્થ) + અભિવ્યક્તિ (જાહેર કરવાપણું)] સ્ત્રી. (અલં.) વાંચતાંની સાથે જ જાણે અર્થની સમજણ.

અર્થવ્યય [સં. અર્થ (પૈસો) + વ્યય (વપરાશ)] પું. ખરચ; ધનનો ઉપયોગ.

અર્થવ્યવહાર [સં. અર્થ (ધન) + વ્યવહાર (વહેવાર) + ક (અનુસાર)] વિ. કર્યા, કેમ અને કેટલો પૈસો વાપરવો વગેરેની જે તે અનુસાર.

અર્થવ્યવસ્થા [સં. અર્થ (ધન) + વ્યવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. મહેનતથી ઉપાર્જવાનું તેમ જ ખરચ કરવાનું શાસ્ત્ર; 'ઇકોનોમિક્સ'.

અર્થવ્યવહારતા [સં. અર્થ (વ્યવહાર) + વ્યવહાર (ઉચિત પ્રકાર) + તા (પણું)] સ્ત્રી. સમજવવાપણું; અર્થ બતાવવો તે.

અર્થવ્યાપ્તિ [સં. અર્થ (આખો) + વ્યાપ્તિ (ફેલાવો)] સ્ત્રી. સમજણ; અર્થની અસર.

અર્થવ્યાવર્તન [સં. અર્થ (આખો) + વ્યાવૃત્ત (અલગ કરેલું) + અન (નામ બતાવનાર પ્રત્યય)] ન. સરખા અર્થવાળા શબ્દો વચ્ચે તફાવત બતાવવાપણું.

અર્થશક્તિ સ્ત્રી. (અલં.) એક અલંકાર. અહીં અર્થ એટલે સમાનાર્થી શબ્દ લખ્યા કર્યા છતાં ચારેય અર્થની હાનિ ન થાય એ અર્થશક્તિ કહેવાય છે.

અર્થશક્તિક [સં. અર્થ (આખો) + શક્ત (સો) + ક (વાળું)] વિ. સોએ અર્થવાળું.

અર્થશાસ્ત્ર ૧. ન. અથર્વવેદનો એક ઉપવેદ.

૨. [સં. અર્થ (પૈસો) + શાસ્ત્ર (વિદ્યા)] ન. અર્થ એટલે ધન મેળવવાની અને તેની વહેંચણીની વિદ્યા; પોતાની અને દેશની કોઈપણ રીતે કરવા અંગે વપરાય સંબંધી શાસ્ત્ર.

૩. ન. ચાણક્યે લખેલી એ નામની એક પોથી.

૪. ન. જેમાં ક્રમ એટલે અધિકાર ચારે મંત્રપ્રયોગ સમજવનારું શાસ્ત્ર.

૫. ન. રાજ્ય ચલાવવા સંબંધી વિદ્યા; રાજ્યશાસ્ત્ર; રાજનીતિશાસ્ત્ર.

અર્થશાસ્ત્રકાર ૧. [સં. અર્થશાસ્ત્ર + કાર (કરનાર)] વિ. અર્થશાસ્ત્ર બનાવનાર.

૨. વિ. રાજનીતિ લખનાર.

અર્થશાસ્ત્રજ્ઞ જુઓ અર્થશાસ્ત્રી.

અર્થશાસ્ત્રી [સં. અર્થ (પૈસો) + શાસ્ત્રિન્ (જાણનાર)] પું. અર્થશાસ્ત્ર જાણનાર પુરુષ; સંપત્તિશાસ્ત્રી.

અર્થશિખા પું. (પિંગલ) દરેક ચરણમાં લગાતાર, નગણ, ભગણ, યગણ અને ગુરુ મળી ૧૧ અક્ષરનો વિષ્ટુપની જાતનો એક છંદ.

ન ન ભ ય ગ અર્થશિખા. રણજિત

અર્થશુદ્ધિ [સં. અર્થ + શુદ્ધિ (ચોખ્ખાઈ)] સ્ત્રી. અર્થમાં ભૂલ નહીં હોવાપણું.

અર્થશૂન્ય ૧. વિ. અર્થ વિનાનું.

૨. [સં. અર્થ (ધન) + શૂન્ય (વિનાનું)] વિ. ઉપયોગ વગરનું; નકામું.

૩. વિ. નામનું; અર્થ.

અર્થશૂન્યતા ૧. [સં. અર્થ + શૂન્ય (વગરનું) + તા (પણું)] સ્ત્રી. અર્થ રહિતપણું; નકામીતા; અસમજણપણું.

૨. સ્ત્રી. ઉપયોગ ન હોવાપણું.

૩. સ્ત્રી. અર્થપણું; નિરર્થકતા.

અર્થશોધન [સં. અર્થ (પદાર્થ) + શોધન (ખોળ)] ન. મતલબ ખોળવાપણું; અર્થપ્રકાશન.

અર્થશોષણ [સં. અર્થ (પૈસો) + શોષણ (ચૂસવું)] ન. પૈસા બરાબર ન આપવાપણું; ધનની નિકાસ.

અર્થશૌચ [સં. અર્થ (ધન) + શૌચ (પવિત્રતા)] ન. પૈસાની લેવડદેવડમાં પ્રામાણિકતા.

અર્થસચિવ [સં. અર્થ (પૈસો) + સચિવ (પ્રધાન)] પું. નાણાખાતાનો પ્રધાન.

અર્થસંગ્રહ ૧. [સં. અર્થ (ધન) + સંગ્રહ (સંગ્રહ)] પું. ધનનો; ધનસંગ્રહ.

૨. પું. પૈસા ભેગા કરવાપણું.

અર્થસર [અર્થ (હેતુ) + સર (અર્થે)] ન. મતલબ માટે; અર્થ સારુ.

અર્થસહાયકમંડળી [સં. અર્થ (પૈસો) + સહાયક (મદદ કરનાર) + મંડલ (સમૂહ)] સ્ત્રી. પૈસાની મદદ કરનાર માણસોનું મંડળ; સાધનપૂરક મંડળી; સહકારી મંડળ.

અર્થસંકેત [સં. અર્થ (મતલબ) + સંકેત (ઇશારો)] પું. મતલબની નિશાની.

એ સ્વપ્નોના બહાને કેટલા કેવો કોરેલા હોય છે જે જાગ્યાને આશીર્વાદ આપવા ઉભા છે એવો અર્થસંકેત છે. મીનપિયાસ ગાંધી

અર્થસંક્રાંતિશાસ્ત્ર [સં. અર્થ (આખો) + સંક્રાંતિ (એકની બીજા બનાવે બનાવવું) + શાસ્ત્ર (વિદ્યા)] ન. ભાષા તથા શબ્દના અર્થના ફેરફારોનું શાસ્ત્ર.

અર્થસંગત [સં. અર્થ (મતલબ) + સંગત (પૂર્વાપર સંબંધ)] પું. આગળપાછળના સંબંધથી બરાબર પડતો અર્થ.

અર્થસંગ્રહ ૧. [સં. અર્થ (પૈસો) + સંગ્રહ (ભેગાવ)] પું. ધનનો; ટ્રેઝરી.

૨. પું. પૈસાનો સંગ્રહ; ધનનો ભંડાર; દ્રવ્યસંચય.

૩. પું. લોકપ્રકાશ બારમે લખેલ એ નામનો ગ્રંથ.

અર્થસંગ્રહ જુઓ અર્થસંગ્રહ ૧, ૨.

અર્થસંજ્ઞા [સં. અર્થ (મતલબ) + સંજ્ઞા (જાણ)] સ્ત્રી. સમજવાનું જ્ઞાન.

તર્જનીની એક બાજુ જેવી અર્થસંજ્ઞા કરી કહ્યા, તે કેટલે વાચનથી અને ઉત્સવો શબ્દોની સહાયથી જ બને. કૈલાસી

અર્થસંકર્ષ [સં. અર્થ (પ્રયોજન) + સંકર્ષ (ખેંચવું)] પું. સમજવાનો એકાગ્ર વિચાર.

અર્થસંકૃચ્છ્ર [સં. અર્થ (પૈસો) + સંકૃચ્છ્ર (મુશ્કેલી)] ન. ધનનો દુરુપયોગ કે ધનની ગેરવ્યવસ્થા.

અર્થસંપત્ત ૧. [સં. અર્થ (ધન) + સંપદ્ (સંપત્તિ)] સ્ત્રી. ધનનો વૈભવ.
૨. [સં. અર્થ (હેતુ) + સંપદ્ (મેળવવું)] અ. હેતુ પાર પાડવાપૂર્વક.

અર્થસંપન્ન જુઓ અર્થસંપત્ત ૧.

અર્થસંબંધ ૧. [સં. અર્થ (નાણું) + સંબંધ] પું. ધનનો સંબંધ.
૨. [સં. અર્થ (પ્રયોજન) + સંબંધ (મેળ)] પું. સમજવાનો શબ્દ અથવા વાક્યની સાથેનો સંબંધ.

અર્થસંસ્કાર [સં. અર્થ (પ્રયોજન) + સંસ્કાર (પ્રકારની સમજ)] પું. અર્થની આગવીની કુદરતી સમજ; અનુપ્રાસમ.

અર્થસંસ્થાન ૧. [સં. અર્થ (પૈસો) + સંસ્થાન (જોડાણ)] ન. કોઈ ખાતાનો; બંધારણ.
૨. ન. ધન ભેગું કરવાપણું.

અર્થસાદૃશ્ય [સં. અર્થ (સમજણ) + સાદૃશ્ય (સમાનતા)] ન. સમજવાનું સરખાપણું; અર્થનું મળતાપણું.

> અલંકારમંજરી પ્રથમ શબ્દસાદૃશ્ય અને અર્થસાદૃશ્ય એ બે પ્રકારોનો વિચાર કરે છે.

અર્થસાધક ૧. પું. (પુરાણ) દક્ષપ્રજા સાતના આઠ પ્રધાનમાંનો એ નામનો એક. તેનું બીજું નામ રાષ્ટ્રવર્ધન હતું.
૨. [સં. અર્થ (પ્રયોજન) + સાધક (પાર પાડનાર)] વિ. વિષયને પાર પાડનાર.
૩. [સં. અર્થ (વસ્તુ) + સાધક (મેળવનાર)] વિ. ઇચ્છેલી વસ્તુ મેળવનાર.

અર્થસાર ૧. [સં. અર્થ (પૈસો) + સાર] પું. ઘણો પૈસો; પુષ્કળ નાણું.
૨. પું. પ્રધાન ધન; મોટા દ્રવ્ય.

અર્થસાહિત્ય [સં. અર્થ (પૈસો) + સાહિત્ય (સમજ)] ન. ધન આપે એવું સમજાવું.

અર્થસિદ્ધ ૧. પું. બંધારિણનો દસમો દિવસ; વદ ૧૦.
૨. [સં. અર્થ (પૈસો) + સિદ્ધ (મેળવેલ)] વિ. ધન આવું હોય તેવું; ધનવાન.
૩. [સં. અર્થ (પ્રયોજન) + સિદ્ધ (સાબિત)] વિ. શબ્દમાં નહિ કહ્યું હોવા છતાં પ્રયોજન પરથી જાણવા સંબંધી બોધ; સંલક્ષ્યક્રમ એટલે વાક્યમાંથી મળેલું.

અર્થસિદ્ધક [સં.] પું. નવોઢાનું ઘર.

અર્થસિદ્ધિ ૧. પું. (પુરાણ) દક્ષપ્રજા સાતના સેનાનો એકનો.
૨. [સં. અર્થ (હેતુ) + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. ધારેલી પ્રયોજન પાર પડવાપણું; સફળતા; મનોરથપ્રાપ્તિ.
૩. સ્ત્રી. પાણિગ્રહણને એટલે લગ્નની પૂરી વિધિ થયેલા વરકન્યા ત્રિરાત્રી તથા ચતુર્થ વરકુની મહા મળતી તે.
૪. [સં. અર્થ (નાણું) + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. પૈસો મેળવવાપણું; ધનપ્રાપ્તિ.

અર્થસૂચક ૧. [સં. અર્થ (પ્રયોજન) + સૂચક (બતાવનાર)] વિ. પ્રયોજન સમજવતું.
૨. વિ. સમજણ જેવા અર્થવાળું.
૩. વિ. સૂચવનારું.

અર્થસૂચકતા ૧. [સં. અર્થ (પ્રયોજન) + સૂચક (દેખાડનાર) + તા (પણું)] સ્ત્રી. અર્થ સમજણ જેવું હોવું તે.
૨. સ્ત્રી. પ્રયોજન સમજવે એવું હોવું તે.
૩. સ્ત્રી. સૂચવે એવું હોવાપણું.

અર્થસૂચન ૧. [સં. અર્થ (પ્રયોજન) + સૂચન (બતાવવાપણું)] ન. અર્થ દેખાડવાપણું.
૨. ન. સૂચવવાની ક્રિયા.

અર્થસૃષ્ટિ સ્ત્રી. (સાહ્ય) સંહારની સૃષ્ટિમાંથી પ્રકટ થનારી સૃષ્ટિની ચાર બાબત મોટિની એક.

> પરમ શિવની સૃષ્ટિમાંથી પ્રકટ થનારી સૃષ્ટિના ચાર પ્રકારો સાથે વર્ણવે છે : ૧. આત્મસૃષ્ટિ, ૨. વિદ્યાસૃષ્ટિ, ૩. શિવસૃષ્ટિ અને ૪. અર્થસૃષ્ટિ.
> સાહ્યસંહિતા

અર્થસૌભાગ્ય [સં. અર્થ (પ્રયોજન) + સૌભાગ્ય (સૌંદર્ય)] ન. અર્થસૌંદર્ય.

અર્થસૌંદર્ય [સં. અર્થ (પ્રયોજન) + સૌંદર્ય (સુંદરપણું)] ન. અર્થની સુંદરતા; અર્થસૌષ્ઠવ.

અર્થસ્ફોટ ૧. [સં. અર્થ (સમજવું) + સ્ફુટ (પ્રગટ થવું)] પું. અર્થનો ખુલાસો; સવિસ્તર સમજણ.

અર્થસ્રાવ [સં. અર્થ (પૈસો) + સ્રાવ (વહ્યાકરે જવાપણું)] પું. નાણું વહ્યાકરે જવું તે; અર્થક્ષિ નિવાસ.

અર્થહર ૧. [સં. અર્થ (પૈસો) + હ (લઈ જવું)] વિ. ધન હરનારું.
૨. વિ. વારસામાં પૈસો મેળવનાર.

અર્થહીન ૧. [સં. અર્થ (નાણું) + હીન (રહિત)] વિ. નાણાં વગરનું.
૨. [સં. અર્થ (હેતુ) + હીન (રહિત)] વિ. હેતુ વિનાનું; નિરર્થક.

અર્થહીનતા ૧. [સં. અર્થ (પૈસો) + હીન (વગરનું) + તા (પણું)] સ્ત્રી. કરિયાદ; નિર્ધન દશા.
૨. [સં. અર્થ (હેતુ) + હીન (વગરનું) + તા (પણું)] સ્ત્રી. નિઃસારતા; અણઘટતા.

અર્થાગમ ૧. [સં. અર્થ (પૈસો) + આગમ (આવવું)] પું. આવક; ઉપજ.
૨. પું. નાણું મેળવવાનું સાધન.
૩. પું. પૈસો ભેગો કરવો તે.

અર્થાત્ ૧. અ. અથવા.
૨. [સં. અર્થ (હેતુ)ની પંચમી વિભક્તિ] અ. એ કારણસર; એવું હોવાથી.
૩. અ. એટલે કે.
૪. અ. ખરેખર; ખોટસર; વાસ્તવિક રીતે; વસ્તુતઃ.

અર્થાતિક્રમ [સં. અર્થ (વસ્તુ) + અતિ (ઉપરી પાર) + ક્રમ્ (જવું)] પું. હાથમાં આવેલી કે મળેલી સારી વસ્તુનો ત્યાગ.

અર્થાધિકાર ૧. [સં. અર્થ (પૈસો) + અધિકાર (સત્તા)] પું. ધનસત્તાની પાવી.
૨. પું. ધન ઉપરનો હક.

અર્થાધિકારી [સં. અર્થ (પૈસો) + અધિકારિન્ (અધિકાર)] પું. ધનસત્તાવી; ખોજા-ખાસ.

અર્થાભ્યાસ [સં. અર્થ (વસ્તુ) + અભ્યાસ (વારંવાર કરવું)] પું. (વેદાંત) અભ્યાસ જોયેલ વસ્તુના જેવી બીજી વસ્તુ દેખાવાથી તે સંબંધી ઊપજતું ખોટું જ્ઞાન. જેમકે, છીપમાં રૂપાનો અભ્યાસ.

અર્થાનર્થસંશય [સં. અર્થ (લાભ) + અનર્થ (નુકસાન) + સંશય (શંકા)] પું. કોઈ બાબતે લાભ અને બીજી બાબતે નુકસાનની સંભાવના.

અર્થાનર્થોપમ [સં. અર્થ (લાભ) + અનર્થ (નુકસાન) + આપદ્ (આપત્તિ)] પું. કોઈ બાબતે લાભની પ્રાપ્તિ અને બીજી બાબતે રાજ્ય જવાનો ભય.

અર્થાનુકારી [સં. અર્થ (સમજવું) + અનુ (સરખું) + કારિન્ (કરનાર)] વિ. અર્થના જેવા અવાજવાળું; અનુકરણવાચક; ધ્વનિ-પ્રતિનિધક.

અર્થાનુકૂલ [સં. અર્થ (પ્રયોજન) + અનુકૂલ (અનુસરતું)] વિ. અર્થને બંધબેસતું.

અર્થાનુવાદ [સં. અર્થ (પ્રયોજન) + અનુ (વારંવાર) + વાદ્ (કહેવું)] પું. (ન્યાય)

જોઇ બાતનો અનુવાદ વિધિથી જે ક્રિયા કરવામાં આવી હોય તેનું અનુકરણ જેટલે ફરી ફરીને કહેવાયલું.

અર્થાનુસારી [સં. અર્થ (મતલબ) + અનુ (સાથું) + સારિન્ (કરનાર)] વિ. અર્થ સાથે બંધબેસતું.

અર્થાન્વય [સં. અર્થ (મતલબ) + અન્વય (સંબંધ)] પું. અર્થનો સંબંધ; બાકીનો અરસપરસનો સંબંધ.

અર્થાન્વિત ૧. [સં. અર્થ (પૈસો) + અન્વિત (મેળવેલ)] વિ. સાહુકાર; પૈસાદાર.

૨. [સં. અર્થ (હેતુ) + અન્વિત (સહિત)] વિ. કૂબ અર્થવાળું; માર્મિક.

અર્થાન્વીત જુઓ અર્થાન્વિત.

અર્થાન્વેષણ [સં. અર્થ (મતલબ) + અન્વેષણ (ખોળ)] ન. કોઈ પણ બાબતના ખરાખોટાની તપાસ.

અર્થાપત્તિ ૧. [સં. અર્થ (કારણ) + આપત્તિ (સિદ્ધિ)] પું. (કારણ) જોઇ વાતના કહેવાથી બીજી વાત સાબિત કરવામાં આવતી હોય એવો જોઇ અર્થાલંકાર. જેમાં બનું કરીને એમ બતાવાય છે કે જો આવી મોટી વાત થઈ ગઈ તો આટલી નાની વાત બાબતમાં શી શંકા? જેમકે, મોટો પહાડ છતાં છે તો કમળની શી વાત?

૨. પું. નાટકના ૩૧ લક્ષણમાંનું જોઇ. જુઓ નાટક.

૩. સ્ત્રી. (મીમાંસા) પ્રમાણના ૭ પ્રકાર માંહેનો જોઇ; જો ન સ્વીકારીએ તો વસ્તુસ્થિતિનો ખુલાસો નજ મળે કોઇ એવું અનુમાન; જેમાતી ન હોય પણ સાંભળેલી કે સાબિત થયેલી વસ્તુમાંથી અનુપપત્તિ ઊભી થતી હોય એવી બીજી વાત ધારી લેવી તે; પ્રાતીતિક વિરોધનો જોટલે વાસ્તવિક ન છતાં જાણે લાગતા વિરોધનો ખુલાસો કરનારું અનુમાન. જેમકે, લાડો દેવદત્ત દિવસે જમતો નથી. એમાં દિવસનું નહિ જમવું અને તાકાર્ડ એ બે વચ્ચેનો સામસામો વિરોધ ટાળવા માટે દેવદત્ત રાતે જમે છે, એવું અનુમાન કરીએ તે અર્થાપત્તિ કહેવાય. અર્થાપત્તિ બે પ્રકારની છે: દૃષ્ટાર્થાપત્તિ અને શ્રુતાર્થાપત્તિ.

અર્થાપત્તિરોધ [સં. અર્થાપત્તિ (જોઇ અનુમાન) + રોધ] પું. અનિષ્ટ અર્થની કલ્પનાથી અનિષ્ટવાળું ઊભું થતું હોય. જેમકે, 'વાસ્તવમાં ન આવ્યો' એવું સત્ય બોલ્યું હોય તો અસત્યવાદીને આવવાનું અર્થાપત્તિથી નીકળે છે, પણ તે અનિષ્ટ છે. માટે ત્યાં અર્થાપત્તિરોધ થાય છે.

અર્થાપત્તિપ્રમાણ [સં. અર્થાપત્તિ (જોઇ અનુમાન) + પ્રમાણ (ખરું જ્ઞાન)] સ્ત્રી. અર્થાપત્તિથી થતું જ્ઞાન.

અર્થાપત્તિસમ [સં. અર્થાપત્તિ (જોઇ અનુમાન) + સમ (સરખું)] સ્ત્રી. ન્યાયની ગતિના ૨૪ જોટ માંહેનો જોઇ. વાદીના ઉત્તરમાં જોઇ દોષ કહેવું કે જો તમે આમ પ્રતિપાદન કરેલ અમુક સિદ્ધાંત નહિ માનો તો મોટો દોષ આવશે. તેને અર્થાપત્તિસમ કહે છે. લુપ્તો જાતિ.

અર્થાપન ૧. [સં. અર્થ (હેતુ) + આપન (મનોજ)] વિ. ઊંડાણમાં કોઈ અર્થ રહેલો હોય એવું; ચર્ચિત.

૨. [સં. અર્થ (મતલબ) + આપન (મનોજ)] વિ. સહેજે સાબિત થતું; સમજવા ઉપરથી પુરવાર થાય એવું; સહજ સિદ્ધ.

અર્થાપન્ન અધિકાર [સં. અર્થ (વાત) + આપન્ન (મનોજ) + અધિકાર (સત્તા)] પું. અર્થ ઉપરથી જણાતી લૂમતાં ચર્ચિત અધિકાર; અટકળથી સમજી લેવાની સત્તા.

અર્થાપપત્તિ [સં. અર્થ (મતલબ) + આપપત્તિ (સંભવ છે)] સ્ત્રી. (કારણ) આપપત્તિ અલંકારના બે મુખ્ય પ્રકાર માંહેનો જોઇ. લુપ્તો આપપત્તિ.

અર્થાભિમુખ [સં. અર્થ (પૈસો) + અભિ (તરફ) + મુખ (મોઢું)] વિ. પૈસા કમાવામાં હોશિયાર.

અર્થારોપ [સં. અર્થ (મતલબ) + આરોપ (ઠસાવવું)] પું. બોલી કહેલ વાતો; કહેલિત કથન.

અર્થાર્થી ૧. [સં. અર્થ (હેતુ) + અર્થિન્ (કામનારું)] વિ. ઇચ્છનાર.

૨. [સં. અર્થ (પૈસો) + અર્થિન્ (કામનારું)] વિ. પૈસાની ઇચ્છાવાળું; પનવોળી.

૩. વિ. લોથી વધારે લોકોને લોથી વધારે સુખ કેમ મળે એવી ઇચ્છાવાળું; બહુજનવાદી; લોકહિતવાદી.

૪. વિ. સ્વાર્થી; મતલબી.

અર્થાલંકાર [સં. અર્થ (મતલબ) + અલંકાર (ઘરેણું)] પું. (કાવ્ય) અર્થથી ચમત્કારમાં આવતી શોભા; અર્થચમત્કૃતિ; અનુપ્રાસ વગેરેનો નહિ પણ અર્થનો ચમત્કાર; શબ્દની નહિ પણ અર્થની ચમત્કૃતિવાળો અલંકાર.

અનુપ્રાસ અને યમક કે શ્લેષ વગેરે શબ્દાલંકાર છે. ઉપમા, રૂપક વગેરે અર્થાલંકાર છે.

મુજરાતી જોડણીકોશ

અર્થાલીઢ [સં. અર્થ (ધન) + આલીઢ (ચોટું)] વિ. કજને માટે ખોટું બોલનાર.

અર્થાવગમ [સં. અર્થ (સમજવું) + અવગમ (પકડી લેવું તે)] પું. સામાન્ય બોધ. અર્થાવગમ બે પ્રકારનો માનવામાં આવે છે: વ્યાવહારિક અને નૈસર્ગિક.

અર્થાવગ્રહ [સં. અર્થ (હેતુ) + અવગ્રહ (જ્ઞાન)] ન. કરણીના ક્રમનો કરાતો નિશ્ચય.

અર્થાવબોધ ૧. [સં. અર્થ (મતલબ) + અવબોધ (બરાબરવાપણું)] પું. શબ્દ અથવા વાક્યના અર્થની સમજ.

અર્થાવલંબી [સં. અર્થ (મતલબ) + અવલંબિન્ (આધાર રાખનાર)] વિ. શબ્દના અર્થને વળગી રહેનાર.

અર્થાવહ [સં. અર્થ (મતલબ) + આવહ (પમાડનાર)] વિ. ઇચ્છનીયકર; ન્યાયસિદ્ધ.

અર્થાંતર ૧. [સં. અર્થ (બાબત) + અંતર (બીજું)] પું. વિષય અર્થ.

૨. ન. ન્યાયના ૨૨ નિગ્રહસ્થાન માંહેનું એ નામનું જોઇ. લુપ્તો નિગ્રહસ્થાન.

૩. ન. બીજું કારણ અથવા હેતુ.

૪ ન. બીજો અર્થ; લુપ્તો અર્થ.

૫. [સં. અર્થ (મતલબ) + અંતર (બદલાવ)] ન. (ન્યાય) વિષય બદલાર જોવાવાપણું; વાદનો જોઇ દોષ; અપ્રસ્તુત બોલવા રૂપ દોષ; સામા દલીલ કરનારને તોડવા માટે જોઈએ તેથી બીજું સાબિત કરવાનો હેતુવાભાસ જેટલે ખોટો હેતુ.

વિષયથી બહાર જઈ અપ્રસ્તુત બોલવું એ અર્થાંતર છે. પણ વકીલોને મળે તે વિષયમાં પોતાના વર્તાવ પુરસ્કારવાની રૈય હોય છે, બધાએ પોતાને ગિમ હોય તે દલીલ કે વાત બોલવા મળી જાય છે. આ નિયમ બારાબર પળાયે તો બધાં અમુક હદોકત ખરી છે કે બોલી છે એનો જ પ્રશ્ન હોય. ત્યાં બે હદોકત પ્રસ્તાવાસ્ત છે કે નહિ એનો વિચાર પણ અર્થાંતર છે. તેમજ પ્રતિપક્ષીના અમુક દાખલાને બે અર્થો કરી તેની અઘરા પ્રતિપક્ષીની દલીલવાળી બતાવી કરી એ પણ અર્થાંતર જ ગણાય. પ્રમાણમીમાંસા

અર્થાંતરન્યાસ ૧. [સં. અર્થ (મતલબ) + અંતર (બીજું) + ન્યાસ (પ્રમાણદૃષ્ટાંતે સાબિત કરવું તે)] પું. (ન્યાય) અમુક વાત ઉપરથી કરેલ સામાન્ય અનુમાન; સામાન્યાધિકમાં અભિનિર્ણય.

૨. પું. (કાવ્ય) સામાન્ય ઉપરથી વિશેષની અને વિશેષ ઉપરથી સામાન્યની સાબિતી જે વડે કરેલી હોય એવો જોઇ અલંકાર. જેમકે,

સીતા સમાણી સતી કોણ જાણી,
પતિ પ્રતિજ્ઞા સદા પ્રમાણી;
કુરંગ હણ્યા મતિ બટ્ટ કીધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એ સામાન્ય હકીકત છે. સર્વની બુદ્ધિ વિનાશકાળે વિપરીત થાય છે એમ સર્વને લાગુ પડે છે. એ સામાન્ય જાણતથી વિશેષ જાણતનું ઔચિત્ય પહેલી બધુ લીટીમાં બતાવેલી સીતાની જાણતનું સમર્થન થાય છે.

અર્થાંતર સંક્રમિત વાચ્ય [સં. અર્થાંતર (બીજો અર્થ) + સંક્રમિત (બીજે મૂકેલ) + વાચ્ય (કહેલ ભાવ)] સ. (કાવ્ય) એક જાતનું ધ્વનિકાવ્ય; જેમાં મુખ્ય અર્થ ચાલો હોય છતાં કવિ બંધ બેસતો કાવ્યમાં કોઈ બીજો અર્થ ચમત્કાર બતાવે તે સુધ્ધાં કાવ્ય.

અર્થાંતરોપક્રમ [સં. અર્થાંતર (બીજો અર્થ) + ઉપક્રમ (શરૂઆત)] પું. બીજા અર્થની શરૂઆત.

અર્થાંતરોપન્યાસ [સં. અર્થાંતર (બીજો અર્થ) + ઉપન્યાસ (વાક્યનો ઉપયોગ)] પું. (ન્યાય) ન્યાયમાં એક જાતનું નિગ્રહસ્થાન જેટલે વાદમાં હારનું ઠેકાણું. જ્યારે વાદી મૂળ વિષય અથવા અર્થની સાથે જરા પણ સંબંધ ન રાખે એવી વાત કરે ત્યારે આ નિગ્રહસ્થાન થાય છે.

અર્ધાંધ [સં. અર્ધ (અડધું) + અંધ (આંધળું)] વિ. પૈસાના અભિમાનથી આંધળું.

અર્ધિક ૧. પું. ભિખારી; ભિક્ષુ.
૨. [સં. અર્થિન્ (માગવું) + ક (સ્વાર્થવાચક પ્રત્યય)] પું. રાજ્યલેખનું વ્યવસાય કરનાર બંદિજન. તે ઊઠવાનો, સૂવાનો, આવાનો વગેરે વખત રાજાને સંગીતમાં જાહેર કરે છે.
૩. વિ. લાલચુ; અર્થી.

અર્ધિત ૧. વ. છળ્યા; મરણ.
૨. [સં. અર્દ્ (માગવું) + ઇત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. માગેલ; યાચેલું.

અર્થી ૧. [વિ.] પું. આકાંક્ષિ.
૨. પું. આશ્રિત.
૩. પું. ઉમેદવાર.
૪. પું. ધણી; સ્વામી.
૫. પું. નોકર; સેવક.
૬. પું. પોતા પાસે ન હોય તેવા ધનનો અભિલાષ.
૭. પું. વાદીનો લાભ માગનાર.
૮. [સં. અર્થિન્ (માગનાર)] સ. માગણ; ભિખારી.
૯. વિ. ગરજ કરનાર.
૧૦. [સં. અર્થ (અભિલાષ) + ઇન્ (વાળું)] વિ. ઇચ્છા રાખનાર.
૧૧. વિ. મરજી; મતલબી.
અર્થીને અક્કલ નહિ = ગરજવાનમાં બુદ્ધિ ન હોય.
૧૨. વિ. (ન્યાય) પુરેપુરા અર્થ બતાવનાર.
૧૩. [સં. અર્થ (ધન) + ઇન્ (વાળું)] વિ. પૈસાદાર; સાહુકાર; ધનિક; શ્રીમંત.
૧૪. વિ. મગનાર; ભક્ત.
૧૫. વિ. (જૈન) સત્ય તત્ત્વ અર્થને અનુસરનાર.

અર્થે [સં. અર્થ (પ્રયોજન)ની સાતમી વિભક્તિ] અ. વાસ્તે; માટે; સારૂ; માટે.

અર્થોત્પત્તિ [સં. અર્થ (ધન) + ઉત્પત્તિ (પેદાશ)] સ્ત્રી. કમાણી.

અર્થોત્પાદક [સં. અર્થ (નવું) + ઉત્પાદક (પેદા કરનાર)] વિ પૈસા પેદા કરે તેવું.

નહિ ખાનિયા તે પરદેશ.
તહાં તેહનો કાંઢાંણી અવરો હોય ?
બાજરો

અવરોઢ ૧. [સં. અવર (ઉતરું) + ઊઢ (કહેવાયેલું)] વિ. ઊતરતે બોલાયેલું.
૨. [સં. અવર (બીજું) + ઊઢ (કહેલું)] વિ. બીજાએ કહેલું.

અવરોધક [સં. અવ (અભાવ) + રોધક (અટકાવનાર)] પું. બાવાપીયા પર અસરકારક ઉપચાર કરનાર એક રોગ.

અવરોસ સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષની એક નદી.

અવરોધ ૧. [સં. અવરુધ્ (રોકવું)] પું. અટકાયત; પ્રતિબંધ; પ્રતિરોધ; રોકાણ.
૨. [સં. અવ (નીચે) + રુહ્ (ઊગવું)] પું. ઠોંટો; કણસો.
૩. પું. પેરો.
૪. પું. ચોકીદાર.
૫. પું. જનાનખાનામાં રહેનારી સ્ત્રી.
૬. પું. જે ભાગમાં સ્ત્રીઓને રાખવામાં આવે અગર તો જેમાં પરપુરુષ માણસને અવરોધ કરવામાં આવે તેવો અટકવાળો ભાગ; જનાનખાનું; અંતઃપુર; રણવાસ.
૭. પું. કાંકરા.
૮. [સં. અવરુહ્ (નીચે ઊતરવું)] પું. નીચે જવું તે; ઊતરવું તે.
૯. પું. પોલાણ; ખાડો.
૧૦. પું. બાપ; નકતર; બારસાખ; બારણું.
૧૧. પું. રાજપૂત; મહેલ.
૧૨. પું. રાણી.
૧૩. પું. વહાણ; વહાણ બાજુમાંથી ઘૂસતું પાણિયું
૧૪. પું. સતક.

અવરોધક ૧. પું. રક્ષક; રક્ષણ કરનાર; સાચવનાર.
૨. સ. વાડ.
૩. વિ. પેરો ભરનાર.
૪. વિ. (ગણિત) વાર્તાની મૂળ ગતિમાં ફેરફાર કરનાર.
૫. [સં. અવરુધ્ (અટકાવવું) + અક (કરનાર)] વિ. રોકનાર; અટકાવનાર; બાધક; રોકનાર.

અવરોધકકોષ પું. (જૈવિક) જ્યાં વિશ્વ પૂરેપૂરું પસારવાને બદલે એટલે બહુ કરે એવો નાનામાં નાનો જીવનકોષ; 'રિસ્ટ્રિક્ટેડ સેલ્સ'.

અવરોધકબળ [સં. અવરોધક (અટકાવનાર) + બલ (શક્તિ)] સ. વાર્તાની મૂળ ગતિને ઓછી કરનાર ઘર્ષણ વગેરે બળ; 'રેઝિસ્ટેન્સિસ ફોર્સ'.

અવરોધક અભ્યસ્ત [સં. અવરોધક (અટકાવનાર) + અભ્યસ્ત (ટેવ પડેલું)] વિ. પ્રકાશ અને ધ્વનિ કે અવાજ બંધ થતાં તેની ગતિમાં ઘટાડો કરે છે એવું; 'રીસિસ્ટિવ મોડિયમ'.

અવરોધન ૧. પું. (પુરાણ) એક રાજાને અંતાવી ગયેલા ત્રણમાંનો નાનો દીકરો. એ સ્વાયંભૂ વંશનો હતો.
૨. સ્ત્રી. અંતઃપુરમાં રહેનારી રાણી.
૩. [સં. અવરુધ્ (અટકાવવું) + અન (ભાવ બતાવનાર પ્રત્યય)] સ. અટકાવવું તે, રોકાણ.
૪. સ. અંતઃપુર; જનાનો.
૫. સ. પેરો.
૬. સ. કાંકરું તે.
૭. સ. દોરેલું કે ગુપ્ત રહ્યા.
૮. સ. વસ્તુનો અંદરનો ગુપ્ત ભાગ.
૯. સ. હરકત; પ્રતિબંધ; નકતર; બાંધ; પ્રતિઘાત.

અવરોધવનિતા પું. (ત્રિગણ) પહેલા તથા બીજા અક્ષરમાં નગણ, ભગણ, ભગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૧૪ અક્ષર, અને બીજા તથા ચોથા અક્ષરમાં સગણ, રગણ, જગણ, ભગણ અને લઘુ મળી ૧૪ અક્ષરનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ.

અવરોધવું [સં. અવરુધ્ (અટકાવવું)] સ. ક્રિ. રોકવું; અટકાયત કરવી.

અવરોધાગન [સં. અવરોધ (અટકાયત) + અગન (સ્થાન)] સ. જનાનખાનું.

અવરોધાવું [સં. અવરુધ્ (અટકાવવું)] સ. ક્રિ. રોકાવું; રોકાતું.

અવરોધિક ૧. [સં. અવરુધ્ (અટકાવવું) + ઇક (વાળું)] પું. જનાનખાનાનો ચોકીદાર; અંતઃપુરનો રક્ષક.
૨. વિ. અટકાવનાર; અડચણ કરનાર.

અવરોધિકા [સં. અવરોધ (અંતઃપુર) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અંતઃપુરમાં રહેનાર સ્ત્રી.

અવરોધિત [સં. અવરુધ્ (અટકાવવું) + ઇત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. રોકેલું; અટકાવેલું.

અવરોધી [સં. અવરુધ્ (રોકવું) + ઇન્ (વાળું)] વિ. અટકાવનારું; રોકનારું.

અવરોપણ ૧. સ. આરોપવાપણું.
૨. [સં. અવ (નીચે) + રોપણ (મૂકવું તે)] સ. ઉતારવું તે; નીચે લાવવાપણું.
૩. [સં. અવ (ઉતરું) + રુહ્ (ઊગવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. ઊગેલી નાખવું તે; ઉપાડી નાખવું તે.
૪. સ. લાઈ જવું તે; ઠરી જેવું તે.

અવરોપણીય [સં. અવ (ઉતરું) + રુહ્ (ઊગવું) + અનીય (લાયક)] વિ. ઊગેલી નાખવા જેવું.

અવરોપિત ૧. [સં. અવ (ઉતરું) + રોપિત (રોપેલું)] વિ. ઉપાડી નાખેલું; ઊગેલી નાખેલું.
૨. વિ. બોલું કરેલું; ઠરી ગયેલું.

અવરોહ ૧. [સં. અવરુહ્ (નીચે ઊતરવું)] પું. (સંગીત) ઊંચેથી નીચા સૂરમાં જવાનું તે. જેમકે, ની-ધ-પ-મ-ગ-રી-સા. આમાં નિષાદથી પડજ સુધી સરને ઉતારવામાં આવ્યો છે.

૪. પું. ઘટવું તે; ઓછું થવું તે.
૫. પું. બંડ વગેરે લોક; સ્વર્ગ, કેમકે લોકો વિલાસ પૂરા કર્યા બાદ નીચે ઊતરવું પડે છે.
૬. પું. ઓછું વધવાપણું.
૭. પું. ઢાળ; ઢોળાવ; ઉતાર.
૮. પું. નીચે આવવું તે; ઊતરવું તે; અવતરણ.
૯. પું. પડતી; અવનતિ; અધઃપતન.
૧૦. પું. પક્ષાર્ધ પૂરું થયાની પછીની પહેલી તિથિ આવે એવી તિથિ અથવા જે તિથિને લીધે ઊપજતી ક્રિયા; 'ડીસે-શન'.
૧૧. પું. ઋતોદ્ગમ; ઝાડના મૂળથી ટોચ સુધી જનારો વેસો. જેમકે, ગળો.
૧૨. પું. વડવાઈ જેવું જમીનમાં મૂળ નાખતી ડાળ; મૂલાંકુર.
૧૩. પું. (અન્ય) વસ્તુના ઉપયોગનું કેમેકમે અધઃપતન એટલે ઊતરવાપણું દર્શાવનું હોય એવો વર્ષમાન અર્થાલંકારથી ઊલટા પ્રકારનો અલંકાર. જેમકે,

સુરપુરથી શિવ, શિવથી ગિરિ,
ધરણી સિંધુમાં જઈ;
રત્નાકરે જઈ જળ જડ્યું,
આવો અધોગતિ પામી.

અહીં સંપત્ત સ્વર્ગથી શિવના માથા ઉપર, ત્યાંથી હિમાલય ઉપર, ત્યાંથી પૃથ્વી ઉપર આવીને છેક સમુદ્રમાં પહોંચી. તેવી રીતે જડ માણસ પણ રત્નાકરે જઈને કેમેકમે અધોગતિ પામે છે એ અવરોહ અલંકાર છે.
૧૪. પું. વીંટળાતો વીંટળાતો ઉપર ચડનાર વેલો.
૧૫. પું. વેલાનું વધવું તે.

અવરોહક ૧. [સં.] પું. અધઃપંથ.
૨. [સં. અવરુહ્ (નીચે ઊતરવું) + અક (કરનાર)] વિ. નીચે ઊતરનારું.
૩. વિ. પડતી કરનારું.

અવરોહક્રમ [સં. અવરોહ (નીચે ઊતરવાપણું) + ક્રમ (ગોઠવણ)] પું. (સંગીત) રાગિણીનું મૂળ ઊતરોત્તર ઘટતું ક્રમ એવી ગોઠવણ; ઊતરતી જેવી અથવા હારબંધ; 'ડિસેન્ડિંગ ઓર્ડર'.

અવરોહણ જુઓ અવરોહ ૨, ૩, ૪, ૭, ૯, અને ૧૧.

અવરોહપાત [સં. અવરોહ (નીચે ઊતરવું તે) + પાત (ક્રિયા સમાપ્તિને છેડે તે બિંદુ)] પું. (જ્યોતિષ) પૃથ્વી અને ચંદ્રની ક્રિયા જેટલે ઠરવાનો માર્ગ જે બે બિંદુએ ક્રાંતિવૃત્તને છેદે છે તેમાંનું નીચલું બિંદુ; 'નોડ'. ઉપલું બિંદુ રાહુનું જેટલે અવરોહપાત અને કેતુ હોવાનો ભાસ હોવાથી તે ક્રિયાની નીચલી બાજુ તરફનો જેટલે કે અવરોહનો પાત છે.

એટલું જ નહિ પણ તેમાંથી રાહુ આરોહપાત અને કેતુ અવરોહપાત છે.

અવરોહણક્રમ [સં. અવરોહ (ઘટાડવું) + ક્રમ (ગોઠવણ)] પું. ઘટતું ક્રમ, કેમકે તેની વડવાઈ જમીનમાં જઈ પાછી ઊગે છે.
અવરોહણક્રમી જુઓ અવરોહક્રમ.
અવરોહણી જુઓ અવરોહક્રમ.
અવરોહિકા [સં.] સ્ત્રી. અધમંથા; અસંયમનો વેગો.
અવરોહિણી [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નક્ષત્રોના અમુક ક્રમસમૂહને લીધે ઊપજતી એક પ્રકારની દશા.
અવરોહિત ૧. [સં. અવર (નીચું) + રોહિત (વધ)] પું. આળો લાલ રંગ.
૨. વિ. આછા લાલ રંગનું.
અવરોહિતવાન [સં. અવર (નીચું) + રોહિત (લાલ) + વત્ (વાળું)] વિ. આછા લાલ રંગનું.
અવરોહિરાજ્ઞ [સં. અવરોહ (ઘટાડવું) + ઇન્ (વાળું) + રાજ્ઞ (રાજા)] પું. વડનું ઝાડ; અવરોહરાજ્ઞ.
અવરોહી ૧. [સં. અવરુહ્ (નીચે ઊતરવું)] પું. (સંગીત) જેમાં પહેલાં વધવાનું ઉચ્ચારણ બહુ હોય અને પછી નિષાદથી ષડજ સુધી ક્રમેકમે ઊતરતા સૂર નીકળતા હોય એવો સ્વર.
૨. [સં. અવરોહ (ઘટાડવું) + ઇન્ (વાળું)] પું. વડનું ઝાડ.
૩. વિ. (સંગીત) ઊંચા સૂરથી ઊતરતાં ક્રમેકમે નીચા સૂર લગી આવતું; ઊતરતું.
૪. વિ. ઝાડ મૂળ ફૂટતાં હોય એવું; મૂલાંકુરવાળું; ફૂટી નીકળનારું.
૫. વિ. નીચે ઊતરતું; ઊતરનારું.
૬. વિ. (જ્યોતિષ) યામ્યોત્તર એટલે દક્ષિણમાંથી ઉત્તરમાં જતા વૃત્ત ઉપર આવી ગયેલું પણ નહિ આવેલું.
અવરોહી અનુવાદી પું. (સંગીત) અવરોહમાં અનુવાદી આવતો ત્રીજો સ્વર; વૈવત.
અવર્ગ ૧. [સં. અ (સ્વરનો પહેલો અક્ષર) + વર્ગ (વિભાગ)] પું. 'અ' ને લગતા અક્ષરોનો સમૂહ: અ વગેરે સ્વરો.
૨. [સં. અ (નહિ) + વર્ગ] પું. વર્ગ ન હોવાપણું; વિભાગ ન હોવાપણું.
૩. વિ. 'અ' વર્ગનું.
૪. [સં. અ (નહિ) + વર્ગ] વિ. વર્ગ રહિત; વિભાગ વિનાનું.

અવર્ગી ૧. [સં. અ (સ્વરનો પહેલો અક્ષર) + વર્ગ (વિભાગ) + ઇન્ (વાળું)] વિ. 'અ' અક્ષરના સમૂહનું.
૨. [સં. અ (નહિ) + વર્ગ (વિભાગ) + ઇન્ (વાળું)] વિ. અમુક પ્રમાણે પોલ કોઈ પણ અભ્યાસમાં ન આવે એવું.
૩. વિ. વર્ગનું નહિ એવું.
અવર્ગીય જુઓ અવર્ગી.
અવર્ચસ્ [સં. અ (નહિ) + વર્ચસ (તેજ)] વિ. તેજ વિનાનું.
અવર્જનીય ૧. [સં. અ (નહિ) + વર્જ (છોડવું) + અનીય (લાયક)] વિ. છોડી ન શકાય એવું.
૨. વિ. નહિ છોડવા જેવું; અત્યાજ્ય.
અવર્જિત [સં. અ (નહિ) + વર્જિત (તજવામાં આવેલું)] વિ. ન તજવામાં આવેલું; સ્વીકારેલું.
અવર્ણ ૧. [સં. અ + વર્ણ (અક્ષર)] પું. અ તથા આ એ બે સ્વર.
૨. પું. અપવાદ; લોકનિંદા; કલંક; બદનામી.
૩. પું. કુબેરનો દીકરો ને રાવણનો ભત્રીજો. તેણે પોતાના બાપને અલકાપુરી વસાવવામાં પણ મદદ કરી હતી તેથી તે યશસ્વી થયો છે.
૪. [સં. અ (પહેલો સ્વર) + વર્ણ (અક્ષર)] પું. સ્વરનો પહેલો અક્ષર; 'અ'.
૫. પું. હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્તને ધ્યાનમાં લઈને અઢાર અક્ષરોનાં પહેલાં નામ.
૬. [સં. અ (અભાવ) + વર્ણ (રંગ)] વિ. અરાગ રંગનું.
૭. [સં. અ (નહિ) + વર્ણ (જાતિ)] વિ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર વર્ણના ધર્મ ન પાળનારું.
૮. [સં. અ (નહિ) + વર્ણ (રંગ)] વિ. રંગ વગરનું.
૯. વિ. વર્ણહીન; અવર્ણ.
૧૦. વિ. સંકર; મિશ્રજાત.
૧૧. [સં. અ (અભાવ) + વર્ણ (યશ)] વિ. સારા યશ વિનાનું; નીચ; હલકું.
અવર્ણનીય [સં. અ (નહિ) + વર્ણ (કહેવું) + અનીય (જેવું)] વિ. વર્ણવી ન શકાય એવું; અકથનીય.
અવર્ણવાદ [સં. અવર્ણ (નિંદા) + વાદ (કહેવું તે)] પું. નિંદા; બદનામી.
અવર્ણવી વિ. (કરેલી) અવર્ણનીય.
અવર્ણીય [સં. અ (નહિ) + વર્ણ (વર્ણન કરવું) + ઈય (જેવું)] વિ. વર્ણન ન થઈ શકે એવું; અવર્ણ.

અવર્ણીય છે અવિનાશ ઇષ્ટ ઇપાલ ઠાકર ૨.

અવકૃપી ૧. [સં. અ (એનું) + વર્ષ (વરસ્યા કરવું એનું)] પું. ઉપમાન; જેની સાથે સરખામણી હોય તે.
૨. વિ. જેના વિશે જોરવાની કદર ન હોય એવું.
૩. [સં. અ (નહિ) + વર્ષ (વર્ષુન કરવા જેવું)] વિ. વર્ણવી શકાય નહિ એવું; અ-કથનીય

અવર્ણનીય [સં. અ (નહિ) + વર્ણ (કહેવા બોલ) + ત્વ (પદું)] ન. (નામ) પદાર્થ વિશે પદાર્થના અભાવની ઉદ્ઘોષના જોડમે કહેવાતા.

અવર્ણસમ [સં. અ (નહિ) + વર્ણ (કહેવા બોલ) + સમ (જેવું)] વી. (નામ) ન્યાયની ૨૪ જાતિ માંહેની જોડ; દૃષ્ટાંતમાં હેતુ જે પ્રકારનો હોય તે જ પ્રકારનો હેતુ પક્ષમાં નથી એમ કહી સાધ્યની સિદ્ધિમાં દોષ બતાવવો તે. જેમકે, 'શબ્દ અનિત્ય છે, કેમકે તે મહની પેઠે ઉત્પન્ન કરેલી વસ્તુ છે'. એ અનુમાનમાં કોઈ જોવું દૃષ્ટાંત બતાવે કે ઘટ કુંભારનો બનાવેલો છે, ત્યારે શબ્દ તાળવું, હોઠ વગેરેની ક્રિયાથી બનેલો છે, જોડમે શબ્દની અનિત્યતા સિદ્ધ થઈ શકતી નથી.

અવર્તન ૧. [સં. અ (અભાવ) + વર્તન (વર્તવું તે)] ન. અભાવ વર્તન.
૨. [સં. અ (નહિ) + વર્તન (આજીવિકા)] ન. ગુજરાનનાં સાધન ન હોવાપણું; બેકારી; પ્રમાણો ન હોવાપણું.
૩. [સં. અ (નહિ) + વૃત્ (હોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. હયાતી ન હોવી તે; ન હોવાપણું; અનસ્તિત્વ; અસ્તિત્વનો અભાવ.
૪. વિ. આજીવિકા વિનાનું; બેકાર; ધંધા વગરનું.
૫. વિ. વર્તન રહિત; શાંત; પ્રમાણ વિના બોલું રહેનાર; બોલકું.

અવર્તમાન ૧. [સં. અ (નહિ) + વર્તમાન (ચાલુ કામનું)] વિ. ભવિષ્યકાળનું.
૨. વિ. ભૂતકાળનું.
૩. વિ. હયાત નહિ એવું; અવિદ્યમાન.

અવર્ષ [સં. અ (નિષેધ બતાવતો આકાર) + વર્ષ (વરસાદ)] ન. દોષ; વરસાદ.
નાખ્યો પણ થયો અવર્ષ. નરોત્તમદાસ

અવર્ષણ [સં. અ (નહિ) + વૃષ્ (વર્ષવું) + અન (વર્તમાનકૃદન્તો પ્રત્યય)] વિ. વરસતું ન હોય એવું.

અવર્ષી ૧. [સં. અ (નહિ) + વર્ષ (જોર)] વિ. ઊતરતું; હલકું.
૨. [સં. અ (નહિ) + વૃ (પ્રસંગ કરવું) + ન (કરણ)] વિ. પ્રસંગ ન કરવા જેવું; નાપસંદ.

અવર્ષી સુખો અવર્ષણ.

અવર્ષણ ૧. [સં. અ (નહિ) + વૃષ્ (વરસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અતિવૃષ્ટિ; અનાવૃષ્ટિ; વરસાદ ન વરસવાપણું.
૨. વિ. વરસાદ વગરનું; વૃષ્ટિ વિનાનું.

અવલ ૧. [સં. અ (ઊતરતું) + વલ્ (કરવું)] પું. ઊતરતા પ્રકારનું સંસાર જેવું ચિત્રાકાર.
૨. પું. (પિંગલ) ત્રણ માત્રાનો અવલગણ છંદ.
સંત ભજીને પ્રાણના આવે અવલ અબંધ,
આવ ચોખરો ચાકરી, હોરે રાખે બંધ.
મલબોલના
૩. વિ. ઉત્તમ; બેસ્ટ; સૌથી સરસ.
૪. વિ. ઊંચી જાતનું; સારો પાક આપે એવું; ફળદ્રુપ.
૫. વિ. બહારનું.
૬. [અ. અવ્વલ] વિ. પહેલું; મુખ્ય.
૭. વિ. શરૂઆતનું; આરંભનું.

અવલઅરજી [અવ્વલ (પહેલું) + અરજી] સ્ત્રી. પહેલાં રજૂ કરેલી દાવા અરજી; 'પ્લેન્ટ'.

અવલઆખર ૧. [અ. અવ્વલ (પહેલું) + આખિર (છેવટ)] વિ. પહેલાંનું અને છેવટનું; પ્રથમનું અને અંતનું.
૨. ક્રિ. વિ. પહેલેથી છેલ્લે સુધી; જોડ છેડથી બીજા છેડા સુધી; અથેતિ.

અવલઇન્સાફ [અવ્વલ (બેસ) + ઇન્સાફ (ન્યાય)] પું. સૌથી સારો ન્યાય; અસલ ન્યાય.

અવલઉંડી સ્ત્રી. જમીન તરફ વળેલા ઢોંચા-વાળો છોડ; અવળા ઢોંચાવાળો છોડ; અવળ-છંડ.

અવલકામ [અવ્વલ (પહેલું) + કામ] ન. શરૂઆતનું કામ; આદિકર્મ 'રનેહ વર્ક'.

અવલકારકુન [અ. અવ્વલ (પહેલું) + ફા. કારકુન] પું. મુખ્ય કારકુન.

અવલકોર્ટ [અવ્વલ (પ્રથમ) + કોર્ટ (કચેરી)] સ્ત્રી. પહેલી અદાલત.

અવલક્ષ ૧. [સં.] પું. પોલો રંધ.
૨. વિ. પોલું; પોલા રંધનું.

અવલક્ષેપણ ૧. [સં. અવ (ખરાબ) + લક્ષણ (ચિહ્ન)] ન. અપલક્ષણ; ખરાબ ચિહ્ન.
૨. ન. ખોટું લક્ષણ; નાશ સિદ્ધિ; અપશુકન.

અવલક્ષિત ૧. [સં. અવ (નિષેધવાચક ઉપસર્ગ) + લક્ષ્ (જોવાનું) + ક્ત (ભૂતકૃદન્તનો પ્રત્યય)] વિ. અયોગ્યપણે; અનિચ્છાવાળું.
૨. [સં. અવ (નિષેધવાચક ઉપસર્ગ) + લક્ષ્ (જોવું) + ક્ત (ભૂતકૃદન્તનો પ્રત્યય)] વિ. જોવામાં ન આવેલું; અદૃષ્ટ.

અવલગિરિ જી. જોડ જાતમાં બીજા પ્રકારની સિદ્ધિ.

અવલગુલ્મહિક્કોપ પું. (વૈદ્ય) મળીઠરી, પ્રસવપીડ, કુવાડીઓ, હળદર અને સંચળ જોડ બીજને સરખે ભાગે લઈ, બાંધી રહ્યાતો જોડ જેટલો ખરડ. તે ખરજ, ઘાવર તેમ જ ગોઠ ઉપર ઉપયોગી બનાવ છે.

અવલગ્ન ૧. [સં. અવ (નીચે) + લગ્ન (જોડવું)] પું. જોડ; શરીરનો મધ્ય ભાગ; કમર.
૨. વિ. બાંધવામાં.
૩. [સં. અવ (નીચે) + લમ્બ (લટકવું)] વિ. નીચે લટકતું.
૪. વિ. વળગેલું; જોડેલું; સંબંધ પામેલું.

અવલજરી સ્ત્રી. નિરોગે જતાં સુધી આસની અટકાયત.

અવલજમીન [અવ્વલ (સૌથી સારું) + જમીન] સ્ત્રી. સારો પાક ઊતરે એવી ઉત્તમ જમીન; ફળદ્રુપ પ્રદેશ.

અવલણ [અ (નહિ) + વલણ] ન. મન ન વળવાપણું.

અવલથી ૧. [અ. અવ્વલ (પહેલું)] ક્રિ. વિ. પહેલાંથી; આગાઉથી; અસલ.
૨. ક્રિ. વિ. પહેલેથી; શરૂઆતથી.

અવલદોઝ ૧. [અ. અવ્વલ (પહેલું) + ફા. દુઝુદ્ (ચોરનું)] સ્ત્રી. ઊધલપાલ; ઊંધાઈવાળી; ફેરફાર.
૨. વિ. અવળાસવળું; ઊલટસૂલટ.

અવલ-નાયબિશરી [અવ્વલ (પહેલું) + નાયબિશરી (કચેરી)] સ્ત્રી. મૂળ અદાલત.

અવલપેદાશ સ્ત્રી. આસ પ્રસંગનો વધારાનો વેરો.

અવલમંજલ ૧. સ્ત્રી. ઝનૂનિયા; પાગલપણું; મકાનને ઊંચકવું કેસવે પાડવાની ક્રિયા.
૨. [અ. અવ્વલ (પહેલું) + મંઝિલ (ઊતરવાની જગ્યા)] સ્ત્રી. શબને દાટવા કે બાળવાની જગ્યા; સ્મશાન. માણસના મરણથી તેની જીવતરયાત્રા પૂરી થાય છે ને પરલોકની મુસાફરીની શરૂઆત થાય છે. એ મુસાફરીમાં પહેલો રાતવાસો કબરમાં હોવાથી એને પહેલી મંઝિલ કહે છે.

અવલમુકદ્દમો [અ. અવ્વલ (પહેલું) + ઇ. મુકદ્દમા (દાવો)] પું. ન્યાય માટે પહેલી અરજ.

અવલસરવાર્યું [અવ્વલ (શરૂઆતનું) + સરવાર્યું] ન. નામાનું શરૂઆતનું તારણ કે તારીખ; કોઈ સાલના આખર સરવૈયા ઉપરથી નવી સાલના પ્રારંભમાં તે આખર સરવૈયાને ઉઘાડી કરેલું સરવૈયું.

અવલસરવૈયું જુઓ અવલસરવાર્યું.

અવલસાલ ૧. [અ. અવ્વલ (પહેલું) + ઇ. સાલ (વર્ષ)] સ્ત્રી. પહેલું વર્ષ.
૨. સ્ત્રી. બેસતું વર્ષ; વરસની શરૂઆત.

અવલસિલક ૧. [અ. અવ્વલ (શરૂઆતનું) + સલ્મ (મહિનાની ઉઘડી તારીખ)] સ્ત્રી. મહિનાની ઉઘડી તારીખે વધેલી રોકડ.
૨. સ્ત્રી. વેપાર કે ચોકી કરી કરતી વખતની મૂડી; આરંભની મૂડી કે રકમ.

અવલહુકૂમત [અ. અવ્વલ (મુખ્ય) + હુકૂમત (અધિકાર)] સ્ત્રી. મુખ્ય સત્તા; વાદાધિકાર; મૂલાધિકાર; 'ઓરિજિનલ જ્યુરિસ્ડિક્શન'.

અવલહુકમનામું [અ. અવ્વલ (પહેલું) + હુકમ (આજ્ઞા) + નામા (લખાણ)] ન. અદાલતનો મુખ્ય લેખી મુકદ્દમો; મૂળ આજ્ઞાપત્ર; 'ઓરિજિનલ ડિક્રી'.

અવલંબ ૧. [સં. અવલંબ્ (આધાર રાખવો)] પું. આધાર; ઓથ; ટેકો.
૨. પું. આસરો; આશ્રય; મદદ.
૩. પું. ઓળંબો; કડિયાનું એક ઓજાર; એક છેડે વજન ટાંગેલું હોય એવી દોરી. આ દોરીની દિશા ક્ષિતિજ સમાંતરતલ સાથે કાટખૂણો કરે છે અને લંબવર્તીથી પૃથ્વીના મધ્યબિંદુમાં જઈને ભળે છે.
૪. પું. ભોરડો બાગ; સાંધણ.
૫. પું. ટેકો લેવાનું સાધન.
૬. [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું)] પું. લટકણ; ઓલક.
૭. પું. (ગણિત) વક્રના કોઈ પણ બિંદુ આગળ દોરેલો તે વક્રનો લંબ અને તે બિંદુનો ભુજ એ બે વચ્ચે આવેલો કોટિજનો ભાગ; 'સબ્નોર્મલ'.
૮. ન. સિદ્ધર ક્રમનાં બાર સત્ર મહિનાનું એક.
૯. વિ. લટકતું.
૧૦. વિ. લાંબું.
એક લાકડે મર્દ ચોટલી, બીજે ભેજળ અવલંબ ૨. રામાયણ

અવલંબક ૧. પું. (પિંગળ) એ નામનો ૧૩ માત્રાનો છંદ. તેમાં ૧, ૪, ૫ માત્રાએ યતિ અને ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે છે.
કુતિ કુતિ, કલ ધન, ઘર કરે,
જન કહે, પ્રતિપદ, કવિ! પલે;
પ્રથમે, ઘર નવ, વલ છે,
અવલંબકની, ચાલ છે. સુદર્શિનં
૨. પું. ઘર ચૂણા સરખા ન હોય એવી ઘર બાંધવાની આકૃતિ.

અવલંબકેંદ્ર [સં. અવલંબ (આધાર) + કેંદ્ર (મધ્યબિંદુ)] ન. (ગણિત) જે બિંદુને આધાર આપવાથી આખા પદાર્થને આધાર મળે અને તેનું સમતોલપણું જળવાય તે બિંદુ; ગુરુત્વમધ્યબિંદુ; 'સેન્ટર ઑવ ગ્રેવિટી-ઇન'.

અવલંબન ૧. પું. (ગણિત) પું. લંબ; લંબરેખા.
૨. ન. (ગણિત) અમુક સિદ્ધાંત સાબિત કરતાં પહેલાં તેના આધારરૂપ સિદ્ધ કરવો પડે એવો બીજો સિદ્ધાંત; કોઈ સિદ્ધાંતની સાબિતી સરલ કરવા માટે પહેલાં સાબિત કરેલો સિદ્ધાંત; 'લેમ્મા'.
૩. ન. આસરો; મદદ.
૪. ન. ઓથ; આધાર; આશ્રય; આસરો; સ્તમ્ભ.
૫. ન. મદદ; સ્વીકાર.
૬. [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું)] ન. ટેકો; કોઈ પણ પડી જતું અટકાવવા આધાર લેવાનું સાધન.
૭. ન. પગ મૂકવાની જગા.
૮. ન. ગ્રહ; આસક્તિ.
૯. વિ. પરાધીન; રહેલું.

અવલંબનબાહુ [સં. અવલંબન (આધાર) + બાહુ (હાથ)] પું. ટેકરો; કૈયારણી; આડાસ.

અવલંબનરેખા સ્ત્રી. (ગણિત) લાકુલ; ઓળંબો; 'પ્લમ્બ લાઇન'.

અવલંબમાન [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું) + માન (વર્તમાનકાલને પ્રત્યય)] વિ. લટકતું.

અવલંબમૂલ [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું) + મૂલ (મૂળ)] ન. (ગણિત) જેનાથી પદાર્થ ટાંગવામાં આવે તે બિંદુ; 'પોઇન્ટ ઑવ સસ્પેન્શન'.

અવલંબયંત્ર જુઓ અવલંબસૂત્ર.

અવલંબરેખા જુઓ અવલંબનરેખા.

અવલંબવું ૧. [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું)] ક્રિ. લટકવું.
૨. ક્રિ. આધાર રાખવો; ટેકો-સેવો; આસરે રહેવું.
૩. ક્રિ. લટકવું; ઝોકવું; રહેવું.

અવલંબસૂત્ર [અવલંબ (ઓળંબો) + સૂત્ર (દોરો)] ન. અક્ષરમાં પારાના ઘર સરખી ઊંચાઈમાં છે કે નહિ તે બતાવનારી સાદામાં સાદી મોટી અને ઓળંબાનું બનાવેલું ઓજાર.

અવલંબિત ૧. [સં. અવલંબ્ (આસરો લેવો) + ક્ત (પામું)] વિ. આધાર રાખનાર; ટેકવાળું.
૨. વિ. ઉતાવળું; શીઘ્ર.
૩. વિ. નીચે ઊતરતું; હેઠું આવતું.
૪. [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું)] વિ. લટકતું.

અવલંબી ૧. [સં. અવલંબ (આધાર) + ઇન્ (વાળું)] વિ. આધાર રાખનાર.
૨. વિ. ટેકો આપતું.
૩. [સં. અવ (નીચે) + લંબિન્ (લટકનાર)] વિ. લટકતું.

અવલંબી જવાબદારી [અવલંબી (આધાર રાખનાર) + જવાબદારી] સ્ત્રી. અનિશ્ચિત વાત ઉપર આધાર રાખતી લેખમજૂરી; સાપેક્ષ દાયિત્વ; કરતી જવાબદારી; 'કન્ટિન્જન્ટ લાયેબિલિટી'.

અવલંબી પ્રોપરાહક પું. માલિકી ન હોવા છતાં બીજા પાસેની જમીન કે મિલકતમાં અમુક કરતે કબજા આવવાનો કે પાછી લઈ જવાનો હક.

અવલાદ [અ. વલદ (તે જન્મ્યો હતો) નું બહુવચન] સ્ત્રી. બાળબચ્ચાં; ઔલાદ્યોકરાં; સંતતિ.

અવલાંશ [અં. ઍવૅલૅન્શ] પું. પર્વત ઉપરથી નીચે પડતો બરફનો ઢગલો.

અવલિપ્ત ૧. [સં. અવ (ખરાબ) + લિપ્ (લેપવું) + ત (પામું)] વિ. અહંકારી; મગરૂર; ગર્વિષ્ઠ; મદવાળું.
૨. [સં. અવલિપ્ (લગાડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ચોપડેલું; લગાડેલું.
૩. વિ. ચોટેલું; લાગેલું; આસક્ત.
૪. વિ. ભારી નાખેલ.

અવલિપ્તતા [સં. અવલિપ્ત (અહંકારી) + તા (પણું)] સ્ત્રી. ગર્વિષ્ઠપણું; અહંકાર; ઘમંડ.

અવલિપ્તત્વ જુઓ અવલિપ્તતા.

અવલીઢ ૧. [સં. અવ (ચોતરફ) + લિહ્ (ચાટવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ચાટેલું.
૨. [સં. અવ (ચોતરફ) + લીઢ (ચાટેલ)] વિ. નક્કી કરેલું.
૩. વિ. લાગ મળેલું; ખાધેલું.

૪. [સં. અવ (નીચે) + લીઢ (સ્પર્શ કરેલું)] વિ. ખાધેલું; ચાખેલું.

અવલીઢ [સં.] સ્ત્રી. અવલેઢના; લિક્કર; તિરસ્કાર.

અવલીન [સં. અવ (નીચે) + લી (લયમાં રહેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ચોંટેલું; વળગેલું; આશ્રયે રહેલું.

અવલીનતા પું. (પિંગળ) પહેલા તથા ચોથા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર અને બીજા તથા ત્રીજા ચરણમાં સગણ, ભગણ, જગણ, અને રગણ મળી ૧૨ અક્ષરનો એક અર્ધસમવૃત્ત છંદ; નવનીતતા; અવનીતતા.

અવલીલા ૧. સ્ત્રી ધિક્કાર; તિરસ્કાર; અનાદર.
૨. સ્ત્રી. પ્રયાસ વગર તે; સહેલ.
૩. [સં. અવર (હેલ) + લીલા (ખેલ)] સ્ત્રી. રમત; ક્રીડા; ખેલ.

અવલુપ્ત ૧. [સં. અવ (નિશ્ચયવાચક ઉપસર્ગ) + લુપ્ (નાશ કરવો) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. નાશ પામેલું.
૨. વિ. લોપ થયેલું.

અવલું વિ. (બા. પ્ર.) ઊંધું; અવળું.
ઉતાવળિ ખાવઈ અવલાંતેઉ પૂંઠિ પહાયુ.
કાન્હડદેપ્રબંધ

અવલુઠન ૧. [સં. અવલુંઠ્ (ભેગો કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. લૂંટવાની ક્રિયા; ભેગી લેવાપણું; ઠૂંસવું.
૨. [સં. અવલુંઠ્ (કાપવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. છેદન; કાપવું તે.
૩. સ. વાળ ન આંધવા તે.

અવલુંચિત ૧. [સં. અવલુંચ્ (કાપવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. છેદેલું; કાપેલું.
૨. [સં. અવલુંઠ્ (ભેગો કરવું)] વિ. ઠૂંસી કાઢેલું; ચૂસેલું.
૩. વિ. વાળ નહિ બાંધેલું.

અવલુંઠન ૧. [સં. અવ (નીચે) + લુઠ્ (આળોટવું)] સ. આળોટવું તે; લોટવું.
૨. સ. ઘૂંટ.

અવલૂત ૧. પું. (ગણિત) એક બનતો વક્ર; 'ક્રોસ્કર્વ'. વક્રની આસપાસ તંત્ર રાખેલી દોરી વીંટવામાં આવે અથવા તે વક્રની આસપાસ વીંટેલી દોરી તંત્ર રાખીને ઉકેલવામાં આવે ત્યારે દોરીના કોઈ પણ બિંદુની ગતિથી બનતા વક્રની સાપેક્ષતાએ જોતાં તેના આધારે મૂળ વક્રને અવલૂત કહે છે.
૨. પું. ક્ષેત્ર કે સપાટીને એક વસ્તુ ઉપરથી બીજી ઉપર વીંટાળવાની ક્રિયા.

અવલેખ ૧. પું. ખોતરવાની ક્રિયા.
૨. પું. તોડી નાખવું તે.
૩. [સં. અવ (ઉપરનું) + લિખ્ (લખવું)] પું. ચૂંસી નાખવાપણું.

અવલેખન જુઓ અવલેખ.

અવલેખવું ૧. સ. ક્રિ. ખોતરવું; ચોતરવું.
૨. સ. ક્રિ. ચિત્ર કરવું; લીટી ખેંચવી.
૩. સ ક્રિ. ચીતરવું.
૪. [સં. અવ (ઉપરનું) + લિખ્ (લખવું)] સ. ક્રિ. ચૂસવું; ઉકેલવું.

અવલેખા ૧. [સં. અવલિ (ઉપસર્ગ) + ઇક્ષ્ (જોવું)] સ્ત્રી. ઇચ્છા.
સારી તબાનો કુરંગ આવ્યો,
તો કંપુનીની અવલેખા રે. અખાવાણી
૨. [સં. અવ (ઉપરનું) + લિખ્ (લખવું)] સ્ત્રી. ચૂસી નાખવાપણું.
૩. સ્ત્રી. શરીર સમારવાનું કામ.

અવલેપ ૧. [સં. અવ (ખરાબ) + લિપ્ (લેપવું)] પું. અહંકાર; ગર્વ.
૨. [સં. અવલિપ્ (લેપવું)] પું. ખરડ; ચોપડવાની ક્રિયા.
૩. પું. લીપણ.
૪. પું. સમારકામ; બાંધકામ.
૫. પું. સંબંધ; સગપણ.

અવલેપન ૧. [સં. અવ (ખરાબ) + લિપ્ (લેપવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. અહંકાર; મદ; ગર્વ.
૨. [સં. અવલિપ્ (ચોપડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. ચોપડવું તે.
૩. સ. તેલ.
૪. [સં.] સ. દૂધપાક; ખીરખાંડપાક.
૫. સ. લેપ.
૬. સ. સુખડનું ઝાડ.

અવલેહ ૧. [સં. અવલિહ્ (ચાટવું)] પું. (વૈદક) ચટણું; ચાટો; ઔષધી નહિ તેમ પ્રવાહી પણ નહિ એવી ખાવાની વસ્તુ બનાવવા દવા; ઔષધિનો ક્વાથ કરી પાકની રીતે ચાટો બનાવી ચાટણ જેવું બનાવેલું ઓસડ. તેમાં સાકર નાખવાની હોય તો ચૂર્ણથી ચારગણી, ગોળ ચૂર્ણથી બમણો અને પાણી, દૂધ, મૂત્ર તથા બીજા પ્રવાહો ચૂર્ણથી ચારગણા નાખવા. પાક સારો અને ગોટલે લેહના તાર ચાલ અને ચાસણીમાં ટીપું નાખવાથી ચૂડો. અવલેહ બાંધવાનો વખત ઉનાળો અથવા શરદ અને શીયાળો જાણવો, અને પાકની ગંધ, રંગ અને રસ સરસ હોય એ પાક તૈયાર થયાનાં લક્ષણ જાણવાં. તે પાક ઉપર આંગળી ઘસવાથી આંગળીની છાપ ઊંડી આવે તેની માત્રા ૧૬ થી ૧ તોલા સુધી છે.
૨. [સં. અવ (ચોટવું) + લિહ્ (ચાટવું)] પું. છળના કેસવાથી ચાટવાપણું.

અવલેહન જુઓ અવલેહ.

અવલેહના સ્ત્રી. અવગણના.

અવલેહવું સ. ક્રિ. ચાલવું; પ્રવાહી સાથે ભેગવી ચૂંટવું.

અવલેહિકા [સં. અવ (ચાટવું) + લિહ્ (ચાટવું)] સ્ત્રી. ચાટણ.

અવલેહી [સં. અવ (ચોક્કસ પ્રમાણમાં) + લિહ્ (ચાટવું) + ય (યોગ્ય)] વિ. ચાટવા જેવું.

અવલોક ૧. [સં. અવ (નીચલું) + લોક્ (જોવું)] પું. જોવાની ક્રિયા; દર્શન.
૨. પું. દયાની નજરે જોવાપણું.
૩. પું. નજર; દૃષ્ટિ.
૪. પું. પ્રકાશ; તેજ.
પું ઢું જોઈ રહી અવલોક. લાક્ષ

અવલોકન ૧. [સં. અવ (નીચલું) + લોક્ (જોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. આંખ; નેત્ર.
૨. સ. ગુણદોષની તપાસ; સમાલોચના.
૩. સ. ઝીણવટભરી; બારીક તપાસ.
૪. સ. દર્શન; જોવાની ક્રિયા.
૫. સ. પરીક્ષા; નિરીક્ષણ.
૬. વિ. બધાંથી જાદું દેખી શકાય એવું.

અવલોકનકાર ૧. [સં. અવલોકન (પરીક્ષા) + કાર (કરનાર)] પું. પ્રબંધવિવેચન કરનાર; પુસ્તકના ગુણદોષની તપાસ કરનાર; સમાલોચક.
૨. પું. બારીક તપાસ કરનાર.

અવલોકનભૂમિ ૧. [સં. અવલોકન (નિરીક્ષણ) + ભૂમિ (સ્થળ)] સ્ત્રી. પ્રયોગશાળા.
૨. જ્યાં જોવાય તે.

અવલોકનવૃત્તિ [સં. અવલોકન (પરીક્ષા) + વૃત્તિ (સ્વભાવ)] સ્ત્રી. ઊંડી તપાસ કરવાની ટેવ.

અવલોકનશક્તિ ૧. [સં. અવલોકન (પરીક્ષા) + શક્તિ] સ્ત્રી. બારીક નિરીક્ષણની શક્તિ; ઊંડી તપાસ કરવાની આવડત.
૨. સ્ત્રી. વસ્તુની પરીક્ષા કરવાની ખૂબી હોવાપણું.

અવલોકનશાળા જુઓ અવલોકનભૂમિ.

અવલોકનશીલ [સં. અવલોકન (પરીક્ષા) + શીલ (સ્વભાવવાળું)] વિ. બારીક તપાસ કરવાની ટેવવાળું.

અવલોકનાત્મક [સં. અવલોકન (પરીક્ષા) + આત્મક (વાળું)] વિ. તપાસ ઉપર રચાયેલું; નિરીક્ષણને આધારે રહેલું.

અવલોકનીય [સં. અવલોક્ (જોવું) + અનીય (લાયક)] વિ. જોવા જેવું; પરીક્ષા કરવા લાયક.

અવલોકવું ૧. સ.ક્રિ. જોવું; કેમ્પવું; નજર નાખવી.
૨. [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું)] સ.ક્રિ. ધ્યાનપૂર્વક તપાસવું; નિરીક્ષણ કરવું; ચોકસી કરવી.
૩. સ.ક્રિ. પરીક્ષા કરવી; ગુણદોષનું વિવેચન કરવું.
૪. સ.ક્રિ. વિચારવું; વિચાર કરી જોવું.
અવલોકી જોવું કપાય. લાક્ષ

અવલોકાગ્નિ [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું) + અગ્નિ] સ્ત્રી. ક્રોધ ભરેલી નજર.

અવલોકિક [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું) + ઇક (સંબંધી)] પું. મહેલાતની આંતરણી કરવા માટે ખેતર પર કેખરેખ વગેરે રાખવાનું પરચૂરણ કામ કરનાર અધિકારી.
'અવલોકિક' કપાય મહેલાતની આંતરણી કરવા માટે ખેતરો પર કેખરેખ રાખવાનું પરચૂરણ કામ કરનાર કોઈ અધિકારી હોય. પુરાતત્વ

અવલોકિત ૧. પું. એ નામનો એક શુદ્ધ.
૨. પું. (સંગીત) એક અલંકાર; કોઈ સ્વરને બહુ વખત વગાડી આરોહ અને અવરોહ કરવો તે.
૩. [સં. અવ (નીચે) + લોક્ (જોવું) + ક્ત (વાદ્ય)] પું. દૃષ્ટિના આઠ પ્રકારમાંનો એક; નીચી નજર.
૪. ન. નજર; દૃષ્ટિ.
૫. ન. બૌદ્ધધર્મ પાળનાર માણસ.
૬. વિ. જોયેલું; તપાસેલું.

અવલોકિતાવરોહ પું. (સંગીત) સંચારી ઓટસે રચાયો, આરોહ અને અવરોહ જો બધે સ્વરોની ઓકતાવાળા અલંકાર બાંધેનો જો નામનો એક અવરોહી અલંકાર.

અવલોકિતેશ્વર ૧. પું. ઉદાત્ત બૌદ્ધધર્મીઓના પૂજ્ય બોધિસત્ત્વનું એક સ્વરૂપ; બૌદ્ધધર્મના વિષ્ણુને મળતા દેવનું નામ; પદ્મપાણિ. બોધિસત્ત્વનું તે દિવ્ય સ્વરૂપ છે.
મહાયાન પંથમાં અવલોકિતેશ્વર, અમિતાભ, મંજુશ્રી આદિ ત્રિવિધ ત્રિવિધ રૂપે કલ્પવામાં આવ્યા છે. પુરાતત્વ
૨. [અવલોકિત (બૌદ્ધ) + ઈશ્વર (પ્રભુ)] પું. બોધિસત્ત્વ.

અવલોડી [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું) + ઇન્ (વાળું)] વિ. ચારે કોર નજર ફેરવનારું; બધે જોનારું.

અવલોડક ૧. [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું) + અક (કરનાર)] વિ. દીક્ષાકાર; સમાલોચના કરનાર; વિવેચક.
૨ વિ પરીક્ષા કરનાર; નિહાળનાર.

અવલોડન ૧. [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. જોવાની ક્રિયા.
૨. ન. પુસ્તકના ગુણદોષનું નિરીક્ષણ; સમાલોચન; અવલોકન.

અવલોડ જુઓ અવલોકન. આ શબ્દ 'અવલોકન'નું અપભ્રષ્ટ રૂપ છે.

અવલોપ ૧. [સં. અવ (દૂર) + લુપ્ (ન દેખાવું તે)] પું. ઊડી જવાપણું.
૨. [સં. અવ (નિકૃષ્ટવાચક ઉપસર્ગ) + લુપ્ (છેદવું)] પું. ખંડન.
૩. પું. ચુંબન; ભરી; ભમી.
૪. [સં. અવ (નિકૃષ્ટવાચક ઉપસર્ગ) + લુપ્ (નાશ કરવો)] પું. નાશ.

અવલોવું [સં. અવ (ચોતરફ) + લોક્ (જોવું)] સ.ક્રિ. તપાસવું; પરીક્ષા કરવી.

અવવધૂજ [સં.] સ્ત્રી. એક જાતનો છોડ; બાળબી.

અવવર્ષણ [સં. અવ (ચોતરફ) + વૃષ્ (વરસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બધે વરસવાપણું; સમરાત્રર વરસવું તે.

અવવાદ ૧. પું. અપમાન; તિરસ્કાર.
૨. પું. અવગણના; અનાદર.
૩. પું. આક્ષેપ; દુકમ.
૪. પું. આધાર; આશ્રય.
૫. પું. અભાવ.
૬. [સં. અવ (અભાવ) + વદ્ (બોલવું)] પું. નિંદા.
૭. પું. સલાહ; વિચારણા.

અવવશ ૧. વિ. ઇંદ્રિયોના તાબામાં રહેનારું.
૨. [સં. અવશ્ય] વિ. જોઈએ; નક્કી.
૩. [સં. અ (નહિ) + વશ (સ્વાધીન)] વિ. પરાધીન; બીજાના તાબામાં હોય એવું; પરતંત્ર; અસ્વાધીન; પરવશ; અસ્વતંત્ર.
૪. [અ (નિષેધ વાચકનો પ્રયોગ) + વશ (વાળી)] વિ. પોતાનાં કર્મને આધીન હોય એવું.
અવશ્ય તથા વિશેષ શક્તિ એ રૂપ પ્રકારથી આ અવશ્ય બનવા કું એમ છે.
ગીતાપંચામૃત
૫. વિ. લાચાર; નિરુપાય; વિવશ.
૬. [સં. અ (નહિ) + વશ (સ્વાધીન)] વિ. સ્વચ્છંદી; નિરંકુશ; આપખુદ્યાર; સ્વતંત્ર; સ્વાધીન.

અવવાકન [સં. અવ (અભાવ) + વ્યાકૃત (શુદ્ધ)] ન. અશુદ્ધ લિંગ; અપશુકન.

અવવાકનિવાણ વિ. માઠી નિશાનીવાળું; અપશુકનિયું; અમંગળ.

અવવાકનિયું જુઓ અવવાકનિવાણ.

અવવાત્તા ૧. [સં. અ (નહિ) + વશ (સ્વાધીન) + તા (પણું)] સ્ત્રી. પરાધીનપણું; પરવશતા.
૨. [સં. અવશ (લાચાર) + તા (પણું)] સ્ત્રી. લાચારી; નિરુપાયતા.
૩. [સં. અ (નહિ) + વશ (પરાધીન) + તા (પણું)] સ્ત્રી. સ્વતંત્રતા; તાબે નહિ હોવાપણું.

અવશિરા [સં. અવ (નીચું) + શિરસ્ (માથું)] વિ. નમેલા માથાવાળું.

અવશિષ્ટ ૧. [સં. અવ (નીચે) + શિષ્ટ (બાકી રહેલું)] ન. બાકીના ખર્ચનો બાકી રહેલો કમરો; બાકીનું; કહ્યું.
૨. ન. પાછળ વધેલો ભાગ.
૩. ન. બાકી રહેલ; નિશાન; શેષ.
૪. વિ. બાકીનું; અંતિમ.
૫. વિ. છોડેલું; બાકીમાં પડ્યું રહેલ કપિલું; એઠું.
૬. વિ. ખુલું; ખિલ.
૭. વિ. બચેલું; વધેલું; બાકી રહેલું.
૮. વિ. વધારે; અધિક.

અવશિષ્ટલિત [સં. અવશિષ્ટ (બાકી રહેલું) + હિત] ન. શેષવિચાર.

અવશિષ્ટલિતસંબંધ જુઓ અવશિષ્ટલિત.

અવશિષ્ટાંશ [સં. અવશિષ્ટ (બાકી રહેલું) + અંશ (ભાગ)] પું. શેષ; બાકી.

અવશી [સં. અ (નહિ) + વશિન્ (જિતેન્દ્રિય)] વિ. લંપટ; અજિતેન્દ્રિય; કામાંધ્રિયું.

અવશીકૃત [સં. અ (નહિ) + વશ (વશે) + કૃત (કરેલું)] વિ. વશ નહિ કરેલું.

અવશીભૂત ૧. [સં. અ (નહિ) + વશીભૂત (વશે થયેલું)] વિ. કાબૂમાં ન હોય એવું; વશ ન થયેલું; અસ્વાધીન.
૨. વિ. બહુની અસર તળે ન આવેલું.

અવશીલું ક્રિયા સ્ત્રી. વિરક્ત ઓટસે અસક્તિ વગરના મિત્ર સાથે અથવા તો રાજના કોઈ પુત્ર આદિ અલિકાર કરેલા માણસ સાથે કરીથી સંધિ કરવી તે.

અવશીર્ષ ૧. પું. એક જાતનો આંખનો રોગ.
૨. [સં. અવ (નીચે) + શીર્ષ (માથું)] વિ. નમેલ માથાવાળું; ઊંધા મસ્તકવાળું.

અવશીર્ષક જુઓ અવશીર્ષ.
અવશુકન જુઓ અપશકન.
અવશુકનિયાળ જુઓ અપશકનિયાળ.
અવશુકનિયું જુઓ અપશકનિયાળ.
અવશેષ ૧. [સં.] પું. અંત; સમાપ્તિ; છેડો.
૨. પું. બાકી.
૩. પું. પદાર્થ અદ્રવ્યમાંથી બનેલાં પ્રાણી કે લોકના બાદ્ય પદાર્થોનું દ્રવ્ય.
૪. [સં. અવશિષ્ (બાકી રાખવું)] પું. બાકી વધેલો ભાગ; બચત અંત.
૫. વિ. વધેલું; બાકી રહેલું; બચેલું.
૬. વિ સમાપ્ત; પૂરું.
અવશેષચિહ્ન [સં. અવશેષ (બાકી રહેલું) + ચિહ્ન (નિશાની)] ન. બાકી રહેલી ઓપાસ્થી; ઊણપ રહેલી નિશાની.
અવશેષજીવ [સં. અવશેષ (બાકી વધેલો ભાગ) + જીવ (જીવંત)] વિ. પ્રાણ વધેલું; બાકી રહેલું.
અવશેષિત [સં. અવશેષ (બાકી રહેલું) + ઇત (વાળું)] વિ. બાકી રહેલું.
અવશોષ [સં. અવ (નીચો અર્થવાળો ઉપસર્ગ) + શુષ્ (સુકાવું)] પું. પાણી સુકાઈ જવું.
અવશ્ય ૧. સ્ત્રી. અરજ; અગત્ય.
૨. ન. નિશ્ચય.
૩. વિ. અટકાવી શકાય નહિ એવું; અનિવાર્ય.
૪. વિ. જિદ્દી; હઠીલું.
૫. [સં. ન (નહિ) + વશ્ય (તાબે થાય એવું)] વિ. વશ ન થનારું; ઉદ્ધત.
૬. [સં. અવશ્ય] ક્રિ. વિ. અરજ; અનીતિ; અન્યાયથી.
અવશ્યક વિ. અરજનું; અગત્યનું.
અવશ્યકરણ [સં. અવશ્ય (અરજ) + કરણ (કરવું તે)] ન. નાશ કરવાપણું.
અવશ્ય કરીને [સં. અવશ્ય (અરજ) + કૃ (કરવું)] ક્રિ. વિ. અવશ્યતા; ખરેખર.
અવશ્યકર્તવ્ય [સં. અવશ્ય (નાશ) + કર્તવ્ય (કરવા જેવું)] વિ. કરવિષયક; અરજ કરવાનું.
અવશ્યકર્તવ્યતા [સં. અવશ્ય (અનીતિ) + કર્તવ્ય (કરવા જેવું) + તા (પણું)] સ્ત્રી. અરજ કરવા જેવું કામ.
અવશ્યપક્ષપાત પું. કુદરતી વલણ; સ્વાભાવિક ઝોંકાન.

તેના (કાર્લાઇલના) આ પ્રમાણે સુલિના વિકાસમાં અવશ્યપક્ષપાત અથવા પસંદગી (નેચરલ સીલેક્શન) અને પ્રત્યપક્ષપાત અથવા પ્રેમની ખાંતની (સેક્સ્યુઅલ સીલેક્શન) એ બે નિયમો અમેસર બાગ લેતા જણાય છે.

મહાદેવ દેસાઈ

અવશ્યપરોક્ષાધિકાર જુઓ અવશ્યપરોક્ષક.
અવશ્યપરોક્ષક પું. અરજ બોલતો સુખનો અધિકાર; અવશ્ય કોર્ઝરાઇટ; 'પર્ક્વિઝિટ ઑવ નેસેસિટિ'.
અવશ્યપુત્ર [સં. ન (નહિ) + વશ્ય (તાબે આવે) + પુત્ર (દીકરો)] પું. કામમાં ન હોય એવો દીકરો.
અવશ્યભેદ [સં. અવશ્ય (અરજ) + ભેદ (જ)] ન. નાશ; અનીત અને નિરર્થક; અરજ.
અવશ્યશિક્ષા [સં. અવશ્ય (અરજ) + શિક્ષ (શિક્ષણ)] સ્ત્રી. ફરજિયાત કેળવણી.
અવશ્યસૈન્ય ૧. ન. સ્થાયી સૈન્ય; કાયમી લશ્કર; 'સ્ટેન્ડિંગ આર્મી'.
૨. [સં. ન (નહિ) + વશ્ય (તાબે) + સૈન્ય (લશ્કર)] વિ. જેની જોઈ તાકાત ન હોય એવું.
અવશ્યં [સં.] ક્રિ. વિ. નક્કી.
અવશ્યંભાવિ જુઓ અવશ્યંભાવી.
અવશ્યંભાવિતા [સં. અવશ્ય (અરજ) + ભાવિન્ (હોનાર) + તા (પણું)] સ્ત્રી. ચોક્કસ બનવાનું હોય એ બનવી સ્થિતિ; અનિવાર્યતા.
અવશ્યંભાવિત્વ [સં. અવશ્ય (અવશ્ય) + ભાવિન્ (હોનાર) + ત્વ (પણું)] પું. પ્રાપ્ત-શક્તિ સ્વતંત્ર નથી, પરંતુ હેતુથી નક્કી થાય છે એવો વાદ 'ડિટર્મિનિઝમ'.
અવશ્યંભાવી [સં. અવશ્ય (નક્કી) + ભાવિન્ (હોનાર)] વિ. જાય વિના ન રહે એવું અરજ બનવાનું એવું; ચોક્કસ બનનારું; અપરિહાર્ય.
અવશ્યા ૧. [સં. ન (નહિ) + વશ્ય (તાબે આવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. વશ ન રહે એવી સ્ત્રી.
૨. [સં. અવ (નીચે) + સ્વૈ (કરી જવું)] સ્ત્રી. હિમ.
અવશ્યાય ૧. [સં. ન (નહિ) + વશ્ય (તાબે આવે એવું)] પું. અભિમાન.
૨. પું. ગ્રહણ.
૩. [સં. અવ (નીચે) + સ્વૈ (નીચે જવું)] પું. હિમ.

અવશ્યાય-અને કાંઈક-ઝુકાવીને રહ્યું હું.
ઉત્તરરામચરિત

અવશ્યે [સં. અવશ્યં (નક્કી)] ક્રિ. વિ. અરજ; અનીતિ; નિયે.
અવષેક [સં. અવ (નીચે) + સિચ્ (ઝંપવું)] ન. સાફને બદલે ખરાબ ક્ષારવાળું પોતામાં વપરાતું પ્રવાહી.
અવષ્ટબ્ધ ૧. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્તંભ્ (રોકવું)] વિ. અટકાવેલું; રોકેલ; રહેલું.
૨. [સં. અવષ્ટભ્ (ઢંકી દેવું)] વિ. આગળ કરેલું; વકેલ; રહેલું.
૩. વિ. આશ્રિત.
૪. વિ. બંધ બની ગયેલું; સ્તબ્ધ થયેલું.
૫. વિ. ઢોલું; ઢીલું.
૬. [સં. અવ (નીચે) + સ્તંભ્ (સ્તબ્ધ)] વિ. ઠપાયેલું.
૭. વિ. પકડેલું; નક્કીનું.
૮. [સં. અવ (અરજ) + સ્તંભ્ (અટકાવવું)] વિ. આપેલું.
૯. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્તંભ્ (રોકો આપવો)] વિ. મદદ આપી હોય એવું.
૧૦. વિ. સામે ધરેલું.
અવષ્ટંભ ૧. [સં. અવસ્તભ્ (બરાબર થવું)] પું. અક્કડાઈ; અકડ; ઘમંડ.
૨. [સં. અવષ્ટભ્ (આધાર)] પું. આધી બનાવેલું.
૩. પું. આશ્રય; પ્રતિબંધ; ઉદ્ધતાઈ.
૪. પું. આશ્રય; આધાર; ટેકો.
૫. પું. અક્કડતા; સ્તબ્ધતા.

અમારે બંદોબસ્ત અવષ્ટંભવાળું હોય છે અમારે જ નિકાસ ઉપર આધાર છે. વિદ્યાંતરંજન

૬. પું. ગાંભરો.
૭. પું. ઘમંડ.
૮. [સં. અવસ્તંભ્ (બરોબર આવવું)] પું. ટેકાવ.
૯. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્તભ્ય (રહ)] પું. હિંમત.
૧૦. ન. ગુજરાતી, કેમકે તેનાથી માણસોને અભિમાન આવે છે.
૧૧. [સં. અવ (ઓછું) + સ્તંભ્ (અટ થવું)] વિ. ખાલું.
અવષ્ટંભન ૧. [સં. અવષ્ટભ્ (આધારું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અટકાવ; પ્રતિરોધ; રોકાવ.
૨. ન. આશ્રય; આધાર.
૩. ન. ઊભું રહી જવાપણું; અટકી જવાની સ્થિતિ.
૪. ન. પ્રારંભ; શરૂઆત.
૫. ન. સ્તબ્ધતા; અડ થવું તે.

અવસક્ત ૧. [સં. અવ (નીચે) + સંજ્ (વળગી રહેવું)] વ. સંબંધ: સંસર્ગ.
૨. વિ. આસક્ત.
૩. વિ. ગ્રામમાં લાગેલું.
૪ વિ. જોડાયેલું; સંયમ: વળગેલું; ચોટેલું.

અવસત [કા.] વિ. સુધારેલું; અંદાજવી.

અવસથ ૧. [સં.] પું. ગામડું.
૨. પું. ઘર.
૩. પું. છાત્રાલય; વિદ્યાર્થીગૃહ.
૪. પું. રાજા; નિવાસ.
૫. પું. હોમનો અગ્નિ રાખવાને ઓરડો.

અવસથ્ય જુઓ અવસથ.

અવસન્ન ૧. [સં. અવસાદ (ખિન્ન થવું) + ત (પામવું)] વિ. ઉદાસ; હતાશ; ખેદ પામેલું.
૨. વિ. દુઃખી.
૩. [સં. અવસદ (પૂરું થવું) + ત (પામવું)] વિ પૂરું થઈ ગયેલું.
૪. વિ. કરજ ન ભળવી શકનારું.
૫. વિ. મરી ગયેલું; નાશ પામેલું; મૃત.

અવસન્નતા ૧. [સં. અવસાદ (પૂરું થવું) + ત (પામવું) + તા (પણું)] સ્ત્રી. અંત; છેડો; પૂર્ણતા.
૨. [સં. અવસાદ (ખિન્ન થવું) + ત (પામવું) + તા (પણું)] સ્ત્રી. ખિન્નતા; ઉદાસી; ગ્લાનિ.
૩. સ્ત્રી. દુર્બળતા; અશક્તિ.
૪. સ્ત્રી. દુઃખીપણું.
૫. સ્ત્રી કરજ ભળવવામાં અસમર્થપણું.

અવસર ૧. પું. (વેદાંત) જેઠ ભાતની સંગતિ એટલે પદ અને પદાર્થનો સંબંધ; પ્રતિબંધ કરનારી જિજ્ઞાસાની નિવૃત્તિ માટે અવસ્થા-વક્તવ્યત્વ રૂપ સંબંધ.
૨. પું કોઈ બનાવ યોગ્ય વખતે બનવાનું વર્ણન કરવામાં આવે તેવો કાવ્યાલંકાર. જેમકે, વાસવ જોયો વજ્ર પરેં, છોડ્યા બારે મેહ; ગિરિ કર ધરી જળ ળાળ્યાં, નાહવર રાખી નેહ. આમાં ઇંદ્રના કોપથી વજ્ર કૂળવા લાગ્યું એ અવસર પર નાહવરે સ્નેહ રાખી ગોવર્ધન પર્વત ઊંચો કરી માણસોને બચાવ્યાં.
૩. પું. વખત.
૪. પું. બાનગી બરાબર.
૫. પું. તક; લાગ; મોકો.
૧. અવસર ચૂકવો = તકનો લાભ ન લેવો.
૨. અવસર ચૂકના જેવા = તક-બકરીનો સમય ચૂકનાર કંઈ કામનું નહિ.
૩. અવસર તાકવો = લાગ માટે રાહ જોવી.
૬. [હિં.] પું. દુઃખ; આફત.
૭. [હિં.] પું. ધણી.
૮. [સં. અવ (નીચે) + સૃ (સરકવું)] પું. નીચે ઊતરવાની ક્રિયા.
૯. પું. પ્રસંગ; ટાણું.
૧૦. પું. કુરસદ; નવરાશ; અવકાશ.
૧૧. પું. મરેલાનો દહાડો; ક્ષયાહપણી. અવસરપાણી = ઉત્તરક્રિયા.
૧૨. પું. મત.
૧૩. [હિં.] પું. પુરોહી.
૧૪. પું. કંઈ પ્રસરવું; સારો અવસર.
૧૫. પું. વરસ.
૧૬. પું. વરસાદ.
૧૭. પું. સભા; મેળાવડો.
૧૮. પું. સમય; વખત.
૧. અવસર આવ્યો-મળ્યો = તક મળવી.
૨. અવસર આવે ત્યારે = યોગ્ય સમયે.
૩. અવસર ઓળખ્યો-જોયો = સારો કે નરસો આવેલો વખત વિચારવો.
૪. અવસર મેતે તે નર જાણો = વખતને વિચારે તે માણસ સમજુ.
૫. અવસરનું ગીત અવસરે ગવાય = વખતનાં કામ વખતે પાર.
૬. અવસરે આપી તે પરમણી = ટાણે જે મળે તે સોનાના જેવું માનવું.
૭. અવસરે મેહુલા હોજે = વખતનાં કામ વખતે પાર.
૮. અવસરે મોતી બરાબર = વખત આબ્યે ઘરે હાથે પૈસા બરાબર.
૯. નાહરો-માઠો અવસર = દુઃખદાયક પ્રસંગ. જેમકે, મરણ.
૧૦. સજન અવસર = સગનનું ટાણું.
૧૧. સારે માઠે અવસરે = રૂડા ટાણે અથવા દુઃખને વખતે; લગ્ન અથવા મરણ પ્રસંગે.
૧૨. સારો અવસર = શુભ પ્રસંગ. જેમકે, લગ્નક્રિયા.
૧૩. સુખનો અવસર = સુખી સ્થિતિ.

અવસરપ્રાપ્ત ૧. [સં. અવસર (નિવૃત્તિ) + પ્રાપ્ત (મેળવેલું)] વિ. નોકરી છોડી દીધા બનેલું; વે-લાન લીધેલું; નેપા પધારનું.
૨. [સં. અવસર (પ્રસંગ) + પ્રાપ્ત (મળેલું)] વિ. પ્રસંગને અનુસરતું.

અવસરવાદ [સં. અવસર + વાદ (મત)] પું. પશ્ચિમનો જેઠ સામાજિક સિદ્ધાંત. તે પ્રમાણે ઈશ્વર જ બધી રીતે કર્તા અને ભોક્તા અને દરેક જીવ પ્રસંગે કર્તા અને ભોક્તા છે. જ્યારે જ્યારે શરીર ઉપર અસર થવાથી આત્માને સંવેદન એટલે જ્ઞાન થવા સુખદુઃખ થાય અને જ્યારે જ્યારે આત્માની કૃતિ એટલે કાર્યશક્તિથી શરીર હાલેચાલે ત્યારે ત્યારે આત્મા અને શરીરની વચમાં આવીને ઈશ્વર કાર્ય કરે છે. સંવેદનનું શરીર અને શારીરિક ગતિનું આત્મા એ બંને વખતે વખતે લાચારી કારણ હોય, પણ બધી રીતે આ સંવેદન એટલે જ્ઞાન અને ગતિ બંનેનું કારણ ઈશ્વર છે. મેલબ્રાંશ અને બર્કલેના આ સિદ્ધાંતમાં મેલબ્રાંશ ઈશ્વરને જ્ઞાતા અને બર્કલે કર્તા માત્ર માને છે.

અવસરવીતવું ૧. [અવસર (પ્રસંગ) + વીતવું (પૂરું થવું)] વિ. ટાણવતનું; ટાઢાવાનું.
૨. વિ. વખત ચાલ્યો બધા પછીનું.

અવસરસર [અવસર (સમય) + સર (પ્રમાણે)] વ. યોગ્ય સમયે; જોઈએ તે વખતે.

અવસરસંગતિ [સં. અવસર (પ્રસંગ) + સંગતિ (બધાને જ્ઞાન માટે કારણ પૂરવાપણું)] સ્ત્રી. (વેદાંત) જેઠ જ્ઞાતનો પદ અને પદાર્થનો સંબંધ.
અર્થના નિશ્ચયમાં પ્રતિબંધક જે જિજ્ઞાસા, તે જિજ્ઞાસા નિવૃત્ત થવે જે પદો પ્રયોજવાપણું છે. તેને અવસરસંગતિ કહે છે. જેમ, અનુમાનના નિશ્ચયમાં પક્ષી અવસરસંગતિ વડે ઉપમાનનું નિશ્ચયત્વ છે. તેમાં, પ્રત્યક્ષ પ્રમાણની કાર્યરૂપતા જેમ વ્યાપ્તિજ્ઞાનરૂપ અનુમાન વિષે છે, તેમ સાદૃશ્યજ્ઞાનરૂપ ઉપમાન વિષે પણ છે. જોડાવત્ત જુઓ

અવસર્ગ [સં.] પું. છૂટ; સ્વતંત્રતા; ખાસ પ્રસંગે વર્તવું તે.

અવસર્પ ૧. [સં. અવ (જોરમેર) + સૃપ્ (જવું)] પું. અસાદ્ય દૂત.
૨. પું. ભસ્મક; છૂપી પોલીસ.

અવસર્પિણ [સં. અવ (નીચે) + સૃપ્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. ઊતરવાની ક્રિયા; નીચે જવાપણું.

અવસર્પિણું [સં. અવ (નીચે) + સૃપ્ (સરકવું)] વ. ક્રિ. સરકવું.

અવસર્પિણી ૧. [સં. અવ (નીચે) + સૃપ્ (જવું)] સ્ત્રી. (જૈન) ઊતરતો ક્રમ. તે આરાવાર હેમચંદ્રના સમયમાં મુજબ દસ કોડાકોડિ એટલે ૧૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ સાગર વર્ષનો હોય છે. જેમ વેદ વગેરે ધર્મના અનુયાયીઓ યુગને નામે ઓળખાતા કાળના ચાર વિભાગ પાડે છે, તેમ જૈનશાસ્ત્રોએ જેઠ જેઠ કાળચક્રના ઉત્સર્પિણી એટલે સારી વસ્તુની વૃદ્ધિ થતી જવી તે અને અવસર્પિણી એટલે સારી વસ્તુનું ક્ષીણ થતા જવું તે એ બે વિભાગ કર્યા. તે દરેકમાં છ છ આરાને નામે ઓળખાતા અમુક અમુક વર્ષનાં ગોળાં વર્ષના

પેટા વિભાગ જાણ્યા. જે પ્રમાણે એક વાર પછી બીજા બારામાં વસ્તુના રૂપ, રંગ, રસ વગેરે વધે તે ઉત્સર્પિણી અને ઓછાં થાય તે અવસર્પિણી. અવસર્પિણી કાળના ૬ વિભાગ: (૧) સુસમ સુસમ (સુખ સુખ), (૨) સુસમ (સુખ), (૩) સુસમ દુઃસમ (સુખ દુઃખ), (૪) દુઃસમ સુસમ (દુઃખ સુખ), (૫) દુઃસમ (દુઃખ) અને (૬) દુઃસમ દુઃસમ (દુઃખ દુઃખ). ઉત્સર્પિણી કાળમાં એથી ઊલટો ક્રમ થશે. હાલ અવસર્પિણી કાળનો પાંચમો દુઃસમ એટલે દુઃખનો કાળ ચાલે છે. તેનું પ્રમાણ એકવીસ હજાર વર્ષનું છે.

જગત્ અનાદિ છે તેમાં અવસર્પિણી એટલે ઘટતી વસ્તુનું ચક્ર ચાલ્યું અને ઉત્સર્પિણી વધતી વસ્તુની વૃદ્ધિ થતી ગઈ એવા બે કાળ ક્રમે કરીને ચાલે છે. અનુકાળ

૨. સ્ત્રી. કાળ; જોખમ; ઉતાર.

૩. વિ. ઊતરતું; નીચે જતું.

અવસર્પિણીભૂમિ [સં. અવ (નીચે) + સૃપ્ (સરવું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. કાળ-ચક્રની જમીન; નીચાણ.

અવસર્પી ૧. [સં. અવ (નીચે) + સૃપ્ (જવું)] વિ. કાળ પ્રમાણે નીચું.

૨. વિ. ઘસાતું; તિરસ્કાર.

૩. વિ. નીચે ઊતરતું; અધોગામી.

૪. વિ. સરકતું; સપ્પડતું.

અવસણ્ણ [સં. અવ (ઊતરું) + સણ્ણ (જાણું)] વિ. જાણતું; કાબેલ ઊતરું.

અવસાણુ જુ. (બા. પ્ર.) તક; સમય; પ્રસંગ. હું તા તમે વિચારજો, વિષ્ણુ મૂકા અવસાણુ ૨. [illegible]

અવસાત ૧. [સં. સાન્ત (વપન)] ક્રિ. અત્યારે; હમણાં; અત્યારે; હાલ.

૨. ક્રિ. ઓચિંતું; એકદમ; એકાએક.

અવસાદ ૧. [સં. અવસાદ (થાકી જવું)] જુ. અશક્તિ; કામ કરવા અસમર્થપણું.

૨. [સં. અવસાદ (પૂરું થવું)] જુ. અંત; છેડો.

૩. [સં. અવસાદ (નાશમેદ થવું)] જુ. ભેદ; વિષાદ.

૪. જુ. ઘાટ.

૫. [સં. અવસાદ (નાશ થવો)] જુ. નાશ; ક્ષય.

૬. [સં. અવ (નીચે) + સદ્ (બેસવું)] જુ. નીચે બેસી જવાપણું.

૭. જુ. હાર.

અવસાદક ૧. [સં. અવસાદ (થાકી જવું) + અક (કર્તાવાચક)] વિ. કામ કરવામાં અસમર્થ.

૨. [સં. અવસાદ (નાશમેદ થવું) + અક (કર્તાવાચક)] વિ. ભેદકારક.

૩. [સં. અવસાદ (નાશ થવો) + અક (કર્તાવાચક)] વિ. વિનાશકારક.

અવસાદન ૧. જ. કરીબ સ્થિતિ.

૨. જ. વ્યવસ્થા.

૩. [સં. અવસાદ (થાકી જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] જ. થાકી જવાપણું.

૪. [સં. અવ (નીચે) + સદ્ (બેસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] જ. પાકી; પતન.

૫. [સં. અવસાદ (પૂરું થવું) + અન (પ્રત્યય)] જ. પૂરું કરવાપણું.

૬. જ. બાળી નાખે એવું ઓસડ.

૭. [સં. અવસાદ (નાશ થવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] જ. વિનાશન; નાશ પમાડવો તે.

૮. જ. વૈરાગ્ય; વિરક્તિ.

૯. જ. (વૈદ્ય) અનુત્તેજિતા.

૧૦. જ. શક્તિ ન હોવાપણું; અશક્તિ.

અવસાન ૧. [સં. અવસો (પૂરું થવું)] જુ. ખેત; મરણ; મૃત્યુ.

૨. જુ. સંગીતબેખનમાં મુખ્ય તાલ બતાવવા માટે વપરાતી આડી '–' નિશાની; સમતાલ.

૩. જ. બરફી બનાવવું; બંધ પડવાની સ્થિતિ.

૪. જ. અંત; છેડો; સમાપ્તિ.

૫. જ. બેબનાવ; સંધિ.

૬. જ. નીચે ઊતરવાની જગ્યા.

૭. જ. બારીક વખત.

૮. જ. વાંચવા કે બોલવામાં કમ આવતું ટેકાવું; અટકવાની ક્રિયા; વિરામ; યતિ.

૯. જ. શબ્દનો ઐસો ભાગ; આદિ, મધ્ય અને અવસાન એમાંનો ત્રીજો.

૧૦. જ. શાંતિ લેવાનું ટેકાવું; આરામગાહ.

૧૧. જ. ઓશ; ઓશનો ઊંચો-નીચો ભાગ.

૧૨. જ. સાંજસમ; સંધ્યાનો વખત; સાંજ; દિવસનો ઐસો ભાગ.

૧૩. જ. સ્થિતિ.

૧૪. જ. હદ; સીમા.

અવસાનકાળ [સં. અવસાન (ખેદ) + કાલ (વખત)] જુ. મરણનો વખત.

અવસાનિકા [સં. અવસાન (ઊંચે)] સ્ત્રી. ઊંચાનો ભાગ.

અવસામ ૧. જ. અંતકર્મમાં અપાતાં આવા લાકડા સામગ્રી; સ્તુતિ; પ્રશંસા.

૨. [સં. અવ (ખરાબ) + સામન્ (સ્તુતિગીત)] જ. ખરાબ સામન.

અવસાય ૧. [સં. અવસો (નાશ થવું)] જુ. નિશ્ચય; મુકરરતા; બોલ્યાપણું; નક્કી કરવું તે.

૨. જુ. ઉપવાસ; વપારો; બાકી.

૩. [સં. અવસો (પૂરું થવું)] જુ. સમાપ્તિ; ઊંચો; અંત.

અવસાયક ૧. [સં. અવસો (નક્કી કરવું)] વિ. નિર્ણય કરનાર; નિશ્ચયકારક; નક્કી કરનાર.

૨. [સં. અવસો (પૂરું કરવું)] વિ. પૂરું કરનાર.

અવસાયી [સં. અવસો (ઘસાવું)] વિ. ઘસાતું; વપરાતું.

અવસારણ ૧. [સં. અવ (દૂર) + સારણ (બળ બેસે કરવું તે)] જ. દૂર બસોડવાની ક્રિયા.

૨. જ. હઠાવવું તે.

અવસારિત ૧. [સં. અવ (દૂર) + સારિત (બસોડેલું)] વિ. દૂર બસોડેલું.

૨. વિ. હઠાવેલું.

અવસિક્ત ૧. [સં. અવ (ચોતરફ) + સિચ્ (છાંટવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. છંટેલું.

૨. વિ. નાહેલ.

૩. વિ. ઓળેલ; પ્રભાવેલું; ઓળિંગેલ.

અવસિક્તાંગ [સં. અવસિક્ત (છાંટેલું) + અંગ (શરીર)] વિ. શરીર ઉપર પાણી છાંટવામાં આવ્યું હોય એવું; ઓળિંગેલ શરીરવાળું.

અવસિત ૧. [સં. અવ (ચોતરફ) + સો (બાંધવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] જ. ઓઢાવેલ પહેરણ.

૨. વિ. બાંધી પોટલું.

૩. વિ. ઓઢવું કરેલ.

૪. વિ. ઓઢેલું.

૫. [સં. અવસો (નક્કી કરવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. નક્કી કરેલું; સમજાવેલું; વિહિત; અવસ્થા.

૬. [સં. અવસો (નક્કી કરવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. નક્કી કરેલ; નિશ્ચિત.

૭. વિ. પરિપક્વ; સારી રીતે રંધિયું.

૮. [સં. અવસો (પૂરું કરવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. સમાપ્ત; પૂરું કરેલું.

૯. વિ. સમૃદ્ધ; આબાદ.

૧૦. વિ. સંબંધ પામેલ; બોધપ્રેલું.

અવસુપ્ત [સં. અવ (નિશ્ચયાત્મક વપરાશ) + સુપ્ (સૂવું)] વિ. સૂતેલું; ઊંઘતું.

અવસૃષ્ટ ૧. વિ. કાઢેલું.

૨. [સં. અવસૃજ્ (ઐચ્છિ કરવું)] વિ. છોડી દીધેલું; સાંભળેલું; ત્યક્ત.

૩. વિ. દબેલું; આપેલું; દત્ત.
૪. વિ. નીસરેલ; નીકળેલું.

અવસેક ૧. [સં. અવ (નીચે) + સિચ્ (છાંટવું)] પું. આંખનો એક રોગ.
૨. [સં. અવ (ચોતરફ) + સિચ્ (છાંટવું)] પું. છંટકાવ; ચોતરફ છાંટવું તે.

અવસેચક જુઓ અવસેચન.

અવસેચન ૧. [સં. અવ (ચોતરફ) + સિચ્ (છાંટવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. છાંટવામાં વપરાતું પાણી.
૨. ન. દૂધ ખોલીને ઘરીરમાંથી લોહી કાઢવાની ક્રિયા.
૩. ન. લોહી નીકળવું તે.
૪. ન. શરીરમાંથી પરસેવા વાટે રોગ કાઢવાની ક્રિયા.
૫. ન. સિંચન; છાંટવાની ક્રિયા.

અવસેય ૧. [સં. અવસો (અન્નનું) + ય (લાયક)] વિ. અન્નરૂપ ખેરવું.
૨. [સં. અવસો (નહીં કરવું) + ય (લાયક)] વિ. નિર્બંધ કરવા જેવું.
૩. [સં. અવસો (પૂરું કરવું) + ય (જેવું)] વિ. પૂરું કરવા લાયક.

અવસોસ પું. અફસોસ; શોક; પસ્તાવો.
અવસર વહી અગને ચાલતાં રે,
તે આવે અવસોસ. અવસર વહ

અવસ્કર ૧. [સં. અવ (નીચે) + કૃ (વિખેરવું)] પું. ઉકરડો.
૨. પું. કચરો; ધૂળ; પૂંજો.
૩. [હિં.] પું. બળતણ.
૪. પું. વિષ્ટા; મળ; ગંદકી.
૫. પું. શરીરનો મૂલ ભાગ.

અવસ્કરક ૧. [સં. અવ (નીચે) + કૃ (વિખેરવું) + અક (કર્તાર)] પું. કચરો ઠાલનાર પુરુષ; સાફસૂફી.
૨. પું. સાવરણી; ઝાડુ.

અવસ્કર ઊખ [સં. અવસ્કર (કચરા) + ઊખ (પગમાં નીકળવાની ગાંઠ)] પું. પગ-ખાનાનાં મળમૂત્રને વહેવાનો નળ.

અવસ્કરક ૧. [સં. અવ (ચારે તરફ) + સ્કંદ (પડવું)] પું. સાવણી; કચરને ઊતરવાની જગ્યા.
૨. પું. માણસોનું ઊતરવાનું ઠેકાણું; ઉતારો.
૩. પું. સ્નાન; આખે અંગે નાહવું તે.
૪. [સં. અવસ્કંદ (ચારેય કોણ)] પું. ચુમલો; ઢગલો.

અવસ્કંદક [સં. અવસ્કંદ (ચારેય કોણ) + અક (કર્તાર)] પું. ચુંબે; રસ્તે લૂંટનાર માણસને મારનાર માણસ; લૂંટારો.

અવસ્કંદન જુઓ અવસ્કંદ.

અવસ્કંદિત ૧. [સં. અવ (નીચે) + સ્કંદ (પડવું) + ક્ત (ભૂતકાળને પ્રત્યય)] વિ. નીચે ઊતરેલું; નીચે ગયેલું.
૨. વિ. સ્નાન કરેલું.
૩. વિ. ચુમલો કરાયેલું.

અવસ્તર ૧. [સં.] સ્ત્રી. ઘોડા વગેરેની ઝાપ.
૨. સ્ત્રી. સ્નાન.
૩. સ્ત્રી. પારસીઓનું મૂળ ધર્મપુસ્તક.
૪. સ્ત્રી. હાલત; સ્થિતિ; અવસ્થા.

અવસ્તાર ૧. પું. પાસો; કનાત.
૨. પું. નિતારવું તે; પાસરવું.
૩. [સં. અવ (નીચે) + સ્તૃ (પાથરવું)] પું. સાદડી; ચટાઈ; શેતરંજ; બાજી.

અવસ્તુ ૧. [સં. અ (નહિ) + વસ્તુ] ન. પદાર્થ ન હોવાપણું.
૨. [સં. અ (અવ) + વસ્તુ (પદાર્થ)] ન. ખીલો પદાર્થ; ખોટ પદાર્થથી જુદો તેના જેવો પદાર્થ.
૩. [સં. અ (નહિ) + વસ્તુ (સત)] ન. માયા; ભ્રમ.
૪. ન. માયા વગરની ચીજ; બનાવટ પદાર્થ.
૫. વિ. તુચ્છ; હલકું.
૬. વિ. નિરર્થક; અર્થહીન.

અવસ્તુતા ૧. [સં. અ (નહિ) + વસ્તુ (સત) + તા (પણું)] સ્ત્રી. ખોટો ખ્યાલ; પ્રપંચ.
૨. સ્ત્રી. મિથ્યાપણું.

અવસ્તુત્વ જુઓ અવસ્તુતા.

અવસ્તૃત [સં. અવ (નીચે) + સ્તૃ (ફેલાવવું) + ત (ભૂતકાળને પ્રત્યય)] વિ. પ્રસારેલું; પાથરેલ; બિછાવેલ.

અવસ્તે [સં. અ (નહિ) + વસ્ત્ર (લૂગડું)] વિ. કપડાં વિનાનું; નાગું; નગ્ન.

અવસ્થે [સં. અવ (આધાર અર્થવાળો ઉપસર્ગ) + સ્થા (રહેવું)] વિ. અવરોધેલું; રહેલું.

અવસ્થા ૧. સ્ત્રી. અમુકના અમુક મુકામના બાળ અવસ્થા જેવા બાળક જિંદગીનો અમુક ગાળો; છોકરપણું.
૨. [હિં.] સ્ત્રી. પરિસ્થિતિ.
૩. સ્ત્રી. કથા; વાર્તા.
૪. સ્ત્રી. ચમત્કાર; ઢહાવસ્થા.
૧. અવસ્થા વળી = પછી ઊભરે ચઢેલું.
૨. અવસ્થા લાવવી = ખરું કે ખોટું કરવું.
૩. અવસ્થાએ ચઢેલું = વૃદ્ધ થયું.
૪. જેની અવસ્થા વળી તારે = વખત બતાં મોટો થશે તારે.
૫. પછી અવસ્થા = ઘડપણ.
૬. સ્ત્રી. અફળ સંતા.
૭. [હિં.] સ્ત્રી. મુદ્રા; વખત; સમય.
૮. સ્ત્રી. રૂપ; દેખાવ; આકાર.
૯. સ્ત્રી. (જૈન) જીવ મળવા પહેલાની સ્થિતિ. તે પાંચ પ્રકારની છે: બ્યાલ, બાલ્યતા, જન્મ, આદાન અને ત્રિયા.
૧૦. સ્ત્રી. વય; ઉમર.
૧૧. સ્ત્રી. ઇંદ્રિયની બાહ્યેંદ્રિય.
૧૨. સ્ત્રી. સ્થિતિ.
૧૩. સ્ત્રી. સ્થિરતા; અચળપણું.
૧૪. [સં. અવ (ચોતરફ) + સ્થા (રહેવું)] સ્ત્રી. હાલત; દશા. વેદાંત પ્રમાણે ચિત્ત અવસ્થા જીવની ચાર સ્થિતિ બતાવે છે: જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય. બાળકોની ચાર અવસ્થા: (૧) મોરી-બાર વર્ષની, (૨) શેકિણી-દસ વર્ષની, (૩) કન્યા-ચાર વર્ષની, (૪) અવસ્થા-તેર વર્ષની ઉમરની. માણસની ઉમરના છ ભેદ: શિશુ, કૌમાર, પૌગંડ, કિશોર, યૌવન, જરા. પુરુષ પ્રમાણે મનુષ્યજીવનની આઠ સ્થિતિ: કૌમાર, પૌગંડ, કિશોર, યૌવન, બાલ, તારુણ્ય, વૃદ્ધ અને વર્ધમાન. વૈદક પ્રમાણે માણસની જિંદગીના ચાર ભાગ: બાલ, કૌમાર, યૌવન અને વૃદ્ધત્વ. નિરુક્તમાં છ જાતની અવસ્થા છે: જન્મ, સ્થિતિ, વર્ધન, વિપરિણમન, અપક્ષય અને નાશ. સાંખ્ય પ્રમાણે પદાર્થની ત્રણ અવસ્થા: અનાગત, વ્યક્તાવિવ્યક્ત અને તિરોહિત. ક્રમસરાજ અનુસાર સિરોની દસ દશા: અભિલાષા, ચિંતા, સ્મૃતિ, ગુણકથન, ઉદ્વેગ, સંલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા અને મરણ. ગુંજરાજ પ્રમાણે અનુક્રમે પ્રેમની દસ દશા: નયનપ્રીતિ, ચિત્તસંગ, અર્થસંક્ષય, નિદ્રાભેદ, તનુતા, વિષયનિવૃત્તિ, ત્રપાનાશ, ઉન્માદ, મૂર્છા અને મરણ. શોભાકર પ્રમાણે પંચ સ્થિતિ: અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.

અવસ્થાઅનુરૂપ [સં. અવસ્થા (દશા) + અનુરૂપ (બાબતે બરાબર)] વિ. બાલ, કૌમાર, યૌવન અને વાર્ધક્ય એ માનવજીવનની ચાર [illegible]

અવસ્થાત્રય [સં. અવસ્થા (સ્થિતિ) + ત્રય (ત્રણ)] ન. ચિત્તની અનુપ્તિ, સ્વપ્ન, અને સુષુપ્તિ એ ત્રણ દશા.

અવસ્થાત્રિક [સં. અવસ્થા (સ્થિતિ) + ત્રિક (ત્રણનો સમૂહ)] ન. (જૈન) બાલ્ય, કૌમાર અને સ્થિર એ ત્રણ દશા.

અવસ્થાદ્વય [સં. અવસ્થા (સ્થિતિ) + દ્વય (બે)] ન. સુખ અને દુઃખ એ બે દશાત.

અવસ્થાન ૧. ન. છોડવાપણું; અનિષ્ટપન.

૨. ન. ઠેકાણું; સ્થળ; સ્થાન.
૩. ન. પ્રતિષ્ઠા.
૪. [સં. અવ (નિશ્ચય અર્થવાળા ઉપસર્ગ) + સ્થા (રહેવું)] ન. રહેઠાણ; મુકામ; વાસ.
૫. ન. રહેવાની મુદત.
૬. [કિં.] ન. સ્થિતિ; દશા; અસ્તિત્વ.

અવસ્થાનિકા સ્ત્રી. એક અતની કુળ જેટલે ગોતિ.

અવસ્થાપક ૧. વિ. મુકરર કરનાર.
૨. વિ. મુકામ બાંધનાર.
૩. [સં. અવ (નીચે) + સ્થાપક (સ્થાપનાર)] વિ. સ્થાપના કરનાર.

અવસ્થાપન ૧. [સં. અવ (નીચે) + સ્થાપન (મૂકવું તે)] ન. ખોડવું તે.
૨. [સં. અવ (નિશ્ચય અર્થવાળા ઉપસર્ગ) + સ્થાપન (નક્કી કરવું તે)] ન. મુકરર કરવાપણું.
૩. ન. રહેવાનું ઠેકાણું; મુકામ.

અવસ્થાપનકર્તા જુઓ અવસ્થાપક.

અવસ્થાપન્ન ૧. વિ. જુઓ.
૨. [સં. અવસ્થા (સ્થિતિ) + આપન્ન (પ્રાપ્ત)] વિ. સારી સ્થિતિમાં મુકાયેલ; સાધનસંપન્ન; ધનિક.

અવસ્થાપયિતા જુઓ અવસ્થાપક.

અવસ્થા પરિણામ [સં.] પું. (યોગ) સ્થૂલ સૂક્ષ્મ વસ્તુ તથા ઇંદ્રિયના ત્રણ પરિણામમાંનો એ નામનો એક. યોગદર્શનમાં ગણેલ ત્રણ પરિણામ: (૧) ધર્મ પરિણામ, (૨) લક્ષણ પરિણામ અને (૩) અવસ્થા પરિણામ. જેમકે, ઘરનું નવું કે જૂનું હોવું તે બાબત જોવા સાંભળવા વગેરેમાં અવસ્થાના સ્પષ્ટતા હોવી તે.

અવસ્થાપિત ૧. [સં. અવ (નીચે) + સ્થાપિત (મૂકેલું)] વિ. ખોડેલ.
૨. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્થાપિત (સ્થિર કરેલું)] વિ. નક્કી કરેલું.
૩. વિ. મૂકેલું.

અવસ્થાભેદ [સં. અવસ્થા (દશા) + ભેદ (જાતના)] જુઓ અવસ્થાંતર ૧.

અવસ્થાયી ૧. [સં. અવ (નિશ્ચયવાચક ઉપસર્ગ) + સ્થાયિન્ (ઊભું રહેવું)] વિ. ઊભું રહેનાર.
૨. [સં. અવસ્થા (રહેવું)] વિ. રહેનાર; વસનું.

અવસ્થારૂઢ [સં. અવસ્થા + આરૂઢ (ઊભો અણ્યો)] ન. જન્મ, હયાતી, સ્થિતિ. વિષ્ણુસ્થાન એટલે ફેરવાર. હ્રાસ એટલે વધારવું તે અને નાશ, અભાવ, અપ્રાપ્તિ, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા, સમાધિ અને મરણ, અથવા વિશ્રુત, જાગ્રત, ફેરફાર, ફેરફેર, યૌવન અને વાર્દ્ધક્ય એ ૭ સ્થિતિ.

અવસ્થાહીન [સં. અવસ્થા (સ્થિતિ) + હીન (વિનાનું)] વિ. નક્કી સ્થિતિનું; અસ્થિર; નિર્ધન.

અવસ્થાંતર ૧. [સં. અવસ્થા (દશા) + અંતર (બીજું)] ન. એક વાતુ બદલાઈને બીજી વાતુ બનવી તિયા; વાતુભેદ.
૨. ન. વસ્તિકનું આસ્તિક અથવા સાદુમરમાંથી લિખારી કે લિખારીમાંથી સાદુમર બનવાનું; એક દશામાંથી બીજી જાતની દશામાં બદલાતો ફેરવાર.
૩. ન. બદલાયેલી દશા; દશા પરિવર્તન.
૪. ન. રૂપાંતર; વિકૃતિ.
૫. [સં. અવસ્થા (સ્થિતિ) + અંતર (બીજું)] ન. સ્થિતિમાં થતો ફેરવાર.

અવસ્થિત ૧. વિ. (જૈન) આખી જિંદગી રહે તેવું અવસ્થિતાન.
૨. [સં. અવ (આધાર કેળવનાર ઉપસર્ગ) + સ્થા (રહેવું)] વિ. આધાર રાખનાર.
૩. વિ. મરકાર બનેલું; રોકાયેલું; નિયત.
૪. વિ. દૃઢ; આગ્રહ; નિશ્ચિત.
ઉ૦ અવસ્થિતાન બીજે બનવા થતાં ઘણાં આગમાનાં કારણ રહે છે બાકીના કેવળજ્ઞાનની ઉત્પત્તિ પર્યંત કિંવા દેહના પર્યંત સ્થિર રહે છે તે અવસ્થિત. ભગવતીસૂત્ર
૫. [સં. અવ (નીચે) + સ્થિત (રહેલું)] વિ. રહેલું; વસેલું.
૬. વિ. સ્વાધીન; બાકી ન પાળે એવું.
૭. વિ. સ્થિર રહેલું; વધારા ન ઘાય એવું.
૮. વિ. હયાતી ધરાવતું; વિદ્યમાન.

અવસ્થિતત્વ ૧. [સં. અવ (નિશ્ચય અર્થવાળા ઉપસર્ગ) + સ્થિત (રહેલું) + ત્વ (પણું)] ન. બીજું સ્વરૂપ ન લેવાપણું; પોતાના સ્વરૂપને ધારણ ન કરવું તે પોતામાં પ્રવેશ ન કરવો તે.
પોતપોતાના સામાન્ય તથા વિશેષ સ્વરૂપથી ચ્યુત ન થવું એ નિત્યત્વ છે, અને પોતપોતાના સ્વરૂપમાં સમગ્ર રહેવા છતાં પણ બીજા સઘળા સ્વરૂપને પ્રાપ્ત ન કરવું તે અવસ્થિતત્વ છે. ભગવતીસૂત્ર
૨. [સં. અવસ્થિત (સ્થિર) + ત્વ (પણું)] ન. સ્થિરતા; બોકુંપણું ન વધારવું.

અવસ્થિતિ ૧. સ્ત્રી. અવસ્થા.
૨. સ્ત્રી. ઊભું રહેવાપણું.
૩. સ્ત્રી. મર્યાદા; હદ.
૪. [સં. અવ (આધાર બનાવનાર ઉપસર્ગ) + + સ્થા (રહેવું)] સ્ત્રી. રહેઠાણ; નિવાસ.
૫. સ્ત્રી. રહેવું તે.
૬. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્થા (હોવું)] સ્ત્રી. હયાતી; વિદ્યમાનતા; અસ્તિત્વ.
૭. સ્ત્રી. હાલત; દશા.

અવસ્પર્શક [સં. અવ (વધુ) + સ્પર્શક (અડનાર)] જુઓ અવસ્પર્શકરેખા.

અવસ્પર્શકરેખા સ્ત્રી. (ગણિત) વક્રના કોઈ પણ નિકટ આવતા કોરેલા તે વક્રના સ્પર્શક અને તે નિકટના બિંદુ એ બે વચ્ચે આવેલો ગોટલાનો ભાગ; 'સબ્ટેન્ગન્ટ'.

અવસ્પૃષ્ટ [સં. અવ (આધાર બનાવનો ઉપસર્ગ) + સ્પૃષ્ટ (અડકવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. અડેલું.

અવસ્યંદિત [સં. અવ (ઊતરવું) + સ્યન્દ્ (ઝરવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] ન. ઔષધનો એક પ્રકાર; કહેલ વજન જેટલે દ્રવ્યની બીજી રીતે બનાવવું.

અવસ્યંદન [સં. અવ (નીચે) + સ્યંદ્ (ઝરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ટપકવું તે; ઝરણું; ઝરવું.

અવસ્યુ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

અવસ્યુ આત્રેય પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

અવસ્યુ ઔતરેય પું. ઋગ્વેદનો એ નામનો એક ઋષિ. તેણે પંચમ મંડલનાં ૫૧ અને ૫૨ માં સૂક્ત રચ્યાં કહેવાય છે.

અવસ્રંસન ૧. ન. ઝરવું તે.
૨. [સં. અવ (નીચે) + સ્રંસ્ (પડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પડવું તે; પતન.

અવસ્રંસિત ૧. [સં. અવ (નીચે) + સ્રંસ્ (પડવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ખરેલ.
૨. વિ. વિસારે મૂકેલ.
૩. વિ. ઝરેલ.
૪. વિ. ટપકેલ.
૫. વિ. નીચે પડેલું.

અવસ્રંસ્ત જુઓ અવસ્રંસિત.

અવસ્થાયિની ૧. [સં. અવ (નિશ્ચય અર્થવાળો ઉપસર્ગ) + સ્થા (રહેવું)] સ્ત્રી. (જૈન) સાધુ સાધ્વીને ગોચરી નિયા આવી બાબ તેવી વિદ્યા.
૨. વિ. સ્ત્રી. જેવાતાં કરે એવી; ખુશિ રહે નહિ એવી.
એમ કહી મહેણા પર
અવસ્થાયિની નિદ્રા લાખી.
આદિનાથ પરિણ

અવહુ ૧. પું. એક જાતનો વાયુ; નીલ રંગ જેટલે પ્રદેશમાં રહેલો એક વાયુ; ઈથર.
૨. [હિં.] પું. પણી વગરનો કૂવો.
૩. [સં. અ (નહિ) + વહ્ (વહેવું)] વિ. પ્રવાહ વગરનું.
૪. વિ. વહેતું ન હોય એવું; સ્થિર; નંદિવાર.
ચમંત્ય ધન વિણું ચીરા
અણે અવહ દુમાનું નીર. વીજ
૫. [સં. અ (નહિ) + વહ્ (વહી જવું)] વિ. સાથે નહિ જેનાર.

અવહુત [સં. અવ (બરાબ) + હત (મારેલું)] વિ. બરાબ રીતે મારેલું; જોરથી ઘવાયેલું; મૂઢેલું.

અવહુનીય [સં. અ (નહિ) + વહ્ (ઉપાડવું) + અનીય (લાયક)] વિ. ઉપાડી ન શકાય એવું.

અવહુરણ ૧. [સં. અવ (દૂર) + હૃ (લઈ જવું) + અન (નામ અનાવનાર પ્રત્યય)] ન. ઉપાડી જવું તે.
૨. ન. એક ઠેકાણેથી બીજે લઈ જવાપણું.
૩. ન. ચોરી.
૪. ન. કૂંક સમજની સંધિ.
૫. ન. દૂર દેશી દેવાપણું.
૬. ન. રણભૂમિમાંથી લશ્કરને છાવણીમાં લઈ જવાની ક્રિયા.
૭. ન. લૂંટ.

અવહુસિત [સં. અવ (બરાબ) + હસિત (હાસ્ય)] ન. અટ્ટહાસ્ય; બરાબાર હસવું તે.

અવહસ્ત [સં. અવર (પાછળનું) + હસ્ત (હાથ)] પું. હાથનો પાછળનો ભાગ.

અવહાર ૧. પું. આમંત્રણ; બોલાવવું તે.
૨. [સં. અવ (દૂર) + હૃ (લઈ જવું)] પું. બસેડવાપણું.
૩. પું. ચોર.
૪. પું. દૂરકારો; મુક્તિ.
૫. પું. સોય વગત માટે લશ્કરી બેય સત્તાવા ઠરાતી સંધિ; યુદ્ધવિરામતિ.
૬. પું. નોતરેલ બાલવા પાસેથી કેલત લઈ લેવાપણું.
૭. પું. પંચ ને અતિનો સમય.
૮. પું. પાસે રાખવા જેવી વસ્તુ.
૯. પું. અવર.
૧૦. પું. રણક્ષેત્રમાંથી લશ્કરને છાવણીમાં લઈ જવાની ક્રિયા.
૧૧. પું. વિરામ; નિવૃત્તિ; અટકવું તે.
૧૨. પું. હરણ લઈ જવાપણું.

અવહારક ૧. વિ. નિવારક; અટકાવનાર.
૨. [સં. અવ (દૂર) + હૃ (લઈ જવું) + અક (કર્તાવાચક)] વિ. બીજે ઠેકાણે લઈ જનાર.
૩. વિ. લશ્કરને લાવું અટકાવનાર.

અવહાર્ય ૧. [સં. અવ (દૂર) + હૃ (લઈ જવું) + ય (લાયક)] વિ. અસેરવા લાયક; એક ઠેકાણેથી બીજે લઈ જવા જેવું.
૨. વિ. ઠંડવા જેવું.
૩. વિ. પાછું મેળવવા યોગ્ય.
૪. વિ. પાછું વાળવા જેવું.
૫. વિ. સિક્કા વગર લાયક.

અવહાસ ૧. પું. ચોરું હસવું તે.
૨. [સં. અવ (તિરસ્કાર બતાવનાર ઉપસર્ગ) + હસ (હસવું)] પું. મશ્કરા; મશ્કરી; ઠઠ્ઠો.

અવહાસ્ય [સં. અવ (તિરસ્કાર દેખાડનાર ઉપસર્ગ) + હસ (હસવું) + ય (જેવું)] વિ. મશ્કરી કરવા જેવું.

અવહિત ૧. [સં. અવ (બરાબ બતાવનાર ઉપસર્ગ) + હિત (મૂકેલું)] વિ. ઉપર મૂકેલું; મૂકેલું.
૨. વિ. ઠહેલ.
૩. વિ. ધ્યાનવાળું; એકાગ્રચિત્ત; સાવધાન.
૪. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; વિખ્યાત.

અવહિત્થ ૧. [સં.] ન. ખોટો દેખાવ; ઢોંગ; ઠોળ.
૨. ન. મનની વાત છુપાવી રાખવાની તબદીલ; મનમાં કંઈ હોય અને બીજે કંઈક દેખાડવાપણું; અભિચારીભાવના ૩૩ જેટ માંહેનો એક.

અવહિત્થસંચારી પું. અભિચારીભાવના ૩૩ પ્રકારમાંનો એક. જુઓ અવહિત્થ ૨.

અવહિત્થા [સં.] એક જાતનો અભિચારી-ભાવ અભાગરમુનિ. જુઓ અવહિત્થ ૨.

અવહિત્ર પું. પહેલા તથા બીજા પદમાં ૭ અક્ષરનું, ૨ જુદા મળી ૧૪ વર્ણનું અને બીજા તથા ચોથા ચરણમાં ૬ અક્ષરનું, તથા બન્ને જુદા મળી ૧૨ વર્ણવાળો એક અર્ધસમવૃત્ત છંદ.

અવહિત્યા જુઓ અવહિત્થ.

અવહી [સં. અવહ (પાણી વહાવો દેવું)] પું. કાંસા જિલ્લામાં ખેતરમાં થતો ઘાસ પૂની ઉંચાઈનો એક જાતનો ખાવળ. તેનું લાકડું ખેતીના ઓજાર બનાવવામાં તથા બાંધકામમાં કામ આવે છે.

અવહીન [સં. અવ (દૂર) + હીન (ઓછું)] વિ. પાછળ પડી ગયેલું.

અવહુત ૧. [સં. અવ (દૂર) + હુ (લઈ જવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ચોરેલું; ઈ રીતે લીધેલું.
૨. વિ. લઈ લીધેલું.
૩. વિ. સિક્કા ઠરેલું; ઠોળ.

અવહેઠ જુઓ અવહેલન.

અવહેલન ૧. [સં. અવ (અનાદર બતાવનાર ઉપસર્ગ) + હેલન (વિકાર)] ન. અવજ્ઞા; તિરસ્કાર; અપમાન; અનાદર.
૨. ન. દુકમ ન માનવાપણું.

અવહેલના ૧. [સં. અવ (અનાદર બતાવતો (ઉપસર્ગ) + હેલ્ (ધ્યાન ન આપવું)] સ્ત્રી. બેદરકારી; ધ્યાન ન દેવું તે.
૨. જુઓ અવહેલન.

અવહેલવું ૧. [સં. અવ (તિરસ્કાર બતાવનાર ઉપસર્ગ) + હેલ્ (ધ્યાન ન આપવું)] ઉ ક્રિ. અવજ્ઞાવું; અનાદર કરવો.
૨. સ. ક્રિ. દુકમ ન માનવો.

અવહેલા ૧. [સં.] સ્ત્રી. (જૈન) મજાક; હાંસી.
૨. જુઓ અવહેલન.

અવહેલિત ૧. વિ. તિરસ્કૃત; અનાદર પામેલું.
૨. [સં. અવ (અનાદર બતાવનાર ઉપસર્ગ) + હેલ્ (ધ્યાન ન આપવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ધ્યાનમાં નહિ લીધેલું.

અવહેવાર [સં. અ (નહિ) + વ્યવહાર (વહેવાર)] વિ. રીતરિવાજમાં સમજ વિનાનું.

અવળ ૧. [સં. અ (ઉપરું) + વલ્ (વળવું)] વિ. (આમ) અવળું; ઊંધું.
૨. વિ. ખોટું.
અવળાનું અવળ = ઊંધાનું અવું.

અવળકાવાપણું [સં. અ (નહિ) + વલ્ (ખેંચવું)] ન. તાર ન ખેંચાય એવો ગુણ.

અવળકાવું [સં. અ (નહિ) + વલ્ (ખેંચવું)] વિ. તાર ન ખેંચાય એવું; 'પ્રેસ્ટ્રાઇબ'.

૩. વિ. વિધિ વિનાનું; અનિયમિત.

અવિધિપૂર્વક [સં. અ (નહિ) + વિધિ (નિયમ) + પૂર્વક (બરાબર આવેલું હોય એવું)] વ. વિધિનો લાભ કરીને; અનિયમિત રીતે.

અવિધેય [સં. અ (નહિ) + વિધેય (કરવા જેવું)] વિ. અકર્તવ્ય; અનુચિત; અયોગ્ય.

અવિધેયાત્મા [સં. અ (નહિ) + વિધેય (કરી શકાય એવું) + આત્મન્ (પોતાનું સ્વરૂપ)] પું. સિદ્ધોનાં કુલનાં નામ માંહેનું એક. ભગવાનનું સ્વરૂપ કોઈથી વિધિ કરાવી કરી શકાતું નથી તેથી તે અવિધેયાત્મા છે.

અવિધ્વસ્ત [સં. અ (નહિ) + વિ (વિશેષ) + ધ્વસ્ત (નાશ પામેલું)] વિ. (જૈન) જેમાંના જીવ નાશ પામેલ ન હોય એવું; અક્ષત નહિ તેવું.

અવિન ૧. [સં. અવ્ (રક્ષણ કરવું)] પું. અગ્નિ
૨. પું. આખું.
૩. પું. રાજા.
૪. પું. વાયુ.
૫. પું. સમુદ્ર.

અવિનય ૧. [સં. અ (નહિ) + વિનય (સભ્યતા)] પું. અસભ્યતા; બેશરમી; બેશરમ.
૨. પું. અહંકારનું ગર્વ; ઘમંડ.
૩. પું. દોષ; અપરાધ.
૪. વિ. વિવેક વગરનું.

અવિનયી [સં. અ (નહિ) + વિનય (સભ્યતા) + ઇન્ (વાળું)] વિ. વિવેક વગરનું; અસભ્ય; બેઅદબ; ઉદ્ધત.

અવિનશ્વર ૧. [સં. અ (નહિ) + વિનશ્વર (વિનાશ પામે એવું)] પું. પરમાત્મા, જેમનો તેનો નાશ થતો નથી.
૨. વિ. નાશ ન પામે એવું; અવિનાશી.
૩. વિ. લાંબા કાળ સુધી રહેનાર.

અવિનંશિન [સં. અ (નહિ) + વિનંશ્ (નાશ પામવું)] પું. આત્મારૂપ આત્મા.
વિનાશ રહિત અને સર્વનો નાશ થયા પછી પણ જે અક્ષત વિદ્યમાન છે તેમાં વિદ્યમાન જે આત્મા તે સર્વનો નાશ થયા છતાં અવશિષ્ટરૂપ આત્માને આર્યશૈલી આત્મા કહી છે. અવિનંશિન આર્ય-શૈલીનું આત્મ છે તે વિષે 'આત્મનં આર્યશૈલિનં' એ સ્મૃતિ પ્રમાણ છે. આત્મામાંથી કહી

અવિનાભાવ ૧. [સં. અ (નહિ) + વિના (વગર) + ભાવ (સ્થિતિ)] પું. જેના વિના બીજું કહી ન હોય એ બેનો સંબંધ; કાયમ સાથે રહેવાપણું; અગ્નિ ને ધૂમાડાના જેવો અવ્યભિચાર સંબંધ.
૨. પું. તાદાત્મ્ય; એકતા; સમાનપણું.
૩. [સં. અ (નહિ) + વિના (વગર) + ભાવ (હોવાપણું)] પું. ના વગર ન હોવું તે.
૪. પું. સંબંધ.

અવિનાભાવિત્વ [સં. અ (નહિ) + વિના (સિવાય) + ભાવિન્ (હોવાં) + ત્વ [પણું)] જ. એક વિના બીજાનું ન હોવાપણું; સાહચર્ય.
સાહચર્યમાં બન્ને અર્થો સાધ્ય જ હોય છે. એકના વિના બીજો નથી હોતો માટે તેને અવિનાભાવિત્વ પણ કહે છે.
પ્રમાણમીમાંસાપ્રવેશિકા

અવિનાભાવી [સં. અ (નહિ) + વિના (સિવાય) + ભાવિન્ (થનાર)] વિ. કહી છૂટું ન પડે એવું; વ્યાપ્ય.

અવિનાભૂત [સં. અ (નહિ) + વિના (વગર) + ભૂત (રહેલું)] વિ. કહી છૂટું ન પડે એવી રીતે રહેલું; વ્યાપ્ય.

અવિનાશ ૧. [સં. અ (નહિ) + વિનાશ (નાશ)] પું. ઈશ્વર. જેનો નાશ કહી થતો નથી.
૨. પું. નાશ ન થવાપણું; અમરત્વ.
૩. પું. રામ.
દક્ષિણ અંગે હું ભણે અવિનાશ
સીતા સતાં કાળી પાસ. પ્રેમાનંદ
૪. વિ. અવિનાશી; અમર; નિત્ય; અક્ષય.

અવિનાશત્વ [સં. અ (નહિ) + વિનાશ (નાશ) + ત્વ (પણું)] જ. કાયમ રહેવાપણું; નિત્યતા.

અવિનાશિત્વ જુઓ અવિનાશત્વ.

અવિનાશી ૧. [સં. અ (નહિ) + વિનાશ (નાશ) + ઇન્ (વાળું)] પું. ઈશ્વર; પરમાત્મા; પરમેશ્વર. જેનો નાશ નથી.
૨. વિ. નાશ વિનાનું; અમર; અક્ષય; નિત્ય.

અવિનાશીપણું ૧. [અવિનાશી (અમર) + પણું (ભાવ અર્થનો પ્રત્યય)] જ. ઈશ્વરપણું; ઐશ્વર્ય; પ્રભુતા.
૨. જ. નિત્યતા; અક્ષયતા, સદા રહેવાપણું.

અવિનાશ્ય [સં. અ (નહિ) + વિનશ્ (નાશ પામવું) + ય (જેવું)] વિ. નાશ ન થઈ શકે તેવું; અવિનાશી; નિત્ય.

અવિનિમયસાધ્ય નોટ [અ (નહિ) + વિનિમય (અદલોબદલો) + સાધ્ય (મેળવી શકાય એવું) + નોટ (ચિઠ્ઠી)] સ્ત્રી. જેના બદલામાં બીજું અમુક તોલવી કીમતનું સોનું ન મળે તેવી ચિઠ્ઠી; 'ઇન-કન્વર્ટિબલ નોટ'.

અવિનીત ૧. [સં. અ (નહિ) + વિનીત (વિવેકી)] વિ. અવિનયી; મર્યાદા વિનાનું; અવિવેકી; બેઅદબ; ઉદ્ધત; બદતમીઝ.
૨. [સં. અ (નહિ) + વિનીત (શિક્ષિત)] વિ. અશિક્ષિત; ભણેલું નહિ એવું; અભણ.
૩. વિ. જંગલી; વનચારી; નહિ હળેલું.
૪. [સં. અ (નહિ) + વિનીત (ગાયું (આવનું)] વિ. નીચ; દુષ્ટ; બદમાશ; ક્રમ કરવામાં આસક્ત.

અવિનીતતા ૧. [સં. અ (નહિ) + વિનીત (વિનયી) + તા (પણું)] સ્ત્રી. અવિનયીપણું; બેઅદબી.
૨. [સં. અ (નહિ) + વિનીત (કેળવેલું) + તા (પણું)] સ્ત્રી. અશિક્ષિતપણું.
૩. સ્ત્રી. જંગલીપણું; હળેલું ન હોવું તે.
૪. [સં. અ (નહિ) + વિનીત (ગાયું (આવનું)) + તા (પણું)] સ્ત્રી. દુષ્ટતા; બદમાશ ક્રમ કરવામાં આસક્તિ.

અવિનીતત્વ જુઓ અવિનીતતા.

અવિનીતા [સં. અ (નહિ) + વિનીત (ગાયું (આવનું)) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. દુષ્ટા સ્ત્રી; બદમાશ બાયડી.

અવિનોદ [સં. અ (નહિ) + વિનોદ (આનંદ)] પું. આનંદ ન હોવાપણું; દુઃખ.

અવિપક્વ [સં. અ (નહિ) + વિપક્વ (પાકેલું)] વિ. પરિપક્વ નહિ તેવું; કાચપણ; કાચું.

અવિપક્વબુદ્ધિ ૧. [સં. અ (નહિ) + વિપક્વ (પાકેલું) + બુદ્ધિ (સમજણ)] સ્ત્રી. કાચી સમજણ.
૨. વિ. કાચી બુદ્ધિનું.

અવિપક્ષ ૧. [સં. અ (નહિ) + વિપક્ષ (સામો પક્ષ)] વિ. જેને હરીફ ન હોય એવું; સામા પક્ષ વગરનું.
૨. વિ. દુશ્મન વિનાનું; શત્રુ વિનાનું.

અવિપદ [સં. અવિ (ઘેટું) + પદ (પગલું)] જ. ઘેટાનું પગલું.

અવિપદ્ જુઓ અવિપદ.

અવિપદ [સં. અ (નહિ) + વિપદ્ (દુઃખ)] સ્ત્રી. દુઃખ ન હોવું તે; આબાદી; સુખી સ્થિતિ.

અવિપન્ન ૧. [સં. અ (નહિ) + વિપન્ન (દુઃખી)] વિ. દુઃખ નહિ પામેલું; સ્વસ્થ.
૨. [સં. અ (નહિ) + વિપન્ન (મરણ પામેલ)] વિ. જીવતું; નહિ મરેલું.
૩. વિ. પવિત્ર; શુદ્ધ; ચોખ્ખું.

અવિપર્યય ૧. [સં. અ (નહિ) + વિપર્યય (ઊલટાપણું)] પું. વિરાળથી ઊલટું ન હોવું તે.
૨. પું. (જૈન) વિપરીત બુદ્ધિ ન હોવાપણું.

અવિપર્યાસ [સં. અ (નહિ) + વિપર્યાસ (ભ્રાંતિ)] પું. મિથ્યાજ્ઞાન રહિતપણું; હોય તેવી ઊલટું ન સમજવું તે.

અવિપશ્ચિત ૧. [સં. અ (નહિ) + વિપશ્ચિત (કવિ જાણકાર)] જ. મૂર્ખ માણસ.
૨. વિ. અવિદ્વાન.
૩. વિ. અવિવેકી.
૪. વિ. વિચાર વિનાનું.

અવિપાક ૧. પું. અરાજ પાક.
૨. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + પાક (રસોઈ)] પું. બાફેલું પચે નહિ એવો એક જાતનો રોગ; અજીર્ણ; અપચો
૩. પું. જોઈતું ફળ ન આવું હોય એવું ઝાડ.
૪. પું. પાકનો અભાવ; ફળવું નહિ તે.
૫. વિ. જેને અપચો થયો હોય તેવું

અવિપાલ [સં. અવિ (ઘેટું) + પાલ્ (પાળવું)] પું. ઘરવાડ.

અવિપુલ ૧. [સં. અ (નહિ) + વિપુલ (ઘણું)] વિ. ઝાઝું; ઘણું નહિ તેવું; પાંખું.
૨. [સં. અ (નહિ) + વિપુલ (પુષ્કળ)] વિ. ઓછું; કસાર; કરાડ.

અવિપ્રકૃષ્ટ [સં. અ (નહિ) + વિ (વિશેષ) + પ્રકૃષ્ટ (ઘણું)] વિ. દૂરનું.

અવિપ્રકૃષ્ટ [સં. અ (નહિ) + વિપ્રકૃષ્ટ (દૂર રહેલ)] વિ. નજીકનું; દૂર નહિ એવું.

અવિપ્રિય ૧. [સં. અ (નહિ) + વિ (વિશ) + પ્રિય (વહાલું)] વિ. અનુકૂળ ગમતું નહિ એવું; મનગમતું; પ્રિય.
૨. વિ. અનનુકૂળ આવે એવું; અપ્રતિકૂળ.

અવિપ્લવ [સં. અ (નહિ) + વિપ્લવ (ઉપદ્રવાવસ્થા)] પું. મિથ્યાજ્ઞાન ન હોવાપણું; ભ્રમ ન હોવો તે.

અવિપ્લુત ૧. [સં. (નહિ) + વિપ્લુત (ધસાયેલું)] વિ. અક્ષત; અવિનષ્ટ.
૨. વિ. આચરિત; કૃત.

અવિફલ [સં. અ (નહિ) + વિ (વગર) + ફલ (ફળ)] વિ. નિષ્ફળ નહિ તેવું; સફળ.

અવિબુધ ૧. [સં. અ (નહિ) + વિબુધ (દેવ)] પું. અસુર; દૈત્ય; રાક્ષસ.
૨. [સં. અ (નહિ) + વિબુધ (જ્ઞાની)] વિ. અજ્ઞાની; બુદ્ધિહીન.
૩. વિ. નાદાન; અક્કલ વિનાનું.

અવિભક્ત ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + ભક્ત (ભાગ પાડેલું)] પું. ભાગ ન પડી શકે એવી વસ્તુ.
૨. પું. સ્વામી.
૩. વિ. અખંડ; અભિન્ન; એકરૂપ.
૪. વિ. જેના ભાગ ન પાડ્યા હોય એવું; જુદું નહિ કરેલ; અભિન્ન.
૫. વિ. બધામાં પરોવાયેલ; વ્યાપેલું.
૬. વિ. આંગેલું નહિ તેવું; આખું.

અવિભક્ત કુટુંબ [સં. અ (નહિ) + વિભક્ત (જુદું થયેલ) + કુટુંબ] ન. સહુની મિલકત સહિયારી હોય એવું કુટુંબ; એકઠું રહેતું કુટુંબ; સંયુક્ત કુટુંબ; 'જૉઇન્ટ ફૅમિલિ'.

અવિભક્તતા [સં. અ (નહિ) + વિભક્ત (જુદું થયેલું) + તા (પણું)] સ્ત્રી. સહિયારા-પણું; આખિપું.

અવિભાગ ૧. [સં. અ (નહિ) + વિભાગ (ભાગ)] પું. ભાગ ન હોવાપણું.
૨. પું. સુવાંગ વારસો.
૩. વિ. નિર્વિભાજ્ય; જેના ભાગ ન થાય તેવું.
૪. વિ. ભાગ વિનાનું; અખંડ.

અવિભાગાદ્વૈત [સં. અ (નહિ) + વિભાગ (ભાગ) + અદ્વૈત (બેવડાપણું ન હોવું તે)] ન. જે નામનો એક વાદ; જડ અને ચેતન એકબીજા સાથે જોડાયેલ છે તેથી તેમના ભાગ જ થઈ શકે નહિ એવો મત.

અવિભાજક ૧. વિ. નહિ ભાગનાર.
૨. [સં. અ (નહિ) + વિભાજ્ (ભાગ પાડવા) + અક (કરનાર)] વિ. ભાગ નહિ પાડનાર.

અવિભાજિત ૧. [સં. અ (નહિ) + વિભાજ્ (ભાગ પાડવા) + ક્ત (પામું)] વિ. જેના ભાગ ન પાડ્યા હોય એવું; અખંડ.
૨. વિ. નહિ અપાયેલું.

અવિભાજિતાસ્થિ પું. અસ્થિ એટલે કૂમના વર્ગની વનસ્પતિનો એક પ્રકાર. આ બહુની વનસ્પતિ વધુ નથી અને પરોપજીવી એટલે બીજાને આધારે જીવનારી છે. પ્રાણી કે વનસ્પતિના કુર્બંધવાળા ભાગો પર અજવ ગોટાં પ્રાણીનાં કે વનસ્પતિનાં શરીર ઉપર તે ઊગે છે.

અવિભાજ્ય ૧. [સં. અ (નહિ) + વિભાજ્ય (ભાગ પાડી શકાય એવું)] પું. (ગણિત) જેને ભાગતાં શેષ એટલે કંઈ બાકી રહે એવી સંખ્યા.
૨. ન. ભાગ ન પડી શકે એવી સ્થિતિ.
૩. વિ. ભાગ પાડી શકાય નહિ એવું.
૪. વિ. (ગણિત) શેષ એટલે કંઈ વધારા વિના ભાગવા નહિ એવું; જે સંખ્યાને તેની તે અથવા ૧ સિવાય બીજી કોઈ સંખ્યાએ નિઃશેષ એટલે કંઈ પણ બાકી રહ્યા વિના ભાગી શકાય નહિ તેવું; 'ઇરિમેન્ડરિ'. જેમકે, ૨, ૩, ૫ ૭, ૧૧, ૧૩.

અવિભાજ્યતા ૧. [સં. અ (નહિ) + વિભાજ્ય (ભાગ પાડી શકાય એવું) + તા (પણું)] સ્ત્રી. ભાગવા પાડી ન શકાય એવું હોવાપણું.
૨. સ્ત્રી. શેષ એટલે કંઈ બાકી વધ્યા વિના ભાગી ન શકાવાપણું.

અવિભાજ્યપણું જુઓ અવિભાજ્યતા.

અવિભાજ્ય મિલકત [અ (નહિ) + વિભાજ્ય (ભાગ પાડી શકાય એવું) + મિલકત (સંપત્તિ)] સ્ત્રી. ભાગ ન પાડી શકાય એવી મિલકત.

અવિભાજ્ય સંપત્તિ જુઓ અવિભાજ્ય મિલકત.

અવિભાવન ૧. [સં. અ (નહિ) + વિભાવન (જોવું તે)] ન. અવલોકવું.
૨. [સં. અ (નહિ) + વિભાવન (વિચારવું તે)] ન. સહજદૃષ્ટિનો અભાવ; સહજબુદ્ધિ ન હોવાપણું.

અવિભાવના જુઓ અવિભાવન.

અવિભાવિત [સં. અ (નહિ) + વિભાવિત (અવલોકેલું)] વિ. ન અવલોકેલ; નહિ જોવામાં આવેલું; અજાણ્યું.

અવિભાષિત [સં. અ (નહિ) + વિ (વિશેષ) + ભાષિત (બોલેલ)] વિ. વિશેષે નહિ કહેલ.

અવિલિપ્ત [સં. અ (નહિ) + વિલિપ્ત (ચોપડેલું)] વિ. લૂછું નહિ એવું; ઓલ્યું.

અવિવેક ૧. [સં. અ (નહિ) + વિવિક્ત (જુદું પાડવું)] વિ. અખંડ; ભાગ ન પાડેલા હોય એવું; એકસાર; બેઉ વગરનું; એકાન્ત.
૨. વિ. જેમાં મતભેદ ન હોય એવું.

અવિવશ [સં. અ (નહિ) + વિ (વગર) + વશ (જેમ)] વિ. બેકું; અસ્વતન્ત્ર.

અવિમારક ન. સંસ્કૃત ભાષાની કીર્તિમાં વધારો કરનાર તેર નાટક માંહેનું એક. લુપ્ત નાટકમાં.

અવિમિશ્ર [સં. અ (નહિ) + વિમિશ્ર (મિશ્રણ કરેલું)] વિ. ભેળ વિનાનું; ચોખ્ખું.

અવિમુક્ત ૧. ન. કાન અને આંખ વચ્ચેનો ભાગ. બ્રહ્મણ ઉપનિષદ પ્રમાણે આ જગતનું સ્થાન છે.
૨. ન. (પુરાણ) કુરક્ષેત્ર.
૩. ન. બ્રહ્મારતમાં બ્રહ્મવેત્તા એક પવિત્ર જગ્યા; કાશીક્ષેત્ર.
૪. ન. માથા અને દાઢી વચ્ચેનો ભાગ.
૫. [સં. અ (નહિ) + વિમુક્ત (છોડેલું)] વિ. છૂટું નહિ કરેલ; બાંધેલું; બદ્ધ.
૬. વિ. બંધ; ખુલ્લું નહિ તેવું.

અવિમુક્તતા ૧. [સં. અ (નહિ) + વિમુક્ત (છોડેલું) + તા (પણું)] સ્ત્રી. છૂટું ન કરેલું હોવાપણું.
૨. સ્ત્રી. (જૈન) પરિગ્રહવૃત્તિ; પરિગ્રહ રાખવો તે.
૩. સ્ત્રી. બંધ હોવું તે.

અવિમુક્તિ ૧. [સં. અ (નહિ) + વિમુક્તિ (છૂટકારો)] સ્ત્રી. છોડવું તે.
૨. સ્ત્રી. (જૈન) લોલુપવૃત્તિ; લોભ કરવો તે.

અવિમુક્તેશ્વર [સં.] પું. કાશીમાં આવેલું શિવનું પ્રખ્યાત લિંગ.

અવિમૃષ્ટવિધેયાંશ [સં. અ (નહિ) + વિમૃષ્ટ (વિચારેલ) + વિધેય (વર્ણનમાં રહેલ) + અંશ (ભાગ)] પું. (અલં) અલંકારદોષનો એક પ્રકાર. વર્ણન વિચારે વિધેયનું કથન કરવામાં આવે એટલે કે કહેવાની બાબત સ્પષ્ટ ન હોય એ દોષ. વિધિવાર્થની વિલંબથી પ્રાપ્તિ એ આ દોષનું કારણ છે. જેમકે,

> એ રૂપ બોલે મનમથ,
> નીકટ રતિ સખી નારી રસિક બારી;
> છૂટું બાણ મહાબળ,
> નારીનાં નયનોને હ્યો પારી.

'બોલે' આ પદનો કામથી સમાસ કરી વિશેષણ તરીકે ઉપયોગ કર્યો એ ન ખેદાય.

'બીજે' નિર્દેશ છે, પણ બીજે ક્રમ પ્રસિદ્ધ નથી. જેમ જ 'બીજી રીતે' 'ક્રમનું જાણું ભાણું' 'નારીનાં નયનો' આમાં નિર્દેશ પ્રથમ અને વિધેય પછી હોવાથી અવિમૃષ્ટવિધેયાંશ દોષ છે.

અવિમુષ્ય [સં. અ (નહિ) + વિમૃશ્ (વિચારવું) + ય (જોડાં)] વિ. અવિચારી; વિચાર વગરનું.

અવિમૃષ્યકારી [સં. અ (નહિ) + વિમૃષ્ય-કારિન્ (વિચારીને કરનાર)] વિ. વગર વિચાર્યું કામ કરનાર; સાહસ કરનારું.

અવિમૃષ્યભાષી [સં. અવિમૃશ્ય (અવિચારી) + ભાષિન્ (બોલનાર)] વિ. વગર વિચાર્યું બોલનારું બાઘડબિલ્લું; બોલવામાં બેદરકાર.

અવિમૃષ્યવાદી જુઓ અવિમૃષ્યભાષી.

અવિયજ [અ.] પું. કાંદો; પ્યાજ; ડુંગળી.

અવિયા [સં. અ (નહિ) + વી (અર્થ રહેવો)] વિ. સ્ત્રી. (બા. બુ.) વાંઝણી; ન વિયાય તેવી.

ઢોરું ન જાણું કૂબલું વાલી થાની અવિયા જેમ. નિષ્કુલાનંદ

અવિયુક્ત [સં. અ (નહિ) + વિ (જુદું) + યુક્ત (જોડેલું)] વિ. છૂટું નહિ પડેલું. સંયુક્ત; જોડાયેલું.

અવિયોગ ૧. [સં. અ (નહિ) + વિયોગ (જુદાપણું)] પું. જોખું ન હોવાપણું; જોડું હોવું તે; છાનું ન પડવું તે.

૨. વિ. વિયોગી નહિ તેનું; જોડાયેલું; સંયોગી.

અવિયોગતૃતીયા [સં. અ (નહિ) + વિયોગ (જુદાપણું) + તૃતીયા (બીજ)] સ્ત્રી. જોડે તહેવારનું નામ.

અવિયોગવ્રત [સં. અ (નહિ) + વિયોગ (જુદાપણું) + વ્રત (નિયમ)] ન. ચામાસાર મુદિ ત્રીજને દિવસે સ્ત્રીઓથી કરાતું અવિયોગ-વ્રત. તે દિવસે તેઓ સ્નાન કરી અંદરસેન કર્યા પછી રાત્રે દૂધ પીએ છે.

અવિયોજ્ય [સં. અ (નહિ) + વિયોજ્ય (જુદું પાડી શકાય એવું)] વિ. જુદું ન પાડી શકાય એવું; સંલગ્ન.

અવિર પું. વૈશ્ય સ્ત્રીને ક્ષત્રિય પુરુષથી જોરીથી જોડવાથી જન્મેલી પ્રજા.

વૈશ્ય સ્ત્રી ક્ષત્રિય પુરુષ સાથે સંયોગ કરીને અહિંસ્ર જાતના અગ્નિક પ્રજાને જન્મ કરે છે. આ પ્રજા જોરીથી જન્મેલી હોય છે તો અવિર કહેવાય છે. સત્યપ્રકાશ

અવિરક્ત [સં. અ (નહિ) + વિરક્ત (વૈરાગ્યવાળું)] વિ. વૈરાગ્ય વગરનું; રાગી.

અવિરત ૧. [સં. અ (નહિ) + વિરત (અટકેલું)] વિ. અટક્યા વગરનું; નિરંતર; સતત; ચાલુ.

૨. વિ. છોડી દેવામેલું; તજેલ.

૩. વિ. (જૈન) પાપના ક્રમથી નહિ અટકેલું.

૪. ક્રિ. વિ. અટક્યા વગર; વિરામ પામ્યા વિના; સતત; નિત્ય.

અવિરતગુણસ્થાન ન. (જૈન) ચૌદ ગોલું ગોવું ગુણસ્થાન. આ ગુણસ્થાને રહેલ આત્મા પચ્ચખાણ કરે એટલે વ્રત ન કરી શકે પણ સમકીત હોવાથી શુદ્ધ જ્ઞાન પામે.

અવિરતભરણ [સં. અ (નહિ) + વિરત (અટકેલું) + મરણ (મોત)] ન. (જૈન) બાળમરણ; અવતીપણે મરવું તે.

અવિરતવાદી [સં. અ (નહિ) + વિરત (અટકેલું) + વાદિન્ (કહેનાર)] વિ. (જૈન) 'અવિરત' છું એમ કહેનાર; પરિગ્રહધારી.

અવિરતસમ્યગ્દૃષ્ટિ [સં. અ (નહિ) + વિરત (અટકેલું) + સમ્યક્ (સાચું) + દૃષ્ટિ (જ્ઞાન)] સ્ત્રી. (જૈન) વ્રત ન કરી શકે પણ સમ્યક્ત્વ હોવાથી યથાર્થ જ્ઞાન હોય એવું હોવાપણું; આત્મિક સ્થિતિનાં ચૌદ પૈકીનાં ચોથા ગુણસ્થાનની અવસ્થા.

જે અવસ્થામાં દર્શન મોહનીયનું જ્યાં કાં તો ત્રિવ્રણ થયો હોય છે કે વિરત થઈ જાય છે અને કાં તો ત્રિયુક્ત કરીને થઈ જાય છે, એવે વીરે આત્મા અવશ્યપણે સત્ય દર્શન કરી શકે છે. આ અવસ્થા અવિરતસમ્યગ્દૃષ્ટિ. આનું અવિરત નામ જોડવા માટે છે કે તેમાં ચારિત્ર મોહનીયની સત્તા અવિરોધ હોવાથી વિરતિ થવા પામતી નથી. પ્રજ્ઞાવબોધ

અવિરતિ ૧. [સં. અ (નહિ) + વિરતિ (વિરામ)] સ્ત્રી. અટકવું નહિ તે; ચાલુપણું; સાતત્ય.

૨. સ્ત્રી. (જૈન) અબ્રહ્મચર્ય; મૈથુન.

૩. સ્ત્રી. અસંયમ; પાપવિરતિ જોડે પાપ લાગે તેવાં કામથી ન અટકવું તે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધહેતુ છે.

તત્ત્વાર્થસૂત્ર

૪. વિ. અટક્યા વિનાનું; સતત; ચાલુ.

અવિરતિભાવ [સં. અ (નહિ) + વિરતિ (વિરામ) + ભાવ (વિચાર)] પું. (જૈન) પાપકર્મનો ત્યાગ ન કરવાપણું; પાપવાળી ક્રિયાથી નહિ અટકવું તે. હિંસાનો, અસત્યનો, ચોરીનો, પરસ્ત્રી આદિના સંબંધનો અત્યાગ, પરિગ્રહની તૃષ્ણાનું અપરિમિતપણું જોડે જોડાયેલું હોવું જ જોઈએ એવું અને અવ્રત-માં અવિરતિભાવ જોડવો એ કર્મબંધનું કારણ છે.

અવિરતિવાદ [સં. અવિરતિ (અબ્રહ્મચર્ય) + વાદ (કથન)] પું. (જૈન) મૈથુન સંબંધી કથન.

અવિરમણ [સં. અ (નહિ) + વિરમણ (અટકવું તે)] ન. ન અટકવું તે.

અવિરલ ૧. વિ. ચાલુ; અખંડ; સતત.

પ્રભુ અવિરલ વાણી આપો. વસ્તી

૨. [સં. અ (નહિ) + વિરલ (આછું)] વિ. ગાઢ્યું; પુષ્કળ; ભરપૂર.

અવિરલ પ્રવાહ ચાલ્યો આવ. અખો

૩. વિ. જગ્યા જ્યાં ન હોય તેવું; ઘટ્ટ; ઘનું; ઘાડું.

૪. વિ. સળંગ.

૫. ક્રિ. વિ. અટકચાળિત રીતે; ન અટકે એવી રીતે; સતત.

અવિરલગતિકા પું. (પિંગળ) એ નામનો ૧૨ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ, જગણ અને રગણ આવે છે.

૭ અવિરલગતિકા ૦ ના જ ૨.

પિંગળ

અવિરહ [સં. અ (નહિ) + વિરહ (વિયોગ)] પું. વિયોગનો અભાવ.

અવિરહકાળ [સં. અ (નહિ) + વિરહ (વિયોગ) + કાલ (વખત)] પું. (જૈન) કોઈ ઠેકાણે જીવ્યારથી કોઈ નવો જીવ આવી ઉપજ્યા થાય નહિ અને તેમાંથી મરીને કોઈ જીવ બહાર ગયા નહિ તેટલો વખત; અવસ્થા-કાળ.

અવિરહિત ૧. [સં. અ (નહિ) + વિરહિત (વિનાનું)] વિ. નિરંતર.

૨. વિ. વિરહ વગરનું.

અવિરામ ૧. [સં. અ (નહિ) + વિરામ (અટકવું તે)] પું. (સંધિત) અક્ષરાદિના ક્રમમાં સહેજ ફરક કરવાથી હલના ક્રમમાં સહેજ ફરક થાય પણ જોકાણ મોટો ફરક ન થાય એવી હલની સ્થિતિ.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં જગણ, સગણ અને ગુરુ મળી ૭ અક્ષરનો એક છંદ; કુમારલલિતા.

૩. [સં. અ (નહિ) + વિરામ (અટકવું તે)] પું. નહિ અટકવાપણું; નિરંતરતા.

૪. પું. વચ્ચમાંથી તૂટી ન જાય એવી વહની સ્થિતિ: 'ધન્દિન્યૂટિ'.

૫. ક (સંગીત) તાલના અંગ પૈકીનું એ-નામનું એક.

૬. વિ. અટકે નહિ એવું; અવિશ્રાંત; સતત; અખંડ.
૭. ક્રિ. વિ. વિરામ લીધા વિના; નિરંતર; અખંડ રીતે; સતત; આજુ.

અવિરામી ૧. [સં. અ (નહિ) + વિરમ્ (અટકવું)] વિ. અટક્યા વગરનું; અખંડ; સતત.
૨. વિ. (ગણિત) અસરાશિના મૂલમાં સહેજ ફેરફાર કરવાથી જે ફલના મૂલમાં સહેજ ફેરફાર આવ એવું.
૩. વિ. વખતોવખત થતું રહે એવું; 'કન્ટિન્યુઅસ'. જેમકે, વહે એવું વગેરે.

અવિરેક ૧. [સં. અ (નહિ) + વિરેક (ઝાડો)] વિ. અનુકૂળ; મળતું; સંગત; વિરોધ વગરનું.
૨. વિ. (જૈન) વિનયવાદી; જેવા, ગુરુજન, પશુ, પક્ષી વગેરે સર્વનો વિનય કરનાર.

અવિરેચન [સં. અ (નહિ) + વિરેચન (ઝાડા)] વ. રેચ ન લગાડે એવી વસ્તુ.

અવિરેચ્ય [સં. અ (નહિ) + વિરેચ્ય (ઝાડાને લાયક)] વિ. રેચ નહિ આપવા જેવું; જેને રેચ ન આપી એવું.

અવિરોધ ૧. પું. અથડાવું ન હોવી તે.
૨. [સં. અ (નહિ) + વિરોધ (વિરુદ્ધતા)] પું. અનુકૂળતા; મેળ; બનાવ.
૩. પું. પૂર્વાપર સંમતિ; આગળની વાતનું પાછળની સાથે બંધબેસતાપણું.
૪. પું. (વેદાંત) બ્રહ્મસત્તાનો એ નામનો બીજો અર્થ.
૫. [સં. અ (નહિ) + વિરોધ (દુશ્મનાઈ)] પું. મિત્રાચારી; સંપ; મૈત્રી; દોસ્તી.
૬. પું. વિવાદ ન હોવાપણું; સંમતિ; અનુમતિ; કબૂલાત.
૭. પું. સાધર્મ્ય; સમાનતા; સરખાપણું.
૮. વિ. વિરોધ વગરનું.

અવિરોધિત ૧. [સં. અ (નહિ) + વિરોધિત (વિરોધેલું)] વિ. અસ્વલિત; અબાધિત.
૨. વિ. નિર્વિઘ્ન.
૩. વિ. વિરોધ વિનાનું; તકરાર વગરનું.

અવિરોધી ૧. [સં. અ (નહિ) + વિરોધ (પ્રતિકૂળ) + ઈન્ (વાળું)] પું. મિત્ર.
૨. વિ. મેળવાળું; અનુકૂળ; મળતું.
૩. વિ. સંપીલું; મિત્રાચારીવાળું.

અવિરોધીકેતી સ્ત્રી. (ગણિત) સંવાદિ કેટિ અંશકેટિ 'હાર્મોનિક પ્રોગ્રેશન'. જેમાં સંખ્યામાંની પહેલી અને બીજીનું વ્યુત્ક્રોત્તર, પહેલી અને બીજાના તફાવત તથા બીજી અને બીજાના તફાવતના વ્યુત્ક્રોત્તરની બરાબર હોય તારે તે ક્રમમાં સંખ્યા અવિરોધી કેટીમાં કહેવાય છે. જેમકે, ૨, ૨½, ૩½; ૩, ૩½, ૪½, ૬½, ૧૩½. આ બતની કેટીની સંખ્યાઓના પ્રતિલોમીઓ (રેસિપ્રોકલ્સ) કમેસાં અવિતકેટીમાં હોય છે.

અવિલક્ષણ [સં. અ (નહિ) + વિલક્ષણ (વિચિત્ર)] વિ. ઓછપરણા ફરવાનું; ખોટ પડવાપણું; ઘર્મ કે લક્ષણથી રહિત.

અવિલક્ષ્ય ૧. [સં. અ (નહિ) + વિ (વધારે) + લક્ષ્ય (ધ્યાન આપવા જેવું)] વિ. જોવાને ઉપયોગ ન હોય એવું.
૨. વિ. નિશાન વિનાનું.
૩. વિ. બહારના વગરનું; નિરુપયોગ.

અવિલગ્નીય [સં. અ (નહિ) + વિલી (ઓગળવું) + અનીય (જેવું)] વિ. ઓગળે નહિ તેવું.

અવિલંબન ૧. [સં. અ (નહિ) + વિલંબન (અટકાવ)] વ. ઊભા રહેવાનો અભાવ; ન ઓળંગવાપણું.
૨. વિ. ઓળગ્યા વગરનું.

અવિલંબનીય ૧. [સં. અ (નહિ) + વિલંબનીય (ઓળગી શકાય એવું)] વિ. ન ઓળગવા જેવું.
૨. વિ. નહીં કરેલું.

અવિલંબ ૧. [સં. અ (નહિ) + વિલંબ (ઢીલ)] પું. ઉતાવળ; ઝડપ; ત્વરા; તાકીદ.
૨. વિ. ઢીલ વગરનું; વાર ન લગાડનાર.
૩. ક્રિ. વિ. ઢીલ વગર; તરત; જલદી; સત્વર.

અવિલંબન ૧. [સં. અવલમ્બન (આધાર)] વ. આધાર; ટેકો; આસરો; આલંબ.
૨. [સં. અ (નહિ) + વિલંબન (ઢીલ)] વ. ઉતાવળ; ઝડપ.

અવિલંબવું [સં. અવલંબ્ (આધાર લેવો)] ઉ ક્રિ. અવલંબવું; આસરો લેવો.
તે માટે અવિલંબ્યા છે મુનિ,
મુજ કષ્ટે સહાય. કલાપ

અવિલંબિત ૧. [સં. અ (નહિ) + વિલંબિત (ઢીલવાળું)] પું. બોલવાના અવાજ કોઈ માંહેનો એક; બીજો અવાજ બોલતાંને બોલવું તે. જેમકે, પ્રાકૃતને બદલે પ્રાકૃત, અંતરંગને બદલે અર્ધું. લુપ્તો હોય.
૨. [સં. અ (નહિ) + વિલમ્બિત (ધીમું)] વિ. ઢીલ વગરનું; ઉતાવળું.
આજ દિન બાબ રાવત આ અવિલંબિત ઉત્તરાવ. મારવ ચાલી આવ્યા અહિ આવ્યા કેમની રાવત. વિજયસાગર

૩. અ. ઉતાવળે; જલદી.

અવિલંબિતલય [સં. અ (નહિ) + વિલંબ (ઢીલ) + ઇત (વાળું) + લય (વિસ્તરે)] પું. ગાયનનો લય જોઈએ બીજા કરતાં પહેલો લાલ થવે એવો લય; વિલંબ લય; 'મેડરન્ટ રેટ'.

અવિલંબિતા [સં. અ (નહિ) + વિલમ્બિન્ (ઢીલવાળું) + તા (પણું)] સ્ત્રી. ઢાઢીલ; ઉતાવળ; તત્પરતા.

અવિલંબ્ય [સં. અ (નહિ) + વિલંબ્ (ઢીલ કરવી) + ય (જેવું)] વિ. તાત્પરતાભર્યું; જરૂરી; ઉતાવળનું.

અવિલા ૧. [સં.] સ્ત્રી. ઘેટી; ઘેટાની માદા.
૨. સ્ત્રી. બકરી; બકરાની માદા.

અવિલાસ [સં. અ (નહિ) + વિલાસ (મોજશોખ)] પું. મોજશોખ ન હોવાપણું.

અવિલીન ૧. [સં. અ (નહિ) + વિલીન (ઓગળેલું)] વિ. ઓગળ્યા વગરનું; નહિ પીગળેલું.
૨. [સં. અ (નહિ) + વિલીન (નાશ પામેલું)] વિ. નાશ નહિ પામેલું.
૩. [સં. અ (નહિ) + વિલીન (નાશ પામેલું)] વિ. નાશ પામ્યા વગરનું.

અવિલોકન [સં. અવ (પોતપોતાનું) + લોક્ (જોવું) + અન (નામ બતાવનાર પ્રત્યય)] વ. અવલોકન; જોવું તે; દર્શન.
ચિત્ર વધિયો વનર, અવિલોકન કરી.
પ્રેમાનંદ

અવિલોકવું [સં. અવ (પોતપોતાનું) + લોક્ (જોવું)] સ.ક્રિ. બારબર કરીને અવલોકવું; જોવું.

અવિલોમ [સં. અ (નહિ) + વિલોમ (ઊલટું)] વિ. વિરુદ્ધ નહિ એવું; સવળું; અનુલોમ.

અવિલોલ [સં. અ (નહિ) + વિલોલ (ચંચળ)] વિ. ચંચળતા વિનાનું; સ્થિર; સ્વસ્થ; ઘ્ધ.

અવિવક્ષા [સં. અ (નહિ) + વિવક્ષા (બોલવાની ઇચ્છા)] સ્ત્રી. બોલવાની અનિચ્છા; અભિપ્રાયનો ઇરાદો ન હોવાપણું.

અવિવક્ષિત [સં. અ (નહિ) + વિવક્ષિત (બોલવા ઇચ્છવું)] વિ. બોલવા ઇચ્છવું ન હોય એવું; કહેવાનો ઇરાદો ન રાખેલું.
એમાં બીજો અવિવક્ષિત અર્થ એ પણ રહેલો છે કે એ ભિન્ન (સર્વ)ની મુખ્યતા (મુખ્ય પુત્રો) છે. પ્રેમાનંદ

અવિવક્ષિતવાચ્યધ્વનિ [સં. અ (નહિ) + વિવક્ષિત (કહેવા ધારેલું) + વાચ્ય (મૂળ અર્થ) + ધ્વનિ (ઉત્તમ પ્રકાર)] પું. (અલં.) ધ્વનિનો એટલે કહેવા ધારેલ અર્થ કરતાં કટાણુંથી કહેવ અર્થ સૂચિતો હોય એવા પ્રકારનો એક વિભાગ; લક્ષણામૂલક ધ્વનિ. એમાં વક્તાની ઇચ્છા મૂળ અર્થનો સંબંધ બંધબેસતો ન હોવાથી અવિવક્ષિત એટલે અસ્વીકાર્ય વસ્તુની હોય છે. એમાં મુખ્ય અર્થ કોક બંધબેસતો નથી એમ હોતું નથી, પરંતુ પુનરુક્તિ એટલે ફરીવાર કહેવાને લીધે ઉપયોગી ન હોવાથી બીજો અર્થ લેવાય છે.

અવિવાદ [સં. અ (નહિ) + વિવાદ (ઝઘડો)] પું. વિરોધ ન હોવાપણું; એકમત.

અવિવાદનીય [સં. અ (નહિ) + વિવાદનીય (ઝઘડો થઈ શકે એવું)] વિ. વિવાદ ન થઈ શકે એવું; અવિવાદ; વાદ રહિત.

અવિવાદભૂમિ [સં. અ (નહિ) + વિવાદ (ઝઘડો) + ભૂમિ (સ્થાન)] સ્ત્રી. વાંધાવાદ ન હોય એવી સ્થિતિ; વાંધાવાદનો અવિષય.

અવિવાદિત [સં. અ (નહિ) + વિવાદિત (વાંધાવાદી)] વિ. વાંધાવાદ વગરનું; બોલ્યા.

અવિવાદી [સં. અ (નહિ) + વિવાદિન્ (વિવાદ કરનાર)] વિ. વિવાદ નહિ કરનાર.

અવિવાદ્ય જુઓ અવિવાદનીય.

અવિવાહિત [સં. અ (નહિ) + વિવાહિત (પરણેલું)] વિ. નહિ પરણેલું; વિવાહ થયો ન હોય એવું; કુંવારું.

અવિવાહિતા [સં. અ (નહિ) + વિવાહિત (પરણેલું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પરણેલી નહિ એવી; કુંવારી.

અવિવાહી ૧. [સં. અ (નહિ) + વિવાહ (લગ્ન) + ઇન્ (વાળું)] વિ. જેની સાથે લગ્ન ન થઈ શકે તેવું.
૨. વિ. નહિ પરણેલ.
૩. વિ. લગ્ની સાથે સંબંધ નહિ બંધાવવું.

અવિવાહ્ય ૧. [સં. અ (નહિ) + વિવાહ્ય (લગ્ન કરવા યોગ્ય)] વિ. લગ્ન ન કરવા જેવું.
૨. વિ. વિવાહ ન થઈ શકે એવું.

અવિવિક્ત ૧. [સં. અ (નહિ) + વિવિક્ત (ચોખ્ખું)] વિ. ભેળસેળ વગરનું; ચોખ્ખું નહિ એવું.
૨. [સં. અ (નહિ) + વિવિક્ત (જુદું)] વિ. ગૂંચવણ વગરનું.
૩. વિ. બરાબર વિચાર નહિ કરેલ; નહિ તપાસેલું.
૪. [સં. અ (નહિ) + વિવિક્ત (વિવેકી)] વિ. વિવેક વગરનું.
૫. વિ. (જૈન) સ્તવન; બંધિયારવાળું.

અવિવિધ [સં. અ (નહિ) + વિવિધ (અનેકવિધ)] વિ. તદ્દેતદ્દેહનું નહિ એવું; એકવિધ; એક જ પ્રકારનું.

અવિવેક ૧. પું. અજ્ઞાન; ખોટી સમજ.
૨. [હિં.] પું. અન્યાય.
૩. [સં. અ (નહિ) + વિવેક (વિચાર)] પું. અવિચારીપણું.
૪. [સં. અ (નહિ) + વિવેક (સમજણ)] પું. અવિનય; અસભ્યતા; બેભાનગી.
૫. પું. ઉતાવળ; અવીચારી.
૬. પું. બેવકૂફી; મૂર્ખાઈ.
૭. [સં. અ (નહિ) + વિવેક (સારાસાર કૃત્ય અકૃત્યની બુદ્ધિ)] પું. સાંનસનું ચારખાનાની અછાંદ્રિ.
૮. વિ. વિચાર વિનાનું.

અવિવેકતા ૧. સ્ત્રી. અજ્ઞાન.
૨. [સં. અ (નહિ) + વિવેક (વિનય) + તા (પણું)] સ્ત્રી. અસભ્યતા; અવિનય.
૩. [સં. અ (નહિ) + વિવેક (સારાસારનો વિચાર) + તા (પણું)] સ્ત્રી. વિચારશૂન્યતા; બરપણું.

અવિવેકત્વ જુઓ અવિવેકતા.

અવિવેકદોષ [સં. અ (નહિ) + વિવેક (વિચાર) + દોષ (પાપ)] પું. (જૈન) મનના દસ મહિનો સો નામનો એક દોષ; અયોગ્ય વિચાર કરવારૂપી ગામનું પાપ.

> આમાવિનું સ્વરૂપ નહિ જાણવાથી આખાં જિનો વિચાર કરે કે આથી મું કૂળ ચવાનું થશે ? આથી મોક્ષ થશે કે ? એવા વિકલ્પનું નામ અવિવેક-દોષ. સમ્બોધ

અવિવેકિતા ૧. [હિં.] સ્ત્રી. અન્યાયીપણું.
૨. [સં. અ (નહિ) + વિવેક (વિચાર) + ઇન્ (વાળું) + તા (પણું)] સ્ત્રી. અવિચારીપણું.
૩. [સં. અ (નહિ) + વિવેક (વિનય) + ઇન્ (વાળું) + તા (પણું)] સ્ત્રી. અસભ્યતા; બેભાનગી; અભણપણું.
૪. સ્ત્રી. અસભ્યતા; બાલિશપણું.

અવિવેકી ૧. [હિં.] વિ. અન્યાયી.
૨. [સં. અ (નહિ) + વિવેક (વિચાર) + ઇન્ (વાળું)] વિ. અવિચારી; બરપણવાળું.
૩. [સં. અ (નહિ) + વિવેક (વિનય) + ઇન્ (વાળું)] વિ. અસભ્ય; વિનય વિનાનું; બેભાન; અભણ.
૪. વિ. બાલિશ; અસભ્યતાવાળું; અશ્રવ.

અવિવેચક [સં. અ (નહિ) + વિવેચક (વિચાર)] વિ. વિચાર વિનાનું; અવિચારી; દીર્ઘદૃષ્ટિ વગરનું.

અવિવેચન [સં. અ (નહિ) + વિવેચન (વિચાર)] સ્ત્રી. ન્યાયબુદ્ધિ ન હોવાપણું; તુલનાબુદ્ધિનો અભાવ.

અવિશદ ૧. [સં. અ (નહિ) + વિશદ (ચોખ્ખું)] વિ. અશુદ્ધ; અસ્વચ્છ; મલિન; મેલું; ગંદુ.
૨. [સં. અ (નહિ) + વિશદ (સ્પષ્ટ)] વિ. અસ્પષ્ટ; અસ્પષ્ટ્રિવું; ગોટાળિયું.

અવિશદતા ૧. [સં. અ (નહિ) + વિશદ (શુદ્ધ) + તા (પણું)] સ્ત્રી. અશુદ્ધિ; અસ્વચ્છતા; મલિનપણું.
૨. [સં. અ (નહિ) + વિશદ (સ્પષ્ટ) + તા (પણું)] સ્ત્રી. અસ્પષ્ટતા; અણસ્પષ્ટપણું; સંદિગ્ધતા.

અવિશેષ ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + શેષ (રહેવાપણું)] વિ. શેષ વિનાનું; નિઃશેષ; બોકસ; બેહદ.
૨. ક્રિ. વિ. શેષ વિના; બેપરવા; નિઃસંકોચ.

અવિશેષજ્ઞ ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + જ્ઞ (જાણવું)] વિ. વિશેષ જ્ઞાન ન હોવાપણું.
૨. સ્ત્રી. વિપ્રજ્ઞા; બાતરી.

અવિશેષિત ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + ઇત (કહેવું)] વિ. વિશેષ જ્ઞાન વગરનું; પક્ષો જ્ઞાન ન હોય એવું.
૨. વિ. જ્ઞાન ઉત્પન્ન ન થઈ હોય તેવું; નિઃશેષ.

અવિશિષ્ટ ૧. [સં. અ (નહિ) + વિશિષ્ટ (જુદું પડેલ)] પું. વિષ્ણુનાં હજાર નામ પાડેલું એક. સર્વના અંતર્યામી હોવાથી તે કોઈનાથી જુદા નથી, માટે તે અવિશિષ્ટ કહેવાય છે.
૨. વિ. જુદું નહિ પડેલું.

અવિશુદ્ધ ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + શુદ્ધ (ચોખ્ખું)] વિ. અપવિત્ર; શુદ્ધ નહિ તેવું.
૨. વિ. ભેળવાળું; અપવાસી.

અવિશુદ્ધિ ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + શુદ્ધિ (ચોખ્ખાઈ)] સ્ત્રી. અપવિત્રપણું; મલિનતા; અશુદ્ધિ; અ-

૨. સ્ત્રી. ભેળ; અપવાદ; દૂષણ.
૩. સ્ત્રી. વિકાર; અપાક.

અવિશેષ ૧. [સં. અ (નહિ) + વિશેષ (ભેદ)] પું. અભેદ; એકતા.

૨. પું. (પ્રત્ય) ભેદ ભાવનો અર્થદ્યોત્ય. ખુબો અર્થદ્યોત્ય.
૩. પું. (વ્યાપ્ય) પીરત્વ ભેદથી પીરત્વ, મૂર્તત્વ ભેદથી અવયવું વગેરે બાદ કુલ વસ્તુ સૂક્ષ્મ ભૂત ભેદથી દ્રવ્ય.
૪. [સં. અ (નહિ) + વિશેષ (ખાસ)] વિ. તુલ્ય; સમાન; બરોબર.
૫. વિ. સામાન્ય; સાધારણ.

અવિશેષજ્ઞ [સં. અ (નહિ) + વિશેષ (ખાસ) + જ્ઞ (જાણનાર)] વિ. વિશેષ નહિ જાણનાર; સાધારણ જાનવાળું.

અવિશેષસમ [સં. અ (નહિ) + વિશેષ (ભેદ) + સમ (સમાન)] સ્ત્રી. (ન્યાય) ન્યાયની ૨૪ બાંહેની એક જાતિ. સરખાપણાને આધારે કોઈ બાબત સાબિત કરી હોય તે વિરુદ્ધ દલીલ કરી મુશ્કેલીનો પ્રશ્ન ઉત્પન્ન કરવો તે. ઘડો અને શબ્દ બે બને પ્રમેયની પેઠે બધા હોવાથી વાદી ઘડાની માફક શબ્દને પણ અનિત્ય ભેદથી નાશવંત સાબિત કરે. તેના જવાબમાં પ્રતિવાદી કહે કે ઘડેલાપણાની પેઠે બધાના કારણે ઘડાની માફક શબ્દ પણ નાશવંત અણુમ, તો બાકીનું બોલું સરખાપણું તો બંને બાબતમાં હોય, અને બાકીના સરખાપણાને લીધે બંધી ગોલેનો ધર્મ ભેદ માનવો પડશે. આવો ઉત્તર અવિશેષસમ કહેવાય છે.

> જો દૃષ્ટાન્ત કે ધર્મ શબ્દ અને ઘડાને સમાન માનવામાં આવે તો તે ધર્મદૃષ્ટાન્ત શબ્દ અને ઘડા કે બંનેની જેમ અવિશેષતા પ્રાપ્ત થાય છે તેમ કોઈ પણ સમાન ધર્મદૃષ્ટાન્ત સમાન પદાર્થોમાં અવિશેષતા પ્રાપ્ત થાય. આ રીતે અવિશેષવાનું આપાદન કરી દૂષણ આપ્યું તે અવિશેષસમ. પુરાતત્ત્વ

અવિશેષિત [સં. અ (નહિ) + વિશેષ (ખાસ) + ઇત (પામ્યું)] વિ. સામાન્ય; સાધારણ.

અવિશોધિ ૧. પું. (જૈન) અતિચાર; ચારિત્રને મલિન કરવું તે.
૨. [સં. અ (નહિ) + વિશોધન (શુદ્ધ કરવું તે)] પું. (જૈન) વિશુદ્ધિ ન હોવાપણું

અવિશ્રંભ [સં. અ (નહિ) + વિશ્રંભ (વિશ્વાસ)] પું. અવિશ્વાસ.

અવિશ્રામ [સં. અ (નહિ) + વિશ્રામ (આરામ)] પું. આરામ ન હોવાપણું; અશાંતિ; વિસામો ન મળવો તે.

અવિશ્રાંત ૧. [સં. અ (નહિ) + વિશ્રાંત (વિસામો લીધેલું)] વિ. આરામ વગરનું; વિસામો લેવા અટકવા વિનાનું; સતત.
૨. વિ. કંટાળ વગરનું; સંતાપ વિનાનું; દુઃખ નહિ પામેલું.
૩. વિ. નહિ થાકેલું; અશ્રાંત.
૪. ક્રિ. વિ. આરામ લીધા વિના; સતત.

અવિશ્રુત ૧. [સં. અ (નહિ) + વિશ્રુત (પ્રખ્યાત)] વિ. અજાણ્યું.
૨. વિ. અવિખ્યાત; પ્રખ્યાત નહિ તેવું

અવિશ્લેષ ૧. [સં. અ (નહિ) + વિશ્લેષ (દૂર થવાનો ભેદ)] વિ. અભેદ.
૨. વિ. છૂટું પડી ન શકાય તેવું; અવિયોજ્ય.

અવિશ્વસનીય [સં. અ (નહિ) + વિશ્વસ (ભરોસો રાખવો) + અનીય (ગ્ય)] વિ. ભરોસો ન રાખી શકાય તેવું; વિશ્વાસને માટે નાલાયક.

અવિશ્વસ્ત [સં. અ (નહિ) + વિશ્વસ્ત (ભરોસે રાખેલ)] વિ. જેના ઉપર વિશ્વાસ ન આવ્યો હોય તેવું.

અવિશ્વાસ ૧. [સં. અ (નહિ) + વિશ્વાસ (ભરોસો)] પું. અવિશ્વાસ; ભરોસાનો અભાવ.
૨. પું. ખાતરી ન થવી તે; અનિશ્ચય.
૩. વિ. વિશ્વાસ ન કરવા જેવું.

અવિશ્વાસનીય જુઓ અવિશ્વસનીય.

અવિશ્વાસપાત્ર [સં. અ (નહિ) + વિશ્વાસ (ભરોસો) + પાત્ર (લાયક)] વિ. વિશ્વાસ ન મૂકી શકાય તેવું; ભરોસો ન કરવા જેવું.

અવિશ્વાસી ૧. [સં. અ (નહિ) + વિશ્વાસ (ભરોસો) + ઇન્ (વાળું)] વિ. જેની ઉપર વિશ્વાસ ન રખાય તેવું; ભેદભાવ; ઠગબાજ; ભેસવાળી.
૨. વિ. નાસ્તિક; અધર્મી; ઈશ્વર ન રાખનાર.
૩. વિ. વિશ્વાસ ન રાખનાર; અધીરું.

અવિશ્વાસુ ૧. વિ. અધીરિયું.
૨. વિ. જેની ઉપર ભરોસો ન રહે તેવું.
૩. વિ. ભરોસો ન રાખનારું.

અવિશ્વાસ્ય જુઓ અવિશ્વસનીય.

અવિષ ૧. પું. અમૃત.
૨. [સં. અવ્ (રક્ષણ કરવું)] પું. રક્ષણ.
૩. પું. સમુદ્ર; દરિયો.
૪. [સં. અ (નહિ) + વિષ (ઝેર)] વિ. ઝેર વિનાનું.
૫. વિ. ઝેરની અસર કરનારું.
૬. વિ. ઝેરનો નાશ કરનારું.
૭. વિ. સારું; રમણીય; સારું કરનાર.

અવિષહ્ય [સં. અ (નહિ) + વિષહ્ય (ખમવાનું)] વિ. વિરોધમાં નહિ ચલાવાય તેવું; પ્રતિકારમાં ખેંચ વિનાનું

અવિષાદ્ય [સં. અ (નહિ) + વિષાદ્ય (ખેદ પમાડવું)] વિ. ખેદ વગરનું; ઉત્સાહી નહિ તેવું

અવિષમ ૧. [સં. અ (નહિ) + વિ (ઉપર) + સમ (ઠરવું)] વિ. ઊભરાયું; સમ.
૨. વિ. સપાટ; સમતલ.
૩. વિ. સુલભ; સહેલું.

અવિષમતા ૧. [સં. અ (નહિ) + વિ (ઉપર) + સમ (ઠરવું) + તા (પણું)] સ્ત્રી. ઊભરાયાપણું; સમાનતા.
૨. સ્ત્રી. સપાટ હોવાપણું.
૩. સ્ત્રી. સુલભતા; સહેલાઈ; સરળપણું.

અવિષય ૧. [સં. અ (નહિ) + વિષય (ઇન્દ્રિયનો વિષય)] પું. પ્રમેયસત્તા ન હોવી તે; અરાગી હોવાપણું.
૨. પું. ન દેખાવું તે; અદૃશ્યતા.
૩. પું. પુરસ્કાર ન થઈ શકે એવું હોવાપણું; અપ્રતિપાદ્યતા.
૪. [સં. અ (બહાર) + વિષય (વ્યાપ્ત)] પું. બીજી બાબત; વિષયાંતર.
૫. પું. વિરામ; વૈરાગ્ય.
૬. પું. તજેલ બાબત હોવું તે; અધિકાર ઉપરાંતની બાબત.
૭. વિ. ઇન્દ્રિયોથી અગ્રાહ્ય ન શકાય તેવું; અગોચર.
૮. વિ. પ્રમેયસત્તા વગરનું.

અવિષયી [સં. અ (નહિ) + વિષયિન્ (સંસારસુખની ઇચ્છાવાળું)] વિ. સંસારસાગ્રહ પ્રમેયસત્તા વગરનું; વિરક્ત.

અવિષહ [સં. અ (નહિ) + વિ (ઉપર) + સહ (નાનીબાબતિને પ્રસન્ન)] સ્ત્રી. અતિવૃષ્ટની ઠંડી; અતિવિષની ઠંડી.

અવિષાદ [સં. અ (નહિ) + વિષાદ (ખેદ)] પું. ખેદ ન હોવાપણું.

અવિષાદી ૧. વ. તૈત્તિરીય આરણ્યક પ્રમાણે વાક્યના ખૂણામાં આવેલું એ નામનું ખેદ નરક.
૨. [સં. અ (નહિ) + વિષાદ (ઉદાસી) + ઇન્ (વાળું)] વિ. ખેદ વિનાનું.

અવિષી ૧. [સં. અવ્ (રક્ષણ કરવું)] સ્ત્રી. નદી.
૨. સ્ત્રી. પૃથ્વી.
૩. સ્ત્રી. સ્વર્ગ.

અવિસર્જી [સં. અ (નહિ) + વિ (વિશેષ) + સૃજ્ (ખેલ કરવો)] વિ. મહીંતરનું; બહારને સાથ ન આપનારું; બહુઉદ્યોગ; 'રીસિટંટ'.

અવિસર્જિત [સં. અ (નહિ) + વિસર્જિત (ખેલ કરીને)] વિ. નહિ ફેંકેલું; અમુક્ત.

અવિસર્પી ૧. વ. તૈત્તિરિય આરણ્યક પ્રમાણે નૈર્ઋત્ય ખૂણામાં આવેલું એ નામનું નરક.
૨. [સં. અ (નહિ) + વિસર્પિન્ (ફેલાવા ખેલું)] વિ. ફેલાવા નહિ એવું.

અવિસહ ૧. વિ. ગુણ વિનાનું.
૨. [હિ.] વિ. રોગ ઉત્પન્ન કરનારું.

અવિસહદુર્ગ [હિ-] પું. દુશ્મન સામ્રાજ્ય ન આવી શકે એવો કિલ્લો.

અવિસંધિ [સં. અ (નહિ) + વિ (વિશેષ) + સધિ (મેળ)] પું. પૂર્વાપર વિરોધ ન આવે એવું.

અવિસંવાદ ૧. [સં. અ (નહિ) + વિસંવાદ (વિરોધ)] પું. પ્રમાણને અનુસરવાપણું; અવિરોધ.
૨. [સં. અ (નહિ) + વિસંવાદ (કપવું તે)] પું. સાચું હોવું તે; યથાર્થ વિષય.

અવિસંવાદિતા [સં. અ (નહિ) + વિસંવાદિન્ (વિરોધી) + તા (પણું)] સ્ત્રી. અવિરોધ; સમ્મતિ.
તેની યોગ્યતાની ઉત્તમ કસોટી તેના કાર્યમાં પરસ્પર અવિસંવાદિતા અને ઐક્ય જોઈએ. પુરાતત્ત્વ

અવિસંવાદિની ૧. [સં. અ (નહિ) + વિસંવાદિન્ (ખોટું) + ઈ (નકારીબતિનો પ્રત્યય)] સ્ત્રી. ખોટી ન પડનારી; સાચી.
કેવ કપ તે જોવું જોઇ.
અવિસંવાદિની વાણી જેવ. સાહિત્ય
૨. [સં. અ (નહિ) + વિસંવાદિન્ (વિરોધી) + ઈ (નકારીબતિનો પ્રત્યય)] સ્ત્રી. પ્રમાણને અનુસરનારી; વિરોધ ન કરનારી.

અવિસંવાદી ૧. [સં. અ (નહિ) + વિસંવાદિન્ (વિરોધી)] વિ. વિરોધી નહિ એવું; પ્રમાણને અનુસરનારું.
૨. વિ. સાચી બાબતનું; યથાર્થ વિષયવાળું.

અવિસાર ૧. સ. (પ્રાચ) અવિમાંત; સતત.
૨. સ. બહુમા વગર.

અવિસોઢ સ. ગાઢરનું ફૂલ.

અવિસ્તર [સં. અ (નહિ) + વિસ્તર (ફેલાવો)] વિ. વિસ્તારતા વિનાનું.

અવિસ્તાર [સં. અ (નહિ) + વિસ્તાર (ફેલાવો)] પું. ફેલાવો ન હોવાપણું; સંક્ષેપ.

અવિસ્તાર્ય [સં. અ (નહિ) + વિસ્તાર્ય (ફેલાવી શકાય એવું)] વિ. ફેલાવી ન શકાય તેવું.

અવિસ્તીર્ણ [સં. અ (નહિ) + વિસ્તીર્ણ (ફેલાયેલું)] વિ. વિસ્તાર વિનાનું.

અવિસ્તૃત [સં. અ (નહિ) + વિસ્તૃત (ફેલાયેલું)] વિ. વિકાસ નહિ પામેલું; અસંક્ષિપ્ત.

અવિસ્થળ સ. (પુરાણ) હિંદુસ્તાનનું એ નામનું એક નગર.

અવિસ્પષ્ટ ૧. [સં. અ (નહિ) + વિ (વિશેષ) + સ્પષ્ટ (ચોખ્ખું)] સ. અસ્પષ્ટ બોલી; અસ્પષ્ટપણું; ન સમજાય એવું બોલવું તે.
૨. વિ. વિશેષ સમજાય નહિ તેવું; અસ્પષ્ટ.

અવિસ્મય [સં. અ (નહિ) + વિસ્મય (આશ્ચર્ય)] સ. તાજુબી ન થવાપણું.

અવિસ્મરણ [સં. અ (નહિ) + વિસ્મરણ (ભૂલી જવાપણું)] સ. ભૂલવું નહિ તે; યાદ.

અવિસ્મરણીય [સં. અ (નહિ) + વિસ્મ (ભૂલી જવું) + અનીય (એવું)] વિ. ભુલાય નહિ એવું; હમેશાં યાદ રહેનારું.

અવિસ્મર્તવ્ય [સં. અ (નહિ) + વિસ્મ (ભૂલવું) + તવ્ય (લાયક)] વિ. નહિ ભુલાય એવું; સ્મરણમાં રાખવા જેવું.

અવિસ્મિત [સં. અ (નહિ) + વિસ્મિત (નવાઈ પામેલું)] વિ. અચંબો પામ્યા વિનાનું.

અવિસ્મૃત [સં. અ (નહિ) + વિસ્મૃત (ભુલાયેલું)] વિ. નહિ ભુલાયેલ; યાદ રહેલું.

અવિસ્મૃતિ ભુલ્યો અવિસ્મરણ.

અવિહડ (અવિહ્ડ) [સં. અ (નહિ) + વિહત (હણેલું)] વિ. (લા. સા.) અખંડ; સ્થાયી.
પરિણે અવિહડ નેહ. નેમવિષાણ

અવિહિત [સં. અ (નહિ) + વિહિત (શાસ્ત્રમાં કહેલું)] વિ. જે કરવાની શાસ્ત્રે મના કરી હોય એવું; વિધિ કે શાસ્ત્ર વિરુદ્ધ; શાસ્ત્રમાં ન કરવાનું કહેલું હોય તેવું; નિષિદ્ધ.

અવિહિતપ્રાપ્તિ [સં. અ (નહિ) + વિહિત (કહેલ) + પ્રાપ્તિ (લાભ)] સ્ત્રી. (ગણિત) જેવું પ્રમાણ મળતાં પણ તે સાધવા જેવી યુક્તિ; 'અબ્ધિપ્રાપ્તિ અબ્ધિવત્'.

અવિહિંસા [સં. અ (નહિ) + વિ (વિશેષ) + હિંસા (વધ)] સ્ત્રી. અહિંસા.
જૈનધર્મ, જૈનો, અવિહિંસા બૌદ્ધ સદ્ગુણોની જે અવિસ્મરણિ કરી. પુરાતત્ત્વ

અવિહિંસ્ર [સં. અ (નહિ) + વિહિંસ્ર (હિંસક)] વિ. (જૈન) અહિંસક; દયાળુ.

અવિહ્વલ [સં. અ (નહિ) + વિહ્વલ (વ્યાકુલ)] વિ. અવ્યાકુલ; સ્વસ્થ.

અવિંધ ૧. પું. (પુરાણ) લંકામાં થઈ ગયેલો એ નામનો એક વીર અને સહસ્રસ્ત્રી રાક્ષસ. એણે સીતાને પાછી સોંપી દેવા રાવણને ઘણી વખત સિખામણ દીધી હતી, પણ રાવણે માન્યું ન હતું. ત્રિજટાની પાસે સીતા રહેતી હતી ત્યાં એ વખતે વાર રામના કુશળ સમાચાર જણાવતો.
૨. [સં. અ (નહિ) + વ્યધ્ (વીંધવું)] વિ. વિંધાયા વિનાનું; અણવીંધ્યું.

અવિંધ્ય ૧. પું. રાવણનો એ નામનો રાક્ષસ અમાત્ય.
૨. [સં. અ (નહિ) + વ્યધ્ (વીંધવું) + ય (એવું)] વિ. ન વિંધાય એવું; છિદ્ર ન પડી શકે એવું.

અવિંધ્યા સ્ત્રી. એ નામની એક નદી.

અવી [સં. અવ્ (રક્ષણ કરવું)] સ્ત્રી. ઋતુવાળી ઓ; અટકાવવાળી આઈડી; ઊંટ જોડવી ઓ.

અવીક્ષક [સં. અ (નહિ) + વીક્ષણ (જોવું તે)] સ. ન જોવાપણું; અદર્શન.

અવીક્ષિત ૧. પું. (પુરાણ) સૂર્યવંશી શિષ્ટકુળમાં થયેલ કરંધમ રાજર્ષિનો પુત્ર કરંધમ.
૨. [સં. અ (નહિ) + વીક્ષિત (જોયેલું)] વિ. ન જોયેલું; અદૃષ્ટ.

અવીચિ ૧. પું. (પુરાણ) તે નામનું એક નરક.
જે માણસ સાક્ષીમાં, દાનમાં, કે ખાતી લેવડદેવડમાં ખોટું બોલે છે તે અવીચિ નામના નરકમાં પડે છે. ગામવતી ગાનવત
૨. [સં. અ (નહિ) + વીચિ (મોજું)] વિ. (લા.) ક્ષોભ, માન, આવા તથા મોજાના તરંગ રહિત.
૩. વિ. મોજા વિનાનું; શાંત.

અવીચિમત [સં. અવીચિમત્] સ. તે નામનું એક નરક.

અવીજ ૧. [સં. અ (અભાવ) + વીજ (બી)] સ. ન ઊગે એવું બી; અકારણ બી.
૨. [સં. અ (નહિ) + વીજ (બી)] સ. બી ન હોવાપણું.
૩. [સં. અ (નહિ) + વીજ (કારણ)] વિ. કારણ વગરનું.
૪. વિ. નપુંસક.
૫. વિ. બીજ વિનાનું.
૬. [સં. અ (નહિ) + વીજ (વીર્ય)] વિ. વીર્યહીન.

અવીજ્ય [સં.] સ્ત્રી. દયાળુનો ભેલો.

અવીત ૧. [સં. અ (નહિ) + વીત (એક જાતનું અનુમાન)] સ. (ન્યાય) એક પ્રકારનું અનુમાન; અતિરેકવ્યાપ્તિથી એટલે એક વસ્તુ ન હોય તો બીજી વસ્તુ પણ ન હોય એવા સંબંધથી થતું નકારાત્મક અનુમાન. જેમકે, 'પૃથ્વી પોતાના સિવાયના બીજા બધા પદાર્થોથી જુદી છે, કેમકે તે ગંધવાળી છે'. અહીં ગંધ એટલે સાબિત કરવાની બાબત

ન હોય એ હેતુ ન હોય તે અતિરેકવ્યાપ્તિ કહેવાય છે. ઉપરના અનુમાનમાં 'ધૂમવાળો છે' એ હેતુ છે, અને 'બીજા સર્વ પદાર્થોથી ભુધાપણું' એ સાધ્ય એટલે સાબિત કરવાની બાબત છે. અહીં પૃથ્વી સિવાય બીજા બધા પદાર્થોથી ભુધાપણું એટલે કે પૃથ્વીપણું નથી એમ કહેવાપણું નથી, માટે અતીત અનુમાન થયું.

૨. [સં. અ (નહિ) + પીત (પીધેલું)] વિ. દૂર નહિ પીધેલું.

અવીતદ્વેષ [સં. અ (નહિ) + વીત (ગયેલું) + દ્વેષ (દ્વેષ)] વિ. દ્વેષવાળું; દ્વેષીલું; અદ્વેષવું.

ચૂ૰ પોતે જ અવીતરાગ, અવીતદ્વેષ, અવીતમોહ અને વીર હતો. પુણ્યવિજય

અવીતમોહ [સં. અ (નહિ) + વીત (ગયેલું) + મોહ (આસક્તિ)] વિ. મોહવાળું.

અવીતરાગ [સં. અ (નહિ) + વીત (ગયેલ) + રાગ (મોહ)] જુઓ અવીતમોહ.

અવીર ૧. [સં. અ (નહિ) + વીર (શૂર)] પું. શૂર નહિ તે.

૨. વિ. પરાક્રમી નહિ તેવું; શૌર્ય વિનાનું; નામર્દ.

૩. [સં. અ (નહિ) + વીર (પુત્ર)] વિ. પુત્ર રહિત.

૪. વિ. પુરુષો વગરનું.

અવીરા ૧. પું. (પિંગળ) બે ગણનો કર્ણ ગણમાં ગગણ, ભગણ અને રગણ મળી ૯ અક્ષરનો એક છંદ; વીરા.

૨. [સં. અ (નહિ) + વીરા (પતિપુત્રવાળી સ્ત્રી)] સ્ત્રી. વીરા અને ધણી વગરની સ્ત્રી.

૩. સ્ત્રી. સ્વતંત્ર સ્ત્રી.

અવીરોચિત [સં. અ (નહિ) + વીર (શૂર) + ઉચિત (યોગ્ય)] વિ. બહાદુર પુરુષને શોભે નહિ એવું.

અવીરોષ વ. બે વાગ્યાનું નરક.

જે લોકો અહીં ખાડા, ટોરીઓ અને ગુપ્તભોંય પ્રાણીઓને ઇંધી મૂકે છે તેઓ મૃત્યુ પછી અવીરોષ નામના નરકમાં પડે છે.

ભગવતી વાગવ્રત

અવીરોસ વિ. (બા. મૂ.) ખંભાવનાર; ચોકી રાખનાર.

દૂર્ગ થઇ પ્રભુની ખરી,
રાખ્યા જેણ અહી અવીરોસ. નાકર

અવીર્ય ૧. [સં. અ (નહિ) + વીર્ય (શક્તિ)] વ. અશક્તિ; નિર્બળતા.

૨. વિ. બળ વિનાનું; નિર્બળ; અશક્ત.

૩. વિ. વીર્ય જોઇએ એવા વિનાનું.

અવીર્યવાન [સં. અ (નહિ) + વીર્ય (શક્તિ) + વત્ (વાળું)] વિ. બળવાન નહિ એવું; નિર્બળ; અશક્ત.

અવીલ [સં. અ (નહિ) + વીલ (લજ્જા)] વિ. (બા. મૂ.) નિર્લજ્જ; નીડર.

આવ અવીલ અમુક બાત બોલઈ.

વાગ્વ્યવહાર

અવીવિધ ૧. [સં. અ (નહિ) + વ્યધ્ (વીંધવું)] વ. બાણ વીંધવાનો રિવાજ નથી એવી પ્રજાનું બાણપ્રયોગ આદિ રિવાજની પ્રજાની વ્યક્તિ. મુખ્યત્વે એ પ્રદેશવાસીઓનું શારીરિક ચિહ્ન છે, તેમ બાણના વારામાં પ્રાણનો ભોગ એટલે પ્રાણ વીંધવો તે હિંદુ આર્યોના ચિહ્ન રૂપે. જ્યાતો એમ પણ જોઇ પ્રાપ્ત છે.

૨. વિ. અણવીંધ્યું; અણવીંધ્યા વિનાનું; અણવીંધ્યા.

૩. વિ. વીંધ્યા વગરનું; વેધ વિનાનું.

અવૃત ૧. [સં. અ (નહિ) + વૃત (સ્વીકારેલું)] વિ. અસ્વીકારેલું; નહિ સ્વીકારેલું.

૨. વિ. પુરસ્કૃત; વરેલું વિનાનું.

૩. [સં. અ (નહિ) + વૃત (વર્તેલું)] વિ. પ્રસંગ પ્રમાણે વર્તવું; નિમયુક્ત વિનાનું.

અવૃત્ત ૧. [સં. અ (નહિ) + વૃત્ત (ગોળ)] વિ. ઊપસેલું. ગોળ, ગોતી. બધું ગોતી હોવાપણું અવૃત્ત છે.

૨. [સં. અ (નહિ) + વૃત્ત (વર્તેલું)] વિ. નહિ વર્તેલું.

૩. વિ. બરાબર ગોળ નહિ એવું.

અવૃત્તિ ૧. [સં. અ (નહિ) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. મુશ્કેલ ને લાચારીનું; બેકારી.

૨. [સં. અ (નહિ) + વૃત્તિ (હોવું તે)] સ્ત્રી. ન હોવું તે.

૩. [સં. અ (નહિ) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. બનવું વર્તવું ન હોવું તે.

૪. વિ. મુશ્કેલ વિનાનું; બેકાર.

૫. [સં. અ (નહિ) + વૃત્ત (હોવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] વિ. હયાત નહિ તેવું; અવિદ્યમાન.

અવૃત્તિકંપચીલ [સં. અ (નહિ) + વૃત્તિ (આજીવિકા) + કંપચીલ (કેળવેલી ન્યાયાધીશ)] પું. નિર્વાહકારક કેળવાયેલી ન્યાયાધીશ.

અવૃથા [સં. અ (નહિ) + વૃથા (બાતલ)] વ. ફોગટમાંથી; ખિસ્સામાંથી; ગજવામાંથી.

અવૃથાર્થ [સં. અ (નહિ) + વૃથા (બાતલ) + અર્થ (મતલબ)] વિ. મતલબ સાધનાર; સફળ નીવડેલું; જેની ધારણા પાર પડી હોય એવું.

અવૃદ્ધ [સં. અ (નહિ) + વૃદ્ધ (વધેલું)] વિ. વધેલું નહિ એવું.

અવૃદ્ધિ [સં. અ (નહિ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. વધારો ન થયો તે.

અનુમાન અસ્તિત્વ તેમજ મુખ્ય પાની પ્રત્યે અનવત વધ ઉભત સ્થિતિ સંવૃદ્ધિ કે અવૃદ્ધિ હોવાને કોઈ પણ પ્રકારનું ખાસ લક્ષણ બતાવે છે.

માનવવાસ

અવૃદ્ધિક ૧. [સં. અ (નહિ) + વૃદ્ધિ (વધારો) + ક (વાળું)] વ. બાજર વગરનું મૂળ ધન; મુદ્દલ.

૨. વિ. જે ઉપર બાજર ન મળતું હોય એવું.

અવૃષ્ટિ ૧. [સં. અ (નહિ) + વૃષ્ટિ (વરસાદ)] પું. વરસે નહિ એવું વાદળું; બાકી વાદળું.

૨. સ્ત્રી. વરસાદ ન વરસવો તે દુકાળ; અવર્ષણ; અનાવૃષ્ટિ.

અવૃંત [સં. અ (નહિ) + વૃંત (ડીંટું)] વિ. મુખ્ય ગાંઠી સાથે જોડાયેલું; ડીંટા જેવા અવયવ વગરનું.

અવૃંતક જુઓ અવૃંત.

અવે ૧. વ. અલાયે; ઉભયું.

૨. વ. ઉપે.

અવેક ૧. [સં. અ (નહિ) + વિવેક (સમજ)] પું. અવિવેક; અસમજતા; બેસમજી; ઉદ્ધતાઈ.

૨. પું. બેવકૂફ.

અવેક્ષક ૧. [સં. અવ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વ. પ્રેક્ષક; જોનાર માણસ.

૨. વિ. તપાસ કરનાર; દેખરેખ રાખનાર.

અવેક્ષકઅધિકારી [સં. અવ (ચોતરફ) + + ઈક્ષક (તપાસનાર) + અધિકારિન્ (ધણી)] પું. તપાસ કરનાર અમલદાર; નિરીક્ષક.

અવેક્ષણ ૧. [સં. અવ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. તપાસ; નિરીક્ષણ; ચોકસી.

૨. વ. દેખરેખ; સલાહ; ખ્યાલ.

૩. વ. મુલાકાત; મેળાપ; દર્શન.

અવેક્ષણીય ૧. [સં. અવ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + અનીય (લાયક)] વિ. જોવા જેવું.

૨. વિ તપાસવા લાયક.

અવેક્ષમાણ [સં. અવ (ચોતરફ) + ઈક્ષમાણ (જોનાર)] જુઓ અવેક્ષક ૨.

અવેક્ષા ૧. [સં. અવ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + અ (સ્ત્રીલિંગી પ્રત્યય)] સ્ત્રી. અવલોકન; નિરીક્ષણ.

૨. સ્ત્રી. દૃષ્ટિ; નજર.

૩. સ્ત્રી. સંકેત; વાયદો.

અવેક્ષિત ૧. [સં. અવ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + ક્ત (ભૂતકાલને પ્રત્યય)] વિ. જોયેલું; અવલોકેલું.

૨. વિ. તપાસેલું.

અવેક્ષ્ય ૧. [સં. અવ (ચોક્કસ) + ઈક્ષ (જોવું) + ય (જોગું)] વિ. જોવા યોગ્ય.
૨. વિ. તપાસવા જેવું.

અવેગ્યાઉ [અ (નહિ) + વેગાઉ (વેગ સાથ જોડું)] વિ. વેગાળ નહિ તેવું; અવિલંબ; વેગી ન થાય એવું.

અવેજ ૧. પું. બરાબ ભાવ કરતાં ઓરવાયે રહેલો ફાયદો; ચોખ્ખો નફો.
૨. [અ. એવઝ (બદલો)] પું. બાબ લાવે માલ આપ્યો લેનો તે; સાટા બેટની કીમતનો ભાવ; બદલો; સાટું.
૩. પું. મદદ; નાલું; મિલકત, પૂંજી વૈગ.
૪. પું. લગ્ન વખતે કન્યાને આપવામાં આવતી રોકડ.
૫. પું. સોનું કપું કે કીમતી ધાતુનો બન્યો.
૬. પું. બદલો; બનાવો.

અવેજી ૧. [અ. એવઝી] પું. પ્રતિનિધિ; એકને બદલે બીજું વપરાત સુધી કામ કરવા રાખેલ બીજો માણસ.
અવેજી મુલાકાતો = કોર્ટ બીજાની બબાતે કામ કરવા બદલ મળતો પગાર.
૨. સ્ત્રી. કોઈની બબાતે કે બદલે કોવું તે.
૩. સ્ત્રી. બદલી; સાટું.
૪. વિ. કોઈના બદલામાં કામ કરનારું; કામ-ચલાઉ; હંગામી.

અવેજીપત્ર [એવઝ (બદલો) + પત્ર (કાગળ)] પું. અધિકારપત્ર; મુખત્યારનામું.

અવેજું વિ. બરોબરીનું; બરાબરી કરે તેવું.

અવેડ (અવેડ) ૧. સ્ત્રી. (પ્રાકૃ) કોતરેલું.
૨. સ્ત્રી. (પ્રાકૃ) બે પીઠિનાં વચ્ચે ઉપલા ભાગમાં ખોદવામાં આવતું પાટિયું.

અવેડિયો (અવેડિયો) પું. અવેડામાં પાણી ભરનાર માણસ.

અવેડો (અવેડો) પું. પાણી ભરવાનો કુંડો; ઢોરને પાણી પીવાનો કુંડ; હવાડો.

અવેતન [સં. અ (નહિ) + વેતન (પગાર)] વિ. પગાર લીધા વિના સેવાબુદ્ધિથી કામ કરનાર; અવૈતનિક; માનદ; સ્વયંસેવક; 'ઓનરરી'.

અવેદ [સં. અ (નહિ) + વેદ (આર્યોનું મૂળ ગ્રન્થ)] પું. વેદ વિરુદ્ધનું શાસ્ત્ર.
દયા વિનાના આ વેદો એ અવેદો છે.
પુરાતત્ત્વ

અવેદન ૧. [સં. અ (નહિ) + વેદના (પીડા)] પું. (જૈન) સિદ્ધ ભગવાન. તેમને કોઈ જાતનું દુઃખ હોતું નથી.
૨. વિ. દુઃખ રહિત.

અવેદનીય [સં. અ (નહિ) + વેદનીય (અણી સાથ જોડું)] વિ. અણી ન સાથ જોડું; અસ્વસ્થ; બેચાનું; અણોજ કપું.

અવેદવિત્ [સં. અ (નહિ) + વેદ (વેદશાસ્ત્ર) + વિત્ (અનુભવ)] વિ. વેદ ન ભણેલું; વેદશાસ્ત્રમાં પારંગત ન બનેલું.

અવેદવિહિત [સં. અ (નહિ) + વેદ (વેદશાસ્ત્ર) + વિહિત (આજ્ઞા આપેલું)] વિ. અવૈદિક; વેદમાં જેનું વિધાન બોટલે આજ્ઞા ન કરવામાં આવી હોય એવું.

અવેધ ૧. [ફિ.] પું. નાશન બન્યું.
૨. પું. વાગ્યું.
૩. [સં. અ (નહિ) + વેધ (અણી સાથ જોડું)] વિ. અણી ન સાથ જોડું; અણોજ; કપું
આમય અવેધ (રાતનો અનિયમ) બબ અપવેધ છે. પંચતંત્રી
૪. વિ. બણી ન શકે એવું; અજાણ.

અવેધા [સં. અ (નહિ) + વેધ (મેળવી સાથ જોડું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. જેની સાથે વિવાહ ન કરી શકાય તેવી સ્ત્રી; અવિવાહ્ય સ્ત્રી.

અવેધ [અ (નહિ) + વેધ (છેદ)] વિ. બોકાબાંકા વિનાનું; વિશુદ્ધ.
કર્ણ સકોટિ કર્મ અવેધ છે. કાલરસ

અવેર ૧. [અ (નહિ) + વેરવું (ઉદાસી બાખવું)] પું. કરમસર સંબંધોથી કાયમી બનેલું.
૨. [સં. અપ્ (પાણી) + ઇ (સંજ્ઞા)] પું. કાબુ; હાથ; કેબજો.
૩. પું. વિરોધથી ઉપયોગ કરવો તે.
૪. [સં. અ (નહિ) + વૈર (દુશ્મનાવટ)] પું. વેર ન હોવાપણું; પ્રેમ; મૈત્રી.
૫. પું. સમેટી લેવું તે; ઓકવું કરવાપણું.
૬. સ્ત્રી. ચોકસાઈ; બરાબરી.
૭. [સં. ઉપરિ (બાજુ સૂચવું); પ્રા. ઉવેર] સ્ત્રી. વિસંગ; બરાબર; ખોટું થવું તે.
સરીબર સહુ સહી ગઈ, બને સાથ બહી અવેર.
નરસિંહ

અવેરનિષ્ઠા [સં. અ (નહિ) + વૈર (દુશ્મનાવટ) + નિષ્ઠા (આસ્થા)] સ્ત્રી. અહિંસાધર્મનું પાલન; વૈરવૃત્તિ સામે સમેસાં અવૈર બોટલે પ્રેમ રાખવા જેટલી બહા; શઠ તરફ પણ સુભાવવાળ. બુદ્ધ ભગવાનની નિષ્ઠા અવેરનિષ્ઠા અને બનુરાગની બાપનિષ્ઠા કહેવાય ■

અવેરબુદ્ધિ [સં. અ (નહિ) + વૈર (દુશ્મનાવટ) + બુદ્ધિ (સમજ)] સ્ત્રી. દુશ્મનાવટ ન રાખવો તે; મૈત્રીસંબંધ; પ્રેમભાવ; સ્નેહ.

અવેરવું ૧. [અ (નહિ) + વેરવું (ઉદાસી બાખવું)] સ. ક્રિ. કરમસર કરવી; ન ઉદાસવું.
૨. [સં. અ (નહિ) + વિ (બહું) + કૃ (કરવું)] સ ક્રિ. બતન કરવું; બગવવું; સંભાળી રાખવું; સાચવવું.
૩. સ ક્રિ. પાળવું; ઉછેરવું; મોટું કરવું.
૪. [સં. અ (નિરર્થક પૂર્વપદ) + વિ (બહું) + કૃ (કરવું)] સ. ક્રિ. પુનરુચ્ચાર કરવું; ઘૂંટી પાડવું; વિશેષ કરવો.
એક પંક્તિ અવેરતાં બહુ નામ સુબ્ધ રૂપ કર્મ તે રહ્યું.
અખો
૫. સ. ક્રિ બબરચિત રાખવું; વાપરવું.

અવેરાઈ સ્ત્રી. (પ્રાકૃ) તોફાન; બદમાશી.

અવેરાઉ ૧. પું. બકારાદ; બાકુળતા; મુશ્કેલ.
૨. પું. ત્રાસ; કનડગત.

અવેરી ૧. સ્ત્રી. બસ્વચ્છ, ગોબરી ને બણઘટ બાંધી સાકર બીબાં મેળવી ભરવા માટે બનાવાતું ખટકું.
૨. [સં. અ (નહિ) + વૈર (દુશ્મનાવટ)] વિ. સ્ત્રી. રાગ વગરની; નિર્વૈર.

અવેરું ૧. વિ. બદકાણું; તોફાની.
૨. વિ. ઉતરતું; હલકું.
૩. વિ. ગોબ્ય ઉપયોગ ન કર્યો હોય એવું.
પ્રબ બારણાં નથી તેવો ઘાય છે
અતિ નિર્બળ અને અવેરું ફે. પ્રેમાનંદ
૪. વિ. હલેલું; બગડાટિયું; બાવરું; બેબાકળું.
૫. [સં. અ (નહિ) + વાર (વખત)]
બ. વખતાવખત; બોબાવહેલું; બને તે વખતે.
હોય વહી વિલપે તો, બા ભવમ અવેરું.
પ્રેમાનંદ

અવેલ ૧. પું. નકાર; બપલાપ; છુપાવવાનું કર્મ.
૨. [સં. અ (બકાળ) + વેલા (વખત)] વિ. વખત વગરનું; કબેગાનું.
૩. [સં. અ (નહિ) + વેલા (સીમા)] વિ. હદ વિનાનું; બમાપ.

અવેલા ૧. [સં. અ (બકાળ) + વેલા (સમય)] સ્ત્રી. બકાળ વખત.
૨. સ્ત્રી. બવેલ સોપારી.

અવેવ ૧. [સં. અવયવ (બંગ)] પું. બવ-યવ; બંગ.
વેવ બાવે કેમની બવેવ કૂવે કૂણી;
ચકિત ચિત્ત વધું ખાઈ ગયો કુલ્લત ભૂલી.
પ્રેમાનંદ

૨. પું. આચાર; વિવેક.
નથી સ્વમંથનનો અવેશ ૨. પ્રેમાનંદ
૩. પું. અવસ્થા; અવેર.
૪. જ. જરૂર; ઓકાત; ગજીત.
સુણાવું તે અવેશ ૨. ભણીદાસ

અવેશ [સં. અ (નહિ) + વેશ (પોશાક)] વિ. વેશ વગરનું; પોશાક નહિ પહેરેલું.

અવેસ્તા ૧. સ્ત્રી. જ્ઞાન.
૨. સ્ત્રી. પારસીઓનું મૂળ ધર્મપુસ્તક. અવેસ્તાની ભાષા અને ઋગ્વેદના કેટલાક મંત્ર લગભગ મળતા છે, અને કેટલાક તો એકજ છે. પારસીઓ અને હિંદના આર્ય લોકો જે વખતે સાથે રહેતા તે વખતના તે મનાય છે. વૈદિક આર્યોએ જ્યારે હિંદમાં પ્રવેશ કર્યો તે પહેલાંના વખત પર પ્રકાશ પાડવામાં આ ગ્રંથ બહુ ઉપયોગી છે.

અવેળા ૧. [સં. અ (અભાવ) + વેલા (વખત)] સ્ત્રી. કવેળા; અયોગ્ય સમય; કવખત; અકાળ.
૨. સ્ત્રી. પાછલો પહોર; અપરાહ્ણ.

અવેળી સ્ત્રી. (પ્રાંત) મેંદાનો પાતળો શીરો; મકાઈના લોટને ઉપરાથી ચાળી બીજાં તૈયાર સાકરના પાણી સાથે બનાવવામાં આવતો બેસ્વાદ ખોટલે આવવા જેવો પદાર્થ. તે શીરો લાંબા ઉપવાસ કરનારને પારણાને દિવસે પ્રથમ ચટાડવામાં આવે છે.

અવેળું ૧. જ. અંતરિયાળ.
૨. [સં. અ (અભાવ) + વેલા (વખત)] જ. કવખતે; અકાળે; કવેળાએ.

અવૈજ્ઞાનિક [સં. અ (નહિ) + વૈજ્ઞાનિક (વિજ્ઞાન સંબંધી)] વિ. અજ્ઞાનયોગ; વિજ્ઞાનને લગતું નહિ એવું.

અવૈતનિક [સં. અ (નહિ) + વૈતનિક (પગાર લેનાર)] વિ. વગર પગારે સેવા-સુશ્રૂષા કરનાર; માનદ; નિઃપગારદાર; સ્વયંસેવક.

અવૈતનિક હંકારીશ [સં. અ (નહિ) + વૈતનિક (પગારદાર) + હંકારીશ (હોજરી ન્યાયાધીશ)] પું. માનદ હોજરી ન્યાયાધીશ.

અવૈદિક ૧. [સં. અ (નહિ) + વૈદિક (વેદ સંબંધી)] વિ. વેદ વિરુદ્ધનું; વેદમાં ન માનનારું; નાસ્તિક. અવૈદિક લોકમાં જૈન, બૌદ્ધ વગેરે સંપ્રદાયનો સમાવેશ થાય છે અને તેમાં અત્યંત નાસ્તિક ચાર્વાકમત પણ આવી જાય છે.
૨. વિ. વેદનો અભ્યાસ નહિ કરેલું.
કહે છે કે અવૈદિક બ્રાહ્મણને કદી આપવાનું નથી. રાજસંહિતા

અવૈદ્ય ૧. [સં. અ (નહિ) + વૈદ્ય (વિદ્વાન)] વિ. અજ્ઞ; અજ્ઞાન; અભણ.
૨. [સં. અ (નહિ) + વૈદ્ય (વૈદ્ય)] વિ. વૈદકશાસ્ત્ર ન જાણનારું.

અવૈધુત [સં. અ (નહિ) + વિધુત (વીજળી)] વિ. વીજળીને લગતી પ્રકાર વગેરે જેનું હોવાને લીધે બારણાથી જોયાં વીજળીને પ્રકાશ ન પાસ એવું.

અવૈધ ૧. [સં. અ (નહિ) + વૈધ (કાયદા મુજબ)] વિ. બંધારણ વિરુદ્ધનું; ગેરકાયદેસર.
૨. [સં. અ (નહિ) + વૈધ (વિધિ પ્રમાણે)] વિ. વિધિ વિનાનું.
૩. વિ. સાસે પાન્ન નહિ કરેલું; નિર્ધિ.

અવૈધકર્મ [સં. અ (નહિ) + વૈધ (નિયમ મુજબ) + કર્મન્ (કામ)] જ. કાયદા વિરુદ્ધનું કામ.

અવૈધકાર્યવિધિ [સં. અ (નહિ) + વૈધ (બંધારણ મુજબ) + કાર્ય (કામ) + વિધિ (રીત)] સ્ત્રી. ગેરશિરસ્તે ચાલેલ કામ.

અવૈધજનતા [સં. અ (નહિ) + વૈધ (કાયદેસર) + જનતા (લોકોનો સમૂહ)] સ્ત્રી. કાયદા વિરુદ્ધ લોકોનો જમાવ.

અવૈધતા ૧. [સં. અ (નહિ) + વૈધ (નિયમ પ્રમાણે) + તા (પણું)] સ્ત્રી. નિયમ વિરુદ્ધ હોવાપણું.
૨. સ્ત્રી. નિર્ધિ હોવાપણું.
૩. સ્ત્રી. વિધિ પ્રમાણે ન હોવું તે.

અવૈધભોગકારી [સં. અ (નહિ) + વૈધ (નિયમ પ્રમાણે) + ભોગકારિન્ (ભોગવનાર)] જ. હક્ક ન છતાં અન્યાયથી વાપરનાર માણસ.

અવૈધવ્ય [સં. અ (નહિ) + વૈધવ્ય (વિધવાપણું)] જ. રંડાપો નહિ તે; સૌભાગ્ય.

અવૈધવ્યવ્રત [સં. અ (નહિ) + વૈધવ્ય (રંડાપો) + વ્રત (પુણ્યકર્મ)] જ. વૈધવ્ય ન આવે તે માટે કરાતું વ્રત.

અવૈભક્ત ૧. [સં. અ (નહિ) + વિ (જુદું) + ભક્ત (અલગભાગ)] પું. ભાગલેદ ન હોવાપણું.
૨. વિ. ભાગલેદ ન હોય તેવું; સર્વસંમત.

અવૈયક્તિક ખાતું [સં. અ (નહિ) + વૈયક્તિક (વ્યક્તિ સંબંધી) + ખાતું (જમાખરચને હિસાબ)] જ. કોઈ એકપુરુષનું નહિ પણ વસ્તુગત ખાતું.

અવૈયાકરણ [સં. અ (નહિ) + વૈયાકરણ (વ્યાકરણ જાણનાર)] જ. વ્યાકરણજ્ઞાન નહિ જાણનાર માણસ.

અવૈયાકરણી જુઓ અવૈયાકરણ.

અવૈયાત્ય [સં. અ (નહિ) + વૈયાત્ય (નિર્લજ્જપણું)] જ. સલજ્જપણું.

અવૈર ૧. [સં. અ (નહિ) + વૈર (દુશ્મનાઈ)] જ. વેર ન હોવાપણું; પ્રેમ.
૨. વિ. વેર વિનાનું.

અવૈરાગ્ય ૧. [સં. અ (નહિ) + વૈરાગ્ય (વિરક્તિ)] પું. વૈરાગ્ય ન હોવાપણું; આસક્તિ; વિષયવાસના હોવાપણું.
૨. વિ. વિરક્તિ વિનાનું; સંસાર ઉપર આસક્તિવાળું.

અવૈવિધ્ય [સં. અ (નહિ) + વૈવિધ્ય (વિવિધતા)] જ. એકરૂપતા; વિવિધતા ન હોવી તે; 'મોનોટોની'.

અવૈષ્ણવ ૧. [સં. અ (નહિ) + વૈષ્ણવ (વિષ્ણુની ભક્તિ)] જ. વિષ્ણુની ઉપાસના નહિ કરનાર માણસ; વૈષ્ણવ ન હોય તે માણસ.
અવૈષ્ણવનાં મુખે ભિક્ષાને ૧. નરસિંહ
૨. વિ. નાસ્તિક; અભક્ત.

અવ્યોઢક [સં. અવ (નીચે) + ઊઢક (ઓઢણ)] જ. હાથ જરા ઓછો કરીને પાછી રેડવું તે.

અવ્યોઢા પું. (પિંગળ) દરેક ચરણમાં અગણ અને રગણ મળી ૬ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
માત્ર અવ્યોઢા મ રે. રણછોડ

અવ્યક્ત ૧. પું. પ્રમાત્મા.
૨. પું. જીવાત્મા; આત્મા.
૩. પું. ધ્વનિ; અવાજ.
૪. [સં. અ (નહિ) + વ્યક્ત (પ્રકટ)] પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. તે દેખાતા ન હોવાથી અવ્યક્ત કહેવાય છે.
૫. પું. શિવ.
૬. પું. સર્પનાં ૧૦૮ નામ પૈકીનું એક.
૭. જ (વેદાંત) અજ્ઞાન; માયા.
૮. જ. (બીજગણિત) અનિશ્ચિત મૂલ્યવાળું પદ; ચોક્કસ કીમત વિનાનું પદ; અનવગતરાશિ. જેમકે, $x^2 + y^2 = z^2$
૯. જ. પ્રકૃતિ.
૧૦. જ. (સાંખ્ય) પ્રકૃતિ; પ્રધાન; સર્વકારણ.
અવ્યક્ત થવું = કારણમાં લય થવું; પ્રકૃતિની દશાને પ્રાપ્ત થવું; મૂળની સ્થિતિએ પહોંચવું.
૧૧. જ. (વેદાંત) બ્રહ્મ; પરમાત્મતત્ત્વ.
૧૨. જ. ગ્રામોપાધિક બ્રહ્મ; ગામની ઉપાધિવાળો પુરુષ.
૧૩. જ. (જૈન) જ્ઞાન મળવા પહેલાંની પાંચ સ્થિતિ પૈકીની એ નામની એક. જુઓ અવસ્થા.

૧૪. સ. સંખ્યા; ૫૬.
૧૫. ન. સામવેદનું એ નામનું એક ઉપનિષદ. લુપ્તો ઉપનિષદ.
૧૬. ન. (વેદાંત) સુષુપ્તિ અવસ્થા.
૧૭. ન. (વેદાંત) સૂક્ષ્મ શરીર.
૧૮. ન. (સંગીત) સ્વર અને અક્ષર ન સમજી શકાય તેવી અસ્પષ્ટ રીતે ગાવું તે; ગાયનનો એક દોષ.
૧૯. વિ. (જૈન) અલ્પતા; ઉંમર સત્તનું રહસ્ય નહિ જાણનાર.
૨૦. વિ. (જૈન) ઉમરમાં નાનું; આઠ વર્ષની નીચેનું.
૨૧. વિ. કેળવાય નહિ તેવું; અભોગ્ય; અદમ્ય.
૨૨. વિ. ન જણાયેલું; અપ્રાપ્ત.
૨૩. વિ. (જૈન) નામ, જાતિ વગેરેથી જણાવી શકાય નહિ એવું.
૨૪. વિ. (ગણિત) વિશિષ્ટ સંખ્યા ન બતાવનાર; અજ્ઞાત કીમતવાળું; અજ્ઞાત: 'અનનોન'.
૨૫. વિ. સમજી ન શકાય એવું; અસ્પષ્ટ.
૨૬. વિ. (જૈન) સાધુતામાં સ્થિર રાખનાર નિહ્નવ એટલે સત્યસિદ્ધાંતના ઉત્થાપકના વર્ગનું.
૨૭. વિ. સોળ વર્ષની નીચેનું.
૨૮. વિ. સ્વર અને અક્ષર ન સમજી શકાય તેવી રીતે ગાનાર.

અજ્ઞાતક્રિયા ૧. સ્ત્રી. (ગણિત) બીજ-ગણિતની એક ક્રિયા; અજ્ઞાત રાશિનો વિધિ; 'ઑલ્જિબ્રેઇક ઑપરેશન'.

૨. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + ક્રિયા (કામ)] સ્ત્રી. ભોગ્ય કામ.

અજ્ઞાતગણિત [સં. અજ્ઞાત (અજ્ઞાત મૂલ્ય-વાળું) + ગણિત] ન. (ગણિત) જેનું મૂલ્ય જાણવામાં આવ્યું નથી એવી રાશિઓનું ગણિત; બીજગણિત; અક્ષરગણિત; 'ઍલ્જિબ્રા'.

અજ્ઞાતજન્મા [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + જન્મન્ (જન્મ)] વિ. જેના જન્મની કોઈને ખબર પડતી નથી એવું; ગૂઢ જન્મવાળું.

અજ્ઞાતતા ૧. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + તા (પણું)] સ્ત્રી. અજ્ઞાનપણું; મૂઢતા; ન જાણી શકાય એવી સ્થિતિ.

૨. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + તા (પણું)] સ્ત્રી. ગોટાળો; અસ્પષ્ટતા.

અજ્ઞાતદર્શન [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + દર્શન (જોવું તે)] ન. (જૈન) અસ્પષ્ટ દેખાવું તે; સ્વાનદર્શનનો એક ભેદ.

અજ્ઞાતનૃસિંહ ન. સામવેદનું અજ્ઞાત નામનું ઉપનિષદ.

અજ્ઞાતપતિકાધિકાર [સં. અ (નહિ) + જ્ઞાત (પ્રસિદ્ધ) + પતિકા + અધિકાર (હક)] પું. અદમ્ય કે અપ્રસિદ્ધ પતિકાનો હક; જોઈને ખબર પડી જાય એવા આવવાનો હક લોગવે તોપણ તેના પતિપણાનો હક નથી એવો અદમ્ય હક; 'નૉન ઍપેરન્ટ ઇન્હેરિટન્સ'.

અજ્ઞાતપતિકાહક લુપ્તો અજ્ઞાતપતિકાધિકાર.

અજ્ઞાતમાનસ [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું જોવું) + માનસ (મન)] વિ. સ્વાભિમાનરહિત અપરમાનસ; અર્ધચેતન.

અજ્ઞાતમાર્ગ [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + માર્ગ (રસ્તો)] વિ. જેની રીતભાત વિશે કાંઈ ખબર ન પડે એવું; જેની ગતિ જાણવા ન હોય એવું.

અજ્ઞાતમૂર્તિ [સં. અ (નહિ) + જ્ઞાત (સમજી શકાય એવું) + મૂર્તિ (આકાર)] વિ. ન સમજી શકાય એવા રૂપવાળું.

અજ્ઞાતમૂલપ્રભવ [સં. અજ્ઞાત (પ્રથમ) + મૂલ (મૂળ) + પ્રભવ (ઉત્પત્તિ)] પું. (સંખ્ય) સંસારરૂપી વૃક્ષ. તેનું મૂળ અજ્ઞાત છે એટલે મૂળ પ્રભવ જણાતું નથી.

અજ્ઞાતરજ્જ ૧. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + રજ્જ (દોર)] પું. ઊપાનો દોર; પ્રજાતનો દોર.

૨. વિ. રજાક પડતું; રજમાં.

અજ્ઞાતરાશિ [સં. અજ્ઞાત (નહિ જાણેલ) + રાશિ (ગણિતનો આકડો)] સ્ત્રી. (ગણિત) અજાણી રકમ.

અજ્ઞાતરૂપ લુપ્તો અજ્ઞાતમૂર્તિ.

અજ્ઞાતલક્ષણ ૧. [સં. અ (નહિ) + જ્ઞાત (સમજી શકાય એવું) + લક્ષણ (ચિહ્ન)] પું. શિવ. તેના મૂળ જાણી શકાતા નથી.

૨. વિ. અસ્પષ્ટ ચિહ્નવાળું; જેનાં ચિહ્નો બરાબર ન પડે એવું.

અજ્ઞાતલક્ષણનો રૈવ = શિવનું એક નામ.

અજ્ઞાતલિંગ ૧. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + લિંગ (ચિહ્ન)] પું. સંન્યાસી, કેમકે તેનો પૂર્વાશ્રમ એટલે સંન્યાસી થયા પહેલાંનું નામ, જાત, સ્થાન વગેરે ગુપ્ત હોય છે.

૨. ન. (સાંખ્ય) પ્રકૃતિતત્ત્વ સાંખ્યનાં ચોવીસ તત્ત્વ માંહેનું બીજું.

૩. [સં. અ (નહિ) + જ્ઞાત (જાણી શકાય એવું) + લિંગ (ચિહ્ન)] વિ. જેનાં ચિહ્નોની ન બરાબર પડી જોવું; અસ્પષ્ટ ચિહ્નવાળું.

અજ્ઞાતવાચ [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું તેવું) + વાચ્ (વાણી)] વિ. અસ્પષ્ટ બોલનાર; બોબડા બોલનાર.

અજ્ઞાતશક્તિ [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + શક્તિ] સ્ત્રી. સ્થાપીશક્તિ; પદાર્થ-ના સ્થાન બદલવા બીજા કોઈ કારણને લીધે તે પદાર્થમાં એક બદલે બીજા રૂપમાં આવતી ગૂઢ શક્તિ; 'પોટેન્શ્યલ ઍનર્જી'. ઊંચે ચૂલ્લામાં આવતા વજન કે ખેંચમાંમાં આવતી કમાનમાં અમુક શક્તિ આવે છે. અર્થ-સુધી તે શક્તિ ન વપરાય એટલે કે તે ન જણાય ત્યાંસુધી તે અજ્ઞાતશક્તિ કહેવાય.

અજ્ઞાતસામ્ય [સં. અજ્ઞાત (અજ્ઞાતરૂપ મૂલ્ય-વાળું) + સામ્ય (સરખાપણું)] ન. (ગણિત) અનિશ્ચિત મૂલ્યવાળી રાશિનું સમીકરણ; કોયડા જણાવામાં ન હોય એવા બીજાનું સમીકરણ.

અજ્ઞાતસુખાધિકાર પું. અદમ્ય કે અપ્રસિદ્ધ પતિકાનો હક. લુપ્તો અજ્ઞાતપતિકાધિકાર.

અજ્ઞાતાદિ [સં. અ (નહિ) + જ્ઞાત (જાણ્યું) + આદિ (વગેરે)] વિ. ન જાણી શકાય એવા જાણવાળું; જેની જાણકારી ન જણાય એવું.

અજ્ઞાતાનુકરણ [સં. અ (નહિ) + જ્ઞાત (જોયું) + અનુકરણ (નકલ)] ન. શબ્દનું અસ્પષ્ટ અનુકરણ; નકલી અનુકરણ. જેમકે, અમુક પ્રકારની બોલીને આબેહૂબ રીતે બોલી શકતો નથી, પણ તેની નકલ કરીને 'કૂકેકૂક' બોલે છે.

અજ્ઞાતોપાસના [સં. અજ્ઞાત (નિરાકાર) + ઉપાસના (ભક્તિ)] સ્ત્રી. પરમાત્મતત્ત્વની ભક્તિ કરવારૂપ જ્ઞાનમાર્ગ; પ્રભુના અજ્ઞાત સ્વરૂપની જ્ઞાનથી થતી ભક્તિ.

અજ્ઞાતોપાસનામાં અજ્ઞાતમ વિચારથી પરમેશ્વર સ્વરૂપનું જ્ઞાન કરી લેવું પડે છે.
મીમાંસક

અજ્ઞેય ૧. [સં. અ (નહિ) + જ્ઞેય (જાણવાપણું કામમાં લેવાપણું)] વિ. કામમાં નહિ લેવાયેલું.

૨. [સં. અ (નહિ) + જ્ઞેય (જણાયેલું)] વિ. જ્ઞાનરહિત; સ્વરસ; શાંત.

૩. વિ. સાવધાન; ખ્યાલવાળું.

અજ્ઞેય ૧. [સં. અ (નહિ) + જ્ઞા (જાણવું)] પું. સર્પ; સાપ, કેમકે તે પગ વડે ચાલતો નથી.

૨. [સં. અ (નહિ) + જ્ઞા (દુઃખ)] વિ. દુઃખ નહિ આપનાર; ક્ષમાળુ.

૩. વિ. પીડા વગરનું.

અબ્બાયા ૧. [હિં.] સ્ત્રી. આબળું.
૨. સ્ત્રી. મોરખમૂડી નામની વનસ્પતિ.
૩. [સં. અ (નહિ) + અબ્ય (પીડા)] સ્ત્રી. પીડા ન હોવાપણું.
૪. સ્ત્રી. સંધ.
૫. સ્ત્રી. સ્થલાકાશ; સ્થલપથ; જમીન ઉપર થતું ઠમણ.
૬. સ્ત્રી. ઉતરડ.
અબબા પબા અબ્બાયા અમૂલા મેલડી હોઈ કામણ્યા ને પૂતળા લિયા મેલડી સોઈ; હરીલાલ હેતે કરી હરે ઉદરનો સેજ, તેમ જ વિશ્વરસાતની બાલ રાખ સંયોગ.
વિશ્વરસાયોગ

અબ્બાથી ૧. [સં. અ (નહિ) + અબ્યા (પીડા) + ઇન્ (વાળું)] વિ. દુઃખ વગરનું; પીડા વિનાનું.
૨. વિ. નિર્લંબ; બાધ રહિત; બીક વગરનું.

૩. વ. (ન્યાય, વેદાંત) જે પદાર્થ જે કાર્યના સમવાયીકારણ વિષે સમવાયસંબંધ વડે રહેલો હોઈને, બનવા સ્વસમવાયી સમવાયસંબંધ વડે રહેલો હોઈને, તથા બાકીના જ્ઞાનાદિક વિશેષ ગુણોથી ભિન્ન હોઈને, જે કાર્યનું કારણ કે કારણનું પણ કારણ હોય છે, તે તે કાર્યનું અસમવાયીકારણ કહેવાય છે. બાકીનું કારણ કરવાથી અસમવાયીકારણના બે વિભાગ થાય

છે. તેમાં એક અસમવાયીકારણ પોતાના કાર્યના સમવાયીકારણમાં સમવાયસંબંધથી રહીને તે કાર્યનું જનક થાય છે અને બીજું અસમવાયીકારણ તો પોતાના કાર્યના સમવાયીકારણમાં સ્વસમવાયી સમવાયસંબંધથી રહીને તે કાર્યનું જનક થાય છે. અને અસમવાયીકારણનું ઉદાહરણ: પહેલું અસમવાયીકારણ:— જેમકે, તંતુઓનો સંયોગ પટરૂપ કાર્યના સમવાયીકારણ રૂપ તંતુઓ વિષે સમવાયસંબંધે રહે છે. તે તંતુઓનો સંયોગ તાનાદિ મુજબથી ભિન્ન પણ છે. વળી તંતુઓનો પરસ્પર સંયોગ થયા વિના પટની ઉત્પત્તિ પણ થતી નથી, માટે એ તંતુસંયોગ પટનું કારણ છે, અને તે પટનું અસમવાયીકારણ કહેવાય છે. બીજાં ઉદાહરણ: કપાલનો સંયોગ પટનું અસમવાયીકારણ છે. બે પરમાણુઓનો સંયોગ દ્વયણુકનું અસમવાયીકારણ છે.

બીજું અસમવાયીકારણ:—કપાલ રૂપી અવયવી વિષે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, સ્વત્વ, સ્નેહ, સ્થિતિસ્થાપકતા, એ ગુણો રહેલા છે, એમને જ કારણગુણોત્પન્ન કહે છે. ગુણો કારણગુણોત્પન્ન. તે કપાલ રૂપી અવયવીમાં રહેલા ગુણોનું, અવયવોના ગુણજ વખતે અસમવાયીકારણ હોય છે. તે રૂપાદિ કાર્યોના સમવાયીકારણ રૂપ પટમાં અવયવોના ગુણ સમવાયસંબંધે કરીને રહેતા નથી, પણ તંતુના રૂપાદિ ગુણ સ્વસમવાયી સમવાયસંબંધે જ અવયવીમાં રહે છે, માટે અવયવના રૂપાદિક ગુણ અવયવીના રૂપાદિક ગુણોનું અસમવાયીકારણ કહેવાય છે.

૪. વ. (ન્યાય) દ્રવ્ય નહિ પણ ગુણ કે કર્મ હોય એવું કારણ કે કારણનું કારણ. જેમકે, ઘડો બનાવવામાં ઠીકરું અને તેની નીચેના ભાગનો સંયોગ એટલે કે આકાર વગેરેનો ખ્યાલ કુંભારના મનમાંથી અથવા જોઇવાની ક્રિયા જે દ્રવ્યના ભાગથી ઉત્પન્ન થયેલ છે તે કારણ.

૫. વ. નિત્ય સંબંધથી ન જોડાયેલું હોય એવું કારણ; આકસ્મિક કારણ. જેમકે, લાકડાં મારીને સાંબેલાને પગાડવું તે. અહીં લાકડાનો સંબંધ સાંબેલાની સાથે હોય તો જ સાંબેલું પડી શકે તેમ નથી. લાકડું કે બીજા કોઈ કારણથી પણ સાંબેલું પડી શકે છે.

કારણો ત્રણ પ્રકારનાં છે: સમવાયી, અસમવાયી અને નિમિત્ત. જે કારણ કાર્ય અથવા સમવાયીકારણની સાથે, એક જ વસ્તુમાં સમવાયસંબંધથી રહેલ હોય તે અસમવાયીકારણ. જેમકે, તંતુસંયોગ પટનું અસમવાયીકારણ છે તેમજ તંતુરૂપ એ પટનું. પ્રમાણુદ્વારા પ્રમેયસિદ્ધિ

અસમવિભુત્વાપક [સં. અ (નહિ) + સમ (સરખું) + વિભુ (વ્યાપ્ત) + આપક (આપનાર)] વ વ્યાપ્તિના પ્રવાહનું ભાન આપવા વપરાતું એક યંત્ર 'ડિફેરેન્શિયલ ગેલ્વેનોમીટર'. તેમાં બે તાંબાના તારનાં ગૂંચળાં જેવી રીતે વીંટાયાં હોય છે કે જ્યારે તારમાંથી વીજળીનો પ્રવાહ ચાલો હોય ત્યારે તે સોયને સરખા પ્રમાણમાં પણ ઊલટી દિશામાં અસર કરે છે. આ યંત્ર વીજળીના બે પ્રવાહના ઓછાવત્તા બળની સરખામણી કરવા વપરાય છે.

અસમવૃત્ત ૧. [સં. અ (નહિ) + સમ (સરખું) + વૃત્ત (ગોળ)] વ (ત્રિકોણ) ત્રણે પક્ષ જુદાં જુદાં માપનાં હોય એવો ગોળ; વિષમવૃત્ત.

૨. [સં. અ (નહિ) + સમ (સરખું) + વૃત્ત (વર્તણૂક)] વિ. અનેક સ્વાભાવવાળું; અનુપમ ચારિત્રવાન.

અસમવૃદ્ધિ [સં. અ (નહિ) + સમ (સરખું) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. બાદ કે ભોગના અમુક ભાગનો ત્રિરોપ પાછો વધારો.

અસમવેત ૧. [સં. અ (નહિ) + સમવેત (ભેગાવેલ)] વિ. જુદું; અસંગત; અસંબદ્ધ.

૨. વિ. સમવાયસંબંધથી નહિ જોડાયેલું.

અસમશર [સં. અ (નહિ) + સમ (બરાબર સખ્યાનું) + શર (બાણ)] પું. કામદેવ. તેને પંચ બાણ હોવાનું મનાય છે.

અસમશીર્ષ [સં. અ (નહિ) + સમ (સરખું) + શીર્ષ (માથું)] વિ. ઊંચી-નીચી ટોચવાળું; ઊંચાનીચાં શિખરોવાળું.

અસમશીલ [સં. અ (નહિ) + સમ (સરખું) + શીલ (સ્વભાવ)] વિ. જુદા સ્વભાવવાળું; ભિન્ન પ્રકૃતિવાળું; ઊલટા સ્વભાવનું.

અસમસામયિક [સં. અ (નહિ) + સમ (સરખું) + સામયિક (સમયનું)] વિ. જુદે જુદે વખતે હસ્તી ધરાવનાર; એક જ વખતે અસ્તિત્વમાં ન હોનાર; સમકાલીન નહિ એવું.

અસમસાયક [સં. અ (નહિ) + સમ (બેના સખ્યાવાળું) + સાયક (બાણ)] પું. કામદેવ. લુબ્બો અસમશર.

અસમસ્ત ૧. [સં. અ (નહિ) + સમસ્ત (સમસ્તપણું)], પું (વ્યાકરણ) સમાસ વિનાનો શબ્દ.

૨. [સં. અ (નહિ) + સમસ્ત (બેઠું)] વિ. બેઠક નહિ એવું; ઘણુંબધું.

૩. [સં. અ (નહિ) + સમસ્ત (સંક્ષિપ્ત)] વિ. ટૂંકું નહિ બનેલું; સંક્ષિપ્ત નહિ તેવું.

૪. [સં. અ (નહિ) + સમસ્ત (બધું)] વિ. પૂરું નહિ એવું; અધૂરું.

૫. વિ. (વ્યાકરણ) સમાસમાં નહિ જોડાયેલ.

અસમંજસ ૧. પું. અડચણ; કઠણાઈ.

૨. પું. ગુલાબજાંબુ.

૩. પું. રાસ.

૪. [હિં.] વ. અનિશ્ચય; ચિત્તની અસ્થિરતા.

૫. [સં. અ (નહિ) + સમંજસ (યોગ્યતા)] વ. અયોગ્યતા; અઘટિતપણું.

૬. વ. મેળ ન પાડવા જેવું હોવાપણું; અસંગતિ.

૭. [સં. અ (નહિ) + સમંજસ (સારું)] વિ. અઘટિત; અનુચિત; અયોગ્ય.

૮. વિ. બાળકની વાણી જેવું; બાંધુંતાદરું અને બીકું; કાચું.

૯. વિ. મૂર્ખાઈ ભરેલું; અવૈ વગરનું. સૂર્યની પાસે અંધકાર હતો જેમ સમજી તેને બદલે બદલવા જેવું કૃત્ય અસમંજસ કહેવાય.

૧૦. વિ. સમજણ નહિ જેવું; અરજણ અણસમ.

૧૧. વિ. સરખું નહિ જેવું; ખોટું.

૧૨. વ. ઠાલે નહિ તેમ; અનુચિત રીતે.

અસમંજસ ૧. [સં. અસમંજસ] પું. (પુરાણ) સૂર્યવંશી રાજા કુલ્લાર્પહિનો એ નામનો દીકરો.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના સગર રાજાને તેની સ્ત્રી કેશિનીથી થયેલો દીકરો. તે મૂળ યોગભ્રષ્ટ થયેલો હોવાથી એનો બધાને દુનિયામાં રહેવાનો ન હતો, અને તેથી બધાને ત્રાસ દેવા તોફાન વર્તતો, કેમકે તે માનતો હતો કે એવી વર્તણૂકથી એ પોતે મોટો કરે તો નગરમાંથી બધા રહેવાની આજ્ઞા થાય. શહેરનાં લોકોનાં છોકરાંને તે રમવાને બહાને નદીમાં લઈ જઈને ડૂબાડતો. ગામમાંથી ઘણાં છોકરાંની બાબી વળે થવાથી લોકોએ રાજાને ફરિયાદ કરી. તેથી રાજાએ એને શહેર છોડી જવાનો હુકમ કર્યો. સરયૂ નદીને કાંઠે જઈ પોતાના યોગના બળથી બૂડાડેલાં છોકરાંને બહાર કાઢી શહેરમાં મોકલી દીધાં અને પોતે વનમાં ચાલ્યો ગયો.

અસમાજ ૧. [સં. અ (અયોગ્ય) + સમાજ (સમૂહ)] પું. બદમાશ સમુદાય.

૨. [સં. અ (અન્ય) + સમાજ (નાતિ)] પું. પરજાતિ.

અસમાતું ૧. વિ. તોફાની; બાંદરું; અટકચાળું.

૨. [અ (નહિ) + સમાતું (માન જેવું)] વિ. માન નહિ જેવું.

૩. વિ. સમાય નહિ એટલું; ઘણાબધું.

૪. વિ. ગળામણને ન ચલાવી

અસમાદર [સં. અ (નહિ) + સમ્ (સારી) + આદર (આબરૂ)] પું. સન્માનનો અભાવ; અવગણના.

અસમાદૃત [સં. અ (નહિ) + સમ્ (સારી) + આદૃત (આબરૂ અપાયેલું)] વિ. અસન્માનિત; અવગણના કરાયેલું; જેના તરફ ધ્યાન આપવામાં ન આવ્યું હોય એવું.

અસમાધાન [સં. અ (નહિ) + સમાધાન (નિશ્ચય)] સ્ત્રી. નિશ્ચય ન થવાપણું.

અસમાધાનકારક [સં. અ (નહિ) + સમાધાન (નિશ્ચય) + કારક (કરનાર)] વિ. નિશ્ચય ન કરે એવું; અસંતોષકારક.

અસમાધિ ૧. [સં. અ (નહિ) + સમાધિ (શાંત ધ્યાન)] સ્ત્રી. (જૈન) મનની એકાગ્રતા ન હોવાપણું; ચિત્તની અસ્થિરતા.

કુઈ અસમાધિ અતિ આકરી, તે નર તેહને ઉલ્લાલી.
વાગ્ભટસ્તવન

૨. [સં. અ (નહિ) + સમાધિ (શાન્તિ નિવેડો)] સ્ત્રી. મનની ચૂંથરવણ; ઊકેલ ન પડે તેવી સ્થિતિ.

અસમાધિમરણ [સં. અ (નહિ) + સમાધિ (ચિત્તની સ્વસ્થતા) + મરણ (મોત)] સ્ત્રી. (જૈન) ચિત્તની અસ્વસ્થતા થાય તેવું ઠેકાણું; ચિત્તને સ્થિર રાખવા વગર કરાતું વિપરીત વર્તન. તે દોષ છે: (૧) ઊભાવવું ઊભાવવું આવે; (૨) પોંખ્યા વિના આવે; (૩) જોઈતેય પોંકને આવે; (૪) બધાં ખાટખાટલા વાપરે; (૫) ગુરુ કે મોટેરા સામું જોવે; (૬) વૃદ્ધ ગુરુ વગેરેનું મરણ ઇચ્છે; (૭) એકેંદ્રિય વગેરે જીવની જાત ચિતવે; (૮) લાંબે લાંબે ઠોબ કરે; (૯) નિદ્રા કરે; (૧૦) પૂરી અગર વિના નિમણી જાગ્ય જોવે; (૧૧) નવો કલેશ ઉત્પન્ન કરે; (૧૨) જૂના કલેશને ફરીથી જાગ્રત કરે; (૧૩) ગામને સ્વાધ્યાય કરે; (૧૪) રસ્તાની ધૂળથી પગ ખરડાયેલ હોય તે પોંખ્યા વિના આસન પર બેસે; (૧૫) પહોર રાત્રિ ગયા પછી મોટે અવાજે બોલે; (૧૬) કોઈની જાત જાણ જેવો કલેશ કરે; (૧૭) તડાં પાડે; (૧૮) પોતાના તપ બીજાના આત્માને ચિત્ત ચળ જેવાં વચન બોલે; (૧૯) બહુ ખા ખા કરે; (૨૦) દોષવાળાં અનાજથી જે.

અસમાધેય [સં. અ (નહિ) + સમાધેય (કેવળી વડે જે જોયું)] વિ. નિશ્ચય ન થઈ શકે એવું.

અસમાધ્યધ્યવસાય [સં. અ (નહિ) + સમાધેય (કેવળી વડે જે જોયું) + અધ્યવસાય (કૃત્યે)] પું. નિશ્ચય કે ચોક્કસપણ ન થઈ શકે એવો ગુનો.

અસમાન ૧. [સં. આસ (બેઠી) + માન (જેવું)] (અસમૌન) વ. આસપાસ; બાજુ; અડોઅડ.

ઈ ને પગથી હોય બાકી, ઈ અસમાન કરાવિ.
કરસનદાસ

અસમાન તે બાજીનનો ફેર = બહુ જ અંતર; બહુ તફાવત.

૨. [સં. અ (નહિ) + સમાન (સરખું)] (અંસમાન) વિ. અસદૃશ્ય; વિષમ.

૩. વિ. અલૌકિક; અદ્‌ભુત.

૪. વિ. અસાધારણ; સર્વોત્કૃષ્ટ.

૫. વિ. બેજોડ્યવાળું; અનુપમ.

૬. વિ. પૂરું; બધું.

સાવ હોય દુઃખ ખરે અસમાન.
નરસૈંયો

૭. વિ. જુદું; બીજા બધાનું; વિલક્ષણ.

૮. વિ. બરોબરિયા વિનાનું, અજોડ; અનુપ.

૯. વિ. સમાન નહિ એવું; ઠેકાણે પાવાનું.

અસમાનચિહ્ન [સં. અ (નહિ) + સમાન (સરખું) + ચિહ્ન (નિશાની)] ન. (ગણિત) વિરુદ્ધ કે ઊલટી નિશાની. જેમકે, બોલની ઊલટી નિશાની વત્તા.

અસમાનતા ૧. [સં. અ (નહિ) + સમાન (સરખું) + તા (પણું)] સ્ત્રી. અલૌકિકપણું, અદ્‌ભુતતા.

૨. સ્ત્રી. અસાધારણપણું; સર્વોત્કૃષ્ટતા.

૩. સ્ત્રી. ઊંચુંનીચું હોવાપણું; ઠેકાણે પાવાનું હોવું તે.

૪. સ્ત્રી. બોજવગરપણું; નાનમોટાપણું.

૫. સ્ત્રી. ખુલાસી; બિનતીપત્રતા; બિનતા.

૬. સ્ત્રી. બરોબરિયા વગરનું હોવાપણું; અજોડપણું.

૭. સ્ત્રી. સરખું ન હોવાપણું; અસમતા.

અસમાનજાતીયદ્વિપ્રદેશિકસ્કંધ [સં. અ (નહિ) + સમાન (સરખું) + જાતિ + દ્વિપ્રદેશ (બે પ્રદેશવાળો આકૃતિ)] પું. (ગણિત) જેની કોઈ પણ બે જાતિ સરખી ન હોય એવી બે પ્રદેશવાળી આકૃતિ; 'રહીત દ્વિપ્રદેશ'.

અસમાનશીલ ૧. [સં. અ (નહિ) + સમાન (સરખું) + શીલ (આચાર)] વિ. આચારમાં સુસંગતપણું; વર્તનમાં સુસૂત્ર પણું.

૨. [સં. અ (નહિ) + સમાન (સરખું) + શીલ (સ્વભાવ)] વિ. જુદા સ્વભાવનું; ભિન્ન પ્રકૃતિનું.

અસમાની [જુ. અસમાન (આકાશ)] વિ. આકાશના જેવા રંગનું; આસમાની; ભૂખું.

અસમાનીસુલતાની ૧. [જુ. અસમાન (આકાશ) + સુલતાન (રાજા)] સ્ત્રી. કુદરત કે રાજા તરફથી અણધારી આવી પડેલ આફત; દૈવપ્રકોપ કે રાજપ્રકોપ; દૈવકૃત કે રાજકૃત આફત.

૨. સ્ત્રી. આકાશીપાતી.

૩. સ્ત્રી. મોટો ફેરફાર; ઊંધુંચત્તું; ઊથલપાથલ.

અસમાપન [સં. અ (નહિ) + સમાપન (પૂર્ણ કરવું તે)] ન. અપૂર્ણતા; અસમર્પણ.

અસમાપિત [સં. અ (નહિ) + સમાપિત (પૂરું કરેલું)] વિ. પૂરું નહિ કરેલું; અસમાપ્ત; અપૂરું.

અસમાપ્ત ૧. [સં. અ (નહિ) + સમાપ્ત (પૂરું)] વિ. અપૂરું; અપૂર્ણ.

૨. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આપ્ત (પામેલું)] વિ. સારી રીતે નહિ મેળવેલ.

અસમાપ્તિ ૧. [સં. અ (નહિ) + સમાપ્તિ (પૂરું હોવાપણું)] સ્ત્રી. અપૂર્ણતા; અપૂરાપણું; સમાપ્તિનો અભાવ.

૨. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આપ્તિ (લાભ)] સ્ત્રી. સારી રીતે નહિ મેળવ્યાપણું; સારી રીતે હાથમાં ન આવ્યું તે; સારી રીતે નહિ મળેલી પ્રાપ્તિ.

અસમાર [અ. સમર (ચાર્યા)નું બહુવચન] ન. વ. ઘ. ઘણાંબધાં.

અસમાવર્ત [સં. અ (નહિ) + સમાવર્ત (અભ્યાસ પૂરો કરી પાછો ઘેર આવવાપણું)] પું. બ્રહ્મચારી. જુઓ અસમાવર્તક.

અસમાવર્તક [સં. અ (નહિ) + સમાવર્તક (અભ્યાસ પૂરો કર્યા પછી પોતાને ઘેર આવનાર વિદ્યાર્થી)] પું. ગુરુને ત્યાં અભ્યાસ પૂરો કરી ઘેર પાછો ન આવેલ વિદ્યાર્થી; બ્રહ્મચારી. ગુરુને ત્યાં અભ્યાસ કરવા રહેલ દ્વિજનો અભ્યાસ પૂરો કરે તેના ઉપર સમાવર્તન નામનો સંસ્કાર કર્યા બાદ તે વ્રતલક્ષણસંપન્ન ગૃહસ્થાશ્રમમાં આવે. જેને આ સંસ્કાર ન થયો હોય તે અસમાવર્તક કહેવાય.

અસમાવૃત્ત [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આવૃત્ત (પાછું ફરેલ)] વિ. જેનો સમાવર્તન સંસ્કાર ન થયો હોય એવું. જુઓ અસમાવર્તક.

અસમાપૂત્તક [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આપૂત્તક (પહું આવવાર)] કું. લાલચારી. લુખ્યે અસમાપર્તક.

અસમાપૂત્તિક [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આપૂત્તિ (પાકે કરવાપહું) + ક (પાકુ)] કું. જેનાથી અનાસક્ત પૂરો ન થયો હોય તેવો પાકવા. લુખ્યે અસમાપર્તક.

અસમાહાર ૧. [સં. અ (નહિ) + સમાહાર (સમૂહ)] કું. અસમુદાય; સમૂહ ન હોવાપહું.
૨. કું. જુદું પડવાપહું.
૩. કું. નહિ મેળવવાપહું.
૪. કું. મેળાપ નહિ તે.
૫. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આહાર (લાવવું તે)] કું. સારી રીતે ન લાવવાપહું.
૬. વિ. નહિ મેળવેલું.
૭. [સં. અ (નહિ) + સમ (સરખું) + આહાર (ખોરાક)] વિ. પ્રમાણમાં ખોરાક નહિ લેનાર; અમિતાહારી.

અસમાહારી ૧. [સં. અ (નહિ) + સમાહ (ભેગું કરવું) + ઇ (હોય)] વિ. જુદું રહેવા ટેવ.
૨. વિ. મેળવી ન શકાય એવું; મેળાપ કરાવી અશક્યપાપહું.
૩. વિ. સારી રીતે ન લેવાય એવું.

અસમાધિ [સં. અસમાધિ] સ્ત્રી. (પ્રાકૃત) ચિત્તની અસ્વસ્થતા.

અસમાહિત ૧. [સં. અ (નહિ) + સમાહિત (શાંત)] વિ. અસ્વસ્થ; બેચેન; અશાંત.
૨. વિ. (જૈન) બીકણ; ડરપોક.
૩. વિ. (જૈન) જેનો શુભ અધ્યવસાય ટેવને લીધે સંક્લેશ રહિત.
૪. [સં. અ (નહિ) + સમાહિત (સ્વસ્થ)] વિ. સમાધિ વગરનું; અસ્વસ્થચિત્ત ચિત્તની એકાગ્રતા વિનાનું; ચંચલ.
૫. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + આહિત (મૂકેલ)] વિ. સારી રીતે નહિ સ્થાપેલ.

અસમાહિતમનસ્ [સં. અ (નહિ) + સમાધિ (ચિત્તની સ્વસ્થતા) + મનસ્ (મોત)] વ. (પ્રાકૃત) ખાલ મનવું; અજ્ઞાન દશામાં હોવાને કારણે મરવું પડ્યું મોત.

અસમિતિ સ્ત્રી. (જૈન) બોલવાચાલવા અને લેવામૂકવામાં કાળજી ન રાખવી તે.

અસમીક્ષા સ્ત્રી. જે વાંચવી જોઈ અર્થની લિપિ.

અસમીક્ષિત [સં. અ (નહિ) + સમીક્ષિત (વિચારેલ)] વિ. પૂરો વિચાર કર્યા વિનાનું.

અસમીક્ષ્યકારિત્વ ૧. [સં. અ (નહિ) + સમીક્ષ્ય (તપાસીને) + કારિન્ (કરનાર) + ત્વ (પણું)] સ્ત્રી. અવિચારીપણે કામ કરવાપહું.
૨. સ્ત્રી. સાહસિકતા.

અસમીક્ષ્યકારી ૧. વિ. પૂર્વ.
૨. [સં. અ (નહિ) + સમીક્ષ્ય (તપાસીને) + કારિન્ (કરનાર)] વિ. વગર વિચાર્યું કરનાર; સાહસિક.

અસમીક્ષ્યવાદી [સં. અ (નહિ) + સમીક્ષ્ય (વિચારીને) + વાદિન્ (બોલનાર)] વિ. વગર વિચાર્યું બોલનારું; બાલબિયું.

અસમીચીન [સં. અ (નહિ) + સમીચીન (સારું)] વિ. ખોટું; અયોગ્ય; બરાબર.

અસમુદાય [સં. અ (નહિ) + સમુદાય (સમૂહ)] કું. સમૂહ ન હોવાપહું.

અસમૃદ્ધિ [સં. અ (નહિ) + સમૃદ્ધિ (સમાતી)] સ્ત્રી. પરમાતી.

અસમેષ [સં. અસમેષ] કું. (હિંદી) ઘોડો હોમવાનો બાકી રહેલો એક યજ્ઞ. લુખ્યો અશ્વમેધ.

અસમેધુ [સં. અ (નહિ) + સમ (સારી રીતે) + ધુ (બાંધવું)] કું. પ્રમેહ; બાલબાર. જેને પંચ બાંધ્યા હોવાનું મનાય છે.

અસમોત્પત્તિ [સં. અ (નહિ) + સમ (સરખું) + ઉત્પત્તિ (પેદા થવું તે)] સ્ત્રી. બાબાપણી તદ્દન જુદા પ્રકારનું પેદા થવાનું બાબી.

અસમ્ય ૧. [અ.] કું. (વહિવટ) જેનું નિરીક્ષણ થતું ન હોવાથી ઘણી ખોટી રકમ.
૨. વિ. બહેરું.
૩. [સં. અસમ્ય] વિ. (પ્રાકૃત) સભ્યતા દષ્ટિ રહિત; જુદા પ્રકારનું વિનાનું.

અસમ્યક્ ૧. [સં. અ (નહિ) + સમ્યક્ (બરાબર)] વિ. અયોગ્ય; અનુચિત.
૨. [સં. અ (નહિ) + સમ્યક્ (પૂરું)] વિ. ખોટું; બેબરાકું.
૩. વિ. (જૈન) સમકિત ગુણને લીધે જુદા જ્ઞાન વગરનું.

અસમ્યક્કારી ૧. [સં. અ (નહિ) + સમ્યક્ (બરાબર) + કારિન્ (કરનાર)] વિ. અનુચિત કામ કરનાર; અયોગ્ય કર્મ કરનાર.
૨. [સં. અ (નહિ) + સમ્યક્ (સારી રીતે) + કારિન્ (કરનાર)] વિ. સારી રીતે નહિ કરનાર; બાકી કામ કરનાર.

અસમ્યક્જ્ઞાન [સં. અ (નહિ) + સમ્યક્ (પૂરું) + જ્ઞાન] વ. ખોટી સમજ; મિથ્યાજ્ઞાન. જ્ઞાનશાસ્ત્રમાં જે જ્ઞાન યથાર્થ હોય તે જ સમ્યગ્જ્ઞાન-પ્રમાણ અને જે જ્ઞાન અયથાર્થ હોય તે જ અસમ્યગ્જ્ઞાન-પ્રમાણાભાસ કહેવાય છે.

અસમ્યક્ત્વ કું. જેને લાયકી વગર અલિપ્તપણ. તે ૨૮ પ્રકારનું છે: પ્રકામ, નિષ્કામા, અર્ધપ્રકામ, કર્તરીમુખ, મકર, અર્ધચંદ્ર, બાલ, મુક્તાંડક, મુષ્ટિ, સિંહકર્ણ, કાકિણી, કાકમુખ, સૂચિ, ચંદ્રમા, પદ્મપત્ર, સર્પશીર્ષ, વૃષભશીર્ષ, સિંહમુખ, ગાંજૂલ, સોયપત્ર, મસુર, ગજકર, હંસપદ્મ, હંસપક્ષ, સમદલ, મુકુલ, તામ્રોષ્ઠ અને ચિપિટ.

અસર ૧. [અ. અસર] કું. દિવસનો ચોથો પહોર.
૨. કું. બપોર પછીની ત્રણેક કલાકનો સમય અને સૂર્યાસ્ત વચ્ચેનો સમયગાળો.
૩. કું. વખત; સમય.
૪. કું. સાંજની નમાજનો વખત.
૫. સ્ત્રી. (ન્યાય) અંક.
૬. સ્ત્રી. કામ; કાર્ય.
૭. સ્ત્રી. છાપ; મનમાં વાત ઉતારવાપહું.
૧. અસર કરવી = છાપ બેસાડવી; મનમાં ઠસાવવું.
૨. અસર થવી = (૧) છાપ પડવી. (૨) નિકામી થવી. (૩) પાક બેસવો.
૩. સોબત તેવી અસર = સારા માણસના સહવાસથી સારી અને નઠારા માણસની સાથે રહેવાથી ખરાબ છાપ પડે છે.
૮. સ્ત્રી. પરિણામ; ફળ; પ્રભાવ.
૯. સ્ત્રી. પ્રકાર; રંગ; સોબતની છાપ.
૧૦. [અ. અસર; સા. અસ] સ્ત્રી. લાગણી.
૧૧. સ્ત્રી. લાગવગ.
૧૨. સ્ત્રી. હોસલા; ચાલ; કળ.
૧૩. સ્ત્રી. હેતુ; અર્થ; પ્રયોજન.
૧૪. (અફર) વ. તુચ્છકારવાચક ગાળ.
અસર અસર્યું = પાસ સાથે ચાલવું બેસવું ઊભવું કરે એવું કોઈ ખાનગી અથવા બાજ કોમ કરવું.
૧૫. વિ. અસરવાળું.

અસરકારક ૧. [અસર + કારક (કરનાર)] વિ. પ્રભાવકારક; છાપ પાડનાર.
૨. વિ. બળવાન; પ્રબળ.
૩. વિ. સમજદાર; રાજકારણ; ચાલાક.

અસરફી કું. મુસલમાની વખતનો એક સોનાનો સિક્કો. લુખ્યો અશરફી.

અસરણીન વ. જેને બનતું તારવાળું વાદ્યું.

અસરહ ૧. [સં. અ (નહિ) + સરહ (સહેવું)] વિ. અઘરું; મુશ્કેલ.
૨. વિ. ચૂંચવણવાળું.
૩. વિ. મહેનતથી કરેલું; મમળી બનેલ.

અસરહતા ૧. [સં. અ (નહિ) + સરહ (સહેવું) + ત્વ (પણું)] સ્ત્રી. ચૂંચવણ.
૨. સ્ત્રી. મુશ્કેલી.
૩. સ્ત્રી. સમજી શકાય તેવું હોવાપણું.

અસરણ જુઓ અશરણ.

અસરણતા જુઓ અશરણતા.

અસરંજ [ઘ.] પું. સિંદૂર.

અસરાસુ ૧. [સં. અ (નહિ) + સુર (દેવ)] પું. અસુર; રાક્ષસ.
૨. પું. બ્રહ્મા; ઘડવૈયા.
નહિ કૃતી નિરાસ, નહીંત કુંકાવી નહિ;
ઊમટી અસરાસુ, મું સંસારીસ મંડિયો.
[illegible]
૩. વિ. કૂર.
૪. વિ. સમજ વગરનું.

અસરાપ [સં. અ (નહિ) + સાપ (કહ્યું)] પું. આશીર્વાદ; દુવા.
આવજે તુમને દુખડાં દુખાં
તિમ તિલ અસરાપ. સીતાહરણ

અસરાફ ૧. [અ. અશ્રાફ; (શરીફ એટલે ખાનદાનનું બહુવચન)] વિ. પાપ વિનાનું; નિર્દોષ.
૨. વિ. શાંત; નમ્ર; ભરોસાનું.

અસરાર ૧. [અ. સિર્ર (ભેદ)નું બહુવચન]
૧. ખાનગી વાતચીત; છૂપી વાત; ભેદની.
૨. ન. છૂપો ભેદ.
૩. ન. ગોરખધંધ.
૪. વિ. બાકી; અવિરત; સતત.
૫. ક્રિ. વિ. સતતપણે; નિરંતર.

અસરાલ ૧. [સં. સરસ્] વિ. બાકી; સતત.
૨. વિ. ભરપૂર; ભરેલું.
વેલડી વખત ભાઈનો, નહીં વહે અસરાલ રે.
મેઘાણંદ
૩. ક્રિ. વિ. (બા. પ્ર.) સતતપણે; અવિરત રીતે; ધારાબંધ.
તેણે મને તેણે રળી, પણ વાલે અસરાલ રે.
ભોજા

અસરાહ [સં. અસ્રક] પું. એ નામનું ઝેર ખતનું ઝાડ.

અસરૈલ પું. સર્પના કરડ ઉપર અસરકારક મનાતો એ નામનો ઝેર છોડ.

અસર્વ ૧. [સં. અ (નહિ) + સર્વ (બધું)] વિ. અધૂરું; અપૂર્ણ.
૨. વિ. બધું નહિ જોનું; કેટલુંક; થોડું.

અસર્વગતત્વ [સં. અ (નહિ) + સર્વ (બધું) + ગત (ગયેલું) + ત્વ (પણું)] ન. (જૈન) દ્રવ્યના પરિણામિક ગુણનો ઓછું સર્વવ્યાપી ન હોવાપણું.
અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અસર્વગતત્વ, અપ્રદેશત્વ, અસંખ્યાતપ્રદેશત્વ, અસર્વગતત્વ, અમૂર્તત્વ આદિ અનેક પરિણામિક ગુણો છે.
તત્વાર્થસૂત્ર

અસર્વજ્ઞ ૧. [સં. અ (નહિ) + સર્વ (બધું) + જ્ઞ (જાણનાર)] વિ. બધું નહિ જાણનાર; અજ્ઞાની.
૨. વિ. (જૈન) સંપૂર્ણ જ્ઞાન નહિ ધરાવનાર; છદ્મસ્થ; કેવળજ્ઞાની નહિ જોનું.

અસર્વેસ પું. એ નામનો ઝેર છોડ; અસર્વેત.

અસલ ૧. [ફા.] સ્ત્રી. ઉત્પત્તિ; મૂળ.
અસલ તુમાર જમા = આગળના વખતમાં રાજા કોમરમાંથી આપેલી મહેસૂલ ઉઘરાવવાની રીતનો જમાબંધીનો મૂળ આંકડા.
૨. સ્ત્રી. કારણ; હેતુ; ઉદ્દેશ.
૩. સ્ત્રી. મૂળ; વંશ.
૪. સ્ત્રી. ચારિત્ર; વર્તણૂક; આચરણ.
૫. સ્ત્રી. જડ; મૂળ.
૬. સ્ત્રી. જન્મ; પેદા થવાપણું.
૭. સ્ત્રી. તત્ત્વ; મૂળ દ્રવ્ય.
૮. સ્ત્રી. ધાતુ; ક્રિયાપદનું મૂળ રૂપ.
૯. સ્ત્રી. પાયો. જેના ઉપર ઇમારત ઊભી કરવામાં આવે તે આધાર.
૧૦. સ્ત્રી. બંધારણ; બાંધણી; રચના.
૧૧. સ્ત્રી. બીજ; નિધું; બી.
૧૨. સ્ત્રી. મૂળો; હેતુ; રહસ્ય.
૧૩. સ્ત્રી. મૂળ દસ્તાવેજ.
૧૪. [અ. અસ્લ] સ્ત્રી મૂળ રકમ; મૂડી.
૧૫. સ્ત્રી. શક્તિ; બળ; સામર્થ્ય; તાકાત.
૧૬. સ્ત્રી. સત્ત્વ; સાર; રસ.
૧૭. સ્ત્રી. સાચ; સાચું હોવાપણું; સત્ય.
૧૮. સ્ત્રી. સારપણું; સારો ગુણ.
૧૯. સ્ત્રી. સાક્ષાત્કાર; સાચે અનુભવ; સાક્ષાત્.
૨૦. સ્ત્રી. સ્થિતિ; દશા; હાલત.
૨૧. સ્ત્રી. સ્વભાવ; પ્રકૃતિ; તાસીર.
૨૨. ન. ધન.
૨૩. ન. સોનું; સોનાંદ.
૨૪. [સં. અસ્ત્ર (હથિયાર)] ન. હથિયાર; શસ્ત્ર; ઓજાર.
૨૫. ન. હથિયાર કેળવવાં ઉપયોગી મંત્ર; અસ્ત્ર કેળવી વખતે બોલવાનો ઝેર ઉતારનો મંત્ર.
૨૬. વિ. ઉત્તમ; સૌથી સારું; જૈષ્ઠ.
૨૭. વિ. ઊંચા કુળનું; ખાનદાન; કુલીન.
૨૮. વિ. ઔરસ; પોતાની પરણેતી સ્ત્રીથી પેદા થયેલું.
૨૯. વિ. ખરું; સાચું.
૩૦. વિ. ચોક્કસ; નક્કી; બરાબર.
૩૧. વિ. બળવંત.
૩૨. વિ. જૂનું; ઘણા વખતનું; પુરાણું.
અસલના વારનું = જૂના વખતનું; પરંપરાનું.
૩૩. વિ. મુખ્ય; પહેલું; પ્રધાન.
૩૪. વિ. મૂલ્યનું; કિંમતનું; જવરી.
૩૫. વિ. મૂળ; આગળનું; પ્રથમનું.
અસલ જમા = ગામ, પ્રાંત કે બીજા જમીન ઉપર જમીન કરવાર વગર લેવાતી મૂળ મહેસૂલ.
૩૬. ક્રિ. વિ. પહેલાં; અગાઉના વખતમાં; પ્રાચીન કાળમાં.

અસલ કરજદાર [અ. અસ્લ (મૂળ) + ઘ. કર્જદાર (દેવાદાર)] પું. મુખ્ય દેવાદાર.

અસલ કર્જદાર જુઓ અસલ કરજદાર.

અસલતા [અ. અસ્લ (મૂળ)] સ્ત્રી. જૂનાપણું; પ્રાચીનતા.

અસલ દેવાદાર જુઓ અસલ કરજદાર.

અસલ દેવાદાર જુઓ અસલ કરજદાર.

અસલ પુરાવો [અસલ (મૂળ) + પુરાવો (આધાર)] પું. મૂળ આધાર; અસલ પુરાવો; 'પ્રાઇમરી એવિડન્સ'.

અસલ પ્રાકૃત સ્ત્રી. જૂના વખતની સાહિત્યની પ્રાકૃત ભાષા.

અસલસસુસ [અ.] સ્ત્રી. એ નામની ઝેર વનસ્પતિ; એકોનાઇટ.

અસલહુ [અ. સલાહ (સબ્દાનીય)નું જૈસતાવાળું રૂપ] વિ. ઉત્તમ; જૈષ્ઠ.

અસલાન [અ.] પું. એ નામની ઝેર વનસ્પતિ; બોરસિપ્પા. તેના ઝેર વેત ઊંચા જતા છોડ ઉપર બોરની શિપ્પા જેવા તોરા આવે છે. તે પિત્ત, કફ તથા લોહી બગાડનાર અને તેનાં મૂળ ચસરીના રોગમાં અસરકારક મનાય છે.

અસલામ [અ. સલામ (પૂર્ણતા)નું બહુવચન] પું. ન. ઘ. પૂર્ણતાઓ; બાબતાઓ.

અસલિયત ૧. [અ. અસ્લ (મૂળ) + યત (સંબંધવાચક નામનો પ્રત્યય)] સ્ત્રી. કુદરતીપણું; સ્વાભાવિકતા.
૨. સ્ત્રી. બનાવટીપણું; વાસ્તવિકપણું.
૩. સ્ત્રી. ખાનદાની; કુલીનતા.
૪. સ્ત્રી. જૂનાપણું; પ્રાચીનતા.
૫. સ્ત્રી. મૂળ સ્થિતિ.
૬. સ્ત્રી. મહત્તત્વ; સાર.

૩. સ્ત્રી. દુષ્કરતા; [નપુંસકપણું.
૪. સ્ત્રી. લાચારી.

અસહિષ્ણુ [સં. અસહ્] વિ. ક્ષમા; અસહી.

અસહી ૧. સ્ત્રી. એક જાતનું દૂધ. તેનાં ગાય કુંવરાવાળા કેટલા પ્રદેશમાં થાય છે.
૨. [સં. અસત (પક્ષી)] સ્ત્રી. સફેદાતથી લાલ રંગનું થાય. પહોળી વાસવેલ અને લાબલ વગેરેને લાગતી ઝેરી ઇયળ.
૩. વિ. ખરેખરું; વાસ્તવિક; ખાસું.
૪. વિ. બહુ; આગલના વખતનું; પુરાતન; પુરાણું.
૫. વિ. મુખ્ય; પ્રધાન.
૬. વિ. મૂળનું; પ્રથમનું.
૭. વિ. શુદ્ધ; ભેળ વગરનું.

અસલી કરાની સ્ત્રી. એક જાતની તરવારની મૂઠ. જુઓ પટ.

અસલીપસલી [પસલીનું જેવું દ્વિ] સ્ત્રી. શાસ્ત્ર સુદ ૧ થી શાસ્ત્ર સુદ ૧૫ સુધી છોકરીઓ ઓળખીતાને ત્યાં વારાફરતી સુવાર, બાજરી વગેરે ધાન્ય આપે તેવું વ્રત.

અસલી બાપ કું. ખરો બાપ; જન્મદાતા.

અસલી મૂલ્ય ૧. સ્ત્રી. બજાર કીમત; મૂળ કીમત.
૨. સ્ત્રી. વિક્રીની અંદર રહેલ ધાતુની કીમત.

અસલી રાહદાત [અ.] સ્ત્રી. જુબ્બ પુરાવો; મૂળ આધાર.

અસલી વૃત્તિ [ઉં] સ્ત્રી. સ્વભાવ પ્રકૃતિ; ખાસિયત.

અસલી સિક્કેદાર [અ. અસલી (પક્ષ) + સિક્કા (બાબ) + ફા. દાર (પ્રત્યે)] કું. જુબ્બ બાગીદાર.

અસવત [અ.] વિ. સૌથી મોટું.

અસવારી સ્ત્રી. ઘોડા ઉપર બેસી ઘોડાને ચલાવવાની કસરત.

અસવર્ણ ૧. [સં. અ (નહિ) + સવર્ણ (એક જ વર્ણનું)] વિ. એક જાતિનું નહિ એવું; વિજાતીય; જુદી જાતિનું.
૨. વિ. (વ્યવસ્થા) જુદા સ્વભાવથી ઉત્પન્ન થયું. જેમકે, ક્ષ ને ય, વ ને ક્ષ એ અસવર્ણ ■

ક વર્ણ, ખ વર્ણ, ગ વર્ણ, અને ઘ વર્ણ એ ત્રેણ અસવર્ણ કે વિજાતીય સ્વર આવે તો તેના બદલામાં ક્ષ, ક્ષ, ક્ષ, ક્ષ થાય છે.

જુઓ વ્યાકરણ

૩. [સં. અ (નહિ) + સ (સ્વયં) + વર્ણ (રંગ)] વિ. નોખા રંગનું.

અસવર્ણવિવાહ [સં. અ (નહિ) + સવર્ણ (એક જ જ્ઞાતિનું) + વિવાહ (લગ્ન)] કું. જુદી જુદી જાતિનાં સ્ત્રીપુરુષનું લગ્ન; વર્ણાંતર લગ્ન.

અસવરી સ્ત્રી. બહુ ખાવાથી પેટમાં થતી આમાગ્રંથિ; અજીર્ણી.

અસવાર ૧. [સં. અશ્વવાર; પ્રા. અસ્સવાર; મા. અસવાર] કું. ઘોડેસવાર.
૨. કું. પાલખીની પીઠ ઉપર બેઠેલ માણસ; સવાર.
૩. [સં. અસ્વરી] કું. પાલખીની પીઠ ઉપર બેસવાપણું; આરોહણ.
૪. કું. વાહનમાં બેસવાપણું.
૫. વિ. ઉપર બેઠેલ.

અસવારી ૧. [સં. અસ્વારી] સ્ત્રી. આરોહણ; પાલખીની પીઠ ઉપર બેસવું તે; સવારી.
૨. સ્ત્રી. ખાર્ફ; ઘુમ્મો.
૩. સ્ત્રી. લશ્કર જેવા તહેવારે રેતી રાજમાર્ગ નીકળતું રજવાડી સરઘસ.
૪. સ્ત્રી. નોકરચાકર સાથે ફરવાપણું.
૫. સ્ત્રી. રસાલો.
૬. સ્ત્રી. વાહનમાં બેસનાર; ઉતારૂ.
૭. સ્ત્રી. વાહનમાં બેસવાપણું.
૮. સ્ત્રી. સરઘસ; વરઘોડો.

અસવ્ય [સં. અ (નહિ) + સવ્ય (ડાબું)] વિ. જમણું.

અસસ [અ.] કું. બ.વ. પોકીદાર; પહેરેવાળા.

અસહ ૧. વિ. સહીનો બનાવો બાબ.
૨. વિ. દુષ્ટ.
૩. [સં. અ (નહિ) + સહ્ (સહન કર્યું)] વિ. ખમી ન શકે એવું.
૪. વિ. ન ખમાય તેવું; અસહ્ય.
૫. વિ. સહન નહિ કરનાર.
૬. વિ. દુર્ભોગ સહીસવું.

અસહકાર ૧. [સં. અ (નહિ) + સહ (સાથે) + કાર (કામ)] કું. કુસંપ.
૨. કું. નહિ બરાબરી સાથ સહાય નહિ આપવાપણું.
૩. કું. સંપીને નહિ કામનો તે સાથે મળી કામ ન કરવાનો ભાવ.

અસહકારમુક્ત [સં. અ (નહિ) + સહ (સાથે) + કાર (કામ) + મુક્ત (બંધનથી)] કું. કામ ન બરાબરી હોય તેવો બંધનો.

અસહકારવાદ [સં. અ (નહિ) + સહ (સાથે) + કાર (કામ) + વાદ (મત)] કું. સાથે મળીને કામ ન કરવાનો સિદ્ધાંત મનાતો હોય તેવો મત.

અસહકારવાદી ૧. [સં. અ (નહિ) + સહ (સાથે) + કાર (કામ) + વાદ (મત) + ઈન્ (વાળું)] વિ. અસહકારનો સિદ્ધાંત માનનાર માણસ.
૨. વિ. અસહકારવાદમાં માનનાર.

અસહકારી ૧. [સં. અ (નહિ) + સહ (સાથે) + કારિન્ (કરનાર)] વિ. અસહકારમાં જોડાયેલ માણસ.
૨. વિ. અસહકારને લગતું.
૩. વિ. સાથ ન આપનાર.

અસહન ૧. [સં. અ (નહિ) + સહ્ (ખમવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] કું. દુશ્મન; શત્રુ.
૨. વિ. દરગુજર ન કરવાપણું; અસહિષ્ણુતા.
૩. વિ. સહન નહિ કરનાર; ક્ષમા વગરનું.

અસહનશીલ ૧. [સં. અ (નહિ) + સહન (ખમવું તે) + શીલ (સ્વભાવ)] વિ. અસહિષ્ણુ; સહન કરવાની શક્તિ વિનાનું.
૨. વિ. તુમાખીવાળું; તુમાખી.

અસહનશીલતા ૧. [સં. અ (નહિ) + સહન (ખમવું તે) + શીલ (સ્વભાવ) + તા (પણું)] સ્ત્રી. અસહિષ્ણુતા; સહન કરવાની શક્તિ ન હોવાપણું.
૨. સ્ત્રી. તુમાખીપણું.

અસહનીય [સં. અ (નહિ) + સહ્ (ખમવું) + અનીય (જેવું)] વિ. સહન ન થઈ શકે એવું; અસહ્ય.

અસહભાવ [સં. અ (નહિ) + સહ (સાથે) + ભાવ (હોવાપણું)] કું. સાથે ન હોવાપણું; જુદું હોવું તે.

અસહમાન [સં. અ (નહિ) + સહ્ (ખમવું) + માન (વર્તમાનકાળનો પ્રત્યય)] વિ. અધીરું; ઉતેજનાર.

અસહયોગ ૧. [સં. અ (નહિ) + સહ (સાથે) + યોગ (જોડાણ)] કું. અસહકાર; સાથે મળીને કામ ન કરવાનો ભાવ.
૨. કું. સાથે મળી કામ ન કરવાનો સિદ્ધાંત; 'નોન-કોઓપરેશન'.

અસહયોગવાદ [સં. અ (નહિ) + સહ (સાથે) + યોગ (જોડાણ) + વાદ (મત)] કું. સાથે મળીને કામ ન કરવાનો સિદ્ધાંત.

અસહયોગવાદી ૧. [સં. અ (નહિ) + સહ (સાથે) + યોગ (જોડાણ) + વાદ (મત) + ઈન્ (વાળું)] વિ. સાથે મળીને કામ ન કરવાનો સિદ્ધાંત માનનાર મનુષ્ય.
૨. વિ. અસહયોગનો સિદ્ધાંત માનનાર.

અસહકૃત [અ. સહકૃત (સહેલું)નું જોડણીભ્રષ્ટ રૂપ] જિ. સાંથી સહેલું.

અસહાનુભૂતિ [સં. અ (નહિ) + સહાનુભૂતિ (સિમ્પથી)] સ્ત્રી. લાગણી ન હોવાપણું.

અસહાય ૧. [અ. સહાય (સહેલ)નું બહુવચન] પું.બ.વ. કર્મચારમાં જોડાનાર માણસ આપવા લાયક માણસો.

૨. [અ. સાહેબ (માલિક)નું બહુવચન] પું.બ.વ. માલિકો.

અસહાય ૧. [સં. અ (નહિ) + સહાય (સાથી)] જિ. એકલું; સંગાથ વગરનું.

૨. [સં. અ (નહિ) + સહાય (મદદગાર)] જિ. નિરાધાર; લાચાર; મદદ વગરનું.

૩. જિ. મિત્ર વિનાનું; સહાયક રહિત.

અસહાયતા ૧. [સં. અ (નહિ) + સહાય (મદદગાર) + તા (પણું)] સ્ત્રી. અનાથતા; લાચારી; નિરાધારપણું.

૨. સ્ત્રી. મિત્ર રહિતપણું; સોબતી ન હોવાપણું.

૩. સ્ત્રી. સંગાથ ન હોવો તે એકલું હોવાપણું.

અસહાર [અ.] ન.બ.વ. નકામાં સગાં. તેમાં અંદરઅંદર લગ્ન થઈ શકે નહિ.

અસહિત ૧. [સં. અ (નહિ) + સહિત (સાથે)] જિ. અતડું.

૨. જિ. એકલપેટા સ્વભાવનું.

૩. જિ. સાથ વિનાનું; સંગાથ વગરનું.

અસહિતવ્યા જુઓ અસતા.

અસહિષ્ણ ૧. [સં. અ (નહિ) + સહ્ (સહન કરવું) + ષ્ણુ (સ્વભાવ બતાવનાર પ્રત્યય)] જિ. અકળું; ઉતાવળું.

૨. જિ. કઠિનાઈ.

૩. જિ. તુમકિલાક; આકરા સ્વભાવવાળું.

૪. જિ. નાલુક; સહન ન કરી શકનારું.

૫. જિ. બરાબર સાંખી ન શકે એવું; અનુદાર.

૬. જિ. માફ નહિ કરનાર; અક્ષમ.

અસહિષ્ણુતા ૧. [સં. અ (નહિ) + સહિષ્ણુ (સહન કરે એવું) + તા (પણું)] સ્ત્રી. અકળાઈ; ઉતાવ.

૨. સ્ત્રી. કઠિનાપણું.

૩. સ્ત્રી. ખમી ન શકે એવો સ્વભાવ; અસહનશીલતા.

૪. સ્ત્રી. તુમકિલાક.

૫. સ્ત્રી. બરાબર સાંભળવાની અશક્તિ; બહુદારતા.

અસહી [સં. અ (નહિ) + સહ્ (સહન કરવું)] જિ. બીજાની ચડતી ન જોઈ શકનાર; બીજાનું સુખ જોઈને બળનાર; ઉતાવળું; અકળું.

અસહી [સં. અ (નહિ) + સહ (બરાબર તેવું)] જિ. ખોટી ન સહાય એવું; કુત્સક; સાંખી ન લેવાનું.

અસહ્યવેદના [સં. અ (નહિ) + સહ્ય (ખમી સહન એવું) + વેદના (પીડા)] સ્ત્રી. સહન ન થઈ શકે એટલું દુઃખ.

અસહિષ્ણુ [સં. અ (નહિ) + સહ (ખમી સહન એવું) + ષ્ણુ (સ્વભાવ બતાવનાર)] પું. કંઠ્યોષ્ઠ વ્યંજનની બરાબર સ્થાનનો એ નામનો એક પ્રકાર, જેમાં બરાબરની અને પૂરેપૂરી હવા ફેલાયેલી હોય છે.

અસળ (અસલ) [સં. અ (નહિ) + સળવું (કાચવા પાકવું)] જિ. કંચ વગરનું; જેમાં ફાવટ ન પડી હોય એવું.

અસળો [સં. અંસ્ય (કપાળને ઉપરે)] પું. કપાળને ઓવારવાનું લાકડું.

અસંકર ૧. પું. (ગણિત) બે કે વધારે રાશિ અથવા વર્ગના સ્વરૂપ વચ્ચે રહેલો મૂળ તાવત; 'ડિફિરન્સ'.

૨. [સં. અ (નહિ) + સંકર (મિલાવણી)] જિ. શુદ્ધ; ભેળસેળ વિનાનું.

અસંકલિત ૧. [સં. અ (નહિ) + સંકલિત (ભેગાવેલું)] જિ. (ગણિત) અમુક વર્ગના એટલે વાસ્તવ લાગ કરવાં કેવી રાશિ નહિ એવાપેલ.

૨. જિ. વધતા ઓછા અને ભાગ્યા પૂરપા જેવાં સિદ્ધાંતો એવાયું ન હોય એવું; 'અનકનેક્ટેડ'.

૩. જિ. સંગાથ વિનાનું; નિયાળું; ઉભાયું; છૂટું.

અસંકલ્પ ૧. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + કલ્પ્ (નિશ્ચય કરવો)] પું. અનિશ્ચય; ચોક્કસ ન હોવાપણું.

૨. જિ. જેને માટે વિચાર કર્યો ન હોય એવું.

૩. જિ નક્કી નહિ એવું; અચોક્કસ; અનિશ્ચિત.

અસંકલ્પિત ૧. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + કલ્પિત (નિશ્ચય કરેલ)] જિ. નક્કી નહિ કરેલું.

૨. જિ. નહિ ધારેલું.

અસંકોચું ૧. જિ. સંકલ્પ જેવું વર્તેલું.

૨. [સં. અ (નહિ) + સમ્ (સારી) + કોચું (વરેલું)] જિ. ચાલું; છૂટું; અમિશ્રિત.

૩. જિ. શુદ્ધ; ભેળસેળ વિનાનું; સ્પષ્ટ; ખુલ્લું.

અસંકોચુંપદાર્થ [સં. અ (નહિ) + સંકોચું (ભેગાવેલું) + પદાર્થ (વસ્તુ)] પું. મૂળ વસ્તુ; તત્ત્વ; 'એલિમેન્ટ'.

અસંકોચુંપ્રાર્થના [સં. અ (નહિ) + સમ્ (સારી) + કોચું (વરેલું) + પ્રાર્થના (અરજ)] સ્ત્રી. પાકો લખો.

અસંકુચિત ૧. [સં. અ (નહિ) + સંકુચિત (સાંકડું)] જિ. ઉદાર; વિશાળ મનનું.

૨. જિ. ભોકું; સાંકડું નહિ તેવું.

અસંકુચિતતા ૧. [સં. અ (નહિ) + સંકુચિત (સાંકડું) + તા (પણું)] સ્ત્રી. ઉદારપણું; મનની વિશાળતા.

૨. સ્ત્રી. મોટાપણું; વિશાળતા.

અસંકુલ ૧. [સં. અ (નહિ) + સંકુલ (સાંકડું)] પું. ખોળો માર્ગ; વિશાળ રસ્તો.

૨. [સં. અ (નહિ) + સંકુલ (ગીચ)] જિ. ખુલ્લું; ખીચોખીચ ન હોય એવું.

૩. [સં. અ (નહિ) + સંકુલ (સંબંધ વગરનું)] જિ. એકબીજાને વિરોધ ન હોય એવું; પરસ્પર અવિરુદ્ધ.

અસંકેત [સં. અ (નહિ) + સંકેત (સાન)] જિ. બિનસરતી; કરાર વગરનું.

અસંક્ષેપ ૧. [સં. અ (નહિ) + સંક્ષેપ્ (ટૂંકાવવું)] પું. કરકસરી ન હોવાપણું.

૨. પું. તંગી ન હોવાપણું.

૩. પું. ખિસ્સું નહિ તે.

૪. પું. સહન ન કરવાપણું.

૫. [સં. અ (નહિ) + સંક્ષેપ (સંકલન)] પું. સંકલનનો અભાવ.

૬. પું. રજપતા.

અસંક્ષેપે = ખુલ્લી રીતે; સ્પષ્ટપણે; સંકોચ વિના.

અસંક્ષોભનીય [સં. અ (નહિ) + સંક્ષુભ્ (ક્ષુબ્ધ) + અનીય (જેવું)] જિ. ક્ષોભ નહિ એવું.

અસંક્ષોભનીયતા [સં. અ (નહિ) + સંક્ષોભનીય (ક્ષોભ જેવું) + તા (પણું)] સ્ત્રી. લાગવાથી ખોવું ન લાગ એવું હોવાપણું.

અસંક્ષોભ્ય [સં. અ (નહિ) + સમ્ (સારી) + ક્ષુભ્ (ક્ષોભાવું) + ય (જેવું)] જિ. બળબળી નહિ ઊઠેલું; ઝબકારો મારવા વિનાનું; આવેશમાં નહિ આવેલ.

અસંક્રાંત ૧. [સં. અ (નહિ) + સંક્રમ્ (એક ઠેકાણે રહેવાનું બીજે ઠેકાણે જવું) + ત (વર્તમાનનો પ્રત્યય)] જિ. એક રાશિમાંથી બીજે નહિ ગયેલું.

૨. [સં. અ (નહિ) + સંક્રમ્ (બીજા પર જવું) + ત (વર્તમાનનો પ્રત્યય)] જિ. નહિ ઓળંગાયેલું.

અસંક્રાંતમાસ [સં. અ (નહિ) + સંક્રાન્ત (રાજ્ય બદલ્યું) + માસ (મહિનો)] પું. અધિકમાસ; પુરુષોત્તમ મહિનો; જે મહિ-નામાં સૂર્ય બીજી રાશિમાં ન જાય તે મહિનો; મળમાસ.

અસંક્રાંતિમાસ [સં. અ (નહિ) + સંક્રાંતિ (સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં ગમન) + માસ (મહિનો)] પું. મળમાસ; અધિક-માસ.

અસંક્રાંત્ય [સં. અ (નહિ) + સંક્રાન્ત્ય (બદલે)] વિ. સારા ફળવાળું; શુભ: સારું.

અસંક્લેશ [સં. અ (નહિ) + સંક્લેશ (દુઃખ)] પું. સારું પરિણામ હોવાપણું.

અસંક્ષિપ્ત [સં. અ (નહિ) + સંક્ષિપ્ત (ટૂંકું)] વિ. લાંબું; ટૂંકું નહિ એવું.

અસંક્ષેપ ૧. [સં. અ (નહિ) + સંક્ષેપ (ટૂંકાણ)] પું. ટૂંકું ન હોવાપણું; વિસ્તાર; લંબાણ.
૨. વિ. વિસ્તારવાળું, ટૂંકાણમાં નહિ એવું.

અસંક્ષેપનીય ૧. [સં. અ (નહિ) + સંક્ષિપ્ (ટૂંકું કરવું) + અનીય (જેવું)] વિ. ટૂંકાણમાં બતાવ નહિ એવું.
૨. વિ. હોય તેથી ઓછી જગ્યામાં જેનો સમાવેશ ન થઈ શકે એવું; અસંક્ષેપનીય.

અસંખ ૧. [સં. અ (નહિ) + શંખ (હાડ)] વિ. નીચ; નીચ વંશનું.
૨. [સં. અ (નહિ) + શંક (શંકા)] વિ. શંકા વિનાનું; શંકા વગરનું.

અસંખ્ય ૧. [સં. અ (નહિ) + સંખ્ય (ગણવું)] વિ. અતિશય; બહુ જ; જેનો ગણતરી ન થઈ શકે એવું.
૨. વિ. સંખ્યાથી ન કહ્યાનું કામ જેવું. જેમકે, વર્તુળ જેવાને કેટલાક પરિધ અને વ્યાસ વચ્ચેનું ગુણોત્તર.

અસંખ્યગુણ [સં. અ (નહિ) + સંખ્ય (ગણવું) + ગુણ (બમણું)] વિ. અસંખ્યાત-ગણું; અસંખ્યિત.

અસંખ્યાત [સં. અ (નહિ) + સંખ્યા (ગણવું) + ત (પ્રત્યય)] સ્ત્રી. બહુપણ નહિ જેટલું હોવાપણું; અપારતા; અસંખ્યપણું.

અસંખ્યાત જુઓ અસંખ્યાતા.

અસંખ્યાતા ૧. વિ. અપાર; બહુ જ.
૨. [સં. અ (નહિ) + સંખ્યા (ગણવું) + તા (રીત બતાવનાર પ્રત્યય)] ક્રિ. વિ. ઘણી રીતે; અનેક પ્રકારે.
અવગુણ અસંખ્યાતા પુરુષા,
ચિત્તને ન તે ચાલ તે. કાન્હ

અસંખ્યાપણું [અ (નહિ) + સંખ્યા (ગણવું) + પણું (ભાવ બતાવનાર પ્રત્યય)] ન. અપારતા; ગણ્યા નહિ જેટલું હોવાપણું.

અસંખ્યાયમાન વિ. અસંખ્યાતનો ભાવ; બહુ નાનો ભાવ.

અસંખ્યાત [સં. અ (નહિ) + સંખ્યાત (ગણેલું)] વિ. અગણિત; બેસુમાર.

અસંખ્યાતગુણહાનિ [સં. અસંખ્યાત (બહુ) + ગુણ (ગુણવું તે) + હાનિ (ઘટવું)] સ્ત્રી. (જૈન) વસ્તુમાં થતી અસંખ્યગુણ હાનિ બાંધેની જેમ. જુઓ અનંતગુણહાનિ.
વસ્તુમાત્ર સર્વદા અગુરુલઘુ પરિણામે પરિણમે છે તે તેને જે પ્રકારની હાનિ અને જે પ્રકારની વૃદ્ધિ થયા જ કરે છે–સંખ્યાતભાગહાનિ, અસંખ્યાત-ભાગહાનિ, અનંતભાગહાનિ, સંખ્યાતગુણહાનિ, અસંખ્યાતગુણહાનિ, અનંતગુણહાનિ.
અનુયોગ

અસંખ્યાતપ્રદેશ [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + ત (પ્રત્યયનો ભાવ) + પ્રદેશ (પરમાણુ)] વિ. (જૈન) બહુ જ પર-માણુથી બનેલ.

અસંખ્યાતપ્રદેશત્વ [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + ત (પ્રત્યયનો ભાવ) + પ્રદેશ (પરમાણુ) + ત્વ (પણું)] ન. બહુ પરમાણુનું બનેલું હોવાપણું.

અસંખ્યાતભાગહાનિ [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + ત (પ્રત્યયનો ભાવ) + ભાગ + હાનિ (ઘટ)] સ્ત્રી. જૈનમત પ્રમાણે જે દ્રવ્યમાં ચારેનું જોડ; અસંખ્યાતમા ભાગની જોડમાં બધા જોડ ભાગની ન્યૂનતા. જુઓ અસંખ્યાતગુણહાનિ.

અસંખ્યાતવર્ષજીવી [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + ત (પ્રત્યયનો ભાવ) + વર્ષ (વરસ) + જીવિન્ (જીવવું)] વિ. બહુ વર્ષ સુધી જીવનાર.

અસંખ્યાતા [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + તા (પ્રત્યયનો ભાવ)] સ્ત્રી. બેસુમારપણું; અતિશય.

અસંખ્યાતાકૂત [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + ત (પ્રત્યયનો ભાવ) + આકૂત (નક્કી વાત) + ક (પણું)] પું. (જૈન) અગણિત બહુનો ચોક્કો સંખ્ય જેટલે જથ્થો.
અસંખ્યાત પરમાણુઓનો સંઘ અસંખ્યાતા-કૂત કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

અસંખ્યાસંખ્ય [સં. અ (નહિ) + સંખ્ય (બહુ) + અસંખ્ય (બહુ)] પું. અસંખ્યાતનો ભાવ; બહુ જ નાનો ભાવ.

અસંખ્યેય ૧. પું. વિષ્ણુ. જેનાથી સંખ્ય જેટલો નાશ કૃષ્ણ જેવો નથી.
૨. [સં. અ (નહિ) + સંખ્યેય (વિચારવું આવી શકે તેવું)] પું. શિવ. જેનો અચિંત્ય જેટલો વિચારણામાં આવી ન શકે તેવો હોવાથી અસંખ્યેય કહેવાય છે.
૩. વ. બહુ જ મોટી સંખ્યા.
૪. [સં. અ (નહિ) + સંખ્યેય (બહુ સારા ગણવા જેવું)] વિ. અગણિત; અપરંપાર; બહુ જ સારા જેવું; અસંખ્ય; સંખ્યાને ઊતરતી ગણેલું.
૫. [સં. અ (નહિ) + સંખ્યેય (બહુ સારા ગણવા જેવું)] વિ. અવતરીમાં નહિ આવતાં માપ ઉપમાનથી બહુ સારા જેવું. જેમકે, પલ્યોપમ અને સાગરોપમ માપ.

અસંખ્યેયકાલ [સં. અ (નહિ) + સંખ્યેય (બહુ સારા ગણવા જેવું) + કાલ (વખત)] પું. અસંખ્યાતો વખત; બહુ લાંબો સમય. જેમકે, ઉત્સર્પિણી જેટલે ચાલતો કાળ, અવ-સર્પિણી જેટલે ઊતરતો કાળ.

અસંખ્યેયગુણ [સં. અ (નહિ) + સંખ્યેય (બહુ સારા ગણવા જેવું) + ગુણ (બમણું)] વિ. અસંખ્યાતગણું.

અસંખ્યેયાંશ [સં. અ (નહિ) + સંખ્યેય (બહુ સારા ગણવા જેવું) + અંશ (ભાગ)] પું. અસંખ્યાતમો ભાગ.

અસંગ ૧. પું. (સાંખ્ય) આત્મા; પુરુષ.
૨. પું. ઈશ્વર; પરમાત્મા. તે બોલ વિનાના છે.
૩. પું. (જૈન) ધર્મ, વસ્તુ વગેરેનો સંપર્ક તજ દેવો, માન, માયા, લોભ વગરનો આત્મા.
૪. [સં. અ (નહિ) + સંગ (સાથ)] પું. મહાદેવ. તે અસંગિત વિનાના છે.
૫. [સં. અ (નહિ) + સંગ (સંબંધ)] પું. (જૈન) મોક્ષ; મુક્તિ. જેમાં સંસારની સાથે સંબંધ રહેતો નથી.
૬. પું. મોહ ન હોવાપણું; અનાસક્તિ.
૭. પું. ત્રિશ ન હોવાપણું.
૮. પું. સંબંધ ન હોવાપણું.
૯. પું. (જૈન) સિદ્ધ ભગવાન; મુક્તાત્મા. તે જ્ઞેય, ધ્યાન, માયા અને લોભ વગરના છે.
૧૦. [સં. અ (નહિ) + સંગ (સોબત)] પું. સોબતનો અભાવ.
૧૧. વિ. આસક્ત વગરનું.
૧૨. વિ. અનાસક્ત; દુનિયાદારીના સંબંધથી છૂટેલું.
૧૩. વિ. એકલું; અલગ; અજોડ.

૧૪. વિ. જેણે સર્વ સંબંધનો ત્યાગ કર્યો હોય એવું; સંગ વગરનું.

૧૫. [સં. અ (નહિ) + સંગ (સોબત)] વિ. સાથ વિનાનું; સોબત વગરનું.

અસંગઈવન [સં. અ (નહિ) + સંગ (સમ) + જીવન (જિંદગી)] સ. સંસારના મોહ વગરની જિંદગી.

અસંગત ૧. પું. (કામ) ભોગ પ્રસંગનો અભાવ.

૨. વિ. અશિક્ષિત; અણઘડ; બિનકેળવાયેલ.

૩. [સં. અ (નહિ) + સમ્ (સારું) + ગત (ગયેલું)] વિ. આગળપાછળ મેળ મળતો ન હોય એવું; સંબંધ વગરનું; પરસ્પર વિરોધી.

૪. વિ. ઉદ્ધત; અવિનયી.

૫. [સં. અ (નહિ) + સંગત (સોબત)] વિ. ભેગું; ભોડીની સાથે ન ભેગાયેલું.

૬. વિ ગેરવાજબી; અયોગ્ય; અનુચિત.

૭. વિ (ગણિત) જે સુરેખા ભેટવે સાધી લીટીની આસપાસ વળી વાળવાથી જેના બે ભાગ ભોગબીજાને બંધબેસતા આવતા નથી એવું; 'અનસિમેટ્રિકલ'.

૮. વિ. (ગણિત) મેળ ન આવ એવું; બંધબેસતું ન હોય તેવું. 'ઇનઇક્વિલેટરલ'. બે સમીકરણમાં માત્ર અચલરાશિમાં ફેર હોય ત્યારે તે બને સમીકરણ અસંગત કહેવાય. જેમકે, ૩x + ૪y = ૧૭; ૩x + ૪y = ૭. અહીં બીજા સમીકરણમાં ૩x + ૪y ૧૭ની બરાબર છે અને બીજામાં તે જ પદની કીમત ૭ છે. આવે બને સમીકરણ અસંગત કહેવાય.

અસંગતતા [સં. અ (નહિ) + સમ્ (સારું) + ગત (ગયેલ) + તા (પણું)] સ્ત્રી. અસંભવ. જુઓ અસંગતિ.

અસંગતિ ૧. [સં. અ (નહિ) + સમ્ (સારું) + ગતિ (જવું તે)] સ્ત્રી. અસંભવ; ન બનવાપણું.

૨. સ્ત્રી. (ન્યાય) ભોટ જાતનો હેત્વાભાસ; ભ્રમ; આભાસ; ખોટું પ્રમાણ; આકાક્ષાવિરહ.

૩. સ્ત્રી. ભેગસર ન મળવાપણું.

૪. સ્ત્રી. ભેગસરપણું ન હોવાપણું; અસમાનતા; ભેદભાવ.

૫. સ્ત્રી. (ગણ) સર્વસરખી સ્થિરતા અથવા પ્રસરણ ભોટ બગાડે અને અર્ધ બીજે ઠેકાણે એ જાતની જુદી જુદી સ્થિતિ બતાવેલી હોય એવો અર્થાલંકાર; અર્ધપ્રસરણના સંબંધનો જેમાં વિરોધ દેખાતો હોય એવી શબ્દ અથવા અર્થની ચૂનીવાળી રચના. જેમકે, બજારથી સર્પની લોકોના પ્રાણ હરણ કરવાની વિચિત્રતા જુઓ. તે ભોગના પ્રાણને સ્પર્શ કરે છે ને બીજાને પ્રાણ લઈ છે.

૬. [સં. અ (નહિ) + સંગતિ (મેળ)] સ્ત્રી. બે ભાગ ભોગબીજાને બંધબેસતા ન આવે એવું હોવાપણું; વિસંવાદ; પરસ્પર વિરોધ.

૭. સ્ત્રી. સંગતનો અભાવ.

અસંગપણું [અ (નહિ) + સંગ (સાથ) + પણું (ભાવ બતાવનાર પ્રત્યય)] સ. ભેગાપણું હોવું તે; ભોકલવાપણું.

અસંગમ ૧. [સં. અ (નહિ) + સમ્ (સારો) + ગમ્ (જવું)] પું. ખુલાસો; મેળાપ ન થયો તે; સંગમનો અભાવ.

૨. વિ. નહિ ભોડાયેલું; અભગ; છુટું.

અસંગરો (અઠંગરો) પું. (કામ) બાળકને સ્નેહથી ખુબ પડવાથી થતી અસર; અસાંગળો.

અસાંગી ૧. વિ. અતું

૨. [સં. અ (નહિ) + સંગ (સોબત) + ઇન્ (વાળું)] વિ. છુટું.

૩. [સં. અ (નહિ) + સંગ (મોહ) + ઇન્ (વાળું)] વિ. ત્યાગી; વૈરાગી; આસક્તિ વગરનું.

૪. [સં. અ (નહિ) + સંગ (સંબંધ) + ઇન્ (વાળું)] વિ. સંબંધ વિનાનું.

અસાંગીય [સં. અ (નહિ) + સંગીય (સોબત કરવા જેવું)] વિ. જેની સોબત કરવી અયોગ્ય હોય એવું.

અસંગૃહીત ૧. [સં. અ (નહિ) + સગૃહીત (સ્વીકારેલ)] વિ. આશ્રય વિનાનું.

૨. [સં. અ (નહિ) + સગ્રહ (સંગ્રહ) + ઇત (વાળું)] વિ. સંગ્રહ ન કરાયેલું.

અસંગ્રહ ૧. [સં. અ (નહિ) + સંગ્રહ (સંગ્રહ)] પું. ભેગું ન કરવાપણું.

૨. પું. (જૈન) વિનયનો અભાવ.

૩. વિ. સંગ્રહ ન કરનાર.

અસંગ્રહિક [સં. અ (નહિ) + સંગ્રહ (સંગ્રહ) + ઇક (વાળું)] વિ. સંગ્રહ ન કરનારું.

અસંગ્રહી [સં. અ (નહિ) + સંગ્રહ (સંગ્રહ) + ઇન્ (વાળું)] વિ. વસ્તુ ભેગી કરવાના મોહ વિનાનું; અપરિગ્રહી; લોભ વગરનું.

અસંચિત ૧. પું. (સિદ્ધા) મંદિરના બધુ પ્રકારનો જે નામનો ભોદ. મંદિરના બધુ પ્રકાર (૧) સંચિત, જેમાં મૂર્તિ ઉભેલી હોય છે. (૨) અસંચિત, જેમાં મૂર્તિ બેઠેલી હોય છે. (૩) અપસંચિત, જેમાં મૂર્તિ સૂતેલી સ્થિતિમાં હોય છે.

૨. [સં. અ (નહિ) + સંચિત (ભેગું કરાયેલું)] વિ. ભેગું ન કરાયેલું; જેનો સંગ્રહ કરવામાં આવ્યો ન હોય એવું.

અસંજોગ [સં. અ (નહિ) + સંયોગ (મેળો)] પું. તાજી ખાખી. જુઓ અસંયોગ.

અસંજ્ઞ ૧. [સં. અ (નહિ) + સંજ્ઞા (જાણ)] વિ. અજાણ; અણસમજુ.

૨. [સં. અ (નહિ) + સંજ્ઞા (ઇશારો)] વિ. ઇશારા વગરનું; નિશાની ન કરી હોય એવું

૩. [સં. અ (નહિ) + સંજ્ઞા (ભાન)] વિ. ચેતના વિનાનું; બેભાન.

૪. વિ. બધ; મૂઢ, મૂર્ખ; ઇશારામાં ન સમજી જાય એવું.

૫. વિ. જેને સંતાન ન હોય એવું; છોકરાં વગરનું.

૬. [સં. અ (નહિ) + સંજ્ઞા (ચિહ્ન)] વિ. નામ વગરનું.

૭. વિ. પ્રસિદ્ધ; જાહેર ખાતું થયેલું.

અસંજ્ઞક ૧. સ્ત્રી. અજાણપણું; મૂર્ખપણું.

૨. [સં. અ (નહિ) + સંજ્ઞા (જ્ઞાન)] સ્ત્રી. જ્ઞાન ન હોવાપણું.

૩. [સં. અ (નહિ) + સંજ્ઞા (ચિહ્ન)] વિ. નિશાની વગરનું; નામ ન હોય એવું.

અસંજ્ઞિપર્ચેંદ્રિય પું. (જૈન) મનોજ્ઞાન વગરના પંચ ઇંદ્રિયવાળા જીવ.

અસંજ્ઞિશ્રુત સ. (જૈન) જૈન સિવાય બીજા ધર્મનું જ્ઞાન; જૈનેતર ધર્મજ્ઞાન.

અસંજ્ઞી ૧. [સં. અ (નહિ) + સંજ્ઞા (જ્ઞાન) + ઇન્ (વાળું)] વિ. ચેતના વિનાનું; સુખદુઃખની લાગણી વગરનું; સંજ્ઞા રહિત.

૨. વિ. બધ; મૂર્ખ.

૩. વિ. મન વગરનું; મનોજ્ઞાન ભોટથી મન વડે અનુભવાની શક્તિ વિનાનું.

> અસંજ્ઞી પ્રાણી મરીને પહેલી ભૂમિમાં ઉત્પન્ન થઈ શકે છે, આગળ નહિ. તત્ત્વાર્થસૂત્ર

૪. [સં. અ (નહિ) + સંજ્ઞા (જ્ઞાન) + ઇન્ (વાળું)] વિ. (જૈન) માતાપિતાના સંયોગ વગર ઉત્પન્ન થયેલું. જૈનમત પ્રમાણે જીવ બે પ્રકારના છે: સંજ્ઞી અને અસંજ્ઞી. માતાપિતાના સંયોગથી જન્મ તે સંજ્ઞી અને તે સિવાય ભોટથી અમુક સંજ્ઞાઓ ભોકા થવાથી ઉત્પન્ન થાય તે અસંજ્ઞી. જેમકે, પ્રાણ અને વનસ્પતિ ભોકા થવાથી ભોક જાતની જીવાત ઉત્પન્ન થાય છે. આવા જીવ અસંજ્ઞી કહેવાય છે. સંજ્ઞી જીવને પંચ ઇંદ્રિય અને મન હોય છે, અસંજ્ઞી જીવને મન હોતું નથી.

અસંત ૧. [સં. ન (નહિ) + સંત (સજ્જન)] પું. ખરાબ માણસ; દુર્જન; અસજ્જન.
૨. પું. દૈત્ય; રાક્ષસ.
રાવણ વધુ દૈત્યનો, સુરપિ બધુ અસંત.
મામ (પી રાશિ કિન, કોલ દુષ્ટ અનંત.
પ્રિયતમપ્રકાશ
૩. વિ. અધર્મી; અપવિત્ર.
૪. વિ. (જૈન) અવિદ્યમાન; ખોટું.
૫. વિ. દુષ્ટ; નકામું; ખરાબ.

અસંતતિ ૧. [સં. ન (નહિ) + સંતતિ (પુત્ર પરા)] સ્ત્રી. અખંડ પરંપરા ન હોવાપણું.
૨. [સં. ન (નહિ) + સંતતિ (બોલવાર)] સ્ત્રી. છોકરાં ન હોવાપણું; વાંઝિયાપણું; નિર્વંશતા.
૩. વિ. પરંપરા વિનાનું.
૪. વિ. બાળક થયું ન હોય એવું; વાંઝિયું.

અસંતર્પ ૧. [સં. ન (નહિ) + સંતર્પ (તૃપ્તિ)] વિ. ઊભરાઈ વિનાનું; પીડા વગરનું; સંતાપ રહિત; શાંત.
૨. [સં. ન (નહિ) + સંતર્પ (તર્પણ)] વિ. ભરપૂર ન થયેલું.
૩. [સં. ન (નહિ) + સંતર્પ (પોષણ)] વિ. નહિ ધરાયેલું.

અસંતર્પણ [અસંત (ખરાબ) + વૃત્તિ (વિચાર)] સ્ત્રી. મનનું ખરાબ વલણ.

અસંતાન ૧. [સં. ન (નહિ) + સંતાન (છોકરાં)] પું. વાંઝિયાપણું; છોકરાં ન હોવાં તે.
૨. [સં. ન (નહિ) + સંતાન (વિસ્તાર)] પું. વિસ્તારનો અભાવ.
૩. વિ. છોકરાં વગરનું; વાંઝિયું.
૪. વિ. વિસ્તાર વિનાનું.

અસંતાપ ૧. [સં. ન (નહિ) + સંતાપ (બળતરા)] પું. બળતરા ન થવાપણું.
૨. [સં. ન (નહિ) + સંતાપ (દુઃખ)] પું. બાધા ન હોવાપણું; નિરાંતવાઈ.
૩. વિ. ઊહાપોહ વિનાનું.

અસંતુષ્ટ ૧. [સં. ન (નહિ) + સંતુષ્ટ (ખુશ)] વિ. નાખુશ; અપ્રસન્ન; નારાજ; કંટાળેલું; બાધા.
૨. [સં. ન (નહિ) + સંતુષ્ટ (સંતોષ પામેલ)] વિ. સંતોષ નહિ પામેલું; અતૃપ્ત.

અસંતુષ્ટા ૧. [સં. ન (નહિ) + સંતુષ્ટ (સંતોષાયેલ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પરાણ વગરની; અતૃપ્ત.
૨. [સં. ન (નહિ) + સંતુષ્ટ (ખુશ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નાખુશ થયેલી.

અસંતુષ્ટિ જુઓ અસંતોષ.

અસંતોખ જુઓ અસંતોષ.

અસંતોષ ૧. [સં. ન (નહિ) + સંતુષ્ (ખુશ થવું)] પું. અપ્રસન્નતા; નારાજી.
૨. [સં. ન (નહિ) + સંતુષ્ (ધરાવા થવું)] પું. તૃપ્તિ ન હોવાપણું; લોભ; તૃષ્ણા.

અસંતોષકારક [સં. ન (નહિ) + સંતોષ (તૃપ્તિ) + કારક (કરનાર)] વિ. તૃપ્ત ન કરે એવું; મન મનાવી ન શકનારું.

અસંતોષજનક [સં. ન (નહિ) + સંતુષ્ (તૃપ્ત થવું) + જનક (કરનાર)] વિ. પરાણ નહિ એવું; તૃપ્તિ ન કરાવનારું.

અસંતોષિત [સં. ન (નહિ) + સંતોષિત (સંતોષ પમાડેલ)] વિ. સંતોષ નહિ પમાડેલું; તૃપ્ત કરાયા વગરનું.

અસંતોષી [સં. ન (નહિ) + સંતોષિન્ (તૃપ્ત થનાર)] વિ. નાખુશ. જુઓ અસંતુષ્ટ.

અસંદિગ્ધ ૧. [સં. ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું)] વિ. ચોક્કસ; નક્કી; સંશય વગરનું; સંદિગ્ધ રહિત.
૨. વિ. કેમાનું બંધ નહિ બેસેલું.

અસંદિગ્ધબાહુતા [સં. ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું) + બાહુતા (કેમાનું)] વિ. ચોક્કસ રૂપે અમલમાં મૂકવાપણું.
બંધ કિંદ્રનો અને બીજા બધા જે ૭ સાધનોની બાબત અનિશ્ચિતતા અનુભવાય, ઉપરા આવી ઇચ્છા જે બીજીવાર જોવા મળે છે તે બધા દૃષ્ટાંતોમાં અને વિષયની વિવિધતાથી બાબા બાબતના બધા છે. જેમકે–અનુમાની, અનુમાની, અનુનિશ્ચયાની, નિશ્ચયાની, નિશ્ચયાની, અનિશ્ચિતાની, નિશ્ચિતાની, અસંદિગ્ધબાહુતા, સ્થિરબાહુતા, દૃઢબાહુતા, અનુદ્વેગાની.
તત્ત્વાર્થસૂત્ર

અસંદિગ્ધતા [સં. ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું) + તા (પણું)] સ્ત્રી. નક્કીપણું; સંદિગ્ધ ન રહેવો તે; સંશય વિનાનું હોવાપણું.

અસંદિગ્ધત્વ [સં. ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું) + ત્વ (પણું)] ન. નક્કીપણું; અસંદિગ્ધતા.

અસંદિગ્ધપણું [ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું) + પણું (નામ બનાવવાનો પ્રત્યય)] ન. ચોક્કસ હોવાપણું; અસંદિગ્ધતા.

અસંદિગ્ધ ૧. [સં. ન (નહિ) + સંદિગ્ધ (શંકાવાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. સંશય વગરની બાબત.
૨. સ્ત્રી. સ્પષ્ટ બોલી.

અસંદિષ્ટ [સં. ન (નહિ) + સંદિષ્ટ (સોંપેલું કે કહેવામાં આવેલું)] વિ. જેને બરાબર આપવામાં આવી ન હોય એવું.

અસંદીન ૧. પું. ઊતરી આવે પણ ફૂટે નહિ એવો ચેપ.
૨. ન. (જૈન) પંદર દિવસ સુધી પાણીમાં બૂડ્યા રહી પોચું બનેલું દૂર કેરાયેલું; સિદ્ધદોષ વગેરે.

અસંદેહ [સં. ન (નહિ) + સંદેહ (શંકા)] પું. શંકા ન હોવાપણું; નિશ્ચિતતા.

અસંધાન ૧. [સં. ન (નહિ) + સંધાન (ભેગાપણું)] ન. ઉદ્દેશનો અભાવ.
૨. ન. જુદું પાડવું તે.
૩. ન. ભેગાપણાનો અભાવ.
૪. ન. સમાચાર કે પત્રો મળતો ન હોવાપણું.

અસંધારા [સં. અગ્નિષ્ઠા (અગ્નિ) + ધારા (ધાર)] સ્ત્રી. રાંધવાના સિગ પર પાણીનો ચારેકોર ફરતાં વપરાતું વાસણ; મળતી.

અસંધિ ૧. [સં. ન (નહિ) + સંધિ (ભેગાપણું)] પું. બે શબ્દનું નહિ જેવું ભેગાપણું. જેમકે, દ્વિવચનને છેડે ર્ષ, ષ્ટ અને ક્ષ હોય અને પછી સ્વર આવે તો સંધિ થાય નહિ. જેમકે, સંસ્કૃતમાં 'મિત્રે અહનઃ' માં 'ત્રે' પછી 'અ' હોવા છતાં સંધિ થયેલ નથી.
૨. પું. બે સ્વરનો સંયોગ ન થવાપણું. જેમકે, અવગણી શબ્દમાં 'અ' અને 'અ'ની સંધિ થઈ નથી.
૩. [સં. ન (નહિ) + સંધિ (સુમેળ)] પું. સુમેળ ન હોવાપણું.
૪. વિ. નહિ જોડેલું.
૫. વિ. મુક્ત; સ્વતંત્ર; છૂટું.

અસંધિત ૧. [સં. ન (નહિ) + સંધિત (જોડેલ)] વિ. નહિ જોડેલું.
૨. [સં. ન (નહિ) + સંધિત (સાંધેલ)] વિ. સાંધા વિનાનું; અખંડ.

અસંધિષ ૧. [સં. ન (નહિ) + સંધિષ (જોડાણ જેવું)] વિ. જોડી ન શકાય એવું.
૨. [સં. ન (નહિ) + સંધિષ (સંધિ કરવા જેવું)] વિ. સંધિ ન કરવા જેવું.

અસંન [સં. ન (નહિ) + સંજ્ઞ (જાણવાળું)] વિ. અણસમજવાળું; ગ્રહણ શુદ્ધિનું; જ્ઞાન વિનાનું.
બાળ બધુ કમ્મ ઇવો મિથ્યો બાળ અસંન.
ઉત્તરાધ્યયન

અસંનદ્ધ ૧. [સં. ન (નહિ) + સંનદ્ધ (બખ્તરિયા)] વિ. અહંકારી; મગરૂર; ઘમંડી.
૨. વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું.
૩. વિ. તૈયાર ન હોય એવું; બેતપર.
૪. વિ. પોતાને બહુ ઊંચેરું માનનાર.
૫. [સં. ન (નહિ) + સંનદ્ધ (સજ્જ થયેલું)] વિ. હથિયાર બખ્તર કવચ વિનાનું.

અસંનપણું [અ (નહિ) + સંત (જાગવાનું) + પણું (નામ બનાવનાર પ્રત્યય)] ન. અજાગ્રતપણું; ઉપેક્ષાવૃત્તિ; મંદી બુદ્ધિ; અજ્ઞાન.

અસંનિકર્ષ ૧. [સં. અ (નહિ) + સંનિકર્ષ (નજીકપણું)] પું. છેટું હોવાપણું; દૂરપણું.
૨. વિ. દૂરનું; આઘેનું.

અસંનિકૃષ્ટ [સં. અ (નહિ) + સંનિકૃષ્ટ (પાસેનું)] વિ. આઘેનું; દૂરનું.

અસંનિધાન ૧. [સં. અ (નહિ) + સંનિધાન (પાસેપણું)] ન. દૂરપણું; આઘી હોવું તે.
૨. ન. નજર આગળ ન હોવાપણું; ગેરહાજરી.
૩. ન. વિશ્વાસ; શ્રદ્ધા.

અસંનિધિ [સં. અ (નહિ) + સંનિધિ (પાસેપણું)] સ્ત્રી. દૂર હોવું તે; દૂરપણું.

અસંનિહિત ૧. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + નિહિત (સ્થાપેલ)] વિ. ખોટી રીતે મૂકેલું; સારી રીતે નહિ સ્થાપેલું.
૨. [સં. અ (નહિ) + સંનિહિત (પાસેનું)] વિ. દૂરનું; આઘી હોય એવું; છેટેનું.

અસંપત્તિ ૧. [સં. અ (નહિ) + સંપત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. આબાદી ન હોવાપણું; અસમૃદ્ધિ.
૨. [સં. અ (નહિ) + સંપત્તિ (ધન)] સ્ત્રી. દોલત વિનાની સ્થિતિ; ગરીબાઈ.

અસંપન્ન ૧. [સં. અ (નહિ) + સંપન્ન (પૂરું)] વિ. અપૂર્ણ; અધૂરું.
૨. [સં. અ (નહિ) + સંપન્ન (કૈવલ્ય કે બ્રહ્મભાવને પામેલ)] વિ. કૈવલ્ય કે બ્રહ્મભાવને નહિ પામેલ.
૩. [સં. અ (નહિ) + સંપન્ન (મેળવેલું)] વિ. નહિ મળેલું; અપ્રાપ્ત.
૪. [સં. અ (નહિ) + સંપન્ન (ધનવાનું)] વિ. સમૃદ્ધિ વગરનું; સંપત્તિ રહિત.

અસંપન્નતા ૧. [સં. અ (નહિ) + સંપન્ન (પૂરું) + તા (પણું)] સ્ત્રી. અપૂર્ણતા; ખામી.
૨. [સં. અ (નહિ) + સંપન્ન (મેળવેલ) + તા (પણું)] સ્ત્રી. અપ્રાપ્તિ; નહિ મળવું તે.
૩. [સં. અ (નહિ) + સંપન્ન (બ્રહ્મભાવનું) + તા (પણું)] સ્ત્રી. કૈવલ્ય કે બ્રહ્મભાવને પામેલ ન હોવાપણું.

અસંપર્ક ૧. [સં. અ (નહિ) + સંપર્ક (સંબંધ)] પું. ન ઓળખીતી વસ્તુ.
૨. પું. સંબંધ ન હોવાપણું.

અસંપર્કિત ૧. [સં. અ (નહિ) + સંપર્કિત (સંબંધ રાખવા યોગ્ય)] વિ. અસંપર્ક; ન ઓળખ્યું.
૨. વિ. સંબંધ ન રાખવા જેવું; સંમતિ માટે અયોગ્ય.

અસંપુટિત વિ. (કૌન) ન મળેલ; જુદું.

અસંપૂર્ણ [સં. અ (નહિ) + સંપૂર્ણ (પૂરું)] વિ. અધૂરું; પૂરું નહિ કરેલું. ઊણું.

અસંપૂર્ણતા [સં. અ (નહિ) + સંપૂર્ણ (પૂરું) + તા (પણું)] સ્ત્રી. અપૂર્ણતા; ઊણપ.

અસંપૃક્ત ૧. [સં. અ (નહિ) + સંપૃક્ત (ભેગાયેલ)] વિ. અસંબદ્ધ; મેળ નહિ ખાતું.
૨. [સં. અ (નહિ) + સંપૃક્ત (ચિત્ત)] વિ. અસંપૃક્ત; નહિ ભેગાયેલું; અલગ રહ્યું.
૩. વિ. તરબોળ નહિ થયેલું.

અસંપ્રકૃતીત [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + પ્રકૃતીત (અમલ કરવા યોગ્ય)] વિ. જ્ઞાન વિનાનું; નહિ સત્કારેલું.

અસંપ્રજ્ઞાત ૧. [સં. અ (નહિ) + સંપ્રજ્ઞાત (વર્ણવેલું)] પું. (યોગ) જેમાં જોડવે અધૂરા જ્ઞાન, જ્ઞાન જોડવે અજાણ્યું તે અને જ્ઞાતા જોડવે અજ્ઞાનરૂપ ભેદ વગરની જોડવે નિર્વિકલ્પ સમાધિ. તેના ચાર ભેદ છેઃ વિતર્કાનુગમ, વિચારાનુગમ, આનંદાનુગમ અને અસ્મિતાનુગમ.
૨. વિ. જ્ઞાતા, જ્ઞેય વગેરેના ભેદ વગરનું; નિર્વિકલ્પ.
૩. [સં. અ (નહિ) + સમ્ (સારી રીતે) + પ્રજ્ઞાત (જાણેલ)] વિ. સારી રીતે નહિ જાણેલ.

અસંપ્રજ્ઞાતયોગ [સં. અસંપ્રજ્ઞાત (ભેદ જ્ઞાનની સમાધિ) + યોગ] પું. (યોગ) રાજયોગના બે પ્રકાર પૈકીનો જે નામનો ભેદ; મનની પાંચ જાતની વૃત્તિનો નિરોધ; ચિત્તની સંપ્રજ્ઞાવાળી અવસ્થામાં જાતો યોગ. ભેદ ચાર રહ્યુ છે ઉપર જાણે બીજા ચાર ઊંડે એ જેની વચ્ચે ચિત્તની એવી દશા હોય છે કે જે વખતે તેને પ્રજ્ઞત કરેલું પણ ન કહેવાય અને નિરુદ્ધ કરેલું પણ ન કહેવાય. આને નિરોધ પરિણામ અસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે.

અસંપ્રજ્ઞાતસમાધિ [સં. અ (નહિ) + સંપ્રજ્ઞાત (વર્ણવિકલ્પવાનું) + સમાધિ] સ્ત્રી. (યોગ) જ્ઞાતા જ્ઞાનનો જ્યાં સંબંધ ન હોય એવી સમાધિ. વૃત્તિઓનો અભાવનું કારણ વૈરાગ્ય છે અને તેના અભ્યાસથી ચિત્તની સંસ્કાર વગરની અવસ્થા થાય તે અસંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે.

> નિરુદ્ધ અવસ્થામાં ચિત્તની નિરુદ્ધ ભૂમિકામાં યોગ થાય છે એટલે ચિત્ત રોકાઈ જઈને પોતાનું કાર્ય બિલકુલ કરતું નથી એને અસંપ્રજ્ઞાત-સમાધિ કહે છે. સિદ્ધ.વર્ણન

અસંપ્રાપ્ત [સં. અ (નહિ) + સંપ્રાપ્ત (મળેલું)] વિ. નહિ મળેલું; પ્રાપ્ત ન થયેલું.

અસંબડ વ. બબડવું હાંકવું.

અસંબદ્ધ ૧. [સં. અ (નહિ) + સંબદ્ધ (સંબંધવાનું)] ન. સંબંધ વગરનું વાક્ય; અર્થ ન સમજાય એવું વાક્ય.
૨. વિ. અયોગ્યવાનું; અનુચિત.
૩. વિ. ખોટું; જૂઠું.
૪. [સં. અ (નહિ) + સંબદ્ધ (બાંધેલ)] વિ. ચંચળ; અસ્થિર મનવાળું; અહંક.
૫. વિ. હેતુવાળ વિનાનું; અર્થ વગરનું.
૬. વિ. નહિ જોડેલું.
૭. વિ. વાંકુંચૂકું; ગેરવિસ્તારનું; આલમઝાલમાં અપાયું.
૮. વિ. વિરોધી; મેળવીનથી ઊલટું; વિપરીત.
૯. વિ. (જૈન) સંબંધો કરવાની તૃષ્ણા વિનાનું.
૧૦. વિ. સંબંધ વિનાનું; અસગત; ઘટે; ઘટાવવું; ઘટક.

અસંબદ્ધતા ૧. સ્ત્રી. અનુચિતપણું.
૨. સ્ત્રી. ખોટાઈ; જૂઠાપણું.
૩. [સં. અ (નહિ) + સંબદ્ધ (બાંધેલું) + તા (પણું)] સ્ત્રી. ચંચળતા; અસ્થિરપણું.
૪. સ્ત્રી. જોડેલું ન હોવાપણું.
૫. સ્ત્રી. હેતુવાળ વગરની સ્થિતિ.
૬. સ્ત્રી. વાંકાચૂકાપણું; અવળાઈ.
૭. સ્ત્રી. વિપરીતપણું; વિરોધ; ઊલટાપણું.
૮. સ્ત્રી. (જૈન) સંબંધો કરવાની તૃષ્ણા વિનાનું હોવાપણું.
૯. સ્ત્રી. સંબંધ ન હોવાપણું; અસંગતિ.

અસંબદ્ધપ્રલાપ [સં. અ (નહિ) + સંબદ્ધ (મેળ ખાતું) + પ્રલાપ (બકવાટ)] પું. સંબંધ વગરનું બોલવાપણું.

અસંબદ્ધપ્રલાપી [સં. અ (નહિ) + સંબદ્ધ (મેળવવું) + પ્રલાપિન્ (બોલનાર)] વિ. મેળ વગરનું બોલનારું.

અસંબદ્ધપ્રલાપીપણું [અ (નહિ) + સંબદ્ધ (સંબંધવાનું) + પ્રલાપિન્ (બોલનાર) + પણું (નામ બનાવનાર પ્રત્યય)] ન. મેળ વગરનું બોલવાપણું.

અસંબદ્ધભાષિત [સં. અ (નહિ) + સંબદ્ધ (મેળવેલું) + ભાષિત (બોલેલું)] વિ. સંબંધ વગર બોલાયેલું.

અસંભવદ્બાધી જુઓ અસત્પ્રતિપક્ષી.

અસંભાષ ૧. [સં. અ (નહિ) + સંભાષ] પું. સંભાષ ન હોવાપણું.
૨. વિ. મૂક; બોલતું.

અસંભાષ ૧. [સં. અ (નહિ) + સંભાષ (બોલ)] વિ. ઇચ્છવાયું.
૨. વિ. જ્યાં બોલાં બોલી શકે એવું; મુકાયું.
૩. વિ. દુઃખ વિનાનું.
૪. વિ. બીજાથી ઊતરતા નહિ એવું; એકાંત.
૫. વિ. વિલાપ; રોકકું નહિ એવું.
૬. વિ. કરગત વગરનું; ચિંતા વિનાનું; ભાર રહિત.
૭. જ. આત્મારૂપ પરમ.

અસંભાષા પું. (પિંગલ) મગણ, તગણ, નગણ, ભગણ, યુગ અને યુગ મળી ૧૪ અક્ષરનો પાંચમે અને નવમે અક્ષરે યતિવાળો એક વર્ણમેળ છંદ.

અસંભુદ્ધ ૧. [સં. અ (નહિ) + સંભુદ્ધ (જાણી)] વિ. તત્ત્વવેત્તા નહિ એવું.
૨. [સં. અ (નહિ) + સંભૂય્ (સમજવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. સમજણ વિનાનું.

અસંભૂ ૧. વિ. (પ્રાકૃત) અસ્તિત્વ; અને નહિ એવું.
આત્મા કર્તા જે અસંભૂ ૨.
આનંદાનન્દમોદધિ
૨. વિ. અસમર્થકારણ; અણહુત.

અસંભૂય વિ. અસંભવ. જુઓ અસંભ.

અસંભવ ૧. [સં. અ (નહિ) + સંભૂ (સંભવ હોવું)] પું. અસંભવતા; ન બને એવું હોવાપણું.
૨. પું. અસાધારણ બનાવ.
૩. પું. (અલં) બની બનેલી વાત અસંભવ જણાવાથી હોય એવો અલંકાર. જેમકે, ગોવાળનો છોકરો કૃષ્ણ હજારી આંગળી ઉપર ગોવર્ધન પર્વત ઉપાડી જે ગોકુળિયા ખાનમાં ન આવી શકે એવી વાત છે.
૪. પું. બળતા ન આવવું તે; વિરોધ.
૫. પું. (નામ) બ્રહ્મનો એક નામનો એક દોષ; સ્વાપાયિક નામનો હેત્વાભાસ; ઠરેલો મુદ્દો સાધ્ય પક્ષનો ન હોવાનો દોષ; આપેલા લક્ષણનો લક્ષ્યના કોઈ પણ ભેદમાં લાગુ ન પડવા રૂપ દોષ. જેમકે, જેને એક ખરી હોય તે ગાય, એવું લક્ષણ આપ્યું કહેવામાં આવે તો તે અસંભવ દોષવાળું કહેવાય, કેમકે કોઈ પણ ગાય એક ખરીવાળી હોય નહિ. લક્ષણના ત્રણ દોષ છે: અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ.
૬. પું. પ્રવેશ ન થવાપણું.
૭. પું. હયાતી ન હોવાપણું; અનસ્તિત્વ.
૮. વિ. આવ્યું ઉપજવનારું.
૯. વિ. બની ન શકે એવું; અશક્ય.

અસંભવદોષ [સં. અ (નહિ) + સંભવ (શક્યતા) + દોષ (ખામી)] પું. (નામ) બ્રહ્મસૂત્રના ત્રણ દોષ પૈકીનો એ નામનો એક. જુઓ અસંભવ ૫.

અસંભવનીય [સં. અ (નહિ) + સંભૂ (થવું , + અનીય (જોગ)] વિ. અશક્ય; ન બને એવું. જુઓ અસંભવિત.

અસંભવિત ૧. [સં. અ (નહિ) + સંભવિત (શક્ય)] વિ. ન બને એવું; અશક્ય.
૨. વિ. બાની ન શકાય એવું; સંભવ વગરનું.
૩. વિ. વિરોધી; વિપરીત.

અસંભવિતતા ૧. [સં. અ (નહિ) + સંભવિત (શક્ય) + તા (પણું)] સ્ત્રી. ન બની શકે એવું હોવાપણું; કદી ન શકવાપણું; અશક્યતા.
૨. સ્ત્રી. બાની ન શકાય એવું હોવાપણું.
૩. સ્ત્રી. વિરોધ; વિપરીતપણું.

અસંભવ્ય ૧. [સં. અ (નહિ) + સંભૂ (થવું) + ય (જોગ)] વિ. કદી ન થઈ શકે એવું.
૨. વિ. ન સમજાય એવું.

અસંભા ૧. [સં. અસમ્ભાવ્ય (કદી ન શકાય એવું)] વિ. નવાઈ ઉપજવનારું.
૨. વિ. સ્ત્રી. બની ન શકે એવી.
અણહુત બોલની બની અસંભા.
એઈ કૃષ્ણ લાગે ઉતિ વંશ. વિલાસ

અસંભાવ્યત [સં. અ (નહિ) + સંભૂ (થવું)] ન. કદી ન થઈ શકે એવું હોવાપણું; અશક્યતા.

અસંભાવના ૧. [સં. અ (નહિ) + સંભાવના (શક્યતા)] સ્ત્રી. અસ્તિત્વપણું; નજરે જોવું ન આવવું તે; અભાવ.
૨. સ્ત્રી. અશક્યતા; ન બનવાપણું; શબ્દાદિ પ્રમાણથી જણાયો અર્થ તે જ વિષયે સમતા બીજા કોઈ પ્રકારને લીધે અસંભવિત લાગે એવી બુદ્ધિ. જેમકે, કેવળી આત્મા જુદો નથી.
૩. સ્ત્રી. ઊલટો વિચાર.
૪. સ્ત્રી. પક્ષ નથી, પ્રતિપક્ષ નથી, અથવા પક્ષ અને પક્ષ જેવા નથી એવી ભાવના. અસંભાવના એ પ્રકારની છે: પ્રમાણકૃત અને પ્રમેયકૃત.
૫. સ્ત્રી. સમજી ન શકાયપણું; અજ્ઞાનતા; દુર્બોધપણું. જેમકે, વેદની શ્રુતિઓ વાંચનારને કેટલીક વખત પ્રથમ વાંચનાં પરસ્પર વિરુદ્ધ પદોં અજ્ઞાનથી અસંભાવના થાય છે.

અસંભાવનીય ૧. [સં. અ (નહિ) + સંભૂ (થવું) + અનીય (જોગ)] વિ. અશક્ય; માની ન શકાય એવું.
૨. વિ. સમજી ન શકાય એવું.

અસંભાવિત ૧. [સં. અ (નહિ) + સંભાવિત (વિચારેલ), વિ. અનુમાન વિરુદ્ધ; જોવા હોવાનું અનુમાન ન કરવામાં આવ્યું હોય એવું.
૨. [સં. અ (નહિ) + સંભાવિત (આત્મસાર)] વિ. આત્મા વિનાનું; અપ્રતિષ્ઠિત.
૩. [સં. અ (નહિ) + સંભૂ (શક્ય હોવું) + ક્ત (પણું)] વિ. દુષ્ટ; નીચ; હલકું.
૪. વિ. મળતું ન આવનારું; અપ્રતિમ; મેળ વિનાનું.

અસંભાવિતોપમા [સં. અ (નહિ) + સંભાવિત (મેળવાયું) + ઉપમા (સરખામણી)] સ્ત્રી. (અલં) એ નામની એક જાતની ઉપમા; અશક્ય હોવા છતાં અસંભવનો અર્થ હોય એવી ઉપમા. જેમકે, અંદરથી પ્રકટ થયેલ ગેરની પેઠે અંદરથી અગ્નિ ઉત્પન્ન થયો, હે રાધે! તારાં વદનથી નીકળતાં કઠોર વચન રસના સાગર જેવાં છે. અહીં પણ અશક્ય હોવા છતાં અશક્યતામાં કંઈક સાર રહેલ છે.

અસંભાવ્ય ૧. [સં. અ (નહિ) + સંભાવ્ય (માની શકાય એવું)] વિ. અશક્ય; ધારી ન શકાય એવું.
જેવો અસંભાવ્ય હરિ મા વરબો.
અખો
૨. [સં. અ (નહિ) + સંભાવ્ય (માની શકે એવું)] વિ. ન બને તેવું; અશક્ય; અસંભવિત.
૩. વિ. ન માનવા જેવું; અકલ્પ્ય.
૪. વિ. સમજી ન શકાય એવું; અગમ્ય.

અસંભાવ્યસંપાત [સં. અ (નહિ) + સંભાવ્ય (માની શકે એવું) + સમ્ (સારી) + પાત (પડવું તે)] પું. (ગણિત) એક જાતનું નિદુ; 'એકનોઢ'. જે નિદુ વહની બહાર હોવા છતાં તેના પ્રતિપક્ષો તે વહના સમીકરણને સંતોષતા હોય તે નિદુ તે વહનો અસંભાવ્યસંપાત કહેવાય છે.

અસંભાવ્ય ૧. [સં. અ (નહિ) + સમ્ (સારી) + ભાવ્ (જોવું) + ય (જોગ)] પું. ખરાબ વાત; બીભત્સ બોલી.
૨. વિ. જેની સારી બોલવું જોગ ન હોય એવું.
૩. વિ. ન કહેવા જેવું; નહિ બોલવા લાયક.

અસંભાળ [અ (નહિ) + સંભાળ (સમજ)] સ્ત્રી. બેદરકારી; બેપરવાઈ.

અસંભૂત ૧. [સં. ન (નહિ) + સંભૂ (હોવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ન બનેલું; નહિ હોયેલું.
૨. [સં. ન (નહિ) + સંભૂ (બનવું) + ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. ન પેદા થયેલું; નહિ બનેલું.

અસંભૂતિ ૧. [સં. ન (નહિ) + સંભૂ (ઉત્પન્ન થવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. બન્યા ન થવાપણું.
૨. સ્ત્રી. પ્રાપ્તિ; અપ્રાપ્ત.
અસંભૂતિ ઉપાસે, તે માટેય લિખિતે ચરે.
ઈશોપનિષદ
૩. સ્ત્રી. હયાતી ન હોવાપણું.

અસંભૃત ૧. [સં. ન (નહિ) + સંભૃત (ધારણ કરેલું)] વિ. ભરાવદી નહિ એવું; કૃશકાયી; સ્વપ્નાવિષ્ટ; અપ્રકૃતિસ્થ.
૨. [સં. ન (નહિ) + સમ્ (સારી રીતે) + ભૃત (પોષણ કરેલું)] વિ. બરાબર નહિ ઉછેરેલું; સારી રીતે નહિ પોષેલું.

અસંભેદ [સં. ન (નહિ) + સંભેદ (વિભાગ)] પું. ન ભાગવાપણું.

અસંભોગ ૧. [સં. ન (નહિ) + સમ્ (સારી) + ભોગ (ભોગવવું તે)] પું. ભોગ-વટનો અભાવ; ઉપભોગ ન કરવાપણું.
૨. [સં. ન (નહિ) + સંભોગ (મૈથુન)] પું. સંભોગ ન કરવાપણું; વિષયસુખ ન લેવું તે.

અસંભ્રમ ૧. [સં. ન (નહિ) + સમ્ (સારી રીતે) + ભ્રમ (ભય)] પું. શાંતિ; સ્વસ્થપણું; સ્થિરતા.
૨. પું. સારી રીતે શાંતિનો અભાવ.
૩. વિ. નહિ ઉશ્કેરાયેલું; શાંત.

અસંભ્રાંત ૧. [સં. ન (નહિ) + સમ્ (સારી પેઠે) + ભ્રાન્ત (ભમેલું)] વિ. બરાબર ભમ્યું વિનાનું; શાંત ચિત્તવાળું.
૨. વિ. ભ્રમ રહિત; શાંતિ વગરનું.

અંગજાઈ [સં. અંગજા] સ્ત્રી. (હિંદી) દીકરી; પુત્રી; કન્યા; બેટી.

અંગજાત [સં. અંગ (શરીર) + જાત (ઉત્પન્ન થયું)] પું. દીકરો; પુત્ર; આત્મજ. જુઓ અંગજ.

અંગજાતા ૧. [સં. અંગ (શરીર) + જાતા (ઉત્પન્ન થયેલી)] સ્ત્રી. પુત્રી; દીકરી કન્યા.
૨. વિ. સ્ત્રી. શરીરમાંથી ઉત્પન્ન થયેલી.

અંગજોર [અંગ (શરીર) + જોર (બળ)] સ. શરીરનું બળ; કોયતા; તાકાત.

અંગજ્ઞાન ૧. [સં. અંગ (શરીર) + જ્ઞાન (બોધ)] સ. શરીરના જોખમ કે સહજ સંબંધી

પોતાનામાં જ રહેલું સ્વાભાવિક જ્ઞાન; સહજ જ્ઞાન; પ્રેરણાબુદ્ધિ.
૨. સ. સ્પર્શજ્ઞાન; શરીરના અડવાથી થયેલ જ્ઞાન.

અંગજ્વર ૧. [સં. અંગ (શરીર) + જ્વર (તાવ)] પું. કામાદિથી થતો અંગનો તાપ, સંતાપ કે દુઃખ.

કોને લોક મનોહર લાગે છે,
અંગજ્વરને અનંગ ઓષે છે. સાક્ષરવીણા

૨. પું. સુવરોગ; શરીરનો તાવ કરનાર તાવ.

અંગઠાઅંગઠ (અંગઠાંગઠ) ૧. પું. લાકડાનો આંગોઠણચો સામાન.
૨. બ. બ. આંગુંઠણચું.

અંગડાઈ (અંગડાઇ) [હિં.] સ્ત્રી. શરીર અને બાહુ કરીને હાથ તથા બંધા મરડવા તે; બાળસ મરડવી તે.

અંગડાઈ તોડવી = (૧) શરીર મરડવું. (૨) આળસ ખાળીને બેસવું; કાંઈ કામ ન કરવું.

અંગડાવું (અંગડાવું) [સં. અંગ (શરીર)] સ. ક્રિ. (હિંદી) શરીર મરડવું.

અંગડું (અંગડું) [અંગ (શરીર) + ડું (નાનપણું બતાવનારો પ્રત્યય)] સ. શરીર; દેહ; ટિલ; કાયા.

અંગડિયા [હિં.] પું. હજારની બારે સીકોને ધિરાણ તથા હીરા લાઈ જનાર માણસ.

અંગતાંકણ [અંગ (શરીર) + કંકણ (બંધનું તે)] સ. વસ્ત્ર; કપડું; ઉપરણું.

અંગણ [સં.] સ. આંગણું; ફળિયું.

અંગણપારિયા [સં. અંગણ (આંગણું) + પારિયા (પાળી)] સ્ત્રી. આંગણામાંનો નળીયો.

અંગણું સ. આંગણું; ફળિયું.

અંગત [સં. અંગ (શરીર)] વિ. આપણી; જાતને લગતું.

અંગતકાકતી (અંગતકાકતી) [અંગત (આપણું) + કાકતી (તપાસ)] સ્ત્રી. જાતની તપાસ.

અંગતદૃષ્ટિ ૧. [અંગત (પોતાનું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. (જ્યોતિષ) કોઈ જોડ જોનારના અવલોકનોના સરેરાશ સાથે બીજા જોનારના અવલોકનને બંધબેસતું કરવા માટે તેમાં ઉમેરવામાં આવતું સ્થિરપરિમાણ; 'પર્સનલ ઇક્વેશન'. દાખલા તરીકે, બે માણસો જોડ૦ ચાન્દ્રોત્તર ઉપરથી નક્ષત્રમંડળના પસાર થવાના વખત તપાસતા હોય, ત્યારે સાધારણ રીતે જોવું બનવાને કે જોડ જોનાર બીજાના કરતાં મોડો વખત નોંધશે, જેથી પરીક્ષેક જેટલાં નિરીક્ષણના તફાવતનું સરેરાશ સ્થિરપરિમાણ નક્કી કરવું જોઈએ. તેથી જો બન્નેનાં અવલોકન જેમાં કરવાં હોય તો તેમાંનાં જોડનાં બધાં નિરીક્ષણ સારે સ્થિરપરિમાણ લાગુ પાડવું જોઈએ જેથી બીજાના વખત સાથે તે મળતાં આવે. આવાં સ્થિરપરિમાણને અંગતદૃષ્ટિ કહે છે. સંખ્યાબંધ અવલોકનની સરેરાશની પણ બાદ કોઈ સ્થિરપરિમાણના સુધારા વધારા કે ઘટ બાદ કરવા જરૂરના ઘટ જેટલી કરવા માટે કોઈ જોડ જોનારે કરેલ અવલોકનના વખતમાં ઉમેરવામાં આવતી સંખ્યા તે શુદ્ધ અંગતદૃષ્ટિ કહેવાય છે. પરિણામે અસર ન કરે જેવી રીતે જ્યારે અવલોકનને ગણવામાં આવે ત્યારે અંગતદૃષ્ટિ દૂર થઈ જોઈ કહેવાય છે. આ પ્રમાણે બે ચાન્દ્રોત્તરવૃત્ત ઉપર જઈને તારાઓના જવાના વખતના તારણી અંતર આપીને જે અવકાશ રેખાંશનો તફાવત નક્કી કરવામાં તે બે અવકાશ જોનાર વચ્ચેની અંગતદૃષ્ટિની પરિણામ ઉપર અસર થતી. પણ જો તે માણસો પહોળી અવલોની અદલાબદલી કરે અને રેખાંશનો તફાવત ફરી નક્કી કરે તો આ બીજા પરિણામમાં અંગતદૃષ્ટિ અગાઉના કરતાં ઊલટી નિશાનીથી જણાવવામાં આવશે. તેથી જે પરિણામનું મધ્યમ ગોળું પરિણામ આપશે કે જે કોઈ સ્થિરપરિમાણવાળી અંગતદૃષ્ટિની અસરથી મુક્ત હશે.
૨. સ્ત્રી. માણસના સ્વભાવની આસપાસને લીધે તેનાં નિર્બળ અને પહલિમાં પહતો તફાવત; વ્યક્તિ-માધ્યમતા.

અંગત અધ્યાય [અંગત (આપણું) + અધ્યાય (પ્રકરણ)] પું. આત્મરક્ષા; પોતાનું રક્ષણ.

અંગત આહિતી [અંગત (આપણું) + આહિતી (ખબર)] સ્ત્રી. વ્યક્તિ અનુભવ; પોતાની જાતે મેળવેલી ખબર.

અંગત ઇજા [અંગત (શરીરનું) + ઇજા (ઈજા)] સ્ત્રી. શરીર ઉપર થયેલી ઈજા.

અંગત ઇસ્પેક્શન [અંગત (શરીરનું) + ઇસ્પેક્શન (ચોખ્ખાઈ)] સ્ત્રી. શરીરની સાફાઈ.

અંગત હાનિ [અંગત (આપણું) + હાનિ (નુકસાન)] સ્ત્રી. વ્યક્તિગત હાનિ; પોતાની જાતને થતું નુકસાન.

અંગતે કુટુમ્બમાણું [અંગતે (આપણે) + કુટુમ્બ (કુટુમ્બ) + માણું (કુટુમ્બનું)] સ. જાત ઉપર કરવામાં આવેલ કોટનો લેખની મુખરો.

અંગતિ ૧. [સં. અંગ (નિશાની કરવી)] પું. અગ્નિ.
૨. પું. અગ્નિહોત્રી.
૩. પું. આત્મા; પ્રજાપતિ.
૪. પું. પવન.
૫. પું. વિષ્ણુ.

અંગતી [સં. અંગ્ (જવું)] સ્ત્રી. પવન.

અંગત્ર [સં. અંગ (શરીર) + ત્ર (રક્ષણ કરનાર)] સ. બખ્તર્યું. લુપ્તો અંગત્રાણ.

અંગત્રાણ [સં. અંગ (શરીર) + ત્રાણ (રક્ષણ)] સ. (હિંદી) બખ્તર્યું. શરીરનું રક્ષણ કરવાથી તે અંગત્રાણ કહેવાય છે.

અંગદ ૧. પું. (પુરાણ) કિષ્કિંધાના વાનર રાજા વાલીનો એ નામનો દીકરો. તે ભૂરાપતિનો અવતાર મનાય છે. આપણ કરવામાં તે કુશળ હતો. વાલીના મરણ વખતે તે નાની ઉમરનો હોવાથી એને રાજ્યવાનું તેના લાઈ સુગ્રીવને સોંપી રામે એને યુવરાજનો અધિકાર આપ્યો હતો. સીતાની શોધ માટે મોકલેલા મારુતિ વગેરે વાનરોનો તે પ્રમુખ હતો. લાવણ કરતાં એક મહિનો વધારે વીતી જતાં પણ સીતાની શોધ લાગી નહિ તેથી એણે પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કર્યો. એટલામાં એને સંપાતિ નામના પક્ષીરાજનો ભેટો થયો. જેનાથી ખાળ મળી કે સીતા લંકામાં છે. મરવાનો વિચાર માંડી વાળી એણે મારુતિને લંકા મોકલ્યો. મારુતિએ ખબર આપ્યા પછી તેઓ રામચંદ્ર પાસે કિષ્કિંધા પાછા ગયા. જ્યારે બધા વાનરો સહિત રામચંદ્રજી લંકા પર ચઢ્યા ત્યારે એ પણ જોડે ગયો અને તેને રામે રાવણ સાથે વિષ્ટિ ભેટવે રામાધાની કરવા મોકલ્યો. તેણે રાવણને બહુ રામજ્યાએ છતાં રાવણ માન્યો નહિ. રાવણને નાનપણમાં વાલીએ બગલને બોચિયે ભાંખ્યો હતો, ત્યારે એ રાવણની હાકી ચોંચી બહુ પીડા આપતો તે યાદ કરાવ્યું. જ્યારે રામ અને રાવણની લડાઈ થઈ ત્યારે એણે કંભન, પ્રજન્ધ, વિઘ્ન પ્રમાદિ અનેક મહાન રાક્ષસોને માર્યા. રાવણનો વધ કરી રામચંદ્રજી અયોધ્યા ગયા પછી અઠિયાર હજાર વર્ષ રાજ્ય કરી જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે સુગ્રીવ તેમની સાથે ગયો, અને અંગદને કિષ્કિંધાનો રાજા બનાવ્યો હતો.
૨. પું. (પુરાણ) કૃષ્ણના લાઈ બલદેવ કે જાતીથી થયેલ એ નામનો દીકરો.
૩. પું. નાનક પછી થઈ ગયેલા શીખ ધર્મના બન્ન ગુરુ માંહેનો બીજો. તેણે હાલની પંજાબી લાવની લિપિ બનાવી હતી. આથી પંજાબી લિપિને ગુરુમુખી કહે છે.
૪. પું. (પુરાણ) મહાભારતની લાઈમાં મરાયેલો દુર્યોધનનો પક્ષનો એ નામનો રાજા.

૧. પું. (પુરાણ) લક્ષ્મણના બે દીકરામાંનો મોટો દીકરો. તે એના નામથી સ્થાપેલી અંગદીયા નામની નગરીમાં રાજ કરતો હતો. એ નગરીને અથનગર પણ કહેતા.
૨. ન. બાવડા ઉપર પહેરવાનું એક ઘરેણું; બાજુબંધ; બાહુભૂષણ.
વળી ઉત્તમ અર્ધચંદ્ર આપ્યો,
અંગદ બાહુબંધને કાજ. પ્રેમાનંદ
૩. [સં. અંગ (શરીર) + દ (આપવું)] વિ. શરીરનું દાન કરનાર; દેહ અર્પણ કરનાર.

અંગદકૂદકો [અંગદ (એ નામનો વાનર) + કૂદકો (ઠેકડો)] પું. ઊંચે મારેલ કૂદકો; ઊંચો કૂદકો; 'હાઈ જંપ'. આજ રીતે 'લોંગ જંપ' માટે હનુમાનકૂદકો કહેવાય છે.

અંગદનીતિ [સં. અંગદ (એક વાનર) + નીતિ (રાજનીતિ)] સ્ત્રી. અંગદે રાવણને સમજાવેલ ઉપદેશ.

અંગદવિષ્ટિ ૧. [સં. અંગદ (એક વાનર) + વિષ્ટિ (સમાધાન)] સ્ત્રી. અંગદે રામના દૂત તરીકે રાવણ સાથે કરેલી સમાધાનીની મસલત.
૨. સ્ત્રી. રામળ કવિએ બનાવેલ એ નામનું એક આખ્યાન. તેમાં સીતાજીને પાછા સોંપવા માટે રાવણ સાથે અંગદ જે વાટાઘાટ કરે છે તેનું વર્ણન છે.

અંગદશિષ્ટાર્થ ૧. [સં. અંગદ (રામને બે નામનો દૂત) + શિષ્ટાર્થ (સમજવા)] સ્ત્રી. અંગદના જેવી સહજતાથી પોતાનો હેતુ પાર પાડવો તે.
૨. સ્ત્રી. અંગદે રાવણની સભામાં વાપરેલી ચતુરાઈ; કૂતચાતુર્ય.
૩. સ્ત્રી. વિવેક; સિફતબાજી.

અંગદા ૧. [સં.] સ્ત્રી. ચંદની સોળ કળા માંહેની એ નામની એક.
અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણ તે પૂર્ણામૃતા: એ ચંદની સોળ કળાનાં નામ છે. શોમસ્તુત
૨. સ્ત્રી. દક્ષિણ દિશાના રક્ષક હાથીની બહેન.

અંગદાન ૧. ન. પીઠ બજારી પાછું હઠવું તે.
૨. [સં. અંગ (શરીર) + દાન (આપવું)] ન. શરીર સમર્પણ કરવાપણું; દેહાર્પણ.
૩. ન. સંભોગ.

અંગદીયા સ્ત્રી. (પુરાણ) લક્ષ્મણ નામના દેશની એ નામની નગરી, જે લક્ષ્મણના દીકરા અંગદને મળી હતી. તેનું બીજું નામ અથનગર હતું.

અંગદ્વાર [સં. અંગ (શરીર) + દ્વાર (બાર)] ન. શરીરનાં મુખ, નાક, કાન, આંખ, ગુદા, ઉપસ્થ અને દૂંદી એમાંનાં પ્રત્યેકનાં નવમાંનું કે દૂંદી સહિત પૂરા દસ દ્વાર ધરાવતું હરણોઈ એક.

અંગદ્વીપ [સં. અંગ (ગૌણ) + દ્વીપ (ટાપુ)] પું. જ ગૌણ દ્વીપમાંનો હરણોઈ એક.

અંગધારી ૧. [સં. અંગ (શરીર) + ધારિન્ (ધારણ કરનાર)] પું. (હિંદી) પાણી.
૨. વિ. શરીર ધારણ કરનાર.

અંગના [સં.] ન. આંગણું; ફળી; ઘર પાસેનો ખુલ્લો ભાગ; ઘરનો ચોક.

અંગના ૧. [સં.] સ્ત્રી. દક્ષિણ દિશાના રક્ષક હાથીની બહેન.
૨. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એટલે દિલ્હી એ નામની એક નદી.
૩. સ્ત્રી. રૂપાળી સ્ત્રી; સુંદર અંગવાળી બાઈ.
૪. સ્ત્રી. યુવતિ; મહિલા; સ્ત્રી; પ્રમદા; નારી.
સ્ત્રી નારી વનિતા વધૂ લલના યુવતી ભામા,
અબળા બાળા અંગના કામિની કાન્તા વામા:
તરુણી રમણી સુંદરી સીમંતિની પણ હોઈ,
તીય તુજ સમ બીજું કોઈમાં સ્ત્રી વિશેષી ન કોઈ.
વિશ્વલોચનકોશ

અંગનાગણ ૧. [સં. અંગના (સ્ત્રી) + ગણ (ટોળું)] પું. કુટુંબનો સ્ત્રીવિભાગ.
૨. પું. સ્ત્રીજાતિ.
૩. પું. સ્ત્રીમંડળ; નારીઓનું વૃંદ.

અંગનાપ્રિય ૧. [સં. અંગના (સ્ત્રી) + પ્રિય (વહાલું)] પું. અશોક વૃક્ષ; આસોપાલવનું ઝાડ. તે સ્ત્રીઓને પ્રિય એટલે વહાલું હોય છે ને તેનાં ફૂલથી તેઓ પોતાનું શરીર શોભાવે છે.
૨. પું. દક્ષિણ દિશાની સંભાળ રાખનાર હાથી.
૩. વિ. સ્ત્રીઓને વહાલું.

અંગનાપ્રિયા [સં. અંગના (સ્ત્રી) + પ્રિય (વહાલી)] સ્ત્રી. મેદી. તેનાથી સ્ત્રીઓ હાથ-પગ રંગે છે.

અંગનુકૂલા પું. એ નામનો પોપટનો સામાન.

અંગનું ૧. [સં. અંગ (શરીર)] વિ. નજીકનું; ખાસ સંબંધ ધરાવતું.
૨. વિ. પોતાના પૂર્વ વિશ્વાસનું; પરિચયવાળું.
૩. વિ. પોતાનું બનતું.

અંગન્યાસ ૧. [સં. અંગ (અવયવ) + ન્યાસ (મૂકવું તે)] પું. પૂજા કરતી વખતે મંત્રોચ્ચાર સાથે શરીરના જુદા જુદા ભાગને હાથથી કરવામાં આવતો સ્પર્શ.
૨. પું. હાથ વગેરે શરીરના ભાગોમાં મંત્રનું સ્થાપન.

અંગપરિવર્તન [સં. અંગ (શરીર) + પરિવર્તન (ફેરવું તે)] ન. શરીરને આમતેમ ફેરવવું તે; અંગમરોડ.

અંગપાક [સં. અંગ (અવયવ) + પાક (પાકવું તે)] પું. (હિંદી) અવયવનું પાકી ને સડી જવાપણું.

અંગપાલક [સં. અંગ (શરીર) + પાલક (રક્ષણ કરનાર)] વિ. શરીરનું રક્ષણ કરનાર; દેહરક્ષક.

અંગપાલિ [સં. અંગ (શરીર) + પાલ્ (રક્ષવું)] સ્ત્રી. આલિંગન; ભેટવાપણું.

અંગપાલિકા [સં. અંગ (શરીર) + પાલિકા (રક્ષણ કરનારી)] સ્ત્રી. દાર્; પાવ; આયા.

અંગપીડ (અંગપીડ્) [સં. અંગ (શરીર) + પીડા (દુઃખ)] સ્ત્રી. આખા શરીરમાં દુઃખ થાય એવો વાયુરોગ.

અંગપીડા (અંગપીડા) [સં. અંગ (શરીર) + પીડા (દુઃખ)] સ્ત્રી. શરીરનું દુઃખ; શારીરિક રોગ.

અંગપુરી સ્ત્રી. અંગદેશની રાજધાની ચંપાપુરીનું બીજું નામ.

અંગપૂજા [સં. અંગ (શરીર) + પૂજા (સેવા)] સ્ત્રી. ફળ વગેરે દેવને ધરીને કરવાની પૂજા.

અંગપૂર્ણું ત્રિક્ષુ [અંગ (સંગીતનો લય) + પૂર્ણું (પૂરું) + ત્રિક્ષ (ત્રિતાલી)] ન. (સંગીત) રમતાં; તાલમાં આળો કેટલી માત્રાનો છે તે બતાવવા માટે એક આળો પૂરો થા અને બીજો કઈ જાય એમ બતાવવામાં આવતી / આવી ક્રીટી.

અંગપ્રતિચારિકા [સં. અંગ (શરીર) + પ્રતિચારિકા (દાસી)] સ્ત્રી. શરીરની સેવા કરનારી દાસી.

અંગપ્રત્યંગ [સં. અંગ (ભાગ) + પ્રતિ (દરેક) + અંગ (વિભાગ)] ન. દરેક અંગ; પ્રત્યેક વિભાગ; અંગઉપાંગ.

અંગપ્રાયશ્ચિત્ત [સં. અંગ (દેહ) + પ્રાયશ્ચિત્ત (પાપના નિવારણ માટે તપ)] ન. દેહની શુદ્ધિ માટે કરવામાં આવતું શારીરિક પ્રાયશ્ચિત્ત; શરીરની આબરૂઓટને લીધે કરવી પડતી દેહ-શુદ્ધિ.

અંગપ્રોક્ષણ ૧. [સં. અંગ (શરીર) + પ્રોક્ષણ (છાંટવું તે)] ન. શરીર ઉપર પાણી છાંટવું તે.
૨. ન. શરીરને બીજા કપડાથી ઘસીને સાફ કરવાપણું.

અંગપ્રક્ષાલ [સં. અંગ (શરીર) + પ્રક્ષાલ (ધોવું તે)] પું. શરીરનું ધોવાપણું.

અંગબલ

અંગબલ [સં. અંગ (શરીર) + બલ (જોર)] ન. શારીરિક શક્તિ; શારીરિક તાકાત; શૌર્યતા; જોર.

અંગભંગ જુઓ અંગભગ.

અંગભંગવર્ધક [સં. અંગ (શરીર) + બલ (જોર) + વર્ધક (વધારનાર)] વિ. શરીરનું જોમ વધારનાર; શૌર્યતામાં વધારો કરનારું.

અંગભંડારણ [સં. અંગ (અવયવ) + ભંડ્ (ભાંખવું)] ન. અવયવોની રજના.

અંગભીન [જુ.] ન. મધ.

અંગભંગ ૧. [સં. અંગ (શરીર) + ભંગ (મરોડ)] પું. અંગમરોડ; નાચવામાં અવયવોને લટકપૂર્વક હલાવવા તે; લટક.

૨. પું. મોહિત કરવાની ચેષ્ટા; નખરાં.

૩. [સં. અંગ (શરીર) + જ્વર (એક જાતનો રોગ)] પું. વાયુપ્રકોપનો એક રોગ. તેમાં શરીર ભાંગી પડતા થતું હોય તેમ જણાય છે.

૪. પું. શરીર ખોટું પડી જવાપણું; અર્ધાંગવાયુ; પક્ષઘાત.

૫. પું. શરીર મરડવાપણું; આળસ મરડી તે, કસમોડા.

૬. પું. શરીરના અવયવો મરડી દુખાવા કોઠવાપણું.

૭. [સં. અંગ (અવયવ) + ભંજ્ (ભાંગવું)] પું. શરીરના અંગનું ખંડન કોઈ અવયવનું ભાંગી જવાપણું.

અંગભંગ થવું = શરીરના કોઈ અવયવનું ઊઘાડું.

૮. વિ. ભાંગી કે તૂટી ગયેલા અવયવવાળું.

અંગભંગી [સં. અંગ (શરીર) + ભંગ (મરોડ)] સ્ત્રી. (હિંદી) ચેષ્ટા; મોહિત કરવાની ક્રિયા.

અંગભંજક [સં. અંગ (શરીર) + ભંજ્ (મરડવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] ન. (પ્રાકૃત) આળસ મરડવી તે.

અંગભાવ ૧. [સં. અંગ (અપ્રધાન) + ભાવ (પદ)] પું. અપ્રધાનતા; ઉપકારકપણું.

૨. [સં. અંગ (શરીર) + ભાવ (હલન-ચલન)] પું. શરીરની જુદી જુદી ક્રિયાઓથી મનનું પ્રકાશન એટલે જણાવવાપણું.

નાયકના મનભાવને શરીરથી જણાવી આપી પછી નવીન રીતે સુંદર અભિનય સહિત ગુલ કરવું તેને અંગભાવ કહે છે. સંગીતકલાધર

અંગભૂ ૧. [સં. અંગ (શરીર) + ભૂ (ઉત્પન્ન થવું)] પું. કામદેવ. શરીરમાં ઉત્પન્ન થતો હોઈને તેને અંગભૂ કહે છે.

૨. પું. પુત્ર દીકરો.

૩. [સં. અંગ (અન) + ભૂ (ઉત્પન્ન થવું)] વિ. મનથી જન્મેલું.

૪. વિ. શરીરમાંથી ઉત્પન્ન થયેલું.

અંગભૂત ૧. [સં. અંગ (શરીર) + ભૂત (ઉત્પન્ન થયેલું)] પું. દીકરો; પુત્ર.

૨. પું. સખા; સહાયક; 'બૅગ્યર'.

૩. પું. સાધન; મૂળ મૂડી.

૪. વિ. અવયવરૂપ; અંગ જેવું; આત્મરૂપ.

૫. વિ. અંગમાંથી જન્મેલું; શારીરિક ઉત્પત્તિવાળું.

૬. વિ. અંગરૂપ બનેલું; જોઈ જાણ પોતે રહેલું.

૭. વિ. આત્મીય; અંગત; સ્વકીય; પોતાનું.

અંગભેદ [સં. અંગ (અવયવ) + ભિદ્ (ભેદવું)] પું. શરીરને પીડા કરે એવો એક વાયુ રોગ. જુઓ વાયુરોગ.

અંગભ્રાંતિ [સં. અંગ (શરીર) + ભ્રાંતિ (ભ્રમ)] સ્ત્રી. એ નામનો એક જાતનો રોગ. જુઓ અંગવિભ્રમ.

અંગમગધ પું. અંગ અને મગધ એ બે પાસ પાસેના દેશ.

અંગમરોડ (અંગમરોડ) ૧. પું. કામની રીતભાત; હેલનો દેખાવ; શરીરની છટા.

૨. [અંગ (શરીર) + મરોડ (મરડવું)] પું. શરીરને આમતેમ મરડવું તે; લટકાં શરીરનો મરોડ.

અંગમર્દ ૧. [સં. અંગ (શરીર) + મૃદ્ (મસળવું)] પું. ચંપી કરનાર નોકર; શરીર ચાંપનાર સેવક; હાજરિયા નોકર.

૨. ન. શરીરનું મર્દન એટલે ચોળવું તે.

૩. ન. હાડકાંનો દુખાવો.

૪. વિ. શરીરને ચોળનાર.

અંગમર્દક ૧. [સં. અંગ (શરીર) + મર્દક (મસળનાર)] પું. ચંપી કરનાર સેવક.

૨. વિ. ચિત્ત ચાંપનાર.

અંગમર્દન ૧. [સં. અંગ (શરીર) + મર્દન (ચંપી)] ન. ચિત્ત દબાવવાપણું; ચંપી.

અંગમર્દનના પ્રકાર: ૧. આયુર્વેદ—રસાયુર્વેદના સંસ્કારથી શરીરનો એક ભાગ નીચા ઉપર વળે તે ક્રિયા. જેમકે, પગ વળવો. ૨. દાબવા કોડવા તે. ૩. પીસે પીસે શરીરને ગૂંદવું કે ૪. પતિવ્રતધર્મ-રસાયુર્વેદના જેવી સાથ આપવાથી શરીરનો ભાગ ગોળ ફરે તે. જેમકે, હાથને બળના સાંધાથી ગોળ ફેરવવો. ૫. ભાર દઈને હાથ ઘસવો તે. ૬. ચિંતવી-રસાયુર્વેદ સાંધા બરાબર શરીરનો એક ભાગ બીજાથી દૂર બસ તે ક્રિયા. જેમકે, પગ સીધો કરવો. ૭. શરીરની પ્રકૃતિ બરાબર કરવા કે જેથી દૂર કામકાજને લઈ બગડ્યું તે. ૮. હાથની મજાકને દબાવા તેમ વાળવી કે જેથી ઊલટું પંજો દેખાય તેમ વાળવી તે. આથી માંસ, લોહી અને ચામડી સુદ્ધ થાય, ચાર ઊતરી શરીરમાં ચરબી આવે, તેમજ નિદ્રા આવે છે. જ્ઞાનતંતુઓની દરદ માટે આ એક ઉપચાર મનાય છે.

૨. ન. શરીરને સારી રીતે ચોળાવવું તે; માલિશ.

અંગમર્દિકા [સં. અંગ (શરીર) + મર્દિકા (મર્દન કરનારી)] સ્ત્રી. અંગનું મર્દન કરનારી દાસી.

અંગમર્દી [સં. અંગ (શરીર) + મર્દિન્ (મર્દન કરનાર)] વિ. શરીર ચાંપનાર.

અંગમલજ પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એ નામનો એક દેશ.

અંગમવું સા. ક્રિ. (જૂ. પ્ર.) આગમવું; સામે ભીડવું; દબાવ કરવો.

ઉસ્યું પ્રધાન કહિ તેહિ સમર્થ,
સુરતણી વાત પ્રભુ અંગમર્થ

કાન્હડદેપ્રબંધ

અંગમહેનત ૧. [અંગ (શરીર) + મિહનત (શ્રમણે)] સ્ત્રી. જાતમહેનત; શારીરિક શ્રમ.

૨. સ્ત્રી. શારીરિક શ્રમથી કરેલું કામ.

અંગમંત્ર [સં.] પું. (તંત્ર) એ નામનો એક મંત્ર.

અંગમાપક ૧. [સં. અંગ (શરીર) + માપક (માપનાર)] ન. શરીર માપવાનું યંત્ર.

૨. ન. શરીરના કોઈ ભાગમાં થતો કંપ માપવાનું યંત્ર; 'ઓસીલોમીટર'.

અંગમાર્જન [સં. અંગ (શરીર) + માર્જ્ (શુદ્ધ કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. શરીરની સાફસૂફી.

અંગમાર્દવ [સં. અંગ (શરીર) + માર્દવ (નરમાશ)] પું. શરીરની કોમળતા.

અંગમેજયત્વ [સં. અંગમ્ (શરીરને) + એજ્ (કંપવું) + અન (ક્રિયા બતાવનો પ્રત્યય) + ત્વ (પણું)] ન. (યોગ) અંગકંપ; કમકમાટી; શરીરમાં કંપારી થવું તે.

અંગમેજયત્વને યોગીઓ અંગમેજયત્વ કહે છે.

યોગકૌસ્તુભ

અંગમોડ (અંગમોડ) [અંગ (શરીર) + મોડવું (મરડવું)] પું. ન. ક. તાવ આવતા પહેલાં શરીરનું ભાંગવું તે; કસમોડા; કળતર; ચિત્ત ભાંગવું તે.

અંગયજ્ઞ [સં. અંગ (યૌગ) + યજ્ઞ (યજ્ઞ)] પું. એક જાતનો યૌગ યજ્ઞ; કર્મમાત્રના અંગરૂપ યજ્ઞ; અંગયાગ. તેની પાંચ જાત છે.

અંગયષ્ટિ [સં. અંગ (શરીર) + યષ્ટિ (લાકડી)] સ્ત્રી. શરીરને બાંધવો; અંગપાટી.

અંગરખા [સં. અંગિકા] સ્ત્રી. (હિંદી) કબજો; ઝભ્ભો.

અંગયાત્રા [સં. અંગ (મૈથુન) + યાત્રા (યાત્રા)] પું. મૈથુન વગેરે. જુઓ અંગસંગ.

અંગયાતના [સં. અંગ (શરીર) + યાતના (પીડા)] સ્ત્રી. શરીરનું દુઃખ; કોઢની પીડા.

અંગરક્ત ૧. [સં. અંગ (શરીર) + રક્ત (લાલ)] વ. મુક્તારોગની નામનો છોડ. તેનો લાલ ચૂર્ણ થાય છે, તેથી તે અંગરક્ત કહેવાય છે.
૨. સ્ત્રિ. લાલ અંગવાળું.

અંગરક્ષ [સં. અંગ (શરીર) + રક્ષ (રક્ષણ કરવું)] વિ. શરીરનો બચાવ કરનાર.

અંગરક્ષક ૧. [સં. અંગ (શરીર) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. નોકર; દાસ.
૨. પું. શરીરની સંભાળ રાખનાર હજૂરી; અંગસેવક; રક્ષણ માટે રાખવામાં આવતો ખાસ સૈનિક; 'બૉ-ડી-ગાર્ડ'.
૩. વિ. શરીરની રક્ષણ કરનાર.

અંગરક્ષણ ૧. વ. શરીરના રક્ષણનું સાધન.
૨. [સં. અંગ (શરીર) + રક્ષણ (સંભાળ)] વ. શરીરની સંભાળ.

અંગરક્ષણી ૧. [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] સ્ત્રી. અંગરખું, બંડી, પહેરણ વગેરે કપડું; નાનું અંગરખું; કમિજ.
૨. સ્ત્રી. કોઢ જેવું ચામડીનું દર્દ.

અંગરક્ષા ૧. [સં. અંગ (શરીર) + રક્ષા (રક્ષણ)] સ્ત્રી. નજર ન લાગે કોઢવા માટે બાંધેલો દોરો; રક્ષણી.
૨. [સં. અંગ (રોગ) + રક્ષા (સંભાળ)] સ્ત્રી. શરીરની સંભાળ.

અંગરખિણી [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] સ્ત્રી. નાનું અંગરખું. જુઓ અંગરક્ષણી.

અંગરખ [સં. અંગ (શરીર) + રક્ષક (બચાવનાર)] પું. (જૂ. ફા.) અંગરક્ષક.
હીનૂ લશ્કર ઉંદિ ખરી બધા.
લાખ અંગરખ સાથ ચલ્યા.
કાન્હડદેપ્રબંધ

અંગરખા [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] પું. (હિંદી) અંગરખું. ડિંચણ બાજુ ચાલુ અને પુરુષોનો ઢાંકી બાજુ ચાલુ તે પુરુષો વાપરે છે.

અંગરખી ૧. [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] સ્ત્રી. કબજો; ઝભ્ભો.
ઓઢી ઝાકળ બબ્બા અંગરખી.
પ્રેમાનંદ
૨. સ્ત્રી. નાનું અંગરખું; અંગરક્ષણી; કમરી.

અંગરજુ [સં. અંગ (શરીર) + રજ્જુ (બાંધવું કપડું)] વ. કબજો. જુઓ અંગરખી.

અંગરખું [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] વ. અંગરખો. કોણી લાંબા, કોણી ટૂંકાં, કોણીની ઉપરથી કાપો ચાતીએ અને કોણીની કાપે બાંધ્યો તો કોણીની નીચે પાછળ ભેગા લેવા જુદા જુદા પટ થાય છે.

અંગરખો ૧. [સં. અંગરક્ષ; પ્રા. અંગરક્ખ] પું. ઘૂંટી સુધીનો કાપ બાંધવાનો લાંબો કબજો; લાંબું કેડિયું; પુરુષને પહેરવાનું સીવેલું વસ્ત્રોથી તે ઘૂંટણ સુધીનું કપડું.
૨. પું. ભગંદર; કાણું.
૩. [સં. અંગ (શરીર) + રક્ષ (બચાવવું)] પું. રાજા વગેરેના શરીરની સંભાળ રાખનાર નોકર; અંગરક્ષક.

અંગરસ પું. (વૈદ્ય) દળ કે પંદરાંનો કપડાંને કે કપડાંને ઝાટકો રસ; સ્વરસ. તે મેળવવાની રીત નીચે પ્રમાણે છે: લીલી વનસ્પતિ લઈ તેને કપડાંથી ઢૂંદી રસ મેળવો અને તે કપડાંથી ગાળી લેવો. અંગરસને માટે જે લીલી વનસ્પતિ લેવી તે ચોખ્ખી ને સાફ લેવી જોઈએ. લીલી વનસ્પતિ ન મળે તો સૂકી વનસ્પતિ લઈ તેનો ભૂકો કરી તેમાં બમણું પાણી નાખી ઉકાળી ચોથો હિસ્સો રાખવો. અંગરસ મેળવવાની બીજી રીત એવી છે કે સૂકી વનસ્પતિને બમણા પાણીમાં નાંખી ૨૪ કલાક રાખી મૂકવી અને પછી તે પાણીને ગાળી લઈ અંગરસની પેઠે વાપરવું. લીલી વનસ્પતિમાંથી મેળવેલા અંગરસની માત્રા સાધારણ રીતે બે તોલા, અને સૂકી વનસ્પતિમાંથી મેળવેલા અંગરસની માત્રા ૪ તોલા છે. કેટલીક વખતે અંગરસની અંદર સાકર, મધ, ગોળ, અત્તર, કે સિંધવનું નાખવામાં આવે છે. બાળકને માટે અંગરસની માત્રા અરધો તોલો છે.

અંગરંગ ૧. [સં. અંગ (શરીર) + રંગ (વર્ણ)] પું. ચહેરો; કાંતિ.
૨. પું. ભોગવિલાસ; વિષયસુખ; ઉદ્વિલસુખ.
૩. [સં. અંગ (શરીર) + રંગ] પું. શરીરનો વાન; કોઢનો રંગ.
૪. [અંગ (શરીર) + રંગ (આનંદ)] પું. હોંસ; અંતરનો ઉમળકો; અભિલાષ; ઉમંગ.

અંગરાગ ૧. [સં.] પું. કપૂર કે ચંદનનું વાટણ.
૨. પું. શરીર ઉપર લેપ કરવો તે.
૩. [સં. અંગ (શરીર) + રાગ (રંગ આપનારો તે)] પું. શરીરે કપડાંને ચોટવા વગેરેનો સુગંધી લેપ; ઉબટણ; વિલેપન; પીઠી.
૪. પું. શરીરે લગાવવાના સુગંધી પદાર્થ. જેમકે, ચંદન, મેંદી, ચંદન.
૫. પું. ફોલ્લીનાં પંજ અંગની સાધારણ: સેજમાં સિંદૂર, બાવળ રોળી ગોદણે કેફ, બાલમાં તલની રજના, કેસરનો લેપ અને હાથપગે મેંદી.

અંગરાજ ૧. [સં. અંગ (જે નામને દેશ) + રાજન્ (રાજા)] પું. અંગ દેશનો રાજા.
૨. પું. કર્ણ. તે અંગ દેશનો રાજા હતો.
૩. પું. લોમપાદ નામનો રાજા. તે દશરથનો પરમ મિત્ર હતો.

અંગરીખા પું. અંગરખો.

અંગરુહ ૧. [સં. અંગ (શરીર) + રુહ (ઊગવું)] પું. પુત્ર; દીકરો.
૨. વ. વાળ; ખોવાળ. અંગ ઉપર ઊગતા હોવાને તે અંગરુહ કહેવાય છે.

અંગરોહા [સં. અંગ (શરીર) + રુહ (ઊગવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી.

અંગરેજી વિ. (હલકી) અંગ્રેજનું; અંગ્રેજ લોક સંબંધી.

અંગરેજ ૧. [અ. ઇન્ગ્લિશ; પોર્તુ. અંગ્રેસ] પું. ઇંગ્લંડ દેશનો વતની.
૨. વિ. ઇંગ્લંડ દેશનું.

અંગરેજી ૧. [અ. ઇન્ગ્લિશ; પોર્તુ. અંગ્રેજી] સ્ત્રી. અંગ્રેજ લોકોની ભાષા.
૨. વિ. અંગ્રેજોને લગતું.
૩. વિ. ઇંગ્લંડ દેશ વિષેનું.

અંગરેજ (અંગરેજ) [પોર્તુ. અંગ્રેસ] વ. અંગ્રેજ; ઇંગ્લંડ દેશનું માણસ.

અંગરેજણ (અંગરેજણ) સ્ત્રી. અંગ્રેજ સ્ત્રી. આ શબ્દ અંગરેજ શબ્દને નારીજાતિનો પ્રત્યય લગાડીને બનેલ છે.

અંગરેજી (અંગરેજી) [પોર્તુ. અંગ્રેજી] સ્ત્રી. અંગ્રેજ ભાષા.
૧. અંગરેજી ભણેલાની = અંગ્રેજ શાસન.
૨. અંગરેજી ભૂતનાં = અંગ્રેજ સ્ત્રીજાતિ.
૩. અંગરેજી ણાં = અંગ્રેજ વિદ્વાન.
૪. અંગરેજી મરણ = અંગ્રેજ નિશાળ.

અંગરો [સં. અંગાર] પું. અંગારો; સળગતો કોલસો; ઠેખાળો.
ખરા અંગરા ચેતના, ખબારી છે લાલ.
સાખા

અંગરોગ ૧. પું. વારસામાં મળેલ કરડ; પેઢી-ઉતાર બીમારી.

૨. [સં. અંગ (શરીર) + રોગ (દર્દ)] પું. શરીરનો વ્યાધિ.

અંગરોગી ૧. વિ. જ-મથી માંડું; વારસામાં મળેલ દરદવાળું.

૨. [સં. અંગ (શરીર) + રોગિન્ (બીમારી)] વિ. શરીરના દરદવાળું.

અંગરોમ [સં. અંગ (શરીર) + રોમન્ (વાળ)] પું. શરીર ઉપરનો વાળ; રુંવાડું.

અંગલ [હિં.] પું. આંગળ; તસુ.

અંગલગ્ન [હિં.] વિ. શરીરને વળગેલું.

અંગલગ્નક [અંગ (શરીર) + લગ્નક (મસેદ)] સ્ત્રી. શરીરનો મરોડ.

અંગલડી (અંગલડી) સ્ત્રી. (બા. પ્ર.) આંગળી.

હાથિ હોઇ અંગલડી બાદિ,
અંગૂઠ પંચમું વિચારી.

લાવણ્યસમય

અંગલતિકા [સં. અંગ (શરીર) + લતિકા (નાની વેલ)] સ્ત્રી. કોમળ જેવું નાજુક શરીર.

અંગલિપિ [સં. અંગ (એ નામનો દેશ) + લિપિ (મરોડ)] સ્ત્રી. અંગ દેશના લોકોનો લખવાનો મરોડ.

અંગલિસ્તાન [ઇ.] જ. ઇંગ્લંડ.

અંગલી ૧. [સં. અંગલ (આંગળી)] સ્ત્રી. આંગળી.

૨. સ્ત્રી. એક આંગળ જેટલી પહોળાઈ.

અંગલીશ [અં. ઇંગ્લિશ] વિ. (કચ્છી) અંગ્રેજ; અંગ્રેજનું.

અંગલૂછણું [સં. અંગ (શરીર) + લુંછન (ચૌદનું)] જ. શરીર લૂછવાનું કપડું; રૂમાલ; રુવાલ; અંગલૂણો.

અંગલૂણો [સં. અંગ (શરીર) + લુંછન (ચૌદનું)] પું. રૂમાલ; રુવાલ. સુધ્ધાં અંગલૂછણું.

અંગલૂહણું ૧. [સં. અંગ (શરીર) + લુંછન (ચૌદનું)] પું. શરીર લૂછવાનો રૂમાલ.

વાલા કુરો ખાણ ખૂણે વહે પણે અંગલૂહણે.

લાવણ્યસમય

૨. જ. મૂર્તિને નવરાવી લઇ કરવામાં.

અંગલૂહણું [સં. અંગ (શરીર) + લુંછન (ચૌદનું)] જ. રુવાલ. સુધ્ધાં અંગલૂછણું.

અંગલેખા સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષનું એટલે હિંદનું પશ્ચિમ હિસ્સામાં આવેલું એક શહેર.

અંગલેપ [હિં.] સ્ત્રી. માંડું; શરીરનો ઉદ્વર્તન. આ શબ્દ ઓરિસામાં વધારે વપરાય છે.

અંગલેપ ૧. [સં. અંગ (શરીર) + લેપ (ચામડ દરવાની વસ્તુ)] પું. શરીરે મસળવાના સુગંધી પદાર્થ; અંગરાગ.

૨. પું. શરીરે લેપ કરવાની ક્રિયા; અંગલેપન.

અંગલેપન [સં. અંગ (શરીર) + લેપન (ચામડ)] જ. શરીરે લેપ કરવો તે. સુધ્ધાં અંગલેપ.

અંગલૌકિક જ. લાઘવારપીઝ એટલે ન્યૂટન અને અસ્ટ્રિકની એટલે લિબ્નિત્ઝ નદીઓના સંગમની નીચવાસમાં આવેલ છે. નામની એક જગ્યા સિંહલના ઇતિહાસ લખનારાઓએ અને અજમાસિયન નામ આપ્યું છે. એમના કહેવા મુજબ સિંહિસની પાસે આ જગ્યા આવેલ છે.

અંગવ [સ.] જ. સાકરા; સુધરેલું કળ.

અંગવર્ણ [સં. અંગ (શરીર) + વર્ણ (રંગ)] પું. શરીરનો વાન કે રંગ; કાંતિ.

અંગવસ્ત્ર ૧. [સં. અંગ (શરીર) + વસ્ત્ર (લૂગડું)] જ. ખેસ કુપડો.

૨. જ. રખાત; ઉપપત્ની; રાખેલી સ્ત્રી.

૩. જ. ધંગોટી.

૪. જ. સ્નાન વખતે ઓઢવાનું કપડું. ભીનો, પલેટી; શાલ; ચોપાળ.

અંગવાયુ પું. ભૂતલાકાશ જમીનનો અગ્નિ અને ભેજ માટે બનાવ આપનાર એ નામના બાલ બનતાં એની કરનારને બાકી રહેલો બાલ.

અંગવાર [સં. અંગ (બાલ) + કાર (કામ)] સ્ત્રી. જમીન ખેડવામાં પરસ્પર કરવામાં આવતી મદદ.

અંગવારા ૧. [સં. અંગ (મદદ) + કાર (કામ)] પું. (હિંદી) ખેડવામાં અરસપરસ મદદ.

૨. [સં. અંગ (બાલ) + કાર (કરનાર)] પું. (હિંદી) બાલના ભેજ બાલનો બાકિ.

અંગવિકલ ૧. [સં. અંગ (શરીર) + વિકલ (બ્યાકુલ)] વિ. મૂર્ખો ચમતું.

૨. વિ. બ્યાકુલ; મૂંઝારેલું.

૩. [સં. અંગ (શરીર) + વિકલ (નાનું)] વિ. શરીર રહી ગયું હોય એવું. પણાયાતવાળું.

૪. [સં. અંગ (અવયવ) + વિકલ (બાકી)] વિ. શરીરમાં ખોડખાંપણવાળું.

અંગવિકલતા ૧. [સં. અંગ (શરીર) + વિકલ (નાનું) + તા (પણું)] સ્ત્રી. પણાયાત.

૨. [સં. અંગ (શરીર) + વિકલ (બ્યાકુલ) + તા (પણું)] સ્ત્રી. મૂર્ખો.

૩. [સં. અંગ (અવયવ) + વિકલ (બાકી) + તા (પણું)] સ્ત્રી. શરીરના કોઈ બાગની બાકી.

૪. સ્ત્રી. શરીરની બ્યાકુલતા.

અંગવિકાર ૧. [સં. અંગ (શરીર) + વિકાર (ફેર)] પું. ભેજ બદલો રોગ; કેરફાર; મૂર્ખાંરોગ.

૨. [સં. અંગ (શરીર) + વિકાર (કેરફાર)] પું. ક્રોધ, ક્રોધ વગેરેની અસરથી શરીરના દેખાવમાં થતો કેરફાર.

૩. પું. શરીરનો વ્યાધિ; અંગરોગ.

૪. પું. શરીરે થતું કુટુંબ.

૫. પું. શારીરિક ભોગ.

અંગવિકૃતિ [સં. અંગ (શરીર) + વિકૃતિ (કેરફાર)] સ્ત્રી. કેરફાર. સુધ્ધાં અંગવિકાર.

અંગવિક્ષેપ ૧. પું. [સં. અંગ (અવયવ) + વિક્ષેપ (ફેંકવાનું)] પું. અંગ મરોડવું તે; લાવને બતાવવા શરીરના અવયવોનો હાવ; અંગવિન્યાસ. એની ઉપયોગિતા માટે કહેવાય છે કે: અંગવિક્ષેપ નકામા અને સ્વાભાવિક થવો જોઈએ. તે માટે તેનાં (૧) અનુપ્રાસ, (૨) મિતોપયોગ, (૩) લાલિત્ય અને (૪) ચોરવ એ ગુણો જોઈએ.

૨. પું. કલાબાજી; ઊપસુબાંદ.

૩. પું. નાચવાની કળાનો એક બાગ.

અંગવિચાર [સં. અંગ (શરીર) + વિચાર] પું. શરીર સંબંધી વિચાર.

અંગવિચ્છેદ [સં. અંગ (શરીરનો બાગ) + વિચ્છેદ (કાપવાની ક્રિયા)] પું. શરીરના અવયવો કાપી નાખવાની ક્રિયા.

અંગવિજ્ઞાન [સં. અંગ (શરીર) + વિજ્ઞાન (સાયન્સ સાયન્સ)] જ. શારીરિકશાસ્ત્ર; દેહધર્મવિદ્યા.

અંગવિદ્યા ૧. [સં. અંગ (શરીર) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. શરીરનું રક્ષણ; બાહરવૃક્ષાદિ વગેરે વિદ્યા.

૨. સ્ત્રી. જેનાથી છ અંગને લગતી વિદ્યા.

૩. [હિં.] સ્ત્રી. શરીર ઉદ્વર્તને લગતું જ્ઞાન.

૪. [સં. અંગ (અવયવ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. (જ્યોતિષ) શરીરના અવયવોના ફરકવાથી સારાનરસું ફળ કહી બતાવતી વિદ્યા; અદૃષ્ટનિમિત્ત કહેવું એ અંગ. સુધ્ધાં અદૃષ્ટનિમિત્ત.

૫. સ્ત્રી. શરીરના બાગ સંબંધી જ્ઞાન; અવયવવિદ્યા.

૬. સ્ત્રી. શરીરનાં ચિહ્નો જોઈને જિંદગીના બનાવો કહેવાની વિદ્યા; સામુદ્રિકવિદ્યા.

૭. [સં. અંગ (શરીર) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. શરીરવિદ્યા.

અંગવિન્યાસ. સુધ્ધાં અંગવિક્ષેપ.

અંગવિન્યાસ [સં. અંગ (શરીર) + વિન્યાસ (સારી રીતે ગોઠવવું)] પું. અંગરચના; જેમાં જેની જરૂરીયાત કે કમી લાગતી હોય તે પ્રમાણે શરીરના અંગોને ગોઠવવાં તે.

અંગવિરોગ [સં. અંગ (શરીરનો ભાગ) + વિરોગ (નાશ થવું)] પું. એક જાતનો વાયુરોગ. તેમાં શરીરનો એકાદો ભાગ જાણે કોઈ ચેતન વસ્તુનો ભાગ હોય તેવો ચેતન વસ્તુનો ભાગ છે. લુખ્ખો વાયુરોગ.

અંગવિલાસ [સં. અંગ (શરીર) + વિલાસ (હાવભાવ)] પું. શરીરના એકાદ હાવભાવ; શૃંગારચેષ્ટા.

અંગવિસ્તાર [સં. અંગ (અવયવ) + વિસ્તાર (વિસ્તરવું)] પું. (ગ્રન્થ) પ્રબંધ હોવાનો એક દોષ. મૂળ વસ્તુના કરતાં પોતા વસ્તુનું વધારે થાય પણ મૂળ વસ્તુ જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી આ દોષ ગણાતો નથી.

અંગવીર [સં. અંગ (પ્રધાન) + વીર] પું. મુખ્ય લડવૈયો.

અંગવૃદ્ધિ ૧. [સં. અંગ (અવયવ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. વધારાનું વધવું કે મોજીનું વધવું તે.
૨. [સં. અંગ (શરીર) + વૃદ્ધિ (વધવું તે)] સ્ત્રી. શરીરનું વધવાપણું.

અંગવૈકલ્ય [સં. અંગ (શરીર) + વૈકલ્ય (અપૂર્ણતા)] ન. શારીરિક ખામી; ખોડ.

અંગવૈભૂત ૧. [સં. અંગ (શરીર) + વૈભૂત (ભોગ)] પું. અંગભોગી; જોરૂ.
૨. પું. ઉપકારક
૩. પું. શરીરનો વિકાર.

અંગશુદ્ધિ ૧. [સં. અંગ (શરીર) + શુદ્ધિ (પવિત્રપણું)] સ્ત્રી. શરીરની પવિત્રતા; દેહશુદ્ધિ; દેહની સ્વચ્છતા.
૨. [સં. અંગ (સ્નાન) + શુદ્ધિ (પવિત્રતા)] સ્ત્રી. સ્નાનાદિ દેહશુદ્ધિનું સાધન.

અંગશુષ્કતાવાયુરોગ [સં. અંગ (શરીર) + શુષ્ક (સુકાયેલ) + તા (પણું) + વાયુ (વાત) + રોગ (રોગ)] પું. એક જાતનો વાયુરોગ. લુખ્ખો અંગશોષ.

અંગશૂળ [સં. અંગ (શરીર) + શૂલ (પીડા)] ન. એક જાતનો વાયુરોગ. આ રોગમાં શરીરના જુદા જુદા ભાગમાં સૂળ ઊપડે છે. લુખ્ખો વાયુરોગ.

અંગસંચિકિત્સ [સં. અંગ (શરીર) + સંચિકિત્સ (ઠીક કરવું)] ન. ઠેકાણે રહેલ મુસ્તી; શરીરનું ઠીકાણું.

અંગસંજ્ઞાનક્રિયા [સં. અંગ (શરીર) + સંજ્ઞાન (સમજવું તે) + ક્રિયા (કામ)] સ્ત્રી. ઇન્દ્રિયો અને પરોક્ષથી શરીરને સમજવાની ક્રિયા.

અંગસંદોષ [સં. અંગ (શરીર) + દુષ્ (બગડવું)] પું. એક જાતનો વાયુરોગ. તેમાં શરીર નબળું પડી સુકાઈ જાય છે. લુખ્ખો વાયુરોગ.

અંગસજ્જ [સં. અંગ (પોતાનું સામર્થ્ય) + સજ્જ (તૈયારી)] ન. બાહ્ય તૈયારી; ભૌતિક તૈયારી.

અંગસત્તાધિ સ્ત્રી. (વેદાંત) કર્તા, કર્મ અને કરણ એ ત્રણેના અનુસંધાન જોડવે જોડાયેલ સાથે ક્રિયા or જ્ઞાનની ઇન્દ્રિયોનો વ્યાપારઃ પ્રવાહ.

અંગસંગ [સં. અંગ (શરીર) + સંગ (જોડાવું)] પું સંભોગ; મૈથુનઃ રતિક્રિયા.

અંગસંગઠન ૧. [સં. અંગ (અવયવ) + સંગઠન (ગોઠવવું તે)] ન. અવયવનું ઘડતર; શરીરનું ઘડાવવું તે.
૨. [સં. અંગ (શરીર) + સંગઠન (ઘડવું)] ન. શરીરનો ઘાટઃ અંગોપાંગઃ શરીરની પુષ્ટતા.

અંગસંગ્રાહન [સં. અંગ (અવયવ) + સંગ્રાહ્ (ભેગાવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અવયવોની ફિલ્ટાણ.

અંગસંભૂત [સં. અંગ (શરીર) + સંભૂત (પેદા)] ન. સંતાન; બચ્ચું.

અંગસંસ્કાર ૧. પું. બોડી. ચોળવી તે.
૨. [સં. અંગ (શરીર) + સંસ્કાર (સમારવું)] પું. શરીરને સમારવાની ક્રિયા; કોઈ કોસ્મેટીક કરવાનું કામ; ડાપટીપ.
૩. વિ. શરીરને સમારનાર.

અંગસંસ્કારક [સં. અંગ (શરીર) + સંસ્કારક (સમારનાર)] વિ. ડાપટીપ કરનાર.

અંગસંસ્થિતિક્રમ [સં. અંગ (શરીર) + સંસ્થિતિ (સમારવું)] સ્ત્રી. ડાપટીપ. લુખ્ખો અંગસંસ્કાર ૧, ૨.

અંગસંહતિ [સં. અંગ (શરીર) + સંહતિ (સમૂહ)] સ્ત્રી. શરીરનું બળ.

અંગસેવક [સં. અંગ (શરીર) + સેવક (ચાકરી કરનાર)] પું. શરીરનો ખાનગી ચાકર.

અંગસૌષ્ઠવ [સં. અંગ (શરીર) + સૌષ્ઠવ (સુંદરતા)] ન. શરીરની શોભા; સૌંદર્ય.

અંગસ્પર્શ [સં. અંગ (શરીર) + સ્પર્શ (સ્પર્શવું)] પું. સ્પર્શનો ચેષ્ટાવિકાર.

અંગસ્થિતિ ૧. [સં. અંગ (અવયવ) + સ્થિતિ (હોવાપણું)] સ્ત્રી. અવયવોની કે શરીરની અમુક પ્રકારની ગોઠવણ.
૨. સ્ત્રી. અવસ્થા; દશા.
૩. સ્ત્રી. બેસવાની ઢબ.
૪. સ્ત્રી. શરીરનું વલણ.

અંગસ્પર્શ ૧. [સં. અંગ (શરીર) + સ્પર્શ (અડકવું)] પું. બીજાઓથી અડી જવાય એવી શરીરની સાધારણ. જેમકે, છેડે બેઠેલ માણસ શરીરમાં ખાસ ચોંટતા હોતી નથી.
૨. પું. શરીરને અડવું.

અંગસ્ફુરણા [સં. અંગ (અવયવ) + સ્ફુરણા (ફરકવું તે)] સ્ત્રી. અવયવનું ફરકવું.

અંગસ્વભાવ ૧. [સં. અંગ (શરીર) + સ્વભાવ (પ્રકૃતિ)] પું. અંગની ટેવ; આદત.
૨. પું. પ્રકૃતથી બનેલ સૃષ્ટિ.
૩. પું. શરીરની પ્રકૃતિ.
૪. પું. સાત્ત્વિક પ્રકૃતિ.

અંગસ્વામી ૧. [સં. અંગ (જે નામને કરવું) + સ્વામિન્ (માલી)] પું. અંગ કોઈનો માલ; અંગપતિ.
૨. પું. વિષ્ણુ; પુરુષોત્તમનાં બીજાં નામ આપેલું એક.
૩. [સં. અંગ (શરીર) + સ્વામિન્ (માલી)] પું શરીરનો માલિક.

અંગહાનિ ૧. [સં. અંગ (અવયવ) + હાનિ (ખામી)] સ્ત્રી. ચોક્કસ વિધિ કરવામાં રહી ગયેલો દોષ.
૨. [સં. અંગ (શરીર) + હાનિ (ઓછપ)] સ્ત્રી. શરીરની ખોડ.
૩. [સં. અંગ (શરીર) + હાનિ (પાયમાલી)] સ્ત્રી. શરીરની પાયમાલી.

અંગહાર ૧. [સં. અંગ (શરીર) + હ (આપવું)] પું. નાચઃ વૃત્ત.
૨. [સં. અંગ (શરીર) + હ (ઉપાડી જવું)] પું. શરીર ઊપાડી જવાપણું.
૩. [સં. અંગ (શરીર) + હ (હલાવવું)] પું. હાવભાવ કરવાવાળા તે; અંગવિક્ષેપ; શરીરના અવયવોના હાવભાવપૂર્વક ચાળા.
૪. [સં. અંગ (શરીર) + હાર (ચાળા)] પું. હાર; ચાળા.

અંગહારક [સં. અંગ (નાચ) + હારક (કરનાર)] પું. હાવભાવ; શરીરના અવયવોનો વિક્ષેપ.

અંગહિલ્લોળ [સં. અંગ (શરીર) + હિલ્લોલ (મૂર્છા)] પું. શરીરનો મરોડ; બગાસાંમાંનો.

અંગહીણ [સં. અંગ (અવયવ) + હીન (વિનાનું)] વિ. શરીરના કોઈ અવયવની ખામી હોય એવું; ખોડવાળું.

અંગહીન ૧. [સં. અંગ (શરીર) + હીન (વગરનું)] કું. અપંગ; મહત; અપંગ. તે શરીર વિનાનો અનાથ છે તેથી અંગહીન કહેવાય છે.
૨. [સં. અંગ (અવયવ) + હીન (વગરનું)] વિ. ખોડવાળું; અંગહીણ.
૩. વિ. શરીર વગરનું.
૪. [સં. અંગ (સાધન) + હીન (વગરનું)] વિ. સાધનભૂત પદાર્થથી રહિત.

અંગહીનતા ૧. જી. અપંગતા.
૨. [સં. અંગ (અવયવ) + હીન (વિનાનું) + તા (પણું)] જી. ખોડ.
૩. [સં. અંગ (શરીર) + હીન (રહિત) + તા (પણું)] જી. શરીર વિનાનું હોવાપણું.
૪. [સં. અંગ (સાધન) + હીન (વગરનું) + તા (પણું)] જી. સાધનભૂત પદાર્થથી રહિત હોવાપણું.

અંગળોઈ જી. માપમાં પૈસા અથવા બીજાને બદલે ઘરીઓ જોખાં જોસવામાં આવે તે લાકડાને ન ઘસાય તે સારૂ વચ્ચે મૂકવામાં આવતી કપડાની ઊઘણી.

અંગા ૧. [હિં.] કું. અંગરખું; પુરુષોએ પહેરવાનો લાંબો કસવાળો ડગલો.
૨. જી. બાયડ; 'નર્સ'.

અંગાઉ ૧. [અંગ (શરીર) + આઉ (તું)] વિ. અંગઉપર; બતપુખરા ઉપરનું.
અંગાઉ કરજ = પોતાની જાત ઉપર લીધેલું નાણું કે કરેલું કરજ.
૨. વિ. ખાસ પોતાનું; પોતાની માલિકીનું.
૩. વિ. પોતાને લગતું; આવડું; આનગી; અંગત.
અંગાઉ ખરચ = જાતના ખરચ; બીજા ખરચ; જેમાં બીજાને લાગતુંવળગતું ન હોય એવું ખરચ.

અંગાઠડી (અંગાઠી) [હિં.] જી. અંગરા ઉપર શેકવી બાબરી; બાટી.

અંગાબરી [અંગાર (સળગતો કોયલો) + ભરી (ભરેલી)] જી. અંગારા ઉપર શેકવી બાબરી; બાટી.

અંગાભું [અંગાર (બળતો કોયલો) + ભું (કામ)] ન. અંગારા ઉપર શેકીને ભાં કરેલું હોય તે.

અંગારદાન [સં. અંગ (શરીર) + બીજ (થવું તે)] ન. પુરુષની જનનેંદ્રિય; પુરુષચિહ્ન.

અંગારપિપ ૧. [સં. અંગ (એ નામનો દેશ) + અધિપ (રાજા)] કું. અંગ દેશનો રાજા કર્ણ.
૨. કું. અંગાધીશ; અંગરાજ; અંગ દેશનો રાજા.
૩. કું. (જ્યોતિષ) લગ્નનો સ્વામી.

અંગાધીશ ૧. [સં. અંગ (એ નામનો દેશ) + અધીશ (રાજા)] કું. અંગ દેશનો રાજા; અંગાધિપ.
૨. કું. કર્ણ.
૩. કું. (જ્યોતિષ) લગ્નનો સ્વામી.

અંગાધીશ્વર [સં. અંગ (એ નામનો દેશ) + અધીશ્વર (રાજા)] કું. અંગદેશનો રાજા. લુપ્તો અંગાધીશ.

અંગારી જી. નાગ લોકોની એ નામની પેટા જાતિ.

અંગાર ૧. કું. એ નામની વનસ્પતિ; કિરાવલી.
૨. કું. (રસાયણ) એ નામનું મૂળતત્ત્વ; એક સાદો મૂળ પદાર્થ; 'કાર્બન'. તેમાં ધાતુના ગુણ હોતા નથી. તમામ સેંદ્રિય એટલે જીવવાળા પદાર્થોમાં લાકડ, કોલસો, ખાંડ, મેદ અને કોષસામાં તે હોય છે. તેનો અણુભાર ૧૧.૯૭ છે.
૩. કું. એક જાતનું ફૂલ.
૪. કું. (લાક્ષણિક) કપૂત; બદો લક્ષણનાર દીકરો; અંગારા જેવો બાળીને ભસ્મ કરે તેવો દીકરો.
૫. કું. કોલસો.
૬. [હિં.] કું. કોપ; ગુસ્સો.
૭. કું. દેવતા; અગ્નિ.
૮. કું. દેવતાનો તણખો.
૯. [સં. અઙ્ગાર; પ્રા. ઇંગાલ કે અઙ્ગારો]
કું. બળતો કોયલો; ખોટારો; અંગારો.
૧. અંગાર પર લોટવું = (૧) કોપ કે ધૃણાથી બળવું. (૨) દાઝવું બળવું.
૨. અંગાર-અંગારા વરસવા = (૧) દૈવી આફત પડવી. (૨) બહુ ગરમી પડવી; આગ વરસવી.
૩. અંગારા વરસાવવા = કોપાયમાન થવું.
૪. લાલ અંગારા જેવું = બહુ કોપી બનવું.
૧૦. કું. (જ્યોતિષ) મંગળનો ગ્રહ.
૧૧. કું. (પુરાણ) અંધાતાની સાથે યુદ્ધ કરનાર એ નામનો એક રાક્ષસ.
૧૨. કું. લાખ; જાતરસ; જાવન.
૧૩. કું. (જૈન) સ્વાદવાળું અન્ન અને તે આપનારનાં વખાણ કરવાથી સાધુને લાગતો દોષ; ઉગમ દોષ. આ જાતનો દોષ સાધુપણાને કોયલાની જેમ બાળી કરે છે તેથી તે અંગાર કહેવાય છે.
૧૪. [હિં.] જી. રાત્રે બળતો પદાર્થ, જેની તેજે રંગ અંગારાના જેવો હોય છે.
૧૫. જી. સળગતો પદાર્થ.
૧૬. ન. લાલ રંગ.
૧૭. વિ. લાલ રંગવાળું; રાતું.

અંગારએકપ્રાણિલ કું. (રસાયણ) એક ભાગ અંગાર અને બે ભાગ પ્રાણવાયુના બળવાથી બનતો વાયુ; 'કાર્બન મોનોક્સાઈડ'.

અંગારક ૧. [સં.] કું. એ નામની વનસ્પતિ; કાંટાસળિયો.
૨. કું. એ નામનો છોડ; લાંગરો.
૩. કું. નાનો અંગારો; ચિણગારી.
૪. કું. (જ્યોતિષ) મંગળનો ગ્રહ; આખરી મહો મહિનો એ નામનો એક ગ્રહ. લાલ રંગ ઉપરથી તેને અંગારક, લોહિતાંગ, અગ્નિ ઇત્યાદિ નામો મળેલાં છે.
પુજ્ય અંગારક ભૂમિસુત લોહિતાક્ષ મહિલાલ,
મંગલ ભમ ભાં લાં ઉદિત રાખ્યા દીવા લાલ.
પિંગળપ્રકાશ
૫. કું. મંગળવાર. મંગળ ગ્રહ ઉપરથી તે નામ પડ્યું છે.
૬. કું. (પુરાણ) સૌવીર દેશનો એ નામનો રાજપુત્ર.
૭. ન. (વૈદક) એ નામનું તેલ. તેમાં હળદર, દુર્વા, મંજિષ્ઠ અને બીજી વસ્તુઓ ઉકાળેલી હોય છે.
૮. ન. લાલ રંગ.

અંગારકવાર [સં. અંગારક (મંગળ ગ્રહ) + વાર (વાસરું)] જી. મંગળ ગ્રહને આકાશમાં ફરવાનો માર્ગ.

અંગારકતૈલ ન. ઔષધમાં વપરાતું એક જાતનું તેલ; અંગારસાથ્ય સાથે બીજું તેલ ભેળવી બનાવેલી દવા.

અંગારકદિન [સં. અંગારક (મંગળ ગ્રહ) + દિન (દિવસ)] કું. મંગળવાર.

અંગારકપ્રાણિજી [સં. અંગાર (કોયલો) + પ્રાણિજ (કોઈ વસ્તુ સાથે પ્રાણવાયુ ભળવાથી બનતો પદાર્થ)] કું. (રસાયણ) અંગારવાળી બીજી જાતથી બનતો વાયુ. લુપ્તો અંગારપ્રાણવાયુ.

અંગારકર્ષણિ ૧. [સં. અંગાર (લાલ રંગ) + કર્ષ (ખેંચવું) + અણિ (કામ)] કું. પરવાળું.
૨. કું. માણેક.

અંગારકર્મ ૧. [સં. અંગાર (કોયલો) + કર્મન્ (કામ)] ન. (જૈન) કોયલા બનાવવા તથા વેચવાનો વેપાર.
૨. [સં. અંગાર (અગ્નિ) + કર્મન્ (કામ)] ન. બટીથી પકવેલ વસ્તુ વેચવાનું કામ. કુંભાર, ઈંટો પકવનાર અને સુથાર તેવાં કામ કરનાર છે.

અંગારકર્ષિણી [સં. અંગાર (કોયલા) + કૃષ્ (ખેંચવું)] જી. અગ્નિ કેરવવાનો લોઢાનો સળિયો; લોઢાનો સણેસો.

અંગારકવાયુ [સં. અંગાર (કોલસો) + કે (વધું) + વાયુ] પું. અંગાર અને પ્રાણવાયુના મેળવાળો રંગ વગરનો ગેસ વાયુ; 'કાર્બન ઑક્સાઇડ'. હવામાં ગેસ ટકો અંગારકવાયુ હોય તો તે વાયુ ગેરી છે. તે વાયુ ઠીબાથી સળગી ઊઠી અંગારવાયુ ઉત્પન્ન કરે છે. પ્રાણવાયુ સાથે અંગારના અપૂર્ણ દહનથી આ વાયુ પેદા થાય છે.

અંગારકવાસર [સં. અંગારક (મંગળ ગ્રહ) + વાસર (દિવસ)] પું. મંગળવાર.

અંગારકા સ્ત્રી. (પુરાણ) એ નામની એક રાક્ષસી.

અંગારકામ્લ [સં. અંગારક (કોલસો) + અમ્લ (ખાટો પદાર્થ)] પું. અનિજ કોલસામાંથી બનતો અમ્લ જેટલે તેજાબ; 'કાર્બોનિક ઍસિડ'. તેમાં ચામડી વગેરે બાળવાનો ગુણ છે. કાર્બોલિક સાબુમાં તેને ભેળવવામાં આવે છે. તે બંતુનાશક પણ છે.

અંગારકામ્લવાયુ પું. (રસાયણ) અંગારવાળી બીજ બાળવાથી બનતો વાયુ; 'કાર્બોનિક ઍસિડ ગૅસ'. તેને અંગારવાયુ કે અંગારદ્વિપ્રાણિક કહે છે. લાકડાં, કોલસા, ખાંડ, કાગળ વગેરે બાળવાથી તેમાંનું અંગારતત્ત્વ હવાના વાયુ સાથે જોડાવાથી આ વાયુ પેદા થાય છે. તેનો અણુભાર ૪૪ છે અને પાણીમાં બળી જાય છે. વધારે દબાણમાં તે વધારે ઓગે છે.

અંગારકારી [સં. અંગાર (કોલસો) + કારિન્ (કરનાર)] વિ. કોલસા બનાવનાર; લાકડાને બદલામાં નાખી કોલસા બનાવનાર.

અંગારકીચતુર્થી ૧. [સં.] સ્ત્રી. વૈશાખ વદ ૪.
૨. સ્ત્રી. ભાદરવા વદ ૪.

અંગારકીજ્યેષ્ઠ ૧. સ્ત્રી. જ્યેષ્ઠ વદ ૪.
૨. સ્ત્રી. માઘ વદ ૪.

અંગારકીસંકષ્ટચતુર્થી [સં. અંગારક (મંગળવાર) + ઇન્ (વધું) + સંકષ્ટ (મુશ્કેલી) + ચતુર્થી (ચોથ)] સ્ત્રી. ભાદરવા માસના અંધારિયામાં મંગળવારે આવતી ચોથ. તે દિવસે ચંદ્રોદય વખતે ગણપતિની પૂજા કરવાથી બધી જાતની મુશ્કેલીનો નાશ થાય એમ હિંદુઓ માને છે.

અંગારકુષ્ઠ પું. એ નામની વનસ્પતિ; કિંતાવલી.

અંગારકોઠી [અંગાર (અગ્નિ) + કોઠી (બટ્ટી)] સ્ત્રી. ભઠ્ઠી.

અંગારખું [સં. અંગાર (બળતે કોલસો) + ખર (કઠણ)] વિ. અંગારખાર; કોલસા અંગારામાં શેકી ખાવે કરેલું તે.

અંગારજીવિકા [સં. અંગાર (અગ્નિ) + જીવિકા (ધંધો)] સ્ત્રી. લુહારી કસબનું મુજરાત. જેમકે, કુંભારનો ઘંધ અને લુહિયાં કરવાનો ધંધો.

અંગારઠળી [અંગાર (અગ્નિ) + ઠળી (કાષ્ઠની)] સ્ત્રી. ઠીબાસળીની પેટી; બાકસ.

અંગારતુંગુરક સ્ત્રી. અસિકની જેટલે સિનાબ નદીની એ નાંગની શાખા.

અંગારતૈલ વ. (વૈદ્ય) બાકસ તાવમાં વપરાતું એક જાતનું તેલ. ગોરચેલ, લાખ, હળદર, સફરજલ, મજીઠ, ઉંદરકાનનાં મૂળ, ઘેળી ગોરિંજણીનાં મૂળ, સિંધવ, ઉપલેટ, ભાંગરાનાં મૂળ, બકાયાંસી અને સતાવરી દરેક સરખે ભાગે લઈ તેનો કપડે ગાળ તેવો ભૂકો કરી, ચારગણી સોળગણી કાંજી અને આરણ્યું તેલ લઈ તેની રીતથી પકાવવાથી તે બને છે.

અંગારદાન [અંગાર (અગ્નિ) + દાન (સ્થળ બતાવનાર નામવાચક પ્રત્યય)] વ. સગડી.

અંગારધારક [સં. અંગાર (કોલસો) + ધારક (ધરનાર)] પું. લાકડાં બાળી કોલસા પાડવાની જગ્યા.

અંગારદ્વિગંધકિક [સં. અંગાર (કોલસો) + દ્વિ (બે) + ગંધક (એક અનિજ પદાર્થ) + અમ્લ (ખાટું)] પું. (રસાયણ) ગંધકના બે ભાગ અને કોલસાનો એક ભાગ મળવાથી બનતું રસાયણિક દ્રવ્ય; 'કાર્બન સલ્ફાઇડ'.

અંગારદ્વિપ્રાણિક [સં. અંગાર (કોલસો) + દ્વિ (બે) + પ્રાણિક (પ્રાણવાયુ અને બીજા કોઈ પદાર્થના મળવાથી થતું રસાયણિક દ્રવ્ય)] પું. અંગારવાયુ; પ્રાણવાયુમાં. જુઓ અંગારકામ્લવાયુ.

અંગારધાનિ [સં. અંગાર (અગ્નિ) + ધાની (આધાર)] સ્ત્રી. સગડી; અંગીઠી; અગ્નિસ્થાન.

અંગારધાનિકા [સં. અંગાર (અગ્નિ) + ધાનિકા (આધાર કરનારી)] સ્ત્રી. સગડી.

અંગારધાની [સં. અંગાર (અગ્નિ) + ધાની (આધાર)] સ્ત્રી. સગડી.

અંગારપરિપાચિત [સં. અંગાર (કોલસો) + પરિપાચિત (પકાવેલું)] વ. કોલસાથી રંધિયું પકવ માંસ.

અંગારપર્ણ ૧. પું. (પુરાણ) ચિત્રરથ નામનો ગંધર્વ. તે એક વાર પોતાની સ્ત્રીઓ સહિત પોતાના કોઠારમાં હતો તેવામાં તેણે ત્યાં આવી પહોંચીને બળતા એમ. પાંચમે વાસરાકમાંથી નીકળીને પ્રસૂતિ માટે કોલસા નગરીમાં રહી કોલસોને તેમાંની હવાતીની બધુ જ વાત એ હેતુથી છાનામાના નીકળી પેલા પાંચાલપુર તરફ જતા હતા. અંગારપર્ણે તેમને પકડાવીને પૂછ્યું કે તમે મનુષ્ય હઈ આ મુસાફરી કરવાનો સમય નથી છતાં અસમયે ક્યાં જાઓ છો ? જવાબ આપો, નહિતર મારી સાથે યુદ્ધ કરો. આ ઉપરથી અર્જુને જાણ્યા આપીને કહ્યું કે કું યુદ્ધ કરવા તૈયાર છું. એમની વચ્ચે ભયંકર અને ઘોરું યુદ્ધ થતાં અંગારપર્ણને લાગ્યું કે આ મોટો યોદ્ધો છે, તેથી તેણે પોતાની સમ્મોહનાસ્ત્રવિદ્યા અર્જુનને શિખવી અને તેની પાસેથી અગ્નિવિદ્યા પોતે શીખ્યો, અને સ્નેહી થઈ રહ્યો. પોતાના પુરોહિત વસિષ્ઠ આગ્ર કરી પણ મુસાફરીએ ન જવું એવી શિખામણ આપીને પ્રથમે મુખી તેમને વળાવી તે પોતાના કોઠારમાં પાછો આવ્યો.
૨. વ. (પુરાણ) એ નામનું વન.
૩. વ. અંગારા; અગરબત્તી.

અંગારપક્વિત [સં. અંગાર (અગ્નિ) + પક્વિત (રાંધેલું)] વિ. અંગારા ઉપર પકાવેલું; કોલસા ઉપર રાંધેલું.

અંગારપાત્રી [સં. અંગાર (અગ્નિ) + પાત્ર (વાસણ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સગડી; અંગીઠી; અંગારદાની.

અંગારપુષ્પ [સં. અંગાર (લાલ રંગનું) + પુષ્પ (ફૂલ)] વ. ઉંબરિયાનું ઝાડ; ઉંબરી વૃક્ષ; ઉંબરો. તેનાં ભીનું ઉપરનું પડ કાઢી લેઈ તેમાં કાણું પાડી અંદરનો ગર્ભ કાઢી લઈ ઘર ભરી બંબૂરી જેમ તે સળગાવી શકાય છે. પછી તેની બે દાંડ કરી તેમાં દોરો અને વાટ મૂકી પાણીમાં તરતા દીવા કરવાના ઉપયોગમાં લેવાય છે. તેનાં ફૂલ અંગારા જેવાં લાલ હોય છે, તેથી તે અંગારપુષ્પ કહેવાય છે.

અંગારપ્રતાપક [સં. અંગાર (અગ્નિ) + પ્રતાપન (તપાવવું તે) + અક (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. તાવણી; દાહ ઉપાડવાને તાપ પાસે તાપવું તે.

અંગારપ્રસ્તર [સં. અંગાર (કોલસો) + પ્રસ્તર (પડ)] પું. કોલસાનો ઢગ; અગરબત્તી–જોડવે બાળવાં તથા બીજાં કરિયાણાં પાણીનોનાં લાકડાંનાં બંધાયેલ પડ–પડી બંધારણ ભરીની રચના. આ તંત્રમાં અંગારના જોડાં પડ હોવાથી એ નામ પડ્યું છે.

> અંગારપ્રસ્તર રાજ્યના કોલસા ઉત્પાદક ૨૫ ટકાની પાસના લાકડા બીજની પાસના કરતાં વધારે આકર્ષક જણાયું છે. ઇન્ડિયન્ટિવિટા

અંગારપ્રસ્તરકમ [સં. અંગાર (કોલસો) + પ્રસ્તર (પડ) + ક્રમ (એક પછી એક આવતું

તે)] પું. અત્યન્તર એટલે માણસ અને બીજ દરિયાઈ પ્રાણીઓનાં હાડકાંનાં બંધારેલ પડ પછીના ક્રમ દરમિયાન બંધાતા ખડકોની રચના. એ તંત્રમાં કોલસાનાં મોટાં પડ હોય છે.

અંગારપ્રસ્તરયુગ [સં. અંગાર (કોલસો) + પ્રસ્તર (પડ) + યુગ (જમાનો)] પું. કોલસાનાં પડ બંધાવાનો સમય.

અંગારમણિ [સં. અંગાર (લાલ રંગનું) + મણિ (રત્ન)] પું. પરવાળું; પ્રવાલ.

અંગારમતી સ્ત્રી. કર્મની સ્ત્રી.

અંગારમલિન [સં. અંગાર (કોલસો) + મલિન (મેલું)] વિ. કોલસા જેવું કાળું મેલું.

અંગારમંજરી ૧. [સં. અંગાર (લાલ) + મંજરી (ફૂલનો ગુચ્છો)] સ્ત્રી. લાલ કરેણનું ઝાડ. તેનાં માંજર અંગારા જેવાં લાલ હોય છે. ૨. સ્ત્રી. ગરગોઠીનું ઝાડ.

અંગારમંજરી જ. લાલ કરેણનું ઝાડ.

અંગારલાવણ [અંગારલ + લવણ (તેલવણ)] પું. ઠામરના બહુ તેલમાંથી બનતો તેલવણ; 'હાર્યોક્લિક ઍસિડ'. તે કંતુનાશક હોવાથી દવામાં ઉપયોગી છે.

અંગારવલ્લરી સ્ત્રી. અણોઠીનો વેલો. જુઓ અંગારવલ્લી.

અંગારવલ્લિકા [સં. અંગાર (લાલ રંગનું) + વલ્લિકા (વેલ)] સ્ત્રી. અણોઠીનો વેલો. જુઓ અંગારવલ્લી.

અંગારવલ્લી ૧. [સં. અંગાર (લાલ) + વલ્લી (વેલ)] સ્ત્રી. કરંજ વૃક્ષ.
૨. સ્ત્રી. અણોઠીનો વેલો; મુંજા લતા.

અંગારવાયુ ૧. પું. કોલસામાંથી બનતો વાયુ; કોલસાનો વાયુ. તે શહેરના રસ્તાઓ તેમજ ઘરોમાં રોશની માટે ઉપયોગી છે.
૨. [સં. અંગાર (કોલસો) + વાયુ (હવા)] પું. (રસાયણ) પ્રાણઘાતકવાયુ; કોલસો બળવાથી બનતો વાયુ; 'કાર્બોનિક ઍસિડ ગૅસ'. શ્વાસ લઈએ છીએ ત્યારે આ ઝેરી વાયુ નીકળે છે. તે જ્યોતને ઓલવી નાખનાર, ભારે, રંગ વગરનો અને વધારે પ્રમાણમાં શ્વાસમાં ન લઈ શકાય એવો ઝેરી વાયુ છે. એક ભાગ અંગાર અને બે ભાગ પ્રાણવાયુના સંયોગથી તે બને છે. તેનો અણુભારાંક ૪૪ છે.

અંગારવાહિકા સ્ત્રી. (પુરાણ) હિંદની એ નામની નદી.

અંગારવું ૧. [સં. અંગાર (અગ્નિ) પરથી બનેલું ક્રિયાપદ] સ. ક્રિ. બળતાં બળતા વાસણને શુદ્ધ કરવા સારુ તેમાં અંગારા નાખી ઊનું કરવું; અંગારવાળું કરવું; કેવડામાં નાખી શુદ્ધ કરવું.
૨. સ. ક્રિ. નાહવું. તિરસ્કારમાં વપરાય છે.
૩. સ. ક્રિ. સળગાવવું; સેવાવવું.

અંગારવૃક્ષ [સં. અંગાર (રાતું) + વૃક્ષ (ઝાડ)] સ. ઉજોરિયાનું ઝાડ; ઉંબુડી વૃક્ષ. જુઓ અંગારપુષ્પ.

અંગારવૃષ્ટિ [સં. અંગાર (અગ્નિ) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. આગનો વરસાદ.

અંગારવેણુ [સં. અંગાર (લાલ) + વેણુ (વાંસ)] પું. એક જાતનો વાંસ. તે રંગે લાલ હોય છે.

અંગારશકટી [સં. અંગાર (અગ્નિ) + શકટી (ગાડી)] સ્ત્રી. રાગડી; અંગારગાડી.

અંગારસદૃશ [સં. અંગાર (કોલસો) + સદૃશ (જેવું)] વિ. કોલસા જેવું.

અંગારહર પું. (રસાયણ) એક ક્ષારમય પદાર્થ; 'કાર્બો હાઈડ્રેટ'. તે સંયુક્ત પદાર્થના વર્ગનો છે. તેમાં સુરી સુરી જાતની ખાંડનો, કોઈ એટલે 'સ્ટાર્ચ'નો અને કુંવરનો સમાવેશ થાય છે. તેમાં આઈવાયુ એટલે 'હાઇડ્રોજન'ના અને પ્રાણવાયુ એટલે 'ઑક્સિજન'ના પરમાણુઓની બનાવટી રહેતી સંખ્યાની સાથે જ કે બીજા કોઈ મૂળભૂત રૂપમાં અંગારના પરમાણુઓ જોડાયેલા હોય છે, તોપણ તે આઈવાયુ એટલે 'હાઇડ્રોજન' અને પ્રાણવાયુ એટલે 'ઑક્સિજન' એ બંનેની સાથે જેવા પ્રમાણમાં જોડાયેલા હોય છે કે તેમાંથી બનેલાં પાણી ઉત્પન્ન થાય. તેમાં જ ભાગ અંગાર, બાર ભાગ આઈવાયુ અને જ ભાગ પ્રાણવાયુ હોય છે.

અંગારા ૧. [હિં.] પું. કોલસો; દેવતો.
૨. સ્ત્રી. તણખા.
૩. [સં. અંગાર; પ્રા. ઇંગાલો] સ્ત્રી. (હિંદી) બળતો કોલસો.
૧. અંગાર કા ફૂલ = તવો; લોઢી.
૨. અંગાર વરસવો = ઊંચકી કોપ થવો.
૪. સ્ત્રી. રાતા ગ્રહનો ભાંખ.
૫. સ્ત્રી. સળગતો પદાર્થ.
અંગારા પર લોટવું = ધાર્મિક ક્રિયા કરવી; વિધિ કરવી.
૬. વિ. ઉગ્ર.
૭. વિ. લોહી જેવું રાતું.

અંગારામ્લ [સં. અંગાર (કોલસો) + અમ્લ (તેજાબ)] પું. (રસાયણ) એ નામનો એક તેજાબ; 'કાર્બોનિક ઍસિડ'. જુઓ અંગારવાયુ.

અંગારામ્લભાષ્પ [સં. અંગાર (કોલસો) + અમ્લ (તેજાબ) + ભાષ્પ (વરાળ)] સ્ત્રી. અંગારવાયુ; 'કાર્બોનિક ઍસિડ ગૅસ'.

અંગારાવક્ષેપણ [સં. અંગાર (કોલસો) + અવક્ષેપણ (નાખવું તે)] સ. કોલસા અંદર નાખી સુધારવાનું વાસણ.

અંગારિ [સં.] સ્ત્રી. અંગીઠી; અંગારિણી; કોલસા ભાળવાનું એક સાધન; સગડી.

અંગારિકા ૧. [સં. અંગાર (કોલસો) + ધૂમ્ર (વાયુ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અંગીઠી; સગડી.
૨. [સં. અંગાર (લાલ રંગ) + ધૂમ્ર (વાયુ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કેસરનું લાલ ફૂલ.
૩. [સં. અંગાર (મંગળ) + ધૂમ્ર (વાયુ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મંગળવારે આવતી વદ ચોથ.
૪. સ્ત્રી. દીવરી.

અંગારિકા ચતુર્થી સ્ત્રી. પોષ વદ ૪.

અંગારિણી ૧. સ્ત્રી. વેલ.
૨. [સં. અંગાર (કોલસો) + ધૂમ્ (વાયુ) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સગડી; અંગીઠી.
૩. [સં. અંગાર (લાલ રંગ) + ધૂમ્ (વાયુ) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સૂર્યની છવાયેલ લાલી; બીજેલ સંધ્યા.
૪. સ્ત્રી. સૂર્યની લાલી છવાયેલ હોય તે દિશા.

અંગારિત ૧. પું. (રસાયણ) એક જાતનો ક્ષાર; કોઈ ધાતુના ક્ષારની સાથે અંગારામ્લનો સંયોગ કરવાથી ઉત્પન્ન થતું લવણ; 'કાર્બોનેટ'.
૨. [સં. અંગાર (લાલ રંગ) + ક્ષત (વાગ્યું)] સ. આગરાનું લાલ ફૂલ.
૩. વિ. બળતે કોલસો અપેક્ષું; બળી ગયા જેવું અપેક્ષું.
૪. [સં. અંગાર (અગ્નિ) + ક્ષત (ઘૂંટ-કૂંડનો પ્રત્યય)] વિ. શેકેલું; બરાબર ભાજેલું.

અંગારિતા ૧. [સં.] સ્ત્રી. એ નામની નદી.
૨. સ્ત્રી. કળી.
૩. સ્ત્રી. લતા; વેલ.
૪. [સં. અંગાર (બોળાસો) + ક્ષત (વાગ્યું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સગડી; અંગારધાની.

અંગારિયું ૧. [સં. અંગાર (અગ્નિ)] સ. અંગારા પર શેકેલ દાણા. જેમકે, પૌંઠ, ખોળ.
૨. સ. કાળો પડેલો લુવારનો ઘણ; અંગિયું.

૩. વ. કોલસા જેવી થઈ ગયેલી સુધાર; બળેલું પડવાથી બની ગયેલી સુધાર; આગિયાની જાત. ક્રિયું ગોટલે બરડું હું અને અંદરનો ડાબો કોર વાર જેવો થઈ જાય તે તેને બાંધતાં બંદરથી કાળા રાખ અને ધુમાડો જ નીકળે.

૪. વ. બરબાં થતું ઝીણું છાનું; આગિયું.

૫. વિ. અંગારા જેવું; બની ગયેલું; અંગારાવાળું

૬. વિ. તદ્દન રાખ બની ગયેલું; બળીને ખાખ થયેલું.

૭. વિ. બળીને અંગારા જેવું બની ગયેલું.

અંગારિકા કું. (રસાયણ) કોલસા અને ઓક્સિજન વચ્ચે થતું ધાતુતત્ત્વની સ્વાભાવિક સેળભેળ; 'કાર્બોન'.

અંગારી ૧. સ્ત્રી. અંગારા પર શેકી રોટલી, બાટી.

૨. સ્ત્રી. નાનો અંગારો; ચિનગારી.

૩. [સં. અંગાર (કોલસો) + ઈન્ (વાળું)] સ્ત્રી. સગડી; અંગીઠી.

અંગારીઆ વ. (કાઠી) કોલસાવાળું કોક બનાવવું નાનું કાણું. એનાં બે મોઢાં અને કાણી જાણ ઊંચ પોતાના કામમાં આવે છે.

અંગારીઉં વ. કોલસા જેવી થઈ ગયેલ સુધાર. સુધ્યો અંગારિયું.

અંગારીય [સં. અંગાર (કોલસો) + ઈય (વાળું)] વિ. કોલસા બનાવવામાં વપરાતું. જેમકે, લાકડું.

અંગારો ૧. કું. બાગ; અગ્નિ.

૨. કું. કાળો બનેલો સુધારનો ટુકડો.
સો મણ બરબાં અંગારો = બધા સારામાં ગેરલાભ હોવાપણું; બધાને બગાડે એવું ગેરલાભ બાબત.

૩. કું. કપડાં; બખાળ ઠીકરો.
અંગારો ઊંચો = કપડાં બગડ્યો; ઠીકરો બાયમ નીકળ્યો.

૪. કું. સુધારમાં થતો ગોટ બનતો રોગ. તેને લીધે સુધાર બળીને કોલ જેવી થઈ જાય છે.

૫. કું. ખજવારા; લાય, દાહ; બળતરા.
કાળજામાં અંગારા ઊંચા = કાળજું બળવું; બળતરા થવી.

૬. [સં. અંગ્ (નિસારી કરવી)] કું. બળતો કોલસો; સળગતો કોલસો.
૧. અંગારા વરસવા = મુશ્કેલ કરવું.
૨. બાગ બાગ જેવો અંગારા ઓકવા પડે = બહુ ઉપાડા બે તેને બહું ભોગવું પડે.
૩. ધખધખતા અંગારા = બળતા કોલસા.
૪. લાક્ષાગૃહ અંગારા = બળતા કોલસા.

અંગારોધક [સં. અંગ (અવયવ) + અલંકાર (ગોઠવણ)] કું. શરીરના અવયવના કામમાં થતા ફેરફાર બતાવનાર ઓક્સ યંત્ર; 'ઑન્કોગ્રાફ'.

અંગાવરણ [સં. અંગ (શરીર) + આવરણ (ઢાંકણ)] વ. શરીરે પહેરવાનું વસ્ત્ર; શરીર ઢાંકવાનું કપડું.

અંગાંગ ૧. [સં. અંગ (અવયવ) + અંગ (અવયવ)] વ. ઉપાંગ અવયવનું અવયવ પેટા અવયવ.

૨. વ. દરેક અવયવ.

અંગાંગિ ૧. [સં.] કું. પરાત્પર પ્રભુપ્રાપ્તનામનું.

૨. કું. પોતાનાં સર્વ તત્ત્વ પ્રભુપ્રાપ્ત કે આર્પણ.

અંગાંગિભાવ ૧. [સં. અંગ (અવયવ) + અંગિન્ (અંગવાળું) + ભાવ (હોવાપણું)] કું. (ગ્રન્થ) અલંકારમાં સંકરનો ઓક્સ ભેદ. ઓક્સ ત્યારે કે જ્યાં કોઈ અલંકાર પ્રધાનપણે આવે અને બીજા ઉપકાર ગોટલે સહાય કે આધારથી બીજો કોઈ અલંકાર પણ આવી બાય તેને અંગાંગિભાવ કહે છે.

૨. કું. અવયવ અને અવયવીનો પરસ્પર સંબંધ; બાકીનો આખા સાથે આપણ આત્મીયરૂપ સંબંધ. જેમકે, ત્રિકોણની ઓક્સ બાજુનો આખા ત્રિકોણ સાથે સંબંધ.

૩. કું. જીવ અને પુરુષનો પરસ્પર સંબંધ; 'ઓરગેનિક રિલેશન'.

અંગાંગિસંબંધ [સં. અંગ (અવયવ) + અંગિન્ (અંગવાળું) + સંબંધ (જોડાણ)] કું. આખી ગોટલે મુખ્ય વસ્તુ અને અંગ ગોટલે ગૌણ વસ્તુ વચ્ચેનો સંબંધ. જેમકે, પ્રકૃતિ ગોટલે બનતું મૂળ કારણ અને પુરુષ ગોટલે આત્મા વચ્ચે અંગાંગિસંબંધ હોય છે.

અંગિ [સં. અંગ (શરીર)] વિ. શારીરિક.

અંગિક [સં. અંગ (અવયવ) + ઇક (વાળું)] વિ. (સંગીત) અંગાત્મક હોય એવું.
બાજનમાં વાદી, સંવાદી ને અનુવાદી સ્વર વગર કોઈ પણ રાગ હોઈ શકે જ નહિ માટે એ સ્વરો રાગના અંગિક સ્વરો કહેવાય છે.

અંગિકા ૧. સ્ત્રી. અંગરખું; કડિયું.

૨. [સં. અંગ (અવયવ) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગને પ્રત્યય)] સ્ત્રી. કાંચળી, ચોળી.

૩. સ્ત્રી. નોંધી.

અંગિકાભિનય [સં. અંગ (શરીર) + ઇક (વાળું) + અભિનય (હાવભાવ)] કું. (નાટ્ય) બાર બતાવ અભિનયમાંનો એ નામનો ભેદ. જેમકે, હાથનો વિસ્તાર કીધો તે બતાવવા બદ ચેતે કોઠામાં કરી બતાવે છે.

અંગિત ૧. [સં. અંગ (શરીર) + ઇત (વાળું)] વિ. આત્મીય; પોતાનું; પોતીકું; ઘરનું.

૨. વિ. આશ્રિત.

૩. વિ. ચોકીની સભાળવાળું; ભોમકોહિલું.

૪. વિ. વિશ્વાસુ; ભરોસાપાત્ર.

અંગિયા ૧. [સં. અઙ્ગિકા (અંગવસ્ત્ર)] સ્ત્રી. (હિંદી) અંદર પહેરવાનું બહેનો; આંકિયું.

૨. સ્ત્રી. ચોળી; કાપડું; પોલકું.

૩. સ્ત્રી. સ્તન ઢાંકનારો ચોળીનો ભાગ.

અંગિરું ૧. [સં. અંગ (શરીર)] વ. અંગરખી

૨. વ. કાપડું; ચોળી.

૩. વ. કાપડું; બાળકોને પહેરવાનું ટૂંકી બાંયનું લાંબું ને પૂલનું પહેરણ.

૪. [સં. અંગ (અવયવ) + ઈન્ (વાળું)] વિ. અવયવવાળું; બાંધવાળું.

૫. વિ. પોતાનું; સંબંધી; સગું.

અંગિરો ૧. [સં. અઙ્ગિન્] કું. બાળકનું કાપડું; અંગરખી.

૨. કું. બાંય વગરનું કેડ સુધીનું ઊંચે પહેરવાનું વસ્ત્ર બાંય વગરનો ચોળીનો કાપડો; પેટી.

અંગિરા ૧. કું. એ નામનો છઠ્ઠો સંવત્સર.

૨. કું. ઓક્સ ઋષિ. તેમણે અથર્વવેદ પાસેથી બાકીવિદ્યા મેળવીને સાયણાચાર્યને આપી હતી.

અંગિરસ ૧. [સં. અઙ્ગિરસ્] કું. બાકાર મુખ્ય જ્યોતિષી મહિનાઓ એ નામનો ઓક્સ. સુધ્યો જ્યોતિષી.

૨. કું. બાકાર મુખ્ય સ્મૃતિ મહિનીઓ એ નામની ઓક્સ. સુધ્યો સ્મૃતિ.

૩. કું. ઊંચાનીચા વંશના ઉત્પન્ન થનાને પુરુષસિદ્ધી ઓળી બનેલા ૭ ઋષિસમાનો પંચમો.

૪. કું. (પુરાણ) એ નામના ઓક્સ બાકાર્ષિ. તેમણે બ્રહ્મલોકના સર્પસત્રમાં બાકા નામના બાકાર્ષિ બાપ હતા.

૫. કું. ઓક્સ બાકાનો મુંડ.

૬. કું. ઓક્સ પ્રાચીન ગોત્ર. સુધ્યો ગોત્ર.

૭. કું. પરશુરામનો શત્રુ.

૮. કું. બૃહસ્પતિ. તે વેદના બે મંત્રોના કર્તા છે. તેમાંના ઓક્સ બૃહસ્પતિ અંગિરસ તરીકે અને બીજા બૃહસ્પતિ દીપ્ય તરીકે ઓળખાય છે.

૯. કું. (પુરાણ) બાકાર્ષના શાપથી બાકાના બાકાનસ્પુત્રો મરણ પામેલા હોવાથી બાકુ મન્વંતરની શરૂબાતમાં બાકાર્ષે ફરીથી પેદા કરેલા બાનસ્પુત્રોમાંનો એ નામનો ઓક્સ.

વસ્તુના વર્ણમાં જે જાતુ ઋષિ નિવાસ કરતા તેમાં આ પશુ હોવાથી તે વાસસ્ત્વંગિરસ પશુ કહેવાતા. વર્ણમાં અગ્નિએ એમને દીકરા તરીકે સ્વીકાર્યા હતા. મુખ્ય અગ્નિ અમુક વખત માટે પૃથ્વી પરથી ગુપ્ત થતાં એમણે પોતે એનો અધિકાર ચલાવ્યો હતો.

૧૦. પું. વૈદિક આર્ય એટલે સર્વવંશી ભરત લોકોનો એક ઋષિ; ગૌતમ ઋષિ.

૧૧. પું. શુક્લ યજુર્વેદ બનાવનાર એ નામનો એક ઋષિ.

૧૨. પું. (પુરાણ) શ્રાવણ અમિનામાં સૂર્યની સાથે ફરનાર એક ઋષિ

૧૩. પું. (ખગોળ) સપ્તર્ષિ મંડળનો એ નામનો એક તારો. મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સપ્તર્ષિ તારા છે.

૧૪. પું. સપ્તર્ષિ માંહેનો એ નામનો ઋષિ; અથર્વવેદનો એક ઋષિ; બ્રહ્માનો માનસપુત્ર; દસ માંહેનો એ નામનો એક પ્રજાપતિ. અથર્વવેદનો કર્તા મનાતો હોવાથી તેનું નામ અથર્વા પણ છે. તેની ઉત્પત્તિના સંબંધમાં જુદી જુદી વાતો પ્રમાણે કર્દમ તેના બાપને ઉરુ અને માને આગ્નેયી માનેલ છે. કર્દમ તેને બ્રહ્માના મોંમાંથી ઉત્પન્ન થયેલ માનવામાં આવેલ છે. સ્મૃતિ, સ્વધા, સતી અને શ્રદ્ધા એ ચાર તેની બૌબ્બે હતી, જેનાથી અનસૂય નામની દીકરી અને અનસ નામનો દીકરો થયાં. તેની બનાવેલી એક સ્મૃતિ ઉપરાંત બ્રહ્મદેવનાં બધાં સ્મૃતો તેણે રચ્યાં છે. મહાભારત પ્રમાણે તે અગ્નિનો દીકરો હતો. જ્યારે અગ્નિ તપ કરવા ગાયા ત્યારે અંગિરા પોતે અગ્નિ બનો અને તેના કરતાં શક્તિ અને તેજમાં વધી ગયો. ભવિષ્યપુરાણ પ્રમાણે અંગિરસ એ વસ્તુના વર્ણમાંથી ઉત્પન્ન થયેલા ઋષુ ઋષિમાંનો એક હતો, અને અગ્નિથી દત્તક લેવાયો હતો. બીજા સ્થળે પ્રમાણે તે અગ્નિનો બાપ હતો. પછીના સમયમાં અંગિરસ ધર્મશાસ્ત્રી બનો અને જ્યોતિષ ઉપર તેણે પુસ્તક રચ્યાં. તે દેવોનો પુરોહિત અને યજ્ઞનો અધિષ્ઠાતા તરીકે ઓળખાય છે. વેદનાં સૂક્તો પણ તેની પુત્રીઓ રચ્યાં છે. ભાગવતપુરાણ પ્રમાણે તેણે સ્મૃતિકર નામના સૃષ્ટિસર્જની બીજી દીકરા ઉત્પન્ન કર્યા અને તે પરથી અંગિરસના વંશને કહેવાયા. તેના વંશની બધી મુખ્ય શાખાઓ: કેવલાંગિરસ, ગૌતમાંગિરસ અને બારદ્વાજાંગિરસ.

૧૫. પું. ક્રાર સંવત્સર માંહેનો છઠ્ઠો.

૧૬. પું. સામવેદનો એ નામનો રેખતા.

૧૭. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં પ્રજા ઉત્પન્ન કરવા સારૂ બ્રહ્મદેવે પેદા કરેલ દસ માનસપુત્રોમાંનો એક. એ બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયો હતો અને કર્દમ પ્રજાપતિની શ્રદ્ધા નામની પુત્રી સાથે પરણ્યો હતો. એનાથી એને બૃહસ્પતિ, ઉતથ્ય અને સંવર્ત એ ત્રણ દીકરા અને સિનીવાલી, કુહૂ, રાકા અને અનુમતિ એમ ચાર દીકરીઓ થઈ હતી. સ્વાયંભુવ મન્વંતરના અંતની વખતે બધા માનસપુત્રો બ્રહ્મદેવના શાપથી મરી ગયા, તેમાં એ પણ મરણ પામ્યો.

૧૮. પું. ૧૦૮. અંગિરાના વંશજો. અંગિરા અગ્નિનો બાપ હોવાથી તેઓ અગ્નિના વંશજો તરીકે ઓળખાય છે.

અંગિરસ પ્રયોગસ પું. અથર્વવેદનો એક ઋષિ.

અંગિરસાંવર પું. (પુરાણ) દોષાવતાર.

અંગિરા ૧. [સં. અંગિરસ] પું. અંગિરસ; સપ્તર્ષિ માંહેનો એ નામનો ઋષિ; બ્રહ્માનો દસ માનસપુત્રો પૈકી એક. તે ઋષિ બૃહસ્પતિના પિતા થાય. તે દસ પ્રજાપતિમાં બ્રાહ્મણ છે. તે અથર્વવેદના કર્તા મનાતા હોવાથી અથર્વા પણ કહેવાય છે. જુઓ અંગિરસ ૧૪.

૨. પું. બૃહસ્પતિનું એક નામ.

૩. પું. શિવનું એક નામ.

૪. પું. (જ્યોતિષ) સપ્તર્ષિ મંડળનો બીજો તારો; અંગિરસ; 'એક્વિલાઈન આર્ક્ટી સ્ટેલર'.

૫. પું. ક્રાર સંવત્સર માંહેનો છઠ્ઠો.

અંગિરાસ્મૃતિ [સં. અંગિરસ (એક ઋષિ) + સ્મૃતિ (ધર્મશાસ્ત્ર)] સ્ત્રી. પીસ સ્મૃતિમાંની એ નામની એક. જુઓ સ્મૃતિ.

અંગી ૧. પું. એક વિદ્યા.

૨. પું. (નાટક) મુખ્ય નાયક.

૩. પું. (નાટક) વીર રસ.

૪. પું. (નાટક) શૃંગાર રસ.

૫. પું. (વેદાંત) શ્રુતિમાં કહેલ સાક્ષાત્ કલ્પન સાધનરૂપ પદાર્થ અથવા ક્રમ.

૬. [સં. અંગિન્ (અંગવાળું)] સ્ત્રી. અંગરખી; બાળકનું કપડું; અંગિયું; કમલી.

અંગી પહેરી અલબ્ય અનુપમ નીરખી લોલા રે. બ્રહ્માનંદ

૭. વિ. અવયવવાળું. જેમકે, કોમલાંગી.

૮. વિ. ખાસ; પોતાનું સંબંધી.

સાતસણી દેહ પહું અંગી બન તે કર્મ કરી. નર્મદ

અંગી કરવું = (૧) આશ્રિત કરવું. (૨) સાથે જોડવું.

૯. વિ. કેળવણી; સંસ્કારવાળું.

૧૦. વિ. મુખ્ય; પ્રધાન.

અંગીજું [સં. અંગિન્] ન. બાળકને પહેરવાનું બાંય વગરનું કપડું; કબજો.

અંગીઓ [સં. અંગિન્] પું. બાંય વગરનો સ્ત્રીઓનો કબજો; ચોટી.

અંગીકરણ [સં. અંગ (પોતાનું) + કરણ (કરવાનું)] ન. સ્વીકાર; ગ્રહણ. જુઓ અંગીકાર.

અંગીકરવું [સં. અંગીકૃ (બ્રહ્મ કરવું)] સ ક્રિ. સ્વીકારવું; લેવું; અંગીકૃત કરવું; માનવું.

અંગીકાર ૧. [સં. અંગીકૃ (બ્રહ્મ કરવું)] પું. ઇકરાર.

૨. પું. પ્રતિજ્ઞા.

૩. પું. ખબરી; પહોંચ રસીદ.

૪. [સં. અંગી (પોતાનું) + કૃ (કરવું)] પું. પોતાનું કરવું તે; પોતાનું છે એમ માની લેવું તે.

૫. પું. સત્કાર.

૬. પું. સંમતિ; કબૂલાત.

૭. પું. સ્વીકાર; ગ્રહણ; લેવાપણું.

૧. અંગીકાર કરવું–કરવો = (૧) બ્રહ્મ કરવું; ઇકરાર કરવો. (૨) માથે ચઢાવવું. (૩) સ્વીકારવું; ગ્રહણ કરવું; માન્ય કરવું.

૨. અંગીકાર થવું = કબૂલવું; માન્ય થવું.

અંગીકારવિસ્તૃતિ [સં. અંગી (પોતાનું) + કૃ (કરવું) + વિસ્તૃતિ (ફેલાવો)] સ્ત્રી. (વેદાંત) અનુષ્ઠાનકારીપણું; સ્વેચ્છાચાર; પોતાના વિચાર પ્રમાણે કરવું વર્તન.

અંગીકારવું [સં. અંગી (પોતાનું) + કૃ (કરવું)] સ. ક્રિ. બ્રહ્મ થવું; સ્વીકારવું.

આઉએકલી સ્ત્રી. પાંચ સાત કે તેથી વધારે છોકરાં મળીને ખુલ્લી જગામાં રમવાની એક દેશી રમત; આકડેડી; એણુગેણુ દીવાગેણુ. રમનારમાંથી એક 'દડી' એટલે રાજા થાય, અને દાવ દેનાર જેને 'દડીનો ઘોડો' કહેવામાં આવે છે તેની આંખ તે ન દેખી શકે એવી રીતે ચૂસડાના કટકાથી ઢાંકી તેનું માથું તે દડી પોતાના ખોળામાં રાખે. પછી બીજા રમનાર ઘોડાની પીઠ ઉપર એક પછી એક આંગળી મૂકે અને દડી ઘોડાને નીચે પ્રમાણે સવાલ પૂછે 'એણુગેણુ દીવાગેણુ, તારા મનમાં કેણુ?' એટલે ઠેકાણે 'એણુગેણુ દીવાકેન, કોણે આંગળી મૂકી?' અથવા 'ધન રે ધનજી વાચણુ, તારા મનમાં કેણુ?' એમ પણ પુછાય છે. આ સવાલ થાય એટલે દાવ દેનાર અમુક રમનારનું નામ બોલે. જો તેનું કહેલું નામ બરાબર પડે તો આંગળી મૂકનારને માથે દાવ આવે અને તેને દડીનો ઘોડો થવું પડે. પણ તે નામ ખોટું હોય તો ખોટું નામ બોલી '—હોય તે નાસી જાય' એમ કહે, એટલે આંગળી મૂકનાર નાસી જઈ કોઈ ઠેકાણે સંતાઈ જાય. આમ બધાં જ્યારે સંતાઈ જાય ત્યારે તેમાંને શોધી કાઢવા દડી 'દડીનો ઘોડો, પાણી પીતો, રમતો જમતો, છૂટો', અથવા 'ઓરી ગામનો વાઝડો, બાજુ ખૂટ્યા બાઈને છૂટ્યો છે', એ રીતે બોલી ઘોડો થયેલ રમનારની આંખ ઉપર ઢાંકેલ ચૂસડાનો કટકો દૂર કરે, એટલે તે સંતાયેલ છોકરાંને શોધવા જાય. તેમાંથી એક જો પકડાઈ જાય તો બધાં જેટલાં જઈ પકડાઈ ગયેલ રમનાર પાસેથી ઉપર પ્રમાણે દાવ લે. પણ પોતાને પકડવા આવે છે એમ સમજાઈ રહેલ કોઈ ભાગી જાય તો ઘોડો તેની પાસે જઈ તેને અડે તે પહેલાં તે દોડી જઈ દડીને અડી જાય તો દડીના ઘોડા માથે દાવ આવ્યા રહે અને ઉપર પ્રમાણે રમત ફરીથી શરૂ થાય.

આકકેડી (આકકેડો) સ્ત્રી. એ નામની એક દેશી રમત. જુઓ આકએકલી.

આકઘોડો (આકઘોડો) [આક (આકડો) + ઘોડો] પું. આકડા ઉપર રહેતું એક ઘોડા જેવું જીવજંતુ જીવડું.

આકડસાસુ (આકડાસાસુ) સ્ત્રી. મોટી સાળી; વહુની મોટી બેન; પાટલા સાસુ.

આકડિયું (આકડિયું) ૧. [સં. અર્ક (આકડો) + ક્ષીર (દૂધ)] જ. આકડાનું દૂધ એકઠું કરવાનું સીંકડું.

૨. ન. આકડાનું ફળ. એમાંથી ધોળું અને મુવાળું રૂ નીકળે છે, જે તૂર કહેવાય છે.
૩. ન. આકડાનું રૂ; તૂર.
૪. વિ. આકડા સંબંધી; આકડાને લગતું; આકડાનું.

આકડિયોશિરકસિયો (આકડિયોશિરકસિયો) પું. શિરકસિયા નામની વેલની એક જાત. એનાં પાંદડાં આકડાનાં જેવાં હોય છે. જુઓ શિરકસિયો.

આકડી (આકડી) સ્ત્રી. નાની જાતનો આકડો. ધોળા અને કાળી એમ આકડીની બે જાત છે.

આકડી પરણાવવી = આકડી સાથે લગ્ન કરાવવાં. ત્રીજી વારનું લગ્ન કરનારાને પહેલાં આકડીની સાથે લગ્ન કરાવવાનો હિંદુઓમાં રિવાજ છે, કેમકે ત્રીજી સ્ત્રીથી સ્વેચ્છ મતુ નથી પરંતુ બીજીથી સારું થાય એવી માન્યતા છે. 'બીજી ચોક પૂરે' એવી કહેવત છે. તેથી ત્રીજું લગ્ન આકડી સાથેનું અને બીજું પેલી ત્રીજી વારની કન્યા સાથેનું મણાવાને આ લગ્નવિધિ કરાવવામાં આવે છે.

આકડેઝાકડે (આકડેઝાકડે) જ. એકદમ; ઉતાવળે.

આકડેમાકડે (આકડેમાકડે) જ. માંડમાંડ; જેમ તેમ કરીને; મહા મુસીબતે.

આકડો (આકડો) [સં. અર્ક; પ્રા. અક્ક + ડો (સ્વાર્થિક પ્રત્યય)] પું. મોટાં, પટોળાં અને જાડાં પાનવાળો એક છોડ. રાતાં ફૂલવાળો અને ધોળાં ફૂલવાળો એમ તેની બે જાત છે. તેમાં ધોળાં ફૂલવાળાને આકડો ને રાતાં ફૂલવાળાને મંદાર કહે છે. કેટલાક રાતા આકડાને અર્ક, અર્કપર્ણ, વિકરણ, રક્તપુષ્પ, શુકફળ અને શ્વેટ, તથા ધોળાને અલર્ક, શુભ્રપુષ્પ, મંદાર, વસુક, શ્વેતપુષ્પ, સદાપુષ્પ, સત્યાવર્ક અને પ્રતિપત્ર કહે છે. મરાઠી મૂલનિઘંટુમાં ધોળો અને રાતો એમ બે જાતના આકડા તથા રાતો મંદાર અને ધોળો મંદાર એમ બે જાતના મદાર સ્વીકારેલા છે. એનાં પાન, કાળી અને ફૂલ તોડતાં દૂધ નીકળે. લંબગોળ કેરીના આકારનાં થતાં ફળ ફાડતાં તેમાંથી બીની સાથે સાજેલ રૂને તૂર કહે છે. તેના બધા મજબૂત અને રેશમ જેવા નરમ રેષાનાં રાજા મહારાજાઓ માટે કપડાં બનાવવામાં આવતાં. આ રેષામાંથી તદ્દા તૂરમાંથી ઊંચી જાતના માલ બને છે. આકડાનાં પાન ખરજ અને ગૂમડાં પર વપરાય છે, તેમજ પેટના રોગમાં એરંડિયું લગાડી ગરમ કરી બંધાણ બંધાય છે. કાનમાં અસહ્ય આવતા દોષ હારે પાનના રસનાં ટીપાં નખાય. કૂલ નપુંસકતા, કફનુમાન અને મહાદેવને મહાવાય. મૂળ લાવામાં સકવી વાટી ગોળમાં મેળની લેવામાં આવે તો ટાઢિયો તાવ જાય તથા લોહીવિકાર મટે, અને પિત્તની શુદ્ધિ તથા વૃદ્ધિ થાય. આકડાની અસર શ્વાસનળી ઉપર સારી હોવાથી તે આકડા દમના બેસાડે. અથર્વવેદમાં જણાવેલ નવ ઉપવિષ માહેનું આ એક છે. કૂતરાના ઝેર ઉપર આકડાનું દૂધ, ગોળ અને તેલનો લેપ કરવો. સાપના ઝેર ઉપર પાંદડાં આંકડાના દૂધમાં વાટી ગોળી કરીને આપવી અથવા મૂળ ઘસીને પાવું વીંછીના ઝેર ઉપર આકડાનું મૂળ ઘસીને ચોપડવું. સફેદ કોઢમાં આકડાનો દૂધ જેવો રસ ગુણકારી છે. આકડાના દૂધથી ભુલાય પણ થાય છે અને કોઢ તથા હડકવાનું ઝેર ઊતરે છે. તે રેચક, ગરમ, લોહી સુધારક, શોધક, પરસેવો લાવનાર, કૃમિ અને વા મટાડનાર મનાય છે. તે ખાવાથી ઝેર ચડયું હોય તો આમલીનાં પાન વાટી લેપ કરવો. તેની જલનું ચૂર્ણ એક વાલ અને વમન તરીકે એક્યનીય; પાચકાવાર લેવાય છે. પાંદડાં પોચાં હોવાથી કેટલાંક વર્ષો પહેલાં અજારો ઠોતરવાના કામમાં લેવાતાં.

૧. આકડા વાવવા = કોઈકાયે વેર કરવું; લડાઈનું મૂળ રોપવું.
૨. આકડાના તૂરની માફક ઊડી જવું = (૧) કરી લેખામાં નહિ ગણતાં નાશ પામવું. (૨) પાયમાલ થઈ જવું.
૩. આકડાનો માંડવો = જલદી તૂટી જાય તેવી બનાવટ; તકલાદી વસ્તુ.
૪. આકડો મધ = સહેલાઈથી મળતી કીમતી વસ્તુ. મધ હમેશાં આકડાની ઊંચી ડાળે હોઈ મુશ્કેલીથી મેળવી શકાય. પણ આકડાની ડાળે મધ હોય તો તે સહેલાઈથી મળી શકે. માટે સહેલાઈથી મળતી વસ્તુ માટે આમ બોલાય છે.
૫. આકડે મધ ને માખીઓ વિનાનું = બધી સુંદર બાબત જે સહેલાઈથી મળી શકે. આકડાના છોડ ઉપર મધનું પોઠું હોય અને માખીઓ બિલકુલ હોય તો લેવાનું બહુ સહેલું થઈ પડે.
૬. આકડો આવો = છકી જવું; ઉપાડો લેવો.

આકતાનુ પું. (પિંગલ) અનુષ્ટુપની જાતનો જગણ, તગણ અને બે લઘુ મળી ૮ અક્ષરનો એક સમવૃત્ત છંદ.

જગાલસે આકતાનુ. ઇષુપિંગલ

આકતૂર [આક (આકડો) + તૂર (આરીક રૂ જેવી વસ્તુ)] ન. આકડાના ફળમાંથી નીકળતું રૂ.

આકદૂધ [સં. અર્ક (આકડો) + દુગ્ધ (દૂધ)] ન. આકડાનું દૂધ.

આકના ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. ન. ખેડેલ જમીનમાંથી એકઠું કરેલું ઘાસ.
૩. ન. ખેડેલ જમીનમાંથી નકામું ઘાસ કાઢી નાખવાની ક્રિયા.

આકનામા પું. વારસાના હકમાંથી બાતલ કરવાનો દસ્તાવેજ.

આકફળ [સં. અર્ક (આકડો) + ફલ (ફળ)] ન. આકડાનું ફળ; આકોલિયું.

આકબાદૂકું ક્ર. (રામા) આકડાનું કુમળું પાંદડું.
આકબાદૂકાં જે બરે ઘોડાં ઓઢોર ભય,
કામિની પૂછે કંથને હરણાને પી ઘોણ પાય.
લોકોક્તિ

આકબત ૧. [અ. આકબ્ (તે પાછળ આવ્યો)] સ્ત્રી. ભવિષ્યકાળ; આખિરત.
આકબત બગાડવી = મોત બગાડવું.
૨. સ્ત્રી. મરણ પછીની હાલત; પરલોક.

આકબત અંદેશ [અ. આકબત (ભવિષ્ય) + ફા. અંદેશ (ચિંતા)] વિ. પરિણામનો વિચાર કરનાર; દૂરંદેશ.

આકબત અંદેશી [અ. આકબત (ભવિષ્ય) + ફા. અંદેશી (વિચાર)] સ્ત્રી. પરિણામનો વિચાર; દૂરંદેશી.

આકબતી લંગર [અ આકબત (ભવિષ્ય) + લંગર (વહાણને અઢકાવવાનું લોઢાનું સાધન)] ન. વહાણ પર રાખવામાં આવતું એક જાતનું લંગર. તે આફતને વખતે નાખવામાં આવે છે.

આકર ૧. પું. અમર.
૨. પું. ઊંચો આડો.
૩. પું. એ નામનો દેશ.
૪. પું. ખાણનો; ભંડાર. જેમકે, કમલાકર, કુસુમાકર, કરુણાકર, રત્નાકર.
૫. [સં. અક્ષ (ખોદવું)] પું. આખુ.
૬. પું. દોણું
૭. પું. તરવાર ચલાવવાની બત્રીસ રીતમાંની એ નામની એક.
૮. [બ.] પું. ફળઝાડનું વાવેતર.
૯. પું. ભેદ; જાત.
૧૦. પું. સમૂહ; જથ્થો.
૧૧. પું. સિંહ કે વાઘની ગુફા.
૧૨. ન. મહાભાષ્ય; પાણિનિના સૂત્ર ઉપર પતંજલિની ટીકાનું પુસ્તક.

૧૩. વિ. અધિક; વધારે.
૧૪. વિ. અનાર્ય.
૧૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.
૧૬. વિ. કુશળ; દક્ષ; હોશિયાર; ચાલાક.
૧૭. વિ. મજબૂત; લોઢાબેર.
વાણુ પ્રચંડ અતિ આકર આમ વાચ.
મણિરાંકર ભટ્ટ

આકરકરણા [અ.] પું. અક્કલકરો. તે મોઢામાં રાખવાથી જીભમાં ઝણઝણાટી થઈ પાણી છૂટે છે.

આકરખવું ૧. [સં. આ (તદ્) + કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. ખેંચવું; તાણવું.
૨. સ. ક્રિ. મોહિત કરવું; વશ કરવું.
ગાંધર્વ અપ્સરા ચિત્ત આકર્ષ્યાં. ઝવેરચંદ
૩. સ. ક્રિ. સંક્ષેપવું; ખેંચવું.

આકરગ્રંથ [સં. આકર (સૌથી આદ્યે) + ગ્રંથ (પુસ્તક)] પું. જ્ઞાનની ખાણ જેવી મોટી; આદર્શ ગ્રંથ.

આકરગ્રંથવિભાગ [સં. આકર (સૌથી આદ્યે) + ગ્રંથ (ચોપડી) + વિભાગ] પુ. પ્રમાણભૂત પુસ્તક રાખવાનો ભાગ; અભ્યયન વિભાગ; 'રેફરન્સ સેક્શન'.

આકરજ ૧. [સં. આકર (ખાણ) + જ (પેદા થયેલ)] ન. અનિજ; ખાણમાંથી નીકળેલ વસ્તુ.
૨. વિ ખાણમાં પેદા થતું.

આકરજાત [સં. આકર (ખાણ) + જાત (થયેલું)] ન. અનિજ. જુઓ આકરજ.

આકરજ્ઞાન [સં. આકર (ખાણ) + જ્ઞાન] ન. ખાણ શોધી કાઢવા સંબંધી વિદ્યા.

આકરણ ૧. સ્ત્રી. અકળામણ; પીડા.
૨. [સં. આકૃ (બોલાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બોટો પાડીને બોલાવવા-પણું; હાકલ; બારડ.
૩. [સં. આ (સુધી) + કર્ણ (કાન)] વિ. કાન સુધી લંબાયેલું.
તન શ્યામ સુંદર કમળસુખ,
આકરણ નેત્ર વિશાળ. નિરાંત

આકરણાંતક [સં. આ (સુધી) + કર્ણ (કાન) + અંત (છેડો) + ક (વાળું)] વ. છેડો કાન સુધી આવે તેમ.
આકરણાંતક તાણીને લક્ષ્યવેધ કરવું તેહ.
પ્રેમાનંદ

આકરત ૧. સ્ત્રી. કડવું વખત; આકરો સમય.
૨. [સં. આ (ઓછપવું બતાવવું ઉપસર્ગ) + કૂર (ધાતકી) + તા (પણું)] સ્ત્રી. ગિન્નત; ગુસ્સો
૩. સ્ત્રી. મોંધારત; મોંઘાઈ.

આકરભાષુ ૧. [આકરું (મુશ્કેલ) + ભાષુ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. મુશ્કેલી.
૨. [આકરું (સખ્ત) + ભાષુ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. સખ્તાઈ.

આકરવિદ્યા [સં. આકર (ખાણ) + વિદ્યા] સ્ત્રી. ખાણ સંબંધી વિદ્યા; ૩૨ માંહેની એક મુખ્ય વિદ્યા. જુઓ વિદ્યા.

આકરશેડી (આકરશોડી) [આકરું (મુશ્કેલ) + શેડ (ધાર) + ઈ (નારીનામિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. દોહતાં આંચળમાંથી મુશ્કેલીથી શેડ પડતી ગાય જેવી.

આકરસરવું ૧. [સં. આ (તદ્) + કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. ખેંચવું; તાણવું; આકર્ષવું.
૨. સ. ક્રિ. મોહ પમાડવો; લલચાવવું; મન હરવું કરવું.
૩. સ. ક્રિ. સંક્ષેપવું; ભીડવું.

આકરસાવું ૧. [સં. આ (તદ્) + કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. ખેંચાવું; તણાવું.
૨. સ ક્રિ. મોહિત થવું; લલચાવું.
૩. સ ક્રિ. સંક્ષેપાવું; ભિડાવું.

આકરાપણું ૧. [આકરું (મુશ્કેલ) + પણું (નામ બનાવનાર પ્રત્યય)] ન. અઘરું હોવું તે; મુશ્કેલપણું.
૨. [આકરું (કઠણપણું) + પણું] ન. અધીરાઈ
૩. [આકરું (કડવું) + પણું] ન. કડવાશ; કડવો સ્વાદ.
૪. [આકરું (ગરમ સ્વભાવનું) + પણું] ન. ગરમ સ્વભાવ.
૫. [આકરું (તીક્ષ્ણ) + પણું] ન. તીક્ષ્ણતા; ધારવાળું હોવું તે.
૬. [આકરું (ભરડ) + પણું] ન. ભરડપણું.
૭. [આકરું (ભેગવાનું) + પણું] ન. ભેગ-વાળું હોવાપણું.
૮. [આકરું (મોંઘું) + પણું] ન. મોંઘપ.
૯. [આકરું (વધુ ચોકાયેલું) + પણું] ન. વધારે પકવેલું હોવું તે.
૧૦. [આકરું (સખ્ત) + પણું] ન. સખ્તાઈ.
૧૧. [આકરું (અસહ્ય) + પણું] ન. સહન ન થાય એવું હોવાપણું.

આકરાવંતી સ. જૂના વખતનું એ નામનું રાગ. જુઓ કેદારા.

આકરારા સ્ત્રી. કડવો સ્વાદ; કડવાશ. જુઓ આકરાપણું.

આકરાંગાર [સં. આકર (ખાણ) + અંગાર (કોલસો)] પું. ખાણમાંથી નીકળતો કોલસો. પૃથ્વીની અંદરની ગરમી અને ઉપરના દબાણથી વનસ્પતિનું જે રૂપાંતર બહલાય છે તેને આકરાંગાર નામે ઓળખવામાં આવે છે.

આકરિક ૧. [સં. આકર (ખાણ) + ઇક (વાળું)] પું. ખાણ ઉપર નીમેલ અધિકારી.
૨. પું. ખાણનો ધણી.
૩. પું. ખાણમાંથી ધાતુ કાઢનાર.
૪. વિ. ખાણમાં કામ કરનાર; ખાણ ખોદનાર.

આકરી ૧. [સં. આકરિક] પુ. ખાણ પોતે ખોદી અથવા બીજા પાસે ખોદાવી તેમાંથી ધાતુ કાઢનાર; આકરિક.
૨. સ્ત્રી. ખાણ ખોદવાનું કામ.
૩. સ્ત્રી. બહારવું.
૪. વિ. સ્ત્રી. ઉતાવળી, અધીરી.
૫. વિ સ્ત્રી. કડવું; કડવા સ્વાદવાળી.
૬. વિ સ્ત્રી. કડવી; કડવા સ્વાદવાળી.
૭. વિ સ્ત્રી. ગરમ સ્વભાવની; મિજાજી.
૮. વિ સ્ત્રી. તીક્ષ્ણ; ધારવાળી.
૯. વિ સ્ત્રી. ન ખમાય એવી; અસહ્ય.
૧૦. વિ. સ્ત્રી. ભરડ.
૧૧. વિ. સ્ત્રી. ભેગવાળી.
૧૨. વિ. સ્ત્રી. મુશ્કેલ; અઘરી.
૧૩. વિ. સ્ત્રી. મોંઘી.
૧૪. વિ સ્ત્રી. વધુ પકવેલી; ખરી.

આકરું ૧. વિ. ઉતાવળું; અધીરું.
૨. વિ. કડવું; કડવા સ્વાદવાળું.
૩. વિ. ગરમ સ્વભાવનું; મિજાજી; તરત ગુસ્સે થતું; આમોદ ન આવ તેવું.
આકરું બાણ = બહુ જ તીખું; બહુ ગરમ સ્વભાવનું.
૪. વિ. તીક્ષ્ણ; તીખું; ધારીદાર.
૫. વિ. ન ખમાય એવું; તીવ્ર; અસહ્ય.
૬. વિ. ભરડ.
૭. વિ. ભેગવાળું.
આકરો રૂપિયો = વધારે ભેગવાળો રૂપિયો.
૮. વિ. મુશ્કેલ; અઘરું.
૧. આકરી ભાષા = સખ્ત ભાખડી.
૨. આકરું પડવું = ભારે પડવું; નહિ પાલવવું.
૯. વિ. મોંઘું; ભારે કીમતનું, વધારે ભાવનું.
આકરો ભાવ = મોંઘો ભાવ; વધારે પડતી કીમત.
૧૦. વિ. વધારે પકવેલું; ખરું.
આકરી તાવણી = જોઈએ તે કરતાં વધારે વખત ચૂલે રહે એવી રીતે તાવેલું ઘી; ઘી લાલાશ પકડે એટલી સખ્ત તાવણી.
૧૧. વિ. સખ્ત; કઠણ.
૧. આકરી આગ = ભયંકર લાય.
૨. આકરો તાપ = સખ્ત ગરમી.

આકરોઆકાર ૧. પું. (સામ) મુશ્કેલી; કટોકટીનો વખત; વિષમ પરિસ્થિતિ.
૨. ન. અંડમાંઃ મુશ્કીપીપી.

આકરોદપત્ત [સં. આકર (ખાણ) + ઉદ્ભવ (થયેલું)] ન. અનિજ. જુઓ આકરજ.

આકર્ણી ૧. [સં. આ (સુધી) + કર્ણ (કાન)] ક્રિ. કાન સુધી ખેંચવું.
૨. ન. કાન સુધી, કાન લગી.
ધનુષ્ય આકર્ણ ખેંચી બાણ છોડવું.
ધનુષ્યનિષા

આકર્ણી ધનુરાસન [સં. આ (સુધી) + કર્ણ (કાન) + ધનુસ્ (કામઠું) + આસન (બિસવાની ઢબ)] ન. (યોગ) ગોરાણી આસન મારીનું એ નામનું એક; પેટનું એ નામનું આસન. બન્ને પગ લાંબા કરીને બેઠા પછી પહેલાં જમણા હાથથી ડાબા પગનો અંગૂઠો અને પછી ડાબા હાથથી જમણા પગનો અંગૂઠો પકડવો. પછી ડાબા પગનો અંગૂઠો જમણા કાન સુધી ખેંચી જવો. આ સ્થિતિમાં થોડા વખત રહ્યા પછી જમણા પગનો અંગૂઠો ડાબા કાન સુધી લાવી જવો. આ આસનથી આળસ દૂર થાય તેમ જ પેટ, પીઠ અને છાતીના રોગ નાશ પામે છે.

આકર્ણી ધનુરાસન [સં. આ (સુધી) + કર્ણ (કાન) + ધનુસ્ (કામઠું) + આસન (બિસવાની ઢબ)] ન. (યોગ) ગોરાણી આસનનું પેટનું એ નામનું એક આસન. જુઓ મોગાસન.

આકર્ણીન [સં. આ (ચોતરફ) + કર્ણ (સાંભળવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. સાંભળવાપણું.

આકર્ણીનીય [સં. આ (ચોતરફ) + કર્ણ (સાંભળવું) + અનીય (જોગ)] વિ. સાંભળવા જેવું; શ્રોતવ્ય.

આકર્ણોંત [સં. આ (સુધી) + કર્ણ (કાન) + અંત (છેડો)] ન. કાનના છેડા સુધી.

આકર્ણિત [સં. આ (ચોતરફ) + કર્ણ (સાંભળવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. સાંભળેલું; શ્રુત.

આકર્ષ ૧. [સં. આ (તરફ) + કૃષ્ (ખેંચવું)] પું. ઇંદ્ર.
૨. પું. એ નામના દેશમાં રહેનાર પુરુષ.
૩. પું. કસોટી; સોનાનો કસ જોવાનો પથ્થર.
૪. પું. ગૌતમના આશ્રમનો ડાબાનો આંકડો.
૫. પું. ખેંચાણ; તાણ.
૬. પું. ચોપાટ; સોગટાંની રમત.
૭. પું. દૂર જતા રહેવાપણું.
૮. પું. ધનુષ્ય ખેંચવાનો અભ્યાસ.
૯. પું. પાસાની રમતઃ જુગાર.
૧૦. પું. પાસો.
૧૧. પું. પાસો ખેલવાનું ચટિયું.
૧૨. પુ. મહાભારતમાં અર્જુનપુત્ર એ નામનો દેશ.
૧૩. પું. મોહઃ આકર્ષણ.
૧૪. પું. લોહચુમ્બક.

આકર્ષક ૧. [સં. આ (તરફ) + કૃષ્ (ખેંચવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું. લોહચુંબકઃ 'મેગ્નેટ'.
૨. વિ. ખેંચાવુકારકઃ તાણનારું; ખેંચાણ કરનાર; પોતા તરફ ખેંચનાર.
૩. વિ. લોભાવનારું; મોહક.

આકર્ષકોડા (આકર્ષકોડ) [સં. આકર્ (પાસા) + કોડ (રમત)] સ્ત્રી. પાસાની રમત.

આકર્ષકોડાકળા (આકર્ષકોડાકળા) [સં. આકર્ષ (ખેંચવાનો અભ્યાસ) + કોડ (રમત) + કલા (કુશળતા)] સ્ત્રી. સંસારી કળા પેઠેની એક. જુઓ કળા.

આકર્ષણ ૧. [સં. આ (તરફ) + કૃષ્ (ખેંચવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ગ્રહોપરનાં પંચ ભાગ્ય ભાગેનું એક.
૨ ન ખેંચાણ; તાણ.
૩. ન. જે બળ વડે એક વસ્તુ બીજીને એકે બીજી વસ્તુ બીજીથી ખેંચાય તે બળ; ખેંચવાની શક્તિ. તેના ૭ ભેદ છેઃ (૧) ગુરુત્વાકર્ષણ એટલે બધી ચીજોનું પૃથ્વીના મધ્યબિંદુ તરફ ખેંચાણ. (૨) રજોગુણાકર્ષણ એટલે પદાર્થના પરમાણુઓનું એકબીજા તરફ ખેંચવાપણું. (૩) રસાયનાકર્ષણ એટલે જુદી જુદી જાતના પદાર્થ એકઠા મળવાથી એક જુદી જ જાતના નવા પદાર્થની બનાવટ. (૪) લોહચુમ્બિતાકર્ષણ એટલે લોહાનું લોહચુંબકથી કાયું પોતાની તરફ ખેંચાણ. (૫) હેતુતાકર્ષણ એટલે પદાર્થોમાં પોતા જાતી બીજાથી અલગ વસ્તુમાં ઉત્પન્ન થતું બીજાનું આકર્ષણ. (૬) આરપાર અને અંતરના પ્રમાણમાં એક પદાર્થ બીજાને પોતા તરફ ખેંચે તે બળ.
૪. ન. (તંત્ર) દૂર રહેલ પદાર્થ પાસે આવી બળ એવો તંત્રશાસ્ત્રનો પ્રયોગ.
૫. ન. મનહરપણું; મનોહરતા.
૬. ન. મોહ.
૭. ન. મોહકગુણ; વશીકરણ.
૮. ન. સંકોચાવું તે ખિસ્યાપણું.

આકર્ષક [સં. આકર્ષ (તરફ) + ક (વાળું)] વિ. ખેંચાણ કરનાર; આકર્ષક.

આકર્ષકુક્ષિંભર ૧. [સં. આ (પાસે) + કૃષ્ (ખેંચવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + ક્ષિંભા (કામ)] સ્ત્રી. ખેંચવાનું કામ.
૨. સ્ત્રી. મંત્રના બળથી વસ્તુ ઉપાડી લેવાની ક્રિયા.

આકર્ષકુબ્બળ [સં. આ (તરફ) + કૃષ્ (ખેંચવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + બલ (શક્તિ)] ન. ખેંચનારું બળ; ચુંબકશક્તિ.

આકર્ષકુમંત્ર [સં. આ (પાસે) + કૃષ્ (લાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + મંત્ર] પું. પોતાની પાસે ખેંચવાની શક્તિ.

આકર્ષકુશક્તિ ૧. [સં આકર્ષ (ખેંચાણ) + શક્તિ (બળ)] સ્ત્રી. આરપારનું અને અંતરના પ્રમાણમાં એક પદાર્થ બીજાને પોતા તરફ ખેંચે તે બળ. આ શક્તિ સૂર્યથી માંડી દરેક નાનામાં નાના અણુમાં હોવાથી બધા પરમાણુઓ અને પદાર્થો બીજા પદાર્થોને ખેંચે અને પોતે બીજાઓથી ખેંચાય છે. તેથી બધા જગતનું સંગઠન થાય છે. પથ્થર વગેરેના પરમાણુ એકબીજાની સાથે જોડાયેલા રહે છે, પૃથ્વીની ઉપર હંમેશ. હવા વગેરે સ્થિર રહે, પૃથ્વી આગપાસ વાયુમંડળ રહી શકે, સમુદ્રમાં ભરતીઓટ થાય, મોટા ગ્રહમંડળો, સૂર્ય, ચંદ્ર વગેરે આકાશમંડળમાં રહી નિયમ પ્રમાણે પોતપોતાની કક્ષામાં ફર્યા કરે છે. ગુરુત્વાકર્ષણ, રજોગુણાકર્ષણ, રસાયનાકર્ષણ, હેતુતાકર્ષણ, રસાયનિકાકર્ષણ વગેરે આના ભેદ છે.
૨. સ્ત્રી. મોહ પમાડવાની શક્તિઃ વશીકરણ બળ.

આકર્ષણિક ૧. [સં. આકર્ષણ (ખેંચાણ) + ઇક (વાળું)] વિ. ખેંચાણ કરનારઃ ખેંચે તેવું.
૨. વિ. મનમોહકઃ દિલપસંદ.

આકર્ષણી ૧. પું. ભૂતના વખતનો એ નામનો સિક્કો.
૨. [સં. આ (તરફ) + કૃષ્ (ખેંચવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + ઈ (નારી-જાતિનો પ્રત્યય)] સ્ત્રી. અકોડી; હાડ ઉપરથી કૂલ ઉતારવાને બનાવેલી છેડે આંકડીવાળી લાકડી; વાંસડો આંકડી.
૩. સ્ત્રી. (યોગ) એક જાતની મુદ્રા એટલે અંગવિન્યાસ. જુઓ આકર્ષણીમુદ્રા.

આકર્ષણીમુદ્રા સ્ત્રી. (યોગ) બાવીસ મુદ્રા મહિની એ નામની એક. તેમાં સ્વસ્તિકાસને બેસી શરીરમાંના બધા વાયુ ધીમે ધીમે ઘૂંટી જઈ ખેંચી તેને સુષુમ્ણા નામની નાડીમાં લાવવા, અને પછી તે વાયુને આકારંભમાં સ્થિર કરવા. આ મુદ્રા કેવલ કુંભકનું એટલે પ્રાણાયામ

આકરમાતિક

કરતા શ્વાસને ફેંકી ગળવાનું ઊંચું સ્વરૂપ છે.

આકર્ષણીય [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું) + અનીય (જેનું)] વિ. ખેંચવા જેવું; ખેંચાણપ્રેરક; ધ્યાન ખેંચે તેવું.

આકર્ષતા ૧. [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું) + તા (પણું)] સ્ત્રી. ખેંચાણ; તાણ.
૨. સ્ત્રી. મોહકતા; મનોહરપણું.

આકર્ષવું ૧. [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. તાણવું; ખેંચાણ કરવું.
૨ સ ક્રિ. પ્રભુત્વ વાપરવું.
૩. સ. ક્રિ. પડાવી લેવું; છીનવી લેવું.
૪. સ ક્રિ. લલચાવવું; મોહ ઉપજાવવો; મન હરવું
૫. સ ક્રિ. સહોયવું.

આકર્ષાવું ૧. [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું)] સ ક્રિ. તણાવું, ખેંચાવું.
૨. સ ક્રિ. લલચાવું, મોહ પામવો.
૩. સ ક્રિ. સંમોહાવું.

આકર્ષિક ૧. [સં. આ (વધ) + કૃષ્ , ખેંચવું)] પું. ચોકસુંઘક.
૨. વિ. ખેંચનારું; તાણે એવું.
૩. વિ. જુગારી; જુગટું રમનાર.

આકર્ષિણી [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું) + ઇન્ (કર્તા અર્થવાચક પ્રત્યય) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આંકડી. જુઓ આકર્ષણી ૨.

આકર્ષિત ૧. [સં. આ (વધ) + કર્ષિત (ખેંચેલ)] વિ. ખેંચેલું; તાણેલું.
૨. વિ. લલચાવેલું; મોહિત; મોહ પામેલું.
૩. વિ. સંમોહાયેલ; ભિમાયેલ.

આકર્ષી ૧. [સં. આ (વધ) + કૃષ્ (ખેંચવું) + ઇન્ (કર્તા અર્થવાચક પ્રત્યય)] વિ ખેંચનાર; તાણનાર.
૨ વિ. મોહક; આકર્ષે એવું.

આકલ [સં. આ (ઓર્ધ) + કલ્ (અવાજ કરવો)] વિ. બીજા અને બીજા અવાજવાળું.

આકલન ૧. સ. ઉંચકવા; આકલ્પવા.
૨. [સં. આકલ્ (ગણવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. ગણતરી.
૩. [સં. આકલ્ (પકડી લેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. ઝડપી લેવાયેલું; પકડવું; પકડ.
૪. [સં. આકલ્ (સાંધવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. સંધન.
૫. સ. બુદ્ધિ.
૬ સ. શોધ, તપાસ; ફુબરક.
૭ [સં. આકલ્ (કથી બનું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. સમજ; બોધ.
૮. સ સંમત; સંમતિ; સ્વીકાર.
૯. સ. સમાધાન; પ્રાપ્તિ; મેળવવું તે.
૧૦. સ. સાંધણ; અનુસંધાન.
૧૧. સ. સાંધવાનું સાધન.

આકલનશક્તિ ૧. [સં. આકલ્ (કથી બનું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + શક્તિ (બળ)] સ્ત્રી કથી બનાવું સામર્થ્ય; સમજ-શક્તિ
૨. [સં. આકલ્ (બાંધવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + શક્તિ (બળ)] સ્ત્રી. વસ્તુને સાંધવાની, બનાવવાની કે ઘડ કરવાની શક્તિ, બાંધણ-શક્તિ.

આકલનીય ૧. [સં. આકલ્ (ગણવું) + અનીય (જેવું)] વિ. અનુમાન એટલે લગભગ કરવા લાયક.
૨. વિ. ગણતરી કરવા જેવું.
૩. [સં. આકલ્ (પકડવું) + અનીય (જેવું)] વિ. પ્રાપ્ત કરવા જેવું, લેવા જેવું.
૪. વિ. તપાસ કરવા જેવું.
૫. વિ. સંમત થવા કે કરવું કરવા જેવું.

આકલવું ૧. [સં. આકલ્ (ગણવું)] સ ક્રિ કળવું, ગણવું
૨. [સં. આકલ્ (બાંધવું)] સ. ક્રિ. બાંધવું; ગાંઠવું; ગાંઠતરી કરવી.
૩. [સં. આકલ્ (પકડવું)] સ. ક્રિ. પ્રાપ્ત કરવું; પકડવું.

આકલા ૧. વિ. ઉતાવળિયું; અધીરું.
૨. વિ. ઓછિયું.

આકલિત ૧. [સં. આકલ્ (બાંધવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. જેને પ્રમેય પકડાયેલું.
૨. [સં. આકલ્ (બાંધવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. બાંધેલું; ગાંઠતરી કરેલું.
૩. [સં. આકલ્ (સાથે બાંધવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ગૂંથેલું.
૪. [સં. આકલ્ (ગણવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ગણાયેલું; કળવામાં આવેલ; સમજાયેલું.
૫. [સં. આકલ્ (બાંધવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. તપાસેલું; પરીક્ષિત.
૬. વિ. પકડી રાખેલ; અનુકરેલ.
૭. [સં. આકલ્ (પકડવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. લીધેલું; પ્રાપ્ત કરેલું.
૮. વિ. સમાયેલ; અંદર આવેલું.
૯. વિ. સંપાદન કરેલું; સાધેલું; મેળવેલું.
૧૦. વિ. સાંભળેલ.

આકલી [ઈ] સ્ત્રી. ગતિ. ધ્યાન કરીને ગાડીની ગતિના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

આકલું [સં. આકુલમ્] સ. આકર્ષપૂર્વક; અજબ્બ રીતે.

આકલ્પ ૧. પું. ઉમેરો; વધારો.
૨. [સં. આ (ક્રિયાવાચક ભૂતકૃદંત પ્રત્યય) + કલ્પ (નીરોગીપણું)] પું. રોગ; વ્યાધિ.
૩. પું. શણગાર; વેશરચના; અલંકાર.
૪. [સં. આ (સુધી) + કલ્પ (અક્ષરનો ભેદ)] સ. ચાર યુગનું સરવાળ મળીને એક કલ્પ થાય એટલે આરે યુગ ઉપર વખત આવે તેટલા વખત લગી; બ્રહ્માનો એક દિવસ એટલે ૪૩૨૦૦૦૦૦૦ વર્ષ સુધી.

આકલ્પક ૧. પું. આંદારા.
૨. પું આનંદ, હર્ષ.
૩. પું ઉત્કંઠા; આતુરતા.
૪. પું ખરું સાથે સળગવું તે.
૫. પું મૂલ્ય, પૂંજી.
૬. પું. મૂર્છા, મોહ.
૭ પું સાથો; ટેકાવું.

આકલ્પક સ. આકલ્પકારનો છોડ. જુઓ આકલ્પકો.

આકલ્પકો સ. આકલ્પકારનો છોડ. જુઓ આકલ્પક.

આકલ્પાકલ્પ સ. અંગરચના; પરચૂરણ. જુઓ આકલ્પાકલ્પ.

આકલ્પાકુલ્પ સ. પરચૂરણ. જુઓ આકલ્પાકલ્પ.

આકલ્પ ૧. [સં. આ (વધ) + કલ્પ્ (બનાવું)] પું રસ જોવાનો પથ્થર; કસોટી.
૨. પું. ઢાળ; આંટો.

આકલ્પક [સં. આ (વધ) + કલ્પ્ (બનાવું) + અક (કર્તાવાચક પ્રત્યય)] વિ. કસોટી કરવા નીમેલ; કસ કરનાર.

આકલ્પિક [સં. આકલ્પ (કસોટી) + ઇક (લગતું)] વિ. કસોટી કરનાર. જુઓ આકલ્પક.

આકલ્પ ૧. [સં. અંકુશ] પું. ડાબ; ડબાવું.
૨. પું. રેખરેખ.

આકલ્પાકલ્પ ૧. [આકલ્પ + આકલ્પ , આકલ્પનું બેવડું રૂપ)] પું ગમુંકોરું.
આકલ્પાકલ્પ આપવા કરવું = જે તે વાંકુંચૂંક આપવું; કાંઈ તેમ આપવું
૨ પું. પરચૂરણ; જે તે; આ તે.

આકસ્માત [સં. આ (નહિ) + કસ્માત્ (કારણ)] સ. આકસ્માત; અચાનક.

આકસ્માતિક [સં. આ (નહિ) + કસ્માત્ (કા કારણની) + ઇક (લગતું)] વિ. અચાનક. જુઓ આકસ્મિક.

આકસ્મિક ૧. વિ. અકલ્પનીય; ઓચિંતો બનેલું; આનંદિત; અણધાર્યું.
૨. [સં. અ , નહિ] + કારણાત્ (કારણથી)] વિ. કારણ વિનાનું; હેતુ વગરનું; આધાર વિના ઉત્પન્ન થયેલ. આકસ્મિક શબ્દ અકારણાત્ શબ્દ ઉપરથી વિકસેલ છે. અ = નહિ અને કારણાત્ = કારણથી. જેને વિષે કારણથી આત્મા જોવે ન દેખી શકાય તેવા ગુણ આકારણક.
૩. વિ. અણધું ન કારણ જોતું.
૪. અ. ઓચિંતાથી.

આકસ્મિકઅર્થે [આકસ્મિક (ઓચિંતું) + અર્થ] પું.; સ. પરચૂરણ વપરાશ; કંટિજંટ અર્થ.

આકસ્મિકતત્ત્વવાદ [સં. આકસ્મિક (કારણ વિનાનું) + તત્ત્વ (પદાર્થ) + વાદ (મત)] પું. (ન્યાય) જગતમાં વસ્તુઓની કશાની આધાર વિના પેદા થવાનો અને પરિણામ-વિનામાં તેને લાયક ઠેકાણું હોવાનો મત.

આકસ્મિકધર્મ [સં. આકસ્મિક (જેનું કારણ નથી) + ધર્મ (ગુણ)] પું. (ન્યાય) કોઈ વસ્તુના મુખ્ય અથવા તત્ત્વ તે વસ્તુની જાતના સાથે જરૂરનું ન હોય તેવો ગુણ; સ્વાભાવિક નહિ એવું લક્ષણ. જોખો, સોનાનો પીળો રંગ સ્વાભાવિક, અને કોઈ કાળનો રંગ પીળો હોય તો તેને આકસ્મિક કહેવાય. રસાયનિક પદાર્થોનાં તત્ત્વોનો રંગ કોઈ જગ્યાએ કરી રંગો હોય એવું જોવામાં આવ્યું નથી તેથી તેવા પદાર્થોના રંગને ખુબિ જરૂરી ગુણ તરીકે માને છે, પણ પ્રાણીઓના રંગો વારંવાર કરતા જોવામાં આવે છે માટે ખુબિ તેને જરૂરી ગુણ તરીકે ગણતી નથી.

આકસ્મિકરતત્વા [સં. આકસ્મિક (ઓચિંતું) + રત્ન (હીરો) + ન્યાય] પું. (વૈદક) જખમવાળા કરીને ચેપ લાગવાથી થતો રતવા.

આકસ્મિકવૃદ્ધિ [સં. આકસ્મિક (ઓચિંતો) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. અણધાર્યો વધારો.

આકસ્મિકવ્યય [સં. આકસ્મિક (અણધાર્યું) + વ્યય (ખર્ચ)] પું. પરચૂરણ ખર્ચ. જુઓ આકસ્મિકખર્ચ.

આકસ્મિકસંયોગ [સં. આકસ્મિક (કારણ વિનાનું) + સંજ્ (સાથે) + યુજ્ (જોડવું)] પું. હેતુ વિનાનું જોડાણ; દૈવયોગે થયેલ સંબંધ.

આકાઈ [સં. અર્ક (આકડો)] પું. (બોલી) આકડાનો છોડ.

આકાઉલિકાળ ૧. [સં. આકુલ (અસ્તવ્યસ્ત) + ત્વ (પણું) + આકુલ (અર્થ) + તા (પણું)] સ્ત્રી. આકુળવ્યાકુળતા; ગભરાટ.
૨. સ્ત્રી. ઉતાવળ.
૩. સ્ત્રી. મુશ્કેલી; મીડ.

આકાળાપણું જ. અર્વાચીન. જુઓ આકળાપણું.

આકળાપણું ૧. [સં. આકુલ (અસ્તવ્યસ્ત)] સ્ત્રી અધીરાઈ.
૨. સ્ત્રી. અસ્વસ્થતા.
૩. સ્ત્રી. ઉતાવળાપણું.
૪. સ્ત્રી. ગરમ સ્વભાવ; ઉગ્રતા.
૫. [અ ; નહિ] + કાલ્ (અપૂરું) + આત્વ [ભાવ અર્થમાં પ્રત્યય)] સ્ત્રી. બેચારાપણું; ગભરાટ.

આકળું ૧. [સં. આકુલ; પ્રા. અકુલિઅ; આકુલક—આકુલઓ] વિ. અધીરું.
૨. વિ. ઉતાવળું
૩ વિ. ગભરાયેલું; બદ્રાયું; બેચારું.
૪. વિ. તાતું; ગરમ સ્વભાવનું; તીખું; તેજ; કટ ગુસ્સે થાય એવું.
આકળું ઝાડ = બધું ગરમ સ્વભાવનું.
૫. વિ. ઉતાવળું; ગભરાયું નાખે એવું.

આકંઠ ૧. [સં. આ (સુધી) + કંઠ (ગળું)] અ. ગળા સુધી; કંઠ લગી.
૨. અ. સંપૂર્ણ; પૂરેપૂરું.

આકંઠ [સં. આ (થોડું) + કંપ્ (ધ્રુજવું)] પું. સહેજ ધ્રુજારી; ગભરાટ.

આકંઠન [સં. આ (થોડું) + કંપ્ (ધ્રુજવું) + અન (ભાવ અર્થમાં પ્રત્યય)] સ્ત્રી. ધ્રુજારી; કંપ.

આકંપવું [સં. આ (થોડું) + કંપ્ (ધ્રુજવું)] અ. ક્રિ. સહેજ ધ્રુજવું.

આકંપિત ૧. [સં. આ (થોડું) + કંપિત (ધ્રુજેલ)] વિ. થોડું હલતું; સહેજ ધ્રુજતું.
૨. વિ. ડોલાયેલું.

આકા ૧. [પ.] પું. કોયળો; ચેલો.
૨. પું. બાદી.
૩. [ગુ.] પું. બાપ; વહાલો મિત્ર.
૪. [અ.] પું. શેઠ; માલિક; સ્વામી.

આકાઈ ૧. સ્ત્રી. (ઓખામંડળ) કુટુંબ.
૨. સ્ત્રી. દિવસ.
આકાઈ ભરે માકા, ત્યારે કોઈ હોલ આવંત. લોકોક્તિ
૩. સ્ત્રી વખત; સમય.
૪. સ્ત્રી. શંકા; બળ.
૫. સ્ત્રી સ્થિતિ.

આકાંખલ પું. આફ્રિકી તાપકટિબંધની એક લાક્ષા. તે કિંદલી પશ્ચિમ સરહદ ઉપર વોરન બીન્યુ અને બચા ખીણમાં રહે છે.

આકાકડોકા પું. બ.વ. સૂકા ભરના સાંઠાની લાલ ઊતરી આવેલી કાઢેલ મજ્જાના કટકા; મલોખા
આકાડોકાનો માંચો રચ્યો = તકલાદી કામ કર્યું.

આકાકોડી [સં. અર્ક (આકડો) + કંદ (ગાંઠ)] સ્ત્રી. આકડાનું ઝાંખરું; આકડિયું.

આકાતૂર [સં. અર્ક (આકડો) + તૂલ (રૂ)] ન. આકડાનાં ફળમાંથી નીકળતું રૂ.
આકાતૂર માફક ઊડવું = નાશ થવો.

આકાદોડી [સં. અર્ક (આકડો) + કંદ (ગાંઠ)] સ્ત્રી. આકડાનું ઝાંખરું; આકાકોડી.

આકાય ૧. [સં. અગ્નિ (બીજું નામ)] પું. બોલી કરતાં અગ્નિ.
૨. પું. ચૂલ્હ; ચિતા.
૩. પું. નિવાસ; રહેઠાણ; ઘર.
૪. પું. બકરાંની આગ; ચોથનો અગ્નિ.
૫. સ્ત્રી. કમાણીનું સાધન.
૬. સ્ત્રી. સ્થિતિ; આધાર.

આકાર ૧. પું. અક્ષરો; શુમાર.
૨. પું. અભેદ; એકરૂપતા; અદ્વૈત.
૩. પું. (સાંખ્ય) અભેદ સ્વભાવમાં રહેલ કોઈ ખાસ પદાર્થ.
૪. [સં. આ (એ નામનો સ્વર) + કાર (અક્ષર)] પું. 'આ' અક્ષર કે ઉચ્ચાર.
૫. [સં. આ (હદ બતાવનાર ઉપસર્ગ) + કૃ (કર્યું)] પું. આકૃતિ; ઘાટ; સ્વરૂપ. દરેક વસ્તુની આકૃતિનો આકાર તેના અણુ વચ્ચેના સંબંધાકર્ષણની તીવ્રતા ઉપર રહેલો હોય છે. બધા પદાર્થમાં સંબંધાકર્ષણ બધાર હોવાથી તેની આકૃતિ જુદી જુદી કોઈ રીતે, પ્રવાહી પદાર્થનો આકાર તે જેમાં રહે તે વાસણનો હોય અને વાયુ પદાર્થનો આકાર તેને પૂર્ણ વિનાશ કોઈ શકતો નથી. આકાર એ આંખનો અને સ્પર્શનો વિષય છે.
૬. પું. એ નામનો એક દેશ; પૂર્વ માળવા; દશાર્ણ.

૭. પું. ક્ષ.
૮. પું. કીમતની આંકણી; દરનો આકડો.
૯. પું. ચેષ્ટા; ઇશારો.
૧૦. પું. છબી.
૧૧. પું. ચોક્ક; લંબાઈ પહોળાઈથી બનેલું રૂપ. આકાર ગ્રહવો = ચિત્ર ગ્રહવું; આકૃતિ કોરવી-કાઢવી; ચાતું; ચાહ બનાવવો.
૧૨. પું. તેજું; આમંત્રણ; નિમંત્રણ.
૧૩. પું. દેખાવ; મુખમુદ્રા; ચહેરા; રાશ.
૧૪. પું નિશાન; ચિહ્ન; લક્ષણ.
૧૫. પું. પૂતળું; મૂર્તિ; 'મૉડેલ'.
૧૬. પું બનાવટ; સંઘટન.
૧૭. પું. મત; અભિપ્રાય.
૧૮. પું. મનના વિચાર બતાવતી ચહેરાની ચેષ્ટા. અભિનય; હેલચેષ્ટા.
૧૯. પું રકમ.
૨૦. પું રૂપરંગ.
૨૧. પું. લાભના રક્ષણ માટે બનાવેલી ખાસ
૨૨. પું. વિધોટી; જમાબંધી; આકારણી.
૨૩. પું. વિચાર; કલ્પના.
૨૪. પું. શિવનાં બત્રીસ નામ પૈકીનું એક.
૨૫. પું ઢોલની ચામ.

આકારક [સં. આકૃ (બોલાવવું)] વિ. આમંત્રણ કરનાર; નોતરનાર; બજાવનાર.

આકારકરવ [સં.] પું. એ નામની ઔષધિ. અકલકારો.

આકારકરવાદિચૂર્ણ [સં. આકારકરવ (અકલકારો) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] ન (વૈદક) અકલકારો, સૂંઠ, કોકોલ, કેસર, પીપર, લવિંગ, લવિંગ અને સોદ સંચળ એ બધે બરોબર તોલો અને બધાના સરખા બરોબર સાકર મેળવવી. આ ચૂર્ણ ૧ થી ૨ રતી વીર્યસ્તંભના રોગમાં મધ સાથે અપાય છે. સ્વપ્નદોષમાં ઘેટાંને દૂધ બોળવામાં ૨ વાર લેવાય છે.

આકારગત [સં. આકાર (ચાહ) + ગત (સંબંધી)] વિ. ચાહ સંબંધી.

આકારગુપ્તિ [સં. આકાર (હૃદયનો ભાવ) + ગુપ્તિ (સંતાડવાપણું)] સ્ત્રી. આંતરભાવગોપન, મનના ભાવને છુપાવવો તે.

આકારગૂહન [સં. આકાર (હૈયાનો ભાવ) + ગૂહ્ (સંતાડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. મનના ભાવને સંતાડવાપણું. આકારગુપ્તિ.

આકારગોપન ૧. [સં. આકાર (હૈયાનો ભાવ) + ગુપ્ (ઢાંકવું વગેરે) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. મનના ભાવ છુપાવવાપણું; આકારગુપ્તિ
૨. ન વિજ્ઞાનના ૬૪ પ્રકારમાંનો એક. જુઓ ચિત્તાન.

આકારચિત્ર [સં. આકાર (ચાહ) + ચિત્ર] ન. (કાવ્ય) ચિત્રના આકારનું કાવ્ય. જે પ્રમાણે આપ વગેરે પેલા ચાર તે જ પ્રમાણે આકારચિત્રમાં કવિ અક્ષરો ગોઠવે છે.

આકારજની જ્ઞો. શરીરનો વિકાસ; દેહની ખિલવણી; 'મૉર્ફોજિનિ'.

આકારજ્ઞાનકળા [સં. આકાર (આકૃ) + જ્ઞાન + કલા (હુનર)] સ્ત્રી. ચોસઠ કલા માંહેની એક; 'મૅટર્નિટિ'. જુઓ કલા. ઘન તથા ધાતુખાણની કલા જાણવાથી જમીન કેવી છે, કયાંથી કયાં ખાણ નીકળશે તે જાણવામાં આવે છે. કૂવા, તળાવ, વાવ ખોદવામાં જમીનની પરીક્ષા કરવામાં આ વિદ્યા કામની છે. પૃથ્વીની શીતતા, ઉષ્ણતા, રંગ રૂપ એ સર્વે આ કલાથી જાણવાનું બને છે.

આકારણ ૧. [સં. આકૃ (બોલાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આમંત્રણ. નિમંત્રણ; બોલાવવું તે; તેજું; નોતરું.
૨ ન. સંદેશો.

આકારણા [સં. આકૃ (બોલાવવું)] સ્ત્રી. બોલાવવું તે; તેજું; હાંક. જુઓ આકારણ

આકારણી ૧. [સં. આકાર (નિશાની)] સ્ત્રી. આંક પાડવાનું ઓક બોલ્યર.
૨. [સં. આ (હદ બતાવનાર ઉપસર્ગ) + કૃ (કરવું)] સ્ત્રી. કીમત નક્કી કરવાપણું.
૩. સ્ત્રી. જમીનના દરની આંકણી. મહેસૂલનો દર કરાવવો તે.
૪. જ્ઞો. જમીનની મહેસૂલની દર; વિધોટીનો આકાર; જમાબંધી.
૫. સ્ત્રી. જમીનની માપણી, ચુમાપન; મોજણી
૬. સ્ત્રી. સલામી; સલામ ભરખા અપાતો નજરાણો.

આકારત [સં. આકાર (ચાહ) + ત (અર્થમાં)] વિ. જુદા જુદા ચાહ બનાવી શકાય એવું; લોઢા જેવું; મૃદુ.

આકારનસ [અં. એકોર્ન્ડ] ન. ન. ન. ઓકના ઝાડનાં બી. અગાઉ આ બી ખોરાક તરીકે કામમાં આવતાં. હાલ દુકાળ વખતે ગરીબ લોકો તેને ઉકાળીને આખાય સાથે મેળવી કોફીની માફક પીએ છે. તે કડવાં લાગે છે.

આકારપત્ર [આકાર (બનાવટી) + પત્ર (કાગળ)] ન. મહેસૂલનું પત્રક; તહસીલની ચોપડી.

આકારપત્રિકા [આકાર (બનાવટી) + પત્રિકા (પત્ર)] સ્ત્રી. આકારપત્ર; મહેસૂલનું પત્રક.

આકારપરિવર્ત્ત [સં. આકાર (સ્વરૂપ) + પરિવૃત્ત (બદલાયું)] ન. દેખાવમાં ફેરફાર; રૂપાંતરતા; રૂપવિકૃતિ.

આકારપંજિકા [આકાર (વિધોટી) + પંજિકા (બાનાવહી)] સ્ત્રી. આકારવહી; તહસીલની ચોપડી. જુઓ આકારપત્રી ૧.

આકારપ્રકાર [સં. આકાર (સ્વરૂપ) + પ્રકાર (રીત)] પું. મોઢા પર થતા લાગણીના ફેરફાર.

આકારપ્રાગ્ભાવવાદ [સં. આકાર (ચાહ) + પ્રાક્ (પહેલાં) + ભાવ (હોવાપણું) + વાદ (મત)] પું. બીજમાં અગાઉથી જ વિકાસ પામેલ છોડવાનો ઓઢવે છોડને નિહાળનાર પદાર્થ હયાત હોય છે એવો વનસ્પતિશાસ્ત્રમાં જન્મેલ મત.

આકારભક્તિ [સં. આકાર (પૂતળું) + ભક્તિ (સેવા)] સ્ત્રી. મૂર્તિપૂજા.

આકારમાત્ર [સં. આકાર (સ્વરૂપ) + માત્ર (ફક્ત)] પું. કાયપિંજર; શરીરનું હાડકાંનું ખોખું.

આકારમાન [સં. આકાર (કદ) + માન (માપ)] ન. પદાર્થથી રોકાયેલ જગ્યાનું માપ; ઘનમાપ; 'વૉલ્યૂમ'.

આકારમૌન [સં. આકાર (દેખાવ) + મૌન (શાંતિ)] ન. ઇશારાથી મૂંગાપણું.

આકારરેખા ૧. [સં. આકાર (સ્વરૂપ) + રેખા (લીટી)] સ્ત્રી. આકૃતિ બતાવતી લીટી; રૂપરેખા; આકૃતિની માત્ર સીમા પરની રેખા અથવા તે રેખાથી બનતી આકૃતિ.
૨. સ્ત્રી. ચિત્ર; આકૃતિ.

આકારવર્ણન [સં. આકાર (દેખાવ) + વર્ણન (બિયાન)] ન. પ્રાણીઓની આકૃતિનો અહેવાલ; 'મૉર્ફોલૉજી'.

આકારવહી [આકાર (બનાવટી) + વહી (ચોપડા)] સ્ત્રી. તહસીલની ચોપડી; આકારાવલી.

આકારવાન ૧. [સં. આકાર (સ્વરૂપ) + વત્ (વાળું)] વિ. ઘાટવાળું.
૨. વિ. દેખાવડું; સુરેખ; સુંદર; મનોહર.
૩. વિ. દેહવાળું; શરીરધારી.

આકારવિદ્યા [સં. આકાર (દેખાવ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. પ્રાણી અને વનસ્પતિના જુદા જુદા અવયવોના આકાર, બંધારણ અને ખિલવણી સંબંધી વર્ણન કરનારી વિદ્યા; દેહરચનાનું સ્વરૂપ અને તેની ખિલવણી બતાવનારું શાસ્ત્ર; 'મૉર્ફોલૉજી'.

આકારવું ૧. [સં. આકાર (આક)] સ. ક્રિ. આકૃતિ કોરવી.
૨. [સં. આગર (બિલ્લ)] સ. ક્રિ. આંકો પાડવો; નિશાની કરવી.
૩. સ. ક્રિ. ઉપાડવું; આતે આવવું; નામે લખવું; હિસાબમાં લખવું.
૪. સ. ક્રિ. જમીન માપવી; મોજણી કરવી.
૫. સ. ક્રિ. અંદેશાનો દર ઠરાવવો.
૬. સ. ક્રિ. મૂલવવું; વસ્તુની કીમત નક્કી કરવી.
૭. સ ક્રિ. ગુમાર આવવો; આકરો માર્યો.

આકારવેત્તા [સં. આકાર (દેખાવ) + વેત્તૃ (જાણનાર)] વિ. આકારવિદ્યા જાણનાર; રૂપવેત્તા; પ્રાણી અને વનસ્પતિના અવયવના આકાર, બંધારણ તથા વિકાસ સંબંધી જ્ઞાન ધરાવનાર; 'મોર્ફોલોજિસ્ટ'.

આકારશાસ્ત્ર ન. પ્રાણીઓના આકાર સંબંધી શાસ્ત્ર; રૂપશાસ્ત્ર; 'મોર્ફોલોજી'.

આકારશુદ્ધ ૧. [સં. આકાર (દેખાવ) + શુદ્ધ (ખામી વગરનું)] વિ. બધા ભાગ માપસર હોવ જેનું; અવયવશુદ્ધ; પ્રમાણસરવાળું.
૨. વિ. સુંદર; દેખાવડું.

આકારશુદ્ધિ ૧. [સં. આકાર (આક) + શુદ્ધિ (ખામી રહિતપણું)] સ્ત્રી. માપસર હોવાપણું; આકારસાંગતા.
૨. સ્ત્રી. સુંદરપણું; સ્વરૂપતા.

આકારશુદ્ધિરહિતતા [સં. આકાર (આક) + શુદ્ધિ (ખામી ન હોવાપણું) + રહિત (વગરનું) + તા (પણું)] સ્ત્રી. ખોડ; કદરૂપતા; વિકૃતિ.

આકારસંશોધન [આકાર (બનાવટી) + સંશોધન (તપાસ)] ન. સિક્કાની બોલ્યુની ફરીવાર તપાસણી.

આકારસાંગતા [સં. આકાર (આક) + સ (સહિત) + અંગ (અવયવ) + તા (પણું)] સ્ત્રી. માપસર હોવાપણું. જુઓ આકારશુદ્ધિ.

આકારસાંગશુદ્ધ [સં. આકાર (આક) + સ (સહિત) + અંગ (અવયવ) + શુદ્ધ (ખામી રહિત)] વિ. અવયવશુદ્ધ. જુઓ આકારશુદ્ધ.

આકારસૂચી ૧. [આકાર (સિક્કાનો દર) + સૂચી (યાદી)] સ્ત્રી. આકારવહી; તહસીલની બોપડી; આકારપંજિકા.
૨. સ્ત્રી. કરનો દર બતાવનાર પુસ્તક; કરસૂચી.

આકારસૌષ્ઠવ ૧. [સં. આકાર (આક) + સૌષ્ઠવ (સોણા હોવાપણું)] ન. આકારની સુંદરતા.
૨. ન. પ્રાણી કે પદાર્થના બધા ભાગ દેખાવમાં માપસર દેખાય તેનું હોવાપણું; સમપ્રમાણતા.

આકારાદિ [સં. આ (એ નામનો સ્વર) + કાર (અક્ષર) + આદિ (શરૂઆત)] વિ. 'આ' અક્ષરથી શરૂ થતું; જેનો પહેલો અક્ષર 'આ' હોય એવું.

આકારાવલી [સં. આકાર (બિલોરી) + આવલી (હાર)] સ્ત્રી. આકારવહી; તહસીલની બોપડી.

આકારાંત [સં. આ (એ નામનો સ્વર) + કાર (અક્ષર) + અંત (છેડો)] વિ. (આકારવું) છેડે 'આ' હોય એવું. જેમકે, બાલા, તુલા; કન્યા.

આકારાંતર ન. બિજાવસ્થા; સ્વરૂપમાં થતો ફેરફાર. 'ટ્રાન્સમોર્ફિઝમ'.

આકારિત ૧. [સં. આકૃ (ચીતરવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. આલેખવું કરાયેલું; ચીતરેલું; તોડેલું.
૨. [સં. આકાર (આક) + ક્ત (વાળું)] વિ. આક પાડેલ; આકવેલ.
૩. વિ. નક્કી કરેલું.
૪. વિ. આકેલ.

આકારી ૧. [સં. આકાર (આક) + ઈન્ (વાળું)] વિ. આકારવાળું.
૨. [સં. આકાર (મૂર્તિ) + ઈન્ (વાળું)] વિ ઈશ્વરને આકારવાળા માનનાર; મૂર્તિપૂજક; સાકારમાં માનનાર.
આકારી આકારને આપ, તે તો કાળે કેરી ભક્ષ. અખો
૩. વિ. બર મુજબ કરેલ; ધારાબંધી; કરનિર્ધારિત.
૪. વિ. ઠેકપારી.
૫. [સં. આકાર (ચોરાયેલું તે) + ઈન્ (વાળું)] વિ. ચોરાઉમાલ; ચોરીનો કારનાર.

આકાલ ૧. [સં. આ (ચોકું) + કાલ (વખત)] કું. કલેણ; કટાણું; અકાલ.
૨. [સં. આ (નહિ) + અકાલ (અનુકૂળતે વખત)] કું. ખોટો વખત; ચોગ્ય કાલ; અનુકૂળ સમય.
૩. કું. દુકાળ.
૪. [સં. આ (સુધી) + કાલ (વખત)] અ. કાળપર્યંત; વખત સુધી.

આકાલિક ૧. [સં. આ (અવિદ્યમાન અર્થવાચક ઉપસર્ગ) + કાલ (વખત) + ઇક (લાગું)] વિ. અયોગ્ય વખતે ઉત્પન્ન થયેલું; કમોસમનું; જેનો વખત ન હોય એવું.
૨. [સં. આ (ચોકું) + કાલ (વખત) + ઇક (વાળું)] વિ. જલદી નાશ પામે એવું; ક્ષણિક; ક્ષણજંગુર.

આકાલિકપ્રલય [સં. આકાલિક (કરેજાનું) + પ્રલય (નાશ)] કું. એ નામનો એક પ્રલય.

આકાલિકા ૧. સ્ત્રી એક જાતનો ફૂલવાળો છોડ.
૨. [સં. આ (ચોકું) + કાલ (વખત) + ઇક (વાળું) + આ (તારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વીજળી. કેમકે તેનો દેખ સમયમાં લોપ થાય છે.
૩. વિ. સ્ત્રી જલદી નાશ પામનારી.

આકાલિકો ૧. [સં. આ (ચોકું) + કાલ (વખત) + ઇક (વાળું) + ઈ (તારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વીજળી. તેનો દેખ સમયમાં લોપ થાય છે.
૨. વિ. સ્ત્રી. તરત નાશ પામે એવી.

આકાશ ૧. [સં. આ (ચોતરફ) + કાશ્ (પ્રકાશવું)] કું. અવકાશ; અવાક.
૨. કું. પરમેશ્વર. તે બધી દિશામાં વ્યાપ્ત હોવાના પ્રકાશક છે.
૩. કું. જેમાં એકસો બાર નામ મહિનું એક લુપ્ત સૂર્ય.
૪. ન. આસમાન; ગગન; આભ; ઓમ; દ્યૌ; નભ; અંબર; સુરવર્ત્મ; ખ; નભ, કેમકે તેમાં સૂર્ય ચારે દિશામાં પ્રકાશે છે. આકાશનો રંગ આસમાની હોય એમાં પ્રાચીન સમયમાં કોઈને નવાઈ લાગતી નહિ. કાચનો રંગ લીલો, તેમ આકાશનો રંગ નીલો એ સ્વતઃસિદ્ધ મનાતું. પરંતુ કાચનાં પાંદડાંનો લીલો રંગ જેટલો વાસ્તવિક છે તેટલો આકાશનો આસમાની રંગ નથી. નીચેથી પરનાં વાદળાંની ઉપર અને નીચેથી પડતાં સૂર્યનાં કિરણોને લીધે નજીકના આકાશના રંગનો ફેરફાર થાય છે, પણ વાદળાંની પાછળના આકાશનો રંગ આસમાની દેખાવાનું કારણ હજુ જડ્યું નથી. આકાશ એટલે કે જે અવકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા, આકાશગંગા વગેરે અગોળમંડળો રહેલા છે તેનો ખરો રંગ તો કાળો–બિલકુલ્લે–કાળા જેવો છે. આકાશનો આસમાની રંગ એ ખરો રંગ નથી તે બતાવવા અને વિમાનોની મુલાકાતીયા સિદ્ધ થયું છે. જેમ ઊંચા પ્રદેશોમાં અને પૂરવાળા પ્રદેશમાં જઈએ તેમ આકાશનો રંગ વધારે ઘેરો ને ઘનો બને છે. જમીન ઉપરથી દિવસે પણ આકાશ કાળું ભિડાયેલું લાગે છે. તેથી ઊલટું હવામાં રજકણોનો ભાગ વધારે હોય તો આકાશનો વાદળી રંગ ઝાંખો પડે છે. ઉનાળા જેવા પુષ્કળ ગરમ અને પુષ્કળ તાપવાળા દેશમાં

આકાશનો રંગ જ્યારે ચોખ્ખીકર વર્ષાઋતુમાં આવે છે ત્યારે આકાશનો રંગ કેટલો ઘેરો હોય છે તેના કરતાં હિમાલય પ્રદેશના નીચાણના પ્રદેશમાં આકાશનો રંગ ઝાંખો રહે છે. તેનું કારણ ધૂળના રજકણોની વધારે મોટી સંખ્યા છે. હિમાલય ઉપર રજકણો ની સંખ્યા ત્રિવેણીના આકાશ કરતાં ૧૦૦૦ ગણી ઓછી હોય છે. જેને આકાશમાં રજકણોની સંખ્યા બહુ ઓછી હોવાથી કેટલાક ભૌતિકશાસ્ત્રીઓ એવા નિષ્કર્ષ ઉપર આવ્યા છે કે ધૂળ એકલી જ આકાશના વાદળી રંગનું કારણ હોઈ શકે નહિ. તેમના અનુસાર પરિવર્તન આવે વાદળી રંગ ઉત્પન્ન થઈ શકે. તે માટે ધૂળ પૃથ્વી ઉપર બરફ કે પાણી સાથે ભળી જવી જોઈએ છે અને ટોચે અતિ આકાશના રંગમાં ધૂળનું સ્થાન નગણ્ય છે. વૈજ્ઞાનિકોનું ધૂળનાં રજકણોને લીધે નેમ જ હવાના અણુઓના કદલાક્ષેક પ્રકાશોને લીધે આકાશનો રંગ સૌમ્ય નીલ-કાંઠો આસમાની લાગે છે.

૧. આકાશ ચૂસવું = આકાશમાન થવા કરવું. વાદળાં જતાં રહેવાં.

૨. આકાશ માથે આવવું = (૧) ગેરસમજમાં બહુ દુઃખ પડવાં; દુઃખે ઘેરાઈ જવું. (૨) માથાં ચઢી આવવાં.

૩. આકાશ પાતાળ એક કરવાં = (૧) ગજબ કરવો. (૨) ન બની શકે તેવું કામ પાર પાડવું. (૩) ભગીરથ પ્રયત્ન કરવો; ભારે ઉદ્યોગ કરવો. (૪) મોટી ઊથલપાથલ કરવી; ખાસ કરતાં નાખવું.

૪. આકાશ પાતાળ એક થઈ જવું = (૧) ગજબ થવો. (૨) ભારે મુશ્કેલી માથે આવી પડવી.

૫. આકાશ પાતાળ જેટલું અંતર = (૧) ઘણું છેટું. (૨) મોટો તફાવત.

૬. આકાશ પાતાળ કરી નાખવું = આકાશ આખી પાડવી; દુઃખે ઘેરાઈ જવું.

૭. આકાશ હેઠું આવવું = ન બની શકે તેવો બનાવ બનવો.

૮. આકાશના તારા ઉપેક્ષવા–નીચે ઉતારવા = મોટો ઉત્પાત કરવો.

૯. આકાશના તારા આપવા = ન જેવાની લાલચ જેવી ચીજ આપવી.

૧૦. આકાશનાં પક્ષી કહેવાં = અતિશય મુશ્કેલ કામ કરી બતાવવું; અશક્યવત કામ પાર પાડવું. જે શું તેની કૃતિ અદ્ભુત કહેવાય છે, એ રીતે તો પક્ષી બનાવ તમે કહેવાય છે.–ઉપરાંત

૧૧. આકાશની સાથે–આકાશમાં વાતો કરવી = (૧) બહુ ઊંચું હોવું. (૨) મોટી મોટી આશાઓ રાખવી.

૧૨. આકાશનું ચિત્રકામ = પૃથ્વી ઉપરના ચિત્રકામની ચર્ચાપ્રસંગે સમાંતર તેવી જ બીજી રેખા દોરતાં કરતાં તે રેખાથી આકાશના જે ભાગનો છેદ થાય તે.

૧૩. આકાશને અડવું = બહુ ઊંચું હોવું.

૧૪. આકાશનો આંસુ ખરી = આકાશમાં સંઘરેલ પૃથ્વીની પરી. પૃથ્વીની આકાશમાં સંગ્રહેલ પરી આકાશનો આંસુ કહેવાય.

૧૫. આકાશમાં અડવું = બહુ ઊંચું થવું.

૧૬. આકાશમાં આવું-ઊતરું = (૧) અસોપ થવું; ગુમ થઈ જવું. (૨) કળ ન મળવું; નિરર્થક બનવું. (૩) ફુલાવું; વધવાથી બગાડ થવું. (૪) બહુ ઊંચે થવું; વધવું. (૫) વધારીને વાતો કરવી.

૧૭. આકાશમાં આવવું = વખાણ કરીને ફુલાવવું

૧૮. આકાશમાં ચંદરવો બાંધવો = મોટી કોર્તિ મેળવવી; પરાક્રમ કરી વાહવાહ બોલાવવી; કૈલોક્ય નામના કરવી.

૧૯. આકાશે ચડવું = વધારીને વાતો કરવી. ખુશ્કે આકાશમાં ચડવું.

૫. ન ઈશ્વર; પ્રકાશ અને વરસીનાં ગ્રહોની વહી જનાર પ્રાણ.

૬. ન. એ નામનું ૨૪ તત્ત્વો ધરાવતું એક. સુખ્યે ગાવનીતત્ત્વ.

૭. ન. ઘણું; ઢગ; ઢોકું; ઢિક.

૮. ન. ખાલી જગા; ઢબ સ્થાન; 'સ્પેસ'.

૯. ન. (જૈન) જ દ્રવ્યોનું એ નામનું એક. તે આખા વિશ્વમાં વ્યાપી રહેલું છે, અને ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યના આધારભૂત છે

૧૦. ન (સાંખ્ય) ત્રણેય તત્ત્વો પૈકીનું એ નામનું ત્રીજું તત્ત્વ. ખુલ્લો અવકાશ.

૧૧. ન. જેમાં કાંઈ ન હોય તે પોલાણ.

૧૨. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ અંગ પૈકીનું બીજું; દ્રુત અંગ; લઘુ; ઝોકૃત; વાદન; દ્રુપદ ગિરુ; અર્ધમાત્રિક સૂચના; ઉતરાવ; બંધના; અક્ષરકાલ વગેરે. તેનું ચિહ્ન '૦' અથવા આવા જે છે.

૧૩. ન. તેજ; પ્રકાશ.

૧૪. ન. (ન્યાય) નવ દ્રવ્યો પૈકીનું એ નામનું એક. તેમાં સંખ્યા, પરમાણુપરિમાણ જેટલે બહુ મોટું માપ, એકપૃથકત્વ જેટલે એકને લિયે રહેલું જુદાપણું, સંયોગ, વિભાગ અને શબ્દ જેટલે અવાજ જેવા જ ગુણો રહેલા છે. વૈશેષિકકારે આકાશને દ્રવ્યમાં ગણ્યું, પણ તેના અનુયાયી ન્યાયકાર પ્રશસ્તપાદે આકાશ, કાળ અને દિશાને જેવા જ માન્યાં. જોકે સૂત્રના ૧૭ ગુણોમાં શબ્દ નથી, પણ ન્યાયકારે કેટલાક બીજા પદાર્થોની સાથે શબ્દને પણ લીધો. ન્યાયમાં પણ આકાશને પંચભૂતોમાં ગણેલ છે, અને તેનાથી ભોતિકવિદ્યની ઉત્પત્તિ માની છે. સાંખ્યકારે પણ આકાશને પ્રકૃતિનો એક વિકાર અને શબ્દતન્માત્રાથી ઉત્પન્ન થયેલ માન્યો અને તેના ગુણને શબ્દ કહ્યો. પૌરાણિક ત્રિપદીકારોએ પણ આકાશના અનુકરણ અને બીજા પદાર્થોના અનુકરણની વચ્ચે એક તફાવત માન્યો, કે જે વર્તમાનમાં નજરોનજર થતા અનુકરણ અને ભૂતકાળના પદાર્થો કે ભવિષ્ય સંભાવનાઓની સ્મૃતિના અનુકરણ વચ્ચે રહેલો છે. કાન્ત વગેરેએ આકાશની ભાવનાને અંતઃકરણમાં અનેક જોડલું તેની ગુણ માન્યો. તેમના કહેવા પ્રમાણે દેશનો અનુભવ જાણ પણ ખરી રીતે પદાર્થમાં તેની સ્થિતિ નથી. પ્રત્યુત અંતઃકરણમાં તેની સ્થિતિ છે, તે જ પ્રમાણે આકાશ પણ છે.

૧૫ ન. (વાસ્તુ) પાંચ આકાશ મળિનું એ નામનું એક. આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ ને સર્વાકાશ એ ક્રમોમપંચક કહેવાય છે.

> જે લોકો નવ ગ્રહ, સોળ આધાર, સાત સ્વપ્ન કે પાંચ આકાશોને બરાબર રીતે ઓળખતો નથી તે લોકો ખરા વાસ્તુવિદ્ય છે. લોકવીરત્નકુ

૧૬. ન. (ન્યાય) પ્રાણ મહાભૂતો મળિનું પહેલું તત્ત્વ. આકાશના જ ભેદ: મહાકાશ, અવકાશ, અવાકાશ–ખેપાકાશ અને ઘટાકાશ. અનંત અવ્યક્ત સ્વરૂપે આકાશ તે મહાકાશ. જળ કે કોઈ પણ અવકાશમાં પ્રતિબિમ્બરૂપે પોલું આકાશ તે અવકાશ. ઘણા કે વાદળામાં પ્રતિબિમ્બરૂપે પોલું આકાશ તે અવાકાશ. આ અવકાશ ખરીદ કોઈ ભાગ કલ્પનાથી જાણી શકાય. વાદળાંની વરાળમાં પણી સૂક્ષ્મરૂપે રહેલું હોવાથી ત્યાં પ્રતિબિંબ પડે જ, એ પ્રમાણે અવાર્ય પ્રતિબિમ્બરૂપે પોલું આકાશ તે અવાકાશ. ઘડા વગેરેમાં રહેલું આકાશ તે ઘટાકાશ.

૧૭. ન. વાદળ; ઝંખર.

૧૮. ન. ભાગ.

૧૯. ન. ભવિષ્ય જણાવનારી સંજ્ઞા. જેમકે, સંવત અદ્વૈત સાગર સાતે ત્રિભુવને આકાશ રે. તેમાં અદ્વૈત = ૧, સાગર સાતે = ૭, ત્રિભુવન = ૩ અને આકાશ = ૦ એટલે સંવત ૧૭૩૦.

૨૦. ન. બધુ સિવાય બધે કાંઈ ન હોય એવું સ્થાન.

૨૧. ન. (જૈન) શબ્દનું જણાવી જોટલે પ્રવચન સાથે રહેલું કારણ; શબ્દ જેનો ગુણ છે તે.

૨૨. ન. ખાલી; કોરાપું; બગાડ.
૨૩. ક. વધારે પડતું; ખરચ.
આકાશ ગંગા જોળો જું. (ખગોળ) ખગોળ તારો.
આકાશગંગા ૧. [સં. આકાશ (ગગન) + ગંગા (નદી)] સ્ત્રી. અબજોની સંખ્યામાં વિવિધ પ્રકારના તારાઓ, ગ્રહો, ઉપગ્રહો, ધૂમકેતુ, વાયુ અને ધૂળના વિશાળ સમૂહોનું બનેલું આકાશમાં દેખાતું વિરાટ મંડળ. ખગોળશાસ્ત્ર અનુસાર આ મંડળની પરિધિ ૧૮૩૧૨૦૧૬૨૦૦૦૦૦૦૦ યોજન મનાય છે.
૨. [સં. આકાશ (આસમાન) + ગંગા (નદી)] સ્ત્રી. મેદાનમાં ઊભા રહી આરે તરફ નજર કરતાં આકાશ અને પૃથ્વી મળી ગયેલાં દેખાય તે ગોળ કુંડાળું; દૃષ્ટિમર્યાદા; ક્ષિતિજ; ક્ષિતિજરેખા.
આકાશગર્ભ ૧. ન. ખાલ.
ઉપર નાદ આકાશગર્ભ અવસ્થિત ઉપરનું બખોલું. દયારામ
૨. [સં. આકાશ (આસમાન) + ગર્ભ (અંદર)] વિ. આકાશ જેવું.
આકાશકુસુમ ૧. [સં. આકાશ (આભ) + કુસુમ (ફૂલ)] ન. આકાશનું ફૂલ; અપકૃપ; બનવા સંભવિત ફૂલ.
૨. ન. ન બની શકાય એવી બાબત; અસંભવિત વાત. આકાશમાં ફૂલ થાય નહિ તેથી તેના જેવી અશક્ય વસ્તુ આકાશકુસુમ કહેવાય છે.
આકાશકુસુમવત્ ૧. [સં. આકાશ (આસમાન) + કુસુમ (ફૂલ) + વત્ (જેવું)] વિ. અશક્ય; અસંભવિત; આકાશમાં ફૂલ ન હોઈ શકે એવું અશક્ય.
૨. વિ. અસંભવિત.
આકાશગત ૧. [સં. આકાશ (ગગન) + ગ (જનાર)] જું. પક્ષી; ખગ; પંખી.
૨. વિ. (જૈન) જૈનાગમ તથા પ્રકારનો ભેદ.
ચૌદેય તથા પ્રકાર આ પ્રમાણે છે: કુરૂપ, અતિકુરૂપ, અતિદીર્ઘ, વામન, કુબ્જ, અસારોદિત, ખારોગ, પ્રતિકાણ અને આકાશગત. વર્ણવિચાર
૩. વિ. આકાશમાં જનાર.
આકાશગત ૧. [સં. આકાશ (ગગન) + ગત (ગયેલું)] વિ. આકાર રહેલું; આકારવાળું.
૨. વિ. પડ્યું બિનું.
આકાશગતિ [સ. આકાશ (આસમાન) + ગતિ (ગમન)] સ્ત્રી. ગગનમાં કરવું તે.
બીજા વર્તિ પણ જો કોઈ આકાશગતિ કરનાર થાય છે. કેશવદાસ
આકાશગમન ૧. [સં. આકાશ (ગગન) + ગમન (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આકાશમાં ઊંચું ચાલવાનું, આકાશપથ; ખોમનગર; ઉડ્ડયન.
૨. ન. આકાશગમનમાં કરવું તે.
૩. ન. એ નામની સિદ્ધિ. નાટ્ય ભારત અનુસાર ભોટલે ખાલી જગા વગરના પવનથી ભરપૂર અને હલકા વર્ણ બનેલા આખા શરીરને ફુલાવી ઊંચે ઊડી શકે એમ મનાય છે.
૪. ન. વિમાનમાં ઊંચે ચડવું તે.
૫. ન. સ્વર્ગપ્રવેશવું; દેવલોકમાં ચડવાકરું.
આકાશગર્જના [સં. આકાશ (આસમાન) + ગર્જના (અવાજ)] સ્ત્રી. ગગનમાં થતો મોટો અવાજ.
આકાશગર્ભ જું. ખોપિયાનું એક સ્વરૂપ; વિષખાપ્રિ.
આકાશગંગા ૧. [સં. આકાશ (આસમાન) + ગંગા (એ નામની નદી)] સ્ત્રી. (ખગોળ) રાતે આખા આકાશનો ચીરીને જતો અનેક ઝાંખટુકીઓથી ભરપૂર ધોળાં વાદળ જેવો દેખાતો લાંબો સીધ આકારનો નદી જેવો અનેક કોટાઓમાં ઊભા ઉદ્ભવ દેખાયેલ અને કપાંક વખારે ઝાંખે કપાંક ઓછે પહોળો પટ્ટો આકાશમાં નદી જેવો લાગતો હોવાથી તેને આકાશગંગા કહેવામાં આવે છે. કુલ તારાઓના સમૂહ કે તારા તો આ પટ્ટામાં પાસેપાસે આવેલા હોઈ વધુપ્રમાણમાં પ્રકાશ તારામંડળો પણ આ પટ્ટામાં જે તેથી આકાશગંગા કહેવાય છે. આ આકાશગંગા ૨૦૦૦ પ્રકાશવર્ષ જેટલું પહોળું જોરું વિસ્તરેલ છે. આખો સૂર્ય પણ તેની અંદરનો જ એક તારો છે. આ આકાશગંગાના પટ્ટામાં અનુક્રમે ધૂળિયા, ધૂમ, વાયુ, અતિવિશ્વ, ઘન, કણિકા, વનરાજિ, વાદળદેવ, ધનદીર્ઘ, વ્યાપ, નીલ વગેરે આકાશમાં તારામંડળ આવી તરત છે. મેક્સિકોના લોકો તેને 'મેજપતુની જેન' કહેતા. ઉત્તર ગોળ જ ધરિયા ગોળાર્ધમાંથી તો દેખી શકાય છે. ઓગસ્ટ કે સપ્ટેમ્બરમાં તો વિશેષ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. દેખાવનું તેનું જાણવું છે કે આકાશગંગા આપણા દેખાતા બ્રહ્માંડની પરિક્રમા ભોટલે ઊભો છે. તેની પોતાની પણ આપણે ધરિયા પડે ન કળી શકીએ એવો અનંત અવકાશ આવેલ છે. આ આકાશગંગા પૃથ્વીથી ૨૨૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. એક પ્રકાશવર્ષ ભોટલે એક સેકંડમાં ૧૮૬૦૦૦ માઈલની ઝડપે જતું પ્રકાશનું કિરણ એક વર્ષમાં કાપે તે અંતર. તારાઓના અંતર દર્શાવવામાં પ્રકાશવર્ષનો એકમ તરીકે ઉપયોગ થાય છે. જેમકે, કુદરતી તારો પૃથ્વીથી ૪૨ પ્રકાશવર્ષ, કેપેલિયસ નામ પ્રકાશવર્ષ અને વેગા ૨૬ પ્રકાશવર્ષ દૂર છે. પ્રકાશવર્ષનો અર્થ વખતમાં નહિ પણ અંતરમાં અભિપ્રેત છે. ૧ પ્રકાશવર્ષ = ૧૮૮૪૬૧૭૩૦૦૦૦૦ માઈલ. આકાશગંગાને સ્વર્ગગંગા, ખોમગંગ, સુરનદી આદિ પણ કહેવાય છે.
આકાશગંગા અગ્નિખૂણાથી તો વાયવ્ય પશ્ચિમ દિશા તરફ નીચાણમાં અર્ધવર્તુળ કરીને વાયવ્ય ખૂણા તરફ વળી જાય છે. આકાશદીપ
૨. સ્ત્રી. સફેદ દૂધ જેવી નદી.
૩. સ્ત્રી. સ્વર્ગમાની ગંગા.
૪. સ્ત્રી. હિમાલય ઉપર આવેલી નીચલોકમાં જે નામની નદી. ઉદે આ નદીના પાણીમાં શ્રીકૃષ્ણને અભિષેક કર્યો હતા એમ મનાય છે.
આકાશગામ [સં. આકાશ (આસમાન) + ગા (જનારી)] સ્ત્રી. આકાશમાં રાતે અસંખ્ય ઝાંઝરપટ્ટીઓનો દેખાતો લાંબો સફેદ અણસાર જિસોટો. જુઓ આકાશગંગા ૧.
આકાશગામિની ગંગા [સં. આકાશ (આસમાન) + ગામિની (જનારી) + ગંગા (એ નામની નદી)] સ્ત્રી. સિદ્ધપ્રવાસ; સ્વર્ગનો માર્ગ; તારાના સમૂહમાં દેખાતું વાદળું રૂપ.
સિદ્ધપ્રવાસ ગંગા જિસે પ્રવાસ ન હોય તે પ્રવાસે સમારંભ અવશ્ય સાથે પ્રવાસમાં ગંગામાં આવે છે. તે અર્થે આવા જિસા સાધક રહેવી હોય એ રીતે આકાશમાં વાદળું રૂપ તારાઓના સમૂહમાં દેખાય છે. એ અર્થને દેખાવ જોવે સ્વર્ગના માર્ગ કહે છે અને તારામાર પ્રમાણે દેખાવ લોકો તેને સિદ્ધપ્રવાસ કહે છે, જિસું જ નદિ પણ દેખાવ લોકો આકાશગામિની ગંગા કહે છે. વાલ્મીકિ
આકાશગામી ૧. [સં. આકાશ (આસમાન) + ગામિન્ (જનાર)] વિ. આકાશમાં ફરનાર કે ઊડનાર; આકાશમાં જવાની શક્તિવાળું.
૨. વિ. ગગન તરફ જનાર.
૩. વિ. દેવતાઈ; દિવ્ય.
૪. વિ. વિમાનમાં ફરનાર.
આકાશાયુક્ [સં. આકાશ (ખાલી જગા) + યુક્ત (સહિત)] જું. (વેદાંત) આકાશમાં રહેલા શૂન્યના, પરિમાણ ભોટલે બાપ, ભોક્તૃકૃત ભોટલે ભોગમાં લાવું હોવાપણું, સંતોષ, વિલાસ અને શબ્દ એ ૭ ગુણ.
આકાશ ગોળો ૧. જું. આકાશ.
૨. જું. ખરતો તારો.
આકાશચક્ષસ [સં. આકાશ (આસમાન) + ચક્ષસ (જોવાનું સાધન);] જું. સંત.

આકાશચલણી ૧. [સં. આકાશ (અવકાશ) + ચલણ (ચલણી)] સ્ત્રી. ઊંચા ઝાંખરા ઉપર આવેલી નાની ચકલી જેવો ચાલતો ભારદી.
૨. સ્ત્રી. ઊંચા ઝાંખરા ઉપર આવતી ભારદીની રમત.
૩. સ્ત્રી. ઘરમાં જ્યાંથી જ્યાં નાની દોરીની મોટી ચીજ.
૪. સ્ત્રી. એ નામનું પક્ષી.

આકાશચારી ૧. [સં. આકાશ (આભ) + ચર (ગતિ) + ઇન્ (વાળું)] પું. દેવ.
૨. પું. નક્ષત્ર.
૩. પું. પક્ષી.
૪. પું. રાક્ષસ.
૫. પું. વાયુ; પવન.
૬. પું. સર્પ જેવો એક ગ્રહ.
૭. વિ. આભમાં ઊડનાર; ખેચરવાળી.

આકાશચિત્ર [સં. આકાશ (અવકાશ) + ચિત્ર] ન. ગગનનો વિસ્તાર; અંતરીક્ષ.

આકાશચુંબી [સં. આકાશ (આકાશમાન) + ચુંબ્ (અડવું)] વિ. આકાશને અડતું; ગગન સુધી પહોંચતું; બહુ ઊંચું.

આકાશચોટી [આકાશ (આકાશમાન) + ચોટી (શિખર)] સ્ત્રી. (જ્યોતિષ) બરાબર માથા ઉપર આકાશમાં આવેલું એક કલ્પિત બિંદુ. શિર્ષબિંદુ; 'ઝિનિથ'.

આકાશજ [સં. આકાશ (અવકાશ) + જ (પેદા થયેલ)] વિ. આભમાં જન્મેલું.

આકાશજનની [સં. આકાશ (તેજ) + જનની (પેદા કરનારી)] સ્ત્રી. હિલ્લા વગેરેમાં રાખેલી નાની આરી.

આકાશજલ ૧. [સં. આકાશ (આભ) + જલ (પાણી)] ન. ઓસ; ઝાકળ.
૨. ન. વરસાદનું પાણી. બધા નક્ષત્રમાં વાસણમાં ભરી લીધેલું વરસાદનું પાણી દવાના કામમાં આવે છે.

આકાશજળ [સં. આકાશ (આભ) + જલ (પાણી)] ન. ઓસ. જુઓ આકાશજલ.

આકાશતત્ત્વ ૧. [સં. આકાશ (પોલાર) + તત્ત્વ (મૂળ અવયવ દ્રવ્ય)] ન. પોલાર; સૂક્ષ્મ-વાયુ.
૨. ન. શરીરમાં રહેલાં પંચ તત્ત્વોમાંનું એ નામનું એક.
એવા આંદોલનોનો અત્યંત વેગ હોય છે તે અણુઓને આકાશતત્ત્વ કહે છે. આ તત્ત્વનો ઘોળો અથવા ગાઢના રંગ જેવો રંગ છે.
મેઘદૂતમ્

આકાશતલ ૧. [સં. આકાશ (અવકાશ) + તલ (સપાટી)] ન. આભમાનની સપાટી.
૨. ન. જેનો અંત્ય; અનંતસ્વરૂપની અવસ્થા.

આકાશતોલનયંત્ર [સં. આકાશ (આભી જગા) + તોલન (માપ) + યંત્ર (સાધન)] ન. વાયુનું દબાણ માપવાનું સાધન; 'બેરોમિટર'.

આકાશદીપ ૧. પું. ઊંચે અદ્ધર ટાંગેલ દીવો.
૨. [સં. આકાશ (આકાશમાન) + દીપ (દીવો)] પું. આશ્વિનથી પુનમથી દેવદિવાળી સુધી ઘરની બહાર સિખર ઉપર, અગાશીમાં કોઈ ઊંચે ઠેકાણે લટકાવતો દીવો; જેને તુલા નામની રાશિમાં આવે ત્યારે રાત્રે ઊંચે ઠેકાણે રખાતો દીવો.

આકાશદીવડી (આકાશદીવડી) સ્ત્રી. સિખર ઉપર કે તેરે કોઈ ઊંચે ઠેકાણે રાખેલો દીવો. જુઓ આકાશદીપ.

આકાશદીવો પું. ઊંચે ઠેકાણે કરાતો દીવો. જુઓ આકાશદીપ.

આકાશદુહિતા [સં. આકાશ (અવકાશ) + દુહિતૃ (દીકરી)] સ્ત્રી. પડઘો; પ્રતિશબ્દ; પ્રતિધ્વનિ.

આકાશદેવી સ્ત્રી. એ નામની દેવી. આંતરી ઓળખનારી માણસ મારેલ સવાલ સંબંધે કુંડલી કરી મહોને રાશિ મુજબ સ્થાપન કર્યા પછી લાગમાં જુદે સ્થાને ચંદ્ર આવે તો આ દેવીને લીધે રોગ થયો હોવાનું મનાય છે.

આકાશદ્વાર [સં. આકાશ (અંતરિક્ષ) + દ્વાર (બારણું)] ન. સ્થાપના વખતે સિવલિંગને અંતરિક્ષમાંથી મંદિરમાં પધરાવવાનું સિખરના આગલા ભાગમાનું બાકું.

આકાશધરી [આકાશ (નભ) + ધરી (ઉત્તર દક્ષિણ ધ્રુવને સાંધનારી લીટી)] સ્ત્રી. આકાશના ઉત્તર અને દક્ષિણ બિંદુને જોડનારી તેના મધ્ય બિંદુમાંથી પસાર થતી કલ્પિત લીટી.

આકાશધુરી [સં.] સ્ત્રી. આકાશધ્રુવ.

આકાશધ્રુવ [સં. આકાશ (અવકાશ) + ધ્રુવ (ખૂંપ્યું હોવાને લીધે સ્થિર)] પું. અયનનો ધ્રુવ.

આકાશનદી [સં. આકાશ (અવકાશ) + નદી] સ્ત્રી. સ્વપ્નસૃષ્ટિ. જુઓ આકાશગંગા ૧.

આકાશનલિની [સં. આકાશ (અવકાશ) + નલિની (કમળ)] સ્ત્રી. આકાશના કલ્પિત પદ્મસરોવરનાં કમળ.

આકાશનિકટા [સં. આકાશ (આભી જગા) + નિકટા (પાસ)] સ્ત્રી. ખુલ્લા મેદાનમાં પડતું તે.

આકાશનિર્વિરૂપ પું. સિવનાં હજાર નામ પૈકીનું એક.

આકાશનિવ [સં. આકાશ (આકાશમાન) + નિવ (લીટો)] ન. ભૂમિનું માપ. તે સીધું અને ઊંચું હોય છે.

આકાશનિષ્પુ [આકાશ (આભ) + નિષ્પુ (ઘણું)] ન. એ નામનું માપ. જુઓ આકાશનીમ ૨.

આકાશનીમ ૧. [સં. આકાશ (આભ) + નિમ (લીટો)] પું. જમીનના માપ ઉપર ઊગતો છોડ.
૨. પું. સીધું ૮૦ ફૂટ ઊંચું ઊગતું ઝાડની જાતનું એક માપ; નીમચંબલી; નીનીચંબલી. આકાશનિષ્પુ. તેની પીળાશ પડતી ભૂખરી છાલમાં તરડાં પડેલાં હોય છે. તેનાં બેઘડા કાચ ઊંચ લાંબાં પાન બે અમલ ગરુના વૃક્ષમાં હોય છે. જાન્યુઆરી અને માર્ચ મહિના વચ્ચે તેનાં પાંદડાં ખરે છે, અને એપ્રિલથી મે માસમાં નવાં પાંદડાં આવે છે. તે કદી પણ તદ્દન પાન વિનાનું હોતું નથી. મુંબઈ અને દક્ષિણ તરફ ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીમાં અને પંજાબ હિંદના બીજા ભાગમાં ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં તેને ફૂલ આવે છે. તેનાં પાંદડાં લીલાં પાનમાં નીચે ઢળતાં સફેદ ફૂલ ઝાડની શોભામાં સુંદર વધારો કરે છે. આ ફૂલની સુવાસ બહુ મીઠી હોવાથી આસપાસનું વાતાવરણ ખુશબોથી ભરપૂર બને છે. નાનુ પંચાસર ઠીકું લટકતા નળી જેવા ફૂલ સાથે જોડાયેલા હોય છે. ફૂલનો નળીઘાળો ભાગ બંધી બહુ ઉંચ લાંબો, અને સહેજ વીલાશ પડતો હોય છે. નળીના ઉપરના ભાગમાં બીજુ જેવી સહેજ મુલાયમ રૂંવાટી ઝીંપણાળી મુંડાળા પાંખડીઓ હોય છે. પાંખડી અંડાકાર અને છેડે અણીદાણી હોય છે. સોંપરા મોટી પાંખડીમાં ગોરા હોય છે. ફૂલમાં ચાર પુંકેસર અને તે ચારે ઉપર પીળા પરાગકોષ હોય છે. તેનું દોઢ ફૂટ લાંબું ફળ પાતળું, ચપટું અને બન્ને છેડે અણીદાણું હોય છે. તેનાં બિયાં ચપટાં અને ગોળ ઘેરા લાંબાં હોય છે. પશ્ચિમ હિંદ અને મધ્ય પ્રાંતમાં આ ઝાડને ફળ આવતાં નથી. આ ઝાડ બર્મા, મલાયા દ્વીપકલ્પ અને એ બાજુના પ્રદેશનું વતની છે. દેખાવડું હોવા છતાં બટાકાર ન હોવાથી રસ્તા ઉપર તે નકામું છે. બેજવાબદારી જગ્યા તેને વધારે અનુકૂળ છે. તે બટકાવું છે અને તેનાં મૂળ ઊંડાં જતાં નથી. સપાટ વાવાઝોડામાં ઘણાં પડી જાય છે. તેનું પીળું અને પોચું લાકડું ફર્નિચર બનાવવા માટે વપરાય છે. તેની એક ઉંચ બનાવવા માટે વપરાય છે. તેની એક ઉંચ બનાવવા માટે વપરાય છે. તેની એક ઉંચ

આકાશપથ ૧. [સં. આકાશ (આકાશ) + પથિન્ (રસ્તો)] પું. આકાશનો રસ્તો; ગગનમાર્ગ; હવાઈ રસ્તો; અંતરિક્ષપથ.
૨. પું. આકાશમાર્ગે આવેલ રસ્તો.

આકાશપરી સ્ત્રી. પરી; દેવોની નાચનારી; આસમાનની હૂરી.

આકાશપંથ [સં. આકાશ (નપું) + પથિન્ (રસ્તો)] પું. આકાશનો માર્ગ. જુઓ આકાશપથ.

આકાશપાતાલ [સં. આકાશ (નપું) + પાતાલ (અધોભુવન)] ન. ક. ઉપરમાં હાથે તથા નીચામાં નીચો પ્રદેશ.
આકાશપાતાલ એક કરવાં = ખૂબ જ્ઞાતના પ્રયત્ન કરવા.

આકાશપુષ્પ [સં. આકાશ (આકાશવત) + પુષ્પ (ફૂલ)] ન. અસંભવિત બાબત. જુઓ આકાશકુસુમ.

આકાશપ્રકૃતિપંચક [સં. આકાશ + પ્રકૃતિ (મૂળ) + પંચ (પાંચ)] ન. (વેદાંત) આકાશના પાંચ મૂળ. કોઈ અક્ષર, બોલ, મોહ, ક્રોધ, ક્રોધ અને કોઈ રાગ, દ્વેષ, ભય, જુગુપ્સા, એમ પાંચ આકાશના મૂળ અને છે.

આકાશપ્રતિબિંબ [સં. આકાશ (નપું) + પ્રતિબિંબ (પડછાયો)] ન. આકાશનો પડછાયો.

આકાશપ્રદીપ [સં. આકાશ (નપું) + પ્રદીપ (દીવો)] પું. ઊંચે દેખાતો કરાતો દીવો. જુઓ આકાશદીપ.

આકાશપ્રદેશ [સં. આકાશ (એ નામની વસ્તુ) + પ્રદેશ (કોઈ નાનો ભાગ)] પું. (જૈન) આકાશ નામના દ્રવ્યનો અવિભાજ્ય એટલે જેના ભાગ ન પાડી શકાય એવો ભાગ.

આકાશપ્રવાસ [સં. આકાશ (નપું) + પ્રવાસ (મુસાફરી)] પું. હવાઈ જહાજમાં કરાતી મુસાફરી.

આકાશપ્રવાસી ૧. [સં. આકાશ (આકાશ) + પ્રવાસ (સફર) + ઇન્ (વાળું)] પું. દેવ.
૨. વિ. આકાશમાં ફરનાર.

આકાશપ્રાંત [સં. આકાશ (નપું) + પ્રાંત (છેવાનો ભાગ)] પું. આકાશનો છેવો; ક્ષિતિજ.

આકાશફેણ [સં. આકાશ (આકાશ) + ફણ (ફણા)] ન. પ્રજા; સંતતિ; સંતાન.

આકાશફેણિ [સં. આકાશ (આકાશ) + ફણ (ફણા)] પું. સંતાન; સંતતિ; પ્રજા.

આકાશબારી [સં. આકાશ (આકાશ) + દ્વાર (રસ્તો)] સ્ત્રી. છાપરામાં અજવાળું આવવાને સારુ પાડી; અજવાસિયું.

આકાશભણ્યું [સં. આકાશ (આકાશ) + ભણવું (ભણવાનું)] વિ. સ્ત્રી. આકાશમાં ભણનારી.
હવામાંથી આકાશભણ્યું વિદ્યાર્થિની પકડેલી. ૧૯૬૬૬૬ (વિકાસનું ૧૯ મું વર્ષ)

આકાશમાણસ ૧. [સં. આકાશ (આકાશ) + માણસ (મનુષ્યપ્રાણી)] પું. (નાટક) આકાશ સામું જોઈને કરવામાં આવતું ભાષણ.
૨. ક. ઈશ્વરને ઉદ્દેશીને બોલાતાં વચન; ઈશ્વરપ્રાર્થના.
૩. ક. વિપત્તિને વખતે કરાતું પરમેશ્વરનું સ્મરણ.

આકાશમાણિયત ૧. [સં. આકાશ (વચન) + ભાણિત (ભાષા)] ન. આકાશમાં સંભળાતો અવાજ અથવા શબ્દ; આકાશવાણી.
૨. ન. (નાટક) કેળવણિ આકારના કોઈ માણસ પાસે બનવું વાત કરતો હોય તે રીતે બનેલ નાટકના પાત્રની બોલી. આમ કરવાથી નવાં પાત્ર નાટક બજાવનારી જગ્યા ઉપર લાવવાં પડતાં નથી.

આકાશમોહ [સં. આકાશ (આકાશ) + મોહ (ભ્રમ)] પું. (જૈન) આકાશના પ્રકાર. લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભાતનું આકાશ છે. અબોધિત વિષે આવેલું અજ્ઞાન એટલે કર્મવાળાં જીવોને રહેવાનું કહેવાયું તે લોકાકાશ અને ઊર્ધ્વદિશ વિષે મુક્ત એટલે કર્મ વિનાના જીવોને રહેવાનું કહેવાયું તે અલોકાકાશ.

આકાશરાજ ૧. [સં. આકાશ (તેજ) + રાજ (વાળું)] પું. આત્મા.
૨. વિ. દિવ્ય; આકાશી; દૈવતાર્ક; અલૌકિક.

આકાશરાંધણ ૧. [સં. આકાશ (નપું) + રંધણ (કરવું)] ન. એક ભાતની આતશબાજી. તેની આખી માટલી આકાશમાં ફેંકવા પછી તેમાંથી વિચિત્રવર્ણિત તારાઓ દેખાય છે.
૨. ન. પૃથ્વી ઉપરથી દેખાતું આખું આકાશ; અવકાશ; નભમંડળ; ખોળમંડળ.
૩. ન. વાતાવરણ.

આકાશરાંધણી [સં. આકાશ (નપું) + રંધણ (કરવું)] ન. નભમંડળ. જુઓ આકાશરાંધણ.

આકાશરામાર્ગ ૧. [સં. આકાશ (આકાશવત) + માર્ગ (રસ્તો)] પું. આકાશમાંનો રસ્તો; ગગનમાર્ગ; આકાશપંથ. આગલા ઋષિમુનિઓ અને મોટા રાજાઓ આ રસ્તે થઈ આકાશગમન કરતા અને તેઓ સ્વર્ગમાં ઉંદને ત્યાં જતા આવતા એમ મનાય છે.
૨. પું. વિમાન; આકાશયાન.

આકાશરામાસી સ્ત્રી. એ નામની વનસ્પતિ; જટામાંસી. જુઓ આકાશમાંસી.

આકાશરામાંસી સ્ત્રી. એ નામની વનસ્પતિ; જટામાંસી. પહાડ ઉપર ઘણી ઊંચી ઊગતી હોવાથી તે આકાશમાંસી કહેવાય છે.

આકાશરામુખ [સં. આકાશ (વચન) + મુખ (મોઢું)] ન. શિવમાર્ગી સાધુની એક જાત. તેઓ આકાશ તરફ મોઢું રાખીને તપ કરે છે.

આકાશરામુખી ૧. [સં. આકાશ (વચન) + મુખ (મોઢું) + ઈન્ (વાળું)] પું. એક જાતના શિવમાર્ગી સાધુ. જુઓ આકાશમુખ.
૨. પું. શૈવમતનો એ નામનો વિભાગ.

આકાશરામુનિ ૧. [સં. આકાશ (વચન) + મુનિ (સાધુ)] પું. ઊંધું મોં રાખી તપ કરનાર સાધુ.
૨. પું. ઊંટ. તે ઊંધું જોવા કરે છે.
૩. વિ. ઊંધું મોં રાખી તપ કરનાર.

આકાશરામૂલી [સં. આકાશ (વચન) + મૂલ (મૂળ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની અઢર મૂળવાળી એક વનસ્પતિ; કુલિકા.

આકાશરાયાન ૧. [સં. આકાશ (નપું) + યાન (વાહન)] ન. આકાશમાં ફરવાપણું; અંતરિક્ષમાં પર્યટન.
૨. ન. વખારો.
૩. [સં. આકાશ (વચન) + યાન (વાહન)] ન. વિમાન; જહાજ.
૪. ન. હવાઈ.

આકાશરાયોધી [સં. આકાશ (આકાશ) + યોધિન્ (લડનારો)] પું. ઊંચી જગ્યા કે ટેકરી ઉપરથી લડનારો.

આકાશરારણી [સં. આકાશ + રણ (અવાજ) + ઈન્ (વાળું)] પું. સિલ્લાના કોઠાઓનો પદેરેગીર.

આકાશરાલજ્જુમાર્ગ [સં. આકાશ + લજ્જુ (દોરડું) + માર્ગ (રસ્તો)] પું. સાધારણ વજનની ચીજો ખેંચવા માટે ઊંચેથી દોરડાં લટકતી કરેલો રસ્તો; 'ઓવરહેડ રોપ વે'.

આખુકર્ણીપર્ણિકા [સં. આખુ (ઉંદર) + કર્ણ (કાન) + પર્ણ (પાન) + ઈક (નાનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની વનસ્પતિ. જુઓ આખુકર્ણી.

આખુકર્ણી [સં. આખુ (ઉંદર) + કર્ણ (કાન) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઉંદરકાની. તેનાં પાન ઉંદરના કાન જેવાં થાય છે.

આખુપત્ર [સં. આખુ (ઉંદર) + પત્ર (વાહન)] કું. ઋતુપતિ; મહેન્દ્ર. તેનું વાહન આખુ જેટલે ઉંદર હોવાથી તેને આખુપત્ર કહે છે.

આખુપર્ણિકા [સં. આખુ (ઉંદર) + પર્ણ (પાન) + ઇક (નાનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઉંદરકાની. જુઓ આખુકર્ણી.

આખુપર્ણી [સં. આખુ (ઉંદર) + પર્ણ (પાન) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની વનસ્પતિ. જુઓ આખુકર્ણી.

આખુપાષાણ ૧. [સં.] કું. એક જાતની ધાતુ.
૨. કું. ગુંજા પત્થર.
૩. કું. સંખિયા નામનું ઝેર; સોમલ.

આખુશુષ્ક [સં. આખુ (ઉંદર) + શુષ્ક (સુકાયું)] કું. નિસાડો; આખુશુષ્ક.

આખુશુષ્કી [સં. આખુ (ઉંદર) + શુષ્ક (સુકાયું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. નિસાડી.

આખુશુષ્ક [સં. આખુ (ઉંદર) + શુષ્ક (સુકાયું)] કું. નિસાડો. તે ઉંદર ખાતો હોવાથી તેને આખુશુષ્ક કહે છે.

આખુશુષ્કા [સં. આખુ (ઉંદર) + શુષ્ક (સુકાયું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. નિસાડી.

આખુરથ [સં. આખુ (ઉંદર) + રથ (વાહન)] કું. ઋતુપતિ; મહેન્દ્ર. જુઓ આખુપત્ર.

આખુવાહન [સં. આખુ (ઉંદર) + વાહન (મુસાફરીનું સાધન)] કું. મહેન્દ્ર; ઋતુપતિ. જુઓ આખુપત્ર.

આખુવિષહા ૧. [સં. આખુ (ઉંદર) + વિષ (ઝેર) + હન્ (નાશ કરવું)] સ્ત્રી. ઉંદરના ઝેરને દૂર કરનાર દેવતાનું નામ.
૨. સ્ત્રી. એક જાતની વેલ.
૩. સ્ત્રી. દેવાંગના નામની ઔષધિ.

આખું ૧. [સં. અક્ષત (નહિ ભાંગેલું); પ્રા. અક્ખમ] વિ. અસી ન કર્યું હોય એવું.
આખો ઘોડો = અસી કર્યા વિનાનો ઘોડો.
૨. વિ. નહિ ભાંગેલું; ભાંગ્યા વિનાનું; અખણ્ડિત; અખંડ.
૧. આખા હાડકાનું = મહેનત કરવામાં કાચર; બનુલોગી; આળસુ.
૨. આખી આણી = જરા પણ ભાંગ્યા તાગ્યા સિવાય; સહીસલામત.

૩. આખી અણીએ = વજન ઉપરાંત કાંઈ પણ આપ્યા વગર.
૪. આખી આ = ભૂકો કર્યા વિનાની આખાં પાંદડાંવાળી આ.
૫. આખું કોળું સાકમાં જાય ? = બહુ મોટી રકમ આવે નહિ; ખુલ્લી બાબતમાં મોટી ગેરસમજ થઈ શકે નહિ.
૬. આખું ને આખું કરડી જવું = બરાબર ચૂકવી નાખવું; નિકંદન કાઢવું.
૭. આખો લાડવો ખાવો = ગેરલાભ ખૂબ મળે તેવી કાળજી કરવી.
૮. આખો લાડવો મોંમાં ન પેસે = વસ્તુ ઉપરવટ જેવામાં નહિ; ઉતાવળ કરવાથી આંખા પડે નહિ.
૯. લાડકાનું આખું = આળસુ; આખો લાડકાનું.

૩. વિ. નીડરતાથી ચોકાચોક સાચી વાત કહેનાર; બોલવામાં આકરું; આખાબોલું.

૪. વિ. પૂરું; બધું; સળંગ; આખેઅ; તમામ; અખોવન.
૧. આખા ગામનો ઉતાર = ગામમાં નઠારામાં નઠારું અને દુષ્ટમાં દુષ્ટ માણસ.
૨. આખી રાત હળાને કુહાડીમાં વાળવું = રાતદિવસ સખત શ્રમ કરવું પણ કાંઈ ફાયદો ન મળવો; બહાર ખોટાને ઉતર કાઢવો.
૩. આખી રાત રળી ને ઊખી ખાલી હળી = બધી મહેનત કરવા છતાં કાંઈ ફાયદો ન મળવો.
૪. આખી રાત રોઈ ત્યારે જોઉ ગેસી ખોઈ = ખોટવો કુંભર ને કાઢવો ઉંદર; નાની બાબતમાં નકામો આડંબર કરવો.
૫. આખો દહાડો નાગો ફરે ને નાહતી વેળાએ પહેરો ધરે = મોટી અને અગત્યની બાબતોને લેખવે નહિ અને નાની નજીવી બાબત ઉપર બહુ ધ્યાન આપે એવું; અવિવેકી.
૬. આખો દિવસ આળસુ અને રાત્રે કાંતવા બેસે = અનુદ્યોગી માણસે શ્રમ કરવાનો ખોટો ડોળ કરવો.

આખુંપાખું વિ. [અપ્રા. (આખું) + પાખું (આખું એવું રૂપ)] વિ. જોઈતું તેવું આખેલું; પૂરેપૂરો ભૂકો નહિ થયેલું; આખુંબાકું; અપક્વ.
૨. વિ. સાંગોપાંગ; સ્પષ્ટ.
તખેત તે આખો રે, ન કહેવો આખુંપાખું. ધીરો

આખુંબાકું [સં. અપ્રા. (આખું) + બાકું (આખેલું)] વિ. બોકું આખેલું ને બોકું આખું; બહું મોટું બાકિલું; અવખોખરું; અપક્વ.

આખુંબાખું વિ. અપક્વ; આખુંબાકું.

આખુંબાંકું વિ. અપક્વ. જુઓ આખુંબાકું.

આખૂત [સં.] પું. શિક્ષક; ગુરુ. જુઓ આખૂનછ.

આખૂનછ ૧. [સં. આખૂત (ઋદંતજ)] પું. ભરળી આપા શીખવનાર શિક્ષક.
આખૂનછ લાકડી તોડતો ? તો કહે જો તો ઝાડવા કામ, અને ' આખૂનછ બીજાની આપો ? તો કહે કે નિરિમલાઈ = કામ કરવું નહિ ને આપવાને તૈયાર.
૨. પું. ગુરુ; ઉસ્તાદ.

આખૂર ૧. સ્ત્રી. ઓગ; બનવરોએ ખાતાં વધેલ ચારો.
૨. [સં.] સ્ત્રી. કબરો.
૩. સ્ત્રી. તબેલો.

આખૂંછ [સં. આખૂત (ઋદંતજ)] પું. ગુરુ; શિક્ષક. જુઓ આખૂનછ.

આખૂંહ [અ.] પું. ગુરુ. જુઓ આખૂનછ.

આખૂંહછ [અ. આખૂંહ (ઉસ્તાદ)] પું. ગુરુ. જુઓ આખૂનછ.

આખે [સં. આખ્યા (ઋદંત)] ક્રિ. (કિંમત) વસૂલ.

આખેઅ ૧. [સં. અખિલ્ (બાકી)] પું. બીજ; બચ.
૨. [સં. આખિલ્ (બીજવાવું)] પું. શિકાર; મૃગયા.

આખેઅક ૧. [સં. આખેઅ (શિકાર) + ક (કરનાર)] પું. પારધી.
૨. પું. શિકારી.
૩. પું. શિકારી કૂતરો.
૪. ન. શિકાર; મૃગયા.
૫. વિ. શિકાર કરનાર; મૃગયા રમનાર.

આખેઅિક ૧. [સં. આખેઅ (શિકાર) + ઇક (વાળું)] પું. પારધી.
૨. પું. શિકારી.
૩. પું. શિકારી કૂતરો.
૪. વિ. ભયાનક; વિકરાળ.
૫. વિ. મૃગયામાં કુશળ; શિકારમાં હોંશિયાર.

આખેટી ૧. [સં. આખેટિન્ (શિકાર કરનાર)] પું. પારધી.
૨. પું. શિકારી.

આખેટ્ય પું. શિકારી. જુઓ આખેટી.

આખેટ્યું [સં. આખેટ (શિકાર)] વિ. શિકારમાં આંતરેલ એટલે વેરાયેલ.

આખેડાખેડ (આખેડાખેડ) જ. આડોડી-પાડોશી.

આખેપ ૧. પું. ખંત; ઊલટ; કાળજી.
રાતદિવસ રાત રાખવા,
અતિ આખેપ રાખે છે ઘર. નિષ્કુલાનંદ
૨. પું. ટેવ; હેવા.
૩. પું. મહાવરો; અભ્યાસ.
એને અહીંનો આખેપ પડ્યો છે. સોરઠ
૪. પું. સારસંભાળ.

આખેપવું જ. ક્રિ. ખંત રાખવી; મંડ્યા રહેવું.

આખેબ પું. કાળજી. જુઓ આખેપ.

આખેબી વિ. ખંતીલું; ઉદ્યમી; મહેનતુ.

આખેર ૧. [અ. આખિર (ઉપર)] સ્ત્રી. અંત; છેડો; સમાપ્તિ; છેવટ.
૨. વિ. છેવટનું; છેલ્લું; આખર.
૩. અ. છેવટે; અંતે.

આખેરત ૧. પું. કામતનો દિવસ.
૨. [અ. આખિરત (બીજી દુનિયા)] સ્ત્રી. પરલોક; સ્વર્ગ.

આખેરસ [સં. આખિરસ (છેવટ)] અ. અંતે; છેલ્લે.

આખોઆડી (આખોઆડો) [સં. અક્ષત (આખું) + ઘડી (ઘડી)] અ. વારંવાર; ફરી ફરીને; બહુવાર.

આખોઆડીએ (આખોઆડીએ) અ. વારંવાર; આખોઆડી.

આખોડ [સં. આખ (પાવડો) + ઉટ (પકડું)] પું. અખરોટનું ઝાડ. તેનાં પાંદડાં પાવાને મળતાં હોય છે.

આખોર ૧. સ્ત્રી. ઓગ; બનવરોએ ખાતાં વધેલ ચારો.
૨. [સં.] સ્ત્રી. કબરો.
૩. સ્ત્રી. તબેલો.
૪. સ્ત્રી. નકામી ચીજ.
૫. સ્ત્રી. સડી ગયેલી વસ્તુ.
૬. વિ. નકામું; ઉપયોગ વિનાનું.
૭. વિ. મેલું; ગંદું.
૮. વિ. રહી; નકિ સ્વીકારેલ.
૯. વિ. સડી ગયેલું.

આખોરબુક જ. (કિંમત) વાદ કરવું તે.

આખોલપાખોલ જ. (કચ્છી) અપેપાપણે; આલુબાલુ.

આખોં પું. પલ્લી; ભલિક.

આચ્છિન્નદત ૧. [સં. આ (બધારે) + ખિદ્ (દુઃખ આપવું) + અત્ (વર્તમાનકૃદંતનો પ્રત્યય)]

વિ. નિયમમાં ન રહેનાર છોકરાને અપરાધ પ્રમાણે શિક્ષા કરીને ઠેકાણે પમાડનાર.

૨. વિ. વેદમાં વપરાયેલું કઠણ એવું વિશેષણ.

આખ્તા ૧. [ફા.] પું. બસી કરેલો બોકો.

૨. વિ. પું. બસી કરેલો.

૧. આખ્તા કરવું = બસી કરવું; ઓજા કરવું.

૨. આખ્તા હોવું = બસી કરેલ હોવું.

આખ્તા આખ્તા પું. બસી કરેલું પ્રાણી; આખલો.

આખ્તા બોડી (આખ્તા બોડો) સ્ત્રી. રતન વિનાની સ્ત્રી. મૂળ આ શબ્દનો અર્થ બસી કરેલી બોડી ગાય છે, પણ મરકરીમાં તે કપટા થાનવાળી અથવા રતન વિનાની સ્ત્રી માટે વપરાય છે.

આખ્તાબેગી પું. મુઘલ બાદશાહ જહાંગીરના વખતનો એક અમલદાર.

આખ્યા ૧. [સં.] સ્ત્રી. અટક; કુલક્રમે ઉપરથી પડેલું ઉપનામ.

૨. સ્ત્રી. કહેવા; કથ; લોકવાયકા.

૩. સ્ત્રી. નામ; સંજ્ઞા; અભિધાન. સમાસને છેડે 'આખ્યા'નું 'આખ્ય' થાય છે.

નગરી એક છે ને મહીરમણી આખ્ય અભિરામ. દયારામ

૪. [સં. આ (ચોતરફ) + ખ્યા (પ્રસિદ્ધ થવું)] સ્ત્રી. પ્રસિદ્ધિ; કીર્તિ; ખ્યાતિ; નામના; યશ.

૫. સ્ત્રી. વિવરણ; સ્પષ્ટીકરણ; આખ્યા.

૬. સ્ત્રી. સોબા.

૭. ક્રિ. વિ. કહેવું.

૮. ક્રિ. વિ. જાહેર કરવું.

૯. ક્રિ. વિ. નામ આપવું.

આખ્યાત ૧. [સં.] ન. (આકરણ) જેનાથી ક્રિયાપદનાં રૂપ બને છે તે પ્રત્યય. જેમકે, આવું, રમીશ એ શબ્દમાં 'વું' અને 'ઈશ' આખ્યાત કહેવાય.

૨. ન. (આકરણ) ભાવનું અભિધાન કરનારું એટલે જણાવનારું પદ; ક્રિયાપદ.

આખ્યાત એટલે ક્રિયાપદ અને નિપાત એટલે અવ્યય. કનકલતેજ

૩. ન. રાજવંશના લોકોનો ઇતિહાસ.

૪. [સં. આ (તરફ) + ખ્યાત (કહેવું)] વિ. કહેવામેલું; વર્ણવામેલું; ઉક્ત; ભાષિત; ઉક્તિ; કથિત.

આખ્યાત પંથ = બતાવેલ માર્ગ.

૫. વિ. જણેલું.

૬. વિ. ગાયેલું.

૭. [સં. આ (ચોતરફ) + ખ્યા (જાહેર કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. જાહેર કરેલ; પ્રસિદ્ધ; વિખ્યાત.

૮. વિ. (આકરણ) રૂપખ્યાન કરવામાં આવ્યાં હોય એવું.

આખ્યાતવ્ય [સં. આખ્યા (વર્ણન કરવું) + તવ્ય (જેવું)] વિ. વર્ણન કરવા યોગ્ય; કહેવા જોગ; બયાન કરવા જેવું.

આખ્યાતા ૧. [સં. આખ્યાતૃ (કહેનાર)] પું. ઉપદેશક; શિક્ષક.

૨. વિ. પું. આખ્યાન કરનાર; કથા કરનાર.

૩. વિ પું. કહેનાર.

આખ્યાતિ ૧. [સં. આખ્યા (કહેવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. કથન.

૨. [સં. આ (ચોતરફ) + ખ્યા (જાહેર કરવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ખ્યાતિ; પ્રખ્યાતિ; કીર્તિ.

૩. સ્ત્રી. નામ.

આખ્યાતિકી ૧. વિ. સ્ત્રી. જે વિભક્તિ ક્રિયાપદ કે ધાતુને લાગતી હોય એવી.

૨. વિ. ક્રિયાપદનું.

આખ્યાન ૧. ન. (વેદાંત) જાણ્યા અનેલી વાતનું વર્ણન; જૂની વાર્તાનો ઉલ્લેખ.

૨. ન. ઉપન્યાસના નવ ભેદોમાંનો એક; જેમાં કવિ કહે અને પાત્રો દ્વારા ન કહેવરાવે એવી કથા. આનો આરંભ કથાના કોઈ પણ ભાગથી થાય છે, પરંતુ પાછળથી પૂર્વાપર સંબંધ સ્પષ્ટ થતો જોવાય. આમાં પાત્રોની વાતચીત બહુ લાંબી હોતી નથી. કવિને પૂર્વઘટનાનું વર્ણન કરવાનું હોવાથી તે મોટે ભાગે ભૂતકાળની ક્રિયાનો જ પ્રયોગ કરે છે, પરંતુ દશ્યો નજરોનજર પ્રસ્તુત કરાવવાને માટે કોઈ કોઈ વાર વર્તમાન કાળનો પણ પ્રયોગ કરે છે.

૩. [સં. આખ્યા (કહેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. કહાણી; કથા; વાર્તા.

૪. ન. કહેવું તે; કથન.

૫. ન. કોઈનો ગુણ ગાવાપણું.

૬. ન. જવાબ; પ્રતિવચન.

૭. ન. દંતકથા.

૮. ન. નાટક. જેમકે, ભાંગાની પ્રસન્નાખ્યાન, રોમાંચિકા સત્યભામાખ્યાન.

૯. ન. પુરાણ અથવા ઇતિહાસની વાત.

૧૦. ન. ભેદક ધર્મ.

૧૧. ન. વર્ણન; વૃત્તાંત; બયાન.

૧૨. ન. વર્તમાન વિષયની કથા.

૧૩. ન. વીરકાવ્યનો સર્ગ; બહાદુરી ભરેલ પ્રસંગની કવિતાનો અધ્યાય.

આખ્યાનક ૧. ન. અગાઉ બનેલ બનાવનું વર્ણન; પૂર્વ વૃત્તાંત.

૨. ન. કથા; કહાણી; વાર્તા.

૩. [સં. આખ્યા (કહેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + ક (લઘુતાદર્શક પ્રત્યય)] ન. ટૂંકું આખ્યાન; નાની વાર્તા; ઉપકથા.

૪. ન. વર્ણન; વૃત્તાંત; બયાન.

આખ્યાનકાર [સં. આખ્યાન (કથા) + કાર (કરનાર)] વિ. પું. કથા કરનાર.

આખ્યાનકાવ્ય [સં. આખ્યાન (વર્ણન) + કાવ્ય (કવિતા)] ન. વર્ણન કરવામાં આવ્યું હોય એવી કવિતા; વર્ણનાત્મક કાવ્ય; 'નેરેટિવ પોએમ'.

આખ્યાનકી પું. (પિંગળ) એ નામનો અક્ષરમેળ છંદ. તેનાં વિષમ ચરણ ઇંદ્રવજ્રાનાં અને સમ ચરણ ઉપેંદ્રવજ્રાનાં હોય છે, એટલે કે તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, તગણ, જગણ અને બે ગુરુ, તથા બીજા અને ચોથા ચરણમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ આવે છે. આ છંદ મહાભારત અને રામાયણનાં આખ્યાનોમાં પ્રથમ વપરાયો હોવાથી એનું નામ આખ્યાનકી પડ્યું.

આખ્યાનકી તા ત જ ગા ગ ઓળે;
જ ત જ ગા ગ કરને અનોળે.

રણછોડ પિંગળ

આખ્યાનાત્મક [સં. આખ્યાન (વર્ણન) + આત્મક (વાળું)] વિ. જેમાં વાર્તા કરીને વર્ણન હોય એવું.

આખ્યાનિકી પું. (પિંગળ) દંડક વૃત્તની એક જાત. તેનાં બેકી ચરણમાં તગણ, તગણ, જગણ અને બે ગુરુ અને સમ એટલે બેકી ચરણમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ ક્રમ અનુસાર આવે છે. આથી વિરુદ્ધ એટલે આનાં બેકી ચરણનાં લક્ષણ બેકી ચરણમાં અને બેકી ચરણનાં લક્ષણ બેકી ચરણમાં આવે તો તે વૃત્તને આખ્યાનિકી કહે છે.

આખ્યાપક ૧. [સં. આખ્યા (કહેવું) + અક (કર્તાવાચક પ્રત્યય)] પું. દૂત; સંદેશો લઈ જનાર.

૨. વિ. કહેનાર; વર્ણન કરનાર.

આખ્યાપન [સં. આખ્યા (કહેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પ્રગટ કરવું તે; કહેવાપણું.

આખ્યાયક ૧. [સં. આખ્યા (કહેવું) + અક (કરનાર)] પું. કથા કરનાર; બારસ.

૨. પું. કહેનાર; બોલનાર.

૩. પું. બંદીજન; ભાટ; નકીબ.

૪. પું. શુભાશુભ કર્મ કહેનાર.

૫. પું. સંદેશો લઈ જનાર માણસ; પ્રસદ; દૂત.

આખ્યાયિક [સં. આખ્યા (કહેવું)] પું. ઇતિહાસ.

પુરાવૃ, ઇતિવૃત્ત, **આખ્યાયિક**, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એ બધાને માટે એક શબ્દ ઇતિહાસ છે. માધવરાવ અર્થશાસ્ત્ર

આખ્યાયિકા ૧. [સં. આખ્યા (કહેવું)] સ્ત્રી. કથા; વાર્તા.

૨. સ્ત્રી. કવિતાનો એક રાગ.

૩. સ્ત્રી. ગદ્ય કથાનકનો એ નામનો પ્રકાર; કવિના વંશ વગેરેનું કથન. અલંકારશાસ્ત્રીઓએ ગદ્ય કથાનકના કથા અને આખ્યાયિકા એવા બે ભાગ પાડ્યા છે. તેઓ માણસના ચરિત્રને આખ્યાયિકા અને કાલ્પનિકને કથા કહે છે. આખ્યાયિકામાં કથાની પેઠે નમસ્કાર, સજ્જનનું કીર્તન અને રસવાળી વસ્તુનું વર્ણન હોવા ઉપરાંત કવિના વંશનું અનુકીર્તન હોય છે. અગ્નિપુરાણ અનુસાર તેમાં વિસ્તારપૂર્વક કર્તાની વંશપ્રશંસા, કન્યાહરણ, સંગ્રામ, વિયોગ અને વિપત્તિનું વર્ણન હોય, રીતિ, આમરણ અને સ્વભાવ સ્પષ્ટ રૂપે બતાવેલ હોય, ગદ્ય સરલ હોય અને ક્યાંક છંદ હોય. વાગ્ભટ પ્રમાણે આખ્યાયિકા એટલે ગદ્યકાવ્ય, જેમાં નાયિકાએ પોતાનું વૃત્તાંત પોતાની મેળે કહ્યું હોય, ભવિષ્યના વિષયોની અગાઉથી સૂચના હોય, કન્યાનું અપહરણ, સંગ્રામ અને આર્યાદીનું વર્ણન હોય, મિશ્ર વગેરેના મોંથી ચરિત્ર કહેવામાં આવ્યું હોય અને વચ્ચે વચ્ચે કોઈ ઠેકાણે પદ્ય પણ હોય. દંડિ કવિ કથા અને આખ્યાયિકા વચ્ચે ભેદ માનતો નથી.

૪. સ્ત્રી. જેમાંથી કોઈ પણ પ્રકારનો બોધ લઈ શકે તેવી વાત; કલ્પિત વાર્તા.

૫. સ્ત્રી. (વેદાંત) પ્રાપ્ત થયેલા અર્થનો બોધ કરનારી વાત.

૬. સ્ત્રી. વંશાવલીનું વર્ણન.

૭. સ્ત્રી. વાર્તારૂપ પદ્ય.

આખ્યાયી [સં. આખ્યા (કહેવું) + ઇન્ (વાળું)] પું. દૂત; ખબર આપનાર.

આખ્યેય [સં. આખ્યા (કહેવું) + ય (જોગું)] વિ. કહેવા જોગું; બોલવા યોગ્ય; વર્ણન કરવા લાયક.

આગ ૧. [સં. આગમન (પધરામણી)] પું. આવવાપણું; આગમન; આવરો.

૨. [સં. અગ્ર (આગલો ભાગ)] પું. ઘરનો આગલો ભાગ અને તેની પાસેનો રસ્તો.

૩. પું. માર્ગ; રસ્તો

૪. [સં. અગ્નિ (દેવતા); પ્રા. અગ્નિ] સ્ત્રી. અગ્નિ; દેવતા; આતશ.

૧. આગ અને પાસનું-પાણીનું વેર = સ્વાભાવિક શત્રુતા; કુદરતી વેર; ઉંદર અને બિલાડીનું વેર.

૨. આગ ઝમાડવી = જમતાં પહેલાં અગ્નિમાં ઘી તેમજ રોટલી નાખવી.

૩. આગ જોડવી-જાળવી-કરવી = દેવતા સળગાવવો.

૪. આગ ઝાડવી = બળતા કોલસા ઉપરથી રાખ ઉઘાડી નાખવી.

૫. આગ દેખાડવી = (૧) આગ લગાડવી. (૨) તોપમાં બત્તી દેવી.

૬. આગ દેવી-મૂકવી = (૧) અગ્નિસંસ્કાર કરવો; મરેલાને બાળવું. (૨) આતશબાજીમાં આગ મૂકી સળગાવવી. (૩) નાશ પમાડવું, બરબાદ કરવું. (૪) તિરસ્કાર્ય બતાવવી; ઉપેક્ષા કરવી; વિસારી દેવું.

૭. આગ ધોવી = દેવતા ઉપરથી રાખ ખંખેરી નાખવી.

૮. આગ પડવી = (૧) ગુસ્સે થવું. (૨) ગોળાઓનો વરસાદ વરસવો. (૩) ઘણું ગરમી હોવું. (૪) તાપ પડવો.

૯. આગ પર આગ નાખવી-મેલવી = બળતાને બાળવું; દુઃખી માણસને વધારે દુઃખ દેવું; ઘાયલ ઉપર ડામ દેવો.

૧૦. આગ પાડવી = (૧) દેવતા સળગાવવો; આગ ચેતાવવી. (૨) સજીવન કરવું.

૧૧. આગપાણીના ભેદ = (૧) વરાળયંત્ર. (૨) હવાઈનો પંપો.

૧૨. આગ ફૂંકવી = (૧) ગુસ્સે થવું. (૨) ફૂંક મારી અગ્નિ સળગાવવો. (૩) ખૂબ ગાજવી.

૧૩. આગ બબૂલા-બબ્બા થવું = બહુ ગુસ્સે થવું.

૧૪. આગ બળવી = (૧) દેવતા સળગવો (૨) બહુ ગુસ્સે થવું.

૧૫. આગ બુઝાવવી-ઠોલાવવી = (૧) આગ ઠારવી; અગ્નિ શાંત પાડવો. (૨) ભલે પડને સમજાવી લઈને શાંત પાડવી.

૧૬. આગ ભડકાવવી = (૧) આગ સળગાવવી. (૨) ઉશ્કેરવું.

૧૭. આગ મારવી = તાપ કરવો; દેવતા સંકોરીને સળગાવવો.

૧૮. આગ લગાડી = (૧) આગ લગાડનાર. (૨) આગ લાગે એવું. (૩) કજિયા કરાવનાર.

૧૯. આગ લગાડવી = (૧) કજિયો કરાવવો; લડાઈ સળગાવવી. (૨) તજી દેવું. (૩) બગાડવું. (૪) બાળવું; સળગાવવું; બાળી નાખવું. (૫) ભાવ વધારવો.

૨૦. આગ લગાવવી = (૧) અસ્વીકાર કરવો. (૨) ત્યાગ કરવો.

૨૧. આગ લાગવી = (૧) ઘરકમાં પડવું. (૨) ઉશ્કેરાવું; ક્રોધ ચડવો. (૩) એકદમ ભાવનું ચડી જવું કે ઊતરી જવું. (૪) જેનો એકદમ ઉપાય ન થઈ શકે એવું બનવું; અણીની વેળા આવવી. (૫) તેજસ્વી થવું. (૬) દિલગીર થવું. (૭) દ્વેષ થવો; અદેખાઈ આવવી. (૮) બેદરકારી બતાવવી. (૯) ખૂબ લાગવી. (૧૦) લાગ લાગવી, ઝઘડો થવો. (૧૧) વિષયવાસના તૃપ્ત ન થાય તે માટે બળાત્કાર આચરવા. (૧૨) સત્યાનાશ જવો; નાશ પામવું.

૨૨. આગ લાગ્યા પર બિલાડીનું મૂત કૂંકવું-મારવું = (૧) ચાલુ મુસ્કેલીમાંથી બચવા વધારે મુસ્કેલ ઉપાય શોધવા જવું. (૨) મુલતવી રાખવું. (૩) વાર લગાડવી; ઢીલ કરવી.

૨૩. આગ વરસવી = (૧) ક્રોધ આવવો; ગુસ્સે થવું. (૨) ગોળાઓનો વરસાદ વરસવો. (૩) ઘણું ગરમી હોવું. (૪) દ્વેષ કરવો; આંખમાં ઝેર વરસવું; કોઈનું સારું દેખી બળવું. (૫) બહુ તાપ પડવો. (૬) બળતરા થવી; અંતરમાં દુઃખ થવું.

૨૪. આગ વરસાવવી = એકસામટો ગોળીબાર કરવો; તોપનો મારો ચલાવવો.

૨૫. આગ સળગાવવી = (૧) દેવતા કરવો (૨) બળવો જગાવવો; બંડ ઊભું કરવું. (૩) સજીવન કરવું; ઉત્સાહિત બનાવવું.

૨૬. આગના આપ = (૧) આતશબાજી. (૨) સોનીની ભઠ્ઠી; અંગીઠું.

૨૭. આગનું ખાંગિયું = બળતો કોલસો.

૨૮. આગનું ફૂતળું = (૧) ચાલાક માણસ (૨) તણખો. (૩) દેખાવડું માણસ. (૪) ખુશમિજાજી માણસ

૨૯. આગમાં ઝુકાવવું = આફતમાં ઝંપલાવવું.

૩૦. આગમાં તેલ = બળતામાં ઘી; દુઃખી માણસને વધારે દુઃખ.

૩૧. આગમાં ઘાલવું = ગેરવાજબી ડામ કરવું.

૩૨. કોઈની આગમાં કૂદવું-બળવું-પડવું-લોઢવું = બીજાને માટે પોતાનું અહિત કરવું

૫. સ્ત્રી. આવેશ; જુસ્સો.

૬. સ્ત્રી. ગુસ્સો; ક્રોધ; ક્રોપ; રીસ.

૧. આગ ઊઠાવવી = એકબીજા ઉપર ગુસ્સો ઉપજાવી કજિયો કરાવવો; કલહ કરાવવો.
૨. આગ ઉપર પાણી નાખવું = વધતા જતા ક્રોધને ધીમો કરવો; ગુસ્સો શાંત કરવો.
૩. આગ ઊઠવી = (૧) ક્રોધ થવો; રીસ ચઢવી; ગુસ્સે થવું. (૨) લાય થવી; આગ કાઢી નીકળવી; બહાર લાગવો. (૩) બર્બાદ થવું; નકામું જવું; પાણી ફરવું. કહે હલવાઈ રાજ સુધ્યો, નથી કહેવાની જાત, બગાડે ઠપપણ ઘણું, તેમાં ઊઠી આગ.–સામળ
૪. આગ કરવી = (૧) ધર્યા કરવી. (૨) કોઈ બીજાને બહુ ગરમ કરવી.
૫. આગ કાઢવી = (૧) ક્રોધ કરવો અને સામાને કરાવવો; નખશિખ સુધી ક્રોધ રૂપી અગ્નિ રેલાવો. (૨) તોફાન કરવું. (૩) દ્વેષ કરવો; અદેખાઈથી બળવું. (૪) નકામો બકવાદ કરવો; વાત વધારીને રોળી કરવી; બર્બાદ કરવી. (૫) હકહકનું જૂઠું બોલવું.
૬. આગ કૂંકવી = (૧) ક્રોધ કરવો; રીસ ચઢાવવી. (૨) બહારમાં બળતરા થવી.
૭. આગ ઝરવી = (૧) બર્બાદ કરવી. (૨) હકહકનું જૂઠું બોલવું.
૮. આગ લગાડીને તમાશો જોવો = કજિયો કરાવીને રાજી થવું.
૯. આગ લગાડીને પાણીને માટે દોડવું = કપટો કરવીને બધાની નજરમાં તેની શાંતિને માટે મહેનત કરવી.
૧૦. આગ લેવા આવવું = કેવળ માટે આવવું. એક મિત્ર બીજાને મળવા આવે અને એકદમ માલ્યો બળ ત્યારે આમ બોલાય છે.
૧૧. આગનું પૂતળું = ક્રોધી; ગુસ્સે થયેલ.
૧૨. આગપાણી થવું = મતલબને વખતે બન્ને પક્ષે ઊશ્કેરાઈ જઈ ગુસ્સો ન કરતાં જો શાંત રહેવું; ગરમાગરમ થવું; સામસામા બને બાજુએ ગુસ્સે ન થવું.
૧૩. આગબાગ થવું = બહુ ગુસ્સે થવું.

૭. સ્ત્રી. બાંગ; તાપ; ગરમી; ઉષ્ણતા; ઝાળ.

૮. સ્ત્રી. બરાકી; આવક.
આગ વધવી = કારીગરો અને વેપારીઓની સારી સાખ બંધાવાથી બરાકી વધવી.

૯. સ્ત્રી. ઝાલ; ગતિ.
આગે જરા ઉતાવળ, એમાં બગડ્યાં બાજ્યાં;
રાહુ કે' રહું ભેતર, ને રોટે સાથ હલ્યાં.
લોકોક્તિ

૧૦. સ્ત્રી. દ્વેષ; ધર્યા; અદેખાઈ; ઝેર.
૧. આગ ઊઠવી = (૧) દ્વેષ થઈ આવવો. (૨) બૂબ લાગવી.
૨. આગ પર લોટવું = (૧) અદેખું હોવું. (૨) બેચેન થવું. (૩) મુશ્કેલીમાં રહેવું.

૧૧. સ્ત્રી. પરિશ્રમ.

૧૨. સ્ત્રી. બળતરા; અસહ્ય પીડા. લાક્ષણિક અર્થ સાથે પણ વપરાય છે. જેમકે, ગુસ્સાની આગ; ઇર્ષાની આગ; વિષયવાસનાની આગ; અદેખાઈની આગ; ક્રોધની આગ.
૧. આગ ઊઠવી = ઇર્ષ્યા જેવી બળતરા થવી.
૨. આગ બળવી = બળતરા થવી; શરીરમાં લાય ઊઠવી.
૩. પેટની આગ = ભૂખ.
૪. પેટની આગ ઠારવી = ભૂખ, તરસ, વાસના ઇત્યાદિ છિપાવવી.
૫. પેટમાં આગ લાગવી = ભૂખ લાગવી.
૬. ભાવમાં આગ લાગવી = માલની કીમતમાં બહુ વધારો થવો.

૧૩. સ્ત્રી. રોશની; તેજ.

૧૪. સ્ત્રી. લાય; મહાન વનેરમાં અગ્નિ સળગી ઊઠી તેનું બળવું તે.
૧. આગ ઠૂંકો દેવી = સળગાવી દેવું.
૨. આગ લગાડીને તાપવું કરવું = ઘર બાળીને આનંદ લેવો.
૩. આગ લાગે ! = તારો નાશ થજો !
૪. આગ લાગે ત્યારે કૂવો ખોદાવવો = છેક છેલ્લી ઘડીએ ચેતવું; વખત થઈ ગયા પછી કામ કરવું.
૫. પાણીમાં આગ લગાવવી = (૧) અસંભવિત કામ કરવાનું માથે લેવું. (૨) અસફળવિત વાત કરવી. (૩) બળ બર્બાદીનો જરા સંભવ ન હોય ત્યાં પણ બર્બાદ સળગાવવી.
૬. મોંમાં આગ લાગવી = મરવું.

૧૫. સ્ત્રી. વખત; મોસમ; ઋતુ.

૧૬. સ્ત્રી. વાત્સલ્ય; પ્રેમ; ભાવ; સ્નેહ.

૧૭. વિ. ઉષ્ણતાના ગુણવાળું; શરીરમાં ગરમી કરનારું.

૧૮. વિ. કીમતી.

૧૯. વિ. ચીડિયા સ્વભાવવાળું.

૨૦. વિ. તીખું; ઝટ ગળે ઊતરે એવું. જેમકે, તીખું આગ.

૨૧. વિ. તેજ; ચપળ.

૨૨. વિ. બહુ ગરમ.

આગઈ ૧. [સં. અગ્રે (આગળ); પ્રા. અગ્ગે] ક્રિ. આગળ; અગાડી; મોખરે.
૨. ક્રિ. પાછલા વખતમાં; ભૂતકાળમાં; પૂર્વે; પહેલાં.
૩. ક્રિ. પાસે; નજીક; સમીપ.
૪. ક્રિ. બાદ; અનંતર; પછી.
૫. ક્રિ. ભવિષ્યમાં; આવતા વખતમાં.

આગએહ [આગ + એહ (રમત)] પું. બાલકોની રમત; ટાપાટાપી.

આગગાડી ૧. સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેમાં જે રમનાર જરા મોટો હોય તે સૌથી આગળ ઊભો રહે અને તેની પાછળ બીજા રમનારાં પોતાનાથી આગળ ઊભેલાના અંગરખાની કે બહલની ચાળ ઝાલી એકબીજાની પછવાડે દ્વારબંધ ઊભાં રહે. પછી આગળ ઊભેલ રમનાર મોઢેથી આગગાડી પેઠે ચીસો પાડતો હોડે અને તેની પાછળ બીજા બધા રમનારાં દ્વારબંધ ગાડીની પેઠે હોડંહોડા કરે. આમ થોડો વખત કર્યા પછી તેઓ થાકી જતાં રમત બંધ કરે.
૨. [અગ્નિ (આગ) + ગાડી] સ્ત્રી. વેપતાથી પાણીની વરાળ વડે તેને જોરે ચાલતી ગાડી; રેલગાડી. ઈ.સ. ૧૮૩૨માં પ્રથમ આગગાડી ચાલુ થઈ.

આગગરમ [આગ + ગરમ (કાચ)] પું. અગ્નિનો કાચ; એક જાતનો બાવલોળ કાચ, જેની સોંસરાં જતાં સૂર્યનાં કિરણ કાગળને બાળી નાખે એટલાં બધાં ગરમ છે.
જે આગગરમે ઘરિ દિનું બળ.
દયારામ

આગગ્રહપતિકા [સં. આગ્રહ્યત્ (આવતું) + પતિ (સ્વામી) + કા (બાળા)] સ્ત્રી. નાયિકાનો એક ભેદ; પ્રિય વિદેશથી આવે છે એમ જાણી ખુશ થનારી સ્ત્રી.

આગગ્રંથ [સં. અગ્નિ (આગ) + ગ્રંથ (સંધો)] સ્ત્રી. તોપ.

આગઠ સ્ત્રી. ઓગાઠ; ઠોરનું ઘાંડવું ઘાસ.

આગડી સ્ત્રી. (આગ્ય) દેવતા.

આગડુશાહ (આગડુશાહ) પું. નાનકના મરણ પછી ગાદીએ આવેલ મહંત.

આગડા (આગડા) [સં. અ (નહિ) + ગાઢ (મુશ્કેલ)] વ. કશું વિનાનું સુથાર બાજવાનું ઓજાર.

આગણ [સં. અગ્રહાયણ] પું. માગશરનો મહિનો.

આગત ૧. [સં. આગમ્ (આવવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] પું. અતિથિ; પરોણો; મહેમાન.
૨. પું. આવાન; બારણામાંના માલનો આવરો.
૩. પું. બુદ્ધ ભગવાન.

૪ જી. પૂછ; ઠોલત.
૫. જી. વિવેક; સભ્યતા.
૬. ન. આવવું તે; આગમન; પધરામણી.
૭. ન. બનાવ; પ્રસંગ.
૮. વિ. અંદર રહેતું.
૯. વિ. આવેલું; પહોંચી ગયેલ; હાજર.
૧૦. વિ. જાણેલું.
૧૧. વિ. પ્રાપ્ત; મેળવેલું; પામેલું.
૧૨. વિ. બનેલું; થયેલ.
૧૩. વિ. બહારગામથી આવેલું; આગાત.
૧૪. જ. હાથીને આગળ ચલાવવા માટે વપરાતો શબ્દ.

આગતકર [સં. આગત (આવેલું) + કર (વેરો)] પું. આયાતકર; આયાત ઉપરનો વેરો; 'ઇમ્પોર્ટ ડ્યુટિ'.

આગતપતિકા [સં. આગત (આવેલ) + પતિ (સ્વામી) + ઇ (વાળી)] જી. જેનો પતિ પરદેશથી આવ્યો હોય તે નાયિકા.

આગતર ૧. [સં. અગ્ર (આગળ) + તર (અધિકતાવાચક પ્રત્યય)] જ. ખાર, બાજરો, અડદ, મગ વગેરે જે ધાન્ય ચોમાસાથી તૈયાર થાય છે તે આગલો હાલ; ખરીફ પાક.
૨. વિ. આગળનું; પ્રારંભનું; શરૂઆતનું.

આગતરું [સં. અગ્ર (પહેલું)] વિ. આગળનું; પ્રારંભનું; શરૂઆતનું.

આગતસ્વાગત [સં. આગત (આવેલું) + સુ (સારી રીતે) + આગત (આવેલું)] જી. આદરસત્કાર. જુઓ આગતાસ્વાગતા.

આગતાસ્વાગતા [સં. આગત (આવેલું) + આ (નારીજાતિનો પ્રત્યય) + સુ (સારી રીતે) + આગત (આવેલું) + આ (નારીજાતિનો પ્રત્યય)] જી. પરોણાગાકરી; અતિથિસત્કાર; સરભરા; આદરમાન; આદરસત્કાર.

આગતિ ૧. [સં. આગમ્ (આવવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] જી. આવવાની ક્રિયા; આગમન.

ન્હોતી ગતિ ને ન્હોતી આગતિ,
ન્હોતા પુરા જિવના પણ ભ્રમણ-ભંગાયેલ.
કોકોક્તિ

૨. જી. એકાએક બનાવ; આકસ્માત.
૩. જી. (જૈન) પરભવમાંથી આ ભવમાં આવવું તે.
૪. જી. પાછા ફરવાપણું.
૫. જી. પ્રાપ્તિ; લાભ.
૬. જી. મૂડી.

આગતું [સં. આગમ્ (આવવું)] વિ. આવતું; આવી પહોંચતું.

આગતાની આણુખતી, પૂગી ખમા પ્રતિહારી.
કવિદલપત

આગડાન ૧. [સં. અગ્નિ (આગ) + દાન (દેવું તે)] જ. અગ્નિસંસ્કાર માટે મરીતને સામટ પૂરાં પાડવાપડું.
૨. [આગ + દાન (જગ્યા બતાવનાર પ્રત્યય)] ન. રેવતા રાખવાનું વાસણ; આગિયું; અગ્નિપાત્ર.
૩. જ. પુણ્યાર્થે કરાતો અગ્નિસંસ્કાર.

આગધાવું સ. ક્રિ. (આગ) હદ ઉપરાંત દેવાન કરવું.

આગના [સં. આજ્ઞા] જી. આજ્ઞા; હુકમ.

આગન્યા [સં. આજ્ઞા] જી. હુકમ.

અણી મૂરતિવતી આગન્યા વાત તણી શું એહ.
ગાવજી

આગપછી જી. ઊંડાણ ઓટલે નાજમાં ખરાબ તેટલી વસ્તુનો ખરધો ભાગ.

આગપેટી જી. અગ્નિની પેટી; ઓન્સિલનું બનાવેલ બાળવા માટેનું બાતું; 'મેચર બોક્સ'.

આગબહુ [આગ (અગ્નિ) + વહુ (વહેતું)] પું. (ત્રિંગળ) ધુમાડો.

આગબાણ [સં. અગ્નિ (આગ) + બાણ (તીર)] જ. રેવતા વરસાવે એવું તીર; જેમાંથી અગ્નિ વરસે એવું બાણ.

આગબોટ [અગ્નિ (આગ) + બોટ (હોડી)] જી. અગ્નિબોટ; બાષ્પબોટ; વરાળને જોરે ચાલનારું વહાણ; સ્ટીમર.

આગભરપુ વિ. આગ ખાનાર.

આગમ ૧. પું. અમુક આપ્ત વાત ઉપરથી સાધારણ વાતનો બનાવ; અનુક્રમ; વ્યાપ્તિવિચાર.
૨. [સં. આગમ્ (આવવું)] પું. આવવાની ક્રિયા; આગમન.
૩. પું. ઉત્પત્તિ; ઉદ્ભવ; જન્મ.
૪. પું. ઉત્પન્ન; આય; આમદાની; આવક.
૫. પું. ઓજરિયું; આધાર રૂપ દિસાળી કાગળ; લિસ; વાઇસર.
૬. પું. જતા દસ્તાવેજ; પુરાવામાં મૂકવા જેવો લેખ.
૭. પું. (ન્યાય) ચાર જાતનાં પ્રમાણમાંનું છેલ્લું; શબ્દ પ્રમાણ; આપ્તવાક્ય.
૮. પું. તંત્રશાસ્ત્રના ત્રણ વિભાગમાંનો એક; ઉત્પત્તિ, પ્રલય, દેવતાની પૂજા, જપો કામનું સાધન, પુરશ્ચરણ, ષટ્કર્મસાધન, અને ચાર જાતના ધ્યાનયોગનું વર્ણન કરનારું શાસ્ત્ર. આગમ અથવા તંત્રમંથનું માહાત્મ્ય બંગાળ, નેપાળ અને કાશ્મીર તરફ વધારે છે.
૯. પું. ધર્મશાસ્ત્રનો અભ્યાસ.
૧૦. પું. નદીનું મુખ.
૧૧. પું. નીતિથી મેળવેલી વસ્તુ
૧૨. પું. નીતિશાસ્ત્ર; નીતિ.
૧૩. પું. પૂર્વ.
૧૪. પું. (વ્યાકરણ) પ્રત્યય અગાઉથી ઉમેરેલો વર્ણ.
૧૫. પું. પ્રારંભ; શરૂઆત.
૧૬. પું. બહારથી આવેલો માલ; આયાત.
૧૭. પું. ભવિષ્ય; ભાવી; હોનહાર; ભવિતવ્યતા.
આગમ ભાંખવું = ભવિષ્ય ભાંખવું.
૧૮. પું. ભવિષ્યકાળ; આવવાનો વખત.
૧૯. પું. મંત્રશાસ્ત્ર.
૨૦. પું. મિત્રભાવે બારી પાસે બેસવું તે.
૨૧. પું. મિશ્રકતનો વધારો.
૨૨. પું. મૂળ; ઉત્પત્તિસ્થાન.
૨૩. પું. લાભ; પ્રાપ્તિ; કમાણી.
૨૪. પું. વધારો; વિશેષતા.
૨૫. પું. વહન; વહેણ; પ્રવાહ.
૨૬. પું. વિદ્યા.
૨૭. પું. વેદાભ્યાસની સેવડ.
૨૮. પું. વેદ; ધર્મશાસ્ત્ર.
૨૯. પું. શબ્દથી થતો બોધ.
૩૦. પું. શબ્દનો ઉમેરો.
૩૧. પું. શૈવ સંપ્રદાયના ધાર્મિક ગ્રંથ. દ્રાવિડ બ્રાહ્મણોએ એ આગમનો પ્રચાર દક્ષિણ હિંદુસ્તાનની બહાર સુમાત્રા, જાવા, સિયામ, બાલી, કંબોજ, ઉદોચ્યાદના અને ચંપા પ્રદેશોમાં કર્યો હતો. ઈ.સ.ના ૨ થી ૧૩ સૈકા સુધી ત્યાં આ ધર્મ ચાલ્યો, તેના પુરાણા લાંબા મંદિરો, સિક્કાઓ, લેખો ઉપરથી નીકળે છે. ઈ.સ.ના ૧૬મા સૈકામાં બ્રાહ્મણોએ તેનો નાશ કર્યો
૩૨. પું. સમાગમ; સંગમ.
૩૩. પું. સામ વગેરે ઉપાય.
૩૪. પું. સિદ્ધાંત.
૩૫. પું. સ્તોત્ર; અભ્યાસ; પ્રકરણ.
૩૬. જ. જૈન સાહિત્યના જૂના ગ્રંથ.
૩૭. જ. જ્ઞાન; બનાવ; ભાન.

હરિ વિજોગનું આગમ ભાખે. પ્રેમાનંદ

૩૮. જ. દર્શન; તત્ત્વજ્ઞાન; ફિલસૂફી.
૩૯. જ. (જૈન) બાર અંગસૂત્ર. સ્થાનાંગ, ભગવતી, ઉપાસકદશા, પ્રશ્નવ્યાકરણ, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, પ્રજ્ઞાપના, ઉત્તરાધ્યયન અને નંદીસૂત્ર તત્ત્વાર્થમાં વર્ણવાયેલા વિષયોનું મૂળ જાણવા માટેનાં મુખ્ય આગમો છે.
૪૦. જ. રાજા; ધર્મરાજા.
૪૧. જ. સાંગવેદ; શિવ તરફથી આવેલું જ્ઞાન.

૪૨. વિ. હોનાર; આવનાર; બનાર; આગામી.
આગમની ખબર કરે = ભાવી સંબંધી જ્ઞાન આપે.

આગમકલા [સં. આગમ (ભવિષ્ય) + કલા] સ્ત્રી. જોતિષ કલા અંતર્ગતની એક. તેનાથી ભવિષ્યનું જ્ઞાન થાય છે. જુઓ કલા.

આગમગ [સં. આગમ્ય; પ્રા. અગ્ગમણ્ણ; આગમજ્ઞ] જ. આગળથી; પહેલેથી; અગાઉ.

આગમજ ૧. [સં. આગમ (તંત્રશાસ્ત્ર) + જ (ઉત્પન્ન થયેલું)] વિ. તંત્રશાસ્ત્રથી થયેલું.
૨. જ. આગળથી.

આગમજન્ય [સં. આગમ (તંત્રશાસ્ત્ર) + જન્ય (ઉત્પન્ન થતું)] વિ. તંત્રશાસ્ત્રથી બનતું.

આગમજાની [સં. આગમ (ભવિષ્ય) + જ્ઞાનિન્ (જાણનાર)] વિ. ભવિષ્ય જાણનાર; આગમજ્ઞાની.

આગમજાયું વિ. આગલી ઓથી થયેલું.

આગમજાયો પું. આગલા પરનો દીકરો.
હાવલે રે આગમજાયો બેટડો. હોડળીત

આગમજ્ઞાન [સં. આગમ (ભાવી) + જ્ઞાન (જાણ)] જ. શું થવાનું છે તેની જાણ.

આગમજ્ઞાની [સં. આગમ (ભાવી) + જ્ઞાનિન્ (જાણનાર)] વિ. ભવિષ્ય જાણનાર; આગમજાની.

આગમઝ ૧. સ્ત્રી. (આગમ) આકરણ; હોશિયારી.
૨. સ્ત્રી. ચૂલાનો આગલો ભાગ; ચૂલાની જેમાં અંગારા કાઢી કારવામાં આવે છે.
૩. સ્ત્રી. સાવિત; તાકાત; આંગમઝ.

આગમઝી સ્ત્રી. ચૂલાનો આગલો ભાગ.

આગમન ૧. [સં. આગમ્ (આવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] જ. આવી પહોંચવાપણું; આવવું તે; પધરામણી.
૨. જ. ઉત્પત્તિ; જન્મ.
૩. જ. કમાણી; આવક; આમદાની.
૪. જ. પાછા કરવું તે.
૫. જ. લાભ; પ્રાપ્તિ; નફો; હાંસલ.
૬. જ. (ન્યાય) વિશેષ વાત ઉપરથી સાધારણ વાતનું અનુમાન; નિગમન ને આગમન એવી તર્કની બે જાત પ્રસિદ્ધિની એક; 'ઇન્ડક્શન'.
૭. જ. સંભોગ માટે સ્ત્રી પાસે જવાપણું.

આગમનસૂચક [સં. આગમ્ (આવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + સૂચક (બતાવનાર)] જ. ધર્મશાળા; મુસાફરખાનું.

આગમનદ્વાર [સં. આગમ્ (આવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + દ્વાર (આવવું)] જ. મકાનનું ઉપરનું દ્વાર.
ન્યાયશાસ્ત્રના ઉપરના દ્વારને આગમનદ્વાર અને નીચેનાને નિર્ગમનદ્વાર કહે છે.
અનુવેદ સહસ્રાક્ષ

આગમનપ્રણાલી [સં. આગમન (અનુમાન) + પ્રણાલી (રીત)] સ્ત્રી. અનુમાનથી થયેલી રીત; 'ઇન્ડક્ટિવ મેથડ'.

આગમના ૧. પું. પૂર્વ દિશા; ઊગમણી બાજુ.
૨. [સં. આગમન] પું. લશ્કરનો આગલો ભાગ; આગળ ચાલનારી સેના.
૩. વિ. પ્રથમ પહેલાંનું.
૪. વિ. સાવસિક.

આગમનિગમ ૧. [સં. આગમ (આવવું તે) + નિર્ગમ (બહાર જવું તે)] જ. ઉત્પત્તિ અને વિનાશ; સંસાર.
૨. [સં. આગમ (ધર્મશાસ્ત્ર) + નિગમ (વેદ)] જ. વેદશાસ્ત્ર; ધર્મશાસ્ત્ર.
વળી તે આગમનિગમ ભણે રે,
તિહાં ચોનિમાં જ્ઞાન કાંઈ આણે રે.
પ્રેમાનંદ

આગમનિર્ગમ ૧. [સં. આગમ્ (આવવું) + નિસ્ (બહાર) + ગમ્ (જવું)] પું. આવવું અને જવું તે; આવજા.
૨. પું. ઉદય અને અસ્ત.
૩. પું. નિકાસ અને આયાત.
૪. પું. શરૂઆત અને છેડો; આરંભ અને અંત.
આગમનિર્ગમ સર્વ કે લહિ. ભાલણ

આગમપતિકા [સં. આગમ્ (આવવું) + પતિ (પક્ષી) + કા (બાબો)] સ્ત્રી. નાવિકાના હસ્ત ભેદ માંહેનો એક; જેનો પક્ષી પરદેશથી પાછો આવ્યો હોય તે નાવિક.

આગમપત્ર [સં. આગમ (ભત) + પત્ર (કાગળ)] પું. આવિકોનો લેખ; હકનો દસ્તાવેજ.

આગમપ્રમાણ ૧. [સં. આગમ (શબ્દનો આધાર) + પ્રમાણ (બીજા જ્ઞાનનું સાધન)] જ. (ન્યાય) આર જાતનાં પ્રમાણમાંનું ઊલટું; શબ્દ; આપ્તવાક્ય; વિશ્વાસ મૂકવા જેવું વાક્ય.
૨. જ. (જૈન) પરમહિતોપદેશ; સર્વજ્ઞ કેવળ વચન આદિથી થયેલ પદાર્થનું જ્ઞાન.

આગમપ્રમાણપ્રાપ્તિ [સં. આગમ (શાસ્ત્ર) + પ્રમાણ (સાબિતી) + આપ્ (મેળવું) + ક્તિ (ભૂતકૃ)] વિ. શાસ્ત્રના આધારે લેવા જેવું; આધારભૂત મનાતા માણસના વચનના આધારે માનવા જેવું.

આગમબાધિત [સં. આગમ (શાસ્ત્ર) + બાધિત (ઉથલાવવું)] વિ. (જૈન) શાસ્ત્રથી સાબિત ન થતું હોવ જેવું. જેમકે, પાપ મુખને આપવાવાળું છે.

આગમમંત્ર [સં. આગમ (વેદ) + મંત્ર] પું. વેદની ઋચા.

આગમરહિત ૧. [સં. આગમ (ભત) + રહિત (વગરનું)] વિ. લેખ વિનાનું; દસ્તાવેજ વગરનું; લિખિત દાખલો ન હોય એવું.
૨. [સં. આગમ (શાસ્ત્ર) + રહિત (વિનાનું)] વિ. શાસ્ત્ર વગરનું
૩. વિ. શાસ્ત્રના આધાર વિનાનું.

આગમવક્તા ૧. [સં. આગમ (ભાવી) + વક્તૃ (કહેનાર)] પું. જ્યોતિષી; જોશી.
૨. પું. સિદ્ધ. તે આગમના સિદ્ધાંત કહે છે, તેથી આગમવક્તા કહેવાય છે.
૩. વિ. ભવિષ્યમાં શું થશે તે કહેનાર; ભાવિ કથનકર.

આગમવાગીશ [સં. આગમ (ભાવી) + વાક્ (વાણી) + ઈશ (હોશિયાર)] પું. ભવિષ્ય ભાખનાર મહાન પુરુષ.

આગમવાણી [સં. આગમ (ભાવી) + વાણી (બોલી)] સ્ત્રી. ભવિષ્ય ભાખવાપણું.

આગમવાદ [સં. આગમ (ધર્મશાસ્ત્ર) + વાદ (મત)] પું. ધર્મશાસ્ત્રમાં માનવાનો મત.

આગમવાદી ૧. [સં. આગમ (વેદ) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. વેદને આધારે ચાલનાર; વેદમાં માનનાર.
૨. વિ. શાસ્ત્ર પ્રમાણે વર્તનાર.

આગમવિદ્યા ૧. [સં. આગમ (ભવિષ્ય) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ભવિષ્ય જાણવાની વિદ્યા.
૨. [સં. આગમ (વેદ) + વિદ્યા (શાસ્ત્ર)] સ્ત્રી. વેદશાસ્ત્ર.

આગમવું ૧. [સં. આગમ્ (આવવું)] જ. ક્રિ. આવવું.
૨. જ. ક્રિ. છાતી ચલાવવી; હામ ભીડવી; હિંમત કરવી; મરણિયા થવું; મોટું સાહસ ખેડવું; સિર સટે કામ કરવું.
વિવિધ વેશ ત્યાં વધુ રચે,
અવર મોર્ચે ન આગમે. જગદીશ
૩. [સં. અવગમ્ (જાણવું)] જ. ક્રિ. પહેલેથી જાણવું.
૪. જ. ક્રિ. રાહ કરવું; આદરવું.

આગમવૃદ્ધ [સં. આગમ (જ્ઞાન) + વૃદ્ધ (વધેલું)] વિ. જ્ઞાનમાં વધેલું; શાસ્ત્રના અભ્યાસથી પાકા જ્ઞાનવાળું.

આગમવેત્તા ૧. [સં. આગમ (શાસ્ત્ર) + વેત્તૃ (જાણનાર)] વિ. ભવિષ્ય જાણનાર.

૨. [સં. આગમ (શાસ્ત્ર) + વેત્તૃ (જાણનાર)] વિ. શાસ્ત્ર જાણતું હોય એવું.

આગમવેદી ૧. પું. શંકરાચાર્યના પરમ ગુરુ ગૌડપાદાચાર્ય.

૨. [સં. આગમ (શાસ્ત્ર) + વિદ્ (જાણવું)] વિ. શાસ્ત્ર જાણનાર.

આગમવોંકું [સં. આગમ (ખત) + વિહીન (વગરનું)] વિ. લેખ વિનાનું; દસ્તાવેજ વગરનું.

આગમશુદ્ધક [સં. આગમ (આયાત) + શુદ્ધક (દાણ)] સ. આયાત માલ ઉપરનો કર; જકાત; આયાતજકાત; 'કસ્ટમ્સ ડ્યુટિ'.

આગમશોધી [સં. આગમ (આવી) + શોધ (ફિર) + ઇન્ (વાળું)] વિ. દૂરંદેશ; દૂરંદેશ; આગળનો વિચાર કરનાર.

આગમાળું [સં. આગત (બી) + અણવું (બીજા વગરનું)] સ. ઘાતમાં બી નાખી ચોળવાપણું.

આગમાત્મક અનુમાન [સં. આગમ (આપ્તવિચાર) + આત્મક (વાળું) + અનુમાન (અટકળ)] સ. કોઈ વાત ઉપરથી સાધારણ વાતની અટકળ; 'ઇન્ડક્ટિવ ઇનફરન્સ'.

આગમાનુસારી [સં. આગમ (શાસ્ત્ર) + અનુસારિન્ (પાછળ જનાર)] વિ. ધર્મશાસ્ત્ર પ્રમાણેનું; શાસ્ત્રને આધારે ચલાવેલું.

આગમાપાયી ૧. [સં. આગમ્ (આવવું) + અપાયિન્ (જવું)] વિ. આવે ને જાય એવું; અસ્થાયી; ઉત્પન્ન થાય ને નાશ પામે એવું; ઉત્પત્તિ અને વિનાશના સ્વભાવવાળું; વિનાશી.

૨. વિ. ક્ષણિક; અનિત્ય; નાશવંત.

તે ઘડે ચાલે આ સંસાર,
આગમાપાયી તે નિરધાર. અખો

આગમાભાસ ૧. [સં. આગમ (આવી) + આભાસ (દેખાવ)] પું. ભવિષ્યનો મિતાર આપનાર પુસ્તક.

૨. [સં. આગમ (શાસ્ત્ર) + આભાસ (ભ્રમ)] પું. શાસ્ત્ર સંબંધી ભ્રમ.

આપણામાં અમુક જોવા શાસ્ત્રવિધિ, નિર્ણય, સંસારભોગ વગેરે આગમાભાસોનું નિરાકરણ થાય છે. પુરાતત્ત્વ

૩. [સં. આગમ (શાસ્ત્ર) + આભાસ (પ્રકાશ)] પું. શાસ્ત્રનો પ્રકાશ.

આગમાવર્તી [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; બુચિકાણી નામનો છોડ.

આગમાળ [આગ (ડેપલું) + માળ] સ્ત્રી. (આગમ) આગમણું; ચૂલાનો આગલો ભાગ.

આગમાળું સ. દાળ અને ભાત.

આગમિક ૧. [સં. આગમ (ધર્મશાસ્ત્ર) + ઇક (વાળું)] વિ. શાસ્ત્રથી મેળવેલ; શાસ્ત્ર પ્રમાણેનું.

૨. વિ. શાસ્ત્રને જ પ્રમાણ માનનાર.

૩. વિ. શાસ્ત્રને લગતું; શાસ્ત્ર સંબંધી.

આગમિકધર્મ [સં. આગમ (શાસ્ત્ર) + ઇક (વાળું) + ધર્મ (પવિત્ર કૃત્ય)] પું. શાસ્ત્રને જ પ્રમાણ માનનારાઓનો પંથ. આ ધર્મવાળા મૂર્તિને પૂજનાર અને ઈશ્વર ઉપરમાં માનનાર છે. તેમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત, પાશુપત વગેરેનો સમાવેશ થાય છે.

આગમિકશૈવધર્મ [સં. આગમિક (શાસ્ત્ર પ્રમાણેનું) + શૈવ (શિવ સંબંધી) + ધર્મ (પવિત્ર કૃત્ય)] પું. હિંદુસ્તાન, હિંદી ચીન, જાવા અને સુમાત્રા વિભાગમાં પ્રસરેલો, વેદપ્રણેતા શિવને મુખ્ય દેવ માનનારો ધર્મ. હિંદુસ્તાનમાં આગમિક શૈવપંથ ત્રણ કરીને છ હતા: ઉત્તરમાં કાશ્મીર શૈવ પંથ, નેપાલમાં પાશુપત પંથ, ગુજરાતમાં નકુલીશ અથવા લકુલીશ પંથ, દક્ષિણમાં વીર શૈવ, તામિલ સિદ્ધાંત પંથ અને પાશુપત પંથ.

આગમિષ્ટ ૧. [સં. આગમ્ (આવવું)] વિ. આનંદથી આવનારું.

૨. વિ. જલદી આવનારું.

આગમિષ્યદ્‌પતિકા [સં. આગમિષ્યત્ (આવનારું) + પતિ (ધણી) + કા (વાળી)] સ્ત્રી. નાવિકાનો એક ભેદ; ધણી પરદેશથી આવશે એમ જાણી ખુશ થનારી સ્ત્રી.

આગમી ૧. [સં. આગમ (આવી) + ઇન્ (વાળું)] પું. જ્યોતિષી; જોશ જોનાર.

૨. વિ. આગમ કહેનારું; ભવિષ્યવક્તા.

૩. વિ. આવનારું; બનારું; ભવિષ્યનું.

૪. વિ. ખૂબી કબાર; કબાલગીરી કરનારું.

૫. વિ. વધારાવાળું.

૬. [સં. આગમ (જ્ઞાન) + ઇન્ (વાળું)] વિ. વિદ્વાન; શાસ્ત્રમાં પ્રવીણ.

આગમું વિ. (આગમ) પોતાનું; જેમાં બીજાનો ભાગ ન હોય તેવું; પોતીકું; સુવાંગ આગવું.

આગમોક્ત [સં. આગમ (શાસ્ત્ર) + ઉક્ત (બોલેલું)] વિ. શાસ્ત્રમાં કહેલું.

આગમોદ્ધારક [સં. આગમ (શાસ્ત્ર) + ઉદ્ધારક (આગળ વધારનાર)] વિ. શાસ્ત્રનો ઉદ્ધાર કરનાર.

આગમોળ સ. (આગમ) આગોતરું.

આગર ૧. [સં.] પું. અમાસ; કૃષ્ણપક્ષનો છેલ્લો દિવસ.

૨. [સં. અગ્રજ] પું. આગળિયો.

૩. પું. કોઠ; નિધિ; ખજાનો.

૪. [સં. આકર] પું. ખાણ; આકર.

૫. પું. બારણું; બહારણી.

૬. પું. ઘર; ગૃહ.

૭. પું. બેઠક; બઈઠા.

૮. પું. બીજાનું કારખાનું.

૯. પું. બીજું પકવવાની જગ્યા; આગર.

૧૦. પું. વાવેતર; વાડી.

૧૧. પું. સમૂહ; જથ્થો.

૧૨. સ. બાપદે.

૧૩. વિ. ચતુર; હોશિયાર; દક્ષ; કુશળ.

૧૪. વિ. ઉત્તમ; ઉત્તમ; સારામાં સારું.

આગરગાંજ સ. રાબડાનો બગીચો હોય એવું ગામનું.

આગરણ ૧. [આગર (બારણું) + ણ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. બહારણું; ઝાંપિયાવાળા બારણાની બહારની બાજુ; બારવણ.

૨. [સં. અગ્નિ (દેવતા) + રક્ષ (રક્ષણ કરવું)] સ્ત્રી. લોઢું તપાવવાની ભઠ્ઠીમાંથી કોલસા ખેંચી બનાવેલી ચૂલ; સુથારની સગડી; કોલ.

આગરઝાંખ પું. (ડિંગળ) કોઠાળા.

આગરવાણ સ. આગાનું વતની.

આગરવું ૧. સ. ક્રિ. બારના બારાના બંધ બાંધવા.

૨. સ. ક્રિ. સમાન અંતરે કોરીઓ ગોઠવવી; સરખી જગ્યા રાખીને બંધ નાખવા.

આગરિયો [સં. આકરિન્; પ્રા. આગરિઓ] વિ. ઊંચા કુળનું; ઉમદા.

સેનાધિપતિ આગરિયા અવહારિયા રાજદ્વારિક. પુત્રીજોદ્ધપ્રબંધ (સં. ૧૪૭૮)

આગરી ૧. સ. બીજું પકવનાર માણસ; આગરિયું.

૨. વિ. સ્ત્રી. ચતુરાઈવાળી.

બળવી બુદ્ધિ આગરી, જો કપટે તકાલ. લોકસાહિત્ય

આગરું ૧. [સં. અગ્ર (તદ્દ) + ણ (મોંમાંથી નીકળતું)] પું. મોઢામાંથી દુર્ગંધ નીકળ્યા કરે એવો એક રોગ; મુખપાક.

૨. પું. હોજરી; અન્નનળ અને મુખમાંથી ચડેલા ખોરાકની બધ.

આગરું ૧. સ. રોટલીના સાંઠાનું પીલું.

૨. વિ. ચતુરાઈનું; જોર.

આગરૂ જ. શુલબુલ પક્ષી; મધુર અવાજે ગાનારું એક નાનું પંખી.

આગરૂઈ જી. બારીક સાર.

આગરૂપ જ. મુખ્ય બજાર આંહેનું એક ગુજરાત.

આગરૂ [સં. આ (વરૂ) + રૂ (ખોટામાંથી નીકળવું)] પું. મુખપાક. જુઓ આગરુ.

આગરો પું. પૈસાની તંગીનો વખત; નાણાભીડ.

આગલ [સં. અર્ગલ] જી. આગળિયો.

આગલાંત [સં. અગ્ર (મુખ) + ગલ (ગળું) + અંત (છેડે)] જ. ગળા સુધી.

આગલિ જ. આગળ; સામે; સન્મુખ.

આગલિત વિ. [સં. આ (વખારે) + ગલ્ (પડી જવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ઉશ્કેરાટી; ઉદ્વેગી.

૨. વિ. નરમ થયેલું; ઓલું.

આગલિયું વિ. આગલું; મોખરાનું; મુખ્ય.

આગલી વિ. જી. ડાગળી.

૨. જી. પંસળી.

૩. વિ. જી. પહેલાંની; પ્રથમની.

આગાહું વિ. [સં. અગ્રતઃ; અગ્રિમ; પ્રા. અગ્ગિલિય] વિ. અગાઉ બનેલું; પૂર્વકાલીન.

૨. વિ. પ્રથમનું; પહેલાંનું.

આગલી દુલવણ સારી, પછી પાળી દુલવણ માઠી = બગડ્યા પછી સુધારવા કરતાં પહેલેથી બગાડવા ન દેવું એ વધારે સારું.

૩. વિ. ભવિષ્યનું.

૪. વિ. મુખ્ય; બજાર પડતું; મોખરાનું.

આગલું બગજ = બગજનો પહેલો નાનો ખાડામાંથી શરૂ થતો અર્ધગોળાકાર ભાગ; 'પ્રોસેન્સેફેલન'. તેમાં સંકળવાના જ્ઞાનતંતુ રહેલા છે.

આગલુંપાછલું ૧. જ. પહેલાંનો ઇતિહાસ; ભૂતકાળની હકીકત.

આગલીપાછલી ભૂલી જવી = અગત્યની વીસરી જવી.

૨. વિ. આગળનું અને પાછળનું.

૩. વિ. ચારે બાજુનું.

આગલો ફાલકો પું. (વહાણનું) ખૂવાની મોઢા આગળ પોરામાં ઊતરવા માટે સપાટીમાં રાખેલ કાદરા જેવો ભાગ.

આગલો ઓરો પું. (વહાણનું) વહાણનો આગલો ભાગ.

આગલોં જ. અગાઉ; પૂર્વે.

આગલ્યું વિ. અગાઉનું; પહેલાંનું.

મૂલ નક્ષત્રમાંનો તેરમો. તારો એટલે કે મૂલનો આગલ્યો ઢાળો પણ તે જ જાતો એવું કોલબુક આદિ પંડિતોએ માન્યું છે. જ્યોતિર્વિલાસ

આગવચ [સં. અગ્નિ (આગ)] જી. ચૂલાની મોટા આગળની જગા; આગમચ.

આગવત જ. અંજળ; સામર્થ્ય.

આગવન વિ. જી. આવવાની એક જાત.

૨. જ. આવવાની એ નામની જાતનું માણસ.

૩. વિ. આવવાની એ નામની જાતનું.

આગવા પું. મોભરો; દીવાની વાટનો બળી ગયેલો છેડો.

આગવાઈ વિ. જી. આગેવાન.

૨. જી. આગેવાનપણું.

૩. જી. પ્રતિનિધિ બનીને કરનાર.

૪. જી. સ્વાગત.

આગવી વિ. [સં. અગ્ર; પ્રા. અગ્ગઇ] પું. આગેવાન; અગ્રેસર.

૨. વિ. બજાર પડતો ભાગ લેનાર; ક્રમમાં આગળ બનાર.

૩. વિ. જી. પોતાની માલિકીની; સુવાંગ.

આગવું વિ. [સં. અંગ (અવયવ)] વિ. બીજાનો ભાગ ન હોય એવું; પોતાની માલિકીનું; સુવાંગ; આસ; ઘસાયેલું; પોતીકું; 'રીકર્ડ'.

૧. આગવું કહાપણ = માત્ર પોતાની બુદ્ધિ પ્રમાણે જ ચાલવાપણું.

૨. આગવું કહાપણ ઠોળવું = (૧) બળજબરીએ થવું. (૨) માત્ર પોતાની મતિએ ચાલવું. (૩) સજાજ વિના બાવું બાલવું; દોઢડાહ્યા થવું.

૨. વિ મોખરાનું; ખેપ; મુખ્ય.

આગવો વિ. [સં. અગ્ર; પ્રા. અગ્ગઇ] પું. અગ્રણી; અગ્રેસર; આગેવાન; નેતા; મુખી.

જેનો અગ્રણો નામનો. તેનું કાક કુવામાં. લોકોક્તિ

૨. પું. જોખમોને માર્ગ બતાવનાર માણસ.

આગસ વિ. [સં. આગસ્] જ. અપરાધ; દોષ; ગુનો; પાપ.

કાક કરે કલરેલર આગસ હે
પુલિંદીમતિ આપ નિવારો. પ્રેમાનંદ

૨. જ. ચૂક; ભૂલ.

૩. જ. દંડ; શિક્ષા.

આગસ્ટ [અં. ઑગસ્ટ] પું. અંગ્રેજી વર્ષનો ૩૧ દિવસનો આઠમો મહિનો. રોમન લોકો આ મહિનાને "સિક્સટીલિસ" કરી કહેતા, એટલે કે લેટિન પંચાંગ પ્રમાણે આ છઠ્ઠો મહિનો ગણાતો.

આગસ્તી [સં. અગસ્ત્ય (એક તારો)] જી. અગસ્ત્યની દિશા; દક્ષિણ દિશા.

આગસ્તીય વિ. [સં. અગસ્ત્ય (એક ઋષિ) + ઇય (સંબંધી)] વિ. અગસ્ત્ય ઋષિ સંબંધી.

૨. [સં. અગસ્ત્ય (અગસ્તિનો) + ઇય (સંબંધી)] વિ. અગસ્ત્ય એટલે અગસ્તિયા નામના છોડને હિતપ્રદ.

આગસ્ત્ય વિ. [સં. અગસ્તિ (એ નામનો ઋષિ) + અ (અપત્યવાચક એટલે સંતાન એવા અર્થનો પ્રત્યય)] પું. અગસ્ત્યનો વંશજ; અગસ્તિના ગોત્રનો માણસ.

૨. પું. દક્ષિણ દિશા આંહેનો પ્રદેશ.

૩. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો ઋષિ.

૪. વિ. અગસ્તિ છોડમાંથી થતું.

૫. વિ. અગસ્ત્ય સંબંધી.

આગસ્ત્યાયન [સં. અગસ્ત્ય (એક ઋષિ)] જ. અગસ્ત્ય ઋષિ સાથે સંબંધ ધરાવનાર માણસ.

વત્સલા, લોપામુદ્રા તથા સર્વે આગસ્ત્યાયનો આપની રાહ જોઈ રહ્યા છે. ઉત્તરરામચરિત

આગહ [દે. આગાહ] વિ. ચોકીદાર; ભાલુકાર.

આગહી [દે. આગાહી] જી. અબર; ભાલુપણું.

આગળ વિ. [સં. અગ્ર; પ્રા. અગ્ગ] જ. અગ્રસ્થાને; મોખરે; પ્રથમ પંક્તિમાં. આગ્ર ઉપરથી બહુ. સ્વ. આગલિ, અને તે ઉપરથી આગળ શબ્દ થયેલ છે.

આગળ જોઈ ઊભળ નથી અને પાછળ જોઈ ધરાળ નથી = આજ જેવાલાલ બધું સરખું છે.

૨. જ. અગાઉ; અગાઉ; પૂર્વે; પહેલાં; અગાઉના વખતમાં.

૩. જ. આગળ વધેલું; અગાઢી; મોર.

૧. આગળ જઈ પાછળ પડવું = બળ ઉપરાંત કામ કરવું અને પછી પસ્તાવું.

૨. આગળ જવું = (૧) અભિમાતા થવું; સરસ નીવડવું. (૨) તાબાત ઉપરવટ કરવું. (૩) પાછળ મૂકવું; હઠાવવું.

૩. આગળ થવું = (૧) આગેવાની લેવી. (૨) અભિમાતા થવું. (૩) પાછળ મૂકવું; પછી જવું. (૪) મૂકીને જવું; મરી જવું.

૪. આગળ હોઈ ને પાછળ જોઈ = ઉતાવળે આંબ્યા પાકે નહિ; ઉતાવળ કરવી નકામી.

૫. આગળ વધવું = અભિમાતા થવું.

૪. જ. પહેલેથી.

૫. જ. પાસે; કને; નજીક.

આગળ ઓઢે, ઘૂમટો તાણે, તેનાં લક્ષણ

કોઈ ન ભણે = ઓછામાં ઘણું ચરિત્ર હોય છે.

૬. અ. પ્રથમ; પહેલાં; ઉપર.
આગળ આવી કોઠી ખાલી. લોકોક્તિ

૭. અ. બહાર; જાહેરમાં.
૧. આગળ આવવું = બહાર પડવું; પ્રસિદ્ધ થવું.
૨. આગળ કોઢવું = (૧) ચડી જવું; વધી જવું. (૨) બહાર ધસી જવું; ઊછળી પડ બાંધવો; સાહસ કરવું. (૩) શક્તિ કરતાં વધારે કરવું.
૩. આગળ પડવું = (૧) પહેલ કરવી; અગ્રેસર થવું. (૨) બહાર આવવું; પ્રસિદ્ધ થવું. (૩) મદદે આવવું.

૮. અ. સરખામણીમાં; મુકાબલે.

૯. અ. સામે; સન્મુખ.

૧૦. અ. હવે પછી; ભવિષ્યમાં.

આગળનું ૧. [સં. અગ્ર] વિ. પહેલાંનું.
૨. વિ. આવિ; ભવિષ્યનું; હવે પછીનું.
૩. વિ. ભૂતકાળનું; પૂર્વનું; અસલનું; બનેલા બનતનું.

આગળપાછળ ૧. [સં. અગ્ર (આગનું) + પશ્ચાત્ (પાછનું)] અ. બધા અને આવતા કાળમાં; ભૂત અને ભવિષ્યમાં.
૨. અ. આરે પાસે; કરતું; આસપાસ; આજુબાજુએ.
૩. અ. આગતુવળગતું હોય તેમ.
૪. અ. સન્મુખ અને પછવાડે; સામે અને પૂઠે.

આગળબંધી વિ. (આગમ) ભવિષ્યની બનતું; આર કલવાળું અને સાંધી આપવાળું.

આગળબુદ્ધિ [સં. અગ્ર (આગળ) + બુદ્ધિ (વિચાર)] વિ. ભવિષ્યનો પહેલેથી વિચાર કરનાર.
આગળબુદ્ધિ વણિકો ને પાછળબુદ્ધિ બ્રહ્મ. લોકોક્તિ

આગળવા અ. અગાઉથી; મુદત પહેલાં.

આગળવું જુ. ક્રિ. આધેડું મોંમાં લાવી ફરી આવવું; વાગોળવું.

આગળિયાત ૧. વિ. કમનસીબ; દુર્ભાગી; કર્મનો આગળિયાત.
૨. વિ. પહેલ કરનાર.

આગળિયારો [સં. અર્ગલ] પું. ઉલાળો.

આગળિયો [સં. અર્ગલ] પું. બારણું ઉઘાડવા બંધ કરવાની કળ; ઉલાળો; આગળો.

આગળી ૧. [સં. અર્ગલી; પ્રા. અગ્ગલી] સ્ત્રી. બારણું ઉઘાડવાસ કરવાનો લાકડાનો નાનો કટકો; ઉલાળી.
૨. [સં. અગ્ર (અગ્ર) + અલ્ (ચળવું)] સ્ત્રી. મલમ ચોપડેલી રૂમાલ ઉપર મૂકવામાં આવતી કપાસની કાપલી; મલમવાળી પટ્ટી.
૩. અ. ઉપરાંત. આ અર્થમાં આ શબ્દ કવિતામાં વપરાય છે.

આગળું ૧. વિ. શેરડીના સાંઠાનો ઉપલો ભાગ; પડકું.
૨. [સં. અગ્ર] વિ. આગળ પડતું; તરી આવે એવું; ચડિયાતું; જેર; સર્વોપરી; સરસ.
રૂપની શુદ્ધ આગળી. કામા ઝળની ઝાક.

૩. વિ. મોં આગળનું; પાસેનું; નજીકનું.

આગળો [સં. અર્ગલ; પ્રા. અગ્ગલ] પું. બારણું ઉઘાડવા વાસવાનું સાધન; આગળિયો; ઉલાળો.

આગંતવ્ય ૧. [સં. આગમ્ (આવવું) + તવ્ય (જવું)] ન. અવસર આવવું તે.
૨. વિ. આવે એવું; આવવાના સંજોગવાળું.
૩. વિ. યોગ્ય બનાવું; જરૂર આવનારું.
૪. વિ. મળવા જેવું.

આગંતુ ૧. [સં. આગમ્ (આવવું)] પું. અતિથિ; મહેમાન; પરોણો; મહામાત.
૨. પું. મુસાફર; વટેમાર્ગુ.
૩. વિ. આકસ્મિક; અચાનક આવતું.
૪. વિ. આવનારું; આવતું.
૫. વિ. બહારનું; બહારથી આવતું.
૬. વિ. રખડતું; રઝળતું; ટોળામાંથી બહાર પડી ગયેલું.

આગંતુક ૧. [સં. આગમ્ (આવવું)]
પું. અચાનક થતો રોગ.
૨. પું. આવી ચડેલું માણસ.
૩. પું. તાજે આવેલ માણસ.
૪. પું. દખલગીરી કરનાર પુરુષ; ઘૂસી ગયેલો માણસ.
૫. પું. નખલિયાનું ઢોર.
૬. પું. પરોણો; અતિથિ; મહેમાન.
૭. પું. મુસાફર; વટેમાર્ગુ.
૮. વિ. અચાનક આવી ચડેલું; નવું આવેલું; બની આવેલું; આકસ્મિક; ઔપધિક.
૯. વિ. અપરિચિત; અજાણ્યું; ત્રાહિત.
૧૦. વિ. મૌલિક; પ્રધાન; મુખ્ય નહિ એવું.
૧૧. વિ. જન્મ દ્રવ્ય વિનાનું.
૧૨. વિ. બીજું એક આગને અને બીજું કોઈ બીજા આગને લાગેલું હોય તેવું.
૧૩. વિ. નક્કી નહિ એવું; અનિશ્ચિત; અયોક્કસ.
૧૪. વિ. મરતિયું.
૧૫. વિ. મહેનત વગર મળેલું.
૧૬. વિ. વગર નોતરે આવેલું; ઘૂસણિયું.
૧૭ વિ. વચ્ચે ઘુસાડી દીધેલું.
૧૮. વિ. વારંવાર આવતું; આગમનશીલ.

આગંતુકજ્વર [સં. આગંતુક (અચાનક આવેલું) + જ્વર (તાવ)] પું. (વૈદક) બહારનાં કારણે શરીરને અસર કરી આવતો તાવ; શરીરના દોષનો વિકાર એટલે બગાડ થયા વિના બીજાં કારણોથી આવતો તાવ; ભૂતપ્રેતની બીક, વધુ પડતી મહેનત, વગેરે કારણથી અચાનક આવેલો તાવ. તેની જાતો: ૧. અભિઘાતજન્ય એટલે કોઈ પણ વાગવાથી અથવા ઘા જાણના કે હિમ વગેરેના આઘાતથી આવતો. ૨. અભિચારજન્ય એટલે કામણટૂમણ વગેરેના પ્રયોગથી આવતો. ૩. અભિશાપજન્ય એટલે શાપથી આવતો. ૪. અભિષંગજન્ય એટલે માનસિક વિકાર જેવા કે કામ, ક્રોધ, ભય, શોકથી તેમ જ ભૂત રાક્ષસ વગેરેના કારણથી આવતો. ૫. વિષપ્રયોગજન્ય એટલે ઝેરની અસરથી આવતો. ૬. ઔષધિગંધજન્ય એટલે કોઈ ઉગ્ર વાસવાળી વનસ્પતિની વાસને લીધે આવતો.

આગંતુકઝામર પું. (વૈદક) આંખનો એક રોગ. કૃષ્ણમંડળમાં એટલે આંખની કીકીની આજુબાજુના ગોળાકાર ભાગ ઉપર ક્ષત પડે અથવા કનીનિકા એટલે આંખની કીકી બહાર નીકળી આવે અને ત્યારે પાણી જેવો રસ વહ્યા કરે. પણ વખત જતાં કનીનિકા ઉપર રસીનો જમાવ થાય અને તેમાંથી પાણી ઝરી શકતું નથી તેથી ઝામર રોગની શરૂઆત થતી મનાય છે.

આગંતુકતા [સં. આગંતુક (અચાનક આવેલું) + તા (પણું)] સ્ત્રી. આકસ્મિકતા; દૈવયોગે આવી ચડવાપણું.

આગંતુકલાભ [સં. આગંતુક (મહેનત વિના મળતું) + લાભ (ફાયદો)] પું. બહાર ઉપરાંત મળેલું લવાજમ; ભાડાઈ; દરવટી; સુખડી; હકભાઈ; દી.

આગંતુકવ્રણ [સં. આગંતુક (અચાનક બનેલું) + વ્રણ (જખમ)] પું. ચોટના પ્રહારથી થયેલ જખમ. ઘા લાગવાથી તે થાય છે.

આગંતુજ ૧. પું. પાંચ પ્રકારના સ્તનરોગમાંનો એ નામનો એક.
૨. [સં. આગંતુ (એકાએક આવી ચડેલ) + જન્ (જન્મવું)] વિ. અકસ્માતથી ઉત્પન્ન બનાવું.

આગંતુ ઉત્પાદ [સં. આગંતુ (આકસ્મિ આગંતુ) + ઉત્પાદ (ઊપજ)] સ. આકસ્મિ ઊપજ થઈ.

આગમ ૧. [સં. આગ (આગવું)] કું. આગવો

૧. આગમ કેમ્પો = (૧) ઊભી આંખે. (૨) સંભાળપૂર્વક; ધ્યાન રાખી.

૨. આગમ બારી થવું = (૧) આકાશમાંથી ઊતરવું હોવું. (૨) અવતાર હોવું. (૩) સજર્યા થવું.

૩. આગમ હોવું-સંભાળવું = (૧) અજાણ્યા માણસના આવવાથી કુતરાનું ભસવું. (૨) આગળ જવું.

૪. આગમ લેવો = આગળનો ભાગ લેવો.

૨. કું. ઝપાટા; ઝડપાટ.

૩. [હિં.] કું. પ્રસૂતી; બાળજન.

૪. કું. ઘરની સામેનું મેદાન.

૫. કું. ઘરનો મોભારો; મોરો.

૬. કું. છાતી; વક્ષઃસ્થળ.

૭. કું. કપાસનો આગલો ભાગ.

૮. કું. પાકીનો આગલો ભાગ.

૯. કું. ભવિષ્ય; [illegible] આવવાનો વખત.

૧૦. કું. મુખ; મોઢું.

૧૧. કું. મોટો ભાર્ગ.

૧૨. કું. લશ્કરનો [illegible]સલો ભાગ; સેનામુખ.

[illegible] મરવું = લશ્કરના આગલા ભાગ ઉપર હુમલો કરવો.

૧૩. કું. હિંમેદિલ.

૧૪. કું. વહાણનો આગલો ભાગ.

૧૫. કું. શરીરનાં આગળી અવયવ.

૧૬. કું. શરીરનો આગલો ભાગ.

૧૭. [સં. આગ (વસવાટ)] કું. ઠેર; સ્થળી; જગ્યા; ભાલિક; સરદાર; આગ; ઉજારા.

આગ તાગ લેવું = (૧) તપાસવું. (૨) સંભાળ રાખવી.

૧૮. કું. હિંદુસ્તાનમાં રહેતા અને બેપારને માટે આવતા જતા ઈરાની મુસલમાન અને મુસલોને બોલાવવામાં વપરાતો શબ્દ.

૧૯. કું. હુમલો.

આગાઈ ૧. [સં. આગાહી] સ્ત્રી. બધુ થવાપણું; આગાહી.

૨. સ્ત્રી. ધારણા; તર્ક; અનુમાન.

૩. સ્ત્રી. ભવિષ્યવાણી.

આગાખાન [આગા (ઉપરાંત) + ખાન (ખાવું)] કું. મુસલમાની પર્વના [illegible] સંબંધના આખર્ચ; કજા પ્રસિદ્ધવાર અને મુજર્રમ ના બોજા, મુખના વગેરે માટે બોજવામાં મુસલમાનના ધર્મગુરુ.

આગાખાની ૧. સ. આગાખાનના મતને અનુસરનાર માણસ. આગાખાનને પોતાના ઇમામ તરીકે માનનાર બોજા આગાખાની કહેવાય છે.

૨. સ. એક જાતનું કાપડ.

૩. વિ. આગાખાનના પંથનું; આગાખાનના ધર્મને અનુસરતું; આગાખાનની આજ્ઞા માનનાર.

૪. વિ. આગાખાનને લગતું.

આગાજ [સં. આગાઝ] સ. પ્રારંભ; શરૂઆત.

આગાજ છે મેળની રીતે,
નથી આગાજ જે બંધન. મેઘાણિ

આગાઝ [સં. આગાઝ] સ. આરંભ; શરૂઆત.

આગાઢ વિ. (કપડું) આગાઢ; પુષ્ટ હોય તેવું.

આગાઢ હોમરાવાર = સિલોહિત પુષ્ટતા હોમર વસ્ત્રના રક્ષણના આશય વખતે બખ્તર વેરી નાખવાની રસમ હોવાથી તે પુષ્ટતા આગાઢ જોટાની પુષ્ટ હોય તેવું.

આગાત [સં. આ (પાછું) + ગત (જવાનું)] વિ. પાછું જવાપણું જોવાવર; ઝપાટા.

આગાતા વિ. આગાઢ; પુષ્ટ હોય તેવું.

આગાધ ૧. [સં. આ (ખૂબ) + ગાધ (ઊંડું)] વિ. બધું ઊંડું.

૨. વિ. દુઃખથી ભરી લીધે જોવું.

આગાપીછા ૧. કું. આગળપાછળની દશા.

૨. કું. આગાનો બાજુથી ઊંચ સુધીનો ભાગ.

૩. કું. પરિણામ; નતીજો; આગળપાછળનો સબંધ.

૪. કું. વિચાર.

૧. આગાપીછા કરવું = (૧) આગાપાની કરવી. (૨) પહોળ વાપરવું.

૨. આગાપીછા જોવું = (૧) આગળ અને પાછળ જોવું. (૨) સંભાળ રાખવી.

૩. આગાપીછા સોચવું = વિચાર કરવો.

૫. કું. શરીરનો આગલો અને પાછલો ભાગ; શરીરનું આગળપાછળનું મુખ્ય અંગ; શરીરના મુખ્ય અવયવ.

૬. સ્ત્રી. આકસ્મિકતા; ચકિતી; ચમત્ત.

આગાપાની સ્ત્રી. આગાની; એક જાતનું પુલાવજ કીડું સુતરાઉ કપડું.

આગાપાસ કું. આગળથી આપેલો સીરો.

આગામિક ૧. [સં. આગમ (આવવું)] વિ. આવનાર.

૨. વિ. ભવિષ્યનું; બાકી.

આગામિની [સં. આગમ (આવવું)] વિ. સ્ત્રી. ભવિષ્યની; હવે પછી બનારી.

આગામી ૧. [સં. આગામિન્ (આગમન)] કું. અતિથિ; પરોણો.

૨. કું. વિદ્વાન; પંડિત; શાસ્ત્રમાં પ્રવીણ માણસ.

૩. વિ. આવતું; હવે પછી આવનારું.

૪. વિ. બનારું; ભવિષ્યનું; બાકી.

૫. વિ. ચાલેલું; નજીકમાં આવેલું.

૬. વિ. આગળથી આવતું; દખલગીરી કરનારું.

૭. વિ. વધારો હોય એવું.

આગામીકર્મ ૧. [સં. આગામિન્ (બાકી) + કર્મન્ (કામ)] સ. (વેદાંત) તત્વજ્ઞાન આવા પછી કરેલ કામ.

૨. સ. સ્થૂળ શરીરથી થતાં પુણ્યપાપરૂપ કર્મ.

આગામીભુદ્ધિ [સં. આગામિન્ (ભવિષ્યનું) + બુદ્ધિ (વિચારશક્તિ)] સ્ત્રી. આવતીકી ભવિષ્ય જોવાની શક્તિ.

આગામીબુદ્ધિ થઈ જોવાય જેવું.
મારવાડીકવિ

આગામીમાસ [સં. આગામિન્ (આવનાર) + માસ (મહિનો)] કું. આવતો મહિનો.

આગાર ૧. કું. આવાસ.

૨. કું. (જૈન) ગૃહસ્થ; ગૃહસ્થાશ્રમી.

૩. કું. (જૈન) છાપ; બોકળ.

૪. કું.; ન. ઘર; રહેઠાણ; રહેવાની જગ્યા; નિવાસસ્થાન.

સકળ ઘરા આગાર મહ, જિહ જેવ કુલિ,
તવ ચિરંજ પર આસવહ આવઇ નિરય નિવિ.
વિજયસૂરિરાસ

૫. કું.; ન. બંગલો; બાગનો.

૬. કું.; ન. મહેલ; મકાન; મંદિર.

અણહિલપુર નગરી સિર્યા, ઘર્યા ઘણા આગાર.
રાસ

૭. ન. જગ્યા; સ્થાન.

આગારગોધિકા [સં. આગાર (ઘર) + ગોધિકા (ગરોળી)] સ્ત્રી. ઘર બાંધવાની નાની ગરોળી.

આગારચિત્ર [સં. આગાર (ઘર) + ચિત્ર (ચીતરેલ આકૃતિ)] સ. ઉપલા ઉપર કાગળમાં આવતાં ચિત્ર; 'મ્યુરલ પેન્ટિંગ'.

ચોરસ્તોની ઉપલી આગારચિત્રોમાં ચિત્રિત ગોતો. કાલીદાસ

આગારદાહ [સં. આગાર (ઘર) + દાહ (બાળવું)] કું. ઘરને બાળી નાખવાનું કામ.

આગારદાહી [સં. આગાર (ઘર) + દાહ (બાળવું)] વિ. ઘર બાળનાર; બાળનાર [illegible]

આગારધર્મ [સં. આગાર (રહસ્ય) + ધર્મ (ગુણ)] કું. (જૈન) ગૃહસ્થાશ્રમીની ફરજ.

આગારધૂમ ૧. પું. એ નામનો એક રોગ છે.
૨. [સં. આગાર (ઘર) + ધૂમ (ધુમાડો)] પું. ઘરનો ધુમાડો.

આગારધૂમાદ્યતેલ [સં. આગાર (ઘર) + ધૂમ (ધુમાડો) + આદ્ય (મુખ્ય) + તૈલ (તેલ)] ન. ઉપદંશ એટલે ગાંઠીના રોગ માટે ઉપયોગી ગણાય એવી બનાવટ. ધૂંસ એટલે રસોડામાં થતી એક જાત ૧, હળદર જાત ૨, દારૂ બનાવતાં વપરાતો કચરો જાત ૩, અને તેલ જાત ૧૨ એમાં કહી પ્રમાણથી આ તેલ બને છે.

આગારવાસ [સં. આગાર (ઘર) + વાસ (રહેવાનું)] પું. ગૃહસ્થાશ્રમ; બ્રહ્મચર્યાશ્રમ પછીનો બીજો આશ્રમ, જેમાં માણસ લગ્ન કરી ઘર પ્રમાણે વ્યવહાર ચલાવે છે.

આગારવિનય [સં. આગાર (ગૃહસ્થ) + વિનય (વિવેક)] પું. ગૃહસ્થનો વિવેક.

આગારિક [સં. આગાર (ગૃહસ્થ) + ઇક (વિષે)] વિ. ગૃહસ્થ સંબંધી.

આગારી ૧. [સં. અગ્ર (પ્રથમ)] પું. અગાઉથી આપેલાં નાણાં.
૨. [સં. આગાર (ઘર) + ઇન્ (વાળું)] પું. ગૃહસ્થ.

આગારી હુક્ક [આગારી (ગૃહસ્થ) + હુક્ક] પું. ગૃહસ્થ તરીકેનો અધિકાર.

આગાસાહેણ વિ. બંગાળાના માંત્રાની એક ઊંચી જાત.

આગાહ ૧. પું. જાસૂસ.
૨. પું. આગમ; ભવિષ્ય.
આગાહ કરવું = (૧) ખબર આપવા. (૨) ચેતવો કહેવડાવવો.
૩. સ્ત્રી. અણ; ખબર.
આગાહ કરવી = અણ કરવી.
૪. વિ. ગાભરું; હોશિયાર.
૫. [દ્વા.] વિ. ચાલાકીવાર; ભણકાર.

આગાહક ન. (જિંજણ) રસાયન; અમલ; રાગ.

આગાહી ૧. [દ્વા.] સ્ત્રી. તર્ક; ધારણા; અનુમાન.
૨. સ્ત્રી. ભવિષ્ય; બાની; જે થવાનું હોય તે.
૩. સ્ત્રી. ભાવિ ઘટનાનું આગમથી અનુમાન; ભવિષ્યનું સૂચન; ભવિષ્યવાણી.
૪. સ્ત્રી. ચાલાકારી; ભણકારી.

આગાંતુ [સં. આગમ (આવવું)] પું. અતિથિ; પરોણો; મહેમાન.

આગિન ૧. પું. અદેખાઈ.
૨. પું. ઇર્ષા; વિશ્વાસઘાત.
૩. પું. (લાક્ષણિક) ગુસ્સો.
૪. સ્ત્રી. ગરમી.
૫. સ્ત્રી. ગાંઠો; ઉપદંશ; એક રોગ.
૬. સ્ત્રી. આગ; દેવતા.
૭. સ્ત્રી. ધિક્કાર.
૮. સ્ત્રી. ભૂખ.

આગિયલ્લ આખ્ય સ્ત્રી. આગિયા કીડાની માફક પ્રકાશ આપનાર એક જાતની માખી; ઝાંખર ઇલાઈ. તેના પેટમાંની ગાંઠમાંથી એક જાતનો પદાર્થ નીકળે છે, જે પ્રાણવાયુની સાથે મળવાથી પ્રકાશ ઉત્પન્ન થાય છે.

આગિયા ૧. પું. એક જાતનું પક્ષી.
૨. પું. એક જાતનો કીડો. જુઓ આગિયો.
૩. પું. તમાકુના ખેતરમાં ઊગતી એક જાતની વનસ્પતિ.

આગિયાખડક (આગિયાખડ્ક) પું. બળતો પહાડ; જ્વાળામુખી.

આગિયારી સ્ત્રી. (કન્યકી) લગ્ન વખતે તલ, જવ અને ઘીનો હોમ કરવા માટે વેદિમાં રાખેલો અગ્નિ.

આગિયું ૧. [સં.-અગ્નિ (આગ) + ઇન્ (વાળું)] ન. આગ સળગવાનું વાસણ; અંગીઠી; આગસ્થાન; આગની હોળી.
૨. ન. ઊભા મોલે ચુવારના કુંડામાંના દાણા ખાઈ જાય તે રોગ.
૩. ન. એ નામનો એક છોડ. જુઓ આગિયો ૧.
૪. વિ. આકરું; બળકટ; કરડું; તામસી; તીખું; ખિન્નજી.
૫. વિ. દેવતાવાળું; અગ્નિ વગે જેવું; અગ્ય; સળગતું; બળતું.

આગિયો ૧. પું. આખાં બળતરા થાય એવો ખરજવે હાથ દોઢ હાથ ઊંચો, બળનાં ખંડાં જેવાં પાનનો અને પીળા રંગનાં નાનાં ઠીકરાંવાળો છોડ. તે બળકર, કડવો, ગરમ, તીખો, રક્તપિત્ત અને મરોડાને મટાડે છે. ખેતરમાં તે થાય તો આખું ખેતર બગી જાય છે.
૨. પું. આગ ઉત્પન્ન કરનાર મંત્ર.
૩. પું. આગ કરે એવો ગ્રહ.
૪. પું. એક જાતની નહુ પીળી ભમરી.
૫. પું. એક જાતનો કીડો; આગોત. અંધારામાં તેના પાસામાંથી લીલો પ્રકાશ દેખાય છે.
૬. પું. કરડવાથી દાઝવા જેવી બળતરા પેદા કરનારી ભમરી.
૭. પું. ઘઉંમાં જેર આવે ત્યારે પાકનો તદ્દન નાશ કરનાર જીવડું.
૮. પું. બોકું એકદમ લાલ થઈ બળ તે રાઘ; તણખિયો.
૯. પું. ભુવાર, કોરડી વગેરેને થતો એક જાતનો રોગ; અગિયું. તેથી કપાસના ઘણા બળી જાય અને ત્યારે તેને બંબેરવામાં આવે ત્યારે તેમાંથી રાખના જેવો પદાર્થ નીકળે.
૧૦. પું. જેનાથી આગ પ્રગટે એવો એક વીર; વૈતાળ.
જીવ ઈશ્વર હરપ્રીતનો હામ,
આગિયો વીર સોલે સુજ્જ સ.ક. સામળ
૧૧. પું. પોળા રેસનું અથવા ઊંચા બાસ જાતું અને ઝિલા આસમાની રંગનાં ફૂલવાળું એક બારમાસી છોડ. તમાકુના છોડ નીચે તે ઊગે તો તમાકુ વધી શકતી નથી. આગિયાનું બારીક ચૂર્ણ ઘીજણીને પણ નુકસાન કરે છે.
૧૨. પું. બ્લિસ્ટર મારવાનું ઓસડ.
૧૩. વિ. બંધકર્તા મનેલી રસને લીધે જેનો પણ તરબોળ ખાતો હોય તેવું.

આગિયો કાચ પું. સૂર્યનાં કિરણો ભેગાં કરીને અગ્નિ કરે એવો કાચ.

આગિયો બડક (આગિયો બડ્ક) પું. બળતો પહાડ; જ્વાળામુખી પર્વત.

આગિયો બરસાલ પું. એક જાતનો બારમાસ સુંદર ફૂલવાળો છોડ; ઊભાફૂલી; હાથીસૂંઢો.

આગિયોલોહુક પું. કરડવાથી આગ લગાડ્યા જેવી બળતરા થાય, શરીર ઉપર મોટી મોટી ચાઠ પડી જાય, અને મૂત્રસ્થાને સોજો આવે એવો ઘોડાસરખી જાતનો મચ્છર અને સાંપો સાપ.

આગિયો છપ્પર પું. આગિયો બડક.

આગિયો વેતાળ ૧. પું. આગ બળતી હોય એવું ભૂત.
૨. પું. ક્રોધી માણસ.
૩. વિ. મોટી બારમાં મુસ્સે થાય એવું; તામસી.

આગિલ [પ્રા. અગ્ગિલ] વિ. ભવિષ્યનું; આગળ બનવું.

આગી ૧. પું. અદેખાઈ.
૨. પું. કપટ; વિશ્વાસઘાત.
૩. પું. (લાક્ષણિક) ગુસ્સો.
૪. પું. ધિક્કાર.
૫. સ્ત્રી. આગ; દેવતા.
દયા કરી મુરકરે અંતરની ઓલવી આગી ૨. ભોજો
૬. સ્ત્રી. ગરમી.
૭. સ્ત્રી. ગાંઠો; ઉપદંશ; એક રોગ.
૮. સ્ત્રી. ભૂખ.

આગીદુગી જી. ખોડખાંપણ; ક્ષિ; ભૂલચૂક.

આગીન [ફા.] વિ. ભરેલું. આ શબ્દ સમાસમાં વપરાય છે.

આગુ ૧. [પ્રા. અગ્ગલિ] પું. આગેવાન; અગ્રણી; અગ્રેસર; મુખી; નેતા.

૨. વિ. આગલું.

૩. અ. આગળ; અગાઉ; પહેલાં; પૂર્વે.
આગુની ઓળખાણે ૨ અમે અહીં અવતર્યા. બોને
આગુસે ભલા આસા સબ કરકરમ જેહ
પાયા = એકને જોઈ બધાની અગર પડી જતી.

આગુડી (આગુડે) જી. આગળ આગળ ચોકનારી બી.

આગુન [હિં.] જી. ઘરના કેર માટે ખુદી કન્યાને આવાની મીજ.

આગુર પું. આગર; અગર.

આગુવો ૧. [સં. અગ્ર (આગળ) + ગમ્ (જવું); પ્રા. અગ્ગગામિઅ] પું. આગેવાન; અગ્રેસર; મુખી.

૨. પું. રસ્તો દેખાડનાર; ભોમિયો; આગવો.

આગું ૧. [સં. અગ્નિ] જી. આગ; દેવતા.

૨. અ. આગળ.
ધરણે પગા મોપને નાખે આગું. નરસિંહ

આગૂઆ [હિં.] પું. મુકામ; પિંડો.

આગૂ આગૂ ૧. અ. અગાઉ; પહેલાં.

૨. [હિં.] અ. આગે માટે બાર બતાવવા વપરાતો શબ્દ.

૩. અ. હવે પછી.

આગે ૧. [સં. અગ્ર; પ્રા. અગ્ગ] અ. અગાઉ; પૂર્વે; પહેલાં; અસલના વખતમાં.

૨. અ. અગળ; અગાડી.

૧. આગે જવું = (૧) આગળ વધવું. (૨) દોરવું. (૩) બચાવનાર તરીકે આગળ આવવું. (૪) સામું આવવું. (૫) સામું જવું. (૬) મુકરવું. (૭) હદ ઉપરાંત જવું.

૨. આગે દેખવું = (૧) આંખ ઉઘાડી સામે નજર કરવી. (૨) ધ્યાન રાખવું.

૩. આગે પીછે = (૧) અનિયમિતપણે. (૨) આગળ અને પાછળ. (૩) એકબેકની પાછળ. (૪) બેરહાજરીમાં. (૫) હરીફો.

(૬) મોડાવહેલું.

૪. આગે પીછે ચાલવું (૧) અનિયમિતપણે ફરવું. (૨) હારમાં ચાલવું.

૫. આગે બઢવું = આગે જવું.

૬. આગેના કદમ = (૧) પાછળ જવું; પછાત પડવું. (૨) પીછે હઠવું.

૭. આગેના કદમ પીછે પડવું-હઠવું = (૧) નાસી જવું. (૨) પછાત પડવું.

૮. કદમ આગે રાખવું = (૧) આગળ વધવું. (૨) દાખલો બેસાડવો. (૩) શરૂઆત કરવી.

૩. અ. આપે; દૂર.

૪. અ. ઊંધાઈ અંગે.

૫. અ. ઉપરાંત; અધિક.

૬. અ. પાસે; નજીક; સમીપ.

૧. આગે કરવું = (૧) આગળ લાવવું; કોઈની પાસે મૂકવું. (૨) ભેટ આપવું.

૨. આગે ખેલવું = રમવું; કૂદવું; નાચવું.

૩. આગે ધરવું = (૧) કોઈની પાસે ફેંકવું. (૨) વિધવાને તેના ધણીના બદલે તરીકે પૈસા પૂરા પાડવા.

૪. આગે ધરવું = (૧) આગળ મૂકવું. (૨) આપવું. (૩) કોઈનું ધ્યાન રાખવું.

૭. અ. હરીફો; વારંવાર.

૮. અ. બાદ; અનંતર; પછી.
આગે પુહતું નામ = વધારે નહિ; એટલું જ.

૯. અ. ભવિષ્યમાં; આવતા વખતમાં.

૧. આગે આગે = આગળ ઉપર.

૨. આગે આગે મોરખ ભાગે = આગળ જતાં ફજેતમંદ થશે.

૩. આગેડી ચુક ભાગે = ભવિષ્યમાં શું થશે તે ઈશ્વર જાણે.

૧૦. અ. મૂકે તો; પહેલાં તો.

૧૧. અ. સમક્ષ; સન્મુખ; સામે.

૧. આગે આવવું = (૧) આગળ આવવું; દેખાવું. (૨) ઉતાવળ કરવી. (૩) નજીક આવવું. (૪) પાછું આવવું. (૫) બનવું. (૬) મેળવવું. (૭) રજૂઆત કરવું. (૮) સમક્ષ આવવું. (૯) સામું થવું.

૨. આગે હોવું = (૧) અસલમ હોવું. (૨) સામે આવવું.

૧૨. અ. સંબંધપૂર્વક.

આગેકદમ [આગે (આગળ) + કદમ (પગલું)] જી. આગળ ધપવું તે; પ્રગતિ; આગેકૂચ.

આગેકૂચ જી. પ્રગતિ; આગળ વધવું તે.

આગેતર વિ. આગલું. જુઓ આગેતરું.

આગેતરું [સં. અગ્ર (પહેલાં) + તર (વધારે)] વિ. પહેલાં વાવેલું; મોસમની શરૂઆતમાં બેનું વાવેતર કરવામાં આવ્યું હોય એવું; આગલું; આગળનું.

આગેપગ પું. કસરતમાં બેઠકનો એ નામનો પ્રકાર.

આગે પીછે ૧. અ. આગળપાછળ

૨. અ. તક મળે ત્યારે.

૧. આગે પીછે થવું = (૧) આગળ જવું અને પાછું આવવું. (૨) ખસ્યું અને ન ખસ્યું.

૨. આગે પીછે ફરવું = (૧) અનિયમિતપણે ફરવું. (૨) એકની પાછળ બીજો એ પ્રમાણે ચાલવું.

૨. જ. (જરથોસ્તી) જેમાં આતશબહેરામ નામના પવિત્ર અગ્નિ સ્થાપવામાં આવ્યા હોય તેવું અગ્નિમંદિર.

આતશક [ફા. આતશ (અગ્નિ) + ક (સ્વાર્થવાચક પ્રત્યય)] સ્ત્રી. ફિરંગ રોગ; ઉપદંશ; ગરમીની બીમારી; ગાંઠી.

આતશકદા [ફા. આતશ (અગ્નિ) + કદા (ઘર.વું)] જ. પારસી લોકોની અગિયારી.

આતશકદેહ [ફા. આતશ (આગ) + કદા (જગા)] જ. પારસીઓનું અગ્નિમંદિર.

આતશખાઈ [ફા. આતશ (અગ્નિ) + ખુર્દન (ખાવું)] વિ. બહુ ગુસ્સે થઈને ઉશ્કેરાઈ ગયેલું.

આતશદાનું ૧. [ફા. આતશ (અગ્નિ) + દાન (ઘર)] જ. ઓરડા ગરમ કરવાને માટે અગ્નિ રાખવામાં આવતો હોય તેવું ઠેકાણું.
૨. જ. તોપખાનું.
૩. જ. દારૂખાનાનો ભંડાર.
૪. જ. પારસીઓનો પવિત્ર અગ્નિ રાખવાનું મંદિર; અગિયારી; અગ્નિદેવનું મંદિર.

આતશદેવ [ફા. આતશ (દેવતા) + દેવ (રાજા)] પું. દારૂખાનું.

આતશદોર [ફા. આતશ (અગ્નિ) + દોર (બનાવ)] જ. ચકોર પક્ષી. આ પક્ષી હિમેદ તથા સિંધુ ફોરના પ્રદેશમાં પુષ્કળ મળી આવે છે. તે પંખી બંગારા જાતું મનાય છે.

આતશદાહ ૧. પું. અગ્નિ રાખવાનું ઠેકાણું.
૨. પું. [ફા. આતશ (અગ્નિ) + ગાહ (ઘર)] (જરથોસ્તી) પારસીઓનો પવિત્ર દેવતા રાખવાની જગા; આતશદાનું.

આતશગીર [ફા. આતશ (અગ્નિ) + ગીર (લેનાર)] વિ. સહેજમાંથી સળગે એવું.

આતશબાજગી (આતશબાજી) [ફા. આતશ (અગ્નિ) + બાજગી (બાજવાપણું)] સ્ત્રી. આગ; દાહ.

આતશબાજન (આતશબાજ) [ફા. આતશ (અગ્નિ) + બાજ (બનાવનાર)] વિ. આગ બનાવનાર.

આતશઝની (આતશઝની) [સં. આતશ (અગ્નિ) + ઝન (ઉત્પાદક) + ઈ (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આગ સળગાવવાનું સાધન.

આતશદાનગાહ ૧. [સં.] પું. (જરથોસ્તી) ઘરનો આતશ. જરથોસ્તીઓ પોતાના ઘરનો આતશ ન બુઝાય તેની ખાસ સંભાળ રાખતા હોવાથી તેઓ રાત્રે સૂતા બધા પહેલાં આતશને બળતો રાખવા માટે તેને વહેર તથા રાખથી ઢાંકી રાખે છે.

૨. પું. (જરથોસ્તી) પારસીઓનાં આતશદાદગાહ, આતશબહેરામ અને અદરાન જેવા બધા પ્રકારનાં અગ્નિમંદિરમાં સૌથી નીચલી પાયરીનું અગ્નિમંદિર.

૩. પું. યોગ્ય વિધિઓ ક્રિયા સહિત પધરાવેલો અગ્નિ.

આતશદાન ૧. [સં. આતશ (અગ્નિ) + દાન (રેકાણું બતાવનાર પ્રત્યય)] ન. કોલસા રાખવાની જગ્યા; અંગીઠી; ચૂલો; કોલસા રાખવાનું ઠામ.

૨. ન. ધૂપિયું.

આતશદાનોખ્વાન પું. (જરથોસ્તી) ધાર્મિક ક્રિયા કરવામાં વપરાતો અગ્નિ રાખવાનો પથ્થરનો તકતો; આતશતો; આદુરત.

આતશનમાર્યશ્ત સ્ત્રી. (જરથોસ્તી) અગ્નિની કે અગ્નિના ઉપરી દેવની બંદગી.

આતશપરસ્ત ૧. [સં. આતશ (અગ્નિ) + પરસ્ત (પૂજનાર)] પું. અગ્નિની પૂજા કરનાર મનુષ્ય.

૨. પું. પારસી. તેઓ એક ખુદાને માનનારા છે. સૂર્ય તથા આતશને તેઓ બંદગી કરતા નથી, પણ ખુદાની ઉત્તમ પેદાશ તરીકે તેની આરાધના કરે છે. પવિત્ર આતશ સન્મુખ તેઓ બંદગી કરતા હોવાથી તેઓને આતશપરસ્ત કહેવામાં આવે છે.

૩. વિ. અગ્નિને પૂજનાર; અગ્નિપૂજક.

આતશપરસ્તી [સં. આતશ (અગ્નિ) + પરસ્તી (પૂજા)] સ્ત્રી. અગ્નિપૂજા.

આતશબહેરામ ૧. [સં. આતશ (અગ્નિ) + બહેરામ (જરથોસ્તી ફિરસ્તાનું નામ)] પું. પારસીઓના પવિત્ર અગ્નિ રાખવાનું મંદિર; અગ્નિશાળા; પારસીઓનું પવિત્ર અગ્નિસ્થાન; અગ્નિભાર. જરથોસ્તી ધર્મોની બંદગી કબૂલવાની મુખ્ય જગાને આતશબહેરામ કહે છે. આ શબ્દની ઉત્પત્તિ બાબતું એક મતભેદ જેવું જણાવવામાં આવે છે કે જ્યારે જરથોસ્તીઓ ઈરાન છોડીને હિંદુસ્તાન તરફ આવવા નીકળ્યા, ત્યારે પારસીઓને દરિયાઈ પણ તોફાનના વમળમાં ઘણી મહુ હેરાન કર્યા. તમામ કૂવી કના ઘણી બધી જેવી સ્થિતિમાં હતા, ત્યારે તે વહાણ ઉપરના મુખ્યસ્થોએ અને અથોરનાનોએ એટલે પવિત્ર અગ્નિને સતત ભ્રમ કરનારાઓએ માનતા કરી કે જો આવા મુશ્કેલીના વખતમાં બહેરામ ઇજદ ફિરસ્તો મદદ કરે તો હિંદુસ્તાનની જમીન ઉપર સલામત ઊતરતાં જ પ્રથમ બહેરામ ઇજદની યાદમાં એક આતશબહેરામ બાંધીશું. તેઓ સહીસલામત સંજાણ આવી પહોંચ્યા. સંજાણ આવ્યા પછી બંદગીની ક્રિયા કરવા અને પોતે માનેલી માનતા પૂરી કરવા તે ફિરસ્તાના નામ ઉપરથી આતશબહેરામ સ્થાપ્યું.

૨. પું. પારસીઓનો પવિત્ર આતશ એટલે અગ્નિ.

આતશબ્રાજ ૧. [સં. આતશ (દેવતા) + બ્રાજ (ચેતનાર)] પું. આતશબાજી બનાવનાર; ફટાકડિયર.

૨. પું. દારૂખાનું ચેતનાર.

૩. પું. દારૂની બનાવેલ રમતો ચેતનાર.

આતશબાજી ૧. [સં. આતશ (આગ) + બાજી (રમત)] સ્ત્રી. દારૂખાનું ચેતવું તે.

૨. સ્ત્રી. ચેતવાના દારૂમાં તાંબુ, જસત, લોઢું વગેરેની ઝૂડી અને કપૂર, રાળ જેવા સળગી ઊઠે તેવા પદાર્થો ભેળવીને બનાવેલું દારૂખાનું; ચેતવાના દારૂની જુદી જુદી જાતની બનાવટો; આતશબેજ; દારૂ, બૉમ્બ વગેરેની મેળવણીથી બનેલો ચેતવાનો જુદા જુદા પ્રકારનો સામાન. આતશબાજી બનાવવાની કળા ઇજનેરી વર્ગ ઉપર પહેલવહેલી ચીનમાં નીકળી અને ત્યારપછી તે ચૌદમી સદીમાં રાજ્યમાં થઈ એમ મનાય છે.

આતશબેહેરામ પું. અગિયારી. જુઓ આતશબહેરામ.

આતશબેહેરામપાદશાહ પું. અગિયારી. જુઓ આતશબહેરામ.

આતશમિજાજ [સં. આતશ (અગ્નિ) + મિજાજ (સ્વભાવ)] વિ. અગ્નિ જેવા આકરા અને ક્રોધી સ્વભાવવાળું.

આતશરીસી [સં. આતશ (દેવતા) + રીસા (કાચ)] સ્ત્રી. આગથી ફૂટે નહિ એવી રીતની.

આતશરિયું [સં. આતશ (અગ્નિ)] વિ. અગ્નિના રંગનું.

આતશરિયો ૧. [સં. આતશ (આગ)] પું. એક જાતનો હીરો; અગ્નિનો.

૨. વિ. પું. અગ્નિના જેવા રંગનો.

આતશરી ૧. [સં. આતશ (અગ્નિ)] પું. (વૈદક) સંગ્રહણી રોગનો એક પ્રકાર. તેમાં રોગીનું હિત પાણી વાસણે તરશે, જાતીમાં બળતરા થાય અને પાણીના જેવા ઝાડા થયા કરે.

૨. સ્ત્રી. ભાઈના વરખના ચૂલા સાથે સરેસ મેળવી બનાવેલી સાદીના પડવાળી એક જાતની આતશબાજી.

૩. વિ. અગ્નિ સંબંધી.

૪. વિ. આગ ઉત્પન્ન કરનારું; અગ્નિ-ઉત્પાદક.

૫. વિ. ગરમ સ્વભાવનું; ક્રોધી.

૬. વિ. બરાબર; તીખું.

૭. વિ. દેવતાના જેવા રંગનું.

૮. વિ. આગ જેવું; ગરમ.

૯. વિ. સખત આગ સહન કરી શકે તેવું; તપાવવાથી ન ફૂટે એવું. જેમકે, આતશી ઈંટો.

આતશરતો પું. (જરથોસ્તી) અગ્નિ રાખવાનો પથ્થરનો તકતો. જુઓ આતશદોખ્વાન.

આતશ ૧. [સં. આતશ] પું. અગ્નિ. જુઓ આતશ.

૨. વિ. આકરા સ્વભાવનું; તામસી.

૩. વિ. ગરમ; અગ્નિવાળું.

૪. વિ. ગુસ્સાવાળું.

આતશસબાદરાન [સં. આતશ (અગ્નિ) + આદરાન (આદરવું બહુવચન)] ન. આતશબહેરામથી ઊતરતા દરજ્જાનું અગ્નિમંદિર. જુઓ આતશબાદરાન.

આતશસકેહ [સં. આતશ (આગ) + કદા (ઘર)] પું. (જરથોસ્તી) અગ્નિમંદિર. જુઓ આતશકદેહ.

આતશસબાઈ [સં. આતશ (આગ) + ખુર્દન (બાળું)] વિ. ગુસ્સાથી ઊશ્કેરાયેલું. જુઓ આતશબાઈ.

આતશસબાનું [સં. આતશ (અગ્નિ) + બાના (પર)] ન. અગ્નિ રાખવાનું ઠેકાણું. જુઓ આતશબાનું.

આતશસમેલ [સં. આતશ (અગ્નિ) + મેલ (રમત)] પું. દારૂખાનું. જુઓ આતશમેલ.

આતશસબોર [સં. આતશ (અગ્નિ) + બોર (ભાજન)] ન. અબોર પક્ષી. આ પંખી અંગાર ખાતું બતાવ્યું છે. જુઓ આતશબોર.

આતશસબાહ [સં. આતશ (અગ્નિ) + બાહ (જગ્યા)] પું. (જરથોસ્તી) અગ્નિ રાખવાનું ઠેકાણું. જુઓ આતશગાહ.

આતશગીર [ફા. આતશ (અગ્નિ) + ગીર (લેનાર)] વિ. સહેલાઈથી ગુસ્સે થનારું.

આતશબાજ કું. (અરબોસ્તી) ફટાકડા ફોડનારો આતશ. જુઓ આતશબાજ.

આતશદાન [ફા. આતશ (અગ્નિ) + દાન (કોઈપણ આકારનું પાત્ર)] ન. કોલસા રાખવાનું પાત્ર. જુઓ આતશદાન.

આતશપરસ્ત [ફા. આતશ (અગ્નિ) + પરસ્ત (પૂજનાર)] કું. પારસી. જુઓ આતશપરસ્ત.

આતશપરસ્તી [ફા. આતશ (અગ્નિ) + પરસ્તી (પૂજા)] સ્ત્રી. અગ્નિપૂજા આતશપરસ્તી.

આતશબહેરામ [ફા. આતશ (અગ્નિ) + બહેરામ (એ નામનો ફિરસ્તો)] કું (અરબોસ્તી) અગિયારી. જુઓ આતશબહેરામ. જેને ઘણાંનો સંસ્કૃતમાં આહુતીય પણ અને ફારસીમાં આતશ બહેરામ શબ્દ છે.

આતશબાજ [ફા. આતશ (અગ્નિ) + બાજ (ફેકનાર)] કું. આતશબાજી બનાવનાર. જુઓ આતશબાજ.

આતશબાજી [ફા. આતશ (અગ્નિ) + બાજી (રમત)] સ્ત્રી. ફટાકડાં. જુઓ આતશબાજી.

આતશમિજાજ [ફા. આતશ (અગ્નિ) + મિજાજ (સ્વભાવ)] વિ. જેવો સ્વભાવનું. જુઓ આતશમિજાજ.

આતશલીલી [ફા. આતશ (અગ્નિ) + લીલા (રમત)] સ્ત્રી. અગ્નિમાં પડતાં કૂદે નહિ એવી રીતથી; આતશલીલી.

આતશિયું [ફા. આતશ (અગ્નિ)] વિ. અગ્નિના રંગનું.

આતશિયો [ફા. આતશ (અગ્નિ)] કું. અગિયો. જુઓ આતશિયો.

આતશી [ફા. આતશ (અગ્નિ)] વિ. અગ્નિ પેઠ કરનારું. જુઓ આતશી.

આતંક ૧. [સં.] કું. ઠપકોવેધ રોગ. જેમાં, જેથી તાવ.

૨. કું. તાવ; જ્વર.

૩. કું. નમારાનો અવાજ.

૪. કું. ભય; ડર; બીક.

> ત્યાં સાવજ આવીને ઘણ બે ઘડીમાં બે ગાય,
> અમરી દેખી સામળી વહી કુંવરીની પાય.
> નિષ્કામકુલેપ

૫. કું. માનસિક દુઃખ; સંતાપ.

૬. કું. રોગ; વ્યાધિ; બીમારી.

અને ચાહું આતાવલિ પંખે,
તેહ દેખી ઘનું આનંદે. વીમ

૭. કું. (જૈન) રોગનો પરીષહ જેટલે રોગ સહન કરવો તે.

૮. કું. રોહ; ઉપદ્રવો; ઉત્પાત.

૯. કું. સંક્લેશ; દંભ; સંતાપ.

આતંકનિગ્રહ [સં. આતંક (રોગ) + નિગ્રહ (અટકાવ)] વિ. રોગને અટકાવનાર; વ્યાધિનાશક.

આતંગ ૧. [સં. આતંક] કું. ભય; ડર.

૨. કું. રોગ; ઉપદ્રવો.

આતા ૧. [હિ.] કું. આવનાર.

૨. કું. કરજ; દેવું.

૩. કું. બાપ; પિતા.

૪. કું. સીતાફળ.

૫. સ્ત્રી. દિવા.

૬. સ્ત્રી. હોજની જેમ આકાર.

૭. ન. હોજની જે નામની આકારનું વાસણ.

૮. વિ. બાકીનું.

૯. વિ. હોજની જે નામની આકારનું.

૧૦. [સં. આત્મન્] સ. (બ. વ.) વડીલવર્ગને બોલાવવા વપરાતો શબ્દ.

૧૧. સ. હવે.

આતાગર [હિ.] કું. કુંભાર.

આતાણ ૧. [સં. તાત (બાપ)] કું. ઘરડો; પિતામહ; બાપનો બાપ.

૨. કું. મોટો બાપ; નાનો.

આતાન ૧. [સં. આ (ચોતરફ) + તન્ (વિસ્તરવું)] કું. ચારે તરફ ફેલાવવું તે.

૨. કું. લાંબો વિસ્તાર.

આતાનક [સં. આ (ચોતરફ) + તન્ (વિસ્તરવું) + અક (કરનાર)] વિ. વિસ્તારનાર; ફેલાવો કરનાર.

આતાપ ૧. કું. (જૈન) અસુરકુમાર જાતના દેવતાની એક જાત.

૨. [સં. આતાપ્ (તપવું)] કું. ઘામ; ભભારો.

૩. કું. તડકો; તાપ; આતપ.

૪. કું. માનસિક વ્યાધિ; ચિંતા; ઉચાટ.

આતાપક [સં. આતાપ (તડકો)] કું. મુશ્કેલ તકલાદું દુઃખ ભોગવવા; સૌની સામે નજર રાખી તેનો તાપ સહન કરનાર.

આતાપજ્વર [સં. આતાપ્ (તપવું) + જ્વર (તાપ ભરાવવાનો પ્રકાર)] કું. આતાપના લેવી તે ઠંડી ઋતુ કરવી સહન કરવાનું.

આતાપનભૂમિ [સં. આતાપ્ (તપવું) + ભૂમિ (જગ્યા)] સ્ત્રી. આતાપના લેવાની જગ્યા.

આતાપના ૧. સ્ત્રી. (જૈન) ઠંડી, ગરમી સહન કરવી તે.

૨. [સં. આતાપ્ (તપવું)] સ્ત્રી. (જૈન) સખત ગરમીમાં તડકે ઊભા રહીને કરાતો કાયોત્સર્ગ વગેરે તપ.

આતાપિ [સં.] કું. એ નામનો અસુર. જુઓ આતાપી ૧.

આતાપી ૧. [સં. આતાપિન્] કું. એ નામનો એક અસુર, જેને અગસ્ત મુનિએ પોતાના પેટમાં પચાવ્યો હતો.

૨. [સં. આતાપિન્ (ગરમ પકવું)] કું. સખણો; સબરી.

૩. વિ. (જૈન) આતાપના લેનાર; તાપ અસહ્ય ઠંડી સહન કરનાર.

આતાપ્રેણ ન. સીતાફળ.

આતામ્રા [સં. આ (બધા) + તામ્ર (લાલ)] વિ. સહેજ લાલ રંગનું; રાતાશ પડતું.

આતાયી [સં. આતાયિન્] કું. એક જાતનું પક્ષી; સબરી; આતાપી.

આતાર ૧. [અ.] કું. અત્તર, તેલ તૈયાર કરનારો.

૨. કું. અત્તર, તેલ વેચનારો.

૩. [અ. અત્તાર] કું. ગુજરો.

૪. [સં.] કું. હોડીનું આગું; આતર.

આતાર્ય ૧. [સં. આ (ચોતરફ) + તૃ (તરવું)] વિ. જેમાં વપરાયેલું કાપડ એક વિશેષ.

૨. વિ. સંસારને કોઈ ભાગ્યે જ તરી જવામાં વધારે આવી રહેલાં અનિષ્ટ વીંધે કરી જન્મ લેવો પડે તેવું.

આતાલપૂજા [આતા (સીતાફળ) + પૂજા (માન)] સ્ત્રી. એક આતાનું માન; સીતાફળી.

આતાસંદેશ [આતા (સીતાફળ) + સંદેશ (એક આતાની બીજાને)] કું. આતાઓની આતાની સીતાફળના જેવી ગુણવત્તાવાળી એક આતાની બંગાળી મીઠાઈ.

આતિ [સં.] કું. એક આતાનું પક્ષી. 'આતેઓ ગૂસ'. આ આતાના એટલે પક્ષીમાં રહેતું પક્ષી આતાના વર્ગનું પણ જુદા વંશનું છે.

આતિથ [સં. અતિથિ] સ. (ત્રિગત) અતિથિ; મહેમાનો; પરોણાઓ; અતિથિસમાજ.

આતિથિ [સં. આ (ચોતરફ) + તિથિ (વાર)] વિ. સહજ નવા જમાનાનું આકાર.

અતિથિવ્રત કું. એ નામનો હિરોદાસ રાજાનો પુત્ર.

અતિથેય વિ. [સં.] કું. અતિથિસેવામાં હોશિયાર માણસ.
૨. ન. અતિથિના સત્કારની સામગ્રી.
૩. ન. પરોણાગત; મહેમાની; આતરસ્પરસ.
૪. ન. સ્વાગત; આવકાર; સત્કાર.
૫. વિ. મહેમાનનું; અતિથિ સંબંધી.
૬. વિ. મહેમાનને ગમે એવું.
૭. વિ. મહેમાનનો સત્કાર કરવામાં હોશિયાર.

અતિથેયતા [સં. અતિથેય (પરોણાગત) + તા (ભાવ)] સ્ત્રી. પરોણાગતીરી; મહેમાનગીરી; આતિથ્ય.

આતિથ્ય વિ. [સં.] કું. અતિથિ; મહેમાન; પરોણો.
૨. ન. અતિથિને આપવા લાયક વસ્તુ.
૩. ન. અભ્યાગતની સેવા.
૪. ન. મહેમાનની સેવાચાકરી; પરોણાગીરી; પરોણાગત; બરદાસ્ત; અતિથિસત્કાર.
૫. ન. સોમ જ્યારે યજ્ઞભૂમિમાં લાવવામાં આવે ત્યારે તેનો સત્કાર કરવાનો વિધિ; આતિથ્યેષ્ટિ.
૬. વિ. અતિથિને ગમે એવું; મહેમાનને અનુકૂળ.
૭. વિ. પરદેશથી આવતું; આયાત થતું.

આતિથ્યઉદાર [સં. આતિથ્ય (સેવાચાકરી) + ઉદાર (ઊંચા મનનું)] વિ. મહેમાનીમાં ઉદારતાવાળું.

આતિથ્યકાર [સં. આતિથ્ય (પરોણાગત) + કાર (કરનાર)] કું. મહેમાની કરનાર માણસ; યજમાન.

આતિથ્યકારિણી [સં. આતિથ્ય (મહેમાની) + કારિણી (કરનારી)] સ્ત્રી. ગૃહસ્વામિની; યજમાના; મહેમાનગીરી કરનાર બાઈ.

આતિથ્યક્રિયા [સં. આતિથ્ય (મહેમાનની બરદાસ્ત) + ક્રિયા (કામ)] સ્ત્રી. મહેમાનગીરી; પરોણાચાકરી.

આતિથ્યગૃહ [સં. આતિથ્ય (મહેમાન) + ગૃહ (ઘર)] ન. મહેમાનને ઊતરવાનો ઉતારો

આતિથ્યશીલ [સં. આતિથ્ય (પરોણાગત) + શીલ (સ્વભાવ)] વિ. પરોણાગત કરવાના સ્વભાવવાળું; પરોણાચાકરી કરે એવું.

આતિથ્યશીળ [સં. આતિથ્ય (મહેમાનની બરદાસ્ત) + શીલ (સ્વભાવ)] વિ. પરોણાચાકરી કરે એવું. જુઓ આતિથ્યશીલ.

આતિથ્યસત્કાર [સં. આતિથ્ય (મહેમાન) + સત્કાર (માન)] કું. પરોણાનું સન્માન; આદરસત્કારની વિધિ; મહેમાનગીરી.

આતિથ્યસપર્યા [સં. આતિથ્ય (મહેમાન) + સપર્ (સેવું) + ક્રિયા (કામ)] સ્ત્રી. મહેમાનગીરી; આતિથ્યસત્કાર.

આતિથ્યાગાર [સં. આતિથ્ય (મહેમાન) + આગાર (ઘર)] ન. મહેમાનને ઊતરવાનું મકાન; આતિથ્યગૃહ.

આતિથ્યાર્ચના [સં. આતિથ્ય (પરોણો) + અર્ચના (પૂજા)] સ્ત્રી. અતિથિનું પૂજન.

આતિથ્યેષ્ટિ [સં. આતિથ્ય (પરોણાનો સત્કાર) + ઇષ્ટિ (યજ્ઞ)] સ્ત્રી. સોમરસ જ્યારે યજ્ઞભૂમિમાં લાવવામાં આવે ત્યારે તેનો સત્કાર કરવાનો વિધિ.

આતિદેશિક [સં. અતિદેશ (એક વસ્તુના ગુણ બીજી ઠેકાણે લગાડવા તે) + ઇક (લગતું)] વિ. અતિદેશથી મળેલ; એક વસ્તુના ગુણ કે નિયમ બીજે ઠેકાણે લગાડવાથી બનેલ.

આતિદેશિકી [સ. અતિ (હદ બહાર) + દેશ (જગ્યા) + ઇ (નામ) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અતિદેશની સાથે સંબંધ રાખનારી.
☞ માણસ બરતબંડામાં આતિદેશિકી બહાદુરી બતાવે છે કારણકે બહાદુરી કરવાનું પરિણામ સારું હોય છે તે કરવાથી એક પ્રકારનો મુખી કુળધર્મના કુંડમાં વસે છે. ગજરતી ભાગવત

આતિદેશિકીબોહુત્યા [સં. અતિ (હદ બહાર) + દેશ (જગ્યા) + ઇક (સંબંધી) + બો (ભાવ) + હત્યા (વધ)] સ્ત્રી. બોવધ જેટલું પાપ બેનાથી થાય એવું કર્મ.
☞ માણસ ચોકના કરતો હોય ને તેને જે ઘરે નહિ તેને આતિદેશિકીબોહુત્યા લાગે છે.
ગજરતી ભાગવત

આતિદેશિકીબ્રહ્મહત્યા [સં. અતિ (હદ બહાર) + દેશ (જગ્યા) + ઇક (સંબંધી) + બ્રહ્મહત્યા (બ્રાહ્મણનું ખૂન)] સ્ત્રી. બ્રહ્મહત્યા જેવું પાપ થાય એવું કામ.
શાલ્મલ્યાં, શાલ્મલ્યની પ્રતિમામાં, બીજા દેવોની પ્રતિમામાં, શિવમાં, શિવલિંગમાં, સૂર્યમાં, સૂર્યકાંતમણિમાં, અગ્નિમાં અને દુર્ગામાં જે માણસ પરસ્પર ભેદબુદ્ધિ કરે તેને આતિદેશિકીબ્રહ્મહત્યા લાગે છે.
ગજરતી ભાગવત

આતિદ્રુત [સ.] સ્ત્રી. દયા; બરદાસ્ત.

આતિથાત્રિક [સં. અતિ (હદ બહાર) + યાત્રા (મુસાફરી) + ઇક (લગતું)] વિ. સફર શરીરને પરલોક લઈ જવાના પ્રયત્નમાં નિમાયેલું. જુઓ આતિવાહિક ૪.

અતિરેચન [સં. અતિ (બહાર) + રિચ્ (ખેંચવું કરવું) + ન (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] ન. અધિકપણું; વૃદ્ધિ; વધારો; વિપુલતા.

અતિરેચન [સં. અતિરેક (અધિક) + ન (ભાવવાચક નામનો પ્રત્યય)] ન. અધિકપણું. જુઓ અતિરેચન.

આતિવાહિક ૧. કું. બાહુની વાહન ઉપર લેવાતો કર.
૨. [સં. અતિ (હદ બહાર) + વહ્ (લઈ જવું)] કું. સૂક્ષ્મ દેહને પરલોકમાં પહોંચાડવાને માટે ઈશ્વરે નીમેલ અગ્નિ વગેરે અધિષ્ઠાનમાં રહેનાર એક દેવ.
૩. ન. (સાંખ્ય) પવન કરતાં પણ વધુ ઊંચાઈ સુધી જવાવાળું સૂક્ષ્મ શરીર; લિંગશરીર, જે રૂપમાં જીવ પરલોકમાં જાય છે; ભોગશરીર.
૪. વિ. સૂક્ષ્મ શરીરને પરલોક લઈ જવાના પ્રયત્નમાં નિમાયેલું; પરલોકમાં લઈ જનાર; આતિવાહિક.

આતિશ [ફા.] કું. અગ્નિ. જુઓ આતશ.

આતિશબાજ (આતિશબાઝ) [ફા. આતિશ (અગ્નિ) + બાજ (નાખનાર)] વિ. ઉડતા નાખનાર.

આતિશબાજખાનું (આતિશબાઝખાનું) [ફા.] કું. દવાઈ; અગ્નિબાણ; રોમબાણ.

આતિશબાજખોરાક (આતિશબાઝખોરાક) [ફા. આતિશ (અગ્નિ) + બાઝ (પક્ષી) + ખોરાક (ખાવાનું)] વિ. અગ્નિ ખાનારું.

આતિશબાજીનો (આતિશબાઝીનો) વિ. [ફા. આતિશ (અગ્નિ) + બાઝીગર (રમનાર)] કું. બાજીગર માણસ.
૨. વિ. ઉડતા ખાનારું.

આતિશબાંદાજ (આતિશબાંદાઝ) [ફા. આતિશ (અગ્નિ) + બાંદાઝ (ફેંકનાર)] વિ. અગ્નિ ફેંકવું.

આતિશક [ફા.] સ્ત્રી. આંડીનો રોગ; ઉપદંશ; બરમી; ફિરંગ રોગ.

આતિશકદા ૧. [ફા. આતિશ (અગ્નિ) + કદ (ઘર)] કું. અગ્નિપૂજકોનું મંદિર.
૨. કું. ચૂલો.
૩. કું. દારસી ભાષામાં લખેલી જીવનચરિત્રોની એ નામની ચોપડી.

આતિશખાના [ફા. આતિશ (અગ્નિ) + ખાના (ઘર)] કું. અગ્નિમંદિર. જુઓ આતશખાનું.

અતિસરવ્યાપ્ત [સં. અતિસ (અતિ) + વ્યાપ્ત (ફેલાયેલું)] વિ. ઝેર પહોંચી ગયેલું. તે અંગનું આખું મનસ્વ છે.

અતિસારકળી (અતિસારકળી) [સં. અતિસ (અતિ) + કલા (અવયવેલું)] સ્ત્રી. આંત; લાંબ.

અતિસારક્રમ (અતિસારક્રમ) ૧. [સં.] પું. ઝાડ સળગે એવી દીવાસળી જેવી વસ્તુ રાખવાની પેટી.
૨. પું. બીજે એવી વસ્તુ.

અતિસારક્રમણી (અતિસારક્રમણી) [સં.] સ્ત્રી. અગ્નિ પાડવાની ક્રિયા; અતિસારણી.

અતિસારક્રમણા (અતિસારક્રમણા) [સં.] પું. બીજે એવી વસ્તુ. લુબ્રો અતિસારક્રમ.

અતિસારણી (અતિસારણી) ૧. [સં.] સ્ત્રી. અગ્નિ પાડવાની ક્રિયા.
૨. [સં. અતિસ (અગ્નિ) + કરણી (કામની તે)] સ્ત્રી. દાવાનળ.

અતિસારતત્ત્વજ્ઞ [સં. અતિસ (અગ્નિ) + તત્ત્વજ્ઞ (સ્વભાવ)] પું. ઝેર સ્વભાવ; આકરી તાસીર.

અતિસારધાન [સં. અતિસ (અગ્નિ) + ધાન (કેળવું બાજવાળા પ્રકાર)] પું. સગડી; ચૂલો.

અતિસારનાર [સં.] વિ. ગરમ; તેજ.

અતિસારમ્ન પરકાલા ૧. પું. ઉત્સાહ અને ચાલાકીથી ભરેલો માણસ.
૨. પું. તણખા.
૩. પું. બહુ કેમાવડો માણસ.
૪. પું. બહુ સુચ્ચું અને દુષ્ટ માણસ.'

અતિસારપરસ્ત [સં. અતિસ (અગ્નિ) + પરસ્ત (પૂજનાર)] વિ. અગ્નિપૂજક.

અતિસારપરસ્તી [સં. અતિસ (અગ્નિ) + પરસ્તી (પૂજા)] સ્ત્રી. અગ્નિપૂજા.

અતિસારપાત્ર ૧. પું. ધૂપિયો બનાવનાર.
૨. [સં. અતિસ (અગ્નિ) + પાત્ર (પાત્રો)] પું. તણખો.
૩. પું. સુંદર માણસ.

અતિસારવિજ્ઞાન (અતિસારવિજ્ઞાન) [સં. અતિસ (અગ્નિ) + વિજ્ઞાન (વિજ્ઞાનો)] વિ. અગ્નિ કેળવવું.

અતિસારવિજ્ઞાન (અતિસારવિજ્ઞાન) ૧. [સં. અતિસ (અગ્નિ) + વિજ્ઞાન (પ્રયોગ)] પું. જ્વાળામુખી પર્વત.
૨. વિ. જ્વાળામુખી જેવું.

અતિસારશાલ (અતિસારશાલ) ૧. [સં. અતિસ (અગ્નિ) + શાલ (રક્ષણ)] પું. આતશબાજી કરનાર.
૨. પું. આતશબાજી બનાવનાર.

અતિસારશાલી (અતિસારશાલી) ૧. [સં. અતિસ (અગ્નિ) + શાલી (રક્ષણ)] સ્ત્રી. આતશબાજી કોડવી તે.
૨. સ્ત્રી. દારૂખાનાની બનાવટ; આતશબેસ.
૩. સ્ત્રી. ફટકિયા, ફુલઝર વગેરે દારૂખાનું બનાવવાની અને કોડવાની આવડત.

અતિસારાધાર ૧. [સં. અતિસ (અગ્નિ) + આધાર (ટકાવનાર)] પું. ચકમકવાળી બંદૂક.
૨. વિ. અગ્નિ ટકાવનું.

અતિસારમિત્રાજ્ઞ (અતિસારમિત્રાજ્ઞ) [સં. અતિસ (અગ્નિ) + મિત્રાજ્ઞ (સ્વભાવ)] વિ. ગરમ સ્વભાવનું; સહેજમાં ગુસ્સે થનારું.

અતિસારમ્ય [સં. અતિસય (બહું) + ય (ભાવવાચક નામનો પ્રત્યય)] ન. વધારો; બહુ હોવાપણું; અતિશયતા; અધિકાઈ; બહારપણું.

અતિસારેજ્ઞ (અતિસારેજ્ઞ) [સં. અતિસ (અગ્નિ) + ઇજ્ઞ (રચનાર)] પું. અગ્નિ બહાર કાઢનાર; ફટાકડો બનાવનાર.

અતિસારિસ્તાન ૧. [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કું) + સ્તાન (કેળવું)] પું. અગ્નિનું કેળવું.
૨. પું. સગડી જેવું; ચિતા.

અતિસારી ૧. વિ. ક્રોધી; સહેજમાં ગુસ્સે થનારું.
૨. [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કૃદંતી)] વિ. કેળવાયેલું; કેળવાયું.
૩. વિ. બહુ ગરમ.

અતિસારીઆર્કિન ૧. [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કૃદંતી) + આર્કિન (કામ)] ન. આંતરડાનો કામ; 'ઇર્નિંગ ગેન્સ'.
૨. ન. કામનું બાયપ્રક્ટ પ્રવાહી ગળવામાં વપરાતું નીચે વજનદાર લાંબા નળાકારવાળું કામનું ઔજાર; 'ગ્લાસ રિટોર્ટ'.

અતિસારીન [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કેળવું)] વિ. બહુ ગરમ.

અતિસારીનગ્રાહ્ય ૧. [સં. અતિસારીન (બહુ ગરમ) + ગ્રાહ્ય (પકડી)] ન. આસપાસ કેમીક તે ગરમ હોય છે.
૨. [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કું ઓકવું) + ગ્રાહ્ય (પકડી)] ન. ચકો લાવ.

અતિસારીનગોલક [સં. અતિસ (અગ્નિ) + ર્ષ (કેળવું) + ગોલક (ગોળો)] પું. બોલોગોળો; 'ગોલ શેલ'.

અતિસારીસારિશ ૧. પું. આગીનો કામ.
૨. પું. કામનું બાયપ્રક્ટ; 'ગ્લાસ રિટોર્ટ'.

અતિસ [સં. અતિ (બહું સારું) + સ્થા (સ્થેર્ય)] ન. ઉત્કર્ષ; ચડતી.

અતી સ્ત્રી. નાપની માં; સાદી; આર્ક.

અતીપતી [હિં. પતી (પત્ર)] સ્ત્રી. બે નામની એક રમત. એમાં કેટલાક છોકરા લેવા માટે એક છોકરાને ચોર કરાવે અને તેને કોઈ ઝાડનાં પાન લેવા મોકલે. તે ગયા પછી બાકીના છોકરા સંતાઈ જાય. પાન લઈ આવીને તે છોકરો કોને ગોતી કાઢે તેને ચોર કહેવામાં આવે અને ઉપર પ્રમાણે તેની પાસેથી હાર લેવામાં આવે. આ રમત પહેલીવાર ચાંદની રાતે રમવામાં આવે છે.

અતીપોતી [સં. અર્ધ (કેસો) + પુચ્છ (પોપટ કરતું)] સ્ત્રી. પૂંછ; મરડી; ચાપચુ.
અતીપોતી આવે પખે બંગોટી ન ચોડી પૂંછ હોય અને પછી મોટી પૂંછ હોવાનો હોય કરવો.

અતીર ૧. [અ.] વિ. ઉપકારી; ઉપકાર કરનારું.
૨. વિ. સુવાસિત; ખુશબોદાર.

અતીલ્યાંગ સ્ત્રી. કુસ્તીનો એક દાવ.

અતીલ ન. બે નામની એક ધાતુ; 'ઇર્નિંગમ'. આ ધાતુ બજારમાં બહુ ઓછી મળે છે. તેના રંગ વજનના ચાર પ્રકાર છે.

અતીલાયર [અતીલ (બે નામની ધાતુ) + ર (કરનારું)] ન. અતીલ નામની ધાતુનું પ્રાણિજ; 'ઇર્નિંગ્સ'.

અતુનપાચકદ્રવ્ય ન. કુસ્તીનો એક દાવ.

અતુર ૧. [સં. ત્વર્ (ઉતાવળ કરવી)] વિ. આતુર; અધીરું; ઉતાવળું.
૨. વિ. અકળાયેલું; ઉભેરાયેલું; હોંસીલું; ઉત્સાહી.
૩. વિ. ઉત્સુક; ઉકેરાયેલું; તીવ્ર અભિલાષી.
૪. વિ. તૈયાર; તત્પર.
૫. વિ. નબળું; અશક્ત.
૬. વિ. પીડાતું; દુઃખી. જેમકે, પ્રસવાતુર.
તે તું ચિત્તાતુર થે આવી અકાલ ચિંતા ખોટી.

૭. [સં. આ (ચોકું) + અત્ (અવયવ)] વિ. આંધું; રોગી; બીમાર.
૮. વિ. આતુર; ભય; ગભરાયેલું.
૯. ન. રોગ; બીમારી.

આતુરતા ૧. [સં. આતુર (આતુર) + તા (પણું)] સ્ત્રી. ઉતાવળ; અધીરાઈ; અકળામણ

૨. [સં. આતુર (ઉત્કંઠાવાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ઉત્કંઠા; ઉત્સુકતા; તીવ્ર ઇચ્છા; તાલાવેલી.
૩. [સં. આતુર (તૈયાર) + તા (પ્રત્યય)] સ્ત્રી. તૈયારી; તત્પરતા.
૪. [સં. આતુર (પીડાર્ત) + તા (પ્રત્યય)] સ્ત્રી. દુઃખીપણું.
૫. [સં. આતુર (આકુલ) + તા (પ્રત્યય)] સ્ત્રી. આકુળતા; બેચેની; ગભરાટ.
૬. [સં. આતુર (હોંસીલું) + તા (પ્રત્યય)] સ્ત્રી. હોંસ; ઔત્સુક્ય; ઉમેદ.

આતુરતાઈ [હિં.] સ્ત્રી. ઉતાવળ; ત્વરિતા.

આતુરત્વ [સં. આતુર (ઉત્કંઠ) + ત્વ (પ્રત્યય)] સ્ત્રી. ઉત્કંઠા; ઉત્સુકતા. જુઓ આતુરતા.

આતુરપણું [આતુર (ઉત્સુક) + પણું (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. તીવ્ર ઇચ્છા. જુઓ આતુરતા.

આતુરપત્ર ૧. [સં. આતુર (ઉત્સુક) + પત્ર (કાગળ)] પું. આતુરતા ભરી પડે એવા સમાચાર.
૨. [સં. આતુર (બીમાર) + પત્ર (કાગળ)] પું. કોઈ મોટા માણસની તબિયત સંબંધી સમાચાર; 'બુલેટિન'.

આતુરવેષ [સં. આતુર (માંદું) + વેષ (વસ્ત્રાવેશ)] પું. મૃત્યુપત્ર; વસિયતનામું; 'વિલ'.

આતુરશાલા ૧. [સં. આતુર (રોગી) + શાલા (મકાન)] સ્ત્રી. દરદીનો ઓરડો.
૨. સ્ત્રી. દવાખાનું; ઔષધશાળા; ડિસ્પેન્સરી.

આતુરશાળા [સં. આતુર (રોગ) + શાલા (મકાન)] સ્ત્રી. દવાખાનું. જુઓ આતુરશાલા.

આતુરસંન્યાસ [સં. આતુર (રોગ) + સંન્યાસ (ત્યાગ)] પું. અતિશય માંદગીને પ્રસંગે કે મરતી વખતે લીધેલો સંન્યાસ; ઔપચારિક લેવામાં આવતું સંન્યસ્ત.

આતુરાલય [સં. આતુર (માંદું) + આલય (મકાન)] સ. દવાખાનું. જુઓ આતુરશાલા.

આતુરી ૧. [સં. આતુર (ઉત્સાહી)] સ્ત્રી. આતુરતા; ઉત્સુકતા; ઉત્સાહ. જુઓ આતુરતા.
૨. [હિં.] સ્ત્રી. ત્વરિતા; ઉતાવળ.
૩. વિ. (ક્રિયા) આકુળ; અવ્યવસ્થ.
૪. વિ. સ્ત્રી. અધીરી; ઉત્સુક; ઉતાવળી.

આતુર્ય ૧. સ. અધીરાઈ; ઉતાવળ; જુઓ આતુરતા.
૨. [સં.] સ. એક જાતનો તાવ.
૩. [સં. આતુર (બીમાર) + ક (નામ બનાવનાર પ્રત્યય)] સ. માંદગી; બીમારી.

આતું [સં. આત્મન્ (આત્મા)] વિ. આત્મા જેવું વહાલું.
આતા જેમ આતા બાળ મેં મરે રાખ્યા તેમ. પ્રેમાનંદ

આતુંપોતું [સં. અર્થ (પૈસો) + પુત્ર (છોકરું)] સ. પૂંજી; મૂડી. જુઓ આતીપોતી.

આતુ [હિં.] સ્ત્રી. ઓશિયાળ; મહેતીજી; સિફિલિસ.

આતૂં [હિં.] સ્ત્રી. સિફિલિસ; ઓશિયાળ.

આતૂંજી [હિં.] સ્ત્રી. ઓશિયાળ.

આ તે સ. આ જ; 'આ'નું જોર બતાવનાર રૂપ.

આતે જાતે ૧. [હિં.] પું. મુસાફર.
૨. સ. આવતું અને જતું તે; આવાગમન.

આતો ૧. [સં. આત્મજ (પુત્ર)ક પ્રા. અત્તઅ] પું. આત્મા જેવો વહાલો દીકરો; મારો વહાલો દીકરો. પુત્રને સંબોધતાં આ શબ્દ પ્રેમાનંદના વખત સુધી વપરાયેલ.
૨. જુ. આમડું.
૩. પું. (માન્ય) બાપ; પિતા.
૪. પું. બાપનો બાપ; દાદો.
૫. પું. બીજો પ્રાંત.
૬. પું. મોટો દીકરો; પહેલો પુત્ર.
૭. પું. વહીલ. જ્યાં તે આંહ પ્રેમમાં વડીલને આતો કહે છે.
૮. વિ. પું. આત્મા જેવો વહાલો; લાડકો; અતિપ્રિય.

આ તો સ. આ જ; આ તે; 'આ'નું જોર બતાવનાર રૂપ.

આતોદ્ય [સં.] સ. વાદ્ય; વાજું; વાદ્યિંત્ર.

આતોદ્યસ્થાન [સં. આતોદ્ય (વાદ્ય) + સ્થાન (રહેવાનું)] સ. નાટકગૃહ; રંગભૂમિ.

આત્રીલ પું. સામવેદમાં જણાવેલ એક ઋષિ.

આત્ત ૧. [સં. આત્મન્] પું. (પ્રાકૃત) આત્મા; જીવ.
૨. પું. શરીર; દેહ.
૩. સ. પોતે; સ્વયં; જાતે.
૪. [સં. આદા (લેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. મેળવેલું; લીધેલ; ગ્રહણ કરેલું.

આત્તપ્રતિદાનં [સં. આત્ત (મેળવેલું) + પ્રતિદાન (પાછું આપવું તે)] સ. મેળવેલું પાછું આપવું તે.

આત્તરીય સ્ત્રી. એ નામની એક સંગીત પદ્ધતિ.

આત્તાગ્નિ [સં. આતતાયિન્] પું. ચોર; ખૂની; આતતાયી.

આત્મ ૧. [સં. આત્મન્ (આત્મા)] પું. આત્મા; જીવ.
૨. પું. પોતાની જાત; પંડ. સમાસની શરૂઆતમાં આ શબ્દ વપરાય છે. જેમકે, આત્મકૃત.
૩. સ. એકસો આઠ ઉપનિષદ માંહેનું અથર્વવેદનું એક ઉપનિષદ. એનું બીજું નામ આત્મબોધ અને આત્મપ્રબોધ છે.
૪. વિ. આત્માનું; પોતા વિષેનું; પોતાનું; સ્વકીય. જેમકે, આત્મકથા, આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ.

આત્મઅનાત્મવિવેક [સં. આત્મન્ (આત્મા) + અનાત્મન્ (જડ વસ્તુ) + વિવેક (પારખવાની શક્તિ)] પું. આત્માને જડ વસ્તુથી જુદો ઓળખવાની શક્તિ.

આત્મઉપાલંભ [સ. આત્મન્ (આત્મા) + ઉપાલંભ (ઠપકો)] પું. ખરાબ કામ કરતી વખતે હૃદયનો ઠપકો; અંતઃકરણનો ડંખ.

આત્મઓળખ ૧. [સં. આત્મન્ (આત્મા) + અવલક્ષ (જાણવું)] સ્ત્રી. આત્મસાક્ષાત્કાર; આત્માનું જ્ઞાન; બ્રહ્મજ્ઞાન.
૨. સ્ત્રી. પોતાની ઓળખ; જાતની પિછાણ.

આત્મકે ૧. પું. (પિંગળ) ૬૨ અક્ષરમાં નગણ, લઘુ અને લઘુ મળી પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. [સં. આત્મન્ (પંડ) + ક (સ્વાર્થ)] વિ. પોતાનું.
૩. [સં. આત્મન્ (સ્વભાવ) + ક (વાળું)] વિ. સ્વભાવ કે ગુણધર્મવાળું; મય; યુક્ત; વાળું. આ શબ્દ એકલો વપરાતો નથી, સમાસને છેડે વપરાય છે. જેમકે, જડાત્મક, ત્રિગુણાત્મક, અહિંસાત્મક.

આત્મકથા ૧. સ્ત્રી. લોકોપકારી પોતાના જીવનવૃત્તાંતનું એ નામનું પુસ્તક.
૨. [સં. આત્મન્ (પોતાનું) + કથા (વાર્તા)] સ્ત્રી. પોતાનું લખેલું વૃત્તાંત; પોતાની જીવનકથા; આત્મચરિત્ર.

આત્મકર્મ [સં. આત્મન્ (આત્મા) + કર્મન્ (કામ)] સ. પોતાની ફરજ; પોતાનું કર્તવ્ય.

આત્મકલા [સં. આત્મન્ (આત્મા) + કલા (તેજ)] સ્ત્રી. આત્માનો પ્રકાશ.

આત્મકલ્યાણ [સં. આત્મન્ (પોતાનું) + કલ્યાણ (હિત)] સ. પોતાનું હિત; જાતનું ભલું.

આત્મકલ્યાણસાધક [સં. આત્મન્ (પોતાનું) + કલ્યાણ (સારું) + સાધક (સાધનાર)] વિ. પોતાની જાતનું ભલું કરનાર.

આત્મકષ્ટ [સં. આત્મન્ (દેહ) + કષ્ટ (દુઃખ)] જ. શરીરને દુઃખ આપવાપણું.

આત્મકહાણી [સં. આત્મન્ (પોતાનું) + કથાનિકા (વાર્તા)] સ્ત્રી. પોતાની જાતનો ઇતિહાસ; આત્મકથા.

આત્મકામ ૧. [સં. આત્મન્ (આત્મા) + કામ (ઇચ્છા)] વિ. કેવળ આત્માની જ ઇચ્છાવાળું; માત્ર આત્મજ્ઞાનની ચાહનાવાળું.

૨. વિ. પોતાની જાતને ચાહનારું; અહંકારી; ઘમંડી.

૩. વિ. ઈશ્વરને જ ચાહનાર.

૪. વિ. મતલબ સાધનાર; સ્વાર્થી; મતલબી.

આત્મકારક [સં. આત્મન્ (આત્મા) + કારક (કરનાર)] પું. સૂર્ય; સાજ.

આત્મકારણ [સં. આત્મન્ (પંદ) + કારણ (હેતુ)] જ. પોતાને માટે; સ્વાર્થ સારુ.

આત્મકારણપુર [સં. આત્મન્ (આત્મા) + કારણ (કેદખાનું) + પુર (પુર)] જ. આત્માનું કેદખાનું; શરીર.

આત્મકાર્ય [સં. આત્મન્ (પોતાનું) + કાર્ય (કામ)] જ. પોતાનું કામ; પોતાની કામ.

આત્મકીય [સં.] વિ. પોતાનું.

આત્મકૃત [સં. આત્મન્ (પોતે) + કૃત (કરેલું)] વિ. પોતે બનાવેલું; જાતે કરેલું.

આત્મકૌતુક [સં. આત્મન્ (પોતે) + કૌતુક (આશ્ચર્ય)] જ. પોતા વિષેનું વધારે પડતું કરેલું આશ્ચર્ય.

આત્મક્રીડ (આત્મક્રીડ) [સં. આત્મન્ (આત્મા) + ક્રીડા (રમત)] વિ. પોતાના આત્માની સાથે રમનાર; આત્મામાં જ આનંદ લેનાર.

આત્મરતિ, આત્મક્રીડ, આત્મમિથુન, આત્મજ્યોતિ, આત્માનંદ રૂપ થઈને સર્વદા રહે છે. ગીતાપંચામૃત

આત્મક્રીડા (આત્મક્રીડા) [સં. આત્મન્ (આત્મા) + ક્રીડા (રમત)] સ્ત્રી. પોતાના આત્મામાં જ રમાતી અલૌકિક રમત; પોતાપણાના ભાનની શોધ.

આત્મખેદ [સં. આત્મન્ (આત્મા) + ખેદ (દિલગીરી)] પું. ઠરબ ભાગવો તે; સંતાપ.

આત્મખ્યાતિ ૧. [સં. આત્મન્ (આત્મા) + ખ્યાતિ (વાદ)] સ્ત્રી. કોઈ પદાર્થ આત્માથી જુદો ન હોવાથી, આત્માનું જ પદાર્થરૂપે ભાસે છે એવો મત; બધે આત્મતત્ત્વનું જ્ઞાન થવાપણું.

૨. [સં. આત્મન્ (પોતે) + ખ્યાતિ (કીર્તિ)] સ્ત્રી. પોતાની કીર્તિ; આત્મપ્રસિદ્ધિ.

આત્મગજના [સં. આત્મન્ (પોતે) + ગજના (ગણતરી)] સ્ત્રી. પોતાની કીમત આંકવી તે; પોતાનું માન.

આત્મગત ૧. [સં. આત્મન્ (મન) + ગત (ગયેલું)] વિ. પોતાના મનની અંદર રહેલું; મનમાંનું.

૨. [સં. આત્મન્ (પંદ) + ગત (વિષે)] વિ. પોતાને માટે રચાયેલું; જાતને આનમાં લાવીને કરેલ; આત્મલક્ષી.

૩. જ. પોતે પોતાના મનમાં પોતાની સાથે જ બોલવું હોય એવી રીતે; સ્વગત.

આત્મગતિ ૧. [સં. આત્મન્ (આત્મા) + ગતિ (દશા)] સ્ત્રી. આત્માની મરણ પછીની દશા; મરણ પછી થતી દુઃખની અવસ્થા.

૨. સ્ત્રી. પોતાની શક્તિ.

૩. [સં. આત્મન્ (પંદ) + ગતિ (માર્ગ)] સ્ત્રી. પોતે લીધેલો માર્ગ.

આત્મગામિની [સં. આત્મન્ (આત્મા) + ગમિન્ (જનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. આત્મા તરફ જનારી; આત્મોન્મુખ.

આત્મગીતા સ્ત્રી. એ નામની ગીતા.

આત્મગુરુ ૧. [સં. આત્મન્ (આત્મા) + ગુરુ (ધર્મ)] પું. આત્માનો ગુરુ; આત્માનો ધર્મ.

૨. [સં. આત્મન્ (પોતાનું) + ગુરુ] પું. પોતાનો ગુરુ.

આત્મગુપ્ત ૧. [સં. આત્મન્ (પોતે) + ગુપ્ત (સંતાયેલ)] વિ. આત્મસંયમી; પોતાના ઉપર અંકુશ રાખનાર.

૨. વિ. પોતાની શક્તિથી જ રક્ષણ કરાયેલ; પોતે રક્ષેલું.

૩. વિ. (કૌન) મન, વચન અને કાયાએ કરીને આત્માને પાપથી બચાવનાર; જિતેંદ્રિય.

આત્મગુપ્તા ૧. [સં. આત્મન્ (પંદ) + ગુપ્ત (રક્ષિત) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની વનસ્પતિ; અજદા; અજવરા; કવકુરા; પ્રાવૃષામણી; ગરુડપ્રોક્તા; સુકસિંગિ; કપિકચ્છુ; અર્કટી; કૌવચ. તેની અજાથી બરછ આવે છે. તેની સિંગ ઉપરના વાળ, બીજ અને મૂળ દવાના કામમાં આવે છે.

૨. સ્ત્રી. ધોળી મૂસળી; સતાવર.

આત્મગુમાદિચૂર્ણ [સં. આત્મગુપ્તા (કૌંચ) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] જ. (વૈદક) કોંચાં ઓટલે કોચવાનાં બીજ અને ગોખરૂ સરખે ભાગે લઈ તે બધાંની બરોબર સાકર મેળવીને બનાવેલું ચૂર્ણ. તેની માત્રા ૦॥ થી ૧ તોલો દૂધમાં પીવાથી કામતાપ દૂર થઈ શરીર બળવાન થવાનું મનાય છે.

આત્મગુપ્તિ ૧. [સં. આત્મન્ (આત્મા) + ગુપ્તિ (સંયમ)] સ્ત્રી. આત્મસંયમ; નિગ્રહ.

૨. [સં. આત્મન્ (પોતે) + ગુપ્તિ (ખાડો)] સ્ત્રી. બોડ; બોલ; બખોલ; ગુફા; દર; બોખરૂ.

આત્મગુરુ [સં. આત્મન્ (પોતે) + ગુરુ (શિક્ષક)] પું. પોતે જ પોતાનો ગુરુ.

આત્મગોચરા [સં. આત્મન્ (આત્મા) + ગોચર (ઇંદ્રિયોથી અળગી રહેલ એવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આત્માની ઓળખ કરાવનાર એવું જ્ઞાન.

આત્મગૌરવ ૧. [સં. આત્મન્ (પોતાનું) + ગૌરવ (મોટાઈ)] પું. પોતાની મહત્તા.

૨. જ. પોતાની મોટાઈ.

આત્મજ્ઞાન [સં. આત્મન્ (પોતા વિષેનું) + જ્ઞાન (જાણપણું)] જ. પોતાના સંબંધી જ્ઞાન. જુઓ આત્મજ્ઞાન.

આત્મગ્રાહી [સં. આત્મન્ (પોતે) + ગ્રાહિન્ (લેનાર)] વિ. પોતાને માટે જ લેનાર; ઓકસપેટું; સ્વાર્થી.

આત્મઘટના [સં. આત્મન્ (આત્મા) + ઘટના (રચના)] સ્ત્રી. આત્માને ઘડવો તે; પોતાની ટેવો પાડવાપણું; પંદનો દૃઢ સ્વભાવ બાંધવો તે.

આત્મઘાત ૧. [સં. આત્મન્ (પોતે) + ઘાત (હત્યા)] પું. આપઘાત; પોતાને હાથે પોતાને મારી નાખવાનું કામ.

૨. પું. નાસ્તિકતા; પાખંડધર્મ.

આત્મઘાતક ૧. [સં. આત્મન્ (પંદ) + ઘાતક (નાશ કરનાર)] વિ. આત્મઘાત કરનાર; પંદને હણનાર; પોતાને હાથે પોતાને મારી નાખનાર.

૨. વિ. નાસ્તિક; પાખંડી.

આત્મઘાતકી [સં. આત્મન્ (પોતાનું) + ઘાતક (નાશ કરનાર)] વિ. પોતાને હાથે પોતાને હણનાર; આત્મઘાત કરનાર. જુઓ આત્મઘાતક.

આત્મઘાતી [સં. આત્મન્ (પોતે) + ઘાતિન્

(કરનાર)] વિ. આપઘાત કરનાર. જુઓ આત્મઘાતક.

આત્મદોષ ૧. [સં. આત્મન્ (પોતે) + દોષ (અવગુણ)] પું. ગ્રામરો; ગ્રામ્ય ભ્રષ્ટ; અશિષ્ટ; અભિપુષ્ટ; સકૃત્પ્રયુક્ત; ખ્યાંકુ; પરભૃત; અભિલુપ્ત; વામસ; ગિરંજની; ગ્રામ્યદૃષ્ટિ; મૌકુલિ
૨. પું. કુકડો; મરઘો.
૩. વ. પોતાની ભાષામાં પોતાનાં જ વખાણ કરનાર માણસ.
૪. વિ. પોતાની બડાઈ કરનાર.

આત્મદૃષ્ટા [સં. આત્મન્ (આત્મા) + દૃષ્ટા (તિરસ્કાર)] સ્ત્રી. આત્મતિરસ્કાર.

આત્મદૃષ્ટિ [સં. આત્મન્ (આત્મા) + દૃષ્ટિ (આંખ)] વ. જ્ઞાનચક્ષુ; પ્રજ્ઞાચક્ષુ.

આત્મચરિત [સં. આત્મન્ (આત્મા) + ચરિત્ર (વર્તન)] વ. પોતાનું આચરણ. જુઓ આત્મચરિત્ર.

આત્મચરિત્ર ૧. [સં. આત્મન્ (આત્મા) + ચરિત્ર (જિંદગીનો અહેવાલ)] વ. પોતાના જીવનનો પોતે લખેલો અહેવાલ; આત્મકથા.
૨. વ. પોતાનું આચરણ; પોતાનું વર્તન.

આત્મચંદ્રિકા [સં. આત્મન્ (આત્મા) + ચંદ્રિકા (ચાંદની)] સ્ત્રી. આત્મારૂપી ચંદ્રનો પ્રકાશ.

આત્મચાલક [સં. આત્મન્ (પોતે) + ચાલક (ચલાવનાર)] વિ. પોતાની મેળે ચાલતું; સ્વયંક્રિય.

આત્મચિત્ર ૧. વ. આત્મચરિત.
૨. [સં. આત્મન્ (પોતાનું) + ચિત્ર (છબી)] વ. પોતાનું પોતે દોરેલું ચિત્ર.

આત્મચિંતન ૧. [સં. આત્મન્ (આત્મા) + ચિંતન (ધ્યાન)] વ. આત્મતત્ત્વનું ધ્યાન; આત્માનું મનન.
૨. વ. અંતે આવેલી વિચારણા; અંતરમનન.

આત્મચિંતા [સં. આત્મન્ (પોતે) + ચિંતા (ફિકર)] સ્ત્રી. પોતા વિશેની ફિકર.

આત્મચેતના [સં. આત્મન્ (પોતે) + ચેતન (શક્તિ)] વ. પોતાથી પોતામાં જાગતી સજાગતા.

આત્મચૈતન્ય [સં. આત્મન્ (આત્મા) + ચૈતન્ય (ચેતન)] વ. 'હું' પણું એવો ભાવ; આત્મભાન; જાગ્રતતા.

આત્મજ [સં. આત્મન્ (પોતે) + જ (જન્મ)] વ. પોતાને ઉત્તરવારસું.

આત્મજિહ્વ [સં. આત્મન્ (પોતે) + જિહ્વ (જીભ)] વ. પોતાની જીભ; પોતાની જીભ.

આત્મજ ૧. [સં. આત્મન્ (પોતે) + જન્ (જન્મવું)] પું. આપોઆપ. તે પોતાની મેળે ઉત્પન્ન થયાનું મનાય છે માટે તેને આત્મજ કહે છે.
૨. પું. પુત્ર; દીકરો. તે આત્મામાંથી ઉત્પન્ન થાય છે.
સુત અપના આતમજ સુત તુલજ તનય ને તાત,
નંદ નંદ ગોવિંદથી ન કર જનની વાત
વિશ્વનાથપુરોહિત
૩. પું. લોહી; રક્ત; ખૂન.
આત્મજ કહીએ રુધિરને, આત્મજ કહીએ કામ;
આત્મજ પુત્ર સુપુત્ર તે, કહે જે મુખ રામ.
માવજીભટ્ટ
૪. પું. વંશજ.
૫. વિ. પોતામાં કે પોતાનાથી ઊપજેલું; પંડમાંથી પેદા થયેલું.

આત્મજન ૧. વ. પોતાની આજુબાજુ રહેનાર; પરિજન.
૨. [સં. આત્મન્ (પોતાનું) + જન (માણસ)] વ. પોતાનું માણસ; નજીકનું સ્વજન; અંગત માણસ.
૩. વ. મિત્રજન; મિત્ર.
૪. વ. સગું.
૫. વ. જ્ઞાતિજન.

આત્મજન્મન [સં. આત્મન્ (પોતે) + જન્મન્ (ઉત્પત્તિ)] વ. પોતાથી પોતામાં થતી ઉત્પત્તિ.
જીવ જ્યારે ઉપર જીવ જ કૂવામાં પુરાય અને બીજાનાં બને હોય છે, ત્યારે બીજા સંયોગથી જે ગર્ભોત્પત્તિ થાય છે તેને આત્મજન્મન કહે છે.
વનસ્પતિશાસ્ત્ર

આત્મજન્મા [સં. આત્મન્ (પોતે) + જન્મન્ (જન્મ)] વ. આત્માની પુત્રરૂપે ઉત્પત્તિ.

આત્મજન્યા [સં. આત્મન્ (પોતે) + જન્મન્ (જન્મ)] પું. પુત્ર; દીકરો.

આત્મજય ૧. [સં. આત્મન્ (પોતે) + જય (કાબૂ)] પું. પંચ ઉપરનો પ્રભુ; આત્મસંયમ.
૨. પું. પોતાની કાબૂ.

આત્મજા ૧. [સં. આત્મન્ (પોતે) + જન્ (જન્મવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી.
૨. સ્ત્રી. બુદ્ધિ.
૩. વિ. સ્ત્રી. પોતાથી ઉત્પન્ન થયેલી.

આત્મજાત [સં. આત્મન્ (પોતે) + જાત (જન્મેલું)] પું. પુત્ર; દીકરો.

આત્મજાતા [સં. આત્મન્ (પોતે) + જાત (જન્મેલું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી.

આત્મજિજ્ઞાસા [સં. આત્મન્ (પોતે) + જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા)] સ્ત્રી. પોતાને ઓળખવાની ઇચ્છા.

આત્મજિજ્ઞાસુ [સં. આત્મન્ (આત્મા) + જિજ્ઞાસુ (જાણવાની ઇચ્છાવાળું)] વિ. આત્માને જાણવાની ઇચ્છાવાળું.

આત્મજીવન [સં. આત્મન્ (પોતે) + જીવન (જિંદગી)] વ. પોતાની જિંદગીનું વૃત્તાંત.

આત્મજુગુપ્સા [સં. આત્મન્ (પોતે) + જુગુપ્સા (ચીતરી)] સ્ત્રી. પોતા પર થતો અણગમો.

આત્મજેતા [સં. આત્મન્ (આત્મા) + જેતૃ (જીતનાર)] વિ. આત્મા પર ઓટલે પોતાના ઉપર વિજય મેળવનારું; આત્મસંયમી.

આત્મજ્ઞ ૧. [સં. આત્મન્ (આત્મા) + જ્ઞ (જાણનાર)] પું. ઋષિ; આત્માનું સ્વરૂપ જાણનાર; પોતાના સ્વરૂપનું જેને જ્ઞાન થયું હોય તે.
૨. વિ. આત્મજ્ઞાની; આત્મા સંબંધી જ્ઞાન ધરાવનાર.

આત્મજ્ઞાન ૧. [સં. આત્મન્ (આત્મા) + જ્ઞાન] વ. અધ્યાત્મજ્ઞાન; બ્રહ્મજ્ઞાન; બ્રહ્મનો સાક્ષાત્કાર; તત્ત્વજ્ઞાન.
૨. વ. આત્મા શરીરથી જુદો હોવાનું ને એવું જ્ઞાન.
૩. વ. આત્માનો સાક્ષાત્કાર; 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન; જીવાત્મા અને પરમાત્મા-સંબંધમાં જાણપણું; આત્માનું સાચું જ્ઞાન.
યોગવાસિષ્ઠમાં આત્મજ્ઞાનની સાત ભૂમિકાઓ કહેલી છે: શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવિની અને તુર્યા.
યોગવાસિષ્ઠસાર
૪. વ. પોતા સંબંધી જ્ઞાન; 'હું કોણ' એ જ્ઞાન.

આત્મજ્ઞાની ૧. [સં. આત્મન્ (આત્મા) + જ્ઞાન + ઇન્ (વાળું)] વિ. આત્મજ્ઞાનવાળું; જેને આત્મજ્ઞાન થયું હોય તેવું; બ્રહ્મજ્ઞાની.
૨. વિ. આત્મા અને પરમાત્મા સંબંધી જ્ઞાન ધરાવનાર.
૩. વિ. પોતા સંબંધી જ્ઞાન મેળવેલ હોય એવું; આત્મજ્ઞાનવાળું.

આત્મજ્યોતિ ૧. [સં. આત્મન્ (પોતે) + જ્યોતિસ્ (તેજ)] પું. શિવનું એક નામ. તેનો પોતાના જેવી પ્રકાશિત છે માટે આત્મજ્યોતિ કહેવાય છે.
૨. સ્ત્રી. આત્માનું તેજ.

૩. વિ. નિજાનંદી; આત્મામાં આનંદ લેનાર.

આત્મતત્ત્વ ૧. ન. આત્મજ્ઞાન.
૨. [સં. આત્મન્ (દેવ) + તત્ત્વ (સત્ય વસ્તુ)] ન. આત્માનું અરૂપનું સ્વરૂપ પરમાત્મા સ્વરૂપ.
૩. ન. (જૈન) જ્ઞાન, દર્શન એટલે સદ્ધા અને ચારિત્રરૂપ ત્રણ રત્ન.

આત્મતત્ત્વજ્ઞ [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સાચી વસ્તુ) + જ્ઞ (જાણનાર)] પું. વેદાંતના સિદ્ધાંતોમાં પૂરણ પંડિત; આત્મતત્ત્વ જાણનાર માણસ.

આત્મતત્ત્વવાદી [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સાચી વસ્તુ) + વાદિન્ (મત પ્રદર્શનાર)] વિ. આત્મા તત્ત્વ છે એમ માનનાર.

આત્મતત્ત્વવિદ્યા ૧. [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સાચી વસ્તુ) + વિદ્યા] સ્ત્રી. આત્માના અરૂપ સ્વરૂપ વિષેનો વિચાર કરનાર શાસ્ત્ર; અધ્યાત્મશાસ્ત્ર; આત્મા સંબંધી વિદ્યા; તત્ત્વજ્ઞાન; બ્રહ્મજ્ઞાન; બ્રહ્મવિદ્યા; વેદાંત.
૨. સ્ત્રી. તત્ત્વજ્ઞાન; હિંમ્મતી.

આત્મતત્ત્વવિષયક [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સાચું) + વિષયક (સંબંધી)] વિ. આધ્યાત્મિક.

આત્મતત્ત્વવ્યૂહ [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સ્વરૂપ) + વ્યૂહ (સમૂહ)] પું. (શાક્ત) જીવનું સંસારનું સ્વરૂપ બતાવનાર તત્ત્વનો સંગ્રહ. શાક્તદર્શનમાં સ્વીકારાયેલા છત્રીસ તત્ત્વોના શિવવ્યૂહ, વિદ્યાવ્યૂહ અને આત્મવ્યૂહ એવા ત્રણ ભાગ પાડવામાં આવે છે. શુદ્ધ, મિશ્ર અને અશુદ્ધ એમ કરેલી તે તત્ત્વોની ત્રણ શાખા માંહેની દરેકમાં અનુક્રમે તત્ત્વ આવેલાં છે. એ તત્ત્વોમાં જેનાથી જીવનું સમગ્ર સાંસારિક સ્વરૂપ સમાતું હોઈ એ બધાંને આત્મતત્ત્વવ્યૂહ કહે છે.

આત્મતત્ત્વશાસ્ત્ર [સં. આત્મન્ (આત્મા) + તત્ત્વ (સાચી વસ્તુ) + શાસ્ત્ર (વિદ્યા)] ન. અધ્યાત્મશાસ્ત્ર. જુઓ આત્મતત્ત્વવિદ્યા.

આત્મતર્પણ ૧. [સં. આત્મન્ (આત્મા) + તર્પણ (સુખ)] ન. આત્માને પાણીની અંજલિ આપવી તે.
૨. [સં. આત્મન્ (આત્મા) + તર્પણ (સંતોષ)] ન. આત્માનો સંતોષ.

આત્મતલ્લીન [સં. આત્મન્ (આત્મા) + તલ્લીન (પરોવાયેલું)] વિ. આત્મામાં મગ્ન.

આત્મતલ્લીનતા [સં. આત્મન્ (આત્મા) + તલ્લીન (પરોવાયેલું) + તા (પણું)] સ્ત્રી. આત્મામાં મગ્ન રહેવાપણું.

આત્મતા [સં. આત્મન્ (પું) + તા (પણું)] સ્ત્રી. સ્વરૂપતા; પોતાપણું; સ્વત્વ; આત્મપણું. જુઓ આત્મત્વ.

આત્મતારણ [સં. આત્મન્ (આત્મા) + તૃ (તરવું)] ન. આત્માનું મોક્ષ મેળવવાપણું.

આત્મતિ ન. યજ્ઞમાં કરતું એક કાર્ય; દેવતર્પણ; રક્ષાકરણ; વખાણ.

આત્મતિરસ્કાર ૧. [સં. આત્મન્ (આત્મા) + તિરસ્કાર (ધિક્કાર)] પું. આત્મા તરફ અણગમાની લાગણી.
૨. પું. પોતે પોતાને આપેલો ધિક્કાર.

આત્મતુલ્ય [સં. આત્મન્ (આત્મ) + તુલ્ય (જેવું)] વિ. આત્મા જેવું; પોતાની સમાન.

આત્મતુષ્ટ ૧. [સં. આત્મન્ (આત્મા) + તુષ્ટ (સંતોષ પામેલું)] વિ. પોતાના આત્માથી જ સંતોષ પામનાર.
૨. વિ. પોતાના આત્મામાં સંતોષથી રહેનાર.

આત્મતુષ્ટિ ૧. [સં. આત્મન્ (આત્મા) + તુષ્ટિ (સંતોષ)] સ્ત્રી. આત્મજ્ઞાનથી ઊપજતો આનંદ.
૨. સ્ત્રી. આત્મતૃપ્તિ; આત્માનો સંતોષ.
૩. સ્ત્રી. પોતાનો સંતોષ; પોતે પોતાની મેળે સંતુષ્ટ થવાપણું.
૪. વિ. બ્રહ્મજ્ઞાની; આત્મવેત્તા; જ્ઞાન આત્મજ્ઞાનથી સંતોષ પામનારો; આત્મામાં જ જેનો સંતોષ હોય એવું.

આત્મતૃપ્ત [સં. આત્મન્ (આત્મા) + તૃપ્ત (ધરાયેલું)] વિ. આત્માના આનંદમાં સંતોષ પામેલું.

આત્મતૃપ્તિ [સં. આત્મન્ (આત્મા) + તૃપ્તિ (સંતોષ)] સ્ત્રી. આત્મનો સંતોષ.

આત્મતૃષા [સં. આત્મન્ (મન) + તૃષા (તરસ)] સ્ત્રી. હૃદયની ઇચ્છા.

આત્મતોષક [સં. આત્મન્ (આત્મા) + તુષ્ (સંતોષ પામવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] ન. આત્મજ્ઞાનથી ઊપજતો આનંદ.

આત્મત્રાણ ૧. [સં. આત્મન્ (શરીર) + ત્રાણ્ (બચાવું)] પું. આપઘાત; પોતાનો નાશ કરવો તે.
૨. પું. સ્વાર્થત્યાગ; પોતાનો સ્વાર્થ જતો કરવાપણું.

આત્મત્યાગિની ૧. [સં. આત્મન્ (શરીર) + ત્યાગ (છોડવું તે) + ઇની (વાળું) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. આપઘાત કરનારી.
૨. વિ. સ્ત્રી. સ્વાર્થત્યાગ કરનારી.

આત્મત્યાગી ૧. [સં. આત્મન્ (શરીર) + ત્યાગ (છોડવું તે) + ઇન્ (વાળું)] વિ. આપઘાત કરનાર.
૨. વિ. નાસ્તિક; પાખંડી.
૩. વિ. પોતાનો લાભ જતો કરનાર.

આત્મત્રય [સં. આત્મન્ (આત્મા) + ત્રય (ત્રણ)] પું. (વેદાંત) ત્રણ જાતના આત્માઃ (૧) જાણનાર રૂપે અહંકાર વિનાનું ચૈતન્ય તે જ્ઞાનાત્મા; (૨) બધાં પ્રાણીઓમાં રહેલ જીવ તે મહાત્મા; (૩) દરેક દેહમાંનું અંદર અને બહારના જાણવાનું ચૈતન્ય એટલે જીવ તે ક્ષેત્રાત્મા. બીજી રીતે પણ આત્મા ત્રણ પ્રકારના છેઃ (૧) પુત્ર વગેરે તે ગૌણાત્મા; (૨) શરીર વગેરે તે મિથ્યાત્મા; અને (૩) કૂટસ્થ એટલે પરમાત્મા તે મુખ્યાત્મા.

આત્મત્રાણ ૧. [સં. આત્મન્ (શરીર) + ત્રાણ (બચાવ)] પું. અંતરક્ષા; શરીરનું રક્ષણ કરનાર.
૨. ન. પોતાનું રક્ષણ; આતબચાવ.

આત્મત્વ ૧. [સં. આત્મન્ (આત્મા) + ત્વ (પણું)] ન. આત્મસાક્ષાત્કાર; આત્મા સાથેનું મેળાપ.
૨. ન. આત્માનો ગુણ; આત્માનો ધર્મ.
૩. ન. પોતાપણું; સ્વત્વ; આત્મપણું.

આત્મત્વાવિદ્યા [સં. આત્મન્ (આત્મા) + ત્વ (પણું) + વિદ્યા] સ્ત્રી. અધ્યાત્મશાસ્ત્ર.

આત્મત્વાભિનિવેશ [સં. આત્મન્ (આત્મા) + ત્વ (પણું) + અભિનિવેશ (આગ્રહ)] પું. આત્મા હોવાની દૃઢ માન્યતા.

આત્મદ [સં. આત્મન્ (જીવ) + દ (આપનું)] વિ. પોતાનો જોગ આપનાર.

આત્મદંભ [સં. આત્મન્ (પોતે) + દંભ્ (ઢોંગનું કામ કરવું)] વિ. પોતે ઢોંગનું કામ રાખનાર; બતાવે દમનાર.

આત્મદમન ૧. [સં. આત્મન્ (આત્મા) + દમન (પીડવું તે)] ન. આત્માને દુઃખ આપવું તે.
૨. [સં. આત્મન્ (પોતે) + દમ્ (વાશ રાખવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પોતાની વાસના વશ રાખવાપણું; આત્મનિગ્રહ; આત્મસંયમ; મનને તાબામાં રાખવું તે.

આત્મદર્શ ૧. [સં. આત્મન્ (આત્મા) + દર્શ (જોવું)] પું. આત્માનું દર્શન.

૨. [સં. આત્મન્ (દેહ) + દૃશ્ (જોવું)] પું. દર્પણ; આરસી; અરીસો; આયનું; ફ્રામ.
૩. પું. બ્રહ્મસાક્ષાત્કાર.

આત્મદર્શન ૧. [સં. આત્મન્ (આત્મા) + દર્શન (જોવું તે)] ન. જાતનો પ્રત્યક્ષ અનુભવ; આત્માના સ્વરૂપનું જ્ઞાન.
૨. [સં. આત્મન્ (પંથ) + દર્શન (જોવું તે)] ન. પોતાની જાતની ઓળખાણ; પોતાના પંડને સમજવાપણું; આત્મપરિચય.
૩. ન. પ્રાણીમાત્રમાં આત્મારૂપે દૃષ્ટિ કરવી તે.
૪. ન. બ્રહ્મનો સાક્ષાત્કાર.
૫. ન. શ્રવણ, મનન અને નિદિધ્યાસન જેવાં બ્રહ્મસાક્ષાત્કારનાં સાધન.

આત્મદર્શી [સં. આત્મન્ (આત્મા) + દૃશ્ (જોવું)] વિ. આત્મજ્ઞાની. જુઓ આત્મદર્શી.

આત્મદર્શિતાવી [સં. આત્મન્ (આત્મા) + દર્શિન્ (જોનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. આત્માને જોનારી.

આત્મદર્શી ૧. [સં. આત્મન્ (આત્મા) + દર્શિન્ (જોનાર)] વિ. આત્માનો સાક્ષાત્કાર કરનાર; આત્મજ્ઞાની; આત્માને જોનાર.
૨. વિ. પોતા સંબંધી જાણવાળું; પંડને જાણનાર.

આત્મદંડ [સં. આત્મન્ (આત્મા) + દંડ (શિક્ષા)] પું. આત્માને દુઃખ દેવું તે. જુઓ આત્મદંડન.

આત્મદંડન [સં. આત્મન્ (આત્મા) + દંડ્ (શિક્ષા કરવી) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. (જૈન) આત્માને દુઃખ આપવાપણું.

આત્મદાન ૧. [સં. આત્મન્ (આત્મા) + દાન (આપવું તે)] ન. પોતાની જાતની કુરબાની; પરોપકાર અર્થે પોતાના આત્માનું પણ દાન કરી દેવું તે; સ્વાર્પણ; આત્મત્યાગ.
૨. ન. સ્વાર્થત્યાગ પરોપકારને માટે પોતાનો જાન જોખમે કરવાપણું.

આત્મદીક્ષ [સં. આત્મન્ (આત્મ) + દીક્ષ (પ્રકાશવું)] વિ. પોતાના તેજથી પ્રકાશવાળું આપનાર.

આત્મદૂષણ [સં. આત્મન્ (પોતાનું) + દૂષણ (દોષ)] ન. પોતાનો દોષ.

આત્મદૃષ્ટાંત [સં. આત્મન્ (પોતે) + દૃષ્ટાંત (દાખલો)] ન. પોતાનો જ દાખલો.

આત્મદૃષ્ટિ [સં. આત્મન્ (જ્ઞ) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. સૂક્ષ્મ નજર; અંતર નિરીક્ષણ.

આત્મદેવ ૧. [સં. આત્મન્ (આત્મા) + દેવ] પું. આત્મારૂપી દેવ.
૨. [સં. આત્મન્ (શરીર) + દેવ] પું. જઠરાગ્નિ; આપેલું પચાવવાની શક્તિ.

આત્મદેવતા [સં. આત્મન્ (પોતાની જાત) + દેવતા (દેવ)] સ્ત્રી. કુળદેવતા.

આત્મદેશ [સં. આત્મન્ (આત્મા) + દેશ (વિભાગ)] પું. આત્માને લગતો વિષય.

આત્મદૈવત [સં. આત્મન્ (આત્મા) + દૈવત (બળ)] ન. આત્માની શક્તિ.

આત્મદોષ [સં. આત્મન્ (જાત) + દોષ (ભૂલ)] પું. પોતાની ભૂલ; પંડની ખામી.

આત્મદોષક્ષાલન ૧. [સં. આત્મન્ (પોતાનું) + દોષ (ભૂલ) + ક્ષાલન (ધોઈ નાખવું તે)] ન. પોતાની ભૂલનો ખ્યાલ.
૨. ન. પોતાની વર્તણૂક બરાબર છે એવું સાબિત કરવું તે.

આત્મદોષજ્ઞ [સં. આત્મન્ (પોતાનું) + દોષ (ભૂલ) + જ્ઞ (જાણનાર)] વિ. પોતાની ભૂલ જાણનાર.

આત્મદ્રોહ ૧. [સં. આત્મન્ (આત્મા) + દ્રુહ્ (ઈજા કરવી)] પું. આપઘાત.
૨. પું. જાતને આપેલું દુઃખ; પોતાને હાનિ પહોંચાડવી તે; આત્મપીડન.

આત્મદ્રોહી ૧. [સં. આત્મન્ (આત્મા) + દ્રોહિન્ (ઈજા કરનાર)] વિ. આપઘાત કરનાર; પંડનો નાશ કરે એવું; પોતાનો નાશ કરનાર.
૨. વિ. પોતાને ઊંધે રસ્તે દોરનાર; પંડનું ખોટું કરનાર; પોતાની હાનિ કરનાર.

આત્મદ્રુપ [સં. આત્મન્ (આત્મા) + દ્રુપ (ઘી)] પું. જ. ક. આત્માની ભોગી.

આત્મધન ૧. [સં. આત્મન્ (આત્મા) + ધન (દોલત)] ન. આત્મા એ જ જેની દોલત છે એવું અનુપમ આત્માને જ સર્વસ્વ માનનાર મહાપુરુષ.
૨. ન. પંડનો આત્મા.
૩. ન. પુત્ર; દીકરો.
૪. ન. પોતાનો વૈસો.
૫. ન. બાળબચ્ચાં; ભોલાઉ; સંતતિ.

આત્મધર્મ ૧. [સં. આત્મન્ (આત્મા) + ધર્મ (ગુણ)] પું. આત્માનો ગુણ; આત્માનો સ્વભાવ. તે નવ મનાય છે: નિત્ય, અભય, શુદ્ધ, બોધ, ઐશ્વર્ય, આનંદ, અવિનાશિ, સ્વયંપ્રકાશ, હેતુ, અજન્મ, અસંગી અને અનાદિત્વ.
૨. પું. પોતાની ફરજ; આત્મકર્તવ્ય.

આત્મધર્મપરાયણ [સં. આત્મન્ (પંથ) + ધર્મ (ફરજ) + પરાયણ (લીન)] વિ. પોતાની ફરજ બજાવવામાં મશગૂલ.

આત્મધારણભૂમિ [સં. આત્મન્ (પંથ) + ધારણ (રોકવું તે) + ભૂમિ (જમીન)] સ્ત્રી. જેના વહીવટનો સામાન્યને કંઈ અર્થ ન ઊઠાવવો પડે તેવું તાબાનું રાજ્ય.

આત્મધારી [સં. આત્મન્ (જ્ઞ) + ધારિન્ (પકડનાર)] વિ. જેને આત્મા હોય એવું; જીવવાળું.

આત્મધિક્કાર [સં. આત્મન્ (પંથ) + ધિક્કાર (તિરસ્કાર)] પું. પશ્ચાત્તાપ. પોતે ભૂલ કરી છે એવું જ્ઞાન થવાથી આ દુનિયામાં માણસ પોતાને ધિક્કારે છે.

આત્મધ્યાન [સં. આત્મન્ (આત્મા) + ધ્યાન (વિચાર)] ન. આત્મા વિષે વિચાર; આત્મતત્ત્વનું એકચિત્તથી ચિંતન.

આત્મનાદ [સં. આત્મન્ (પ્રાણ) + નાદ (સ્વર)] પું. જીવનો અવાજ.
કર અંજુલિ કંપે કરણ, આત્મનાદ ન સુણાય. દયારામ

આત્મનામી [સં. આત્મન્ (પોતે) + નામા (નામવાળું)] વિ. પોતીકું.

આત્મનાશ [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + નાશ (સંહાર)] પું. પોતાનો સંહાર.

આત્મનાશક [સં. આત્મન્ (પંથ) + નશ્ (નાશ પામવું)] વિ. પંડનો જ નાશ કરનાર.

આત્મનિકંદન [આત્મન્ (પંથ) + નિકંદન (નાશ)] ન. પોતાનો નાશ.

આત્મનિકંદી [આત્મન્ (પંથ) + નિકંદી (નાશ કરનાર)] વિ. પંડનો નાશ કરનાર.

આત્મનિગ્રહ [સં. આત્મન્ (જ્ઞ) + નિગ્રહ (દાબ)] પું. પોતાની વાસનાઓ ઉપર કાબૂ; ઇંદ્રિયો ઉપરનો કાબૂ; મનને વશ રાખવાપણું.

આત્મનિમગ્ન ૧. [સં. આત્મન્ (આત્મા) + નિમગ્ન (લીન)] વિ. જીવમાં ભરોવાયેલું.
૨. [સં. આત્મન્ (પંથ) + નિમગ્ન (લીન)] વિ. પોતામાં રમ્યા કરતું રહેનાર; સ્વાર્થી.

આત્મનિમગ્નતા [સં. આત્મન્ (જ્ઞ) + નિમગ્નતા (પોતાની ધૂનમાં)] ન. જીવમાં તલ્લીન રહેવું તે.

આત્મનિયન્ત્રિત [સં. આત્મન્ (પંથ) + નિયંત્રિત (કબૂમાં રાખેલું)] વિ. પોતાની જેવો નિયમમાં રખાયેલું.

આત્મનિયમન [સં. આત્મન્ (જ્ઞ) +

નિયમન (નિયમમાં રાખવું તે)] ન. મનને વશ રાખવાપણું. જુઓ આત્મનિગ્રહ.

આત્મનિરાલોક [સં. આત્મન્ (પંડ) + નિર્ (નહિ) + આલોક (નજર કરવી)] પું. શિવનાં હજાર નામ પૈકીનું એક. તે બીજાના ભલા ઉપર નજર રાખે છે, પોતાના તરફ દૃષ્ટિ કરતા નથી એમ મનાય છે.

આત્મનિરીક્ષણ [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + નિરીક્ષ્ (બારીકીથી જોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પોતાના ગુણદોષની તપાસ; પોતાના મનમાં ઊંડા ઊતરી વિચારવું તે; અંતરાવલોકન. જુઓ આત્મનિરીક્ષણ.

આત્મનિરૂપણ [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + નિરૂપણ (અવલોકન)] ન. અંતરાવલોકન. જુઓ આત્મનિરીક્ષણ.

આત્મનિરૂપિત [સં. આત્મન્ (પંડ) + નિરૂપિત (અવલોકન કરેલ)] વિ. પોતે જોયેલું.

આત્મનિર્ણય ૧. [સં. આત્મન્ (પંડ) + નિર્ણય (નિર્ધાર)] પું. પોતાને લગતી બધી બાબતમાં પોતાને જ નિર્ણયનો હક્ક હોવો જોઈએ એવો વાદ; સ્વયંનિર્ણય; 'સેલ્ફડિટર્મિનેશન'.

૨. પું. પોતે કરવાનો કે કરેલો નિર્ણય.

આત્મનિર્ણીત [સં. આત્મન્ (પંડ) + નિર્ણીત (નક્કી કરેલું)] વિ. પોતે નક્કી કરેલું; જાતે કરેલું.

આત્મનિર્ણીતતા [સં. આત્મન્ (પંડ) + નિર્ણીત (નક્કી કરેલું) + તા (પણું)] સ્ત્રી. પોતાની બાબતોમાં પોતાને જ નિર્ણય કરવાનો હક્ક હોવો જોઈએ એવો મત; 'સેલ્ફ ડિટર્મિનિઝમ'. જુઓ આત્મનિર્ણય.

આત્મનિર્દિષ્ટ ૧. [સં. આત્મન્ (પંડ) + નિર્દિષ્ટ (બતાવેલું)] વિ. આત્મનિરૂપિત; જાતે અવલોકન કરેલું.

૨. વિ. જાતે કરાવેલું; પોતે નક્કી કરેલું.

૩. વિ. પોતે વિચારેલું.

૪. વિ. પોતાની મેળે માથે લીધેલું.

૫. વિ. પોતે નીમેલું.

આત્મનિર્દેશ [સં. આત્મન્ (પોતે) + નિર્દેશ (બતાવવાપણું)] વિ. આપોઆપ નોંધ લે એવું; 'સેલ્ફ રજિસ્ટરિંગ'.

આત્મનિર્ભર [સં. આત્મન્ (જાત) + નિર્ભર (ભરેલું)] પું. પોતામાં વિશ્વાસ; પોતા ઉપર શ્રદ્ધા.

આત્મનિવેદન ૧. ન. ઈશ્વરને જાતે આવીને કૃષ્ણને પોતાની જાત અર્પણ કરી તે.

૨. ન. ઈશ્વરભક્તિ માટે આત્મસમર્પણ; પોતાની જાતને અને પોતાનું બધું ઈશ્વરને અર્પણ કરવાપણું.

૩. [સં. આત્મન્ (પોતે) + નિવેદન (અર્પણ)] ન. પંડનું સ્વરૂપ ઓળખી પરમાત્માની સ્તુતિમાં લીન થવાની તે; ભક્તિના નવ પ્રકાર પૈકીનો એક. શ્રવણ, કીર્તન, ધ્યાન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને આત્મનિવેદન એમ નવ જાતની ભક્તિ કહેવાય છે.

૪. [સં. આત્મન્ (પંડ) + નિવેદન (જણાવવું તે)] ન. પોતાનો ખુલાસો.

આત્મનિવેદનાસક્તિ [સં. આત્મન્ (શરીર) + નિવેદન (અર્પણ) + આસક્તિ (મોહ)] સ્ત્રી. પોતાનું બધું અને શરીર ઇષ્ટદેવને સોંપી દેવાની તીવ્ર ઇચ્છા; ભક્તિની અતિશય અવસ્થા પૈકીની એક. જુઓ ભક્તિ.

આત્મનિવેદિયું [સં. આત્મન્ (શરીર) + નિવેદિન્ (સોંપનાર)] વિ. પોતાનું બધું ઇષ્ટદેવને અર્પણ કરનાર. જુઓ આત્મનિવેદી.

આત્મનિવેદી ૧. [સં. આત્મન્ (શરીર) + નિવેદિન્ (સોંપનાર)] વિ. ઈશ્વરને અને બાપ કરીને કૃષ્ણને જેણે પોતાની જાત સોંપી દીધી હોય એવું; પોતાની જાત ઇષ્ટદેવને અર્પણ કરનાર.

૨. [સં. આત્મન્ (પંડ) + નૈવેદ્ય (પ્રસાદ)] વિ. જાતે રાંધીને જમવાના નિયમવાળું.

૩. વિ. જેના અભિમાનનો ત્યાગ કરી પોતામાં જ નિયમ રહેનાર; જેણે આત્માનું આત્માને નિવેદન એટલે સમર્પણ કરેલ હોય તેવું.

આત્મનિષ્ઠ [સં. આત્મન્ (આત્મા) + નિષ્ઠા (શ્રદ્ધા)] વિ. આત્મામાં તલ્લીન; પોતામાં મગ્ન; મુમુક્ષુ.

આત્મનિષ્ઠ ૧. વિ. ઈશ્વરભજનમાં મસ્ત.

૨. વિ. જાતમાં જ વિશ્વાસ હોય એવું; દૃઢ રહેનાર; આત્મશ્રદ્ધાવાળું.

૩. [સં. આત્મન્ (આત્મા) + નિષ્ઠ (લીન)] વિ. જીવ સંબંધી જ્ઞાનમાં જેની નિષ્ઠા છે એવો મુમુક્ષુ; જ્ઞાનનિષ્ઠ.

૪. [સં. આત્મન્ (પંડ) + નિષ્ઠ (લીન)] વિ. પોતાના ઉપર જ આધાર રાખનારું; સ્વાશ્રયી.

૫. ક્રિ. વિ. અંતઃકરણપૂર્વક.

આત્મનિષ્ઠતા [સં. આત્મન્ (આત્મા) + નિષ્ઠ (લીન) + તા (પણું)] સ્ત્રી. સ્વાર્થમાં રચ્યુંપચ્યું રહેવું તે. જુઓ આત્મનિષ્ઠા.

આત્મનિષ્ઠા ૧. [સં. આત્મન્ (આત્મા) + નિષ્ઠા (લીનતા)] સ્ત્રી. જાતમાં મગ્ન રહેવાપણું; જ્ઞાનનિષ્ઠા.

૨. સ્ત્રી. પોતામાં વિશ્વાસ; પોતાની જાતની જે ખાતરી તે.

આત્મનિસંસ્થિત [સં. આત્મનિ (આત્મામાં) + સંસ્થિત (રહેલું)] પું. શિવનું એક નામ, કેમકે તે આત્મચિંતનમાં તલ્લીન રહે છે.

આત્મનિંદા ૧. [સં. આત્મન્ (જાત) + નિંદા (બદબોઈ)] સ્ત્રી. (જૈન) પોતાના દોષ જોવાપણું; પંડનો વાંક કાઢવો તે.

૨. [સં. આત્મન્ (પંડ) + નિંદા (વખોવણી)] સ્ત્રી. પોતાને વખોડવાપણું; પંડનું જ ખોટું જોવું તે; જાતને નિંદવી તે.

આત્મનીન ૧. [સં. આત્મન્ (પંડ) + નીન (જાતનું)] પું. પુત્ર; દીકરો.

૨. પું. વિદૂષક.

૩. પું. સાળો.

૪. વિ. જીવવાળું; ચેતનમય.

૫. વિ. પોતાના તાબાનું.

૬. વિ. પોતાના હિતનું.

૭. વિ. બળવાન; શક્તિવાળું.

આત્મનીય ૧. [સં.] પું. પુત્ર; દીકરો.

૨. પું. વિદૂષક.

૩. પું. સાળો.

૪. વિ. જીવવાળું; ચેતનમય.

૫. વિ. પોતાના તાબાનું.

૬. વિ. પોતાના હિતનું.

૭. વિ. બળવાન; શક્તિવાળું.

આત્મનૂર [આત્મન્ (આત્મા) + નૂર (તેજ)] ન. પોતાનું તેજ.

આત્મનેપદ ૧. [સં. આત્મને (પોતાને માટે) + પદ (શબ્દ)] પું. (વ્યાકરણ) સંસ્કૃત ધાતુનો એક વિભાગ. જેમકે, લભ્, વિદ્, રમ્, યુધ્ વગેરે આત્મનેપદના અને ગમ્, નશ્, કમ્, આપ્ વગેરે પરસ્મૈપદના ધાતુ છે.

૨. પું. સંસ્કૃત વ્યાકરણમાં ધાતુને એ નામના પ્રત્યય લગાડવાથી બનેલાં રૂપ.

૩. પું. સંસ્કૃત વ્યાકરણમાં ધાતુને લગાડવાના એક જાતના પ્રત્યય. મિ, વઃ, મઃ વગેરે પરસ્મૈપદના વર્તમાનકાળના અને ઈ, વહે, મહે વગેરે આત્મનેપદના વર્તમાનકાળના પ્રત્યય છે.

આત્મનેપદી ૧. [સં. આત્મને (પોતાને માટે) + પદ (શબ્દ) + ઇન્ (વાળું)] પું. (વ્યાકરણ) આત્મનેપદ પ્રત્યયવાળો ધાતુ.

૨. વિ. આત્મનેપદને લગતું.

આત્મનેભાષા જુઓ આત્મનેપદ.

આત્મનીકા [સં. આત્મન્ (આત્મા) + નીકા (હોડી)] સ્ત્રી. દેહરૂપી વહાણ.

આત્મન્ ૧. પું. અગ્નિ.
૨. પું. આકાશનો છોડ.
૩. [સં. અન્ (શ્વાસ લેવો)] પું. આત્મા; જીવ.
૪. પું. ત્રિવકૃક્ષ; ત્રિવાનું ઝાડ.
૫. પું. જન્મ.
૬. પું. ધર્મ.
૭. પું. ધૈર્ય; ધીરજ.
૮. [સં. અત્ (વ્યાપવું)] પું. પરબ્રહ્મ; પરમાત્મા, કેમકે તે જગતમાં બધા જીવમાં વ્યાપી રહેલ છે.
૯. પું. પંડ; ભત. આ શબ્દનો પ્રયોગ મધ્યે આગળ સામાસિક શબ્દોમાં થાય છે. અને ત્યાં તેનો અર્થ 'પોતાનું' એવો થાય છે. જેમકે, આત્મકલ્યાણ, આત્મરક્ષા, આત્મહત્યા, આત્મશ્લાઘા. આત્મનનો ચોથુ અર્થ 'પોતે' છે. તે ઉપરથી પોતેના અર્થનું 'આપણ' સર્વનામ થયું છે. વળી 'તમે પોતે'ના અર્થનું 'આપ' સર્વનામ પણ એના ઉપરથી થયું છે. તેમ વળી 'તમે ને હું', 'તમે ને અમે' એવા સંયુક્ત અર્થનું 'આપણે' સર્વનામ પણ એ જ શબ્દ ઉપરથી ઊતરી આવ્યું છે. ઉપરાંત આપણ સર્વનામ સાથે સંબંધ દર્શાવતું 'આપણું' વિશેષણ પણ એ જ મૂળનું છે. નામ ઉપરથી સર્વનામની ઉત્પત્તિ આમ ભેગનારી છે.
૧૦. પું. પોતાનું સ્વરૂપ; નિજત્વ.
૧૧. પું. પ્રયત્ન; પ્રયાસ.
૧૨. પું. પ્રાણી; જીવ.
૧૩. પું. બુદ્ધિ; વિચારશક્તિ.
૧૪. પું. મન; અંતઃકરણ.
૧૫. પું. વાયુ; પવન.
૧૬. પું. શરીર; દેહ.
૧૭. પું. સૂર્ય; સૂરજ.
૧૮. પું. સ્વભાવ; મૂળ ગુણ.

આત્મનચંદ્ર [સં. આત્મન્ (પ્રાણ) + ચંદ્ર] પું. પ્રાણરૂપી ચંદ્ર.

આત્મનતૃષા [સં. આત્મન્ (જીવ) + તૃષા (તરસ)] સ્ત્રી. જીવની ઇચ્છા.

આત્મન્વત્ ૧. વિ. ઉદાર મનનું.
૨. [સં. આત્મન્ (પ્રયત્ન) + વત્ (વાળું)] વિ. પ્રયત્નવાળું; મહેનત કરનારું.
૩. [સં. આત્મન્ (પ્રાણ) + વત્ (વાળું)] વિ. પ્રાણવાળું.

આત્મનસુહાગી [સં. આત્મન્ (આત્મા) + સુહાગી (સુખી)] વિ. જાતને સુખ આપનાર.

આત્મપક્ષીય [સં. આત્મન્ (પોતાનું) + પક્ષ (બાજુ) + ઈય (વાળું)] વિ. પોતાની બાજુનું.

આત્મપક્ષી [સં. આત્મન્ (આત્મા) + પક્ષી] પું. જીવ.

આત્મપર ૧. [સં. આત્મન્ (પંડ) + પર (પ્રથમ)] પું. પોતાનાં સગાં અને પારકાં માણસ.
૨. વિ. સ્વાર્થી; આત્મપરાયણ.

આત્મપરાજિત [સં. આત્મન્ (જાત) + પરાજિત (હારેલું)] વિ. પંડને જોઈ બેઠેલું.

આત્મપરાયણ [સં. આત્મન્ (પંડ) + પરાયણ (વળગેલું)] વિ. સ્વાર્થી; બોકાપેલું.

આત્મપરિચય ૧. [સં. આત્મન્ (આત્મા) + પરિચય (જ્ઞાન)] પું. પોતાનું જ્ઞાન.
૨. પું. પોતાની શક્તિ અને મુશ્કેલીનું જ્ઞાન.

આત્મપરિતાપ [સં. આત્મન્ (આત્મા) + પરિતાપ (શોક)] પું. અંતરનો પશ્ચાત્તાપ.

આત્મપરિતોષ [સં. આત્મન્ (આત્મા) + પરિ (પોતાનો) + તુષ્ (સંતોષ પામવો)] પું. પંડને થતો સંતોષ.

આત્મપરીક્ષક ૧. [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + પરીક્ષક (તપાસનાર)] પું. પોતાની બારીકાઈથી તપાસ કરનાર માણસ.
૨. વિ. પંડના મુશ્કેલીની તપાસ કરે એવું; પોતાની બારીકાઈથી તપાસ કરનાર.
૩. [સં. આત્મન્ (હૃદય) + પરીક્ષક (તપાસનાર)] વિ. હૃદયની પરીક્ષા કરનારું.

આત્મપરીક્ષણ [સં. આત્મન્ (પંડ) + પરીક્ષણ (તપાસ)] ન. પંડના મુશ્કેલીની બારીકાઈથી તપાસ કરવી તે. લાંબો આત્મપરીક્ષા.

આત્મપરીક્ષણપ્રધાન [સં. આત્મન્ (આત્મા) + પરીક્ષણ (તપાસ) + પ્રધાન (મુખ્ય)] પું. મન અને ઇંદ્રિયોને બહારની બાજુ પરથી પાછાં ખેંચી આત્માની તપાસ કરવાનો સિદ્ધાંત.

આત્મપરીક્ષા ૧. [સં. આત્મન્ (પોતે) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. આત્માવલોકન; પોતાના મુશ્કેલીની બારીક તપાસ.
૨. સ્ત્રી. જીવ કે માણસની પાસે રહેવાથી અથવા તેને આપવાથી તેના મુખ્ય બાબતને જાણવાની શક્તિ દરેક વસ્તુને પ્રાણ છે, તે ઉપરથી તેના સ્વરૂપને સમજવાની શક્તિ.

આત્મપર્યાપ્ત [સં. આત્મન્ (પંડ) + પર્યાપ્ત (સંપૂર્ણ)] વિ. પોતામાં ઝોકત થયેલું; પોતામાં જ સમાયેલું.

આત્મપાલક ૧. [સં. આત્મન્ (પોતાનું) + પાલક (રક્ષણ કરનાર)] વિ. પોતાની મેળે પાળનાર.
૨. વિ. સ્વાર્થી; આપમતલબી.

આત્મપીડન (આત્મપીડન) [સં. આત્મન્ (આત્મા) + પીડન (દુઃખ)] ન. પોતાની જાતને આપેલું દુઃખ.

આત્મપીડા (આત્મપીડા) [સં. આત્મન્ (આત્મા) + પીડા (દુઃખ)] સ્ત્રી. પોતે પોતાને આપેલું દુઃખ.

આત્મપુરાણ [સં. આત્મન્ (પરમાત્મતત્ત્વ) + પુરાણ (ધર્મનું પુસ્તક)] ન. ઉપનિષદ ઉપર વિવેચનવાળો એ નામનો ગ્રંથ.

આત્મપુષ્ટ [સં. આત્મન્ (પંડ) + પુષ્ટ (પોષાયેલું)] વિ. પોતાની મેળે પોષણ પામેલું.

આત્મપૂજક [સં. આત્મન્ (આત્મા) + પૂજક (પૂજનાર)] વિ. પોતાને સંતોષનારું.

આત્મપોષક [સં. આત્મન્ (આત્મા) + પોષક (પોષનાર)] વિ. પોતાને પોષનારું; આત્મપૂજક.

આત્મપોષણ [સં. આત્મન્ (આત્મા) + પોષણ (પોષવું તે)] ન. પોતાનો નિભાવ.

આત્મપ્રકાશ ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રકાશ (તેજ)] પું. અંતરનું અજવાળું; આત્માનું તેજ.
૨. પું. પોતાનો પ્રકાશ.
૩. [સં. આત્મન્ (હૃદય) + પ્રકાશ (પ્રકટ કરવાપણું)] પું. હૃદયના ભાવ જણાવવાપણું; અંતરની લાગણી જુલ્સી કરવી તે.

આત્મપ્રકાશન [સં. આત્મન્ (જાત) + પ્રકાશન (જાહેર કરવું તે)] ન. પોતાના હૃદયના વિચાર જણાવવાપણું.

આત્મપ્રકાશી [સં. આત્મન્ (આત્મા) + પ્રકાશ (તેજ) + ઇન્ (વાળું)] વિ. આત્માના તેજવાળું.

આત્મપ્રતારક [સં. આત્મન્ (પંડ) + પ્રતારક (ઠગનાર)] વિ. પોતાને ઊતરનાર; આત્મવંચક.

આત્મપ્રતારણા [સં. આત્મન્ (આત્મા) + પ્રતારણા (ઉતરવું તે)] સ્ત્રી. આત્માને ઊતરવાનું કામ; મનને હોંસલાવવાપણું; આત્મવંચના.

આત્મપ્રતિજ્ઞા [સં. આત્મન્ (આત્મા) + પ્રતિજ્ઞા (નિશ્ચય)] સ્ત્રી. પોતે લીધેલી ટેક; પોતે કરેલું પ્રણ.

આત્મપ્રતિષ્ઠા [સં. આત્મન્ (પોતાનું) + પ્રતિષ્ઠા (આબરૂ)] સ્ત્રી. સ્વમાન; પોતાનું ગૌરવ.

આત્મપ્રતીતિ ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રતીતિ (સમજ)] સ્ત્રી. આત્માનો સાક્ષાત્કાર.

૨. [સં. આત્મન્ (પંડ) + પ્રતીતિ (ખરોસો)] સ્ત્રી. પંડ ઉપર વિશ્વાસ; આત્મપ્રતિજ્ઞા.

૩. સ્ત્રી. પોતાને ખાતરી થવાપણું; આત્મવિશ્વાસ.

૪. સ્ત્રી. હૃદયની વિશુદ્ધિ; નિખાલસતા.

૫. વિ. પોતાની ઉપર વિશ્વાસ અને આધાર રાખનાર.

આત્મપ્રત્યય [સં. આત્મન્ (આત્મા) + પ્રત્યય (વિશ્વાસ)] પું. આત્મવિશ્વાસ. જુઓ આત્મપ્રતીતિ ૧ થી ૪.

આત્મપ્રદ [સં. આત્મન્ (આત્મા) + પ્રદ (આપનારું)] પું. પુરુષોત્તમ ભગવાન, જેમણે તે પોતાના ભક્ત માટે સર્વસ્વ અર્પણ કરે છે.

આત્મપ્રદર્શક [સં. આત્મન્ (પોતે) + પ્રદર્શક (બતાવનાર)] વિ. પોતાના હૃદયના ભાવ બતાવનારું.

આત્મપ્રદેશ [સં. આત્મન્ (આત્મા) + પ્રદેશ (સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ)] પું. (જૈન) જે અસંખ્ય પ્રદેશ એટલે અવિભાજ્ય અંશનો આત્મા બનેલ છે તેમાંનો દરેક.

આત્મપ્રપોષણ [સં. આત્મન્ (પોતે) + પ્રપોષણ (પોષણ)] ન. પોતાનું સંરક્ષણ; પંડનો બચાવ.

આત્મપ્રબોધ ૧. પું. એ નામનું એક ઉપનિષદ.

૨. [સં. આત્મન્ (આત્મા) + પ્રબોધ (સમજ)] પું. જીવ સંબંધી જ્ઞાન.

૩. પું. પોતાનું જ્ઞાન; આત્મજ્ઞાન.

આત્મપ્રભ ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રભા (તેજ)] પું. પરમાત્મા. તેજોમય હોવાથી તે આત્મપ્રભ કહેવાય છે.

૨. વિ. પોતાના તેજવાળું; સ્વયંપ્રકાશમાન.

આત્મપ્રભાવ ૧. [સં. આત્મન્ (પોતે) + પ્રભાવ (જન્મ)] પું. કામદેવ. તે પોતાની મેળે શરીરમાં જન્મેલ હોવાનું મનાવાથી આત્મપ્રભવ કહેવાય છે.

૨. પું. દીકરો; પુત્ર.

૩. વિ. પંડમાં ઉત્પન્ન થયેલું; પંડજ.

આત્મપ્રભવા ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રભવ (જન્મ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. દીકરી; પુત્રી.

૨. સ્ત્રી. બુદ્ધિ.

આત્મપ્રભા [સં. આત્મન્ (આત્મા) + પ્રભા (તેજ)] સ્ત્રી. આત્માનું ઓજસ; સ્વયંપ્રકાશ.

આત્મપ્રભાવ ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રભાવ (શક્તિ)] પું. આત્માની શક્તિ.

૨. [સં. આત્મન્ (આત્મા) + પ્રભાવ (પ્રતાપ)] પું. શરીરમાં રહેલ પરમતત્ત્વ એટલે પરમાત્માનું તેજ.

આત્મપ્રમા [સં. આત્મન્ (આત્મા) + પ્રમા (સાચું જ્ઞાન)] સ્ત્રી. આત્માનું અર્થ જ્ઞાન.

આત્મપ્રમાદ [સં. આત્મન્ (પંડ) + પ્રમાદ (ભૂલ)] પું. પોતાની ભૂલ.

આત્મપ્રયત્ન [સં. આત્મન્ (પંડ) + પ્રયત્ન (મહેનત)] પું. આત્મમહેનત; સ્વપ્રયાસ.

આત્મપ્રવક્તૃ [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + પ્રવક્તૃ (બોલનું)] વિ. પોતા તરફ વલણવાળું; આત્મપરાયણ; આત્મનિષ્ઠ.

આત્મપ્રવંચક [સં. આત્મન્ (પોતે) + પ્રવંચક (ઠગનાર)] વિ. પોતાને ઊતરનાર.

આત્મપ્રવંચન [સં. આત્મન્ (પંડ) + પ્રવંચન (ઊતરપિણી)] ન. પોતાને ઊતરવું તે.

આત્મપ્રવાદ ૧. [સં. આત્મન્ (આત્મા) + પ્રવાદ (પરસ્પર વાતચીત)] પું. આત્મા પરમાત્મા વિષેની ચર્ચા.

૨. પું. (જૈન) જે નામનું એક શાસ્ત્ર.

આત્મપ્રશંસક [સં. આત્મન્ (પોતે) + પ્રશંસક (વખાણ કરનાર)] વિ. પોતાનાં વખાણ કરનાર; આત્મશ્લાઘી.

આત્મપ્રશંસા [સં. આત્મન્ (પોતાનું) + પ્રશંસા (વખાણ)] સ્ત્રી. પોતાનાં વખાણ; આપવાડી; આત્મશ્લાઘા; આત્મસ્તુતિ.

આત્મપ્રસિદ્ધિ ૧. [સં. આત્મન્ (પંડ) + પ્રસિદ્ધિ (ખ્યાતિ)] સ્ત્રી. પોતાની કીર્તિ.

૨. [સં. આત્મન્ (પંડ) + પ્રસિદ્ધિ (જાહેરાત)] સ્ત્રી. પોતાને જાહેરમાં લાવવાપણું; સ્વજાહેરાત.

આત્મપ્રસ્ફોટન [સં. આત્મન્ (આત્મા) + પ્રસ્ફોટન (ખિલવણી)] ન. પંડની ખિલવણી; આત્માનો વિકાસ.

આત્મપ્રાધાન્ય [સં. આત્મન્ (આત્મા) + પ્રાધાન્ય (મહત્ત્વ)] ન. પોતાની મોટપ.

આત્મપ્રાપ્તિ [સં. આત્મન્ (પરમાત્મા) + પ્રાપ્તિ (મેળવવું તે)] સ્ત્રી. મુક્તિ; મોક્ષ.

આત્મપ્રિયતા [સં. આત્મન્ (પંડ) + પ્રિય (વહાલું) + તા (પણું)] સ્ત્રી. આત્મપ્રીતિ; પોતાસ્નેહ; અહંપ્રેમ; 'સેલ્ફલવ'.

આત્મપ્રીતિ [સં. આત્મન્ (પંડ) + પ્રીતિ (પ્રેમ)] સ્ત્રી. પોતાનો પ્રેમ. જુઓ આત્મપ્રિયતા.

આત્મપ્રેમ [સં. આત્મન્ (પંડ) + પ્રેમન્ (પ્રીતિ)] પું. પોતા ઉપર પ્રીતિ; આત્મપ્રીતિ.

આત્મપ્રૌઢી [સં. આત્મન્ (પોતાનું) + પ્રૌઢિ (પાકટતા)] સ્ત્રી. પોતાને વિષે ઊંચામાં ઊંચો વિચાર.

આત્મફેલક [સં. આત્મન્ (જીવ) + ફલક (પાટિયું)] ન. જીવ રૂપી પાટલો.

આત્મફેલન [સં. આત્મન્ (પંડ) + ફલન (ફળવું તે)] ન. પોતાની મેળે ફળવું તે. જુઓ આત્મફલિતતા.

આત્મફેલિતતા [સં. આત્મન્ (પંડ) + ફલિત (ફળેલું) + તા (પણું)] સ્ત્રી. આત્મફલન; ઝેર જ ફૂલનાં પુંકેસરનું અંકેસરની સાથે મેળા થવાથી બીજનું બનવું તે; 'ઑટોગેમિ'.

આત્મબધ [સં. આત્મન્ (પંડ) + વધ (ઘાત)] પું. આપઘાત; આત્મહત્યા.

આત્મબલ [સં. આત્મન્ (પંડ) + બલ (શક્તિ)] ન. પોતાની શક્તિ. જુઓ આત્મશક્તિ.

આત્મબલિ [સં. આત્મન્ (પંડ) + બલિ (ભોગ)] પું. બળતું બલિદાન; સ્વાર્પણ.

આત્મબલિદાન ૧. [સં. આત્મન્ (પંડ) + બલિદાન (ભોગ)] ન. આત્મભોગ; પ્રાણાર્પણ; સ્વાર્પણ; આપભોગ.

૨. ન. સ્વાર્થત્યાગ; પોતાનું હિત જતું કરવાપણું; સ્વાર્થસંન્યાસ.

આત્મબહુત્વજ્ઞાની [સં. આત્મન્ (જીવ) + બહુત્વ (બહુપણું) + વાદિન્ (જાણનાર)] વિ. જીવના બહુપણામાં માનનાર.

આત્મબહુમાન [સં. આત્મન્ (પંડ) + બહુ (ઘણું) + માન (આદર)] ન. આત્મપ્રશંસા; શેખી; આપવાડી.

આત્મબળ ૧. [સં. આત્મન્ (પંડ) + બલ (શક્તિ)] ન. પોતાની શક્તિ; પોતાનું [illegible]

૨. [સં. આત્મન્ (મન) + બલ (શક્તિ)] ન. મનોબળ; આત્મદૈવત; આત્માનું સામર્થ્ય; માનસિક શક્તિ.

આત્મબળવંત [સં. આત્મન્ (જીવ) + બલ (શક્તિ) + વત્ (વાળું)] વિ. જેનો આત્મા બળવાન હોય એનું; આત્મબળવાળું.

આત્મબળવાદી [સં. આત્મન્ (પંડ) + બલ (શક્તિ) + વાદિન્ (માનનાર)] વિ. પોતાના બળમાં માનનારું; પુરુષાર્થમાં માનનાર.

આત્મબંધુ ૧. [સં. આત્મન્ (જીવ) + બંધુ (મિત્ર)] પું. આત્મજ્ઞાન મેળવવામાં મદદ કરનાર.
૨. પું. આત્મા.
૩. પું. એક જોહીનું સત્ત્વ; સ્વજન.
૪. [સં. આત્મન્ (પંડ) + બંધુ (ભાઈ)] પું. પોતાનો મિત્ર.
૫. પું. વિશ્વાસુ મિત્ર.

આત્મબાંધવ [સં. આત્મન્ (પંડ) + બાંધવ (ભાઈ)] પું. એક જોહીનું સત્ત્વ. જુઓ આત્મબંધુ.

આત્મબુદ્ધિ ૧. [સં. આત્મન્ (પંડ) + બુદ્ધિ (અક્કલ)] સ્ત્રી. પોતાની સમજણ; પંડનું ડહાપણ; સ્વબુદ્ધિ.
૨. સ્ત્રી. મતલબિયાપણું; એકલપેટાઈ; સ્વાર્થમતિ.
૩. સ્ત્રી. મારાપણું; મારું પોતાનું એવી ભાવના; પોતાપણાનો વિચાર.

આત્મબોધ ૧. [સં. આત્મન્ (આત્મા) + બોધ (જ્ઞાન)] પું. આત્મજ્ઞાન; આત્મની સમજ; આત્માની ઓળખ.
૨. પું. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.
૩. પું. જ્ઞાનને ઉપદેશ; જીવને શિવાત્મબુદ્ધિ; નિજબોધ.
૪. પું. શંકરાચાર્યનો રચેલો વેદાંતનો એ નામનો ગ્રંથ. તેનું ટ્રેક્ટ અને અંગ્રેજીમાં ભાષાંતર થયું છે.

આત્મબોધક [સં. આત્મન્ (પરમાત્મા) + બોધક (જ્ઞાન આપનાર)] ન. અથર્વવેદનું એ નામનું ઉપનિષદ.

આત્મભક્તિ [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + ભક્તિ (સ્નેહ)] સ્ત્રી. પોતા વિષેનો પ્રેમ; આત્મપ્રીતિ. જુઓ આત્મપ્રિયતા.

આત્મભર્ત્સના ૧. [સં. આત્મન્ (પંડ) + ભર્ત્સના (તિરસ્કાર)] સ્ત્રી. આત્મતિરસ્કાર.
૨. સ્ત્રી. પોતે પોતાને આપેલો ઠપકો.

આત્મભવ ૧. [સં. આત્મન્ (પંડ) + ભૂ (થવું)] પું. કામદેવ; મદન. તે પોતાની મેળે ઉત્પન્ન થવાનું મનાવાથી આત્મભૂ કહેવાય છે.
૨. પું. પુત્ર; દીકરો.
૩. [સં. આત્મન્ (પરમાત્મા) + ભૂ (થવું)] પું. બ્રહ્મા; સુરજ્યેષ્ઠ; કમલાસન; પ્રજાપતિ. બ્રહ્મામાંથી ઉત્પન્ન થયેલ હોવાથી તે આત્મભૂ કહેવાય છે.
૪. પું. વિષ્ણુ.
૬. પું. શિવ; શંકર.
૭. પું. હિરણ્યગર્ભ; આદિજીવ.
૮. સ્ત્રી. પુત્રી; દીકરી.
૯. સ્ત્રી. બુદ્ધિ.
૧૦. વિ. પંડના શરીરમાંથી ઉત્પન્ન થયેલું; પોતામાં કે પોતાનાથી ઊપજેલું.
૧૧. વિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલું; સ્વયંભૂ.

આત્મભૂત ૧. [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + ભૂત (થયેલું)] પું. દેહ; શરીર.
૨. પું. પોતાનો થયેલ સેવક.
૩. વિ. અનુકૂળ; પોતાનું થયેલું.
૪. વિ. અવયવરૂપ; અંગભૂત.
૫. વિ. નિમકહલાલ; કૃતજ્ઞ; અનુરક્ત.
૬. જુઓ આત્મભૂ ૨, ૩, ૧૦, ૧૧.

આત્મભૂતલક્ષણ [સં. આત્મન્ (પંડ) + ભૂત (હોયેલું) + લક્ષણ (ચિહ્ન)] ન. બીજાના સ્વરૂપમાં રહેલ ચિહ્ન. જેમકે, અગ્નિનું લક્ષણ ગરમી.

આત્મભૂતા ૧. [સં. આત્મન્ (પંડ) + ભૂત (થયેલ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી.
૨. સ્ત્રી. બુદ્ધિ.

આત્મભૂતાશક્તિ [સં. આત્મન્ (પોતે) + ભૂતા (થયેલી) + શક્તિ (દેવી)] સ્ત્રી. માયા; પરમાત્માની અદ્ભુત શક્તિ; પ્રકૃતિ.

આત્મભૂય ૧. [સં. આત્મન્ (પરમાત્મા) + ભૂય (હોવાપણું)] ન. બ્રહ્મરૂપ.
૨. [સં. આત્મન્ (મૂળ પ્રકૃતિ) + ભૂય (હોવાપણું)] ન. સ્વભાવ; પ્રકૃતિ.

આત્મભોગ ૧. [સં. આત્મન્ (શરીર) + ભોગ (બલિદાન)] પું. આત્મભોગ; સ્વાર્પણ.
૨. પું. પોતાનું હિત જતું કરવાપણું; સ્વાર્થત્યાગ.

આત્મભ્રાંતિ [સં. આત્મન્ (જીવ) + ભ્રાંતિ (ખોટો ખ્યાલ)] સ્ત્રી. જીવ વિષે ખોટો ખ્યાલ.

આત્મમદ [સં. આત્મન્ (પંડ) + મદ (ગર્વ)] પું. અભિમાન; અહંકાર.

આત્મમનન [સં. આત્મન્ (પરમાત્મા) + મનન (વિચાર)] ન. પરમેશ્વરનું ચિંતન.

આત્મમય [સં. આત્મન્ (પોતાનું સ્વરૂપ) + મય (ભરેલું)] વિ. જીવ સંબંધી વિચારમાં લીન થયેલું.

આત્મમર્યાદા [સં. આત્મન્ (પંડ) + મર્યાદા

(૬૬)] સ્ત્રી. પોતાની શક્તિની હદ.

આત્મમલિનતા [સં. આત્મન્ (પંચ) + મલિન (મેલું) + તા (પ્રત્યય)] સ્ત્રી. પોતાનો દોષ.

આત્મમહત્તા [સં. આત્મન્ (પંચ) + મહત્ (મોટું) + તા (પ્રત્યય)] સ્ત્રી. આપવડાઈ; પોતાની મોટાઈ.

આત્મમહિમા [સં. આત્મન્ (પંચ) + મહિમન્ (મોટાઈ)] પું. પંચની મોટાઈ; આપવડાઈ; પોતાની અગત્યતા.

આત્મમંથન [સં. આત્મન્ (અંત) + મંથન (ઘમઘમણ)] ન. પરસ્પર વિરોધી વિચારનું મનની અંદર ઘમસાણ; અંતઃકરણમાં અનેક વૃત્તિઓ અને ભાવોની ઘમઘમણ; જુદા જુદા વિચારનું આંતરયુદ્ધ.

આત્મમંથનકાળ [સં. આત્મન્ (અંત) + મંથન (ઘમઘમણ) + કાલ (વખત)] પું. અંતઃકરણમાં જુદી જુદી વૃત્તિ અને ભાવોની ઘમઘમણ ચાલ તે વેળા. જુઓ આત્મમંથનકાળ.

આત્મમંદિર ૧. [સં. આત્મન્ (દેહ) + મંદિર (ઘર)] ન. દેહરૂપી ઘર.

૨. [સં. આત્મન્ (પોતાનું) + મંદિર (ઘર)] ન. પોતાનું ઘર; પોતાને રહેવાનું ઠેકાણું.

૩. ન. શરીર; દેહ. તે આત્માનું ઘર છે તેથી તે આત્મમંદિર કહેવાય છે.

આત્મમાત્રા [સં. આત્મન્ (પરમાત્મા) + માત્રા (અંશ)] સ્ત્રી. પરમાત્માનો અંશ.

આત્મમાન [સં. આત્મન્ (પંચ) + માન (આબરૂ)] ન. સ્વમાન; પોતાની આબરૂ.

આત્મમાની ૧. [સં. આત્મન્ (પોતે) + માનિન્ (અહંકારી)] વિ. ગર્વિષ્ઠ; પોતાને સૌથી ચડિયાતા માનનાર; અભિમાની.

૨. વિ. પોતાની જાતીમાં અભિમાન લેનાર.

૩. વિ. પ્રાણી માત્રમાં સમભાવ રાખી પોતાપણે જોનારું; સર્વભૂતમાં પોતાપણાને માનનાર.

૪. [સં. આત્મન્ (પંચ) + માન (આબરૂ) + ઇન્ (વાળું)] વિ. સ્વમાનવાળું; પોતાને માટે માન રાખનારું.

આત્મમાહાત્મ્ય [સં. આત્મન્ (પંચ) + માહાત્મ્ય (મોટાઈ)] ન. પોતાની મોટાઈ; આપવડાઈ.

આત્મમિથુન [સં. આત્મન્ (દેહ) + મિથુન (સમાગમ)] વિ. નિષ્કર્મી; આત્મામાં જ આનંદ લેનાર.

આત્મમૂર્તિ ૧. [સં. આત્મન્ (પરમાત્મા) + મૂર્તિ (રૂપ)] પું. દેહ.

૨. પું. ભાઈ.

૩. સ્ત્રી. (ન્યાય) કર્તૃત્વ; કર્તા હોવાપણું.

૪. સ્ત્રી. (વેદાંત) દેહનું સ્વરૂપ.

આત્મમૂલ [સં. આત્મન્ (પરમાત્મા) + મૂલ (પેદા થવાનું ઠેકાણું)] ન. જગત. તે જડમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી આત્મમૂલ કહેવાય છે.

આત્મમૂલી [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; પમાસો; દુરાલભા.

આત્મમોટાઈ [આત્મા (પોતે) + મોટાઈ (મોટાપણું)] સ્ત્રી. આપવડાઈ; આત્મશ્લાઘા; પંચનાં વખાણ.

આત્મયજ્ઞ ૧. [સં. આત્મન્ (પંચ) + યજ્ઞ (યાગ)] પું. જાતનું બલિદાન.

૨. પું. તપ વડે ઇંદ્રિયોને નિયમમાં લેવા રૂપ યજ્ઞ.

આત્મયાગ [સં. આત્મન્ (પંચ) + યાગ (યજ્ઞ)] પું. પંચનું બલિદાન. જુઓ આત્મયજ્ઞ.

આત્મયાજી ૧. [સં. આત્મન્ (પરમાત્મા) + યાજિન્ (યજ્ઞકાર)] પું. જડાનિષ્ઠ કર્મયોગી.

૨. [સં. આત્મન્ (પંચ) + યાજિન્ (યજ્ઞ કરનાર)] વિ. પોતાની મેળે યજ્ઞ કરનાર.

૩. વિ. પોતાનો યજ્ઞ કરનાર.

૪. વિ. પ્રાણી માત્રને આત્મા સ્વરૂપે જોનાર.

આત્મયોગ ૧. પું. જડનું ચેતન સાથે ક્ષેત્રક્ષરપણું; જડ અને આત્માનો સંયોગ.

૨. [સં. આત્મન્ (પરમાત્મા) + યોગ (જોડાણ)] પું. પરમાત્મા સાથે જોડાણ.

આત્મયોગી [સં. આત્મન્ (પરમાત્મા) + યોગિન્ (સંબંધવાળું)] પું. પરમાત્માને ભજનાર પુરુષ.

આત્મયોનિ ૧. [સં. આત્મન્ (પંચ) + યોનિ (જન્મનું ઠેકાણું)] પું. બ્રહ્મદેવ; બ્રહ્મા. તે પોતાની મેળે ઉત્પન્ન થયેલ હોવાનું મનાવાથી આત્મયોનિ કહેવાય છે.

૨. પું. જડમાંથી ઉત્પન્ન થયેલ જીવ.

૩. પું. વિષ્ણુ. તે જીવોના આત્મારૂપ અને દરેક આત્માનું ઉત્પત્તિસ્થાન હોવાથી આત્મયોનિ કહેવાય છે.

૪. પું. શિવ; મહેશ. તે જડમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી આત્મયોનિ કહેવાય છે.

આત્મરક્ષ [સં. આત્મન્ (દેહ) + રક્ષ (રક્ષણ કરનાર)] વિ. અંતરરક્ષક; બીજાના શરીરનું રક્ષણ કરનાર.

આત્મરક્ષક ૧. [સં. આત્મન્ (દેહ) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. (જૈન) જે નામના જોડ જાતના દેવતા; પોતાના અધિપતિનો બચાવ કરનાર દેવ.

૨. વિ. પંચનું રક્ષણ કરનાર.

આત્મરક્ષણ [સં. આત્મન્ (પંચ) + રક્ષણ (બચાવ)] ન. પોતાનો બચાવ; આત્માની દરેક રીતે સાવચેત; પંચની સંભાળ.

આત્મરક્ષદેવ [સં. આત્મન્ (દેહ) + રક્ષ (બચાવનાર) + દેવ (દેવતા)] પું. (જૈન) આત્મરક્ષક દેવતા; પોતાના અધિપતિના શરીરની સંભાળ રાખનાર દેવ.

આત્મરક્ષા ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઇન્દ્રવારણી.

૨. [સં. આત્મન્ (પંચ) + રક્ષા (બચાવ)] સ્ત્રી. વિઘ્ન કરનારાથી પોતાનો બચાવ; આત્મરક્ષણ; પોતાની સંભાળ; સ્વરક્ષણ.

આત્મરક્ષિત [સં. આત્મન્ (પંચ) + રક્ષ (બચાવવું) + ક્ત (વાળું)] વિ. પોતાથી જળવાયેલું; પંચથી સંભાળ રખાયેલ.

આત્મરક્ષી [સં. આત્મન્ (પંચ) + રક્ષિન્ (બચાવ કરનાર)] વિ. પોતાની સાવચેત રાખનાર.

આત્મરત ૧. પું. એ નામની વનસ્પતિ; મહેંદવારણી; મોટી ઇંદ્રાવણ.

૨. [સં. આત્મન્ (પરમાત્મા) + રત (લીન)] વિ. પરમાત્મામાં જ રમનારું; આત્મામાં જ તલ્લીન થયેલું; આત્મતત્ત્વમાં રમણ કરનાર; આત્મનિષ્ઠ.

૩. વિ. જડજ્ઞાન મેળવ્યું હોય એવું; આત્મજ્ઞાનવાળું.

આત્મરતિ ૧. [સં. આત્મન્ (પરમાત્મા) + રતિ (પ્રેમ)] સ્ત્રી. પરમાત્મપ્રીતિ; આત્મામાં આનંદ.

૨. [સં. આત્મન્ (પંચ) + રતિ (સ્નેહ)] સ્ત્રી. પોતાને માટે પ્રેમ; અહંપ્રેમ.

૩. સ્ત્રી. જડજ્ઞાન; આત્મા સંબંધી જ્ઞાન.

૪. વિ. આત્મતત્ત્વમાં પ્રેમવાળું; નિષ્કર્મી.

આત્મરમણ [સં. આત્મન્ (પરમાત્મા) + રમણ (વિહાર)] ન. પરમાત્મામાં તલ્લીનતા.

આત્મરમણતા [સં. આત્મન્ (પરમાત્મા)

+ રમણ (વિશ્રામ) + તા (પણું)] જી. પરબ્રહ્મમાં મગ્નભૂત હોવાપણું.

આત્મરંગી ૧. વિ. જીવ સંબંધી વિચાર કરવામાં પરોવાયેલું.
૨. [સં. આત્મન્ (પરમાત્મા) + રંગિન્ (ઓઢવાળું)] વિ. ભગવાનમાં લીન થયેલું.

આત્મરામ ૧. [સં. આત્મન્ (પ્રભુ) + રામ (ઈશ્વર)] પું. આત્મામાં જ રમનાર યોગી; આત્મજ્ઞાનથી તૃપ્ત રહેનાર યોગી-દ.
૨. પું. નિર્ગ્રન્થદશસ્ત યોગી; આત્માને પ્રભુ માનનાર યોગી.
૩. વિ. હંમેશાં આત્મામાં લીન થઈ આનંદ કરનાર.

આત્મરામાયણ [સં. આત્મન્ (આત્મા) + રામાયણ (રામની જીવનકથા)] જ. જે નામનું જીવ સંબંધી ઉપદેશ આપનારું પુસ્તક. રામાયણમાં જણાવેલ માણસો અને જણાવ્યો તેમાં નીચે પ્રમાણે બતાવેલ છે: દશરથ-જીવાત્મા; કૌશલ્યા-ભક્તિ; કૈકેયી-પ્રવૃત્તિ; સુમિત્રા-નિવૃત્તિ; રામ-જ્ઞાન; ભરત-વૈરાગ્ય; લક્ષ્મણ-વિવેક; શત્રુઘ્ન-વિચાર; વિશ્વામિત્ર-વિશ્વાસ; વસિષ્ઠ-વેદ; તાડકા-સંજ્ઞા; મારીચ-ભ્રામણા; યજ્ઞ-વિષ્ણુનું આરાધન; જનક-વિદેહ; સીતા-પીરજ; શિવધનુષ્ય-અહંકાર; ગૌતમ-તપ; અહલ્યા-મૂર્ખા; જનકપુર-જગત; પરશુરામ-પ્રેમ; પરશુરામનું ધનુષ્ય-અભિમાન; વન-આનંદ; ઊર્મિલા-નમ્રતા; માંડવી-વિરતિ; શ્રુતકીર્તિ-સમતા; સુમન્ત્ર-સુકર્મ; રથ-જબરાંતા; તમસા-મહવિદ્યા; નિષાદ-જાણવાની ઇચ્છા; નૌકા-મારણ; ભરદ્વાજ-સંન્યાસ; ત્રિવેણી (ગંગા, યમુના, સરસ્વતી)-શ્રદ્ધા, પિત્રાઈ, સુષુમ્ણા; વાલ્મીકિ-ઇંદ્રિય ઉપરનો કાબૂ; ચિત્રકૂટ-સંસારમાં મોહ વિનાનો માણસ; પાદુકા-કૃપા; નારદ-નિષ્કામ; શરભંગ-તેજ; સુતીક્ષ્ણ-મનની સ્થિરતા; અગસ્ત્ય-અદ્વૈત; પંચવટ-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ; પંચવટી-જિતેન્દ્રિય પુરુષનું ચિત્ત; સૂર્પણખા-તૃષ્ણા; ખર-મોહ; દૂષણ-ઉન્માદ; રાવણ-અજ્ઞાન; શબરી-પ્રીતિ; ભોર-ભાવ; મગ્નસર-નિર્મળ હૃદય; કિષ્કિન્ધા-ઉન્નતિ; વાલી-લોભ; ઋષ્યમૂક-ઓક્ષન્તા; સુગ્રીવ-સંતોષ; હનુમાન-સત્સંગ; અંગદ-અક્રોધ; ઋક્ષિ શિલા-વિવેકી મનોનું શુદ્ધ અંતઃકરણ; વાનર-શમ, નિયમ વગેરે; સમુદ્ર-અગમ; સંપાતિ-સત્ત્વગુણ; લંકા-શાન્તિ; પરિખા-આશા; કિલ્લા-મનોરથ; રાક્ષસ-વૈર અને વિરોધ; વિભીષણ-હૃદયમાં ફરમાવેલ કર્મ; અશોકવાટિકા-સોહ વિનાનું ઠેકાણું; મુદ્રિકા-જણવાનું ચલણ; વૃક્ષવેલા-ઝૂલાવું; મેઘનાદ-રામ; ધૂમ્રાક્ષ-ક્રોધ; રામેશ્વર-ગુરુ; સેતુબન્ધ-ગ્રામલીલા; મન્દોદરી-સુમતિ; રામચંદ્રજીનો પત્ર-ઉપદેશ; અંગદ-સ્થિરતા; સુષેણ-ધૈર્ય; દ્રોણાચલ-સાચું જ્ઞાન; સંજીવની-સ્મૃતિ; કાલનેમિ-કપટ; કુંભકર્ણ-મેષ; સુલોચના-રતિ; ઇન્દ્રજિત-દ્વેષ; મકરધ્વજ-નિર્લોભ; અવધ-પંચકોશપુરી એટલે શરીર; રાજસિંહાસન-વિજ્ઞાન; જય-અટલ આનંદ; જય-ઘણો આનંદ; અમર-સંરક્ષણ; મોરણ-સંજોપન એટલે સારી રીતે સંતાડવું તે; અમૃત રત-અભેદ શક્તિ; રામાયણ-આત્મવિચાર.

આત્મરૂપ ૧. [સં. આત્મન્ (પોતે) + રૂપ (સ્વરૂપ)] જ. પોતાનું સ્વરૂપ.
૨. વિ. આત્મા જેવું; પોતાના સરખું.

આત્મલ પું. વરપમાં થતી એ નામની એક વનસ્પતિ; 'સ્વોલો વર્ટ'. અગાઉ તેનું મૂળ ઝેરનું મારણ મનાતું હતું.

આત્મલક્ષી ૧. [સં. આત્મન્ (પોતે) + લક્ષ્ (આત્મા જોવું)] વિ. જેમાં કર્તાની પોતાની લાગણીઓ મુખ્ય હોય તેવું; પોતાને ઉદ્દેશીને રચાયેલું; સ્વાનુભવરસિક.
૨. વિ. પોતા તરફ ધ્યાન આપનાર.
૩. વિ. પોતાની જાતને ઉદ્દેશીલું; પોતાને લગતું.

આત્મલાભ ૧. [સં. આત્મન્ (આત્મા) + લાભ (મેળવેલું)] જ. જીવ અને પરબ્રહ્મનું ઐક્ય.
૨. જ. દેહત્યાગથી છૂટું જેવું જે આત્મા વચ્ચેનું લગ્ન; દેહવાસના વિનાનો એકબીજાના આત્મા પ્રત્યેનો પ્રેમમય સંપર્ક એટલે સ્ત્રીપુરુષનો સંબંધ.

આત્મલાયવ [સં. આત્મન્ (પોતાનું) + લાઘવ (નમ્રપણું)] જ. પંડનું નાનાપણું.

આત્મલાલા ૧. [સં. આત્મન્ (આત્મા) + લાલ (કામધો)] પું. આત્મા સંબંધી જ્ઞાન મળવા રૂપી નહીં; આત્મસ્વરૂપપ્રાપ્તિ.
૨. પું. આત્માનું અજવાળું; આત્માનો લાભ.
૩. [સં. આત્મન્ (જન્મ) + લાભ (પ્રાપ્તિ)] પું. જન્મ; ઉત્પત્તિ.
૪. [સં. આત્મન્ (પોતાનું) + લાભ (કમધો)] પું. પોતાનો કામધો.

આત્મલોક [સં. આત્મન્ (આત્મા) + લોક (પ્રદેશ)] પું. આંતરિક પ્રેરણા જોગવનાર જીવ.

આત્મલોભ ૧. [સં. આત્મન્ (પોતાનું) + લોભન્ (લાભ)] જ. દાદી.
૨. જ. પોતાનો લાભ.
૩. [સં. આત્મન્ (દેહ) + લોભન્ (લાભ)] જ. શરીરના લાભ.

આત્મવત્ ૧. [સં. આત્મન્ (પોતે) + વત્ (વાળું)] વિ. જિતેંદ્રિય; ઇંદ્રિયોને જીતી હોય એવું.
૨. વિ. જ્ઞાની; આત્મજ્ઞાનવાળું.
૩. [સં. આત્મન્ (બુદ્ધિ) + વત્ (વાળું)] વિ. ડાહ્યું; બુદ્ધિશાળી.
૪. વિ. નિર્વિકારી મનવાળું; વશ ચિત્તવાળું.
૫. [સં. આત્મન્ (પંડ) + વત્ (જેમ)] વિ. પોતાના જેવું.
૬. વિ. શાંત.
૭. જ. આત્મા પ્રમાણે.
૮. જ. પોતાની જેમ.

આત્મવત્તા [સં. આત્મન્ (આત્મા) + વત્ (વાળું) + તા (પણું)] જી. પોતાના ઉપરનો કાબૂ; આત્મનિગ્રહ; સંયમ.

આત્મવધ ૧. [સં. આત્મન્ (પોતે) + વધ (હત્યા)] પું. આત્મહત્યા; આપઘાત.
૨. પું. ખૂન; જીવથી મારી નાખવું તે.

આત્મવશ ૧. [સં. આત્મન્ (આત્મા) + વશ (આધીન)] પું. પોતાના પરનો કાબૂ; આત્મસંયમ.
૨. વિ. પોતાને તાબે રહેલું; સ્વાધીન; સ્વતંત્ર.

આત્મવશતા [સં. આત્મન્ (આત્મા) + વશ (કાબૂ) + તા (પણું)] જી. સ્વાધીનતા; સ્વતંત્રપણું; સ્વાતંત્ર્ય.

આત્મવશતાવાદ [સં. આત્મન્ (આત્મા) + વશ (કાબૂ) + તા (પણું) + વાદ (મત)] પું. પોતાના પુરુષાર્થમાં આધાર રાખવાપણું; પુરુષપ્રયત્નવાદ.

આત્મવશ્ય [સં. આત્મન્ (આત્મા) + વશ્ય (તાબે)] વિ. જેનું મન પોતાને વશ હોય એવું; આત્મસંયમી.

આત્મવશ્યતા [સં. આત્મન્ (પંડ) + વશ્ય (તાબે) + તા (પણું)] જી. ઇંદ્રિયો ઉપરનો કાબૂ.

આત્મવંચક [સં. આત્મન્ (આત્મા) + વંચક (ઠગનાર)] વિ. પોતાને ઠગનાર; પોતે પોતાને છેતરનાર; અજ્ઞાની.

આત્મવંચન [સં. આત્મન્ (પોતે) + વંચન (ઠગવિદ્યા)] જ. પોતાને ઠગવાપણું; આત્મપ્રતારણા.

આત્મવંચના [સં. આત્મન્ (પોતે) + વંચના (ઠગવિદ્યા)] જી. પંડની ઠગવિદ્યા.

આત્મવંચનામૂલક [સં. આત્મન્ (પંક) + વંચના (છેતરપિંડી) + મૂલક (મૂળવાળું)] વિ. જેમાં પોતાને છેતરવામાં આવ્યો હોય એવું.

આત્મવંતું [સં. આત્મન્ (આત્મા) + વત્ [વાળું)] વિ. આત્માના જાણવાળું, આત્મજ્ઞાની.

આત્મવાદી ૧. [સં. આત્મન્ (આત્મા) + વાદિન્ (બોલનાર)] પું. તત્ત્વવેત્તા; ફિલસૂફ.
૨. પું. યોગી.
૩. [સં. આત્મન્ (સ્વભાવ) + વાદિન્ (બોલનાર)] વિ. આત્માના સ્વભાવને જાણનાર; પોતાની શક્તિ અને સ્વભાવનો જાણકાર.

આત્મવાદ ૧. [સં. આત્મન્ (આત્મા) + વાદ (સિદ્ધાંત)] પું. આત્માનું અસ્તિત્વ સ્વીકારનાર વાદ; અહંવાદ; આત્મા છે એવો મત.
૨. [સં. આત્મન્ (પંક) + વાદ (મત)] પું. પોતાના મન પ્રમાણે વર્તવાપણું.
૩. પું. પોતાના સુખ માટે જીવન કરવાનો સિદ્ધાંત; વ્યક્તિસુખવાદ.

આત્મવાદી ૧. [સં. આત્મન્ (આત્મા) + વાદિન્ (મત પ્રમાણનાર)] પું. અદ્વૈતવાદી; જે કંઈ દેખાય છે તે બધું આત્મા સિવાય કંઈ નથી એમ માનનાર માણસ.
૨. વિ. આત્મા છે એવો મત ધરાવનાર; અહંવાદી; આત્માનું અસ્તિત્વ સ્વીકારનાર.
૩. વિ. પોતાના સુખ માટે મહેનત કરવાના સિદ્ધાંતમાં માનનારું; વ્યક્તિસુખવાદી.

આત્મવાન ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. પું. વિષ્ણુ. આત્મજ્ઞાનીના તે આત્મા મનાતા હોઈને આત્મવાન કહેવાય છે.
૩. વિ. આત્મવંત; આત્મતું; આત્મવાળું; જ્ઞાનવાળું.
૪. વિ. ઇંદ્રિયો ઉપર કાબૂ રાખનાર.
૫. વિ. ચેતનવાળું; આત્મવાળું.
૬. [સં. આત્મન્ (બુદ્ધિ) + વત્ (વાળું)] વિ. કાર્યું; બુદ્ધિવાળું.
૭. વિ. પોતા ઉપર કાબૂવાળું; આત્મનિગ્રહી.
૮. [સં. આત્મન્ (પોતે) + વત્ (વાળું)] વિ. પોતાને ઓળખનાર.

આત્મવિકલ્પના [સં. આત્મન્ (પોતે) + વિકલ્પ્ (વગર કલ્પવું) + અન (ભાવ આપનાર પ્રત્યય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પોતાનાં વખાણ; આત્મશ્લાઘા.

આત્મવિકાસ ૧. [સં. આત્મન્ (પંક) + વિકાસ (પ્રગતિ)] પું. પોતાની ઉન્નતિ; આધ્યાત્મિક પ્રગતિ.
૨. [સં. આત્મન્ (પંક) + વિકાસ (ખિલવટ)] પું. પોતાની ખિલવટ.

આત્મવિકૃય [સં. આત્મન્ (પોતે) + વિક્રય (વેચાણ)] પું. પોતાના શરીરનું વેચાણ; પોતે જ પોતાને વેચવું તે. ગુનો જણાવવા પ્રસંગે આ એક ઉપપાતક એટલે મોટું પાપ છે.

આત્મવિક્રયી [સં. આત્મન્ (પંક) + વિક્રયિન્ (વેચનાર)] વિ. પોતાને વેચનાર; પોતાનું શરીર બીજાને વેચવું આપનાર.

આત્મવિક્રીત [સં. આત્મન્ (પંક) + વિક્રીત (વેચેલું)] પું. પોતે વેચાયેલો ગુલામ; આત્મવિક્રેતા.

આત્મવિક્રેતા [સં. આત્મન્ (પંક) + વિક્રેતૃ (વેચનાર)] પું. પોતે વેચાયેલો ગુલામ; પોતે પોતાને વેચીને થયેલો દાસ.

આત્મવિગ્રહ [સં. આત્મન્ (પોતે) + વિગ્રહ (લડાઈ)] પું. પોતાના જ જાતભાઈઓ વચ્ચેની લડાઈ; આંતરવિગ્રહ; યાદવાસ્થળી, અંદર અંદરનું યુદ્ધ.

આત્મવિઘાત [સં. આત્મન્ (પોતે) + વિઘાત (ઇજા)] પું. પોતાની તબાહી.

આત્મવિચાર [સં. આત્મન્ (આત્મા) + વિચાર (ચિંતન)] પું. કોઈ વિષેનો વિચાર; આત્મવિચાર.

આત્મવિજેતા [સં. આત્મન્ (પંક) + વિજેતૃ (જીતનાર)] પું. ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવનાર.

આત્મવિજ્ઞાન [સં. આત્મન્ (આત્મા) + વિ (વધારે) + જ્ઞાન (જાણવું તે)] ન. આત્મા સંબંધી જ્ઞાન.

આત્મવિડંબના ૧. [સં. આત્મન્ (પોતાનું) + વિડમ્બના (પોકળ)] સ્ત્રી. પોતાની મુશ્કેલી.
૨. [સં. આત્મન્ (પોતે) + વિડંબના (મશ્કરી)] સ્ત્રી. પોતાને નીચ હાંસી કરે એવું બનાવવું તે.

આત્મવિત્ [સં. આત્મન્ (આત્મા) + વિદ્ (જાણનાર)] પું. બ્રહ્મા. બુદ્ધો આત્મવિદ.

આત્મવિદ ૧. [સં. આત્મન્ (આત્મા) + વિદ્ (જાણનાર)] પું. આત્માને જાણનાર પુરુષ; આત્મવેત્તા; જ્ઞાની.
૨. [સં. આત્મન્ (સ્વરૂપ) + વિદ્ (જાણનાર)] પું. ઋષિ; આત્માનું સ્વરૂપ જાણનાર.
૩. પું. શિવ; શંકર; મહેશ.
૪. વિ. આત્મજ્ઞાની; આત્મસ્વરૂપનું જ્ઞાન ધરાવનાર.
૫. વિ. પોતાના પક્ષને જાણનાર.
૬. [સં. આત્મન્ (પંક) + વિદ્ (જાણનાર)] વિ. પોતાને જાણનાર.

આત્મવિદ્યા ૧. [સં. આત્મન્ (પંક) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. બ્રહ્મનું જ્ઞાન.
૨. [સં. આત્મન્ (આત્મા) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. આત્માના ખરા સ્વરૂપને જણાવનારી વિદ્યા; અધ્યાત્મશાસ્ત્ર; આત્મજ્ઞાન.
૩. સ્ત્રી. આત્માના ખરા સ્વરૂપને જણાવનારું સાધન; શાસ્ત્ર; વેદાંત.
૪. સ્ત્રી. પોતે પોતાને જાણવાની વિદ્યા.
૫. સ્ત્રી. પ્રાણવિનિમય: મન બગડ્યું હોય પણ શરીરનું ભાન ન રહે એવી ઊંઘમાં નાખવાની ક્રિયા.

આત્મવિધાન [સં. આત્મન્ (પોતે) + વિધાન (વિધિ)] ન. પોતાનું પ્રાણબળ પોતાને માટે વાપરવાની ક્રિયા.

આત્મવિનાશ [સં. આત્મન્ (પંક) + વિનાશ (નાશ)] પું. પોતાની જાતનો નાશ; સ્વવિનાશ; આપઘાત.

આત્મવિનાશક [સં. આત્મન્ (પંક) + વિનાશક (નાશ કરનાર)] વિ. પોતાનો નાશ કરનાર.

આત્મવિનાશી [સં. આત્મન્ (પોતે) + વિનાશ (નાશ) + ઇન્ (વાળું)] વિ. પોતાનો વધ કરનાર.

આત્મવિનિગ્રહ [સં. આત્મન્ (પંક) + વિનિગ્રહ (કાબૂ)] પું. મનની વૃત્તિનો નિરોધ; ઇંદ્રિયો ઉપરનો સંયમ.

આત્મવિભુત્વવાદ [સં. આત્મન્ (આત્મા) + વિભુ (સર્વવ્યાપી) + ત્વ (પણું) + વાદ (મત)] પું. આત્મા બધે ઠેકાણે વ્યાપી રહ્યો છે એવો મત.

આત્મવિભુત્વવાદી [સં. આત્મન્ (આત્મા) + વિભુ (સર્વવ્યાપી) + ત્વ (પણું) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. આત્મા બધે ઠેકાણે વ્યાપી રહ્યો છે એમ માનનાર.

આત્મવિભૂતિ [સં. આત્મન્ (આત્મા) + વિભૂતિ (સંપત્તિ)] સ્ત્રી. પ્રાણની ક્રિયા એટલે અલૌકિક શક્તિ.

આત્મવિમુખ [સં. આત્મન્ (આત્મા) + વિમુખ (વિરુદ્ધ)] વિ. આત્મજ્ઞાનથી અણમાહિતગાર; જેણે આત્માને જાણ્યો ન હોય એવું.

આત્મવિરુદ્ધ ૧. [સં. આત્મન્ (પોતે) + વિરુદ્ધ (સામા પક્ષનું)] વિ. આત્મવિરોધી; પોતાની સામે થનાર.

૨. વિ. પોતાના બોલથી ઊલટું કહેનાર.

૩. વિ. પોતાનું હિત ન સમજનાર.

આત્મવિરોધી [સં. આત્મન્ (પંથ) + વિરોધિન્ (સામે થનાર)] વિ. પોતાની સામે થનાર. જુઓ આત્મવિરુદ્ધ.

આત્મવિલક્ષણતા [સં. આત્મન્ (પોતે) + વિલક્ષણતા (અસાધારણપણું)] સ્ત્રી. પોતાનો આગ્રહ; વ્યક્તિત્વ; પૃથક્‌લક્ષણ.

આત્મવિલય [સં. આત્મન્ (દેહ) + વિલય (નાશ)] પું. મોક્ષ; નિર્વાણ.

આત્મવિલોપન [સં. આત્મન્ (પોતે) + વિલોપન (નાશ)] ન. જાણે પોતે છે જ નહિ એમ વર્તવું તે; પોતાને ભૂંસી નાખવાપણું; સ્વાર્થત્યાગ.

આત્મવિવૃદ્ધિ [સં. આત્મન્ (પોતે) + વિવૃદ્ધિ (વધારો)] સ્ત્રી. પોતાનાં વધારીને વખાણ કરવાપણું; આત્મશ્લાઘા.

આત્મવિશ્વાસ [સં. આત્મન્ (પોતે) + વિશ્વાસ (શ્રદ્ધા)] પું. પોતાની શક્તિ ઉપર ભરોસો.

આત્મવિષસંચાર [સં. આત્મન્ (પંથ) + વિષ (ઝેર) + સંચાર (ફેલાવો)] પું. નુકસાનકારક રસથી થતું ઝેર આખા શરીરમાં ફેલાઈ જવું તે.

આત્મવિષય [સં. આત્મન્ (આત્મા) + વિષય (પ્રકરણ)] પું. આત્મા સંબંધી બાબત.

આત્મવિષયક [સં. આત્મન્ (આત્મા) + વિષયક (સંબંધી)] વિ. જીવ સાથે સંબંધ ધરાવતું.

આત્મવિષયકતા [સં. આત્મન્ (આત્મા) + વિષયક (સંબંધી) + તા (પણું)] સ્ત્રી. આત્મા સાથે સંબંધ ધરાવવાપણું.

આત્મવિસર્જન ૧. [સં. આત્મન્ (પોતે) + વિસર્જન (ત્યાગ)] ન. પોતાના હિતને જતું કરવું તે; સ્વાર્થત્યાગ.

૨. ન. ભાન ભૂલી જવાપણું.

૩. ન. હું કંઈ જ નથી એમ માનવું તે; અહંકારત્યાગ.

આત્મવિસ્મરણ ૧. [સં. આત્મન્ (પંથ) + વિસ્મરણ (ભૂલી જવું તે)] ન. પોતાને ભૂલી જવાપણું; પંડનું ભાન ન રાખવું તે.

૨. ન. સ્વાર્થત્યાગ; નિઃસ્વાર્થીપણું.

આત્મવિસ્મૃતિ [સં. આત્મન્ (પંથ) + વિસ્મૃતિ (ભૂલી જવું તે)] સ્ત્રી. પોતાને ભૂલી જવાપણું. જુઓ આત્મવિસ્મરણ.

આત્મવિહાર [સં. આત્મન્ (આત્મા) + વિહાર (ક્રીડા)] પું. આત્માના આનંદમાં મશગૂલપણું.

આત્મવિહ્વલ ૧. [સં. આત્મન્ (આત્મા) + + વિહ્વલ (વ્યાકુલ)] વિ. મુંઝાયેલું.

૨. વિ. ચૂંથવાયેલું.

૩. [સં. આત્મન્ (બુદ્ધિ) + વિહ્વલ (મતિભ્રષ્ટ)] વિ. જેની બુદ્ધિ ચૂંથવાઈ ગઈ હોય એવું.

૪. વિ. ચૂથવાયું.

૫. વિ. ભૂલી જવાયું.

આત્મવીર ૧. [સં. આત્મન્ (પંથ) + વીર (શૂરવીર)] પું. પુત્ર; દીકરો.

૨. [સં. આત્મન્ (પોતે) + વીર (પરાક્રમી)] પું. વિટપક.

૩. પું. સાળો.

૪. વિ. પોતાને યોગ્ય; પંથને લાયક.

૫. વિ. વિશેષ જાણકાર.

૬. વિ. સજીવ; ચેતનમય; જીવતું.

આત્મવૃત્ત [સં. આત્મન્ (પોતે) + વૃત્ત (વર્તન)] ન. પોતાનો અહેવાલ; પોતાના જીવનનું વર્ણન.

આત્મવૃત્તાંત [સં. આત્મન્ (પંથ) + વૃત્તાંત (હકીકત)] પું.; ન. પોતાનો અહેવાલ; જીવનકથા.

આત્મવૃત્તિ ૧. [સં. આત્મન્ (પોતે) + વૃત્તિ (ધંધો)] સ્ત્રી. આજીવિકાનું સાધન.

૨. [સં. આત્મન્ (આત્મા) + વૃત્તિ (વલણ)] સ્ત્રી. આત્મામાં મનને પરોવવું તે.

આત્મવૃદ્ધિ [સં. આત્મન્ (પંથ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. પોતાનાં વખારીને વખાણ કરવાં તે. જુઓ આત્મવિવૃદ્ધિ.

આત્મવેગી ૧. [સં. આત્મન્ (પોતે) + વેગ (ગતિ) + ઇન્ (વાળું)] વિ. પોતાની મેળે હાલતુંચાલતું; સ્વયંવેગી; સ્વચેષ્ટ.

૨. [સં. આત્મન્ (જીવ) + વેગ (ગતિ) + ઇન્ (વાળું)] વિ. મનના જેવા વેગવાળું; બહુ જ ઉતાવળું.

આત્મવેત્તા [સં. આત્મન્ (આત્મા) + વેત્તૃ (જાણનાર)] પું. આત્માને જાણનાર પુરુષ; આત્મવિદ્; જ્ઞાની.

આત્મવેદી [સં. આત્મન્ (આત્મા) + વેદિન્ (જાણનાર)] વિ. આત્માને ઓળખનાર. જુઓ આત્મવિદ્.

આત્મવ્યાપી [સં. આત્મન્ (પોતે) + વ્યાપિન્ (ભરપૂર)] વિ. પોતામાં લીન રહેનાર; પંથમાં નિમગ્ન; 'સેલ્ફ્‌સેન્ટર્ડ'.

આત્મવ્યૂહ [સં. આત્મન્ (આત્મા) + વ્યૂહ (જથ્થો)] પું. શાસ્ત્રશાસ્ત્રનાં ગહન તત્ત્વોના શિવવ્યૂહ, વિદ્યાવ્યૂહ અને આત્મવ્યૂહ એમ ત્રણ વ્યૂહ એટલે જથ્થા માંહેનો ત્રીજો.

આત્મશક્તિ ૧. [સં. આત્મન્ (જીવ) + શક્તિ (જોર)] સ્ત્રી. આત્માનું બળ; મનનું સામર્થ્ય.

૨. [સં. આત્મન્ (પોતે) + શક્તિ (જોર)] સ્ત્રી. પોતાનું બળ; તાકાત.

૩. સ્ત્રી. માયા; ઉદ્‌ગમબળ.

આત્મશતાવ્યા [સં. આત્મન્ (શરીર) + શત્વ (કાંટો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જે નામની એક ધાતુપૌષ્ટિક ભારીક કાંટાવાળી વનસ્પતિ; શતાવરી; શતાવળ.

આત્મશંકા [સં. આત્મન્ (પોતે) + શંકા (શક)] સ્ત્રી. પોતાની શક્તિ કે યોગ્યતા વિષે અવિશ્વાસ.

આત્મશંકી [સં. આત્મન્ (પોતે) + શંકિન્ (શંકા રાખનાર)] વિ. પોતાના વિષે શંકા રાખનાર; પોતાનો ભરોસો ન કરે એવું.

આત્મશાસન [સં. આત્મન્ (પોતે) + શાસન (અમલ કરવો તે)] ન. રાજ્યતંત્ર દેશના લોકોના જ હાથમાં હોય એવી રાજ્યપદ્ધતિ; સ્વરાજ્ય; સ્વયંશાસન.

આત્મ-શાસિત ઉપનિવેશ [સં. આત્મન્ (પોતે) + શાસ્ (શાસન કરવું) + કર્ત (એવું) + ઉપ (મુખ્ય નહિ એવું) + નિવેશ (વસાહત)] પું. પોતાના મત મુજબ રાજ્યકારભાર ચલાવી શકે એવી વસાહત; રાજ્યકારભાર સ્વતંત્ર રીતે ચલાવવું સંસ્થાન.

આત્મશાંતિ [સં. આત્મન્ (પંથ) + શાંતિ (સંતોષ)] સ્ત્રી. પોતાને મળતો સંતોષ.

આત્મશિક્ષણ [સં. આત્મન્ (પોતે) + શિક્ષણ (કેળવણી)] ન. પોતાને શિક્ષણ આપવું તે; જાતકેળવણી.

આત્મશિક્ષા [સં. આત્મન્ (પંથ) + શિક્ષા (શિક્ષણ)] સ્ત્રી. જાતકેળવણી.

આત્મશિક્ષિત [સં. આત્મન્ (પંથ) + શિક્ષિત (શિક્ષણ પામેલું)] વિ. પોતાની મેળે કેળવાયેલું; જાતે સંસ્કાર પામેલું.

આત્મશુચિ ૧. [સં. આત્મન્ (શરીર) + શુચિ (પવિત્રતા)] સ્ત્રી. પોતાના શરીરની સ્વચ્છતા.

૨. [સં. આત્મન્ (આત્મા) + શુદ્ધિ (શુદ્ધિ)] સ્ત્રી. મનની શુદ્ધતા.

આત્મશુદ્ધિ ૧. [સં. આત્મન્ (પોતે) + શુદ્ધિ (શુદ્ધ કર્યું તે)] સ્ત્રી. કર્મ, ઉપવાસ અને ભક્તિથી પોતાનાં શરીર અને મનને શુદ્ધ કર્યાં તે; પોતાની પવિત્રતા.

૨. સ્ત્રી. (વેદાંત) પાપકર્મોનો નાશ.

૩. [સં. આત્મન્ (આત્મા) + શુદ્ધિ (પવિત્રતા)] સ્ત્રી. મનની પવિત્ર દશા.

આત્મશોધન ૧. [સં. આત્મન્ (પોતે) + શોધન (પરીક્ષા)] ન. પોતાના ગુણદોષ જોવા તે.

૨. [સં. આત્મન્ (પોતે) + શોધન (શુદ્ધ કર્યું તે)] ન. પોતાને પવિત્ર કરવાપણું.

આત્મશ્રદ્ધા [સં. આત્મન્ (પોતે) + શ્રદ્ધા (બીજો)] સ્ત્રી. પોતાની શક્તિ ઉપર વિશ્વાસ.

આત્મશ્લેષ ૧. [સં. આત્મન્ (પોતે) + શ્લેષ (આલિંગન)] ન. પોતાનું આલિંગન.

૨. [સં. આત્મન્ (પોતે) + શ્લેષ (આલિંગન)] ન. પોતાનું બાથું; પંડનું બંધણ.

આત્મશ્લાઘા [સં. આત્મન્ (પોતે) + શ્લાઘા (વખાણ)] સ્ત્રી. પોતાનાં વખાણ; સ્વપ્રશંસા; આપવખાણ; આપવડાઈ; શેખી.

આત્મશ્લાઘી [સં. આત્મન્ (પોતે) + શ્લાઘિન્ (વખાણનાર)] વિ. પોતાને મોઢે પોતાનાં વખાણ કરનાર; આપડિંડોર.

આત્મષષ્ઠવાદ [સં. આત્મન્ (આત્મા) + ષષ્ઠ (છઠ્ઠું) + વાદ (મત)] પું. પંચ મહાભૂત અને છઠ્ઠો આત્મા તેનો નાશ થતો નથી એવો મત.

આત્મસદૃશ [સં. આત્મન્ (પંડ) + સદૃશ (જેવું)] વિ. પોતાના જેવું; પંડ સમાન.

આત્મસમ [સં. આત્મન્ (પોતે) + સમ (સમાન)] વિ. પોતાના જેવું.

આત્મસમર્પણ ૧. [સં. આત્મન્ (પંડ) + સમર્પણ (દેવું)] ન. પોતાના [redacted]

૨. ન. પોતે જે કહેલ હોય તેની પુષ્ટિ માટે કરેલી દલીલ.

આત્મસમર્પિત ૧. [સં. આત્મન્ (પોતે) + સમર્પિત (આપી દેવું તે)] ન. ઇષ્ટ દેવને પોતાનું પંડ અને પોતાનું બધું ધરી દેવું તે; ભક્તિના નવ પ્રકારમાંનો એક.

૨. ન. પોતાના હિતને અર્થે કરવું તે સ્વાર્પણ.

૩. ન. ભક્તિનો પૂરેપૂરો નાશ; 'સેલ્ફ-ઍનાહિલેશન'.

૪. ન. સરજ્યું બધું તે; તારે બધાપણું.

આત્મસમાદર [સં. આત્મન્ (પંડ) + સમાદર (માન)] પું. પોતાને માટે ઊંચો અભિપ્રાય.

આત્મસમાલોચન [સં. આત્મન્ (પંડ) + સમાલોચન (વિચાર)] ન. પોતાની બધાનું સંતોષકારક પંડના સ્વભાવનું ચિંતન.

આત્મસમાલોચના [સં. આત્મન્ (પંડ) + સમાલોચના (વિચાર)] સ્ત્રી. પોતાના સ્વભાવની પરીક્ષા.

આત્મસમુદ્ભવ ૧. [સં. આત્મન્ (પોતે) + સમુદ્ભવ (ઉત્પત્તિ)] પું. પ્રજાપતિ. તે પોતાની મેળે ઉત્પન્ન થયાનું મનાય છે.

૨. પું. પરમાત્મા; ઈશ્વર.

૩. પું. પુત્ર. દીકરો. પોતે પુત્ર રૂપે અવતરતો હોવાનું મનાવાથી તે આત્મસમુદ્ભવ કહેવાય છે.

૪. [સં. આત્મન્ (પરમાત્મા) + સમુદ્ભવ (જન્મ)] પું. બ્રહ્મા. તે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે.

૫. પું. મહેશ; શંકર; શિવ. તે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ મનાતા હોવાથી આત્મસમુદ્ભવ કહેવાય છે.

૬. પું. વિષ્ણુ. બ્રહ્મમાંથી તે ઉત્પન્ન થયા હોય એમ મનાય છે.

૭. [સં. આત્મન્ (શરીર) + સમુદ્ભવ (ઉત્પત્તિ)] વિ. પોતાના શરીરથી પેદા થયેલ.

૮. વિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલ.

૯. [સં. આત્મન્ (આત્મા) + સમુદ્ભવ (ઉત્પત્તિ)] વિ. મનથી ઉત્પન્ન થતું.

આત્મસમુદ્ભવા ૧. [સં. આત્મન્ (પંડ) + સમુદ્ભવ (જન્મ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી. પોતે દીકરી રૂપે અવતરતા હોવાનું મનાવાથી આત્મસમુદ્ભવા કહેવાય છે.

૨. સ્ત્રી. બુદ્ધિ.

૩. [સં. આત્મન્ (શરીર) + સમુદ્ભવ (જન્મ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પોતાના શરીરથી ઉત્પન્ન થયેલી.

૪. વિ. સ્ત્રી. પોતાની મેળે ઉત્પન્ન થયેલી.

આત્મસમૃદ્ધિ [સં. આત્મન્ (આત્મા) + સમૃદ્ધિ (ઐશ્વર્ય)] સ્ત્રી. (જૈન) જ્ઞાન, દર્શન એટલે ભરી શ્રદ્ધા, ચારિત્ર અને તપ રૂપી આત્માની લક્ષ્મી.

આત્મસર્જન [સં. આત્મન્ (પોતે) + સર્જન (ઉત્પન્ન કર્યું તે)] ન. પોતાની જેરબાથી કંઈ નવું રચવું કે બનાવવું તે; પોતાની મૂળ કૃતિ.

આત્મસંકોચી [સં. આત્મન્ (પોતે) + સંકોચ (અટકાવું તે) + ઇન્ (વાળું)] વિ. પોતાને બીજાથી અલગ રાખનાર; સંકોચશીલ; અતડું.

આત્મસંગોપન [સં. આત્મન્ (શરીર) + સંગોપન (સંતાડવું તે)] ન. શરીરને સંતાડવાપણું.

આત્મસંતાન [સં. આત્મન્ (પંડ) + સંતાન (વંશજ)] ન. પોતાનું બાળક.

આત્મસંતુષ્ટ ૧. [સં. આત્મન્ (પંડ) + સંતુષ્ટ (પ્રસન્ન)] વિ. આત્મસંતોષ રાખનાર; પોતામાં સંતોષ રાખી રહેનાર.

૨. [સં. આત્મન્ (પોતે) + સંતુષ્ટ (સંતોષી)] વિ. પોતાને સંપૂર્ણ માનનાર; પોતામાં જ બધું છે એવા વિચારનું.

૩. વિ. બીજાના અભિપ્રાયની પરવા ન કરનાર.

૪. વિ. સંકુચિત સ્વભાવવાળું.

આત્મસંતોષ [સં. આત્મન્ (પંડ) + સંતોષ (પ્રસન્નતા)] પું. પોતે પોતાથી સંતોષ પામી રહેવું તે.

આત્મસંતોષી [સં. આત્મન્ (પંડ) + સંતોષ (પ્રસન્નતા) + ઇન્ (વાળું)] વિ. પોતામાં સંતોષ જોઈને રહેનાર. જુઓ આત્મસંતુષ્ટ.

આત્મસંદેહ ૧. [સં. આત્મન્ (પોતે) + સંદેહ (શક)] પું. બરાબર શંકા.

૨. [સં. આત્મન્ (દેહ) + સંદેહ (શક)] પું. જિંદગીનું જોખમ.

આત્મસંપત્તિ [સં. આત્મન્ (પંડ) + સંપત્તિ (દોલત)] સ્ત્રી. પોતાની લક્ષ્મી. જુઓ આત્મસમૃદ્ધિ.

આત્મસંપન્ન ૧. [સં. આત્મન્ (આત્મા) + સંપન્ન (જોડાયેલું)] વિ. બુદ્ધિ, ચારિત્ર, સંયમ જોવા મળેલું.

૨. [સં. આત્મન્ (બુદ્ધિ) + સંપન્ન (યુક્ત)] વિ. બુદ્ધિશાળી; ચતુર.

૩. [સં. આત્મન્ (હિંમત) + સંપન્ન (યુક્ત)] વિ. સ્વસ્થ; સાવધ; સ્થિર મનવાળું; શાંત.

આત્મસંપર્ક [સં. આત્મન્ (પોતે) + સંપર્ક (સંબંધ)] પું. પોતા સાથેનો સંબંધ.

આત્મસંબદ્ધ [સં. આત્મન્ (પોતે) + સંબદ્ધ (જોડાયેલ)] વિ. પોતા સાથે જોડાયેલ; પંડનું જ ધ્યાન રાખતું; સ્વાર્થી.

આત્મસંબદ્ધઊર્મિ [સં. આત્મન્ (પોતે) + સંબદ્ધ (જોડાયેલ) + ઊર્મિ (લાગણી)] સ્ત્રી. પોતાના સંબંધી લાગણી.

આત્મસંબંધ [સં. આત્મન્ (પં) + સંબંધ] કું. પોતા સાથેનું જોડાણ; આત્મસંપર્ક.

આત્મસંભવ [સં. આત્મન્ (પોતે) + સંભવ (ઉત્પત્તિ)] કું. પુત્ર; દીકરો. ખુલ્લો આત્મસંભવ.

આત્મસંભવા [સં. આત્મન્ (પોતે) + સંભવ (ઉત્પત્તિ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પુત્રી; દીકરી.

આત્મસંભાવન [સં. આત્મન્ (પોતે) + સંભાવન (શક્તિ)] કું. ગર્વ; અહંભાવ; ઘમંડ. સર્વ શક્તિમાન હોવાથી તે આત્મસંભાવન કહેવાય છે.

આત્મસંભાવના [સં. આત્મન્ (પોતે) + સંભાવના (માન)] સ્ત્રી. અહંકાર; ગર્વ; અભિમાન.

આત્મસંભાવ્ય [સં. આત્મન્ (પોતે) + ભાવ્ય (થવું તે) + આપવું (જોઈએ તે)] વ. સ્વયંને ઉચિત; પોતાની સાથે જ જોડવા કરવું તે; 'પ્રોપિઝેશિયસ'.

આત્મસંભૂ [સં. આત્મન્ (પોતે) + સંભૂ (પેદા થવું)] કું. શિવ; ઈશ્વર; પરમેશ્વર. તે પોતાની મેળે ઉત્પન્ન થયેલ મનાતા હોવાથી આત્મસંભૂ કહેવાય છે.

આત્મસંભોગ [સં. આત્મન્ (પોતે) + સંભોગ (ભોગવટો)] કું. પોતાના હાથથી સંભોગસુખ ભોગવવું તે; હસ્તમૈથુન.

આત્મસંયમ [સં. આત્મન્ (પોતે) + સંયમ (કાબૂ)] કું. પોતાની જાતને માટે અનિયમ.

આત્મસંમત [સં. આત્મન્ (પં) + સંમત (માન્ય રાખેલું)] વિ. પોતાની મરજીથી સંમતિ આપી હોય તેવું.

આત્મસંમતિ [સં. આત્મન્ (પં) + સંમતિ (મંજૂરી)] સ્ત્રી. પોતાની મેળે આપેલી મંજૂરી.

આત્મસંમાન [સં. આત્મન્ (પોતે) + સમ્ (સારું) + માન] વ. પોતા માટે માન; સ્વમાન.

આત્મસંયમ [સં. આત્મન્ (પોતે) + સંયમ (કાબૂ)] કું. ઇંદ્રિયો પરનો કાબૂ; ઇંદ્રિયનિગ્રહ; ઇન્દ્રિયોને વશ રાખવાપણું.

આત્મસંયમન [સં. આત્મન્ (પોતે) + સંયમન (વશ રાખવું તે)] વ. પોતા ઉપર કાબૂ; ઇંદ્રિયનિગ્રહ; મનમારણ.

આત્મસંયમયોગ [સં. આત્મન્ (આત્મા) + સંયમ (નિગ્રહ) + યોગ (સમાધિ)] કું. ભગવદ્ગીતાના અઢાર અધ્યાયોનો એ નામનો છઠ્ઠો. આ અધ્યાયને જુદી જુદી ગીતાની પ્રતમાં જુદું જુદું નામ આપવામાં આવ્યું છે. એને કોઈ ધ્યાનયોગ, તો કોઈ અભ્યાસયોગ કહે છે.

આત્મસંયમી [સં. આત્મન્ (પોતે) + સંયમ (કાબૂ) + ઈન્ (વાળું)] વિ. ઇન્દ્રિયોને વશ રાખનાર; ઇંદ્રિયનિગ્રહવાળું.

આત્મસંરક્ષણ [સં. આત્મન્ (પોતે) + સં (સારી રીતે) + રક્ષણ (બચાવ)] વ. પોતાનો [illegible]

આત્મસંવરણ [સં. આત્મન્ (પોતે) + સંવરણ (કામ)] વ. ઇંદ્રિયો ઉપર કાબૂ.

આત્મસંવાદ [સં. આત્મન્ (પં) + સંવાદ (વર્ણન)] કું. અનન્ય વિષય કરવો તે.

આત્મસંવિદ્ [સં. આત્મન્ (આત્મા) + સંવિદ્ (જ્ઞાન)] સ્ત્રી. 'હું પણું' જેવું જ્ઞાન; આત્મજ્ઞાન; અસ્મિતા; 'સેલ્ફ-કૉન્શસનેસ'.

આત્મસંવિદ્ધ્વાદ [સં. આત્મન્ (આત્મા) + સંવિદ્ (જ્ઞાન) + વાદ (મત)] કું. આત્માની તથા જગતનો સિદ્ધાંત; અંતરદર્શિતા.

આત્મસંવૃત્ત [સં. આત્મન્ (પોતે) + સંવૃત્ત (ઇન્દ્રિયોનું)] વિ. ઇંદ્રિયોને કાબૂમાં રાખનારું. ખુલ્લો આત્મસંયમી.

આત્મસંવેદન [સં. આત્મન્ (આત્મા) + સંવેદન (જ્ઞાન)] વ. અસ્મિતા; આત્મબોધ; આત્મજ્ઞાન.

આત્મસંશય ૧. [સં. આત્મન્ (જ્ઞાન) + સંશય (શંકા)] કું. અંતરની શંકા.
૨. કું. પોતાને માટે અનિશ્ચય.

આત્મસંશોધન [સં. આત્મન્ (પોતે) + સંશોધન (શુદ્ધ કરવું તે)] વ. પોતાની શુદ્ધિ; પોતાને પવિત્ર કરવાપણું. ખુલ્લો આત્મશોધન.

આત્મસંસ્કાર [સં. આત્મન્ (પોતે) + સંસ્કાર (સુધારો)] કું. પોતાને સુધારવું તે.

આત્મસંસ્કૃતિ [સં. આત્મન્ (પોતે) + સંસ્કૃતિ (સંસ્કાર)] સ્ત્રી. પોતાને સુધારવું તે.

આત્મસંસ્થ [સં. આત્મન્ (આત્મા) + સંસ્થ (સ્થિત)] વિ. જ્યાં ત્યાં ન રહેતું.

આત્મસંસ્પર્શ [સં. આત્મન્ (પં) + સંસ્પર્શ (સંબંધ)] કું. પોતા સાથેનો સંબંધ; પોતાનો નિકટ સંબંધ.

આત્મસાક્ષાત્કાર [સં. આત્મન્ (સ્વ) + સાક્ષાત્કાર (જાતઅનુભવ જોવું તે)] કું. આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન આત્મજ્ઞાન.

આત્મસાક્ષી ૧. [સં. આત્મન્ (આત્મા) + સાક્ષિન્ (જોનાર)] કું. દ્રષ્ટાનો ભાવ.
૨. કું. (વેદાંત) બુદ્ધિને પ્રેરક કરનાર ચૈતન્ય જોનારો જ્ઞાન.

આત્મસાત્ [સં. આત્મન્ (પં) + સાત્ (પદ અર્થવાળું)] અ. ક્રિ. પોતાના જેવું કે પોતાનું હોય એમ; સંપૂર્ણ રીતે પોતાને સ્વાધીન.
આત્મસાત્ કરવું = તાબે કરવું.

આત્મસાધન ૧. [સં. આત્મન્ (આત્મા) + સાધન (ઉપાય)] વ. આત્માની મરણ પછી સારી ગતિ થાય તેવા ઉપાય.
૨. વ. આત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તેવું સાધન.
૩. વ. આત્માનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ; પરમાત્માને મેળવવાના ઉપાય; મોક્ષનું સાધન—કર્મ, ઉપાસના, ભક્તિ અને જ્ઞાનમાંનું કોઈ પણ.
૪. વ. પુરુષકાર.
૫. [સં. આત્મન્ (પોતે) + સાધન (સામગ્રી)] વ. પોતાને સુખ થાય તેવી તજવીજ.

આત્મસાધના [સં. આત્મન્ (પરમાત્મા) + સાધના (ધ્યાન)] સ્ત્રી. આત્મભાવ મેળવવા માટેની મહેનત; પ્રભુપદ પામવાનો પ્રયાસ.

આત્મસાધ્ય [સં. આત્મન્ (પોતાની જાત) + સાધ્ય (મદદ)] સ્ત્રી. પોતા ઉપર આધાર રાખનો તે; સ્વાશ્રય.

આત્મસિદ્ધ ૧. [સં. આત્મન્ (પોતે) + સિદ્ધ (સાબિત થયેલ)] વિ. મહેનત વિના પાર પડેલું.
૨. વિ. સ્વયંસિદ્ધ; પોતાની મેળે બનેલું.

આત્મસિદ્ધિ ૧. [સં. આત્મન્ (આત્મા) + સિદ્ધિ (જ્ઞાન)] સ્ત્રી. જગતના સ્વરૂપની ખોળખા 'સેલ્ફ-રિયલાઇઝેશન'.
૨. સ્ત્રી. પોતાની સિદ્ધિ.
૩. સ્ત્રી. પોતાનો લાભ.
૪. સ્ત્રી. મોક્ષ; મુક્તિ.

આત્મસુખ ૧. [સં. આત્મન્ (આત્મા) + સુખ (આનંદ)] વ. આત્મસાક્ષાત્કારથી મળતું સુખ; પરમાનંદ.
૨. વ. આત્માથી મળતું સુખ; નિજાનંદ.
૩. વ. પોતાનું સુખ.

આત્મસુત [સં. આત્મન્ (પં) + સુત (દીકરો)] કું. પોતાનો દીકરો.

આત્મસુતા [સં. આત્મન્ (પોતે) + સુતા (દીકરી)] સ્ત્રી. પોતાની દીકરી.

આત્મસુધારણા [સં. આત્મન્ (પોતે) + સુધારણા (સુધારો)] સ્ત્રી. પોતાને સુધારવું તે; પંડની પ્રગતિ.

આત્મસૂચિતવેદન વિ. [સં. આત્મન્ (આત્મા) + સૂચિત (જણાવેલું) + વેદન (જ્ઞાન)] ન. આત્મા વડે થતો અનુભવ.
૨. ન. સચેત જ્ઞાનશક્તિ.

આત્મસૂતિ વિ. [સં. આત્મન્ (પોતે) + સૂતિ (જન્મ)] પું. સ્વયંભૂ; બ્રહ્મા. તે પોતાની મેળે ઉત્પન્ન થયેલા મનાતા હોવાથી આત્મસૂતિ કહેવાય છે.
૨. ન. પોતાની મેળે ઉત્પન્ન થયું તે.

આત્મસૃષ્ટિ [સં. આત્મન્ (પંડ) + સૃષ્ટિ (દુનિયા)] સ્ત્રી. પોતાની રચેલી દુનિયા.

આત્મસેવા [સં. આત્મન્ (આત્મા) + સેવા (ભક્તિ)] સ્ત્રી. જીવનું કલ્યાણ થાય એવાં કામ કરવાં તે.

આત્મસૌંદર્ય [સં. આત્મન્ (પંડ) + સૌંદર્ય (સુંદરતા)] ન. પોતાની સુંદરતા.

આત્મસ્તુતિ [સં. આત્મન્ (પોતે) + સ્તુતિ (વખાણ)] સ્ત્રી. પોતાનાં વખાણ; આત્મશ્લાઘા; આપવડાઈ.

આત્મસ્થ વિ. [સં. આત્મન્ (આત્મા) + સ્થ (રહેનું)] વિ. જીવ સંબંધી જ્ઞાન મેળવવા મહેનત કરનાર.
૨. વિ. પ્રાણ સંબંધી વિચાર કરવામાં લીન રહેનાર.

આત્મસ્થિત [સં. આત્મન્ (આત્મા) + સ્થિત (રહેલું)] વિ. આત્મામાં મગ્ન રહેનાર. જુઓ આત્મસ્થ.

આત્મસ્થિતિ [સં. આત્મન્ (આત્મા) + સ્થિતિ (રહેવાપણું)] સ્ત્રી. આત્મામાં સ્થિર હોવાપણું.

આત્મસ્થિર [સં. આત્મન્ (આત્મા) + સ્થિર (સ્થ)] વિ. આત્મામાં લીન રહેનાર.

આત્મસ્થિરતા [સં. આત્મન્ (આત્મા) + સ્થિર (સ્થ) + તા (પણું)] સ્ત્રી. આત્મામાં લીન રહેવાપણું. જુઓ આત્મસ્થિતિ.

આત્મસ્ફુરણ [સં. આત્મન્ (પોતે) + સ્ફુરણ (વિચાર થવો તે)] ન. આપોઆપ વિચાર થવો તે.

આત્મસ્ફુરણપ્રેરણા [સં. આત્મન્ (પોતે) + સ્ફુરણ (વિચાર આવવો તે) + પ્રેરણા (સ્ફૂરણા)] સ્ત્રી. (જ્યોતિષ) ભવિષ્યના પ્રસંગોનું જ્ઞાન કરાવે તેવી હથેળી માંહેની રેખા.

આત્મસ્ફુરણા [સં. આત્મન્ (પોતે) + સ્ફુરણા (વિચાર)] સ્ત્રી. આપોઆપ જાગી આવતો વિચાર.

આત્મસ્ફુરિત [સં. આત્મન્ (પોતે) + સ્ફુરિત (વિચારમાં આવેલું)] વિ. એની મેળે સૂઝી આવેલું; આપોઆપ ઊપજેલું.

આત્મસ્વરૂપ વિ. [સં. આત્મન્ (આત્મા) + સ્વરૂપ (રૂપ)] ન. આત્માનું રૂપ; આત્માનું લક્ષણ; આત્માનો સ્વભાવ.
૨. ન. પોતાપણું.

આત્મસ્વાતંત્ર્ય [સં. આત્મન્ (પોતે) + સ્વાતંત્ર્ય (સ્વતંત્રતા)] ન. પંડની સ્વતંત્રતા.

આત્મહત્યા વિ. [સં. આત્મન્ (પોતે) + હત્યા (નાશ)] સ્ત્રી. આપઘાત; આત્મઘાત.
૨. સ્ત્રી. પોતાની જાતને દુઃખ દેવું તે.

આત્મહત્યારું વિ. [સં. આત્મન્ (પોતે) + હત્યા (વધ)] વિ. આપઘાત કરનારું.
૨. વિ. દુષ્ટ; પાપી.

આત્મહનન વિ. [સં. આત્મન્ [પંડ) + હનન (નાશ)] ન. આપઘાત.
૨. ન. જીવને બહુકી યોનિમાં લઈ જવો તે એટલે તેનું નીચે ઊતરવું તે.

આત્મહર્તા [સં. આત્મન્ (પંડ) + હર્તા (હરનાર)] વિ. પું. આપઘાત કરનાર. જુઓ આત્મઘ્ન.

આત્મહા વિ. [સં. આત્મન્ (આત્મા) + હન્ (મારવું)] વિ. પું. આત્માના જ્ઞાન વિનાનું.
૨. વિ. પું. પરમેશ્વરમાં નહિ માનનાર; નાસ્તિક.
૩. વિ. પું. પોતાનો નાશ કરનાર.
૪. [સં. આત્મન્ (પોતે) + હન્ (મારી નાખવું)] વિ. પું. પોતાનો ભોગ આપનાર.

આત્મહિત વિ. [સં. આત્મન્ (જીવ) + હિત (ભલું)] ન. આત્માનું કલ્યાણ.
૨. ન. સ્વાર્થ; પોતાની બતાવ.
૩. વિ. પંડનું હિતનું.

આત્મહિતૈષી [સં. આત્મન્ (પોતે) + હિત (કલ્યાણ) + ઇષ્ [ઇચ્છવું)] વિ. પોતાનું ભલું ઇચ્છનાર.

આત્મહિંસા [સં. આત્મન્ (આત્મા) + હિંસા (વધ)] સ્ત્રી. આપઘાત. જુઓ આત્મહત્યા.

આત્મહીન વિ. [સં. આત્મન્ (જીવ) + હીન (વગરનું)] વિ. અચેતન; જીવ વિનાનું; જડ.
૨. વિ. ખરાખોટાના વિવેક વગરનું.
૩. વિ. દુષ્ટ; પાપી.

આત્મહોમ [સં. આત્મન્ (પોતે) + હોમ (બલિદાન)] પું. પંડની કુરબાની; આપહોમ.

આત્મંભરિ વિ. [સં. આત્મન્ (દેહ) + ભૃ (પોષવું)] વિ. એકલપેટું; પેટભરું; માત્ર પોતાનું પેટ ભરનાર; પોતાના એકનું જ પોષણ કરનાર.
૨. [સં. આત્મન્ (પોતે) + ભૂ (ભરવું)] વિ. દેવતા, પિતૃ, અતિથિને જમવાનું આપ્યા વિના ખાનાર.
૩. વિ. સ્વાર્થી; માત્ર પોતાનું હિત ધ્યાનમાં રાખનાર.

આત્મા વિ. પું. અગ્નિ; દેવતા.
૨. પુ. અહંકાર; ગર્વ; અભિમાન.
૩. પું. અંતઃકરણ; મન; હૃદય.
૪. પું. આકાશનો છોડ; બ્રહ્મ.
૫. પું. (પુરાણ) એ નામનો એક દેવ.
૬ પું. ચિત્રકનું ઝાડ.
૭. [સં. અન્ (શ્વાસ લેવો)] પું. જીવ; શરીરનું ચેતન; પ્રાણીમાં રહેલું પ્રાણદાયક તત્ત્વ; શરીરમાંનો અમર પદાર્થ; જીવાત્મા; બ્રહ્મ જીવ એટલે બધા નહિ પણ એકેક જીવ. તે જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, અપક્ષય એટલે ઘટાડો, પરિણામ અને વિનાશ એ છ ભાવ વિનાનો હોવાથી દરેક શરીરમાં જુદો, વિભુ એટલે બધે વ્યાપેલો રહેલ, નિત્ય, કર્તા અને ભોગવનાર છે. આત્મા જ્યારે સુખદુઃખ વિકારથી જોવાયેલો હોય ત્યારે તે ક્ષેત્રજ્ઞ એટલે શરીરમાં રહેલો જીવાત્મા કહેવાય અને એ વિકારથી છૂટો થાય ત્યારે તે જ પરમાત્મા કહેવાય. જીવ શરીરના દરેક અંગમાં અને બધા સંસારના દરેક અણુ અને અવકાશમાં રહેલ છે. બાવીસે ચેતન્યવાળા જીવને અને તેના જુદાજુદા લિંગો ઇંદ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ અને અહંકારને આત્મા ગણે છે. વૈશેષિક દર્શનમાં આત્માને એક જાતી માની પ્રાણ, અપાન એટલે ગુદા વાટે નીકળતો વાયુ, નિમેષ એટલે આંખનો પલકારો, ઉન્મેષ, જીવન, મન, ગતિ, ઇંદ્રિય, સુખ, તરસ, દ્વેષ, પીડા, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્નને આત્માનાં ચિહ્ન માન્યાં છે, એટલે જે જ્યાં પ્રાણ વગેરે ચિહ્ન દેખાય ત્યાં જ આત્મા હોય. ન્યાયકાર ગૌતમ મુનિના કહેવા મુજબ ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ, દુઃખ અને જ્ઞાન એ આત્માનાં ચિહ્ન છે. સાંખ્યમાં તે આત્મા, બાકીનાં અને પ્રકૃતિથી જુદો એવો એક ઇંદ્રિયોથી ન

સમજાય એવો પદાર્થ છે. યોગશાસ્ત્રમાં તેને ક્લેશ, કર્મવિપાક અને આશય હોય એમ કહેલ છે. વેદાંત મતે તે મયમી, શુદ્ધ, જ્ઞાની, બ્રહ્મના વિશેષ અંશવાળો કહેલ છે. જેની શરૂઆત અને અંત અવસ્થાનું જ્ઞાન નથી હોતું એવા એક વર્ણન ન થઈ શકે એવા પદાર્થ તરીકે આત્માને શુદ્ધાદ્વૈત વર્ણવે છે. ઉત્તરીય બૌદ્ધોના માનવા મુજબ તે એક સ્વતંત્ર પદાર્થ અને જૈનોના મતે તે કર્મનો કર્તા, ફળનો ભોક્તા અને પોતાનાં કર્મથી મોક્ષ અને બંધનને પામનાર એક રૂપ વિનાનો પદાર્થ છે. મીમાંસકો આત્માને કર્મનો કર્તા અને ફળનો ભોક્તા એવો એક સ્વતંત્ર ઇંદ્રિયોથી ન સમજાય એવો પદાર્થ માને છે. તેનાં કારણ પરત્વે જુદાં જુદાં નામ પડેલ છે. જેમકે, ગમન કરે માટે હંસ; આકાશમાં સર્વ રૂપે ફરે તેથી સુચિસત્; સર્વમાં વ્યાપી રહેલ હોઈ વસુ; વાયુરૂપ આકારમાં આવે માટે અંતરિક્ષસત્; અગ્નિરૂપે હોવાથી હોતા; યજ્ઞો ઉપર બોલનાર હોવાથી વેદિષત્; સોમરસરૂપ યજ્ઞ કળશમાં રહે માટે દુરોણસત્; મનુષ્યમાં રહેલ હોવાથી નૃષત્; ઢેલોમાં હોવાથી વરસત્; સકલ તેમ જ યજ્ઞમાં હોવાથી અસત્સત્; આકાશમાં બોલતો હોવાથી વ્યોમસત્; પાણીમાં હંસ, જીવ, મકર વગેરે રૂપે ઉત્પન્ન થતો હોવાથી અબ્જા; નીહિ, વર્ધતિ રૂપે વેદો કહ્યાથી ગોજા; યજ્ઞ વગેરે રૂપથી થતો હોવાથી ઋતુજા; પર્વતોમાંથી નદી વગેરે રૂપે થતો હોવાથી અદ્રિજા.

૧. આત્મા ઠરે હોવો = સંતોષાવું.

૨. આત્મા કલપાવો–સતાવવો = (૧) તપ કરવું. (૨) પોતાને દુઃખ આપવું.

૩. પું. જીવ; નર; પાણી.

૪. [સં. અત્ (વ્યાપવું)] પું. પરમાત્મા; બ્રહ્મ. તે જગતમાં બધા જીવમાં વ્યાપી રહેલો હોવાથી તે આત્મા કહેવાય છે.

આત્મા પરમાત્મા = મહાન ઈશ્વર.

૧૦. પું. પંડ; પોતે.

૧૧. પું. પુત્ર; દીકરો. આત્મા પુત્ર રૂપે અવતરવાનું મનાવાથી તે આત્મા કહેવાય છે.

૧૨. પું. પુરુષોત્તમ ભગવાન.

૧૩. પું. પોતાના જ જીવથી પ્રકાશતું જ્ઞાન.

૧૪. પું. બુદ્ધિ; સમજશક્તિ.

૧૫. પું. સુખ; સુખ.

આત્મા ઠરે થવો = (૧) સુખ મળવું; ચેન પડવું. (૨) સંતોષ થવો; તૃપ્તિ થવી.

૧૬. પું. મનુષ્ય; માણસ.

૧૭. પું. મૂર્તિ; આકૃતિ.

૧૮. પું. મૂળ સ્વભાવ; પ્રકૃતિ.

૧૯. પું. યત્ન; મહેનત.

૨૦. પું. બ્રહ્મા; અગ્નિષ્વાત્ત.

૨૧. પું. વાયુ; પવન.

૨૨. પું. શરીર; દેહ.

કામ ક્લેશવશ પ્રકૃત જે દેહ આત્મા તંત્ર;
વિષ્ણુ ઉપાસન સહજ ત્યાં ધામ શરીર પવિત્ર.
વિષ્ણુસહસ્રનામ

૨૩. પું. સંભાળ.

૨૪. પું. સાર રૂપે રહેલું તત્ત્વ; સત્ત્વ.

૨૫. પું. સૂર્ય; સૂરજ.

૨૬. પું. હિંમત; ધૈર્ય.

૨૭. પું. હોજરી. પેટ.

આત્માકાર [સં. આત્મન્ (આત્મા) + આકાર (રૂપ)] વિ. આત્માના જેવું.

આત્માકાર [સં. આત્મન્ (પંડ) + આકાર (ભાત)] પું. સ્વભાવ; પોતા માટે ઊંચો અભિપ્રાય.

આત્માદર્શ [સં. આત્મન્ (પંડ) + આદર્શ (દાખલો)] પું. પોતાનું દૃષ્ટાંત; પંડનો દાખલો.

આત્માદિષ્ટ ૧. [સં. આત્મન્ (પંડ) + આદિષ્ટ (કહ્યામાં આવેલ)] ન. સુલેહ કરાવનારની મરજી મુજબ કરવામાં આવેલી સંધિ.

૨. [સં. આત્મન્ (આત્મા) + આદિષ્ટ (આજ્ઞા કરાયેલું)] વિ. પોતાના અભિપ્રાય પ્રમાણે વર્તનાર.

આત્માદેશ [સં. આત્મન્ (હૃદય) + આદેશ (આજ્ઞા)] પું. અંતઃકરણમાં ઊઠતો આત્માનો અવાજ; અંતરમાં રહેલી અંધારું ઉલેચવાની વિવેકબુદ્ધિ.

આત્માધિદેવ [સં. આત્મન્ (દેવ) + અધિ (ઉપરી) + દેવ (સુર)] પું. ઈશ્વર.

આત્માધીન ૧. પું. દીકરો; પુત્ર. તે બાપની આજ્ઞા પ્રમાણે વર્તે છે.

૨. [સં. આત્મન્ (પોતે) + અધીન (તાબેદાર)] પું. વિષ્ણુદાસ. તે પોતાના મુજબ ચાલે માટે કોઈને તાબે રહેતો હોવાથી આત્માધીન કહેવાય છે.

૩. પું. સાળો.

૪. [સં. આત્મન્ (પોતે) + અધીન (વશે)] વિ. પોતાના ઉપર આધાર રાખનારું; સ્વતંત્ર.

૫. [સં. આત્મન્ (મન) + અધીન (વશે)] વિ. ભગવાન; મનને કાબૂમાં રાખે એવું.

આત્માનંદ ૧. [સં. આત્મન્ (આત્મા) + આનંદ (હર્ષ)] પું. જીવનો સાક્ષાત્કાર થવાથી થતો આનંદ; બ્રહ્મમાં લીન થવાથી મળતું સુખ; નિજાનંદ; પૂર્ણાનંદ; બ્રહ્માનંદ; પરમાત્મા સંબંધી વિચારો કર્યાથી થતો સંતોષ.

૨. વિ. આત્મામાં જ આનંદ માનનાર.

આત્માનંદી [સં. આત્મન્ (આત્મા) + આનંદ (સુખ) + ઇન્ (વાળું)] વિ. પોતાના આત્મામાં જ સુખ માનનાર.

આત્માનાત્મ [સં. આત્મન્ (આત્મા) + ન૦ (નહિ) + આત્મન્ (આત્મા)] પું. આત્મા અને આત્મા સિવાયની બીજી વસ્તુ; જડ અને ચેતન.

આત્માનાત્મવિચાર [સં. આત્મન્ (આત્મા) + અનાત્મન્ (આત્મા નહિ તે) + વિચાર] પું. શુદ્ધ, મોહ વિનાનો જ્ઞાનવાળો એ આત્મા, અને તેથી જુદું એટલે મન, શરીર એ બધું અનાત્મા એવો વિચાર; આત્મા અને તે સિવાયના બીજા પદાર્થ વચ્ચેના ભેદની સમજણ; તત્ત્વવિચાર; ચૈતન્ય એ આત્મા અને બીજું બધું દેખાતું જગત અનાત્મા એવો વિચાર.

આત્માનાત્મવિવેક [સં. આત્મન્ (આત્મા) + ન૦ (નહિ) + આત્મન્ (આત્મા) + વિવેક (વિચાર)] પું. આત્મા અને અનાત્મા વચ્ચેની જ્ઞાનથી આવેલ સાચી સમજ; જડ અને ચૈતન્ય સંબંધી વિચારપૂર્વક કરાતો નિશ્ચય; દેહમાં રહેલો શુદ્ધ જ્ઞાનાંશ તે હું એટલે આત્મા અને દેહ વગેરે અનાત્મ એવો વિચાર.

આત્માનાત્માવિચાર [સં. આત્મન્ (આત્મા) + અનાત્મન્ (આત્મા નહિ તે) + વિચાર] પું. સત્યાસત્ય, નિત્યાનિત્ય સંબંધી વિચાર; તત્ત્વવિચાર. જુઓ આત્માનાત્મવિચાર.

આત્માનુગમન [સં. આત્મન્ (પોતે) + અનુ (પાછળ) + ગમન (જવું તે)] ન. પોતે તહેનાતમાં હાજર રહેવું તે.

આત્માનુભવ [સં. આત્મન્ (આત્મા) + અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન)] પું. આત્માનું જ્ઞાન; આત્મસાક્ષાત્કાર; આત્માના સ્વરૂપની બરાબર ઓળખ.

આત્માનુભૂતિ [સં. આત્મન્ (આત્મા) + અનુભૂતિ (અનુભવ)] સ્ત્રી. આત્માનું જ્ઞાન; આત્માનુભવ.

આત્માનુરાગી [સં. આત્મન્ (આત્મા) + અનુરાગ (પ્રેમ) + ઇન્ (વાળું)] વિ. આત્મા ઉપર પ્રેમ રાખનાર.

આત્માનુરૂપ ૧. [સં. આત્મન્ (પોતે) + અનુરૂપ (જેવું)] વિ. પોતાને મળતું આવતું; પંડના જેવું.

૨. [સં. આત્મન્ (પોતે) + અનુરૂપ (લાયક)] વિ. પોતાને યોગ્ય; પંડને લાયક.

આત્માનુસંધાન [સં. આત્મન્ (આત્મા) + અનુસંધાન (જોડાણ)] ન. મનનું જીવની સાથે જોડાણ.

આત્માન્વેષણ ૧. [સં. આત્મન્ (આત્મા) + અન્વેષણ (શોધ)] ન. જીવ સંબંધી શોધ.

૨. [સં. આત્મન્ (પોતે) + અન્વેષણ (તપાસ)] ન. પંડની પરીક્ષા; પોતાના મુખદોષ જોવા તે.

૩. વિ. પોતાની ભેળે શોધ કરનાર.

આત્માપરાધ [સં. આત્મન્ (પંડ) + અપરાધ (ગુનો)] પું. પોતે કરેલ ગુનો.

આત્માપહાર [સં. આત્મન્ (પોતે) + અપહાર (છુપાવવું તે)] પું. સંતાઈ જવું તે.

આત્માપહારક [સં. આત્મન્ (પોતે) + અપહારક (છુપાવનાર)] વિ. પોતાની અસલ જાત છુપાવીને પોતે ઊંચી જાતિનો હોવાનો ઢોળ કરનાર; ઠગી; પોતાનું રૂપ બદલું રાખનાર.

આત્માપહારી [સં. આત્મન્ (પોતે) + અપહારિન્ (છુપાવનાર)] વિ. ઠગી; ઠોગી. જુઓ આત્માપહારક.

આત્મપુરુષ [સં. આત્મન્ (આત્મા) + પુરુષ] પું. પરમાત્મા; ઈશ્વર; પરબ્રહ્મ.

આત્માભિનિવેશ [સં. આત્મન્ (પોતે) + અભિનિવેશ (આગ્રહ)] પું. દીકરો, સ્ત્રી વગેરેમાં પોતાપણાનો આગ્રહ; મમત્વ.

આત્માભિમાન ૧. [સં. આત્મન્ (પોતે) + અભિમાન (ગર્વ)] ન. આપબડાઈ; મગરૂરી; ફુંપદ.

૨. ન. સ્વમાન; આત્મગૌરવ; પોતાની ઉચ્ચજાત કે પ્રતિષ્ઠાનો ખ્યાલ.

આત્માભિમાની ૧. [સં. આત્મન્ (પોતાની જાત) + અભિમાન (અહંકાર) + ઇન્ (વાળું)] વિ. અહંકારી; ફુંપદવાળું; આપબડાઈ કરનારું.

૨. વિ. સ્વમાની; આત્મગૌરવવાળું; પોતાની ઉચ્ચજાતનો બહુ વિચાર રાખનાર.

આત્માભિમુખ [સં. આત્મન્ (આત્મા) + અભિ (તરફ) + મુખ (મોઢું)] વિ. આત્મા તરફ વળેલું; અંતર્મુખ; પરમાત્માના ચિંતનમાં લીન.

આત્માભ્યાસ [સં. આત્મન્ (આત્મા) + અભ્યાસ (મહાવરો)] પું. આત્માને ઓળખવા કરાતી મહેનત.

આત્માભિસંધિ [સં. આત્મન્ (પોતે) + અભ (નહિ) + મિથ (કપટ) + સંધિ (સુમેળ)] સ્ત્રી. પોતે બરાબર સાથે શત્રુ પાસે જઈ કપટ વિના કરેલી સુલેહ.

આત્મારામ ૧. [સં. આત્મન્ (આત્મા) + આરામ (આનંદ)] પું. આત્મામાં આનંદ મેળવનાર પુરુષ; આત્મલીન માણસ; આત્મજ્ઞાનથી તૃપ્ત રહેનાર યોગી.

૨. પું. જીવ.

૩. પું. જીવનમુક્ત યોગી; આત્મામાં જ વિશ્રામ અને આનંદ લેનાર યોગી.

૪. પું. પરમાત્મા; બ્રહ્મ.

૫. પું. પોપટ.

૬. પું. માયાની બધનથી છૂટેલો યોગી.

૭. પું. સાક્ષાત્કાર માટે યત્ન કરતો યોગી.

૮. વિ. આત્મજ્ઞાન મેળવવાનો યત્ન કરનારું; સાક્ષાત્કારની ઇચ્છાવાળું.

૯. વિ. આત્મા જેનું આનંદનું સાધન હોય એવું; આત્મામાં આનંદ મેળવનાર; આત્મામાં જ રમણ કરનારું.

આત્મારામ પાંડે પું. ગૌડ બ્રાહ્મણની સરવરીયા નામની શાખાવાળો બે નામનો એક બ્રાહ્મણ. તેને લઘુ શાન્તપુર જિલ્લાના પ્રયાગ ગામમાં તુલસીદાસનો જન્મ સંવત ૧૫૮૯માં થયો હતો.

આત્મારામાસન [સં. આત્મન્ (પંડ) + આરામ (આનંદ) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન; આદિત્યાસન; અલોપાસન; અબ્ધ્યાસન. આ આસનથી ચિંતા મટે અને શરીર તંદુરસ્ત રહે એમ મનાય છે.

આત્માર્થ ૧. [સં. આત્મન્ (પોતે) + અર્થ (લાભ)] પું. પોતાનું કલ્યાણ.

૨. [સં. આત્મન્ (પંડ) + અર્થ (હેતુ)] પું. મતલબ; સ્વાર્થ.

૩. અ. પોતાના માટે.

આત્માર્થી ૧. [સં. આત્મન્ (આત્મા) + અર્થ (હેતુ) + ઇન્ (વાળું)] વિ. આત્મસાક્ષાત્કાર ઇચ્છનાર.

૨. [સં. આત્મન્ (પોતે) + અર્થ (કલ્યાણ) + ઇન્ (વાળું)] વિ. પોતું કલ્યાણ ઇચ્છનાર.

આત્માર્પણ ૧. [સં. આત્મન્ (પોતે) + અર્પણ (આપવું તે)] ન. પોતાની કુરબાની; સ્વાર્પણ.

૨. ન. ફુંપદ છોડવાપણું; અહંકારનો ત્યાગ.

આત્માલંબન [સં. આત્મન્ (પોતે) + આલંબન (ટેકો)] ન. સ્વાશ્રય; પોતાનો આધાર.

આત્માલંબી [સં. આત્મન્ (પોતે) + આલંબ (આધાર) + ઇન્ (વાળું)] વિ. પંડના ઉપર આધાર રાખનાર; સ્વાશ્રયી.

આત્માવચ્છેદ [સં. આત્મન્ (ગર્વ) + અવચ્છેદ (કાપવું તે)] પું. અહંકાર જતો રહેવાથી થતું જીવ સંબંધી જ્ઞાન.

આત્માવજ્ઞા [સં. આત્મન્ (પંડ) + અવજ્ઞા (અપમાન)] સ્ત્રી. પોતાનો તિરસ્કાર.

આત્માવમાનતા [સં. આત્મન્ (પોતે) + અવમાન (તિરસ્કાર) + તા (પણું)] સ્ત્રી. પોતાનો તિરસ્કાર.

આત્માવમાનના [સં. આત્મન્ (પંડ) + અવમાનના (તિરસ્કાર)] સ્ત્રી. પોતા માટે તિરસ્કાર.

આત્માવમાનસૂચક [સં. આત્મન્ (પોતે) + અવમાન (અનાદર) + સૂચક (જણાવનાર)] વિ. પોતા માટે ધિક્કાર બતાવનાર.

આત્માવલંબન [સં. આત્મન્ (આત્મા) + અવલંબન (આશ્રય)] ન. સ્વાશ્રય; પોતાનો આધાર.

આત્માવલંબી [સં. આત્મન્ (પોતે) + અવલંબ્ (આધાર રાખવો)] વિ. બધું કામ પોતાની શક્તિથી કરનાર; સ્વાશ્રયી.

આત્માવલોકન ૧. [સં. આત્મન્ (આત્મા) + અવલોકન (દર્શન)] ન. આત્મદર્શન; બ્રહ્મસાક્ષાત્કાર.

૨. [સં. આત્મન્ (પોતે) + અવલોકન (તપાસ)] ન. પોતાના મુખદોષની તપાસ; આત્મનિરીક્ષણ; 'સેલ્ફ-ઇન્ટ્રોસ્પેક્શન'.

આત્માવસ્થા [સં. આત્મન્ (પોતે) + અવસ્થા (હાલત)] સ્ત્રી. પંડની દશા.

આત્માવસ્થા ત્રણ જાતમાં વહેંચાઈ જાય છે: ૧. આત્મામિક અવિકાસ; ૨. આત્મામિક વિકાસ ક્રમ; ૩. મોક્ષ. પુરાતત્ત્વ

આત્માશ્રયી ૧. [સં. આત્મન્ (પોતે) + આશ્રિન્ (આધાર)] પું. પોતાની જરૂરિયાતોને કે પોતાની જાતની નિર્બળ માણસોને આધિને રહેતું મનાતું માણસું.

૨. વિ. પોતાનું જ ભલું કરનાર.

આત્માશૂન્ય [સં. આત્મન્ (આત્મા) + શૂન્ય (રહિત)] વિ. જેમાં જીવ ન હોય એવું; બ્રહ્મ; પ્રાણ વિનાનું.

આત્માશ્રય ૧. પું. (ન્યા) એ નામનો એક તર્કદોષ; સાધ્ય એટલે સાબિત કરવાની બાબતને પણ એટલે કોઈ શંકાવાળી બાબતથી જ સિદ્ધ કરવા રૂપી એક દોષ. જેમકે, આ માણસ જુઠ્ઠો છે, કારણ કે તે લબાડખોર છે.

વ. [સં. આત્મન્ (પોતે) + આશ્રય (આધાર)] પું. પોતાનો આધાર; પંડ ઉપર આધાર રાખવો તે: સ્વાશ્રય.

૩. વિ. પોતા ઉપર આધાર રાખનારું; પંડનો આશ્રય કરી રહેલું.

૪. [સં. આત્મન્ (અત) + આશ્રય (આધાર)] વિ. મનનો આશ્રિત.

આત્માશ્રયાદિદોષષટ્ક [સં. આત્મન્ (પોતે) + આશ્રય (આધાર) + આદિ (વગેરે) + દોષ (ખામી) + ષટ્ક (૬)] ન. (વેદાંત) આત્માશ્રય, અન્યોન્યાશ્રય, ચક્રિકા, અનવસ્થા, પ્રાગ્લોપ, અવિનિગમના અથવા વિનિગમનાવિરહ એ ૬ દોષ. કોઈ 'પ્રમાણપ્રમાણભાવ' નામે દોષ ઉમેરીને આત્માશ્રયાદિ સાત દોષ પણ કહે છે.

આત્માશ્રયી ૧. [સં. આત્મન્ (આત્મા) + આશ્રય (આધાર) + ઇન્ (વાળું)] વિ. જીવનો આધાર રાખનારું; પ્રાણપરાયણ.

૨. [સં. આત્મન્ (પોતે) + આશ્રય (આશરો) + ઇન્ (વાળું)] વિ. પોતા ઉપર આધાર રાખનારું; સ્વાશ્રયી.

આત્માહુતિ [સં. આત્મન્ (પોતે) + આહુતિ (બલિદાન)] સ્ત્રી. આત્મભોગ; પંડનું બલિદાન.

આત્માંકુશ [સં. આત્મન્ (પોતે) + અંકુશ (કાબૂ)] પું. પોતા ઉપરનો કાબૂ.

આત્માંતર્ગત [સં આત્મન્ (મન) + અંતર્ગત (અંદર રહેલ)] વિ. મનમાં હોય એવું.

આત્મિક ૧. [સં. આત્મન્ (આત્મા) + ઇક (સંબંધી)] વિ. જીવ સંબંધી.

૨. વિ. નજીકનું; પોતાનું ખાસ; અંતરંગનું.

૩. [સં. આત્મન્ (પોતે) + ઇક (વગેરું)] વિ. પોતાનું; નિજ.

૪. [સં. આત્મન્ (મન) + ઇક (વગેરું)] વિ. માનસિક; મનનું.

૫. વિ. સમું; વહાલું.

આત્મિકતા [સં. આત્મન્ (પોતે) + ઇક (વાળું) + તા (પણું)] સ્ત્રી. સરખાપણું; સમાનતા.

આત્મીકરણ ૧. [સં. આત્મન્ (પોતાનું) + ઈ (કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પોતામાં સમાવી દેવાપણું.

૨. ન. શોષણ; ચૂસી લેવું તે.

આત્મીકૃત [સં. આત્મન્ (પોતે) + કૃત (કરેલું)] વિ. સ્વીકારેલું; અંગીકાર કરેલું; અપનાવેલું; કબૂલ રાખેલ; માન્ય રાખેલ.

આત્મીભાવ [સં. આત્મન્ (પરમાત્મા) + ભાવ (હોવું તે)] પું. પરમાત્માની સાથે તલ્લીન થવાપણું; પ્રભુમાં એકાકાર થવું તે.

આત્મીય ૧. પું. સંબંધી; સગું; સ્વજન.

૨. વિ. અહંભાવવાળું; અભિમાની; ગર્વી.

૩. [સં. આત્મન્ (જ્ઞાનતત્ત્વ) + ઈય (વાળું)] વિ. આત્માનું; આત્મા સંબંધી; અધ્યાત્મિક.

૪. [સં. આત્મન્ (જીવ) + ઈય (વાળું)] વિ. જીવવાળું.

૫ [સં. આત્મન્ (પોતે) + ઈય (લગતું)] વિ. પોતાનું; અંગત.

૬. [સં. આત્મન્ (મન) + ઈય (લગતું)] વિ. મનનું; માનસિક.

૭. વિ. સ્વાધીન; પોતાને નિયમમાં રાખનાર.

આત્મીયગ્રહ [સં. આત્મીય (પોતાનું) + ગ્રહ (પકડ)] પું. પોતાપણાની શુદ્ધિ; મમતા.

આત્મીયજન ૧. [સં. આત્મીય (પોતાનું) + જન (માણસ)] ન. સગાંવહાલાં.

૨. ન. સહાયકારી; મદદગીસ; મિત્ર.

આત્મીયતા [સં. આત્મીય (પોતાનું) + તા (પણું)] સ્ત્રી. પોતાપણું; મૈત્રી; અભેદભાવ.

આત્મીયત્વ [સં. આત્મીય (પોતાનું) + ત્વ (પણું)] ન. પોતાપણું; આત્મીયતા.

આત્મીયવિહીન ૧. વિ. મિત્ર વિનાનું.

૨. [સં. આત્મીય (સ્વજન) + વિહીન (વગરનું)] વિ. સગાંવહાલાં વગરનું.

આત્મીયવ્યય [સં. આત્મીય (પોતાનું) + વ્યય (ખરચ)] પું. પોતાને લગતું ખરચ; અંગત ખરચ.

આત્મીયસંપત્તિ [સં. આત્મીય (પોતાનું) + સંપત્તિ (મિલકત)] સ્ત્રી. પોતાની મિલકત.

આત્મીયસ્વજન [સં. આત્મીય (પોતું) + સ્વ (પોતાનું) + જન (માણસ)] ન. સગાંવહાલાં. જુઓ આત્મીયજન.

આત્મીયહીન [સં. આત્મીય (સ્વજન) + હીન (વગરનું)] વિ. સગાંવહાલાં વગરનું.

આત્મીયા [સં. આત્મીય (પોતાનું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સખી; સમપણ ધરાવતી બાઈ.

આત્મેતર [સં. આત્મન્ (પોતે) + ઇતર (બીજું)] વિ. પોતા સાથે સંબંધ નહિ ધરાવનારું.

આત્મૈશ્વર ૧. [સં. આત્મન્ (મન) + ઐશ્વર (પ્રભુ)] પું. મનને સંયમમાં રાખનાર મોટો યોગી.

૨. વિ. ઇંદ્રિયો ઉપર પ્રભુ રાખનાર; મનને વશ રાખનાર.

આત્મૈક્ય [સં. આત્મન્ (આત્મા) + ઐક્ય (એકતા)] ન. આત્માની એકતા.

આત્મોક્તિ [સં. આત્મન્ (પંડ) + ઉક્તિ (કથન)] સ્ત્રી. એકલાં પંડને વાત કરવી તે.

આત્મોજસ [સં. આત્મન્ (આત્મા) + ઓજસ (તેજ)] ન. જીવનું તેજ.

આત્મોત્કર્ષ [સં. આત્મન્ (પોતે) + ઉત્કર્ષ (ચડતી)] પું. પોતાની આબાદી; પંડનો ઉદય.

આત્મોત્થિત ૧. [સં. આત્મન્ (આત્મા) + ઉત્થિત (ઊભું થયેલું)] વિ. આત્મામાંથી પેદા થયેલું.

૨. [સં. આત્મન્ (પોતે) + ઉત્થિત (ઉદય થયેલું)] વિ. પોતાની મેળે ચડતી પામેલું.

આત્મોત્પત્તિ [સં. આત્મન્ (પોતે) + ઉત્પત્તિ (જન્મ)] સ્ત્રી. પોતાનો જન્મ.

આત્મોત્પન્ન [સં. આત્મન્ (પોતે) + ઉત્પન્ન (થયેલું)] વિ. પોતાની મેળે પેદા થયેલું; સ્વયંભૂ.

આત્મોત્પાદન [સં. આત્મન્ (પંડ) + ઉત્પાદન (પેદા કરવાપણું)] ન. પોતાની મેળે કરેલું સર્જન.

આત્મોત્સર્ગ ૧. [સં. આત્મન્ (પોતે) + ઉત્સર્ગ (ત્યાગ)] પું. પંડનું સમર્પણ.

૨. [સં. આત્મન્ (જીવ) + ઉત્સર્ગ (ત્યાગ)] પું. પ્રાણત્યાગ; મરણ.

આત્મોદય [સં. આત્મન્ (પોતે) + ઉદય (ચડતી)] પું. પોતાની ચડતી; પંડનું કલ્યાણ.

આત્મોદાહરણ [સં. આત્મન્ (પોતે) + ઉદાહરણ (દાખલો)] ન. પોતાનું જ દૃષ્ટાંત; પંડનો દાખલો; આત્માદર્શ.

આત્મોદ્ધાર ૧. [સં. આત્મન્ (પોતે) + ઉદ્ધાર (ચડતી)] પું. પોતાને અધમતામાંથી ઊંચે લઈ જવું તે.

આદિપક્ષ ૧. [સં. આદિ (મુખ્ય) + પક્ષ (બાજુ)] ન. ઊભી પટ્ટી; પહેલું અને બાજુનું ઠેકાણું.
૨. ન. (ગણિત) પહેલું પદ.

આદિપર્વ ૧. [સં. આદિ (પહેલું) + પર્વન્ (પ્રકરણ)] ન. પહેલો ભાગ; પ્રથમ ખંડ.
૨. ન. મહાભારતનો પહેલો ખંડ.

આદિપંચમ પું. (સંગીત) એ નામની દક્ષિણ વિદ્યમાં ગવાતી એક રાગિણી

આદિપુરાણ [સં. આદિ (પહેલું) + પુરાણ] ન. આર લાખ શ્લોકની સંખ્યાવાળું એ નામનું પહેલું ૨૯ અખ્યાનનું જૈનપુરાણ. તેમાં આસરેવે પુરાણનો સાર, ત્રિષષ્ટિમહા શેષ, કુલ્પ અવસર્પિણના જન્મથી શરૂ કરીને તેની અનેક લીલા, રામાયણની કથા અને વૈષ્ણવોની અનેક મિત્તાકર્ષક વસ્તુ ઉપયોગી કથા વર્ણવી છે.

આદિપુરુષ ૧. પું. ઈશ્વર.
૨. [સં. આદિ (પહેલું) + પુરુષ] પું. નારાયણ; પરમેશ્વર; પરબ્રહ્મ. બ્રહ્માંડને ધારણ કરનારા બ્રહ્માંડગોળરૂપી પુત્રોની બહાર દસ આંગળ રહેલા આ આદિપુરુષને ઈશ્વર માર્યા હોવાનું મનાય છે. વર્તમાન, ભૂત અને ભવિષ્યવાળું આ બધું જગત અને તેમાં રહેલાં સઘળાં પ્રાણીશરીર રૂપી અવયવવાળા વિરાટપુરુષના બનેલા આ પુરુષનો મોક્ષે બાદ એટલે લાદ દુનિયામાં અને ખાનીના બધુ અવિનાશી પદ સ્વયંપ્રકાશ સ્વરૂપે આકાશમાં રહેલા છે. તે પોતાના પ્રકાશથી સંસારની ઉપર પ્રકાશસ્વરૂપે અને બીજા એક બાજુથી દુનિયામાં ચેતન પ્રાણી તથા જડ પદાર્થમાં બધે ઠેકાણે જુદે જુદે રૂપે વ્યાપી રહેલ છે. તેમાંથી વિરાટ પુરુષ અને તેમાંથી ધીમે ધીમે સૃષ્ટિ ઉત્પન્ન થઈ.
૩. પું. બ્રહ્મા; કર્તાકાર.
૪. પું. મૂળ પુરુષ.
૫. પું. વિષ્ણુ.

આદિપુરુષ પું. પરબ્રહ્મ. જુઓ આદિપુરુષ.

આદિપુરુષવંશ [સં. આદિ (મુખ્ય) + પુરુષવંશ (કોમસમૂહ)] પું. કરોડની લેરી; કરોડમાંથી પસાર થતું કાલ્પનિક લેરું.

આદિપ્ત [સં. આ (જોરૂ) + દિપ્ (પ્રકાશવું)] વિ. ખાસ પ્રકાશવાળું.

આદિપ્રજેતા [સં. આદિ (પહેલું) + પ્રજેતૃ (રચનાર)] પું. પ્રથમ રાજ કરનાર; મૂળ પાયો નાખનાર.

આદિપ્રયાસ [સં. આદિ (પહેલું) + પ્રયાસ (મહેનત)] પું. શરૂઆતની મહેનત.

આદિપ્રવર્તક [સં. આદિ (પહેલું) + પ્રવર્તક (ઉત્પન્ન કરનાર)] પું. બ્રહ્મા, કેમકે તે જગતના ઉત્પાદક મનાય છે.

આદિપ્રાણી [સં. આદિ (સનાતન) + પ્રાણિન્ (જીવ)] ન. એક કોષવાળાં બધુ નાનાં પ્રાણીનો એક મૂળવર્ગ; આદિજીવ.

આદિબલ [સં. આદિ (ઉત્પત્તિ) + બલ (શક્તિ)] ન. ઉત્પન્ન કરવાની શક્તિ.

આદિબિંદુ [સં. આદિ (સનાતનનું) + બિંદુ (ટપકું)] ન. (જ્યોતિષ) મેષબિંદુ; 'ફર્સ્ટ પોઇન્ટ ઑવ એરીઝ'.

આદિબીજ [સં. આદિ (ઉત્પત્તિ) + બીજ] ન. ઓક્સરના બનાવમાં રહેલું બી.

આદિબુદ્ધ ૧. [સં. આદિ (મૂળ) + બુદ્ધ (જ્ઞાની)] પું. બૌદ્ધોના બુદ્ધ. બૌદ્ધરિક ઉત્તરબુદ્ધ સંપ્રદાય આદિબુદ્ધને સર્વોપરી માને છે. તેઓની માન્યતા છે કે આદિબુદ્ધે પોતાના ખાનવડે (ચેતનશક્તિ) વૈરોચન, (આસમાની દેવતા) અક્ષોભ્ય, (પીળા દેવતા) રત્નસંભવ, (લાલ દેવતા) અમિતાભ અને (લીલા દેવતા) અમોઘસિદ્ધ એમ પાંચ ધ્યાની બુદ્ધને ઉત્પન્ન કર્યા. આ પંચધ્યાનના દરેક બુદ્ધોને પુત્ર ઉત્પન્ન કર્યો. એ પુત્ર બોધિસત્વ કહેવાય.
૨. [સં. આદિ (સનાતન) + બુદ્ધ (બોધેલું)] વિ. સનાતનમાં બોધેલું.

આદિબ્રહ્મકવિ ૧. પું. બ્રહ્મદેવ.
૨. [સં. આદિ (મોટું) + બ્રહ્મ + કવિ] પું. બ્રહ્મિસ્વરૂપનું જ્ઞાન આપનાર મોટો પુરુષ.

આદિબ્રહ્મ ૧. પું. બ્રહ્મા. તે જગતના ઉત્પન્ન કરનાર મનાય છે.
૨. [સં. આદિ (પહેલું) + બ્રહ્મ (જ્ઞાન)] પું. મોટો ભાઈ.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શંકર; શિવ.
૫. પું. હિરણ્યગર્ભ.
૬. વિ. પહેલું કરનાર.
૭. વિ. પ્રથમ હોનાર.

આદિભૂત [સં. આદિ (પહેલું) + ભૂત (બનેલું)] પું. મોટો ભાઈ; આદિબ્રહ્મ.

આદિમ ૧. [સં. આદિ (પહેલું હોનાર)] પું. પહેલા બાપ.

૨. પું. બ્રહ્મા.
૩. વિ. મૂળ; અસલનું.

આદિમનિવાસી [સં. આદિમ (મૂળ) + નિવાસિન્ (રહેનાર)] વિ. અસલથી રહેતું હોય તેવું; મૂળ વતની.

આદિમંગલ [આદિ (શરૂઆત) + મંગલ (મુસ્લીનું ગીત)] ન. શરૂઆતમાં ગાવાની સ્તુતિ.

આદિમાતા ૧. [સં. આદિ (પહેલું) + માતૃ (મા)] સ્ત્રી. જગતનો આખો પ્રપંચ રચનારી પરમાત્માની અણુકી ન શકાય જેવી શક્તિ.
૨. સ્ત્રી. દેવી.
૩. સ્ત્રી. પાર્વતી; આદ્યશક્તિ.
૪. સ્ત્રી. પ્રકૃતિ; કુદરત.

આદિમાન ૧. [સં. આદિ (પ્રથમ) + માન (સન્માન)] ન. અધિકારની દૃષ્ટિએ અતો આદરસત્કાર.
૨. [સં. આદિ (મુખ્ય) + માન (માપ)] ન. (હિસાબ) મુખ્ય માપ.
૩. [સં. આદિ (મૂળ કારણ) + મત્ (વાળું)] વિ. ખરા કારણવાળું.
૪. વિ. જેની આદિ બિંદુથી શરૂઆત હોય એવું.
૫. વિ. પ્રથમ સીમાવાળું.
૬. વિ. શરૂઆતનું; પ્રથમ.

આદિમાનવ [સં. આદિ (પ્રથમનું) + માનવ (માણસ)] પું. પહેલો પુરુષ; આદિપુરુષ.

આદિમાયા ૧. સ્ત્રી. દેવની એક મૂર્તિ.
૨. [સં. આદિ (પ્રથમ) + માયા (શક્તિનું નામ)] સ્ત્રી. પાર્વતી. જુઓ આદિમાતા.

આદિમુહૂર્ત [સં. આદિ (પહેલું) + મુહૂર્ત (બે ઘડી)] ન. સૂર્ય ઊગ્યા પછીનો બે ઘડીનો વખત.

આદિમૂળ ૧. ન. બીના શરૂઆતના ઊંડા ઉપર ઉપસેલો આખો ગોળ ભાગ; બીના જે ભાગનું મૂળ બાજે છે તે ભાગ.
૨. [સં. આદિ (શરૂઆતનું) + મૂલ] ન. મૂળ પાયો.

આદિમોક્ષ [સં. આદિ (ઉત્પત્તિ) + મોક્ષ (છુટકારો)] પું. જન્મમાંથી છુટકારો; મુક્તિ.

આદિય [સં. આદિ (પહેલું) + ય (શબ્દને છેડે આવતો નકામો અક્ષર)] વિ. પ્રથમ; શરૂઆતનું.

આદિયનિવાસી [સં. આદિય (પહેલાંનું) + નિવાસિન્ (રહેનાર)] વિ. મૂળ વતની.

આદિયર પું. તામિલ દેશનો એક જાતનો શિવભક્ત. તે સામાન્ય રીતે કૃષિ અને ગર્યપો હોય છે.

આદિયુગ [સં. આદિ (શરૂઆતનું) + યુગ (જમાનો)] પું. સત્યયુગ; ચાર યુગમાનો જે નામનો પહેલો યુગ.

આદિયોગાચાર્ય [સં. આદિ (મૂળ) + યોગ + આચાર્ય (ગુરુ)] પું. હિંદ. યોગના તે પહેલા આચાર્ય મનાતા હોવાથી તે આદિયોગાચાર્ય કહેવાય છે.

આદિયોજક ૧. [સં. આદિ (પહેલું) + યોજક (જોડનાર પ્રત્યય)] પું. બ્રહ્મા; વિષ્ણુ; નારાયણ.
૨. પું. મૂળ યોજના કરનાર.

આદિરસ [સં. આદિ (પહેલું) + રસ] પું. (અલં) આઠ કાવ્યરસમાંનો પહેલો; શૃંગાર રસ.

આદિરાજ ૧. [સં. આદિ (પ્રથમ) + રાજન્ (રાજા)] પું. પૃથ્વીરાજ. પૃથ્વીનાથ તે પહેલા રાજા ગણાતા હોવાથી તે આદિરાજ કહેવાય છે.
૨. પું. મનુ.
૩. પું. (પુરાણ) સોમવંશી અવિક્ષિત અથવા અયવાન રાજાના આઠ દીકરા પૈકીનો એ નામનો એક.

આદિલ ૧. [અ. અદ્લ (તે ન્યાયી હતો)] પું. ન્યાયાધીશ.
૨. વિ. ન્યાયી; ખરું; ન્યાયવાળું.

આદિલકંદિ ૧. વિ. આદિલ; વગેરે; ઇત્યાદિ.
૨. અ. અમુકને પહેલા અર્થાને બીજા પણ ગણાય તેમ.

આદિલશાહ પું. બિજાપુરનો એ નામનો એક નવાબ.

આદિલશાહી ૧. સ્ત્રી. બિજાપુર રાજ્યનો એક જાતની ચલણી સિક્કો.
૨. વિ. બિજાપુરના નવાબ આદિલશાહનું.

આદિલેખ [સં. આદિ (મૂળ) + લેખ (લખાણ)] પું. લાંબે લખેલું લખાણ.

આદિવચન [સં. આદિ (પહેલું) + વચન (કથન)] ન. પ્રસ્તાવના; પુસ્તકની શરૂઆતમાં તેનું સ્વરૂપ સમજાવવા માટે લખેલા બે બોલ; પુરોવચન.

આદિવરાહ [સં. આદિ (શરૂઆત) + વરાહ (સૂવર)] પું. પાણ અપના અવતારમાં હિરણ્યાક્ષને મારવા સારુ બનેલો સૂવર રૂપે વિષ્ણુનો ત્રીજો અવતાર; શ્વેતવરાહ; વરાહ અવતાર.

આદિવરાહોપાસક [સં. આદિવરાહ (વિષ્ણુનો ત્રીજો અવતાર) + ઉપાસક (પૂજા કરનાર)] પું. વરાહનું ચિહ્ન ધારણ કરનાર વિષ્ણુના ત્રીજા અવતારને પૂજનાર માણસ.

આદિવર્ષ ૧. [સં. આદિ (પહેલું) + વર્ષ (વરસ)] પું. પહેલી હસ્તિ.
૨. [સં. આદિ (પહેલું) + વર્ણ (અક્ષર)] પું. પહેલો અક્ષર; 'અ'.
૩. [સં. આદિ (મુખ્ય) + વર્ણ (ક્રોમ)] પું. આદ્યવર્ણ જાતિ.

આદિવર્ણી [સં. આદિ (પહેલું) + વર્ણિન્ (વર્તન)] વિ. આદ્યવર્ણ જાતિનું.

આદિવંશ [સં. આદિ (પહેલું) + વંશ] પું. શરૂઆતનો વંશ.

આદિવિદ્વાન [સં. આદિ (મુખ્ય) + વિદ્વસ્ (પંડિત)] પું. સાંખ્ય મતના આચાર્ય કપિલમુનિ.

આદિવિપુલા [સં. આદિ (પ્રથમ) + વિપુલા (આર્યા છંદનો એક પ્રકાર)] પું. (પિંગળ) પહેલા દલના પહેલા ત્રણ ગણમાં પાદ અધૂરો હોય એવો આર્યા છંદ.

આદિવિપુલાઆર્યાગીતિ [સં. આદિવિપુલા (એક છંદ) + આર્યાગીતિ (એક છંદ)] પું. (પિંગળ) બને દલના નિયમ આર્યાગીતિ મુજબ પણ પહેલા દલમાં વિપુલા પ્રમાણે યતિવાળો એક આર્યાગીતિ માત્રામેળ છંદ.

આદિવિપુલાઉદ્ગીતિ [સં.] પું. (પિંગળ) પહેલા દલમાં વિપુલા પ્રમાણે યતિવાળો એક ઉદ્ગીતિ માત્રામેળ છંદ. તેમાં બને દલમાં ઉદ્ગીતિના નિયમો હોય છે.

આદિવિપુલાઉપગીતિ [સં.] પું. (પિંગળ) એક ઉપગીતિ માત્રામેળ છંદ. તેમાં બને દલનું માપ ઉપગીતિ પ્રમાણે હોય, પરંતુ પહેલા દલમાં વિપુલા પ્રમાણે યતિવાળો તે હોય છે.

આદિવિપુલાજઘનચપલા [સં.] પું. (પિંગળ) પહેલા પાદના ત્રણ ગણમાં પાદ અધૂરો હોય અને બીજા દલમાં બીજો અને ચોથો અધૂરા હોય એવો આર્યા છંદ.

આદિવિષ્ણુ [સં. આદિ (પ્રથમ) + વિષ્ણુ] પું. વિષ્ણુનું એક નામ; વાસુદેવ; જનાર્દન. જુદા જુદા ભાગમાં વિષ્ણુના મંદિર જુદા જુદા નામથી સ્થાપી શકાય. જેમકે, પૂર્વમાં શ્રીધર, દક્ષિણમાં વામન, પશ્ચિમમાં વાસુદેવ અથવા આદિવિષ્ણુ, ઉત્તરમાં કેશવ કે નારાયણ, અને

આદુકાળ

ખૂણા ઉપર નૃસિંહ, ગોપાળ, રામ વગેરે.

આદિશક્તિ ૧. જી. કોઈની એક મૂર્તિ.

૨. જી. પાર્વતી; દુર્ગા; આદ્યશક્તિ.

૩. [સં. આદિ (મૂળ) + શક્તિ (દુર્ગા)] જી. સંસારનો બધો પ્રપંચ રચનાર ઈશ્વરની અકળ શક્તિ; માયા;. પ્રકૃતિ; પરમેશ્વરની માયારૂપ શક્તિ.

આદિશરીર ૧. ક. અજ્ઞાન; અવિદ્યા.

૨. [સં. આદિ (મૂળ) + શરીર (દેહ)] ન. કારણ શરીર; જીવનું અવિદ્યારૂપ મૂળ શરીર.

૩. વિ. સૂક્ષ્મ શરીર; લિંગદેહ.

આદિશિલ્પી [સં. આદિ (મૂળ) + શિલ્પ (કળા) + ઇન્ (વાળું)] પું. દેવોનો શિલ્પકલાનો વિશ્વકર્મા.

આદિશેષ [સં. આદિ (મુખ્ય) + શેષ] પું. (પુરાણ) શેષનાગ. વિષ્ણુ ભગવાન તેની ઉપર બેઠેલ મનાય છે.

આદિશ્રવણાન [સં. આદિશ્ (હુકમ કરવો) + ય (જેનું) + ત્ (બનું)] વિ. જેને હુકમ અપાયેલ હોય એવું.

આદિષ્ટ ૧. [સં. આદિશ્ (હુકમ કરવો)] ન. આજ્ઞા; હુકમ.

૨. ન. ઉપદેશ; સલાહ.

૩. વિ. આજ્ઞા અપાયેલું; હુકમ કરેલ.

૪. વિ. ઉચ્ચિષ્ટ; એઠું; બોટેલું.

૫. વિ. કહેલું; સૂચવેલું.

૬. વિ. બદલો મૂકેલું.

૭. વિ. શિખામણ આપેલું; ઉપદેશ કરેલ.

૮. વિ. હુકમ અપાયો હોય એવું; આદેશ પામેલું.

આદિષ્ટકર્તવ્ય [સં. આદિષ્ટ (આજ્ઞા કરેલું) + કર્તવ્ય (કામ)] ન. સોંપવામાં આવેલું કામ.

આદિષ્ટસંધિ [સં. આ (સહ) + દિષ્ટ (બતાવેલું) + સંધિ (સુલેહ)] જી. પ્રબળ શત્રુને કોઈ કેદ આપવાની કબૂલાત આપીને કરેલી સુલેહ.

આદિસ્ત્રી ૧. પું. કોઈ જ્ઞાતનો બહારવટિયો; બહારવટિયાની બાલાવ વિદ્યાર્થી.

૨. [સં. આદિશ્ (હુકમ કરવો)] વિ. આજ્ઞા કરનારો; હુકમ કરનાર.

૩. વિ. પ્રાયશ્ચિત કરવામાં રોકાયેલું.

આદિસર્ગ [સં. આદિ (મૂળ) + સર્ગ (ઉત્પત્તિ)] પું. સૃષ્ટિ ઉત્પત્તિની દુનિયા; આદિસૃષ્ટિ.

આદિસાર ન. ભાષાશાસ્ત્રનાં મુખ્ય ગણાતાં બત્રીસ પુસ્તકમાંનું એ નામનું એક.

આદિસૂર પું. ઈ. સ. ૭૦૦ના સુમારમાં કનોજનો એક રાજા. તેણે કનોજથી પાંચ બ્રાહ્મણ અને પાંચ ક્ષત્રિય બોલાવી બંગાળામાં વસાવ્યા. તેમાંથી ઘણાં પ્રસિદ્ધ કુટુંબ થયાં કહેવાય છે.

આદિસ્થાન [સં. આદિ (મુખ્ય) + સ્થાન (જગ્યા)] ન. મૂળ ઠેકાણું.

આદી ૧. [અ.] પું. દુરમનની વેરી.

૨. ન. આદુ; એક કંદ.

૩. વિ. અન્યાયી; ગેરઇન્સાફથી વર્તનારું.

૪. વિ. આદતવાળું; વ્યસની.

૫. વિ. ઓગાળી જનું.

૬. [સં. અદ્ (ખાવું)] વિ. ખાનારું; ખાતું.

૧. આદી હોવું = ટેવ હોવી.

૨. સરાણની આદી હોવી = દાંત પીંચના હોવા હોવા.

૭. વિ. ચડિયાતું; વખારે સરસ.

૮. વિ. ખાસ જનું.

૯. વિ. સ્વભાવનું; ગુણ.

૧૦. વિ. હમેશનું; દરરોજનું.

૧૧. ન. ચિત્રકૂલ; જરા પણ.

આદીચક [સં. આર્દક (આદુ) + અક (કહેવું)] ન. (હિંદી) એક જાતનું આદુ.

આદીક ન. પીસાતું; દળાતું.

આદીનવ ૧. [સં. આ (સહ રીતે) + દી (નાશ પામવું) + ન (સ્વાર્થદર્શનો પ્રત્યય) + વ (સ્વાર્થિક પ્રત્યય)] પું. ક્લેશ; દુઃખ.

૨. પું. દુર્ભાગ્ય; પ્રતિકૂળતા.

૩. પું. દોષ; ભૂલ; ખામી.

૪. પું. ખરા ઊંચા પડવાપડું.

૫. વિ. ક્લેશ પમેલ.

૬. વિ. દુઃખ આપનાર.

૭. વિ. દુઃખેથી વશ થઈ શકે તેવું; દુર્દમ્ય.

આદીના [અ.] પું. શુક્રવાર.

આદીપક ૧. [સં. આદીપ્ (સળગાવવું)] વિ. પારકા ઘરમાં આગ લગાડનાર.

૨. વિ. સતેજ કરનાર.

આદીપન ૧. ન. ઉત્સવ પ્રસંગે દીવાલ, ભોંતણિયું વગેરે ધોળવાની ક્રિયા.

૨. [સં. આદીપ્ (સળગાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. જેનાથી સળગાવાય છે.

૩. ન. પ્રજ્વલિત કરવું તે.

૪. ન. રોશની.

૫. ન. સતેજ કરવાપણું.

આદીપિત ૧. વિ. સતેજ કરેલ.

૨. [સં. આદીપ્ (સળગાવવું)] વિ. સળગાવેલું; સળગાવેલું.

આદીપ્ત ૧. [સં. આદીપ્ (સળગાવવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. સતેજ કરેલ.

૨. વિ. સળગાવેલું.

આદીબ ૧. પું. શિક્ષક.

૨. [અ. અદબ (તે વિનયી હતો)] વિ. સભ્ય; વિવેકી.

આદીશ્વર [સં. આદિ (પહેલું) + ઈશ્વર] પું. (જૈન) ઋષભદેવ; આદિનાથ; પહેલા તીર્થંકર.

આદુ ૧. જી. વાયરીની એક અટક.

૨. [સં. આર્દક] ન. લીલી સૂંઠ; સૂપમવેર; કટુભદ્ર. તેના ઓસાદ કૂદ ઊંચા વાંસની સોટી જેવા છોડને પૈતાળ અને કંપાળ જમીન આદુ આવે છે. છોડનાં મૂળિયાં લીલાં હોય ત્યારે આદુ અને સુકાય ત્યારે સૂંઠ કહેવાય. તે દવા તરીકે બહુ વપરાય છે. તે પાચક, અગ્નિદીપક, ગળાને હાયકારક અને સોજો, કફ, વાયુ, કંઠરોગ, ઉપરસ, દમ, અનાહવાયુ, મલબંધ, વાંતિ અને ઝટ મટાડનાર મનાય છે.

૧. આદાપાક આપવો–જમાડવો = ખૂબ મારવું.

૨. આદુ કાદી નાખવું = નબળું પાડવું; થકવવું.

૩. આદુ આકને પડવું = પાછળ પડવું; બહુખોદ કરવી.

૪. આદુ આકને ખંડવું–લાગવું = (આદુ બહુ ગરમ હોય છે તે ઉપરથી નીકળતો અર્થ) (૧) હમ્મર બાંધી વગર થાક કામ કર્યે જવું; મંડ્યા રહેવું; આતુરતાથી ખાનદ રાખી જોરાજોર કામ કર્યા કરવું; ખંતે પડવું. (૨) ઘણી જ બારીકીથી તપાસ કરવી. (૩) ખાનદ રાખવી. (૪) ગુસ્સામાં આવીને કોઈની ભૂલ ખોળ્યા કરવી; બહુખોદ કરવી; ખંતથી કોઈના દોષ કાઢવા મંડવા.

૫. આદુ વાવવું = (૧) રેબઝેબ કરવું; હેરાન કરવું. (૨) સત્યાનાશ કાઢવું.

૬. આદુની સંઠ બની = (૧) કદમાં ઓછું થવું; બહુ ઊતરી જવું. (૨) ઠંડા પડી જવું; સ્વભાવ શાંત થવો; નરમ પડવું.

૩. વ. વાયરીની અટકનું માણસ.

૪. વિ. (ક્રમ) પહેલું; શરૂઆતનું; પ્રથમ.

૫. વિ. વાયરીની એ નામની અટકનું.

આદુકાળ ૧. [સં. આદિ (આરંભ) + કાલ (વખત)] પું. જૂનો વખત.

૨. વ. મૂળથી; પહેલેથી.

આદુકોળ વી. એ નામની પુરાતની તોપ. તેમાં નીચે પ્રમાણે ક્ષેતરવામાં આવ્યું છે: ફતેહ અકબર, ગુરુ નાનકની કૃપા અને ગોવિંદસિંહની મહેરબાની અને રણજિતસિંહ બહાદુર બાદશાહના હુકમથી આદુકોળ તોપ જનરલ તેજસિંહની અવસ્થાથી પાટનગર લાહોરના સુલ્તાસિંહના કરખાનામાં સને ૧૮૯૦ વિક્રમીમાં થઈ.

આદુલું [સં. આદિ] વિ. જૂનું; પુરાણું; અસલનું.

આદુળક ૧. વી. સગરની એક અટક.
૨. ન. સગરની અટકનું માણસ.
૩. વિ. સગરની એ નામની અટકનું.

આદુસ્ત પું. (જરથોસ્તી) ધાર્મિક ક્રિયા કરવામાં વપરાતો અગ્નિ રાખવાનો પત્થરનો તકતો; આતશનોખ્વાન; આતશતો.

આદું ૧. [સં. આર્દક] ન. એક કંદ; આદુ; લીલી સૂંઠ.
૨. જ. તરહ એવો અર્થ બતાવતો પ્રત્યય. જેમકે, કમખાદું, ઉત્તરાદું.

આદૃત ૧. [સં. આદ્ (માન આપવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. આબરૂદાર; કીર્તિવાળું.
૨. [સં. આદ (ઇચ્છા કરેલું)] વિ. ઉત્સાહવાળું; ઉદ્યોગી.
૩. વિ. ચતુર; હોશિયાર.
૪. વિ. માન આપેલું; સન્માન કરેલ; પૂજેલ; પૂજિત.
૫. વિ. સ્વીકાર્યાત કરેલું; આદરેલું.

આદૃત્ય [સં. આદ (સત્કાર કરવા) + ત્ય (જેવું)] વિ. માન આપવા જેવું; પૂજવા લાયક; આદરણીય.

આદૃષ્ટિ ૧. [સં. આદૃશ્ (જોવું) + ક્તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. જોવાની શક્તિ.
૨. સ્ત્રી. ચક્ષુ ભાગની સંકોચેલી દૃષ્ટિ.

આદે ૧. [સં. આદિ] વિ. અને બીજા.
૨. વિ. મુખ્ય; પ્રથમ.
૩. વિ. વગેરે; ઇત્યાદિ.
૪. જ. તોબા, હદ થઈ, બાકીના, હાર્યા જેવો અર્થ બતાવનાર શબ્દ.

આદેય ૧. [સં. આદા (લેવું) + ય (જેવું)] પું. સહેલાઈથી મળે, સારી રીતે જાળવીને રાખી શકાય અને ચતુરથી ન જઈ શકાય તેવો લાભ.
૨. ન. માગવું; લેવું.
૩. વિ. ગ્રહણ કરવા જેવું; લેવા લાયક.

આદેયકર્મ [સં. આદેય (લેવા જેવું) + કર્મન્ (કામ કરેલા કામનું પરિણામ)] ન. (જૈન) જીવ જે કંઈ તે થાય એટલે જીવને જોવાથી વાગ્સિદ્ધિ થાય તે કર્મ.

આદેયનામ [સં. આદેય (લેવા જેવું) + નામન્ (નામ)] ન. (જૈન) જેના પરિણામે બોલેલું વચન પ્રમાણ જેવું કર્મ.

આદેયક [સં. આદિન્ (આપવું કબૂલ કરવું) + ઇક (વાળું)] વિ. જુગારી; જૂગટું જેલનાર; જૂગટિયો.

આદેચન ૧. [સં. આ (ઉપર) + દિવ્ (આપવું કબૂલ કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. જુગાર રમવાનું પાટિયું.
૨. ન. જૂગટામાં વપરાતો પાસો; જુગારનું સાધન
૩. ન. ધૂત; જુગાર.

આદેશ ૧. [સં. આદિશ્ (હુકમ કરવો)] પું. આજ્ઞા; ફરમાન; હુકમ.
૨. પું. આજ્ઞાપત્રિકા; ગેઝેટ.
૩. પું. ઈશ્વરી પ્રસાદો કે હુકમ.
૪. પું. (ગણિત) ઉત્પાદન; પદીમાં અજ્ઞાત રાશિને બદલે તેની બરોબર હોય એવી બીજી કોઈ રાશિ, પછી કે અજ્ઞાત સંખ્યા મૂકી તે; 'સબ્સ્ટિટ્યૂશન'. જેમકે,
$(ક^{૨}-૨ક)^{૨}-૧૧(ક^{૨}-૨ક)+૨૪$ના અવયવ પાડવાની સગવડને ખાતર $(ક^{૨}-૨ક)$ ને બદલે બંને ઠેકાણે કોઈ બીજી અજ્ઞાત રાશિ ય મૂકીએ તો $ય^{૨}-૧૧ય+૨૪$ એવી પદી થાય તે આદેશથી થઈ કહેવાય.
૫. પું. ઉપદેશ; બોધ; સલાહ.
૬. પું. (વ્યાકરણ) એક અક્ષરને બદલે બીજો અક્ષર મૂકવાની ક્રિયા; અક્ષરપરિવર્તન. જેમકે, દૈત્ય + અરિ = દૈત્યારિ, હરિ + ઇચ્છા = હરીચ્છા, ભાનુ + ઉદય = ભાન્વુદય.
અવર્ણ, ઇવર્ણ, ઉવર્ણ કે ઋવર્ણની પછી સવર્ણ સ્વર આવે તો બે સ્વર મળીને દીર્ઘ સ્વરરૂપ એક આદેશ થાય છે. પૃથક્ વ્યાકરણ
૭. પું. ક્રમણ; વર્ણન.
૮. પું. (જ્યોતિષ) ગ્રહોનું સારું કે નરસું ફળ.
૯. પું. જિંદગીમાં કરવાનું ખાસ કામ.
૧૦. પું. પ્રણામ; નમસ્કાર. પ્રત્યેકટા પંચના ગોસાંઈ ગોકુળીઓને મળે ત્યારે આદેશ કહીને બોલાવે છે.
૧૧. પું. (વ્યાકરણ) ફેરફાર; જોડે બદલે આવતો બીજો શબ્દ.
દા (જોવું) ધાતુનો આદેશ ખ્ પણ થાય છે, અને તેને 'ઉપદિ' કુ પ્રત્યય લાગવાથી પણ શબ્દ વ્યાકરણકારોએ સિદ્ધ કર્યો છે.
સિદ્ધાંતકૌમુદી

૧૨. પું. ભવિષ્યસૂચન; આગાહી; ભવિષ્ય કહેવું તે.
૧૩. પું. વટહુકમ; સનદ્ગુજર.
૧૪. પું. શાસન; વિધિ; નિયમ.
૧૫. પું. શિવ; શંકર; મહાદેવ.
૧૬. પું. સમતિ; પરવાનગી; રજા; અનુમતિ.
૧૭. પું. સિદ્ધાંત; નિર્ણય; ઠરાવ.
૧૮. પું. દુંડી મોકલનારની વતી હોંડીને નાણાં આપવાનો ચીઠ્ઠી આસામી ઉપર હુકમ.

આદેશક ૧. [સં. આદિશ્ (હુકમ કરવો)] પું. સૂબો; હાકેમ.
૨. પું. સેનાધિપતિ.
૩. વિ. આજ્ઞા કરનાર; હુકમ આપનાર.
૪. [સં. આદિશ્ (ઉપદેશ આપવો)] વિ. ઉપદેશ કરનાર; ઉપદેશક.
૫. વિ. ભવ્ય; દબદબાવાળું; ભવ્યરમાન.

આદેશન ૧. [સં. આદિશ્ (હુકમ કરવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આજ્ઞા કરવાપણું; હુકમ કરવો તે.
૨. [સં. આદિશ્ (ઉપદેશ આપવો)] ન. ઉપદેશ કરવો તે.

આદેશપત્ર [સં. આદેશ (પરવાનગી) + પત્ર (કાગળ)] ન. પરવાનો; રજાચિઠ્ઠી; ચબરખી.

આદેશમંત્ર ૧. [સં. આદેશ (બોધ) + મંત્ર] પું. આચારસૂત્ર તરીકે અપાયેલો ઉપદેશ; દીક્ષામંત્ર; રહેણીકરણીમાં પાળવા માટે ગુરુએ આપેલ સિખામણ.
૨. પું. (ગણિત) ઉત્પાદનમંત્ર; પદીમાં એક અજ્ઞાત રાશિને બદલે તેની બરાબર બીજી રાશિ મૂકવાનો સિદ્ધાંત; 'પ્રિન્સિપલ ઓવ સબ્સ્ટિટ્યૂશન'.

આદેશમુક્ત [સં. આદેશ (આજ્ઞા) + મુક્ત (થયું)] વિ. હુકમ કરેલો હોય એવું; આજ્ઞા કરાયેલું.

આદેશવાહક [સં. આદેશ (ફરમાન) + વાહક (લઈ જનાર)] વિ. હુકમ ઉઠાવનાર; આજ્ઞા પાળનાર.

આદેશસૂચક [સં. આદેશ (આજ્ઞા) + સૂચક (બતાવનાર)] વિ. હુકમ જણાવનાર.

આદેશી ૧. [સં. આદિશ્ (આજ્ઞા કરવી)] પું. અમલદાર; ઉપરી.
૨. પું. જોશી; જ્યોતિષી.
૩. વિ. ઉપદેશ કરનાર; બોધ દેનાર.
૪. વિ. ઉશ્કેરનાર; પ્રેરનાર.
૫. વિ. પેદા કરનાર; ઉત્પાદક.
૬. [સં. આદિશ્ (બતાવવું)] વિ. બતાવનાર; દેખાડનારું.
૭. વિ. હુકમ કરનાર; આજ્ઞા આપનાર.

આદેશ્ય ૧. [સં. આદિશ્ (હુકમ કરવો) + ય (કૃ)] વિ. આજ્ઞા કરવા લાયક; હુકમ કરવા જેવું.
૨. વિ. ઉપદેશ આપવા જોગ.
૩. વિ. કહેવા જેવું.

આદેષ્ટા ૧. [સં. આદિશ્ (હુકમ કરવો)] પું. કુલ આબરૂવાળો પુરુષ.
૨. પું. 'મારા ઇષ્ટ કર્મ માટે મહેનત કર' એમ ઋત્વિજને કહેનાર યજમાન.
૩. વિ. આજ્ઞા કરનાર; હુકમ કરનાર.
૪. વિ. ઉપદેશ કરનાર.

આદેસ ૧. પું. જરથોસ્તી માસનો નવમો દિવસ.
૨. પું. જરથોસ્તી વર્ષનો નવમો મહિનો.

આદેસર [સં. આદીશ્વર] પું. (જૈન) પહેલા તીર્થંકર; આદિનાથ; ઋષભદેવ.

આદો ૧. પું. (ઝિંગ) આદુ; જેમાંથી સૂંઠ બને તે કંદ.
૨. જ. ક્રિ. (આરબી) આજ્યો.

આદોકદમી વિ. (પ્રાચ્ય) અસલનું; જૂના વખતનું; ઘણા કાળનું.

આદોકાદ વિ. (પ્રાચ્ય) અસલનું; જૂનું.

આદોવાયો પું. ગામ ગામે ફરવનાર પુરુષ; બાકુતી આજીવાળો.

આદોશ્ત [પ.] પું. (જરથોસ્તી) આતશતો; આતશનો ખ્યાલ; ધાર્મિક ક્રિયા કરવામાં અગ્નિ રાખવાને માટે વપરાતો પત્થરનો તકતો.

આદ્યી ૧. [સં. આદિ (સમાસ)] જ. પૂર્વે, પહેલાં; અગાઉ.
૨. જ. પ્રારંભમાં; શરૂઆતમાં.

આદ્ય ૧. પું. (પુરાણ) એ નામનો બ્રહ્મર્ષિ. ઉપરિચરના સોળ ઋત્વિજોનો તે એક હતો.
૨. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરના પાંચ પ્રકારના દેવોનો પહેલો.
૩. [સં. આદ્ય (પ્રથમ)] પું. શિવ. તે સૌથી પહેલાં પ્રગટેલ મનાય છે તેથી આદ્ય કહેવાય છે.
૪. ન. આકાશ.
૫. ન. એક જાતનું પ્રેતશ્રાદ્ધ; પિતૃશ્રાદ્ધ.
૬. ન. જન્મ; ઉત્પત્તિ.
૭. ન. ધાન્ય; અનાજ.
૮. ન. માયા; બહારની દુનિયા.
૯. ન. (પિંગળ) વેદના છંદનાં ચાર સમક્ષ માહેનું પહેલું.
૧૦. જ. શરૂઆત; મૂળ.
૧૧. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.
૧૨. [સં. આદ્ય (આદું)] વિ. આદા જેવું.
૧૩. વિ. પહેલું હોનારું.
૧૪. વિ. મુખ્ય; પ્રધાન.
૧૫. વિ. મૂળ; આરંભનું.
૧૬. જ. વગેરે; ઇત્યાદિ.

આદ્યઋષિ [સં. આદ્ય (સમાનનું) + ઋષિ] પું. બ્રહ્મા.

આદ્યકવિ ૧. [સં. આદ્ય (પ્રથમનું) + કવિ] પું. આદિકવિ; સૌથી પહેલો કવિ.
૨. પું. નરસિંહ મહેતો. તે ગુજરાતીમાં પહેલું કાવ્ય રચનાર મનાય છે.
૩. પું. બ્રહ્મા. તે વેદના કર્તા મનાય છે.
૪. પું. વાલ્મીકિ. તેણે સંસ્કૃત ભાષામાં પહેલું રામાયણ નામનું કાવ્ય રચ્યું હોવાથી તેમને આદ્યકવિ કહેવાય છે.
૫. પું. હિરણ્યગર્ભ.

આદ્યગુરુ ૧. પું. ઈશ્વર; બ્રહ્મા.
૨. [સં. આદ્ય (પહેલું) + ગુરુ (શિક્ષક)] પું. પહેલો શિક્ષક.

આદ્યગૌડ (આદ્યગૌડ) પું. આદ્યશ્રેણી એ નામની એક જાત.

આદ્યચાલક [સં. આદ્ય (પહેલું) + ચાલક (ચલાવનાર)] પું. મૂળ પ્રવર્તક.

આદ્યચિહ્ન [સં. આદ્ય (પહેલું) + ચિહ્ન (નિશાની)] ન. શરૂઆતની નિશાની.

આદ્યતંત્રી [સં. આદ્ય (પ્રથમ) + તંત્રી (કપું બહાર પાડનાર)] પું. છાપું પહેલવહેલાં પ્રસિદ્ધ કરનાર.

આદ્યતા [સં. આદ્ય (પ્રથમ) + તા (પણું)] સ્ત્રી. પહેલું હોવાપણું.

આદ્યદ્રષ્ટા ૧. પું. પ્રથમ વાર કરનાર; મૂળ પાયો નાખનાર; આદિપ્રણેતા.
૨. [સં. આદ્ય (પહેલું) + દ્રષ્ટૃ (જોનાર)] પું. વસ્તુનું તત્ત્વ સૌથી પહેલું જોઈ શકનાર પુરુષ.

આદ્યનિર્ગમ [સં. આદ્ય (સમાનનું) + નિર્ગમ (બહાર જવું તે)] પું. શિવનું એક નામ. તેમણે આદિ કાળ પસાર કર્યો છે.

આદ્યપક્ષ [સં. આદ્ય (પહેલું) + પક્ષ (બાજુ)] પું. (બલિત) સમીકરણમાં જરાણની નિશાનીની ડાબી બાજુએ આવેલ પદો.

આદ્યપાષાણયુગ [સં. આદ્ય (સમાન) + પાષાણ (પત્થર) + યુગ (જમાનો)] પું. ચાર લાખ વર્ષનો એ નામનો એક યુગ; 'પ્લિસ્ટોસીનિયક એજ'. આ જમાનામાં માણસો પત્થરનાં અણઘડ હથિયારો અને સાધનો વાપરતાં તેથી તે સ્ટોન એજ પણ કહેવાય છે.

આદ્યપિતા [સં. આદ્ય (પ્રથમનું) + પિતૃ (બાપ)] પું. મૂળ પિતા; પરમેશ્વર.

આદ્યપુરુષ [સં. આદ્ય (પહેલું) + પુરુષ] પું. ઈશ્વર; પરમાત્મા; નારાયણ.

આદ્યપ્રકૃતિ [સં. આદ્ય (પ્રથમનું) + પ્રકૃતિ (સૃષ્ટિનું મૂળ કારણ)] સ્ત્રી. માયા.

આદ્યપ્રચારક [સં. આદ્ય (પહેલું) + પ્રચારક (ફેલાવનાર)] વિ. પ્રથમ ફેલાવો કરનાર.

આદ્યપ્રણેતા [સં. આદ્ય (પહેલું) + પ્રણેતૃ (બનાવનાર)] પું. પ્રથમ રચનાર પુરુષ.

આદ્યપ્રાણી [સં. આદ્ય (સમાનનું) + પ્રાણિન્ (જીવ)] જ. એક કોષવાળાં અતિ નાનાં જીવનો એક મૂળવર્ગ; આદિજીવ.

આદ્યપ્રેરક [સં. આદ્ય (પહેલું) + પ્રેરક (ગતિ આપનાર)] વિ. પહેલ કરનાર.

આદ્યબીજ ૧. [સં. આદ્ય (મૂળ) + બીજ (મૂળ કારણ)] જ. આદિ કારણ; મૂળ પ્રારંભ.
૨. જ. ઈશ્વર.
૩. જ. પ્રકૃતિ; જગતનું આદિકારણ; માયા.
૪. જ. (સાંખ્ય) પ્રધાન.

આદ્યભવાની ૧. પું. પાવૈયો; હીજડો; નપુંસક.
૨. [સં. આદ્ય (પહેલું) + ભવાની (દુર્ગા)] સ્ત્રી. જગદંબા; મૂળ શક્તિ.

આદ્યભૂમિ [સં. આદ્ય (પ્રથમ) + ભૂમિ (જમીન)] સ્ત્રી. મૂળ રહેઠાણ.

આદ્યમંત્રી [સં. આદ્ય (પહેલું) + મંત્રિન્ (સલાહકાર)] પું. મુખ્ય પ્રધાન.

આદ્યમાપક પું. આસો; પાંચ અક્ષોહીનું માપ.

આદ્યક્ષ [આદિ (પહેલાં) + અક્ષ્ (જવું) + અ (ક્રિયાવાચક પ્રત્યય)] પું. શબ્દના પહેલાં આવનાર શબ્દાંશ; પૂર્વપ્ર. જેમકે, પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ (નિર્), દુસ (દુર્), વિ, આ, નિ, અધિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ, અપિ, અ, તિરસ્, આવિસ્, અલમ્, અન્તર્, બહિર્, પ્રતિ, ક, સ્વિરમ્, દ્વિ, ત્રિ, પ્રાત, પુરસ્, પુરા, પૂર્વ, પ્રાતર્, સાયમ્, સ અથવા સહ, સ્વયમ્, અધ:, પ્રાદુર્, સ્વર્, પુનર્, સ્વસ્તિ, ત્રિધા, નમસ્, રાત્રૌ:, સાક્ષાત્, પૃથા. ન.

આદ્યરચના [સં. આદ્ય (પહેલું) + રચના (બનાવવું તે)] સ્ત્રી. પ્રથમ બનાવટ.

આદ્યર્ષ પું. શિવધર્મના કવિ અને ગવૈયાઓની મંડળી. તેમણે શૈવધર્મના ફેલાવામાં સારો ફાળો

આપ્યો હતો. તેમાં સૌથી પ્રખ્યાત ગ્રંથો દક્ષિણ હિંદમાં રહેનાર મણિક્કવાસગર હતો.

આદ્યવિવેચક [સં. આદ્ય (પહેલું) + વિવેચક (ચર્ચા કરનાર)] વિ. પહેલું વિવેચન કરનાર.

આદ્યવૃક્ષ ૧. સ. વડ.

૨. [સં. આદ્ય (શરૂઆતનું) + વૃક્ષ (ઝાડ)] સ. ગુરુદાનો પિંડ: 'પ્રોનેક્લિયસ'. ગર્ભના ત્રીજા અઠવાડિયામાં કરોડની અને ભાવુ પિંડના ભૂમખા રૂપે તેની શરૂઆત થાય છે, અને પછી નળાઓના રૂપમાં ફેરવાઈ જાય છે. ગર્ભને છઠ્ઠે અઠવાડિયે પુષ્ઠ અને ત્રીજે મહિને તે અદશ્ય થાય છે, જ્યારે પ્રથમના ગુરુદાની શરૂઆત થાય છે.

આદ્યવેર ૧. [સં. આદ્ય (પહેલું) + વૈર (દુશ્મનાવટ)] સ. જૂની દુશ્મનાવટ; પહેલેથી ચાલ્યો આવતો અણબનાવ.

૨. સ. હાડવેર; પાકી દુશ્મનાવટ.

આદ્યવેર વેરવાને સતી = લાંબા અને અસાધ્ય માણસને કદી બનતું નથી.

આદ્યવૈર [સં. આદ્ય (મૂળનું) + વૈર (દુશ્મનાવટ)] સ. જૂની દુશ્મનાવટ. જુઓ આદ્યવેર.

આદ્યશક્તિ ૧. [સં. આદ્ય (મૂળનું) + શક્તિ (દુર્ગા)] સ્ત્રી. બ્રહ્માંડની; દુર્ગા; માતા; દેવી.

૨. [સં. આદ્ય (મૂળ) + શક્તિ (દેવી)] સ્ત્રી. બ્રહ્માંડની મૂળ ઉત્પન્ન કરનારી શક્તિ; પ્રકૃતિ; માયા.

આદ્યશરીર [સં. આદ્ય (પ્રથમ) + શરીર (દેહ)] પું. આત્મા.

આદ્યશ્રાદ્ધ [સં. આદ્ય (પહેલું) + શ્રાદ્ધ] સ. મરનારની પાછળ અગિયારમે દિવસે કરવામાં આવતા સોળ શ્રાદ્ધમાંનું પહેલું.

આદ્યષટ્કવિધિ [સં. આદિ (શરૂઆતનું) + ષટ્ક (છની સંખ્યા) + વિધિ (ક્રિયા)] સ્ત્રી. (શિલ્પ) સ્થાપનાનો પાયો નાખવાની ક્રિયા.

આદ્યસહકારી [સં. આદ્ય (પહેલું) + સહ (સાથે) + કારિન્ (કરનાર)] વિ. શરૂઆતથી સાથે કામ કરનાર.

આદ્યસંયમી [સં. આદ્ય (ઉત્તમ) + સંયમ (ઇન્દ્રિયનિગ્રહ) + ઇન્ (વાળું)] વિ. ઉત્તમ સંયમી; જેણે ઇન્દ્રિયનિગ્રહ કરનાર.

આદ્યસૂચક [સં. આદ્ય (પહેલું) + સૂચક (બતાવનાર)] વિ. પ્રથમ બતાવનાર.

આદ્યસ્પૃષ્ટ [સં. આદ્ય (પહેલું) + સ્પૃષ્ટ (સ્પર્શ કરેલું)] વિ. પહેલાં સ્પર્શેલું.

આદ્યસ્થાન ૧. [સં. આદ્ય (પહેલું) + સ્થાન (જગ્યા)] ન. આગળનું સ્થાન; પહેલી જગ્યા; અગ્રસ્થાન.

૨. સ. મૂળ ઠેકાણું.

આદ્યસ્થાપક [સં. આદ્ય (પહેલું) + સ્થાપક (સ્થાપનાર)] વિ. પાયો નાખનાર; શરૂઆત કરનાર.

આદ્યસાવક પું. ગળીને લગતી નલિકાઓનું જોડકું, 'ગ્લુકેરિક્સ ગ્લૅન્ડ'. આંખોમાં અશ્રુનલિકાઓ આવી તેમાંથી ભૂરિ ઝરે છે; પણ પુરુષોમાંથી તે અદશ્ય થઈ જાય છે.

આદ્યાંક ૧. પું. (ગણિત) ત્રિરાશિનું પહેલું પદ.

૨. [સં. આદિ (પહેલું) + અંક (આંકડો)] પું. પહેલો આંકડો.

આદ્યાંત ૧. [સં. આદિ (આરંભ) + અંત (છેલ્લે)] પું. શરૂઆત અને છેડો.

૨. વિ. પહેલું અને છેલ્લું.

૩. વિ. શરૂઆત અને અંતવાળું.

૪. અ. પહેલેથી છેક સુધી; અથેતિ; શરૂઆતથી આખર સુધી.

આદ્યા ૧. [સં. આદ્ય (પહેલું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દસ મહાવિદ્યાઓમાં પહેલી દેવી.

૨. સ્ત્રી. દુર્ગા; પ્રધાન શક્તિ.

૩. સ્ત્રી. મહિનાની પહેલી તિથિ; પ્રતિપદા.

૪. વિ.સ્ત્રી. પહેલી; પ્રથમ થતી.

આદ્યાકાલી [સં. આદ્ય (પહેલું) + આ (નારીજાતિનો પ્રત્યય) + કાલી (એક દેવી)] સ્ત્રી. મૂળ પ્રકૃતિ; જગતનું મૂળ ઉપાદાન.

આદ્યાક્ષર [સં. આદ્ય (પ્રથમનું) + અક્ષર] પું. પહેલો અક્ષર; શરૂઆતનો અક્ષર.

આદ્યાક્ષરબંધ [સં. આદ્ય (પ્રથમનું) + અક્ષર + બંધ (રચના)] પું. (અલં.) દરેક લીટીનો પહેલો અક્ષર અનુક્રમે લેતાં કોઈ માણસ, શહેર વગેરેનો કોઈ અર્થ થાય તેવી રચનાવાળી કવિતા; પ્રથમાક્ષરબંધ.

આદ્યાવસ્થા [સં. આદ્ય (પહેલું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. શરૂઆતની સ્થિતિ.

આદ્યાશક્તિ [સં. આદ્ય (પહેલું) + આ (નારીજાતિનો પ્રત્યય) + શક્તિ (દેવી)] સ્ત્રી. દુર્ગા. જુઓ આદ્યશક્તિ.

આદ્યાંગ [સં. આદ્ય (પહેલું) + અંગ (ભાગ)] પું. પૂર્ણ વિષય; શરૂઆતનો ભાગ.

આદ્યુદાત્ત [સં. આદિ (પ્રથમ) + ઉદાત્ત (ઉચ્ચ સ્વરવાળું)] વિ. જેનો પહેલો સ્વર ઉચ્ચ હોય એવું.

આદ્યે ૧. [સં. આદ્ય (પહેલું)] અ. પૂર્વે; અગાઉ; પહેલાં.

૨. અ. વગેરે.

આઈ આદ્યે એમ સાંભળીયું,
ઉપાને આપ્યું વરદાન. નાકર

આધોત [સં. આ (ચોપાસ) + દ્યુત્ (પ્રકાશવું)] પું. પ્રકાશ; તેજ; રોશની. તે બધી દિશામાં ફેલાય છે.

આધોદાત્ત [સં. આદ્ય (પહેલું) + ઉદાત્ત (ઉચ્ચ સ્વરવાળું)] વિ. જેનો પહેલો સ્વર ઊંચો હોય એનું.

આધોપાંત [સં. આદ્ય (પહેલું) + ઉપ (પાસે) + અંત (છેલ્લે)] અ. પહેલેથી છેલ્લે લગી; અથથી ઇતિ સુધી.

આદ્ય [સં. આદ્ય] વિ. (ગણિત) બીજું; બીજનું.

આદ્રક [સં. આર્દ્રક] સ. આદુ.

આદ્રકપુર ન. એકનું જૂનું નામ.

આદ્રક પું. વાસ્તુમંડળનો વૈશ્ય અથવા ક્ષત્રિય.

આદ્રા [સં. આર્દ્રા] સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું ત્રીજું નક્ષત્ર. જ્યારે સૂર્ય આ નક્ષત્રમાં હોય ત્યારે લોકો અનાજ વાવવું સારું ગણે છે.

આદ્રિસાર [સં. અદ્રિસાર (લોહું)] વિ. લોહાનું બનાવેલું.

આધ ૧. [સં. અર્ધ (અડધું)] પું. અડધો ભાગ.

તેજે માગનો'લો મારી પાસે રાજ્ય કેરો આધ. પ્રેમ.ન૬

એક આધમેં = એકાએકમાં; બધું એળામાં.

૨. [હિં.] વિ. આડમું; અડધું.

૧. આધ આપ્યું-આધે આપવું = (૧) માલ કે જેવા વસ્તુ બધા પછી તે વિષય લાંબુથી અને વજનમાં મોટા માલ લાંબુથી તેની જે કીમત કરે તેનો અર્ધો ભાગ આપવાની શરતે પાળવા આપવાં. (૨) ઢોર પુખ્ત ઉમરનું બધા પછી તેની અંકાતી કીમત અરધે ભાગે વહેંચી લેવાની શરતે ઉછેરવા અથવા સાચવવા દેવું.

૨. આધ સેર આટા = રોટી; રોજી.

આધડવું (આધડવું) સ. ક્રિ. અથડાવું.

આધણ ૧. [સં. આધા (મૂકવું)] સ. આંધણ. ધાન્ય બાફવા માટે ઉકાળવા મૂકેલું પાણી.

૧. આધણ આવવું = પાણી ઓરવા જેવું ગરમ થવું; ઊકળવું.

૨. આંધણ મૂકવું = (૧) પાણીને ઊકળવા માટે મૂકવું. (૨) જરૂરિયાત કરવું; હોળી કરવી.
૨. ન. ઉકાળો; ઊભરો.
૩. ન. ટેકો; આધાર.

આધન ૧. જો. ખેડવા માટે આપેલી જમીન.
૨. ન. આંધણ; ધાન્ય બાફવા માટે ઊકળવા મૂકવામાં આવતું પાણી.
૩. ન. ખેડતનું જૂનું નામ.

આધબગરા [ન.] વિ. જરખા સાથ કરેલ. ભેગો, કબોદમાંથી ભેગા.

આધબહાર્ઈ [હિં.] જો. નીચલની બે કરખે ભાગે પહેરવણ.

આધમન ૧. [સં. આધા (મૂકવું) + માન (વર્તમાનકૃદંતનો પ્રત્યય)] ન. અનામત મૂકવું તે.
૨. ન. ધરેણે મૂકવું તે.
૩. ન. થાપણ; નિક્ષેપ.
૪. [સં. આ (બધારે) + ધ્મા (ધમવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બહુ શ્વાસ આવવાનો રોગ; હાંફ.

આધમર્ણ [સં. અધમર્ણ (કરજ)] ન. કરજદાર હોવાપણું.

આધર ન. (કચ્છી) આર્દ્રા; એ નામનું એક નક્ષત્ર.

આધરકણ ક્રિ. અધરકણ; આખરણ; ભેળવણ; ઘટ્ટી જમાવવા માટે કોઈતી ખટારા.
કાંઈક આધરકણ દિયા તો બધિ જામી. ધારો

આધરકણું સ.ક્રિ. ઘટ્ટી જમાવવા દૂધમાં ખટારા નાખવી; અધરકણું; ભેળવવું.

આધરણ ૧. [સં. આધૃ (ધરી રાખવું)] ન. આધાર; ટેકો.
૨. ન. આધાર રાખવાપણું.
૩. [સં. આધા (મૂકવું)] ન. આંધણ; ધાન્ય બાફવા માટે ઊકળવા મૂકેલું પાણી.
૪. [સં. આધૃ (ટેકો આપવો)] ન. સારી રીતે ટેકો આપવાપણું.
૫. વિ. રાખનાર.

આધરા ૧. ન. (કચ્છી) આંતરડાં.
૨. [સં. આર્દ્રા] ન. (કચ્છી) સત્તાવીસ નક્ષત્રમાંનું એક નક્ષત્ર; આર્દ્રા.

આધર્મિક [સં. ન (નહિ) + ધર્મ + ઇક (વાળું)] વિ. અધર્મ કરનાર; અન્યાયી; અધર્મી.

આધર્ષ ૧. [સં. આધૃષ્ (અપમાન કરવું)] પું. તિરસ્કાર; અપમાન.
૨. પું. પીડા કરવી તે.

આધર્ષણ ૧. [સં. આધૃષ્ (અપમાન કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. તિરસ્કાર; અપમાન.
૨. ન. બળથી પીડવું તે.

આધવું [સં. અર્ધ (અરધું)] સ.ક્રિ. કોર અધિયાઈ આપવું; કોર ભાગમાં આપવું.
આધવું દેવું = (૧) ગામ કે બેસ વસૂલી ગયા પછી તે વિષાન લાંસુધી અને વાલ્યાં મોઢાં ગાય લાંસુધી તેની જે કીમત કરે તેનો અર્ધો ભાગ આપવાની શરતે પાળવા આપવાં. (૨) કોર પુખ્ત ઉમરનું થયા પછી તેની અડધી કીમત ભરખે આપે વહેંચી લેવાની શરતે ઉછેરવા અથવા સાચવવા દેવું.

આધસોરે (આધસોરો) અ. (ગ્રામ્ય) આડે રસ્તે.

આધા ૧. [સં. અર્ધ] વિ. (હિંદી) અર્ધું.
આધા હોવું = અર્ધું થવું; ડુપણું થવું.
૨. વિ. અર્ધું અંદર.
૩. વિ. મુંઝાયું; ક્ષોભગ્રસ્ત.

આધાકર્મ ન. જૈન સાધુને બાદ પોતાના માટે બનાવેલ ખોરાકપાણી લેવાથી લાગતો દોષ.

આધાકર્મી વિ. જૈન સાધુને બાદ પોતાના માટે બનાવેલ ખોરાકપાણી લેવાથી દોષ લાગે એવું.
આધાકર્મી આહાર ન લીએ, નિરિલોભન નવિ ભમિયે. વહિવિજય

આધાકાંદ ૧. [હિં.] પું. અર્ધ ચંદ્ર; આકાશનો ચંદ્ર.
૨. પું. અર્ધું ઈંડાનું.

આધાતા [સં. આ (બાજુ) + ધાતૃ (મૂકનાર)] પું. ધરેણે મૂકનાર; ગીરો આપનાર; નિક્ષેપક.

આધાન ૧. પું. એક પ્રકારનો પ્રાચીન યજ્ઞ.
૨. ન. અગ્નિમાં નાખવું તે.
૩. [સં. આ (બાજુ) + ધા (મૂકવું)] ન. અનામત.
૪. ન. અગાઉ મૂકવાપણું; જળવણી.
૫. ન. ઉત્પત્તિ; પેદાશ.
૬. ન. ગર્ભ.
આધાન હોવું = ગર્ભ હોવો.
૭. ન. ગર્ભ રહે તે માટે કરવામાં આવતો એક સંસ્કાર.
૮. ન. ગર્ભધારણ; ગર્ભ રહેવાપણું. સામાન્ય રીતે ગર્ભ રહેવાના અર્થમાં ગર્ભાધાન શબ્દ વપરાય છે. તે ઉપરથી સંસ્કૃતમાં આધાન અને આધાનિક શબ્દો એ સંસ્કારને લગતા થયેલા છે. ગુજરાતી ઓધાન શબ્દ સંસ્કૃત આધાન ઉપરથી છે.
આંહોઆંહિ સ્નેહ અપાર, કરિ વિલાસ રૈમિ નરનારિ; બધા લિયસ વાંઝા આધાન, પુત્રી એક હવું સંતાન. જાલણ
૯. ન. ગીરવી રાખવાપણું.
૧૦. ન. ધરેણે મૂકવાપણું; નિક્ષેપ.
૧૧. ન. ચીજ મૂકવાની જગા; આશય.
૧૨. ન. ચોકસપણું; ખાતરી.
૧૩. ન. થાપણ; મડી; પુંજી.
૧૪. ન. પકડવું તે; ઝીલવાપણું.
૧૫. ન. પવિત્ર અગ્નિ રાખવાપણું; અગ્ન્યાધાન.
૧૬. ન. પ્રયત્ન કરવો; ઉદ્યોગ.
૧૭. ન. બે બાકડાને બરાબર બેસતા સળગાવવાનું કામ; અગ્નિહોત્રીનું શરૂઆતનું કર્મ.
૧૮. ન. મર્યાદા; સીમા.
૧૯. ન. મૂકવાપણું; સ્થાપન.
૨૦. ન. લેવાપણું.

આધાનગતિક ૧. [સં. આધાન (મૂકવું તે) + ગતિ (ગમ) + ક (વાળું)] પું. બે પગે, ચતુ પગે કે જુદી જુદી રીતે ચાલતાં શીખવેલો હાથી.
૨. ન. હાથીએ બે કે ચતુ પગે ચાલવાપણું.

આધાનનક્ષત્ર [સં. આધાન (ગર્ભધારણ) + નક્ષત્ર (તારાનું ઝૂમખું)] ન. (જ્યોતિષ) કર્મ નક્ષત્રથી ઠરતું નક્ષત્ર.

આધાનભોજન ૧. [સં. આધાન (ગીરો) + ભોજન (જોડાવવાપણું)] ન. ગીરોમાંથી છોડાવણી.
૨. ન. ધરેણે મૂકેલ ચીજ છોડાવણી તે.

આધાનભોજનાધિકાર [સં. આધાન (ગીરો) + ભોજન (છોડાવવાપણું) + અધિકાર (હક)] પું. ગીરો છોડાવવાનો હક.

આધાનવતી [સં. આધાન (ગર્ભ) + વત્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. જો. ગર્ભવતી; ઝારવણી.

આધાનવ્યવસાયી [સં. આધાન (ગીરો) + વ્યવસાય (ધંધો) + ઇન્ (વાળું)] પું. ગીરોનું કામ કરનાર દલાલ.

આધાનિક [સં. આધાન (ગર્ભધારણ) + ઇક (વાળું)] ન. સારી પ્રજા ઉત્પન્ન થાય તે માટે સંયોગ પહેલાં કરવામાં આવતો વિધિ; ગર્ભાધાનસંસ્કાર.

આધાપલીત [સં. અર્ધ (અરધું) + પલીત (ભડકીત)] વિ. કરજદોર; કાયાગ્રસ્ત; અરધું બાંકું.

આધાપલીતું [સં. અર્ધ (અર્ધું) + પલીત (વસ્ત્રખંડ)] વિ. અર્ધું બાળું; દાઝેલું.

આધાપાહું વિ. દાઝેલું; આધાપલીત.

આધાપેટ ૧. [સં. અર્ધ (અર્ધું) + પેટિક (પેટી)] વિ. અર્ધું પેટ ભરાય એટલું.

૨. [હિં.] વિ. જોઈએ તેથી ઓછું.

આધાભાગું [સં. અર્ધ (અર્ધ) + ભાગ (હિસ્સો)] વિ. અડધુપડધું ભાગેલું; અધકચરું.

આધામ [સં. આધા (મૂકવું)] પું. ગર્ભાધાન. જુઓ આધાન.

આધામક ૧. [સં. આધામ (ગર્ભાધાન)] વિ. ગર્ભ મૂકનાર.

૨. વિ. મૂકનાર.

૩. [સં. આ (ઉપર) + ધામક (મૂકનાર)] વિ. સ્થાપન કરનાર.

આધાર ૧. પું. અન્નપાણી; ખોરાક.

આધાર હોવો = કાર્યક્ષ પેટ ભરાવું; સહેજ ખૂબ ખટવી.

૨. [સં. આ (ઉપર) + ધૃ (ટેકો આપવો)] પું. અવલંબન; ટેકો; ઓથ.

૩. પું. આકાશ.

૪. પું. આધારબિંદુ; 'હબ્રમ'.

૫. પું. આસરો; મદદ; સહાય.

૧. આધાર રાખવો = વિશ્વાસ રાખવો.

૨. આધારથી આપવું = (૧) કોઈની સહાય પ્રમાણે આપવું. (૨) ટેકો લઈ આપવું

૩. કોઈને આધારે રહેવું = બીજાને આશ્રયે રહેવું.

૬. પું. (સ્થિર) જોર આપતું કોતરકામ. જુઓ અલ્પ ૧૬.

૭. પું. (સ્થિર) જોર આપતો હાળો.

૮. પું. જીવનના આઠ પ્રબંધ માંહેનો ત્રીજો.

૯. [સં. આ (ઉપર) + ધૃ (ધારણ કરવું)] પું. (ગણિત) જેના ઉપરથી અંકિતનું કોષ્ટક તૈયાર કરવામાં આવે તે સંખ્યા; 'બેસ'.

૧૦. પું. ઢાલનો કમારો; ચાળું; ખાસવાલ.

૧૧. પું. થાંભલો; સ્તંભ.

૧૨. પું. હસ્તાક્ષેપ.

૧૩. પું. નાટકનું પાત્ર.

૧૪. પું. પાણી આવો આવેલો બંધ.

૧૫. પું. પુરાવો; સાબિતી; પ્રમાણ.

૧૬. પું. પુષ્ટિ; અનુમોદન; ટેકો.

૧૭. પું. બહુકોણની કોઈ પણ જોડ બાજુ.

૧૮. પું. બંધન.

૧૯. પું. મદદ દેનાર પુરુષ.

૨૦. પું. (વેદાંત) માયા સહિત બ્રહ્મમાં સંબંધથી માની લીધેલ અધિષ્ઠાન જેટલે પ્રભાવનો ભાગ.

૨૧. પું. મૂળ; પાયો.

૨૨. પું. (તંત્ર) યોગશાસ્ત્રમાં કહ્યાવેલ જે નામનું જોડ ચક્ર. તેને મૂલાધાર પણ કહે છે. જુઓ આધારચક્ર.

મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞાચક્ર, બિંદુ, અર્ધેન્દુ, રોધિની, નાદ, નાદાંત, શક્તિ, વ્યાપિકા, સમની, રોધિની, ઉન્મનંત એ સોળ આધાર છે. ત્રિકમદાસ દર્પણ

૨૩. પું. રજા; મંજૂરી; અનુમતિ.

૨૪. પું. વાસણ; પાત્ર.

૨૫. પું. (યોગ) શરીર માંહેનો અમુક ભાગ. અંગૂઠો, ઢૂંટી, ઢૂંટણ, સાથળ, સીવની એટલે લિંગમણિ નીચેનું સ્થાન, લિંગ, નાભિ, હૃદય, કોઠ, કંઠ, ભ્રમર, તાલુ, નાક, ભ્રમર, ભાલ, માથું અને બ્રહ્મરંધ્ર એ સોળ આધાર કહેવાય છે.

૨૬. પું. સત્તા; અધિકાર.

૨૭. પું. સમાવેશ.

૨૮. પું. સંગ્રહ; ભર્યો.

૨૯. પું. સંબંધ.

૩૦. પું. (વ્યાકરણ) સાતમી વિભક્તિનો અર્થ.

૩૧. વિ. હાથો નાખવા માટે હથિયારમાં રાખેલી જગ્યા.

આધારક [સં. આધૃ (પકડવું)] પું. પાયો; મૂળ.

આધારકલા સ્ત્રી. અંદરના પ્રાણનો પડદો; 'એસેન્શ્યલ મેમ્બ્રન'.

આધારકામ ૧. [આધાર (ટેકો) + કામ] વિ. અનુમોદન; પુષ્ટિ.

૨. વિ. થાંભલો; સ્તંભ.

આધારગર્ભકલા [સં. આ (ઉપર) + ધૃ (ધારણ કરવું) + ગર્ભ (હમલ) + કલા (ભાગ)] સ્ત્રી. ગર્ભની આસપાસ વીંટાયેલું પડ. તે ઓરનો ભાગ છે અને ઓરની સાથે બહાર નીકળી આવે છે.

આધારગ્રંથ [સં. આધાર (પુરાવો) + ગ્રંથ (ચોપડી)] પું. આધારરૂપ ગણાતું પુસ્તક.

આધારચક્ર વિ. (યોગ) મેરુદંડના નીચલા ભાગમાં આવેલું ચાર પાંખડીનું પહેલું ચક્ર; શરીરમાં આવેલાં સાત માંહેનું મુદ્રા અને જનનેંદ્રિય વચ્ચે રહેલું ચક્ર તેના ઉપરના ભાગ ખૂણિયા આસન ઉપર આવેલી અગ્નિની જ્વેતના આકારની મૂર્તિનું ધરગોજ પાંચ ઘડી ધ્યાન ધરવાથી જબી ગારુડવિદ્યા મળે એમ મનાય છે. તેના અધિપતિ ગણપતિ છે. ગુદાસ્થાનમાં વં શં ષં સં એ ચાર અક્ષરવાળું ચાર પાંખડીવાળું અને અગ્નિનું વર્ણ સમાન આ ચક્ર છે.

આધારજ્ઞ ૧. [સં. આધૃ (પકડવું)] વિ. આશ્રય; આસરો.

૨. વિ. ટેકો આપવાપણું.

૩. વિ. પકડવાપણું.

આધારતા [સં. આધાર + તા (પણું)] સ્ત્રી. ટેકો હોવો તે; આશ્રય હોવાપણું.

આધારત્વ જુઓ આધારતા.

આધારનગ [સં. આધાર (ટેકો) + નગ (પહાડ)] પું. ટેકો આપનાર પર્વત.

આધારનિલય [સં. આધાર (આકાર) + નિલય (સ્થાન)] પું. વિષ્ણુ. તે આધારના પણ આધાર અને તેના પણ આધાર છે. પૃથ્વી વગેરે પંચભૂત આધારોનો પણ આધાર હોવાથી પરમેશ્વર આધારનિલય કહેવાય છે.

આધારપત્ર વિ. અંદરના પ્રાણનો પડદો; આધારકલા.

આધારપાત્ર [સં. આધાર (પ્રમાણ) + પાત્ર (લાયક)] વિ. ભરોસો રાખવા લાયક; વિશ્વાસ કરવા જેવું.

આધારબિંદુ [સં. આધાર (ટેકો) + બિંદુ] વિ. ઉચ્ચારણ જેટલે વજન ઊંચું કરવાની જોડ બોલવામાં નીચે મૂકેલો ટેકો; 'હબ્રમ'.

આધારભૂત ૧. [સં. આધાર (ટેકો) + ભૂત (થયેલ)] વિ. ટેકારૂપ; આધાર જેવું બનેલું; અવલંબનરૂપ.

૨. વિ. પ્રમાણભૂત; પુરાવારૂપ; ભરોસાપાત્ર.

૩. વિ. મૂળભૂત; સ્વાભાવિક.

આધારભૂતભક્ષ [સં. આધાર (ટેકો) + ભૂત (થયેલ) + ભક્ષ (જોર)] વિ. સત્ત્વ દમ; કાયમ હોય; 'રેટેમિન'.

આધારભૂતવાક્ય [સં. આધાર (પુરાવો) + ભૂત (થયેલ) + વાક્ય] વિ. (ન્યાય) બરાબર બતાવનારું કથન કે વાક્યનું સાધન; હેતુ; ઉપન્યાસ; પ્રતિજ્ઞા; 'પ્રેમિસ'.

આધારરૂપ [સં. આધાર (પ્રમાણ) + રૂપ (જેવું)] વિ. પ્રમાણભૂત. જુઓ આધારભૂત.

આધારરેખા [સં. આધાર (ટેકો) + રેખા (લીટી)] સ્ત્રી. જે મૂળ રેખા કે ભાગ ઉપર કોઈ બીજી વસ્તુ ઊભેલી હોય તે રેખા.

આધારરેષા [સં. આધાર (ટેકો) + રેષા (લીટી)] સ્ત્રી. આધારરેખા; ઊભી લીટી નીચે આવેલ આડી લીટી.

આધારવક્ર [સં. આધાર (પ્રમાણ) + વક્ર (વાંક)] વિ. જોર વગાડ ઉપરથી બનતો નીચે વાંક.

આધારવું જુ. ક્રિ. ટેકો આપવો.

આધારશક્તિ ૧. સ્ત્રી. પરમેશ્વરની શક્તિ; માયા; પ્રકૃતિ.
૨. સ્ત્રી. (તંત્ર) આવન દેવતા.
૩. સ્ત્રી. (શરીર) મૂલાધાર એટલે ગુદા અને શુક્રેન્દ્રિય વચ્ચે આવેલા ચક્રમાં સુષુમ્ણા નાડીના મૂળની નીચે રહેતી મનાતી એક સર્પના આકારવાળી શક્તિ; કુંડલિની.

આધારસમીકરણ [સં. આધાર (પ્રમાણ) + સમીકરણ (સરખું પ્રમાણપણું)] ન. (ગણિત) એક સમીકરણ ઉપરથી અમુક નિયમ પ્રમાણે બનતું બીજું સમીકરણ.

આધારસ્તંભ ૧. [સં. આધાર (ટેકો) + સ્તંભ (થાંભલો)] પું. થાંભલો.
૨. પું. મુખ્ય ટેકો.
૩. વિ. બહુ મદદગાર.

આધારસ્થંભ [સં. આધાર (ટેકો) + સ્તંભ (થાંભલો)] પું. થાંભલો. જુઓ આધારસ્તંભ.

આધારા સ્ત્રી. ચોપન વાયુતત્ત્વ દેવીઓની એ નામની એક. જુઓ વાયુતત્ત્વદેવતા.

આધારાધેય [સં. આધાર (મદદ દેનાર માણસ) + આધેય (આલરામાં રહેનાર)] પું. મદદ દેનાર અને લેનારનો સંબંધ.

આધારાધેયભાવ [સં. આધાર (વસ્તુ) + આધેય (અધિકરણમાં રહેનાર) + ભાવ] પું. વાસણ અને તેમાં રહેલી વસ્તુનો સંબંધ.

આધારાનંદ પું. પ્રાકૃત સાહિત્યમાં મદદ આપનાર સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક કવિ.

આધારી ૧. જુ. વિ. આનાર.
૨. [સં. આધાર (ટેકો) + ઇન્ (વાળું)] વિ. ટેકાવાળું; મદદ ઉપર રહેનાર.

આધારેશ ૧. પું. ચોપન વાયુતત્ત્વ દેવતાઓનો એ નામનો એક. જુઓ વાયુતત્ત્વદેવતા.
૨. પું. છપ્પન પાર્થિવતત્ત્વ દેવતાઓનો એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

આધર્મિક [સં. અ (નહિ) + ધર્મ + ઇક (વાળું)] વિ. અધાર્મિક; ધર્મ વિરુદ્ધનું.

આધાશીશી [સં. અર્ધ (અરધું) + શીર્ષ (માથું)] સ્ત્રી. એક બાજુનું માથું દુખવાનો રોગ. જુઓ અડાશીશી. આધાશીશી મટાડવાના ઘરગથ્થુ ઉપાયઃ (૧) જૂના કપડાં ધૂમાડો નાકથી લેવો. (૨) કપડાને બીજાં ઘૂંટી સંકોચવું. (૩) જૂના ગોળમાં થોડું કપૂર મેળવી સૂરજ ઊગ્યા પહેલાં ખાવું. (૪) માથું સહેજ રાખીને નાકમાં મીઠાના પાણીનાં ટીપાં નાખવાં. (૫) જે તરફનું આધું દુખતું હોય તે તરફના હાથની કોણીથી ઉપરના ભાગમાં જોરથી દોરી બાંધવી.

આધાસીસી [સં. અર્ધ (અરધું) + શીર્ષ (માથું)] સ્ત્રી. (વૈદક) માથાની એક બાજુનો આખું દુખવાનો રોગ અધકપાલી. તે નિયમિત વખત રહી મટી જાય. નગોડનાં પાંદડાં ખાવ અને ગોખરુની દાંત ખાવા બરોબર લઈ પાણી સાથે વાટી પેટલી કરી તેનાં બે નાક ટીપાં નાકમાં નાખવાથી આરામ થવાનું મનાય છે. જુઓ આધાશીશી.

આધાંત [સં. આધાન (ગર્ભાધાન)] પું. (જ્યો.) ગર્ભ; ગર્ભાધાન.
પુત્ર લાવું આવીશ આધાંત,
ભાઈ માસિ ક્રમિક પ્રભાત.
દાનેશ્વરકૃતમન

આધિ ૧. [સં. આધિ (ચારે કોરનું)] પું. બનાવટ.
૨. પું. આશ્રમ; નિવાસસ્થાન.
૩. પું. કબજાત.
૪. પું. કુટુંબના ભરણપોષણમાં રોકાયેલ માણસ.
૫. પું. ધરેણે મૂકવું કે ગીરો.
૬. પું. લોભમા; લુબ્ધો.
૭. પું. ચાપણ; મરી; પૂંછ.
૮. [સં. આ (વધારે) + ધૈ (વિચાર કરવો)] પું. ભય, શોક, ચિંતા વગેરે મનની પીડા; મનોવ્યથા; માનસિક દુઃખ.
૯. પું. વિપત્તિ.
૧૦. પું. વ્યસન; દુઃખ.
૧૧. સ્ત્રી. આશા; ઉમેદ.
૧૨. સ્ત્રી. જગ્યા; રક્ષણ.
૧૩. સ્ત્રી. ધર્મચિંતા; કર્તવ્યનો વિચાર.
૧૪. સ્ત્રી. લક્ષણ; સંજ્ઞા; ઉપનામ.
૧૫. સ્ત્રી. ઠાઠ; બદદુઆ.
૧૬. વ. બંગાળી બે મણનું માપ.

આધિક ૧. [સં. આધિ (માનસિક પીડા) + ક (વાળું)] પું. ખૂનપ્રેત કહેનારો; ભૂવો.
૨. [હિં.] વિ. વધારાનું; વધારે.

આધિકરણિક [સં. આધિ (ધર્મનો વિચાર) + કરણ (કરવાપણું) + ઇક (વાળું)] પું. ન્યાયાધીશ.

આધિકારિક ૧. પું. નાટકની મુખ્ય વસ્તુ.
૨. પું. પરમાત્મા; પરમેશ્વર.
૩. [સં. અધિકાર (સત્તા) + ઇક (વાળું)] વિ. અધિકારીને લગતું.
૪. [સં. અધિ (ઉપર) + કૃ (કરવું) + ઇક (વાળું)] વિ. ઉચ્ચ; ચડિયાતું.
૫. વિ. મુખ્ય; પ્રધાન.
૬. વિ. સત્તા સંબંધી; પદવીને લગતું.
૭. વિ. સર્વોપરી.

આધિક્ય ૧. [સં. અધિક (વધારે) + ય [નામ બનાવનાર પ્રત્યય)] ન. અધિકતા; વધારેપડતું; બહુપણું.
૨. ન. ઉચ્ચતા; ઉત્તમપણું; શ્રેષ્ઠત્વ; ચડિયાતાપણું.
૩. ન. કોઈ વેપારની બીજથી બજારનું જરૂરિયાત બનાવ્યું; રેલમછેલ.
૪. ન. પુષ્કળપણું; વિપુલતા; અતિશયતા.
૫. ન. ગમતો; લાભ; નફો.
૬. ન. વધારો; ઉમેરણ.
૭. ન. સર્વોપરી સત્તા.

આધિક્યચિહ્ન [સં. આધિક્ય (વધારેપણું) + ચિહ્ન (નિશાની)] ન. અધિકતાની નિશાની; મુદ્રણમાં બોલું એવો અર્થ બતાવવું > આવું ચિહ્ન. આ ચિહ્નનાં બે પાંખિયાં જે બાજુએ હોય તે બાજુની રકમ મોટી બતાવે. જેમકે, ૭ > ૬ એટલે ૭ એ ૬ થી મોટી રકમ છે એવો અર્થ થાય.

આધિગોપ્ય [સં. આધિ (થાપણ) + ગુપ્ (બતાવવું)] ન. બનાવટ મિલકત સાચવવાપણું.

આધિચિકિત્સક [સં. આધિ (માનસિક પીડા) + ચિકિત્સક (ચારબનાર)] વિ. મનના દુઃખનું કારણ શોધનાર.

આધિજ્ઞ ૧. [સં. આધિ (મનનું દુઃખ) + જ્ઞ (જાણનાર)] વિ. દુઃખી; મનની પીડાનો અનુભવ કરનાર.
૨. વિ. વાંકું; વાંસું.

આધિદેવ [સં. અધિ (ઉપરી) + દેવ (દેવતા)] વિ. (હિંદુ) ઇંદ્રિયોનું રક્ષણ કરનાર દેવને લગતું.

આધિદૈવિક [સં. અધિ (ઉપરી) + દેવ (દેવતા) + ઇક (વાળું)] વિ. ઇંદ્રિયોના અધિદેવોને લગતું. જુઓ આધિદૈવિક.

આધિદૈવત [સં. આધિ (માનસિક પીડા) + દૈવત (આકસ્મિક)] વિ. દૈવયોગે આવી પડતી માનસિક પીડા સંબંધી.

આધિદૈવતપક્ષ [સં. આધિ (મનની પીડા) + દૈવત (આકસ્મિક) + પક્ષ (બાજુ)] પું. સુખ અને દુઃખ અકસ્માત આવતાં હોવાનો મત ધરાવનારાં માણસોનો સમૂહ.

આધિદૈવતવાદ [સં. આધિ (પીડા) + દૈવત (આકસ્મિક) + વાદ (મત)] પું. સુખ અને દુઃખ અકસ્માત આવતાં હોવાનો મત.

આધિદૈવતવાદી [સં. આધિ (પીડા) + દૈવત (ઓચિંતું) + વાદ (મત) + ઇન્

(વસ્તુ)] વિ. સુખદુઃખ અકસ્માત આવે છે એમ માનનાર.

આધિદૈવિક ૧. વિ. ઇંદ્રિયોથી બનેલું.

૨. [સં. અધિ (ઉપરી) + દૈવ (દેવતા) + ઇક (લગતું)] વિ. ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવોને લગતું.

૩. વિ. ઈશ્વરરાગ સંબંધી; આધ્યાત્મિક.

૪. વિ. દેવને ઉદ્દેશીને કરેલું.

૫. વિ. નસીબે બનેલું; દૈવકૃત.

૬. [સં. આધિ (માનસિક પીડા) + દૈવ (નસીબ) + ઇક (વસ્તુ)] વિ. ભૂત, પ્રેત વગેરેથી થતું; ગ્રહ, ડાકણ, ભૂત, પ્રેત વગેરેથી બનેલું. સુશ્રુતે સાત પ્રકારનાં દુઃખ બતાવ્યાં છે તેમાંનાં ત્રણ: (૧) શ્રવણગોચર ઔટલે કુદરતી કારણોને લીધે થતું. જેમકે, અરઢ વગેરેનું પડવું, અતિવૃષ્ટિ કરી વગેરે. (૨) દૈવબલકૃત ઔટલે વીજળી પડવી, ઝેર વગરનું વગેરે. (૩) સ્વભાવબલકૃત ઔટલે ભૂખ તરસ લાગવી તે. આ ત્રણ દુઃખ આધિદૈવિક કહેવાય છે.

૭. વિ. વાત, પિત્ત વગેરેને લીધે થતું.

આધિદૈવિકતાપ [સં. આધિદૈવિક (દૈવયોગે બનેલ) + તાપ (દુઃખ)] પું. (વેદાંત) ગ્રહ, રાક્ષસ, દેવ વગેરેથી બનેલ અથવા પવન, વરસાદ, તડકો, ટાઢ, ગરમી વગેરેથી થતું દુઃખ.

આધિદૈવિકહેત્વા [સં. આધિદૈવિક (ઈશ્વર સંબંધી) + હેત્વા] પું. (યોગ) ધારણા કરવાના ત્રણ પ્રકારના હેત્વા બાંહેનો એ નામનો એક.

આધિદૈવિકમાર્ગ [સં. આધિદૈવિક (પરમાર્થિક) + માર્ગ (રસ્તો)] પું. ભક્તિ કરવાનો રસ્તો.

આધિદૈવિકરૂપપુરુષ પું. પુરુષોત્તમ ભગવાન.

આધિદૈવી પું. (પિંગળ) મગણ, ભગણ, યગણ અને નગણ એમ બાર અક્ષરવાળો અગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં દર છઠ્ઠે અક્ષરે વિરામ આવે.

ય મા યા મા છઠ્ઠે યતિ આધિદૈવી.

રઘુપિંગળ

આધિની સ્ત્રી. (સારણી) પરાધીનતા.

આધિપત્ય ૧. [સં. અધિ (ઉપર) + પતિ (ધણી)] ન. અધિકાર; સત્તા.

૨. ન. ઉપરીપણું; ધણીપણું; સ્વામિત્વ.

૩. ન. સાવર્તાપણે રાજ્ય ચલાવવાની રીત; બાકીનું વખતનું એક જાતનું રાજ્યભારણ.

૪. ન. બીજું ભાર પાનારનું પદ; બાપાના વહીવટ કરનાર હોવાપણું.

૫. ન. પટેલાઈ; ચૌધાઈ.

૬. ન. પ્રજાને પાળવી, પોષવી વગેરે રાજાનું કામ.

૭. ન. રાજ્ય; રાજ્ય; 'પ્રિન્સિપૅલિટિ'.

આધિપાલ [સં. આધિ (અમાનત) + પાલ (રક્ષણકાર)] પું. અનામતની રકાની ચોકસાઈ કરનાર અમલદાર.

આધિબંધ [સં. અધિ (ચિંતા) + બંધ (બાંધવું તે)] પું. ચિંતા રૂપ બંધન.

આધિભૂતક [સં. અધિભૂત (જડ વસ્તુ) + ક (લગતું)] વિ. (ન્યાય) આધિભૌતિક; પંચમહાભૂત સંબંધી.

આધિભોગ ૧. [સં. આધિ (માલ) + ભોગ (ઉપભોગ)] પું. વાસ, ઘોડા જેવી બાંધવા મૂકેલી વસ્તુનો ભોગવટો.

૨. [સં. આધિ (મનની પીડા) + ભોગ (ભોગવટો)] પું. માનસિક પીડાના અનુભવ રૂપ ભોગવટો.

આધિભૌતિક ૧. વિ. આ લોક સંબંધી.

૨. વિ. ઇંદ્રિયોના વિષય સંબંધી.

૩. [સં. અધિભૂત (જડ વસ્તુ) + ઇક (વસ્તુ)] વિ. પાંચ મહાભૂત સંબંધી.

૪. વિ. પ્રાણીઓ તરફથી થતું; દુષ્ટ અથવા શરીરધારી તરફથી બનેલું.

૫. વિ. પ્રાણીઓને લગતું; પ્રાણીઓ વિષેનું.

૬. વિ. શારીરિક. સુશ્રુતમાં બોલી અને વીર્યના રોગ અને અભોગ આહારવિહારથી ઊપજેલ આધિઓને આધિભૌતિક બતાવ્યા છે.

આધિભૌતિકતાપ [સં. આધિભૌતિક (શારીરિક) + તાપ (દુઃખ)] પું. (વેદાંત) ચોર, શત્રુ, વીંછી, કૂતરાં, સિંહ, વાઘ, પાડો, પક્ષી, સાપ, જૂ, ડાંસ, મચ્છર, મગર, ઝાડ, પથરા વગેરે સ્થાવરજંગમ જાતનાં જીવથી થતું દુઃખ; આધિભૌતિક દુઃખ.

આધિભૌતિકહેત્વા પું. (યોગ) ધારણા એટલે વિચાર કરવાના ત્રણ પ્રકાર બાંહેનો એ નામનો હેત્વા.

આધિભૌતિકવિજ્ઞાન [સં. આધિભૌતિક (પંચ મહાભૂત સંબંધી) + વિજ્ઞાન (શાસ્ત્રીય જ્ઞાન)] ન. જડ પદાર્થ સંબંધી વિદ્યા.

આધિભૌતિકશાસ્ત્ર [સં. આધિભૌતિક (પંચ મહાભૂત સંબંધી) + શાસ્ત્ર] ન. જડ પદાર્થ સંબંધી વિદ્યા; ભૌતિકશાસ્ત્ર.

આધિભૌતિકશાસ્ત્રાદ્વૈત [સં. આધિભૌતિક (જડાર્થ સંબંધી) + શાસ્ત્ર (વિદ્યા) + અ (નહિ) + દ્વૈત (બેપણું)] ન. શરીર, આત્મા તેમજ જગતની ઉત્પત્તી, સ્થિતિ અને પ્રગતિ એ તે જ પદાર્થ ઉપર આધાર રાખે છે એવો મત; જડ પ્રકૃતિમાં બધી વસ્તુનો સમાવેશ કરવાનો અભિપ્રાય; આખી સૃષ્ટિનું મૂળ એક જડ અને અજ્ઞાન પ્રકૃતિ હોવાનો મત; અદ્વૈતવસ્તુવાદ; અદ્વૈતપ્રકૃતિવાદ; જડાદ્વૈત; અદ્વૈતવાદ; એકતત્ત્વવાદ; 'મોનિઝમ'.

આધિમુક્તિપ્રત્યાખ્યાન [સં. આધિ (માનસિક દુઃખ) + મુક્તિ (છુટકારો) + પ્રત્યાખ્યાન (નહિ જેવું તે)] ન. બીજો છોડાવવાનો હક્ક રદ કરવાપણું.

આધિમુક્તિપ્રત્યાખ્યાયકભાવ [આધિ (અમાનત) + મુક્તિ (છુટકારો) + પ્રત્યાયક (અટકાવનાર) + ભાવ (હક્ક મિલ્કતવાળી માલણી)] પું. બીજો છોડાવવાનો હક્ક રદ કરવાનો ભાવ; તારણમુક્તિપ્રત્યાયકભાવ.

આધિમુક્તિપ્રત્યાયકપ્રાર્થના [સં. આધિ (અમાનત) + મુક્તિ (છુટકારો) + પ્રત્યાયક (અટકાવનાર) + પ્રાર્થના (માગણી)] સ્ત્રી. બીજો છોડાવવાનો હક્ક રદ કરવાની માગણી; આધિમુક્તિપ્રત્યાયકભાવ.

આધિમુક્તિપ્રત્યાયકભાવ [સં. આધિ (અમાનત) + મુક્તિ (છુટકારો) + પ્રત્યાયક (અટકાવનાર) + ભાવ (હક્ક)] પું. બીજો છોડાવવાનો હક્ક રદ કરવાનો ભાવ; આધિમુક્તિપ્રત્યાયકભાવ.

આધિમોચન [સં. આધિ (અમાનત) + મોચન (છુટકારો)] ન. બીજો છોડાવવું તે.

આધિમોચનભાવ [સં. આધિ (અમાનત) + મોચન (છુટકારો) + ભાવ (ભાવ)] પું. બીજો છોડાવવાનો ભાવ.

આધિર્યું [સં. અર્ધ (અરધું) + ઉર્વિ] ન. (કચ્છી) આઠ રૂપિયાની કીમતનું રૂપાનાણું; અર્ધી કોરી.

આધિયો [સં. અભ્યાય] પું. પ્રકરણ.

આધિરથિ [સં. અધિરથ (ધૃતરાષ્ટ્રનો સારથિ)] પું. કર્ણ, કેમકે તેનો પાલક પિતા અધિરથ ધૃતરાષ્ટ્રનો સારથિ હતો.

આધિરાજ્ય [સં. અધિ (ઉપર) + રાજ્ય (રાજની સત્તા)] ન. કુલ ધણીપણું; સર્વોપરી સત્તા; સંપૂર્ણ સ્વામિત્વ; આધિપત્ય.

આધિવિદ્યા [સં. આધિ (માનસિક દુઃખ) + વિદ્યા] સ્ત્રી. મનના રોગ મારવાની વિદ્યા.

આધિવેદન [સં.] ન. બીજ ઓ ઉપર બીજી કરનાર પુરુષે પહેલી ઓને સંતોષવા આપેલું ધન.

આધિવેદનિક [સં. અધિવેદન (પહેલી સ્ત્રી હયાત છતાં બીજી વખત કરેલું પરણેતર) + ઇક (લગતું)] વિ. બીજ ઓ ઉપર બીજી કરનાર

પુરુષે પહેલી સ્ત્રીને સંતોષવા આપેલું. આવી રીતે આપેલું ધન સ્ત્રીધન ગણાય છે.

આધિવ્યાધિ [સં. આધિ (મનની પીડા) + વ્યાધિ (શરીરનું દુઃખ)] સ્ત્રી. મન અને શરીરની પીડા; આધિ અને વ્યાધિ; માનસિક અને શારીરિક દુઃખ.

આધી ૧. પું. અફીણનો રસ; અફીણમાં નામની વનસ્પતિનો રસ.

૨. [સં. અર્ધ] વિ. અરધું.

૩. વિ. અધું અંદર.

૪. વિ. કોમળ; નાજુક.

૫. વિ. સુંવાળું.

આધીઓ પું. (કચ્છી) અર્ધી કોરી.

આધીક પું. ભૂત, પ્રેત વગેરેને કાઢનારો; ભૂવો.

આધીકરણ [સં. આધિ (બીજો મૂકવું તે) + કરણ (કામ)] ન. બદલે મૂકવું તે; ગીરો મૂકવું તે.

આધીકૃત [સં. આધિ (ગીરો) + કૃત (કરેલું)] વિ. બદલે મૂકેલું; ગીરો મૂકેલ.

આધીત ન. અઢારના વિષયોનું જ્ઞાન.

આધીન ૧. [સં. અધીન (વશ)] વિ. અધીન; તાબેદાર; વશ; તાબે. અરબી શબ્દ અધીન છે.

૨. વિ. નમ્ર; દીન; નમનતાવાળું.

૩. વિ. બીજાને આશ્રયે રહેલું; બીજા ઉપર આધાર રાખનારું; આશ્રિત; અનુયાયી.

૪. વિ. વિવશ; લાચાર.

આધીન હોવું = (૧) તાબે રહેવું. (૨) નમ્ર બનવું.

આધીનતા ૧. સ્ત્રી. આશ્રય; વળગણ; સંબંધ.

૨. સ્ત્રી. ગુલામી.

૩. [સં. અધીન (વશ) + તા (પ્રત્ય)] સ્ત્રી. તાબેદારી; પરતંત્રતા; અસ્વાતંત્ર્ય.

૪. સ્ત્રી. નમ્રતા; દીનપણું.

૫. સ્ત્રી. લાચારી; વિવશતા; પરવશપણું.

આધીનતી ૧. સ્ત્રી. અધીનતા; તાબે હોવાપણું.

૨. સ્ત્રી. ગુલામી.

૩. સ્ત્રી. નમ્રતા; નમનતાઈ.

આધીનપણું ન. તાબેદારી. જુઓ આધીનતા.

આધીની ૧. સ્ત્રી. અધીનતા; તાબે હોવાપણું.

૨. સ્ત્રી. ગુલામી.

૩. સ્ત્રી. નમ્રતા; દીનપણું.

૪. સ્ત્રી. લાચારી; વિવશતા.

આધીરાત [સં. અર્ધ (અરધું) + રાત્રિ (રાત)] સ્ત્રી. અધરાત; અધરાત.

આધીલહર [હિં.] સ્ત્રી. અધું ગોલું.

આધુડો (આધુડો) પું. એ નામની એક દેશી રમત. બુચ્ચો બબુલોટબુલો. કેટલેક ઠેકાણે આ રમત પાણીમાં તરતાં તરતાં રમાય છે. તેમાં એક રમનાર હાથમાં પથ્થર અથવા નિશાનીવાળું ઠીકરું લઈ નીભને બતાવી તેને બબુલોટબુલો કહી પૂછે. તેના સાથી 'અમો પડો ક્યાં વેરો' અથવા એવા બીજા શબ્દ કહી જવાબ આપે. એટલે જેવો રમનાર તે પાણીમાં નાખે અને બીજા તે લેવા જાય. જેને હાથ તે ઠીકરું અથવા પથ્થર આવે તે ફરીને તે જ પ્રમાણે બોલી પાણીમાં નાખે અને પાછાં તે લેવા માટે બધાં રમનારામાં દોડાદોડી થાય.

આધુનિક ૧. પું. (જ્યોતિષ) અઠયાસી ગ્રહોમાંનો એ નામનો એક. બુચ્ચો ગ્રહ.

૨. વિ. હોટી વારનું; હાંબો વખત ન ટકે એવું.

૩. વિ. નવીન; તાજું.

૪. [સં. અધુના (હમણાં)] વિ. હમણાનું; હાલનું; વર્તમાનકાળનું; આજકાલનું; સાંપ્રત સમયનું; અર્વાચીન; થોડા વખત ઉપરનું.

આધુનિકતા [સં. આધુનિક (આજ કાલનું) + તા (પ્રત્ય)] સ્ત્રી. હાલનું હોવું તે; અર્વાચીનપણું.

આધુનિકી ૧. સ્ત્રી. (ન્યાય) એક જાતની સરણી.

૨. [સં. આધુનિક (હમણાનું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. હાલની.

આધું [સં. અર્ધ; પ્રા. અદ્ધ] વિ. અરધું; અર્ધ.

આધૂત ૧. [સં. આ (ચોક) + ધૂત (હલાવેલ)] વિ. કંપાવેલ; હલાવેલ; ધ્રુજાવેલ; કંપિત.

૨. વિ. ગભરાયેલ; આકુલ.

૩. વિ. પાગલ; ગાંડું.

આધૂર્તરબ્ધ પું. (પુરાણ) એક રાજાનો બાપ અભૂતરિજા.

આધી [સં. અર્ધ (અરધું)] ન. અધભાગે; અર્ધભાગથી; ઉપભોગમાં લેવા જેવું ધાન અથવા વિવાદું ધાન લાવે તેની ઊપજની કીમત અરધોઅરધ વહેંચી લેવાની શરતે ઢોર ઊછેરવા આપવા તેમ; અધિયાણે.

૧. આધે આપવું–બંધાવવું–મૂકવું = ઉપભોગમાં લેવાય એવું ધાન કે વિવાદું ધાન લાવે અરધી કીમત લાવનારને મળે એવી શરતે બાંધવું, બાંધું કે કોઈ ઢોર કોઈને લાવવા દેવું; અધિયાણે આપવું.

૨. આધે આંધવું–આંધી અવું = અધભાગે આપવું.

આધેક [હિં.] વિ. લગભગ અરધું; અરધા જેટલું.

આધેઠ (આધેડ) ૧. [સં. અર્ધ (અરધું) + વયસ્ (અવસ્થા)] વિ. અરધી ઉમર વટી હોય અથવા બધા આવી હોય એવું; પ્રૌઢ વયનું; પુરુષ ઉમરનું; જુવાની અને મડપણની વચ્ચાવચ્ચ બધાની હોય એટલી ઉમરનું; ૪૦ વર્ષની આસપાસની ઉમરનું.

૨. વિ. પીઢ; ઠરેલ.

૩. વિ. સમજુ; ડાહ્યું.

આધેય ૧. [સં. આ (પાસે) + ધા (મૂકવું)] ન. આશ્રયસ્થાનમાં આશ્રયાર્થે મૂકાયેલું.

૨. ન. જેનું પ્રતિબિંબ પડયું હોય તે ચીજ.

૩. ન. રેસા પર રહેલી બીજી આધારસ્થિત વસ્તુ.

૪. વિ. આધાર આપવા જેવું; ટેકો દેવા લાયક.

૫. વિ. આશ્રયમાં રહેલ.

૬. વિ. આપણે મૂકવા જેવું.

૭. વિ. પોષ કરવા લાયક.

૮. વિ. મૂકવા જેવું; સ્થાપન કરવા લાયક.

૯. વિ. રાખવા લાયક.

આધેયાર્થ ૧ ન. ઉપભોગમાં લેવાય એવું ધાન કે વિવાદું ધાન લાવે તેની ઊપજની કીમત અરધોઅરધ વહેંચી લેવાની શરતે લાવવા આપેલ ઢોર; અધિયાણે ઢોર.

આધેયાર્થ નથી અમ સાથે, કે નથી અમલ કે પોટ.
એક બે દહાડા ચોરસ્કે, તેમાં હાની આવે ચોટ.
નરસિંહ

૨. વિ. આપ્યા લાવે કેરવનારું; અધવાર્યું.

આધે [સં. આધાર] પું. પ્રકરણ; બાબિયો.
જો લાગત જો ગીતા, આધે ન અવરુ કુલ રીત.
રામાનંદ

આધોઆધ [સં. અર્ધ + અર્ધ] ન. બરાબર બે ભાગમાં; અરધોઅરધ.

આધોઢ વિ. આધેડ; પ્રૌઢ વયનું.

આધોડું (આધોડું) ન. (ગામ) અરેબ ઢોરનું અધું ગામડું.

આધોડાહ્યો પું. અરધો ડાહ્યો; ભેતરમાં જેટલો ડાહ્યો પણ તે માફકનો અરધો ભાગ.

આધોરક્ષ [સં.] પું. બાબતમાં બધીનો હાંકનાર; કાર્યવાન.

આધોરક્ષિ ઈ આવી રાખી. ભાલણ

આધોવાઝો વિ.પું. ભાર વહેનારો; ગાડાં વગેરે લાવે કેરવનારો.

આધોંઆધ ૧. [હિં.] ન. એક જાતનું ગાદું, જેમાં એક વસ્તુને બદલે બીજી વસ્તુ અરધી બધાય.

૨. જ. અરધોઅરધ.
આધોઆધ કરવું = અરધા ભાગ પાડવા.

આધ્માત ૧. [સં. આધ્મા (ફૂલવું)] પું. આફરો; પેટમાં ચડતો ગોળો.
૨. ન. ઢાલ; બળવાપણું; બળતરા.
૩. ન. મુદ્દો; લડાઈ.
૪. ન. શબ્દ; અવાજ.
૫. વિ. અહંકારી; અભિમાની.
૬. વિ. આફરાના રોગવાળું.
૭. વિ. પવનથી ભરેલું; ધમેલું; ફુલાવેલ.
૮. વિ. બળેલ.
૯. વિ. વધારેલું; મોટું કરેલું.
૧૦. વિ. શબ્દવાળું; અવાજવાળું.
૧૧. વિ. સળગાવેલું; બાળેલ.

આધ્માન ૧. [સં. આધ્મા (ફૂલવું)] પું. પેટનું ફૂલવાપણું; આફરો; કબજિયાત, ઝાડો, મરડો, અજીર્ણ, ચૂંક અને બીજા કેટલાએક પેટના રોગમાં વાયુનો ભરાવો થઈ આંતરડાં ફૂલીને પેટનું ઊપસી આવવું. કોઈ વાર તે ઓટલું તો ચડી આવે ને તે ઠોકવાથી ઢોલની માફક વાગે અને સાથે ચામડાદ, શ્વાસનું ફેફાવું, બેચેની વગેરે જણાય.
૨. ન. અગ્નિના સંયોગથી થતો એક જાતનો અવાજ.
૩. ન. ગર્વ; અહંકાર.
૪. ન. ધમવાનું કામ.
૫. [સં. આ (ઓછું) + ધ્મા (અગ્નિ પેઠે બળવું)] ન. ઓછું કરવું, રાઢકરવું અને કાળું કરવું એ બધુ જાતનાં ઝેર. જઠરમાં અનાજ બરાબર પચેલું હોય તેને તે પૂરું પચી આવે છે, માટે તેને આધ્માન કહે છે.
૬. ન. સુથારની ધમણ.
૭. ન. વધારો; વૃદ્ધિ.
૮. ન. વિસ્તાર; ફેલાવો.

આધ્માની સ્ત્રી. નદિકા નામની એક સુગંધી વસ્તુ.

આધ્ય ૧. સ્ત્રી. આધિનું કવિતામાં વપરાતું રૂપ.
૨. [સં. આ (પાસે) + ધા (મૂકવું)] સ્ત્રી. થાપણ.
ઘાવ્યા મું પાછી આપવાને,
એક કરવું ને બીજા લાવી;
પત્નીપતિ એ આધ્ય મારો રખમ,
ઉલ્લે ખારે ચહું મું પાવી.
ભંડોરી સંવાદ

આધ્યક્ષ્ય ૧. [સં. અધિ (ઉપર) + અક્ષ (આંખ)] ન. અધિષ્ઠાતાપણું.
૨. ન. અધ્યક્ષપણું.
૩. [સં. અધિ (પાસે) + અક્ષ (આંખ)] ન. નજરોનજર હોવાપણું; પ્રત્યક્ષપણું.

આધ્યા ૧. સ્ત્રી. આધુરતાથી યાદ કરવાપણું.
૨. [સં. આધ્યૈ (વિચારવું)] સ્ત્રી. ચિંતન.
૩. [હિં.] સ્ત્રી. બી પૂરું પામનાર અને મહેનત કરનાર વચ્ચે પાકની સરભેળાએ વહેંચણી.
૪. સ્ત્રી. લોઢાણાની એક અટક.
૫. સ્ત્રી. સંભારવું તે; યાદ કરવાપણું.
૬. ન. લોઢાણાની એ નામની અટકનું માણસ.
૭. વિ. લોઢાણાની એ નામની અટકનું.

આધ્યાત્મ [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ)] ન. એકસો આઠ મંત્રિનું એ નામનું ઉપનિષદ. જુઓ ઉપનિષદ.

આધ્યાત્મજ [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + જ (પેદા થયેલ)] સ્ત્રી. બહવિદ્યા.

આધ્યાત્મવિદ્યા [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + વિદ્યા] સ્ત્રી. આત્મા સંબંધી ઊંચું જ્ઞાન.

આધ્યાત્મવિદ્યાવેત્તા [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + વિદ્યા + વેત્તૃ (જાણનાર)] પું. આત્મા સંબંધી ઊંચું જ્ઞાન ધરાવનાર માણસ.

આધ્યાત્મિક ૧. [સં. અધિ (સંબંધી) + આત્મન્ (આત્મા) + ઇક (વાળું)] વિ. અતિભૌતિક; જીવના તત્ત્વ સંબંધી.
૨. વિ. જીવ સંબંધી.
૩. વિ. જ્ઞાનથી ભરેલ.
૪. વિ. પવિત્ર; ધાર્મિક.
૫. [સં. અધિ (સંબંધી) + આત્મન્ (બ્રહ્મ) + ઇક (વાળું)] વિ. બ્રહ્મ સંબંધી; પરમાત્માને લગતું.
૬. વિ. મનના ભાવ સંબંધી.
૭. [સં. અધિ (સંબંધી) + આત્મન્ (મન) + ઇક (વાળું)] વિ. માનસિક; મન સંબંધી; મનથી થયેલું. દુઃખ ત્રણ જાતનાં છે: આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક. આધ્યાત્મિક દુઃખ બે જાતનાં છે: શરીરને લગતાં એટલે વાતપિત્તથી થતાં અને મનને લગતાં એટલે કામ, ક્રોધ વગેરેથી થતાં.

આધ્યાત્મિકઆયતન [સં. આધ્યાત્મિક (આત્માનું) + આયતન (ઠેકાણું)] ન. (જૈન) આત્માનું રહેવાનું ઠેકાણું. આંખ, કાન, નાક, જીભ, શરીર અને મન એ છ આધ્યાત્મિકઆયતન છે.

આધ્યાત્મિકઉન્નતિ [સં. આધ્યાત્મિક (આત્માનું) + ઉન્નતિ (ચડતી)] સ્ત્રી. આત્માની ઊંચી અવસ્થા.

આધ્યાત્મિકજ્ઞાન [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + ઇક (વાળું) + જ્ઞાન] ન. જીવના અસલ રૂપને લગતું વેદાંત જ્ઞાન.

આધ્યાત્મિકતા [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + ઇક (વાળું) + તા (પણું)] સ્ત્રી. આત્મા સંબંધી હોવાપણું; આત્મવિષયકતા; પારમાર્થિકતા.

આધ્યાત્મિકતાપ [સં. આધ્યાત્મિક (માનસિક) + તાપ (દુઃખ)] પું. શરીર અને મનને લીધે થતી પીડા; મન, આત્મા, કે વગેરેને પીડા કરનારું દુઃખ. જેમકે, રોગ, મોહ, તાવ. જુઓ આધ્યાત્મિક ૭.

આધ્યાત્મિકદુઃખ [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + ઇક (વાળું) + દુઃખ (પીડા)] ન. મનનું દુઃખ. જુઓ આધ્યાત્મિકતાપ.

આધ્યાત્મિકદેશ પું. (યોગ) વિચાર કરવાના નવ દેશ પૈકીનો એક દેશ એટલે શરીરનો ભાગ.
શરીરમાંનાં પૃથ્વી, જલ, તેજસ, વાયુ ને આકાશ એ પાંચ તત્ત્વો તથા નાસિકાગ્ર, ભ્રૂમધ્ય, આધારચક્ર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, બ્રહ્મચક્ર, (સહસ્રદલ), હૃત્પદ્મ, કંઠકૂપ, જિહ્વાનો અગ્રભાગ, જિહ્વાનો મધ્યભાગ, જિહ્વામૂલ, તાલુ, નેત્ર, મૂર્ધાની ઉપર દ્વાદશ આંગળપ્રદેશ, શ્વાસનો ચમોદ્ભવ, આત્મવાદ, સ્વપ્નનું ને નિદ્રાનું જ્ઞાન તથા શરીરાભિન્ન ચૈતન્ય એ આદિ જે શરીરના દેશ છે તે આધ્યાત્મિકદેશ કહેવાય છે. યોગકૌસ્તુભ

આધ્યાત્મિકપક્ષઘાત [સં. આધ્યાત્મિક (આત્માનું) + પક્ષ (બાજુ) + ઘાત (નાશ)] પું. આત્મા સંબંધી જ્ઞાનનો નાશ.

આધ્યાત્મિકબ્રહ્મચર્ય [સં. આધ્યાત્મિક (માનસિક) + બ્રહ્મચર્ય (ઇંદ્રિય ઉપરનો કાબૂ)] ન. શારીરિક તેમ જ માનસિક રીતે ઇંદ્રિય ઉપર રખાતો કાબૂ.

આધ્યાત્મિકવાયુ [સં. આધ્યાત્મિક (આત્માનું) + વાયુ] પું. જીવ ટકાવી રાખનાર વાયુ; પ્રાણવાયુ.

આધ્યાત્મિકવિજ્ઞાન [સં. આધ્યાત્મિક (આત્મા સંબંધી) + વિજ્ઞાન (વિશેષ જ્ઞાન)] ન. આત્મતત્ત્વ સંબંધી વિશેષ જ્ઞાન. જુઓ આધ્યાત્મિકવિદ્યા.

આધ્યાત્મિકવિદ્યા [સં. આધ્યાત્મિક (આત્માનું) + વિદ્યા] સ્ત્રી. આત્મતત્ત્વ સંબંધી વિજ્ઞાન; આત્મવિદ્યા; પરમાર્થશાસ્ત્ર; આત્મતત્ત્વશાસ્ત્ર.

આધ્યાત્મિકશાસ્ત્ર [સં. અધિ (સંબંધી) + આત્મન્ (જીવ) + શાસ્ત્ર (વિદ્યા)]

ન. બ્રહ્મમીમાંસા; અધ્યાત્મશાસ્ત્ર. જુઓ આધ્યાત્મિકવિદ્યા.

આધ્યાત્મિકશૌર્ય [સં. આધ્યાત્મિક (બ્રહ્મનું) + શૌર્ય (બહાદુરી)] ન. કોઈની ટીકાની દરકાર નહિ કરતાં પોતાના સત્ય સિદ્ધાંતને વળગી રહેવાની બહાદુરી; નૈતિકબલ; નીતિધૈર્ય; લોકનિર્ભીતા.

આધ્યાન ૧. [સં. આધ્યૈ (ચિંતન કરવું)] ન. આતુરતાથી યાદ કરવું તે.
૨. ન. ચિંતા; ફિકર.
૩. ન. મનન; ધ્યાન; વિચાર; ચિંતન.
૪. ન. સમાધિ.

આધ્યાપક [સં. અધિ + ધ્યા (અભ્યાસ કરવો) નું પ્રેરક રૂપ] પું. શિક્ષક; ભણાવનાર; અધ્યાપક.

આધ્યાયિક ૧. [સં. અધિ + ધ્યા (જવું) નું પ્રેરક રૂપ] પું. વેદ ભણેલ માણસ.
૨. વિ. વેદના અભ્યાસમાં રોકાયેલ.

આધ્યાસિક [સં. અધિ (અંદર) + આસ (બેસવું)] વિ. એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં ભ્રમથી આરોપવાથી થતું; અધ્યાસથી કલ્પેલું. જેમકે, છીપમાં રૂપાની કલ્પના.

આધ્રં ૧. [સં.] પું. આધાર.
૨. વિ. ભરીબ; નબળું.

આધ્રકણ ન. મેળવણ; આખરણ; દૂધ જમાવવાને માટે વપરાતો ખાટો પદાર્થ; આખરણ.

આધ્રકવું ૧. સ. ક્રિ. જમી જવું; મળી જવું.
૨. સ. ક્રિ. દહીં બનાવવા સારૂ દૂધમાં મેળવણ મેળવવું; મેળવવું; જમાવવું.

આધ્રખવું સ. ક્રિ. જમી જવું. જુઓ આધ્રકવું.

આધ્રિકણ ન. મેળવણ. જુઓ આધ્રકણ.

આધ્રિકવું સ. ક્રિ. જમી જવું. જુઓ આધ્રકવું.

આધ્વનિક ૧. [સં. અધ્વન્ (રસ્તો) + ધ્ય (જવું) + ક (વાળું)] વિ. મુસાફરી કરતું; વાટકાર.
૨. વિ. રસ્તો બતાવનાર; માર્ગમાં કુશળ; ભોમિયું.

આધ્વરિક ૧. [સં. અધ્વર (યજ્ઞ) + ધ્ય (વાળું)] પું. યજ્ઞ કરવાની વિધિ બતાવનાર પુસ્તક; યજ્ઞ આખ્યાનનો ગ્રંથ.
૨. પું. યજ્ઞ કરાવવાની ક્રિયા જાણનાર પુરુષ; પુરોહિત.
૩. વિ. યજ્ઞના મંત્રને જાણનાર; યજ્ઞને લગતાં પુસ્તકોનો અભ્યાસી.
૪. વિ. યજ્ઞની વિધિ જાણનાર.

આધ્વર્યવ ૧. [સં. અધ્વર (યજ્ઞ) + ધ્ય (મેળવવું)] ન. અધ્વર્યુએ કરવાનું કામ.
૨. ન. અધ્વર્યુનો હોદ્દો.
૩. ન. અધ્વર્યુપણું.
૪. વિ. અધ્વર્યુ સંબંધી; અધ્વર્યુને લગતું; અધ્વર્યુનું.
૫. વિ. યજુર્વેદ સંબંધી.
૬. વિ. યજુર્વેદમાં હોંશિયાર; યજુર્વેદ સારી રીતે જાણનાર.

આન ૧. પું. કબજો.
૨. [સં. અન્ (શ્વાસ લેવો)] પું. પ્રાણવાયુને નસકોરામાંથી બહાર કાઢવાની ક્રિયા; નાકથી શ્વાસ મૂકવાપણું.
૩. પું. ફેંગ, ઝિલ.
૪. [હિ.] પું. બહાનો; દેખાવ.
૫. પું. મુખ; મોઢું.
૬. પું. વિજયપ્રાપ્તિ, કૃતેહની ખુમ.
૭. પું. શ્વાસ લેવો તે.
૮. પુ. (વજ) સ્પર્ધા; હોડ.
૯. સ્ત્રી. અભિમાન; ગર્વ.
૧૦. સ્ત્રી. આણ; પ્રતિજ્ઞા.
આન આનવી = (૧) બીજાનું અહિતાકાંક્ષાપણું કબૂલ કરવું; આણ માનવી. (૨) હારવું.
૧૧. સ્ત્રી. ઓન; ઉપજાત; આવક.
૧૨. [ફા.] સ્ત્રી. ઘડા; બાંધણી; ઢાળભાત.
૧૩. સ્ત્રી. દાઢ; ઢબ.
૧૪. [હિં.] સ્ત્રી. તીવ્ર ઇચ્છા.
૧૫. સ્ત્રી. પળ; ક્ષણ.
૧. આન કી આન મેં = એક સેકંડમાં; પળમાં; ક્ષણમાં.
૨. આન પડવું = (૧) આવી પડવું. (૨) ઉપર પડવું. (૩) નસીબમાં હોવું.
૩. આન બનવું = મુશ્કેલીમાં કસાઈ જવું.
૪. આન મલવું = સંબંધમાં આવવું.
૫. આન રહેવું = (૧) નીચે પડવું. (૨) વસવું.
૬. આન લેવું = પકડવું.
૧૬. [સં. અવધિ] સ્ત્રી. મર્યાદા; સીમા; હદ.
૧૭. સ્ત્રી. રીત; ઢંગ.
આન તોડવી = (૧) વિચાર તોડવો. (૨) વચનભંગ થવું.
૧૮. સ્ત્રી. લાજ; શરમ.
૧૯. સ્ત્રી. હુકમ; આજ્ઞા.
૨૦. સ્ત્રી. નાક.
૨૧. સ્ત્રી. કૂંકવાની ક્રિયા.
૨૨. સ્ત્રી. સોગન; કસમ.
૨૩. સ્ત્રી. તે.
૨૪. [સં. અન્ય (બીજું)] વિ. બીજું; અન્ય.
ઉદયપુરી આને અપસરા રે,
એહની નહીં કોઈ આન રે. નિષ્કર્ષ
૨૫. અ. આપીને.
૨૬. [હિં.] અ. સુધુમાં; ઓકટમ.
૨૭. અ. સોગનપૂર્વક.

આનક ૧. [સં. આનદ્ (ઉમંગ બતાવવું)] પું. ઢોલ; નગારું; નરસું; પટહ; દુંદુભિ. તે એક બાજુ વગાડી શકાય છે, અને યુદ્ધમાં લડવૈયાને ઘણ ચઢાવે છે.
રાખ ભેરી આનક ગરજટે. ઇસરાજ
૨. પું. વાયેલા વંશનો એ નામનો મૂળ પુરુષ; અર્બુદરાજ. આરાસણની ઉર્ફે વાયેલા (વામની ગુફા) તેમની રાજધાની હતી. આ ગામ તેને કુમારપાળ રાજાએ આપ્યું હતું.
૩. પું. (પુરાણ) સોમવંશી યદુકુળમાં જન્મેલ શૂર રાજાને મારીષાથી થયેલા દશ દીકરામાંનો ચોથો.
૪. પું. ગર્જતું વાદળ; ગાજતો મેઘ.
૫. વિ. ઉત્સાહ આપનાર.

આનકદુંદુભિ ૧. [સં. આનક (ઉત્સાહ આપનાર) + દુંદુભિ (નગારું)] પું. વસુદેવ; શ્રીકૃષ્ણના બાપ, જેમણે જ્યારે વસુદેવ જન્મ્યા ત્યારે દેવતાઓએ નગારાં બજવ્યાં હોવાનું કહેવાય છે.
૨. સ્ત્રી. મોટું નગારું.

આનકદુંદુભી સ્ત્રી. મોટું નગારું.

આનકવાદ્ય [સં. આનક (નગારું) + વાદ્ય (વાજું)] ન. ઢોલ; પટહ; નરસું.

આનકસ [ફા.] પું. તે માણસ.

આનકરથલી સ્ત્રી. એ નામનો એક દેશ.

આનકર્ષ પું. એ નામનો એક મુનિ.

આનખશિખ [સં. આ (સુધી) + નખ + શિખા (ચોટલી)] અ. પગથી માથા સુધી.

આનગાહ [ફા.] અ. તે વખતે.

આનજાનાં [ફા.] અ. જેમ તેમ.

આનચે [ફા.] સ. તે જે.

આનજા [ફા.] અ. ત્યાં.
અત્ર આનજા = ત્યાંથી.

આનત ૧. [સં. આ (થોડું) + નત (નમેલ)] ન. હાળ; ઉતાર.
૨. ન. (જૈન) નવમું દેવલોક.
૩. વિ. આનંદી.
૪. વિ. તાબેદાર; કબજાનું.
૫. વિ. નમન કરનાર.
૬. [સં. આ [બધારે) + નત (નમેલ)] વિ. વાંકું વળેલું; ઘાવું નમેલ; પ્રણામ કરેલ; નીચા મુખવાળું.
૭. વિ. વિનયી; અતિ નમ્ર.

૮. વિ. સંતોષી.

આનતજ [સં. આનત (નમવું દેવલોક) + જ (પેદા થયેલ)] પું. (જૈન) નવમા દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ.

આનતા પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, નગણ, રગણ, રગણ અને ગુરુ મળી ૧૩ અક્ષર આવે છે.

ભા ના રા ર ગ મળી રચો આનતા તો.

રઘુપિંગળ

આનતાન ૧. [અન્ય (બીજું) + તાન (આલાપ)] સ્ત્રી. (હિંદી) અંઠંગ વાત; સંબંધ વગરની વાત.

૨. સ્ત્રી. મર્યાદા.

૩. સ્ત્રી. હદ; છેવટ; રેઢ.

આનતિ ૧. સ્ત્રી. આનંદ.

૨. [સં. આ (સહેજ) + નમ્ (નમવું)] સ્ત્રી. ઢાળ.

૩. સ્ત્રી. નમન; પ્રણામ; નમસ્કાર; નમવું તે.

૪. સ્ત્રી. નમ્રભાવ; નમતા.

૫. સ્ત્રી. નીચું નમવાપણું.

૬. સ્ત્રી. (ન્યાય) પગાર આપી કે ખરીદ કરી વશમાં લાવવાપણું.

૭. સ્ત્રી. મહેમાનગતિ; આતિથ્ય.

૮. સ્ત્રી. માન; પૂજ્યભાવ.

૯. સ્ત્રી. વાંક; વક્રતા.

૧૦. સ્ત્રી. સંતોષ.

આનતિકર [સં. આનતિ (પ્રણામ) + કર (કરનાર)] વિ. નમન કરનાર.

આનતિપ્રદેશ [સં. આનતિ (ઢોળાવ) + પ્રદેશ] પું. ઢળતો મુલક; નીચાણની જમીન; ઢોળાવ કે તળેટીનો મુલક.

આનદ્ધ ૧. પું. (પિંગળ) રગણ, નગણ, સગણ, તગણ અને મગણ મળી પંદર અક્ષરવાળો અતિશર્કરીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં દશમે અને પંચમે અક્ષરે યતિ આવે છે.

રા ન સા ત મ દશ અને છે, પાંચ આનદ્ધે.

રઘુપિંગળ

૨. ન. નામથી બંધેલું વાજું; ઢોલક; પુષ્કર; નરમું.

૩. વિ. ગૂંથેલ; આંટી મારીને સાંકળેલું.

૪. વિ. બાંધેલ; બંધથી જકડેલું.

૫. વિ. મઢેલું.

૬. વિ. બાંધ; ફેલાયેલું.

આનન ૧. સ્ત્રી. હુકમ; આજ્ઞા.

૨. ન. મહેરો; વદન.

આનન આરંભ હલન વદન, વક્ત્ર તુંડ ઠળી ધામ; મુખની સોબા જોઈને, લાજત કોટિક કામ.

પિંગળપ્રકાશ

૩. ન. પુસ્તકનો ભાગ; પ્રકરણ.

૪. ન. મોં; મુખ; મોઢું.

આનનઅંબુજ ૧. [સં. આનન (મોઢું) + અંબુજ (કમળ)] ન. મુખકમળ; કમળ જેવું સુંદર મોઢું.

૨. વિ. કમળના જેવા સુંદર મોઢાવાળું.

આનનકંજ [સં. આનન (મોઢું) + કંજ (કમળ)] ન. મુખકમલ; કમલ જેવું સુંદર મોઢું.

આનનફાનન ૧ [અ.] ક્રિ. વિ. ઝટપટ; ઉતાવળ.

૨. ક્રિ. વિ. (પ્રાસ) ભોંતભોંતામાં; વાતવાતમાં; બબ્બેના પલકારામાં.

આનનમૂષક પું. (પિંગળ) અતિજગતીની જાતનો ભગણ, તગણ, યગણ, સગણ અને ગુરુ મળી ૧૩ અક્ષરવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

આનનમૂષે ભા ત ય સ ગા. રઘુપિંગળ

આનપત્ય [સં. અન્ (નહિ) + અપત્ય (સંતાન)] ન. બાળકનો અભાવ; સંતાન ન હોવાપણું; વાંઝિયાપણું.

આનપાન [સં. અન્ન (ખોરાક) + પાન (પીવાની ચીજ)] ન. ખાવું પાતળું ખાવું.

આનબાન ૧. [ફા.] સ્ત્રી. ગર્વ; અભિમાન.

૨. સ્ત્રી. નખરાં; ગર્વભરી ચેષ્ટા; ઠસ્સો.

૩. સ્ત્રી. લપકો.

૪. સ્ત્રી. રીત; ઢાઠમાઠ.

આનભિનાન પું. કાળજી; ચીવટ.

આનમન [સં. આ (સહેજ) + નમન (નમવું તે)] ન. નીચા વળી કરાતા નમસ્કાર; સારી રીતે નમવું તે.

આનમાન ૧. પું. માન; આદર.

આનમાનસે = આનથી; આદરભાવથી.

૨. [સં. અન્ (નહિ) + અન્ (ખરચું)] વિ. ખોટું; મનાય નહિ તેવું.

આવશે આપીન તુને પ્રીત હોય પરથી,
આનમાન વાત અનુમાનની તું એહની.

દયારામ

આનમિત ૧. વિ. અનુકૂળ કરેલ.

૨. [સં. આ (સહેજ) + નમ્ (નમવું) + ઇત (સ્વાર્થનો પ્રત્યય)] વિ. નમાવેલ.

આનમ્ય ૧. વિ. ઢળાની અસર થાય એવું.

૨. [સં. આ (મોઢું) + નમ્ (નમવું) + ય (જેવું)] વિ. નમાવવા લાયક.

૩. વિ. વળે એવું; નરમ.

આનમ્ર [સં. આ (સહેજ) + નમ્ (નમવું)] વિ. જરા નમેલું.

આનય ૧. પું. જનોઈ દેવ.નો વિધિ.

૨. [સં. આ (ઊલટાવવાના અર્થવાળો ઉપસર્ગ) + नी (લઈ જવું)] પું. લાવવાપણું.

આનયન ૧. [સં. આ (ઊલટાવવું બતાવનાર ઉપસર્ગ) + नी (લઈ જવું) + अन (નામ બતાવનાર પ્રત્યય)] ન. આણવું તે; લાવવાપણું.

૨. [સં. આ (વાક્ય) + નયન (લઈ જવું તે)] ન. જનોઈ દેવાનો વિધિ; ઉપનયન સંસ્કાર; યજ્ઞોપવિતની ક્રિયા.

આનયનપ્રયોગ [સં. આનયન (લાવવાપણું) + પ્રયોગ (ઉપયોગ)] પું. (જૈન) નકી કરેલ હદની બહાર રહેલી ચીજ સંદેશાથી બીજા પાસે મંગાવવી તે; બોલવાના દોષોમાં દેવાવકાશિક વ્રતનો એક અતિચાર એટલે દોષ.

આનર્ત ૧. પું. આનર્ત દેશનો માણસ.

૨. પું. આનર્ત દેશનો રાજા.

૩. પું. એ નામનો એક ચંદ્રવંશી રાજા.

૪. પું. કાઠિયાવાડનું જૂનું નામ.

૫. પું. દ્વારકાનગરી.

૬. પું. નામ; નામવું તે.

૭. [સં. આ (ઉપર) + नृत् (નાચવું)] પું. નૃત્યસ્થળ; રંગભૂમિ; નાટકશાળા; નાચઘર.

૮. પું. ભારતવર્ષનો એ નામનો એક દેશ. ઉદ્દપ્રસ્થની ઉત્તર અને પશ્ચિમ બંને દિશાએ તે આવેલો હોવાથી તેના બે વિભાગ કહેવામ છે.

૯. પું. યુદ્ધ; લડાઈ.

૧૦. પું. રસ.

૧૧. પું. વડનગર અને તેની આસપાસનો મુલક; ગુજરાતનો ઉત્તરનો ભાગ.

૧૨. પું. વૈવસ્વત મનુનો પૌત્ર અને શર્યાતિનો દીકરો. આ સૂર્યવંશી રાજાના નામ ઉપરથી ગુજરાતના કેટલાક ભાગનું નામ આનર્ત પડ્યું હોય, કેમકે તેનો દીકરો રેવત કુશસ્થલી અથવા દ્વારકા નામના રાજધાનીના શહેરમાં રહીને આખા આનર્ત ઉપર રાજ કરતો હતો. આનર્તનું મુખ્ય શહેર દ્વારકા હતું. પાછળથી વલભી તામ્રપત્રોમાં વડનગરને આનર્તપુર કહ્યું હોવાથી વિદ્વાનોના ધારવા પ્રમાણે કાઠિયાવાડ સહિત આખો ગુજરાત તે વખતે આનર્ત કહેવાતો હશે અને આનર્તનો એક ભાગ કાઠિયાવાડ અથવા સૌરાષ્ટ્ર હતો.

૧૩. ન. બહોતના અખાત ઉપર થોડે દૂર આવેલું એક પુરાણું શહેર.

૧૪. ન. પાણી; જળ.

૧૫. વિ. નામનાર; તુલ્ય કરનાર.

આનર્તક ૧. જુ. દ્વારકા.
૨. [સં. આનર્ત (એ નામનો એક દેશ) + ક (વાળું)] વિ. આનર્ત દેશનું.
૩. [સં. આ (ઉપર) + નૃત્ (નાચવું) + ક (સંબંધી)] વિ. નાચનાર; નૃત્ય કરનાર.

આનર્તદેશ [સં. આનર્ત (સૌરાષ્ટ્ર) + દેશ] પું. કાઠિયાવાડ; સૌરાષ્ટ્ર.

આનર્તનગરી [સં. આનર્ત (સૌરાષ્ટ્ર) + નગરી (શહેર)] સ્ત્રી. દ્વારકા. જુઓ આનર્તપુર.

આનર્તપુર ૧. [સં. આનર્ત (સૌરાષ્ટ્ર) + પુર (શહેર)] ન. કાઠિયાવાડની પુરાણી રાજધાનીનું શહેર દ્વારકા.
૨. ન. વડનગર. ઉત્તર ગુજરાતની રાજધાની આનર્તપુર હતું. પાછળથી આનર્તપુરનું આનંદપુર ને હાલ વડનગર નામ પડ્યું છે.

આનર્ત્ત ૧. પું. કાઠિયાવાડનું પ્રાચીન નામ. જુઓ આનર્ત.
૨. પું. ગુજરાત અને માળવાના અમુક પ્રદેશનો બનેલો મુલક. કુશસ્થળી એટલે હાલનું દ્વારકા એની રાજધાની હતી.

આનર્ત્તપુર ૧. ન. ઉત્તર ગુજરાતની પ્રાચીન રાજધાની. તે ઉપરથી આનંદપુરને હાલ વડનગર કહેવાય છે.
૨. [સં. આનર્ત્ત (સૌરાષ્ટ્ર) + પુર (શહેર)] ન. દ્વારકા.

આનર્ત્તીય [સં. આનર્ત્ત (એ નામનો દેશ) + ઈય (વાળું)] વિ. આનર્ત્ત દેશનું; આનર્ત્તમાં બનેલું.

આનર્થક્ય [સં. અન્ (નહિ) + અર્થ (હેતુ) + ક (વાળું) + ય (ભાવ જણાવનાર પ્રત્યય)] ન. નિરર્થકતા; અનર્થકપણું.

આનલ્ય ન. શરીરનાં ૫૬ અંગમાંનું બીજું. શૈવતંત્રમાં જણાવેલ છ અંગ: પાર્થિવ, આપ્ય, આનલ, વાયવ્ય, નાભસ અને માનસ.

આના. નૈ. પું. આનક નંબર; બીજી કેમેરીમાંથી આવેલ પ્રકાશના આંકનું ટૂંકું રૂપ. આ ૧૫ તુમારમાં વપરાય છે.

આનંતર્ય [સં. અન્ (નહિ) + અંતર (બીજું) + ય (ભાવ જણાવનાર પ્રત્યય)] ન. તરત હોવાપણું; વચ્ચે જગ્યા ન હોય એવું નજીક હોવું તે; અંતરરહિતપણું.

આનંત્ય ૧. [સં. અન્ (નહિ) + અંત (છેડો) + ય (ભાવ જણાવનાર પ્રત્યય)] ન. છેડો ન હોવાપણું; અનંતપણું; અપારતા.
૨. ન. પરલોકનું સુખ; સ્વર્ગીય આનંદ.
૩. ન. મર્યાદા વગરનું હોવાપણું.
૪. ન. વખત, જગ્યા અને સંખ્યામાં અંતરહિતપણું.
૫. ન. શાશ્વતતા; નિત્યતા; નાશરહિતપણું.
૬. ન. સ્વર્ગ; ઉપલો લોક.

આનંદ ૧. પું. અદ્‌ભુત વસ્તુ પ્રત્યેનો પ્રેમ; હેતુકપ્રેમ.
૨. પું. અંતઃકરણની પ્રસન્ન સ્થિતિ. આનંદ પાંચ જાતના હોય છે: આત્માનંદ, બ્રહ્માનંદ, વિષયાનંદ, વિદ્યાનંદ અને યોગાનંદ.
અનંદં પરમં સુખમ્ = આનંદ એ જ મોટામાં મોટું સુખ છે.
૩. પું. એક પાર્થિવતત્ત્વ દેવતાનું નામ.
૪. પું. (જૈન) આયુ અવસર્પિણી બેટલે જેમાં સુખ, ધર્મ, આયુષ્ય ઓછાં થતાં જાય એવા ઊતરતા ક્રમના બે નામના છઠ્ઠા અવસર્પિણ.
૫. પું. (પિંગળ) દંડકની જાતનો ૨૮ ગુરુ અને ૮ લઘુ મળી ૩૬ અક્ષરવાળો અર્ધ સમમાત્રિક છંદ.
૬. પું. બ્રહ્મા તેજસ્તત્ત્વ દેવતાઓનો એક. જુઓ તેજસ્તત્ત્વદેવતા.
૭. પું. શુદ્ધ શાલ્મલિનો ચિતાર્થ આર્ય.
૮. પું. બૃહસ્પતિ સંવત્સરનું ૪૮મું વર્ષ.
૯. પું. બ્રહ્મા; પરમાત્મા; પરમેશ્વર, કેમકે તે આનંદસ્વરૂપ છે અને જેમાં પવિત્ર માણસોને આનંદ આપે છે.
૧૦. પું. અક્ષરવા શુક્ર બૌદ્ધને દિવસે જમણા હાથની હોથી ઉપર બાંધવાનો રેશમી દોરો; અનંતદોરો.
૧૧. પું. મન પ્રસન્ન રહે એવો એક યોગ.
૧૨. પું. મોટો ઉત્સવ.
૧૩. પું. વિષ્ણુ. સુખ, મનનો હર્ષ, ઉલ્લાસ, અને આનંદમૂર્તિ હોવાથી તે આનંદ કહેવાય છે.
૧૪. પું. શિવ; શંકર.
૧૫. પું. સીખ લોકોના નામનો એક પ્રકાર.
૧૬. પું. સુખ; મોદ; આહ્લાદ.
૧૭. [સં. આનંદ (પ્રસન્ન થવું)] પું. હર્ષ; પ્રસન્નતા; મજા; ખુશી. મારે કાંઈ જોઈતું નથી, હું પરિપૂર્ણ છું એવી સંતોષાત્મક નિવૃત્તિ એ આનંદનું ઉપલક્ષણ છે.
૧. આનંદ વધાવો = મુબારકબાદી.
૨. આનંદના તાર જણવવા = ઉપલોગ કરવો; માણવું.
૧૮. પું. (સંગીત) હિંડોલ રાગના આઠ દીકરા પૈકીનો એક રાગ. આ રાગ બહુ જાણીતો નથી.
૧૯. ન. (જ્યોતિષ) જૈનમત પ્રમાણે રાત્રિ દિવસનાં ૩૦ મુહૂર્તમાંના એકનું નામ.
૨૦. ન. દારૂ; શરાબ.
૨૧. ન. પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ તરફ બબ્બે અલિંદો અને અંદર પાટડાવાળું ઘર.
વિપુલ ઘરના ઘણી તે એક અલિંદ તથા તેની ફરતી તરફ એક અલિંદ અને બે વિપુલ ઘરની જગ્યાની તરફ એક અલિંદ બે ઊંટે ત્રણે તરફ ત્રણ અલિંદો હોય તે દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી વિપુલ ઘરમાં ભાટવો નાખવામાં આવે તો તે આનંદ નામનું ઘર થાય.
રાજવલ્લભ
૨૨. વિ. આનંદવાળું; આનંદી; પ્રસન્ન.
૨૩. વિ. મૌસાર્ષ અને સંન્યાસીની બે નામની એક જાતનું.

આનંદઓઘ [સં. આનંદ (મન) + ઓઘ (સમૂહ)] પું. અતિશય હર્ષ.

આનંદક ૧. ન. (પુરાણ) હિંદુસ્તાનનું એ નામનું એક તીર્થ.
૨. [સં. આનંદ (મન) + ક (વાળું)] વિ. હર્ષ કરાવનાર.

આનંદકર [સં. આનંદ (મન) + કૃ (કરવું)] વિ. હર્ષ કરાવનાર; મન આપનાર.

આનંદકર્તા પું. પુરુષોત્તમ ભગવાનનું એક નામ.

આનંદકંદ ૧. પું. આનંદનું મૂળ; સુખસાગર.
૨. [સં. આનંદ (હર્ષ) + કંદ (મૂળ)] પું. ઈશ્વર; પ્રભુ; પરમાત્મા; બ્રહ્મ.
૩. પું. શ્રીકૃષ્ણ.

આનંદકાનન [સં. આનંદ (ખુશાલી) + કાનન (જંગલ)] ન. કાશીક્ષેત્ર.

આનંદકામ પું. (પિંગળ) વસ્તુ અને ઉલ્લાસ છંદના જેવા જવાથી અનેક છપ્પય છંદની જાતનો એ નામનો વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૧૫૦ માત્રા હોય છે.

આનંદકારી [સં. આનંદ (હર્ષ) + કૃ (કરવું)] વિ. ખુશી ઉપજાવનાર; હર્ષ જેવા કરે એવું.

આનંદકાવ્ય ન. હર્ષે રચેલ બાવીસ સર્ગવાળું જૈનોનું કાવ્ય.

આનંદકાંત [સં. આનંદ (મન) + કાંત (દેખાવડું)] વિ. હર્ષને લીધે સુંદર દેખાતું.

આનંદકેલી [સં. આનંદ (મન) + કેલિ (રમત)] સ્ત્રી. મનથી ભરપૂર રમત; સુખમય ક્રીડા.

આનંદકૌમુદિકા [સં. આનંદ (મન) + કૌમુદિકા (ચાંદની)] સ્ત્રી. આનંદનો ચમકારો; ખુશાલીનો ટૂંક વખત.

આનંદજ્ઞાન [સં. આનંદ (સુખ) + જ્ઞાન (બોધ)] ન. મનથી ભરપૂર જ્ઞાન.

આનંદગિરિ પું. શંકરાચાર્યનાં ભાષ્યો ઉપર ટીકા લખનાર એ નામનો વિદ્વાન.

આનંદગીત [સં. આનંદ (સુખ) + ગીત (ગાયન)] ન. સુખ ઉપજાવે તેવું ગાયન; આનંદગાન.

આનંદઘન ૧. પું. એ નામનો એક જૈન સંત.
૨. પું. બ્રહ્મ; પરમાત્મા; ઈશ્વર.
૩. [સં. આનંદ (મન) + ઘન (ભરેલું)] વિ. આનંદથી ભરેલું; સુખમય.

આનંદઘંટા [સં. આનંદ (મન) + ઘંટા (છોકરી)] સ્ત્રી. હર્ષ બતાવવા વગાડવામાં આવતો ઢોકરો.

આનંદઘેલું [આનંદ (ખુશાલી) + ઘેલું (ગાંડું)] વિ. હર્ષને લીધે ગાંડા જેવું થયેલું; હરખઘેલું.

આનંદચિંતા [સં. આનંદ (મન) + ચિંતા (વિચાર)] સ્ત્રી. ખુશી કરે એવો વિચાર.

આનંદચૌદશ [સં. આનંદ (વિષ્ણુ) + ચતુર્દશી (ચૌદશ)] સ્ત્રી. આનંદદોરો પહેરવા માટેની તિથિ; ભાદરવા સુદ ચૌદશ; વિષ્ણુની આરાધના કરવાનો દિવસ. જુઓ અનંતચતુર્દશી.

આનંદજ [સં. આનંદ (ખુશાલી) + જ (પેદા થયેલ)] વિ. હર્ષથી થતું.

આનંદજનક [સં. આનંદ (ખુશી) + જનક (પેદા કરનાર)] વિ. ખુશ કરે તેવું; હર્ષ થાય તેવું; આહ્લાદક.

આનંદજ્ઞાન પું. શંકરાચાર્યનાં ભાષ્યો ઉપર ટીકા લખનાર આનંદગિરિ નામનો વિદ્વાન.

આનંદજ્ઞાનગિરિ જુઓ આનંદજ્ઞાન.

આનંદતા [સં. આનંદ (મન) + તા (પણું)] સ્ત્રી. ખુશાલી; હર્ષ.

આનંદતીર્થ ૧. પું. દ્વૈતમત પ્રવર્તક જેટલે ઓળખાતા મધ્વાચાર્યનું એક નામ.
૨. પું. બ્રહ્મ સંપ્રદાય ચલાવનાર એ નામના એક પુરુષ.

આનંદત્રય [સં. આનંદ (સુખ) + ત્રય (ત્રણ)] પું. (વેદાંત) ત્રણ જાતનો હર્ષ. (૧) બ્રહ્માનંદ જેટલે બ્રહ્મ સાથે ઓતપ્રોતનું સુખ. બ્રહ્માનંદને નિત્યાનંદ, યોગાનંદ, મુખ્યાનંદ, અદ્વૈતાનંદ, આત્માનંદ પણ કહે છે. (૨) વિષયાનંદ જેટલે સંસાર વિષયોમાં રસ. (૩) વાસનાનંદ જેટલે સંસારની તૃષ્ણા સંતોષવાથી મળતું સુખ.

આનંદદ [સં. આ + નંદથુ (મન)] પું. હર્ષ; સુખ.

આનંદદ [સં. આનંદ (મન) + દ (આપનાર)] વિ. હર્ષ આપનાર.

આનંદદત્ત [સં. આનંદ (સુખ) + દત્ત (આપેલ)] પું. પુરુષની જનનેંદ્રિય; લિંગ.

આનંદદાયક [સં. આનંદ (હર્ષ) + દાયક (આપનાર)] વિ. ખુશ કરનાર.

આનંદદાયી [સં. આનંદ (સુખ) + દાયિન્ (આપનાર)] વિ. મન ગમે એવું. જુઓ આનંદદાયક.

આનંદદોરો પું. ભાદરવા સુદ ચૌદશને દિવસે સુખ મેળવવા પહેરાતો દોરો. જુઓ અનંતદોરો.

આનંદન ૧. [સં. આનંદ (ખુશ થવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ખુશાલી ઉપજાવવાપણું.
૨. ન. બીજી આવતી વેળા સગાસંબંધીને કુશળતા પૂછવાપણું.
૩. ન. માન આપવાપણું; વિનય.
૪. ન. ભેટીને ભેટવાપણું.

આનંદનાથ પું. નાથપંથનો એ નામનો સિદ્ધિ મેળવનાર યોગી.

આનંદનિકેતન [સં. આનંદ (હર્ષ) + નિકેતન (ઘર)] ન. જ્યાં હમેશાં આનંદ જ હોય એવું ઠેકાણું; સુખ આપનારું ઘર.

આનંદપક્ષ [સં. આનંદ (મન) + પક્ષ (કપડું)] ન. લાલ પરણેલી બીનું લૂગડું; નવોઢાનું કપડું.

આનંદપર્યવસાયી [સં. આનંદ (મન) + પર્યવસાય (અંત) + ઇન્ (વાળું)] વિ. જેનો છેડો આનંદમાં હોય એવું; સુખાંત.

આનંદપર્યવસાયીનાટક [સં. આનંદ (ખુશી) + પર્યવસાય (અંત) + ઇન્ (વાળું) + નાટક] ન. હાસ્યરસથી ભરેલું જાણવાનું દશ્ય; મઝાનું દારસ.

આનંદપુર ૧. ન. એ નામનું શહેર; શીખ ગુરુ ગોવિંદસિંહની જન્મભૂમિ.
૨. ન. ગુજરાતનું એ નામનું એક શહેર. કેટલાકના માનવા પ્રમાણે અસારનું આણંદ એ આનંદપુર હતું. કેટલાક કાઠિયાવાડમાં આનંદપુરને જૂનું આનંદપુર માને છે. પણ ખરી રીતે અસારનું દક્ષિણ ગુજરાતમાં આવેલ વડનગર એ આનંદપુર હતું એમ સામાન્ય માનવું છે. જો કે આનંદપુર અને વડનગરના નામ વચ્ચે કંઈ પણ મેળ નથી તોપણ લોકવાર્તા અને ઇતિહાસની નજરે કૃતયુગમાં આ શહેર ચમત્કારપુર, ત્રેતાયુગમાં આનર્તપુર, દ્વાપરયુગમાં આનંદપુર અને કલિયુગમાં વડનગર કહેવાયું એમ મનાય છે. વડનગર પાસે આવેલ સામેલા તળાવમાં લખેલા લેખ ઉપરથી મનાય છે કે આનંદપુર એ વડનગર પાસે જ આવેલું હતું. ભુએનસાંગના લખાણ પ્રમાણે પણ એમ જ ઠરે છે. ત્રિવેદી અને ચતુર્વેદી બ્રાહ્મણોનું એ વિદ્યાભ્યાસ માટે બહું પ્રખ્યાત ઠેકાણું હતું.
૩. ન. નાગરોનું; નાગરા નામનું ગામ.

આનંદપુંજ ૧. [સં. આનંદ (ખુશાલી) + પુંજ (ઢગલો)] પું. બબૂચી ખુશાલી.
૨. પું. વિષ્ણુ. બધા આનંદનું મૂળ તે મનાય છે.
૩. વિ. ખુશીમાં રહે એવું.

આનંદપૂર્ણ ૧. [સં. આનંદ (મન) + પૂર્ણ (પૂરું)] પું. પરમાત્મા; બ્રહ્મ.
૨. વિ. હર્ષથી ભરપૂર.

આનંદપ્રચુર [સં. આનંદ (મન) + પ્રચુર (પુષ્કળ)] વિ. અત્યંત ખુશાલીવાળું.

આનંદપ્રદ [સં. આનંદ (મન) + પ્રદ (આપનાર)] વિ. સુખદાયક.

આનંદપ્રધાન [સં. આનંદ (સુખ) + પ્રધાન (મુખ્ય)] વિ. હાસ્યરસ જેમાં મુખ્ય હોય એવું.

આનંદપ્રભવ ૧. [સં. આનંદ (સુખ) + પ્રભવ (પેદા થવું)] પું. પારો; વીર્ય, જેમાંથી તે દૃષ્ટિને સુખ મળવાથી ઉત્પન્ન થાય છે.
૨. પું. ભૂતપ્રેત.

આનંદપ્રસંગ [સં. આનંદ (સુખ) + પ્રસંગ (થવું)] પું. ખુશાલીનો અવસર.

આનંદબજાર (આનંદબજાર) [આનંદ (મન) + બજાર (ગુજરી)] ન. સુંદર ચીજોનું બજાર; મેળો.

આનંદબાષ્પ [સં. આનંદ (ખુશાલી) + બાષ્પ (આંસુ)] સ્ત્રી. હર્ષનાં આંસુ.

આનંદબ્રહ્મ [સં. આનંદ (મન) + બ્રહ્મન્ (બ્રહ્મ)] પું. સુખમય પરમાત્મા.
આ રીતે આનંદબ્રહ્મ, પ્રેમબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ, શાંતબ્રહ્મ, નિર્ગુણબ્રહ્મ, સાક્ષીબ્રહ્મ વગેરે ઘણો થયેલા છે અને દરેકનો સાક્ષાત્કાર થયેલાની વાતો સાંભળવામાં આવે છે. દત્તનયોપ્રસ

આનંદભક્તિ સ્ત્રી. ભક્તિના ૭ પ્રકારમાંનો એક. ૭ પ્રકાર: સમરસભક્તિ, અવધાનભક્તિ, આનંદભક્તિ, અનુભવભક્તિ, નૈષ્ઠિકભક્તિ અને સદ્ભક્તિ.

આનંદભર [સં. આનંદ (મન) + ભર (ભરેલ)] વિ. હર્ષથી ભરેલ.

આનંદભૈર [સં. આનંદ (મન) + ભૈર (ભરેલ)] ન. આનંદ સાથે.

આનંદભૈરવગોળી [સં. આનંદભૈરવ (શંકર) + ગુટિકા (ગોળ)] સ્ત્રી. મરી, શુદ્ધ હિંગળો, પીંપરીપીપર, ટંકણખાર અને શુદ્ધ વછનાગને સરખે ભાગે ભેગાં કરીને બનાવેલી ઝાડ વાયની ગોળી. તાવ, અતિસાર, સંગ્રહણી, હરસ અને મંદાગ્નિ માટે તે વપરાય છે.

આનંદભૈરવી [સં. આનંદ (સુખ) + ભૈરવી (એક રાગિણી)] સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની સમાન કોમળ સ્વરવાળી એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત સવારનો છે.

આનંદભૈરવ ૧. [સં.] પું. એ નામની શિવની મૂર્તિ.

૨. પું. પાર્વતીપતિ; મહાદેવ; શંકર.

૩. પું. (સંગીત) ભૈરવ અને બીજાવસના સંગવાયી બનતો ભૈરવ રાગનો એક પ્રકાર. તે સવારના ૪ થી ૮ વાગ્યા સુધી ગવાય છે.

૪. પું. છ વિદ્વાનો એ નામનો મહાન યોગી.

૫. સ્ત્રી. તાવ, ખાંસી અને કફ ઉપર બધ, દૂધ કે પાણી સાથે અપાતું એક ઔષધ. તેની માત્રા ૧ થી ૨ ગોળીની છે.

૬. [સં. આનંદ (હર્ષ) + ભૈરવ (આનંદ)] વિ. એકી સાથે આનંદ અને ભય પમાડનારું; હર્ષશોક સાથે સાથે કરાવનારું.

આનંદભૈરવગુટિકા [સં. આનંદભૈરવ (શંકર) + ગુટિકા (ગોળ)] સ્ત્રી. એ નામની એક દવા. જુઓ આનંદભૈરવગોળી.

આનંદભૈરવરસ પું. તાવ, અતિસાર, સંગ્રહણી, હરસ અને મંદાગ્નિ માટેની પારાવાળી દવા.

આનંદભૈરવી ૧. સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. એ નામની એક દેશી દવા.

૩. સ્ત્રી. એ નામની એક રાગિણી. જુઓ આનંદભૈરવી.

આનંદભૈરવીવટી [સં. આનંદભૈરવ (શંકર) + વટી (ગોળ)] સ્ત્રી. શીતાંગ સન્નિપાત માટેની દવા. વછનાગ, ગંધક, ટંકણખાર, તામ્રભસ્મ, ધતૂરાની ખી, સૂંઠ, મરી, પીપર, અને હિંગળો સરખે ભાગે લઈ આંબાના કવાથમાં ઘૂંટી બધા જેવડી ગોળી કરવી. તેની માત્રા એક ગોળીની છે.

આનંદમગ્ન [સં. આનંદ (ખુશી) + મગ્ન (ડૂબેલું)] વિ. ખુશીમાં તરબોળ.

આનંદમત્તા [સં. આનંદ (હર્ષ) + મત્ત (મસ્ત) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પ્રૌઢા નાયિકાનો એક ભેદ; આનંદથી ઉન્મત્ત બનેલ ઉમરની સ્ત્રી.

આનંદમય ૧. [સં. આનંદ (સુખ) + મય (વાળું)] પું. આનંદ સ્વરૂપ પરમાત્મા.

૨. વિ. આનંદથી ભરેલું; સુખપૂર્ણ

આનંદમયકોશ [સં. આનંદ (હર્ષ) + મય (વાળું) + કોશ (આવરણ)] પું. (વેદાંત) આત્માના અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોશમાંનો એક; અવિદ્યાસ્વરૂપ કારણ શરીર; સુકૃતથી મળતા સંતોષ અને આનંદને અનુભવનારું શરીરમાંનું સવિશેષ તત્ત્વ; આત્માને વીંટાયેલા પંચ આવરણમાંનું પહેલું એટલે કે સૌથી અંદરનું.

આનંદમયકોષ પું. આત્માના પાંચ કોશમાંનો એક. જુઓ આનંદમયકોશ.

આનંદમયત્વ [સં. આનંદ (સુખ) + મય (વાળું) + ત્વ (પણું)] ન. સુખ પૂર્ણ હોવાપણું.

આનંદમયા [સં. આનંદ (હર્ષ) + મય (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દુર્ગાનું એક સ્વરૂપ.

આનંદમયી ૧. સ્ત્રી. દુર્ગાદેવીની મૂર્તિ.

૨. [સં. આનંદ (સુખ) + મય (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. આનંદથી ભરેલી.

આનંદમસ્ત [સં. આનંદ (સુખ) + મસ્ત (લીન)] વિ. આનંદમાં મસ્ત બનેલ; હર્ષમાં મશગૂલ બનેલ.

આનંદમંગળ ૧. [સં. આનંદ (સુખ) + મંગલ (કલ્યાણ)] ન. કોઈ પણ પ્રકારનું દુઃખ ન હોવું તે; સુખચેન.

૨. ન. લગ્નગીત; મોજમજા.

આનંદમંદિરારોહન ન. (લોક) ભીંત પરની પાની ઉપર ભીંત ઢગરા રાખી પગના દબા ઉપર શરીરનો ભાર આવે તેમ સ્થિર થઈ, ટીપણો જમીન ઉપર અડાડી જમણા હાથથી જમણા પગની પાની અને ડાબા હાથથી ડાબા પગની પાની પકડી સ્થિર બેસવું તે.

આનંદમાત્ર [સં. આનંદ (હર્ષ) + માત્ર (ફક્ત)] પું. ફક્ત હર્ષ; શુદ્ધ આનંદ.

આનંદમાસ [સં. આનંદ (સુખ) + માસ (મહિનો)] પું. લગ્ન વગ પછીનો પહેલો મહિનો; મધુમાસ; મધુચંદ્રિકા.

આનંદમીમાંસા [સં. આનંદ (સુખ) + મીમાંસા (વિચારણા)] સ્ત્રી. કળાના ઉપભોગથી મળતા આનંદ વિશે વિચાર કરનારું શાસ્ત્ર; રસશાસ્ત્ર; 'એસ્થેટિક્સ'.

આનંદમૂર્તિ ૧. [સં. આનંદ (પ્રસન્નતા) + મૂર્તિ (આકૃતિ)] સ્ત્રી. આનંદનો અવતાર; બહુ આનંદી માણસ; મોટકું માણસ.

૨. વિ. જેનો દેખાવ સુખ રૂપ હોય એવું; પ્રસન્ન મુખમુદ્રાવાળું; લહેરમાં હોય એવું.

આનંદમોહન બોઝ પું. એ નામના એક બંગાળી રાજદ્વારી પુરુષ. તેમનો જન્મ ઈ.સ. ૧૮૪૭માં બંગાળામાં જેસોરી ગામમાં થયો હતો. બી.એ. થયા બાદ ઈ.સ. ૧૮૬૯માં તેઓ ઇંગ્લંડ ગયા. ત્યાં તેમણે હિંદુસ્તાન સભાની કેટલીક બાબતો કરી ત્યાંની પ્રજા તરફથી ઘણું માન મેળવ્યું. ઈ.સ. ૧૮૯૮ની મદ્રાસ ખાતેની ૧૪મી કૉંગ્રેસમાં પ્રમુખપદ મેળવ્યું અને બંગાલની ધારાસભામાં બે વાર બેઠક મેળવી તેમણે પ્રજા ઉપયોગી કામો બજાવ્યાં હતાં.

આનંદયુક્ત [સં. આનંદ (હર્ષ) + યુક્ત (ભરપૂર)] વિ. આનંદથી ભરપૂર; આનંદમય.

આનંદયુગ [સં. આનંદ (સુખ) + યુગ (જમાનો)] પું. સત્ય, નીતિ અને ધાર્મિકપણાને લીધે સુખ ફેલાયું હોય એવો જમાનો; પરમયુગ.

આનંદરવિ [સં. આનંદ (સુખ) + રવિ (સૂર્ય)] પું. આનંદનો સૂર્ય.

આનંદરસ પું. (પિંગળ) આનંદકેન્દ્ર છંદ. 'ચરતુ' અને 'ઉલ્લાસ' છંદનાં મિશ્રણથી બનેલ ૩૫૬ છંદની જાતનો વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં આનંદચરતૂની ૬૦ માત્રા અને રસઉલ્લાસની ૫૬ માત્રા મળી કુલ ૧૪૬ માત્રા હોય છે.

આનંદરંગ ૧. પું. જુઓ આનંદરસ.

૨. [સં. આનંદ (હર્ષ) + રંગ (મસ્તી)] પું. મોજમજા; લહેર.

આનંદરૂપ [સં. આનંદ (હર્ષ) + રૂપ (સ્વરૂપ)] વિ. હર્ષમાં તલ્લીન થયેલું; આનંદમય બનેલું.

આનંદરૂપક પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, રગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષરવાળો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; નારાચિકા છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

આનંદલક્ષ્મી ૧. [સં. આનંદ (હર્ષ) + લક્ષ્મિન્ (આનંદ લાવનારું)] વિ. મસ્ત; રંગદર્શી; મોજીલું; 'બોહેમિઅન'.

૨. વિ. મોજમજા સંબંધી.

આનંદલહરિ ૧. સ્ત્રી. નાળિયેરની કાચલી ઉપર ગાયનું મઢી તેમાં વાંસની એક લાકડી

લાંબી પાતળી દાંડી મજબૂત કરી ને તાર લગાવી બનાવેલું એક તંતુવાદ્ય; તુણતુણો. લંકાના રાજા રાવણે તે બનાવ્યું હતું. એવી માન્યતાને લીધે તે રાવણહથ્થો પણ કહેવાય છે. મોટે ભાગે ભિખારીઓ તેને ઉપયોગમાં લે છે.

૨. જી. શંકરાચાર્યે પાર્વતીની સ્તુતિરૂપે બનાવેલ એક કવિતા.

૩. [સં. આનંદ (હર્ષ) + લહરિ (મોજું)] સ્ત્રી. હર્ષનું મોજું; સુખઘેનની લહેર.

આનંદલહરી જુઓ આનંદલહરિ.

આનંદવન [સં.] ન. કાશી; વારાણસી.

આનંદવર્દ્ધન પું. (પિંગળ) પીયૂષવર્દ્ધ છંદ. ૧૦, ૯ માત્રાએ યતિ, અંતે લઘુ ગુરુ અને ૧, ૮, ૧૫ માત્રાએ તાલ આવે એવો ઓગણીસ માત્રાનો છંદ.

આનંદવર્ધન પું. નવમા સૈકાના ઉત્તરાર્ધમાં અમરુ કવિના અમરુશતક કાવ્યનાં આરે વખાણ કરનાર ધ્વન્યાલોક નામના કાવ્યશાસ્ત્રના પુસ્તકનો કર્તા.

આનંદવર્ષી [સં. આનંદ (સુખ) + વર્ષિન્ (વરસાવનાર)] વિ. હર્ષ વરસાવનારું; સુખ આપનાર.

આનંદવસ્તુ પું. (પિંગળ) કુલ ૯૦ માત્રા અને ૬ લઘુ અને ૪૨ ગુરુ મળી ૪૮ અક્ષર હોય એવો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ.

આનંદવાદ [સં. આનંદ (સુખ) + વાદ (મત)] પું. સુખની ઇચ્છા એ અંતિમ સત્ય છે શુદ્ધ ઇચ્છા એ જ પૂર્ણ પરમાત્મ તત્ત્વ છે એવો મત.

આનંદવિનોદ [સં. આનંદ (હર્ષ) + વિનોદ (મોજ)] પું. મોજમજા.

આનંદવિહોણું [સં. આનંદ (સુખ) + વિહીન (વગરનું)] વિ. સુખ વગરનું.

આનંદવું [સં. આનંદ્ (આનંદ કરવો)] અ. ક્રિ. ખુશ થવું; હરખાવું; મજા માણવી.

આનંદવૃત્તિ ૧. [સં. આનંદ (હર્ષ) + વૃત્તિ (લાગણી)] સ્ત્રી. ખુશખુશાલીમાં રહેવાનો સ્વભાવ; રોજ ખુશીમાં હોવું તે; ખુશમિજાજીપણું.

૨. વિ. ખુશમિજાજી સ્વભાવવાળું.

આનંદવ્યવસાય [સં. આનંદ (સુખ) + વ્યવસાય (ધંધો)] પું. સુખ આપે એવો ધંધો.

આનંદશ્યામ પું. (પિંગળ) 'વસ્તુ' અને 'ઉલ્લાસ' છંદના મિશ્રણથી બનેલ છપ્પન છંદની જાતનો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તેમાં આનંદવસ્તુની ૯૦ અને રમામઉલ્લાસની ૫૨ મળી ૧૪૨ માત્રા હોય છે.

આનંદસમાગમ [સં. આનંદ (ખુશાલી) + સમાગમ (મેળાપ)] પું. મજા કરવા માટે ભેગા થવું તે; રનેહસમેલન.

આનંદસમાધિ ૧. [સં. આનંદ (હર્ષ) + સમાધિ (લક્ષ ધ્યાન)] સ્ત્રી. અતિશય સુખને લીધે બહારની દશા ભૂલી જવાપણું.

૨. જો. રજોગુણ અને તમોગુણથી રહિત મન સ્થિર બને ત્યારે થતી સમાધિ.

આનંદસરિતા [સં. આનંદ (હર્ષ) + સરિતા (નદી)] સ્ત્રી. ખુશાલીની નદી; હર્ષની નદી.

આનંદસંપ્રદાય પું. રામાનંદ સ્વામીએ સ્થાપેલો મત. કબીરે પોતાનો પંથ આનંદ સંપ્રદાયની મદદથી સ્થાપ્યો હતો.

આનંદસંમોહિતા [સં. આનંદ (સુખ) + સમોહિતા (મોહ પામેલી)] સ્ત્રી. (કામ) રતિના આનંદમાં અત્યંત મગ્ન થવાથી સુખ બનેલી પ્રૌઢા નાયિકાનો એક ભેદ. જુઓ પ્રૌઢા

આનંદસંવેદન [સં. આનંદ (હર્ષ) + સંવેદન (જ્ઞાન)] ન. હર્ષનું જ્ઞાન.

આનંદસાગર [સં. આનંદ (હર્ષ) + સાગર (દરિયો)] પું. સુખરૂપી સમુદ્ર; ખૂબ જ હર્ષ.

આનંદસિંધુ [સં. આનંદ (હરખ) + સિંધુ (દરિયો)] પું. ઘણો હર્ષ.

આનંદસોત [સં. આનંદ (સુખ) + સ્રોતસ્ (ઝરો)] પું. સુખનો ઝરો.

આનંદસ્વરૂપ [સં. આનંદ (હર્ષ) + સ્વરૂપ (દેખાવ)] વિ. ખુશી બનેલું.

આનંદહંસ પું. (પિંગળ) આનંદવસ્તુની ૯૦ અને હંસઉલ્લાસની ૪૮ મળી ૧૩૮ માત્રાવાળો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. 'વસ્તુ' અને 'ઉલ્લાસ' છંદના મિશ્રણથી બનેલ છપ્પન છંદનો તે એક ભેદ છે.

આનંદા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષરનો ટગૈરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુમ્રિકા.

૨. જો. એ નામની દિક્કુમારિકા.

૩. [સં. આનંદ (સુખ) + ઢ (આબાદી)] સ્ત્રી. આંખ; જિજ્ઞા. તે પીનારને ખુશીમાં રાખે છે.

આનંદાતિરેક [સં. આનંદ (હર્ષ) + અતિરેક (વધારો)] પું. અતિશય ખુશાલી; પરમાનંદ; હર્ષનો ઊભરો.

આનંદાતિશય [સં. આનંદ (મજા) + અતિશય (બહુ)] પું. ઘણું સુખ.

આનંદાનંદનાથ વાસર પું. તંત્રશાસ્ત્રના પંચાંગમાં જણાવેલ નવ દિવસ માંહેનો એ નામનો એક. જુઓ અષ્ટાંગ.

આનંદાનુગમ [સં. આનંદ (ખુશાલી) + અનુગમ્ (અનુસરવું)] પું. યોગશાસ્ત્ર પ્રમાણે સંપ્રજ્ઞાત સમાધિનો એક પ્રકાર.

સંપ્રજ્ઞાત સમાધિ ચાર પ્રકારની છે: ૧. વિતર્કાનુગમ, ૨. વિચારાનુગમ, ૩ આનંદાનુગમ, ૪ અસ્મિતાનુગમ. વિશ્વકોશ

આનંદાનુભવ [સં. આનંદ (હર્ષ) + અનુભવ (જ્ઞાન)] પું. સુખની જાગણી.

આનંદાબ્ધિ [સં. આનંદ (મજા) + અબ્ધિ (દરિયો)] પું. ઘણી જ ખુશાલી.

આનંદામૃત [સં. આનંદ (મજા) + અમૃત (અમી)] ન. હર્ષ રૂપી અમી.

આનંદાર્ણવ ૧. [સં. આનંદ (સુખ) + અર્ણવ (સમુદ્ર)] પું. ઘણી ખુશાલી.

૨. પું. બ્રહ્માનંદ; આત્માનંદ.

આનંદાવવું [સં. આનન્દ્ (સુખ પામવું)] સ કિ. ખુશી કરવું.

આનંદાવેશ [સં. આનંદ (ખુશી) + આવેશ (હુલ્લડ)] પું. સુખનો ઊભરો.

આનંદાશ્રુ [સં. આનંદ (સુખ) + અશ્રુ (આસુ)] ન. હર્ષના ઊભરાને લીધે આવતાં આંસુ.

આનંદાંશ [સં. આનંદ (મજા) + અંશ (ભાગ)] પું. થોડી ખુશાલી.

આનંદિ ૧. [સં.] પું. કૌતુક.

૨. પું. હર્ષ.

આનંદિત [સં. આનન્દ્ (સુખ પામવું) + ક્ત (એલું)] વિ. ખુશ; સુખી.

આનંદિતા જી. છપ્પન બહિની એ નામની દિક્કુમારિકા. જુઓ દિક્કુમારિકા.

આનંદિની ૧. જી. જેમાં પાંચ અંગ હોય તેવો પ્રબંધ.

૨. [સં. આનંદ્ (મજા કરવી)] વિ. જી. હર્ષ ઉપજાવનારાણી.

આનંદી ૧. [સં. આનંદ (સુખ) + ઇન્ (વાળું)] પું. વિષ્ણુનું એક નામ. તે સુખરૂપ અને સંપૂર્ણ સંપત્તિવાળા હોવાથી આનંદી કહેવાય છે.

૨. જી. એક જાતનું ઝાડ.

૩. વિ. આનંદકારક; મોજ કરાવનાર.

૪. વિ. મોજી; સુખી; વિનોદી. ગમતી.
૫. વિ. હર્ષિત; ખુશમિજાજ; પ્રસન્ન; હસમુખું; ખુશ.

આનંદેશ્વરી [સં. આનંદ (સુખ) + ઈશ્વરી (દેવી)] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું રહેઠાણ ઓસડના કુંજર ઉપર છે.

આનંદૈક્ય [સં. આનંદ (સુખ) + ઐક્ય (એકતા)] ન. આત્મા પરમાત્માના ઐક્યમાં થતું સુખ; અભેદાનંદ.

આનંદોત્પત્તિવત્સ [સં. આનંદ (હર્ષ) + ઉત્પત્તિવત્સ (ઉત્પન્ન થયું)] વિ. આનંદથી ફરખાતું; હરખથી ઊજવાતું.

આનંદોત્પાદક [સં. આનંદ (હર્ષ) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] વિ. હર્ષ ઉપજાવે એવું.

આનંદોત્પાદકતા [સં. આનંદ (હર્ષ) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર) + તા (પણું)] સ્ત્રી. હર્ષ ઉપજાવવો તે.

આનંદોત્સવ [સં. આનંદ (હર્ષ) + ઉત્સવ (ઓચ્છવ)] પું. હર્ષ કરાવે તેવો ઉત્સવ; હરખની ઊજવણી.

આનંદોદધિ [સં. આનંદ (હર્ષ) + ઉદધિ (મહાસાગર)] પું. આનંદનો મહાસાગર; ઘણો હર્ષ.

આનંદોદયરસ પું. પાંચ રોજ મધ રસની બનાવટ. તે બનાવવા પારો, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ અને વછનાગ એ દરેક અડધ તોલો, મરી ૮ તોલા અને દારૂહળદર ૪ તોલા લઈ આંબરાના રસની અને આદાં દારૂહળદરના રસની (કે દારૂહળદરના ક્વાથની) સાત સાત ભાવના દેવી. આ રસ ૧થી૨ રતિ નામરવેલના પાનમાં સેવાય છે.

આનંદોરો પું. અનંતચૌદશને દિવસે જમણે હાથે બાંધવામાં આવતો ચૌદ આંટાવાળો રેશમી દોરો; અનંતદોરો.

આનંદોલ્લાસ [સં. આનંદ (હર્ષ) + ઉલ્લાસ (આનંદ)] પું. હર્ષનો આવેશ.

આનંદ્રાન પું. મલબાર જિલ્લામાં સંયુક્ત કુટુંબમાં મુખી સ્ત્રીયની બીજી ગર્ભે તે વ્યક્તિ.

આના ૧. પું. કોઈ પણ ચીજનો સોળમો ભાગ.
૨. પું. જમીનનું સોળ રૂપિયા બરાબરનું એક માપ.
૩. [હિં.] પું. રૂપિયાના સોળમા ભાગની કીમતનો સિક્કો.
૪. [સં. અન્ય (બીજું)] વિ. બીજું; અન્ય.
૫. [કા.] અ. ને લાયક એવો અર્થ બતાવતો એક પ્રત્યય. જેમકે, અમીરાના એટલે અમીરને શોભે એવું.
૬. [હિં.] સ. ક્રિ. આવવું.

આનાઈ ૧. સ્ત્રી. ખોજાની એક અટક.
૨. સ. ખોજાની એ નામની અટકનું માણસ.
૩. વિ. ખોજાની એ નામની અટકનું.

આનાકર [આના (એક સિક્કો) + કર (વેચે)] પું. એક રૂપિયામાં એક આનાની લાગત.

આનાકાની ૧. સ્ત્રી. આંખ આડા કાન કરવા તે
૨. [સં. અન્ (નહિ) + આકર્ષન (મને ખેંચવું તે)] સ્ત્રી. કોઈ કામ કરવામાં દાખવાતું; સંકોચપરિહાર; સંદેહ; સરાય.
૩. સ્ત્રી. ગડમથલવાળી; રખલન.
૪. સ્ત્રી. ધ્યાન ન આપવું તે.
૫. સ્ત્રી. બહાનું; બચાવ; મિષ.
આનાકાની કરવી-દેવી = (૧) આંખ આડા કાન કરવા; ધ્યાન ન આપવું. (૨) ઢોંગ કરવો. (૩) મુલતવી રાખવું.
૬. સ્ત્રી. ફરમાઈ; હાજરી.
૭. સ્ત્રી. ના ના કરવી તે.

આનાજના [સં. આમમ (આખું) + અન્ન (અન્ન)] પું. આખા અનાજ.

આનાડો પું. દક્ષિણ અમેરિકામાં એક ઝાડના બીમાંથી નીકળતો રાતો પદાર્થ. આલ્કોહોલ ઝટપટ મેળવવામાં ઓગળી જતો આ પદાર્થ રંગવાના કામમાં આવે છે. વાર્નિશ અને મીણ તેલમાં પણ તે પડે છે.

આનાતોલકૂબાંસ પું. એક બધી સુવિધાવાળે લેખક. સુખો સાહિત્યસ્વામી.

આનાથ્ય [સં. ન (નહિ) + નાથ (ધણી) + ય (નામ બનાવનાર પ્રત્યય)] ન. ધણી ન હોવાપણું; અનાથતા; નિરાધારપણું, સ્વામીશૂન્યતા.

આના દેસ [સં. અન્ય (બીજું) + દેશ] પું. બીજો દેશ; પરદેશ.

આના દેસી [સં. અન્ય (બીજું) + દેશીય (દેશનું)] પું. બીજા દેશનો માણસ; પરદેશી; અજાણ્યો.

આનાનસ પું. એક જાતનું ફળઝાડ. જુઓ અનનાસ.

આનાનસી જુઓ આનાનસ.

આનાનો [સં. અન્ય (બીજું) + અન્ય (બહું)] વિ. ભિન્ન ભિન્ન; જુદું જુદું.

આનાપાણુ સ્ત્રી. (દેશ્ય) આના, પા આના બતાવનારી આડી ઊભી લીટીઓ; આલુપાલુ.

આનામ્ય [સં. આનમ્ (નમસ્કાર કરવો)] વિ. નમસ્કાર કરવા જેવું; નમનને પાત્ર.

આનાય [સં.] પું. માછલાં પકડવાની જાળ.

આનાયી ૧. [સં. આનાયિન્ (માછીમાર)] પું. માછીમાર; માછી.
૨. [સં. આની (આણવું)] વિ. આણનાર.

આનાર્ય ૧. [સં.] પું. અમાસને દિવસે પિતૃ માટે કરવામાં આવતા આહનો અગ્નિ; દક્ષિણાગ્નિ.
૨. [સં. આની (પાસે લાવવું)] વિ. પાસે આણવા જેવું.

આનારારી ૧. સ્ત્રી. ઉત્પલનો અડસટ્ટો; કેટલી આની પાક પાકનો તેનો અંદાજ કાઢવો તે.
૨. સ્ત્રી. રૂપિયે આનાનું પ્રમાણ.

આનાહ ૧. [સં. આનાહ્ (અટકી જવું)] પું. (વૈદક) પેટ ફૂલવાનો રોગ; આફરો. આમ અથવા મળ પેટમાં ઘણા દિવસ સુધી એકઠો થઈ વાયુને લીધે મુશ્કેલી ભર્યા ઝાડો આફરાથી કાંઠો સાફ ઊતરતો નથી. આમથી આનાહ થયો હોય તો તરસ, ગભેરખ, માથામાં ભમરા, આમાસયમાં દાહ, જડપણું, હૃદયમાં પીડા, ઓડકારનો અટકાવ, કમર પીઠ અને મળમૂત્રનું સ્તંભન, મૂર્છા, મળની ઊલટી અને શ્વાસ એ લક્ષણો થાય છે. ઉપચાર: (૧) હીંગ એક ભાગ, ઓડાજ બે ભાગ, કોચ પાંચ ભાગ, સાજીખાર સાત ભાગ અને વાવડીંગ નવ ભાગ લઈ તેનું ચૂર્ણ કોકરવરણા પાણીમાં આપવું. (૨) નસોતર બે ભાગ, લીંડીપીપર ચાર ભાગ અને હરડે પાંચ ભાગ લઈ ચૂર્ણ કરી તેની બરાબર ગોળ નાખી ખાવું. પથ્ય: ઘી, ભાત, અભંગ, કુમળા મૂળા, બિલ્વોફે. અપથ્ય: દાળ, ભીંજ, કાકડી, અળવી, તુચ્ચ પદાર્થ અને દાહો ખોરાક.
૨. પું. બંધ.
૩. પું. બંધાઈ.

આનાહિક [સં. આનાહ (આફરો) + ઇક (લગતું)] પું. આફરાના રોગને શાંત પાડવાનો ઉપચાર.

આનિત વ. વાકતા; વળાક.

આનિયું ૧. વ. કાકણી; કાંટણી.
૨. વ. ટોટની કાંદલીમાં પગલાને અટકે દોષ છે તે પુતળિયું.

આનિયુંકલિયું વ. એ નામની ગુજરાતમાં રમાતી એક દેશી રમત; હાલપિટોડો. જુઓ હાલપિટોડો.

આનિરુદ્ધ [સં.] પું. અનિરુદ્ધનો પુત્ર.

આનિર્હુત ૧. પું. એ નામનો એક દૈત્ય.
૨. વિ. બધી બાજુએથી તમામ પાપને હણનાર; વેદમાં વપરાયેલું ઋતું એક વિશેષણ.

આનિલ ૧. [સં. અનિલ (પવન)] પું. ભીમસેન. તે વાયુથી ઉત્પન્ન થયા હતા માટે તેને આનિલ કહેવાય છે.
૨. પું. વાયુપુત્ર હનુમાન.
૩. વિ. પવનથી ઉત્પન્ન થયેલું.
૪. વિ. પવનવાળું.
૫. વિ. વાયુ જેનો દેવ હોય તેવું.
૬. વિ. વાયુ સંબંધી.

આનિલી ૧. [સં. અનિલ (વાયુ)] પું. પવનનો પુત્ર ભીમસેન.
૨. પું. વાયુપુત્ર હનુમાન.

આનિલી [સં.] સ્ત્રી. (જ્યોતિષ) સ્વાતી નક્ષત્ર.

આની ૧. સ્ત્રી. (લાક્ષણિક) ચલવામાં આવતા માપમાં એક આખી સંખ્યા અથવા મીંડાનો સોળમો ભાગ.
૧. પ્રતની આની = વર્ગનો ૧૬.
૨. બે આની = એક દોરો.
૩. સોળ આની = એક ટચ.
૨. સ્ત્રી. આર પૈસાની કીમતનો સિક્કો; રૂપિયાના સોળમા ભાગનું નાણું; એક આનાનો સિક્કો.
૩. સ્ત્રી. નારીજાતિ બતાવનાર પ્રત્યય. જેમકે, ગાય–ગાયની. આ 'આની' માંથી ગુજરાતીમાં 'અણ–એણ' થયું છે. જેમકે, વામણ–વામણિ.
૪. સ્ત્રી. રૂપામાં રૂઢિનું પ્રમાણ બતાવનાર આંક.
૫. [સં.] અ. સંબંધ બતાવનાર એક પ્રત્યય. જેમકે, જિસ્માની=શારીરિક; રૂહાની=આત્મિક.

આનીક પું. (પુરાણ) સિંધુદેશના રાજા જયદ્રથનો એક ભાઈ.

આનીકાકી સ્ત્રી. ચોકું વી નાખી બનાવેલો કેસાર; લાપસી.

આનીકોર અ. આ તરફ.

આનીત [સં. આની (આણવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. આણેલું; લાવેલું.

આનીતિ [સં. આની (આણવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આણવું તે; લાવવાપણું.

આની પાની [હિં.] સ્ત્રી. આવું પીવું તે.

આનીલ ૧. [સં. આ (જરા) + નીલ (કાળાશ પડતું આસમાની)] પું. કાળાશ પડતો ઘોડો.
૨. પું. હજાર કાળાશ પડતો આસમાની રંગ.
૩. વિ. જરા કાળા રંગનું.

આનીલી [સં. આ (જરા) + નીલ (કાળાશ પડતું આસમાની)] સ્ત્રી. ઘોડા કાળા રંગની ઘોડી.

આનીલીન પું. રંગ બનાવવાનો એક તૈલી પદાર્થ. પ્રકારભેદથી બનતા જાતજાતના જરા રંગો જેવા કે પુરાસી, માંજુષી, બંજુડીઆ વગેરે તેના આધારે બને છે.

આનુ સ્ત્રી. બંગાળા તરફ વપરાતી એક ભાષા.

આનુકલ્પિક [સં. અનુ (અવયવ) + કલ્પ (આયોજન) + ઇક (લગતું)] વિ. મુખ્ય નહિ એવા આચાર પુરવાર કરનાર ગ્રંથ બનાવનાર.

આનુકૂલિક [સં. અનુકૂલ (અનુકૂળ) + ઇક (લગતું)] વિ. અનુકૂળ આવે એમ વર્તનાર.

આનુકૂલ્ય ૧. ન. કૃપા; મહેરબાની; દયા.
૨. [સં.] ન. સવળતા, સગવડ.

આનુક્રમિક [સં. અનુક્રમ (એક પછી એક આવવું તે) + ઇક (લગતું)] વિ. એક પછી એક એ પ્રમાણે આવતું.

આનુગતિક ૧. [સં. અનુ (પાછળ) + ગત (ગયેલું) + ઇક (સંબંધી)] વિ. અનુસરણીની સાથે સંબંધ ધરાવતું.
૨. વિ. અનુસરવાથી થયેલ.

આનુગત્ય ૧. [સં. અનુ (પાછળ) + ગતિ (ગમન)] ન. આચરણ; અનુકરણ; નકલ.
૨. ન. ઓળખાણ; પરિચય.

આનુગામિક વ. (જૈન) અવધિજ્ઞાનના એટલે અમર્યાદવાળા જ્ઞાનના જે ભેદોનો એક ભેદ; જ્યાં અવધિજ્ઞાન થયું હોય તે જગ્યા છોડવા છતાં પણ સાથમ રહે તે જ્ઞાનનું અવધિજ્ઞાન.

આનુગુણ્ય ૧. ન. અનુકૂળતા બતાવું આચરણ.
૨. [સં. અનુ (અનુસાર) + ગુણ્ય (ગુણવાળું)] વ. અનુકૂળપણું.
૩. ન. ઉણપ હોવાપણું.
૪. ન. સમાનતા; બરાબરી.

આનુગ્રહિક કર નીતિ [સં. અનુગ્રહ (કૃપા) + ઇક (લગતું) + કર (વેરો) + નીતિ (રાજનીતિ)] સ્ત્રી. જેમાં બાજ ગાય ઉપર ઓછો કર લેવાની રાજનીતિ.

આનુચારક ૧. [સં. અનુચર (નોકર) + ક (લગતું)] ન. નોકરની ફરજ.
૨. વિ. અનુચરને લગતું.

આનુનાસિક્ય [સં. અનુ (પ્રમાણે) + નાસિક્ય (નાક સંબંધી)] વ. નાકમાંથી ઉચ્ચાર કાઢવાપણું.

આનુપદિક [સં. અનુ (પ્રમાણે) + પદ (પગલું) + ઇક (લગતું)] વિ. પાછળ પાછળ દોડનાર.

આનુપાતિક [સં. અનુ (પ્રમાણે) + પાત (પડવું તે) + ઇક (લગતું)] પું. ઊપજના પ્રમાણમાં નખાતો વેરો.

આનુપૂર્વ ૧. [સં. અનુ (પાછળ) + પૂર્વ (આગળ)] વ. અનુક્રમ; ક્રમ; પરંપરા; બીજ ક્રમ; આગળ પાછળનો સંબંધ; પરિપાટી, આનુપૂર્વી.
૨. વ. જાતિનો નિયમિત ક્રમ.
૩. વ. (ન્યાય) નિયમ પ્રમાણે કાઢેલું અનુમાન.

આનુપૂર્વી ૧. [સં. અનુ (એક પછી એક) + પૂર્વ (આગળ) + ઙીપ્ (વાચક)] સ્ત્રી. ક્રમ; પરિપાટી; પરંપરા.
૨. સ્ત્રી. જાતિનો નિયમિત ક્રમ.
૩. સ્ત્રી. (ન્યાય) નિયમ પ્રમાણે કાઢેલું અનુમાન.
૪. [સં. આનુપૂર્વિ] વિ. ક્રમાનુસાર; એક પછી બીજું.

આનુપૂર્વીનામકર્મ [સં. આનુપૂર્વી (અનુક્રમ) + નામકર્મન્ (એક જાતનું કર્મ)] ન. (જૈન) બળદને જેમ નાથ ખેંચી જાય તેમ જીવ જે ગતિમાં જવાનો હોય તે જ ગતિમાં તેને લઈ જવાના સ્વભાવવાળું કર્મ.

આનુપૂર્વીપૂર્વક [સં. આનુપૂર્વી (ક્રમ) + પૂર્વક (વાળું)] વ. ક્રમ પ્રમાણે.

આનુપૂર્વ્ય [સં. અનુ (એક પછી એક) + પૂર્વ્ય (આગળનું)] વ. બીજ ક્રમ; પરંપરા; પરિપાટી. જુઓ આનુપૂર્વ.

આનુભવિક [સં. અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન) + ઇક (લગતું)] વિ. અનુભવથી મળેલું; પ્રયોગસિદ્ધ.
વિજ્ઞાનનો અર્થ આનુભવિક જ્ઞાનસાર ક્રિયા જ્ઞાનસારાકાર એવો કેટલાક કરે છે.
ગીતારહસ્ય

આનુમાનિક ૧. વ. (સાંખ્ય) પ્રધાન.
૨. [સં. અનુમાન (અટકળ) + ઇક (વાળું)] વિ. અનુમાન સંબંધી.
૩. વિ. અનુમાનથી પ્રાપ્ત થયેલું; તર્કસિદ્ધ; અટકળે નક્કી કરેલું.

આનુયાત્રિક [સં. અનુ (પાછળ) + યાત્રિક (મુસાફર)] પું. અનુયાયી; નોકર; અનુચર.

આનુયાંત્રિક [સં. અનુ (પ્રમાણે) + યંત્ર (સંધો) + ઇક (વાળું)] વિ. યાંત્રિક; યંત્રવત્; એકપાઠ.

આનુરક્તિ ૧. [સં. અનુ (સાથે) + રક્તિ (પ્રેમ)] સ્ત્રી. અનુરાગ; સ્નેહ.
૨. સ્ત્રી. અનુસરણ.

આનુરાહુતિ પું. એ નામનો એક મુનિ.

આનુરોહુતિ પું. અગ્નિનું એક નામ.

આનુલોમિક ૧. [સં. અનુલોમ (અનુક્રમ) + ઇક (વાળું)] વિ. અનુકૂળ આચરણવાળું.
૨. [સં. અનુલોમ (ક્રમ) + ઇક (વાળું)] વિ. ક્રમ પ્રમાણેનું.
૩. વિ. નિયમિત; વખતસર.

આનુલોમ્ય ૧. ન. અનુકૂળ સ્વભાવ.
૨. [સં. અનુલોમ (ક્રમ) + ય (ભાવ)] ન. અનુક્રમ.
૩. ન. અનુક્રમપણું.
૪. ન. કુદરતી ક્રમ; યોગ્ય રચના.
૫. વિ. કુદરતી ક્રમવાળું.

આનુવંશિક ૧. [સં. અનુ (સાથે) + વંશ (કુળ) + ઇક (વાળું)] વિ. વંશપરંપરાથી ચાલતું; પેઢી દર પેઢીથી ઊતરી આવેલું.
૨. વિ. વારસામાં મળેલું.

આનુવંશિકતા [સં. આનુવંશિક (પરંપરાથી ચાલ્યું આવતું) + તા (પણું)] સ્ત્રી. વંશપરંપરાથી આવું હોવાપણું.

આનુવંશીય [સં. અનુ (સાથે) + વંશ (કુળ) + ઈય (વાળું)] વિ. વંશને લગતું.

આનુવેશ્ય ૧. [સં.] ન. પડોસી.
૨. વિ. પડોશીની પાસેના ઘરમાં રહેનાર; એક ઘર છોડી તે પછીના ઘરમાં રહેનાર.

આનુશાસનિક ૧. ન. એ નામનું મહાભારતનું એક પર્વ.
૨. [સં. અનુ (સંનપી) + શાસન (બોધ) + ઇક (વાળું)] વિ. શિખામણ કે ઉપદેશને લગતું.

આનુશ્રવિક જુઓ આનુશ્રાવિક.

આનુશ્રાવિક ૧. [સં. અનુ (કમ પ્રમાણે) + શ્રવ્ (સાંભળવું) + ઇક (વાળું)] પું. સ્વર્ગ કે મોક્ષ મેળવવાનું સાધન.
૨. વિ. સાંભળવાથી જાણેલું; પરંપરાથી સંભળાતું આવતું.

આનુષંગિક ૧. [સં. અનુ (સાથે) + સંગ (સંબંધ) + ઇક (વાળું)] વિ. અમુકના સંબંધવાળું; સંબંધ ધરાવનાર; સાથે રહેલું; સહવર્તી; સહચારી.
૨. વિ. આસક્તિ રહેલ રાખનારું.
૩. વિ. જોડું; બળતું.
૪. વિ. (બાકીનું) પડતું મૂકેલું; અપ્રધાન હોય એવું.
૫. વિ. પરિણામે આવેલું; પરિણામક.
૬. વિ. પ્રમાણસરનું.
૭. વિ. મુખ્ય નહિ એવું; ગૌણ.
૮. વિ. સહેજે મળી આવેલ; પ્રસંગવશાત મળેલ; પ્રાસંગિક.
૯. વિ. સાથે બનાર.

આનુષંગિકતા ૧. સ્ત્રી. ગૌણપણું.
૨. સ્ત્રી. બળતાપણું.
૩. સ્ત્રી. સહેજે મળી આવેલ હોવું તે.
૪. [સં. અનુ (સાથે) + સંગ (સંબંધ) + ઇક (વાળું) + તા (પણું)] સ્ત્રી. સંબંધ હોવાપણું.

આનુષ્ટુભ ૧. [સં.] ન. અનુષ્ટુપ નામનો છંદ.
૨. વિ. અનુષ્ટુપનું બનેલું.
૩. વિ. અનુષ્ટુપને લગતું.

આનુસંગિક [સં. અનુ (સાથે) + સંગ (સંબંધ) + ઇક (વાળું)] વિ. સહાયક; મદદનાર; સહકારી.

આનુસૂય [સં.] વિ. અત્રિ ઋષિની સ્ત્રી અનસૂયાએ આપેલ; અનસૂયા તરફથી આવેલું.

આનૂપ ૧. [સં. અનૂપ (પાણીવાળો દેશ)] પું. જેમાં પાણી ઘણીવાર રહેનાર પ્રાણી. જેમકે, ભેંસ.
૨. વિ. પાણી કે પાણીવાળા દેશમાં હોનાર કે બનાર.
૩. વિ. પાણીવાળું; ભેજવાળું.

આનૂપક [સં. અનૂપ (પાણીવાળો પ્રદેશ)] વિ. પાણીવાળી જગ્યામાં રહેનારું.

આનૃણ્ય [સં. અન્ (નહિ) + ઋણ (કરજ) + ય (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] ન. કરજ અદા કરવું તે; કરજ ચૂકતું હોવાપણું; દેવાદારની સ્થિતિ ન હોવાપણું; છુટકારો.

આનૃત [સં. અનૃત (ખોટું)] વિ. ખોટાબોલું.

આનૃશંસ્ય જુઓ આનૃશંસ્ય.

આનૃશંસિ [સં. અ (નહિ) + નૃશંસ (ક્રૂર)] પું. દયાળુનો દીકરો.

આનૃશંસ્ય ૧. [સં. અ (નહિ) + નૃશંસ (ક્રૂર) + ય (ભાવવાચક નામનો પ્રત્યય)]
ન. અનુકંપા; દયા; કારુણ્ય.
૨. ન. દયાળુપણું.
૩. ન. નમ્રતા.
૪. વિ. દયાળુ.
૫. વિ. નમ્ર.

આનેતા [સં. આ (તરફ) + નેતૃ (લાવનાર)] વિ. આણનાર; લાવનાર.

આન્દ્રનેત્ર ૧. [સં.] પું. યજ્ઞ સંબંધી દક્ષિણાગ્નિ.
૨. [સં. આની (આણવું)] વિ. લાવવા લાયક.

આન્નેચાર પું. ઉનાળામાં ખેતીની મજૂરીનો સપોંદથી અપોર સુધીનો વખત.

આન્નેચારી ૧. સ્ત્રી. કેટલી આની પાક થયો તેનો આકડો કાઢવો તે. જુઓ આનાવારી.
૨. સ્ત્રી. રૂપિયે આનાનું પ્રમાણ.

આન્નેપુણ્ય [સં. અ (નહિ) + નિપુણ (હોશિયાર)] ન. બિનહોશિયારી; મૂર્ખતા; અનિપુણતા.

આન્નેપુણ્ય જુઓ આનેપુણ્ય.

આન્નેશ્વર્ય ૧. [સં. અન્ (નહિ) + ઐશ્વર્ય (શોભા)] ન. ઐશ્વર્ય ન હોવાપણું; સમૃદ્ધિનો અભાવ.
૨. ન. (સાંખ્ય) બુદ્ધિનો ગુણ.
૩. [સં. અનીશ્વર (નિરંકુશ)] ન. સત્તા કે ઉપરીપણું ન હોવું તે.

આન્નો ૧. [સં. અન્ન (ખોરાક)] પું. આનાની કીમતનો સિક્કો; આર પૈસાની કીમતનું નાણું; રૂપિયાનો સોળમો ભાગ. અલબત્ત ૬૪ પૈ છે, એક રૂપિયાનું અને રૂપિયાનું નહિ તે અન્ન એટલે ખોરાક. આનાનું ચિહ્ન આ પ્રમાણે)ન અથવા ०)ન કરાય છે.
૨. પું. કોઈ પણ પૂર્ણાંકનો કે બીજનો સોળમો ભાગ.
૩. પું. શેરના સોળમા ભાગનું વજન; આધોળ.

આન્નોસકેન પું. એ નામનો એક જાતે રાજા.

આપ્ત ૧. પું. સપ્તાશ્વ નામના દેવતાનો રાજા પૂરુવંશમાં અજોરાજા. રાકેશરી તેની રાજધાની હતું.
૨. વિ. અનાજમાંથી મેળવેલું.
૩. વિ. આપ મેળવનાર.
૪. વિ. ખોરાક સંબંધી; અન્નનું.

આન્ધ્રભૃત્ય પું. શેષના ચોરાસી વંશનો એક પેટા વંશ. જુઓ શેષ.

આન્ધ્રોર ન. એ નામની જગ્યા. ત્યાં વરુણપ્રઘાસની જોડ છે.

આન્વયિક [સં. અન્વય (કુળ) + ઇક (વાળું)] વિ. કુલીન; સારા કુળમાં જન્મેલું.

આન્વાહિક [સં. અનુ (રોજ) + અહ (દિવસ) + ઇક (વાળું)] વિ. રોજનાં કરવાનું.

આન્વીક્ષકી [સં. અન્વીક્ષ્ (વિચાર કરવો)] સ્ત્રી. તર્કશાસ્ત્ર. તેમાં સાંખ્યહીલસરી, યોગ અને લોકાયત એટલે નાસ્તિકવાદનો સમાવેશ થાય છે.

આન્વીક્ષિક ૧. [સં. અન્વીક્ષ્ (વિચાર કરવો)] સ્ત્રી. આત્મવિદ્યા.

૨. સ્ત્રી. તર્કવિદ્યા; ન્યાય.

આન્વીક્ષિકી ૧. [સં. અન્વીક્ષ્ (આત્મા જાણવું)] સ્ત્રી. અવલોકન અને કલ્પના કરવાની શક્તિ.

૨. [સં. અન્વીક્ષ્ (વિચાર કરવો)] સ્ત્રી. આત્મવિદ્યા; આધ્યાત્મિક વિદ્યા; મોક્ષવિદ્યા. તે ત્રણ વેદના પૂર્વ મુખમાંથી ઉત્પન્ન થયાનું મનાય છે.

૩. સ્ત્રી. તર્કવિદ્યા; ન્યાયશાસ્ત્ર.

૪. સ્ત્રી. દંડનીતિ.

આન્વીક્ષિકોપ ૧. [સં. આન્વીક્ષિકી (આત્મવિદ્યા) + ઉપ (અધિકાર)] પું. આત્મજ્ઞાની; આત્મતત્ત્વ જાણનાર પુરુષ.

૨. પું. તર્કશાસ્ત્રી.

આન્હક સ્ત્રી. (જૈન) એક જાતનું પિશાચ.

પિશાચોના પંદર ભેદ આ પ્રમાણે છે–કૂષ્માંડ, પટક, જોષ, આન્હક, કાલ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તારાપિશાચ, પુષ્પદંતપિશાચ, અશુચિપિશાચ, કાલ, મહાકાલ, તૂષ્ણીક અને વનપિશાચ.

તત્ત્વાર્થસૂત્ર

આન્હિક [સં. અહ્ (દિવસ) + ઇક (સબંધી)] વિ. રોજનું; નિત્યનું.

આપ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) પકડી પાડવું; પહોંચી જવું; મળવું.

૨. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું. એ ઉપરથી નીકળેલા શબ્દ: આપ્ત; પ્રાપ્તિ; પ્રાપ્ય; કુરાપ.

૩. સ. ક્રિ. વ્યાપી રહેવું. તે ઉપરથી નીકળેલા શબ્દ: વ્યાપ્તિ; સર્વવ્યાપક.

આપ ૧. પું (પુરાણ) આઠ વસુમાં ચોથો વસુ; અહ વસુ. ધર, ધ્રુવ, સોમ આપ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ એ આઠ વસુ છે.

૨. [સં. આત્મન્ (આત્મા); પ્રા. અત્તાઅપ્પા] પું. આત્મા.

૩. [હિં.] પું. ઈશ્વર; ભગવાન.

૪. પું (પુરાણ) એ નામનો એક અગ્નિ.

૫. પું. (પુરાણ) કૌંચદ્વીપના રહેવાસીઓનો ઇષ્ટ દેવ.

૬. પું. દેહ; પોતાનું શરીર; જાત; પંડ.

નાથ મને મેલી ગયા, કેમ રાખું રે આપ?

પ્રેમાનંદ

૭. પું (પુરાણ) જળપ્લાવનની એક વિગત.

૮. પું. (પુરાણ) સ્વારોચિષ મન્વંતરમાંનો એ નામનો પ્રજાપતિ.

૯. પું. (જ્યોતિષ) હસ્ત અને ચિત્રા નક્ષત્રની ઉત્તરે આવેલ એક ચોળ વર્તુળનો તારો; 'ગ્રેમ વર્જિનિસ'. તે ચિત્રા અને અપાંત્યના તારાની સાથે લીટીમાં આવેલો છે.

પ્રાચીન ગ્રંથોમાં હસ્ત અને ચિત્રા નક્ષત્રની ઉત્તરે વર્ણવેલા આપ અને અપાવત્સ એ બે તારા હોય છે એ અનુક્રમે ચીન અને ગ્રીક વર્ણના છે. જ્યોતિર્વિલાસ

૧૦. સ્ત્રી. કરજે પીરનું પર્વ.

૧૧. [સં. અર્થ્ (આપવું)] સ્ત્રી. આપવા આપવું તે.

૧૨. સ. અહંકાર; મમત્વ.

આપ મુઓ પીછે કુલ ઔર દુનિયા = આપણા મોત પછી દુનિયાનું શું બને તેની આપણને દરકાર રહેતી નથી.

૧૩. સ. આકાર; વદન.

૧૪. સ. ગળપાટ; તેજ. જેમકે, મોતીનું આપ; હીરાનું આપ.

૧૫. સ. કરજની પંક્તિ.

૧૬. સ. પાણીનો સમૂહ; પાણી; જળ.

મીઠા સંગ સકેત બન સગમ અને મિલાપ,
એ ભોજન એ ભોજની મળે દુગ્ધમાં આપ.

ધનબાલસૂરિ

આપ મેલવું = કોઈ વસ્તુમાંથી પાણી કે બીનાશ છૂટવી; ઓસરવું.

૧૭. સ. પોતાપણું; અહતા; દુખવું; અહંભાવ.

૧૮. સ. (બીજી) આપણે.

૧૯. સ. તમે. માનાર્થે બીજા પુરુષમાં તમેને બદલે આપ વપરાય છે.

૧. આપ આપકી સમાલીએ, દુસરેકી પશ્ચાત મત કીજીએ = પોતાનું સંભાળવું. બીજાની ચાડિ ન કરવી.

૨. આપ કાપકી સમાલીએ, મૈ મેરી કોઅત હું = સહુએ પોતપોતાનું સંભાળવું.

૨૦. [સં. આત્મન્] સ. પોતે; ખુદ; જાતે.

૧. આપ મૈર દીકરી તે અરકે મૈર બહુ = (૧) દીકરીને સાસરાને મૈર પિતાના ઘર જેટલું સુખ મળતું નથી. (૨) પોતાની દીકરી બીજાને ત્યાં બહુ તરીકે જવાની છે માટે દીકરી અને વહુ તરફ એકસરખુ વર્તન રાખી ભેદભાવ રાખવો નહિ.

૨. આપ જિતાવ, ઔર જગ જિતાવ ? = પોતાની ઈંદ્રિયોને મનુષ્ય સખી શકાય પરંતુ દુનિયાને કોઈ કાળે કરી શકાય નહિ.

૩. આપ જૈસા જગ = જેવા આપણે હોઈએ તેવું જગત લાગે; આપણે ભલા હોઈએ તો જગત પણ ભલું લાગે.

૪. આપ ભલા તો જગ ભલા = આપણે જેમ વર્તીએ તેમ દુનિયા આપણી સાથે વર્તે.

૫. આપ ભૂલવું = (૧) પોતાની જાતને ભૂલી જવી. (૨) મુકામ જવું; ગભરાઈ જવું.

૬. આપ મૂઆ ઔર ડુબ ગઈ દુનિયા = (૧) પોતાનું કામ થઈ ગયા પછી બીજાની દરકાર ન કરવી. (૨) પોતે મૂઆ એટલે આખી દુનિયા નાશ પામી એમ માની લેવું.

૭. આપ મૂઆ પરલ સ્વર્ગ ન જવાય = (૧) બીજા ઉપર આધાર નહિ રાખતાં જાતે કામ કરવામાં જ ડાહપણ છે. (૨) સ્વર્ગ મેળવવા માટે પોતે જ મરવું જોઈએ.

૮. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ = (૧) જેમ વરસાદના પાણી જેવું બીજું પાણી નથી તેમ પોતાના જેવું બીજું કોઈ બળ નથી. (૨) બીજાથી નહિ પરંતુ પોતાના બળથી જ કામ થઈ શકે છે.

૯. આપ સુખી તો જગ સુખી = પોતાના પ્રમાણે જ બધું લાગે.

૧૦. આપકી આપસી ઔર પરાયોકી પુસકી = જેટલું પોતાનું તેટલું સારું, પારકાનું તેટલું અરાબ.

૧૧. આપથી બીતરતી સબા આપની = પોતાના સ્વાર્થે આખા જગતને પોતાના આપના હિતની પણ દરકાર કરતો નથી.

૧૨. આપના પાપ અંતર બાહે = સહુ પોતાનાં કરેલાં પાપ અંતરમાં બળતું જ હોય છે.

૧૩. આપને હર એસવું = પોતાનો ખૂબ વિચાર કરવો.

૧૪. આપવીતી સહુ બાહે, પરવીતી કોઈ ના બાહે = સહુ પોતપોતાનું દુઃખ રડે, પારકાનું દુઃખ કોઈને ખાનમાં આવતું નથી.

૨૧. વિ. પોતા સંબંધી; પોતાનું; ખુદનું. જેમકે, આપમતલબી; આપખુદ.

૨૨. સ. ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય. જેમકે, મળવું–મેળાપ.

આપખુશકલ ૧. [આત્મન્ (પોતે) + અકલ (બુદ્ધિ)] સ્ત્રી. પોતાની બુદ્ધિ; જાતની ચતુરાઈ.

૨. વિ. પોતાની સમજ પ્રમાણે વર્તનાર; બીજાની સલાહ ન લેનાર.

આપખુશ્તાર ૧. [આત્મન્ (પોતે) + ઇખ્તિયાર (સત્તા)] સ્ત્રી જુઓ આપખુશી.

૨. વિ. ન્યાય-અન્યાયનો વિચાર કર્યા વિના પોતાની મરજી પ્રમાણે સત્તા ચલાવનાર; જોહુકમી કરનાર; આપખુદ; સ્વચ્છંદી.

૩. વિ. સ્વતંત્ર; અપરાધીન; સ્વાધીન.

આપમખત્યારી ૧. [આત્મન્ (પોતે) + મુખ્તારી (સત્તા)] સ્ત્રી. બેદુકમી; આપખુદી. ૨. સ્ત્રી. સ્વતંત્રતા; સ્વાધીનતા; સ્વસત્તા; આપબળવારપણું; સ્વમતાનુગમન.

આપમાપ ૧. [હિં.] પું. કુંપદ સ્વાર્થીપણું. આપમાપ કરવું = (૧) ખુશામત કરવી. (૨) માનથી કોઈને સંબોધવું. ૨. વિ. દરેક.

આપમાપણું [સં. આત્મન્ (પોતે) + આત્મન્ (પોતાનું)] સ. પોતપોતાનું; સૌ સૌનું; પોતીકું.

આપમાપમાં [સં. આત્મન્ (પોતે) + આત્મન્ (પોતે) + મધ્યે (માં)] અ. પોતપોતામાં; અંદરોઅંદર; મહોમહે.

આપમેળાપ અ. આપોઆપ; પોતાની મેળે.

આપઉઠાવ [સં. આત્મન્ (પોતે) + ઉત્થાન (ઊભું તે)] પું. બચત હોશિયારી; પોતાનું કમાયું.

આપકમાઈ [સં. આત્મન્ (પોતે) + કર્મ (મહેનત કરવી)] સ્ત્રી. જાતે કરેલી કમાણી; સ્વોપાર્જિત ધન.

આપકરમજી [સં. આત્મન્ (પોતે) + કર્મિણી (કર્મ કરનારી)] સ્ત્રી. આપકર્મી જુઓ.

આપકરમી જુઓ આપકર્મી.

આપકરામત [આત્મન્ (પોતે) + કરામત (ચમત્કાર)] સ્ત્રી. પોતાની હોશિયારી; પોતાનું ચાતુર્ય.

આપકર્મી [સં. આત્મન્ (પોતે) + કર્મન્ (કામ) + કર્મન્ (કરનું)] વિ. પોતાના જ પુરુષાર્થ ઉપર આધાર રાખનારું; સ્વકરાકમી; પોતાના જ ઉદ્યમથી રળનાર.

આપકર્મી કે આપકર્મી? = પોતાના પર આધાર રાખશો કે બીજા પર?

આપકહાણી [સં. આત્મન્ (પોતે) + કથાનક (વાની વાર્તા)] સ્ત્રી. આત્મકથા; પોતાનું વર્ણન.

આપકળા ૧. [સં. આત્મન્ (પોતે) + કલા (કળા)] સ્ત્રી. પોતાની કળા; સ્વસિદ્ધ કળા. ૨. સ્ત્રી. પોતાની મેળે કામ કરવાની યુક્તિ; પોતાની કરામત.

આપકળા ૧. [સં. આત્મન્ (પોતે) + કલા (કલા)] સ્ત્રી. પોતાની મેળે શીખાય પણ કોઈની શીખવી શીખાય નહિ એવી કળા. ૨. સ્ત્રી. પોતાની સ્વાભાવિક કળા.

આપકાજ ૧. [સં. આત્મન્ (પોતાનું) + કાર્ય (કામ)] પું. પોતાનું કામ; સ્વાર્થ. ૨. વિ. સ્વાર્થી; આપમતલબી.

આપકાજી વિ. સ્વાર્થી; પોતાની જરૂરવાળું.

આપકાળ [સં. અપ (જળ) + કાલ (ચોકકું)] વિ. ચોકું ચોકકું; અપકટ.

આપકુદ ૧. [આત્મન્ (પોતે) + ખુદ (પોતે)] પું. પોતાની જ મરજી પ્રમાણે વર્તનાર. ૨. વિ. પોતાની જ મરજી પ્રમાણે સત્તા ચલાવનારું; બેદુકમી કરનારું; સર્વ સત્તા સ્વાધીન રાખી વર્તનારું; સ્વસત્તાકારી.

આપખુદી ૧. સ્ત્રી. ઉદ્ધતપણું. ૨. સ્ત્રી. જુલમ.
આપખુદી વાપરવી = બેદુકમી કરવી.

૩. [આત્મન્ (પોતે) + ખુદ (પોતે) + ઈ (ભાવ અર્થવાચક પ્રત્યય)] સ્ત્રી. પોતાની મરજી પ્રમાણે ચાલવું અને બીજા ઉપર પોતાની સત્તા ચલાવવી તે; આપખુદ વર્તન; સ્વેચ્છાચાર; પોતાની જ સત્તા ચલાવવાપણું. ૪. સ્ત્રી. પોતાનો સર્વોપરી અધિકાર.

આપખુદાદી ૧. સ. સ્વતંત્ર બાબત. ૨. વિ. સ્વાર્થી; આપમતલબી.

આપખુશી [આત્મન્ (પોતે) + ખુશી (હર્ષ)] સ્ત્રી. પોતાનો રાજીપો; પોતાની મરજી; રાજીખુશી; સ્વેચ્છા.

આપખુશીથી અ. સ્વેચ્છાપૂર્વક; સ્વતંત્રપણે; દિલનુસાર; મનગમતી રીતે.

આપગરજ [આત્મન્ (પોતે) + ગરજ (કામ)] વિ. સ્વાર્થીપું; મતલબી; ઓરબચેડું.

આપગા ૧. સ્ત્રી. કુરુક્ષેત્રમાંની એ નામની એક નદી; ઓઘવતી. ૨. [સં. આપ્ (પાણી) + ગમ્ (જવું)] સ્ત્રી. નદી; સરિતા; શૈલસિની; દીર્ઘવતી; સ્રોતસ્વતી.

સરિત પુની તરંગિણી તટિની કાદિની હોય;
સોત અવની નિમ્નગ આપગા દિરેફ જોઈ.
પિંગળપ્રકાશ

૩. સ્ત્રી. પંજાબમાં રાવિ નદીની પશ્ચિમે આવેલી એ નામની નદી. ૪. સ્ત્રી. ગાંગરેણી; ગંગા.

આપગાનાથ [સં. આપગા (નદી) + નાથ (પતિ)] પું. સમુદ્ર; દરિયો.

આપગેય ૧. પું. કૃષ્ણ. ૨. [સં. આપગા (નદી) + ઢક (ન)] પું. ગંગા નદીનો પુત્ર ભીષ્મપિતામહ.

આપઘાત [સં. આત્મન્ (પોતે) + ઘાત (નાશ)] પું. આત્મહત્યા; પોતે જ પોતાનો નાશ કરવો તે; આત્મઘાત.

આપઘાતક [સં. આત્મન્ (પોતે) + ઘાતક (નાશ કરનાર)] વિ. પોતાનો નાશ કરનાર; આપઘાતિયું.

આપઘાતિયું ૧. [સં. આત્મન્ (પોતે) + ઘાતક (હત્યા કરનારું)] વિ. આપઘાત કરે એવું; આપઘાત કરનારું.

૨. વિ. જાતને જ નુકસાન કરે એવું; અતિ સાહસિક; અવિચારી; જાનુ આકળું.

૩. વિ. જેણે આપઘાતનો પ્રયત્ન કર્યો હોય એવું.

આપછંદું [સં. આત્મન્ (પોતે) + છંદસ્ (વર્તન)] વિ. સ્વચ્છંદી; મનસ્વી; પોતાની મરજી પ્રમાણે વર્તનારું.

નહિ રામુ નહિ નાંદી. જહુ નાચે આપછંદી.
હંસોક્તિ

આપજોડિયું [સં. આત્મન્ (પોતે) + યુજ્ (જોડવું)] વિ. પોતાની મેળે જોડી કાઢેલું; મેળે બનાવી કાઢેલું.

આપઝળું [સં. આત્મન્ (પોતે) + યુધ્ (લડવું)] વિ. બળબળ ઉપર ઝૂઝનારું; આપમેળે લડનારું; સ્વાશ્રયી.

આપટ સ્ત્રી. (આમ્ર) આંતરડીનો ચેતાપ; મરડાની અસર; નબળાઈ.

આપટ્ય [સં. અ (નહિ) + પટુ (હોશિયાર)] સ. હોશિયારી ન હોવાપણું; મૂર્ખતા; કમબાજી.

આપડવું સ. ક્રિ. પલાડવું; બગાડવું.

આપડાવવું સ. ક્રિ. પલાડાવવું; બગાડે એમ કરવું.

આપડાવું સ. ક્રિ. પલાડવું; બગાડવું.

આપણો પું. એક જાતનું ઝાડ; આસુંદરો. તેનાં પાન મોટાં અને અણવચ્ચેથી જરા કાપેલાં હોય છે. તેની બીડી બનાવવામાં આવે છે. તેની સાંબી સિંગો બસ્તિને બાળકોને પાવામાં અને આંતરડાના વાત, પિત્ત, કફ, દાહ, તરસ અને ઝાડા મટાડવા તથા દોરડાં અને બંદુકના તોડા બનાવવા વપરાય છે.

આપડ (આપડ) સ. આપણે.

આવો તો આવતિ આપડ દીજે ઠે,
કલકુંવર માડા બનું મમદ કીજે રે. અખાનંદ

આપડવું (આપડવું) ૧. [સં. આપ્ (હલકો કરવો)] સ. ક્રિ. (આમ) પકડી પાડવું; આડું; પહોંચવું.

બબ્બ બાપ બાપાં, એકલને આપડવાં નહિ;
બોલાં બાપ બડવાં, અને તો બોકાસણે.
દલપતરામ જેવાની કુટી

૨. સ. ક્રિ. બળવું; બાળ કરવું.

આપડાઘરું ૧. [સં. આત્મન્ (પોતે) + દક્ષિણ (ડાબું)] વિ. દોઢડાહ્યું; આપમતીલું. ૨. વિ. પોતાને બહુ ડાહ્યું માનનાર.

આપડાહ્યું ૧. [આપ (પોતે) + ડાહ્યું (સમજુ)] વિ દોઢડાહ્યું; બહાપણ ઠોળનાર. ૨. વિ. પોતાને બહુ ડાહ્યું માનનાર.

આપડું (આપડું) જ. આપણું; આપણ બધાનું. નાથી દયા તુજ લાલે બેઠા આપડી.
નરસિંહરાવ

આપણ ૧. [સં.] પું. ચૌદ; બજાર; પીઠ. ૨. પું. વેચવા ખરીદવાનો બજાર; વેપાર. ૩. પું. વેચવાની વસ્તુ. ૪. પું. વેપારનું સ્થાન; હાટ; દુકાન. ૫. જ. આપણે; હું ને તમે. ૬. જ. તમે; આપને માટે માનાર્થે વપરાતો શબ્દ. ૭. [સં. આત્મન્; પ્રા. અપ્પા–આપ્પણ] જ. પોતે.

આપણને નહિ તો આપણા પાડોશીને હલે = પોતાને લાભ ન થાય તો કંઈ નહિ પણ પોતાના પાડોશીને લાભ થાય એમ ઇચ્છવું.

૮. જ. કુને માટે બંધમાં વપરાતો શબ્દ.

આપણક [સં. આપણ (બજાર)] પું. બજારનો રસ્તો.

આપણું (આપણું) [આપણે + હું (નામાપણું બતાવનાર પ્રત્યય)] જ. આપણું.

આપણનિરીક્ષક [સં. આપણ (બજાર) + નિરીક્ષક (તપાસનાર)] પું. બજાર તપાસનાર અમલદાર; 'માર્કેટ ઇન્સ્પેક્ટર'.

આપણપું ૧. જ. અહંકાર; ગર્વ; અભિમાન. ૨. જ. (જૂ. ગુ.) પોતાનું સ્વરૂપ અસ્તિત્વ. અહમ્પદિ આપણપું દીસઈ, કોમલ વચન અપાર.
ગણપતિબંધ

૩. જ. પોતાનું; નિજનું. ૪. વિ. આપનાર.

આપણવિદ્યા સ્ત્રી. સિદ્ધસંહિતામાં કહેવેલી મુખ્ય બત્રીસ બત્રીની એક વિદ્યા. સુખો વિદ્યા.

આપણહાર વિ. આપનાર.

આપણા ૧. [સં. આત્મા; પ્રા. અપ્પ] જ. આપણે પોતે; આપણ.

૨. જ. તમારાના અર્થમાં માનાર્થે વપરાતો શબ્દ.

૩. જ. પોતાને લગતા બીજા.

આપણાપણું [આપણું (પોતાનું) + પણું (ભાવ બતાવનાર પ્રત્યય)] જ. પોતાપણું; આત્મીયતા; અસ્તિત્વ.

આપત્તિક ૧. [સં. આપણ (હાટ) + ઇક (વાળું)] પુ. દુકાન ઉપરનો કર.

૨. પું. દુકાનદાર; વેપારી; વણિક.

૩. વિ. દુકાનનું.

૪. [સં. આપણ (બજાર) + ઇક (સંબંધી)] વિ. બજારમાંથી લીધેલું; બીનું.

૫. [સં. આપણ (વેપાર) + ઇક (લગત)] વિ. વેપારને લગતું.

આપણિકા પું. (પિંગળ) જગણ, તગણ, જગણ, જગણ અને ગુરુ મળી ૧૩ અક્ષરનો અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

દ્રાક્ષ ઉ આપણિકા જ ત ત જ ગ.
અર્થવિચાર

આપણું ૧. [સં. આત્મીય; પ્રા. અપ્પણ; અપ. આપણ] જ. અમારું ને તમારું; બોલનાર ને સાંભળનારનું; પોતે અને પોતાના બધીતા બીજાનું.

૨. જ. પોતાનું; પંડનું.

૧. આપણી સાન ને છપને પૂછ = અંતરાત્મા કહે તે પ્રમાણે કરવું.

૨. આપણું ઘર આઉથી દેખાય–આપણું ઘર બાર કોશથી દેખાય = (૧) દરેક બધુ પોતે જ પોતાના હિતનો નિર્ણય કરી શકે. (૨) પોતાનું સુખદુઃખ અને લાભાલાભ પોતાને સહજ બધુજન પણ પારકાં બધુજન નહિ.

૩. આપણું બાળવું ને ચારું સમાર્યું = પોતાના હિતને બધું કરી બીજાના લાભ માટે મહેનત કરવી.

આપણે ૧. [સં. આત્મન્; પ્રા. અપ્પણ] જ. જાતે; પોતે; પોતે.

આપણે નહાશે, તો આપણી જાતને લાર = (૧) આપણું કંઈ બરાબર થાય તો તે હોય આપણો પોતાનો છે. (૨) આપણે બરાબર હોઈએ તો તેમાં બીજાને નહિ પણ આપણને પોતાને જ નુકસાન છે.

૨. જ. તમે; આપ.

૩. જ. (બહુમાં) હું.

૪. જ. હું અને તમે; પોતે અને પોતાનાં લાગતાવળગતાં બીજાં; પહેલા બીજા પુરુષ સર્વનામનું બહુવચન.

આમદશુદ જુઓ આમદોશુદ.

આમદા [ફા. આમદા (આવેલું)] પું. આગમન; પધરામણી.

આમદાણી ૧. સ્ત્રી. મેમણની એક અટક.
૨. ન. મેમણની એ નામની અટકનું માણસ.
૩. વિ. મેમણની એ નામની અટકનું.

આમદાની ૧. [ફા. આમદન (આવવું)] સ્ત્રી. આબાદી; વિભૂતિ.
૨. સ્ત્રી. આવક; આમાતની વસ્તુ.
૩. સ્ત્રી. આવક.
૪. સ્ત્રી. આવક કર.
૫. સ્ત્રી. આવવાપણું; આગમન.
૬. સ્ત્રી. કમાઈ.
૭. સ્ત્રી. નફો.

આમરસુ

૮. સ્ત્રી. ખેતરા; ઊપજ.

૯. સ્ત્રી. મોસમ; આસ વખત.

આમદારી [ફા. આમદન (આવવું)] સ્ત્રી. આવક. જુઓ આમદાની.

આમદોખર્ચ [ફા. આમદ (આવક) + વ (અને) + અર્ચ] સ.ન.વ. આવક અને અર્ચ.

આમદોરફ્ત ૧. [ફા. આમદ (તે આવ્યો) + વ (અને) + રફ્ત (તે ગયો)] સ્ત્રી. આવકજાવક; આવજા.

૨. સ્ત્રી. આવકજાવક ઉપર લેવાતો વેરો.

૩. સ્ત્રી. મુસાફરી કરવાનો પરવાનો.

૪. સ્ત્રી. રસ્તો.

૫. સ્ત્રી. બજાર; આવવા જવાનો વહેવાર.

આમદોરૂહ [ફા. આમદ (તે આવ્યો) + વ (અને) + રૂહ (તે ગયો)] પું. આવજા; બજાર. જુઓ આમદોરફ્ત.

આમદા પું. જમ્મા બંધ વેપારી. જુઓ આમદવાલા.

આમન ૧. પું. બંગાળામાં કેટલી ઋતુમાં થતા ચોખાની એક જાત. તે જુલાઈ અને ઑગસ્ટમાં વવાય અને ડિસેમ્બરમાં લણવામાં આવે છે.

૨. [હિં.] સ્ત્રી. આખી સાલમાં એકજ પાક આવે એવી જમીન.

૩. [હિં.] સ્ત્રી. મોટી લંબગોળ કેરી.

૪. વિ. રીંગણાની એક જાતનું.

આમનધાન [હિં. આમન (ચોખાની એક જાત) + ધાન (અનાજ)] ન. ચોખાનો શિયાળુ પાક; આમન.

આમનન [સં. આ (બહું) + મનન (ચિંતન)] ન. વિચાર.

આમનસામન ૧. [આમન (સામસામું જોવું તે) + સન્મુખ (સામે)] અ. અરસપરસ; પરસ્પર; અંદરોઅંદર; મોંહોમોંહ; આપસઆપસમાં.

૨. ક્રિ. સામસામે.

આમનસ્ય ૧. [સં. અ (નહિ) + મનસ (દિલ)] ન. ખેદ; શોક.

૨. ન. પીડા; બબાડ; દુઃખ; કષ્ટ.

આમના ૧. [સં. આમ્નાય] સ્ત્રી. ચાલતો આવતો રિવાજ; રૂઢિ.

૨. ન. આ તરફ; આ બાજુ; આપણિયા.

આમનાસામના ૧. [હિં. આમના (આ તરફ) + સામના (સામે)] પું. વિરુદ્ધતા; સામસામા થવું તે.

૨. ન. સામે; રૂબરૂ.

આમનિયા [હિં.] સ્ત્રી. ચોખાના શિયાળુ પાકવાળી જમીન.

આમની ૧. [સં. આમ્લ] સ્ત્રી. (બોલી) આંબલી.

૨. [હિં.] સ્ત્રી. જેમાં શિયાળુ પાક વાવવામાં આવે એવી જમીન.

૩. સ્ત્રી. શિયાળામાં વાવવાના પાકની ખેતી.

આમનીબસ [અં. ઑમ્નિબસ] સ્ત્રી. ઘણાં માણસ બેસી શકે એવી મોટી ગાડી.

આમનીમોર ક્રિ. આ બાજુ; આ તરફ.

આમનીયત [અ.] સ્ત્રી. શાંતિનું ઠેકાણું.

આમનેસામને ૧. ક્રિ. રૂબરૂ.

૨. [હિં.] ક્રિ. સામસામે.

આમનેસામને કરવું = (૧) સરખામણી કરવા સારૂ મુકાબલો સરખાવવું. (૨) સામે મૂકવું; રૂબરૂ લાવવું.

આમન્ના [અ.] ક્રિ. ખરેખર.

આમન્ય જુઓ આમન્યા.

આમન્યા ૧. સ્ત્રી. આજ્ઞા.

૨. [સં. આજ્ઞા (હુકમ) + મન્ (માનવું)] સ્ત્રી. તાબેદારી; આજ્ઞાધીનતા.

૩. સ્ત્રી. મર્યાદા; સભ્યતા; માન; મહાલો.

૪. સ્ત્રી. વિવેક; વિનય.

૫. સ્ત્રી. પીણી કાઢેલા દાણા.

૧. આમન્યા કરવી = ચૂંટવું; વીણવું.

૨. આમન્યુ કરવું = લાક સુધારવું.

૬. [હિં.] સ્ત્રી. શિયાળુ ચોખાનો પાક ઉગાડવામાં આવે તે જમીન.

આમન્વંતર [સં. આ (સુધી) + મન્વંતર (મનનો વખત)] ન. એક મનુની મરજિંદીના સમય એટલે ૩૦૬૭૨૦૦૦ વર્ષ સુધી.

આમપાક ૧. [સં. આમ (કાચું) + પાક (પચવું)] પું. અજીરણ રોગની શરૂઆત.

૨. પું. (વૈદક) સોજાના રોગ વગેરેના બંધરૂપ બફાવને પકાવવાપણું.

આમપાત્ર [સં. આમ (કાચું) + પાત્ર (પ્રમ)] ન. માટીનું કાચું વાસણ.

આમપીચ ૧. ન. એક જાતનું ખટમીઠું ફળ.

૨. ન. બીનમાં બીજાનું અને દેખાવમાં સુંદર એક પ્રકારનું ફાલ. તેનાં ફળનો મુરબ્બો થાય છે.

આમપીનસ [સં. આમ (કાચું) + પીનસ (શરદ ઋતુનો રોગ)] ન. નાક પાણી વહ્યા કરે એવો રોગ.

આમપ્રબળ [આમ (સમાચાર) + પ્રબળ (લોકો)] સ્ત્રી. સામાન્ય લોકો.

આમપ્રીસ ન. પોળાં ઝીણાં ફૂલવાળું શીતાફળ જેવું એક જાતનું ફળઝાડ. તેનું ઝીંગોળા જેવું ગોળ ફળ પાકે ત્યારે રંગે પીળું અને ખાવામાં ખટમીઠું હોય છે.

આમફેહુમ [અ. આમ (સામાન્ય) + ફા. ફહમ (સમજવું તે)] વિ. બધા સમજી શકે એવું.

આમફ્રાયદા [અ. આમ (સાર્વજનિક) + ફ્રાયદા (લાભ)] પું. પ્રજાહિત.

આમભાલ પું. બધાની મિલકત; સંયુક્ત મિલકત.

આમમાંસ [સં. આમ (કાચું) + માંસ] ન. રાંધ્યા વગરનું માંસ.

આમમાંસાશી ૧. [સં. આમ (કાચું) + માંસ (પશુમાંથી) + અશ્ (ખાવું) + ઇન્ (વાળું)] વિ. કાચું માંસ ખાનાર.

૨. વિ. માણસનું માંસ ખાનાર; નરભક્ષક.

આમમુકામ [અ. આમ (સાર્વજનિક) + મુકામ (ઠેકાણું)] ન. જાહેર જગ્યા; સાર્વજનિક જગ્યા.

આમય ૧. [સં. આમ (કાચું)] પું. અપચો; અજીર્ણ.

૨. [સં. આમ (અપચો) + ઇય (થવું)] પું. આમને લગતો વ્યાધિ.

૩. પું. ધનનું નુકસાન.

૪. પું. રોગ; વ્યાધિ; બીમારી. નહિ પચેલા અન્નથી આમ થાય અને પેટમાં તેનો ભરાવો થવાથી રોગ થાય. માટે રોગને આમય કહે છે.

૫. ન. એક જાતનો છોડ; મૂળ ઊપલેટ.

૬. ન. કોઢનો રોગ.

આમયાવિતા [સં. આમયાવિન્ (રોગી) + તા (પણું)] સ્ત્રી. રોગીપણું.

આમયાવિત્વ [સં. આમયાવિન્ (રોગી) + ત્વ (પણું)] ન. રોગીપણું.

આમયાવી [સં. આમયાવિન્ (બીમાર)] વિ. રોગી; દરદી.

આમયિ વિ. રોગી.

આમરક્ત [સં. આમ (કાચો મળ) + રક્ત (લોહી)] ન. લોહીના ઝાડાનો રોગ.

આમરક્તાતિસાર [સં. આમ (અપચો) + રક્ત (લોહી) + અતિસાર (ઝાડો)] પું. દસ્તમાં લોહી અને આમ પડવાનો રોગ.

આમરખ [સં. આમર્ષ] પું. ગુસ્સો; રોષ. જુઓ આમર્ષ.

આમરસુ ૧. [સં. આ (સુધી) + મરસુ (મોત)] વિ. મોત સુધી રહેનારું.

૨. વિ. મરતાં લગી; જિંદગી પર્યંત.

આમરણાંત ૧. [સં. આ (સુધી) + મરણ (મોત) + અંત (છેડો)] વિ. મરણ સુધીનું.

૨. વિ. મરણ સુધી; જિંદગી પર્યંત.

આમરણાંતિક જુઓ આમરણ.

આમરસ ૧. પું. એક જાતનું કેરીનું અથાણું.

૨. [સં. આમ્ર (કેરી) + રસ] પું. કેરીનો રસ.

૩. પું. જઠરમાં ખોરાકનું અધૂરું પચ્યા જેવું રૂપ; પાચનક્રિયામાં બાકી રહેલો ખોરાક.

૪. [સં. આમ (કાચું) + રસ] પું. પેટનો કાચો મળ.

આમરસિયું ૧. [સં. આમ (કાચું) + રસ (પ્રવાહી) + ઈયું (વાળું)] વિ. અધૂરું પચેલું.

૨. [સં. આમ્ર (કેરી) + રસ + ઈયું (વાળું)] વિ. કેરીના રસ જેવા રંગવાળું.

આમરસી ૧. વિ. અધપાકું.

૨. વિ. કેરીના રસ જેવા રંગવાળું.

આમરા [સં. આમલક] જ. એ નામનું સોપારી જેવું એક જાતનું ફળ; આંબળું.

આમરાઈ ૧. [સં. આમ્ર (આંબો)] સ્ત્રી. આંબાનું વન; આંબાવાડિયું; અમરાઈ.

૨. સ્ત્રી. ફળઝાડ ઉપર લેવાતી મહેસૂલ.

આમરાક્ષસો સ્ત્રી. (વૈદક) એક જાતની દવા. અફીણ, જાયફળ, લવિંગ, ચોપેડો હિંગળો અને કપૂર સરખે ભાગે લઈ તેની બમણે રતીભારની ગોળી બનાવવી. તેમાંથી એક ગોળી દિવસમાં બે વાર પાણીમાં લેવાથી કોમળિયામાં થતો દાહ મટે છે.

આમરાજ્યવાદ [સં. આમ (સાર્વજનિક) + રાજ્ય + વાદ (મત)] પું. સમાજમાં દરેક માણસનો સરખો દરજ્જો છે એવો મત.

આમરાજ્યવાદી [સં. આમ (સાર્વજનિક) + રાજ્ય + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. દરેક માણસના સરખા દરજ્જામાં માનનારું.

આમરાણિયા ૧. સ્ત્રી. સુતારની એક અટકનું નામ.

૨. જ. સુતારની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

આમરાનો [દે.] સ્ત્રી. (પક્ષાઘાતનું) સખાઈ; વધારી મારી અને સદા અથવા વારંવાર સાથે આંધેલું દોરડું; સાંબાઈ; મોરમાં ભરાવી જણસ સાથે સંતાણ બંધાતું મરેઠીઓવાળું આખું દોરડું.

આમરિયો પું. આંબો.

આમરિયોકંદ પું. (કચ્છી) એ નામનો કંદ; વારાકંદ; વજ્રવેલ. તેનું શાક થાય છે.

આમરી ૧. જ. પીળાં ખાટાં ફળવાનું એક જાતનું સુંદર ઝાડ. તેનાં ફળ આમળાને બદલે વપરાય છે.

૨. જ. હાથેક ઊંચાઈનો એક જાતનો છોડ; ભોંયઆમલી.

આમરી આકલીઓ વિ. કેરીની એક જાત. બાદલી જેવા આકારનું બદામ સુધી વજનનું આ ફળ ચૈત્રથી શ્રાવણમાં પાકે છે.

આમર્દ ૧. [સં. આ (ઉપર) + મૃદ્ (કાપવું)] પું. ખંજવાળ.

૨. [સં. આ (ચારે) + મૃદ્ (પીસવું)] જ. જોરથી દબાવવાપણું.

આમર્દકી ૧. [સં.] સ્ત્રી. આંબળું.

૨. સ્ત્રી. ફાગણ માસની સુદ અગિયારસ; આમલકી એકાદશી.

આમર્દન [સં. આ (ઉપર) + મૃદ્ (પીસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] જ. જોરથી દબાવવાપણું. જુઓ આમર્દ.

આમર્દી [સં. આ (ઉપર) + મૃદ્ (પીસવું) + ઇન્ (વાળું)] વિ. જોરથી દબાવનાર; બળાત્કારથી મર્દન કરનાર.

આમર્શ [સં. આ (બધું) + મૃશ્ (અડવું)] પું. સાવ અડી રહેવું તે.

આમર્શન જ. અડવું તે.

આમર્ષ ૧. પું. અદેખાઈ.

૨. [સં. આ (ઓછું) + મૃષ્ (સહન કરવું)] પું. અસહનશીલતા; સહન કરી ન શકવાપણું.

૩. પું. ક્રોધ; રોષ; ગુસ્સો.

રોષ રોષ આમર્ષ ને રોષ અન્ય તમ હોઈ,
ક્ષોભનારી છે સુંદરી, કરી સાહસરી જોઈ.
વિજયસપુરોષ

૪. પું. બીડિયાપણું.

૫. પું. (કામ) સંચારી ભાવના તેત્રીસ ભેદ માંહેનો એક. બીજાનો અહંકાર સહન ન થવાથી તેનો નાશ કરવાની ઇચ્છા.

૬. [સં. આ (ચોતરફ) + મૃશ્ (વિચારવું)] પું. સારી રીતે વિચાર.

આમર્ષણ [સં. આ (ઓછું) + મૃષ્ (સહન કરવું)] જ. ક્રોધ; રોષ; ગુસ્સો; આમર્ષ.

આમર્ષૌષધિ [પ્રા. આમોસહિ] સ્ત્રી. (જૈન) છત્રીસ લબ્ધિમાંની આમ હાથના અડવાથી બધા દરદ મટી જાય એવી એક શક્તિ.

આમર્સિઝ્મા નોબિલિસ જ. એક જાતનું સુંદર ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું ફૂલઝાડ. તેની દરેક ડાળીમાંથી લટકતાં પીળાં, પાંચ પાંખડીવાળાં ફૂલ, અને ફૂલની આસપાસ લાંબાં લટકતાં પીરાં રાતાં અથવા જાંબુડિયાં પાન તેની શોભામાં વધારો કરે છે. હિંદી વનસ્પતિશાસ્ત્રમાં રસ લેનાર લેડિ એમર્સ્ટના નામ ઉપરથી આ ઝાડનું નામ પડ્યાનું કહેવાય છે. ફૂલ ન હોય ત્યારે દેખાવમાં તે આરોપાલવ જેવું લાગે. ઝાડનું મજબૂત થડ જાડી, બરછટ, રાખોડિયા રંગની છાલથી ઢંકાયેલું હોય છે અને એમાંથી કોઈ કોઈ લાંબાં પાંદડાંની જાણે બાજુઓ સમાતરે હોય છે. છેડે પાંદડાં ઝાડીવાળાં, ઉપરની બાજુએ મુંવાળાં અને કાળાશ પડતાં લીલાં અને નીચેની બાજુએ આંખો ફેલાવીવાળાં હોય છે. ભર્મા, તીનાસરીમ અને જાવામાં આ ઝાડ થાય છે.

આમલ ૧. [સં. આમ્લ] પું. આમળાનું ઝાડ.

૨. પું. (બૃ. પ્ર.) પેરાવો.

આમલક ૧. [સં.] જ. આમળાનું ઝાડ.

૨. જ. આમળું; આમળાના ઝાડનું ફળ.

૩. જ. વાસક નામનું ઝાડ.

આમલકગંતિકાપીઠ જ. (સિદ્ધપ્રાકાર) બધા પાયાવાળી પુરસી.

આમલકાદિલોહ [સં. આમલક (આંબળું) + આદિ (વગેરે) + લોહ (લોઢું)] જ. (વૈદક) રક્તપિત્તમાં ઉપયોગી મનાતી એક દવા. આંબળાં એક ભાગ, લીંડીપીપર એક ભાગ, સાકર બે ભાગ અને લોઢ ચાર ભાગ લઈને મેળવવાથી આ દવા બને છે.

આમલકાદિવટી [સં. આમલક (આંબળું) + આદિ (વગેરે) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) આંબળાં, મૂઠ, સાકર વગેરે ચીજોની બનાવાતી ગોળી. તે મોઢામાં રાખી ચગળવાથી તરસ, પિત્ત અને ખટાસ ઓછાં થતાં મનાય છે.

આમલકાયસ [સં. આમલક (આંબળું) + આયસ (લોઢાનું)] સ્ત્રી. (વૈદક) આમળાના રસથી બનાવેલી લોઢભસ્મ. ઠળિયા વિનાનાં છાંયે સૂકવેલાં પાકાં આમળાં આઠ શેર અને ઇન્દ્રવારણ મૂળનાં બધાં ઔષધ મળીને આઠ શેર લઈ તેમને દશગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ ઉકાળો બાકી રહે તેને ભાવના આપવાથી તે બને છે.

આમલકાયસ રસાયન [સં. આમલક (આંબળું) + આયસ (લોઢું) + રસાયન (બડપણ અને વ્યાધિ દૂર કરનાર ઔષધ)] જ. કેરી જુવાની મેળવવા માટે વપરાતું ઔષધ. ભગવાન વસિષ્ઠ, કાશ્યપ, અંગિરા, જમદગ્નિ અને

ભૃગુ ઋષિઓએ આ રસાયનનું સેવન કર્યાનું અને તેથી તેઓ રોગ અને વૃદ્ધાવસ્થા પામ્યા વિના લાંબો વખત સ્થિર તપ કરી શક્યા હોવાનું મનાય છે.

આમલકી ૧. [સં.] સ્ત્રી. આંબળાંનું ઝાડ.

૨. સ્ત્રી. એ નામનું ઝાડ. પાંડવોએ દ્વૈતવનના નિવાસમાં તે રોપ્યું હતું.

૩. સ્ત્રી. નાની જાતનું આંબળું.

૪. સ્ત્રી. ફાગણ સુદ અગિયારસ. જુઓ આમલકી એકાદશી. તેનું બીજું નામ કુંજ એકાદશી છે.

૫. સ્ત્રી. વાસક નામનું ઝાડ.

આમલકી એકાદશી સ્ત્રી. ફાગણ સુદ અગિયારસ. આ એકાદશીને દિવસે આમળાના ઝાડની પૂજા કરવાનો મહિમા છે. વૈદિશ નગરમાં સોમવંશી ચૈતરથ રાજા રાજ્ય કરતો હતો. તેની પ્રજા પણ સમૃદ્ધિવાન, સર્વગુણસંપન્ન અને વિષ્ણુભક્ત હતી. રાજાપ્રજા ફાગણ સુદ અગિયારસનો ઉપવાસ કરી આમળાના ઝાડનું પૂજન કરવા ગયા. આ વખતે એક ભૂખ્યો શિકારી ત્યાં આવી ચઢ્યો. આ શિકારીએ પણ એ તપવિધિમાં ભાગ લઈ ભગવાન કર્યું. કેટલાક દિવસ પછી એ શિકારી મરણ પામ્યો, અને આ એકાદશીના પ્રભાવે અયોધ્યાનરેશ વિદૂરથ રાજાને ત્યાં વસુરથ નામે દીકરા તરીકે જન્મ્યો. એક વખતે શિકારે જતાં ભૂલો પડ્યો. ભૂખ્યો અને થાકેલો હોવાથી નિદ્રાવશ થયો. તેવામાં યવનોનું એક ટોળું ત્યાં ચડી આવ્યું. તેમણે તેને મારી નાખવા અનેક શસ્ત્રો વાપર્યાં પણ કાંઈ ઉપજ્યું નહિ. મોડા વખતમાં રાજાના શરીરમાંથી નીકળેલી એક દિવ્ય શક્તિએ રાજાને ભયમાંથી મુક્ત કર્યો. તેથી આ એકાદશીનું નામ આમલકી એકાદશી પડ્યું છે.

આમલકાદ્યવલેહ [સં. આમલક (આંબળું) + ઘૃત (ઘી) + અવલેહ (ચાટણ)] પું. (વૈદક) કમળા અને પાંડુરોગ ઉપર વપરાતું આમળાં અને બીજી ઔષધિનું બનાવેલ ચાટણ.

આમલકાદ્યારિષ્ટ ગુટિકા [સં. આમલકી (આંબળું) + આદિ (વગેરે) + ગુટિકા (ગોળ)] સ્ત્રી. (વૈદક) આમળાં, કમળ, ધોળ, ગોખરુ પાણી અને કૂણી વડવાઈના ઝૂડાની મધમાં બનાવેલી ગોળી. આ ગોળી ખાવાથી તરસ છિપાવાનું કહેવાય છે.

આમલકાદ્યારિષ્ટ ચૂર્ણ [સં. આમલકી (આંબળું) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] સ. (વૈદક) આમળાં, ચિત્રક, હરડે, પીપર અને સિંધાલૂણ સરખે ભાગે લઈ ચૂર્ણ કરવાથી બનતું રેચક ચૂર્ણ. તે ખાવાથી દરેક જાતના તાવ અને કૃમિ દૂર થાય અને બાદ પછી ખાવાની રુચિ થાય.

આમલસાર પું. મંદિરના શિખર ઉપરનો કળશ.

આમલસારો જુઓ આમલસાર.

આમલસારો અંધક [સં. આમલ (શુદ્ધ) + સાર (સત્ત્વ) + અંધક] પું. શુદ્ધ કરી સાંગરા રૂપે બનાવેલો અબરખ.

આમલા [સં. આમલક] સ. વ. ક. (હિંદી) આંબળાં.

આમલાદિલોહ [સં. આમલક (આંબળું) + આદિ (વગેરે) + લોહ (લોઢું)] સ્ત્રી. (વૈદક) રક્તપિત્ત માટે લોઢાની એક જાતની બનાવટ. તે બનાવવા આંબળાં તોલા ૩૨, પીપર તોલા ૩૨ અને સાકર તોલા ૬૪ લઈ તેનો ચૂરો ચણાના જેવો ભૂકો કરી તેમાં લોઢાભસ્મ તોલા ૩૨ ગાયનું ઘી ભરેલ કઢાઈમાં ઘાલી ઘૂંટવું.

આમલિયા ૧. સ્ત્રી. આંબલીની એક જાતનું ન.મ.

૨. સ. આંબલીનું બનાવટનું.

૩. વિ. એ નામની જાતનું.

આમલિયોકંદ જુઓ આમલિયોકંદ.

આમલી ૧. સ્ત્રી. આમલી નામના ઝાડનાં ફળ; આંબલી. તેમાં ખટાશ અને સહેજ ગળપણ હોવાથી દાળ, શાક વગેરે રસોઈમાં ખટાશ તરીકે તેનો ઉપયોગ થાય છે. નથી કરતાં ખૂની આમલી ગુણકારક મનાય છે. તેમાં ખટાશ હોવાથી તે મોઢાને સાફ કરે અને જઠરમાં વધારે. તેનાં બિયાંને આંબલિયા, ક્યૂપ, ચિચ્યૂપ, ચિંચા અથવા ચિંચોટા કહેવાય છે. તે શેકીને ખવાય છે.

૨. સ્ત્રી. આમળાંનું ઝાડ.

૩. [સં. આગ્નિકા] સ્ત્રી. મોટું, ખટાશ અને બીજા લાક્ષણવાળું એક જાત આંબલી. તે ગરમ, ખાટું, પિત્ત વધારનાર, કફ કરનાર, વાનો રોગ મટાડનાર અને તેનાં પાંદડાં સોજો અને રક્તદોષ મટાડનાર મનાય છે. તેની ખાટી અને વિલાયતી જેમ જે મુખ્ય જાત છે. તેને આપણે વર્ષે શિશિર ઋતુમાં ફળ આવે છે.

૧. આમલીના પાનમાં સૂવું = બહ પાનમાં સુવાય નહિ. ત્યાં બેદરકારીના અર્થમાં તરીકે આમ બોલાય છે.

૨. આમલીને બંધ = (૧) આમલીના જેવું બધું સખત એટલે ન તૂટે એવું બંધન. (૨) કબજિયાત.

૩. હાથે આમલીના બંધ હોવા = હાથથી પૈસો ન છૂટવો.

૪. વિ. ચીડિયા સ્વભાવનું; આકું.

આમલીઆકાર વિ. મહીપાંડ એજન્સિમાં આવેલું એક સંસ્થાન.

આમલીતલા સ. તાપ્રપર્ણીના ઉત્તર કિનારે આવેલું એક પ્રાચીન ઠેકાણું. ચૈતન્ય પ્રભુ અહીં થોડાએક આવ્યા હતા.

આમલીપીપળી સ્ત્રી. ઝાડની એક ડાળીથી બીજી ડાળીએ કૂદતા અને રમનારમાંના કોઈને અડકી લેવાની છોકરાંની એક રમત; ઓળકોળામણો.

આમલીપીપળી રમાડવી = (૧) આકું અવળું સમજનારને પોતાના મતનું કરવું; ભમાવવું. (૨) ગૂંચવણમાં નાખવું; મૂંઝવવું; ગભરાવવું.

આમલીસહકારકુંળ [આમલી (આમળાનું ઝાડ) + સહકાર (આંબો) + કુલ (કુળ)] ન. આંબળાં અને કેરી.

આમલીસહકારકુંળ આરોગિયાં ત્રિ, નામ!

આમલેટ [અં. ઓમલેટ] પું. એક જાતનો પૂડો એટલે ઘોટ અથવા દાળના ખીરાની તળેલી પોળ.

આમલો પું. (જા. રૂ.) ખર્ચ; તત્ત્વ.

પુરુષ તણીયે બહુત્તિરિ કલા,
પ્રોઢપ્યા સમ્યક્ રાજ આમલા. જ્ઞાનસમય

આમલોક જુઓ આમવર્ગ.

આમલોગ સ. વ. ક. સાધારણ વર્ગનાં લોકો.

આમવર્ગ [આમ (સાધારણ) + વર્ગ (વિભાગ)] પું. સાધારણ માણસોનો વિભાગ; સામાન્ય લોકસમૂહ; પ્રજાવર્ગ.

આમવાત [સં. આમ (કાચો મળ) + વાત (૫)] પું. (વૈદક) એક જાતનો વાયુનો રોગ; આમ એટલે ઝાડા સાથે સંદેહ અને બીજા પદાર્થ નીકળવાથી ખાતો અટકવો. અપચામાં આવવાથી યોગ્ય પોષક રસ થવાને બદલે તેમાંથી આમ એટલે કાચો મળ ઉત્પન્ન થાય. મંદાગ્નિવાળાં, બાળકો અને ભારે ખોરાક ખાઈ તરત જ મહેનત કરનાર માણસને આ રોગ થાય છે. તેમાં અંગ મરડાઈ જવું, અરુચિ, તરસ, આળસ, તાવ, ખોરાક ન પચવો, શરીર સોજી જવા, હાથ, પગ, માથું, ઘૂંટી, કેડ, કેડા અને સાંધામાં સોજો આવી પીડા થાય છે. સંડ અને મગોનો ઉકાળો રોજ લેવાથી આ

દરદ ફર થવાનું કહેવાય છે. આ રોગમાં ઘી, ગાય, કુમળા મૂળા અને લિલેરું કિંતાર અને દાળ, ભાજી, કાકડી, બગલી અને તુરા પદાર્થ નુકસાનકારક મનાય છે.

આમવાતારિ ગુટિકા [સં. આમવાત (એક જાતનો સંધિવા) + અરિ (દુશ્મન) + ગુટિકા (ગોળી)] સ્ત્રી. (વૈદક) આમવાત મટાડનાર રસની એક જાતની બનાવટ. ગંધક, પારદ, ટંકણખાર, સિંધાલૂણ, સોડાભરમ, તામ્રભરમ અને શંખભરમ દરેક અકેક તોલો અને મૂરણ ચૌદ તોલા, ત્રિફળા ત્રણ તોલા અને ચિત્રક ત્રણ તોલા લઈ બધાને ઘીમાં ઘૂંટી ગોળી કરવી. કેટલાક પારદ, ગંધક, સોડાભરમ, અબ્રકભરમ, ટંકણખાર, સિંધાલૂણ સરખે ભાગે લઈ તે બધાથી બમણો મૂરણ અને મૂરણથી બીજા ભાગની નસોતરની વાસ તથા તેટલો જ ચિત્રક નાખી ઘીમાં ઘૂંટી ગોળીઓ બનાવે છે. તેની માત્રા બાર થી બાર વાલ સુધીની છે. વળી કેટલાક પારદ તોલો એક, ગંધક તોલા બે, ત્રિફળા તોલા ત્રણ, ચિત્રક તોલા ચાર અને મૂરણ તોલા પાંચને ભેરંડિયામાં ઘૂંટી ગોળી વાળવાનું કહે છે.

આમવાતિક જ્વર [સં. આમવાત (સંધિવા) + જ્વર (તાવ)] પું. સંધિવા સાથે આવતો તાવ. આ તાવનું ચોક્કસ કારણ જે તેના ઇલાજ બાબતની ચોક્કસ માહિતી મળી નથી. પણ કેટલાક વિદ્વાનવૈદ્યોનો માને છે કે સૂક્ષ્મ જીવાણુથી તે થાય છે. કેટલાક આ રોગનું કારણ ત્રિદોષપ્રકોપ કહેવાય માને છે. વસંત અથવા વર્ષાઋતુમાં, ભીનાશવાળી અને ગરમ જગ્યામાં, જ્યાં કરતાં પુરુષને અને તેમાં પણ યુવાનને આ બીમારી વધારે લાગુ પડે છે. એક વાર આ તાવ આવે તો બીજી વાર આવવાનો ભય રહે. ઘાક અને શરદીથી આ રોગ વધારો પામે. તેમાં એકાએક ઠંડા ચડી તાવ આવે, શરીર અકડાઈ જાય, ગળામાં બળતરા થાય, કોક સાંધામાં દર્દ થાય, કોઈ કોઈ વાર બધાની સાંધાનો સોજો દેખાય, સાંધામાં સોજો આવે અને વખતે રોગીને સન્નિપાત પીડા થાય. કોઈ વખત પછી સોજો ઘટી પીડા ઓછી થાય, પણ કેટલીક વાર એક સાંધો સારો થતાં બીજા સાંધામાં સોજો ચડે. તાવ પણ સોજો ઓછો થતાં ઓછો થાય અને વધતાં વધે. સરેરાશમાં ૧૦૨ થી ૧૦૩ ડીગ્રી સુધી તાવ હોય. તાવનો ઉતરવાનો આધાર સાંધાના સોજા ઉપર છે. કેટલીક વાર ૧૦૬ થી ૧૦૭ ડીગ્રી સુધી તાવ ચડે. નાડી ઉતાવળે ચાલનારી અને ભરેલી હોય. કોઈ કોઈ વાર આ દરદના ઇલાજ હૃદયના પોલાણમાં અર્ક તેના ઉપર સોજો કરે અને તે જવાબદાર બને. આ બીમારી મુદત ૭ અઠવાડિયાની છે.

આમવાતેશ્વરરસ [સં. આમવાત (એક જાતનો સંધિવા) + ઈશ્વર (પારો) + રસ] પું. (વૈદક) આમવાત, મરડો, અજીર્ણ અને સંધિવા મટાડવા માટે વપરાતા એક જાતના રસની બનાવટ. શુદ્ધ ગંધક પણ અર્ધ, તામ્રભરમ પણ અર્ધ, શુદ્ધ પારદ તોલો એક અને લોહભરમ તોલો એકને એરંડાના મૂળના રસની સાત ભાવના દઈ કેવડે મોનાં પ્રમાણની દરેક ભાવના દેવી. તે પછી બધા ચૂર્ણની બરાબર કુવારેલો ટંકણખાર, ટંકણથી અર્ધ ભીલામું, ભીલામું જેટલાં મરી, વાવડિંગ અને આમળીનો ક્ષાર મેળવવાં તથા બરાબર જેટલું તંતીમૂળ અને એ સર્વના ચૂર્ણથી બરાબર ત્રિકટુ, ત્રિફળા ને ચવિતનું ચૂર્ણ મેળવવું. તે ચૂર્ણ મધ, દૂધ કે ચણી સાથે બે થી ત્રણ રતી લેવાય છે.

આમવાયુ [આમ (અપચો) + વાયુ (પવન)] પું. અપચાને લીધે થતો સાંધા રહી જવાનો રોગ. જુઓ આમવાત.

આમવિકાર [સં. આમ (કાચો ખોરાક) + વિકાર (બગાડ)] પું. આંતરામાં કાચો મળ નીકળવાનો રોગ.

આમવ્યાધિ જુઓ આમવાત.

આમશૂલ [સં આમ (આંતરાની કાચિયાશ) + શૂલ (દુઃખ)] સ. અજીર્ણને લીધે થતું પેટ; કાચા મળને લીધે પેટમાં ચૂંક આવવાનો રોગ.

આમશોદ્ધ [સં. આમ (કચું) + શોધ] સ. કાચા અનાજથી કરાતું એક જાતનું શાક; કાચા અનથી કરવા લાયક શાક. તેમાં ચિંદાનને બદલે આદુવાળું કાચું અન્ન દેવામાં આવે છે.

આમસભા ૧. [આમ (સામાન્ય) + સભા (મંડળ)] સ્ત્રી. સાધારણ લોકોના પ્રતિનિધિઓની મંડળી.

૨. સ્ત્રી. સામાન્ય લોકોની સભા.

આમસરા ૧. [જ. આમ (સામાન્ય) + સરય (ઉતારો)] સ્ત્રી. ધર્મશાળા; સાર્વજનિક ઉતારો.

૨. સ્ત્રી. બીજના રહેવાસીઓને વાપરવા અને જવા આવવા માટે રસ્તા તરીકે રાખેલી મોકલાયાંની જમીન.

આમહો સામુહું જ. (ડિંગળ) આમનેસામને; સામસામે.

આમળ ૧. જુઓ.; જ. ગર્ભમાં બાળકની ઘૂંટી સાથે બેસાડેલી રમોની સાંબી બહાર ધસી આવેલી નળી.

૨. [સં. આમ (નહિ પચેલું)] જુઓ.; જ. ગુદાની બહાર નીકળેલો આંતરાનો ઊંડો; આમશ.

૩. સ્ત્રી.; જ. યોનિની બહાર નીકળેલ ગર્ભનો પડદો; બાંકું.

આમળક ૧. [સં. આમલક] પું. આંબલિયો; કચૂકો.

૨. જ. આંબળું.

આમળકી સ્ત્રી. એક જાતનું ઘાસ. જુઓ આમળી.

આમળતું ૧. વિ. અમળાતું; પેટમાં ચૂંક આવતી હોય એવું.

૨. વિ. વળ દેતું.

આમળનળો સ્ત્રી. રબ્બરના પેચ જેવા આકારની નળી.

આમળવું ૧. સ. ક્રિ. ગોળવું; મસળવું.

૨. સ. ક્રિ. જોરથી વાંકું વાળવું; મરડવું.

૩. સ. ક્રિ. ભોગવવું.

૪. સ. ક્રિ. અમળવું; આંબળવું; વળ ચડાવવો.

૫. સ. ક્રિ. વણવું.

આમળસારો ગંધક પું. આમળસારો ગંધક.

આમળિયું ૧. જ. ઘાનાની તમાકુને વળ દઈ બાંધેલું ગાંઠવું; વળિયું.

૨. જ. બે કે ત્રણ તારનું વળ દઈને કરેલું દોરડું; વળિયું; સોના, રૂપા કે તાંબાના ત્રણ તારવાળું વળ દઈને કરેલું દોરડું. રૂપાના તારનાં વળ દઈને બનાવેલાં ઝોકરાં પગે પહેરે છે અને સોનાનાં વળ દઈને કરેલાં અથવા વળ દીધો હોય તેવાં આંક પાડેલાં આમળિયાં ઓગો હાથે પહેરે છે.

૩. જ. વાજિંત્રના તાર સપ્તક કે દીવા કરવા માટે રાખેલું લાકડાનું નાનું બટકું.

આમળિયો પું. દોરી વણવામાં વપરાતું ઓજાર. તે વળ દેવામાં વપરાય છે.

આમળી સ્ત્રી. એક જાતનું ઘાસ. તેનાં નાનાં બોર જેવડાં અને રવાદે બટમોરાં ફળ આમળી કહેવાય છે.

આમળીપીપળી સ્ત્રી. ઝાડપીપળી નામની છોકરાંની એક દેશી રમત. જુઓ ઝાડપીપળી.

આમળીભોજન જ. કારતક સુદિ દશમથી પૂનમ સુધી વનમાં જઈને આમળીના ઝાડની પૂજા કરવાનો અને ત્યાં જ જમવાનો ઉત્સવ.

આમળીયાકૂ વિ. વાંકડિયું.

આમળું ૧. [સં. આમલક; હિ. આમલા] જ. આંબળાના વર્ગનું એ નામનું ખોરડી જેવડું ઊગતું ઝાડ. તેનાં પાંદડાં આમલીનાં પાન જેવાં ઝીણું થાય. તેમાં સેપ્ટેમ્બર મહિનામાં પીળા રંગનાં ફૂલ આવે અને માર્ચ એપ્રિલમાં આમળાં પકે. આમળાં આકારે ગોળ અને સ્વાદમાં ખાટાં હોય. તેની અંદર મોટો ઠળિયો હોય. તાજાં આમળાં સારી જાતનાં વગેરે નાખી અથાણાં કરવા અને તેમાં વેત વેતને અંતરે ઠળિયા વાળી ફરી અથાણામાં પાણી પાવું. બે વરસના રોપા થાય એટલે ફાગણની જગ્યાએ ચોમાસામાં વાવવા. આમળાંની બે જાત: નાનાં અને મોટાં. નાનાં આમળાં વાવ્યા પછી પાંચમે વરસે અને મોટાં આમળાંનાં ઝાડ આઠમે વરસે ફળે. લોકો તેનું અથાણું ને મુરબ્બો કરે છે. આ ઝાડને ખાસ ખાતર નાખવાની જરૂર નથી. તેને શરૂઆતમાં ગમે વર્ષે સુધી ગોડવા અને પાણી પાવાનું સંભાળવું. પથ્થરવાળી જમીનમાં ગમે કૂવા ઊંડા અને મે કૂવા પહોળા આસ પાણી તેમાં નદીના કાંપની માટી ભરી આમળાનો રોપ વાવી શકાય. આ ઝાડના લાકડામાંથી ખેતી પોળા ગ્રામને મરાઠીમાં આવળકોટી કહે છે. તેમાંથી તેલ પણ કાઢે છે. તે બહુ જ પુષ્ટિકારક હોવાથી દુકાવસ્થા માટે એનું અને સર્વ જાતના તાવ ઉપર તે અકસીર મનાય છે.

૨. જ. એ નામનું એક જાતનું ફળ; આમળું. તેની પણ જાત: (૧) રેવઆમળાં. તે સ્વાદે તૂરાં હોને ખાટાં અને માથામાં નાખવાના તેલમાં ને મુરબ્બો કરવામાં વપરાય છે. (૨) ગોરઆમળાં. તે તુવરીમાંથી નીકળે અને એનો સ્વાદ ખાટો અને કંઈક ગળ્યો હોય. (૩) રાયઆમળાં. તે ખાટાં હોય અને અથાણું કરવાના તેમ જ ઘાના કામમાં આવે. આ ફળ મોટાં બોર જેવડાં અને રંગે પીળાં જરા રતાશ ઉપર હોય. ગ્રાચાં આમળાંનો રંગ લીલો હોય ને તેને ૭ ફોસ હોય છે. તે રક્તપિત્ત, પ્રમેહ, વિષ, જ્વર, રક્તસ્રાવ, વીર્યસ્ખલન, કામેન્દ્રિયત, સોજા, રક્ત, રક્તવિકાર અને ત્રિદોષ મટાડનાર મનાય છે.

૧. આમળાં જેવું મીઠું = મોટું મીઠું; ઊંચ રંગ બદામ; જાતવા વસ્તુ.

૨. આમળું મહેનું = (૧) ક્રમ કરાવીને લાવવું; કામ કરવું. (૨) ખૂબ માર મારવો.

આમળો ૧. પું. અહંભાવ; ધર્મો.

૨. પું. અભિમાન.

૩. પું. બાર; અટકસ.

૪. પું. ચીંટિયો.

૫. પું. ટેક.

૬. પું. પોતાનું કામ ન થવાથી થતી દિલગીરી.

૭. પું. મદ; ગર્વ; અહંકાર.

૧. આમળા ચાવા = વળ ચાવો; અંજવાળું.

૨. આમળો ચડવો = (૧) ઉશ્કેરાવું. (૨) બાર રાખવો.

૩. આમળો રાખવો = (૧) અભિમાન રાખવું. (૨) બાર રાખવો.

૪. દોરડી બળે પણ આમળો ન મૂકે = માણસ મામલામાં ગમે કે મરી જાય પણ પોતાનો વળ ન મૂકે.

૫. મનનો આમળો = (૧) અહંકાર. (૨) મનમાંનો ઠંબ કે ઝેર.

૮. પું. વળ; વળવાળો આંટો; વસ્તુને આમળવાથી તેના પર દેખાતો વાંકો લીસોટો.

આમંઠ ૧. પું. એરંડાનો જોડ.

૨. પું. દવા કૂટ ઊંચું અને મુસોબ્લિત જોડ જાતનું ઝાડ; બદામનું ઝાડ. તેનાં ગુલાબી અને રાતાં ફૂલ વસંત ઋતુમાં બેસે છે. ફળમાંથી નીકળતાં બી બદામ કહેવાય અને તેની કાચી અને બીજી બેતી બે જાત હોય છે.

આમંઠું [સં. આમંઠ] પું. પોળો જોરદો.

આમંત્ર ૧. પું. એરંડાનો જોડ.

૨. [સં. આમંત્ર (બોલાવવું)] પું. બોલાવવાપણું; આમંત્રણ; તેડું; નોતરું.

આમંત્રણ ૧. જ. અભિનંદન.

૨. [સં. આમંત્ર (બોલાવવું)] જ. નિમંત્રણ; તેડું; નોતરું; ઉજાણ.

૩. જ. પરવાનગી; રજા.

૪. જ. પ્રેમ.

૫. જ. રજા લેવાપણું. છૂટા પડવું તે.

૬. જ. વાતચીત.

૭. જ. સંબોધન.

૮. જ. (વ્યાકરણ) સંબોધન વિભક્તિ.

આમંત્રણ આજ્ઞાપત્ર [સં. આમંત્રણ (તેડું) + આજ્ઞા (હુકમ) + પત્ર (કાગળ)] જ. અદાલતમાં હાજર થવા માટેનું અધિકારીનું લિખિત તેડું; 'સમન્સ'.

આમંત્રણપત્રિકા [સં. આમંત્રણ (નોતરું) + પત્રિકા (ચિઠ્ઠી)] સ્ત્રી. નોતરાની ચિઠ્ઠી.

આમંત્રણા જુઓ આમંત્રણ.

આમંત્રવું [સં. આમંત્ર (બોલાવવું)] જ.ક્રિ. નિમંત્રણ કરવું; બોલાવવું; નોતરવું; તેડવું.

આમંત્રિત ૧. જ. વાતચીત; સંલાપણ.

૨. જ. સંબોધન.

૩. જ. (વ્યાકરણ) સંબોધન વિભક્તિ.

૪. [સં. આમંત્ર (નોતરવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] જ.ક્રિ. નોતરેલ; બોલાવેલ; આમંત્રેલું; નિમંત્રેલ.

૫. જ.ક્રિ. બિનજરૂરી કામમાં રોકેલ.

આમંદ પું. વાસુદેવ.

આમાજ [જુ.] પું. તીર મારવાની નિશાની.

આમાજીજું [સં. આમ (કાચો મળ) + જીર્ણ (પચવું)] જ. અપચો; અજીર્ણનો એક પ્રકાર; કાચો અપચો; બદહજમી. આ રોગમાં અપચો થવાનું કારણ પડી રહેવાથી તેનું પાણી મોઢામાં પાણું આવે અને ગાલ અને આંખ ઉપર સોજો આવે. શરીર ભારે લાગે, ઊબકો આવે અને આવિલની ગંધના ઓડકાર આવે.

આમાઝોન જી. દક્ષિણ અમેરિકાની એક નદી. તે કયાંથી નીકળે છે તે સંબંધી ઘણી શંકા હોવાના પરિણામે તેની લંબાઈ વિશે જુદા જુદા મત છે. તેને સોએક નેટલી નદીઓ મળતી હોવાથી તેમાં ઘણી વખત પૂર આવે છે.

આમાતિસાર [સં. આમ (કાચો મળ) + અતિસાર (ઝાડો)] પું. મરડો; સંગ્રહણી; અજીર્ણથી થયેલો ઝાડાનો રોગ; મુંબાઈનિ વારંવાર જળસના કુંથેપ મારતા ઝાડા. આમ જેવો રોગ; પાતળા પાણી જેવા અથવા કાચા મળ સાથે ઝાડા થવાનું દરદ; અતિસારનો એક પ્રકાર.

આમાતીસાર જુઓ આમાતિસાર.

આમાત્ય ૧. [સં. અમા (સાથે) + વસ્ (રહેવું)] પું. દીવાન; વજીર; પ્રધાન; કારભારી; મંત્રી

૨. પું. સેનાધિપતિ.

આમાત્રિકા નલિકા જી. શિરોધીમા ધમનીની સુરંગ; ગળણાના હાડકામાંથી મગજમાં જતી ધોરી નસને જવાનો માર્ગ; માતૃકા પરિખા; 'ક્રેરોટિડ કેનેલ'.

આમાદગી [જુ. આમાદન (તૈયાર કરવું)] સ્ત્રી. તૈયાર હોવાપણું; તૈયારી; તત્પરતા.

આમાદગી-મે-હુમલા = હુમલો કરવાની તૈયારી.

આમાદા ૧. જ.ક્રિ. ખતીલું; ઉદ્યત.

આમાદા કરવું = ઉશ્કેરવું.

૨. [જુ. આમાદન (તૈયાર કરવું)] જ.ક્રિ. તૈયાર; તત્પર.

આમાનસ્ય [સં. અ (નહિ) + માનસ (મન)] જ. દુઃખ.

આમાનાહ [સં. આમ (કાચો અન્ન) + આનાહ (કબ્જિયાત)] પું. કાચા અન્નને લીધે થતો આફરો.

આમાન ૧. [સં. આમ (કાચું) + અન્ન (અનાજ)] ન. કાચું અનાજ.
૨. ન. બ્રાહ્મણને આપવાનું વગર રાંધેલું અનાજ.
૩. ન. રાંધ્યા વગરના ચોખા.

આમાન્યા ૧. સ્ત્રી. અદબ રાખે એવી નામના.
૨. [સં. આજ્ઞા (હુકમ) + મન્ (પાળવું)] સ્ત્રી. આજ્ઞાપાલન; હુકમ પાળવાપણું.
૩. સ્ત્રી. મર્યાદા; અદબ; શરમ.

આમાર ૧. [જ.] પું. મજૂતરી.
૨. પું. તપાસ.
૩. પું. હિસાબનો ચોપડો.

આમાલ [અ. અમલનું બહુવચન] પું. ન.ક. સારાં કામ; સત્કર્મો; પુણ્યો.

આમાલિનામું ૧. [અ. આમાલ (સારાં કામ) + ફા. નામા (લખાણ)] ન. નોકરોની ચાલચલણ અને કામ કરવાની યોગ્યતાની નોંધની ચોપડી; 'સર્વિસ બુક'.
૨. ન. પત્રક; રજિસ્ટર.

આમાવર્ત પું. કેરીનો રસ.

આમાવસુ પું. (પુરાણ) ઉદ્ભિદોને અમૃતમાં રાખનાર એ નામનો એક પિતર. અગ્નિષ્વાત્ત નામની એક પિતર કન્યા એક વખત એના ઉપર મોહી ગઈ પણ આમાવસુ એને વશ થયો નહિ. આ વાત બીજા પિતરોને જાણ કરાયી તેઓએ પ્રસન્ન અંતઃકરણથી 'જે તિથિએ એ અદ્યાપર્યભ્રષ્ટ ન થયો તે તિથિ સઘળા પિતરોને પ્રિય થાઓ' એવો આશીર્વાદ આપ્યો અને એ તિથિનું નામ એનાજ નામ ઉપરથી આમાવાસ્યા પાડ્યું. અગ્નિષ્વાત્તને એના અણછાજતા કામને લીધે શાપ આપ્યો કે તું પ્રેતલોકમાં પડીશ. અગ્નિષ્વાત્ત પ્રેતલોકમાં જઈને. ત્યાં તે અન્નમંધા અન્નના સાક્ષાત્ તરીકે રહી.

આમાવસ્યક જુઓ આમાવાસ્ય.

આમાવાસ્ય ૧. ન. અમાસને દિવસે આપવામાં આવતી આહુતિ.
૨. વિ. અમાસને દિવસે જન્મેલ.
૩. વિ. અમાસને દિવસે બનાવ.
૪. વિ. અમાસને લગતું.

આમાવાસ્યા [સં. અમાવાસ્યા] સ્ત્રી. અમાસ. અંધારિયાનો છેલ્લો દિવસ.

આમાશય [સં. આમ (કાચું) + આશય (કોઠાનું)] ન. જઠર; ઉદર; પોટલી; ઓજરી; આપણે પીધેલા અન્નપાણીને આધાર આપનાર અંતર્ગતુઓની અનેલી એક કોથળી. તેનો આકાર નાની મસકના જેવો લંબગોળ છે. તે પેટના હૃદયાધરિક અને વામાનુપાર્શ્વિક પ્રદેશમાં ત્રાંસી રીતે રહેલ છે. ઉપર મહાપ્રાચીરા પેશીને ભેદીને નીચે આવેલા અન્નનલિકાના મુખ સાથે, અને નીચે નાના આંતરડાના શરૂઆતના ભાગ મહાણીના મોઢા સાથે તે જોડાય છે. ઓજરી સરવાળ એક વેત લાંબી અને પાંચ છ આંગળ પહોળી હોય છે; મોટા આહારવાળા આણસની ઓજરી મોટી હોય છે. તેની ઉપર તથા ડાબી બાજુએ મહાપ્રાચીરા પેશી, નીચે વપાયી ઢંકાયેલો મોટા આંતરડાનો આડો ભાગ, જમણી બાજુએ યકૃત, ડાબી બાજુએ પ્લીહા અને તેની પાછળ અગ્નાશય રહેલું છે. ઓજરીની દીવાલ ચાર પડ બનીને બનેલી છે. સૌથી બહાર ઉદર્યા કલાનું પડ, તેની અંદર સ્નાયુમય પેશીઓનું પડ, તેની અંદર સયોજક તંતુઓનું પડ અને સૌથી અંદર સ્તૂપ કલાનું પડ છે. આમાશયકોડિમ ધમનીઓની બે શાખાઓ ઓજરીને લોહી પૂરું પાડે છે.

આમાશય આંત્રચ્છદા ધમની [સં. આમાશય (ઓજરી) + આંત્ર (આંતરડું) + છદા (ઢાંકનારી) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. ઓજરીની ઉપલી કોર ઉપર આવેલી જઠરને લોહી પૂરું પાડનારી નળી; 'ગેસ્ટ્રો એપિપ્લોઇક આર્ટરિ'.

આમાશયકોડિકા દક્ષિણા [સં. આમાશય (ઓજરી) + કોષ (વચલો ભાગ) + ધમ (નાળ) + દક્ષિણ (જમણું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અભિમાકૃતી ધમનીની એ નામની એક શાખા. તે ઓજરીની મધ્યરેખા જેવી વાંકી ઉપલી કિનારી ઉપર ફેલાયેલી છે.

આમાશયકોષ્ઠકા ધારા [સં. આમાશય (ઓજરી) + કોષ (વચલો ભાગ) + ધમ (નળી) + ધારા (સેર)] સ્ત્રી. ઓજરીની જેમાંની ઉપલી અને દૂરની ધારા.

આમાશયકોષ્ઠિકા વામા [સં. આમાશય (ઓજરી) + કોષ (વચલો ભાગ) + ધમ (નળી) + વામ (ડાબું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અહોદરિકા ધમનીની એ નામની એક શાખા. તે ઓજરીની ઉપલી કિનારી ઉપર ફેલાયેલી છે. તે આમાશયકોડિમ દક્ષિણા સાથે મળીને આમાશયના ઉપલા અર્ધ ભાગને લોહી પૂરું પાડે છે.

આમાશયકોષ્ઠિકા શિરા સ્ત્રી. ઓજરીની ઉપલી અર્ધચંદ્રાકાર ધારમાં આવેલી એ નામની અશુદ્ધ લોહી લઈ જનારી નળી. તે ઓજરીની બધે બાજુએ આવેલી શિરાઓનું લોહી એકઠું કરે છે. મહણીની પાછળ યકૃતના મૂળ ભાગમાં તે પ્રતિહારિણી શિરાને મળી જાય છે.

આમાશયચતુર્થ કોષ્ઠ [સં. આમાશય (જઠર) + ચતુર્થ (ચોથું) + કોષ (કોથળો)] પું. વાગોળનારાં પશુઓના જઠરનું ચોથું ખાનું.

આમાશયતલિકા [સં. આમાશય (ઓજરી) + તલિકા (ઝેરબંધ)] સ્ત્રી. જઠરની નીચલી ધારા. તે જઠરને વીંટળાઈ નીચે ઊતરી ઓજરીને તળિયે જાય છે અને ત્યાંથી પાછી તે જમણી તરફ જાય છે.

આમાશયતલિકાધમની દક્ષિણા [સં. આમાશય (ઓજરી) + તલિકા (ઝેરબંધ) + ધમની (લોહી નસ) + દક્ષિણ (જમણું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અભિમાકૃતી ધમનીની એ નામની એક શાખા. તે ઓજરીની નીચલી કિનારી ઉપર ફેલાઈ જઠરને પોષણ આપે છે.

આમાશયતલિકાધમની વામા [સં. આમાશય (ઓજરી) + તલિકા (ઝેરબંધ) + ધમની (લોહી નસ) + વામ (ડાબું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અભિપાર્શ્વિકા ધમનીની એ નામની એક મોટી શાખા. તે ઓજરીની નીચલી કિનારી ઉપર ફેલાઈ આમાશયતલિકાધમની દક્ષિણા સાથે મળી જાય છે.

આમાશયતલિકા શિરા [સં. આમાશય (જઠર) + તલિકા (ઝેરબંધ) + શિરા (નસ)] સ્ત્રી. જઠરની એ નામની એક શિરા.

આમાશયપક્વાશય ધમની [સં. આમાશય (ઓજરી) + પક્વ (પાકું) + આશય (કોથળું) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. ઓજરી અને નાના આંતરડાને લોહી પૂરું પાડનારી નળી.

આમાશયપરીક્ષા [સં. આમાશય (ઓજરી) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. જઠરના અંદરના ભાગની તપાસણી; 'ગ્રૅમ્રોસ્કપિ'.

આમાશયપૃષ્ઠિકા સ્ત્રી. ઓજરીની નીચલી ધારા; આમાશયતલિકા. જુઓ આમાશયતલિકા.

આમાશયપ્રમુખાલિકા [સં. આમાશય (ઓજરી) + પ્રમુખાલિકા (નળકું)] સ્ત્રી. પિત્તકોષની પાસે રહેલા મહણીના મુખ સાથે જોડાયેલો નળી જેવો ઓજરીનો છેલ્લો ભાગ.

આમાશય મધ્ય [સં. આમાશય (ઓજરી) + મધ્ય (વચલો ભાગ)] પું. ઓજરીનો વચલો ભાગ.

આમાશય મૂલ ધમની [સં. આમાશય (જઠર) + મૂલ (મૂળ) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. પેટની નીચેના ભાગમાંથી નીકળતી મહાધમનીની એક નાની શાખા. તે કાળજું, બરોળ અને ઓજરીને લોહી પૂરું પાડે છે.

આમાશય યકૃત કલા [સં. આમાશય (ઓજરી) + યકૃત (કલેજું) + કલા (પડ)] સ્ત્રી. ઉદર્યા કલાનો કોલનની નીચેના ભાગ અને ઓજરીની ઉપરની કિનારીને જોડનાર પડદો.

આમાશય યમક ધમની [સં. આમાશય (જઠર) + યમ (જોડું) + ક (વાળું) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. કાળજું, બરોળ અને ઓજરીને લોહી પૂરું પાડનાર પેટની નીચેના ભાગમાંથી નીકળતી મહાધમનીની એક નાની શાખા; 'સિલિએક એક્સિસ'.

આમાશય વિસ્ફાર [સં. આમાશય (ઓજરી) + વિસ્ફાર (અતિશયતા દર્શાવનો પ્રત્યય)] પું. અકસ્માતિબાધ્યતાથી થતો એ નામનો રોગ.

આમાશયશૂલ [સં. આમાશય (ઓજરી) + શૂલ (ચસકો)] ન. જઠરમાં થતું દુઃખ.

આમાશય સ્તંભ [સં. આમાશય (ઓજરી) + સ્તંભ (ખંભો)] પું. ઓજરીનો ખૂણાના ભાગનો ઊપસેલો અસ્થિબંધ ભાગ. ઓજરીનો આ સૌથી પહોળો અને ઊંચાઈમાં આવેલો ભાગ કાળા અનુપાર્શ્વિક ભાગમાં મહામાત્રીય પેશી નીચે રહેલો છે. તેની કાળી ત્વચાકુળે પ્લીહામાત્રવિક્ષ નામની કલાબંધની તેને પ્લીહા સાથે સંબંધમાં રાખે છે.

આમાશયાગ્નિમાંદ્ય [સં. આમાશય (ઓજરી) + અગ્નિ (તાપ) + મંદ્ય (ધીમાપણું)] વિ. સ્ત્રી. જઠર તરફ જતી.

આમાશયિક ગ્રંથિ [સં. આમાશય (ઓજરી) + ઇક (સંબંધ) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. જઠરમાં આવેલ એક ભાંસગ્રંથિ; 'ગેસ્ટ્રિક ગ્લૅન્ડ'.

આમાશયિક ધમની [સં. આમાશય (જઠર) + ઇક (સંબંધ) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. જઠરને લોહી પૂરું પાડનારી નળી; 'ગેસ્ટ્રિક આર્ટરિ'.

આમાશયિક પ્રદેશ [સં. આમાશય (ઓજરી) + ઇક (સંબંધ) + પ્રદેશ (ભાગ)] પું. પેટના નવ વિભાગમાંનો એક; 'એપિગેસ્ટ્રિક રીજન'. તેમાં આમાશય રહેલ (સ્ટમક ઑર ધ સ્ટમક), પ્લીહા, આમાશયનો ઊંડો, મોટા આંતરડાનો કરોળ તરફનો ખૂણો અને કાળા મૂત્રપિંડનો ભાગ આવેલા છે.

આમાશયિક રસ [સં. આમાશય (જઠર) + ઇક (સંબંધી) + રસ] પું. આપેલું પચાવનાર જઠરમાંથી ઝરતો ખાટો રસ; 'ગેસ્ટ્રિક જૂસ'.

આમાસ [દ્વા.] પું. સોજો.

આમાંશ [સં. આમ (કાચું) + અંશ (ભાગ)] પું. લોહીવાળો ઝાડો; રક્તાતિસાર.

આમિક્ષા ૧. [સં. આ (ઉપર) + મિક્ષ્ (ભેળવું)] સ્ત્રી. ઊના દૂધમાં દહીં નાખતાં બનતો પદાર્થ; પનીર.
૨. સ્ત્રી. વતમાં વપરાતી ઉકાળેલા દૂધ અને દહીંની મેળવણી.

આમિખ જ. માંસ. જુઓ આમિષ.
આમિખ આલેખ્યું અતિ પલું,
પાપણીએ પેખ્યું પેટ. સામળ

આમિતૌજિ [સં.] પું. કેતુમાન રાક્ષસના વંશના દુર્યોધન પક્ષના રાજા અમિતૌજનો દીકરો.

આમિત્ર ૧. [સં. આ (ઊલટું) + મિત્ર (દોસ્ત)] વિ. વેરવાળું; દુશ્મનાવટવાળું.
૨. વિ. શત્રુ સંબંધી.

આમિત્રક [સં. અમિત્ર (અપાર)] વિ. સર્વ બાજુએથી કુમકો કરતા રહ્યાથી એટલે મારીને નહિ જેવા ભાવને પ્રાપ્ત કરનાર; યુદ્ધમાં વપરાયેલું કટકું એક વિશેષણ.

આમિન [હિં. આમ] સ્ત્રી. અયોધ્યા પ્રાંતમાં બનતી મીઠાં પણ બહુ નાનાં ફળવાળી કેરી.

આમિર ૧. પું. ઇ.સ૭ સોકના એક કબીલાનું નામ.
૨. [અ. આમિલ] પું. હોદ્દેદાર; અધિકારી.
૩. [અ.] પું. હુકમ કરનાર; રાજા.

આમિરા ૧. વિ. પુષ્કળ; વધુ.
૨. [અ.] વિ. બાદશાહી.

આમિલ ૧. પું. કાંબળપરાણવું; ફરજ બજાવનાર.
૨. પું. બદમજર.
૩. પું. ધાર્મિક તેમ જ બાબજારિક કામોની દેખરેખ રાખવા માટે નિમાયેલ ધાર્મિક અમલદાર.
૪. પું. વસૂલાતી અધિકારી.
૫. પું. સત્તાવાળો માણસ.
૬. પું. સિદ્ધ; સિદ્ધિઓ મેળવી હોય એવો યોગી.
૭. [અ. અમલ (તેણે કામ કર્યું)] પું. હોદ્દેદાર; અમલદાર; અધિકારી; કર્મચારી.
૮. વિ. અમલ કરનાર.
૯. [સં. અમ્લ] વિ. ખાટું.
૧૦. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.
૧૧. વિ. સિંધમા વસતી એ નામની એક જાતનું.

આમિલદાર [અ. અમલ (સત્તા) + ફા. દાર (વાળું)] પું. અધિકારી; અમલદાર.

આમિલદોલ [અ.] પું. ઉઘરાવવાની મહેસૂલનો અડસટ્ટો.

આમિલનામા ૧. ન. મુખત્યારનામું.
૨. [અ.] ન. સરકારને નામે અમુક જમીનનો કબજો લેવાનો લિખિત હુકમ.

આમિલા [અ.] સ. બીલ નામની સાથે સંબંધ રાખનાર શબ્દ.

આમિલાત [અ. અમલ (સત્તા)] સ્ત્રી. આમિલની જગ્યા કે પદવી.

આમિલી [અ.] સ્ત્રી. પાકના હિસાબે મહેસૂલ પર્યા.

આમિશ ૧. [સં. આ (ચોતરફ) + મિશ (ભળેલું)] વિ. બહુવી બળી બાજ એવું; ભળે એવું.
૨. વિ. ભળેલું; મળેલ.

આમિશ્ર [સં. આ (ચોતરફ) + મિશ્ર (ભળેલું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જેમાં રાજભક્તિ અને રાજદ્રોહી બને ભેગ એવું રાજ્ય.

આમિષ ૧. ન. આનંદ.
૨. ન. આનંદની ચીજ.
૩. [સં.] ન. ખાવા પીવા કે પહેરવાની ચીજ; ભોગવવાની વસ્તુ.
૪. ન. જંગલી ફળ.
૫. ન. પાંદડું.
૬. [સં. આ (ઊલટું) + મિષ (ઝળ)] ન. માછલાં પકડવાનું કાંટા જેવું સાધન; ગલ.
૭. ન. માંસ; ગોશ્ત.
૮. ન. લાલચ.
૯. ન. લાલસા; તૃષ્ણા.
૧૦. ન. લાંચ; રિશ્વત.
૧૧. ન. લોભ.
૧૨. ન. લોભ કરવા જેવી બાબત.
૧૩. ન. સુંદર રૂપ.

આમિષપ્રિય ૧. [સં. આમિષ (માંસ) + પ્રિય (વહાલું)] પું. કોક પક્ષી.

૨. પું. માંસાહારી પક્ષી. જેવાં કે, સમળી, ગીધ, બાજ.
૩. વિ. માંસ જેને વહાલું હોય એવું.

આમિષભુજ ૧. [સં. આમિષ (માંસ) + ભુજ (ખાનાર)] વિ. માંસ ખાનાર એવા જાતનું પક્ષી.
૨. વિ. માંસ ખાનાર.

આમિષાશી [સં. આમિષ (માંસ) + અશ્ (ખાવું) + ઇન્ (વાળું)] વિ. માંસ ખાનાર.

આમિષાહાર ૧. [સં. આમિષ (માંસ) + આહાર (ખોરાક)] પું. માંસ ખાવું તે; માંસનો ખોરાક.
૨. [સં. આમિષ (લાંચ) + આહાર (ખોરાક)] પું. લાંચ ખાવી તે.

આમિષાહારી [સં. આમિષ (માંસ) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] જિ માંસાહારી.

આમિષી [સં.] સ્ત્રી. નદીને કિનારે વેલાની જેમ જમીન ઉપર ફેલાતી એક વનસ્પતિ; જટામાસી; બાલછડ.

આમિસ ૧. [સં.] ન. કાચું માંસ.
૨. ન. લાંચ.

આમી ૧. [હિં.] સ્ત્રી. આમ્બડી; નાની ખજી કેરી.
૨. સ્ત્રી. હિમાલય તરફ થતું એક જાતનું નાના કદનું ઝાડ. શિયાળ ઋતુમાં તેનાં પાન ખરી જાય છે. તેનાં લાકડામાંથી ફર્નિચર બનાવાય છે.
૩. [સં. અમી (અમે)] સ. 'હું'નું બહુવચન; અમે.
૪. વિ. અજાન.
૫. વિ. આખું.
૬. અ. (આમ્ર) કેરે.

આમીઝઆધાર (આમીઝઆધાર) [હિં] પું. વાવ, તળાવ, નહેર જેવાં સાધનોથી મોલને પાણી પાતુ તે.

આમીન ૧. [હિં] અ. તેમ થાઓ; ભવતુ; તથાસ્તુ; ઇતિશમ્; પ્રાર્થનાની અંતે વપરાતું આશીર્વાદવાચક અવ્યય.
૨. અ. પ્રભુ આપણું રક્ષણ કરો એવો અર્થ જતાવતો અવ્યય.

આમીલ ન. (ઠેકાણ) દુરબ.

આમુ સ્ત્રી. તાર્તરી દેશની એક નદી. તે ૧૫૦૦ માઈલ લાંબી છે અને એરલના સરોવરમાં પડે છે.

આમુક્ત ૧. [સં. આ (ચારે તરફ) + મુક્ત (છોડવું)] સ્ત્રી. છુટકારો; છોડી દેવું તે.
૨. સ્ત્રી. બહેરવું તે.
૩. સ્ત્રી. મર્યાદા.
૪. સ્ત્રી. મોક્ષ; છુટકારો મળવાપણું.
૫. [સં. આ (સુધી) + મુક્તિ (મોક્ષ)] અ. મોક્ષ થતાં સુધી.

આમુખ ૧. ન. ઉપોદ્ઘાત; પ્રસ્તાવના; પ્રારંભ.
૨. [સં. આ (શરૂઆતથી) + મુખ (નાટકનું મુખ કારણ)] ન. (નાટક) નાટકનું એક અંગ. પ્રરોચના અને આમુખ નામના પ્રસ્તાવનાના બે પ્રકાર છે. નાટકની શરૂઆતમાં નટી, વિદૂષક, સૂત્રધાર વગેરે મળી જે વાતચીત વગેરે કરે તેને આમુખ કહે છે.

આમુત્રિક [સં. અમુત્ર (પરલોક) + ઇક (સંબંધી)] વિ. પરલોક સંબંધી.

આમુદરિયા સ્ત્રી. એ નામની નદી. જુઓ આમુ.

આમુર સ્ત્રી. પૈસિફિક મહાસાગરમાં પડતી એ નામની એક નદી. વિષ્ણુ પુરાણમાં તેને સીતા કહેલી છે.

આમુર્ક્ષે (આમુર્ક્ષ) [કા.] સ્ત્રી. માફી આપવી તે.

આમુર્ક્ષ્ણાર (આમુર્ક્ષ્ણાર) ૧. [કા.] પું. પરમેશ્વર
૨. વિ માફી આપનાર.

આમુર્ક્ષિરા (આમુર્ક્ષિરા) [કા.] સ્ત્રી. માફી.

આમુલ [અ.] પું. હમેશનો રિવાજ.

આમુલતી ૧. સ્ત્રી. ખટૂમડી.
૨. સ્ત્રી. ગાંગેરી.
૩. સ્ત્રી. નવરી.
૪. સ્ત્રી. પીળાં ફુલવાળો એક જાતનો છોડ. તેનાં પાનની ચટણી કરે છે. બીજ એક રાતાં ફુલની પણ જાત થાય છે.

આમુષ્મિક [સં. અમુષ્મિન્ (આમાં)] વિ. પરલોક સંબંધી; પેલી દુનિયાનું; પારલૌકિક; ભાવિ લોકનું.

આમુષ્યકુલક [સં. અમુષ્ય (અસ્કિ) + કુલ (કુટુંબ) + ક (વાળું)] ન. ઉત્તમ કુળવાળું

આમુષ્યકુલિકા સ્ત્રી. કુળવાન પુત્રીપણું.

આમુષ્યકુલીન [સં. અમુષ્ય (અસ્કિ) + કુલીન (કુળવાનું)] વિ. ઉત્તમ કુળમાં થયેલ.

આમુષ્યપુત્રિકા [સં. અમુષ્ય (અસ્કિ) + પુત્ર (દીકરો) + ઇકા (વાળી)] સ્ત્રી. કુળવાન પુત્રી.

આમુષ્યાયણ વિ. પ્રખ્યાત વંશમાં પેદા થનાર.

આમું ૧. [સં. આમ્ર] પું. (કચ્છી) આંબો.
૨. સ્ત્રી. કેરી.

આમૂખ્તા ૧. [કા. આમૂખ્તન (શીખવું)] વિ. ભણેલું; શીખેલું.
૨. વિ. વાગેલું.

આમૂલ [સં. આ (સુધી) + મૂલ (મૂળ)] અ. મૂળ સુધી.

આમૂલાગ્ર [સં. આ (સુધી) + મૂલ (મૂળ) + અગ્ર (આગળનું)] વિ. મૂળનું.

આમે ૧. પું. વાંક; દોષ.
અંતરમાં આમે નહિ. અખો
૨. વિ. જૂનું; ઓરું.
૩. અ. આ તરફ.
૪. [સં. અદસ] અ. આમ પણ; આ રીતે પણ; વળી આ પ્રમાણે.
૫. અ. આમ હોઈને; આમ હોવાથી.

આમેખ્તા [કા.] વિ. ભેળવેલું.

આમેજ ૧. પું. વધારો.
૨. [કા. આમેઝ (ભેળવેલું)] વિ. સામેલ; ભેળવેલું; મેળવેલું; મિશ્રિત.
૩. વિ. હવાલ; દોષ એવું.

આમેઝ (આમેઝ) જુઓ આમેજ.

આમેઝિશ (આમેઝિશ) ૧. [કા.]
અ. અજંતાચરપણું; આનંદી હોવાપણું.
૨. અ. મિલાવટ; મિશ્રણ; મેળવણી; ભેળભેળ.

આમેઝોન (આમેઝોન) [અં. એમઝોન] સ. દક્ષણ અમેરિકાના કિનારા ઉપર ઓરિઆના માઓનરની ઈરાન તરફ અગાઉ વસી ગયેલ સ્ત્રીઓનું રાજ્ય. આ સ્ત્રીઓને લડાઈ અને શિકારબાજીનો શોખ હોવાથી ઓરિઆના માઓનરના કિનારા ઉપર ચડાઈઓ કરતી અને લાંબી પ્રજાને ભારે ત્રાસ આપતી. તેમનાં હથિયારોમાં ભાલા, તીર, ઢાલ, કુહાડી અને ભાલાં હતાં. તેઓ આખી દુનિયાની સ્ત્રીઓ જેવો પોશાક પહેરતાં. આ સ્ત્રીઓ ઘોડે બેસીને જ પગે ચાલીને લડાઈ કરતી અને ભમ કરતી નહિ પણ પાસેના પ્રાંતમાં જઈ સંતતિ થવા માટે ત્યાં પુરુષોના સબંધમાં આવતી. તેથી જો તેમને દીકરી થતી તો તેને રાખતી, પણ દીકરો થાય તો આપને પાછો આપતી અથવા તેને લઈ કરી ઘરમાં ગુલામ તરીકે રાખતી. પ્રસુતિ પક્ષ્તાં કરકસર ન થાય તે માટે જમણા સ્તનને તે બાળી નાખતી અથવા બીજી ઉપાયથી દાબી નાખતી. આથી અસલના વખતથી તેમને આમેઝોન એટલે સ્તન

રહિત કહેવ.નો રિવાજ પડ્યો. મહાભારત ઉપરથી જણાય છે કે યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞ વખતે અર્જુન આ કીરાતમાં ગયો હતો અને તેની રાણી પ્રમિલા સાથે તેણે ચોપર્વ લગ્ન કરી તેને હસ્તિનાપુર લાવ્યો હતો.

આમેજ [સં. આમ (કાચો પદા)] જી. અંતરડાનો છેક નીચલો ભાગ. લુઓ આમણ.

આમેન અ. તથાસ્તુ. લુઓ આમીન.

આમેના જી. એમણા; અમીના; હઝરત મહંમદ મુસ્તફાની માનું નામ.

આમેય ૧. વિ. આપોઆપ; સ્વતઃ.
૨. વિ. આમ પદા; આ રીતે પદા.

આમેર સ. જયપુર પાસે આવેલું રજપૂતસ્તાનનું એક પ્રસિદ્ધ કહેર; અંબરીષનગર. તે અગાઉ રજપૂતાનાની રાજધાની હતી.

આમેલ [અ. અમલ (અધિકાર)] પું. વહીવટદાર; વસાહતી અધિકારી.

આમેલક સ. સ્તનનો આગલો ભાગ; ડીંટડી.

આમેસામે [હિં.] અ. સામે; રૂબરૂ.

આમ્રેં સ. નિષ્ફળ; હોગટ.
પ્રભુ જન્મ્યા વિના ગાઈએ પ્રાણી.
આમ્રેં જન્મ ખોઈએ. અખાનંદ

આમોદ [સં.] પું. ઉકરડો; કચરાનો ઢગલો.

આમોક્ષ [સં. આ (ચોતરફ) + મોક્ષ (છૂટકારો)] પું. છુટકારો.

આમોખાસ [અ. આમ (સામાન્ય) + ફા. વ (અને) + અ. ખાસ (અસાધારણ)] સ.વ.દ. માણસોનો સમૂહ; સકળ જનમંડળ.

આમોજ્યા [કા. આમૂજ્યન (શીખવવું)] વિ. શીખવેલું; કેળવાયેલું.

આમોચન ૧. [સં. આમુચ્ (છોડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. છોડી દેવાપણું.
૨. સ. પહેરવું તે.

આમોજ (આમોઝ) [કા.] વિ. કેળવાયેલું. આ શબ્દ સમાસમાં વપરાય છે. જેમકે, દસ્તઆમોજ એટલે પાળેલું પક્ષી.

આમોદ [સં. આમ્ર (કેરી)] જી. કેરીના રસને સુકવીને બનાવેલી પાતળી રોટલી; આંબાપોળી.

આમોદિ પું. ઉત્સાહ.

આમોઠ (આમોઠ) [પ્રા.] પું. અંબોડો.

આમોડવું (આમોડવું) સ. ક્રિ. આમળવું; મચડવું.

આમોડિયાં (આમોડિયાં) સ.વ.દ. કરચી કરીનાં સકરેલાં ચારિયાં; આંબોળિયાં.

આમોદ ૧. [સં. આમુદ્ (પ્રસ્ન થવું)] પું. આનંદ; હર્ષ; ખુશી; પ્રસન્નતા; હરખ.
૨. પું. એ નામની વનસ્પતિ; ઝવાવરી.
૩. પું. સુગંધ; સુવાસ; મહેક; સૌરભ.
૪. પું. બીના મુખના વાસની સારી બેય.
૫. સ. (સંગીત) એક જાતનું વાજું, જેમકે તે આનંદ આપનારું છે.
૬. સ. ભરૂચ જિલ્લાનું એ નામનું એક ગામ.

આમોદક સ. આકાશી રંગની એક ધાતુ; 'ટંક્સ્ટેન'. તેના પાસા વાદળી રંગના અને કાચથી મજબૂત હોય છે. વીજળીના પોટામાં રહેલ ઝીણા તાર બનાવવામાં તે ઉપયોગી છે.

આમોદન ૧. [સં. આમુદ્ (આનંદ પામવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. સુખચેન; ભોગવિલાસ; મોજશોખ.
૨. સ. આનંદ પમાડવું તે.
૩. [સં. આમોદ (સુગંધ)] સ. સુગંધી બનાવવાપણું.
૪. લુઓ આમોદ ૧, ૨, ૪.

આમોદપ્રમોદકર ૧. [સં. આમોદ (આનંદ) + પ્રમોદ (હર્ષ) + કર (કરે)] પું. ભોગવિલાસનાં સાધન ઉપર નખાતો વેરો.
૨. પું. સિનેમા, નાટક, પ્રદર્શન, નામચાન અને બીજા જીવન આનંદના તમાશા જોનાર પાસેથી લેવાતો કર.

આમોદિત ૧. [સં. આમુદ્ (આનંદ પામવો) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. પ્રસન્ન; ખુશ.
૨. [સં. આમોદ (સુગંધ) + ઇત (વાળું)] વિ. સુવાસવાળું; સુગંધિત; ખુશબોદાર.

આમોદી ૧. [સં. આમોદ (સુગંધ) + ઇન્ (વાળું)] જી. મોદામાં રાખવાની સુગંધી ગોળી. જેમકે, જાયફળ, સેરિયાન, અજમોદી.
૨. વિ. ખુશબોદાર; સુગંધી.
૩. વિ. ખુશી; પ્રસન્ન રહેનાર.
૪. વિ. મોદાને સુગંધી કરનાર. જેમકે, કપૂર.

આમોનાયકમ પું. પંજાબ અને અફઘાનિસ્તાન તરફ થતો એક જાતનો મુદ્દર. તે ઉપરસ ઉપર અપસ તેમજ વાતા દરદમાં લેપ તરીકે વપરાય છે.

આમોની સ. આંબાની જાતનું એક ઝાડ. પૂના અને મદ્રાસ તરફ તે સારા પ્રમાણમાં જોવે છે.

આમોનીયા [અં. અમોનિઆ] પું. નવસાર અને કુલીચૂનાનાં એકઠા થવાથી બનતો એક જાતનો અતિ ઉગ્ર અને આકરી વાસવાળો ક્ષાર.

આમોર્ડુન્કર પું. એ નામનો એક છોડ; જેવંતી. તે બેજવાળા પ્રદેશમાં ઊગે અને પાંદડાં વાવવાથી નવાં અંકુર ફૂટે છે.

આમોષ ૧. સ. અપહરણ.
૨. [સં. આ (ચોતરફ) + મુષ્ (ચોરી કરવી)] સ. ચોરવું તે.
૩. વિ. ચોરી કરનાર, ચોર.

આમોષી [સં. આમુષ્ (ચોરી કરવી)] પું. ચોર.

આમોહનિદ્રા [સં. આ (ચમારે) + મોહન (ખૂબ કરવું તે) + દ્રા (વાળી)] જી. એક જાતની સુગંધી વાસ.

આમ્ટી [ગ.] જી. આવળનો એક ઝાડો પદાર્થ; આમલી વગેરે નાખી બનાવેલ ખટમૂકી જેવી વાની.

આમ્દની [ફા.] જી. આવક. લુઓ આમદની.

આમ્ના [સં. આમ્ના (અભ્યાસ કરવો)] પું. અભ્યાસ; અધ્યયન.

આમ્નાત ૧. [સં. આમ્ના (અભ્યાસ કરવો) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] સ. અભ્યાસ; અધ્યયન.
૨. સ. કહેવું તે.
૩. વિ. કહેલ.
૪. વિ. ધર્મનાં પુસ્તકોમાં પરંપરાથી આવેલું.
૫. [સં. આમ્ના (યાદમાં લેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. યાદમાં લીધેલ; માનવામાં આવેલું.
૬. [સં. આમ્ના (યાદ રાખવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. યાદ રાખેલ.
૭. વિ. સારી રીતે અભ્યાસ કરેલ; સારી રીતે ભણાયેલું.

આમ્નાતી [સં. આમ્નાત (ધર્મનાં પુસ્તકોમાંથી અપેલ) + ઇન્ (વાળું)] વિ. વેદનો અભ્યાસી; વેદમાં પ્રવીણ.

આમ્નાન ૧. [સં. આમ્ના (અભ્યાસ કરવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] સ. વેદનો અભ્યાસ.
૨. સ. વેદનો પાઠ કરવો તે.

આમ્નાય ૧. પું. અભ્યાસ કરવાની પાંચ મહિનની એક જાત; શીખેલ ભાષાના ઉચ્ચારનો શુદ્ધિપૂર્વક વારંવાર કરાતો પાઠ; સારી રીતે પાઠ કરવો તે.
૨. [સં. આમ્ના. (અભ્યાસ કરવો)] પું. આદત; ટેવ; અભ્યાસ.

૩. પું. ઉપદેશ; સલાહ; બોધ.
૪. પું. (જૈન) ધર્મગ્રંથના પાઠનું શુદ્ધ ઉચ્ચારણ.
૫. પું. નિગમસર મુસ્લમુખથી સાંભળીને કરેલ ધાર્મિક પુસ્તકનો અભ્યાસ.
૬. પું. પરંપરાથી મળેલ ધર્મગ્રંથ.
૭. પું. રાજ્યબંધારણ; શાસનતંત્ર.
૮. પું. રૂઢિ; ચાલ; શિષ્ટાચાર; રિવાજ; રીતભાત.
૯. પું. વજર પ્રમાણે ઠોકી બેસાડેલો મત; ગૃહીતવાદ; વજર વિચારે પકડી રાખેલ મત.
૧૦. પું. વેદ; શ્રુતિ; આગમ; શાસ્ત્ર.
આમ્નાયમ શ્રુતિ ચાલ અને ધર્મગ્રંથ સહકાર,
નિગમાગમ જેને કહે તે તો સુંદર સંસાર.
[નિગમકલ્પદ્રુમ]
૧૧. પું. સંપ્રદાય; પંથ.
૧૨. સ્ત્રી. ગુપ્તવિધિ; છાની ક્રિયા.

આમ્નાયપરિષદ [સં. આમ્નાય (શાસ્ત્ર) + પરિષદ (સભા)] પું. વેદ જેવા ધર્મના ગ્રંથની ચર્ચા કરવા માટેની સભા.

આમ્નાયાર્થવાગીશ [સં. આમ્નાય (વેદ) + અર્થ (માનનો) + વાગીશ (કહેનાર)] પું. વેદના પાઠ અને અર્થવાદનું રહસ્ય જાણનાર ગુરુ.

આમ્રકંદિક જ. આમળું. જુઓ આમરું.

આમ્રગત [અ.] પું. દરેક જાતના જન્મમરણ માંહેનો એક.

આમ્રડી ૧. [અ.] સ્ત્રી. સ્ત્રીમાત્ર.
૨. સ્ત્રી. સ્ત્રીમાત્ર કોક સંબંધી.

આમ્ર ૧. [સં.] પું. આંબાનું ઝાડ; આંબો; સહકાર; રસાલ; મધુદૂત.
૨. પું. ચાર કપિત્થાદિનું જૂથ.
૨ અર્જુનનો ૨ પક્ષ (૪ કપિત્થાદિ) તેને મૃદિ, આમ્ર, આમ્રિકા, પ્રાંજુ, પોતરી અને બિલ્વ પણ કહે છે. ભોજચિંતામણિ
૩. પું. (પિંગળ) દરેક ચરણમાં નવ નવમા અને બે મુરુ મળી ભોગણત્રીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.
૪. જ. આંબાનું ફળ; કેરી.

આમ્રકલી [સં. આમ્ર (આંબો) + કલિકા (કળી)] સ્ત્રી. આંબાનો મોર.

આમ્રકાનન [સં. આમ્ર (આંબો) + કાનન (જંગલ)] જ. આંબાનાં ઝાડ ઘણાં હોય એવું વન; આંબાવાડિયું.

આમ્રકુંજ [સં. આમ્ર (આંબો) + કુંજ (ઘટા)] સ્ત્રી. આંબાની ઘટા; અમરાઈ.

આમ્રકૂટ પું એ નામનો એક પર્વત; અમરકંટક. આ પર્વતમાંથી સોણ અને નર્મદા નદી નીકળે છે.

આમ્રગંધક પું. એક જાતનું ઝાડ; સમષ્ટિવૃક્ષ.

આમ્રગંધા [સં. આમ્ર (કેરી) + ગંધ (વાસ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આંબાહળદર, કેમકે તેની વાસ કેરી જેવી હોય છે.

આમ્રગંધિ પું. એક જાતની કેરીના જેવી સુગંધી વસ્તુ.

આમ્રગંધિક [સં. આમ્ર (કેરી) + ગંધ (વાસ) + ઇક (વાળું)] પું. એક જાતનું કેરીના જેવી સુગંધવાળું ઝાડ.

આમ્રગુપ્ત પું. એક ઋષિ.

આમ્રગુપ્તાયનિ પું. આમ્રગુપ્તનો દીકરો.

આમ્રગુપ્તિ પું. આમ્રગુપ્તનો દીકરો.

આમ્રતીર્થ જ. નર્મદા નદીને કાંઠે આવેલ સાત માંહેનું એક પુરાણું તીર્થ. આકોનાં છ શ્વેતારણ્ય, કુબ્જોષ્ણ, અભ્યાર્જુન, હારસ્થાન, મંગલવંશક અને ત્રિકોટિ છે.

આમ્રનિશા [સં. આમ્ર (આંબો) + નિશા (હળદર)] સ્ત્રી. આંબાહળદર.

આમ્રપલ્લવ [સં. આમ્ર (આંબો) + પલ્લવ (કૂંપળ)] પું. આંબાનું કૂંપળ; પવિત્ર મનાતા પંચપલ્લવ માંહેનું એક. જુઓ પંચપલ્લવ.

આમ્રપલ્લવી સ્ત્રી. આંબાનું કૂંપળ. જુઓ આમ્રપલ્લવ.

આમ્રપલ્લી [સં. આમ્ર (આંબો) + પલ્લી (વાડો)] સ્ત્રી. અમરાઈ; આંબાનું વન.

આમ્રપાક [સં. આમ્ર (કેરી) + પાક (પાચનક્રિયા)] પું. (વૈદક) મીઠી કેરીનો રસ અને બીજાં ઔષધિઓ નાખી બનાવેલ પાક. મીઠી અને મીઠી કેરીનો રસ ૨૦૪૮ તોલા, સાકર ૨૫૬ તોલા, ઘી ૧૨૮ તોલા, સૂંઠ ૬૨ તોલા, મરી ૬૬ તોલા, લીંડીપીપર ૮ તોલા અને પાણી ૫૧૨ તોલા ઔષધો કરી, માટીના વાસણમાં ધીમા તાપથી ચોવીસ કલાક ઢાકણાના ચાટવાથી તેને વારંવાર હલાવવાં. ઘાટું થયા પછી તેમાં ધાણા, ઇલાયચી, તમાલપત્ર, ચિત્રો, નાગરમોથ, તજ, કપૂરકાચલી, પીપરીમૂળ, નાગકેસર, એલચીદાણા, સર્વોત્ર અને તજપત્ર એ દરેક ૪ તોલા લઈ તેનો ભૂકો કરી તેમાં નાખવો. પછી તે વાસણ નીચે ઉતારી ઠંડું થાય ત્યારે તેમાં ૬૪ તોલા મધ નાખવું. તેમાંથી દરરોજ સવારમાં ૪ તોલા અથવા શક્તિ પ્રમાણે પાક આપવો. આ પાક ખાવાથી અગ્નિ બળવાન, આનંદી, પુષ્ટ અને નીરોગી થાય. તેનાથી ક્ષય, શ્વાસ, અરુચિ, અમ્લપિત્ત, પિત્ત, રક્તપિત્ત અને પાંડુરોગ મટે એમ મનાય છે. બીજી જાતનો આમ્રપાક: સારી પાકેલી કેરીનો રસ ૨૦૪૮ તોલા, સાકર ૫૧૨ તોલા, ઘી ૨૫૬ તોલા, સૂંઠ ૧૨૮ તોલા, મરી ૬૪ તોલા, લીંડીપીપર ૩૨ તોલા અને પાણી ૫૧૨ તોલા ઔષધો કરી માટીના વાસણમાં નાખી ચાટવાના ચાટવાથી તેને હલાવવું. તે પછી તેમાં પીપરીમૂળ, નાગરમોથ, અગર, ધાણા, ઇલાયચી, તાલીસપત્ર, એલચીદાણા, નાગકેસર, તજ અને તાલીસપત્રનો ચોળ તોલા ભૂકો નાખવો. પાક તૈયાર થયા પછી તેમાં મધ ૧૨૮ તોલા નાખી સારા વાસણમાં ભરી રાખવો. દરરોજ જમ્યા પહેલાં આ પાક ૪ તોલા આપવો.

આમ્રપેશી [સં. આમ્ર (કેરી) + પેશી (ફળનો ગર)] સ્ત્રી. સુગમપેશ કેરીનો કટકો; આંબોળિયું.

આમ્રફળ [સં. આમ્ર (આંબો) + ફળ] જ. આંબાનું ફળ; કેરી.

આમ્રબીજ [સં. આમ્ર (આંબો) + બીજ (બી)] જ. કેરીની ગોટલી.

આમ્રમય [સં. આમ્ર (આંબો) + મય (વાળું)] વિ. આંબાવાળું; આંબાથી ભરપૂરેલું.

આમ્રમંજરી [સં. આમ્ર (આંબો) + મંજરી (મોર)] સ્ત્રી. આંબાના મોરનો ગુચ્છો; આંબાની મહોરાયેલી ડાળી. તેને કામદેવના ધનુષ્યના દોર એટલે બાણની ઉપમા અપાય છે.

આમ્રયજ્ઞાગ્નિ પું. (ઉંબર) દેવતા; અગ્નિ.

આમ્રરસ [સં. આમ્ર (કેરી) + રસ] પું. કેરીનો રસ.

આમ્રરસાકૃતિ [સં. આમ્ર (કેરી) + રસ + કૃતિ (બનાવટ)] સ્ત્રી. એક જાતનું પીણું.

આમ્રરાજિ [સં. આમ્ર (આંબો) + રાજિ (હાર)] સ્ત્રી. આંબાના ઝાડની હાર; અમરાઈ.

આમ્રવણ [સં. આમ્ર (આંબો) + વન (જંગલ)] જ. આંબાનું વન; અમરાઈ.

આમ્રવન [સં. આમ્ર (આંબો) + વન (જંગલ)] જ. અમરાઈ; આંબાવાડિયું.

આમ્રવનન્યાય [સં. આમ્ર (આંબો) + વન (જંગલ) + ન્યાય (દાખલો)] પું કોઈ જંગલમાં આંબાનાં ઝાડ વધારે હોવાથી તે વન બીજાં ઝાડ હોવા છતાં આંબાનું વન કહેવાય, તેમ જ્યાં બીજા આળતો ઘોડી મુખ્ય આળત દેખાવાથી તેને માટે વપરાતો દાખલો.

આમ્રવૃક્ષ [સં. આમ્ર (આંબો) + વૃક્ષ (ઝાડ)] જ. આંબાનું ઝાડ.

આમ્રવેતસ [સં. આમ્ર (આંબો) + વેતસ (નેતર)] સ્ત્રી. આંબાહળદર; આમ્રનિશા.

આમ્રહરિદ્રા [સં. આમ્ર (આંબો) + હરિદ્રા (હળદર)] સ્ત્રી. આંબાહળદર.

આમ્રાત ૧. [સં.] પું. ગરમ પ્રદેશમાં ઊગતું કેરીના જેવા રસવાળું ઝાડ. સામાન્ય રીતે તેનાં ફળ ખૂંદને અવરાવવામાં આવે છે.

૨. ન. એ નામના ઝાડનું ફળ. જુઓ આમ્રાતક ૪.

આમ્રાતક ૧. પું. એ નામનો એક પર્વત.

૨. પું. કેરીના રસથી બનાવાતી એક વાની. જુઓ આમ્રાવર્ત ૨.

૩. [સં.; પ્રા. અમ્બાઅઓ; અપ. અમ્બાઅઉ; હિં. અંબિયા] પું. જંગલી આંબો. આ ઝાડ સામાન્ય રીતે ડુંગર ઉપર થાય છે. આંબા જેવો તેને મોર આવે છે.

૪. ન. અંબાડું. કાચાં અંબાડાં ખાટાં, વાતનાશક, ગરમ, રુચિકારક તે રેચક અને પાકાં અંબાડાં સ્વાદુ, શીતલ, કફકારક, બીજવર્ધક, પુષ્ટિકારક અને બલકારી મનાય છે.

આમ્રાતકેશ્વર પું. એ નામનું એક સિદ્ધસ્થાન; ભારતવર્ષનું એક તીર્થ.

આમ્રાદિ હીમ સ. (વૈદક) આંબાની, જાંબુની અને અર્જુનવૃક્ષની છાલ સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ ઠંડા પાણીમાં પલાળવાથી થતી ઔષધિ. તે પાંચથી દસ તોલાની માત્રામાં મધની સાથે અપાય છે.

આમ્રાવતી સ્ત્રી. એ નામની એક નદી.

આમ્રાવર્ત ૧. [સં.] પું. આંબાનું ઝાડ; આમ્રાતકનું વૃક્ષ.

૨. પું. કેરીના રસથી બનાવાતી એક વાની. કેરીના રસને સૂકી ખીજે રસ ભેળવી પાકે સાવવો. એમ કર્યાથી આમ્રાવર્ત બને છે.

૩. ન. આમ્રાતક ઝાડનું ફળ; આંબાડું.

આમ્રાંકુર ૧. [સં. આમ્ર (આંબો) + અંકુર (કણ)] ન. આંબાનો મોર.

૨. ન. કામદેવનું બાણ.

આમ્રાતા ન. એક જાતનું ફળ. પાકું ફળ ઠલકું વિરેચક છે. કાચાં ફળ અને મૂળની છાલનો ઉકાળો અતિસારમાં અને કોગળિયામાં ઊલટી અને ઝાડા અટકાવવા માટે અપાય. છાલનો ભૂકો ગૂમડાં ઉપર છાંટવાથી રૂઝ આવે.

આમ્રેડન (આમ્રેડ્ય) [સં. આમ્રેડ્ (ફરી વાર કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. તેના તે શબ્દો બોલ્યા કરવાપણું.

આમ્રેડિત (આમ્રેડિત) ૧. ન. ફરી વાર બોલવું અથવા ઉચ્ચાર કરવાપણું.

૨. ન. (વ્યાકરણ) બેવડું રૂપ; બેવડા કરેલ રૂપમાં બીજો શબ્દ.

૩. [સં. આમ્રેડ્ (ફરી વાર બોલવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ફરી વાર બોલેલ.

આમ્લ ૧. [સં.] પું. ઇમલી.

૨. પું. પ્રાણીરાણ લેતા કોથળી અંદરના અવ.

૩. સ્ત્રી. આમલીનું ઝાડ.

૪. ન. ખટાશ; ખાટો રસ.

૫. વિ. ખાટું.

આમ્લકપિત્ત [સં. આમ્લ (ખાટું) + પિત્ત (નામનો વાત)] પું. લોહીમાં થતો વિશેષ પ્રકારનો રોગ.

આમ્લજ [સં. આમ્લ (ખાટું) + જ (પેદા થતું)] વ. ખાટું.

આમ્લજનક [સં. આમ્લ (ખટાશ) + જનક (પેદા કરનાર)] પું. પ્રાણવાયુ; 'ઑક્સિજન'.

આમ્લતા [સં. આમ્લ (ખાટું) + તા (પણું)] સ્ત્રી. ખટાશ.

આમ્લત્વ [સં. આમ્લ (ખાટું) + ત્વ (પણું)] ન. ખટાશ.

આમ્લરસ [સં. આમ્લ (ખાટું) + રસ] પું. ખાટો રસ.

આમ્લલતા [સં. આમ્લ (ખાટું) + લતા (વેલ)] સ્ત્રી. દરાખની વેલની એક જાતિ.

આમ્લવેતસ [સં. આમ્લ (ખાટું) + વેતસ (નેતર)] પું. આંબલીનું ઝાડ. કેમકે આમલી લીંબુની જેમ ખાટી હોય છે.

આમ્લશોધુ [સં. આમ્લ (ખાટું) + શોધુ (ઊલટીના રસની એક જાતની દાહ)] પું. રોગમાંથી બનાવેલ દાહ.

આમ્લિકા ૧. [સં. આમ્લ (ખાટું) + ઇકા (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આંબલીનું ઝાડ.

૨. સ્ત્રી. ખટાશ; ખાટો રસ.

૩. સ્ત્રી. ખાટો ઓડકાર.

આમ્લિકા ૧. [સં. આમ્લ (ખાટું) + ઇકા (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આંબલીનું ઝાડ.

૨. સ્ત્રી. ઓડકારીમાં ખટાશ વધવાપણું.

૩. સ્ત્રી. ખાટો ઓડકાર.

૪. સ્ત્રી. ખાટો રસ.

આમ્લી [સં. આમ્લિકા] સ્ત્રી. આંબલીનું ઝાડ.

આમ્લીક જુઓ આમ્લિક.

આય ૧. પું. આવક; આમદાની.

૨. પું. ઉપાય.

૩. પું. કુરાનની એક કલમ.

૪. પું. (જ્યોતિષ) કુંડલીમાં ત્રિભાવનું ઘર.

૫. પું. ઘરનું રક્ષણ કરનાર દેવ. આય આઠ જાતના છે: ધ્વજ, ધૂમ, સિંહ, શ્વાન, વૃષભ, ગર્દભ, ગજ અને ખાંડ.

આયોના બબ્બે રૂપો હોય છે તેમાં એક સ્ત્રી હોય છે અને બીજો પુરુષ હોય છે.

૬. પું. જનાનખાનાનો નાજર.

૭. પું. (કચ્છી) નિસાસો.

૮. પું. પેદાશ; ઊપજ.

૯. પું. મિલકત.

૧૦. પું. લાભ; કાયદો; પ્રાપ્તિ.

૧૧. [સં. આ (ઊલટું) + ઇ (જવું)] સ્ત્રી. આગમન; આવવું તે.

૧૨. સ્ત્રી. (પ્રાકૃત) આત્મા; જીવ.

૧૩. [સં. આયત્ (બળ કરવો)] સ્ત્રી. જોર; સત્ત્વ; તાકાત; શક્તિ; જોમ; સામર્થ્ય; બળ.

આય તેની વાય = જેનામાં શક્તિ હોય તે જીતે.

૧૪. સ્ત્રી. (પ્રાકૃત) દેહ; શરીર.

૧૫. [સં. આયમ્ (હાથમાં રાખવું)] સ્ત્રી. હિંમત; છાતી; નિગમ.

૧૬. [સં. આયુસ્] ન. આયુષ્ય; જન્મથી મરણ સુધીનો વખત; જીવનકાળ; આવરદા.

૧૭. વિ. (પારસી) આ.

આયકર [સં. આય (આવક) + કર (વેરો)] પું. આવક ઉપરનો કર; આવકવેરો.

આયખું ૧. [સં. આયુષ્ય; અપ. આઉસ] ન. આયુષ્ય; આવરદા; જીવનકાળ; જીવતર; જિંદગાની.

આયખું આયખું–આવી રહેવું = આયુષ્યકાળ પૂરો થવા આવવો; જિંદગી પૂરી થવા આવવી; મરણ નજીક હોવું.

૨. ન. ઊંચો; બંત.

આયજ્ઞક વિ. મનુષ્યની હોરી ખેંચનાર; વેદમાં વપરાયેલું સ્તુતિનું એક વિશેષણ.

આયતોઆયતો [આય (આગમન) + આયતો (આવનારું જેવું રૂપ)] પું. અલબોઅલબો; લેવડદેવડ.

આયદાં (આયદાં) ન. બ. વ. આહીર લોકો; ભરવાડો; ગોવાળિયા.

આયદુ (આયડુ) [સં. આહિર] પું. ઢોર ચારનારો ગોવાળ; ગોવાળિયો.

આયવું (આયવું) ૧. ન. ઢોરનું ભરવા જવું તે; ચારવા જવું તે.

૨. જ. ઢોરનું બોલવું તે.

આયતકોણવાળું જ. (સ્થાપ્ય) અનિશ્ચિતતા; ચોક્કસ નહિ હોવાપણું.

આયતિ જી. ઇચ્છા; સ્પૃહા.

આયતી ૧. જી. આવરદાના દસ ભાગ કરીને તેમાં દસમે ભાગે દશા હોય તેમાંની પહેલી દશા. ૨. જી. મરણ; ઉમેદ.

આયત ૧. કું. તમારો.

૨. કું. (ગણિત) લંબચોરસ; જેના સામે બાજુ સરખાં અને બાજુ સરખી ન હોય તેવો ચતુષ્કોણ; 'રેક્ટેંગલ'.

૩. [અ.] જી. કુરાનનું વાક્ય.

૪. [સં. આ + યત (તેણે નિશાની કરી)] જી. નિશાન; ચિહ્ન.

૫. [સં. આ (થોડું) + યત (ઘસેલું)] વિ. અંકુશમાં આણેલું; નિગ્રહમાં રાખેલું; સંયમિત.

૬. [સં. આ (સુધી) + યત (ખેંચેલું)] વિ. ખેંચેલું; તાણેલું; આકર્ષેલું.

૭. વિ. દૂરનું.

પ્રકૃત પ્રસ્તુ પરિણામિ પુત્ર આયત બહુ નિરાસ, દીર્ઘશ્વાસ બસ્તી સદા કું કાજ્યુ કે બાસ. પિંગળપ્રકાશ

૮. વિ. નિયમિત.

૯. [સં. આ (ચોતરફ) + યત (બહુ કરનો)] વિ. બહુ કોલિટા કરનાર.

૧૦. [સં. આ (ઊભું) + યત (ઘટ્ટ)] વિ. બંધાયેલ.

૧૧. વિ. મોટું; દીર્ઘ.

૧૨. વિ. લંબચોરસ.

૧૩. વિ. લંબાયેલું.

૧૪. વિ. લાંબું; લંબાઈવાળું.

આયતક્ષેત્ર [સં. આયત (લંબ) + ક્ષેત્ર] જ. લંબચોરસ જગ્યા.

આયતાખ્યાત [સં. આયત (લંબચોરસ) + ખ્યાત (બાજુ)] જ. (ગણિત) જેની બાજુ ચારેય ચારેય બરાબર હોય એવી બંધ આકૃતિ; ચિત્તિ; ચોરસના આકારની બનાકૃતિ. 'રેક્ટેંગ્યુલર રેસલેસ્ઝોપાઇડ'.

આયતગણના [સં. આયત (લાંબું) + ગણના (ગણતરી)] જી. લંબાઈની માપણી.

આયતચક્ષુ [સં. આયત (લાંબું) + ચક્ષુસ (આંખ)] વિ. ઊંડી નજરવાળું; દીર્ઘદર્શી; અગમચેતીવાળું.

આયતચતુરસ્ર [સં. આયત (લાંબું) + ચતુર્ (ચાર) + અસ્ર (નારીબાજુનો પ્રકાર)] જી. ક્ષેત્ર.

આયતત્વ કું. મંડન નામના શિલ્પશાસ્ત્રીએ રચેલું એ નામનું પુસ્તક.

મંડને શિલ્પનો ઉદ્ધાર કરી રૂપમંડન, વાસ્તુમંડન, પ્રાસાદમંડન, આયતત્વ, વાસ્તુસાર વગેરે ગ્રન્થો રચેલા છે. તેમજ તેના નાના ભાઈ નાથુએ પણ વાસ્તુમંજરી ગ્રન્થ રચેલો જોવામાં આવે છે. સાહિત્યસંસ્કાર

આયતન ૧. કું. વિલંબ બતાવવા બાસનો એક પ્રકાર.

૨. જ. આધાર.

૩. જ. બળું.

૪. જ. ધનાગમ; વસ્તુના કદનું માપ.

૫. જ. જેના ઉપર મકાન ચણવામાં આવ્યું હોય તે જમીન; રહેવાકની જગ્યા; ઘરબેઠી.

૬. જ. જ્ઞાનના દેવતાનું સ્થાન; જ્યાં અમુક વખત સુધી જ્ઞાન રહે તે જગ્યા. જેમકે, ઇંદ્રિયો અને તેના વિષય. બૌદ્ધ મત પ્રમાણે બાર આયતન છે: ચક્ષુરાયતન, શ્રોત્રાયતન, ઘ્રાણાયતન, જિહ્વાયતન, કાયાયતન, મનસાયતન, રૂપાયતન, શબ્દાયતન, ગંધાયતન, રસનાયતન, ધ્રોતવ્યાયતન અને ધર્માયતન.

૭. જ. દેવને વંદન કરવાની જગ્યા.

૮. જ. પવિત્ર ઠેકાણું; દેવસ્થાન; મંદિર; દેવાલય.

૯. જ. પ્રતિમા; મૂર્તિ.

૧. પંચાયતન = પાંચ દેવમૂર્તિઓનો સમૂહ.

૨. રામપંચાયતન = સીતાજી, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાથે રામની મૂર્તિ.

૧૦. જ. વાનની જગ્યા.

૧૧. [સં. આયત્ (રહેવું)] જ. રહેઠાણ; નિવાસસ્થાન; ઘર; ચિત્ત.મરથાન; આશ્રય; મકાન.

મંદિર મંડપ આયતન વસ્તિ નિવાસ સ્થાન,
સકલ ભૂપ ધ્રુવલાનને વર્ણ સદ્ગચરી સુજ્ઞન. પિંગળપ્રકાશ

૧૨. જ. રોગનું કારણ.

૧૩. જ. સ્થાન; આશ્રમ; ઠેકાણું; જગ્યા; સ્થાન.

આયતનેત્ર [સં. આયત (લાંબું) + નેત્ર (આંખ)] વિ. પહોળી આંખવાળું.

આયતપર વિ. (ક્રિયા) પરાધીન.

આયતલોચન [સં. આયત (લાંબું) + લોચન (આંખ)] વિ. પહોળી આંખ હોય એવું.

આયતવૃત્ત [સં. આયત (લંબ) + વૃત્ત (ઢંકાયું)] જ. (ગણિત) બંધારણ ઢંકાયું; લંબવર્તુળ; 'ઇલિપ્સ'.

આયતસ્તુ ૧. [સં. આયત (નિયમસર) + સ્તુ (વખાણ કરવાં)] કું. આદર; આરાધ્ય; આરોટ.

૨. વિ. નિયમિત સ્તુતિ કરનાર.

આયતા જી. (સંગીત) શ્રુતિઓની પાંચ જાતિ બહેનો એક. તેમાં કુમુદતી, ક્રોધા, પ્રસારિણી, સંદીપની ને રોહિણી શ્રુતિઓનો સમાવેશ થાય છે.

આયતાકાર [સં. આયત (લંબ) + આકાર (ઘાટ)] કું. લંબચોરસ; 'રેક્ટેંગલ'.

આયતાક્ષ જુઓ આયતનેત્ર.

આયતાક્ષી [સં. આયત (લાંબું) + અક્ષિ (આંખ)] જી. વિશાળ નેત્રવાળી એટલે પહોળી આંખવાળી નારી.

આયતાયન કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આયતારામ [અ (નહિ) + યત્નતઃ (પ્રયત્નવશ) + રામ (આનંદ)] કું. (સ્થાપ્ય) એવી પુરુષ.

આયતિ ૧. કું. (પુરાણ) સોમવંશી નહુષનો દીકરો અને યયાતિનો ભાઈ.

૨. જી. આવક.

૩. જી. કામ; કર્મ.

૪ [સં. આ (બધારે) + યમ્ (કાબૂમાં રાખવું)] જી. જિતેંદ્રિયપણું; સંયમ.

૫. જી. તેજ; વૈભવ; ઐશ્વર્ય.

૬. જી. પરિણામ.

૭. જી. પરિમાણ.

૮. જી. પહોંચાડવું તે.

૯. જી. પ્રભાવ; શક્તિ.

૧૦. જી. ઠંડી આબોહવાની ઋતુ.

૧૧. જી. ભવિષ્યકાળ; ઉત્તરકાળ.

૧૨. જી. ભવિષ્યમાં કમાણી.

૧૩. જી. મૂળ.

૧૪. [સં. આયમ્ (લંબાવવું)] જી. લંબાઈ.

૧૫. જી. વિસ્તાર.

૧૬. જી. સંયમ; સાથે બાંધવાપણું.

૧૭ [સં. આ (ઊભું) + યમ્ (આપવું)] જી. સ્વીકાર.

આયતી ૧. જી. (પુરાણ) મેરુની એ નામની દીકરી. તે નિયતીની બેન અને ભૃગુના દીકરા ધાતા નામના ઋષિની સ્ત્રી હતી.

૨. જુઓ આયતિ ૨–૧૭.

આયતું ૧. [સં. અ (નહિ) + યત્નતઃ (પ્રયત્નવશ)] વિ. અનાયાસે મળેલું; વગર મહેનતે મળેલું.

૨. વિ. તૈયાર.

'આખ્યું તે 'બું ટ્રેકું ક્રિ.વિ. આ શબ્દ ભાષાની માફક મરાઠીમાંથી આવ્યો છે.

આયતી વસ્તુ = તૈયાર ચીજ.

૩. વિ. મહેનત વિના મહેનતે.

આયરિસા

૪. વ. મહેનત વગર; અનાયાસે; સહજ.
આયતા પર રાવવું = (૧) તૈયાર બનેલું હોય તેને ઉપાડી મૂકવું; તૈયાર ઉપર તાગડધિંગાં કરવાં. (૨) વારસામાં મળેલું નાણું છૂટથી ખરચવું.

આયત્ત ૧. [સં. આ (લોટું) + યત (આયિત)] વિ. અધીનનું વશ; તાબે.
૨. વિ. નામ; હાથમાં રાખી શકાય એવું.
૩. [સં. આયત્ (પ્રમાણ કરવું) નું ભૂતકૃદંત] વિ. પત્ન કર્યો હોય તેવું.

આયત્તતા ૧. [સં. આયત્ત (તાબેદાર) + તા (પણું)] સ્ત્રી. અધીનપણું; તાબેદારી.
૨. સ્ત્રી. નમ્રતા.

આયત્તિ ૧. [સં. આ (ઉપર) + યા (જવું)] સ્ત્રી. આવવું તે; આગમન.
૨. સ્ત્રી. ઉપાય.
૩. [સં. આ (વધારે) + યમ્ (કાબૂમાં રાખવું)] સ્ત્રી. ઇન્દ્રિયોનું; સંયમ.
૪. સ્ત્રી. તેજ; વૈભવ; ઐશ્વર્ય.
૫. સ્ત્રી. દિવસ.
૬. સ્ત્રી. પરવશપણું; અધીનતા.
૭. સ્ત્રી. બળ; શક્તિ; પ્રભાવ; સામર્થ્ય.
૮. [સં. આ (ઉપર) + યાત (ભવિષ્યકાળ)] સ્ત્રી. ભવિષ્યનો વખત; ભવિષ્યકાળ.
૯. [સં. આયમ્ (લંબાવું)] સ્ત્રી. લંબાઈ.
૧૦. સ્ત્રી. ગમન; જવું તે.
૧૧. સ્ત્રી. સીધી ચાલ; સરળ વર્તન.
૧૨. સ્ત્રી. સીમા; હદ; મર્યાદા.
૧૩. સ્ત્રી. સ્નેહ; પ્યાર.
૧૪. સ્ત્રી. હવાલો; રખવાળી.

આયત્યાતત્વ [સં. આ (ઉપર) + યત્ (જે પ્રમાણે) + તત્ (આવી રીતે)] વ. અયોગ્યપણું; અનુચિતપણું; અઘટિતતા.

આયંક ૧. [સ. અવક (પાછું આવવું)] વિ. ઉપર રહેતું.
૧. આયક હુવા = ઉપર નાખવામાં આવેલું.
૨. હિસ્સરત આયક હુવા = તિરસ્કારને પાત્ર.
૨. વિ. યોગ્ય; લાયક.

આયકો [સં. આય (પેદાશ) + ક (આપવું)] પું. ભાગિયાનો ભાગ; કોઈ પણ હકદારે પોતાના ભાગીદારને દર વર્ષે આપવાનો મુકરર કરેલ હક.

આયદ્વાર [સં. આય (ઉપજ) + દ્વાર (સાધન)] ન. ઉપજનું મૂળ; કમાણીનું સાધન.

આયન ૧. [સં. આ (ઉપર) + ઇ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. આગમન; આવવાપણું.
૨. વ. પદાર્થનું પીગળીથી રાસાયણિક પૃથક્કરણ કરવામાં આવે ત્યારે તેના અનુક્રમ ક્રુવ ઉપર દેખાતાં તત્ત્વો પૈકીનું એક.
૩. વિ. ગ્રહોની દક્ષિણ અને ઉત્તર ગતિરૂપ ભ્રમણ સંબંધી.

આયનદક્કર્મ [સં. આયન (ગ્રહોની ઉત્તર દક્ષિણ ગતિ સંબંધી) + દક્ (જોવું) + કર્મન્ (કામ)] વ. ગ્રહના ક્રાંતિવૃત્તના સ્થાનના વિષુવાંશને જે સંસ્કાર આપવાથી ગ્રહના સ્પષ્ટ વિષુવાંશ આવે તે સંસ્કાર આપવા કે સંસ્કાર આપવાની ક્રિયા.

આયનદ્રક્કર્મ જુઓ આયનદક્કર્મ.

આયના ૧. [સ. આકર્ષ (લોટું)] પું. અરીસો.
૨. પું. જોવાનો કાચ.
૩. [સં. આજ્ઞા] સ્ત્રી. આજ્ઞા; આમન્યા; હુકમ.
૪. સ્ત્રી. માન; મર્યાદા; અદબ; વિવેક; માન.
૫. વિ. ચોખ્ખું.
૬. વિ. સીધું રસ્તું દેખાય એવું; પારદર્શક.

આયનાદાર [સ. આયના (અરીસો) + દાર (વાળું)] વિ. અરીસા જેવું સાફ.

આયનાદિલ [સ. આયના (અરીસો) + દિલ (મન)] વ. આરસી જેવું સાફ મન.

આયનામહેલ જુઓ આયનામ્હેલ.

આયનામ્હેલ ૧. [સ. આયના (કાચ) + સ. મહલ (મોટું મકાન)] પું. કાચ અને લોઢનો મહેલ.
૨. પું. ભીંતમાં બધે અરીસા જડેલા હોય એવો ઓરડો.

આયનાસાજ (આયનાસાઝ) [સ. આયના (અરીસો) + સાઝ (બનાવનાર)] પું. અરીસા બનાવનાર કારીગર.

આયનાસાઝી (આયનાસાઝી) [સ. આયના (અરીસો) + સાઝ (બનાવનાર) + ઈ (કામનામ નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અરીસાની બનાવટ.

આયનું સ. પુરાતનીનાં નિવેદ.

આયનો ૧. [સ. આકર્ષ (લોટું)] પું. અરીસો; તખ્તો; પાટલું; દર્પણ.
૨. પું. આતશી કાચ.

આયપત ૧. [સં. આય (પેદાશ) + પત (જવા)] સ્ત્રી. અવક; આમદાની; પેદાશ.
૧. આયપત થોડી ને ખિજમદ્દ ઘણો = આવક થોડી ને ખરચો ઘણું.
૨. નવનું આયપત ને તેરનો વરો = આવક થોડી ને ખરચ ઘણું.
૨. સ. વારસો.

આયપતવેરો [સં. આયપત (આવક) + વેરો (કર)] પું. આવક ઉપરનો કર; આયકર.

આયપદ જુઓ આયપત.

આયપુરસ્ત્વ પું. (હિંદુ) વિષ્ણુ.

આયમન ૧. [સં. આ (ઉપર) + યમન (દાબી દેવું તે)] ન. નિયમનનું કામ.
૨. ન. બાંધ; બંધ.
૩. [સં. આ (ચોતરફ) + યમન (ખેંચવાપણું)] વ. વિસ્તાર; ફેલાવો.
૪. વ. સકંજામાંથી તાણવું તે; ધનુષ્યની માફક ખેંચવું તે.

આયમાનિ ૧. સ. રાજાની આવક આપતું ગામડું. ક્ષૌટિલ્ય અર્થશાસ્ત્ર પ્રમાણે તેની હદો ૬૨ કોસ લાંબી અને ગામડાનું વજન ૫૩ પલ હોય છે.
૨. સ. રાજાની આવકનું માપ.
૧૦ પરમ = ૧ પલ
૧૦૦ પલ = ૧ આયમાનિ.

આયમાની સ. એકસો પલનું ધન પદાર્થ તોળવાનું એક વજન.
૧૪ સર્ષપ = ૧ માસા; મા.
૧૬ માષ = ૧ કર્ષ
૪ કર્ષ = ૧ તોલિક; પલ
૨૦ તોલિક = ૧ ભાર
૧૦ ભાર = ૧ પટ
૧૦૦ પટ = ૧ આયમાની

આયમુખ [સં. આય (પેદાશ) + મુખ (મોં)] સ. આવકનું મૂળ.

આયર ૧. [સં. આભીર] પું. આહીર; ભરવાડ.
૨. પું. ઉજ્જૈનની પશ્ચિમે આવેલો એ નામનો દ્વીપ. જુઓ આભીર્દેશ.
૩. સ. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની ઢોર ચારનાર માણસની એક જાતનું.
૫. વિ. મદ્રાસ તરફ વસતી લોકોની એક જાતનું.

આયરશાયર પું. એક જાતનો ગુલાબ. તે વેલા ઉપર ઊગતો હોવાથી જૂની દીવાલો, ટટ્ટી વગેરે ઉપર શોભા માટે ચઢાવવામાં આવે છે.

આયરા ૧. સ્ત્રી. વાણંદની એક અટકનું નામ.
૨. સ. વાણંદની એ નામની અટકનું માણસ.
૩. વિ. વાણંદની એ નામની અટકનું.

આયરાણી સ્ત્રી. આયર જાતિની સ્ત્રી.

આયરિસ ૧. [અં.] પું. આઈરીસની વતની.

૨. વી. આયર્લૅંડના લોકોની ભાષા. ખાસ કરીને ગેલિક ભાષા.

૩. વિ. આયર્લૅંડનું; આયર્લૅંડને લગતું.

આયર્લૅંડ પું. ઇંગ્લંડની પશ્ચિમે આવેલો ૮૨૫૮૬ ચોરસ માઈલ ક્ષેત્રફળવાળો એ નામનો ટાપુ; આયર્લૅંડ. તેનો કિનારો સરસ અને દુનિયાનાં દેશોમાં સારાં બંદર અહીં હોવાનું મનાય છે.

આયર્સ રોક [અ. આઇર્સ રૉક] પું. મધ્ય આસ્ટ્રેલિઆમાં આવેલો એ નામનો એક જ સળંગ પથ્થરનો બે માઈલ લાંબો, એક માઈલ પહોળો અને એક હજાર ૧૮ ફીટ ઊંચો બહાડ. તેમાંની કેટલીક ગુફાનાં બારણાં ૨૦૦ ફુટ ઊંચાં અને ૪૦૦ ફુટ પહોળાં અને તેની પાસો પડીને મોટો બગાડ ૬૨ તેવી ગૅલરીઓ બનેલી ચિત્રકામથી ભરેલી છે.

આયલ [સં. આ (ઊલટું) + યા (જવું)] વિ. નવું આવેલું; આજકાલનું.

આયવન વ. ચમચો.

આયવસો વિ. પું. (ગ્રામી) વહાલો; પ્રિય.

આયવેલ વ. રાતી જાતનાં પાકાં નાળિયેરમાંથી કાઢેલું તેલ.

આયવ્યય [સં. આય (આવક) + વ્યય (ખરચ)] પું. આવકજાવક; પેદાશ અને ખરચ.

આયવ્યયઅનુમાનપત્ર [સં. આય (આવક) + વ્યય (ખરચ) + અનુમાન (અટકળ) + પત્ર (કાગળ)] વ. આવક અને ખરચ બતાવતું પત્રક; અંદાજપત્ર; 'બજેટ'.

આયવ્યયપરીક્ષક [સં. આય (આવક) + વ્યય (ખરચ) + પરીક્ષક (તપાસનાર)] પું. હિસાબ તપાસનાર અમલદાર; 'ઑડિટર'.

આયવ્યયપરીક્ષા [સં. આય (આવક) + વ્યય (ખરચ) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. આવકજાવકના હિસાબની તપાસણી.

આયવ્યયશાસ્ત્ર [સં. આય (આવક) + વ્યય (ખરચ) + શાસ્ત્ર] વ. નાણાંવ્યવહાર આવક અને ખર્ચ સંબંધી વિદ્યા.

આયવ્યયસ્થૂલમાન [સં. આય (આવક) + વ્યય (ખરચ) + સ્થૂલમાન (અટકળ)] વ. ઊપજખર્ચનો અંદાજ બતાવતું પત્રક; અંદાજપત્રક; 'બજેટ'.

આયસ [સં. આદેશ] સ્ત્રી. આજ્ઞા; હુકમ.

આયશરીર વ. રાજની આવકનાં મૂળ.

આયસ ૧. પું. બગરનું ઝાડ.

૨. [સં. આદેશ] પું. હુકમ; આજ્ઞા.

અહીં આયસ દીધું જગરાજ,
એહ નઈ લેવા આવ્યા રાજ.

૩. પું. રત્ન મણિ.

૪. [સં. આયુસ] વ. આયુષ્ય આવરદા; આયુ.

૫. [સં. આયાસ (પ્રયત્ન)] વ. શ્રમ; કર્તવ્ય; પ્રવૃત્તિ.

અલ્પ આયુ, આયસ પણું, તેજ રહિત વલવાદિ. લીમ

૬. વ. લોખંડની બનાવેલ વસ્તુ.

૭. વ. લોઢાનું કવચ.

૮. વ. લોઢું.

૯. વ. હથિયાર; શસ્ત્ર.

૧૦. વિ. લોઢાનું; લોઢામય; લોઢાનું બનાવેલું.

આયસકાર [સં. આયસ (આયા) + કર (કરનાર)] પું. આયા ઉઘરાવનાર માણસ. તાબેદાર; સેવક.

આયસી ૧. [સં.] સ્ત્રી. લોઢાની સેના.

૨. સ્ત્રી. લોઢાનું બખ્તર.

૩. વિ. લોઢાનું.

આયસુ [સં. આદેશ] સ્ત્રી. (હિંદી) આજ્ઞા; હુકમ.

આયસ્કાર ૧. [સં. આયસ (લોઢાનું) + કર (કરનાર)] પું. લુહાર.

૨. પું. હાથીની બંધનો ઉપરનો ભાગ.

આયસ્ત ૧. વિ. અપાયેલ.

૨. વિ. ઉત્સુક; આતુર; ઉત્તેજિત.

૩. [સં. આ (પૂર્વગ) + યસ્ત (પ્રયત્ન કરેલ)] વિ. યત્નિત.

૪. વિ. દુઃખ પામેલ; પીડિત.

૫. વિ. ધાર કાઢેલ.

૬. વિ. કંટાળેલ.

આયસ્થાન ૧. [સં. આય (આવક) + સ્થાન (જગ્યા)] વ. આવકનું ઠેકાણું; લાભકારી જગ્યા.

૨. વ. જકાત અથવા દાણ લેવાતાં હોય તે જગ્યા.

આયંક [સં. આતંક] પું. છએલેલ રોગ.

આયંગર ૧. સ્ત્રી. એક મદ્રાસી અટક.

૨. વ. એ નામની મદ્રાસી અટકનું માણસ.

૩. વિ. એ નામની મદ્રાસી લોકોની અટકનું.

આયંત ૧. પું. મોક્ષ; મુક્તિ.

૨. [સં. આયાંત] વિ. (પ્રાકૃત) પાણીથી હાથ ભીનું સાફ કરેલ; ચણુ કરેલ.

૩. [સં. આયામ (લંબાવવું) + અંત (ગયો)] વિ. લાંબું; દીર્ઘ.

આયંદા ખરો આવતો.

ઝમાના આયંદા = ભવિષ્યકાળ.

આયંદારવિંદ [ફા. આયંદા (આવનાર) + રવિંદા (જનાર)] પું. મુસાફર.

આયંદાહક્ક [ફા. આયંદા (ભવિષ્ય) + અ. હક્ક (અધિકાર)] પું. ઉત્તરાધિકાર; વારસાનો હક્ક; 'રિવર્ઝન'.

આયંદે ૧. [ફા. આયંદા (આવનાર)] અ. આજ પછી; ભવિષ્યમાં; હવે પછી; અંતઃપર.

૨. અ. પરિણામે; આખરે; છેવટે સરવાળે.

આયંબિલ [સં. આચામ્લ] વ. આખેલ; એક દિવસમાં એક જ વખત બાફેલું એક જ અનાજ ખાઈને કરવાનું કેનોનું તપ. તેમાં (૧) દહીં, (૨) દૂધ, (૩) ઘી, (૪) તેલ, (૫) ગોળ, ખાંડ, સાકર અને (૬) તળેલી વસ્તુ ખવાતી નથી. એ ૭ વસ્તુ 'વિગય' કહેવાય છે. આ તપમાં કેટલાક લોકો ભાત ખીચડીને બદલે કઠોળની ચૂલમાં પકવેલું ઘઉં અથવા સિંધાલૂણ વાપરે છે. કોઈ લોકો ગોખાનો એક જ દાણો અથવા આખેલ કરે છે. ચૈત્ર સુદિ ૭ થી સુદિ ૧૫ સુધી અને આસો સુદિ ૭ થી સુદિ ૧૫ સુધી નવ દિવસ આ તપ કરવાનો આસ મહિમા મનાય છે.

આયંભરિ [સં. આત્મન્ (આત્મા) + ભૃ (ભરવું)] વિ. પોતાનું પેટ ભરનાર; સ્વાર્થી.

આયા ૧. [પોર્ટુ.] સ્ત્રી. બાવા; બાળકને સંભાળવા રાખવામાં આવતી પગારદાર સ્ત્રી; ઓશરડી; બાળપરિચારિકા; ધાત્રી.

૨. સ્ત્રી. લોઢાપાની એ નામની અટક.

૩. વ. લોઢાપાની એ નામની અટકનું માણસ.

૪. વિ. લોઢાપાની એ નામની અટકનું.

૫. [ફા.] અ. સબબમાં વપરાતું સબબ પૂરવાનું અવ્યય.

આયાગયા ૧. [ફા.] પું. અણધાર્યો મહેમાન.

૨. વિ. ગયેલ.

૩. વિ. છટું ગયેલ.

૪. વિ. નકામું કરેલ.

આયાચિત [સં. આ (પાસે) + યાચ્ (માગવું કરવી) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. આસ વિનંતિ કરેલ.

આયાત ૧. [અ.] સ્ત્રી. કુરાનનું વાક્ય.

૨. [સં. આ (ઊલટું એવા અર્થવાળો પૂર્વગ) + યાત (ગયેલું)] સ્ત્રી. માલની આવક; વસ્તુનું ઊતરવું તે.

આયાતનિકાસ = આવતો અને જતો માલ.

૩. [અ.] સ્ત્રી. બ. વ. નિશાનીઓ.

આયુષ્યારો

૪. સ્ત્રી. આગમન; આવવું તે.
૫. સ્ત્રી. વધારો; પુષ્કળતા.
૬. વિ. બહારગામથી આવેલું; આગત.

આયાતકર [સં. આયાત (બહારના માલની આયાત) + કર (વેરો)] પું. બહારથી આવતી ચીજ ઉપર નાખેલો વેરો; જકાત.

આયાતજકાત [આયાત (બહારના માલની આયાત) + જકાત (દાણ)] સ્ત્રી. બહારથી આવતી ચીજ ઉપર નાખેલો વેરો; આયાતકર.

આયાતન ૧. [સં. આયત્ (આયાર રાખવો)] સ્ત્રી. આધાર.
૨. સ્ત્રી. ટેકાવું; જગા.
૩. સ્ત્રી. પરદેશથી આવેલો માલ; આયાત.

આયાતનિકાસ ૧. [સં. આયાત (બહારગામથી આવેલું) + નિષ્કાસ (બહાર મોકલવાપણું)] સ્ત્રી. એક દેશનો માલ મંગાવી બીજા દેશમાં મોકલવાપણું; 'રીએક્સપોર્ટ'.
૨. સ્ત્રી. પરદેશથી આવતો અને દેશમાંથી બહાર મોકલાતો માલ.

આયાતનિયંત્રકર [સં. આયાત (બહારથી આવેલો માલ) + નિયંત્રિ (કાબૂ) + કર (વેરો)] પું. જકાત; પરદેશથી આવતી વસ્તુ ઉપર બેસાડવામાં આવતો વેરો.

આયાતનિયંત્રકરસૂચિ [સં. આયાત (આવવું તે) + નિયંત્રિ (કાબૂ) + કર (વેરો) + સૂચિ (યાદી)] સ્ત્રી. પરદેશથી આવતી વસ્તુ ઉપર બેસાડવામાં આવતા વેરાનું કોષ્ટક; 'ટેરિફ'.

આયાતપૃષ્ઠક [સં. આયાત (સંબંધ) + પૃષ્ઠ (પીઠ) + ક (વાચક)] વિ. એક જાતની નક્કર આકૃતિ. તેને સરળ સપાટીથી કાપતાં આંતરછેદ ઈંડાના આકારનો કે ચંદ્રોગુપ્તો થાય.

આયાતપૃષ્ઠીય [સં. આયાત (લાંબું) + પૃષ્ઠ (ઢંકાયું) + ઈય (વગર્ત)] વિ. અંડાકાર આકૃતિને તેની બેમાંની કોઈ ધરી ઉપર ફેરવવાથી થતી ઘન આકૃતિ; લંબગોળ; અંડાકાર; 'ઑબ્લેટસ્પેરોઇડ'.

આયાતવેરો પું. બહારગામથી આવતા માલ ઉપરની જકાત. જુઓ આયાતકર.

આયાતવ્યાપારી [સં. આયાત (બહારથી આવેલ માલ) + વ્યાપૃ (કામે લાગવું)] પું. પરદેશથી માલ મંગાવનાર વેપારી.

આયાતિ ૧. પું. નહુષ રાજાનો એક દીકરો.
૨. [સં. આયાત્ (આવવું)] સ્ત્રી. આગમન; આવવું તે.

આયાતિપ્રદર્શન [સં. આયાતિ (આગમન) + પ્રદર્શન (દેખાવ)] ન. ભવિષ્ય બતાવવું તે.

આયાતી ૧. [સં. આયાત્ (આવવું) + ઇન્ (વાળું)] વિ. આયાત થયેલું; પરદેશ અથવા પરદેશથી આવેલું.
૨. વિ. પરદેશથી આવેલ માલ સંબંધી; આયાતને લગતું.

આયાતુ [સં. આયત્ (આવવું)] વિ. આવનાર; આગંતુક.

આયાન ૧. [સં. આ (પાસે) + યાન (જવાપણું)] ન. આગમન; આવવું તે.
૨. ન. ગતિ કરવું તે.
૩. ન. સ્વભાવ.

આયાપાન ન. એક સુગંધી ઔષધ. તેની દાણીઓ રાતી અને કડવાં પાંદડાં જાવંત્રી જેવાં, સામસામાં, દીસાં અને અરીઠાંનાં હોય છે. ચાકુરોગમાં અને ઉપરસ ઉપર તે અક્સીર મનાય છે.

આયામ ૧. [સં. આ (ઉપર) + યમ્ (કાબૂમાં રાખવું)] પું. સંકુચન; નિયંત્રણ; નિયમન; દાબ; કાબૂ.
૨. [સં. આ (વધ) + યમ્ (સંબંધવું)] પું. દીર્ઘતા; લંબાઈ
૩. પું. રોક; અટકાવ.
૪. પું. સંબંધવાપણું; બંધવું તે.
૫. પું. વિસ્તાર; ફેલાવો.
૬. સ્ત્રી. વાંસ જેટલી લંબાઈ.
૭. [સં. આ (સુધી) + યામ (પ્રહર)] ન. એક પ્રહર સુધી.

આયામવિષ્કંભ [સં. આયામ (લંબાઈ) + + વિષ્કંભ (વિસ્તાર)] ન. લંબાઈ પહોળાઈ.

આયામી [સં. આયામ (લંબાઈ) + ઇન્ (વાળું)] વિ. લાંબું; દીર્ઘ.

આયાલ જુઓ આયાળ.

આયાસ ૧. પું. (ગિણ) આકાશ.
૨. [સં. આ (બધાર) + યસ (મહેનત કરવી)] પુ. ઉદ્યમ; ઉદ્યોગ; ધધો; રોજગાર.
૩. પું. કષ્ટ, દુઃખ; ખેદ, પીડા; મુશ્કેલી.
૪. પુ. ત્રાસ, કંટાળો.
૫. પુ. થાક; શ્રમ.
૬. પુ. બેચેની; થાક અથવા કંટાળો ઉપજાવે એવું કામ.

આયાસક ૧. વિ. કંટાળા ભરેલું.
૨. વિ દુઃખ દેનાર; ખેદ પમાડનાર.
૩. [સં. આયાસ (શ્રમ) + ક (વાળું)] વિ. પ્રયત્નસાધ્ય; મહેનતનું; ઉદ્યોગી.

આયાસક્ષમ [સં. આયાસ (દુઃખ) + ક્ષમ્ (સહન કરવું)] વિ. સહન કરી શકે તેવું; સહનશક્તિવાળું.

આયાસમાપક [સં. આયાસ (શ્રમ) + માપક (માપનાર)] ન. થાક માપનારું એક જાતનું યંત્ર.

આયાસી ૧. [સં. આયસ્ (મહેનત કરવી) + ઇન્ (વાળું)] વિ. ઉદ્યોગી; મહેનતું; પ્રયાસવાળું.
૨. વિ. કષ્ટવું; ત્રાસદાયક; કપરું; દુઃખપ્રદ.
૩. વિ. થકવેલું; ખિન્ન.

આયાસ્ય [સં. આયસ્ (થાકી જવું)] ન. થાકેલ માણસ.

આયાસ્ય ૧. ન. એ નામના વંશનું એક પ્રવર.
૨. ન. એ નામનું એક ગોત્ર.
૩. ન. (પુરાણ) ગૌતમાંગિરસ વંશમાંનું એ નામનું એક કુળ.

આયાળ [જા. ચાલ] સ્ત્રી. કેસવાળી; ઘોડાની ડોક ઉપરના વાળ.

આયી સ્ત્રી. (ગિણ) કેસી.

આયીતા વિ. તૈયાર.

આયીસ્ટર [અં. ઓઇસ્ટર] સ્ત્રી. કાદુ માછલી. તેનાં કોઈ કોઈ કોટલામાંથી મોતી નીકળે છે.

આયુ ૧. પું. (પુરાણ) કુખ્યાત બહારથી થયેલો બહારથી દીકરો.
૨. પું. (પુરાણ) કુખ્યાત રોદિસ્સીથી થયેલો દીકરો.
૩. પું. (પુરાણ) દક્ષ પ્રાગિસ્સ દેવોમાંનો એક દેવ.
૪. પું. (પુરાણ) પ્રાણ નામના વસુનો ઊર્જસ્વતીને પેટે થયેલ દીકરાનું નામ.
૫. પું. (પુરાણ) મંડૂકોના એક રાજાનું નામ.
૬. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાં થયેલ કતુ ઋષિનું બીજું નામ.
૭. પું. સોમવંશી પુરૂરવા રાજાને ઉર્વશીથી થયેલા છમાંનો મોટો દીકરો.
૮. પું. (પુરાણ) સોમવંશી મહાપુત્ર, કોણના વંશના પુરુહોત્ર રાજાનો દીકરો.
૯. [સં. આયુસ્] ન. આવરદા; આયુષ્ય.
૧૦. ન. (જૈન) કર્મના આઠ પ્રકારમાંનો પાંચમો પ્રકાર; આયુષ્ય કર્મ; જેને લીધે જીવ આયુષ્ય ભોગવે છે તે કર્મ.
૧૧. સ્ત્રી. જીવતર; જિંદગી; જીવન.
૧૨. સ્ત્રી. વય; ઉમર.

આયુષ્યારો [સં. આયુસ્ (આવરદા) + આર (સીમા)] પું. આયુષ્યનો અંત; જિંદગીનો છેડો.

આયુધકર [સં. આયુધ (આવરણ) + કર (કરનાર)] વિ. આવરણ પહેરનારું; આયુધ બનાવનારું.

આયુધકર્મ [સં. આયુ (આવરણ) + કર્મન્ (આવરણનું કામનું કૃત્ય)] ન. (જૈન) આત્માને નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના શરીરમાં રોકી રાખે તેવું કર્મ.

આયુધકાશ્યપ ૧. પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે આઠમા મંડલનું બાવનમું સૂક્ત રચ્યું છે.
૨. પું. સામવેદનો એક ઋષિ.

આયુક્ત ૧. [સં. આયુજ્ (નીમવું)] પું. પ્રતિનિધિ; મિજબાન.
૨. વિ. જોડેલું; સાથે લગાડેલ.
૩. વિ. નિમણૂક કરેલ; નીમેલું.
૪. વિ. યોજેલું; જોડેલું.
૫. વિ. રેવાઈને તૈયાર થયેલ.
૬. વિ. સાવચેત; સાવધાન.

આયુક્તીય [સં. આયુક્ત (આવરણ) + ઈય (નામું)] વિ. ઢંકી આવરણવાળું.

આયુત ૧. [સં.] ન. અરધું પીગળેલું માખણ.
૨. વિ. દશ હજાર.
૩. વિ. ભેળવેલું; ભેગું કરેલું.

આયુતિક [સં. આયુત (દશ હજાર) + ઇક (સંબંધી)] પું. દશ હજાર સિપાઈઓનો ઉપરી.

આયુધ ૧. ન. ઘરેણાં માટે વપરાતું સોનું.
૨. [સં. આ (સર્વત્ર) + યુધ્ (લડવું)] ન. યુદ્ધ સાધવા; લડાઈની સામગ્રી; લડવાનું સાધન; હથિયાર; શસ્ત્ર. કૌટલ્યના મત પ્રમાણે આયુધની ત્રણ જાત છે: (૧) પ્રહરણ એટલે હાથમાં ઝાલીને મારી શકાય એવું. જેમકે તરવાર. (૨) મુક્તયુક્ત એટલે હેઠી શકાય એવું. જેમકે, ચક્ર. (૩) યંત્રયુક્ત એટલે યંત્રથી હેઠી શકાય એવું. જેમકે, બાણ. અમુક મત પ્રમાણે આયુધની બાર જાત ગણાય છે: મુક્ત, મુક્તામુક્ત, અમુક્ત, યંત્રમુક્ત. અમુક મતે આયુધ છત્રીસ જાતનાં છે: ચક્ર, ત્રિશૂળ, ધનુષ્ય, વજ્ર, બાણ, કૈવાણ, તૂણીર (ભાથું), ફોકબાણ, કરસી, કટાર, છરો, બરછી, ખેટક (ઢાલ), ગદા, તરવાર, શામ, તોમર (બાણુક), પાશ, ભુશંડી (એક જાતનું બાણ), ભાંટ, ખંજર, ભંજુર, લકુટ, ભંજ, અંકુશ, ભાલો, ઢગ, મુસલ, ખાંડું (ખડ્ગ), બરબ્બક, ભંજાલ (મોટી ભંડુક), ભરડ, ગુપ્તી, મુરજ, પટ્ટા અને નાની ભંડુક. બાણાકર અર્થશાસ્ત્રમાં નીચેનાં મુખ્ય હથિયાર વર્ણવ્યાં છે: સ્થિરયંત્રો:—સર્વતોભદ્ર, જામદગ્ન્ય, જાનુમુખ્ય, વિષાસપ્રાણી, સંપાતી, યાનક, પર્જન્યક, અર્ધનાલુ અને ઊર્ધ્વનાલુ. ફેંકવી શકાય એવાં યંત્રો:—પાંચાલિક, દેવદંડ, સુપરિઘ, મુસલ, યષ્ટિ, હસ્તિવારક, તાલવૃંત, મુદ્ગર, ચક્ર, રજ્જુ તલ, કુઠાલ, આરકૃતિમ, ઉદ્ગતિમ, ગતપ્રતિ, ત્રિશૂલ અને ચક્ર. હસ્તમુક્તાનિ:—શક્તિ, પ્રાસ, કુંત, લાટક ભિંડીવાલ, વલ્લ, તોમર, વરાહકર્ણ, કણપ, કર્પણ અને ત્રાસિક. યંત્રોની પાર ગણના જેવી હોવાથી તેને હસ્તમુક્તાનિ કહેવાય છે. દાખલા:— કાર્મુક, કોદંડ, કૂણ અને ધનુ. તીર:—જેષ્ઠ, શર, રાલાક, દંડસન અને નારાચ. તરવારો:— નિસ્ત્રિંશ, મંડલાગ્ર અને અસિયષ્ટિ. બીજા જેવાં હથિયાર:— પરશુ, કુઠાર, પત્તિ, ખનિત્ર, કુઠાલ, ચક્ર અને કાંડચ્છેદન. બીજાં હથિયારો:— યંત્રપાણિ, શોપ્યસુપાણિ, મુષ્ટિપાણિ, રોચની અને પત્યર. બખ્તરો:—લોહજાલિક, પત્ત, કવચ, સન્નહ, શિરત્રાણ, કોટ્ટપાણ, કૂર્પાસ, કંચુક, વારવાણ અને નાગોદરિક. આવરણાનિ:— વેતિ, ચર્મ, હસ્તિચર્મ, તાલમૂલ, ધમનિક, ફલક, ફિટિક, અમ્રતિલક અને વલાહકોત.
૧. આયુધ છોડવાં = (૧) લડાઈનું મેદાન છોડવું; નાસીપાસ થવું. (૨) હથિયાર મૂકી દેવાં.
૨. આયુધ બાંધવાં = (૧) લડવાને તૈયાર થવું. (૨) હથિયાર સજવાં.
૩. આયુધ સજ્જવાં = હથિયાર બાંધીને લડવાને માટે તૈયાર થવું.
૩. ન. લડાઈ.
૪. ન. સાધિવાં સાધન.

આયુધગૃહ [સં. આયુધ (હથિયાર) + ગૃહ (ઘર)] ન. હથિયારો રાખવાની અથવા બનાવવાની જગ્યા; આયુધશાળા.

આયુધજીવિસંઘ ૧. પું. લડવાની કળાને પોતાના રાજબંધારણના મુખ્ય નિયમ તરીકે વણનાર પ્રજાતંત્ર.
૨. [સં. આયુધ (હથિયાર) + જીવ્ (જીવવું) + ઇન્ (વાળું) + સંઘ (ટોળું)] પું. લડાયક લોકોનો જથ્થો; સૈનિક તરીકે ગુજરાન ચલાવનાર વર્ગ.

આયુધજીવી ૧. [સં. આયુધ (હથિયાર) + જીવ્ (જીવવું) + ઇન્ (વાળું)] પું. સૈનિક; લડવૈયો.
૨. વિ. લડાઈ કરી રહેનાર; શસ્ત્રોપજીવી.

આયુધધર્મિણી [સં. આયુધ (શસ્ત્ર) + ધર્મ (ગુણ) + ઇન્ (વાળું) + ઈ (નારીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એ નામનું એક ગાડું; જયંતી. તે રોગ ઉપર રામબાણ ઉપાય મનાય છે.

આયુધધારણ [સં. આયુધ (હથિયાર) + ધારા (વરસાદ)] સ્ત્રી. હથિયારોની વરસાદ; શસ્ત્રવૃષ્ટિ.

આયુધધારી [સં. આયુધ (હથિયાર) + ધારિન્ (રાખનાર)] વિ. હથિયારથી સજ્જ થયેલ.

આયુધન્યાસ ૧. પું. (તંત્ર) એક જાતનો ન્યાસ એટલે મંત્ર અને વિધિથી શરીરનાં જુદાં જુદાં અંગો દેવતાઓને સોંપવાં તે.
૨. [સં. આયુધ (હથિયાર) + ન્યાસ (મૂકવાની ક્રિયા)] પું. વૈષ્ણવોમાં પૂજન પહેલાં બહારની શુદ્ધિની રીત. તેમાં ચક્ર, ગદા જેવાં આયુધોનાં નામ લઈ એક એક અંગને અડવામાં આવે છે.

આયુધપિશાચિકા [સં. આયુધ (હથિયાર) + પિશાચિકા (સ્ત્રી)] સ્ત્રી. લડાઈની વરસ.

આયુધશાલા [સં. આયુધ (શસ્ત્ર) + શાલા (મકાન)] સ્ત્રી. હથિયાર બનાવવાની અથવા રાખવાની જગ્યા; આયુધાગાર.

આયુધશાળા જુઓ આયુધશાલા.

આયુધા પું. જેલમ નદી અને સિંધુ નદીની વચ્ચે આવેલા દોઆબ પ્રદેશનું જૂનું નામ.

આયુધાગાર [સં. આયુધ (હથિયાર) + આગાર (ઘર)] ન. હથિયાર બનાવવાની અથવા રાખવાની જગ્યા; આયુધશાલા.

આયુધાગારાધ્યક્ષ [સં. આયુધ (હથિયાર) + આગાર (ઘર) + અધ્યક્ષ (ઉપરી)] પું. હથિયાર રાખવાની જગ્યાનો ઉપરી.

આયુધાધ્યક્ષ [સં. આયુધ (હથિયાર) + અધ્યક્ષ (ઉપરી)] પું. હથિયારખાનાની દેખરેખ રાખનાર અમલદાર.

આયુધાભ્યાસ [સં. આયુધ (હથિયાર) + અભ્યાસ (આવરી)] પું. શસ્ત્રકળા; હથિયાર વાપરવાની જોતેરં કળા મહિની એક કળા. જુઓ કળા.

આયુધિક ૧. [સં. આયુધ (હથિયાર) + ઇક (વાળું)] પું. યોદ્ધો; લડવૈયો.
૨. વિ. હથિયાર સંબંધી.

આયુધી ૧. પું. શિવ; શંકર; મહાદેવ. પિનાક ધનુષ્ય તેમનું આયુધ છે.
૨. [સં. આયુધ (શસ્ત્ર) + ઇન્ (વાળું)] વિ. શસ્ત્રધારી; હથિયાર રાખતું.

આયુધીય ૧. [સં. આયુધ (હથિયાર) + ઈય (વાળું)] પું. યોદ્ધો; લડવૈયો.
૨. પું. સૈનિક કે વૅગ્રેટ કેનાઈ નામ.
૩. વિ. હથિયાર રાખતું અથવા વાપરતું.

આયુપ્રમેય [સં. આયુસ્ (ઉમર) + પ્રમેય (દાખલ કરવું તે)] કું. સ્વીકારેલી ઉમર; દાખલ કરેલી ઉમર. આ શબ્દ વીમામાં વપરાય છે.

આયુષ્મદ્ધ [સં. આયુસ્ (આવરદા) + મત્ (શક્તિ)] ત.ન.વિ. આયુષ્ય અને શક્તિ.

આયુરદા [સં. આયુસ્] સ્ત્રી. આવરદા; આયુષ્ય; જિંદગી.

આયુરારોગ્ય ૧. [સં. આયુસ્ (આવરદા) + આરોગ્ય (તંદુરસ્તી)] ન. આયુષ્ય અને આરોગ્ય; આવરદા અને તંદુરસ્તી.
૨. ન. રોગ વગરની લાંબી જિંદગી; નીરોગી લાંબું જીવન.

આયુર્દા ૧. [સં. આયુ (આયુષ્ય) + દા (આપવું)] કું. કાળ.
૨. સ્ત્રી. (પુરાણ) કાશદ્વીપની એ નામની નદી.
૩. [સં. આયુસ્] ન. આવરદા; આયુષ્ય; જીવનદોરી; જિંદગી.

આયુર્દાય ૧. કું. આયુ; જીવનકાળ; જિંદગી; આયુષ્યનું પ્રમાણ.
૨. [સં. આયુસ્ (આવરદા) + દા (આપવું)] કું. આયુષ્ય આપવું તે.
૩. કું. (જ્યોતિષ) ગ્રહોના સ્થાન ઉપરથી આવરદા નક્કી કરવી તે. જેમકે, આઠમા સ્થાનમાં ગુરુ૨પતિ, બીજામાં રાહુ, છઠ્ઠામાં મંગળ અને ત્રિજિયારમા સ્થાનમાં શનિ આયુ વધારે છે.

આયુર્દ્રવ્ય ૧. [સં. આયુસ્ (આવરદા) + દ્રવ્ય (ચીજ)] ન. આવરદા લંબાવનારું ઔષધ; દવા.
૨. ન. વી.

આયુર્બલ [સં. આયુસ્ (આવરદા) + બલ (શક્તિ)] ન. ઉમર; આયુષ્ય.

આયુર્મર્યાદા [સં. આયુસ્ (આવરદા) + મર્યાદા (હદ)] સ્ત્રી. આવરદાની હદ; જિંદગીની સીમા. પશુપક્ષીની આયુર્મર્યાદા નીચે મુજબ મનાય છે: ઊંટ ૪૦ વર્ષ, કૂતરો ૨૦ વર્ષ, કાગડો ૧૦૬ વર્ષ, કાચબો ૪૦૯ વર્ષ, કૂકડો ૧૪ વર્ષ, કૂતરો ૧૫ વર્ષ, ગરુડ ૧૦૦ વર્ષ, ગાય ૨૫ વર્ષ, ઘેટું ૧૨ વર્ષ, ઘોડો ૨૭ વર્ષ, ચકલી ૪૦ વર્ષ, ડુક્કર ૨૫ વર્ષ, પોપટ ૬૦ વર્ષ, બકરી ૧૫ વર્ષ, બિલાડી ૧૩ વર્ષ, બગલા ૭૦૦ વર્ષ, મોર ૨૪ વર્ષ, વેલ ૧૦૦ થી ૧૦૦૦ વર્ષ, સસલું ૫ વર્ષ, સિંહ ૪૦ વર્ષ, હંસ ૧૦૦ વર્ષ, હાથી ૧૦૧ વર્ષ.

આયુર્મિતિ [સં. આયુસ્ (આવરદા) + મિતિ (માપણી)] સ્ત્રી. આયુષ્ય કેટલું છે તેની અટકળ.

આયુર્યોગ [સં. આયુસ્ (આવરદા) + યોગ] કું. આયુષ્ય કેટલું છે તે જાણવા માટે જ્યોતિષમાં જણાવેલ ગ્રહોની સ્થિતિ.

આયુર્વર્ધન [સં. આયુસ્ (આવરદા) + વર્ધન (વધારવું)] ન. જિંદગીની હદ. જુઓ આયુષ્યમર્યાદા.

આયુર્વૃદ્ધિ [સં. આયુસ્ (આવરદા) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. જિંદગીનો વધારો.

આયુર્વેદ ૧. [સં. આયુસ્ (આવરદા) + વેદ] કું. ઋગ્વેદનો એક ઉપવેદ; આર્યોનું વૈદકશાસ્ત્ર; વૈદવિદ્યા; ચિકિત્સાશાસ્ત્ર. આ ઉપવેદ પ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી નીકળ્યાનું અને તેના સૌથી પહેલા આચાર્ય અશ્વિનીકુમાર હોવાનું મનાય છે. અશ્વિનીકુમાર પાસેથી ઇંદ્રે આ વિદ્યા મેળવીને ધન્વંતરિને તે શીખવી. કાશીનો રાજા દિવોદાસ ધન્વંતરિનો અવતાર કહેવાતો. તેની પાસે જઈને સુશ્રુતે આયુર્વેદનો અભ્યાસ કર્યો. અત્રિ અને ભરદ્વાજને પણ આ શાસ્ત્રના પ્રવર્તક માનવામાં આવે છે. કેટલાકના મત પ્રમાણે આ શાસ્ત્ર અથર્વવેદનું ઉપાંગ મનાય છે. શલ્ય, શાલાક્ય, પ્રાયશ્ચિત્તિસા ભૂતવિદ્યા, કૌમારતંત્ર (બાલચિકિત્સા), અગદતંત્ર, રસાયન અને વાજીકરણ એ તેનાં આઠ અંગ છે. કફ, પિત્ત અને વાયુ એ ત્રણ પ્રકૃતિની સ્વસ્થતા ઉપર આયુર્વેદ રચાયેલ છે. આયુર્વેદના આચાર્યો: અશ્વિનીકુમાર, ધન્વંતરિ, દિવોદાસ (કાશીરાજ), નકુલ, સહદેવ, અર્કિ, ચ્યવન, જનક, સુશ્રુત, જનાક, જનકિ, વૈલ, કરવ, અત્રિસ્વ, અત્રિ અને તેના ૬ શિષ્ય (અગ્નિવેશ, ભેડ, જતૂકર્ણ, પરાશર, હીરપાણિ, હારીત), સુશ્રુત અને ચરક. આયુર્વેદનું જ્ઞાન આરબ અને યુનાની લોકોની મારફત યુરપમાં પ્રસરવા પામ્યું અને અર્વાચીન વૈદકશાસ્ત્રની ઉત્પત્તિમાં તે ઉપયોગી થઈ પડ્યું. આયુર્વેદના મૂળ ગ્રંથકારો ચરક અને સુશ્રુત લગભગ અઢી હજાર વર્ષ જેટલા જૂના છે. ચરક (ઈ. સ. પૂ. ૫૦૦) ઔષધ સંબંધ માટે અને સુશ્રુત (ઈ. સ. ૧૦૦) શસ્ત્રવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે.
૨. કું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૩. કું. એ નામનો એક દેવ.

આયુર્વેદપ્રકાશ કું. એ નામનું આયુર્વેદ સંબંધી એક પુસ્તક.

આયુર્વેદપ્રકાશક કું. ઔષધોની બનાવટ અને તેના ઉપયોગ વિષે ઈ. સ. ૧૭૨૪માં મારીના માધવે રચેલો એ નામનો ગ્રંથ.

આયુર્વેદપ્રણેતા ૧. [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + પ્રણેતૃ (સ્થાપનાર)] કું. પુરુષોત્તમ ભગવાન.
૨. કું. વિષ્ણુ.

આયુર્વેદભૂષણ [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + ભૂષણ (શણગાર)] ન. આર્યોના વૈદકશાસ્ત્રની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને અપાતી ઉપાધિ.

આયુર્વેદમહોપાધ્યાય [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + મહત્ (મોટું) + ઉપાધ્યાય (શિક્ષક)] કું. દેશી વૈદોનો મોટો શિક્ષક.

આયુર્વેદરત્ન [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + રત્ન (મણિ)] ન. આયુર્વેદની પરીક્ષા પસાર કરનારને અપાતી પદવી.

આયુર્વેદવિજ્ઞાન ન. કલકત્તાના કવિરાજ વિનોદલાલ સેને રચેલો આર્યોની વૈદવિદ્યાનો એક ગ્રંથ.

આયુર્વેદવિદ્યા સ્ત્રી. આર્યોનું વૈદકશાસ્ત્ર. જુઓ આયુર્વેદ.

આયુર્વેદવિશારદ [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + વિશારદ (હોશિયાર)] કું. આયુર્વેદમાં પ્રવીણ માણસને મળતી ઉપાધિ.

આયુર્વેદવેત્તા [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + વેત્તૃ (જાણનાર)] વિ. વૈદકશાસ્ત્ર જાણનારું; આયુર્વેદ જાણેલ.

આયુર્વેદસુશ્રુતસંહિતા સ્ત્રી. સુશ્રુતે રચેલો એ નામનો વૈદકનો ગ્રંથ. તેમાં સામાન્ય ઔષધવર્ગ, પાનવર્ગ, પાનનો વર્ગ વગેરેના ગુણદોષનું વર્ણન કર્યું છે.

આયુર્વેદાર્ણવ [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + અર્ણવ (સમુદ્ર)] કું. વૈદને અપાતી એક પદવી.

આયુર્વેદાલંકાર [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + અલંકાર (શણગાર)] કું. દેશી વૈદામાં હોશિયાર માણસને અપાતી પદવી.

આયુર્વેદિક ૧. [સં. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર) + ઇક (સંબંધી)] વિ. આર્યોના વૈદકશાસ્ત્રને લગતું; આયુર્વેદનું.
૨. વિ. વૈદકશાસ્ત્ર જાણતું; વૈદનું અભ્યાસી.

આયુર્વેદી જુઓ આયુર્વેદિક.

આયુર્વેદીય જુઓ આયુર્વેદિક.

આયુવર્ધક [સં. આયુસ્ (આવરદા) + વર્ધક (વધારનાર)] વિ. આવરદા વધારનારું.

આયુષ્માન [સં. આયુસ્ (આવરદા) +

વત્ (વન્ત)] વિ. આવરદાવાળું; લાંબી જિંદગીવાળું; દીર્ઘાયુ.

આયુર્વૃદ્ધિ [સં. આયુસ્ (આવરદા) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. આયુષ્યનો વધારો.

આયુરા સ્ત્રી. રબ્બા. જતી વખતે વડીલો દીર્ઘાયુ રહો એમ કહે તે ઉપરથી આ અર્થ નીકળ્યો છે.

આયુષ ૧. પું. શિવ; શંકર; મહાદેવ.

૨. ન. અવતાર; ભવ; જન્મારો.

૩. [સં. આયુસ્] ન. આવરદા; જીવનકાળ; જિંદગી.

૪. ન. (જૈન) જેનાથી ભવ ધારણ થાય એવું કર્મ. જુઓ આયુષ્કર્મ.

આયુષકર્મ [સં. આયુસ્ (આવરદા) + કર્મન્ (કર્મ)] ન. (જૈન) આઠ કર્મમાંનું પાંચમું. તેને પરિણામે જીવ જિંદગી ભોગવે છે.

> આયુષકર્મના ચાર પ્રકારો–જેના ઉદયે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકપણું જીવન ગાળવું પડે છે. તે અનુક્રમે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકનું આયુષ છે. જીવવિચાર

આયુષદોરી ૧. સ્ત્રી. આયુષ્યનો આધાર; જીવનની મુખ્ય વસ્તુ.

૨. [સં. આયુસ્ (આવરદા) + દોર (દોરડું)] સ્ત્રી. આવરદા; જીવવાની મુદત.

આયુષભર [સં. આયુસ્ (આવરદા) + ભર (ભરપૂર)] ક્રિ. આખી જિંદગી સુધી; જીવન પૂરું થતાં સુધી.

આયુષમર્યાદા [સં. આયુસ્ (આવરદા) + મર્યાદા (હદ)] સ્ત્રી. આવરદાની હદ; જીવતરની અવધ.

આયુષમાન પું. (જ્યોતિષ) સત્તાવીસ જાતિનો ત્રીજો યોગ.

આયુષ્ક ૧. ન. (જૈન) આયુષ્યનો બંધ; આવતા ભવમાં જે ગતિમાં જવું હોય તેનું નક્કી થવું તે.

૨. વિ. લાંબી આવરદાવાળું.

આયુષ્કર [સં. આયુસ્ (આવરદા) + કર (કરનાર)] વિ. જિંદગી વધારનાર.

આયુષ્કામ [સં. આયુસ્ (આવરદા) + કામ (ઇચ્છા)] વિ. લાંબી આવરદાની ઇચ્છા રાખનાર.

આયુષ્ટોમ [સં. આયુસ્ (આવરદા) + સ્તોમ (યજ્ઞ)] પું. જિંદગી વધે તે માટે કરવામાં આવતો યજ્ઞ.

આયુષ્મતી ૧. [સં. આયુસ્ (આવરદા) + મત્ (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. લાંબું જીવનારી; દીર્ઘાયુ.

૨. વિ. સ્ત્રી. વિદ્યમાન; જીવતી; હયાત.

આયુષ્માન ૧. પું. (પુરાણ) છઠ્ઠા મન્વંતરમાં વિષ્ણુનો જે અવતાર થવાનો છે તે વખતના તેના બાપ.

૨. પું. (પુરાણ) પ્રજાપતિ દક્ષના બારમાંનો મોટો દીકરો.

૩. પું. (જ્યોતિષ) વિષ્કુંભક વગેરે સત્તાવીસ જાતિનો ત્રીજો યોગ.

૪. [સં. આયુસ્ (આવરદા) + મત્ (વાળું)] વિ. ઘણું જીવનારું; લાંબી આયુષ્યવાળું; દીર્ઘાયુષી; ચિરંજીવી.

૫. વિ. જીવતું; હયાત; વિદ્યમાન.

૬. વિ. નાટકમાં સંબોધન માટે વપરાતો શબ્દ. નાટકમાં સત જેટલે સારથિને, રથી જેટલે રથમાં બેઠેલ માણસને અને રાજકુમારને આ શબ્દથી બોલાવે છે.

આયુષ્ય ૧. [સં.] ન. અવતાર; ભવ; જન્મારો.

૨. ન. આવરદા; જિંદગી; જીવનકાળ.

> આયુષ્યનો બંધ પડવો = જીવતાં ભવમાં જે ગતિમાં જવું હોય તે ગતિનું નિર્બળ થવું.

૩. ન. (જૈન) કર્મના આઠ ભેદ માંહેનો પાંચમો. તેના પરિણામે જીવ જિંદગી ભોગવે છે.

૪. ન. જીવનચરિત્ર.

૫. ન. બાળકના જન્મ પછી થતી જૂજ ધાર્મિક ક્રિયા.

૬. વિ. આવરદા વધારનાર.

આયુષ્યક ૧. [સં. આયુષ્ય (આવરદા) + ક (વાળું)] ન. હયાતી; વસું.

૨. વિ. જિંદગી વધારનાર.

આયુષ્યકર્મ ૧. [સં. આયુષ્ય (આવરદા) + કર્મન્ (કારણરૂપ કામનું ફળ)] ન. (જૈન) આયુકર્મ; નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના શરીરમાં આત્માને રોકી રાખનારું કર્મ.

૨. [સં. આયુષ્ય (આવરદા) + કર્મન્ (કામ)] ન. હયાતી; શ્વાસકર્મ.

આયુષ્યગંગા [સં. આયુષ્ય (જિંદગી) + ગંગા (એ નામની એક નદી)] સ્ત્રી. જિંદગી રૂપી નદી; જીવનપ્રવાહ.

આયુષ્યદ [સં. આયુષ્ય (આવરદા) + દ (દેનાર)] વિ. જીવન વધારનાર.

આયુષ્યદોરો [સં. આયુષ્ય (આવરદા) + + દોર (દોરડું)] સ્ત્રી. જીવનદોરી; આવરદા; જીવવાની મુદત. જુઓ આયુષદોરી.

આયુષ્યબળ [સં. આયુષ્ય (જીવન) + બલ (જોર)] ન. લાંબી આવરદા.

આયુષ્યભર [આયુષ્ય (જીવન) + ભર (સુધી)] ક્રિ. જિંદગી સુધી.

આયુષ્યભવ પું. (જ્યોતિષ) કુંડલીમાં આઠમું ઘર.

આયુષ્યભુવન [સં. આયુષ્ય (આવરદા) + ભુવન (ઘર)] ન. (જ્યોતિષ) બાર ઘરમાંનું જે નામનું આઠમું.

આયુષ્યમર્યાદા [સં. આયુષ્ય (આવરદા) + મર્યાદા (હદ)] સ્ત્રી. જિંદગીની હદ. જુદી જુદી પ્રજાની સરેરાશ આયુષ્યમર્યાદા નીચે પ્રમાણે ગણાય છે:

દેશ	માણસની સરેરાશ આયુષ્યમર્યાદા
અમેરિકા (યુનાઇટેડ સ્ટેટ્સ)	૬૮·૦ વરસ
દક્ષિણ આફ્રિકા	૫૫·૬ વરસ
નૉર્વે	૬૫·૧ વરસ
હૉલૅંડ	૬૫·૧ વરસ
ઇંગ્લંડ	૬૧·૦ વરસ
ફ્રાંસ	૪૮·૫ વરસ
જર્મનિ	૪૭·૪ વરસ
જપાન	૪૪·૨ વરસ
હિંદુસ્તાન	૨૪·૭ વરસ

આયુષ્યમંત્ર [સં. આયુષ્ય (આવરદા) + મંત્ર] પું. લાંબું જીવન અને તંદુરસ્તી મેળવવાનો નિયમ.

આયુષ્યમાન ૧. [સં. આયુષ્ય (આવરદા) + મત્ (વાળું)] વિ. જીવતું; હયાત.

૨. વિ. લાંબી જિંદગીવાળું; ઘણું જીવનારું; ચિરંજીવી.

> આયુષ્યમાન ભવ = ઘણું જીવો.

આયુષ્યમાનયોગ પું. (જ્યોતિષ) બધેલો રોગ મટે એનું મહોતું બોલાવું; જે નામનો એક યોગ. સિદ્ધિયોગ, શુકલયોગ, શુભયોગ, પ્રીતિયોગ, આયુષ્યમાનયોગ, પૂર્તિયોગ, વૃદ્ધિયોગ, ધ્રુવયોગ, હર્ષયોગ, એ સર્વે સુખસાધ્ય છે, અર્થાત્ એ યોગોમાં બધેલો રોગ સારી રીતે મટી શકે છે.

આયુર્વેદ વિજ્ઞાન

આયુષ્યરેખા [સં. આયુષ્ય (આવરદા) + રેખા (લીટી)] સ્ત્રી. (સામુદ્રિક) હથેળીમાંની આવરદા બતાવનારી લીટી. હાથ ઉપરની બધી રેખામાં આ સૌથી અગત્યની મનાય છે. તે પહેલી આંગળીની નીચે અને અંગૂઠાના મૂળના ઉપલા ભાગમાંથી શરૂ થઈ વીનસના માઉન્ટ જેટલે અંગૂઠા નીચેના ઉભોળીના ઉપલોક માંસલ ભાગની એક બાજુએ સંકળાયેલ હોય છે. હાથ જોવી વખતે આ રેખાની સંખ્યાઈ,

હથેળી, રેખા, દિશા, તેમાંથી નીકળતી નાની મોટી રેખા, તેના ટાંકા, તેના ઉપરનાં ટપકાં અને ચોકઠીઓ, તેની શરૂઆતની તેમ જ પૂરી થતી વખતની હાલત એ બધું ધ્યાનમાં લેવામાં આવે છે. રેખા લાંબી, સુરોખિત, સારા આકારની, ત્રુટીઓ વગરની અને હીનસાના આઘાતને ફરી વળતી હોય તો અતદર્શ ગણાય છે. રેતાશ પડતી હોય ત્યારે તે મુસ્સો અને તામસી પ્રકૃતિ બતાવે; લાંબી હોય તો આરોગ્યમય બાબી, શરીરની નાજુકતા અને અદેખાઈ બતાવે; વધારે પડતી પહોળી હોય તો શારીરિક અશક્તિ, બરાબ સ્વભાવ, ચારિત્રમાં બાબી બતાવે; ઊંડી હોય તો નિર્બળતા અને તોછડાપણું; લાંબી હોય તો શાંત પ્રકૃતિ, સાધારણ બળ, નાજુક બાંધો, માનસિક નબળાઈ પણ લાંબું આયુષ્ય બતાવે. તેની શરૂઆતમાં ભાંગતૂટ બબડતી હોય તો માનસિક અસ્થિરતા અને ચાલચલગતમાં ઢીલાપણું બતાવે; વચ્ચે ભાંગતૂટ બબડ્યા અને તેમાં ચાર કે બારપાર બીજી રેખા વધારે ઘાટી હોય તો તે માંદગી બબડાવે; તે બે કટકે હોય તો બબડ્યા માંદગી બતાવે, પણ બીજા હાથમાં આવેલી ન હોય તો માંદગી સાધ્ય સમજવી; બને હાથમાં સરખી આવેલી હોય તો તે વખતે તેવા માણસનું મરણ નક્કી સમજવું. કૂણી રેખા કૂંકે આયુષ્ય બતાવે છે. આયુષ્યરેખા કૂંકી હોય પણ તે પાસે બીજી આયુષ્યરેખા હોય તો આવરદા લાંબી હોવા ઉપરાંત સમૃદ્ધિ બતાવે. કોના હાથ ઉપર આવરદાની બે રેખા હોય તો તેનામાં ચતુરાઈ, ચુમ્બાઈ, જ્ઞાન પણ હસકી ચાલચલગત બતાવે. આવી બાઈ હરકોઈ રીતે પોતાનું સિક્કા ચુમાવે. ઊંચા કુટુંબની બૈરી હલકા દરજ્જાના માણસ સાથે પ્રેમસંબંધ રાખવામાં હકારાઈ ન બબડે. આયુષ્યરેખા પૂરી થતી વખતે બે છેડા બબડ હોય અને તેમાંનો એક છેડો કંઠા તરફ જતો હોય તો શારીરિક નબળાઈ અને વહેલવા સુધી ક્રમનો ભોગ બતાવે. આયુષ્યરેખાના વચ્ચેથી કૂંટા પડતા હોય અને એક છેડો મંદ તરફ જતો હોય તો લાંબી મુસાફરી બતાવે.

આયુષ્યવર્ધક [સં. આયુષ્ય (આવરદા + વર્ધક (વધારનાર)] વિ. જિંદગી વધારનાર.

આયુષ્યવંત [સં. આયુષ્ય (આવરદા) + વત્ (વાળું)] વિ. લાંબી જિંદગીવાળું.

આયુષ્યશેષ [સં. આયુષ્ય (આવરદા) + શેષ (બાકી રહેલ ભાગ)] ક. બાકી રહેલ જિંદગી.

આયુષ્યસંક્રાંતિવ્રત [સં. આયુષ્ય (આવરદા) + સંક્રાંતિ (સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવાપણું) + વ્રત (નિયમ)] ક. દરેક સંક્રાંતિને દિવસે કરવામાં આવતું એ નામનું વ્રત. તેમાં નાહી અને પૂજા કરી કાંસાના વાસણમાં ઘી, બી ને સોનું નાખી બાહ્મણને દાન આપવામાં આવે છે.

આયુસ [સં. આયુસ્] ક. આયુષ; આવરદા; ઉમર.

આયુંષ્યાહ્નિ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

આયુઃકાલ [સં. આયુસ (આવરદા) + કાલ (વખત)] પું. જીવનનો વખત; મૃત્યુકાળ.

આયુઃશબ્દયતિ [સં. આયુસ (આવરદા) + શબ્દ + યતિ (સંન્યાસી)] પું. શિવ; શંકર.

આયૂ [સં.] સ્ત્રી. આવરદા; આયુષ્ય.

આયે ૧. [સં.] ક. પ્રેમ બતાવવા બાબતો બતાવવા માટે વપરાતો શબ્દ.

૨. ક. સ્વાગત દર્શાવતો એક શબ્દ; આવો; પધારો.

આયેસ [પ્રા.] પું. હુકમ; આદેશ; આજ્ઞા.
નિજ નારી નઈ નઈ કહઈ, એ તુજ દોઈ આયેસ. ઋષભવિજય

આયો ૧. પું. (જ્યોતિષ) મુહૂર્ત્ત સાત ઉપગ્રહો માંહેનો બીજો. તેની શોધ ઈ.સ. ૧૬૧૦માં થઈ હતી. સૂર્યથી તેનું અંતર ૨૧૦ હજાર માઈલ છે. તેનો વ્યાસ ૨૩૪૯ માઈલ અને તેનો પરિક્રમા કાળ ૧ દિ. ૧૮ કલાક ૨૬ મિ. છે.

૨. ક. વિ. (જૂની) આબો.

આયોગ ૧. પું. ચંદન, ફૂલ વગેરેની ભેટ ધરવાપણું.

૨. પું. તટ; કિનારો.

૩. પું. ધન મેળવવાનો ઉપાય; કમાણી કરવાનો રસ્તો; વેપાર ઉદ્યોગ.

૪. [સં. આ (બાજો) + યુજ્ (જોડવું)] પું. નિમણૂક.

૫. પું. રોષ; અટકાવ.

૬. પું. સરંજામ; સામગ્રી.

૭. પું. સારો સંબંધ.

આયોગવ [સં.] પું. વૈશ્ય બા અને શૂદ્ર બાપથી થયેલો પુરુષ.

આયોગવી [સં.] સ્ત્રી. વૈશ્ય બા અને શૂદ્ર બાપથી થયેલી સ્ત્રી.

આયોગિક [સં. આ (બધાં) + યોગ (પ્રાપ્તિ) + ઇક (વાળું)] વિ. પું. જ્ઞાની.

આયોજક [સં. આયુજ્ (જોડવું)] વિ. બનાવનાર; પેદા કરનાર.

આયોજન ૧. [સં. આયુજ્ (જોડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ક. ઉદ્યોગ; ઉદ્યમ; મહેનત; પ્રયત્ન.

૨. ક. ઉપાડી બબડાવવું; કરવું.

૩. ક. જોડવું કરવાપણું.

૪. ક. (ન્યાય) કર્મ.

૫. ક. કસબ; કળ; ચોટી.

૬. ક. કોઈ કામમાં લગાડવાપણું; નિયુક્તિ.

૭. ક. તૈયારી; સામગ્રી મેળવવી તે.
આયોજન થવું = બાબતું આવવું.

૮. ક. બબડસ્થા; પ્રબંધ; ગોઠવણ.

૯. ક. (ન્યાય) આત્માન; વિવરણ.

આયોજના સ્ત્રી. બબડસ્થા; પ્રબંધ; ગોઠવણ; સમાન.

આયોજ્ય [સં. આયુજ્ (જોડવું) + ય (ગ્રં)] વિ. ગોઠવીને કામે જોડવા જેવું.

આયોદ્ય ઓરાયન પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રનો આકાશો તારો.

આયોડિન [અં.] ક. કુદરતી ક્ષારમાંથી કાઢવામાં આવતો ધાતુના જેવો ઝળકાટવાળો વાદળી રંગનો એક પદાર્થ; રાસાયણિક મુખ્યમાં હરિત (ક્લોરિન) અને રોહિત (બ્રોમિન) ના જેવું એક તત્ત્વ બેઝ. અગાઉ તે હરિયાઈ બોડની રાખમાંથી કાઢવામાં આવતું. જંતુનાશક હોઈને તેનો ચોપડવાની દવા તરીકે ઉપયોગ થાય છે. બબી પડવામાં પણ તે વપરાય છે.

આયોદ પું. (પુરાણ) ધૌમ્ય નામના બહર્ષિ.

આયોધન ૧. [સં. આ (ઉપર) + યોધન (લડાઈ)] ક. રણક્ષેત્ર; રણભૂમિ; લડાઈનું મેદાન.

૨. ક. લડાઈ; યુદ્ધ.
આયોધન રહ્યું આજિ મુખ, આહવ સંજ્ઞ સમીક, સંપરાય સંગર સમર સંયુગ કલહ અનીક; મુસ્તનુદ્ધ પતિસંગમાં બબારે બારો હે બામ, ત્યારે નજ વિના નથી પામીશ હું પરિણામ. વિજયવલ્લભોદય

૩. ક. વધ; મારવું તે.

આયોધ્યક ૧. [સં. અયોધ્યા (એ નામનું શહેર) + ઇક (વતનું)] વિ. અયોધ્યા સંબંધી.

૨. વિ. અયોધ્યાવાસી.

આયોનિયન [અં.] સ્ત્રી. એ નામની એક ગ્રીક જાતિ.

આર ૧. પું. અજાર.

૨. [સં. આર] પું. અંકુશ; કોતાર.

૩. પું. (જ્યોતિષ) એ નામનો ગ્રહ; મંગળ.

૪. પું. (જ્યોતિષ) એ નામનો ગ્રહ; શનિ.

૫. પું. એક જાતનું ઝાડ; મધુરસાક્ષક; મધુર અને ખાટાં ફળવાળું એક ઝાડ.

૬. [સં. આહાર] પું. કાંઠ; ખેળ; કપાસને અને કપાસના તાણવાઉને ખાતર બનાવવાને વપરાતી વસ્તુ.

૧. આર ઉતારવો–કાઢવો = નવાં કપાસમાંથી બેળ કાઢવી.

૨. આર ચડાવવો–દેવો = કપાસને ખાતરમાં બોળવું.

૭. પું. કિનારો.

૮. [અં. ઓર] પું. ખાણમાંથી નીકળેલો લોઢાવાળો પદાર્થ.

૯. પું. ખૂણો.

૧૦. [સં. આહાર (ભોજન)] પું. ખોરાક.

૧૧. પું. ગુસ્સો ચઢવું તે.

૧૨. પું. આણક.

૧૩. પું. (જૈન) ચોથી નરકમાં નારકીઓને રહેવાનું એ નામનું ઠેકાણું.

૧૪. પું. છેડો; અંત.

૧૫. પું. બાણનો ભોક; તાણ; ખેંચ.

૧૬. પું. પિત્તળ.

૧૭. પું. પૈડાનો આરો; પૈડાનો બાંધી પાટલા સુધીનો કટકો.

૧૮. [સં. કર (કરવા)] પું. (આકરણ) બનાવનાર અથવા કામ કરનાર એવો અર્થ બતાવતો પ્રત્યય. જેમકે, સુથાર, કુંભાર.

૧૯. પું. (પિંગળ) માત્રામેળ છંદોમાંનો એક ગણ, ૭૪ લઘુ મળી ૮૧ માત્રા અને ૮૮ માત્રાનો વિષમમાત્રિ માત્રામેળ છંદ.

૨૦. પું. મોઢાંડિયાની રમતમાં દાંડિયો મારવામાં વપરાતો શબ્દ. મોઢાંડિયાની રમતમાં ચાટ, લેન, મૂઢ, નાર, આર એવા જે શબ્દો વપરાય છે તે કર્ણાટક ભાષામાં એક, બે, ત્રણ એમ અર્થના છે.

૨૧. પું. કરતાલ.

૨૨. [અં.] પું. હલેસું.

૨૩. [સં. આ (ચોતરફ) + ઋ (જવું)] સ્ત્રી. અણી; ધાર; અણીવાળો ધાતુનો કટકો.

૨૪. સ્ત્રી. અદાવત; વેર.

૨૫. સ્ત્રી. આહાર; ખોરાક; જમવાનું માપ.

૨૬. સ્ત્રી. એડ; કાટો.

૨૭. સ્ત્રી. ઓઢ; ભરતીનું ઊતરી જવાપણું.

૨૮. સ્ત્રી. કામળામાં કાણું પાડવાનું ઓજાર.

૨૯. સ્ત્રી. કાણું પાડવા માટે અણી તથા દોરો ભેરવવા માટે આંકવાવાળું લોખંડનું એક હથિયાર; ટોંચણું.

૩૦. સ્ત્રી. કૂકડાના પગ ઉપરનો એક કાંટો. આથી તે લડતી વખતે એકબીજાને ઘાયલ કરે છે.

૩૧. સ્ત્રી. કોસની રાસડી જે ચરેડી ઉપર ફરે તેને બન્ને છેડે ભરાવેલ લોઢાનો કટકો.

૩૨. સ્ત્રી. ખાંડના કારખાનામાં વપરાતો કાચો.

૩૩. સ્ત્રી. ખરૂરિયાત.

૩૪. સ્ત્રી. તિરસ્કાર; ધૃણા.

૩૫. સ્ત્રી. પરોણી; અણીવાળી નાની લાકડી.

૩૬. સ્ત્રી. ભમરડામાં નીચે ભરાવેલ અણીવાળી ખીલી.

૩૭. સ્ત્રી. લાકડામાં બેસાડેલી અણીદાર લોઢાની સળી.

૧. આર ચલાવવી = ખોસી નખાવવી.

૨. આર મારવી = ઉશ્કેરવું.

૩૮. [અ.] સ્ત્રી. શરમ.

આર આવવી = શરમાવું.

૩૯. સ્ત્રી. સથવારાના લાકડામાં બેસારેલ અણીદાર લોઢાની ખીલી.

૪૦. [સં. ઋ (જવું)] ક્રિ. ભમવું; ભ્રમણ કરવું.

૪૧. [સં. આવરણ (ઢાંકવું)] સ. ઢાંકનાર એવો અર્થ બતાવનાર કારકી પ્રત્યય.

આરકાટી પું. સુથાર.

આરકાટે દોલત [અ. અરકાન (થાંભલા) + એ (નું) + દૌલત (રાજ્ય)] પું. બ. વ. રાજ્યના પ્રધાનો.

આરકું [અં. આર્ક] સ. કમાન; બદેરાના; વાંક.

આરકૂટ ૧. સ. પિત્તળ.

૨. સ. પિત્તળનું વાસણ.

આરક્ત ૧. [સં. આ (સહેજ) + રક્ત (લાલ)] પું. લાલ ચટણ.

૨. પું. લાલાશ પડતો રંગ.

૩. સ. અનુરાગ; સ્નેહ.

૪. વિ. ઘેરો લાલ.

૫. [સં. આ (નામ) + રક્ત (રંગેલું)] વિ. ખોર્ડ લક્ષણ તેલ રંગપટ (સ્પેક્ટ્રમ)ના રાતા રંગની નીચે આવેલ; 'અન્ડરરેડ'. કેટલાંક અદશ્ય ઉષ્મકિરણ માટે આ વિશેષણ વપરાય છે.

૬. વિ. રતાશ પડતું; લાલાશવાળું.

૭. [સં. આ (બધારે) + રક્ત (ચિંતવાયું)] વિ. સારી રીતે ચોકસાઈ

આરક્તજ્વર [સં. આરક્ત (રક્તથી પડતું) + જ્વર (તાવ)] પું. શરીર ઉપર રાતાં ચાઠાં દેખાય એવો એક જાતનો ચેપી તાવ; 'સ્કાર્લેટ ફીવર'.

આરક્તતા [સં. આ (સહેજ) + રક્ત (રાતું) + તા (પણું)] સ્ત્રી. લાલાશ; રતાશ.

આરક્તપણું જુઓ આરક્તતા.

આરક્તહિમ [સં. આ (સહેજ) + રક્ત (લાલ) + હિમ (બરફ)] સ. ઊંચા પર્વત ઉપર જામી ગયેલો લાલ રંગના પાસના કારણે રાતો દેખાતો બરફ.

આરક્ષ ૧. [સં. આ (ચોપાસ) + રક્ષ્ (બચાવવું)] પું. રક્ષણ; બચાવ.

૨. પું. સિપાઈ; રખવાલ; ચોકીદાર.

૩. પું. સૈન્ય; લશ્કર.

૪. પું. હાથીના માથાનું ચામડું.

૫. પું. હાથીના લમણાની નીચેનો ભાગ.

૬. વિ. રક્ષણ કરનાર; રક્ષક.

આરક્ષક ૧. પું. ચોકીદારી કે રક્ષા બજાવનાર ન્યાયાધીશ.

૨. [સં. આ (ચોપાસ) + રક્ષક (બચાવ કરનાર)] પું. સિપાઈ; રખવાલ; ચોકીદાર; કોટવાળ.

૩. પું. (ક્રિકેટ) હાથીના માથા ઉપર બે બાજુ ઊપસી આવેલ ભાગ.

આરક્ષા ૧. [સં. આ (ચોતરફ) + રક્ષ્ (બચાવવું)] સ્ત્રી. રક્ષણ; બચાવ.

૨. સ્ત્રી. સંભાળ.

૩. સ્ત્રી. સૈન્ય; લશ્કર.

૪. સ્ત્રી. હાથીના લમણાની નીચેનો ભાગ.

આરક્ષિક જુઓ આરક્ષક.

આરગણું [સં. આરા] સ. આર; ચામડાં સીવવાનું બોથીનું ઓજાર; ટોંચણું.

આરગન ૧. પું. એક જાતનો દીવો.

૨. [અં. ઓર્ગન] સ. એક જાતનું વાજું.

આરગો [અં.] સ. એ નામનું એક નક્ષત્ર.

આરગ્વધ ૧. [સં.] પું. ગરમાળો; અમલતાસ; રાજવૃક્ષ; વ્યાધિઘાત; સુવર્ણક.

૨. સ. ગરમાળો નામની વનસ્પતિનું ફળ.

આરગ્વધપંચક [સં. આરગ્વધ (ગરમાળો) + પંચક (પાંચનો જથ્થો)] પું. ગરમાળો, કડુ, હરડે, બીપરીમળ અને મોથનો ઉકાળો.

આરગ્વધાદિક્વાથ [સં. આરગ્વધ (ગરમાળો) + આદિ (વગરે) + ક્વાથ (કાઢો)] પું. (વૈદક) એ નામનો એક ઔષધિ. ગરમાળાનો મર, કડુ, હરડે, બીડીમીપર અને મોથ સર્વ તોલે બાબીમાં ઉકાળો ઉતારી લેવું

આરચ્યા ૧ [સં. અર્ચ્ (પૂજવું)] સ્ત્રી અર્ચા; પૂજા; પૂજન.

પ્રભુની નમે સીપી આરચ્યા. પ્રેમાનંદ

૨. સ્ત્રી. આદર; પીળાશ; કપાળ ઉપર ચંદનનો લેપ.

આરજ ૧. વિ. આર્ય લોકોને લગતું.
આરજ દેશ ઉત્તમ પુણે, આર્યો જન્મ જ હોય. વીર વીરમ
૨. [સં. આર્ય] વિ. કુલીન; ખાનદાન.

આરજક પું. એ નામનો એક પ્રદેશ.

આરજધરમ [સં. આર્ય (આર્ય લોકોનું) + ધર્મ] પું. (બ૦બી) આર્ય લોકોની ફરજ.

આરજપંથ જુઓ આરજધરમ.

આરજભરત [સં. આર્ય (આર્ય લોકોનું) + આવર્ત (વર્તમાન)] પું. (ગિણ) આર્યાવર્ત.

આરજા ૧. [સ. આરિજ] સ્ત્રી. બીમારી; રોગ.
૨. સ્ત્રી. (પુરાણ) ભૃગુઋષિની એ નામની પુત્રી. જ્યારે તે દસ વર્ષની હતી ત્યારે હંસ નામના વિદર્ભ દેશના રાજાએ તેના પર મોહિત થઈ બળાત્કાર શરૂ કર્યો તેથી સતીએ પ્રાણત્યાગ કર્યો હતો. આથી ભૃગુઋષિએ ક્રોધાયમાન થઈ તેને અને તેના દેશને શાપ આપી ભસ્મ કર્યો. અહીં જે વન બન્યું તે હંસારણ્ય નામે પ્રસિદ્ધ થયું.
૩. [સં. અરિ (દુશ્મન) + જિ (જીતવું)] સ્ત્રી. સંસારનો ત્યાગ કરી વિરાગી થયેલી જૈન સાધ્વી; ક્રોધ, લોભ જેવા શત્રુને જીતનાર સ્ત્રી; આર્યા; અરજી.
૪. [સં. આર્યા; પ્રા. અરિયા] સ્ત્રી. ગોળ; ગેરી.

આરજદાર [હિં.] સ. આવેદનપત્ર.

આરજ્ય જુઓ આરણ્ય.

આરજિકા [સં. આર્યિકા] સ્ત્રી. આરજા; જૈન સાધ્વી.

આરટરોસ [સં. આર્ટિરોસ] સ. આંખમાં નાખવાની એ નામની દવા.

આરજૂ ૧. સ્ત્રી. અરજ.
૨. [ફા. આર્ઝૂ] સ્ત્રી. ઇચ્છા; મરજી.
૩. સ્ત્રી. ઉત્કંઠા; આતુરતા; અધીરાઈ.
૪. સ્ત્રી. ઉમેદ; આશા.
૫. સ્ત્રી. કાળજી; ચિંતા.
૬. સ્ત્રી. વિનય; અનુનય.
૭. વિ. આતુર.

આરજૂકરી સ્ત્રી. આતુરતા.

આરજૂમંદ ૧. [ફા. આર્ઝૂમંદ (ઇચ્છા) + મંદ (વાળું)] વિ. ઇચ્છાવાળું.
૨. વિ. ઉતાવળ; આતુર.
૩. વિ. ઉમેદથી ભરેલું; આશાપૂર્ણ.
૪. વિ. કાળજી રાખનાર; ચિંતાતુર.
૫. વિ. વિનયી.

આરજૂમંદી [ફા. આર્ઝૂમંદ (આતુર) + ઈ (ગુણવાચક નામનો પ્રત્યય)] સ્ત્રી. આતુરતા.

આરજ્જે ૧. પું. કુટુંબ.
૨. [સ. આરિષ્ટ] પું. રોગ; આધિ; માંદગી; બીમારી.

આરજોરીઆ સ્ત્રી. ખારીક તારવાળી ઊંચી જાતની ઊન. મધ્યહિંદમાં તેની ઊન મોટા પ્રમાણમાં થાય છે.

આરઝી [અ.] વિ. બનાવટી; નકલી.

આરઝૂ જુઓ આરજૂ.
આરઝૂ કરવી = (૧) અરજ કરવી. (૨) આતુર હોવું. (૩) ઇચ્છવું. (૪) ચાહવું. (૫) પરિશીલન કરવું. (૬) માગવું.

આરઝૂકરી જુઓ આરજૂકરી.

આરઝૂમંદ જુઓ આરજૂમંદ.

આરઝૂમંદી જુઓ આરજૂમંદી.

આરટ [સં.] પું. ગટ.

આરટવું ૧. સ. ક્રિ. અટવાવું; આંટી આવવી; ભૂંસવાવું.
૨. સ. ક્રિ. અટકાવવું; રોકવું.

આરટિયોક પું. એ નામનો એક વિલાયતી પૌષ્ટિક ખાદ્યપદાર્થ. આખું ચોમાસું વીત્યા પછી તેનાં બી વવાય છે. એના આદુ જેવા કંદ ખાવામાં આવે છે.

આરટોર્ટિસ સ. એક જાતનું ઔષધ; ગીલોયનો ચંપો.

આરટ્ટ ૧. [સં.] પું. અરબસ્તાન.
૨. પું. એ નામના દેશનો ઘોડો.
૩. પું. પંજાબના પ્રસિદ્ધ ખૂણામાં આવેલો ઘોડાની સારી જાત માટે પ્રખ્યાત એક દેશ. ગુજરાત અને રાવળપિંડીના લોકો કહ્યું આ દેશને દૈરાત અથવા ઐરાત દેશ કહે છે.
૪. પું. હાલનો પંજાબ પ્રાંત. બંદગુસના વખતમાં પંજાબને આરટ્ટ એટલે કે આરાષ્ટ્ર (રાજ્ય વગરનું) કહેતા.

આરટ્ટજ [સં. આરટ્ટ (અરબસ્તાન) + જ (જન્મેલું)] પું. અરબસ્તાની ઘોડો.

આરટ્ટ (આરટ્ટ) [સં. અવ (નીચે) + રટ્ (ઘૂમ મારવી)] સ્ત્રી. આરટવું તે; ઘાંટો તાણીને બળાત્કારથી બોલાવવું.

આરટ્ટબોરટ્ટ (આરટ્ટબોરટ્ટ) સ. (બ્રહ્મ) બોરડી જેવું કાંટાળું જંગલી ઝાડ.

આરટ્ટબોરટ્ટકેરટ્ટ (આરટ્ટબોરટ્ટકેરટ્ટ) સ. (બ્રહ્મ) બોરડી અને કેરડા જેવું કાંટાવાળું ઝાડ.

આરટ્ટબોરટ્ટ (આરટ્ટબોરટ્ટ) ૧. (બ્રહ્મ) સ. કલકલ; ન સમજાય તેવી બોલી.
૨. વિ. જેવું તેવું; ગમે તેવું.

આરટ્ટવું (આરટ્ટવું) ૧. [સં. અવ (નિશ્ચય) + રટ્ (રટવું)] સ. ક્રિ. ઊંચે સાદે રોવું; આક્રંદ કરવું.
૨. [સં. અવ (નીચે) + રટ્ (ઘૂમ મારવી)] સ. ક્રિ. ઢોરે ગળામાંથી ચૅનચાળે અવાજ કાઢવો; ગાંગરવું; ભાંભરવું; બાંભરવું.
૩. સ. ક્રિ. ઘૂમ મચવી.
૪. સ. ક્રિ. (લાક્ષણિક) મોટો ને બેસૂરો અવાજ કાઢવો; મોટા રાગડા તાણવા.

આરટ્ટાવવું (આરટ્ટાવવું) ૧. સ. સ. ક્રિ. ઊંચે સાદે રડાવવું.
૨. સ. સ. ક્રિ. ઘૂમ મચાવવી.

આરડી (આરડો) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

આરણ ૧. પું. (જૈન) એ નામનો અગિયારમો દેવલોક. તેના ઇંદ્રનું નામ અચ્યુત.
૨. સ્ત્રી. ઊંઘણ.
૩. સ. એક વિમાનનું નામ.
૪. સ. (ગિણ) યુદ્ધ; લડાઈ.

આરણકારણ ૧. [અ.રણ (કારણનું જેમાં રૂપ) + કારણ] સ. આનાકાની.
૨. સ. બહાનું; મિષ; નિમિત્ત; મસ.
૩. વિ. અનિચ્છિત; કમજોર; અયોગ્ય.

આરણજ [સં. આરણ (એક દેવલોક) + જ (જન્મેલું)] પું. આરણ નામના દેવલોકમાં જન્મેલ દેવ.

આરણિ [આરણ (યુદ્ધ)] સ. લડાઈના મેદાનમાં; યુદ્ધની જગ્યામાં.

આરણિની [સં. આરણિન્ (કૂવો) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કૂકડી.

આરણિયો [પ્રા. ઓરણ્ણી] પું. આરણી; લાકડાના ગજ પાયા ઉપર પાટિયું જડેલી બેસણી.

આરણી ૧. [સં. આરણિન્] પું. કૂકડો.
૨. [પ્રા. ઓરણ્ણી] સ્ત્રી. ત્રિપાઈ; આરણી.

આરણીક [સં. આરણ્યક] સ. મહાભારતનું એ નામનું એક પર્વ.

આરણીય પું. (પુરાણ) શુકદેવ. ઘૃતાચી નામની અપ્સરાને જોઈને આસનું વીર્ય અરણી ઉપર પડેલું. તેમાંથી જન્મેલ હોવાથી તે આરણીય કહેવાય છે.

આરણું [સં. આરણ્ય પ્રા. આરણ્ણ] સ. અડાયું; વગર વાપરેલ છાણું; સુકાઈ ગયેલ છાણ.

આરણ્ય ૧. જું. અરણીનું લાકડું.
૨. [સં.] જું. યજ્ઞમાં અગ્નિ પ્રગટાવવા માટે આવતો અરણીના લાકડાનો બનેલ એક સંજ્ઞા.
૩. જું. શુકદેવ. ઘૃતાચી નામની અપ્સરાને જોઈને વ્યાસનું વીર્ય અરણી ઉપર પડેલું. તેમાંથી જન્મેલ હોવાથી તે આરણ્ય કહેવાય છે.

આરણ્યોપનિષદ ન. એ નામનો તત્ત્વજ્ઞાનનો એક ગ્રંથ.

આરણ્ય ૧. [સં.] ન. અડાયું; સુકાયેલું બળ.
૨. ન. અરણ્ય; વન.
૩. ન. જંગલમાં જવાનું ગમન. વસતીમાં જવાતાં ગમન ગ્રામ કહેવાય.
૪. ન. મહાભારતનો એક ભાગ; વનપર્વ.
૫. ન. રામાયણનું એ નામનું એક પ્રકરણ.
૬. ન. વ.ખા વજર જેવી નીકળતું એક બખાજ.
૭. વિ. જંગલનું; વનનું.
૮. વિ. જંગલી.

આરણ્યક ૧. જું. ન્યાય; ઇન્સાફ.
૨. જું. ભોજનમાન કરવાની જગ્યા.
૩. જું. હાથી.
૪. ન. ઈ.સ. પૂર્વે ૨૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૫૦૦ સુધીમાં બ્રાહ્મણ અને ઉપનિષદ એ બેના વચગાળામાં રચાયેલું ધર્મપુસ્તક; વનમાં રચાયેલ અથવા વાનપ્રસ્થ વગે બાદ અરણ્યમાં વાંચવાનું ધર્મનું પુસ્તક. આ શબ્દ પાણિનિ અને વરરુચિના વખતમાં વપરાતો છે. આરણ્યક ચાર છે: ૧. બૃહદ, ૨. તૈત્તિરીય, ૩. ઐતરેય, ૪. કૌશીતકી. પાણિનિના વખતમાં આરણ્યકનો સમાવેશ બ્રાહ્મણમાં થતો હતો. તેના વખતમાં આરણ્યક એટલે જંગલમાં અભ્યાસ કરવા યોગ્ય ધાર્મિક તથા તાત્ત્વિક ગ્રંથો અને બ્રાહ્મણ એટલે વેદના ભાગ જુદા અધ્યયનમાં આવતા ન હતા.
૫. ન. ઉત્તરા અને વિદર્ભની દક્ષિણે આવેલ એક રાજ્યનું જૂનું નામ. તેને અરણ્ય પણ કહ્યું છે.
૬. ન. ઔરંગાબાદ અને દક્ષિણ કોંકણથી બનેલા દેશનું અસલી નામ. તેને ઐરિણક એટલે આર્યક્ષેત્ર કહેતા. તેનું મુખ્ય શહેર તગર એટલે હાલનું તેરતાળાદ હતું.
૭. ન. જંગલમાં આવેલો મોટો વિહાર.
૮. ન. મહાભારતનું એ નામનું એક પર્વ.
૯. વિ. આરણ્યકવ્રત પાળનાર.
૧૦. વિ. જંગલનું; વગડાઉ; વન સબંધી.
૧૧. [સં. આરણ્ય (વન) + કે (સ્વાર્થે)] વિ. જંગલમાં રહેતું; વનવાસી; અરણ્યવાસી.
૧૨. વિ. જંગલી.

આરણ્યકવ્રત [સં. આરણ્ય (જંગલ) + કે (સ્વાર્થે) + વ્રત (ધાર્મિક નિયમ)] ન. વનવાસનું વ્રત. રામચંદ્રજીએ ભાદ્રપદમાસમાં પુરુષાર્થના સાધનરૂપ આ નિયમ ધારણ કર્યો હતો.

આરણ્યકાંડ જું. રામાયણનો ત્રીજો વિભાગ.

આરણ્યકુક્કુટ [સં. આરણ્ય (જંગલનું) + કુક્કુટ (કૂકડો)] જું. જંગલી કૂકડો.

આરણ્યગાન [સં. આરણ્ય (વન સંબંધી) + ગાન (ગીત)] ન. જંગલમાં ગાવા યોગ્ય સામવેદનો એક ભાગ.

આરણ્યપર્વ ન. મહાભારતનું એ નામનું ત્રીજું પ્રકરણ; વનપર્વ.

આરણ્યપશુ [સં. આરણ્ય (જંગલી) + પશુ (પ્રાણી)] જું. સાપ, ૩૬ જાતનું હરણ, પાડો, વાંદરો, પૃષત્ એટલે ધોળાં ટપકાંવાળો મૃગ, રીંછ અને મૃગ એ સાત જાતનાં જંગલી પ્રાણી.

આરણ્યપુષ્પ [સં. આરણ્ય (જંગલી) + પુષ્પ (ફૂલ)] જું. જંગલી ફૂલ.

આરણ્યપુષ્પા સ્ત્રી. પુષ્પપર્ણી નામની વનસ્પતિ.

આરણ્યરાત્રિ સ્ત્રી. (જ્યોતિષ) સિંહ રાશિ, મેષ રાશિ, વૃષભ રાશિ અને મકર રાશિનો પહેલો અરધો ભાગ.

આરણ્યવાસ [સં. આરણ્ય (વનનું) + વાસ (રહેવું તે)] જું. જંગલમાં વસવાટ; વનવાસ.

આરણ્યષષ્ઠી ૧. સ્ત્રી. એક વૃદ્ધિ શ્રા. આ દિવસે બીજો સંતાનની વૃદ્ધિ માટે ઉપવાસ કરી કેળની પત્ર કરી, વચમાં વાંસ લઈ જંગલમાં કરે છે.
૨. સ્ત્રી. બીજોથી કરાતી એ નામની એક ધાર્મિક ક્રિયા.

આરણ્યસભા સ્ત્રી. સાધુઓની કચેરી.

આરણ્યું [સં. આરણ્ય (જંગલનું)] ન. અડાયું; વગર વાપરેલું લાકડું.

આરત ૧. [સં. આરાત્રિક (આરતી)] સ્ત્રી. (હિંદી) આરતા; હાથની એક વિધિ. તેમાં કન્યાને ઘેર વર આવતાં કન્યાનાં સગાં બોબા, કંકુ અને વચમાં ઘીનો બનાવેલ ચાર વાટવાળો દીવો લઈને વરનો સત્કાર કરે છે.
૨. સ્ત્રી. ઓરિયો.
૩. સ્ત્રી. ક્રોધ.
૪. સ્ત્રી. ગરજ; જરૂર; અગત્ય.
૫. સ્ત્રી. ઘોંસ; પંચાત.
ઘરે આતીરો આવિયારિસ્યો,
નિત નવલ નર આરત પણી. સામળ
૬. [હિં.] સ્ત્રી.; ન. બળતો; હિંદુ સ્ત્રીઓ પગ રંગવા માટે વાપરે છે તે લાખના રંગવાળું કે.
૭. [સં. આર્ત] ન. પીડા; દુઃખ.
૮. વિ. અગત્યનું; જરૂરી.
૯. [સં. આરબ્ધ (આરંભવું તું ભૂતકૃદંત] વિ. આદરેલું; શરૂ પોલ.
૧૦. વિ. આતુર.
૧૧. વિ. ક્રોધીલું; અંતરની ઉગ્રતાવાળું.
૧૨. વિ. નિરાંત થયેલ; નિવૃત્તિ પામેલ.
૧૩. વિ. પીડિત; દુઃખી
૧૪. વિ. ભીડમાં આવી પડેલું.
૧૫. વિ. શાંત; નમ્ર.
૧૬. વિ. હોંસીલું; ઉત્સાહવાળું.
૧૭. વિ. સ્ત્રી. બળતાથી પગ રંગેલા હોય એવી.

આરતગીત [સં. આર્ત (દુઃખી) + ગીત] ન. દુઃખનો પોકાર.

આરતનાદ [સં. આર્ત (દુઃખી) + નાદ (અવાજ)] જું. પીડાનો પોકાર; કલ્પાંત; આર્તનાદ.

આરતબંધુ [સં. આર્ત (પીડિત) + બંધુ (ભાઈ)] જું. દુઃખિયાંનો બેલી; પીડિત લોકોને મદદ કરનાર.

આરતવંત [આરત (હોંસ) + વત્ (વાળું)] વિ. ઉમંગવાળું; હોંસીલું.

આરતવાન જુઓ આરતવત.

આરતા [સં. આરાત્રિક (આરતી)] જું. હાથની એક વિધિ. જ્યારે વર પહેલી વખતે કન્યાને ઘેર આવે ત્યારે કન્યાનાં સગાં આવી એક રકાબી લઈ બળતા તપ્ત છે. આ રકાબીમાં બોબા, કંકુ અને વચ્ચે ચાર વાટવાળો લોટનો બનાવેલો દીવો હોય છે.

આરતિ ૧. જું. આરતિયો.
૨. [સં. આર્તિ] સ્ત્રી. ઉમંગ; હોંસ.
રોબુસુતને લાગું પાય, લાલચી આરતિ પુરે
પ્રેમાનંદ
૩. સ્ત્રી. દુઃખ; પીડા; કષ્ટ.
૪. સ્ત્રી. દુઃખનો પોકાર; આર્તનાદ.
૫. સ્ત્રી. નિરાંત; નિવૃત્તિ; વિરતિ.

આરતિયું ૧. [સં. આરાર્તિક (આરતી)] ન. આરતી ઉતારવાનું વાસણ.
૨. વિ. હોંસીલું; હોંસીલું.
૩. વિ. ગરજાઉ; ગરજવાન.
૪. વિ. જરૂરનું.
૫. [સં. આર્ત] વિ. દુઃખી; પીડિત; આરતવાળું.

આરતી ૧. [સં. આર્તિક] સ્ત્રી. આરતી ઉતારતી વખતે ગવાતું સ્તવન.

૨. સ્ત્રી. આરતી ઉતારવાનું વાસણ; આરતિયું.

૩. સ્ત્રી. આરતીથી પૂજન કરવું તે.

૧. આરતી ઉતારું ને મંગળ ગાઉં, તમને ધરાવું ત્યારે હું શું આઉં ? = પૈસા ખરચવા વગર દેવની જેટલી સેવા થાય તેટલી કરું

૨. આરતી પારતી મંગળ ગાઉં, દેવને ચહાવું ત્યારે હું શું આઉં ? = કાંઈ ખરચ કર્યા વિના દેવની જે રીતે ભક્તિ કરી શકે તે કરું, પણ પૈસા ખરચવાની વાત આવે ત્યારે તે વાત ખોટી.

૪. સ્ત્રી. (પિંગળ) એ નામનો આરતી ઉતારતી વખતે બોલાતો છંદ.

૫. [સં. આરાત્રિક; અપ. આરત્તિઅ] સ્ત્રી. દેવમૂર્તિ કે પૂજ્ય માણસની સામે ઘીની વાટ બળતા કપૂરથી સજાવેલ દીવો ઉતારવાની ક્રિયા.

૧. આરતી ઉતારણી–કરવી–ફેરવવી = (૧) કાંઈ ગ્રામદોષો ન ટોળવો. (૨)દેવની સામે ઘી બળતા કપૂરનો દીવો ઉતારવો. (૩) મારવું. (૪) વખાણનાં ગીત ગાવાં; સારી સજાહવું.

૨. આરતી જેવું = · જોખમેજોખ્ખું; ગમઢુવી કે ગંદવાડ વિનાનું.

૩. આરતી લેવી = ઓવારણાં લેવાં; આરતીના દીવાની ઉપર હાથ ફેરવી મોઢે, કપાળે, આંખે અને માથે અડાડવા.

૬. [સં. આર્તિ] સ્ત્રી. પીડા; દુઃખ.

આમા રજ વિધુર આમા, પીડા આરતી આની,
પતિ પીરસતાં પીઉ તે, અતમડી દુઃખ દેની.
પિંગળપ્રકાશ

૭. સ્ત્રી. મહાસ તરફ વપરાતા જુદા જુદા માપના લાકડાનાં ઓસર્યા. તે ૧ થી ૧૫ ફૂટ પહોળાં અને ૧૨ થી ૧૮ ફૂટ લાંબાં હોય છે.

આરતીદાણું [આરાત્રિક (આરતી) + દાણું (વખત)] ન. દેવની સાંજની આરતીનો વખત; સંધ્યાકાળ.

આરતુ પું. દુઃખમાંથી છૂટવા માટે પ્રભુની પ્રાર્થના કરતો ભક્ત.

આરતું [સં. આર્ત] વિ. પીડિત; દુઃખી.
કાં રાજા દીસો આરતા. નાકર

આરત્ત પું. પંજાબ પ્રાંતનું જૂનું નામ.

આરત્ય સ્ત્રી. છબ્બા.

આરત્યાપેંજ [સં. આરાત્રિક (આરતી) + અપંજ્ય (ભોજ)] ન. બૈરાનું મોટું માંસ. જે બળીરવાળી અને એક સાદી રોટલી, પોળી અને પાપડનો ભોજ પછી ઉતારાતી આરતી.

આરધ [સં. આ (ઓછું) + રધ (ઝડપવાળી ગાડી)] પું. એક ઘોડાવાળી અથવા એક જાડવાળી ગાડી; એક્કો.

આરધી ૧. પું. રસાલો; જનાનો રથ.

૨. પું. સૈન્ય; લશ્કર.

૩. પું. હાથીના કુંભસ્થળનો નીચલો ભાગ.

૪. પું. હાથીના માથાનું ચામડું.

૫. [સં. અર્ધિન્] વિ. અર્ધી; ધ્રુજવાળું.

આરદ [ઘ.] પું. આદો; ઘોટ.

આરદરા [સં. આર્દા] ન. (જ્યોતિષ) એ નામનું છઠું નક્ષત્ર; આરદ્રા.

જેના આરદરમ શતભિષા, સ્વાતિ અસરેસા ગાવી.
સંક્રાંતિ તે અનુસ્વે, ભોંયું અન્ન જેમાવી.
ગાવી

આરદા સ્ત્રી. (માન્ય) પ્રાર્થના; વિનંતિ; અરજ.

આરદાસ જુઓ આરદા.

આરદેરાણા ૧. સ્ત્રી. કડવા કણબીની એક જાત.

૨. ન. કડવા કણબીની એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની કડવા કણબીની એક જાતનું.

આરદ્રક ન. (ક્રિયા) આદુ.

આરદ્રા [સં. આર્દ્રા] (જ્યોતિષ) ન. સત્તાવીસમાંનું છઠું નક્ષત્ર.

આરન ૧. પું. એ નામનો એક જેટ.

૨. પું. એક જાતનો હીરો. આરન નામના જેટમાંના કેટલાક કુંભરમાંથી કીમતી પત્થર ઉપરાંત એક ઊતરતી જાતનો હીરો નીકળે છે, તે આરન નામથી ઓળખાય છે.

આરનાલ [સં.] સ્ત્રી. કાંજી. ચોખા વાટીને ખાટી કરેલી કાંજી.

આરનાલક ન. કાંજી. જુઓ આરનાલ.

આરનિકા પું. વરખમાં થનો એક જાતનો છોડ. તે આલ્પ્સ પર્વત ઉપર થાય છે અને તેમાંથી તેલ બનાવામાં આવે છે.

આરનિદેસ પું. (ક્રિયા) આજ્ઞા; હુકમ.

આરપાર ૧. [સં. આર (જવું તે) + પાર (કિનારો)] ન. આ બાજુથી પેલી પાર સુધી; એક કાંઠાથી બીજા કાંઠા લગી.

૨. ન. આ બાજુએ અને બીજી બાજુએ.

૩. ન. આ બાજુથી પેલી બાજુ; એક છેડાથી બીજા છેડા સુધી; ઠેઠ; સામટા સોંસરું.

૪. ન. ઓળંગીને.

૫. ન. તમામ; પૂરું; સંપૂર્ણ રીતે.

આરબ ૧. [અ. અરબ] પું. અરબસ્તાન દેશનું અસલનું નામ.

૨. પું. અરબસ્તાનનો વતની. એબ્રહેમને હાગરથી થયેલા દીકરા ઇસ્માયલે પછીપ્તિયન છોકરી સાથે શાદી કરી જે વંશવિસ્તાર કર્યો તે આરબ પ્રજા કહેવાયા. આરબને સારાસેન પણ કહે છે. તે કદાચ આરબો એબ્રહેમની બી સારાહથી થયેલા દીકરાના વંશનો છે એમ જણાવવાને માટે હશે.

આરબની ચોકી–આરબનો પહેરો = બહુ સખત કેપરેખ.

૩. સ્ત્રી. એ નામની અરબ લોકોની બકરી.

૪. સ્ત્રી. સારું કરેલા ચોખા.

૫. ન. અરબની એ નામની બકરાનું માણસ.

૬. વિ. અરબની એ નામની બકરાનું.

૭. વિ. અરબસ્તાનમાં રહેતા લોકોની જાતનું.

આરબડ ૧. [અ. અરબી (આરબ લોકોનું)] સ્ત્રી. આરબી બંદૂક.

૨. સ્ત્રી. આરબી સ્ત્રી.

આરબખનોટ પું. આંબાની એક જાત.

આરબલ્લ [સં. આયુ (ઉમર) + બલ્લ (બળ)] સ્ત્રી. (હિંદી) જિંદગી; ઉમર.

આરબાણી સ્ત્રી. આરબી સ્ત્રી.

આરબી ૧. પું. આરબી ઘોડો.

૨. પું. (સંગીત) બિલાવલ પ્રમાણે રાતના બીજા પ્રહરે ગવાતો એક રાગ.

૩. [અ. અરબી] સ્ત્રી. આરબ લોકોની બોલી. આ બોલીમાંથી ફારસી, ઉર્દૂ, હિંદુસ્તાની અને હિંદી ઉપરાંત બીજાં ઘણાં બનાવ છે. તેમાં ધાતુ સામાન્ય રીતે ત્રણ અક્ષરના હોય અને તેનો અર્થ ત્રીજો પુરુષ એકવચન ભૂતકાળમાં થાય. શબ્દોનાં આવાં વંશવૃક્ષ જાણવા જેવાં હોય છે. જેમકે, કતબ ધાતુનો અર્થ તેણે લખ્યું એમ થાય. એ ઉપરથી નીચે જણાવેલ જુદા જુદા શબ્દો બોલાય: કિતાબ = જે લખેલું હોય તે એટલે કે પુસ્તક. મકતબ = મદરેસા; શીખવાનું ઠેકાણું. મકતૂબ = કાગળ. કાતિબ = લેખક. કુતુબખાના = પુસ્તકાલય. આ ભાષાની ઘણી જાત છે. તેમાં વખણાયેલી ભાષા કેમીઅરની અને કોરીઝમિની જાતના આરબો બોલતા. કોરીઝમિ લોકોની બોલીને બોખ્મી આરબી કહેતા અને તેમાં કુર્આનશરીફ લખાયેલું છે.

૪. સ્ત્રી. મંમલૂની એક બંદૂક.

૫. ન. બદામ

૬. વ. મેમણની એક એવી અટકનું માણસ.
૭. વિ. અરબસ્તાન દેશનું.
૮. વિ. અરબસ્તાનની ભાષાનું; અરબી.
૯. વિ. આરબને લગતું.
૧૦. વિ. મેમણની એ જાતની અટકનું.

આરબ્ધ ૧. પું. (પુરાણ) રાજર્ષિ. તેઓ અરણીમંથી જન્મ્યા હતા.
૨. પું. (પુરાણ) સોમવંશી દુષ્મુકુળમાં જન્મેલ સેતુ રાજાનો દીકરો.
૩. વ. આરંભ; શરૂઆત.
૪. વ. ચાર પ્રકાર માંહેનું તરત ફળ મળે એવું કર્મ. બીજાં ત્રણ: સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ.
૫. [સં. આરભ્ (શરૂ કરવું)નું ભૂતકૃદંત] વિ. શરૂ કરેલું; આદરેલું.

આરબ્ધકર્મ ૧. વ. (વેદાંત) ચાર પ્રકાર માંહેનું તરત ફળ મળે એવું કર્મ.
૨. [સં. આરબ્ધ (આરંભેલું) + કર્મન્ (કામ)] ન. ભેગવતી વસ્તુઓ ભેગવવાપણું.

આરબ્ધકાર્ય જુઓ આરબ્ધકર્મ.

આરબ્યૂટસ પું. સવળ લીલો રહેતો એક જાતનો છોડ. તેને સોફ કે રાતાં ફૂલ ગુચ્છામાં આવે છે. તે ગરમ, તડકાવાળી કે રણપ્રદેશ જેવાળી જમીનમાં થાય છે. શરૂઆતમાં તે કૂણાં વપરાય.

આરભટ [સં.] પું. હિંમતવાળો માણસ.

આરભટા સ્ત્રી. (જૈન) કપડાં ઉતાવળે લેતાં, મૂકતાં કે જોતાં લાગતો દોષ.

આરભટી ૧. [સં.] પું. (પિંગળ) અડિ જાતનો ફરેક ચરણમાં લગણ, લગણ, નગણ, જગણ, વગણ અને ગુરુ મળી ૧૬ અક્ષરવાળો સમવૃત્ત અક્ષરમેળ છંદ.
૨. સ્ત્રી. ક્રોધ વગેરેના હાવભાવ.
૩. સ્ત્રી. નાચ કરવાની એક રીત.
આર્ડવુલ્ફ [અં.] પું. દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાં રહેતું ચૂંગ શરીર ઉપર કાળા પટ્ટાવાળું નાના જરખ જેવા દેખાવનું એક જંગલી માંસાહારી પ્રાણી. તેના દાંત પોચા હોય છે.

આર્ડિયું (આર્ડિયું) સ્ત્રી. (સામ) હાકલું વગાડતી વખતે રાવળ લોકોથી ગવાતું ગીત.

આર્જુનેય [સં. અર્જુન (સમુદ્ર)] વિ. જળચર; પાણીમાં ચાલનાર.

આર્જુનિક ૧. પું. મહાભારતનું એ નામનું પર્વ. ૨. [સં. અરણ્ય (વન) + ઇક (સંબંધી)] વિ. જંગલનું; વનને લગતું.

આર્ત ૧. પું. (જૈન) દુઃખ ઉપજવે એવો વિચાર. ૨. [સં. આર્તિ (પીડા)] વિ. દુઃખી માણસ. ૩. વિ. અનાથ; નિરાધાર. ૪. વિ. બગડી ગયેલું; ખરાબ થયેલું. ૫. વિ. નાશ પામે એવું. ૬. વિ. પીડિત; દુઃખી; બાપડું. જેમકે, ક્ષુધાર્ત; સુધાર્ત; તૃષાર્ત. ૭. વિ. માંદું; રોગી; અસ્વસ્થ.

આર્તક સ્ત્રી. ખેતર ઉપર નાખવાની રૂ જરેલી ગાદી.

ખાસ ખેતરને માટે આર્તક બનાવ્યા રૂ જરેલી ઢીંચણની ગાદીની કીમત ૪૮ દામ બેસે છે.

આઇને અકબરી

આર્તકાલ [સં. આર્ત (દુઃખી) + કાલ (વખત)] પું. આપદા; સંકટ; મુસીબતી; વિપત્તિ.

આર્તગલ ૧. પું. આસમાની ફૂલનો કાંટાળીઝાડો. ૨. [સં.] પું. એ નામનું એક ઝાડ; નીલકિંટી.

આર્તતા ૧. [સં. આર્ત (અશુભ) + તા (પણું)] સ્ત્રી. દુઃખ; કલેશ. ૨. સ્ત્રી. પીડા; દરદ.

આર્તતારણ જુઓ આર્તત્રાણ.

આર્તત્રાણ ૧. [સં. આર્ત (દુઃખી) + ત્રાણ (બચાવ)] ન. પીડાતાંનું રક્ષણ. ૨. વિ. દુઃખ દૂર કરનાર.

આર્તત્રાણધર્મ [સં. આર્ત (અશુભ) + ત્રાણ (બચાવ) + ધર્મ (ફરજ)] પું. પીડાતાને મદદ કરવાનું કામ; વીરવૃત્તિ; ક્ષાત્રધર્મ.

આર્તત્રાતા ૧. [સં. આર્ત (બચાવવું) + ત્રાતૃ (રક્ષણ કરનાર)] ન. દુઃખમાંથી બચાવનાર માણસ. ૨. વિ. દુઃખીનું રક્ષણ કરનાર.

આર્તધ્યાન [સં. આર્ત (દુઃખી) + ધ્યાન] ન. (જૈન) દુઃખ ઉપજવે તેવો વિચાર; માઠું ચિંતવન; જેમાંથી પીડા અથવા દુઃખ ઉત્પન્ન થાય એવો વિચાર. ધ્યાનના આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એ ચાર પ્રકાર છે. આ ધ્યાનના ચાર ભેદ: અનિષ્ટાર્થ સંયોગાર્તધ્યાન એટલે ખરાબ વસ્તુનો સંયોગ થયાથી વિયોગાર્તધ્યાન એટલે પ્યારેથી વસ્તુનો વિયોગ; રોગ નિદાનાર્તધ્યાન એટલે રોગનાં કારણ પારખવા સંબંધી ચિંતા; અમનોજ્ઞસમાર્તધ્યાન એટલે અણગમતા વિચારથી ચિંતા કરવી તે.

આર્તધ્વનિ [સં. આર્ત (અશુભ) + ધ્વનિ (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્તનાદ [સં. આર્ત (અશુભ) + નાદ (અવાજ)] પું. દુઃખનો પોકાર; આધિથી પીડાતાનો શબ્દ.

આર્તપર્ણિ [સં.] પું. (પુરાણ) ઋતુપર્ણ રાજાનો દીકરો સુદાસ રાજા.

આર્તપુકાર [આર્ત (દુઃખી) + પુકાર (બૂમ)] પું. પીડાયેલની બૂમ.

આર્તપોકાર [આર્ત (અશુભ) + પોકાર (અવાજ)] પું. દુઃખિયાનો અવાજ.

આર્તબંધુ [સં. આર્ત (દુઃખી) + બંધુ (ભાઈ)] પું. દુઃખિયાંનો ભેરુ; પીડાતાને મદદ કરનાર માણસ.

આર્તભાગ ૧. [સં. ઋતભાગનું વિકૃતરૂપ] પું. ઋતભાગ ઋષિનો વંશજ. ૨. પું. (પુરાણ) બૃહત્કાય ઋષિનો દીકરો. આ નામ આર્ત્તિક ઋષિનું જ હોવ એમ જણાય છે. જો આર્તભાગે દેવરાતિ જનકની સભામાં યાજ્ઞવલ્કયની સાથે વાદ કર્યો હતો તે બીજો હોય એમ લાગે છે.

આર્તરવ [સં. આર્ત (દુઃખી) + રવ (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્તરોદન [સં. આર્ત (દુઃખી) + રોદન (રોવું)] ન. દુઃખીનું રોવું; કરણા ઊપજે એવી રીતે રોવું તે.

આર્તવ ૧. પું. (પુરાણ) ભર્દિપદ નામના પિતરનું બીજું નામ.

૨. ન. ફૂલ; પુષ્પ.

૩. [સં. ઋતુ (અઠવાડ)] ન. રજ; સ્ત્રીબીજ; સ્ત્રીઓને થતો માસિક રજસ્રાવ; અઠવાડમાં પડતું લોહી. એને દરેક માસે નિયમિત રીતે આર્તવ આવ્યા જ કરે અને ગર્ભ રહે ત્યારે તે બંધ પડે છે. ગર્ભાવસ્થામાં ગર્ભવતી સ્ત્રીઓનાં આર્તવવાહક વાહેણાનાં છિદ્રોનો આગ ગર્ભથી રોકાઈ જાય છે તેથી ગર્ભિણીઓને રજોદર્શન થતું નથી. એટલે કે ગર્ભાશયમાં ગર્ભ જ્યાંસુધી રહે છે ત્યાંસુધી સ્ત્રી રજસ્વલા થતી નથી. તે રહ્યા જ્યારે નીકળી જાય છે ત્યારે તે ઉપરની બાજુએ એટલે ગર્ભાશય અને સ્તનો તરફ ચાલ્યું જાય છે. એમાં ઋાદિક સંચિત થઈને મળે છે. તેથી અપરા, જરાયુ, અર્થાત્ કમલ અને ઝૂલ બાહ્યાવરણ અને અંતરાવરણ બને છે. તેમાંથી બાકી રહેલો ભાગ ઉપરની બાજુએ સ્તનોમાં જઈને ગર્ભવતીનાં સ્તન પુષ્ટ અને ઊપસેલાં બાય છે, તેમાં દૂધ બને છે. ગર્ભના શરીરમાં યકૃત અને પ્લીહા એ બને અંગ રુધિરથી, ફેફસાં રુધિરનાં હીબુથી તથા આંતરડાં રુધિર ક્રિયાથી બને છે.

૪. ન. સ્ત્રીઓને અઠવાડ આવ્યા પછીના જેમાં સહેલાઈથી ગર્ભ રહી શકે એવા અમુક દિવસ.

૫. વિ. ઉષ્ણકટિબંધ સંબંધી; 'ટ્રોપિકલ'.

૬. વિ. ઋતુ સંબંધી; મોસમી; ઋતુને લગતું.

૭. વિ. રજસ્રાવને લગતું; સ્ત્રીના અઠવાડ સંબંધી.

આર્તવકાલ [સં. આર્તવ (રજસ્રાવ) + કાલ (વખત)] પું. સ્ત્રીઓને અઠવાડ આવવાનો વખત.

આર્તવકાલાંતર [સં. આર્તવ (ઋતુકાલ) + કાલ (વખત) + અંતર (આંતરો)] જુ. એક વખત ઋતુકાલ આવતો બંધ થાય અને બીજી વખત દેખાય તે વચ્ચેનો વખત.

આર્તવદોષ [સં. આર્તવ (ઋતુકાલ) + દોષ (ખામી)] પું. સ્ત્રીઓને થતો રોગ.

આર્તવદોષ હરીવટી સ્ત્રી. સ્ત્રીઓના આર્તવદોષ અને પ્રદર ઉપર વપરાતું એક ઔષધ. તેની ૧ થી ૨ ગોળા સવ, દૂધ કે પાણી સાથે સેવાય છે.

આર્તવરોગ [સં. આર્તવ (ઋતુકાલ) + રોગ (બીમારી)] પું. સ્ત્રીઓને થતી વ્યાધિ; ખીને માસિક ધર્મ નિયમ પ્રમાણે ન આવવાપણું. આના બે પ્રકાર છે: (૧) રજોદર્શન થયાથી વધારે દિવસ રહે અથવા મહિનામાં બેથી વધુ વાર આવે તે. (૨) રજસ્તંભ એટલે એક માસથી વધુ વખતે અથવા કેટલેક મહિને રજોધર્મ આવે તે.

આર્તવવર્ષ [સં. ઋતુ (મોસમ) + વર્ષ (વરસ)] જ. અમનસ્વન પ્રમાણે ગણાતું વરસ; સૂર્યની ગતિ પ્રમાણે ગણાતું વર્ષ; સાવનવર્ષ. તેની મુદત ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડની છે.

આર્તવસ્રાવ [સં. આર્તવ (રજ) + સ્રાવ (પ્રવાહ)] પું. ઋતુ અથવા સ્ત્રીસ્તાનનું વહેવું તે.

આર્તવાણી [સં. આર્ત (દુઃખી) + વાણી (વાચા)] સ્ત્રી. દુઃખથી ભરેલી બોલી; મજરાયેલ માણસના શબ્દ. હૃદયના ભાવની લાગણી ભરેલી વાણીને આર્તવાણી કહે છે. માણસ જ્યારે બોજારૂપ દુઃખથી બેરાઈ જાય અગર તેને વૈરાગ્યની છોડી ભાવના પ્રકટ થાય ત્યારે તે આર્તવાણીનો ઉચ્ચાર કરે છે.

આર્તવાવરોધ [સં. આર્તવ (રજ) + અવરોધ (અટકાવ)] પું. સ્ત્રીસ્તાન ન આવવાપણું.

આર્તવિત્ત [સં. આર્ત (મજરાયેલું) + વિત્ત (દોલત)] જ. આપત્તિ વખતે મળેલું ધન.

આર્તવી ૧. [સં. આર્તવ (રજ)] સ્ત્રી. ખોડી.

૨. વિ. સ્ત્રી. ઋતુને લગતી; મોસમી.

૩. વિ. સ્ત્રી. રજસ્વલા; છેડે ગોઠલી.

આર્તવીત [સં. આર્ત (દુઃખ) + વીત (ગયું ચૂકેલું)] વિ. દુઃખમાંથી છૂટું થયેલું.

તારે અલ્લે સમરપ્યું ચિત્ત,
હું અલ્લમ માન્યો આર્તવીત. પ્રેમાનંદ

આર્તવેયી [સં. આર્તવ (રજ) + ઈયિ (પામવું)] સ્ત્રી. રજસ્વલા; ગણાયેલી સ્ત્રી.

આર્તસાધુ [સં. આર્ત (દુઃખી) + સાધુ (સારો માણસ)] પું. દુઃખિયાંનો બેલી.

આર્તસ્વર [સં. આર્ત (દુઃખ) + સ્વર (અવાજ)] પું. દુઃખસૂચક શબ્દ; પીડાનો પોકાર.

આર્તહુંકા [સં. આર્ત (મજરાયેલું) + હુંકા (હુંકાર) + આ (નારીજાતિને પ્રત્યય)] વિ. સ્ત્રી. દુઃખી હુંકારવાળી.

આર્તાયનિ પું. (પુરાણ) ઋતાયન નામના મહર્ષિના વંશનો દીકરો વંશજ.

આર્તિ ૧. [સં. ઋ (જવું) + ક્ત (ભૂતવાચક) + ક્તિ (નામ બનાવનાર પ્રત્યય)] પું. બજારમાં માલ વેચનાર વેપારી.

૨. [સં. આર્ત (દુઃખ)] સ્ત્રી. દુઃખ; પીડા; મહા વિપત્તિ; દરદ; ક્લેશ; દુઃખદાવસ્થા; મનનું દુઃખ.

૩. સ્ત્રી. ધનુષનો છેડો.

૪. સ્ત્રી. નાશ; પાયમાલી.

૫. સ્ત્રી. માંદગી; રોગ.

૬. સ્ત્રી. વ્યાધિ; ચિંતા; માનસિક વ્યથા.

૭. વિ. આરત; દુઃખી; પીડિત.

આર્તિનારાન ૧. પું. પુરુષોત્તમનું એક નામ.

૨. [સં. આર્તિ (દુઃખ) + નારાન (હરનાર)] પું. વિષ્ણુ.

૩. જ. પીડા હરી લેવાપણું.

૪. વિ. દુઃખ દેનારું આરત હરનાર.

આર્તિમાન ૧. પું. (પુરાણ) જેને સંસારવાળી જ નથી વ્યાધિ દૂર થાય એવા એ નામના ઋષિ.

૨. [સં. આર્તિ (પીડા) + મત્ (વાળું)] વિ. દુઃખી; પીડાયેલ.

આર્તિહર ૧. પું. વિષ્ણુ.

૨. [સં. આર્તિ (દુઃખ) + હર (હરનાર)] વિ. પીડા હરનાર; દુઃખ ટાળનાર.

આર્તિહારક ૧. પું. વિષ્ણુ.

૨. [સં. આર્તિ (દુઃખ) + હારક (હરણ કરનાર)] વિ. દુઃખવિનાશક.

આર્ત્ત ૧. જ. (જૈન) દુઃખ ઉપજાવે એવો વિચાર.

૨. [સં. આર્તિ] જ. દુઃખી માણસ.

૩. વિ. અનાથ; નિરાધાર.

૪. વિ. મજરાયેલું.

૫. વિ. દુઃખી.

૬. વિ. નાશ પામે એવું.

૭. વિ. માંદું.

આર્ત્તકાલ [સં. આર્ત (દુઃખી) + કાલ (વખત)] પું. સંકટ; દુઃખ.

આર્ત્તતા ૧. [સં. આર્ત (દુઃખ) + તા (પણું)] સ્ત્રી. દુઃખ.

૨. સ્ત્રી. પીડા; બાધિ.

આર્ત્તતારણ જુઓ આર્તત્રાણ.

આર્ત્તત્રાણ ૧. [સં. આર્ત્ત (દુઃખી) + ત્રાણ (બચાવ)] જ. દુઃખીનું રક્ષણ.

૨. વિ. દુઃખ દૂર કરનાર.

આર્ત્તત્રાણધર્મ [સં. આર્ત્ત (બાધિત) + ત્રાણ (બચાવ) + ધર્મ (ફરજ)] પું. દુઃખીને મદદ કરવાનું કામ; વીરવૃત્તિ.

આર્ત્તત્રાતા ૧. [સં. આર્ત (મજરાયેલું) + ત્રાતૃ (બચાવનાર)] જ. દુઃખમાંથી બચાવનાર માણસ.

૨. વિ. દુઃખીનું રક્ષણ કરનાર.

આર્ત્તધ્યાન [સં. આર્ત (દુઃખી) + ધ્યાન] જ. (જૈન) દુઃખ કરે એવો વિચાર. જુઓ આર્તધ્યાન.

આર્ત્તધ્વનિ [સં. આર્ત (મજરાયેલ) + ધ્વનિ (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્ત્તનાદ [સં. આર્ત (દુઃખી) + નાદ (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્ત્તપુકાર [આર્ત (દુઃખી) + પુકાર (બૂમ)] પું. પીડાયેલની બૂમ.

આર્ત્તપોકાર [આર્ત (મજરાયેલ) + પોકાર (અવાજ)] પું. દુઃખિયાંનો અવાજ.

આર્ત્તબંધુ [સં. આર્ત (દુઃખી) + બંધુ (ભાઈ)] પું. દુઃખિયાનો બેલી.

આર્ત્તરવ [સં. આર્ત (દુઃખી) + રવ (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્ત્તરોદન [સં. આર્ત (દુઃખી) + રુદન (રોવું)] જ. દુઃખીનું રોવું.

આર્ત્તવ ૧. જ. દૂધ.

૨. [સં. ઋતુ (અઠવાડ)] જ. રજ; બીબીજ; બીબીને થતો માસિક રજસ્રાવ.

૩. જ. બીબીને અઠવાડ આવ્યા પહેલાંના બેમાં સહેલાઈથી ગર્ભ રહી શકે એવા અમુક દિવસ.

૪. વિ. ઉપયુક્તદિવસ સંબંધી.

૫. વિ. ઋતુ સંબંધી; મોસમી.

૬. વિ. બીબીના અઠવાડ સંબંધી.

આર્ત્તવદોષ [સં. આર્તવ (અઠવાડ) + દોષ (ખામી)] પું. સ્ત્રીસ્તાનને લગતો રોગ.

આર્ત્તવરોગ [સં. આર્તવ (અઠવાડ) + રોગ (બીમારી)] પું. સ્ત્રીસ્તાનને લગતી વ્યાધિ. જુઓ આર્તવરોગ.

આર્ત્તવવર્ષ [સં. ઋતુ (મોસમ) + વર્ષ (વરસ)] પું. સૂર્યની ગતિ પ્રમાણે ગણાતું વર્ષ; આર્તવવર્ષ.

આર્ત્તવસ્રાવ [સં. આર્ત્તવ (રજ) + સ્રાવ (પ્રવાહ)] પું. ઋતુસ્રાવનું વહેવું તે.

આર્ત્તવાણી [સં. આર્ત્ત (દુઃખી) + વાણી (વાણ)] સ્ત્રી. દુઃખથી ભરેલી બોલી.

આર્ત્તવાવરોધ [સં. આર્ત્તવ (રજ) + અવરોધ (અટકાવ)] પું. ઋતુસ્રાવ ન આવવાપણું.

આર્ત્તવિત્ત [સં. આર્ત્ત (જરૂરીયાતવાળું) + વિત્ત (દોલત)] ન. આપત્તિ વખતે મળેલું ધન.

આર્ત્તવી ૧. [સં. આર્ત્તવ (રજ)] સ્ત્રી. ખોડી.
૨. વિ. સ્ત્રી. ઋતુને લગતી; મોસમી.
૩. વિ. સ્ત્રી. રજસ્વલા; અટકાવવાળી.

આર્ત્તવીત [સં. આર્ત્ત (વ્યાકુલ) + પીત (પીધેલું)] વિ. દુઃખમાંથી છૂટું થયેલું.

આર્ત્તવેયી [સં. આર્ત્તવ (રજ) + ઈય (વાળું)] સ્ત્રી. રજસ્વલા.

આર્ત્તસાધુ [સં. આર્ત્ત (દુઃખી) + સાધુ (સારો માણસ)] પું. દુઃખિયાંનો બેલી.

આર્ત્તસ્વર [સં. આર્ત્ત (વ્યાકુલ) + સ્વર (અવાજ)] પું. દુઃખનો પોકાર.

આર્ત્તહુંકા [સં. આર્ત્ત (દુઃખી) + હૃદય (હૃદયવાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. દુઃખી હૃદયવાળી.

આર્ત્તિ [સં. આર્ત્ત (વ્યાકુલ)] સ્ત્રી. દુઃખ. જુઓ આર્તિ.

આર્ત્તિનારાન ૧. પું. પુરુષોત્તમ ભગવાન.
૨. [સં. આર્ત્તિ (દુઃખ) + નાશન (નાશ કરનાર)] પું. વિષ્ણુ.
૩. ન. પીડા દૂર કરવાપણું.
૪. વિ. દુઃખ ટાળનાર.

આર્ત્તિમાન [સં. આર્ત્તિ (દુઃખ) + મત્ (વાળું)] વિ. દુઃખી; પીડિત.

આર્ત્તિહર ૧. પું. વિષ્ણુ.
૨. [સં. આર્ત્તિ (દુઃખ) + હર (હરનાર)] વિ. દુઃખ ટાળનાર.

આર્ત્તિહારક ૧. પું. વિષ્ણુ.
૨. [સં. આર્ત્તિ (દુઃખ) + હારક (લઈ જનાર)] વિ. દુઃખ મટાડનાર.

આર્ત્વિજ [સં. ઋત્વિજ્ (યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ)] વિ. યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ સંબંધી.

આર્ત્વિજ્ય [સં. ઋત્વિજ્ય] ન. પુરોહિતનું કામ.

આર્ત્વિજ્ય [સં. ઋત્વિજ્ (યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ)] વિ. યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ સંબંધી.

આર્ત્વિજ્ય [સં. ઋત્વિજ્ (યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ)] ન. પુરોહિતનું કામ; ઋત્વિજપણું.

આર્ધ જુઓ આર્દ્ધિક ૧, ૫, ૬, ૭, ૮.

આર્ધપત્ય [સં. અર્ધ (ચીજ) + પતિ (માલિક)] ન. વસ્તુની માલિકી.

આર્થિક ૧. [સં. અર્થ (ગરજ) + ઇક (વાળું)] વિ. કંઈ હેતુ સમાયેલો હોય એવું; અર્થવાળું.
૨. વિ. ફુરસદી.
૩. વિ. કામું; ચતુર.
૪. વિ. દોલત લેનાર; ધન ગ્રહણ કરનાર.
૫. વિ. ધની; પૈસાદાર.
૬. [સં. અર્થ (દ્રવ્ય) + ઇક (વાળું)] વિ. પૈસા સંબંધી
૭. વિ. મતલબ ઉપરથી સમજવું.
૮. વિ. શબ્દના અર્થ ઉપરથી તાત્પર્ય સંબંધી.

આર્થિક ઇતિહાસ [સં. આર્થિક (પૈસાને લગતું) + ઇતિહાસ] પું. નાણાં સંબંધી રિવાજ; 'ઇકોનોમિક હિસ્ટરિ'.

આર્થિક ગણના [સં. આર્થિક (પૈસા સંબંધી) + ગણના (ગણના)] સ્ત્રી. પૈસાની અવરજવર.

આર્થિક ગર્ભત્વ [સં. આર્થિક (પૈસાને લગતું) + ગર્ભત્વ (ગર્ભપણું)] ન. નાણાં સંબંધી અંતર્ગતપણું

આર્થિક તંત્ર [સં આર્થિક (પૈસા સંબંધી) + તંત્ર (ગોઠવણ)] ન. નાણાં સંબંધી ગોઠવણ; પૈસાની અવરજવર.

આર્થિક દબાણ [સં. આર્થિક (પૈસા સંબંધી) + દબાણ (ભાર)] ન. નાણાં સંબંધી બોજો; પૈસાની ખેંચ; 'ઇકોનોમિક પ્રેશર'.

આર્થિક ધૂમ [આર્થિક (પૈસા સંબંધી) + ધૂમ (મચ્યું)] સ્ત્રી. વેપારની ચઢતી; 'બૂમ'.

આર્થિક નિયમ [સં. આર્થિક (પૈસા સંબંધી) + નિયમ (કાયદો)] પું. અર્થશાસ્ત્ર સંબંધી કાયદો; 'ઇકોનોમિક લૉ'.

આર્થિક પ્રશ્ન [સં. આર્થિક (પૈસાને લગતું) + પ્રશ્ન (સવાલ)] પું. નાણાં સંબંધી દિક્કત્યાલ; 'ઇકોનોમિક ઑક્ટ્રિવિટિ'.

આર્થિક પ્રવૃત્તિ [સં. આર્થિક (નાણાં સંબંધી) + પ્રવૃત્તિ (દિલચસ્પી)] સ્ત્રી. નાણાંને લગતી દિલચસ્પી.

આર્થિક મદદ [આર્થિક (પૈસા સંબંધી) + મદદ (સહાય)] સ્ત્રી. નાણાંની મદદ; આર્થિક સહાયતા.

આર્થિક મર્યાદા [સં. આર્થિક (પૈસા સંબંધી) + મર્યાદા (હદ)] સ્ત્રી. પૈસાની હદબસ્ત; 'પબ્લિસુનિઅરિ ઍસ્યુરિડિઝ્ડ'.

આર્થિક ક્ષેય સાધનાર મંડળ ન. પૈસા બાબત મુશ્કેલી દૂર કરનાર મંડળ.

આર્થિક સલાહકાર [આર્થિક (પૈસા સંબંધી) + સલાહકાર (સલાહ આપનાર)] પું. નાણાં સંબંધી બાબતમાં સલાહ આપનાર માણસ.

આર્થિક સહાયતા [સં. આર્થિક (પૈસા સંબંધી) + સહાય (મદદ) + તા (પણું)] સ્ત્રી. નાણાંની મદદ.

આર્થિક સંબંધ [સં. આર્થિક (પૈસા સંબંધી) + સંબંધ (સગાઈ)] પું. નાણાંને લગતું હિત; 'પિકુનિઅરિ ઇન્ટરેસ્ટ'.

આર્થિક સ્રાવ [સં. આર્થિક (દ્રવ્ય સંબંધી) + સ્રાવ (નહેર)] પું. પૈસો બહાર જવાપણું.

આર્થિક સ્વતંત્રતા [સં. આર્થિક (પૈસા સંબંધી) + સ્વતંત્ર (કાયદે) + તા (પણું)] સ્ત્રી. માલ વગેરેના વેચાણ કે ખરીદવા સંબંધી કોઈના ઉપર આધાર નહિ રાખવાપણું; 'ઇકોનોમિક ફ્રીડમ'.

આર્થિક હિત [સં. આર્થિક (નાણાં સંબંધી) + હિત (ભલું)] ન. નાણાંને લગતું હિત.

આર્થિક હેત્વાભાસ [સં. આર્થિક (મતલબને લગતું) + હેતુ (કારણ) + આભાસ (ખોટો દેખાવ)] પું. વાસ્તવિક હોય; 'મટીરિઅલ ફૅલસિ'. જુઓ આકૃતિક હેત્વાભાસ.

આર્ધિગમ્ય [સં. અર્ધિન્ (સ્તુતિ કરનાર) + ગમ્ય (જવું કામ એવું)] પું શિવ, ઈશ્વર. ભક્ત પ્રાર્થના કરી તેની પાસે જવું કરે એવી માન્યતા હોવાથી તેને આર્ધિગમ્ય કહે છે.

આર્થી ૧. [સં. આર્થ (મતલબ સંબંધી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (કાવ્ય) અલંકારશાસ્ત્ર પ્રમાણે વાક્યના અર્થ ઉપરથી નીકળતી ગૂઢ અર્થ જણાવવાની શબ્દની શક્તિ.
૨. વિ. વસ્તુ સંબંધી.

આર્થી ભાવના [સં.] સ્ત્રી. (વેદાંત) હેતુની પ્રેરણાથી ઊપજેલ ક્રિયા, વિષય અથવા આચાર.

આર્થ્ય વિ. કંઈ હેતુ હોય એવું; અર્થવાળું; અર્થિક. આવો શબ્દ અર્થ્ય છે.

આર્થ્યિવ્યંજના સ્ત્રી. (કાવ્ય) અર્થના આશ્રયે રહેલી વ્યંજના. જુઓ આર્થી ૧.

આર્દ્રવાર્ક પું. જમીનમાં નીચે રહેનું, કીડીઓ આદિ જીવતું આફ્રિક ખંડનું એક જંગલી પ્રાણી. જુઓ આર્ડવાર્ક.

આર્દ્રિત પું. (વૈદક) મોઢું વાંકું થઈ જવું, જીભ વાંકું થવું, માથું કંપે બોલી શકાય નહિ અને ઝબકવું અને આંખ વાંકી થવા જેવો એક જાતનો વાયુરોગ. જેમાં પદાર્થને હાથથી

પકડી રે, બધી કઠણ વસ્તુ ખાય, હસે, બધો ભાર ઊંચકે અને ઊંઘમાં મળું, માયું બધા શરીર વાંકુચૂકું રહી જાય તો આ રોગ થાય છે.

આર્દ્રપુર [સં. આર્ષ (ઋષિ) + પુર (નગર)] ન. શહેરનું પર્વ.

આર્દ્રાંગિ [સં. આર્ષ (ઋષિ) + અંગ (શરીર) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બી; પત્ની; વહુ.

આર્દ્રિક ૧. [સં. આર્ષ (ઋષ) + ઇક (પામ)] પું. ખેતરમાં નીપજેલા અનાજમાંથી અર્ધું પગાર ભરવા લાઈ કોઈની ખેતી કરનાર ખેડૂત; અધવાર ખેડૂત.

૨. પું. પારાશર સ્મૃતિ પ્રમાણે વૈશ્ય બા અને બ્રાહ્મણ બાપથી જન્મેલ વર્ણસંકર. તે બ્રાહ્મણ સાથે જગી શકે, મનુએ તેને શૂદ્ર માનેલ છે.

આર્દ્રિકી [સં.] સ્ત્રી. વૈશ્ય બા અને બ્રાહ્મણ બાપથી જન્મેલ વર્ણસંકર કન્યા.

આર્દ્રી ૧. પું. એ નામનો રાજા.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલ ઉદ્રુ રાજાનું બીજું નામ.

૩. સ્ત્રી. (જ્યોતિષ) આર્દ્રા નક્ષત્ર: સત્તાવીસ પૈકીનું છઠું નક્ષત્ર.

૪. [સં. દ્રુ (પ્રાગમનું)] વિ. ઠીલું; પોચું; નરમ; મળતું.

૫. વિ. તાજું; નવું.

૬. [સં. દ્રુ (કપવું)] વિ. જોનવાળું; ભીંજાયેલ; ભીનું; પલળેલું.

૭. વિ. માવાળું; લાગણીવાળું; ભાવભીનું.

૮. વિ. મૃદુ; કોમળ.

૯. વિ. રસવાળું.

આર્દ્રક ૧. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ વંશના રાજા વિજયનો દીકરો; ઉદ્રુ રાજા.

૨. [સં. આર્દ્ર (લીલું)] ન. આદુ.

૩. વિ. આર્દ્રા નક્ષત્રમાં જન્મેલું.

આર્દ્રકખંડ [સં. આર્દ્રક (આદુ) + ખંડ (કટકો)] પું. આદુના કટકા કરી બીજા દ્રવ્ય નાખી બનાવેલો પાક. તે કોઢ મટાડે એમ મનાય છે.

આર્દ્રકપાક [સં. આર્દ્રક (આદુ) + પાક] પું. આદુના કટકા અને બીજા દ્રવ્ય નાખી બનાવેલો એક જાતનો પાક. તે કાન, નાક અને મોઢાના રોગ, ઉધરસ, શ્વાસ, સંગ્રહણી, ગુલ્મ અને સોજાનો મટાડનાર છે.

આર્દ્રકેક્ષુ [સં. આર્દ્ર (લીલું) + ઇક્ષુ (શેરડી)] સ્ત્રી. લીલી શેરડી પાણી ભરાયેલ શેરડીનું.

આર્દ્રકાવલેહ [સં. આર્દ્રક (આદુ) + અવલેહ (ચાટણ)] પું. આદુ એટલે ઉધરસ, શ્વાસ અને હેડકારોગ ઉપર બનાવેલું આદુની બનાવટનું ચાટણ.

આર્દ્રકાષ્ઠ [સં. આર્દ્ર (નહિ સુકાયેલું) + કાષ્ઠ (લાકડું)] ન. લીલું લાકડું.

આર્દ્રકુમાર પું. (પુરાણ) એ નામનો રાજા.

આર્દ્રગંધપ્રકૃતિજ્ઞ પું. સંધાનમાં 'હાઇડ્રોજન સલ્ફિડ'.

આર્દ્રઘટ [સં. આર્દ્ર (લીલું) + ઘટ (ઘડો)] પું. પાણી ભરેલો ઘડો.

આર્દ્રચર્મકોશ [સં. આર્દ્ર (લીલું) + ચર્મ (ચામડી) + કોશ (કોથળો)] પું. કોઈ ચાર અઠવાડિયા રોગને લીધે સામાન્ય રીતે મૂત્ર અને મૂત્રોદ્રિયના બહારના ભાગની નજીક થતી એક જાતની ગાંઠ; 'કોન્ડિલોમ'.

આર્દ્રચર્મીબંધરાવૃત [સં. આર્દ્ર (લીલું) + ચર્મન્ (ચામડું) + બંધન (કપડું) + આવૃત (ઢંકાયેલ)] પું. સિરનું એક નામ.

આર્દ્રચાપ [સં. આર્દ્ર (લીલું) + ચાપ (ધનુષ)] ન. ધોડાનું એક જાતનું ચિહ્ન.

આર્દ્રચાપ સહિત હય ઉત્તમ અશ્વ હોય જણાય. અશ્વમેધ

આર્દ્રજ [સં. આર્દ્રક (આદુ) + જ (જન્મેલું)] સ્ત્રી. સંજ્ઞા. આદુ સુકાયાથી તે બને છે.

આર્દ્રજનક [સં. આર્દ્ર (ભેજવાળું) + જનક (પેદા કરનાર)] પું. ઉદાનવાયુ: 'હાઇડ્રોજન'.

આર્દ્રજનકવાયુ [સં. આર્દ્ર (ભેજવાળું) + જનક (પેદા કરનાર) + વાયુ] પું. ઉદાનવાયુ: 'હાઇડ્રોજન'. તે હલકામાં હલકો, બધો બળી શકે તેવો અને પ્રાણવાયુ સાથે મળીને પાણી પેદા કરનાર છે.

રસાયન નિષ્ણાતોની નજરમાં જે ૭૦ તત્ત્વો છે તે પૈકી મુખ્ય બાર કે પંદર જ સજીવ દ્રવ્યમાં હોય છે અને તેમાં પ્રાણવાયુ, આર્દ્રજનકવાયુ, નવસાર અને અંગાર મુખ્ય છે.

દેહધર્મવિજ્ઞાનાં મૂળતત્ત્વો

આર્દ્રતા ૧. [સં. આર્દ્ર (નરમ) + તા (પણું)] સ્ત્રી. કોમળપણું; મૃદુતા; નરમાશ; પોચાપણું.

૨. સ્ત્રી. ઠીલાપણું.

૩. સ્ત્રી. તાજગી.

૪. સ્ત્રી. દયા; અનુકંપા.

૫. સ્ત્રી. માવાળુપણું; ભાવ.

૬. સ્ત્રી. લીલું હોવું તે.

૭. સ્ત્રી. તરદી; ભેજ; ભીનાશ; રસમયતા.

આર્દ્રતામહત્ [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + મહત્ (મોટું તે)] ન. ભેજ ચૂસવાનો ગુણ.

આર્દ્રતામાહી [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + માહિન્ (માપનાર)] વિ. ભેજશોષક; ભેજ ચૂસી જનાર.

આર્દ્રતાશોષક [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + શુષ્ (ચૂસવું) + ક (વાળું)] વિ. ભેજ ચૂસી જનારું.

આર્દ્રતાસ્કંદક ૧. [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + સ્કંદક (ભરાવનાર)] ન. હવામાંનો ભેજ જણાવનાર યંત્ર; 'હાઇગ્રોસ્કોપ'.

૨. વિ. ભીનાશ બતાવે એવું.

આર્દ્રતાજ્ઞાનયંત્ર જુઓ આર્દ્રતાસ્કંદક ૧.

આર્દ્રતામાપક ૧. [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + માપક (માપનાર)] ન. ભીનાશ માપનારું યંત્ર; 'હાઇગ્રોમિટર'.

૨. વિ. ભેજ માપનારું.

આર્દ્રતામાપકયંત્ર [સં. આર્દ્ર (ભીનું) + તા (પણું) + માપક (માપનાર) + યંત્ર (સાધન)] ન. નક્કર અને પ્રવાહી પદાર્થની બનતા સુધીમાં તેમાં તરી શકે એવું સાધન: જલગુરુત્વમાપક; 'હાઇડ્રોમિટર'.

આર્દ્રત્વ [સં. આર્દ્ર (ભીનું) + ત્વ (પણું)] ન. ભીનાશ; ભેજ; આર્દ્રતા.

આર્દ્રત્વક્ [સં. આર્દ્ર (કોમળ) + ત્વક્ (ચામડી)] ન. બહેની કોમળ ચામડી.

આર્દ્રત્વચા [સં. આર્દ્ર (કોમળ) + ત્વચા (ચામડી)] સ્ત્રી. કોમળ ચામડી.

આર્દ્રદેરિકા પું. (સંગીત) દક્ષિણ હિંદમાં ગવાતી એ નામની એક રાગિણી.

આર્દ્રદ્વિપ્રાણિજ પું. એક જાતનો વાયુ; 'હાઇડ્રોજન ફાસ્ફોરાઇડ'. તે પ્રવાહી રૂપમાં પણ હોય છે. આ પ્રવાહી જંતુવિનાશક હોઈ પક્ષિત્ર ભાગમાં લગાડવાથી પરવાળા ભાગને સાફ કરે છે.

આર્દ્રધાન્ય [સં. આર્દ્ર (લીલું) + ધાન્ય (અનાજ)] ન. કોમળીર; બાજુની ભાજી.

આર્દ્રનગર ન. આર્દ્ર નામના રાજાનું શહેર.

આર્દ્રનયન ૧. [સં. આર્દ્ર (ભીનું) + નયન (આંખ)] ન. આંસુ ભરેલી આંખ.

૨. વિ. રોતું; આંસુ પાડતું.

આર્દ્રપટી [સં. આર્દ્ર (ભીનું) + પટ (વસ્ત્ર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ભીના વસ્ત્રવાળી.

આર્દ્રપવિત્ર ૧. [સં. આર્દ્ર (પાણીવાળું) + પવિત્ર (પાવન)] પું. સોમરસ.

૨. જ. મંત્રથી શુદ્ધ કરેલું પાણી. તે પીવાથી તાવ ઊતરતો હોવાનું મનાય છે.

આર્દ્રપૃષ્ટ [સં. આર્દ્ર (ભીનું) + પૃષ્ટ (ઢાંકેલું)] જિ. પલળી પાયેલું; તાજું કરેલ.

આર્દ્રપ્રમાણ્ડિલ પું. એક જાતનો વાયુ; આર્દ્રપ્રમાણ્ડિલ; 'હાઇડ્રોજન હાઇપોક્સાઇડ'. પ્રવાહી રૂપમાં તે જંતુવિનાશક તરીકે વપરાય છે.

આર્દ્રપ્રમાણ્ડિલ પું. એક જાતનો વાયુ; 'હાઇડ્રોજન હાઇપોક્સાઇડ'.

આર્દ્રભાષા [સં. આર્દ્ર (રસવાળું) + ભાષ (અવાજ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અંજલી અવાજ; માણસપણું; વનમાણસ.

આર્દ્રવાયુ [સં. આર્દ્ર (ભીનું) + વાયુ] પું. એક જાતનો વાયુ; 'હાઇડ્રોજન.'

આર્દ્રવાયુ પ્રાણ્ડિલ જ. પાણી.

> આર્દ્રવાયુ હવામાં ભળે છે ત્યારે આર્દ્રવાયુ પ્રાણ્ડિલ એટલે પાણી ઉત્પન્ન થાય છે.
>
> પ્રાનભાણા

આર્દ્રવૃક્ષ [સં. આર્દ્ર (ભીનું) + વૃક્ષ (ઝાડ)] જ. રસવાળું ઝાડ.

આર્દ્રશાક [સં. આર્દ્ર (નવું) + શાક (ભાજી)] જ. ભાજી.

આર્દ્રસ્તબક પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, યગણ, નગણ, યગણ, નગણ, યગણ, નગણ, યગણ અને યગણ મળી સોળ અક્ષરનો વર્ણવૃત્તક સમવૃત્ત વર્ણમેળ છંદ.

આર્દ્રસાવ [સં. આર્દ્ર (પલળેલું) + સાવ (વહેણ)] પું. (વૈદક) ખીલામાં આવેલી સાળપિંડ તેમ જ બીજા સૂક્ષ્મપિંડમાંથી નીકળતું પ્રવાહી.

આર્દ્રહરિતક જિ. લવણામ્લ સંબંધી; ખીલાના તેજાબવાળું; 'હાઇડ્રોક્લોરિક'.

આર્દ્રહરિતકામ્લ જ. ખીલાનો તેજાબ; લવણામ્લ.

આર્દ્રહરિતિક જ. ખીલાનો તેજાબ; લવણામ્લ; 'હાઇડ્રોક્લોરિક ઍસિડ'.

આર્દ્રહૃદય ૧. [સં. આર્દ્ર (લાગણીવાળું) + હૃદય] જ. લાગણીવાળું અંતઃકરણ.

૨. જિ. કોમળ હૃદયવાળું

આર્દ્રા ૧. [સં.] સ્ત્રી. અંદની સત્તાવીસ ઝીમાંની એ નામની એક.

૨. સ્ત્રી. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદના પહેલા અને બીજા ચરણમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ અને બીજા અને ચોથા ચરણમાં તગણ, તગણ, જગણ અને બે ગુરુ હોય છે. તેનું પહેલું અને બીજું ચરણ ઉપેંદ્રવજ્રના ત્રીજું અને ચોથું ચરણ ઉપેંદ્રવજ્રના ત્રીજું અને ચોથું ચરણ હોય છે.

૩. સ્ત્રી. (જ્યોતિષ) સત્તાવીસ નક્ષત્રમાંનું અશ્વિનીથી ગણતાં ચોમાસાનું છઠું નક્ષત્ર. આ નક્ષત્રમાં વરસાદ પડી જવો સારો ગણાય છે. જ્યોતિષીઓએ આ નક્ષત્રનો આકાર કમળના કંદનો અને ટોચે કોરેલી મણિના જેવો આપેલ. આમાં રહેલો માત્ર એક જ ઊજળો તારો વરાહીય પરિભાષામાં 'આલ્ફા ઓરાઇનિસ' કહેવાય છે અને બીજા મત પ્રમાણે તે 'ગામા જેમિનોરમ' કહેવાય છે. તે મતથી ઈશાને ગાતા ઇજનો તેજમાં વધઘટ થયા કરે એવો સુંદર તારો છે. આ તારાથી આપણી પૃથ્વીને તેજ પહોંચતાં ૧૪૨ વર્ષ થાય. આપણા સૂર્ય કરતાં ત્રણ કરોડ ગણો એ જબરો પ્રચંડ સૂર્ય છે. તેના સ્વામી શિવ અને પાસના અક્ષર ક, ઘ, ઙ, છ છે. આ નક્ષત્રના પંદર દિવસમાં વરસાદ અને વાવણી થાય તો સારું વરસ થાય એમ મનાય. ભક્ષણને માટે આ નક્ષત્રની વાવણી ઉત્તમ ગણાય.

> આર્દ્રા વરસે નહીં, મૂઆગિર પેદા ન હોય,
> ઝાડી કહે છે બાપુને, વરસા ખુંદ ન હોય.
>
> ઝાડી

૪. સ્ત્રી. સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં આવે તે વખત. આ નક્ષત્રમાં સૂર્ય આવતા મોસમી સરઆતમાં જેટલે તારીખ ૨૧ જૂનથી તારીખ પાંચ જુલાઈ દરમિયાન રહે છે.

૫. જ. માણેક.

આર્દ્રોત્સવ [સં. આર્દ્રા (એ નામનું નક્ષત્ર) + ઉત્સવ (તહેવાર)] પું. માગશર સુદિ પૂનમે દિવસે દક્ષિણ હિંદુસ્તાનમાં ઊજવાતો એ નામનો તહેવાર.

આર્દ્રાકુસ્તુંબરી સ્ત્રી. આદુ; આર્દ્રિકા.

આર્દ્રાનંદકર જ. એ નામનું ત્રીજને દિવસે કરવામાં આવતું દેવીનું વ્રત.

> અનંતતૃતીયા, રસ કલ્યાણિની અને આર્દ્રાનંદકર એ નામનાં ત્રણ વ્રતનાં ત્રીજાં વ્રત છે.
>
> વ્રતરાજી સારાવ્રત

આર્દ્રાલુબ્ધક ૧. પું. (જ્યોતિષ) કેતુ.

૨. [સં. આર્દ્રા (એક નક્ષત્ર) + લુબ્ધક (શિકારી)] પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રની નૈર્ઋત્ય તરફ અને અગસ્તની જગાએ ઉત્તરે આવેલો સૌથી તેજસ્વી તારો; 'સિરિયસ'.

આર્દ્રાવીર [હિ.] પું. વામપથી.

આર્દ્રાશનિ ૧. [સં.] સ્ત્રી. એ નામનું નક્ષત્ર.

૨. સ્ત્રી. વિદ્યુત; વીજળી.

આર્દ્રાંગાર [સં. આર્દ્ર (લાગણીવાળો પ્રસંગ) + અંગાર (કોલસો)] પું. આર્દ્રવાયુ અને અંગાર જેવા થતાં ઊપજતી રાસાયણિક ભીજ; અંજુનત્વવાળો ચોખ્ખો કાર્બન; 'હાઇડ્રોકાર્બન'.

આર્દ્રાંગિરસ જુઓ આર્દ્રાંગાર.

આર્દ્રિકા ૧. [સં. આર્દ્ર (ભીનું) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આદુ.

૨. સ્ત્રી. કોમચીર; પાણાની ભાજી.

આર્દ્રિલ ૧. [સં. આર્દ્ર (લાગણીવાળો પ્રસંગ)] જ. હાઇડ્રોજન સાથે મળી બનેલો પદાર્થ; 'હાઇડ્રાઇડ'.

૨. જિ. જળમય; પાણીથી ભરેલું.

આર્દ્રીભાવ ૧. [સં. આર્દ્ર (નરમ) + ભાવ (સ્થિતિ)] પું. નરમાશ; પોચપ; કોમળપણું; મૃદુતા.

૨. પું. લાગણી; માયા.

આર્દ્રેંધન [સં. આર્દ્ર (લીલું) + ઇન્ધન (બળતણ)] જ. લીલું બળતણ.

આર્ધ [સં.] જિ. અર્ધું. આ શબ્દ સમાસની શરૂઆતમાં જ વપરાય છે.

આર્ધમાસિક [સં. આર્ધ (અરધું) + માસિક (મહિનાનું)] જિ. પંદર દિવસનું; અર્ધો મહિનો ચાલતું.

આર્ધરાત્રિકાઃ [સં. આર્ધ (અરધું) + રાત્રિકા (રાત)] પું.બ.વ. અર્ધી રાતથી પ્રહરોની ગતિની સરઆત બતાવનારા કેટલાક જ્યોતિષશાસ્ત્રો.

આર્ધિક ૧. [સં. આર્ધ (અરધ) + ઇક (વાળું)] પું. પાકનો અર્ધો ભાગ ખેતરના ધણીને આપવાની શરતે ખેતી કરનાર માણસ.

૨. પું. વૈશ્ય સ્ત્રીથી થયેલ અને બ્રાહ્મણથી ગણેલ છોકરો.

૩. જિ. અર્ધને લગતું.

૪. જિ. અર્ધભાગ લેનારું.

આર્નદીલીઆન પું. સંગેમરમર જેવો પથ્થર. તેના ઉપર મુનાની ચોરો મુખ્ય બાજુતોની તવારીખ, તારીખ અને ફેલાવા કોતરતા.

આર્નીથોરિંક્સ જ. શરીરની બહુ વિલક્ષણ રચનાવાળું ઓર્ટ્રોલિજનું વાંદરા જેવું મોટું બહુ બાહ્યાંગ એક પ્રાણી.

આર્ફે ફકીર [અ. અરફ (તેણે જાણ્યું) + ફકીર (સાધુ)] પું. જ્ઞાની સંત; પૂર્ણ પુરુષ.

આર્બલ [સં. આયુસ (જિંદગી) + બલ (જોર)] સ્ત્રી. આયુષ્ય.

આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ [અં.] સ્ત્રી. લવાદ કોર્ટ; પંચ.

આર્ભવ ૧. પું. એ નામનો સામવેદનો ભાગ.
૨. પું. (પિંગળ) દરેક ત્રણમાત્રા રગણ અને જગણ મળી ૭ અક્ષરનો છંદ; ધારિણી.
૩. [સ. ઋભુ (એક દેવ)] વિ. ઋભુ દેવોને ઉદ્દેશીને કરાયેલું કે રચાયેલું.

આર્મચર [અં.] સ. ચુંબકત્વરક્ષક; લોહચુંબકના અમુક પક્ષપક્ષેના લોહચુંબકના છેડા. જોડવામાં નરમ લોઢા કે પોલાદનો ટુકડો. ચુંબકશક્તિની તીવ્રતા જાળવી રાખવા, વજનને આધાર આપવા અને તારના સંચામાં બને છે તેમ તેની ગતિથી લોહચુંબકમાંથી અને લોહચુંબક તરફ નિશાનીઓ આપવા તેનો ઉપયોગ થઈ શકે. ઘોડાની નાળના આકારના સામાન્ય લોહચુંબકમાં ચુંબકશક્તિનો વ્યય થતો અટકાવવા તે ઉપયોગી છે.

આર્મેડિલો [અં.] સ. પીઠ અને બરડાથી તે છેક પાછલા ભાગ સુધી જડાં ભીંગડાંથી ઢંકાયેલું દક્ષિણ અમેરિકનું સ્તનપાન ઉપર જીવતું અને રાત્રે ફરતું બોખું પ્રાણી. તે દરમાં રહે છે. તેના મોંમાં આગલા દાંત નથી, પણ પાછળ બત્રીસ દાંત હોય છે.

આર્મેસ્સિંગ [અં.] જી. હાથ રેકની રાખવાની ઝોળી.

આર્મિ [અં.] જી. લશ્કર; સેના; ફોજ.

આર્મિનિઅ પું. એશિયા માઇનરની પ્રજ્ઞાન તરફ આવેલો એક પહાડી પ્રદેશ.

આર્મિનિઅન ૧. જી. અર્વાચીન અર્વાચીન લિપિમાંની એક. અર્વાચીન અર્વાચીન લિપિઓ: સિરિલિક, મરાઠી (નાગરી), બોડી, ગુજરાતી, બંગાળી, કૈથી, મૈથિલ, ઉડિયા, અહોમી, બટ્ટો, શારદા (શારદા), ગુરુમુખી, ટાકરી, ગંગ, તેલુગુ-કન્નડી, કાનડી, તામિલ, મલબારમ્, તુળુ, કારણી, સિંહલી, વટ્ટેલુત્તુ, ગ્રંથ, કોરિઅન, ચીની, કાતાકાના, હિરાગાના, અનામી, બોગોલિઅન, કાલમુક, મંચુ સિરોકેલ્ડી, અરબી, ફર્સિઅ (તુર્કી), પર્સિઅન, હિંદુસ્તાની (ઉર્દૂ), અર્વાચીન સામારિટન, સિરિનિક, આર્મિનિઅન, જોર્જિઅન, બોક, રોમન, ઇટાલિક, ઇથિઅસ, જર્મન, સર્જિઅન, વાસાસિઅન, ગ્લેગોલિટીક, રશિઅન, અલ્બેનિઅન, રોમિક, મધરબી, ખુનિક ઉર્ફે કાર્થેજિઅન, અબ્રહેરિક, અરાઇક, મેક્સિકન અને મય.
૨. સ. આર્મિનિઅ દેશનું માણસ.
૩. વિ. આર્મિનિઅ દેશનું; આર્મિનિઅ દેશ સંબંધી.

આર્મિસ્ટિસ [અં.] જી. લડાઈ બંધ પડ્યા પછી બને લશ્કરની મંજૂરાત. તે લાંબા થયેલાને બસેરા આપવા અથવા મરી ગયેલાને દાટવા બોલ વખત માટે કરાય છે, અથવા સુલેહ કરવા પહેલાંની શરૂઆતની સલાહ તરીકે કરવામાં આવે છે.

આર્મોરિકન જી. ફ્રેન્ચિક ભાષાનો એક વિભાગ. જુઓ ફ્રેન્ચિક ભાષા.

આર્ય ૧. [સં] પું. અર્યનો દીકરો.
૨. પું. આર્યજાતિનો માણસ.
૩. પું. કુલીન સજ્જન; મહાશય; ઊંચા કુળનો સુધરેલો ભણેલો ડાહ્યો માણસ. પતિ, ગુરુ, મિત્ર જેવાને બોલાવવા માટે આ શબ્દ વપરાય છે.
૪. પું. અરાજ કામોથી બચાવનાર માણસ.
૫. પું. ગુરુ.
૬. પું. જગતમાં સૌથી પહેલી સંસ્કૃતિ મેળવેલી એ નામની પ્રજા; આર્યો, દસ્યુ વગેરે હલકી જાતિઓથી જુદી એવી એક સુધરેલી જાતિ. સૌથી પહેલાં હિંદુસ્તાનમાં આવી વસેલા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. આ લોકો ગોરા રંગના, પાતળાં અંગવાળા અને સાંત્વા શરીરવાળા અને તેમનું માથું પહોળું. વાળ સીધા અને નાક સારા ઘાટનું હોય છે. જૂના વખતમાં તેમનો વિસ્તાર મધ્ય એશિયા અને કાસ્પિઅન સમુદ્રથી ગંગા જમનાના દોઆ સુધી હતો. તેમનું અસલ ઠેકાણું કોર્ડ મધ્ય એશિયા, કોર્ડ સ્કેન્ડિનેવિઆ તે કોર્ડ ઉત્તર ધ્રુવ બતાવે છે. તેઓ ખેતી કરતા, ઢોર પાળતા, ધાતુનાં હથિયાર બનાવતા, કપડાં વણતા અને રથ વગેરે વાપરતા.

જૈન મત પ્રમાણે માણસ જાતિના મુખ્યપણે બે ભાગ છે: આર્ય અને મ્લેચ્છ. આર્યની ૭ જાત માનવામાં આવે છે. જેમકે, ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ અને ભાષા. પંદર કર્મભૂમિમાં અને તેમાં પણ આર્ય દેશોમાં જેના જાય તે ક્ષેત્રાર્ય; ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર વગેરે વંશોમાં જેના જાય તે જાતિઆર્ય; કુમકર, ચાંતની, જગદેવ, વાસુદેવ અને બીજા વિશુદ્ધ કુળવાળા તે કુળઆર્ય; યજન, યાજન, પઠન, પાઠન, ખેતી, વ્યાપાર, વેપાર વગેરેથી ગુજરાન કરનારા તે કર્મઆર્ય; વણકર, કુંભાર, કુંભાર વગેરે અલ્પ આરંભવાળા ઓટલે બોજાં પાપવાળા અને નિંદ્ય નહિ કરવા જેવી આજીવિકાથી જીવે તે શિલ્પઆર્ય અને માત્ર ભાષામાં સુગમ રીતે બોલવાનો વ્યવહાર કરે તે ભાષાઆર્ય. જો ૭ જાતના આર્યોથી ઊલટા લક્ષણવાળા બધા મ્લેચ્છ. કેટલાક આર્યના નવ પ્રકાર માને છે: જાતિઆર્ય, કુલઆર્ય, ક્ષેત્રઆર્ય, કર્મઆર્ય, શિલ્પઆર્ય, ભાષાઆર્ય, જ્ઞાનઆર્ય, દર્શનઆર્ય અને ચારિત્રઆર્ય. હિંદુ, પારસી, ગ્રીક, રોમન, સેલ્ટ, જર્મન, સ્કેન્ડિનેવિઅન અને રશિઅન લોકો જૂના વખતમાં એક જ હતા અને એક જ ભાષા બોલતા ત્યારે તે આર્ય નામથી ઓળખાતા. તેમની ભાષામાંથી હાલની આર્ય ભાષાઓ ઊતરેલી મનાય છે.
૭. પું. દેશના અને ધર્મના કાયદાને માન આપનાર પુરુષ; પોતાના દેશના આચાર પાળનાર માણસ.
૮. પું. શુદ્ધ.
૯. પું. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મના મુખ્ય ચાર સિદ્ધાંત ઉપર વિચાર કરી તે પ્રમાણે વર્તનાર પુરુષ.
૧૦. પું. માલિક; સ્વામી; ધણી; પતિ.
૧૧. પું. મિત્ર; દોસ્ત.
૧૨. પું. સસરો.
૧૩. વિ. આર્ય લોકોને લગતું.
૧૪. વિ. ઉદાર ચરિત્રવાળું.
૧૫. વિ. કુલીન; આબરૂદાર; ઊંચા કુળનું.
૧૬. વિ. પૂજ્ય; માન્ય.
૧૭. વિ. પ્રતિષ્ઠિત; આબરૂદાર.
૧૮. વિ. લાયક; યોગ્ય.
૧૯. વિ. વફાદાર; વિશ્વાસુ.
૨૦. વિ. દૃઢ; મજબૂત.
૨૧. વિ. શાંત સ્વભાવનું.
૨૨. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ; સારું.
૨૩. [સં. આર્જવ (સરળતા)] વિ. સરળ સ્વભાવનું; સીધું; સમજવું; સરળ. જેવા રૂપથી મોહે તે ગમાર, જેવા વેશવથી મોહે તે પામર, બાહ્ય કુળની મોટાઈથી અંજાય તે અંધ, ગુણો જાણે તે આર્ય.

આર્ય અષ્ટાંગ માર્ગ [સં. આર્ય (શ્રેષ્ઠ) + અષ્ટન્ (આઠ) + અંગ (ભાગ) + માર્ગ (રસ્તો)] પું. બ. વ. (બૌદ્ધ) મોક્ષ મેળવવાના આઠ માર્ગ: ૧. સમ્યક્ દૃષ્ટિ, ૨. સમ્યક્ સંકલ્પના, ૩. સમ્યક્ વાચા, ૪. સમ્યક્ કર્મણા, ૫. સમ્યક્ આજીવ, ૬. સમ્યક્ વ્યાયામ, ૭. સમ્યક્ સ્મૃતિ અને ૮. સમ્યક્ સમાધિ.

આર્ય અષ્ટાંગિક માર્ગ [સં. આર્ય (શ્રેષ્ઠ) + અષ્ટન્ (આઠ) + અંગ (ભાગ) + ક (વાળું) + માર્ગ (રસ્તો)] પું. (બૌદ્ધ) મોક્ષ મેળવવાના આઠ માર્ગ; આર્ય અષ્ટાંગ માર્ગ.

આર્યક ૧. પું. (પુરાણ) એ નામનો ગોવાળ. તે પાળણથી રાજા થયો હતો.
૨. પું. (પુરાણ) કદુનો દીકરો એક નાગ. તેની દીકરીનું નામ જોલ્લ હતું. તે વસુકુળના વસુ નામના રાજાની પટ્ટ રાણી હતી. વસુ રાજાને

જેનાથી પૃથા નામની દીકરી થઈ. પૃથાનું જ નામ પછીથી કુંતી પડ્યું હતું. આર્યકની પૌત્રી પૃથાના દીકરા ભીમસેનને દુર્યોધન વગેરે સો કૌરવ ભાઈઓએ ઝેર અવરાવી પ્રમાણકોટી નામના પવિત્ર ઠેકાણે કુળાઓ હતો, ત્યારે નદીમાંથી નાગોએ ડંસ કરવાથી તેનું ઝેર ઊતરી ગયું. બીજે સાવધ થયા પછી નાગ જેની પાસે પોતાને કરડવા આવતા જણ્યો તેમને મારવા માંડ્યા. આ કઠીકાત કોઈ નાગે આર્યકને જણાવવાથી લાં આવ્યો. એણે ભીમસેનને પોતાના દૌહિત્ર તરીકે ઓળખ્યો અને પાતાળમાં લઈ જઈ અમૃતપાન કરાવ્યું. પછી 'તને દશ સહસ્ર નાગનું બળ પ્રાપ્ત થાઓ' એવો આશીર્વાદ આપી ભીમસેનને હસ્તિનાપુર મોકલાવ્યો.

૩. પું. (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વંતરમાં થનાર અવતાર વખતના વિષ્ણુના પિતા.

૪. [સં. આર્ય (પૂજ્ય ભાવ) + ક (થયું)] પું. આપનો આપ; દાદો.

૫. પું. માતામહ; નાનો; માનો બાપ.

૬. પું. માનવા લાયક માણસ.

૭. ન. સૌરાષ્ટ્રમાંહ અને દક્ષિણ કોંકણથી બનેલા પ્રદેશનું જૂનું નામ. તેને ગેરિજક (આર્યકેત્ર) કહેતા. એનું મુખ્ય શહેર તગર (હાલનું ઢોકરતાળાહ).

૮. ન. પિતૃઓ સંબંધી કરવામાં આવતી ક્રિયા.

૯. ન. પૂર્વજોને બલિદાન આપતી વખતે વપરાતું વાસણ.

૧૦. વિ. માન આપવા લાયક પૂજ્ય.

૧૧. વિ. ભેદ; ઉત્તમ.

આર્યકા ૧. સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.

૨. સ્ત્રી. (પુરાણ) શ્વેત દ્વીપની એ નામની નદી. અમલા, અમૃતોદ્યા, આર્યકા, દીર્ઘવતી, હસ્તિપવતી, હ્રસ્વા અને પવિત્રવતી એ નામની સાત શ્વેત દ્વીપની નદીઓ છે.

જગવતી ભાગવત

૩. [સં. આર્ય (સૌથી સારું) + ક (થયું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. આનદાન આઈ.

આર્યકેત્ર ૧. [સં. આર્ય (એક પ્રજા) + ક્ષેત્ર (જગ્યા)] ન. આર્યસોઢોથી વસાયેલો દેશ.

૨. ન. એ નામનું એક અસલના વખતનું રાજ્ય; ગેરિજક.

આર્યગાથા સ્ત્રી. કવિ હિમેન્દ્રલાલ રોમકૃત એ નામનું એક ગીતસંગ્રહનું પુસ્તક.

આર્યજન ૧. [સં. આર્ય (માન આપવા લાયક) + જન (માણસ)] પું. પૂજવા લાયક માણસ.

૨. પું. માનથી બોલાવવામાં વપરાતો શબ્દ.

૩. પું. દક્ષ; પંડિત.

૪. પું. સદ્ગૃહસ્થ; ભદ્રપુરુષ.

આર્યજનતા [સં. આર્ય (એક જાતના લોક) + જનતા (લોકો)] સ્ત્રી. આર્ય લોકોનું ટોળું.

આર્યજાતિ [સં. આર્ય (એક જાતના લોક) + જાતિ] સ્ત્રી. એ નામની એક પ્રજા. ઋગ્વેદમાં આર્યજાતિ પાંચ ભાગમાં વહેંચાયેલી દર્શાવેલ છે: (૧) પુરુ, (૨) ત્રિત્સુ, (૩) અનુ, (૪) યદુ અને (૫) તુર્વસુ.

આર્યતા ૧. [સં. આર્ય (એક પ્રજા) + તા (પણું)] સ્ત્રી. આર્ય હોવાપણું.

૨. સ્ત્રી. ઉદાર વર્તન.

૩. સ્ત્રી. કુલીનતા; ખાનદાની.

૪. સ્ત્રી પૂજવા લાયક હોવાપણું.

૫. સ્ત્રી. પ્રતિષ્ઠા; આબરૂ.

૬. સ્ત્રી. મનની શાંતિ.

૭. સ્ત્રી. સાધકતા; જોગતા.

૮. સ્ત્રી. લોકવ્યવહારની કુશળતા.

૯. સ્ત્રી. વફાદારી; નિમકહલાલી.

૧૦. સ્ત્રી. વડાપણું; મોટપણું.

૧૧. સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું.

૧૨. સ્ત્રી. સરળ સ્વભાવ.

આર્યતત્ત્વ જુઓ આર્યતા.

આર્યદુહિતા [સં. આર્ય (સજ્જન) + દુહિતૃ (દીકરી)] સ્ત્રી. ખાનદાન કુટુંબની દીકરી.

આર્યદેવ પું. એ નામનો એક બૌદ્ધ તત્ત્વજ્ઞાની.

આર્યદેશ ૧. [સં. આર્ય (એક પ્રજા) + દેશ (વતન)] પું. આર્યાવર્ત; ભરતખંડ; હિંદુસ્તાન.

૨. પું આર્યોનું રહેઠાણ.

આર્યધર્મ ૧. [સં. આર્ય (એક પ્રજા) + ધર્મ (આચારનો નિયમ)] પું. આઠસ્તુ ધર્મ, હિંદુ ધર્મ.

૨. પું. સારું આચરણ; સદાચાર.

આર્યન ૧. [અં.] સ્ત્રી. ગેરિજક વંશની ત્રણ મુખ્ય ભાષા પૈકી એક ભાષા. તેને ઇંડો જર્મેનિક કે ઇંડો યુરોપિયન કહે છે.

૨. સ્ત્રી. હિંદ અને યુરપનાં લોકો જેમાંથી ઊતરી આવ્યાં છે તે જાતિ.

૩. વિ. આર્ય લોકોનું; આર્ય પ્રજા સંબંધી.

૪. વિ. ખાનદાન; બહાદુર.

૫. વિ નિમકહલાલ.

આર્યન ભાષારાજ્ય [આર્યન (આર્યજાતનું) + ભાષા (બોલી) + રાજ્ય (હકુમતવાળો દેશ)] ન. ઈ.સ. પૂર્વે ૧૫૦૦ સૈકામાં આર્યલોકોએ સ્થાપેલ મોટી સત્તા. તેનો વિસ્તાર પશ્ચિમમાં ગ્રીસ અને ઇટાલી સમુદ્રના કાંઠાથી હિંદ સુધી ફેલાયેલો હતો.

આર્યન સેમેટિક ૧. સ્ત્રી. લોકોની એ નામની એક જાત.

૨. ન. લોકોની એ જાતનું માણસ.

૩. વિ. લોકોની એ નામની જાતનું.

આર્યપથ ૧. [સં. આર્ય (ઉત્તમ) + પથ (માર્ગ)] પું. ખાનદાન માણસે વર્તવાનો રસ્તો.

૨. પું. સદાચાર.

આર્યપત્ની [સં. આર્ય (શ્રેષ્ઠ) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. અમીરાઈ; અમીરપણું.

આર્યપરંપરા [સં. આર્ય (એક જાતના લોક) + પરંપરા (હાર)] સ્ત્રી. આર્યપ્રજાની ચાલતી આવતી પેઢી.

આર્યપુત્ર ૧. [સં. આર્ય (સસરો) + પુત્ર (દીકરો)] પું. કંથ; પતિ; સ્વામી; ધણી; ભરથાર; સસરાનો દીકરો; સાસુનગ્યો. આર્યસ્ત્રીઓ પોતાના ધણીનું નામ નહિ લેતાં આ શબ્દ વાપરતી. જૂના ગુજરાતી સાહિત્યમાં જેમ 'સાસુજાયા' શબ્દ વપરાય છે તેમ સંસ્કૃત સાહિત્યમાં આ શબ્દ વપરાયેલો છે.

૨. પું. કુલીન ઘરનો છોકરો.

૩. પું. ગુરુનો પુત્ર.

૪. પું. માનથી બોલાવવા માટે વપરાતો શબ્દ માનવાચક શબ્દ.

૫. પું. મોટા બાપનો દીકરો; ઝવેરીલે.

૬. પું. રાજકુમાર.

આર્યપુર [સં. આર્ય (એક જાતના લોક) + પુર (શહેર)] ન. વિજાપુર જિલ્લાના ખેરાળી તાલુકામાં સાતમા આઠમા સૈકામાં આણુરુચોની પશ્ચિમ રાજધાની ગેરિજ્યોળનું જૂનું નામ. જૂના શિલાલેખોમાં એને અજાબોળ કહ્યું છે.

આર્યપ્રજા [સં. આર્ય (એક જાતના લોક) + પ્રજા] સ્ત્રી. જગતમાં સૌથી પહેલી સુધરેલી જાતિ.

આર્યપ્રાપ્ત ૧. [સં. આર્ય (એક જાતના લોક) + પ્રાપ્ત (આવ્યું)] વિ આર્યપ્રજાથી વસેલું.

૨. વિ. ખાનદાન માણસો મોટા પ્રમાણમાં રહેતાં હોય એવું.

આર્યભગિની ભાષા [સં. આર્ય (એક પ્રજા) + ભગિની (બેન) + ભાષા (બોલી)] સ્ત્રી. આર્યલોકોની ભાષા સાથે નજીકનો સંબંધ ધરાવનારી ભાષા. આર્યભગિની ભાષાઓમાં—૭ કરોડ અઠ્ઠાવીસ લાખ માણસ પૂર્વ અને પશ્ચિમ હિંદી ભાષા, ત્રણ કરોડ ચાર લાખ માણસ પૂર્વ–પશ્ચિમ–મધ્યમ પહાડી ભાષા, એક કરોડ સિત્તેર લાખ માણસ પંજાબી ભાષા, એક કરોડ નવ લાખ રાજસ્થાની ભાષા, ચાર કરોડ ઓગણીસ લાખ બંગાળી ભાષા, એક કરોડ ગુજરાતી ભાષા અને ભાષીન બે કરોડ પચાસ લાખ માણસ પરસ્પરથી જુદા બોલે છે. દુરની

નેપાળી ભાષા તો ગુર્જર ભાષા જેવી જ છે.

આર્યભટ ૧. [સં.] પું. એ નામનો એક અસલનો જ્યોતિષી અને પ્રખ્યાત ખગોળશાસ્ત્રી. તેનો જન્મ ઈ.સ. ૪૭૬માં પાટલિપુત્રમાં થયો હતો. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એમ તેણે પોતાના ગ્રંથમાં દર્શાવ્યું છે.

૨. જ. ગણિત સંબંધી જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

આર્યભટ્ટ જુઓ આર્યભટ.

આર્યભરત જ. ભરત ઉપર આરબી કવનમાં આવતું ભરતકામ; આરીભરત.

આર્યભાવ ૧. [સં. આર્ય (શ્રેષ્ઠ) + ભાવ (લાગણી)] પું. સદ્‌વર્તન; સદાચાર.

૨. પું. સૌથી સારી લાગણી.

આર્યભાવના [સં. આર્ય (સૌથી સારું) + ભાવના (લાગણી)] સ્ત્રી. સારી લાગણી; આર્યભાવ.

આર્યભાષા ૧. [સં. આર્ય (ઈંડો ઇરાની) + ભાષા (બોલી)] સ્ત્રી. આર્ય લોકોની બોલી; સંસ્કૃત. તેમાંથી નીકળેલી ૧૪ ભાષાઓ: ૧. આસામી, ૨. બંગાળી, ૩. ઉડિયા, ૪. બિહારી, ૫. હિંદી, ૬. ઊર્દૂ, ૭. કાશ્મીરી, ૮. પંજાબી, ૯. સિંધી, ૧૦. રાજસ્થાની (અથવા મારવાડી), ૧૧. ગુજરાતી, ૧૨. મરાઠી અને ૧૩. કમોરી.

ગુજરાતી ભાષા આર્યભાષામાંથી નીચે પ્રમાણે ઊતરી આવેલ છે:



૨. જી. સંસ્કૃતમાંથી નીકળેલી પ્રાકૃત વગેરે ભાષા.

૩. જી. હિંદી ભાષા.

આર્યભિષક્ [સં. આર્ય (ઉચ્ચ ખાનદાન લોક) + ભિષક્ (વૈદ્ય)] પું. વૈદકનો એક આધારગ્રંથ મનાતો ગ્રંથ. એ પુસ્તક મૂળ મરાઠીમાં રચેલું છે.

આર્યભૂમિ [સં. આર્ય (ઉચ્ચ પ્રજા) + ભૂમિ (જમીન)] સ્ત્રી. આર્ય લોકોથી વસાયેલ દેશ; હિંદુસ્તાન.

આર્યમાર્ગ [સં. આર્ય (શ્રેષ્ઠ) + માર્ગ (રસ્તો)] પું. સદ્‌વર્તન; સદાચાર.

આર્યમાર્ગપ્રાપ્ત [સં. આર્ય (શ્રેષ્ઠ) + માર્ગ (રસ્તો) + પ્રાપ્ત (મેળવેલું)] વિ. સદાચરણી; ચારિત્ર્યવાળું.

આર્યમિત્ર ૧. [સં. આર્ય (શ્રેષ્ઠ) + મિત્ર (મિત્ર)] પું. ખાનદાન પુરુષ; સદ્‌ગૃહસ્થ.

૨. વિ. ચોરસવાળું; ખાનદાન પુરુષ જેવું.

આર્યમેરિય પું. વર્તમાનકાળના પાંચ મહિનો જેટલું વર્ષ.

આર્યરૂપ [સં. આર્ય (ખાનદાન માણસ) + રૂપ (દેખાવ)] પું. સદ્‌ગૃહસ્થનો વેશ ધરનાર માણસ; ધુતારો; ઠોંગી.

આર્યલિંગી [સં. આર્ય (ખાનદાન માણસ) + લિંગ (નિશાની) + ઈન્ (વાળું)] પું. ઠોંગી; ધુતારો; આર્યરૂપ.

આર્યલોક [સં. આર્ય (ઉમદા) + લોક] પું. ઈ.સ. પૂર્વે આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં ઉત્તર હિંદમાં વસનારી પ્રજા. તેઓ દક્ષિણમાં

૨. પું. સ્વયંસેવક.

આર્યવીરદળ [સં. આર્યવીર (સ્વયંસેવક) + દલ (સમૂહ)] ન. દેશ, જાતિ, ધર્મની સેવા અને ધાર્મિક અધિકારીઓના રક્ષણને માટે બોલ્શેવિક સ્વયંસેવકોનું મંડળ.

આર્યવૃત્ત ૧. [સં. આર્ય (ઉત્તમ) + વૃત્ત (વર્તન)] ન. સદાચાર; સારી ચાલ.

૨. વિ. ધર્મિષ્ઠ; પવિત્ર.

૩. વિ. ભલું; સારું.

આર્યવૃત્તિ ૧. સ્ત્રી. ઔદાર્ય; ઉદારતા.

૨. સ્ત્રી. બહાદુરી.

૩. [સં. આર્ય (જૈન) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. સૌથી સારું આચરણ; સદાચાર.

આર્યવેશ ૧. [સં. આર્ય (કુલીન માણસ) + વેશ (પોશાક)] પું. ખાનદાન માણસનો પોશાક.

૨. વિ. સજ્જનના જેવા પોશાકવાળું.

આર્યવ્રત ૧. [સં. આર્ય (જૈન પ્રજા) + વ્રત (કરવાનું)] પું. ઉત્તર હિંદુસ્તાનનો આર્ય લોકોથી વસાયેલો દેશ. તેની ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્યાચળ, પૂર્વે બ્રહ્મપુત્ર નદ અને પશ્ચિમે સિંધુ નદ હતા.

૨. [સં. આર્ય (જૈન ખરતર ગોચ્છ) + વ્રત (નિયમ)] ન. આર્યનો નિયમ.

૩. વિ. સદ્‌ગૃહસ્થના આચાર અને નિયમ પાળનારું.

આર્યશીલ [સં. આર્ય (જૈન પ્રજા) + શીલ (આચાર)] પું. સદાચાર. સુઓ આર્યવૃત્ત.

આર્યશ્રાવક પું. (જૈન) જૈનધર્મ પાળનાર આર્યજાતિનો માણસ.

આર્યશ્વેત ૧. [સં. આર્ય (ખાનદાન) + શ્વેત (ધોળું)] પું. સદાચારી માણસ; સજ્જન.

૨. વિ. સારા આચરણવાળું; પવિત્ર.

આર્યસત્ય [સં. આર્ય (સૌથી સારું) + સત્ય (સાચું)] ન. જૈન ધર્મના ચાર મુખ્ય સિદ્ધાંતમાંનો એક; ઉદાત્ત સત્ય. જૈન ધર્મના મૂળ પુરુષ આર્ય એટલે શુદ્ધ બતાવેલાં ચાર મહાન સત્ય: દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ. (૧) દુઃખ એટલે રામથી રંક પર્યંત જીવ માત્ર દુઃખી છે. (૨) દુઃખસમુદય એટલે તૃષ્ણા. એ દુઃખનું કારણ છે. (૩) દુઃખનિરોધ અગ્નિની પ્રતિપક્ષ એટલે દુઃખશાંતિ કરવાનો આર્ય આધ્યાત્મિક માર્ગ. (૪) દુઃખ નિરોધ એટલે તૃષ્ણાને અટકાવવાથી દુઃખ મટે છે, મોક્ષ મળે છે.

બૌદ્ધ દર્શનમાં જે દુઃખ, સમુદય, નિરોધ, અને માર્ગ એ ચાર આર્યસત્યો છે, સાંખ્ય તથા યોગદર્શનમાં જે હેય, હેયહેતુ, હાન અને હાનોપાય એ ચતુર્વ્યૂહ છે, ન્યાયદર્શનમાં જેને અર્થપદ કહ્યાં છે તેના સ્થાનમાં આસવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પાંચ તત્ત્વો જૈનદર્શનમાં પ્રસિદ્ધ છે. સુખલાલજી

આર્યસભા [સં. આર્ય (જૈન ખરતર ગોચ્છ) + સભા (મંડળ)] સ્ત્રી. આર્ય જાતિના લોકોનું મંડળ.

આર્યસમાજ ૧. [સં. આર્ય (જૈન પ્રજા) + સમાજ (મંડળ)] પું. વેદને મુખ્ય ગણી તે પ્રમાણે વર્તવું એવા અભિપ્રાયવાળું સ્વામી દયાનંદે સ્થાપેલું ધર્મમંડળ. આ લોકો વેદના સંહિતાભાગને સ્વતઃપ્રમાણ માને છે, મૂર્તિપૂજા, શ્રાદ્ધ અને તર્પણ કરતા નથી અને વર્ણ ગુણ કર્મ અને સ્વભાવ પ્રમાણે માને છે.

૨. પું. સ્વામી દયાનંદે સ્થાપેલો જૈન સંપ્રદાય.

આર્યસમાજી ૧. [સં. આર્યસમાજ (જૈન ધર્મમંડળ) + ઈન્ (વાળું)] પું. સ્વામી દયાનંદ સરસ્વતીએ સ્થાપેલા સંપ્રદાયનો માણસ; આર્યસમાજ ધર્મ પાળનાર માણસ.

૨. વિ. આર્યસમાજનું.

૩. વિ. આર્યસમાજનો સંપ્રદાય પાળનારું.

આર્યસંઘ [સં. આર્ય (જૈન ખરતર ગોચ્છ) + સંઘ (સમૂહ)] પું. આર્યજાતિના લોકોનો સમૂહ.

આર્યસંસ્કૃત [સં. આર્ય (જૈન ખરતર ગોચ્છ) + સંસ્કૃત (ભાષા)] ન. અસલના વખતમાં સંસ્કાર પામેલી આર્યપ્રજાથી બોલાતી સંસ્કૃત ભાષા.

આર્યસંસ્કૃતમાં પણ 'તુમ્' ના સે, સેન, અસે, અસેન, કસે, કસેન, આપે, આપેન, કપ્પે, કપ્પેન, તાપે, તાપેન, તરિ, તરેન, અને તરેન એવા અનેક આદેશો થયેલા છે.

પુરાતત્ત્વ

આર્યસંસ્કૃતિ [સં. આર્ય (જૈન પ્રજા) + સંસ્કૃતિ (સામાજિક પ્રગતિ)] સ્ત્રી. આર્યલોકોએ કરાવ્યો કરેલો સુધારો.

આર્યસિદ્ધાંત ૧. [સં. આર્ય (જૈન પ્રજા) + સિદ્ધાંત (નિયમ)] પું. આર્ય લોકોનો નક્કી કરેલો નિયમ.

૨. ન. આર્યભટ્ટે લખેલ ખગોળશાસ્ત્રનું એ નામનું જૈન પુસ્તક.

આર્યસ્થાન [સં. આર્ય (જૈન પ્રજા) + સ્થાન (ઠેકાણું)] ન. આર્ય લોકોને રહેવાની જગ્યા.

આર્યહૃદય [સં. આર્ય (ખાનદાન) + હૃદય (મનનું)] વિ. કુલીન માણસને શોભે તેવું.

આર્યા ૧. [સં. આર્ય (સાધુ)] પું. આર્ય જાતિનો માણસ.

૨. સ્ત્રી. આર્ય લોકોની ભાષા.

૩. સ્ત્રી. આર્યાવર્તની સ્ત્રી.

૪. સ્ત્રી. (પિંગળ) એ નામનું જૈન વૃત્ત; ચાર માત્રાનો એક ગણ. તેના પહેલા અરધા ભાગમાં સાડા સાત અને પછીના અરધા ભાગમાં છઠ્ઠા ગણમાં એક જ લઘુ અક્ષર આવે તે સિવાય સાડા ૭ ગણ હોય છે. ૧ લો, ૩ જો, ૫ મો, ૭ મો ગણ્ય ન જોઈએ. પહેલા અરધા ભાગમાં છઠ્ઠો ગણ્ય અથવા નગણ આવવો જોઈએ.

૫. સ્ત્રી. (પિંગળ) એ નામનો ચાર લીટીનો માત્રામેળ છંદ. તેની પહેલી લીટીમાં ૧૨, બીજીમાં ૧૮, ત્રીજીમાં ૧૨ અને ચોથીમાં ૧૫ માત્રા હોય છે. એની ગીતિ, ઉપગીતિ વગેરે પેટા જાતિ છે.

૬. સ્ત્રી. કુલીન સ્ત્રી; શોભણી; પ્રૌઢ સ્ત્રી.

૭. સ્ત્રી. બળામાં પહેરવાનું પહાડાં ઢીંચણ જેટલું અને પાંદડીઓના ઊભા મોતીથી ભરેલા હોય એવું એક ઝભ્ભા જેવું આભરણ. આ ઘરેણું નાચનારીઓ તે પહેરે છે.

૮. સ્ત્રી. માતા; મા. સુઓ માતા. આર્યાના ત્રણ ભેદ છે: આર્યા અથવા માતા, ગીતિ અથવા ઉપમાતા, ઉપગીતિ અથવા માતૃ, ઉદ્‌ગીતિ અથવા વિમાતા, આર્યાગીતિ અથવા સ્વપક્ષ અથવા બંધા.

૯. સ્ત્રી. જૈન ધર્મની સાધ્વી; આરજા.

૧૦. સ્ત્રી. દાદી; પિતામહી.

૧૧. સ્ત્રી. પાર્વતી.

ઉમા અપર્ણા ઈશ્વરી ગૌરી ત્રિનેત્ર હૈમવતી,
મૃડા મડિકા અંબિકા સતી સતાની સોહૈ;
આર્યા મિનાક્ષ આદ્ય દુર્ગમંગલા નામ,
શિવા નામ શિવ ૩૨ વરી જેહ સદા સુખધામ.
પિંગળપ્રકાશ

૧૨. સ્ત્રી. સાસુ.

આર્યાકૈતહંસિની પું. (પિંગળ) આર્યાની ૭૭ અને રોલાની ૬૬ મળી ૧૫૩ માત્રાનો જૈન વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિનીનો જૈન ભેદ છે.

આર્યાગીતિ ૧. [સં.] સ્ત્રી. જૈન જાતનો રાસ.

૨. સ્ત્રી. (પિંગળ) પહેલા અને ત્રીજા ચરણમાં બાર અને બીજા અને ચોથા ચરણમાં સત્તર માત્રા એમ ચોસઠ માત્રાનો જૈન છંદ. તેમાં દર ચોથી માત્રાએ વિસામો આવે છે. આર્યાના ૮૮લાક સમ વિષમ ભેદમાં માત્રાઓ અને ૮૮લાકમાં માત્રાઓ અને ગણ જૈન હોય છે.

આર્યજ

તેના વિષમ ચરણમાં જગણ નથી હોતો અને છેડે ગુરુ હોય છે.

આર્યાગીતિકુંડલી પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક છંદ. તેમાં આર્યાગીતિની ૬૪ અને રોલાની ૬૬ મળી ૧૩૦ માત્રા હોય છે.

આર્યાધિષ્ઠિત [સં. આર્ય (સૌથી સારું) + અધિષ્ઠિત (રહેલું)] વિ. આનદાન; કુલીન; ઉત્તમ આચરણવાળું; ન્યાયને રસ્તે ચાલનાર.

આર્યાભદ્રી પું. (પિંગળ) એ નામનો આર્યાની જાતિનો છંદ.

આર્યાવર્ત ૧. [સં. આર્ય (એક પ્રજા) + આવર્ત (ફેલાયું)] પું. ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્ય પર્વત, પૂર્વમાં બંગાળની ખાડી અને પશ્ચિમમાં અરબી સમુદ્ર વચ્ચેનો હિંદુસ્તાનનો ભાગ; આર્યોનું રહેઠાણ; પૂર્વ સમુદ્રથી તે પશ્ચિમ સમુદ્ર સુધી અને હિમાલયથી તે વિંધ્યાચલ સુધીનો જ્યાં આર્ય લોક પ્રથમ વસ્યા અને પ્રસર્યા તે પ્રદેશ.

૨. પું. ગંગા અને જમના નદીની ઉપરનો અને સિંધુની પૂર્વ તરફનો આર્ય લોકોએ પહેલાં રોકેલો પ્રદેશ; ઉત્તર હિંદુસ્તાન.

૩. [સં. આર્ય (આનનીય) + આવર્ત (ફેરવાયું)] પું. પાવન જમીન.

૪. પું. ભરતખંડ; હિંદુસ્તાન.

આર્યાવર્તી ૧. વિ. આર્યાવર્તમાં રહેનાર.

૨. [સં. આર્યાવર્ત (હિંદુસ્તાન) + ઇન્ (વાળું)] વિ. હિંદ સંબંધી; ભરતખંડને લગતું; આર્યાવર્તીય.

આર્યાવર્તીય ૧. [સં. આર્યાવર્ત (હિંદુસ્તાન) + ઇય (વિષયનું)] વિ. આર્યાવર્તને લગતું; ભરતખંડ સંબંધી; હિંદ વિષેનું.

૨. વિ. આર્યાવર્તમાં રહેનાર.

આર્યાવિલાસ ૧. પું. એ નામનું પ્રાકૃત કાવ્ય.

૨. [સં. આર્યા (પાર્વતી) + વિલાસ (ખેલ કે હાવભાવ)] પું. કુમારી પાસેની શૃંગારક્રીડા.

આર્યાવૃત્ત પું. એ નામનો એક છંદ; આર્યા.

આર્યાસપ્તશતી [સં.] સ્ત્રી. ગોવર્ધનાચાર્યે લખેલું એ નામનું એક સરકૃત પુસ્તક.

આર્યિકા [સં. આર્યક (કુલવાન માણસ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આનદાન સ્ત્રી.

આર્યેતર [સં. આર્ય (એક જાતના લોક) + ઇતર (બીજું)] વિ. આર્ય પ્રજા સિવાયનું બીજું; આર્યથી જુદું.

આર્યોડ્રવિડિઅન [અં. આર્યો (આર્ય પ્રજાનું) + દ્રવિડિઅન (દ્રવિડ દેશનું)] પું. સંયુક્ત પ્રાંતો અને બિહાર અને સીલોનમાં વસતા આર્ય અને દ્રવિડ લોકોની મિશ્ર જાતિના લોક.

આર્યોદય [સં. આર્ય (એક જાતના લોક) + ઉદય (ચડતી)] પું. આર્ય પ્રજાની ચડતી.

આર્યૌષધિ [સં. આર્ય (સારું) + ઔષધિ (ઓસડ)] સ્ત્રી. હિંદુસ્તાનમાં થતી ગુણકારી દવા.

આર્ષ્ટી [સં.] પું. એક ઊંચી જાતિ. જુઓ આર્ષ.

આર્શી ૧. સ્ત્રી. એક તારાવાળું નક્ષત્ર.

૨. [સં. ઋષ્ય (ખોળા પ્રમાણનું હરણ)] વિ. હરણ સંબંધી; હરણનું.

આર્ષ ૧. [સં. આર્ષ (ઋષિ સંબંધી)] પું. ઋષિઓથી ઊતરી આવેલ વિવાહના આઠ પ્રકાર પૈકીનો એક. તેમાં કન્યાનો બાપ વર પાસેથી માત્ર એક કે બે ગાય લઈને પોતાની કન્યા વરને આપે છે. વિવાહના આઠ પ્રકાર: બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ.

૨. ન. (શિલ્પ) સિંગની એક જાત. તેના ચાર વર્ગ છે: દૈવિક (દેવ લોકોનું), માનુષ (મનુષ્યનું), આસુર (અસુર લોકોનું) અને આર્ષ (ઋષિનું).

૩. ન. વર્તમાન, ભૂત ને ભવિષ્ય સંબંધી ઋષિનું જ્ઞાન; ઋષિનું વિભાગ જ્ઞાન.

૪. ન. વેદ.

૫. જે ઋષિ જ વાપરતા હોય તેવું.

૬. [સં. ઋષિ] વિ. ઋષિએ બનાવેલું; ઋષિકૃત.

૭. વિ. ઋષિએ સેવેલું; ઋષિસેવિત.

૮. વિ. ઋષિને લગતું; ઋષિ સંબંધી; ઋષિનું.

૯. વિ દૈવી; અતિમાનુષ; દિવ્ય; પેગંબરી; અલૌકિક.

૧૦. વિ. પવિત્ર.

૧૧. વિ. વૈદિક.

આર્ષક્રમ [સં. આર્ષ (ઋષિનું) + ક્રમ (બાબો)] પું. ઋષિઓનો વિભાગ.

આર્ષગ્રંથ [સં. આર્ષ (ઋષિનું) + ગ્રંથ (પુસ્તક)] પું. ઋષિએ બનાવેલું પુસ્તક.

આર્ષચક્ષુ [સં. આર્ષ (દિવ્ય) + ચક્ષુસ (આંખ)] ન. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ જોઈ શકનારી દૈવી આંખ.

આર્ષજીવન [સં આર્ષ (ઋષિનું) + જીવન] ન. ઋષિના જેવી સાદી અને પવિત્ર જિંદગી.

આર્ષજ્ઞાન [સં. આર્ષ (દૈવી) + જ્ઞાન] ન. પરોક્ષજ્ઞાન.

આર્ષત્વ [સં આર્ષ (દિવ્ય) + ત્વ (પણું)] ન. દિવ્યતા.

આર્ષદૃષ્ટ [સં. આર્ષ (વેદ) + દૃષ્ટ (જોનાર)] વિ. વેદ જાણનાર.

આર્ષદૃષ્ટિ ૧. સ્ત્રી. દૈવી જ્ઞાન.

૨. [સં. આર્ષ (પવિત્ર) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. પવિત્ર નજર.

આર્ષદેશ [સં. આર્ષ (ઋષિનું) + દેશ] પું. ઋષિના વસવાટની જગ્યા.

આર્ષદ્રષ્ટા ૧. [સં. આર્ષ (અલૌકિક) + દ્રષ્ટૃ (જોનાર)] વિ. દૈવી જ્ઞાનવાળું.

૨. વિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ જોનાર.

આર્ષધર્મ ૧. પું. કન્યાનો બાપ વર પાસેથી માત્ર એક કે બે ગાય લઈને પોતાની દીકરી કન્યાદાનમાં આપે એવો વિવાહ.

૨. [સં. આર્ષ (ઋષિ સંબંધી) + ધર્મ (કરજ)] પું. મનુ વગેરે ઋષિઓએ જણાવેલ આચરણના નિયમ.

આર્ષપદ્ધતિ [સં. આર્ષ (ઋષિનું) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. ઋષિઓએ નક્કી કરેલ રિવાજ.

આર્ષપ્રયોગ ૧. [સં. આર્ષ (ઋષિનું) + પ્રયોગ (બોલવું)] પું. અતિ જૂના વખતમાં ઋષિએ કરેલ બોલવું.

૨. પું. પદમાં ઋષિએ વ્યાકરણ વિરુદ્ધ કરેલ ઉપયોગ.

૩ પું. વ્યાકરણના નિયમ વિરુદ્ધ શબ્દનો બોલવાર. અસલના જૂના સરકૃત ગ્રંથોમાં વધુ કરીને વ્યાકરણ વિરુદ્ધ પ્રયોગ મળે છે તેને વ્યાકરણરીતિથી અશુદ્ધ ન ગણતાં આર્ષ કહે છે. ગાયત્રીમાં 'ધીમહિ' રૂપ વૈદિક કાળના ઋષિ મુનિઓએ વાપરેલ બાસ અનિયમિત રૂપ છે. સંસ્કૃત ધાતુ "ધ્યૈ" (બાન કરવું) ઉપરથી વિધ્યર્થે પહેલો પુરુષ બહુવચન 'બાયેમ' થાય, પણ ગાયત્રીમાં 'ધીમહિ' એમ અનિયમિત રૂપે વપરાયું છે. બાવા પ્રયોગને આર્ષ પ્રયોગ કહે છે. સંસ્કૃત સાહિત્યમાં મળી આવતા બાવા પ્રયોગથી જે તે સાહિત્યનો વખત નક્કી થઈ શકે છે અને કયારેક તેના પ્રણેતા કયા ઋષિમુનિ છે તે પણ સહેજે જણાઈ આવે છે.

આર્ષપ્રાકૃત [સં. આર્ષ (ઋષિનું) + પ્રાકૃત (એક ભાષા)] સ્ત્રી. ઋષિ મુનિઓના વખતમાં ફેલાયેલી પ્રાકૃત ભાષાનું એક સ્વરૂપ.

આર્ષભ ૧. [સં. ઋષભ (પહેલા તીર્થંકર)] ન. જૈનોના પહેલા તીર્થંકર ઋષભદેવનું ચરિત્ર.

૨. [સં. ઋષભ (બળદ)] વિ. બળદ સંબંધી.

આર્ષભાષા [સં. આર્ષ (ઋષિનું) + ભાષા] સ્ત્રી. સંસ્કૃત ભાષાનો એક પ્રકાર.

આર્ષભિ [સં. ઋષભ (પહેલા તીર્થંકર)] પું. ઋષભદેવનો દીકરો; ભરત.

આર્ષભી ૧. સ્ત્રી. (સંગીત) બેસ ઉપરથી બરી રાગની જાતિ.

૨. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઋષભ.

આર્ષભીવીથિ [સં. આર્ષભ (ઋષભ સંબંધી) + ર્ઈ (નારીજાતિનો પ્રત્યય) + વીથિ (રસ્તો)] સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહોના વચ્ચેના માર્ગના ત્રણ ભાગ પૈકીનો એ નામનો એક. પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને મઘા એ ત્રણ નક્ષત્રની આર્ષભીવીથિ કહેવાય છે.

આર્ષભોમ [સં. આર્ષ (ઋષિનું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઋષિઓ જ્યાં વસતા હોય તેવી જમીન; તપોવન.

આર્ષવય ૧. [સં. ઋષભ (આખલો) નું વિશેષ્ય] પું. બળદ કરવા જેટલી ઉંમરે પહોંચેલો બોધો.

૨. પું. ઘરમાં જોઈતી શક્તિ તેવી ઉંમરે પહોંચેલો વાછરો.

આર્ષવ્રજ [સં. ઋષિ] સ્ત્રી. ઋષિ મુનિઓના વખતમાં વપરાતી પ્રાકૃત ભાષા.

આર્ષવચન [સં. આર્ષ (ઋષિનું) + વચન] સ્ત્રી. ઋષિનો શબ્દ.

આર્ષવાણી ૧. [સં. આર્ષ (ઋષિનું) + વાણી (બોલી)] સ્ત્રી. ઋષિની વાણી.

૨. સ્ત્રી. દૈવી શબ્દ; આકાશવાણી.

આર્ષવિવાહ [સં. આર્ષ (ઋષિનું) + વિવાહ (લગ્ન)] પું. કન્યાનો બાપ વર પાસેથી બાર બેઠ કે બે બાપ લઈને પોતાની કન્યા પરણાવે એવો વિવાહ.

આર્ષશાસ્ત્ર [સં. આર્ષ (ઋષિ સંબંધી) + શાસ્ત્ર (વિદ્યા)] સ્ત્રી. ઉપનિષદ.

આર્ષદૃષ્ટિનાં દર્શનો હોઈને ઉપનિષદો આર્ષશાસ્ત્રો પણ કહેવાય છે. સંસ્કૃત પુરુષાંજલિ

આર્ષશૃંગી પું. દુર્યોધનની બાજુનો એ નામનો એક રાક્ષસ. તેણે અર્જુનના દીકરા ઇરાવાનને માર્યો હતો.

આર્ષસંસ્કૃત [સં. આર્ષ (વેદનું) + સંસ્કૃત (એક ભાષા)] સ્ત્રી. વેદના વખતમાં વપરાતું સંસ્કૃત.

આર્યા પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક છંદ.

આર્યાનુષ્ટુભ્‌ઝાડી [સં. આર્ષ (વેદનું) + અનુ (એક પછી એક) + ઝમ્‌ (જવું)] સ્ત્રી. કાલ્યાકને બનાવેલી વેદની અનુક્રમણિકા. તેમાં દરેક સૂક્તના ઋષિ, દેવતા, છંદ અને વિનિયોગનું વર્ણન આપવામાં આવ્યું છે.

આર્ષિકત્વ [સં. આર્ષ (ઋષિનું)] ન. ઋષિનો ધર્મ.

આર્ષિષેણ [સં. ઋષિષેણ (એ નામના ઋષિ)] પું. ઋષિષેણ ઋષિનો વંશજ.

આર્ષી અનુષ્ટુપ પું. (પિંગળ) બત્રીસ અક્ષરનો અનુષ્ટુપની જાતનો છંદ.

આર્ષીઉષ્ણિક પું. (પિંગળ) ઉષ્ણિક છંદનો અઠ્ઠાવીસ અક્ષરવાળો એક પ્રકાર.

આર્ષીગાયત્રી પું. (પિંગળ) ચોવીસ અક્ષરનો એક છંદ.

આર્ષીજગતી પું. (પિંગળ) જગતી છંદનો અડતાલીસ અક્ષરવાળો એક પ્રકાર.

આર્ષીપંક્તિ પું. (પિંગળ) ચાલીસ અક્ષરનો પંક્તિની જાતનો એક છંદ.

આર્ષીબૃહતી પું. (પિંગળ) બૃહતીની જાતનો છત્રીસ અક્ષરવાળો એક છંદ.

આર્ષેય ૧. [સં. આર્ષ (ઋષિનું)] પું. ઋષિનું ગોત્ર અને પ્રવર.

૨. પું. ધાર્મિક સાહિત્ય બનાવનાર ઋષિ.

૩. પું. પાત, પાકર, વજન, વાજબ, અખબત, અખાપત જેવું ઋષિઓએ કરવાનું કર્મ.

૪. [સં. આર્ષ (વેદિક)] સ્ત્રી. એ નામનું એક ઉપનિષદ.

૫. ન. સામવેદનું એક બ્રાહ્મણ. તેમાં સામમાનના ઋષિનાં નામ આપવામાં આવ્યાં છે.

૬. વિ. ઋષિ સંબંધી.

૭. વિ. એક જ ગોત્રનું.

૮. વિ. પાત આપવા લાયક; પૂજ્ય જેવું.

આર્ષેયબ્રાહ્મણ ન. સામવેદનું એક બ્રાહ્મણ. તેમાં સામમાનના ઋષિનાં નામ આપવામાં આવ્યાં છે.

આર્ષ્ટિષેણ ૧. પું. એ નામનો એક મુનિ.

૨. પું. (પુરાણ) મંધર્વની એક જાત.

૩. પું. (પુરાણ) એ નામનો ચંદ્રવંશી એક રાજા.

આર્ષ્ટિષેણાશ્રમ પું. એ નામનું એક તીર્થ.

આર્સનિક [અં.] ન. સોમલ.

આર્સેક્ષા પું. એક પ્રકારનો કીડા.

આર્હત ૧. [સં. અર્હત (તીર્થંકર)] પું. જૈન ધર્મ પાળનાર પુરુષ.

૨. પું. બુદ્ધ.

૩. ન. જૈન મત.

૪. વિ. જૈન મતને લગતું.

૫. વિ. બુદ્ધદેવનું.

આર્હતદર્શન [સં. અર્હત (તીર્થંકર) + દર્શન (શાસ્ત્ર)] ન. એક ચીજ અનેક રૂપમાં દેખાય એવો મત.

આર્હતપ્રવચન [સં. અર્હત (તીર્થંકર) + પ્રવચન (આખ્યાન)] ન. (જૈન) શ્રાવકે આચરવું.

આર્હંતી [સં. અર્હ (લાયક હોવું)] સ્ત્રી. યોગ્યતા; લાયકાત.

આર્હત્ય [સં. અર્હ (લાયક હોવું)] ન. યોગ્યતા; લાયકાત.

આર્હિષેણ [સં. અર્હન્‌ (એક ઋષિ)] પું. અર્હન્‌ નામના ઋષિનો વંશજ.

આલ ૧. [સં. આલ (નકામું)] પું. શ્રમ; તસદી; મહેનત.

૨. પું. હિંદુસ્તાની રેશમનો કીડો.

૩. પું.; સ્ત્રી. (કચ્છી) ખીલા; આચરણ; કરકત.

૪. સ્ત્રી. એક વાંસ લાંબી, સફેદ રેસની અને માથે કાળા કાપવાળી એક જાતની માછલી.

૫. સ્ત્રી. મોટાની ઉજવણી.

૬. સ્ત્રી. રેવ; હેવા; આદત.

૭. સ્ત્રી. (હિંદી) કુંજળાનો બીજો ઝોકવો.

૮. સ્ત્રી. દુખી; નાઈ.

૯. સ્ત્રી. (કિંગળ) પક્ષીઓનો માળો; બોસલા.

૧૦. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૧૧. [સં.] સ્ત્રી. કરતાલ; કરિતાલ; કરતાલ.

૧૨. સ્ત્રી. હળની લાકડ; હળના ત્રુંબામાં જોડેલું લાકડું.

૧૩. સ્ત્રી. ક. ક. જમીન અને પાણીમાં વસતાં હલકાં પ્રાણીઓનાં અને માછલીનાં ઈંડાં; મીનાંડ.

૧૪. [અ.] સ્ત્રી. ક. ક. દીકરીનાં સંતાન. અસલ દીકરીના વંશને આલ અને દીકરાના વંશને ઓલાદ કહેતા.

૧૫. ન. બાળ; અટકચાળું; છેડ.

૧૬. ન. બેજબ; બીનાકા; આદેતા.

૧૭. [સં. અલ્‌ (સમૂહમાં)] ન. (હિંદી) મકાનનાં પાંદડાં જેવાં પાનવાળું, બારે માસ બોળા રેસનાં સારી વાસવાળાં ફૂલોવાળું, આષાઢમાં ઉપયોગી ફળવાળું અને વૈશાખમાં વપરાતું ગુજરાત, કાઠિયાવાડ, બાનદેશ અને વસાડ જિલ્લાનાં જંગલોમાં થતું એક સાધારણ મોટું ઝાડ. સુરેજ. રાનીપરજના લોકો તેનાં ફળનું શાક કરે છે.

૧૮. ન. મુકિત; તરકીબ; ઝગડપટ; ચાલબાજી.

૧૯. ન. રબારીની એ નામની અટકનું માણસ.

૨૦. ન. બીજુ.

૨૧. વ. સંતાન; બાળક; પ્રજા.
૨૨. [સં. આર્દ્ર; પ્રા. અલ્લ] વિ. આર્દ્ર; જરા ભીનાશથી કુમાશ જેવું.
૨૩. વિ. પુખ્ત; પાકું.
૨૪. વિ. રખારીની એ નામની અટકનું.
૨૫. વિ. લીલું; નહિ સુકાયેલું.
૨૬. વિ. વિશાળ; મોકું.
૨૭. વિ. અર્ધ; નકામું.
જિણી તિણી દુર્ઈ દેવ ઉદ્ગારટ્ઠ, તિણિ તિણી થયુ ઈ આલ. કાન્હડદેપ્રબંધ
૨૮. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ; સૌથી સારું.
૨૯. વ. નજીક; પાસે.
૩૦. વ. નામ ઉપરથી વિશેષ્ય બનાવનાર પ્રત્યય. જેમકે, રસ + આલ = રસાલ.

આલબોલાડ [સં. આલ (પ્રજા) + બોલાડ (વંશ)] સ્ત્રી. કચ્ચાબચ્ચાં; છોકરાંછૈયાં; આલબચ્ચાં; વંશવેલો; કુટુંબવિસ્તાર; લીલાલાડી; કુલવાડી.

આલબોલાડ ૧. [સં. આલ (પ્રજા) + બોલાડ (વંશ)] ન. કુટુંબ; છોકરાંછૈયાં.
૨. વ. વંશ.

આલક સ્ત્રી. કટકડી.

આલકત પું. (ક્રિયા) અલતો; કાયમ રંગમાં વપરાતો લાલ રંગ.

આલકતક પું. (ક્રિયા) અલતો; મેંદીનો છૂંદો.

આલકરી ૧. સ્ત્રી. બાનદેસ તરફ રહેતી અને ખેતીની મજૂરીનો ધંધો કરતી એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

આલકલિ [સં. એલ્કલિ] સ. ઉદ્‌જનકવાયુ (હાઇડ્રોજન) અને પ્રાણવાયુ (ઑક્સિજન)-ની સિલિસિયમ, સોડિયમ, પોટેસિયમ, કૂલિડિયમ કે સિસિયમ નામના મૂળતત્ત્વ સાથેની રાસાયણિક જોગવણી; અમ્લ પદાર્થના રસાયણી (કેમિકલ) ગુણને તોડી નાખવાનો ગુણ ધરાવતી ચીજ. જેમકે, સોડા અને ચૂનાની ભાજી.

આલકસ ૧. [સં. આલસ્ય] સ્ત્રી. આળસ; મંદતા; સુસ્તી.
૨. સ્ત્રી. ઊંઘ આવવાપણું; ઝોલાં.
૩. સ્ત્રી. મુલતવી રાખવાપણું; વિલંબ; ઢીલ.

આલકસી ૧. [સં. આલસ્ય (આળસ)]
વ. આળસુ માણસ.
૨. વિ. આળસુ; સુસ્ત.
૩. વિ. ઝોલાં ખાતું.
૪. વિ. ઢાકું; ધીમું.

આલકસ્ય [સં. આલસ્ય (આળસ)]
વ. આળસુ માણસ.

આલકંદક વિ. અબ્બર રેસામાંથી નીકળતા પરવાળાના રંગનો એક ઠરો. તે રાતો અને કડવુ છે.

આલકું વ. એક જાતનું શાક; નોલકોલ.

આલકોહોલ ૧. [અ. ઍલ્કોહૉલ] પું. દારૂ. તે ફળ અને અનાજમાંથી નીકળે છે.
૨. [અ. આલાહલ] પું. સુરમો. એની ભૂકી ઓરતો ભમર રંગવા કરવાને વાપરતી.

આલકોચાદિ વ. વ. ન. ચોર, દિવેલીના વર્ગની વનસ્પતિના પ્રકાર.

આલક્ષવું ૧. [સં. આ (ચારે બાજુ) + લક્ષ્ (જોવું)] સ. ક્રિ. જોવું; દેખવું.
૨. સ. ક્રિ. દેખાડવું; બતાવું; ઇશારવું.

આલક્ષિત ૧. [સં. આ (ચોપાસ) + લક્ષ્ (જોવું) + ક્ત (ભૂતકાળનો પ્રત્યય)] વિ. અવલોકિત; દેખેલું; જોયેલું.
૨. વિ. ચિહ્ન ઉપરથી જાણેલું.
૩. વિ. જરા દેખાતું.
૪. વિ. દેખાય એવું.
૫. વિ. દેખાવાળું; ચિહ્નથી દેખાડેલું.

આલક્ષ્ય ૧. વિ. જાણવા જોગ.
૨. [સં. આ (ચોપાસ) + લક્ષ્ (જોવું) + ય (જોવું)] વિ. જોવા જેવું.
૩. વિ. દરજ્જા દેખી સામસામ જેવું.
૪. વિ. લક્ષણ ઉપરથી જાણી શકાય એવું.

આલખવું ૧. [સં. આ (ચોપાસ) + લિખ્ (લખવું)] સ. ક્રિ. ચીતરવું; આલેખવું.
૨. સ. ક્રિ. લલકારવું; બોલું.
આલખ્યો ગમ મલ્હાર. ગાયન

આવકારદાયક [આવકાર (સન્માન) + દાયક (આપનાર)] વિ. માન આપવા લાયક; વધારી લેવા યોગ્ય; સન્માનનીય.
આવકારપત્ર [આવકાર (સત્કાર) + પત્ર (કાગળ)] ન. માનપત્ર.
આવકારવું સ. ક્રિ. માન આપવું; આદરસત્કાર કરવો.
આવકારશીંહું [સં. આવકાર (સત્કાર) + સહું (સારું)] વિ. માન આપવા લાયક.
આવકાશ ૧. [સં. અવકાશ] પું. અંતર; છેટું.
૨. પું. બાકી જાગા; અવકાશ; ઓકાશ.
૩. પું. નવરાશ; ફુરસદ.
આવખલ [હિં.] સ્ત્રી. ઉપયોગમાં લીધેલી બિનપરતની જમીન.
આવખું [સં. આયુસ (આયસ)] ન. આયુષ્ય; આવરદા.
આવગમણ [સં. અગ્નિ] સ્ત્રી. ચૂલાની આજુબાજુનો લાગ આગમણ.
ચૂલામાંથી હલો તો રે ઠીક અને આવગમણથી હલો તો રે ઠીક = બધું સરખું; એકનું એક.
આવગમા [સં. અપ (નીચે) + ગમ્ (જવું) + આ (નકારીઅવિનો પ્રત્યય)] સ્ત્રી. (પ્રાકૃત) નદી.
આવગાહુ પું. અફઘાનિસ્તાનનું જૂનું નામ.
આવગું [સં. અંગ] વિ. પ્રમાદું; ઓકલાદું; જેમાં બીજાનો લાગ ન હોય એવું; આગવું; પોતાની સ્વતંત્ર માલિકીનું; સુવાંગ.
આવગીઆવગો ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિનાં કાળાં અને કાર્ષ જેવાં બી; તકમરિયાં. તે ઠંડી હોવાથી ગરમીનાં દરદો ઉપર વપરાય છે.
૨. [આકુચી (આવગા) + આવગી (આવગાનું જેવું રૂપ)] સ્ત્રી. તુલસીના વર્ગની એક સુગંધી વનસ્પતિ; જંગલી તુલસી. તેનાં પાનને તેલમાં તરબ કરીને કાનમાં દીપાં પાડવાથી બહેરાશ મટે. તે જંતુનાશક હોવાથી જનવરનાં ગાંયાં અને ગાદામાં છવાત પડી હોય ત્યાં તેનાં પાન વાટીને લગાડાય છે.
આવજ ૧. પું. અવાજ; ધ્વનિ; શબ્દ.
૨. પું. ઉચ્ચારણ; બોલ.
આવજા ૧. [સં. આ (ઉપસર્ગ) +વ્રજ્ (જવું) + આ (કૃત)] સ્ત્રી. અવરજવર; આવનજાવન; પેસ નીકળ.
૨. સ્ત્રી. આયાત નિકાસ.
આવજાવ સ્ત્રી. અવરજવર; આવજા.
આવટ ન. ધાતુ ઉપરથી ભાવ દેખાડતા નામ બનાવનાર શબ્દને છેડે લગાડવામાં આવતો અવયવ. જેમકે, જમ + આવટ = જમાવટ; બન + આવટ = બનાવટ.
આવડવું ૧. [સં. આ (તરફ) + વૃત્ (વર્તવું)] સ. ક્રિ. અડવાવું; અથડાવું; ભટકાવું.
૨. સ. ક્રિ. ઊપાડે આવવું; ઝીંકવું આવવો.
સ્વામ ઉતારી બહુ રહે, એ સજ્જનતા રીત;
જ્યાં લગી પાણી આપજે, ત્યાં લગી દૂધ નચિંત.
લોકસાહિત્ય
૩. સ. ક્રિ. બનવું; નીપજવું; નીવડવું; ઉદ્ભવવું.
૪. [સં. આ (ઉપસર્ગ) + વૃત્ (હોવું)] સ. ક્રિ. ગાદા પામવું; ઉચ્ચેદન થવું.
૫. સ. ક્રિ. ફરી જવું; બદલાવું.
ઘણા ઘણા માંડવે મેં આવડઈ, મારુડાલિ તું કવિણ પરઈ?
ઢોલ
૬. સ. ક્રિ. ફાવટો પ્રહારો; લાગ મચો.
૭. સ. ક્રિ. ફેરવવું.
૮. સ. ક્રિ. ફેરા આવા.

૬. સ. ક્રિ. ભણી જવું.
મુજ મનોહર બાંધિ બી બેમ બાંહે વિબુધ આવહી. સમાસ

૧૦. સ. ક્રિ. ગૂંથાવું; ગૂંથવાવું.
વેષ્ણવ અમાં પણું આવહે,
શ્રીકૃષ્ણને આવડું કરવું નવ ઘટે. પ્રેમાનંદ

આવહો [સં. આવર્ત] પું. વાવંટોળ; ચંટોળિયો.

આવહ્ય [સં. અવટ (એ નામના ઋષિ)] પું. અવટ નામના ઋષિનો વંશજ.

આવા (આવ્) ૧. [સં. આ (વારંવાર) + વત્ (વર્ત)] સ્ત્રી. આવર્તન; ફેરણતા.
૨. સ્ત્રી. એ નામની ચારણની દેવી.
૩. સ્ત્રી. કળા; યુક્તિ.
૪. સ્ત્રી. જ્ઞાન; સમજ.
૫. સ. એ નામના લોકોની જાતનું માણસ.
૬. વિ. એ નામના લોકોની જાતનું.

આવાગવન (આવાગવન) [સં. આ (ઉલટું) + વ્ય (જવું) + ૦ા (જવું)] સ. અવરજવર; આવજા.

આવાજત (આવાજત) ૧. સ્ત્રી. કરામત; કુશળતા; ચતુરાઈ.
જ્યારે આવાજત શક્તિ ન ચાલે,
ત્યારે હોય ' સાધુનું ધાબો.
વિજયવાણી
૧. આવાજત તે કોઈના બાપની છે? = હોશિયારીનો કોઈને ઇજારો હોતો નથી.
૨. આવાજત તો બારા સુધી ને ટેસી તેર નામની = પોતાના આંગણા બહારની દુનિયાનું જ્ઞાન ન હોય છતાં બહાર જેવી મારવી કે જાણે અનેક ગામો સંબંધી પોતાને અનુભવ હોય; જાણ કાંઈ હોય નહિ અને દેખાવ બહુ કરવું.
૨. સ્ત્રી. કળા; કસબ.
૩. [સં. આ (વારંવાર) + વત્ (વર્ત)] સ્ત્રી. ગામ ભરીબર ફેમ થાય તેની જાણ.
૪. સ્ત્રી. જ્ઞાન; સમજણ.
૫. સ્ત્રી. ગુમાન; અંદાજ.
૬. સ્ત્રી. હોશિયારી; હિકમત.

આવાગવેચવ (આવાગવેચવ) [સં. આ (વારંવાર) + વત્ (વર્ત) + વિ (જ્ઞ) + વત્ (વર્ત)] સ્ત્રી. ફરફસર; ધરામણની વેતરણ.

આવાજાં (આવાજાં) [આવું + જું (નકારવાચક અવ્યય)] વિ. આના જેવું; આટલું.

આવાડવું (આવાડવું) ૧. [સં. આ (વારંવાર) + વત્ (વર્ત)] સ. ક્રિ. ગામ કેમ કરાય તે બરોબર જાણવું; હથોટી બેસી જવી; માહિતગાર થવું; વાકેફ હોવું; ફાવતાં થવું.
૧. આવડે ત્રેટલું બોલીએ નહિ, અને ભવે તેટલું આઈએ નહિ = કરેક બાબત વિવેકપૂર્વ કરી જોઈએ.
૨. આવડે તેને માન ઘણાં = આવડે તે બીજું બધી જરૂર કરાવે.
૩. આવડે નહિ પૈસા ને રાંધવા પૈસ = જોઈતું જાણતા હોઈએ તેના કરતાં વધારે પડતું દેખાવું; જોયાં સમજ ન પડે તે વાતમાં માથું મારવું.
૨. સ. ક્રિ. ગમવું; પસંદ પડવું.
૩. સ. ક્રિ. ભાસવું; દેખાવું.

આવાડાવ (આવાડાવ) પું. (આકરણ) ફેરફ ગેરસે બીજા પાસે કામ કરાવવું એવા અર્થવાળું કૃપ બનાવનાર પ્રત્યય. જેમકે, લખ + આવાડાવ = લખાવડાવ.

આવાવું (આવાવું) ૧. [સં. ગ્રેતાવત્ (આટલું); આ સર્વનામ ઉપરથી થતું વિસ્તરણ] વિ. આટલું; ગ્રેટલું; અમુક માપનું.
અમે નરસૈંયો, પુર્ત સુણ નાગર,
આવાવું કૂ અસલ આતો!
નરસિંહ
૨. વિ. આટલું ગોકું; આવડું નાનું.

આવાંકૂકે (આવાકૂક) ૧. [સં. ગ્રેતાવત્ (આટલું) + કે (નામાપણું બનાવનાર પ્રત્યય)] વિ. આવડું નાનું.
૨. વિ. ગ્રેટલું જ.

આવાકેકે (આવાકેકે) [સં. ગ્રેતાવત્ (આટલું) + કે (નામાપણું બનાવનાર પ્રત્યય)] વિ. આવડું ગોકું; આટલું નાનું; લગભગ.

આવાકેકેક (આવાકેકેક) [ગ્રેતાવત્ (આટલું) + કેકે (નામાપણું બનાવનાર પ્રત્યય)] વિ. આવડું નાનું; આવડું ગોકું.

આવાવાવાવ [સં. આ (ઉલટું) + વ્ય (જવું) + ૦ા (જવું)] સ્ત્રી. આવજાવ; આવન.

આવાજી [સં. આ (વારંવાર) + વ્ય (જવું)] સ્ત્રી. આવવું તે; આગમન.

આવાત સ્ત્રી. જ. વ. (આમ) ખેડનાં ઓજાર; ખેતીનાં સાધન.

આવાતું (આવાતું) [આ (વારંવાર) + વ્ય (જવું) + કું (નામાપણું બનાવનાર પ્રત્યય)] વિ. આવડું; તરફ જતું.
આવાતકો આવિદર, ઘોબનું ભેલો ઘણી,
વસ્ત અભાસં વીર! ખોટાં કરાબ્યાં ખીમરા.
લોકગીત ખીમરાની કુહો

આવાતવું [સં. આ (વારંવાર) + વ્ય (જવું)] વિ. તરફ જતું; આવતું.

આવાતવંત [આ (વારંવાર) + વ્ય (જવું) + વ (જેવું)] વિ. આવનાર; આવેલ.

આવાતી ૧. [સં. આ (વારંવાર) + વ્ય (જવું)] સ્ત્રી. આવક; આવવું તે.
૨. સ્ત્રી. વેપારની ચીજ બજારમાં આવવાની જાતુ.

આવાતોબ્બો [સં. આ (સુધી) + વ્ય (જવું) + ઇબ્બ (વાળું)] પું. આકર; નોકર.

આવાવું ૧. [સં. આ (ઉલટું) + ઇત (જવેલું)] વિ. આવવાનું; ભવિષ્યનું; હવે પછી થવાનું; પછીનું.
આવતી પાડે વિષ અવાય? = જ્યાં આવવાનો ડોળ તેથી શું હિંમત હરામ?
૨. વિ. ચડતીનું; ઉન્નતિના વખતનું.
૧. આવતા દીને ઓગખવો = ચડતીના વખતમાં સદાચારી રહેવું.
૨. આવતું પૂર = ચડતાં પાણી.
૩. આવતો દિવસ = ચડતીનો વખત.
૩. વિ. તરતનું આવ્યું, નવું; થા થયું.
૧. આવતી વહુ અને બેસતા રાજનો ભાર જો પડ્યો તો પડ્યો નહિ તો બઈ રહ્યું = નવી વહુ અને નવા રાજની શરૂઆતમાં જો સારી ભાવ પડે તો ઠીક નહિતર પછી તેનું માન રહી ન રહે.
૨. આવતો હોકમ અને જતો ગરાસિયો = નવા રાજ અને રસ્તે આલતા ગરાસિયા એ બન્નેના મનમાં બહ ડોળ છે માટે જો તેમને ઊલવામાં આવે તો નુકસાન પહોંચાડ્યા વિના રહે નહિ.
૪. વિ. તરફ જતું.

આવાતા સ. એક જાતનું વહાણ.

આવાત્સર ૧. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.
૨. સ. પૂર્વ ગોત્રનું એ નામનું એક પ્રવર.

આવાદાની [દા. આમદાની] સ્ત્રી. આવક; ઊપજ; કમાઈ; પેદાશ.

આવાધ [સં. આ (ઉલટું) + વધ (કપમને નહિ લાયક)] વિ. હોવાળું; કપડે આપવા જેવું.

આવાધ ૧. સ્ત્રી. (આમ) આશા; ઉમેદ; ઇચ્છા.
૨. સ્ત્રી. ગામ કરવા બદલ વસવાયાને મળતું વતનિન.
૩. સ્ત્રી. ખેડવા આપેલી જમીન.
૪. સ્ત્રી. મુદત; મુકરર કરેલ વખત; અવધિ.
જીવાની કળા રે આવધ. પ્રેમાનંદ
૫. [સં. આયુધ] ન. અસ્ત્ર; હથિયાર; શસ્ત્ર.

આવધમાજજ્ઞ [સં. આયુધ (હથિયાર) + મૂજ્ (સાફ કરવું)] પું. (ક્રિકેટ) સિકલીગર; સરાણિયો.

આવધવાલો [સં. આયુધ (હથિયાર) + વાર્ (વાપરું)] પું. (ક્રિકેટ) સિપાઈ.

આવધી [સં. આયુધ (હથિયાર) + વાર્ (વાપરું)] પું. (ક્રિકેટ) સિપાઈ.

આવન ૧. [અ.] સ્ત્રી. બ. ક. ઋતુઓ.
૨. [સં. આ (તરફ) + વદ્ (બોલવું)]
ક. (હિંદી) આગમન; આવવું તે.
૩. ન. જેમાં ફરીથી ચોખા વાવવામાં આવ્યા હોય એવું ખેતર.
૪. ન. નારબાને ફરતી લોઢાની પાટલી.

આવનઆવન [હિં.] પું. આવવાના ખુશ સમાચાર.

આવનકાલ [હિં.] પું. ભવિષ્યકાલ; આવનાર વખત.

આવનજાવન ૧. [સં. આ (ઉલટું) + વદ્ (બોલવું) + યાન (જવું તે)] ન. આવન-જાવન; આવ્યુંજવ્યું
૨. ન. જન્મમરણ.

આવનેય ૧. [સં. અવની (પૃથ્વી) + ઈય (વાપરું)] પું. (જ્યોતિષ) મંગળ. તે પૃથ્વીનો દીકરો મનાય છે.
૨. પું. (ક્રિકેટ) મંગળ વસ્તુની જાતનો ૬ સૂરો અને ૭૦ લઘુ મળી ૭૬ અક્ષર અથવા ૮૮ માત્રાવાળો એ નામનો એક વિષમવૃત્તિ છંદ.

આવન્ય ૧. પું. (પુરાણ) એ નામનો અવંતિ દેશનો સંસ્કાર વિનાનો બ્રાહ્મણ.
૨. પું. શુક્રર્મા‌ના શિષ્યનું નામ. એણે સામવેદ ભણીને તેની શાખાઓ શિષ્યોને શીખવી હતી.

આવપન ૧. [સં. આ (ચોતરફ) + વપન (વાવણી)] ન. આખું માથું મૂંડાવવું તે.
૨. ન. જે નામનું એક મુખ્ય એટલે વેદના મંત્રનો સમૂહ.
૩. [સં. આ (ઉપર) + વપન (વાવણી)]
ક. ઘાટ વાવવાનું કામ.
૪. ન. ચાળી.
૫. ન. મૂંડવાનું ઓજાર; અસ્ત્રો.
૬. ન. વાવવાનું સાધન; વાવણિયો.

આવપની [સં. આવપ્ (વેરવું)] સ્ત્રી. કુલેર; મંજુ.

આવભ્યા પું. મૂળ નક્ષત્રના અક્ષરોમાં વાવવામાં આવતો એક વેલો; મહાસિંગી; આમળો. તેને એક ઈંચ પહોળી અને ફૂટથી વધારે લાંબી મધની સિંગો થાય છે. સિંગનું શાક અને અથાણું બરોળ મટાડવા અને રેચ તરીકે આપવા છે.

આવભક્ત [સં. આ (તરફ) + વભ્ (ભજવું) + ભક્તિ (સ્નેહ)] સ્ત્રી. સન્માન; આદરસત્કાર.

આવભક્તિ સ્ત્રી. માન; સત્કાર.

આવભગત [સં. આ (તરફ) + વભ્ (ભજવું) + ભક્તિ (પ્રેમ)] ન. આદરસત્કાર; સન્માન.

આવભગતી સ્ત્રી. સન્માન; આવભગત

આવભાવ ૧. [સં. આ (તરફ) + વભ્ (ભજવું) + ભાવ (સ્નેહ)] પું. આદરસત્કાર.
૨. [સં. દ્વાર (ઓની પેઠે) + ભાવ (મનની સ્થિતિ)] પું. આગમસમાં નખશીખ શૃંગારયુક્ત સ્ત્રીનું.
આવભાવ લીધો ભગવતી અમૃતની રેરે પીધો ૨. નરસિંહ

આવમ ૧. [સં. આ (ઉલટું) + વમ્ (બહાર કાઢવું)] ન. આસાત; આવ; આવક.
૨. ન. આવકાર; સત્કાર.
આરી ઉભા રહ્યા તે દ્વાર, આવમ દેવા આવી નાર નાકર

આવય ૧. [સં. આ (તરફ) + વય્ (જવું)] પું. આગમન; આવવું તે.
૨. પું. આવનાર માણસ.
૩. પું. એ નામનો એક દેશ.
૪. ન. વાંકિયાપણું.

આવર ૧. સ્ત્રી. (કચ્છી) આવળ.
૨. [સં. આવર્તન (ચાલવું)] સ્ત્રી. શરૂઆત; પ્રારંભ.
૩. ન. રાખનાર અથવા વાળું જેથી સમજ બતાવનાર શબ્દને છેડો આવે તે અવ્યય. જેમકે, લોર + આવર = લોરાવર, દિલ + આવર = દિલાવર.

આવરક ૧. ન. ઓરડો; ખંડ.
૨. [સં. આ (ઉપર) + વૃ (ઢાંકવું)]
ક. ઢાંકવાનું વસ્ત્ર.
૩. ન. પડદો.
૪. વિ. ઢાંકનાર.

આવરક ઝિલ્લી [આવરક (ઢાંકનારું) + ઝિલ્લી (પડ)] સ્ત્રી. આંતરપડ; ઢાંકનાર પડ.

આવરકૂટો ૧. [સં. આવુપ્ત (આવરણ) + કૂટ (આડકતરું)] પું. આવરકાનો અંત; ગોત; મરણ; મન્તુ.
૨. પું. આકીને લોચપોચ કર્યા જવું તે.
૩. પું. આંબીનુટી જવું તે; આડકણે.
એમ પશુનો આવરકૂટો, સૌના સર્વનો આણુપ્ત ખૂટ્યો. અખિલબ્રહ્મ આખ્યાન

આવરખૂટો પું. ગોત; આવરકૂટો.

આવરગોવળ સ્ત્રી. (ગ્રામ્ય) પરિવાર; આજબાજુમાંવાળું બધોળું કુટુંબ.

આવરજવર [સં. આવર્જન (ગમે કરવું તે)] સ્ત્રી. ખુશ કરવાપણું; પ્રેમ મેળવવો તે.

આવરજાવર [સં. આ (ઉલટું) + વદ્ (જવું) + યા (જવું)] પું. અવરજવર; આવન.

આવરણ ૧. પું. (પુરાણ) સ્વાયંભુવ મનુના વંશના ભરતને પંચજની સ્ત્રીથી થયેલા પાંચ દીકરામાંનો ચોથો.
૨. ન અજ્ઞાન; અજાણપણું. અંતઃકરણના ચાર ખાંડેનો આ એક દોષ ગણાય છે.
૩. [સં. આ (ચોતરફ) + વૃ (ઢાંકવું)]
ન. અજ્ઞાનનું પડ; અજાણતા રૂપી ઢાંકણ.
૪. ન. અડચણ; અંતરાય; વિઘ્ન; હરકત.
૫. ન. (ગણિત) અમુક નિયમ પ્રમાણે ફરતી સુરેખા જેટલે સાંધી લીટી જે વડ જેટલે જગાના રૂપકંક ('ટેન્જન્ટ') તરીકે હમેશા રહેતી હોય તે વક્ર; અન્વયોપ.
૬. ન. આંખપાટો; બાજા તમ.
૭. ન. આગળિયો.
૮. [સં. આ (ઉપર) + વૃ (ઢાંકવું)]
ન. આચ્છાદન; ઢાંકવાનું કામ; આવૃતિ.
૯. ન. કવચ; બખતર.
૧૦. ન. કોઈ વસ્તુ ઉપર લપેટેલું કપડું;
૧૧. ન. ઢાલ.
૧૨. ન. ઢાંકણ; પડ; વેષ્ટન; પડદો.
૧૩. ન. બેભાન અવસ્થા.
૧૪ ન. ભીંત.
૧૫. ન. (જૈન) માથાનું ઢાંકણ.
૧૬. ન. મૂલાવિદ્યાનો એક ભેદ; કુદરત એટલે પરમેશ્વર નથી અને તે દેખાતો નથી એવું બતાવવું તે કહેવું તે.
૧૭. ન. વંડો; વાડ.
૧૮. ન. સંખ્યા બળોનો સમૂહ.

આવરણત્વ [સં. આ (ચોતરફ) + વૃ (ઢાંકવું) + ત્વ (પણું)] ન. અજ્ઞાનતા; અજાણપણું.

આવરણત્વચા [સં. આવરણ (ઢાંકણ) + ત્વચા (ચામડી)] સ્ત્રી. અંદરની પાતળી ચામડીનું પડ; તનુત્વચા.

આવરણપત્ર [સં. આવરણ (ઢાંકણ) + પત્ર (પાંદડું)] પું. ચોપડીની સાચવટ માટે તેના ઉપર ચઢાવેલ પૂંઠું; 'કવર'. તેના ઉપર ચોપડીનું અને તેના લેખકનું નામ પણ હોય છે.

આવરણભંગ [સં. આવરણ (અજ્ઞાનનું કોશ) + ભંગ (તોડવાપણું)] પું. અજ્ઞાનને દૂર કરવાપણું.

અહમાં કૃતજ્ઞતાદિ ન હતાં પણ આવરણભંગને માટે કૃતજ્ઞતાદિની અપેક્ષા છે. સિદ્ધાંતસાર

આવરણશક્તિ ૧. સ્ત્રી. આત્માને ઢાંકી દઈ આત્મામાં કર્તા ભોક્તા ભોટમે કરનાર," ભોક્તા ભોટલે ભોગવનાર અને સુખદુઃખની ભાવના ઊપજવે એવી માયાની શક્તિ.

૨. [સં. આવરણ (કોશ) + શક્તિ (બળ)] સ્ત્રી. (વેદાંત) વસ્તુના ખરા સ્વરૂપને ઢાંકનારી શક્તિ.

અવિદ્યાની બે શક્તિઓ છે: (૧) આવરણશક્તિ અને (૨) વિક્ષેપશક્તિ. **આવરણશક્તિ** વસ્તુના સ્વરૂપને ઢાંકે છે. આત્માનું જ્ઞાન ખરા દેતી નથી. સિદ્ધાંતસાર

આવરણાંતરપુરજાતુ [સં. આવરણ (કોશ) + અંતર (બીજી) + પુરસ (આગળ) + જાનુ (ઘૂંટણ)] પું. અંદરની ચામડીના પહેલી નીચેનું ઘૂંટણની ઢાંકણીનું હાડકું.

આવરણી ૧. સ્ત્રી. માંસાવરક: માંસ ઉપર આવેલ પહેલો પડોઃ 'ફેશિઆ'.

૨. [સં. આ (ચોતરફ) + વરણ (કોશ) + ઇન્ (વાળું)] સ્ત્રી. બીજળીનો પ્રવાહ જોઈએ તેને બીજામાં પેસી ન શકે તેનું ઢાંકણ; વેષ્ટની; અવાહકવેષ્ટન; 'ઇન્સુલેટર'.

આવરત જ. (ઠિંગણ) ભમ્મર; નેણ.

આવરત સાવરત જ. (ઠિંગણ) બળે બાલુ.

આવરદા ૧. [સં. આયુસ (જિંદગી) + દા (આપવું)] પું.; સ્ત્રી.; જ. ઉંમર; આયુષ્ય જીવનસમય.

૨. સ્ત્રી. જિંદગાની; જીવતર.

૧. આવરદા આવી રહેવી–ખૂટવી = જિંદગી પૂરી થવી.

૨. આવરદાની બલિહારી = સાંભળ આયુષ્યવાળો.

૩. [સં. આવર્તન (વાવવું)] વિ. વાવેલું; આણેલું.

આવરદાનવીસ [સં. આવર્તન (વાવવું) + નવિસતન્ (લખવું)] પું. હિસાબની નોંધ રાખનાર માણસ.

આવરદો [સં. આવર્તન (વાવવું)] વિ. પું. આણેલો; આશ્રિત.

આવરવું ૧. જ. ક્રિ. ઢંકાવું; છવાઈ જવું.

૨. જ ક્રિ. ખવાવું; ફેલાવું; વિસ્તરવું.

દીપ જ્યોતિનો પૂરે પ્રકાશ, આવરી રહે છે આંધારે. ભોટમ

૩. જ. ક્રિ. આચ્છાદવું; ઢાંકવું; ઓઢી લેવું.

૪. જ. ક્રિ. ભેગી લેવું; લઈ લેવું.

૫. [સં. આ (ચોતરફ) + વૃ (ઢાંકવું)] જ. ક્રિ. ઘેરવું; વીંટી લેવું.

૬. જ. ક્રિ. રૂંધવું; અટકાવું કરવી; વિઘ્ન નાખવું.

આવરસમઃ [સં. આવર (રાત્રિનો) + સમ (પૂરેપૂરું) + ક (વાળું)] સ્ત્રી. વર્ષની રાત્રિમાં આપવાનું કરજ.

આવરા ખર્ચ [જ. આખરા (હિસાબ) + અ. ખર્ચ (ખરચ)] પું.; જ. આવક અને ખરચ; આવકજાવક.

આવરાજ પું. (આકરણ) ગેરફ એટલે કિંમતી ખનીજ પત્થરે કરાવવી એમ રૂપ બતાવનાર પ્રત્યય. જેમકે, ખપારાવ.

આવરાવું જ. ક્રિ. ઢંકાવ એમ કરવું.

આવરિત ૧. [સં. આ (ચોતરફ) + વૃત (ઢંકાયેલ)] વિ. બહારથી ઘેરાયેલ; અભ્યંતરપદાર્થથી ઢંકાયેલ.

૨. વિ. (ઠિંગણ) ઢંકાયેલું; ઘેરાયેલું.

૩. વિ. (ઠિંગણ) ઢંકેલું.

૪. વિ. (ઠિંગણ) બંધ.

આવરું [સં. આ (ચોતરફ) + વૃ (ઢાંકવું)] વિ. ઘેરાયેલ; આપ્ત.

હું રામ નામ રટણ વિણ રાખ આવરું.

દમારામ

આવરેઆવરે [આવરું (આવરાયેલું ઘેરું રૂપ) + આવરું (ઘેરાયેલ)] વિ. ચારેકું; ચોતરફથી ઘેરાયેલ; મંત્રાયેલ.

આવરેજ ૧. [અ. એવરિજ] સ્ત્રી. અંદાજ; આશરો; અડસટ્ટો.

૨. સ્ત્રી. નાની મોટી રકમોના સરવાળાને તે રકમની સંખ્યાએ ભાગવાથી આવતું માપ; સરાસરી; પ્રમાણ.

૩. સ્ત્રી. ફાગો; બાજે પડતી રકમ.

આવરો ૧. [જ. આખરા (હિસાબ)] પું. આવકની નોંધપોથી; રોજમેળ ઉપરથી કરેલ આતાવાર આવકજાવકનો ચોપડો.

આવરો ખતવવો = નોંધના ચોપડામાંથી નામું ઉતારવું.

૨. પું. કમાણી; આવક; પેદાશ.

૩. પું. ક્રમાનું; વહેણ.

૪. [સં. આકાર] પું. બાઝણ; બાઝવાટ; બાવાની બાલના; આરપ્ત મંદવાડમાંથી ઊઠ્યા પછી ધીરેધીરે ધીરેધીરે આવે આવે કર્યા કરે તે.

આવરોઆવરો ૧. [સં. આ (ચારે બાજુ) + વૃ (ઢાંકવું) + રા (ઢાંકવું)] પું. આવરણ; આવળ.

૨. પું. આવકજાવક; ઊપજઆર્થ.

૩. પું. ઓળખાણ; પરિચય; મિલાપ.

આવરોહ [સં. આવરોહ (ઊતરવું)] પું. (સંગીત) સૂર ઊતરવો તે.

આવર્ષી ૧. [જ.] પું. દરરોજના કામની નોંધપોથી; રોજમેળી.

૨. પું. હિસાબનો કાચો ચોપડો.

આવર્જન ૧. [સં. આ (તરફ) + વર્જન (દેવાપણું)] જ. આપવું તે.

૨. જ. આવવાપણું; આગમન.

૩. જ. આકરી; બરદાસ; સંભા.ળ.

૪. જ. નમન; વળાંક.

૫. જ. પ્રસન્નતાનાં ચિહ્નોનું પ્રદર્શક પદાર્થમાંથી જતાં થંક દેખાવાપણું.

૬. જ. (જૈન) મન, વચન અને શરીરથી થતાં સારાં કામ.

૭. જ. મહેમાનગીરી; પરોણાગાકરી; આગતાસ્વાગતા.

આવર્જનવિસર્જન [સં. આવર્જન (આગમન) + વિસર્જન (ગમન)] જ. જન્મતમાં આવવું ને જવું તે; જન્મમરણ.

દુઃખ એજ અહ છે જેમ વિચારથી જાણે તો આવર્જનવિસર્જન મટી જાય છે.

પંચદશી

આવર્જના ૧. [સં. આવર્જ (ભેગું કરવું)] સ્ત્રી. દશકો; રાશિ; સ્તૂપ.

૨. સ્ત્રી. પરોણાગાકરી; આગતાસ્વાગતા.

આવર્ણ [જ. આવર્ણો] પું. હિસાબ રાખવાની વહી.

આવર્જિત ૧. [સં. આ (ઊલટું) + વર્જિત (છોડેલું)] વિ. આપેલ; દીધેલ.

૨. વિ. લાગ કરેલ; કેરેલ.

૩. વિ. નમાવેલ; નીચું કરેલ.

આવર્ણું [સ. આવરણ] જ. આચ્છાદન; ઢંકણ.

આવર્ત ૧. [સં. આ (ચારે બાજુ) + વૃત (ફરવું)] પું. (સંગીત) અઠ્ઠાવન પલોલમાર મહિનો તેંતાળીસમો.

૨. પું. એ નામનો એક દેશ.

૩. પું. એક જાતનું રત્ન; રાજાવર્ત; લાજવર્દ.

૪. પું. બીજ વસતીવાળી જગ્યા.

૫. [સં. આ (ચારે બાજુ) + વૃત (ફરવું)] પું. ગોળ ફરવું તે; આંટો; ચક્કર.વો; પરિભ્રમણ.

૬. પું. ઘૂમરી; ચકરી; ભમરી; વમળ; જલભ્રમર.

૭. પું. ઘોડાના શરીર ઉપર દેખાતી રુવાંટીની જાતની ગોળાકાર નિશાની.

૮. પું. ચાર જેવાધિપ મહિનો એક.

૯. પું. ચિંતા; ઉપાધિ.
૧૦. પું. (સંગીત) તાલનું એક માપ. રૂપકતાલમાં 'એક બે,' 'એક બે ત્રણ ચાર' ક્રમ ફરી ફરીને બંધ બજતા અર્થ 'એ' અક્ષર ઉપર ટેકો બરાબર છે. આ પ્રમાણે ૭ બંધ બજાય એટલે તેને એક આવર્ત કહે છે. વળી જેટલા ઠેકાનો તાલ હોય તેટલા ઠેકા વિસામા સહિત બજવામાં આવે તેને પણ એક આવર્ત કહે છે.
૧૧. પું. નેણ ઉપર કપાળમાં આવેલો ખાડો.
૧૨. પું. પરિભ્રમણ; ઝડપગતિ.
૧૩. પું. (જૂ. સ્ત્રી.) ભમરો.
જેમ નદી પ્રબળ વેગે આવર્ત,
તે બારણે પોતાનું અર્ત. જ્ઞાનસમય
૧૪. પું. મનમાં ચટાપટ કરવી તે; વિચાર.
૧૫. પું. મોહપાશ; ભુલવણી.
૧૬. પું. વંટોળિયો; કૂંડાળામાં ફરતો જોરમાં વાતો પવન.
૧૭. પું. લડાઈ; સંગ્રામ.
જમ આવર્ત પડ્યો સદેવ ૨. પ્રેમાનંદ
૧૮. પું. સંસાર.
૧૯. ન. અથડાવું તે; ભટકાવાપણું.
૨૦. ન. (જૈન) એ નામનું એક વિમાન.
૨૧. ન. ચક્ર; ભમરો; કૂંડાળું.
અતીસ અંગિનનું એક ગોળ આવર્ત અથવા મંડળ કરી તેમાં લંકા સ્થાપન કરવી. ગાજવલ્લભ
૨૨. ન. ધાતુને ઓગાળવાપણું.
૨૩. ન. ફરી ફરી બતાવવાનું કામ.
૨૪. ન. માક્ષિક એટલે ક્રમ જેવી એક ધાતુ; ઔષધિમાં વપરાતી એક ઉપધાતુ.
૨૫. વિ. (ગણિત) અમુક નિયમ પ્રમાણે ફરી ફરીને આવતું; પુનરાવર્તી; 'રિકરિંગ'.
૨૬. વિ. આંટા આતું; ફરી ફરી આવતું.

આવર્તક ૧. [સં. આ (ચોતરફ) + વૃત્ (બનવું)] પું. આંટો; ચકરાવો.
૨. પું. એક જાતનું ઝેરી જીવડું.
૩. પું. ચકરી; ભમરી; પાણીનું વમળ.
૪. પું. ચાર મેયાધિપોમાંનો એ નામનો એક.
સંસાર કેરા પ્રલયાન્તકાળે,
આવર્તકોને પુષ્કર બખાણે. હિંદ્રજાતમય
૫. પું. દોલનકાળ; ઘડીકાળ; ફરી તે જ ક્રમથી આવતાં લાગતો વખત; 'પીરિઅડ'.
૬. પું. નેણની ઉપર કપાળમાં રહેલો ખાડો.
૭. પું. (સંગીત) બાર અલંકાર માંહેનો એ નામનો એક.
૮. પું. ઝવાંટાંવું મોઢાનું એક ચિહ્ન.
૯. પું. વાળનું ચૂંચળું.
૧૦. વિ. આંટા આતું; વારેવારે આવતું.
૧૧. વિ. ગાળનાર; ધાતુને ઓગાળનાર.
૧૨. વિ. નિયમિત રીતે ફરી ફરીને આવતું; 'રિકરિંગ'.
૧૩. વિ. ફરતું; ગોળાકારમાં ચાલતું.
૧૪. વિ. ફરી ફરી અભ્યાસ કરનાર.
૧૫. વિ. વારંવાર અથડાવનાર.

આવર્તકી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ.
૨. સ્ત્રી. મરડાશીંગીનું ઝાડ. તેને અમળાઈ ગયેલી શીંગો આવે છે, તેથી તેને મરડાશીંગી કહે છે.

આવર્તકેતુ [સં. આ (ચારે બાજુ) + વૃત્ (બનવું) + કેતુ (પ્રકાશિયે તારો)] પું. (જ્યોતિષ) અમુક વખતને અંતરે દેખાતો ધૂમકેતુ; 'પિરિયોડિકલ કોમેટ'.

આવર્તદશાંશ [સં. આ (વારંવાર) + વૃત્ (બનવું) + દશન્ (દસ) + અંશ (ભાગ)] પું. (ગણિત) ફરી ફરી દશાંશ આવે એવી રકમ; પુનરાવર્ત દશાંશ; 'રિકરિંગ ડેસિમલ'. જેમકે, ૨૩=૨.૧૧૧૧૧ ....

આવર્તન ૧. પું. જંબુદ્વીપનો એક જૈન ભેદ.
સ્વયંપ્રભ, મંદરાભ, આવર્તન, વમણક, મંદર, હરિસહ, પાંચજન્ય, સિદ્ધક અને લંકા એ નામના જંબુદ્વીપના આઠ ઉપદ્વીપો છે. જ્ઞાનચંદ્રી જ્ઞાનવત
૨. પું. વિષ્ણુનું એક નામ. સંસારચક્રને પ્રભાવવાનો તેનો સ્વભાવ હોવાથી તેમ જ અવતાર લઈને જગતમાં ધર્મનું તેમ જ ભક્તોનું રક્ષણ કરવા અને અસુરોનો નાશ કરવા ફરી ફરીને પ્રગટ થતા હોવાથી તે આવર્તન કહેવાય છે.
૩. ન. ઉપાડબંધ.
૪. [સં. આ (વારંવાર) + વર્તન (વર્તાવવું)] ન. એકને એક ક્રમ ફરી ફરીને કરવાપણું; ભક્તિ; વલોવવું; આવૃત્તિ.
૫. ન. ગુણાકાર; એક સંખ્યાને બીજી સંખ્યા જેટલી વાર ક્રમવાર લેતો વપરાશ.
૬. ન. ચકરાવો; ફેરવો.
૭. ન. તૈયારી.
૮. ન. ધાતુનું ગળવું.
૯. ન. ખાસું ફેરવવાપણું.
૧૦. ન. ફરી ફરી કરવાનું વાચન; ગોખણપટ્ટી; પારાયણ.
૧૧. ન. ભલામણલી; એકની એક વસ્તુ ઉપલાવવાનું કામ; ફેરફારી.
૧૨. ન. બે પહોર પછીનો વખત; ત્રીજો પહોર; પરાહ્ન; મધ્યાહ્નભાગ; બપોર.
૧૩. ન. મરડ; ધમ્મક; ઝબિલાપો.
૧૪. [સં. આ (તરફ) + વૃત્ (ફરવું)] ન. વકીલાતનો ફિરચાનું ચાકું થવું તે.
૧૫. ન. વારંવાર આવવાપણું.
૧૬. ન. ચીટાળો.
૧૭. વિ. ગોળ ફરતું.

આવર્તનકાલ [સં. આ (વારંવાર) + વર્તન (વર્તવું તે) + કાલ (વખત)] પું. નિયમિતપણે વારંવાર આવતો મુકરર વખત; આવૃત્તિકાલ; 'પીરિઅડ'.

આવર્તની ૧. સ્ત્રી. કડછી; ચમચો.
૨. [સં. આવર્તન (ગોળાકારમાંનું) + ઈન્ (વાળું)] સ્ત્રી. ધાતુ ગાળવાની મુશકી; મૂસ.
૩. સ્ત્રી. મરડાશીંગીનું ઝાડ.

આવર્તનીય ૧. [સં. આવર્તન (ફિરાવવાનું કામ) + ઈય (જેવું)] વિ. ગાળવા જેવું.
૨. વિ. મુશ્કી વગેરે જેવું.
૩. વિ. ભમવા લાયક; વલોવવા જેવું.
૪. વિ. વારંવાર પાઠ કરવા યોગ્ય.

આવર્ત પરંપરિત અપૂર્ણાંક [સં. આ (વારંવાર) + વૃત્ (બનવું) + પરંપરા (ક્રમ) + કૃત (વાપરેલું) + અ (નહિ) + પૂર્ણ (પૂરું) + અંક (આંકડો)] પું. (ગણિત) દેખાતા અંક અને છેક અમુક ક્રમમાં ફરી ફરીને આવતા હોય તેવો અપૂર્ણાંક, જેમકે,

$$\sqrt{11} = 3 + \cfrac{1}{3 + \cfrac{1}{1 + \cfrac{1}{2 + \cfrac{1}{1 + \cfrac{1}{3 + \cdots}}}}}$$

આવર્તમણિ પું. એક જાતનો મણિ; શાલ્મવર્ત મણિ; શાલ્મવર્ત પથ્થર.

આવર્તમર્મ [સં. આવર્ત (નેણ ઉપર કપાળમાં આવેલ ખાડો) + મર્મન્ (ખાસ ભાગ)] ન. બંને નેણની ઉપરના ખાડામાં આવેલા કોમળ ભાગ.

આવર્તમાન ૧. [સં. આ (વારંવાર) + વર્તમાન (બનતું)] ન. ફરી ફરી કરવાપણું; અભ્યાસ; આવૃત્તિ.
૨. [સં. આ (ચોતરફ) + વર્તમાન (રહેતું)] વિ. સર્વવ્યાપક; બધે વ્યાપી રહેતું.

આવર્તમાનપુષ પું. શિવ.

આવર્તમાનવપુષ [સં. આ (ચોતરફ) + વર્તમાન (રહેતું) + વપુષ્ (શરીર)] પું. શિવ. તે સર્વવ્યાપક છે, તેથી તે આવર્તમાનવપુષ કહેવાય છે.

આવર્ત માર્ગ [સં. આવર્ત (ગોળ ફરવું) + માર્ગ (રસ્તો)] પું. વાંકો રસ્તો.

આવર્તમેઘ ૧. [સં. આવર્ત (વાળવું ચંચળું) + મેઘ (વાદળ)] પું. જૈનના આયક્રમના જેવા ગણાવવું વાદળું.

૨. પું. બાર મહિનો એ નામનો મેઘાધિપ.

આવર્તવું ૧. [સં. આ (ચોતરફ) + વૃત્ (વર્તવું)] અ. ક્રિ. ફેરી ભેવું; ફરી વળવું.

૨. અ.ક્રિ. આકારે ઘૂમવું; ગોળ ફરવું.

૩. અ. ક્રિ. ઢાંકવું.

૪. અ. ક્રિ. ફરી ફરવું; પાછું ફરવું.

૫. [સં. આ (વારંવાર) + વૃત્ (વર્તવું)] અ. ક્રિ. ફરી ફરી આવવું; વારંવાર થવું.

૬. સ. ક્રિ. બથમાં લેવું; ભેટવું; આલિંગન કરવું.

રતિ સમુદીર મુરંધર રામા,
પ્રિયવર આવર્તતી સકામા. ગીતગોવિંદ

આવર્તમેખી [સં. આ (વારંવાર) + વૃત્ (વર્તવું) + મેખી (હાર)] સ્ત્રી. (ગણિત) પહેલાં બે પદ આપ્યાં હોય અને તે ઉપરથી ત્રીજું પદ કાઢવાનો નિયમ આપ્યો હોય અને તે નિયમ બીજા અને ત્રીજા પદને લગાડવાથી બીજું પદ નીકળતું હોય, ત્રીજા અને બીજા પદને લગાડવાથી પાંચમું પદ નીકળે અને એમ આગળ ને આગળ પદો નીકળ્યા કરે તેવી મેખી બેટલે સંખ્યાની હાર.

આવર્તાકાર [સં. આવર્ત (વાળવું ચંચળું) + આકાર (ઘાટ)] વિ. જૈનના ક્રમવા જેવું દેખાતું.

આવર્તાંક [સં. આવર્ત (વારંવાર આવવું) + અંક (આંકડો)] પું. પુનરાવર્તી અંક; નિયમિત રીતે ફરી ફરી આવતો અંક. જેમકે, ૩=૧૧૧૧૧૧૧૧.....

આવર્તિક [સં. આવર્ત (ચક્રાવો) + ઇક (વાળું)] ક. ખૂણિયું; ખૂણાદાની.

આવર્તિકગતિ [સં. આવર્ત (ચક્રાવો) + ઇક (વાળું) + ગતિ (ચાલ)] સ્ત્રી. સંવાહિત ગતિ; સાદસી ગતિ; કેંદ્રાણમાં એકસરખી ઝડપથી ફરતી ચીજથી તે કેંદ્રાણના બાસ ઉપર ખડેલા લંબ (પર્પેન્ડિકયુલર)ના પાદ (કૂટ)થી ઝતી ગતિ; 'હાર્મોનિક મોશન'.

આવર્તિત ૧. વિ. ગાળેલ; ઓગળાવેલ.

૨. વિ. ગુણેલ.

૩. [સં. આ (ચોતરફ) + વર્તિત (ગયેલું)] વિ. પુનરાવેલું; ફેરવેલું.

૪. વિ. ફરી ફરી અભ્યાસ કરેલ; વારંવાર પાઠ કરેલ.

૫. વિ. મહેલ; વલોવેલ.

૬. વિ. વમળવાળું; ઘૂમરી પડી હોય એવું.

આવર્તિની ૧. [સં. આવર્તિન્ (ગોળ ફરવું) + ઈ (નારીજાતિને પ્રત્યય)] સ્ત્રી. ઘૂમરી; ભમરી.

૨. સ્ત્રી. (સંગીત) બારીસ મહેની પંદરમી શ્રુતિ.

૩. સ્ત્રી. મેંટાસોમી; અબ્જવૃંભી; મરાસીમ.

આવર્તી ૧. [સં. આવર્ત (વાળવું ચંચળું) + ઇન્ (વાળું)] પું. શરીર ઉપર ઠેકાણે ઠેકાણે વાળનાં ચૂંચળાં હોય એવો ઘોડો. આ શુભ ચિહ્ન મનાય છે.

૨. વિ. ગાળનાર.

૩. વિ. ઘુમનાર.

૪. [સં. આ (ચોતરફ) + વૃત્ (વર્તવું) + ઇન્ (વાળું)] વિ. ઘૂમરીવાળું; ચક્કર ચક્કર ફરતું; કૂંડાળાના આકારમાં ચાલતું.

૫. વિ. (ગણિત) ફરી ફરીને આવનારું; પુનરાવર્તી; 'રિકરિંગ.'

૬. વિ. વલોવનાર; મથનાર.

આવર્ત્ત ૧. [સં. આવૃત્ (વૃત્ત)] અ. ઝકરાવો; કૂંડાળું.

૨. અ. ભમરી; આટો.

૩. [સં. આ (ચુપી) + વૃત્ (ઢોવું)] વિ. નક્કી કરેલ વખત પછી ફરી બનતું; નિયમિત સમયે ફરીથી આવતું.

આવર્ત્તક [સં.] પું. (યોગ) યોગમાં આવું એક પ્રકારનું વિઘ્ન, જેથી યોગીનું ધ્યાન બરાબર થઈ શકે અને તેનું ચિત્ત નષ્ટ થઈ જાય.

આવર્ત્તન પું. જંબુદ્વીપનો એક પેટા ભેદ. લાખો આવર્તન.

આવર્ત્તન કેંદ્ર અ. જરૂરવધૂનું (મોમન્ટ ઓવ ઇનર્શિયા) જોરથી ધરી ઉપર ફરતી કોઈ વસ્તુની ગતિ બહારથી લેવાંથી કરતા વિરોધીબળના પરિણામને ફેરવવા બરાબર જે કેંદ્રોથે વસ્તુનો બધો ચિક કેન્દ્રીભૂત માન તે બિંદુ; 'સેન્ટર ઓવ ઓસ્કિલેશન'.

આવર્ત્તનાંક [સં. આવર્તન (ચક્રાવો ફરવાપણું) + અંક (ચિહ્ન)] અ. ચક્રાવાની અંક; 'રિકરેંટિવ સેન્ડેન્સ'.

આવર્દ [ફા.] વિ. ફરતી નહિ એવું; અસ્થાવાવિક; બનાવટી; કૃત્રિમ.

આવર્દી [ફા.] વિ. મહેરબાનીવાળું; કૃપાપાત્ર.

આવલ ૧. [સં. આ (બધાને) + વલ્ (ફરી ; વળવું)] અ. ચોખ્ખું પીંજેલું રૂ.

પોલ રૂદેસાં બાયર્યાં, આવલમાં બારી મેહ;
બમા બમા રહુ મી કહે, નારી સાથે નેહ.
રાસમા

૨. વિ. લંબગોળ; અંડાકાર; ઈંડાના આકારનું.

આવલન [સં. આવલ્ (ફરવું)] ન. અંગ મરડવું તે.

આવલહ [પુ.] ન. બગાસું.

આવલાં ૧. અ.ક.ભ.ક. કામ ન બની શકે તેવું હોય છતાં તેને માટે કરવામાં આવતી મહેનત; કાંધાં; હવાતિયાં.

૨. સ.ક.ભ.ક. ઢોરનો સરસામાન.

૩. સ.ક.ભ.ક. સંકટમાં સપડાયેલા કે ફસાતા માણસ તરફથી કરવામાં આવતા બચવાના પ્રયત્ન; તરફડિયાં.

૪. અ. (બા.બો.) આ તરફ; આણીગમ.
બાણ તણાં કાંઈ નહુવી કથા,
ઊઠ વલિન આવુ આવલાં. સાવલપરસમા

આવલિ ૧. [સં. આવર્તાવી (આવવું)] સ્ત્રી. (બીજી) આવળ.

૨. [સં.] સ્ત્રી. ઓળ; હાર; પંક્તિ; લીટી.
સદા આવલિ આલિ તતિ શ્રેણ પંક્તિ સુધાઈ,
નહીં પાલ શ્રોવાલી નિશાલ વેલી કાંઈ.
પિંગળસારપ્રકાશ

૩. [હિં.] સ્ત્રી. કમનસીબી; દુઃખ.

૪. સ્ત્રી. પરંપરા; મેખી.

૫. સ્ત્રી. મરણ ઉપજવે એવો ભય.

૬. સ્ત્રી. વંશ.

આવલિકા સ્ત્રી. (જૈન) બધા બારીક વખતનું એક માપ; એક શ્વાસોચ્છ્વાસનો નાનામાં નાનો ભાગ.

આવલિત [સં. આ (સહેજ) + વલ્ (વળવું) + ઇત (એલું)] વિ. સહેજ વળેલું.

આવલી ૧. [સં. આવર્તાવી (આવવું)] સ્ત્રી. (બીજી) આવળ.

૨. સ્ત્રી. કડિયાની એ નામની બટક.

૩. સ્ત્રી. (જૈન) વખતનું એક માપ. ગણી ન શકાય તેટલા વખતની એક આવલી થાય છે.

૪. સ્ત્રી. (મરાઠી) વહાલી બેની; બહેનને બોલાવવાનો શબ્દ.

૫. ન. કડિયાની એ નામની બટકનું માપ.

૬. વિ. કડિયાની એ નામની બટકનું.

આવલો પું. (કચ્છી) ઢોરને અને તેને લગતો પાણી ભેગવવાનો સામાન; આવલાં.

આવવું ૧. [સં. આપત્ (બનવું)] અ.ક્રિ. અમુક પ્રસંગ થવો; બનાવ બનવો.

૨. અ. ક્રિ. આવી પહોંચવું; હાજર થવું.
૩. અ. ક્રિ. ઊગવું.
૪. અ. ક્રિ. ઊતરવું.
૫. અ. ક્રિ. એકઠા થવું; ભેગા મળવું.
૬. અ. ક્રિ. કબજો થવું; નક્કી થવું.
૭. અ. ક્રિ. કોઈ પણ હાલતમાં જઈ પડવું.
૮. અ. ક્રિ. ખીલવું.
૯. અ. ક્રિ. ઘડાવું; બંધાવું; સારો ઘાટ કે દેખાવ થવો. જેમકે, પાઘડી ઠીક ન આવી.
૧૦. અ. ક્રિ. છૂટવું.
૧૧. અ. ક્રિ. જણાવું; અસર થવી.
૧૨. અ. ક્રિ. જન્મવું.
૧૩. અ. ક્રિ. જવું; કોઈની પાસેથી છૂટું પડીને જવું. આવવું અને પધારવું એ બે ક્રિયાપદ આદરાર્થમાં જેટલા અર્થમાં વપરાય છે.
૧૪. અ. ક્રિ. જવું અને પાછું આવવું.
૧૫. અ. ક્રિ. તૈયારી ઉપર હોવું. જેમકે, ઘર પડવા આવ્યું છે.
૧૬. અ. ક્રિ. થવું. જેમકે, તેને શંકા આવી.
૧૭. [સે. આયાત; અપ. આઅ] અ. ક્રિ. દાખલ થવું; પ્રવેશ કરવો; અંદર જવું.
૧૮. અ. ક્રિ. દેખાવું; જાણવું; સમજવું.
૧૯. [સં. આ (ઊલટું) + વ્રજ્ (જવું)] અ. ક્રિ. નષ્ટ થવું.

૧. અમે આવ્યા અહીં તો તમમાં ન મળે કોઈ = કોઈ પણ ક્રમ ન કરવું.
૨. આગળ આવવું = (૧) આવકાર આપવા જવું (૨) બનવું. (૩) વર્તવું.
૩. આવ કહે સો બોલિયા, જેડ કહે સો પીર, ઇષ્ટ: ઘર આદર નહિ, ઉમરા ઘાટો શિર = જે પીર આદરસત્કાર ન પામે તે પીર જવું નહિ.
૪. આવ મુબારા પત્ર ઉપર = અધવચમાં મુશ્કેલી આવવી.
૫. આવ ભલા પાઠ ભણા = અધવચમાં મુશ્કેલી આવી પડવી.
૬. આવ મારી ઝાપટી, તું ક્યાં યે ન સમાણી; નેવે આવ્યાં પાણી, તો યે ન તણાણી = નરસું કર્યાં ન પોસાતું નથી.
૭. આવ રે ભાઈ કરણ, આપણે બંને સરખા = બંને દુનિયા માણસ જેવા મળે ત્યારે આ પ્રમાણે બોલાય છે.
૮. આવકની આર ન્હિ અને જવાની પાર = પૈસો આવે ઓછો અને ખર્ચ વધુ.
૯. આવશે વહુ ત્યારે બનશે સહુ = વહુ આવે ત્યારે કજિયો એની મેળે થાય છે.
૧૦. આવી ઘાટડીએ તે ભવ ઠાકીએ = હિંદુઓમાં વિધવા થવી તે બધે, પછી તે ભંગાતો નથી.
૧૧. આવી ચડવું = (૧) આવી મળવું; અમુકને વખતે આવી પહોંચવું. (૨) એકઠા થવું. (૩) ઓછી કીમતે મળવું.
૧૨. આવી ચૂકવું = (૧) તદ્દન થાકી રહેવું. (૨) બાકી રહેવું; ખૂટી ચુકવું. જેમકે, પૂરી તો આવી, પણ હીરો આવી રહ્યો છે. (૩) નખળું પડી જવું. (૪) પ્રભાવ નાબુદ થવો. (૫) પૈસે ટકે તંગ થવું. (૬) બંધ પડવું. (૭) મોતની તૈયારી પર હોવું.
૧૩. આવી જવું = (૧) બોલી વાર માટે આવવું. (૨) પહોંચવું. (૩) સોજો, રોગ વગેરેને લીધે ફરક થવું. જેમકે, મોઢું આવી ગયું છે. (૪) ફજેતી આભડછેટ કરવું; સામી ટક્કર ઝીલવાને તૈયાર થવું; પડકાર કરવો.
૧૪. આવી તે લક્ષ્મી ને જઈ તે ભલા = જે થયું તે ઠીક થયું.
૧૫. આવી પડવું = (૧) જવાબદાર હોવું. (૨) દુઃખ અથવા સંકટનું એકદમ આવીને પડવું. (૩) નસીબમાં હોવું. (૪) માન આપવું; આદરભાવ બતાવવો. (૫) હુમલો કરવો; ધાવા કરવા.
૧૬. આવી પહોંચવું = (૧) એકઠા થવું. (૨) એકાએક આવી મળવું; ઠાલ્લે આવી પહોંચવું. (૩) ઊકો આવવો. (૪) નષ્ટ આવવું.
૧૭. આવી ફસવું = (૧) અથડાવું થવું. (૨) આવીને ફસી પડવું; ભરાઈ પડવું. (૩) દુઃખમાં ફસાઈ જવું.
૧૮. આવી બનવું = (૧) અંત આવવો; આખર આવવી; ઊકો આવવો. (૨) આફત આવી પડવી. (૩) બાર વાગી જવા. (૪) મરણ થવું.
૧૯. આવી ભરાવું = (૧) પૂરું થઈ રહેવું. જેમકે, તેના દિવસ હવે આવી ભરાયા છે. (૨) મોત પાસે આવવું.
૨૦. આવી મળવા તો બેસાડી દળવા = મહેમાનને પ્રેમે વધાવવું.
૨૧. આવી મહી ને ચિંતા ગઈ = જમીનની માલિકી મળી પણ તેથી ચિંતા વધી.
૨૨. આવી મળવું = (૧) અનાયાસે મળવું આવી જવું તે દૂધ બરાબર. આવી લીધું તે પાણી.—કહેવત (૨) એકબીજાને એકઠા થવું. (૩) ઘાટ ઘડાઈને તૈયાર થવું. (૪) બનવાકાળ થવું; સાચા થવું. (૫) ટાંકણા ઉપર હાજર થવું; અમુકને વખતે આવી પહોંચવું. (૬) રોગ ઉપરે આવી પહોંચવું. (૭) સહાયક થવું; મદદગાર બનવું.
૨૩. આવી રહેવું = પહોંચી જવું.
૨૪. આવી હોળા ને પરવાર્યા ફોલા = હોળા ફોડો હોળા ઉપર લૂંટવા માટે નવરા હોય છે.
૨૫. આવે ઘોડા વેગે અને જાય ડીટી વેગે = દુઃખ કે રોગ આવે જલદીથી, પણ મટે છે ધીમે ધીમે.
૨૬. આવે તે રસ્તે જાય = અરાબ રીતે મેળવેલા પૈસા અરાબ રીતે ઊડી જાય.
૨૭. આવે ત્યારે મરદાદિયાં ને જાય ત્યારે સાંસાં = લાભ મળે માણસ રાજી થાય, પણ નુકસાન થયે દિલગીર થાય.
૨૮. આવે વખમાં તો મારીએ પગમાં = તક મળે દુશ્મનને છોડવો નહિ.
૨૯. આવે વહુનો ભાઈ, તો પેસે ઘરમાં ધાઈ—આવે ઘરનો ભાઈ, તો ઊભો રહે બારણાં સાહી = (૧) વહુના ભાઈનું સગા ભાઈ કરતાં વધારે માન હોય છે. (૨) સહુ પોતાનો સ્વાર્થ પહેલાં જુએ છે.
૩૦. આવો, બેસો ને પીઓ પાણી એ બધે વસ્તુ મહેનતની આણી = કાંઈ ખરચ ન થાય એવી ચીજોથી આદરાર આપવો.
૩૧. આવો મારી વાંઢી નણંદ = ગૃહસ્થાશ્રમ સરખો ન બનાવનારી પોતાના વરની બહેન.
૩૨. આવ્યા તેવા ગયા = (૧) આવ્યા ને જરા વાર રહી જતા રહ્યા. (૨) ખરાબ રીતે મેળવેલા પૈસાનો ઉપભોગ પણ ખરાબ થાય. (૩) રોગમાં ફેરો આપો.
૩૩. આબ્રાની નવાઈ નથી પણ છબ્રાની નવાઈ = સુખ આવે તો અહં પણ દબી રહેવું મુશ્કેલ છે.
૩૪. ઉપર આવવું = (૧) કોઈને માથે રહેવું. (૨) ચડવું. (૩) જવાબદાર થવું. (૪) સંભોગ કરવો.
૩૫. નીચે આવવું = (૧) આશરો લેવો. (૨) ઊતરવું. (૩) કબજામાં જવું. (૪) કોઈની સત્તામાં આવવું. (૫) ખોટ આવવી. (૬) નીચે પડવું. (૭) પડી રહેવું.
૩૬. વચ્ચે આવવું = (૧) દખલગીરી કરવી. (૨) ખીલા ઉપર ઊગેલો પા ભાગનો.
૨૦. અ. ક્રિ. ના જેટલું થવું; ની બરાબર થવું. જેમકે, આનું વજન બે તોલા જેટલું આવશે.
૨૧. અ. ક્રિ. નાશ થવો.
૨૨. અ. ક્રિ. નિશ્ચય ઉપર આવવું.
૨૩. અ. ક્રિ. નીચે પડવું.
૨૪. અ ક્રિ. ને લીધે હોવું.
૨૫. અ ક્રિ. પરિણમવું; અંત પામવો.
૨૬. અ. ક્રિ. પ્રકાર થવાનું બનવું. જેમકે, તે મારે પૈર આવી ગયો.

૨૭. અ. ક્રિ. ફળવું. જેમકે, તે જાતનો ઓસડ સારો આવ્યો છે.
૨૮. અ. ક્રિ. બહાર નીકળવું; ઊપડવું.
૨૯. અ. ક્રિ. બીજી ક્રિયાપદના સહાયકારક તરીકે આપણે વપરાય છે ત્યારે તેનો જ અર્થ બતાવે છે. જેમકે, આ રિવાજ અસલથી ચાલ્યો આવે છે
૩૦. અ. ક્રિ. ભેટ આપવું.
૩૧. અ. ક્રિ. મળવું.
૩૨. અ. ક્રિ. મરણ કે બંધનમાંથી બચવું. જેમકે, એને ઠાલો આવતો નથી.
૩૩. અ. ક્રિ. રેખાવું; પાકવું.
૩૪. અ. ક્રિ. રેલ આવવી.
૩૫. અ. ક્રિ. રોગી થવું; દુઃખવાળું થવું; મરણથી સોળે ચઢવું.
૧. છાંય આવવી = (૧) છાંય દુખવી; છાંય સહ્ય ન થવી. (૨) બોલવાની શક્તિ આવવી.
૨. મોં આવવું = (૧) બોલવાની શક્તિ આવવી. (૨) મોં દુખવા આવવું.
૩૬. અ. ક્રિ. ચઢવું.
૩૭. અ. ક્રિ. વળગવું. જેમકે, ભૂત આવ્યું.
૩૮. અ. ક્રિ. સમાવું.
૩૯. અ. ક્રિ. સાધ્ય થવું.
૪૦. અ. ક્રિ. હાથમાં પડવું.

આવરા ૧. [સં. આયુષ્ય (જિંદગી)] સ્ત્રી. (પ્રાચીન) આવરદા; આયુષ્ય; આયુ; જીવન.
૨. [સં. અવશ (નિરાધાર)] વિ. પરવશ; પરાધીન.
ભીમ કહે તું આવરા પરનો,
એ પાપી બહુ કુળને નડ્યો. પ્રેમાનંદ

આવરાર ૧. પું. અવસીર રોકનો રાજા.
૨. પું. (પુરાણ) હિંદુસ્તાનનો એક જૂનો દેશ.
૩. વ. અવસીર દેશનું માણસ.

આવરણ ૧. [સં. આ (નહિ) + વરણ (કામમાં લઈ શકાય એવું)] સ્ત્રી.; ન. કર્યા વિના ન ચાલે એવું કામ; અનિવાર્ય વસ્તુ કે ક્રિયા.
૨. સ્ત્રી.; ન. ખપ.
૩. ન. જરૂરિયાત; અગત્ય.
૪. વિ. અગત્યનું.
૫. વિ. ન અટકાવી શકાય એવું; અનિવાર્ય.

આવરયક ૧. [સં. અવશ (લાચાર)] વ. અગત્ય; જરૂર.
૨. ન. ખપ.
૩. ન. સૌચ, સ્નાન, પાઠ, પૂજા વગેરે હંમેશ કરવાનું કામ; નિત્ય કર્મ.
૪. ન. (જૈન) સાધુ અને શ્રાવકને હંમેશ સવાર અને સાંજની સંધ્યા વખતે કરવાની જરૂરી ક્રિયા; પ્રતિક્રમણ.
૫. વિ. અગત્યનું; જરૂરી; જરૂરનું; વિશિષ્ટ.
૬. વિ. અવશ્ય વપરાતું.

આવરયકતા ૧. [સં. આવરયક (જરૂરી) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અગત્ય; જરૂર.
૨. સ્ત્રી. ઉતાવળ; તગાદો; તાકીદ.
૩. સ્ત્રી. ખપ.
૪. સ્ત્રી. પ્રયોજન, મતલબ.

આવરયકરજા [આવરયક (જરૂરી) + રજા] સ્ત્રી. છૂટ્ટા રજા; પરચૂરણ રજા; 'કેઝ્યુઅલ લીવ'.

આવરયકત્વ [સં. આવરયક (જરૂરી) + ત્વ (પણું)] ન. અગત્ય; જરૂર; આવશ્યકતા.

આવરયકપુનર્જન્મકર્મભોગપ્રદર્શક પું. પુરુષોત્તમનું એક નામ.

આવરયકીય [સં. આવરયક (જરૂર) + ઈય (લગતું)] વિ. અગત્યનું; જરૂરનું.

આવસત [સં. આવસથ (અગ્નિશાળા)] પું.; ન. અગ્નિહોત્ર કરવાનું ઠેકાણું. જુઓ આવસથ.

આવસતિ ૧. [સં. આવસ્ (ઉતારો કરવો)] સ્ત્રી. અર્ધરાત્રિ; મધરાત.
૨. સ્ત્રી. રાત.

આવસથ ૧. પું.; ન. અગ્નિહોત્ર કરવાનું ઠેકાણું.
૨. પું.; ન. આર્યોએ બનાવેલો એક શબ્દસમૂહ.
૩. [સં. આ (બધા) + વસ્ (રહેવું)] પું.; ન. ઉતારો; મુકામ.
૪. પું.; ન. એક જાતનું ઘર.
૫. પું.; ન. ગામ.
૬. [સં. આ (બધારે) + વસ્ (રહેવું)] પું.; ન. ઘર; રહેવાનું; નિવાસસ્થાન.
૭. પું.; ન. મઠ; સાધુઓને રહેવાનું ઠેકાણું.
૮. પું.; ન. યજ્ઞનો અગ્નિ રાખવાનું ઠેકાણું; અગ્નિહોત્રશાળા.
૯. પું.; ન. યજ્ઞનો એ નામનો એક અગ્નિ.
૧૦. પું.; ન. વિદ્યાર્થીઓને રહેવાની જગ્યા.

આવસથિક ૧. [સં. આવસથ (ઘર) + ઇક (લગતું)] પું. ગૃહસ્થ.
૨. પું. ઝૂંપડી કે આશ્રમમાં રહેનાર સંન્યાસી.
૩. વિ. ઘર સંબંધી; ઘરનું.
૪. વિ. ઘરમાં રહેનાર; ગૃહસ્થ.
૫. વિ. વંશપરંપરાથી પવિત્ર ક્રિયા માટે ઘરમાં અગ્નિ રાખનાર.

આવસથ્ય ૧. [સં. આવસથ (ઘર) + ય (સંબંધી)] પું. અગ્નિહોત્રનો અગ્નિ; યજ્ઞના પાંચ અગ્નિમાંનો એક.
૨. પું. (પુરાણ) પવમાન અગ્નિનો દીકરો.
૩. વ. ઉતારો; મુકામ.
૪. ન. ઘર; રહેવાનું ઠેકાણું.
૫. ન. વિદ્યાર્થીઓનું આશ્રમ; છાત્રાલય.
૬. વિ. ઘર-વાળું રહેતું.

આવસથ્યાગ્નિ [સં. આવસથ્ય (ઘરમાં રહેલું) + અગ્નિ (દેવતા)] પું. અગ્નિહોત્રનો અગ્નિ.

આવસાન [સં. અવસાન (હદ)] વિ. ગામને છેવાડે રહેતું.

આવસાનિક [સં. અવસાન (છેડો) + ઇક (લગતું)] વિ. છેડાનું; અંતમાં આવેલું.

આવસિત ૧. [સં. અવસો (પાકવું) + ક્ત (એલું)] વ. પરિપક્વ અનાજ.
૨. ન. મસળી હોતરાં દૂર કર્યાં પછી એક ખાસ ઢબનો કરેલો અનાજ.
૩. વ. સાફ કરી તૈયાર કરેલા દાણા.
૪. [સં. અવસો (નિશ્ચય કરવો) + ક્ત (એલું)] વિ. નક્કી કરેલું; નિર્ણય કર્યો હોય એવું.
૫. વિ. પાકેલું.
૬. [સં. અવસો (પૂરું થવું) + ક્ત (એલું)] વિ. પૂરું થયેલું.

આવસ્થિક ૧. સ્ત્રી. એ નામની બાજરાની જાત.
૨. વ. બાજરાની એ નામની જાતનું માણસ.
૩. [સં. અવસ્થા (સ્થિતિ) + ઇક (લગતું)] વિ. અવસ્થાને લાયક.
૪. વિ. બાજરાની એ નામની જાતનું.

આવહ ૧. [સં.] પું. અગ્નિની સાત જીભ માંહેની એક.
૨. પું. સાત પ્રકારના વાયુ કે વાયુના પ્રકારોનો એક. તે ભૂર્લોક અને ભુવર્લોક એટલે સ્વર્ગ વચ્ચેના વાતાવરણમાં હોવાનું મનાય છે.
૩. વિ. પમાડનાર.
૪. વિ. લઈ જનાર; પહોંચાડનાર.
૫. [સં. આવહ્ (લાવવું)] વિ. લાવનાર; કરનાર. આ શબ્દ સમાસને છેડે વપરાય છે. સુખ + આવહ = સુખાવહ.

આવહન ૧. [સં. આવહ્ (પાસે લાવવું)] ન. પાસે લાવવાપણું.
૨. [સં. આવહ્ (પેદા કરવું) + અન (પણું)] ન. પેદાશ; ઉત્પત્તિ.

આવહનપત્ર [સં. આ (તરફ) + વહ્ (લઈ જવું) + અન (પણું) + પત્ર (કાગળ)]

આવાન

પું. બોલાવવાનું ફરમાન: 'સમન્સ'.

આવહમાન ૧. [સં. આવહ્ (પાસે લાવવું) + માન (ચાલુ ક્રિયા બતાવનું)] વિ. અવિરત; સતત; ચાલુ.

૨. વિ. ક્રમમાં આવતું.

આવળ [સં. આવર્તકી] પું.; સ્ત્રી. ઝાડ આર લાલ ઊંચો થતો એક જાત. આ છોડનાં પાંદડાં કુવાડિયા અને સોનામુખી જેવાં, ફૂલ પાંચ પાંખડીવાળાં, પીળા રંગનાં ને ગુચ્છાદાર અને ફળ પાંચ છ ઊંચ લાંબા, ચપટા અને છ બીવાળા હોય છે. તે દાહ, અતિસાર, સોજો ને ગૂમડાં દૂર કરનાર હોવાથી ઘાવ પગના મરડ, સોજો, માર અને સંધિવા એટલે સાંધાના દુખાવા ઉપર પાણીમાં જેળવી લેપ બંધાણ કરવામાં અને દૂધમાં બાફીને આંખ ઉપર આંખવામાં વપરાય. આવળ, સાજીખાર અને મેંદાખારીનો લેપ મૂક માર, સોજા અને સોજા ઉપર ગરમ કરીને લગાડવાથી ફાયદો થાય. ચેટના દુખાવા ઉપર તેનાં મૂળ ચાવવામાં અને ઠોર બાંધી ત્યારે તેના લાકડ કરીને બાંધવામાં આવે. ઠોરના ચેટમાં છવાત પડી હોય ત્યારે તેનાં પાન, બકાન, લીમડાનાં પાન, મીંઢું અને અજમો વાટવાય. તે જ્યાં ઊગે ત્યાં બીજ બનવું જાઈ બાય, આથી બીજી વનસ્પતિ થઈ શકતી નથી. છૂટી અને ઊડતી રેતીને અટકાવી જમાવવા માટે અને ધોવાઈ જતી માટીને અટકાવવા માટે આ બધી કીમતી વનસ્પતિ છે. આખાં રેગિસ્તાનના ગામમાં તેની પાસ આખી દુનિયામાં સસ્તામાં સસ્તી અને ઉત્તમમાં ઉત્તમ બાબ છે. તેનાં સાદાં ઝાડવાં બાળવાનાં કામમાં આવે અને તેની સોટીનું દાતણ થાય.

આવળનું ફૂલ = (૧) દેખાવમાં સારી પણ નકામી વસ્તુ. (૨) રૂપાળું પણ કોઈ કામમાં ન આવે એવું ફૂલ.

આવળકાઠી સ્ત્રી. ઘાના કામમાં આવતું એક જાતના વેલાનું સૂકું ડાળખું.

આવળગોવળ સ્ત્રી. (કામ) કુટુંબકબીલો; પરિવાર; બાળબચ્ચાં.

આવળપા ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. બ. એ નામના લોકોની જાતનું માણસ.

૩. વિ. એ નામના લોકોની જાતનું.

આવળિ ૧. [સં. આવલિ (હાર)] સ્ત્રી. ઓળ; હાર; પંક્તિ.

૨. સ્ત્રી. પરંપરા; જેણી.

૩. સ્ત્રી. (કામ) બાલુ. જેડીદડાની રમતમાં આ શબ્દ વપરાય છે. જેમકે, તારી આવળિમાં રહેજે.

આવળિયો ૧. પું. એક જાતનું ઝાડ. તે આવળથી મોટું અને બાવળથી નાનું હોય છે.

૨. [સં. આ (બધારે) + વપ્ (વપ કરવું)] પું. ઓરિયો; ક્યારો; ક્યારા; આપ.

આવળી [સં. આવલી (હાર)] સ્ત્રી. હાર; પંક્તિ. ખુલ્લી આવળિ.

આવંગ પું. વહાણનો અને તેમાં ભરેલા માલનો વીમો.

આવંઠ પુત્ર પું. સાત જાતિના બાહ્મણથી તેજ જાતિની બાહ્મણ સ્ત્રીમાં અયોગ્ય રીતે થયેલો દીકરો.

આવંત ૧. [સ.] પું. અવંતિ એટલે માળવાનો રાજા.

૨. વિ. આવતું.

આવંતી [સં.] સ્ત્રી. અવંતિ એટલે માળવામાં બોલાતી એક પ્રાકૃત ભાષા.

આવંત્ય ૧. [સં.] પું. વણ થયેલ બાહ્મણનો દીકરો.

૨. વિ. અવંતિનું; માળવાનું રહેવાસી.

૩. વિ. અવંતિમાંથી આવતું.

આવંદ [સ.] સ. વાસણ.

આવા [હિં.] પું. નિભાડો; કુંભારની ભઠ્ઠી.

આવાઈ ૧. [હિં.] સ્ત્રી. આવામણ; આવવાનું ભાડું.

૨. સ્ત્રી. ગપ; આવા.

૩. સ્ત્રી. બીક; ભય.

૪. સ્ત્રી. ઘુસ્સા.

આવાગમન ૧. [સં. આવસ્ (આવવું) + ગમ્ (જવું)] સ. આવતરનું અને મરવું તે; ચોરાસીનો ફેરો.

બંને નરસૈંયો કહે પ્રભુ સત્ય છે,
આવાગમનનો ફેરો ટળે. નરસિંહ

૨. સ. આવજા.

૩. સ. આવવાપણું; પધરામણી.

ધન્ય ભાગ્ય આ ધરતી તણું,
આવાગમન થયું તમ તણું. સામળ

૪. સ. જન્માંતર.

૫. સ. પુનર્જન્મ.

આવાજ [સ. આવાજ] પું. (હિંદી) અવાજ.

આવાજાઈ [હિં.] સ્ત્રી. આવજા.

આવાજાઈ ૧. [સં. આવસ્ (આવવું) + જા (જવું)] સ્ત્રી. આવજા; બહારગામનો ઉતાર.

૨. સ્ત્રી. અવજાર.

આવાજાવ [હિં.] સ્ત્રી. આવવું અને જવું તે.

આવાઝ (આવાજ) ૧. [સ.] પું. અવાજ; પોકાર; બૂમ; સાદ; રાડ.

૧. આવાઝ ઉઠાવવો = (૧) જાહેર અવાજે બોલવું. (૨) અવાજ કેળવવો. (૩) ફરિયાદ ઉઠાવવી.

૨. આવાઝ કરવો = (૧) દીવાસળી સળગાવવી. (૨) બોલાવવું

૩. આવાઝ દેવો = (૧) અવાજ નીકળવો. (૨) સવાલજવાબનો જવાબ આપવો. (૩) બેસવું પોકારવું; બોલાવવું.

૪. આવાઝનો દબદબો–પડઘો = સાદ પડઘો એ બે સુધીની હદ.

૫. ગુંબજનો આવાઝ = (૧) અરબી કામ અથવા ચમનનો બદલો. (૨) ગુમ્મટનો પડઘો.

૨. પું. આબરૂ, કીર્તિ.

૩. પું. કકડ; ટકટક એવો અવાજ.

૪ પું બોલી, વાણી, શબ્દ.

૧. આવાઝ આપવો = બોલાવું.

૨. આવાઝ કાઢવો = બોલવું; શબ્દ કરવો.

૩. આવાઝ લગાવવો = (૧) બાંગમાં ઊંચો સ્વર કરવો. (૨) વિનતિ કરવી.

૪. આવાઝમાં આવાઝ મિલાવવો = (૧) સંમત થવું; એકમત થવું. (૨) સાથે સાથે ગાવું.

૫. ભારી આવાઝ = ઓબરો સાદ.

આવાઝદેહુંડા (આવાઝદેહડા) [સ. આવાઝ (અવાજ) + દેહડા (આપનાર ;] પું. કરરાજ્યમાં બાતમી કરનાર.

આવાઝબુલંદ (આવાજબુલંદ) [આવાઝ (અવાજ) + બુલંદ (ઊંચું)] સ. અવાજનું ઊંચું.

આવાજા (આવાજાં) ૧. પું. કીર્તિ; આબરૂ.

૨. [સ.] પું. નાદ; ધ્વનિ.

આવાજાતવાજા (આવાજાતવાજાં) [સ. આવાઝ (અવાજ) + તવાઝ (અવાજનું બિરુદ ૧૫)] પું. બ. વ. મહેણાં.

આવાત સ્ત્રી. દેખી શકાય એવું હલનચલન.

આવાતી ૧. [હિં.] સ્ત્રી. આવક.

૨. સ્ત્રી. ગપ; આવા.

૩. સ્ત્રી. જેમાં વેપારની વસ્તુઓ આવવાની આશા રખાય છે તે ઋતુ.

૪. સ્ત્રી. નવીન અમલ.

૫. સ્ત્રી. મિત્રનું આવવાપણું.

આવાધા [સં.] સ્ત્રી. પીડા; દુઃખ.

આવાન ૧. [સ.] પું. (જરથોસ્તી) એ નામનો ફિરસ્તો.

૨. પું. રોજ.

૩. પું. જરથોસ્તી વરસ મહિનાનો દસમો દિવસ.

૪. [સં. આવાહન (બોલાવવું તે)] પું. (જ્યોતી) નોતરું; આમંત્રણ.
૫. પું. રંગ.

આવાનિક ૧. વિ. તજ્જ્ઞ.
૨. વિ. રખાતું; જુદું પડેલું.

આવાપ ૧. [સં.] પું. અનાજ રાખવાનું વાસણ.
૨. પું. એક જાતનું પીંજણ.
૩. પું. ઝાડની આસપાસનું આમલું; કયારો; આલવાલ.
૪. પું. (સંગીત) નિઃશબ્દ ક્રિયાના આવાપ, નિષ્કામ, વિક્ષેપ અને પ્રવેશરૂપ એમ ચાર પ્રકાર પૈકીનો એક; જમણી બાલુઓ હાથ નીચે બતાવવો તે.
૫. પું. નીચી ઊંચી જમીન; વિષમ ભૂમિ.
૬. પું. પરદેશી રાજ્યો સાથેનો વહીવટ.
૭. પું. શત્રુના દેશ સંબંધી કે શત્રુ સંબંધી વિચારણા.
૮. પું. મુખ્ય હોમ; યજ્ઞમાં પ્રધાન આહુતિ.
૯. પું. યજ્ઞનાં વાસણ ગોઠવવાં તે.
૧૦. પું. લાવવાની ક્રિયા.
૧૧. પું. લેવું તે.
૧૨. પું. હાથમાં પહેરવાનું કડું; વલય.
૧૩. [સં. આવપ્ (ફેંકવું)] ક્રિ. ફેંકવું તે; આક્ષેપ.
૧૪. [સં. આવપ્ (મેળવવું)] ક્રિ. મિશ્રણ; મેળવણી.
૧૫. [સં. આવપ્ (વાવવું)] ક્રિ. વાવણી.
૧૬. ક્રિ. સંગ્રહ; ભેગું કરવું તે.

આવાપક ૧. [સં.] પું. હાથે પહેરવાનું કડું; વલય.
૨. [સં. આવપ્ (વાવવું)] વિ. વાવનાર.

આવાપન ૧. [સં.] ક્રિ. કામળો.
૨. ન. વસ્ત્રાની ઝાળ.
૩. [સં. આવપ્ (મૂંડવું)] ક્રિ. હજામત.

આવાપિક ૧. [સં.] વિ. અધિક; વધારાનું.
૨. [સં. આવપ્ (વાવવું)] વિ. વાવવા લાયક.

આવાર ૧. પું. કેપાઉંડ; વાડો.
૨. [સં. અવમ્ (આ) + વાર (વખત)] ક્રિ. આ વખતે; આ ટાણે; આ વખતે; હમણાં જ.
૩. ક્રિ. આ રૂપે.

આવારણી [સં. અવમ્ (આ) + વાર (વખત)] ક્રિ. આ વખતે; આ ટેરે.
હું નહિ કહે અન્યાય, એક વાર મ્હારો રે,
મ્હારો તેજ આજ રાખ આવારણી મ્હારો રે.
પ્રેમાનંદ

આવારણી [સં.] સ્ત્રી. રક્ષણની દેવી.

આવારા ૧. [સં.] વિ. જુદું પડેલું; રખાતું.
આવારા વતન = વતનથી નીકળી દૂર રખાતું.
૨. વિ. તજ્જ્ઞ.
૩. વિ. ધધા વિના રખાતું; રઝળુ.

આવારિ ૧. [સં.] ન. દુકાન; હાટ.
૨. ક્રિ. બજાર.
૩. [સં. આ (સારી રીતે) + વારિ (પાણી)] વિ. ઘણા પાણીવાળું.

આવારિત્ર [સં.] પું. કામો હિસાબ રાખવાનો ચોપડો.

આવાલ ૧. પું. (આમ્ર) નવાયુમાં પાણી આવવાની જગ્યા; આવળો.
૨. [સં.] ન. ઝાડની આસપાસનો પાણીનો કયારો; આમલું.

આવાલ પિટિકા સ્ત્રી. ફળ ઉપર ઊપસેલ અને અરબચડો દેખાવ આપતી નળી જેવી અસ્થિઓની અનેકી શ્રેણી; 'સર્કમરસેટ પર્સિસ'.

આવાસ ૧. [સં. આવસ્ (રહેવું)] પું. ઓરડો; ખંડ; અવાસ.
૨. પું. ખુલ્લી જગ્યા.
૩. પું. ઘર; મકાન; હવેલી; નિવાસસ્થાન; રહેઠાણ.
૪. પું. મુકામ; નિવાસ.

આવાસક [સં. આવાસ (રહેઠાણ)] પું. પડોશી પાળો.

આવાસી [સં. આવાસ (વસવું)] વિ. બહારથી આવીને દેશમાં વસેલ.

આવાહ ૧. પું. (ક્રિયા) ખેત.
૨. [સં.] પું. લગ્ન; વિવાહ.
૩. પું. વિવાહ પહેલાં નાગરજ્ઞાતિનું પાન દેવાનો ઉત્સવ.

આવાહન ૧. [સં. આવહ્ (લઈ જવું)] ન. મંત્ર ભણીને દેવને પધરાવવા તે; દેવની પ્રતિષ્ઠા.
૨. ન. માનપૂર્વક તેડું; આમંત્રણ.
૩. ન. હોમ.

આવાહનપત્ર [સં. આવહ્ (લઈ જવું) + અન (પાણી) + પત્ર (પાત્ર)] પું. જવાબ દેવા હાજર થવાનું સમાચાર; તલબચિઠ્ઠી; 'સમન્સ'.

આવાહનમુદ્રા સ્ત્રી. દેવોને બોલાવવા માટેની એક મુદ્રા; આવાહની.

આવાહનવું સ. ક્રિ. તેડાવવું; બોલાવવું.

આવાહનસ્તોત્ર [સં. આવાહન (આમંત્રણ) + સ્તોત્ર (સ્તુતિનું કાવ્ય)] ન. દેવને બોલાવવા માટે કરવામાં આવેલી સ્તુતિ.

આવાહની [સં.] સ્ત્રી. દેવને બોલાવવા માટેની એક જાતની મુદ્રા; બન્ને હાથની અંજલિ કરી અને અનામિકાના મૂળ ભાગમાં બન્ને અંગૂઠા અડાડવાથી થતી મુદ્રા.

આવાહપત્ર ન. જરતિયું; 'કમનોલ્સ'.

આવાહવું [સં. આવાહન (આમંત્રણ)] સ ક્રિ. આમંત્રણ આપવું; બોલાવવું.

આવાં ૧. પું. (જરથોસ્તી) ઇલાહી સનના મહિનાનો તેમ જ કેરાનીઓના મહિનાનો દસમો દિવસ.
૨. પું. પારસીના બાર મહિના માંહેનો આઠમો મહિનો. આ મહિનામાં આબ એટલે પાણી વરસાદરૂપે વધુ પડે છે.
૩. પું. (જરથોસ્તી) પાંચમા મુખ્ય ફિરસ્તા અરદીબહેશ્તના બાર હમકારોમાંનો એ નામનો એક.
૪. [હિં.] સ્ત્રી. આવા; કુંભારની ભઠ્ઠી.

આવાંહા પું. આકાર.

આવિક ૧. [સં.] ન. ગરમ વસ્ત્રનું; ઊનનું કાપડ; ગાભણી.
૨. વિ. ગરમ; ઊનનું.
૩. વિ. ઘેટાં સંબંધી.
૪. વિ. બકરાંનું; બકરાને લગતું.

આવિગ્ન ૧. [સં.] ન. એક જાતનું ઘાસ.
૨. વિ. કંટાળી ગયેલ, ઉદ્વેગ પામેલ; બકરાયેલ.

આવિદૂર્ય [સં. અ (નહિ) + વિ (વિરોધ) + દૂર (બૂરું)] ન. પાસે રહેવું તે; નજીક હોવાપણું.

આવિદ્ધ ૧. [સં.] વિ. બોકું; બાંતિ પેદા કરનારું.
૨. વિ. ઊંડાયેલું; કપાયેલ.
૩. વિ. નાકવેદ; નાસીપાસ; નિરાશ.
૪. વિ. ફેંકેલ.
૫. વિ. મારેલ; ઘોંકેલું.
૬. વિ. મૂર્ખ; અક્કલ વિનાનું.
૭. વિ. વીંધાયેલું; વીંધેલ.
૮. વિ. સરખું ન હોય એવું; વાંકુંચૂકું.

આવિદ્ધકર્ણિકા [સં. આવિદ્ધ (કપાયેલ) + કર્ણ (કાન) + ઇકા (વાળી)] સ્ત્રી. પાકા નામનો વેલો.

આવિદ્ધકર્ણી સ્ત્રી. એક જાતનો વેલો; આવિદ્ધકર્ણિકા.

આવિદ્યક [સં. અવિદ્યા (અજ્ઞાન) + ક (સ્વાર્થે)] વિ. અજ્ઞાનથી થયેલું; આત્માની સાથે સંબંધ રાખનારું.

આવિધ [સં. આવ્યધ્ (વીંધવું)] પું. વીંધવાનું સાધન; સોરડી; વીંધણું.

આવિર્ભાવ ૧. [સં. આવિસ્ (પ્રગટ) + ભૂ (થવું)] પું. અવતાર.
૨. પું. ઊભરો; ઊભરો; આવેગ.
૩. પું. ખુલ્લું થવાપણું; બહાર નીકળવું તે; ઉત્પત્તિ.
૪. પું. ગુણ; સ્વભાવ.
૫. પું. ચિહ્ન; નિશાની; લક્ષણ.
૬. પું. પેસારો; દાખલ થવાપણું.
૭. પું. સ્વરૂપ

આવિર્ભાવક [સં. આવિર્ભાવ (પ્રગટપણું) + ક (કર્તાવ)] વિ. પ્રગટ કરનાર; બહાર પાડનાર.

આવિર્ભાવશક્તિ [સં. આવિર્ભાવ (ઉત્પત્તિ) + શક્તિ (બળ)] સ્ત્રી. પેદા કરવાની શક્તિ.

આવિર્ભૂત ૧. [સં. આવિસ્ (બહાર) + ભૂત (થયેલું)] વિ. ખુલ્લું થયેલ; છતું; પ્રત્યક્ષ; પ્રગટ.
૨. વિ. બહાર નીકળેલ; ઉત્પન્ન થયેલ.
૩. વિ. બહારની દુનિયાને લગતું; પરવિષયક; 'ઑબ્જેક્ટિવ'.

આવિર્મુખ [સં. આવિસ્ (બહાર) + મુખ (મોઢું)] વિ. બહાર મોઢું હોય એવું.

આવિહોત્ર ૧. પું. (પુરાણ) ઋષભદેવના સો દીકરા પહેલા પહેલ પ્રજાને જાણનાર નવ પુત્રમાંનો એ નામનો એક.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

આવિલ ૧. [સં.] વિ. ડહોળવાળું; ડહોળું.
૨. વિ. મળ્યાત પડ્યું.
૩. વિ. ઝાંખું; અસ્પષ્ટ.
૪. વિ. મલિન; મેલું.
૫. વિ. વ્યાપ્ત; ફેલાયેલું.

આવિષ્કરણ ૧. [સં. આવિસ્ (પ્રગટ) + કરણ (કામ)] ન. જાહેરાત; પ્રકટીકરણ; પ્રાગટ્ય; આવિર્ભાવ.
૨. ન. વાક્ય; શબ્દરચના.
૩. ન. વિનિયોગ; ઉપયોગ.

આવિષ્કરણી [સં. આવિસ્ (જાહેર) + કરણ (કરવાપણું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પ્રગટ કરવાનું સાધન.

આવિષ્કર્તા [સં. આવિસ્ (પ્રગટ) + કર્તૃ (કરનાર)] વિ. પ્રગટ કરનાર; જાહેર કરનારું; ખુલ્લું કરનાર.

આવિષ્કાર ૧. પું. જાહેર કરવાપણું; પ્રકાશન.
૨. [સં. આવિસ્ (સ્પષ્ટ) + કાર (કામ)] પું. નજરોનજર દેખાવાપણું; સાક્ષાત્કાર.
૩. પું. નવીન બનાવટ; શોધ.
૪. પું. પ્રગટ કરવાનું સાધન.

આવિષ્કારક [સં. આવિસ્ (જાહેર) + કારક (કરનાર)] વિ. ખુલ્લું કરનાર; પ્રગટ કરનારું.

આવિષ્કૃત ૧. [સં. આવિસ્ (ઉઘાડું) + કૃત (કરેલ)] વિ. ખુલ્લું કરાયેલું કે દેખાડેલું; પ્રગટ; બતાવી આપેલું.
૨. વિ. નવીન બનાવેલ; શોધેલ.

આવિષ્ક્રિયા [સં. આવિસ્ (જાહેર) + ક્રિયા (કામ)] સ્ત્રી. ખુલ્લું કરવાપણું; આવિષ્કાર.

આવિષ્ટ ૧. [સં.] વિ. આવેશવાળું; ઉશ્કેરાયેલું.
૨. વિ. ગુંચાયેલ; લીન બની ગયેલ; આમ; ચેરાયેલ.
૩. વિ. ગ્રસ્ત; પકડાયેલું.
૪. [સં. આવિશ્ (દાખલ થવું) + ત (ભૂતું)] વિ. પેસેલું; દાખલ થયેલ.
૫. વિ. ભરાયેલું; વળગેલું; વળગાડવાળું.
ભૂતાવિષ્ટ = જેને ભૂતનો વળગાડ હોય એવું.

આવિષ્ટલિંગ [સં. આવિષ્ટ (દાખલ થયેલ) + લિંગ (અતિ)] વિ. બધા સંબંધમાં પોતાની જાતિ બતાવી રાખે તેવું; નિષ્પતલિંગ.

આવિષ્ટરસુદર્ચાંશ પું. પુરુષોત્તમનું એક નામ.

આવિષ્ટંમન્યતા [સં. આવિષ્ટ (વળગેલું) + મન્ (માનવું) + તા (પણું)] સ્ત્રી. દરેક પોતાને ભૂતનો વળગાડ હોવાનું સમજે એ જાતનું ગાંડપણ; અસુરાવેશ.

આવિષ્ટાયન પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આવિસ્ [સં.] અ. ખુલ્લી રીતે; પ્રકટપણે. આ શબ્દ પૂર્વગ તરીકે કૃ ને ભૂ ધાતુની પહેલાં વપરાય છે. જેમકે, આવિષ્કૃત = જાહેર કરેલું; આવિર્ભૂત = બહાર નીકળેલ.

આવી ૧. [સં.] સ્ત્રી. અજમાવેલી સ્ત્રી; રજસ્વલા.
૨. સ્ત્રી. ગર્ભવતી.
૩. સ્ત્રી. બાળક અવતરતી વખતે માને થતું દુઃખ; વેદ.
૪. [આવવું+ઈ નારીજાતિનું પ્રત્યય] ન. કિ. આવી; આઈ.

આવીક્ષિત પું. (પુરાણ) મરુત. એ સંબંધી

આવી અ [આવવું અર્થાર્થે ૩૫] અ. ચમકાર બતાવનારો અવ્યય.

આવીત ૧. [સં. આ (ઊલટું) + વીત (પહેરેલ)] ન. જમણે ખભે પહેરેલી જનોઈ; અપસવ્ય.
૨. [સં. આ (તરફ) + વિ (ઊલટું) + ધ (જવું) + ત (એવું)] વિ. ગયેલું; પસાર થયેલું.
૩. વિ. પરોવેલું.
૪. વિ. પહેરેલું; ધારણ કરેલું.
૫. વિ. વણેલ.

આવીતી [સં. આ (ઊલટું) + વીત (પહેરેલ) + ઇન્ (વાળું)] પું. જમણે ખભે જનોઈ પહેરનાર પુરુષ.

આવીરચૂર્ણ ૧. [સં.] ન. અંજીરની જાતનું સામસામાં પાંદડાંવાળું એક ઝાડ.
૨. ન. એક જાતની સુગંધી દોળા જૂઈ; અબોલ.

આવુક [સં.] પું. (નાટ્ય) બાપ; જનક; પિતા.

આવુત્ત [સં.] પું. ભત્રેતો; ભત્રીજનો વર.

આવુને અ. (કામ) આવીને.

આવું ૧. વિ. આ જાતનું. આ વિશેષણ સર્વનામ 'આ' ઉપરથી થયેલું છે.
૨. [સં. એતાવત્; એતદ્; પ્રા. દીદિસાં અપ. અવહ] વિ. આ નમૂનાનું; આના જેવું; આ પ્રમાણેનું.

આવુંક વિ. કાંઈક આવું.

આવુંપોવું અ. વર તરફનો ખાંટલો; કન્યાના બાપે વર પાસેથી લેવાનું ધન; શુલ્ક.

આવૃક્ષ [સં. આ (ચોતરફ) + વૃ (સંતાડવું)] ન. ઢાંકણ; આવરણ.

આવૃત ૧. [સં.] પું. ઊંચ જાતિની સ્ત્રીથી થયેલો બ્રાહ્મણનો દીકરો.
૨. પું. (પિંગળ) બાર માત્રાનું માપ.
૩. [સં. આ (ચારે બાજુ) + વૃત્ (વર્તેલું)] ન. ગોળ; મંડલ; વર્તુલ.
૪. વિ. ઘેરાયેલું; ચારે બાજુથી બંધ કરેલ; ફેલાયેલું.
૫. વિ. છૂપું; ગૂઢ.
૬. વિ. ઢાંકેલું; અપ્રકટ; આવરેલું; ઢંકાયેલું.
૭. વિ. ફેલાયેલું; વ્યાપ્ત.
૮. વિ. ભરપૂર; ભરેલું.

આવૃતિ ૧. સ્ત્રી. આવૃત્તિઓ; ઉથ્વાળો.

૨. સ્ત્રી. ઓંધી રાખવાપણું.
૩. [સં. આ (ચારે બાજુ) + વૃતિ (ઢંકાવું)] સ્ત્રી. ચોતરફ બાંધેલી દીવાલ.
૪. સ્ત્રી. ઢાલ.
૫. સ્ત્રી. ઢાંકણું; આવરણ.
૬. [સં. આ (ચોતરફ) + વૃતિ (ઢાંકવાપણું)] સ્ત્રી. ઢાંકપિછોડો; ઢાંકવું તે.
૭. સ્ત્રી. નિરોધ; અટકાવ.
૮. સ્ત્રી. અભાવ; રહિત્ય.

આવૃત્ત ૧. [સં.] પું. (પિંગળ) સંસ્કૃતની જાતનો ૧૮ વર્ણનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં વિષમ પદ 'હરિગીત' મુજબ અને સમપદ 'સહણ' છંદ પ્રમાણે હોય છે.

વિષમે સ ભ ત ગ ગા છે;
સ સ ભ ગ સમેજ આવૃત્તે. રણછોડબળ

૨. ન. તાલમાં રહેલ અંગો અને માત્રાનો જથ્થો; પિંડ.

તાલમાં જેટલી માત્રા તથા અંગો આવતાં હોય તેના એકંદર જથ્થાને તાલનું આવૃત્ત કે પિંડ કહે છે. હિંદુ સંગીતવિદ્યા

૩. વિ. ગુણેલ.
૪. [સં. આ (ચારેબાજુ) + વૃત્ત (કરેલું)] વિ. ગોળેલું; ભીંડે કરેલું.
૫. [સં. આ (ચારે બાજુ) + વૃત્ત (રહેલું)] વિ. ઘેરાયેલું; ચોતરફથી બંધ કરેલું; ઢાંકેલું.
૬. વિ. અક્ષાકારે કરેલું; ગોળાકારમાં આલેખ.
૭. [સં. આ (ચોતરફ) + વૃત્ત (ઢંકાયેલ)] વિ. ઢંકાયેલું; છવાયેલું; આચ્છાદન કરેલું.
૮. [સં. આ (ઊલટું) + વૃત્ત (વર્તેલું)] વિ. પાછું આવેલું.
૯. વિ. ફરીથી જાહેર કરેલું.
૧૦. વિ. બનેલું.
૧૧. વિ. બરાબર ઓઢાયેલ.
૧૨. વિ. ભરાઈ ગયેલું.
૧૩. વિ. રોકેલું; અટકાવેલ.
૧૪. વિ. વારંવાર થયેલું.
૧૫. વિ. કરેલું.

આવૃત્ત અપૂર્ણાંક [સં. આ (વારંવાર) + વૃત્ત (કરેલ) + અ (નહિ) + પૂર્ણ (આખું) + અંક (આંકડો)] ન. (ગણિત) જેને દશાંશનું રૂપ આપતાં ભાગાકારનો અંત આવે નહિ અને એકનો એક આકડો ફરી ફરીને આવે એવો અપૂર્ણાંક; 'રિકરિંગ ફ્રેક્શન'. જેમકે, ⅓ = ·૩૩૩૩·····

આવૃત્ત કક્ષા [સં. આ (ચારે બાજુ) + વૃત્ત (રહેલું) + કક્ષા (ગ્રહોનો માર્ગ)] સ્ત્રી. (જ્યોતિષ) બધી તરફથી બંધ માર્ગ. ગ્રહોને આવો અને કેટલાક ધૂમકેતુને એક ભાગ ઉઘાડો માર્ગ હોય છે.

આવૃત્તિ ૧. [સં. આ (વારંવાર) + વૃત્તિ (કામ)] સ્ત્રી. એકની એક બાબત ફરી ફરીને કરવાપણું.

૨. [સં. આ (ચારે બાજુ) + વૃત્તિ (કરવાપણું)] સ્ત્રી. ગોળ કરવું કે ફરી વળવું તે.
૩. સ્ત્રી. જન્મ અને મરણનો વારંવાર થતો ફેરો.
૪. [સં. આ (પાસે) + વૃત્ત (હોવું)] સ્ત્રી. નકલ; અનુકરણ.
૫. [સં. આ (ઊલટું) + વૃત્તિ (ગતિ)] સ્ત્રી. પાછું ફરવું તે.
૬. સ્ત્રી. પુસ્તકનું પ્રકાશન; ફરી છપાવું તે.
૭. સ્ત્રી. ફરી ફરી કરાતો અભ્યાસ.
૮. સ્ત્રી. બીજી વાર બનવું તે.
૯. સ્ત્રી. મળવા માટે સામા જવું તે.
૧૦. સ્ત્રી. વપરાશ; ઉપયોગ.
૧૧. સ્ત્રી. વારંવાર ગુણવું તે.
૧૨. સ્ત્રી. વ્યવસ્થા; રીત.
૧૩. સ્ત્રી. (વેદાંત) શબ્દોનું ઓછાવત્તા સાથે ઉચ્ચારણ.
૧૪. સ્ત્રી. મર્યાદ કોર્ટ નિમિત્ત કેદખાના ઉપર પાછા આવવું તે.

આવૃત્તિદર્શક [સં. આવૃત્તિ (વારંવાર થવાપણું) + દર્શક (બતાવનાર)] વિ. (ગણિત) બધી બાબતને અમુક જથ્થાવાર વહેંચી નાખતાં દરેક જથ્થામાં તેમાંથી કેટલીક બાબતોનો સમાવેશ થાય તે બતાવનારું.

આવૃત્તિદીપક [સં. આવૃત્તિ (વારંવાર થવું તે) + દીપક (એ નામનો એક અલંકાર)] ન. (કાવ્ય) એકનું એક પદ વારંવાર વપરાવાથી થતો અલંકાર. તેના શબ્દાવૃત્તિ, અર્થાવૃત્તિ અને શબ્દાર્થાવૃત્તિ એમ ત્રણ ભેદ છે. જેમકે, ખંડિ કરે ઉદંડ ધન, પુરા મદન ઉદંડ. અહીં ચોમાસાના વર્ણનમાં ઉદંડ પદ બે વાર વપરાયેલ છે. એનો અર્થ એવો થાય છે કે ચોમાસામા મોરલો ઉદંડ જેટલે ઊંચી કોક કરે છે અને યુવાવસ્થામાં મદન તેજ થાય છે.

આવૃત્તિમાન [સં. આવૃત્તિ (ફરી બનવાપણું) + માન (માપ)] ન. વારંવાર આવતા અમુક સમયનું માપ; આવર્તન; આવર્તમાન.

આવૃત્તિમાપક વ. સ્તરો માપવાનું સાધન.

આવૃત્તિસંખ્યા સ્ત્રી. અમુક વખતના ગાળામાં નિયમિત રીતે થતા બનાવોની સંખ્યા; 'ફ્રીક્વન્સિ'.

આવૃત્તિસ્તોત્ર [સં. આવૃત્તિ (ફરીને કરવાપણું) + સ્તોત્ર (સ્તુતિ)] પું. શ્લોક ફરીથી જવાબ એની એક સ્તુતિ; અભ્યાવર્તી.

આવૃષ્ટિ ૧. [સં. આ (સુધી) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. અમુક હદમાં થયેલો વરસાદ.
૨. [સં. આ (ચારે તરફ) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. સારો વરસાદ.

આવેક્ષક [સં. આ (ઉપર) + વેક્ષક (જોનાર)] પું. નિરીક્ષક; પરીક્ષક.

આવેષ્ટના [સં. આવીષ્ટન (લપટાવવું)] સ્ત્રી. લપટાવેલું.

આવેગ ૧. પું. આતુરતા પેદા કરનાર અને ઉતાવળવાળો મનનો વેગ.
૨. [સં. આ (બહું) + વેગ (ઉતાવળ)] પું. ઉતાવળ; દોડાદોડી; ધાંધલ.
૩. [સં. આ (બહું) + વેગ (જોમ)] પું. ઊભરો; ખુસ્સો.
૪. [સં. આ (ઓર્યું) + વેગ (ત્રાસ)] પું. ક્રોધ; ગુસ્સો; આવેશ.
૫. પું. ક્ષોભ; ગભરાટ; બેચેની; વ્યાકુળપણું.
૬. પું. ખુરસો; જોર; બળ.
૭. પું. દુઃખ; બેચારાપણું.
૮. પું. (કાવ્ય) નાખુશ કરે એવું અથવા આકુળતાનું બનવાથી થતો ગભરાટ. જેમકે,

સતી હતી પતિ સંગે,
ઓચિંતી તે સ્થળે સાપ આવી;
ફરમાણી સંકુચાણી,
ભાગી ભુવનમાં દિલમાં ઘર ભાવી.

ઉત્પાત, વાયુ, વર્ષણ, અગ્નિ, હસ્તિ, પ્રિયઅવયુ, અપ્રિયઅવયુ, વ્યસન ઇત્યાદિક વિભાવથી થયેલો સંભ્રમરૂપ આવેગ, અનુક્રમે વિભ્રમ, અવગુંઠન, ઉત્તરાસન, ધૂમાય્ય, ત્વરિતાપસર્પણ, પુલક, વિલાપ, સંભ્રમ ઇત્યાદિક અનુભાવ વડે યથાસંખ્ય વર્ણવામાં આવે છે. આવેગથી શબ્દ ને ત્રણ વાર ઓલાર્ધ ભાગ છે.
૯. [સં. આ (ઊલટું) + વેગ (આનંદ)] પું. ભય; બીક.
૧૦. [સં. આ (તરફ) + વેગ (પ્રેમ)] પું. ભાવ; રાગ; સ્નિગ્ધ.
૧૧. પું. લાગણી; ઊર્મિ.

આવેગધારી [સં. આવેગ (ગુસ્સો) + ધારિન્ (વાળું)] વિ. કોપાયમાન; ગુસ્સે થયેલ.

આવેગપરાયણ [સં. આવેગ (લાગણી) + પરાયણ (લીન)] વિ. ઊર્મિઓથી ભરપૂર; લાગણીવાળું.

આવેગપૂર્વક [સં. આવેગ (જોર) + પૂર્વક (થી)] અ. જોરથી; બળપૂર્વક; આવેગમાં.

આવેગસંચારી [સં. આવેગ (ગભરાટ) + સંચાર (ફેલાવો) + ઇન્ (વાળું)] વિ. (કાવ્ય) એક જાતનો ભાવ; આવેગ. તેમાં ગભરાયું અથવા નાસુરા કરે એવું ભયનાથી ગભરાટ થાય છે.

આવેગા [સં. આવેગ (વેગ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. માલકાંકણી. માલકાંકણીનાં બારાથી તાજગ થવે એમ મનાય છે.

આવેગી [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; વરમારો; વૃહદારક વૃક્ષ.

આવેજ (આવેજા) ૧. ન. હસ્તાવેજ; લેણદેણ સંબંધી લખત.
૨. [સં. આવેજ્ઞાન (લટકાવવું)] વિ. લટકનાર.
આવેજ કરવું = લટકાવવું; ઓડવું.

આવેજ્ઞ (આવેજા) [સં. આવેજ્ઞન (લટકાવવું)] પું. કાનનું પરેણું; ઓરિંગ.

આવેજ્ઞાન (આવેજ્ઞાન) [સં. આવેજ્ઞન (લટકાવવું)] વિ. લટકતું.

આવેજ્ઞાનંદ (આવેજ્ઞાનંદ) જ. ઓરિંગ; આવેજ્ઞ.

આવેતુ ૧. [સં. આ (ઊલટું) + વસ્ (જવું)] સ્ત્રી. વગર પરવયે રાખેલી ઓ, રખાત.
આવેતુનો ઓરતો નહિ. લોકોક્તિ
૨. વિ સ્ત્રી. બહારથી આવેલું; આગંતુક.

આવેદ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આવેદક ૧. [સં. આ (તરફ) + વેદક (જણાવનાર)] પું. ખબર આપનાર માણસ.
૨. પું. દાવો ખિતનાર માણસ.
૩. વિ. અરજદાર; પ્રાર્થી; વિનતિ કરનાર.
૪. [સં. આ (ઊલટું) + વેદક (જણાવનાર)] વિ. ધર્મશાસ્ત્રમાં જણાવેલ અપહાર સામે વાંધો લેનાર; વાદી.

આવેદન ૧. [સં. આ (તરફ) + વેદન (કહેવાપણું)] ન. અરજી; વિનતિ.
૨. [સં. આ (ઊલટું) + વેદન (જણાવવાપણું)] ન. ધર્મશાસ્ત્રમાં જણાવેલ અપહાર સામે વાંધો.
૩. ન. નિવેદન; જણાવવું તે.
૪. ન. ફરિયાદ.

આવેદનપત્ર [સં. આ (તરફ) + વેદન (જણાવવાપણું) + પત્ર (કાગળ)] પું. ફરિયાદ અથવા અરજી લખેલો કાગળ; દાવા અરજી; ફરિયાદ અરજી; દરખાસ્ત; પ્રાર્થનાપત્ર.

આવેદનીય ૧. પું. અપહાર; લોકરીતિ.
૨. પું. શિવ; શંકર.
૩. ન. કરજ ન આપવું તે.
૪. [સં. આવેદન (જણાવવું તે) + ઇય (જેવું)] વિ. જણાવવા લાયક.
૫. વિ. ફરિયાદ કરવા જેવું.
૬. વિ. વિનતિ કરવા જેવું.

આવેદિત ૧. ન. જણાવેલ બાબત.
૨. [સં. આ (તરફ) + વિદ્ (કહેવું) + ક્ત (ગયું)] ન. જેને કંઈક કહેવામાં આવે તે માણસ.
૩. વિ. જણાવેલ; નિવેદિત.

આવેદી ૧. [સં. આ (તરફ) + વિદ્ (જણાવવું) + ઇન્ (વાળું)] વિ. વિનતિ કરનાર; અરજદાર.
૨. વિ. હુકમ કરનાર.

આવેધ ૧. [સં. આ (તરફ) + વિદ્ (કહેવું)] વિ. જણાવવા લાયક.
૨. વિ. ફરિયાદ કરવા જેવું
૩. વિ. વિનતિ કરવા જેવું.

આવેધ્ય ૧. [સં. આ (તરફ) + વિદ્ (કહેવું) + ય (જેવું)] વિ. જણાવવા જેવું.
૨. [સં. આ (તરફ) + વેધ્ય (વીંધવા લાયક)] વિ. વીંધવા જેવું; સારવા યોગ્ય. જેમકે, મોતી; મણિ.

આવેશ ૧. [સં. આ (ચોતરફ) + વિશ્ (દાખલ થવું)] પું. ઉત્સાહ; હોંસ; ઉમળકો. આતુરતા.
૨. [સં. આ (ઊલટું) + વિશ્ (અંદર જવું)] પું. ઉમળકો; હૈયાનો ઊભરો.
૩. પું. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર.
૪. પું. કોઈ વિચાર કે લાગણીમાં ચિત્તનું રોકાણ. જેમકે, કામાવેશ; ક્રોધાવેશ.
૫. પું. ક્રોધ; ક્રોપ.
આવેશ વશ થવું = ગુસ્સે થવું.
૬. પું. ખુમારી; જબરી અસર; જોર; જોસ્સા; સત્તા.
૭. પું. ઝનૂનો જાપ.
૮. પું. ગુસ્સો; વેગ.
૯. [સં. આ (તરફ) + વિશ્ (અંદર જવું)] પું. દાખલ થવાપણું; પ્રવેશ.
સ્ત્રીઓ ઘરે આવેશ તે કરી. નરસિંહ
૧૦. પું. ફેલાવો; આસિ; સંચાર.
૧૧. પું. ભગવાનનો અવતાર.
આર્ય પ્રદેશમાં ૭ પ્રકારના—અંશ, કલા, વિભૂતિ, આવેશ, પૂર્ણ, પરિપૂર્ણ-ભગવાનના અસંખ્ય અવતાર થાય છે. પુરુષોત્તમગીતા
૧૨. પું. ભૂતપ્રેતનો વળગાડ.
૧૩. પું. મદ; અહંકાર; અભિમાન.
૧૪. પું. મોહ; આસક્તિ.
૧૫. પું. લહેર, વેગ.
૧૬. પું. ચાર્જ; ફેરફેર; મૂમી.
૧૭. પું. હદ; જિદ્દ; આગ્રહ.

આવેશન ૧. [સં. આ (ચોતરફ) + વેશન (પ્રવેશ)] ન. ઊભરો. ગુસ્સો.
૨. ન. કારીગરનું ઘર; કારીગરીનું ઠેકાણું.
૩. ન. ક્રોધ; ક્રોપ; ગુસ્સો.
૪. ન. ઘર; મકાન.
૫. ન. દખલ; પ્રવેશ.
૬. [સં. આ (તરફ) + વેશન (દખલ)] ન. દરવાજો; બાર; બારણું; ડેલી.
૭. ન. ભૂતપ્રેતનો વળગાડ.
૮. ન. સૂર્ય અને ચંદ્ર આસપાસનું મંડળ; બિંબ.

આવેશમય [સં. આવેશ (જોમ) + મય (ભરપૂર)] વિ. ગુસ્સાદાર; શક્તિવાળું.

આવેશવાન [સં. આવેશ (ગુસ્સો) + વત્ (વાળું)] વિ. ગુસ્સાવાળું; આવેશયુક્ત.

આવેશહીણું [સં. આવેશ (વેગ) + હીન (વગરનું)] વિ. ગુસ્સા વિનાનું; આપકાંગણું; નમાણું.

આવેશિક ૧. [સં. આ (તરફ) + વિશ્ (અંદર જવું) + ઇક (વાળું)] પું. અતિથિ; પરોણો; મહેમાન.
૨. ન. આગતાસ્વાગતા; પરોણાગાકરી.
૩. ન. પ્રવેશ; દખલ.
૪. વિ. અસાધારણ; વિશેષ.
૫. વિ. ઘરનું.
૬. વિ. બારણામાં મળેલું.

આવેશિકી [સં. આ (તરફ) + વિશ્ (અંદર જવું) + ઇક (વાળું) + ઙી (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઓ અતિથિ; મહેમાન તરીકે આવેલ બાઈ.

આવેશિત [સં. આ (તરફ) + વિશ્ (અંદર જવું) + ક્ત (ગયું)] વિ. દાખલ કરેલ; પેસડેલ; પ્રવેશ કરાવેલ.

આવેશી ૧. [સં. આવેશ (ઉત્સાહ) + ઇન્ (વાળું)] વિ. ઉત્સાહી; ખતીલું.
૨. વિ. ઉત્સુક; આતુર.
૩. [સં. આવેશ (ક્રોધ) + ઇન્ (વાળું)] વિ. ક્રોધી; ગુસ્સાવાળું.
૪. વિ. લહેર આવે તે તરફ જવું.
૫. વિ. લહેરવાળું; તરંગી.

આવેષ્ટક ૧. [સં. આ (ચોતરફ) + વેષ્ટક (વીંટનાર)] પું. કિલ્લો; ગઢ.
૨. પું. દીવાલ; વંડી.
૩. પું. વાડ.

૪. વિ. ઢાંકનાર; આવરણકારક.

આવેષ્ટન ૧. [સં. આ (ચારે બાજુ) + વેષ્ટન (વસ્ત્ર તે)] ન. ઢોલ; ગદ.

૨. ન. ઢાંકણ; આવરણ. જેમકે, ગલેફ; પરબીડિયું.

૩. ન. ઢાંકવાનું કામ.

૪. ન. દીવાલ; વાડી.

૫. ન. વાડ.

૬. ન. વીંટળાવું તે.

આવેષ્ટિત ૧. [સં. આ (ચોતરફ) + વેષ્ટિત (વીંટાયેલ)] વિ. ઘેરાયેલું; વીંટાયેલું.

૨. વિ. ઢંકાયેલ.

આવેસ [સં. આવેશ] પું. (ક્રિયા) આવેશ; ગુસ્સો; આવેશ.

આવેસી [સં. આવેશ (ગુસ્સો) + ઇન્ (વાળું)] વિ. (ક્રિયા) ક્રોધી; ગુસ્સાવાળું; આવેશી.

આવો ૧. પું. સ્વાગત માટે વપરાતો શબ્દ.

૨. વિ. પું. બાંધવાની રહીસ. જેમાં ઘણા લોકોનો આ સાંકેતિક શબ્દ છે.

આવોકાર [સં. આ (ઊલટું) + વક્ (બોલવું) + કાર (કરવાવાળું)] પું. આવકાર; સ્વાગત.
અતિથિ જેનો આવોકાર થાય. ઋષિરાજ

આવ્ય ૧. [સં. અવિ (ઘેટું)] વિ. ઊનનું.

૨. વિ. ઘેટાંનું; ઘેટાં સંબંધી.

૩. [સં. અવિ (બકરો)] વિ. બકરાં સંબંધી, બકરાંનું.

આવ્યક્ષુ [સં. આ (વાક્) + ઐપ્ (બોલાવવું)] ન. નામ; અભિધાન.
સંતા આવ્યક્ષે ગ્રોજ અને ક્રેમ બાબ તુજ નામ; તુજ દરશન અમીરસ સમાં જે સહુ પુણ્ય કામ. વિજયકૃષ્ણ ગોસ્વામી

આવ્યાયિની [સં. આ (વાક્) + અય્ (બોલવું) + ઇન્ (વાળું) + ઈ (નકારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સંતાડનારીઓની ટોળી.
આવ્યાયિનીનામ્ પતિ = સંતાડનારી ટોળીના સરદાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

આવ્યું ગ્યું ૧. [સં. આ (ઊલટું) + વક્ (બોલવું) + ગમ્ (જવું)] ન. મહેમાન; પરોણો.
આવ્યા ગ્યા નહીં કોઈની માન, બુદ્ધિવંતરાજાના પ્રધાન. કાનદાસ પ્રબંધ

૨. વિ. કોઈ કોઈ વાર આવતું જતું.

આવરક [સં. આ (ઉપર) + વૃ (ઢાંકવું)] ન. પડદો; ઢાંકણ.

આવરત [સં. આ (ઉપર) + વૃત (ઢંકાયેલું)] વિ. (ભૂ.કૃ.) આવૃત; ઢંકાયેલું.
નવ અલકાવલિ આવત મુખ,
સુદર વેત કપોલ અતે છ. ત્રિભવન

આવરણ ૧. [સં. આવૃ (ઢાંકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઢાંકી નાખવું તે; ઢાંકી નાખવાપણું.

૨. ન. આડનું કૂંડું.

આવરીડક (આવરીડક) [સં. આ (ચોકું) + વરીડ (શરમ) + ક (વાળું)] પું. નિર્લજ્જ લોકોનો વેશ.

આવરા ૧. [સં. અવ્ (ખાવું)] પું. આવું.

૨. [સં. આશા] સ્ત્રી. ઇચ્છા; આશા; ક્રમના; ભાવ; અપેક્ષા.
રાવણ રાવણ ઉચ્ચરી આપિણ કર લીધરિ બટમાસ;
આપ સમારજ તાહનુ કરિહ, કવિ સી કરબી આસ?
સીતાહરણ

૩. સ્ત્રી. ખોરાક.
૧. આસ પલાવવું = (૧) પ્રસન્નતા કરવું. (૨) સમજવું કરવું.
૨. આસ પાનુ = સારી રીતે ખવડાવવું.

૪. સ્ત્રી. દુઆ; આશીર્વાદ.
દેઈ પ્રદક્ષણા ચરણે લાગા, આઈ પુ મૂને તુ આસા. નાકર

૫. સ્ત્રી. પ્યાલી રાખેલ ચૂના અથવા ખારામાં ઉપર રહેલું પાણી. તેલ સાબે ચૂનાની આસ દાઝ્યા ઉપર અને ખારાની આસ પાપડમાં વપરાય છે.

૬. સ્ત્રી. દબાવ્યા વિના પડી રહેલી લાલ ઉપર આછરતું પાણી.

૭. [પુ.] ન. એક જાતનું જંતુ; ઝિંદુનિશાન.

૮. વિ. ખાનાર; ભક્ષણ કરનાર. સમાસને છેડે તે વપરાય છે. જેમકે, કુતાસ.

૯. જ. વિશેષણ ઉપરથી નામ બનાવનાર પ્રત્યય પણ બતાવનારો સ્ત્રીલિંગનો પ્રત્યય. જેમકે, કડવાસ; ખટાસ; મીઠાસ; નરમાસ; મીઠાસ.

આરાક (આરાક) ૧. [અ. આશિક (ચાહનાર)] પું. નાયક; પ્રીતમ; પ્રિય; પ્રેમદ; રમણ; વલ્લભ; પ્રેમી.

૨. પું. ખેડરકાર માણસ.

૩. પું. માગણી કરનાર; ઉમેદવાર.

૪. [સં. અન્ (જમવું)] ન. ભોજન.

૫. વિ. ક્રામી; વિષયી.

૬. વિ. ચાહનાર અનુરાગી; ઝરસો; પ્રેમવશ; મોહિત; ક્રિદ.

૭. વિ. ભક્ષણ કરનાર; ખાનાર.

૮. [સં. અન્ (ખાવું) + ક (કરનાર)] વિ. ભોગવનાર.

આરાકમાશૂક (આરાકમાશૂક) ૧. [અ. આશિક (ચાહનાર) + મા.શૂક (ચાહેલું)] ન. ક. બ. લૌકિક નિયમ તોડી એકમેકને ચાહનારાં સ્ત્રીપુરુષ; અરબ્બગિણી; વલોવેલ્લાલી; લાલલલના.

૨. ન. ક. બ. વરવહુ; બણીયિણિયાણી.

આરાકમાશૂકો (આરાકમાશૂકી) [અ. આશિક (ચાહનાર) + મા.શૂક (ચાહેલું) + ઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આરાકવેડા; છેલાઈ; યારી.

આરાકરા [જ્ઞા. આરક.રા (ખાદેર)] વિ. ખુલ્લું; પ્રગટ; સ્પષ્ટ.

આરાકવેડા (આરાકવેડા) સ્ત્રી. છેલાઈ; યારી.

આરાકા ૧. [સં. આશા (ઇચ્છા) + ક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રેવને ઉત્તારેલી આરતીને અને દૂધ, અરબ વગેરેને પૂજ્ય ભાવે અડીને પોતાની આંખોએ તે હાથનો કરાતો સ્પર્શ; આરતીની જ્યોત ઉપર બે હાથ ફેરવી આંખે લાવવા તે. એમ કરવાથી પવિત્રતા આવે એવી આસ્થા રૂપાય છે.

૨. સ્ત્રી. હનુમાનની મૂર્તિ ઉપરથી આંબળી વતી સિંદૂર લઈને કપાળની નીચે કરવું ચિહ્ન.

આરાકાર ૧. [જ્ઞા. આરકારા (ખાદેર)] વિ. ઉઘાડું; ખુલ્લું; દેખીતું; પ્રગટ; સ્પષ્ટ; ખાદેર.

૨. વિ. જાણીતું; પ્રખ્યાત.

આરાકારા ૧. [જ્ઞા. આરકારા (ખાદેર)] વિ. ઉઘાડું; ખુલ્લું; પ્રગટ; સ્પષ્ટ; નજરે દેખાય તેવું.

૨. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; જાણીતું; જગજાહેર.

આરાકિરણ [સં. આશા (ઇચ્છા) + કિરણ (તેજની રેખા)] ન. સફેદ આશા ઉત્પન્ન કરનાર.

આરાકી (આરાકી) ૧. [અ. આશિકી (પ્રેમ)] સ્ત્રી. પ્રેમ; પ્રીતિ; રતિ; અનુરાગ; આસક્તિ.

૨. સ્ત્રી. પ્રેમીની સ્થિતિ; આશકની હાલત.

આરાકે [અ.] ન. સાબાશ.

આરાક્ત [સં. આ (બધે) + રક્ત (લાલ)] વિ. ઘણા ઘેરવાળું.

આરાક્તિ [સં. આ (બધે) + રક્તિ (ઘેર)] સ્ત્રી. ઘણું બધું; પુષ્કળ સત્તા.

આરાગ્ય [સં. આરોગ્ય] સ્ત્રી. દુઆ; આશીર્વાદ; આશિષ.
દાસી એવાં કરને ને બાલ્યાં, એવાં બબને,
સાસુડીએ આસરાગ્ય દીધી રે. રહિમણી રાસ

આરાગત [સં. આશા (ઇચ્છા) + ગત (ગયેલું)] વિ. ઉમેદ રાખનારું; આશાવાળું

આશાવરજ [સં. આશ્વર્ય] જિ. અદ્‌ભુત; જુઓ. આશ્ચરજ અમને વધા સહુ, સ્વયંવરે જોવા સમીપ. પ્રેમાનંદ

આશાવરજવ [સં. અશ્વ (ઘાસ) + વસ (જવ)] ન. જવનું પાણી.

આશાવરી [આશાવરી (એક રાગ) + જોગીઆ (એક રાગ)] પું. (સંગીત) સવારે ગાવાનો બત્રીસ માત્રા મહિનો એ નામનો ચૌદમો. તેમાં રિ, ધ અને નિ એ સ્વર કોમળ, બાકીના ચાર સ્વર શુદ્ધ, આરોહે ગાંધાર અને નિષાદનો લોપ, વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર પંચમ અને આશાવરી અને જોગીઆ રાગનું મિશ્રણ છે.

આશાવરીઆ પું. એ નામનો એક રાગ.

આશાતાવ [દે.] પું. કુલો; પાણીનું વાસણ.

આશાતાવા પું. કુલો; આશાતાવ.

આશાતી ૧. [દે.] સ્ત્રી. ઝવતરું.
૨. સ્ત્રી. શાંતિ; સંપ.

આશાન ૧. [સં.] પું. એ નામનું એક ઝાડ; અશાનવૃક્ષ.
૨. ન. વજૂ; ઊંદનું હથિયાર.
૩. [સં. અશ્ (ખાવું)] જિ. જમાડનાર; ખવરાવનાર.

આશાના ૧. [દે. આશના (મિત્ર)] પું. દોસ્ત; ભાઈબંધ; યાર; સોબતી.
૨. સ્ત્રી. પ્યારી; પ્રિયા; બહાલી; માશુક.
૩. સ્ત્રી. બહેનપણી; સખી; સહેલી.
૪. જિ. દોસ્તદાર; પ્યાર કરનાર; ચાહનાર.

આશાનાઈ ૧. [દે. આશનાઈ (મિત્રતા)] સ્ત્રી. અનુરાગ; પ્રીતિ; પ્રેમ.
૨. સ્ત્રી. દોસ્તી; ભાઈબંધી; મિત્રતા; મિત્રાચારી.
૩. સ્ત્રી. અભિચાર; આડો અવળો; આશકમાશૂકનો સંબંધ; યારી.

આશાનાપરસ્ત [દે. આશના (ભાઈબંધ) + પરસ્ત (જાળવનાર)] જિ. મિત્ર જેવો સંબંધ રાખનાર.

આશાનાયાના [દે. આશનાઈ (દોસ્તી) + આના (રીત)] અ. મિત્રની રીતે.

આશાનાવ [દે. આશના (મિત્ર)] પું. દોસ્ત; ભાઈબંધ; મિત્ર.

આશાપાશા [સં. આશા (ઇચ્છા) + પાશ (ફાંસો)] પું. આશારૂપી ફાંસ.

આશાપુલાવ [હિં. આશા (ખોરાક) + પુલાવ (એક વાની)] પું. દરદીઓને આપવામાં આવતો જવનો પુલાવ.

આશારૂણ ન. સોપારી જેવાં અને સ્વાદિષ્ટ ફળવાળું એક જાતનું ઝાડ. મદ્રાસ, બિહાર અને બંગાળામાં તે બહુ થાય છે. તેનું લાકડું બહુ મજબૂત હોવાથી સામાન બનાવવામાં ઉપ આવે છે.

આશારૂલ ન. બેલ્જિયમ પ્રદેશમાં અને આસ કરી પૂર્વમધ્યમાં ઊગતું સ્વાદિષ્ટ ફળવાળું એક નાનું ઝાડ.

આશાવંધ [સં. આશા + બંધ (બાંધવું)] પું. આશારૂપી બંધન.

આશાવાસ [દે.] પું. સ્તનો; પરાઈ.

આશાવ ૧. [સં. આ (ઉપર) + સી (સ્થિતિ)] પું. આધાર; આશરો; ભરોસો; ટેકાવું; સ્થળ; સ્થાન. સમાસને છેડે પણ તે વપરાય છે. જેમકે, મૂત્ર + આશય = મૂત્રાશય; જલ + આશય = જલાશય.
૨. [સં. આ (ઉપર) + સી (ખાવું ખાતો)] પું. આરામ લેવાની જગ્યા; વિશ્રામસ્થાન.
૩. [સં. આશી (ઇચ્છવું)] પું. ઇચ્છા; મરજી.
૪. પું. ઉદ્દેશ; આશયો; હેતુ; મુદ્દો; અર્થ; કારણ; મતલબ; ઇરાદો.
૫. પું. કલ્પનો; મિથ્યા.
૬. પું. કરેલાં કર્મોનો વાસનારૂપ જથ્થો.
૭. પું. કૂવો; ટાંકું; તળાવ; હોજ.
૮. પું. કોઠાર; ભંડાર; સમૂહ.
૯. પું. જઠર; પોજરી.
૧૦. પું. નસીબ; ભાગ્ય.
૧૧. [સં. આ (ઉપર) + સી (સદવું)] પું. પખવાડી.
૧૨. પું. પશુને પકડવાનો ખાડો.
૧૩. પું. કપૂરનું ઝાડ.
૧૪. પું. મનઃ ચિત્ત.
૧૫. પું. વાસણ; પાત્ર; ડાબ.
૧૬. પું. વૈભવ; આબાદી.
૧૭. પું. સમજ; સદ્‌બુદ્ધિ.
૧૮. પું. શરીરના દોષ, ધાતુ અને મળ વગેરેના આધારરૂપ જે અવયવ: વાત, પિત્ત, શ્લેષ્મ, રક્ત, માંસ અને પરુ. તેને લીધે શરીરનાં બધાં કામ નિયમ પ્રમાણે ચાલ્યા કરે છે. આશયો અને તેના સહાયભૂત નાના અવયવો શારીરયંત્ર નામે ઓળખાય છે. આશયના બે પ્રકાર: સમર્થ એટલે પોતાપણાવાળા અને અસમર્થ એટલે પોતાપણ વિનાના. અમુક મત પ્રમાણે આશયના ત્રણ પ્રકાર: ૧. મહાસર્થ એટલે મોટા પોતાપણાવાળા. જેમકે, આમાશય; પક્વાશય; મૂત્રાશય; ગર્ભાશય. ૨. ક્ષુદ્રસર્થ અથવા ઓછા પોતાપણાવાળા. જેમકે, વૃક્કો; અસ્થિકોષ અને ફેફસાં. ૩. અસર્થ અથવા પોતાપણ વિનાના. જેમકે, મળાશય; પ્લીહા.
૧૯. પું. સુવાનો ઓરડો; શયનગૃહ.
૨૦. પું. (જૈન) "હું" "હું" એવું જેવળ પોતાના સ્વરૂપ માત્રનું પ્રકાશ કરનારું જ્ઞાન.
૨૧. જિ. અલ્પ; દેખાય નહિ એવું.
૨૨. જિ. લોભિયું; કંજૂસ.

આશાયગા [સં. આશય (ઝાડ) + ગા (જનારી)] સ્ત્રી. ઔદરી મહાધમનીમાંથી નીકળતી અને પેટની બાજુની પેશીઓ, આમડી તેમ જ પેટના અંદરના આશયોને લોહી પૂરું પાડનારી શાખા; આશયાનુગા; 'વિસરલ સ્પ્લેન્ચીસ'.

આશાયાનુગા સ્ત્રી. ઔદરી મહાધમનીમાંથી નીકળતી અને ઉદરની દીવાલની પેશીઓ, આમડી તેમ જ ઉદરના અંદરના આશયોને લોહી પૂરું પાડનારી શાખા; 'વિસરલ સ્પ્લેન્ચીસ.' આ શાખાઓ નીચે મુજબ છે: ૧. અધોદરિક, ૨. ઉત્તરાંત્રિકી, ૩. અધરાંત્રિકી, ૪. મધ્યમા અધિવૃક્કિનીઓ, ૫. અનુવૃક્કિઓ અને ૬. અનુકટપ્રતિકાઓ. આમાંની પહેલી ત્રણ એકવડી અને બીજી ત્રણ બેવડી હોઈ કુલ નવ શાખા છે.

આશાયારા પું. અગ્નિ.

આશારિકા સ્ત્રી. પેટની અંદર આવેલ જુદા જુદા આશયોની નજીક રહેલી અને તેમની નજીકના આશયોને નામે ઓળખાતી ગ્રંથિ; 'વિસરલ લિંફ ગ્લેન્ડ્સ'. આ ગ્રંથિઓ અધોદરિક નામની મહાધમનીની શાખા તેમ જ બીજી બે ધમનીઓ—ઉત્તરાંત્રિકી અને અધરાંત્રિકીની આસપાસ રહેલી છે. તેમાં ત્રણ મુખ્ય સમૂહ છે: ૧. અભિવાહી ગ્રંથિઓ, ૨. આમાશયરિકા, ૩. અભિપક્વાંત્રિકા.

આશારૂ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. રાક્ષસ; દાનવ; દૈત્ય; અસુર.
૩. પું. વા; પવન.
૪. સ્ત્રી. ભાટિયાની એ નામની અટક.
૫. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.
૬. ન. ભાટિયાની એ નામની અટકનું માણસ.
૭. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.
૮. જિ. ભાટિયાની એ નામની અટકનું.
૯. જિ. લોહાણાની એ નામની અટકનું.

આશારચાર [સં. આશિસ (દુવા) + વદ (બોલવું)] પું. આશીર્વચન; દુવા; આશિષ.

આશારવું ૧. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર લખવો)] સ જિ. આશરો લેવો; શરણ થવું.
તેને નીચી રહ્યા છે આશારી. પ્રેમાનંદ

૨. સ. ક્રિ. કોઈના સંબંધમાં બોલવું; ઉલ્લેખ કરીને બોલવું.

૩. સ. ક્રિ. નક્કી કરવું; અનુસરવું.

આશરા ૧. સ્ત્રી. કડિયાની એ નામની અટક.
૨. સ્ત્રી. ભરતીની એ નામની અટક.
૩. સ. કડિયાની એ નામની અટકનું માણસ.
૪. સ. ભરતીની એ નામની અટકનું માણસ.
૫. વિ. કડિયાની એ નામની અટકનું.
૬. વિ. ભરતીની એ નામની અટકનું.

આશરાગત [સં. આશ્રય (આધાર) + આગત (આવેલું)] વિ. આશરે આવેલું; શરણાગત.

આશરાગતિયું ૧. [સં. આશ્રય (આધાર) + આગત (આવેલું) + ઈય (વાળું)] વિ. અનુજ્ઞી; આધારે આવેલું; શરણે આવેલું; આશ્રયે આવી રહેલું.
૨. વિ. અનુયાયી; અનુચારી; અનુસરનારું.

આશરાગતી [સં. આશ્રય (આધાર) + આગત (આવેલ) + ઈન્ (વાળું)] વિ. આશરે આવેલું; શરણાગત.

આશરા પડવું [આશરો (આશ્રય) + પડવું] ક્રિ. આશ્રય પડવું; બોલાવ પ્રમાણેનું.

આશરે [સં. આશ્રય] અ. લગભગ; ગુમારે; અંદાજે.

આશરો ૧. [સં. આશ્રય; પ્રા. આસ્સઅ]
પું. આધાર; અડસટ્ટો; અંદાજ; ગુમાર.
આશરો કાઢવો = અડસટ્ટો કરવો; ગુમાર બાંધવો; લેખવું.
૨. પું. આધાર; ટેકો.
૧. આશરા ઉપર રહેવું = બીજા ઉપર આધાર રાખવો.
૨. આશરે બેસવું = આધાર આપનારમાં બાતદી રાખી બેસી રહેવું.
૩. આશરો આપવો = ઓથ દેવો.
૪. આશરો લેવો = આશ્રયે જવું.
૩. [સં. આ (વધ) + શિ (આદર કરવો)]
પું. આશ્રય; આદર.
૪. પું. ઝાલું; શક્તિ.
તો બીજનો શો આશરો બળ હણ્યો વિજયી શાર. બલભદ્ર
૫. પું. ઘર; રહેઠાણ.
૬. પું. ઉત્તરપિંડી; ઠગાઈ.
૭. [સં. આ (પાસે) + શિ (રહેવું)]
પું. નજીકતા; પડોશ.
૮. પું. નિભાવ; નિર્વાહ; ગુજરો; ભરણપોષણ.
૯. પું. બચાવનું સાધન.
૧૦. પું. બળ; હિંમત.
રેવ રેવ બમ બમાં બોલાં પંખીડાં
કાં રે કેનો આશરો તે બોલ રહી કાલી. ઝવેરી
૧૧. [સં. આ (વધ) + શિ (આદર આપવું)]
પું. મુરબ્બી; મોટેરો; વડીલ.

આશલ [સં.] પું. એ નામનું એક ઝાડ; છત્રક.

આશવ ૧. [સં. આશુ (ઝડપવાળું)]
ન. ઉતાવળ; ઝડપ; ત્વરા.
૨. [સં. આસવ] ન. ગાળેલો દારૂ; આસવ.

આશવાસનવા [સં. આશ્વસ્ત (વિશ્વાસ દેવો)]
સ્ત્રી. સાંત્વન; ધીરજ.

આશંસન ૧. [સં. આશંસ (ઇચ્છવું)]
ન. ઇચ્છા; ઇચ્છેષ.
૨. સ. પશુનો વધ કર્યા પછી તેના શરીરના ટુકડા કરવા તે. વેદમાં આ શબ્દ વપરાયેલ છે.
૩. [સં. આશાસ્ (આશા રાખવી)]
ન. મેળવવાની આશા; આકાંક્ષા; આશંસા.

આશંસુદીપ ૧. [સં. આશા (ઇચ્છા) + શુ (ઝડપ) + દીપ (દીપવું)] વિ. ઉત્તેજન આપનાર; પ્રોત્સાહક.
૨. વિ. સ્તુતિ બતાવનાર; આનંદકારક.

આશાસ્ત ૧. વિ. ઠરેલ ઘમેલ.
૨. [સં. આ (બરાબર) + શસ્ત (વખાણવું)] વિ. સ્તુતિ કરાયેલ; પ્રશંસા પામેલ.

આશાસ્થાન [સં. આશા (ઇચ્છા) + સ્થાન (જગ્યા)] ન. હૃદય; દૈવું.
ત્યાં તો હલાદલ રહ્યું પુર આશાસ્થાને. કલાપી

આશાહીન [સં. આશા (ઇચ્છા) + હીન (વગરનું)] વિ. નિરાશ; નાઉમેદ.

આશંક ૧. [સં. આ (બરાબર) + શંક્ (શક રાખવો)] પું. અવિશ્વાસ; વહેમ; શંકા.
નવ અમૃતો જગમાં અશંક,
તવ આવે પાજ્ય વળ કંઈ. ઉમાશંકર
૨. પું. આંચકો; ઝટકો.
૩. પું. બીક; ભય.
૪. પું. મનમાં ઊભું થયેલું આશ્ચર્યપદું.
૫. પું. ગરમ; ઉષ્ણ.
૬. વિ. બીક વગરનું; નિર્ભય.

આશંકનીય ૧. [સં. આ (બરાબર) + શંક્ (વહેમ પડવો) + અનીય (જેવું)]
વિ. બીકથી જોવા જેવું.
૨. વિ. વહેમ લાવવા જેવું.
૩. વિ. વાંધાવાળું; શોષ ભરેલું; આપત્તિ; વાંધો.

૪. વિ. શંકાવાળું.

આશંકવું [સં. આ (બરાબર) + શંક્ (વહેમ પડવો)] અ. ક્રિ. સંદેહમાં પડવું; શંકા થવી.

આશંકા ૧. [સં. આ (બરાબર) + શંક્ (વહેમ પડવો)] સ્ત્રી. અવિશ્વાસ; અપતીજ.
૨. સ્ત્રી. કંઈક ખરાબ થવાનો ભય.
૩. સ્ત્રી. ક્ષોભ; ઓસારો; સંકોચ.
૪. સ્ત્રી. ઝટકો; આંચકો.
૫. સ્ત્રી. બીક; ભય; ત્રાસ; ડર.
૬. સ્ત્રી. વહેમ; શક; સંદેહ; સરસ; શંકા.

આશંકાન્વિત ૧. વિ. બીધેલું.
૨. વિ. ભયની નજરે જોયેલું.
૩. [સં. આ (બરાબર) + શંકા (વહેમ) + અન્વિત (યુક્ત)] વિ. શંકાવાળું; સંદેહ ભરેલું.

આશંકાવું ૧. [સં. આ (બરાબર) + શંક્ (વહેમ પડવો)] અ. ક્રિ. બીવું; ભય રાખવો.
૨. અ. ક્રિ. વહેમાવું; ભરમાવું.
૩. અ. ક્રિ. સંકોચવું; ક્ષોભ પામવો.

આશંકિત ૧. સ. ખરાબ થવાનો ભય.
૨. સ. બીક; ભય; ડર.
૩. [સં. આ (બરાબર) + શંક્ (શક આવવો) + ક્ત (એલું)] સ. સંશય; સંદેહ.
૪. વિ. બીકવાળું; ભય પામેલું; ભયભીત.
૫. વિ. ભયની નજરે જોયેલું.
૬. વિ. વહેમ ભરેલ; શક પડતું; આશંકાવાળું.

આશંકિત ગર્ભપાત [સં. આશંકિત (શંકાયેલું) + ગર્ભ (ગર્ભ) + પાત (પડવું તે)]
પું. ગર્ભપાત થવાનો ખિલ્લો.

આશંકી ૧. વિ. બીકવાળું; ભય પામેલું.
૨. [સં. આ (બરાબર) + શંકિન્ (શકવાળું)] વિ. સંદેહવાળું; વહેમની નજરે જોનારું; શંકાવાળું.

આશંકુચ ૧. [સં. આ (બરાબર) + શંક્ (વહેમ પડવો)] વિ. ભય ભરેલી નજરે જોવા જેવું.
૨. વિ. શંકા કરવા જેવું.

આશંસન ૧. [સં. આ (ઉત્કૃ) + શંસ (જાહેર જોવું)] ન. આશીર્વાદ; દુઆ.
૨. [સં. આ (ચોતરફ) + શંસ (કહેવું)]
ન. જાહેરાત; પ્રસિદ્ધિ.
૩. ન. પ્રાર્થના; સ્તુતિ.
૪. ન. મેળવવાની ઇચ્છા; ઇચ્છેલ વિષયની આશા.

આશંસા ૧. [સં. આ (બરાબર) + શંસા (ઇચ્છા)] સ્ત્રી. આશા; આકાંક્ષા; ઇચ્છા; ઉમેદ; ધારણા.

૨. સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અલંકાર.
૩. સ્ત્રી. કલ્પના; નવું ઉપજાવી કાઢવાની શક્તિ.
૪. [સં. આ (ચોતરફ) + સંસ્ + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ભલેરાત; પ્રસિદ્ધિ.
૫. સ્ત્રી. સ્મરણ; નિર્દેશ; ઉલ્લેખ.

આશંસિત ૧. [સં. આ (ચોતરફ) + શંસિત (કહેવું)] વ. કૃ. ઇચ્છા; આશંસા.
૨. વિ. આશા રાખેલ; ઇચ્છા કરેલું; ધારેલું.
૩. વિ. કહેલ.
૪. [સં. આ (ચારે તરફ) + શંસિત (કહેલ)] વિ. ભલેર કરેલું; પ્રસિદ્ધ.
૫. વિ. હોવાનું કહેવાયેલ; લેખાયેલ; ગણાયેલ.

આશંસિતા ૧. [સં. આશંસિતૃ] વિ. ઇચ્છા કરનાર.
૨. વિ. સારું થવાની ઇચ્છાવાળું; આશંસી.

આશંસી ૧. [સં. આ (ચોતરફ) + શંસા (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. આશા કરનારું; ધારણા રાખનાર.
૨. [સં. આ (ચોતરફ) + શંસ (કહેવું) + ઇન્ (વાળું)] વિ. ભલેરાત આપનું; પ્રસિદ્ધ કરતું.
૩. વિ. ભલું થવાની આશા રાખનું.

આશંસુ ૧. [સં. આ (ચોતરફ) + શંસા (ઇચ્છા)] વિ. આશાવાળું; ઉમેદ રાખનારું.
૨. વિ. કલ્યાણ ઇચ્છનું.

આશા ૧. સ્ત્રી. આસક્તિ; પ્રીતિ; ભાવ.
૨. [સં.] સ્ત્રી. ઇચ્છા; ઉમેદ; કામના; વાંછા.
આશા એ તો મધુર કલ્પ અંશ છે જિંદગીનો,
ઉદાસે ના છવિત સુપી એ ઉદર્ક દાન બતો.
કલાપી
૧. આશા અમર છે = માણસના હૃદયમાં કંઈ ને કંઈ ઉમેદ હમેશા રહે છે.
૨. આશા આપવી – દેવી = (૧) દિલાસો આપવો; ધીરજ દેવી. (૨) મદદ કરવાનું કહેવું; ભરોસો આપવો.
૩. આશા આશાને પોષે છે = એક ઇચ્છામાંથી બીજી ઇચ્છા થાય છે.
૪. આશા કરવી–બાંધવી–રાખવી = ઇચ્છવું; ધારણા રાખવી.
૫. આરે કે ત્રાસે = ગમે તેવા ઉપાય કરીને; કોઈ પણ રીતે; બળથી કે કળથી.
૩. સ્ત્રી. (સંગીત) એ નામની સવારે ગાવાની, સંપૂર્ણ જાતિની, ભૈરવ ઘાટની એક રાગિણી. આશાવરીના સ્વર તે જ આ રાગિણીના સ્વર, માત્ર લાગ, ઘાટ અને આરોહ અવરોહમાં સહેજ ફરક છે.
૪. સ્ત્રી. (સંગીત) એ નામનો એક રાગ. તે ભૈરવ રાગનો પુત્ર કહેવામાં આવે છે.
૫. સ્ત્રી. ઓષાન; ગર્ભ; હમલ.
આશા બંધાવી–રહેવી–હોવી = ગર્ભ રહેવો; દિવસ ચડવા; ખોળો ભરાવો; સગર્ભા હોવું.
૬. સ્ત્રી. કોંકણ અને બંગાળા તરફ થતી અને બાળકના રોગ ઉપર વપરાતી એક વનસ્પતિ. તેના લાકડામાંથી રંગ બને છે. એની બંદાંનો રસ ઘણો કડવો હોય છે.
૭. સ્ત્રી. આખી ચોળીને બેસતી વખતે ટેકો રાખવાની ચોડી; પાવડી.
૮. સ્ત્રી. તીવ્ર આકાંક્ષા; લાલસા; સ્પૃહા; તૃષ્ણા.
આશાએ ધરણી ખાણી ખનતણી ચાણી ત્રિવિ ધાતુઓ.
નીતિયતઃ
૯. સ્ત્રી. દક્ષ પ્રજાપતિની એ નામની એક દીકરી.
૧૦. સ્ત્રી. દિશાની સંજ્ઞા બતાવનાર સંકેત. આશા એટલે દિશા હોવાથી આ શબ્દનો આવો ઉપયોગ થયેલ જણાય છે.
૧૧. સ્ત્રી. દિશા.
કન્યા કાશા કુમ દિશા જો આશા દિગ ભોર;
ચિલ્લન ભતા નાથ તુજ અનમ સમિ હૃદય ચકોર.
વિનયવધૂમેય
૧૨. સ્ત્રી. ધન મેળવવાની તીવ્ર ઇચ્છા.
૧૩. સ્ત્રી. ધારેલી વસ્તુ મળવાના વિચારથી થતો સંતોષ.
૧૪. સ્ત્રી. નારી.
આશક પાસા ને હકનાં, કર ઠાકોર ને ઠકાર,
એ બન નહિ આવ્યાં, વેર વેરવા સોનાર.
ગોપીનાથદાસ
૧૫. સ્ત્રી. પ્રદેશ; કળા.
૧૬. સ્ત્રી. ભરોસો; આસ્થા; વિશ્વાસ.
૧૭. સ્ત્રી. હેતુ; ઉદ્દેશ; ધ્યેય; લક્ષ્ય.

આશાઓશ [સ્ત્રા. આસ્કન (આરામ લેવો)] સ્ત્રી. આરામ; વિશ્રાંતિ.

આશાકૃત [સં. આશા (ઉમેદ) + કૃત (સફળ થયેલ)] વિ. બર આવેલ ઉમેદવાળું.

આશાકેંદ્ર [સં. આશા (ઉમેદ) + કેંદ્ર (મધ્યબિંદુ)] વ. આશાનું મધ્યબિંદુ; આશાનો આધાર.

આશાગજ [સં. આશા (દિશા) + ગજ (હાથી)] પું. દિગ્ગજ; દરેક દિશાના દિક્પાળ સામે કલ્પવામાં આવેલ હાથી.

આશાગૌડી (આશાગૌડ) સ્ત્રી. (સંગીત) સિતારવેલ ઘાટમાંથી બની કોઈ પણ વખતે ગવાની સંપૂર્ણ જાતિની વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર ઋષભવાળી એક રાગિણી. તેમાં બધા શુદ્ધ સ્વર આવતા હોવાથી તેનો સંકરાભરણ ઘાટમાં સમાવેશ થાય છે.

આશાગૌડ (આશાગૌડ) પું. (સંગીત) એ નામનો એક રાગ.

આશાઘેલું [આશા (ઇચ્છા) + ઘેલું (ગાંડું)] વિ. ધારેલી બાબત થશે એવી ધારણામાં ગાંડું બનેલું.

આશાજનક [સં. આશા (આસ્થા) + જનક (પેદા કરનાર)] વિ. વિશ્વાસ ઉપજાવે એવું.

આશાભોગી પું. (સંગીત) એ નામની રિષભ, ધૈવત અને નિષાદ કોમળ આવે એવી એક રાગિણી; બત્રીસ ઘાટમાંનો એક.

આશાઢ ૧. [સં.] પું. અષાઢ માસ; વિક્રમ સંવતનો નવમો અને શાલિવાહન સંવતનો ચોથો મહિનો.
૨. પું. બાજરી.રીંગણ રાખવાનો આખરાનો દંડ.
૩. પું. મલયાચલ પર્વત.

આશાઢક [સં. આષાઢક] પું. અષાઢ મહિનો.

આશાઢા ૧. સ્ત્રી. અષાઢ માસમાં બાજતી વાદળી.
૨. સ્ત્રી. બાજરીથી રખાતો દંડ.
૩. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) વીસમું અને એકવીસમું નક્ષત્ર; પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા.

આશાઢ [સં.] પું. અષાઢ માસ; વિક્રમ સંવતનો નવમો અને શાલિવાહન સંવતનો ચોથો મહિનો.

આશાઢક [સં. આષાઢક] પું. અષાઢ મહિનો; આશાઢક.

આશાઢા [સં.] પું. અષાઢ મહિનો.

આશાઢી ૧. [સં.] સ્ત્રી. અષાઢ મહિનાની પૂનમ.
૨. વિ. અષાઢ માસમાં આવતું અથવા થતું.

આશાતન જ. (જૈન) અપમાન; તિરસ્કાર; અવમણના.

આશાતના ૧. સ્ત્રી. (જૈન) અભડાવવાપણું; અપવિત્ર કરવું તે.
૨. સ્ત્રી. (જૈન) અવિવેક; અવિનય.
૩. સ્ત્રી. દુઃખ; પીડા.
૪. સ્ત્રી. ધમાલ; અશાંતિ.

આશાતંતુ [સં. આશા (આસ્થા) + તંતુ (તાંતણો)] પું. કોઈ પણ બળવાની કે બનવાની બહુ જ ઝીણી ખાતરી.

આશાતાવેદની જ. (જૈન) જેના પરિણામે દુઃખ ભોગવે એવું કર્મ.

આશાતીતવેદનીય વિ. (જૈન) જેના પરિણામે કલ્પ દુઃખ ભોગવે એવું.

આશાતીત [સં. આશા (વાંછના) + અતીત (પાર ગયેલું)] વિ. ધાર્યા ન કરી હોય એવું; આશા બહારનું.

આશાતૃષ્ણા [સં. આશા (ઉમેદ) + તૃષ્ણા (તીવ્ર ઇચ્છા)] સ્ત્રી. લાલસા; તીવ્ર ઇચ્છા.

આશાદર્શિ [સં. આશા (અપેક્ષા) + દર્શિન્ (જોનાર)] વિ. કોઈ પણ બાબતમાં નિરાશ નહિ બનાર; જે બધું બને છે તે સારા માટે છે એમ માનનાર; બધે આશાની નજરે જોનાર; આશાવાદી; સુખવાદી; 'ઑપ્ટિમિસ્ટ'.

આશાદશમી [સં. અષાઢ (એ નામનો મહિનો) + દશમી (દશમો દિવસ)] સ્ત્રી. અષાઢ સુદ દશમ. તે દિવસે દેવીપૂજન કરવામાં આવે છે.

આશાદાયી [સં. આશા (અપેક્ષા) + દાયિન્ (આપનાર)] વિ. વિશ્વાસ ઉપજાવે એવું; શ્રદ્ધા પેદા કરે એવું; આશાજનક.

આશાદ્વિતીયવ્રત [સં. આશ્વિન (આસો માસ) + આદિત્ય (સૂર્ય) + વ્રત (પ્રકરણનું નામ)] ન. આસો મહિનાના રવિવારથી શરૂ કરી એક વર્ષ સુધી કરવાનો નિયમ; સૂર્યનું પૂજન.

આશાદૃષ્ટ [સં. આશા (અપેક્ષા) + દૃષ્ટ (જોયેલું)] વિ. વિશ્વાસની નજરે જોયેલું.

આશાદૃષ્ટિ [સં. આશા (વિશ્વાસ) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. જે થાય છે તે બધું સારા માટે એવો વિચાર.

આશાદોરી સ્ત્રી. આશાતંતુ.

આશાનિર્વેદી સેના [સં. આશા (વિશ્વાસ) + નિર્વેદ (નિરાશા) + ઘ્ન (વાળું) + સેના (લશ્કર)] સ્ત્રી. વિજયની આશા બીજી બૌદ્ધ લશ્કર.

આશાનૌકા [સં. આશા (ઇચ્છા) + નૌકા (હોડી)] સ્ત્રી. આશારૂપી વહાણ.

આશાન્વિત [સં. આશા (અપેક્ષા) + અન્વિત (વાળું)] વિ. ઇચ્છાવાળું; વાંછના સાથ હોય એવું; આશાવંત.

આશાપરા ૧. [સં. આશા (ઇચ્છા) + પૂ (સંતોષવું)] સ્ત્રી. (ગામ) એ નામની એક દેવી; આશાપુરા.

૨. વિ. સ્ત્રી. ધારેલું પાર પાડનારી.

આશાપરી ૧. સ્ત્રી. બાવાની એ નામની જાટક.

૨. ન. બાવાની એ નામની જાટકનું માણસ.

૩. વિ. બાવાની એ નામની જાટકનું.

આશાપલ્લી સ્ત્રી. આશાવળ ગામનું જૂનું નામ; કર્ણાવતી. મુસલમાન ઇતિહાસકારો તેને ચેસાવળ કહેતા.

આશાપાતિક [સં. આશા (ઉમેદ) + પાત (પડવું તે) + ઠક (વાળું)] વિ. આશાભંગ કરે એવું.

અતિ પહું આશાપાતિક ચેર,
તેહ કેરી ઉપનું આતંક. ઊમિ

આશાપાલ [સં. આશા (દિશા) + પાલ્ (રક્ષણ કરવું)] પું. દિશાની રખવાળી કરનાર દેવ; દિક્પાલ.

આશાપાશ ૧. [સં. આશા (ઉમેદ) + પાશ (ફાંસો)] પું. ઇચ્છાનું બંધન; તૃષ્ણારૂપી ગાળો.

૨. બ. આજુબાજુ; ચોમેર.

અનમેલ મેરખાવરિ વાસ,
બંધુ બંધનિ આશાપાશ. ઊમિ

આશાપુર [સં.] ન. એ નામનું એક નગર. ત્યાં સારી જાતનો ગૂગળ મળે છે.

આશાપુરસંભવ [સં. આશાપુર (એક નગર) + સંભવ (પેદાશ)] ન. આશાપુર નગરમાં થતો એક જાતનો ગૂગળ.

આશાપૂરક [સં. આશા (ઇચ્છા) + પૂરક (સંતોષનાર)] વિ. ધારેલું પાર પાડનાર; વાંછના સાથ કરનાર.

આશાપૂરણ [સં. આશા (ઇચ્છા) + પૂરણ (સંતોષનાર)] વિ. ઉમેદ પર લાવનાર.

આશાપૂરા ૧. [સં. આશા + પૂ (સંતોષવું)] સ્ત્રી. ભરૂચના રજપૂતની કુળદેવી. એનું સ્થાન ઇન્દ્રમાં નારાયણ સરોવર પાસે છે. લોક પ્રમાણે ક્ષત્રિયોએ શક્તિ, આશાપૂરા, આમુંડા વગેરે દેવીઓની ઉપાસના કરવી જોઈએ. વિદ્વાનના પ્રમાણે તે દેવીઓના રક્તચંદન, સિંદૂર જેવા લાલ રંગના લેપના પદાર્થ જે બુઝે તે લોહીની ધારાથી કે રક્તસ્રાવથી બીતો નથી. શક્તિના સામર્થ્યની શરીરમાં જાગૃતિ થાય એવા જેવા પદાર્થો કે રંગો સવાર સાંજ જોવાનું શાસ્ત્રોમાં ફરમાવ્યું છે. ભરૂચનિવાસી આશાપૂરાનું હંમેશા પૂજન અને દર્શન ખાનપૂરક કરવું જ જોઈએ તેવી આબુમ્ય વધે.

૨. સ્ત્રી. મનોરથ સફળ કરનારી માતા.

૩. વિ. સ્ત્રી. ઇચ્છેલું ફળ લાવનારી; આશા સફળ કરનારી.

આશાપૂરી ૧. સ્ત્રી. ભરૂચના રજપૂતની કુળદેવી.

૨. [સં. આશા (ઇચ્છા) + પૂ (સંતોષવું)] સ્ત્રી. ધારેલા પાર પાડનારી હિંદુઓની દેવી; આશા પૂરનારી દેવી.

૩. વિ. સ્ત્રી. ઇચ્છા પૂર્ણ કરનારી.

આશાપૂરો પું. એક જાતનો ધૂપ. તેની ગાળી બૂકી આવે છે.

આશાપૂર્ણા [સં. આશા (ઇચ્છા) + પૂર્ણ (પૂર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આશાપૂરા માતા.

આશાપ્રેક ૧. [સં. આશા (ઇચ્છા) + પ્રેક (આપનાર)] વિ. મનકામના પૂરનાર.

૨. [સં. આશા (વિશ્વાસ) + ■ (આપનાર)] વિ. વિશ્વાસ ઉપજાવે એવું.

આશાપ્રાપ્ત [સં. આશા (ઇચ્છા) + પ્રાપ્ત (મળેલ)] વિ. ફતેહમંદ; વિજયી; સફળ.

આશાફૂલ સ્ત્રી. લાલના આકારનાં પાંદડાં અને તારા જેવા લીલાં ફૂલવાળું એક જાતનું દેખાવનું ઝાડ.

આશાબદ્ધ [સં. આશા (ઇચ્છા) + બદ્ધ (બંધાયેલું)] વિ. તૃષ્ણાવાળું; ઉમેદવાળું.

આશાબંધ ૧. પું. આશાતંતુ; આશાદોરી; આશાનું બંધન.

૨. પું. આશ્વાસન; દિલાસો.

૩. પું. કરોળિયાનું જાળું; મર્કટજાળ.

૪. પું. તૃષ્ણારૂપી બાંધ.

૫. [સં. આશા (દિશા) + બંધ (પાશ)] પું. દિશાનો બંધ.

૬. [સં. આશા (અપેક્ષા) + બંધ્ (બાંધવું)] પું. વિશ્વાસ; ભરોસો.

૭. પું. વિશ્વાસનો આધાર.

૮. વિ. વાંછનાથી ભરેલું; ઉમેદવાળું.

૯. વિ. વિશ્વાસુ; શ્રદ્ધાવાન.

આશાબંધન [સં. આશા (અપેક્ષા) + બંધન (જકડામણ)] ન. વિશ્વાસ; ભરોસો; આશાબંધ.

આશાબંધી ૧. [સં. આશા (ઇચ્છા) + બંધ્ (બાંધવું)] વિ. સ્ત્રી. ઇચ્છાવાળી; તૃષ્ણા હોય એવી.

અકૃત્રાવી ભરાણી, આશાબંધી થઈ.
હરગોવિંદદાસ

૨. વિ. સ્ત્રી. ગર્ભિણી; ઉમેદવાળી; સગર્ભા.

આશાબંધુ [સં. આશા (વિશ્વાસ) + બંધુ (મિત્ર)] પું. ભરોસો રાખવા લાયક દોસ્ત.

આશાબંધું વિ. ઉમેરવાળું.

આશાભર [સં. આશા (તૃષ્ણા) + ભૃ (ભરવું)] વિ. કુંવારું; જુવાન.

આશાભર્યું ૧. [સં. આશા (તૃષ્ણા) + ભૃ (ભરવું)] વિ. કુંવારું; જુવાન; જેને ઘણી ઇચ્છા પૂરી કરવાની રહેલી હોય એવું.
૨. વિ. વાંછનાથી ભરેલું; ઉમેદવાળું.

આશાભંગ ૧. [સં. આશા (ઇચ્છા) + ભંગ (નાશ)] પું. ધારેલું પાર ન પડવાપણું; નિરાશ થવાપણું.
૨. વિ. નાઉમેદ; નિરાશ; નિષ્ફળ; હતાશ.
આશાભંગ થઈ આમિની. ઓખામંડળ

આશાભંગતા [સં. આશા (ઇચ્છા) + ભંગ (વહી જવાપણું) + તા (પણું)] સ્ત્રી. નાઉમેદી; ઉમેદ પર ન આવવાપણું.

આશાભંગભર્યું [આશા (ઇચ્છા) + ભંગ (વટ) + ભર્યું (ભરેલું)] વિ. નિરાશ; ઇચ્છા પાર ન પડી હોય એવું.

આશાભિલાષા [સં. આશા (ઇચ્છા) + અભિલાષા (અભિલાષા)] સ્ત્રી. સામાન્ય વાંછના; તૃષ્ણા.

આશામેર [આશા (ઉમેદ) + મેર (સાથે)] વિ. સ્પૃહાવાળું; તૃષ્ણાથી ભરેલ; ઉમેદવાળું.

આશારામ [દ્વા. આશારામીદન (પીળું)] સ. પીળું.
કારણ આશારામ = દારૂ પીનાર.

આશારાગ પું. (સંગીત) એ નામનો એક રાગ.

આશારાખુક્ત ૧. [સં. આશા (ઇચ્છા) + યુક્ત (થયું)] વિ. ઉમેદવાળું; વાંછનાથી ભરેલું.
૨. વિ. કુંવારું; જુવાન.

આશારાર [સં. આશ્રિ (શબ્દ સેવું)] પું. આશરો; વિસામાનું ઠેકાણું.

આશારેખા [સં. આશા (આસ્થા) + રેખા (લીટી)] સ્ત્રી. ભોળો વિશ્વાસ; આસાતંતુ.

આશાલક્ષ [સં.] સ. આરામ લઈ શકાય એવું આસન.

આશાવચન [સં. આશા (વિશ્વાસ) + વચન (બોલ)] સ. ખાતરીનો શબ્દ; આશ્વાસન; દિલાસો.

આશાવધિ [સં. આશા (ઇચ્છા) + અવધિ (હદ)] સ્ત્રી. ઉદ્દેશ; હેતુ; ધ્યેય; લક્ષ્ય.

આશાવરી ૧. પું. (સંગીત) આશાવરી થાટમાંથી થતો એ નામનો એક રાગ.
૨. પું. (સંગીત) ગાવાની એક કળનું નામ.
૩. પું. (સંગીત) દસ થાટ માંહેનો એ નામનો એક.
૪. [સં. આશા (ઇચ્છા) + પૂ (પૂરવું)] પું. (સંગીત) બી રાગની પાંચ રાગિણી માંહેની સવારને બીજે પહોરે ગાવાની એક રાગિણી. સ્વામ રંગવાળી, અંગે નાગણીઓ લપેટેલી, ખોળાં નવ્વો પહેરેલી, શરીરે કપૂરનો લેપ કરેલી, કપાળમાં મલયાગિરિ ચંદનની આડવાળી આ રાગિણી એક સુંદર નારીમાં સુગંધી ફૂલોની વચ્ચે આડના ઝાડ નીચે બેસવા હોવાની કલ્પના છે. કેટલાકના મત પ્રમાણે એક મોટા પર્વતના શિખર ઉપર વહેતા પવિત્ર પાણીની અંદર ઝાડના એક ઘડાય ઉપર ચઢતના ઝાડ નીચે માત્ર ભંજીરાના ઝાડના એક પાંદડાથી પોતાનો ગુહ્ય ભાગ ઢાંકીને પુત્રી ભાનુમતી નામ દઢામાં તે બેઠી છે. તેની બે બાજુએ મોટા સર્પ ઊભા થઈ અને કેટલાક મોર કામ કરી બધે તે પુત્રીનો અવાજ સાંભળી રહ્યા હોય. આ રાગિણીમાં કેટલેક ઠેકાણે હરખારી કાનડા અને જૈનપુરીનો ભાસ થાય. તેની ભાતિ સંપૂર્ણ હોવાથી ખરજ શુદ્ધ, રિષભ કોમળ, ગંધાર મિશ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ મિશ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે. તેમાં ધૈવત વાદી સ્વર, રિષભ સંવાદી સ્વર અને મધ્યમ અનુ સ્વર અને ન્યાસ સ્વર ધૈવત છે.
ધન્ય સોરઠ તે ધન્ય રામગિરો
ધન્ય આશાવરી રાગ રે. નરસિંહ

આશાવલિસ જ. અમદાવાદનું એક જૂનું નામ. અલબરૂનીએ પોતાના ગ્રંથમાં તેને ગેસણ આપ્યા આસાવળ કહ્યું છે.

આશાવહ ૧. પું. આશરથનો એક પુત્ર.
૨. પું. એ નામનો એક રાજા.
૩. પું. (પુરાણ) વિશ્વકર્માનો દીકરો.
૪. [સં. આશા (ઇચ્છા) + વહ્ (વાપરવું)] વિ. ઉમેદવાળું; વાંછનાવાળું.
૫. [સં. આશા (વિશ્વાસ) + વહ (ધરાવનાર)] વિ. વિશ્વાસ પેદા કરે એવું; શ્રદ્ધા ઉત્પન્ન કરનારું.

આશાવૈત ૧. [સં. આશા (ઇચ્છા) + વત્ (વાળું)] વિ. ઉમેદવાળું; તૃષ્ણા હોય એવું.
૨. વિ. જુવાન; કુંવારું.

આશાવાદ [સં. આશા (શ્રદ્ધા) + વાદ (મત)] પું. આ જગત દ્વારા ઈશ્વરનું રચેલું હોઈ દરેક ઘટના કલ્યાણકારક છે એવો મત; દરેક વસ્તુનું પરિણામ શુભ જ આવશે એવી માન્યતા; સૃષ્ટિમાં જે જે છે અને બને છે તે બધું સારા માટે છે એવી માન્યતા; સુખવાદ; 'ઑપ્ટિમિઝમ'.

આશાવાદી ૧. [સં. આશા (શ્રદ્ધા) + વાદિન્ (મતવાળું)] પું. જે જે છે અને બને છે તે બધું સારા માટે એવો મત ધરાવનાર માણસ; આશાવાદમાં માનનાર માણસ; સુખવાદી; સૌભાગ્યવાદી; 'ઑપ્ટિમિસ્ટ'.
૨. વિ. દરેક વસ્તુનું પરિણામ સારું જ આવશે એવા મતવાળું; આશાવાદમાં માનનાર.

આશાવાન [સં. આશા (ઇચ્છા) + વત્ (વાળું)] વિ. તૃષ્ણાવાળું; વાંછના હોય એવું.

આશાવાસી વિ. તૃષ્ણાવાળું; આશાભર્યું.

આશાવાળું ૧. [આશા (ઇચ્છા) + વાળું] વિ. ઉમેદ હોય એવું.
૨. વિ. જુવાન; કુંવારું.

આશાવિલિસ [સં. આશા (ઉમેદ) + વિલિસ (લેવા ચાહવું)] વિ. ઇચ્છા નિષ્ફળ નીવડી હોય એવું; ઇચ્છા પાર ન પામી હોય એવું.

આશાશ્રમ [સં. આશા (શ્રદ્ધા) + આશ્રમ (આરામ)] પું. વિશ્વાસરૂપી વિસામો લેવાનું ઠેકાણું.
કુરુવંશ ના નવ્વું. બનવાનું તે બન્યું, રહ્યને આશાશ્રમે મુખ બતાવ. દયારામ

આશાસુ [સં. આશાસ (શ્રદ્ધા ઉત્પન્ન કરવી તે)] પું. વિશ્વાસ ઊપજવાપણું.
ભગવતી! તમ કૃપા દૃષ્ટિ ઈ આશાસુ થઇ આજ, પ્રભુનુ અતિ આદર દેખી અમ મનિ લાગી લાજ. ભાલણ

આશાસૂત્ર [સં. આશા (આસ્થા) + સૂત્ર (દોરો)] સ. ભોળો બધો વિશ્વાસ; આસાતંતુ.
વારા આશાસૂત્રને તંતુ પ્રાણ રહ્યો છે બળવી. પ્રેમાનંદ

આશાસ્પદ [સં. આશા (આસ્થા) + આસ્પદ (જગ્યા)] વિ. વિશ્વાસ ઊપજાવે એવું; શ્રદ્ધા ઉત્પન્ન કરનારું.

આશાસ્ય ૧. [સં. આશાસ્ (આશિષ આપવી)] સ. આશીર્વાદ; દુઆ.
૨. સ. ઇચ્છા; ધારણા; ઉમેદ.
૩. સ. ધારેલી વસ્તુ.
૪. સ. વરદાન.
૫. વિ. આશિષ આપવા જેવું.
૬. વિ. ઇચ્છવા જેવું.
૭. વિ. વરદાનમાં મેળવવાનું.

આશાહીન ૧. [સં. આશા (ઇચ્છા) + હીન (ઓછું)] વિ. નાઉમેદ; નિરાશ.
૨. વિ. વાંછના ન રાખનારું.

આશાંકુર [સં. આશા (ઇચ્છા) + અંકુર (ફણગો)] પું. ઉમેદરૂપી ફણગો.

આશાંત [સં. આ (ચોતરફ) + શાંત (શાંતિવાળું)] વિ. ગભરાટ વિનાનું; સ્થિતા વગરનું; સ્વસ્થ.

આશિક (આશિક્) ૧. [અ. અશક (તે પ્રેમમાં પડ્યો)] પું. અનુરક્ત પુરુષ; પ્રેમી.
૨. જ. બેદરકાર માણસ.
૩. વિ. ચાહનાર; આસક્ત.
૪. વિ. માગણી કરનાર; ઉમેદવાર.
૫. વિ. મોહિત; ફિદા.

આશિક ઉલરાર્જ [પુ.] સ્ત્રી. સ્ત્રીનું પાનવાળા અને શતાં ફૂલવાળી એક જાતની વેલ; પ્રકરપેર્ચા.

આશિકમાશૂક (આશિક્માશૂક્) ૧. [અ. આશિક (પ્રેમી) + માશૂક (પ્રિયા)] પું. પ્રેમી યુગલ; વહાલોવહાલી.
૨. પું. બારણાનો નરમાર્ગ.

આશિકમિજાજ (આશિક્મિજાજ) [અ. આશિક (પ્રેમ) + મિજાજ (સ્વભાવ)] વિ. આનંદી; રમતિયાળ.

આશિકા ૧. સ્ત્રી. આરતી ઉપર હાથ ફેરવી તે આંખે અડાડવાની ક્રિયા; આરતીરખર્ચ. દેવની વિભૂતિ કે તેના નાવણનું પાણી લઈને પોતાની આંખે લગાડવાની અગર કપાળમાં ચોપડવાની ક્રિયાને આશિકા કહે છે.
૨. સ્ત્રી. સારમા; રાખોડી; રાખ.
૩. સ્ત્રી. સાધુનો, દેવનો કે ગરુની રાખનો પ્રસાદ.

આશિકાના (આશિક્ાના) [અ. અશક (તે પ્રેમમાં પડ્યો)] વિ. પ્રેમ સંબંધી.
૧. આશિકાના અશઆર–ગીત = પ્રેમગીત.
૨. આશિકાના ખત = પ્રેમપત્ર.

આશિકી (આશિક્ી) ૧. [અ. અશક (તે પ્રેમમાં પડ્યો)] સ્ત્રી. પ્રેમમાં પડવાપણું.
૨. સ્ત્રી. સ્નેહ; પ્રીતિ.

આશિકોમાશૂક ૧. પું. સર્પના બેનો પ્રકો.
૨. (આશિક્ોમાશૂક્) [અ. આશિક (પ્રેમી) + માશૂક (પ્રિયા)] જ.વ.ક. પ્રેમી જોડું; વહાલોવહાલી.

આશિર્વાદ [સં.] પું. (બ્રહ્મ) બીજાનું હિત બતાવનારી વાતો કરવાનો ક્રમ આપવામાં આવે, પણ ખરી રીતે તેમાંથી પોતાના દુઃખની નિરાંત થાય એવી જાતનો અલંકાર.

આશિત ૧. [સં. અશ્ (ખાવું)] જ. ભોજન; ખાવું.
૨. વિ. આસક્તિવાળું; ધરાય નહિ એવું.
૩. વિ. ખાધેલું.
૪. વિ. ધરાયેલું.

આશિતંભવ ૧. જ. ખોરાક.
૨. [સં. આશિત (ખાઈને સંતોષ પામેલું) + ભૂ (થયું)] જ. તૃપ્તિ; ધરવ.
૩. વિ. સંતોષ આપે એવું; તૃપ્ત કરનારું.

આશિતા [સં. આશિત્] વિ. આસક્તિવાળું; બાઉધરું; ખા ખા કરનારું.

આશિયાન ૧. [ફા.] પું. ચૂંપડું.
૨. પું. પંખીનો માળો.

આશિયાના ૧. [ફા.] પું. નાનું ઘર.
૨. પું. પક્ષીનો માળો.

આશિર ૧. [સં.] પું. અગ્નિ; દેવતા.
૨. [અ.] પું. છઠ્ઠો ભાગ.
૩. [સં.] પું. રાક્ષસ; અસુર; દૈત્ય.
૪. પું. સૂર્ય; સૂરજ.
૫. [સં. અહ્ (બાકું)] વિ. આઉધાઈ; બાકી બાકી કરવું; ખા ખા કરનારું; અસાવધારી.

આશિરત [અ.] સ્ત્રી. છઠ્ઠો ભાગ.

આશિષ્ સ્ત્રી. (પુરાણ) બ્રહ્મ નામના આશિલને સિદ્ધિ નામની સ્ત્રીથી જન્મેલ એ નામની દીકરી.

આશિષ ૧. પું. (બ્રહ્મ) બીજાને માટે પ્રાર્થના કરવામાં આવે એવો એક અલંકાર.
૨. [સં. આ (ચોતરફ) + શાસ્ (કહ્યું)] સ્ત્રી. આશીર્વાદ; તૃપ્તિવચન; ક્યા ફળે એવું વચન; દુઆ.
અન્ન મળે આશિષ, લાજ પુત્રે આપેલી.
—ભાલણ
આશિષ આપવી-દેવી = કલ્યાણ થાય એમ કહેવું.
૩. સ્ત્રી. ઉપકાર માનવાપણું.
૪. સ્ત્રી. સ્તુતિ; પ્રાર્થના.

આશિષણ [સં. આ (ચોતરફ) + શાસ્ (કહ્યું)] સ્ત્રી. આશીર્વાદ; દુઆ.

આશિષસુહાગી [સં. આશિસ્ (દુઆ) + સુ (સારું) + ભાગ (નસીબ)] વિ. આશીર્વાદ આપવાથી સુખી બનેલું.

આશિષાક્ષેપ [સં.] પું. (બ્રહ્મ) એ નામનો એક અલંકાર. તેમાં બીજાનું હિત દેખાતી વાતો કરવાનો ઉપદેશ આપવામાં આવે પણ ખરી રીતે પોતાના દુઃખની નિરાંત થાય છે.

આશિષાંજલિ [સં. આશિસ્ (દુઆ) + અંજલિ (ખોબો)] સ્ત્રી. આશીર્વાદનો વરસાદ.

આશિષિક [સં. આશિસ્ (દુઆ) + ઇક (નામું)] વિ. આશીર્વાદમાં આસક્ત.

આશિષ્ટ [સં. આશાસ્ (દુઆ દેવી) + ત (એવું)] વિ. આશીર્વાદ આપેલ.

આશિસ્ક [સં.] વિ. ધંધું ઊતારવું.

આશિંગો ૧. પું. ઊંટ; ગધેડું.
૨. પું. ખચ્ચરી.

આશિંજિત ૧. [સં. આ (ચોટું) + શિંજ્ (ખખડવું)] વિ. ખખડવું.
૨. વિ. ઘરેણાંના રણકારવાળું.

આશી ૧. સ્ત્રી. આશા; ઉમેદ; ઇચ્છા.
વિશ્વાસીને ચાહે નહીં રે, સદાય પૂરે આશી.
—દયારામ
૨. [સં. આશિસ્] સ્ત્રી. આશીર્વાદ; તુષ્ટિવચન; દુઆ.
૩. [સં. આશિસ્ (સ્તુતિ)] સ્ત્રી. (બ્રહ્મ) બીજાને માટે પ્રાર્થના કરવા માટે વપરાતો અલંકાર.
કોઈ વસ્તુનું આલંબન અથવા પ્રાર્થના તે આશી અલંકાર છે. —કાવ્યસાર
૪. [સં. આ (નકામો શબ્દ) + કૃ (બારી નાખવું)] સ્ત્રી. છુપવેશ; ફેર.
૫. સ્ત્રી. બુદ્ધિ નામની એક ઔષધિ; વૃદ્ધિકંદ. તે પાસે રાખવાથી માણસને દરેક કામમાં યશ મળવાનું મનાય છે.
૬. સ્ત્રી. ભાવપૂર્વ કરનારનો આદર.
૭. સ્ત્રી. મેળવવા માટેની પ્રાર્થના.
૮. સ્ત્રી. સર્પની ફણ.
૯. વિ. આશાવાળું; વાંછનાથી ભરેલું.
કોઈ આશી નિરાશી થાય. —પ્રેમાનંદ
૧૦. [સં. આશિન્] વિ. આનાર; ભક્ષક. આ પ્રયોગ સમાસને અંતે કરવામાં આવે છે. દૂધ + આશી = દૂધાશી; વાત + આશી = વાતાશી.

આશીઅાતું [સં. આશી (ઇચ્છા) + વત્ (જેવું)] વિ. (ક્રિયા) ઉમેદ હોય એવું.

આશીનીશી [સં. આશા (ઇચ્છા) + નિર્ભિત (ફિક્કર બનવું)] જ. અનમાનતી રીતે; સંતોષપૂર્વક.

આશીર [હિં.] પું. કર ઉઘરાવનાર અમલદાર.

આશીર્દાન [સં. આશિસ્ (દુઆ) + દા (આપવું)] જ. આશીર્વાદ દેવો તે.

આશીર્વચન [સં. આશિસ્ (દુઆ) + વચન (શબ્દ)] જ. આશીર્વાદ; ઇચ્છા ફળીભૂત થાય એવું સંતોષવચન; દુઆ; તુષ્ટિવચન; આશિષ.
વેદ ભણે રૂષિ ઉચરે, અહર્નિશ આશીર્વચન.
—નરસૈંયો.

આશીર્વાચક [સં. આશિસ્ (દુઆ) + વાચક (બતાવનાર)] વિ. માંગલિક; દુઆ આપનારું.

આશીર્વાદ [સં. આશિસ્ (દુઆ) + વાદ (કથન)] પું. આશીર્વાદ; આશિષ.

આશીર્વાદ ૧. [સં. આશિસ્ (ઇચ્છા) + વદ્ (બોલવું)] પું. આશિષ; આશીર્વચન; કલ્યાણકારી શબ્દ; દુઆ; ભલાનું ભલું કરવાની ઇચ્છા; શુભ ઇચ્છા; મંગલસૂચક વાક્ય; સ્વસ્તિવચન.

૧. આપે કોળિયે આશીર્વાદ = કોઈ પણ જાતના નિયમ વગર કામ કરવું; દીધે રાખવું.

૨. આશીર્વાદ દેવા = પેટ પૂરતું ન જમતાં એક બે કોળિયા આઈ ઊઠી જવું.

૩. આશીર્વાદ દેવો = મહત કામ કરાવી લેવું.

૪. આશીર્વાદ સારવા = પારસીઓમાં લગ્ન વખતે આશિષ માટે મોટેથી ભંડળી બોલવી.

૫. કોરે ઘાએ આશીર્વાદ = (૧) ચિટકોય વાસણમાં તૈયાર જમવા બેસવું. (૨) જમ્યા પછી હરિયા વગર આશિષ દઈ ઊઠી નીકળવું. (૩) મહત કામ કરાવવું.

૨. પું. (નાટ્ય) કોઈ પણ વીણા વિના મહત આશીર્વાદ આપવામાં વપરાતો એ નામનો એક અલંકાર.

૩. પું. પ્રસાદ; અનુગ્રહ; કૃપા; વર; વરદાન; દુઆ.

આશીર્વાદ મંગલ [સં. આશીર્વાદ (દુઆ) + મંગલ (પુસ્તકના આરંભમાં કરાતી સ્તુતિ)] ન. કોઈ વિઘ્ન વગર પૂરો થાય એ માટે કોની શરૂઆતમાં ગ્રંથકર્તાએ કરેલી પ્રાર્થના.

આશીર્વાદાત્મક ૧. [સં. આશીર્વાદ (સારી ઇચ્છા) + આત્મક (વાળું)] વિ. આશિષવાળું; દુઆ દેનારું; આશિષયુક્ત.

૨. વિ. જેમાં કલ્યાણ કરનાર શબ્દ દ્વારા ઈશ્વરસ્તુતિ હોય એવું.

આશીર્વાદાત્મક મંગલ [સં. આશીર્વાદ (દુઆ) + મંગલ (સ્તુતિ)] ન. ગ્રંથની શરૂઆતમાં કરાતી પ્રાર્થના; આશીર્વાદમંગલ.

આશીર્વાદાર્થ ૧. [સં. આશીર્વાદ (સારી ઇચ્છા) + અર્થ (હેતુ)] વિ. શોભાદિક; શુભ ઇચ્છા બતાવનાર.

૨. અ. આશિષ દેવાને; દુઆ આપવા માટે.

આશીર્વાદાર્થક અ. દુઆ આપવા માટે.

આશીર્વાદાર્થે અ. દુઆ માટે.

આશીર્વાદિત [સં. આશિસ્ (દુઆ) + વાદિત (કહેવાયેલું)] વિ. જેને આશિષ આપવામાં આવી હોય એવું.

આશીવિષ ૧. પું. (જ્યોતિષ) કાલીસ નક્ષત્રનો એક તારો. તેનું મહત્ત્વ ૩-૪, વિષુવાંશ ૨૩૧ અને ક્રાંતિવંશ ઉત્તર ૫૬ છે.

૨. [સં. આશી (સર્પની દાઢ) + વિષ (ઝેર)] પું. જેની દાઢમાં ઝેર રહેલું હોય એવો સર્પ.

આશીવિષા વિષવત ફણી મણિ વિશેષત ભાત; ચમકે દમકે મણિયા સોહોદ્ર કેરળ કાલ. પિંગલપ્રકાશ

આશીવિષા સ્ત્રી. (ભૌગ) સીતોદા નદીને જમણે કાંઠે આવેલ એ નામનું શહેર.

આશીંગ સ્ત્રી. માંદા ઉપર માખીઓ મૂકેલ ઉડાડ. તેને લીધે મામાં જીવાત પડે.

આશુ ૧. [સં. આશુ (ઉતાવળું)] પું. પોડો.

૨. પું. શંકર; શિવ; મહાદેવ. ભોળા હોવ કરતાં તે જલદી અને વધારે પ્રસન્ન થાય છે.

૩. ન. લાલ રંગની કાંકર. ગોમાસામાં તે પાક ઉપર આવે છે.

૪. વિ. ઉતાવળું; ત્વરિત; શીઘ્ર.

૫. [સં. અશ્ (ફેલાવું)] વિ. વ્યાપક; ફેલાઈ રહેલું.

૬. અ. જલદીથી; ઝડપથી; એકદમ.

આશુક (આશુક) [અ. આશિક (વાક્યાર)] પું. પ્રેમી; અનુરક્ત પુરુષ; આશિક.

આશુકઆશુક (આશુકમાશુક) ૧. [અ. આશિક (પ્રેમી) + માશુક (પ્રિયા)] વ. ક. વ. અરસ્પરિણી; પ્યારોપ્યારી; પ્રિય અને પ્રિયા; લાલ અને લલના; વલ્લભોવલ્લભી.

૨. વ. ક. વ. ક. વરવધૂ; પાણિગ્રહિણપાણી.

આશુકર્મ ન. (ચિત્ર) કલાના બે ભેદમાંનો એક. આ સિવાય દરેક કલામાં આશુકર્મ અને ચિરકિયા એવા બે ભેદ છે. ચિત્રપ્રકાશ

આશુકવિ [સં. આશુ (ઉતાવળું) + કવિ] પું. તરત જ કવિતા કરી દઈ એવો પુરુષ; શીઘ્રકવિ.

આશુકાર [સં. આશુ (જલદી) + કર (કરનાર)] વિ. ચંચળ; આશુકારી.

આશુકારી ૧. પું. જેમાં સન્નિપાત થાય એવો તાવ. તેમાં અતિસાર, ઝકરી, મૂર્છા, ખોટું પાકવું, અંગ ઉપર લાલ દાણા ઊપડી આવવા, બહુ જ બળતરા થાય છે.

૨. [સં. આશુ (જલદી) + કારિન્ (કરનાર)] વિ. ચપળ; ચંચળ; એકદમ કરનાર.

૩. વિ. જેથી તરત મરણ નીપજે એવું.

૪. વિ. તરત જ અસર કરતું.

૫. વિ. શરીરમાં જલદી ફેલાય એવું.

આશુકૃત [સં. આશુ (ઉતાવળું) + કૃ (કરવું)] વિ. જલદી કરનારું; આશુકારી.

આશુકોપી [સં. આશુ (જલદી) + કોપ (ગુસ્સો) + ઇન્ (વાળું)] વિ. ખિજણું; ચીડિયું.

આશુક્રિયા ૧. સ્ત્રી. જલદી કરવું તે.

૨. [સં. આશુ (જલદી) + ક્રિયા (ઉપચાર)] સ્ત્રી. દવાની તરત જ થતી અસર.

આશુક્ષોભ [સં. આશુ (જલદી) + ક્ષોભ (ખળભળાટ)] વિ. ચોડી વારમાં અકુળ થઈ જાય એવું; એકદમ ઉશ્કેરાઈ જતું.

આશુગ ૧. [સં.] પું. આકાશનો છોડ.

૨. [સં. આશુ (જલદી) + ગ (જનાર)] પું. તીર; બાણ.

૩. પું. પવન; વાયુ; હવા.

ચરન સહાયનિ મરુત હરિ આશુગ જગતપ્રસન; અનિલ પ્રાણજ્ય મંગલદ નવજીવન પવન પવમાન. પિંગલપ્રકાશ

૪. પું. સૂર્ય; સૂરજ.

૫. વિ. ઉતાવળું; શીઘ્ર; ઝડપી.

૬. વિ. જલદી જનાર; શીઘ્રગામી; ઝડપથી ચાલવાવાળું.

આશુગામી ૧. [સં.] પું. આકાશનો છોડ.

૨. પું. સૂર્ય; સૂરજ.

૩. [સં. આશુ (જલદી) + ગામિન્ (જનાર)] વિ. ઝડપથી ચાલે એવું.

આશુચ ૧. [સં. અ (નહિ) + શુચિ (પવિત્રતા)] વિ. અપવિત્ર; આશુદ્ધ; અસ્વચ્છ.

૨. વિ. ચોરાવાળું.

આશુચર [સં. આશુ (ઝડપથી) + ચર્ (ચાલવું)] વિ. ઝડપથી ચાલનાર; આશુગામી.

આશુચિ [સં. અ (નહિ) + શુચિ (પવિત્ર)] વિ. અપવિત્ર; અશુદ્ધ; આશુચ.

આશુતા [સં. આશુ (જલદી) + તા (પણું)] સ્ત્રી. ઉતાવળ; ઝડપ; વેગ; ત્વરા.

આશુતોષ ૧. [સં. આશુ (જલદી) + તુષ્ (સંતોષ પામવો)] પું. જલદી પ્રસન્ન થાય એવો દેવ; મહાદેવ; શંકર; શિવ; રાજુ.

૨. વિ. જલદી પ્રસન્ન થનાર; ચોડી વારમાં સંતોષ પામી જાય એવું.

૩. વિ. સંતુષ્ટ.

આશુત્વ [સં. આશુ (જલદી) + ત્વ (પણું)] ન. ઉતાવળ; ઝડપ; વેગ.

આશુધાન્ય [સં. આશુ (જલદી) + ધાન્ય (અનાજ)] ન. ખરીફ; પ્રથમ ધાન્ય; ચોમાસુ પાક; આગતર પાક.

આશુપદું ૧. [આશુ (જલદી) + પદું (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉતાવળ; ઝડપ.

૨. ન. શરીરમાં એકદમ ફેલાઈ જનાપદું; ઝેરના દસ માંહેનો એક રાજુ.

આશુપત્રી વ. ઘણું ચેતા કરતો ઝેર છોડ; ઝેર નામની ઝેર વેલ; શલ્યકીલતા.

આશુપ્રજ્ઞ ૧. [સં. આશુ (ચંચળ) + પ્રજ્ઞા (બુદ્ધિ)] વિ. ચપળ બુદ્ધિવાળું.
૨. વિ. હેલાઈ જ્ઞાન પામેલું.

આશુફેતગી (આશુફેતગી) [જા. આશુફેતા (દુઃખી)] સ્ત્રી. દુઃખ.

આશુફેતા (આશુફતા) [જા. આશુફેતન (દુઃખી થવું)] વિ. દુઃખી.
૧. આશુફેતા આતિર–દિલ = મનમાં ચિંતા પામેલ.
૨. આશુફેતા તબ–દિમાગ–સર = મગજ ખરાબ થયેલ.
૩. આશુફેતા મૂ = વિખરાયેલા વાળવાળું.

આશુબોધ [સં. આશુ (જલદી) + બોધ (ઉપદેશ)] વિ. ઉતાવળથી શીખવનારું.

આશુમુખો પું. કાચી આંબાની એક જાત.

આશુમૂતક [સં. આશુ (જલદી) + મૂતક (મળ)] ન. એકાએક થયેલું મરણ.

આશુમૂતક પરીક્ષા [સં. આશુ (જલદી) + મૂતક (મરણ) + પરીક્ષા] સ્ત્રી. અચાનક મોત થયું હોય તેની લાશની તપાસ.

આશુરક્ત [સં. આશુ (જલદી) + રક્ત (લાલ)] વિ. એકદમ ગુસ્સે થાય એવું.

આશુરુષ [સં. આશુ (જલદી) + રુષ (એક બાહ્ય)] પું. રુદ્ર; શિવ; શંકર. તેનાં બાણ સ્થાની જેમ જલદી ચાલવાવાળાં છે.

આશુવીહિ [સં. આશુ (એક જાતની ડાંગર) + વીહિ (ચોખા)] પું. ન. બ. એ ચોમાસામાં પાકતા ચોખા.

આશુશુક્ષણિ ૧. [સં. આશુ (ડાંગર) + શુ (જલદી) + ક્ષણ્ (હિંસા કરવી) + ઇ (કરનાર)] પું. અગ્નિ; આગ. તેમાં હોમેલ ડાંગર તે જલદી આગ બને છે.
૨. [સં. આશુ (ચોતરફ) + શુષ્ (સળગવું) + ઇન્ (કર્તા અર્થનો પ્રત્યય) + અગ્નિ (કરનાર)] પું. વાયુ; હવા; પવન.
૩. વિ. દુશ્મનોને હિંસાત્મક ઉપદ્રવવું હોવાથી બાજવા બહુ પ્રકાશિત હોવાથી જેની પૂજા કરાતી હોય એવું.
૪. વિ. પ્રકાશિત; તેજસ્વી.

આશુષેણ ૧. [સં. આશુ (વાયુ) + સેના (લશ્કર)] પું. રુદ્ર; શિવ; શંકર.
૨. [સં. આશુ (જલદી) + ધનુ (બાણ)] વિ. જલદી બાણ ચલાવવાવાળું.

આશૂ [સં.] વિ. ઝડપી; સત્વર; ઉતાવળું.

આશૂનિ ૧. [સં.] ન. ઘી વગેરે પૌષ્ટિક પદાર્થ.
૨. ન. રસાયણ ક્રિયા.

આશૂષ [જા. આશોષ (ગરમ)] પું. ગરમાટ; ધોંધાટ; આશોષ.

આશૂરખાના ન. મોહરમના તહેવાર ઊજવવા માટે મોટી મુદત માટે રાખેલું ઘર.

આશૂરા ૧. [અ. અશરા (મુસલમાની મહિનાની દસમી તારીખ)] પું. મોહરમ મહિનાની દસમી તારીખ. તે દિવસે તાજુત ઠંડા થાય છે.
૨. [અ. અશર (દસ)] પું. મોહરમના પહેલા દસ દિવસ.

આશો [સં. આશય] પું. હેતુ; ઇરાદો. ઉદ્દેશ.
તેને મોકલ્યે મારી પાસે રે,
સમજીશ સાચે આપ્યે રે. પ્રેમાનંદ

આશૌત્રી [સં. અશ્મંતક] સ્ત્રી. કચનારનાં પાંદડાં જેવાં પાંદડાં અને લાંબી શિંગવાળું આયુર્વેદનું ઝાડ. તે તૂરું, ખાટું, કડું અને વાત, પિત્ત, કૃમિ, ખોડ, દાહ, તરસ, વિષરોગ, ઊલટી, પિત્તાસ્રનાશ, ગંડમાળ, ખાંસી, વિષમજ્વર, કંઠરોગ, રક્તવિકાર, અપચો અને અતિસાર મટાડનાર મનાય છે. આ ઝાડનાં મૂળ, છાલ ને પાન, તાવ અને માથાના રોગ ઉપર દવા તરીકે વપરાય. આયુર્વેદનાં પાંદડાં ભીડી બનાવવામાં અને શિંગ ખાળકોને સોગઠી સાથે પરસીને પાવામાં આવે. આ ઝાડની અંતરછાલની ભૂકીની ભસ્મમરી અને મજ્જાત અને દસ્તાઉ રોગમાં થાય.

આશોક ૧. [સં. અશોક (આસોપાલવ)] પું.; ન. અશોકના ઝાડનું ફૂલ.
૨. વિ. અશોક સંબંધી.

આશોકાંતા સ્ત્રી. (સંગીત) સપ્તમ ગ્રામની એ નામની મૂર્ચ્છના.

આશોત પું. આશુતોષનો પુત્ર દુર્ગાદાસ.

આશોપાલો પું. (ગામ) આસોપાલવનું ઝાડ; અશોકવૃક્ષ.

આશોબ ૧. [જા.] પું. આંખનો સોજો.
૨. પું. કમનસીબ.
૩. પું. ગરમાટ; ધોંધાટ.
૪. પું. જાદી પ્રથાની પોલ માણસ.
૫. પું. તોફાન.
૬. પું. બીક; ભય; ડર.
૭. વિ. ઉશ્કેરનાર. આ અર્થમાં આ શબ્દ સમાસમાં વપરાય છે. ફિત્ના + આશોબ = ફિત્નાઆશોબ.

આશોષણ [સં. આ (ચોતરફ) + શોષણ (સૂકવવું)] ન. ચૂસી લેવું તે.

આશૌચ ૧. [સં. આ (ઊલટું) + શૌચ (પવિત્રતા)] ન. અશુદ્ધિ; અસ્વચ્છતા; મલિનતા.
૨. ન. સૂતક; જન્મમરણથી આવતી આભડછેટ; અશૌચ.

આશ્કારા ૧. [જા.] વિ. જાહેર; પ્રગટ.
૨. વિ. દેખીતું; ખુલ્લું.
૧. આશ્કારા કરવું = (૧) ખુલ્લું કરવું. (૨) ચોખ્ખું કરવું. (૩) જાહેર કરવું. (૪) ઇજાર પાડવું. (૫) વિશ્વાસઘાત કરવો.
૨. આશ્કારા થવું = ખૂલવું; બિપડવું; જાહેર થવું.

આશ્ચર્ય ૧. [સં. આ (તદ્દ) + ચર્ (જવું)] ન. અચરજ; અચંભો; અજાયબી; નવાઈ; વિસ્મય; તાજુબી.
૨. ન. તાજુબી પમાડે એવો બનાવ; ચમત્કાર; અજાયબી.
૩. ન (સમા) રસના નવ રસાયીભાવ માહેનો એક; અદ્‌ભુતરસ; વિસ્મયરસ; નવી, અસાધારણ, બહુ મોટી અથવા સમજમાં ન આવે એવી વસ્તુના જોવાથી, સાંભળવાથી અથવા યાદ આવવાથી થતો મનોવિકાર.
૪. ન. વિચિત્ર દેખાવ.
૫. વિ. અચંભો પમાડે એવું; નવાઈ ઊપજાવનારું.

આશ્ચર્યકારક ૧. [સં. આશ્ચર્ય (અચંભો) + કારક (કરનાર)] વિ. અચરજ પમાડે એવું; નવાઈ ચેતા કરનાર; અજબ.
૨. વિ. અદ્‌ભુત; અસાધારણ; ચમત્કારી.

આશ્ચર્યચકિત [સં. આશ્ચર્ય (અજાયબી) + ચકિત (સ્તબ્ધ બનેલ)] વિ. છક થયેલું; બહુ જ નવાઈ પામેલું; દંગ; વિસ્મિત.

આશ્ચર્યજનક [સં. આશ્ચર્ય (અચંભો) + જનક (પેદા કરનાર)] વિ. નવાઈ ઊપજાવનારું; આશ્ચર્ય પમાડે તેવું; આશ્ચર્યકારક.

આશ્ચર્યતા [સં. આશ્ચર્ય (અચંભો) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નવાઈ; અજરતી; તાજુબી.

આશ્ચર્યત્વ [સં. આશ્ચર્ય (નવાઈ) + ત્વ (પણું)] ન. નવાઈ; અચરજ; આશ્ચર્યતા.

આશ્ચર્યપ્રિય ૧. [સં. આશ્ચર્ય (નવાઈ) + પ્રિય (ગમતું)] વિ. નવું નવું અને વિચિત્ર જાણવાની ધૂનવાળું.
૨. વિ. અજ્ઞાનમાં પ્રીતિવાળું.

આશ્ચર્યપ્રિયતા ૧. [સં. આશ્ચર્ય (અચંભો) + પ્રિય (વહાલું) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. નવું નવું, વિચિત્ર અથવા વિસ્મય ઉપજાવે એવું અનુભવાની વૃત્તિ.
૨. સ્ત્રી. અજ્ઞાતમાં પ્રીતિ; અજ્ઞાતરતિ.

આશ્ચર્યભૂત [સં. આશ્ચર્ય (અચંભો) + ભૂત (થયેલું)] વિ. નવાઈ પમાડે એવું; આશ્ચર્યકારક.

આશ્ચર્યમગ્ન [સં. આશ્ચર્ય (અચંભો) + મગ્ન (બનેલું)] વિ. નવાઈ ભરેલું; અચરતવાળું.

આશ્ચર્યમુગ્ધ [સં. આશ્ચર્ય (અચંભો) + મુગ્ધ (મોહ પામેલું)] વિ. નવાઈ પામેલું; દિગ્મૂઢ; આશ્ચર્યચકિત; દંગ.

આશ્ચર્યમૂઢ [સં. આશ્ચર્ય (અચંભો) + મૂઢ (સ્તબ્ધ)] વિ. અચંબો પામેલું; આશ્ચર્યમુગ્ધ.

આશ્ચર્યમુક્ત [સં. આશ્ચર્ય (અચંભો) + મુક્ત (થાકું)] વિ. નવાઈ પામેલું; વિસ્મિત; આશ્ચર્યમગ્ન.

આશ્ચર્યરૂપ [સં. આશ્ચર્ય (અચરજ) + રૂપ (દેખાવ)] વ. અચંબો પમાડે એવો દેખાવ.

આશ્ચર્યવત્ [સં. આશ્ચર્ય (અચંભો) + વત્ (વાળું)] અ. નવાઈ પમાડે એ રીતે.

આશ્ચર્યવાચક [સં. આશ્ચર્ય (અજાયબી) + વાચક (બતાવનાર)] વિ. નવાઈ દેખાડનારું; અચરત બતાવનારું. અહો! ઓહો! વાહ! એ આશ્ચર્યવાચક કેવળપ્રયોગી શબ્દો છે.

આશ્ચર્યાન્વિત [સં. આશ્ચર્ય (નવાઈ) + અન્વિત (વાળું)] વિ. આશ્ચર્યવાળું.

આશ્ચર્યિત [સં.] વિ. અચિંતા; વિસ્મિત; નવાઈ પામેલું.

આશ્રોતન ૧. [સં. આ (ચોતું) + શ્રુત્ (રેડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આંખમાં દીપાં નાખવાની ક્રિયા.
૨. ન. આંખમાં નાખવાનાં દીપાં.
૩. [સં. આ (ઉપર) + શ્રુત્ (ઢળવું)] ન. ઝરવાપણું; ઢળવું તે.
૪. વિ. ઝરવાના સ્વભાવવાળું.

આશ્રોતનકર્મ [સં. આ (ઉપર) + શ્રુત્ (રેડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + કર્મન્ (કામ)] ન. સ્ત્રિયના ભાગમાં ફલાનાં દીપાં આંખમાં નાખવાં તે.

આશ્રોતાષ્ટ પું. (જ્યોતિષ) દરેક મહિનાનો એ નામનો ૨૬મો દિવસ.

આશ્રય ૧. [સં.] પું. આશરો.
૨. પું. જગાઈ.
૩. પું. મિત્ર; દોસ્ત.
૪. પું. ઘર.
૫. સ્ત્રી. રખાત; વગર પરણ્યે રાખેલી સ્ત્રી.
૬. વિ. ભણીતું.
૭. વિ. સોબતી.
૧. દોસ્ત-યાર આશ્રય = મિત્રો; સગાંસંબંધી.
૨. મુરત આશ્રય = દેખ્યે ઓળખીતો માણસ.
૩. ઉર્દુ આશ્રય = શિખાઉ માણસ.

આશ્રયાર્થે ૧. [સં. આશ્રય (રખાત) + અર્થે (માટે)] સ્ત્રી. બહિચાર.
૨. સ્ત્રી. સગાઈ; સગપણ.
૩. સ્ત્રી. સ્નેહ; સખ્ય; મિત્રતા.

આશ્રમ ૧. [સં. શ્રમન્] પું. પથ્થર; પાણો; પથરો.
૨. પું. પથ્થરની બનેલી વસ્તુ.
૩. વિ. પથ્થરનું બનેલું.

આશ્રમક ન. સાત દ્વૈતમાં આવેલું એ નામનું એક ગામ.

આશ્રમકિ વિ. આશ્રમક ગામમાં થતું.

આશ્રમણ ૧. [સં. શ્રમન્ (પથ્થર)] પું. પાણાની બનેલી વસ્તુ.
૨. પું. સૂર્યનો રથ હાંકનાર અરુણ.
૩. વિ. પથ્થરનું બનેલું.

આશ્રમરથ [સં. શ્રમરથ (એક ઋષિ)] પું. શ્રમરથ મુનિના વંશમાં જન્મેલ માણસ.

આશ્રમરથ્ય [સં. શ્રમરથ (એ નામનો ઋષિ)] પું. શ્રમરથ મુનિનો એ નામનો દીકરો.

આશ્રમરિક ૧. [સં. શ્રમરી (પથરી)] પું. પથરીનો રોગ; પાણી.
૨. વિ. પથ્થરનું; પાણાને લગતું.
૩. વિ. પાણીના રોગવાળું; પથરીના રોગથી પીડાતું.

આશ્રમાકી સ્ત્રી. (પુરાણ) પ્રાચીનબર્હની સ્ત્રી; એક રાણી; શતદ્રુતિની મા.

આશ્રમાયન [સં. શ્રમન્ (એક મુનિ)] પું. શ્રમન્ નામના ઋષિના વંશનો માણસ.

આશ્રિમક ૧. [સં. શ્રમન્ (પથ્થર)] વિ. પથ્થર ઊભરાતું.
૨. વિ. પથ્થરનું બનેલું.

આશ્રમેય [સં. શ્રમન્ (એ નામના મુનિ)] વિ. શ્રમન નામના ઋષિનું.

આશ્રયા [સં. આશા] સ્ત્રી. ઇચ્છા; ઉમેદ; ધારણા; આકાંક્ષા.

આશ્રયાન ૧. [સં. આ (ચોતું) + સ્રૈ (સુકાવું)] વિ. ચોતુંપણું સુકાઈ ગયેલું.
૨. વિ. ખાલી થયેલું; બીજા ગયેલું; ખટ થયેલું.

આશ્રુ [સં. અશ્રુ (આંસુ)] ન. આંખનું પાણી; આંસુ.

આશ્રુજ [સં. આશ્રુ] ન. મૈતુક; નવાઈ; અજાયબી.

આશ્રુષ [સં.] પું. (જ્યોતિષ) મૃગ નામનું નક્ષત્ર.

આશ્રોપણ ૧. [સં. આ (ઉપર) + આ (ઉકાળવું)] ન. ઊકાળો.
૨. [સં. આ (ઉપર) + આ (સંધવું)] ન. રાંધવું; પકાવવું તે.

આશ્રમ ૧. પું. ઘર; રહેઠાણ; આશ્રય.
૨. પું. ચારની સંખ્યા બતાવનાર શબ્દ.
૩. પું. બ્રાહ્મણ સાથેની ટાળા; મહારાળા; 'કૉલેજ'.
૪. પું. કેટલા અજવા ધર્મ સંબંધી શિક્ષણનું મથક.
૫. પું. નક્કી જગ્યા; મોક્કસ રહેવાનું; નિશ્ચિત મુકામ.
૬. પું. નિરાધાર માણસોને રહેવાનું રહેઠાણ; અનાથગૃહ; 'એસાઇલમ'.
૭. પું. વાડી; બગીચો; ઉપવન.
૮. પું. વિશ્રાંતિ; આરામ.
૯. પું. વિષ્ણુ; વિષ્ણુનું એક નામ; પરમેશ્વર. તે સંસારના દુઃખી જીવોને જગાવી તેમને પોતાના ધામમાં લઈ જાય છે.
૧૦. [સં. આ (ઉપર) + શ્રમ્ (થકી જવું)] પું. વિસામો લેવાની જગ્યા.
૧૧. પું. શિવ; શંકર.
૧૨. પું. શૈવમતનો એ નામનો વિભાગ. તે હસ્તામલક આચાર્યને અનુસરે છે.
૧૩. પું. સંન્યાસીના દસ પ્રકાર માંહેનો એ નામનો એક. તે આશ્રમ બાંધી રહે છે.
૧૪. પું. હિંદુ ધર્મમાં જિંદગીના બાકીના ભાગમાં આવેલા ચાર ભાગમાંનો દરેક; જીવતરની સ્થિતિ; જિંદગીની અવસ્થા. ચાર આશ્રમ: બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. આ ચાર આશ્રમ બહારવે નક્કી કર્યા મનાય છે. એમ પણ કહેવાય છે કે ઉપનિષદના વખત પહેલાં આશ્રમવ્યવસ્થામાં સંન્યાસાશ્રમ દાખલ થયો ન હતો.
૧૫. [સં. આ (મુખી) + શ્રમ્ (તપ કરવું)] પું.; ન. તપોવન; પર્ણકુટી; મઠ; મઢી; મહુલી; મુનિવાસ; ઋષિમુનિઓનું રહેઠાણ; સાધુનો નિવાસ.

આશ્રમક ૧. ન. એ નામની એક હલકી જાતનું માણસ.
ચક્ર સી અને મહાલની પ્રજા આશ્રમક છે.
સુતસંહિતા

૨. વિ. એ નામની હલકી જાતનું.

આશ્રમકર્મ [સં. આશ્રમ (જિંદગીના ચાર વિભાગમાંનો દરેક) + કર્મન્ (કામ)] ન. આશ્રમવાસીએ પાળવાના નિયમ; આશ્રમધર્મ.

આશ્રમગાર ન. (શિલ્પ) સાત માળનાં મંદિરના આઠ પ્રકારમાંનો એ નામનો એક. આઠ પ્રકાર : પુંડરિક, ત્રીજાન્ત, ત્રીલોક, ધારણ, પંજર, આશ્રમગાર, હર્મ્યાન્ત અને હીમાન્ત.

આશ્રમગુરુ જ. [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + ગુરુ (આચાર્ય)] પું. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચારે જીવનવિભાગનો નિર્દેશ કરે એટલે રાજા.

૨. પું. મુખ્ય શિક્ષક; આચાર્ય.

આશ્રમચતુષ્ટય [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + ચતુષ્ટય (ચારનો જથ્થો)] ન. જીવનના બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એમ મુખ્ય ચારે ભાગ.

આશ્રમધર્મ જ. [સં. આશ્રમ (જિંદગીનો એક વિભાગ) + ધર્મ (નિયમ)] પું. આશ્રમવાસીએ પાળવાના નિયમ.

૨. પું. તપસ્વીનું વ્રત.

૩. [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + ધર્મ (કર્તવ્ય)] પું. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ પ્રમાણેના જીવનના દરેક વિભાગમાં આશ્રમવટની ફરજ.

૪. પું. શાસ્ત્રમાં કહેલા ધર્મના પાંચ પ્રકાર પૈકીનો એક.

આશ્રમધર્મી જ. [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + ધર્મ (નિયમ) + ઇન્ (વાળું)] વિ. આશ્રમના નિયમ પાળનાર.

૨. વિ. તપસ્વીનું વ્રત કરનાર.

૩. વિ. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ એ દરેક જીવનવિભાગની ફરજ બજાવનારું.

આશ્રમધારી જ. [સં. આશ્રમ (મઠ) + ધારિન્ (ધરનાર)] પું. ઋષિ; મુનિ; સાધુ.

૨. વિ. આશ્રમમાં જઈ રહેલું; તપોવનમાં રહેનાર.

૩. વિ. જીવનના ચાર વિભાગમાંથી કોઈ એકના ધર્મ પાળનારું.

આશ્રમપતિ [સં. આશ્રમ (જિંદગીનો વિભાગ) + પતિ (ધણી)] પું. રાજા; બ્રહ્મચર્ય વગેરે બધા આશ્રમનો નિર્દેશ; આશ્રમગુરુ.

આશ્રમપદ જ. [સં. આશ્રમ (મઠ) + પદ (જગ્યા)] ન. ઋષિઓએ રહેવાનું ઠેકાણું; મુનિવાસ; તપોવન.

૨. ન. કોઈ પણ આશ્રમના ધર્મ પાળનારનો જીવનનો અમુક વખત.

આશ્રમપૂજિત [સં. આશ્રમ (જેમાંનો એક વિભાગ) + પૂજિત (સેવા કરેલું)] પું. શંકર; મહાદેવ. તેના ઉપાસકોનું તે આશ્રયસ્થાન હોવાનું મનાય છે.

આશ્રમપ્રભુ જ. પું. પુરુષોત્તમનું એક નામ.

૨. [સં. આશ્રમ (આશ્રમનું સ્થાન) + પ્રભુ (પરમેશ્વર)] પું. વિષ્ણુ. આશ્રિતોનું તે વિસામાનું સ્થળ મનાતું હોઈ આશ્રમપ્રભુ કહેવાય છે.

આશ્રમભ્રષ્ટ [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + ભ્રષ્ટ (અપવિત્ર થયેલું)] વિ. ધર્મના નિયમનું ઉલ્લંઘન કરનાર.

આશ્રમમંડલ [સં. આશ્રમ (તપોવન) + મંડલ (જથ્થો)] ન. ઋષિઓએ રહેવાનું ઠેકાણું; મુનિવાસ.

આશ્રમયોજક [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + યોજક (ગોઠવણ કરનાર)] વિ. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ મનુષ્યજીવનના ચાર વિભાગની અવસ્થા કરનાર.

આશ્રમવાસ જ. [સં. આશ્રમ (મઠ) + વાસ (રહેવું)] પું. આશ્રમમાં રહેવું તે.

૨. પું. ઋષિઓનું રહેઠાણ; તપોવન.

૩. ન. મહાભારતનું પંદરમું પર્વ.

આશ્રમવાસિક જ. [સં.] ન. મહાભારતનું પંદરમું પર્વ.

૨. [સં. આશ્રમ (તપસ્વી પવિત્ર વસ્તિ જગ્યા) + વાસ (રહેઠાણ) + ઇક (લગતું)] વિ. સાધુના રહેવાના ઠેકાણા સંબંધી.

આશ્રમવાસી જ. [સં. આશ્રમ (ઝૂંપડી) + વાસિન્ (રહેનાર)] પું. ઋષિ; સંન્યાસી; સાધુ; મુનિ.

૨. વિ. આશ્રમમાં રહેનારું; તપોવનમાં વસતું; આશ્રમ્ય.

આશ્રમવ્યવસ્થા જ. [સં. આશ્રમ (જિંદગીના વિભાગ) + વ્યવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત જિંદગીના એ ચાર વિભાગની ગોઠવણ. ઉપનિષદના યુગને અંતે ધર્મના આચરણ માટે જીવનના ચાર ભાગ જાણવા આશ્રમની ગોઠવણ બનાવવામાં આવ્યા છે. છાન્દોગ્યમાં ત્રણ ભાગ હતા. ઉપનિષદના શિક્ષણ ઉપરથી ચોથો સંન્યસ્ત ભાગ નીકળ્યો. ઋગ્વેદમાં કે બ્રાહ્મણોમાં આશ્રમ શબ્દ જોવામાં આવતો નથી.

૨. [સં. આશ્રમ (તપોવન) + અવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. સાધુની રહેવાની જગાની દેખરેખ.

આશ્રમસંગી જ. જ. તપોવનમાં રહેતું માણસ

૨. [સં. આશ્રમ (મઠ) + સમ (સંબંધ) + ઇન્ (વાળું)] વિ. તપોવનની સાથે સંબંધ ધરાવતું.

૩. વિ. તપોવનમાં રહેનારું.

આશ્રમસંન્યાસ [સં. આશ્રમ (જીવનનો વિભાગ) + સંન્યાસ (સંસારનો ત્યાગ)] પું. એક જીવનનો સંન્યાસ; વૈરાગ્ય ઉત્પન્ન થાય કે તરત સંસાર ત્યાગ કરવાપણું. એમ કરવાનું કારણ પોતાનું સ્વરૂપ સાંભળવાનો અધિકાર મેળવવા માટે હોય છે

આશ્રમસંસ્થા [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + સંસ્થા (રચના)] સ્ત્રી. માણસના જીવનના ચાર વિભાગ.

આશ્રમસ્થ [સં. આશ્રમ (મઠમાં) + સ્થ (રહેનાર)] પું. શિવ; શંકર; મહાદેવ. કૈલાસ એ તેમનું સદાનું રહેઠાણ છે.

આશ્રમસ્થાન જ. [સં. આશ્રમ (આરામનું ઠેકાણું) + સ્થાન (જગ્યા)] ન. આરામ મળે એવું ઠેકાણું; વિસામાનું સ્થળ.

૨. ન. ઘર; આલય; રહેવાનું ઠેકાણું.

૩. ન. જેની પાસે દિલ ખોલીને વાત કરી શકાય એવું માણસ.

૪. ન. તપોવન; મઠ.

આશ્રમાતીત [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + અતીત (બીજા પાર ગયેલું)] વિ. પરિપૂર્ણ દશાએ પહોંચેલ હોઈને જેને આશ્રમના નિયમ પાળવાપણું રહે નહિ એવું; આશ્રમના નિયમોથી પર.

આશ્રમાલય [સં. આશ્રમ (મઠ) + આલય (ઘર)] પું. યતિ; સાધુ; મુનિ.

આશ્રમાસક્તિ જ. [સં. આશ્રમ (રહેઠાણ) + આસક્તિ (સ્નેહ)] પું. ઘરનો મોહ.

૨. [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + આસક્તિ (મોહ)] સ્ત્રી. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ પ્રમાણે જીવનના ચાર વિભાગ માટેનો પ્રેમ.

આશ્રમાંતર [સં. આશ્રમ (જિંદગીનો એક ભાગ) + અંતર (બીજું)] ન. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ પ્રમાણેના જિંદગીના ચાર વિભાગમાંના એકમાંથી બીજામાં જવાપણું; આશ્રમની ફેરબદલી.

આશ્રમિક ૧. [સં. આશ્રમ (મઠી) + ઇક (વાળું)] પું. ઝૂંપડીમાં રહેતા ઋષિ; મુનિ; સંન્યાસી.
૨. વિ. અમુક આશ્રમનો ધર્મ પાળનારું.
૩. વિ. આશ્રમમાં જઈ રહેલું.
૪. વિ. જિંદગીના ચોક્કસ વર્ષો વગેરે ચાર વિભાગને લગતું.
૫. વિ. તપોવન સંબંધી.

આશ્રમી ૧. [સં. આશ્રમ (તપોવન) + ઇન્ (વાળું)] વિ. તપોવનમાં રહેનારું.
૨. [સં. આશ્રમ (જિંદગીનો ચોક્કસ ગાળો) + ઇન્ (વાળું)] વિ. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અથવા સંન્યસ્તનો ધર્મ પાળનાર.
૧. ગૃહસ્થાશ્રમી = ગૃહસ્થાશ્રમવાળું.
૨. બ્રહ્મચાશ્રમી = બ્રહ્મચર્ય આશ્રમ પાળનારું.

આશ્રમેશ્વર પું. ગુજરાતમાં આવેલ જંબુસર તાલુકો.

આશ્રય ૧. પું. આત્માના ચાર ધર્મ પૈકીનો કોઈ.
૨. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો)] પું. આસરો; ઓથ; મદદ; ટેકો; અવલંબન; આધાર; આલંબન.
૧. આશ્રય આપવો = મદદ કરવી; ઓથ દેવો.
૨. આશ્રય લેવો = (૧) આસરો શોધવો. (૨) મદદે જવું.
૩. પું. ઉદ્દેશ; હેતુ; વિષય; બાબતો.
૪. પું. (આલંકારિક) કર્તા; કરનાર.
૫. પું. કુલ સત્તા; મુખત્યારી.
૬. [સં. આ (હદ અર્થનો પૂર્વગ) + શ્રિ (રહેવું)] પું. ઘર; મકાન; રહેવાનું ઠેકાણું.
૭. પું. ઉત્તરક્રિયા; ઉજાપું.
૮. પું. જિંદગી નિભાવવાનું કારણ.
૯. પું. (નાટક) તેત્રીસ અલંકારમાંનો એ નામનો કોઈ.
૧૦. પું. ધર્મશાળા; આશ્રમસ્થાન; વિસામાની જગ્યા.
૧૧. પું. નજીકપણું; સામીપ્ય; પાસે હોવું તે.
૧૨. પું. પડખાં; ઓળો.
૧૩. પું. પનારો; હરનિપાત સહવાસ.
૧૪. પું. પરબ્રહ્મ પરમાત્મા, જેનાથી જગત જેવા થાય અને નાશ પામે તે જણાવ્યું.
૧૫. પું. બચાવ; રક્ષણ.
૧૬. પું. બચાવનું સાધન.
૧૭. પું. બહાનું; મિષ; ખોટું કારણ.
૧૮. પું. આશ્રય રાખવાનું આસું.
૧૯. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો)] પું. મુરબ્બી; આસરો આપનાર 'ચેરમન'.
૨૦. પું. મૂળ શરૂઆત.
૨૧. પું. રહેવો; અભાવ.
૨૨. પું. રાજાના ૭ ગુણ પૈકીનો આસરો આપવાનો ગુણ.
૨૩. પું. લટકાવવું.
૨૪. પું. વિશ્વાસ; ભરોસો.
૨૫. [સં. આ (ઉપર) + શ્રિ (મદદ કરવી)] પું. શરણું; મદદ; આસરો.
૨૬. પું. સંબંધ; સંસર્ગ.
૨૭. [સં. આ (ઉપર) + શ્રિ (ચોંટવું)] પું. સ્નેહ; પ્રેમ; હેત; વહાલ.
૨૮. અ. થકી; વડે; થી.

આશ્રયક ૧. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો) + અન (નામ બતાવનાર પ્રત્યય)] ન. આધાર રાખવાપણું; શરણ લેવું તે.
૨. ન. આસરો લેવાનું ઠેકાણું; મદદ મળવાની જગ્યા.
૩. ન. ભોગવું.
૪. ન. સ્વીકારવું તે.
૫. વિ. ઓથ લેનારું; આશ્રયી; આધાર રાખનાર.
૬. વિ. લગતું; સંબંધવાળું.

આશ્રયણીય ૧. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો) + અનીય (જેવું)] વિ. આસરો લેવા જેવું; અવલંબન કરવા લાયક.
૨. વિ. સ્વીકારવા યોગ્ય; અનુસરવા પાત્ર.

આશ્રયત્વ [સં. આશ્રય (ટેકો) + ત્વ (પણું)] ન. આધાર રાખવાપણું.

આશ્રયદ ૧. [સં. આશ્રય (આધાર) + દ (આપવું)] વિ. આસરો આપનાર; મદદ દેનાર.
૨. વિ. રક્ષક; બચાવ કરનાર.

આશ્રયદાત [સં. આશ્રય (આસરો) + દાતૃ (આપનાર)] પું. રજપાનાં આશ્રય આપનાર માણસ.

આશ્રયદાતા ૧. [સં. આશ્રય (ઓથ) + દાતૃ (દેનાર)] વિ. આસરો આપનાર; મદદ દેનાર; ટેકો આપનાર.
૨. વિ. રક્ષક; બચાવ કરનાર.

આશ્રયદાન [સં. આશ્રય (આધાર) + દાન (આપવું તે)] ન. આસરો આપવો તે; મદદ દેવાપણું.

આશ્રયધારી [સં. આશ્રય (આસરો) + ધારિન્ (લેનાર)] વિ. શરણે ગયેલું; આસરો લેનાર.

આશ્રયપ્રદ ૧. [સં. આશ્રય (આધાર) + પ્રદ (આપનાર)] વિ. આસરો આપનાર; આશ્રયદાતા.
૨. વિ. રક્ષક; બચાવ કરનાર.

આશ્રયભૂત ૧. વિ. આધાર રાખવા જેવું.
૨. [સં. આશ્રય (આસરો) + ભૂત (થયેલું)] વિ. આસરો આપનાર; શરણ દેનારું.
૩. વિ. મુખ્ય.

આશ્રયલિંગ [સં. આશ્રય (કરનાર) + લિંગ (જાતિ)] ન. (વ્યાકરણ) વિશેષ્ય, જેમાં નામનાં વચન અને જાતિ પ્રમાણે તે ફરે છે.

આશ્રયવાદ [સં. આશીર્વાદ] પું. આશિષ; ભલી દુઆ; કલ્યાણના શબ્દ.
જેનો કોઈ પણ જીવના આશ્રયવાદ લે છે તેને સુખ મળે છે. નાગરિક

આશ્રયસ્થાન ૧. [સં. આશ્રય (ઓથ) + સ્થાન (ઠેકાણું)] ન. ઘર; મકાન; રહેવાની જગ્યા.
૨. ન. મદદ મળવાનું ઠેકાણું; શરણસ્થળ.

આશ્રયહીન [સં. આશ્રય (ટેકો) + હીન (વિનાનું)] વિ. અનાથ; ઓથ વગરનું.

આશ્રયાશ ૧. [સં. આશ્રય (નજીક હોવું તે) + અશ્ (ખાવું)] પું. અગ્નિ; આગ; દેવતા; તાપ; ઝાળો. તેમાં જે કંઈ હોમ તેને તે બાળી નાખે છે.
૨. પું. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.
૩. પું. ચિતાનું ઝાડ.
૪. વિ. જેના સંબંધમાં આવે તે બધું બરી જનારું.

આશ્રયાશ્રયીભાવ [સં. આશ્રય (આસરો) + આશ્રય (ઓથ) + ઇન્ (વાળું) + ભાવ (લાગણી)] પું. શરણું લેનાર અને શરણું આપનારનો સંબંધ.

આશ્રયાસિદ્ધ [સં. આશ્રય (હેતુ) + અ (નહિ) + સિદ્ધ (સાબિત)] પું. (ન્યાય) હેતુનો આભાસ ખોટો હોય જેવો જોઈ જાતનો દોષ. તેમાં આશ્રયપક્ષ હોતો નથી. કોઈ કહે કે આકાશનું કમળ સુગંધવાળું હોય છે, કેમકે દરેક કમળ સુગંધવાળું હોવાથી આ આકાશનું કમળ પણ સુગંધવાળું હોવું જોઈએ, પણ આપણે જોતા આકાશના કમળ જેવી વસ્તુ જ હોતી નથી. અહીં કમળનો આશ્રય આકાશ હોવાથી અને આકાશમાં કમળ ઊગવાનો અસંભવ હોવાથી, પણ કમળરવિંદનો આશ્રય જ સાબિત થતો નથી માટે આકાશમાં કમળ ઊગે જેવા પહેલાં માનવું જોઈએ ખોટું છે.

આશ્રયાસિદ્ધિ [સં. આશ્રય (હેતુ) + અ (નહિ) + સિદ્ધિ (સાબિતી)] સ્ત્રી. (ન્યાય) જે નામનો એક હેત્વાભાસ; જેમાં લક્ષ્ય-પક્ષ આશ્રય સિદ્ધ ન થાય તેવો દોષ.

આશ્રયી ૧. [સં. આશ્રય (ટેકો) + ઇન્ (વાળું)] વિ. આશરાની જરૂરિયાતવાળું.
૨. વિ. આશરો મળ્યો હોય તેનું; આશ્રિત.
૩. વિ. આશ્રય લેનાર; પરાવલંબી.
જો તે યે ન કરી શકે તું,
મુજને યા યોગને આશ્રયી. નીતાપ્યામૃત
૪ [સં. આશ્રય (સંબંધ) + ઇન્ (વાળું)] વિ. વિષેનું; સંબંધ ધરાવનારું.

આશ્રયીને [સં. આશ્રય (સંબંધ) + ઇન્ (વાળું)] અ. અનુસરીને; પ્રમાણે.
માત્રને આશ્રયીને જ પરમાત્મા વિશ્વ રૂપે આ નાટક ભજવે છે. ચંદ્રાત

આશ્રયૈકગતિજ્ઞાતા કું. પુરુષોત્તમનું એક નામ.

આશ્રવ ૧. [સં. આશ્રુ (ક્ષરણ થવું)] કું. અંગીકાર; સ્વીકાર.
૨. કું. ઇંદ્રિયો ઉપર કાબૂ ન હોવાપણું.
૩. કું. ક્લેશ; આધિ; દુઃખ.
૪. કું. (જૈન) જેમાં રોકવાથી માણસ બંધનમાં પડે તે વિષય. તે ચાર પ્રકારના છે: મિથ્યાશ્રવ, અવ્રતાશ્રવ, દુષ્પ્રણિધાનાશ્રવ અને અવિરતાશ્રવ.
૫. કું. (જૈન) જૈનધર્મનાં નવતત્ત્વ પૈકીનું એ નામનું એક; મન, વાણી અને કર્મથી કરેલાં કર્મનો સંસ્કાર. જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ આ નવતત્ત્વો છે. આશ્રવના બે પ્રકાર છે: પુણ્યાશ્રવ અને પાપાશ્રવ.
૬. કું. ઝરો; નદી.
૭ કું. દોષ; ભૂલ; ઉલ્લંઘન.
૮. કું. પાપ.
૯. કું. વમન; ઊલટી.
૧૦. વિ. આવનારું; આવતું; પ્રવાહી.
૧૧. [સં. આ (ચોતરફ) + શ્રવ (સાંભળવું)] વિ. સાંભળનાર.

આશ્રવદ્વાર [સં. આશ્રવ (કર્મનો સંસ્કાર) + દ્વાર (બારણું)] સ્ત્રી. (જૈન) આત્મામાં કર્મ લાગવાનો માર્ગ.

આશ્રવભાવના [સં. આશ્રવ (કર્મનો સંસ્કાર) + ભાવના (લાગણી)] સ્ત્રી. (જૈન) રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ બધાં આશ્રવ છે એમ ચિંતવવું તે.

આશ્રવી [સં. અશ્રુ (આંસુ)] વિ. આંસુ સંબંધી.

આશ્રાયણિ કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આશ્રાવિણી [સં. આ (ઉપર) + શ્રુ (વહેવું)] સ્ત્રી. ઝરણાવાળી હોડી.

આશ્રાવ્ય કું. (પુરાણ) ઇંદ્રની સભાનો એક દેવર્ષિ.

આશ્રાંત [સં. આ (ચોકું) + શ્રાંત (થાકેલ)] વિ. કંટાળેલું; થાકેલું.

આશ્રિ ૧. સ્ત્રી. ખૂણો.
૨. [સં.] સ્ત્રી. તરવારની ધાર.

આશ્રિત ૧. [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો) + ત (એવું)] વ. નોકર; પરિજન; સેવક; દાસ.
૨. વ. ન. મન અને ઇંદ્રિયોથી જણાતી વસ્તુ.
૩. વિ. અનુસરતું; પ્રમાણે ચાલતું; આચરવાવાળું.
૪. વિ. આધાર લીધેલું.
૫. વિ. આધીન; તાબે થતું.
૬. વિ. જેને મદદ આપતી હોય એવું; પોષાતું; 'એડૉપ્ટેડ'.
૭. વિ. (ગણિત) બાકીનું; નષ્ટકનું; 'ઍડ્જેસન્ટ'.
૮. વિ. બીજાના ઓથથી આજીવિકા ચલાવતી હોય એવું; આશ્રયે રહેલું; આશરાવાળું; જેને આશ્રય આપ્યો હોય એવું; શરણાગત.
૯. વિ. ભરોસા ઉપર રહેનારું; વિશ્વાસ રાખનાર.
૧૦. વિ. રહેનાર; વસતું; રહેતું.
૧૧. વિ. વાપરનારું; ઉપભોગમાં લેનાર.
૧૨. વિ. સંબંધી; લગતું; વિષેનું.

આશ્રિતકોષ્ઠ [સં. આશ્રિત (નષ્ટકનું) + કોષ્ઠ (ખાનો)] કું. (ગણિત) નષ્ટકનો ખૂણો; ઉપકોષ્ઠ; આસન્નકોષ્ઠ; 'ઍડ્જેસન્ટ ઍંગલ'. જ્યારે એક લીટી ઉપર બીજી લીટી ઊભી રહે ત્યારે જે બે ખૂણા બને તે એકબીજાના આશ્રિતકોષ્ઠ કહેવાય. આસન્નરાશ્યર્થ ઉપકોષ્ઠને આશ્રિતકોષ્ઠ અથવા સંસક્તકોષ્ઠ એવું નામ આપે છે.

આશ્રિતજન ૧. [સં. આશ્રિત (આસરાવાળું) + જન (માણસ)] વ. દાસ; નોકર; પરિજન; સેવક.
૨. વ. ધર્મનો અનુયાયી; સંપ્રદાયનું અનુસરણ.

આશ્રિતતા ૧. [સં આશ્રિત (આસરાવાળું) + તા (પણું)] સ્ત્રી. કોઈના ઉપર આધાર રાખવો તે.
૨. સ્ત્રી. પરાધીનતા; પરવશપણું.

આશ્રિતત્વ ૧. [સં. આશ્રિત (આસરાવાળું) + ત્વ (પણું)] વ. કોઈના ઉપર આધાર રાખવો તે; શરણે રહેવાપણું.
૨. વ. પરાધીનતા; પરવશતા.

આશ્રિતપણું ૧. ન. પરવશતા; પરાધીનતા.
૨. ન. શરણે રહેવાપણું.

આશ્રિતા [સં. આશ્રિત (આસરાવાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ઓથ અપાયેલી; આશ્રયે રહેલી.

આશ્રિત્ય [સં. આ (ઉપર) + શ્રિ (આધાર રાખવો) + ત્ય (સંબંધક ભૂતકૃદંત બનાવનાર પ્રત્યય)] અ. આશરો લઈને; અવલંબીને.

આશ્રી ૧. [સં. આશ્ર (આંસુ) + ઇન્ (વાળું)] વિ. આંસુવાળું.
૨. [સં. આશ્રય (આધાર)] અ. આધાર રાખીને.
બહારની સંપત્તિ પુરુષને આશ્રી ન્યૂનાધિક બળે છે. આખ્યાયિકા
૩. [સં. આશ્રય (સંબંધ)] અ. સંબંધી; વિષે.

આશ્રુત ૧. [સં. આ (તરફ) + શ્રુ (ધ્યાન આપવું) + ત (એવું)] વ. ધ્યાન પડે એમ બોલાવવાપણું.
૨. [સં. આ (નિરર્થક વપરાતો પૂર્વગ) + શ્રુ (સાંભળવું) + ત (એવું)] વિ. સાંભળેલું.
૩. [સં. આશ્રુ (સ્વીકાર રાખવું) + ત (એવું)] વિ. સ્વીકારેલ; અંગીકૃત.

આશ્રુતિ ૧. [સં. આશ્રુ (સ્વીકાર રાખવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અંગીકાર; સ્વીકાર.
૨. [સં. આ (નિરર્થક વપરાતો પૂર્વગ) + શ્રુ (સાંભળવું) + તિ (પણું)] સ્ત્રી. શ્રવણ; સાંભળવાપણું.

આશ્લેષ [સં. આ (ઉપર) + શ્લિ (આધાર રાખવો) + ઘ (એવું)] વિ. શરણ લેવા યોગ્ય; ઓથ લેવા જેવું.

આશ્લેષા ૧. કું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૨૩ અને ઉત્તર ક્રાંતિ ૭માં આવેલો તારો; 'હીટા હાઇડ્રી'. તેનું મહત્ત્વ ૩-૩ છે.
૨. સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર; આશ્લેષા.

આશ્લિષ્ટ ૧. [સં. આ (ઉપર) + શ્લિષ્ (જોડવું) + ત (એવું)] વિ. જોડેલું; જોડાયેલું.
૨. વિ. અનુમાન કરેલું; ઍસ્સ્ટ્રેલ.
૩. વિ. ગૂંથાયેલું; ભળી ગયેલ; ઓતપ્રોત; મિશ્રિત થયેલું.
૪. વિ. ફેલાયેલ; વ્યાપેલું.
૫. [સં. આશ્લિષ્ (ભેટવું) + ત (એવું)]

વિ. ભેટાયેલું; બાંથી સાથે ચંપાયેલું; આલિંગન કરાયેલું.
૬. વિ. સાથે જડાઈ ગયેલું; ભક્કમ; ચોટેલું.

આશ્લેષા [સં. આશ્લેષા] સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિનીથી નવમું નક્ષત્ર; આશ્લેષા.

આશ્લેષ ૧. [સં. આશ્લિષ્ (ભેટવું)] પું. આલિંગન; ભેટ; બાથ.
૨. પું. ગાઢ સંબંધ; ઋણપણું; ઘનત્વ.
૩. [સં. આ (જેવું) + શ્લેષ (ભેટ)] પું. થોડુંક ચોટેલું હોવાપણું.
૪. પું. ભક્તિભાવ; આદર; પ્રેમ.

આશ્લેષણ ૧. [સં. આશ્લિષ્ (ભેટવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આલિંગન; ભેટ.
૨. ન. મિલાવટ; ભેળ.

આશ્લેષા ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિનીથી નવમું પાંચ તારાનું નક્ષત્ર.
૨. સ્ત્રી. ચંદની સત્તાવીસ ઔષધીની એકનું નામ.

આશ્લેષાપંચક [સં. આશ્લેષા (એક નક્ષત્ર) + પંચક (પાંચનો સમૂહ)] ન. (જ્યોતિષ) આશ્લેષા નક્ષત્રના પાંચ તારા.

આશ્વ ૧. [સં.] ન. ઘોડા જેવો રવ.
૨. ન. ઘોડાનું ટોળું.
૩. ન. ઘોડાપણું.
૪. ન. સંખ્યાબંધ ઘોડાં.
૫. વિ. ઘોડા ઉપર બેઠેલું જવા જેવું.
૬. વિ. ઘોડા સંબંધી; ઘોડાને લગતું.

આશ્વતરાશ્વિ પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

આશ્વત્થ ૧. [સં. અશ્વત્થ (પીપળો)] ન. પીપળાનું વૃક્ષ.
૨. વિ. પીપળાને લગતું.

આશ્વત્થી ૧. [સં. અશ્વત્થ (અશ્વિની નક્ષત્ર)] સ્ત્રી. અશ્વિની નક્ષત્ર આવતું હોય તે વખતની રાત્રિ.
૨. [સં. અશ્વત્થ (પીપળો)] સ્ત્રી. પીપળાની ડાળી; સમિધ.

આશ્વપત [સં.] વિ. અશ્વપતિ સંબંધી.

આશ્વમેધિક ૧. ન. મહાભારતના ચૌદમા પર્વનું નામ.
૨. [સં. અશ્વમેધ (ઘોડો હોમવામાં આવે એવો યજ્ઞ) + ઇક (લગત)] વિ. અશ્વમેધ યજ્ઞ સંબંધી.

આશ્વયુજ ૧. [સં. અશ્વ (એક નક્ષત્ર) + યુજ્ (જોડવું)] પું. આસો માસ. આ મહિનામાં અશ્વિની નક્ષત્ર આવતું હોવાથી તેનું આ નામ પડ્યું મનાય છે.
૨. [સં. અશ્વયુજ્ (અશ્વિની નક્ષત્ર)] વિ. અશ્વિની નક્ષત્રમાં જન્મેલું.
૩. વિ. આસો મહિનાનું.

આશ્વયુજક [સં. અશ્વ (એક નક્ષત્ર) + યુજ્ (સાથે જોડવું) + ક (સંબંધી)] ન. આસો માસની પુનમે ચાલતો આદ.

આશ્વયુજી [સં. અશ્વયુજ્ (અશ્વિની નક્ષત્ર) + ઙીપ્ (પણું)] સ્ત્રી. આસો સુદ પુનમ; શરદ પુનમ.

આશ્વલ પું. (પુરાણ) શાકલ્ય શાખાનો એક મુનિ. તે એ શાખાનાં સૂત્ર બનાવનાર હતો.

આશ્વલક્ષ્મિક ૧. [સં. અશ્વ (ઘોડાનું) + લક્ષ્મન્ (ચિહ્ન) + ઇક (લગત)] પું. અશ્વવૈદ્ય; ઘોડા ડાક્ટર; સાલોત્રી.
૨. પું. ઘોડાની સારવારમાં રહેનારો માણસ.
૩. વિ. ઘોડાનાં ચિહ્નોને જાણનાર.
૪. વિ. ઘોડાનાં લક્ષણ સંબંધી શાસ્ત્રને જાણનાર; અશ્વનિરૂપક.

આશ્વલાયન પું. શૌનકસૂત્ર અને ઋક્સૂત્રનો રચનાર શૌનકનો શિષ્ય અને ઋગ્વેદનો આચાર્ય.

આશ્વલાયનગૃહ્યસૂત્ર ન. આશ્વલાયન મુનિએ રચેલું એ નામનું ગૃહ્યસૂત્ર.

આશ્વલાયનશાખા [સં. આશ્વલાયન (એક મુનિ) + શાખા (ફાંટો)] સ્ત્રી. ઋગ્વેદની એ નામની એક શાખા.

આશ્વલાયનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આશ્વલાયનિન પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આશ્વસિત [સં. આશ્વસ્ (દિલાસો દેવો) + ક્ત (એલું)] વિ. દિલાસો પામેલું.

આશ્વસ્ત [સં. આશ્વસ્ (સાંત્વન આપવું) + ત (એલું)] વિ. દિલાસો પામેલ; આશ્વસિત.

આશ્વાયન [સં.] ન. અશ્વ ઋષિનું ગોત્ર.

આશ્વાયનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આશ્વાયનિન પું. (પુરાણ) એ નામના એક ઋષિનું સંતાન.

આશ્વાસ ૧. [સં. આશ્વસ્ (દિલાસો દેવો)] પું. આશ્રયદાતા આપવો તે; અભયદાન.
૨. પું. છુટકારાનો દમ; નિવૃત્તિનો શ્વાસ.
૩. પું. અયનિ; ચેતન.
૪. પું. દિલાસો; સાંત્વન.
૫. પું. નિવૃત્તિ; શાંતિ; આરામ.
૬. પું. પ્રકરણ; પોથીનો ભાગ; સર્ગ.
૭. પું. મીઠા દૂર કરવાનો પત્થર.
૮. પું. સંપૂર્ણતા.

આશ્વાસક ૧. પું. અભયદાન આપનાર માણસ.
૨. પું. કપડાં; વસ્ત્ર.
૩. [સં. આશ્વસ્ (દિલાસો આપવો) + ક (વાળું)] પું. દિલાસો આપનાર અગ્નિ.
૪. વિ. અભયદાન આપનાર; આશ્રયો આપનારું.
૫. વિ. ચેતન લાવનારું.
૬. વિ. દિલાસો દેનાર; સાંત્વન આપનાર; હિંમત આપનાર.

આશ્વાસન ૧. ન. અભયદાન આપવાપણું; આશ્રય આપવો તે.
૨. ન. ખાતરી; જામીનગીરી; હા.મી.
૩. ન. છુટકારાનો દમ; નિવૃત્તિનો શ્વાસ.
૪. [સં. આશ્વસ્ (દિલાસો આપવો) + અન (પ્રત્યય)] ન. દિલાસો; સાંત્વન; ધીરજ; હિંમત.
૫. ન. બરદાસ; ચાકરી; આસનાવાસના.
૬. ન. સજીવન થવું તે.

આશ્વાસનનિધિ [સં. આશ્વાસન (દિલાસો) + નિધિ (ભંડાર)] પું. ભવિષ્યની જરૂરિયાત માટે કરેલો પૈસાનો સંગ્રહ; 'પ્રોવિડન્ટ ફન્ડ'.

આશ્વાસનપત્ર [સં. આશ્વાસન (ધીરજ) + પત્ર (કાગળ)] પું.; ન. દિલાસો આપનારો કાગળ.

આશ્વાસનપ્રદાન [સં. આશ્વાસન (દિલાસો) + પ્રદાન (દાન)] ન. હિંમત આપનાર બોલ.

આશ્વાસના ૧. [સં. આશ્વસ્ (ધીરજ આપવી)] સ્ત્રી. અભયદાન.
૨. સ્ત્રી. દિલાસો; ધીરજ.

આશ્વાસનિધિ [સં. આશ્વાસ (દિલાસો) + નિધિ (ભંડાર)] પું. ભવિષ્યની જરૂરિયાત માટે એકઠા કરેલ પૈસા; આશ્વાસનનિધિ.

આશ્વાસનીય [સં. આશ્વાસ (હિંમત આપવી) + અનીય (જેવું)] વિ. દિલાસો દેવા જેવું.

આશ્વાસનોચ્ચાર [સં. આશ્વાસન (દિલાસો) + ઉચ્ચાર (બોલવું તે)] પું. દિલાસો.

આશ્વાસવું ૧. સ. ક્રિ. સજીવન થવું.
૨. સ. ક્રિ. આગતાસ્વાગતા કરવી.
૩. સ. ક્રિ. ચેતનમાં લાવવું; જગાડવું.
૪. સ. ક્રિ. છુટકારો મેળવવો; નિવૃત્તિનો શ્વાસ લેવો.
૫. [સં. આશ્વસ્ (ધીરજ આપવી)] સ. ક્રિ. ધીરજ આપવી; શાંત પાડવું; દિલાસો દેવો; હિંમત આપવી.
૬. સ. ક્રિ. રક્ષણ આપવું; આશરો દેવો.

આશ્વાસિત ૧. [સં. આશ્વાસ (દિલાસો દેવો) + ક્ત (એલું)] વિ. દિલાસો પામેલ; ધીરજ આપેલ.
૨. વિ. પ્રફુલ્લ; ઉત્સાહવાળું; ઉત્તેજિત.

આશ્વાસી ૧. [સં. આશ્વાસ (શ્વાસ લેવો) + ઇન્ (વાળું)] વિ. છૂટથી શ્વાસ લેતું; આનંદી બનતું.
૨. [સં. આશ્વાસ (દિલાસો આપવો)] વિ. દિલાસો આપે એવું.

આશ્વાસ્ય [સં. આશ્વાસ (દિલાસો આપવો) + ય (જેનું)] વિ. જેને દિલાસો આપવો ઘટે એવું; ધીરજ આપવા લાયક.

આશ્વિક ૧. [સં. અશ્વ (ઘોડો) + ઇક (વાળું)] પું. ઘોડેસવાર.
૨. વિ. ઘોડા સાથે સંબંધ રાખતું; ઘોડાને લગતું.

આશ્વિન ૧. [સં. અશ્વિની (સત્તાવીસમું નક્ષત્ર)] પું. આસો મહિનો; વિક્રમ વર્ષનો છેલ્લો અને શાલિવાહન સંવત્સરનો સાતમો માસ. અશ્વિની નક્ષત્ર આ માસમાં સંખ્યાક્રમે ઊગી પરોઢિયે આથમે અને તેની પૂનમને દિવસે ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં હોય તેથી એનું નામ આશ્વિન પડ્યું છે.
૨. વિ. અશ્વિની નક્ષત્ર સંબંધી.
૩. વિ. અશ્વિની નક્ષત્રમાં થયેલ.
૪. વિ. અશ્વિનીકુમાર જેના દેવ હોય તેવું.

આશ્વિની [સં. અશ્વિની (એક નક્ષત્ર)] સ્ત્રી. અશ્વિની નક્ષત્રવાળી પૂનમ; આસો સુદ પૂનમ; શરદપૂનમ.

આશ્વિનેય ૧. [સં. અશ્વિની (ઘોડો) + ઇય (સંતાન તેવા અર્થવાળો પ્રત્યય)] પું. (પુરાણ) અશ્વિની એટલે ઘોડીનું રૂપ ધારણ કરેલ સૂર્યપત્નીને વિષે ઘોડાનું રૂપ ધારણ કરી સૌ ઉત્પન્ન કરેલ બે વધુ સુંદર દીકરા; દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર. દેવોમાં તેઓ વૃદ્ધ જણાતા હોવાથી એમને યજ્ઞભાગ મળતો ન હતો. અવન ઋષિને તેઓએ ફરી યુવાન બનાવ્યા અને આંખો આપી તે ઉપકારના બદલામાં અવને તેમને યજ્ઞભાગ મેળવી આપ્યો. એ બને અશ્વિનીના નસકોરામાંથી નીકળ્યા હતા, એ ઉપરથી એમને નાસત્ય કહે છે. સામાન્ય રીતે એ બને નાસત્યો, અશ્વિનો અને દસ્રો નામે ઓળખાય છે, પણ એમાંના મોટાનું નામ નાસત્ય અને નાનાનું નામ દસ્ર હોય એમ જણાય છે.
૨. પું. નકુલ; પાંચ પાંડવમાંનો એક. પાંડુની સ્ત્રી માદ્રીને તે અશ્વિનીકુમારથી જન્મ્યો હતો એમ મનાય છે.
૩. પું. સહદેવ; અશ્વિનીકુમારથી ઉત્પન્ન થયેલ પાંચ પાંડવમાંનો એક.

આશ્વીન [સં.] પું.; ન. પોષની એક દિવસની મજિલ.

આશ્વીય [સં. અશ્વ (ઘોડો) + ઈય (લગતું)] વિ. ઘોડાને લગતું.

આષતું સ. ક્રિ. (બા. પ્ર.) આખવું; ભોજવું.
કરતા પાકવી રાતિ આષાઈ રે.
દર્શનવિજય

આષાઢ (આષાઢ) ૧. [સં. આષાઢ] પું. અષાઢ મહિનો; વિક્રમ સંવત્સરનો નવમો, શાલિવાહન સંવત્સરનો ચોથો અને ચોમાસાનો પહેલો માસ.
૨. પું આખરાનો દંડ રાખનાર સંન્યાસી.

આષાઢી (આષાઢી) સ્ત્રી. (બા. પ્ર.) આખાડી; આખા.
ચરણે અહિત અમૃત આષઢી.
પ્રભ ત્રિભુ પણાના આષાઢી. જ્ઞાનસમય

આષાઢ ૧. [સં.] પું. અષાઢ મહિનો; વિક્રમ સંવત્સરનો નવમો, શાલિવાહન સંવત્સરનો ચોથો અને ચોમાસાનો પહેલો માસ. તેનું નામ આષાઢા નક્ષત્રના નામ ઉપરથી પડ્યું છે. એ નક્ષત્ર આ મહિનામાં સંખ્યાક્રમે ઊગે અને પરોઢિયે આથમે.
૨. પું. આખરાની લાકડી રાખનાર સન્યાસી.
૩. પું. આખરાનું ઝાડ; પલાસ.
૪. પું. બ્રહ્મચારીનો આખરાનો દંડ.
૫. પું. મલય પર્વત.
૬. પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો એક રાજા.
૭. પું. શિવ.
૮. ન (જ્યોતિષ) એ નામનું નક્ષત્ર.

આષાઢક [સં. અષાઢ (અષાઢ મહિનો) + ક (વાળું)] પું. અષાઢ મહિનો.

આષાઢભવ ૧. [સં.] પું. (વિશ્લ) એક વિષમમાત્રિક છંદ. તે મંજુલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ ને ૮૬ લઘુ મળી કુલ ૮૭ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૩. [સં. અષાઢ (અષાઢ) + ભૂ (થવું)] વિ. અષાઢ મહિનામાં થતું.

આષાઢા ૧. [સં.] સ્ત્રી. અષાઢ મહિનામાં આવતી વાદળીઓ.
૨. સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નામનું અનુક્રમે બાવીસમું અને તેવીસમું ત્રીજ તારાવાળું નક્ષત્ર. આ નક્ષત્ર ઉપરથી અષાઢ મહિનાનું નામ પડ્યું છે, કેમકે તે અષાઢ મહિનામાં સંખ્યાક્રમે ઊગે અને પરોઢિયે આથમે.

આષાઢાજ્ઞત [સં. આષાઢ (એક નક્ષત્ર) + જ્ઞત (જન્મેલ)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે અમુક વખતે ચંદ્ર અને અષાઢા નક્ષત્રની તદ્દન નજીક જોવામાં આવે છે.

આષાઢાભવ [સં. આષાઢા (એ નામનું નક્ષત્ર) + ભૂ (થવું)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ; આષાઢાજ્ઞત.

આષાઢાભૂ [સં. આષાઢા (એ નામનું નક્ષત્ર) + ભૂ (થવું)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ; આષાઢાજ્ઞત.

આષાઢી ૧. [હિં.] પું. રબ્બી પાક.
૨. [સં. આષાઢ (એક નક્ષત્ર)] સ્ત્રી. અષાઢ મહિનાની પૂનમ; ગુરુપૂર્ણિમા; ગુરુપૂજા અથવા વ્યાસપૂજા કરવાની પૂનમ.
૩. વિ. અષાઢ માસમાં આવતું; અષાઢ માસ સંબંધી.
ધોરી આષાઢી પંચમી, વાદળ હોય ન વીજ;
વેચો ગાડી બળદને, નીપજે જોઈ ન બીજ.
લોકોક્તિ
૧. આષાઢી અગિયારસ = અષાઢ મહિનાની અગિયારસ. તે દિવસથી દેવ પોઢી જતા હોવાનું મનાવાથી તે દેવપોઢી અગિયારસને નામે ઓળખાય છે.
૨. આષાઢી આંધળું = (૧) અષાઢ મહિનામાં આંધળું એટલે પ્રકાશિત અને હોવી વસ્તુઓને જોઈને આંધળું બનેલું. (૨) બધામાં દોષ જોનાર; અસંતોષી.
૪. વિ. આખરાનો દંડ રાખનાર.

આષાઢીપૂર્ણિમા [સં. આષાઢ (અષાઢ માસ) + પૂર્ણિમા (પૂનમ)] સ્ત્રી. અષાઢ મહિનાની પૂનમ; ગુરુપૂર્ણિમા; જે પૂનમે આષાઢા નક્ષત્ર આવતું હોય તે; આષાઢી.

આષાઢીય ૧. [સં. આષાઢ (એ નામનો મહિનો) + ઈય (લગતું)] વિ. અષાઢ મહિના સંબંધી.
૨. [સં. આષાઢા (એક નક્ષત્ર) + ઈય (લગતું)] વિ. આષાઢા નક્ષત્રમાં થયેલું.

આષાઢીયોગ [સં. આષાઢી (અષાઢ મહિનાનું) + યોગ (મેળ)] પું. અષાઢ મહિનાની પૂનમને દિવસે આકાશ તોલ ઉપરથી વરસાદનો કળવામાં આવતો નિયમ. આ દિવસે ખેડૂતો ચોકકસ માપ તોળીને અમુક વખત સુધી કળવામાં રાખે છે. એ જોખવાળી કળની અસરથી તે માપનું વજન વધે તો સમજાય કે વરસાદ સારો થશે અને સુકાળ રહેશે.

આષાઢીલું [આષાઢ (અષાઢ મહિનો) + ઈલું (લગતું)] વિ. અષાઢ મહિનાનું.
આષ્ટમ [સં.] પું. આઠમો ભાગ.
આસ્પૂ ૧. [સં.] ક્ર. આશરો.
૨. જ. આશરામાં એટલે પ્રભુની જગ્યામાં કેવાઈ રહેવો થયું; વાતાવરણ.
૩. જ. એક જાતનું રાસાયણિક દ્રવ્ય; ઇથર.
આષ્ટ્રી ૧. [સં.] સ્ત્રી. રેવતા રાખવાનું ઠેકાણું; રસોડું.
૨. સ્ત્રી. મોટું જંગલ.
આસ્ [સં.] સ.ક્રિ. (ધાતુ) બેસવું. તે ઉપરથી નીચેના શબ્દ: આસન; આસનિષ્ણ; આસીન; ઉપાસના; ઉપાસવું; ઉપાસિત; ઉપાસી; ઉપાસ્ય.
આસ ૧. પું. અશ્વિની નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા.
૨. [સં. આસ] પું. (પ્રાકૃત) આવું.
૩. [સં. અધ (નીચે)] પું. (ભૂ.સ.) નીચે; અધ.
આસન્હિ ઉપરિ જ અંધકાર પ્રવર્તિઓ.
કાન્હડદેપ્રબંધ
૪. પું. ઢોર બાંધે વિષય તારે અક્ષર નીચેનો અંશનો હોચો; ઓર.
૫. [સં.] પું. મનુષ્ય.
૬. પું. પૈસાની પરી.
૭. પું. ઈંટવાપડું; ધા.
૮. પું. મનઃ મિત્ત.
૯. પું. રાખ.
૧૦. [સં આસા (ઇચ્છા)] સ્ત્રી. ઉમેદ; આશા; ઇચ્છા; કામના.
અંતે જિ લાઈ અવરી બોરેસિ વચ્છુ નિરાસ,
નવ નવ પાંદ્રિ વચ્છુ રસિ પરિસિ તાવારી આસ.
વિજયપ્રબંધ
૧. આસ કરવી-રાખવી = (૧) આદર કરવો. (૨) આધાર રાખવો. (૩) આશા રાખવી. (૪) ઇચ્છવું. (૫) ખાતરી રાખવી.
૨. આસ છૂટવી = નિરાશા હોવી; આશા છોડવી.
૩. આસ છોડવી = આશા છોડવી.
૪. આસ ટકવી-રાખવી = (૧) આધાર રાખવો. (૨) ઇચ્છા રાખવી. (૩) કંઈ ન કરવું.
૫. આસ દેવરવી = (૧) આધાર રાખવો. (૨) ઇચ્છા રાખવી.
૬. આસ તૂટવી = આશા છોડવી; નિરાશ હોવી.
૭. આસ પુરાવવી-પૂરવું કરવી = ઇચ્છા પૂરી પાડવી.
૮. આસ પૂરવી-પૂરવી = ધારવું પ્રમાણે થવું.
૯. આસ હોવી = આશા રાખવી.
૧૧. સ્ત્રી. ટેકો; સહારો; આધાર.
૧૨. સ્ત્રી. હોલમાંથી નીકળતો અવાજ.
૧૩. સ્ત્રી. દિશા.
૧૪. સ્ત્રી. પરાક્રમ.
૧૫. સ્ત્રી. બાળક; વંશજ સંતાન.
૧૬. સ્ત્રી. બરોસો; વિશ્વાસ.
૧૭. સ્ત્રી. લંગર.
૧૮. સ્ત્રી. દરજ્જો; રહણ.
૧૯. સ્ત્રી. સ્થિતિ.
૨૦. સ્ત્રી. ક્રમણ; ઓથાર; મર્મ.
૨૧. જ. આસન બેસવું તે.
૨૨. જ. નજીક હોવું તે; પાડોશ.
૨૩. જ. બેસવાનું ઠેકાણું.
૨૪. જ. મુખ; મોં.
૨૫. જ. શરીરનો નીચલો ભાગ; બેસણું.
૨૬. જ. શબ્દને છેડે લાગનાર પ્રત્યયવાચક પ્રત્યય. જેમકે, પિપાસ = પીવાની ઇચ્છા; તરસ.
આસઈ ૧. [સં. આસદ (ઘરાણે)] પું. અર્થે; હેતુ.
૨. પું. રહેઠાણ.
૩. પું. વિષય; બાબત.
આસક ૧. [અ. આશક] પું. પ્રેમી; આશકાર.
૨. પું. બેફરકાર માણસ.
૩. પુ. આશરો કરનાર; ઉમેદવાર.
આસકતાવું ૧. જ.ક્રિ. આશરામાં વખત ગુમાવવો.
૨. જ.ક્રિ. કામ કરવાની ઇચ્છા ન હોવી.
આસકંઠ જ. ફક્ત વપરાતો એક છોડ; આસગંધ.
આસકા ૧. સ્ત્રી. (ઇચ્છી) આશા; ઇચ્છા; ઉમેદ.
૨. સ્ત્રી. કપાસે કરવામાં આવતી આડ.
દરપણે કપાસે સિંહણની આસકા કીધી.
નર્મદશતક
૩. સ્ત્રી. રેવને ચઢાવેલી વસ્તુનો કંઈક ભાગ પાછો લઈ પવિત્ર બનવા માટે તે શરીરને કે આંખને લગાડવામાં આવે છે તે વસ્તુ.
૪. સ્ત્રી. પ્રીતિ; પ્રેમ; સ્નેહ.
આસકિર [અ.] પું.બ.વ. ઘરકરો.
આસકી ૧. [સં. આસા (ઇચ્છા) + ક (સ્વાર્થે) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આસરો આપવાનું કામ.
૨. સ્ત્રી. પ્રીતિ; સ્નેહ; પ્રેમ.
આસક્ત ૧. [સં. અ (નહિ) + સક્ત (બાંધવું)] સ્ત્રી. આળસ.
૨. સ્ત્રી. ઊંઘ; નિદ્રા.
૩. સ્ત્રી. ઢીલ; વિલંબ.
૪. વિ. અપીર.
૫. [સં. આસંજ્ (વળગવું)] વિ. અનુરાગી; પ્રીતિથી પાછળ લાગેલું; અનુરક્ત; મોહિત; પ્રેમ કરવાવાળું.
૬. વિ. પેદા થયેલું.
૭. વિ. ચાલુ, કાયમનું; નિત્ય; સતત.
૮. વિ. મોટેલું, વળગેલું.
૯. વિ. રેવવાળું.
૧૦. વિ. તત્પર.
૧૧. વિ. વિચારવાળું.
૧૨. વિ. વિશ્વાસવાળું.
૧૩. [સં. આ (બધે) + સંજ્ (જવું)] વિ. સારી રીતે સંબંધ પામેલ.
આસક્તચિત્ત [સં. આસક્ત (મોટું) + ચિત્ત (મન)] વિ. મોટેલા મનવાળું.
આસક્તરચ્છુજ જ. (ગણિત) બે અથવા વધારે આકૃતિની મર્યાદા બનાવતી સામાન્ય બાહુ; 'કોનઠમિનસ સાઇડ'.
આસક્તિ ૧. [સં. અ (નહિ) + સક્ત (લાગવાવું)] સ્ત્રી. (હિંદી) આળસુ માણસ; લબાડ.
૨. [સં. આસંજ્ (વળગવું)] સ્ત્રી. અનુરાગ; મોહ; પ્રેમભક્તિની ચાર અવસ્થા માંહેની બીજી. કાવ્યશાસ્ત્રમાં પ્રેમના સ્નેહ એટલે ભરો પ્રેમ, આસક્તિ, વ્યસન એટલે બરાબર બીજાનો પ્રેમ અને તન્મયતા એટલે તલ્લીન થઈ જવાપણું એવા મુખ્ય ચાર પ્રકાર કહ્યા છે. આસક્તિ બતાવવાની છ રીત: સ્મરણ, કીર્તન અને રમરણ.
એક વાર આખા દિવસમાં જ્યાં બધે નજર પહોંચે, કંઈ પણ બધે તો વિષય થાય, આસક્તિ બે પ્રકારની.
દયારામ
૩. સ્ત્રી. ચોટી જવાનો ગુણ.
૪. સ્ત્રી. બીજું બધું છોડી એક જ બાબતને ચોટી રહેવાપણું; અવસંજન.
૫. સ્ત્રી. મનોકામના; લાલસા; તૃષ્ણા; તીવ્ર ઇચ્છા.
૬. સ્ત્રી વિષયભોગની ઇચ્છા.
૭. વિ. આળસુ; સુસ્ત; ધીમું.
આસગંધ [સં. અશ્વગંધા (ઘોડા વનસ્પતિ)] સ્ત્રી. ઘોડા કરિયાણું; ઘોડા જાતની વનસ્પતિ; આસંધ.

આસગંધા [સં. અશ્વગંધા (એક ઔષધિનું)] સ્ત્રી. આસંધ; આસગંધ.

આસચરજ ન. (ડિંગળ) આશ્ચર્ય.

આસડિ ન. આડ નામનું જબલપુર તાલુકામાં આવેલ ગામ.

આસડવું (આડવું) ૧. સ. ક્રિ. ઘાટા પ્રવાહી પદાર્થને એક પછી એક સબડકા ભરતાં ઓ અને હાથને લીધે અવાજ થાય તેમ ખાવું; ખૂબ રસથી આકંઠિયા થઈને ખાવું.
૨. સ. ક્રિ. સાંબરી લેવું; ઉસરડવું.

આસણ ૧. સ. આરાસણ કે કુંભારિયાનાં દહેરાં. તે જૈન લોકોનું જાત્રાનું ઠેકાણું છે.
ચતુર્વિધ સંઘ સહિત મિલી
ભલા આસણ ભાય રે. લાવણ્યસમય
૨. [સં. આસન (બેસવાનું ઠેકાણું)] ન. જે વસ્તુ ઉપર બેસવાનું હોય તે; આસન.

આસતા ૧. [સં. આસક્તિ (આસક્તિ)] સ્ત્રી. મિલકત; પૈસોટકો.
૨. [સં. આસ્થા] સ્ત્રી. શ્રદ્ધા; વિશ્વાસ.

આસતી પું. (ડિંગળ) સારો વખત.

આસતીન [હિં.] સ્ત્રી. બાંય આસ્તીન.

આસતે [જા. આહિરતા (ભામે)] અ. ધીરેધીમેથી; ધીરે.

આસત્તિ ૧. [સં.] સ્ત્રી. અર્થ ચોખ્ખો સમજાય એમ બે પદ અથવા શબ્દોનું પાસે હોવાપણું.
૨. સ્ત્રી. ઘણું પાસે હોવું તે; સામીપ્ય; નજીકપણું.
૩. સ્ત્રી. નજીકનો સંબંધ.
૪. સ્ત્રી. નશો; પ્રમિ; કામદો; લાલ.

આસથા [સં. આસ્થા] સ્ત્રી. (ડિંગળ) અંગીકાર; સ્વીકાર; ગ્રહણ.

આસથાન [સં. આસ્થાન] પું. (ડિંગળ) સભા; આસ્થાન.

આસદન ૧. [સં.] ન. નજીકનો સંબંધ; નિકટતા.
૨. ન. નશો; પ્રમિ; કામદો.
૩. ન. બેસવું તે; બેઠક.

આસન ૧. [સં. અશ્વગંધા (એક વનસ્પતિ)] સ્ત્રી. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ; આસંધ.
૨. ન. મનને કાંઈ પરવા નથી એમ દેખાવું તે. આ નીતિ અનુસાર શત્રુ ચડી આવે અથવા મેરો ઘાલે તોપણ રાજા નાચરંગમાં મશગૂલ રહે છે.
૩. ન. (જૂ. ગુ.) આયુષ્ય; આવરદા.
૪. ન. આશ્રમ; જગ્યા; સ્થાન.
૫. ન. ઊભા રહેવા, બેસવા કે સૂવાની અમુક પ્રકારની રીત.
૬ ન. એકબીજાની સ્પર્ધા નહિ કરી શકવાથી બે રાજાઓએ સંધિ કરી ચૂપચાપ રહેવાપણું. તેના પાંચ પ્રકાર કહ્યા છે: વિગૃહાસન, સંધીનાસન, સંભૂયાસન, પ્રસંગાસન અને ઉપેક્ષાસન.
૭. ન. ખાંડાં કે ધારાં ઉપર માપીએ મૂકવા ઘડ્યાં.
૮. ન. ખાંડું કે ધારું ઉપર માપીનું બેસવું તે.
૯. ન. ચીજ રાખવાનું સહીસલામત ઠેકાણું.
૧૦. ન. ચોપડી અથવા પત્રકમાં પાડેલો કોઠો; ખાનું.
૧૧. ન. ચોપડીનું ટેકણિયું.
૧૨. ન. જગ્યા બેસવાનું ઠેકાણું.
આસન નાખવું ન જગ્યાની ચાળી મૂકી બેસવાને માટે જગ્યા નક્કી કરવી.
૧૩. ન. છત્રું; છત્રક.
૧૪. ન. છત્ર કે છોડ પેદા કરે એવી વસ્તુ કે રજ.
૧૫. ન. (યોગ) જેનાથી મનને શાંતિ મળે અને શરીર સ્થિર રહે તેવી શરીરની સ્થિતિ; બેઠક; યોગાસન. તે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એમ યોગના આઠ અંગમાંનું ત્રીજું અંગ છે. તપસ્વીઓ તપ કરતી વખતે અલગ ધ્યાન ધરતી વખતે જે જુદી જુદી રીતે શરીરને રાખે છે તે આસન નીચે પ્રમાણે ૮૪ છે: ૧. સિદ્ધાસન, ૨. પ્રસિદ્ધ સિદ્ધાસન, ૩. પદ્માસન, ૪. ભદ્ર પદ્માસન, ૫. ઉત્કટિત પદ્માસન, ૬. ઊર્ધ્વ પદ્માસન, ૭. સુપ્ત પદ્માસન, ૮. ભદ્રાસન, ૯. સ્વસ્તિકાસન, ૧૦. યોગાસન, ૧૧. પ્રાણાસન–પ્રાણાયામાસન, ૧૨. મુક્તાસન, ૧૩. વજ્રમુક્તાસન, ૧૪. સુખાસન, ૧૫. સર્વભેદનાસન, ૧૬. લક્ષિકાસન, ૧૭. સાવિત્રીસમાધિ, ૧૮. અચિન્તનીયાસન, ૧૯. જાલન્ધરાંકુશ, ૨૦. ઉદ્ધારકાસન, ૨૧. મૃત્યુભંજકાસન, ૨૨. આત્મારામાસન, ૨૩. ભૈરવાસન, ૨૪. ભદ્રાસન, ૨૫. ચોરંગુખાસન, ૨૬. વાતાયનાસન, ૨૭. સિદ્ધમુક્તાવલી, ૨૮. નેતિ આસન, ૨૯. પૂર્વાસન, ૩૦. પશ્ચિમોત્તાન, ૩૧. મહામુદ્રા, ૩૨. બન્ધાસન, ૩૩. મહાસન, ૩૪. મયૂરાસન, ૩૫. શીર્ષાસન, ૩૬. હસ્તાધાર શીર્ષાસન, ૩૭. ઊર્ધ્વ સર્વાંગાસન, ૩૮. હસ્તપાદાંગુષ્ઠાસન, ૩૯. પાદાંગુષ્ઠાસન, ૪૦. ઉત્તાનપાદાસન, ૪૧. જાનુજઙ્ઘસ્તાસન, ૪૨. એકપાદ શિરાસન, ૪૩. દ્વિપાદ શિરાસન, ૪૪. એક હસ્તાસન, ૪૫. પાદહસ્તાસન, ૪૬. કર્ણપીઠ મલ્લાસન, ૪૭. કોષ્ઠાસન, ૪૮. ત્રિકોષ્ઠાસન, ૪૯. ચતુષ્કોષ્ઠાસન, ૫૦. કન્દપીડનાસન, ૫૧. તુલિતાસન, ૫૨. લોલ, તાડ આ વૃક્ષાસન, ૫૩. ધનુષાસન, ૫૪. વિપરીતાસન, ૫૫. વિલોમાસન, ૫૬. યોન્યાસન, ૫૭. ગુપ્તાંગાસન, ૫૮. ઊત્કટાસન, ૫૯. શોકાસન, ૬૦. મકટાસન, ૬૧. અંધાસન, ૬૨. કંઠાસન, ૬૩. સ્તબ્ધાસન, ૬૪. કૃપાસન, ૬૫. ગોપુચ્છાસન, ૬૬. ઉષ્ટ્રાસન, ૬૭. મર્કટાસન, ૬૮. મત્સ્યાસન, ૬૯. મત્સ્યેંદ્રાસન, ૭૦. મકરાસન, ૭૧. કચ્છપાસન, ૭૨. મંડૂકાસન, ૭૩. ઉત્તાન મંડૂકાસન, ૭૪. હંસાસન, ૭૫. ભદ્રાસન, ૭૬. મયૂરાસન, ૭૭. કુક્કુટાસન, ૭૮. કોદંડાસન, ૭૯. ભાસભાસન, ૮૦. વૃશ્ચિકાસન, ૮૧. સર્પાસન, ૮૨. દંડાસન, ૮૩. વીરાસન અને ૮૪. શવનિદ્રાસન. આમાં પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન અને વીરાસન એ પાંચ મુખ્ય ગણાય. પ્રાચીન ઋષિ મુનિઓની બ્રહ્મચર્યની આ પદ્ધતિથી કોઈની કરવાની ઇચ્છાને વેગ મળતો હોવાથી શરીરના મળોની વધુ શુદ્ધિ થતાં આરોગ્યની પ્રાપ્તિ સાથે ઉત્સાહ ને સ્ફૂર્તિ વધે. મહર્ષિ પતંજલિએ ઈશ્વરપ્રાપ્તિ અને પુરુષાર્થની સિદ્ધિ માટે આસનને યોગનું એક અંગ બનાવ્યું છે. આસનના અભ્યાસથી ૭ વર્ષના બાળકથી સિત્તેર વર્ષના વૃદ્ધો સુધીનાં બધાંનાં શરીરના સઘળા દોષ દૂર થઈ અનેક રોગ પણ નાશ પામે. ભાષામાં આસનનો અર્થ 'બેસવું' થાય, પણ યોગમાં તેનો અર્થ 'વિશેષ પ્રકારનો વ્યાયામ' થાય. આસનના મુખ્ય ચાર પ્રકાર: ૧. બેઠાબેઠાનો વ્યાયામ એટલે જે આસન કરવાથી નાડીઓનું બેઠાબેઠા થાય તે. ૨. પ્રાણાયામનો વ્યાયામ, ૩. બળવર્ધક વ્યાયામ અને ૪ રુધિરનું સંચાલનનો વ્યાયામ. સર્પ, ઊંટ, માછલું, હંસ, મોર, બગલો આદિ અનેક જે પશુપક્ષીનાં નામ ઉપરથી આસનનાં નામ રાખવામાં આવ્યાં છે તેનું અવલોકન કરવાથી તેમના સ્વભાવની શિક્ષણનો અભ્યાસ આવે. જેટલા પ્રકારની પ્રાણીઓની જાતિ તેટલા પ્રકારનાં આસન છે. યોગના ગ્રંથો પ્રમાણે ચોરાશી લક્ષ યોનિ હોઈ ચોરાશી લક્ષ આસન પણ છે. તેમાંથી કેવળ ચોરાશીનો જ ઉપયોગ થાય છે. તેમાની કેટલાંક ઊભાં રહીને, કેટલાંક બેસીને, કેટલાંક સૂઈ રહીને અને કેટલાંક માથું નીચે રાખીને થાય. જે આસનોમાં ગુદા અને અંડકોશના વચલા ભાગમાં પગની એડી રાખવાની હોય તે સ્ત્રીઓએ કરવા યોગ્ય નથી. જેઓ આખી જિંદગી બ્રહ્મચર્ય પાળવાની

ઇચ્છા રાખતા હોય તેઓ આસનો દ્વારા પોતાનું વીર્ય સાચવી શકે શીર્ષાસન, ચક્રાસન, ભુજંગાસન, પશ્ચિમોત્તાસન, સર્વાંગાસન, ભીષ્મસર્વાંગાસન, અર્ધપદ્મનાસન, પદ્મપદ્માસન, સર્પાસન, ઉષ્ટ્રાસન વગેરે પેટના રોગ માટે ઉત્તમ ગણાય.

આસન ઠોસવું = (૧) ચિત્ત ગ્રહાયમાન થવું; ક્ષુબ્ધ બનવું. (૨) પવિત્ર માણસનું કોઈ દુઃખી મનુષ્ય પોતાને ભોગવે છે એમ જ્ઞાનદૃષ્ટિથી જોઈ તેની મદદ માટે દોડવું. (૩) હાથમાં જપ અને કરણનો સંચાર થવો.

૧૬. ન. તટસ્થતા; નિષ્પક્ષપાત.

૧૭. ન. (શિલ્પ) વજ્ર માળનાં મકાનનો એ નામનો એક પ્રકાર, જેમાં દેવની મૂર્તિ બેઠેલી સ્થિતિમાં હોતરેલ હોય છે.

૧૮. ન. દુશ્મનની સામે લડતી વખતે ધ્યાનમાં રાખવાની સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધ ને આશ્રય એ ૬ રાજનીતિમાંની એક; દુશ્મનની સામે ટકી રહી પોતાની જગ્યા સાચવવી તે.

૧૯. ન. ફેફસાના બંધારૂપ કોઈ ઉપચાર; ફૂલવું કોઈ સાધન.

૨૦. ન. નીચે બેસવું તે; બેસી જવાપણું.

આસનથી આસન જોડવું = બીજાની જોહકમ નષ્ટક બેસવું.

૨૧. ન. પીઠ ઉપર ઝમરા જેવી નિશાની.

૨૨. ન. પૂજનના ષોડશ પ્રકારમાંનો એક.

૨૩. [સં. આસ્ય (કેસવું)] ન. કેફવાપણું.

૨૪. ન. બેઠક; ઢોલિયા, ખુરશી, સિંહાસન, ગાદી, પાટલો વગેરે બેસવાની વસ્તુ. આસન આપવું તે માન આપવાની અઢાર રીત મહેનો એક ગણાય છે.

૧. આસન જમાવવું = સ્થિરભાવથી બેસવું.

૨. આસન ઠામવું = (૧) ચિત્ત ગ્રહાયમાન થવું. (૨) બેસવામાં સ્થિરભાવ ન રહેવો.

૩. આસન ઠમાવવું = (૧) જગ્યાથી વિચલિત કરવું. (૨) ઘસડાવવું.

૪. આસન દેવું = સત્કાર અર્થે બેસવા માટે કોઈ વસ્તુ મૂકી દેવી અથવા બતાવવી.

૫. આસન મારવું–મારીને બેસવું = બહારના વજ્ર એક જ જગ્યાએ બેસવું.

૬. આસન માંડવું (૧) બોજા ઉપર બેસવું. (૨) જગ્યા કે બેઠક કરવી. (૩) જે વસ્તુ ઉપર બેસવાનું હોય તે મૂકવી કે પાથરવી. (૪) મુકરર જગ્યા ઉપર બેસવું.

૭. આસન લેવું = બેસવું.

૮. આસન વાળવું = બેસવું; બેસી જવું.

૨૫. ન. (શિલ્પ) બેઠકના આકારનું એક જાતનું હોતરકામ.

૨૬. ન. બેસવાની જગ્યા.

૨૭. ન. બેસવું તે.

૨૮. ન. ચાલતા ઘોડે નાના પગી બેસવાને રાખે છે તે જીન, દર્દ વગેરેનો ચોખંડો કટકો.

૨૯. ન. મલ્લવિદ્યામાં બેસવાની આઠ રીતમાંની એક. તેમાં મુખ્ય નીચે પ્રમાણે છે: ૧. આગળ બેસવું. ૨. પડ્ખે ફરીને બેસવું. ૩. ઢેકડો બેસે તેમ કૂદકા મારીને બેસવું. ૪. હાથીની માફક બેસવું.

૩૦. ન. મુખ; મોં.

૩૧. [ફિ.] ન. યોનિ; ચૂત.

૩૨. ન. રોગી કે ઘવાયેલાને ઉપાડી લાવી જવા માટે બે જણથી પોતાના હાથ વડે બનાવવામાં આવતી ખુરસી જેવી બેઠક.

૩૩. ન. શ્રમ ન કરતાં પોતાના બચાવ માટે બંદોબસ્તથી રહેવું તે.

૩૪. ન. વસવાટ; વાસ; રહેઠાણ.

આસન ઉઠાવવું = (૧) બાંધીનો નાખવો. (૨) કોઈને ત્યાં લાંબા વખત સુધી ઉતારો રાખવો. (૩) બિછાનું બિછાવવું.

૩૫. ન. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે નવ રક્ષણ કરનારી દસ બાંહેની એક વાડ; સ્ત્રીપુરુષે એકબીજાની જગ્યાએ ન બેસવું તે.

૩૬. ન. સવારી; પધારી.

૩૭. ન. સવારીના ઘોડાની પીઠ ઉપર મૂકવાની ગાદી.

૧. આસન જમાવવું = (૧) ઘોડા ઉપર ઠીક ઠીક બેસવું. (૨) સંભોગ કરવો.

૨. આસન તળે આવવું = (૧) ઘોડા ઉપર સવારી કરાવવી. (૨) તાબે થવું. (૩) સંભોગ કરવો.

૩. આસન મારવું = (૧) ઘોડા ઉપર મજબૂતીથી પોતાની બેઠક રાખવી. (૨) યોગના આસનમાં બેસવું.

૩૮. ન. સંમ્રહણી અને કોઢ મટાડનાર એક ઝાડ. જુઓ કરંજ. એનાં લાકડાં ઇમારતના કામમાં ઉપયોગી છે. તેનાં પાંદડાં નાનાં, દળ બારીક ને કડવાં અને અંતરજાલ લાલ રંગની હોય. ફૂલનો રંગ લીલો, પછી પીળો થતો જઈ પાકવા પછી કાળો થાય. આ ઝાડમાંથી ઝરતા ગીજવા મુંદને કમરકસ કહે છે.

૩૯. ન. સંભોગ સુખમાં ઉમેરો કરવા, તેમાં કંઈ શારીરિક મુશ્કેલી હોય તો દૂર કરવા, ગર્ભધારણની શક્યતા વધારવા કે ખોડી કરવા સંભોગ વખતની જુદી જુદી શરીરની સ્થિતિ. ગ્રામશાસ્ત્રના પ્રમાણભૂત હિંદી લેખક વાત્સ્યાયને પોતાના કામસૂત્ર નામના ગ્રંથમાં આવાં ઘણાં આસન બતાવ્યાં છે. તેના સિદ્ધ કોકના મત પ્રમાણે આ બાંહેનાં બધાંખરાં આસન મુખ્ય આસનોનાં સુધારાવધારારૂપે કોઈ ભિન્નભિન્નતાં છે. તેણે લખેલા કોકશાસ્ત્રમાં ચોરાશી આસન છે. આસનના મુખ્ય બે વિભાગ પાડવામાં આવ્યા છે: ૧. અભિમુખઃ– તેમાં સંભોગ વખતે સ્ત્રીપુરુષનાં મોં સામસામાં રહે છે. મનુષ્યોનું આસ આ આસન છે. ૨. બહિર્મુખઃ તેમાં સંભોગ માટે જીતરતા દરજ્જાનાં કરોડરજ્જુવાળાં બધાં પ્રાણીઓ, જેને સામાન્ય સંજોગમાં ઉત્પાદન માટે શારીરિક સંબંધ જરૂરનો છે; તેની માદાઓની પીઠ નરના તરફ રહેલી હોય છે. આ રીતે મનુષ્યનું આ બહિર્મુખ આસન બને છે. ઉદયોરાના પહાડોમાં કોતરેલ શિલ્પોમાં, જગન્નાથપુરીના ભુવનેશ્વરના મંદિરમાં, વિજાગાપટ્ટણ રાજ્યના એક મંદિરમાં, કોણસી નામના પર્વત ઉપર આવેલા ભગવતીના મંદિરમાં, સતારા અને પંઢરપુર વચ્ચે આવેલા કરેટેશ્વર મહાદેવના મંદિરમાં, કાશીના નેપાળી મંદિરમાં તેમ જ આબુ ઉપરના અચલેશ્વર મહાદેવના મંદિરની પાસે આવેલા એક જૈન મંદિરમાં જોવામાં આવતાં ચિત્રો અને કોતરકામ ઉપરથી સ્પષ્ટ છે) આવા વિષયોનું વર્ણન આપણને રુચે એવું ન હતું.

આસન જોડવું = (૧) જોગીની માફક જમીન ઉપર બેસવું. (૨) ઓસંગ વખતે ખોળા ઉપર બેસવું.

૪૦. ન. સાબણનું મૂળ.

૪૧. ન. (જૈન) સાધુએ દૂર કરવાના ખોરાકના આઠ દોષ બાંહેનો એક.

૪૨. ન. સાધુઓનું નિવાસસ્થાન; આવીને જમાવેલો પડાવ; મઠ.

૪૩. ન. હાથીની કંધ, જ્યાં મહાવત બેસે છે.

૪૪. [સં. આસન (બેઠેલ)] વિ. બેઠેલું.

આસનકોઠ [સં. આસાન (સહેલું) + કોઠ (બંધન)] સ્ત્રી. જેમાં મજૂરી કરવાની ન હોય તેવી કેદ; સાદી સજા. 'આસાનકોઠ' રૂઢ પ્રયોગ છે.

આસનગત [સં. આસન (બેઠક) + ગત (ગયેલું)] વિ. આસન ઉપર બેઠેલ.

આસનગાદી સ્ત્રી. મહાવતને હાથી ઉપર બેસવા માટે રખાતી ગાદી.

આસનચિકિત્સા [સં. આસન (બેઠણી જગા) + ચિકિત્સા (ઉપચાર)] સ્ત્રી. આસનોના ઉપયોગથી રોગ મટાડવા તે.

આસનદોષ [સં. આસન (બેસવાની જગા) + દોષ (ખામી)] પું. (જૈન) ખામી ભરેલી બેસવાની રીત.

આસનધારા [સં. આસન (પાસે રહેલ) + ધારા (પાત)] સ્ત્રી. શંકર ઉપર ઉનાળામાં રાખવામાં આવતી પાણીથી ભરેલી માટલીમાંથી ટપકતી પાણીની ધારા, જેમાંથી આશુ પાણી ટપક્યા કરે છે; જળતી.

આસનનિર્બંધ [સં. આસન (બેઠકની બેઠક) + નિર્બંધ (આગ્રહ)] પું. બંધથી આસન કરવાં તે.

આસનપ્રદાપક [સં. આસન (બેઠક) + પ્રદાપક (અજાજાવાર)] પું. (પ્રાકૃત) સભામાં બેઠકની ગોઠવણ કરનાર અમલદાર.

આસનપરિગ્રહ [સં. આસન (બેઠક) + પરિગ્રહ (સ્વીકાર)] પું. આસન ઉપર બેઠક.

આસનપાકી ૧. સ્ત્રી. ગમગીનીથી પ્રચારિવરા થવું તે.

૨. સ્ત્રી. સરસામાન.

આસનપ્રજ્ઞાપક [સં. આસન (બેઠક) + પ્રજ્ઞાપક (અજાજાવાર)] પું. સભામાં બેઠક મુકરર કરનાર અમલદાર.

આસનફેણ [સં. આસન (યોગાસન) + ફલ (ફળ)] સ. યોગનાં આસન કરવાથી થતું ફળ. દાદ તાવો, ક્ષુધા દુઃખ વગેરે દંદ વિનાના રહેવું એ આસનનું ફળ છે.

આસનબદ્ધ [સં. આસન (બેસવાની ઢબ) + બદ્ધ (બાંધેલું)] વિ. સ્થિર અને બેઠેલું.

આસનભેદ [સં. આસન (બેસવાં તેમજ સોવામાં શરીરને રાખવાની ઢબ) + ભેદ (પ્રકાર)] પું. યોગમાં તેમજ રતિક્રીડામાં વપરાતાં જુદાં જુદાં આસનના પ્રકાર.

આસનમ સ. આસન.

આસનમંત્ર [સં. આસન (બેસવાની જગ્યા) + મંત્ર (ગુહ્ય વાક્ય)] પું. કોઈને બેઠક આપતી વખતે બોલાતો મંત્ર.

આસનવિધિ [સં. આસન (યોગાસન) + વિધિ (રીત)] પું. યોગસાધન માટે આસન કરવાની રીત.

આસનશુદ્ધિ [સં. આસન (બેસવું) + શુદ્ધિ (સાફ)] સ. સ્નાનની શાસ્ત્રોક્ત સ્નાન મેળવવા માટે આપવાની રકમ; કોઈ ફી.

આસનસ્થ [સં. આસન (બેઠક) + સ્થ (રહેલું)] વિ. આસન ઉપર બેઠેલું.

આસના ૧. [સં.] સ્ત્રી. આસન; બેઠક.

૨. સ્ત્રી. બેસવું તે; આસન લેવાપણું.

૩. સ્ત્રી. સ્થિતિ.

૪. [સં. આસન] સ. નજીક; પાસે.

> ત્યાં ન અમું આસના,
> જ્યાં હિત વાંછું આપ. ધીમ

આસનાવાસ [સં. આશ્વાસન (દિલાસો)] સ્ત્રી. ધીરજ આપી શાંત પાડવાપણું; સાંત્વના; આસનાસના.

આસનાવાસના ૧. સ્ત્રી. ધીરજ આપી સમજાવવાપણું; દિલાસો; આશ્વાસન; સાંત્વન.

૨. સ્ત્રી. ખરાસ; મહેમાનગીરી; સરભરા.

૩. [સં. આશ્વાસન (સાંત્વન)] સ્ત્રી. રક્ષણ આપવાપણું; અભયદાન.

૪. સ્ત્રી. લાડ લડાવવાં તે.

> કે કુંવરને કોઈ ખટકી,
> વાળી આસનાવાસના કરવા. પ્રેમાનંદ

આસનાસિદ્ધ [સં. આસન (બેસણી) + અસિદ્ધ (હાડકું)] સ. બેસતી વખતે શરીરનો જે ભાગ બેઠકને અડે છે તેનું હાડકું; કૂલાનું હાડકું.

આસનિયું [સં. આસન (બેસવાની ચીજ)] સ. ભૂલનું આસન કરવા માટે પાથરવાની વસ્તુ; ઊન, દર્ભ, ઘાસ વગેરેનું બનાવેલું બેસણું.

આસની ૧. [સં. આસ્ (બેસવું)] સ્ત્રી. આસનિયું; પૂજા કરતી વખતે વપરાતી બેસણી.

૨. સ્ત્રી. કુશાસન; ઘાસ.

૩. સ્ત્રી. ગજરો.

૪. સ્ત્રી. ઝાડાની બેસણી ઉપર અર્ધ ગોળ આકારમાં બનાવેલી બેસવાની જગ્યા.

૫. સ્ત્રી. મર્યાદા; હદ; સીમા.

૬. સ્ત્રી. સ્થિતિ; હાલત; દશા.

આસનું [સં. આસન્ન (પાસે)] સ. (બ.વ.) નજીક; પડખે; પાસે; સમીપ.

> કોઈ ન આવઈ આસનઈં, હઉ દુઈ અપાર.
> ધીમ

આસનોપકાર [સં. આસન (બેઠક) + ઉપકાર (સેવાનો ઉપાય)] પું. આસનરૂપી દયા; આસનથી રોગ મટાડવાનો ઉપાય.

આસન્ન ૧. [સં. આ (પાસે) + સન્ન (બેઠેલ)] પું. આવેલો મરજ.

૨. સ. (આકરણ) ઓકણીબાની સાથે સંબંધવાળા શબ્દ પાસપાસે હોય એવું વાકય.

૩. સ. બેસવાનું વસ્ત્ર; ઝાલી.

૪. વિ. નજીક નાશ પામેલું.

૫. વિ. પાસપાસેનું; 'ઓડજેસન્ટ'. જેમકે, આસન્નકોણ.

૬. [સં. આસ્ (પાસે આવવું)] વિ. પાસે રહેલું; નજીકનું.

૭. સ. વસવાટ; આસરે કોઈનું.

૮. સ. નજીક; નિકટ; પાસે.

આસન્નકાલ ૧. [સં. આસન્ન (પાસે આવેલ) + કાલ (વખત)] પું. આવેલો વખત; પ્રાપ્તકાલ.

૨. પું. પાકવા કાલ.

૩. [સં. આસન્ન (નજીક આવેલ) + કાલ (મરણ)] પું. મરણકાળ; મરણનો સમય.

૪. વિ. જેનો વખત આવ્યો હોય એવું.

૫. વિ. મરવાની અણી ઉપર આવેલું.

આસન્નકાળ પું. આસન્નકાલ.

આસન્નકોણ [સં. આસન્ન (પાસેનું) + કોણ (ખૂણો)] પું. (ગણિત) નજીકનો ખૂણો; 'ઓડજેસન્ટ એન્ગલ'.

આસન્નક્રિયા [સં. આસન્ન (નજીકનું) + ક્રિયા (કરવાપણું)] સ્ત્રી. (વ્યાકરણ) નજીકની ક્રીયાત કરવાપણું; આસપાસે કરવો તે; 'ઓપ્રોક્સિમેશન'.

આસન્નતર [સં. આસન્ન (પાસેનું) + તર (વધારે)] સ. વધારે પાસે; વધુ નજીક.

આસન્નતા [સં. આસન્ન (નજીકનું) + તા (પણું)] સ્ત્રી. પાસે હોવાપણું; નિકટતા; સામીપ્ય.

આસનપરિચારક [સં. આસન (પાસે રહેનાર) + પરિચારક (સેવક)] પું. અંગરક્ષક; હજૂરિયો.

આસન્નપ્રસવા ૧. [સં. આસન્ન (નજીક) + પ્રસવ (જન્મ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. જેની સુવાવડ પાસે હોય એવી.

૨. [સં. આસન્ન (નજીક) + પ્રસવ (જન્મવું તે) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. વિયાવાને વધુ વખત ન હોય એવી.

આસન્નભવ્ય [સં. આસન્ન (નજીક) + ભવ્ય (કલ્યાણ)] પું. (જૈન) મોક્ષ વખતમાં મોક્ષ પામવા લાયક જીવ.

આસન્નભૂત [સં. આસન્ન (નજીકનું) + ભૂત (ગયો વખત)] પું. જેને બીજા ભૂતો વખત ગયો હોય એવો ભૂતકાળ; નજીકનો ભૂતકાળ.

આસન્નમરણ [સં. આસન્ન (નજીક) + મરણ (મોત)] વિ. જેનું મોત નજીક હોય એવું.

આસન્નમૃત્યુ [સં. આસન્ન (નજીક) + મૃત્યુ (મરણ)] વિ. મરવાની અણી ઉપર આવેલું.

આસનશરીરપતન [સં. આસન (પાસે) + શરીર (દેહ) + પાત (પડવું તે)] વિ. મરવા પોલું; આસન્નમૃત્યુ.

આસનસીમા [સં. આસન (પાસેનું) + સીમન્ (હદ)] સ્ત્રી. પાસેની હદ.

આસનહિતકર્તા ૧. પું. પુરુષોત્તમનું એક નામ.

૨. [સં. આસન (નજીક) + સ્થિત (કહ્યા) + કર્તૃ (કરનાર)] પું. સૌની નજીકમાં રહી કહ્યાનું કરનાર વિષ્ણુ.

આસન્નો જ. (ડિંગળ) નજીક; પાસે.

આસન્ન ૧. [સં.] પું. મોઢાના અંદરના ભાગમાં રહેલ મુખ્ય પ્રાણ. તે શ્વાસ લેવામાં આવે છે.

૨. વિ. મોઢામાં રહેલું.

આસપદ [સં. આસ્પદ (ઠેકાણું)] જ. આલય; સ્થાન; ધામ; જગ્યા; ઠેકાણું.

સદન સદય આગાર ગૃહ એહ વેરમ સીત.
ભવન નિલય પદ આસપદ આલય નિલય નિકેત.
પિંગળપ્રકાશ

આસપાસ ૧. [આસ (પાસનું ઉચ્ચારીને બનેલું રૂપ) + પાર્શ્વ (બાજુ)] પું. ચોરાવો.

૨. વિ. પડોશનું; નજીકમાં રહેતું.

૩. જ. આજુબાજુ; ચારે બાજુએ; ચોતરફ.

૧. આસપાસ ઊભા રહેવું = રક્ષણ પહેરો ભરવો.

૨. આસપાસ જોવું = ચારે તરફ નજર કરવી.

૪. જ. નજીકમાં; નિકટમાં; સમીપમાં; પાસે.

આસપાળ [સં. આશા (દિશા) + પાલ (રક્ષણ કર્તા)] પું. રક્ષણ કરનાર દેવ.

આસફ (આસફ) [અ.] પું. એ નામનો સોલોમનનો વઝીર.

આસફજોગા = વઝીરને છાજતો ઠઠકાળ.

આસફખાં (આસફખાં) પું. મુખ્ય રહેનારાઓ સલીમના સાળાનું નામ; નૂરજહાંનો ભાઈ.

આસફજાહ (આસફજાહ) પું. રાજાને માટે માનાર્થે વપરાતો શબ્દ.

આસમની પું. (પુરાણ) અસમંજસનો દીકરો અંશુમાન.

આસમંજ પું. (પુરાણ) સગર રાજાનો એ નામનો દીકરો.

આસમાતા જ. (ગ્રામ્ય) ગભરાટ.

આસમાન ૧. [ફા. આસ (બીજી) + માન (જેવું)] જ. આકાશ; આભ; ગગન.

૧. આસમાન ઉપર ઊડવું = (૧) ઊંચા ઊંચા સંકલ્પ બાંધવા; સ્વાર્થ સિદ્ધિ રચવા. (૨) બહુ મોટી વાતો કરવી.

૨. આસમાન ઉપર ચાલવું = અભિમાની બનવું; કુલાઈ જવું.

૩. આસમાન ઉપર ચડાવવું = બહુ વખાણ કરવાં; ઊશ્કેરવું.

૪. આસમાન એક તસુ દૂર—આઘો = સ્વર્ગનું સુખ બહુ જ નજદીક આવી રહ્યું એમ લાગવું તે.

૫. આસમાન જમીન એક કરી = (૧) ઉત્પાત મચવો; મોટો બનાવ બનવો. (૨) ગજબ થઈ જવો; મહા મુસીબતી આવી પડવી.

૬. આસમાન જમીનનો ફેર = ઘણો જ તફાવત. આકાશ અને જમીન વચ્ચે ઘણું અંતર છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૭. આસમાન તૂટી પડવું = મોટી આફત આવી પડવી.

૮. આસમાન દેખાડવું = કુસ્તીમાં હરીફને પછાડી ચત્તો કરવો.

૯. આસમાન બે કદમ દૂર = સ્વર્ગનું સુખ નજદીક આવી રહ્યું એમ લાગવું.

૧૦. આસમાનથી વાતો કરવી = બહુ ઊંચું હોવું.

૧૧. આસમાનના તારા ઉતરવા = (૧) કઠણ કાળ કરવું. (૨) ઘણો કલેશ કલ્પો.

૧૨. આસમાનના તારા દેખાડવા = ઘણું દુઃખ આપવું.

૨. જ. દેવલોક; સ્વર્ગ.

૩. જ. વાદળી રંગ; નીલો વર્ણ.

આસમાની ૧. [હિં.] સ્ત્રી. તાડી; તાડના ઝાડમાંથી કાઢેલ રસ.

૨. [ફા. આસમાન (આકાશ) + ઈ (વાળું)] સ્ત્રી. દૈવી આફત; કુદરતી કોપ.

૩. સ્ત્રી. નશો લાવનારી ચીજ.

૪. સ્ત્રી. પાણી ઉપાડનારનો એક જાતનો ચેતવણીનો શબ્દ. જ્યારે કોઈ ઝાડની ડાળી વગેરે આડી આવે અને જેનાથી પાણખાને ધક્કો લાગવાનો ડર રહેતો હોય ત્યારે આગલા ઉપાડનારા પાછળનાને ચેતવવા માટે 'આસમાની, આસમાની' એમ કહે છે.

૫. સ્ત્રી. બિસ્કિટ રોટલી એક જાતનો કપાસ.

૬. વિ. આકાશ સંબંધી.

૭. વિ. આકાશના જેવા રંગનું; વાદળી; નીલ.

૮. વિ. દૈવી; કુદરતી; ઈશ્વરીય.

૧. આસમાની આફત = દુકાળ, ધરતીકંપ, મરકી જેવાં કુદરતી સંકટ કે દૈવકોપ.

૨. આસમાની ફરમાની = (૧) અણધારી આફત. (૨) અતિવૃષ્ટિ અથવા અનાવૃષ્ટિથી આવતી અણધારી આફત. (૩) આંદાજી ઠંડ અને આલસા રોગ. (૪) આસમાની સુલતાની: રાજકોપક. (૫) ઈશ્વરી આજ્ઞા; પ્રભુનો હુકમ.

આસમાની કાગળ ૧. [ફા. આસમાની (વાદળી રંગનું) + કાગઝ (કાગળ)] પું. આછા વાદળી રંગનો લિટમસ પેપર. આમ્લ ગુણવાળાં પ્રવાહીમાં બોળતાં તે કાગળ લાલ થઈ જાય છે.

૨. સ્ત્રી. દૈવી આફત; કુદરતી કોપ.

આસમાની ઠાંગણો પું. સુંદર પાન, આસમાની ફૂલ અને પીળાં નાનાં ફળવાળો એક જાતનો છોડ.

આસમાની આસ જ. આખા હિંદુસ્તાનમાં, બહરેશમાં, સિલોનમાં અને પૂર્વમાં ઠેઠ સિઆમ અને કોચિન-ચીન સુધી લેવામાં આવતું અને મેદાનમાં રહેનારું એક પક્ષી: 'બસ્ટર્ડ'. તેની લંબાઈ તેર ઇંચ, નર અને માદા દેખાવ અને કદમાં સરખાં, માથાનું મથાળું આસમાની લીલું, ઉપલા ભાગનાં પીળાં આળાં લીલાં જૂરાં, પૂછ ઉપર એક પેઠે આસમાની રંગનું, પાંખોના રંગમાં આસમાની અને લીલો મુખ્ય અને માદીના નીચેના ભાગનાં પીળાં ઝાંખાં આસમાની હોય છે. તે બેસવાને માટે ઊંચું ઠેકાણું, ખૂલા ઝાડની સૂકમ ડાળી, કૂવા ઉપરનો માંચડો, છાપરું મકાન, તારનો વાંસળો કે તાર અને પછી કંઈ ન જડે તો કાંટાની ઝાડી અથવા પથ્થરનો ઢગલો પસંદ કરે. આવી જગ્યામાં તે ચારે તરફ ધ્યાન રાખતું શાંત બેસે અને તીક્ષ્ણ કે એવું કોઈ છાપરું ભણકાર નીકળ્યું અથવા ઉંદર તેના દરમાંથી ભણકાર નીકળ્યો કે તરત જ તે જગ્યાએ પડતી તેને ખાઈ જાય. માન્યતા પ્રમાણે સિવે આસનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેથી આ પક્ષી પવિત્ર મનાય છે. તે ચાર કે પાંચ ઈંડાં મૂકે છે.

આસમાની ચિત્રક પું. આસમાની રંગનાં ફૂલવાળો એ નામનો એક છોડ.

આસમાની કૈલડીની વેલ (આસમાની કૈલડીની વેલ) સ્ત્રી. એક જાતનો વેલો. જેને મધ્યમ કદનાં આસમાની ફૂલ આવે છે. એ વેલ મંડપની પાઠ કે કમાન ઉપર ચઢાવવામાં આવે છે.

આસમાની બાજ [ફા. આસમાની (વાદળી) + બાજ (એક પક્ષી)] પું. ચોમાસામાં જતાં વાલિયા નામનાં છાપરાં, મધમાખી વગેરે ખાનાર ચુલચુલથી જરા મોટું એક જૂદું પક્ષી.

આસમાનીસુલતાની ૧. [ફા. આસમાની (દૈવી) + અ. સુલતાની (રાજ સંબંધી)] સ્ત્રી. કુદરત કે રાજા તરફથી આવી પડતી અણધારી આફત; રાજકોપક; આકરમાત.

૨. સ્ત્રી. ચડતીપડતી.

આસમાપ્તિ [સં. આ (સુધી) + સમાપ્તિ (અંત)] સ. પૂરું થવ લગાસુધી; અંત લગી.

આસમાસ ૧. સ. જરૂર ન છતાં પણ.
૨. સ, બાજુનોઈનિ; બાબુબા.
૩. સ. પાસે; નજીક.

આસમુદ્ર [સં. આ (સુધી) + સમુદ્ર (દરિયો)] સ. દરિયા સુધી; સમુદ્રના કિનારા પર્યંત.

આસય [સં. આશય] કું. (ડિંગળ) અભિપ્રાય; આશય.

આસર ૧. [સં. આશ્રય (આસરો)] કું. આશ્રય; આધાર; આસરો.
૨. કું. (પુરાણ) એક જાતના રાક્ષસ.
૩. કું. ઓથ લેવાનું ઠેકાણું; આશ્રયસ્થાન.
૪. કું. બચાવ; રક્ષણ; મદદ.
૫. કું. રહિયો; સમોટ બચાવ.
૬. સ્ત્રી. એ નામની ભાટિયાની અટક.
૭. સ. ભાટિયાની એ નામની અટકનું માણસ.
૮. વિ. એ નામની ભાટિયાની અટકનું.

આસરઠવું (આસરડવું) ૧. [સં. આ (વિશેષતા બતલાવનાર પૂર્વગ) + સ (ચડી જવું)] સ. ક્રિ. ભેગું કરવું; સાંભરી લેવું; ઉસાડવું.
૨. [સં. આ (બધું) + સ (ગળવું)] સ. ક્રિ. સપાટ સપાટ ખાવું; ખાતી વખતે સપડાતા ભરતાં મોટો અવાજ થાય એવી રીતે ખાવું; ખૂબ રસથી આકરાતિયા થઈને ખાવું.

આસરવાદ [સં. આશીર્વાદ (દુવા)] કું. (બ્રાહ્મ) આશિષ; આશીર્વચન.

આસરવું [સં. આસિ (આશરો લેવો)] સ. ક્રિ. આસરો લેવો; શરણે જવું; આશ્રય કરવો.
પિતા વચન મન માહિ ન ધરઈ,
વિરીતહું પણ આસરઈ. જૈમિ

આસરા ૧. [હિં.] કું. આસરો લેવાનું ઠેકાણું.
૨. કું. આશા.
૩. કું. આશ્રય; રક્ષણ.
૪. કું. ગુજરો; નિર્વાહ.
૫. કું. ભરોસો; શ્રદ્ધા.
૬. કું. મુરબ્બી; રક્ષણ કરનાર.
૭. કું. લાકડાનું લીંપું અથવા નાળુક અંદરનું પડ.

આસરાગત [સં. આશ્રય (આસરો) + આગત (આવેલું)] વિ. આસરે રહેલું.

આસરાગતિવું ૧. [સં. આશ્રય (આસરો) + આગત (આવેલું)] વિ. આસરે આવેલું; આશ્રિત; શરણાગતિવું.
૨. વિ. કરવું; આટલે તૈયાર કરેલું; અંદાજી.
૩. વિ. તાબેદાર; અનુયાયી.

આસરોત [સં. આશ્રિત (આશરે આવેલ)] વિ. (બ્રાહ્મ) આસરે રહેલું.

આસરે અ. નક્કી નહિ એમ; શુમારે; અટકળે; લગભગ.

આસરો ૧. [સં. આશ્રય (આસરો)] કું. આસરો; આશ્રય; રક્ષણ.
૧. આસરા ઉપર રહેવું = મદદ માટે બીજા ઉપર આધાર રાખવો.
૨. આસરો ઢૂંઢવો-તકવો = આસરો શોધવો.
૨. કું. આસરો લેવાનું ઠેકાણું; આશ્રયસ્થાન.
૩. કું. આશા.
૧. આસરો તૂટવો = આશા જોડી દેવી; નિરાશ થવું.
૨. આસરો દેવો = (૧) આશા દેવી. (૨) ખાતરી આપવી.
૪. કું. ટેકો; આધાર.
૧. આસરો કરવો = આધાર ગ્રહણ કરવો; રાખવો લેવું.
૨. આસરો થવો = આધારરૂપ થવું.
૫. કું. નિભાવ; નિર્વાહ; ગુજરો; ભરણપોષણ.
૬. કું. ભરોસો; શ્રદ્ધા.
આસરે બેસવું = કોઈને વિશ્વાસે નિશ્ચિત બનવું
૭. કું. મદદ; સહાય.
૮. કું. મુરબ્બી; રક્ષણ કરનાર માણસ.
૯. કું. લાકડાનું લીંપું અથવા નાળુક અંદરનું પડ.

૧૦. કું. શુમાર; અટકળ; અંદાજ.
આસરા પડવું = અંદાજ; આસરે; અટકળે; લગભગ.

આસરોહ સ. મકાનનો એક પેટા ભાગ.

આસર્યું કું. આશ્રિત.

આસવ ૧. [સં. આ + સૂ (સત્ત્વ કાઢવું)] કું. અર્ક; સત્ત્વ.
૨. કું. અર્ક કાઢવાની ક્રિયા; શોધનક્રિયા.
૩. કું. ઉશ્કેરાઈ જવું તે.
૪. કું. કફો; ઉધરસ.
૫. કું. કેટલીક ચીજોને મધ અથવા ગોળ સાથે ૬૪ ચણોઠી નાખી જમીનમાં ૩૦, ૪૦ કે ૬૦ દિવસ સુધી બંધ વાસણમાં દાટી રાખી બગીર ગાળવાથી બનતું ઔષધ. ૧૦૦ પલ દ્રાક્ષ, ૫૦૦ પલ ફાડેલ ગોટલે સાકર અને ૧ પ્રસ્થ મધ તે બનાવવામાં વપરાય છે. તાજા વગેરેના દારૂને આસવ કહે છે અને મેળના, ફોટના તથા મહુડાના દારૂને અરિષ્ટ કહે છે.
૬. કું. ગાળેલો દારૂ; મદ્ય.
નથુ આવી અરિષ્ટ મીરા, રુડા વારણી પેમ;
આસવ મદ હાલ્યરી, મહુવારિ અંસ્ય.
પિંગળલક્ષણોમ
૭. કું. દીપાંરપે પાકવું તે; ઝરણ.
૮. કું. દારૂનું વાસણ.
૯. કું. (ભોદ) વિપત્તિ; મુસીબતી. ભોદ પરિભાષામાં કામ એટલે ભોગની ઇચ્છા, ભવ એટલે પરલોકની વાસના, દૃષ્ટિ એટલે દુરાગ્રહ, અને અવિદ્યા એ ચાર આસવ ગણાય છે.
૧૦. કું. સોમરસ કાઢવો તે.

આસવકરણ કું. (ડિંગળ) કલાલ; શરાબ બનાવનાર ને વેચનાર એક જાતિ.

આસવકુંભી [સં. આસવ (દારૂ) + કુંભી (વાસણ)] સ્ત્રી. આસવનો કીરો.

આસવક્ષય [સં. આસવ (મુસીબતી) + ક્ષય (નાશ)] કું. (ભોદ) કામ, ભવ, દૃષ્ટિ અને અવિદ્યારૂપી વિપત્તિનો નાશ.

આસવતું ૧. સ. (બ્રાહ્મ) સોંપેલું કામ.
૨. વિ. ખૂબ કામમાં લાગેલું હોય એવું; કામમાં રોકાયેલું; કામગરું.

આસવદુ [સં. આસવ (દારૂ) + દુ (બાદ)] સ. દારૂનું કામ.

આસવન [સં. આસ્ (સત્ત્વ કાઢવું)] સ. અર્ક કાઢવાની ક્રિયા.

આસવબાપક [સં. આસવ (દારૂ) + બાપક (બાબનાર)] સ. દારૂ સોબ્બો છે કે નહિ તે બાપવાનું સાધન.

આસવવાસિતા કું. (પિંગળ) સંસ્કૃત વર્ણનો પહેલા અને ત્રીજા પદમાં નગણ, ભગણ, રગણ, રગણ અને વગણ મળી ૧૫ અક્ષર અને બીજા અને ચોથા પદમાં સગણ, ભગણ, રગણ, જગણ, સગણ અને ગુરુ મળી ૧૬ અક્ષર હોય એવો અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ.

આસવાત [અ.] કું. સ. ક. અવાજો.

આસવાસ [સં. આશ્વાસ] કું. આશ્વાસન; દિલાસો; સાંત્વન.

આસવાસના ૧. [સં. આશ્વાસન (દિલાસો)] સ્ત્રી. આશ્વાસન; સાંત્વન; અભયદાન; દિલાસો; આસનાવાસના.
૨. સ્ત્રી. પરોણાચાકરી; મહેમાનગીરી; બરદાસ.

આસવી [સં. આસવ (દારૂ) + ઈન્ (વાળું)] વિ. મદ્યપાન કરનાર; શરાબી; દારૂડિયો.

આસંગ ૧. [સં. આસંજ્ (વળગવું)] પું. (પુરાણ) ગરુડદેવના કેટલાક મંત્રોનો જાણનારો પ્રયોગનો એક દીકરો. તે દેવોના શાપથી સ્ત્રી થઈ ગયો હતો. પશ્ચાત્તાપ કરીને, મેધાતિથિ ઋષિને અનર્ગળ નાણું આપીને અને તેમને મંત્ર વડે પ્રસન્ન કરવાથી એમની કૃપાથી તે પાછો પુરુષપણું પામ્યો હતો.
૨. પું. કર્તાપણાનું અભિમાન; કર્તૃત્વાભિમાન.
૩. પું. નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન. તેણે યોગનો પ્રચાર કર્યો હતો.
૪. પું. પાછળ લાગ્યા રહેવાપણું; અતિસંગ.
૫. પું. પ્રેમ; અનુરાગ; પ્રીતિ; આસક્તિ.
૬. પું. ભક્તિ.
૭. પું. ભોગની ઇચ્છા; ભોગાભિલાષ.
૮. પું. મળેલી અથવા પાસે રહેતી વસ્તુને સાચવી રાખવાની ઇચ્છા.
૯. પું. રોગ; દરદ.
૧૦. પું. (પુરાણ) આઠક વાદનના તેર દીકરાઓનો બીજો; અક્રૂરનો નાનો ભાઈ.
૧૧. પું. સમાગમ.
૧૨. પું. સંબંધ; સંસર્ગ; સ્પર્શ.
૧૩. પું. સંભોગ.
૧૪. પું. સાધન.
આસંગ સે = થી; વડે.
૧૫. સ્ત્રી. શક્તિ; જોર.
૧૬. ન. એક જાતની સુગંધી માટી; સૌરાષ્ટ્ર-મૃત્તિકા.

આસંગત [સં. અ (નહિ) + સંગતિ (સંબંધ)] ન. ઘટતું પડતું તે; સંગતિ ન હોવાપણું; અસંબંધ.

આસંગિની [સં.] સ્ત્રી. વટોળિયો; વાવાઝોડું.

આસંગિય [સં.] પું. એક જાતનો પાટો બાંધવા બંધ.

આસંગી ૧. [સં. આસંગ (આસક્તિ) + ઇન્ (વાળું)] વિ. આસક્ત; અતિનિયેશવાળું, મોહવાળું.
૨. વિ. સંભોગની ઇચ્છાવાળું.

આસંગો ૧. [સં. આ (બધે) + સંગ (ચોંટવું)] પું. પ્રીતિથી પ્રેયની પાછળ રાત દિવસ લાગ્યા રહેવું તે; અનુરક્તતા; આસક્તિ; પ્રેમ; હેતો; સ્નેહ; સોબત.
૨. [સં. આ (તરફ) + સંગ (મેળવવું)] પું. સમાગમ.
૩. પું. સંભોગ.

આસંજન ૧. [સં. આ (તરફ) + સંજન (વળગવું)] ન. આંકડી; હૂક.
૨. ન. ચોડવું તે.
૩. ન. લેવાપડું; રાખવું તે.
૪. [સં. આ (બધે) + સંજ્ (જવું) + અન (પદું)] ન. વળગણ; આસંગ.
૫. [સં. આ (તરફ) + સંજ્ (જવું)] ન. સહવાસ.

આસંડી સ્ત્રી. લાકડાનું સિંહાસન.

આસંત [સં. અવસન્ન (શિથિલ)] વિ. શિથિલ; દુઃખી; નિરાશ; હતાશ.
અંતર વર્ષે આંસુ ઘણો. કાં ગઈ રસા આસંત. નરસિંહ

આસંત્રો [સં. આરમંતક] પું. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં ભાજી બનાવવાના કામમાં આવે છે.

આસંદ ૧. પું. વાસુદેવ વિષ્ણુ.
૨. [સં. આ (ઉપર) + સદ્ (બેસવું)] પું. સભામાં આવેલી ઊંચી બેઠક.

આસંદકો સ્ત્રી. (શિલ્પ) ચોરસ ખુરશી.

આસંદરો [સં. આરમંતક] પું. એક જાતની વનસ્પતિ; આસુંદરો; આપટો. તેનાં ફૂલ મગજ જેવા છત્રાકનો નાશ કરવા માટે કામ લાગે. સામટણી, નંગારો, પ્રમેહ અને ઉનાળામાં તેના મૂળનો ઉકાળો અપાય. ઉંદરના ડોર ઉપર તે સારી અસર કરનાર અને કોઢ, કૃમિ, સંધિવા, દાહ તથા તરસ મટાડનાર મનાય છે.

આસંદિકા [સં. આ (ઉપર) + સદ્ (બેસવું) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. નાની ખુરશી; નાનું આસન; ખાલોટ.
આસંદિકા એક સાપિ રા, આસનિ મહેલી ચૂક. ભાલણ

આસંદી ૧. સ્ત્રી. (શિલ્પ) ખુરશી.
૨. [સં. આ (ઉપર) + સદ્ (બેસવું) + ઇન્ (વાળું)] સ્ત્રી. ગાદી; બેઠક.
૩. સ્ત્રી. ઠાકડી; નનામી.
૪. સ્ત્રી. માંચી; ખાટલી; ખાટલો; ખુરશી.
૫. સ્ત્રી. સભામાંની ઊંચી બેઠક.

આસંદો [સં. આરમંતક] પું. એ નામની વનસ્પતિ; આપટો; આસંદરો.

આસંધ [સં. અશ્વગંધા] સ્ત્રી. જે હાથ ઊંચો એ નામનો છોડ; અવરોહિણ; અશ્વગંધા, અજગંધ; ઘોરમુંજ. આસંધનાં પાંદડાં આકરે કોરાંટી જેટલે કાંટાસહિતનાં જેવાં પણ મોટાં હોય. તેના ઉપર ઝણા જેવાં લાલ ફળ આવે અને એમાં રીંગણીનાં બી જેવાં બી હોય. આ વનસ્પતિનાં મૂળનો પાક થાય. આસંધ શક્તિ આપનાર, તૂરી, ધાતુ વધારનાર, સહેજ તીખી, કાંતિ વધારનાર અને ગરમ છે. તે વાત, કૃમિ, દમ, ઉપરસ, નાડી, સોજો ઘેટ, કૃષ્ણ, ઝેર, ઝખમ, સોજો અને બસ મટાડવામાં વપરાય. તેનું ઘી કાઢી સંધિવા ઉપર લગાડાય. રોગો ઉપર ઊગતી આસંધ સરસ મનાય.

આસંધપાક [સં. અશ્વગંધા (એ નામની દવા) + પાક (રસોઈ)] પું. અશ્વગંધાના મૂળનો બનાવેલ પાક.

આસંધા સ્ત્રી. ઇચ્છા; મરજી.

આસંન ૧. વિ. શિથિલ; દુઃખી.
૨. [સં. અવ (નીચે) + સન્ન (બેઠેલ)] વિ. હતાશ થયેલ; નિરાશ.

આસંપાય [સં. આ (ચોતરફ) + સંપાદ (અટકાયેલ)] વિ. ચારે તરફથી ઘેરાયેલું.

આસંશયિત [સં. આ (ઊંડું) + સંશય (શંકા) + ઇત (વાળું)] વિ. નિઃસંદેહ; ચોક્કસ.

આસા ૧. [અ.] પું. આસો; હંસ; સોના ચાંદીની ભઠ્ઠી; એક રૌદ્ર, બળવાન અને રૂપાની ખોળાવાળી ચાકડી, જે રાજા મહારાજા કે મોટા માણસની આગળ નોબત ઊપાડે છે.
૨. પું. એક પ્રકારનો ઘાસ.
૩. પું. (પિંગળ) ઓગણીસ લઘુ અને એકતાળીસ ગુરુ મળી ૧૨૮ માત્રાનો ત્રિભંગીની જાતનો માત્રામેળ છંદ.
૪. [સં. આશા] સ્ત્રી. ઇચ્છા; ઉમેદ; આશા.
૫. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.
૬. [સં. આ (વધ) + અસ (ફેંકવું)] સ્ત્રી. નક્કામપણું; પડોશ.
૭. સ્ત્રી. (પિંગળ) સામાન્ય રસ્તો.
૮. વિ. ઇચ્છવાળું. જોખમે, બીકસર એટલે તરસ્યું.
૯. વિ. (પિંગળ) ઓળી.
૧૦. અ. જેવું; મળતું આવતું.

આસાઇશ [ફા.] સ્ત્રી. આરામ; સુખ; ચેન; આસાએશ.

આસાએશ ૧. [ફા.] સ્ત્રી. આરામ; વિસામો; વિશ્રાંતિ; નિવૃત્તિ.
૨. સ્ત્રી. સુખ; આનંદ.

આસાએશદહક [ફા. આસાઇશ (આરામ) + અ. દહક (વાળો)] પું. પડોશક; વાપરણક; સુખાધિકાર; 'રાઇટ ઑવ ઇજમન્ટ'.

આસાએસ [ફા. આસાઇશ (આરામ)] સ્ત્રી. આરામ; આસાએશ.

આસાગોઠ (આસાગોઠ) સ્ત્રી. (સંગીત) એ નામની રાગિણી.

આસાવેગી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

આસાઢ [સં. આષાઢ] પું. અષાઢ મહિનો.

આસાઢ [સં. આષાઢ] પું. અષાઢ મહિનો; આસાઢ.

આસાઢી [સં. આષાઢ (એ નામનો મહિનો) + ઈન્ (વાળું)] વિ. અષાઢ મહિનાનું.

આસાઢો જી. ધવલતા; ધોળપ.

આસાણ [સં. આસાન] ન. એક જાતનું ગાડું; છકડારૂપ.

આસાતન ન. (જૂ. ગુ.) બેઅદબી; અમર્યાદા; અવિનય.

આસાતના જી અવિનય; આસાતન.

આસાદન ૧. ન. (જૈન) આવ; ક્રોધ, માન, માયા અને લોભ એ ચારમાંનું કોઈ પણ એક.

૨. [સં. આ (પાસે) + સદ્ (બેસવું)] ન. નજદીક કરવાપણું.

૩. ન. નજદીક રાખવાપણું.

૪. [સં. આ (બધારે) + સાદન (પામવાની)] ન. નાશ; મર્દન.

૫. ન. પહોંચવું તે.

૬. ન. પૂરું કરવાપણું; સમાપ્તિ.

૭. ન. મકરનું માસ.

૮. [સં. આસાદ (મેળવવું) + અન (પણું)] ન. મેળવવું તે.

૯. [સં. આ (વધ) + સાદ (અવસાદ)] ન. સામા જવાપણું.

૧૦. ન. સ્થાપના.

૧૧. [સં. આસાદ (હલ્લો કરવો) + અન (પણું)] ન. હલ્લો; હુમલો.

આસાદના જી. (જૈન) ઉપદેશ દેવાની મના કરવાથી થતો દોષ.

આસાદિત ૧. વિ. કામદીકામાં તત્પર; વિષયવાસનાવાળું.

૨. [સં. આસાદ (પહોંચવું) + ક્ત (અર્થ)] વિ. ગયેલું; પહોંચેલું.

૩. વિ. પૂર્ણ કરેલું.

૪. વિ. ફેલાયેલું; પ્રસરેલું.

૫. વિ. મેળવેલું; પ્રાપ્ત થયેલ.

૬. વિ. વીંજેલું; ઝોડેલું.

૭. વિ. સભીપ રાખેલું; નજીક કરેલું.

આસાધ ૧. વિ. નાશ પમાડવા જેવું.

૨. વિ. પાસે લેવા લાયક.

૩. [સં. આસાદ (મેળવવું) + ક (કર્તા)] વિ. મેળવવા લાયક.

આસાધન [સં. આ (બધારે) + સાધ્ (મેળવવું) + અન (પણું)] ન. મેળવવાપણું; પ્રાપ્તિ; સંપાદન.

આસાન ૧. [અ. એહ્સાન] ન. પાડ; ઉપકાર; એહસાન; આભાર.

૨. ન. વહેણ; પ્રવાહ.

૩. ન. સહેલાઈ; સહેલાપણું.

૪. વિ. છૂટું; મુક્ત.

૫. વિ. નરમ; પોચું.

૬. વિ. હલકું; સુગમ; સહેલું.

આસાનકેર (આસાનોર) [સા. આસાન (સહેલું) + અ. કૈદ (બેડી)] જી. સાદી કેદની સજા; જેલમાં મહેનત કરવાની નહિ તેવી સજા; હલકી સજા.

આસાનિયત [સા. આસાની (સહેલાઈ)] જી. સરળતા; સુગમતા; આસાની.

આસાની ૧. જી. છુટકારો; મુક્તિ.

૨. જી. વાપરી શકાય એવું હોવાપણું; ઉપયોગિતા.

૩. [સા.] જી. સરળતા; સુગમતા; સહેલાઈ.

૪. જી. સુખ; આરામ.

આસાની સે = આરામથી; સહેલાઈથી.

૫. જી. સ્વસ્થતા; નિરાંત; શાંતિ.

આસાપલ્લી ન. ગુજરાતનું એક જૂનું શહેર. અગાઉના વખતનું કર્ણાવતી અને હાલનું અમદાવાદ એ આસાપલ્લી શહેરનાં નવાં નામ છે. કર્ણના વખતમાં એ બીજાનું મુખ્ય થાણું હતું. તેણે તે જીતી લીધું અને પોતાના નામ ઉપરથી તેનું નામ કર્ણાવતી પાડ્યું. અહમદશાહ પહેલાએ કર્ણાવતી પાસે બીજું શહેર બંધાવ્યું અને તેનું નામ અમદાવાદ રાખ્યું.

આસાપાલ [હિં.] પું. એક જાતનું ઝાડ.

આસાબ [અ.] પું બ.વ. જ્ઞાનતંતુઓ.

આસામ પું. બંગાળાની પૂર્વે આવેલો બ્રહ્મપુત્રા નદીની ખીણમાંનો રસાળ દેશ. જૂના વખતમાં તેને કામરૂપ દેશ કહેતા. પહેલાં ત્યાં આહમવંશી ક્ષત્રિયનું રાજ્ય હતું, તે ઉપરથી તે દેશનું નામ આહામ અથવા આસામ પડ્યું. કેટલાકના મત પ્રમાણે આસામ નામ સંસ્કૃત 'અસમ' ઉપરથી નીકળ્યું હોય. આ પહાડી પ્રદેશમાં બ્રહ્મપુત્રા મોટી નદી છે. ગા, ઓખા, કોલસા, ઇમારતી લાકડું અને તેલ ત્યાંની પેદાશ છે. તેમાં ઢાયી સારા થાય છે.

આસામદાર ૧. પું. આબરૂદાર માણસ.

૨. પું. ધનવાન; પૈસાદાર.

આસામાંઢ જી. (સંગીત) એ નામની એક રાગિણી.

આસામી ૧. પું. આસામ દેશનો રહેવાસી.

૨. પું. ઊંચા દરજ્જાનો માણસ; આબરૂદાર મુકરર.

૩. પું. ખેતર અથવા જમીન ભાડે રાખનાર માણસ.

૪. પું. ગુનેગાર.

૫. પું. બદમાશ; બાઠક; અસલી.

આ તો મારો આસામી છે = આ મારો બાઠક, અસીલ અથવા દરદી છે.

૬. પું. દેણદાર; કરજે લેનાર માણસ.

૭. પું. ધનવાન માણસ.

૧. અમલો–મોટો–ઓટો–સહર આસામી = સાહુકાર.

૨. નબળો પડી ગયેલો આસામી = જેણે પૈસા અને આબરૂ ગુમાવી હોય એવો માણસ.

૩. સારો આસામી = (૧) દેવું આપી દે એવો માણસ. (૨) પ્રમાણિક માણસ.

૮. પું. પ્રતિવાદી.

૯. [અ. કસ્મ (કામકાજ)] પું. કામકાજ; વ્યક્તિ.

આસામી જોઈ કામ કરવું–પાડવું = માણસ મારો છે એમ ખાતરી થયે તેની સાથે કામ પાડવું.

૧૦. જી. આસામમાં બોલાતી ભાષા; તેર મુખ્ય ભાષા માંહેની એક.

૧૧. જી. ઇનામ; કોઈ માણસને તેના ઉમદા દરજ્જા અથવા હોદ્દાની રૂએ આપવામાં આવેલ ચીજ.

૧૨. જી. ધન; હોલત; પૈસો.

૧૩. જી. ભેટ.

આસામી આપવી = ભેટ આપવી.

૧૪. જી. બિમારી જી.

૧૫. જી. સાહુકારી; તવંગર હાલત.

૧. આસામી ઢાળી પડવી = દેવાળું કાઢવું.

૨. આસામી કૂબવી–તૂટવી–ભેસવી–ભાંજવી = દેવાળું કાઢવું; પેઢી ઢાળી પડવી.

૩. ખરી આસામી = આબરૂદાર માણસ.

૪. કૂબી આસામી = દેવાળિયો માણસ.

૫. નબળી આસામી = (૧) અપ્રમાણિક માણસ. (૨) દેવું આપવાની અશક્તિવાળો માણસ.

૧૬. જી. હોદ્દો; પદવી.

૧૭. ન. કુમળી ડોકોની જે નામની એક પેટા જાતિનું માણસ.

૧૮. વિ. આસામ દેશનું; આસામ દેશ સબંધી.

૧૯. વિ. એ નામની જાતિનું.

આસામી જમાબંધી [કસ્મ (કામકાજ) + જમા (રકમનો) + બંધ્ (બાંધવું)] જી. ખારોબાર કરેલ બેકુત પાસેથી જમીનની મહેસૂલ ઉઘરાવવાની રીત; વૈયક્તવારી પદ્ધતિ.

આસામીવાર ૧. [ઇરમ (સામસ) + વાર (વાળો)] વિ. દરેક આસામીનું; માણસદીઠ; મા.ગ.દીઠ. વ્યક્તિગત.

૨. અ. એક એક; પ્રત્યેક; પૃથક્‌પૃથક્‌; દરેક આસામીને લગતું.

આસામીસ સંજ્ઞા. આસામ દેશમાં બોલાતી ભાષા.

આસાયરા [સં. આસાધ્ય] સંજ્ઞા. આરામ.

આસાયેરા [સં. આસાધ્ય] સંજ્ઞા. આરામ; શાંતિ; નિવૃત્તિ.

આસાર ૧. પું. (પિંગળ) એ નામનો એક .દ્રક છંદ.

૨. પું. એક રોરનું વજન.

૩. પું. ખોરાક; ખાવાની વસ્તુ; અન્ન.

૪. પું. ઘેરો.

૫. [અ. અસરનું બહુવચન] પું. ચિહ્ન; લક્ષણ; નિશાન.

૬. પું. ડિંડાની પહોળાઈ.

૭. પું. પ્રવાહ.

૮. પું. ઢાળો.

૯. [સં. આ (ચોતરફ) + સ (બાજુ)] પું. ફેલાવ; પ્રસાર.

૧૦. પું. મકાનનો માળો.

૧૧. પું. મજબૂતનું રખારકું ચિહ્ન.

૧૨. પું. ચિત્રરાગનું લક્ષણ; સુલક્ષણ.

૧૩. પું. મુશળધાર વરસાદ; ધોધમાર વરસાદ. જેમકે, ધારાસાર; જળાસાર.

૧૪. પું. લડાઈમાં મળતી મદદ.

૧૫. પું. સૈન્યની ચોતરફ ચોકવણી.

૧૬. પું. સ્થિતિ; અવસ્થા; દશા; હાલત.

૧૭. પું. હુમલો; હલ્લો.

આસારણ પું. (પુરાણ) એ નામનો એક મત.

આસારિત ૧. ન. એ નામનું એક વૈદિક ગીત.

૨. [સં. આ (ચોતરફ) + સ (બાજુ)] ન. મૂલ નામ. ભરત મુનિએ તેના ચાર વ્યાપ પાડ્યા છે: ૧. નર્તકી પ્રવેશ. ૨. અર્થોત્પ્રેક્ષ અભિનય. ૩. અંતરવિક્ષેપ. ૪. કોઈ પણ હેતાનો વેશ ધારણ કરી કરાતું ચૂલ.

આસારૈકપામત [અ. અસર (ચિહ્ન) + એ (નું) + ક્રામત (કબ્રસ્તાનો હિવસ)] પું. મૃતકોનાં ચિહ્ન; ક્રામતની નિશાનીઓ.

આસાલીક પું. એ નામની એક વનસ્પતિ; અશોળિયો.

આસાલીકા [સં. આસાલિયા] પું. સાપની એક જાત.

આસાવરી ૧. સંજ્ઞા. (સંગીત) એ નામની એક રાગિણી. તેમાં આરોહમાં સા, રિ, મ, પ, ધ, એમ પાંચ સ્વર અને અવરોહમાં સા, નિ, ધ, પ, મ, ગ, રિ એમ સ્વર આવે. ગ, ધ, ની, કોમળ અને રિ બને આવે. તેમાં ષડ્‌જ સ્વર રિ, વાદી સ્વર ધ, સંવાદી સ્વર ગ અને ન્યાસ સ્વર ધ છે. રિ બને વેવાનો રિવાજ છે. બને પ્રેમળ લેવી હોય તો અવરોહમાં લેવાય. ગાવાનો વખત સિશિર ઋતુમાં દિવસનો બીજો પહોર છે. આ રાગિણી ગંભીર પ્રકૃતિવાળી હોઈ શાંત, કરુણ, શૃંગાર રસ ઉત્પન્ન કરે.

૨. સંજ્ઞા. ગવાની એ નામની અટક.

૩. સંજ્ઞા. (સંગીત) રાગાર્ણવ મત પ્રમાણે મુખ્ય ૭ રાગમાં મલ્હાર રાગની પાંચ રાગિણીઓની એક.

૪. સંજ્ઞા. (સંગીત) સંગીતસમયસારમાં આપેલ રાગોના વિભાગો માંહેની આઠમાંનું વિભાગની એક રાગિણી; સિંધભૈરવી; હનુમત્‌ મત પ્રમાણે વીરરાગની પાંચ રાગિણીઓની એક. તેના સ્વર ધ, નિ, સ, ગ, પ, ધ છે. પંચમ ઉપર ન્યાસ થાય. ઋષભ અને નિષાદ આરોહમાં ત્યાદ હોય. મધ્યમ ગ્રહ અને શુદ્ધ છે. ઋષભ, નિષાદ અને ધૈવત કોમળ છે. રિખભ શુદ્ધ અને નિષાદ બન્ને છે. તેને સિશિર ઋતુમાં રાત્રિ રસથી દિવસના દશથી બાર વાગ્યા સુધી તે ગવાય.

૫. ન. એક જાતનું કપડાર.

૬. ન. એક જાતનું સુતરાઉ કપડું.

૭. ન. ગાવાની એ નામની અટકનું માણસ.

૮. વિ. ગાવાની એ નામની અટકનું.

આસાવંત ૧. [સં. આસ્રવ (ઝરણ) + વત્‌ (વાળું)] વિ. આસવવાળું; ઉભેદવાર.

૨. વિ. વાદ જોતું.

આસાસ [સં. આશ્વાસ] પું. (જૂ. પ્ર.) નિસાસો; નિશ્વાસ.

આસાસળિયો પું. એ નામની એક વનસ્પતિ; અશોળિયો.

આસ્સું [સં. આસદન (મુખ બાજુ)] અ. સરળ; હલકું; હળવું.

આસિક [સં. અસિ (તલવાર) + ક (વાળું)] પું. તરવારથી લડનાર; તરવારબાજો સિપાઈ.

આસિકની સંજ્ઞા. ઉત્તર એશિઆમાં આવેલી એ નામની નદી; ચેનેસી નદી.

આસિકા ૧. સંજ્ઞા. આરતી ઉપર હાથ ફેરવી તેને આંખે અડાડવાની ક્રિયા; આસક્રા.

૨. [સં. આસ્ય (બેસવું)] સંજ્ઞા. બેસવાનો અનુક્રમ; એક પછી એક બેસવું તે.

આસિક્ત ૧. [સં. આ (બાર) + સિક્ત (ભરેલ)] વિ. ખૂબ ભરેલ.

૨. [સં. આ (ઓછું) + સિક્ત (ભરેલ)] વિ. હમાર છંટકાવ કરેલ.

આસિખ ૧. [સં. આ (ઓછું) + સિક્ષ્ (શીખવવું)] પું. શિખામણ; ઉપદેશ.

૨. સંજ્ઞા. આશિષ; આશીર્વાદ.

આસિખ્યા [હિ.] સંજ્ઞા. આશિષ; આશીર્વાદ.

આસિત ૧. [સં.] પું. અસિત નામના મુનિનો વંશજ.

૨. ન. બેઠક; આસન.

૩. ન. બેસવા.પણું.

૪. ન. શહેર; નગર.

૫. [સં. આસ્ય (બેસવું) + ક્ત (બેલું)] વિ. બેઠેલું.

આસિદ્ધ [સં.] પું. રાજની આજ્ઞાથી અટકાવેલો પ્રતિવાદી.

આસિધાર ૧. ન. આકરું જાત.

૨. [સં. અસિ (તલવાર) + ધારા (તીક્ષ્ણ ધાર)] ન. તરવારની ધાર જેવું અઘરું કામ.

આસિન ૧. [સં. આશ્વિન] પું. હિંદુ વર્ષનો સાતમો માસ; આસો.

૨. ન. બેસવાનું ઠેકાણું.

૩. ન. બેસવું તે.

આસિનથ પું. ત્રાસ; સકો; વિકાર.

આસિનાસિ ન. આસિનાસ મુનિનું સંતાન.

આસિફુલ્લુધાત (આસિફુલ્લુધાત) [ઉ.] પું. ઉદ્દે સિફિમાં એ નામનો એક અરબી કોલ.

આસિમ ૧. વિ. પવિત્ર.

૨. [અ.] વિ. સદ્‌ગુણી.

આસિયા ૧. [અ. આસ (ચોવીસ પક)] સંજ્ઞા. ચંટી; ઘણાવાની ચકી.

૨. સંજ્ઞા. પવનચકી.

આસિયાન [ફા.] પું. નિસરણો; ધાર ચઢવાનો પગથાર.

આસિયાસંગ [અ. આસ (ચોવીસ પક) + સંગ (પથ્થર)] પું. ચંટીનો પથ્થર.

આસિયાં ૧. સંજ્ઞા. ચંટી; આસિયા.

૨. સંજ્ઞા. પવનચકી.

આસિર [અસરનું અપભ્રંશ] પું. કેદ.

આસિરગઢ ન. મધ્ય પ્રાંતમાં બુરાનપુરની ઉત્તરે આવેલું એ નામનું પ્રાચીન શહેર; અસેર.

આસિરિઞ્ઞ ૧. પું. એશિઆમાં આવેલ એ નામનો એક જૂનો દેશ.

૨. સ્ત્રી. આસિરિઆ દેશમાં બોલાતી ભાષા.

આસિર્વાદ [સં. આશિસ્ (સ્ત્રી) + વાદ (બોલી)] પું. આશીર્વાદ.

આસિલ પું. (પુરાણ) મહાભારતમાં વર્ણવેલ એ નામનો એક ઋષિ.

આસિસ્ટંટ ૧. [અં. અસિસ્ટંટ] વિ. મદદ કરનાર માણસ; મદદનીશ.

૨. વિ. મદદનીશ; હાથ નીચેનું; સહાયક; મદદગાર.

આસિસ્ટંટ સેક્રેટરિ [અં. અસિસ્ટંટ સેક્રેટરિ] પું. વિશ્વાસથી જેને ગુપ્ત બાબતોની જાણ કરવામાં આવે એવો હાથ નીચેનો મદદગાર.

આસિંકોસુરા [સં. આસુ (દારૂ બનાવો) + સુરા (મદિરા)] સ્ત્રી. અફૂણની છાલ અને ચોખાનો બનાવેલો દારૂ. આ પીવું બાંધુ, સોજા, કરસ, પિત્ત, લોહીવિકાર અને કફના રોગ મટાડે. તે ચીકાશ વધારનું, ભૂખ લગાડનાર, જુલાબ કરે એવું અને કડવું બનાવ છે.

આસિંદો [સં. આસનક] પું. એક જાતનું ઝાડ; આસંત્રો; અસોંદરાનું ઝાડ.

આસો ૧. સ્ત્રી. (ડિંગળ) સર્પની દાઢ; આસી.

૨. વિ. આસી; જૂજ્યું.

૩. [સં. અસુ (પ્રાણ) + ઇન્ (વાળું)] વિ. પ્રાણની કિંમતવાળું.

૪. વિ. ગુનેગાર; અપરાધી.

૫. વિ. પાપી.

આસીઆત [સં. ઇષ્ટ] વિ. (કચ્છી) ઇચ્છેલ; આકાંક્ષિત.

આસીડ ૧. [અં. ઍસિડ] પું. તેજાબ.

૨. વિ. આંબટ; ખાટું; આમ્લ.

આસોતરો પું. એ નામનું એક જાતનું ઝાડ; આસુંદો; આસદરો.

આસોત્રી સ્ત્રી. અસોંદરાનું ઝાડ; આસંદો.

આસીન ૧. [સં. આસન (બેસવું)] પું. (નાટ્ય) શરીર ઉપર અલંકાર ન રાખી શોક અને ચિંતામાં હોય તેમ દેખાવ કરી નીચી રચવાનું આસન.

૨. વિ. આસનારૂઢ; બેઠેલું; બિરાજમાન.

આસીનપાઠ્ય પું. (નાટ્ય) સાસના કુલ અંગમાંનું એક; શોક અને ચિંતાવાળી ભૂમિકા વખતની નાયિકાનું વાળવું તે સાજ વખત ગાન.

આસીનાં ન. કડાકૂલ; પખરકૂલ. તે ઔષધિ તરીકે વપરાય છે.

આસીમા [સં.] વિ. નવાઈ પામેલું.

સર આસીમા = મૂંઝાયેલું મગજ.

આસોવા સ્ત્રી. અનાજની બંટી; દળવાની ચકી.

આસોરિઅ પું. પશ્ચિમ એશિઆમાંનો એ નામનો એક જૂનો દેશ.

આસોરિઅન ૧. ન. આસોરિઅનું રહેવાસી; આસોરિઅ દેશનું વતની.

૨. વિ. આસોરિઅ નામના દેશનું; આસોરિઅને લગતું.

આસોર્વાદ [સં. આશિસ્ (કૃત્ય) + વાદ (બોલવાપણું)] પું. આશીર્વાદ; આશીર્વચન.

આસોલ વિ. કુકમની એ નામની એક જાતનું.

આસોવ્રત [સં. અસિ (તરવાર) + વ્રત (ધાર્મિક આચરણ)] ન. ઓપુત્રએ વખતમાં ઉપાડી તરવાર મૂકીને એક પખવાડીમાં કરી બદલાયેલ પાળવાનો નિયમ.

આસીસ ૧. [સં. આ (ઉપર) + સીંચ્ (આપવું)] પું. તકિયો; ઓશીકું.

૨. ન. આશીર્વાદ; આશિષ.

૩. ન. ઇનામ; બક્ષિસ.

આસોસા ન. આશિષ. મૂર્તિમાં આ શબ્દ વપરાય છે.

આસુ ૧. [સં. અશોક] ન. આસોપાલવનું ઝાડ; અશોક વૃક્ષ.

તિયાં વસ્ત વિવિધ ભાતનાં, સુખડી ખાય સહુ તેહ વલ્યા; અંબ કદંબ અનાર આસુ, વાસ તમાલ તણાં બહુલા.
નિષ્કુલાનંદ

૨. [સં. આશુ (જલદી)] વિ. જલદી. તરત; ત્વરાથી.

આસુ તરસ સહસા અટિલ, તટિત વહું કુત હોય, સબર શીમ ને ક્ષિપ્ર લઘુ, તર રસ સંકસ સોય; બાજ બિમ બળ રસ સરસ, અવલંબિત ઉત્પાત, બપલ ચાલી આતુર અલી, આતુર દેખી દમાલ.
પિંગલપ્રબોધ

આસુકર્ણી [સં. આખુ (ઉંદર) + કર્ણ (કાન) + ઇન્ (વાળું)] પું. એક જાતની વનસ્પતિ; આખુકર્ણી. તેનાં પાનનો આકાર ઉંદરના કાન જેવો હોવાથી તેને ઉંદરકાની કહે છે. તેનો રસ પીવાથી અજીર્ણ લોહી સુધરતું હોવાનું મનાય છે.

આસુખ પું. આસોપાલવનાં જેવાં પાનવાળું એક ઝાડ.

આસુગ [સં. આશુ (જલદી) + ગ (જનાર)] ન. (ડિંગળ) તીર; આશુગ.

આસુચ ૧. [સં. અ (નહિ) + શુચ્ (ચોખ્ખું કરું)] સ્ત્રી. અપવિત્રતા; આભડછેટ.

૨. વિ. અશુદ્ધ; અપવિત્ર.

આસુતિ ૧. [સં. આ (ત્યારે) + સુતિ (કાઢવો)] સ્ત્રી. ઉકાળો; ક્વાથ; આસવ.

૨. [સં. આ (નિરર્થક વપરાતો પૂર્વગ) + સૂ (જન્મ આપવો)] સ્ત્રી. જણતરનું પ્રસવ.

૩. સ્ત્રી. દારૂની બનાવટ.

૪. સ્ત્રી. સત્ત્વ; અર્ક.

૫. સ્ત્રી. સોમ નામની વેલનો રસ કાઢવાપણું.

૬. સ્ત્રી. રત્નાનું નાવણ.

આસુતિશાળા [સં. આસુતિ (સત્ત્વ) + શાલા (જગ્યા)] સ્ત્રી. દારૂ બાળવાની ભઠ્ઠી.

આસુતીઅજ્ઞ ૧. પું. કન્યાઓનો અભાવ કરનાર.

૨. [સં. આસુતિ (અર્ક) + વહ્ (કેફવર્ધક)] પું. દારૂ વેચનાર; કલાલ.

૩. પું. સોમરસ ખેંચનાર હોતા.

૪. વિ. સત્ત્વ ખેંચનાર.

આસુનીત્રજ્ઞ ૧. પું. કન્યાઓનો અભાવ કરનાર.

૨. પું. દારૂ વેચનાર; કલાલ; મદ્ય ખેંચનારો.

૩. [સં. આસુતિ (અર્ક) + વહ્ (કેફવર્ધક)] પું. સોમરસ ખેંચનાર વતનો હોતા; સોમલતાને પીસનાર ઋત્વિક.

૪. વિ. આસવ કાઢનાર; સત્ત્વ ખેંચનાર.

આસુતોષ ૧. [સં. આશુ (જલદીથી) + તુષ્ (સંતોષવું)] પું. શંકર; શિવ; મહાદેવ; આશુતોષ. તે બીજા દેવોના કરતાં જલદી પ્રસન્ન થતા હોવાનું કહેવાય છે.

૨. વિ. જલદી પ્રસન્ન થનાર.

આસુદન [સં. આસ્રદન] ન. આરામ લેવો.

આસુદા [સં. આસ્રદન (આરામ લેવો)] વિ. આરામવાળું; વિશ્રાંતિ લેતું.

આસુદું [સં. આસ્રદન (આરામ લેવો)] વિ. સુખી; આસૂદું; આરામ ભોગવતું.

આસુદા થવું = (૧) ખૂબ ઊંઘ કાઢવી. (૨) પૂરો આરામ લેવો; આરામ માટે આડા પડવું. કરી ભોજન ને આસુદા થાય, પ્રભાત થવું ને ઊઠિયા જાય.—નાકર

આસુન [સં. અસનપર્ણ] પું. સુંદર, બીજાં અને ગળકતાં ફળવાળો એ નામનો એક છોડ; આસુંદ. તેનાં પાન વાટીને પાકા ઉપર લગાડવા માટે ઉપયોગી અને મૂળ રક્તિવર્ધક મનાય છે.

આસુપલ્લવ [સં. અશોક] ન. આસોપાલવ; અશોકનું ઝાડ.

આસુપલ્લવ જઈ ચડિઉ,
આપિલ લઈ અહિનાથુ;
કીધાં કર્મ ન છૂટીઈ,
બોલઈ વેદ પુરાણ. સીતહરણ

આસુપ્રા ૧. [સં.] પું. સ્વર્ગ.

૨. વિ. ઊંચું.

આસુર ૧. [સં. અ (નહિ) + સુર (દેવ)] પું. અસુર; દૈત્ય; રાક્ષસ. ક્રૂર, ક્રોધી,

ચુસનારો, ખોટાઈ રાખનારા, બીજાની ઈર્ષ્યા કરનાર, નિર્દય અને અભિમાની સ્ત્રીપુરુષોને પણ આસુર કહે છે.

૨. પું. આઠ જાતના વિવાહ પૈકીનો એક; કન્યાવિક્રયવાળું લગ્ન. આવા વિવાહમાં કન્યાને બદલે પૈસા આપવામાં આવે છે.

૩. પું. (હિંદુ) મુસલમાન.

૪. પું. રાક્ષસ અસુર જાતિનો માણસ.

૫. પું. બ.વ. દક્ષિણ હિંદુસ્તાનના તાડ.

૬. ન. અસુરપણું; રાક્ષસી વર્તન.

૭. ન. બિલાડવું; બિલાડું; એક જાતનું અનાજની ભીંડી.

૮. ન. યજ્ઞ ન કરનાર માણસ.

૯. ન. લોહી; રુધિર.

૧૦. ન. વાદળાંની ક્રિયા.

૧૧. વિ. જંગલી; માણસને ન છાજે એવું.

૧૨. વિ. તામસી; ક્રોધી; ભયંકર; આકરું.

૧૩. વિ. દૈત્યનું; અસુરનું; રાક્ષસી.

૧૪. વિ. દૈત્ય; દૈવતાર્ય.

૧૫. વિ. સંસ્કાર વિનાનું.

આસુરલાવ [સં. અ (નહિ) + સુર (દેવ) + લાવ (ઋતિ)] પું. રાક્ષસી સ્વભાવ.

આસુરમાર્ગ [સં. અ (નહિ) + સુર (દેવ) + માર્ગ (રસ્તો)] પું. દુઃખના માર્ગની બાર જાત પૈકીનો એક. તે નરક તરફ લઈ જાય છે.

આસુરલગ્ન [સં. અ (નહિ) + સુર (દેવ) + લગ્ન (વિવાહ)] ન. કન્યાને તેના સંબંધીઓ પાસેથી ખરીદવામાં આવે એવું એક જાતનું લગ્ન; આસુરવિવાહ.

આસુરવિવાહ ૧. પું. કન્યાને જોરજુલમથી લઈ જાય તેવું લગ્ન; જંગલી વિવાહ.

૨. [સં. અ (નહિ) + સુર (દેવ) + વિ (જાતું) + વહ્ (લઈ જવું)] પું. કન્યાવિક્રયવાળો વિવાહ; ધર્મશાસ્ત્રકારોએ કહેલા આઠ જાતના વિવાહ પૈકીનો એક. તેમાં કન્યાના માબાપને બદલો તો સગાંવહાલાંને ધન આપી અને કન્યાને પણ શક્તિ પ્રમાણે પહેલાં તરીકે ધન આપી સ્વયંભાવે કન્યાને પરણવામાં આવે છે.

આસુરવેદ પું. અથર્વવેદનો એક પેટા વેદ.

આસુરસંપદ્ગુણ [સં. આસુર (દૈત્યનું) + સંપદ્ (ધન) + ગુણ (સ્વભાવ)] પું. (વેદાંત) રાક્ષસી ગુણ. તે નીચે પ્રમાણે: દંભ, ક્રોધ, લોભ, દ્વેષ, અભિમાન, મોહ, અદેખાઈ, દંભ, અનૃત (જુઠાણું), પૈશુન્ય (ચાડી), જુગુપ્સા (નિંદા), પ્રાણીપીડા, પરિતાપ (રુદનમાં પારકાનાં દુઃખ કહેવાં), અતિવાદ (જાહેર બોલાવવું), પરિતાપ (નકામી ચિંતા), અક્ષમા, (માફી નહિ આપવાપણું), અધૃતિ (ઇંદ્રિયોના વિષયોમાં ચલાવી), અસિદ્ધિ (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે નહિ મળવાં), પાપકૃત્ય, અહિંસા, અજ્ઞાન, પ્રતિકૂલ્ય (ખરાબ આચરણ), ચિકિત્સા (વિષયોને અનુકૂલની ઇચ્છા), પારુષ્ય (કઠોરતા), સ્તેય (ચોરી), પરિગ્રહ (શરીરના નિર્વાહ ઉપરાંત વધારાનો સંગ્રહ) અને અશૌચ (શરીર અને મનનું મેલાપણું).

આસુરસ્વ [સં. આસુર (યજ્ઞ નહિ કરનાર માણસ) + સ્વ (ધન)] ન. યજ્ઞ નહિ કરનારનું ધન.

આસુરાયણ પું. (પુરાણ) પ્રવર ઋષિની એક વંશાવલિમાં સાતમા મહેતીના એ નામના ઋષિ.

આસુરાયણીય પું. (પુરાણ) એ નામે સામવેદની એક શાખા.

આસુરાવેશ [સં. આસુર (દૈત્ય) + આવેશ (સમાવેશ)] પું. વળગાડ; ભૂતપ્રેતથી સપડાયલું.

આસુરિ ૧. પું. (પુરાણ) યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાંનો એ નામનો ઋષિ; આસુરી.

આસુરિ, પૌલોમિ અને જંગલીએ ત્રે ઋષિઓ તૃપ્ત થાજો. સભાપર્વ સભામંડપ

૨. પું. સાંખ્યયોગના આચાર્ય કપિલ મુનિનો એ નામનો શિષ્ય આસુરી.

૩. સ્ત્રી. ખરાબ રીતે મેળવેલું; કુમાર્ગે મેળવેલ.

આસુરિવાસી [સં. આસુરિવાસિન્] પું. આસુરિ મુનિનો એ નામનો શિષ્ય; શુક્લ યજુર્વેદી સમુદાયનો પ્રવર્તક એટલે ફેલાવનાર એક ઋષિ.

આસુરી ૧. પું. (પિંગળ) એક જાતનો અનુષ્ટુપ છંદ.

૨. પું. યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞનો એ નામનો એક ઋષિ.

૩. પું. સાંખ્યયોગના આચાર્ય કપિલ મુનિનો એ નામનો શિષ્ય આસુરિ.

૪. સ્ત્રી. અશુભ ભાવના; અસુરપણે ઊપજવું પડે એવા મનોભાવ.

૫. સ્ત્રી. (પુરાણ) ઋષભદેવ વંશના સુમતિ રાજાના દીકરા દેવતાજિત્ નામના રાજાની સ્ત્રી; દેવદ્યુમ્નની મા.

૬. સ્ત્રી. એક જાતનો છોડ; મોહરી; ઝાર.

૭. સ્ત્રી. કપટપ્રપંચ કરી રોગ મટાડવાની વિદ્યા.

આસુરી ઉપચાર = ઊંટવૈદું.

૮. સ્ત્રી. દૈત્યની સ્ત્રી; રાક્ષસણી.

૯. સ્ત્રી. રાતી ઝાર.

૧૦. સ્ત્રી. સરસવ.

૧૧. [સં. અ (નહિ) + સુર (દેવ)] વિ. અસુર સંબંધી; રાક્ષસને લગતું; રાક્ષસી; દાનવી; જંગલી; અસુરનું.

૧૨. વિ. કુમાર્ગે મેળવેલ.

૧૩. વિ. ક્રોધી; તામસી; ભયંકર; આકરું; કરડું.

૧૪. વિ. દાહક; બાળનાર.

૧૫. [સં. અસુર (દૈત્ય) + ધન્ (વધવું)] વિ. દૈવતાર્ય; દૈવી.

આસુરીઅનુષ્ટુપ પું. (પિંગળ) એક જાતનો અનુષ્ટુપ છંદ. તેમાં તેર અક્ષર આવે છે.

આસુરીઔષ્ણિહ પું. (પિંગળ) ઔષ્ણિહની જાતનો ચૌદ અક્ષરવાળો છંદ.

આસુરીકૃ [સં. આસુરી (રાક્ષસી) + કૃ (બનવું)] વિ. રાક્ષસના જેવું; આસુરીય.

આસુરીબાર્હતી સ્ત્રી. (પિંગળ) બાર્હતીની જાતનો પંદર અક્ષરવાળો છંદ.

આસુરીચિકિત્સા [સં. આસુરી (કપટપ્રપંચ કરી રોગ મટાડવાની વિદ્યા) + ચિકિત્સા (ઉપચાર)] સ્ત્રી. કપટપ્રપંચ કરી રોગ મટાડવાપણું.

આસુરીજગતી પું. (પિંગળ) જગતીની જાતનો બાર અક્ષરવાળો છંદ.

આસુરીત્રિષ્ટુપ પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક છંદ. તેમાં દસ અક્ષર આવે છે.

આસુરીપંક્તિ પું. (પિંગળ) પંક્તિની જાતનો અગિયાર અક્ષરવાળો છંદ.

આસુરીબૃહતી પું. (પિંગળ) એ નામનો બાર અક્ષરવાળો એક છંદ. તે બૃહતીની જાતનો છે.

આસુરીમાયા ૧. [સં. આસુરી (અન્યાયથી મેળવેલ) + માયા (દોલત)] સ્ત્રી. અનીતિથી મેળવેલું ધન.

૨. સ્ત્રી. રાક્ષસી ઊતરપિંડી.

૩. સ્ત્રી. કપટી વાસનાવાળું માણસ.

૪. ન. કપટી વાસનાવાળું માણસ.

આસુરીય [સં. અસુર (દાનવ) + ઈય (લગતું)] વિ. રાક્ષસી; દૈત્યનું.

આસુરીવિવાહ ૧. પું. કન્યાને જોરજુલમથી લઈ જાય તેવું લગ્ન; જંગલી વિવાહ.

૨. [સં. આસુર (રાક્ષસ) + વિવાહ (લગ્ન)] પું. કન્યાવિક્રયવાળું લગ્ન; આસુરવિવાહ; ધર્મશાસ્ત્રકારોએ કહેલા આઠ જાતના વિવાહ મહિનો એક. તેમાં કન્યાના માબાપને બદલો તો સગાંવહાલાંને ધન આપી અને કન્યાને પણ શક્તિ પ્રમાણે પહેલાં તરીકે ધન આપી સ્વયંભાવે કન્યાને પરણવામાં આવે છે.

આસુરીવૃત્તિ [સં આસુરી (દૈત્યનું) + વૃત્તિ (વર્તણ)] સ્ત્રી. દુષ્ટ સ્વભાવ; રાક્ષસી પ્રકૃતિ.

આસુરીસંપત ૧. [સં. આસુરી (રાક્ષસી) + સંપદ્ (પૈસો)] સ્ત્રી. કુમાર્ગે મળેલી હોય તે; બૂરી કમાણીનું ધન.
૨. સ્ત્રી. બરાબ કામનો જંજાલ.
૩. સ્ત્રી. હલકી વાસના; રાક્ષસી વૃત્તિ. કામ, ક્રોધ, લોભ, મોહ જેવી અશુભ વૃત્તિ આસુરીસંપત કહેવાય છે.

આસુરીસંપત્તિ [સં. આસુરી (રાક્ષસી) + સંપત્તિ (ધનનો વધારો)] સ્ત્રી. હલકી વાસના; આસુરીસંપત.

આસુરીસંપદ [સં. આસુરી (રાક્ષસી) + સંપદ્ (દૈવત)] સ્ત્રી. હલકી વાસના; અધમવૃત્તિ; આસુરીસંપત.

આસુરીસૃષ્ટિ ૧. સ્ત્રી. દૈવી સૃષ્ટિ. જેમકે, આગ; દુકાળ.
૨. સ્ત્રી. રાક્ષસોની દુનિયા.

આસુંદ પું. ઝેર નામનો ઝેરી છોડ; અપરાજિતા; આસુન.

આસુંદ [સં. અપરાજિતા] પું. આનદેત, નાસિક, વરાડ અને ખાદ ઉપર બધે ઠેકાણે ઊગતું ઝેર નામનું ઝેરી ઝાડ; આસણ; દોરસુલ. આ ઝાડ ૪-૫ વર્ષ રહી શકે. તેનાં પાંદડાં જેવાં પણ જાડાં અને ચળકતાં હોય છે. મુળમાં તે તૂરો, વીર્ય વધારનાર, સહેજ તીખો, બહુ આપનાર, તેજ વધારનાર, સુગંધી, ગરમ તેમજ હલકો અને વાત, કૃમિ, દમ, ઉધરસ, ખાર, કફ, વિષ, કરમિયાં, સોજા અને ખરજ મટાડનાર ગણાય છે.

આસુંદરો [સં. અપરાજિતા] પું. ઝેર નામનું ઝાડ; આસંત્રો; આસંદરો.

આસૂત [સં. આ (જોરું) + સ્રા (રસ ઠારવો)] ન. કંદ, મૂળ અથવા ફળને મીઠાના પાણીમાં રાખી મૂકી બગડ અથાણાની જેમ બનાવવું.

આસૂત્રિત ૧. [સં. આ (બધારે) + સૂત્ર (સાંધવું) + ક્ત (ભૂત)] વિ. ગોતપ્રોત; ઓતપ્રોતની સાથે જાણે સીવેલું.
૨. વિ. હાર પહેરેલ.

આસૂદગાન [ફા. આસૂદન (આરામ લેવો)] સ.વ.વ. મરી ગયેલાં માણસ.

આસૂદગી ૧. સ્ત્રી. આબાદી; સમૃદ્ધિ.
૨. [ફા. આસૂદન (આરામ લેવો)] સ્ત્રી. આરામ; શાંતિ.
૩. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.

આસૂદન [ફા.] અ. ક્રિ. (ધાતુ) આરામ લેવો. તેના ઉપરથી બોલચાલ શબ્દ: આસૂડું; આસૂદગાન; આસૂદગી.

આસૂદા ૧. [ફા. આસૂદન (આરામ લેવો)] વિ. આરામવાળું; શાંત.
૨. વિ. મરી ગયેલું.
૩. વિ. સંતોષી; તૃપ્ત.
૪. વિ. સુખી.
૫. વિ. સંપન્ન અર્થપૂર્ણ; સ્થિતિવાળું; પૈસાદાર.

આસૂદાખાતિર ૧. [ફા. આસૂદા (સંતોષી) + ખાતિર (મન)] વિ. તૃપ્ત; સંતોષી.
૨. વિ. પૂરેપૂરું.
૩. વિ. શાંત; સ્વસ્થ.

આસૂદાદિલ વિ. સંતોષી; તૃપ્ત.

આસૂદાહાલ ૧. વિ. આરામવાળું.
૨. વિ. ઝોકારામમાં રહેતું; વૈભવમાં હોય એવું.
૩. વિ. સંતોષી.

આસૂદું ૧. [ફા. આસૂદન (આરામ લેવો)] વિ. આરામ પામેલું; સ્વસ્થ; શાંત.
૨. વિ. ઠરું થયેલ; સ્વસ્થ.
૩. વિ. સુખી; પૈસાવાળું; આરામ ભોગવતું.

આસૂયા ૧. [સં. અસૂયા] સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.
૨. સ્ત્રી. દ્વેષ; બેપ; ગુસ્સો.
૩. સ્ત્રી. પરગજના ગુણમાં દોષ શોધવાપણું.

આસૂંદરો [સં. અપરાજિતા] પું. ઝેર નામનું ઝાડ; આસંત્રો; આસિંદો; આસૌંદો; કેમુળ; અર્જુન; નદીસર્જ; ઇંદ્રદુ; પીતફૂલ; વીર; પવન. તે તૂરો, ગળો અને ઠંડો છે. તે વાત, પિત્ત, કફ, ઝેર નામનો મૂત્રરોગ, દાહ, તરસ, ઝેર, પિત્તાસ્રાપ્લાપ, ગંડમાળ, નાર્ક, વિષમજ્વર, કોઢરોગ, લોહીનો બગાડ, વલગંડ અને અતિસારને મટાડે. આ ઝાડની છિલો તૂરી, ઠંડી, સ્વાદિષ્ટ અને કફનિઃસારક કરનાર અને કૃમિ તથા વાયુ મટાડે. તેનાં મોટાં પાંદડાં ભીડી બનાવવામાં, અંતરછાલ નંદુકની બનાવટી તૈયાર કરવામાં, છાલ બનાવટ દવાઓ ઘોરવામાં અને છાલમાંથી નીકળતો લાલ રંગ ચામડાં રંગવામાં વપરાય.

આસે [સં. ઇદમ્ (અહીં)] અ. (બા. પ્ર.) આ કેડાએ; અત્ર.

આસેક ૧. [સં. આ (જોરું) + સિચ્ (છાંટવું)] પું. જોરો છંટકાવ.
૨. [સં. આ (બધારે) + સિચ્ (છાંટવું)] પું. સારી પેઠે છંટકાવ.

આસેક્ય [સં. આ (જોરું) + સિચ્ (છાંટવું)] પું. જોક બનતો નપુંસક; બીજાનું વીર્ય પોતાના મોઢામાં લેનાર હીજડો; મુખયોનિ. નપુંસકના પાંચ પ્રકાર: આસેક્ય, સુગંધી, કુત્રિક, ઈર્ષ્યક અને વંઢ. વંઢ જેવળ નપુંસક હોય છે.

આસેચન ૧. [સં. આ (બધારે) + સેચન (છાંટણ)] ન. ઘણો છંટકાવ.
૨. ન. પ્રવાહી પદાર્થ રાખવાનું વાસણ; છાંટવાની ચીજ રાખવાનું પાત્ર.
૩. ન. સહેજ છંટકાવ.
૪. વિ. મનોહર; સુંદર.

આસેચની [સં. અસિચ્ (રેડવું)] સ્ત્રી. નાનું વાસણ.

આસેચવાન વિ. અંતર્ભોળ; ગજનાકારનું 'કોન્વેક્ષ'.

આસેતરો [સં. અસમંતક] પું. આસુરાનું ઝાડ; આસતરો.

આસેધ ૧. [સં. આ (બધારે) + સિધ્ (અટકાવવું)] પું. જોર; પ્રતિબંધ; અટકાયતથી અટકાવ બનાવો; કાયદેસર બંધન. આસેધના ચાર પ્રકાર: ૧. કાલાસેધ એટલે અમુક મુદ્દતની જેમ અમલ અટકાયત. ૨. ક્રમાસેધ એટલે અમુક ક્રમ કરવાની બંધી. ૩. પ્રજ્ઞાસાસેધ એટલે હરકોઈ જગ્યાએથી બહાર જવાની મનાઈ. ૪. સ્થાનાસેધ એટલે અમુક જગ્યા છોડવાનો પ્રતિબંધ.
૨. પું. બાંધો; મુના બાલ કરકરે લપિલો કાગળ.

આસેધક [સં. આ (બધારે) + સિધ્ (અટકાવવું) + ક (કર્તા)] વિ. જોર કરતું; અટકાવતું; પ્રતિબંધ કરનાર.

આસેધપાત્ર [સં. આસેધ (બંધી) + પાત્ર (વાસણ)] વિ. બાલસા બનાવે લાયક; બંધ કરવા જેવું.

આસેધવિધિ [સં. આસેધ (બંધી) + વિધિ (રીત)] સ્ત્રી. બંધીની રીત; બંધવા રીતિ.

આસેબ ૧. [ફા.] પું. આફત; મુશ્કેલી.
૨. પું. દુઃખ; વ્યાધિ.
૩. પું. નુકસાન; ખોટ.
૪. પું. બીક; ભય.
૫. પું. ઘાતગ્રેતની નાતર; ઝોકઝપટ; વળગાડ.

આસેર પું. (કિન્નર) કિન્નરો; કોઢ; દુર્ગ; ગઢ.

આસેરિયો પું. (કચ્છી) ધોળાં કે ગુલાબી ત્રીજાં મૂલવાળો ઝેર બનતો છોડ. તેની સિંગ

ચમમાં પહોળા, ચપટી અને અને છેડે સાંકડી હોય છે.

આસેવન ૧. ન. વારંવાર કરવાપણું.
૨. [સં. આ (વારંવાર) + સેવન (સેવવાપણું)] ન. સતત વપરાશ.
૩. ન. સંભોગ; મૈથુન.

આસેવના ૧. સ્ત્રી. (જૈન) આરોપણ.
૨. સ્ત્રી. (જૈન) સંયમનું એટલે સાધુ જીવનનું પરિપાલન.
૩. સ્ત્રી. (જૈન) સાધુએ વ્રત અથવા નિયમમાં ભંગ કરવાપણું.
૪. સ્ત્રી. (જૈન) સ્તનો અભ્યાસ.

આસેવા ૧. [સં. આ (વારંવાર) + સેવા (કામ)] સ્ત્રી. ચાકરી થતું કામ.
૨. સ્ત્રી. સંભોગ; મૈથુન.
૩. સ્ત્રી. સારી રીતની ચાકરી.

આસેવિત ૧. ન. કામ; ક્રિયા.
૨. ન. વારંવાર સારી રીતે કરાતી સેવા.
૩. વિ. કરેલું.
૪. વિ. ચારે તરફથી સજવાયેલ.
૫. વિ. ચોકો સ્વાદ લીધેલ; ચાખેલ.
૬. [સં. આ (વારંવાર) + સેવ્ (સેવા કરવી) + ક્ત (ભૂત)] વિ. ચાકરીને કરેલું.
૭. વિ. સારી રીતે સેવેલ.

આસેવી [સં. આ (વારંવાર) + સેવ્ (સેવા કરવી) + ઇન્ (વાળું)] વિ. ટેવ સેવન કરતું; નિરંતર ભક્તિ કરતું.

આસેસર ૧. [અં. અસેસર] પું. આંકણી કરનાર માણસ.
૨. પું. કોર્ટમાં કામ ચાલતી વખતે જેવી હકીકત વખતે મત આપનાર સભ્ય.
૩. પું. જમાબંદી કરનાર; જમીન માપી જાત વગેરે તપાસી જેતુતું સરકારી જરત કરાવનાર માણસ.

આસેં જ. (આરબી) અહીં.

આસો ૧. [સં. અશોક (ઝિ ઝાડ)] પું. અશોપાલવનું ઝાડ.
૨. [સં. આસવ] પું. (ડિંગળ) મદ; દારૂ.
૩. [સ. આશ્વિન; પ્રા. આસોઅ] પું. વિક્રમ સંવતનો બારમો માસ. તેની પૂનમે અશ્વિની નક્ષત્ર હોય છે.
૪. સ્ત્રી. નાગા લોકની એક પેટા જાત.
૫. ન. નાગા લોકની એ નામની પેટા જાતિનું માણસ.
૬. વિ. નાગા લોકની એક પેટા જાતિનું.

આસોઈ [સં. અષ્ટમી] સ્ત્રી. આસો માસની પૂર્ણિમા; શરદ પૂનમ.

આસોગ [સં. આશોક] ન. (પ્રાકૃત) અશોકના ઝાડનું ફૂલ.

આસોજ [સં. અશ્વ (ઘોડો) + યુજ્ (જોડવું)] પું. આસો માસ; આશ્વિન; વિક્રમ વર્ષનો છેલ્લો મહિનો.

આસોડિયું પું. આંખ ફરજવતાં ભમર પણ ફરે એવું.

આસોડવું (આસોડવું) ૧. સ. ક્રિ. (આમ) કામકાજમાં જોઈ પાવરવું કરવું.
૨. સ. ક્રિ. ખેતરી સવારી આપવું કરવું.
૩. સ ક્રિ. પલોટવું.

આસોડિયા (આસોડિયા) ૧. સ્ત્રી. સુથારની એ નામની ઓટક.
૨. ન. સુથારની એ નામની ઓટકનું માણસ.
૩. વિ. સુથારની એ નામની ઓટકનું.

આસોતરો પું. એ નામનું એક જાતનું ઝાડ; આસોતો.

આસોતું ૧. ન. કામ; કર્મ; આસવતું.
૨. વિ. કામમાં રોકાયેલું; કામગરું.

આસોત્રો [સં. અરમંતક] પું. એ નામનું એક ઝાડ; સિંગીવર્ગની એ નામની વનસ્પતિ; આસંગો. તેનાં બન્ને બોડાયેલાં પાન બીડી વાળવાના કામમાં આવે છે. તેને પીળાશ પડતા મોળાં ફૂલ અને લાંબી, ચપટી ને કઠણ સિંગ આવે.

આસોઠ [સં. અષ્વગંધા] સ્ત્રી. રાસ્નાને મળતા મૂળવાળી એક વનસ્પતિ; અશ્વગંધા; આસંધ. તેનું બી સંધિવા ઉપર ગુણકારી છે.

આસોડરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની ઓટક.
૨. ન. કણબીની એ નામની ઓટકનું માણસ.
૩. વિ. કણબીની એ નામની ઓટકનું.

આસોદરો [સં. અરમંતક] પું. એક જાતનું ઝાડ; આસંગો; આસુંદરો.

આસોદા વિ. (કામ) આપીને ધરાયેલું.

આસોરસિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની ઓટક.
૨. ન. કણબીની એ નામની ઓટકનું માણસ.
૩. વિ. કણબીની એ નામની ઓટકનું.

આસોપાલવ [સં. અશોક (અમુક) + પલ્લવ (પાંદડું)] પું. હિંદુસ્તાન અને સીલોનમાં થતું આંબાના જેવું મોટું, સદાયું અને હમેશ લીલું રહેતું ઝાડ. ઉપર લીસી કાળી ભદામી

ખાલવાળું ઝાડ; અશોક; જાસુંદી; કેસલીફ; કેસલી; વંજુલ; વિશોક. તે સ્વાદિષ્ટ, ઠંડો, લોહીને સાધિનાર, કામદાસરક, મૂત્રસંચવાળો, જ્વરોનો નાશ કરનાર, તૂરો, શરીરની કાંતિ વધારનાર, સ્ત્રીઓનો શોક દૂર કરનાર, ઝાડા મટાડનાર, પિત્તકર અને બળતરા, ગાંઠ, ઉલટી, આમરો, વિષ, લોહી, નાકે, તરસ, શોષ, અપચો અને રક્તરોગ મટાડનાર છે. આ ઝાડની ડાળીઓ ચોતરફ ફેલાવાથી બનાવું ઘટાદાર લાગે. એનાં કરચલીવાળાં લીલાં ચકચકિત લાંબાં પાનનાં શુભ પ્રસંગે તોરણ બનાવાય. બાન-મુબારિથી એ માસ સુધી ફૂલનાં તૂમખાં ડાળીને છેડે આવે. શરૂઆતમાં ફૂલ ચકચકિત નારંગી રંગનાં અને પાછી રાતાં બને છે. ફૂલ બાકી ત્યારે અશોકનો સુંદર દેખાવ લાગે. ફૂલમાં ચાર અંધારાર પાંખડી, ૪ થી ૭ અદાર નીકળતા પુંકેસર અને પુંકેસર ઉપર મૂત્રાશયના આકારના .પરાગકોષ હોય. ૬ થી ૧૦ ઇંચ લાંબી સિંગ કાચી હોય ત્યારે રાતાશોણ દેખાય અને તેમાં ૪ થી ૬ બીલાં બિયાં હોય. ચોમાસામાં પાકતાં આ ઝાડનાં ફળ પાકીને બહુ ભાવે. લાકડું કાંબા બદામી રંગનું અને પોચું હોય છે. બંગાળી લોકો આ ઝાડનાં લાકડાને ચેરી અને મેઘણી બનાવવામાં વાપરે છે. મૂત્રાશયના દરદમાં તેની છાલ વપરાય. ફૂલનો ઉકાળો પાણીમાં નાખી પીવાથી ઝાડા મટે. હિંદી લોકોની નજરમાં આ ઝાડ પવિત્ર મનાતું હોવાથી ચૈત્ર સુદ તેરસને દિવસે આસોપાલવનું પૂજન થાય છે. આ ઝાડ કામદેવનું મનાતું હોઈ તે પ્રેમની સંતાડ્ય છે. સીતાજીને લંકામાં અશોક વનમાં રાખેલ, ત્યાં તેઓ પતિવ્રતાપણું બતાવીને રહ્યાં. આથી આ ઝાડને પતિવ્રતનું સ્વરૂપ મનાય છે. બૌદ્ધ ધર્મના લોકો પણ તેને પવિત્ર માને છે, કારણ કે શુદ્ધ ભગવાન અશોકના ઝાડ નીચે જન્મ્યા હતા. સંસ્કૃત કાવ્ય પ્રમાણે આ ઝાડ બહુ લાગણીવાળું મનાતું હોઈ જો કોઈ સુંદર સ્ત્રી તેને અડે તો તરત જ ફૂલ આવે.

આસોપાલવડો (આસોપાલવડો) [સં. અશોકપલ્લવ] પું. એ નામનું ઝાડ; આસોપાલવ.

આસોપાલો [સં. અશોકપલ્લવ] પું. એ નામનું ઝાડ; આસોપાલવ.
આસોપાલો ભલિકા બહુ ભૂલે. નર્મદ

આસોં પું. અષાઢ માસ.

આસોંઢ [સં. અશ્વગંધા] સ્ત્રી. એ નામની દવામાં ઉપયોગી એક વનસ્પતિ; આસોઠ.

આસોંદરો [સં. અશ્વમંતક] પું. આસંત્રો; સાધારણ કદનું, બેવડાં, અપટાં ને જોડાયેલાં પાનવાળું અને આમલીના કાતરા જેવાં ફળવાળું ઝાડ. તેનાં ફળ અને કળી સાંબાં મંજરવાળા અને ફૂલ રાડારેડીનાં ફૂલને મળતાં આવે. તેનાં મૂળ અને છાલ દવામાં અને પાંદડાં બીડી બનાવવામાં વપરાય. ગૂમડાં, પ્રમેહ અને લોહીવિકારમાં મૂળ અને છાલ હિતકારક મનાય. ઉંદરનું ઝેર, ચામડીના રોગ અને લોહી સુધારવા સારૂ તેનાં મૂળ અને છાલ ભરીની સાથે ચાર છ મહિના સુધી લેવાય. તે ગરમ, લોહી સુધારનાર, વાનહર અને મૂત્રલ એટલે વધારે મૂત્ર લાવનાર છે.

આસોંધ [સં. અશ્વગંધા] સ્ત્રી. અશ્વગંધ નામની વનસ્પતિ.

આસોજ [હિં.] પું. આસો મહિનો; આશ્વિન.

આસોધ [સં. અશ્વગંધા] સ્ત્રી. આસંધ.

આસૌ [અશ્વિન્ (આસો) + સમ (વર્ષ)] સ્ત્ર. (હિંદી) આ વર્ષ; આ સાલ.

આરકત [હિં.] સ્ત્રી. આળસ; સુસ્તી.

આરકતાના [હિં.] વિ. આળસુ; સુસ્ત; મંદ.

આરકતી [હિં.] વિ. આળસુ; આરકતાના.

આરકેત ૧. [સં. આ (ઉપર) + રંહ્ (જવું)] પું. આક્રમણ; ધસારો; હલ્લો; ચઢાઈ.
૨. પું. ઘોડાની એક જાતનો કેત.
૩. [સં. આ (ઉપર) + રંહ્ (ચાલવું)] પું. કૂદકો; ઠેકો; ઉલંગ.
૪. [સં. આ (અર્ધ સ્વર વપરાતો સ્વરાતનો અક્ષર) + રંહ્ (કૂદવું)] પું. ઘોડાની જોસબંધ હલાંગ મારતી એક ચાલ.
૫. પું. ચડવું તે; સવારી.
૬. પું. તિરસ્કાર; નિંદા.
૭. પું. ઉપાડ્યું.
૮. પું. નાશ કરવાપણું; ભૂંસી નાખવું તે.
૯. પું. ચઢાઈ; યુદ્ધ.
૧૦. પું. સુકવણું; શોષણ.
૧૧. પું. કૂદકો કરનાર માણસ; ચઢાઈ કરનાર પુરુષ.

આરકેતન ૧. [સં. આ (ઉપર) + રંહ્ (જવું) + અન (પદું)] પું. આક્રમણ; હલ્લો; ધસારો.
૨. પું. ઘોડાની એક જાતની હલાંગથી ચાલવાની ગતિ.
૩. પું. ઠેકો.
૪. પું. ઉપાડ.
૫. પું. નાશ.
૬. પું. નિંદા; તિરસ્કાર.
૭. પું. ચઢાઈ; યુદ્ધ.
૮. પું. શોષણ.
૯. પું. સવારી.

આરકેતયુગ [સં. આ (ચોતરફ) + રંહ્ (નાશ પામવું) + યુગ (જમાનો)] પું. કલિયુગ, જેમાં આ યુગમાં ધર્મનો બધે વિનાશ થાય છે.

આરકેદિત ૧. [સં. આ (અર્ધ સ્વર વપરાતો સ્વરાતનો અક્ષર) + રંહ્ (કૂદવું)] ન. ઘોડાની જોસબંધ હલાંગ મારતી ચાલ; 'ગૅલપ'.
૨. વિ. આરકેતવાળું.
૩. વિ. કૂદકો મારેલ.
૪. વિ. ઉપાડેલ.
૫. વિ. નાશ થયેલ.
૬. વિ. સુકાયેલ.
૭. વિ. હુમલો કરાયેલ.

આરકેપ પું. (ગણિત) એક જાતનો સ્પર્શ; 'ઑસ્કુલેશન'. બે જે વક્ર, સપાટી અથવા એક જ વાની બે શાખા એકબીજાને એવી રીતે અડતી હોય કે સ્પર્શસ્થાને તેમની વચ્ચે બે કરતાં વધારે બિંદુ સામાન્ય હોય તો તેવા સ્પર્શને આરકેપ કહે છે.

આરકેપપાત [સં. આરકેપ (એક સ્પર્શ) + પાત (પડવું તે)] પું. (ગણિત) એક પ્રકારનો પાત; 'ઑસ્કનોઇડ'. એક જ વાની બે શાખા એકબીજાને એવી રીતે સ્પર્શ કરે કે સ્પર્શસ્થાને તેમની વચ્ચે બે કરતાં વધારે બિંદુ સામાન્ય હોય, તો આ બે શાખાથી બનતા પાતને આરકેપપાત અથવા આરકેપીયપાત કહે છે.

આરકેપીકરણ [સં. આરકેપ (એક સ્પર્શ) + ઈ (એવું બનાવવાના પ્રત્યય) + કરણ (કરવું તે)] ન. (ગણિત) બે વક્ર, સપાટી અથવા એક જ વાની બે શાખા એવી રીતે ગોઠવવાપણું કે તેઓ એકબીજાને સ્પર્શ કરે અને સ્પર્શસ્થાને તેમની વચ્ચે બે કરતાં વધારે બિંદુ સામાન્ય હોય; 'ઑસ્કુલેશન'.

આરકેપીય [સં. આરકેપ (એક સ્પર્શ) + ઈય (વાળું)] વિ. (ગણિત) સ્પર્શ કરતા બે વક્ર, સપાટી અથવા એક જ વાની બે શાખા વચ્ચે સ્પર્શસ્થાને બે કરતાં વધારે બિંદુ સામાન્ય હોય એવા સ્પર્શને લગતું; 'ઑસ્કુલન્ટ'; 'ઑસ્કુલર'; 'ઑસ્કુલેટિંગ'.

આરકેપીયકરણ [સં. આરકેપ (એક સ્પર્શ) + ઈય (વાળું) + કરણ (કરવું તે)] ન. (ગણિત) બે વક્ર દોરવાપણું; આરકેપીકરણ.

આરકેપીયપાત પું. (ગણિત) એક પ્રકારનો પાત; આરકેપપાત.

આરકેપીયસંધિ [સ. આરકેપ (એક સ્પર્શ) + ઈય (વાળું) + સંધિ (જોડાણ)] સ્ત્રી. (ગણિત) એક જાતની સંધિ; 'આરકુલ ઇન્વોલ્યુશન'. એક જ વાની બે શાખા એકબીજાને એવી રીતે સ્પર્શ કરે કે સ્પર્શસ્થાને તેમની વચ્ચે બે કરતાં વધારે બિંદુ સામાન્ય હોય અને સ્પર્શસ્થાને તે બે શાખામર્યા એકનું સંધિબિંદુ હોય તો તે સંધિને આરકેપીયસંધિ કહે છે.

આરકેા સ્ત્રી. આરતી ઉપર હાથ ફેરવી તે આંખને અડાડવાની ક્રિયા; આરતીસ્પર્શ. આરિક્ષા.

આરકોરા [ઘા. આરકારા] સ્ત્રી. પ્રસિદ્ધિ; કીર્તિ; ખ્યાતિ.

આરટર [અં. ઓરટર] ન. વાવ્યા પછી દસ દિવસમાં ઊગી નીકળતો અને નવ માસે ફૂલ આપતો એક જાતનો સવા ફૂટ ઊંચો છોડ. સપ્ટેમ્બરથી ઑક્ટોબર સુધી તેનાં બી વવાય છે.

આરટ્રલિઅન [અં. ઑસ્ટ્રેલિઅન] વિ. ઑસ્ટ્રેલિઅનું; ઑસ્ટ્રેલિઅને લગતું.

આરટ્રલિઆ [અં. ઑસ્ટ્રેલિઅ] પું. હિંદુસ્તાન અને ચીનની દક્ષિણે આવેલો એક મોટો દ્વીપ. એ પાંચમો ખંડ ગણાય છે.

આરિટ્રઆ આપર ન. એક જાતનો ગુલાબ. તેને સુંદર ફૂલ આવે છે.

આરસ્તક પું. જરત્કારુનો એ નામનો દીકરો. જુઓ આસ્તિક.

આરસ્તર ૧. [સં. આ (ચોતરફ) + સ્તૃ (પાથરવું)] પું. ચાલીસો; સાદડી; શેતરંજી; જાજમ.
૨. પું. ઘણો વિસ્તાર.
૩. પું. ઝિલ્લી; કલા; નીચેની પાતળી ચામડી; 'મેમ્બ્રન'.
૪. [સં. આ (ઉપર) + સ્તૃ (પાથરવું)] પું. ઢાંકણું; ઓઢો.
૫. પું. મોની પછેડી.
૬. પું. પછેડી; ચાદર.
૭. પું. પડ; થર.
૮. પું. પાથરવાની ક્રિયા; બિછાવવું તે.
૯. પું. બિછાનું; પાથરણું; ચટાઈ.
૧૦. [સં. આ (ઉપર) + સ્તૃ (ઢાંકવું)] પું. હાથીની ઝૂલ.

આરસ્તરક ૧. પું. કુંદરની એક જાત.

૨. [સં. આ (ઉપર) + સ્તૃ (પાથરવું) + અક (કર્તાર)] પું. પથારી પાથરનાર નોકર.

આસ્તરણ ૧. [સં. આ (ઉપર) + સ્તૃ (પાથરવું) + અન (ભાવ)] ન. ઓઢવા; ચાદર; પછેડી.
૨. ન. ઓશીકું.
૩. ન. ઢાંકવું.
૪. ન. કોઈ પાથરવી તે.
૫. ન. પાથરવાની ક્રિયા; બિછાવવું તે.
૬. ન. વિસ્તાર; ફેલાવો.
૭. ન. શેતરંજી; ગાલીચો; આસ્તર.
૮. ન. ઢાંકીની ચૂલ.

આસ્તરણગત [સં. આસ્તરણ (ચાદર) + ગત (ગયેલું)] વિ. ઓઢવા પાથરવા વિનાનું.

આસ્તરણી [સં. આ (અર્થ વગર વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્તૃ (પાથરવું)] સ્ત્રી. શેતરંજી; મટાઈ.

આસ્તા [સં. આસ્થા] સ્ત્રી. શ્રદ્ધા; ભાવ; આસ્થા.

આસ્તાઢ ૧. પું. પ્રથમી સનના મહિનાનો તેમ જ ઉરિનીઓના મહિનાનો છત્રીસમો દિવસ.
૨. પું. (જરથોસ્તી) એ નામનો એક યઝત એટલે ફિરસ્તો; સાતમા મુખ્ય ફિરસ્તા અમરદાદના જણ કમકાર એટલે સારો કામ કરનારમાંનો એ નામનો એક.
૩. પું. જરથોસ્તી માસનો છત્રીસમો દિવસ.

આસ્તાન ૧. [ફા.] પું. ઉંબરો; દરવાજો.
૨. પું. ફકીરનું રહેઠાણ.
૩. પું. મંદિરનું દ્વાર.

આસ્તાનબોસ ૧. [ફા. આસ્તાન (ઉંબરો) + બોસ (ચુંબન)] પું. ઊપરીને મળવા જનાર પુરુષ.
૨. પું. ઉંબરો ઘસનાર માણસ.

આસ્તાનબોસી [ફા.] સ્ત્રી. માનપૂર્વક મળવા જવું તે.

આસ્તાના ૧. [હિં. અસ્થાન (જગ્યા)] પું. ઉંબરો; દરવાજો.
૨. પું. ફકીરને રહેવાનું ઠેકાણું.
૩. પું. મંદિરનું બારણું.

આસ્તાય [સં. અસ્ (હોવું)] સ્ત્રી. (જરથોસ્તી) હાજરી.

આસ્તાર [સં. આ (ચોતરફ) + સ્તૃ (પાથરવું)] પું. વિસ્તાર; ફેલાવો.

આસ્તારપંક્તિ પું. (પિંગળ) પહેલા અને બીજા ચરણમાં ૧૨ અને ત્રીજા અને ચોથા ચરણમાં ૮ મળી કુલ ૪૦ વર્ણનો વૈદિક છંદ.

આસ્તાવ ૧. [સં. આ (અર્થ વગર વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્તુ (સ્તુતિ કરવી)] પું. યજ્ઞ વખતે મંત્ર બોલવાનું ઠેકાણું; યજ્ઞમાં સ્તુતિ કરનારાઓની જગ્યા.
૨. પું. સ્તોત્ર; સ્તુતિ.

આસ્તાવ પું. ચંબુ; નાળચાવાળો કળશો.

આસ્તાવાળું ૧. [સં. આસ્થા (ઉમેદ) + વત્ (વાળું)] વિ. આશાવાળું.
૨. વિ. ખેતરાદાર; સાહુકાર.
૩. [સં. આસ્થા (વિશ્વાસ) + વત્ (વાળું)] વિ. વફાદાર; વિશ્વાસુ.
૪. વિ. શ્રદ્ધાળું; ભાવવાળું.

આસ્તિક ૧. [સં. અસ્તિ (હયાતી) + ક (વાળું)] પું. આસ્થાવાળો પુરુષ.
૨. પું. (પુરાણ) એ નામનો એક મુનિ; ભૃગુકુળમાં ઉત્પન્ન થયેલ જરત્કારુ ઋષિનો દીકરો. જરત્કારુ ઋષિની મનસા નામની દીકરીને પરણ્યો હતો. જરત્કારુ જંગલમાં જતો રહ્યો તે વખત એની બી સગર્ભા હતી. તે પોતાનો આશ્રમ તક્ષ હિમાલયના કૈલાસ શિખર ઉપર ગઈ. ત્યાં તે શિવ અને પાર્વતીની સેવામાં રહી. એની સેવાથી શંકર પ્રસન્ન થયા અને જ્ઞાનનો ઉપદેશ કર્યો. પૂરા છ માસ થતાં તેને કૈલાસ ઉપર દીકરો આવ્યો. શિવે કરેલો ઉપદેશ ગર્ભમાં રહીને એણે ગ્રહણ કર્યો છે તે જાણીને એનું નામ આસ્તિક પાડ્યું. શંકરે પોતે એને જનોઈ આપ્યું અને વેદ વેદાંગમાં ઢોકિયાર બનાવ્યો. વળી એને મૃત્યુંજય મંત્ર પણ આપ્યો. પછી શંકરના કહેવાથી જરત્કારુ પોતાના દીકરાને લઈને પોતાના બાપ કશ્યપના આશ્રમમાં ગઈ. વખત જતાં જનમેજય રાજાએ સર્પસત્રનો આરંભ કર્યો. એણે હજારો નાગનાં કુટુંબોને યજ્ઞમાં આણી નાખ્યાં. આથી મોટા મોટા નાગ વિચારવા લાગ્યા કે આસ્તિક કોઈ રીતે આપણો બચાવ કરે. એટલામાં તક્ષક નાગના ઉપર જ મરણનો પ્રસંગ આવ્યો. તક્ષક સર્પસત્રથી ડરીને ઇંદ્રને શરણે ગયો તેના સિંહાસનને વળગી છુપાઈ બેઠો. જનમેજયની આજ્ઞા પ્રમાણે સર્પસત્રના ઋત્વિજોએ હોમવા સારુ તક્ષકનું આવાહન કર્યું, છતાં તક્ષક આવ્યો નહિ. આથી તેઓએ ઇંદ્ર સહિત તક્ષકનું આવાહન કરતાં ઇંદ્રે તક્ષકને તજી દીધો એટલે તે કુંડની ઉપર આવી ઊભો. તે સમિધાન થયા નામે એકદા થઈ આહુતિ આપવા આસ્તિકને સર્પસત્ર બંધ કરાવવાની આજ્ઞા કરી. આસ્તિકે જનમેજયની સ્તુતિ કરી એને પ્રસન્ન કર્યો. જનમેજયે ખુશી થઈ સર્પસત્ર બંધ કરાવ્યો. આથી તક્ષક ઊગરી ગયો અને આસ્તિક પોતાની મા પાસે ગયો.
૩. ન. મહાભારતનું એ નામનું પર્વ.
૪. વિ. પવિત્ર; સદાચરણી.
૫. [સં. અસ્તિ (હયાતી) + ક (વાળું)] વિ. વેદ, ઈશ્વર અને પરલોકમાં શ્રદ્ધા રાખનારું.
૬. વિ. શ્રદ્ધાળુ; ધર્મનિષ્ઠાળું; વિશ્વાસુ.

આસ્તિકતા ૧. [સં. આસ્તિક (શ્રદ્ધામાં શ્રદ્ધાવાળું) + તા (પણું)] સ્ત્રી. વેદ, ઈશ્વર અને પરલોકમાં વિશ્વાસ.
૨. સ્ત્રી. શ્રદ્ધા; ભાવ; આસ્થા.
૩. સ્ત્રી. સદાચાર; પવિત્રતા.

આસ્તિકત્વ [સં. આસ્તિક (શ્રદ્ધાવાળું) + ત્વ (પણું)] ન. ઈશ્વર, વેદ અને પરલોકમાં શ્રદ્ધા.

આસ્તિકદર્શન [સં. આસ્તિક (શ્રદ્ધામાં શ્રદ્ધાવાળું) + દર્શન (શાસ્ત્ર)] ન. ઈશ્વર અને પરલોકમાં આસ્થા રાખવા સંબંધી શાસ્ત્ર.

આસ્તિકપણું ન. ઈશ્વર, વેદ અને પરલોકમાં આસ્થા; આસ્તિકતા.

આસ્તિકવાદ [સં. આસ્તિક (શ્રદ્ધામાં શ્રદ્ધાવાળું) + વાદ (મત)] પું. ઈશ્વર, વેદ અને પરલોકમાં આસ્થા રાખવાનો મત; ઈશ્વરવાદ.

આસ્તિકવાદી ૧. [સં. આસ્તિક (ઈશ્વરમાં શ્રદ્ધાવાળું) + વાદિન્ (મતનું)] પું. પરમાત્મા, વેદ અને પરલોકને માનનાર પુરુષ.
૨. વિ. આસ્તિકવાદમાં માનનારું; ઈશ્વર, વેદ અને પરલોકમાં શ્રદ્ધા ધરાવનાર.

આસ્તિકશ્રાદ્ધ [સં. આસ્તિક (એક મુનિ) + + શ્રાદ્ધ (હેતુ) + ક્ષ: (આપવું)] પું. જનમેજય રાજા. તેણે આસ્તિકની સર્પસત્ર બંધ કરવા માટેની પ્રતિજ્ઞા પૂરી પાડી તેથી તે આસ્તિકશ્રાદ્ધ કહેવાય છે.

આસ્તિકસ્થ ૧. [સં. આસ્તિક (શ્રદ્ધામાં શ્રદ્ધાવાળું) + થ (પણું)] ન. ઈશ્વર, વેદ અને પરલોકમાં દૃઢ શ્રદ્ધા.
૨. ન. (જૈન) તીર્થંકરે જણાવેલ જીવ આદિ ભાવોના અસ્તિત્વ ઉપર વિશ્વાસ; તીર્થંકરે ઉપદેશેલ બધી હકીકતમાં માન્યતા; આસ્થા.
૩. ન. ભાવ; શ્રદ્ધા.

આસ્તિકસ્થબુદ્ધિ [સં. આસ્તિકસ્થ (શ્રદ્ધામાં શ્રદ્ધા) + બુદ્ધિ (સમજ)] સ્ત્રી. ઈશ્વર, વેદ અને પરલોકમાં આસ્થા.

આસ્તિકસ્થવાદ [સં. આસ્તિકસ્થ (ઈશ્વરમાં શ્રદ્ધા) + વાદ (મત)] પું. ઈશ્વરની

હયાતીમાં શ્રદ્ધા રાખવાનો મત; પરમેશ્વર છે એવી માન્યતા.

આસ્તિક્યવાદી [સં. આસ્તિક્ય (ઈશ્વરને માનવાપણું) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. પરમેશ્વરની હયાતીમાં માનનાર; ઈશ્વર છે એવી શ્રદ્ધાવાળું.

આસ્તિગ્રામ જ. મથુરા જિલ્લામાં આવેલ રાવલ ગામનું જૂનું નામ. અહીં રાધાનો જન્મ થયો હતો.

આસ્તિત્વ [સં. અસ્તિ (હોવું તે) + ત્વ (પણું)] ન. હોવાપણું; હયાતી; હસ્તી.

આસ્તિન જુ. પાંખાળો સાપ.

આસ્તીક ૧. [સં.] પું. ભૃગુકુળમાં થયેલ જરત્કારુનો દીકરો; એ નામનો એક ઋષિ. તેણે જનમેજયના સર્પસત્રમાં તક્ષકનો પ્રાણ બચાવ્યો હતો.

૨. ન. મહાભારતના એક પર્વનું નામ.

૩. વિ. આસ્તીક મુનિ સંબંધી.

આસ્તીકજનની [સં. આસ્તીક (એક મુનિ) + જનની (મા)] સ્ત્રી. મનસાદેવી; વાસુકી નાગની બહેન; જરત્કારુ ઋષિની સ્ત્રી.

આસ્તીકમાતા [સં. આસ્તીક (એ નામનો એક ઋષિ) + માતૃ (મા)] સ્ત્રી. વાસુકી નાગની બહેન; આસ્તીકજનની.

આસ્તીન [જ.] સ્ત્રી. બાંય; હાથને ઢાંકતો પહેરવાના કપડાનો ભાગ.

૧. આસ્તીન ચઢાવવી = (૧) કામ કરવા તત્પર થવું. (૨) ધમકી આપવી. (૩) લડવા માટે તૈયાર થવું.

૨. આસ્તીનનો સાપ = મિત્રતાનો ઢોંગ ધરાવતો ઘરનો દુશ્મન; ખોફેમાં હળીમળી રહે અને હૃદયથી શત્રુ હોય એવો સાથી.

૩. આસ્તીનમાં સાપ પાળવો = શત્રુ અથવા અપકારીતકને પોતાની પાસે રાખી તેને નિભાવવો.

આસ્તીર્ણ ૧. [સં. આ (ઉપર) + સ્તીર્ણ (પાથરેલું)] વિ. પાથરેલું; બિછાવેલું.

૨. વિ. વિસ્તીર્ણ; ફેલાયેલું.

આસ્તૃત [સં. આ (ઉપર) + સ્તૃ (પાથરવું) + ત (એલું)] વિ. બિછાવેલું; આસ્તીર્ણ.

આસ્તે [જ. આહિસ્તા] જ. હળવે; ધીમે; ધીરજથી; ઘણી દોડથી નહિ એમ.

આસ્તેઆસ્તે ૧. [જ. આહિસ્તા] જ. ધીમે ધીમે.

૨. જ. ધીમેથી.

૩. જ. સાવચેતીથી; કુશળતાથી.

આસ્તેક [જ. આહિસ્તા (ધીરજથી) + ક (નામનાપણું બતાવનાર પ્રત્યય)] જ. જરા ધીમેથી.

આસ્તેકદમ ૧. [જ. આહિસ્તા (ધીમે) + કદમ (કદમ)] જ. ધીમું પગલું.

૨. વિ. ધીમું; મંદ.

૩. વિ. હળવે ચાલનારું.

૪. જ. ધીમે પગલે, મંદ ચાલે.

આસ્તોંબોસી [જ. આસ્તાન (ઉંબરો) + બોસીદન (ચૂમવું)] સ્ત્રી. ઉંબરાનું ચુંબન.

આસ્ત્ય [સં. અસ્તિ (હોવાપણું) + ય (પણું)] ન. આસ્તિકપણું; ઈશ્વર, વેદ અને પરલોકમાં શ્રદ્ધા.

બાપ બરાબર નહિ જ કેદનો,
હુકમ ન સમજે આસ્ત્યની. અખો

આસ્ત્રેય [સં. અસ્ત્રેય (કેફનાર દ્રવ્યોનું વ્યસન)] વિ. અસ્ત્રેય સંબંધી; કેફનાર દ્રવ્યોનું વ્યસન ધરાવનું.

આસ્થઈ [સં. અ (નહિ) + સ્થિર (દૃઢ)] વિ. અસ્થિર; ચંચળ.

આસ્થા ૧. [સં. આ (અર્થ વધુ વધારતો શરૂઆતનો અક્ષર) + સ્થા (સ્થિર થવું ધાતુ)] સ્ત્રી. અવિચલતા; સ્થિરતા; દૃઢતા; મક્કમપણું.

૨. સ્ત્રી. આદર; માન.

૩. સ્ત્રી. આલંબન; આધાર; ટેકો.

૪. સ્ત્રી. આશા, ઉમેદ, અપેક્ષા, દૃષ્ટિ.

૫. સ્ત્રી. આસક્તિ; પ્રેમ.

૬. સ્ત્રી. ખ્યાલ; ધ્યાન.

૭. સ્ત્રી. પ્રતિષ્ઠા; આબરૂ; મોટપ.

૮. સ્ત્રી. મૂડી; પૂંજી, પૈસો, દોલત; નાણું

૯. સ્ત્રી. વસ્તી; પ્રજાસત્તા; કોલોનિયા.

૧૦. સ્ત્રી. રહેવાનું ઠેકાણું; નિવાસસ્થાન.

૧૧. સ્ત્રી. વિશ્વાસ; ભરોસો.

૧૨. સ્ત્રી. શ્રદ્ધા; મક્કીનો ભાવ; પૂજ્યબુદ્ધિ.

૧૩. સ્ત્રી. સભા; બેઠક.

૧૪. સ્ત્રી. સ્થાન; જગ્યા, ઠેકાણું.

૧૫. સ્ત્રી. સ્થિતિ; હાલત; દશા.

આસ્થાઈ સ્ત્રી. (સંગીત) ગાયનના ચાર ભાગમાંનો એ નામનો એક; અસ્તાઈ.

આસ્થાઈ, અંતરા, આભોગ અને સંચારી એ જેવી રીતે ઢાકા ધ્રુપદ વગેરે પ્રબંધના ધાતુઓ કહેવામાં આવે છે તેમ જ પહેલાંના પ્રબંધ ગીતમાં એ વ્યવસ્થા હતી. પુરાતત્ત્વ

આસ્થાઈ બેહ્દાગ્દો (આસ્થાઈ બેદાગ્દો) પું. (સંગીત) એ નામની એક રાગિણી.

આસ્થાન ૧. [સં. આ (ઉપર) + સ્થા (બેસ લેવો)] ન. આસ્થા; શ્રદ્ધા; મક્કીન.

૨. ન. ઉપર જવાપણું; આરોહણ.

૩. ન. ક્રીડાભૂમિ; મોજ માણવાની જગ્યા.

૪. ન. જગ્યા; સ્થાન; ઠેકાણું.

૫. ન. બેસવાની જગ્યા; બેઠક.

૬. ન. માન; આદર.

૭. ન. યત્ન; મહેનત; ઉદ્યોગ.

૮. ન. વિશ્રામસ્થાન; આરામ લેવાનું ઠેકાણું.

૯. ન. સભા; દરબાર.

૧૦. ન. સભાનું ઠેકાણું.

૧૧. ન. સભામંડપ.

આસ્થાનગૃહ [સં. આસ્થાન (સભા) + ગૃહ (ઘર)] ન. સભામંડપ; કચેરીનો ઓરડો; આસ્થાનમંડપ.

આસ્થાનનિકેતન [સં. આસ્થાન (સભા) + નિકેતન (ઘર)] ન. સભાગૃહ; કચેરી ભરવાનો મંડપ.

આસ્થાનમંડપ ૧. [સં. આસ્થાન (સભા) + મંડપ (ખાંટો)] પું. કચેરી ભરવાનો મંડપ; દરબાર ભરવાનો ઓરડો.

આસ્થાનમંડપ વડી આરીજ, કમર વેરિ બહારિ. જ્ઞાનસુ

૨. પું. દીવાનેખાસ.

આસ્થાનિક [સં. આ (વિશેષ) + સ્થાનિક (જગ્યાનું)] વિ. જગ્યાથી મળેલું.

આસ્થાની ૧. [સં. આસ્થાન (સભા)] સ્ત્રી. કચેરી ભરવાનો ઓરડો.

૨. સ્ત્રી. સભા; મંડળી; દરબાર.

આસ્થાપન ૧. [સં. આ (અર્થ વધુ વધારતો શરૂઆતનો અક્ષર) + સ્થાપન (જગ્યા ઉપર મૂકવું તે)] ન. આરોપણ; સારી રીતે મૂકવાપણું.

૨. ન. મુદ્દા ઘાટે ચઢાવવાની ક્રિ અથવા તેવી પિચકારી; સુશ્રુતમાં કહેલ એક અસ્તિકર્મ.

૩. ન. મજબૂતી આપનારો ઉપાય.

આસ્થાપનબસ્તિ [સં. આ (અર્થ વધુ વધારતો શરૂઆતનો અક્ષર) + સ્થાપન (મૂકવું તે) + બસ્તિ (એક જાતની પિચકારી)] સ્ત્રી. બસ્તિનો એક પ્રકાર; મુદ્દા ઘાટે દૂધ, કવાથ કે ખારી ચઢાવવાની પિચકારી.

આસ્થાપિત [સં. આ (અર્થ વધુ વધારતો શરૂઆતનો અક્ષર) + સ્થાપિત (મૂકેલું)] વિ. સારી રીતે સ્થાપેલ; સારી રીતે મુકાયેલ; આરોપણ કરેલું.

આસ્થાયિકા ૧. [સં. આ (અર્થ વધુ વધારતો શરૂઆતનો અક્ષર) + સ્થા (આશ્રય લેવો)] સ્ત્રી. આરામ લેવાનું ઠેકાણું; વિશ્રામસ્થાન.

૨. સ્ત્રી. પ્રેક્ષકવર્ગ; સભા; મંડળી.

૩. સ્ત્રી. શ્રદ્ધા; ભાવ; વિશ્વાસ.
૪. સ્ત્રી. સ્થિતિ; દશા; હાલત.

આસ્થાવૃદ્ધ [સં. આસ્થા (ભાવ) + આવૃદ્ધ (ચોરેલું)] વિ. શ્રદ્ધાળુ; ભાવિક; આસ્થાવાળું.

આસ્થાવાન ૧. [સં. આસ્થા (હમેશ) + વત્ (વાળું)] વિ. આશાવાળું; અપેક્ષા રાખતું.
૨. વિ. આસ્થા હોય એવું; શ્રદ્ધાવાળું; ભાવિક.
૩. વિ. પૈસાદાર; સાહુકાર.
૪. વિ. વફાદાર; વિશ્વાસુ.
૫. વિ. સ્થિર; અચળ; દૃઢ.

આસ્થાવાળું ૧. વિ. આશાવાળું.
૨. વિ. દૃઢ; સ્થિર.
૩. વિ. પૈસાદાર; સાહુકાર.
૪. વિ. વફાદાર; વિશ્વાસુ
૫. વિ. શ્રદ્ધાળુ; ભાવિક.

આસ્થિક ૧. [સં. આસ્થા (શ્રદ્ધા) + ઇક (વાળું)] વિ. આસ્થાવાળું; શ્રદ્ધાળુ; ભાવિક.
૨. વિ. ઉમેદ રાખનાર; આશાવાળું.
૩. વિ દૃઢ; સ્થિર.
૪. વિ. પૈસાદાર; ધનવાન.
૫. વિ. વફાદાર; વિશ્વાસુ.

આસ્થિત ૧. [સં. આ (મર્યાદામાં) + સ્થિત (રહેલ)] વિ. ચૂકાયેલું; મશગૂલ.
૨. વિ. ચોરેલું; આવૃદ.
૩. વિ. ઢબ્બેલું; આમ.
૪. [સં. આ (બધે) + સ્થિત (રહેલું)] વિ. પથરાયેલું; વિસ્તૃત.
૫. [સં. આસ્થા (મેળવવું) + પ્રાપ્ત (મેલું)] વિ. મેળવેલું; પ્રાપ્ત કરેલું.
૬. વિ. રોકેલું; ઘેરેલું.
૭. વિ. વસેલું; રહેલું.
૮. [સં. આસ્થા (વાપરવું) + પ્રાપ્ત (મેલું)] વિ. શરણ લીધેલ; આશ્રિત; આશ્રય પામેલ.
૯. વિ. સારા વર્તનવાળું; આચારવાળું.
૧૦. [સં. આસ્થા (ચડવું)] વિ. સ્થિતિ પામેલું.

આસ્થિતિ ૧. [સં. આસ્થા (ચાલવું)] સ્ત્રી. તાત્પર્યથી વર્તન; મન, વાણી અને કાયાથી આચરણ.
૨. સ્ત્રી. દશા; હાલત.

આસ્તનાર પું. (જરથોસ્તી) મરણ બોટલે એક જાતની ક્રિયા પ્રાર્થના માટે જરથોસ્તી એક ધર્મગુરુ બોલાવે છે. એ ક્રિયામાં વપરાતાં વાસણ અને બીજી સાફ કરનાર મદદગીર ધર્મગુરુ.

આસ્તાન ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો સમાનતો અક્ષર) + સ્તા (બાંધવું) + અન (પ્રત્યય)] ન. બાંધવું; બાંધવું તે.
૨. ન. બાંધવાનું પાણી; સ્નાનોદક.
૩. ન. સ્વચ્છતા; પવિત્રપણું; શુદ્ધિ.

આસ્તિનદેહુખેરદ વિ. (જરથોસ્તી) પુરસ્તી કાપણ્ય કરાવનાર.

આસ્તની સ્ત્રી. બેઠક; આસન.

આસ્તપદ ૧. [સં. આ (ઉપર) + પદ (સ્થાન રહેવું)] ન. અવલંબન; આધાર; ઓથ; ટેકો; આશ્રયસ્થાન.
૨. ન. (જ્યોતિષ) કુંડળીમાં લગ્નથી દશમું સ્થાન.
૩. ન. કૃત્ય; કામ; કર્મ.
૪. ન. જગ્યા; સ્થળ; ઠેકાણું; પદ.
૫. ન. પદવી; ઓહદો; હોદો; દરજ્જો.
૬. ન. પ્રતિષ્ઠા; ઉચ્ચતા; આબરૂ.
૭. ન. પ્રભુત્વ; મોટાપણું; વડાઈ.
૮. ન. ભલાઈ; સારાપણું; સુજ્ઞતા.
૯. ન. પક્ષ; કુળ; જાતિ.
૧૦. ન. વિષય; મુદ્દો; વસ્તુ.
૧૧. ન. સત્તા; અમલ; દોર; અધિકાર.
૧૨. ન. સ્થિતિ; દશા; હાલત.
૧૩. વિ. ઉપજનાર. આ અર્થમાં આ શબ્દ સમાસને અંતે વપરાય છે. જેમકે, હાસ્ય + આસ્પદ = હાસ્યાસ્પદ; હાસ્ય + આસ્પદ = હાસ્યાસ્પદ.
૧૪. વિ. લાયક; પાત્ર. સમાસને છેડે આ શબ્દ વપરાય છે. જેમકે, શોભાસ્પદ.

આસ્પર્ધા [સં. આ (અર્થ વધુ વપરાતો સમાનતો અક્ષર) + સ્પર્ધા (હરીફાઈ)] સ્ત્રી. અસ્પાયરસી; હરીફાઈ; સરસાઈ.

આસ્પર્ધી [સં. આ (અર્થ વધુ સમાનતાનો વપરાતો અક્ષર) + સ્પર્ધા (હરીફાઈ) + ઇન્ (વાળું)] વિ. હરીફાઈમાં ઊતરનારું; સરસાઈ કરનારું.

આસ્પંદ [સં. આ (ચોરું) + સ્પંદ (ફરવું)] પું. કંપ; ધ્રુજારી.

આસ્પંદન [સં. આ (ચોરું) + સ્પંદ (ફરવું) + અન (પ્રત્યય)] ન. ચેષ્ટા; ધ્રુજારી; આંદોલન; કંપ; ઝોલો.

આસ્પાત્ર [સં. આસ્ય (મોઢું) + પાત્ર (વાસણ)] ન. મુખપાત્ર વાસણ.

આસ્પિરેટર [અં. એસ્પિરેટર] ન. ચૂસવાનું ઓજાર.

આસ્પેરેગસ [અં. એસ્પેરગસ] પું. એ નામનો એક વિલાયતી ભાજીપાલો, જેનું વાવેતર ચોમાસામાં થાય છે. તે કુમળો હોય ત્યારે તેને બારામાં વપરાતો સફેદ રંગનો ફોલ ફૂટે છે.

આસ્ફાતિમ ૧. ન. એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જઈ શકાય એવું એક આયુધ એટલે રાજ.
૨. ન. લડાઈનું એક જૂનું હથિયાર. તેમાં લાકડી સાથે લોખંડની કોથળી હોય અને તે અવાજ કરવા માટે વપરાય.

આસ્ફાલિ ૧. [સં. આ (ચોકું) + સ્ફાલ (ચાલવું)] પું. ચોકું હલાવવું તે; કમોળવું તે.
૨. પું. હાથથી ચાપટ મારવાપણું.
૩. પું. હાથીના કાનનું ફફડવું તે.

આસ્ફાલન ૧. [સં. આ (બધે) + સ્ફાલ્ (હલાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અથડામણ; આળાદ; પછાડ; આંચકો, સપર્ધા.
૨. ન. આડોપ; આડંબર.
૩. ન. ચાલ; ગતિ.
૪. ન. છબછબાટ; હાથથી મરાતા ચાપોટા; ચાપ.
૫. ન. ખનરાજ; બડાશ.
૬. ન. પ્રાગલ્ભ; ઉદ્ધતાઈ.
૭. ન. મારું તાડન.
૮ ન. હલાવવું તે.
૯. ન. હાથીના કાનનો ફફડાટ.

આસ્ફુર્જિત્ ૧. [સં. આ (બધે) + સ્ફુર્જ્ (પ્રકાશવું)] પું. (જ્યોતિષ) શુક્ર મહનું એક નામ.
૨. પું. શુક્રાચાર્ય.

આસ્ફોટ ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો સમાનતો અક્ષર) + સ્ફુટ્ (ફોડવું)] પું. અવાજ; ફોડ.
૨. પું. ભાકડો; ભંડાર.
૩. પું. ભભો વાગવાપણું.
૪. પું. પછાડવાથી થતો અવાજ; સંઘર્ષણથી થતો શબ્દ.
૫. પું. વાગવાથી થતો અવાજ.
૬. પું. ધડાકો; બડાકો.
૭. પું. ધ્રુજારી; કંપારી.
૮. પું. પ્રગટીકરણ; જાહેરાત; ખુલ્લું કરવાપણું; પ્રકાશન.
૯. પું. ફુલાવવું તે.
૧૦. પું. ભાકડો; બડાકો.
૧૧. પું. ઓટા અવાજ સાથે ભાંગી અથવા તૂટી જવાપણું.
૧૨. પું. વસ્તુ અથડાવાથી થતો અવાજ.
૧૩. પું. ચટણીનો ભાકુરાબ્દ.

૧૪. કું. સપડાયેલી બનાજ ઝાટકી સાફ કરવું તે.

આસ્ફોટક ૧. [સં.] કું. ગાભરોટ.

૨. વિ. બાકુશાસ્ત્ર કરનાર.

આસ્ફોટક ૧. [સં. આ (અર્થ વધારો કરનારો ઉપસર્ગ) + સ્ફુટ્ (ફૂટવું) + અન (પ્રત્યય)] ન. બનાજ સાથે ભાંગફોડ.

૨. ન. ઊપજવાની ક્રિયા.

૩. ન. જાહેરાત; પ્રગટ કરવાપણું; પ્રકટન.

૪. ન. ચાળવાપણું; આસ્ફોટ.

૫. ન. ફોડ.

૬. ન. ભડાકો; ધડાકો.

આસ્ફોટન ૧. [સં. આ (અર્થ વધારો કરનારો ઉપસર્ગ) + સ્ફુટ્ (ફૂટવું) + અન (પ્રત્યય)] ન. બનાજ સાથે ફૂટવું કે ભાંગી જવું તે.

૨. ન. ઝાટકવાની ક્રિયા.

૩. ન. તાલનો અવાજ.

૪. ન. ચાળવું તે; આસ્ફોટ.

૫. ન. ધડાકો; ભડાકો.

૬. ન. પ્રકારના; જાહેર કરવાપણું.

૭. ન. ફોડ.

આસ્ફોટની ૧. [સં. આ (અર્થ વધારો કરનારો ઉપસર્ગ) + સ્ફુટ્ (ફોડવું)] સ્ત્રી. માખી વીંધવાનું એક યંત્ર.

૨. સ્ત્રી. ચારણી.

આસ્ફોટવું [સં. આ (અર્થ વધારો કરનારો ઉપસર્ગ) + સ્ફુટ્ (ફોડવું)] સ. ક્રિ. ભોરથી ઝાટકાવવું.

આસ્ફોટા ૧. [સં. આ (વધારે) + સ્ફુટ્ (ખીલવું)] સ્ત્રી. નવમલ્લિકા; નવમાલતી. લતા; ભૂઈ.

૨. સ્ત્રી. વિષ્ણુક્રાન્તા; અપરાજિતા; અરણી.

આસ્ફોત ૧ [સં.] કું. આકડો.

૨. કું. કોવિદાર વૃક્ષ.

૩. કું. આખરો.

આસ્ફોતક [સં.] કું. આકડો.

આસ્ફોતા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ; ઉપલસરી ધોળી; કપૂરીમસુરી.

૨. સ્ત્રી. એક જાતની વેલ; અરણી, અપરાજિતા.

આસ્યમતપના [સં. અસ્યમત (સ્ત્રિયા) + સં. પ્નાક્ (પાલન)] સ્ત્રિ. સ્ત્રી. સતી; પતિવ્રતા; પાકદામન.

આસ્યમતપનાહ [સં. અસ્યમત (સ્ત્રિયા) + સં. પ્નાક્ (પાલન)] સ્ત્રિ. સ્ત્રી. પતિવ્રતા; સતી.

આસ્યાક [સં. અસ્મદ્ (હું)] સ્ત્રિ. અમારું; અમારા સંબંધી.

આસ્યાકીન [સં. અસ્મદ્ (હું)] વિ અમારું.

આસ્યાન ૧. કું. દખ્ખણી સલ્તનના મહિનાનો સત્તાવીસમો દિવસ.

૨. કું. (જ્યોતિષ) એ નામનો એક વજન; ચોથા મુખ્ય કિરણના કેતુરશ્મિના ત્રણ વજનકાર એટલે સાથે ક્રમ કરનાર માઠેનો એક.

૩. કું. જ્યોતિષી મતનો સત્તાવીસમો દિવસ.

૪. [ફા. આસ્ત (ખીલું પદ) + માન (રક્ષક)] ન. આકાશ; ગગન; આસમાન.

૧. આસ્યાન ઉપર બેઁચવું = મગરૂર થવું.

૨. આસ્યાન ઉપર ચડાવવું = (૧) અહંકાર વધારવો કરવો. (૨) ખુશામત કરવી.

૩. આસ્યાન ઉપર ચૂંકવું = મર્મકઠિયાળું.

૪. આસ્યાન તાકવું = મગરૂર હોવું.

૫. આસ્યાનથી ટકર આવી–વાતો કરવી = બહુ જ ઊંચું હોવું.

૬. આસ્યાનમાં પૈર ધરાવવું = અભિમાની થવું.

૫. ન. તેજ; પ્રકાશ.

૬. ન. સ્વર્ગ.

આસ્યાનબોંચા ૧. [હિં.] કું. બહુ જ ઊંચી વસ્તુ.

૨. કું. મેડી ઉપર પટાંચે ગોરી લાંબી નળીવાળી તુપકો.

૩. વિ. આકાશ સુધી પહોંચે એવું; ગગનચુંબિત.

આસ્યાનગીરો [આસ્યાન (તેજ) + ગીર (ગ્રહણ)] સ્ત્રી. ચંદરવો; ચંદની; છત.

આસ્યાનપાક [આસ્યાન (આકાશ) + પાટ (આજટ)] કું. આકાશરૂપી વિશાળ પાટલો.

આસ્યાની ૧. સ્ત્રી. લાંબ, તાડી જેવી મીઠી ચીજ.

૨. [ફા. આસ્યાન (આકાશ)] વિ. આકાશના જેવા રંગવાળું.

૩. વિ. આકાશમાંથી ઊતરેલું.

૪. વિ. ઓચિંતું; અણધાર્યું.

૫. વિ. દૈવી.

આસ્યાની મજાક જોવા–અનેરો = દૈવી આફત.

આસ્યાની આફત (આસ્યાની આફત) [ફા. આસ્યાની (દૈવી) + અ. આફત (સંકટ)] સ્ત્રી. દૈવી સંકટ; અણધારી મુસીબતી; ઓચિંતું દુઃખ.

આસ્યાની તીર ૧. [ફા. આસ્યાની (દૈવી) + તીર (બાણ)] ન. દૈવી આફત.

૨. ન. નુકસાનકારક કામ.

૩. ન. કલામાં અરેલું અણી બાણ.

આસ્યાની ફરમાની (આસ્યાની ફરમાની) ૧. [હિં.] સ્ત્રી. અંદાજ દંડ અને બાકસા રકમ.

૨. [ફા. આસ્યાની (દૈવી) + ફરમાન (હુકમ)] સ્ત્રી. દૈવી હુકમ.

૩. સ્ત્રી. વરસાદને લીધે વિશેષ પ્રમાણમાં આવી પડેલ અણધારેલ આફત.

આસ્યાની બલા [ફા. આસ્યાની (દૈવી) + બલા (આફત)] સ્ત્રી. આસ્માની આફત; દૈવી કોપ.

આસ્યાની વાદળી સ્ત્રી. અણધારી આફત; દૈવી સંકટ.

આસ્યાની સુલતાની ૧. [ફા. આસ્યાની (દૈવી) + સુલતાની (રાજ્યનું)] સ્ત્રી. અસ્તોદય; મરતીપડતી; સુખદુઃખ.

૨. સ્ત્રી. કુદરતી આફત; દૈવી કોપ.

આસ્રિમતા [સં. અસ્રિમ (હું પણું) + તા (પ્રત્યય)] સ્ત્રી. પોતાપણાનું ભાન; અસ્રિમતા.

આસ્ય ૧. [સં.] ન. મોં અથવા મહામુખનું મોં.

૨. ન. અદેરો.

આનન આસ્ય સમન વદન વક્ત્ર તુંડ ઘણી નામ.
મુખની શોભા જોઈને લાગ્યા કોટિક કામ.
વિક્રમચરિત્ર

૩. ન. મુખ; મોઢું.

૪. ન. મોઢાનો વચલો ભાગ.

૫. વિ. મુખમાં રહ્યું.

૬. વિ. મોં ઉપર આવેલું.

આસ્યપત્ર [સં. આસ્ય (મોઢું) + પત્ર (પાંદડું)] ન. કમળનું પત્ર.

આસ્યપાક [સં. આસ્ય (મોઢું) + પાક (પાકવું તે)] કું. મોઢું આવી જવાપણું.

આસ્યસાંગલ્ય ૧. [સં. આસ્ય (મોઢું) + સાંગલ્ય (હલ)] કું. કુતરો.

૨. કું. ભૂંડ; ડુક્કર સૂવર.

૩. કું. રીંછ.

આસ્યસોમ [સં. આસ્ય (મોં) + સોમન્ (વાળ)] સ્ત્રી. દાઢી.

આસ્યસ્વિદ્ભુજ [સં. આસ્ય (મોઢું) + સ્વિદ્ભુજ (ઓઢવું ખેડવું તે)] કું. (કાવ્ય) એ નામનો અનુભાવ. જેમાં મનના ભાવને જણાવવા આડે મોટે ભોગવાય છે.

આસ્યશશી [સં. આસ્ય (મોં) + શશિન્ (ચંદ્ર)] કું. ચંદ્રરૂપી મુખ.

આસ્યંદન [સં. આ (અર્થ વધારે વધારતો ઉપસર્ગનો અક્ષર) + સ્યંદ્ (ઝરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. વહેવું; ઝરવું.

આસ્યંધય ૧. [સં. આસ્ય (મોં) + ધય (પાવનાર)] ન. મોઢાનું ચુંબન.
૨. વિ. મોંનું ચુંબન કરનાર.

આસ્યા ૧. સ્ત્રી. (જૂ. પ્રા.) આશા; ઉમેદ.
૨. સ્ત્રી. બેસવાનું; બેસવાની જગ્યા.
૩. સ્ત્રી. ઇચ્છા; વાંછા.
૪. સ્ત્રી. મોજ; આરામ.પણું.
૫. સ્ત્રી. નિવાસ; રહેઠાણ.
૬. સ્ત્રી. પરાજ.
૭. સ્ત્રી. પ્રયત્ન; ઉપાય.
૮. સ્ત્રી. સભા; મંડળી.
૯. સ્ત્રી. સ્થિતિ; દશા; હાલત.

આસ્યાસવ ૧. [સં. આસ્ય (મોં) + આસવ (રસ)] પું. થૂંક; મોઢાનો રસ.
૨. પું. બચ્ચી; મોઢાનું ચુંબન.

આસૃક [સં. આ (બધે) + સૃ (વહવું)] ન. લોહી; રક્ત; રુધિર.

આસૃપ ૧. [સં. આસૃ (લોહી) + પા (પીવું)] પું. રાક્ષસ; અસુર. તે લોહી પીએ એમ મનાતું હોઈ તેને આસૃપ કહે છે.
૨. ન. (જ્યોતિષ) મૂલ નક્ષત્ર.
૩. વિ. લોહી પીનાર.

આસ્રમ પું. આશ્રમ; જિંદગીના ચાર વિભાગ, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ એ ચાર વિભાગમાંનો દરેક.

આસ્રવ ૧. [સં.] પું. ઉદ્રિયદ્વાર; શરીરની ઉદ્રિયોનું કાણું.
૨. પું. ઊકળતા ચોખાનાં ફીણ.
૩. પું. (જૈન) કર્મબંધહેતુ; જેથી કર્મ બંધાય તે નિમિત્ત. કર્મનું આત્મામાં દાખલ થવું તે અથવા તેના નિમિત્તરૂપ પાપવૃત્તિ; કર્મના બંધનરૂપ બહારનું કામ.
૪. પું. કલેશ; દુઃખ; પીડા.
૫. પું. ગુનો; દોષ; અપરાધ.
૬. પું. છોડવું તે.
૭. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્રુ (વહેવું)] પું. ટપકાડ; ઝરવું; ઝરણું.

આસ્રવણ [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્રુ (વહેવું) + અન (પણું)] ન. કર્મરૂપે સંબંધ; કર્મરૂપ પ્રવાહનું આત્મામાં દાખલ થવું તે.

આસ્રવનિરોધ [સં. આસ્રવ (કર્મનું બંધન) + નિરોધ (અટકાવ)] પું. આવતાં કર્મને રોક.

આસ્રવાનુપ્રેક્ષા [સં. આસ્રવ (કર્મનું બંધન) + અનુપ્રેક્ષા (ઝીણો વિચાર)] સ્ત્રી. (જૈન) બાર ભાવનામાંની એક. આવનાર ઉદ્રિય સુખના પ્રેમમાંથી થતાં ખરાબ પરિણામનો વિચાર.

આસ્રાવ ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્રાવ (વહેવું તે)] પું. પાક; જખમ; ક્ષત. જખમમાંથી લોહી વહેતું હોઈ તેને આસ્રાવ કહેવાય છે.
૨. પું. ઝરણ.
૩. પું. ચૂંક.
૪. પું. દુઃખ; કલેશ; પીડા.
૫. પું. વહેણ.
૬. ન. પરુ.
૭. વિ. ઝરતું.

આસ્રાવી ૧. [સં. આસ્રાવ (જખમ) + ઇન્ (વાળું)] વિ. જખમવાળું; જેને ક્ષત થયેલ હોય એવું.
૨. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્રાવિન્ (વહેનાર)] વિ. ઝરવાના સ્વભાવવાળું.

આસ્સી ૧. પું. અનુચારી; નોકર.
૨. [હિં.] પું. ખુશામત કરનાર.
૩. પું. હમની ક્રિયા કરનાર બાહ્મણ.
૪. [સં. આસ્ય (લોઢી) + ઇન્ (વાળું)] વિ. લોહીવાળું.

આસ્સીભૂત ૧. [હિં.] પું. અનુચારી; નોકર.
૨. પું. ખુશામત કરનાર માણસ.
૩. પું. હમવિધિ કરનાર બાહ્મણ.

આસ્સોન ન. આંખમાં દીપાં નાખવાં તે.

આસ્વક્ષ ન. (જ્યોતિષ) સપ્તર્ષિ અથવા ધ્રુવમત્સ્યનું નક્ષત્ર.

આસ્વાગત [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સુ (સારી રીતે) + આગત (આવેલું)] સ્ત્રી. આગતાસ્વાગતા; પરોણાગાહી; મહેમાનગીરી; આતરબરદાસ.
આસ્વાગત લાં અદિકી ક્રીધ,
પ્રિતે અસ્તુ પોર્ષે અમૃત પીધ. સામળ

આસ્વાદ ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું)] પું. ચાખાનો ભાવ; ચાખા માટે પ્રેમ.
૨. પું. ચાખવું તે; સ્વાદ લેવાપણું.
૩. પું. માણવું તે; મજા ભોગવવાપણું.
૪. પું. રસ લેવાપણું; રસનો અનુભવ લેવો તે.
૫. પું. રુચિ; સ્વાદ.
૬. પું. શૃંગાર, મધુર વગેરે રસ.

આસ્વાદક ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું) + અક (કરનાર)] વિ. ચાખનાર; સ્વાદ લેનાર; સ્વાદિયું.
૨. વિ. રસ લેનાર; માણનાર.

આસ્વાદન ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું) + અન (પણું)] ન. ચાખી જોવું તે; સ્વાદ લેવાપણું.
૨. ન. રસનો અનુભવ; મજા માણવાપણું.

આસ્વાદનીય ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું) + અનીય (જેવું)] વિ. ચાખવા જેવું.
૨. વિ. મજા લેવા લાયક; રસ લેવા જેવું.
૩. વિ. સ્વાદુ; સ્વાદવાળું; સ્વાદિષ્ટ.

આસ્વાદવું ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું)] સ. ક્રિ. ચાખવું; સ્વાદ લેવો.
૨. સ. ક્રિ. ભક્ષણ કરવું; ખાવું.
૩. સ. ક્રિ. ભોગવવું; માણવું; મજા લેવી.
૪. સ. ક્રિ. રસ લેવો.

આસ્વાદિત ૧. [સં. આ (નિર્ણય વપરાતો પૂર્વસર્ગ) + સ્વાદ (ચાખવું) + ક્ત (એલું)] વિ. ચાખેલું; સ્વાદ લીધેલું.
૨. વિ. ભક્ષણ કરેલું; ખાધેલું.
૩. વિ. મજા માણેલું.
૪. વિ. રસ લીધો હોય એવું.

આસ્વાદ્ય ૧. [સં. આ (અર્થ વધુ વપરાતો શબ્દાતનો અક્ષર) + સ્વાદ (ચાખવું) + ય (જેવું)] વિ. ચાખવા જેવું; સ્વાદ લેવા યોગ્ય.
૨. વિ. સ્વાદિષ્ટ.

આસ્વાસ [સં. આશ્વાસ (દિલાસો દેવો)] પું. સાંત્વન; આશ્વાસન; દિલાસો; ધીરજ.

આસ્વાસના [સં. આશ્વાસ (ધીરજ આપવી)] સ્ત્રી. સાંત્વન; દિલાસો; આશ્વાસના.

આસ્વાસન [સં. આશ્વાસ (સાંત્વન આપવું)] ન. ધીરજ; દિલાસો; આશ્વાસન.

આસ્સ [અ.] પું. પહેરો; ચોકી.

આહુ ૧. [સં.] પું. અત્રાપુ આવાથી નીકળતો અવ.જ.
૨. સ્ત્રી. આમણ.
૩. સ્ત્રી. ઢોરને પ્રસવ થતાં બહાર નીકળતો માંસનો લોચો; ઓર.
૪. સ્ત્રી. ત્રાસ; ભય; ડર; બીક.
૫. સ્ત્રી. બળ; શક્તિ; સામર્થ્ય.
૬. સ્ત્રી. સાહસ; જોખમ ભરેલું કામ.
૭. સ્ત્રી. હાય; નિસાસો; નિઃશ્વાસ.

૬. વિ. (રોગ) ઉત્તેજિત; આતુર.
૬. અ. અરેરે; પીડા, શોક, દુઃખ, ખેદ અને ગ્લાનિ બતાવનાર અવ્યય.

આહુક ૧. પું. કણીયુનો.
૨. [સં.] પું. (વૈદક) નાકના સૂજવાથી આવતો તાવ; નાસાજ્વર.

આહુકજ્વર [સં. આહુક (નાકનો સોજો) + જ્વર (તાવ)] પું. નાસાજ્વર.

આહુડ ૧. [હિ.] પું. પગલાંનો શબ્દ; પગરવ.
૨. પું. પત્તો; નિશાન.
આહુડ લેવો = તપાસ રાખવી; સંભાળ લેવી.
૩. અ. મુદ્દે; બાબતે.

આહુડવું અ. ક્રિ. પરસ્પર અથડાવું.
તીરે પાણી અમે પગ, આઠે પહોર આહુડતાં;
તે દીની દામોદર, નથી નથી કાંઈ નાગડા.
નાગવાળો–નાગમતીનો દુહો

આહુડવું (આહડવું) સ. ક્રિ. (આગમ) પ્રવાહી પદાર્થ અફરાતિમા જેમ આવુ.

આહુડી (આહડી) પું. પારધી; શિકારી.
અમરજ હળો આહુડી કરે, કાબર તે મુખ વાળી ચરે. વાદર

આહુણવું [સં. આ (અર્થ વગર વપરાતો શબ્દાગળનો અક્ષર) + હન્ (હણવું)] સ. ક્રિ. મારી નાખવું; ઘાત કરવો; વધ કરવો.

આહુણો [સં. અપત્ય; અપ. અહવણ] વિ. અધમ; હલકું.

આહુત ૧. પું. નગારું; ઢોલ; ઢક્કા.
૨. પું. (સંગીત) વાદી સ્વરથી સંવાદી સ્વર ઉપર અથવા સંવાદી સ્વરથી વાદી સ્વર ઉપર જવાની રીત.
૩. અ. અર્થ વગરની બોલીઃ બની ન હોય તેવી વાત કહેવી તે. જે વંધ્યાપુત્ર એટલે વાંઝણીનો દીકરો જે એવું બોલવું તે.
૪. વ. ખૂબ ઘસડું.
૫. વ. નહિ પહોંચેલું બોળું ઘસડું; નવું ઘસડું.
૬. વિ. અથડાયેલ; અફળાયેલ.
૭. વિ. અભ્યાસ કરેલ.
૮. વિ. અમુક થવું કરેલ; ગુણ્ય.
૯. વિ. આઘાત પામેલ; પ્રહાર કરાયેલું; માર મારેલું; તાડિત.
૧૦. [સં. આ (ચોકું) + હત (મારેલ)] વિ. ઈજા પામેલ; ઘાયલ; જખમી.
૧૧. વિ. કંપેલું; ચલિત.
૧૨. વિ. ઓળંગેલું; ભંગ કરેલ.
૧૩. વિ. છૂંદેલું; કચરેલું.
૧૪. વિ. બાફેલ.
૧૫. વિ. ધોયેલું.
૧૬. વિ. પરસ્પર ત્રિરુદ્ધ.
૧૭. વિ. પુરાવું; ભર્યું; ભરાવી; પુરાતની.
૧૮. વિ. મદથી ઘેરાયેલ.
૧૯. વિ. મારેલું; હણાયેલું.
૨૦. વિ. વગાડેલું.
૨૧. વિ. સાંભળી શકાય એવું.
વક્ષ આદિ ઉદ્ગલિત, જરાયુ માતૃ ભક્તિ,
એમા આહુત નાદ સહી ઉત્પત્તિ થતી.
સંગીતસાર

આહુતનાદ [સં. આહુત (અથડાયેલ) + નાદ (અવાજ)] પું. આઘાતથી ઉત્પન્ન થતો ધ્વનિ; પડઘો; પડઘડો.

આહુતનાદશાસ્ત્ર [સં. આહુત (સંભળાય તેવું) + નાદ (અવાજ) + શાસ્ત્ર (વિદ્યા)] ન. (સંગીત) માણસ જાતથી સાંભળી શકાય એવા અવાજનું શાસ્ત્ર; સંગીત અને નાદ બંને મળીને થતું શાસ્ત્ર. કાનને મીઠા લાગતા નાદને સ્વર કે સુર કહેવાય. એ સ્વરના વિવેચન અને ઉપયોગ વિશે જે નિયમો હોય તેના સંગ્રહને સંગીતશાસ્ત્ર કહેવાય. જયપુર અવાજની ઉત્પત્તિ, સ્થિતિ, વહન એટલે કઈ જવાનું કામ, વંટોળ વગેરે વિશે વિચાર જે શાસ્ત્રમાં સૂક્ષ્મ રીતે કરવામાં આવે તેને નાદશાસ્ત્ર કહે છે.

આહુતા [સં.] સ્ત્રી. કુંડલિનીનો એક જાતનું નગારું.

આહુતિ ૧. સ્ત્રી. અવાજ થાય એવો સંશ્લેષ.
૨. સ્ત્રી. આગમન.
૩. [સં. આ (ચોકું) + હતિ (મારવાપણું)] સ્ત્રી. ઈજા.
૪. સ્ત્રી. (ગણિત) ગુણાકાર.
૫. સ્ત્રી. ઠમઠોરવું તે.
૬. સ્ત્રી. તાડનઃ અથાતઃ ઘાઃ ફટકોઃ પ્રહાર.
૭. સ્ત્રી. મર્દનઃ ઓલિત.
૮. સ્ત્રી. હનનઃ હત્યા; ખૂન.

આહુન ૧. [સં. આ (ચોકું) + હન્ (મારવું)] વિ. ઉદ્ગારઃ કાપનાર.
૨. વિ. ચેદા કરેલ; ઉત્પન્ન.
૩. વિ. ભંગોત્પત્તિ કરનાર.
૪. વ. ઠગાઈ.
૫. વ. બનાદીથી; તરતઃ રીતિ.

આહુની પું. આઠમરના વખતમાં મનસાગ એટલે પદની ન આપી હોય એવા બાહોશ, ઠક્કા અને અપણા કામદાર. તેઓ બાદશાહ સિવાય બીજા કોઈના હુકમ તળે રહેતા નહિ. એમનો મુખ્ય કોઈક વડો અમીર હોય. આ લોકમાં દાખલ થવાની જેની ઇચ્છા હોય તેમને એકઠા કરવા એક કામદાર નીમવામાં આવતો. તે તેમની તરફથી કહ્યું નજરાણું વગેરે નહિ લેતાં તેમને બાદશાહ પાસે લાવે. બાદશાહ તેમની પરીક્ષા કરી ચૂંટણી કરે અને તેમના ચહેરાનું વર્ણન લખી લે. પછી બધી જમીનગીરી લઈ 'અરાલુદ્દ' બનાવી તેમને ફરી મહેલમાં લઈ જાય. હવે તેમનો પગાર સવાયો દોઢો અથવા દસથી સત્તર રૂપિયા સુધી વધારવામાં આવે. કેટલાક આહદીને ૫૦૦) રૂપિયા સુધી પગાર મળતો. બાદશાહ આગળ બીજી વખત હાજર થયા પછી તેમના ચહેરા ઉપર નવા આંકનો છાપ મારે. 'સિપ્પુત' એટલે ત્રીજી વાર લાવ્યા પછી તેમને એક પરવાનો મળે. તે હમેશાં આગળ ધરવામાં ઉપયોગી થઈ પડે. તેમને દર બાર મહિને ચહેરાનું વર્ણન અને 'હુલાનનામા'ની એટલે હુલાતનામાની તપાસણી કરાવવા આ બાતાના દીવાન અને બક્ષી પાસે જવું પડતું. તેમની 'તસદીક' એટલે સાબિતી જતાં બક્ષીનાનો મુતસરિદ્દ એમના નામની 'કબજ' અથવા પગારનો હુકમ અને 'રસીદ' તૈયાર કરે. તેની ઉપર સરકારી કામદારની સહી થતાં બક્ષીજી તેને પગાર ચૂકવે. વર્ષમાં છ માસ પગાર નહીં મળે. બે માસ ઘોડાના બીજા અર્થે ચેટ અટકાવી જમા કરવામાં આવે. તે ઉપરાંત છ માસનો વીસમો ભાગ છુટો રાખવામાં આવે. સાક્ષાતમાં તેને ઘરનો ઘોડો લેવો પડે. તે ઘોડો મરી જતાં સરકારી ઘોડો મળે. તેનો ઘોડો મરણ પામતાં મુકરર કરેલા અમલદારો તેના લખવાના કાગળ બનાવે, તેને "કાહતનામા" કહેતા.

આહુન ૧. પું. દીવાલ બાંધવા માટે વપરાતી પરાળ અને માટીની મેળવણી; પરાળ નાખેલો ગારો.
૨. સ્ત્રી. એક જાતની દવા; ઔષધિ.
૩. [જ્ઞા.] સ્ત્રી. ચોકું; ચોખટ.
૪. વ. અણુધ; હથિયાર.

આહુનગર [જ્ઞા. આહન (ચોકું) + ગર (વાળું)] પું. સુથાર.

આહુનગરી [જ્ઞા. આહન (ચોકું) + ગર (વાળું) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. સુથારનો ધંધો.

આહુનન ૧. [સં. આ (ચોકું) + હનન (પ્રાણ લેવાપણું)] વ. ખૂન; હત્યા; આહુતિ.
૨. વ. ગુણાકાર.
૩. વ. લાકડીઃ મારવાનું સાધન.

આહુનનીય [સં. આ (ચોકું) + હન્ (મારવું) + અનીય (જેવું)] વ. ખોટો ઢોલ વગાડવી પોતાને બહાર પાડવાપણું.

આહુનન્ય વિ. વાદિત્ર વગાડનાર; વેદમાં ઋ માટે વપરાયેલું એક વિશેષણ.

આહુનરુમા [ઘા. આહન (લોઢું) + રુમા (જેવનાર)] પું. લોહચુંબક.

આહુની [ઘા. આહન (લોઢું)] વિ. લોઢાનું બનેલું.

આહુનીન [ઘા. આહન (લોઢું)] વિ. લોઢાનું.

આહુનીનપંજ [ઘા. આહુનીન (લોઢાનું) + પંજ (પંજો)] વિ. મજબૂત; જોરાવર.

આહુપાળ [સં. અહિ (સાપ) + પાલ (બચાવનાર)] પું. સાપના ઝેરથી બચાવનાર દેવ લોકોના દેવ. સરપનો કરડ્યો હોય ત્યારે કરડનારને સ્મરણી ફાળથી નાખી આહુપાળની પા નખાય છે.

આહુમાન [સં. આહ્વાન] પું. (હિંદી) આમંત્રણ; નોતરું; તેડું.

આહુર ૧. [હિ.] પું. અનેરો; હવાડો.
૨. પું. ખોરાક.
૩. પું. પાણીનો આડો; તળાવડી.
૪. પું. બળવું તે; બરવાપણું.
૫. પું. બલિદાન.
૬. પું. ભડીનાં બચ્ચાંનો હત્યો.
૭. પું. મીઠાનો અગર.
૮. [સં. આહવ] પું. યુદ્ધ; લડાઈ.
૯. [સં. આ (વધ) + હ (લઈ જવું) + અન (પ્રત્યય)] પું. લઈ જવાની ક્રિયા; પ્રહણ.
૧૦. પું. લાહી; પશુના ચોટની ખેળ.
૧૧. પું. વખત; સમય; કાળ.
૧૨. પું. શ્વાસ.
૧૩. વિ. લાવનાર.
૧૪. વિ. સંભરો કરનાર; એકઠું કરનાર; સંભાહક.
૧૫. [અ. અખિર (છેવટ)] અ. છેવટે; છેટે.

> બાજરાની પણ સાબરે, અજવાણી પણ સત;
> બાંધી જૂવ સરીખડો, આહુર બીજની બત.
> લોમેક્તિ

આહુરબાહુર [હિ.] સ્ત્રી. આવજાવ.

આહુરવું (આહરવું) સ. ક્રિ. (આમ) આવું; બજવું.

આહુરણ ૧. ન. એક બજાગ્રેથી બીજી બજાગ્રે લઈ જવું તે; બાપનપનઃ ફેરબદલી.
૨. ન. એક જાતની અલંકિતિસાર કાપીને બલગ કરવાપણું.
૩. ન. ખેતીને બહાર કાઢવું તે.
૪. ન. ઊંટરાની પહુને બાપવામાં બાવેલી બીજો.
૫. ન. દાખલો; દૃષ્ટાંત; ઉદાહરણ.
૬. [સં. આ (વધ) + હ (લઈ જવું) + અન (પહું)] ન. લઈ જવાની ક્રીજ.
૭. ન. લમમાં કન્યાને બપાતી ભેટ.
૮. [સં. આ (વધૂ) + હ (લઈ જવું) + અન (પહું)] ન. લાવવું તે.
૯. ન. બવસ્થા; બંદોબસ્ત; બાયોજન.
૧૦. ન. સ્વીકાર; બલ્લ; લેવું તે.
૧૧. ન. ઝરણ; લઈ જવાપણું.

આહરણતદ્દોષ [સં. આહરણ (દાખલો) + તદ્ (તે) + દોષ (ખામી)] પું. દૃષ્ટાંતના ચાર પ્રકાર માંહેનો એક; ઓકદેશી દૃષ્ટાંત.

આહરણતદ્દોષ પું. દાખલાના ચાર પ્રકાર માંહેનો એક; દોષવાળું ઉદાહરણ.

આહરણિ સ્ત્રી. પ્રાંત; દેશનો ભાગ.

આહરણીય ૧. વિ. મૂકવા લાયક.
૨. વિ. બોજ્યા જેવું; રજાણ લાયક.
૩. [સં. આ (લઈ જવું) + હ (લઈ જવું) + અનીય (જેવું)] વિ. લાવવા જેવું.
૪. [સં. આ (વધૂ) + હ (લઈ જવું) + અનીય (જેવું)] વિ. જેવા જેવું.

આહરવું (આહરવુ) સ. ક્રિ. (જૂ. ગુ.) આવું.

આહરા ૧. સ્ત્રી. સંભાડિયાની એક નામની બટક.
૨. ન. સંભાડિયાની એક નામની બટકનું માપુસ.
૩. વિ. સંભાડિયાની એક નામની બટકનું.

આહરાણ પું. વચનઃ બ્લેચ્છ.

> ઉમરી આહરાણ માંમદશાના માંડલિક
> લોમેક્તિ

આહરી ૧. ન. અનેરો; હવાડો.
૨. ન. નાનો હોજ; પાણીની કૂંડી.
૩. ન. મીઠાનો અગર.
૪. [સં. આહ (બોલવા અર્થો ધાતુ)] વિ. આકારી; બલ્લ કરનાર.

> બાપાભારી આહરી છે નામના. પ્રેમાનંદ

આહુ રે અ. અરે! હાય!

આહુરોદ પું. મંદિર વગેરેમાં મોરસાર્ગ સુધી ચતુષ્કોર થવા પછી ચોદરના ખૂણામાં બહાર પડતો ત્રાંસો ભાગ.

આહર્ત્તા ૧. પું. સનાતનથી જીવન ધરાવનાર બાત્મા.
૨. [સં. આ (વધ) + કર્તૃ (લઈ જનાર)] વિ. બાણનાર; લાવનાર.
૩. વિ. કરનાર.
૪. વિ. મેળવનાર; સંપાદન કરનાર.
૫. વિ. ભોજનાર; રજાનાર.
૬. વિ. ઝરણ કરનાર; ઉપાડી જનાર.

આહલ્લા [હિ.] પું. પૂર; પાણીનો ઉભરો.

આહલેક [સં. ન (નહિ) + હલ્લક (દેખી સકાય એવું)] પું. બલખ બાદશાહ ઉપાસક બાખી બાવાઓનો ભીખ માગતી વખતનો એક પોકાર; બાલેક.

આહલેકરમ ૧. [બ. બહલ (ભોળો) + કરમ (ઉદારતા)] વિ. ઉદાર; મોટા મનનું.
૨. બ. 'બહેરબાની કરો, સ.હેમ' એવા બર્થનો ઉદ્ગાર.

આહલેકાર [બ. બહલ (ભોળો) + કાર (કરનાર)] પું. કારભારી; પ્રધાન; બવસ્થાપક.

આહલો [હિ.] પું. પૂર; પાણીનો ઉભરો.

આહવ ૧. [સં. આહુ (હોમ કરવો)] પું. યજ્ઞ; હોમ.
૨. [સં. આહ્વે (કહેવું બોલવું)] પું. યુદ્ધ; લડાઈ.

> આમોચન જહુ આજિ મુખ આહવ સંખ્ય સબીક,
> સંપ્રાપ્ય સંગર સમર સંયુગ કલહ અનીક;
> સુરવ વહ્વ પતિ સંગમાં નારી થારી હે બાજ,
> તારે નગ વિના નહી પામીસ હું પરિણામ.
> વિમલપ્રબોધ

૩. પું. રણક્ષેત્ર; લડાઈનું મેદાન.
૪. પું. લડાઈનું કહેણ મોકલવાપણું; 'ચેલેન્જ'.

આહવત ન. (જૂ. ગુ.) કબજામ, ધોબી વગેરે વસ્ત્રધોને તેમના ચાર મહિનાના શ્રમ બલ બપાતા દાણા; બાલ.

આહવતું ન. (જૂ. ગુ.) સોંપેલું કામ; ચોક્કસ કામગીરી.

આહવન ૧. ન. યજ્ઞ; હોમ.
૨. [સં. આહુ (હોમ કરવો) + અન (પહું)] ન. હોમવું તે.

આહવનીય ૧. [સં. આહુ (હોમ કરવો) + અનીય (જેવું)] પું. હોમના ત્રણમાંનો એ નામનો અગ્નિ; અગ્નિહોત્રીના પૂર્વ બાહવનો અગ્નિ; ગાર્હપત્ય અગ્નિમાંથી લઈ મંત્રથી યજ્ઞ મંડપમાં પૂર્વ તરફ સ્થાપેલ અગ્નિ.
૨. પું. હોમવાની વસ્તુ.
૩. વિ. યજ્ઞને લગતું; હોમ સંબંધી.
૪. વિ. હોમવા લાયક; યજ્ઞને યોગ્ય.

આહવલબ્ધ [સં. આહવ (લડાઈ) + લબ્ધ (મેળવેલ)] વિ. લડાઈથી મેળવેલ.

આહવવીર [સં. આહવ (લડાઈ) + વીર (બહાદુર પુરુષ)] પું. યોદ્ધો; લડવૈયો.

આહસ્તગ્ગી ૧. [ઘા. આહિસ્તા (ધીમે)] સ્ત્રી. નમ્રતા.
૨. સ્ત્રી. મંદતા; ઢીલાપણું.

આહારસંજ્ઞા [સં.] જ. ખોરાકની ઇચ્છા.

આહારક ૧. પું. ખોરાક; ચારો.
૨. પું. હેતુ; મતલબ.
૩. સ્ત્રી. (સંગીત) દેશી; એ નામની એક રાગિણી.

આહારકાર [સં.] પું. હુકાર.

આહારા જ. આનંદ, આશ્ચર્ય, દુઃખ વગેરે દેખાડનાર ઉદ્‌ગાર.

આહારાવવું [સં. આહૃ (આપવું)] સ. ક્રિ. (બા. પ્ર.) આપી નાખવું; ખાઈ કરવું. ઇતિ બધમ્ આહારાવિષ્ટ.
કાન્હડદેપ્રબંધ

આહારાહ [અ.] જ. બ. ક. ઇ. આંકડાવાળી સંખ્યાઓ; રકમ બતાવનાર આંકડાઓ.

આહારી [હિં.] પું. વખત પ્રમાણે બાદશાહની સેવામાં રહેનાર ઉમરાવ; માનવ અમીર.

આહારૂ ૧. પું. ઇંદ્રિય.
૨. પું. આવવું તે. ૧. આહાર ઊતરી જવો = આગળના કરતાં ઓછું આવું.
૨. આહાર આરે ને ઝાર આરે = બહુ આવું અને બહુ ઝાર ઉપાડવો એ નુકસાનકર્તા છે.
૩. આહાર વધવો = (૧) આગળના કરતાં વધારે આવું. (૨) તંદુરસ્ત થવું.
૩. પું. આવું તે; આનપાન.
૧. આહાર કરવો–લેવો = આવું.
૨. આહાર તેવો ઓડકાર = જેવો ખોરાક તેવા વિચાર.
૪. પું. ખોરાક; ભોજનમાં આવતી વસ્તુ.
૫. પું. (સંગીત) મુખ્ય દીર્ઘ સ્વર.
૬. પું. (જૈન) છએ ઊપજતી વખતે શરીર, ઇંદ્રિય અને શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્‌ગલ એટલે પરમાણુ ગ્રહણ કરવાં તે.
૭. પું. પ્રાંત; દેશનો અમુક વિભાગ.
૮. [સં. આહૃ (લઈ જવું)] પું. લાવવું તે.
૯. પું. લાકડી; વહેંતના ઘોટનો ભેગ.
૧૦. પું. શક્તિ; બળ; ગુંજાશ.
૧૧. પું. શબ્દાદિ વિષયનું જ્ઞાન.
૧૨. પું. કરવું તે.
૧૩. સ્ત્રી. પક્ષિઓની ચારો કૂચી.

આહારક ૧. પું. (જૈન) એ નામના શરીરમાં આત્માના પ્રદેશ વિસ્તારવા પડવું.
૨. પું. (જૈન) એ નામનું શરીર બનાવવાની શક્તિવાળા સાધુ.
૩. પું. (જૈન) એક જાતની શક્તિ જેથી અમુક જ્ઞાનવાળા મુનિ પોતાની શંકાના સમાધાન માટે હાથ જેવું શરીર ધારણ કરી તીર્થંકર પાસે જાય છે.
૪. [સં. આહૃ (આવું) + ક (વાળું)] વિ. આનાર.
૫. વિ. (જૈન) શરીરના પાંચ પ્રકાર માંહેનો એક. લબ્ધિવાળા એટલે સિદ્ધિવાળા સાધુ તે બનાવી શકે.

આહારકયોગ પું. (જૈન) આહારક શરીરથી કરાતી પ્રવૃત્તિ.

આહારકમિશ્રયોગ પું. (જૈન) આહારક શરીર બનાવતી વખત બીજું શરીર સાથે તે શરીરનું જોડાયેલ થાય તે વખતનો શારીરિક વ્યાપાર.

આહારકલબ્ધિ [આહારક (એ નામનું શરીર) + લબ્ધિ (શક્તિ)] સ્ત્રી. (જૈન) આહારક શરીર બનાવવાની શક્તિ.

આહારકવર્ગણા [આહારક (એક જાતનું શરીર) + વર્ગણા (એકસરખી વસ્તુનો જથ્થો)] સ્ત્રી. (જૈન) આહારક શરીરની રચનામાં ઉપયોગી થાય તેવાં પુદ્‌ગલ એટલે પરમાણુનો જથ્થો.

આહારકશરીર જ. (જૈન) પાંચ પ્રકારના શરીરમાંનું એક. પોતાના આત્માના અમુક ભાગ આહાર કાઢી તેનું એક હાથનું શરીર લબ્ધિવંત એટલે શક્તિવાળા સાધુ બનાવી શકે છે તેને આહારકશરીર કહે છે.

આહારકશરીરલબ્ધિ સ્ત્રી. (જૈન) આહારક શરીર બનાવવાની શક્તિ.

આહારકશરીરી [આહારક (એક જાતનું શરીર) + શરીરિન્ (શરીરવાળું)] પું. (જૈન) આહારક શરીરવાળો જીવ.

આહારકસમુદ્‌ઘાત [આહારક (એ નામનું શરીર) + સમુદ્‌ઘાત (જીવના ભાગ બહાર ફેલાવવા તે)] પું. (જૈન) આહારકશરીર બનાવવા આત્માના ભાગ શરીરથી બહાર કાઢવાપણું.

આહારચિકિત્સા [સં. આહાર (ખોરાક) + ચિકિત્સા (ઉપચાર)] સ્ત્રી. ખોરાકથી કરાતો ઉપાય.

આહારચેષ્ટા [સં. આહાર (ભોજન) + ચેષ્ટા (ક્રિયા)] સ્ત્રી. આહાર સંજ્ઞા; ખોરાક લેવાની ઇચ્છા; આવવાની વૃત્તિ.
સમસ્ત જીવોને આહારચેષ્ટા, ભયચેષ્ટા, મૈથુનચેષ્ટા અને પરિગ્રહચેષ્ટા આ ચાર ચેષ્ટાઓ રહેલી છે. વિજયધર્મસૂરિ

આહારણ જ. (પ્રાકૃત) ઉદાહરણ; દૃષ્ટાંત.

આહારદેહ [સં. આહાર (ખોરાક) + દેહ (શિક્ષા)] પું. શિક્ષા તરીકે અપાતો ખોરાક; 'પીનલ ડાયેટ'.

આહારદાન [સં. આહાર (અનપાન) + દાન (દેવું તે)] જ. સુપાત્રને અનપાણી આપવાં તે.

આહારનિઃસરણદ્વાર [સં. આહાર (ખોરાક) + નિઃસરણ (બહાર નીકળવું તે) + દ્વાર (રસ્તો)] પું. આપેલ ખોરાક નીકળી જવાનો રસ્તો. ગુદા; ગાંડ.

આહારપથ [સં. આહાર (ખોરાક) + પથ (માર્ગ)] પું. ખોરાકને જવાનો રસ્તો.

આહારપાક ૧. [સં. આહાર (ખોરાક) + પાક (રાંધવું)] પું. ખોરાકનું પાચન.
૨. પું. રસોઈ.

આહારપેશિ [સં. આહાર (ખોરાક) + પેશિ (પિંડ)] સ્ત્રી. ફળનો આવા જેવો ભાગ.

આહારપૌષધ પું. (જૈન) એક દિવસ અને રાત સારે આહારનો ત્યાગ: અન, પાણી, મુખવાસ અને મુખવાસ એ ચારે જાતના ખોરાક એક દિવસ અને રાત ન લેવા તે.

આહારવર્ગણા [સં. આહારક (એક જાતનું શરીર) + વર્ગણા (એકસરખી વસ્તુનો જથ્થો)] સ્ત્રી. (જૈન) ઔદારિક એટલે મનુષ્ય અને જનવરનું શરીર, વૈક્રિયિક એટલે દેવ અને નરકવાસી જીવોનું શરીર, અને આહારક એટલે અમુક જાતની સિદ્ધિવાળા સાધુથી પોતાના આત્માના ભાગમાંથી બનાવવામાં આવતું એક હાથ જેવું શરીર એ બધ શરીરરૂપે રૂપાંતર બનાર પદાર્થ.

આહારવિદ્યા [સં. આહાર (ખોરાક) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ખોરાકના ગુણદોષનું વર્ણન કરતું શાસ્ત્ર; ભોજનશાસ્ત્ર 'સાયટોલોજી'.

આહારવિરહ [સં. આહાર (ખોરાક) + વિરહ (જુદાઈ)] પું. ખોરાકની અછત; ભૂખમરો.

આહારવિહાર ૧. [સં. આહૃ (ખોરાક લેવો વગેરે) + વિહાર (રમતગમત)] પું. આનપાન અને રમતગમત: આવુંપીવું અને મોજમજા.
૨. પું. આવાપીવા અને રહેવાની રીત.
૩. પું. ચર્ચા; ટીકા; વિવેચન.

આહારવૃત્તિ [સં. આહાર (ખોરાક) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. મુજરાનું સાધન.

આહારશક્તિ [સં. આહાર (ખોરાક) + શક્તિ (બળ)] સ્ત્રી. ખોરાક લેવાનું બળ.

આહારશાસ્ત્ર [સં. આહાર (ખોરાક) + શાસ્ત્ર (વિદ્યા)] ન. ખોરાકના ગુણદોષ સમજાવતું શાસ્ત્ર; આહારવિદ્યા.

આહારશુદ્ધિ ૧. સ્ત્રી. ખોરાકના સંબંધમાં કરેલ ધર્મ ક્રિયા કરી પવિત્ર થવાપણું; દોષ દૂર કરવા માટે શુદ્ધિ; હલકી જાતના આહારથી પેદા થનાર દોષ દૂર કરવા માટે પ્રાયશ્ચિત્ત.

૨. [સં. આહાર (ખોરાક) + શુદ્ધિ (ચોખ્ખાઈ)] સ્ત્રી. ખોરાકની ચોખ્ખાઈ; આવાના પદાર્થની સ્વચ્છતા.

૩. સ્ત્રી. જ્ઞાનની શુદ્ધિ.

આહારસંજ્ઞા [સં. આહાર (ખોરાક) + સંજ્ઞા (નિશાની)] સ્ત્રી. ખોરાક લેવાની ઇચ્છા; આવાની વૃત્તિ.

આહારસંપત્તિ [સં. આહાર (ખોરાક) + સંપત્તિ (અધિકતા)] સ્ત્રી. (જૈન) ખોરાકમાં રસ ઉત્પન્ન કરનાર વસ્તુ; ખીરું.

આહારસંભવ [સં. આહાર (ખોરાક) + સંભવ્ (પેદા થવું)] પું. ખોરાક પચવાથી શરીરમાં ઉત્પન્ન થતા રસ.

આહારસંયમન [સં. આહાર (ખોરાક) + સંયમન (કાબૂ)] ન. શિક્ષા તરીકે અપાતો ખોરાક: ' પીનલ ડાયેટ '.

આહારસામગ્રી [સં. આહાર (ખોરાક) + સામગ્રી (વસ્તુ)] સ્ત્રી. ખોરાકની ચીજો; આવાની વસ્તુઓ.

આહારાર્થવૃત્તિ [સં. આહાર (ખોરાક) + અર્થ (માટે) + વૃત્તિ (મુજબનું)] સ્ત્રી. ભિક્ષુ; ખોરાકી.

આહારાર્થી [સં. આહાર (ખોરાક) અર્થિન (માગનાર)] વિ. ખોરાક માગનાર.

આહારિક ૧. ન. (જૈન) આહારક શરીર: કેવળી પાસે શંકા નિવારવા માટે મોકલવા આનમાં મેહેલ મુનિના આત્મામાંથી નીકળતું સૂક્ષ્મ શરીર.

૨. વિ. (જૈન) ઉત્તમ પુદ્ગલ જેવી તે વડે બનાવેલું.

૩. [સં. આહાર (ખોરાક) + ઇક (વાળું)] વિ. ખોરાકનું.

આહારી ૧. [સં. આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ. આહાર કરનાર; ખાનાર; ભક્ષક. સમાસને છેડે તે વપરાય છે. જેમકે, ફલ + આહારી = ફલાહારી; અન્ન + આહારી = અન્નાહારી.

૨. વિ. ખોરાક રાખનાર.

૩. વિ. બહુ ખાનાર; અકરાંતિયું.

આહારોપાદન [સં. આહાર (ખોરાક) + ઉપાદાન (મેળવવું તે)] ન. ખોરાક મેળવવાપણું.

આહાર્ય ૧. પું. ઉપાસનાનો અગ્નિ.

૨. પું. એક જાતનો ભવ એટલે ગાંડ.

૩. પું. નાયક નાવિકકામે એકબીજાનો વેશ લેવાપણું.

૪. પું. પરોણો; અતિથિ; આગંતુક.

૫. પું. લૌકિક અગ્નિ; દેવતાર્થ નહિ પણ આ દુનિયાનો અગ્નિ.

૬. પું. (નાટ્ય) વેશ, દાઢીના વગેરે પહેરીને કરાતો અભિનય.

૭. ન. ખોરાક.

૮. ન. તમારાની જગ્યા.

૯. ન. નેપથ્ય; રંગભૂમિના પાછલ પાછળનો ભાગ; 'સ્ટેજ'.

૧૦. વિ. ઉપાસના કરવા લાયક; પૂજવા જેવું

૧૧. વિ. એકના ગુણ બીજાને લગાડવા જેવું.

૧૨. [સં. આહ (ખોરાક તરીકે વાપરવું)] વિ. ખાવા લાયક.

૧૩. વિ. દૂર કરવા જેવું કાઢી નાખવા જેવું.

૧૪. વિ. બનાવટી. કૃત્રિમ.

૧૫. [સં આહ (લાવવું)] વિ. લાવવા જેવું.

૧૬. વિ. લૌકિક.

૧૭. વિ. આપવા કેવાય જેવું.

આહાર્યક [સં. આહાર્ય (બનાવટી) + ક (વાળું)] વિ. બનાવટી; કૃત્રિમ.

આહાર્યશોભા [સં. આહાર્ય (બનાવટી) + શોભા (સુશોભન)] સ્ત્રી. કૃત્રિમ શણગારો.

આહાર્યાભિનય [સં. આહાર્ય (બનાવટી) + અભિનય (નાટ્ય)] પું. (નાટ્ય) કાંઈ બોલવા કે ચેષ્ટા કર્યા વિના કેવળ રૂપ અને વેશથી થતો અભિનય. જેમકે,

> મોર મુકુટ પીતાંબર,
> જરકસી જામો અંગે અભિરામ;
> કર લકુટી મુખ મુરલી,
> જો આવે રમામા બનીને શ્યામ.

આમાં નાયિકા વેશથી જ અભિનય કરવને છે.

આહાલ [અ. હાલ] ન. (બહુ) અત્યારે; અટાણે; હમણાં.

આહાવ ૧. [સં.] પું. આહ્વાન માટે એટલે દેવને બોલાવવા માટે જરૂરનો મંત્ર.

૨. પું. દેવતા; અગ્નિ.

૩. પું. દેવનું મંત્રથી કરાતું આહ્વાન એટલે આમંત્રણ.

૪. પું. માણસને બોલાવવું તે; આહ્વાન.

૫. પું. કૂદ; હલાર્ક.

૬. પું. ઢાળાવો; ઓવારો; ઢોરને પાણી પીવાનો કૂવા પાસેનો કૂંડ.

આહાહા [સં. અહા] અ. હર્ષ, શોક, દુઃખ વગેરેની લાગણી સાથે આશ્ચર્ય બતાવતો ઉદ્‌ગાર.

આહિ ન. બળ; આર્દ્ર.

> સાહસ પ્રકાશિ ચેતવી આહિ, વાણી પડતા પાયકમાંહિ. કાન્હડદેપ્રબંધ

આહિક ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક મહત્ત્વનો કેતુ.

૨. પું. પાણિનિ મુનિ.

આહિચ્છત્ર ૧. [સં. અહિચ્છત્ર (એ નામનો દેશ)] વિ. અહિચ્છત્ર નામના દેશમાં થતું.

૨. વિ. એ નામની નાગરની એક જાતનું.

આહિત ૧. પું. ચાકરના પંદર પ્રકારમાંનો એક; ધન આપીને રાખેલો માણસ; શેઠ પાસેથી રકમ ઉપાડી તે પેટે નોકરી કરીને દેવું ભરનાર નોકર.

૨. વિ. અનામત મૂકેલ; સાચવી રાખવા સોંપેલું.

૩. વિ. અધાન સંસ્કાર એટલે વિધિ પ્રમાણે અગ્નિ સ્થાપવાની ક્રિયા કરેલું.

૪. [સં. આ (ઉપર) + ધિત (મૂકેલ)] વિ આરોપેલું, અર્પણ કરેલું; સોંપી દીધેલું.

૫. વિ. કરેલું; અમલમાં મૂકેલું.

૬. વિ. ગીરો રાખેલ; ધરેલું રાખેલ.

૭. વિ. મૂકેલ.

૮. વિ. રાખેલું; સ્થાપેલું.

૯. વિ. વાળું; યુક્ત. આ અર્થમાં આ શબ્દ સમાસને છેડે વપરાય છે. જેમકે, મર્મ + આહિત = મર્માહિત એટલે મર્મવાળું.

આહિતક ૧. પું. ગીરવી રાખેલો માલ.

૨. [સં. આહિત (ગીરો રાખેલ)] પું. ચાકરનો શેઠ.

૩. પું. ખાટલી માણસ.

આહિતદાસ [સં. આહિત (ગીરો રાખેલ) + દાસ (નોકર)] પું. દેવાના બદલામાં પોતાની જાતને ગીરો મૂકી બનેલો ચાકર.

આહિતલક્ષણ ૧. વિ. ગુણ વગેરેથી પ્રસિદ્ધ.

૨. [સં. આહિત (વાળું) + લક્ષણ (ચિહ્ન)] વિ. ચિહ્નવાળું; જેના ઉપર નિશાન કરવામાં આવ્યું હોય એવું.

આહિતવ્યથ [સં. આહિત (વાળું) + વ્યથા (પીડા)] વિ. દુઃખી કરતું; શોકવાળું.

આહિતસ્વન [સં. આહિત (વાળું) + સ્વન (અવાજ)] વિ. બોંબાટવાળું; અવાજ કરતું.

આહિતાગ્નિ ૧. પું. એ નામનો એક નિયમ.

૨. [સં. આહિત (સ્થાપેલ) + અગ્નિ (દેવતા)] પું. પોતાના ઘરમાં હમેશા અગ્નિને સચેત રાખનાર બ્રાહ્મણ; અગ્નિહોત્રી; વેદ મંત્રથી સંસ્કાર કરી ઘરમાં અગ્નિ રાખનાર બ્રાહ્મણ.

આહિતાંક [સં. આહિત (મૂકેલું) + અંક (ચિહ્ન)] વિ. નિશાનીવાળું; ચિહ્ન કરેલું.

આહિતિ ૧. જી. આહુતિ.

૨. [સં.] જી. વિધિ પ્રમાણે મંત્રથી અગ્નિની સ્થાપનાનો સંસ્કાર.

૩. જી. સ્થાપના; બેસાડવું તે; પ્રતિષ્ઠા.

આહિતુંડિક ૧. [સં. અહિ (સાપ) + તુંડ (મુખ) + ઇક (વાળું)] પું. મદારી; વાદી; સાપનો બેસાડી. તે સર્પનું મોઢું પકડીને તેની સામે ખેલ કરે છે.

૨. વિ. સર્પ પકડનાર.

આહિરી જી. (સંગીત) દક્ષિણ હિંદમાં ગવાતી એ નામની એક રાગિણી.

આહિરીનાટ પું. (સંગીત) દક્ષિણ હિંદમાં ગવાતી એ નામની એક રાગિણી.

આહિસ્તગી ૧. [ફા.] જી. ધીમે; મંદગતિ.

૨. જી. નમ્રતા; વિનય.

૩. જી. નરમાશ.

આહિસ્તા ૧. [ફા.] વિ. આગળ; મંદ.

૨. વિ. નમ્ર; વિવેકી.

૩. અ. ધીમેધીમે.

૪. અ. સાવધાનતાએ; હુશિયારે.

આહિસ્તા આહિસ્તા ૧. અ. ધીમેથી; ધીમે ધીમે.

૨. અ. સાવધરે; હુશિયારે.

આહિંડક ૧. [સં. આ (ચોતરફ) + હિંડ (ભમવું) + અ (વાળું)] વ. નિષાદ જાતિના પુરુષ અને વૈદેહી જાતિની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ માણસ.

૨. વિ. ફરનાર; મુસાફરી કરનાર.

આહિંડિક [સં. આ (ચોતરફ) + હિંડ (ભટકવું) + ઇક (વાળું)] પું. નિષાદ જાતિનો બાપ અને વૈદેહી જાતિની માથી જન્મેલ વર્ણસંકર. તેઓ ફરખાનાના ચોકીદાર હોઈ કિલ્લાની બહાર ફરતા હોવાથી આહિંડિક કહેવાયા એમ મનાય છે.

આહી જી. (બા. પ્ર.) આઈ; દેવી.

આહીદોસ પું. ભાતી કુટવાપણું. આ શબ્દનું મૂળ ખોરભમાં વપરાતો ગાડુસેન શબ્દ હોવાનું મનાય છે.

આહીર ૧. પું. (પિંગળ) આભીર; ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે એવો છંદ.

કુલ કલ કર ગણિયાર, જગણ ચરમ નિરધાર,
આલીર આહીર નામ, અતિ રસ રૂપ આમ.
સ્યુપિંગળ

૨. પું. એ નામની ગોવાળની એક જાત.

૩. [સં. આભીર] પું. આભરીઓને મળતી જાતનો ગોવાળ; ગોપ; ભરવાડ; રબારી. તેઓની બે જાત: અસોયા અને સોરઠિયા. સિંધના સમસ્ત પંથના હોવાનું અને કૃષ્ણની સાથે સોરઠ આવી ગિરનારના કુંભરની પોડશમાં વસ્યાનું આહીર માટે મનાય છે. કંસકથા પ્રમાણે ભૂતાગઢના રાજા નોયણ વાળી આહીર કેવાયતે પોતાનો દીકરો માદવાને આપ્યો હતો.

૪. પું. વાણિયાની એ નામની એક જાત.

૫. વ. એ નામની ભરવાડની જાતનું માણસ.
આહીર મુંડ ને આખરો કૂદ = મૂંઝ અને સાહો ભૂખો.

૬. વ. વાણિયાની એક ગોત્રિનું માણસ.

૭. વિ. ગોવાળની એક જાતનું.

૮. વિ. વાણિયાની એ નામની જાતનું.

આહીરઆભા ૧. જી. કોળીની એ નામની અટક.

૨. વ. કોળીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કોળીની એ નામની અટકનું.

આહીરકાંદો [આહીર (ભરવાડ) + કાંદ (જન્મેલ)] પું. ગોવાળનો દીકરો; આહીરપુત્ર; ભરવાડનો છોકરો.

આહીરકાં (આહીરકાં) [આહીર (ગોવાળ) + કાં (નામવાચક બહુવચન અક્ષર)] વ. ન. વ. આહીર લોક; રબારીઓ; ગોવાળો. લાડ કે ધિક્કારમાં આ શબ્દ વપરાય છે.
કપ્પુ આલેને રૂડો કામલો, આહીરકાંની સાથ.
નરસિંહ

આહીરડી (આહીરડી) [આહીર (ભરવાડ) + ડી (નારીજાતિનો પ્રત્યય)] જી. આહીર જાતિની સ્ત્રી; ગોપી; ભરવાડણ; ગોવાલણ; રબારણ. લાડ કે ધિક્કારમાં આ શબ્દ વપરાય છે.
હવો રહે રે આહીરડી, તું જોવારી વાંઝ ખોટ.
મીરાંબાઈ

આહીરણ [આહીર (ભરવાડ) + અણ (નારીજાતિનો પ્રત્યય)] જી. આહીરડી.

આહીરણી ૧. [સં. આહિરણિન્] પું. બે મોઢાંવાળો સાપ.

૨. [આહીર (ભરવાડ) + અણી (નારીજાતિનો પ્રત્યય)] જી. ભરવાડણ.

આહીરવાડો (આહીરવાડો) [આહીર (ભરવાડ) + વાડો (વસો)] પું. રબારીથી વસેલો ભાગ.

આહીરાણી [આહીર (ભરવાડ) + આણી (નારીજાતિનો પ્રત્યય)] જી. રબારણ; ભરવાડણ; ગોવાલણ.

આહીરાં ૧. વ. ન. વ. બાહ્માણની એક પેટાજાતિ જાતિનાં માણસ.

૨. વ. વ વ. રબારીઓ; આહીરો.

૩. વિ. એ નામની બ્રાહ્મણની જાતનું.

આહીરી જી. આહીર લોકની બોલી.

આહુક પું. (પુરાણ) યદુવંશનો વસુદેવ નામનો એક ક્ષત્રિય; સોમવંશી યદુ રાજાના સાત્વત પુત્રમાં જન્મેલા પુનર્વસુ રાજાનો પુત્ર; ઉગ્રસેન અને દેવકનો બાપ અને કૃષ્ણનો દાદો. તે બો કૃષ્ણની સાથે રથમતપંચક ક્ષેત્રમાં ગયો હતો. સામ્બને ઋષિએ આપેલા શાપને લીધે ઉત્પન્ન થયેલા મૂસળનો ભૂકો કરીને એણે સમુદ્રમાં નાખી દીધો હતો.

આહુકી ૧. [સં. આહુકિન્] પું. યદુવંશનો ક્ષત્રિય.

૨. જી. (પુરાણ) પુનર્વસુ રાજાની એ નામની દીકરી; આહુકની બેન.

આહુખાના (આહુખાના) [ફા. આહુ (હરણ) + ખાના (ઘર)] વ. હરણશાળા; હરણને રાખવાનું મકાન.

આહુચશ્મ [ફા. આહુ (હરણ) + ચશ્મ (આંખ)] વિ. મૃગાક્ષી; હરણના જેવી આંખવાળું.

આહુડ (આહુડ) વ. (પિંગળ) યુદ્ધ; લડાઈ.

આહુત ૧. [સં. આ (તરફ) + હુત (બલિદાન અપાયેલું)] પું. પરોણાગતરી; મહેમાનગત; અતિથ્યસત્કાર.

૨. વ. યજ્ઞમાં હવાના પાંચ પદાર્થોનો મનુષ્ય બાદ; નૃયજ્ઞ; બળી રંધાયેલાં પ્રાણીનું પોષણ કરવું તે; બલિવૈશ્વદેવ.

૩. [હિં.] વ. ઘીને અગ્નિમાં હોમવું તે; ઘીની આહુતિ.

૪. વિ. જેને હરદીને હોમ કરવામાં આવ્યો હોય તેવું.

૫. વિ. હોમેલું; બલિદાન તરીકે દીધેલ.

૬. વ. કિ. આપવું. સોનીની પારસીમા આપવાને આહુત કહે છે. જેમકે, સારું, રીક આહુતે છે = સોની, જેમણે આવે છે.

આહુતિ ૧. [સં. આ (તરફ) + હુતિ (બલિદાન)] જી. અર્પણ; ભોગ; બલિદાન; નૈવેદ્ય; હોમવાની વસ્તુ; હોમ સાથે દ્રવ્ય.

૨. [સં. આ (તરફ) + હૈ (બોલાવવું)] જી. દેવતાને ઉદ્દેશીને મંત્રપૂર્વક અગ્નિમાં હવિષ્ય

નાખવાપણું; હોમ. હવન; હોમવું તે.
૧. આહુતિ આપવી = (૧) અગ્નિમાં હોમવું. (૨) નુકસાન કે ભોગ્યમના બદલામાં નાખવું. (૩) ભોગ આપવો.
૨. આહુતિ થઈને ઊભા રહેવું = નુકસાન કરવાની તજવીજમાં રહેવું; કોઈનું અરાબ કરવા માટે લાગ જોતવો.
૩. આહુતિ લેવી = (૧) પાયમાલ કરવું (૨) યજ્ઞમાં હોમેલી વસ્તુ સ્વીકારવી. (૩) ચમ અર્થ જવું; બળી જવું.
૩. સ્ત્રી. બોલાવવું તે; નિમંત્રણ.
૪. સ્ત્રી. યજ્ઞકુંડમા એકે વારમાં નાખવામાં આવે તેટલુ દ્રવિષ્ય એટલે હોમવાની ચીજ.

આહુર પું. મુખ્ય દેવ.

આહુરમઝદ [અહુર (દુષ્ટાની ઓલખાણ) + મઝદ (મહા જ્ઞાની)] પું. (જરથોસ્તી) પારસીના પૈગંબર; અહુર્મઝદ.

આહુરો અ. (આમ્ય) એની મેળે; પોતાથી, આકરું.

આહુલિકા [સં.] ન આવળનો છોડ. તેની બાલ ગામડાં રંગવાના કામમાં આવે છે.

આહુલ્ય [સં.] ન. કરોળ જાતિનો એક છોડ. જેમકે, તગર, તરવટ વગેરે.

આહૂ ૧. પું. દુર્ગુણ; દોષ.
૨. [જા.] પું. હરણ; મૃગ.
૩. [સં. આ (તરફ) + હૈ (બોલાવવું)] વિ. આહ્વાન કરેલ.
૪. વિ. બોલાવવાનું કોય તે.
૫. વિ. સાદ પાડનાર.

આહૂગીર [જા. આહૂ (હરણ) + ગીર (પકડનાર)] પું. હરણ પકડનાર.

આહૂગીરી [જા. આહૂ (હરણ) + ગીર (પકડનાર) + ઈ (ભાવવાચક નામનો પ્રત્યય)] સ્ત્રી. હરણ પકડવાનું કામ.

આહૂચશ્મ [જા. આહૂ (હરણ) + ચશ્મ (આંખ)] વિ. હરણના જેવી આંખવાળું; મૃગનયન.

આહૂત ૧. ન. જગત.
૨. ન. નિમંત્રણ.
૩. [સં. આ (તરફ) + હૂત (બોલાવેલ)] વિ. નોતરેલું; નિમંત્રિત; બોલાવેલ.

આહૂતપ્રપલાયી [સં. આહૂત (બોલાવવામાં) + પ્ર (અત્યંત) + પલાયિન્ (નાસી જનાર)] પું. સમન્સ એટલે આહ્વાન કરવા છતાં હાજર ન થનાર પ્રતિવાદી કે સાક્ષી.

આહૂતસંપ્લવ ૧. [સં. આહૂત (જગત) + સંપ્લવ (પ્રલય)] પું. જગતનો જેમાં લય થાય તે; મોક્ષ.
૨. પું. સૃષ્ટિનો નાશ થવાનો વખત; પ્રલયકાળ.

આહૂતિ ૧. [સં. આહુતિ] સ્ત્રી. અગ્નિમાં હોમવાની ચીજ; બલિદાન; બલિ.
૨. [સં. આ (તરફ) + હૂતિ (આમંત્રણ)] સ્ત્રી. બોલાવવાપણું; આહ્વાન.
૩. સ્ત્રી. હોમવાની ક્રિયા; બલિદાન.

આહૂમરા [જા. આહૂ (હરણ) + મરા (મર્યું)] પું. હરણનું મર્યું; હરણ.

આહૂત ૧. [સં. આ (તરફ) + હૂત (બોલેલ)] વિ. આહ્વેલું; બોલાવેલું.
૨. વિ. હરણ કરેલું; સર્વ લેવામાં આવેલું.

આહૂતિ [સં. આ (તરફ) + હૂતિ (સર્વ જપાપણું)] સ્ત્રી. આણવું તે; બોલવાપણું.

આહેડી [સં. આખેટિક] પું. શિકારી; આહેડી.

આહેડ (આહેડ) [સં. આખેટ] પું. (જૂ. પ્ર.) શિકાર; મૃગયા.

આહેડી (આહેડી) ૧. [સં. આખેટિક] પું. (જૂ. પ્ર.) શિકારી; પારધી, ભીલ; જનવા કરનાર.
૨. સ્ત્રી. પારધીની સ્ત્રી; ભીલડી.

આહેડો (આહેડો) પું. શિકાર; મૃગયા.

આહેય ૧. [સં. અહિ (સર્પ) + ઈય (જન્મ)] વિ. સર્પને લગતું.
૨. વિ. સર્પોકાર.

આહેર ૧. [અહિ (સર્પ) + અરિ (દુશ્મન)] પું. એક જાતના લોક; આહીર. સર્પના દુશ્મન શ્રીકૃષ્ણની સાથે રમનારા તે આહેર કહેવાયા. ૬ નંદમાથી ૬ આહેર જાતિ થઈ.

આહેર	જાત
ધરાનંદ	પાંચાળા આહેર; પંચોળિયા આહેર
ઉપનંદ	વાઢરીઆ આહેર
સોનાગરનંદ	સોરાઠા આહેર
અભનંદ	પ્રાગવડીઆ આહેર
ઉલ્લાગરનંદ	મઢોમા આહેર
પશુપાલનંદ	વાઢાર આહેર
નરીજનંદ	નાથેરા આહેર
કુરમાનંદ	કાબળિયા આહેર
ધરમાનંદ	સોરઠિયા આહેર

૨. સ્ત્રી. એક જાતનો નજરાણો.

આહેરડી (આહેરડી) ૧. [આહેર (ગોવાળ) + ડી (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગોવાળણ; ભરવાડણ; આહીરડી.
૨. સ્ત્રી. ભીલડી; આહેડી.

આહેરી [સં. આખેટિક] પું. પારધી; શિકારી.

આહેરેમન પું. (જરથોસ્તી) અહરિમાન; પ્રકૃતિથી વિરુદ્ધ શયતાન જેવો એ નામનો એક દેવ.

આહો [સં] અ. સવાલ, વિચાર અથવા શંકા બતાવનો ઉદ્‌ગાર.

આહોઝારી (આહોઝારી) [જા. આહ (નિસાસો) + ઓ (અને) + ઝારી (વિલાપ)] સ્ત્રી. કકળાટ; શોકવિલાપ.

આહોડ (આહોડ) ૧. સ્ત્રી. તરતનું વાવેતર.
આહોડિયા કરવા = શરૂઆત કરવી.
૨. સ્ત્રી. તાજી ખેડેલી કે નરતની ખેડાયેલી જમીન.

આહોતું ૧. [સં. અભિમુખ] ન. ખુશામત; ખોટાં વખાણ.
૨. [સં. અહન્ (દિવસ)] ન. રોજનું કામ; નિત્યકર્મ; દૈનિક ક્રિયા.

આહોતા [સં. આહોતૃ] વિ. દાન કરનાર; ઉદાર; દાતા.

આહોરાત વિ. બાટબૂટ વિનાનું; બોડોળ; કદરૂપું.

આહ્નિક ૧. પું. અધ્યાપક; શિક્ષક; ગુરુ.
૨. [સં. અહન્ (દિવસ) + દક (વાહું)] પું. એક દિવસની મજૂરી.
૩. પું. એક દિવસનું કામ.
૪. પું. સમૂહ; જથ્થો.
૫. પું. સત્રવાળા યાગના બાબ્ય એટલે વિસ્તારથી કરેલ વિશ્લેષનનો એક દિવસમાં બનતી શકાય તેટલો ભાગ પ્રકરણસમૂહ.
૬. ન. દિવસનું ભોજન.
૭. ન. ધર્મ સંબંધી કરવાનું નિત્ય કર્મ; રોજનું ધાર્મિક કર્મ.
૮. ન નિત્યકર્મ; હમેશનું કામ.
૯. ન. રોજનિશી; રરોજના કામની નોંધપોથી.
૧૦. ન. રોજનો ખોરાક.
૧૧. વિ. દિવસે થતું.
૧૨ વિ. દૈનિક; દરરોજનું.
૧૩. અ. હમેશા; રોજ.

આહ્નિકક્રમકારા પું. બ્રાહ્મણોના હમેશના કર્મકાંડ લખેલા ગ્રંથ તેનો મંથ.

આહ્નિકષટ્કર્મ [સં. આહ્નિક (દિવસનું) + ષટ્ (૬) + કર્મન્ (કામ)] ન. હમેશના અધિકારનાં ૬ કામ. ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને દેવું એ ૬ બ્રાહ્મણના અધિકારનાં કર્મ છે.

આહ્નિકાચાર [સં. આહ્નિક (દરરોજનું) + આચાર (આચરણ)] પું. દરરોજનું કામ; દિનચર્યા.

આહ્વિકી [સં. આહ્વિક (રોજનું)] વિ. રોજનું.

આહ્વિમલ પું. (જ્યોતિષી) શયતાન.

આહ્લાદ ૧. [સં. આ (વરૂ) + હ્લૈદ્ (ખુશી થવું)] પું. આનંદ; હર્ષ ખુશી; પ્રસન્નતા; મોજમજા.
૨. પું. હરખનો શબ્દ; ખુશાલીનો અવાજ; કલ્લોલ.

આહ્લાદક [સં. આહ્લાદ (આનંદ) + ક (વાળું)] વિ. આનંદકારક; રમણીય; મનને ખુશ કરે એવું.

આહ્લાદકતા [સં. આહ્લાદ (આનંદ) + ક (વાળું) + તા (પણું)] સ્ત્રી. આનંદ આપે એવું હોવાપણું.

આહ્લાદકપણું જ. રાજી કરે એવું હોવાપણું.

આહ્લાદકર [સં. આહ્લાદ (આનંદ) + કર (બનાવનાર)] વિ. ખુશી કરે એવું; આનંદદાયક.

આહ્લાદકકારક [સં. આહ્લાદ (આનંદ) + કારક (કરનાર)] વિ. રાજી કરે એવું; ખુશકારક; આનંદજનક.

આહ્લાદકારી [સં. આહ્લાદ (આનંદ) + કારિન્ (કરનાર)] વિ. ખુશકારક; આનંદદાયક.

આહ્લાદજનક [સં. આહ્લાદ (આનંદ) + જનક (પેદા કરનાર)] વિ. આનંદ ઉપજાવનાર; આનંદકારી; ખુશકારક.

આહ્લાદન ૧. [સં. આ (વરૂ) + હ્લૈદ્ (ખુશી થવું)] જ. આનંદ ભોગવવાપણું; આનંદ લેવો તે.
૨. જ. ખુશ કરવાપણું; આનંદ પમાડવો તે.

આહ્લાદપૂર્વક [સં. આહ્લાદ (આનંદ) + પૂર્વક (સાથે)] જ. આનંદથી; ખુશીથી; રાજી થઈને.

આહ્લાદપ્રદ [સં. આહ્લાદ (આનંદ) + પ્રદ (આપનાર)] વિ. ખુશી ઉપજાવે એવું; આનંદદાયક.

આહ્લાદવું [સં. આહ્લાદ (આનંદ લેવો)] અ. ક્રિ. ખુશી થવું; આનંદ પામવો.

આહ્લાદિત [સં. આહ્લાદ (આનંદ ઉપજાવવો) + ક્ત (એલું)] વિ. ખુશ થયેલ; આનંદ પામેલું; હર્ષિત; પ્રસન્ન; રાજી.

આહ્લાદિની [સં. આહ્લાદ (આનંદ) + કૃત્ (વાળું) + ઙી (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. આનંદ આપનારી; ખુશ કરનારી.

આહ્લાદી ૧. [સં. આહ્લાદ (આનંદ) + ઇન્ (વાળું)] વિ. આનંદકારક; ખુશ કરનારું.
૨. વિ. આનંદી; રાજી થતું.

આહ્વય ૧. [સ આ (વરૂ) + હ્વૈય્ (બોલાવવું)] પું. અટકાયત; નામ; ત્રિરૂઢ.
૨. પું. કૂકડાની સાઠમારી જેવી પ્રાણીઓની લડાઈ સંબંધી તકરારમાંથી ઊભો થતો.
૩. પું. તેતર, કૂકડા વગેરે પ્રાણીની લડાઈની રમત; પ્રાણિયુદ્ધ. મનુના ધર્મશાસ્ત્રમાં આ બાબતની સખ્ત મના છે.
૪. [સં. અહ્વૈય્ (બોલાવવું)] સ્ત્રી. નામ; અટક.

આહ્વરક [સં. આ (વરૂ) + હૃ (ઉતારવું)] પું. નાત બહાર મૂકેલ માણસ. તે પિતૃને આપેલું બલિદાન ખોરાક તરીકે વાપરે છે.

આહ્વાન ૧. જ. દેવતાને મંત્ર બોલીને બોલાવવા તે; આવાહન.
૨. [સં. આ (વરૂ) + હ્વૈ (બોલાવવું)]
જ. નોતરું; આમંત્રણ; તેડું.
૩. જ. પ્રાર્થના; અભ્યર્થના.
૪ જ. બલિદાન; આહુતિ.
૫. જ. ભૂમ; સાદ; હાકલ.
૬. જ. માન સહિત આમંત્રણ.
૭. જ. રાજ્યનો હાજર થવાનો હુકમ; ન્યાય સભા તરફનું આમંત્રણ; તલબનામા; 'સમન્સ'.
૮. જ. લડાઈનું કહેણ; પડકાર, 'ચૅલેંજ'.
૯. જ સંતાનું નામ

આહ્વાનદર્શન [સં. આહ્વાન (હાજર થવાનો હુકમ) + દર્શન (જોવાની ક્રિયા તે)] ન. મુકદ્દમાનો દિવસ.

આહ્વાનપત્ર [સં. આહ્વાન (હાજર થવાનો હુકમ) + પત્ર (કાગળ)] પું. કોર્ટનું તેડું; કામકાજની અદાલતમાં હાજર થવાનો હુકમ; 'સમન્સ'.

આહ્વાનપત્રિકા [સં. આહ્વાન (આમંત્રણ) + પત્રિકા (ચિઠ્ઠી)] સ્ત્રી. આમંત્રણપત્ર.

આહ્વાય ૧. [સં. આ (વરૂ) + હ્વૈય્ (બોલાવવું)] પું. નામ; સંજ્ઞા.
૨. પું. હાજર થવાનો હુકમ; 'સમન્સ'.

આહ્વાયક ૧. [સં. આ (વરૂ) + હ્વૈય્ (બોલાવવું) + અક (કરનાર)] પું. સંદેશો પહોંચાડનાર માણસ; દૂત; ગોપિયો.
૨. વિ. બોલાવનાર; આમંત્રણ આપનું; તેડું કરનાર.

આહૃત [સં. આ (બોરૂ) + હૃત (કરેલું)] વિ. ઉર્જિત થયેલ.

આહૃતાગ્નિહોત્ર [સં. આહૃત (ઉર્જિત થયેલ) + અગ્નિહોત્ર (યજ્ઞ)] વિ. પુષ્કળ પ્રમાણમાં યજ્ઞ કરનાર.

આહ્વૃત્તિ ૧. [સં.] પું. એ નામનો એક રાગ.
૨. સ્ત્રી. કુટિલતા; વાંકપણું; આડાઈ; અવળાઈ.
૩. વિ. વાંકું કરનારું.

આહ્વા [હિં.] જ. આહ્વા.

આળ ૧. [સં. અર્દ્ (ત્રાસ આપવો)] સ્ત્રી. અડપલું; ટીખળ.
ખડ પળો ને આવ્યુ નીકે, આડશી ઊભા રહું;
કાનજી રે મારી આળ કરો તો, જશોદા આને કહું.
હાલરડાં
૨. [સં. અક્ષી (આંખ)] જ. ઓડું; આગળપાગળ; બહાનું; નિમિત્ત.
૩. [સં. આ (વધારે) + ક્ષપ (ચોટવું)]
જ. ખોટો આરોપ; અપ્રેમ; મિથ્યાપવાદ; ખુતાનો.
૧. આળ ચોટવું–બેસવું = અપરાધી હોવાનું બતાવું થવું; ગુનેગાર ઠરવું.
૨. માથે આળ આવવું–મૂકવું = ખોટો આરોપ મૂકવો.
૩. માથેથી આળ ઊતારવું = તહોમતમાંથી મુક્ત કરવું.
૪. માથેથી આળ ઊતરવું = તહોમતમાં નિર્દોષ ઠરવું.
૪. જ. ચિહ્ન; નિશાની.
આવણ પાંચે પાણલે, મેમ ન માંડે આળ;
પિયુ પધારો માળવે, અમે જઈશું મોસાળ.
લોકોક્તિ
૫. જ. તરખલ.
૬. જ. તહોમત; બહોળ; ઠોળ. આળ શબ્દ અઘટિત કામના ખોટા આરોપના અર્થમાં અને તહોમત શબ્દ કાયદા મુજબના ગુના માટે વપરાય છે. તહોમત ખોટું યે હોય અને વખતે ખરું પણ હોય.
૭. જ. નુકસાનનું ઉર્દ્ધત; હરકત.
સુડલો ભેરો વહની ઢાળ,
પક્ષી રવરવે કરતો આળ. વસ્તો
૮. જ. વાંક; ગુનો; અપરાધ.
૯. જ. શક્તિ; બળ; જોર; તાકાત.
૧૦. [સં. આશુ] વિ. વાળું; ભરેલું; વિશેષણ બનાવનાર એક પ્રત્યય. જેમકે, દયા + આળ = દયાળ; શરમ + આળ = શરમાળ; લોહી + આળ = લોહીઆળ; વાચા + આળ = વાચાળ; રેત + આળ = રેતાળ.
૧૧. વિ. લોખીનું; પ્રેમવાળું. સમાસને અંતે વપરાય છે. જેમકે, રમતી + આળ = રમતીઆળ.

આળખણી ૧. [સં. આ (ઉપર) + લિખ્ (લખવું)] સ્ત્રી. ચીતરવું તે.

૨. સ્ત્રી. ચીતરામણ; ભરતકામ.

આળખણું ૧. [સં. આ (ઉપર) + લિખ્ (કોતરવું)] ન. ખીલાવાળું સુતારનું એક હથિયાર.

૨ [સં. આ (ઉપર) + લિખ્ (ચલવું)] ન. ચૂડલીનો ઘાટ ઘડવામાં છોલવા માટે વપરાતું લોઢાની પટીને એક છેડે કલમ જેવી ધારવાળું મધ્યિયારનું હથિયાર.

આળખત સ્ત્રી. પૂંછ; મિલકત.

આળખવું ૧. [સં. આ (ઉપર) + લિખ્ (લખવું)] સ. ક્રિ. આલેખવું; ચીતરવું; લીટી દોરવી.

૨. સ. ક્રિ. પ્રહોંચવું; અડવું.

૩. સ. ક્રિ. શરૂ કરવું; આરંભ કરવો.

આસવાસ કરી પ્રેમરસ, આળખ્યો રાગ મલ્હાર.
ભાલણ

આળખેલ ૧. [સં. આ (ઉપર) + લિખ્ (લખવું)] વિ. નિશાન કરેલ; ચિહ્ન કોરેલ.

૨. વિ. શરૂ કરેલું; આરંભેલ.

આળગોદિયું ન. ગોયું; ગોદિયું; ગાબોલું.

આળઝાળ સ્ત્રી. જંજાળ; ઉપાધિ; આળપંપાળ.

આળપંપાળ ૧. [આળ (પંપાળવું જેવું રૂપ) + પંપાળવું (લાડ લડાવવાં)] સ્ત્રી. ચાકરી; સેવા; સત્કાર.

૨. સ્ત્રી. તકેદારી.

૩. સ્ત્રી. પગપેસારો; દખલગીરી.

૪. સ્ત્રી. કાંઈ; વલખાં; મિથ્યા પ્રયત્ન.

૫. ન. આશ્વાસન; દિલાસો; સાંત્વન.

૬. ન. ગલ્લાંતલ્લાં; મરજીસરભાત.

૭. ન. જંજાળ; ઉપાધિ; ચિંતા.

૮. ન. પજવણી; અડપલું; છેડતી.

ઢબણી કરીએ આળપંપાળ તો મારે બાલ કપાલ.
કહેવત

૯. ન. ખૂનખેંચા; પિદાડ.

૧૦. વિ. ઝેલફેલ; આડુંઅવળું; ઊંધા વળનારું.

૧૧. વિ. કાકુંઘેલું; અસ્પષ્ટ.

૧૨. વિ. દુષ્ટામતિયું; પ્રશંસામય.

૧૩. વિ. ખોટું; જૂઠું; અસત્ય.

૧૪. વિ. પદ્યમાંય; હોંસલાવનારું.

૧૫. વિ. મિથ્યા; ફોગટ; નિરર્થક; નકામું.

૧૬. અ. ગમે તેમ; ફાવે તેમ; આડુંઅવળું.

આળપાળ [સં. આલવાલ] પું. ક્યારો; ચારેની આસપાસ પાણી ભરવા માટે કરેલો આડો; આમણ.

આળબોકળિયાં ન. બ. વ. (બ્રામ્હ) પછી જવાબ તેની જવાબદારી આધાર વિના લીધા રહેવાપણું.

આળય [સં. આલય] ન. રહેઠાણ; ઘર.

આળવણ ૧. [આળ (આરોપ) + વર્ણ (રંગ)] ન. કલંક; બદનામી; બટ્ટો.

૨. ન. (જૈન) કરેલ દોષનું પ્રાયશ્ચિત્ત.

આળવાળ [સં. આલવાલ] પું.; ન. ક્યારો; આલવાલ; આમણ.

આળવિયું ૧. ન. અડપલું.

૨. વિ. આળસીતરું; મસ્તીખોર.

૩. વિ. ચાલુડિયું.

આળવીતરું ૧. ન. અટકચાળું; તોફાન.

૨. વિ. તોફાની.

૩. વિ. ચાલુડિયું; ભોટભોટ કરનારું.

આળવીતરાઈ ૧. [આળવીતરું (અટકચાળું) + આઈ (પણું)] સ્ત્રી. અડપલું; અટકચાળું.

૨. સ્ત્રી. તોફાની હોવાપણું; મસ્તીખોરી.

૩. [સં. આ (ક્યારે) + લપ્ (બોલવું) + આઈ (પણું)] સ્ત્રી. બોલકણાપણું.

આળવીતરું ૧. ન. અટકચાળું; અડપલું.

૨. વિ. મસ્તીખોર; તોફાની.

૩. [સં. આ (ક્યારે) + લપ્ (બોલવું)] વિ. ચાલુડિયું.

આળવીલું ૧. સ્ત્રી. અડપલું; અટકચાળું.

૨. વિ. તોફાની; આળવીતરું; આળાપાળા કરનાર.

૩. [સં. આ (ક્યારે) + લપ્ (બોલવું)] વિ. ચાલુડિયું; બોલબોલ કરનારું.

આળસરું ૧. સ. ક્રિ. બંધ પડવું.

૨. સ. ક્રિ. અટકવું.

૩. સ. ક્રિ. મંદ પડવું.

આળસરી સ્ત્રી. પીપળા જેવાં પાનવાળું એક જાતનું ઝાડ.

આળસ ૧. સ્ત્રી.; ન. બેદરકારીપણું; મંદ સ્થિતિ; સુસ્તી.

૧. આળસ આવવી–કરવી = (૧) મહેનત કરવાનું ન ગમવું. (૨) શરીર ભારે થવું; સુસ્તી જણાવી.

૨. આળસ આવી = (૧) બગાસાં આવાં; સુસ્તી દેખાવી. (૨) શરીર છૂટું કરવું; શરીરમાં સ્ફૂર્તિ લાવવા અંગ મરડવું.

૩. આળસ છોડવું–તજવું–મૂકવું = આળસમાંથી છૂટા થવું.

૪. આળસ દરિદ્રતાનું મૂળ છે = બેદરકારીપણાને લીધે ગરીબાઈ આવે છે.

૫. આળસ મરડવી–મોડવી = શરીરનું ભારેપણું દૂર કરવાને હાથ પગ લાંબા ટૂંકા કરી શરીર મરડવું.

૨. [સં. ન (નહિ) + સ્પૃહ (મહેનત કરવી)] સ્ત્રી. મહેનત કરવી ન ગમવાપણું.

આળસવું (આળસું) [સં. ન (નહિ) + સ્પૃહ (મહેનત કરવી) + કું (નામપણું બતાવતો પ્રત્યય)] ન. સુસ્તી; આળસ.

રોજગારી હો પદમા, આળસમાં ખોટી.
નરસિંહ

આળસવું [સં. ન (નહિ) + સ્પૃહ (કામ કરવું)] સ. ક્રમબદ્ધ બંધ કરવાપણું.

આળસપ્રધાન [સં. ન (નહિ) + સ્પૃહ (કામ કરવું) + પ્રધાન (મુખ્ય)] વિ. જેમાં સુસ્તી મુખ્ય હોય એવું.

આળસવીળસ સ્ત્રી. અકળામણ; અકરામણ; મૂંઝવણ; ઊચાટ.

આળસવું ૧. સ. ક્રિ. બંધ પડવું; અટકી જવું; કામ કરતાં બંધ પડવું; પડતું મૂકવું.

આળપંપાળ જેને આળસવું, સમજ્યા તે સમું. અખો

આળસી જવું = કામ કરવું બંધ રાખવું; અટકવું; કામ બંદ પાડવું.

૨. સ. ક્રિ. અટકવું.

૩. [સં. ન (નહિ) + સ્પૃહ (મન કરવો)] સ. ક્રિ. બંદ પડવું.

આળસાઈ [સં. આલસ્ય (આળસ)] સ્ત્રી. બંદતા; સુસ્તી.

આળસાવું ૧. [સં. આલસ્ય (આળસ)] સ. ક્રિ. ધીમા પડી જવું; બંદ થવું.

૨. સ. ક્રિ. અટકવું.

૩. સ. ક્રિ. છોડી દેવું.

૪. સ. ક્રિ. ધીમું વાય એમ કરવું.

૫. સ. ક્રિ. મુલતવી રાખવું.

આળસુ ૧. વિ. ધીમું; ધીમું.

૨. વિ. નવરું; નિરુદ્યમી; અનુદ્યોગી.

૩. [સં. ન (નહિ) + સ્પૃહ (મન કરવો) + ઉત (જેવું)] વિ. બંદ; સુસ્ત. જેને કામ કરવાનું મન ન થાય તે આળસુ અને વધારે પડતી આળસ હોય તે બેદી મનાય. બેદી કામ કરે જ નહિ. આળસુ કામ કરવામાં ઢીલ કરે, મોડું કરે અને કામ તો કામ અધૂરું મૂકે.

૧. આળસુનો દગલો = બેદી; ઘણું આળસુ.

૨. આળસુનો પીર = ઘણો આળસુ; મહા બેદી.

આળસુપણું [આળસુ (સુસ્ત) + પણું (નામ બનાવનાર પ્રત્યય)] ન. આળસાઈ; બંદતા; સુસ્તી.

આળસ્ય [સં. આ (થોડું) + લસ (કામ કરવું) + ય (પ્રત્યય)] વ. ધીમે ધીમે કામ કરવા.પદું.

આળહો (આળહો) પું. (આમ્ય) ઢોરના આઉમાં થતો સોજો.

આળાગાળા પું. ન.વ. ન. ઓટા જેવા; ચેનગાળા; અટકચાળા.

આળાપવું ૧. સ.ક્રિ. આલાપ સાથે ગાવું; ગાયન શરૂ કરતાં પહેલા ધૂનમાં 'આ આ' એમ ગાવું

૨. [સં. આલાપ્ (વાત કરવી)] સ.ક્રિ. બોલવું.

આળાયો [સં. આવલી (લીટી)] પું. ફકરો; કંડિકા; 'પેરેગ્રાફ'.

આળાલુંબો પું. સંસારની તૃષ્ણા; લાલસા; લાલચ; આશાએ ને આશાએ કામ કરવું તે.

આળાલુંબો પું. લાલચ; લાલસા.

આળાલોચ [સં. આલોચ્ (વિચારવું)] પું. વિચાર; ચિંતન; મનન.

આળિયું ૧. [સં. આલય (રહેવાનું)] ન. આલય; જગ્યા; સ્થળ.

દીવો મૂકવાનું આલય અથવા આળિયું બનાવવા માંગે રાજવું. રાજપરંપરા

૨. ન. બખોલ; કૂવાની દીવાલમાં રાખેલો આડો

૩. ન. ભીંતમાં રાખેલો ગોખલો; બતાકું; આળિયો.

આળિયો ૧. પું. આરિસું; અરીસો; ચીબકું.

૨. પું. ભીંતમાં રાખેલો ગોખલો.

આળી ૧. [સં. આલય (રહેવાનું)] સ્ત્રી. સોનીની અંગીઠી મૂકવાની ઊંચી ઓટલી.

૨. વિ. સ્ત્રી. ધીમે અકાથી દુખાવ તેવી. જેમકે, આળી આમડી.

આળી જવું = અકાતાં દુઃખ થાય એવું બનવું.

૩. [સં. આર્દ્ર (ભીનું)] વિ. સ્ત્રી. ભેજવાળી; ભીની; ભીનાશવાળી.

૪. પ્ર. વાળી એવા અર્થવાળો પ્રત્યય. જેમકે, લોઢી + આળી = લોઢીઆળી.

આળીઓ ૧. પું. આળિયો; ગોખલો.

૨. પું. કૂવાના પડખામાં પોલી બખોલ; કોતર.

આળીગાળું ૧. [સં. આળ (લોભવા) + ગાળ (અપશબ્દ)] વિ. અટકચાળું; તોફાની; ચાંદું.

વારો ૨ જણીયા મેયા કામને, આળીગાળો આળ કરે છે. પ્રાચીનકાવ્ય

૨. વિ. આળ આપનારું.

આળીગાળો થયે છે રવ, લઈ જાવો તો થારી અનર્થ. પ્રેમાનંદ

૩. વિ. આગ હેતુ.

આળીંબો ૧. [સં. આ (ચોતરફ) + લિપ્ (લીંપવું)] પું. ઓળાંપો; લીંપણ.

૨. [સં. અવ (નીચે) + લંબ્ (લટકવું)] પું. મંડિયાનું એક ઓજાર; ચક્કર પૃથ્વીની સપાટીથી અટપણે હોવાનું ખાતરી કરવાનું દોરીવાળું એક સાધન; લળ; ઓળંબો; 'લેવલ'.

આળુ જ. વાળું, ભરેલું જેવા અર્થવાળો પ્રત્યય. જેમકે, દયા + આળુ = દયાળુ; માયા + આળુ = માયાળુ.

આળું ૧. [સં. આ (ચમારે) + ક્રમ્ (ચોરવું)] ન. ન.વ. તફોમત; આળ; ખોટો આરોપ; તુહાન.

ભોરો સરખો ભોરો, આળું નાખે છે આરી. અજ્ઞાનંદ

૨. વિ. અકાથી દુઃખ થાય એવું; સૂવાળું; કોમળ.

આળી આમડી = રેંજ ઉપર આવતી નવી આમડી.

૩. વિ. ભરમાવું અર્થ પ્રયોજ્યું.

૪. વિ. તાજું ઉતરડેલું; કાચું.

૧. આળું ઓઢવું = બદનામી જોવી; કલંક થવું. બગાઉ બે ગામના સીમાડાની હદ નક્કી કરવામાં આવતી ત્યારે ગામના એકાદ માણસને આળું ઓઢાડતા અને પછી તે ત્યાં સુધી જાય ત્યાં સુધી તે ગામની હદ ગણાતી. આથી ગામને કાયદો ચાતો પણ આળું ઓઢનાર વગોવાતો. તે ઉપરથી આ કહેવત નીકળેલી મનાય છે.

૨. આળું આમકું = કાચા વજરનું આમકું.

૫. વિ. નરમ; પોચું; મૃદુ.

૬. વિ. નિર્બળ; શક્તિ વિનાનું.

૭. [સં આર્દ્ર] વિ. ભીનું; લીલું.

૮. અ. (આકરણ) વાળું એવો અર્થ બતાવતો નામને છેડે લગાડાતો પ્રત્યય. જેમકે, દૂધ + આળું = દૂધાળું; રૂપ + આળું = રૂપાળું.

આળુંબોળું ૧. [આળું (નરમ) + બોળું (કપટ વિનાનું)] ન. બાળક.

૨. વિ. ખુલ્લા દિલનું; કપટ વિનાનું; નિષ્કપટ; નિખાલસ; નિખાલસ.

આળે ૧. [સં. આલય] ન. ઘર; રહેવાનું. કવિતામાં તે આલયને બદલે વપરાય છે.

૨. અ. એવેડ હોકટ; નકામું.

૩. અ. તરત જ; એકદમ.

૪. અ. તોબા; હવે હદ અર્થ એવા અર્થનો ઉદ્ગાર.

આળેઆળે અ. હોકટ; નકામું.

આળેઆળે કરે છે અનર્થ, એમ નથ છે જન્મ અર્થ. નિષ્કુળાનંદ

આળેખ [સં. આ (ઉપર) + લિખ્ (લખવું)] પું. લુગડા ઉપર ભરત ભરવા માટે સાદી અથવા રેંજરી પાડવામાં આવતી ભાત.

આળેખવું ૧. [સં. આ (ઉપર) + લિખ્ (લખવું)] સ.ક્રિ. કોલસાકામ અને લુગડામાં ભરત ભરવા પહેલાં લીટી કાઢવી; દોરવું; રેખા કાઢવી.

૨. સ.ક્રિ. ચીતરવું.

આળેખાઈ જવું = થંભી જવું; ચિતરામણ થઈ જવું.

૩. સ.ક્રિ. બીજાથી છાપવું.

૪. સ.ક્રિ. બીજું કરવું; ઓઠું કરવું.

૫. સ.ક્રિ. લખવું.

આળેપ ૧. [સં. આ (ઉપર) + લિપ્ (લેપ કરવો)] પું. ઘસીને અથવા કોઈ ચોપડીને ઉપરની સપાટી સફાઈદાર બનાવવાપણું.

૨. પું. લેપ; મલમ.

આળેમાળ અ. રેંટિયાના ચક્કર અને ત્રાક ઉપર કરતી દોરી આવીપાછી ન બને તેમ.

આળેલુંબ અ. જોડી કાઢેલી વાત.

તેને આળેલુંબે સમાડે બાત,
ત્યારે કરતો રે ઉત્પાત. મોખો

આળેહીં અ. સહેજમાં; અમસ્તું.

આળો પું. કચરો; પૂંજો.

આળોગ ૧. [સં. અભિલષ્ (ઇચ્છવું)] સ્ત્રી. ઇચ્છા; આશા; તૃષ્ણા.

૨. સ્ત્રી. ઓળગ; અંદાજ કેરા આવા તે.

૩. સ્ત્રી. દુઆ; આશિષ.

૪. સ્ત્રી. માનતાના નક્કી કરેલ દિવસે નિયમસર દેવની પૂજા કરી પછે જાગવું તેટ દેવને સંતોષવા તેને પારે કર્યા આવવાપણું.

આળોચના ૧. [સં. આ (ચમારે) + લોચના (નજર)] સ્ત્રી. અવલોકન; નિરીક્ષણ.

૨. સ્ત્રી. (જૈન) આલોચના; પાપ કર્મની માફી માગવાપણું; શિષ્યે ગુરુ પાસે પોતાના દોષ કહેવા.પદું.

આળોચવું ૧. [સં. આ (તરફ) + લોચ્ (જોવું)] સ.ક્રિ. માફી માગવી.

૨. સ.ક્રિ. વંદવું; નમસ્કાર કરવો.

આળોટવું ૧. [સં. આ (ચમારે) + ઘૂર્ (આળોટવું)] ન. આળોટવું તે; લોટવું. ઘોડા, બળદ વગેરે જનવર આળોટીને થાક ઉતારે છે.

૨. ન. ઓશીકું.

ગુ. વિ., આળોટવાની ટેવવાળું.

આળોટવું [સં. આ (વધારે) + લુટ્ (પાસાં ફેરવવાં)] સ. ક્રિ., લોટવું; આમતેમ પાસાં; પથારીમાં આમથી તેમ લોટવું; રહ્યા કરવું; પાસાં ફેરવ્યાં કરવાં.

આળોટી જવું = (૧) કંઈક સહન કરી લેવું. (૨) બંદોબસ્ત પછી સાજા થઈ જવું.

આળોપવું ૧. [સં. આ (વધારે) + લોપ્ (ખોવું)] સ. અવલોપન.

૨. સ. (જૈન) દોષની આલોચના કરી તપ આપવું.

ગુ. સ. વિચાર.

આળોવવું ૧. [સં. આ (વધારે) + લોપ્ (ખોવું)] સ. આલોચના; વિચાર.

૨. [સં. આલોચના; પ્રા. આલોયણ] સ. (જૈન) ગુરુ પાસે દોષની આલોચનાથી કરાતું પ્રાયશ્ચિત; શુદ્ધતા; પાપ ધોવા માટે કરવામાં આવતું વ્રત.

આળોવવું ૧. [સં. આ (વધારે) + લોપ્ (ખોવું)] સ. ક્રિ. ખમાવવું; માફી માગવી.

૨. સ. ક્રિ. (જૈન) પાપનું પ્રાયશ્ચિત કરવું.

આં

આં

આં ૧. અ. પૈસો; કદિયું.
૨. અ. અગંળો દેખાડનાર અવ્યય.
૩. અ. આ ઠેકાણે; અહીંનાં.
૪. અ. ઉતેજન આપનાર એક ઉદ્‌ગાર.
૫. અ. (બૃ. સ્ત્રી.) (વ્યાકરણ) પાંચમી વિભક્તિનો અર્થ બતાવનાર પ્રત્યય. જેમકે, માંથી.
મુખી સિંહ કોપ્યું જાણે મનમાં. પાંચાખ્યાન
૬. અ. બાળકના રોવા જેવો અવાજ.
૭. અ. ભલે, ઠીક, હો, વારુ એવો અર્થ બતાવતો ઉદ્‌ગાર.
૮. અ. હાં, પછી, એમ હોંકારાનો એક ઉદ્‌ગાર.

આંઈ ૧. [સં. અયમ્] સ. (બીબી) આ; નજીકનું.
૨. સ. (કચ્છી) તમે.
૩. [સં. અહમ્] સ. કું.
૪. અ. (પ્રાચીન) અહીં; આ ઠેકાણે; અહીંયાં.
આંઈ મર = અહીંયાં આવ.

આંઈકણે ૧. અ. (પ્રાચીન) આ ઠેકાણે; આંહીં; અહીંને.
૨. અ. નજીક; પાસે.

આંઉ ૧. [સં. અહમ્] સ. (કચ્છી) કું. પહેલો પુરુષ એકવચન 'હું' સંસ્કૃતમાંથી ગીતરેથી સગવડ મુજબ આપામાં હ ગળાવે છે, પણ સિંધી અને કચ્છીનાં આંઉએ હનો બહિષ્કાર કર્યો છે.
૨. અ. એમ; એવી રીતે.
૩. અ. નકાર બતાવતો ઉદ્‌ગાર.
૪. અ. બસ; થયું.
૫. [સં. ઓમ્] અ. હા; વારુ; ઠીક; હો.

આંઉંસ ૧. [અં. ઔંસ] કું. અડી તોલા જેટલું અંગ્રેજી વજન; પૌંડ વજનના સોળમા ભાગનું વજન. આ માપ ઝાંખી વગેરે વેપારી વાપરે છે.
૨. કું. એક પૌંડનો બારમો ભાગ. આ માપ વૈદ, સોની, ઝવેરી વગેરે વાપરે છે.
૩. કું. પ્રવાહી વસ્તુનું આઠ મૂળનું એક માપ.

આંઉં ૧. સ. કું.
૨. અ. એમજ.
૩. અ. બસ; બહુ થયું.
૪. [સં. ઓમ્] અ. હા; વારુ.

આંઉંજાઈ [સં. આખેટિક] કું. (કચ્છી) આહેડી; શિકારી; પારધી; વ્યાધ.

આંઉંજો [સં. આખેટ] કું. (કચ્છી) શિકાર; મૃગયા.

આંઉંરા [હિં.] કું. આમળાં.

આંઉંલા [હિં.] કું. આમળાં; એક જાતનાં ફળ.

આંક ૧. [સં. અંક (ચિહ્ન કરવું)] કું. અક્ષર; કરાર; વર્ધમાનનો મૂળ અક્ષર.
૨. કું. અટકળ; અંદાજ; અટકળ; આશરો.
૩. કું. અંત; હિસ્સો; ભાગ.
૪. કું. કહેવત; લોકોક્તિ.
દીવતો નર વહ્યા પામશે, સંભારી એ આંક
પદ્માવતીની વાર્તા
૫. કું. મણું; વેદ; વીંધ; છિદ્ર.
૬. કું. કોઈ માણસના નામે પ્રસિદ્ધ વંશ.
૭. [સં. અંક] કું. ખોળો; ગોદ.
૮. કું. ૯૬ નિયમ; નિશ્ચિત સિદ્ધાંત.
૯. [સં. અક્ષ] કું. ધરી; આંસડ; ગાડીનો ધરો.
ગાલ્વાનો તો આંક પડ્યો, વચ્ચેથી ભાંગી.
નર્મદ
૧૦. કું. નવ માત્રાના છંદની સંજ્ઞા.
૧૧. કું. (પિંગળ) નવ માત્રાનો એક માત્રાવૃત્તિ છંદ; રૂદ. જેની પ્રસ્તાર જેટલે માત્રા અથવા વર્ણના છંદના સાઠ રૂપોના કોઠાના ભેદથી ખરણ, ગંજ વગેરે પંચાવન વૃત્તિ જેટલે અંત આવે છે.
૧૨. કું. નિશાની; ચિહ્ન; અંક.
આંક કરવો-દેવો = નિશાની કરવી.
૧૩. કું. ભાવ; મૂલ્ય.
આંક કરવો–કાઢવો–પાડવો–માંડવો–મૂકવો = (૧) અડસટ્ટો કાઢવો. (૨) તકરારી હિસાબનો નિકાલ લાવવો. (૩) મૂલવવું; આશરે કીમત કરવી.
૧૪. કું. (ગણિત) મુદ્દલનો ઠરેલા અને વખત સાથેનો ગુણાકાર.
૧૫. કું. લોઢ ગાળવાનું ચૂલેથી ઝીણી બળીવાળું એક સાધન; ઢવાલો.
૧૬. કું. વિધિના લેખ.
કરમે લખ્યું ટળતું નથી જે લખ્યા વિધિએ આંક.
પ્રેમાનંદ
૧૭. કું. સંખ્યા.
૧૮. કું. સંખ્યાની નિશાની; આંકડો; આદદ.
સાત જેવા સર્વે જન, કીમત અઝલ તુલ્ય;
સરખા કામળ હૂંફીના, પણ આંકે પ્રમાણે મૂલ્ય.
કહેવત
૧૯. કું. સુતરની બનાવટ કે પાતળાઈનો હિસાબ.
૨૦. કું. હદ; સીમા; અવધિ; મર્યાદા. કોઈ ખરાબ કામ કરનારને ઠપકો આપવા માટે અથવા કોઈ સારા માણસની પ્રશંસા કરવા માટે વપરાય છે.
વિનતિ કરે નરસૈંયો હાથ માંડે,
મહાલા હવે બન્યો આંકે છેક. નરસિંહ
૧. આઠો આંક આવવો-વળવો = હદ બરી; પરાકાષ્ઠા થવી.
૨. આઠો આંક વાળવો = હદ કરવી; અવધિ કરવી; બહુ કરવું.
૨૧. કું.બ.વ. પાઠા; ચોપડા; ગુણાકારનાં કોષ્ટક.
આંક મુખમાં તો હિસાબ નખમાં = જેને પાઠા પાક્કા આવડતા હોય તે હિસાબ જલદી કરી શકે.

આંકકાર ૧. [સં. અંક (આંકડો) + કૃ (કરવું)] કું. કીમત નક્કી કરનાર.
૨. [સં. અંકૂ (નિશાની કરવી)] કું. નિશાન કરનાર; ચિહ્ન કરનાર.

આંકચાળણી ૧. સ્ત્રી. અંકગણિત.

૨. [સં. અંક (આંકડો) + ચાલન (ચાલવાપણું)] સ્ત્રી. આંક ચાળવાની રીત; ચમોટા.

૩. સ્ત્રી. ઝીણું કાપણાંવાળી ચાળણી.

આંકડ (આંકડ્) ૧. [સં. અંકૂ (વાંકવા ચાલવું)] સ્ત્રી. પરાળ વગેરે પાડવાની આકડીવાળી વાંસની લાંબી લાકડી.

૨. સ્ત્રી. પેટમાં આવતી વીંટ; મૂંઝ.

૩. સ્ત્રી. કાથીને અંકુશમાં રાખવાનું લોઢાનું એક હથિયાર; અંકુશ; કોંતાર.

આંકડસાસુ (આંકડ્સાસુ) સ્ત્રી. પાટલાસાસુ; વહુની મોટી બહેન.

આંકડા (આંકડ્ય) ૧. [સં. અર્ક] કું. (હિંદી) આકડાનો છોડ.

૨. કું. ઢોરને થતો એક જાતનો રોગ.

૩. કું. ખાસુનો અણીવાળો વળેલો આગલો ભાગ.

૪. કું. માછલાં પકડવાનો કાંટો.

૫. [હિં.] કું. સંખ્યાનું ચિહ્ન; અદદ.

૬. [હિં.] વિ. એક હજાર; ૧૦૦૦.

આંકડાકલીલ (આંકડાકલીલ) સ્ત્રી. આંકડાથી બતાવવામાં આવતો સમજ.

સમજવામાં બીજાને ન સમજાય એવી પરિભાષા કે **આંકડાકલીલ** ન વાપરવી કારણ કે સામાન્ય જનસમુદાય એ નહિ સમજી શકે.

ગુજરાતી સેખનકળા

આંકડાની (આંકડ્યાની) સ્ત્રી. બજેણી. પુષ્ટિમાર્ગમાં બજેણીને આંકડાની કહે છે.

આંકડાબંધી (આંકડ્યાબંધી) [સં. અંક (આંકડો) + બંધ્ (કરવું)] વિ. ચોક્કસ તરીકે રાજાને અમુક રકમ ભરવું; આકારી; વિધોટીવાળું.

આંકડાબાજ (આંકડ્યાબાજ) [આંકડો (રકમ) + બાજ (રમનાર)] સ્ત્રી. કીમતના આંકડાનો ઉપયોગ કરનાર માણસ.

આંકડાબાજી (આંકડ્યાબાજી) [આંકડો (રકમ) + બાજી (રમત)] સ્ત્રી. અમુક વિષયને લગતા આંકડા ભેગા કરી તે વિદ્યા વાપરવાપણું.

આંકડાવહી (આંકડ્યાવહી) [આંકડો (રકમ) + વહી (ચોપડો)] સ્ત્રી. જરતિયાં નોંધવાનો ચોપડો.

આંકડાવેલ (આંકડ્યાવેલ) સ્ત્રી. એક જાતની રમત; ઓડીબમચી; ગુલીદાગ. તેમાં દાવ દેનાર એક પગ મોડવીથી વાંકો વાળી બીજે પગે કૂદતાં કૂદતાં આવી બીજા રમનારાને પકડવા જાય છે. જો કોઈને તે અડી જાય તો તેના ઉપરથી દાવ ઊતરી જઈને તે આઘો હોય તેના ઉપર દાવ આવે છે.

આંકડાશાસ્ત્ર (આંકડ્યાશાસ્ત્ર) [સં. અંક (આંકડો) + શાસ્ત્ર (વિદ્યા)] ન. કર્કોક્તના આંકડા એકત્ર કરવાની, તેને વર્ગ પ્રમાણે ગોઠવવાની અને તેનો ઉપયોગ કરવાની વિદ્યા; 'સ્ટટિસ્ટિક્સ'. આ શાસ્ત્ર સામાજિક અથવા કુદરતી કર્કોક્તોની અને તેનાં જુદાં જુદાં કારણોથી થતા વરસી રાજય જેવા ફેરફારોની ચોક્કસ અથવા આશરે ગણતરી કરવાનું, તે ગણતરીના જુદા જુદા ભાગ પાડવાનું અને તેના ઉપરથી અનુમાન કાઢવાનું છે.

આંકડાશાસ્ત્રનો આખો વિષય ચાર ભાગમાં વહેંચાયેલો છે: (૧) વસ્તુસંગ્રહ, (૨) વસ્તુગોઠવણી, (૩) વસ્તુદર્શન, (૪) વસ્તુનિરૂપણ. આંકડાશાસ્ત્ર

આંકડાશાસ્ત્રી (આંકડ્યાશાસ્ત્રી) [સં. અંક (રકમ) + શાસ્ત્ર (વિદ્યા) + ઇન્ (વાળું)] કું. ગણનાશાસ્ત્રનો વિદ્વાન; આંકડા સંબંધી વિદ્યામાં હોશિયાર માણસ.

આંકડિયા (આંકડ્યા) ૧. કું. જ. જ. આંકડાની જેમ આગળ વળેલા ભાગ પાસેના ભાગ.

૨. [આકડી] કું. જ ય એક કડીને બીજી સાથે જોડી બનાવવામાં આવતો પગ અથવા હાથમાં પહેરવાનો એક જાતનો દાગીનો.

આંકડિયા ભીડવા = એકબીજાના હાથનાં આંગળાં આમસામાં ભરાવી જોડી દેવાં.

આંકડિયાળું (આંકડ્યાળું) ૧. [આંકડી + આળું (વાળું)] વિ. આંકડા વળેલું; છેડે વાંક હોય એવું; વાંકડિયું.

૨. વિ. વાંકચૂક.

આંકડિયું (આંકડ્યું) ૧. [આંકડી] ન. આંકડી; કડી; આંકોડી.

૨. વિ. આંકડાવાળું.

૩. વિ. આંકવાળું; નિશાનીવાળું

૪. વિ. કર વરસે ઠરાવેલ રકમનો આંકડો ભરનાર.

આંકડિયો (આંકડ્યો) ૧. [આંકડો] કું. અંગરખું, કોટ વગેરેમાં કસ કે બટનને બદલે વપરાતો ધાતુનો વાળેલો કટકો; હુક.

૨. કું. એક અથવા બન્ને છેડે વાળેલો સળિયો.

આંકડી (આંકડી) ૧. સ્ત્રી. અચુમકો; અરચિ.

૨. [સં. અંકૂ (અકવું)] સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા; દ્વેષ; વેર; ખાર.

આંકડી રાખવી = દ્વેષ રાખવો; ઈર્ષા ધરવી.

૩. સ્ત્રી. આંતરડામાં વાયુને લીધે થતી પીડા; પેટપીડ; વીંટ; આમળો; મૂંઝ. ઘણો વાયકો કે કાચો ખોરાક ખાવાથી, ઘણા દિવસ કબજ રહેવાથી, ઠંડી હવા લાગવાથી, ઝેરી રજકણો પેટમાં જવાથી પેટમાં આંકડી થાય છે. તેના ઉપાયમાં શેક કરવો, ઝાડો બંધ હોય તો જુલાબ લેવો.

૪. સ્ત્રી. એક અથવા બેઉ છેડેથી વાળેલો સળિયો.

૫. સ્ત્રી. કડી; આંકોડી; હુક.

આકડી દેવી = બારણું બંધ કરી કડી કે હુક ચડાવવો.

૬. સ્ત્રી. કપડું તણાઈને કરચલી રહ્યા વગર સુકાય એવું ઓકું.

૭. સ્ત્રી. (લાક્ષણિક) બગાસાટાહ.

૮. સ્ત્રી. (આમ્ર) ઝાડકપટ; કનોફટકો.

૯. સ્ત્રી. ઝાડની ડાળીઓ તોડવા માટે વાંસડાને છેડે જડેલી લોઢાની દાતરડીવાળું એક સાધન.

૧૦. સ્ત્રી. તાણ; ખેંચ; આંચકા આવી અવાચક અને સદ્ એટલે જડ થઈ જવા તેવો રોગ.

આંકડી આવવી = (૧) મૂંઝ આવવી. (૨) તાણ આવવું.

૧૧. સ્ત્રી. કળ પાડવા માટેનું એક ઓજાર. તેમાં એક વાંસને છેડે ગોળ લોઢાનો સળિયો લગાડી તેની સામે ગોળી ટાંગી તેને ઉપલે છેડે એક વાળેલો લોઢાનો આંકડો રાખેલો હોય છે. આમ કરવાથી કળ નીચે નહિ પડતાં ગોળીમાં ભરાઈ રહે છે.

૧૨. સ્ત્રી. મરતી વખતનાં કષ્ટો.

૧૩. સ્ત્રી. માછલાં પકડવાની કડી; ગળ.

૧૪. સ્ત્રી. વાંકો ખીલો.

૧૫. સ્ત્રી. વિરોધ; સખત વાંધો.

૧૬. વિ. કર વરસે ઠરાવેલ રકમનો આંકડો ભરનાર.

આંકડીઝાડ (આંકડીઝાડ) ૧. [સં. અંકૂ (વળાકમાં કરવું)] ન. આંકડી; કસ્ટાપકડી.

૨. ન. કરેડી ઉપાડી રાખવા માટે જડેલો હુક.

૩. [સં. અંકૂ (નિશાની કરવી)] વિ. નિશાની કરેલ; આંક માંડેલ.

આંકડીબૂકડી (આંકડીબૂંકડી) સ્ત્રી. આંટીઘૂંટી; દાવપેચ.

આંકડુ (આંકડુ) [સં. અંકૂ (અકવું)] ન. (બૃ. સ્ત્રી.) કુપદ; અભિમાન.

તે વાહાર ધિરી વાંકડુ,
અતિ વિસમુ તેહનુ **આંકડુ**. ભાવબૃહસ્પતિ

આંકડેદાર (આંકડેદાર) વિ. કર વરસે ઠરાવેલ રકમનો આંકડો ભરનાર; આંકડિયું.

આંકડેબાંકડું (આંકડેબાંકડું) વિ. ખરી તક ઉપર થતું.

આંકડેબંધી (આંકડેબંધી) [સં. અંક (રકમ) + બંધ્ (નક્કી કરવું)] સ્ત્રી. ઠરાવેલ રકમનો આંકડો ભરનાર; આંકડિયું.

આંકડો (આંકડો) ૧. [સં. અર્ક; હિં. આક્ડા] પું. એક જાતનો છોડ; આકડો; અર્ક.

૨. [સં. અંક (ચિહ્ન કરવું)] પું. કીમત માંડવી અથવા મૂકવી તે; સંખ્યાના રૂપમાં મુકાતું મૂલ્ય.

આંકડો પાડવો = (૧) આંક મૂકવો. (૨) રકમ નક્કી કરવી. (૩) લખવું.

૩. પું. ક્રોધ; રીસ; ગુસ્સો.

૪. પું. અણતરી.

૫. પું. ગર્વ; અહંકાર; તોર; અભિમાન; મગરૂરી.

સમય જોઈ સાંકડો, મૂકિયે આંકડો, તેહને રામ આ વિષ વારે. નરસિંહ

૧. આંકડો અદ્ધર ને અદ્ધર રાખવો–લીધો ને લીધો રાખવો = (૧) કૂદી રહેવું. (૨) નામાના હિસાબનો નિકાલ ન કરવો. (૩) બહુ અભિમાન રાખવું.

૨. આંકડો નમવો–નરમ પડવો = (૧) ગર્વ ઊતરવો. (૨) તાબે થવું; કબાઈ જવું. (૩) નરમ પડવું; શાંત થવું.

૩. આંકડો મૂકવો = (૧) ગર્વ છોડી દેવો. (૨) તકરારી રકમના નિવેડા માટે પંચે આંક લખવો.

૬. પું. બળ; માછલાં પકડવાનો ઢગ.

૭. પું. છેડેથી વાળેલો ખૂણિયો.

૧. આંકડા ભીડવા = (૧) બે જણે કોઠલીના લાયનાં આંગળાંમાં આંગળાં ભરાવવાં. (૨) હાથમાં હાથ નાખી જકડી લેવું.

૨. આંકડો ભરાવવો = (૧) કોઈ બારે મીજ ઊંચકવા વાળેલો લોખંડનો કટકો ભરાવવો. (૨) મારવું બંધ કરવા પવનઆંકડી મગાવવી.

૮. [સં. અંકુર (ફણગો)] પું. ડંખ; ઝેરી મંટો.

આંકડો મારવો = ડંખ મારવો.

૯. પું. પકડ; સાણસી.

૧૦. પું. બિલ; લેણદેણ સંબંધી બનીને તૈયાર કરેલો હિસાબ; આપેલા માલની અથવા કરેલી સેવાની કીમતનું ઝરતિયું

૧૧. પું. મૂલનો વળ.

આંકડો ઊંચો રાખવો = બહુ અભિમાન રાખવું; ગર્વિષ્ઠ થવું.

૧૨. પું. મોટો અણીવાળો દાંત.

૧૩. પું. મોટો કૂદકો.

૧૪. પું. લખવા વાંચવાની આવડત; અક્ષરજ્ઞાન.

બે આંકડા આવવા = બરાબર જોતું શીખવું.

૧૫. પું. લેણદેણનો હિસાબ; ખાતાવહીના ચોપડા ઉપરથી ઉતારેલ હિસાબની તપસીલ.

૧. આંકડો કરવો = (૧) રકમ નક્કી કરવી. (૨) લેણદેણનો હિસાબ નક્કી કરવો.

૨. આંકડો મૂકવો = (૧) લખવું. (૨) સ્પષ્ટ તરીકે તકરારી હિસાબ ચોખ્ખો કરવો.

૧૬. પું. વરને આપવાનો ચાંલ્લો; પરઠણ.

૧૭. પું. વીંછીનો ડંખ પાસેનો અકોડાવાળો વળેલો ભાગ.

૧૮. પું. સંખ્યા; સંખ્યાની નિશાની; આદ. ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ એ દસ નિશાનીથી સંખ્યા બતાવી શકાય માટે એ દરેકમાંની કોઈ તે એક આંકડો કહેવાય. હાલની ભાષામાં લિપિ જમણીથી ડાબી બાજુ તરફ અને સંખ્યાના આંકડા ડાબીથી જમણી બાજુ તરફ લખવામાં આવે છે. અરબો અને ઈરાનીઓ આ આંકડા વાપરતા હોવાથી હિંદુસ્તાનમાંથી લીધા, અરબ કે હિંદુસ્તાન સાથે તેનો વેપાર ચાલતો હતો અને આજે પણ અરબો આંકડાને રકમુલહિંદા કહે છે.

આંકડા (આંકડા) જી. પકેલા અનાજને બરણી ઊખણી બંધાળીથી ખેંચીને બીજી જગાએ ઢગલો કરવાપણું.

આંકણ ૧. [સં. અંક (ચિહ્ન કરવું)] સ્ત્રી.; ન. આંકવાની ક્રિયા; આંકવું તે.

૨. સ્ત્રી.; ન. આંકવાની રીત.

૩. સ્ત્રી.; ન. ઊપજતાં સારે સારે અનાજ જુદું પાડવાપણું; બળામાં સારું અનાજ એક બાજુ કરવું તે; ઊપજતી વખતે બરણા બાજમાં સારું અનાજ લાવવાની ક્રિયા. એની રીતે પકેલા અનાજને આંકણનું અનાજ કહે છે.

આંકણી ૧. સ્ત્રી. બાજબાવસ; આશરો.

૨. સ્ત્રી. આખાનનું કહેવું.

૩. [સં. આંકન] સ્ત્રી. આંકવાની રીત; લીટીઓ દોરવાની પદ્ધતિ.

૪. સ્ત્રી. એ નામની એક રાગિણી.

૫. સ્ત્રી. કસ કાઢવાની રીત; કસોટી; પરખ.

૬. સ્ત્રી. કસી જોવાની સત્તા.

૭. સ્ત્રી. કીમતનો આકસ્ટો; કસ.

૮. સ્ત્રી. ગણતરી.

૯. સ્ત્રી. ચૂંક; આંકડી.

૧૦. સ્ત્રી. જમાબંધી; બહુક કર લેવાનો કરાર.

૧૧. સ્ત્રી. (સંગીત) ટેક.

૧૨. સ્ત્રી. ઢાળ.

૧૩. સ્ત્રી. દાણા સાફ કર્યા પછી ખેડૂતો બજારમાં રહેવા દે તે ભાગ.

૧૪. [સં. આંકની] સ્ત્રી. સીધી લીટી દોરવાની લાકડાની અથવા ધાતુની ગોળ અને જાડી સીધી નાની પટ્ટી; રેખાપટ્ટી; 'રૂલર'.

આંકણહાર [આંકણી (અડસટો) + હાર (કરનાર)] વિ. આંક મૂકનાર; કીમત કરનાર; મૂલ્ય નિરૂપક.

આંકણું ૧. [સં. આંકન (ચિહ્ન કરવાપણું)] ન. આંકવાનું હથિયાર.

૨. ન. દાગીના ઉપર ચીતરવાનું સોનીનું ઓજાર.

૩. ન. દાણા વાવતાં બારની પછવાડે પડતો આકોપાતળો ત્રીજો દાણો.

૪. ન. સુતારનું લીટી દોરવાનું ઓજાર.

આંકણદાર [હિં.] પું. જમીનનો ભાગીદાર.

આંકન ૧. [સં. આ (નહિ) + કણ્ (દાણો)] પું. (હિંદી) દાણા કાઢી લીધેલો બારનો ભોંયો.

૨. ન. (અંકિત) પરિમાણમાપન; આસ્ત કાઢવો તે; 'ઇસ્ટિમેશન'.

આંકરેરક ૧. પું. એક જાતનો સટ્ટો. આવતા સરાસરીના તારનો છેલ્લો એક આંકડો એ આંક અને એથી વધારે એ દરક. આ આંકના દરક સંબંધમાં ખેલાતો સટ્ટો આંકરેરક કહેવાય છે. આ જાતના જુગારની મૂળ ઉત્પત્તિ કલકત્તાના મારીઝના બેચાણની પેટીઓની ઊપજેલી સરાસરી રકમમાંથી થયેલી છે. હાલ અમેરિકન ફીયર ઉપર ખાસ રમાય છે. ઉપરટ ગાડી, મોટરના નંબર ઉપર પણ રમાય છે.

૨. [આંક (કીમત) + દરક (લહાવત)] પું. ભાવના આંકડામાં થતી વધઘટ.

આંકબંધી [સં. અંક (આંકડો) + બંધ્ (નક્કી કરવું)] સ્ત્રી. (હિંદી) મહેસૂલનો નક્કી કરેલ આંકડો.

આંકબંધી [આંક (હિસાબ) + બંધ્ (બાંધવું) + ઈન્ (વાળું)] વિ. હદ નિશ્ચયવાળું; મક્કમ.

આંકબંધીને આળસ ન આવે. જોને બગદ

આંકર ૧. [સં. આકર (ખાણ)] વિ. ઘણું ઊંડું.

૨. વિ. બહુ વધારે; ઘણું અધિક.

આંકરાં ન. નસોનું ટાઢને લીધે મટી જવાપણું.

આંકલ પું. (ગિરાસ) સીમ; નિશાની કરાયેલો ખૂંટ.

આંકલો પું. એક જાતની વનસ્પતિ.

આંકવાડો (આંકવાડો) [સં. અંક (બાજુમાં હોવું) + વાટ (રસ્તો)] પું. રસ્તો વાંક વળતો હોય તે બાજુ મારગના વળાંકનું ઠેકાણું.

આંકવિદ્યા [સં. અંક (આંકડો) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. અંકિતજ્ઞાન; કાંકને હિસાબ.

આંકવું ૧. [સં. અંક્ (કીમત આંકવી)] સ.ક્રિ. અડસટો કાઢવો; અનુમાન કરવું; અટકળવું; કસ કાઢવો.

૨. સ. ક્રિ. આલિંગન દેવું; ભેટવું.
૩. સ. ક્રિ. ધારવું; વિચાર કરવો.
૪. સ. ક્રિ. નિશાની પાડવી; ચિહ્ન કરવું; છાપ લગાવવી; ડામવું.
૫. સ. ક્રિ. મંત્રથી દુઃખ આપવા દરદ મટાડવું.
૬. સ. ક્રિ. મૂલ ઠરાવવું; કીમત કરવી.
૭. સ. ક્રિ. સીધી લીટી દોરવી; મીંડા લીટા પાડવા.

આંકવો [સં. અંક (અપરાધ)] પું. વાંક; ગુનો.

આંકરાણાણ [સં. આકૃષ્ટ (ખેંચેલું) + બાણ (તીર)] ન. ખેંચેલ તીર.

આંકસ ૧. પું. ડામ; ડામ.
૨. પું. પરવશપણું; પરાધીનતા.
૩. [સં. અંકુશ] પું. હાથીને કાબૂમાં રાખવાનું લોઢાનું હથિયાર; અંકુશ; કોતાર.

આંકહુ [સં. અંકુશ] પું. ડામ; ડાગ.

આંકળ [સં. અંકોલ] સ્ત્રી. એ નામનું એક જાતનું ઝાડ; અંકોલ.

આંકળું [સં. અંકોલ] ન. આંકળ ઝાડનું ફળ; અંકોલું. પાકે ત્યારે તે લાલ રંગનું અને ચળકતું થાય છે.

આંકાદોડો ૧. સ્ત્રી. આકડાનું ઠુંઠવું; રવિફળ.
૨. સ્ત્રી. એ નામના વેલાનું ફળ.
૩. સ્ત્રી. એક જાતનો વેલો; આકાદોડી.

આંકિક ૧. [સં. અંક (આંકડો) + ઇક (લગાડી)] પું. હિસાબનવીસ; ગણનવીસ; આવક અને ખર્ચનો હિસાબ લખનાર અધિકારી; 'અકાઉન્ટન્ટ'.
૨. ક્રિ. આંકડા સંબંધી; આંકને લગતું.
૩. ક્રિ. આંકડામાં બતાવેલું; સંખ્યામાં દર્શાવેલ.

આંકુડી (આંકુડી) સ્ત્રી. (જુ. ગુ.) છેડે વાળેલો અણીદાર સળિયો; આંકડી.

આંકુશ ૧. [સં. અંકુશ] પું. ડામ; ડાગ.
૨. ન. હાથીને કાબૂમાં રાખવાનું આંકડા જેવું એક હથિયાર; અંકુશ; કોતાર.

આંકુશિક [સં. અંકુશ (કોતર) + ઇક (વાળું)] ક્રિ. કોતારથી કાબૂમાં રાખનાર.

આંકૂ [હિં.] પું. પાકની કીમતની આંકણી કરનાર અમલદાર.

આંકેડ (આંકેડ) સ્ત્રી. છેડેથી વાળેલ સળિયો; આંકડી.

આંકેલ ૧. [સં. અંક (ચિહ્ન કરવું)] પું. શરીર ઉપર નિશાની કરેલ ખૂંદ. આવા ખૂંદને તપાવેલ લોઢાથી ધાર્મિક વિધિથી હિંદુ મુસલમાનનાં મંદિર ને મસ્જદ જેવાં બે નિશાન કરે. તે કોઈ કામમાં લેવાતા નથી.
આંકેલ ખૂંદ–ખૂંદિયો–સાંઢ = કામથી નિશાન કરેલો આખલો; મહાજનીઓ સાંઢ; બહુ રેખી ગયેલ બળદ. તેને કામ કરવું પડે નહિ અને બધે ચરી આવાની છૂટ હોય છે
૨. ન. એ નામનું ઝાડ; અંકોલ.
૩. ક્રિ. નિશાની કરેલ.
૪. ['આંકવું'નું ભૂતકૃદંતનું રૂપ] ક્રિ. લીટા દોરેલ; આંકવામાં આવ્યું હોય તેવું.
૫. ક્રિ. બદિમારી; દુરાચારી.

આંકો ૧. [સં. અંક] પું. અંક; ચિહ્ન; નિશાની; સજા; લીટો.
૨. પું. ધોરણ; નિયમ.
૩. પું. નિશાની તરીકે કરેલો ઠપ્પો.
આંકો કરવો–પાડવો = કોતરીને નિશાની પાડવી.
૪. પું. નિશાનીની લીટી.
૫. પું. મારનો પડેલ ચાંભો; સોળ.
૬. પું. વળ; આમળો; આંટો.
૭. પું. શુમાર; અડસટ્ટો; આશરો.
૮. પું. હદ; મર્યાદા; નેક; પ્રમાણ.
ખાવાનો આંકો ન હોવો = અકરાંતિયા હોવું; ખાવામાં હદ ન રાખવી.

આંકોડિયા સાકુડી (આંકોડિયા સાકુડી) સ્ત્રી. નેપાળ અને સિક્કિમમાં જોવામાં આવતી નાના કદની એક જાતની સાકુડી. તેઓ બબ્બોલ ખોટી જોડીમાં રહે છે.

આંકોડી (આંકોડી) [સં. અંક (નિશાની)] સ્ત્રી. ઝાડ ઉપરથી ફળ ઉતારવાને બનાવેલી છેડે આંકડીવાળી લાકડી.

આંકોલ [સં. અંકોલ] ન. પીપળ જેવું એ નામનું એક જાતનું ઝાડ; અંકોલ. કરેણનાં પંદડાં જેવાં તેનાં પાન સર્પદંશ અને સંધિવાના દરદ ઉપર અને તેનું લાકડું સોજાના દરદ ઉપર ઘસીને ચોપડાય છે. તેની છાલ ઉંદર અને સર્પના ઝેર ઉપર વાટીને લપાય, સંધિવા અને રક્તવિકારના સોજા ઉપર લગાડાય અને કફ, ઉધરસ, તાવ તથા અંતરમાં પણ ઘસીને પવાય. એનાં મૂળ સર્પનું ઝેર ઉતારે. તે ઘસીને કૂકડાના કૂતરા અને માણસને પાવાથી ફાયદો થાય પણ વધારે પીવાથી ઝેર ચડે એમ મનાય છે.

આંકોલિઆ ૧. સ્ત્રી. લેઉવા કણબીની એ નામની અટક.
૨. ન. લેઉવા કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉવા કણબીની એ નામની અટકનું.

આંકોલિકું ન. આકાનું ઠુંઠવું; રવિફળ.

આંકોલી સ્ત્રી. પીપળ જેવું એક જાતનું ઝાડ; આંકોલ.

આંકોશ ૧. [સં. અંકુશ] પું. ડામ; નિયમન; કાબૂ.
૨. ન. હાથીને કાબૂમાં રાખવાનું લોઢાનું અણીદાર હથિયાર; કોતાર; અંકુશ.

આંકોશિયાં ૧. [સં. અંક (શરીરનો ભાગ) + કુક્ષિ (કૂખ)] ન. બ. વ. પાંસળાં; છાતીનાં હાડકાં.
૨. ન. બ. વ. વધારે શ્રમ.
૩. ન. બ. વ. સખત મહેનત કરવાથી ઊપજતો શ્વાસ

આંકોસિયાં ન બ. વ. પાંસળાં; આંકોશિયાં.

આંખ ૧. સ્ત્રી. અરાડા; ઉમેદ; ઇચ્છા.
૨. સ્ત્રી. આંખ જેવો દેખાવ કે એવી ચીજ.
૩. સ્ત્રી. આંખના જેવું ચિહ્ન.
૪. સ્ત્રી. આંખના જેવું છિદ્ર, જેમકે, સોયની આંખ.
૫. સ્ત્રી. ખેતરમાં પાકની, બગરમાં મીઠાની અને જંજ્યમાં પાસની કીમતની આંકણી.
૬. સ્ત્રી. મરમાં; આંખે બરાબર દેખાય તે માટે પહેરવાના કાચ.
૭. [સં. અક્ષિ; પ્રા. અક્ખિ] સ્ત્રી. જોવાની ઇંદ્રિય; નેત્ર; નેન; નયન; ચક્ષુ; લોચન; ચશ્મ. ઊંચી કોટિના જીવની આંખ બહુ ઝીણી લાલ જેવી અને કાચવું હોય, પણ હલકા પ્રાણીમાં તેની બનાવટ બહુ સાદી હોય. કોઈ કોઈ જીવોને તો માત્ર એક ટપકાં જેવી આંખ હોય. તે ઉપર રક્ષણને માટે પોપચું કે પાપણ હોતાં નથી. કરોળિયાને આઠ આંખ હોય છે. કરોળિયાની પ્રાણીની આંખ ખોપરીની નીચે ખાડામાં સચવાય તેમ રખાયેલી અને તેની ઉપર પોપચાનું ઢાંકણ હોય છે. આંખ સંભ્રમોળ અને બહુ ઝીણી સાકડી હોય છે. આદમીના આખમાં સફેદ ભાગ જેવું જે પડ દેખાય છે તેની પાછળ એક બીજા પડની બરાબર વચ્ચે એક કાણું છે. તેની અંદર તેને લાગેલો એક ઊપસેલો કાચના જેવો પદાર્થ હોય છે, તેમાં થઈને પ્રકાશ અંદર જઈ નેત્રપટ ઉપરના જ્ઞાનતંતુઓ ઉપર કેમ કે પ્રભાવ નાખે છે. મગજ સાથે સંબંધ રાખનાર દૃષ્ટિના જ્ઞાનતંતુ, નેત્રપટ, જળરસ, ડોળો, કીકી એ આંખનાં મુખ્ય અંગ છે. આંખો આવવી, નેત્રશૂલ, ફૂલું, જાળાજાળવાં, મોતિયા, અંધારાં, નેત્રનાડી, આંજણી, બીજા એ આંખના મુખ્ય

રોગ છે. કૂવું દૂર કરવા ગામના લોકો ખસીને બાજુના સુવર્ણમાક્ષિક મઘમાં ખસીને આવવું. અજાણતાં જોટલે ઢીંચ મટાડવા સિંધવ, મોહની ખરી અને ગોરોચન ચૂહીની જાલના રસમાં ઘસી આંખમાં નાખવું. મોતિયા ઉતારવા મેંદાશિંગનાં પાંદડાં, સુરમો અને શંખ બાળવાં. અંધારાં આવતાં હોય તો દરામળથી સિદ્ધ કરેલા ઘીમાં ત્રાગલું દૂધ અને ત્રિફળાનો કલ્ક નાખી તે ખાવો. નેત્રનાડીમાં ત્રિફળાનો કલ્ક, મધ, ઘી અથવા લીંડીપીપર નાખી આવું. અજાણ્યું મટાડવા હાથ ઉપર આંગળા ઘસી તે વડે શેકવું અને સમણા પાસે જળો મુકાવી બાજુનું લોહી કઢાવવું. આંખનાં બીજ દૂર કરવા મોરયૂથુની સળી હેરવી અથવા કાકીખાર પાણીમાં ઓગાળી તેનું ટીપું આંખમાં પાડવું. સામાન્ય રીતે આંખના રોગમાં મોખા, વાંસ, મગ, જવ, કળથી, લસણ, પંપોળાં, તાંદળજો, કારેલાં, મધ, દૂધ, ઘી અને કડવા પદાર્થ ખાવા લાયક અને દહીં, છાશ, ખાજાપાલો, મસિંગડું, અડદ, દાર, તાંબુલ તથા ખારા, તીખા અને ખરબ પદાર્થ છોડી દેવા લાયક મનાય છે.

૧. આંખ અને કાન વચ્ચે ચાર આંગળીનો ફેર = નજરે જોવાથી જેટલું સાચું જણાવામાં આવે તેટલું સાંભળવાથી જણાતું નથી.

૨. આંખ અંદર હોવી = આંખો ઊંડી જવી.

૩. આંખ આગળ = હાજરીમાં; સમક્ષ; રૂબરૂ; નજરોનજર.

૪. આંખ આડા કાન કરવા = વાત ઉઘાડી દેવી; સાંભળ્યું ન સાંભળ્યું કે જોયું ન જોયું કરવું; જવા દેવું; બાજુપીજાણીને જાવું કરવું; ન જણકારવું; બેદરકાર રહેવું.

૫. આંખ આવવી = (૧) આંખને રક્ષણ ન કરવા બાબતમાં ચૂક થવું. સ્વતંત્ર થવાની ઇચ્છા થવી. (૨) ગરમીથી આંખ લાલ થઈ સૂજી આવી તેમાં પીડા થવી. (૩) સમજણ આવવી; આંખ ઊઘડવી.

૬. આંખ આંજવી = (૧) આંજણ આંજવું. (૨) ઊતરવું. (૩) બહુ તેજ પડવું. (૪) સામાને ખબર પડવા દીધા વગર લઈ લેવું.

૭. આંખ ઉઘાડવી = (૧) ચેતવવું; સાવચેત કરવું. (૨) સમજ પડવી; અક્કલ આવવી. (૩) સાવધાન થવું; ખરી હકીકત જાણવામાં આવવી. (૪) સુધીમાં આવવું.

૮. આંખ ઉઘાડીને જોવું = (૧) ઝીણવટનો વિચાર કરવો; બધી વિગત ધ્યાનમાં લેવી. (૨) તપાસ કરાવવી. (૩) શુદ્ધિપૂર્વક વિચાર કરવો. (૪) સ્પષ્ટ રીતે અને સંભાળથી જોવું.

૯. આંખ ઉઘાડવી = (૧) આંખ ઉઘાડી સામે નજર કરવી; જોવું; તાકવું; આંખ ઊંચી કરવી. (૨) બરાબર નજરથી જોવું; નુકસાન પહોંચાડનારું કામ કરવું. (૩) છોડવું; મૂકી દેવું.

૧૦. આંખ ઉઘાડીને ન જોવું = (૧) નમ્ર હોવું. (૨) મગરૂર થવું. (૩) શરમવું જવું.

૧૧. આંખ ઉપર ઠીકરી રાખવી = (૧) બેબસ્યા થઈ જવું. (૨) ઉપકાર ન માનવો; કૃતઘ્નતા કરવી. (૩) બેદરકાર રહેવું. (૪) શરમ ન હોવી; નિર્લજ્જ થવું.

૧૨. આંખ ઉપર પડદો પડવો = (૧) અજ્ઞાનનું અંધકાર છવાઈ જવું; ભ્રમ થવો. (૨) નજીકમાંને બીજે અંધારાં આવવાં. (૩) વિવેકશુદ્ધિ જતી રહેવી

૧૩. આંખ ઉપર બેસવું-બેસાડવું-રાખવું-ચઢાવવું = (૧) નમવું; વશદ પડવું. (૨) બહુ આદરસત્કાર કરવો. (૩) માન આપવું. (૪) મોભાદાર થવું. (૫) વખાણ કરવાં.

૧૪. આંખ ઊઘડવી = (૧) જાગ્રત થવું; ઊંઘ ઊડવી. (૨) બધી વિગત ધ્યાનમાં લેવી. (૩) જ્ઞાન આવવું. (૪) મળેલી કે મોટેથી પાંપણો દૂર થવી. (૫) સુધીમાં આવવું. (૬) સ્પષ્ટ રીતે અને સંભાળથી જોવું.

૧૫. આંખ ઊંડી = આંખ અંદરથી; આંખમાં દુખાવો થવો; આંખ સૂજી આવવી.

૧૬. આંખ ઊંચી કરવી = (૧) ચઢી આવવું; હુમલો કરવો; સામા થવું. (૨) માંદા માણસે આંખ ઉઘાડી જોવું; આંખ ઉઘાડીને નીરોગીપણું બતાવવું. (૩) સામે થવા હિંમત ધરવી. (૪) સામે નજર કરવી; સામું જોવું.

૧૭. આંખ ઊંચી કરાવવી = (૧) અધીરાઈ કરાવવી. (૨) દુઃખ દેવું.

૧૮. આંખ ઊંચી કરી ન જોવું = (૧) નજર ન કરવી. (૨) શરમને લીધે સામે ન જોવું.

૧૯. આંખ ઊંચી ન હોવી = શરમથી ઊંચી નજર ન કરી શકવી.

૨૦. આંખ ઊંડી જવી = નબળું પડવું.

૨૧. આંખ કરવી = (૧) આંખની ઇશારતથી સમજાવવું. (૨) પ્રેમની નજરે જોવું.

૨૨. આંખ કાપવી = આંખ ઉપરથી મનના ભાવ જણાવવા.

૨૩. આંખ કાઢવી = (૧) ઠોળા કાઢવા; ઠોળા પહોળા કરી ગુસ્સાની નજરથી જોવું. (૨) ધમકાવવું. (૩) ખિજવવું.

૨૪. આંખ કાણી કરવી પણ દિશા કાણી ન કરવી = જેવું આવું તેવું ખોટું નહિ.

૨૫. આંખ કાન ખુલ્લાં રાખવાં = સાવચેત રહેવું; હોશિયાર રહેવું.

૨૬. આંખ ખટકવી = આંખમાં દુઃખ થવું.

૨૭. આંખ ખસેડવી = ધ્યાન ન આપવું.

૨૮. આંખ ખૂલવી = (૧) આંખ ઊઘડવી; ચોટેલી કે જોગી થયેલી પાંપણો છૂટી થવી. (૨) ઊંઘમાંથી જાગવું. (૩) ચક્ષિત બનવું; અજાણ થવું; નવાઈ પામવું. (૪) જાગવું.(૫) જાગૃત; ખબર પડવી; વાકેફ થવું. (૬) કાબૂ બનવું. (૭) તાબગી આવવી; નવું જોર આવવું. (૮) ધ્યાન આપવું.

૨૯. આંખ મેંચવી = (૧) આતુરતા રાખવી. (૨) પરાણે ચાંચવું. (૩) રાહ જોવી.

૩૦. આંખ ઓઝવી = (૧) તાકીને જોવું. (૨) મોતિયો કે જાળી કાઢી નાખવી; આંખ દુરસ્ત કરવી. (૩) વાકેફ થવું; જ્ઞાનનો અનુભવ કરવો. (૪) સાવધાન કરવું. (૫) સ્વસ્થ બનવું; સુધીમાં આવવું.

૩૧. આંખ ઓલાવવી = (૧) આંખ ઉઘડાવવી. મુસલમાનની બાળ ઓક્ષ કામવિધિ છે. તેમાં વરની ખૂબ અરજ પછી કન્યા વર આગળ પહેલી જ વાર પોતાની આંખ ઉઘાડે છે. (૨) મુસલમાનોમાં દર્શન કરાવવું. વરકન્યાની સામે બેઠક અરીસો રાખવામાં આવે છે અને તેમાં ઓક્ષીજનનાં મોઢાં જુએ છે.

૩૨. આંખ ખોલી દેવી = જ્ઞાન આપવું; અજ્ઞાન દૂર કરવું.

૩૩. આંખ ગડવી = (૧) આંખમાં પીડા થવી. (૨) આંખો ઊંડી જવી.

૩૪. આંખ ગરમ કરવી = ગરમથી જોવું; ભોંવિષાસની નજરે જોવું.

૩૫. આંખ ઝાલવી = ઊંઘ આવવાની તૈયારી થવી; ઝોલાં આવવાં.

૩૬. આંખ ઝુલાવી કરવી = (૧) ઝાંખી નજરે જોવું. (૨) નશો કરવો.

૩૭. આંખ ઠુમાવવી = આમતેમ જોવું; બધાંમાં નજર ફેરવવી.

૩૮. આંખ ઠૂરકવી = ગુસ્સાથી જોવું.

૩૯. આંખ ડગાવવી-ચટકાવવી-ચમકાવવી= આંખથી ઇશારત કરવી; ઠપકો દેખવો.

૪૦. આંખ ચડવી = (૧) આંખ કરવી; મરવાની અણી ઉપર આવવું. (૨) વિષય, મસ્તી, ઉન્મત્તતા કે આમાના દુખાવાને લીધે ચિત્ત ચકરાવું.

૪૧. આંખ ચકાવવી = ચમકાવવું; ખિજવાવવું.

૪૨. આંખ ચડાવી દેવી = (૧) આંખનો ધોળો ભાગ દેખાય એવી રીતે ઠોળો ઊંચો

બતાવવો. (૨) બેપરવાઈથી સાંભળવું; નહિ ગણકારવું; ધ્યાનમાં ન લેવું.

૪૩. આંખ ચડી આવવી = આંખ દુખવા લાગવી.

૪૪. આંખ ચડી જવી = (૧) ઉશ્કેરાઈ જવું; ગુસ્સે થવું. (૨) ગર્વ કરવો; અભિમાન આવવું. (૩) ધ્યાન આપ્યા વિના સાંભળવું. (૪) બેસુધ થઈ જવું.

૪૫. આંખ ચમકવી = ગુસ્સા કે નખરામાં આંખો આમતેમ ફેરવવી.

૪૬. આંખ ચમકાવવી = (૧) આંખથી ઇશારા કરવા. (૨) ઠોળો અહીંતહીં ફેરવવો.

૪૭. આંખ ચરવા જવી = ધ્યાન ન હોવું.

૪૮. આંખ ચળી જવી = (૧) ખોટું કામ કરતાંને ફાવવાનું. (૨) ઠોળા ફાડીને જોવું; બધાં બહાવીને જોવું.

૪૯. આંખ ચાર હોવી = એકબીજાને મળવું; મેળાપ થવો.

૫૦. આંખ ચુમાઈને રહેવું-ચોળાને રહેવું = શોક ભરેલી સ્થિતિમાં રહેવું; પસ્તાવો કરવો; હારી થાકી બેસવું; રડી રહેવું; પોતાનું ધાર્યું ન થવાથી નિરાશ થઈ જવું.

૫૧. આંખ ચોઢવી = ધ્યાન સ્થિર થવું.

૫૨. આંખ ચોળવી = (૧) આળસ થવું; વિશ્રામ પામવું. (૨) હામ હારવા; જન્મ મારવી.

૫૩. આંખ ચોળાવવી = હામ પડાવવા; જન્મ મરાવવી; પસ્તાવો કરાવવો.

૫૪. આંખ ચોળી ચોળીને વિચારવું = ખૂબ ધ્યાનપૂર્વક વિચાર કરવો.

૫૫. આંખ છત સામે લાગવી = (૧) આતુર આશાથી ઉપરના તરફ જોઈ રહેવું. (૨) મરતી વખતે આંખ ફેરવવી.

૫૬. આંખ છુપાવવી = (૧) ખૂની ઓળખાણ ભૂંસી નાખવી. (૨) ધ્યાન ન દેવું. (૩) નજરથી દૂર કરવું. (૪) શરમાવું.

૫૭. આંખ જવી = આંધળું થવું; આંખ ફૂટવી.

૫૮. આંખ જામવી = નજર સ્થિર રહેવી.

૫૯. આંખ જોડવી = તાકીને જોવું; બારીકાઈથી નજર કરવી.

૬૦. આંખ ઝૂકવી = (૧) આંખમાં પીડા થવી. (૨) શરમ આવવા વિનયથી આંખ હાણવી.

૬૧. આંખ ઠારી થવી = જોઈને સંતોષ થવો; નિરાંત વળવી.

૬૨. આંખ ડૂબવી = આંખમાં પીડા થવી.

૬૩. આંખ ડેરી કરવી-ડેખાડવી = (૧) કરડી નજર કરવી. (૨) ગુસ્સે દેખાવું. (૩) ધમકી આપવી.

૬૪. આંખ ઠરવી = સંતોષ મળવો; તૃપ્તિ થવી; જોઈ નિરાંત વળવી.

૬૫. આંખ ઠરી જવી = (૧) આંખો સ્થિર થઈ જવી. (૨) ઊંઘી જવું. (૩) મરી જવું.

૬૬. આંખ ઠંડી કરવી = (૧) ખુશ થવું. (૨) જોવાથી સંતોષ થવો. (૩) દિલાસો આપવો. (૪) સગાના મરણ પછી ત્રીજે દિવસે રોવાથી ગરમ બનેલ આંખો ઉપર પાણી છંટાવવું.

૬૭. આંખ ઠંડી થવી = સંતોષ થવો; ઇચ્છા પૂરી થવી.

૬૮. આંખ ઢાલવી = (૧) ઇશારો કરવો. (૨) નજર ફેરવવી.

૬૯. આંખ તગતગવી = મંદવાડમાં બહુ નબળાઈ આવી જવી; માત્ર આંખ ફેરવી શકવા જેટલી શક્તિ રહેવી.

૭૦. આંખ તરડાવી = (૧) આંખ ત્રાસી થવી. (૨) આંખો દુખવા આવવી. (૩) મરણ વખતે આંખમાં ફેરફાર થવો.

૭૧. આંખ તરવી = (૧) આંખને આરામ આપવા વજર ફેરવવા કરવી. (૨) તાવથી આંખ ઝગડવી. (૩) બેસુધ થવું.

૭૨. આંખ તરસવી = જોવા માટે બહુ આતુર હોવું.

૭૩. આંખ તાણવી = (૧) ગુસ્સે થવું. (૨) ધમકાવવું. (૩) પરાણે વાંચવું.

૭૪. આંખ તાણીને જોવું = (૧) આંખને જોર પડે એવી રીતે જોવું. (૨) ધ્યાનપૂર્વક જોવું.

૭૫. આંખ દબદબાવવી = આંખમાં ખૂબ આંસુ આવવાં.

૭૬. આંખ દબાઈ જવી-દબાવી = મરી જવું; આંખ મીંચાવી.

૭૭. આંખ દાબવી = નિશાનીથી મના કરવી; ઇશારતથી ના પાડવી.

૭૮. આંખ દુખવી = આંખ ઊઠવી; આંખ આવવી; આંખમાં પીડા થવી.

૭૯. આંખ દેખવી = (૧) બધી બાજુની સોબતનો અનુભવ લેવો. (૨) બીજાની આંખ જોવી. (૩) સારાં માણસો સાથે સંબંધ હોવો.

૮૦. આંખ દેખાડવી = (૧) કરડી નજર કરવી. (૨) ગુસ્સે દેખાવું; ક્રોધથી આંખ લાલ કરવી. (૩) ધમકી આપવી; ધાક બતાવવી; બિવડાવવું.

૮૧. આંખ દોડાવવી = (૧) ઇશારો કરવો; ઇશારની નજરે જોવું. (૨) ચોતરફ જોવું.

૮૨. આંખ ધસવી = આંખો ઊંડી જવી.

૮૩. આંખ ધોળી કૂક થવી = દુઃખ કે બીકથી આંખો સફેદ બનવી; નબળાઈને લીધે આંખો ઝાંખી થવી.

૮૪. આંખ ન ઊઠાવવી = (૧) શરમમાં લાગ્યું રહેવું. (૨) શરમથી નજર નીચી રાખવી. (૩) સામે ન જોવું.

૮૫. આંખ ન ઓલવી = (૧) આંખ બંધ રાખવી. (૨) ચાહિત રહેવું. (૩) મુસ્તૈદ પડ્યું રહેવું.

૮૬. આંખ ન ઠેરવી = (૧) જોઈ ન શકવું; દૃષ્ટિ ન જામવી. (૨) નબળું બની જવું.

૮૭. આંખ ન રાખવી = (૧) આશા ન હોવી. (૨) માનસિક રીતે આંધળું હોવું.

૮૮. આંખ નચાવવી = ઇશારો કરવો; ઇશારથી જોવું.

૮૯. આંખ નમ કરવી = આંખમાં આંસુ લાવવાં.

૯૦. આંખ નાકથી કરવું = ઉંચરથી બીવું; પાપથી ત્રાસવું, જેમકે પ્રભુ પાપી લોકોને આંધળાં અને નકટાં બનાવી દે છે.

૯૧. આંખ નીકળી પડવી = (૧) અદેખાઈ આવવી. (૨) આંખો દુખવાથી બહુ પીડા થવી.

૯૨. આંખ નીચી કરવી = (૧) નજર નીચી રાખવી; સામે ન તાકવું. (૨) શરમથી સામે ન જોવું.

૯૩. આંખ નીચી હોવી = શરમ લાગવી.

૯૪. આંખ પથરાવી = (૧) આંખ જડ જેવી થઈ જવી; નેત્ર સ્તબ્ધ થઈ જવાં. (૨) આંખ ઝાંખી પડવી.

૯૫. આંખ પાકી જવી = આંખને બહુ ઘાક લાગવો.

૯૬. આંખ પાંપણ કરવી = આંખમાં જરા આંસુ લાવવાં.

૯૭. આંખ પ્રસારવી-ફેલાવવી = (૧) ઢાળા બનવું; બુદ્ધિહીણા થવું. (૨) દીર્ઘદૃષ્ટિ કરવી; બહુ લાંબે સુધીનો વિચાર કરી જોવું.

૯૮. આંખ ફરકવી = (૧) આત્મસંયમ જતો રહેવો. (૨) આંખનાં પોપચાંનું રહીરહીને ફરકવું. (૩) શુભાશુભ ચિહ્ન જણાવું. પુરુષને જમણી અને સ્ત્રીને ડાબી આંખ કે અંગનું કરકવું શુભસૂચક મનાય છે, તેથી ઊલટું તે અશુભસૂચક મનાય છે.

૯૯. આંખ ફરવી = (૧) ગુસ્સે થવું. (૨) કેફરેખ રાખવી. (૩) નજર કરવી. (૪) મરણને વખતે આંખનું તરડાવું. (૫) ચહેરાની ઊતરી જવી. (૬) ચક્કર આવવું.

૧૦૦. આંખ ફરી જવી = (૧) કૃપા જવી. (૨) બેવફાઈ બતાવી. (૩) ઠોપવું. (૪) તપાસી જવું; જોઈ જવું. (૫) મરણતોલ ઘા મારવું.

૧૦૧. આંખ ફાટવી = (૧) આવેશથી સામા થવાનો ઠોળ બતાવવો. (૨) આંખ નીકળી પડતી હોય એવું દુઃખ થવું. (૩) એકદમ ગુસ્સો આવવો. (૪) ગુસ્સો ચઢી આવવો. (૫) મસ્તીમાં આવવું.

૧૦૨. આંખ ફાટી જવી–રહેવી = (૧) અચંબો થવું. (૨) બદદાનત થવી. (૩) અંકુશમાં ન રહેવું.

૧૦૩. આંખ ફાડી ફાડીને જોવું = (૧) અચંબો થવું. (૨) અદેખાઈથી જોવું. (૩) ઠોળા ઉઘાડીને જોવું. (૪) બારીક તપાસ કરવી.

૧૦૪. આંખ ફાડીને જોવું = ચકિત થવું.

૧૦૫. આંખ ફૂટનાર ને ઝોકો લાગનાર = ભાગવું જેવું ને તાપનું પડવું; અજાનક જે બાબતનું સાથે બનવું.

૧૦૬. આંખ ફૂટવી–ફૂટી જવી = (૧) અંધ થવું. (૨) બદદાનતથી બળવું. (૩) આંખને બહુ ત્રાસ લાગવો. (૪) આંખળું થવું. (૫) ખ્યાન ન રહેવું. (૬) ભાન ઠળવું. (૭) મૂર્ખ બનવું. (૮) વિચાર ન સૂઝવો.

૧૦૭. આંખ ફૂટી પીડ ગઈ = આંખ ગઈ ને દુઃખ મટ્યું. તકરારી બાબતમાં બને બાજુને નુકસાન પહોંચે અને ઝઘડાનો અંત આવે ત્યારે આમ કહેવાય છે.

૧૦૮. આંખ ફૂટે ત્યાં પંખ્યને કયાં રાખું? = આજ ઘડી ત્યાં બીજું કયાં રહ્યું? દુઃખ આવી પડે ત્યારે તેનો ઉપાય ન થઈ શકે.

૧૦૯. આંખ ફેરવવી–ફેરવી લેવી = (૧) ઉપર ઉપરથી જોઈ જવું. (૨) બદી નજર કરવી; ઠોળા કાઢવા. (૩) ગુસ્સે થવું. (૪) તપાસ રાખવી. (૫) દુઃખથી આંખનો ડોળો ફેરવવો. (૬) ખમઢાવવું. (૭) ભિરાવવું. (૮) આબરૂથી તોડવી. (૯) બદદાનતી બદી કરવી. (૧૦) વિરુદ્ધ થવું.

૧૧૦. આંખ ફેરવી જવી = (૧) ઉપર ઉપરથી જોઈ જવું. (૨) નજર ન કરવી.

૧૧૧. આંખ ફેરવીને જોવું = (૧) બદી નજરથી જોવું. (૨) આડે પાસ નજર કરીને જોવું.

૧૧૨. આંખ ફેરવી = (૧) બદાસ્ત કરવી. (૨) ઉપર ઉપરથી જોઈ જવું.

૧૧૩. આંખ ફોડવી = (૧) આંખને જોર પડે એવું કામ કરવું. (૨) આંખળું કરવું. (૩) લેવામાં કે વસ્તુમાં આંખને તકલીફ આપવી. (૪) નકામી આશા રાખવી. (૫) નકામી રાહ જોવી. (૬) બહુ મહેનત વીમો હોય એમ દેખાડવું. તિરસ્કારથી 'બે લો' એવો અર્થ બતાવે છે. (૭) વળગી રહેવું.

૧૧૪. આંખ બતાવવી = (૧) છાનુંમાનું નાસી જવું. (૨) ન જોવાનો ઢોંગ કરવો. (૩) મોઢું ન દેખાડવું; નજરે ન પડવું.

૧૧૫. આંખ બચાવીને આપવું = છાનુંમાનું આપવું.

૧૧૬. આંખ બતાવવી = (૧) બદી નજર કરવી. (૨) ગુસ્સે દેખાવું. (૩) ધમકી આપવી.

૧૧૭. આંખ બદલવી = (૧) ગુસ્સો કરવો. (૨) મનનું અસ્થિર હોવું; જુદીજુદી વખતે જુદીજુદી નજરે જોવું. (૩) બદદાનતી બોલી કરવી. (૪) સ્નેહ ઉતારવો.

૧૧૮. આંખ બબ્બવી = પંખ્યમાં ઝાવાં પડવાથી પંખ્યો મોટી જવી.

૧૧૯. આંખ બરાબર ન કરી લાવવી = શરમાવું.

૧૨૦. આંખ બંધ કરી કામ કરવું = (૧) બીજાના કહેવા ઉપર ખ્યાન આપ્યા વગર વર્તવું. (૨) વગર વિચારે કામ કરવું; પૂછપાછ્યા વિના કાંઈ કરવું.

૧૨૧. આંખ બંધ કરી જોવી–બંધ થવી–હોવી = (૧) ઊંઘવું. (૨) બોદી રેવું; હાથ ઊઘી જોવો. (૩) બેદરકારીથી વર્તવું. (૪) મરી જવું.

૧૨૨. આંખ બિછાવવી = (૧) બોદ નજરે જોઈ રહેવું. (૨) ચાહવું; પ્રીતવી બનવું. (૩) પ્રેમથી સ્વાગત કરવું. (૪) માન આપવું; પૂજન કરવી.

૧૨૩. આંખ બે બે જોવું જાવી = જોડનું જોડ માણસ જુદુંજુદું કામ કરે તે.

૧૨૪. આંખ ભર આવવી = આંખ ઉભરાવવી.

૧૨૫. આંખ ભરવી=(૧) ટીકીટીકીને જોવું ને મોઢ ઉપજ કરવો. (૨) રોવું.

૧૨૬. આંખ ભરાઈ આવવી–આવી = (૧) આંખ કરવી; સંતોષની સાથે માન આપવું; તલ્લીન થવું. (૨) આંસુ આવવાં. (૩) લાગણીની નજરે જોવું.

૧૨૭. આંખ ભરીને જોવું = (૧) પ્રેમની નજરે જોવું. (૨) ગુસ્સામાં દેખાવું. (૩) તાકીને નજર કરવી. (૪) પરણીને જોવું.

૧૨૮. આંખ મારે બદી = (૧) બદેખાઈ આવવી. (૨) આંખ કુખવાનાં ચિહ્ન બતાવવાં. (૩) ઊંઘથી આંખ ઘેરાવી.

૧૨૯. આંખ મચમચાવવી = (૧) આંખ ઉઘાડબંધ કરવી. (૨) ઇશારો કરવો.

૧૩૦. આંખ મટમટાવવી = આંખ ઉઘાડબીડ કરવી.

૧૩૧. આંખ મળવી = (૧) ઊંઘ આવવી. (૨) દહાડો ઊગવો. (૩) પ્રેમમાં પડવું. (૪) સામસામા પ્રેમની નજરે જોવું.

૧૩૨. આંખ મારવી = (૧) આંખના ઇશારાથી મનાઈ કરવી. (૨) ઇશારો કરવો; મનસૂબો કરવો.

૧૩૩. આંખ માંડવી = ખ્યાન રાખી જોવું.

૧૩૪. આંખ મિલાવવી–મેળાવવી = (૧) ઇશારા કરવા; પ્રેમથી જોવું. (૨) બંને મળવું; પ્રસંગ પાડવો. (૩) તાકીને નજર કરવી. (૪) દોસ્તી બાંધવી.

૧૩૫. આંખ મીંચવી = (૧) ઝૂકી જવું. (૨) મરી જવું.

૧૩૬. આંખ મીંચાઈ અને નજરી છૂટાઈ = પોતાના મોત પછી ગમે તે થાઓ.

૧૩૭. આંખ મીંચાવી = (૧) ઊંઘ આવવી. (૨) મરણ થવું.

૧૩૮. આંખ મીંચીને = (૧) આગળપાછળનો વિચાર કર્યા વિના; વગર સમજે. (૨) ઉતાવળે. (૩) ખ્યાન ધરીને. (૪) નિશ્ચય કરીને.

૧૩૯. આંખ મીંચીને આંધાઈ કરવું = આંધળિયાં કરવાં; આગળપાછળનો વિચાર કર્યા વિના એકદમ કરી નાખવું.

૧૪૦. આંખ મીંચીને વિચાર કરવો = શાંતિથી એકચિત્તે વિચારવું.

૧૪૧. આંખ મૂકી = (૧) બંધાઈ જવું. (૨) ગોતાં આવવાં. (૩) શરમથી નીચે જોવું.

૧૪૨. આંખ મેળવવી = બે જણનો મેળાપ કરાવવો.

૧૪૩. આંખ મોડવી = (૧) પહેલાના જેવી સ્નેહદૃષ્ટિ ન રાખવી. (૨) મિત્રાચારી છોડી દેવી. (૩) વિરુદ્ધ થવું.

૧૪૪. આંખ રાખવી = (૧) આશા હોવી. (૨) ખ્યાન રાખવી. (૩) જોવું. (૪) દેખરેખ રાખવી. (૫) બક્ષાઈની આશા રાખવી. (૬) સ્નેહ હોવો; ચાહવું.

૧૪૫. આંખ રાતી કરવી = ગુસ્સે થવું.

૧૪૬. આંખ લગાડવી=(૧) એકીટશે જોવું. (૨) નજર રાખવી. (૩) પ્રેમમાં પડવું. (૪) માન આપવું.

૧૪૭. આંખ લજવવી = શરમ બતાવવા વિનયથી આંખ ઢાળવી.

૧૪૮. આંખ ઘાલવી = (૧) તાકીને જોવું. (૨) દેખાદેખી હોવી. (૩) ઇચ્છાને અનુસરવું મનવું. (૪) પ્રેમ હોવો. (૫) પ્રેમમાં પડવું. (૬) બીજાની આંખો સામે જોવું. (૭) સામસામી પ્રેમની નજર ફેંકવી.

૧૪૯. આંખ ચલાવવી = (૧) ઇશારાથી જાની વાત કરવી. (૨) છોકરાંઓની એક રમત. તેમાં જેઓ એકબીજાને સામું તાકીને જુએ અને જેની આંખ મટકું મારે તેની હાર ગણાય. (૩) તાકીને જોવું. (૪) દોસ્તી કરવી. (૫) પ્રેમથી જોવું.

૧૫૦. આંખ ચાલવાની = જોવાની બહુ ઇચ્છા હોવી.

૧૫૧. આંખ ચારવી = (૧) આતુરતાથી રાહ જોવી. (૨) આંખ મળવી; ઓળખ આપવી. (૩) પ્રેમમાં પડવું. (૪) સામસામી પ્રેમદૃષ્ટિ ફેંકવી.

૧૫૨. આંખ ચાલ કરવી = ખીજવવું.

૧૫૩. આંખ ચાલ કરી–ચાલાકો કરી જવી = (૧) પલ્લું મુશ્કેલે થવું. (૨) બહુ ઉતાવરાઈ જવું.

૧૫૪. આંખ ચીબી પીળા કરવી = ઉતાવરાઈ જવું.

૧૫૫. આંખ જોવી = આંખનું કરવું.

૧૫૬. આંખ ઠિંગાવી = મરી જવું.

૧૫૭. આંખ ઠારવી = (૧) જોઈને આનંદ માણવો. (૨) દિલાસો મળવો. (૩) સુંદરતાનો વિચાર કરવો.

૧૫૮. આંખ ડોહી હોવી = આંખ ઉપર પડળ આવવાં; દુઃખ, બીક કે નબળાઈને લીધે આંખો ઝાંખી પડી.

૧૫૯. આંખ તાકે કરવી = ઇશારાના વિના સામે જોવું.

૧૬૦. આંખ તુર્ખ કરવી = ગુસ્સે થવું; આંખ લાલ કરવી.

૧૬૧. આંખ ઠોવી = (૧) ઊંઘવું. (૨) બહું વહાલું હોવું. (૩) જાન હોવું. (૪) દેખરેખ રાખવી. (૫) પરખવું. (૬) મહેરબાની રાખવી. (૭) વિવેક રાખવો.

૧૬૨. આંખડી મીંચાઈ ને નજરી ઘૂંટાઈ = અલ્પ મુખ્ય પીઠે પૂર્ણ થઈ દુનિયાઃ પોતે મરી ગયા પછી અમે તે જાનો. પોતાના મોત પછી આખું સફેર તુંટાઈ જાય તો પણ મરનારને તેની કંઈ અસર થતી નથી.

૧૬૩. આંખથી = ખરા અંતઃકરણથી.

૧૬૪. આંખથી અદીઠ = દેખાય નહિ એ રીતે.

૧૬૫. આંખથી જોઈને કરવું = (૧) ઇરાદાપૂર્વક કરવું. (૨) ખાતરી કરીને બાનપૂર્વક કરવું.

૧૬૬. આંખથી પડવું = ધિક્કારપાત્ર થવું.

૧૬૭. આંખના ખૂણા = શરમનો.

૧૬૮. આંખના તારા–પૂતળી = (૧) આંખની કીકી. (૨) પ્રેમની ચીજ. (૩) વહાલુ.

૧૬૯. આંખના પાટા જેવું સામું = ન ગમવું.

૧૭૦. આંખના સૂણ = આંખમાંની સોય. ગમખ્વારપણું કરનારી કુટલીક સ્ત્રીઓ પોતાના દુશ્મન ઉપર વેર લેવાને સોટનું બનાવેલું અને સોયો ભોંકેલું પૂતળું દુશ્મન આવી રીતે ભોંકાતે અને તેનું મરણ નીપજતે એવી માન્યતાથી કબરસ્તાનમાં મૂકે છે. જો સોયો પાછી ખેંચી કઢાયામાં આવે તો મરી ગયેલ માણસ કજાતો થાય એમ તેઓ માને છે. એક વખત એક સ્ત્રી પોતાના મારી નાખેલા પતિની સોય કાઢતી હતી. આંખ સિવાય બધી સોય કાઢી લીધી હાં તેને બંદગી કરવા માટે ઊઠવું પડ્યું. એટલામાં એક ચાકરડી અંદર આવી, અને તેણે આંખની સોય ખેંચી લીધી. આવ્યા છતાં જો અને તેણે માની લીધું કે તે ચાકરડીએ બધી સોય ખેંચી કાઢી હતી. તેથી તેની સાથે તે પરણ્યો અને પોતાની સ્ત્રીનો ત્યાગ કર્યો.

૧૭૧. આંખનાં બીબ–તપોડિયાં = આંખની અંદરના કોમળ ભાગમાં સોજો થયા બાદ રહે એવો રોગ. તેથી આંખમાં બળ આવે, બટકો થાય અને પુષ્કળ પાણી ઝરે. નાનુક આંખોની અને ઘરમાં બેઆબરૂ રહેવાવાળી સ્ત્રીઓને, બચ્ચાંઓને તેમ જ ગરીબ અને અંધારાવાળાં ઘરમાં રહેનારને આ રોગ વિશેષ થાય છે.

૧૭૨. આંખનાં પડળ ઊખડવાં = સાચી સ્થિતિનું ભાન થવું.

૧૭૩. આંખની બાટ = આંખોઃ મોડદોડિયાની રમતમાંનો એક દાવ. તેમાં આંખ ઉપર આડી મોખી મોઢને નીચે પડતાં જ દાડિયાથી ઘટકો મારવામાં આવે છે.

૧૭૪. આંખની કીકી = (૧) આંખની અંદરનું ગોળ કાળું ચકર. (૨) બહું જ વહાલું; કાળજાની કોર.

૧૭૫. આંખની ગરજ પાંપણ સારવાની છે? = જેનું જે કામ હોય તે જ તે કરી લે.

૧૭૬. આંખની ગરમાઈ = આંખનો એક રોગ; અભિષંદ; કામર. તેમાં આંખની અશક્તિ અને શરીરની નબળાઈને લઈને આંખ વખતોવખત ભળ્યા કરે, ઠેકા સફા રહે અને નજર નબળી પડી જાય.

૧૭૭. આંખની ઝાંખ = આંખના તંતુ નબળા પડી જવાથી બરાબર ન દેખાવું તે.

૧૭૮. આંખની ઠીડી તે બરી = જોયું તે માનવા બરાબર છે.

૧૭૯. આંખની ઠીઠ = આંખ મળવી તે; ઓળખાણ.

૧૮૦. આંખની સોય ખેંચવી બાકી છે = બહુખર્ચ કામ કર્યું કહ્યું છે; માત્ર થોડું કામ કરવું બાકી રહ્યું છે. જુઓ આંખોની સોય કાઢવી.

૧૮૧. આંખનું કહ્યું = (૧) આંખમાં પીડા કરનારો કે રોગ. (૨) નાતરું; બીજાપણું; હરકત.

૧૮૨. આંખનું કાચું હોવું = ઓછું દેખાવું.

૧૮૩. આંખનું કામળ ચોરવું = બારે બાલાકીથી ચોરી કરવી.

૧૮૪. આંખનું ચમિયાણે કરવું = વિચાર ન કરવો; આંખને ચમિયાસ જેવો બાકી બધી લેખા વિના કામ કરવું તે.

૧૮૫. આંખનું ઝેર ઊતારવું = જરા સૂવું.

૧૮૬. આંખનું તેજ કાઢવું = (૧) આંખને બહુ મહેનત પડે એવું કામ કરવું. (૨) આંસુ પાડવાં.

૧૮૭. આંખનું પાણી હળવું–મરવું = (૧) ઉદ્ધત થવું. (૨) નિર્દય બનવું. (૩) શરમ વગરનું બનવું.

૧૮૮. આંખનું ફૂટેલું = અવિચારી; મૂર્ખ.

૧૮૯. આંખનું રતન = આંખની અંદરની જોવાની શક્તિ.

૧૯૦. આંખને પોપચાનો ભાર ન લાગવો = (૧) જરૂરની ચીજ ભોંકી કહેવાતી નથી. (૨) પોતાના કુટુંબને ખવરાવવું પીવરાવવું કોઈને અયુક્તમતું લાગતું નથી. (૩) પોતાની ચીજ લાવવારી ભારે પડતી નથી.

૧૯૧. આંખનો કસો = ચોડી ઊંઘ.

૧૯૨. આંખનો કાંટો હોવું = (૧) બટકવું; પીડા કરવી. (૨) દુશ્મન હોવું.

૧૯૩. આંખનો ડોરો–આંખનો લાલ લાલ ડોરો = આંખમાં રહેલી બારીક રાતી નસ. બહુ આનંદમાં આવી જવાથી અથવા તો દારૂ પીવાથી તે લાલ થાય છે. તે સૌંદર્યની નિશાની છે.

૧૯૪. આંખનો પડદો ઊઘડ્યો = જ્ઞાનચક્ષુ ખૂલ્યાં; અજ્ઞાન કે ભ્રમ દૂર થયાં.

૧૯૫. આંખનો પાટો = આંખના પાટા જેવું અયુક્તમતું; અજાબામલું; બહું અપ્રિય.

૧૯૬. આંખમાં = આંખના પક્ષપાતથી.

૧૯૭. આંખમાં ઝાંખી હોવું = માણસનું સ્વભાવ હોવો.

૧૯૮. આંખમાં-આંખે આવવું = (૧) અદેખાઈ થવા જેવી રીતે દેખાવું; આંખે ચડવું. (૨) અદેખાઈ સારુ બીજાનું લેવાની દાનત થવી. (૩) ઈર્ષા થવી. (૪) વેર ચડવું; મસ્ત બનવું. (૫) મદદગારની ઊતરી જવી.

૧૯૯. આંખમાં આંગણીઓ માલવી = (૧) ઊતરવું; ઠગવું. (૨) નજર ચુકવવી; ધૂળ ખાવું.

૨૦૦. આંખમાં આંજવું = (૧) ઠગવા બાલવું. (૨) ઊતરવું. (૩) પોતાના કરતાં રૂપગુણમાં ઊતી હોવાથી શરમીંદું પાડવું; ઝાંખું કરવું; પાણી ઉતારવું.

૨૦૧. આંખમાં કમળો તે જગત પીળું દેખે = જેવું પોતાનું મન હોય તેવું બધાને જુએ.

૨૦૨. આંખમાં કમળો હોવો = (૧) અદેખાઈ આવવી. જ્યારે કોઈ માણસને બીજાના વાંક શોધ્યા કરવાનો સ્વભાવ પડી ગયો હોય ત્યારે તેવા માણસ માટે બોલતાં કહેવાય છે કે તેની આંખમાં કમળો છે. (૨) પક્ષપાતની નજરે જોવું. (૩) પોતાના જેવું બીજાને માનવું.

૨૦૩. આંખમાં કરકર આવવી = ઈર્ષા થવી.

૨૦૪. આંખમાં કહેવું = આંખના ઇશારાથી જણાવવું.

૨૦૫. આંખમાં કૂવા પડવા = નબળાઈથી, બહુ ભૂખથી કે એવા કોઈ કારણથી આંખો ઊંડી ઊતરી જવી.

૨૦૬. આંખમાં ખટકવું = (૧) અદેખાઈ આવવી. (૨) દીઠું ન ગમવું.

૨૦૭. આંખમાં ખાર હોવો = અદેખાઈ આવવી.

૨૦૮. આંખમાં ખુનસ આવવી–ખૂન ચઢવું–ખૂન વરસવું = ગુસ્સે થવું.

૨૦૯. આંખમાં ખુશવું–ચુભવું = આંખને આનંદ પમાડવો.

૨૧૦. આંખમાં ખૂન ઊતરવું = ક્રોધથી આંખ લાલ થવી; રીસ ચડવી.

૨૧૧. આંખમાં ખૂંચવું = (૧) અદેખાઈ આવવી. (૨) અદેખાઈ સારુ બીજાનું કંઈ લેવાની દાનત થવી. (૩) આડે આવવું; હરકત કરવી. (૪) કોઈ કંઈ ચાર કે ઠગી ગયો હોય તે બદલો કરવું.

૨૧૨. આંખમાં ઘર કરવું = (૧) ધનકર બનવું. (૨) ગમવું. (૩) ઊતરવું. (૪) પોતાના મનને વશમાં રહેવું. (૫) મોહ પમાડવું; ભુરકો કરવું.

૨૧૩. આંખમાં ચકરાં રમવાં = ચંચળતા દેખાવી.

૨૧૪. આંખમાં ચરબી છવી = (૧) આંખે પડળ ચડવાં. (૨) બળર વ હોવાનો ડોળ કરવો. (૩) ચર્બી, બેપરવાઈ કે અસાવધાનીને લીધે સામેની ચીજ ન દેખવી. (૪) બૂરી ખોળખાલ બૂરી બલાનો ઢોંગ કરવો. (૫) મદાંધ બનવું.

૨૧૫. આંખમાં છત્રી-ઘમ આવવો = (૧) મરવાની અણી ઉપર હોવું. (૨) સજીવન થવું. (૩) સાજા થવું.

૨૧૬. આંખમાં ઝેર આવવું–ચડવું = ઈર્ષા થવી.

૨૧૭. આંખમાં ઝેર વરસવું–હોવું = બહુ ગુસ્સાથી આંખ લાલ થઈ જવી.

૨૧૮. આંખમાં તતડિયાં પડવાં = (૧) આંખમાં બહુ દુઃખ થવું; આંખો બળવી. (૨) દ્વેષભાવ હોવો. (૩) માઠું લાગવું. (૪) બીજાનું સારું જોઈ બળવું.

૨૧૯. આંખમાં ધૂળ નાખવી = (આંખમાં ધૂળ જવાથી માણસ પોતાની આસપાસ શું બને છે તે જોઈ શકતું નથી તે ઉપરથી) બહુલક્ષ આપવી; વાસન ઊતરવું.

૨૨૦. આંખમાં ન ઠરવું = પસંદ ન પડવું; નહિ ગમવું.

૨૨૧. આંખમાં પાણી આવવું = (૧) આંખો આસુંથી ભરાવી. (૨) દેવું પીગળી જવું; દયાની લાગણીથી બળબળતું થવું.

૨૨૨. આંખમાં પિત્ત આવવા = (આંખ દુઃખે છે ત્યારે પિત્ત આવે છે તે ઉપરથી) કોઈનું સારું ન જોઈ શકવું.

૨૨૩. આંખમાં ફરવું = કોઈના હુકમમાં હંમેશ વરતવું.

૨૨૪. આંખમાં ફૂલું પડવું = (૧) અદેખાઈ આવવી. (૨) આંખની કીકી ઉપર ભલું થવું.

૨૨૫. આંખમાં ભમરીઓ રમવી = અપ્રામાણિકપણાની નજર હોવી. ખરાબ આશયી સ્ત્રી માટે આ પ્રયોગ વપરાય છે.

૨૨૬. આંખમાં ભરાવું = (૧) આંખમાં ખૂંચવું. (૨) ઈર્ષાનું કારણરૂપ હોવું.

૨૨૭. આંખમાં મરચાં નાખવાં = વિખવું; કનડવું; ભૂકો પડાવવો.

૨૨૮. આંખમાં મરચાં લાગવાં = કનડવું.

૨૨૯. આંખમાં મીંડું = અદેખાઈ; ઈર્ષા.

૨૩૦. આંખમાં મીંડું આંજવું–નાખવું–ભરવું = (૧) આંખમાં મીંડું નાખ્યું હોય તેવી દશાએ પહોંચાડવું; રિબાવવું; કનડવું. (૨) ઊતરવું; ઠગવું; ભોળવી નાખવું; જાની વાત કહી દે તેમ કરવું; ખોટું સમજાવીને ફંદામાં આણવું; ભૂલથાપ આપી ફસાવવું. (૩) શરમીંદું કરવું; ઝાંખું કરવું; ઢાંકી નાખવું. (૪) ઠરાવવું; ચકવવું; ઊતારી પાડવું.

૨૩૧. આંખમાં મીઠું પડવું = (૧) અદેખાઈથી બળવું. (૨) આંધળાં થવું એવો શાપ. જેમકે, અદેખાની આંખમાં મીઠું પડજો.

૨૩૨. આંખમાં રજ સમાય તો હિસાબમાં પાઈ સમાય = સારો હિસાબ કરનાર પાઈ પણ જવા દેતો નથી.

૨૩૩. આંખમાં રાઈ = (૧) અદેખાઈ. (૨) ગુસ્સો.

૨૩૪. આંખમાં રાઈ આંજવી–નાખવી–ભરાવવી = (૧) આંખમાં રાઈ લાગવાથી જેનું દુઃખ થાય તેવું સામાનું સુખ જોઈ દુઃખ થવું. (૨) પીડવું; સતાવવું. (૩) પોતા તરફ અદેખાઈ ઉપજાવવી.

૨૩૫. આંખમાં રાત પાવી–ભરી જવી = ઉજાગરો કરીને રાત પસાર કરવી.

૨૩૬. આંખમાં લહેર આવવી = (૧) ઊંઘ કે નશાને લીધે આળસ ભરાવી. (૨) ઊંઘ, મંદ મંદ પવન કે નશાને લીધે આંખ જરા જરા મીંચાવા માંડવી.

૨૩૭. આંખમાં લોહી વરસવું = (૧) ક્રોધે ભરાવું; ગુસ્સે થવું; ક્રોધને લીધે આંખ લાલચોળ થઈ જવી. (૨) બહુ જ ઉશ્કેરાઈ જવું.

૨૩૮. આંખમાં લોહી વરસી રહેવું = બહુ જ ઉશ્કેરાયેલા હોવું; ખૂન કરવાની અણી ઉપર આવવું.

૨૩૯. આંખમાં શનિચર હોવો = (શનિચર પોતાની વાંકી નજરથી જેને જુએ તેનું ખરાબ થાય એમ જ્યોતિષમાં છે એ ઉપરથી) (૧) જેનું તેનું ખોટું કરવાની વૃત્તિ હોવી. (૨) દ્વેષ ને ઝેર હોવું.

૨૪૦. આંખમાં સમાવું = (૧) ગમી જવું. (૨) હંમેશા નજર આગળ રહેવું; મુંઝાઈ રહેવું. (૩) હૃદયમાં વસવું.

૨૪૧. આંખમાં સરસો ફૂલવાં = આનંદથી મસ્ત થવું.

૨૪૨. આંખમાં સળાઈ ફેરવવી = આંધળું કરવું; અંધ બનાવવું.

૨૪૩. આંખમાં સીધ ન હોવું = (૧) ઉદ્ધત બનવું. (૨) ક્રૂર થવું; નિર્દય બનવું. (૩) બેશરમ થવું.

૨૪૪. આંખમાંથી કાણાં કાઢવાં–કાઢી જવાં

= (૧) સામે મોઢે કોઈને ઉપાડી જવું. (૨) સામો માણસ દેખતો હોય તેમ તેને લૂંટી લેવો. (૩) સામો માણસ દેખે પણ સમજી ન શકે એવી રીતે ઉતરી જવું.

૨૪૫. આંખમાંથી તણખા ઝરવા = ગુસ્સાને લીધે આંખ લાલચોળ થવી.

૨૪૬. આંખમાંથી નીર ઢાળવું = (૧) આંખમાં ખૂબ આંસુ લાવવાં. (૨) મરણની અણી ઉપર આવવું.

૨૪૭. આંખમાંથી ભાલા કાઢવા = (૧) કરડી નજરે જોવું; કાતરીઆં કાઢવાં. (૨) નમનખાણ કરવાં.

૨૪૮. આંખે અંધારાં આવવાં = (૧) તેજથી ઝંખાઈ જવું. (૨) બહુ ઊંચે કે બહુ ઊંડાણમાં જોવાથી બરાબર નજર ન પડવી. ઝામર રોગમાં તેમ જ મગજને શ્રમ થવાથી, તકે ચઢવાથી, આખને બહુ ઠસવાથી અને નબળાઈથી આંખે અંધારાં આવે.

૨૪૯. આંખે અંધારી બાંધવી = (૧) ઊતરવું. (૨) ભાન જવું. (૩) વશ કરી લેવું.

૨૫૦. આંખે આંખ મળવી = (૧) ઊંઘ આવવી. (૨) ઓક્ષ નજર થવી. (૩) ભાતે મળવું. (૪) પ્રેમથી ઓકબીજા તરફ જોવું.

૨૫૧. આંખે આંધળો પણ પૈસાનો પૂરો = જેને વિચાર કે પરીક્ષા ન હોય એવો શ્રીમંત માણસ; મૂર્ખ ધનવાન.

૨૫૨. આંખે ખાલ અને મોંએ લજવાય = અશક્ય હોવું.

૨૫૩. આંખે ચડવું = (૧) અદેખાઈના કારણરૂપ થવું. (૨) ધ્યાન ખેંચવું. (૩) નજરે પડવું. (૪) પસંદ આવવું. (૫) પહેલું પડવું.

૨૫૪. આંખે ચાલવું = (૧) અનુકરણ કરવું; નકલ કરવી. (૨) કોઈ કહે તે પ્રમાણે વર્તવું.

૨૫૫. આંખે ચાલીને = ખુશીથી.

૨૫૬. આંખે જોવાનું જોર છે = બરાબર વસ્તુ નજરે દેખાય ત્યારે તે તરફ અણગમો થાય.

૨૫૭. આંખે તણાય-પાણિયારાં આંખવાં = બરાબરનાં આંસુ પાડવાં.

૨૫૮. આંખે ઘવું = મહેરબાની ઊતરી જવી.

૨૫૯. આંખે દીઠું તે ખરું = નજરે જોયું હોય તે જ સાચું.

૨૬૦. આંખે દેખવું = (૧) કોઈના સ્વભાવનો અભ્યાસ કરવો. (૨) માનથી વર્તવું.

૨૬૧. આંખે પચ્ચર જાવા = આંખ જડ જેવી થઈ જવી.

૨૬૨. આંખે પાટા બાંધવા = (૧) આંધળું કરવું; કપડાથી અને આંખો ઢાંકીને આગ્રા પહોંચાડે ત્યારે ગાડી ક્યાં જાય છે જોવા દેવું નહિ. (૨) કોઈ ન સૂઝે એવી દશા કરી; અક્કલ કે સુધી જવી. (૩) ધ્યાન ન દેવું. (૪) ન દેખાય એવી રીતે આંખો મીંચવી. (૫) ભમાવવું; આડુંઅવળું સમજાવીને ફસાવવું; પેચમાં આણવું; ભોળવી નાખવું; વશ કરી લેવું.

૨૬૩. આંખે પાટા બાંધીને ફરવું = (૧) વગર સમજે ક્રમ કરવું. (૨) વિચાર કર્યા વગર ફરવું.

૨૬૪. આંખે પાટા હોવા = (૧) અદેખાઈથી જાણવું. (૨) આબરૂ પામવું. (૩) આંધળા થવું.

૨૬૫. આંખે ભવાં ચડાવવાં = (૧) ગુસ્સે થવું. (૨) મોઢું બગાડવું. (૩) ધિક્કારવું.

૨૬૬. આંખે વગાડવું = પ્યાર કરવો.

૨૬૭. આંખે વગાડીને રાખવું = બહુ પ્રેમથી રાખવું; બહુ આદરસત્કારથી રાખવું.

૨૬૮. આંખે હોવું = (૧) ઢાલ્લા થવું (૨) મહેરબાની ન હોવી. (૩) સુધીમાં આવવું.

૨૬૯. આંખેથી પાટા ઓઢવા = ભોગવી સુખી પાછી આવવી; બુદ્ધિપૂર્વક વિચાર કરવો.

૨૭૦. આંખો અવળી થવી = (૧) તદ્દન બરાબર થઈ જવું. (૨) બેસુધ થવું.

૨૭૧. આંખો ઊંચી કરાવવી = (૧) અધીરાઈ કરાવવી. (૨) બહુ સંતાપવું.

૨૭૨. આંખો ઊંચી ચડી જવી-જતી રહેવી = (૧) ક્રોધ આવવો. (૨) ગર્વનો ઊતારો આવવો; મગરૂરી ઊતરવી.

૨૭૩. આંખો ઓઠે જવી = (૧) બહુ મહેનત પડવી. (૨) બિનજરૂ ઢાઢી જવો; મગરૂરીમાં ફૂલવું.

૨૭૫. આંખો ગોળીને રહેવું = (૧) પસ્તાવો કરવો. (૨) ઢારી ઘાલીને બેસવું.

૨૭૪. આંખો ઠારી થવી = શાંતિ થવી; સંતોષ થવો; છક્કા પૂરી પડવી.

૨૭૬. આંખો તળે ન આવવું = તુચ્છ સમજવું.

૨૭૭. આંખો તારતી નાખવી = (૧) આંખોને અશાંત બનાવીને બેસુધ કરવું. (૨) બધો માર મારીને બેસુધ કરી નાખવું.

૨૭૮. આંખો ધરતી ખોતરે = આંખ નીચી ઢળીને ક્રમ આવે ત્યારે ખૂબ ખોદતી હોય એટલી બધી શરમ પામવી.

૨૭૯. આંખો ધોમેલ = શરમાવેલ.

૨૮૦. આંખો નિંગળવી = આંસુ સારવાં.

૨૮૧. આંખો પાછી જવી = (૧) બહુ નબળું પડી જવું. (૨) મગરૂર થવું; ગર્વ આવવો.

૨૮૨. આંખો ફૂટે ત્યાં પાંપણ ક્યાં રડશે ? = અસંભવિત બાબત.

૨૮૩. આંખો બોચીએ જવી = (૧) ઊંચે અટકતા થઈ જવું. (૨) મગરૂર થઈ રહેવું; ઉદ્ધત બનવું. (૩) વિસ્મિત થવું; અજાયબી પામવું.

૨૮૪. આંખો મીંચીએ તો સદા અંધારું = એક વખત બેદરકાર રહીએ તો સદાને માટે ભોગવવું પડે.

૨૮૫. આંખો મીંચીને = (૧) ઉતાવળે; જલદીથી. (૨) ધ્યાન ધરીને; નિશ્ચય કરીને. (૩) વગર વિચારે.

૨૮૬. આંખો મીંચીને વિચાર કરવો = શાંતિથી અને એકાગ્ર ચિત્તથી વિચાર કરવો.

૨૮૭. આંખો વટરી = એકબીજાનું બોલ્યું કે મોં જોવું ન ગમવું; અણબનાવ હોવો.

૨૮૮. આંખોથી ઊતરવું = નીચા કરવું.

૨૮૯. આંખોથી કામ કરવું = (૧) ઇશારાથી કામ કરવું. (૨) કામણ રાખી જોવું. (૩) બહુ પ્રેમ કે ભક્તિથી કામ કરવું.

૨૯૦. આંખોની આગળ અંધારું જવાવું = મૂર્છા આવવી.

૨૯૧. આંખોની આગળ અંધારું થવું = (૧) વિપત્તિ કે દુઃખને વખતે ઉદાસીન બનવું. (૨) સંસાર અસાર દેખાવો.

૨૯૨. આંખોની કીકી = બહુ પ્યારી ચીજ.

૨૯૩. આંખોની સામે હોવું = સન્મુખ હોવું.

૨૯૪. આંખોની સોંય પડવી = કોઈ કામનો કંટાળ્યો અને થાકો ભાગ ભીજ માણસ આરામે પૂરો થયા બાદ તેનો બાકીનો કે બોજો અને સરલ ભાગ પૂરો કરી પૂર્ણ કરી લેવાનો ઉદ્યોગ કરવો. આ સબંધી એવી વાત છે કે એક રાજકન્યાનો વિવાહ વનમાં એક અરેલ માણસ સાથે થયો. તેના આખા શરીરમાં સોયો ખોંચેલી હતી. રાજકન્યા હમેશા બેસીને તે કાઢ્યા કરતી અને તેની દાસી આ જોયા કરતી. એક દિવસ રાજકન્યા ક્યાંય બહાર ગઈ હતી. દાસીએ જોયું કે પતિના આખા શરીરની સોયો નીકળી ચૂકી હતી, માત્ર આંખોની બાકી રહી હતી. તે તેણે કાઢી લીધી અને તેમ કરતાં તે અરેલ માણસ બેઠો થયો. દાસીએ પોતાને તેની પરણેતર હોવાનું જણાવ્યું અને ત્યારે રાજકન્યા આવી ત્યારે તેને દાસી તરીકે ઓળખાવી. ઘણા દિવસ સુધી આ પ્રમાણે તે દાસી રાણી તરીકે રહી. પણ પાછળથી બધી વાત ખુલ્લી થઈ ગઈ અને

રાજકન્યાના દિવસ ફર્યા.

૨૯૫. આંખોમાં બેસવું = પસંદ પડવું.

૨૯૬. આંખોમાં રાખવું = (૧) પ્રેમથી જાળવવું. (૨) સાવધાનીથી રાખવું.

૨૯૭. ઉનીંદી આંખ = નિદ્રાકારી આંખ; ઊંઘ આવવાનાં લક્ષણ દેખાડનારી આંખ.

૨૯૮. ઊંચીને આંખે આડવું–વળગવું = ધણું ભભકાદાર હોવું; નજરને ગમે એવું હોવું.

૨૯૯. ઊંચીને આંખે આડે જોવું = (૧) નાલુક; ડોળણ. (૨) મન ઠરી બે જોવું.

૩૦૦. એક આંખમાં હસાવવું અને બીજી આંખમાં રડાવવું = પ્રેમ અને ભય રાખવાં.

૩૦૧. એક આંખમાંથી આવવું અને બીજીમાંથી જાવવું = બહુ આંસુ વહેવાં; આવવું અને જાવવા બાબતમાં બેય બરસાદ પડી તેમ આખમાંથી આંસુ પડવાં.

૩૦૨. એકલી આંખે–નારી આંખે = ખુલ્લી આંખે; આમાં કે દુરબીન વગરની આંખે.

૩૦૩. કરડી આંખે જોવું = (૧) અણગમો બતાવવો. (૨) ક્રોધથી જોવું.

૩૦૪. કાણી આંખ = માંજરી આંખ.

૩૦૫. કેદીલી આંખ = મોહક આંખ.

૩૦૬. કાચી આંખે જોવું = આડી આંખે જોવું.

૩૦૭. ખારીલી આંખે જોવું = અણખાઈ આવવી.

૩૦૮. ગંજણ આંખ = જુવાનીના ઉમંગથી સ્થિર ન રહેનારી આંખ.

૩૦૯. ગાર આંખ કરવી = મળવું.

૩૧૦. ગાર આંખ થવી = (૧) સાજા ન થવું રહેવું. (૨) સામસામું જોવું.

૩૧૧. ગાર આંખ મળવી = રૂબરૂ મળવું.

૩૧૨. ચોર આંખ = જેના ઉપર નજર નાખી હોય તેને તેની ખબર ન પડે એવી આંખ.

૩૧૩. ઝીણી આંખે જોવું = બારીકાઈથી તપાસવું.

૩૧૪. ઝેરીલી આંખો = મારી નાખવાનો ઇરાદો સૂચવતી આંખો.

૩૧૫. ઠોળા કે આંખ થવી = ડિબ્બી આંખ હોવી.

૩૧૬. ઢાળી આંખે જોવું–કરવું = મદોન્મત્ત; છકી જવું.

૩૧૭. ઢૂંકી આંખનો તારો = જેકનો જોક દીકરો; બોદનો છોકરો.

૩૧૮. તારે આંખો ઉઘાડવી = પૂરા જોમમાં પ્રકાશવું; આંખો બંધાઈ જાય તેમ પ્રકાશવું.

૩૧૯. તીખારી આંખે જોવું = કટાક્ષ પ્રમાણે દોરવું.

૩૨૦. તે આખની શરમ = (૧) નજર સામે હોય એવું ઓળખાણ. (૨) નજરથી બહાર જાય એટલે ભૂલી જવાય.

૩૨૧. તે આંખે જોઈને ચાલવું = બધી બાબતનો વિચાર કરીને કાર્યપ્રણાલી કામ કરવું.

૩૨૨. તીરી આંખે જોવું = ક્રોધથી જોવું.

૩૨૩. તેરીની આખ = તેરીની કાંતળા ઉપરનો પીલો. આવી આંખ કે પીલાવાળા કાંતળા વાવવાથી તેરી ઊગે છે.

૩૨૪. તારી આંખ હોવી = રહેમ નજર હોવી.

૮. સ્ત્રી. દીવેલની કાચલી નળકનો આકો.

૯. સ્ત્રી. દેખરેખ; તપાસ.

૧૦. સ્ત્રી. નજર; દૃષ્ટિ; જોવાની શક્તિ.

૧. આંખ ઓકી વળી = (૧) પ્રીત વળી; પ્રેમ બંધાયો. (૨) સામસામી મીટ મંડાણી.

૨. આંખ ઓરવી = (૧) ક્રોધ ન દેખે તેમ કામ કરવું; ઉપેક્ષા કરવી. (૨) ઉતરવું. (૩) ધ્યાન ન આપવું. (૪) નજર ચૂકાવીને જવું રહેવું. (૫) ચુપચાપથી નજર ફેરવી લેવી. (૬) શરમથી સામી નજર ન કરવી.

૩. આંખ ઓરાણી = ઉતરાવું.

૪. આંખ તળે આવવું = (૧) ગમવું. (૨) નજરે ચડવું.

૫. આંખ તળે કાઢવું = ઉપર ઉપરથી જોઈ જવું; નજર ફેરવવી.

૬. આંખ પડવી = (૧) કૃપાદૃષ્ટિ પડવી. (૨) અકસ્માત બનાવથી જોવું. (૩) નજર લાગી. (૪) પ્રેમ ભરેલી નજર ફેંકવી. (૫) મહેરબાની હોવી. (૬) જોખમવાની શક્યતા હોવી.

૭. આંખ મળવી = (૧) ઊંઘ આવવી. (૨) નજર જોઈ વળી; સામું જોવું; મીટ મળવી.

૮. આંખ માંડવી = ધ્યાનથી જોવું.

૯. આંખ મારી હોવી = મીઠી નજરે જોવું.

૧૦. આંખમાંથી પડવું = મહેરબાની ખોવી.

૧૧. આંખે કરવું = આડું કરવું.

૧૧. સ્ત્રી. નાનું કાણું; છેદ.

૧૨. સ્ત્રી. નિગાહ; કૃપા; મહેરબાની; દબાવ.

૧૩. સ્ત્રી. કૂવાની કળી.

૧૪. સ્ત્રી. ખાટલાનાં ખીલ્લો ભરાવી દોરીથી કૂદે તે ભાગ.

૧૫. સ્ત્રી. બુદ્ધિ; સમજશક્તિ.

૧૬. સ્ત્રી. મખમિંદુ; ટેન્ડ.

૧૭. સ્ત્રી. બોર્ડાદિકાની રમતમાં પાંચની સંખ્યા બતાવનાર કાન્દ. આ રમતમાં આંખ ઉપર મોર્ટ રાખી તેને પાની મારી લાંડિયાથી દબાવે મારવામાં આવે તેને આંખ કહે છે.

૧૮. સ્ત્રી. યોનિ; સ્ત્રીનો ગુપ્ત ભાગ.

આંખ મારવી – (૧) આંખથી ઇશારો કરવો; કટાક્ષ કરવો; પ્રેમની નજરથી જોવું. (૨) સ્ત્રી સાથે સહોમ કરવો; યોનિ પ્રવેશ કરવો.

૧૯. સ્ત્રી. લક્ષ; ધ્યાન.

૨૦. સ્ત્રી. વિચાર; વિવેક; પરખ.

૨૧. સ્ત્રી. શેરડીની ગાંઠ આગળનો પીલો; જેને વાવવાથી શેરડી થાય છે તે ઉદ્ભેદાંકુર; શેરડીને ઉગાડનારી ગાંઠ; સાંઠાની પેરાકમાં ફૂટેલો નાનો કણો.

આંખ મારવી = (૧) કડી નજર કરવી. (૨) ગુસ્સે થવું. (૩) કામની શરૂઆત સંધાડવી. (૪) ધમકી આપવી. (૫) નશો ચડવો.

૨૨. સ્ત્રી. સરકારી વસ્તુજાત માટે જવાબદાર માણસ મારફત ખુલ્લાજુદા ખાનીદારોએ આપવાની બાકાની રકમની બાંધણી.

૨૩. સ્ત્રી. સંતાન; સંતતિ.

આંખઆડું [આંખ + આડવું (આડું)] જિ. દૂર; આઘેનું; છેટેનું.

આંખઆંજણી [આંખ + આંજણી (આંજણ)] સ્ત્રી. આંજણી; પંખણના મૂળ આગળ થતી ફોલ્લી.

આંખઆર ૧. સ્ત્રી. આંખની આડ; આર; બોર્ડદાંડિયાની રમતમાં બોર્ડને આંખની બરાબર ઉપર મૂકી બાજુ ઉપરની પાકી બોર્ડને કાંઠે મારી ઉડાવવી તે.

૨. [જુ.] જિ. જાડું; ઘટ્ટ.

આંખઆંગળી [સં. અક્ષિ (આંખ) + અંગુલિ (આંગળી)] સ્ત્રી. આંખમાં ફોડો મારવાપણું.

આંખઆન [સં. અક્ષિ (આંખ) + ત્રાણ (રક્ષણ)] જ.ન.ન. સહાય આપનાર માણસ; મદદકર્તા.

આંખઆંકૂર પું. (ત્રિમળ) આંખની કીકીઃ અક્ષિકૂટ.

આંખઆંકણો [સં. અક્ષિ (આંખ) + અંક (ચક્રાકાર)] પું. કપાળમાં લગાડાતી આંખ જેવા આકારની ટીપકી.

આંખઆંટલો પું. આંખઆંકણો કપાળમાં લગાડાતી ટીપકી.

આંખઆંટલો કરવો = રૂપે અકસ્કરે બીજાને ગાલે ને કપાળે સુંદર અને બનેલ સોપારીની મેળવણીથી સુંદર ચિત્રો કાઢી તે ઉપર આંખ જેવા આકારની ટોપકી મોકવી.

આંખચોરી ૧. [સં. અક્ષિ (આંખ) + ચુર્ (ચોરવું)] સ્ત્રી. અલ્પમતી વસ્તુ ઉપરથી આંખ ખસેડી લેવાપણું.
૨. સ્ત્રી. જોવું હોય છતાં નથી જોવું તેવો દેખાવ.

આંખડલી (આંખડલી) [આંખ + ડલી (નાનાપણું બતાવનાર તારીખલિનો પ્રત્યય)] સ્ત્રી. આખ. આ શબ્દ કવિતામાં વપરાય છે.
આંખડલી ભરવી = રોવું.

આંખડી (આંખડી) ૧. [આંખ + ડી (નાનાપણું બતાવનાર તારીખલિનો પ્રત્યય)] સ્ત્રી. આંખ; આંખ માટે કવિતામાં વપરાતો શબ્દ.
૨. સ્ત્રી. ઊંઘ ઉપરનો બેતરર આંખવાનો લાકડાનો ટુકડો.

આંખઆળ સ્ત્રી. ગરમપોશી; જોવું ન જોવું કરવું તે; આંખમીંચામણ.

આંખઆંકડી [આંખ + આંકડો] સ્ત્રી. પોલા ખને ઘાસીના બજાદની આખે આંખરામાં આવતો ઢાબલો.

આંખન [હિં.] સ્ત્રી. બ. વ. આંખો.

આંખફુટમણી સ્ત્રી. ચોમાસામાં થતી એક જાતની વનસ્પતિ. તેના ફળનો રસ આંખને લાગવાથી આંખ ફૂટી જવાનું મનાય છે.

આંખફુટમણું ન. આંખફુટામણીના વેલાનું ફળ.

આંખફુટામણાં ન.બ.વ. આંખફુટામણીનાં ફળ.

આંખફુટામણી ૧. [આખ + ફૂટવું] સ્ત્રી. ઉંદરાવણાંનો વેલો; ઉંદરાવણી. એ વેલ અથવા તેનાં ફૂલ જો આંખને અડે તો આંખો ફૂટી જાય એવી માન્યતા છે.
૨. સ્ત્રી. ઊની ઓરીજણીનો છોડ.
૩. [સં. પટોલ] સ્ત્રી. પટોળ; પરજણ. ચણિયા ચોરણીના બજા ઉપર તેના વેલા થાય છે. તેનાં ફળ ચણિયાં ચોર બેવાં દેખાતાં હોઈ ચોર જાણીને લેવા જતાં તો ઊલટાનો જવાબ છે તેથી તે આંખફુટામણી કહેવાય છે.

આંખફૂટણાં ન.બ.વ આખફૂટણીનાં લગભગ અને પોળા રંગમાં ઝાણી છાટવાળાં ફળ.

આંખફૂટણી સ્ત્રી. એક જાતનો વેલો; આંખફુટામણી.

આંખફોડણિયા (આંખફોડણિયું) ૧. [આંખ (આડકો) + ફોડ (ફોડનાર) + ણિયું (વીંધ)] પું. આકાશનાં પાન ખાઈ રહેલું અને શરીરના પ્રમાણમાં લાંબી લાંબી મૂછવાળું એક જાતનું લીલું ટીડકું. તે રાતના આંખમાં ઊડીને પડે છે.
૨. વિ. કર્યાળું; ઝેરીલું; ઝેરખું.
૩. વિ. કૂતરા; નિમકહરામ.

આંખફોડા (આંખફોડા) [આંખ + ફોડ (ફોડનાર)] પું. એક જાતનું મચ્છર.

આંખમચકારો ૧. [આંખ + મિચકારો (મીંચવું તે)] પું. આખ ઊઘડે અને બંધ થાય તેટલો વખત.
૨. પું. આંખથી કરેલ ઇશારત.
૩. પું. આંખનું મીંચાવું તે; પલક; નિમિષ.

આંખમિચકારો ૧. [આંખ + મિચકારો (મીંચવું તે)] પું. આંખ ઉઘાડબીડ કરતાં લાગતો વખત; પળ.
૨. પું. આંખ ઉઘાડબીડ કરવાથી થતી સંજ્ઞા; સમરમા.
૩. પું. આંખનું મીંચાવું તે.

આંખમિચામણ ન. જોવું ન જોવું કરવું તે.

આંખમિચામણાં ૧. ન.બ.વ. આંખ બંધ કરવાપણું; જોવું ન જોવું કરવું તે; ગરમપોશી.
૨. ન.બ.વ. આંખ ઉઘાડબીડ કરવાપણું.
૩. ન.બ.વ. આંખ મીંચીને કરાતી ઇશારત.
૪. ન.બ.વ. આંખથી દેખાડવામાં આવતો ભાવ.
૫. ન.બ.વ. એક જાતની આગરમત; આંધળા [બિસકોલી; આંધોબ્બો; આંધારપટ્ટા; આંખણોપાટો.
૬. ન. બ.વ. બેદરકારી; ઉપેક્ષા.

આંખમિચામણી ૧. સ્ત્રી. આંખ ઉઘાડબીડ કરવી તે.
૨. સ્ત્રી. આંખ મીંચીને થતી ઇશારત.
૩. સ્ત્રી. આંખથી દેખાડાતો ભાવ.
૪. સ્ત્રી. આંધળાપાટાની રમત.
૫. સ્ત્રી. જોવું ન જોવું કરવું તે.
૬. સ્ત્રી. બેદરકારી.

આંખમિચૌલી [હિં.] સ્ત્રી. સંતાકૂકડીને મળતી એક રમત. તેમાં એક રમનાર દાવ દેનારની આંખ દબાવી રાખે. દરમિયાન બીજાં છોકરાં જ્યાંસુધી સંતાઈ જાય. બધાં સંતાઈ રહે એટલે દાવ દેનારને છૂટો મૂકવામાં આવે અને તે બીજાં છોકરાંને પકડવા જાય. જો કોઈ રમનારને દાવ દેનાર શોધીને પકડી પાડે તો પકડાયેલા રમનારને ચોર ઠરાવાય અને તેની પાસેથી ઉપર પ્રમાણે દાવ લેવામાં આવે. પણ દાવ દેનારથી કોઈને ન પકડી શકાય અને બધાં રમનારાં પકડાયા સિવાય અમુક નક્કી કરેલ જગ્યાને અડી જાય તો દાવ દેનારને ચોર બનાવાય અને ફરીને દાવ લેવાય. આમ સાત વખત અને તો દાવ દેનારના પગ બાંધી તેને એક દોરાવે તેની ચોમેર એક કૂંડાળું કરી બધાં છોકરાં ચારેવાર ઊભો રાખી કૂંડાળામાં પગ મૂકે અને દાવ દેનારને 'બુદિયો બુદિયો' કહી ચીડવે. ચોર અથવા બુદિયો કૂંડાળામાં રહીને કોઈને અડી જાય તો પછી પકડાયેલ રમનાર ચોર બને અને પકડાયેલ પાસેથી દાવ લેવામાં આવે.

આંખમીચલી [હિં.] સ્ત્રી. આંધળોપાટો; આંખમિચૌલી.

આંખમીંચામણાં ૧. ન. બ. વ. આંખ મીંચવી તે.
૨. ન. બ. વ. ઇશારત; સાન; સમરમા.
૩. ન. બ. વ. એક રમત; આંધળી બિસકોલી; આંધળોપાટો.
૪. ન. બ. વ. જોવું ન જોવું કરવું તે.

આંખમીંચકારો ૧. પું. આંખ ઊઘડે અને બંધ થાય તેટલો વખત.
૨. પું. આંખથી કરેલ ઇશારત.
૩. પું. પલક; નિમિષ.

આંખમીંચામણ ૧. સ્ત્રી. જોવું ન જોવું કરવું તે; ગરમપોશી.
૨. સ્ત્રી. બેદરકારી; ઉપેક્ષા.

આંખમીંચામણાં ન. બ. વ. સાન; ઇશારત. જુઓ આંખમિચામણાં.

આંખમીંચામણી સ્ત્રી. જોવું ન જોવું કરવું તે. જુઓ આંખમિચામણાં.

આંખમીંચામણી લીલા સ્ત્રી. આંધળોપાટો નામની રમત; આંધળી બિસકોલી.

આંખમીંચામણું ન. આંખ બંધ કરવાપણું. જુઓ આંખમિચામણાં.

આંખમુચાર્લી [હિં.] સ્ત્રી. એક રમત; આંખમિચૌલી; આંધળોપાટો.

આંખમુંડાર્લી [હિં.] સ્ત્રી. એક આગરમત; આંધળોપાટો; આંખમિચૌલી.

આંખમુંડાવલ [હિં.] સ્ત્રી. સંતાકૂકડીને મળતી આંખમિચૌલીની રમત.

આંખમુંદૌલા [હિં.] સ્ત્રી. આંખમિચૌલી.

આંખમૂંદૌલા પું. આંધળોપાટો.

આંખમોચણું વિ. ખોટી દાનતવાળું; હરામ હાડકાંનું.

આંખર ૧. [સં. અક્ષર] પું. અક્ષર; વર્ણ.
૨. પું. અનાજનું બાહ્યું શબ્દ.

આંખરખાં [સં. અક્ષિ (આંખ) + રક્ષ્ (બચાવવું)] ન. બ. વ. ગરમાં.

આંખરખું ૧. [સં. અક્ષિ (આંખ) + રક્ષ્ (બચાવવું)] વિ. આંખનું રક્ષણ કરનારું.
૨. વિ. શરમ આપનારું.

આંખલગી [હિં.] સ્ત્રી. રખાત; વશ પરણ્યે રાખેલી સ્ત્રી.

આંખલડી (આંખલડી) [આંખ + લડી (નામાપણું બતાવનાર સ્ત્રીપ્રત્યય)] સ્ત્રી. આંખ; આંખડલી. આ શબ્દ કવિતામાં વપરાય છે.

આંખલાગા [હિં.] પું. યાર; ભર.

આંખલો [સં. ઋ (નહિ) + ક્ષત (ઈજા કરેલ)] પું. (પ્રાકૃત) આખલો; સાંઢ.

આંખવટો પું. આંખથી દૂર કરવાપણું; નજરમાં ન આવવું તે.

આંખવિહોણું ૧. [સં. અક્ષિ (આંખ) + વિહીન (વગરનું)] વિ. આંખ વગરનું; આંધળું.
૨. વિ. સમજ વગરનું; બુદ્ધિહીન.

આંખવિંચામણાં ન. બ. વ. જોયું ન જોયું કરવું તે. જુઓ આંખમિચામણાં.

આંખવીંચામણી ૧. સ્ત્રી. આંખો બંધ રાખવાપણું; ભાન ન આપવું તે.
૨. સ્ત્રી. એક દેશી રમત. તેમાં એક રમનાર રાજા થાય અને એકને ચોર ઠેરવે હાથ દેનાર ઠરાવવામાં આવે. ચોર થયેલ રાજાના ખોળામાં માથું રાખે અને રાજા તેની આંખો દબાવી રાખે. પછી હાથ દેનારાં છોકરાં વારાફરતી પોતાની આંગળા હાથ દેનારની પીઠ ઉપર મૂકે. રાજા દર વખતે આંગળા મૂકનાર ખેલાડીનું નામ ચોરને પૂછે. તેના જવાબમાં ને અટકળે અમુક નામ આપે. જો તેની અટકળ સાચી પડે તો તેને માથેથી હાથ ઊતરી જાય અને આંગળા મૂકનારને માથે હાથ આવે. પણ નામની અટકળ સાચી ન હોય તો રાજા આંગળા મૂકનારને સંતાઈ જવાનું કહે. બધાં નામ ખોટાં પડે એટલે બધાં છોકરાં સંતાઈ જાય. પછી રાજા તેઓને પકડી લાવવા ચોરને કહે. જો તે કોઈને પકડી ન શકે તો તેને માથે હાથ આવ્યા કરે. પણ જો કોઈને પકડે તો પકડાયેલા ખેલાડીને માથે હાથ આવે અને તે ઉપર પ્રમાણે હાથ આપે. આ રમત છોકરાં થાકે અગર મરજી પડે ત્યાંસુધી રમી શકે.

આંખસાક્ષી [હિં.] પું. નજરે જોનાર સાક્ષી.

આંખાઉ [સં. અક્ષિ (આંખ) + વત્ (વાળું)] પું. ઊભતા પાકની કીમતનો કરેલ અગાઉનો.

આંખાળું ૧. [સં. અક્ષિ (આંખ) + આલુ (વાળું)] વિ. આંખવાળું.
૨. વિ. ચતુર; પરખ કરનારું.
૩. વિ. દેખી શકનારું.
૪. વિ. વિદ્વાન; જાતો; જાણનારું.
૫. વિ. સુંદર આંખવાળું.

આંખિયાં ૧. [સં. અક્ષિ (આંખ)] ન. બ. વ. આંખથી પ્રહારત કરી આપેલી મમકી; ઠોળા કાઢી આપાતો ડારો; ઝેકટશે જોઈ રહીને બીક ઉપજવવી તે.
૨. ન. બ. વ. માણીના બગદની આંખે રાખવામાં આવતો ઢાબડો.
૩. ન. બ. વ. ઘોડાની આંખ આડે રાખવાનો મોવડનો ભાગ; આંધારી.
૪. ન. બ. વ. ઝાંઝળિયાં; આંખમાં પાણી ભરાઈ આવવાં તે.
૫. ન. બ. વ. મૂર્ખો; બેસુધી, બેભાન.
૬. ન. બ. વ. વિષવવાળી આંખો.

આંખિયું ૧. [સં. અક્ષિ (આંખ) + ઈય (વાળું)] ન. માણીના બગદને આંખે બાંધવાનો ઢાબડો.
૨. ન. ઘોડાની આંખ આડે રાખવાનો મોવડનો ભાગ; આંધારી.

આંખી ૧. [સં. અક્ષિ (આંખ)] સ્ત્રી. ગિલ્લીદડાની રમતમાંનો એક દાવ; આંખની આડ; આંખી; આંખ ઉપર મોઈને આડી મૂકી નીચે પાડતાં દાંડિયાથી ઉઘાડી દેવી તે.
૨. સ્ત્રી. ચક્ષુ; નેત્ર.

આંખીઆર ૧. [સં. અક્ષિ (આંખ) + વત્ (વાળું)] વિ. આંખોવાળું.
૨. વિ. તેલુગુ ભાષામાં પાંચના અર્થમાં વપરાતો શબ્દ. બોલદિડિયાની રમતમાં તે પાંચમો દાવ છે તે ઉપરથી આ સાંકેતિક સંજ્ઞા વપરાય છે.

આંખીઆં ૧. [સં. અક્ષિ (આંખ)] ન. બ. વ. આંખ મોટી ડારો દેવો તે; ઝેકટશે જોઈ રહીને બીક ઉપજવવાપણું.
૨. ન. બ. વ. માણીના બગદની આંખ આડે રાખવામાં આવતો ઢાબડો.
૩. ન. બ. વ. ઘોડાની આંખ આડે રાખવાનો મોવડનો ભાગ; આંધારી.
૪. ન. બ. વ. ઝાંઝળિયાં; ઝેકટશે જોવાથી આંખમાં પાણી ભરાઈ આવવાં તે.
૫. ન. બ. વ. મૂર્ખો; બેસુધી; બેભાન.
૬. ન. બ. વ. વિષવવાળી આંખો.

આંખીન [આંખ + ઈન (જે બતાવનાર કૃદંતી પ્રત્યય)] સ્ત્રી. બ. વ. આંખો.

આંખુડી (આંખુડી) [આંખ + ડી (નામાપણું બતાવનાર સ્ત્રીપ્રત્યય)] સ્ત્રી. આંખ; ચક્ષુ; નેત્ર.

આંખે [હિં.] સ્ત્રી. બ. વ. આંખો.

આંખેવાલા ૧. [હિં.] પું. ભરલક્ષ; છુપી બાતમી લાવનાર.
૨. વિ. દેખતું; આંખવાળું.

આંખોવાલા વિ. દેખતું.

આંખ્યાળું ૧. [સં. અક્ષિ (આંખ) + વત્ (વાળું)] વિ. આંખવાળું.
૨. વિ. ચતુર; વિદ્વાન.

આંગ ૧. [સં. અંગ (જે નામનો દેશ)] પું. અંગ દેશનો રાજા.
૨. [હિં.] પું. જમીનના માલિક તરફથી માલધારી પાસેથી ઢોર દીઠ લેવાતી બરાઈ; મસવાડી.
૩. પું. સ્તન; કુચ; આંચલું.
૪. ન. (જૈન) અંગ સૂત્ર.
૫. ન. આંગણું; આગલું.
૬. ન. કોમળ શરીર; સુકુમાર અંગ.
૭. [સં. અંગ] ન. શરીર; અંગ; જોર; બદન.
૧. આંગ ઉપર આપવું = સાનમાં કંઈ રાખ્યા વગર રોકડ નાણું ખીરવું; ઊઘીનું દેવું ઉધારે આપવું.
૨. આંગ ઉપર આવવું = શરીર ઉપર પસારો કરવો; હુમલો કરવો.
૩. આંગ ખોલું = (૧) કેવામાંથી છૂટું થવું; દેવું ભરપાઈ કરવું. (૨) નાવું.
૮. વિ. અવયવવાળું; શરીરના ભાગવાળું.
૯. વિ. અંગ દેશમાં થતું.
૧૦. વિ. અંગ દેશમાં રહેનાર.
૧૧. વિ. અંગઉધાર.
૧૨. વિ. (નાટ્ય) મુખ્ય ન હોય એવા પાત્રોને લગતું.
૧૩. વિ. વેદના અમુક ભાગ સંબંધી.
૧૪. વિ. શરીર સંબંધી.
૧૫. વિ. શરીરવાળું; દેહધારી.

આંગઠ ૧. [સં. અંગ (જે નામનો દેશ)] પું. અંગ દેશનો રાજા.
૨. ન. અંગ દેશનું રહેવાસી.
૩. વિ. અંગ દેશની સેવા કરનાર.
૪. વિ. અંગ દેશમાં થતું.

આંગડી સ્ત્રી. કબ.

આંગડો [સં. અંગુલ] પું. અંગૂઠો.

આંગઠ (આંગડ) [સં. અંગ (શરીર)] સ્ત્રી. દાગીના, રોકડ વગેરે કીમતી વસ્તુ; જરજોખમ.

અંગઠવાણું (અંગઠવાણ) ન. (જૈન) દેવમૂર્તિને નવરાવ્યા પછી લૂછવાપણું.

અંગડિયો (અંગડિયો) ૧. [સં. અંગ (શરીર)] પું. એક ઠેકાણેથી બીજે ઠેકાણે કીમતી અવેજ લઈ જનારો હથિયારબંધ માણસ; લેખમ લઈ જનાર.

૨. વિ. વિશ્વાસુ; લેખમ સોંપી શકાય તેવું.

અંગડી (અંગડી) ૧. [સં. અંગ (શરીર)] સ્ત્રી. બેહૂતોને પહેરવાનું પાસાબંધ પેડિયું.

૨. સ્ત્રી. નાનાં છોકરાની અંગરખી; ઝભ્ભું; ઝભલી.

અંગડી ઉતરાવવી = પુત્ર સાથે હલકા ધંધાવાળે કન્યાએ પહેલી વાર સંબંધમાં આવવું.

૩. સ્ત્રી. રાજા તરફથી કુંવરના જન્મ વખતે લેવાતો કર.

અંગડીપાયડી (અંગડીપાયડી) [અંગડી (પેડિયું) + પાયડી] સ્ત્રી. કુંવરના જન્મ વખતે રાજા તરફથી અંગડી અને પાયડી માટે લેવાતો કર.

અંગરે (અંગરે) ૧. સ્ત્રી. મરાઠાઓની એ નામની એક જાત.

૨. ન. મરાઠાઓની એક જાતનું માણસ.

૩. વિ. મરાઠાઓની એ નામની જાતનું.

અંગહો (અંગહો) [હિં.] પું. ચોલી; ઝભ્ભો.

અંગણ ૧. ન. ઘર; મકાન.

૨. [સં. અંગણ] ન. ફળિયું; ઘરના બારણા સામેની ખુલ્લી જગ્યા.

અંગણકૂવો ૧. [અંગણ + કું (નામાપણું બતાવનાર પ્રત્યય)] ન. આંગણું; ફળિયું. આ શબ્દ કવિતામાં વપરાય છે.

આંગણકૂવો કરવું = (૧) અધીરાઈથી રાહ જોવી; વાટ જોવી. (૨) વારંવાર આવજા કરવી.

૨. ન. ઘર.

૩. ન. ફળિયું વાળવું તે.

અંગણિ ન. (ડિંગળ) ફળિયામાં.

અંગણીઉં ૧. ન. ઘર.

૨. ન. ઘરના બારણા આગળની ખુલ્લી જગ્યા; ફળિયું.

આંગણું ૧. [સં. અંગણ; અપ. અંગણઉં] ન. ઘરના બારણા આગળની ખુલ્લી જગ્યા; ચોક; ફળિયું.

૧. આંગણું ઊઠી જવું = (૧) નસ્તનાબૂદ જવું; નિર્વંશ થવું. (૨) પાયમાલ થવું.

૨. આંગણું કરવું = વાસીદું કરવું; કચરોપૂજને કાઢવો.

૩. આંગણું ખોદી નાખવું = ઊંધરાણી કરીને ઘર કરવું; આંગણું ખોદાઈ જાય તેટલી વખત ઊંધરાણી કરવા આવવું.

૪. આંગણું વસાઈ જવું = ફળિયું વસાઈ જાય એવી રીતે ઘણું માણસ આવવું.

૫. આંગણું વસી નાખવું = આંગણું વસાઈ જાય એટલી વખત ફળિયામાંથી ઘરમાં આવજા કરવી.

૬. આંગણે રહેવું = ઘર્ણે રહેવું. લગ્નના સંબંધમાં આ રૂઢિ વપરાય છે.

૭. નામનારીનું આંગણું વાંકું—નાચતાં નહિ આવડે, ત્યારે આંગણું વાંકું કહે = કામ કરતાં ન આવડે ત્યારે તેમ ન કરવા માટે નકામાં કારણ આપવાં.

૨. ન. મકાનનું ઘર.

૩. ન. લાભનું કામકાજ.

અંગત ૧. [સં. અંગત] વિ. અંગત; આત્મીયનું; પોતાનું.

૨. વિ. બેકાર્યું; કોઈપણ કામ વિનાનું.

૩. વિ. નકામું; અંગનું.

અંગતુક [સં. અંગ (શરીર સંબંધી)] પું. એક જાતનો સ્વર. કોઈક વખત અમુક રાગમાં તેની સોબા વધારવા એકાદ વિવાદી સ્વરનો ઉપયોગ કરવામાં આવે છે તે રાગનો આગંતુક સ્વર કહેવાય.

અંગન [સં. અંગન] પું. (હિંદી) આંગણું; ફળિયું; ઘરના મોટા આગળનો ચોક

અંગનીઉં ન. સ્ત્રીઓને કાનમાં પહેરવાનું એક સોના કે રૂપાનું ઘરેણું.

અંગપક્ષ [અંગ (શરીરનું) + પક્ષ (નામ બતાવનાર પ્રત્યય)] ન. કલાપક્ષ; કાયપક્ષ.

અંગબળ [સં. અંગ (શરીરનું) + બલ (જોર)] ન. તાકાત; જોર; શક્તિ; કોવત.

અંગમરડી (અંગમરડી) [હિં.] સ્ત્રી. બાળસ મરડવી તે; બગાસું.

અંગમરુ ૧. [સં. અગ્નિ (દેવતા) + મરુત્ (પવન)] સ્ત્રી. ચૂલાનો બાજરો બાજ.

૨. [સં. અંગ (શરીર સંબંધી)] સ્ત્રી. શક્તિ; બળ; કોવત; જોર.

અંગમરડું ૧. ન. કિ. મરડિયા થવું; સાહસ ખેડવું; આગમવું.

૨. ન. કિ. નોતરવું; બોલાવવું

મુજ ભોગ દુખ અંગમરું, પેખું ઉદ્ર નીર.
વિનાયક

૩. [સં. આગત (આવેલું)] ન. કિ. પહોંચી લેવું; આદરવું; માથે લેવું.

વરષઉ હીડુ વલિ અંગમરઇ સાત દિવસ લગિ પૂરી ચરી કરઇ. કાન્હડદેપ્રબંધ

૪. [સં. આ (વરસ) + મમ્ (જવું)] ન. કિ. સામે થવું; ઝૂઝવું.

૫. [સં. આ (ઉપર) + ક્રમ્ (જવું)] ન. કિ. હંફાવવું.

અંગરખ [સં. અંગ (શરીરનું) + રક્ષણ (બચાવ)] ન. ગંજી અંદર ઉપરના રક્ષણનું કેકાણું.

કરી વેદિ ગઢ માહિલ્યા માહિ,
અંગરખે પખરિયા રાય. કાન્હડદેપ્રબંધ

અંગરિયો પું. કીમતી અવેજ લઈ જનાર હથિયારબંધ માણસ; વિશ્વાસુ નોકર; અંગડિયો.

અંગરિષ્ટ પું. (પુરાણ) ઋષિ અત્રિની સાથે સંવાદ કરનાર એ નામનો એક રાજર્ષિ.

અંગલ ૧. પું. આંગળીની આડાઈ જેટલી લંબાઈનું માપ.

૨. [સં. અંશ (ઉચ્ચાર)] વિ. ઉચ્ચાર દેવાનું.

અંગલડી (અંગલડી) [અંગલ (આંગળી) + ડી (નાનાપણું બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. આંગળી. આ શબ્દ કવિતામાં વપરાય છે.

અંગલપરી સ્ત્રી. દક્ષ. આંગળીઓ ફરતી છે તે ઉપરથી સોનીની પારસીમાં આ શબ્દ વપરાય છે.

અંગલમિત્ર [સં. અંગ્લ (ઉચ્ચારનું) + મિત્ર (દોસ્ત)] પું. અંગ્રેજ રાજાનો ચાહનાર; અંગ્રેજોનો હાર્દિક.

અંગલશત્રુ [સં. અંગ્લ (ઉચ્ચારનું) + શત્રુ (દુશ્મન)] પું. અંગ્રેજ રાજાનો દુશ્મન; અંગ્રેજોનો વિરોધી.

અંગલાંટોપી [આંગલું (આળકનું પેડિયું) + ટોપી] ન. ન. વ. હોળી કે સગાંસનેહી તરફથી કાનલાટોપીની નવા જાતરેલ બાળકને ભેટ.

આંગલાંટોપી કરવાં = નવા જન્મેલ બાળકને આંગલું, ટોપી, ફ્રોક અને ઘરેણાંની ભેટ આપવી.

આંગલી ૧. સ્ત્રી. (ડિંગળ) આંગળી.

૨. [સં. અંગ (શરીર)] સ્ત્રી. નાના બાળકનું પેડિયું.

આંગલું [અંગ (શરીરનું) + લું (નામાપણું બતાવનાર પ્રત્યય)] ન. ઝભ્ભો; બાળકનું પેડિયું.

આંગલુંટોપલું [આંગલું (ઝભ્ભો) + ટોપલું (નાની ટોપી)] ન. બાળકનું ઝભ્ભું અને ટોપી.

આંગવિદ્ય ૧. [સં. અંગ (શરીર સંબંધી) + વિદ્યા (જ્ઞાન)] ન. અંગવિદ્યાનો ગ્રંથ.

૨. વિ. અંગવિદ્યા જાણનાર.

૩. વિ. અંગવિદ્યામાં હોંશિયાર.

આંગવિદ્યા [સં. આંગ (શરીરને લગતું) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. શરીર ઉપરનાં શુભ અને અશુભ ચિહ્ન જાણવાનું શાસ્ત્ર; અંગવિદ્યા; સામુદ્રિકશાસ્ત્ર.

આંગવું [સં. અંગ (શરીર)] વિ. પોતાનું; અંગત; આગવું.

આંગળ ૧. [સં. અંગુલિ (આંગળું)] પું. આંગળીની જાડાઈ જેટલું માપ; તસુ; ઇંચ.

૧. બે આંગળ ઓછું એવું = કરીકરીને ૧ અર્થમાં કહી બતાવ એવું; અડિયાળું.

૨. બે આંગળ કરીને ઝાપી લેવું = (૧) નાક ઝાપી લેવું; બાજર ઓછી કરવી; રૂપ ઉતારવું. (૨) બોલતાં બંધ કરવું. બોલબોલ કરનારને ધમકી તરીકે આ પ્રયોગ વપરાય છે.

૨. જ. આંગળી; હાથ પગની આંગળી.

આંગળાનો વા = સળતાં સળતાં હાથ મૂજવાનો રોગ.

૩. જ. આંગળીની પહોળાઈ.

૪. જ. દશની સંખ્યા બતાવનારી સંજ્ઞા, જેમકે આંગળાં દશ છે.

આંગળઆડો [સં. અંગુલિ (આંગળ) + આડ (બીજું)] પું. બીજી વસ્તુઓ બાજાં બરાબર નહિ એવો આંગળાં બાદનાર માણસ.

આંગળાતોડો (આંગળાતોડ્યો) [સં. અંગુલિ (આંગળું) + તુડ્ (તોડવું)] પું. આંગળીઓ મોડી બાદ એવો પણીમાં રહેતો એક જાનવર.

આંગળાવા જ. આંગળીની જાડાઈ જેટલું.

આંગળાસેતું [સં. અંગુલિ (આંગળી) + સદ્ (સહન કરવું)] વિ. બહુ બરડ નહિ એવું; સહેજ ઊનું; આંગળાસેતું; આંગળી સહી શકે એવું ઊનું.

આંગળિયાત ૧. [સં. અંગુલિ (આંગળી)] જ. નાતરિયાત બાઈ સાથે આવતું બચ્ચું; નાતરાની બીની આંગળીએ વળગીને આવેલું છોકરું.

૨. વિ. આગલા ધણીનું.

આંગળિયું ૧. જ. આગલા ધણીનું છોકરું.

૨. [સં. અંગ (શરીર)] જ. આંસવું; બાળકનું ઝબલું.

૩. વિ. નાતરિયાત બાઈ સાથે આંગળીએ આવતું.

આંગળી ૧. [સં. અંગુલિ (આંગળું)] સ્ત્રી. આંગળું; હાથપગના પાંચ પાંચ પેટા અવયવ જાહેરો દરેક. અંગૂઠો અને ચાર આંગળીનાં નામ: અંગુષ્ઠ (અંગૂઠો), તર્જની અંગૂઠા (પાસેની આંગળી), મધ્યમા (વચલી આંગળી), અનામિકા (ટચલી પાસેની આંગળી) અને કનિષ્ઠિકા (ટચલી આંગળી). પગના અંગુષ્ઠ (અંગૂઠો) પાસેની આંગળી લાંબી હોય તે સુંદરતાની નિશાની મનાય છે.

૨. સ્ત્રી. હાથપગના અંગૂઠા સિવાયના ચાર અવયવમાંનું દરેક; અંગુલિ.

૧. આંગળી આપતાં પહોંચો કરો–વળે = થોડી મદદ કરી હોય તો વધારે આપે.

૨. આંગળી આપવી = (૧) ઇશારો કરવો. (૨) ઉશ્કેરવું; ઉશ્કેરણી આપવું; પ્રેરણા કરવી. (૩) જણાવવું; ઊભું કરવું. (૪) મદદ કરવી.

૩. આંગળી ઉપર રાખવું = (૧) પાસમાં રાખવું. (૨) પાસેનું પાસે રાખવું; નજરથી વેગળું ન કરવું. (૩) મરજી મુજબ વર્તાવવું. (૪) વશમાં રાખવું; રમાડવું. (૫) વશ કરવું.

૪. આંગળી ઊંચી કરવી = (૧) બળવા થવું; ના પાડવી. (૨) નાદાર થવું; પાસે કંઈ નથી એમ બતાવવું. (૩) પરમેશ્વર સિવાય બીજા કોઈનો આધાર નથી એમ બતાવવું. (૪) રમત વાસુ રાખવાને પોતાની અશક્તિ બતાવવી.

૫. આંગળી કરવી આઈએ તેવું સ્વાદિષ્ટ = બહુ જ સ્વાદવાળું.

૬. આંગળી કરવી = (૧) બટકણાપણું કરી નીકળવું; બાળા પાડવા; ચાંદવું કરવું. (૨) ઇશારો કરવો. (૩) ઉશ્કેરવું; બરાબર ક્રમ કરવા પ્રેરવું. (૪) બરાબર ક્રમ કરનારને બીબીને દેખાડવું. (૫) મૂર્ખ બનવા બોનિયા આંગળી બોસરી. (૬) દખલગીરી કરવી. (૭) નિંદા કરવી. (૮) ફજેતી કરવી. (૯) કહ્યું બહુ જ ઊભું કોઈને કહી દેખાડવું. (૧૦) બદબાઈ બતાવવી.

૭. આંગળી ખૂપવી = (૧) પજવેબારો થવો. (૨) પોલું દેખી કાની જવું. (૩) રસ્તો જડવો.

૮. આંગળી ચીંધવી = (૧) નામોશી કરવી. (૨) બતાવવું.

૯. આંગળી બતાવવી = (૧) બદબો ના પાડવી. (૨) ખબરદાર કરવું; બારણાની બીક બતાવવી.

૧૦. આંગળી બતાવ્યાનું પણ પુણ્ય છે = સારો રસ્તો બતાવવો એ પણ પરોપકારનું કામ છે.

૧૧. આંગળી મુખમાં ધરવી = બણીનો વખત આવવો; બહુ જેવી દશા આવવી.

૧૨. આંગળી સૂઝ્ય ઓલ્યો ન બાય = નાની ચીજ કે બબત બણી મોટી ન બાય.

૧૩. આંગળી સૂંઘે તેનાથી શું બાય ? = દેખીતી વાતની પણ ચોકબટથી બાતરી કરે તેનાથી શું બઈ શકે ?

૧૪. આંગળીએ મોટી રહેવું = બાપતાં બચવાવું.

૧૫. આંગળીથી નખ વેગળા એટલા વેગળા = (૧) વિરુદ્ધ સ્વભાવવાળા લોકો કોઈ દિવસ એકમત બાય નહિ. (૨) સ્નેહ અને સગપણમાં જુદાઈ તેટલી જુદાઈ.

૧૬. આંગળીના વેઢા ઉપર = (૧) આંગળીને ટેરવે; મોઢે; તૈયાર. (૨) એક પછી એક એમ બણી શકાય એવું; તરત બણતરી થઈ શકે એવી રીતે.

૧૭. આંગળીને ટેરવે = તરત બણતરી થઈ શકે એવું; બપટુગાંઠવું.

૧૮. આંગળીને ટેરવે નચાવવું–રમાડવું–રાખવું = (૧) નજરમાં આવે તેમ કોઈની પાસેથી કામ લેવું. (૨) વશ કરી રાખવું; બાધીન કરી રાખવું; કોઈના ઉપર પૂરતી સત્તા ભોગવવી.

૧૯. ઓગણિસમી આંગળી = પુરુષની જનનેંદ્રિય.

૨૦. તારી આંગળી મારા મોંમાં ને મારી આંગળી તારી આંખમાં = (૧) પોતાની સલામતી જાળવી સામાને નુકસાન કરવું. (૨) લાગ જોઈ બધો મારા કામકાજમાં અને ગેરલાભ બધો તારો એમ બણીને વર્તવું.

૨૧. પાંચ આંગળીએ પોંચો કૂકો = કામ કાજ રળિયામણું; ક્રમ સારું કે બબતો કરવું હોય તો પણ માણસ જોઈએ.

૨૨. મોંમાં આંગળી ઘાલી બોલાવવું = પરાણે બોલાવવું.

૨૩. મોંમાં આંગળી નાખવી = અબંબો પામવો; નવાઈ લાગવી.

૨૪. વહાણી આંગળી ઉપર ધારે નહિ એવું = (૧) બજા પણ કોઈને કામમાં બાવે નહિ એવું. (૨) કેફ નહિ બમનારું.

૨૫. સામે આંગળી ચીંધવી = ફજેતી કરવી.

૨૬. કોઈ ઉપર આંગળી મૂકવી = આબરૂ જાય એવું; નવાઈ કરવી.

આંગળીઆડ [સં. અંગુલિ (આંગળી)] જ. નાતરાની બી પોતાના બાગલા ધણીથી અવેલ જે છોકરાને નવે વેર લાવી હોય તે.

આંગળીઘાળો [સં. અંગુલિ (આંગળી) + ક્ષાલન (ધોવું તે)] પું. ચીબવણી, ઊલ.

આંગળીચીંધ [સં. અંગુલિ (આંગળી) + ચિહ્ન (નિશાની)] વિ. બરાબ હોવાને લીધે નજરે તરી બાવે એવું; બણબાબલું.

આંગળીદામણું જ. ફજેતી; બદનામી; બપકીર્તિ.

આંગળીસેતું [સં. અંગુલિ (આંગળી) + સદ્ (સહન કરવું)] વિ. જરા પણ તકલીફ નહિ એવું; આંગળીથી સહજ કરી શકાય એવું; નવરોજું.

આંગળીસેવાતું [સં. અંગુલિ (આંગળી) + સદ્ (સહન કરવું)] વિ. સહેજ ઊંચું; ખમી શકાય તેટલું નરમ.

આંગળીસો પું. ખસી કરતાં વીર્યગ્રંથિ અધૂરી કપાવી હોય એવો વાછડો. તે મોટો થતાં બાખલો થાય ને તેનાથી ગાયો દૂણી રહે.

આંગળું ૧. [સં. અંગુલિ (આંગળી)] ન. આંગળી.

૧. આંગળાં કરડવાં = (૧) આશ્ચર્ય પામવું; નવાઈ લાગવી. (૨) નિરાશ થવું. (૩) બહુ સ્વાદ લાગવો. (૪) ખૂબનો પસ્તાવો દેખાડવો.

૨. આંગળાં ચાટવે કંઈ પેટ ભરાય ? = મૂળ વસ્તુ વિના જરૂરિયાત પૂરી પડી શકે ?

૩. આંગળાંનો કેપવા = આંગળાં ફૂલ્યાં તે.

૪. ચારે આંગળાં ઘરાં હોવાં = પાકો વિચાર હોવો; નિશ્ચય હોવો.

૫. મોંમાં આંગળાં નાખવાં = અચંબો પામવો; નવાઈ થવી.

૨. ન. ઉંચ; આંગળ.

૩. ન. શેરડીનો રસ.

આંગાર [સં.] પું. સળગતા કોલસાનો અખો.

આંગારિક [સં. આંગાર (કોલસાનું) + ઇક (વાળું)] પું. એક જેરી વાયુ; અંગારકામ્લવાયુ; 'કાર્બોનિક ઍસિડ ગૅસ', એક ભાગ અંગાર અને બે ભાગ પ્રાણવાયુના સંયોગથી તે બને છે.

આંગાં [હિં.] પું. હાથમાં લઈ શકાય એટલું અનાજ; ખોબો દાણા.

આંગિક ૧. [સં. અંગ (શરીરના અવયવ) + ઇક (વાળું)] પું. અવયવોના હાવભાવ; અંગચેષ્ટા.

૨. પું. (નાટ્ય) ચાર પ્રકારના અભિનયમાંનો પહેલો. ચાર પ્રકાર: (૧) આંગિક એટલે શરીરની ચેષ્ટા. જેમકે, હાથ પગ હલાવવા. (૨) વાચિક એટલે વાતચીત વગેરેની નકલ. (૩) આહાર્ય એટલે વેશ વગેરે બનાવવાપણું. (૪) સાત્ત્વિક એટલે સાહજિક જેવી બનાવવું, કંપ, દીક્ષણ વગેરેની નકલ.

૩. પું. (કાવ્ય) ચિત્તના ભાવને પ્રગટ કરનાર કટાક્ષ, રોમાંચ વગેરે શરીરના હાવભાવ; જેનાથી રસનું જ્ઞાન થાય તે ગુણ અને ક્રિયા.

૪. પું. તબલચી; ઢોલી.

૫. પું. બીજાના હાવભાવ.

૬. ન. મૃદંગ; જેને બાજુ વગાડવા તેવું વાદ્ય.

૭. ન મૃદંગ વગાડવું તે.

૮. વિ. પોતાનું; ખાસ; અંગત.

૯. વિ. શરીર સમંધી.

૧૦. વિ. શરીરથી થાય કરનાર.

૧૧. વિ. શરીરની ચેષ્ટાથી બતાવેલું.

આંગિકઅભિનય [સં. આંગિક (શરીર સંબંધી) + અભિનય (હાવભાવ)] પું. આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક એ ચાર પ્રકારના અભિનયમાંનો પહેલો; માથું, હાથ, છાતી, કેડ અને પગ એ અંગના અને આંખ, નેણ, નાક, હોઠ, કપાળ અને હડપચી એ ૬ ઉપાંગના બતાવવાથી થતો હાવભાવ.

આંગિયો ૧. [સં. આંગિક (શરીર સંબંધી)] પું. મરદને પહેરવાનું કપડું.

૨. પું. બરને પહેરાવવામાં આવતું સીવ્યા વગરનું ભોસાળ તરફથી મળેલું લૂગડું.

આંગિરસ ૧. પું. અંગિરસ ઋષિના કુળમાં થયેલ એક ઋષિ. તેણે અથર્વવેદનાં અને શુક્લ યજુર્વેદનાં અમુક સૂક્ત રચ્યાં છે.

૨. [સં.] પું. અંગિરસ ઋષિનો દીકરો બૃહસ્પતિ.

૩. પું. અંગિરસનો વંશજ; અંગિરસના ગોત્રનો પુરુષ.

૪. પું. આત્મા.

૫. ન. અથર્વવેદમાંનું ચાર ઋચાનું એક સૂક્ત. તેના દ્રષ્ટા અંગિરા ઋષિ હતા.

૬. ન. આમારસ, ઊંધવારન, મેથિક, ખારાપાર, વાસ, વિષ્ણુવર્ધન કે ચારદલ ગોત્રનું એક પ્રવર.

૭. ન. બાકળાનું એ નામનું ગોત્ર.

૮. વિ. અથર્વવેદી.

૯. વિ. અંગિરસ ઋષિને લગતું.

૧૦. વિ. અંગિરસ ગોત્રનું.

આંગિરસવેદ [સં. આંગિરસ (અંગિરસ ઋષિને લગતું) + વેદ] પું. અથર્વવેદ.

આંગિરસી ૧. સ્ત્રી. (પુરાણ) તે નામની એક બાઈ. તેણે પોતાની સાથે મૈથુનમાં રોકાયેલા પોતાના સ્વામીને મારી નાખવા બદલ ગૌતમ ઋષિ કહ્યાપદ રાજાને શાપ આપ્યો હતો કે તું પણ તારી સ્ત્રી સાથે મૈથુન વખતે મરણ પામીશ. આંગિરસીના આપની બીકથી કહ્યાપદથી ગૌતમ શાપ ખોટો ન હતું. છતાં રાજાને તો અધિકારી જોઈએ. તેથી રાજાએ પોતાના ક્ષેત્રમાં વસિષ્ઠ ઋષિ પાસે ગર્ભાધાન કરાવ્યું. સાત વર્ષ થયાં પણ પ્રસવ થયો નહિ. છેવટે કહ્યાપદની બીજી પત્નીએ પત્થર વડે પેટ ફાડીને પુત્રને બહાર કાઢ્યો. તેથી તે દીકરાનું નામ અશ્મક રાખ્યું.

૨. સ્ત્રી. (પુરાણ) પ્લક્ષદ્વીપની સાત મોટી નદીઓની એ નામની એક. આંગિરસી, અરુણા, નૃમ્ણા, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા એ પ્લક્ષદ્વીપની સાત મુખ્ય નદીઓ છે.

આંગિરસેશ્વર [સં. આંગિરસ (એક ઋષિ) + ઈશ્વર (શંકર)] પું. કાશીમાં આંગિરસે પ્રતિષ્ઠા કરેલ એક શિવલિંગ.

આંગિરસો પું. (પુરાણ) એ નામનો એક પિતૃ.

આંગી ૧. સ્ત્રી. ચામણી; ચાળવાનું બારીક કાણાવાળું સાધન.

૨. [સં. અંગિકા; પ્રા. અંગિઆ] સ્ત્રી. ચોળી; અંગિયા.

૩. સ્ત્રી. દેવની મૂર્તિના શરીર ઉપર તેમ વગેરેનું પડ.

૪. સ્ત્રી. દેવીનું ચિત્ર.

૫. સ્ત્રી. પરણનાર પુરુષને મોસાળ તરફથી મળતું કોરી ચોખાનીનું સીવ્યા વગરનું લૂગડું.

૬. [સં. અંધૂ (આખલા બનાવવું)] સ્ત્રી. પવનથી ઊડેલી ધૂળ.

આકાશમાં આંગી ચઢવી = આકાશમાં પવનથી ઊડેલી ધૂળનું છવાવું.

આંગી પહેરાવવી = મોસાળીઆંએ વાલેજને કપડાં પહેરાવવાં.

૭. સ્ત્રી. માતાના સ્થાનકમાં ચોડેલ બાજા કાગળ ઉપર રંગબેરંગી ધાતુનાં પતરાં લગાડીને બનાવેલો ચોખૂણ ચોખટા જેવો ઘાટ.

૮. સ્ત્રી. માતાની મૂર્તિને બદલે મુકાતી રંગબેરંગી ધાતુના પતરાની તકતી.

૧. આંગી ચોકસવી = (૧) આંગી પહેરાવવી. (૨) માનતા પૂરી કરવા માતાના મંદિરમાં રંગબેરંગી તકતી મોકલવી.

૨. માતાને આંગી ચડાવવી = માતાની બાધા ઉતારવા મંદિરમાં તેની છબી ધરવી.

૯. સ્ત્રી. (જૈન) મૂર્તિને માટે ચોખા જેવો બનાવેલો સોનારૂપાનો દાણાદાર.

૧૦. સ્ત્રી. આસો માસના સોમવારે શંકર આગળ કરેલી સોળા.

૧૧. સ્ત્રી. સોમવંશી અપરાજીતના પુત્ર અરિહની સ્ત્રી.

૧૨. સ્ત્રી. હનુમાનની મૂર્તિ ઉપર ચાંલ્લા તેમ અને સિંદૂરનું પડ.

આંગીઠો [સં. અંગુષ્ઠ (અંગૂઠો)] પું. (બાળ) અંગૂઠો.

આંગુ ન. હિંદુ લગ્નમંડપમાં માટીનાં કે ધાતુનાં વાસણ ઓકળીઓ ઉપર ગોઠવીને બનાવવામાં આવેલો ચાંભલો; ચોરીનો થંભ.

આંગુર [સં. અંગુલ] જી. આંગળી.

આંગુરિક [સં.] પું. આંગળીના આકારની ચીજ.

આંગુરી [સં. અંગુલી] જી. (હિંદી) આંગળી.

આંગુલ ૧. [સં. અંગુલિ (આંગળ)] ન. આંગળ જેટલું માપ; આંગળ.

૨. ન. નાવણ; અંધોળ.

૩. ન. સ્ત્રીનું રજ; આર્તવ.

આંગલ આવવું = અટકાવ આવવો.

આંગુલહસ્તાત્મક [સં. અંગુલિ (આંગળ) + હસ્ત (હાથ) + આત્મક (વાળું)] વિ. આંગળીથી અને હાથથી મેળવેલું.

આંગુલાત્મક ક્ષેત્રફળને ચોવીસે ગુણતાં જે આવે તે આંગુલહસ્તાત્મક ક્ષેત્રફળ કહેવાય છે.

રાજ્યવહેવાર

આંગુલાત્મક [સં. અંગુલિ (આંગળ) + આત્મક (વાળું)] વિ. આંગળીથી લીધેલું.

ભૂમિના વ્યાસનાં આંગળો કરી તેમજ ભૂમિની લંબાઈનાં આંગળો કરી એકબીજા સાથે ગુણતાં જે આવે તે આંગુલાત્મક ક્ષેત્રફળ કહેવાય.

રાજ્યવહેવાર

આંગુલિક [સં.] પું. આંગળીના આકારની કોઈ ચીજ.

આંગુલિયા ખમની [સં. અંગુલીય (આંગળીનું) + ખમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] જી. આંગળીઓને લોહી પૂરું પાડતી નળી. 'ડિજિટલ આર્ટરિ'.

આંગુલિયા નાડી (આંગુલિયા નાડ઼ી) [સં. અંગુલીય (આંગળીનું) + નાડી] જી. હાથના અંગૂઠાના રનાયુ વગેરેનું હલનચલન કરાવતી નાડી; 'ડિજિટલ મ્યુ નર્વ'.

આંગુલિયા પશ્ચિમભાગ [સં. અંગુલીય (આંગળીનું) + પશ્ચિમ (પાછળ) + ભાગ (ભાગ)] જી. આંગળીની પાછળનો ભાગ; 'ડોર્સમ ડિજિટસ'.

આંગુલિયા પુરોગા ખમની [સં. અંગુલિ (આંગળી) + પુરોગા (આગળ જનારી) + ખમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] જી. પંજાના આગળના ભાગની લાંબી નળી; 'પોલર ડિજિટલ આર્ટરિ'.

આંગુળ [સં. અંગુલિ (આંગળ)] જ. પગનો ચોવીસમો ભાગ; આંગળ.

આંગું [સં. અંગ (શરીર)] ન. બખ્તર.

આંગ્યું દોષ ફેલાવણી, આંગ, ખેસ, પટા, કટારી. મનહરદોહરાબંધ

આંગ્રેયીસુત્યા જી. પુરુષંતના અશ્વિની બી.

આંગ્રો પું. વિવાહ પ્રસંગે વર પહેરે છે તે કીમતી કપડું.

આંગ્લ [સં. અંગ (એ નામને દેશ) + ય (લગતું)] વિ. અંગ દેશમાં થતું.

આંગ્લજન્તુ પું. (જરથોસ્તી) પારસીઓનો એક દેવ; અહરિમાન.

આંગ્લ [સં.] વિ. અંગ્રેજને લગતું; અંગ્રેજી.

આંગ્લકવિ [સં. આંગ્લ (અંગ્રેજ) + કવિ] પું. અંગ્રેજ કવિ.

આંગ્લકાયચિકિત્સા [સં. આંગ્લ (ઇંગ્લંડનું) + કાય (શરીર) + ચિકિત્સા (ઉપચાર)] જી. દરદના ઉપચારની પશ્ચિમમાં રહેતી પ્રજાની રીત; 'એલોપથિ'.

આંગ્લદેશ [સં. આંગ્લ (અંગ્રેજનું) + દેશ (મુલક)] પું. ઇંગ્લંડ; અંગ્રેજોનું વતન.

આંગ્લદ્વેષ [સં. આંગ્લ (અંગ્રેજ સંબંધી) + દ્વેષ (ઈર્ષા)] પું. અંગ્રેજ અને અંગ્રેજી વસ્તુઓ તરફ તિરસ્કાર; અંગ્રેજ તરફનો ધિક્કાર; 'એંગ્લો–ફોબિઆ'.

આંગ્લભાષા [સં. આંગ્લ (અંગ્રેજનું) + ભાષા (બોલી)] જી. અંગ્રેજોની બોલી.

આંગ્લભૂમિ [સં. આંગ્લ (અંગ્રેજનું) + ભૂમિ (જમીન)] જી. અંગ્રેજોનો મુલક; ઇંગ્લંડ.

આંગ્લભૂમી [સં. આંગ્લ (અંગ્રેજનું) + ભૂમી (જમીન)] જી. ઇંગ્લંડ; અંગ્રેજોનો દેશ.

આંગ્લભોમ [સં. આંગ્લ (અંગ્રેજનું) + ભૂમિ (દેશ)] જી. ઇંગ્લંડ; આંગ્લભૂમિ.

આંગ્લભોમવાસી [સં. આંગ્લ (અંગ્રેજનું) + ભૂમિ (જમીન) + વાસિન્ (રહેનાર)] પું. અંગ્રેજ.

આંગ્લયુવતિ [સં. આંગ્લ (અંગ્રેજનું) + યુવતિ (નારી)] જી. અંગ્રેજ સ્ત્રી.

આંગ્લર [અ. એંગ્લર] ન. પાંચ ફૂટ લાંબા માછલી ખેંચવાની એક જાત. તેને મોટું, પહોળું અને ચપટાવાળું માથું અને પ્રમાણમાં મોટું મોઢું હોય છે. તેના માથા ઉપર લાંબા તંતુ હોય છે. તેનાથી તે બીજા માછલીઓને પોતાના શિકાર માટે આકર્ષે છે.

આંગ્લરાષ્ટ્ર [સં. આંગ્લ (અંગ્રેજનું) + રાષ્ટ્ર (દેશ)] પું. અંગ્રેજોનો દેશ; ઇંગ્લંડ.

આંગ્લવિદ્યા [સં. આંગ્લ (અંગ્રેજ) + વિદ્યા (જ્ઞાન)] જી. અંગ્રેજ ભણવણી.

આંગ્લવિદ્વેષ [સં. આંગ્લ (અંગ્રેજને લગતું) + વિદ્વેષ (તિરસ્કાર)] પું. ઇંગ્લંડ તરફ દ્વેષની લાગણી.

આંગ્લવૈદક [આંગ્લ (અંગ્રેજ) + વૈદક (તબીબીશાસ્ત્ર)] ન. અંગ્રેજ વૈદું.

આંગ્લવૈદું [આંગ્લ (અંગ્રેજ) + વૈદક (રોગ પારખવા અને તેના ઉપચારને લગતું શાસ્ત્ર)] ન. ઇંગ્લંડમાં ચાલતી વૈદાની રીત.

આંગ્લાલય [સં. આંગ્લ (અંગ્રેજનું) + આલય (ઠેકાણું)] ન. ઇંગ્લંડ; અંગ્રેજોનો દેશ.

આંગ્લીકરણ [સં. આંગ્લ (અંગ્રેજનું) + ઈ (જેનું) + કરણ (કરવું તે)] ન. અંગ્રેજોના સમાજનો સુધારો.

આંગ્લનીઆ પું. ન. ઘ. ઓબ્બોજે ઢાલના ઉપલા ભાગમાં પહેરવાનાં વાળી જેવા માટનાં ચાંદીનાં પરેણાં. તેને વાળી સાથે જોડાયેલો મોરસ પતાકૂંડ જેવો ભાગ હોય છે.

આંઘરડવું (આંઘરડું) ૧. સ. ક્રિ. ભરાવા પાડવા

૨. સ. ક્રિ. ભાંભરવું.

આંઘી [હિં.] જી. આંધ; ચાળણી.

આંબોલી ૧. જી. આજ્ઞા; હુકમ; આદેશ.

૨. જી. આબરૂ; દુવાઈ.

૩. જી. સમ; રાપથ; સોગન.

આંબોળ [મ.] ન. સ્નાન; નાહવું તે; અંબોળ.

આંબોળવું [મ. આંબોળ] સ. ક્રિ. નાહવું; સ્નાન કરવું.

અગ્નિ આંબોળવો = દેવતામાં પડી બળી મરવું.

આંબ્રિક [સં.] જી. પગની પાની.

અંકુશ અંબુજ દક્ષિણાંઘ્રી, ન બન જાત નિશેષ. દમારામ

આંબ્રિક પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

આંમ ૧. જી. અહિત; અનિષ્ટ.

૨. જી. આમાત; ચોટ.

૩ જી. ખોટ; હરકત; નુકસાન; હાનિ.

રાજા ઘણી ઉપર રહો, અંગે વેઠી આંમ. દલપતરામ

૧. આંમ આવવી = ખોટ ખમી; નુકસાન થવું.

૨. કોની આંમ આવવા–લાગવા ન દેવી = કંઈ પણ ખોટ થવા ન દેવી; દરેક જાતના ભયથી રક્ષણ કરવું.

૩. કોની આંમ ન આવવી = નિર્ભય થવું.

૪. જી. કસોટી; પરીક્ષા.

૫. [સં. અર્ચિસ્ (કિરણ)] જી. ગરમાવો; ગરમી.

આંમ [સં. આમ] ન. અપક્વ; કાચું.

આંમ [સં. આમ્ર] ન. આંબો.

આંમ [સં. આમ] ન. (વૈદક) અપક્વ રસ; અજીર્ણ.

આંમ [સં. આમ] ન. (વૈદક) ઝાડા; મરડો.

આંમ [સં. આમ] ન. (વૈદક) સોજો.

આંમ [સં. આમ] ન. (વૈદક) ગૂમડું

૧. આંચ આપવી = ગરમ કરવું.
૨. આંચ દેખાડવી = જેવતાની સામે રાખી ગરમ કરવું.
૩. આંચ લાગવી = ઊનું થવું.
૬. સ્ત્રી. જાણવાની રાખ.
૭. સ્ત્રી. ઝાળ; ભભૂકો.
૮. સ્ત્રી. તાવ; તાપ. જેમકે, સો આંચની ઝપાટ.
૯. સ્ત્રી. ત્રાસ; જુલમ.
આંચ દેવી = ધમકાવવું; બીક બતાવવી.
૧૦. સ્ત્રી. દીપ્તિ; પ્રકાશ; પ્રભા; તેજ; પ્રતાપ.
૧૧. સ્ત્રી. (વિજ્ઞાન) દીવાની જ્યોતના ઉપલા ભાગની ગરમી, જ્યોતના ત્રણ ભાગ હોય છે: (૧) વાટ પાસેનો બધી ઓછી ગરમીવાળો ભાગ. (૨) પ્રકાશ અને ગરમી આપનારો મધ્યનો ભાગ. (૩) જ્યોતનો ઉપલો ભાગ. તે આંખે નથી દેખાતો પણ તેમાં ગરમી વધારે હોય છે. તેની ગરમીને આંચ કહેવાય છે.
૧૨. [સં. અર્ચિસ્, અર્ચિ; પ્રા. અચ્ચિ] સ્ત્રી. જ્યોતનો સખત ગરમીવાળો ભાગ; અગ્નિનો ભભૂકો; સખત તાપ; ભડકો; ઝાળ.
નહીં કુંડની અખંડ આંચનો જેમ કર્યે ઉચ્ચાર? દયારામ
૧૩. સ્ત્રી. ધમકી; ધાક; દમ.
બહાર રાખ્યા બીજ લોકને, ઘરમાં થયા બહુ પાંચ; તેણે જોડાતે વાગ્યું, બહની દીધી આંચ. રામજી
આંચ દેવી = ધમકાવવું.
૧૪. સ્ત્રી. પ્રભાવ; સામર્થ્ય; શક્તિ; પ્રતાપ.
જ્યાં જવાબ ન વાર્યો વળ્યો, તે પુરુષપણાની આંચ. દયારામ
૧૫. સ્ત્રી. પ્રેમ; મહોબ્બત.
૧૬. સ્ત્રી. ભભૂકો; દમામ; ઠસ્સો; દોર; રૌબ.
૧૭. સ્ત્રી. બળ; બીક; ચિંતા.
૧૮. સ્ત્રી. મરડ.
૧૯. સ્ત્રી. રસનો ઝોક ભાગ.
૨૦. સ્ત્રી. વિપત્તિ; સંકટ; આફત; સંતાપ.
૨૧. સ્ત્રી. વૈભવ.
૨૨. સ્ત્રી. શૌર્ય; પરાક્રમ; બહાદુરી; વીરતા.
૨૩. સ્ત્રી. સખત તાપ.
૨૪. સ્ત્રી. (વહાણવું) સરોરો; સઢની ઢાલ.

આંચકાં (આંચકાં) ન. બ. વ. અણઘટતો પહેરવેશ.

આંચકવું સ. ક્રિ. ખેંચવું લેવું; જોરથી ઝોકમ ખેંચવું.

આંચકો [હિં.] પું. જે દોરડા ઉપર ઊભા રહીને બહાદરી સાહસ કરીને ખેલ કરે તે દોરડું; જે દોરડાના બાંધણામાંથી પસાર થતું હોય તે સહકતું દોરડું.

આંચકો ૧. સ્ત્રી. ખમચાવું તે; અટકી જવાપણું; આનાકાની.
આંચકો ખાવો – (૧) ખમચાવું; (૨) શરમાવું; પાછા પડવું.
૨. સ્ત્રી. પ્રવાહ જતી વખતે ટચકો, ટચકો જેમ બે ઝાડ વચ્ચ થતો અવાજ.
૩. સ્ત્રી. શરીર અને નાડીઓનું ખેંચાવું તે; તાણ; ખેંચ; આંકડી. આંચકી એ સ્વતંત્ર રોગ નથી. વાઈ, ધનુર, હડકવા વગેરે રોગમાં શરીરના સ્નાયુઓની ખેંચાણ થઈ આવે. કરમને લીધે બાળકોને વારંવાર આંચકો આવે. આ હરકત બચ્ચાંઓને દાંત આવતી, વખતે અને ગર્ભિણી સ્ત્રીઓને જણવા પહેલાં કે જણ્યા પછી થવા સંભવ હોય છે. તે અટકાવવા માં ઉપર ઠંડું કે જીનું પાણી છાંટવું અને સુંઘાડ આપવો.
આંચકી આવવી = (૧) તણાઈ જવું; ખેંચાઈ જવું; તાણ આવવું. (૨) બરાબર આવવી.
૪. સ્ત્રી. હેડકી.

આંચકો ૧. [સં. આચમ] પું. અટકવું તે; ખમચાવાપણું.
આંચકો ખાવો = (૧) આનાકાની કરવી. (૨) કામ કરતાં અચકાવું; ખમચાવું; અટકી જવું.
૨. પું. અહંકાર; ગર્વ; અભિમાન.
૩. પું. ઝોક ખેંચતા બળદને અટકાવવાની જગ્યા.
૪. પું. ઝોક ભરવા માટે વસ્ત્ર ઢબાવવો તે.
૫. પું. ખોટ; નુકસાન.
૬. પું. ગાડીની પાછળ નાખવામાં આવતું ગાડીને પકડી રાખવાનું સાધન.
૭. પું. બોલાગાડીના પુલની અંદરની બંને બાજુએ રહેતા લાકડાના પટા.
૮. પું. છાલ ફેરવવા માટે રબારીને પકડમાં રાખવાનું દોરડું.
૯. પું. હાથ ખંખેરવાનો ઝોક પ્રકાર.
૧૦. પું. ધક્કો; ઠેલો; હડસેલો; ઝટકો; ગતિના રોકાવાથી અથવા પાછળ ખેંચાવાથી લાગતો હડસેલો.
૧૧. પું. ખાસડાનો ઘાટ.
૧૨. પું. બારણું બરાબર ઢાંકવું બંધ ઊઘડે નહિ તે માટે રાખવામાં આવતો લાકડાનો પટો.
૧૩. પું. શરમ; લાજ આવવી તે.
૧૪. પું. સંકેત; આનાકાની.

આંચકો [સં. અંચલ] ન. આંચળ; સ્તન; થાન.

આંચણી ૧. સ્ત્રી. (સંગીત) અસ્તાઈ; ધ્રુપદના ત્રણ ભાગમાંનો પહેલો.
૨. સ્ત્રી. ગાયનનો વારંવાર આવતો ભાગ. જેમકે, અસ્તાઈ; ટેક; મહોરો.
૩. સ્ત્રી. બોલતાં અચકાવાપણું.
૪. સ્ત્રી. વાતચીતમાં વારંવાર ઝોકાદ નકામા શબ્દને બોલ્યા કરવાની ટેવ.
૫. સ્ત્રી. વાતચીતમાં વારેવારે બોલવાની ટેવ હોય એવા નકામા શબ્દ.

આંચર ૧. [સં. અંચલ] પું. ખભો, બુરખો, થાલ કે સાડીની કોર.
૧. આંચર દાબવો = આંચલ દાબવો; સાડીની કોરનો છેડો દાબવો.
૨. આંચર લેવા = (૧) સાસુની સાડીના છેડાથી હાથ લૂછવા. (૨) કોઈ મહેમાનની સામે જવું અને તેના છેડાને સત્કાર માટે અડવું.
૨. પું. થાનની ડીંટડી.
૧. આંચર ઠબાવવા-દાબવા = (૧) થાન ખેંચવાં. (૨) ધાવવું.
૨. આંચર દેવા = ધવરાવવું.

આંચલ ૧. પું. પાર્શ્વનો આગળનો ભાગ; ડીંટડી.
આંચલ દાબવા = (૧) બાથ ખેંચવા. (૨) ધાવવું; થાન મોઢામાં લેવાં.
૨. [સં. અંચલ] પું. ધોતિયું, દુપટ્ટો વગેરે નહિ સીવેલા કપડાના બને છેડા ઉપરનો ભાગ.
૧. આંચલ ઢાલના = (૧) માથા ઉપર ચાદર નાખવી. (૨) માથે ચાદર ઓઢીને વરને ઘરમાં લઈ જવાની વરની બહેન તરફથી થતી એક ક્રિયા. મુસલમાનોમાં જ્યારે વરરાજા કન્યાના ઘરમાં જવા લાગે છે ત્યારે તેની બહેન દરવાજા આગળ વરના માથા ઉપર આંચલ નાખી તેને ઘરમાં લઈ જાય છે.
૨. આંચલ દેવા = (૧) કપડાના છેડાથી હવા નાખવી. (૨) ધવરાવવું. (૩) વિવાહની એક રીત. જ્યારે જાન પેરથી જાય ત્યારે વરની મા તેના ઉપર આંચલ નાખે અને તેને કાબળ આઢે. આ રીતને આંચલ દેવા કહે છે.
૩. આંચલ ઢાલવો = છોકરાં જીવતાં રહે તે માટે સહકો કરવો; છોકરાંવાળા સ્ત્રીની સાડીની કોરનો છેડો માગવો. વાંઝણી અથવા જેનાં છોકરાં જીવતાં ન હોય એવી કોઈ કોઈ છોકરાંવાળી સ્ત્રીની ઓઢણીનો છેડો માગી તેને બાળીને આઈ જાય તો જેનો છેડો કપાયો હોય તે સ્ત્રીનાં બચ્ચાં તે પછી ન જીવે અને છેડો કપનાર સ્ત્રીનાં બચ્ચાં જીવવા લાગે એમ અજ્ઞાન સ્ત્રીઓ માને છે.
૪. આંચલ લેવા = (૧) પીર આવેલ કોઈ સ્ત્રીના પતિની મુરબ્બી સ્ત્રીના શુગ્રાથી બચ

ચૂકવા. (૨) સાસુની સાડીના છેડાથી હાથ લૂછવા. (૩) સ્ત્રી મહેમાનની સામે જઈ તેને આવકાર આપવા તેના છેડાને અડવું.

૫. આંચલમાં બાંધવું = (૧) યાદ રાખવું. (૨) સાડીમાં ગાંઠ બાંધવી. (૩) હરવખતે સાથે રાખવું; પાસે રાખવું.

૬. આંચલમાં વાત બાંધવી = (૧) કોઈની કહેલી વાત બરાબર યાદ રાખવી; ગાંઠે બાંધવું. (૨) દૃઢ નિશ્ચય કરવો; પૂરો વિશ્વાસ રાખવો.

૭. પું. સાધુનો અંચળો.

૮. પું. સ્ત્રીઓની સાડી કે ઓઢણીનો જાતી ઉપર રહેતો ભાગ.

આંચલપલ્લુ જી. સાડીની કરીયી ભરેલી કોર.

આંચલપલ્લૂ [હિં.] જી. સાલ્લાની જીત ભરેલ કોર.

આંચલી ૧. જી. (સંગીત) એક પ્રકારની રાગિણી.

૨. જી. ફરીફરીને આવતી કડી; ટેક; આંચલ્લી.

આંચલ્લું વિ. ઢોલાયેલું; વધારે પડતું લાપણ કરનારું.

એક કહે એમાં શું કહેવું,
અડતી બોલી હું આંચલ્લી. સામળ

આંચળ ૧. પું. આઉ.

૨. [સં. અંચલ (છેડો)] પું. માદા પોતાનાં બચ્ચાંને પધરાવે છે તે અવયવ; માદાના આઉનો આગળનો ભાગ. ઢોલીક માદાને બે અથવા ચાર ને ઢોલીકને વધારે આંચળ હોય છે. સમજવા છે કે:

ગામડાની ચાર સેરો
ગૌ ગૌ વાગે,
રતન મહૂલો અને
બહુ.લો વાલો વાગે.

આ સમજવાના ઉત્તરમાં 'આંચળ' અને 'દોણી' એ બે શબ્દ કહેવાય છે.

૧. આંચળ આવવો = આઉમાં એક જાતનો રોગ થવો.

૨. આંચળ ઊડી જવો = આઉમાંથી દૂધ આવતું બંધ થવું; વસકવું.

૩. આંચળ કરવો = આવલામાંથી દૂધ કાઢી જવું. બકરીના આંચળ કરી જતા હોવાથી તેનો છેડો બાંધી રાખવામાં આવે છે.

૪. આંચળનું દૂધવું = આંચળ આળો થઈ જવો.

૫. આંચળનો સડો = દૂધવાં ટોરને દૂધમાં સહેજ લોહી નીકળે એવો રોગ.

૩. પું. સ્તન; પયોધર; થાન; સ્તનેલો.

આંચળવાળું ૧. [સં. અંચલ (આંચળ) + વત્ (વાળું)] વિ. જેને આંચળ હોય એવું.

૨. વિ. પયસ્વનારાં પ્રાણીના વર્ગનું.

આંચળવાળાં પ્રાણી = બચ્ચાંને પયરાવનારા વર્ગનાં પ્રાણી. આ જાતનાં પ્રાણીને સ્તન અને બચ્ચાંને પયરાવવાના અવયવ હોય છે. ઈંડાં મૂકનારાં પ્રાણીને એકાદ બે અપવાદ સિવાય તે હોતાં નથી.

આંચળવું જ. ક્રિ. નમવું; પગે લાગવું.

વર વરવા નેડુંકરાય, દેવી અંબાને આંચળી.
પ્રેમાનંદ

આંચળી ૧. [સં. અંચલ] જી. અંચળ; છેડો; પલવ.

૨. જી. જોતરના આડાની બને બાજુની દોરી.

૩. જી. ટેક; ફરી ફરીને બોલાતી કડી; આંચલ્લી.

૪. જી. ટેવ; રીત; રૂઢિ; પદ્ધતિ.

આંચળીઆ ૧. જી. રોવા ગોરાણી જ્ઞાતિનો એક પેટા ભેદ.

૨. જ. રોવાના ગોરાણી જ્ઞાતિના એ નામના એક પેટા ભેદનું માણસ.

૩. વિ. રોવા ગોરાણી જ્ઞાતિના એ નામના પેટા ભેદનું.

આંચળો [સં. અંચલ] પું. આંચળો; છેડાનો ભેડો.

આંચી ૧. જી. ઉતરડ; આડચણ; નાતરું; વિઘ; મુશ્કેલી.

૨. જ. પોલી કાંડી ઉપર ભરતી રેજની કૂણાં અને મુલાયમ એક કૂલ લાંબી ઝમરીવાળું, વાંસના જેવું, આખી કૂલ હાથ ઊંચું થતું એક ઘાસ. વાંસના પાન કરતાં લાંબાં પાનવાળું, મૂળમાં ગાંઠવાળું અને ચટાઈ, ટોપી અને મોરલી બનાવવામાં વપરાતું આ ઘાસ ઢોરનો સારો છે. એનાં પાન વાંસનાં પાનની અવેજમાં ઘોડાને સલેખમ અને આંસીમાં બવરાવાય છે. મૂત્રકૃચ્છ્રમાં તેનું કૂલ ઘસીને પવાય.

આંચૂ [હિં.] પું. એક જાતનું ખટમીઠું ફળ.

કાલા આંચૂ = ટેકરીવાળા ભાગમાં ઊગતું આંબળું; કરંડ.

આંચોવિ [ગુ.] જી. ભૂમધ્ય સમુદ્ર, સ્પેન અને ફ્રાન્સને પશ્ચિમ કિનારે થતી પાંચથી સાત ઇંચ લાંબી એક જાતની માછલી. બરફી સોડા મીઠામાં આથી અથાણા તરીકે તેનો ઉપયોગ કરે છે.

આંચોવી [ગુ.] જ. એક જાતની માછલી.

આંજ ૧. [સં.] જ. કિ. આપુંપાપું થયું હોય તો સરખું કરવું; નિર્ણયમાં કરવું; મૂળ ઠેકાણે મૂકવું; બેસાડવું.

૨. જ. કિ. વધારવું; વિસ્તારવું; લંબાવવું; લાંબું કરવું.

આંજ ૧. જી. આંખની જાડી.

૨. [સં. અગ્ર (ચોખ્ખું)] જી. ઝાંખ.

૩. જી. દેવતા; અગ્નિ.

૪. વિ. સ્વચ્છ; આપું.

આંજણ ૧. જી. એ નામની એક રમત. છોકરાં માટીની વરસાદની મૂર્તિ બનાવી દાણા આવવા નીકળે. મોટો મૂર્તિ આવે મૂકનાર ઉપર પાણીનો મોટો ઘોળા તેને દાણા આવે. આ વખતે તે છોકરાં આખરાનાં ઝાંખાં પત્રવિધામાં પણ્યાં કહે કે 'આંજણ નાખું પાંજણ નાખું રેવલા રેવલી'. આવું કરવાથી વરસાદ વહેલો આવશે એવી તે છોકરોના માન્યતા છે.

૨. જી. મંત્ર બોલી કપડાના કટકાથી કરી ઉપર થા ઠોળવાની ક્રિયા. તેથી રોગ મટવાનું મનાય છે.

૩. [સં. અર્જુન] જ. અર્જુનવૃક્ષ; સાજડ.

બ્રહ્માને વર્ણ બનાવને બનવી હતો,
આંજણિયુમા જેવા વૃક્ષથી નવ જોડો.
ગોવિંદગમન

૪. [સં. અંજન] જ. આંજવું તે; આંખમાં ઓપડવાની ક્રિયા.

૫. જ. પ્રાણણ; ભેસ; અંજન; સુરમો; દવા વગેરે જે કંઈ આંખમાં આંજવાનું હોય તે; ઓસડ.

૬. જ. ઉત્તરવિધિ; ઠળાકપડ; બારણી નાખવાપણું.

આંજણે આંજવું = ઉતરેરાવું.

આંજણા ૧. જી. એ નામની કણબીની એક જાત.

૨. જ. એ નામની કણબીની જાતનું માણસ.

૩. વિ. ઉત્તર ગુજરાતમાં એકનો ધંધો કરતી એક જાતનું. લેઉવા અને કડવા એ બે આંજણા અને જતીઓથી જુદા છે. આંજણા ઢોલીક વાતે રજપૂત જેવા છે. તેઓ માંસ ખાય. અને દારૂ પીએ. જે ખેતીનો ધંધો કરતા નથી તે રજપૂતનો પહેરવેશ રાખે છે.

આંજણિયું જ. વહાણમાં અને ઇમારત બાંધવામાં ઉપયોગી મજબૂત લાકડાવાળું અને લાંબા પાનવાળું મોટું ઝાડ; એનું લાકડું; સાજડ; રક્તાર્જુન.

આંજણી ૧. [સ. અંજનનામિકા] જી. પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી; પાંપણની કિનાર ઉપરનો સોજો.

૨. જી. સાજડનું ઝાડ; આંજણીવૃક્ષ.

અંજનશીઓ ન. ચોમાસામાં કુંજરા અને મેદાનમાં લાંબા દોઢ હાથ ઊંચું ઊગતું એક જાતનું ઘાસ. એના ફૂલની ચમરી પાંચ સાત ફણી જેવી હોવાથી તેને અંજન અથવા અજનશીઓ કહે છે.

અંજનશીવૃક્ષ [સં. અર્જુનવૃક્ષ] ન. સાજડ; ૬૦થી ૮૦ ફૂટ ઊંચું થતું એક જાતનું ઝાડ; અર્જુનવૃક્ષ, એન. તેનાં લાકડાં વહાણ બનાવવામાં અને ઇમારત બાંધવામા વપરાય છે.

અંજવું ૧. [સં. અંજ્ (ચોપડવું)]
ન. અંજન; આંખમાં લગાડવું તે.
૨. ન. ઉતરપિંડી; ઠગાઈ
૩. ન. તાબે કરવાપણું.
૪. ન. નજર ચુકાવવી તે.
૫. ન. ભૂરકી નાખવું તે; પોતાના તેજથી સામાને ઝાંખું પાડવાપણું.
૬. ન. ભોળવી નાખવું તે; ભૂલથાપ.

અંજવો પું. એક જાતનો પાટીદાર.

અંજન ૧. [સં. અંજના (હનુમાનની મા)]
પું. હનુમાન; વાયુપુત્ર. અંજનાને વાયુદેવના પ્રસાદથી તે ઉત્પન્ન થયેલ હોઈ તેને અંજન, મારુતિ અથવા વાયુપુત્ર પણ કહે છે.
૨. ન. અંજના; સુરમો; કાજળ.
૩. ન. ચરબી.
૪. ન. લેપ; ખરડ.
૫. વિ. અંજનાનું.
૬. વિ. અંજન સંબંધી.

અંજની [સં. અંજ્ (લગાડવું)] સ્ત્રી. અંજન; કાજળ.

અંજનેય [સં. અંજના (હનુમાનની મા) + ઇય (નું હોવું કિંવા અર્થનો પ્રત્યય)]
પું. અંજનાનો દીકરો; હનુમાન; મારુતિ.

અંજરવો [સં. અંજનનામક] સ્ત્રી. બાંધણના મૂળ આગળ થતી હોલસી; અંજરવી.

અંજવું ૧. [સં. અંજ્ (ચોપડવું)]
ક્રિ. આંખે કાજળ, સુરમો, ઓસડ વગેરે લગાડવું; અંજન કરવું; આંખમાં ચોપડવું.
કાણીબોદરાનો આંજ્યો તે કોરીથી ન જાય આંજ્યો = જે એક વાર હિન કસોટીમાંથી પસાર થાય તેને પછી બીવાપણું રહેતું નથી.
૨. ક્રિ. છેતરવું; ધૂતવું; ઠગવું.
આજ્યું ખમાય પણ દેખ્યું ન ખમાય = છેતરીને જાઈ જવા તે સહેવાય પણ અપમાન નહિ.
૩. ક્રિ. નજર ચુકાવવી.
૪. ક્રિ. પોતાના તેજથી સામાને ઝાંખું પાડવું; ઝેરમાં નાખવું; ભોંઠા કરી દેવું.
આંજી નાખવું = (૧) છેતરવું. (૨) સંતોષ પમાડવો. (૩) સામા માણસ ઉપર છાપ પાડી દેવી; છક કરી નાખવું.
૫. ક્રિ. ફસાવવું.
૬. ક્રિ. બહુ પ્રસન્નતથી આખ મીંચાઈ જાય તેમ કરવું.
૭. ક્રિ. ભૂરકો નાખવું.
૮. ક્રિ. ભૂલથાપ દેવી; ઉડાડવું.
૯. ક્રિ. વશ કરવું; સ્વાધીન કરી લેવું; તાબામાં લેવું.
૧૦. ક્રિ. ચરમાવવું; ઝાંખું કરવું; ઢાંકો નાખવું; પાણી ભરાવવું.
આંજી સહેવાય પણ ફૂટી ન સહેવાય = સજતા ભરેલું ખૂંચું સહન થાય, પણ ખોખલેખોખલું માનભંગ કે અપમાન સહન ન થઈ શકે

અંજસ પું. (ચારણી) અહંકાર.
અજાતુમ અંધે ન કાય,
અકબર અા અાંજસ મુંકી;
અજાતુમ સમ સંસાર,
પરગટ રાખ પ્રતાપ પી.
સુરતાન સંજતની

આંજિનેય [સં. અંજિની] પું. એક જાતનું છત્રાક.

આંજિયું ૧. [સં. અંજન (અગ્નિ)]
ન. ચુવારનો એક રોગ; અંગારિયું; અંગારો; અગ્નિયું; ચુવારના કણસલામાં કાજળ જેવી જવાનો રોગ. આથી ચુવારના કણસલામાં દાણા બંધાવાને બદલે દાણા ઝાંખા કાજળ જેવા બની જાય છે. મોરધુપના પાણીમાં ચુવાર બોળીને ઓરવાથી આ રોગ અટકાવી શકાવાનું મનાય છે.
૨. ન. નુકસાન; નાશ; પાયમાલી; બરબાદી.

આંજિયો [સં. અંજન (અગ્નિ)]
પું. ચુવારના કણસલામાં દાણાને બદલે કાળો મેસ જેવો રોગ.

આંજુ [હિં.] પું. આંસુ; અશ્રુ.

આંજો ૧. પું. (વહાણવટું) કૂવાબંધની બે બાજુના સઢ બાંધવાનાં મોટાં દોરડાં.
૨. ન. (કચ્છી) તમાકુ.

આંજોમાંજો ૧. [આંજો (આંજેલું જેવું રૂપ) + માંજ (ઘસવું પીવું)] પું. એક જાતનો મંજવાળાં પાનનો છોડ.
૨. વિ. પું. કામ નહિ જેવો; કોરીથી આંજ્યો જાય નહિ જેવો.

આંજોવું [હિં. આંજના] સ્ત્રી. રાત બીજે કેસરિયે પસાર કરવી.

આંઝણ પું. (વહાણવટું) સઢ ઉપર બાંધ્યા આડાવસ્ત્ર ઉતારવાનું દોરડું; ચારી.

આંઝૂ [હિં.] પું. આંસુ; અશ્રુ.

આંઠ ૧. [સં. આર્ત્તિ (દુઃખ)] પું. દાબ; કાબૂ.
૨. પું. દાબ.
૩. [સં. આ (સુધી) + વર્ત્ (રહેવું)] સ્ત્રી. અટકળ; આશરો; કુમાર.
૪. સ્ત્રી. અંગૂઠા પ્રદેશની આંગળી અને અંગૂઠો એ બે વચ્ચેની જગ્યા. આમાં કયારેક કયારેક જુગારી લોકો કોડી છુપાવી દે છે.
૫. સ્ત્રી. આંતરડાં આડાઅવળાં અટવાઈ જવાં તે.
૬. સ્ત્રી. આંતરડું.
૭. સ્ત્રી. કબજાત; સ્વીકાર; અંગીકાર.
૮ સ્ત્રી કોનો; દ્વેષ; વેર; અંટસ; અદ.
૯. સ્ત્રી. ગાંઠ; ગૂંચ; આંટી; ગ્રંથી.
૧૦. [સં. અવટ્] સ્ત્રી. (વહાણવટું) જનાર એટલે માલ ભર્યા વગર જેટલો ભાગ પાણીમાં ડૂબે તેટલા ભાગ ઉપરનું પાટિયું.
૧૧. સ્ત્રી. ટેક; વટ; સાખ; ધીર; સાહુકારી; આબરૂ; પ્રતિષ્ઠા; પત; શાહપણું.
૧૨. સ્ત્રી. ટેવ; આદત; ભખ; હેવા.
અરિ આવવું = (૧) કામ લેવાવા યત્ન કરવો. (૨) ટેવ પાડવી; હાથ બેસાડવો. (૩) લખોટીને આંગળી ઉપર રાખી દૂર ફેંકવી અથવા બીજી લખોટીને મારવું.
૧૩. સ્ત્રી. તાંત.
૧૪. સ્ત્રી. દૃષ્ટિબિંદુ; હેતુ; નેમ.
૧૫. સ્ત્રી. નાણાં સંબંધી વ્યવહાર; લેવડદેવડ; આપલે.
૧૬. સ્ત્રી. નિશાન તાકવાની કળા; આંટવાની શક્તિ; ચોટ; તાકોડિયાપણું.
૧૭. સ્ત્રી. પદ્ધતિ; રીત.
૧૮. [હિં.] સ્ત્રી. પૂળો.
૧૯. સ્ત્રી. ભાર; બોજ; વજન.
૨૦. સ્ત્રી. ભક્તની બેસણી; કોશ સુધી બણી લેવામાં આવતી ખુરશી; 'પિલ્લ'.
૨૧. સ્ત્રી. મુક્તિ; કીખલટ.
૨૨. સ્ત્રી. લખવા બોલવામાં ચબળતા; છટા.
તેને બોલવામાં ઠીક આંટ છે—તેની બોલવાની આંટ સારી છે = તે છટાથી બોલી શકે છે.
૨૩. સ્ત્રી. વહેવાર; ચાલ; ઢાલ.
૨૪. સ્ત્રી. વિરોધ; અણબનાવ; દુશ્મનાવટ; ઝેરવેર
આંટ પડવી = (૧) ગેરસમજ થવી. (૨) મક પડવી. (૩) દુશ્મનાવટ હોવી.
૨૫. સ્ત્રી. વિશ્વાસ; ભરોસો; પતીજ.

૨૬. જી. (ડિંગળ) ૬૬.
૨૭. જી. ૬૬ોટી; ૬૬ોટી; ૬૬૬૬૬૬૬ ૬૬૬; ફિકમત; ૬૬૬.
આંટમાં ૬૬વું=(૧)૬૬૬માં ૬૬૬ જેવા૬વો. (૨) વશ ૬૬વું; તાબામાં લેવું.
૨૮. જી. ૬૬; મર્યાદા.
૨૯. જી. ૬૬ાબો; ૬૬લ્લે.
૩૦. જી. ૬૬૬ની તર્જની કે વચલી આંગળીના બે ટેરવાંથી ૬૬ોટા કેળવ ૬૬૬ ૬૬૬ ૬૬૬૬ કે ૬૬૬; ૬૬૬ પકડવાનો આંગળીઓનો ભાગ.
૩૧. જી. ઠોસિયારી; ૬૬૬૬૬; ૬૬૬૬૬૬; ૬૬૬૬૬૬; ૬

(૫) યુક્તિમાં લેવું; સપડાવવું. (૬) વચ્ચે ઇરજા કરવી; આડા આવવું; ગૂંચ નાખવી.
૨. આંટી લેવી = કુસ્તીના દાવમાં છળકપટ કરવું.

૧૪. જી. મુઠ્ઠી.

૧૫. [સં. આર્તિ; પ્રા. અટ્ટિ] જી. મુસીબતી, આડચણ; હરકત.

૧૬. જી. યુક્તિ; પ્રપંચ; છળ; પેચ; ફાંસો

૧૭. જી. રમવાની ઠેરી અથવા ગોળી.

૧૮. જી. રૂપા અથવા સોનાનું હાથની આંગળીમા પહેરવાનું ઘરેણું. તે ગૂંથેલ વાળાનું બનેલ હોય છે.

૧૯. જી. વળ; પેચ.

૨૦. જી. શાખા; આળફે; વટ.

૨૧. જ. મરડાશીંગી નામની વનસ્પતિ. જમીથી આઠ કૂટ ઊંચા ઊગતા આ ઝાડ ઉપર ભૂરાં ફૂલ હોય છે. મરડાના રોગમાં તે ફાયદાકારક મનાય છે.

૨૨. [સં. અંતઃ] અ. વચ્ચે; વચમાં.
ક્રી હસાવી દીધેલિ દીધતાં, બાપ કુમતિ ઝાંટિ, પ્રાપ્ત પ્રાહાર તે અસોકવનિ કોહદ દેતાં આંટી. બાલાવ

આંટીએ આવવું = (૧) આડે આવવું. (૨) વધારાનું હોવું.

આંટીઆળું વિ. જેમાં આંટી એટલે પેચ કે ગૂંથણી હોય એવું; પેચ પાડી આંટા વીંટ્યા હોય એવું; આંટીવાળું.
આંટીઆળી પાઘડી = પેચ કે ગૂંથણી પાડી બાંધેલી પાઘડી.

આંટીઓ પું. એ નામની એક રમત; ચંગળરેલ. રમનારાઓ બધાં પોતાના હાથ ઊંચા કરી પાસપાસેના એકબીજાના હાથ જોડી કૂંડાળામાં ઊભા રહે અને તેમાંથી બધા નીકળે. પછી ભૂલથી કોઈના હાથમાં આંટી પડી જાય તો તેને દૂર રહેવું પડે છે.

આંટોકૂંટો જી. સિફતબાજ; સભ્યતાનાં લક્ષણ

આંટોગુંટી જી. આંટીઘૂંટી.

આંટોઘૂંટિયાળું ૧. વિ. ગૂંચવણ ભરેલું; મુશ્કેલીવાળું.
૨. વિ. છળકપટથી ભરેલું; આંટીઘૂંટીવાળું

આંટીઘૂંટી ૧. [આંટી (મુશ્કેલી) + ઘૂંટી (હરકતનાં)] જી. અડચણનો વખત; કટાકટીનો મામલો.
૨. જી. ગૂંચવણ; મુશ્કેલી; ગૂંચ; સકંજો.
૩. જી. જોડાઈ ગયેલી હકીકત.
૪. જી. ઢોકમાં પહેરવાનું સોનાના તારની ગૂંથણીવાળું ઘરેણું. એમાંથી લોકમાં આ હાંસીનો બહુ વપરાશ છે.
૫. જી. નાની મોટી ગમત.
૬. જી. પ્રપંચ; દાવપેચ; બાજી; કુકકપટ; છળકપટ; કળકામ.
૭. જી. રીતરિવાજની વિગત.
૮. જી. વાંકચૂંચ; ખૂબીખામી.

આંટીદાર વિ. આંટીવાળું; આંટિયાળું.

આંટીપુત્ર (આંટીપુત્ર) પું. આડાં ચડી; ફેલ.

આંટીફાંદી [આંટી (ગૂંચવણ) + ફાંદી (આંટીનું જેવું રૂપ)] જી. કોઈના અડવાથી અટકાવવા માટે પારખવાની સાત અથવા વધારે છોકરાંઓ રમવાની મધ્યમબંધીની રમણ્ય રમત; આંટીઆંટી. પસંદ થયેલાં સુધ્ધ એટલે રાજા અને દાવ દેનાર સિવાય બધાં સંતાઈ જાય. પછી દાવ દેનાર ભૂમ પાડી તેમને બધાંને યુદ્ધ પાસે પાછા બોલાવે. જેની સંતાવાની જગ્યા દાવ દેનારના કહેવા પ્રમાણે ખરી પડે તે બંધી અને જેની જગ્યા ખોટી પડે તે બંધિયા કહેવાય. બંધી કરેલ છોકરાંને બંધિયા કરેલ છોકરાં પકડવા દોડે પણ ન પકડાતાં બંધી છોકરું યુદ્ધને આવી અડી જાય તો તેને શિક્ષા કરવામાં આવતી નથી

આંટીઆંટી જી. એ નામની એક બાળરમત; આંટીફાંટી.

આંટીલોપ [અં. એન્ટીસ્રોપ] જ. સીંગડાવાળું, વાગોળનારું અને ઝાડપરથી દોડનારું એક પ્રાણી.

આંટીવાળું વિ. પેચ પાડી આંટા વીંટ્યા હોય એવું.

આંટીવીંટી જી. ઓઢણીએ પહેરવાનું સોનાનું એક ઘરેણું, બે આંગળીમાં સાથે પહેરવાની જોડેલી વીંટી.

આંઠુલમાન [સં. આ (બધારે) + તુષ્ટ (સંતોષ પામેલ) + મત્ (વાળું)] વિ. પ્રસન્ન; ખુશ; રાજી.

આંટે અ. વિના; સિવાય; બાબે.
મનમથ નીંપો માતુની કેપડાને આંટે,
આલે દહાડે કેમ ચાલશે વહાલા તું આંટે.
દયારીલા

આંટો દમ્પો ૧. પું. ગૂંચવાયેલું કોકડું.
૨. [આંટી (કેરી) + દિપ્ (ફેંકવું)] પું. લખોટીની રમતમાં એક દાવ. આમાં બે છોકરા સામસામા પહોળા પગ કરીને બેસે. પછી દાવ દેનાર પોતાની લખોટી બે પગ વચ્ચે મોટા આગળ મૂકે. દાવ લેનાર તેની દાવ દેનારની લખોટી ને પોતાની લખોટીથી આંટ ચડાવી ટોચો કે ટિપ્પો મારે. બે ટોચો આવી જાય તો દાવ લેનારને દાવ દેવો પડે. જો વધારે વાર આંટે તે છતનો કહેવાય.

આંટોઠ (આંટોઠ) જી. એ નામની એક વનસ્પતિ; મરડાશીંગી; હાટેડી.

આંટોડી (આંટોડી) જી. જમીથી ૭ ફૂટ ઊંચો ઊગતો ઘણી શાખાવાળો મરડાશીંગીનો છોડ. આવણ માસમાં આવતાં તેનાં રાતાં ફૂલ પાનખરથી ફિક્કાં આસમાની થાય છે. શિયાળામાં પાકતાં તેનાં ફળ રફની માફક આંટી વળેલાં હોય છે. આ વનસ્પતિ ગાડો રોકનારી, પૌષ્ટિક અને તાવ મટાડે એમ મનાય છે.

આંટો ૧. પું. ચક્કરાવો; લપેટો; વીંટો; પેચ. જેમકે, પાઘડીનો આંટો.
આંટો વાળવો = ગોળ વીંટલો કરવો.
૨. પું. જ્યાંથી શરૂ થાય ત્યાં જ પાછું આવી રહે એવો ગોળ ફેરો. જેમકે, ચક્કર એક આંટો ફેરવ.
આંટા ફરવા = પરભવું; ચમના ફેરા ફરવા.
૩. પું. દ્વેષ; અંટસ; ખાર; અદાવત; વેર; ફિનો; ખાંહ.
૪. [સં. આવર્ત; પ્રા. આવટ્ટ (રખડવું)] પું. ચક્કો; ફેરો; અમુક પ્રદેશનો ચક્કરાવો કાપી આવવો તે.
આંટો આવો–દેવો–મારવો–લેવો = (૧) ચક્કર લેવું. (૨) નજીકનો ફેરો આવો; સહેજ જઈ આવવું. (૩) બાતમી મેળવવા જવું. (૪) મળવા જવું. (૫) રખડવું; આમતેમ ફરવું. (૬) વીંટવું.
૫. પું. પદ્ધતિ; રીત.
૬. પું. (ઓઢણી) બે દોરા સાથે વણી તૈયાર કરેલો એક દોરો. બન્ને દોરો તેની સાથે વણવાનો હોય ત્યારે તૈયાર કરેલા દોરાને ઊકલવો, એટલે તેના ઊકલતા જતા આંતરામાં ત્રીજો દોરો બેસતો આવી વળ ખાતો જાય છે. આ ક્રમને ભલહવટ પણ કહે છે.
૭. પું. રફનો પેચ; ફેર; આંકો; વળ; ચક્કરાવો; 'ગ્રેઇ'. તેની ૭ જાત છે: ૧. ત્રિકોણ આંટો (વીટવર્થ વી ગ્રેઇ), ૨. ચોરસ આંટો (સ્કવેર ગ્રેઇ), ૩. ગોળ આંટો (રાઉન્ડ અથવા નકલ ગ્રેઇ), ૪. ચોરસ અને વી આકારનો આંટો (બટ્રેસ ગ્રેઇ), ૫. ગેસ ગ્રેઇ તેમાં ઊંડા આંટા હોત. નથી અને ૬. વીટવર્થના ત્રિકોણ આંટા જેવો પણ ઉપરથી ગોળ નહિ આવતાં સપાટ આંટો (સેલર્સ ગ્રેઇ). ૮. પું. હદ; મર્યાદા.

આંટોપણું ન. પતાવટ; આંકવાળા; સમેટી લેવું તે; સમાપ્તિ.

આંટોફેરો પું. ચક્કરાવો મારી આવવો તે; જઈ આવવાપણું; જતા આવતા રહેવું તે; આવજા.

આંટોફેરો આવો = (૧) જતા આવતા રહેવું. (૨) જવા આવવાનું પરચૂરણ કામકાજ કરવું. (૩) બહારનું કામકાજ કરતા રહેવું.

આંટોવીંટો [સં. આવર્ત્ (નો તદ્ભ અર્થ) + વેષ્ટ્ (વીંટવું)] પું. ફેરોફેરો.

આંઠવું ૧. સિ. વજનદાર; ભારે. કંસારાની પારસીમાં આ શબ્દ વપરાય છે.

૨. સ. ક્રિ. (વજ) ઉપદેશ કરવો; બોધ દેવો. તેજ ત્યાં આંઠવો બોમા ઊતર્યો રે ઊતરે. ભીમ

આંડા ૧. સ્ત્રી. એક જાતનો છીપલો; ઢોરને બાંધતો ખૂંટો.

૨. સ્ત્રી. બગા.

આંડાઈ સ્ત્રી. એક જંતુ; આંટા; બગા.

આંડી ૧. [સં. અણ્ડિ (ઇંડાબનવું બી)] સ્ત્રી. ઓલી.

૨. સ્ત્રી. કળિયો.

૩. [હિં.] સ્ત્રી. દહીં, બ્રાઈ વગેરેનો ઓગો.

૪. સ્ત્રી. નવોઢા સ્ત્રીનાં ઊભરતાં સ્તન.

આંઢોળી [સં. અણ્ડોલા (બી)] પું. (બરાડી) કળિયો.

આંઢ ૧. [સં.] પું. ઈંડાનો બચ્ચો.

૨. [સં. અણ્ડ (બીજા)] પું. ખુસિયો; વૃષણ; પેળ.

૩. પું. બકા.

૪. પું. વૃષણની કોથળી; અંડકોષ.

૫. પું. હિરણબગલું.

૬. સિ. અંડમાં રહેલું.

૭. સિ. ઈંડામાં હોતું; ઈંડામાંથી જન્મતું.

૮. સિ. વૃષણવાળું.

આંઢગો સ્ત્રી. મર્દ; હબસ.

આંઢજ ૧. [સં. અણ્ડ (ઈંડું) + જ (જન્મેલું)] પું. પક્ષી.

૨. પું. સર્પ; નાગ.

૩. સિ. ઈંડામાંથી જન્મતું.

આંઢણી ૧. સ્ત્રી. દીકરીને સાસરિયું આપવાનું સાકરાનું સાધન; દીકરિયું.

૨. સ્ત્રી. વધુ પ્રસાવાળી ખોડી.

આંઢવા [સં. અણ્ડ] પું. બ. વ. પેળ; વૃષણ; અંડ.

આંઢવો [સં. અણ્ડ (વૃષણ)] પું. ખુસિયો; પેળિયો; વૃષણ.

આંઢા [સં. અણ્ડ (ઈંડું)] પું. ઈંડું.

આંઢાસા [સં. અણ્ડ (પેળ) + સ્રવ (ઝરવું)] સિ. લંબગોળ.

આંડિકી ધમની [સં. અણ્ડ (પેળ) + ધ્રુવ (ઝરવું) + ઈ (નારીજાતિનો પ્રત્યય) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. વૃષણ અને બીજકોષને લોહી પૂરું પાડતી મોટી પોરી નળીમાંથી નીકળતી નળી; 'સ્પર્મેટિક આર્ટરિ'.

આંડિકી શુક્ર [સં. અણ્ડ (પેળ) + ધ્રુવ (ઝરવું) + શુક્ર (વીર્ય)] સ. પેળના વીર્યને લગતું; 'ટેસ્ટિક્યુલર સ્પર્મેટિક'.

આંડિયો [સં. અણ્ડ (પેળ)] પું. વૃષણ; ખુસિયો; કોસિયો.

આંડિયોઢડો [અણ્ડ (વૃષણ) + ટડો (પુરુષની જનનેંદ્રિય)] પું. પુરુષની જનનેંદ્રિય.

આંડીર ૧. [સં. અણ્ડ (વૃષણ)] પું. જેને વૃષણ હોય તે.

૨. સિ. આંડવાળું.

૩. [સં. અણ્ડ (ઈંડું)] સિ. ઘણાં ઈંડાંવાળું.

૪. સિ. ભુજના પુરેપૂરે ખીલેલ.

આંડીવત પું. એક નાગનો એક રાજા.

આંડુઓ [સં. અણ્ડ (વૃષણ)] પું. ખુસિયો; ગોળી; કોસિયો.

આંઢુ ૧. [સં. અણ્ડ (વૃષણ)] પું. ગાયોને માટે રાખવામાં આવતો ખૂંટ; સાંઢ.

૨. પું. કાપીને પગે બાંધવામાં આવતી સાંકળ કે દોરડું.

૩. સિ. વૃષણવાળું; અંડકોષવાળું.

આંડુઆંડુ [હિં.] પું. રખડપટ્ટી; બાર.

આંઢો પું. બરજ.

આંદેઉ (આંદેઉ) પું. મરાઠીઓનો એક. તેનાં પાન લંબગોળ, અણી વગરનાં ને કોર ઉપર ઢાંતાવાળાં, ફૂલ લાલ ને પાનખરી ફિક્કા આસમાની રંગના, અને ત્રીજે એક ઊંચ લાંબી, વળવાળી અને પાકવ પછી ભૂરા રંગની હોય છે.

આંદેડી (આંદેડી) સ્ત્રી. મરાઠીઓનો એક; આંદેઉ.

આંધ ૧. [સં. આન્ધ્ર (દેશ)] સ્ત્રી. આંધ્ર; દેશ.

૨. સ્ત્રી. (કચ્છી) ઢોલો.

૩. સ્ત્રી. સગ; સોબત; સબબ.

આંધવું ૧. સ. ક્રિ. બનવું; ઉત્પન્ન થવું.

૨. [સં. આપ્ (લાવવું)] સ. ક્રિ. કરવી પાસે આવે તેમ કરવું; લાવવું.

૩. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

૪. સ. ક્રિ. (આમ) સંગ કરવો; સંભોગ કરવો.

આંધી ૧. સ્ત્રી. રોટલી વણવાનો પાટલો; આણી.

૨. [સં. એવમ્ (આમ)] અ. આ રીતે; આ પ્રમાણે; આમ.

આંધોવાર [સં. એવમ્ (આમ) + વાર (વખત)] અ. આ વખતે; આ વેળા.

આંધું ૧. [સં. આનયન (લાવવાપણું)] સ. ઉમર લાયક વહુને પૈર તેડી લાવી તે; વહુનું તેડું.

૧. આંધું મુખડી આપવી = બતાવવું; રજા આપવી.

૨. મુખ્યાવણનું આંધું = પહેલી જ વાર છોકરી લઈ એનું સાસરે જવું તે; મુખાણું.

૨. સ. કન્યાને સાસરે મોકલતાં કરવાની રીત; કરિયાવર.

આંત ૧. [સં. અંત્ર (આંતરડું)] સ. આંતરડું.

૧. આંતનું વધી આવવું = ચારણુમાઠ ઊતરવી.

૨. આંતે બોસવું-સમેટવું = બોરાક વગર રહેવું

૨. સ. તાર જેવી લાંબી વસ્તુ.

૩. [સં. અ (નહિ) + અંત (છેડો)] સિ. છેડા વગરનું.

૪. સિ. ઊંડું; ઊંચું.

૫. સિ. પીડાયેલ; દુઃખ પામેલ.

૬. સિ. પીડક.

૭. સ. પૂરી રીતે; અંત આવે એમ.

આંતકૂ [આંત (આંતરડું) + કટના (કાપવું)] પું. (હિંદી) ઢોરને થતો લાલનો રોગ; ઊરણ.

આંતડું (આંતડું) ૧. સ. (હિંદુસ્તાન) આંતરડું.

૨. [સં. અંતર (હૃદય) + કું (નાનાપણું બતાવનાર પ્રત્યય)] સ. હૈયું.

આંતડે (આંતડે) [સં. અંત્ર (આંતરડું)] સ. બ. વ. (મરાઠી) આંતરડાં.

આંતબાર ૧. [સં. અંતર (વચ્ચે) + દ્વાર (બારણું)] પું. આડખીલી; અંતરાય; વિઘ્ન; નડતર.

૨. પું. કંતબાર; બરોસો.

૩. પું. સ્વભાવ.

ઓસ ઉદ્ધ બીજી બરાસની,
તેને ઉદ્ધવ તણો આંતબાર. પ્રીતમ

આંતબારી (આંતબારી) ૧. [સં. અંત્ર (આંતરડું)] સ્ત્રી. નાનું આંતરડું.

૨. સ્ત્રી. હૃદય; દિલ; મન.

આંતર ૧. [સં. અંતર (બે વસ્તુની વચ્ચેની જગ્યા)] પું. (હિંદી) કપડાંઓ વચ્ચે ચાલવા માટે રાખવામાં આવતી જગ્યા.

૩. [હિં.] કું. ગેરલા માટે વેરી લેવામાં આવે એટલો ચેતરનો ભાગ.
૩. કું. તાણની બે સેરની ખૂંટીની નીચેની બે લાકડી.
૪. [સં. અન્તર્ (અંદરનું)] વ. અંતરનો ભાવ; મૂળ પ્રકૃતિ; સ્વભાવ.
૫. [સં. અંત્ર (આંતરડું)] વ. પેટમાંના અન્નરસને પચાવી મળને બહાર કાઢનારું નળના જેવું અવયવ; આંતરડું; પેટનો નળ.
આંતરે ગાંઠ = (૧) આંતરડાંની ગાંઠ. (૨) બહુ સ્નેહ; પ્રેમ.
૬. વિ. અંતરનું; હૃદયનું; મન સંબંધી.
૭. વિ. અંદરનું; વચ્ચે આવેલું; મહિનું. માંહોમાંહિનું; આંતરિક.
૮. વિ. છાનું; ગુપ્ત; ખાનું.
૯. વિ. પોતાના અનુભવનું; સ્વવિષયક; આત્મલક્ષી; અંતર્ભૂત.

આંતરઅવયવ [સં. આંતર (અંદરનું) + અવયવ (અંગ)] વ. શરીરની અંદર આવેલ હૃદય, અજાશય વગેરે અંગ.

આંતરઈક્ષિષુ [સં. આંતર (માંહેનું) + ઈક્ષિષુ (તપાસ)] વ. પોતાની અંદરની તપાસ; અંતરદૃષ્ટિ; આત્મપરીક્ષણ.

આંતરઉર્ણાયુંદ [સં. આંતર (અંદરનું) + ઉરુ (સ્તન) + અર્બુદ (અંસગ્રંથિ)] કું. સ્તનના ઘાટાનો નીચેનો અને અંદરનો ભાગ પકડો ભાગ: 'ઈન્ફ્રામૅમરી ફોલ્ડ ઑવ બ્રેસ્ટ'.

આંતરએકેરિઝ્મ [આંતર (અંદરનું) + એકેરિઝ્મ (એક ભંગ)] કું. એકેરિઝ્મનો વચ્ચેનો ભાગ; મધ્ય એકેરિઝ્મ.

આંતરકલહ [સં. આંતર (માંહોમાંહિનું) + કલહ (ઝઘડો)] કું. અંદરોઅંદરની લડાઈ; આંતરવિગ્રહ; 'સિવિલ વૉર'.

આંતરકુંભક [સં. આંતર (હૃદયનું) + કુંભક (રોકવું તે)] કું. અંદર અપાનવાયુ નાશ પામી પ્રાણવાયુરૂપે બહાર નીકળે ત્યાંસુધી અંદર રોકી રાખવામાં આવે.

આંતરકૂર્ચવિશ્લેષ જી. કાનવાહક અને કર્ણવાહક બંને જાતના સ્નાયુતંતુ જેમાંથી પસાર થાય છે તે મજ્જાનો સ્નેહ ભાગ: 'ઇન્ટર્નલ કૉર્પસલ'.

આંતરકોષુક વ. પચના નળાને પચના સંપર્ક સાથે જોડનારું પડેલું કુંચાકાર; 'ઓટ્ટમસસ'. પચના અંગુઠાનું મૂળ અવયવ પાચનો ઉદ્રો આ ભાગ સાથે સંબંધ રાખે છે. તે અંતઃકોષુક પણ કહેવાય છે.

આંતરક્ષુધા [સં. આંતર (હૃદયનું) + ક્ષુધા (ભૂખ)] જી. આત્માની ભૂખ હૃદયની ભૂખ.

આંતરગ્રહ [સં. આંતર (વચ્ચેનું) + ગ્રહ (સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો)] કું. (જ્યોતિષ) પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવેલ ગ્રહ: બુધ અને શુક્ર.

આંતરચક્ષુ [સં. આંતર (અંદરનું) + ચક્ષુસ (આંખ)] વ. અંતરજ્ઞાન જ્ઞાનદૃષ્ટિ.

આંતરચેતન [સં. આંતર (અંદરનું) + ચેતન (સમજણ)] વ. ભાવ; પ્રતીતિ; સંવિત.

આંતરજાલ [સં. આંતર (અંદરનું) + જાલ (જાળ)] જી. ત્વચાની બહારની જાળ નીચે આવેલી જાળ; અંતરજાલ.

આંતરછેદો (આંતરછેદો) [સં. અંત્ર (આંતરડું) + છેદ (અંત)] કું. ગોકરીને જ્યાંથી છેડે ત્યાં આંતરડું તેને મળે છે તે ભાગ.

આંતરજગત [સં. આંતર (વચ્ચેનું) + જગત્ (દુનિયા)] વિ. દુનિયાના બધા દેશ સાથે સંબંધ હોય એવું; આંતરરાષ્ટ્રીય; 'ઇન્ટરનેશનલ'.

આંતરજમીન [આંતર (વચ્ચેનું) + જમીન (ભૂમિ)] જી. ઉપલી જમીન અને નીચેના પાણીના પડ વચ્ચેની જમીન.

આંતરજાતીય [સં. આંતર (માંહેનું) + જાતીય (જાતિ સંબંધી)] વિ. જાતિઓનું માંહોમાંહેનું.
આંતરજાતીય લગ્ન = માંહોમાંહે જાતિમાં થતાં લગ્ન.

આંતરજ્ઞ [સં. આંતર (અંદરનું) + જ્ઞ (જાણનું)] વિ. અંદરનો ભૂપો અર્થ સમજનાર; રહસ્ય જાણનાર; ભેદ પારખનાર.

આંતરજ્ઞાતીય [સં. આંતર (વચ્ચેનું) + જ્ઞાતિ (જાતિ) + ઈય (લગતું)] વિ. જુદી જુદી જ્ઞાતિ વચ્ચેનું.

આંતરડી (આંતરડી) ૧. [સં. અંત્ર્ (હૃદય)] જી. અંતઃકરણની લાગણી; હૃદયની લાગણી.
૨. જી. હિત; હેતું; અંતઃકરણ; હૃદય.
૧. આંતરડી કકળી=અંતઃકરણના દુઃખથી હૃદય ચીસવું.
૨. આંતરડી કકળવી = દુઃખ આપવું; પીડા કરવી.
૩. આંતરડી ઠરવી = સંતોષ થવો; સુખ થવું.
૪. આંતરડી દાઝી-બળી = લાગણી ઘેલા થવી.
૫. આંતરડી બાળવી = ત્રિવાવવું; પીડવું; સતાવવું.
૬. આંતરડીની સગાઈ-માયા = અંતઃકરણનું હેત; પૂરેપૂરો પ્રેમ.

આંતરડું (આંતરડું) ૧. [સં. અંત્ર (પેટનો નળ)] વ. અન્નરસને પચાવી મળને બહાર કાઢનાર નળના જેવો અવયવ. આંતરડું નાનું અને મોટું મળી ૨૭ ફૂટ લાંબું હોય. તેમાં કરતા અન્નરસથી પોરાક પચે છે. આંતરડું જોક્ત લાંબું ગૂંચળાવાળું હોવાથી ઘણું હોય એવું લાગે તેથી તે બહુવચનમાં વપરાય છે.
૧. આંતરડાનું અર્બુદ = આંતરડામાં થતું બહુ મુશ્કેલીથી મટે એવું ગાંઠ; આંતરડાનું કેન્સર: 'કેન્સર ઑવ ધી ઇન્ટેસ્ટાઇન'.
૨. આંતરડાં ઊંચાં આવવાં = ઘણી મહેનત પડવાથી આંતરડાં બહાર આવવાં; દુઃખ થવું.
૩. આંતરડાં ગળે આવવાં = આંતરડાં ઊંચાં આવવાં; બહુ દુઃખ થવું.
૪. આંતરડાં કેરવાં = (૧) નસો ઢીલી છોડી નીકળે એટલો ભારે માર મારવો. (૨) સંતાપવું; બહુ જ દુઃખ દેવું.
૫. આંતરડાંની દાઝ = ભારો સ્નેહ; ઊંડી લાગણી.
૬. આંતરડાંની માયા = બહુ હેત.
૭. આંતરડાંની સગાઈ = જોક પેટમાં પેદા થયેલ બાળકોના જેવો સંબંધ; સહોદરતા.
૨. વ. મધ્યભાગ; મર્મ; અંદરનો ભાગ.

આંતરતત્ત્વ [સં. આંતર (રહસ્યમ) + તત્ત્વ (સૌથી મોટો અર્થ આપનાર પ્રત્યય)] વ. ખરું સારભાગ.

આંતરતલ ૧. વ. ત્વચાની અંદરની સપાટી; 'ડેરમલ સર્ફેસ'
૨. વ. નાકમાં આંતરો ઊભો થાય ભાગ; 'નેઝલ સેપ્ટમ'.

આંતરતાર [સં. આંતર (હૃદયનું) + તાર (તાંતણો)] કું. ભાવના; લાગણી.

આંતરતિરછીના રેખા [સં. આંતર (અંદરનું) + તિરછીના (ત્રાંસી) + રેખા (લીટી)] જી. હનુમંડળ ઊભો નીચલા જડબાની અંદર આવેલી જોક ત્રાંસી રેખા; 'માઇલોહાયોઇડ લાઇન'.

આંતરતૃષા [સં. આંતર (અંદરનું) + તૃષા (તરસ)] જી. તીવ્ર ઇચ્છા; લાગણી.

આંતરતત્વ [સં. આંતર (અંદરનું) + તત્વ (પદાર્થ)] ન. અંદરનું હોવાપણું; આંતરિક સ્થિતિ.

આંતરતત્વ [સં. આંતર (અંદરનું) + ત્વક્ (ચામડી)] સ્ત્રી. ચામડીનું અંદરનું પડ; આદિત્વક્.

આંતરત્વચા [સં. આંતર (અંદરનું) + ત્વચા (ચામડી)] સ્ત્રી. અંદરની ચામડી.

આંતરદર્શન ૧. [સં. આંતર (અંદરનું) + દર્શન (દેખાવ)] ન. આત્માની ઓળખ.
૨. ન. ગૂઢ જ્ઞાનનું જ્ઞાન; જ્ઞાનરૂપની પ્રાપ્તિથી; અંદરના જ્ઞાનનું દર્શન.

આંતરદશા [સં. આંતર (અંદરનું) + દશા (હાલત)] સ્ત્રી. અંદરની હાલત; આંતરિક સ્થિતિ.

આંતરદરવ [સં. આંતર (હૃદયનું) + દરવ (દેખાવ)] ન. ભાવના; વિચાર; મનોભાવ.

આંતરદરશાનુવિદ્ધસમાધિ [સં. આંતર (અંદરનું) + દરશ (દેખાવ) + અનુવિદ્ધ (વ્યાપી રહેલું) + સમાધિ (લીન અવસ્થા)] સ્ત્રી. (વેદાંત) અંતરના ક્રમકોષાદિનો હું દ્રષ્ટા એટલે જોનાર હું અને તેમની સાથે હું એકરૂપ હું એવો વિચાર.

આંતરદૃષ્ટિ ૧. [સં. આંતર (અંદરનું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. અંદરની તપાસ; જાતના ગુણદોષ તરફ કરાતી નજર; આત્મપરીક્ષણ.
૨. સ્ત્રી. ગુણદોષ પારખવાની શક્તિ.

આંતરદેશીય [સં. આંતર (વચ્ચેનું) + દેશ (રાજ્ય) + ઈય (લગતું)] વિ. જુદા જુદા દેશ વચ્ચેનું; એકબીજા દેશ વચ્ચે સંબંધ રાખતું; આંતરરાષ્ટ્રીય.

આંતરદેશીયતા [સં. આંતર (વચ્ચેનું) + દેશીય (દેશનું) + તા (પણું)] સ્ત્રી. એકબીજા દેશનું હોવાપણું.

આંતરદ્વાર [સં. આંત્ર (આંતરડું) + દ્વાર (બારણું)] ન. ઓજરી અને આંતરડાના જોડાણને ઢંકાયેલું આવેલું બાર. તેના ઉપર આવેલો જેવડા વજેલા શ્લેષ્માવરણનો પડદો ખોરાકને આંતરડાંમાં વહેવા દે, પણ પાછો વળતાં અટકાવે.

આંતરધ્વનિ [સં. આંતર (અંદરનું) + ધ્વનિ (અવાજ)] પું. આંતરાત્માનો અવાજ; અંત:કરણનો નાદ.

આંતરનાટક [સં. આંતર (અંદરનું) + નાટક (બીજી રીતમાં જોવે દેખાવ)] ન. નાટકની અંદર આવેલું બીજું નાનું નાટક.

આંતરનાદ [સં. આંતર (અંદરનું) + નાદ (અવાજ)] પું. અંતરાત્માનો અવાજ.

આંતરનિરીક્ષણ ૧. [સં. આંતર (અંદરનું) + નિરીક્ષણ (તપાસ)] ન. અંતરના ગુણદોષની તપાસણી; આત્મપરીક્ષણ.
૨. ન. ગુણદોષ પારખવાની શક્તિ.

આંતરનિરુપાધિકબ્રહ્મ [સં. આંતર (અંદરનું) + નિરુપાધિક (ઉપાધિ વગરનું) + બ્રહ્મ (સદ્વિદ)] પું. (વેદાંત) હું જ્ઞાન પું, એટલે હું બીજાને જાણતો નથી એવી જાતનો અભાવ.

આંતરનિર્વિકલ્પસમાધિ [સં. આંતર (અંદરનું) + નિર્વિકલ્પ (ભેદ વિનાનું) + સમાધિ (ઊંડું ધ્યાન)] સ્ત્રી. (વેદાંત) જ્ઞાતા એટલે જાણનાર અને જ્ઞેય એટલે જાણવાનું એ ભેદ વિનાનું ઊંડું ધ્યાન.

આંતરપક્ષ ૧. [સં. આંતર (અંદરનું) + પક્ષ (પક્ષ)] ન. અંદરનું પડ.
૨. ન. ચામડીનું અંદરનું પડ; 'એન્ડોડર્મ'.
૩. [સં. આંતર (વચ્ચેનું) + પક્ષ (પડદો)] ન. વચ્ચે રહેલો પડદો; આવરણ.

આંતરપડ (આંતરપડ) [સં. આંતર (અંદરનું) + પડ (પડદો)] ન. મગજની ઉપરના ત્રણ પડમાંનું સૌથી ઠોકળનું એટલે કે મગજને લગોલગ અડીને રહેલું પડ; 'પિયમેટર'. મગજના પોષણ માટે તેમાં રક્તનલિકાઓની જાળ હોય છે.

આંતરપડદો (આંતરપડદો) ૧. [સં. આંત્ર (આંતરડું) + પટ (પડદો)] પું. આંતરડાને ઢાંકતું પડ; 'ઓમેન્ટમ'.
૨. પું. વચ્ચે રાખેલો પડદો; આડશ.

આંતરપૂજા [સં. આંતર (હૃદયનું) + પૂજા (ઉપાસના)] સ્ત્રી. માનસિક પૂજા; આંતરિક ભક્તિ.

આંતરપેશીયકોટર [સં. આંતર (વચ્ચે) + પેશીય (આસપાસ પિંડ સંબંધી) + કોટર (પોલાણ)] ન. આંતરની બે પેશી વચ્ચેનું સંપૂર્ણ બંધ પોલાણ.

આંતરપેશીયજગ્યા [આંતર (વચ્ચે) + પેશીય (પિંડ સંબંધી) + જગ્યા] સ્ત્રી. બે પેશી વચ્ચેની ખાલી જગ્યા.

આંતરપ્રકાશ [સં. આંતર (અંદરનું) + પ્રકાશ (તેજ)] પું. આંતરાત્માનું તેજ.

આંતરપ્રતીતિ [સં. આંતર (અંદરનું) + પ્રતીતિ (ખાતરીવાળું)] સ્ત્રી. મનમાં થયેલી ખાતરી; હૃદયનો વિશ્વાસ; અંતરાત્માનો અવાજ; આંતરચેતના; અદ્રિમતા; સંવેદન.

આંતરપ્રપંચ [સં. આંતર (અંદરનું) + પ્રપંચ (માયા)] પું. (વેદાંત) પાંચ કોશ, ત્રણ શરીર, ત્રણ અવસ્થા, તેના અભિમાની ત્રણ ગુણ, પાંચ ક્લેશ, છ ભાવ વિકાર, છ ઊર્મિ, ક્રમ, ક્રોધ વગેરે છ દુશ્મન, ચાર સાધન, ચાર મૈત્યાદિ ભાવ, અષ્ટાંગ યોગ, છ પ્રમાણ, રોગ અને આરોગ્ય એ બધાંનો જથ્થો

આંતરપ્રમાણ [સં. આંતર (અંદરનું) + પ્રમાણ (પુરાવો)] ન. અંદરથી મળી આવતો પુરાવો.

આંતરપ્રવાહ ૧. [સં. આંતર (અંદરનું) + પ્રવાહ (વહણ)] પું. અંતરાત્માનો ઊભરો.
૨. પું. અંદરની લાગણી.

આંતરપ્રાવરણી [સં. આંતર (અંદરનું) + પ્રાવરણી (ઢાંકણ)] સ્ત્રી. આંસપેશીને ઢાંકનારું પડ; આંસધરા કલા; 'ફીપ ફેસિઅ'. આંતરપ્રાવરણીનો સાથળની આસપાસ કોથળીની માફક રહેલો ભાગ ઊરકંચુક તરીકે ઓળખાય છે.

આંતરપ્રાસ [સં. આંતર (અંદરનું) + પ્રાસ (અક્ષરનું અવાજપણું)] પું. કવિતાની લીટીની અંદર અક્ષર મળતા આવવા તે, જેમકે,
પતિનો છોગો પ્રેમ, પ્રેમ પતિવ્રતનો છોગો;
પરપતિ સાથે પ્રેમ, જીવતરથી મેં તો જોગો.
આમાં 'પ્રેમ' શબ્દની સાથે 'પ્રેમ'નો આંતરપ્રાસ છે.

આંતરપ્રાંતીય [સં. આંતર (વચ્ચેનું) + પ્રાંતીય (વિભાગ સંબંધી)] વિ. એકબીજા પ્રાંતની સાથે સંબંધ રાખતું.

આંતરપ્રેરણા [સં. આંતર (હૃદયનું) + પ્રેરણા (ઉશ્કેરણી)] સ્ત્રી. આત્માનો હુકમ.

આંતરબળ [સં. આંતર (આંતરનું) + બલ (શક્તિ)] ન. મનોબળ.

આંતરબંધન [સં. આંત્ર (આંતરડું) + બંધન (બાંધવાની વસ્તુ)] ન. આંતરડાને કરોળનાં લાડમાં સાથે જોડનાર પડ; 'મેસેન્ટરિ'.

આંતરભાન [સં. આંતર (અંદરનું) + ભાન (જ્ઞાન)] ન. આત્માની ઓળખ.

આંતરભાર [સં. આંતર (હૃદયનું) + ભાર (બોજો)] પું. મન ઉપરનો બોજો.

આંતરભાવ [સં. આંતર (હૃદયનું) + ભાવ (વિચાર)] પું. અંતરની લાગણી.

આંતરભાષા [સં. આંતર (અંદર) + ભાષા (બોલી)] પું. (સંગીત) રાગના દશ વર્ગ માંહેનો એક.

આંતરમન [સં. આંતર (અંદરનું) + મનસ (મન)] ન. તંદ્રા અવસ્થામાં એટલે કાચી

નીકરમાં શુદ્ધિનો ઉપયોગ કર્યા બાદ કરવામાં આવતું કાર્ય. -નઃ સૂક્ષ્મમન. માણસ ઊંઘમાં હોય ત્યારે તેનું બાહ્યમન ઊંઘમાં અને આંતરમન જાગતું રહે છે.

આંતરમનન [સં. આંતર (અંદરનું) + મનન (વિચાર)] ન. વિચારણા; આત્મચિંતન.

આંતરમનુષ્યપ્રકૃષ્ણ [સં. આંતર (અંદરનું) + મનુષ્ય (માણસ) + પ્રકૃષ્ણ (ખાનું તે)] ન. માણસને આવરી લેતું.

આંતરમુખ [સં. આંતર (અંદર) + મુખ (મોં)] વિ. મનને આત્મા તરફ વાળ્યું હોય એનું; મનનશીલ.

આંતરમૂલ્ય [સં. આંતર (અંદરનું) + મૂલ્ય (કીમત)] ન. વસ્તુની ખરેખરી કીમત.

આંતરમોઢ (આંતરમોઢ) [સં. અંત્ર (આંતરડું) + મુદ્ (મરડાવું)] પું. ઠોંસનો આંતરડું મરડાઈ જવાનો એક રોગ.

આંતરમોહ [સં. આંતર (અંદરનું) + મોહ (પ્રેમ)] પું. ઊંડો પ્રેમ.

આંતરયુદ્ધ ૧. [સં. આંતર (અંદરનું) + યુદ્ધ (લડાઈ)] ન. આંતરોમાંહેની લડાઈ; 'સિવિલ વૉર'.

૨. ન. સારાનરસા વિચારો વચ્ચે ચાલતી લડાઈ.

આંતરરસ [સં. અંત્ર (આંતરડું) + રસ] પું. આંતરડામાંથી ઝરતો પ્રવાહી.

આંતરરાગ [સં. આંતર (અંદરનું) + રાગ (પ્રેમ)] પું. ઊંડો સ્નેહ; મનનો ઊમળકો; સ્નેહ; ભાવ.

આંતરરાષ્ટ્ર ૧. [સં. આંતર (અંદરનું) + રાષ્ટ્ર (દેશ)] પું. દેશનો અંદરનો ભાગ.

૨. વિ. એકબીજા દેશ વચ્ચેનું.

આંતરરાષ્ટ્રિક [સં. આંતર (વચ્ચેનું) + રાષ્ટ્ર (દેશ) + ઇક (લગતું)] વિ. જુદા-જુદા દેશને કે તેમના અરસપરસ સંબંધને લગતું; એકબીજા દેશ વચ્ચેના પરસ્પર વ્યવહાર સંબંધી; 'ઇન્ટરનેશનલ'.

આંતરરાષ્ટ્રિકતા [સં. આંતર (વચ્ચેનું) + રાષ્ટ્રિક (દેશનું) + તા (પણું)] સ્ત્રી. દેશ દેશ વચ્ચે અરસપરસ વ્યવહારનો સંબંધ હોવાપણું; સર્વદેશવાદ; 'ઇન્ટરનેશનલિઝમ'.

આંતરરાષ્ટ્રિકત્વ [સં. આંતર (વચ્ચેનું) + રાષ્ટ્રિક (દેશનું) + ત્વ (પણું)] ન. દેશ દેશ વચ્ચેનો સંબંધ; આંતરરાષ્ટ્રિકતા.

આંતરરાષ્ટ્રીય [સં. આંતર (અંદરનું) + રાષ્ટ્રીય (દેશ સંબંધી)] વિ. જુદા જુદા દેશનું.

આંતરરાષ્ટ્રીયતા [સં. આંતર (વચ્ચેનું) + રાષ્ટ્રીય (દેશનું) + તા (પણું)] સ્ત્રી. જુદા જુદા દેશ વચ્ચેનો વહેવાર.

આંતરરાષ્ટ્રીયત્વ [સં. આંતર (અંદરનું) + રાષ્ટ્રીય (દેશ સંબંધી) + ત્વ (પણું)] ન. દેશ દેશ વચ્ચેનો સંબંધ.

આંતરરસમ [સં. આંતર (અંદરનું) + સમ (બિનપક્ષ)] ન. પોતાની શક્તિમાં જ થતો વિકાસ.

આંતરવાંછના [સં. આંતર (અંદરનું) + વાંછના (ઇચ્છા)] સ્ત્રી. હૃદયની વાસના.

આંતરવિકાસ [સં. આંતર (અંદરનું) + વિકાસ (ખિલવણી)] પું. મનને ખીલવવાપણું.

આંતરવિગ્રહ [સં. આંતર (અંદરનું) + વિગ્રહ (લડાઈ)] પું. અંદર અંદરની લડાઈ

આંતરવિષ [સં. આંતર (અંદરનું) + વિષ (ઝેર)] ન. શરીરમાં ઊભવ થતું ઝેર.

આંતરવિષય [સં. આંતર (અંદરનું) + વિષય (ભોગની વસ્તુ)] પું. અંતરમાં અનુભવાતા વિષયઃ સુખ, દુઃખ વગેરે.

આંતરવું ૧. ન ક્રિ. પસાર થવું; વીતી જવું. દિન ચાર્યુતાં માસ ગયા, વરસો **આંતરિયાં**, સૂરત ભૂલી સામળા, નાખે બીરદિયા. ભોજોક્તિ

૨. સ. ક્રિ. ખૂણો બનાવવો. બે બિંદુને જોડનારી સીધી અથવા વાંકી લીટીના બંને છેડાને ત્રીજા બિંદુ સાથે જોડવાથી ત્રીજા બિંદુ આગળ એક ખૂણો બને ત્યારે એ લીટી તે બિંદુએ બનેલા ખૂણાને આંતરે છે એમ કહેવાય.

૩. સ. ક્રિ. વેરી લેવું.

૪. સ. ક્રિ. નિરખવું; વાટ જોઈ રહેવું.

૫. સ. ક્રિ. ખાડો નાખવો; ખોદવું પાડવું.

૬. [સં. અંતર્ (વચ્ચે) + ઇ (જવું)] સ. ક્રિ. રોકવું; અટકાવવું.

૭. સ. ક્રિ. લીટીનો ભાગ કાપવો. અમુક લીટીઓ બીજી લીટીને કાપે તો તે લીટીના જે કટકા થાય તેને તે લીટીઓ આંતરે છે એમ કહેવાય.

૮. સ. ક્રિ. હદ બાંધી લેવી.

આંતરવૃત્તિ [સં. આંતર (અંદરનું) + વૃત્તિ (વર્તણૂક)] સ્ત્રી. મનનું વલણ.

આંતરવેદી ન. ગોદાવરી નદી પર આવેલું એ નામનું એક ગામ.

આંતરવ્યવસ્થા [સં. આંતર (અંદરનું) + વ્યવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. અંદરનો પ્રબંધ.

આંતરવ્યાપાર ૧. [સં. આંતર (અંદરનું) + વ્યાપાર (કામ)] પું. દેશની અંદરનો વેપાર વહેવારનો સંબંધ.

૨. [સં. આંતર (મનનું) + વ્યાપાર (કામ)] પું. મનનું વલણ.

આંતરશક્તિ [સં. આંતર (અંદરનું) + શક્તિ (બળ)] સ્ત્રી. આત્મબળ; મનની મજબૂતાઈ.

આંતરશબ્દાનુવિદ્ધસમાધિ [સં. આંતર (અંદરનું) + શબ્દ (વચન) + અનુવિદ્ધ (વ્યાપ્ત રહેલું) + સમાધિ (મનની એકાગ્રતા)] સ્ત્રી. ઠોંસ વગેરેથી કૂંડ છૂટો પડું એવું ઊંડું ધ્યાન.

આંતરશાસન [સં. આંતર (અંદરનું) + શાસન (કાબૂ)] ન. અંદરનો વહીવટ; આંતરિક વ્યવસ્થા.

આંતરશાંતિ [સં. આંતર (હૃદયનું) + શાંતિ] સ્ત્રી. મનની સ્થિરતા.

આંતરશુદ્ધિ [સં. આંતર (અંદરનું) + શુદ્ધિ (ચોખ્ખાઈ)] સ્ત્રી. હૃદયની સ્વચ્છતા.

આંતરશૌચ [સં. આંતર (અંદરનું) + શૌચ (પવિત્રતા)] ન. મનની ચોખ્ખાઈ.

આંતરશ્રુતિ ૧. [સં. આંતર (અં) + શ્રુતિ (અવાજ)] સ્ત્રી. અંતઃકરણનો અવાજ. જ્યારે શુદ્ધ શુદ્ધિથી આત્મજ્ઞાન થાય ત્યારે હૃદયમાં આત્માનો અવાજ સ્પષ્ટ સંભળાય છે.

૨. [સં. આંતર (અંદરનું) + શ્રુતિ (અવાજ)] સ્ત્રી. ફેરફાર પામેલ સ્વરોની સાથે સમાન તેવો મીઠો અવાજ.

આંતરસ ૧. [સં. અંતર્ (વચ્ચે) + અસ્ (ખાવું)] સ્ત્રી. અજનળીને બદલે શ્વાસનળીમાં ખોરાક કે પાણી જવાથી થતી પીડા; અંતરવાસ જવાથી થતું દુઃખ.

૨. સ્ત્રી. ખોરાક કે પાણી અન્નનળીમાં ન જતાં શ્વાસનળીમાં જઈ નાક વાટે બહાર નીકળવાપણું.

આંતરસમૃદ્ધિ [સં. આંતર (અંદરનું) + સમૃદ્ધિ (સંપત્તિ)] સ્ત્રી. મનની શક્તિ.

આંતરસંધિ [સં. આંતર (અંદરનું) + સંધિ (જોડાણ)] સ્ત્રી. શબ્દની રમતની અંદર કરવામાં આવતું જોડાણ; પ્રકૃતિ અને પ્રત્યયને જોડ કરતાં થતી સંધિ; આંતરિક સંધિ. જેમકે, નવ + ઊઢા = નવોઢા, રામ + અયન = રામાયણ.

આંતરસંબદ્ધ [સં. આંતર (અંદરનું) + સંબદ્ધ (જોડાયેલું)] વિ. અંદરથી જોડાયેલું; અંદરના વહેવારવાળું.

અંતરસીવો [સં. અંતર્ (વચ્ચે) + સિવ્ (સીવવું)] પું. સીવાઈને તૈયાર થયેલાં કપડાંને બરોબર બંધબેસતું કરવાને અંદરથી ટૂંકું કે સાંકડું કરવા થતું સીવણ કામ.

અંતરસૃષ્ટિ [સં. આંતર (અંતસ્તુ) + સૃષ્ટિ (જગત)] સ્ત્રી. મનમાં કલ્પેલી દુનિયા.

અંતરસેવો [સં. અંતર્ (અંદર) + સિવ્ (સીવવું)] પું. ટૂંકું કે સાંકડું કરવા થતું સીવણ; અંતરસીવો.

અંતરસો [સં. અંતર્ (અંદર) + સિવ્ (સીવવું)] પું. અંદરથી ભરવામાં આવતો દોરો; અંતરસીવો.

અંતરસોપાધિકજીવ [સં. આંતર (અંદરનું) + સોપાધિક (ઉપાધિવાળું) + જીવ (ભિન્નાભાન)] પું. (વેદાંત) હું કરનાર, ભોગવનાર પું એવો ખોટો ખ્યાલ.

અંતરસોપાધિકાધ્યાસ [સં. આંતર (અંદરનું) + સોપાધિક (ઉપાધિવાળું) + અધ્યાસ (ભ્રમ)] પું. (વેદાંત) હું કરનાર અને ભોગવનાર પું એવી ખોટી માન્યતા; અંતરસોપાધિકભ્રમ.

અંતરસ્તર [સં. આંતર (અંદરનું) + સ્તર (થર)] પું. ચામડીનું અંદરનું પડ.

અંતરસ્થ [સં. આંતર (અંદર) + સ્થ (રહેલું)] વિ અંદર રહેલું; માનસિક.

અંતરસ્નાન [સં. આંતર (અંદરનું) + સ્નાન (નાવણ)] ન. હૃદયની પવિત્રતા.

અંતરસ્વચ્છતા [સં. આંતર (અંદરનું) + સ્વચ્છતા (ચોખ્ખાઈ)] સ્ત્રી. મનની શુદ્ધિ.

અંતરહાનવ્યા [આંતર (અંદરનું) + હાનવ્યા (જવાબારી)] સ્ત્રી. ગંડોત્તરખાતમાં રહેલી એ નામની એક ધમની અને શિરા; 'પ્યુડેન્ડલ મેડિસલરિ વેસલ્સ'.

અંતરાપાદતલિયાનાડી (આંતરાપાદતલિમાનાડી) [સં. આંતર (અંદરની) + આ (મારીનાતિનો પ્રત્યય) + પાદ (પગ) + તલ (તળિયું) + નાડી] સ્ત્રી. પગના તળિયાની અંદરમાં આવેલી એક નાડી; 'મીડિઅલ પ્લેન્ટર નર્વ'.

અંતરાર્ધુદ પું. પ્રમંડરિય એટલે કોણી અને બગલ વચ્ચેના હાડકાના નીચલા છેડાની અંદરની બાજુની ટોચ ઉપર આવેલો લગભગ ત્રિકોણાકાર એક ઊંચો ભાગ. કોણીના સાંધાનો અંદરની બાજુનો સ્નાયુરજ્જુ તેને લાગેલો છે.

અંતરિક ૧. [સં. આંતર (અંદરનું) + ઇક (સંબંધી)] વિ. અંતરનું; અંદર રહેલું, માંહેનું, ઘરનું.

૨. વિ. અંદરનું.

૩. [સં. અંતર (મન) + ઇક (લગતું)] વિ. દિલોજાનથી પ્રાણપ્રિય.

અંતરિક અંતર અર્ધુદ ન. પ્રકોષ્ઠાસ્થિ (અગ્રહાથ) નામના હાડકાનો કોણીના સાંધાનો ઉપરનો ભાગ.

અંતરિકચેતના [સં. આંતરિક (અંદરનું) + ચેતના (જ્ઞાન)] સ્ત્રી. તંદ્રા અવસ્થા એટલે ઝાંખી નીંદરમાં બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર ક્રમ કરતું મન; સૂક્ષ્મ મન; અર્ધચેતના; અંતરમન; 'સબકોન્શસનેસ'.

અંતરિકસમીકરણ [સં. આંતરિક (અંદરનું) + સમ (સામ્ય) + કરણ (કરવાપણું)] ન. (ગણિત) કોઈ બિંદુએ વળાંકની લંબાઈ અને તે બિંદુએ દોરેલ દીદી સાથે રચાતો કોણ (ટેન્જન્ટ)થી બનતા ખૂણા વચ્ચેનો સંબંધ બતાવતું સમીકરણ; 'ઇન્ટ્રિન્સિક ઇક્વેશન'.

અંતરિક્ષ ૧. [સં. અંતર્ (વચ્ચે) + ઇક્ષ્ (જોવું)] ન. આકાશ; ગગન; વ્યોમ.

૨. વિ. આકાશ સંબંધી; સ્વર્ગીય.

૩. વિ. હવામાં થયેલું.

અંતરિત [સં. આંતર (અંદરનું) + ઇત (પામેલું)] વિ. લીટીના છેડાને કોઈ એક ત્રીજા બિંદુ સાથે જોડવાથી ત્રીજા બિંદુ આગળ થતું.

અંતરિયું [સં. અંતર્ (વચ્ચે)] વિ. વચ્ચે આવતું.

અંતરી ૧. [અંતર (જોર)] સ્ત્રી. અણબનાવ; અંટસ; વેર.

૨. સ્ત્રી. કપાસિયા જેવડના ઘૂંટા તાંતણાને વણીને બનાવેલી રોબા માટે રાખેલ ઝૂલતી કિનાર.

૩. સ્ત્રી. કરડી જનારી છવાત.

૪. સ્ત્રી. કોર; છેડો; પાલવ.

૫. સ્ત્રી. જુદાપણું; આઘાપ; અંતર; છેટું; બે ચીજ વચ્ચેની જગ્યા.

૬. સ્ત્રી. (સંગીત) ધ્રુપદની ટેક.

૭. સ્ત્રી. નાગરવેલના પાનની રગ.

૮. સ્ત્રી. કપડાંનાં આંખને વળગેલા રેસા.

૯. સ્ત્રી. બે પોતિયાંની વચ્ચે તેમને ઘૂંટા પડવાને માટે આડા વધારે વજાટ વણી રાખેલી જગ્યા.

૧૦. સ્ત્રી. વહાણની કિનાર એટલે કાઠો.

અંતરીઓ તાવ પું. ચોક્કસ મુદતે આવતો તાવ. જેમકે, રોજ્યો, તરીઓ, ચોથીઓ, અને ઉપાડીઓ. દરરોજ ચોક્કસ વખતે આવતો તાવ તે રોજ્યો, દર ત્રીજે દહાડે એટલે ૪૮ કલાકના અંતર પછી આવે તે તરીઓ, ચોથીઓ તાવ દર ચોથે દહાડે એટલે ૭૨ કલાકને આંતરે આવે અને ઉપાડીઓ તાવ ચાર પાંચ અથવા વધારે અને ઘણુંકરીને પંદર દિવસને આંતરે આવે.

અંતરી કર્યું પાલિ [સં. અંતર (અંદરનું) + કર્ણ (કાન) + પાલિ (કાનનો આગલો ભાગ)] સ્ત્રી. કાનના બહારના અને ઝીપસેલ ભાગથી આગળનો કિનારી જેવો ભાગ; 'એન્ટિ ટ્રેગિકસ'.

અંતરીક્ષ ૧. [સં.] ન. આકાશ.

૨. વિ. આકાશનું.

૩. વિ. વાતાવરણમાં રહેતું.

અંતરીય ૧. વિ. અંદરનું; આંતરિક.

૨. [સં. અંતર (મન) + ઈય (લગતું)] વિ. મનનું.

અંતરો પું. (જૂ. ગુ.) આંતરો; તફાવત; ભેદ.
કુમરી જાવઈ, લાલા તુમ્ભ મુલ્લ.
દીદૂ તુમ્ભ **અંતરુ** ઘણું. કાન્હડદેપ્રબંધ

અંતરૂ પું. આડ; આખા.
સાલ્વિ મનમાં દીપું **અંતરૂ**,
દેખી કુણ વીં દુખ પામ્યું. તુલસી

અંતરે ૧. [સં. અંતર (છેટું)] અ. એક મૂકીને બીજું એમ; વચમાં કોઈક રાખીને; અંતરેઃ છેટે.

૨. અ. ગાળે; અમુક વખતને અંતરે.
અઠેક દહાડાને **અંતરે** = વચમાં એક દહાડો મૂકીને; ત્રીજે ત્રીજે દહાડે; એકાંતરિયે.

અંતરેઅંતરે અ. અમુક વખતને અંતરે.

અંતરેલો પું. ઝાડો.

અંતરેંદ્રિય [સં. આંતર (અંદરનું) + ઇન્દ્રિય] સ્ત્રી. મન; અંતઃકરણ.

અંતરો ૧. [સં. અંતર (છેટું)] પું. અંતર; છેટું.

૨. પું. જુદાપણું; જુદાપણું.

૩. પું. જુદું પાડવાની નિશાની.

૪. પું. (સંગીત) ધ્રુપદની ટેક; ધ્રુપદનું બીજું, અંતરાનું પહેલું અને આભોગનું ત્રીજું પદ; અનુક્રમે સ્વર ચઢાવવાની એક પદ્ધતિ.

૫. પું. બેની વચ્ચે રાખેલી, ભરેલી કે મૂકેલી ચીજ; પડદો; અંતરપટ.
અંતરો ભરવો–ભરી લેવો = પડદો કરવો; કોઈ બે ચીજ જુદી પડે તેમ કરવું.

૬. [સં. અંતર્ (વચ્ચે)] પું. ભેદ; તફાવત; ફરક.

૭. પું. વચલો ગાળો; ખાલી જગ્યા; અવકાશ.

૮. પું. વાડ; બહાડ.

આંતરોષ પું. મોટા પોનિઓષને છૂટા પાડવાથી જણાતા બેની નીચેના બે નાના ભાગોષ; 'લેબિયા માઇનોરા'. આ ભાગોષ ઓટલે પોનિના હોઠ જેવા આકારના બનેલા અને પાતળા છે. આમાંનો દરેક નાનો ભોષ ફલાવૃત્તિની નીચે આવેલ મકનાંકુરથી શરૂ થઈ બૃહદ્‌ભગોષની માફક નીચે અને બહાર નમતા રહી મોટા ભોષના અર્ધ ભાગમાં આરીક થઈ મોટા હોઠની સાથે મળી જાય છે.

આંતરોંગીય [સં. આંતર (વચ્ચેનું) + કોમ (જાતિ) + ઈય (વાળું)] વિ. કોમ કોમ વચ્ચેનું.

આંતરોંદ્વિક [સં. આંતર (અંદરનું) + ઔક (ઘર) + ઇક (લગતું)] વિ. ઘરની અંદર થતું.

આંતરૌષ્ઠ [સં. આંતર (અંદરનું) + ઔષ્ઠ (ભાષ)] પું. (ગણિત) બે સમાંતર આડી લીટીને કાપનારી લીટીનો તે બે લીટી વચ્ચેનો ભાગ; 'ઇન્ટરસેપ્ટ'.

આંતરૌષ્ઠ [સં. આંત્ર (આંતરડું) + ઔષ્ઠ (જંતુ)] પું. આંતરડામાં રહેતાં જંતુ; 'એન્ટોઝોઆ'.

આંતર્દર્શન [સં. આંતર (અંદરનું) + દર્શન (જોવું તે)] ન. હૃદયની અંદર જોવાપણું.

આંતર્પટ [સં. આંતર (અંદરનું) + પટ (પડ)] ન. અંદરનું પડ.

આંતર્પ્રેરણા [સં. આંતર (અંદરનું) + પ્રેરણા (પ્રેરવું તે)] સ્ત્રી. સાચું બોલું પારખવાની અંતરની શક્તિ.

આંતર્ભૌમ [સં. આંતર (અંદરનું) + ભૂમિ (જમીન)] વિ. જમીનની અંદરનું.

આંતર્મુખ [સં. આંતર (અંદરનું) + મુખ (મોઢું)] વિ. અંદર વળેલું.

આંતર્યે [સં. આંતર્ (અંદર) + ય (ત)] ન. અંદર હોવાપણું.

આંતર્વર્ણીય [સં. આંતર (વચ્ચેનું) + વર્ણ (જાતિ) + ઈય (લગતું)] વિ. જુદી કોમો વચ્ચેનું.

આંતર્વહોપક [આંતર (અંદરનું) + વહી (ખત)] પું. અંદરઅંદરનો પ્રકાર.

આંતર્વેશ્મિક [સં. આંતર્ (અંદર) + વેશ્મન્ (ઘર) + ઇક (લગતું)] વિ. ઘરમાં થતું; આંતરૌહિક.

આંતર્વ્યવસ્થા [સં. આંતર (અંદરનું) + અવસ્થા (રહેવાપણું)] સ્ત્રી. અંદરની ગોઠવણ.

આંતર્સ્થિતિ [સં. આંતર (અંદરનું) + સ્થિતિ (દશા)] સ્ત્રી. અંદરની હાલત.

આંતર્હેતુ [સં. આંતર (અંદરનું) + હેતુ (કારણ)] પું. અંદરનું કારણ.

આંતરા ૧. [પ્રા. આંતિઅ] સ્ત્રી. અગ્નિ; આગ. ૨. સ્ત્રી. તરસ.

આંતઃપુરિક [સં. અંતઃપુર (રાણીવાસ) + ઇક (લગત)] પું. જનાનખાનાનો ચોકી.

આંતઃવિગ્રહ [સં. આંતર (અંદરનું) + વિગ્રહ (લડાઈ)] પું. અંદરઅંદરની લડાઈ.

આંતા પું. ખેતરના શેઢા પાસેની ઓછાપ જમીનમાં ઊગતું ઘાસ. તે ખોદવાનો આંતા કાઢવા કહે છે.

આંતિકા [સં. અંતિક (પાસેનું) + આ (નારીજાતિને પ્રત્યય)] સ્ત્રી. મોટી બહેન.

આંતિમ [સં. અંતિમ (છેલ્લું)] વિ. અંતે રહેલું; છેલ્લું.

આંતેં [હિં.] પું. આત્મા; હૃદય; મન.

આંતો પું. ગણ વણેલા દોરાઓનો પહેલો દોરો; ગણ સેરનો દોર બાજતાં છેલ્લેથી પડતી પહેલી બે સેરો. આવી રીતે ઊકલતા જતા આંતરામાં ત્રીજો દોર બેસતો આવી વાત ખાતો બન્ધ છે. આ ક્રમને 'ગણ દોરે આંતવું' કહે છે.

આંત્ર ૧. [સં.] ન. આંતરડું. ૨. ન. વાયુને વહેનારી ઔક નળી. ૩. વિ. આંતરડાને લગતું.

આંત્રકલા [સં. આંત્ર (આંતરડું) + કલા (પડ)] સ્ત્રી. આંતરડાં અને કરોળને ભેગાવનાર ઔક પડ; 'મેસેન્ટરિ'.

આંત્રકૃજન ૧. [સં. આંત્ર (આંતરડું) + કૂજન (અવાજ)] પું. વાયુરોગનો ઔક પ્રકાર; આંતરડામાં અવાજ કરતો વાયુ.

૨. ન. આંતરડામાં થતો અવાજ.

આંત્રછેદો (આંત્રછેદ્યો) [આંત્ર (આંતરડું) + છેદો] પું. ઓજરીનો આંતરડા બાજુનો છેડો, 'પાયલોરિક એંડ'.

આંત્રજ્વર [સં. આંત્ર (આંતરડું) + જ્વર (તાવ)] પું. આંતરડામાં સડો થવાથી એકદમ કે અઠવાડિયે દિવસ બગડી રહેતો ઔક જેથી તાવ; મુરતિનો તાવ; ઍન્ટેરિક ફીવર; 'ટાયફોઇડ'.

આંત્રજ્વરમાં બગડ્યા ઔક = ટાયફોઇડ તાવમાં શરીર ઉપર દેખાતાં લાલાશ પડતાં ચકામાં.

આંત્રતંતુ ૧. પું. આંતરડાની અંદર આવેલો રેસા જેવો તાંતણો.

૨. [સં. આંત્ર (આંતરડું) + તંતુ (તાંતણો)] પું. આંતરડામાં ઊપસેલ ભાગની બનેલી કરમલી જેવી દેખાતી નળી; 'વિલસ'.

આંત્રદ્વાર [સં. આંત્ર (આંતરડું) + દ્વાર (બારણું)] ન. આંતરડાનું બારણું.

આંત્રપરિશિષ્ટ [સં. આંત્ર (આંતરડું) + પરિશિષ્ટ (વધારો)] પું. નાના અને મોટા આંતરડાનું જોડાણ થાય છે ત્યાં આવેલો આંતરડાનો પૂછડા જેવો ભાગ; 'અપેન્ડિક્સ'.

આંત્રપરિશિષ્ટ શોથ [સં. આંત્ર (આંતરડું) + પરિશિષ્ટ (વધારો) + શોથ (સોજો)] પું. આંતરડાની પૂછડીમાં થતો સોજો; 'અપેન્ડિસાઇટિસ'.

આંત્રપુચ્છ [સં. આંત્ર (આંતરડું) + પુચ્છ (પૂછડું)] ન. આંતરડાનો પૂછડા જેવો વધેલો ભાગ; 'અપેન્ડિક્સ વર્મિફોર્મ'.

આંત્રપુચ્છશોથ [સં. આંત્ર (આંતરડું) + પુચ્છ (પૂછડું) + શોથ (સોજો)] પું. ઔક પ્રકારનો રોગ; આંતરડાના પૂછડામાં થતો સોજો; 'અપેન્ડિસાઇટિસ'. આ રોગ પુરુષોમાં સાધારણ રીતે જોવામાં આવે છે.

આંત્રરસ [સં. આંત્ર (આંતરડું) + રસ] પું. આંતરડામાંથી ઝરતો ઔક પાચનરસ.

આંત્રરોગ [સં. આંત્ર (આંતરડું) + રોગ (બીમારી)] પું. આંતરડાનો રોગ. જેમકે, આંત્રજ્વર; આંત્રવૃદ્ધિ.

આંત્રલય [સં. આંત્ર (આંતરડું) + લય (અંત)] પું. નાના આંતરડાની અંદરની સપાટી ઉપર ઊપસી આવેલો ભાગ.

આંત્રવિપચના [સં. આંત્ર (આંતરડું) + વિ (વિરોધ) + પચન (પાચન)] ન. આંતરડામાં થતું ખોરાકનું પાચન.

આંત્રવૃદ્ધિ [સં. આંત્ર (આંતરડું) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. સારણગાંઠ; આંતરડાનું ઊતરવું તે.

આંત્રસક્થ [સં. આંત્ર (આંતરડું) + સક્થ (પડ)] ન. આંતરડામાં પડેલું આંટું.

આંત્રશાલ્ય [સં. આંત્ર (આંતરડું) + શલ્ય (કાંટો)] ન. આંતરડામાં ભરેલી બહારની ચીજ.

આંત્રસંદંશ [સં. આંત્ર (આંતરડું) + સંદંશ (સાણસી)] ન. ચાકડામાં વપરાતાં આંતરડાંને પકડવાનાં ઓજાર. તેનાથી આંતરડાંની અંદરનો

રસ આગળ ચાળ્યા જઈ શકે નહિ અને વાઢકાપમાં નાડતરફરજ થાય નહિ.

આંત્રસ્રાવ [સં. આંત્ર (આંતરડું) + સ્રાવ (ઝરણ)] પું. આંતરડામાંથી ઝરતો રસ.

આંત્રિક [સં. આંત્ર (આંતરડું) + ઇક (સંબંધી)] વિ. આંતરડાં સંબંધી.

આંત્રિકજ્વર [સં. આંત્રિક (આંતરડાં સંબંધી) + જ્વર (તાવ)] પું. આંતરડાંના રોગથી આવતો તાવ; મોતીઝ્વર. મુદતિયો તાવ. 'ટાઇફોઇડ'. ખોરાકની સાથે આ રોગનાં જંતુ શરીરમાં દાખલ થઈ નળાકાર આંતરડાં ઉપર અસર કરે છે. પરુની નળાકાર, ઢાલની અને પેટ ઉપર લાલ ચકામાં ઊપડી આવવાં, આંતરડામાં દુખાવો અને સોજો એ તેનાં ચિહ્ન છે. આમાં સાથે હોતરાં વિનાની અડદની દાળ જેવા ઝાડા પણ થાય છે. આ તાવ ત્રણ, ચાર કે કોઈ વાર છ અઠવાડિયાં સુધી લંબાય છે.

આંત્રિકા ધમની [સં. આંત્ર (આંતરડું) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. નાના આંતરડાને લોહી પૂરું પાડતી નળી; 'મેન્ટેરિકનલ આર્ટરિ'.

આંધણું ૧. ન. અનાજ.

૨. ન. દોરડું વણવા બેસે છે એ રખાતા નાના લાકડાના કટકા.

આંધો પું. ચાટણ; મુરબ્બો; આંબો.

આંધ્રોસાઇડ [અં. એન્ટ્રસાઇડ] પું. એક જાતનો બનિજ ક્ષોભરો. જો સાધારણ ક્ષોભરા કરતાં કાચું પણ તેવી ચમકો, લોટા જેવા કાળા રંગનો હોય છે. તે શુદ્ધ અંગારનો બનેલો હોય છે અને ધુમાડો થયા વિના સળગે.

આંધ્ર [હિં.] પું. કાદવ; કીચડ.

આંધ્રક [હિં.] પું. ચારો.

આંધ્રર સ્ત્રી. દરિયામાં જમીથી પહાડની, ખોરાકમાં આકરી અને ચોક્ક કાંટાવાળી પોપ્યુ આકારની બપોરી કાળા રંગની ભીંડાવંશવાળી ભાજી.

આંધ્ર [હિં.] વ. આંધળું માણસ.

આંધ્રમાન પું. બંગાળાના અખાતમાં આવેલ દ્વીપસમૂહોનું મૂળમથક. હિંદમાંથી કાળા પાણીની સજા પામેલ કેદીઓને ત્યાં રાખવામાં આવે છે.

આંધ્રિપરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એક અટકનું.

આંધુ પું. ઓખામંડળ તરફ આણંદજી માટે વપરાતું દ્વેષી નામ.

આંધ્ર ૧. [સં. આંધ્ર (ચક્ર);] પું. (હિંદી) લોઢાનું કડું; બેડી.

૨. પું. ઘાયેલ પગે બાંધવામાં આવતી સાંકળ.

આંધ્રલમાન ૧. [સં. આંદોલ્ (ઝોલવું) + માન (વર્તમાનકૃદંતનો પ્રત્યય)] વિ. ઝોલતું, ઝૂલતું; ચલિત; ઝોલાયમાન.

૨. વિ. અસ્વસ્થચિત્ત; અસ્થિરચિત્ત.

૩. વિ. દરખાસ્તેલું; ખુશ; પ્રસન્ન; સંતુષ્ટ.

આંધ્રોલ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઝૂલવું; ઝોલવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: આંદોલ, આંદોલન, આંદોલિત.

૨. સ. ક્રિ. પ્રેરવું; હલાવવું.

૩. સ. ક્રિ. ઝુલાવવું; ઝોલાવવું.

૪ સ. ક્રિ. ઢોલાવવું; પ્રેરાવવું.

આંધ્રોલ ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. રત્નદાસે એ રાગમાં પોતાનું હરિશ્ચંદ્રાખ્યાન બનાવ્યું છે.

૨. પું. (સંગીત) એ નામનો એક સ્વર; ગ્રામમાંથી અમક વાજા ઉપર એક સ્વરને બીજા અમક ત્રીજા કે તેથી વધારે સ્વર સુધી ખેંચવો તે; મીંડ.

૩. પું. પ્રેરવું; હલાવવું.

૪. પું. ઝોલ; ઝોલનાટ.

૫. પું. ઝોલવું તે; ઝૂલવાપણું; આંદોલન; ઢોલન.

૬. વિ. કંપારીવાળું; પ્રેરવાળું. આ અર્થમાં આ શબ્દ સ્વર માટે વપરાય છે.

આંધ્રોલક ૧. [સં. આંદોલ્ (ઝોલવું)] પું. હિંડોળો.

૨. વ. ઘડિયાળનું લોલક; ઝોલકો; 'પેન્ડ્યુલમ'.

૩. વ. રપદક; કંપક; 'વાઇબ્રેટર'.

૪. વિ. ઢોલાવનાર.

આંધ્રોલકયંત્ર [સં. આંદોલક (ઝોલક) + યંત્ર (સંચો)] વ. લોલકવાળું ઘડિયાળ.

આંધ્રોલક્ષમ [આંદોલ (ઝોલન) + ક્ષમ (સમર્થ)] વિ. ઝોલનોને નોંધે તેવું.

આંધ્રોલન ૧. [સં. આંદોલ્ (ઝોલાવવું)] ન. અનુસંધાન; આલોચન; વિચારવું તે.

૨. ન. ઉશ્કેરણી; ભડકાટ.

૩. ન. ક્રિયા.

૪. ન. ઘડિયાળનું લોલક; 'પેન્ડ્યુલમ'.

૫. ન. કટણ.

૬. ન. ઝુલાવાપણું; હિંડોળવું તે; પ્રેરાટ.

૭. ન. ઝોલન; ઝૂલવાપણું; ઝારપંત.

૮. ન. તરેમ; લહેર; મોલું.

૯. ન. પ્રેરવારી; કંપ; મોલું; 'વાયબ્રેશન'. આંદોલન સીધા અને આડા એમ બે પ્રકારનાં હોય છે.

૧૦. ન. પડપો.

૧૧. ન. લાલચી ચાલતી ચીજ.

૧૨. ન. લિસ્સાપ; અડવણ; હોડા; ઠોળાઠોળ.

૧૩. ન. હીંચકો; ઝૂલો; હિંડોળો.

આંદોલનત્વરા [સં. આંદોલન (કંપ) + ત્વરા (ઉતાવળ)] સ્ત્રી. પ્રેરવારીની ઝડપ; કંપની ગતિ.

આંદોલનવિસ્તાર પું. (વિજ્ઞાન) તરંગો વચ્ચેનું અંતર.

આંદોલનશીલ [સં. આંદોલન (પ્રેરવું) + શીલ (સ્વભાવ)] વિ. કંપવાળું; પ્રેરે એવું.

આંદોલનોત્સવ [સં. આંદોલન (ઝુલાવવું તે) + ઉત્સવ (ઉજવણી)] પું. હિંડોળામાં બેસાડીને પ્રભુને ઝુલવવાનું મંગળ કામ. ચૈત્ર શુદ ૧૧ ને દિવસે આ ઓચ્છવ ઊજવવામાં આવે છે.

આંદોલમાન [સં. આંદોલ્ (ઝોલવું) + માન (વર્તમાનકૃદંતનો પ્રત્યય)] વિ. હાલકડોલક; આમતેમ હાલતું.

આંદોલશક્તિ [સં. આંદોલ (ઝોલન) + શક્તિ (બળ)] સ્ત્રી. લચકવાળા પદાર્થને મૂકો લાગતી મોજાં ઉત્પન્ન કરવાની શક્તિ.

આંદોલસ્મિત [સં. આંદોલ (હીંચકો) + સ્મિત (આનંદવાચક)] વિ. હિંડોળા ઉપર ઝોલા હીંચકે બેઠેલું.

આંદોલિકા પું. (પિંગળ) કરેક ચરણમાં તગણ, તગણ, રગણ અને ગુરુ મળી દસ અક્ષરવાળો અક્ષરમેળ છંદ. તેમાં પાંચમા અક્ષર ઉપર વિરામો આવે છે.

આંદોલિત ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; ઝૂલણા.

૨. સ્ત્રી. (સંગીત) ગમકના સાત પ્રકાર માંહેનો એક; એક સૂરનો અવાજ કરી, તેનાથી ઊંચેના સૂરનો અવાજ શ્રુતિઓના અવાજ સાથે, સમુદ્રના તરંગની જેમ, ગંભીર ગતિમાં કરતા જવું તે.

૩. વિ. ઝોલતું; ચાલતું; પ્રેરવાળું.

૪. વિ. ઢોલાયેલ.

આંદોલિતા પું. સાડત્રીસ માત્રાનો એક માત્રામેળ છંદ; ઝૂલણા છંદ.

આંધ ૧. [સં. અંધ (અંધારું)] સ્ત્રી. ઓધાર.

૨. સ્ત્રી. આફતની મુશ્કેલી.

૩. સ્ત્રી. રતાંધળાપણું.

આંધણ ૧. [સં. આ (પાકું) + ક્વથન (ખળવાપણું)] ન. અનાજને ચોકખા સારુ ઊકળવામાં આવતું પાણી; આંધણ.

૨. વ. નુકસાની; ખોટ; અરબ.
૩. વ. બળતરા.

આંધરણ ન. અનાજને ચોઠવવા ઊકળવા મૂકેલું પાણી; આંધણ.

આંધરા ૧. [હિ.] વ. આંધળું માણસ.
૨. વિ. આંધળું; અંધ.

આંધરાં ન. બ. વ. (પારસી) કાણું; છિદ્ર.

આંધરૂંધૂંધરૂં [અંધ (આંધારું) + ધૂંધરૂં (આંધારું ઘેરું રૂપ)] વ. ઘરોટિયું. મળસકું.

આંધરો ૧. પું. (કચ્છી) આંતરડું.
૨. પું. નસ.

આંધલો વિ. પું. (ડિંગળ) આંધો; નહિ દેખતો.

આંધળાપણું [સં. અંધ (આંધળું)] ન. આંધાપો.

આંધળિયાં [સં. અંધ (આંધળું)]
વ. આંધળાની માફક કૂદવાપણું; સાહસ.
આંધળિયાં કરવાં = (૧) આંખો મીંચીને પડતું મૂકવું. (૨) વગર વિચાર્યે કોઈ કામ કરવા માંડી બેસવું. (૩) સાહસ કરવું; જેના પરિણામ સંબંધી ખાતરી ન હોય તેવા કામમાં ઝંપલાવવું; સારા માઠાનો વિચાર ન કરતાં એકદમ કૂદી પડવું; બાદોબસ્ત કરીને પડવું.

આંધળિયું ૧. [સં. અંધ (આંધળું)]
વ. આંધાપો; અંધત્વ.
૨. વ. આંખો મીંચીને મંડી પડવું તે; આંધળા જેવા થઈને કામ કરવાપણું. આ શબ્દ મળ અર્થ બહુવચનમાં વપરાય છે.
આંધળિયાનું પાણરૂં પડવું = વગર વિચાર્યે કરેલું કામ પાર ઊતરવું.
૩. વ. નાદાની; મૂર્ખાઈ.
આંધળિયાં ઝાલવાં = બેદરકારી રાખવી.
૪. વ. મોહ; પ્યાર; આસક્તિ.
૫. વ. સાહસ; અવિચારી કામ.
આંધળિયાં કરીને = (૧) મોહથી અંધ થઈને. (૨) વગર વિચાર્યે; આંખો મીંચીને.
૬. વિ. આંધળું; અંધ.

આંધળિયો પું. (માલ્ય) જેનાથી ફેરવવું અને કબ્જો કરે તે વાંસના લાકડાનો આશરે એક હાથ લાંબાઈનો કટકો.

આંધળિયોપોહો [આંધળું (નહિ દેખતું) + પોહો (જોકરો)] પું. એક રમત; આંધળો પાટો; કાણીનો ખોડો; આંધણા ખિસકોલી; આંધળોપાટો.

આંધળી ખિલોડી (આંધણા ખિલોડી) [આંધળું (નહિ દેખતું) + ખિલોડી (ખિસકોલી)] જી. એ નામની એક રમત; આંધળી ખિસકોલી. પેટલાદ તરફ આ રમતને આંધળા ખિલોડી કહે છે.

આંધળી ખિસકોલી [આંધળું (નહિ દેખતું) + ખિસકોલી (એક જાતનું પ્રાણી)] જી. એક જાતની રમત; કાણીનો ખોડો; આંધળિયોપોહો; આંધળોપાટો.

આંધળી આંખ [સં. અંધ (નહિ દેખતું) + બી (આંખ)] જી. ગરીબ; નિરપરાધી અને અસહાય માણસ.

આંધળી ચાકડ (આંધળા ચાકડ) જી. સાપના આકારનું એક જાતનું પ્રાણી. તેની પૂછડી બૂઠી હોવાથી તે મોટું હોય એમ લાગે એટલે કેટલાક તેને બૂતરી એ મોઢાંવાળો સર્પ તરીકે ઓળખાવે છે. મોટું તેને એકજ હોય છે. તે બરી રીતે આંધળી નથી હોતી પણ તેની આંખ એટલી બધી ઝીણી હોય છે કે તે આંધળા જેવી લાગે છે.

આંધળી ચાકરણ [અંધ (નહિ દેખતું) + ચાકરણ (સાપના દેખાવનું એક પ્રાણી)] જી. સુસ્ત પડી રહેતું, સાપના આકારનું નાનું પ્રાણી; આંધળી ચાકડ.

નવસેં નામનું નખોદ ગયુ. તારે **આંધળી ચાકરણને** રાજ આપ્યું. લોકોક્તિ

આંધળી ચાકરણ [આંધળું (નહિ દેખતું) + ચાકરણ (સાપના દેખાવનું એક પ્રાણી)] જી. આંધળું બનાવું સાપના જેવું એક પ્રાણી, આંધળી ચાકડ.

આંધળી ચાકળ [આંધળું (નહિ દેખતું) + ચાકળ (સાપના જેવું એક પ્રાણી)] જી. આંધળી ચાકડ.

આંધળી ચાકળણ જી. આંધળી ચાકળ. જુઓ આંધળી ચાકડ.

આંધળી ચાકોર [આંધળું (નહિ દેખતું) + ચાકોર (સાપના જેવું પ્રાણી)] જી. એક જાતનો સાપ; આંધળી ચાકડ. જુઓ આંધળી ચાકડ.

આંધળી ધોડ (આંધળી ધોડ) [સં. અંધ (આંધળું) + ધાવ્ (દોડવું)] જી. સમજ વિના કોઈ બાબતમાં ઝંપલાવવું તે.

આંધળી પીપળી [સં. અંધ (નહિ દેખતું) + પિપ્પલ (પીપળો)] જી. એ નામની એક બાળરમત; ઝાડપીપળી; આંબલી પીપળી; ઓળામણી કોળામણી. બધાં રમનારાં એકાદ વડ જેવા ઘટાદાર અને જળીન સુધી નમી ગયેલ ઝાડ નીચે ઊભાં રહે. ત્યાં એક કૂંડાળું કરી તેમાં એક દાંડિયો મૂકે. પછી એક રમનાર કૂંડાળામાં ઊભો રહીને જમણો પગ ઊંચો કરી તેની નીચેથી દાંડિયાને જોરથી દૂર ફેંકે. દાવ આપનાર તે દાંડિયો લેવા જાય અને લાવીને કૂંડાળામાં મૂકે તે દરમિયાન રમનારાં ઝાડ ઉપર ચડી જાય છે. દાવ દેનાર ઝાડ ઉપર ચડેલ છોકરાંને જ્યારે પકડવા જાય ત્યારે કેટલાંક ટપોટપ નીચે કૂદી પડી પોતા કૂંડાળામાં પગ મૂકે કે અને દાંડિયાને દૂરથી પગ નીચેથી કાઢી દેવી કે એટલે દાવ દેનારને તે દાંડિયો લેવા પાછું જવું પડે. જો કૂંડાળામાં પગ મૂકતાં પહેલાં દાવ આપનાર કોઈને પકડી પાડે તો તેની માથેથી દાવ ઊતરે અને પકડાયેલ ઉપર દાવ આવે.

આંધળીની રમત [આંધળું (નહિ દેખતું) + રમત] જી. એ નામની એક રમત; કાણીનો ખોડો; આંધણી ખિસકોલી.

આંધળુકિયું [સં. અંધ (નહિ દેખતું)]
વ. આંધળિયાં કરીને પડવું તે; વગર વિચાર્યે કોઈ કરવાપણું.

આંધળું ૧. [સં. અન્ધ; અપ. આંધલઅ; પ્રા. આંધલઉ—આંધળું] વ. આંધાપો; અંધકાર.

૨. વ. કાણું; છિદ્ર; તીતું.
કરવાને એકજ **આંધળું** ને ચાળણીને બૂંતેર આંધણાં. લોકોક્તિ
૩. વિ. અજાણ; અજ્ઞાન.
૪. વિ. આંધારાવાળું.
૫. વિ. જોઈથી જોઈતું દેખાય નહિ એવું; અપારદર્શક.
૬. વિ. નહિ દેખતું; અંધ.
૧. આંધાની જોડે ખુદા રખવાલ = આંધળો દેખે નહિ માટે તેનું રક્ષણ કરનાર પરમેશ્વર છે.
૨. આંધળા આગળ આરસી ને બહેરા આગળ રાખ = જેમ આગળ આગવત. આંધળા માણસને અરીસો તદ્દન નકામો છે તેમ બહેરાને સાંભળી ન શકે એટલે શંખ નકામો છે. તેવી રીતે કોઈ માણસ જે વસ્તુનો લાભ લઈ ન શકે તેને એ વસ્તુ અપાય ત્યારે આ પ્રયોગ વપરાય છે.
૩. આંધળા આગળ દીવો = ઉપયોગમાં ન લઈ શકાય અથવા સમજી ન શકાય એવી ચીજ કોઈ પાસે હોવી; જેમ આગળ આગવત. આંધળા આગળ દીવો કોઈ કામનો હોતો નથી.
૪. આંધળા આગળ રોઈ ને પોતાની આંખો ખોઈ = કદર ન કરનાર માણસ આગળ પોતાની હકીકત જણાવવાથી લાભને બદલે ઊલટું નુકસાન થાય.
૫. આંધળા ખરચનું અંતકાળે સરવાયું = બહુજ ઉડાઉ માણસ છેવટે દીવાળું કાઢે.

૬. આંધળા ચોરે ગાદરું દીધું = તદ્દન બૂડું; ખોટખોટું; ગપેગપ.

૭. આંધળા પાટા બાંધવા = ભરમાવવું. ભોળવી નાખવું; કાંઈ સૂઝવા ન દેવું.

૮. આંધળા સાથે ઝિનાળું ને ઘર સુખી વળાવું = નબળા સાથે દોસ્તી કરવાથી પોતે પણ તેના જ ગણાઈ; ભમેડે ચડી ઘેર ઊતરવું.

૯. આંધળાના ચૈસા કૂતરાં ખાય અને પાપીનો માલ અકરત જાય = ચોરીનો માલ ચડાળે જાય.

૧૦. આંધળાના હાથમાં આરસી = જેને જોનો ઉપયોગ નથી તેને તે વસ્તુ નકામી છે.

૧૧. આંધળાની આંખ = (૧) એકનો એક મોંઘેરો લાડકવાયો દીકરો. (૨) બહુ કામની વસ્તુ. (૩) બહુ વહાલું. (૪) બહુ ઉપયોગનું.

૧૨. આંધળાની એક આંખ = (૧) કોઈનું માત્ર એકનું એક સંતાન. (૨) બહુ વહાલી હોય તેવી તેની બીજી. (૩) વાસનાથી અંધ બનેલો માણસ પોતાની પ્રિયા સિવાય બીજું દેખતો નથી.

૧૩. આંધળાની ગત આંધળાઓ જ જાણે = અંધળા માણસને કેટલું દુઃખ ભોગવવું પડે છે એ તો જેણે એ દુઃખ સહન કર્યું હોય તે જ જાણી શકે.

૧૪. આંધળાની ગાય ને બહેરાનાં રખોપાં = નબળાને ઈશ્વરનો આધાર હોય છે.

૧૫. આંધળાને આરસી ને બહેરાને શંખ = નકામી વસ્તુ.

૧૬. આંધળાને આંધળો કહે કાયું લાગે નેણ; ધીરે ધીરે પૂછીએ, કાયી ખોયાં નેણ = કોઈ પણ બાતમી ધીમે વાત કરવાથી મળી શકે, જોરથી કે અવિવેકથી ન મળે.

૧૭. આંધળાને સૂઝે એવું = (૧) ખુલ્લું; ઊઘાડું. (૨) બહુ સ્પષ્ટ; ચોખ્ખું; આંખખૂંચ વિનાનું.

૧૮. આંધળાને ઢેબાકૂટો મળવો = આંધળે બહેરે કૂટાવું; દુખણી બાયને ભગા બળ્યો.

૧૯. આંધળામાં કાણો રાજાઓ = ઊતરતા ગામમાં એકાદો પ્રધાન.

૨૦. આંધળાં આંતર ભરવાં = ઊરખ વગર બાવું; પેટને બાકું રાખવું.

૨૧. આંધળી બેસે મોહવું દીધું = આંધળી બેસીને જો એક વખત જાણ્યું કે વાસ્તવ હકીકત ક્યાં છે તેની ખબર પડી જાય તો પછી વારંવાર તે ત્યાં જ મોહું નાખ્યા કરે; જાણી જોઈને ન હોય તેને ભોગવનારે એકાદ વસ્તુ હાથ આવી તો તે તેનો જ ઉપયોગ કરે.

૨૨. આંધળીને પાયરતાં વહાલું વાય = અજાણ્યા માણસથી એકદમ ક્રોધ ઊકળે નહિ.

૨૩. આંધળું ખરચ = વગર વિચારે ખરચાતો પૈસો.

૨૪. આંધળું ખરચ તેનું ઊંટ દીવાળું = વગર વિચારે ખરચ કરનારને છેવટે દીવાળું કાઢવાનો વખત આવે.

૨૫. આપણે બહેરે કૂટવું = આપણો અને બહેરો જણે તેટલી માથાકૂટ કરે તોપણ એકબીજાને સમજી શકતા નથી અને તેનું કોઈ પણ પરિણામ આવતું નથી; ગેરસમજ થવી; બુધબુધામણી થવી.

૨૬. આંધળે બહેરે કૂટવું = આંધળો અને બહેરો બેમાં માત્ર તો એકબીજા વાત કરવા અને વિચારની આપલે કરવામાં બંને તેટલી માથાકૂટ કરે તોપણ સમજી શકતા નથી કરવાનું હોય તેના કરતાં જૂદું કરવું.

૨૭. આંધળો આંખને શું ક્રમ કૂચે? = થયું ન થયું જેવું નથી.

૨૮. આંધળો કહે બાઈ ચોર આવ્યા, તો નાગો કહે મને રૂડી પેરે = અસંબદ્ધિત વાત. આંધળો દેખી શકે નહિ અને નાગાને ઢાંકવાપડું હોય નહિ.

૨૯. આંધળો કહે ભીંત અને બહેરો કહે મસીદ = એક બીજાને આંધળો માણસ ભીંત કહે. તેની તે જ બીજાને બહેરો માણસ સમજ્યા વિના મસીદ કહે. સમજ્યા વિના બધી વાત.

૩૦. આંધળો દીએ કે ગામ = આંધળો દેખે નહિ જેથી તેનાથી બીજું કામ ન થઈ શકે.

૩૧. આંધળો વહે ને વાળો આવે = મહેનત નકામી જાય એવું કામ.

૭. વિ. પોલું; પોલાણવાળું; કોઈ પણ જાતની અવરજા વગરનું; અંધેરવાળું.

૮. વિ. બેદરકાર; કામગર વગરનું.

૯. વિ. ઢેબાકૂટું; વિચાર વિનાનું; અજ્ઞાન.

આંધળુંકબૂતર [આંધળું (નહિ દેખતું) + કબૂતર (એક પક્ષી)] ન. એ નામની એક રમત; આંધળો પાટો.

આંધળુંકાતળું [સં. અંધ (નહિ દેખતું) + કૂત (કાણું)] વ. તેરડીની આંખ વિનાની કાતળી.

આંધળુંકિડું ૧. ન. વગર વિચાર્યું કામ.

૨. [સં. અંધ (નહિ દેખતું)] વિ. દેખે નહિ એવું; આંધળું.

આંધળુંજૂઝહું (આંધળુજૂઝહું) ન. જૂઓ વગરનું ગડદાપાટુ તમતમતું જૂઝહું.

આંધળુંધબ્બ ૧. [આંધળું (નહિ દેખતું) + ધબ્બ (પાકું)] વિ. તદ્દન આંધળું; કાંઈ ન દેખી શકે એવું.

૨. વિ. બહુ અંધારાવાળું; ગાઢ અંધકાર હોય એવું.

૩. વિ. વિચાર વગરનું; અવિચારી.

આંધળુંધૂંધળું ન. (બાબ) રોળુંકોળું; કાંઈ આયમતનો વખત; દેખાય ન દેખાય એવો સાંજનો વખત; ઝરાંખરી વેળા.

આંધળુંપાંગળું ૧. [સં. અંધ (આંધળું) + પંગુ (લંગડું)] વિ. આંખે નહિ દેખતું અને પગે લંગડું.

૨. વિ. નિરાધાર; ઓથ વિનાનું.

આંધળુંભીંત ૧. [સં. અંધ (નહિ દેખતું) + ભિત્તિ (દીવાલ)] વિ. કાંઈ ન દેખી શકે એવું; સાવ અંધ; ઊંડું આંધળું; ભીંતની જેમ નહિ દેખતું; આંધળુંધબ્બ.

૨. વિ. તદ્દન અણસમજુ; જ્ઞાન વગરનું.

૩. વિ. દિગ્મૂઢ; ભીંત જેવું સ્તબ્ધ; હાલેચાલે નહિ એવી રીતે વિચારમાં લીન થયેલું; એક જ વસ્તુ કે વાતને જોયા કરતું; દિશાની સમજ હોય નહિ એવું; બેભાન.

૪. વિ. બહુ અંધારાવાળું; ગાઢ અંધકાર હોય એવું.

૫. વિ. વિચાર વગરનું; મૂઢ.

આંધળુંવાજું [સં. અંધ (નહિ દેખતું) + વાદિત્ર (વગાડવાનું સાધન)] ન. કામને ખરાબે ચઢાવનાર પ્રસંગોની ટોળી.

આંધળોકાગ ૧. પું. અર્થ પારદર્શક કાચ; 'ટ્રાન્સ્પરન્ટ ગ્લાસ'. આ કાચ વાપરીને એવો કરવામાં આવેલ હોય છે કે તેની આરપાર દેખાતું નથી.

૨. [સં. અંધ (નહિ દેખતું) + કાક] પું. બેસવાળો કરેલ કાચ. તેમાંથી સૂર્યનાં કિરણ બહુ ઓછાં પસાર થાય છે.

આંધળોધંધો ૧. [આંધળું (કામગર વગરનું) + ધંધો] પું. આવકની અવર ન પડે એવો વેપાર; નફો કે ખોટ ન સમજાય તેવું કામ.

૨. પું. નફો મળે નહિ એવો વેપાર.

આંધળોપાટો ૧. [સં. અંધ (દેખાય નહિ એવું) + પટ (કપડું)] પું. એ નામની આંખે પાટા બાંધીને રમવાની રમત; સાદીની ચોડો. જુઓ આંધળો પાટો.

૨. પું. નજરબંધી; ભુલાવામાં નાખવાપણું.

૩. પું. ભુલાવો ભરાવનાર બાજત.

આંધળોપાટો ૧. [આંધળું (નહિ દેખતું) + પાટો (બેસવા વર)] પું. એ નામની

એક રમત. તે ખુલ્લા મેદાનમાં, શેરીની ખુલ્લી જગ્યામાં કે ઓરડાની અંદર રમી શકાય છે. ખુલ્લું મેદાન હોય તો રમનારની સંખ્યાના પ્રમાણમાં એક ગોળ કૂંડાળું અથવા લંબાઈ પહોળાઈની હદ કરવી રમવાની જગ્યા મુકરર કરવી. પછી દાવ દેનાર તરીકે એકને નક્કી કરી તે જોઈ શકે નહિ એવી રીતે લૂગડાનો પાટો કે રૂમાલ આંધવો. બાકીનાં નક્કી કરેલી હદમાં ઘૂમ્યા કરે. દાવ દેનારો તેઓને પકડવા માટે આમતેમ ફરે. તે કોઈને પકડી પાડે ને તેને ઓળખી કાઢે ત્યારે તેની માથેથી દાવ ઊતરે. પછી તેનો પાટો છોડી પકડાયેલ રમનારની આંખે બાંધવામાં આવે છે. મરછ પડે ત્યારે રમત બંધ કરવામાં આવે છે. આ રમતને આંધારપાટો, આંધળો ભોટવો, આંધોઆંધો, આંખમિચામણી, આંધળિયોપોટો, કાનો ધોડો, આંધણાખિસકોલી, આંધણાખિસકોડી, કાહીનો ધોડો, આંધળીની રમત, આંધળુંકબૂતર, આંધળોપોટો, આંધળોપોટો અને મનમન માબ્રું પણ કહે છે.

૨. પું. નજરબંધી; ભુલાવામાં નાખવાપણું.

૩. પું. ભૂલથાપ ખવરાવનાર ચીજ.

આંધળોપોટો જુ. [આંધળું (નહિ દેખતું) + પોટો (બખ્તું)] પું. એ નામની એક રમત; આંધળો ભોટવો; આંધળોપાટો.

૨. પું. નજરબંધી.

આંધળોપોટો [આંધળું (નહિ દેખતું) + પોટો (છોકરો)] પું. આંખે પાટો આંધીને રમવાની એક રમત; આંધળોપાટો.

આંધળોભોટવો [આંધળું + ભોટવો (લાંબા બનાવાળો પથી)] પું. એ નામની એક રમત; એબુગેમ્સ દીવાગેમ્સ; આંધળોપાટો.

આંધાગીંચું જુ. [અધું (અરધું) + મીંચવું (બંધ કરવું)] જિ. આંખો અરધી બંધ હોય એવું.

૨. જિ. ચૂપકું; ઠાંડું; ઝીણી આંખોવાળું; બાઠું.

૩. જિ. ટૂંકે નજરનું; દૂર ન જોઈ શકે એવું.

આંધારવંળ [સં. અંધ (અંધેર) + અરંબ (સરબાત)] પું. (હિંદી) અંધેરખાતું; સમજ્યા વગરનું આચરણ.

આંધાલિકા સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.

આંધાળી સ્ત્રી. (સંગીત) એ નામની દક્ષિણ હિંદમાં ગવાતી એક રાગિણી.

આંધિ સ્ત્રી. ધૂમસનું પડ; ઝાકળ. ખુબ્બો આંધી.

આંધી જુ. [સં. અંધ્ (આંખનું કણું)] સ્ત્રી. આંધાપો; આંધળા; આંધળાપણું.

૨. સ્ત્રી. આંધળી સ્ત્રી.

૩. સ્ત્રી. ગર્વ; અભિમાન; અટકાર.

૪. સ્ત્રી. ધૂમસનું પડ; ઝાકળ; દષ્ટને લીધે જમેલ અંધકાર. દરિયા ઉપર આંધી બેઠલી જમે છે કે એક આગબોટ બીજી સારી અથડાય નહિ માટે ભૂંગળું વગાડતી વગાડતી ચાલે છે.

૫. [સં. અંધ (આંધળું)] સ્ત્રી. વટોળિયો; દિશાઓ ધૂળથી પુરાઈ જાય એવું વાવાઝોડું; ભારતવર્ષમાં આંધીનો વખત વસંત અને ગ્રીષ્મ ઋતુ છે.

૧. આંધી આવવી–આવવી = તોફાન થવું.

૨. આંધી કે આમ = (૧) બીજા દિવસ રહેવાવાળી ચીજ. (૨) પવનથી ભરી ગયેલી કેરી. (૩) બહુ સસ્તામાં મળેલી ચીજ. (૪) મહેનત વિના મળેલી વસ્તુ.

૬. સ્ત્રી. ચાલ્યા ધેર્યા વગર ચાલ્યું જવું તે.

૭. જિ. ચાલાક; ઉતાવળથી ભ્રમ કરનાર.

આંધી હોવી = ઉતાવળા અને ગાભેલ હોવું.

૮. જિ. લહું; ખાવામાં જબરું.

આંધીગવ જુ. [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૨. ન. સામવેદનું એક સૂક્ત.

આંધુ [સં. અંધ (નહિ દેખતું)] જિ. આંધળું.

આંધેઠવું (આંધેઠવું) સ. ક્રિ. ઘૂંટવી લેવું.

આંધો [હિં.] જિ. પું. આંધળો.

આંધ્ર જુ. [સં. અંધ (નહિ દેખતું)] ન. આંધાપો; આંધળાપણું; દેખ્યું ન હોવું તે.

૨. ન. અંધેર; અવ્યવસ્થા; અંધાધૂંધી.

આંધ્યાદિત્રય [સં. આંધ્ય (આંધાપો) + આદિ (વગેરે) + ત્રય (ત્રણનો જથ્થો)] ન. (વેદાંત) આંધ્ય એટલે આંધળાપણું. માંદ એટલે ઓછું દેખવાપણું અને પટુત્વ એટલે સારી રીતે દેખવાપણું એ ત્રણ ધર્મ એટલે ગુણ.

આંધ્ર જુ. [સં.] પું. અત્રિ ગોત્રમાં જન્મેલ ચંદ્રવંશી બલી રાજાનો એ નામનો દીકરો. આંધ્ર દેશનું નામ તેના નામ પરથી પડ્યાનું કહેવાય છે.

૨. પું. આંધ્ર દેશમાં રહેતા પ્રાચીન લોકનું નામ; આંધ્ર દેશનો વતની. ઐતરેય બ્રાહ્મણમાં આ લોકનું નામ આવે છે.

૩. પું. એ નામના દેશનો રાજા.

૪. પું. કૃષ્ણા અને ગોદાવરીની વચ્ચેનો દેશ; તેલુગુ પ્રદેશ; તૈલંગણ.

ઔંધ્રો ત્રિલ, આંધ્રાર, પારસિક, આંધ્રક, કુલ-ત્થ, કલિંગ આદિ ભૌગ્ય પ્રકૃર દેશોમાં રાજ્ય થઈ ગયા. પુરાતત્ત્વ

૫. પું. તાપી નદીના કિનારાનો દેશ.

૬. પું. તેલંગ બ્રાહ્મણ; પંચ દ્રાવિડ બ્રાહ્મણ એક જાતના બ્રાહ્મણ.

૭. પું. બ્રાહ્મણની એ નામની એક જાત.

૮. સ્ત્રી. તેલુગુ ભાષા

૯. ન. (શિલ્પ) વેસર હાથના આંધ્રકામની વિદ્યાની બે શાખામાંની એક. બીજી શાખા દ્રવિડ કહેવાય છે. માનસારમાં આંધ્રકામની મુખ્ય ચાર જાત બતાવી છે: નાગર, વેસર અને દ્રાવિડ.

૧૦. જિ. આંધ્ર દેશને લગતું; આંધ્ર દેશનું.

આંધ્રક પું. કૃષ્ણા અને ગોદાવરીની વચ્ચેનો દેશ; તેલુગુ પ્રદેશ; તૈલંગણ.

આંધ્રદેશ [સં. આંધ્ર (એક દેશ) + દેશ] પું. એ નામનો મહાનદીપ્રદેશની આજુબાજુનો દેશ; રાજ્યમહેદ. આ પ્રદેશને મુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીતી લીધો હતો.

આંધ્રભૃત્ય [સં. આંધ્ર (એ નામનો દેશ) + ભૃત્ય (નોકર)] પું. મહારાષ્ટ્રનો એક જૂનો વંશ.

આંધ્રરાજ [સં. આંધ્ર (એ નામનો દેશ) + રાજન] ન. મહારાષ્ટ્ર અને તૈલંગણનું એક જૂનું રાજ્ય.

આંધ્રવંશ [સં. આંધ્ર (એ નામનો દેશ) + વંશ (કુળ)] પું. કૃષ્ણા અને ગોદાવરીના મુખ આગળના દેશના રાજાઓનું કુળ. તેની રાજધાની કૃષ્ણાને કિનારે આવેલ અમરાવતીમાં હતી.

આંધ્રવું (આંધવું) જુ. સ. ક્રિ. દોરીને આંબી જવું; પહોંચી જવું.

૨. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

જેની કૃપાથી આવા જબ્બર પદને **આંધ્રેટે.** મેરાણકૃતિ

આંધ્રી [અં. એન્જેર] સ્ત્રી. વીજળીક પ્રવાહના બળનું એકમ; એક ઓમ જેટલો પ્રતિરોધ એટલે અટકાવ આપનાર તારમાંથી એક વોલ્ટનું વીજળીક બળ આપી શકે એટલો પ્રવાહ.

આંધ્ર જુ. સ્ત્રી. ખરી કંધામ અને દમ મરાઈ જાય તેવો એક રોગ.

૨. સ્ત્રી. દમ ચાલવો તે; હાંફ.

૩. સ્ત્રી. મરણ વખતનો શ્વાસોચ્છ્વાસ.

આંધ્રેલુંકાંધ્રેલું [આંધ્રવું (હાંફવું) + કાંધ્રલું (આંધ્રવાનું ભેગું કર્મ)] જિ. ભમરાયેલું; ભાવરું; ભેગાકરું; હાંફળુંકાંફળું.

આંધ્રવું સ. ક્રિ. હાંફવું; શ્વાસ ચડવો.

આંધ્રેળુંકાંધ્રેળું જિ. ભાવરું; ભેગાકરું; ભમરાયેલું; મૂંઝવણમાં પડેલું; ગુંચવાયેલું.

આંધી જવું ૧. અ. ક્રિ. ઉતાવળે શ્વાસ લેવો; હાંફવું.
૨. અ. ક્રિ. ગાંડો જવું.
૩. અ. ક્રિ. દમ ભરાઈ આવવો; મહેનતથી શ્વાસ ભરાઈ જવો.
૪. અ. ક્રિ. હારી જવું.

આંબ ૧. [સં. આમ્ર (આંબો)] પું. આંબો; આમ્ર વૃક્ષ.
૨. જ. આંબાનું ફળ; કેરી; આમ્ર; અંબ.
૩. [સં. અમ્લ (ખાટું)] વિ. ખાટું; ખટાશવાળું.

આંબચું જ. એક જાતના ઝાડનું ખાટું ફળ; કોકમ. એ ખટાશ માટે દાળ શાકમાં આંબલીને બદલે વપરાય છે. તેમાં આંબલી જેટલી ખટાશ હોતી નથી.

આંબડ ૧. [સં. અમ્લ (ખાટું)] સ્ત્રી. અજડા નામની એક ઔષધિ.
૨. વિ. ખાટું; ખટાશવાળું.

આંબડી સ્ત્રી. તુવેર અને અડદની દાળની એક વાની. તે બનાવવાની તંજાવરી રીત: ૩૧૦ ફુપિયાભાર તુવેરની દાળ અને ૧૫૦ ફુપિયાભાર અડદની દાળ એ બંનેને વીમાં અરધીપરધી રાંધીને ગુમાર પ્રમાણે પાણી રેડી ચૂલા ઉપર ચડવા મૂકવી. ૨૫ ફુપિયાભાર કુમળાં રીંગણાંને ચારેકોર ચીરા કરવા અને ૧૫૦ ગ્રામ સિંગના દાણા બોળા કરેલા કાચા નાખવા. પછી અડધા શેકેલાં મૂકાં ખરબચડાં, ચાર ખાસા મરી, બે ખાસા અદખી હળદર, ચાર ખાસા શેકેલા ધાણા અને બાર ખાસા શેકેલું ટોપરું ખીજાં વાટી દોઢ ફુપિયાભાર મીઠું નાખી તે મસાલો ઉપરના રીંગણાંના કકામાં ખોળવો. મસાલાવાળા કકા દાળમાં નાખી ગુમાર પ્રમાણે પાણી રેડવું. પછી ચૂંટેલું કોસરા, તજ, લવિંગ, એલચી, મરી દરેક બબ્બે માસા, બરબ મસાલો ને કોબચીર દાળમાં નાખી અંગારા ઉપર મઠી હાંડી દેવી. સીઝીને નરમ ને ઘટ્ટ થાય એટલે ઉતારી લેવી. મગની દાળ પાણી વિના બનાવવી હોય તો એક કેર દાળને શાક કરી પોરસિને વીમાં વઘારવી. પછી બે માસા તજ, એક માસો લવિંગ, પોણા બે તોલા આદુ અને એક માસો એલચી નાખવાં. કોથમીર કટકીઓ અને બીજું દાળમાં નાખવાં, ત્યારબાદ તેની ઉપર એક થાળી હાંડી નીચે ઉપર અંગારા ભરી ચારેક ઘડી સુધી રાખી મૂકવું અને દાળના વાસણમાં એક નાની કીકરી તપાવીને નાખવી. દાળ ઘટ્ટ નરમ થાય એટલે નીચે ઉતારી લેવી.

આંબડો (આંબડો) પું. આંબો.
આજ મારી આંબડે ચડ્યા કેસોજેસ કસ;
જેણે તો મેલાવીયું, કેસોજસનો વાસ.
રાણા-કુંવરનો કૂકો

આંબન [સં. આમ્ર] જ. આંબો; આમ્ર વૃક્ષ.

આંબપીપ જ. ચીનમાં થતું ફળાઉ પડતાં લીલાં ખાનવાળું એક ફળઝાડ. એનાં ફૂલ પીળાં અને મોટાં અને ફળ નાનાં લીંબુ જેવાં થાય.

આંબફળ [સં. અમ્ર (આંબો) + ફલ (ફળ)] જ. કેરી; આંબાનું ફળ.

આંબર ૧. [સં. અંબર] જ. આકાશ; ગગન.
૨. જ. વનસ્પતિમાંથી નીકળતો રાળ જેવો ભળીને ભેસો આણ પીળા રંગનો પદાર્થ. જુઓ અંબર.

આંબરસ [સં. આમ્ર (કેરી) + રસ] પું. કેરીનો રસ.

આંબરી સ્ત્રી. ખરીઠ અને બીજાં ખાનવાનું એ નામનું ફળઝાડ; રાયઆમળો; હરહારેવડી; હરપરેવડી. તેનાં પીળા રંગનાં, ગોળ ખાટાં ફળ અંબળાં કહેવાય છે.

આંબરીષ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

આંબલચાહું જ. આંબલીનું ઝરબત.

આંબલચાહું [સં આમ્બિકા (આંબલી) + વત્ (વાળું)] જ. આમલીના પાકેલા ગરને પાણીમાં ગોળી તેમાં ગોળ નાખી તૈયાર કરેલું પીણું; આમલીનું ઝરબત.

આંબલાસાર [સં. અ (નહિ) + મલ (કચરો) + સાર (સત્ત્વ)] વિ. પું. શુદ્ધ કરેલો. ગૅસકની સાથે આ વિશેષણ વપરાય છે.

આંબલિયા ૧. સ્ત્રી. કપૂરીની એ નામની જાત.
૨. સ્ત્રી. કુંભારની એ નામની જાત.
૩. જ. કપૂરીની એ નામની જાતનું માણસ.
૪. જ. કુંભારની એ નામની જાતનું માણસ.
૫. વિ. કપૂરીની એ નામની જાતનું.
૬. વિ. કુંભારની એ નામની જાતનું.

આંબલિયો ૧. [સં. આમ્ર] પું. આંબો. આમ્ર વૃક્ષ; આંબા માટે કવિતામાં વપરાતું રૂપ.
૨. પું. એક જાતનો ઘોડો; સીસોદી.
૩. [સં. અમ્બિકા; પ્રા. અંબિલિયા] પું. કપૂરો; કપૂરોઃ આંબલીનો ફળિયો. તે નાનો, ખપટો અને સ્વાદમાં તૂરો હોય. બબ્બે આંબલિયાની જાત લીલી અને પાકની કપાઈ રંગની હોય. રોટલો અકબર બાબો કેટલાંક માણસ તે ખાય છે.
૪. વિ. પું. આંબાનો; આંબા સંબંધી.

આંબલી ૧. સ્ત્રી. આંબલીનું ફળ; આમલીનો ઝરતરો.
૨. સ્ત્રી. કપૂરો.
૩. [સં. આમ્બિકા; પ્રા. આમલીઆ] સ્ત્રી. સાધારણ રીતે બધે ઠેકાણે ઊગતું એ નામનું એક ઝાડ; આમલી; અમ્બિકા; મુદ્રિકા; અમ્બી; ચુક્રા; અમ્લા; ચિંચિકા; ચિંચા; તિંતિડીકા; તિંતિડી. રેતીવાળી પોચી જમીન આ ઝાડને બહુ ભાવે છે. જેની અંતરભૂમિ પોચી હોય તેવી જમીનમાં આંબલી પાણી પાવાથી થઈ શકે. તે વાવવા માટે ત્રણ ફૂટ ઊંડો પહોળો ખાડો કરી, તેમાં ગળતિયું ખાતર અથવા નદીનો કાંપ ભરવો. પછી તેમાં આંબલીના રોપ વાવવા. ચોમાસામાં આંબલીના રોપ મૂળમાંથી ચૂસ. આંબલીના તાજા કૂણિયા સારો કચરો કરી ચોમાસામાં વાવવા. કચરામાં વરસનો રોપ થાય એટલે બીજે વરસે ચોમાસામાં ફેરવી કાયમની જગ્યાએ વાવવા. આંબલીનું ઝાડ બહુ મોટું થતું હોવાથી દરેક વીસ ફૂટને અંતરે વાવવું. હિમાલયમાં તેમાં ફૂલ આવે અને ઉનાળામાં આંબલી પાકી જાય. આ ઝાડ ૪૦૦–૫૦૦ વરસ સુધી જીવે છે. આંબલી ખાટી અને મીઠી બે જાતની થાય છે. ખાટી આંબલી સહવી ઉપરની છાલ કાઢી નાખી તેમાં મીઠું ભેળવી માટીના વાસણમાં ભરી મૂકી તો લાંબો વખત સુધી. દાળ, શાક, અથાણાં વગેરેમાં આંબલીનો બહુ ઉપયોગ થાય છે. બીજી આંબલીનો ભળે મોટો થાય છે તેને બખાઈ આંબલી કહે છે. ઝરતરાના નામથી ઓળખાતાં તેનાં ફળ પોળાં, રાતાં અને ચિત્રામણવાળાં થાય છે. તેમાં રાતાં બીને કચૂકા કહેવાય છે. કાચા ઝરતરા સ્વાદમાં ખાટા પણ પાકવા પછી ગળપટા લાગે છે. તેનાં બીજાં પાન, ફળ, બી અને છાલ દવા તરીકે વપરાય છે. આમલી શીતળ એટલે ઠંડી, રુચિકર અને રેચક હોઈ તેનું ઝરબત પિત્ત, કફજન્યતા, તરસ અને ઊલટી મટાડે. તેનાં પાન આંખના રોગ જ બીજા રોગ ઉપર બંધાય. તેની છાલ બીજા ઝાર સાથે પાચન માટે અપાય. તેનો ક્ષર આંખના દુખાવામાં અંજન અને કચૂકા સોપારીને બદલે ખવાય.

૧. આંબલીના પાનમાં સર્યું જવું = (૧) કામ કરવું; માલ્યા જવું. (૨) રહેવા દેવું. આમલીના પાનમાં સર્યું શાક નહિ તે છતાં ભેદરકારીનો જવાબ આપતાં આવા અર્થમાં વપરાય છે.

૨. આંબલીનો બંધ – ફેલ્યૂસ. આંબલીની અંતરછાલ ચીકણી અને તૂટે નહિ એવી કોથળી તેનો બંધ મજબૂત બંધાય. તે ઉપરથી આવો અર્થ લેવાયેલ છે.

૩. ટેટની આંબલી = દેખવાની પણ ચાખવાની નહિ એવી ચીજ; કોઈ પણ ઉપયોગમાં આવે નહિ એવી વસ્તુ.

આંબલીપીપળી ૧. સ્ત્રી. અશ્વત્થો. ખાટાં આંબળાંવાળા ઝાડ નીચે કે પીપળા નીચે કારતક સુદ ૧૪ને દિવસે હિંદુ ઓઓ ઉજાણી કરે છે.

૨. [સં. આમ્બિલા (આંબલી) + પિપ્પલ (પીપળો)] સ્ત્રી. બાળકોની એ નામની એક રમત; ઓળકોળા,મળ્યો; આંધળીપીપળી, ઓળામણીકોળામણી. જ્યાં પીપળાનું, વડનું અથવા તેનું બીજું કોઈ નીચું ઝાડ હોય અને જમીન ઉપર સારો ઢાળ હોય તેવે ઠેકાણે આ રમત આઠ અથવા તેથી વધારે છોકરાથી રમાય છે. બધા છોકરા ઝાડ નીચે ઊભા રહે. ત્યાં એક કૂંડાળું કરી તેમાં એક દડો મૂકે. પછી બધે તે એક છોકરો કૂંડાળામાં ઊભો રહીને તે દડો પોતાના હાથમાં લઈને જમણે પગ ઊંચો કરી તેની નીચે હાથ નાખી દડાને જોરથી દૂર ફેંકે જેના ઉપર દાવ હોય તે છોકરો દડો લેવા દોડે. તેટલામાં બધા છોકરા ઝાડ ઉપર ચડી જાય. દાવવાળો છોકરો દડો લાવી, પેલા કૂંડાળામાં મૂકી, છોકરાઓને પકડવા માટે ઝાડ ઉપર ચડે એટલે ઝાડ ઉપર ચડેલા છોકરાઓ એક ડાળથી બીજી ડાળ કૂદાકૂદ કરી નાસભાગ કરે અથવા નીચે કૂદી પડે અને પેલા કૂંડાળામાં પગ મૂકી દે. પછી દડો લઈ પગ નીચે ઘાલી ફરીથી દડાનો ઘા કરે એટલે દાવવાળા છોકરાને ફેંકેલ દડો લેવા જવું પડે. જો કૂંડાળામાં પગ મૂકતાં પહેલાં દાવવાળો છોકરો કોઈને અડી જાય તો તેના ઉપરથી દાવ ઊતરે અને જેને અડી ગયો હોય તેના ઉપર દાવ આવે, એટલે ફરીથી ઉપર પ્રમાણે રમત ચાલે. છોકરા થાકી જાય ત્યાંસુધી તે રમત ચાલે. આ રમત શરીરના અંગો સબળ બનાવે પણ તે લોભભારી છે.

આંબલીપીપળી રમાડવી = (૧) ગબડાવવું; ભમાવવું; ગૂંચવણમાં નાખવું. (૨) છેતરવું.

આંબલીવેલ [સં. આમ્બિલા (આંબલી) + વલ્લિ (વેલ)] સ્ત્રી. ખાટભાજીનો; ક્રમચારેલ. તેનાં નાનાં કાંગરીવાળાં ખાટાં પાન શાક અને ચટ્ણી કરવામાં વપરાય છે.

આંબલો [આંબો + લો (નકારવાચક પ્રત્યય)] પું. આંબાનું ઝાડ; આમ્ર વૃક્ષ.

આંબલે પડવું = ટોળે પડવું; ભૂલી જવું.

આંબલોહુ [સં. આમ (કચરો) + લોહિત (લોહી)] પું. (ગમ) કાચો મળ અને લોહી પડતાં હોય તેવો ઝાડો; મરડો.

આંબવિશ્રામ પું. ગરુડગામની સામે યમુનાને કિનારે આવેલું એ નામનું એક પુરાણું ગામ.

આંબવું ૧. [સં. આમલક] સ. આમળું; આંબળું.

૨. સ. ક્રિ. ખટાશની અસર કરી; ખટાઈ જવું; આંબાવું.

આંબાઈ જવું = (૧) કંટાળવું. (૨) ખાટું થઈ જવું. (૩) ચીટિયો ભરવો.

૩. સ. ક્રિ. સંતાકૂકડી રમવું; ક્રમવું, ક્રમવુ.

૪. સ. ક્રિ. અડવું; અડકવું.

૫. સ. ક્રિ. પકડી પાડવું; સુધી પહોંચી જવું.

આંબી પાડવું = પકડી લેવું.

૬. [સં. અમ્ (ભાર કરવું)] સ. ક્રિ. સંભાવવું, દાબ લાંબો કરવો.

આંબવેલ સ્ત્રી. કાંડલીમાં મળિયાટા રેજનાં, પાંચ પાંખડીનાં અને વાસ વિનાનાં ફૂલવાળો એક જાતનો વેલો.

આંબષ્ટિ પું. એ નામનો એક અજ્ઞાનવાદી એટલે જગત અજ્ઞાનથી પેદા થયું છે એમ માનનાર.

વિષ્ણુદાદ, ગાદરાયણ, આંબષ્ટિ × × × વગેરે સડસઠ અજ્ઞાનવાદીઓના મતો દક્ષિવાદમાં ચર્ચાયેલ આવેલા છે. પુરાતત્ત્વ

આંબષ્ઠ ૧. [સં.] પું. અંબષ્ઠનો દીકરો.

૨. સ. અંબષ્ઠ દેશનું માણસ.

આંબહ વિ. બીજું; બીલું.

આંબળા પું. ડોરીનો વળ.

આંબળાઉંધા લેવા = તૂટી મરવું; મળ ઉપરાંત કામ કરવું, આમળ નીકળી પડે તેટલી મહેનત કરવી.

આંબળવું સ. ક્રિ. આમળવું; વળ દેવો; મચડવું.

આંબળસારો [સં. ન (નહિ) + મલ (મેલ) + સાર (સત્ત્વ)] વિ પું. ચોખ્ખો; શુદ્ધ; નિર્મળ. ફક્ત મંજરને આ વિશેષણ લગાડાય.

આંબળા [સં. અમ્ (દુઃખી થવું)] પું. ખાર; વેર; દુશ્મનાવટ.

આંબળિયા ૧. પું. બ.વ. તંતુવાદ્ય એટલે તારવાળાં વાદ્યોના તારને તાણવા તેના વંસના લાકડાના ઉપલા ભાગમાં ભેરવાડેલી લાકડાની ખીલીઓ.

૨. પું. બ.વ. પીંજણની તાંત તંત્ર કરવાના કટકા; તાંત અને કાંડી વચ્ચે ભરાવેલ દોરીને વળ આપવાનો લાકડાનો પાતળો ગોળ કટકો.

આંબળિયો પું. આંબલિયો; કચૂકો; આંબલીના કાતરાનું બીજ.

આંબળી [સં. આમલક] સ્ત્રી. આંબળાંનું ઝાડ.

આંબળું [સં. આમલક; પ્રા. આમલઅ; આમલઉ; અપ. આમલય] સ. સોપારી જેવું, ગોળાકાર, એક બીવાળું, આંબળાના ઝાડનું પીળું અને ખાટું ફળ; આમળું. તે ઠંડું, પૌષ્ટિક અને જુલાબ લાવે એવું છે. આ ફળનું ઝાડ ધારવાળી જમીનમાં થાય. ઝાડનાં કીમ્યું પાન આબલીનાં પાન જેવાં હોય. ઝાડની ડાંખળીઓ ઉપર ત્રણ રાઈના દાણા જેવડાં પીળાં ફૂલ બેસે અને તે માઘ અને ફાગણ મહિનામાં ફાલે. ઝાડનાં સૂકાં પાનમાં ૧૮ ટકા ટેનિક એસિડ હોય છે. ખારીક આકારથી આમળાના છ ભાગ જણાય. ફળના બી ઉપર પણ ઊભા છ પટા જોવામાં આવે છે. ફળ મુરબ્બો બનાવવાના કામમાં આવે. ફળને પાણીમાં ચોળવાથી પણ દ્રાવ્ય વળે. દવા તરીકે ફળનો ઉપયોગ થાય છે. પ્રમેહ અને બળતરામાં હાવદાકરક પ્રાકૃતિસ્વરસ એટલે આમળાનો રસ, ધાત્રીલોહ એટલે આમળાં અને લોહભસ્મની બનાવટથી બનેલ દવા, ધાત્રી અરિષ્ટ એટલે આમળાનો ઉકાળો, કમળો અને પાંડુ ઉપર અપાતો ધાત્રાસવ એટલે આમળાનો આસવ ફાર, પુષ્ટિ માટેનું આમલકી રસાયન, ક્ષય, નબળાઈ અને ધાતુક્ષીણતા ઉપર ઉપયોગી ચ્યવનપ્રાશાવલેહ, આંખના રોગ અને કબજિયાતમાં વપરાતું ત્રિફલાચૂર્ણ, ધાતુસ્રાવ અને સ્વપ્નદોષ એટલે સ્વપ્નામાં વીર્ય જવાને દૂર કરનાર રસાયન ચૂર્ણ અને આંખની બરબી અને પિત્તપ્રકોપ મટાડનાર મુરબ્બો બનાવવામાં આંબળાનો ઉપયોગ થાય છે. આંબળાં બસ્સો તોલા, કરડે બે તોલા, બહેડાં એક તોલો, આંબાની ગોટલી પાંચ તોલા અને લોહચૂર્ણ એક તોલો પાણીમાં વાટી લોઢાની કડાઈમાં આખી રાત રહેવા દઈ તેનો લેપ કરવાથી નાનપણમાં પોળા બનેલા વાળ ફરી વાળ થાય અને આંબળાના ચૂર્ણથી નાવાથી માથાના વાળ કાળા થાય અને આયુષ્ય વધે એમ મનાય છે.

આંબળાનું તેલ બનાવવાની રીત: તાજાં પાંચ શેર તેલમાં એક શેર લીલાં આંબળાં આઠ દિવસ પલાળી રાખ્યા પછી તે તેલ અને આંબળાંને ઉકાળવાં. જે વાસણમાં ઉકાળવામાં આવે તેને પવન ન લાગે તેમ મજબૂત ઢાંકણ રાખવું. ઊકળતાં આંબળાં ઉપર તરી આવે ત્યારે તેને ઉતારી લઈ તે તેલને ગાળી નાખવું એટલે આંબળાનું તેલ બનશે.

આંબળો ૧. [સં. અમ્ (દુઃખી થવું)] પું. ખાર; દ્વેષ; વેર.
૨. પું. ગર્વ; અભિમાન; અહંકાર.
૩. પું. ટેક.
૪ [સં. આમ્ (તરફ જવું)] પું. વળ; મરોડ.
સ્ત્રીની જાત સાંભળે,
બળે ઘેરી ન મૂકે આંબળો. ... લાખા

આંબા ૧. [સં. આમ્ર (આંબો)]
પું. ઝ. વ. આંબાનાં ઝાડ; આમ્ર વૃક્ષ.
આંબા વાવવા = સારાસારી હોવી; સ.યે મીઠાશ રાખવી.
૨. પું. ઝ. વ. કેરીઓ.

આંબાગાળો ૧. [સં. આમ્ર (કેરી) + કાલ (વખત)] પું. કેરી ઊતરે તે મોસમ; કેરી વેચવાનો વખત.
૨. [સં. આમ્ર (કેરી) + ગલ્ (ગળવું)] પું. કેરીનો રસ મુખ્ય વાની હોય તેવું ભોજન.

આંબાજાર ૧. પું. આંબા જેવા આકારનું ચિત્ર અથવા ભરતકામ
૨. [સં. આમ્ર (કેરીનું ઝાડ) + વાટ (રસ્તો)] પું. બંને બાજુ આંબાનાં ઝાડ હોય તેવો રસ્તો.

આંબાઝર [સં. આમ્ર (આંબો) + ઝર (ઝરણું)] સ્ત્રી. બંને કાંઠે આંબાવાળા એ નામની મીરમાં આવેલી એક નદી.

આંબાઠાળા [સં. આમ્ર (આંબો) + કુણ્ (હણાવું)] સ્ત્રી. આંબાની ઠળી.

આંબાડો (આંબાડો) પું. આશરે પાંત્રીસ ફૂટ ઊંચું અને સોપારીના આકારનાં ફળવાળું એક જાતનું ઝાડ.

આંબાપીપળી [સં. આમ્રિકા (આંબલી) + પિપ્પલી (પીપળ)] સ્ત્રી. એ નામની એક રમત; આંબલીપીપળી.

આંબાપોળી [સં. આમ્ર (કેરી) + પૂપલી (પૂરી)] સ્ત્રી. કેરીના રસને સૂકવી બનાવેલી પાતળી રોટલી.

આંબામોર ૧. [સં. આમ્ર (આંબો) + મુકુલ (કળી)] પું. આંબાનો મોર; વસંત ઋતુમાં આંબાને આવતાં ફૂલ. તેની હોરમ ખુશબોદાર લાગે છે.
૨. પું. નાના અને પાતળા દાણવાળી ડાંગરની એક જાત. તેના મોખા આંબાના મોર જેવી સુવાસવાળા, સોદ કે સહેજ પીળાશ ઉપર અને ભેદા હોય છે.
૩. સ્ત્રી. આંબાહળદર.

આંબામોરી ૧. સ્ત્રી. આંબાહળદર.
૨. [સં. આમ્ર (કેરી) + મધુક (મહુડો)] સ્ત્રી. આકડી; નાની ઝરમી કેરી.

આંબારોટલી [આંબો (કેરી) + રોટલી] સ્ત્રી. કેરીનો રસ અને રોટલીનું જમણ.

આંબાવાડિયું (આંબાવાડિયુ) [સં. આમ્ર (આંબો) + વાટી (વાડી)] ન. આંબાનું વન; અમરાઈ; આંબાવાડી.

આંબાવાડી (આંબાવાડી) ૧. [સં. આમ્ર (આંબો) + વાટી (વાડી)] સ્ત્રી. અમરાઈ; આંબાવાડિયું.
૨. ન. એક જાતનું સૂતરમાંથી બનતું રેશમી જેવું કાપડ. અગાઉના વખતમાં મુંબઈના કોળી, વોરા અને ખોજા બાયલ્લા, આંબાવાડી, લાલાઝ, ચિનાંઈ, કતારિયા માંડ અને ભિરજલાયાં જાતનાં રેશમી જેવું કાપડ જે મરાઠ કહેવાય છે તે તૈયાર કરતા. આ કાપડ મકરાના, મરજાદ અને ઓખા બાજે મળતું.

આંબાવાંઢો પું. સામાન્ય રીતે આંબાના ઝાડ ઉપર ઊગતો એક જાતનો પરોપજીવી એટલે બીજાને આધારે જીવનારો છોડ.

આંબાસાખ [આંબો + સાક્ષ (ખાઈ શકાય એવું ફળ)] સ્ત્રી. આંબા ઉપર કુદરતી રીતે પાકેલી કેરી. આવે આંબા ઉપરથી આવી ગળવા માંડેલી કેરીઓ પડવા માંડે ત્યારે તે આંબા ઉપરનાં ફળ પાકી ગયાં કહેવાય. સાખ પડ્યા પછી જ આંબા વેચાય છે.

આંબાસાખ [સં. આમ્ર (આંબો) + સાક્ષ (ખાઈ શકાય એવું ફળ)] સ્ત્રી. આંબા ઉપર કુદરતી રીતે પાકેલી કેરી; આંબાસાખ.

આંબાહલદી [સં. આમ્ર (આંબો) + હરિદ્રા (હળદર)] સ્ત્રી. (હિંદી) આંબાહળદર; વનહરિદ્રા.

આંબાહળદ [સં. આમ્ર (આંબો) + હરિદ્રા (હળદર)] સ્ત્રી. આંબાહળદર.

આંબાહળદર [સં. આમ્ર (આંબો) + હરિદ્રા (હળદર)] સ્ત્રી. એક જાતનું પીળા રંગનું મૂળ; હળદરથી કાંઈક મોટા કદનું આંકિયાવાળું અને આંબાના જેવી વાસવાળું મૂળ; વનહરિદ્રા; ગ્રવી; ગેદા; સુરબીરા; કાર; કર્પૂર; વનપત્રા; સુરબી; સુરનાભિકા; આમ્રગંધા. આંબા જેવી વાસ અને હળદર જેવો આકાર હોવાથી તે આંબાહળદર કહેવાય. તેનાં છોડ મલબારનાં જંગલમાં થાય છે. તે કડવી, ખાટી, ખારી તેવી, મૂત્ર લાવનાર, ગરમ, તરી અને રેચક અને કૃ. આકરી ખારી, ઉધરસ, દમ, હેડકી, તાવ, કોલેરા, કૃમિ, ચામુચિકાર, લોહીવિકાર, ખંજવાળ, મોઢાના અને આંખના રોગમાં તે ગુણકારક મનાય છે. આંબાહળદર, કડુ, અજમા અને ઇરતાળની બોજના ભેટલે મેળવણી સર્પદંશ ઉપર બધી ઉપર ગી કહેવાય છે. દવા તરીકે તે સૂકી અને લીલી બંને વાપરી શકાય. લેપ તરીકે મલમાર અને જખમ ઉપર તે ગાજ્યાર સાથે ચોપડાય. અથાણું અને કઢીમાં તે મસાલા તરીકે કામ આવે. ઢોરને આંબાહળદર અવરાવવાથી તાકાત આવે.

આંબિકેય ૧. [સં. અંબિકા (પૂતરાજની મા) + કેય (નું)] પું. અંબિકાનો દીકરો ધૃતરાષ્ટ્ર. ઊંચ દેખાવના આસને બેસીને ગાંધારી વખતે અંબિકાએ પોતાની આંખો બંધ કરી દીધી હતી. તેથી તેને જન્મથી આંધળો ધૃતરાષ્ટ્ર નામે દીકરો થયો હતો.
૨. [સં. અંબિકા (અંબા માતા) + કેય (નું)] પું. કાર્તિકેય કાર્તિકસ્વામી. તે અંબા એટલે પાર્વતીના દીકરા છે.

આંબિયાભહાર પું. કેસુડરિ અને માર્ચ મહિનામાં નારંગીને આવતાં બીજી વારનાં ફૂલ.

આંબિલ [સં. આચામ્લ (આઠ એકમ લાગલાગ દિવસમાં એક વખત અવાય એવું વ્રત)] સ્ત્રી. (જૈન) દિવસમાં એક વખત જ એક ધાન્યની બીજા વગરની ખીચ આવી અને ઊનું પાણી પીવું એવું એક દિવસનું તપ; આંબેલ.

આંબી [સં.] સ્ત્રી. પોતાની મેળે ઊગી નીકળતી વનસ્પતિ.

આંબોઆ હલદી [હિં.] સ્ત્રી. વનહરિદ્રા; આંબાહળદર.

આંબોલો [સં. અમ્બિકા (આંબલી)] પું. આમલિયો; કચૂકો.

આંબુડીઆશો (આંબુડીઆશો) પું. એક જાતનો નાચ. તેમાં બે ટોળાં આગળ ખપી વળી પ્રાચ્ય કડી પોતાની આંટી વાળતાં વાળતાં મોળ કરવાનું હોય છે.

આંબુડો (આંબુડો) [સં. આમ્ર (આંબો)] પું. આંબો; કેરીનું ઝાડ.

આંબું [સં. આમ્ર (કેરી)] ન. આંબાનું ફળ; કેરી.
આઠે ટોળાં ન ભરીએ લાંબાં,
ઉતાવળે ન પાકે આંબાં. પ્રેમાનંદ
આંબું જેતાં જાંબુ ભખ = બીજી વસ્તુ જોવા જતાં હાથમાંની વસ્તુ ખોઈ બેસીએ.

આંબેરી ન. આંબાની જાતનું એક ઝાડ.

આંબેલ ૧. ન. આમળાં ગુંદાની અથાર નીકળેલો આંતરડાનો છેડો.

૨. [સં- આચામ્લ (ખાટું એવું લૂખું અનાજ | વિગેરમાં એક વખત ચવાય એવું તપ)] | ન. (જૈન) મીઠા વગરનું જમવાનું એક | દિવસનું વ્રત; એક દિવસમાં એક અનાજની મીઠા વગરની ચીજ ખાવી અને ઊનું પાણી પીવું એવું તપ; આયંબિલ. તેમાં મીઠું, મરચું, દૂધ, દહીં, ઘી, ખારા, તેલ, ગોળ, ખાંડ, સાકર, લીલોતરી પણ લઈ શકાય નહિ.

આંબેહલદ [સં. આમ્ર (આંબો) + હરિદ્રા (હળદર)] સ્ત્રી. વનહરિદ્રા; આંબાહળદર.

આંબો ૧. પું. આંબામાંથી નીકળતો ગુંદર.

૨. પું. કામદેવનાં પાંચ બાણોનું એક બાણ.

૩. [સં. આમ્ર] પું. મરમ પ્રદેશમાં થતી મેળે ઊગતું, આંબા અને પેરાં જેવાં પાંદડાંવાળું, કેરીનું ઝાડ; આમ્ર વૃક્ષ; રસાલ; સહકાર; અતિસૌરભ; કામાંગ; મધુદૂત; માકંદ, વિચવલભ. વામ્બે મરહદના પ્રાંત સિવાય આખા હિંદુસ્તાનમાં અને બૂતાનથી કુમાઉં સુધી આ ઝાડ થાય છે. જંગલ અને કુંજરામાં ઊગેલા આંબાને રાની, બેતરમાં ઊગતા અને ઊંચી જાતનાને ઘરસાલ અને કલમ વાળી ઉગાડવામાં આવતાને કલમી કહેવાય. વસંતઋતુ બેસતાં તેને આવતાં સુગંધી ફૂલને મોર કહે છે. કાંપાળ જમીન આ ઝાડ માટે સારી મનાય. તે રોપવા માટે ૪ ફૂટ ઊંડો ને ૩ ફૂટ પહોળો ખાડો ખોદવો. ખાડામાં ૨૦ શેર તાજું ઢાઢણ તળિયે નાખવાં. ઢાઢણ અને ખાડાને નવ તસુ ઝાડીથી ઢાંકીને પછ વળી જરા ઢાલવું. જો ઢાલવું ભૂલી જવાય તો એક બાજુ ઝાડની કલમ ઊંચી ને બીજી બાજુ નીચી થાય. ૭ માસ સુધી ઝાડને રોજ બરાબર રાખવો કે જેથી ઝાડ નમે કે વળે નહિ અને નીચે પાંચ વરસ સુધી લાકડાંછ વગેરે બાતર નાખી વાવવાં. જો લાકડાંછનું વાવેતર ન કરવું હોય તો કુવ ચોમાસામાં ઓરડાનો ખોળ, ઝાતિનાં છાણાં કે વિષ્ટાવાળું બાતર નાખવું. કલમી આંબા નબળા હોય તો બાજુમાં બાર પાંચ ગોટલા રોપી દેવા. ગોટલામાંથી નવા ફૂટી નીકળે તે પૈકો જે મજબૂત નીકળે તેના ઉપર કલમી આંબાની કલમ બાંધવી. બાંધીનાને નવ માસમાં ભેગી કરવા. આ ઝાડ વાવ્યા પછી પાંચ સાત વર્ષે ફળવા માંડે. તેને મોર આવવાની ઋતુ ફાલ્ગુનથી માર્ચ સુધીની અને કેરી પાકવાની મેથી ઓગસ્ટ સુધીની છે, પણ કેટલાક બારે માસ થાય ને પાકે. નાનાં ફળ બાકરી અને મોટાં ફળ કેરી કહેવાય. ફળની અંદરની ગોટલી ઉપરનો રેસાદાર ભાગ કાચા ફળમાં ધોળો અને પાક ફળમાં પીળો હોય. સારા અને કલમી આંબામાં ગોટલી બહુ પાતળી અને રેસા વગરની હોય. પાકું મીઠાં ફળ વૈશાખ અથવા જેઠ મહિનાથી વધારેમાં વધારે ભાદરવા મહિના સુધી મળે. કેટલાકનું એમ માનવું છે કે ગૌરવ વર્ષની કેરી કરતાં હોય તો ગોટલાને મધ્યમાં પધાણીને જમીનમાં રોપ કરવો અને દૂધ પાવું. પણ બારી રીત એવી છે કે ઊંચી જાતના આંબાના મોરવાળા ડાળીના બાજુને બારીક મલમલની કોથળીથી બાંધી લેવો અને તેથી બીજા ઝાડમાં ઝાડોની પરાગરજ કાંઈ જીવજંતુ રસ ચૂસવાને તે ઉપર બેસી શકે નહિ. સુરોબાર, નવસાર વગેરે ગુજમાં નાખવાથી આ ઝાડને સડો લાગતો નથી ને વળી મૂળને પોષણ મળે છે. તેના મૂળને કરતી ઉધઈ બે કૂટ દૂર બર કરવી ને તેમાં બાતર નાખવું. ઝાડ નાનાં હોય ત્યાંસુધી કમરાનું જળતિયું બાતર, સૂકાં બાજ્યાં, લીંડું જાવ વગેરે નાઇટ્રોજનવાળું બાતર ખૂબ નાખવું. પાંદડાંમાં જીવજંતુ પડે તો એકસો બાગે બે બાગ દીરાકસીનું પાણી કરી પાંદડાં ઉપર છાંટવું. મરવા લાગી કેરી મોટી થાય ત્યાંસુધી મહિનામાં બે વખત પાણી પાવું જોઈએ. સાખ પકવાનો વખત થાય કે તરત ચોડા રોજ બગાઉ પાણી પાવાનું બંધ કરવું. આંબાની જાતો : ૧. ગોવાની બાલકોન્સો, ૨. બડકોની બાલકોન્સો, ૩. અમીરી કેસબરૂલા નવસારી, ૪. બાદશાહ પૂનાની, ૫. બનગોલ પૂના, ૬. બાંકા, ૭. બદામિયો, ૮. બનાસી મુંબઈ પરેલની, ૯. પૂના હીરાબાગની ભોપાલી, ૧૦. બીરાલા, ૧૧. બોરસા અથવા પસોરા, ૧૨. કોરીબાકોષ્ટબ્ધ પૂના, ૧૩. કોલાર, ૧૪. કોરડા, ૧૫. કરટોડીઓ, ૧૬. કબ્બેર વડગામ, ૧૭. દેરહીવા વડગામ, ૧૮. દીનીજ, ૧૯. દિલપસંદ, ૨૦. દીલ્લેનો, ૨૧. દુલસી, ૨૨. દરમા, ૨૩. દરનાન્દિઝ નં. ૧, નં. ૨ અને નં. ૩, ૨૪. દ્રેડરીકો ગોવા, ૨૫. દરટોડો, ૨૬. દુલસી નીચા, ૨૭. મઠોવા લાજુરલા, ૨૮. સોલાપુરના બાગની ગોવાની કેરી, ૨૯. ગોરદીવ કે સાસવડ, ૩૦. ગોલબોગ માલદા, ૩૧. ઘતરેના, ૩૨. જમશેદજી, ૩૩. જીમ્બા બાલુ-દીખીર, ૩૪. જલ્તારીવા, ૩૫. જાલા બાલ્પ્રસ, ૩૬. મુબઈની બાવસ્કી પરેલ, ૩૭. ઝુટ કે કેડસ, ૩૮. મુબુડીવા હોન્બા, ૩૯. ઝાલીન્દ્રા, ૪૦. ઝલીમા હોન્બા, ૪૧. ઝાવરી બાલ્પ્રસ, ૪૨. બવરી આંબીમરી, ૪૩. મુબુક્રા, ૪૪. ઝાંબા, ૪૫. ટોરવા, ૪૬. બાદલુગી, ૪૭. બાલદા, ૪૮. બલમોબા, ૪૯. મોરીબાકોબની, ૫૦. મુસારટાગોવા, ૫૧. નરેબિયા રોઝ, ૫૨. નવરોરબાની, ૫૩. નવસારી મુબઈની, ૫૪. બાંબલોરની ગોઆ, ૫૫. પૂનાની પરીબા, ૫૬. પંદીબા પૂના, ૫૭. પીળા (વાર્ષિતારાની), ૫૮. પીબાપોસા બંબુરલ, ૫૯. પામરિ મલ્ટોરબાલ્પ્રસ બાગની, ૬૦. રધુ, ૬૧. રાજબાહોન્બ, ૬૨. રીબોટદોન્બ, ૬૩. હોન્ટબોબી, ૬૪. સલગદા, ૬૫. સાલગદીના, ૬૬. સીકાજુનીર, ૬૭. શાહપસદ, ૬૮. ચેન્દીબા, ૬૯. સ્વરાતીની બાકૃસ, ૭૦. સફીતીનો, ૭૧. સરબાબ્બા, ૭૨. તોબીર કે તોબરાતા, ૭૩. તોતાપુરી, ૭૪. બાબરિયા, ૭૫. ચન્દાગા, ૭૬. બોરસા. આ ઉપરાંત બંગાળાના આંબાની ઊંચી જાતોમાં બીજી ૧૨૩ જાત છે. બંગાળામાં માલદા અને મુંબઈ પાસે મજગામ આવા માટે બાસ પ્રખ્યાત છે. માલદાની કેરી દેખાવમાં મોટી પણ સ્વાદમાં ઊતરી, મુંબઈની કેરી માલદાની કરતાં નાની પણ આવામાં ઘણી મીઠી હોય છે. બનારસની લાંગડા કેરી અને લખનૌની સફેદા પ્રખ્યાત છે. લાંગડા કેરી દેખાવમાં લાબી મીઠાશમાં બધા કરતાં ચડિયાતી હોય છે. લખનૌની કેરીની જાત સફેદ હોવાથી તેને સફેદા કહે છે. તોતાપુરી આંબાનું બકોરથી બાદી ગોરનું ફળ લાંબું, બણીએ ચોકવાળું અને ચપટી ગોટલીવાળું હોય છે. પામરી આંબાનાં બણીએ જરા લોકવાળાં ફળ કાપીને બવાય. તેના ગોટલામાં રેસો હોતો નથી. બાદલીબા આંબાના ફળને ઊંટ પાસે બાદલીના બામ જેવું કહેવું હોય છે. કલમી અને બબા સારા આંબાની કેરીઓ ચીરિયાં કરીને બવાય છે. કાચી કેરીનાં ચટણી, બથાણું અને મુરબ્બો થાય. તેની છાલ અને પાંદડાંમાંથી એક જાતનો પીળો રંગ નીકળે છે. તેના ફૂલનો ગુંદ કાંઈ તેની રાળ જેવો છે. કોંકણમાં કાચી કોઈ આંબાની ગોટલી માંદેના ચરની બાબરી બનાવી બાય છે. ગોટલા માંદેની ગોટલીને ઝમાર કોઈ ચામડાને કાળો રંગ દેવા માટે વપરે છે. પાકી કેરીના રસને સૂકવી પાતળી રોટલીના જેવો કરે તેને બામરસ, બામોદ, બાંબાપોળી બથવા આંબાની રોટલી કહે છે. ગોટલો બાંબરાથી બંદરથી નીકળતી ગોટલી જેરીને બાવામાં વપરાય છે. આંબાનું લાકડું ચીકટ ન હોવાથી તે પાટિયાં બનાવવામાં વપરાય છે. દવામાં તેનું ફળ, ગોટલી, પાદડાં, ફૂલ, છાલ અને તેના ચરમાંથી નીકળતો ચીકણો રાતો ગુંદ ઉપયોગી છે. પાકા કેરીનો રસ રેચક હોઈ તે બધકોષવાળા દરદીને, ગોટલી અને છાલ દુઃખતા મરસ, ઝાડા, રક્તાતિસાર ને રક્તપિત્ત ઉપર બહુ ઉપયોગી મનાય છે. તેની ગોટલીમાંથી નીકળતું તેલ સંધિવા અને ઢીલા

ઉપર, તેનો મોર પિત્ત, પ્રમેહ અને પ્રદર ઉપર, મધ સાથે તેનાં પાનનો રસ ગ્રહણના રોગ ઉપર અને તેનો મુરબ્બો પિત્તરોગ ઉપર હાથવાકરક છે. આંબલી ઉપર આમ્લાની ઠાંખળીનો રસ ચોપડવા. લાકીની ઊલટી ઉપર ગોટલીનો રસ કાઢી નાકમાં તેનાં ટીપાં પાડવામાં આવે છે. તેનાં પાંદડાંની રાખ ચાંદાં અને ખરજવાં રુઝાવવામાં વપરાય છે. તેનો તાજો ગુંદર દાદર મટાડનાર અને તેનું દાતણ તંદુરસ્તી આપનાર મનાય છે. આંબો શીતળ, ઝાડો અટકાવનાર, વાયુ વધારનાર, પિત્ત મટાડનાર અને રક્તદોષ, પેટનાં, છાતીનાં અને આંખનાં દરદ, ત્રિદોષ, વિષમજ્વર, પ્રમેહ અને મૂત્રરોગમાં હાવદાકારક મનાય છે. કુમળી કેરી તૂરી, ખરમ, સુગંધી, ખાટી, ક્ષાર સાથે ભેગવવાથી રુચિવાળી, કફજિયત કરનાર, કૃશ એટલે રસ વધારી અને કાંતિકર છે. તેમજ વાત, પિત્ત, કફ અને રક્તદોષને ઉત્પન્ન કરનાર અને કંઠરોગ, પ્રમેહ, મોનિદોષ, બધ્ય એટલે નાકે અને અતિસાર મટાડનારી છે. ખાટમાં પાકી પડેલી કેરી મીઠી, કડવી, બળકર, ધાતુવર્ધક, પુષ્ટિકર, ત્રિદોષ મટાડનાર, કફકર, અગ્નિદીપક, કફજિયત કરનાર, રિતમ એટલે ચીકટ, સુખકારક અને વાયુ, તરસ, બળતરા, પિત્ત, ઝાડ, ઝાડ અને અરુચિ મટાડે છે. તેની ગોટલીનું ૨૦થી ૪૦ ધર્ણબાર ચૂર્ણ જૂના ઝાડા, મરડા તેમજ અસાર્તવ એટલે વધારે પડતો રજસ્રાવ અને દૂધતા દરદ ઉપર અપાય છે. તેની ગોટલીનો ઉકાળો એકલો અથવા બીજાં અને સંઠ સાથે ઝાડા ઉપર ૬૦થી ૯૦ ટીપાંની માત્રામાં અપાય છે. તેનાં આંબોળિયામાં સાઇટ્રિક એસિડ હોવાથી વજનમાં અમણા લીંબુના રસ જેટલું કામ કરવા તરીકે આપે છે. તેની છાલનો ઉ૦થી૬૦ ટીપાંમાં અસાર્તવ એટલે વધારે પડતો રજસ્રાવ, દૂધતા દરદ અને છાતીમાંથી પડતા લોહી ઉપર આપવામાં આવે છે.

આંબાને એક કેસાથી બીજે કેરવવામાં, પરદેશ મોકલવા માટે પેક કરવામાં, તેને ઝાડ ઉપરથી ઉતારી દાબામાં નાખવામાં પણ ખૂબ કાળજી રાખવી. આંબાને બધાં કરવાં બાબુ પડે છે. તેનાં પાંદડાં ઉપર વાર્નિશ ચોપડ્યો હોય એવી છાયા પડે છે. ઉપરાંત પાંદ નામનો એક રોગ પરોપજીવી તરીકે તેના ઉપર ઊગે છે. તે માટે તેની ડાળી તરત કરવતથી કાપી નાખવી. આંબાની પોલમાં છાયાં કે બધ માટે કામરમાં કાકડું બોળી પોલમાં ભરી રાખું. વરસ ઉપરની ઉંમર માટે હિંગ, કેસરમારી ને એલિમાનું મેળવણ સોનાગેરુ સાથે ભેગાની ચોપડવું.

૧. આંબા આંબલી દેખાડવાં-દેખાડવી = લક્ષણ બધે જેવું કાંઈ બહુ કહેવું; લાલચ બતાવવી; લલચાવનારી વાતો કરવી; કુનવિદ્યા વાપરવી.

૨. આંબા ગાળો ને પૂંછ ટાળો = વિષયભોગ એ જેવા ઉદ્યોગનું સાધન છે. આંબાને મૂળથી નાખવા અને પછી ગુમાવવી બને સરખું છે.

૩. આંબા ખોદી—ખોડી નાખવા = (૧) આંબા ખોદી નાખવા જેવું કાંઈ નુકસાન કરવું. (૨) ઝાડ તે કરી લેવું. (૩) મૂળથી આંબો ઉખેડી નાખવો.

૪. આંબા તો કયાંક ઊગે, બાકી બાવળિયા = દુનિયામાં સારાં માણસ બહુ ઓછાં મળી આવે.

૫. આંબાની કાકી ને રોપનારી નાકી = સોંપું તે ખોપું જ. આંબાનાં ઝાડવાં કીમતમાં સોંપ્યાં પણ તે બાબતથી ઘુમાડો બહુ થાય તે ઉપરથી આમ કહેવાતું હશે.

૬. આંબાની ખોડ અદકાં કેર સારે? = હલકાં માણસોથી મોટાનું કામ કદી ન થાય.

૭. આગે ઓર ને કલામે લેખું, જતે દહાડે કેર ન દેખું = (૧) આડંબર પ્રમાણે ફળ ન મળે. જેમ આળા ઉપર મોર ગમે તેવો સારો આબો હોય પણ તે પ્રમાણે કેરીનો પાક થતો નથી. (૨) વગર વિચારની વાત; અનુભવી વિદ્વાનો ઉદ્યમ. ઘરે બેસનાર ઘરાકના હિસાબમાં ગમે તેટલો ચોપડો કરી રાકે, કેમકે પીનારને અરેબર બબાલ ન રહે કે તેણે કેટલો દારૂ પીધો.

૮. આબો મોરવો = આંબાને ફૂલ આવવાં.

૯. આંબો રોપવો = (૧) આંબો વાવવો. (૨) ઝાડ કરવું; ખરચુ બબું; કામ બબું. (૩) પોતાનો મુકામ.

૧૦. આંબા જેવો = (૧) કેરી જેવી. (૨) કસ્તો ભમરડો દોરીથી ઊભણ કણેણામાં ફીરી જેવો.

૧૧. આબો વાવવો = (૧) ચૂનો લીપી ખૂબ કરવી. શીતળાસાતમને દિવસે ઘરેઘર ઘરના ચૂના તપાસવા; શીતળા માતા નીકળતાં હોવાની લોકમા-ન્યતાથી ચૂના લીપી અંદર પ્રો કે વસ્તુનો ઢોળ મૂકી ઓબો તેની પૂજા કરે છે. (૨) ઝાડ કરવું; ખરચુ બબું; કામ બબું.

૧૨. આંબો વેરવો = આંબેથી કેરીઓ તોડી લેવી.

૧૩. ઉતાવળે આંબા ન પાકે = ધીરજ રાખવી.

૪. કું. છ અથવા બારે છોકરાંની આંબો ઊતરવાની રીત સમજાવતી કોરાકેરીની રમૂજી રમત; આંબો મોર્યો લીંબો મોર્યો; અનુકરણીબાજી; મોરમોર. રમનાર છોકરાંમાંથી એક મોટો છોકરો પોતાનું નામ આંબો રાખે અને બે પગ પહોળા રાખી ઊભો રહે. બીજાં છોકરાં તેના પગને બાઝીને બેસે. પાછી એક છોકરો દૂર જઈ એક પગે કૂદતો કૂદતો આંબો થયેલ છોકરાની ચોતરફ ફરે અને આંબાને બાઝેલાં છોકરાંને જોરથી ઠોકરે. જે છૂટું પડે તે દૂર બેસે. આમ બધાં દૂર બેસી જાય એટલે આંબો થયેલ છોકરો નાસી જાય અને બેઠેલાં છોકરાં તેને પકડવા દોડે. તે પકડાય ત્યારે રમત પૂરી થાય.

૫. કું. વધાવણી બતાવનાર આકૃતિ; વસ્તુપુષ; વધાવિસ્તારનું ચાક; મોજિજનું ચિત્ર.

આંબો મોર્યો લીંબો મોર્યો કું. એ નામની એક રમત; અનુકરણીબાજી.

આંબોઈ ૧. સ્ત્રી. દસ કે છ સુધી ઊંચો વધતો, ખરી ને કાંટાવાળી ડાંખળીઓ અને નીચલા ભાગમાં હૃદયાકારનાં અને ઉપલા ભાગમાં ખાંચાવાળાં પાનવાળો એક જાતનો છોડ. તેનાં ફૂલ સિક્કા પીળા રંગનાં, ફળ અણીવાળાં, વાળ જેવા કાંટાવાળાં અને તેનાં બી લીસાં હોય છે.

૨. [સં. નાભિ (કૂંડી)] સ્ત્રી. કૂંડી નીચે આવેલું બધી રત્નોના બંધારણરૂપ લોહીબર્યું ચક્ર; 'સિલિગ્રેઇ પ્લેક્સસ'. તેની શાખાઓ ઓકરી, કાળજું, બરોળ વગેરેને લોહી પૂરું પાડે છે.

૧. આંબોઈ કરાવવી = પેટને ચોળાવી પેચોટીને મૂળ જગ્યાએ આણવી.

૨. આંબોઈ કેકાણે આવવી – બેસવી = પેચોટીનું પોતાની મૂળ જગ્યાએ આવવું.

૩. આંબોઈ મરવી = મરણ જેવાતનું દુઃખ ભોગવવું. માણસના મરતા પહેલાં થોડી વારે તેની આંબોઈ મરી બધ એમ કહેવાય છે. પેટમાં થતા ત્રીજા દુઃખથી, આંકડીથી અને તેના મોં ઉપર દેખાતી પીકાની લાક્ષણીથી તે જણાઈ આવે છે.

૩. સ્ત્રી. નાભિબબ્બા; નાભિરજ્જુ.

આંબોડી (આંબોડો) સ્ત્રી. ટાળા.

કેર કરે રહ્યુ કૂદતી આંબોડી સે હાથ.

નર્મદોષ

આંબોલિયાં ૧. [સં. આમ્ર (કેરી)] ૨. જ. ૨. અધી કેરી.

૨. જ. જ. ૬. અધી કેરીના સાકરી ચાસેલા કટકા. તે રસોઈમાં આંબલીને બદલે વપરાય.

આંબોલો કું. ખાટી લૂણી. જમીન ઉપર વેલાની જેમ પથરાતો ત્રીજાં ખાટાં પાનવાળો

ઝેર છોડ. તેમાં અણીદાર ભાલા જેવાં લાંબાં ફળ થાય છે.

આંબોસાં ૧. ન. ૧. ૧. સૂકાં આલુ.
૨. ન. ૧. ૧. સૂકો દ્રાક્ષ.

આંબોસી સ્ત્રી. મગી કેરીની સૂકવેલ ચીર.

આંબોસું ૧. ન. મગી કેરીનો સૂકવેલ ટુકડો.
૨. ન. સૂકી દ્રાક્ષ.
૩. ન. સૂંઠ આલુ.

આંબોળિયું [સં. આમ્ર] ન. મગી કેરીની સૂકવી રાખેલી ચીર; મીઠું મારી સૂકવેલા કેરીના ટુકડા. રસોઈમાં તેનો ઉપયોગ ખટારા માટે થાય છે. રક્તપિત્ત ઉપર તે અક્સીર મનાય છે.

આંબ્યાપાત સ્ત્રી. એ નામની ગોદિસવાડ તરફ રમતી એક રમત; સાતતાળી.

આંબરીઉં ન. (કચ્છી) મગી કેરીની સૂકવેલી ચીર; આંબોળિયું.

આંબલ [સં. અંબસ (પાણી)] વિ. પ્રવાહી; પાણી જેવું.

આંબલસિક ૧. [સં. અંબસ (પાણી) + ધક (સંબધી)] ન. માળખું.
૨. વિ. પાણીમાં રહેતું; પાણીમાં થતું.

આંબલુડો (આંબલુડે) પું. એક જાતનો વેલો, આંબલુઓ; આમલુઓ. તેને નાની અને પહોળા વાલોળ જેવાં કાકડાં ફળ થાય છે.

આંબોડિ [સં. નાભિ (ટૂંકી)] સ્ત્રી. આંબોડિ; ટૂંકીની નીચે આવેલું બધી રસોના બંધારણરૂપ લોહીભર્યું ચક્ર; 'સિસિએક પ્લેક્સસ'.
આંબોડિ અસરી = ટૂંકીની નીચે દુઃખ થતું.

આંબોળિયાં [સં. આમ્ર (મગી)] ન. ૧. ૧. આંબોળિયાં; સૂકવેલી મગી કેરીના ટુકડા.

આંબળું ન. એક જાતના ફાડનું ખાટું ફળ; આંબળું; મોરમ. ખટાશ માટે આંબલીને બાદ કરે તે રસોઈમાં વપરાય છે, પણ તેમાં આંબલી જેટલી ખટાશ હોતી નથી.

આંબળપીંપ ન. ફાડના ખાટકરનું, લીંબુ જેવું, નારંગી જાતવાળું અને ખાટું બીવાળું એક જાતનું ફળ. તેનો ગર્ભ અથાણ છે.

આંબલી ૧. સ્ત્રી. આમલીનો ઝાડવો.
૨. [સં. આમ્લિકા; પ્રા. આમલીઆ] સ્ત્રી. આંબલીનું ઝાડ; આંબલી.

આંબલો પું. ઢોરની ઓલરીનો બાર મહિનો ઉંમરનો ભાગ.

આંબળી [સં. આમલક] સ્ત્રી. આમળાંનું ઝાડ.

આંબળું [સં. આમલક; પ્રા. અંબિલિઅ અપ. આમલઅ] ન. આંબળા નામના ઝાડનું ગોળ પીળું ખાટું ફળ; આંબળું.

આંબંત સ્ત્રી. (બા. મુ.) આબરુદાર કુટુંબની દીકરી.

આંબ [સં. અત્ર] અ. (માત્ર) અહીં; અહીંયાં; આ ઠેકાણે.

આંબકણે ૧. [અહીં + કને (પાસે)] અ. આ ઠેકાણે.
૨. ન. આ દુનિયામાં.

આંબ આંબ [હિં.] પું. નજીવી બીનાઃ સંબંધ વગરની વાત.

આંબાંથી [સં. અત્રતઃ] અ. અહીંથી.

આંબરા સ્ત્રી. ગર્ભ ઉપર રહેતી પાતળી ચામડીની કોથળી

આંબાવ ન. (કચ્છી) તમારે માટે. 'લાવ' બોલી વિભક્તિનો પ્રત્યય છે.

આંબ ૧. [હિં.] પું. ક્રમઃ અનુક્રમ.
૨. [સં. આમ] પું. ગ્રામમાં પડતો ચીકણો પદાર્થ.

આંબરુ ૧. [ગ.] ન. કાંગરના પહેલા રોપા કરેલા હોય તે ખેતર.
૨. ન. કાંગરના રોપને એક ખેતરમાંથી બીજામાં ફેરવી કરવામાં આવતી વાવણી.

આંબનાળ [હિં.] પું. નાળઃ ગર્ભમાં રહેલ બાળકની ટૂંકી સાથે જોડાયેલી રગ.

આંબરા [હિં.] પું. આમળું.

આંબલ ૧. [સં. ઊલ્વ (જરાયુ)] પું. ગર્ભને વીંટાયેલ ચામડીનું પડ.
૨. [હિં.] પું. બીજો જન્મ.

આંબલગઠો [હિં.] પું. ગાય ઉપરથી પડી ગયેલું સૂકું આમળું.

આંબલઆંબલ પું. ૧. ૧. જોડલું; જોલું.

આંબલનાલ [હિં.] ન. બાળકની નાળ.

આંબલા ૧. પું. સામા માણસને નીચે પાડી દેવાનો કુસ્તીનો એક દાવ.
૨. [સં. આમલક] પું. ૧. ૧. (હિંદી) આમળું; આંબળું. આમળાનું ઝાડ ઘણાઝાડ કહેવાય છે અને તેની પૂજા થાય છે.

આંબલાપત્તી [હિં.] સ્ત્રી. ખંડાંની જેમ અને કોર તીરાક ટાંક મારવામાં આવે એવું સીવણ.

આંબલાસાર [સં. આમ્લસાર] પું. શુદ્ધ કરેલો ખોરઃ આમલસારો ખોર.

આંબસ [સં. આમાવસ્યા] સ્ત્રી. આમસ; આંધારિયાનો છેલ્લો દિવસ.

આંબા [હિં.] પું. નીળાડોઃ કુંભારની ભઠ્ઠી.

આંબાંડ ૧. સ્ત્રી. ગર્ભની ઉપર રહેતું પાતળા ચામડીનું પડ.
૨. સ્ત્રી. નાળઃ ગર્ભની દૂંટી સાથે જોડાયેલી રગની નળી.

આંબિસ [સં. આમિષ] ન. (મરાઠી) માંસ.

આંબ્રા સ્ત્રી. વાછરડાના હાથમાં લોઢાનું ધારવાળું પાતળું જરોકું હોય એવું ઈંટ છોલવાનું ઓજાર.

આંશિક ૧. [સં. અંશ (ભાગ) + ધક (વાળું)] વિ. અધૂરું; અપૂર્ણ.
૨. વિ. વિભાગીય; ભાગવાળું.
૩. વિ. સમુદાય સંબંધી.
૪. વિ. સ્થાનિક.

આંશિક ચુકતી [આંશિક (અપૂર્ણ) + ચુકતી (ચૂકવાયેલું)] સ્ત્રી. બાકી જેણા રહે એમ કરાતો ચુકાવો.

આંશુકજલ [સં. અંશુ (કિરણ) + ક (વાળું) + જલ (પાણી)] ન. કિરણ ભરાયેલું પાણી; તાંબાના વાસણમાં આખો દિવસ તડકામાં અને આખી રાત ચાંદનીમાં રાખી બનેલું પાણી. વૈદકમાં આ પાણી બહુ ગુણકારી મનાય છે.

આંસ ૧. પું. (જ્યોતિષ) જે કલ્પિત રેખા ઉપર આકાશી પદાર્થ ફરે તે લીટીઃ અક્ષ; 'એક્સિસ'.
૨. પું. તાંતણાવાળો ભાગ.
૩. [સં. અક્ષ] પું. ધરી; જેના ઉપર અને જેને આધારે પૈડું ફરે તે દાંડી; આંક.
૪. [સં. અંક] પું. (ગણિત) પરિધ વચ્ચેથી પસાર થતી લીટી.
૫. [હિં.] સ્ત્રી. ફરદ; ભેદના.
૬. સ્ત્રી. રેસો; તાંતણો.
૭. સ્ત્રી. સાતળી; દોરી.
૮. ન. આસુ.

આંસડલાં (આંસડલાં) [સં. અશ્રુ] ન. ૧. ૧. આંસુ; અશ્રુ.

આંસુ [સં. અશ્રુ; પ્રા. અંસુ-અસ્સુ] ન. આંખમાં આવતાં પાણી; અશ્રુ; ઝળઝળિયાં. કણા જેવી કોઈ પણ ચીજ આંખમાં જવાથી અથવા દર્દ, દુઃખ કે વિલાપરીની લાગણી જવાથી આંસુ આવે. જે આદમમાં ઓળો રહે છે તે જ આદમમાં ઉપરની બાજુ બહારના ખૂણામાં બદામ જેવડી અણુપેશી ગ્રંથિ જોવામાં આવે છે. જેમાંથી આંસુ ચેલા થાય તે પિંડ રહેલ છે. પોપચાંની

ઉપાડવીને લીધે વધારાનું પાણી અંદરના ખૂણા તરફ વહી નાણાંનો અને અશ્રુનળી જેટલે આંસુ લાઈ જનારી નળીમાંથી નાકમાં ઊતરે. આં પવનની આવજા થતી હોવાને લીધે તેની વરાળ થઈ ઊડી જાય. આંસુ સારવાથી હૈયું હલકું થાય, આંસુ લૂછવાથી માણસને દિલાસો મળે અને આંસુ ભરવાથી પાપ છૂટે એવી માન્યતા છે.

રડબડી આંખિ આંસૂ ભરઈ
કર જી કમ્પની થાય,
દયા દામોદર ચિંતા મઈ
સહુ એકઠા બાપ. ઉષાહરણ–સોળમી સદી

૧. આંસુ આવવાં–ભરવાં–ખેરવાં–ઢપકી પડવાં–નિગળવાં–પાડવાં–ભરવાં–ભરી મેલવાં–વહાવવાં–વહેવાં–સારવાં = રડવું; રોવું.

૨. આંસુ ઢળકવાં = (૧) રડવું; રોવું. (૨) રોવાનો ઢોંગ કરવો.

૩. આંસુ ઢાળવાં = પોતાની અરજ પાર પાડવા માટે કરગરીને રોવું.

૪. આંસુ પી જવાં = રોવું દાબી રહેવું; આંખમાં આંસુ આવતાં અટકાવી દેવાં.

૫. આંસુ પોંછવાં = આંસુ લૂછવાં; દિલાસો આપવો.

૬. આંસુ લૂછવાં–લૂવાં–લોઢવાં = (૧) દયા આવી. (૨) દિલાસો દેવો; શાંત પાડવું; સાંત્વન આપવું.

૭. આંસુ વહેવાં = રોવું.

૮. આંસુથી મોં ધોવું–આઠ આઠ આંસુ રોવાં = ખૂબ આંસુ પાડવાં.

આંસુઘોર પું. આંખ નજીક આવેલાં ઝાડવાળો એક જાતનો અપશુકનિયો ઘોડો. તે પોતાના ધણીને સદા હિલગીરીમાં રાખે એમ મનાય છે.

આંસુડાં (આંસુડાં) જ. ન. બ. આંસુ; અશ્રુ.

આંસુડું (આંસુડું) [આંસુ + ડું (નકારાર્થી અતકાર પ્રત્યય)] જ. આંસુ; આંખમાંથી ઝરતું પાણી; અશ્રુ.

આંસુઢાળ ૧. [આંસુ + ઢાળવું (ધાતુ)] સ્ત્રી. આંખ નીચે ચારે તેમાંથી પાણી ઝરે એવું ખોડું.

૨. સ્ત્રી. કપાળમાં આવેલી ભમરી પણ જ નીચે હોય એવી ઘોડાની એક ખોડ.

ઇત્તિફાકન (ઇત્તિફાક) ૧. [અ. વફ્ક (તે નસીબથી થયું)] અ. અકસ્માતથી; ઓચિંતું.
૨. અ. કદાચ.

ઇત્તિફાકાત (ઇત્તિફાકાત) ૧. [અ. ઇત્તિફાક (અકસ્માત)નું બહુવચન] પું. બ. વ. અકસ્માતો; અણધાર્યા બનાવો.
૨. [અ. ઇત્તિફાક (બનાવ)નું બહુવચન] પું. બ. વ. બનાવો; સંજોગો.

ઇત્તિફાકિયા (ઇત્તિફાકિયા) [અ. વફ્ક (તે નસીબથી થયું)] સ્ત્રિ. અકસ્માતથી બનેલું; આકસ્મિક.

ઇત્તિફાકી (ઇત્તિફાકી) [અ. વફ્ક (તે નસીબથી થયું)] સ્ત્રિ. અકસ્માતથી બનેલું; અકસ્માતી.

ઇત્તિફાકેરાઈ (ઇત્તિફાકેરાઈ) [અ. ઇત્તિફાક (એકમત) + એ (ફું) + રાઈ (મત)] પું. મૈત્રી; એકસંપ; ઐક્ય.

ઇત્તિફાકે હસન (ઇત્તિફાકે હસન) [અ. ઇત્તિફાક (વફ) + એ (ફું) + હસન (સારું)] પું. અણધાર્યું સારું નસીબ; અનુકૂળ તક.

ઇત્તિબા [અ. તબઅ (તે લાગે ચાલે)] ન. અનુસરણ.

ઇત્તિલાઅ ૧. [અ. તલઅ (તેણે જાણ્યું)] સ્ત્રી. ખબર; સૂચના.
૨. સ્ત્રી. જાહેરખબર.
૩. સ્ત્રી. દોરો; જાહેરનામું.
૪. સ્ત્રી. તપાસ; તજવીજ.

ઇત્તિલાનામા ૧. [અ. ઇત્તિલાઅ (ખબર) + નામા (પત્ર)] ન. આફ્રીનાં 'સમન્સ'.
૨. ન. લિખિત જાહેરખબર; નિવેદનપત્ર.

ઇત્તિલાએદાર [અ. ઇત્તિલાઅ (ખબર) + દાર (વાળું)] સ્ત્રિ. જાણેલું; માહિતી હોય એવું.

ઇત્તિસાફે (ઇત્તિસાફ) [અ. વસ્ફ (તેણે વખાણ કર્યાં)] પું. વર્ણન; પ્રશંસા; સ્તુતિ.

ઇત્તિસાલ ૧. [અ. વસ્લ (તેણે મેળાપ કર્યો)] પું. મેળ; મોલ.
૨. પું. મોગ; સંભોગ.
૩. પું. સપ; ઓલતા.

ઇત્તિહાદ ૧. [અ. વહદ (તેણે એક થવું)] પું. એકતા; ઐક્ય; સંપ.

૨. પું. મિત્રતા; દોસ્તી; ભાઈબંધી.
૩. પું. સંધિ; કરાર.

ઇત્તિહાસ ૧. [અ. વહમ (તેને લગ્ન થયું)] પું. તહોમત; આળ; દોષ.
૨. પું. શંકા; શક; સંદેહ.

ઇત્તેફાક (ઇત્તેફાક) ૧. [અ. વહક (તે નસીબથી થયું)] અ. અકસ્માત; અણધારી ઘટના; બનાવ.
૨. અ. અવસર; મોકો; સંજોગ.
૩. અ. સંપ; એકતા; મેળ; ઇત્તિહાદ.

ઇત્તેફાકન (ઇત્તેફાક્ન) ૧. [અ. વહક (તે નસીબથી થયું)] અ. અચાનક; અકસ્માતથી.
૨. અ. કદાચ.

ઇત્તેફાકિયા (ઇત્તેફાકિયા) [અ. ઇત્તેફાક (અકસ્માત)] વિ. અકસ્માતથી થયેલ; આકસ્મિક.

ઇત્તેબાઅ [અ. તબ્અ (તે વાંકે આવ્યો)] પું. તાબેદારી.

ઇત્તેલા ૧. [દ્વા. ઇત્તિલાઅ (ખબર)] સ્ત્રી. ખબર; સૂચના.
૨. સ્ત્રી. જાહેરાત; જાહેરખબર.
૩. સ્ત્રી. ઢંઢેરો; જાહેરનામું.

ઇત્તેલાનામા ૧. [અ. ઇત્તિલાઅ (ખબર) + દ્વા. નામા (પત્ર)] ન. જાહેરાત; 'સમન્સ'.
૨. ન. મહેસૂલ મુદ્રાંકસર નહિ ભરનારની જમીન જપ્ત કરવાની ચેતવણી.
૩. ન. સૂચનાપત્ર; જાહેરાત; 'નોટિસ'.

ઇત્તેહાદ ૧. [અ. વહદ (એક)] પું. મૈત્રી; ભાઈબંધી; દોસ્તી.
૨. પું. સંધિ; કરાર.
૩. પું. સંપ; એકતા; મેળ.

ઇત્થમેવ ૧. [સં. ઇત્થમ્ (આ પ્રમાણે) + એવ (જ)] વિ. એ જ પ્રમાણે થતું.
૨. અ. આ જ રીતે.

ઇત્થરાલ [સં. ઇત્થં (આ પ્રમાણે) + રાજ્ (જાહી કરવું)] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. ઉતાવળી ચાલવાનો ગ્રહ ધીમી ચાલના ગ્રહથી અંતરમાં ઓછો હોય અને તે ગ્રહબીજાને જોતા હોય અથવા ગ્રહબીજાની સાથે સંબંધ કરતા હોય ત્યાં આ યોગ થાય છે.

ઇત્થરાલી [સં. ઇત્થરાલ (એ નામનો એક યોગ) + ઇન્ (વાળું)] વિ. (જ્યોતિષ) ઇત્થરાલ નામના યોગવાળું.

ઇત્થં [સં. ઇત્થમ્ (એ પ્રમાણે)] અ. આ રીતે; આ પ્રમાણે; આમ.

ઇત્થંભાવ ૧. [સં. ઇત્થમ્ (આ પ્રમાણે) + ભાવ (હોવાપણું)] પું. એ પ્રમાણે થવું તે.
૨. પું. એવી સ્થિતિમાં આવવાપણું.

ઇત્થંભૂત ૧. [સં. ઇત્થમ્ (એ પ્રકારે) + ભૂત (થયેલું)] વિ. એ પ્રમાણે થયેલ; આ પ્રમાણે બનેલું.
૨. વિ. એવી સ્થિતિમાં આવેલું; આવા સંજોગવાળું.
૩. અ. જેમ બન્યું હોય તેમ; યથાસ્થિત.
૪. અ. વિગતવાર; સવિસ્તર.

ઇત્થા [સં.] અ. આ પ્રમાણે.

ઇત્થિ [સં. સ્ત્રી] સ્ત્રી. (પ્રાકૃત) નારી; સ્ત્રી.

ઇત્થિકહા [સં. સ્ત્રી (બૈરી) + કથા (વિકથા)] સ્ત્રી. (પ્રાકૃત) સ્ત્રીની ચોસઠ કળા.

ઇત્થિકહાહ [સં. સ્ત્રી (બૈરી) + કથા (વાત)] સ્ત્રી. (પ્રાકૃત) સ્ત્રી સંબંધી વાતચીત.

ઇત્થિચોર [સં. સ્ત્રી (બાઈ) + ચોર] પું. (પ્રાકૃત) લંપટ; વિષયી; વ્યભિચારી.

ઇત્થિતીર્થં [સં. સ્ત્રીતીર્થં] ન. (પ્રાકૃત) સ્ત્રીરૂપે જન્મેલ મલ્લિનાથ તીર્થંકરે જગાવેલું સામ્રાજ્ય.

ઇત્થિપરિસહ ૧. [સં. સ્ત્રી + પરિષહ (દુઃખ)] પું. (પ્રાકૃત) સ્ત્રીનો ઉપદ્રવ સામ્ય રાખવાપણું.
૨. પું. સ્ત્રીના હાવભાવથી ન ડગવું તે.

ઇત્થિલિંગ [સં. સ્ત્રી (બૈરી) + લિંગ (દેહ)] ન. (પ્રાકૃત) સ્ત્રીનું શરીર.

ઇત્થિલિંગસિદ્ધ [સં. સ્ત્રી (બાઈ) + લિંગ (શરીર) + સિદ્ધ (મુક્તિ પામેલ)] પું. (પ્રાકૃત) સ્ત્રી જન્મમાંથી છૂટકારો.

ઇત્થિવેદ [સં. સ્ત્રી (બાઈ) + વેદ (ભાવ)] પું. (પ્રાકૃત) સ્ત્રીને પુરુષ સાથે ભોગ ભોગવવાની થતી ઇચ્છા.

ઇત્થી [સં. સ્ત્રી] સ્ત્રી. (પ્રાકૃત) સ્ત્રી; નારી.

ઇત્યા [હિં.] વિ. આટલું.

ઇત્યેમેં ૧. [હિં.] અ. આ વખતે.
૨. અ. આટલામાં.
૩. અ. આના ઉપર.
૪. અ. દરમિયાન; એટલા વખતમાં.

ઇત્રૂ (ઇત્રુ) [અ.] પું. કેસતા ઓલવવો તે.

ઇત્લાઅ [અ. તબ્અ (તે વાંકે આવ્યો)] પું. અનુસરણ; તાબે થવું તે.

ઇત્લા [અ. તમઅ (તેણે ઇચ્છા કરી)] સ્ત્રી. આતુરતા; તીવ્ર ઇચ્છા.

ઇત્લાફ [અ. તમાફ (પ્રેમ)] પું. સંપ્રયુક્તતા.

ઇત્મીનાન ૧. [અ. અમન (તે શાંત હતો)] પું. શાંતિ; સંતોષ.
૨. પું. સહીસલામતી; અમાનત.

ઇત્ય [સં. ઇ (જવું) + ત્ય (જેવું)] વિ. જવા જેવું.

ઇત્યક [સં.] પું. દ્વારપાળ; પ્રતિહાર.

ઇત્યર્થં ૧. [સં. ઇતિ (આ પ્રમાણે) + અર્થં (હેતુ)] પું. એ પ્રમાણેનો સાર; મતલબ; હેતુ.
૨. પું. પૂરી હકીકત.

ઇત્યર્થમ્ [સં. ઇતિ (આ પ્રમાણે) + અર્થમ્ (માટે)] અ. એટલા માટે; એ હેતુથી.

ઇત્યલમ્ [સં. ઇતિ (આમ) + અલમ્ (બસ)] અ. બહુ થયું; આટલું પૂરતું છે; હવે બસ.

ઇત્યા ૧. [સં. ઇ (જવું) + ત્ય (જેવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ગતિ; ગમન.
૨. સ્ત્રી. પાલખી; ખાનો.

ઇત્યાદિ ૧. [સં. ઇતિ (આમ) + આદિ (શરૂઆત)] વિ. એ પ્રમાણે બીજું પણ; વગેરે.
૨. અ. એ વગેરે; વગેરે. સરખા સંબંધવાળી ઘણી વસ્તુ ગણાવવાની હોય ત્યારે ટૂંકમાંની ખાતર એ ત્રણ વસ્તુ ગણાવી ઇત્યાદિ લખવામાં આવે છે.

ઇત્યાદિક [સં. ઇતિ (આમ) + આદિ (શરૂઆત) + ક (વાળું)] વિ. એ પ્રમાણે એના જેવું બીજું હોય તે. જુઓ ઇત્યાદિ.

ઇત્યેવં [સં. ઇતિ (આમ) + એવમ્ (એ પ્રમાણે)] અ. એ પ્રકારે; એ રીતે.

ઇત્ર ૧. [અ.] પું. ખુશબો; સુગંધ.
૨. ન. અત્તર.
૩. ન. અર્ક; સત્ત્વ.
ઇત્ર કઢવું-ખેંચવું = સત્ત્વ કઢવું.
૪. ન. સુગંધીત દ્રવ્ય; ખુશબોદાર ચીજ. તેના પ્રકાર: (૧) જન્તવ એટલે જંતુમાંથી મળતી. જેમકે, કસ્તૂરી, અંબર. (૨) વનસ્પતિજ. જેમકે, કેવડો. (૩) કૃત્રિમ. જેમકે, ગોલ દાર.

ઇત્રદાન [અ. ઇત્ર (અત્તર) + દ્વા. દાન (જગ્યા)] ન. અત્તરદાની; અત્તર રાખવાનું વાસણ.

ઇત્રદાની [અ. ઇત્ર (અત્તર) + દ્વા. દાન (રાખવું)] સ્ત્રી. અત્તરદાની; અત્તર રાખવાનું વાસણ.

ઇત્રફરોશ (ઇત્રફરોશ) [અ. ઇત્ર (અત્તર) + દ્વા. ફરોશ (વેચનાર)] પું. અત્તર વેચનાર.

ઇત્રાઈ ૧. સ્ત્રી. આલકલાઈ; હોઠનો રોગ.
ઓલે ઇત્રાઈ હું મિટાઈ,
બાઈ ખરી જમ ખિટાઈ ઇસાગમ

ઇર્ષ

૨. [સં. ઇતર (બીજું) + આર્ષ (ઋષિ)] સ્ત્રી. ગુદાદ્વાર; ગુદાપ્રદેશ.

ઇત્રાના [હિં.] પું. અત્તર મારનાર.

ઇત્રાવો ૧. [હિં.] વિ. અત્તર કરનારું અત્તરખોર.

૨. વિ. રમતિયાળ.

ઇત્રિયત [અ.] ન. સુગંધ.

ઇત્રિયાત [અ. ઇત્ર (ફુલાબેદાર ચીજ)નું બહુવચન] ન. ન. બ. સુગંધી પદાર્થો.

ઇત્રીફલ [સં. ત્રિફલા] ન. એ નામનું એક ઔષધ. ત્રિફલાનું એટલે હરડાં, બહેડાં અને આમળાંનું ચૂર્ણ તેનાથી ત્રણગણા ભભમાં મેળવી બાર્ણાસ દિવસ સુધી રાખી મૂકવાથી આ ઔષધ બને છે.

ઇત્રો [હિં.] વિ. અત્તરનું.

ઇત્રોડા (ઇત્રોડા) ૧. સ્ત્રી. સુથારની એ નામની બટક.

૨. ન. સુથારની એ નામની બટકનું બાણસ.

૩. વિ. સુથારની એ નામની બટકનું.

ઇત્લાક (ઇત્લાક) ૧. [અ. તલાક (તેણે બોટા કર્યા)] પું. છૂટાછેડા; લગ્નના બંધનમાંથી છૂટકારો.

૨. પું. છૂટું મારવું તે; મુક્તિ; છૂટ.

૩. પું. સમન્સની બેટલે અદાલતના તેડાની અને તેના પૈસા ઉપરાવવાની કચેરી.

૪. પું. સંબંધ; નિસ્બત.

૫. પું. સ્વતંત્રતા.

ઇત્લાકનવીસ (ઇત્લાકનવીસ) [અ. ઇત્લાક (સમન્સની અને તેના પૈસા ઉપરાવવાની કચેરી) + ફા. નવીસ (લખનાર)] પું. સમન્સનું અને તેની ફીનું હાતર રાખનાર અમલદાર.

ઇત્વર ૧. [સં. ઇ (જવું)] પું. મુસાફર; પથિક.

૨. પું. ઢાંઢ; આખલો; ઢાલ્યર.

૩. પું. હીજડો; નપુંસક; પંડ.

૪. વિ. અલ્પકાળનું; બોટા વખતનું.

૫. વિ. કૂર; ખાવાનું હલ્કનું; ઢોર જાતીનું.

૬. વિ. ગરીબ.

૭. વિ. જનાર; જવાબાળું.

૮. વિ. બોટું; અલ્પ.

૯. વિ. નીચ; હલકું.

ઇત્વરપરિગૃહીતા ૧. [સં. ઇત્વર (બોટા વખતનું) + પરિગૃહીત (સ્વીકારેલ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. (પ્રાકૃત) બોટા વખત માટે રાખેલી રખાત.

૨. સ્ત્રી. નાની ઉમરની પરણેલી સ્ત્રી.

ઇત્વરપરિગૃહીતાગમન [સં. ઇત્વર (બોટા વખતનું) + પરિગૃહીતા (સ્વીકારેલી) + ગમન (સંભોગ)] ન. નાની ઉમરની પરણેલી સ્ત્રી સાથે કે બોટા વખત માટે રાખેલી રખાત સાથે પ્રત્યોગ કરવો તે. શ્રાવકોના બ્રહ્મચર્ય સંબંધી બોધ વ્રતમાં આ એક દોષ ગણાવ્યો છે.

ઇત્વરિક [સં.] વિ. બોટા વખતનું.

ઇત્વરિક અનશન [સં. ઇત્વરિક (બોટા વખતનું) + અન્ (નહિ) + અશન (ખાવું તે)] ન. (જૈન) અનશન તપનો એક પ્રકાર; બોટા વખત માટે અન્નપાણીનો ત્યાગ.

ઇત્વરિકસામાયિકચારિત્ર [સં. ઇત્વરિક (બોટા વખતનું) + સામાયિક (પાપમાં પ્રવૃત્તિ નિવૃત્તિ) + ચારિત્ર (ચારિત્રવંત)] ન. (જૈન) બોટા વખત માટે પહેલવહેલી લેવામાં આવતી મુનિદિક્ષા; બોટા વખત માટે મન, વચન અને શરીરને બધાં પાપકારી પ્રવૃત્તિમાંથી રોકવારૂપ સંયમ.

ઇત્વરી ૧. [સં. ઇત્વર (જનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. અભિસારિકા; સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.

૨. સ્ત્રી. કુલટા; વિભ્રાળા; અભિચારિણી; અસતી.

૩. [સં. ઇત્વર (બોટા વખત માટેનું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બોટા વખત માટે રાખેલી રખાત.

ઇત્સિંગ સ્ત્રી. હિંદમાં વેરાન ચેતર અને બીની જગ્યામાં ચોમાસા પછી ઊગતો છોડ. તે વિરેચક બેટલે ઝાડો લાવનાર, મૂત્રલ બેટલે પેશાબ ઉતારનાર, જ્વરનો દુખાવો ઓછો કરનાર, જ્વરોદરનાશક અને કૃમિનો પ્રતાપનાર મનાય છે. બે જાતમાંથી રાતાં ફૂલવાળી જાત રક્તસ્રાવ બંધ કરવા માટે વપરાય છે.

ઇદ્સંગ પું. ખાતમા સૈકામાં હિંદની યાત્રા માટે આવેલો એ નામનો બૌદ્ધધર્મી ચીનો.

ઇદ્હાર [અ. તહર (તે પવિત્ર હતો)] ન. પવિત્ર કરવું તે.

ઇધાતથા ૧. [હિં.] અ. અહીંતહીં.

૨. અ. મુસ્તરી રાખીને.

ઇધિઓપ પું. હબસી.

ઇધિઓપ હબસીનો અપભ્રંશ છે.

વિદ્યાવિલાસ

ઇધિઓપિક પું. હબસી લોકનો રેવ. તેને એબિસિનિક પણ કહે છે. આ નામ પ્રાચીન કાળમાં અબર નામના નદીના જેણે કિનારાની આસપાસ વસવાટ કરેલા બહોળા વિસ્તારને આપવામાં આવેલું હતું. તેની રાજધાની મીરો હતું.

ઇધિઓપિયા પું. હબસી લોકનો રેવ. તેને એબિસિનિયા પણ કહે છે. આ નામ પ્રાચીન કાળમાં અબર નામના નદીના જેણે કિનારાની આસપાસ વસવાટ કરેલા બહોળા વિસ્તારને આપવામાં આવેલું હતું. તેની રાજધાની મીરો હતું.

ઇધિઓપિયન ૧. [હિં.] વિ. અબિસીનિયાનું.

૨. વિ. બળવું બાવવું; તાદશ જેવું.

ઇધિકતા [સં. ઇદમ્ (આ) + તા (પણું)] સ્ત્રી. બળતાપણું; તાદશતા.

ઇધિકાર [હિં.] પું. અધિકાર; અખત્યાર.

ઇધિખ સ્ત્રી. લક્ષ્મી; ધન; દોલત.

ઇધિખાલી (ઇધિખાલ) [અ. દખલ (તેણે દાખલ કર્યું)] પું. દાખલ કરવાપણું.

ઇધિગામ ૧. [અ. દમ (તેણે જેવું કર્યું)] પું. અરબી બાષામાં તરાહદથી અક્ષરનું બેવડાવાપણું. જેમકે દુકાન.

૨. પું. અરબી રચનામાં અક્ષરોનું જોડવું તે.

ઇધિજાર [અ. દજર (તેના ઉપર આફત પડી)] સ્ત્રી. આફત; કમનસીબી.

ઇધુમપુરી પું. કાળા આંટાવાળો શંખ.

ઇધમ્ [સં.] ઇ. આ.

ઇધર ૧. પું. ઉંદર.

૨. [સં. ઇતઃ (અહીં)] અ. અહીંથી; આ તરફથી.

ઇધરઉધર [સં. ઇતઃ (અહીં) + તતઃ (ત્યાં); હિં. ઇધરઉધર] અ. અહીંતહીં.

ઇધરતિધર [સં. ઇતઃ (અહીં) + તતઃ (ત્યાં)] અ. (હિંદી) અહીંતહીં; આમતેમ.

ઇધરાક [અ. દરક (તે સમજ્યો)] પું. સમજ; જ્ઞાન.

ઇધરાજ [અ. દરજ (તેણે નાખ્યું)] પું. એક વસ્તુ બીજીમાં નાખવાની ક્રિયા.

ઇધરાર ૧. [અ. દરર (તે ઘૂંટી વસ્ત્રો)] પું. ઉદારતા.

૨. પું. ઘૂંટવી વહેવું તે.

૩. પું. પેશાબનું વજન કરવાના માપનું જણ તે.

૪. પું. મોટી પેશાબની રોગ; મધુપ્રમેહ.

૫. પું. સખ્ત વરસાદ.

ઇધરારી [અ. દરર (તેણે બક્ષિસ આપી)] પું. ચેતનાં ગોળો પત્થર.

ઇધવ પું. (સંગીત) એ નામનો છંદ; સવૈયા.

ઇધવાર [અ. દોર (તે ગોળ ફર્યો)] સ્ત્રી. ફરવાની ક્રિયા.

ઇધ્ ૧. ન. બાયા; પ્રકૃતિ.

૨. [સં. ઇદમ્ (આ)] સ. આ; બોલનારની નજીકની વસ્તુ જણાવવા માટે વપરાતો શબ્દ.

૩. વિ. નજર આગળનું; સંબંધ આવેલું.

૪. અ. અહીંયાં; આ જગાએ.

૫. અ. હમણાં; હાલ.

ઇદમર્થા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ધમાસો.

ઇદંતા ૧. [સં. ઇદમ્ (આ) + તા (પ્રત્યય)] સ્ત્રી. 'આ'પણું; બતાવી શકાય એવું હોવાપણું.

૨. સ્ત્રી. એકસરખાપણું; મળતાપણું; તાદાત્મ્ય.

ઇદંતૃતીયમ્ ૧. [સં. ઇદમ્ (આ) + તૃતીયમ્ (ત્રીજું)] અ. આ ત્રીજું.

૨. અ. ધર્તિંગ; અણધારી નવી જાંજવા; કોઈ નવું જ બની આવતું તે; અમુક ક્રમ કરવા જતાં તેમાંથી કોઈ નવો અને ત્રીજો ભાવ બની આવે તે; ન ધારેલું ત્રીજું જ કંઈક.

એમાંથી વળી કંઈ ઇદંતૃતીયં નીપજે એવું છે કે શું? પ્રેમાનંદ

૩. અ. ધાર્યા કરતાં કાંઈ બીજા જ હકીકત; અણધારેલી બાબત. કોઈ બાબત સંબંધી વાત ચાલતી હોય તેમાં કોઈ આવીને જુદાતી જ વાત કહે ત્યારે ઇદંતૃતીયં કહેવામ છે.

૪. વિ. આ ત્રીજું; જુદું જ; કંઈ નવું જ.

ઇદંત્વાભિનિવેશો પું. (બૌદ્ધ) એ નામની એક ભ્રાંતિ; હું કહું છું એ જ સાચું છે એવો ખોટો હા.

ઇદા [સં.] અ. આ વખતે; હમણાં.

ઇદાનીં ૧. [સં.] અ. એક એતદ્દિના પંદરમા ભાગ જેટલો વખત બતાવનાર અવ્યય.

૨. અ. હમણાં; આ ટાણે; હાલ; અદ્યતના.

ઇદાનીંતન ૧. [સં.] વિ. આધુનિક; હાલનું.

૨. વિ. નવીન; નવું.

ઇદારમૂલી સ્ત્રી. એ નામનું એક ઔષધ.

ઇદાવત્સર [સં. ઇદ્ (ઇ અક્ષર) + આ (વા) + વત્સર (વર્ષ)] પું. એ નામનો એક સંવત્સર; પાંચ વર્ષના દરેક યુગનું ત્રીજું વર્ષ. બૃહસ્પતિની ગતિ પ્રમાણેના દરેક સાઠ વર્ષમાંથી પાંચ વરસના બનતા બાર યુગમાંના દરેક યુગનું ત્રીજું ઇદાવત્સર કહેવાય છે. તેનાં નામ: શુક્લ, ભાવ, પ્રમાથી, તારણ, વિરોધી-કર્ત્તા, વિકારી, ખરી, સૌમ્ય, આનંદ, સિદ્ધાર્થ અને રાક્ષસ. આ વર્ષમાં કપડાં અને અન્નનું દાન કરવાથી મબ્બો લાભ મનાય છે.

ઇદી અ. ક્રિ. (ચારણી) આપી.

ઇદુકાંત પું. નાસ્તિક ધર્મ ચલાવનાર ચાર્વાકના બાપનું નામ.

ઇદુર ૧. [સં.] સ્ત્રી. ગાડી ઉપરની છત્રી.

૨. સ્ત્રી. મોટી પાટ.

૩. સ્ત્રી. સંઘરો; મોટો ટોપલો.

ઇદુવત્સર [સં. ઇદ્ + વત્સર (વર્ષ)] પું. એ નામનો એક સંવત્સર; ઇદાવત્સર.

ઇધો ૧. પું. બંદૂકનો ઘા કરવાનું ઠામ.

૨. અ. ક્રિ. (ચારણી) આપ્યો.

ઇધ્મજિહ્વ [સં. ઇધ્મ (બળતણ) + જિહ્વ (કરવું)] પું. આખલો; સાંઢ, કેમકે તે અગ્નીતલી મરજી પ્રમાણે ફરે છે.

ઇધ્મત ૧. પું. ખૂણો; વિધવાએ પોતાના મરણ પામેલ ધણીના હક્કમાં બેસી રહેવું તે.

૨. [અ.] સ્ત્રી. તલાક અપાયેલી સ્ત્રીએ કે વિધવાએ ફરી પરણતાં પહેલાં રાહ જોવાની ફરજિયાત મુદત. તલાકેલી પરણેતર સ્ત્રીને માટે ત્રણ માસિક ઋતુ કે ત્રણ માસિક બિમારી સુધીની, વિધવા માટે ચાર મહિના ને દસ દિવસની અને ગર્ભવતી સ્ત્રીને માટે બાળક અવતરતાં સુધીની છે.

૩. સ્ત્રી. પતિના મર્યા પછી મુસલમાન વિધવાએ રોકે પાળવાની ૪૦ દિવસની મુદત. આ વખતની અંદર તે બીજા પુરુષની સાથે વિવાહ કરી શકતી નથી.

ઇધ્રિજ્યા [અ.] પું. પોતાના હક્કની આજણી.

ઇન ૧. અ. અજમાયશી; આજમે.

૨. અ. તાકડે.

૩. અ. તાપ; ગરમી.

૪. અ. દીપ્તિ; ઝગારો; તેજ; પ્રભા.

૫. વિ. અજમાયશી કરેલું.

૬. વિ. તેજસ્વી; દીપિતાનું; ઝગારું.

૭. વિ. નિર્દિગ; અણસમજુ વગરનું.

૮. [સં. ઇધ્ (સળગાવવું) + ત (ભૂત)] વિ. સળગાવેલું.

૯. વિ. સળગેલું; બળેલ.

૧૦. વિ. સ્વચ્છ ચોખ્ખું; નિર્મળ.

ઇન પું. (પુરાણ) બાર તુષિત દેવમાંનો એ નામનો દેવ. તે યજ્ઞ અને દક્ષિણાનો દીકરો હતો.

ઇનજિહ્વ પું. (પુરાણ) પ્લક્ષદ્વીપના અધિપતિ પ્રિયવ્રત રાજર્ષિના દશમાંનો એ નામનો બીજો પુત્ર. એણે પોતાના દ્વીપના શિવ, યવસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એ નામના સાત દેશમાં ભાગ પાડી તે તેના સાત દીકરાઓને વહેંચી આપ્યા હતા.

ઇનયાન પું. એ નામનો એક ઋષિ.

ઇનવાહ [સં. ઇન્ધ (બળતું બળતણ) + વાહ (લઈ જનાર)] પું. અગસ્તિનો લોપામુદ્રાથી થયેલ દૃઢસ્યુ નામનો પુત્ર. તે સાત વર્ષ સુધી ગર્ભમાં રહ્યો હતો. નાનપણથી જ એ જબરો તપસ્વી ને વેદવેદાંગમાં પારંગત હતો. એ નાનો હતો ત્યારથી જ રોજ હજાર માણસથી ઊંચકાય એટલું ચતું બળતણ ઊંચકી લાવતો. આથી અગસ્ત્ય મુનિ તેને મશ્કરીમાં ઇધ્મવાહ એટલે સમિધ ઉપાડનાર કહેતા.

ઇન્દ્રરા પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી બીસ અક્ષરનો એક છંદ; ચક્રવ. તે કૃતિ છંદનો એક ભેદ છે.

ઇન્દ્રીસ [અ.] પું. એનોક નામના પેગંબર.

ઇન્દ્વત્સર [સં. ઇન્દ્ (દ અક્ષર) + વત્સર (વર્ષ)] પું. પાંચ વર્ષના યુગના પાંચમા વર્ષનું નામ. બૃહસ્પતિની ગતિ પ્રમાણેના સાઠ વર્ષના બાર યુગ થાય છે. દરેક યુગનું પાંચમું એટલે ઐન્દ્વત્સર વર્ષ કહેવાય છે. તેનાં નામ: પ્રજાપતિ, ધાતા, વૃષ, ક્ષય, ખર, દુર્મુખ, પ્લવ, પરાભવ, રોધકૃત, અનલ, દુર્મતિ અને રૂધિરોદ્ગારી.

ઇપકું વિ. (ચારણી) અધિક; વધારે.

ઇપર [સં. ઇતઃ (અહીં)] અ. (હિંદી) અહીંયાં; આ ઠેકાણે; આણી તરફ; આ બાજુ.

ઇપરકી દુનિયા ઉપર હોના = (૧) અવ્યવસ્થિત થવું. (૨) ઊધુંચત્તું થઈ જવું. (૩) ખોવાઈ જવું.

ઇપરઉપર ૧. [હિં.] અ. મુલતવી રાખવું તે.

૨. અ. અહીંતહીં; આંહીંથાં; ઉપર નીચે; આસપાસ; આડુંઅવળું.

૧. ઇપર આ ઉપર થવું = હારવું) ઇતંવું.

૨. ઇપરઉપર કરના = (૧) અવ્યવસ્થિત કરવું; જેમતેમ કરી નાખવું. (૨) ખોટા હવાલા કરવા. (૩) જુદી જુદી જગ્યા ઉપર કરી દેવું; હટાવી દેવું. (૪) ભગાવવું.

૩. ઇપરઉપર હોના = (૧) ખોટા હવાલા કરવા. (૨) ભગડવું. (૩) ભાગી જવું.

૪. ઇપરઉપરની બાત = (૧) અફવા; બનાવ વગ. (૨) નક્કામો બકવાદ; અસંબદ્ધ વાત.

૫. ઇપરઉપરની ઢાંકરી = ગપ મારવી.

૬. ઇપરઉપરમાં રહેવું = વખત ગુમાવવો; નક્કામો સમય ખોવો.

૭. ઇપરઉપરસે = (૧) અનિશ્ચિત જગ્યાથી. (૨) બીજાથી.

૮. ઇપરની ઉપર કરવી = ઝાડીઝુડી કરવી; કચડો કરાવવો.

૯. ઇપરનું ઉપર કરવું = અસ્તવ્યસ્ત કરવું; ક્રમ બગાડવો.

૩. અ. આસપાસ; આડોશપાડોશમાં.

૪. અ. ચોતરફ; બધી બાજુ.

ઇપરતિધર [સં. ઇત (અહીં) + તત્ર

(વહી)] અ. અદ્યતનકાળ; જેમતેમ કરીને પ્રાપ્ત વખત કરવું.

ઇખાણુ [સં. અભિજ્ઞાન; પ્રા. અહિણ્ણાણ; અપ. સ્ત્રી. અહિનાણુ] ન. નિશાની; ઓળખાણ; ઓળખાણી.

એહથી આગ્ર અહિ પ્રમાણ દીસ નીરતણાં ઇખાણુ. જાલણ

ઇખાણી [સં. અભિજ્ઞાન (નિશાની)] સ્ત્રી. નિશાની; અમુકની ઓળખાણ આપવાનાં નિશાન કે ચિહ્ન.

ઇખ્મ ૧. [સં. ઇધ્મ (સળગાવવું)] પું. યજ્ઞમાં વપરાતું બળતણ. તે બધે ઠામે પલાશ કે આંબાનું હોય છે.

૨. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાંનો એ નામનો એક દેવ; તુષિત નામના બાર દેવમાંનો એ નામનો એક; યજ્ઞને દક્ષિણાથી થયેલ બાર દીકરા માહેનો એ નામનો એક.

૩. અ. લાકડું; બળતણ.

ઇખ્મજિહ્વ [સં. ઇધ્મ (લાકડું) + જિહ્વા (જીભ)] પું. અગ્નિ; કેવળ, કેમકે અગ્નિ તેની જીભ બનાવે છે.

ઇખ્મવાહ [સં. ઇધ્મ (યજ્ઞનું બળતણ) + વાહ (વહી જનાર)] પું. એ નામનો એક ઋષિ; અગસ્ત્ય ઋષિનો લોપામુદ્રાથી થયેલો એ નામનો દીકરો. હજાર માણસથી ઊંચકાય એટલું સમિધ તે રોજ લાવતો, તેથી તે ઇધ્મવાહ કહેવાયો.

ઇન ૧. [સં.] પું. આકો.

૨. પું. એ નામનો એક રાજા.

૩. પું. ધણી; ઉપરી; રાજા; પ્રભુ; સ્વામી.

૪. પું. (જિગણ) બાર; બારની સંખ્યા.

૫. પું. રાજા; ભૂપ; નૃપ.

નૃપ નરેશ ઈશાન ઇન અધિપતિ મહીપતિ ભૂપ. શ્યામળ ધ્રુમળાનની, એવી સકળ અનૂપ. ચિંતામણપુરોપ

૬. પું. સૂર્ય; સૂરજ.

ચિત્રભાનુ ભૂદ્યુમાનુ ઇન વિભાવસ ધૃતિમાન, અંશુમાન ભૂદ્યુતધ્ય હરિ જગચક્ષુ ભગવાન. ચિંતામણપુરોપ

૭. પું. (જ્યોતિષ) કૃત્તા નક્ષત્રનાં હાડિયો; તેરમું નક્ષત્ર.

૮. [ઇ.] સ. બા.

૯. [હિં.] સ. પ્રત્યનું બહુવચનનું રૂપ.

• ઇન દિનોં = હાલના જમાનામાં.

૧૦. સ. એ; તે.

૧૧. વિ. કીર્તિવાળું; યશવંત.

૧૨. વિ. તાકાતવાળું; શક્તિમાન; બળવાન.

૧૩. વિ. નિયમ ઉપર ચાલી શકેલ.

૧૪. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

૧૫. વિ. વિખ્યાતવાળું.

૧૬. અ. અન્યય ઉપરથી વિશેષણ બનાવનાર 'ઇન' પ્રત્યયનું અશુદ્ધ રૂપ. જેમકે,

અશુદ્ધ	શુદ્ધ
અર્વાચિન્	અર્વાચીન
પ્રાચિન્	પ્રાચીન
સમીચિન્	સમીચીન (સમીચ)
ઉદિચિન્	ઉદીચ્ય (ઉદીચ)

ઇનઆમ [અ. નઅમ (તે આપ્યું કે એવું લીધું)] ન. બક્ષિસ; ભલામો.

ઇનઆમત ૧. [અ.] સ્ત્રી. બક્ષિસ; ભેટ.

૨. સ્ત્રી. વેરા વગર આપેલી જમીન.

ઇનકમ [અં. ઇન્કમ] સ્ત્રી આવક; કમાણી; આમદની.

ઇનકમટૅક્સ [અં. ઇન્કમ ટૅક્સ] પું. કમાણી ઉપર લેવાતો કર; કમાઈ-વેરો; આવકવેરો.

ઇનકાર ૧. [અ. નકર (તેણે ના પાડી)] પું. અસ્વીકાર; કબૂલ નહિ કરવાપણું.

૨. પું. ના; નિષેધ; મના.

ઇનકાર કરવો = ના પાડવી.

૩. પું. નામુકર જવું તે.

ઇનકારનું સ. ક્રિ. ના પાડવી.

ઇનકારશિલ ૧. [અ.] સ્ત્રી. અસ્વીકાર.

૨. સ્ત્રી. નામંજૂર કરવું તે.

૩. સ્ત્રી. નિષેધ.

ઇનકારી વિ. અસ્વીકાર કરનાર.

ઇનકારો [અ.] પું. અસ્વીકાર. જુઓ ઇનકારિયત.

ઇનકાંત [સં. ઇન (સૂર્ય) + કાંત (વહાલું)] પું. સૂર્યકાંતમણિ; જેના ઉપર સૂર્યનાં કિરણ પડવાથી અગ્નિ ઉત્પન્ન થવાનું મનાય છે એવો એક કલ્પનિક મણિ.

ઇનકિસામ [અ. કસમ (તેણે ખાધું)] ન. ખાધેલું; ખાવ.

ઇનકેશાફ (ઇનકિશાફ) ૧. [અ. કશ્ફ (તેણે જાહેર કર્યું)] પું. જાહેરાત.

૨. પું. શોધ; તપાસ.

ઇનકરજો [હિં.] પું. સંભવતઃ ખાંડવાળો ગુલાબનો એક. તેનાં સિરાં શક્તિની દવામાં વપરાય છે.

ઇનકિલાફ (ઇનકિશાફ) [અ.] પું. છૂટા થવાપણું; બંધનમુક્તિ.

ઇનજા [અ.] સ્ત્રી. અંબૂર.

નિન્નુલ ઇનજા = ડાકણનો લાડ; ડાકણપણ.

ઇનમીન ૧. વિ. થોડું; જૂજ. ઓછી સંખ્યા બતાવવા માટે તે વપરાય છે. જેમકે, જનમાં માણસો ઇનમીન ને સાડાત્રણ છે.

૨. વિ. (કચ્છી) થોડું પરિચિત; થોડી ઓળખાણવાળું.

ઇનમીન ને સાડેતીન ૧. [હી (ખરી સી) + ન (અને) + મી (હું) + ન (અને) + સાડેતીન (સાડાત્રણ)] ન. જ. ગ. બહુ થોડાં માણસ; ત્રણ ચાર માણસ; ઘરડીબચ્ચિયાણી, એક છોકરો અને એક છોકરી બરાબર મળી સાડા ત્રણ જણ ગણવામાં આવે છે. મોટું કામ કરવામાં ઘણું જ ઓછાં માણસ હોય ત્યારે આમ બોલાય છે.

૨. વિ. ઘણું જ થોડાં; બહુજ બરબાંગડાનાં; આંગળીને ટેરવે ગણાય તેટલાં.

ઇનમેં અ. (કચ્છી) એમાં.

ઇનરજા સ્ત્રી. એ નામની એક જાતની કેરી. તેનું ફળ તોલમાં આશરે ચાર શેર થાય છે.

ઇનરાન પું. ચારસો અઠિનાનો ત્રીજાનો હિસ્સો.

ઇનરિપોર્ટ [અં. ઇન રિપોર્ટ] પું. એક સ્ટેશનથી નીકળેલ ગાડી બીજે સ્ટેશને પહોંચ્યાના અહેવાલ.

ઇનવર સ્ત્રી. પોલાદ અને નિકલની મેળવણીથી બનેલ ધાતુ. બરછીથી બીજા ધાતુઓ કરતાં તે ઘણી ઓછી લાંબી થતી અને સંકોચાતી હોવાથી વૈજ્ઞાનિકો માપવાના સજ્જ આ ધાતુના બનાવે છે.

ઇનવીજ સ્ત્રી. તલવારબાજીની અસલની રમત.

ઇનશાઅલ્લા જુઓ ઇનશાલ્લા.

ઇનશાલ્લા ૧. [અ. ઇનશા (જેવા કરવું તે) + અલ્લા (પરમેશ્વર)] સ્ત્રી. હરિની ઇચ્છા; ઈશ્વરેચ્છા; ખુદાની મરજી.

૨. અ. જેવી ખુદાની મરજી.

ઇનશાલ્લાતઆલા [અ. ઇનશાઅલ્લાહુતઆલા (પરમેશ્વર જે ઇચ્છવું તે)] સ્ત્રી. હરિની ઇચ્છા; ઇનશાલ્લા; ખુદાની મરજી.

ઇનસ્યારાત સ્ત્રી. પોલાદ ઉપર મૂલ્યની એક જાતની કોરી.

ઇનસભા [સં. ઇન (રાજા) + સભા (કચેરી)] ન. કચેરી; દરબાર; રાજસભા.

ઇનસાઈક ન. સોદાની જકાત માપવાનું લુહારનું હથિયાર.

ઇનસાન ૧. [અ. ઉનસ (પ્રેમ કરવો)] ન. માણસ; આદમી; મનુષ્ય.

૨. ન. માણસજાત.

ઇનસાનિયત ૧. ન. બુદ્ધિ.

૨. સ્ત્રી. ઇન્સાનિયત; સજ્જનતા.
૩. [અ. ઇન્સાન (માણસ) + ઇય્યત (પણું)] ન. મનુષ્યપણું; માણસાઈ.
૪. ન. વિનય; વિવેક; સભ્યતા.

ઇનસાફ (ઇનસાફ) ૧. પું. આદર; આગતા-સ્વાગત.
૨. [અ. નસફ (તેણે વહેંચી આપ્યું)] પું. ચુકાદો; ફેસલો.
૩. પું. ન્યાયીપણું; ન્યાયવૃત્તિ; સજ્જનતા; પ્રમાણિકપણું.
૪. પું. વકીલ સાહેબ કે જજ સાહેબ તે કહેવું તે; ન્યાય; સત્યશોધનમાં અપક્ષપાત; બિનતરફદારી.
૧. ઇનસાફ કરવો = ન્યાય પ્રમાણે ફેસલો આપવો.
૨. ઇનસાફ માગવો = ન્યાયની માગણી કરવી; ફરિયાદ દાખલ કરવી; દાદ માગવી.
૩. તૂટો-ભ્રમો ઇનસાફ = માત્ર દેખાવનો ન્યાય.
૫. પું. કરકોર્ટ પ્રમાણે તજવીજ; અદાલતમાં ચાલતો મુકદમો.

ઇનસાફદાર (ઇનસાફ્દાર) ૧. પું. જજ; ન્યાયાધીશ.
૨. વિ. ઇનસાફ રાખનારું.

ઇનસાફિયો (ઇનસફિયો) પું. ઇન્સાફિયો; ન્યાય આપનાર માણસ. આ શબ્દ તુચ્છકારમાં વપરાય છે.

ઇનસાફી (ઇનસાફી) ૧. સ્ત્રી. ન્યાયની કચેરી.
૨. સ્ત્રી. ન્યાયની રીત.
૩. વિ. ઇન્સાફને લગતું.
૪. વિ. ન્યાયી; જેમાં ન્યાય કોમ જોવું.

ઇનાજ ન. દુનિયામાં સૌથી મોટાં અનાજનાં પાંદડાંવાળું દક્ષિણ અમેરિકામાં થતું એક જાતનું ઝાડ. તેનાં પાંદડાંની લંબાઈ ૩૦થી ૫૦ ફૂટ અને પહોળાઈ ૧૦થી ૧૨ ફૂટ હોય છે.

ઇનાદ [અ.] પું. હઠ; જિદ.

ઇનામ [અ.] સ્ત્રી. દાન.

ઇનામી [સં.] સ્ત્રી. એક નામનું એક જાતનું ઝાડ.

ઇનામોપગામ [સં. ઇન (સૂર્ય) + આપ (દૂર) + ગમ (જવાપરું)] પું. (જ્યોતિષ) જરૂરનું સૂર્યથી દૂર જવું તે.
શુક્રનો પરમ ઇનામોપગમ ૪૭મી ૪૭ અંશ પર્યંત છે. જ્યોતિષિક.સ

ઇનાપગમી [સં. ઇન (સૂર્ય) + આપ (દૂર) + ગમ્ (જવું)] વિ. સૂર્યથી દૂર જનું.

ઇનામ [અ.] સ્ત્રી. દાન.

ઇનામત ૧. [અ. નમત (તેણે મપાવ્યું કર્યું)] સ્ત્રી. પ્રમાણપત્ર પત્રાવો.
૨. સ્ત્રી. સાત મર્મમાં પાણું આવવું તે.

ઇનામૂ સ-સલબ [અ.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઑપરીગસ્ટી.

ઇનામ ૧. [અ. નમમ (તેણે રાજી કર્યું)] ન. ખુશીથી આપેલી વસ્તુ; બક્ષિસ પારિતોષિક; પુરસ્કાર; ભેટ.
૨. ન. નસીહત; શિક્ષા.
૩. ન. લાંચ; રિશ્વત.
૪. ન. સારા કામનો કે રાજી કરવાનો આપેલો બદલો; શાબાશી; પ્રતિફળ.
નિબંધ સ્પર્ધામાં, ઇનામ આગળ પડી.
દલપતરાન
૧. ઇનામે આલમગ્ય = રાજ તરફથી સનદ સહિત આપેલ બક્ષિસ.
૨. ઇનામે ઇકરામ = ઉમદા કામ કરીને મેળવેલું ઇનામ; માનભરી ભેટ.
૩. ઇનામે ઇનવામો = ગામમાના દિલદાખીને મહત ભેટથી વેરા વગર આપેલી જમીન.
૪. ઇનામે ચોથાઈ = બહેરાતનો ચોથો ભાગ ભરવાની શરતે બક્ષિસ આપેલી જમીન.
૫. ઇનામે તિજારી = ત્રિમોટીનો ત્રીજો ભાગ ભરવાની શરતે ભેટ આપેલ જમીન.
૬. ઇનામે નીમાઈ = સરકારી અડધી મહેસૂલ ભરવી એ રીતે ઇનામ આપેલી જમીન.
૭. ગામ નિસ્બત ઇનામ = ગામે પોતાની સીમમાંથી કાઢી આપેલી ઇનામી જમીન; દેવસ્થાન, ધર્મશાળા વગેરે ખાતામાં આપેલી જમીન.
૮. સનદી ઇનામ = રાજ તરફથી લેખ સાથે બક્ષિસ આપવામાં આવેલી જમીન.
૫. ન. સુખડી; ગુલબાઈ; કસ્તૂરી.

ઇનામઅકરામ ૧. [અ. ઇનઆમ (બક્ષિસ) + ઇકરામ (માન)] ન. બક્ષિસ.
૨. ન. માનભરી ભેટ; ઇનામ અને માનની બક્ષિસ; માનઅકરામ; બક્ષિસ અને માન.

ઇનામઅકરામ [હિં.] ન. માનથી આપવામાં આવેલું ઇનામ; માનભરી ભેટ.

ઇનામઇજાફત (ઇનામઇઝાફત) [અ. ઇનઆમ (બક્ષિસ) + ફા. ઇઝાફા (વધારો)] ન. આપવામાં આવેલા ઇનામમાં વધારો કરી આપવો તે; બક્ષિસ વધારી આપવાપત્ર.

ઇનામચિઠ્ઠી ૧. [ઇનઆમ (બક્ષિસ) + ચિઠ્ઠી (કાગળ)] સ્ત્રી. ઇનામની સનદ બક્ષિસપત્ર.
૨. સ્ત્રી. જુદાં જુદાં ઇનામની નોંધ.

ઇનામચોથાઈ ૧. [ઇનઆમ (બક્ષિસ) + ચતુર્થ (ચોથો ભાગ)] સ્ત્રી. ઇનામ તરીકે આપેલી જમીનના ઉત્પન્નમાંથી સરકારને આપવાનો ચોથો ભાગ.
૨. સ્ત્રી. ઇનામનો ચોથો ભાગ.

ઇનામત ૧. સ્ત્રી. ઉમરાવની પદવી.
૨. સ્ત્રી. આપવા મૂકેલી વસ્તુ.
૩. સ્ત્રી. પૂર્ણતા; પુરાપાકું.
૪. [અ. ઇનઆમત] સ્ત્રી. બક્ષિસ; ભેટ.
૫. સ્ત્રી. મહત ભેટમાં વેરા વગર આપેલી જમીન.
૬. સ્ત્રી. વફાદારી; નિષ્ઠા.
૭. સ્ત્રી. સહીસલામતી; સુરક્ષિતપણું.
૮. સ્ત્રી. સંરક્ષણ.
૯. [અ. અમાનત] સ્ત્રી. હવાલો; સંભાળ.
૧૦. વિ. લખીને આપેલું.

ઇનામદાર ૧. [અ. ઇનઆમ (બક્ષિસ) + ફા. દાર (રાખનાર)] પું. જમીનદારનો એક નામનો એક વર્ગ; ઇનામી જમીનનો ભોગવટો કરનાર જમીનદાર.
૨. પું. બક્ષિસ મેળવનાર માણસ.
૩. વિ. ઇનામ મેળવનાર; જેને બક્ષિસ મળેલ હોય તે; ઇનામનો ભોગવટો કરનાર.
૪. વિ. ઇનામી જમીન કે ગામવાળું; ઇનામી જમીનનો કે ગામનો ભોગવટો કરનારું.

ઇનામદારી ૧. [અ. ઇનઆમ (બક્ષિસ) + ફા. દારી (હોવાપણું)] સ્ત્રી. ઇનામદારપણું; ઇનામદારનો હોદ્દો, હક્ક કે પદવી.
૨. વિ. ઇનામ તરીકે મેળવેલું.

ઇનામપટ્ટો [ઇનઆમ (બક્ષિસ) + પટ્ટો (સનદ)] પું. ઇનામના ભોગવટા માટે આપેલ સનદ; ઇનામી જમીન કે ગામના ભોગવટાનો લેખ.

ઇનામપહી [અ.] સ્ત્રી. ઇનામી જમીન ઉપર આસ્ત્ર કિસ્સા તરીકે લેવામાં આવતો કર.

ઇનામપહો [ઇનઆમ (બક્ષિસ) + પટ્ટ (સનદ)] પું. ઇનામના ભોગવટાનો લેખ.

ઇનામપત્ર ૧. ન. ઇનામ લેવાને સત્તાધીશે લખી આપેલો હક્ક; ઇનામ લેવાનો ઉત્પન્ન થતો હક્ક.
૨. [ઇનઆમ (બક્ષિસ) + પત્ર (લેખ)] ન. બક્ષિસનામું; સનદ.

ઇનામપત્રક [ઇનામ (બક્ષિસ) + પત્રક (ટીપ)] ન. બક્ષિસ આપેલ જમીન વગેરેની નોંધપોથી.

ઇનામપેશ [અ. ઇનઆમ (બક્ષિસ) + ફા. પેશ (આગળ)] ન. ઇનામની પહોંચણી.

ઇનામઇજાફણી (ઇનામઈજાફણી) જી. ભેટ તરીકે આપેલ જમીન ઉપર સરકારમાં ભરવાનું મહેસૂલ.

ઇનામઇજાફણી (ઇનામઈજાફણી) [અ. ઇનઆમ (બક્ષિસ) + ઈજાફણ (વધારેલું) + ઈ (પ્રત્યય)] જી. ઇનામી જમીન ઉપર સરકારમાં ભરવા ઠરાવેલી મહેસૂલ.

ઇનામસરઆરંભ [ઇનઆમ (બક્ષિસ) + સર (માથું) + આરભ (શરૂ કરવું)] પું. ઇનામનો મેળાવડો.

ઇનામસલામી વિ. [અ. ઇનઆમ (બક્ષિસ) + સલામી (ભેટ)] જી. ઇનામી જમીન સંબંધી કર; સરકારમાંથી મળેલી જમીન બદલ સરકારમાં રહેતા સલામી રાખ્યા કરવી પડતી રકમ.

૨. જી. સલામી રાખ્યા મહેસૂલ ભરવું પડતું હોય તેવી ઇનામમાં મળેલી જમીન.

ઇનામાત વિ. [અ. નઅમ (તેણે ઇનામ કર્યું)] જ. ઇ. ઇ. ઇનામો.

૨. જ. ઇ. ઇ. બક્ષિસો.

ઇનામિયું જિ. સરકારધારો ભર્યા વિના વંશપરંપરા માલનું.

ઇનામી વિ. [અ. ઇનઆમ (બક્ષિસ) + ઈ (નું)] જિ. બક્ષિસ તરીકે આપેલું; ઇનામમાં મળેલું; પુરસ્કૃત.

૨. જિ. બક્ષિસ મળે એવું.

૩. જિ. બક્ષિસને લગતું.

ઇનામી જમીન જી. બક્ષિસમાં મળેલી જમીન. તેની સાત જાત: રાજકીય, જાત ઇનામ, દેવસ્થાન, વતન ઇનામ, પરગણા વતનદારી, સરકાર ઉપયોગી અને ગ્રામ નોકરિયાત.

ઇનામી નિબંધ પું. કોઈ મુદ્દા ઉપર ઇનામ આપવાની શરતે લખાવેલો લેખ.

ઇનાયક [સં. વિનાયક] પું. ગણેશ. દક્ષિણમાં લોકો 'વ'ને બદલે 'ઇ' બોલે છે.

ઇનાયત વિ. [અ.] જી. મહેરબાની; બક્ષિસ.

૨. જી. મહેમાનનું ઉપકાર; આભાર.

૩. જી. આદર.

૪. જી. ભેટ; માયા, પ્રીતિ અથવા પ્રસન્નતાની નિશાની તરીકે કરાયેલી બક્ષિસ.

૫. જી. મહેરબાની; દયા; અનુગ્રહ; કૃપા.

ઇનાયતનામા [અ. ઇનાયત (બક્ષિસ) + ફા. નામા (લેખ)] જ. બક્ષિસનો લેખ.

ઇનાયાત [અ.] જી. બ. ઇ. બક્ષિસો; ભેટો.

ઇનારા [સં. અન્ધુ] પું. કૂવો.

ઇનારાકુઆ [હિં.] પું. બાંધેલો મોટો કૂવો.

ઇનાંતર [સં. ઇન (સૂર્ય) + અંતર (છેટું)] જ. (જ્યોતિષ) મતનું સૂર્યથી અંતર; ઇનાપ્રમ.

ઇનિકાસ વિ. [અ. નકશ (તેણે ઊંધું ચત્તું)] પું. ઊંધું કર્યું બનવું તે.

૨. પું. પ્રતિબિંબ.

૩. પું. હોકી કહેવાપણું.

ઇનિશિયલ વિ. [અં. ઇનિશ્યલ] જી. ટૂંકી સહી; ઓસરણી સહી.

૨. જિ. શરૂઆતનું; પ્રથમનું પહેલું.

ઇનિશ્ચ [અં. ઇનિચ] જી. ફિટની રમતનો દાવ.

ઇને [હિં.] સ. સા.

ઇનેગિને જિ. ગોટું; બૂજ; બરબુમાંધું.

ઇનેભલ વિ. [અં. ઇનેમલ] પું. એક જાતનો ચોકખો પારદર્શક રંગીન પ્રવા. તે ધાતુ અને બારની ચોકસ મેળવણીથી બને છે.

૨. પું. મીનો; સોનાબાંધી ઉપરનું રંગિત ચિત્રકામ.

ઇનેમલિંગ [અં. ઇનેમલિંગ] જ. બળકાટ મારે તેવું કરવું તે; મીનો.

ઇનેમ્બલ [અં. ઇનેમ્બલ] જિ. ઇનેમલ કરેલું; મીનો ચડાવેલ.

ઇનેમ્બલ આયર્નવેર [અં. ઇનેમ્બલ આયર્નવેર] જ. ઇનેમલ કરેલ લોઢાનો સામાન.

ઇનેમ્બેટા [અં. ઇનેમ્બેટા] જી. પિચકારીથી દવા મૂકવા માટે ચડાવવાપણું.

ઇનોકયુલેશન (ઇનૉક્યુલેશન) [અં. ઇનોકયુલેટ (રસી મૂકવી)] જ. રસી મૂકવાની ક્રિયા.

ઇન્ [સં.] અ. (આકરણ) નામું અર્થવાળો પ્રત્યય. જેમકે, ધનિન્. આવા શબ્દનું પહેલી વિભક્તિનું એકવચનનું રૂપ દેશી ભાષામાં વપરાય છે. જેમકે, ધની.

ઇન્કમ [અં.] જી. કમાઈ; પેદાશ; આવકની આવક.

ઇન્કમ ટેક્સ [અં. ઇન્કમ ટેક્સ] પું. આવકવેરો; કમાઈ ઉપરનો કર

ઇન્કરાપ [હિં.] જ. ઉદ્ધારના; ખુલ્લું થવું તે.

ઇન્કાર વિ. પું. અસ્વીકાર; નામંજૂરી; નાકબૂલાત.

૨. પું. ખુલ્લો મતભેદ.

૩. [અ. નકર (તેણે ના પાડી)] પું. ના પાડવાપણું.

૪. પું. પ્રતિબંધ; અટકાવ; નિષેધ; મના.

૫. પું. બોલ્યા પછી ફરી જવાપણું.

૬. પું. વિરોધ; વાંધો.

ઇન્કારવું [અ. નકર (તેણે ના પાડી)] સ. ક્રિ. ના પાડવી.

ઇન્કારિયત [અ. નકર (તેણે ના પાડી) + ઇયત (પણું)] જી. નામુકરતા.

ઇન્કિજા (ઇન્કિઝા) વિ. [અ. ઇઝા (પૂરું થવું)] પું. પૂરું થવાપણું; છેડો.

ઇન્કિજાએ મીઆદ = વખત પૂરો થવો તે; મુદત બદલાઈ થવાપણું.

૨. જિ. પૂરું થયેલું; છેડો આવેલું.

ઇન્કિતાબ (ઇન્કિતાબ) વિ. [અ. ઇનબ (તેણે કપ્યું)] પું. ઊનનું વાદળરૂપ.

૨. પું. ખુદાઈ.

૩. પું. બંધ કરવાપણું.

ઇન્કિતાબે હરકત = ગતિની અટકાયત.

ઇન્કિત્ત (ઇન્કિઅ) વિ. [અ. ઇનબ (તેણે કપ્યું)] જ. ખુલ્લાપણું.

૨. જ. બંધી.

૩. જ. સરખું કરવાપણું.

ઇન્કિલાબ (ઇન્કિલાબ) વિ. [અ. ઇન્બ (બદલિયત થવી)] પું. બદલો.

૨. પું. રોષાગ્નિ.

ઇન્કિસાદ (ઇન્કિસાદ) [અ. ઇસાદ (તે વાસે હલકે)] પું. બજારોલિતપણું; વપારારી.

ઇન્કિસાબ (ઇન્કિસાબ) [અ. ઇસાબ (તેણે ઇસ્લામ કર્યો)] પું. બળવો; ક્રાંતિ.

ઇન્કિસાબ ઝિન્દાબાદ (ઇન્કિસાબ ઝિન્દાબાદ) [અ. ઇન્કિસાબ (બળવો) + ઝિન્દા (જીવતું) + બાદ (હો)] જ. પ્ર. બળવો બાદ્યો જીવો.

ઇન્કિસાબ પસંદ [અ. ઇન્કિસાબ (ક્રાંતિ) + ફા. પસંદ (પસંદગી)] જિ. ક્રાંતિકારી; બળવાખોર.

ઇન્કિસાર (ઇન્કિસાર) [અ. કસર (તેણે જીતવું કર્યું)] પું. ખુલ્લું થવાપણું; ભાર પડવાપણું.

ઇન્કિસાર (ઇન્કિસાર) [અ. [illegible] (તે પીછેહઠ કરી)] પું. સર્વભક્ષણ.

ઇન્કિસારમ (ઇન્કિસારમ) [અ. કસરમ (ભાગ પાડવામાં આવવું)] પું. ભાટણી; વહેંચણી.

ઇન્કિસાર વિ. [અ. કસર (ભંગાવું)] જી. નમ્રતા; સાલસપણું.

૨. જી. નહિંમતતા; નિરાશા.

ઇન્કિસારી વિ. [અ. કસર (ભંગાવું)] જી. નમ્રતા.

૨. જી. નિરાશા; નહિંમતતા.

ઇન્ડેન્ટેશન લૅમ્પ (ઇન્ડેન્ટેશન લૅમ્પ) [અં. ઇન્ડેન્ટેશન (બહુ નરમાશથી પ્રહારવું) + લૅમ્પ (બત્તી)] સ્ત્રી. હલ્કા ધાતુ માટે નાખેલો ધાતુનો નંગ પોટો. બહુ વિશેષ શક્તિવાળો કાર્બનનો કે ધાતુનો ઝીણો તાર તેમાં હોય. તેનું જોડાણ પોટામાં રહેલા વીજળી પ્રસાર થતી હોય એવા બીજા તારની સાથે હોય છે. કાર્બનના કે ધાતુના ઝીણા તારમાંથી વીજળી પ્રસાર થાય ત્યારે વિરોધશક્તિને લીધે વીજળી ગરમીના રૂપમાં બહાર આવે છે. તેથી તાર અત્યંત ગરમ થઈ જઈ તેમાંથી પ્રકાશ નીકળે છે. ઈ.સ. ૧૮૭૯માં ટૉમસ એડિસને તેની શોધ કરી હતી. ફેટોગ્રેફ્સ વગેરે બત્તી આ જાતની છે.

ઇન્દ્રજાલ [અં.] ન. વશગરો.

ઇન્દ્રજાલિકેરિ [અં. ઇન્દ્રજાલકરિ] સ્ત્રી. પૂજાપરત્વે; તાબ્દીજ; તપાસ.

ઇન્દ્રજાલિકેરિ ઑફિસ [અં. ઇન્દ્રજાલકરિ (તપાસ) + ઑફિસ (કચેરી)] સ્ત્રી. પૂજાપરત્વ કરવાની કચેરી; જ્યાંથી જોઈતી બબર જેવાતી થાય તે કાર્યાલય.

ઇન્ક્વેસ્ટ [અં.] સ્ત્રી. તપાસ; ચોકસી.

ઇન્ખાર્ટ (ઇન્ખાર્ટ) [અ. ખાર્ત (તે લખ્યું હતું)] પું. લખાપણું; લખુતા.

ઇન્ખિરાજ (ઇન્ખિરાજ) [અ.] સ્ત્રી. મુદ્રિતલેખ.

ઇન્જિલ [અ. અજ્ઞ (તે બોલ્યો હતો)] પું. ખ્રિસ્તી ધર્મના બાઇબલ પુસ્તકનું નામ.

ઇન્જેક્શન ન. [અં.] ન. પિચકારી મારીને શરીરમાં ઔષધ નાંખવું તે; ચામડી કે નસ વાટે દવા ચઢાવવાપણું.

૨. ન. પિચકારી મારીને શરીરમાં નાંખવાની દવા.

૩. ન. પિચકારીથી દવા ગુદા વાટે ચઢાવવાપણું.

ઇન્જેક્શન ટ્યૂબ [અં.] સ્ત્રી. પિચકારીથી શરીરમાં દાખલ કરવાના ઔષધની નળી.

ઇન્જેક્શન સોય સ્ત્રી. શરીરમાં ઔષધ દાખલ કરવાની પિચકારીને લગાડેલી બારીક પોલી સોય.

ઇન્જ્યાત (ઇન્જ્યાત) વિ. [અ. અજ્યત (બજબૂતીથી પકડ્યું)] પું. આત્મસંયમ.

૨. પું. નિયમિત કરવાની ક્રિયા.

ઇન્જ્યાતે અવ્યાત = વખતોવખત.

૩. પું. નિયમ.

ઇન્જ્યા (ઇન્જ્યા) [અ.] પું. ઇજારાનું બનાવપત્ર.

ઇન્ટર વિ. [અં. ઇન્ટરમીડિયટ (વચ્ચેનું)નું સંક્ષિપ્તરૂપ] પું. રેલવેટીમાં ફર્સ્ટનો બીજા અને થર્ડનો ત્રીજા વચ્ચેનો વર્ગ.

૨. પું. વચ્ચલાઅણનો વર્ગ; ફર્સ્ટ બીજા અને બી. એ. ની વચ્ચેનો વર્ગ.

૩. સ્ત્રી. વચ્ચલું; મધ્યમાંનું.

ઇન્ટરક્લાસ [અં.] પું. વચ્ચલો વર્ગ; રેલવેમાં ફર્સ્ટનો બીજા અને સેકંડની વચ્ચેનો વર્ગ.

ઇન્ટરનેશનલ [અં. ઇન્ટરનેશનલ] વિ. આંતરરાષ્ટ્રીય; જુદાજુદા દેશના બારસપરસના વહેવાર સંબંધી; દેશોદેશનું.

ઇન્ટરનેશનલ લૉ (ઇન્ટરનેશનલ લૉ) [અં. ઇન્ટરનેશનલ (દેશોદેશનું) + લૉ (કાયદો)] પું. દેશોદેશના બારસપરસ બરતવારનો કાયદો.

ઇન્ટરપિટર વિ. [અં. ઇન્ટરપ્રેટર] પું. દુભાષિયો. બોકમાયી બીજી ભાષામાં સમજાવનાર માણસ.

૨. પું. દેવનો દૂત; ફિરસ્તો.

૩. પું. ધર્મ બાબત કાયદો કરનાર કે સમજાવનાર માણસ.

ઇન્ટરમીડિએટ વિ. [અં. ઇન્ટરમીડિયટ] પું. પ્રીવિયસ અથવા ફર્સ્ટ ફીઅર અને બી. એ. વચ્ચેનો વર્ગ.

૨. વિ. મધ્યસ્થિતનું; વચ્ચેનું; વચગાળાનું.

ઇન્ટરલોક (ઇન્ટરલોક) [અં.] ન. બોપડીમાં બબ્બે પાનાં વચ્ચે નાખેલું કોરું પાનું.

ઇન્ટરવ્યૂ વિ. [અં.] પું. મુલાકાત.

૨. પું. વાતચીત; વિચારોની આપલે.

ઇન્ટરેસ્ટ વિ. [અં.] ન. પીરેલ રકમનું ભાડું; બ્યાજ.

૨. ન. રસ; મજા; આનંદ.

ઇન્ટરોગેશન [અં.] ન. બબર.

ઇન્ટોક્સિ [અં.] સ્ત્રી. છકિત.

ઇન્ટ્રેન્સિફાયર [અં. ઇન્ટેન્સિફાયર] ન. નેગેટિવ ફિલ્મમાં પૉઝિટિવ બનાવનાર પ્રવાહી.

ઇન્ટ્રેન્સિફિકેશન [અં. ઇન્ટેન્સિફિકેશન] ન. પૉઝિટિવ બનાવવાની ક્રિયા.

ઇન્ટ્રાપુઝિશન વિ. ન. દરકાર; બારણી; સંભાળ.

૨. ન. બારણું; હેતુ.

૩. ન. પહેલું સબબ.

૪. [અં.] ન. બાવકાન ઑફ્ ધ પુરુષ હૃદયમાં બોક્સિજી થતી બગવાન પ્રેરણા.

૫. ન. સહજ જ્ઞાન; અંતર્જ્ઞાન.

ઇન્ટ્રાસેરિબ્રલ ઇન્જેક્શન વિ. [અં. ઇન્ટ્રાસેરિબ્રલ ઇન્જેક્શન] ન. પિચકારીથી પેટમાં દાખલ કરવાનું પ્રવાહી.

૨. ન. પેટમાં પિચકારીથી પ્રવાહી દવા દાખલ કરવાપણું.

ઇન્ટ્રાસેરિબ્રલ ઇન્જેક્શન વિ. [અં.] ન. મસ્તિષ્ક એટલે મગજ અને કરોડરજ્જુને ઢાંકતી બણુમાંની વચલી ચામડી અને મસ્તિષ્કાવરણી દવા એટલે ખોપરી અને કરોડરજ્જુના બણબાત તંતુમય ચામડીના બારતર વચ્ચે સોય નાખી દવા દાખલ કરવાની ક્રિયા. આમાં મસ્તિષ્કમાં સોય ન પેસાડતાં મસ્તિષ્ક અને મસ્તિષ્કાવરણી દવા વચ્ચે સોય નાખી દવા દાખલ કરવાની હોય છે.

૨. ન. મસ્તિષ્કાવરણી દવા એટલે ખોપરી અને કરોડરજ્જુને ઢાંકનાર બણબાત તંતુમય ચામડી તેમ જ મગજ અને કરોડરજ્જુને ઢાંકનાર બણુમાંની વચલી ચામડી વચ્ચેની બગ્યામાં સોયથી મુબલી દવા.

ઇન્ટ્રૂસેરિબ્રોસ્પાઇનલ ઇન્જેક્શન [અં.] જુઓ ઇન્ટ્રાસેરિબ્રલ ઇન્જેક્શન.

ઇન્ટ્રામસ્કયુલર ઇન્જેક્શન વિ. [અં.] ન. બાંસપેશીમાં પિચકારીથી બાપવાની દવા. પેશીમાં દવા જવાથી તે તરત ઝળી જાય, તેથી તે તરત બસર કરે.

૨. ન. બાંસપેશીમાં પિચકારીથી દવા બાપવાની ક્રિયા.

ઇન્ટ્રૂવીનસ ઇન્જેક્શન વિ. [અં.] ન. હલ્કા તરણી લોહી વહી જનારી શિરા કે નસમાં બાપવાની દવા.

૨. ન. હલ્કને લોહી પૂરું પાડનારી શિરા કે નસમાં પિચકારીથી દવા દાખલ કરવાની ક્રિયા. આમાં દવા લોહી સાથે મળી જઈ તરત બસર કરે. બાવશ્યની શિરા બદ્યુંબરું આ ક્રિયા માટે પસંદ કરવામાં આવે છે. પણ હાથની શિરા યોગ્ય ન લાગે તો પગની શિરામાં દવા બાપી શકાય.

ઇન્ટ્રૂસેરિબ્રલ ઇન્જેક્શન વિ. [અં.] ન. મસ્તિષ્ક એટલે મગજ અને કરોડરજ્જુને ઢાંકતી બણુમાંની વચલી ચામડીમાં પિચકારીથી પ્રવાહી દવા દાખલ કરવાની ક્રિયા. જેને આ ઇન્જેક્શન બાપવું હોય તેને પ્રથમ બેભાન કરવાની દવાથી બેભાન કરી મસ્તિષ્કને કાતરી બાજાના હાડકામાં સારીથી બેક ઉંદ કરી તેમાં પિચકારીની સોય નાખી આ દવા બાપવા. ઇન્જેક્શન બાપ્યા પછી ઇન્જેક્શનની બગ્યાની કાપેલ ચામડી સીવી લેવી અને તે ઉપર જંતુનાશક દવા લગાડી કપડું પાટો બાંધી દેવો.

૨. ન. મસ્તિષ્ક એટલે મગજનાં પિચકારીથી

દાખલ કરવાની ક્રિયા

ઇન્ટ્રાસેલ્યુલર ઇન્જેક્શન ૧. [અં.] ન. · કોષપેશીમાં પિચકારીથી દાખલ કરવાની પ્રવાહી દવા.

૨. ન. પિચકારીથી કોષપેશીમાં પ્રવાહી દવા દાખલ કરવાની ક્રિયા. શરીરની ચામડી નીચેની કોષપેશીમાં ઔષધયુક્ત દ્રવ્ય પ્રમાણમાં ઠોળ. મોટે ભાગે ઇન્જેક્શન આ રીતે અપાય. બગલ, પેઢની બેઉ બાજુ, કેડ અને બીજા સ્તનમાં આ રીતે ઇન્જેક્શન અપાય. જો દવાનું પ્રમાણ વધારે હોય તો દવા આપ્યા પછી તે જગ્યા ગીપલે પણ ધીમેધીમે દવા મળતી જવાની સાથે ગીપલેલ ભાગ જેવી જણ છે.

ઇન્ટ્રાસ્પાઇનલ ઇન્જેક્શન ૧. [અં.] ન. મેરુદંડ એટલે કરોડમાં પિચકારીથી દાખલ કરાતું પ્રવાહી.

૨. ન. મેરુદંડ એટલે કરોડમાં પિચકારીથી પ્રવાહી દવા દાખલ કરવાપણું

ઇન્ટ્રોડ્યુસ [અં.] સ. ક્રિ. ઓળખાણ કરાવવી; પરિચય કરાવવો.

ઇન્ડક્શન [અં.] ન. વીજળીવાળી વસ્તુથી વીજળી વિનાની વસ્તુમાં વીજળી દાખલ કરવાની ક્રિયા.

ઇન્ડસ્ટ્રિ ૧. [અં.] પું. ઉદ્યોગ; મહેનત.

૨. [લિ.] પું. શિલ્પ.

૩. પું. હુનરઉદ્યોગ; કારીગરી.

ઇન્ડસ્ટ્રિયલ ૧. [અં] વિ. ઉદ્યોગસંબંધ, સંબંધી; ઔદ્યોગિક; હુનર, કારીગરી, કળા સંબંધી

૨. વિ. શિલ્પ સંબંધી.

ઇન્ડિકેટર [અં.] ન. માપ બતાવનાર યંત્ર.

ઇન્ડિપેન જી. અંદર નાખી પૂરી શકાય એવી કલમ.

ઇન્ડિપેન્ડન્સ [અં.] ન. સ્વતંત્રતા.

ઇન્ડેક્સ [અં.] જી. સાંકેતિયું; અનુક્રમણિકા; વિષયાનુક્રમણિકા; પુસ્તકના વિષયો પ્રમાણે સૂચી; ગ્રંથમાં અમુક બાબત અમુક પાને કે કેટલે છે તે બતાવવાની ચોકવણ.

ઇન્ડેન્ટ [અં.] ન. મંગાવવાના માલની વાદી.

ઇન્ડેન્ટ ફોર્મ [અં. ઇન્ડેન્ટ ફૉર્મ] ન. મંગાવવાના માલની નોંધનું પત્રક.

ઇન્ડેમ્નિટિ બોન્ડ [અં. ઇન્ડેમ્નિટિ બૉન્ડ] પું. બીજાને થયેલી નુકસાની ભરપાઈ કરી આપવાનો દસ્તાવેજ.

ઇન્ડોર [અં.] વિ. ઘરની અંદરનું.

ઇન્ડોર ગેમ [અં.] જી. ઘરની અંદર રહીને રમાતી રમત.

ઇન્ડોર પેશન્ટ [અં.] ન. દવાખાનામાં રહીને સારવાર લેનાર દરદી.

ઇન્દીવર ન. વાદળી કમળ.

ઇન્દ્રાર [સં. ન (નહિ) + નીર (પાણી)] પું. (હિંદી) વિયાણા પછી બેએક દિવસ સુધીના ગાય બેસના દૂધમાં ગોળ, સાંઠ, ગોરોળી નાખી ઊનું કરી જમાડેલું દૂધ; બગી.

ઇન્દ્રાર રફુલ [અં. ઇન્દ્રાર રફુલ] જી. આંતરઅંગ પીઓસેંદ્રીયલ સોસાયટીના જે સભ્યો પરમેશ્વરના અસ્તિત્વમાં માનતા હોય અને તેઓના સંબંધમાં આવતા દરેકતા હોય તેઓને સદ્ગત કરવાને માટે એક વડી સભા છે તેને "ઇન્ટ્રનં રફુલ ઓફ થીઓસેફી" અથવા "ઇન્ટ્રારફુલ" આંતરઅંગણના નામથી ઓળખવામાં આવે છે.

થીઓસેફી

ઇન્દ્રીન ૧ [સં.] પું. દૃઢ ઇંદ્રિયવાળો પુરુષ.

૨. પું. પારેવો; કીજડો; નપુંસક

૩. પું. બીકણ માણસ

૪. સ્ત્રી. અરાકત; નબળું.

ઇન્ધે [લિ.] સ. અગ્નિ; આ કેરાસ્ટ્રો.

ઇન્ધ્રુએ [અં.] ન. ફિલ્મની રમતમાં હાથ લેનારના બેટ અથવા શરીરના કોઈ ભાગને લાગીને વિકેટ સામે દડો અથડાવાનો બનાવ.

ઇન્ફ્લુન્ઝિ (ઇન્ફ્લુન્દ્ઝિ) [ફ્રે] જી. પાનદળા; ખેને ચાલતરફ કરકર.

ઇન્ફ્લુએંશન (ઇન્ફ્લુએંસ) [અં] જી. જાદુ; અસર.

ઇન્ફ્લુએન્સ (ઇન્ફ્લુઅન્સ) [અં. ફ્લુએન્સ (તે શબ્દમાંથી ઉતરે)] પું. શરદ; ઠાઢ્યાગળ; ઝાપટ

ઇન્ફ્લુએન્ઝ (ઇન્ફ્લુઅન્ઝ) [અ. ફ્લુએન્ઝ (તેણે જાદુ પાડ્યું)] પું. મીરોમાંથી ઊતરવું તે.

ઇન્ફ્લુએન્સાસ (ઇન્ફ્લુઅન્સ) ૧. [અ. ફ્લુએન્સ (તેણે જાદુ પાડ્યું)] પું. જાદુ પાડવું તે.

૨. [અ. ફ્લુએન્સ (તેણે ફેસલો દીધો)] પું. ફેસલો; નિશ્ચય.

ઇન્ફ્લુએન્સાલી (ઇન્ફ્લુઅન્સાલી) ૧. [અ. ફ્લુએન્સ (તેણે ફેસલો આપ્યો)] જી. ચુકાદો; ફેસલો.

૨ જી. આગલા પાડવા તે; જાદુ કરવાપણું.

ઇન્ફ્લુએન્ઝેબલ (ઇન્ફ્લુએન્ઝિબલ) [અં.] પું.; ન. પીગળી ન શકે તેવા પદાર્થનો કાઢેલો કવાથ; આ દ્રવ્યોને સ્વચ્છ ઊકળતા પાણીમાં અર્ધો કલાકથી બે કલાક સુધી ઢાંકેલા વાસણમાં પલાળી રાખી ગાળીને તૈયાર કરેલું પ્રવાહી ઔષધ.

ઇન્ફ્લુએન્ઝા (ઇન્ફ્લુએન્ઝા) [અં. ઇન્ફ્લુએન્ઝા] પું. જાતીના મૂત્રાશયનો તાવ; શરદીવાળો તાવ; કટકટીઓ, સન્નામત જુકામ; વહતા જુકામ. આ રોગ પ્રથમ ૧૮૯૦માં જણાયો હતો અને તેને ઇન્ફ્લુએન્ઝા નામ ઇટાલિયનો તરફથી મળેલું, કેમકે તેઓના મત પ્રમાણે અમુક ગ્રહના પૂજારી ઉપરના "ઇન્ફ્લુએન્ઝા" ગ્રેટલે અસરને લીધે તે થાય છે. ૧૮૯૦માં આ રોગ વધતોઓછત હદી નીકળે છે અને હિંદમાં પણ તેણે સને ૧૮૮૯ પછી દેખાર દીધો છે. આ રોગ મહામારી વખતે માલૂમ પડે છે અને બહુ ભાગે હિવાળામાં થાય છે. લગભગ પાંચ વરસથી માંડીને ચાલીસ વરસ સુધીનાં માણસોને તે બહુધા વખત લાગુ પડે છે. બેથી ૭ દિવસમાં આખા શરીરમાં તેના જહુ કેફાર્ક જણ. પીડ, સાધળ અને માથામાં દુખતો થાય. સાથે ઊલટી પણ હોય. આ દરદમાં બોડા હવાય પછી નીચેના ભાગમાંથી કોઈ એક રોગ માલૂમ પડે: (૧) જગાની નળીનો સોજો અને શ્વાસોચ્છ્વાસની હિયામાં મુશ્કેલી, (૨) કમર અને પીઠનો દુખાવો અને ગેબરી, (૩) હરદની અનિયમિતતા, માથાનો દુખાવો અને કોઈવાર હલારો અથવા (૪) બહુભાગે નાનાં બોકરાંમાં તાપ, ઓચિંતી અને સખત તાવ. જંતુઓથી ઊપજ બનારા આ રોગમાં સખત સર્વાંગમ અથવા મળાનો કે ચાલતળીનો સોજો અને સામાન્ય રીતે સાથે તાવ હોય છે. રોગ મળવો હોય તો તે મુદતપછી રહીને મટી જાય અને સખત હોય તો દરદીનું મરણ થાય. આ રોગ ઝડપથી આખા દેશમાં ફેલાઈ જતો હોવાથી તે અમુક પ્રકારના વાતાવરણથી તેમજ સંસર્ગથી ચતો મનાય છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે આવહાથી જનુઓના ધર્મમાં અચાનક અમુક અંશે ફેરફાર થવાથી ખાસ, જલ વગેરે વિકારી થઈ આ રોગને ઉત્પન્ન કરે છે. ખાનપાન, નિદ્રા તેમજ વર્તનમાં બહુ ફરનારને અથવા મનશુદ્ધિ બરાબર ન થતી હોય તેમોને આ રોગ લાગુ પડવાનો વધારે સંભવ રહે છે, તે પહેલાં સહેજમાથી શરૂ થાય અને પછી શરીરનું દુખવું કે કટાઈ જવું, આંખની બળતરા, બબાસો, અન્ન ઉપર અરુચિ, ઊંઘ ન આવી અથવા બહુ આવવી, વારંવાર ઠાઢ ચડવી અથવા ગરમી થવી, શ્વાસનળીમાં મૂત્રવહ, હૃદયમાં ગભરામણ, જીભ ઉપર સફેદ અથવા કાળી છારી આવવી, જીભનું અને આખનું લાલ થવું, અત્યંત

નબળાઈ, છાતીમાં દુખાવો વગેરે થાય. ક્વચ્ચે બેઠો અથવા થયો હોય, જે ૭૮૯ીક વાર સોજી ભલેલો પડે અને દીર્ઘવાળો હોય, બે થી ચાર દિવસ તાવ જોરમાં રહે, પછી નરમ પડતાં ઉપરસ વધે. દરદીને ખુલ્લી હવાવાળા ઓરડામાં રાખવો પરંતુ તેને શરીર ઉપર પવન લાગવા ન દેવો. છાતી ઉપર દરપેન્ટાઇન તેલ ચોળી ઉપર ગળાસીની પોટીસ કલાક બે કલાકે બાંધતા જવું. કબજિયાત હોય તો દુલાલ આપવો. ઓરડામાં બહાર બિલકુલ આપવું નહિ. ઓછામાં ઓછા બે દિવસ સાંબણ કરાવતી અથવા ગામના કૂવામાં ચોડું પાણી નાખી ઉકાળી પાણી બળી જઈ કુંપ આડી રહે તે પાવું. ઉપરસનું જોર હોય તો સિતોપલાદિચૂર્ણ દરદીની ઉમરના પ્રમાણમાં અધ સાથે દિવસના બધ ચાર વખત ચટાડવું. રોગી જો પોતાની પૂરતી સંભાળ ન રાખે તો તે પોતાની જાતને અને બીજાને ચોડું નુકસાન કરે, કારણ કે ચેપી અને બહોળા જ પ્રકારે રોગ છે અને રોગ થતાં જ તેનો ચેપ ઊડે છે. આ રોગમાં લેવાના સાવચેતીના ઉપાય: તંદુરસ્તી બરાબર સાચવવી. સાદી સ્વચ્છ રીતે કુદરતી જિંદગી ગુજારવી. બલ ઉપરાંત શ્રમ કરવું નહિ, અને તેટલું બુલ્લી હવામાં રહેવું. ઘરનાં બારીબારણાં બુલ્લાં રાખી પૂરતું હવાઅજવાળું મેળવવું. ઓછા હવાઅજવાળાવાળા મકાનમાં સંખ્યાબંધ માણસે ન રહેવું. વધારે માણસ ભેગાં થતાં હોય ત્યાં. ગિરદીવાળી તમાશાની જગ્યામાં અને આ રોગના દરદીવાળા ઘરમાં જવું નહિ. આગગાડી, ટ્રામ કે મોટરમાં ગિરદીમાં બેસવા કરતાં ચાલીને જવું. શરદી થયેલી હોય તેવા માણસથી દૂર રહેવું. મોઢા કે નાકના શ્વાસ વાટે આ રોગ શરીરમાં દાખલ થતો હોવાથી તે ચાલતો હોય ત્યારે વાત.ચીતથી પ્રસાર થવું નહિ. રોગના હેલાવા વખતે મોઢું અને દાંત સાફ રાખવાં. સવાર સાંજ દાંત ઘસીને સાફ કરવા અને મીઠાના પાણીના કોગળા કરવા. સારવારમાં લેવાના ઉપાય: (૧) દરદીએ આરામ લેવો અને તાવ જતાં સુધી પથારીમાં સૂઈ જ રહેવું. (૨) શરીરે ગરમાવો આપવો અને પવન ન લાગે તેની કાળજી રાખવી. (૩) તરત જ દવા શરૂ કરવી અને બનતાં સુધી તેને જુદો ઓરડામાં જ રાખવો. (૪) તાવ મટ્યા પછી કાળજી રાખવી કે ફરીથી શરદી કે ચાઇ લાગે નહિ. આ રોગનો ચેપ ફેલાય નહિ તે માટે થાઇ રાખવાની બાબતો: (૧) રોગીએ ઘરમાં જ રહેવું અને સાર્વજનિક મેળાવડામાં જવું નહિ. (૨) બીજાનાં કે ઉપરસ ખાતાં ચેપ બીજાને ન લાગે તે માટે નાક અને મોઢા આગળ રૂમાલ આડો રાખીને બીજું કે ઉપરસ ખાવી અને તે રૂમાલને ગરમ પાણીમાં ઉકાળી સાફ કરવો. (૩) ખોડો કરેલો કે બાળી દેવો અને વાસણ જંતુનાશક દવાથી સાફ કરવાં. એક વખત આ રોગ મટ્યા પછી જો પૂરતી સંભાળ કે પ્રતિકાર રાખવામાં ન આવે તો મટ્યા પછી બે ચાર દિવસે ફરીથી ઊથલો મારે. માટે સંપૂર્ણ આરામ લીધા વગર શ્રમ ઉપર જવું નહિ. મટ્યા પછી જો જરા પણ રોગની અસર જણાતી હોય તો ખોરાકની સંભાળ રાખવી. આરામ લેવો અને વધારે ઊંઘ કરવી.

ઇન્ફ્લુએન્ઝા જુ. લાંબું મોઢું અને સાધારણ લાંબી પૂછડીવાળો એક જાતનો વાંદરો.

ઇન્લેટ [અં.] પું. દાખલ થવાનો રસ્તો.

ઇન્લેટપાઇપ [અં.] પું. અંદર દાખલ થવાની નળી.

ઇન્લેન્ડ [અં. ઇન્લંડ] વિ. સ્વાભાવિક દેશની અંદરનું.

ઇન્લેન્ડપોસ્ટ [અં. ઇન્લંડ પોસ્ટ] સ્ત્રી. દેશ અંદરની ટપાલ.

ઇન્દ્રા ૧. [સં.] પું. (જ્યોતિષ) મૃગશિર નક્ષત્ર ઉપર રહેતા ઇન્દ્રના નામના પાંચ તારાનો સમૂહ.
૨. પું. (જ્યોતિષ) મૃગશિર નક્ષત્ર ઉપર રહેલ એ નામનો એક તારો.
૩. સ્ત્રી. (જ્યોતિષ) મૃગશિર નક્ષત્ર.

ઇન્જાન ૧. [અ. અનૂત (તેણે વાસ આપ્યું)] પું. જેનાથી કોઈ વસ્તુ ઓળખાય તે; ઓળખાવનાર વસ્તુ.
૨. પું. પુસ્તકનું છપાયારેલું મુખપૃષ્ઠ.
૩. પું. રીત.

ઇન્વિટેશન [અં.] ન. આમંત્રણ; નોતરું; ઇજન.

ઇન્વેર [અં.] સ્ત્રી. ઇ.પ્રાત ૬૪ ૭૫ અને નિકલ ૨૬ ૮૬ની મેળવણીથી બનતી એક ધાતુ. ગરમી આપવા કઠણથી તે વધતી કે સકોચાતી ન હોવાથી ઘડિયાળ આપવાં સાધન બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

ઇન્વેસ્ટમેન્ટ ૧. [અં. ઇન્વેસ્ટમન્ટ] ન. ધનવિનિયોગ; નાણાં રોકવાં તે.
૨. ન. રોકેલ નાણું.

ઇન્વેસ્ટિગેશન [અં.] સ્ત્રી. તપાસ; તજવીજ.

ઇન્વોઇસ [અં. ઇન્વોઇસ] ન. બરતિયું; બીજકેલ માલની કીમત સાથે ચાદી; બીજક.

ઇન્શા ૧. સ્ત્રી. ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. નિબંધ.
૩. સ્ત્રી. લખવાની સુંદર શૈલી.

ઇન્શા અલ્લાહ [અ. ઇન્શા (ઇચ્છા) + અલ્લાહ (ખુદા)] અ.પ્ર. પરમેશ્વર ચાહશે તો.

ઇન્શા અલ્લાહુતઆલા [અ. ઇન્શા (ઇચ્છા) + અલ્લાહ (ખુદા) + તઆલા (મોટું)] અ.પ્ર. સર્વશક્તિમાન પ્રભુની ઇચ્છા હોય તો; ઈશ્વરકૃપાથી.

ઇન્શા પર્દાઝ (ઇન્શા પર્દાઝ) [અ. ઇન્શા (લખવું તે) + પર્દાઝ (ઉદ્યોગ કરનાર)] પું. સારો લખનાર; લેખક.

ઇન્શા પર્દાઝી (ઇન્શાપર્દાઝી) ૧. [અ. ઇન્શા (લખવું તે) + પર્દાઝ (ઉદ્યોગ કરનાર) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. લખણ લખવાપણું.
૨. સ્ત્રી. લખાણ; નિબંધ.
૩. સ્ત્રી. ચાકરચમનાની ખૂબી.

ઇન્શાલ્લા [અ. ઇન્શા (ઇચ્છા) + અલ્લાહ (ખુદા)] અ.પ્ર. ઈશ્વરની ઇચ્છા હશે તો; ઈશ્વરેચ્છા.

ઇન્શાલ્લાતાલા [અ. ઇન્શા (ઇચ્છા) + અલ્લાહ (ખુદા) + તઆલા (મોટું)] પું. હરિ ઇચ્છા; પરમેશ્વરની મરજી; ઈશ્વરેચ્છા.

ઇન્સ્પેક્ટર [અં.] પું. દીવો.

ઇન્સ્પેક્ટ [અં.] સ્ત્રી. દીવો ઊતારેલ.

ઇન્સ [અ.] પું. માણસજાત.

ઇન્સાઇ [અં.] ન. અપમાન; ભોંઠપણું; માનભગ; ઝેરઆબરૂ.

ઇન્સાન ૧. [અ.] પું. માણસજાત; માનવવર્ગ.
૨. પું.; ન. માણસ; આદમી. ઊનસ જોઈને પ્રેમ કરવો એ ઉપરથી જો ઇન્સાન શબ્દ બને તો એવો અર્થ થાય કે, મનુષ્યો પ્રેમ કરી જાણે છે અને પ્રેમથી એકબીજાની સાથે સંપીને રહે છે, માટે પ્રેમ કરનારું તે માણસ કહેવાય. નિરભિમાન એટલે ભૂલી જવું. ભૂલકણું તે મનુષ્ય કહેવાય.

ઇન્સાનપરસ્તી [અ. ઇન્સાન (માણસ) + પરસ્તી (પૂજા)] સ્ત્રી. માણસની પૂજા.

ઇન્સાનિયત ૧. [અ. ઇન્સાન (માણસ) + ફા. યત (પણું)] સ્ત્રી. બુદ્ધિ.
૨. સ્ત્રી. ભલાઈ; ભલમનસાઈ.
૩. સ્ત્રી. મનુષ્ય સ્વભાવ.
૪. સ્ત્રી. માણસાઈ; સજ્જનતા; સદ્વર્તન;

ગુસ્સાને બાજે એવી વાંસળી.
૫. સ્ત્રી. સભ્યતા; લાયકી; વિવેક; વિનય.

ઇન્સાની [અ.] વિ. માણસને લગતું; આદમીને અનુલક્ષતું.

ઇન્સાનીઅત [અ. ઇન્સાનિય્યત] સ્ત્રી. માણસાઈ

ઇન્સાફ (ઇન્સાફ) ૧. [અ. નસ્ફ (તેણે આપ્યું અર્ધું)] પું. ચુકાદો; ફેસલો.
૨. પું. ન્યાયકર્મ; ન્યાય; ચોકસી; સત્યશોધન.
૧. ઇન્સાફ આંધળો-મૂગો છે = ન્યાય જેવો આપવો હોય તેવો આપાય.
૨. ઇન્સાફને બીક માણું નથી-ઇન્સાફને હાથ પગ નથી = ન્યાય ફેરવવો હોય તેમ ફેરવાય.
૩. પું. માન; આદર.
૪. પું. ઇલાજો; લશ્કરોઈ કામની તજવીજ.
૫. પું. વાજબીપણું; સાચવટ; સચ્ચાઈ.

ઇન્સાફતલબ (ઇન્સાફતલબ) [અ. ઇન્સાફ (ન્યાય) + તલબ (માગનાર)] વ. ન્યાય માગનાર માણસ.

ઇન્સાફદાર (ઇન્સાફદાર) ૧. [અ. ઇન્સાફ (ન્યાય) + ફા. દાર (રાખનાર)] પું. ન્યાયાધીશ; જજસાહેબ.
૨. વિ. ઇન્સાફ રાખનારું.

ઇન્સાફિયો (ઇન્સાફિયો) પું. ઇન્સાફ આપનાર માણસ. આ શબ્દ તુચ્છકારમાં વપરાય છે.

ઇન્સાફી (ઇન્સાફી) ૧. [અ.] સ્ત્રી. કચેરી; અદાલત.
૨. સ્ત્રી. ન્યાયની રીત; ઇન્સાફ આપવાનું પોરસુ.
૩. સ્ત્રી. ન્યાયીપણું.
૪. વિ. ઇન્સાફવાળું; ન્યાયી.
૫. વિ. ન્યાય સંબંધી; ઇન્સાફને લગતું.

ઇન્સિદાદ [અ. સદ્ (તેણે અંધ કર્યો)] પું. અટકાયત; વિઘ્ન.

ઇન્સિદારામ ૧. [અ. સદ્દ (તેણે અંધ કર્યો)] પું. પૂર્ણતા; ઊણપ.
૨. પું. મિલકતની જપ્તી વ્યવસ્થા.

ઇન્સોજિન્ન [અ. ઇન્સાન (માણસ) + જિન્ન (ભૂત)] પું. બ. વ. માણસો અને ભૂતો.

ઇન્સોલ્વન્સિ [અં. ઇન્સૉલ્વન્સિ] સ્ત્રી. નાદારી; દેવાળું.

ઇન્સોલ્વંટ [અં. ઇન્સૉલ્વંટ] વિ. દેવાળિયો; નાદાર.

ઇન્સ્ક્રિપ્શન [અં.] ન. અભેદ લેખ.

ઇન્સ્ટિટ્યૂટ [અં.] ન. સંસ્થા; ખાતું.

ઇન્સ્ટિટ્યુશન [અં.] ન. સંસ્થા; ખાતું; મંડળ.

ઇન્સ્ટ્રક્ટર [અં.] પું. શિક્ષક; શીખવનાર માણસ.

ઇન્સ્ટ્રુમેન્ટ [અં. ઇન્સ્ટ્રુમંટ] ન. હથિયાર; ઓજાર; સાધન.

ઇન્સ્પેક્ટર [અં.] પું. તપાસ કરનાર; નિરીક્ષક; દેખરેખ રાખનાર.

ઇન્સ્પેક્શન [અં.] ન. તપાસ; નિરીક્ષણ.

ઇન્સ્યુલિન [અં.] ન. હોદીમાં ખાંડનો જથ્થો ઘટતો અટકાવનાર અને મધુમેહની સારવારમાં વપરાતો એક રાસાયણિક પદાર્થ.

ઇન્સ્યુરેટર [અં.] પું. પ્રવાહ વહી જનાર તારની આસપાસ વીંટવામાં આવતા રબર કે તેના જેવા બીજાણુ કે ગરમી પ્રસરવા ન દેનાર પદાર્થ.

ઇન્સ્યુલેશન ૧. [અં.] ન. તારમાંથી વીજળી નીકળી ન જાય તે માટે તેના ઉપર રબર, ગટાપરચા, કાપડ, રાબ વગેરેનું આવરણમાં આવતું પડ.
૨. ન. વીજળી અથવા ગરમીની અસર ન થવા દે એવી બીજાથી પદાર્થોને જોડબીજાથી જુદા પાડવાપણું.

ઇન્હિદામ ૧. [અ. હદ્મ (તેણે દૂર કર્યું)] પું. દૂર કરવું તે; કાઢી મૂકવાપણું; નાશ.
૨. પું. નાશ.

ઇન્હિરાફ (ઇન્હિરાફ) ૧. [અ.] પું. અસલથી પદાર્થની ગતિ.
૨. પું. રસ્તો; રોગ.
૩. પું. પોતાનો પક્ષ મૂકી દેવાપણું.
૪. [અ. હરફ (તેણે ફેરવ્યું)] પું. બદલવું તે; બદલી; ફેરફાર.
૫. પું. વિપરીત વાદ; ખંડન.

ઇન્હિરાફી (ઇન્હિરાફી) [અ.] પું. બદલી; ફેરફાર. જુઓ ઇન્હિરાફ.

ઇન્હુસાર [અ.] પું. બેસે બાજવો તે.

ઇન્હૈં ૧. [હિં.] ક. ક્રિ.
૨. ક. અહીં.

ઇપકાક ન. ચૂના વગેરેના મકાનોમાં વપરાતું બારીક મેલનનું ઝીણું આપ.

ઇપગીપીપિણી સ્ત્રી. આડશીપણાની રમત; ઓળકોલાબાવો; આંધળાપીપણી. આ રમતમાં બધાં રમનારાં આડા નીચે ઊભાં રહે અને આડા નીચે કૂંડાળું કરી તેમાં એક દાંડિયો મૂકે. પછી એક રમનાર કૂંડાળામાં ઊભો રહી તે દાંડિયો પોતાનો અંગૂઠો પગ ઊભો કરી બેસવી દૂર દોડે એટલે દાવ દેનાર તે દાંડિયો લેવા દોડે. તેટલામાં બાકીનાં રમનારાં આડા ઉપર ચડી જાય. દાવ દેનાર તે દાંડિયો કૂંડાળામાં મૂકી બીજાં રમનારાંઓને પકડવા આડા ઉપર ચઢે. તેમ કરતાં ઉપર ચડેલ રમનારમાંથી કોઈ નીચે કૂદી પડે અને કૂંડાળામાં પગ મૂકી દે અને દરીયો દાંડિયો પગ નીચેથી કાઢી દૂર ફેંકી દે એટલે દાવ બાકી રહે. પણ કૂંડાળામાં પગ પડ્યા પહેલાં દાવ દેનાર જો કોઈને પકડી પાડે તો તેના ઉપરથી દાવ ઊતરે અને જે પકડાયું હોય તેના ઉપર દાવ આવે.

ઇપાલુ પું. રસોઈમાં મસાલા તરીકે ઉપયોગી, મુકોની પાન અને ફોરમછા ફૂલનાં ફૂલવાળો ૧ થી ૧૦ ઉંચ ઊંચો કુળીનાની જાતનો એક છોડ; 'ટાઇમ'.

ઇપાલુ પું. એ નામની એક વનસ્પતિ; ઇપાલુ; 'ટાઇમ'.

ઇપાર ૧. [ફા.] પું. એ નામની એક વનસ્પતિ; ઇપાલુ; 'ટાઇમ'.
૨. [હિં. ઇ (આ) + પાર (આવ્યું)] ક. નદીની આ બાજુએ.

ઇપોમોઆ પું. એક જાતની વેલ, જેને શિયાળામાં રજુસીંગાના આકારનાં ફૂલ આવે છે.

ઇપોમોઆ પાઇસ્ટોલા [લે.] સ્ત્રી. બધી જ સામાન્ય જગ્યાં ખૂબ ઉપયોગી અને સદા લીલી રહેતી એક જાતની વેલ. તેનાં ગળાકાર તાજાં ફૂલ ઊનાળામાં આવે. નવ ઉંચ જેટલી ગમે તેવી જમીનમાં વાવવાથી તે ઊગી શકે. કાપી નાખ્યા પછી જમીનમાં રહેલા મૂળમાંથી પણ તે ફરી ઊગી નીકળે.

ઇપ્તિ [સં.] સ્ત્રી. ખોટ; જરિયાત.

ઇપ્પી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ; ઈંદુપી.
૨. સ્ત્રી. ભક્તિ; ઉપાસના; સ્તુતિ.
૩. સ્ત્રી. વાયળ સરહદના પ્રાંતનો એક ભાગ.

ઇપ્સિત [સં. ઇપ્સા (ઇચ્છા) + ઇત (પામ્યું)] વિ. ઇચ્છેલું.

ઇપ્સિતાર્થી [સં. ઇપ્સા (ઇચ્છા) + ઇત (પામ્યું) + અર્થ (હેતુ)] પું. સાધિત કરવા ધારેલ મુદ્દો.

ઇપ્સિલોન ઓરાયન [અં. ઍપ્સિલૉન ઓરાયન] પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રમાંનો નવમો તારો.

ઇપ્સિલોન ઑરિગા [અં. ઍપ્સિલૉન ઑરિગા] પું. (જ્યોતિષ) કુત્તિકાસ્થના સાત મહિનો પાંચમો તારો.

ઇફ્તાર (ઇફ્તાર) [અ. ફ્તર (તેણે રોજો છોડ્યો)] પું. રોજો છોડવો તે.
ઇફ્તાર કરવો = આખો દિવસ ઉપવાસ કરી સૂર્યાસ્ત વખતે પારણું કરવું.

ઇફ્તારી (ઇફ્તારી) [અ.] સ્ત્રી. રોજો છોડતી વખતે ખાવા લાયક ચીજ.

ઇફ્રાત (ઇફ્રાત) [અ. ફ્રત (તે પુષ્કળ હદ)] સ્ત્રી. અધિકતા; પુષ્કળપણું; વધારો.

ઇફ્રાતે અખ્લાત (ઇફ્રાતે અખ્લાત) [અ. ઇફ્રાત (વધારો) + ઝે (નું) + અખ્લાત (શરીરમાં રહેલ વાત, પિત્ત અને કફનું મિશ્રણ)] પું. બહુ. પિત્ત અને વાયુનો વધારો.

ઇફ્રાતે સૌદા (ઇફ્રાતે સૌદા) [અ.] પું. બહુ. પિત્ત અને વાયુ વધી જવાપણું.

ઇફ્રાદ (ઇફ્રાદ) [અ. ફ્રદ (તે નિરાલો થયો)] પું. સમાજનો ત્યાગ; દુનિયાદારીથી છૂટા થવાપણું.

ઇફ્રીત (ઇફ્રીત) વિ. [અ.] પું. અજબ ચીજ.
૨. પું. રાક્ષસ.

ઇફ્લાસ (ઇફ્લાસ) વિ. [અ. ફ્લસ (તે ખરીબ હતો)] પું. ગરીબાઈ; નિર્ધનપણું; મુફલિસી; દરિદ્રતા.
૨. પું. નાદારી; દેવું આપવાની અશક્તિ.

ઇફ્શા (ઇફ્શા) [અ. ફ્શા (તેણે જાહેર કર્યું)] સ્ત્રી. જાહેરાત.
૧. ઇફ્શા કરવી = જાહેર પાડવું; ખુલ્લું કરવું.
૨. ઇફ્શા હોવી = જાહેર થવું; વ્યાપ જાગવું.
૩. ઇફ્શાએ રાઝ = ખાનગી વાત જાહેર પાડવી તે.

ઇફ્ળ સ. દરિયાની ખાડીના કાદવમાં ઊગતું ૧૦ થી ૧૨ ફૂટ ઊંચું અને બહુ વિસ્તારવાળું ઝાડ. તેનો પાલો દોરને બરડાવવામાં અને તેનાં કાષ્ઠ અને બીજાં લાકડાં બાળવાના કામમાં આવે છે. લાકડાને બાળવાથી તેમાંથી ઝેર જાતનો ધોબીને ઉપયોગી ક્ષાર ઉત્પન્ન થાય છે. કાઠિયાવાડનાં બંદરોમાં આ ઝાડનાં લાકડાંને ચેરીબાનાં લાકડાં કહે છે. તેનાં ફળ બાળકો ખાય છે. ફળ ખાવાથી જીભ ઉપર ફોલ્લી થાય છે.

ઇફ્ા (ઇફ્ા) વિ. [ઇ (આ) + પાસ (બાજુ)] સ્ત્રી. આ બાજુ; આપણી તરફ.
આપણા ઇફ્ાના અમૃત જેવા ગ્રંથ કહે દેશાઈ. નવલરામ
૨. ક્રિ. અહીં.

ઇફ્હામત (ઇફ્હામત) [અ. ફ્હ્મ (તે સમજ્યો)] પું. સાબ્દ બોધપણું.

ઇફ્હામ (ઇફ્હામ) [અ.] પું. ફુર બનાવવું.

ઇફ્હામાત (ઇફ્હામાત) [અ. ફિહામાત] સ્ત્રી. આમતમ રક્ષણ.

ઇફ્રેમરા [અં. ઇફ્રેમર] સ્ત્રી. કરપમાં વપરાતી એક જાતની ચાબખી.

ઇફ્તિખાર (ઇફ્તિખાર) [અ. ફખર (તેણે કીર્તિ મેળવી)] પું. કીર્તિ; આબરૂ.

ઇફ્તિતરા (ઇફ્તિતરા) વિ. [અ. ફ્રઅ (તેણે આળ ચઢાવ્યું)] પું. તહોમતનું આળ.
૨. સ્ત્રી. નિંદા; ચાડી.

ઇફ્તિતરાક (ઇફ્તિતરાક) [અ. ફ્રઅ (તેણે ખોટું બોલ્યું)] પું. જુઠાઈ.

ઇફ્તિત્સાર (ઇફ્તિત્સાર) [અ. ફ્સર (તેણે તપાસ કરી)] સ્ત્રી. તપાસ; તજવીજ.

ઇફ્તેકાર (ઇફ્તેકાર) વિ. [અ. ફ્કર (તે ગરીબ હતો)] સ્ત્રી. ગરીબાઈ; નિર્ધનતા.
૨. [અ. ફ્કર (તેણે વિચાર્યું)] સ્ત્રી. વિચારશક્તિ.

ઇફ્ેત (ઇફ્ેત) [અ. અફ્ત (તે દૂર થયો)] સ્ત્રી. ઝિલ્લત; ખોટી પવિત્રતા.
ઇફ્ેતમાં અસલ નાખરી = ઝિલ્લત હોવું.

ઇફ્ેતપનાહ (ઇફ્ેતપનાહ) [અ. ઇફ્ેત (ઝિલ્લત) + ફા. પનાહ (રક્ષણ કરનાર)] વિ. પવિત્રતાનું રક્ષણ કરનાર; પતિવ્રતા; ઝિલ્લત સાચવનાર; સતી; સોભવતી. બીજાને માટે માનવાચક ઇફ્ેતપનાહ, ઇસ્મત દસ્તગાહ વગેરે શબ્દ વપરાય છે.

ઇબ્ન વિ. [હિ.] સ્ત્રી. બીજા વખત ઉપર.
૨. બ. ક્રમબદ્ધ; લાઇન.

ઇબ્બત વિ. [ઇબ્ન (બીજો વખત)] સ્ત્રી. બીજા વખત આગાહી.
૨. બ. ક્રમ; ક્રમબદ્ધ.

ઇબ્બરત વિ. [અ.] સ્ત્રી. ચમત્કારિતા.
૨. સ્ત્રી. ઠપકો.
૩. સ્ત્રી. દૃષ્ટાંત; દાખલો.
૪. સ્ત્રી. બીક; ડર; ભય.
૫. સ્ત્રી. શિખામણ; ઉપદેશ.

ઇબ્બરતનામા [અ. ઇબ્બરત (દાખલો) + ફા. નામા (પત્ર)] ન્ગિ. દાખલો પડતું.

ઇબ્બરાની વિ. [ફા.] સ્ત્રી. પેલેસ્ટાઇન દેશની પ્રાચીન ભાષા.
૨. વિ. યહૂદી.

ઇબ્બરાનામા [ફા.] પું. ભગવદ્ ગીતાનો ગ્રંથ.

ઇબ્બરી વિ. [હિ.] સ્ત્રી. બીજા વખત ઉપર.
૨. બ. ક્રમબદ્ધ; લાઇન.

ઇબ્બલીસ વિ. [અ.] પું. શયતાનનું ભૂત. બરાબ છોકરાને આ ઉપમા અપાય છે.
૨. વિ. તોફાની; ઝિંદાદોર.
૩. વિ. નઠારું

ઇબ્બલોં વિ. [હિ.] બ. અત્યાર સુધી.
૨. બ. બધો વખત.
૩. બ. હજુ.

ઇબ્બા વિ. [અ.] પું. ના; નકાર.
૨. સ્ત્રી. કોઈને બોલાવવા આંગળીથી નિશાની કરવી તે.

ઇબ્બાદ [અ. અબ્દ (ગુલામ)નું બહુવચન] પું. બ. વ. નોકરો; ગુલામો.

ઇબ્બાદત વિ. [અ. અબ્દ (તેણે બંદગી કરી)] સ્ત્રી પૂજા; સેવા; સ્તુતિ; પ્રાર્થના; ભક્તિ; આરાધના; બંદગી; ઉપાસના..
મજાજી ઇબ્બાદત = બંદગી.
૨. સ્ત્રી. માનતા; પુણ્યબુદ્ધિ. આદર.

ઇબ્બાદતખાના (ઇબ્બાદતખાના) વિ. [અ. ઇબ્બાદત (ભક્તિ) + ફા. ખાના (ઘર)] સ્ત્રી. ઉપાસનામંદિર. જૈનોનું, મંદિર, મસ્જિદ, બોળખાનું.
૨. બ. ધાર્મિક કાર્યો માટે મુખ્ય બાદશાહ અકબરે બંધાવેલો એ નામનો મહેલ. તેમાં દર ગુરુવારે રાત્રિએ હિંદુ, પારસી, સુન્ની વગેરે ધર્મના બોલાવેલા ધર્મગુરુઓને બોલાવરાવી સામાન્ય નિયમો ઉપર વાદવિવાદ કરવાનું કરાવ્યું.

ઇબ્બાદતગાહ વિ. [અ. ઇબ્બાદત (બંદગી) + ફા. ગાહ (ઠેકાણું)] સ્ત્રી. પ્રાર્થના કરવાની જગ્યા; ઉપાસનામંદિર. જૈનોનું, દેવળ, મંદિર, મસ્જિદ, બોળખાનું.
૨. સ્ત્રી. મસ્જિદ.

ઇબ્બાદતી [અ. અબ્દ (તેણે બંદગી કરી)] પું. ભક્તિ; ભક્તિ કરનાર માણસ.

ઇબ્બાદુલ્લાહ [અ. ઇબ્બાદ (નોકરો) + અલ (તે) + અલ્લાહ (પરમેશ્વર)] પું. બ. વ. ઈશ્વરના નોકરો.

ઇબ્બારત વિ. [અ અબર (તેણે સમજાવ્યું)] સ્ત્રી. આકાર; આકૃતિ.
૨. સ્ત્રી. ઢબ; રીતિ; પ્રકાર; ઢોળ.
૩. સ્ત્રી. પ્રતિજ્ઞા.
૪. સ્ત્રી. બોલી; ભાષા.
૧. ઇબ્બારતે રેખ્તી = અલંકારવાળી ભાષા.
૨. તુલતરીલ ઇબ્બારત = સાંબી સાંબી ભાષા.
૩. રેખ્તી ઇબ્બારત = અલંકારવાળી ભાષા.
૫. સ્ત્રી. લખવા બોલવાની ઢબ; શૈલી.

ઇબ્લાહ

૬. સ્ત્રી. લેખ.
૧. ઇબારત આર્ય = શબ્દ લખવા તે.
૨. ઇબારત ગોઠવવી = (૧) દસ્તાવેજનો ખરડો બનાવવો. (૨) સાર તૈયાર કરવો.
૩. ઇબારતની કોતાહી = વાક્યની અપૂર્ણતા.
૭. સ્ત્રી. વિન્યાસ.
૮. સ્ત્રી. સમજવવું તે; સમજવવાની શક્તિ.

ઇબારતચોર પું. બીજાના લખાણમાંથી ઉતારો કરી લઈ પોતાના લખાણ તરીકે ખપાવનાર માણસ; લખાણમાંથી તફડંચી કરનાર માણસ.

ઇબારતી [ઇ.] વિ. લેખમાં હોય એવું.

ઇબ્તિદાહુત ૧. [અ. અલ્ (તેણે શરૂ કર્યું)] સ્ત્રી. શરૂઆત; પરવાનગી.
૨. સ્ત્રી. પરવાનો; સનદ.

ઇબ્તિગામીન પું. હિમાલયની એ નામની પર્વતમાળા.

૧૦. અ. પક્ષે; લાં; તે કેકાણે.
૧૧. અ. સમુચ્ચયમાં, વિતર્કમાં, પ્રશ્નમાં અને અત્યંત એવા અર્થમાં વપરાતો એક અવ્યય.

ઉતઅંત [સં. ઉત (વા) + અંતઃ (અંદરથી)] અ. અંદરોદરી.

ઉતકડે (ઉતકડે) [ઉત (લાં) + કટ (બાજુ)] અ. પક્ષે; લાં; તે જગ્યાએ.

ઉતકંદારો [સં. ઉદ્ (ઊંચું) + કંદક (કાંટો)] પું. કાંટાસણિયો. તાવ, પ્રમરી અને પેશાબની અટકાયતમાં જેનાં મૂળ અને મૂળ કામમાં આવે છે.

ઉતકા સ્ત્રી. (હિંગળ) ક્રાગ; આંચ.

ઉતકરસૈસ [હિં.] સ્ત્રી. ઉતાવળું; વિચાર કર્યા વગર વર્તનારું.

ઉતકૂ (ઉતકૂ) [સં. ઉદ્ (ઊંચું) + કૃષ્ (કાપવું)] પું. સીવેલ ભાગ તોડી નાખવાપણું.

ઉતડાવવું (ઉતડવું) [સં. ઉદ્ (નકા.) + ડૂટ્ (તોડવું)] જુ. ક્રિ. ઉતરડો બોલ કરાવવું.

ઉતતે [સં. ઉત] અ. તે કેટલેથી; લાંબો; તે બાજુએથી.

હતી ભાઈ કુંવરી રાધિકા ઉતતે કુંવર કનૈયાઈ.
રાસ

ઉતથ્ય ૧. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાં વાસ્તવિ અંગિરા ઋષિને સુરૂપા નામની સ્ત્રીથી થયેલ બાર મહિનો મોટો દીકરો; બૃહસ્પતિનો ભાઈ. એણે સર્વંસહા માંધાતા રાજાને રાજનીતિ સંભળાવી હતી.

૨. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં અંગિરા ઋષિને મહા નામની સ્ત્રીથી થયેલ બાર મહિનો મોટો દીકરો; બૃહસ્પતિનો ભાઈ.

ઉતથ્ય જુઓ ઉતત્ય.

ઉતથ્યતનય [સં. ઉતથ્ય (એક ઋષિ) + તનય (દીકરો)] પું. ઉતથ્ય ઋષિનો દીકરો; ગૌતમઋષિ.

ઉતથ્યાનુજ [સં. ઉતથ્ય (એક ઋષિ) + અનુજ (નાનો ભાઈ)] પું. બૃહસ્પતિ; ઉતથ્યનો નાનો ભાઈ.

ઉતથ્યાનુજજાયા [સં. ઉતથ્ય (એક ઋષિ) + અનુજ (પાછળ) + જન્મન્ (જન્મ)] પું. બૃહસ્પતિ; ઉતથ્યનો નાનો ભાઈ.

ઉતથ્યાવરજ [સં. ઉતથ્ય (એક ઋષિ) + અવર (બીજું) + જ (જન્મેલ)] પું. દેવોનો ગુરુ; ઉતથ્યનો નાનો ભાઈ; બૃહસ્પતિ.

ઉતર [હિં.] અ. જેવી તરફ.

ઉતના [હિં.] વિ. એના જેટલું; જેટલું.

ઉતના [હિં.] પું. કાનના ઉપલા ભાગમાં પહેરાતી વાળી; ઝેલડી.

ઉતપત ૧. [સં. ઉત્પત્તિ] સ્ત્રી. ઉત્પત્તિ; પેદાશ; ઊપજ.

૨. સ્ત્રી. જન્મ.

૩. વિ. જન્મેલું; પેદા થયેલું.

ઉતપતવું ૧. [સં. ઉદ્ (ઉપર) + પત્ (પડવું)] અ. ક્રિ. ઊંચેથી પડવું; ઠેકવું.

૨. [સં. ઉદ્ (બાબો) + પદ્ (જન્મ)] અ. ક્રિ. જન્મવું; ઉત્પન્ન થવું.

૩. અ. ક્રિ. નીકળી પડવું; બહાર આવવું; જન્મવું.

અમ ઘરે ઉતપતવા દાખૈ:કેના રામાન.
પ્રેમાનંદ

ઉતપત્તિ [સં. ઉત્પત્તિ] સ્ત્રી. (જુ. રૂ.) ઉત્પત્તિ; પેદાશ.

અન્ન વિના તે જિવા હતા. બોલ તમ ઉતપત્તિ,
ધર્મે કામ કીધાં કિતાં, ચાર પુરુષ એક ચિત્તિ.
વિમલપ્રબંધ

ઉતપલ [સં. ઉત્પલ] જુ. કમળ.

ઉતપાત [સં. ઉત્પાત] પું. બહાન અનર્થ.

મિ મોકલ્ય પૂર્વી બે વાત,
કું પાપી મોનુ ઉતપાત.
વાલ્મ

ઉતપાતિવું [સં. ઉત્પાત (ચિંતા) + ઇન્ (વાળું)] વિ. કારણ વગર ઉદ્વેગ કરનાર; ચિંતા કરે એવું.

ઉતમ [સં. ઉદ્ (ઘણું) + તમ (વધેલું)] વિ. ઘણું ગરમ; બાકીનાં દ્રવ્ય બળે એવું.

ઉતમેઝ અ. બાજા ઉપરથી.

ઉતમાનખેલ સ્ત્રી. દિલ્લી બાજ્ય સરહદ ઉપર વસતા પાલવ તાબાવાળાઓની એક કોમ.

ઉતરચ્ચર [સં. ઉત્તર (બાબું) + ચર (જનાર)] જુ. ઉત્તરાદ્ધ ઉંટનો બાગ.

ઉતરડ (ઉતરડ) ૧. પું. પોડો; ચીજને મૂકવા માટે બાકતાં ઊતરતાં પાટિયાં રાખ્યાં હોય એવું ચોકઠું.

૨. [સં. ઉદ્ (બોલનારું) + રટ્ (બોલવું); કે. ઉત્તિરિવિદિ; ઉત્તિરવા] સ્ત્રી. એક ઉપર એક એકબીજાથી નાનાં નાનાં વાસણની ઊભી ગોઠવણ; એક ઉપર એક મૂકેલાં વાસણની હાર; મોટા ઉપર નાનું, વળી તેના ઉપર નાનું, એમ વાસણો ગોઠવ્યાં હોય તેની રચના.

વાસણની એક ઉતરડ કરી, ઉપર ઢાંકણ બધ ઓરડું,
ઉઘાડ કો વહુ એમ કહી, કું કુબજ પાને રમાડું.
દલપતરામ

૩. સ્ત્રી. કપાળમાં અંબોડા ઃ આવી જાતની ઓળી.

ઉતરઠવું (ઉતરડવું) ૧. [સં. ઉદ્ (ઉપર) + તૃ (તરવું)] અ. ક્રિ. ખેતી કરવું.

૨. અ. ક્રિ. બધો સબોગ કરવો.

૩. અ. ક્રિ. ચીરવું.

૪. અ. ક્રિ. બાજા કે ચામડી કાઢી લેવી.

૫. અ. ક્રિ. દાંત તોડી બાંડું કરવું; સીધું ઉકેલવું, ઉતેડવું.

ઉતરડી નાખવું = (૧) ઉકેલી નાખવું; સોરી નાખવું; ખેતી કરવું. (૨) ચોરી નાખવું. (૩) મોટા ખર્ચ કે નુકસાનીમાં ઉતારવું. (૪) સીધેલું વસ્તુ ઉખેડવું.

ઉતરડવું (ઉતરડવું) [સં. ઉદ્ (ઉપર) + તૃ (ખેંચી લેવું)] અ. ક્રિ. ઊતરો બોલ કરાવવું; ઉકેલાવવું.

ઉતરડવું (ઉતરડવું) ૧. અ. ક્રિ. ઊકલી જવું.

૨. અ. ક્રિ. ઝાંખરાથી કે દક્ષિણની જમીનો વસારા વગેરેથી એની મેળે ચિરાવું.

૩. અ. ક્રિ. બહુ ખર્ચ થઈ જવો.

ઉતરડિવું (ઉતરડિવું) ૧. [ઉતરડ (એક ઉપર એક મૂકેલા વાસણની હાર) + ઇવું (સબંધી)] જુ. ઉતરડ કરવાનું વાસણ કે બીજું કોઈ સાધન.

૨. જુ. ઉતરડવાનું ઓજાર; ચીરવાનું, છાલ કે ચામડી ઉતારવાનું સાધન.

૩. જુ. બુઝારું; પાલવીના માટલા ઉપર ઢાંકવાનું વાસણ.

૪. વિ. ઉતરડ સબંધી

ઉતરડી (ઉતરડી) સ્ત્રી. ઉતરડ; એક ઉપર એક એકબીજાથી નાનાં નાનાં મૂકેલાં વાસણની હાર.

ઉતરડો (ઉતરડો) [સં. ઉદ્ (ઉપર) + તૃ (ખેંચી લેવું)] પું. કપાસનું બીચવું તૂટવાથી પોલો રહી જવાથી પોલો ચીરો.

ઉતરડો ભરવો = બીચવું તૂટવાથી પોલો ચીરો સાંધી લેવો.

ઉતરણ ૧. સ્ત્રી. એક જાતની વેલ; ગમારફળી; નાગલાકુપલી. તેની ચણ જાત: સોદ, પીળી ને લાલ ફૂલની. સોદ જાતને અણીદાર પાન અને લીલાશ પડતાં પીળાં ફૂલનાં ગુચ્છા આવે છે. તેની બાજુએ બેસી શકે ટોચાવાળી રીંગણા જેવા ગાલ થયેલા હોય. આ વેલના દોરી જેવા આકારને કાપતાં દૂધ નીકળે. એની દાંગ જમીનમાં ઊભી દાટવાથી તેનાં મૂળ ફૂટી વેલ થાય અને તે ગાય કે વાડ ઉપર ચડે. બે વેલમાં એક કુદરતી ખૂબી એ છે કે જો વેલ દાણી બાજુએ હરી ગાય ઉપર ચડે તો તે બેય વર્ષ સુધી રહે અને જમણી બાજુએ ચડે તો તે છઠ્ઠાં વર્ષ સુધી રહે. એનાં ફળ બારાં, કડવાં, ગરમ, તીખાં, ઝેર ઉતારનાર અને અગ્નિદીપક છે. મૂત્રકૃચ્છ પાકી ફૂટવા માટે તેનો પાલો વાટી બંધાય છે.

૨. [સં. ઉત્તરણ (ઉતરવું તે)] સ્ત્રી. પાર; ઉતાર; ચાલીને ઊતરી શકાય એવો નદીનો બાગ.

૩. સ્ત્રી. હાર; એક પછી એક કમવાર બાવવું તે.

૪. સ્ત્રી.; ન. ઊતરતો ઢોળાવવાળો રસ્તો; ઢોળાવવાળી જગ્યા; ઊતરતી જતી એવી જમીન; ઢોળાવ; ઢાળ.

૫. સ્ત્રી.; ન. ઊતરવાની ક્રિયા; ઉતાર.

૬. સ્ત્રી.; ન. ઊતરવાપણું એવું હોવું તે.

૭. ન. ઉત્તરાબાદ્ર; સૂર્યનું ઉત્તર તરફના રાશિપટ્ટકમાં બવાપણું.

૮. ન. બારસાબની ઉપલી હદ.

ઉતરણી ૧. સ્ત્રી. ઊતરવાનું ઠેકાણું.

૨. [સં. ઉત્તૃ (બોલનારું)] સ્ત્રી. ઊતરવું એટલે પાર બવું તે.

૩. સ્ત્રી. નિસરણી.

ઉતરન ૧. સ્ત્રી. એક જાતની વેલ; ઉતરણ; ઉદીવરા; પુષ્પમલ્લા; ફલપુષ્પા; દીર્ઘનંતા; પુષ્પમંજરિકા; કર્કશા; મંજરી, ફલકંટક. આખી દીટાતી આ વેલ હિંદના ભધા ગરમ પ્રદેશમાં થાય છે. તેનાં પાન સંબ્સોળ, હાદયના આકારનાં, અણીદાર, ઝાંટીવાળાં, દીંટા પાસે મોળ અને નીચેની બાજુ નરમ હોય છે. પાંદડાંનું દીંડું લાંબું હોવાથી તેને દીર્ઘનંતા, આછા ધોળા રંગનાં ફૂલની મંજરીને લીધે પુષ્પમંજરિકા, વાંકી ચાંચનાં જેવાં અને ફૂલ્યા ફાંટાવાળાં ફળને લીધે ફલકંટક અને ફળનાં મોટે ભાગે જોડકાં હોવાથી ફલપુષ્પા કહે છે. કોઈ વાર જોડકાં વગર એકલાં ફળ પણ જોવામાં આવે છે. વેલના ભધા ભાગમાંથી દૂધ અને ફળની અંદરથી બાફેલા જેવું રૂ નીકળે છે. ફૂલની મંજરી, પાન, ફળ, મૂળ અને મૂળની છાલ દવા તરીકે વપરાય છે. આ વેલ તીખી, શીતલ, પિત્ત અને રક્ત દૂર કરનાર, કરમિયાનો નાશ કરનાર, યોનિદોષ મટાડનાર, વાત કરનાર, પીડા સાથે પેશાબ થવાનો રોગ મટાડનાર, દાહર મટાડનાર અને સોજો ઉતારનાર મનાય છે. બાળકના પેટનાં કૃમિ મારવાને માટે તેનાં પાનનો ક્વાથ વધુમાં વધુ જથ્થ મગવા અપાય છે. ઉતરણનાં તાજાં પાનની લૂગદી બદીઓ ચૂમડા ઉપર લગાડાય છે.

૨. સ્ત્રી. કોઈ બીજાનો કટકો.

ઉતરન હોરી = કરજ અથવા કરજમાંથી છૂટા થવું.

૩. સ્ત્રી. વપરાઈ ગયેલાં જૂનાં કપડાં.

ઉતરનપુતરન [હિં.] સ્ત્રી. પહેરેલાં અને જાદી નાખેલાં કપડાં.

ઉતરપડો [સં. ઉત્તર (ઉપરનું) + પટ (વસ્ત્ર)] પું. પથારી ઉપર પાથરવાનું સુતરાઉ કપડું, ઓઢાડ.

ઉતરવટ વિ. ઢાળવાળું; ઢોળાવ હોય એવું.

ઉતરંગ [સં. ઉત્તરંગ] પું. બારસાખનો ઉપલો ભાગ.

ઉતરા ૧. ન. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનું એ નામનું નક્ષત્ર.

૨. વિ. ઠાલી મૂકેલું.

૩. વિ. ઘટાડેલું.

ઉતરાઈ ૧. [સં. ઉત્તરત્ (ઉતરવું)] પું. વહાણ ઊતરી આવે તે.

૨. [હિં.] સ્ત્રી. ઉપરથી નીચે ઊતરવાની ક્રિયા.

૩. સ્ત્રી. ઢળતી જમીન; ઢાળ; ઉતાર.

૪. સ્ત્રી. નદીની પાર ઊતરવાની મહેનતાણું; હોડીનું ભાડું.

૫. સ્ત્રી. પાર જવું તે; સોંસરવું નીકળવાપણું.

૬. સ્ત્રી. ભાદલો.

૭. સ્ત્રી. રજોદર્શન બંધ થવાપણું.

૮. સ્ત્રી. હોડી ઉપરથી ઊતરવાની જગ્યા.

૯. વિ. વફાદાર; નિમકહલાલ.

તે માટે હવે બરાબર રહ્યો કે કમબખ્ત, તો હું મિત્રનો ઉતરાઈ થઈ રહે વચન એ પ્રમાણ. પ્રેમાનંદ

ઉતરાઈનો દિન [ઉતરાઈ (જહાજ બંધ થવાપણું) + દિન (દિવસ)] પું. રજોદર્શન બંધ થાય તે દિવસ.

ઉતરાક્ષર [સં. ઉત્તર (પાછલું) + અક્ષર] પું. પ્રત્યય; શબ્દને છેડે લગાડવામાં આવે છે તે.

ઉતરાજ ૧. પું. ઉત્તરનો પવન.

૨. પું. ઢોળાવ; ઢાળ.

૩. પું. મકરસંક્રાંતિને દિવસે પાળવામાં આવતો હિંદુ તહેવાર.

ઉતરાજ કાંઈ ઓછું પર્વ નથી = નાનો કરો પણ મોટી બહેન તરફ ઊપરે છે.

૪. [સં. ઉત્તર (દિશાનું નામ) + અયન (જવું તે)] સ્ત્રી. ઉત્તરાયણ; મકરસંક્રાંતિ; સૂર્યનું ઉત્તર તરફના રાશિચક્રમાં જવાપણું.

૫. [સં. અવ (નીચે) + તૃ (તરવું)] ન. ઉતાર; ઉતરણ; પાર; ઓલીને જવાય એવું પાણી હોય તેવો રસ્તો; નદીનું પાણી જ્યાં ઊંડું ન હોય એવી જગ્યા; ઊતરવાનો રસ્તો.

ઉતરાતું [સં. ઉત્તર (દિશાનું નામ) + તઃ (તસ્)] વિ. ઉત્તર તરફનું; ઓતરાતું.

ઉતરાદું વિ. ઉત્તર તરફનું; ઠાગો ઉતરાતું.

ઉતરાધિકાર ૧. પું. મિલકતનો હક.

૨. [સં. ઉત્તર (પછીનું) + અધિકાર (હક)] પું. સ્થાવર મિલકતનો કબજો કે ભોગવટો જેને લખી આપેલ હોય તેની સાબ્બા નિર્વિઘ્ન બાદ ત્યારે તે મિલકત ઉપરનો કરી બજતો હક.

ઉતરાધિકારી [સં. ઉત્તર (પછીનું) + અધિકારિન્ (હકવાળું)] પું. વારસાનો હકદાર; ઉત્તરાધિકારવાળું માણસ.

ઉતરાભાદ્રપદા ન. (જ્યોતિષ) જો નામનું અગિયારમું નક્ષત્ર.

ઉતરારી સ્ત્રી. ઉત્તર દિશામાંથી આવતી હવા.

ઉતરાર્ધ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + અર્ધ (અરધું)] પું. પૃથ્વીનો ઉત્તર દિશા તરફનો અરધો ભાગ.

૨. પું. બીજો અરધો ભાગ; જે ભાગમાંનો પાછળનો ભાગ.

૩. પું. શરીરનો ઉપરનો અરધો ભાગ.

ઉતરાવરાવવું ૧. સ. ક્રિ. ઉતારવામાં બીજાને મદદ અપાવવી.

૨. સ. ક્રિ. ઉતારે એમ કરાવવું.

૩. સ. ક્રિ. લખાવવું.

ઉતરાવવું ૧. સ. ક્રિ. ઉતારે એમ કરવું.

અંતરિયાળ ચૂનામાં ઉતરાવ્યાં = છેતરવું.

૨. સ. ક્રિ. ઊતરે એમ કરાવવું.

૩. સ. ક્રિ. ઠલાવવું; ખંડાવવું

પાણ ઉતરાવવા = કજિયો કરાવવો.

૪. સ. ક્રિ. ઘટાડવું; ઓછું કરાવવું.

૧. પાણી ઉતરાવવું = (૧) આબરૂ કરાવવી; કસાવાવા કરાવવા. (૨) બધો શ્રમ આપવો; પજવવું; રગડવું.

૨. સરપ ઉતરાવવો = મંત્રપ્રયોગથી સર્પદંશની અસર દૂર કરાવવી.

૫. સ. ક્રિ. ઘાટ અથવા આકૃતિ બનાવરાવવી.

૬. સ. ક્રિ. ચિતરાવવું.

૭. સ ક્રિ. પાર કરાવવી.

૮. સ. ક્રિ. નકલ કરાવવી; લખાવવું.

૯. સ. ક્રિ. નીચે બેસાડવું; પધરાવવું.

૧૦ સ ક્રિ. નીચે લાવવામાં મદદ કરવી.

૧૧ સ. ક્રિ. સમજાવવું; સમજ પાડવી; મનમાં ઠસાવવું.

મગજે ઉતરાવવું = સમજાવવું.

ઉતરેઠ (ઉતરેડ) સ્ત્રી. વાસણની ગોઠવેલ હાર; એક ઉપર એક મૂકેલાં વાસણોની હાર; ઉતરેડ.

ઉતરેચડ (ઉતરેચઢ) સ્ત્રી. વાસણ ઉપર વાસણની હાર; ઉતરેઠ.

ઉતલા [હિં.] વિ. ઉતાવળું.

ઉતવ ૧. ન. ઓછું સોનું કે રૂપું.

૨. વિ. તાવ્યા વિનાનું; ખરડ કાચું.

ઉતર્વંગ [સં. ઉત્તમ (ઉત્તમાંગ) + અંગ (અવયવ)] ન. (ડિંગળ) મસ્તક; ઉત્તમાંગ; માથું.

ઉતસ્ય [સં. ઉત્સવ] પું. ઉત્સવ; ઉજાણી; આનંદનો મેળાવડો.

ઉતસરજન ન. (ડિંગળ) દાન.

ઉતસારક પું. (ડિંગળ) ભોળદાર.

ઉતસી સ્ત્રી. એક તેલી બી; અળસી.

ઉતસુક [સં. ઉત્સુક (આતુર)] વિ. (ડિંગળ) ઉત્કંઠાવાળું.

ઉતસૂક [સં. ઉત્સુક] વિ. (ડિંગળ) ઉત્સુક; આતુર; ઉત્કંઠા ભરેલ.

ઉતસૂર પું. (ડિંગળ) સવારનો; સાંજ.

ઉતસે અ. સાંથી; બીજી બાજુથી.

ઉતળકવું અ. ક્રિ. પતવું; પેતરમ થવું; મર્યાદા મૂકવી; લાજ છોડવી.

ઉતળકો પું. શેરડી, બટ્ટ વગેરેમાં થતો એક જાતનો રોગ. તેથી છોડ સુકાઈ જાય, ઘઉંની ડૂંડી ખાલી પડી જાય અને શેરડીમાં રસ ઓછો ન થવાથી તે ખટકાઈ જાય.
ઉતળકો જવુ = પાકમાં થતા એક જાતના રોગને લીધે શેરડીનું સુકાઈ જવું.

ઉતવું ક્રિ. ઊતરવું.

ઉતંક ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તે વેદમુનિનો શિષ્ય હતો.
૨. પું. ગૌતમના શિષ્ય ઋષિનું નામ.
૩. વિ. ઊંચું; ઉન્નત.

ઉતંગ ૧. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ. તે જગતીવર્ગના સોળ છંદનો એક છે. તેમાં ૧૪ ગુરુ અને ૨૬ લઘુ મળી ૫૦ વર્ણ હોય છે.
૨. સ્ત્રી. તુચ્છ; ઓછ.
૩. વિ. ઊંચ; ઊંચા; ઉત્તમ.
૪. [સં. ઉત્તુંગ] વિ. ઊંચું.
૫. વિ. બેસરાવર; પ્રબલ.

ઉતંગન ૧. [હિં.] સ્ત્રી. બ્યાલિસર નજીકની એક નદીનું નામ.
૨. ન. એ નામનો એક છોડ.

ઉતંગાં વિ. ઊંચું.

ઉતાઓલી ૧. [હિં.] સ્ત્રી. અધીરાઈ.
૨. સ્ત્રી. ઝડપ; વેગ; સિતાબી.
૩. સ્ત્રી. નિરાશા.

ઉતાઇ સ્ત્રી. ગુલામનો છુટકારો.

ઉતાઉપાઇ પું. અભિમાની માણસ; અસર પુરુષ.

ઉતાન ૧. [સં. ઉત્તાન] વિ. ઊંચું.
૨. વિ. ઝડપવાળું.
૩. વિ. ચતું; જમીનને પીઠ અડતી હોય એવું.

ઉતાપ ૧. [સં. ઉદ્ (ઉપસર્ગ) + તપ્ (ગરમ થવું)] પું. આવેશ; ઉશ્કેરણી; ક્રોધ.
૨. પું. ઝઘડો; જગડો.
૩. પું. ક્રોધ.
૪. પું. ગામ; બજારો.
૫. પું. ચિંતા; ફિકર.
૬. પું. તાપ; ગરમી.
૭. પું. સંતાપ; દુઃખ; અકળામણ; પીડા.

ઉતાપણ ૧. [સં. ઉત્તાપન] ન. ઉશ્કેરણી; આવેશ.
૨. ન. ક્રોધ.
૩. ન. ગરમી; તાપ; તડકો.
૪. ન. ગામ; બજારો.
૫. ન. ચિંતા; ફિકર.
૬. ન. દુઃખ; પીડા; સંતાપ.
૭. ન. જગાપો, ઝઘડો.
૮. વિ. ઉતારવું; ઓરીકું.
૯. વિ. ચિંતાવાળું.
૧૦. વિ. બ્યાજ બનાવવું; ઉતાપિયું.

ઉતાપિયું ૧. વિ. ઉપાધિવું; ચિંતાતુર; ઉતાપી.
૨. વિ. બ્યાજ કરવું

ઉતાપી ૧. [સં. ઉદ્ (ઉપસર્ગ) + તપ્ (ગરમ થવું) + ક્ત (ભૂત)] વિ. ગરમ કરેલ.
૨. વિ. ગુસ્સે ભરેલું; ક્રોધી.
૩. વિ. ચિંતાતુર; ફિકરવાળું.
૪. વિ. દુઃખી; સંતાપવાળું.

ઉતાપો ૧. [સં. ઉતાપ (ગરમી)] પું. ઉકળાટ; તાપ; ગરમી; તડકો.
૨. પું. ઉશ્કેરણી; ક્રોધ; આવેશ; તલાવેલી.
૩. પું. ઝઘડો; જગાપો.
૪. પું. ગામ; બજારો.
૫. પું. ચિંતા; ફિકર.
ઉતાપામાં રહેવું = ફિકરમાં રહેવું; ચિંતા કરવી.
૬. પું. સંતાપ; પીડા; બેચેની; દુઃખ; અકળામણ; ગભરામણ.

ઉતારવું અ. જોડકણામાં આવેલાને બાકીનો ઉતારી આર રસ્તા બતાવે હોય તે રીતે મુખતો ઉતાર; ભૂતપ્રેતની અસર કરવા માટે બકરીનો ઉતારેલું હોય તે.

ઉતાર ૧. પું. અંદર અંદરમાં ચાલું હોય એવું; આંતરલક્ષ.
કાન્હ ઉતાર = અંદર અંદર હોય એવી રીત; આંતરલક્ષ.
૨. પું. ઉશ્કેરો; ક્રોધનો ઠપકો.
૩. પું. ઊતરવાપણું.
૪. પું. ઊલટી અસર કરવાનો ગુણ; પ્રતિક્રિયા.
૫. [સં. અવ (નીચે) + તૃ (ઊતરવું)] પું. કીમતમાં ઘટાડો.
૬. પું. ભેજની ખુમારીમાં ઘટાડો.
ભેજનો ઉતાર = નશો દૂર કરનાર ચીજ.
૭. પું. ભેજી ચીજ પચતાસર ન લેવાથી શરીરમાં આવતી સુસ્તી.
૮. પું. ખાડો; ખાર્ક.
૯. પું. જમીનની જાત પ્રમાણે વિશેષીન કરમાં કરેલ ઘટાડો.
૧૦. પું. ભેજની અસર ઉતારનાર ઓસડ.
૧૧. [સં. અવ (નીચે) + તૃ (જવું)] પું. દાણ; ઠોકાણ.
૧૨. પું. ઢાળવાળી જમીન; ઊતરવટ ભૂમિ.
૧૩. પું. દીલાપણું; મંદત્વ.
૧૪. પું. નકશ; ઊતારો.
૧૫. [સં. ઉત્તૃ (નદી ઓળંગવી)] પું. નદીમાં ઊતરી સામા બેટલા પાણીવાળો રસ્તો; પગે ચાલીને ઊતરી સામા બેટલા પાણીવાળો રસ્તો; ઊતરવું.
નદીએ ઉતાર છે = નદી ચીરીને બહુ ઉપાય તેમ છે.
૧૬. [હિં.] પું. પાકીઃ પતન; અવદશા.
૧૭. પું. પાણીનું ઊતરી જવું તે; ઓટ; ભરતીનું ઊતરવાપણું.
૧૮. [સં. ઉદ્ (ઉપર) + ભૂ (ઉત્પન્ન થવું)] પું. પેદાશ; ઊપજ; ઉત્પત્તિ.
૧૯. પું. પોતાના ભલા માટે કરાતો એક અભિચાર જેટલે મંત્રયોગ. તેમાં એક દિવસ ગામ બહાર રહેવું પડે છે.
૨૦. પું. ભૂતપ્રેતની અસર કરવા માટે કરીના માથેથી ઉતારવામાં આવેલ ચીજ.
૧. ઉતાર ઉતારવો = ભૂતપ્રેતની અસરમાંથી છૂટવા માટે બલિદાન આપવું.
૨. ઉતાર મૂકવો = બકરું કે બીજ રસ્તા બલે લાં બલિદાન મૂકવું.
૩. ભૂત ઉતાર માગે છે = માણસને ભોગી લેવા ભૂત બલિદાન માગે છે.
૨૧. પું. મુસાફરીનું ભાડું; પ્રવાસભાડું.
૨૨. પું. રોગના ગુસ્સામાં ઘટાડો.
૨૩. પું. પ્લેન; પ્રવાહ.
૨૪. પું. (લાક્ષણિક) હલકટ માણસ.
આખા ગામનો ઉતાર = ગામનો હલકામાં હલકો માણસ.
૨૫. વિ. નપાવટ; નઠારું.
૨૬. વિ. બલિદારી; હલકી જાતનું.

ઉતારક [સં. અવ (નીચું) + તૃ (જવું)] વિ. ઊતારનાર; નીચે લાવનાર.

ઉતારચઢામ્બો ૧. પું. આડા નિરાડા.
૨. [અવ (નીચે) + તૃ (જવું) + ચઢાવ (ચઢાવવું)] પું. (સંગીત) ઊંચા નીચા સ્વર.
૩. પું. ઝવતરું; મુક્તિ.
૪. પું. ઝળઝંઝટ; જિંદગીના ચાસોરા.
૫. પું. ઊતરપિંડી.
ઉતારચઢામ્બો કરવો = ઊતરવું; મુક્તિ કરવી.
૬. પું. ફાયદો અને નુકસાન.
૭. પું. ઝઘડો.
૮. પું. ઓરતીઓટ.
૯. પું. રસ્તામાં ઊંચાણ નીચાણ.

ઉતારો [ઉતાર (ઘટાડો) + ચઢાવ (ચઢાવો)] પું. પલપટ; તેજીમંદી.

ઉતારચઢાવ [ઉતાર (ઢાળો) + ચઢાવ (ચઢાણ)] પું. વધઘટ; તેજીમંદી. જુઓ ઉતારચઢાઓ.

ઉતારણ ૧. [સં. અવ (નીચું) + તૃ (જવું)] સ્ત્રી. (હિંદી) ઢાંકણ; સાંજ.

મૂરખ અનર્થ મોટા રે
અનણ ઉતારણ આણે. મીરો

૨. સ્ત્રી. ખુદો કરેલો ભાગ; કટકો; ભાગ.

૩. ન. ઉતારવાનું બાકું.

૪. ન. ઉતારવું તે; બીજી પાર કાઈ જવાપણું.

૫. વિ. ઉતારનાર; ઉતારે એવું.

૬. વિ. ટાળનાર; દૂર કરનાર.

૭. વિ. બચાવનાર; ઉગારનાર; રક્ષક.

ઉતારણી ૧. [સં. અવ (નીચું) + તૃ (જવું)] સ્ત્રી. ઉતારવાની રીત.

૨. સ્ત્રી. ઉતારવાનું કામ.

૩. સ્ત્રી. સંભારણું સંયોટપલ્લું.

ઉતારવું [સં. અવ (નીચે) + તૃ (જવું)] ન. નજર ન પડે તેટલા ખાતર કરવામાં આવતો ટૂચકો; ભૂતપ્રેતની અસર કાઢવા માંથેથી ઉતારેલ ચીજ.

ઉતારત ૧. વિ. બંગત નહિ એવું; અસંગતનું.

૨. [સં. ઉત્તરત્ર (બીજા સ્થળમાં)] વિ. ઉદાહરણરૂપ; દાખલા તરીકેનું.

૩. વિ. કોઈ બીજાને લાગુ પડે નહિ તેવું.

૪. વિ. સંદેહાસ્પદ; સાધારણ.

ઉતારક [અ.] પું. (જ્યોતિષ) એ નામનો ગ્રહ; શુભ ગ્રહ.

ઉતારન ૧. [સં. અવ (નીચે) + તરણ (જવાપણું)] પું. (હિંદી) કાઢી નાખેલાં કપડાં

૨. પું. હલકી ચીજ.

ઉતારપેઠ પું. વેપારનું મુખ્ય મથક.

ઉતારબારણ સ્ત્રી. હાથમાંથી જતી બાજી; હારની રમત.

ઉતારમુતાર ૧. [ઉતાર (એક જાતનો ટૂચકો) + મુતાર (ઉતારવું એનું રૂપ)] પું. કોઈને ચોટ લાગી હોય ત્યારે તેના ઉપરથી ઉતારીને ચાર રસ્તા અગે લાં માટીની કુલડી, માટીના કે રાખના ગોળા, દીવો કે કંઈ ખાવાનું મૂકી આવે તે.

૨. વિ. નકામું રહેલું; વધેલું.

ઉતારવું ૧. [સં. ઉદ્ (ઉપર) + તૃ (ઓળંગવું)] સ. ક્રિ. અડવાથી બગાડી નાખવું.

૨. સ. ક્રિ. અદા કરવું. જેમકે, કરજ ઉતારવું.

૩. સ. ક્રિ. અમુક માપ કે તોલમાં લાવવું કે બનાવવું. જેમકે, મણ દૂધની દસ શેર બાસુંદી ઉતારી.

૪. સ. ક્રિ. અલગ કરવું. જેમકે, દૂધ ઉપરથી મલાઈ ઉતારવી.

૧. પરસેવો ઉતારીને કરેલી કમાઈ = ભારે મહેનતની કમાણી.

૨. તૂરતાં ઉતારવાં = કપડાં કાઢવાં

૩. ચૂલા ઉતારીને વાંચવો = મોત અથવા માઠા સમાચારની નિશાની તરીકે સગપણને બંધાણે લખાતી સૂચના.

૫. સ. ક્રિ. અસર ઓછી કરવી. જેમકે, નશો ઉતારવો.

૬. સ. ક્રિ. ઉકાળવું; ખૂબ ગરમ કરવું.

૭. સ. ક્રિ. ઉપાડું કરવું.

૮. સ. ક્રિ. ઊંચા ઠોદ્દા ઉપરથી નીચે લાવવું; માનભંગ કરવું.

૧. ઉતારી નાખવું = હલકું પાડવું; માન ઓછું કરવું.

૨. ઉતારી પાડવું = (૧) કોઈનું બોલવું તોડી પાડવું; હલકા પાડવું. (૨) નીચે જોવરાવવું. (૩) પામરી ઉતારવી; નીચેની પામરીમાં નાખવું

૯. સ. ક્રિ. ઓકની સાથે બીજાને નીચે મોકલવું.

૧૦. સ. ક્રિ. ઓછું કરવું; ઘટાડવું; કમી કરવું.

૧. પાક્કી ઉતારવું = (૧) મદ ઉતારવો; અભિમાન દૂર કરવું. (૨) હરાવવું; પરાજિત કરવું.

૨. માન ઉતારવું = અપમાન કરવું.

૧૧. સ. ક્રિ. કાઢવું; મુકાવવું. જેમકે, વાળ ઉતારવા

૧૨. સ. ક્રિ. કોઈનું કુંવારાપણું ભાંગવું.

૧૩. સ. ક્રિ. (વહાણવું) બલાસીને વહાણમાંથી દૂર કરવો.

૧૪. સ. ક્રિ. ગળી જવું. જેમકે, આ દવા પાણીની સાથે ઉતારો.

મનમાં સારા વિચાર ઉતારવા = સારા વિચાર રેડવા.

૧૫. સ. ક્રિ. બસવું. જેમકે, સુખડ ઉતારવી.

૧૬. સ. ક્રિ. ધુસાડવું.

૧૭. સ. ક્રિ. ચીતરવું; દોરવું.

૧૮. સ. ક્રિ. ચૂલા ઉપર તૈયાર કરવું; પકવવું. જેમકે, રોટલી ઉતારવી.

૧૯. સ. ક્રિ. ચૂંટવું; ફળ જેવાં કરવાં.

૧. ઉતારી લેવું = (૧) ચૂંટવું; વીણી લેવું; તોડવું. (૨) પૂરું કરવું. (૩) સાફ લેવું; કાઢી લેવું (૪) લૂંટવું.

૨. પાક ઉતારવો = પાક જેવો કરવો.

૨૦. સ. ક્રિ. જન્મ દેવો; ઉત્પન્ન કરવું.

૨૧. સ. ક્રિ. ભોગવવું.

૨૨. સ. ક્રિ. ડેર કે માઠા પદાર્થોની અસર મંત્રપ્રયોગથી દૂર કરવી.

૨૩. સ. ક્રિ. દીવું કરવું; પોતું કરવું.

૨૪. સ. ક્રિ. તૈયાર કરવું. જેમકે, માન ઉતારવું; બાણી ઉતારવી.

ઠામ ઉતારવાં = માટીનાં વાસણ બનાવવાં.

૨૫. સ. ક્રિ. ચોક્કસ વખત માટે નોકરી ઉપરથી કાઢી મૂકવું.

૨૬. સ. ક્રિ. ઢાકવું.

૨૭. સ. ક્રિ. દુનિયામાં મોકલવું; અવતરે એમ કરવું. જેમકે, ખુદાએ નબીને ઉતાર્યા.

૨૮. સ. ક્રિ. પાર કાઢવો; સાજવું.

૨૯. સ. ક્રિ. ધ્યાન ન આપવું. જેમકે, વાત કાનથી ઉતારવી.

૩૦. સ. ક્રિ. નકલ કરવી; લખવું.

૩૧. સ. ક્રિ. નાત બહાર મૂકવું.

૩૨. સ. ક્રિ. નિર્દોષ માણસ ઉપર ગુસ્સો કરવો.

૩૩ સ. ક્રિ. નીચે આણવું; નીચે મૂકવું.

૧. કૂવામાં ઉતારવું = (૧) કૂવામાં નીચે જવાને મૂકવું. (૨) મુશ્કેલીમાં મૂકવું; હેરાન કરવું.

૨. કૂવામાં ઉતારી વરત વાહરી = વિશ્વાસ પેદા કરી પછી દગો કરવો; વિશ્વાસઘાત કરવો.

૩. ટોપી ઉતારવી = સલામ ભરવી.

૪. પાઘડી ઉતારવી = આજીજી કે ભક્ત માનવી.

૫. પાર ઉતારવું = પરિપૂર્ણ કરવું.

૬. માથું ઉતારવું = માથું કાપવું; શિરચ્છેદ કરવો.

૭. માર ઉતારવો = (૧) જાદુની અસર તળે લાવવું. (૨) નાશ કરવો. (૩) શાપ આપીને નાશ કરવો.

૮. માલ ઉતારવો = વહાણ, ગાડી વગેરે વાહનમાંથી સામાન નીચે મૂકવો.

૯. શીશામાં ઉતારવું = (૧) કાચના શીશામાં મૂકવું. (૨) નુકસાન કરવું. (૩) પોતાના કાબૂ નીચે લાવવું.

૧૦. સમૂળ પાર ઉતારવું = કાયમી પાયોઓ કાઢવું.

૩૪. સ. ક્રિ. નોકરીમાંથી કાઢી મૂકવું; બરખાસ્ત કરવું.

૩૫. સ. ક્રિ. નોંધવું.

૩૬. સ. ક્રિ. પાણી જવા માટે બોરિયો કરવો.

૩૭. સ. ક્રિ. પાતળા કટકા કરવા.

૩૮. સ. ક્રિ. પૂરું કરવું.

૩૯. સ. ક્રિ. પ્રેમ ઓછો કરવો.

૪૦. સ. ક્રિ. ફરિયાદનું કારણ દૂર કરવું.

૪૧. સ. ક્રિ. ફાડવું. જેમકે, એક જણ કપડું ઉતારી લે.

૪૨. સ. ક્રિ. બક્ષિસ આપવી.
૪૩. સ. ક્રિ. બદલો વાળવો.
૪૪. સ. ક્રિ. બહુ ખર્ચ કરાવવું.
૪૫. સ. ક્રિ. બંદૂકનો ધોડો મારવો.
૪૬. સ. ક્રિ. બીજી બાર લઈ જવું.
૪૭. સ. ક્રિ. ભૂંડું કરવું.
૪૮. સ. ક્રિ. ભાર ઓછો કરવો.
૪૯. સ. ક્રિ. ભૂતને પૂરી રાખવું.
૫૦. સ. ક્રિ. મનમાંથી કાઢી નાખવું.
૫૧. સ. ક્રિ. મારા માણસને જેલથી બદીએ પધારી ઉપરથી જમીન ઉપર સુવાડવો; જોવે લેવું.
૫૨. સ. ક્રિ. રજૂ કરવું. જેમકે, પ્રેક્ષકવાનને અખાડામાં ઉતારવો.
૫૩. સ. ક્રિ. રંજ મારવો.
૫૪. સ. ક્રિ. લૂગડાં પહેરેલાં વગેરેનો ત્યાગ કરવો; વિધવાનો વેષ ધારણ કરવો.
૫૫. સ. ક્રિ. વચન પાળવું.
૫૬. સ. ક્રિ. વસાહ કરવું.
૫૭. સ. ક્રિ. વહેંચી દેવું; બાટવું.
૫૮. સ. ક્રિ. વળગાડ કાઢવા માટે ફેરવવું; ભૂત પ્રેતની અસર દૂર કરવા માટેથી કાંઈ વસ્તુ ફેરવવું.
૫૯. સ. ક્રિ. વાસ કરાવવો.
દેશમાં ઉતારવું = દેશમાં આવકાર દેવો.
૬૦. સ. ક્રિ. વિનતિ કરવી; મનાવવામા કરવા; પાઘડી ઉતારવી.
૬૧. સ. ક્રિ. વેર વાળવું.
૬૨. સ. ક્રિ. શરમ ઓછી કરવી.
૬૩. સ. ક્રિ. શરમાવવું.
૬૪. સ. ક્રિ. શેતરંજની રમતમાં પ્યાદાને વજીરનું મોઢું બનાવવું.
૬૫. સ. ક્રિ. સંધામા ઉપર આડાવી દાંતનો ઘાટ કાઢવો. જેમકે, મૂળો કે રમકડાં ઉતારવાં.
મોળ ઉતારવું = મોળ આકાર કરવો.
૬૬. સ. ક્રિ. સભોગ કરવો.
૬૭. સ. ક્રિ. સાંધામાથી કાઢી નાખવું.

ઉતારસુતાર ૧. પું. કરજમાથી મુક્ત થવું તે.
૨. પું. શાંતિ; સુખ.
૩. પું. સુયોગ; સારો કે મોજ અવસર.

ઉતારા ૧. પું. આત્મભક્તિ.
૨. પું. ઊતરવાની જગ્યા; પડાવ; મુકામ.
૧. ઉતારાનું ઝૂપડું = (૧) મુસાફરો માટેનું સારું ઝૂપડું. (૨) શરીર.
૨. ઉતારાનો માલ = (૧) વખારી માલ. (૨) સસ્તામાં લીધેલો માલ.
૩. પું. ઘાટડવું તે.
૪. પું. ઘરનું બારું.
૫. પું. ઘાટ; નદી ઉપરની જગ્યા.
૬. પું. જવાબ.
૭. પું. ધર્માદાની સંસ્થાને આપેલી જમીન.
૮. પું. નકલ; મૂળ ઉપરથી ઉતારેલ બીજું લખાણ.
૯. પું. નદી પાર કરવાનું ક્રમ.
૧૦. પું. નોકરીના બદલામાં આપેલી મફતલાલ વગરની જમીન; ઇનામદારી જમીન.
૧૧. પું. મનાવવાને અપાતો ભોગ.
૧૨. પું. મુકામ કરવાની જગ્યાની સામગ્રી.
૧૩. પું. મુક્તિ છુટકારો.
૧૪. પું. રાંધેલું અન્ન. તે માંદા માણસના માથા ઉપર એકી એટલે ૧, ૩, ૫ એમ વાર ફેરવ્યાથી માંદા માણસમાંથી વળગાડ તેમાં આવે એવું મનાય છે.
૧૫. પું. હોડી ઉપરનો કર.
૧૬. વિ. ભૂતું.
૧૭. વિ. નાખી દીધેલું.

ઉતારાગૃહ [ઉતારા (મુકામ) + ગૃહ (ઘર)] ન. ઊતરવા માટેનું મકાન.

ઉતારાપાણી [ઉતારા (ઊતરવાની જગ્યા) + પાણી] ન. બ. વ. આવાપોવા અને રહેવા કરવાની સગવડ.

ઉતારાવવું સ. ક્રિ. ઉતારે જેમ કરાવવું; ઉતારવાનું કામ કરાવવું.

ઉતારાવું સ. ક્રિ. ઉતારવામાં આવવું.

ઉતારિદ ૧. [સં.] પું. (જ્યોતિષ) શુભ યોગ.
૨. પું. પારો; પારદ.

ઉતારિયુન [ફા.] પું. એ નામની એક કાટાવાળી વનસ્પતિ. ઉપદંશક; ઊંટકટારા, ઊંટકંટો; 'ઑક્નોપ્સ એકિનેટસ'.

ઉતારુ ૧. [સં. ઉત્ (ઊં વાંકુ ને) ઋ] પું. જનાર આવનાર.
૨. પું. મુસાફર; પ્રવાસી; મવાળુ.
ઉતારુ થવું = (૧) પાળ્યા પડવું. (૨) સાહસ ખેડવું.
૩. વિ. ઊતરવાને જોડું.
૪. વિ. તત્પર; તૈયાર.

ઉતારૂ પું. મુસાફર; પ્રવાસી. જુઓ ઉતારુ.

ઉતારેલું ૧. વિ. બનાવેલું; બનાવેલું.
૨. વિ. તસવીર લીધેલ.
૩. વિ. તોડેલું.
૪. વિ. નકલ કરેલું; લખાયેલું; મૂળ લખાણ ઉપરથી તૈયાર કરેલ.
૫. વિ. નીચે આવેલું; નીચે મૂકેલું.
૬. વિ. પાર લઈ જવાયેલું.

ઉતારો ૧. પું. ઉતાર; ભૂતપ્રેત કાઢવા માટે કોઈને માથેથી ઉતારેલ ચીજ.
ઉતારો મૂકવો = લાંડ્યાની ફિલ્મમાં સિંદૂરનો સાથિયો કરી તેની સાથે અડદના દાણા, લીંબુની ફાડો ને સોપો વગેરે કોઈના બારણે બારણે ચાર રસ્તા મળે ત્યાં મૂકી આવવું.
૨. પું. ઊતરવાનો મુકામ; પડાવ; વાસ.
૧. ઉતારો આપવો = રહેવાની સગવડ દેવી.
૨. ઉતારો કરવો = ઊતરવું; વાસ કરવો.
૩. ઉતારો બેસવો = નિશ્ચય કરવો.
૩. પું. ઊપજ; પેદાશ.
૪. પું. એક ઉપરથી બીજું કરાવવું તે; નકલ; નોંધ; ટાંચણ; અવતરણ; પ્રતિકૃતિ.
ઉતારો કરવો–લેવો = ચોપડી કે લેખમાંથી સાર લેવો.
૫. પું. ગામમાં અધિકારીને ઊતરવાનું સ્થળ.
૬. પું. નીચે ઉતારવું તે; ભાર નીચે મૂકવાપણું.
૭. પું. પાઠ; ગ્રાડનો ઢાલ.
૮. પું. પ્રતિલેખ; સામો લેખ; 'આઉન્ટર પાર્ટ.'

ઉતાલ ૧. સ્ત્રી. ઘોડીની એ નામની એક જાત.
૨. સ્ત્રી. શીઘ્રતા; ઉતાવળ; ઝડપ.
૩. વિ. ઉતાવળું; શીઘ્ર.

ઉતાલી સ્ત્રી. શીઘ્રતા; ઝડપ.

ઉતાવલ ૧. [સં. ઉદ્ (વધારે) + ત્વર્ (ઉતાવળ કરવી)] સ્ત્રી. ઉતાવળ; ત્વરા; શીઘ્રતા; ઝડપ.
૨. સ્ત્રી. ગભરામણ; અશાંતિ.

ઉતાવલા ૧. સ્ત્રી. અવિચાર.
૨. [સં. ઉતાલ (જલદી) + વપુ (જડું)] સ્ત્રી. ત્વરા; તાકીદ.
૩. સ્ત્રી. બહુ આતુરતા; અધીરાઈ.
૪. સ્ત્રી. વેગ.
૫. [સં. ઉદ્ (વધારે) + ત્વર્ (ઉતાવળ કરવી)] વિ. ચંચલ.
૬. વિ. આતુર; ઉત્સુક.

ઉતાવલી ૧. સ્ત્રી. અવિચાર.
૨. [સં. ઉદ્ (વધારે) + ત્વર્ (ઉતાવળ કરવી)] સ્ત્રી. ચંચળતા.
૩. સ્ત્રી. બહુ આતુરતા; અધીરાઈ.
૪. સ્ત્રી. વેગ.
૫. સ્ત્રી. ક્ષમતા; અસ્વસ્થપણું.
૬. સ્ત્રી. શીઘ્રતા; ઉતાવળ.
૭. વિ. સ્ત્રી. વેગવાળી; ઝડપ કરવાવાળી.

ઉતાવલું ૧. વિ. અવીરું.
૨. [સં. ઉતાલ (ઝડપી) + વપુ (જડું)] વિ. આતુર.
૩. વિ. ગાભરું; બાવરું.

૪. વિ. જલદી ક્રમ કરનાર; નકામો વખત જવા ન દે એવું.
૫. વિ. દોડધામ કરનાર.
૬. વિ. પૂરો વિચાર કરે નહિ એવું.

ઉતાવળ ૧. [સં. ઉતાલ (જલદી) + વત્ (જવું)] સ્ત્રી. ત્વરા; ઝટ કરવું તે; ઝટપટ; વખત ન લાગે એમ ક્રમ કરવાની રીત; તાકીદ; ચિંતાગ્રસ્તી; ઉતાવળ.
૧. ઉતાવળ કરવી = (૧) ઝટપટ કરવું; વખત ન જાય તેમ કરવું; ત્વરાથી ક્રમ લેવું; ઝડપ કરવી. (૨) ધાવું; દોડવું.
૨. ઉતાવળે આંબા ન પાકે = જલદીથી કોઈ કામ પૂરું ન થાય.
૨. સ્ત્રી. દોડધામ; ઝડપ; વેગ.
૩. સ્ત્રી. બહુ આતુરતા; અધીરાઈ.
૪. સ્ત્રી. વિચાર વગરનું કામ.

ઉતાવળપણું ૧. [ઉતાલ (જલદી) + વત્ (જવું) + પણું] ન. ઉતાવળ; ત્વરા; તાકીદ.
૨. ન. જરૂરિયાત; આવશ્યકતા; આવશ્યકતા.
૩. ન. તીવ્રતા; વધારે આતુરતા.

ઉતાવળિયું ૧. [સં. ઉતાલ (જલદી) + વલન (જવું તે) + ઇન્ (વાળું)] વિ. આતુર; અધીરું.
૨. વિ. ઉતાવળે ક્રમ કરનાર; વખત નકામો ન જવા દે એવું; ત્વરાવાળું.
૩. વિ. ગાભરું; ગાવરું.
૪. વિ. ધાંધલિયું.
૫. વિ. પૂરો વિચાર કરે નહિ એવું; અવિચારી.

ઉતાવળી ૧. સ્ત્રી. આમલાવાળા તરલ વઘારી ચોખાની એક જાત.
૨. સ્ત્રી. હલકી જમીનમાં પણ થતી અને નીકળ કરતાં જલદી વધતી દક્ષિણમાં સપ્ટેમ્બર માસમાં વારા માટે વવાતી એક જાતની જુવાર.

ઉતાવળું ૧. [સં. ઉતાલ (ત્વરા) + વત્ (વાળું)] વિ. અવિચારી; સાહસિક; વિચાર કર્યા વિના ક્રમ કરનાર.
ઉતાવળા સો આંબરા ને ધીરા સો ગંભીર– ઉતાવળે આંબા પાકે નહિ–ઉતાવળીઓ પગ આંગે–ઉતાવળીઓ વહેલો થાકે–ઉતાવળી સાત ફેરા આમ = ઉતાવળ કરવી નકામી છે; ઉતાવળીઓ સાત વાર પસ્તો પડે.
૨. વિ. આતુર; અધીરું.
૩. વિ. જલદી; સત્વર; વહેલુંવહેલું.
૪. વિ. ગાવરું; ગાભરું.
૫. વિ. તીવ્ર; ઝટપટિયું; ત્વરાવાળું.

ઉતાવું સ. ક્રિ. પાણી કે બોજવાળી વસ્તુ લાગવાથી વાંકુંચૂકું બનવું; કરમાઈ જવું.

ઉતારા [અ.] પું. પિપાસા; પ્યાસ; તરસ. તે એક રોગ છે અને તેમાં વારંવાર તરસ લાગે અને પાણી પીધાથી પણ તરસ છીપે નહિ. આ રોગ મોટે ભાગે છોકરાંને થાય છે. સોદર જેવા જીવલેણ રોગમાં પણ આવી દશા થાય છે.

ઉતાસ [અ.] સ્ત્રી. ચીંક.

ઉતાસણી સ્ત્રી. કુતાડણી.

ઉતાહો [સં.] અ. અથ કે તો; વિકલ્પમાં, પ્રશ્નમાં, વિતર્ક કે વિચારમાં વપરાતો એક અવ્યય.

ઉતાળું [સં. ઉતાલ (જલદી)] વિ. (સ્ત્રી) ત્વરાવાળું; ઝડપી. બહુ બોલ્યો ઉતાવળ.
આજ બોલ્યા પછી આજ ઉતાળો. નરસિંહ

ઉતિહાર પું. જૂના વખતનો રાજસભાનો સંગીતકાર.
પીઠાપુર પંડ્યાપુર ઉતિહાર આકાશ પખાકાશ.
પૃથ્વીચંદ્રચરિત (સં. ૧૧૫૮)

ઉતી ૧. સ્ત્રી. સ્ત્રી; બાયડી.
૨. [સં. અત્–ક્ત ઉપરથી] સ. નારીજાતિનો પ્રત્યય. જેમકે, સમજુ–સમજૂતી.

ઉતીક ૧. [અ.] સ્ત્રી. જૂની બરણી.
૨. સ્ત્રી. કુંપ.
૩. સ્ત્રી. પાણી; જલ.
૪. સ્ત્રી. અમૃત.
૫. સ્ત્રી. મદિરા; શરાબ; દારૂ.
૬. સ્ત્રી. સુરખું; સોનું.

ઉતીનક [અ.] પું. મદિરા; શરાબ; દારૂ.

ઉતીબ પું. (અરબી) નાગપિંગળ માંહેનો વર્ણમેળવાળો એક છંદ.

ઉતીરક્ષ [સં. ઉદ્ (ઓળા) + તીર્ષું (કરેલું)] વિ. ઉપરી દાબેલું; કાઢી નાખેલું.

ઉતીંગણ પું. ખૂબ ઘટાળી રંગની કાચ કાંટાળી એક વનસ્પતિ.

ઉતુરેત (ઉતૂરેત) ૧. [અ.] સ્ત્રી. ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. મહેરબાની; કૃપા.

ઉતૂસ ૧. [અ.] સ્ત્રી. નાસ લેવી તે; છીંક લાવવા માટે સૂકી ઔષધિનો ભૂકો સૂંઘવો તે.
૨. સ્ત્રી. બગાસાં.

ઉતૃપ ૧. વિ. ઉપકારનો બદલો ચૂકવી દીધો હોય એવું.
૨. [સં. ઉદ્ (વિનાનું) + ઋણ (દેવું)] વિ. દેવા વિનાનું.

ઉતે [સં. ઉત] અ. (કચ્છી) ત્યાં; તે બાજુ.

ઉતેડવું (ઉતેડવું) ૧. [સં. ઉદ્ (બહાર) + ત્રુટ્ (તોડવું)] સ. ક્રિ. ઉતરડવું.
૨. સ. ક્રિ. ઉઝરડા કરવા.

ઉતેડાવવું (ઉતેડવવું) [સં. ઉદ્ (બહાર) + ત્રુટ્ (તોડવું)] સ. ક્રિ. ઉતરડાવવું.

ઉતેડાવું (ઉતેડવું) [સં. ઉદ્ (બહાર) + ત્રુટ્ (તોડવું)] સ. ક્રિ. ઉતરડાવું.

ઉતેરડી સ્ત્રી. નાગલા કુળની નામની વનસ્પતિ.

ઉતેળિયું [સં. ઉતાલ (જલદી)] વિ. બહુ ઝંખના; કરીને બેસે નહિ એવું.

ઉતૈડવું (ઉતેડવું) ૧. [સં. ઉદ્ (બહાર) + ત્રુટ્ (તોડવું)] સ. ક્રિ. ઉતરડવું; ઉતરવું.
૨. સ. ક્રિ. છટું પાડવું.
૩. સ. ક્રિ. સંચિત રોગ ઉભેળી નાખવા.

ઉતૈલા પું. વરસાદમાં થતા આડા; આપ.

ઉતો પું. પુરુષ; ભરથો; મરદ.

ઉતોલની [સં. ઉદ્ (ઊંચું) + તુલ્ (કામકાજ)] સ્ત્રી. ઉન્માલન; વજન ઊંચું કરવાનું કે અજમાવવાનું એક સાધન; 'લીવર'.

ઉત્ ૧. [સં.] અ. ઉપર; ઊંચે.
૨. અ. ગેલકું.
૩. અ. ક્યાં; તે કોણ.
૪. અ. અહાર.
૫. અ. વિકલ્પ, સમુચ્ચય, અધિકપણું, વિતર્ક, પ્રશ્ન અને સંતાપ એવા અર્થમાં શબ્દની આગળ વપરાતો અવ્યય.

ઉત્ઉત [અ.] અ. બહારનું બગ્યું.

ઉત્ક ૧. વિ. ઉત્કંઠિત; આતુર; ઊંચા મનવાળું.
૨. વિ. ઉદ્વેગ પામેલ; ચિંતાતુર.

ઉત્કચ ૧. [સં.] પું. (પુરાણ) પરાવસુ ગોત્રના નવ દીકરા પૈકીના એકનું નામ.
૨. પું. હિરણ્યકશિપુની સભાના રાક્ષસનું નામ; એ નામનો એક દૈત્ય.
૩. પું. હિરણ્યાક્ષના દીકરાનું નામ.
૪. [સં. ઉત્ (ઊંચું) + કચ (વાળના ગુચ્છ)] વિ. ઊંચા વાળવાળું.
૫. [સં. ઉદ્ (વિનાનું) + કચ (વાળના ગુચ્છ)] વિ. વાળ વગરનું.

ઉત્કચ્છા [સં.] સ્ત્રી. (પિંગળ) અગિયાર અક્ષરવાળા ૭ લીટીના છંદનું નામ.

ઉત્કટ ૧. પું. અહંકાર; ઉન્માદ; ગર્વ.
૨. પું. તજ; દાલચીની.
૩. પું. તમાલપત્ર; તજપત્ર.
૪. [સં. ઉદ્ (બાદ) + કટ (વાડીનું ચમચું)] પું. બાડ; વાડીનાં ચમચાંમાંથી કરતો એક રસ; ગજબદ.

૫. પું. મસ્ત હાથી
૬. પુ. ગાતી શેરડી.
૭. પું. રાઈ; બાજુ.
૮. ન. એક જાતનું ધાન્ય.
૯. વિ. અધિક; વધારે પડતું; ઘાતું.
૧૦. વિ. અહંકારી; ઉન્મત્ત; ગર્વવાળું; અભિમાની.
૧૧. વિ. ઉભડક.
હૂંફી કૂણી બધ એટલા બળમાં ઉત્કટ આસને બેસવું. વિજ્ઞાનદર્શોદર્પણ
૧૨. વિ. ગાઢ.
૧૩. વિ. તીવ્ર; ઉગ્ર; પ્રબળ; આકરું; કઠોર; પ્રચંડ; બહાદુર; તીક્ષ્ણ.
૧૪. વિ. મદોન્મત્ત; મત્ત.
૧૫. વિ. મોટું, વિશાળ.
૧૬. વિ. લાગણીથી ભરેલ.
૧૭. વિ. વધી ગયેલ.
૧૮. વિ. વિકટ; કઠણ; મુશ્કેલ.
૧૯ વિ. વિષમ; અણસરખું; ઊંચુનીચું; ખાડાખાંડું.
૨૦. વિ. શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ; સૌથી સારું.
૨૧. વિ. સુંદર; સરસ; સારું.

ઉત્કટચ્છન્ન [સં. ઉત્કટ (આગ્રહ) + છન્ન (મરણ)] સ્ત્રી. નિશ્ચય; દૃઢ વિચાર.

ઉત્કટજ [સં.] ન. ગોખાની એક જાત.

ઉત્કટતા ૧. [સં. ઉત્કટ (પહું) + તા (પહું)] સ્ત્રી. અધિકતા; વધારેપણું.
૨. [સં. ઉત્કટ (અહંકારી) + તા (પહું)] સ્ત્રી. અભિમાન.
૩. [સં. ઉત્કટ (તીવ્ર) + તા (પહું)] સ્ત્રી. આકરું હોવાપણું; સખતાઈ.
૪. સ્ત્રી. ઉત્સાહીપણું.
૫. [સં. ઉત્કટ (મદોન્મત્ત) + તા (પહું)] સ્ત્રી. મદોન્મત્તપણું.
૬. સ્ત્રી. મુશ્કેલી.
૭. સ્ત્રી. વિશાળતા; મોટું હોવાપણું.
૮. [સં. ઉત્કટ (વક્ર) + તા (પહું)] સ્ત્રી વિષમતા; અણસરખાપણું; ખુતાઈ.
૯ [સં. ઉત્કટ (શ્રેષ્ઠ) + તા (પહું)] સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું; અધિકાતાપણું.
૧૦. [સં. ઉત્કટ (સુંદર) + તા (પહું)] સ્ત્રી. સુંદરપણું.

ઉત્કટપદિકા પું. (પિંગળ) સંસ્કૃત છંદની જાતનો દરેક ચરણમાં તગણ, જગણ, રગણ, જગણ, નગણ, સગણ, રગણ અને રગણ મળી ચોદીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ઉત્કટપહું [ઉત્કટ (અહંકારી) + પહું (નામ બનાવનાર પ્રત્યય)] ન. અહંકાર. જુઓ ઉત્કટતા.

ઉત્કટા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; કૈડીલતા.
૨. સ્ત્રી. પીપરની એક જાત; સિંહલી પીપર. તે મૂત્રકૃચ્છ્ર, પિત્ત, વાત, પ્રમેહ, વિસ્ફોટક અને હૃદયના રોગ ઉપર અપાય છે.

ઉત્કટારી સ્ત્રી. જંગલમાં થતી એક વનસ્પતિ; પાઠાદડી. આ પૌષ્ટિક દવાનાં મૂળ પેટે ખાંપવાથી બાળકોનો જન્મ જલદી થવાનું કહેવાય છે.

ઉત્કટાસન [સં. ઉત્કટ (ઉભડક) + આસન (બેઠક)] ન. ચોરાસી યોગાસન માંહેનું એક આસન; બને પગના અંગૂઠા જમીન ઉપર અને પાની ઊંચી રાખી, તે પાનીઓ ઉપર ઢાસણને ટેકવી પગના કૂણા ઉપર શરીરનો ભાગ આવે એવી રીતે બેસવું તે. ગુદા અને ઉપસ્થની જલાજલતી કરતી વખત આ આસન ઉપયોગનું છે. તેથી પગમાં બળ આવે છે

ઉત્કટી [સં. ઉત્કટા] સ્ત્રી. એક વનસ્પતિનું નામ, ઉત્કટારી.

ઉત્કટુક ૧. ન. ઉકડૂ આસન; ઉભડક બેસવું તે.
૨. વિ. ઉભડક; પૂરની ઉપર શરીર રાખી બેઠેલ.

ઉત્કટુકાસન ન. કટિન આસનનું ઉભડક બેસવું તે.

ઉત્કણ્ઠા [સં.] સ્ત્રી. ઉદ્વેગ.

ઉત્કતા ૧. [સં. ઉત્ક (આતુર) + તા (પહું)] સ્ત્રી. ઉત્સુકતા, આતુરતા; ઉત્કંઠા.
૨. સ્ત્રી. ઔત્સુક્ય; મુસારી એટલે બલિયારી ભારતું નામ.
૩. સ્ત્રી. ગજપીપર.

ઉત્કન્ધ પું. એ નામનો વૃક્ષ.

ઉત્કન્દર [સં.] પું. એક જાતનું વાજું.

ઉત્કર ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૃ (કરવું)] પું. ઉકરડો; કચરોપૂંજો નાખવાની જગ્યા.
૨. પુ. ધાસનું નિદણ.
૩. પું. ઢગલો; રાશિ.
૪. પુ. હેવારો.
૫. પું. રાતી શેરડી; રક્તેક્ષુ.
૬. પું. સમૂહ; સંઘાત; જથ્થો.
૭. પું. સામપત્ર પણદવાપણું; ધમપછાડ.
૮. [સં. ઉદ્ (પ્રબર) + કર (વેરો)] વિ. કર વસૂલ.

ઉત્કરિકા [સં.] સ્ત્રી. ગોળ, ઘૂઘ અને બીની બનાવેલી એક જાતની મીઠાઈ.

ઉત્કર્ષ ૧. પું. ચોડાને ઝાડો એક રોગ. તેમાં તેનાં પ્રાણ, પૂંછડું અને શરીર જડ થઈ જાય છે.
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૃષ્ (ખેડવું)] પું. ટટાર ખેત.
૩. વિ. ઊંચા કરેલા ખેતરવાળું.

ઉત્કર્ષિક [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૃષ્ (ખેડવું) + ઇક (વાળું)] ન. ઢાંકેમાં સહેજ ઘૂટ હોય અને તેમાં પારો ભર્યો હોય એવો પરાણે ઉતારવા માટે વપરાતો ઝાંટો.

ઉત્કર્ષિકા [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૃષ્ણિક (કાનવાળું)] સ્ત્રી. ઉત્કર્ષિક.

ઉત્કર્તન ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કર્તન (કાપવું તે)] ન. કટ્ટક કરવા તે; ચીરી નાખવાપણું.
૨. ન. જરાયુથી ઉખેડી નાખવું તે; છેદવાપણું.
૩. ન. ગર્ભ ગર્ભ એટલે પ્રસવમાં દરકાર આવે તેવા ગર્ભની કાપકૂપ.

ઉત્કર્ષ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૃષ્ (ખેંચવું)] પું. અભિવૃદ્ધિ; ઉન્નતિ; ઉદય; આબાદી; ઉત્કૃષ્ટતા; અભ્યુદય; ચડતી.
૨. પું. (ન્યાય) આ ઉત્તમ છે એવું જ્ઞાન આપનાર અને બીજામાં રહેતો ગુણ. આ જાતનો ગુણ કોઈ વખત જાતિ, કોઈ વખત દ્રવ્ય અને કોઈ વખત જ્ઞાન વગેરે હોય છે. જેમકે, તું ભાગ્યવંત છો, તું દયાશીલ છો, તું જ્ઞાતા છો, જેવાં વાક્યોમાં દયા, જ્ઞાન ઇત્યાદિનું અધિકાતાપણું બતાવવામાં આવેલ છે.
૩. પું. આનંદ; ખુશી.
૪. પું. ઉપાડી ઝાલવું તે; ઉખેડી નાખવાપણું.
૫. પું. ઊંચું કરવાની ક્રિયા.
૬. પું. ગર્વ; અભિમાન.
૭. પું. (ન્યાય) ગુણમાં રહેલ એક જાતિ. જેમકે, '૬૫'માં રહેલી '૬પત્વ'થી ભરેલ જે જાતિ તે ઉત્કર્ષ. અમુક વસ્તુ બીજી વસ્તુથી અધિકાતી છે એ જ્ઞાનના મૂળમાં ઉત્કર્ષ જાતિ રહેલ છે.
૮. પું. જે વખતે જે કરવાનું હોય તે બીજે ટાણે કરવાપણું.
૯. પું. આંતરાની બીમારી; અતિસાર.
૧૦. પું. (ન્યાય) ન હોય એવા ગુણ હોવાનું કહેવું તે; ઉત્કર્ષસમ. જેમકે, 'તમે જ રાજા છો' એ શબ્દો કોઈ ભિક્ષુક કોઈ ધનાઢ્યને કહે ત્યારે ધનિક ઉપર પોતે રાજા ન હોવા છતાં રાજાપણાનું આરોપણ થાય છે.
૧૧. પું. પરિપૂર્ણતા.
૧૨. પું. પ્રશંસા; વખાણ.
૧૩. પું. વિકાસ; અભિવૃદ્ધિ; પ્રગતિ.
૧૪. પું. વૃદ્ધિ; અધિકપણું; અતિશયતા.
૧૫. પું. શ્રેષ્ઠી; બડાઈ.
૧૬. પું. શ્રેષ્ઠપણું; ઉત્તમતા; ઊંચી હાલત.
૧૭. પું. સમૃદ્ધિ.
૧૮. વિ. ચડતીવાળું.

ઉત્કર્ષઉલ્લાસ [સં. ઉત્કર્ષ (આબાદી) + ઉલ્લાસ (ખુશી)] પું. અભિવૃદ્ધિ કે ચડતીથી થતો આનંદ.

ઉત્કર્ષક ૧. [સં. ઉત્કર્ષ (ઉત્ત) + ક (કરનાર)] વિ. અભિવૃદ્ધિ કરે એવું; ઉત્કર્ષ કરનાર; ચડતી કરનાર.
૨. [સં. ઉદ્ (ઉપર) + કૃષ્ (ખેંચવું) + અક (કરનાર)] વિ. ખેંચી કાઢનાર.

ઉત્કર્ષકારી [સં. ઉત્કર્ષ (ઉન્નતિ) + કારિન્ (કરનાર)] વિ. ચડતી કરનાર; ઉત્કર્ષ કરે એવું.

ઉત્કર્ષમંડિ ૧. [સં. ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) + મણિ (માંડ)] સ્ત્રી. અધિકતાગ્રંથિ; મિત્રતાગ્રંથિ; ઉત્તમ સંબંધ; સૌથી સારો સંબંધ.
૨. સ્ત્રી. મોટા માણસની રહેમાં રહ્યાનું તે.

ઉત્કર્ષવિ ૧. પું. (જૈન) ખોરાક વધારે લેવાથી અને તે વધારે વખત રાખવાથી લાગતું પાપ.
૨. ન. ઉત્કર્ષ; આબાદી; ચડતી; ઉદય; અભ્યુદય; ઉન્નતિ.
૩. ન. ઉપર ખેંચવું તે.
૪. ન. ઉપર સરકાવવાની ક્રિયા; સુશ્રુત પ્રમાણે મૂઢ ગર્ભની એક ક્રિયા, જેમાં નીચે આવેલા ગર્ભને ઉપર સરકાવવામાં આવે છે.
૫. ન. (જૈન) કર્મોની સ્થિતિ વધી જવી તે.
૬. [સં. ઉદ્ (ઉપર) + કર્ષણ (ખેંચાણ)] ન. ખેંચી કાઢવું તે.

ઉત્કર્ષતા ૧. [સં. ઉત્કર્ષ (વૃદ્ધિ) + તા (પણું)] સ્ત્રી. અધિકપણું; પુષ્કળતા.
૨. સ્ત્રી. ચડતી; આબાદી; ઉન્નતિ; ઉદય.
૩. સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું.

ઉત્કર્ષપરિમાણ [સં. ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) + પરિમાણ (માપ)] ન. (વેદાંત) 'આ સૌથી સારું છે' એવું જ્ઞાન આપનાર અને બીજાં રહેનાર ગુણ.

ઉત્કર્ષવાચક ૧. [સં. ઉત્કર્ષ (અધિકતાવાચક) + વાચક (બતાવનાર)] વિ. (વ્યાકરણ) અધિકતા કે શ્રેષ્ઠતા બતાવનાર.
૨. વિ. ઉન્નતિ બતાવનારું; અધિકતાવાચક દાખવનાર.

ઉત્કર્ષવાદ [સં. ઉત્કર્ષ (વિકાસ) + વાદ (મત)] પું. વખત જેમ જેમ જાય છે તેમ તેમ દરેક વસ્તુમાં વિકાસ થતો જાય છે એવો મત.

ઉત્કર્ષવાદી [સં. ઉત્કર્ષ (વિકાસ) + વાદિન્ (મતવાદું)] વિ. ઉત્કર્ષવાદમાં માનનાર; વખતના પ્રમાણમાં દરેક વસ્તુમાં ફેરફાર થતો જાય છે એવો મત ધરાવનારું; વિકાસવાદી; પરિણામવાદી; પ્રગતિવાદી.

ઉત્કર્ષવાંછુ [સં. ઉત્કર્ષ (ચડતી) + વાંછિન્ (ઇચ્છનાર)] વિ. ચડતી ચાહનારું; ઉદય, ઉન્નતિ કે આબાદીની ઇચ્છા રાખનાર.

ઉત્કર્ષવાદી ૧. [સં. ઉત્કર્ષ (વિકાસ) + શાલિન્ (વાળું)] વિ. વિકાસવાળું. ૨. વિ. જેનો ઉદય કે ઉન્નતિ થઈ હોય એવું; ચડતીવાળું; આબાદ.

ઉત્કર્ષશાળી [સં. ઉત્કર્ષ (આબાદી) + શાલિન્ (વાળું)] વિ. આબાદ; ચડતીવાળું. જુઓ ઉત્કર્ષવાદી.

ઉત્કર્ષસમ [સં. ઉત્કર્ષ (ખેંચવો ગુણ) + સમ (સરખાપણું)] સ્ત્રી. ન્યાયની ચોવીસ જાતિ માંહેની એકનું નામ; બાકિ રહ્યું કર્યા વિના દાખલામાં રહેલ પક્ષ પક્ષમાં ન હોય એવા કોઈ ગુણનું સાધ્યમાં આરોપવું કરી સાધ્યને દોષવાળું કરવું તે; વાદીએ હેતુ સાધનથી જેટલે હેતુથી જ પક્ષમાં ન હોય તેવા ગુણનું આરોપવું

ઉત્કર્ષસિદ્ધિ ૧. [સં. ઉત્કર્ષ (ચડતી) + સિદ્ધિ (બનવું તે)] સ્ત્રી. ઊંચી દશાએ પહોંચવું તે; ઉન્નતિ.
૨. સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું.

ઉત્કર્ષસૂચક [સં. ઉત્કર્ષ (ચડતી) + સૂચક (બતાવનાર)] વિ. ઉન્નતિ કે ચડતી જણાવનારું; અભ્યુદયના ચિહ્નવાળું.

ઉત્કર્ષસ્થાન [સં. ઉત્કર્ષ (ચડતી) + સ્થાન (જગ્યા)] ન. ઉન્નતિ થાય એવું કેવાયું. આબાદ થવાની જગ્યા.

ઉત્કર્ષિત ૧. [સં. ઉદ્ (ઉપર) + કર્ષિત (ખેંચેલું)] વિ. આબાદી થઈ હોય એવું; ઉન્નત.
૨. વિ. ઊંચે ખેંચેલું.

ઉત્કર્ષી ૧. [સં. ઉદ્ (ઉપર) + કર્ષિન્ (ખેંચનાર)] વિ. ખેંચનાર.
૨. વિ. ચડતી કરનાર; આબાદ બનાવનાર.

ઉત્કલ ૧. [સં.] પું. (પુરાણ) એક પ્રજાપતિનું નામ.
૨. પું. (પિંગળ) ઝૂલણા છંદની જાતનો સોળ ગુરુ અને ચુંમાલીસ લઘુ મળી ૬૮ વર્ણનો એક વિષમમાત્રામેળ છંદ.
૩. પું. ચોરી.
૪. પું. (પુરાણ) દક્ષિણ દેશના એક રાજાનું નામ; સુકુમારનો દીકરો.
૫. પું. (પુરાણ) ધ્રુવથી ઇલાને અવેલો દીકરો. જ્યારે ધ્રુવ જંગલમાં તપ કરવા ગયો હતો ત્યારે આને રાજનો હક્ક મળ્યો પણ આદમજાતી અને ઉદાસી હોવાથી એણે રાજ સ્વીકાર્યું નહિ.
૬. પું. મજૂર; ભોળો ઉપાડનાર માણસ.
૭. પું. (પુરાણ) હિરણ્યકશ્યપુનો એક રાક્ષસ. સમુદ્રમંથન પછી અવેલ ઐરા અને દૈત્યના યુદ્ધમાં એણે માતૃગણો સાથે દૈત્યપક્ષ કર્યું હતું.
૮. પું. (પુરાણ) વૈવસ્વત મનુના દીકરાનો દીકરો; ઇલ રાજાના બધા દીકરામાંનો મોટો.
૯. પું. શિકારી; પારધી.
૧૦. પું. હિંદુસ્તાનનો એક ભાગ; હાલનો ઓરિસા પ્રાંત; ઓદીઆ પ્રાંત; ઉડીસા; ઉડ્ર.
૧૧. સ્ત્રી. ગૌડ બ્રાહ્મણની એક જાત.
૧૨. ન. એ નામની જાતિનું માણસ.
૧૩. વિ. ગૌડ બ્રાહ્મણની જાતનું.
૧૪. વિ. ચડતી કળાવાળું; વૃદ્ધિ પામતું.
૧૫. વિ. ધર્મ રહિત.
૧૬. વિ. પુષ્કળ; ઘણું.
૧૭. વિ. વિશેષ; વધારાનું.

ઉત્કલખંડ [સં. ઉત્કલ (ઓરિસા) + ખંડ (ભાગ)] પું. હિંદુસ્તાનમાં આવેલો ઓરિસા પ્રાંત.

ઉત્કલન ૧. [સં. ઉદ્ (ઉપર) + કલ્ (કેળવું) + અન (પણું)] ન. ઉકાળો; ઉકાળવાપણું.
૨. ન. ઊકળવું તે.
૩. ન. બુસ્સો; પરિતાપ; આકુળતા; ઊભારો; ઉત્સેક; અંત:ક્ષોભ.

ઉત્કલનબિંદુ [સં. ઉત્કલન (ઊકળવું તે) + બિંદુ (માંડ)] ન. પ્રવાહી પદાર્થને વરાળ બને એટલી ઉષ્ણતાની હદ; ઉત્કલનાંક; ઉત્કલનાંક; 'બોઇલિંગ પોઇંટ'. જુદા જુદા પ્રવાહીનું જુદા જુદા દબાણ નીચે ઉત્કલનબિંદુ નોખું નોખું હોય છે. દરિયાની સપાટીએ ૩૦ ઇંચ હવાનું દબાણ એટલે પાણીના દબાણ નીચે પાણીનું ઉત્કલનબિંદુ ૨૧૨° ફે., આલ્કોહોલનું ૧૭૨.૬૧°, ઈથરનું ૯૪.૮° અને પારાનું આશરે ૬૭૪° છે.

ઉત્કલનાંક [સં. ઉત્કલન (ઊકળવું તે) + અંક (આંકડો)] પું. ઉત્કલનાંક. જુઓ ઉત્કલનબિંદુ.

ઉત્કલપ્રિયરજહ્રૈત્ર [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતી એટલે પાર્વતીની નાભિ એટલે ડૂંટી પડી હતી. સતીનો જ્યારે સંહાર થયો ત્યારે તેનાં જુદાં જુદાં અંગ જોખ જોખે ઠેકાણે પડ્યાં હતાં. તે તમામ ઠેકાણાં ક્ષેત્ર એટલે પીઠસ્થાન ઠરેલાં.

ઉત્કલા સ્ત્રી. (પુરાણ) ઋષભદેવ વંશના સમ્રાટ રાજની સ્ત્રી અને મરીચિ રાજની મા.

ઉત્કલિકા ૧. [સં. ઉદ્ (ઊપર) + કલિકા (કળી)] સ્ત્રી. કળી.
૨. સ્ત્રી. ઝાડવાસનાને લીધે ચાલ આવેલ કંઈ ખાવાની કે ચીજ.
૩. સ્ત્રી. ક્રીડા; રમત; હેલા; વિલાસની છોટ.

૪. [સં. ઉદ્ (ઘણું) + કલ્ (અવ્યક્ત)] સ્ત્રી. ઘણો અવરોળનારો.
૫. સ્ત્રી. ચિંતા; ફિકર.
૬. સ્ત્રી. જઠરાંતોડ મોટા અવાજથી ગણ ગણાવવું.
૭. સ્ત્રી. તીવ્ર ઇચ્છા; ઉત્કંઠા; મુરાદ.
૮. સ્ત્રી. મનનો ઊભરો; ઊભરો; ઊર્મિ; આવેગ.
૯. સ્ત્રી. મોજું; લહેર; તરંગ.
૧૦. સ્ત્રી. વસ્તુની માફક ગણ કરવું તે.
૧૧. સ્ત્રી. વિષયની ઇચ્છા.

ઉત્કલિકાપ્રાય [સં. ઉત્કલિકા (લાંબા સમાસવાળું વાક્ય) + પ્રાયસ (પુષ્કળપણે)] વ. લાંબા સમાસ અને અધરાં વાક્યવાળું ગદ્ય લખાણ. સમાસ વિનાનું ગદ્ય તે મુક્તક, જેમાં વચ્ચે વચ્ચે કવિતા જેમ કોઈ પદની આવૃત્તી જોવી આવે તે વૃત્તગંધી, લાંબા સમાસવાળું ગદ્ય તે ઉત્કલિકાપ્રાય અને બીજા સમાસવાળું ગદ્ય તે ચૂર્ણક કહેવાય છે.

ઉત્કલિકાવાત [સં. ઉત્કલિકા (વંટોળિયા જેમ ઘણ ઉઠતું તે) + વાત (પવન)] પું. જોરી મોટી વાયરે અંતરે વાતો પવન.

ઉત્કલિત ૧. [સં. ઉદ્ (ઘણું) + કલ્ (અવ્યક્ત) + ક્ત (ભૂત)] વિ. ઊભરેલું; આવું.
૨. વિ. ખીલેલું; આબાદ.
૩. વિ. મૂર્ખ.
૪. વિ. ઘટ્ટ.
૫. વિ. ઢીલું મૂકેલ.
૬. વિ. ઉદાસીન.

ઉત્કલી [સં. ઉત્કલ (ઓરિસા પ્રાંત) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઓરિસા પ્રાંતમાં બોલાતી ભાષા.

ઉત્કષ્ટ [સં. ઉત્ (બહારે) + કષ્ટ (દુઃખ)] વ. બહું દુઃખ.

ઉત્કૃષ્ટા પું. (પિંગળ) દરેક ૧૧ માત્રાનાં ૬ પદ, જેમ કુલ ૬૬ માત્રાવાળો છંદ; રસિકા.

ઉત્કેદાસન ન. બંને ઢૂંટણ નમાવી જમીન ઉપર અદ્ધર બેઠા રહી બંને હાથ કંબારી પેઢ ઉપર રાખવાથી બહુ મુશ્કેલીથી થતું આસન.

ઉત્કંઠક [સં. ઉત્કંઠા (ઉત્કંઠે નામનો છોડ)] પું. આકરે બે હાથ ઊંચો કાંટાળો પીળા રંગનો છોડ; ઉત્કેટી; ઉત્કેટો; ઉત્કેદારો; ઉત્કટો. જેનાં ફળ ગોળ, કાંટાવાળાં અને પાંદડાં કાતરેલાં હોય તેવાં કેખાય. સુખે પ્રસવ થતા માટે જેનાં ફળ ચોટલે બાંધવાં, બહુ પ્રસવ થયા પછી તરત જ ઓઢી નાખવાં. વળી ઉત્કેટીનાં મૂળિયાં ઉકાળી સાપના કરડ્યા અને વીંછીના ડંખની જગ્યાએ લેપ કરવામાં અને પાવામાં વપરાય છે. જે કૂતરો અને પેશાબ બંધ થનાર હોઈ મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ અને વીર્યવૃદ્ધિ ઉપર એનો ઉપયોગ થાય છે.

ઉત્કંઠારો [સં. ઉત્કંઠા (ઉત્કંઠે નામનો છોડ)] પું. જે હાથની ઊંચાઈ સુધી વધતો કાંટાળો પીળા રંગનો એક છોડ; ઉત્કંટક. જુઓ ઉત્કંટક.

ઉત્કંઠી [સં. ઉત્કંઠા (એ નામની એક વનસ્પતિ)] પું. ઉત્કટો; ઉત્કટો. જુઓ ઉત્કંટક.

ઉત્કંઠો જુઓ ઉત્કંઠી.

ઉત્કંઠ ૧. વ. વધારે અધીરાઈવાળા મૈથુનની એક રીત.
૨. વિ. અધીરું; આકળું.
૩. વિ. આતુર; ઉત્સુક.
૪. [સં. ઉદ્ (ઘણું) + કંઠ (ગરબ)] વિ. ઊંચી કોકવાળું; કંઠ ઊંચો કરેલો હોય એવું.
૫. વિ. દુઃખી.

ઉત્કંઠભાવ [સં. ઉત્કંઠ (આતુર) + ભાવ (લાગણી)] પું. આતુરતા; અધીરાઈ.

ઉત્કંઠા ૧. [સં. ઉદ્ (ઘણું) + કંઠ (ગરબ)] સ્ત્રી. આતુરતા; અધીરાઈ
૨. સ્ત્રી. આશા.
૩. સ્ત્રી. ઉત્સુકતા; અતિશય ઇચ્છા; તીવ્ર અભિલાષા.
૪. સ્ત્રી. કોઈ કામ કરવામાં ઢીલ સહન ન કરી શકે તેવી ઉતાવળે કરવાની ઇચ્છાવાળો સંચારીભાવ. જેમકે,
જોતાં વાટ ગયો દિન, તોય નહીં આવ્યા શ્રી વ્રજરાજ; હવે કષ્ટ બને છે, જોઈ સખી આ રજનીના સાજ. આમાં નાયિકા આખો દિવસ પ્રેમીની રાહ જોવ પછી રાત પડતાં બહુ અધીરી થઈ ગઇ છે કે આવે તેનો કષ્ટ નીકળી ગયો હોય.
૫. સ્ત્રી. ચિંતા; ફિકર.
૬. સ્ત્રી. મૈથુન કરવાની એક રીત. તેમાં અધીરાઈની લાગણી વધારે હોય છે.
૭. સ્ત્રી. શોક; દિલગીરી
૮. સ્ત્રી. હોંસ; ઉત્સાહ; હવસ.

ઉત્કંઠાયુક્ત [સં. ઉત્કંઠા (આતુરતા) + આયુક્ત (જોડેલ)] વિ. અતિશય ઇચ્છાવાળું; આતુરતાથી ભરેલું; અધીરાઈવાળું.

ઉત્કંઠિત ૧. [સં. ઉદ્ (ઘણું) + કંઠ (ગરબ) + ક્ત (ભૂત)] વિ. ઊંચી કોક રાખી હોય એવું.
૨. વિ. જોકપણે બહુ ચેહેલું; આતુર.
૩. વિ. હોંસવાળું.

ઉત્કંઠિતપણું [ઉત્કંઠિત (આતુર) + પણું] ન. આતુરતા; અધીરાઈ; ઉત્સુકતા.

ઉત્કંઠિતા ૧. સ્ત્રી. ઊંચી કોકે પતિની રાહ જોઈ રહેલી સ્ત્રી.
૨. [સં. ઉત્કંઠા (આતુરતા) + ક્ત (વાળી)] સ્ત્રી. (અલંકારશા) એક જાતની નાયિકા; પ્રેમી નહિ મળવાથી અધીરી થયેલ નાયિકા. રોવું, મૂર્છાવું, તાપ, શ્વાસ, સંતાપ અને બગાસાં આવવાં એ એના ચાળા છે.
૩. વિ. સ્ત્રી. બહુ જ અધીરી હોય એવી.

ઉત્કંઠી [સં. ઉત્કંઠા] સ્ત્રી. પોળા કાંટાવાળાં ગોળ ફળ અને વાંસનાં પાનને મળતાં કાંટાવાળાં પાનવાળો એક જાતનો છોડ. જુઓ ઉત્કંટક.

ઉત્કંધર [સં. ઉદ્ (ઊંચું) + કંધર (ડોક)] વિ. ઊંચી ડોકવાળું.

ઉત્કંપ ૧. [સં. ઉદ્ (બહારે) + કંપ્ (ધ્રૂજવું)] પું. કંપારી; ધ્રુજ; ધ્રુજારી.
૨. પું. અભ્યાસનાથી થયેલ કંપ.
૩. પું. વેગ; ઉતાવળ; ત્રાસ.

ઉત્કંપન [સં. ઉદ્ (ઊંચું) + કંપન (ધ્રુજારી)] ન. ધ્રુજ; ધ્રુજારી; ફોળા; કંપારો.

ઉત્કંપી ૧. [સં. ઉદ્ (બહારે) + કંપ (ધ્રુજારી) + ઇન્ (વાળું)] વિ. કંપારીવાળું; ધ્રુજતું.
૨. વિ. વેગવાળું; ઉતાવળું; ત્રાસી.

ઉત્કંશ ૧. [સં. ઉત્ક (આતુર) + અક્ષ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પતિને મળવાને બહુ આતુર સ્ત્રી.
૨. સ્ત્રી. પોતાનો પ્રિયતમ ન આવવાથી ઊંચા મનવાળી નાયિકા.
૩. વિ. સ્ત્રી. દિલગીર.
૪. વિ. સ્ત્રી. પતિને મળવાને આતુર.

ઉત્કાકર [સં. ઉત્ક (આતુર) + આકર (કરનાર) + અક્ષ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વર્ષે વર્ષે વિયાતી ગાય.

ઉત્કાકુદ [સં. ઉત્ (ઊંચું) + કાકુદ (તાળવું)] વિ. ઊંચા તાળવાવાળું.

ઉત્કાર ૧. [સં. ઉત્ (ઊંચું) + કૃ (કરવું)] પું. અનાજ ઊપણવાનું સાધન.
૨. પું. ઉપણ વાવનાર કણબી.
૩. પું. સપડાયો સોવાનું સાધન.
૪. ન. ઓસાવવાનું વાસણ.

ઉત્કારા [સં. ઉદ્ (ઊંચું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દર વર્ષે વિયાતી ગાય.

ઉત્કારિકા ૧. [સં.] સ્ત્રી. સુખને અનુકૂળ એવો એક જાતનું ખાસન.
૨. સ્ત્રી. ચોટીસ; ગરબ ઉતારી.

ઉત્કાલિક ૧. વિ. ઊર્મિવાળું.

૨. [સં.] વિ. (જૈન) ચાર અક્ષણ સિવાય ચારે પહોર ભણવું એવું. એવાં સૂત્ર: દશવૈકાલિક, કલ્પિતાકલ્પિત, ક્ષુદ્રકલ્પશ્રુત, મહાકલ્પશ્રુત, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, મહાપ્રજ્ઞાપના, પ્રમાદાપ્રમાદ, નંદી, અનુયોગદ્વાર, દેવેંદ્રસ્તવ, તંદુલવૈચારિક, ચંદ્રવેધ્યક, સૂર્યપ્રજ્ઞપ્તિ, પૌરુષીમંડલ, મંડલપ્રવેશ, વિદ્યાચરણવિનિશ્ચય, ગણિવિદ્યા, ધ્યાનવિભક્તિ, મરણવિભક્તિ, આત્મવિશોધિ, વીતરાગશ્રુત, સલ્લેખનાશ્રુત, વિહારકલ્પ, ચરણવિધિ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન વગેરે.

૩. વિ. મનસ્વી.

૪. વિ. બાહુશ્રુતિવાળ.

ઉત્કાસ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં. ઉત્ (ઊર્ધ્વ) + કાસ (ખાંસી)] પું. મોટી ઉધરસ.

ઉત્કાસન ૧. ન. ઉધરસ; ખાંસી.

૨. [સં. ઉત્ (ઊર્ધ્વ) + કાસ (ઉધરસ ખાવી) + અન (પ્રત્યે)] ન. કફને ઉધરસથી બહાર કાઢવાપણું; બળખો કાઢવો તે.

ઉત્કાસિકા [સં. ઉત્ (ઊર્ધ્વ) + કાસ (ઉધરસ ખાવી) + ઇકા (પ્રત્યે)] સ્ત્રી. ઉધરસ; ખાંસી.

ઉત્ક્ષેપ [સં. ઉત્ (ઊર્ધ્વ) + ક્ષિ (નાખવું)] વિ. ઊંચે ફેંકનાર; ઉડાડનાર; વેરનાર.

ઉત્ક્ષેપક [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો ઋષિ.

ઉત્ક્ષેપકબ્રાહ્મણ [સં.] પું. ઋગ્વેદના ત્રીજા મંડલના ૧૫–૧૭મા સૂક્તના કર્તા એક ઋષિનું નામ.

ઉત્ક્ષેપણ ૧. [સં. ઉત્ (ઊર્ધ્વ) + ક્ષેપણ (ફેંકવું)] વિ. ઊંચે ફેંકેલ.

૨. વિ. ખોદેલું.

૩. [સં. ઉદ્ (નીચું) + ક્ષેપણ (ફેંકવું)] વિ. છટું છવાયું.

૪. વિ. ટાંકણાથી ખોદીને સપાટ કરેલું; કોતરેલું.

૫. વિ. બાંધેલું.

૬. વિ. વીંધેલું; આરપાર પાડેલું.

ઉત્કીર્તન ૧. [સં. ઉત્ (ઊર્ધ્વ) + કીર્તન (વખાણ)] ન. દેવના નામનું ઊંચેથી ગાયન.

૨. ન. નાટ્યના તેત્રીસ અલંકારમાંના એકનું નામ.

૩. ન. પ્રસિદ્ધિ; જાહેરાત.

૪. ન. સ્તુતિ; પ્રશંસા; સ્તવના; ગુણગાન.

ઉત્કીર્તિત ૧. [સં. ઉત્ (ઊર્ધ્વ) + કીર્તિત (બોલેલું)] વિ. ઊંચે સાદે બોલેલું; જોરથી બોલેલું.

૨. વિ. જાહેર કરેલું; પ્રસિદ્ધ.

૩. વિ. વખાણેલું; સ્તવેલું.

ઉત્કીલિત [સં. ઉત્ (ઉપર) + કીલિત (ખીલો મારેલું)] વિ. ખીલે જડેલું.

ઉત્કુઇ [સં. ઉદ્ (ઉત્કૃષ્ટ) + કુટ્ (વખાણ)] ન. મનના સદ્ભાવથી.

ઉત્કુણ ૧. [સં.] પું. જૂ.

૨. પું. માંકડ.

ઉત્કુલ [સં. ઉત્ (ઉત્કૃષ્ટ) + કુલ (વંશ)] વિ. કુળને કલંક લગાડનારું.

ઉત્કૂચિકા [સં.] સ્ત્રી. એક છોડનું નામ.

ઉત્કૂચિતા જુઓ ઉત્કૂચિકા.

ઉત્કૂપ [સં. ઉત્ (ઊર્ધ્વ) + કૂપ (ખાડો)] પું. પાણીનો મોટો ખાડો.

ઉત્કૂજ [સં. ઉત્ (વખારે) + કૂજ્ (ટહુકાર કરવો)] પું. કોયલનો ટહુકો.

ઉત્કૂટ [સં. ઉદ્ (ઊર્ધ્વ) + કૂટ (શિખર)] પું. છત; છાપરું.

ઉત્કૂર્દન [સં. ઉત્ (ઊર્ધ્વ) + કૂર્દન (કૂદવું)] ન. કૂદકો.

ઉત્કૂલ ૧. વિ. ઊંચાણમાં આવેલું.

૨. [સં. ઉદ્ગત (બહેર) + કૂલ (કાંઠો)] વિ. કાંઠે પહોંચેલ.

૩. વિ. પ્રતિકૂલ; વિરુદ્ધ દિશામાં જતું.

ઉત્કૂલિત [સં. ઉદ્ગત (બહેર) + કૂલ (કાંઠો)] વિ. કાંઠે પહોંચેલ.

ઉત્કૃતિ ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદનું નામ. તેમાં બાર અક્ષર, બે ગુરુ કે બે લઘુ અથવા એક ગુરુ ને એક લઘુ અથવા એક લઘુ ને એક ગુરુ મળી છબ્બીસ અક્ષર હોય છે. ગુજરાતીમાં ઉત્કૃતિ, કિશોર, વિલાસ, ગુજરાતિ અને અપવાહક એ બધા જાતના છંદો છે.

૨. પું. ચોવીસની સંખ્યા બતાવનાર સંકેતાર્થ શબ્દ.

૩. પું. (પિંગળ) એકસો ચાર અક્ષરવાળો વૈદિક છંદ.

૪. પું. છબ્બીસની સંખ્યા બતાવનારી નિશાની.

ઉત્કૃષ્ટ ૧. વિ. પ્રાતરવા જોગ.

૨. [સં. ઉત્ (આગળ) + કૃષ્ (આખવું) + ક (જવું)] વિ. ઉલેચવા લાયક; ઉલેચવા જેવું.

૩. ન. ઉલેચીને; ઉલેચવા પડતી.

ઉત્કૃષ્ટ ૧. [સં. ઉત્ (ઊર્ધ્વ) + કૃષ્ટ (ખેડેલું)] વિ. ઉત્તમ; ઊંચી કોટિનું; સર્વોત્તમ; શ્રેષ્ઠ; બધાથી સારું; સર્વોપરી; પ્રકૃષ્ટ; સૌથી ચડિયાતું.

૨. વિ. ખેડેલું.

૩. વિ. ખેતી કરેલ.

૪. વિ. ખોદવું.

૫. વિ. વખાણવા જેવું.

૬. વિ. વધારેમાં વધારે.

૭. વિ. સુંદર; સરસ; રૂડું.

ઉત્કૃષ્ટઅંતર્મુહૂર્ત [સં. ઉત્કૃષ્ટ (બોલવામાં મોટું) + અંતર્ (વચ્ચે) + મુહૂર્ત [બે ઘડીનો વખત)] ન. (જૈન) નવ સમયથી માંડી બે ઘડીમાં એક સમય એટલે કૂણ ઓછી બીજ લાંબુમાંનો વખત.

નવ સમય એ જઘન્યઅંતર્મુહૂર્ત અને એક સમય ઓછી બે ઘડી એ **ઉત્કૃષ્ટઅંતર્મુહૂર્ત**.

તત્ત્વાર્થસૂત્ર

ઉત્કૃષ્ટકૃતિ ૧. સ્ત્રી. સૌથી ચડિયાતું પુસ્તક; પ્રિયગ્રંથ.

૨. [સં. ઉત્કૃષ્ટ (જોર) + કૃતિ (કામ)] સ્ત્રી. સૌથી સરસ કામ.

ઉત્કૃષ્ટગ્રંથ [સં. ઉત્કૃષ્ટ (બધાથી સારું) + ગ્રંથ (ચોપડી)] પું. સૌથી સારું પુસ્તક.

ઉત્કૃષ્ટતમ [સં. ઉત્કૃષ્ટ (જોર) + તમ (સૌથી વધારે જોરનો અર્થ બતાવનાર પ્રત્યય)] વિ. સૌથી સારું; બધું જ ચડિયાતું; જોર.

ઉત્કૃષ્ટતર [સં. ઉત્કૃષ્ટ (જોર) + તર (વધારે જોરનો અર્થ બતાવનાર પ્રત્યય)] વિ. વધારે સારું; ચડિયાતું.

ઉત્કૃષ્ટતા ૧. [સં. ઉત્કૃષ્ટ (સૌથી સારું) + તા (પણ)] સ્ત્રી. ઉચ્ચતા; જોરપણું; સૌથી સારાપણું; ઉત્તમતા.

૨. સ્ત્રી. ઉદય; ચડતી; ઉન્નતિ; ઉત્કર્ષ; આબાદી.

૩. સ્ત્રી. પરાકાષ્ઠા; છેવટની હદ.

ઉત્કૃષ્ટત્વ ૧. [સં. ઉત્કૃષ્ટ (સૌથી સારું) + ત્વ (પણ)] ન. ઉચ્ચતા; જોરપણું.

૨. સ્ત્રી. ઉદય; ચડતી; ઉન્નતિ; ઉત્કર્ષ; આબાદી.

૩. સ્ત્રી. પરાકાષ્ઠા; હદ.

ઉત્કૃષ્ટભૂમ ૧. [સં. ઉત્કૃષ્ટ (જોર) + ભૂમિ (જમીન)] પું. ઉત્તમ જમીનવાળો દેશ.

૨. પું. સૌથી સારી જમીન.

ઉત્કૃષ્ટવેદન [સં. ઉત્કૃષ્ટ (સૌથી ચડિયાતું) + વેદન (વિદ્વાન)] ન. ચડિયાતી જાતિના પુરુષને પરણવું તે.

ઉત્કૃષ્ટાવસ્થા [સં. ઉત્કૃષ્ટ (ઉત્તમ) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. ઉત્તમ સ્થિતિ; ઉત્તમ દશા.

ઉત્કેંદ્ર ૧. વિ. ફરનાર વસ્તુને, જે કેંદ્રની આસપાસ તે ફરતી હોય, તે કેંદ્રથી દૂર ખેંચનારું.

૨. [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ)] વિ. મધ્યબિંદુવાળું નહિ એવું.
૩. વિ. વિલક્ષણ; અસાધારણ; અદ્‌ભુત; વિચિત્ર.

ઉત્કેંદ્રકશક્તિ [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ) + ક (વાળું) + શક્તિ (બળ)] સ્ત્રી. ફરનાર વસ્તુને, જે કેંદ્રની આસપાસ તે વસ્તુ ફરતી હોય, તે કેંદ્રથી દૂર ધકેલનારું બળ. તેને લીધે તે બીજાનો સુતરો પોલો ભાગ આવતા તેના ઉપર રાખેલી કોઈ બીજી તેના કેંદ્રથી બહાર વધારે જોરથી બળ છે. જેમકે, પૈડા ઉપરનો કાદવ ગાડી ચાલતી વખતે દૂર પડે છે.

ઉત્કેંદ્રકોણ [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ) + કોણ (ખૂણો)] પું. (ગણિત) નીચોચ્ચ લીટીને બાજુ તરીકે લઈ દોરેલા વર્તુલને નીચોચ્ચ રેખા ઉપર અડકાંથી દોરેલો કોણ જે બિંદુમાં મારે તે બિંદુને નીચોચ્ચ લીટીના મધ્યબિંદુ સાથે જોડનારી લીટી સાથેને નીચ બિંદુ સાથે જોડનારી રેખા સાથે બનાવે તે ખૂણો; 'એક્સેન્ટ્રિક એંગલ'.

ઉત્કેંદ્રક વિ. [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ) + અક (નામ બતાવનાર પ્રત્યય)] ન. મધ્યબિંદુથી બહાર બનાવાયું.
૨. ન. સત્તાની ચહેચણ; અધિકારના ભાગ પાડવા તે.

ઉત્કેંદ્રતા વિ. [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ) + તા (પણું)] સ્ત્રી. ફરનાર વસ્તુને, જે કેંદ્રની આસપાસ તે વસ્તુ ફરતી હોય, તે કેંદ્રથી દૂર ધકેલવાપણું; વિષમકેંદ્રતા; મધ્યબિંદુલાભ. બારે એક વસ્તુ બીજી વસ્તુની આસપાસ ફર્યા કરે છે, ત્યારે ફરનાર વસ્તુ ઉપર બબૂક બળો કામ કરી રહ્યાં હોય છે. જે બળ ફરનાર વસ્તુને બીજી વસ્તુના કેંદ્ર તરફ ખેંચી જવાનો પ્રયાસ કરે તેને કેંદ્રાભિમુખી (સેન્ટ્રિપેટલ) અને જે બળ કેંદ્રથી ઊલટી દિશામાં પોતાની જવાનો પ્રયાસ કરે તેને કેંદ્રપરાંમુખી (સેન્ટ્રિફ્યુગલ) બળ કહે છે. ઉત્કેંદ્ર, ઉત્કેંદ્રકશક્તિ, ઉત્કેંદ્રક, કેંદ્રપરાંમુખી બળને લગતા શબ્દો છે.
૨. સ્ત્રી. (ગણિત) સંકુચિત (કોનિક) નામના વક્ર ઉપરના કોઈ બિંદુ (ફોકસ)નાં એક આપેલા બિંદુથી અને એક આપેલી સીધી લીટી (ડિરેક્ટ્રિક્સ)થી જે અંતર હોય તેનું ગુણોત્તર (રેશિયો); 'એક્સેન્ટ્રિસિટિ ઑવ કોનિક'.

ઉત્કેંદ્રસમીકરણ [સં. ઉત્ (બહાર) + કેંદ્ર (મધ્યબિંદુ) + સમીકરણ (સરખું કરવું તે)] ન. ગ્રહનું મધ્યમ સ્થાન અને તેનું પોતાની કક્ષા ઉપરનું ખરું સ્થાન એ બે વચ્ચેનું કોણીય અંતર; મંદફલ; 'ઇક્વેશન ઑવ સેન્ટર'.

ઉત્કેંદ્રોચ [સં. ઉદ્ (ઊંચે) + કેંદ્ર (મધ્યબિંદુ) + ઉચ (વાળું)] વિ. અપકેંદ્રી; ભિન્નકેંદ્રી.

ઉત્કોચ ૧. પું. અનીતિ.
૨. પું. દુષ્કર્મ.
૩. [સં. ઉદ્ (બહાર) + કુચ્ (અડકાવવું)] પું. લાંચ; રિશ્વત.

ઉત્કોચક ૧. [સં. ઉત્કોચ (લાંચ) + અક (કરનાર)] પું. લાંચ લેનાર માણસ.
૨. ન. મહાભારતમાં બતાવેલું એક તીર્થ. ત્યાં તપ કરતાં પાંડવોએ ધૌમ્યની પુરોહિત તરીકે પસંદગી કરી હતી.
૩. વિ. લાંચિયું; રિશ્વતખોર.

ઉત્કોચકર્મન્ ૧. ન. અનીતિ કરવાપણું.
૨. [સં. ઉત્કોચ (લાંચ) + કર્મન્ (કામ કરવું તે)] ન. લાંચ.

ઉત્કોચગ્રાહિતા ૧. ન. અનીતિ કરવાપણું.
૨. [સં. ઉત્કોચ (લાંચ) + ગ્રાહિન્ (લેનાર) + તા (પણું)] સ્ત્રી. લાંચ લેવી તે.

ઉત્કોચગ્રાહી ૧. વિ. અનીતિ કરનાર.
૨. [સં. ઉત્કોચ (લાંચ) + ગ્રાહિન્ (લેનાર)] વિ. લાંચ ખાનાર; લાંચિયું; રિશ્વતખોર.

ઉત્કોચજીવી ૧. વિ. અનીતિથી ગુજરાન ચલાવનાર.
૨. [સં. ઉત્કોચ (લાંચ) + જીવિન્ (જીવનાર)] વિ. લાંચ ઉપર જીવનાર.

ઉત્કોચલુબ્ધ વ. (પુરાણ) પાંડવોના પુરોહિત ધૌમ્ય ઋષિની તપ કરવાની જગ્યા પાસે આવેલું એ નામનું એક તીર્થ.

ઉત્કોચા [સં. ઉદ્ (ઊંચે) + કુચ્ (અડકાવવું)] સ્ત્રી. લાંચ; રિશ્વત

ઉત્કોટિ [સં. ઉદ્ (ઊંચું) + કોટિ (છેડો)] વિ. અણીવાળું.

ઉત્ક્રમ ૧. [સં. ઉદ્ (ઉપર) + ક્રમ્ (જવું)] પું. આગળ વધારો; પગલેથી વધવું કે ચડવું તે.
૨. [સં. ઉદ્ (ઊંચું) + ક્રમ્ (જવું)] પું. ઉન્નતિ; વિકાસ.
૩. પું. ઉપર જવાપણું; ઊંચી ગતિ.
૪. પું. ઊલટો ક્રમ; ઊલટપાલટ કર્યે જવું તે.
૫. પું. ઓળંગવું તે; વટી જવાપણું; ઉલ્લંઘન.
૬. પું. નિયમનું ઉલ્લંઘન; લોપ; ભંગ.
૭. પું. બહાર જવું તે.
૮. વિ. ઊલટું; અવળું; વિપરીત; અવળું; વિરોધી.

ઉત્ક્રમક્રિયા [સં. ઉત્ક્રમ (વિપરીત) + ક્રિયા (કામ)] સ્ત્રી. (ગણિત) ભૂમિતિના પ્રતિપ્રશ્ન (પ્રોબ્લેમ)ની રચના (કન્સ્ટ્રક્શન) સોધી કાઢવા કોઈ કોઈ વાર વપરાતી અવળથી માંડીને આપેલી વસ્તુ સુધી જવાની ઊલટી રીત; 'એનેલિસિસ'.

ઉત્ક્રમગુણોત્તર [સં. ઉત્ક્રમ (ઊલટી ગોઠવણ) + ગુણોત્તર (રેશિયો)] પું. (ગણિત) ઊલટું પ્રમાણ; વ્યસ્ત પ્રમાણ; જેમાં બે રકમ બીજી બે રકમના ઊલટા પ્રમાણમાં હોય તે; 'ઇનવર્સ રેશિયો'. જુઓ ઉત્ક્રમનિષ્પત્તિ.

ઉત્ક્રમજ્યા [સં. ઉત્ક્રમ (ઊલટું) + જ્યા (કોઈ વર્તુ ળ બિંદુને જોડનારી લીટી)] સ્ત્રી. (ગણિત) ત્રિજ્યા અને કોટિજ્યાનું અંતર; કોટિજ્યાને વર્તુળમાંથી બાદ કરતાં જે રહે તે; બાણ અને જ્યા વચ્ચેનો આસનો ભાગ; 'વર્સ સાઇન'. કોઈ વર્તુ ળ કે વૃત્તાભાસમાં બાણ અને જ્યા બે આસો દોરવાથી તે વૃત્તાભાસના બાણ બાણ, તે બંનેના વચ્ચેની ભાગમાં પરિધ ઉપર રહેલા બાણ અને જ્યા આસના બેડાઓ એક સીધી લીટીથી જોડતાં તે સીધી લીટી ૯૦ અંશની જ્યા થાય. એ રીતે બનેલા ત્રિકોણમાં વૃત્તાભાસના મધ્યબિંદુથી તે જ્યાના અર્ધ વિભાગે બેઠલે ૪૫ અંશને ખૂણે એક સીધી લીટી પરિધ સુધી દોરતાં તે જ્યાના બે સરખા ભાગ થાય. તે જ્યાના ઉન્નતબિંદુથી પરિધ સુધીના તે લીટીના ભાગને શર કહેવાય છે. વૃત્તાભાસના મધ્યબિંદુથી ત્રિજ્યાઓ દોરતાં જેમ આસથી ૪૫ અંશ સુધીમાં તે શરો અનુક્રમે લાંબામાં વધતાં દોવાથી તે શરોને ઉત્ક્રમજ્યા કહેવાય છે.

ઉત્ક્રમજ્યાપિંડ પું. (ગણિત) અર્ધા આસમાંથી ઊલટા ક્રમે જ્યાપિંડો બાદ કરતાં આવતા જ્યાપિંડ; 'રેવર્સ સાઇન'.

ઉત્ક્રમણ ૧. [સં. ઉત્ (ઊલટું) + ક્રમણ (જવું તે)] ન. અપસરણ; અતિક્રમણ; ક્રમનું ઉલ્લંઘન; ભંગ; લોપ; ઊલટું જવું તે; ઊલટી ગોઠવણ.
૨. ન. ઉદ્‌ભેદ; ઉત્પત્તિ; વિકાસ; ખિલવણી.
૩. ન. ગોપું પાગવું તે.
૪ ન. (ગણિત) એક આપેલા વક્ર અને એક આપેલા બિંદુ ઉપરથી જોવી રીતે બનાવેલો એક નવો વક્ર કે તે બે વક્રોનાં જે બે બિંદુ આપેલા બિંદુની સામે એક જ સીધી લીટીમાં હોય તે બે બિંદુનાં આપેલા બિંદુથી અંતરોનો

મુજબનો આકાર ક્રમેસર આપેલા રાશિ પરિમાણની બરોબર આવે; 'ઇન્વર્સ કર્વ'. નીચેની આકૃતિમાં જ આપેલું બિંદુ અને વક્ર આપેલો વક્ર છે. તેનો ઉત્ક્રમણ વક્ર પણ છે. વક્ર × અક્ષ = અપ × અક્ષ = એક આપેલ રાશિ કે પરિમાણ.



૫. વ. ઓળંગવાપણું; ઉત્કમન.

૬. વ. ચઢાવો; ઉપર જવાપણું; ખિસ્સટ; પ્રગતિ.

૭. વ. માઠી નીકળવાપણું; અસ્તવાપણું.

૮. વ. મરણ; મૃત્યુ; મોત.

ઉત્ક્રમણવાદ [સં. ઉત્ક્રમણ (ખિસ્કવણી) + વાદ (સિદ્ધાંત)] પું. સૃષ્ટિમાં માનવું તે; વિકાસક્રમની માન્યતા; ઇવોલ્યુશનની (રપીસીઝ) ઓરડમ નવા સર્જનો નથી પણ અગાઉ પ્રચલિત એવા આકારો ઉપરથી ધીમેધીમે વિકાસ પામીને બન્યા છે એવો મત.

ઉત્ક્રમણીય [સં. ઉત્ક્રમણ (ઊલટું જવું તે) + ઈય (જરૂ)] વિ. ઊલટું થઈ શકે એવું.

ઉત્ક્રમનિષ્પત્તિ [સં. ઉત્ક્રમ (ઊલટું) + નિષ્પત્તિ (રચનાઓ)] સ્ત્રી. (ગણિત) ઊલટું પ્રમાણ; અન્તત પ્રમાણ; બે રાશિનું બીજી બે રાશિના ઊલટા પ્રમાણમાં ફરવું તે; 'ઇન્વર્સ વેરિએશન'. એક કામ પૂરું કરવા માટે રાખેલા માણસોની સંખ્યા અને જોઈતા દિવસોની સંખ્યા વચ્ચે ઉત્ક્રમ શ્રુણોત્તર છે. જેટલા પ્રમાણમાં માણસોની સંખ્યા વધે અથવા ઘટે તેટલા પ્રમાણમાં દિવસોની સંખ્યા ઘટે અથવા વધે. જો ૬ માણસો ૫ દિવસમાં કામ પૂરું કરે અને ૩ માણસો ૩ દિવસમાં પૂરું કરે તો ૬, ૩, ૫ અને ૩ એ ચાર સંખ્યા ઉત્ક્રમ પ્રમાણમાં છે. આ દાખલામાં ઉત્ક્રમનિષ્પત્તિ થાય છે.

ઉત્ક્રમપ્રમાણ [સં. ઉત્ક્રમ (ઊલટું) + પ્રમાણ (રચનાઓ)] ન. (ગણિત) ઊલટું પ્રમાણ; બે રાશિનું બીજી બે રાશિના ઊલટા પ્રમાણમાં ફરવું તે; 'ઇન્વર્સ પ્રોપોર્શન'. જુઓ ઉત્ક્રમનિષ્પત્તિ.

ઉત્ક્રમપ્રસ્તાર [સં. ઉત્ક્રમ (ઊલટું) + પ્રસ્તાર (ફેલાવો)] પું. (પિંગળ) જેમાં શબ્દક્રમ સર્વ લઘુના રૂપથી મંડાય છે તે.

ઉત્ક્રમફલ [સં. ઉત્ક્રમ (ઊલટી ગોઠવણવાળું) + ફલ (ફેલાવ)] ન. (ગણિત) ફલ (ફેલાવ)નું ઊલટું સ્વરૂપ; 'ઇન્વર્સ ઇંક્રિમેન્ટ'. તેની નિશાની તરીકે ચાતાંકની જગાએ-1 લખાય છે.

ઉત્ક્રમમાન [સં. ઉત્ક્રમ (પીમે પીમે વધારો) + માન (કદ)] વિ. પીમે પીમે ઊંચું જનારું; ખીલનારું.

ઉત્ક્રમસમરૂપ [સં. ઉત્ક્રમ (ઊલટું) + સમ (સરખું) + રૂપ (આકાર)] ન. સરખા આકારની પણ ઓકળીઓથી ઊલટી આકૃતિ; 'ઇન્વર્સલિ સિમિલર ફિગર'. જેમકે,

કચબ અને ચાકાપ ઉત્ક્રમસમરૂપ ત્રિકોણ છે.

ઉત્ક્રમ ૧. [સં. ઉત્ક્રમ્ (ઓળંગવું)] પું. ઉલ્લંઘન; અતિક્રમ; ઓળંગવાપણું.

૨. પું. ચઢિયાતાપણું.

૩. પું. જન્મ તે; ગમન.

૪ પું વિરુદ્ધતા; ઊલટાપણું.

ઉત્ક્રાન્ત ૧. [સં. ઉદ્ (બહાર) + ક્રમ્ (જવું)] વિ. ઉલ્લંઘન કરેલું; ઓળંગી જવું.

૨. વિ. નીકળેલું.

ઉત્ક્રાંત ૧. વિ ઊંચે ગયેલ.

૨. વિ. ઓળંગી જવું; વટી જવું.

૩. વિ. ખસેલ; દૂર ગયેલ.

૪. [સં. ઉદ્ (બહાર) + ક્રમ્ (જવું)] વિ. ઉંચા ગયેલું; ઉદ્ગમેલું; જન્મેલ.

૫. વિ. બહાર ગયેલ.

૬. વિ. મરણ પામેલ.

૭. [સં. ઉદ્ (ઉપર) + ક્રમ્ (જવું)] વિ. વિકાસ પામેલું.

ઉત્ક્રાંતચક્ષુપ્રદાર્થ [સં. ઉદ્ (બહાર) + ક્રાંત (ગયેલ) + ચક્ષુ (દષ્ટિ) + પ્રદાર્થ (ચીજ)] પું. નિશાન; નિસાનો.

ઉત્ક્રાંતિ ૧. [સં. ઉદ્ (ઊંચું) + ક્રાંતિ (ગમન)] સ્ત્રી. ઊંચે જવાપણું; ઊર્ધ્વગતિ.

૨. સ્ત્રી. બહાર જવાપણું.

૩. સ્ત્રી. પાતમૂળ; 'રૂટ', જેમકે, nth rootમાં n પાતમૂળ છે.

૪. સ્ત્રી. ચઢાણ.

૫. સ્ત્રી. મરણ; મૃત્યુ; મોત.

૬. સ્ત્રી. ચઢાવઉતાર, ઊંચાનીચાપણું.

૭. સ્ત્રી. વિકાસ; ખિસ્કવણી; પ્રકટીકરણ; આવેશ.

૮. સ્ત્રી. વિસ્તાર; પ્રસારણ; સંવૃદ્ધિ.

૯. સ્ત્રી. પેઢી; પરંપરા; ક્રમ; એક પછી એક જનારી ચોકસણ.

ઉત્ક્રાંતિતત્ત્વ ૧. ન. ચુણની ખિસ્કવણી.

૨. [સં. ઉત્ક્રાંતિ (વિકાસ) + તત્ત્વ (સ્વભાવ)] ન. બધી વસ્તુ વિકાસના સ્વભાવવાળી છે એવો ગુણ; વિકાસવાદ.

ઉત્ક્રાંત્તિ [સં. ઉદ્ (બહાર) + ક્રાંતિ (જવું તે) + કા (આપનાર)] વિ. પ્રાણને કાઢનાર.

> મૃત્યુની **ઉત્ક્રાંત્તિ** નામે રાત્રિ રે,
> તે તમે હસતું કરી ને કરી શિવભક્તિ રે.
>
> પ્રેમાનંદ

ઉત્ક્રાંતિપિતૃ [સં. ઉત્ક્રાંતિ (મરણ) + પિતૃ (બાપ)] સ્ત્રી. મરતી વખતે બાળકનું દાનમાં દીધેલ બાપ.

ઉત્ક્રાંતિવાદ [સં. ઉત્ક્રાંતિ (વિકાસ) + વાદ (સિદ્ધાંત)] પું. જંતુ અથવા મૂળ આદિ બીબેધીબે ઓછું અથવા બીજા સ્વરૂપ ધારણ કરે એવી માન્યતા; ઇવોલ્યુશનની (રપીસીઝ) ઓરડમ નવા સર્જનો નથી પણ અગાઉ તોય એવા આકારો ઉપરથી ધીમેધીમે ખિસ્કવણી પામીને બન્યા છે એવો મત; ઉન્નતિવાદ.

> ડાર્વિને પોતાના **ઉત્ક્રાંતિવાદથી** હલબલ પરબ્રહ્મવાદને પાયો ચલી દીધો છે.
>
> ચીતલસ્કર

ઉત્ક્રાંતિવાદી ૧. [સં. ઉત્ક્રાંતિ (વિકાસ ' + વાદ (મત) + ઇન્ (વાળું)] પું. ઉત્ક્રાંતિવાદમાં માનનારું; પરિણામવાદી.

૨. વિ. રાજ્યમાં બંધ અથવા ઊથલપાથલ કરવાના મતવાળું.

ઉત્કોચ ૧. [સં. ઉદ્ (બહાર) + કોચ (બગાડ)] પું. કુદરતી પથરી; દિટોકું; દિટિમ.

૨. પું. પુળકા; ઉત્સુક; પંચક.

૩. પું. બાળકાના આકારનો બગાડપથરી.

૪. પું. માથાની પકડીને બાનાર ઔષધ પથરી. સુશ્રુત પ્રમાણે તેનું બાંસ ગરમ, રક્તપિત્ત મટાડનાર, કફ, ગોકળું, વીર્યનો વધારો કરનાર અને વાનો રોગ કરનાર છે.

૫. વિ. ઊંચા સ્વરે રોતું; બરાડા પાડનાર.

ઉત્કોચક [સં. ઉદ્ (ઊંચું) + કોચ (બગાડ) + ક (વાળું)] ન. દિટિમ; દિટોકું.

ઉત્કોચીય [સં. ઉદ્ (ઊંચું) + કોચ (બગાડ) + ઈય (લગતું)] વિ. બોટથી બરાડા પાડનાર.

ઉત્કોચ [સં. ઉદ્ (ઉપર) + લિહ્ (ચાટવું ચાવું)] પું. બીનાક.

ઉત્ક્લેદન [સં. ઉદ્ (ઉપર) + ક્લિદ્ (ભીનું થવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ભેજવાળું કરવું તે.

ઉત્ક્લેદનબસ્તિ [સં. ઉત્ક્લેદન (ભીનું કરવું તે) + વસ્તિ (મૂત્રી નાખેલું મૂત્રાશય સ્થાન)] સ્ત્રી. દવાને પિચકારીથી વસ્તિમાં પહોંચાડવું તે.

ઉત્ક્લેદી [સં. ઉદ્ (ઉપર) + ક્લિદ્ (ભીનું થવું)] વિ. ભીનું.

ઉત્ક્લેશ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્લેશ (દુઃખ)] પું. ઉર્ધ્વવાયુથી થતું દુઃખ; એ નામનો એક રોગ; ઉપર જનાર વાયુથી થતું દુઃખ.

૨. પું. ઉશ્કેરાઈ જવું તે.

૩. પું. ઊલટી કરવાની લાગણી; મોળ.

૪. પું. ઓકારી; ઊબકો.

૫. પું. હરિયાલી આંદળી.

૬. પું. શરીરમાં કોઈ ભાગમાં બેચેની.

ઉત્ક્લેશક ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્લિશ્ (દુઃખ દેવું) + અક (કર્તાવાચક)] વ. જેના કરડવાથી પિત્તથી ઉત્પન્ન થતો રોગ થાય તેવો કીડો; એક જાતનું ઝેરી જીવડું.

૨. વિ. દુઃખ દેનાર; કષ્ટ આપનાર.

૩. વિ. મોળ ઉપજાવનાર.

ઉત્ક્લેશકારી [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્લેશ (દુઃખ) + કારિન્ (કરનાર)] વ. એક ઝેરી જીવડું. જુઓ ઉત્ક્લેશક.

ઉત્ક્લેશન [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્લિશ્ (દુઃખ દેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઊર્ધ્વવાયુથી થતું દુઃખ. જુઓ ઉત્ક્લેશ.

ઉત્ક્લેશાન્વસ્તિ [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્લિશ્ (દુઃખ દેવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + વસ્તિ (પિચકારી)] સ્ત્રી. રોગ મટાડનાર દવાની પિચકારી. તેમાં એરંડીનાં બી, જેઠીમધ, પીપર, સિંધાલૂણ, વજ અને સૈનાયનો ક્વાથ એટલે તુલસી વપરાય છે.

ઉત્ક્ષિપ્ત ૧. પું. પથરો.

૨. પું. ભર્યા મારવાં તે.

૩. પું. માપું કાઢવાની રીત; કોઈ એક બાજુએ ઊંચું કરવું તે.

૪. [સં. ઉદ્ (ઊંચું) + ક્ષિપ્ત (ફેંકેલ)] વિ. ઊંચે ફેંકેલ.

૫. વિ. નાશ પામેલ.

ઉત્ક્ષિપ્તશરીરાસન [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ક્ષિપ્ત (ફેંકેલ) + શરીર (દેહ) + આસન (બેઠક)] ન. સર્વાંગાસનવ્યાયામનું એક આસન; પગની બેડી ઊંચી કરી હાથ ઉપર ઊભા રહી બે હાથ ઊંચા રાખી, કોણીથી વાળીને હાથના અંગૂઠા બાવડાના મૂળમાં બગલ ઉપર રાખવાથી થતું આસન.

ઉત્ક્ષિપ્તસિરા [સં. ઉત્ક્ષિપ્ત (ઘસડો) + સિરા (નસ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પેશાબના આકારનું કાનનું એક ગૂમડું.

ઉત્ક્ષેપ ૧. [સં. ઉદ્ (ઊંચું) + ક્ષિપ્ (ફેંકવું)] પું. ઊંચકવું તે; વાવવું તે; ચાષી ક્ષેતરમાં બુદાં પાડવાં તે.

૨. પું. ઊલટી.

૩. પું. ઊંચે ઉઠાવવું તે; ઉછાળો; ઊંચે ફેંકવાપણું.

૪. પું. ઊંચે ઉઠાવેલ વસ્તુ.

૫. પું. જમીનનું ઊભસવાપણું.

૬. પું. ના પાડવી તે.

૭. પું. નિષેધ; નિકાલ.

૮. પું. ઊંચી રેખું તે; અતીસાર.

૯. પું. બહાર નીકળવું તે; નિસ્સરણ; સોટન.

૧૦. પું. મોકલવું તે; રવાનગી.

૧૧. પું. લમણા ઉપરનો ભાગ.

૧૨. પું. વસ્તિવિસ્તારમાં વર્ધ્વસેવ ગોસા આંદોની એ નામની લિપિ.

૧૩. વિ. ઊંચે ફેંકનાર.

ઉત્ક્ષેપક ૧. [સં. ઉદ્ (ઊંચું) + ક્ષેપક (ફેંકનાર)] પું. ઉપાડુગીર; બખિયાગર.

૨. વ. પાણી ઊંચે ચડાવવાનું એક યંત્રવંત; પંપ.

૩. વિ. ઊંચું કરનાર.

ઉત્ક્ષેપકકૂપ પું. ક્ષેપક કોષ; ભરવાની પોલો ભાગ; 'ચેન્દ્રિકમ'.

ઉત્ક્ષેપકપટલ [સં. ઉત્ક્ષેપક (ભરાવ કરનારું) + પટલ (પડદો)] પું. હૃદયની ડાબણી અને કાખી નીચલી કોથળી વચ્ચેનો પડદો; 'વેન્ટ્રિકયુલર સેપ્ટમ'.

ઉત્ક્ષેપકયંત્ર [સં. ઉત્ક્ષેપક (ઊંચે ફેંકનારું) + યંત્ર (સાધન)] ન. પંપ કરતાં વધારે ઊંચે અથવા વધારે દબાણ નીચે પાણી ઊંચે ચડાવવાનું યંત્ર; ચોપકયંત્ર; 'ફોર્સ પંપ'.

ઉત્ક્ષેપક્ષ ૧. [સં. ઉદ્ (ઊંચું) + ક્ષિપ્ (ફેંકવું)] ન. ઊભેડી નાખવું તે; ફેંકી દેવું તે.

૨. ન. ઊંચકવાનું સાધન. જેમકે, સાપું.

૩. ન. ઊંચકવું તે.

૪. ન. ઊલટી કરવી તે.

૫. ન. (-ક્ષણ) ઊંચું કરવાનું કામ; ઊર્ધ્વ દેશની સાથે સમોચના અસમવાયીકારણ રૂપ કર્મ. જુઓ ઉત્ક્ષેપણકર્મ.

કર્મના પાંચ પ્રકાર છે: ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન. ન્યાયદર્શન

૬. ન. ઊંચે જવું તે.

૭. ન. ચોરી.

૮. ન. હાંકવું.

૯. ન. ધાન્ય ખાંડવાનું લાકડું; સાંબેલું; મોમરી.

૧૦. ન. ઓકવું તે.

૧૧. ન. વીજળી; પંખો.

૧૨. ન. સોળ પ્રકારનું માપ.

ઉત્ક્ષેપણકર્મ [સં. ઉત્ક્ષેપણ (ઊંચું કરવાનું કામ) + કર્મન્ (ક્રિયા)] ન. (ન્યાય) માં દ્રવ્યના ઊર્ધ્વ દેશની સાથેના સંયોગનું અસમવાયીકારણ રૂપ કર્મ. હાથથી કરાતા કોઈ પણ કામમાં હાથ સમવાયીકારણ, હાથ સાથે પ્રયત્નવાન આત્માનો સંયોગ અસમવાયીકારણ અને પ્રયત્ન નિમિત્તકારણ છે. બાજુ ઉપરનાં ક્ષેતરાં દૂર કરવાને બાજુ બાંડિયામાં રાખી બાવડા હાથમાં સાંબેલું લઈ તેને ઊંચું કરી પછી નીચે બાંડિયામાં ફેંકે. જ્યારે તે સાંબેલું ઊંચું કરે ત્યારે હાથના અને સાંબેલાના ઊંચેના દેશ સાથે સંયોગમાં સાંબેલું સમવાયીકારણ, ફેંકવાની ક્રિયા કરતા હાથનો સંયોગ અસમવાયીકારણ અને હાથનો પ્રયત્ન નિમિત્તકારણ છે. આત્માના ઊર્ધ્વ દેશ સાથેના સંયોગના અસમવાયીકારણને ઉત્ક્ષેપણકર્મ કહે છે.

ઉત્ક્ષેપણા ૧. [સં. ઉદ્ (ઊંચું) + ક્ષેપણ (ફેંકવું તે) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બાજુ ઉપરનો ભાગ.

૨. સ્ત્રી. ઊંચે ફેંકવાપણું.

૩. સ્ત્રી. વીજળી; પંખો.

ઉત્ક્ષેપણી [સં. ઉદ્ (બહાર) + ક્ષિપ્ (ફેંકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. વઢનણી; એક વાસણમાંથી બીજા વાસણમાં પ્રવાહી ઠાલવવા માટે વપરાતી વાળેલી નળી; 'સાઇફન'. તેના બે ઢોયામાંનો એક ઢોયો લાંબો અને બીજો ટૂંકો હોય. ટૂંકો ઢોયો બાકી કરવાના પ્રવાહીમાં રખાય અને પછી નળીને ચૂસણથી અથવા બીજી રીતે પ્રવાહીથી ભરી ઢોયામાં આવે, એટલે લાંબા ઢોયામાં વધારે વજનને લીધે પ્રવાહી બીજા વાસણમાં વહી આવે. પ્રવાહીની સપાટી કરતાં નળીનો લાંબો ઢોયો નીચો હોય ત્યાંસુધી પ્રવાહી આમ ઠલવાયા કરે છે.

ઉત્ક્ષેપધર્મ [સં. ઉત્ક્ષેપ (વસ્તુના ઉપરનો ભાગ) + ધર્મન્ (ધર્મ આગ)] ન. સંખ્યમોની એટલે વસ્તુગત વિશિષ્ટ સ્થાન (વાસ્તવ ચાર) ની

ઉપર અને કેડાને અંતે આવેલાં અર્ધા આંગળનાં સ્નાયુમર્મ. આ મર્મ વિક્ષત કે ક્ષોભાય છે. તાં ઈજા કરનાર શસ્ત્ર એમનું એમ રહે અથવા તો પાછી પડ સાથે પોતાની મેળે બહાર નીકળી જાય તો માણસ બચે, પરંતુ તે શસ્ત્ર એકદમ બહાર ફટકામાં આવે તો માણસ મરી જાય.

ઉત્ક્ષેપલિપિ [સં. ઉત્ક્ષેપ (ઊંચે ફેંકવાપણું) + લિપિ (લખવાની રીતી)] સ્ત્રી. ચોસઠ પ્રકારની લિપિ માંહેની એ નામની એક.

ઉત્ક્ષેપાવર્ત પું. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ લિપિમાંની એક.

ઉત્ક્ષેપાવર્તલિપિ સ્ત્રી. ચોસઠ માંહેની એક લિપિનું નામ.

ઉત્ખચિત ૧. [સં. ઉદ્ (ઉપર) + ખચિત (જડેલું)] વિ. ઊંચે જડેલ

૨. વિ. ગૂંથેલ.

૩. વિ. રચેલ.

ઉત્ખનન [સં. ઉત્ખન્ (ખોદવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ખોદાણ; ખોદકામ.

ઉત્ખલ્લા [સં.] સ્ત્રી. એક જાતની સુરાપી; મુરા; મુરામાંસી.

ઉત્ખાત ૧. ન. ઝાપું.

૨. [સં. ઉત્ (ઘણું) + ખન્ (ખોદવું)] ન. ખણવું તે; ખોદવાની ક્રિયા.

૩. ન. પોલી જગ્યા.

૪. વિ. ઉખેડેલું; ઉપાડેલું.

૫. વિ. ઉન્મૂલિત; જડમૂળથી ઉખેડેલું.

૬. વિ. ખોદી કાઢેલું.

૭. વિ. વિદારિત; ચીરેલું; ફોડેલું.

ઉત્ખાતકેલિ [સં. ઉત્ખાત (ખોદવું) + કેલિ (રમત)] પું. માટી ઉખેડવાની મસ્તી; જળ વગેરેની સિસકારી માટી ઉખેડવાની રમત.

ઉત્ખાતનળી [સં. ઉત્ખાત (ખોદી કાઢેલું) + નલક (લાંબું હાડકું)] સ્ત્રી. પગવાળા પયરમાં માલમ પડતા પ્રાણી અથવા ઘોડાના અવશેષ; 'ફીમિલ'.

ઉત્ખાતક [સં. ઉત્ખાત] વિ. ખોદનાર.

ઉત્ખાતી ૧. [સં. ઉદ્ (બાંધી) + ખાત (ખોદી કાઢેલું)] વિ. નાશ કરનાર; ખોદી નાખનારું.

૨. [સં. ઉત્ (ઘણું) + ખાત (ખાડો) + ઇન્ (વાળું)] વિ. ખાડાટેકરાવાળું.

ઉત્ખેડ ૧. [સં. ઉત્ખિદ્ (ઉખાડી નાખવું)] પું. છેદન.

૨. પું. નાશ.

ઉત્ત ૧. [સં. ઉક્ત] વિ. (પ્રાકૃત) કહેલું.

૨. વિ. બનાવેલું.

૩. [સં.] વિ. લીલું; ભીનું.

૪. [સં. ઉપ્ત] વિ. (પ્રાકૃત) વાવેલું.

ઉત્તંક ૧. પું. એક મુનિનું નામ. તેનો આશ્રમ મારવાડમાં છે.

૨. [સં. ઉત્કટ] વિ. (ક્રિયા) તીવ્ર; જબરું; જોરદાર.

૩. વિ. મદ ચડ્યો હોય એવું; ઝાંઝું; મસ્ત.

૪. વિ. મુશ્કિલ; કઠણ.

૫. વિ. વિરામ; પ્રતિકૂળ; ઊલટું; અવળું.

ઉત્તટ [સં. ઉદ્ (બહાર) + તટ (કિનારો)] વિ. કાંઠાને ઓળંગનાર.

ઉત્તઠ (ઉત્તટ) [અ.] સ્ત્રી. એક ઉપર બીજી ચીજ મૂકવી તે.

ઉત્તનપાદ પું. સ્વાયંભુવ મનુનો એ નામનો દીકરો; ઉત્તાનપાદ.

ઉત્તપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

ઉત્તપ્ત ૧. [સં. ઉદ્ (બહુ) + તપ્ત (તપેલું)] ન. ઘણી ગરમી; સખત તાપ; ઉનાપ

૨. [સં. ઉદ્ (બહુ) + તપ્ત (સંતાપ પામેલું)] ન. સંતાપ.

૩. ન. રક્ત માંસ.

૪. વિ. આતુર; ઉત્સુક.

૫. વિ. ગુસ્સે થયેલ; ક્રોધે ભરાયેલ; કોપાયમાન.

૬. [સં. ઉદ્ (બહુ) + તપ્ત (ક્રોધ કીધેલું)] વિ. તેજોમય; તેજસ્વી; પ્રકાશવાળું

૭. [સ. ઉદ્ (બહુ) + તપ્ત (દુઃખી)] વિ. દુઃખી; ક્લેશવાળું; પીડિત; સંતાપ પામેલું.

૮. વિ. નહિલ થયેલ; સાફ કરેલું; નવરાવેલું

૯. વિ. સાક્ષાત્કાર થયેલું; પ્રગટેલ; ખૂબ તપેલ; બહુ ગરમ થયેલું.

ઉત્તમંગ ન. માથા ઉપરથી.

ઉત્તમ ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદ રાજાને સુરુચિથી થયેલ બે નામનો દીકરો; ધ્રુવનો ઓરમાન નાનો ભાઈ. બે વાર થયા પહેલાં જંગલમાં મૃગયા સારૂ જતાં તાં યક્ષને હાથે મરણ પામ્યો હતો.

૨. [સં.] પું. એક જાતનો ચોખો.

૩. પું. (પુરાણ) ચૌદમાંનો બે નામનો ત્રીજો મનુ; સ્વાયંભુવ મન્વંતરમાં પ્રિયવ્રત રાજાને બીજી રાણીથી થયેલ ત્રણ માંહેનો સૌથી મોટો દીકરો. એની સત્તાના કાળને ચૌદમી મન્વંતર નામ આપેલું છે. તેને દસ દીકરા હતા. તેમાંનો સૌથી નાનો રાજા બહુ ઉદાર અને કીર્તિમાન હતો.

૪. પુ. હરિ; રવિ

૫. પું. (પુરાણ) ભારતવર્ષનો બે નામનો એક દેશ

૬. પું. વાઘ અથવા વાઘિણની મદદ વિના પોતે એકલો મારી શકનાર શિકાર.

૭. પું. વિષ્ણુ, કેમકે તેઓ ઉત્તમ છે.

૮. પુ. સત્વનું એક નામ.

૯. પુ. (જ્યોત્સ) સૌથી સારો નક્ષત્ર.

૧૦. ન. ક્રાંત ધરના મોટા આગળ અને તેની પછીતે એક એક આલિદ હોય, બે આલિંદે આગળ એક એક આલિંદ વધારી ક્રાંતમાં પાટડો નાખવામાં આવે તેનું એક જાતનું ઘર.

૧૧. ન. (સંગીત) તાલના મુખ્ય છ અંગ માંહેનું બીજું; કુતઅંગ; લઘુ; દ્રોહુત; વલમ; કુપ; ખિંડુ; અર્ધમાત્રિક; સુરત્તા; આકાશ, અજના; અક્ષરદ્વય; વૃત્ત; ૬; બે માત્રાને અંતરે તાલ આવે તે ભાગ; બે માત્રાનું અંગ.

૧૨. ન. ઋષભ સ્વરસ્થાન માંહેનું એક; તાર સ્વર. મન્દ્ર, મધ્ય, તાર એ ત્રણ સ્વરસ્થાની માટે મન્દ્ર, મધ્યમ અને ઉત્તમ એ શબ્દો આવેલા છે પુરા.તત્વ

૧૩. ન. (ક્રિયા) દૂધ.

૧૪. વિ. વિરલ.

૧૫. વિ. સૌથી આગળનું; મુખ્ય; પહેલું.

૧૬. [સં. ઉદ્ (ઘણું) + તમ (સૌથી વધારે એવા અર્થનો પ્રત્યય)] વિ. સૌથી અધિકારું; બધાથી સારું; ઉત્કૃષ્ટ.

> જગતઈ વિષઈ ઉત્તમ શબ્દ સમસ્તહુ દ્વારા પડિઉ દઈ. (સંવત ૧૨૦૪) પુરાતત્વ

ઉત્તમઅંગ ૧. [સં. ઉત્તમ (શ્રેષ્ઠ) + અંગ (અવયવ)] ન. મસ્તક; માથું.

૨. ન. મુખ.

૩. [સં. ઉત્તમ (અધિકાર) + અંગ (શરીર)] ન. એક શરીર.

ઉત્તમકાવ્ય [સં. ઉત્તમ (સૌથી સારું) + કાવ્ય] ન. ઝોક ધારેલ અર્થ કરતાં બંધ જોરદાર અને વધારે ચમત્કારી હોય તેવી કવિતા; ધ્વનિકાવ્ય.

ઉત્તમકુમારી [સં. ઉત્તમ (સૌથી સારું) + કુમારી (કન્યા)] સ્ત્રી. નહિ પરણેલ ઉત્તમ સ્ત્રી. તેનાં લક્ષણ: ઊંચપણ કે સ્વામવર્ણ, દમામવાન, ચાલ હરણી જેવી અને દાંત નાના.

ઉત્તમગતિ ૧. [સં. ઉત્તમ (સૌથી સારું) + ગતિ (મરણ પછીની દશા)] સ્ત્રી. પવિત્ર જગામાં અથવા પવિત્ર લિવસે થયેલું મરણ.

૨. સ્ત્રી. મરણ પછી સારી સ્થિતિ પામવી તે; મુક્તિ; મોક્ષ.

૩. સ્ત્રી. સ્વર્ગવાસ; દેવગતિ.

ઉત્તમગમ [સં. ઉત્તમ (સૌથી સારું) + ગમ (પ્રકાર)] વિ. બેસ્ટ; સૌથી સારી જાતનું.

ઉત્તમગંધિયા ૧. [સં. ઉત્તમ (સરસ) + ગંધ (વાસ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મંગેસી.

૨. સ્ત્રી. ચૂપડી; મસાલી.

સુમના ભલી મલ્લિકા **ઉત્તમગંધિયા** હોઈ; અંબુજા જિમવલ્લિની રાજપુત્રિકા સોઈ.
વિનયસાગરોપાધ્યાય

ઉત્તમગંધાઢ્ય [સં. ઉત્તમ (સૌથી સારું) + ગંધ (વાસ) + આઢ્ય (યુક્ત)] વિ. મીઠી ખુશબોવાળું; સારી સોરમ આપનારું.

ઉત્તમગુણ [સં. ઉત્તમ (શ્રેષ્ઠ) + ગુણ] પું. શ્રેષ્ઠ ગુણ.

ઉત્તમગુણગ્રહણાનન [સં. ઉત્તમ (શ્રેષ્ઠ) + ગુણ + ગ્રહ (પકડું) + આનન (આકાર)] વ. શ્રેષ્ઠ ગુણનો પક્ષપાત.

ઉત્તમચરિત [સં. ઉત્તમ (સરસ) + ચરિત (વર્તન)] વ. ઉમદા વર્તન.

ઉત્તમતા ૧. [સં. ઉત્તમ (સૌથી સારું) + તા (પણું)] સ્ત્રી. ચડિયાતાપણું; જેકતા.

૨. સ્ત્રી. સરસાઈ; સારપણ.

ઉત્તમત્વ ૧. [સં. ઉત્તમ (ચડિયાતું) + ત્વ (પણું)] વ. ચડિયાતાપણું; જેકતા.

૨. વ. સરસાઈ.

ઉત્તમદંડ [સં. ઉત્તમ (ચડિયાતું) + દંડ (સિક્કા તરીકે ચલણનું નાણું)] પું. પાંચસોથી એક હજાર પણ એટલે ૮૦ કોડીની કીમતનો એક જાતનો સિક્કો ભરવાની સજા.

ઉત્તમદારુણી [સં. ઉત્તમ (સૌથી સારું) + દારુણી (એક વનસ્પતિ)] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; મેદાસિંગી.

ઉત્તમપણું [ઉત્તમ (સૌથી સારું) + પણું] વ. જેકતા; ચડિયાતાપણું.

ઉત્તમપદ ૧. [સં. ઉત્તમ (સૌથી સારું) + પદ (સ્થિતિ)] વ. ઊંચી પદવી; મોટો અને સરસ હરબ્બો.

૨. વ. મોક્ષ; મુક્તિ.

૩. વ. બ્યાપદ; સાખ્યપદ; સાબિત કરવાની બાબત.

૪. વ. સ્વર્ગ.

ઉત્તમપુર [સં. ઉત્તમ (ચડિયાતું) + પુર (નગર)] વ. દ્વારકા.

ઉત્તમપુરુષ ૧. [સં. ઉત્તમ (સૌથી સારું) + પુરુષ (આત્મા)] પું. ઈશ્વર; પરમાત્મા.

૨. પું. (જૈન) તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ શ્રેષ્ઠ જીવ.

૩. પું. (વ્યાકરણ) પહેલો પુરુષ હું, તું અને તે એ વસ્તુમાંનો ' હું ' શબ્દથી સમજાતો પુરુષ.

૪. પું. સદ્‌ગુણી માણસ; શ્રેષ્ઠ જન.

૫. પું. સવિશેષ પુરુષ; વીર માણસ.

ઉત્તમપુષ્પ [સં. ઉત્તમ (ચડિયાતું) + પુષ્પ (ફૂલ)] વ. ગાય ઉપર ચરેલ ફૂલ.

ઉત્તમપ્રજ્ઞ [સં. ઉત્તમ (ચડિયાતું) + પ્રજ્ઞા (હોશી)] વિ. સૌથી સારો હોશી; બહુ ઊંડું જ્ઞાન ધરાવનાર.

ઉત્તમપ્રાકૃપ્રાગ્‌ [સં. ઉત્તમ (સરસ) + પ્રાકૃપ્રાગ્‌ (પ્રાકૃપ્રાગ્‌ની ગતિ રોકવાની ક્રિયા)] પું. બધા પ્રકારને લીધે જોવાં મિલની બહુ સ્થિરતા આવ તેવો પ્રાકૃપ્રાગ્‌.

ઉત્તમફણિ [સં.] સ્ત્રી. દુહેલીનો વેલો.

ઉત્તમફણિની [સં. ઉત્તમ (સરસ) + ફણિન્‌ (ફણાવાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દુધીનો વેલો; દુધિયા.

ઉત્તમભોગભૂમિ [સં. ઉત્તમ (ચડિયાતું) + ભોગ (સુખ) + ભૂમિ (જમીન)] સ્ત્રી. (જૈન) દેવકુરુ અને ઉત્તરકુરુ નામનાં દસ ઠેકાણાં. ત્યાંના લોકોને આજીવિકા માટે મહેનત કરવાની હોતી નથી. દસ જાતનાં કલ્પવૃક્ષ હોય છે. તે કપડાં, ખોરાક, મકાન વગેરે સંબંધી તેમ્હોની ઇચ્છા પૂરી પાડે છે.

ઉત્તમભોજ પું. મહાભારતના યુદ્ધમાં સામ લેનાર પંચાલ દેશનો એ નામનો રાજા.

ઉત્તમમતિ [સં. ઉત્તમમતિ] સ્ત્રી. સારી મતિ; ચડિયાતી બુદ્ધિ; ઊંચો વિચાર.

ઉત્તમમિત્ર [સં. ઉત્તમ (ચડિયાતું) + મિત્ર (આકર્ષણ)] પું. જેના અવયવ સમજનો સરસ ગોસ્ત. ડૉક્ટરોએ ઉત્તમ મિત્રના છ જેટલ જાતભાત છે: (૧) નિત્ય મિત્ર, (૨) વરણ મિત્ર, (૩) સહજન્મન મિત્ર, (૪) ક્રિયાપ્રેમાગ્રહ મિત્ર, (૫) મહન મિત્ર અને (૬) અદ્વૈષ્ય મિત્ર.

ઉત્તમર્ણ ૧. [સં. ઉત્તમ (સરસ) + ઋણ (દેવું)] પું. લેણદાર; લેવાવાળો; કરજદાર.

૨. પું. ધનિક; સાહુકાર.

૩. પું. મહાજન.

૪. પું. ગોસ્તુદાર.

ઉત્તમવારિ ૧. વ. ગુણમાં ચડિયાતું પાણી.

૨. [સં. ઉત્તમ (સરસ) + વારિ (પાણી)] વ. ગોખનું ઘોલ; લંડસોડા.

ઉત્તમશ્લોક [સં. ઉત્તમ (ચડિયાતું) + શ્લોક (કીર્તિ)] પું. બહાદુર માણસ; પુરુષ-શ્લોક; સુવિખ્યાત પુરુષ.

૨. [સં. ઉત્તમ (સૌથી સારું) + શ્લોક (કવિતા)] પું. ચડિયાતું કાવ્ય.

૩. વિ. યશસ્વી; કીર્તિવાળું; ખ્યાતિવાળું; વખાણવા લાયક.

૪. વિ. સારી વાંસળીવાળું.

ઉત્તમસંગ્રહ [સં. ઉત્તમ (સરસ) + સંગ્રહ (જમો)] પું. સારો સંપરો.

ઉત્તમસાહસ ૧. [સં. ઉત્તમ (ચડિયાતું) + સાહસ (એક જાતનો દંડ)] પું. ધર્મશાસ્ત્રમાં કહેવામાં આવેલ એક જાતનો; એક હજાર પણનો દંડ.

૨. પું. મોટો દંડ; સખ્ત સજા. જેમકે, વધ, સર્વસ્વહરણ, દેશનિકાલ, અંગભેદ એટલે શરીરના અવયવ કાપી નાખવાની શિક્ષા.

૩. [સં. ઉત્તમ (મોટું) + સાહસ (અવિચારી કામ)] વ. બહું અવિચારી કામ.

૪. [સં. ઉત્તમ (મોટું) + સાહસ (બળાત્કાર)] વ. બળથી કરેલું કોઈ કામ; જોરજુલમનું કામ. જેમકે, પ્રાપ્તીદિસા.

ઉત્તમસુરા [સં. ઉત્તમ (ચડિયાતું) + સુરા (દારૂ)] પું. શુદ્ધ આસવ; મદાર્ક; ઊંચી જાતનો દારૂ.

ઉત્તમસ્ત્રીસંભોગ [સં. ઉત્તમ (ઉત્તમ) + સ્ત્રી (બાઈ) + સંભોગ (સમાગમ)] વ. પારકી સ્ત્રી સાથે કરેલ મૈથુનનો જેવો પ્રસંગ.

ઉત્તમસ્થાન [સં. ઉત્તમ (જેવું) + સ્થાન (ઠેકાણું)] વ. મોક્ષ પામેલ જીવને રહેવાનું ઠેકાણું.

ઉત્તમંગ [સં. ઉત્તમ (ચડિયાતું) + અંગ (અવયવ)] ન. (ડિંગળ) મસ્તક; માથું.

ઉત્તમા ૧. વિ. અણવું અને રક્તપિત્તના વધવાથી મુખ ઉપર મસ કે ખાડા જેવડી ફોડકીઓ થાય એવો રોગ.

૨. સ્ત્રી. એક જાતની પૂરી.

૩. સ્ત્રી. એક જાતની ફોડકી; ખીલ.

૪. સ્ત્રી. એક જાતની વેલ; ઉદીચરા; ગુગ્ગલુ; ઉતરન.

૫. [સં. ઉત્તમ (ચડિયાતું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની સ્વકીયા નાયિકા. તે પતિનું હિત કરનારી હોય અને તેના તમામ લક્ષણો ઉત્તમ હોય. જુઓ ઉત્તમાનાયિકા.

૬. સ્ત્રી. બહુ સુંદર સ્ત્રી.

૭. સ્ત્રી. (પુરાણ) માણુ વૈવસ્વત મન્વંતરની ઓગણીસમી ચોકડીમાં થઈ ગયેલ વ્યાસ; કર્ણમા.

૮. સ્ત્રી. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે અંધારિયાની એક રાત્રિનું નામ.

૯. સ્ત્રી. ત્રિફળા; હરડાં, બહેડાં અને આમળાં.

૧૦. સ્ત્રી. દુધીનો વેલો; દુગ્ધિકા.

૧૧. સ્ત્રી. જોંધમાંજણી.

૧૨. સ્ત્રી. મૈનસિલ; મનઃશિલ નામનો એક ખનીજ પદાર્થ.

૧૩. સ્ત્રી. ભોંય.

૧૪. વિ સ્ત્રી. સારી; ભલી; ઉત્તમ.

ઉત્તમાકૂતી [સં. ઉત્તમ (ચડિયાતું) + આ (નારીજાતિનો પ્રત્યય) + કૃતી (સંદેશો લઈ જનારી સ્ત્રી)] સ્ત્રી. નાયકાનાયિકાને મીઠી વાતોથી સમજાવી મનાવી લે તેવી દાસી.

ઉત્તમાધિકારિણી [સં. ઉત્તમ (જેવું) + અધિકાર (હોદ્દાનો) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ઊંચા પ્રકારની હોદ્દાવાળી.

ઉત્તમાધિકારી [સં. ઉત્તમ (ચડિયાતું) + અધિકાર (હોદ્દો) + ઇન્ (વાળું)] પું. ઊંચા પ્રકારનો અધિકારી એટલે લાયક પુરુષ.

ઉત્તમાનંદ પું. સ્વામી-નારાયણ સંપ્રદાયનો એ નામનો એક કવિ.

ઉત્તમાનાયિકા [સં. ઉત્તમા (ઊંચા પ્રકારની) + નાયિકા (મુખ્ય સ્ત્રીપાત્ર)] સ્ત્રી. પતિ પ્રતિકૂલ વર્તે ત્યારે અનુકૂલ બની રહે તેવી સ્વકીયા નાયિકા.

ઉત્તમારણી ૧. [સં.] સ્ત્રી. ઉદીચરી; એક જાતની વનસ્પતિ; શતમૂલી.

૨. સ્ત્રી. ઉદ્દાલકી; ઉદ્દાલક ઉદ્દાલકમુનિનો વેલો.

ઉત્તમાર્ધ [સં. ઉત્તમ (સારું) + અર્ધ (અડધો ભાગ)] પું. ચડિયાતો અડધો ભાગ.

ઉત્તમાહ ૧. [સં. ઉત્તમ (ઊંચું) + અહન્ (દિવસ)] પું. એકલો દિવસ.

૨. [સં. ઉત્તમ (સૌથી ચડિયાતું) + અહન્ (દિવસ)] પું. જેના દિવસ; સૌથી ચડિયાતો દિવસ.

ઉત્તમાંક ૧. [સં. ઉત્તમ (જેવા) + અંક (ચિહ્ન)] પું. અવકીર્ણ વિદ્યાર્થી અને પુનરુત્પાદન માટે ઉપયુક્ત, પ્રકાશ, ભેજ, ખોરાક વગેરે સજીવો અત્યંત અનુકૂળ સંયોગ.

૨. પું. સરસ પરિશ્રમ નીપજવે એવા સંજોગ; 'ઑપ્ટિમમ.'

ઉત્તમાંગ ૧. [સં. ઉત્તમ (જેવા) + અંગ (ભાગ)] પું. બ્રહ્મવૈવર્તનું ઉપનિષદ.

૨. પું. રાજા.

૩. [સં. ઉત્તમ (જેવા) + અંગ (અવયવ)] ન. ઉત્તમ અંગ; શીર્ષ; મસ્તક; માથું. માથું એ પ્રાણનું તેમજ બધી ઇંદ્રિયો આશ્રિત રહ્યા હોવાનું કારણ હોઈ ઉત્તમાંગ કહેવાય છે.

૪. ન. પ્રધાન તત્ત્વ; મુખ્ય વસ્તુ.

૫. ન. મુખડું મોઢું.

ઉત્તમાંગાસન [સં. ઉત્તમ (ચડિયાતું) + અંગ (અવયવ) + આસન (બેઠક)] ન. પોતાનું એ નામનું એક આસન. હોલાસનની જેમ પગ રાખી હાથને કોણીથી વાળી હથેળીઓ મોઢા પાસે ગોઠવીને ઓ તેમ રાખી, મોઢું નીચે રહે એમ સૂવાથી આ ઉત્તમાંગાસન કહેવાય છે. આ આસન શરીરમાં રહેલાપણ આપી કુંડલિની નામની શક્તિને જાગ્રત કરતું મનાય છે.

ઉત્તમાંગાહ [સં. ઉત્તમ (જેવા) + અંગમ્ (આધ્યાત્મિક તુષ્ટિ)] ન. (સાંખ્ય) દિવસના ત્યાગથી થતો સંતોષ. ભોજની પરિભાષામાં એને સાર્વભૌમ મહાગત કહે છે.

ઉત્તમાંગઃ [સં. ઉત્તમ (જેવા) + અંગમ્ (આધ્યાત્મિક તુષ્ટિ)] ન. સાંખ્યમત પ્રમાણે નવ પ્રકારની એ નામની તુષ્ટિ એટલે સંતોષ. જુઓ ઉત્તમાંગાહ.

ઉત્તમાંશ ૧. [સં. ઉત્તમ (જેવા) + અંશ (ભાગ)] પું. ઉત્તમ અંશ; જેવા ભાગ; સૌથી સારો ભાગ; તત્ત્વ; સાર.

૨. પું. મોટું મગજ; અસ્તિષ્ક; મસ્તુલુંગ; મગજના બે ભાગ પાડેલો આગળનો અને મોટો ભાગ; સેરેબ્રમ; 'સેરિબ્રમ'. વિચારશક્તિ અને ઇચ્છાશક્તિનું તે કેન્દ્રસ્થાન છે.

ઉત્તમોત્તમ ૧. [-સં.] ન. ઢાળનો એક પ્રકાર.

૨. [સં. ઉત્તમ (જેવા) + ઉત્તમ (જેવા)] વિ. સરસમાં સરસ; જેવા; સર્વોત્કૃષ્ટ; સર્વોપરી.

ઉત્તમોત્તમક [સં. ઉત્તમ (ચડિયાતું) + ઉત્તમ (જેવા) + ક (વાળું)] ન. લાસ્યના દસ અંગમાંનું એક; રસ અને ભાવથી પૂર્ણ, ક્રોધ અથવા પ્રસન્નતા ઉત્પન્ન કરતું, ગ્રેરણાવાળું, હાવભાવથી સુશોભિત અને પદરચનાથી મનોહર ગાન.

ઉત્તમૌજસ ૧. [સં. ઉત્તમૌજસ્] પું. એ નામનો એક રાજા; દશમા મન્વંતરનો અધિપતિ મનુનો એક પુત્ર; સુધામન્યુ રાજાનો ભાઈ.

૨. [સં. ઉત્તમ (જેવા) + ઓજસ્ (તેજ)] વિ. અત્યંત તેજસ્વી.

ઉત્તમૌજા ૧. [સં. ઉત્તમૌજસ્] પું. (પુરાણ) પાંચાળ દેશનો રાજપુત્ર અને પાંડવપક્ષનો એક બળવાન યોદ્ધો ભારતીય યુદ્ધ પૂર્વે બંને પક્ષોના તત્ત્વમાં સહી હતો, રાત્રે અશ્વત્થામાએ એને મારી નાખ્યો હતો.

૨. પું. (પુરાણ) મનુ ભાગવતના દસ પુત્રમાંનો એ નામનો એક.

૩. [સં. ઉત્તમ (સારું) + ઓજસ્ (બળ)] વિ. બહુ બળવાનું.

૪. [સં. ઉત્તમ (જેવા) + ઓજસ્ (તેજ)] વિ. બહુ તેજવાનું.

ઉત્તમૌષધિ ૧. [સં. ઉત્તમ (જેવા) + ઔષધિ (દવા)] સ્ત્રી. જેવા ઓસડ; સારી દવા.

૨. [સં. ઉત્તમ (સરસ) + ઔષધિ (વનસ્પતિ)] સ્ત્રી. સૌથી સરસ વનસ્પતિ.

ઉત્તર ૧. પું. ઉત્તર દિશાની તરફનો ભાગ.

૨. પું. (વાસ્તુપું) ઉત્તરનો પવન.

૩. પું. ઉપરનો ભાગ; ઢાંકણ.

૪. [સં.] પું. (સિદ્ધ) એક જાતનું મોતરમ.

૫. પું. (ગણિત) ભાગકરણના પ્રમાણમાં પણ વધતાં ભાગ હોય એવી ભાગફળની કોઈ પણ બે પાસેપાસેની પદોની વચ્ચેનું ગુણોત્તર; જમ: 'આ ગ્રેમન રેશિયો'. જેમકે, ૩, ૬, ૧૨, ૨૪, ૪૮ એ ભાગફળમાં ઉત્તર ૨ છે.

૬. પું. (પુરાણ) કશ્યપ કુળનો એક ઋષિ.

૭. પું. (વેદાંત) આગળ દૂર કરવાનું વાક્ય.

૮. પું. ભોજક તત્ત્વ માંહેનું એક.

૯. પું. (કાવ્ય) બહુ પ્રશ્નોનો એક જ જવાબ હોય એવો અલંકારપ્રકાર. જેમકે,

> કો જગતમાંહ્ય કો અજાત,
> કો દયી બધે કુરંગ;
> કો વનવાસ કો અમિત,
> સમજી કહો સારંગ.

એટલે જગતનું ભોંયરું કરનાર કોણ? સારંગ

(સૂર્ય). અવશ્ય કોણ? સારંગ (પક્ષ). હરિણ મારીને કોણ ખાય? સારંગ (સિંહ). મેઘનો વાચક કોણ? સારંગ (પપીહો). ક્ષતિ વિનાનું કોણ? સારંગ (આકાશ). આમાં બધા સવાલનો એક જ જવાબ સારંગ છે.

૧૦. [સં.] પું. (કાવ્ય) જવાબ સાંભળતા જ પ્રશ્નનું અનુમાન કરવામાં આવે અથવા પ્રશ્નોના અપ્રસિદ્ધ જવાબ આપવામાં આવે એવો અલંકાર.

૧૧. પું. (વેદાંત) જે બાબત જણવાની ઇચ્છા હોય તે બાબત જણાવનારું વાક્ય.

૧૨. પું. ઢાંકો ભાગ.

૧૩. પું. પ્રતિકાર; બદલો.

૧૪. પું. પ્રશ્નોમાં જ જવાબ હોય એવો કાવ્યાલંકાર.

૧૫. પું. ભવિષ્ય; આવતો વખત.

૧૬. [સં. ઉત્તરીય (ઉપરનું કપડું)] પું. વહુપક્ષ તરફથી વરને અપાતી ભક્ષિસ.

૧૭. પું. વિધાન; કથન; નિવેદન.

૧૮. પું. (પુરાણ) વિરાટ રાજાનો દીકરો. એનું બીજું નામ બૃહન્નળ હતું. એક વખત વિરાટ રાજાની ગાયો ચોરવી લઈ જતા હતા. વિરાટ રાજા લશ્કર લઈ તેની પાછળ ગયો. તેવામાં પુષ્કળ દુર્યોધન બીજી દિશામાંથી વિરાટ નગર ઉપર આવતો હતો. આ વાત ગોવાળિયાઓએ નગરમાં આવીને જણાવી ત્યારે ઉત્તર ઓખો સાથે બેઠો હતો. ગોવાળિયાની વાત સાંભળી ઉત્તર કહેવા લાગ્યો કે મારે સારથિ નથી, એટલે હું એકલો શું કરું? મને સારથિ મળે તો હું હાલ જ શત્રુઓને ભોંયે સુવાડું. આ ઉપરથી બૃહન્નલે જેનું સારથિપણું કરવું કબૂલ્યું અને એ યુદ્ધ કરવા ગયો. બૃહન્નલની મદદથી તે વિજયી થઈ પાછો આવ્યો. ભારતી યુદ્ધમાં એ પાંડવ પક્ષમાં હતો. બધા યોદ્ધા સાથે લડી છેવટે સહદેવ રાજાને હાથે તે મરણ પામ્યો.

૧૯. [સં. ઉત્તર (પાર ઉતરવાના)] પું. વિષ્ણુ તે ઉત્તર દેશ અને ઉત્તર દિશા છે, પ્રમાણ ઉત્તરરૂપ છે, પૂર્વ અને ઉત્તરકાળમાં ઉત્તરકાળ અથવા પાછળનો કાળ તે છે, ઉત્તર એટલે ભવસાગરની પેલી પાર ઉતારનારા તે જ છે, સર્વ તત્ત્વોમાં જેમ તત્ત્વ પરમાત્મતત્ત્વ પણ તે જ હોઈ તે ઉત્તર કહેવાય છે.

૨૦. પું. શિવ; શંકર; મહાદેવ. તેઓ જીવોને ભવસાગરની પેલી પાર તારે છે માટે ઉત્તર કહેવાય છે.

૨૧. પું. (વેદાંત, મીમાંસા) સિદ્ધાંતને અનુકૂળ તર્ક કરી બતાવવા તે.

૨૨. પું. હારીને આગલે પગે બાંધવાની સાંકળ.

૨૩. પું.; ન. જવાબ; પ્રતિવાક્ય; પ્રતિસ્પર્ધા.

૨૪. પું.; ન. બચાવ માટે કહેવાપણું; બચાવનું કથન; રહિનો.

૨૫. પું.; ન. શબ્દ; વચન; વાક્ય; બોલ.

૨૬ સ્ત્રી. (સંગીત) મદ્રાસ પ્રાંત અને મહિસુર સંસ્થાન સિવાય બાકીના હિંદુસ્તાનમાં ચાલુ સંગીતની રીત.

૨૭. [સં. ઉત્તરા] સ્ત્રી. સવારના સૂર્ય તરફ મોઢું રાખી ઊભા રહેતાં ડાબા હાથ તરફની બાજુ. ઉત્તર દિશા.
ઉત્તર દક્ષિણ જેટલું અંતર = (૧) બહુ જ અંતર. (૨) સંપૂર્ણ મતભેદ.

૨૮. ન. (ન્યાય) અધિકરણ એટલે નિર્ણય કરવામાં પાંચ અંગવાળા વાક્ય સમુદાયનું બીજું અંગ એટલે ભાગ. મીમાંસા દર્શન પ્રમાણે વિષય, સંશય, પૂર્વ પક્ષ, ઉત્તર પક્ષ અને સંગતિ અથવા નિર્ણય એ અધિકરણનાં એટલે નિર્ણયનાં પાંચ અંગ છે.

૨૯. ન. ઉત્તમપણું, શ્રેષ્ઠતા.

૩૦. ન. ઊતરવું તે; ઓળંગવાપણું.

૩૧. ન. પરિણામ.

૩૨. ન. પુરુષ વિના કોરું તે.

૩૩. ન. દૂરની કિનારી; અપ:પ્રસ્તાર.

૩૪. ન. (જ્યોતિષ) બાર, બોતરીસ અને છવ્વીસમું નક્ષત્ર

૩૫. ન. ચેતવું ગીત.

૩૬. ન. (ચણિત) ભેળ; બાકી રહેલ ભાગ.

૩૭. ન. સામા પક્ષનો પ્રતિષેધ એટલે ના.

૩૮. ન. સાગંડા; છેવટ.

૩૯. વિ. અધિક; વધારે; વધતું; ઉપર. જેમકે, અષ્ટોત્તરશત એટલે સો ઉપર આઠ.

૪૦. વિ. ઉત્તરમાં બનેલું; ઉત્તર દિશા તરફનું.

૪૧. વિ. ઉપરનું; ઊંચેનું; ઉપર રહેનાર.

૪૨. વિ. ઉપરાંતનું.

૪૩ વિ. છેલ્લું; અંતનું; છેવટનું.

૪૪. વિ. ડાબું; ડાબી બાજુનું; બાંયા.

૪૫. વિ. નું બનેલું; થી ભરેલું.

૪૬. વિ. પાછળ આવતું; અનુસરતું; પછીનું; પાછલું.

૪૭. વિ. પાર ઉતારનાર.

૪૮. વિ. પ્રધાન; મુખ્ય

૪૯. વિ. બાકીનું; આગલું.

૫૦. વિ. ભવિષ્યકાળનું.

૫૧. વિ. મુખ્ય નહિ એવું; ગૌણ.

૫૨. વિ. સર્વોત્કૃષ્ટ; શ્રેષ્ઠ; ઉત્તમ.

૫૩. ન. પછી.

ઉત્તર અક્ષાંશ ૧. પું. વિષુવવૃત્ત (ઇક્વેટર)થી ઉત્તરમાં હરકોઈ જગાનું અંતર.

૨. [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + અક્ષ (ઉત્તર-દક્ષિણ અંતર) + અંશ (કુંડાળાનો ૩૬૦મો ભાગ)] પું. વિષુવવૃત્ત (ઇક્વેટર)થી ઉત્તરનો અક્ષાંશ; પૃથ્વીના ગોળાની મધ્યરેખાથી ઉપરનો ભાગ.

ઉત્તર અક્ષાંશવૃત્ત [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + અક્ષ (ઉત્તર-દક્ષિણ અંતર) + અંશ (કુંડાળાનો ૩૬૦મો ભાગ) + વૃત્ત (વર્તુળ)] ન. વિષુવવૃત્ત (ઇક્વેટર)થી સરખે અંતરે ઉત્તર તરફ પૂર્વ-પશ્ચિમ દોરેલું કુંડાળું.

ઉત્તર અપભ્રંશ [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + અપભ્રંશ (સંસ્કૃતમાંથી બનેલી બોલ ભાષા)] સ્ત્રી. અપભ્રંશમાંથી નીકળેલી બોલ ભાષા. તેમાંથી કાશ્મીરી અને પશ્ચિમ પંજાબી ઉત્પન્ન થઈ છે.

ઉત્તર અવસ્થા [સં. ઉત્તર (પાછલું) + અવસ્થા (ઉમર)] સ્ત્રી. આયુષ્યનો પાછલો ભાગ; ઘડપણ; વૃદ્ધાવસ્થા.

ઉત્તર આંસપૃષ્ઠ [સં. ઉત્તર (ઉપલું) + અંસ (ખભો) + પૃષ્ઠ (પીઠ)] ન. અંસફલક એટલે બગલના પાટિયાની પીઠના બે ખાંચાનો ઉપલો ભાગ.

ઉત્તર આમર્ત [સં. ઉત્તર (ઉત્તર બાજુનું) + આમર્ત (એ નામનો એક દેશ)] પું. (પુરાણ) ભારતવર્ષના કુશિક દેશની ઉત્તરના દેશનું નામ.

ઉત્તર આર્ચ્છિક [સં. ઉત્તર (પાછલું) + આર્ચ્છિક (ઋચાઓનું)] પું. ઋચાઓ હોય એવો વેદનો પાછલો ભાગ.

ઉત્તર ઉત્તરકોસલ પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

ઉત્તરકથન [સં. ઉત્તર (પાછલું) + કથન (કહેવું)] ન. પાછળ કહેલી વાત.

ઉત્તરકથા ૧. [સં. ઉત્તર (પાછલું) + કથા (વાર્તા)] સ્ત્રી. કથાનો પાછલો અથવા અંતનો ભાગ; વાર્તાનો છેલ્લો ભાગ.

૨. સ્ત્રી. છેલ્લી વાર્તા.

ઉત્તરકદંબ પું. (જ્યોતિષ) ક્રાંતિવૃત્ત એટલે સૂર્ય ભ્રમણનો ઉત્તરધ્રુવ.

ઉત્તરકરણ [સં. ઉત્તર (ઘડિયાનું) + કરણ (કર્યા તે)] ન. હથિયારને પથ્થર સાથે ઘસી ધાર કાઢવી તે; સજાવટ.

ઉત્તરકર્મ [સં. ઉત્તર (પાછળનું) + કર્મન્ (કામ)] ન. મરી ગયેલાની પાછળ કરવામાં આવતી ક્રિયા; અંતિમ ક્રિયા.

ઉત્તરકલ્પ [સં. ઉત્તર (બરાબર) + કલ્પ (કુશળ)] સ્ત્રી. નોતેર મહિની એક કલ્પ.

ઉત્તરકામ [સં. ઉત્તર (પાછળનું) + કર્મન્ (કામ)] ન. ઉત્તરકર્મ; મરણ પાછળ કરવામાં આવતી ક્રિયા.

ઉત્તરકાય [સં. ઉત્તર (ઉપલું) + કાય (શરીર)] પું. શરીરનો ઉપલો ભાગ.

ઉત્તરકાર્ય [સં. ઉત્તર (પાછળનું) + કાર્ય (કામ)] ન. ઉત્તરક્રિયા; મરેલાની પાછળ થતી શ્રાદ્ધાદિક ક્રિયા; કારજ; મરણ પાછળ કરવામાં આવતું બધાય વગેરે.

ઉત્તરકાલ ૧. [સં. ઉત્તર (પછીનું) + કાલ (વખત)] પું. આવતો વખત; ભવિષ્યકાળ.
૨. પું. પાછલા કાલાં; જિંદગીનો પાછલો ભાગ; વૃદ્ધાવસ્થા.
૩. પું. પૂનમથી બીજી પૂનમ સુધી અજવાળામાં આવતો વખત.

ઉત્તરકાલીન ૧. [સં. ઉત્તર (પછીનું) + કાલ (વખત) + ઈન (વાળું)] વિ. પછીના વખતનું.
૨. વિ. ભવિષ્યને લગતું.

ઉત્તરકાશી [સં. ઉત્તર (ઉત્તર દિશા) + કાશી (એ નામનું શહેર)] સ્ત્રી. હરિદ્વારની ઉત્તરે આવેલ એ નામનું ઠેકાણું. કાશીની જેમ ત્યાં મણિકર્ણિકા નામનો ઘાટ અને કાશી વિશ્વનાથનું મંદિર છે. ત્યાં ગંગાસ્નાન પણ થાય છે.

ઉત્તરકાળ [સં. ઉત્તર (પછીનું) + કાલ (વખત)] પું. આવતો વખત; ભવિષ્યકાળ. જુઓ ઉત્તરકાલ.

ઉત્તરકાંડ ૧. પું. ઉપનિષદ; વેદની અંદર બધાતો અને તેના ગૂઢ અર્થ સમજાવતો વિદ્યાવિષ્યા આપે એવો ગ્રંથ; અવિદ્યા જેનાથી સદંતર નાશ પામે એવો ગ્રંથ. શાંકરભાષ્ય એ ઉપનિષદોનો જૂનામાં જૂનો ભાષ્ય છે. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય અને બૃહદારણ્યક એ દસ ઉપનિષદનાં ભાષ્ય શંકરાચાર્યે રચ્યાં છે. તેથી એ દસ ઉપનિષદો આજ પ્રધાન સર્વમાન્ય ઉપનિષદો ગણાય છે.
૨. [સં. ઉત્તર (પાછલું) + કાંડ (ભાગ)] પું. પાછલો ભાગ.
૩. પું. રામાયણનો સાતમો વિભાગ.
૪. પું. વેદના બે ભાગમાનો પાછલો ભાગ; વેદાંત.

ઉત્તરકાંબોજ [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + કાંબોજ (એ નામનો દેશ)] પું. (પુરાણ) બાલ્હીક અને દરદની ઉત્તરે આવેલો કાંબોજ દેશ.

ઉત્તરકિરાત [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + કિરાત (એ નામનો એક દેશ)] પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

ઉત્તરકિરીટમંડળ [સં. ઉત્તર (એ નામની દિશા) + કિરીટ (તાજ) + મંડલ (ગોળ)] ન. (જ્યોતિષ) એ નામનું નક્ષત્ર; 'કૉરોના બોરિઅલિસ'. તે ૨૪ તારાઓનું બનેલ છે.

ઉત્તરકુરુ ૧. [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + કુરુ (એ નામનો દેશ)] પું. મત્સ્યાણ અને હૂન દેશના ઉત્તરના ભાગનું જૂનું નામ. આમાં તેમાં હિમાલયની પારના દેશોનો સમાવેશ થતો. તેને હરિવર્ષ પણ કહેતા. પદ્મપુરાણમાં જણાવ્યા પ્રમાણે તે હિંદની ઉત્તરે છે ને તેની ઉત્તરે ક્ષારસાગર આવેલો છે.
૨. પું. જંબુદ્વીપના નવ મુખ્ય દેશભાગોનો એ નામનો એક દેશ; મેરુ; મેરુગિરિના ઉત્તરના મેદાનનો મુલક અને જંબુસરોવરો પહોળો. આર્ય લોકો અહીં ઈ.સ. પૂર્વે ૧૮૦૦થી ઈ.સ. પૂર્વે ૧૦૦૦ સુધી વસતા.
૩. પું. પરીક્ષિત રાજાએ જીતેલો એ નામનો એક ખંડ.
૪. પું. પૂનમના નવ ભાગોનો એ નામનો ભાગ; ઉત્તર કુરુઓનો દેશ.
૫. સ્ત્રી. (જૈન) ત્રીજા અકર્મભૂમિ એટલે ગુજરાન માટે મહેનત કરવી ન પડે તેવી ભૂમિનો એ નામનો વિભાગ.
૬. ન. મહાભારતના વખતમાં એ નામનું બીજું અને અતિ ઉત્તર એક નગર. તેના ઉપર કોઈ રાજાની સત્તા ન હોતી. તે તદ્દન સ્વતંત્ર હતું. તેથી અર્જુને લોકોને કહેલું કે તમારી પાસેથી અમે કાંઈ જોઈતું નથી, માત્ર તમે ધર્મરાજાની સત્તા નીચે રહો.

ઉત્તરકુરુખંડ પું. જંબુદ્વીપનો એ નામનો એક ભાગ. જુઓ ઉત્તરકુરુ ૨.

ઉત્તરકુરુદ્વીપ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ લિપિમાંની એકનું નામ.

ઉત્તરકુરુદ્વીપલિપિ સ્ત્રી. ચોસઠ પ્રકારની લિપિ માંહેની એકનું નામ.

ઉત્તરકૂલક [સં. ઉત્તર (ઉત્તર દિશા) + કૂલ (કાંઠો) + ક (જનાર)] પું. ગંગા નદીને ઉત્તર કિનારે રહેતા એક જાતના વાનપ્રસ્થ તાપસ.

ઉત્તરકોટિ સ્ત્રી. (સંગીત) સાંધાર ગ્રામની સાતમી મૂર્છના.

ઉત્તરકોશલ [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + કોશલ (એ નામનો એક દેશ)] પું. કોશલના બે ભાગોનો ઉત્તર તરફનો ભાગ; અયોધ્યાની આસપાસનો અને તેની ઉત્તરનો દેશ; અવધ.

ઉત્તરકોશલા [સં.] સ્ત્રી. (પુરાણ) કોશલ દેશની રાજધાનીનું શહેર; સાકેત; અયોધ્યા નગરી; રામચંદ્રની જન્મભૂમિ.

ઉત્તરકૌશલ પું. અયોધ્યા નગરી.

ઉત્તરક્રાંતિ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ક્રાંતિ (ગતિ)] સ્ત્રી. (જ્યોતિષ) ઉત્તરમાં જતી વખતે વિષુવવૃત્ત સાથે થતો ખૂણો.
૨. સ્ત્રી. ઉત્તરમાં જવું તે.

ઉત્તરક્રાંત્યંશ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ક્રાંતિ (ગતિ) + અંશ (આખા ગોળનો ૩૬૦મો ભાગ)] પું. (જ્યોતિષ) ઉત્તરમાં જતી વખતે વિષુવવૃત્ત સાથે થતા ખૂણાનો અંશ.

ઉત્તરક્રિયા ૧. સ્ત્રી. ઉત્તરક્રાણનું કર્તવ્ય; ઉત્તરક્રાણમાં એટલે મરપ્રસંગે કરવામાં આવતું કામ.
૨. [સં. ઉત્તર (પાછળનું) + ક્રિયા (ધર્મનું કામ)] સ્ત્રી. મરણ પાછળ થતી શ્રાદ્ધાદિક ક્રિયા.
૩. સ્ત્રી. સાંવત્સરિક એટલે દર વર્ષે કરવાની શ્રાદ્ધ વગેરે ક્રિયા.

ઉત્તરક્ષુદ્રાંત્ર [સં. ઉત્તર (ઉપલું) + ક્ષુદ્ર (નાનું) + આંત્ર (આંતરડું)] ન. નાના આંતરડાનો ઉપલો ભાગ.

ઉત્તરખંડ ૧. [સં. ઉત્તર (પાછલું) + ખંડ (ભાગ)] પું. પુસ્તકનો છેવટનો ભાગ; છેલ્લો અધ્યાય.
૨. પું. નામખંડ; કાળો પિંડ; 'બ્લૅક હોલ'.
૩. પું. હિમાલય પારનો ઉત્તર હિંદુસ્તાનનો પ્રદેશ; ઉત્તરાખંડ.

ઉત્તરખંડન [સં. ઉત્તર (જવાબ) + ખંડન (તોડવું)] ન. પ્રશ્નો પાછા વાગવા તે; આરોપનો ઇનકાર.

ઉત્તરગંગા ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ગંગા (એક નદી)] સ્ત્રી. કાશ્મીરમાં આવેલી સિંધ નદીનું પ્રાચીન નામ.
૨. સ્ત્રી. કાશ્મીરમાં હરમુક પર્વતની તળેટીમાં આવેલ ગંગાબલ સરોવરનું જૂનું નામ. સિંધ નદી આ સરોવરમાંથી નીકળતી હોવાનું મનાય છે.

ઉત્તરગંધારા સ્ત્રી. (સંગીત) ગાંધાર ગ્રામની બાવીસ મૂર્છના.

ઉત્તરગ્રા [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ગ્રા (જનારી)] સ્ત્રી. અયોધ્યા પ્રાંતમાં થઈને વહેતી ઉત્તરાભિમુખ નદી; રામગંગા.

ઉત્તરગામી ૧. [સં. ઉત્તર (પાછલું) + ગામિન્ (જનાર)] વિ. અનુગામી; પગલાંગામી; પાછળ જનારું; અનુસરતું.

૨. વિ. પછાત; પછીનું.

ઉત્તરગાંધારા [સં. ઉત્તર (પછીનું) + ગાંધાર (સંગીતમાં એક સ્વર) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. (સંગીત) ગાંધાર ગ્રામની પાંચમી મૂર્છના.

ઉત્તરગીતા [સં. ઉત્તર (પાછળનું) + ગીતા (ભગવદ્‌ગીતા નામનો પ્રસિદ્ધ ગ્રંથ)] સ્ત્રી. એ નામનું ભગવદ્‌ગીતાની પુરવણી તરીકે પાછળથી સાંધવામાં આવેલું પુસ્તક; ચૌદ અનુગીતા ગીતાઓમાંની એક.

> મોક્ષ દ્રવ્ય અને અનુકંપના સંવાદ રૂપે ભગવદ્‌ગીતાની પુરવણી તરીકે પાછળથી ઉત્તરગીતા રચેલી છે. ગીતાસ્વરૂપ

ઉત્તરગુજરાત [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + ગુર્જર (ગુજરાત દેશ)] પું. મહી નદીની ઉત્તરનો ગુજરાતનો ભાગ.

ઉત્તરગુણ [સં. ઉત્તર (ઉત્તમ) + ગુણ (ધર્મ)] પું. (જૈન) મુખ્ય મૂલગુણની રક્ષા કરનાર ગુણ; મૂળ વ્રતોની રક્ષા, પુષ્ટિ અને શુદ્ધિ માટે ગ્રહણ કરેલ બીજાં પણ કેટલાંક વ્રતો સ્વીકારે તે.

ઉત્તરગુદ [સં. ઉત્તર (ઉપલું) + ગુદ (ગુદા)] સ. ગુદનલિકા (રેક્ટમ)ના ઉપર ભાગમાંનો ચામડીના જેવો ચિકાશ ઉપલો ભાગ. તે અંદરને સાડાચાર આંગળ લાંબું અને મુષ્ટિક નામની પેશીની આગળ રહેલું છે.

ઉત્તરગુદા [સં. ઉત્તર (ઉપલું) + ગુદા (મળદ્વાર)] સ્ત્રી. ગુદનલિકાના ઉપર ભાગ માહેનો ઉપલો ભાગ. જુઓ ઉત્તરગુદ.

ઉત્તરગોલ [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + ગોલ (ગોળો)] પું. ઉત્તરગોલાર્ધ; પૃથ્વી કે આકાશના વિષુવવૃત્ત (ઇક્વેટર)થી ઉત્તર બે અર્ધગોલમાનો ઉત્તર તરફનો અર્ધગોલ; વસંતસંપાત (વર્નલ ઇક્વિનૉક્સ)થી શરત્સંપાત (ઑટમ્નલ ઇક્વિનૉક્સ) સુધીના ક્રાંતિવૃત્તનો ઉત્તર તરફનો અર્ધગોલ પ્રદેશ. ઉત્તરગોલમાં જેટલો વખત સૂર્ય હોય ત્યાંસુધી ઉત્તરધ્રુવમાં દિવસ અને દક્ષિણધ્રુવમાં રાત હોય.

ઉત્તરગોલાર્ધ [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + ગોલ (ગોળો) + અર્ધ (અડધો ભાગ)] પું. વિષુવવૃત્તથી પૃથ્વી કે ગોળાના બતા બે સરખા ભાગમાંનો ઉત્તર તરફનો ભાગ. જુઓ ઉત્તરગોલ.

ઉત્તરગ્રીવિકા [સં. ઉત્તર (ઉપરનું) + ગ્રીવા (ડોક) + ઇક (લગતું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ડોકની એક ખોરીનસનું નામ; 'સ્યૂપીરિયર થાઇરૉઇડ આર્ટરિ', તે સામી બાજુ ઉપરની બે નામની ધમની બેઉ અખરેખા એટલે વચલી લીટીમાં પેટા શાખાઓથી મળે ભળે છે. તેની નાની નાની શાખા આજુબાજુ આવેલા પેશી વગેરે અવયવોને લોહી પૂરું પાડે છે.

ઉત્તરચર ૧. વ. ઉત્તરાગ; છેડાનો ભાગ.

૨. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ચર (ફરવું)] વિ. ઉત્તર દિશામાં ફરતું.

૩. [સં. ઉત્તર (પાછળનું) + ચર્ (ભક્ષ)] વિ. (ન્યાય) પછી બનતું; પૂર્વચર સાથે સંબંધ રાખનારું; અનુગામી. 'સર્પદંશથી ગોત નીપજે છે' એ દાખલામાં સર્પદંશ એ પૂર્વચર અને તેના ઉપર ગોત નીપજવું એ ઉત્તરચર છે.

ઉત્તરચારી [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ચારિન્ (ફરનાર)] વિ. ઉત્તરમાં ફરતું.

ઉત્તરચોલ પું. એ નામનો એક દેશ.

ઉત્તરચ્છદ [સં. ઉત્તર (ઉપલું) + છદ (ઢાંકણ)] પું. પથારી ઉપર બિછાવવાનું કપડું; ચોળાઈ.

ઉત્તરજ [સં. ઉત્તર (પછીનું) + જ (જન્મેલું)] વિ. પછી જન્મેલું; પાછળ જન્મેલું.

ઉત્તરજીવિતાધિકાર [સં. ઉત્તર (પાછળ) + જીવિત (જીવન) + અધિકાર (હક)] પું. મિતાક્ષરામાં બીજાની સાથે ભાગીદારી ધરાવતા, પાછળ રહેતા રહેનારને મળતો પૂરેપૂરા વારસાનો હક.

ઉત્તરજ્યોતિષ [સં.] પું. પશ્ચિમ દિશાનો એક દેશ. નકુલે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે તેને કરવી લીધો હતો.

ઉત્તરતટ ૧. [સં. ઉત્તૃ (ઓળંગવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] પું. સંસારસમુદ્રમાંથી તત્ત્વજ્ઞાનના સાધનથી તારનાર શંકર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. સ્ત્રી. એક જાતની વેલ; ઉત્તરણ. તેની ડાંખળી જમીનમાં રોપવાથી તે ફરી નીકળે. બે ડાળી બાજુએ ફરી ગઈ ઉપર તે ઓ તો તે એક વર્ષ છએ અને જમણી બાજુએ ફરી ગઈ તો બબ્બે વર્ષ સુધી રહે એમ મનાય છે. એનાં મૂળિયાં, પાંદડાં વગેરે દવામાં વપરાય છે.

૩. વ. ઉતરવાપણું.

૪. વ. ઓળંગવું તે.

૫. વ. પાણીમાંથી બહાર આવવાપણું; તરી પાર ઊતરવું તે.

ઉત્તરજ્યોત્સ્નાન [સં. ઉત્તરણ (ઉતરવાપણું) + સ્નાન (નહાવું)] સ. બંદર.

ઉત્તરતંત્ર [સં. ઉત્તર (પાછળનું) + તંત્ર (એક શાસ્ત્ર)] પું. (વૈદક) અષ્ટાંગ આયુર્વેદનો એક પેટા ભાગ.

ઉત્તરતઃ ૧. [સં. ઉત્તર (પાછળ) + તઃ (થી)] અ. ઉત્તરથી.

૨. અ. ઉત્તરે; ઉત્તરદિશામાં.

૩. અ. પાછળથી.

૪. અ. બદલે; સૌથી ઉપર.

ઉત્તરતિરશ્ચીના સ્ત્રી. પશ્ચિમ કપાલની તોરણિકાઓની વચ્ચે આવેલી ચક્ષુ પેશીમાંની એ નામની એક. એ નીચે સાંકડી અને ઉપર પહોળી હોય છે. તે ચૂપચાપ નામની ગ્રીવા કશેરુકાના આનુપ્રવર્હન ઉપરથી થઈ અગ્નિ પશ્ચિમ કપાલની તોરણિકા રેખાઓની વચમાં લાગેલી છે. આ પેશી આગળ પાછળ બાજુ તરફ ખેંચે છે અને સહેજ બાજુ તરફ પણ વાળે છે.

ઉત્તરતિરશ્ચીનાપેશી સ્ત્રી. એ નામની એક પેશી. જુઓ ઉત્તરતિરશ્ચીના.

ઉત્તરતોરણિકા [સં. ઉત્તર (ઉપલું) + તોરણ (કમાન) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પશ્ચિમાર્નુદ (ઓસ્સટર્નલ ઑક્સિપિટલ પ્રોટુબરન્સ)થી નીચે ઊતરી આવી આવિવર સુધી પહોંચતી મધ્યાક્ષિકા (મિડલ ન્યુક્વલ લાઇન) નામની રેખાની દરેક બાજુએ આવેલી અગ્રે અર્ધચંદ્રાકાર આડી લીટીઓમાંની ઉપલી એ; 'સ્યૂપીરિયર ન્યુક્વલ લાઇન્સ'

ઉત્તરતોરણિકારેખા [સં. ઉત્તર (ઉપલું) + તોરણ (કમાન) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + રેખા (લીટી)] સ્ત્રી. એ નામની અર્ધચંદ્રાકાર રેખા. જુઓ ઉત્તરતોરણિકા.

ઉત્તરત્ર [સં.] અ. ઉત્તર દિશામાં.

ઉત્તરત્રિકોણમંડળ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ત્રિકોણ (ત્રણ ખૂણાવાળી આકૃતિ) + મંડલ (વર્તુળ)] સ. (જ્યોતિષ) વિષુવાંશ ૩૰ ઉપર આવેલું નક્ષત્ર; 'ત્રાયેષ ટ્રાઇઆન્ગુલમ્'.

ઉત્તરત્રિગર્ત [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + ત્રિગર્ત (એ નામનો એક દેશ)] પું. (પુરાણ) હિંદુસ્તાનનો એ નામનો દેશ; ઇંદ્રપ્રસ્થથી ઉત્તરે આવેલો ત્રિગર્ત દેશનો ભાગ.

ઉત્તરત્વ ૧. વ. (ન્યાય) બતા ક્રમથી ઉત્પન્ન થતું સંબોધાયપણું. જેમકે, 'તે ગામ જાય છે' એ વાક્યમાં 'ગામ' પ્રદેશનું પૂર્વ દેશને મુકાબલે ઉત્તરત્વ છે.

૨. [સં. ઉત્તર (પાછળ) + ત્વ (પણું)] વ. (ન્યાય) પાછળ બોલાવાપણું; પાછળથી બનવાપણું. જેમકે, આકાશ પછી બને છે. એમાં બનવાપણું એ ઉત્તરત્વ છે.

૩. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ત્વ (ભાવ)] ન. વાયવ્ય અને ઈશાન વચ્ચે આવેલ દિશાનો ભાવ.
૪. ન. હોશિયારી; દક્ષતા.

ઉત્તરદક્ષિણ ૧. [સં.] અ. ઉત્તરથી દક્ષિણ જઈ અથવા દક્ષિણથી ઉત્તર તરફ.
૨. અ. ઉત્તરથી દક્ષિણ સુધી.

ઉત્તરદશા [સં. ઉત્તર (પાછળનું) + દશા (સ્થિતિ)] સ્ત્રી. ઉત્તરાવસ્થા; આવિરિયતિ, ભવિષ્યની હાલત.

ઉત્તરદાતા [સં. ઉત્તર (જવાબ) + દાતૃ (આપનાર)] પું. જવાબદાર; જુમ્મેદાર.

ઉત્તરદાન [સં. ઉત્તર (પછી) + દાન (દેવું તે)] ન. વસિષ્ઠનામાથી મળેલો વારસો.

ઉત્તરદાન કર [સં. ઉત્તર (પછી) + દાન (દેવું તે) + કર (વેરો)] પું. વસિષ્ઠ કર; વિલથી મેળવેલ મિલકત ઉપર દેવો પડતો વેરો.

ઉત્તરદાયક ૧. [સં. ઉત્તર (જવાબ) + દાય (વહવાઈ) + ક (કરનાર)] વિ. ઉદ્ધત; સામું બોલનાર.
૨. વિ. જવાબ આપી પોતાનું નિર્દોષપણું બતાવનાર.
૩. [સં. ઉત્તર (જવાબ) + દાયક (આપનાર)] વિ. પ્રત્યુત્તર આપનાર.

ઉત્તરદાયિત્વ ૧. [સં. ઉત્તર (પછી) + દાયિત્વ (દેવાપણું)] ન. ઉત્તરાધિકાર.
૨. [સં. ઉત્તર (જવાબ) + દાયિન્ (આપનાર) + ત્વ (પણું)] ન. જવાબદારી; જુમ્મેદારી; જવાબદેહી.

ઉત્તરદાયી [સં. ઉત્તર (જવાબ) + દાયિન્ (આપનાર)] વિ. જવાબદાર; જોખમદાર; જુમ્મેદાર.

ઉત્તરદિક્પતિ [સં. ઉત્તર + દિશ્ (દિશા) + પતિ (સ્વામી)] પું. (ગણિત) કુબેર; ઉદના ધનનો ભંડારી.

ઉત્તરદિગ્કાલ [સં. ઉત્તર + દિશ્ (દિશા) + કાલ (વખત)] પું. (જ્યોતિષ) રવિવારને દિવસે ઉત્તર દિશામાં જોવા જવાપણું.

ઉત્તરદિક્પતિ [સં. ઉત્તર + દિશ્ (દિશા) + પતિ (સ્વામી)] પું., વાસુ. કારતકથી જેટલે બારમા દિવસની શરૂઆતમાં બારણેથી તેને ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનું ઊપરીપણું આપ્યું હતું.

ઉત્તરદિક્પાલ [સં. ઉત્તર + દિશ્ (દિશા) + પાલ (રક્ષક)] પું. કુબેર. તે ઉત્તર દિશાનો રક્ષક દેવ છે.

ઉત્તરદિક્પાલા [સં. ઉત્તર + દિશ્ (દિશા) + પાલ (સંતવો)] પું. (જ્યોતિષ) મુકરર ઉત્તર દિશામાં જોવેલ પદાર્થક.

ઉત્તરદિક્શૂલ [સં. ઉત્તર (એ નામની દિશા) + દિશ્ (દિશા) + શૂલ (જ્યોતિષ પ્રમાણે અશુભ મનાતો દિવસ)] ન. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો શુક્રવાર. આવા શુક્રવારે ઉત્તર દિશામાં જવું અશુભ મનાય છે.

ઉત્તરદિગીશ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + દિશ્ (દિશા) + ઈશ (સ્વામી)] પું. ઉત્તર દિશાનો સ્વામી; કુબેર.

ઉત્તરદિંદ્વાર [સં. ઉત્તર + દિશ્ (દિશા) + દ્વાર (બારણું)] ન. (જ્યોતિષ) ૧, ૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭મું નક્ષત્ર.

ઉત્તરદિગ્ભાગી ૧. [સં. ઉત્તર + દિશ્ (દિશા) + ભાગિન્ (ભાગવાનું)] પું. (જ્યોતિષ) ચંદ્ર.
૨. પું. (જ્યોતિષ) શુક્રનો ઉદય.

ઉત્તરદિશા [સં.] સ્ત્રી. દક્ષિણ સામેની દિશા; ઊગતા સૂર્યની સામે ઊભા રહેતાં ડાબા હાથ તરફ આવતી બાજુ. આ દિશામાં ઉત્તર ધ્રુવનો તારો આવેલો છે.

ઉત્તરદેશ [સં. ઉત્તર + દેશ (ભાગ)] પું. ઉત્તર તરફની જમીન.

ઉત્તરધ્રુ [સં. ઉત્તર (એ નામની દિશા) + ધ્રુવ (એ નામનો તારો)] પું. (વહાણવટું) ઉત્તરનો ધ્રુવ તારો દેખાતી દિશા; ઉત્તર N.

ઉત્તરધ્રુપરગલું ન. પૃથ્વીની ધરીના ઉત્તર તરફના છેક છેડા નજીકનો પ્રદેશ.

ઉત્તરધ્રુવ ૧. [સં. ઉત્તર (એ નામની દિશા) + ધ્રુવ (બરાબર વચ્ચેનું એક નામ)] પું. (જ્યોતિષ) ઉત્તર દિશામાં સ્થિર જેવો દેખાતો એક તારો; ધ્રુવનો તારો. કાલમાં આપણે જે તારાને ઉત્તરધ્રુવના નામથી ઓળખીએ છીએ તે ખરેખર ઉત્તરધ્રુવબિંદુવાળી નથી, પણ તેનાથી દક્ષિણ તરફ સુમારે સવા અંશ છે. આજ કરતાં પર્વ પૂર્વે આ તારો ધ્રુવબિંદુથી બરોબર છેટે હતો.
૨. પું. બરફનો કે વાદળનો ઊભો બાજ.
૩. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ધ્રુવ (પૃથ્વીની ધરીનો છેડો)] પું. પૃથ્વીની ધરીનો ઉત્તર તરફનો છેડો.
૪. પું. લોહચુંબકનો ઉત્તર દિશા બતાવનો છેડો.
૫. પું. જોષવાણી બરાબર; વિષ્ણુ.

ઉત્તરધ્રુવકાલીન [સં. ઉત્તર + ધ્રુવ (ધ્રુવતારાની નીચેનો પૃથ્વીની ધરીનો છેડો) + કાલીન (બનતું)] વિ. આર્યો ઉત્તરધ્રુવ પ્રદેશમાં વસતા હતા તે વખતનું.

ઉત્તરધ્રુવનિવાસ [સં. ઉત્તર + ધ્રુવ (ધ્રુવતારાની નીચેનો પૃથ્વીની ધરીનો છેડો) + નિવાસ (વસવાટ)] પું. આર્યોનો ઉત્તરધ્રુવના પ્રદેશમાં વસવાટ.

ઉત્તરધ્રુવપ્રદેશ [સં. ઉત્તર + ધ્રુવ (ધ્રુવતારાની નીચેનો પૃથ્વીની ધરીનો છેડો) + પ્રદેશ (મુલક)] પું. પૃથ્વીની ધરીના ઉત્તર તરફના છેડાની નજીકનો મુલક. ઉત્તરધ્રુવ તરફનો ફરિયો અને જમીન બરફથી ઢંકાયેલ રહે છે. આ મુલકમાં જવાને યુરપ અને અમેરિકાના સાહસિકો બસો વર્ષથી પ્રયાસ કરે છે.

ઉત્તરધ્રુવવૃત્ત [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ધ્રુવ (ધ્રુવતારાની નીચેનો પૃથ્વીની ધરીનો છેડો) + વૃત્ત (કૂંડાળું)] ન. ગરમી અને ઠંડીનો ખ્યાલ બતાવવા પૃથ્વીના ગોળા ઉપર આડી ગોળ લીટીઓથી પાડેલ પાંચ બાજમાંના ઉત્તરધ્રુવ નજીકના બાજને ઘેરતું કૂંડાળું. તે વિષુવવૃત્તથી ઉત્તર ૬૬॥ અક્ષાંશે અને ઉત્તરધ્રુવથી નીચે ૨૩॥ અક્ષાંશે હોય છે.

ઉત્તરધ્રુવોશ ૧. [સં. ઉત્તર + ધ્રુવ (ધ્રુવતારાની નીચેનો પૃથ્વીની ધરીનો છેડો) + ઉષ્ણ (ગરમ)] વિ. ઉત્તરધ્રુવ નજીકનું.
૨. વિ. ઉત્તરધ્રુવને લગતું.

ઉત્તરધ્રુવીય મહાસાગર [સં. ઉત્તર + ધ્રુવીય (ધ્રુવ નજીકનું) + મહાસાગર (મોટો દરિયો)] પું. ઉત્તરધ્રુવના મુલકમાં આવેલો મહાસાગર; આર્ક્ટિક મહાસાગર.

ઉત્તરનાભિ [સં. ઉત્તર (ઉત્તર દિશા વાચકનું) + નાભિ (જ્યાં ધરી રહે અને આરાઓ મળે તે પૈડાનો વચ્ચલો ભાગ)] સ્ત્રી. યંત્રમાં ઉત્તર તરફનો કુંડ.

ઉત્તરનાભિકા [સં. ઉત્તર (ઊપર) + નાભિ (કૂંડી) + ક (વાચકનું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઉત્તરગુહા (ઓબ્ડોમિનલ ડ્રિવિટિ)ના બારણાના બાજના બાજ પાડનારી બે આડી લીટીમાંની ઉપરની ઊભે આવેલી અને જઘનકપાલોની ટોચને વીંધીને જતી માનેલી લીટી.

ઉત્તરનાભિકારેખા [સં. ઉત્તર (ઊપર) + નાભિ (કૂંડી) + ક (વાચકનું) + આ (નારીજાતિનો પ્રત્યય) + રેખા (લીટી)] સ્ત્રી. કૂંડીની ઊભે દોરેલી બે નામની એક માનેલી લીટી. જુઓ ઉત્તરનાભિક.

ઉત્તરનારાયણ પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

ઉત્તરપક્ષ ૧. [સં. ઉત્તર (વાચ્યનું અંગ) + પક્ષ (બાજુ)] પું. અધિકરણનાં એટલે નિર્ણય

કરવાના વિષય, સંયમ, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ અને સંગતિ એમ પાંચ અંગવાળા વાક્યનાં અંતર્ગત ત્રીજું એ નામનું ચોથું.

૨. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પક્ષ (ભાગ)] પું. ઉત્તર ભાગ.

૩. [સં. ઉત્તર (પાછલું) + પક્ષ (પખવાડિયું)] પું. વદતી અને સુદની પ્રથમનું પખવાડિયું; અંધારિયું; કૃષ્ણપક્ષ.

૪. પું. પુછાયેલા સવાલોના જવાબ આપનારી બાજુ રજૂ થયેલા મુદ્દાઓના રદિયા આપનારી બાજુ; જવાબપક્ષ; ઉત્તર કે નિર્ણય આપનારનો પક્ષ.

૫. પું. પ્રતિવાદી; પ્રતિપક્ષી.

૬. પું. પ્રતિવાદીનો જવાબ; જવાબ; જવાબની દલીલ.

૭. પું. (ગણિત) સમીકરણની બે બાજુમાંથી જમણી બાજુ; સમીકરણમાં બરાબરની નિશાનીની જમણી તરફની બાજુ.

૮. પું. સ્વસરક્ષણ; પોતાનો બચાવ.

ઉત્તરપક્ષસાક્ષ્ય [સં. ઉત્તરપક્ષ (પ્રતિવાદી) + સાક્ષ્ય (પુરાવો)] સ્ત્રી. બચાવનો પુરાવો.

ઉત્તરપક્ષી [સં. ઉત્તર (જવાબ) + પક્ષીય (બાજુનું)] વિ. સામાની દલીલ તોડનાર, રદિયાને તોડનાર.

ઉત્તરપશ્ચિમ ૧. [સં. ઉત્તર + પશ્ચિમ] વિ. વાયવ્ય; ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનું.

૨. ન. ઉત્તરથી પશ્ચિમ સુધી.

ઉત્તરપશ્ચિમહવા [ઉત્તર (દક્ષિણ સામેની દિશા) + પશ્ચિમ (આથમણું) + હવા (પવન)] સ્ત્રી. વાયવ્ય ખૂણાનો પવન; બારમાસવાયુ.

ઉત્તરપટ ૧. [સં. ઉત્તર (ઉપરનું) + પટ (કપડું)] પું. ઉપર પહેરવાનું લૂગડું; દુપટ્ટો; ખેસ.

૨. ન. ઓળખ; આદર.

ઉત્તરપટ્ટ ૧. [સં. ઉત્તર (ઉપરનું) + પટ્ટ (કપડું)] ન. ઉત્તરીય; ઓઢવાનું લૂગડું; ઓઢવાનું નાનું લૂગડું.

૨. ન. પથારી ઉપર પાથરવાનું લૂગડું; ઓળખ; આદર.

ઉત્તરપત્ર ૧. [સં. ઉત્તર (જવાબ) + પત્ર (કાગળ)] પું.; ન. પ્રશ્નોનો જવાબ; જવાબરૂપે લખાયેલ પ્રશ્નો.

૨. પું.; ન. જવાબનો પ્રશ્ન.

ઉત્તરપથ ૧. [સં. ઉત્તર (દક્ષિણ સામેની દિશા) + પથ (રસ્તો)] પું. ઉત્તર દિશાનો માર્ગ; ઉત્તર તરફ જતો રસ્તો.

૨. પું. તહન પાસેનો માર્ગ.

૩. પું. પરણ્યારો રસ્તો; સીધો માર્ગ.

૪. [સં. ઉત્તર (પાછલું) + પથ (માર્ગ)] પું. મરણની તૈયારી તરીકે કરવામાં આવતાં તપ અને જપ.

૫. પું. વચ્ચે કોઈ ન હોય એવો અંતરાય વગરનો માર્ગ.

૬. પું. હિમાલય ઉપર ઊંચે ને ઊંચે જતો ઉત્તરદિશા તરફનો રસ્તો; કેદારનાથ.

ઉત્તરપથિક [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પથ (માર્ગ) + ઇક (કરનાર)] વિ. ઉત્તર તરફ મુસાફરી કરનાર.

ઉત્તરપદ ૧. [સં.] પું. (વ્યાકરણ) સમાસની અંદર રહેલો દ્વિતીય ભાગ, જેમકે, પવનજય.

૨. [સં. ઉત્તર (ઉત્તર) + પદ (કવિતાની કડી)] ન. કવિતાના ચરણનો પાછળનો ભાગ.

૩. [સં. ઉત્તર (પાછલું) + પદ (સ્થિતિ)] ન. (ગણિત) સમીકરણ (રેશિયો)માનાં બે માંહેનું બીજું પદ; ઉપમાસ્થાન જમણી તરફનું અવયવ જેનું પદ. જેમકે, ૩ : ૪ માં ૪ એ ઉત્તરપદ છે.

૪. ન. જવાબ તરીકે આપેલ પદ; 'ઉર્મ'.

૫. [સં. ઉત્તર (બીજું) + પદ (પગલું)] ન. પોતા પછીનો કરવાનો.

૬. ન. વાક્યનો પાછળો ભાગ.

૭ [સં. ઉત્તર (પાછલું) + પદ (શબ્દ)] ન. સમાસમાં પાછળો કે જોડલો શબ્દ.

૮. વિ. જેનો સમાસ થઈ શકે તેવું.

ઉત્તરપદિક ૧. [સં. ઉત્તર (પાછલું) + પદ (શબ્દ) + ઇક (વાળું)] વિ. જોડલા શબ્દનું.

૨. વિ. જોડલા શબ્દનો અભ્યાસ કરનાર.

૩. વિ. વાક્યના જોડલા શબ્દને લગતું.

ઉત્તરપશ્ચાર્ધ [સં. ઉત્તર + પશ્ચિમ + અર્ધ (અડધું)] પું. વાયવ્ય તરફનો ભાગ.

ઉત્તરપશ્ચિમ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પશ્ચિમ (આથમણી દિશા)] પું. વાયવ્ય તરફનો દેશ.

૨. વિ. વાયવ્ય તરફનું.

ઉત્તરપશ્ચિમા [સં. ઉત્તર (દક્ષિણ સામેની દિશા) + પશ્ચિમા (આથમણી દિશા)] સ્ત્રી. વાયવ્ય; ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો

ઉત્તરપંક્તિ [સં. ઉત્તર (પાછલું) + પંક્તિ (હાર)] સ્ત્રી. પાછલી લીટી; પાછળની હાર.

ઉત્તરપંથ [સં. ઉત્તર (પાછલું) + પથ (રસ્તો)] પું. પાસેનો રસ્તો; અંતર વગરનો એટલે તહન નજીકનો માર્ગ. જુઓ ઉત્તરપથ.

ઉત્તરપાઠ [સં. ઉત્તર (જવાબ) + પાઠ (ભાગ)] પું. કથાકારકૃત્યના ચાર માંહેનો બીજો ભાગ; જવાબ આપવા બચાવને કરતો કથાનો ભાગ.

ઉત્તરપાલ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પાલ (રક્ષણ કરનાર)] પું. ઉત્તર દિશાનો રક્ષક; કુબેર.

૨. પું. (જ્યોતિષ) શુભ ગ્રહ.

ઉત્તરપાશ્ચાત્ય [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પાશ્ચાત્ય (પશ્ચિમનું)] વિ. વાયવ્ય તરફનું.

ઉત્તરપાષાણયુગ [સં. ઉત્તર (પછીનું) + પાષાણ (પથ્થર) + યુગ (જમાનો)] પું. અનુપાષાણયુગ; પૂર્વપાષાણયુગ પછીનો માણસ કલ્પતિનો આદીનો વખત. પથ્થરનાં, હાડકાંનાં અને સિંગડાંનાં ઘણાં અને સારાં હથિયાર, ખેતીની શરૂઆત અને પાળેલાં જનાવર એ આ વખતનાં ખાસ લક્ષણ છે.

ઉત્તરપાંચાલ [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + પંચાલ (પંચાલ લોકનો દેશ)] પું. (પુરાણ) હાલનો રોહિલખંડ.

ઉત્તર પિનાકિની સ્ત્રી. મહિસુર સંસ્થાનમાં આવેલી એક નદી.

ઉત્તરપીઠિકા ૧. [સં. ઉત્તર (પાછળનું) + પીઠિકા (બાજોઠ)] સ્ત્રી. ઓઠિંગણવાળો બાજોઠ.

૨. સ્ત્રી. પાછળની બેઠક; બેસવા માટે પાછળ આપેલું સ્થાન.

ઉત્તરપુરુષ ૧. [સં. ઉત્તર (અધિકાર્ય) + પુરુષ (માણસ)] પું. પરમેશ્વર.

૨. પું. (વ્યાકરણ) બોલતો પુરુષ સર્વનામ.

૩. પું. જેણે માણસ, ઉત્તમ પુરુષ.

ઉત્તરપૂજા [સં. ઉત્તર (ઉત્સવ) + પૂજા (પૂજન)] સ્ત્રી. દેવનું વિસર્જન કરતી વખતની છેલ્લી પૂજા; આવાહન કરેલા અને સ્થાપિત કરેલા દેવનું ધર્મક્રિયા પૂરી થતાં વિસર્જન કરતી વખતે કરવામાં આવતું પૂજન.

ઉત્તરપૂર્વ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પૂર્વ (સવારની દિશા)] વિ. આકાશતાને બીજે ઉત્તર દિશાને પૂર્વ દિશા માનનાર.

૨. વિ. ઈશાન તરફનું; ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનું.

ઉત્તરપૂર્વા ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પૂર્વા (સવારની દિશા)] સ્ત્રી. ઈશાન ખૂણો; ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો.

૨. સ્ત્રી. ઉત્તર દિશાને પૂર્વ દિશા માનનારી સ્ત્રી.

ઉત્તરપૌરસ્ત્ય [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પૌરસ્ત્ય (પૂર્વનું)] પું. ઈશાન ખૂણો.

ઉત્તરપ્રકૃતિ [સં. ઉત્તર (ઉત્કૃષ્ટ) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. (જૈન) જ્ઞાનાવરણીયાદિ મૂળ આઠ કર્મના પેટાભેદ. કર્મના જુદા જુદા સ્વભાવોને કૂંકાણમાં આઠ ભાગમાં વહેંચી નાખ્યા છતાં વિગતવાર જાણવાની ઇચ્છા રાખનાર માટે વધારે માર્ગથી તે આઠના વળી ભીન્ન પ્રકારો વર્ણવામાં આવ્યા છે, જે ઉત્તરપ્રકૃતિના ભેદના નામે પ્રસિદ્ધ છે.

ઉત્તરપ્રકૃતિબંધ [સં. ઉત્તર (ઉત્કૃષ્ટ) + પ્રકૃતિ (સ્વભાવ) + બંધ (બાંધ)] પું. (જૈન) આઠ કર્મના ઉત્તરપ્રકૃતિ એટલે પેટા ભેદ પ્રમાણે પેટા વિભાગ.

ઉત્તરપ્રચ્છદ [સં. ઉત્તર (ઉપરનું) + પ્રચ્છદ (આવરણ)] પું. ઓઢણ; ચાદર.

ઉત્તરપ્રત્યુત્તર ૧. [સં. ઉત્તર (પ્રશ્નનું) + પ્રતિ (સામું) + ઉત્તર (જવાબ)] પું. કોર્ટમાં પૂછાતા સવાલજવાબ.

૨. પું. જવાબ અને સામો જવાબ.

૩. પું. વિવાદ; ચર્ચા.

ઉત્તરપ્રદેશ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + પ્રદેશ (મુલક)] પું. ઉત્તર તરફનો મુલક.

૨. પું. પૃથ્વીનો ૬૩ા અને ૬૯ ઉત્તરઅક્ષાંસની વચ્ચેનો ભાગ; ઉત્તરધ્રુવની ઉપરની જમીન.

ઉત્તરપ્રસ્તરયુગ [સં. ઉત્તર (પાછલું) + પ્રસ્તર (પથ્થર) + યુગ (જમાનો)] પું. છેલ્લો પાષાણયુગ; 'નીઓલિથિક એજ'. પ્રાચીન શોધખોળો ઉપરથી વિદ્વાનોએ મનુષ્યની દશાની સંબન્ધિ કે બહા પ્રમાણે પ્રતિહાસને હજારો વર્ષના યુગમાં વહેંચી નાખ્યો છે. સૌથી પ્રથમ માણસે પૃથ્વીના વનચર વર્ગમાંથી વશમાત કરી, સમાજ જેવી રચના કરી તે જ્ઞાન પાષાણયુગ. આજથી બીજા હજાર વર્ષ પહેલાં તે શરૂ થયો માનવામાં આવે છે. એનું નામ પાષાણયુગ એટલા માટે પડ્યું કે તોડવાળવામાં તથા મારવા કૂટવામાં જે વખતે મનુષ્યને પથ્થર સિવાય બીજું સાધન હાથ લાગ્યું ન હતું. બહારના જોવા મળતા પથ્થરમાંથી ભાલાં, બરછી, છરી બનાવી લેતા અને પોતાને હેરાન કરનારાં કે બહારના પ્રાણીઓનો નાશ કરવામાં તેનો ઉપયોગ કરતા. એ જ પથ્થરમાંથી ધીમેધીમે ગદાની આકૃતિ જન્મી છે. વાંસ સાથે બાંધેલી પથ્થરની બરછીદાર છરીમાંથી ભાલાનું રૂપ થયું. છેલ્લના પાષાણયુગમાં માણસની સંસ્કૃતિ એટલે સુધારામાં પથ્થરનાં, હાડકાંનાં અને શિંગડાંનાં હથિયારોથી, ખેતીના આરંભથી અને પાળ્યા પશુઓ જેવાં પ્રાણીઓની બહાતીથી પ્રગતિ થયેલી માનવામાં આવે છે. ફ્રાંસનાં હથિયાર સાથે નાશ પામેલ પ્રાણીઓ સાથે તે યુગનાં પથ્થરનાં બીજાં હથિયારો મળી આવે છે. આ યુગની પહેલાનાં હથિયારો કરતાં છેલ્લના યુગનાં ઓજારો વધારે સારી બનાવટનાં અને બીજાં હોય છે. તેઓ કબરોના ઢગલામાં અથવા ગુફાઓનાં નિવાસસ્થાનોમાં અને કબરસ્તાનમાંથી મળી આવે છે. કુહાડી, ગપ્પુ, છરી, ખંજર, ભાલાં અને બાણની અણી, કરવત, ટાંકણાં જેવાં પથ્થરનાં હથિયારો તે યુગનાં છે.

ઉત્તરપ્રાંત [સં. ઉત્તર (ઉત્તર તરફનું) + પ્રાંત (દેશનો ભાગ)] પું. ઉત્તર દિશામાં આવેલો પ્રાંત. જેમકે, મુંબઈ પ્રાંતનો ઉત્તરપ્રાંત ગુજરાત.

ઉત્તરપ્રોષ્ઠપદયુગ્મ [સં. ઉત્તરપ્રોષ્ઠપદા (ઉત્તરા ભાદરવા નક્ષત્ર) + યુગ્મ (જોડ વર્ષ)] પું. નંદન, વિજય, જય, મન્મથ અને દુર્મુખ એ પાંચ વર્ષ.

ઉત્તરપ્રોષ્ઠપદા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ઉત્તરાભાદરવા નક્ષત્ર.

ઉત્તરફલ્ગુની [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ઉત્તરા ફલ્ગુની નક્ષત્ર.

ઉત્તરફાલ્ગુન ન. (જ્યોતિષ) એક નક્ષત્ર. જુઓ ઉત્તરાફાલ્ગુની.

ઉત્તરફાલ્ગુની [સં. ઉત્તર (પાછલું) + ફાલ્ગુની (ફાગણ મહિનાનું)] ન. (જ્યોતિષ) મુખ્ય બે તારાવાળું અને પલંગના આકારનું એ નામનું બારમું નક્ષત્ર. આ નક્ષત્રમાં જે જન્મે તે માણસ સત્તા, દયાળુ, સુશીલ, કીર્તિમાન, સુમતિ, ભોગ, ધીર અને સહ્યા મૃદુ સ્વભાવનો હોય એમ મનાય છે.

ઉત્તરબલી ૧. [સં.] પું. બંદ.

૨. પું. બુધ ગ્રહ.

ઉત્તરબસ્તિ [સં. ઉત્તર (ઉપર) + બસ્તિ (મૂત્રા વગેરે પણી ચામડાની પિચકારી)] સ્ત્રી. (વૈદક) મૂત્રમાર્ગ દ્વારા મિશ્રિતોનું ગુદા અંગ.

ઉત્તરબિંદુ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + બિંદુ (ટપકું)] ન. ધ્રુવના તારાની બરાબર નીચેનું ક્ષિતિજ ઉપરનું બિંદુ.

ઉત્તરબ્રૌહ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + બ્રૌહ (ચોખાનું અનુષાંગી)] પું. બ. વ. ઉત્તર તરફના દેશોમાં રહેનારા બ્રૌહ લોકો; મહાચાની, ટિબેટ, મોંગોલિયા, ચીન અને જપૅનના બ્રૌહ ઉત્તરબ્રૌહ અને સિલોન, બાલદેશ, સિયામ અને ઇન્ડોચિનના બ્રૌહ દક્ષિણબ્રૌહ કહેવાય. ઉત્તરના બ્રૌહ પોતાને મહાચાની અને દક્ષિણના બ્રૌહ પોતાને હીનયાની કહે છે.

ઉત્તરભાગ [સં. ઉત્તર (પાછલું) + ભાગ (હિસ્સો)] પું. પાછળનો કે છેવટનો ભાગ; બાકી રહેલો અંશ.

ઉત્તરભાદ્રપદ [સં. ઉત્તર (પાછલું) + ભાદ્રપદ (ભાદરવો મહિનો)] ન. (જ્યોતિષ) એ નામનું અશ્વિનીથી ૨૬મું નક્ષત્ર; ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર. તેમાં બે મુખ્ય તારા હોય છે અને તેનો આકાર બે પાયા જેવો છે.

ઉત્તરભાદ્રપદા ૧. [સં.] સ્ત્રી. એ નામનું ૨૬મું નક્ષત્ર. જુઓ ઉત્તરભાદ્રપદ.

૨. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસ કન્યામાંની એકનું નામ.

ઉત્તરભારતીય [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ભારત (હિંદુસ્તાન) + કીય (લગત)] વિ. (સંગીત) મદ્રાસ પ્રાંતમાં અને મલિસુર સંસ્થાન સિવાય આખા હિંદુસ્તાનમાં વપરાતી સંગીતની રીત.

ઉત્તરભદ્ર ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ભદ્ર (એક દેશ)] પું. ફ્રીકાનમાં આવેલ મિડ્રિઆ દેશનું જૂનું નામ. ઉત્તરભદ્ર નામમાંથી ભદ્ર કે ભાદ્ર થઈ તેમાંથી મિડ્રિઆ નામ થયું હશે.

૨. પું. એ નામનો એક દેશ.

૩. પું. એક હિંદી પ્રજાસત્તાક રાજ્યનું નામ.

ઉત્તરભસ્તિષ્ક [સં. ઉત્તર (ઉપરનું) + મસ્તિષ્ક (મગજ)] ન. મોટા મગજનો ઉપરનો ભાગ; 'સેરીબ્રમ રૂપૉલિજર'.

ઉત્તરમંદ્રા સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની પહેલી મૂર્છના.

ઉત્તરમંદ્ર [સં.] પું. (સંગીત) એ નામની એક મૂર્છના. તેનો સ્વરગ્રામઃ—સ રે ગ મ પ ધ નિ। ધ નિ સ રે ગ મ પ ધ નિ સ રે ગ.

ઉત્તરમંદ્રા ૧. સ્ત્રી. (સંગીત) ખરજ ગ્રામની સાત મૂર્છનાની પહેલી મૂર્છના. ઉત્તરમંદ્રા શરૂ થવાનો પહેલો સ્વર પંચમ, બીજો શુદ્ધ ધૈવત, ત્રીજો શુદ્ધ નિષાદ, ચોથો શુદ્ધ ખરજ, પાંચમો શુદ્ધ રિષભ, છઠ્ઠો શુદ્ધ સાંધાર, સાતમો તીવ્ર મધ્યમ. ઉત્તરમંદ્રા મધ્યસ્થાની 'સ'થી આરોહ કરી 'નિ' સુધી જાય અને ત્યાંથી પાછો અવરોહ કરી મૂળ સ્વર ઉપર આવે.

૨. [સં. ઉત્તર (ઊંચું) + મંદ્ર (નીચું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. (સંગીત) બધે મોટે અવાજે પણ ધીમેથી ગાવાની રીત.

૩. સ્ત્રી. (સંગીત) નારદ મત પ્રમાણે શારીર વીણાના ગ્રામની એક મૂર્છના.

૪. સ્ત્રી. (સંગીત) વીણાનો તાર જે ઘાટમાં મેળવ્યો હોય તે ઘાટ.

ઉત્તરમાત્ર ૧. [સં. ઉત્તર (જવાબ) + માત્ર (સંપૂર્ણપણું)] પું. આખો ઉત્તર; સંપૂર્ણ જવાબ.

૨. [સં. ઉત્તર (જવાબ) + માત્ર (ફક્ત)] પું. માત્ર ઉત્તર.

ઉત્તરમાનસ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + માનસ (કૈલાસ શિખર પાસે આવેલ સરોવર)] ન. કાશ્મીરના હરમુખ શિખરની તળેટીમાં આવેલ ગંગા સરોવરનું જૂનું નામ.

૨. ન. ગયા તીર્થમાં એક સરોવર; ગયા ગામમાં ઉત્તર દિશામાં આવેલ એક પવિત્ર જગ્યા.

૩. ન. હિમાલય ઉપરનું માન સરોવર.

ઉત્તરમાયા [સં.] સ્ત્રી. (સંગીત) મોંધાર ગ્રામની સાત મૂર્છનામાંની છઠ્ઠી મૂર્છના.

ઉત્તરમાલવ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + માલવ (એ નામનો એક દેશ)] પું. (પુરાણ) હિંદમાં ઉત્તરે આવેલો દેશ; માળવા.

ઉત્તરમીમાંસા [સં. ઉત્તર (પાછળનો ભાગ) + મીમાંસા (વિચારણા)] સ્ત્રી. (વેદાંત) જે નામનું વેદ સંબંધી સાહિત્ય; વેદવ્યાસે રચેલ શારીરક સૂત્ર નામનો ગ્રંથ; વેદાંત. મીમાંસાશાસ્ત્રના બે ભાગ છે: પૂર્વ અને ઉત્તર. પૂર્વ જૈમિનિએ બનાવેલ છે. તેમાં ક્રિયા કર્મથી ફળપ્રાપ્તિ બતાવી છે. બાદરાયણે રચેલ ઉપનિષદરૂપ ઉત્તરમીમાંસા બ્રહ્મસૂત્ર કહેવાયું. તેમાં જ્ઞાનથી બ્રહ્મની પ્રાપ્તિ બતાવેલ છે.

ઉત્તરમીમાંસાસૂત્ર [સં. ઉત્તર (પાછળનો ભાગ) + મીમાંસા (મનન) + સૂત્ર (શાસ્ત્રગ્રંથ)] ન. વેદાંતસૂત્ર; વ્યાસનું રચેલું એક શાસ્ત્ર.

ઉત્તરમુહૂટ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + મુહૂટ (મુગટ)] પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે આવેલ એક તારાનો સમૂહ; હાલમાં વિષુવાંશ ૨૪૦ અને ઉત્તર ક્રાંતિવૃત્ત ૬૦ની આસપાસ આવેલું નક્ષત્ર; 'ગરપીપ. કોરોના બોરિએલિસ'.

ઉત્તરમુખી [સં. ઉત્તર (ઉત્તર દિશા) + મુખ (મોઢું) + ઙીપ્ (વાળું)] વિ. સ્ત્રી. ઉત્તર દિશા તરફ વહેનારી.

ઉત્તરરહિત [સં. ઉત્તર (જવાબ) + રહિત (વગરનું)] વિ. જવાબ વિનાનું; મૌન.

ઉત્તરરંગ [સં. ઉત્તર (પાછળનું) + રંગ (ભાગ)] પું. પાછલો ભાગ.

ઉત્તરરાગ [સં. ઉત્તર (પાછળનું) + રાગ (ગાવાની રીત)] પું. (સંગીત) રાગના બે મોંહેનો એ નામનો વર્ગ; રાતના બાર વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં ગવાતા રાગ.

ઉત્તરરાગણી [સં. ઉત્તર (પાછળનું) + રાગિણી (રાગની સ્ત્રી)] સ્ત્રી. (સંગીત) પાછલી રાતે ગાવાની રાગણી. એનો વખત ચોથા પહોરે ૩ થી ૬ વાગ્યા સુધીનો છે. તેમાં ધનાશ્રી, નટ, કાલંગડો, લલિત, દેશાવરી, સોરઠ, રામકલી, હિંડોલ વગેરે રાગ રાગણીઓ ગવાય છે.

ઉત્તરરાગિણી [સં. ઉત્તર (પાછળનું) + રાગિણી (રાગની સ્ત્રી)] સ્ત્રી. (સંગીત) પાછલી રાતે ગાવાની રાગિણી. જુઓ ઉત્તરરાગણી.

ઉત્તરરાત્ર [સં. ઉત્તર (પાછળનું) + રાત્રિ (રાત)] સ્ત્રી. મધ્યરાતથી પહાડ્યું વાગ ત્યા સુધીનો વખત; રાત્રિના બારથી સવારના ૭ સુધીનો સમય.

ઉત્તરરાત્રિ [સં. ઉત્તર (પાછળનું) + રાત્રિ (રાત)] સ્ત્રી. પાછલી રાત. જુઓ ઉત્તરરાત્ર.

ઉત્તરરામચરિત [સં. ઉત્તર (પાછળનું) + રામ (વિષ્ણુનો સાતમો અવતાર) + ચરિત (ચરિત્ર)] ન. સંસ્કૃત ભાષાના સમર્થ કવિ અને લેખક ભવભૂતિનું રચેલું જે નામનું મુખ્ય કરુણરસવાળું નાટક. ભરતના નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે રચાયેલ આ પ્રબંધમાં સાત્ત્વતનાટક અને દક્ષનાટકનો પ્રયોગ વધતો ઓછે અંશે જોવામાં આવે છે. નાટકનું વસ્તુ વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડના ૪૨મા સર્ગ અને તે પછીના કોઈ કોઈ સર્ગમાંથી લીધું છે. આમાં રામચંદ્રજીના ચરિતનો પાછલો ભાગ આવતો હોવાથી તેનું નામ ઉત્તરરામચરિત રાખ્યું છે. રામચંદ્રજીએ રાજ્યારોહણ પછી લોકોમાં થતી નિંદાથી સીતાજીને લક્ષ્મણ સાથે વનમાં મોકલ્યાં તે, અને તે વખતની આમાં કરીકત છે. નાટકમાં કરુણરસ મુખ્ય છે, પણ કવિએ વ્યભિચારીભાવ, સંયોગશૃંગાર, વિપ્રલંભશૃંગાર, વીર, રૌદ્ર, અદ્ભુત, ભયાનક અને શાંત રસની ઓછીવત્તી જમાવટ કરી છે. સીતા અને તેની સાથેનાં ઓપાત્ર રામભદ્રની પાસે જ હોવા છતાં કવિએ કેવી કુશળતાથી તેમને દૂર રાખી નાટકના કરુણરસમાં ક્ષતિ કરી છે. આ નાટકમાં ચિત્રદર્શન, પંચવટીપ્રવેશ, ગંગા, તોસલાજનાકોશ, કુમારવિક્રમ, કુમારઅલર્કિતા અને સંમેલન નામના અનુક્રમે સાત અંક રાખવામાં આવેલ છે. પહેલા અંકમાં ભૂમિપ્રાપ્ત, મિથિલાના અમુક પ્રસંગો, વિવાહપ્રસંગ, પરશુરામનો મેળાપ, ધનુષભંગ વૃત્તાંત, વનવાસ, ભાગીરથી દર્શન, ચિત્રકૂટ, ગોદાવરી, પંચવટી, સર્પસ્વપ્ન, પંપા સરોવર, જટાયુ, હનુમાન વગેરેના પ્રસંગો રાજ્યભંડળમાં બનતા બતાવ્યા છે, તે અને સીતા વનવાસના પ્રારંભની હકીકત આવે છે. બીજા અંકમાં પ્રજારક્ષણ માટે રામભદ્રનું વનમાં જવું, પંચવટીના જૂના વખતના બનાવોના પ્રદેશમાં ભ્રમણ અને વિસ્મૃત થયેલી સંસ્મૃતિ યાદ આવે છે. ત્રીજા અંકમાં વિશ્રબ્ધમાં મુખ્ય રામભદ્ર અને પાસે હાજર થયેલાં છતાં દૈવીશક્તિથી અદૃશ્ય અને અજાણ્યાની રહેલાં સીતાજીનો અલૌકિક મેળાપ આવે છે, જે કથાવસ્તુમાં અને લખવામાં કવિએ અદ્ભુત ચાતુર્ય વાપર્યું છે. ચોથા અંકમાં સીતાના વનવાસ પછી શોકસાગરમાં ડૂબેલા જનક અને મૃતપ્રાય થયેલાં કૌશલ્યાનો હૃદયદ્રાવક મેળાપ થાય છે, જેમાં પણ કરુણરસની અવધિ છે. પાંચમા અંકમાં રામભદ્રના પુત્ર લવની વીરગાથા અને અદ્ભુત પરાક્રમ આવે છે. છઠ્ઠા અંકમાં રામભદ્ર વગેરેનો ઔચિત્યો મેળાપ, કુમાર મુખેથી રામાયણના અમુક વિભાગનું શ્રવણ અને લવ તથા કુશ કુમારોનાં લક્ષણોથી કુલીન અને ઉદાત્ત હોવાની આશંકા થવાનું આવે છે. સાતમા અંકમાં બધું કુટુંબ અને ઋષિમુનિઓ તથા મહાસભાઓનું સંમેલન, કુમારોની ઓળખાણ, અપ્સરાએ ભજવેલા નાટકથી સર્વ મુગ્ધ અને મર્મ ખૂલતાં શુદ્ધ સ્પષ્ટીકરણ, તથા સીતાનો રસાતલપ્રવેશ અને પુનઃ પ્રાકટ્ય આવે છે. આ રીતે ઉત્તર ભવાંને અદ્ભુત અને શોક પછે આવી સીતાજીને પણ સૌ સંમતે કુટુંબમાં અધિષ્ઠાન રાખી નાટ્યકારે મધુરેણ સમાપયેત્ એ સૂત્રનું પાલન અને સાર્થક્ય કર્યું છે. કવિની આપાલિતતાનું સ્વાભિમાન નાટકના પહેલા અને છેલ્લા શ્લોકમાં તરવરી ઊઠ્યા આવી રહ્યું છે.

ઉત્તરરામચરિત્ર [સં. ઉત્તર (પાછળનું) + રામ (દશરથ રાજાના પુત્ર) + ચરિત્ર (ચરિત)] ન. કવિવર ભવભૂતિએ રચેલ કરુણરસ પ્રધાન્ય સંસ્કૃત નાટકનું નામ. જુઓ ઉત્તરરામચરિત.

ઉત્તરલક્ષણ ૧. [સં. ઉત્તર (જવાબ) + લક્ષણ (ગુણ)] ન. જવાબના ગુણ. જવાબ ઉદ્ધત નહિ એવો, આખા આરોપને લાગુ પડતો, ક્રમસરથી રજૂ થયેલ, બધબેસતો અને સ્પષ્ટ જણાવેલો હોવો જોઈએ.

૨. [સં. ઉત્તર (પાછળનું) + લક્ષણ (ચિહ્ન)] ન. પાછળનું ચિહ્ન; પાછળથી બતાવું લક્ષણ.

૩. [સં. ઉત્તર (કરવું) + લક્ષણ (નિશાન)] વિ. કરવી લાગુ નિશાન રાખનાર.

ઉત્તરલઘુઅંત્ર [સં. ઉત્તર (પાછળનું) + લઘુ (નાનું) + અંત્ર (આંતરડું)] ન. નાના આંતરડાનો છેલ્લો ભાગ.

ઉત્તરલોક [સં. ઉત્તર (ઉપર) + લોક (દુનિયા)] કું. સ્વર્ગ; પવિત્ર અને પુણ્યવાળા માણસો મરણ પછી વસે છે તે દુનિયા; ધર્મિષ્ઠ લોકો મોત પછી જ્યાં રહે છે તે સ્વર્લોક.

ઉત્તરલોભ [સં. ઉત્તર (ઉપર) + લોભન (વાળ)] વિ. ઉપર વાળેલા વાળવાનું.

ઉત્તરલૌહિક ૧. કું. એ નામનો શક્તિની પૂજા કરનાર એક પક્ષ.

૨. વિ. એ નામના પક્ષનું.

ઉત્તરવય ૧. [સં. ઉત્તર (પાછલું) + વયસ્ (ઉંમર)] સ્ત્રી. વૃદ્ધાવસ્થા; મોટપણ.

૨. વિ. ઘરડું; અવસ્થામાં વધેલું; વૃદ્ધ.

ઉત્તરવયસ [સં. ઉત્તર (પાછલું) + વયસ (ઉંમર)] ન. વૃદ્ધાવસ્થા; મોટપણ; ઘડપણ.

ઉત્તરવયસ્ક [સં. ઉત્તર (પાછલું) + વયસ (ઉંમર) + ક (વાળું)] વિ. ઘરડું; વૃદ્ધ.

ઉત્તરવર્તી ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વર્તિન્ (હોય એવું)] વિ. ઉત્તર તરફનું.

૨. [સં. ઉત્તર (પાછળ) + વર્તિન્ (હોનાર)] વિ. પાછળથી થનું.

ઉત્તરવસ્તિ [સં. ઉત્તર (ઉપર) + વસ્તિ (મૂત્ર વગેરે પાણી ભરાવવાની પિચકારી)] સ્ત્રી. ગોદ લેવાની પિચકારી; વૈદ્યકના સુશ્રુત સંહિતા અનુસાર રોગના ઉપચારમાં વપરાતું એક સાધન. અનુવાસ વીર્ય કે લોહી, મૂત્રાઘાત, પ્રસ્તોષ, યોનિરોગ, પ્રદરી, વસ્તિરુજા અને બધી જાતના પ્રમેહરોગમાં આ પિચકારી અપાય છે.

ઉત્તરવસ્ત્ર ૧. [સં. ઉત્તર (ઉપર) + વસ્ત્ર (કપડું)] ન. ઉપર પહેરવાનું લૂગડું; ચાદર; ઉત્તરીય.

૨. ન. કબજો.

ઉત્તરવહી [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વહિન્ (વહેનાર)] વિ. ઉત્તર દિશામાં વહેતું.

ઉત્તરવાક્ય ૧. [સં. ઉત્તર (જવાબ) + વાક્ય (વચન)] ન. જવાબનું વાક્ય.

૨. [સં. ઉત્તર (પાછળનું) + વાક્ય (વચન)] ન. પાછળનું કથન.

ઉત્તરવાત [સં. ઉત્તર (એ નામની દિશા) + વાત (પવન)] કું. ઉત્તર દિશાનો પવન.

ઉત્તરવાદ [સં. ઉત્તર (જવાબ) + વાદ (સિદ્ધાંત)] કું. જૈન સિદ્ધાંત.

ઉત્તરવાદી ૧. [સં. ઉત્તર (પાછળ) + વાદિન્ (બોલનાર)] કું. બચાવ આપનાર; પ્રતિવાદી; પ્રતિપક્ષી.

૨. [સં. ઉત્તર (પાછળ) + વાદિન્ (કથન કહેનાર)] કું. બેનો કહ્યો બીજાની પછીનો હોય તે માણસ.

ઉત્તરવાયુ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વાયુ (પવન)] કું. ઉત્તર દિશાનો પવન.

ઉત્તરવારુણી [સં.] સ્ત્રી. ચમારડુંગળી નામની વનસ્પતિ; ઉદવારણી; ઉંદવન.

ઉત્તરવાસ્તુ [સં. ઉત્તર (પાછળ) + વાસ્તુ (ઘર)] ન. ઘરની પાછળ.

ઉત્તરવાહિની [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વાહિન્ (વહેનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ઉત્તર તરફ વહેતી.

ઉત્તરવાહિનીવાયી સ્ત્રી. (વૈદ્ય.) ગ્રહ્યા મરડાનો રોગ મટાડતી એક જાતની દવા.

ઉત્તરવિદેહ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વિદેહ (દેશનું નામ)] કું. નેપાળના હિમાલયના પ્રદેશનું પ્રાચીન નામ, જેમાં જનકવંશી નામનું રાજ્ય આવેલું હતું.

ઉત્તરવૃત્ત [સં. ઉત્તર (ઉત્તર દિશા) + વૃત્ત (કહ્યું)] ન. પૂનમનો દિવસ અને ૯૦ ઉત્તર અક્ષાંશની વચ્ચેનો પ્રદેશ; ઉત્તરધ્રુવવૃત્ત.

ઉત્તરવેદાંત [સં. ઉત્તર (પાછળ) + વેદાંત (વેદનો છેલ્લો ભાગ)] ન. વેદાંતનો પાછળનો ભાગ.

ઉત્તરવેદાંતી [સં. ઉત્તર (પાછળ) + વેદાંતિન્ (વેદાંત અનુસાર)] કું. ઉત્તરવેદાંતમાં માનનાર.

ઉત્તરવેદિ ૧. [સં.] સ્ત્રી. કુરુક્ષેત્રમાં આવેલ સમંતપંચક નામનું એક તીર્થ.

૨. ન. (પુરાણ) કુરુક્ષેત્રનું બીજું નામ. હાલ એને અંતર્વેદી કહે છે.

ઉત્તરવેદી ૧. [સં. ઉત્તર. (ઉત્તર દિશા) + વેદી (વેદવિધિથી કરાતી ઓળખી)] સ્ત્રી. ઉત્તર દિશામાં પવિત્ર અગ્નિ માટે બનાવેલ ચાર્કુ.

૨. ન. કુરુક્ષેત્ર પાસે આવેલું એક તીર્થ.

૩. ન. કુરુક્ષેત્રનું બીજું નામ અંતર્વેદી.

ઉત્તરવૈદ્રિય [સં. ઉત્તર (પાછળ) + વિક્રિય (ફેરફાર)] ન. (જૈન) વૈક્રિય શરીર જોડાએ નાનું, ચોકું, એક, અનેક વગેરે થવું શક્તિ જેવા શરીરથી ભીન્ન તેવા શરીરની રચના. દેવતા અને નરકવાસી જીવને વૈક્રિય શરીર હોય છે અને તેઓ તેમાંથી ભીન્ન શરીર બનાવી શકે છે.

ઉત્તરવ્યવસ્થા [સં. ઉત્તર (પાછળ) + અવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. વસિયતનામું; મૃત્યુપત્ર.

ઉત્તરવ્યવસ્થાપત્ર [સં. ઉત્તર (પાછળ) + અવસ્થા (ગોઠવણ) + પત્ર (પત્ર)] ન. મરણ પછી પોતાની મિલકતની અવસ્થા કરવાનું લખાણ; વસિયતનામું; મૃત્યુપત્ર.

ઉત્તરવ્રત [સં. ઉત્તર (ઉત્તરનો ભાગ) + વ્રત (નિયમ)] ન. (જૈન) ઉત્તરગુણ; મૂળ વ્રતની રક્ષા, પુષ્ટિ અને શુદ્ધિ કરનાર નિયમ.

ઉત્તરશીતકટિબંધ [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + શીત (ઠંડું) + કટિબંધ (પૃથ્વીના પાંચ આબોહવાનો ભેદ)] કું. ઉત્તરધ્રુવ અને ઉત્તરધ્રુવવૃત્તની વચ્ચેનો પૃથ્વીનો ભાગ.

ઉત્તરશૃંગ [સં. ઉત્તર (ઉપર) + શૃંગ (શીંગડું)] ન. ઓક્સિજ (પ્રાણિજ ક્ષીર)ના મુખ્ય ભેદથી બાકીની બીજી બધી વંધ્યક્ષીરદ્રવ્યો (ઓસીટેન્યુલમ) બનાવતો ભાગ; ઓક્સિજનું ઊપલું શૃંગ: 'સુપીરિઅર હૉર્ન'.

ઉત્તરશ્વપથ કું. (પુરાણ) ભારતવર્ષનો એક ભાગ.

ઉત્તરશ્રેણી [સં. ઉત્તર (અવયવ) + શ્રેણી (સંખ્યાની હાર)] સ્ત્રી. (ગણિત) ભૂમિતિશ્રેણી; 'જ્યોમેટ્રિકલ પ્રોગ્રેશન'. એક સંખ્યાને અમુક અવયવે ગુણવાથી બીજી સંખ્યા બને, એ બીજી સંખ્યાને તે જ અવયવે ગુણવાથી ત્રીજી સંખ્યા બને, એમ એક પછી એકને એક અવયવે ગુણવાથી સંખ્યાઓ બનતી આવે તેવી સંખ્યાઓની પંક્તિને ઉત્તરશ્રેણી, અને તે અવયવને ઉત્તર કહે છે. જેમકે, (૧) ૧, ૩, ૯, ૨૭, ૮૧. (૨) ૧, $\frac{૧}{૨}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૮}$, $\frac{૧}{૧૬}$. એ બે શ્રેણીમાં અનુક્રમે ૩ અને $\frac{૧}{૨}$ ઉત્તર છે.

ઉત્તરશ્રેણીમધ્યમ [સં. ઉત્તરશ્રેણી (એક બાજુની સંખ્યાપંક્તિ) + મધ્યમ (વચ્ચલું)] ન. (ગણિત) ભૂમિતિશ્રેણીની જ્યારે રાશિ જોડકો રાશિ બાકીની વચ્ચલી રાશિ 'જ્યોમેટ્રિકલ મીન.' અમારે જ્યારે રાશિ ઉત્તરશ્રેણીમાં હોય ત્યારે તેમાંની વચ્ચલી રાશિને બાકીના બેનું ઉત્તરશ્રેણીમધ્યમ કહે છે. અમારે બધી રાશિઓ ઉત્તરશ્રેણીમાં હોય ત્યારે પહેલી અને છેલ્લી વચ્ચે આવેલી બધી રાશિ જોડકે રાખને તે પહેલી અને છેલ્લી રાશિનાં ઉત્તરશ્રેણીમધ્યમ કહે છે.

ઉત્તરશ્રેણિ [સં. ઉત્તર (અવયવ) + શ્રેણિ (સંખ્યાની પંક્તિ)] સ્ત્રી. (ગણિત) ઉત્તરશ્રેણી; 'જ્યોમેટ્રિકલ સિરીઝ.' જુઓ ઉત્તરશ્રેણી.

ઉત્તરશ્રેણી [સં. ઉત્તર (અવયવ) + શ્રેણી (સંખ્યાની હાર)] સ્ત્રી. (ગણિત) ભૂમિતિશ્રેણી; 'જ્યોમેટ્રિકલ સિરીઝ.' જુઓ ઉત્તરશ્રેણી.

ઉત્તરસાકન્ન [સં. ઉત્તર (પાછળ) + સક્થિ (સાથળ)] ન. સાથળનો ઉપલો ભાગ.

ઉત્તરસત્ર [સં. ઉત્તર (પાછલું) + સત્ર (ગાળો)] ન. વરસના બે વિભાગ માંહેનો બીજો.

ઉત્તરસમશીતોષ્ણ કટિબંધ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + સમ (સરખું) + શીત (ઠંડું) + ઉષ્ણ (ગરમ) + કટિબંધ (કમરની અને કંઠીને બમણા ભરાવવા પૂરતીના ગોળાના ભરાવાવાળા પટ્ટા આકારનો ભાગ)] પું. કર્કસંક્રાંતિવૃત્ત અને ઉત્તરધ્રુવવૃત્તની વચ્ચેનો ભાગ; સરખી ઠંડી અને ગરમીવાળો કર્કસંક્રાંતિવૃત્તથી ઉત્તરે આવેલો ભાગ.

ઉત્તરસમા સ્ત્રી. (સંગીત) મધ્યમગ્રામની ચોથી મૂર્છના.

ઉત્તરસંપાત [સં. ઉત્તર (ઉત્તર દિશાનું) + સંપાત (સંગમ)] પું. ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્તનું છેદનબિંદુ; વસંતસંપાત; મેષવિષુવ. આજની એકવીસમી તારીખે સૂર્ય આ બિંદુથી ઉત્તર ગોલાર્ધમાં જાય છે.

ઉત્તરસંસ્કૃતયુગ [સં. ઉત્તર (પાછલું) + સંસ્કૃત (એક ભાષા) + યુગ (જમાનો)] પું. વેદકાળ પછીનો સંસ્કૃત ભાષાના પ્રચારનો જમાનો.

ઉત્તરસાક્ષી ૧. [સં. ઉત્તર (પ્રતિવાદી) + + સાક્ષિન્ (શાહેદ)] પું. પ્રતિવાદીનો શાહેદ.
૨. પું. સાબણી હકીકતની સાક્ષી આપનાર માણસ.

ઉત્તરસાધક ૧. [સં. ઉત્તર (જવાબ) + સાધક (સાબિત કરનાર)] પું. (ગણિત) દાખલો ગણવા માટે કોઈ વખત મદદમાં લેવાતો નવો આંકડો.
૨. પું. મદદ કરનાર માણસ.
૩. વિ. મદદગાર; સહાયકર.

ઉત્તરસાધકરાશિ [સં. ઉત્તર (જવાબ) + સાધક (સાબિત કરનાર) + રાશિ (જથ્થો)] પું. (ગણિત) બીજગણિત અથવા ભૂમિતિમાં દાખલો સાબિત કરવા માટે ધારવામાં આવતો આંકડો.

ઉત્તરસાધન ૧. ન. ઉપાયો લગાડી ક્રમ પાર કરવું તે.
૨. [સં. ઉત્તર (પાછલું) + સાધન (ઉપાય)] ન. પછીના જન્મમાં ઉપયોગી થાય એવી ક્રિયા; પરલોકમાં કામ આવે એવું ધર્મકર્મ કે પુણ્યદાન.

ઉત્તરસાધારણકટીય [સં. ઉત્તર (ઉપલું) + સાધારણ (સામાન્ય) + કટીય (કોમનું)] સ્ત્રી. ડાબી મહામાતૃક ધમની; 'કૉમન કેરોટિક આર્ટરિ'. તે તોરણી મહાધમનીની ટોચ ઉપરથી ડાબી બાજુએથી નીકળે છે. તેની શાખાઓ મુખ્યત્વે ડોક અને માથાને લોહી પૂરું પાડે છે.

ઉત્તરસીમા [સં. ઉત્તર (પછીનું) + સીમન્ (હદ)] સ્ત્રી. પછીનો સમય.

ઉત્તરસુપ્ર પું. (પુરાણ) હિંદુસ્તાનનો એ નામનો દેશ.

ઉત્તરસુર પું. એ નામનો એક દેશ.

ઉત્તરસ્થાન [સં. ઉત્તર (પાછલું) + સ્થાન (જગ્યા)] ન. મુખને કેન્દ્રમાં રાખી માથેના એક ભાગનું નામ; પરિશિષ્ટ વિભાગ.

ઉત્તરસ્વરિણી [સં. ઉત્તર (પછીનું) + સ્વર (અવાજ) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પ્રાચીન નાટી (વૈદિક નર્ત)ની શાખા; 'સ્પૂપીરિઅર સ્ટિર્નોમાસ્ટૉઇડ નર્વ'.

ઉત્તરહનુ ૧. પું. ઉપલું જડબું.
૨. [સં ઉત્તર (ઉપલું) + હનુ (હડપચી)] પું. હડપચીનો ઉપલો ભાગ.

ઉત્તરહર્તા [સં. ઉત્તર (જવાબ) + હર્તૃ (ચોરનાર)] વિ. જવાબ ન આપે એવું.

ઉત્તરહાનથી [સં. ઉત્તર (ઉપલું) + હનુ (જડબાનો ભાગ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. જડબાની ઉપરનું; 'મેક્સિલરિ'.

ઉત્તરહાર્દી [સં. ઉત્તર (ઉપલું) + હાર્દ (હૃદયમાં રહેનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. હૃદયથી ઉપર આવેલું; 'સ્યૂપીરિઅર ફ્રેનિઅક'.

ઉત્તરહીન [સં. ઉત્તર (જવાબ) + હીન (વિનાનું)] વિ. જવાબ વગરનું; જવાબ આપવાને અશક્ત; ચૂપ કરી ગયેલું.

ઉત્તરંગ ૧. [સં. ઉદ્ (ઊંચું) + તરંગ (કલ્પના)] પું. ઊંચી કલ્પના.
૨. [સં. ઉત્તર (ઉપલું) + અંગ (ભાગ)] પું. દરવાજા ઉપરનું આડું લાકડું; બારણાની ઉપર રહેલું લાકડું; ઓતરંગ; બારસાખનો ઉપલો ભાગ. ઘરના બારણાનો ઉત્તરંગ અને બહારના બારણાનો ઉત્તરંગ એ બે એક જ સ્તરમાં ઉદય દોય, પણ ઘરના બારણા ઉપરથી બહારના બારનો ઉત્તરો નીચે રાખવામાં આવે છે.
૩. વિ. કંપતું; કંપારીવાળું; ફફડતું.
૪. [સં. ઉદ્ (ઊંચું) + તરંગ (મોજું)] વિ. મોટાં મોજાંથી ભરેલ.

ઉત્તરંગી [સં. ઉદ્ (ઊંચું) + તરંગ (કલ્પના) + ઇન્ (વાળું)] વિ. ઊંચા વિસ્તારવાળું.

ઉત્તરા ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + આ (નારીજાતિનો પ્રત્યય)] પું. ઉત્તર તરફનો પવન.
૨. પું. નીચ જાતિનો પોઠો.
૩. પું. કાચલા કલ્પમાં ભોળા મહાદેવ મુખ્ય અવેક વિષ્ણુના બાર માંહેનો એ નામનો અવતાર.
૪. સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું બારમું નક્ષત્ર; ઉત્તરાફાલ્ગુની.
૫. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસમાની એ નામની દીકરી.
૬. સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની સાત માંહેની ચૌદ મૂર્છના.
૭. સ્ત્રી. મરેલા પ્રાણી કરતાં ક્રિયા.
૮. સ્ત્રી. (વેદાંત) મેરુ પર્વત આવ્યો છે તે દિશા; ઉત્તર દિશા.
૯. સ્ત્રી. વિરાટ રાજાની દીકરી; અર્જુનના દીકરા અભિમન્યુની સ્ત્રી અને પરીક્ષિતની મા. તે નાનપણમાં બૃહન્નલા પાસે સંગીત અને નાચ શીખી હતી. વિરાટ રાજાને ત્યાં છૂપી રીતે રહેલા પાંડવો છતા થયા ત્યારે વિરાટે પોતાની દીકરી ઉત્તરા અર્જુન સાથે પરણાવવા દરખાસ્ત મોકલી, પણ અર્જુને તે નહિ સ્વીકારતાં તેનું લગ્ન અભિમન્યુ સાથે કર્યું. મહાભારતયુદ્ધમાં અભિમન્યુ મરાયો ત્યારે એ બાવરાઈ હતી. અશ્વત્થામાએ પુત્રીને નિષ્પાંડવી કરવા ગર્ભમાં મારું ત્યારે એને વધારે પીડા થઈ. આથી તેણે દ્વારકા જવા નીકળેલા કૃષ્ણ પાસે જઈ પ્રાર્થના કરી કે મારા ગર્ભના સરક્ષણની જોખમદાર કર્યા સિવાય હું તમને જવા નહિ દઉં. કૃષ્ણને દયા આવતાં પોતાના માને તેનું સંરક્ષણ કરવા રાખ્યું. ત્યારથી એની પીડા મટી અને યોગ્ય વખતે શાંતિથી પરીક્ષિત નામના દીકરાને તેણે જન્મ આપ્યો.
૧૦. વિ. સ્ત્રી. ઉત્તર દિશાની.
૧૧. વિ. સ્ત્રી. ઉપલી, ઉપરની.
૧૨. વિ. સ્ત્રી. ડાબી.
૧૩. વિ. સ્ત્રી. પાછલી; પાછળની.
૧૪. વિ. સ્ત્રી. પુષ્ય.
૧૫. વિ. સ્ત્રી. વધારે પ્રમાણવાળી; અધિક.

ઉત્તરા અનુમહાસ્ફિકા ધમની [સં. ઉત્તરા (ઉપલી) + અનુ (ઊંચું) + મહાસ્ફી (નાના આંતરડાનો એક ભાગ) + કા (નારીજાતિનો પ્રત્યય) + ધમની (શરીરના જુદા જુદા ભાગને શુદ્ધ લોહી પહોંચાડનારી નળી)] સ્ત્રી. અભિમાકૃની ધમની (કૉલિક આર્ટરિ) તરફ જતી શાખા; 'સ્યૂપીરિઅર મેસેન્ટેરિક આર્ટરિ'.

ઉત્તરા અંશપૃષ્ઠિકા [સં. ઉત્તરા (ઉપલી) + અંસ (ખભો) + પૃષ્ઠ (પાછલો ભાગ) + કા (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની એક પેશી; અંસપૃષ્ઠક એટલે

બલાના પાટિયાની પાછળ આવું પ્રાણીરક્ષણ ઉપરના ભાગમાં આવેલી પેશી; 'સ્યૂપરસ્પાઇનેટસ'.

ઉત્તરાર્ધસંકોચની [સં. ઉત્તરા (ઉપલી) + અર્ધ (અર્ધું) + સંકોચની (સાંકડી થતી)] સ્ત્રી. પ્રતિમકપાલની બહારની બાજુએ મૂળ ભાગ ઉપર આવેલી બે નામની પેશી, 'સ્યૂપીરિઅર ઑબ્લિક્વસ ઑવ હેડિસ'.

ઉત્તરાર્ધસંકોચની પેશી [સં. ઉત્તરા (ઉપલી) + અર્ધ (અર્ધું) + સંકોચની (સાંકડી થતી) + પેશી (ભાગનો સમૂહ)] સ્ત્રી. જત્રુકાસ્થિના મરજીવાળા ઉપરથી નીકળતી બે નામની એક પેશી; 'સ્યૂપીરિઅર ઑબ્લિક્વસ ઑવ હેડિસ'.

ઉત્તરાર્ધ્ય પું. સૌભાગ્યિના ઉત્તર તરફનાં મેદાનોનો જંગલી કેસ; 'કુંડુ'. તે ઈ.સ. પૂ. ૬૮૦૦ થી ૬૦૦૦ સુધી સારુમાતના આર્યોનું રહેઠાણ હતું.

ઉત્તરાર્ધાંડ [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + અંડ (ભાગ)] પું. હિંદુસ્તાનનો હિમાલયની પાસેનો ઉત્તરનો ભાગ; ઉત્તરખંડ.

ઉત્તરાગામી ૧. [સં. ઉત્તરા (પાછળ) + ગામિન્ (જનાર)] સ્ત્રી. પાછળથી થતી લાગણી. મામડીના કોઈ ભાગના જ્ઞાનવાહી તંતુના ભાગ કરી તેને પાછા સાંધીએ તો તેનામાં લાગણીની શક્તિ ફરી આવે. એમાં પહેલાં થતી લાગણીઓને પૂર્વાગ્રહી કહે અને તે ગરમી, ઠંડી અને દર્દનાં બિંદુ ઉપર લાગ. પણ ભવિષ્યમાં બીજી જાતની લાગણીઓ તેમાં લાગ અને તેઓ સ્પર્શની લાગણી અને દર્દની વધારે તીવ્ર લાગણીઓ હોય એમ લાગે છે. આ બીજી જાતની લાગણી ઉત્તરાગામી કહેવાય.

૨. [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + ગામિન્ (જનાર)] વિ. ઉત્તર તરફ જનારું; ઉત્તરદિશામાં જતું.

૩. વિ. પાછળથી થતું.

ઉત્તરાગ્ર [સં. ઉત્તર (ઉત્તર દિશા) + અગ્ર (છેડો)] પું.; ન. પૃથ્વીની ધરીનો ઉત્તર તરફનો છેડો; ઉત્તરધ્રુવ.

ઉત્તરાચારી [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + ચારિન્ (ફરનાર)] વિ. ક્રાન્તિવૃત્તના ઉત્તર ભાગમાં ફરતું. અશ્વિની, ભરણી, કૃત્તિકા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, સ્વાતિ, વિશાખા, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા એ નવ નક્ષત્ર ઉત્તરાચારી કહેવાય છે.

ઉત્તરાજ્ઞ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા)] સ્ત્રી. ઉત્તરમાંથી વાતો પવન.

૨. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + અયન (જવું તે)] સ્ત્રી. મકરસંક્રાંતિ પર્વ; સૂર્યનો મકર રાશિમાં રાબ્બા થવાનો દિવસ.

૩. સ્ત્રી. સૂર્યનું દક્ષિણમાંથી ઉત્તર તરફ જવું તે.

ઉત્તરાજ્ઞાતા [સં. ઉત્તરાયણ (સૂર્યનું દક્ષિણમાંથી ઉત્તરમાં જવાયણ) + માતૃ (માતા)] સ્ત્રી. ઉત્તરાયણની દેવી. તેનું વાહન બૈલ હોય છે.

ઉત્તરાણી ૧. સ્ત્રી. મેંગાસિમી; અજમૃગી; મરાસિંગ.

૨. સ્ત્રી. એક વનસ્પતિ; કંટીવરા; ઉત્તરન.

ઉત્તરાતું ૧. [સં. ઉત્તરતઃ] વિ. ઉત્તર તરફનું; ઉત્તર દિશામાંથી આવતું.

૨. ન. ઉત્તર તરફ.

૩. ન. ઉત્તરથી.

૪. ન. ઉત્તરે.

ઉત્તરાતું [સં. ઉત્તરતઃ] વિ. જેનું મોઢું ઉત્તર તરફ હોય એવું.

ઉત્તરાધર [સં. ઉત્તર (ઉપરનું) + અધર (નીચેનું)] વિ. ઊંચુનીચું; નાનુંમોટું; ઓછુંવત્તું.

ઉત્તરાધિકાર [સં. ઉત્તર (પાછળનું) + અધિકાર (હક)] પું. પાછળથી મળનાર હક; ભવિષ્યમાં મળવાનાં અધિકાર, હક કે પદવી; વારસો; વારસાનો હક; આબાદકક.

ઉત્તરાધિકાર કર [સં. ઉત્તરાધિકાર (વારસો) + કર (વેરો)] પું. વારસામાં મળતી મિલકત ઉપર આપવાનો કર.

ઉત્તરાધિકાર વાર્ષિકવૃત્તિ [સં. ઉત્તરાધિકાર (વારસો) + વાર્ષિક (વરસનું) + વૃત્તિ (આપતી રકમ)] સ્ત્રી. વારસા તરીકે આપતી વાર્ષિક રકમ.

ઉત્તરાધિકાર સંપત્તિ [સં. ઉત્તરાધિકાર (વારસો) + સંપત્તિ (દોલત)] સ્ત્રી. વારસો.

ઉત્તરાધિકારી ૧. [સં. ઉત્તરાધિકાર (વારસો) + ઇન્ (વાળું)] પું. વારસ.

૨. વિ. ઉત્તરાધિકારવાળું; વારસો લેવાને હકદાર.

ઉત્તરાધિપતિ [સં. ઉત્તર (ઉત્તર દિશા) + અધિપતિ (ધણી)] પું. ઉત્તર દિશાનો રક્ષક; કુબેર.

ઉત્તરાધ્યક્ષ પું. હાથી, ઘોડા કે રથમાં બેસવાની લાયકાત ધરાવનાર સરકારી અમલદાર.

ઉત્તરાધ્યયન [સં. ઉત્તર (અધિકાર) + અધ્યયન (પ્રકરણ)] ન. (જૈન) એ નામનું એક મૂળ સૂત્ર. તેનાં છત્રીસ અધ્યયન એટલે પ્રકરણ એકબીજાથી જુદાં પડે છે.

ઉત્તરાનિતંબિની ધમની [સં. ઉત્તરા (પાછળ) + નિતંબિન્ (પ્રદેશનું) + ધમની (શુદ્ધ લોહી પહોંચાડનાર નળી)] સ્ત્રી. અધિત્રોણિક આભ્યંતરી ધમનીની પાછળ શાખામાંથી નીકળતી ત્રણ માંહેની બે નામની એક શાખા; 'સ્યૂપીરિઅર ગ્લુટિઅલ આર્ટરિ'. આ ધમનીની ઊંડી અને ઉપરછલી એમ બે શાખા, નિતંબપિંડિકા નામની પેશીઓ (ગ્લુટિઅલ મસલ્સ)ને, ત્રિકાસ્થિ (સેક્રમ)ના પીઠભાગને અને વક્ષણસંધિ (હિપ જોઇન્ટ)ને લોહી પૂરું પાડે છે.

ઉત્તરાનુમાન [સં. ઉત્તર (પાછળ) + અનુમાન (અટકળ)] ન. પાછળની અટકળ.

આ અનુમાનોમાં પહેલું આવતું અનુમાન પછીનાની અપેક્ષાએ પૂર્વાનુમાન અને પછીનું પહેલાની અપેક્ષાએ ઉત્તરાનુમાન કહેવાય છે.

પ્રમાણમીમાંસાપ્રવેશિકા

ઉત્તરાપથ ૧. [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + પથ (માર્ગ)] પું. ઉત્તર દેશ.

૨. પું. ઉત્તરમાર્ગ.

૩. પું. કાશ્મીર અને ભાનુસના પ્રદેશનું જૂનું નામ. ગુપ્તવંશના શિલાલેખમાં આ નામ આપ્યું છે.

૪. પું. જુઓ.

૫. પું. હિંદનો ઉત્તર ભાગ. તે અલ્લાના વખતમાં ખરો આર્યપ્રદેશ ગણાતો.

ઉત્તરાપથિકા સ્ત્રી. એક જાતની દ્રાક્ષ; અંબરસા.

ઉત્તરાપરા [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + અપરા (પશ્ચિમ દિશા)] સ્ત્રી. વાયવ્ય ખૂણો.

ઉત્તરાપર્શુકાનુગામેસની [સં. ઉત્તરા (પાછળ) + પર્શુકા (પાંસળી) + અનુ (પાછળ) + ગા (જનારી) + મેસની (મજ્જાવારી)] સ્ત્રી. એ નામની શિરા; 'સ્યૂપીરિઅર ઇન્ટરકૉસ્ટલ વેન', પૃષ્ઠવક્ષ (વર્ટિબ્રા)ની દરેક બાજુએ બીજી, ત્રીજી અને ચોથી પર્શુકાનુગા એટલે પાંસળી પાછળ જનારી શિરાઓ મળીને આ શિરા બનાવે છે. તેમાંની દરેક દરેક અસ્થિકોષ્ઠામાં અસ્થિ બનવાની પુરોવર્તિકા શિરાને મળે છે. આ બધી શિરા જાતીની દીવાલ અને બરડાની શિરાઓનું લોહી વહી લાવે છે.

ઉત્તરાપર્શુકાનુગામેસની શિરા સ્ત્રી. એ નામની શિરા; 'સ્યૂપીરિઅર ઇન્ટરકૉસ્ટલ વેન'. જુઓ ઉત્તરાપર્શુકાનુગામેસની.

ઉત્તરાપંચ ૧. [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + પક્ષ (ભાગ)] પું. ઉત્તર તરફ આવેલો દેશ.

૨. પું. ઉત્તર તરફ આવેલો ભાગ.

૩. પું. ઉત્તર હિંદુસ્તાન; વિંધ્ય પર્વતની ઉપરનું હિંદ.

ઉત્તરાપોષણ [સં. ઉત્તરા (ઉત્તરી) + પોષણ (પોષવાનું કામ)] ન. નૈવેદ્યને અંતે અપાતું જળાચમન.

ઉત્તરાપ્રાણદાતા ૧. [સં. ઉત્તરા (વિરાટ રાજાની પુત્રી) + પ્રાણ (રક્ષણ) + દાતૃ (આપનાર)] પું. પુરુષોત્તમનાં હનુમાન માંહેનું એક નામ. અજ્ઞાતવાસમાંથી નપાંડવો પૃથ્વી ફરવાને પાછે પાંડવ ઉપર આવ્યું ટૂંકમાં અને ગર્ભમાં પણ પાંડવોનું બીજ ન રહેવા દેવાના હેતુથી ઉત્તરાને રોગ ગર્ભનો નાશ કરવા પ્રયાસ છોડ્યું, તે વખતે તે ગર્ભનું રક્ષણ કરી શ્રીકૃષ્ણે ઉત્તરાના પ્રાણ બચાવ્યા તેથી તે ઉત્તરાપ્રાણદાતા કહેવાયા.
૨. પું. વિષ્ણુ.

ઉત્તરાફલ્ગુની [સં. ઉત્તરા (પછીનું) + ફલ્ગુની (બે નામનું નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) એક નક્ષત્રનું નામ. જુઓ ઉત્તરાફાલ્ગુની ૪.

ઉત્તરાફલ્ગુનીયોગતારા [સં. ઉત્તરાફલ્ગુની (એક નક્ષત્ર) + યોગ (જોડાણ) + તારક (તારો)] પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૬ અને ઉત્તર ક્રાંતિવંશ ૧૫ માં આવેલો તારો.

ઉત્તરાફાલ્ગુની ૧. સ્ત્રી. બાદલો, જેમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો દેખાવ પલંગ જેવો હોવાનું મનાય છે.
૨. [સં. ઉત્તરા (પછીની) + ફલ્ગુની (એક નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રનાં છત્ર માંહેનું નવમું નક્ષત્ર.
૩. સ્ત્રી. (જ્યોતિષ) નવ માંહેનું એક નક્ષત્ર.
૪. સ્ત્રી. (જ્યોતિષ) સત્તાવીશમાંનું બારમું નક્ષત્ર; વિષુવાંશ ૧૭૬ અને ઉત્તર ક્રાંતિવંશ ૧૫ની ઉપર આવેલું અશ્વિનીયી બારમું બે તારાનું નક્ષત્ર. લગભગ તા. ૧૨ સપ્ટેમ્બરથી તા. ૨૬ સપ્ટેમ્બર સુધીનું તે વરસાદનું એક નક્ષત્ર છે. આ નક્ષત્રમાં જન્મેલ સ્ત્રી કે પુરુષ ભાગ્યવાન, વિદ્યાવાન, કમાઉ, ભોગી ને સુખી થાય એમ મનાય છે. મઘા નક્ષત્રની પૂર્વે પૂર્વોત્તર ફાલ્ગુનીના ચાર તારા આવે છે. તેમાં પૂર્વ બાજુના બે તારા ઉત્તરાફાલ્ગુની કહેવાય છે. તે બે તારામાં દક્ષિણ તરફનો મોટો અને ઉત્તર તરફનો નાનો છે. જે માસની પૂનમે ફલ્ગુની નક્ષત્ર હોય તે ફાલ્ગુન માસ થાય. વેદમાં ઉત્તરાફાલ્ગુનીનો દેવતા ભગ છે. હાલમાં હોળીના તહેવારોમાં જે બીભત્સ શબ્દોનું માહાત્મ્ય આલે છે તેનું મૂળ ભગ શબ્દમાં જણાય છે.

ઉત્તરાફાલ્ગુનીયોગતારા પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૬ અને ઉત્તર ક્રાંતિવંશ ૧૫માં આવેલો તારો.

ઉત્તરાબસ્તિભા સ્ત્રી. અધિશ્રોણિક અભ્યંતરી ધમનીની જમણી શાખાની એ નામની શાખા.

ઉત્તરાબસ્તિભાધમની સ્ત્રી. એ નામની ધમની; 'સુપીરિઅર વેસિકલ આર્ટરિ'. જુઓ ઉત્તરા બસ્તિભા.

ઉત્તરાભદ્રપદ ન. (જ્યોતિષ) એક નક્ષત્રનું નામ. જુઓ ઉત્તરાભાદ્રપદા.

ઉત્તરાભદ્રપદા [સં. ઉત્તરા (ઉત્તર તરફની) + ભદ્રપદા (એ નામનું નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું નક્ષત્ર. જુઓ ઉત્તરાભાદ્રપદા.

ઉત્તરાભાદ્રપદા ૧. ન. નવ માંહેનું એક નક્ષત્ર.
૨. ન. નાનો પલંગ.
૩. [સં. ઉત્તરા (ઉત્તર દિશા) + ભાદ્રપદા (એક નક્ષત્ર)] ન. (જ્યોતિષ) સત્તાવીસ નક્ષત્રમાંનું એ નામનું બે તારાનું છેલ્લું નક્ષત્ર; ઉત્તરાભાદ્રપદા; અહિર્બુધ્ન્ય. તેના તારાનો આકાર અરધી વાટ અથવા અર્ધ પલંગ જેવો લાગે છે. તેના સ્વામીનું નામ અહિર્બુધ્ન્ય, અધિષ્ઠાતા દેવ અજૈકપાદ અને પ્રમાણના અક્ષર ઞ, ટ, ઠ અને ડ છે.

ઉત્તરાભાદ્રપદાયોગતારા [સં. ઉત્તરાભાદ્રપદ (બે નામનું નક્ષત્ર) + યોગ (જોડાણ) + તારક (તારો)] પું. (જ્યોતિષ) બે નામનો તારો. જુઓ ઉત્તરાભાદ્રપદાયોગતારા.

ઉત્તરાભાદ્રપદા ૧. સ્ત્રી. સીમડો; નિંબ; નીમ.
૨. સ્ત્રી. (જ્યોતિષ) વિષુવાંશ ૨ અને ઉત્તરક્રાંતિવંશ ૨૨ ઉપર આવેલું ૨૭માંનું બે નામનું છવ્વીસમું નક્ષત્ર; અહિર્બુધ્ન્ય. તેમાં બે તારા છે. તેનાં કપીમ નામ: (૧) આલ્ફ એન્ડ્રોમેડ અને (૨) ગેમ પેગેસી. પૂર્વાભાદ્રપદાના બે અને ઉત્તરાભાદ્રપદાના બે તારા મળીને એક મોટો ચતુષ્કોણવાળો ચોરસ થાય છે. આ નક્ષત્રમાં રોગ થાય તો જળ પ્રમાણમાં પીડા ભોગવવી પડે એમ મનાય છે.

ઉત્તરાભાદ્રપદાયોગતારા પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧ અને ઉત્તર ક્રાંતિવંશ ૨૯માં આવેલો તારો; 'આલ્ફ એન્ડ્રોમેડ'.

ઉત્તરાભાસ [સં. ઉત્તર (જવાબ) + આભાસ (ખોટાપણું)] પું. ખોટો જવાબ; અયોગ્ય જવાબ; આક્ષેપકનો કે ઉપરથી ઉત્તર. ઉત્તરાભાસના અનેક પ્રકાર છે: (૧) સંદિગ્ધ. જેમકે, કોઈ પાસે ૧૦૦ મોર હોવી હોય તેના પ્રત્યુત્તરમાં કેવાદાર કહે કે સો મહોર સોનાની કે રૂપાની તે યાદ નથી. (૨) પ્રકૃતથી જુદો. જેમકે, કોઈની ઉપર ગાયનાં નાણાં લેણાં હોવાનો આક્ષેપ છે. કેવાદાર પૂછવાથી જવાબ આપે કે ગાય નહિ પણ મેં ઘોડો લીધો હતો. (૩) અત્યલ્પ. જેમકે, ૧૦૦ રૂપિયા લેણા હોય તેના માટે પૂછતાં કેવાદાર કહે કે મેં તો પાંચ રૂપિયા લીધા છે. (૪) અત્યધિક. જેમકે, પાંચ રૂપિયાનું લેવું હોય તેના માટે પૂછતાં કેવાદાર કહે કે મારે તો સો રૂપિયાનું લેવું છે. (૫) પહેલે કેસ આપી. જેમકે, કોઈ ઉપર સોનાના અને કપડાંના પૈસા લેણા હોવાનો આરોપ હોય તો તે કેવાદાર કહે કે મેં કપડાં લીધાં છે, સોનું નહિ. (૬) અસ્તપદ. જેમકે, રૂપિયાના આરોપના ઉત્તરમાં કોઈ કહે કે ચાદરીએ મને માર્યો છે. (૭) અવ્યાપી એટલે કે જેના ઉત્તરમાં કાંઈ કામ કેસાલું ન હોય. (૮) નિગૂઢાર્થ. જેમકે, રૂપિયાના આક્ષેપમાં આરોપી કહે કે "શું મારી પાસે માગો છો?" એટલે કે મારી પાસે નહિ, બીજા કોઈ પાસે માગતા હશો. (૯) આકુલ. જેમકે, "મેં રૂપિયા લીધા છે, પણ મારી પાસે માગવા નહિ". (૧૦) વ્યાખ્યાગમ્ય. જેમકે, ઉત્તરમાં અઘરા શબ્દોનો ઉપયોગ કર્યો હોય અને તે શબ્દોનો અર્થ સમજવા આખ્યાની જરૂર પડે. (૧૧) અસાર. જેમકે, કોઈ કહે કે દલાણાએ આજ આપ્યું છે પણ મૂળ રકમ આપી નથી. સારે સામે આક્ષેપ કહે કે મેં આજ તો દીધું છે, પણ મૂળ રકમ લીધી નથી.

ઉત્તરાભિમુખ ૧. [સં. ઉત્તર (એક દિશા) + અભિ (તરફ) + મુખ (મોં)] વિ. ઉત્તર તરફ બારણું હોય એવું.
૨. અ. ઉત્તર તરફ મોઢું રાખીને.

ઉત્તરાભિસારી [સં. ઉત્તર (એ નામની દિશા) + અભિસારિન્ (જનાર)] વિ. ઉત્તર તરફ જનારું.

ઉત્તરાભ્યાસ [સં. ઉત્તર (પછીનું) + અભ્યાસ (આવૃત્તિ)] પું. શાળા છોડ્યા પછીનો અભ્યાસ.

ઉત્તરામહાસિરા [સં. ઉત્તર (ઉપરનું) + આ (નારીજાતિનો પ્રત્યય) + મહત્ (મોટું) + સિરા (હૃદય તરફ લોહી વહી જનારી નળી)] સ્ત્રી. શરીરના ઉપલા અરધા ભાગનું લોહી હૃદયના જમણા ઉપલા ભાગના ઉપરના ખાનામાં લાવનારી એ નામની સિરા; 'સુપીરિઅર વીના કેવ'.

ઉત્તરામહાસિરા જુઓ ઉત્તરામહાસિરા.

ઉત્તરામ્નાય [સં. ઉત્તર (દિશા) + આમ્નાય (તંત્ર)] ન. શક્તિતંત્રનાં છનાંનું એ નામનું એક. શક્તિતંત્રમાં જણાવેલ છ આમ્નાય: પૂર્વામ્નાય, દક્ષિણામ્નાય, પશ્ચિમામ્નાય, ઉત્તરામ્નાય, ઉર્ધ્વામ્નાય અને અધરામ્નાય.

ઉત્તરાયણ ૧. [સં. ઉત્તર (દક્ષિણ સામેની દિશા) + અયન (ગમન)] ન. ઉત્તરાયણ; સૂર્યનું દક્ષિણ દિશામાંથી ઉત્તરમાં આવવાપણું; બાર રાશિમાંથી ઉત્તર તરફની છ રાશિમાં સૂર્યનું આવાપણું; સૂર્ય મકર રાશિમાં આવે ત્યારથી મિથુન રાશિ છોડે ત્યાંસુધીના છ માસ; મકરસંક્રાંતિથી કર્કસંક્રાંતિ સુધીનો વખત. મોટામાં મોટી રાત અને નાનામાં નાનો દિવસ થાય ત્યારથી બદલે મોટામાં મોટો દિવસ અને નાનામાં નાની રાત થાય ત્યાંસુધીનો વર્ષનો અર્ધ ભાગ સૂર્યની ઉત્તર તરફ ગતિ હોવાથી ઉત્તરાયણ કહેવાય છે. ઉત્તરાયણ પોષ માસમાં બેસી છ મહિના રહે. તે પછી દક્ષિણાયન એટલે સૂર્યનું દક્ષિણ દિશામાં જવું થાય.

૨. ન. એ નામનો એક હિંદુ તહેવાર; મકરસંક્રાંતિનું પર્વ.

૩. ન. કૈવલ્યાન; અગ્નિમાર્ગ.

૪. ન. કેવોનો દિવસ.

૫. ન. વાયુનું ઉત્તર તરફ વાવા માંડવું તે.

ઉત્તરાયણબિંદુ [સં. ઉત્તરાયણ (ઉત્તરાયણ) + બિંદુ (ક્રમે)] ન. ક્રાંતિવૃત્તના જે કોઠાએ સૂર્ય આવવાથી ઉત્તરગોળમાં મોટામાં મોટો દિવસ અને નાનામાં નાની રાત અને ઉત્તરધ્રુવમાં અપોર થાય તે બિંદુ.

ઉત્તરાયણાંત ઉદ્‌ગમન [સં. ઉત્તરાયણ (ઉત્તરાયણ) + અંત (છેડો) + ઉદ્ (ઉપર) + ગમન (જવાનું કામ)] ન. મકરસંક્રાંતિથી કર્કસંક્રાંતિ સુધીનો છ માસનો વખત.

ઉત્તરાયણી [સં.] સ્ત્રી. (સંગીત) ષ, નિ, સ, રે, ગ, મ, પ | સ, રે, ગ, મ, પ એવા સ્વરસમૂહવાળી સંગીતની એક મૂર્છના; ઉત્તરાયતા.

ઉત્તરાયતા ૧. [સં.] સ્ત્રી. (સંગીત) ષાધાર ગ્રામની સાતમી મૂર્છના.

૨. સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની સાત મૂર્છનામાંની ત્રીજી મૂર્છના; નારદ મત પ્રમાણે શરીરમાં વીણાના ગ્રામની એક મૂર્છના. તે મન્દ્રસપ્તકની શુદ્ધ ગાંધારથી આરોહ કરી તારસપ્તકની શુદ્ધ ગાંધાર સુધી જાય અને પાછો અવરોહ કરી મધ્યસપ્તકની શુદ્ધ ગાંધાર ઉપર આવે, એટલે મંદ્રસપ્તકની 'ધ'થી શરૂ થઈ મધ્યસપ્તકની 'પ' સુધી આરોહ કરે અને પાછો અવરોહ કરી મૂળ સ્વર ઉપર આવે.

ઉત્તરાયન [સં. ઉત્તર (દક્ષિણ સામેની દિશા) + અયન (જવું તે)] ન. સૂર્યનું દક્ષિણ દિશામાંથી ઉત્તરમાં જવું તે; ઉત્તરાયણ. જુઓ ઉત્તરાયણ.

ઉત્તરાયની સ્ત્રી. (સંગીત) એક મૂર્છનાનું નામ; ઉત્તરાયતા.

ઉત્તરાયષાડવૌડિયા સ્ત્રી. (સંગીત) ષાધાર ગ્રામની સાતમી મૂર્છનાનું નામ.

ઉત્તરારણિ [સં. ઉત્તર (ઉપલું) + અરણિ (એક જાતનું લાકડું)] સ્ત્રી. જેમાં અગ્નિ ઉત્પન્ન કરવાનું તે માંહેનું ઉપરનું લાકડું; ઉપલ.

ઉત્તરાર્ક [સં. ઉત્તર (ઉત્તર દિશા) + અર્ક (સૂર્ય)] પું. કાશીમાં ઉત્તર દિશામાં આવેલ સૂર્યદેવ પાસેની સૂર્યની એક મૂર્તિ.

ઉત્તરાર્ચિક [સં. ઉત્તર (પાછળનું) + આર્ચિક (ઋચાનાં સ્તોત્ર)] પું. ઋક્ ઋક્ ઋચાનું એક પદ્ય એવાં ૪૦૦ પદ્યવાળી સામસંહિતા. આખી સામસંહિતા બે ભાગમાં છે: આર્ચિક અને ઉત્તરાર્ચિક.

ઉત્તરાર્ચિકા [સં. ઉત્તર (પાછળનું) + આર્ચિક (ઋચાનાં સ્તોત્ર) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સામવેદનો ૮૯૨ ઋચાવાળો પાછળનો ભાગ.

ઉત્તરાર્ધ ક. (સંગીત) સાત સ્વરના સમૂહમાં પંચમથી ઉપરના બીજા 'સ' સુધીના સ્વર.

ઉત્તરાર્ધ ૧. પું. પૃથ્વીનો ઉત્તર દિશા તરફનો અર્ધ ભાગ.

૨. [સં. ઉત્તર (પાછળનું) + અર્ધ (અરધો ભાગ)] પું. જે માંહેનો છેલ્લો ભાગ; વસ્તુનો પાછલો અર્ધ ભાગ. જુઓ ઉત્તરાર્ધ.

૩. [સં. ઉત્તર (ઉપલું) + અર્ધ (અરધો ભાગ)] પું. શરીરનો ઉપરનો અર્ધો ભાગ.

ઉત્તરાર્ધ ૧. પું. ઉત્તર દિશા તરફનો પૃથ્વીનો અરધો ભાગ.

૨. પું. કૂરનો છેડો.

૩. [સં. ઉત્તર (પાછલું) + અર્ધ (અરધો ભાગ)] પું. જે ભાગમાંનો છેલ્લો ભાગ; પાછલો અર્ધ ભાગ.

૪. [સં. ઉત્તર (ઉપલું) + અર્ધ (અરધો ભાગ)] પું. શરીરનો ઉપલો ભાગ.

ઉત્તરાલંકાર [સં. ઉત્તર (જવાબ) + અલંકાર (શબ્દ અથવા અર્થની ચમત્કારવાળી રચના)] પું. જવાબમાં પોતા તરફનું કહેવું વધારે કહેવામાં આવે એવો અલંકાર.

ઉત્તરાસિકા [સં. ઉત્તર (ઉપલું) + અસિક (કપાસ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. તાન્તવિકના દીર્ઘપટક (વર્ટિકલ પાર્ટ ઑવ ફ્રેક્ટાઇન ગોન) ઉપર આવેલી કાગળીના જેવી બે ઊભી અને આડી લીટીમાંની ઉપલી લીટી; 'ક્રિસ્ટ એનમોઇડલિસ.' તે અર્ણાસ્થિના મધ્યશુક્તિક નામના ભાગ સાથે જોડાય છે.

ઉત્તરાષાઢસંજ્ઞક ન. (જૈન) એક વિમાનનું નામ.

ઉત્તરાષ્ટક [હિં.] પું. માગવાં જતાં હોમ તેની જગ્યા.

ઉત્તરાસ્તિત્વમા ધમની [સં. ઉત્તરા (ઉપલી) + અસ્તિત્વમા (અસ્તિત્વમાં આવી) + ધમની (શ્વાસ લેવો વહી જાવી નથી)] સ્ત્રી. અક્ષધમનીની અધિશ્રોણિકા આભ્યંતરી નામની શાખાની બે નામની એક પ્રશાખા; 'સુપીરિઅર વેસિકલ આર્ટરિ'. તે અસ્તિ, બે મૂત્રવાહસ્રોત અને બે ગવનીઓ (યુરેટર્સ)ને લોહી પૂરું પાડે છે.

ઉત્તરાવસ્થા [સં. ઉત્તર (પાછળનું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. દશાવસ્થા; પાછલી વય; ઘડપણ; જિંદગીનો આખરનો વખત.

ઉત્તરાશાખાકાંતરીયા [સં. ઉત્તરા (ઉપલી) + શાખા (ડાળી) + અંતરીયા (વચ્ચેની)] સ્ત્રી. પગના તળિયાની પગની પીઠ તરફ પાંચે મૂળશાખાની વચ્ચે આવેલી ચાર નાની પેશીમાંની દરેક; 'ડોર્સલ ઇન્ટરઓસિઆઇ મસલ'. દરેક પેશીનાં બે મૂળ છે. તેઓ પાસે પાસે રહેલી મૂળશાખાઓની આજુબાજુથી નીકળીને બેઠકાં અર્ધ આજુના પીછાના આકારની પેઠી રચે છે. આ પેશી આંગળીઓને બાજીનથી જુદી પાડે છે.

ઉત્તરાશાખાકાંતરીયા પેશી [સં. ઉત્તરા (ઉપલી) + શાખા (ડાળી) + આંતરીયા (વચ્ચેની) + પેશી (સ્નાયુ)] સ્ત્રી. પગના તળિયાની પગની પીઠ તરફ પાંચે મૂળશાખાની વચ્ચે આવેલી ચાર નાની પેશીમાંની દરેક; 'ડોર્સલ ઇન્ટરઓસિઆઇ મસલ'. તેઓ આંગળીઓને બાજીનથી જુદી પાડે છે. જુઓ ઉત્તરાશાખાંતરીયા.

ઉત્તરાશા [સં. ઉત્તર (દક્ષિણ સામેની બાજુ) + આશા (દિશા)] સ્ત્રી. ઉત્તર દિશા.

ઉત્તરાશાધિપતિ [સં. ઉત્તર (દક્ષિણ સામેની બાજુ) + આશા (દિશા) + અધિપતિ (ધણી)] પું. કુબેર. તે ઉત્તર દિશાનો ઉપરી દેવ છે.

ઉત્તરાશ્રમ ૧. [સં. ઉત્તર (પાછલું) + આશ્રમ (જીવનનો ભાગ)] પું. વાનપ્રસ્થાશ્રમ; માણસ વનમાં રહી સંન્યાસની તૈયારી કરે તેવો આશ્રમ.

૨. [સં. ઉત્તર (ઉપલું) + આશ્રમ (જીવનનો ભાગ)] પું. સન્યસ્તાશ્રમ.

ઉત્તરાષાઢા સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસમાંની એ નામની દીકરી.

ઉત્તરાષાઢા ૧. [સં. ઉત્તર (પછીનું) + આષાઢા (બે નામનું નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) નવ નક્ષત્રો માંહેનું એક.
૨. સ્ત્રી. (જ્યોતિષ) વિષુવાંશ ૨૮૨ અને દક્ષિણ ક્રાંત્યંશ ૨૭ની ઉપર આવેલું સત્તાવીસ પૈકીનું એકવીસમું નક્ષત્ર. તેમાં ચાર તારા હોય છે. કોઈ ચાર તારા હોવાનું માને છે. તેનો આકાર બેઠા સિંહ જેવો અથવા હાથીદાંત જેવો હોવાનું મનાય છે. તેના સ્વામીનું નામ અગ્નિ, પાયાના અક્ષરો બે, બો, ભ, જી અને અધિષ્ઠાતા દેવ વિશ્વેદેવ છે. આ નક્ષત્રમાં જન્મેલ સ્ત્રી કે પુરુષ વિનયી, ધાર્મિક, બહુ ચિંતવન, કુલટા અને ભાગ્યશાળી હોય એમ મનાય છે.
૩. મ. વિશ્વદેવ.
૪. મ. હાથીનો દાંત.

ઉત્તરાષાઢાયોગતારા [સં. ઉત્તરાષાઢા (એક નક્ષત્ર) + યોગ (જોડાણ) + તારક (તારો)] પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૮૩ અને દક્ષિણ ક્રાંત્યંશ ૨૭માં આવેલો 'સેજિટેરિયસ' માંહેનો બે નામનો તારો.

ઉત્તરાસન [સં. ઉત્તર (ઉપર) + આસંગ (બાંધવું)] ન. મોઢા ઉપર ઢુપટ્ટો વીંટવો તે; ઉત્તરાસંગ.

ઉત્તરાસાવા સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની સાત માંહેની બીજી મૂર્છના.

ઉત્તરાસંગ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + આસંગ (આસક્તિ)] પું. ઉત્તર દિશામાં આસક્તિ.
૨. [સં. ઉત્તર (ઉપરનું) + આસંગ (આસક્તિ)] પું. ઉપરનાં કપડાંનો સંગ એટલે સંબંધ.
૩. [સં. ઉત્તર (ઉપર) + આસંગ (બાંધવામાં આવતી ચાદર)] પું. ખેસ; ઢુપટ્ટો; ઓઢણિયું; ઉપવસ્ત્ર.
૪. પું. ખેસથી મોઢું ઢાંકવું તે.

ઉત્તરાહ્ન [સં. ઉત્તર (પછીનું) + અહન્ (દિવસ)] પું. પછીનો દિવસ.

ઉત્તરાહા [સં. ઉત્તરા (ઉત્તર દિશા)] સ્ત્રી. ઉત્તરદિશાનું.

ઉત્તરાંગ ૧. [સં. ઉત્તર (પાછલું) + અંગ (ભાગ)] ન. ઢોલટનો ભાગ.
૨. ન. શરીરનો પાછળનો અવયવ; નિતંબ.
૩. ન. (સંગીત) સ્વરસપ્તકમાં પાછલો ભાગ. સા રી ગ મ એ પૂર્વાંગ અને પ ધ ની સા એ ઉત્તરાંગ કહેવાય છે.

ઉત્તરાંગવાદી ૧. [સં. ઉત્તર (પાછલું) + અંગ (ભાગ) + વાદિન્ (મત્લા બનાવવામાં જે સ્વરથી રાગ બંધવામાં આવે તે સ્વર)] પું. (સંગીત) રાગનો એક પ્રકાર; જેનો વાદી સ્વર રાગના ઉત્તરાંગમાં હોય તે રાગ.
૨. વિ. (સંગીત) ઉત્તરાંગના વર્ણનું.

ઉત્તરાંતર [સં. ઉત્તર (અવાજ) + અંતર (બીજું)] પું. ઊલટો અવાજ.

ઉત્તરાંત્રિકા [સં. ઉત્તર (ઉપરનું) + આંત્ર (આંતરડું) + કા (સંબંધી) + ટાપ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઔદરી મહાધમનીની બે નામની શાખા; 'સ્યૂપીરિઅર મેસેન્ટેરિક આર્ટરિ'. ઔદરી મહાધમનીના અન્ત્રાવરણ (પેરીટોનિયમ)ની પાછળના ભાગમાંથી નીકળી અનેક શાખામાં તે વહેંચાઈ જઈ નાના અને મોટા આંતરડાને લોહી પૂરું પાડે છે. તેની ચાર મુખ્ય પાર્શ્વશાખાઓ: (૧) અપરા અનુપ્રસ્થિકા. આ શાખા ઝાલરી અને અન્ત્રાવરણને પોષે છે. (૨) મધ્યમા જૂનપ્રસ્થિકા, (૩) દક્ષિણા જૂનપ્રસ્થિકા, (૪) ઉડુપ્રસ્થિકા. આ શાખા મોટા આંતરડાના ઉડુપ્ર નામે ઓળખાતા ચોથાઈના ભાગને અને તેની નજીક આવેલા નાના આંતરડાના કેટલા ભાગને પોષણ આપે છે.

ઉત્તરાંત્રિકોપમની [સં. ઉત્તર (ઉપરનું) + આંત્ર (આંતરડું) + કા (સંબંધી) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + ધમની (શુદ્ધ લોહી વહી જનારી નળી)] સ્ત્રી. ઔદરી મહાધમનીની બે નામની એક શાખા; 'સ્યૂપીરિઅર મેસેન્ટેરિક આર્ટરિ'. જુઓ ઉત્તરાંત્રિકા.

ઉત્તરાંત્રિકોશિરા [સં. ઉત્તર (ઉપરનું) + આંત્ર (આંતરડું) + કા (સંબંધી) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + શિરા (અશુદ્ધ લોહી વહી જનારી નળી)] સ્ત્રી. નાનું આંતરડું, મોટા આંતરડાના ઉપરના ભાગ અને વચલા ભાગમાંથી નીકળતી નાની શિરાઓ મળીને બનેલી શિરા; 'સ્યૂપીરિઅર મેસેન્ટેરિક વેન'. અંત્રમૂલગ્રંથિની અંદર આ શિરા ઊંચે ચડતી અને સ્કેજ જાડી બની જાય છે. અગ્નાશયના ખોળામાં આવીને પછીથી પાછળ જઈ તે બરોબર શિરાને મળીને પ્રતિહારિણી શિરા કહેવાય છે.

ઉત્તરિક [સં. ઉત્તૃ (ઓળંગવું) + ક (પામું)] વિ. ઊતરી શકાય એવું; ઓળંગી શકાય એવું.

ઉત્તરિકા [સં.] સ્ત્રી. ઉત્તરમાં આવેલી એ નામની નદી.

ઉત્તરી ૧. સ્ત્રી. ગળામાં પહેરવાનો જૂના વખતનો એ નામનો સ્ત્રીનો.
૨. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ઈ (વિશેષણ બનાવનાર પ્રત્યય)] વિ. ઉત્તરનું.

ઉત્તરીકરણ [સં. ઉત્તર (બચારે) + કરણ (કરવાપણું)] ન. (જૈન) બચારે શુદ્ધ કરવાપણું; જે પાપની આલોચના લેટલે પશ્ચાત્તાપ કર્યો હોય તેની બચારે શુદ્ધિ કરવા માટે કાયોત્સર્ગ એટલે શરીર હલાવ્યા વિના ધ્યાન ધરવાપણું.

ઉત્તરી ફ્રેસલી સન [સં. ઉત્તરી (ઉત્તરનું) + + ફ્રેસલ સન (એકમ)] પું. ભારતના ચોમેર મળતા માંહેનો ઈ.સ. ૧૯૧૪માં થયેલ એક સન. તેને ફ્રેસલી સન પણ કહે છે. આ સન આકબર બાદશાહે દાખલ કર્યો છે. દક્ષિણમાં એનો પ્રચાર શાહજહાં બાદશાહે કર્યો. તે ઉપરથી ઉત્તરી ફ્રેસલી સન અને દક્ષિણી ફ્રેસલી સન એ બે નામ પડ્યાં.

ઉત્તરીય ૧. [સં. ઉત્તર (ઉપરનું) + ઈય (સંબંધી)] પું. પૃથ્વીના ઉત્તર ગોલાર્ધનો રહેવાસી.
૨. ન. એક જાતનું મલમલ, મખમલનું અને પોચું વસ્ત્ર.
૩. ન. ઢુપટ્ટો; ખેસ; ઓઢણી; ઉપરણો.
૪. ન. શરીરના ઉપરના ભાગમાં પહેરવાનું વસ્ત્રું.
૫. ન. સેલું; ઉપરણી; ઓઢણી; પછેડો.
૬. વિ. ઉત્તર દિશાનું; ઉત્તર દિશા સંબંધી.
૭. વિ. ઉત્તરના મુલક સંબંધી.
૮. વિ. ઉપરનું.

ઉત્તરીયપ્રકાશ [સં. ઉત્તરીય (ઉત્તરનું) + પ્રકાશ (તેજ)] પું. સુમેરુજ્યોતિ; ઉત્તર તરફથી આવતું તેજ; 'ઓરોરા બોરીઓલિસ'. ઉત્તર ક્ષિતિજની ઉપર મોટા ભાગે આવેલી ઝાંખી લીટીથી ઊભવસ્તિક (ઝેનિથ) તરફ જતો, વીજળિક શક્તિથી ઉત્પન્ન થતો મનાતો, માત્ર રાત્રે જ નજરે પડતો, ઝાંખા, રાતા કે પીળાથી ઘેરા લાલ અથવા લોહીના રંગનો રોશનીની ભરતા તારાનો પ્રકાશ. કોઈક વાર તે આકાશમાં પૂર્વથી પશ્ચિમ તરફ પ્રકાશની કમાન રૂપે અને કોઈક વાર ઘડિયાળના ખોળાના આકારમાં દેખાય છે.

ઉત્તરીયવસ્ત્ર ૧. [સં. ઉત્તરીય (ઉપરનું) + વસ્ત્ર (લૂગડું)] ન. ઉપવસ્ત્ર; ઉપરનું લૂગડું; ઓઢવાનું કપડું.
૨. ન. સાલ્લો; સાડી; સાડલો.

ઉત્તરીયવસ્ત્રા ૧. [સં. ઉત્તરીય (ઉપરનું) + વસ્ત્ર (લૂગડું)] ન. ઉપર ઓઢવું કપડું; ઉપરણું; ઓઢણિયું.
૨. ન. સાલ્લો; સાડી.

ઉત્તરીયાસ ૧. [સં. ઉત્તરીય (ઉપરનું) + વાસસ્ (વસ્ત્ર)] ન. અંગરખા; ઉપવસ્ત્ર; ઉપરણું; આડસોડિયું.
૨. ન. સાડી; સાડલો; ઓઢવું.

ઉત્તરેતરા [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ઇતર (બીજું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દક્ષિણ દિશા.

ઉત્તરેશ ૧. [સં. ઉત્તર (ઉત્તર દિશા) + ઈશ (અધિપતિ)] પું. ઉત્તર દિશાનો અધિપતિ કુબેર; ઉત્તરપાલ.
૨. પું. (જ્યોતિષ) ગ્રહ; સૂર્યની આજુબાજુ ફરતો આકાશીય ગોળો.

ઉત્તરોત્તર ૧. [સં. ઉત્તર (જવાબ) + ઉત્તર (પછીનું)] પું. પ્રશ્નોમાં જવાબના અનુસંધાનનો ક્રમાગ.
૨. ન. નીચે ઊતરવું તે.
૩. ન. વાતચીત; વાદવિવાદ.
૪. ન. સવાલ અને તેનો જવાબ.
૫. વિ. આગળ ને આગળનું; પછી પછીનું.
૬. વિ. એકબીજાથી ચડિયાતું.
૭. [સં. ઉત્તર (પછી) + ઉત્તર (પછી)] ક્રિ. વિ. વખતે ને વખતે; એક પછી એક; વારાફરતું; અનુક્રમે.

ઉત્તરોત્તર ઉત્કર્ષ [સં. ઉત્તરોત્તર (એક પછી એક) + ઉત્કર્ષ (ચઢતી)] પું. પ્રગતિ; ક્રમવાર ચડતી.

ઉત્તરોત્તરવૃદ્ધિ [સં. ઉત્તરોત્તર (ધીમે ધીમે) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. ક્રમ પ્રમાણે ઉત્કર્ષ; ધીમે ધીમે ચડતી.

ઉત્તરોત્તરી ૧. [સં. ઉત્તરોત્તર (એક પછી એક)] વિ. એક પછી એક આવતું.
૨. વિ. હમેશા વપરાતું.

ઉત્તરોષ્ઠ ૧. [સં. ઉત્તર (ઉપરનું) + ઓષ્ઠ (હોઠ)] પું. ઉપરનો હોઠ.
૨. પું. (સ્થાપત્ય) સ્તંભના આઠ ભાંડેનો એક પ્રકાર.

ઉત્તરૌષ્ઠ [સં. ઉત્તર (ઉપરનું) + ઓષ્ઠ (હોઠ)] પું. ઉપલો હોઠ.

ઉત્તવું અ. ક્રિ. વધવું; ઊંચું જવું; દૂર જવું; ભૂંસાઈ જવું.

ઉત્તંક ૧. પું. (પુરાણ) એ નામનો એક પુરાતન ઋષિ. સર્પસત્રી પુલકાબ્ધ રાજાએ એની મદદથી પુંડુ નામના દૈત્યને માર્યો હતો.
૨. પું. (પુરાણ) ગૌતમ મુનિના ધૌમ્ય ઋષિનો શિષ્ય એ નામનો એક ઋષિ. પોતાની ગુરુપત્નીની ખાતરીથી સર્પવંશી સૌદાસ અથવા મિત્રસહ નામના રાજાની રાણીનાં એવાં કુંડળ આણી આપ્યાં હતાં. આથી ખુશ થઈ ધૌમ્ય ઋષિએ એને પોતાની દીકરી પરણાવી હતી.
૩. પું. (પુરાણ) વેદ નામના ઋષિનો એ નામનો શિષ્ય. એનું મૂળ નામ ઉપમન્યુ હતું. એ ગુરુકુળમાં હતો ત્યારે વેદ ઋષિની આજ્ઞા પ્રમાણે રોજ સવારે ગાયો ચરાવવા જઈ જતો અને સંધ્યાકાળે ઘેર લાવતો. પોતાના ગુજરાન સારુ બ્રહ્મચર્યાશ્રમના ઋષિઓના આશ્રમેથી ભિક્ષા માગતો. ઉત્તંક પોતાનું ગુજરાન કેમ ચલાવે છે તેના જવાબમાં તેણે ગુરુને જવાબ આપ્યો કે 'હું ભિક્ષા માગીને ખાઉં છું'. ઋષિએ તેને સમજાવ્યું કે ભિક્ષા તેણે ગુરુને આપવી જોઈએ. આથી તેણે રોજ બીજાની ગાયો ચરવા ઋષિને આપવા માંડી, પણ ગુરુ તેમાંથી કંઈ ભાગ ઉત્તંકને આપવા રાજી નહિ. કેટલાક દિવસ જતાં ભૂખ મટાડવા માટે ફરીથી એણે ભીખવાનું શરૂ કર્યું. ગુરુએ ફરીથી તેમ કરવા ના પાડી. આથી એણે ભિક્ષા માગવી મૂકી દીધી અને ગાયને દોહીને દૂધ પીવા લાગ્યો. ગુરુને જાણ થતાં એનો પણ મનાઈ કરવાથી ગાભરાંને મોંએ ચોટેલ દૂધ ચાટીને તે નિભાવ કરવા માંડ્યો. ઋષિએ એની પણ મના કરી ત્યારે એણે આકડાનું દૂધ પીને રહેવા માંડ્યું. તેથી તે આંધળો થયો. એક વખત ચાલતાં ચાલતાં અંધાપાને લીધે તે કૂવામાં પડી ગયો. ઋષિએ તેને ઠપકો કરી કહ્યું અશ્વિનીકુમારોની સ્તુતિ કરવાથી તારી આંખો સારી થશે. ઉત્તંકે તેમ કરતાં અશ્વિનીકુમારોએ પ્રસન્ન થઈ તેને પૂવે કરતાં સારી આંખો આપી. ગુરુએ તેની ગુરુદક્ષિણા માગવાની ના પાડી, પણ ઉત્તંકે ગુરુપત્નીની ઇચ્છા જાણી પોષ્ય રાજાની રાણીનાં કુંડળ ગુરુદક્ષિણામાં માગ્યાં. તેથી ઉપમન્યુ તે રાણી પાસે ગયો. રાણીએ કુંડળ આપ્યાં. તે લઈને પાછો આવતાં રસ્તામાં તક્ષકે તે ચોરી લીધાં અને એક દરમાં પેસી ગયો. ઉપમન્યુ પણ ઇંદ્રની કૃપાથી દરમાં જઈને પાતાળમાં ગયો. અગ્નિ અને ઇંદ્રની મદદથી કુંડળ પાછાં મેળવી ગુરુપત્નીને આપી તે પોતાને ઘેર ગયો, પણ તક્ષક ઉપર એણે વેર રાખ્યું. આગળ જતાં જ્યારે તક્ષકના દ્વારા પરીક્ષિત રાજાનું મરણ થયાનું એણે સાંભળ્યું ત્યારે એ જનમેજય રાજા પાસે ગયો અને એને ઉશ્કેરી સર્પસત્ર એટલે સર્પનો યજ્ઞ કરાવ્યો.

ઉત્તંગ ૧. ન. એક જાતનું સિંહાસન; પીઠ, પીઠ ઉપર ચામની ગાદી, તેના ઉપર કામદાનો ઘર, તેના ઉપર કપોતાલી એટલે કબૂતરોની હાર અને તેના ઉપર છાપા એટલે મઢપ હોય એવું સિંહાસન.
૨. વિ. અધિક; પાકું.
૩. [સં. ઉત્તુંગ] વિ. ઊંચું; ઉન્નત; ઉચ્ચ.

ઉત્તંગું [સં. ઉદ્ (ઊર્ધ્વ) + તુંગ (ઊંચું)] વિ. ઊંચું.

ઉત્તંભ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + સ્તંભ્ (અટકાવવું)] પું. અટકાવ; કેદ કરવાપણું.
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + સ્તંભ (થાંભલો)] પું. ટેકો; આધાર; અવલંબન.

ઉત્તંભક [સં. ઉદ્ (ઊર્ધ્વ) + સ્તંભક (અટકાવનાર)] વિ. (વેદાંત) રુકાવટ કરનાર શક્તિને અટકાવનાર.

ઉત્તંભકત્વ [સં. ઉદ્ (ઊર્ધ્વ) + સ્તંભક (અટકાવનાર) + ત્વ (પણું)] ન. (વેદાંત) પ્રતિબંધક એટલે રુકાવટ કરનાર બળને અટકાવવાપણું.

ઉત્તંભન [સં. ઉદ્ (ઊર્ધ્વ) + સ્તંભ્ (અટકાવવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અટકાવ; કેદ. લુચ્ચો ઉત્તંભ.

ઉત્તંસ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + તંસ (લોભાવવું)] પું. કાનમાં પહેરવાનું આભૂષણ; કાનનું એક ઘરેણું.
૨. પું. મુગટ; કલગી; તોરો.
૩. પું. શિરોભૂષણ; માથાનું ઘરેણું.

ઉત્તા ૧. [હિં.] પું. ભરપૂ સુખી કુટુંબો રહેનાર માણસ.
૨. પું. પૂર્ણ માણસ.
૩. વિ. ભેટવું.

ઉત્તાન ૧. પું. (હિંસા) પાણીનો રેલો.
૨. ન. પલકારો માર્યા વિના આંખ ખુલ્લી રાખવી તે.
૩. [સં. ઉત્તાન (ચત્તું)] ન. સૂવાનું એક આસન.
૪. વિ. આકાશ તરફ મોં રહે તેમ સૂતેલું; ચત્તું.
૫. વિ. ઊઘાડું; ખુલ્લું.
૬. વિ. ઉપલું; સપાટી ઉપરનું; 'સુપરફિશલ'.
૭. વિ. ઊંચું.
૮. વિ. ચત્તા સૂવાનો નિયમ પાળનાર.
૯. વિ. ઊભેલું.
૧૦. વિ. નિષ્કપટ દિલનું; ભોળા મનનું; મનમાં હોય તેવું કહેનારું.
૧૧. વિ. પુટાકાર; અંતર્ગોળ.

ઉત્તાના કરતલપાનુષી

૧૨. વિ. ઓઢેલું પથરાયેલું.

૧૩. વિ. વિસ્તારવાળું; ફેલાયેલું; બંધાયેલું; બાંધું કરેલું.

ઉત્તાનઆસન ૧. [સં. ઉત્તાન (ચત્તું) + આસન (શરીરની સ્થિતિ)] ન. શરીર ચત્તું રહે એવી સ્થિતિ; પીઠ જમીન ઉપર અને મોઢું આકાશ તરફ રહે એમ બેસવાની રીત.

૨. ન. સંભોગનું એક આસન.

ઉત્તાનક ૧. [સં.] પું. ઉચ્ચટા નામની વનસ્પતિ.

૨. વિ. ચત્તો સૂનાર.

૩. વિ. બાંધું કરેલું; પ્રસારેલું; ફેલાવેલ.

ઉત્તાનકન્ધ [સં. ઉત્તાન (બીજું) + કન્ધ (કાંડા ઉપરની જમીન)] ન. છીછરા પાણી ઉપર સહેજ ઊંચોતરીવાળી કાંઠાની જમીન.

ઉત્તાનકર્મક [સં. ઉત્તાન (ચત્તું) + કર્મન્ (કામ) + ક (કરનાર)] ન. એક જાતનું આસન એટલે બેસવાની રીત.

ઉત્તાનકૂર્માસન [સં. ઉત્તાન (ચત્તું) + કૂર્મ (કાચબો) + આસન (બેઠક)] ન. (યોગ) હાથ સાથળના મૂળમાં જમણો પગ અને જમણા સાથળના મૂળમાં ડાબો પગ રાખીને બેઠી હાલ કુક્કુટાસનની જેમ વચ્ચે રાખી બે હાથથી ગોઠણ નીચી નમાવી બેસવું તે. આ આસન આળસને દૂર કરી ઇંદ્રિયોને શાંત કરનાર મનાય છે.

ઉત્તાનગ્રીવિકા [સં. ઉત્તાન (ઊંચું) + ગ્રીવા (ડોક) + કક (ચાંદું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ડોકના ઉપરના ભાગમાં રહેલી રસગ્રંથિઓ; 'સુપરફિશિયલ સર્વિકલ ગ્લેન્ડ્સ'. તેના ત્રણ નાના સમૂહ: (૧) હન્વધરીય, (૨) ઉપરોત્તરા અને (૩) પુરોગ્રીવિકા.

ઉત્તાનગ્રીવિકા રસગ્રંથિઓ [સં. ઉત્તાન (ઊંચું) + ગ્રીવા (ડોક) + કક (ચાંદું) + આ (નારીજાતિનો પ્રત્યય) + રસગ્રંથિ (લસિકા નામના રસને વહી જનારી રસવાહીનીઓના માર્ગમાં આવેલી ગાંઠ)] સ્ત્રી. ડોકના ઉપરના ભાગમાં આવેલી રસગ્રંથિઓ. જુઓ ઉત્તાનગ્રીવિકા.

ઉત્તાનઅવસ્થા [સં. ઉત્તાન (ચત્તું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. ચત્તી સ્થિતિ.

ઉત્તાનપત્ર [સં. ઉત્તાન (ફેલાયેલું) + પત્ર (પાંદડું)] ન. રાતા જેરડાનું ઝાડ, જેમાં તેનાં પાન બહુ ફેલાયેલાં હોય છે.

ઉત્તાનપત્રક જુઓ ઉત્તાનપત્ર.

ઉત્તાનપદ [સં. ઉત્તાન (ફેલાયેલું) + પદ (પગ)] ન. પૃથ્વી જેમાંથી ઉત્પન્ન થઈ તેવું ઘાસ ઉત્પાદક એટલે પેદા કરનાર મૂળ.

ઉત્તાનપાણિ [સં. ઉત્તાન (ચત્તું) + પાણિ (હાથ)] વિ. ચત્તી હથેળીવાળું.

ઉત્તાનપાત [સં. ઉત્તાનપાદ] પું. એ નામનો એક રાજા: ધ્રુવનો બાપ.

ઉત્તાનપાતિકું ૧. વિ. ઘડીઘડીમાં ફરી જાય એવું; અસ્થિર.

૨. [સં. ઉત્ (ઉપર) + પાતિન્ (પડનાર)] વિ. ઊંચકણ.

૩. વિ. ઠંગધડા વગરનું.

ઉત્તાનપાદ ૧. પું. (પુરાણ) સ્વાયંભુ મનુના બે મહિનો નાનો દીકરો; ત્રિભુવન રાજાનો નાનો ભાઈ. એને સુનૃતા અથવા સુરીતિ અને સુરુચિ એવી બે સ્ત્રી હતી. પોતીને કીર્તિમાન અને ધ્રુવ નામના બે દીકરા અને બીજીને ઉત્તમ નામનો એક દીકરો હતો. બીજી સ્ત્રી સુરુચિ એને બહુ વહાલી હતી.

૨. [સં. ઉત્તાન (સંબંધેલ) + પાદ (પગ)] વિ. બાંધાયેલ પગવાળું.

ઉત્તાનપાદક [સં. ઉત્તાન (બાંધું કરેલ) + પાદ (પગ) + ક (વાળું)] વિ. પગ સબંધેલ હોય એવું.

ઉત્તાનપાદજ ૧. [સં. ઉત્તાનપાદ (એ નામનો રાજા) + જ (જન્મેલ)] પું. ઉત્તાનપાદ રાજાનો દીકરો; ધ્રુવ.

૨. પું. (જ્યોતિષ) ધ્રુવનો તારો.

ઉત્તાનપાદાસન [સં. ઉત્તાન (ચત્તું) + પાદ (પગ) + આસન (બેઠક)] ન. (યોગ) ચત્તા સૂઈ કરવું એક આસન. જમીન ઉપર ચત્તા સૂઈ બંધ આવયવોના સ્નાયુને ઢીલા કરી ધીરે ધીરે ઉંડાણમાં સાધારણ શ્વાસ ભરવો, અને બે પગને હળવે હળવે જમીનથી બે ફૂટ જેટલા ઊંચા કરવા. ત્યાં બેટલી વાર શ્વાસ રોકાય તેટલી વાર પગને સ્થિર કરવા. પછી ધીમે ધીમે જમીન ઉપર આવવા દેવા. પગ જમીનને અડાડ્યા પછી શ્વાસને ધીમે ધીમે ફેફસાંમાંથી બહાર નાખવો. ધીરે ધીરે પગ ઊંચા કરવામાં વધારે શ્રમ પડશે, પરંતુ તેવી રીતે કરવાથી વધારે ફાયદો બજશે. આ પ્રમાણે દિવસમાં સવારે કે સાંજે ત્રણ ચાર વાર, અને વધારેમાં વધારે ૧૦થી ૧૫ વખત પોતાની શક્તિ પ્રમાણે કરવું. સવારે નિદ્રામાંથી ઊઠતા પહેલાં આ આસન કરવાથી પ્રાણવાયુ ફુલ્લ થઈ ખૂબ ફાયદો થાય, કબજિયાત મટે અને પગના અને પેટના સ્નાયુ બળવાન થઈ ઉદરવૃદ્ધિ થતી અટકે. આ આસન સગર્ભા સિવાયની સ્ત્રીઓ પણ કરી શકે.

ઉત્તાનપાદિ પું. (પુરાણ) વૈવસ્વત મનુનો બે નામનો દીકરાનો દીકરો; શર્યાતિ રાજાના ત્રણમાંનો મોટો દીકરો.

ઉત્તાનપાદાસન ન. (યોગ) પાદપશ્ચિમોત્તાસનની જેમ બેઠા પછી માથા ઉપર હાથ કોણી અને તે ઉપર જમણી કોણી રાખી શરીરને નમાવી રાખી સ્થિર રહેવાથી થતું આસન. તેમાં તરવાની શક્તિ વધવાનું મનાય છે.

ઉત્તાનરાય [સં. ઉત્તાન (ચત્તું) + રી (સ્ત્રી)] વિ. ચત્તું સૂનાર.

ઉત્તાનશિરા [સં. ઉત્તાન (ઉપરનું) + શિરા (અંદરની લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. શિરાના બે પ્રકારમાંનો એક: 'સુપરફિશિયલ વેન્સ'. આ શિરાઓ ચામડી નીચે હોય છે અને ગોરી ચામડીવાળા પાતળા શરીરમાં ખાસ કરીને હાથપગમાં નરી આંખે દેખાય છે. તેઓ ધમનીની સાથે સાથે ચાલતી નથી. છેવટે તેઓ ઊંડી ઊતરીને ઊંડાણમાં રહેલી શિરાઓને મળી જાય છે.

ઉત્તાનસ્તરિકા [સં. ઉત્તાન (ઉપરનું) + સ્તર (પડ) + કક (ચાંદું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અન્નનળી, ગ્રંથિ, રક્તવાહિની અને રસવાહીનીઓમાં આવેલા કોષનું ઉપરનું પડ; 'એપિથીલિયમ.'

ઉત્તાનહસ્ત [સં. ઉત્તાન (સંબંધેલું) + હસ્ત (હાથ)] વિ. પ્રાર્થના આદે બે હાથ સંબંધેલા હોય એવું.

ઉત્તાના ૧. [બ.] વિ. બાંધેલું.

૨. વિ. બંધાર.

૩. [સં.] વિ. સ્ત્રી. ઉપલી; ઉપર આવેલી.

૪. [સં.] વિ. સ્ત્રી. ચત્તી.

ઉત્તાના ઔષધિકા [સં. ઉત્તાના (સપાટી ઉપરની) + ઔષધિકી (વેલની)] સ્ત્રી. ઔષધી ધમનીની બે નામની શાખા: 'સુપરફિશિયલ ઓપિગેસ્ટ્રિક'. તે ઔષધિધમની અને શિરાને વીંટળાયેલા ઉદરપુટને ભેદીને અનુવંક્ષણિક છિદ્ર મારફત બહાર આવી ચામડીની અંદરની બાજુ ઉપર ચડીને ઊંચે નાભી ચેટની સપાટી ઉપર ફેલાય. તે ઊંચે જેક કૂંડી પાસેના ભાગ સુધી જઈ તેની નાની નાની શાખા વંક્ષણ ભાગમાં રહેલી લસિકા ગ્રંથીઓ, મેદોધરાકલા અને ચામડીને લોહી પૂરું પાડે છે.

ઉત્તાના કરતલપાનુષી સ્ત્રી. હથેળીમાં આવેલો અંત:પ્રકોષ્ઠીય ધમનીનો ઊંડો ભાગ; 'સુપરફિશિયલ પોલર આર્ચ'. અંત:પ્રકોષ્ઠીય ધમનીનો બાજો વળેલો છેડો અને બહિ:પ્રકોષ્ઠીય ધમનીની અંગુષ્ઠીયોલ્નની શાખા મળીને આ ધમની બને છે. તેમાંથી ઉત્પન્ન થતી ત્રણ પ્રશાખા તર્જની વગેરે ચાર આંગળીઓની

મૂલસાલાકા વચ્ચે રેલાય. વળી તેની એક શાખા હથેળીની અંદરની કિનારીને લોહી પૂરું પાડે.

ઉત્તાના જઘનિકાવેષ્ટની સ્ત્રી. ઔષધિઓની બહાર જતી બે નામની શાખા; 'સુપરફિશ્યલ પ્રસિગ્મેક સર્કમફ્લેક્સા આર્ટરિ'. તેની શાખાઓ જઘનની આસપાસ રેલાઈ, જઘન અને જંઘના સાંધા ઉપરની ચામડી અને ત્વચા-પ્રાવરણીને અને જંઘના સાંધામાં ઊંડી રહેલી લસિકા ગ્રંથીઓને લોહી પૂરું પાડે છે.

ઉત્તાના જઘનિકાવેષ્ટની ઉપનની સ્ત્રી. એ નામની શુદ્ધ લોહી વહી જનારી એક નળી, 'સુપરફિશ્યલ પ્રસિગ્મેક સર્કમફ્લેક્સ આર્ટરિ'. જુઓ ઉત્તાના જઘનિકાવેષ્ટની.

ઉત્તાના-રસગ્રંથિ [સં. ઉત્તાના (ઉપર આવેલી) + રસગ્રંથિ (લસિકાને વહી જતી રસાયનીઓના માર્ગમાં આવેલી ગાંઠ)] સ્ત્રી. હાથના ઉપરના ભાગમાં આવેલી રસગ્રંથિ. તે નાની અને ચોડી હોઈ બગલની આગળ અને ટોણીની અંદરની બાજુએ આવેલી છે. તેના બે સમૂહ છે: (૧) ઉપરોત્તરિકા અને (૨) અંસાંતરિકા.

ઉત્તાનિક [સં. ઉત્તાન (ચત્તું) + ઇક (વાળું)] વિ. ચત્તું સૂવાનો નિયમ રાખનાર.

ઉત્તાનિકા સ્ત્રી. અયોધ્યામાં આવેલી રામજન્મ નદીનું જૂનું નામ; ઉત્તરગા.

ઉત્તાનિત ૧. [સં. ઉત્તાન (ઊંચું) + ઇત (ગયેલ)] વિ. ઊંચું કરેલું.

૨. [સં. ઉત્તાન (વિસ્તારપામેલું) + ઇત (ગયેલું)] વિ. વિસ્તાર પામેલું; ફેલાયેલું.

ઉત્તાનોદધિ [સં. ઉત્તાન (ઊભેલું) + ઉદધિ (દરિયો)] પું. ઊભેલા પાણીવાળો દરિયો.

ઉત્તાપ ૧. [સં. ઉદ્ (ખૂબ) + તાપ (ગરમી)] પું. અતિશય ગરમી; વધારે પડતો તાપ.

૨. પું. ઉશ્કેરણી; આવેશ.

૩. પું. ક્ષોભ.

૪. પું. ચિંતા.

૫. પું. પસ્તાવો, પશ્ચાત્તાપ.

૬. પું. શોક.

૭. [સં. ઉદ્ (ખૂબ) + તાપ (દુઃખ)] પું. સંતાપ; દુઃખ; પીડા; કષ્ટ; વેદના.

ઉત્તાપન [સં. ઉદ્ (ખૂબ) + તાપન (બાળવું તે)] ન. ભારઝાડ; બહુ ગરમ પાણી વગેરેથી ચામડી દાઝવી તે.

ઉત્તાપિત ૧. [સં. ઉદ્ (ખૂબ) + તાપિત (તપાવેલું)] વિ. ઉશ્કેરાઈ ગયેલું; ક્ષુબ્ધ.

૨. [સં. ઉદ્ (ખૂબ) + તાપિત (પીડા પમેલું)] વિ. કલેશવાળું; દુઃખ પામેલું.

૩. વિ. ખૂબ ગરમ; તપાવેલું; લાલચોળ કરેલું.

ઉત્તાર ૧. [સં.] પું. અતિશરતા.

૨. પું. ઉતારવું તે.

૩. પું. ઓકવું તે; ઊલટી.

૪. [સં. ઉદ્ (બહાર) + પૂ (પાર જવું)] પું. ઓળંગવાપણું.

૫. પું. ઉલ્લંઘવાપણું.

૬. પું. દૂર કરવાનું કામ.

૭. પું. નદીનો ઉતાર; પાણીનો અદરો.

૮ પું. પરિત્યાગ; છોડી દેવાપણું.

૯. પું. પાર લઈ જવાપણું.

૧૦. પું. અવાવવાપણું.

૧૧. પું. વમન.

૧૨. સ્ત્રી. (કથ્થાટકી) બંદૂકમાંની માપો.

૧૩. સ્ત્રી. મંદિરને અર્પણ કરેલી જમીન.

૧૪. સ્ત્રી. વગર બંદૂકો વહિવટ ચાલવેલ જમીન.

૧૫. વિ. અતિ ઊંચું.

૧૬. વિ. ઉત્તમ; સૌથી ચડિયાતું.

૧૭. વિ. ઉદાર.

૧૮. વિ. મોટું.

ઉત્તારક ૧. [સં. ઉદ્ (બહાર) + તૃ (પાર જવું) + અક (કરનાર)] પું. ઉતારનાર મહાપુરુષ; પાર પહોંચાડનાર વ્યક્તિ.

૨. પું. શંકર, જેઓ તે તેના ભક્તને સંસાર રૂપી સાગર તરાવી પાર પહોંચાડે છે.

૩. વિ. ઉતારનાર; પાર પહોંચાડનાર.

૪. વિ. ઉદ્ધાર કરનાર; તારનાર.

ઉત્તારણ ૧. [સં. ઉદ્ (બહાર) + તારણ (તારનાર)] પું. વિષ્ણુ, જેઓ જન્મમરણમાં ડૂબી જતા જીવોને પેલી પાર લઈ જનાર, બ્રહ્મમાયાની પાર કરનારા, અને સંસારરૂપી વિષને તે ઉતારે છે.

૨. પું. શિવ; શંકર; મહાદેવ.

૩. ન. ઉતરવાપણું.

૪. ન. દૂર કરવાનું કામ.

૫. ન. પાર પહોંચાડવાપણું.

૬. ન. બહાર નીકળવાપણું.

૭. વિ. કાઢી પહોંચાડનાર.

ઉત્તાલ ૧. [સં. ઉદ્ (બહાર) + તાલ (તાલનો જોડવું એવું)] પું. (સંગીત) તાલનો એક દોષ; તાલ બહાર જવું તે.

૨. પું. વાંદરો; કપિ; વાનર.

૩. ન. અમુક સંખ્યા.

૪ વિ. ઊંચું.

૫. વિ. કાળું.

૬. વિ. ઝડપી; ઉતાવળું.

૭. વિ. દેખાવ એવું.

૮ વિ પ્રતિષ્ઠિત; આબરૂ પામેલ.

૯ વિ. બલવાન; બળકટ.

૧૦. વિ. મજબૂત.

૧૧. વિ. મુશ્કેલ; જોખમવાળું.

૧૨. વિ. મોટું; મહાન.

૧૩. વિ. જેમ; ઉત્તમ; સૌથી સારું.

ઉત્તાલતા ૧. [સં. ઉત્તાલ (મોટું) + તા (પણું)] સ્ત્રી. મોટાઈ.

૨. સ્ત્રી. મોટો આવાજ.

ઉત્તાલા સ્ત્રી. એ નામની એક દેવી.

ઉક્તિ [સં. ઉક્તિ] સ્ત્રી. (પ્રાકૃત) ઉક્તિ; બોલી; વાણી; વચન.

ઉત્તિર [સં. ઉત્તર (ઊપણું)] સ્ત્રી. (હિંદી) બંબલાના ચણા ઉપર અને કાનની નીચેની પટ્ટી.

ઉત્તિષ્ઠહોમ [સં. ઉત્તિષ્ઠત (ઊભેલું) + હોમ (હવન)] પું. જેના વડે હોમ કરાવ તેવો યજ્ઞ.

ઉત્તિસ ૧. [પ્રા.] પું. કીડીનું દર.

૨. પું. માટલા ઉપર રહેલું પાણીનું ટીપું.

૩. પું. બિંદુ; ટપકું.

૪. પું. બિલાડીનો ટોપ.

ઉત્તીર્ણ ૧. વિ. ઉદ્ધારેલું; ઉગારેલું.

૨. [સં. ઉદ્ (બાજી) + તીર્ણ (તરેલું)] વિ. ઉપાધિમાંથી છૂટું થયેલ.

૩. વિ. ઓકેલું.

૪. [સં. ઉદ્ (બહાર) + તૃ (તર્યું)] વિ. પાર ઊતરેલું; પસાર થયેલું; ઓળંગેલું.

૫. વિ. ભગવેલું.

૬. વિ. મુક્ત; છૂટું થયેલું.

૭. વિ. વિદ્યા મેળવવામાં સારા થયેલું; પાસ થયેલું; પારંગત; જાણકાર; કેળવણીમાં હોશિયાર થયેલું.

ઉત્તીર્ણતા ૧. સ્ત્રી. નિપુણ.

૨. [સં. ઉદ્ (બહાર) + તીર્ણ (તરેલું) + તા (પણું)] સ્ત્રી. સારા ક્રમ સુધી ભણવાની ક્રિયા.

ઉત્તુ વિ. કલંકિત.

ઉત્તુ ચત્તુ = (૧) બહાના ખોળી; કલંક લાવવું. (૨) મસ્ત ચત્તું. (૩) મૂર્ખ બનવું.

ઉત્તુદક્ષ પું. ઉત્તુગર; સંકેતનાર.

ઉત્તુગર પું. કપડાને ધડી વાળનાર.

ઉત્તુપ [સં. ઉદ્ (ચમત્કૃત) + તુપ (બનાવવું હોતાં)] પું. હોતરાં કાઢી નાખેલું અનાજ.

ઉત્તુંગ ૧. ન. ઝાકાંઠ.

૨. વિ. સિરોનિદુ; ત્વાકૃતિને આશે આવેલ બિંદુ; 'વર્ટેક્સ'.

ઉત્તેજિત

૩. [સં. ઉત્ (ઘણું) + તુંગ (ઊંચું)]
વિ. અત્યંત ઊંચું; ઉન્નત.
૪. વિ. અત્યંત વધેલું.
૫. વિ. ઉત્તમ.
૬. વિ. ભડું અને ઊંચું; બરાબ.
૭. વિ. ભરપૂર.

ઉત્તુંગતા ૧. [સં. ઉત્તુંગ (ઘણું ઊંચું) + તા (પણું)] સ્ત્રી. ઉચ્ચતા; બધી ઊંચાઈ.
૨. સ્ત્રી. પૂર્ણ હોવું તે; ભરપૂરતા.
૩. સ્ત્રી. બરાબરપણું.

ઉત્તુંગશૃંગ ૧. [સં. ઉત્તુંગ (ઘણું ઊંચું) + શૃંગ (શિખર)] ન. ઊંચું શિખર.
૨. [સં. ઉત્તુંગ (ઘણું ઊંચું) + શૃંગ (શિખર)] ન. પર્વતનું ઊંચું શિખર; ઊંચું ગગનચુંબી.
૩. વિ. ઊંચાં શીંગડાંવાળું.

ઉત્તુડિકી સ્ત્રી. કંસારનું ઝાડ.

ઉત્તુડિકીકુસુ ન. કંસારનું પુષ્પ.

ઉત્તૂ ૧. [ન. ઉત્ (ઘણા વાળું)] સ્ત્રી. કપાસની વડ.
૨. સ્ત્રી. વડ વાળવી તે.
ઉત્તૂ કરવી = (૧) કંઈક કપાડવું. (૨) બાળ કેરવી; બરાબ બોલવું. (૩) વડ વાળવી. (૪) જમીન ઉપર પગ પસવો. (૫) મૂર્ખ બનાવવું. (૬) શરીર ઉપર નિશાન રહી જાય એવું શસ્ત્ર મારવું.
૩. ન. ઓજારથી બનતું વેલબુટ્ટાનું ચિત્ર.
૪. ન. કપડાં ઉપર વેલબુટ્ટાનાં નિશાન કરવાનું ઓજાર. તેને ગરમ કરીને નિશાન કરવામાં આવે છે.
૫. વિ. નશામાં ચકચૂર.

ઉત્તૂકરા [સ્ત્રી.] કું. ઉત્તૂનું ચિત્ર બનાવનાર; કપડાં ઉપર વેલબુટ્ટી ચીતરનાર.

ઉત્તૂકાર [સ્ત્રી.] કું. ઉત્તૂકરા.

ઉત્તે ન. (કચ્છી) ત્યાં; પછી; એ અર્થમાં.

ઉત્તેજ કું. (પિંગળ) ત્રણઅક્ષરનો એ નામનો એક ભેદ. તેમાં ૩જ લઘુ અને ૧૧ ગુરુ મળી ૧૬ માત્રા હોય છે.

ઉત્તેજક ૧. [સં. ઉત્તિજ્ (ઉશ્કેરવું)] વિ. આવેશ લાવનારું; ગુસ્સો ઉત્પન્ન કરનારું; ઉશ્કેરનાર.
૨. વિ. ઉત્તેજન આપનારું; ઉત્સાહ વધારનારું; હોંશ લાવનારું; પ્રેરક.
૩. વિ. ભડકાવ; ઉદ્દીપક; ભડકો.

ઉત્તેજકત્વ ૧. [સં. ઉત્તેજક (ઉત્સાહ આપનારું) + ત્વ (પણું)] ન. ઉત્સાહ આપવા હોંશ વધારવાપણું.
૨. ન. ઉશ્કેરણી.
૩. ન. પ્રેરણા આપવાનો ગુણ.

૧૨. ન. વૃદ્ધિઃ વધારો.

ઉદયનક્ષત્ર [સં. ઉદય (ઊગવું તે) + નક્ષત્ર (તારાનું ઝૂમખું)] ન. (જ્યોતિષ) જન્મના ઉદયનું નક્ષત્ર. જે નક્ષત્રમાં કોઈ ગ્રહ હોય, તે નક્ષત્ર તે ગ્રહનું ઉદયનક્ષત્ર કહેવાય.

ઉદયનમુખી પું. (પિંગળ) બગણી છંદની જાતનો નગણ, રગણ, નગણ અને રગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ઉદયનમુખી ૨૫ નગ રગ નગે. — મૃગવિલાસ

ઉદયનાચાર્ય [સં.] પું. ગૌડ બેટલે બંગાળા દેશનો એક પંડિત. જુઓ ઉદયન ૫.

ઉદયની પું. હિમાલય પર્વતનું બીજું નામ.

ઉદયનીય [સં.] પું. અતિરાત્ર નામનો યજ્ઞ કે યજ્ઞ.

ઉદયનીયા [સં.] સ્ત્રી. સમાપ્તિ વખતે કરવામાં આવતો એક યજ્ઞ.

ઉદયપર્વત [સં. ઉદય (ઊગવું) + પર્વત (પહાડ)] પું. મેરુપર્વત. જુઓ ઉદયગિરિ.

ઉદયપર્વતચૂંપી [સં. ઉદય (ઊગવું) + પર્વત (પહાડ) + ચૂંપિન્ (કપર્દી કરનાર)] વિ. ઉદયાચળ પર્વત સુધી પહોંચતું.

ઉદયપુર [સં.] ન. મારવાડની રાજધાનીનું શહેર.

ઉદયભાસ્કર ૧. [સં. ઉદય (ઊગવું તે) + ભાસ્કર (સૂર્ય)] પું. (વૈદક) એક દવાનું નામ. બધાથી મારેલું તાંબું દસ માસા, કાળાં મરી પાંચ માસા અને વજ્રનાગ બે માસાનો ઝીણો ભૂકો કરવો. યોગ્ય માત્રા અને અનુપાનથી આ ઔષધ લેવાથી ઝાડર અને દરેક પ્રકારનો કોઢ મટતો હોવાનું મનાય છે.

૨. પું. (વૈદક) બાસના રોગ ઉપર વપરાતું એક ઔષધ. ધાન્યાભ્રક, પારો અને બધકને ધોળા અબેડાના રસમાં એક દિવસ ઘૂંટી પાતળવત્રમાં પકાવવાં અને ભસ્મ બને તે માટી લેવાં. તે બે રતીની માત્રામાં લેવું અને બાર માસા કૂટકીનું ચૂર્ણ બધમાં બાટવું.

ઉદયભાસ્કર કર્પૂર [સં. ઉદય (ઊગવું તે) + ભાસ્કર (સૂર્ય) + કર્પૂર (કપૂર)] પું. (વૈદક) દવામાં વપરાતો બે નામથી બબીતો કપૂર. તે પીળો, ચોખ્ખો અને કઠણ હોય છે. તે ગરમી પેદા કરનાર અને પિત્ત વધારનાર હોવાથી કૃમિ, કરમિયા દબવા, વાયુ અને નાક કાનના રોગ મટાડે છે.

ઉદયભાસ્કરરસ ૧. [સં. ઉદય (ઊગવું તે) + ભાસ્કર (સૂર્ય) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) એક ઔષધ. તેની બનાવટઃ પારો એક ભાગ, બંધક બે ભાગ, તામ્રભસ્મ બાર ભાગ, શિલાજિત સાત ભાગ અને હરતાળ બે ભાગ બેઉનું ખરલ કર્યા પછી ભરી સાત ભાગ, વજ્રનાગ બે ભાગ મેળવી નમોઢ, બાદુ, બાંબરો અને નાની બસણીના રસમાં સાત દિવસ ખરલ કરી તડકે સૂકવવું. તેમાંથી એક અબોડીબર થઈ બાદુના રસ, મરી અને ચીકીપીપર સાથે બાબાથી પાંચ રોગ, કમળો, ક્ષય, બાસ, ઉપરસ, બાતબાત, મૂર્ચ્છા,

ક્ષય, ગોળો, પ્રમેહ, અરોચક, અપોદર, સંગ્રહણી, કોઢ, ધનુર્વાત વગેરે રોગોને મટાડે છે.

૨. પું. (વૈદક) અફીણથી મારેલ તાંબું દસ ભાગ, મરી પાંચ ભાગ અને વછનાગ બે ભાગ ખૂબ વાટી બનાવાતું ઔષધ. એક રતીની માત્રામાં બકુચીના અનુપાન સાથે તે દેવાથી દાદર, કોઢ અને વિચર્ચિકાના રોગ મટે છે.

૩. પું. (વૈદક) સર્પનું ઝેર ઉતારવા વપરાતું એક ઔષધ. ત્રિકટુ, પાંચે નમક, સુહાગા, સજ્જી સરખે ભાગે લઈ તે બધાના બત્તા વજન બરાબર શુદ્ધ જમાલગોટો લેવો. તેને દાડમની રસના ત્રણ અને બીજોરાના રસના ત્રણ પુટ દઈ સારી રીતે વાટી ચણા બરાબર ગોળી વાળવી. બધી રતીની માત્રામાં તે દેવાથી મુખમ, ક્ષય, બાદરો અને કરસના રોગ મટે છે અને તે ખાવાથી સર્પનું ઝેર ઊતરે છે.

ઉદયભાન ૧. [સં. ઉદય (ઊગવું તે) + માન (કરવું)] જ. ઊગવાપણું.

૨. જ. ચડતી સ્થિતિ; ઉન્નતિ.

૩. વિ. ઊગતું; ઊછરતું; બહાર આવતું.

ઉદયભાર્કિ પું. (વૈદક) પાંડુ રોગ, સોજા, અજીર્ણ, મંદાગ્નિ, અરુચિ અને અપચો મટાડનાર એક ઔષધ. તે મધ, દૂધ કે પાણી સાથે બે રતીભાર લેવાય છે.

ઉદયભાર્કિમહાઢમપાચ પું. આયુર્વેદી ઉકાળાનું નામ.

ઉદયભાર્કિરસ ૧. પું. (વૈદક) એક જાતની પારાવાળી દવા. શોધેલ પારો અને ગંધક, વછનાગ, જવખાર, તાંબાની ભસ્મ, ત્રિકટુ, ત્રિફલા, દંતી અને ચિત્રક સરખે ભાગે લઈ ત્રીજો ભૂકો કરવો. પછી ભાંગરાના રસમાં ઘૂંટી એક એક રતીની ગોળી બનાવવી. તીખાં સાથે આ ગોળી લેવાથી મુખમ, ક્ષય, પાંડુ, ઉદર જાતનો તાવ અને કૃમિથી થતા રોગ મટે છે.

૨. પું. (વૈદક) પેટના રોગ, સોજા અને ભગંદર ઉપર વપરાતું એક ઔષધ. શુદ્ધ તાંબુ એક પણ લઈ તેનાં ત્રીજાં પાનાં બનાવી શુદ્ધ ગંધક એક પણ ભંગારીના રસમાં મેળવી એક દિવસ તડકામાં રાખવાં. તાંબાનાં પાનાં ચણી બરાબર સારે તેમાં એક તોલો શુદ્ધ પારો મેળવી ઘૂંટવું. સુકાઈ જતાં તેની ગોળી બની જશે. બેથી બે રતીની માત્રામાં તે લેવાય છે.

ઉદયરત્ન પું. નાકરપુત્રનો ઈ.સ. ૧૭૨૦માં જન્મેલ બેડા ગામમાં થયેલ એક જૈન કવિ. તે ૧૮૦૫માં મરી ગયો. તેણે નાનપણમાં સ્થૂલિભદ્રનો રાસ જેવી કૂંપડી ભાષામાં રચ્યો હતો કે જે તેના આચાર્યના વાચવામાં આવતાં, ઉદયરત્નને સંઘ બહાર કાઢવા હતા. તેથી તેણે 'અઢારનાતી નવચાઢ' નામે, સંયમ પાળવામાં આડે આવતી બાંધછોડો અને હાલચોને દૂર કરવા સારુ સામે 'ચાઢ' કરી લેવાના ઉપદેશનું કાવ્ય રચ્યું. એ કાવ્યરૂપી પ્રહારથી ખુશ થઈ એના આચાર્યે પાછા સમાજમાં દાખલ કર્યા. પછીનું સંયમી જીવન વધારે આકરું બનતું ગયું. ખેડામાં ત્રણ નદીની વચ્ચમાં ચાર માસ સુધી કાઉસગ્ગ નામે અઘરું તપ બેસીને કર્યું. જે જગ્યાએ ઊભા રહી આ આકરું વ્રત કર્યું તે જગ્યાએ તેનો સરખો બેટ બની ગયો. આ ચમત્કાર જોઈને અને તેના ચરિત્રબળથી અને ઉપદેશથી લાંબા કેટલાક વૈરાગીએ જૈનધર્મ સ્વીકાર્યો. તે સંવત ૧૭૪૯થી ૧૭૬૯ સુધીમાં ખેડા, ઊના, પાટણ, અમદાવાદ, ઊમરેઠ અને ખંભાત વગેરે ગામોમાં રહ્યા. જંબુસ્વામી રાસ, અઠ્ઠાવીસી પૂજા રાસ, સ્થૂલિભદ્ર રાસ, મુનિપતિ રાસ, રાજસિંહ રાસ, ઢંઢણઋષિની સઝાય, અમરસુંદરી મહાસતીની રાસ, ચંદ્રોદર રાસ, ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ રાસ, ભુવનભુવનાવલી રાસ, વીસાવતી રાસ (સં. ૧૭૬૭), શત્રુંજય તીર્થમાળા ઉદ્ધાર રાસ (સં. ૧૭૬૮) વગેરે તેણે રચ્યાં છે.

ઉદયરાગ [સં. ઉદય (ઊગવું તે) + રાગ (રંગ)] પું. સૂર્યોદયના સમયે વખતની રતાશ.

ઉદયરેખ [સં. ઉદય (આગળી) + રેખા (લીટી)] સ્ત્રી. ચડતી કળા.

ઉદયલગ્ન [સં. ઉદય (ઊગવું તે) + લગ્ન (જોડાવું)] જ. કોઈ પણ વખતે ક્ષિતિજમાં પૂર્વ દિશામાં ઉપરનું બિંદુ.

ઉદયવાદ્ય [સં. ઉદય (ચડતી) + વાદ્ય (વગાડવું)] જ. જોખત; વૈભવ, ઉત્સવ કે મંગળપ્રસંગે વગાડવું. તે દેવમંદિર, રાજમહેલ કે મોટા માણસોને ત્યાં વગાડવામાં આવે છે.

ઉદયવેલા ૧. [સં. ઉદય (ચડતી) + વેલા (વખત)] સ્ત્રી. ચડતીનો વખત.

૨. [સં. ઉદય (ઊગવું તે) + કાલ (વખત)] સ્ત્રી. સૂર્યના સારથિ અરુણને ઊગવાનો વખત.

૩. સ્ત્રી. સૂર્યને ઊગવાનો વખત; સૂર્યોદયકાળ.

ઉદયશૃંગ [સં. ઉદય (આગળી) + શૃંગ (શિખર)] જ. ચડતીની ટોચ; આગળીનું શિખર.

ઉદયશૈલ ૧. [સં. ઉદય (ઊગવું તે) + શૈલ (પર્વત)] પું. જ્યાંથી સૂર્ય ઊગતો દેખાય છે તે પર્વત અથવા ઊંચી જમીન; ઉદયપર્વત. જુઓ ઉદયગિરિ ૧.

૨. [સં. ઉદય (ચડતી) + શીલ (સ્વભાવ)] વિ. ચડતી કરવાના સ્વભાવવાળું.

ઉદયંત જ. ખૂનામરકીનું જૂનું નામ.

ઉદય ૧. પું. (પિંગળ) પહેલા પાદમાં નગણ, જગણ, નગણ અને ગુરુ મળી દસ અક્ષર, બીજા પાદમાં સગણ, જગણ અને સગણ મળી નવ અક્ષર, ત્રીજા પાદમાં ત્રણ નગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર અને ચોથા પાદમાં મગણ, નગણ, નગણ અને ગુરુ મળી દસ અક્ષરનો સહીસું વર્ણનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ.

૨. સ્ત્રી. એક જાતની કીડી; તૈલ પિપીલિકા.

ઉદયાચલ ૧. [સં. ઉદય (ઊગવું તે) + અચલ (પર્વત)] પું. ઉદયગિરિ; પૂર્વ દિશામાં આવેલો એક કલ્પિત પર્વત; મેરુ પર્વત. તેની પાછળ સૂર્યચંદ્રનો ઉદય થતો હોય એમ લાગે છે.

૨. પું. પૂર્વ દિશામાં આકાશ અને પૃથ્વી મળતાં દેખાય છે તે જમીનનો ભાગ.

ઉદયાચળ [સં. ઉદય (ઊગવું તે) + અચલ (પર્વત)] પું. ઉદયગિરિ; ઉદયાચલ.

સિતારો ઉદયાચળે હોવો = પૂર્ણ આબાદી હોવી.

ઉદયાત ૧. [સં. ઉદય (ઊગવું તે) + અસ્ત (થી)] વિ. જેમાં સૂર્યોદય આથમો હોય એવું. સૂર્યોદય વખતે જે તિથિ હોય તે ઉદયાત તિથિ ગણાય છે. જેમકે, એકાદશી તો બપોર પછી છે, ઉદયાત તો દશમી છે.

૨. જ. સૂર્યોદયથી; સૂર્ય ઊગતાથી.

ઉદયાતિથિ [સં. ઉદય (ઊગવું તે) + તિથિ (પખવાડિયાનો હિસાબ)] સ્ત્રી. સૂર્યોદય વખતની તિથિ. શાસ્ત્રમાં સ્નાન, દાન અને અન્નવ્રત વગેરે ક્રમ આવી તિથિમાં કરવાનું જણાવ્યું છે.

ઉદયાદિત્ય ૧. [સં. ઉદય (ચડતીનું) + આદિત્ય (સૂર્ય)] પું. દેશી રાજ્યમાં અપાતો માનપાનનો એક પ્રકાર.

૨. [સં. ઉદય (ઊગવું તે) + આદિત્ય (સૂર્ય)] પું. સૂર્યનું ઊગવું તે.

૩. જ. ક્રમવાઢપના પ્રયોગ માટે વપરાતા એક રસાયનનું નામ.

ઉદયાદિત્યરસ પું. (વૈદક) એક ઔષધનું નામ. શુદ્ધ પારો એક ભાગ અને શુદ્ધ ગંધક બે ભાગની ઝીણી કરી બીજોરાના રસમાં એક દિવસ ઘૂંટવી. તેનો ગોળો બનાવી તેને પારાથી ખરડ્યા તાંબા સાથે એક કાચલીમાં રાખી કાચલી બરાબર બંધ કરી માટીના વાસણમાં મૂકી તે વાસણને રાખથી ઢાંકી રેતું.

તે પછી તેને તાજાનો હાંડલીથી હાંકી ને પહોર સુધી ચૂલે રાખવું. તાપ આપતી વખતે પાણીમાં ઓગાળેલ અફુ હાંડલા ઉપર ધીરે ધીરે નાખતા જવું. ને પહોર તપાવી તેને ઉતારી ઠારવું. ગોળાને ઝાડી તેનો ચૂર્ણ કરવો અને તેમાં કપૂર, ચિત્રક, ત્રિફલા, અજમોદાસનાં પાન, વાવડિંગ અને અજુનીના ક્વાથની ભાવના દેવી. એક દિવસ ઘૂંટી આ રસ તૈયાર થાય છે. તેની માત્રા એકથી બે રતી છે. આ ઔષધથી ક્રોધ મટે છે.

ઉદયાદ્રિ [સં. ઉદય (ઊગવું તે) + અદ્રિ (પર્વત)] પું. ઉદયાચલ; ઉદયગિરિ. જુઓ ઉદયગિરિ.

ઉદયાપીન [સં. ઉદય (ઉગાવો) + અપીન (વસ)] વિ. (કૌન) પ્રારબ્ધવશ; દુઃખ આપવા લાયક કર્મના પરિણામે જનું.

ઉદયાનાવસ્થા [સં. ઉદય (ચડતી) + અન્ (નહિ) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. આયેલ ઉમર.

ઉદયાભાત્રી ક્રમ [સં. ઉદય (દુઃખ આપવાની સ્થિતિએ કર્મનું આવવું તે) + અભાવ (મેલવાળી) + ઇન્ (વાળું) + ક્રમ (નાશ)] પું. (કૌન) દુઃખ આપ્યા વિના આત્માથી કર્મનો સંબંધ છૂટવો તે.

ઉદયામતી સ્ત્રી. અણહિલવાડ પાટણના સોલંકી વંશના ભીમ રાજાની રાણીનું નામ. તેણે અણહિલપુરમાં એક વાવ બંધાવી હતી, જે આજે પણ રાણીની વાવ તરીકે ઓળખાય છે.

ઉદયાર્ક [સં. ઉદય (ઊગવું તે) + અર્ક (સૂર્ય)] પું. ઊગતી વખતનું સૂર્યનું કાંતિદાર ઉપરનું કેસરવું.

ઉદયાર્કરસ પું. (વૈદક) વાતરક્ત વગેરે રોગમાં વપરાતી પારાની મેળવણીવાળી એક દવા. શુદ્ધ સિંગરફ, તુતિયા, મનશિલ, હરતાલ, પારો, મધ અને કેસુડ સરખે ભાગે લઈ તેને વાતરક્ત વગેરેના ક્વાથની જુદી જુદી ભાવના દેવી.

ઉદયાવસ્થા ૧. [સં. ઉદય (ચડતીનું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. ઊન્નતિવાળી દશા; ચડતી સ્થિતિ.
૨. સ્ત્રી. કોઈ કર્મ દુઃખ આપવા લાયકની સ્થિતિ. કર્મ ભોગવવાનો વખત આવે ત્યારે તે કર્મ ઉદયમાં આવ્યું કહેવાય.

ઉદયાસ્ત ૧. [સં. ઉદય (ઊગવું તે) + અસ્ત (આથમવું તે)] પું. અસ્તોદય; ઊગવું અને આથમવું તે. સૂર્ય, ચંદ્ર, તારા અને ગ્રહ હંમેશા ક્ષિતિજ ઉપર આવે ને નીચે જાય તેને ઉદયાસ્ત કહે છે તેમજ સૂર્યની નજીકમાં હોય ત્યારે તારા અને ગ્રહ દેખાતા નથી ને પછી સૂર્યથી દૂર જતાં પાછા દેખાવા માંડે છે તેને પણ ઉદયાસ્ત કહે છે.
૨. પું. ચડતીપડતી; આબાદાનિ; સુખદુઃખ; સારાનરસા દિવસ.
૩. પું. તેજીમંદી.
૪. પું. દર્શન આકર્ષણ; દેખાવું અને દેખાતું બંધ પડવાપણું.
૫. વિ. પૂર્વથી પશ્ચિમ સુધી.
૬. વિ. સવારથી સાંજ સુધી.

ઉદયાસ્તદૃક્ [સં. ઉદય (ઊગવું) + અસ્ત (આથમવું) + દૃક્ (જોનારું)] વિ. ચડતી અને પડતીનું જોડનું.

ઉદયાસ્તસૂત્ર ૧. [સં. ઉદય (ઊગવું) + અસ્ત (આથમવું) + સૂત્ર (લાઇન)] વિ. જ્યોતિષ:ગોળોએ બાંધેલ સૂત્ર.
૨. વિ. (જ્યોતિષ) શંકુ નીચેના મધ્યબિંદુથી કોઈ પણ દિવસે સૂર્યોદય બિંદુને સાંધનારી સીધી લીટી.

ઉદયાંતર ૧. વિ. ગ્રહોના જેવડા સાંજીનો જોડ અંતરાર.
૨. [સં. ઉદય (ઊગવું) + અંતર (ઉઠે)] વિ. (જ્યોતિષ) મધ્યમ સૂર્ય અને મધ્યમ ચંદ્રના વિષુવાંશની વચ્ચેનો વખતમાં તફાવત.

ઉદયી ૧. [સં. ઉદય (ઊગવું) + ઇન્ (વાળું)] વિ. ઊગતું.
૨. [સં. ઉદય (ચડતી) + ઇન્ (વાળું)] વિ. સમૃદ્ધિવાળું.

ઉદયોન્મુખ ૧. [સં. ઉદય (ઊગવું) + ઉન્મુખ (તૈયાર)] વિ. ઊગવાની તૈયારી ઉપર આવેલું.
૨. [સં. ઉદય (ચડતી) + ઉન્મુખ (હાજર)] વિ. ચડતી જવાને વાર ન હોય એવું.

ઉદર ૧. [સં. ઉદ્ (ઊગવું) + ઋ (જવું)] પું. ઓડકાર પૂરી જવો તે; વધરાવળ.
૨. પું. આઠ માંહેનો એક મોટો રોગ. તેમાં પેટ વધે છે. પેટમાં થતા રોગ ઉદર રોગ કહેવાય અને વૈદકશાસ્ત્રમાં ઉદર રોગ માટે માત્ર ઉદર શબ્દ જ વપરાયો છે.
૩. ન. અંદરનો ભાગ.
૪. ન. અંદરનો ભાગ.
૫. ન. (લાક્ષણિક) આકાશ; મુજવણ; અસવ્યપણું.
૬. ન. ઉત્પત્તિસ્થાન; મૂળ.
૭. ન. કુક્ષિ; કાખ.
૮. ન. ખાધેલું પચાવનાર પેટમાંનો અગ્નિ.
૯. ન. ખૂનામરકી; મારામારી; કલહ.
૧૦. ન. ખોરાક; ભોજન.
૧૧. ન. સર્વાવયવ; સર્વસ્વાન.
ઉદરે આવવું = અવતાર લેવો; જન્મવું.
૧૨. [સં.] ન. કૂંડી અને બાઈ વચ્ચેનો ભાગ; પેટ.
૧૩. ન. ખખોલ; પોલાણ.
૧૪. ન. ખુલ્લ; ચડાઈ.
૧૫. ન. વચલો ભાગ; મધ્ય.
૧૬. ન. વધારો.
૧૭. ન. હોજરી; જઠર; અનાજ.
ઉદર ભરવું = (૧) ખાવું ને કામ ન કરવું. (૨) પેટ ભરવું. (૩) અસવ્યપોષણ કરવું.
૧૮ [હિં.] ન. ત્યાં; તે જગ્યાએ.

ઉદર ૧ પું ભક્ષણ; ઊંચાઈની બાજુનું ખોદ કામ.
૨. વિ પેટ તરફનું.
૩. વિ પેટમાં રહેલું.
૪. વિ. હોજરીને લગતું.

ઉદરકલા [ઉદર (પેટમાં રહેલું) + કલા (પાતળી ચામડી)] સ્ત્રી. પેટની અંદરની પાતળી ચામડી; ઔદર્યકલા.

ઉદરકલાક્ષય [ઉદર (પેટમાંનું) + કલા (પાતળી ચામડી) + ક્ષય (પડવું)] પું. પેટની અંદરની પાતળી ચામડીનો એક રોગ.

ઉદરકલાપ્રદાહ [ઉદર (પેટમાં રહેલું) + કલા (પાતળી ચામડી) + પ્રદાહ (બળતરા)] પું. ઉદરચ્છદાકલા ઉપરનો બળતરા.

ઉદરકલાશોથ [ઉદર (પેટમાંનું) + કલા (પાતળી ચામડી) + શોથ (સોજો)] પું. ઉદરચ્છદાકલાનો સોજો.

ઉદરકલા [સં. ઉદર (પેટ) + કલા (પાતળી ચામડી)] સ્ત્રી. ઉદરકલા; ઉદરચ્છદાકલા; 'પેરિટોનીઅમ'.

ઉદરકલાકીન્યાસ સ્ત્રી. સારસ્વર્ગક પ્રસાર થાય છે તે પેટ નીચેની નાલિકા.

ઉદરકમર ૧. સ્ત્રી. લોહારણની એક ઓટકનું નામ.
૨. ન. એ ઓટકનું માપણ.
૩. વિ. લોહારણની ઓટકનું.

ઉદરકૃમિ [સં. ઉદર (પેટ) + કૃમિ (કરમિયો)] પું. પેટમાંનાં કરમિયા જીવાણું.

ઉદરકૃમિનિર્ગમન [સં. ઉદર (પેટ) + કૃમિ (કરમિયો) + નિર્ગમન (નીકળવું તે)] ન. પેટમાંથી કરમિયા જીવડાનું નીકળવું તે.

ઉદરકેસરી [સં. ઉદર (જઠર) + કેસરિન્ (સિંહ)] સ્ત્રી. (વૈદક) ઓટકનું, વાયુ, ખાડી, મંદાગ્નિ, ઓડકાર, મોળ, અજીર્ણની, અરુચિ અને પેટના વાયુને દૂર કરનાર મનાતું એક ઔષધ. તેની બેકથી બે ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ઉદરકેસરી [સં. ઉદર (ભાર) + કેસરિન્ (સિંહ)] જી. (વૈદક) ઔષધમાં વપરાતી એક ભાતની ગોળી. જુઓ ઉદરોકરી.

ઉદરકોટર [સં. ઉદર (પેટ) + કોટર (ખખોલ)] જી. પેટની ખખોલ. જુઓ ઉદરગુહા.

ઉદરકર્ણ [સં. ઉદર (પેટ) + કર્ણ (આના પેટમાં રહેલ ફાલ)] પું. કર્ણ.

ઉદરકુલ્ય [સં. ઉદર (પેટ) + કુલ્ય (ગોળાનો રોગ)] પું. બરોળનો રોગ; કુલ્યોદર.

ઉદરગુહા [સં. ઉદર (પેટ) + ગુહા (કાણ)] જી. કુંખાના આકારની પેટની ખખોલ. તેના બે ભાગમાંનો ઉપલો અને મોટો ભાગ ઉદરગુહા તરીકે અને નીચલો અને નાનો ભાગ શ્રોણિગુહા તરીકે ઓળખાય છે. તે બન્ને ભાગનો કોષ્ઠીય સાથે ગાઢ સંબંધ છે. આ ખખોલની પાછલી બાજુ ઉપર કટિવલ્લિની દીર્ઘા અને હ્રસ્વા નામની બાર પેશી, કટિત્રુટસ્થ નામની બે પેશી અને કેટલ અને આગલી બાજુ અને બે પાસા ઉપર નીચેની કોરી પર્શુક અને ઉપપર્શુક, બે શ્રોણિફલક, પેટની દીવાલ બનાવનારી બધુ ઉદરચ્છદા પેશી, તેમ જ ઉદરસંક્રિત અને શ્રોણિપરિધિની પેશી આવેલ છે. ઉદરગુહામાં આમાશય, નાનું અને મોટું આંતરડું, કલોમું, બરોળ, અગ્ન્યાશય, મૂત્રપિંડો, અધિવૃક્કગ્રંથિઓ, જનીનગ્રંથિઓ, મૂત્રપૂર્ણનલિકા, અપરોદરિણી મહાધમની અને તેની કોષ્ઠશાખાઓ, અપરા મહાશિરા, રસગ્રંથિ, રસકુલ્યાનો રસગ્રાહકનો ભાગ, મણિપુર નામનું નાડીચક્ર અને બીજા નાડીઓ રહેલ છે. આ ગુહાનો બહારનો ભાગ બે આડી અને બે ઊભી કલ્પનિક રેખાથી નવ વિભાગમાં વહેંચી શકાય આવ્યો છે. (૧) સૌથી ઊંચા બધુ ભાગ, તેમાં દરેક બાજુ ઉપર અનુપાર્શ્વિક કોષ્ઠ અને વચલો હૃત્પ્રાચીર પ્રદેશ. (૨) વચલા બધુ ભાગ, તેમાં દરેક બાજુ ઉપર પુરિષકોષ્ઠો અને નાભિની આસપાસનો પારિનાભિક ભાગ. (૩) નીચલા ભાગમાંના બધુ પ્રદેશ, તેમાં દરેક બાજુ ઉપર વંક્ષણોત્તરિક પ્રદેશ અને વચલો અધિબસ્તિક અથવા બસ્તિપ્રદેશ. આ નવ ભાગમાં પેટની અંદરના અવયવ રહેલા છે. ઉદરગુહાને આઠ છિદ્ર છે. શ્રોણિગુહાને આ સાથે વધુ સંબંધ છે. તેમાં ગુદનલિકા, બસ્તિ, પ્રાસ્થમધિ, શુક્રવાહિનીઓના છેડા, શુક્રગ્રંથિકા વગેરે અવયવ પુરુષ શરીરમાં અને ગુદનલિકા, બસ્તિ, ભગોષ્ઠ, બીજવાહિનીઓ અને બીજાધારો સ્ત્રી શરીરમાં રહેલાં છે.

ઉદરગ્રંથિ ૧. જી. આંતરડું; આંત્ર.

૨. [સં. ઉદર (પેટ) + ગ્રંથિ (ગાંઠ)] જી. ગુલ્મરોગ; પેટમાં ગોળાનો રોગ.

૩. જી. બખરીનો રોગ; બરમરી; બરમૂરી.

૪. જી. બરોળ; બરોડા.

૫. જી. બરોળ વધવાનો રોગ.

ઉદરગ્રસ ૧. [સં. ઉદર (પેટને રોગ) + ગ્રસ (ગ્રહણકાર) + રસ (પારસભાષી દવા)] પું. (વૈદક) પારાની મેળવણીવાળી એક દવા. ભંડાસ, લોહભસ્મ, સોનેરિયા પારો, સોનેરિયા કેટરસ, ગંધક, મનઃશિલ, હરતાલ, તાંબાની ભસ્મ, સંઠ, મરી, પીપળ, ચિત્રક, કૂડ, મુસ્તળી, વજ્રનાગ અને બન્નેના સરખે ભાગે લઈ બારીક ભૂકો કરી લીંબુના રસમાં ઘૂંટી ગોળી કરવી. બધ કે મરજ પ્રમાણમાં તે લેવાથી પેટના રોગ મટે છે.

૨. પું. (વૈદક) પેટના દરદની એક દવા. બનાવની ભસ્મ, લોહભસ્મ, સોનેરિયા પારો, સોનેરિયા ગંધક, મનઃશિલ, હરતાલ, તાંબાની ભસ્મ, સંઠ, મરી, પીપળ, ચિત્રક, કૂડ, મુસ્તળી, વજ્રનાગ અને બન્નેના સરખે ભાગે લઈ તેને બારી લીંબુના રસની ભાવના આપી એક એક રતીની ગોળી કરવી. રાત્રે બધ સાથે આ ગોળી લેવાથી પેટના રોગ મટે છે.

ઉદરગ્રહણ [સં. ઉદર (પેટ) + ગ્રહણ (પકડવું તે)] વિ. પેટ પકડનાર.

ઉદરચ્છદા ૧. [સં. ઉદર (પેટ) + છદ (ઢાંકવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જી. પેટમાં બખરોખ જેટલે વચલી વીટીની દરેક બાજુએ રહેલી બધુ પેશી બારેની દરેક; ઉદરચ્છદાબાદિમા, ઉદરચ્છદામધ્યમા અને ઉદરચ્છદાવરમા એ બધુમાની કોઈપણ પેશી. સામાન્ય રીતે બધે ઉદરચ્છદા પેશી તેની અંદર રહેલા અવયોને ટેકો આપે અને તેમને ઢાંકે છે. બારે તેમને ઢાંકે ત્યારે બહારાચીરા પેશી બધુ નીચેના અવયોના દબાવથી ઊંચે બધ અને પેરસાંમાથી હવા બહાર નીકળે. આ પ્રમાણે બહારાચીરા પેશીને ઊંચે મોકલી શ્વાસ બહાર કાઢવો એ જેમનું કામ છે; બહારાચીરા પેશી શ્વાસ અંદર લેવાની અને ઉદરચ્છદા પેશી શ્વાસ બહાર કાઢવાની મુખ્ય પેશી છે. જો શ્વાસ બહાર કાઢવામાં મુશ્કેલી પડતી હોય તો આ પેશીનો મૂળ સંકોચાઈ તેને બહાર કાઢે છે. હેડકી આવી, હસવું, બગાસું બધુ વગેરે કામમાં પણ આ પેશી મદદ કરે છે, કારણ કે એ બધી ક્રિયામાં ઓડે બધે અંશે હવા બહાર નીકળે છે. વળી આંતરડાંને દબાવી ઊલટી કરવામાં, ઝાડોપેશાબ કરવામાં અને બાળકમાં બધુ તે પેશીઓ મદદ કરે છે.

૨. જી. પેટને વીંટળાયેલી; પેટ ઢાંકનારી.

ઉદરચ્છદાઅંતઃસ્થા પેશી [સં. ઉદર (પેટ) + છદા (ઢાંકનારી) + અંતઃ (અંદર) + સ્થા (રહેલી) + પેશી (સ્નાયુ)] જી. પેટની બધુમા સૌથી અંદર રહેલી પેશી.

ઉદરચ્છદાઆદિમા [સં. ઉદરચ્છદા (પેટમાં રહેલી એક પેશી) + આદિમ (પહેલું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જી. પેટના આગલા ભાગ અને બાજુને ઢાંકતી એક મોટી પેશી; 'એબ્ડૉમિનલ ઑપ્લીક'. બધે ઉદરચ્છદા પેશીમાં આ સૌથી બહાર આવતા ઉપર રહેલી છે.

ઉદરચ્છદાકલા [સં. ઉદર (પેટ) + છદા (ઢાંકનારી) + કલા (પાતળી ચામડીનું પડ)] જી. પેટની બધુના બધુખરા ભાગને ઢાંકનારી પાતળી ચામડી; ઉદર્યાકલા; 'પેરિટોનિયમ'.

ઉદરચ્છદાચરમા [સં. ઉદર (પેટ) + છદા (ઢાંકનારી) + ચરમા (છેલ્લી)] જી. પેટની આસપાસ આવેલી, બધુ ઉદરચ્છદા પેશીમાની પહેલી એક; 'ટ્રેન્સવર્સેલિસ ફાસ્શ'.

ઉદરચ્છદાબહિસ્થા પેશી [સં. ઉદર (પેટ) + છદ (ઢાંકવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + બહિસ્થ (બહારનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + પેશી (સ્નાયુનો લોચો)] જી. પેટના આગલા ભાગ અને બાજુને ઢાંકતી એક મોટી પેશી; ઉદરચ્છદાબાદિમા. જુઓ ઉદરચ્છદા આદિમા.

ઉદરચ્છદાબૃહતી પેશી [સં. ઉદર (પેટ) + છદા (ઢાંકણી) + બૃહતી (મોટી) + પેશી (સ્નાયુનો લોચો)] જી. આતરડાં ઢાંકવા તરફ બધુનો મોટો અને મુખ્ય સ્નાયુ; ઉદરચ્છદા બૃહતીપેશી; ઉદરચ્છદા મૂર્ધ્ની પેશી; ઉદરચ્છદાની બૃહતીપેશી; 'પેક્ટોરેલિસ મેજર'.

ઉદરચ્છદામધ્યમા [સં. ઉદર (પેટ) + છદ (ઢાંકવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + મધ્યમ (વચ્ચનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જી. પેટની આસપાસ રહેલી પાતળી અને નાની એક પેશી; 'પિરેન્નિયલ ઑપ્લીક'. ઉદરચ્છદા આદિમાની પાછળ આવેલી આ પેશીના માસમય તંતુ ત્રાંસી રીતે બધ છે.

ઉદરચ્છદાસ્નાયુ પેશી જી. પેટની આગલી દીવાલમાં આવેલી એક પેશીનું નામ; 'રેક્ટસ એબ્ડૉમિનિસ'. તે છાતીના હાડકાથી શરૂ થઈ નીચે બસ્તિસ્થને લાગે છે.

ઉદરચ્છદાસ્નાયુચ્છાકારા પેશી [સં. ઉદર (પેટ) + છદ (ઢાંકવું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + સ્નાયુ (સ્નોયુ) + આચ્છાદ (પડ) +

+ આ (નારીજાતિનો પ્રત્યય) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. પેટમાં આવેલ સંયુ આકારનો એક નાનો માંસનો તંતુ; બસ્તિચ્છદિકા પેશી; 'પિરેગ્રિલિસ મસલ'. તે ગર્ભાસ્થિસંધાનમાંથી નીકળી ઉદરસીવની (વીનીઝ ઑફ્ય) સુધી ગયેલ છે.

ઉદરચ્છદાંતરચ્છા પેશી [સં. ઉદર (પેટ) + અજ્ (કાપવું) + અંતરસ્થ (અંદરનું) + આ (નારીજાતિનો પ્રત્યય) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. પેટની આસપાસ આવેલી ત્રણ જાડી સૌથી ઊંડી ઉદરચ્છદા પેશી; ઉદરચ્છદાન્તરસ્થા. જુઓ ઉદરચ્છદાન્તરસ્થા.

ઉદરચ્છદાનીબૃહતી પેશી [સં. ઉદર (પેટ) + આચ્છાદની (ઢાંકનારી) + બૃહતી (મોટી) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. છાતીથી કાંઠા તરફ જતી મોટી અને મુખ્ય પેશી. જુઓ ઉદરચ્છદાબૃહતી પેશી.

ઉદરચ્છદાનીસક્થ્યો પેશી [સં. ઉદર (પેટ) + આચ્છાદની (ઢાંકનારી) + સક્થી (જાંઘ) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. છાતીની ત્રીજી, ચોથી અને પાંચમી પાંસળીથી આંસાસક્થ સુધી જતો માંસનો લોચો; ઉદરચ્છદાની પેશી; ઉદરચ્છદાની લઘ્વી પેશી; 'પેક્ટરેલિસ માઇનર'.

ઉદરજોદન [સં. ઉદર (પેટ) + જોદન (કાપવું તે)] ન. પેટ કાપવાની ક્રિયા; પેટની દીવાલની કાપકૂપ; 'લૅપરેટમિ'.

ઉદરજોદનકર્મ [સં. ઉદર (પેટ) + જોદન (કાપવું તે) + કર્મન્ (કામ)] ન. પેટ કાપવાની ક્રિયા.

ઉદરજંતુવિધ્વંસનરસ [સં. ઉદર (પેટ) + જંતુ (કૃમિ) + વિધ્વંસન (નાશ) + રસ (પારાના ભિન્નભિન્ન દ્રવ્યો)] પું. (વૈદક) પેટમાંના કરમિયાનો નાશ કરનાર દ્રવ્ય; કૃમિવિધ્વંસનરસ. લોખંડ પારો અને લોખંડ ગંધક સરખે ભાગે લઈ તેમનાં વજન બરાબર મુલતાની અને બાંડ મેળવી તેની કજ્જલી કરવી. પછી તેમાં ઉદરચ્છદીનો રસ નાખી બે દિવસ ઘૂંટવું. તે બધાની બરાબર કોંદીમધ, સુદર્શિ ક્વાથ અને બીલામાનું તેલ નાખી એક દિવસ લસણ, તેમાં લોખંડ કુચિલો, બાબરાનાં બી, જમાલગોટા, સમુદ્રફળ અને સુવર્ણમાક્ષિકભસ્મ સરખે ભાગે લઈ ઉપરના ચૂર્ણ બરાબર નાખી ફરી બધાની બરાબર લોખંડ ધતૂરાના બીનું ચૂર્ણ મેળવી ધતૂરાના રસની એક ભાવના આપવી. તેને સહેજ શ્રદ્ધે, કાચું શ્રદ્ધે, કાળાંતરી, વાલડિંગ, નાગરમોથ, સર્પાક્ષિની અને મોગરાના રસની ત્રણ ત્રણ ભાવના આપી ચણા જેવડી ગોળી કરવી. તેમાંથી એકેક ગોળી બાજ, ઉદરચ્છદી અને સૂંઠ વગેરેના ઉકાળા અથવા રોહિણાદિના ઉકાળા સાથે આપવાથી કરમિયા મરી જાય છે.

ઉદરજ્વાલા ૧. [સં. ઉદર (પેટ) + જ્વાલા (બળતરા)] સ્ત્રી. જઠરાગ્નિ.
૨. સ્ત્રી. ભૂખ; ક્ષુધા.

ઉદરઝિલ્લી [સં. ઉદર (પેટ) + ઝિલ્લી (અંદરની ચામડી)] સ્ત્રી. પેટ માંહેની ઘણી પાતળી, ફોતરા અને મોતીના જેવા ચોખ્ખા ધોળા રંગની એક ચામડા; 'પેરિટોનીઅમ'. તે બે પડની કોથળા છે અને તે સાંકડું એક પડ પેટની બાજુની અંદર અને બીજું પડ પેટમાં રહેલાં શરીરનાં અવયવોને ઢાંકે છે.

ઉદરટ્વી [સં. ઉદર (અર્બુદ)] વિ. સ્ત્રી. બારેવાઈ; સગર્ભા; બોજવાળી; ગર્ભવંતી.

ઉદરતપ્તાનુ ન. ઉપરપડે લાગેલો ક્રિસાળ; ક્રસ્તો મેલ.

ઉદરતલ [સં. ઉદર (પેટ) + તલ (સપાટી)] કું. સામેનો અથવા પેટની તરફનો ભાગ; 'વેન્ટર સર્ફેસ'.

ઉદરતૃપ્તિ [સં. ઉદર (પેટ) + તૃપ્તિ (સંતોષ)] સ્ત્રી. પેટનું પોષણ; ભૂખની શાંતિ; ધરપત; ધરાઈ જવાપણું.

ઉદરત્રાણ ૧. [સં. ઉદર (પેટ) + ત્રાણ (રક્ષણ)] ન. કટિબંધ; કમરબંધ; કમરપટો.
૨. ન. પેટ ઉપર બાંધવાનું લૂગડું; પેટરક્ષા; પેટ.
૩. ન. પેટનું રક્ષણ કરતો બખ્તરનો ભાગ.

ઉદરધિ ૧. [સં. ઉદ્ (પાણી) + ધા (ધરવું)] કું. સમુદ્ર.
૨. કું. સૂર્ય.
૩. ન. (ગણિત) પેટી.

ઉદરધ્રંકિકા [સં. ઉદર (પેટ) + ધ્રંકિકા (ચામડી)] સ્ત્રી. પેટની બખ્ખોલની દરેક બાજુએ આવેલી એક ચામડી પેશી; 'રેક્ટસ એબ્ડોમિનિસ'. ઉદરસીવનીની દરેક બાજુએ આ પેશી સંકોચાયેલી હોય ત્યારે દંડ જેવી દેખાતી હોવાથી તેનું આ નામ પડવાનું કારણ છે. તે બગાસ્થિના મુંડ અને બગાસ્થિના સંધાન ઉપરથી બે કેડા (ટેન્ડન)ઓ વડે શરૂ થઈ, ઉપર જઈ, પાંસળીની કારના અર્ધ ભાગમાં એટલે કે પાંચમી, છઠ્ઠી અને સાતમી ઉપપર્શુકને લાગેલી છે. આ પેશી તેની અંદરની બાજુએ ઉદરસીવની સાથે જોડાયેલી છે. તેનું મુખ્ય કામ પણ ઉદરચ્છદા પેશીઓની બાકીક ચાસ બહાર ધકેલવાનું છે.

ઉદરધ્વાસ ૧. પું. ચાકરનો દીકરો.
૨. [સં. ઉદર (જન્મસ્થાન) + દાસ (નોકર)] પું. જન્મથી નોકર હોય તે.

ઉદરધમનિ [સં. ઉદર (પેટ) + ધમનિ (શુદ્ધ લોહી વહી જનારી નળી)] સ્ત્રી. પેટની શુદ્ધ લોહી વહી જનારી નળી; 'એબ્ડોમિનલ આર્ટરિ'.

ઉદરધમની જુઓ ઉદરધમનિ.

ઉદરધ્વાંતસૂર્યરસ [સં. ઉદર (પેટ) + ધ્વાંત (અંધારું) + સૂર્ય (સૂરજ) + રસ (પારાનાથી બનતા)] કું. (વૈદક) જબરદસ્ત, આખ્યાન, ગ્રહણ વખત જેમ આંધળાપણું આવે તેવા પેટના રોગ મટાડનાર એક ઔષધ. તે બનાવવા તાંબાની ભસ્મ બે ભાગ, ફટકડી નસોતર એક ભાગ, ચોરનું દૂધ ત્રણ ભાગ, કપીલા પાંચ ભાગ, હરડે ત્રણ ભાગ, લોખંડ જમાલગોટો ચાર ભાગ એક પછી એક લઈ પાણીમાં ઘૂંટી ચણા જેવડી ગોળી કરવી. બીજા પાણીમાં એકેક ગોળી આપવી.

ઉદરનાડી (ઉદરનાઢી) [સં. ઉદર (પેટ) + નાડી (નળ)] સ્ત્રી. આંતરડું.

ઉદરનિમિત્ત [સં. ઉદર (પેટ) + નિમિત્ત (કારણ)] અ. પેટને માટે; ભરણપોષણ સારુ.

ઉદરનિર્વાહ [સં. ઉદર (પેટ) + નિર્વાહ (ગુજરો)] કું. ભરણપોષણ; ગુજરાન; આજીવિકા.

ઉદરપક્ષ [સં. ઉદર (પેટ) + પક્ષ (પાંખ)] સ્ત્રી. માણસની પેટ આગળની પાંખ.

ઉદરપક્ષી ૧. [સં. ઉદર (પેટ) + પક્ષ (પાંખ) + ઇન્ (વાળું)] વિ. પેટ તરફનું.
૨. વિ. પેટમાં રહેલું.

ઉદરપટલ ૧. [સં. ઉદર (પેટ) + પટલ (પડદો)] ન. છાતીના અને પેટના પોલાણને જુદાં પાડતો પડદો; પેટનો પડદો; મધ્ય પટલ; છાતી અને પેટની વચ્ચેનો પડદો; 'ડાયાફ્રેમ'.
૨. ન. બચ્ચાંવનારાં પ્રાણીમાં પેટની કોથળ એટલે પોલાણ ઉપર આવેલ ચીકણી અને મજબૂત પાતળી ચામડી.
૩. ન. પેટની ફોફણીની બાજુ; 'વિસરલ પેરિટોનીઅમ'.
૪. ન. યંત્રની અંદરનો પડદો.

ઉદરપત્રી [સં. ઉદર (પેટ) + પત્ર (પત્ર) + ઇન્ (વાળું)] વિ. પેટે ચાલનારું.

ઉદરપરતા [સં. ઉદર (પેટ) + પરતા (દુઃખ)] સ્ત્રી. પેટનો એક રોગ. તેમાં ધાવું ખાવાની ઇચ્છા થાય છે.

ઉદરપરીક્ષા [સં. ઉદર (પેટ) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. પેટની પરીક્ષા કરવી તે.

ઉદરપિશાચ ૧. [સં. ઉદર (પેટ) + પિશાચ (પેટ)] પું. બહુ ખાતો માણસ.

૨. પું. સર્વભક્ષક; બધું ખાનાર.

૩. વિ. રાક્ષસી ભૂખવાળું.

ઉદરપીડા (ઉદરપીડ) [સં. ઉદર (પેટ) + પીડા (દુઃખ)] સ્ત્રી. પેટનો રોગ; પેટનો દુખાવો.

ઉદરપુર [સં. ઉદર (પેટ) + પૂર્ણ (પૂરું)] વિ. ભરણપોષણ; નિર્વાહ; ગુજરાન.

ઉદરપૂર્તિ [સં. ઉદર (પેટ) + પૂર્તિ (ભરવું તે)] સ્ત્રી. પેટ ભરવું તે; ગુજરાન.

ઉદરપૂર્ત્તિ જુઓ ઉદરપૂર્તિ.

ઉદરપૃષ્ઠ ૧. [સં. ઉદર (પેટ) + પૃષ્ઠ (ભાગ)] વિ. પેટનો આગળનો ભાગ; પેટનો ભાગ. માણસમાં શરીરનો ઉપરનો ભાગ સપાટ હોય છે, પણ બધાંમાં પૂજ્યથી, સરિસૃપથી અને બીજાં લાંબાં પ્રાણીઓમાં તે પેટની બાજુએ આવેલ હોય છે.

૨. વિ. પ્રાણીની પેટની બાજુ; 'વેન્ટ્રલ'.

ઉદરપોષણ [સં. ઉદર (પેટ) + પુષ્ (પોષણ કરવું) + અન (ભાવ બતાવનાર પ્રત્યય)] વિ. આજીવિકા; ગુજરાન.

ઉદરપ્રદેશ [સં. ઉદર (પેટ) + પ્રદેશ (ભાગ)] પું. પેટની નીચેનો ભાગ 'એબ્ડોમન'.

ઉદરબંધ [સં. ઉદર (પેટ) + બંધ્ (બાંધવું)] પું. પેટ અને જાંઘ જ્યાં છે ત્યાં પહેરવામાં આવતું એક જાતનું રત્નજડિત ઘરેણું.

ઉદરભરણ [સં. ઉદર (પેટ) + ભરણ (ભરવું તે)] વિ. ભરણપોષણ; આજીવિકા.

ઉદરભરુ [સં. ઉદર (પેટ) + ભૃ (ભરવું)] વિ. સ્વાર્થીલું.

ઉદરભંગ [સં. ઉદર (પેટ) + ભંગ (રોગ)] પું. અતિસાર; ઝાડાની બીમારી.

ઉદરભારહરરસ ૧. [સં. ઉદર (પેટ) + ભારહર (કાર્ય) + રસ (પારાની મેળવણીવાળી દવા)] પું. (વૈદક) પેટ માટે વપરાતી પારાની મેળવણીવાળી એક દવા. બંધકથી બનાવેલી તાંબાની ભસ્મ તોલા ૧૦, મરી અથવા પીપર તોલા ૫, ત્રિકટુ તોલા ૫ અને વજનમાં તોલા ૨ લઈ બીજો બધો કરી અકોટ રસોની મોળી કરવી. તેની માત્રા એક મોળીની છે.

૨. પું. (વૈદક) પાસના રોગ માટે વપરાતું એક ઔષધ. તેની બનાવટ: પારા-ગંધક, ચારો અને બંધક દરેક એક તોલો લઈ તેને સહેદ અકોડાના રસમાં ઘૂંટી વરાળયંત્રથી પારવી એકથી બે રતીની મોળી કરવી.

ઉદરભૂમિ [સં. ઉદર (પેટ) + ભૂમિ (જમીન)] સ્ત્રી. પેટનો ભાગ.

ઉદરભેદન [સં. ઉદર (પેટ) + ભેદન (ભાવું તે)] ન. પેટ ફાડવાની ક્રિયા; પેટની ઑપરેશનની કાપકૂપ; 'લેપરોટમિ'

ઉદરમજ્જારલ્લ [સં. ઉદર (પેટ) + મજ્જા (મગજ) + રલ્લ (રોહું)] ન. પેટમાં રહેલું ચરબીયું; 'પેન્ટ્રલ નર્વસિસ'.

ઉદરમાતના ૧. [સં. ઉદર (પેટ) + માતના (પીડા)] સ્ત્રી. પેટ ભરવા માટે સહન કરવું પડતું દુઃખ.

૨. સ્ત્રી. પેટનો દુખાવો.

ઉદરરસ [સં. ઉદર (પેટ) + રસ (પાચકગ્રંથી સ્ત્રાવ)] પું. (વૈદક) પેટમાંનો ખોરાક પચાવનારો રસ; પાચકરસ.

ઉદરરસત્વચા [સં. ઉદર (પેટ) + રસ (પ્રવાહી) + ત્વચા (ચામડી)] સ્ત્રી. પેટની અંદરની પાતળી, ચોમળ અને મોતીના જેવી સ્વચ્છ ચામડી; 'પેરિટોનિઅમ'.

ઉદરરસપટ (ઉદરરસપટ) [સં. ઉદર (પેટ) + રસ (પ્રવાહી) + પટ (પડ)] ન. પેટમાં પૂરણી ચામડીનું પડ; 'પેરિટોનિઅમ'.

ઉદરરેખા ૧. [સં. ઉદર (પેટ) + રેખા (લીટી)] સ્ત્રી. ગર્ભાવસ્થાથી પેટ ઉપર પડતી બહુ કરચલીઃ ચટા; ચિમળી.

૨. સ્ત્રી. બાયસ; 'સ્ટ્રેચ્મિઝ'.

ઉદરરેષા જુઓ ઉદરરેખા.

ઉદરરોગ [સં. ઉદર (પેટ) + રોગ (બીમારી)] પું. પેટનું દરદ. જઠરાગ્નિની મંદતાથી થતું અજીર્ણ, ખાધેલ ન ખાવે તેવો ખોરાક, બંધકાસ કબજિયાત કાયમથી આ રોગ થાય છે. તેની આઠ જાત: વાતોદર, પિત્તોદર, ક્ષતોદર, સન્નિપાતોદર, પ્લીહોદર, યકૃદુદોદર, ક્ષતોદર અને જલોદર. આ ઉપરાંત બહુઉદર થાય છે. ચરકે તેને કેટલાક જુદો પ્રકાર માને છે. આફરો, ચામડીમાં અશક્તિ, નબળાઈ, અપચો, સોજો, બળતરા, અને સુસ્તી એ આ રોગની સામાન્ય નિશાની છે. વાતોદરમાં હાથ, પગ, કૂખ અને મુખ ઉપર સોજો આવે, સાંધા તૂટે, બાલી ઊભરો આવે, શરીર ભરચાર્ક બને, પેટની નીચેનો ભાગ રહી બને અને મળ બરાબર થઈ, ચામડી, નખ, આંખ કાળાં કે રાતાં થાય, પેટ ફૂલે અને તે ઉપર ટકોર મારવાથી ફુલેલી પખાલ જેવો અવાજ થાય, વાયુ ફરવાથી દરદ થાય અને મટે. હીંડીપીપર અને સૂંઠ મોળાં આપવાથી આ રોગ મટી બને છે. પિત્તોદરમાં તાવ, પેન, બળતરા, તરસ, મોઢામાં કડવાશ, ઊબ, ઝાડા, નખ અને આંખમાં પીળાશ, પેટ ઉપર લીલા, પીળા કે રાતા આંકા અને પરસેવો બહાર. ક્ષતોદર વધવાથી દરદ બળ બળતા બને, સ્પર્શની ખબર ન પડે, સોજો આવે, આંખ ઝાંખી બને, ઊંઘ બહુ આવે, ઊલટા આવે, અગ્નિ બહુસે ભૂખ ન લાગે, શ્વાસ અને ઉધરસ થાય, ચામડી વગેરે પોળાં થાય અને પેટ ઠાલ્લું, ઠંડું, પોળા અવાજવાળું અને મોટું થાય. પેટમાં સન્નિપાત થાય તો લોહી બગડે, રોગી મૂર્છા પામે અને દીઠો અને દુબળો થાય. બાજુ ઉપર બાળકરડે અને નસોનાં પાંદડાં ગોમૂત્રમાં લેવાં વાટી તેનો રસ બનાવ છે. પ્લીહોદરમાં બરોળ વધે, રોગી ઝણી બને, મોઢો તાવ આવે અને બરડામાં બંદ થાય. નસોદનો રસ અને ગોમૂત્ર બબ્બે તોલા લેવાં કરી આપવાથી તે મટતો હોવાનું કહેવાય છે. બહુયુદોદરમાં આંતરડાં ઊપસેલાં અને નરમ હોવાને લીધે બરાબર મળ હાથે દબાવે અંદર બેસતો થાય અને બહુ મહેનતે બહાર આવે. તેમાં બરબાણી બબ્બો, છાશ અને સિંધવનું ચૂર્ણ આપવામાં આવે છે. ક્ષતોદરમાં કાંદા જેવી બીજ ખોરાક સાથે પેટમાં બળ અને પચવાશક્તિ તે વાંદરીયુદી બબ્બાથી આંતરડામાં કાણાં પડે અથવા બગાસું અને બહુ આવાથી આંતરડાં ફાટે. આથી આંતરડાંમાંથી પાણી જેવો પ્રવાહી મૂત્રા રસ્તે ઝરે. જલોદર એટલે પેટમાં પાણી ભરાવાના રોગમાં રનહેપાન એટલે તેલ, ઘી કે ચરબી પીધેલો અથવા વમન એટલે ઊલટી કે રેચની દવા લીધેલો માણસ ઠંડું પાણી પીએ તો તેની પાણી લાઈ જનારી નળીઓ તરત બગડે અને જલોદર થાય. પાણીથી પેટ ભરેલા જેવું બબ્બાય તેને જલોદર કહે છે. સૂંઠ, મરી, હીંડીપીપર અને સિંધવનું ચૂર્ણ નાખેલા ગરમ પાણીથી જલોદર મટી બને.

ઉદરવલ્લભરસ [સં. ઉદર (પેટ) + વલ્લભ (બહાદુર) + રસ (પારાની મેળવણીવાળી દવા)] પું. (વૈદક) પારાની મેળવણીવાળી એક દવા. ત્રિફળામાંથી કહેલા પારો, બંધક, તાંબાની ભસ્મ, ત્રિકટુ, દતી, પીપર, વજ અને

સિંધાલૂણ સરખે ભાગે અને પારાથી અડધ્યો જાયફળોટો લઈ બૂકે કરી હરડેના ઉકાળામા એક દિવસ ઘૂંટી બબ્બે રતીની ગોળી કરવી. તે લેવાથી હાયીપત્ત, આફરો, ગુલ્મ, અરોસ અને અજીર્ણના રોગ મટતા હોવાનું કહેવાય છે.

ઉદરવાતારિરસ ૧. [સં. ઉદર (પેટ) + વાત (વાયુ) + અરિ (દુશ્મન) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) પેટના રોગ મટાડવા વપરાતી એક દવા. પારો, ગંધક અને શુદ્ધ જાયફળોટો સરખે ભાગે લઈ બૂકે કરી પાણીમાં ઘૂંટી ચણા ચણા રતીની ગોળી બનાવવી.
૨. પું. (વૈદક) હળદર, દારૂહળદર, ટંકણખાર, અને તાંબાની ભસ્મ એક ભાગ અને શુદ્ધ જાયફળોટો ચાર ભાગ લઈ પાણીમાં ઘૂંટી બનાવવામાં આવતી ગોળી. આ દવા લેવાથી પેટના રોગ મટી જાય છે.

ઉદરવિકાર ૧. [સં. ઉદર (જઠરાગ્નિ) + વિકાર (બગાડ)] પું. જઠરાગ્નિનો રોગ.
૨. [સં. ઉદર (પેટ) + વિકાર (બગાડ)] પું. પેટનો બગાડ.

ઉદરવિષ [સં. ઉદર (પેટ) + વિષ (ઝેરના પ્રકાર)] પું. કઠ એટલે જોરમાં રહેતા મૂર્ખિની એક જાત

ઉદરવૃદ્ધિ ૧. સ્ત્રી. જલોદર.
૨. [સં. ઉદર (પેટ) + વૃદ્ધિ (વધવાપણું)] સ્ત્રી. પેટનું વધવાપણું.

ઉદરવેષ્ટ [સં. ઉદર (પેટ) + વેષ્ટન્ (પડ)] ન. પેટની અંદરનું પડ.

ઉદરવ્યાધિ [સં. ઉદર (પેટ) + વ્યાધિ (રોગ)] સ્ત્રી. પેટનો રોગ.

ઉદરશય ૧. [સં. ઉદર (પેટ) + શય (પથારી)] પું. ગર્ભ.
૨. વિ. ગર્ભાશયમાં રહેલું.

ઉદરશયી ૧. વિ. ગર્ભાશયમાં રહેલું.
૨. [સં. ઉદર (પેટ) + શય્ (સૂવું) + ઇન્ (નારું)] વિ. પેટભર સૂનારું.

ઉદરશાંડિલ્ય પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ઉદરશિરા [સં. ઉદર (પેટ) + સિરા (હૃદય તરફ લોહી લઈ જતી નળી)] સ્ત્રી. પેટમાં આવેલી હૃદય એટલે નાડી. ઉદરની આઠ મોટી સિરા છે: બે અધિશ્રોણિક આગ્રા (એક્સ્ટર્નલ ઇલિયેક વેન), બે અધિશ્રોણિક આભ્યંતરી (ઇન્ટર્નલ ઇલિયેક વેન), બે અધિશ્રોણિક સાધારણી (કૉમન ઇલિયેક વેન), એક અધરા મહાસિરા (ઇન્ફીરિયર વીન કેવ) અને એક પ્રતિહારિણી (પોર્ટલ વેન).

ઉદરશૂલ જુઓ ઉદરશૂળ.

ઉદરશૂલારિમૂલ [સં. ઉદર (પેટ) + શૂલ (દુખાવો) + અરિ (દુશ્મન) + મૂલ (મૂળવું)] ન. પેટની પીડા મટાડનાર વનસ્પતિ; 'એલટ્રિસ'.

ઉદરશૂળ [સં. ઉદર (પેટ) + શૂલ (મારો લોખંડના જેવું દરદ)] ન. પેટનો દુખાવો.

ઉદરશોષ [સં. ઉદર (પેટ) + શોષ (સોજો)] પું. પેટનો સોજો.

ઉદરશોષક ૧. [સં. ઉદર (પેટ) + શોષક (સાફ કરનાર)] પું. ડ્રાગીઝરી. તે પેટ સાફ કરતી હોવાથી આ નામે ઓળખાય છે.
૨. પું. કાળું ઝરૂખ.

ઉદરશ્રિ પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ, સગણ અને મગણ મળી નવ અક્ષરવાળો પ્રકૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઉદરસમ; ઉદરાસક.
ઉદરશ્રિ સગણે ગારી. જયકિશન

ઉદરસર [સં. ઉદર (પેટ) + સરસ (સરોવર)] ન. પેટરૂપી સરોવર.

ઉદરસર્વસ્વ ૧. [સં. ઉદર (પેટ) + સર્વસ્વ (બધું)] વિ. પેટભરું; સ્વાર્થી.
૨. વિ. સારી સારી વાની આવાની ઇચ્છાવાળું; સ્વાદવાળા ખોરાક આવાને લાયક.

ઉદરસંસ્થાન [સં. ઉદર (પેટ) + સંસ્થાન (રચના)] પું. પોષણ સંસ્થાન; અન્ન પચાવવાના અવયવની ગોઠવણ; 'ડિજેસ્ટિવ સિસ્ટમ'.

ઉદરસીવની [સં. ઉદર (પેટ) + સીવની (સિંગતંતિની નીચેનો તંતુ)] સ્ત્રી. પોતા મજબૂત તંતુની બનેલી એક કોથળામય પટ્ટી; 'પેરિનીઅમ મેમ્બ્રન'. તેનો ઉપલો છેડો ઓમપત્ર (ઓમેન્ટમ)ને અને નીચલો છેડો લજાસ્થિ (પ્યુબિક બોન)ના સાંધાને લાગેલો છે.

ઉદરસ્થ ૧. [સં. ઉદર (પેટ) + સ્થ (રહેલું)] વિ. પેટમાં રહેલું; પેટમાંનું.
ઉદરસ્થ કરવું = ખાઈ જવું.
૨. વિ. પેટાળ; પેટ તરફનું.

ઉદરસ્નાયુ [સં. ઉદર (પેટ) + સ્નાયુ (નાડી)] પું. ઉદરપટલને લગતા તંતુ; 'વિસરલ મસલ્સ'.

ઉદરસ્પર્શ પરીક્ષા [સં. ઉદર (પેટ) + સ્પર્શ (અડવું તે) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી પેટને દાબી બોકનિ કરાતી તપાસ.

ઉદરસ્ફુટા સ્ત્રી. નાગરવેલ; તાંબૂલી; નાગરવલ્લી

ઉદરસ્થક પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ઉદરશ્રિ. તેમાં નવ અક્ષર હોય છે.

ઉદરંભર ૧. [સં. ઉદર (પેટ) + ભૃ (ભરવું)] વિ. ભોકણપેટું; પેટભરું.
૨. વિ. પેટને માટે હલકું કામ કરનાર.

ઉદરંભરિ ૧. [સં. ઉદર (પેટ) + ભૃ (ભરવું)] વિ. ખાઉધરું; અક્ષરાંતિયું.
૨. વિ. પેટને માટે હલકું કામ કરનાર.
૩. વિ. પેટભરું; ભોકણપેટું; સ્વાર્થી.

ઉદરંભરિતા ૧. [સં. ઉદર (પેટ) + ભૃ (ભરવું)] સ્ત્રી. ભોકણપેટાપણું; સ્વાર્થીપણું.
૨. સ્ત્રી. ખાઉધરપણું; અક્ષરાંતિયાપણું.
૩. સ્ત્રી. પેટને માટે હલકું કામ કરવાપણું.

ઉદરાકાર [સં. ઉદર (પેટ) + આકાર (ઘાટ)] વિ. ગમતના આકારનું; પુદાકાર; સપાટીની અંદર ખોળ ખાડાવાળું; 'કોન્કેવ'.

ઉદરાકારા [સં. ઉદર (પેટ) + આકાર (ખાલી જગ્યા)] સ્ત્રી. પેટની ભખોલ.

ઉદરાગ્નિ [સં. ઉદર (જઠર) + અગ્નિ (ગરમી)] પું. ખાધેલું પચાવનાર જઠરની શક્તિ

ઉદરાંક [સં. ઉદર (પેટ) + અંક (આંકડો)] પું. પેટમાં થતા કરમિયા.

ઉદરાધ્માન [સં. ઉદર (પેટ) + આધ્માન (ફૂલવું તે)] ન. પેટનો એક રોગ; આફરો.

ઉદરાનલપત્ર પું. લઘુતાલસપત્ર; તમાલપત્રનો છોડ.

ઉદરામય ૧. [સં. ઉદર (જઠર) + આમય (રોગ)] પું. પેટનો રોગ.
૨. પું. સંગ્રહણી.

ઉદરામયકુંજકેશરી રસ (વૈદક) પું. જરોસાનાં દરદ માટેની એક દવા. પારો, ગંધક, તામ્રભસ્મ, કડુ, જવખાર, ટંકણખાર, પીપરીમૂળ, અજમો, ચિત્રક, અજમા, પંચલવણ અને સોનામુખી ઉિંબા સરખે ભાગે લઈ બૂકો કરી તેને જંબુના રસની ભાવના આપી અડદના દાણા જેવડી ગોળી કરવી. દ્રાક્ષાસવ અથવા પાણી સાથે તે લેવાથી કફોદ્રનું વધવું, પલીહોદર, જલોદર, અજીર્ણ, ગોળાનો રોગ, આમવાત અને અમ્લપિત્ત મટે છે.

ઉદરામયચૂર્ણ [સં. ઉદર (પેટ) + આમય (રોગ) + ચૂર્ણ (બૂકો)] ન. પેટના રોગ મટાડનાર દવાનો બૂકો.

ઉદરામયી ૧. [સં. ઉદર (પેટ) + આમય (રોગ) + ઇન્ (વાળું)] વિ. અતિસારના રોગવાળું.

૨. વિ. પેટના દરદવાળું.

ઉદરારિરસ [સં. ઉદર (જઠર) + અરિ (દુશ્મન) + રસ (પારાવાળી દવા)] પુ. (વૈદક) પેટના રોગ મટાડનાર દવા. પારો, લીંબુની લસ્મ, મોરથુથુ, શુદ્ધ કેરસ જમાલગોટો, પીપર અને ગરમાળાનો ગોળ સરખે ભાગે લઈ તેને ચોરના દૂધમાં ઘૂંટી અડદ જેવડી ગોળી કરવી. ગોળી લઈ ઉપર દહીંભાત ખાવાં. આથી બહુ રેચ લાગે અને અજોર મટે. બીજી રીત: ચોખ્ખો મંધક, શુદ્ધ પારો, લીંબુની ચોખ્ખી લસ્મ, જમાલગોટો, પીપર, ગરમાળાનો ગોળ અને હરડેની છાલ સરખે ભાગે લઈ તેનો ભૂકો કરી ચોરના દૂધમાં પૂરી એક માસાની ગોળી કરવી. આ દવા ઉપર આંબલીનું સરબત, દહીં અને ભાત અપાય છે. બીજી રીત: પારો, મંધક, વછનાગ, હિંગળો, અફીણની લસ્મ, તાંબાની લસ્મ અને મરી સરખે ભાગે લઈ તેને ત્રણવાર ધતૂરો, ચિત્રક, લાંગરો, સરગવો, તુલસી, આકડાનું મૂળ, આદુ, હરડે, સૂંઠ, મરી, પીપર અને ધુંધિલાના ક્વાથ અને રસની અને બકરીના પિત્તની ભાવના આપવા જુદી જુદી બબ્બે એક રતીની ગોળી બનાવવી. તે કફ અને આદુના રસ સાથે લેવાથી અરોચક, ગુલ્મ અને જઠરના રોગ મટે. પીપર અને મધ સાથે લેવાથી રાજરોગ અને દાહ, ભાંગ સાથે લેવાથી અતિસાર, હિંગ અને હરડે સાથે લેવાથી જઠરાગ્નિની મંદતા, કપૂરકાચલી અને પાણી સાથે લેવાથી તાવ અને હિંગ અને કરંજ સાથે લેવાથી ઉદરરોગ મટી જાય છે. આ દવા લીધા પછી દહીં, ભાત અને છાશ આવા અપાય છે.

ઉદરારિસોહ [સં. ઉદર (પેટ) + અરિ (દુશ્મન) + સોહ (ઘીલું)] પું. (વૈદક) પેટના રોગની એક દવા.

ઉદરાવર્ત [સં. ઉદરાવર્ત] પું. નાભિ; ઘૂંટી.

ઉદરાવરણ [સં. ઉદર (પેટ) + આવરણ (ઢાંકણ)] ન. પેટનો પડદો.

ઉદરાવર્ત [સં. ઉદર (પેટ) + આવર્ત (ચક્રાવો)] પું. નાભિ; ઘૂંટી.

ઉદરાવો ૧. [સં. ઉપદ્રવ; પ્રા. ઉદ્દવ્વ] પું. ઉપદ્રવ; ચિંતા; ઉદ્વેગ; હિંસા; ભડકો; ઉચાટ.
૨. પું. કાળજી.

ઉદરાસુર પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ઉદરજિ. તે નવ અક્ષરનો અને છે.

ઉદરાળો સ્ત્રી. કન્યા.

ઉદરાંતર્ભાગ [સં. ઉદર (પેટ) + અંતર્ (અંદરનું) + ભાગ (ભાગ)] પું. પેટની અંદરનો ભાગ.

ઉદરાંતર્વેષ્ટન [સં. ઉદર (પેટ) + અંતર્ (અંદરનું) + વેષ્ટન (પડ)] ન. પેટમાં દૂષ્ણી આમડીનું પડ; 'પેરિટોનીયમ'.

ઉદરિ [સં. ઉદર (જઠર) + ઇન્ (વાળું)] વિ. ધાંધવાળુ.

ઉદરિક ૧. [સં. ઉદર (જઠર) + ઇક (વાળું)] વિ. પેટના રોગવાળુ.
૨. વિ. ધાંધવાળું.

ઉદરિણી [સં. ઉદર (પેટ) + ઇન્ (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી; ગર્ભિણી.

ઉદરિત [સં ઉદ્ (ઉત્કૃ) + રિત (ગતી)] વિ. ખોટી ઊંડુ.

ઉદરિન [સં. ઉદર (જઠર) + ઇન્ (વાળું)] વિ. મોટા પેટવાળુ.

ઉદરિલ [સં. ઉદર (પેટ)] વિ. ધાંધળુ.

ઉદરી ૧. [સં. ઉદરિન્] સ્ત્રી. પેટનું વધવાપણું.
૨. વિ. પેટ સબંધી
૩. વિ. પેટનો રોગી; જલોદરના રોગવાળુ.
૪. વિ. મોટા પેટવાળું.

ઉદરીય [સં. ઉદર (પેટ) + ઈય (સંબંધી)] વિ. પેટને લગતું.

ઉદરીયપેશી [સં. ઉદરીય (પેટનું) + પેશી (સાંધનો સ્નાયુ)] સ્ત્રી. પેટનો સ્નાયુ.

ઉદરીયામહાધમની [સં. ઉદરીય (પેટનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + મહા (મોટી) + ધમની (શુદ્ધ લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. અધોગામૃક્કધમની; ઉદર્યા મહાધમની; અપરોદ્રિણી મહાધમની; 'ડિસેન્ડિંગ અબ્ડોમીનલ'. કરોડના મોખા મણકાની આગળ આવેલી ડાબી મૂત્રપિંડની ધમની અને ડાબી મૂત્રપિંડની ઊતરી કેડના મોખા મણકા સુધી આવી બે ભાગમાં વહેંચાઈ જાય છે. કરોડના મોખા મણકાથી મહાધમનીના ભાગ જેવી (ઍઓર્ટિક્રેમ)માંના મહાધમનીના ભાગ સુધીનો ભાગ જાતીની મહાધમની તરીકે અને તે નીચેનો ભાગ પેટની મહાધમની તરીકે ઓળખાય છે. તે પેટમાંના અવયવોને લોહી પૂરું પાડે છે.

ઉદરીયાજ [સં. ઉદરિન્ (પેટવાળું) + અજ (બોકડો)] સ્ત્રી. બાળકીની પેઠ આગળની બોચ.

ઉદરેષુ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ઉદરોષ્ણતા [સં. ઉદર (જઠર) + ઉષ્ણ (ગરમ) + તા (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. એક જાતનું જોર.

ઉદરોજ ન. સ્તન; થાન

ઉદર્ક ૧. [સં.] પું. અંત; પરિણામ.
૨. પું. ઉત્તરક્રાળ; ભવિષ્ય.
૩. પું. ધતૂરાનો છોડ.
૪. પું. બદલો; ભવિષ્યમાં આવનાર ફળ.
૫. પું. ભવિષ્યમાં ફળ આપનારું કર્મ.
૬. પું. મીંઢોળ; અદનાક્ષ.

ઉદર્કરંજિતા પું. (પિંગળ) બાવન છંદનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, સગણ, જગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.
સસજસ થકી **ઉદર્કરંજિતા.** રણછિંગ

ઉદર્ચિ: ૧. [સં. ઉદ્ (ઊંચ) + અર્ચિસ્ (તેજ)] પું. અગ્નિ, આગ.
૨. [સં. ઉદ્ (ઊંચું) + અર્ચિસ્ (શિખા)] પું. ઊંચી જ્વાળ.
૩. પું. મહાન કામદેવ.
૪. પું. શિવ, શંકર.
૫. પું. હરિ.
૬. વિ. ઊંચી જ્વાળવાળુ
૭. વિ. સળગેલું; પ્રજ્વલિત.

ઉદર્દ [સં. ઉદર્દ] પું. દીપડાને મળતો એક રોગ. તેમાં દીપડાના જેવાં ચકામાં થઈ બળવાળા આવે. કફ વધવાથી થતો આ રોગ શિયાળામાં થાય છે.

ઉદર્દપ્રશમનવર્ગ [સં. ઉદર્દ (દીપડાને મળતો એક રોગ) + પ્રશમન (શાંતિ) + વર્ગ (જથ્થો)] પું. (વૈદક) દીપડા મટાડનાર દવાનો જથ્થો. દીંબડા, ગારોળી, ખોર, ખેર, સોદખેર, સાતવીણ, રાતનું ગાય, સાજર, બીયો અને ગંધીનો ખેર ઉદર્દ મટાડનાર મનાય છે.

ઉદર્ચ પું. એક જાતનો તાવ; લાલજ્વાર; રોહિતજ્વર; 'રેસ્પીરેટ ફીવર'. તેમાં શરીર લાલચોળ થઈ જાય છે.

ઉદર્ધ્વ [સં. ઉદર (પેટ) + ઉ (ઉપર)] વિ. પેટમાં ઉપર.

ઉદર્યાકલા [સં. ઉદર્ય (પેટમાંનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય) + કલા (ચામડીનું પાતળું પડ)] સ્ત્રી. પેટમાંની પાતળી, દૂધી અને ચોખ્ખી ધોળા રંગની આમડીની કોથળી. પુરુષમાં આ કોથળીમાં એક પણ છિદ્ર નથી પરંતુ સ્ત્રીઓમાં તેમની ભીનવાહિનીઓના ઉઘડા આ કોથળીમાં ઊઘડતા હોવાથી તે છિદ્રવાળી છે. આ કોથળીનાં બેમાંનું એક પડ પેટની દીવાલની અંદરની બાજુને અને બીજું પેટની અંદરનાં પડદા જેટલે ચોરાક પચાવવા રસ પેદા કરનાર અવયવ, મૂત્રોત્પાદન જેટલે મૂત્ર ઉત્પન્ન કરનાર

અવયવ અને પ્રત્યંગ એટલે અવાંતર દેહ છે. જુદા જુદા અવયવોને લોહી પૂરું પાડતી ધમની, શિરા અને લસિકાતંતુને પણ તે પેટ કહે છે.

ઉદ્ભાંતુપ્તિ [સં. ઉદર્ભ (પેટનું) + ભાતુપ્તિ (ઢાંકણ)] સ્ત્રી. નાના બાળકના આરંભનું પેટનું પેટ.

ઉદ્ભાંતરિક [સં. ઉદર્ભ (પેટનું) + ભાંતરિક (અંદરનું)] વ. ઉદ્ભાંકાની નાની અને મોટી કોથળીને ઢાંકતો કલેજના મૂળ નીચે આવેલું પડદું; 'ઓપિન્ગોકોલ હેરિમન'.

ઉદ્ધા [હિં.] પું. પથ્થરમાંથી કોરી કાઢેલ વાસણ.

ઉદ્ધાવચ્છિન્ન [સં. ઉદ (પાણી) + અવચ્છ (બાંધું) + છન્ન (ઢાંકેલું)] વિ. ખારા પાણીમાં રહેલ.

ઉદ્ધિધારાવણ પું. બાજરાવાડી રાવલિયાની એક પેટાજાતિનું માણસ.

ઉદ્ધી [હિં.] સ્ત્રી. પથ્થરમાંથી કોરી કાઢેલ નાનું વાસણ.

ઉદ્ધત રજપૂત પું. રજપૂતની એક પેટાજાતિ.

ઉદ્વર્ત [સં. ઉદ્વર્તન] પું. શરીર ઉપર ચોળવાના સુગંધી પદાર્થ.

ઉદ્વસ [સં. ઉદ્ (બાંધી) + ભસ્ત (નાશ પામેલું)] વિ. ઉજ્જડ; નાશ પામેલું.

ઉદ્વસાનીય વ. [સં. ઉદ્ (ઓર્ડ) + અવસાન (અંત) + ઈય (જે લાયક)] વ. સોમયજ્ઞનો છેલ્લો દિવસ.

૨. વિ. છેલ્લું; છેવટનું.

ઉદ્વસિત [સં. ઉદ્ (અનું) + વસિત (રહેલું)] વ. ઘર; મકાન; મહેલ; ગૃહ; સદન; સભા; મંદિર; આશ્રમ; વાસ.

ઉદ્વસ્ત વ. [સં. ઉદ્ (પાછું) + અવસો (નાશ કર્યું) + ત (ભૂત)] વ. વેરાન જંગલ.

૨. [સં. ઉદ્ધ્વસ્ત] વિ. ઉજ્જડ; પાયમાલ; ખેદાનમેદાન; વેરાન; નાશ પામેલું.

ઉદ્વહિ પું. (પુરાણ) એક વર્ષાદ્રિનું નામ.

ઉદ્વાડા (ઉદવાડા) વ. સુરત જિલ્લામાંનું એક ગામ. લો પારસીઓનું કરીનથી લાવેલ અગિ પધરાવેલ સૌથી મોટું આતશબેરામ છે.

ઉદ્વાન [સં. ઉદ (પાણી) + વન (બનું)] પું. કૂવા કે હવો.

ઉદ્વાપ [સં. ઉદ (પાણી) + વપ્ (વાવવું)] પું. ખાણ ખોદવી એ૬ કરનાર.

ઉદ્વારન વ. એક ચોખાનું નામ.

ઉદ્વાસ ૧. [સં. ઉદ (પાણી) + વાસ (સ્થિતિ)] પું. પાણી પાસે આવેલું ઘર.

૨. પું. પાણીમાં વાસવાટ.

૩. પું. ઝાડને માટે બળમાં રહેવું તે.

ઉદ્વાસી [સં. ઉદ (પાણી) + વાસ (સ્થિતિ) + ઇન્ (વાળું)] વિ. પાણીમાં રહેતું.

ઉદ્વાહ ૧. [સં. ઉદ (પાણી) + વહ્ (વહેવું)] પું. બળદવાહ; પાણીનું ચોપડ.

૨. પું. મેઘ; વાદળું.

૩. [સં. ઉદ્વહ્ (પરણવું)] પું. વિવાહ; લગ્ન.

૪. વિ. પાણી લઈ જનાર.

ઉદ્વાહક ૧. [સં. ઉદ (પાણી) + વાહક (લઈ જનાર)] પું. મેઘ; વાદળું.

૨. વિ. પાણી લઈ જનાર.

ઉદ્વાહક જ્ઞાનતંતુ [સં. ઉદ્ (બોલી) + વાહક (લઈ જનાર) + જ્ઞાન (સમજ) + તંતુ (દોરો)] પું. મગજમાં સંદેશા લઈ જનાર તંતુ.

ઉદ્વાહન ૧. [સં. ઉદ (પાણી) + વાહન (લઈ જવાનું સાધન)] વ. પાણીનું વાસણ.

૨. [સં. ઉદ્વહન] વ. પ્રસિદ્ધ કરવાની ક્રિયા; પ્રકાશન; પ્રસિદ્ધિ; બહેરાત.

ઉદ્વાંત વિ. (ઉલ્ટી) કૈતરી બહેર કાઢવાનું.

ઉદ્વિત્ત્વોષ્મ [સં. ઉદ (પાણી) + વિત્ત્વોષ્મ (નાનું ખાડું તે)] વ. પાણીનું પ્રવાહરણ; બળના પ્રવાહવત્ત્વ સુધ્ધ પ્રવાહવાચક.

ઉદ્વૃત્ત ૧. [સં. ઉદ્ (ખરી) + વૃ (જવું)] વ. વિ. ઊતરેલ ચડ્યું; પેટા ચડ્યું.

૨. [સં. ઉદ્ (ઉપર) + વૃ (જવું)] વ. વિ. ઊતરેલું; ઉપર ચાલ્યું.

ઉદ્વેગ ૧. [સં. ઉદ્વેગ] પું. ગભરામણ; બાકુળતા.

૨. પું. ચિંતા; ફિકર.

૩. પું. દુઃખ.

ઉદ્વેષારાવ [સં. ઉદ (પાણી) + દરાવ (ઝાડો)] પું. પાણી જેવો પ્રવાહી ઝાડો; પાણી જેવો વાસણ.

ઉદ્વૃદ્ધિ [સં. ઉદ (પાણી) + વૃદ્ધિ (વધેલ કર્યું તે)] સ્ત્રી. પાણીથી કરાતી સ્વચ્છતા.

ઉદ્વેષ્ટ [સં. ઉદ્ (બહાર) + વસ્તુ (આંસુ)] વિ. આંસુ પાડતું; આંસુવાળું.

ઉદ્વેષ્ટિત [સં. ઉદ (પાણી) + વિત્ત (બોલું બનું)] પું; વ. બાજ; મોડો; ઓછા પાણીવાળો બાજ; ઘોળવું. તે રહ, પિત્ત, તરલ, બળતરા અને ઝોકનું સૂચવતું બાજે અને તેનો લેપ કરવાથી રોગ મટે.

ઉદ્વેષ્ટન ૧. વ. ઊંચું કરવાપણું.

૨. [સં. ઉદ્ (ઊંચું) + વસ્ત્ર (કપડું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] વ. ઊંચે કપડવાપણું.

૩. વ. દૂર કરવાપણું.

૪. [સં. ઉદ્ (બહાર) + અસન (ફેંકવાપણું)] વ. બહાર કાઢવાપણું.

ઉદ્વેસ્ત ૧. વિ. ઊંચું કરેલું.

૨. [સં. ઉદ્ (ઊંચું) + વસ્ત (કપડું)] વિ. ઊંચે કપડેલ.

૩. વિ. વિખેરી નાખેલું.

૪. વિ. બહાર ફોલેલું; બીજું બનેલું.

૫. [સં. ઉદ્ (બહાર) + વસ્ત (કપડું)] વિ. બારો કાઢેલું; બારોબાર.

ઉદ્વેસ્થાન ૧. પું. હિંદુસ્તાનના એક પ્રાચીન દેશનું નામ.

૨. [સં. ઉદ (પાણી) + સ્થાન (જગા)] વ. પાણીની જગા.

૩. વ. ઝેબરાણી જમીન.

ઉદ્વેસ્થાલી [સં. ઉદ (પાણી) + સ્થાલી (તપેલી)] સ્ત્રી. કીતલી; પાણીનું વાસણ.

ઉદ્વૃક્ષ [સં. ઉદ (પાણી) + વૃક્ષ (ઝાડ બનું તે)] પું. પીપો; કુંભ.

ઉદ્વૃશ્ચિકાગ્ર [સં. ઉદ (પાણી) + વૃશ્ચિક (ઝાડ કેમરો) + અગ્ર (ટોચનો)] પું. મીઠાનો તેજાબ; ક્લોરાઇડ; 'હાઇડ્રોક્લોરિક એસિડ'. તે પાણીમાં પાણી જ રહેવાથી બની બાય છે.

ઉદ્વાર ૧. [સં. ઉદ (પાણી) + ઢ (લઈ જવું)] પું. પાણી લઈ જવું તે.

૨. પું. વાદળું.

૩. વિ. પાણી લઈ જનાર.

ઉદ્વિંડો [અ.] પું. અજગર; અજગરનું જાત.

ઉદ્વેક ૧. [સં.] પું. દુઃખ; આપણાનું વાસણ; કૂવો.

૨. પું. (પુરાણ) સુરત જાતિનો દીકરો. એને સોમવાન બાજના સોમવાન પણ કહેતા.

ઉદ્વેજન ૧. [સં. ઉદ્વેજ્ (ઉગ બનું) + અન (પણું)] વ. ઊંચે બનું તે.

૨. વ. ઊંચે કેવું તે.

૩. વ. દોરવું.

૪. વ. પાણીની ટોલ.

ઉદ્વેક વિ. પુખ્ત; પાકું.

ઉદ્વેપાલ ૧. [સં.] પું. એક બાતનો સર્પ.

૨. પું. મગજીની એક બાત.

ઉદ્વેપુર વ. પહેલા જિલ્લામાં બનેલ એક પ્રાચીન શહેર; ઉદયપુર; ઓદાતપુરી ઉદેપુર. આ

નગર પાસે ડુંગર ઉપર આવેલા એક વિહારમાં બોધિસત્ત્વ અવલોકિતેશ્વરની સુખાની મૂર્તિ છે. સાતમા સૈકામાં ચીની મુસાફર હ્યુએનસાંગ તે વિહારની યાત્રાએ આવેલ હતો.

ઉદંત ૧. [સં. ઉદ્ (આંખો) + અંત (નિવેડો)] પું. ખબર; સમાચાર; ખુશખબર.
૨. પું. વેપારથી મુજરાન ચલાવનાર માણસ.
૩. પું. સાધુ; પવિત્ર માણસ.
૪. પું. (ડિંગળ) સામાન્ય વાત.
૫. [સં. ઉદ્ગત (ચઢેલું) + અંત (છેડો)] વિ. છેલ્લી હદે પહોંચેલું.
૬. [સં. ન (નહિ) + દંત (દાંત)] વિ. દાંત વગરનું. આ અર્થમાં આ શબ્દ પશુને માટે વપરાય છે.

ઉદંતક [સં. ઉદ્ (આંખો) + અંત (નિવેડો) + ક (પદ્ધ)] પું. સમાચાર; ખબર; વર્તમાન.

ઉદંતિકા [સં. ઉદંત (ઉન્નતી હદે પહોંચેલું) + ઇકા (સ્વાર્થે પ્રત્યય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. સંતોષ.

ઉદંપુર ન. બિહારનું એક પ્રાચીન શહેર; ઉદયપુર. જુઓ ઉદયપુર.

ઉદંબર ૧. [સં. ઉદુમ્બર] પું. ઉમરો; ઉદુમ્બર; ઉમરડો; ગૂલર; જંગલી અંજીરનું ઝાડ. તેનું ફળ કબજિયાત કરનાર, પાચક અને શાંતિ આપનાર હોવાથી મધુપ્રમેહ, અજીર્ણમાં લોહી પડવું, મધુપ્રમેહ ને મોઢાનાં દરદમાં વપરાય છે. આંતરડાના રોગમાં તેને દૂધમાં ઉકાળીને આપવામાં આવે છે. ફળ અને છાલ પાણીમાં ઉકાળી તે પાણીમાં તેના મૂળમાંથી મેળવેલો રસ મેળવી તાજરત માટે પાવામાં આવે છે.
૨. પું. ઓંસી રતી અથવા બે કૃષ્ણિકાભારનું વજન; કર્ષ.
૩. પું. ઘરનો ઊમરો.
૪. પું. નપુંસક; હીજડો; પાવૈયો.
૫. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; ઔદુમ્બર. હ્યુએનસિઅંગે એનું નામ ઓરોબરી કહ્યું છે.
૬. પું. લોહીમાં થતો એક જંતુ.
૭. પ્રા. મહાસ્યની એ નામની એક જાત.
૮. ન. મહાસ્યની એ નામની જાતનું માણસ. ગુજરાતમાં તેની ચોટી વસ્તી છે.
૯. વિ. મહાસ્યની એ નામની જાતનું; અદુંબર.

ઉદંબરપર્ણી ન. એક ઔષધ; વજ્રવંતી.

ઉદંબરા ૧. ન. મહાસ્યની એ નામની શાંતિનું માણસ. તે નીમા વાણિયાના ગોર છે.
૨. વિ. મહાસ્યની એ નામની શાંતિનું.

ઉદંબરો [સં. ઉદુમ્બર] પું. ઉમરો; ઉમરડો; જંગલી અંજીરનું ઝાડ. જુઓ ઉદંબર ૧.

ઉદંશ પું. (પિંગળ) માત્રા છંદનો એક ભેદ. તેમાં અઢાર લઘુ અને ઓગણીસમો ગુરુ મળી છત્રીસ માત્રા હોય છે.

ઉદંશરિ ૧. [સં. ઉદર (પેટ) + ભૃ (ભરવું)] વિ. અકરાંતિયું; ખાઉધરું.
૨. વિ. પેટને માટે હલકું કામ કરનાર.
૩. વિ. સ્વાર્થી; પેટભરું.

ઉદ ૧. ન. કચ્છીની એક જાતનું માણસ. એમની મુખ્ય વસ્તી વડોદરામાં છે.
૨. ન. પાટીદાર કોમના મોદી લોહાણીકરણીવાળા અને કબીરપંથી એક વિભાગનું માણસ. એમના લગ્નમાં કોઈ પણ સામાવાળાને કાંઈ આપવું પડતું નથી.
૩. વિ. આખું વાદળી; ઝાંખી રંગનું.
૪. વિ. કચ્છીની એ નામની શાંતિનું.
૫. વિ. પાટીદાર કોમના એ નામના વિભાગનું.

ઉદાઈ સ્ત્રી. ભૂરો રંગ.

ઉદાજ ૧. [સં. ઉદ્ગ્ (હાંકવું)] પું. પશુને હાંકનાર.
૨. પું. ઘેરણ; ઢોરને હાંકવું તે.

ઉદાણી ૧. સ્ત્રી. ખોળની એક જાત.
૨. સ્ત્રી. વાણિયાની એક ખોળખનું નામ.
૩. ન. ખોળની જાતનું માણસ.
૪. ન. વાણિયાની એક શાખનું માણસ.
૫. વિ. ખોળની એ નામની જાતનું.
૬. વિ. વાણિયાની ખોળખનું.

ઉદાતણ ૧. સ્ત્રી. ઢોળાની એક જાત.
૨. ન. એ જાતનું ઢોળા ઢોરનું માણસ
૩. વિ. ઢોળાની એ જાતવાળું.

ઉદાત્ત ૧. પું. (આકરણ) અક્ષરનો ઉચ્ચાર કરવાના બારના પ્રયત્નના અગિયાર ભેદોનો નવમો ભેદ. અગિયાર ભેદ: વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ, મહાપ્રાણ, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત.
૨. [સં.] પું. એક જાતનું ઘરેણું.
૩. પું. એક જાતનો નાગકુ; પીરોદાત્ત.
૪. પું. એક વાનનું નામ.
૫. પું. (અલં.) કોઈ પ્રતિષ્ઠિત માણસના અતિશયોક્તિથી કરેલા વર્ણનવાળો અલંકાર.
૬. પું. (સંગીત) ગાયનના મુખ્ય સાતમાંનો એક ગમક ભેદવો સ્વરકોપ. બીજા છનાં નામ સ્ફુરિત, કંપિત, લીન, સ્તિમિત, આંદોલિત અને આહત છે.
૭. પું. ઘાન.
૮. પું. મોટો હોદ્દો.
૯. [સં. ઉદ્ (ઊગવું) + આત્ત (લેવું)] પું. વેદના સ્વરના ઉચ્ચારની એક જાત; ભાર મૂકીને બોલાતો સ્વર.
૧૦. પું. (સંગીત) સ્વરના ત્રણ ભાંડેનો ત્રીજો અને નિષાદ ગણીને ચારો એક સ્વર; પાણિનિએ આકારણ સાતમાં સ્વરના પહેલા ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ ભેદમાંનો પહેલો.
૧૧. વિ. અક્ષરના એક પ્રકારનું.
૧૨. વિ. ઉચ્ચ; ઊંચાત; ઊંચું
૧૩. વિ. ઉદાર; મોટી દિલનું; દાતાર.
૧૪. વિ. ઊંચા પ્રકારનું; પ્રૌઢ.
૧૫. વિ. કુલીન; ઊમદા.
૧૬. વિ. (સંગીત) તાર.
૧૭. વિ. દયાવાન; કૃપાળુ.
૧૮. વિ. નિખાલસ; ખુલ્લા દિલનું.
૧૯. વિ. ખોળું; વિશાળ.
૨૦. વિ. પ્રખ્યાત.
૨૧. વિ. મનોહર; સુંદર.
૨૨. વિ. મોટું.
૨૩. વિ. મોટે અવાજે બોલેલું; ઉચ્ચ સ્વરે ઉચ્ચારેલ.
૨૪. વિ. મોજ.
૨૫. વિ. વખાણું.
૨૬. વિ. સાચું; અનુરાગવિનાનું.
૨૭. વિ. જેવું; ઉત્તમ
૨૮. વિ. સમજ.
૨૯. વિ. સ્પષ્ટ; સરલ.

ઉદાત્તચિત્ત [સં. ઉદાત્ત (ઉદાર) + ચિત્ત (મન)] વિ. મોટા મનવાળું.

ઉદાત્તતા ૧. [સં. ઉદાત્ત (ઊંચું) + તા (પણું)] સ્ત્રી. ઊંચાઈ; ઊંચાઈ.
૨. સ્ત્રી. ઉદારતા.
૩. સ્ત્રી. ઊમદાપણું; કુલીનતા.
૪. સ્ત્રી. દયાવાન હોવું તે.
૫. સ્ત્રી. નિખાલસતા.
૬. [સં. ઉદાત્ત (પ્રૌઢ) + તા (પણું)] સ્ત્રી. પ્રૌઢતા.
૭. સ્ત્રી. ભવ્યતા.
૮. સ્ત્રી. વિશાળપ.
૯. સ્ત્રી. મોટપ.
૧૦. સ્ત્રી. સૌંદર્ય.
૧૧. સ્ત્રી. સ્પષ્ટતા; સરલપણું.

ઉદાત્તકલ્પના [સં. ઉદાત્ત (ઊંચું) + કલ્પના (ધારણા)] સ્ત્રી. ઊંચી કલ્પના.

ઉદાત્તમ પું. (અલં.) ત્રિસ્તાણીસ ભાંડેનો એક અલંકાર. તેને ઉદાર પણ કહે છે. તેમાં અસામાન્ય ખાનદાની અથવા એ ખાનદાની

ઉદાર

અંતરે કોઈ મોટા માણસના પ્રભાવનું વર્ણન હોય છે.

ઉદાત્તમધુર [સં. ઉદાત્ત (ઊંચું) + મધુર (મીઠું)] વિ. ઊંચા પ્રકારનું અને મનોહર.

ઉદાત્તરમ્ય [સં. ઉદાત્ત (ઊંચું) + રમ્ય (સુંદર)] વિ. ઊમદા અને સુંદર.

ઉદાત્તરાઘવ [સં. ઉદાત્ત (ઊંચ) + રાઘવ (રઘુના વંશમાં જન્મેલ)] સ. એક નાટકનું નામ.

ઉદાત્તવર્ણ [સં. ઉદાત્ત (ઊંચું) + વર્ણ (અવાજ)] પું. અમીર: 'ઑરિસ્ટોક્રસિ'.

ઉદાત્તશિક્ષણ [સં. ઉદાત્ત (ઊંચા પ્રકારનું) + શિક્ષણ (કેળવણી)] સ. ઊચ્ચકક્ષાનું શિક્ષણ; ઊંચી કેળવણી; શિષ્ટ અભ્યાસ; 'લિબરલ એજ્યુકેશન'.

ઉદાત્તશીલ [સં. ઉદાત્ત (ઊંચું) + શીલ (સ્વભાવ)] પું. અમીર; ઊંચો લાવનાર સત્ત્વ; 'હેવન'.

ઉદાત્તસ્વર [સં. ઉદાત્ત (ઊંચું) + સ્વર (સૂર)] પું. (સંગીત) સંચાર અને નિષાદ મળીને થતો સ્વર.

ઉદાત્તસ્વાર્થ [સં. ઉદાત્ત (ઊંચું) + સ્વ (પોતાનું) + અર્થ (પ્રયોજન)] પું. સાત્ત્વિક અહંભાવ; ઊંચપણવાળો સ્વાર્થ; 'એનલાઇટન્ડ સેલ્ફ-ઇન્ટરેસ્ટ'.

ઉદાત્તહાસ પું. (પિંગળ) દરેક ચરણમાં અનુક્રમે ભગણ, તગણ, ભગણ, ભગણ અને ગુરુ મળી તેર અક્ષરવાળો અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ઉદાત્તહાસે નથી ભગણભગ છે. સુપિંગળ

ઉદાત્તા ૧. પું. કામશાસ્ત્રમાંનાં ચોવીસ મહિનો નવમો ગુણ. તેમાં ચોગ્ય વિશેષણ આવે છે.

૨. [સં.] વિ. ઉદાર.

૩. વિ. ગમતું; વહાલું.

ઉદાત્ય [સં. ઉદાત્ત (ઉદાર) + ય (ભાવ)] સ. ઔદાર્ય; ઉદારપણું.

ઉદાત્યૂહ [સં. ઉદ્ (બાજુ) + ઊહ (આકાર)] પું. બળાત્કારો; સોદ્દ ચોર, જૂની માંસ અને મળા શરીરવાળું અને બેથી ત્રણ હાથ લાંબું પક્ષી. તેની માદા એક વખતમાં આશરે ૭ ઈંડાં મૂકે છે. તેનું માંસ ચીકણું. ભારે, વાતરોગ મટાડનાર, ઠંડું અને બળ વધારનાર મનાય છે.

ઉદાન ૧. પું. નાભિ; ડૂંટી.

૨. પું. પવિત્ર.

૩. પું. (પુરાણ) બહાના ચૌદ મહિનો તેરમો દિવસ.

૪. [સં. ઉદન્ (ઊંચે શ્વાસ લેવો)] પું. માણસના શરીરમાંનો બળને ઊંચે લઈ જનાર, ઊંચી ગતિવાળો અને મરણ થતાં નીકળતો વાયુ. તેના સ્થાન કંઠથી મળા તરફ ઊંચે ચડી તે માથામાં બળ છે. તે હોઠ અને મોઢાને ફરકાવે, ઓડકાર અને છીંક લાવે, મનુષ્યના શરીરના સાંધામાં પણ તે રહેતો હોવાથી ઊલટ બેસવામાં મદદ કરે આપે છે.

એનું કંઠ સ્થાન ને શ્વાસ ક્રિયા તે ઉદાન.
ચોપાઈસ્તુચ

૫. પું. (જૈન) વખાણ અવસર આનંદ બતાવવાપણું.

૬. પું. શ્વાસોચ્છ્વાસ.

૭. પું. સર્પની એક જાત.

૮. ૫ ઇન્દ્રિયો ઊપજતાં પાંચ તત્ત્વમાંના એકનું નામ.

૯. સ. (જૈન) ભુવનનિવાસના પંદર મહિના એક આનું નામ. બધી વાર શુદ્ધ ભગવાન અમુક બનાવ ઉપરથી અવસર પ્રાપ્તિ આદ્યોપાંત હકીકત બધી કે સાંભળીને બેહદ્દના ઉલ્લાસમાં આવી જતા અને તેમના મુખમાંથી રસિક અને ભાવમય શબ્દ નીકળી જતા. આવાં વચનોમાં કોઈ અલૌકિક પારમિક ભાવના ઝળકતી હોવાથી તેમના શિષ્યો તે વચનો લખી લેતા. ઉદાનમાં આવાં ૮૨ વચનોનો સંગ્રહ છે.

૧૦. સ. ભાવનાના ચોવીસ મહિનું એ નામનું તત્ત્વ.

૧૧. સ. (જૈન) શુદ્ધ ભગવાને અને બહા અવસરોએ જુદે જુદે વખતે કરેલ ઉદ્ગાર.

૧૨. [સં. ઉદ્ (ભાવ) + દામન્ (દોરડું)] વિ. સ્વચ્છંદી; સ્વતંત્ર; અંકુશ વગરનું.

ઉદાનકલ્પ [સં. ઉદાન (ભક્તના ચૌદ મહિનો તેરમો દિવસ) + કલ્પ (ભક્તનો એક દિવસ)] પું. (પુરાણ) બહાદેવના બાણ મહિનામાં તેરમો દહાડો.

ઉદાનમુદ્રા [સં. ઉદાન (બન્ને મૂઠ બાજુઓનો એક) + મુદ્રા (ચિહ્ન)] સ્ત્રી. અંગુઠાને તેની પાસેની અને ટચલી આંગળીને અડાડવાથી થતો આકાર.

ઉદાનવાયુ [સં. ઉદાન (શરીરમાંનો એક વાયુ) + વાયુ (પવન)] પું. માણસના હૃદયમાં, કંઠમાં, તાળવામાં, ભમ્મરના મધ્ય ભાગમાં અને માથામાં રહેલો લાલ રંગનો વાયુ. તેનો કેવલ ઊંચે ચઢવાનો છે પણ વેદાંતી તેનો કેવલ ઊંચે હોવાનું માને છે. ડૂંટી, છાતી અને કંઠમાં આવતા કફ વધુથી બોલવાનું, ગાવાનું અને શ્વાસ આદિ ક્રિયા થાય છે. તે બે બગડે તો બગલની સાંસરીથી ઉપરના ભાગોના રોગને મોટો આંચકો, મોહું, નાક, કાન અને માથાનાં દરદ પેદા કરે.

ઉદાનવાયુપ્રાધાન્ય [સં. ઉદાન (શરીરમાંનો એક વાયુ) + પ્રાધાન્ય (કંઠાપેક્ષ) + પ્રાબલ્ય (જોર)] પું. ઉદાનવાયુથી થતાંથેલ પ્રાબલ્યપણું. આંખી રંગ, તેજ અને બળ વધે.

ઉદાપંથ પું. ગંભીરપણને બતાવતો આવતો એક સંપ્રદાય.

ઉદાપંથી વિ. ઉદાપણું.

ઉદાપુ [સં.] પું. બલાસંધના દીકરાના એક દીકરાનું નામ.

ઉદાપેક્ષી પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિના એક દીકરાનું નામ.

ઉદામ ૧. [સં. ઉદ્ (અભાવ) + દામન્ (દોરડું)] વિ. અંકુશ કે બંધન વિનાનું; સ્વતંત્ર; ઉદામ

૨. વિ. ઉગ્ર; તામસી; આકરું; ગરમ; જલદ.

૩. વિ. પવનું; પુખ્ત.

૪. વિ. તેજસ્વી.

૫. વિ. દક્ષ; મજબૂત.

૬. વિ. મહાન; ગંભીર.

૭. વિ. સ્વચ્છંદી; ઉચ્છૃંખલ.

૮. વિ. હિંમતવાળું.

ઉદામમતીય [સં. ઉદામ (સ્વતંત્ર) + મતિ (વિચાર) + ઈય (વાદ)] વિ. ઉદાર વિચારવાળું; 'લિબરલ'.

ઉદાયન [સં. ઉદાન (વાયુ)] પું. બાગ; વાડી.

ઉદાયુધ ૧. પું. અસુરની એક જાત.

૨. [સં. ઉદ્ (ઊંચું) + આયુધ (હથિયાર)] વિ. ઊંચોલા હથિયારવાળું.

ઉદાર ૧. પું. (ગણ) એક અર્ધાક્ષરનું નામ. તેને ઉદાત્તય પણ કહે છે. જુઓ ઉદાત્તય.

૨. પું. (પિંગળ) નાગપિંગળ મહિનો એક વર્ણમેળ છંદ.

૩. પું. જૈન ધર્મ પાળતા એક જાતના લોક. તે મુખ્યત્વે નેપાળના મુખ્ય વ્યાપારી મનાય છે.

૪. સ. (યોગ) અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ ચારે ક્લેશ ભેટલે દુઃખનો એક ભેદ અથવા સ્થિતિ.

૫. સ. જૂનું નામનું ગામ.

૬. સ. સાંબા ચોખા.

૭. વિ. અનુકૂળ.

૮. વિ. અસાધારણ.

૯. વિ. ઊંચું; ઉન્નત; પ્રૌઢ.

૧૦. [સં. ઉદ્ (ઊંચું) + ગ (જવું)] વિ. કોઈના ભલા માટે કંઈ પણ આપતાં અચકાય ન ખાનારું; દાનલાગણીવાળું સ્વભાવનું; પ્રાણીમાત્ર તરફ હિતબુદ્ધિવાળું; રાખી દિલનું. દાતા; પરોપકારી; મોટા મનનું.

૧. ઉદાર દિલનું = દાની અને લાગણીવાળું.

૨. ઉદાર સ્વભાવનું = આપવે લેવે મોકું મન રાખનાર.

૧૧. વિ. ગંભીર.

૧૨. વિ. ચતુર; કુશળ.

૧૩. વિ. ભરતદાર.

૧૪. વિ. દક્ષિણ.

૧૫. વિ. નિખાલસ; સીધું; ખુલ્લા મનનું; સરળ; નિષ્કપટ.

૧૬. વિ. પુષ્કળ.

૧૭. વિ. બધા સંપ્રદાય તરફ એકસરખો ભાવ રાખનાર.

૧૮. વિ. ક્ષમ.

૧૯. વિ. મધુર.

૨૦. વિ. મોકું; ભાંયું.

મેદાનના રસ્તે ઉપરી હાથ મારી ઉદાર.

૨૧. વિ. યોગ્ય.

૨૨. વિ. જેવું ઉત્તમ.

૨૩. વિ. સારું; સુંદર.

૨૪. વિ. સ્વતંત્ર; બંધન વગરનું.

ઉદારક ન. કીમતી પાસના વર્ગની એક જાત; એક જાતનું ધાન્ય; 'પૅનિકમ'. તેની અંદરના કાણા ખાવાના ક્રમમાં આવે છે.

ઉદારકીર્તિ [સં. ઉદાર (ઘણી બાબ તરફ હિત બુદ્ધિવાળું) + કીર્તિ (આબરૂ)] પું. જેનાં કામ સારું એવું, કરણીથી તે બધાં પ્રાણીનું ભલું કરે છે.

ઉદારકુળ [સં. ઉદાર (દાનશીલ) + કુલ (વંશ)] ન. દાનશીલ માણસનો વંશ.

ઉદારચરિત [સં. ઉદાર (ઊંચું) + ચરિત (વર્તન)] વિ. ઉદારતાવાળું; ઊંચા ઢંગનું.

ઉદારચિત્ત ૧. [સં. ઉદાર (નિખાલસ) + ચિત્ત (મન)] વિ. નિખાલસ દિલનું.

૨. વિ. મોટા મનનું.

ઉદારચિત્તતા ૧. [સં. ઉદાર (નિખાલસ) + ચિત્ત (મન) + તા (પ્રત્યય)] સ્ત્રી. નિખાલસ દિલનું હોવાપણું.

૨. સ્ત્રી. મોકું મન.

ઉદારચેતસ [સં. ઉદાર (ઊંચું) + ચેતસ (ચિત્ત)] વિ. મોટા મનનું. જુઓ ઉદારચિત્ત.

ઉદારજ ન. ઉનમત્ત.

ઉદે ઉદારજ અસત. આવા બજારોની આ. આવા ખૂબ સમરસ, વાહ વિચારોની આ. ઠાકુર સંપ્રદાય

ઉદારતા ૧. [સં. ઉદાર (ઊંચું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ઉચ્ચ વિચાર.

૨. સ્ત્રી. ઉલ્લાસ; આનંદ.

૩. [સં. ઉદાર (ઘણી દિશાનું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ઔદાર્ય; દાતાપણું; દાનશીલતા.

૪. સ્ત્રી. લાગની શુદ્ધિ.

૫. સ્ત્રી. સખાવત.

ઉદારતાપૂર્ણ [સં. ઉદાર (દાનશીલ) + તા (પ્રત્યય) + પૂર્ણ (ભરેલું)] વિ. ઔદાર્યવાળું.

ઉદારત્વ ૧. [સં. ઉદાર (ઘણી દિશાનું) + ત્વ (પ્રત્યય)] ન. ઉદારપણું. જુઓ ઉદારતા.

૨. ન. (જ્યો) જ્યોત્સ્ના એટલે તેજ ચુકુને બતાવનારા જ પ્રથમ મહિના જોડનું નામ. સંપત્તિની આબાદી બતાવાય તે ઉદારત્વ કહેવાય છે.

૩. ન. કાલસારાંભાના ચોવીસ માંહેનો સાતમો ગુણ; બીજા અક્ષર સારે બંધ બેસતું તે.

ઉદારધિ ૧. [સં.] પું. વિષ્ણુ. ઇંદ્રિયોને જ્ઞાનનો પ્રકાશ આપનાર હોવાથી તે એ નામે ઓળખાય છે.

૨. [સં. ઉદ્ (ઊંચું) + ગ (જવું)] વિ. ઇંદ્રિયને ઉત્તેજિત કરનારું.

૩. વિ. ઊંચું; વખાણવાળું.

૪. વિ. ઊંચે જતું.

ઉદારધી ૧. [સં. ઉદાર (ઘેરું) + ધી (બુદ્ધિ)] પું. ઘોરી વધુ બુદ્ધિવાળા વિષ્ણુ.

૨. સ્ત્રી. ઊંચી બુદ્ધિ.

૩. વિ. વધુ બુદ્ધિવાળું.

૪. વિ. મોટા કરવાના વિચારથી વર્તતું.

૫. વિ. મોટા મનનું; દાની અને લાગી બુદ્ધિવાળું.

ઉદારપક્ષી [સં. ઉદાર (જુના વિચારનું) + પક્ષ (બાજુ) + ઈન્ (વાળું)] વિ. પ્રગતિવાદી; સુધારક; પ્રાગતિક.

ઉદારપણું [ઉદાર (મોટા મનવાળું) + પણું (ભાવ બતાવનાર પ્રત્યય)] ન. ઔદાર્ય. જુઓ ઉદારતા.

ઉદારપાક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વૈકુંઠ; ભોગી. તેનાં બે નગણ અને આઠ રગણ મળી સાઠ અક્ષર હોય છે.

ઉદારમતવાદ [સં. ઉદાર (ઊંચું) + મત (વિચાર) + વાદ (ચર્ચા)] પું. જૂની સ્થિતિને વળગી ન રહેતાં સુધારા માટે મન ખુલ્લું રાખવાનો સિદ્ધાંત; લોકપક્ષને અને તેટલી વધુ છૂટ આપવાની તરફેણ કરનારો મત; 'લિબરલિઝમ'.

ઉદારમતવાદી ૧. [સં. ઉદાર (ઊંચું) + મત (વિચાર) + વાદ (સિદ્ધાંત) + ઇન્ (વાળું)] પું. ઉદારમતવાદમાં માનનાર પુરુષ; પ્રજાપક્ષને વધુ અનુકૂળ રહેનાર માણસ.

૨. વિ. પ્રગતિવાદમાં માનનાર.

ઉદારમન [સં. ઉદાર (મોકું) + મનસ (મન)] ન. મોકું દિલ.

ઉદારવન [સં. ઉદાર (ભોજ) + વન (જંગલ)] ન. મંદાર જેવા સ્વર્ગીય અને ઉત્તમ ઝાડનું વન.

ઉદારવાદ [સં. ઉદાર (સ્વતંત્ર) + વાદ (નિશ્ચિત મત)] પું. સ્વતંત્ર પક્ષ; સુધારાનો તરફેણ કરનાર વર્ગ; પ્રગતિવાદ.

ઉદારશિક્ષા [સં. ઉદાર (ઊંચા વિચારનું) + શિક્ષા (શિક્ષણ)] સ્ત્રી. અસંકુચિત શિક્ષણ; વિકાસ કરનારી કેળવણી; 'લિબરલ એજ્યુકેશન'.

ઉદારશીળ [સં. ઉદાર (ઊંચું) + શીલ (સ્વભાવવાળું)] વિ. ઊંચા મનનું; રાખી દિલનું.

ઉદારસત્ત્વ [સં. ઉદાર (મોકું) + સત્ત્વ (મન)] વિ. મોટા મનવાળું; ઊંચા દિલનું.

ઉદારા સ્ત્રી. અશ્વિનીકુમારી બોલાઈ મહિની બે' કેવીનું નામ.

ઉદારાત્મા ૧. [સં. ઉદાર (ઊંચું) + આત્મા (અંતઃકરણ)] વિ. ઊંચા મનવાળું; રાખી દિલનું.

૨. વિ. દયાળું; કૃપાળું.

ઉદારાશય [સં... ઉદાર (ઊંચું) + આશય (હેતુ)] વિ. ઊંચા હેતુવાળું; ઉચ્ચ ઉદ્દેશવાળું; જેના વિચાર ઉદાર હોવ એવું; મહાત્મા.

ઉદારિક ૧. [સં. ઉદાર (મોકું)] વિ. મોકું; સ્થૂલ.

૨. વિ. નાશ પામે અને બગડી જાય એવું.

ઔદારિક શરીર [સં. ઔદારિક (કાર્યા મોકું) + શરીર (કાયા)] ન. (જૈન). મોકું શરીર. મનુષ્ય અને બનવરોનું શરીર ઔદારિક કહેવાય છે, કેમકે દેવ અને નારકો કરતાં તેઓના શરીરનું કદ વધુ મોકું છે. વળી તે શરીરથી મોક્ષ મેળવાય છે, એટલે તે ઔદારિક એટલે જેમ કહેવાય છે.

ઉદારૂપ ન. બહારોપ; ખાલી બખોલ, મોટો દેખાવ.

ઉદાવર્જ [સં. ઉદ્ (ઊંચું) + આવર્ત (વળવું)] પું. પેટમાં વાયુનો મોળો ચડવાનો રોગ.

ઉદાવત્સર [સં. ઉદા + વત્સર (વર્ષ)] પું. એક વર્ષનું નામ; ઉદ્વત્સર. તેમાં રૂપનું દાન કરવાથી માણસ સુખી થવાનું કહેવાય છે.

ઉદાવરી સ્ત્રી. યમનો ફાંસલો.

ઉદાવર્ત ૧. પું. નાભિ; ઢુંટી.

૨. [સં. ઉદ (પાણી) + આવર્ત (આકાર)] પું. પાણીનું ગોળ ફરવું તે; ભમરો; વમળ.

૩. [સં. ઉદ્ (ઉપર) + આવર્ત (ફરવું)] પું. વાયુનો ગોળો; મળમૂત્ર અને વાયુ રોકાઈ જવા જેવો પેટનો રોગ; ગુલ્મ. વાયુવિકારથી આ રોગ થાય અને પેટમાં વંટોળિયાની માફક વા કરે. ભૂખ, તરસ, નિદ્રા, શ્વાસ, ઊલટી, ખીલ, બગાસું, ઓડકાર, ખાંસી, પીળ, મલ, મૂત્ર, અપોવાયુ એ તેરના વેગનો વિરોધ કરવાથી વાયુ ઊભો થઈ તેર જાતના ઉદાવર્ત રોગ ઉત્પન્ન કરે છે. ન પચે એવો ખોરાક લેવાથી પણ આ રોગ થાય. તેમાં બહુ તરસ, ખિન્નતા, બહુ બગાસાં, શ્વાસ અને ચિત્તવાળી ઊલટી થાય તો તે રોગ અસાધ્ય સમજવો. બધી જાતના આ રોગ માટે જુદા જુદા ઉપચાર છે, પણ બધા વાયુ પોતપોતાના માર્ગમાં સારી રીતે સમરે એવા ઉપાય કરવા એ સામાન્ય ઉપચાર છે.

૪. પું. સર્પની એક જાતનું નામ.

ઉદાવર્ત ગોનિરોગ [સં. ઉદાવર્ત (એક વાયુ રોગ) + યોનિ (સ્ત્રીની જનનેંદ્રિય) + રોગ (દર્દ)] પું. ઊભીને મધુ આવતાં પીડા સાથે ફીણવાળું લોહી પડવાની બીમારી.

ઉદાવર્તા [સં. ઉદાવર્ત (વાયુનો એક રોગ) + આ (તારીખોનો પ્રત્યય)] સ્ત્રી. સ્ત્રીનો એક જાતનો યોનિરોગ. તેમાં ઋતુકાળમાં પીડા સહિત યોનિમાંથી ફીણવાળું લોહી નીકળે. વાયુ બગડવાથી આ રોગ થતો મનાય છે.

ઉદાવર્તાનાહહર [સં. ઉદાવર્ત (એક જાતનો મળરોગ) + આનાહ (પેટ ચડવું તે) + હર (દૂર કરનાર)] પું. (વૈદક) ઉદાવર્ત રોગ ઉપર વપરાતી એક દવા. ગોખરો પારો અને ગંધક સરખે ભાગે લઈ તે બેથી બમણું ગુગળ અને તેના જેટલી સૂંઠની ભૂકી. ગોખરા પારાથી ગોખરા ભાગનો ગોખરો બમણોગોટો લઈ તે બધાનો ભૂકો કરી ભિલામાના મૂળના રસમાં તે બધુ દિવસ ઘૂંટવું. આમાંથી ચાર માસા લઈ તેમાં ચાર માસા સૂંઠ અને હિંગનો ભૂકો મેળવી ઉપયોગ કરવાથી ઉદાવર્ત રોગ અને કબજિયાત મટે છે.

ઉદાવર્તી [સં. ઉદાવર્ત (એક વાયુરોગ) + ઈન્ (વાળું)] વિ. પેટમાં વાયુનો ગોળો ચડવાના રોગવાળું.

ઉદાવસુ ૧. [સં.] પું. (પુરાણ) નિમિવંશના એક રાજાનું નામ.

૨. પું. (પુરાણ) વિશ્વવસુનો મિથિ નામનો જનકનો દીકરો.

ઉદાવહિ પું. (પુરાણ) એક ઋષિ.

ઉદાશીર્ણ વિ. જડ; મંદ; સ્ફૂર્તિ વિનાનું.

ઉદાસ ૧. [સં. ઉદ્ (ઊંચું) + અસ્ (ફેંકવું)] પું. ઊંચે ફેંકવાપણું.

૨. પું. એકાંત.

૩. પું. અનેરું તે; દૂર કરવાપણું.

૪. [સં. ઉદાસ (વિરક્તિ થવી)] પું. દરકાર નહિ કરવી તે.

૫. પું. દુઃખ; ખેદ; રંજ.

૬. [હિં.] પું. નવમો મોક્ષ.

૭. [સં. ઉદ્ (આકાર) + આસ્ (બેસવું)] વિ. ગમગીન; શોકાતુર; ખિન્ન; દિલગીર; નાખુશ; દુઃખી; સોગિયા મોઢાવાળું.

ઉદાસ ઋતુ–બેસવું–પડવું = દિલગીર થવું; કમવાયું પડી જવું.

૮. વિ. કાંખું; ધીમું.

૯. વિ. ત્યાગી; વિષય તરફ અપ્રીતિવાળું; વૈરાગ્યવૃત્તિ ધરાવનારું.

૧૦. વિ. નાસીપાસ; નિરાશ.

૧૧. વિ. શોકગ્રસ્ત; દુઃખદાયક.

૧૨. [સં. ઉદાસ્ (વિરક્ત રહેવું)] વિ. સંબંધ વગરનું; તટસ્થ; નિષ્પક્ષ.

૧૩. વિ. રોગ વિનાનું; ઉપદ્રવ વગરનું.

ઉદાસા [અ.] પું. અબો પહેરવાનો પટો.

ઉદાસિયું [સં. ઉદ્ (આકાર) + આસ્ (બેસવું)] વિ. દિલગીરી ભરેલું; ખિન્ન.

ઉદાસિલ ૧. [સં. ઉદાસ (ખેદ) + ઇલ (વાળું)] વિ. ગમગીન; ખિન્ન.

૨. વિ. તટસ્થ.

૩. વિ. વૈરાગી; વિષય તરફ અપ્રીતિવાળું.

ઉદાસી ૧. પું. એ નામના પંથનો સાધુ; એક જાતનો નાનકશાહી બાવો. સ્ત્રી-વાસનાની માફક તે માથું મુંડાવે અને લંગોટ પહેરે છે.

૨. પું. ધર્મની બાતર નહિ પરવરનાર માણસ.

૩. [સં. ઉદાસ (રસ ન લેવો તે)] પું. ફકીર; સંન્યાસી; ત્યાગી. તે દુનિયા સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખતો નથી.

૪. પું. શીખ ધર્મ સ્થાપનાર સંત નાનક.

નામ લેવા જેવા તો કબીર, દાદુ, ઉદાસી વગેરે હાથની આંગળીઓ ઉપર ગણી શકાય એટલા જ બાકી રહે. પ્રેમાનંદ

૫. પું. શીખ ધર્મી સાધુનો એક પંથ. આ સંપ્રદાયના સઘળા નાનકના ગ્રંથને અનુસરી છે. સામાન્ય રીતે તેઓ ગામમાં રહે અને એકથી બીજા ગામમાં ફરે. તેઓનું મુખ્ય કામ આદિગ્રંથ વાંચવાનું અને તે સમજાવવાનું છે. આ પંથ નાનકના પૌત્ર શ્રીચંદે સ્થાપ્યો હતો.

૬. પું. શૈવમતના એક વિભાગનું નામ.

૭. પું. સાધુની એક બાનીનું નામ. મુખ્ય બાબાઓ નિર્મળી, નિરંજન, નિર્વાણ, ઉદાસી અને નિર્મોહી છે.

૮. સ્ત્રી. એકાંત.

૯. સ્ત્રી. દિલગીરી; અફસોસ; શોક; ગમગીની.

ઉદાસી ખાવી–બેસવી = (૧) દિલગીરીમાં આવી જવું. (૨) સુસ્ત થવું.

૧૦. સ્ત્રી. નિરાશા.

૧૧. સ્ત્રી. સંતાપ; ખેદ; બળાપો.

૧૨. વિ. કબ્જા વગરનું; નિઃસ્પૃહ; વિરક્ત.

૧૩. વિ. ગમગીન; દિલગીર; બેચેન; ઉદાસ.

૧૪. વિ. નિવૃત્ત; સંસારની ઉપાધિથી દૂર થયેલું.

૧૫. વિ. શીખ ધર્મના બે નામના પંથનું

૧૬. વિ. શૈવ ધર્મના બે નામના પંથનું.

ઉદાસીન ૧. પું. બળવાનો પુરુષ.

૨. પું. નાનકનો એક ધર્મપંથ.

૩. પું. પંથ; વાડ.

૪. પું. બધાનો બોળખાતો માણસ.

૫. પું. શક્તિવાળો, કામમાં રાખી શકાનારો અને કંઈ પણ કરી શકે એવો દૂર દેશનો રાજા

૬. પું. સાધુ; ત્યાગી; જેને મિત્ર કે દુશ્મન ન હોય એવો વિરાગી.

૭. [સં. ઉદાસ (વિરક્ત રહેવું) + ઇન (વાળું)] ન. લડાઈ બે રાજ્યમાંથી કોઈના પક્ષમાં નહિ જોડાનાર રાજ્ય.

૮. વિ. અપેક્ષ; અક્રિય; 'ન્યુટ્રલ'.

૯. વિ. ઉપેક્ષા કરનાર.

૧૦. વિ. જગતની જંજાળ વગરનું; પ્રપંચશૂન્ય.

૧૧. વિ. નાલિબેદ.

૧૨. વિ. બેદરકાર.

૧૩. વિ. મધ્યસ્થ; ચાલિત; તટસ્થ; નિષ્પક્ષ.

ઉદાસીન પરિસ્થિતિ = સામાન્ય માણસોની સમાં.

૧૪. વિ. રસ ન ધરાવનારું.

૧૫. વિ. રિસાયું; ચીડિયું.

૧૬. વિ. વજર કબ્જાનું; મજબૂત વજર જેવું.

૧૭. વિ. પીળાશ વગરનું.

હીલોટ્રોપ બહુ હલકું હોવાથી વજનમાં બહુ ફેરફાર કરી શકે નહિ. પણ તેમાની નેગેટિવ ચીજો પ્રોટીન જેટલી હોવાથી તે પરમાણુને અવિકૃત કે ઉદાસીન બનાવે છે.

બુદ્ધિપ્રકાશ

૧૮. વિ. શત્રુ મિત્ર નહિ એવું; ઉદાસ વૃત્તિવાળું.

સલાના ગ્રાહવતી અને પ્રભુ એવા બે પ્રકારે મુખ્ય છે; અને બે જેના પણ મિત્ર, શત્રુ અને ઉદાસીન એ ત્રણ પ્રકારો છે. પુરાતત્વ

૧૯. વિ. સોમતુર; સિગ્ગીર.

૨૦. વિ. હર્ષશોક, રાગદ્વેષ અને સુખદુઃખની લાગણી વગરનું; વિરક્ત; નિષ્કામ; ત્યાગી; આસક્તિ રહિત.

ઉદાસીન અવસ્થા = આસક્તિ વગરની સ્થિતિ.

૨૧. વિ. હોંશ વિનાનું

ઉદાસીન અક્ષ [સં. ઉદાસીન (અજીવ) + અક્ષ (ધરી)] પું. સોલનુંબાની મધ્ય લાંબી; 'ન્યૂટ્રલ એક્સિસ'. સાં આકર્ષણ હોતું નથી.

ઉદાસીનકર્મ [સં. ઉદાસીન (કશું વગરનું) + કર્મન્ (કામ)] ન. (બાકરણ) અનપેક્ષિત એટલે કર્તામાં કુશળના અભાવવાળું કર્મ; કર્તા ક્રિયાથી જેને મેળવવા ઇચ્છતો ન હોય તે કર્મ. 'ગામ જતાં ખાને આડો છે' એ વાક્યમાં 'ખા' એ ઉદાસીનકર્મ કહેવાય, કેમકે કર્તા પોતાની ક્રિયાથી ખાને આડવા ઇચ્છતો નથી, પણ ગામ જતાં આડને આવ્યા છે.

ઉદાસીનકાલ [સં. ઉદાસીન (અનાસક્ત) + કાલ (વખત)] પું. જગતની અંગણના તટ્ટ દીધાનો વખત; નિવૃત્તિનો સમય.

ઉદાસીનતા ૧. સ્ત્રી. ઉત્સાહભંગ.

૨. [સં. ઉદ્ (ઉપર) + આસ (બેસવું) + ઇન (પામું) + તા (પણું)] સ્ત્રી. ઉદ્વેગ; સિગ્ગીરી; સોગ; આનિ; ખિન્નતા; ગમગીની.

૩. સ્ત્રી. ઉપેક્ષા.

૪. [સં. ઉદાસ (તટસ્થ રહેવું) + ઇન (પામું) + તા (પણું)] સ્ત્રી. તટસ્થપણું, મધ્યસ્થતા.

૫. સ્ત્રી. નાઉમેદી.

૬. સ્ત્રી. નિરપેક્ષતા; કશામાં વગરનું હોવાપણું.

૭. સ્ત્રી. બેદરકારી.

૮. સ્ત્રી. વૈરાગ્ય; વીતરાગપણું; વિરક્તિ.

૯. સ્ત્રી. સમતા.

૧૦. સ્ત્રી. સામાન્યતા.

ઉદાસીનત્વ [સં. ઉદાસીન (તટસ્થ) + ત્વ (પણું)] ન. તટસ્થપણું. જુઓ ઉદાસીનતા.

ઉદાસીનધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપક પું. (ન્યાય) ઉપનિતા ત્રણ પ્રકારનો એક પ્રકાર; કોઈ ઉદાસીન ધર્મવાળા સાધ્યનો વ્યાપક હોય તે ઉપાધિ. જેમકે, 'પ્રાગભાવ વિનાશી છે, પ્રમેય હોવાથી, ઘડાની પેઠે'. આ અનુમાનમાં પ્રમેયત્વ ઉપાધિ છે. કારણમાં વિનાશીપણું હોય તોપણ કાર્યત્વ હોય. પણ જન્યત્વ ધર્મથી અવચ્છિન્ન વિનાશિત્વરૂપ સાધ્યનું જ તે કાર્યત્વ વ્યાપક છે. એટલે કારણમાં જન્યત્વ વિશિષ્ટ વિનાશિત્વ રહે તોપણ કાર્યત્વ જરૂર થશે. જન્યત્વ પ્રાગભાવરૂપ પક્ષનો ધર્મ પણ નથી અને સાધનરૂપ પણ નથી એટલે તે ઉદાસીન ધર્મ છે. માટે એ કાર્યત્વ ઉપાધિ ઉદાસીન ધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપક કહેવાય.

ઉદાસીનપણું [ઉદાસીન (સિગ્ગીર) + પણું (આપ અહંકારનાં પ્રત્યય)] ન. સિગ્ગીરી; સોગ; ઉદાસી; બેદ; ગમગીની. જુઓ ઉદાસીનતા.

ઉદાસીનભાવ [સં. ઉદાસીન (ત્યાગી) + ભાવ (લાગણી)] પું. લાગણીવૃત્તિ; બેદરકારી.

ઉદાસીનમિત્ર [સં. ઉદાસીન (બેદરકાર) + મિત્ર (દોસ્ત)] પું. મદદ કરવાની બાબતમાં જેમ તે તેમ તે બાબત જેના વિષે નિશ્ચય ન થઈ શકે તેવો રાજા.

ઉદાસીનરેખા [સં. ઉદાસીન (અજીવ) + રેખા (લીટી)] સ્ત્રી. સોલનુંબાની મધ્ય લીટી; 'ન્યૂટ્રલ લાઈન'. સાં આકર્ષણશક્તિનો અભાવ હોય છે.

ઉદાસીનવૃત્તિ [સં. ઉદાસીન (બેદરકાર) + વૃત્તિ (વિચાર)] સ્ત્રી. વૈરાગ્ય; વિરક્તિ.

ઉદાસીનવ્યવહાર [સં. ઉદાસીન (વિરક્ત) + વ્યવહાર (વર્તન)] પું. ઇષ્ટ વસ્તુ મેળવવા કે અનિષ્ટ વસ્તુનો નાશ કરવાથી દૂર રહેવાપણું.

ઉદાસીનશીલ [ઉદાસી (સિગ્ગીરી) + નશીલ (બેદરકાર)] વિ. ઉદાસ; ખિન્ન; ગમગીન.

દમીન દીલ, ફાની નવલ, નવલ પ્રીતમ લાલીન,
દસી નવલ બેનાઝુલી, નવલ ઉદાસીનશીલ.
નવલગ્રંથાવલી

ઉદાસીનસભા [સં. ઉદાસીન (વિરક્ત) + સભા (મંડળ)] સ્ત્રી. કોઈનો પક્ષ ન લેનાર મંડળ.

ઉદાસીનસમતોલન [સં. ઉદાસીન (અજીવ) + સમ (સરખું) + તોલન (વજન કરવું તે)] ન. ગુરુત્વાકર્ષણના મધ્યબિંદુએ જાતું સમતોલપણું. કોઈ વસ્તુને તેના ગુરુત્વાકર્ષણના બિંદુમાંથી લટકાવતાં પરિણામવાળા અને આધારવાળા એક જ બિંદુમાં આવતાં હોવાથી કોઈ પણ દિશામાં ખેંચાયા ન જાય. આ સ્થિતિને તટસ્થ કે ઉદાસીન સમતોલન કહે છે.

ઉદાસીનીકરણ ૧. [સં. ઉદાસીન (તટસ્થ) + કરણ (કરવું તે)] ન. કોઈ પદાર્થના ખાસ ગુણ ખટકાવવાની ક્રિયા; તેજાબ અને ક્ષારના રસાયણ સંયોગથી ખોરણીલના ગુણોનો નાશ થઈ નવા પદાર્થ બનવાની ક્રિયા; 'ન્યૂટ્રિલ્રેશન'.

૨. [સં. ઉદાસીન (અજીવ) + કરણ (કરવું તે)] ન. નિરુપયોગી કરવું તે; બરબાદી.

ઉદાસીપંથ ૧. પું. ગુરુ નાનકના પૌત્ર શ્રીચંદે ચલાવેલો શીખધર્મી સાધુનો એક ફાંટો. તેમાં સાધુઓ માથું મુંડાવે છે અને લગોટ પહેરે છે.

૨. [સં. ઉદાસી (નામ) + પથ (માર્ગ)] પું. ગુરુ નાનકે સ્થાપેલ એક સંપ્રદાય.

ઉદાસીપંથી [સં. ઉદાસી (એ નામનો સંપ્રદાય) + પથ (માર્ગ) + ઇન્ (પાળું)] વિ. ઉદાસી પંથનું; ગુરુ નાનકના પુત્ર શ્રીચંદે સ્થાપેલ ત્યાગના ઉપદેશને લીધે નીકળેલ નવા પંથને લગતું.

ઉદાસીબાબા [હિં. ઉદાસી + હિ. બાબા (બાવો)] પું. કૂબડી વગાડવું એક જાતનું બાવું.

ઉદાસ્થિત ૧. [સં. ઉદ્ (ઉપર) + આસ્થિત (સ્થેલું)] પું. અધ્યક્ષ.

૨. પું. અનુચર.

૩. પું. દ્વારપાલ; બારસ.

૪. પું. દરવાન; દ્વારપાળ.

૫. પું. ભિક્ષુક; સંસારનો ત્યાગી.

ત્યાગી ક્ષીણમાં ભિક્ષુ તે ખાતરેલો વેષધારી, દ્રવિડ તે ચિહ્નદ, ત્રિદંડ તે તાપસ, ભિક્ષુ તે ઉદાસ્થિત અને અધ્યક્ષ તે કાપડિયા વેષ કહ્યો છે. પુરાતત્વ

૬. પું. સત્ય તટ્ટ દીધેલ સાધુ.

ઉદાહક ૧. [હિં.] સ્ત્રી. ભાજુડિયો રંગ.

૨. સ્ત્રી રીંગણી રંગ; ઉદાહન.

ઉદાહત સ્ત્રી. ભાજી રંગ.

ઉદાહરણ ૧. [સં. ઉદ્ (ઉપર) + આહરણ (લેવાપણું)] પું. ઊલટી દલીલ.

૨. [સં. ઉદ્ (પ્રાપ્ત) + આ (બોલું) + હરણ (લેવું તે)] પું. (ન્યાય) એક અનુમાન; લોકમાં વસ્તુનું સ્વરૂપ બતાવવા તેમાંથી બોલું બતાવવાપણું; વાનગી; સામાન્યમાંથી બોલું દેખાડવું તે. જેમકે,

વિષ્ણુપુરાંત મોટા પુરુષ, બલવા લોક અશેષ;
હરભૂપણ દેતે બન્યો, સીત ગુણોથી શેષ.

૩. ન. એક જાતનું સ્તુતિકાવ્ય; જગતિ જેવા શબ્દથી શરૂ થતું, નવપદમાં બાબાયેલું, માલિની વગેરે છંદવાળું, અનુપ્રાસથી ભરપૂર અને આઠ તાલવાળું વખાણ કરનારું કાવ્ય.

૪. ન. ઓગબાણ.

૫. ન. (અલંકાર) કોઈ સિદ્ધાંત કે રીત સમજાવવા માટે આપેલ દાખલો.

૬. ન. જાહેરાત; પ્રસિદ્ધિ.

૭. [સં. ઉદાહ (દાખલો આપવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. દૃષ્ટાંત; દાખલો.

૮. ન. પ્રમાણ.

૯. ન. વર્ણન.

૧૦. ન. (ન્યાય) વાક્યના પંચમાંનો ત્રીજો અવયવ; સાધ્યની જોડલે જે સિદ્ધ કરવાનું છે તેની સાથે સાધર્મ્ય જોડલે સરખા ગુણધર્મવાળા હોવાપણું કે વૈધર્મ્ય જોડલે વિરુદ્ધ ધર્મવાળા હોવાપણું હોય એવો વાક્યનો ભાગ; વ્યાપ્તિ જોડલે સાધન અને સાધ્યનું સાહચર્ય સિદ્ધ કરનાર દૃષ્ટાંત વચન. તેના બે ભેદ છે: અન્વયી જોડલે કરણ હોય ત્યાં કાર્ય હોવાનું ઉદાહરણ અને વ્યતિરેકી જોડલે કરણ ન હોય ત્યાં કાર્ય ન હોવાનું ઉદાહરણ. જેમકે, શબ્દ નાશવંત છે, કરણ કે તેને ઘડાની માફક ઉત્પત્તિ છે. અહીં ઘડો અન્વયી ઉદાહરણ છે. જેને સાધ્યની સાથે વિરુદ્ધ ગુણધર્મ હોય તેને વ્યતિરેકી ઉદાહરણ કહે છે. જેમકે, શબ્દ અનિત્ય છે, કરણ કે તેને ઉત્પત્તિ છે. જેને ઉત્પત્તિ નથી તે નિત્ય છે. જેમકે, આત્મા. અહીં આત્મા વ્યતિરેકી ઉદાહરણ છે.

૧૧. ન. (ન્યાય) વ્યાપ્તિવાળું જોડલે સાધન અને સાધ્ય સાથે હોય એવું દૃષ્ટાંત કહેવું તે. જેમકે, રસોડાં ધુમાડો છે, ત્યાંનાં અગ્નિ છે. જેમકે, રસોડું. જ્યાંનાં ત્યાંનાં અગ્નિ નથી ત્યાંનાં ધુમાડો પણ નથી. જેમકે, તળાવ.

૧૨. ન. સરખાપણું; બરોબર.

૧૩. ન. સમજાવવાને બરાબર કહેલું સાબિત કરી આપવાને જે કાંઈ કરીને બતાવવું તે; નિદર્શન જોડલે પુરાવો.

૧૪ ન. સાબિતી; પુરાવો.

ઉદાહરણ લેવું = (૧) દાખલો લેવો; શીખવું. (૨) પ્રમાણ લેવું; નમૂનો જોવો.

ઉદાહરણભૂત [સં. ઉદાહરણ (દૃષ્ટાંત) + ભૂત (થયેલું)] ન. દાખલારૂપે; દૃષ્ટાંત તરીકે.

ઉદાહરણરેખા [સં. ઉદાહરણ (દાખલો) + રેખા (લીટી)] સ્ત્રી. દાખલો આપવા માટે કરવામાં આવતી – આવી ઢૂંકી લીટી.

ઉદાહરણવાક્ય [સં. ઉદાહરણ (દૃષ્ટાંત) + વાક્ય (પદોનું અર્થવાળું શબ્દનું સમૂહ)] ન. (ન્યાય) સાધ્ય જોડલે જે સિદ્ધ કરવાનું છે તે અને સાધનની વ્યાપ્તિ જોડલે સાથે હોવાપણું બતાવનારું વાક્ય; હેતુ જોડલે કરણ કિંવા સાધ્યની વ્યાપ્તિને સિદ્ધ કરનાર દૃષ્ટાંતવાળું વચન. જેમકે, જે જે ધુમાડાવાળું હોય છે, તે તે અગ્નિવાળું પણ હોય છે, જેમ રસોડું ધુમાડાવાળું હોવાથી તે અગ્નિવાળું હોય છે તેમ. આ વાક્ય ધુમાડારૂપ હેતુ જોડલે કરણમાં અગ્નિરૂપ સાધ્ય જોડલે કાર્યની વ્યાપ્તિ જોડલે સાહચર્ય સાબિત કરે છે, તેથી તે ઉદાહરણવાક્ય કહેવાય.

ઉદાહરણાભાસ [સં. ઉદાહરણ (દૃષ્ટાંત) + આભાસ (ખોટો દેખાવ)] પું. (ન્યાય) ખોટું દૃષ્ટાંત આપવું તે. જેમકે, શબ્દ અમર છે, કરણ કે તે નિરાકાર છે. જે નિરાકાર છે તે અમર જોવામાં આવે છે. જેમકે, આકાશ. અહીં આકાશનું ખોટું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે, કેમકે તે નિરાકાર છે પણ નિત્ય નથી. માટે આ દૃષ્ટાંત ઉદાહરણાભાસ છે.

ઉદાહરણાર્થે [સં. ઉદાહરણ (દાખલો) + અર્થ (હેતુ)] ન. દાખલા તરીકે.

ઉદાહરવું [સં. ઉદાહ (દાખલો આપવો)] સ. ક્રિ. દાખલો આપવો.

ઉદાહાર ૧. [સં. ઉદાહ (બોલવું કથું)] પું. ઉપયોગી વર્ણન.

૨. પું. જોડે જોડનું વાક્ય. સુખો ઉદાહરણ.

૩. પું. કહેવું તે; કથન.

૪. પું. દૃષ્ટાંત; દાખલો.

૫. [સં. ઉદાહ (બોલવું)] પું. બાજરાની રાબ.

ઉદાહૃત ૧. [સં. ઉદાહ (કહેવું) + ત (જોડ)] વિ. કહેવાયેલ.

૨. વિ. દૃષ્ટાંતરૂપે આપવેલ.

૩. વિ. નામ દઈને બોલાવેલ.

ઉદાહૃતિ ૧. [સં. ઉદાહ (દાખલો આપવો)] સ્ત્રી. દાખલો; દૃષ્ટાંત.

૨. સ્ત્રી. (નાટક) વખાણ; પ્રશસ્તિ; સ્તુતિ.

ઉદાણ પું. ગુજરાતમાં ભીલ અને પોલ લોકોમાં કન્યાનું કરગ્રહ કરી જવાનો રિવાજ. કોઈ ભીલ પાસે લગ્નના પૈસા ન હોય તો તે દોડ આરબ્ધ બાદ તાં કોઈ છોકરી સાથે સબંધ કરવાનું બની રીતે નક્કી કરે. પછી કોઈ મેળો થાય તેમાં તેનું ભીલ કરગ્રહ કરે. બે ત્રણ મહિના સુધી સંતાતાં રહે અને પછી જાહેર થાય. છોકરીનો બાપ કાંઈ આપવાનું કહે ત્યારે વર બાજુના પોલને બોલાવી તેની મારફત આપવાનું નક્કી કરે. બોલ થાય કે બોલ બાકી અને મોટી રકમ પર સામા પક્ષને આવે. પછી બંને ખુલ્લી રીતે ઓપુરુષ તરીકે સાથે રહી શકે. પંચમહાલના પોલમાં પણ આવા જેવો રિવાજ છે અને તેમાં આશરે સો રૂપિયા ખરચ થાય છે.

ઉદાણવું ૧. સ. ક્રિ. ઉપાડી લેવું; ઝીનવું.

૨. સ. ક્રિ. ઉદાણવું.

ઉદિચ્ય [સં. ઉદીચ્ય (ઉત્તરનું)] પું. સરસ્વતી નદીની ઉત્તરમાં આવેલો પ્રદેશ.

ઉદિત ૧. પું. બોલ બોલાવ્યા; સામો; નીચાર.

૨. પું. (પિંગળ) કીર્તિદા; પંક્તિ છંદનો બધુ સમણ અને બોલ ગુરુ મળી કુલ અક્ષરનો બોલ સમવૃત્ત વર્ણમેળ છંદ.

૩. [સં. ઉત્ (બહાર) + ઇત (ગયેલું)] ન. ઊગેલું નક્ષત્ર.

૪. ન. બોલ સુગંધી ચીજ.

૫. [સં. વદ્ (બોલવું) + ત (જોડ)] ન. બોલેલું તે.

૬. ન. (જ્યોતિષ) રાશિનો ઊગવાનો વખત.

૭. વિ. ઊગેરાયેલું.

૮. વિ. ઊગેલું; ઉદય પામેલું.

૯. વિ. ઊંચું.

૧૦. વિ. ખીલેલું; ફૂલેલુંફાલેલું.

૧૧. વિ. ગાયેલું; પ્રસરાવેલું; ઉદીરિત.

૧૨. વિ. બનેલું.

૧૩. વિ. બનેલું; ઊંડેલું.

૧૪. વિ. પાણી સાથે ભેળવેલું; બનાવિમિશ્રિત.

૧૫. વિ. પ્રસરેલું; જાહેર.

૧૬. વિ. પ્રસરેલ કેસાવનારું.

૧૭. વિ. પ્રફુલ્લિત; પ્રસન્ન.

૧૮. [સં. વદ્ (બોલવું) + ક્ત (જોડ)] વિ. બોલેલું; બોલ.

૧૯. વિ. વસ્તુસ્થિતિના જાનવાળું; સાવધ.

૨૦. વિ. ઘડિ પામેલ; વપેલું.

૨૧. વિ. રૂકુરિત; પ્રગટેલું, જેવા થયેલું.

૨૨. વિ. સ્વચ્છ; ઊજળવા; ચોખ્ખું; ઊજળું; સાફ.

ઉદિતઉષ્મા ૧. [સં. ઉદિત (પ્રાણ કેસાવનારું) + ઉષ્મા (ગરમી)] સ્ત્રી. પ્રાણ કેસાવતો તાપ.

૨. સ્ત્રી. પ્રગટ થયેલી ગરમી.

ઉદિતકિંનેશ પું. (પિંગળ) ત્રિષ્ટુપ છંદનો દરેક ચરણમાં સગણ, ભગણ, નગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરનો બોલ સમવૃત્ત વર્ણમેળ છંદ.

જ ભા ન ઉદિતકિંનેશ ગા ગા. ઇન્દ્રવિજય

ઉદિતપ્રકાશ [સં. ઉદિત (ઊગેલું) + પ્રકાશ (અજવાળું)] પું. પ્રકટેલ તેજ.

ઉદિતયૌવના [સં. ઉદિત (બોલેલું) + યૌવન (જુવાની) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પુરુષો નોમિત્ર; પુરુષને ગમે.

ઉદિતવિજોદ્યા કું. (પિંગળ) ત્રિષ્ટુપ જેવી જાતનો બે તગણ, એક નગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
ત ત ન વો રે **ઉદિતવિજોદ્યા.** રણજિતરામ

ઉદિતશક્તિ [સં. ઉદિત (પ્રગટ કે જાગ્રત થયું) + શક્તિ (બળ)] સ્ત્રી. પ્રગટ કે જાગ્રત થયા બળ.

ઉદિતિ ૧. [સં. ઉદિ (અર્થ રહેલું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અસ્ત થવાપણું.
૨. [સં. ઉદિ (ઊગવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ઉદય; ઊગવપણું.
૩. [સં. વદ્ (બોલવું)] સ્ત્રી. વાણી.

ઉદિતોદિત ૧. [સં. ઉદિત (ઊગેલું) + ઉદિત (ઊગેલું)] કું. જ્ઞાનતા; ધર્મમંથના ઊંચા જ્ઞાનવાળો આબૂત.
૨. વિ. આ લોક અને પરલોકમાં ચડતી દશા પામેલું.

ઉદિદ [સં. ઉદ્ (પાણી)] કું. જોડવાળો વાયુ; અનુપવાયુ; અનેક પદાર્થોમાંથી સત્ત્વ ખેંચીને કૃત્રિમ રીતે અને આબોહવામાં સહજ થવાથી કુદરતી રીતે પેદા થતો હલકો ભળે બોનો કાર્બોનિક અને કાર્બનના મિશ્રણનો વાયુ; 'માર્શ ગૅસ', સાધારણ સળગવાથી વાયુમાં તેનું બહુ પ્રમાણ હોય છે. તે જોડવાણી જગ્યામાં ઠરી ગયેલા પાણીમાંથી ખનિજ તેલની ખાણ નજીક જમીનમાંથી નીકળે છે.

ઉદિશા [સં. ઉદ્ (ઉત્તર) + દિશ્ (દિશા)] સ્ત્રી. ઊલટી દિશા; ઊલટો માર્ગ.
ચમન તો ગયો પાછું નહિ, રોણે રહ્યું **ઉદિશા.** પ્રેમાનંદ

ઉદી ૧. સ્ત્રી. (બોલી) એક જાતનું જંતુ.
૨. સ્ત્રી. આબોહવા જાણવા નર્મદાને મળતી નદી; બોર. તેમના સંગમ ઉપર કરનાળી નામનું માત્રાનું ઠેકાણું આવેલું છે.

ઉદીક્ષ્ય ૧. કું. (સંગીત) બલ્લા; મૃણતાલ; વલ્લતીતાલ; વિલંબત્રિતાલ; ગૃહત્રયતાલ; ધીમો ત્રિતાલ. તેની સોળ માત્રામાં પહેલી અને પાંચમી ઉપર તાળી, નવમી માત્રા ઉપર ખાલી અને તેરમી માત્રા ઉપર તાળી આવે છે. તે કવાલીનો અરધો બલ્લ હોય છે. તેના ઠેકડીના બોલ: ધિન ધિનતા, ના ધિન તાના તિનતા તા ધિનતા ધા.
૨. ન. બલ્લા રાખવાપણું.
૩. [સં. ઉદ્ (ઊગવું) + ક્ષિપ્ (ફેંકવું તે)] ન. ઊંચે કરાતી નજર.
૪. [સં. ઉદ્ (ઉપર) + ઈક્ષ્ (વિચાર કરવો) + અન (પણું)] ન. કલ્પના; વિચાર કરવાપણું.
૫. ન. દમન; દબાવવું તે.
૬. [સં. ઉદ્ (ઉપર) + ઈક્ષ્ (જોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. નિરીક્ષણ; તપાસ; અવલોકન.
૭. ન. રાહ જોવી તે.

ઉદીક્ષ્યતાલ કું. (સંગીત) વિલંબત્રિતાલ; મૃણતાલ; બલ્લા; વલ્લતીતાલ. જુઓ ઉદીક્ષ્ય.

ઉદીક્ષ્ય ૧. વિ. બલ્લા રાખવા લાયક.
૨. [સં. ઉદ્ (ઊગવું) + ઈક્ષ્ (જોવું) + ય (જોવું)] વિ. ઊંચે જોઈ શકાય જેવું.
૩. [સં. ઉદ્ (ઉપર) + ઈક્ષ્ (વિચારવું) + ય (જોવું)] વિ. વિચાર કરવા લાયક.

ઉદીચ ૧. [સં. ઉદ્ચ્ (ઉત્તર)] ન. વાદળાની જે નામની જાતિનું બાષ્પરૂપ; ઔદીચ.
૨. [સં. ઉદ્ (ઉપર) + અંચ્ (જવું)] વિ. ઉત્તર દિશામાં જતું.
૩. વિ. ઉત્તરમાંથી આવેલ.
૪. વિ. વાદળાની જે નામની જાતિનું; ઔદીચ.

ઉદીચી ૧. [સં. ઉદ્ (ઉપર) + અંચ્ (જવું)] સ્ત્રી. ઉત્તર દિશા. હિંદુસ્તાનના આર્ય લોકોએ જોયું કે ઉત્તર દિશામાં હિમાલય હોવાથી તે સૌથી ઊંચી છે. આ ઉપરથી તે દિશાનું નામ ઊંચાઈ બતાવનાર 'ઉત્'થી થયું અને ઉદક અથવા ઉદીચી જેટલે ઉત્તર પડ્યું.
૨. સ્ત્રી. એક પ્રાકૃત ભાષા.
૩. વિ. ઉત્તરવૃત્ત સંબંધી.

ઉદીચીન ૧. [સં. ઉદીચી (ઉત્તર) + ઇન (બનવું)] વિ. ઉત્તર તરફના દેશમાં થતું.
૨. વિ. ઉત્તર તરફનું; ઉત્તર દિશામાં રહેલું.
૩. વિ. ઉત્તર દિશામાં હોતું.
૪. વિ. ઉત્તરના પ્રદેશ સાથે સંબંધ રાખનાર.
૫. વિ. અવિધ્યમાં થવાનું.

ઉદીચીન પ્રાચીન [સં. ઉદીચીન (ઉત્તર દિશાનું) + પ્રાચ્ (પૂર્વ દેશ) + ઇન (બનવું)] કું. પૂર્વોત્તર દિશા; ઈશાન ખૂણો.

ઉદીચીન વાત [સં. ઉદીચીન (ઉત્તર દિશાનું) + વાત (પવન)] કું. ઉત્તર દિશાનો પવન.

ઉદીચ્યના [સં. ઉદીચીન (ઉત્તર) + આ (તરીકાવાચક પ્રત્યય)] સ્ત્રી. ઉત્તર દિશા.

ઉદીચ્ય ૧. [સં. ઉદીચ્ (ઉત્તર દિશા) + ય (બનવું)] કું. ઉત્તર ગુજરાતમાં સરસ્વતી નદી આજુબાજુનો પ્રદેશ.
૨. કું. (પિંગળ) વૈતાલીય છંદનો એક ભેદ.
૩. [સં. ઉદીચ્ (અવિધ્ય) + ય (બનવું)] ન. અવિધ્યમાં થનારી બાબત.
૪. ન. ગુજરાતી વાળો; બાજ.
૫. વિ. ઉત્તર તરફનું. દક્ષિણ, પશ્ચાત્ અને પુરસ્તર એ પ્રત્યય અને ઉદીચ્ અને પ્રાચ્યને ય પ્રત્યય લાગે છે. જેમકે, દાક્ષિણાત્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, ઉદીચ્ય, પ્રાચ્ય.
૬. વિ. ઉત્તર દિશામાં બનેલું; ઉત્તર દિશાને લગતું.
૭. વિ. ઉત્તર દિશામાં રહેતું.
૮. વિ. ઉત્તર ધ્રુવ સંબંધી.
૯. વિ. વટ વગેરે ખળી ઘનદક્ષિણાનું ક્રમ.

ઉદીચ્યદ્રાક્ષ [સં. ઉદીચ્ય (ઉત્તરમાં થતું) + દ્રાક્ષ (દ્રાક્ષ)] ન. એક દવા; ચોપચીની; તોપચીની; સંધિવા, ગરમી, ઉપદંશ વગેરે રોગ ઉપર તેમજ લોહી સુધારવા માટે વપરાતું એક પૌષ્ટિક કંદ. તેના વેલા ચીન તરફના દેશોમાં બધા થાય છે.

ઉદીચ્યપુત્ત ન. (પિંગળ) એક વૈતાલીય છંદનું નામ.

ઉદીચ્યવૃત્તિ [સં.] કું. (પિંગળ) એક વૈતાલીય માત્રામેળ છંદ. તેના દરેક પદમાં ગુરુ, લઘુ અને ગુરુ અક્ષરે બે રીતે પહેલા અને ત્રીજા પદમાં ચૌદ માત્રા અને બીજા ને ચોથા પદમાં સોળ માત્રા હોય. પદની રચના વૈતાલીય મુજબ કરવામાં આવે છે, પણ પહેલા અને ત્રીજા પદમાં બીજી ત્રીજી માત્રા દક્ષિણપ્રતિમ પ્રમાણે જોડી આવે.

ઉદીપ ૧. [સં. ઉદ્ (ઊગવું) + દીપ્ (પ્રકાશવું)] કું. પૂર; રેલ.
૨. વિ. જેમાં પૂર આવ્યું હોય એવું.
૩. વિ. પાણીમાં ડૂબેલું; પાણીથી તરબોળ.

ઉદીપન [સં. ઉદ્ (ઊગવું) + દીપન (સળગાવવું)] ન. પ્રજ્વલન; બાળવાપણું. જુઓ ઉદ્દીપન.

ઉદીપનવિભાવ [સં. ઉદ્દીપન (ઉદ્દીપ્ત) + વિભાવ (રસ કે ભાવના પ્રબળ આધાર)] કું. (અલં.) રસાનીભાવને ઉશ્કેરનાર હેતુ.

ઉદીમ ૧. [સં. ઉદ્યમ] કું. (મરાઠી) ઉદ્યમ; મહેનત.
૨. કું. વેપાર; ધંધો.

ઉદીમપટ્ટી [મ. ઉદીમ (વેપાર) + પટ્ટી (અક્ષરાંશ)] કું. વેપારી બાજુથી લેવાતો કર.

ઉદીમી ૧. [સં. ઉદ્યમિન્] વિ. (મરાઠી) ઉદ્યમી.
૨. વિ. ધંધાદી; વેપારી.

ઉદીયમાન [સં. ઉદ્ (ઊગવું) + ઈયમાન (અર્થ)] વિ. ઊગતું; ઉદય પામતું.

ઉદ્રીયાત [સં. ઉત્ત (ઊભું તે) + આત (થી)] અ. ઊભવાના વખતથી.

ઉદ્રીરક ૧. [સં. ઉદ્ (ઊપર) + ઈર્ (જવું) + ણક (કર્તા અર્થનો પ્રત્યય)] વિ. ખોદ્યા કરેલ કર્મને ઉલેચીને ફળ આપવા લાયક તેવું બનાવતું.

૨. વિ. પ્રેરક; પ્રવર્તક.

૩. વિ. સામો વાદ કરનાર.

ઉદ્રીરણ ૧. [સં. ઉદ્ (ઊપર) + ઈર્ (જવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય)] ન. ઉચ્ચારણ.

૨. ન. ઉત્પેરણ; ફેંકવાપણું.

૩. ન. ઉત્પત્તિ; સર્જન.

૪. ન. ટપ્પા; ખોલવાપણું.

૫. ન. પ્રેરણા.

૬. ન. બગાસું.

ઉદ્રીરણા ૧. [સં. ઉદ્ (ઊપર) + ઈર્ (ખોદવું) + અન (ભાવ અર્થવાચક પ્રત્યય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઉચ્ચારણ.

૨. સ્ત્રી. ટપ્પા; બાપણ.

૩. સ્ત્રી. (જૈન) પાકે કાળ પહેલાં જ પ્રયત્નથી થતો કર્મના ફળનો અનુભવ.

૪. સ્ત્રી. પ્રેરણા; ભાવના.

ઉદ્રીરયિતા ૧. [સં. ઉદ્રીરયિતૃ] વિ. ઉત્સાહ આપનાર.

૨. વિ. વખત થયા પહેલાં પ્રયત્નથી કર્મને ફળ આપવાની સ્થિતિમાં લાવનાર.

ઉદ્રીરિત ૧. [સં. ઉદ્ (ઊપર) + ઈર્ (બોલવું) + ક્ત (અર્થે)] વિ. ઉચ્ચારેલું.

૨. વિ. ઉત્પન્ન; પેદા કરેલ.

૩. વિ. ફેંકેલું; ઠપકેલું.

૪. [સં. ઉદ્રીર્ (ફોલ વાગવું) + ક્ત (અર્થે)] વિ. ખણવાયેલું; આકુળવ્યાકુળ બનેલું.

૫. વિ. પ્રેરાયેલ.

૬. વિ. વખત થયા વિના પણ પ્રયત્નથી પાકમાં લાવેલ ફળનો અનુભવ કરાવનાર.

૭. વિ. વધેલું; વૃદ્ધિ પામેલ.

ઉદ્રીરિતેંદ્રિય [સં. ઉદ્રીરિત (ફોલ વાગેલું) + ઇંદ્રિય (જ્ઞાનનું સાધન)] વિ. આકુળવ્યાકુળ ઇંદ્રિયોવાળું.

ઉદ્રોહ ૧. [સં. ઉદ્ (ઊપર) + ઋહ્ (ઊભું)] પું. વિષ્ણુ. જ્યાં પ્રાણી કરતાં જોર અને સત્ત્વના આધાર હોવાથી તે ઉદ્રોહ કહેવાય છે.

૨. વિ. અતિશય; ઘણું.

૩. વિ. અહંકારી; ઘમંડી; અભિમાની.

૪. વિ. ઉચ્ચારેલું; બોલેલું.

૫. વિ. ઉત્કટ; પ્રબલ; જબરું.

૬. વિ. ઉદાર; છૂટા હાથવાળું.

૭. વિ. ઉશ્કેરાયેલું.

૮. વિ. કર્મ ફળ આપવાની સ્થિતિમાં આવવાથી થયેલું.

૯. વિ. પ્રયત્નથી વખત આવ્યા પહેલાં ફળ આપવાની સ્થિતિમાં લાવેલું.

૧૦. વિ. ફળ આપવાની સ્થિતિમાં આવેલું.

૧૧. વિ. મોટું; વધેલું.

૧૨. વિ. સજ્જ; તૈયાર.

ઉદ્રોહમોહ [સં. ઉદ્રોહ (અભિમાન) + મોહ (આસક્તિ)] વિ. (જૈન) તીવ્ર રાગવાળું.

ઉદ્રોહવેગ [સં. ઉદ્રોહ (અભિમાન) + વેગ (ગતિ)] વિ. બહુ જોરદાર.

ઉદુઆ પું. એક જાતના ચોખા.

ઉદુમ્બર ૧. [સં. ઉદુમ્બર] પું. આંબલિયો.

૨. પું. આકણી.

૩. પું. ગૂલર.

ઉદુલ [અ.] ન. સિરીનું ગાડું; સરસામાનું ગાડું.

ઉદુષ્ટ [સં.] વિ. રાતું.

ઉદુષ્ટમુખ [સં. ઉદુષ્ટ (રાતું) + મુખ (મોઢું)] વિ. મોઢાના જેવા રાતા મોઢાવાળું.

ઉદું [અ. ઉદા] વિ. બહુ વાદળી રંગનું.

ઉદુંબર ૧. પું. ગાયનો ખોરાક.

૨. [સં.] પું. ઉમરાનું ઝાડ; ઉમરડો; જંગલી અંજીરનું ઝાડ; ગૂલર; સદાફળ.

૩. પું. ઉમરો; ડેહલી.

૪. પું. (જિગણ) એક અર્વાચીન માત્રામેળ છંદ; ઉદુર. તે ઠોકરા છંદનો એક ભેદ છે. તેમાં એક ગુરુ અને ઓગણીસ લઘુ મળી સાતાળીસ વર્ણ અને અઠ્ઠાણીસ માત્રા હોય છે.

૫. પું. એક કર્મનું એટલે બે તોલાનું માપ.

૬. પું. એક જાતનો રોગ. તેને લીધે ચામડીમાં ખૂબ બળતરા અને લાલાશ થાય અને ઠેકઠેકાણે ગુમડાના વાળ ઝાંખા થઈ જાય.

૭. પું. ઓરી રતીનું વજન.

૮. પું. નપુંસક; હીજડો.

૯. પું. મગધ દેશનો એક કર્મનો તોલ; એક રૂપિયાભારનું વજન.

૧૦. પું. મંદિરમાં સભા વગેરેના બારણાનો ઉમરો.

૧૧. પું. લોહીમાં થતો એક જાતનો કૃમિ એટલે કૃમિજાત; 'ત્રિહજારકિરમ'; પરદેહોદ્ભૂત જંતુનો એક મોટો પ્રકાર; દરેક વર્ગના પશુની અંદરના પોલાણમાં તે હોય છે. તેની વધી જાતો માણસની આંતર અને ચામડી ઉપર પણ રહે છે. કેટલાક માણસ અને જનવરના શરીરને કોરી ખાય છે. સામાન્ય રીતે તેને ખરસટ, પહોળું અને ચોટવાને માટે બે કે વધુ ચૂસણચૂસણું શરીર હોય છે.

૧૨. [સં. ઉદ્ (ઊપર) + અંબર (આકાશ)] પું. વિષ્ણુ. અસંખ્ય દેવોથી ભરપૂર આકાશરૂપી ઉમરડાના ફળ જેવા હોવાથી અને અમ્બર એટલે આકાશ ઉપર હોવાથી ઉદુંબર કહેવાય છે. અહીં અમ્બરના 'અ'નો 'ઉ' થયો છે.

૧૩. પું. શિવ; પુરુષની પ્રજોત્પત્તિ.

૧૪. પું. હિંદુસ્તાનના એક પુરાણા દેશનું નામ; સાલ્વદેશનો એક ભાગ.

૧૫. સ્ત્રી. વાસકની એક જાત.

૧૬. ન. ઉમરાનું ફળ.

૧૭. ન. તાંબું.

૧૮. ન. વાસકની એ નામની જાતનું માણસ.

૧૯. વિ. વાસકની એ નામની જાતનું.

ઉદુંબરકૃમિ [સં. ઉદુંબર (ઉમરો) + કૃમિ (કરમિયો)] પું. ઉમરાના ફળનો કીડો.

ઉદુંબરગ્રંથિ ૧. [સં.] સ્ત્રી. ઇંતીનું ઝાડ.

૨. સ્ત્રી. નાની ઇંતીનો છોડ.

ઉદુંબરજટા [સં. ઉદુંબર (ઉમરાનું ઝાડ) + જટા (પંદડું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઇંતીનું ઝાડ.

ઉદુંબરપર્ણી ૧. [સં. ઉદુંબર (ઉમરાનું ઝાડ) + પર્ણ (પંદડું) + ઙીપ્ (સ્ત્રી)] સ્ત્રી. ઇંતીનું ઝાડ; ઇંતી.

૨. સ્ત્રી. નાનો નેપાળો.

ઉદુંબરપલ્લવ [સં. ઉદુંબર (ઉમરાનું ઝાડ) + પલ્લવ (પાન)] ન. ઉમરાનું પાન. પવિત્ર મનાતા પંચપલ્લવમાંનું તે એક છે. આંબો, વડ, પીપળો, પીપર અને ઉદુંબર એ પંચપલ્લવ કહેવાય છે.

ઉદુંબરબલ્લા [સં. ઉદુંબર (ઉમરો) + બલ્લા (પંદડું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઇંતીનું ઝાડ; ઉદુંબરપર્ણી.

ઉદુંબરમશક ૧. પું. ઉદર; ચૂહો.

૨. [સં. ઉદુંબર (ઉમરાનું ફળ) + મશક (મચ્છર)] પું. મોટો મચ્છર.

૩. ન. કૂવાનું દેડકું; કૂપમંડૂક.

૪. ન. દુનિયાના અનુભવ વગરનું માણસ.

ઉદુંબરાદિયોગ [સં. ઉદુંબર (ઉમરાનું ફળ) + આદિ (વગેરે) + યોગ (દવા)] પું. (વૈદક) નસકોરી ફૂટવાના રોગ ઉપર વપરાતું એક ઔષધ. ઉમરાના પાકાં ફળ જોળ કે મધમાં ખવાથી તે રોગ મટે છે.

ઉદુંબરાદિલેહ [સં. ઉદુંબર (ઉમરાનું ફળ) + આદિ (વગેરે) + લેહ (ચાટવું)] પું. (વૈદક) રક્તપિત્ત મટાડનાર એક દવા. ચૂલરનાં પાકાં ફળ, કાકમરી ફળ, કરંડો, ખુરાસો અને સફેદ કાકણનો ઘાટો ઘાટો ઘસો કરી મધમાં ચટાડવાથી તે રોગનો નાશ થતો હોવાનું મનાય છે.

ઉદુંબરાદિસ્નેહ [સં. ઉદુંબર (ઉમરાનું ફળ) + આદિ (વગેરે) + સ્નેહ (ઘસ)] પું. (વૈદક) ચૂલર, કાકણનો ઝાંડો અને ગળોનો રસો કલાય. ખાંડ સાથે તે લેવાથી પિત્તજ્વર મટતો હોવાનું મનાય છે.

ઉદુંબરાવતી [સં.] સ્ત્રી. એક નદીનું નામ.

ઉદુંબરી સ્ત્રી. એક વનસ્પતિનું નામ; કાકમર.

ઉદુંબરો ૧. [સં.] પું. ઉમરાનું ઝાડ.
૨. પું. સાબરકાંઠાના એક આદિવાસી જાતનું નામ.
૩. [સં. ઊર્ધ્વ (ઊંચું) + બાહુ (શક્તિ)] વિ. ઊંચું બોલનાર.

ઉદૂ [અ.] પું. કુરાનના વેરી.

ઉદૂખલ ૧. [સં. ઉલૂખલ (ખાંડણિયો)] પું. ખાંડણિયો.
૨. પું. ખાંડણી; ઊખળ.
૩. પું. ગૂગળ.
૪. પું. ગૂગળનું ઝાડ.
૫. પું. શરીરનો સાંધો.

ઉદૂખલખાત ૧. [સં. ઉલૂખલ (ખાંડણી) + ખાત (ખાડો)] પું. ખાંડણી બરાબર ચારેકોર આકારનો ખાડો.
૨. પું. ખાંડણી આકારનો સાંધો.

ઉદૂખલસંધિ [સં. ઉલૂખલ (ખાંડણિયો) + સંધિ (સાંધો)] પું. બંધસંધિનો ઉદ્‌ખલખાત: એક હાડકાના ખાંડણિયા જેવા ખાડામાં બીજા હાડકાનો ભાગ જેવો ગોળ ઘાટ ઘૂમી ફરી શકે તેવો સાંધો; 'બૉલ ઍન્ડ સૉકેટ જૉઇંટ'.

ઉદૂઢ ૧. [સં.] વિ. ઊંચું.
૨. [સં. ઊઢ (વહન) + વત્ (વાહ ધાતુ) + ત (જેણે)] વિ. વહન કરેલ; ધારણ કરેલ.
૩. [સં. ઊર્વહ્ (પરણવું) + ત (જેણે)] વિ. વિવાહિત; પરણેલ; લગ્ન કરેલ; ગૃહસ્થાશ્રમી.
૪. વિ. સ્થૂલ; મોટું.

ઉદૂઢક [સં. ઉદ્ઢ (પરણેલ)] પું. પરણ્યા; પરણતો માણસ.

ઉદૂઢા [સં. ઉદ્ઢ (પરણેલ) + આ (સ્ત્રીલિંગમાં પ્રત્યય)] સ્ત્રી. પરણેલી સ્ત્રી.

ઉદૂપ [સં. ઉદ્ (ઉપર) + અપ્ (પાણી)] પું. તરાપો.

ઉદૂલ ૧. [અ.] પું. નાફરમાની; કુકર્મ ન માનવાપણું.
૨. [અ. અદિલ (ન્યાયી)નું બહુવચન] પું. બ. વ. ન્યાયી માણસો.

ઉદૃક વિ. સ્થૂલ; મોટું.

ઉદૃક્ષ સ્ત્રી. ચાંદ કે સૂરજ માસના શુક્લ પક્ષની પ્રતિપદા; અજવાળી એકમ.

ઉદૃચ ૧. [સં. ઉદય] પું. ઉદયાચલ; મેરુ; જેની પલાળથી સૂર્ય ઊગતો હોવાનું મનાય છે તે કલ્પિત પર્વત.
૨. પું. ઊગવું તે; ઉગમણું; ઉદય.
૩. પું. ચડતી, આબાદી; ઉન્નતિ.
૪ પું. પરોઢિયું; મળસકું.
૫. પું પૂર્વ દિશા
૬. પું. પ્રકાશ; અજવાળું

ઉદૃખવું ૧. સ. ક્રિ. ઉરેખવું; અનાદર કરવો.
૨. સ. ક્રિ. ટાળવું; બાદ કરવું; કાઢી નાખવું.

ઉદૃગ [સં. ઉદ્વેગ] પું. ઉચાટ; ઉદ્વેગ.

ઉદૃતી [સં. ઉદય (ઊગવું તે) + તિથિ (ચંદ્રિનનો દિવસ)] સ્ત્રી. જે તિથિમાં સૂર્યનો ઉદય થતો હોય તેવી; ઉદયવાળી; ઉદયા.

ઉદૃપુર [સં. ઉદય (ઉદયસિંહ) + પુર (શહેર)] પું. મેવાડની રાજધાનીનું શહેર. મહારાણા કુંવર ઉદયસિંહે આ શહેર વસાવ્યું હોવાથી ઉદેપુર નામ પડ્યું છે. તેની અંદરના રાજમહેલના દરવાજા ઉપર સોનાનો સૂર્ય મોહરેલ છે. બારીઓ અને દીવાલો ઉપર અકબરશાહ પ્રતાપ, રાણા રાજ, હમીર વગેરે રાણાની છબીઓ ચીતરેલી છે. શહેરની પશ્ચિમે આવેલું બે ગાઉ માઇલના ઘેરાવાવાળું પીચોલા સરોવર જોવા લાયક છે.

ઉદૃલ ૧. [અ. ઉદ્ (અત્તરનું ઝાડ)] પું. લોબાન; એક અત્તરના ઝાડનો સુગંધી ગુંદ.
૨. ન. લોબાનનું તેલ.

ઉદૃલબચ્ચાન પું. એક અત્તરનો ગુંદ.

ઉદૃહ ૧. વિ. ઉન્નતિ પામેલું.
૨. વિ. ઊગેલું.
૩. વિ. ખીલેલું.

ઉદૃહ ૧. [સં. ઉદ્ (ઉપર) + દિશ્ (બતાવવું)] પું. નિશાની; ચિહ્ન.
૨. [સં. ઉત્ (બહાર) + દેશ (પ્રદેશ)] પું. પરદેશ.
૩. પું. સંદેશ; ખબર.

ઉદૃહીક (ઉદ્દેસીક) ન. એક અત્તરનું કસ્તૂરિયાનું.

ઉદેપુર ૧. [હિં.] પું. નવા ખબર.
૨. પું. નિશાની; ચિહ્ન.
૩. પું. પરદેશ.

ઉદેસવું જુઓ ઉદ્દેસવું.

ઉદેસાલમ ન. એક દવા; એક અત્તરના છોડનું કંદમૂળ; 'પીઓનિ રોસ'. તેના છોડને જે પાંખિયાંવાળાં પાન અને મોટાં સુંદર લાલ ફૂલ હોય છે. તેને બારી વાર બે વખત ફૂલ આવે છે.

ઉદેહી સ્ત્રી. ઊપરવટ.

ઉદૈ [સં. ઉદય] પું. (હિંદી) ઉદયના અર્થમાં કવિતામાં વપરાતો શબ્દ.

ઉદો ૧. પું. આખલો.
૨. [સં. ઉદય] પું. ઉદય; અજવાળ.
૩. પું. ભાંગલી રંગ.
૪. પું. સોલંકી વંશના કરણ રાજાનો ઉદય નામનો પ્રધાન. તેણે કર્ણાવતી નગરીમાં ઉદયવરાહ નામનું જૈન મંદિર બંધાવી તેમાં ત્રણે કાળના ચોવીસ તીર્થંકરની મૂર્તિની સ્થાપના કરાવી હતી.
૫. વિ. કાળાશ પડતું; આછું વાદળી; ધુમ્મા આસમાની રંગનું.
૬. વિ. પ્રકટ; ખુલ્લું.

ઉદોઉદો ૧. વિ. આસમાની રંગનું; ધૂંધું
૨. [સં. ઉદય (અજવાળું) + ઉદય (ચડતી)] જા. પ્ર. જય હો જય હો, ઉદય હો ઉદય હો જેવા અર્થનો દેવી પાસે બોલાતો શબ્દ.

ઉદોજસ [સં. ઉદ્ (ખાલું) + ઓજસ્ (બળ)] વિ. બહુ શક્તિવાળું.

ઉદોત ૧. [સં. ઉદ્યોત (તેજ)] પું. પ્રકાશ; તેજ; અજવાળું.
૨. વિ. અજવાળું; અજવાળું; પ્રકાશિત.
૩. વિ. શુભ; ઉત્તમ.

ઉદોતકર [સં. ઉદ્યોત (પ્રકાશ) + કર (કરનાર)] વિ. (હિંદી) પ્રકાશ કરનું.

ઉદોતી [સં. ઉદ્યોત (તેજ)] વિ. તેજ કરનાર.

ઉદોજવાની ૧. પું. નાઉંસાહ; હોજરો; પાચવો.
૨. [સં. ઉદય (અજવાળ) + જવાની (રેખી)] જા. પ્ર. રેખી જવાનીનો જય હો.

ઉદોર્ધ્વસ [સં. ઉદન્ (પાણી) + ઊર્ધ્વ (ઊન) + વસા (ચરબી)] સ્ત્રી. ઊનની પાણીવાળી ચરબી; 'લેનોલિન'. સાબરસ્વ રીતે પીળાં, વાસ, ઊન વગેરેમાંથી મળતો, મીણ (મેસેરાસ્ટરિન) અને ચરબીવાળા તેજાબનો ભભરેલ મીશ્રણો પદાર્થ. વેપાર માટે ઊનમાંથી બનાવવામાં આવે છે. આમાંથી બોકમ ચુસાઈ જતો હોવાથી મલમ માટે તે ખૂબ વપરાય છે.

ઉદી ૧. [સં. ઉદન] પું. (હિંદી) ઉદય.
૨. વિ. (ડિંગળ) પ્રગટ થયેલું.

ઉદૌન [સં. ઉદ (પાણી) + ઓદન (ચોખા)] પું. માત્ર પાણીમાં રાંધેલા ચોખા.

ઉદ્‌ ૧. પું. (જૈન) પક્ષ.
૨. પું. (જૈન) મોક્ષ.
૩. પું. (જૈન) સર્વ.
૪. [સં. ઉદન્‌] ન. પાણી; જલ.
૫. ન. ખેરાકને નવડાવવાનું અને ઢીલી બાંધવાનું પાણી.
૬. અ. અતિક્રમણ બોધતો ૬૮ પ્રકાર જેવું એમ જણાવતો પૂર્વગ બોધતો શબ્દની આગળ આવનાર ઉપસર્ગ જેવો શબ્દ. જેમકે, ઉત્ક્રાંત; ઉત્કેન્દ્ર; ઉત્ક્રમણ; ઉત્તીર્ણ.
૭. અ. અભાવ બતાવનાર ઉપસર્ગ. જેમકે, ઉદ્વાસન; ઉદ્વેગ; ઉદ્વેગ.
૮. અ. અવળાપણું, વિરોધ કે નાશરાપણું બતાવતો પૂર્વગ. જેમકે, ઉત્પત્ય; ઉદ્‌ર્તન.
૯. અ. ઉત્કર્ષના અર્થવાળો પૂર્વગ. જેમકે, ઉદ્‌બોધન; ઉદ્‌ગતિ, ઉદ્‌ઘટ; ઉદ્‌ભસ્તા; ઉદ્દીપક.
૧૦. અ. ઉપર, ઊંચે એવો અર્થ દર્શાવતો પૂર્વગ. જેમકે, ઉદ્‌ગમન; ઉદ્‌માન; ઉદ્‌ગ્રીવ; ઉત્તાન.
૧૧. અ. જોરદાર એવો અર્થ બતાવતો પૂર્વગ. જેમકે, ઉદ્‌ઘોષણા; ઉદ્‌ઘોષ; ઉત્કટ; ઉત્કીર્તન.
૧૨. અ. દોષના અર્થવાળો ઉપસર્ગ બોધતો ધાતુ કે ધાતુપ્રધિન નામોની આગળ મુકાતો અવ્યય. જેમકે, ઉન્માર્ગ.
૧૩. અ. પ્રકાર જેવા અર્થમાં નામની પહેલાં વપરાતો પૂર્વગ. જેમકે, ઉચ્ચારણ; ઉદિષ્ટ; ઉદ્‌પિન; ઉત્સર્ગ.
૧૪. અ. પ્રબળતા દર્શાવતો પૂર્વગ. જેમકે, ઉત્તમ; ઉદ્વેગ.
૧૫. અ. બહાર જેવો અર્થ દર્શાવતો ઉપસર્ગ. જેમકે, ઉદ્‌ભવ; ઉત્પાત; ઉદ્‌ભિજ્જ; ઉદ્‌ભેદ.
૧૬. અ. મુખ્યપણું બતાવનાર ઉપસર્ગ. જેમકે, ઉદ્યોગ.

ઉદ્‌ધિ પું. પેશાવર વિભાગમાં સિંધુના દક્ષિણ કિનારે અને અટકથી ઉત્તરમાં પંજર મકર્તિ દૂર આવેલું સિંદ જમવા ઉદ્‌ધ શહેર. તે સાહિમ રાજાઓના વખતમાં ગાંધારની રાજધાની હતું.

ઉદ્‌ગત ૧. [સં. ઉદ્‌ (બહાર) + ગત (ગયેલું)] ન. બહાર નીકળતો ભાગ.
૨. વિ. ઉત્પન્ન થયેલ; નીકળેલું; ઉત્પન્ન.
૩. વિ. ઉદય પામેલું; ઉદિત.
૪. વિ. ઉપર ગયેલું; ચડેલું.
૫. વિ. ઊગેલું; ખીલેલું; ફાલેલું.
૬. વિ. ઊંચું.
૭. વિ. પ્રબળ; જોરદાર.
૮. વિ. ફેલાયેલું; વ્યાપ્ત.
૯. વિ. મળેલું; પ્રાપ્ત.
૧૦. વિ. વમન કરેલું; ઓકેલું.

ઉદ્‌ગતપૃત્તિક [સં. ઉદ્‌ગત (ઊપડેલું) + વૃત્તિ (આજીવિકા) + ક (સ્વાર્થ)] વિ. સર્વ ઊભા પછી ખોરાક લેવાની ટેવવાળું.

ઉદ્‌ગતશરીર [સં. ઉદ્‌ગત (ઊપડેલું) + શરીર (કાયા)] વિ. ઊંચા શરીરવાળું.

ઉદ્‌ગતશૃંગ ૧. [સં. ઉદ્‌ગત (નીકળેલું) + શૃંગ (શીંગડું)] પું. ઊંચાં શીંગડાંવાળું જનાવર.
૨. વિ. ઊંચા શીંગડાંવાળું.

ઉદ્‌ગતસ્નેહત્વ [સં. ઉદ્‌ગત (આગળ પડતું) + સ્નેહ (ચરબી) + ત્વ (પણું)] ન. ઝાઝામાં આગળ પડતું હોવાપણું.

ઉદ્‌ગતા ૧. પું. (પિંગળ) એક જાતનો આપરો છંદ.
૨. પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એક છંદ. તેના પહેલા ચરણમાં સગણ, જગણ, સગણ અને લઘુ, બીજા ચરણમાં નગણ, સગણ, જગણ અને ગુરુ એમ દસ દસ અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, નગણ, જગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને ચોથા ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય. બીજા રચના પ્રમાણે તેના ત્રીજા ચરણમાં જગણ, નગણ, જગણ, અને ગુરુ મળી દસ અક્ષર આવે છે.

ઉદ્‌ગતાર્ઘ [સં. ઉદ્‌ગત (ઊપડેલું) + અર્ઘ (વસ્તુ)] પું. પડાંપડાં પણ લોક વગેરે વધવાથી કીમત વધી ગઈ હોય તેવી ચીજ કે વાપણ.

ઉદ્‌ગતાસુ [સં. ઉદ્‌ગત (ગયેલ) + અસુ (પ્રાણ)] વિ. મરી ગયેલ; મૃત.

ઉદ્‌ગતિ ૧. [સં. ઉદ્‌ (ઊર્ધ્વ) + ગમ્‌ (જવું)] સ્ત્રી. ઉત્પત્તિ; ઉપજ.
૨. સ્ત્રી. ઉદય; ઉગમણ.
૩. સ્ત્રી. ઊંચે જવું તે; ઊર્ધ્વગતિ.
૪. સ્ત્રી. ચઢાવ.
૫. સ્ત્રી. દેખાવાપણું; આવિર્ભાવ.
૬. સ્ત્રી. મૃત્યુ.
૭. સ્ત્રી. વમન; ઊલટી.

ઉદ્‌ગમ ૧. [સં. ઉદ્‌ (ઉપર) + ગમ્‌ (જવું)] પું. ઉત્પત્તિસ્થાન; મૂળ.
૨. પું. ઉન્નતિ; ચઢતી.
૩. પું. ઊગવું તે; ઉત્પત્તિ; બહાર નીકળવું તે; ઉદય.
૪. પું. ઊપજ; દેખા; ઉદ્‌ભવ; આવિર્ભાવ.
૫. પું. ઊભરો; ઊભરાકો.
૬. પું. ઊભા રહેવું તે.
૭. પું. ચડવું તે, ઊંચે જવું તે.
૮. પું. દીવાદા; સાંઠ જેવો કઠણ સોનેરી.
૯. પું. નદીનું મૂળ.
૧૦. પું. (જ્યોતિષ) પરિવેષને ત્રિજ્યા મળે તે બિંદુ.
૧૧. પું. પેદાશ; ઉત્પત્તિ.
અત્ર ઉદ્‌ભવ ઉદ્‌ગમ જનન જનિ ઉત્પત્તિ એ નામ; જન્મ સાથ તેહિ આણિએ ચારમેં મુંડસ્યામ.
પિંગળપ્રકાશ
૧૨. પું. પ્રસ્થાન; બહાર જવું તે.
૧૩. પું. કણસો; પીલો; અંકુર.
૧૪. પું. વમન; ઊલટી.
૧૫. પું. શરૂઆત; આરંભ.
૧૬. પું. (જૈન) સાધુને માટે ખોરાક બનાવતાં શરૂઆતથી લાગતો દોષ. તેવા સોળ દોષ છે: ૧. ઔદ્દેશિક, ૨. અધ્યધિ, ૩. પૂતિ, ૪. મિશ્ર, ૫. સ્થાપિત, ૬. બલિ, ૭. પ્રાવર્તિત, ૮. પ્રાદુષ્કરણ, ૯. ક્રીત, ૧૦. પ્રામૃત્ય, ૧૧. પરિવર્ત, ૧૨. અભિહટ, ૧૩. ઉદ્‌ભિન્ન; ૧૪. માલાપહૃત, ૧૫. આચ્છેદ્ય, ૧૬. અનિસૃષ્ટ.
૧૭. પું. સૂર્યોદય.

ઉદ્‌ગમકાલ [સં. ઉદ્‌ગમ (આરંભ) + કાલ (વખત)] પું. શરૂઆતનો વખત.

ઉદ્‌ગમક્ષુણ [સં. ઉદ્‌ગમ (શરૂઆત) + ક્ષુણ (ચૈતુરાઈની ઉંદરી)] પું. બનાવમાં વિઘ્નપ્રકાર; પનોદ; પનપ્રસ્થ.

ઉદ્‌ગમન ૧. [સં. ઉદ્‌ (બહાર) + ગમ્‌ (જવું) + અન (ક્રિયા)] ન. ઉત્પત્તિ.
૨. ન. ઉદય; ઊગવું તે.
૩. ન. ઉન્નતિ; ચઢતી.
૪. ન. ઊંચે ગમન; ચડવું તે.
૫. ન. તારાનું ખરવું તે.
૬. ન. દેખાવું તે; આવિર્ભાવ.

ઉદ્‌ગમનકોશ [સં. ઉદ્‌ (ઊંચું) + ગમન (જવાપણું) + કોશ (સાધન)] ન. ઊંચું ચડવાનું સાધન; ઊંચકવાની યાંત્રિક રચના; 'લિફ્ટ'.

ઉદ્‌ગમનયંત્ર [સં. ઉદ્‌ (ઊંચું) + ગમન (જવું તે) + યંત્ર (સાધન)] ન. ઊંચું ચડવાનું સાધન; 'લિફ્ટ'.

ઉદ્‌ગમનીય ૧. વ. પોષેલાં કપડાંની જોડ.
૨. [સં. ઉદ્‌ (ઊંચું) + ગમનીય (જવા જેવું)] વિ. ઊંચે જઈ શકાય એવું.

ઉદ્‌ગમપ્રહણ [સં. ઉદ્‌ગમ (મૂળ) + ગ્રહણ (વહેણ)] ન. મૂળમાંથી વહેતું તે.

ઉદ્‌ગમસ્થાન ૧. [સં. ઉદ્‌ગમ (ઉત્પત્તિ) + સ્થાન (ઠેકાણું)] ન. ઉત્પન્ન થવાનું ઠેકાણું. ૨. [સં. ઉદ્‌ગમ (ઉત્પન્ન) + સ્થાન (ઠેકાણું)] ન. ઊગવાનું ઠેકાણું.

ઉદ્‌ગર્દિકની ન. સહિમાલયના એક શિખરનું નામ.

ઉદ્‌ગલિતક પું. (પિંગળ) છ માત્રા, અગણ, ચાર માત્રા, અગણ, ચાર માત્રા, અગણ અને ચાર માત્રા મળીને કુલ ત્રીસ માત્રાનો એક ગલિતક માત્રામેળ છંદ. તેમાં ત્રીજા અને પછી દર બીજી માત્રાએ તાલ આવે છે.

ઉદ્‌ગવિ ૧. [સં. ઉદ્ (પાછું) + ગવ (વાસ) + ઇન્ (વાળું)] વિ. આકરી વાસવાળું.

૨. વિ. સુગંધિત; ખુશબોદાર.

ઉદ્‌ગાઢ ૧. [સં. ઉદ્ (પણ) + ગાઢ (પાકું)] વિ. અતિશય; અત્યંત; બહુ જ.

૨. વિ. અધિક; બહુ; વધારે.

૩. વિ. તંદુરસ્ત.

૪. વિ. સ્વસ્થ.

ઉદ્‌ગાતા ૧. [સં. ઉદ્ (ઊંચું) + ગાત્ (ગાનાર)] પું. યજ્ઞના ચાર મુખ્ય ઋત્વિજોમાંનો એક; નિર્ભેલા દેવતાને પ્રસન્ન કરવા માટે સામવેદના મંત્રોનું ગાન કરનાર ઋત્વિજ; સામવેદની ઋચા ગાવા માટે યજ્ઞમાં વરાયેલો બ્રાહ્મણ; સામપાઠી આચાર્ય.

યજ્ઞમાં હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા અને બ્રહ્મા એવા ચાર મુખ્ય ઋત્વિજો હોય છે.

લોકમાન્ય તિલક

૨. પું. (પુરાણ) સ્વયંભૂ મંવંતર પ્રજાપતિના યજ્ઞમાંના પ્રતીહ વંશના ઋષભોનો સૌથી નાનો દીકરો. યજ્ઞકર્મમાં તે બધો હોશિયાર હોવાથી એનું આ નામ પડ્યું હતું.

૩. વિ. ઉદ્‌ગીત સ્વરને બદલે સામવેદના ઊંચે અવાજે ગવાતા ગીતને ગાનાર.

૪. વિ. ઊંચે સાદે ગાનાર.

૫. વિ. ઊંચે સાદે વેદનો પાઠ કરતુ.

ઉદ્‌ગાતિત્ર ન. મિનારા દીવાલ વગેરે તોડી પાડવા લશ્કરમાં વપરાતું એક જાતનું હથિયાર.

ઉદ્‌ગાત્ર [સં. ઉદ્ (મોટો) + ગાત્ (ગાનાર)] પું. વૈદિક યજ્ઞ વખતે સામ ગાનાર એક ઋત્વિજ; ઉદ્‌ગાતા; સામવેદ બોલનાર મોર.

ઉદ્‌ગાત્રી [સં. ઉદ્ (મોટો) + ગાત્ (ગાનાર)] પું. સામવેદનો ગાનાર; ઉદ્‌ગાતા. યજ્ઞના ચાર ઋત્વિજ: હોત્રી (ઋગ્વેદ), અધ્વર્યુ (યજુર્વેદ), ઉદ્‌ગાત્રી (સામવેદ) ને બ્રહ્મા (અથર્વવેદ). યજ્ઞકર્મમાણના એ પ્રધાન પુરુષોને માટે અમુક અમુકને એકના ચાર વેદ કીધા, ને તેથી તે વેદઅભ્યાસ કહેવાયા.

ઉદ્‌ગાથ [સં. ઉદ્ (ઊંચું) + ગાથા (ગાયન)] સ્ત્રી. (પિંગળ) ઉગ્રતા; ગીતિ; આર્યા છંદનો એક ભેદ. તેના વિષમ પાદમાં બાર અને સમમાં અઢાર માત્રા હોય છે. વિષમ ચરણોમાં જગણ હોતો નથી.

ઉદ્‌ગાન [સં. ઉદ્ (ઊંચું) + ગાન (ગવું)] ન. સામવેદની ઋચા ગાવી તે.

ઉદ્‌ગામી ૧. પું. ઊર્ધ્વગમન; વિદ્યુતથી વિશ્લેષ કરેલ પદાર્થનો ઋણવિદ્યુત્-પ્રવાહ અવયવ; 'એનાયન'.

૨. વિ. અંદર અથવા તરફ લઈ જતું; 'ઇન્ટર્નલ'.

૩. વિ. ઊગતું, દેખાતું.

૪. [સં. ઉદ્ (ઊંચું) + ગમ્ (જવું) + ઇન્ (વાળું)] વિ. ચાલતું, ઊંચે જતું.

૫. વિ. બહાર નીકળતું.

ઉદ્‌ગામીબ્જૂહદંત્ર [સં. ઉદ્‌ગામિન્ (ઊંચે જતું) + બૃહદ્ (મોટું) + અંત્ર (આંતરડું)] ન. જેના બહારના આવરણ કરતાં કરી ગ્રહણના નીચલા તળિયા સુધી જતો મોટા આંતરડાનો ભાગ; બરછટ નળ.

ઉદ્‌ગામોબ્જૂહદ્‌ધમની [સં. ઉદ્ (ઊંચું) + ગામિન્ (જતું) + બૃહત્ (મોટું) + ધમની (લોહી લઈ જતી નળી)] સ્ત્રી. આરોહી મહાધમની; મહાધમનીનો ઊંચે જતો ભાગ. તે હૃદયના ડાબા નિલય (કર્ણિકા)માંથી લોહી બહાર આવી રીતે સહેજ ઊંચે જાય છે.

ઉદ્‌ગાર ૧. [સં. ઉદ્ (બહાર) + ગૃ (અવાજ કરવો)] પું. અવાજ; ઉચ્ચાર; શબ્દ; બોલ.

૨. પું. આવર્ત; ઝળઝળી.

૩. પું. ઊલ્ટી; પ્રવાહી પદાર્થનો ઊભરો.

૪. પું. ઓડકારની સાથે પેટમાંથી નીકળતી ખારી પાતળી કફનસ્રાવી.

૫. પું. ઓડકાર; ઝકર; કોઠામાં રોકેલા ઉદાન વાયુનો કોપ થવાથી અન્નના પેટનો વાયુ મોંમાંથી નીકળતાં થતો 'ઠ' જેવો અવાજ.

૬. પું. ઓડકારની સાથે પેટમાંથી મોંમાં આવતું અન્નાજ કે પાણી; ઝકરકો.

૭. પું. કોઈની વિરુદ્ધ થયા દિવસથી છુપાવી રાખેલી હકીકત કે વાત જાહેર કરવાપણું.

૮. પું. ઘોર શબ્દ; મોટો અવાજ.

૯. પું. થૂંક; કફ.

૧૦. પું. પ્રકટ; જાહેરાત.

૧૧. પું. પ્રવાહ.

૧૨. પું. વમન; ઊલટી.

૧૩. પું. વમન કરેલી ચીજ; ઓકવું.

૧૪. પું. હર્ષ, શોક, ગભરાટ, આશ્ચર્ય વગેરે થવાથી એકદમ મુખ વાટેથી નીકળતા બોલ. જેમકે, અહો, અધધધ, અરે, ઓહ, ઓચરે, ઓમ!

૧૫. વિ. અધિકતા; અધિકપણું; વધારો.

૧૬. વિ. મોટું જોરું.

ઉદ્‌ગારકર્મણિ પું. પ્રવાહ; પરવાળું.

ઉદ્‌ગારચિહ્ન [સં. ઉદ્ (બહાર) + ગૃ (બોલવું) + ચિહ્ન (નિશાની)] ન. આશ્ચર્ય વગેરે લાગણી બતાવનારી '!' આવી નિશાની.

ઉદ્‌ગારણ [સં. ઉદ્ (બહાર) + ગૃ (કાઢવું)] ન. વમન કરવાપણું.

ઉદ્‌ગારવાચક [સં. ઉદ્ (બહાર) + ગૃ (બોલવું) + વાચક (બતાવનાર)] વિ. લાગણીથી બોલાયેલો બોલ બતાવનારું.

ઉદ્‌ગારવાચકચિહ્ન [સં. ઉદ્‌ગાર (લાગણીથી બોલેલ શબ્દ) + વાચક (બતાવનાર) + ચિહ્ન (નિશાની)] ન. આશ્ચર્ય વગેરેની લાગણી સૂચવતો બોલાયેલ બોલ બતાવનારી નિશાની. જુઓ ઉદ્‌ગારચિહ્ન.

ઉદ્‌ગારશોધન ૧. [સં. ઉદ્‌ગાર (ઓડકાર) + શોધન (દૂર કરવું તે)] પું. કણોજરી.

૨. પું. સોડ દૂર; પેટ દૂરક.

ઉદ્‌ગારશોધની [સં. ઉદ્ (બહાર) + ગૃ (અવાજ કરવો) + શોધન (વધારવું) + ઈ] સ્ત્રી. દૂર; દૂરક. પેટમાં તે બનાવની શુદ્ધિ કરી ઓડકાર લાવનાર હોવાથી તેને ઉદ્‌ગારશોધની કહે છે.

ઉદ્‌ગારશોધિની [સં. ઉદ્ (બહાર) + ગૃ (અવાજ કરવો) + શોધિન્ (દૂર કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દૂર. જુઓ ઉદ્‌ગારશોધની.

ઉદ્‌ગારસ્રાવક [સં. ઉદ્‌ગાર (ઓડકાર) + આસ્રાવ (ઝરણ) + ક (વાળું)] વિ. નિષ્પ્રાણ; બરબરિયું; બરબરિયું; મનમાં હોય તે કહી દેનારું.

ઉદ્‌ગારી ૧. પું. (જ્યોતિષ) બૃહસ્પતિના બારમા કુલનું બીજું વર્ષ; રક્તોદ્‌ગારી. તેમાં રાજક્ષય અને અનિયમિત વરસાદ થાય.

૨. [સં. ઉદ્ (બહાર) + ગૃ (અવાજ કરવો) + ઇન્ (વાળું)] વિ. ઓડકાર આનાર.

૩. વિ. જાહેર કરવાવાળું.

૪. [સં. ઉદ્ (વિરુદ્ધ) + ગૃ (ગળી જવું)] વિ. બહાર કાઢનાર; ઓકનાર.

ઉદ્‌ગારો પું. હૂક; આંકડિયો; અર્ગલ; આંકડી.

ઉદ્‌ગાહ ૧. [સં. ઉદ્ (ઊંચું) + ગાહ્ (અંદર જવું)] પું. ઉદ્‌ગાર; ઓડકાર.

ર. પું. (પુરાણ) એક વાનરનું નામ.
૩. પું. વમન; ઊલટી.

ઉદ્ગિરણ ૧. નં. ઓડકાર.
૨. ન. ચૂંકવું તે.
૩. ન. નાશ.
૪. [સં. ઉદ્ (અવ્યય) + ગૃ (અર્થ)] ન. વમન; ઊલટી.

ઉદ્ગીત ૧. [સં. ઉદ્ (ઉત્) + ગૈ (ગાવું)] પું. (સંગીત) અક્ષરસમાંનો આઠમો વર્ણોચ્ચાર; સિતાર જેવાસમાં ઉપયોગી એક આરોહી અવરોહી સ્વરસંકેત; પહેલો સ્વર બે વાર, બીજો એક વાર અને ત્રીજો દીર્ઘ સ્વરનો ઉચ્ચાર કરી ત્રણ ત્રણ સ્વર અનુક્રમે સાથે લેવામાં આવે તે અલંકાર. જેમકે,
સ સ રિ ગા | રિ રિ ગ મા | ગ ગ મ પા | મ મ પ ધા | પ પ ધ ની | ધ ધ નિ સા.
અવરોહમાં આ નિયમ પ્રમાણે ઊલટાથી સ્વર લેવાય છે.
૨. ન. ઊંચે અવાજે કરેલું ગાન.
૩. ન. મોટે સ્વરે ગાયેલું સામવેદનું ગીત.
૪. ન. (સંગીત) સ્વરનું એક નામ.
૫. વિ. મોટેથી ગાયેલું.

ઉદ્ગીત અવરોહી [સં. ઉદ્ગીત (સંગીતમાં એક આરોહી અલંકાર) + અવરોહી (ઊતરતું)] પું. (સંગીત) પહેલો સ્વર બે વાર, બીજો એક વાર અને ત્રીજો સ્વર દીર્ઘ ઉચ્ચારી ત્રણ ત્રણ સ્વર એક સાથે ઊતરતા ક્રમમાં લેવાય તે અલંકાર. જેમકે,
સ સ નિ ધા | નિ નિ ધ પા | ધ ધ પ મા | પ પ મ ગા | મ મ ગ રી | ગ ગ રિ સા.

ઉદ્ગીતિ ૧. સ્ત્રી. (પિંગળ) એક માત્રામેળ છંદ; વિશ્રામ; વિરામ; વિશ્રામ. તેના પહેલા અને ત્રીજા પાદમાં બાર, બીજામાં પંદર અને ચોથામાં અઢાર મળી સત્તાવન માત્રા અને પંદર તાલ હોય છે. આ છંદ આર્યા કે ગાથા છંદને ઊલટાવવાથી થાય છે.
પ્રથમ લઘુ સત્તાવીસ, બીજે ત્રિશ કલ ગણો આઠો. આર્યા વિલોમ ઉદ્ગીતિ, બે જ વિશ્રામ વિશ્રામ પણ બાંધો. ઋષિપિંગલ
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગીતિ (ગાન)] સ્ત્રી. મોટેથી ગવું તે; ઊંચે સ્વરે ગવાતું ગાન.
૩. સ્ત્રી. સામવેદની ઋચાનું ગાન; ઉદ્ગીથ.

ઉદ્ગીતિકુકુભિની પું. (પિંગળ) ઉદ્ગીતિ અને રોલા મળીને થતો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ઉદ્ગીતિની ૫૭ અને રોલાની ૬૧ મળી ૧૫૪ માત્રા હોય છે.

ઉદ્ગીથ ૧. પું. (પુરાણ) ઊર્જાની બે બહેનો પૈકી બીજી બહેનનો સ્વયંભૂ મન્વંતરના મારીચિ ઋષિનો બીજો દીકરો. બ્રહ્મા બ્રહ્મમાં તે કુશધ્વજ કુટુંબમાં જન્મ્યો હતો.
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગીથ (ગાયન)] પું. સામગાનનો બોલાતો ભાગ ગાનાર.
૩. પું. સામવેદના મંત્ર ગાવાની એક રીત.
૪. પું. સામવેદની ઋચાઓનું ગાન.
૫. પું. સામવેદનો પ્રવક્તા; ઉદ્ગાતા.
૬. પું. સામવેદનો બીજો ભાગ.
૭. પું. (પુરાણ) સ્વયંભૂમંડળના ઋગ્વેદીય પુરાણો ભૃગુરાજાને ઋષિપુત્ર નામની બીજી પત્નીથી દીકરો.

ઉદ્ગીથવેત્તા ૧. [સં. ઉદ્ગીથ (સામગાન) + વેત્તૃ (જાણનાર)] પું. ઓંકાર બોલતો ગાતા, વિષ્ણુ અને બ્રહ્મને જાણનાર.
૨. [સં. ઉદ્ગીથ (સામવેદની ઋચા ગાનાર) + વેત્તૃ (જાણનાર)] પું. સામવેદની ઋચાઓ ગાઈ જાણનાર.
૩. [સં. ઉદ્ગીથ (સામવેદનો બીજો ભાગ) + વેત્તૃ (જાણનાર)] પું. સામવેદનો બીજો ભાગ જાણનાર.

ઉદ્ગીરણ ૧. [સં. ઉદ્ (ઉપર) + ગૃ (બોલવું)] પું. બોલાઈ ગયેલું તે.
૨. પું. વમન; ઊલટી.

ઉદ્ગીર્ણ ૧. [સં. ઉદ્ (ઉપર) + ગીર્ણ (ગળેલું)] વિ. ઓકી કાઢેલું; વમન કરેલ.
૨. વિ. બહાર કાઢેલ; ધૂંકેલું.

ઉદ્ગૂર્ણ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગૂર્ણ (ઉપાડવું)] વિ. ઊંચું કરેલ; ઉપાડેલ.
૨. વિ. તૈયાર; ઊભું.

ઉદ્ગૃહ ૧. [સં. ઉદ્ (બહાર) + ગૃહ (ઘર)] પું. સંન્યાસી.
૨. [સં. ઉદ્ (બહાર) + ગૃહ (ઘર)] વિ. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરનાર; ત્યાગી.

ઉદ્ગ્રથિત [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રથિત (ગૂંથેલું)] વિ. ગૂંથેલું.

ઉદ્ગ્રભણ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રભણ (પકડવું તે)] ન. ઊંચું કરીને ગરસાથી કરેલ પકડ.
૨. ન. ઊંચેથી આપવું તે.
૩. ન. દાન; સખાવત.

ઉદ્ગ્રહણ ૧. પું. ઉપાડવાનું કામ કરનાર કારકુન.
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રહ (લેવું) + અન (પ્રત્યય)] ન. ઊંચું કરીને ગરસાથી પકડવું તે.
૩. ન. ઊંચું લઈ જઈને આપવું તે.
૪. ન. ઓડકાર.
૫. ન. ધાર્મિક વિધાથી બળવા તેવી રીતે કોઈ મેળવવાપણું.
૬. ન. લઈ લેવાપણું.

ઉદ્ગ્રંથ ૧. [સં. ઉદ્ (ઉપરનું) + ગ્રંથિ (ગાંઠ)] પું. છુટકારો; મુક્તિ.
૨. [સં. ઉદ્ (બાંધી) + ગ્રંથ (પુસ્તક)] પું. પ્રકરણ; વિભાગ.
૩. પું. બેતરી તરકિ બેસું કરેલું પાન.
૪. વિ. છૂટું; બંધનથી મુક્ત.

ઉદ્ગ્રંથિ [સં. ઉદ્ (ઉપરનું) + ગ્રંથિ (ગાંઠ)] વિ. દુનિયાદારીથી મુક્ત; સંસારની જંજાળ વગરનું.

ઉદ્ગ્રાહક જુઓ ઉદ્ગ્રહણ.

ઉદ્ગ્રાહ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રાહ (લેવાપણું)] પું. ઊંચકવાપણું.
૨. પું. ઊંચેથી આપવું તે.
૩. પું. એક જાતનો વાદ.
૪. પું. ઓડકાર.
૫. પું. કાલિદાસે આપેલ જવાબ; પ્રત્યુત્તર.
૬. પું. (સંગીત) રાગના ચાર ભાગો પૈકી પહેલો ભાગ; સ્થાયી; રાગાલાપના ચાર ભાગોનું સરવાળાનું પરિણામ.
૭. પું. લઈ લેવું તે.
૮. [સં. ઉદ્ (બહાર) + ગ્રાહ (લેનારી)] પું. બેતરી તરકિ બેસું કરેલું બનાવટ.
૯. પું. વાંધો.

ઉદ્ગ્રાહપ્રતિગ્રહ [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રાહ્ય (લેવું તે) + પ્રતિ (પાછું) + ગ્રહ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પારસ; પારસમો.

ઉદ્ગ્રાહિણી [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રાહિણી (લેનારી)] સ્ત્રી. ભાગની દોરી; પાસ.

ઉદ્ગ્રાહિત ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ગ્રાહિત (લેવાયેલું)] વિ. ઉપાડેલું, ઊંચું લીધેલું.
૨. વિ. ઉમદા; ઉત્તમ.
૩. વિ. ખાતરી કરાવેલ; વિશ્વાસ પમાડેલ.
૪. વિ. ગ્રહણ કરાવેલ; લેવડાવેલ.
૫. વિ. પકડેલ.
૬. [સં. ઉદ્ (બહાર) + ગ્રાહિત (લેવડાવેલું)] વિ. બહાર કાઢેલ.
૭. વિ. બાંધેલું; બંધ.
૮. વિ. યાદ રાખેલ, સ્મરણ કરેલું.
૯. વિ. લઈ લીધેલું.
૧૦. વિ. સોંપેલું.

૧૧. [સં. ઉદ્ (ઉપર) + આહિત (મૂકેલું)] વિ. રચાયેલ; મૂકેલ.

ઉદ્ઘાહી ૧. વિ. ઉપાડનાર.
૨. [સં. ઉદ્ (ઉપર) + આહિન્ (લેનાર)] વિ. ઊંચે લઈ જનિ આપનાર.
૩. વિ. મહત્વ કરનાર.

ઉદ્ગ્રીવ [સં. ઉદ્ (ઊંચું) + ગ્રીવા (ડોક)] વિ. ઊંચી ડોકવાળું; જેણે ડોક ઊંચી કરી હોય એવું; ઉઠેઠ.

ઉદ્ગ્રીવી વિ. ઊંચી ડોકવાળું. જુઓ ઉદ્ગ્રીવ.

ઉદ્ઘ્ન ૧. [સં. ઉદ્ (પાણી) + હન્ (નાશ કરવો)] પું. અગ્નિ; આગ.
૨. પું. નમૂનો; આદર્શ.
૩. પું. પ્રશંસા; વખાણ.
૪. પું. રીંગણીનું ફૂલ.
૫. પું. શરીરની હવા; દેહસ્થ વાયુ.
૬. પું. શ્રેષ્ઠતા; સર્વોત્તમપણું; ઉત્કૃષ્ટતા; સૌથી વધારે સારાપણું
ઘાઢાઘ્નોદ્ઘ = ઘેર ઘાઢાપણું.
૭. પું. મુખ.
૮. પું. હથેલી; હસ્તપૃષ્ઠ.
૯. વિ. વખાણવા જેવું; પ્રશસ્તપાત્ર.

ઉદ્ઘટન ૧. [સં. ઉદ્ (ઉપર) + ઘટ્ (પસવું) + અન (પહું)] ન. વર્ષણ; પસારો.
૨. ન. પ્રહાર; આઘાત; ફટકો.

ઉદ્ઘટ્ટક પું. (સંગીત) તાલના સાઠ માંહેનો એક ભેદ.

ઉદ્ઘટ્ટન ૧. [સં. ઉદ્ (ઉપર) + ઘટ્ (ખસવું) + અન (પહું)] પું. આઘાત, ચોટ; પ્રહાર.
૨. [સં. ઉદ્ઘટ્ટ (ઊઘડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઊઘડવાપણું; ઉઘાડ.
૩. [સં. ઉદ્ (ઉપર.) + ઘટ્ (પસવું) + અન (પહું)] ન. પસારો.
૪. ન. પસારો થાય એવી રીતે હલાવવાપણું.

ઉદ્ઘટ્ટના [સં. ઉદ્ઘટ્ટ (ઊઘડવું) + અન (પહું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઉઘાડ. જુઓ ઉદ્ઘટ્ટન.

ઉદ્ઘટ્ટિત ૧. [સં. ઉદ્ઘટ્ટ (ઊઘડવું) + ક્ત (એલું)] વિ. ઉઘાડેલું; ખોલેલું.
૨. વિ. છૂટું પાડેલું.

ઉદ્ઘન [સં. ઉદ્ (ઉપર) + ઘન (ભાગવાની)] પું. સુતારનું લાગ રાખવાનું પાટિયું; જે પાટિયા ઉપર સુતાર લાકડાં રાખી લાગ કરે તે પાટિયું.

ઉદ્ઘર્ષણ ૧. [સં. ઉદ્ (ઉપર) + ઘૃષ્ (ઘસવું) + અન (પહું)] ન. ઘસવું તે.
૨. ન. ઢાંક.
૩. ન. વસૂર; ખંજવાળ; અસૂજ; અરજ.

ઉદ્ઘર્ષિણી પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, જગણ, સે જગણ અને સે ગુરુ મળી ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વસંતતિલકા.

ઉદ્ઘસ ૧. [સં. ઉદ્ (ઉર્ધ્વ) + ઘસ (ખાવું)] ન. ખાવાની ચીજ.
૨. ન. માંસ.

ઉદ્ઘાટ ૧. [સં. ઉદ્ઘાટ્ (ખૂલું કરવું)] પું. ઉઘાડવું તે; ખોલવાની ક્રિયા.
૨. પું. કૂતર; ધા.
૩. પું. ખુલાસો; સમજૂતી.
૪. પું. ચળવળ; ખળભળાટ.
૫. પું. ચોકી; પહેરેગીરને રહેવાની જગ્યા.
૬. પું. ગાડની; લાકડું લેવાનું મકાન; સુંતીઘર.
૭. પું. રૈંટ.
૮. ન. ચોક; આંગણાની ખુલ્લી જગ્યા.
૯. વિ. કાંધેલ વાસેલું કાંધેલ ઉપાડું; ભોગવ નહિ દીધેલું.

ઉદ્ઘાટક ૧. [સં. ઉદ્ (ઉપર) + ઘટ્ (ઘોચવું)] પું. કૂવામાંથી પાણી કાઢવાનું એક સાધન; અરઘટ્ટ; રૈંટ.
૨. પું. ઝેરકોષ ઘટાડનાર ઔષધ.
૩. [સં. ઉદ્ઘાટ્ (ઉઘાડવું) + અક (કરનાર)] ન. કૂંચી; ચાવી.
૪. ન. પ્રતિબંધ દૂર કરવો તે.
૫. ન. બંધ ખોલવો તે.
૬. વિ. અટકાયત દૂર કરનાર.
૭. વિ. ઉઘાડનાર.

ઉદ્ઘાટન ૧. [સં. ઉદ્ઘાટ્ (ઉઘાડવું) + અન (પહું)] ન. ઉઘાડવાનું સાધન.
૨. ન. કૂંચીથી ઉઘાડવું તે.
૩. ન. ખળભળાટ; ચળવળ.
૪. ન. ખુલાસો; સ્પષ્ટીકરણ; સમજૂતી.
૫. ન. ખુલ્લું મૂકવું તે.
૬. ન. ઘટીયંત્ર; રૈંટ; કૂવામાંથી પાણી કાઢવાનું યંત્ર; પાણી ખેંચવાની ઢોલ અને સાંકળિયું.
૭. ન. ચોક.
૮. ન. ચોકી.
૯. ન. પ્રસિદ્ધિ, પ્રકાશન.
૧૦. ન. પ્રસ્તાવના.
૧૧. ન. બંધકોષ ઘટાડનાર દવા.
૧૨. ન. શરૂઆત; આરંભ.
૧૩. ન. સ્મરણ; યાદગારી.

ઉદ્ઘાટનક્રિયા [સં. ઉદ્ઘાટન (ખૂલું મૂકવાપણું) + ક્રિયા (વિધિ)] સ્ત્રી. ઉઘાડવાની વિધિ; ખુલ્લું મૂકવું તે.

ઉદ્ઘાટનસમારંભ [સં. ઉદ્ઘાટન (ખૂલું મૂકવાપણું) + સમારંભ (ઉત્સવ)] પું. ખુલ્લું મૂકવાની ક્રિયા વખતનો ઉત્સવ.

ઉદ્ઘાટિત ૧. પું. (સંગીત) અઠ્ઠાવન માત્રાનો ચોત્રીસમો શબ્દનો અલંકાર.
૨. [સં. ઉદ્ઘટ્ટ (આરંભેલું)] વિ. આરંભેલું.
૩. [સં. ઉદ્ઘાટ્ (ઉઘાડવું) + ક્ત (એલું)] વિ. ઉઘાડેલું.
૪. [સં. ઉદ્ (ઉપર) + ઘટ્ (ઘન કરવો)] વિ. પ્રેરણાથી કરેલું.
૫. [સં. ઉદ્ઘટ્ટ (સ્પષ્ટ કરવું)] વિ. સ્પષ્ટ કરેલ; સમજાવેલ.

ઉદ્ઘાટિતજ્ઞ [સં. ઉદ્ઘાટિત (સ્પષ્ટ) + જ્ઞ (જાણનાર)] વિ. વિદ્વાન; પંડિત; જ્ઞાની.

ઉદ્ઘાટિતતાલ પું. (સંગીત) એક તાલનું નામ.

ઉદ્ઘાટિતાવરોહ પું. (સંગીત) સંચારી અલંકારો માંહેનો એક અવરોહી અલંકાર. તેના કોટડીના બોલઃ સ ધ સ ધ સ નિ ધ પ / નિ પ નિ પ નિ ધ પ મ / ધ મ ધ મ ધ પ મ ગ / પ મ પ મ પ મ રિ / મ રિ મ રિ મ ગ રિ સ।

ઉદ્ઘાટિતાંગ [સં. ઉદ્ઘાટિત (ખૂલું) + અંગ (શરીર)] વિ. નાગું; નગ્ન.

ઉદ્ઘાટિની [સં. ઉદ્ઘાટ્ (ઉઘાડવું) + ઘન્ (પાણી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ચાવી; કૂંચી.

ઉદ્ઘાટ્ય [સં.] પું. પોલીસ ચોકીનું મકાન; ઉદ્ઘાટ.

ઉદ્ઘાત ૧. [સં.] પું. આરંભ; શરૂઆત.
૨. પું. ઉલ્લેખ; કથન.
૩. પું. ઊંચે જવાપણું.
૪. પું. (રોગ) કુલક, પૂરક અને રેચક એ પ્રાણાયામની ક્રિયા વારંવાર કરવી તે.
૫. પું. ક્ષીણતા; પસારો.
૬. પું. ક્રમનો વિભાગ; પ્રકરણ.
૭. પું. ઠોકર; પ્રતિઘાત; આઘાત; આંચકો.
૮. પું. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; આમુખ; દીબાચો.
૯. [સં. ઉદ્ (પહું) + હન્ (મારવું)] પું. ફટકો; ઘા; પ્રહાર.
૧૦. પું. ભાગ પાડવાપણું.
૧૧. પું. મુદ્ગર; લાકડી; લાકડી
૧૨. પું. હથિયાર; અસ્ત્રશસ્ત્ર.
૧૩. વિ. ઊંચું; ઉત્તમ.

ઉદ્ઘાતક ૧. [સં. ઉદ્ઘાત (પ્રસ્તાવના) + ક (પહું)] પું. નાટકમાં એક જાતની પ્રસ્તાવના એટલે તે વિષે શરૂઆતમાં માહિતી આપનાર સૂત્રધાર વગેરેનો પ્રવેશ. તેમાં સૂત્રધાર નટીની

ઉદ્ગમ

કોઈ વાત સાંભળી તેનો બીજે જ અર્થ કરવું કોઈ પાત્ર પ્રવેશ કરે અથવા નેપથ્યમાં બોટલો પડ્યા પછળા કોઈ કરે.

૨. [સં. ઉદ્ઘાત (આઘાત) + અક (કરનાર)] વિ. આરંભ કરનાર.

૩. [સં. ઉદ્ઘાત (ફેંકવું) + અક (કરનાર)] વિ. પકડો મારનાર; ફેંકવું કરનાર.

ઉદ્ઘાતન ૧. ન. ઉત્તમ જગ્યા.

૨. [સં. ઉદ્ (પણ) + ઘાતન (મારી નાખવાપણું)] ન. ક્ષય; નાશ.

૩. ન. સરોવરમાં જવાનો માર્ગ.

ઉદ્ઘાતિત [સં. ઉદ્ (પણું) + ઘાતિત (મારેલું)] વિ. નાશ પામેલ.

ઉદ્ઘાતી ૧. [સં. ઉદ્ઘાતિન્] વિ. ઉપદ્રવીનું.

૧. વિ. કેસ લાગે એવું.

૩. વિ. ફોડર મારનાર.

ઉદ્ઘુષ્ટ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘુષ્ટ (જાહેર કરેલું)] ન. અવાજ; મોટે અવાજે બોલવું તે.

૨. ન. (સંગીત) ગાયકના મુખ્ય ચાર ભાગોનો એક ભેદ; ઉદ્ઘુષ્ટ.

૩. વિ. ઘોષિત, વિઘોષિત.

૪. વિ. ગાવામાં કઠોર અવાજવાળું. સંગીતમાં ગાયકનો આ એક દોષ ગણાય છે.

૫. વિ. મોટો અવાજ કરતું.

ઉદ્ઘુષ્ટ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘુષ્ટ (પ્રસિદ્ધ)] પું. ઉચ્ચારણનો એક દોષ.

૨. વિ. (સંગીત) ગાળો પાડી ગાનાર.

ઉદ્ઘોષ ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘોષ (અવાજ)] પું. મોટો ઘોષાર.

૨. પું. ઢંઢેરો; જાહેરનામું; જાહેરાત; ગામ પાડીને જાહેર કરવું તે.

૩. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘોષ્ (બોલવું)] પું. મોટો ઊંચો અવાજ; ઘોંઘાટ; કોલાહોર.

૪. પું. લોકવાયકા; ચાલતી વાત.

૫. પું. સાધારણ પ્રજા; સામાન્ય લોક.

ઉદ્ઘોષણ ૧. [સં. ઉદ્ (ઘોષણા) + ઘુષ્ (જાહેર કરવું) + અન (પણું)] ન. ઢંઢેરો; લોકો જાણે તેમ મોટેથી કરાતી જાહેરાત.

૨. [સં. ઉદ્ (ઘોષણા) + ઘુષ્ (અવાજ કરવો) + અન (પણું)] ન. ઘાંઘા; ઘોંઘાટ; સાદ.

૩. ન. લોકોમાં ચાલતી વાત; લોકવાયકા.

ઉદ્ઘોષણા ૧. [સં. ઉદ્ (ઘોષણા) + ઘુષ્ (જાહેર કરવું) + અન (પણું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઢંઢેરો.

૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘોષણા (અવાજ)] સ્ત્રી. ઘાંઘા; ઘોંઘાટ; સાદ; ઊંચો સૂર.

ઉદ્ઘોષયુક્ત [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘોષણા (જાહેરાત) + યુક્ત (કરી)] ન. રીપોર્ટિંગ; જાહેરનામું; 'રીપોર્ટર'.

ઉદ્ઘોષવું [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘુષ્ (જાહેર કરવું)] સ. ક્રિ. જાહેર કરવું.

ઉદ્ઘોષ ૧. [હિં.] પું. ઉપદ્રવ; ધુમ્મસ.

૨. [સં. ઉદ્યોત] પું. ખંત; ઉત્સાહ.

ઉદ્ઘ ન. સિંધ દેશમાં થતી ઊંચા જાતની માલીના ગામડાની બનાવટનું કપડું.

ઉદ્ઘમ ૧. [સં. ઉદ્ગમ્ (ઊંચા ચડવું)] પું. મહેનત; શ્રમ.

૨. પું. ઊંચા ઓરડા.

૩. પું. વેપાર; ધંધો.

ઉદ્ઘર ૧. પું. ખોરાક; ભોજન.

૨. [હિં.] પું. પેટ; ઉદર.

૩. પું. વંચારો.

ઉદ્ઘર્ષ પું. (પિંગળ) દશાક્ષરનો દરેક ચરણમાં બે નગણ અને સાત રગણ મળી સત્તાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

ઉદ્ઘર્ષ પું. (પિંગળ) બે નગણ અને સાત રગણ મળી સત્તાવીસ અક્ષરનો દશાક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ઉદ્ઘલક પું. ઋષિ દિર્ઘતમાનનો એક ભાણેજ-શાસ્ત્રી. તેણે એક ધૂમકેતુ શોધ્યો હતો.

ઉદ્ઘલક ચિતકેતુ પું. (ખગોળ) એક ધૂમકેતુનું નામ. તે ૨૧૦ વર્ષે દેખાય છે. તેને ઉદ્ઘલક નામના ખગોળશાસ્ત્રીએ પ્રથમ જોયો હતો એથી તેનું આ નામ પડ્યું છે.

ઉદ્ઘા ૧. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ઘા (આકડી)] પું. ઊભી આકડી.

૨. પું. આકડી ઊંચી રાખી ચાલનાર તપસ્વી.

૩. [સં. ઉદ્ (ઊંચું) + ઘા (શિક્ષા)] પું. સાંગ શિક્ષા; આકરી સજા.

૪. વિ. ઉગામેલી આકડીવાળું.

૫. [સં. ઉદ્ (વધવું) + ઘા (શિક્ષા)] સ્ત્રી. નીકરા; ઉદ્ઘતા; શિક્ષાના ભય વગરનું.

૬. વિ. પ્રચંડ, ઉગ્ર; બળવાન; જબરું.

૭. વિ. આકડી ઊંચકી રાખનાર.

૮. વિ. સાધુ.

૯. વિ. સજા નિવારક; આકરી શિક્ષા આપનાર.

ઉદ્ઘા આયુધ [સં. ઉદ્ઘા (આંકડી) + આયુધ (હથિયાર)] ન. લાંબી જિંદગી.

> માટી, અપ્રાસુક જલપાત્ર, ફૂલ, ફલ વગેરે નીલોતરી, બીજ, ત્રસ વગેરે ઇંદ્રિયાદિક ત્રસજીવ એ બાંધથી મિશ્રિત એવો આહાર જે તે **ઉન્મિશ્રદોષ**. પિંડનિર્યુક્તિ અધિકાર

ઉન્મિષ ૧. [સં. ઉન્મિષ્ (આંખ ઉઘાડવી)] પું. આંખો ઉઘાડવી તે.

૨. પું. પ્રકાશ; ચમક; પ્રભા.

૩. પું. વિકાસ; ખિલવટ.

૪. વિ. કંઈક પ્રકાશવાળું.

૫. વિ. વિકસેલ; પ્રફુલ્લ; ખીલેલું.

ઉન્મિષિત ૧. [સં. ઉન્મિષ્ (આંખ ઉઘાડવી)] ન. આંખ ઉઘાડવી તે.

૨. ન. દૃષ્ટિ; નજર.

૩. વિ. ઉઘડેલું; ખુલ્લું.

૪. વિ. કંઈક પ્રકાશેલ.

૫. વિ. વિકસેલ; ખીલેલ; પ્રફુલ્લ થયેલ.

ઉન્મીલ ૧. [સં. ઉદ્ (ઊલટું) + મીલ્ (બંધ થવું)] પું. આંખ ઉઘાડવાપણું.

૨. પું. ઊઘડ; ખિલવટ; ફૂલવું તે; વિકાસ.

૩. પું. ખુલ્લું કરવાપણું.

૪. પું. જાગવું તે.

ઉન્મીલન ૧. [સં. ઉદ્ (ઊલટું) + મીલ્ (મીંચાવું)] ન. આંખ ઊઘડવાપણું; જાગવું તે.

૨. ન. (જ્યોતિષ) ગ્રહણ ગ્રહવું વખતે સૂર્ય અથવા ચંદ્રનો પૂરેપૂરો ગ્રાસ થઈ ગયા પછી ફરીને પહેલવહેલાં તેની કોર દેખાવા માંડે એ સ્થિતિ; ગ્રહણ થયા પછી ઉપગ્રહનું ફરીથી દેખાવાપણું; મોક્ષનું છુટકારો.

૩. ન. ખિલવટ; વિકાસ.

૪. ન. પ્રકૃતિનો વિકાસ.

> પ્રકૃતિના સત્ત્વ પામવાને નિમીલન અને તદ્રજ પામવાને **ઉન્મીલન** કહે છે. સિદ્ધાંતદર્પણ

૫. ન. વ્યક્ત કરવું તે; ચોખવટ.

ઉન્મીલવું [સં. ઉદ્ (ઊલટું) + મીલ્ (મીંચાવું)] સ. ક્રિ. ઉઘાડવું; ખોલવું.

ઉન્મીલિત ૧. [સં. ઉદ્ (ઊલટું) + મીલિત (ફૂલ અને પાણીની માફક મળી જવાની વાત હોય એવો સમાસોક્તિ)] પું. (કાવ્ય) અંતર્ભાવાલંકાર; જેમાં બે વસ્તુ વચ્ચે એટલા અધિક મળતાપણાનું વર્ણન કરવામાં આવે કે એક બીજામાં જ એમની વચ્ચે ભેદ દેખાય એવો અલંકાર. જેમકે, સોનાનાં ઘરેણાં અને સોના જેવા શરીર વચ્ચેનો તફાવત તેને અડવાથી જ જણાય છે.

૨. વિ. ઉઘાડેલું.

૩. [સં. ઉદ્ (ઊલટું) + મીલ્ (મીંચાવું) + ક્ત (એલું)] વિ. ઊઘડેલી આંખવાળું.

૪. વિ. ઊઘડેલું; ખુલ્લું.

૫. વિ. ખીલેલું; પ્રફુલ્લ; વિકસેલ.

૬. વિ. પ્રકાશેલ.

ઉન્મીલિની [સં. ઉદ્ (ઊલટું) + મીલ્ (સંકોચાવું) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પહેલે દિવસે ચોખી છતાં વધેલી એકાદશીના યોગવાળી બારસ. અમિયારસ જે દિવસે હોય સારે તે ચોખી હોય, અને તે ઉપરાંત તેને વધારાનો ભાગ પછીના દિવસે એટલે બારશમાં પણ હોય તો તે બારસ ઉન્મીલિની કહેવાય.

ઉન્મુક્ત ૧. [સં. ઉદ્ (ઘણું) + મુક્ત (છૂટું)] વિ. ઘણું છૂટું; બહુ મોકળું.

૨. વિ. સ્વતંત્ર; સ્વેચ્છાચારી.

ઉન્મુખ ૧. પું. એક જાતનું હરણ.

૨. [સં. ઉદ્ (ઊંચું) + મુખ (મોઢું)] વિ. અવાજ કરતું.

૩. [સં. ઉદ્ (ઊલટું) + મુખ (મોઢું)] વિ. કંતરાજ; અપ્રસન્ન; આડું જોતું; નારાજ થયેલું.

૪. વિ. ઉત્કંઠાથી જોતું; આતુર; ઉત્સુક; રાહ જોતું.

૫. વિ. ઉદ્યોગી; ઉદ્યુક્ત.

૬. વિ. ઊલટું; વિરુદ્ધ; પ્રતિકૂળ.

૭. વિ. ઊંચા કરેલ મોંવાળું; ઊંચે જોતું.

૮. વિ. કલ્લોલ કરનાર.
૯. વિ. તત્પર; તૈયાર. જેમકે, મરણોન્મુખ; ગમનોન્મુખ.
૧૦. વિ. બોલનાર.
૧૧. વિ. ભ્રમ; ચિંતાતુર.

ઉન્મુખું [સં. ઉદ્ (ઊર્ધ્વ) + મુખ (મોઢું)] વિ. અવાજ કરતું. જુઓ ઉન્મુખ.

ઉન્મુદ ૧. [સં. ઉદ્ (ઉત્કૃ) + મુદ્ (આનંદ તે)] વિ. ઊઘડેલું; પ્રફુલ્લ.
૨. વિ ખીલેલું; વિકસેલું.
૩. [સં. ઉદ્ (વગર) + મુદ્રા (બંદોબસ્ત)] વિ. સીલ વગરનું; બંદોબસ્ત નહિ એવું

ઉન્મુની [સં. ઉન્મની] સ્ત્રી. પરાપરાવસ્થા સ્થિતિ; યોગની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરિયા અને ઉન્મની એ પાંચમાંની ઊંચી અવસ્થા.

ઉન્મૂલ ૧. [સં. ઉન્મૂલ્ (ઉખેડવું)] વિ. જડથી ઉખાડેલું.
૨. વિ. જેનું મૂળ નીકળી ગયું હોય એવું. નિર્મૂળ; જડ વગરનું.

ઉન્મૂલક [સં. ઉન્મૂલ્ (ઉખેડવું) + અક (કરનાર)] વિ. સમૂળ એટલે મૂળ સાથે નાશ કરનારું; વેરાન બનાવનારું; બરબાદ કરનાર.

ઉન્મૂલન ૧. [સં. ઉન્મૂલ્ (ઉખેડી નાખવું) + અન (પણું)] ન. જડમૂળમાંથી ઉખાડી નાખવું તે; મૂળ ખોદી નાખવાપણું; ઉચ્છેદ; નિકંદન.
૨. ન. પાયમાલી; નાશ; બરબાદી.

ઉન્મૂલનીય ૧. [સં. ઉન્મૂલ (ઉખેડવું) + અનીય (જેવું)] વિ. ઉખાડવા જેવું.
૨. વિ. નાશ થઈ શકે એવું

ઉન્મૂલવું ૧. [સં. ઉદ્ (ઉત્કૃ) + મૂલ્ (ખોદવું)] સ. ક્રિ. જડમૂળમાંથી ઉખેડવું.
૨. સ. ક્રિ. નાશ કરવો.

ઉન્મૂલિત ૧. [સં. ઉન્મૂલ્ (ઉખેડવું) + ક્ત (એવું)] વિ. જડમાંથી કાઢેલું.
૨. વિ. વિનાશ કરેલ.

ઉન્મૂલ્યમૂલ્ય [સં. ઉદ્ (ઉપર) + મૂલ્ (બસવું) + અય (નીચે) + મૂલ્ (બસવું)] સ્ત્રી. માસિયા.

ઉન્મૂશ ૧. [સં. ઉદ્ (ઉપર) + મૂશ્ (ઝાડવું) + ક (જેવું)] વિ. ઉપરથી ઝાડી શકાય એવું.
૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + મૂશ્ (ઝાડવું) + ક (જેવું)] વિ. હાથ ઊંચો કરી ઝાડી શકાય એવું.

ઉન્મૃષ્ટ [સં. ઉન્મૃજ્ (સાફ કરવું) + ત (એવું)] વિ. ચુંથાએલું; ઊંધી નાખેલ.

ઉન્મેષ [સં. ઉન્મેષ] ન. પલકારો; આંખની ઉઘાડવાસ; ઉન્મેષણ.

ઉન્મેદા [સં. ઉદ્ (પણું) + મેદસ્ (ચરબી)] સ્ત્રી. શરીરમાં થતો ચરબીનો વધારો.

ઉન્મેષ ૧. [સં. ઉન્મા (ઝાપટું) + ક (જેવું)] ન. વજન.
૨. વિ. તોળી શકાય એવું.
૩. વિ. માપી શકાય એવું.

ઉન્મેષ ૧. [સં. ઉન્મિષ્ (આંખ ઉઘાડવી)] પું. આંખનો ઉઘાડ.
૨. પું. આંખનો સંકેત; નેત્રકટાક્ષ; નેત્રપલ્લવી; ઇશારો.
૩. [સં. ઉન્મિષ્ (ખીલવું)] પું. જ્ઞાન; બુદ્ધિ.
૪. પું. થોડો પ્રકાશ; પ્રભા; તેજ.
૫. પું. દેખાવાપણું, ઉત્પન્ન થવાપણું. જેમકે, જ્ઞાનોન્મેષ.
૬. પું. પલકારો; આંખની ઉઘાડવાસ; ઝટકો.
૭. પું. પ્રકટીકરણ; સ્ફુરણ; પ્રગટ થવું તે.
૮. પું. પ્રસારણ; ફેલાવો.
૯. પું. વિકાસ; ખિલવટ.

ઉન્મેષણ ૧. [સં. ઉન્મિષ્ (આંખ ઉઘાડવી)] ન. આંખ ઉઘાડવાની ક્રિયા કે ભાવ.
૨. ન. છૂપું ખુલ્લું કરવું તે; સ્ફુરણ.
૩. ન. પલકારો; આંખની ઉઘાડવાસ.
૪. ન. પ્રકાશ; ચમકાટ.
૫. ન. પ્રસારણ; ફેલાવો; આવિર્ભાવ.
૬. ન. વિકાસ; ખિલવટ.

ઉન્મેષપદ્ધતિ [સં. ઉન્મેષ (ફેલાવો) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની એક રીતનું નામ; ફ્રૅબેનુસારીપદ્ધતિ; ધીમે ધીમે મૂળ વિષયનું વધુ વધુ જ્ઞાન આપવાની રીત; 'ફ્રૅબેલ્સ્ટિક મેથડ'. બાળકને પ્રથમ મોટી વાત શીખવવા, પછી તેની બાલુબાલુની નાની નાની અને જેવી ત્રીજી ત્રીજી વિગત મુકાવ, એટલે કે બાળક પાસે પ્રથમ વિષય કે વસ્તુ આખે આખાં રજૂ કરવાં, બીજે પગથિયે તે જ વિષય કે વસ્તુનું વધુ જ્ઞાન આપવું ને ત્રીજે કે જેવા પગથિયે તેનું જ વિગતવાર જ્ઞાન આપવું. એ રીતે શીખવવાની પદ્ધતિ ઉન્મેષપદ્ધતિ કહેવાય છે.

ઉન્મેષયોજના [સં. ઉન્મેષ (પ્રકાશ) + યોજના (ગોઠવણ)] સ્ત્રી. શિક્ષણની પદ્ધતિ; 'ફ્રૅબેલ્સ્ટિક પ્લૅન'. જુઓ ઉન્મેષપદ્ધતિ.

ઉન્મોચન [સં. ઉન્મુચ્ (છૂટું કરવું)] ન. છૂટું કરવાપણું.

ઉન્મોચના [સં. ઉન્મુચ્ (ભેગ મૂકવું)] સ્ત્રી. ત્યાગ.

ઉન્ય સ્ત્રી. (કચ્છી) તરસ.

ઉન્યુ વિ. (કચ્છી) તરસ્યું.

ઉન્વાન ૧. [અ.] પું. કોઈ વસ્તુથી જે સમજાય તે; નામ; અભિધાન.
૨. પું. ચોપડીનું રાજકારેલું મુખપૃષ્ઠ.
૩. પું. જોવાથી વસ્તુ ઓળખાય તે.
૪. પું. પ્રસ્તાવના.
૫. પું. મથાળું.
૬. પું. રીત.
૭. પું. સરનામું.

ઉન્સ ૧. [અ.] પું. પ્રેમ; પ્યાર.
૨. પું. મિત્રતા; દોસ્તી

ઉન્સર [અ.] પું મૂળતત્ત્વ; સૃષ્ટ્યુત્પત્તિના સિદ્ધાંત.

ઉન્સલ [અ.] પું. એક જાતનું જનાવર; ઉન્સુલ.

ઉન્સા [અ.] સ્ત્રી. માદા; બી.

ઉન્સિયાન [અ. ઉન્સિયાન્] પું. પેણ; અંડ.

ઉન્સુર ૧. પું. અગ્નિ, હવા, પાણી અને પૃથ્વી એ ચાર તત્ત્વમાંનું કોઈપણ
૨. [અ.] પું. આધાર; મૂળ.
૩. પું. જેના કટકા થઈ ન શકે એવો પ્રેજવણીથી મળેલ પદાર્થ કે તત્ત્વ; મૂળતત્ત્વ; ઉન્સર.

ઉન્સુરી ૧. [અ.] પું. ફિરદોસીના વખતમાં થયેલ એક ફારસી કવિનું નામ.
૨. વિ. મૂળ.

ઉન્સુલ [અ.] પું. એક જાતનું જનાવર; ઉન્સલ.

ઉન્હર [હિં.] સ્ત્રી. ભાં.

ઉન્હાપખ વિ. બહુ ગરમ; અકળાવી દેનારી ગરમી જણાય તેવું.

ઉન્હારી સ્ત્રી. વસંત ઋતુ.

ઉન્હાલાઝમ [સં. ઉષ્ણ (ગરમ) + કાલ (વખત) + આગમ (પધરામણી)] પું. ઉનાળો બેસવાપણું; ગ્રીષ્મઋતુની શરૂઆત.

ઉન્હાળી ૧. [સં. ઉષ્ણ (ઊનું)] સ્ત્રી. ઊનવા; મૂત્રકૃચ્છ્ર.
૨. સ. રાતાં ફૂલ અને ચપટી શીંગવાળું ઝાડ ઉપર ઊગતું એક જાતનું ઝાડ.

ઉન્હાળુ [સં. ઉષ્ણ (ગરમ) + કાલ (વખત)] સ્ત્રી. ઉનાળામાં વપરાતી ગરમ; ઝમરિયો.

ઉન્હાલાઝમ ૧. [સં. ઉષ્ણ (ગરમ) + કાલ (વખત) + આગમ (આવવું તે)] પું. (ક્રિયા) ઉષ્ણકાલાગમ; ઉનાળાની શરૂઆત.
૨. પું. ગ્રીષ્મઋતુ; ઉનાળો.

ઉન્હું [સં. ઉષ્ણકર; અપ. ઉહ્હઉ] વિ. ઉનું; ગરમ.

ઉન્હે [હિં.] સ. તેને.

ઉન્હોં [હિં.] સ. ક. બ. તેમને.

ઉન્હોતાપ [સં. ઉષ્ણ (ઉષ્ણં) + તાપ (તાપ)] પું. ઊનિયો તાવ; શરૂઆતમાં ઠંડ આવ્યા વિના આવતો તાવ.

ઉપ ૧. [સં.] અ. અધિક, અતિશય કે શક્તિ એવો અર્થ દર્શાવતો ઉપસર્ગ એટલે ધાતુ કે ધાતુ ઉપરથી બનેલાં નામોની આગળ આવતો અવ્યય. જેમકે, ઉપકાર; ઉપગૂઢ.

૨. અ. અભ્યાસના અર્થમાં વપરાતો ઉપસર્ગ. જેમકે, ઉપધ્યાય.

૩. અ. આરંભ સૂચવતો ધાતુ કે ધાતુ ઉપરથી બનેલાં નામોની આગળ આવતો શબ્દ. જેમકે, ઉપક્રમ.

૪. અ. ઉપર એવો અર્થ જણાવતો ઉપસર્ગ. જેમકે, ઉપગ્રહિકા; ઉપજત્વક; ઉપજિહ્વા.

૫. અ. ગૌણ, ગૌતરનું, ઓછું, હીન, નાનું એવો અર્થ દર્શાવતો ઉપસર્ગ. જેમકે, ઉપપુરાણ; ઉપકથા; ઉપગુરુ; ઉપવાક્ય; ઉપવન.

૬. અ. છેડો, અંત એવો અર્થ બતાવનાર ઉપસર્ગ. જેમકે, ઉપસંહરણ.

૭. અ. તરફનો અર્થ જણાવતો ઉપસર્ગ. જેમકે, ઉપદર્શક; ઉપનત.

૮. અ. નાનો ભાઈ એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, ઉપકોચક.

૯. અ. નિરર્થક વપરાતો ઉપસર્ગ. જેમકે, ઉપમન્ત્ર; ઉપતાપ.

૧૦. અ. પાસે, સમીપ, નજીક એવો અર્થ બતાવનાર ઉપસર્ગ. જેમકે, ઉપનયન. ઉપનયન, ઉપાસના, ઉપવાસ, ઉપનિષદ જેવા શબ્દોમાં 'ઉપ' અવ્યય એવો અર્થ બતાવે છે કે તેનાથી પરમાત્માની સમીપ જવાય છે.

૧૧. અ. પૂજાના અર્થમાં વપરાતો ઉપસર્ગ. જેમકે, ઉપચર્યા.

૧૨. અ. ઢંકાવો એ અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, ઉપકીર્ણ.

૧૩. અ. મદદનીશ એવો અર્થ બતાવતો ઉપસર્ગ. જેમકે, ઉપમંત્રી, ઉપાચાર્ય.

૧૪. અ. સમજમનો અર્થ જણાવતો ઉપસર્ગ. જેમકે, ઉપવિંશતિ.

૧૫. અ. સિવાયનું સૂચવતો ઉપસર્ગ. જેમકે, ઉપદેશ.

૧૬. અ. સારખાપણું બતાવનાર ઉપસર્ગ. ઘણી વાર આ ઉપસર્ગ નકામો હોય છે.

૧૭. અ. સોળમો ભાગ એવા અર્થવાળો ઉપસર્ગ. જેમકે, ઉપજ્ઞાનો.

ઉપઅધ્યાપક [સં. ઉપ (પાસે) + અધ્યાપક (શિક્ષક)] પું. અધ્યેતા; ઉપાધ્યાય; 'લેક્ચરર'.

ઉપઅનૈચ્છિકસ્નાયુ [સં. ઉપ (પાસે) + અનૈચ્છિક (મરજી વગરનું) + સ્નાયુ (હાડકાંઓને બાંધે)] સ્ત્રી. કરોડરજ્જુની પડખે રહેલા બીજા તંતુના સંકોચવાથી ઇચ્છા વગર હલતા જ્ઞાનતંતુ.

ઉપઅવટુકાસ્થિ [સં. ઉપ (પાસે) + અવટુક (હાડકું) + અસ્થિ (હાડ)] સ્ત્રી. હડપચી નજીક રહેલ નાની ગાંઠ.

ઉપઅવયવ [સં. ઉપ (મદદનીશ) + અવયવ (શરીરનો ભાગ)]' પું. મુખ્ય અવયવના મદદનીશ તરીકે કામ કરતો શરીરનો ભાગ. જેમકે, આંખના રક્ષણ સારુ ભમર, પાંપણ.

ઉપઅંશ [સં. ઉપ (પાસે) + અંશ (વિભાગ)] સ., પેટાભાગ.

ઉપઆજ્ઞાર્થે [સં. ઉપ (પાસે) + આજ્ઞા (હુકમ) + અર્થે (માટેનો)] પું. (વ્યાકરણ) આજ્ઞાર્થનો પેટા પ્રકાર; 'સબ્જંક્ટિવ હૉર્ટેટિવ'.

ઉપઆદ્રતિથો (ઉપઆદ્રતિથો) [ઉપ (મદદનીશ) + આદ્રતિથો (આદ્રતિથો)] પું. નામના મુખ્યકાર; 'સબ જૅજ્ડ'.

ઉપઆનો [ઉપ (સોળમો ભાગ) + આનો (રૂપિયાનો સોળમો ભાગ)] પું. આનાનો સોળમો ભાગ.

ઉપઇતિહાસ [સં. ઉપ (મુખ્ય નહિ એવું) + ઇતિ (આ પ્રમાણે) + હ (ખરેખર) + આસ (હતું)] પું. પેટા પ્રકા. પ્રજાની અથવા જાતની પ્રવૃત્તિ અને પ્રવૃત્તિની કથાને ઇતિહાસ અને દરેક પ્રવૃત્તિના જુદા જુદા ઇતિહાસને ઉપઇતિહાસ કહેવાય.

ઉપઉત્પન્ન [સં. ઉપ (પેટા) + ઉત્પન્ન (પેદાશ)] સ. પેટા પેદાશ. જેમકે, તલમાંથી ખોળ.

ઉપઉપઆનો [ઉપ (સોળમો ભાગ) + ઉપઆનો (આનાનો સોળમો ભાગ)] પું. ઉપઆનાનો સોળમો ભાગ; આનાનો અસ્સો છપ્પનમો ભાગ.

ઉપઉર [સં. ઉપ (પાસે) + ઉરસ્ (છાતી)] પું. છાતીના હાડકાની બાજુનો ભાગ.

ઉપઊર્ધ્વકર્ણુંદ [સં. ઉપ (બહાર) + ઊર્ધ્વ (સામા) + અર્બુદ (ટેચો)] પું. બહેના હાડકાના નીચલે છેડે દરેક અર્બુદ એટલે મોટા ટેચાના બહારના ભાગમાં આવેલ ટેચો.

ઉપક [સં.] પું. એક ઋષિનું નામ.

ઉપકક્ષ [સં. ઉપ (સમીપ) + કક્ષ (બગલ)] વિ. બગલ સુધીનું; સંપૂર્ણ સુધી પહોંચતું.

ઉપકથની [ઉપ (પેટા) + કથની (વાત)] સ્ત્રી. સાંભળેલી વાત.

ઉપકથા ૧. સ્ત્રી. દ્રષ્ટાંત.

૨. [સં. ઉપ (નાનું) + કથા (વાત)] સ્ત્રી. નાની વાત; ટૂંકી વાર્તા.

૩. [સં. ઉપ (ઊતરતું) + કથા (વાર્તા)] સ્ત્રી. મુખ્ય વાતમાં આવતી નાની વાત; આડકથા.

ઉપકનિષ્ઠિકા [સં. ઉપ (પાસે) + કનિષ્ઠિકા (હલકી આંગળી)] સ્ત્રી. હલકી પાસેની આંગળી; અનામિકા.

ઉપકન્યા [સં. ઉપ (મુખ્ય નહિ એવું) + કન્યા (દીકરી)] સ્ત્રી. દીકરીની બહેનપણી.

ઉપકરણ ૧. [સં. ઉપ (પેટા) + કરણ (સાધન)] ન. અનુષંગી પદાર્થ; ગૌણ સાધન.

૨. ન. આકૃતિકામનું સાધન.

૩. ન. (જૈન) ઇંદ્રિય.

૪. [સં. ઉપ (અધિક) + કરણ (કર્મ તે)] ન. ઉપકાર.

૫. ન. ઉપાદાન; અવયવ.

૬. ન. ઉપકૃત; સાધન.

૭. ન. એન્જિન; યંત્ર.

૮. [સં. ઉપ (બહું) + કૃ (કરવું)] ન. ચાકર.

૯. ન. (ગણિત) જેના ઉપરથી કોષ્ટકની મદદથી ધારેલી વસ્તુ કાઢવામાં આવે તે આપેલી વસ્તુ. જેમકે, એક રૂપિયાનું એક મણ તો અઢી શેરનું શું ? તેમાં ચાલીસ શેરનો મણ અને સોળ આનાનો રૂપિયો એ કોષ્ટકની મદદથી અઢી શેરનો એક આનો એ આપેલી વસ્તુ રૂપિયાનું એક મણ એ ઉપકરણ ઉપરથી મેળવાય છે.

૧૦. ન. (જૈન) કેવળજ્ઞાનમાં વપરાતો સામાન.

૧૧. ન. (જૈન) નિર્વાહનું સાધન. જેમકે, કપડું; ઠામ.

૧૨. [સં. ઉપ (પેટા) + કૃ (કરવું) + અન (પ્રત્યય)] ન. પેટા કર્તાઓ.

૧૩. [સં. ઉપ (અધિક) + કૃ (કરવું)] ન. મદદ.

૧૪. ન. (વેદાંત) મૂળ પ્રકૃતિને સિદ્ધ કરવું સાધન.

૧૫. ન. રાજચિહ્ન. જેમકે, છત્ર, ચામર, છડી. આ બધાં રાજસત્તાસૂચક હોઈને ઉપકરણ કહેવાય છે.

૧૬. ન. (જૈન) શરીર ઉપર દેખાતી ઇંદ્રિયોની આકૃતિ જે પુદ્ગલોની બનેલી છે તેની રચના

કરે તે. ઉપકરણના બે ભેદ: આભ્યંતર અને બાહ્ય. આંખમાં કીકી, પોપચાં અને પાંપણ એ આભ્યંતર ઉપકરણ કહે છે, કારણ કે અંદરનો ભાગ વધુ પ્રકાશ આવતાં સંકોચાય છે. આંખમાં પલક વગેરેની મદદ જે સિદ્ધિ કરે તેને બાહ્યોપકરણ કહે છે, કારણ કે પાંપણ બહારથી આંખનું રક્ષણ કરે છે.

૧૭. ન. સંબંધ દર્શાવતી બાબત.

૧૮. ન. સાજ; સામાન; રાચરચીલું.

૧૯. ન. સાધન; સાધિત્ર; વિજ્ઞાનિક પ્રયોગમાં કામમાં આવતી ચીજ.

૨૦. ન. સામગ્રી; સાધક વસ્તુ; કોઈ કામમાં ઉપયોગી સામાન; સાધિત્ર.

૨૧. ન. હથિયાર; શસ્ત્ર; ઓજાર.

ઉપકરણબહુશ્રુત [સં. ઉપકરણ (સાધન) + બહુશ્રુત (ઘણીવાર સાંભળેલું)] પું. (જૈન) પુષ્કળ અને કીમતી સાધનસામગ્રી રાખનાર સાધુ. સાધનસામગ્રીમાં આસક્તિ હોવાથી જાતજાતના કીમતી અને અનેક સાધન ધરાવે અને દરમિયાન તેની ઠાપઠીપ કર્યા કરે તેને ઉપકરણબહુશ્રુત કહે છે.

ઉપકરણવાન [સં. ઉપકરણ (સામગ્રી) + વત્ (વાળું)] વિ. સામગ્રીવાળું, સપ્રભ; સજ્જ.

ઉપકરણસંયમ [સં. ઉપકરણ (સામગ્રી) + સંયમ (અંકુશ)] પું. (જૈન) સાધન સામગ્રીમાં સકોચ રાખવાપણું.

ઉપકરણી [સં. ઉપકરણ (મદદ) + ઇન્ (વાળું)] વિ. સહકારી; મદદગાર.

ઉપકરણેંદ્રિય [સં. ઉપ (બહુ) + કૃ (કરવું) + ઇંદ્રિય (જ્ઞાન મેળવવાનું સાધન)] પું. (જૈન) ઇંદ્રિયોની અંદરની અને બહારની પૌદ્ગલિક એટલે જાડુઓમાં રહેલી શક્તિ.

> નિર્વૃત્તિઇંદ્રિયની બહાર અને અંદરની પૌદ્ગલિક શક્તિ કે જેના વિના નિર્વૃત્તિઇંદ્રિય જ્ઞાન પેદા કરવાને અસમર્થ છે તે ઉપકરણેંદ્રિય.
> તત્ત્વાર્થસૂત્ર

ઉપકરવું ૧. [સં. ઉપ (અધિક) + કૃ (કરવું)] સ. ક્રિ. ઉપકાર કરવો; દયાનું કામ કરવું.

૨. [સં. ઉપ (બહુ) + કૃ (કરવું)] સ. ક્રિ. મદદ કરવી.

ઉપકર્ણ ૧. [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન)] પું. કર્ણસન્નિકાશ્રસ્થિ; 'પરોટિડ ગ્લૅન્ડ.' તે કાનના મૂળની નીચે અને આજુબાજુ આવેલી છે.

૨. [સં. ઉપકર્ણ (સાંભળવું)] પું. કર્ણસાંભળી; બહારનો કાન.

૩. પું. કાંઠો.

૪. [સં. ઉપકરણ] પું. સાધન.

૫. અ. કાનની પાસે.

૬. અ. કાનમા.

ઉપકર્ણકલા [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન) + કલા (ચામડી)] સ્ત્રી. કાનની અંદરનો પડદો.

ઉપકર્ણગ્રંથિ [સં ઉપ (પાસે) + કર્ણ (કાન) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. કાનના મૂળની નીચે અને આજુબા આવેલી લાળ પેદા કરનારી ગાંઠ; કર્ણસન્નિકાગ્રંથિ; કર્ણસન્નિકાગ્રંથિ; 'પરોટિડ ગ્લૅન્ડ'. તેમાં થતી લાળ મોંમાં બરાબર આવવામાં મદદ કરે છે.

ઉપકર્ણન [સં. ઉપકર્ણ (સાંભળવું) + અન (પ્રત્યય)] ન. સાંભળવાની ક્રિયા; શ્રવણ.

ઉપકર્ણનલિકા [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન) + નલિકા (નળી)] સ્ત્રી. જાલપ્રદોળિમાં જાય છે તે મુખમંથિમાંથી નીકળતો રસ લઈ જનારી નળી.

ઉપકર્ણપત્ર [સં. ઉપ (નાનો) + કર્ણ (કાન) + પત્ર (પાન)] સ્ત્રી. કાનની અંદરનો પડદો.

ઉપકર્ણપિંડ [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન) + પિંડ (ગાંઠ)] પું. જાલ ઉપરની ગાંઠ. તેમાંથી આવતી વખતે ખોરાકને પચાવનારો રસ મળે છે.

ઉપકર્ણપિંડગ્રાહક જુઓ ઉપકર્ણનલિકા.

ઉપકર્ણિકા ૧. [સં. ઉપ (સરખું) + કર્ણ (કાન) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઉંદરકર્ણી નામની વનસ્પતિ; મૂસાકાની.

૨. [સં. ઉપકર્ણ (સાંભળવું) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સોકવાનકા; ગામગપાટો.

ઉપકર્ણી [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કાન નીચે આવેલી ચૂંક રહેવાની જગ્યા; 'પરોટિડ'. જુઓ ઉપકર્ણગ્રંથિ.

૨. સ્ત્રી. ખૂબ વખતમાં મોસમાં પહેરાતા માથા ઉપરના ટોપની બને બાજુ ઉપર કાનની રક્ષા માટે આવેલ આગળ પડતો ભાગ.

ઉપકર્ણોગ્રંથિ [સં. ઉપ (પાસે) + કર્ણ (કાન) + ઈ (નારીજાતિનો પ્રત્યય) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. કાનની નીચે કે આજુબાજુના ભાગમાં આવેલી ચૂંકની કોથળી. માણસમાં આ કોથળી મોટામાં મોટી હોય છે અને તેની નસ મોઢામાં ઉપલી બીજી દાઢ સામે રસ રેડે છે. તેમાં સોજો ચઢવાથી ગાલપચોળિયાં નામનો રોગ થાય.

ઉપકર્તા ૧. [સં. ઉપ (બદલો) + કર્તૃ (કરનાર)] વિ. ઉપકાર કરનાર; બીજાનું કામ કરી આપનાર.

૨. [સં. ઉપ (બદલામાં) + કર્તૃ (કરનાર)] વિ. પ્રવર્તક; ફેલાવનાર.

ઉપકર્ત્તા [સં. ઉપકર્તૃ] વિ. ઉપકાર કરનાર; અનુકૂળતા આપનાર; ભલાઈ ઇચ્છનાર.

ઉપક્રમ ૧. [સં. ઉપક્રમ] ન. આરંભ; શરૂઆત; મંડાણ.

૨. ન. ઉદ્યોગ; ધંધો.

૩. ન. જ્યોતિષ બદલવાનો વિધિ.

૪. ન. વિધિ; વિધાન.

૫. [સં. ઉપ (પેઠા) + ક્રમન્ (કામ)] ન. દિલચાલ.

ઉપક્રર્ય [સં. ઉપ (ઉપર) + કૃ (મૂકવું)] સ્ત્રી. તંબૂ; રાવટી.

ઉપક્રર્ષણ [સં. ઉપ (સાથે) + કૃષ્ (ખેંચવું) + અન (પ્રત્યય)] ન. જાગીરી જપ્તીપાત્ર.

ઉપક્રર્ષકાકારમધ્યાલી [સં. ઉપ (નજીક) + કર્ષણ (ખેંચાણ) + આકાર (ઘાટ) + મધ્યાલી (નાળ)] પું. કાનની આજબાજુનો આંગા જેવો ભાગ.

ઉપક્લાદંતાર્બુદ પું. દાંતના મૂળ ઉપરનું પેઢ.

ઉપક્લા [સં. ઉપ (નાનું) + કલા (કુમર)] સ્ત્રી. ઊતરતો કુમર; ગૌણ કળા.

ઉપક્લાર્બુદ [સં. ઉપ (ઉપર) + કલા (ચામડી) + અર્બુદ (ગાંઠ)] પું. ચામડી ઉપરના પડના વધવાથી થયેલ ટેંગા જેવો ભાગ.

ઉપકલ્પન ૧. ન. જોડવાપણું.

૨. [સં. ઉપકલ્પ્ (તૈયાર કરવું)] ન. તૈયારી.

૩. ન. બનાવટ.

૪. [સં. ઉપકલ્પ્ (પરિણામ પામવું)] ન. સંપાદન; પ્રાપ્તિ; મેળવવું તે.

ઉપકલ્પના ૧. સ્ત્રી. જોડાણ; અવસ્થા.

૨. [સં. ઉપ (પેઠા) + કલ્પના (તરંગ)] સ્ત્રી. જોડી કાઢેલી વાત.

૩. [સં. ઉપકલ્પ્ (તૈયાર કરવું)] સ્ત્રી. તૈયારી.

૪. [સં. ઉપકલ્પ્ (પરિણામ પામવું)] સ્ત્રી. સંપાદન; પ્રાપ્તિ; લાભ; મેળવવું તે.

ઉપકવિ [સં. ઉપ (પેઠા) + કવિ (કવિતા કરનાર)] પું. ઊતરતો કવિ; અલ્પકાર; ત્રિભાણ કવિ.

ઉપકળા [સં. ઉપ (નજીક) + કલા (કુશર)] સ્ત્રી. મુખ્યથી ઊતરતી કળા; નાનો કુશર.

ઉપકંઠ ૧. [સં. ઉપ (ઉપર) + કંઠ (કાંઠો)] પું. ઊપલો કાંઠો.

૨. [સં. ઉપ (પાસે) + કંઠ (કિનારો)] પું. કિનારો; કાંઠો, કિનારા પાસેનો ભાગ; તીર.

દૂત પ્રતિ ઉપકંઠ તટ તીર શેષ અલ્પાક્ષ;
નજીક નજીક જતાં સખી આવીશ તું પતિ પાસ.
પિંગલગ્રન્થમેળ

૩. [સં. ઉપ (પાસે) + કંઠ (ગળું)] પું. ગલકણળ; ગળું અને ખભાની પાસેનો ભાગ.

૪. પું. ગામ નજીકનો ભાગ; પાદર.

૫. પું. ઘોડાની એક જાતની ગતિ; ઘોડાની ભિડાવાની ચાલ.

૬. પું. પડોશ; સાન્નિધ્ય; નજીકનો ભાગ

૭. પું. પર્વતની તળેટી આજુબાજુની જમીન; તળેટી.

૮. સ્ત્રી. દૂંકી વાર્તા; ઉપકથા.

૯. વિ. નજીકનું; પાસેનું; પડોશનું.

૧૦. અ. કાંઠા નજીક.

૧૧. અ. બારણા ઉપર; બળા પાસે.

ઉપકંઠપ્રદેશ [સં. ઉપ (પાસે) + કંઠ (કાંઠો) + પ્રદેશ (પ્રાન્ત)] પું. કાંઠા ઉપરનો ભાગ.

ઉપકંડિ જ. ખરાકને ખેતરવા માટે સાબરમાં આવતું પોલી દાંડીવાળું ચાબખું.

ઉપકંડી જ. એક જાતનું ખોડું ચાબખું. તેનો કાંકરો પોલો હોય છે.

ઉપકંપ ૧. પું. આદાક; 'પેરેમર'.

૨. પું. ઘોડાની સામાન્ય ઠેક.

૩. પું. કેર.

ઉપકાકલ [સં. ઉપ (પાસે) + કાકલ (કાકડી)] પું. કોકને લોહી પૂરું પાડનાર બે મહામાતૃક મગજના ઉપરના ભાગમાં આવેલ પ્રેસેન્સર્યિની પાસેનો ભાગ; 'પેરાકાર્ટોઝ'.

ઉપકાર ૧. [સં. ઉપ (અધિક) + કૃ (કરવું)] પું. આભાર; પાઠ; એહસાન; સપડું.

૨. પું. કાર્ય; કામ.

૩. પું. કૃપા; મહેરબાની; અનુગ્રહ.

૪. પું. તૈયારી.

૫. પું. તોરણ.

૬. પું. પુષ્ટિ.

૭. પું. બળાની ઇચ્છા વગર કોઈનું કામ કરી આપવાપણું; કલ્યાણ; ભલાઈ.

ઉપકારના બદલામાં અપકાર કરવો = ભલું કરનારનું બગાડ કરવું.

૮. પું. મદદ; સહાય.

૯. પું. રક્ષણ.

૧૦. પું. લાભ; ફાયદો.

૧૧. પું. વાદીપક્ષ.

૧૨. પું. સત્કાર; શુભ દિવસે તોરણની કરાતી શોભા.

૧૩. [સં. ઉપ (નામના અર્થમાં વપરાતો ઉપસર્ગ) + કૃ (કરવું)] પું. શિવનાં હજાર માંહેનું એક નામ, કારણ કે તે સહારક જેવા મનાય છે.

૧૪. પું. (વેદાંત) સહકારી; મદદગારી. જેમકે, ઘડાની બનાવટમાં ચાકનો દંડો વગેરે ઉપકાર છે.

૧૫. પું. સેવા; નોકરી.

ઉપકારક ૧. [સં. ઉપકાર (મદદ) + ક (કરનાર)] પુ. મદદગાર આપનાર.

૨. પું. મિત્ર; દોસ્ત.

૩. પુ. રક્ષક, બચાવનાર.

૪. વિ. ઉપયોગી.

૫. વિ. કૃપાળુ; મહેરબાન.

૬. વિ. ભલું કરનારું; કલ્યાણકારક; ઉપકારી.

૭. વિ. સહાયક; મદદગાર.

ઉપકારકગ્રંથ [સં. ઉપકારક (મદદગાર) + ગ્રન્થ (પુસ્તક)] પું. મદદગાર પુસ્તક; એક ચોપડી સમજવામાં મદદ કરતી બીજી ચોપડી.

ઉપકારકર [સં. ઉપકાર (ભલું) + કર (વેરો)] પું. લોકોના ભલા માટે નાખવામાં આવતો વેરો.

ઉપકારકસંસ્થા [સં. ઉપકારક (ભલું કરનાર) + સંસ્થા (મંડળ)] સ્ત્રી. લોકોના ભલા માટેનું મંડળ.

ઉપકારકારી [સં. ઉપકાર (ભલું) + કરિન્ (કરનાર)] વિ. ભલું કરનારું.

ઉપકારજ્ઞતા [સં. ઉપકાર (એહસાન) + જ્ઞત્વિન્ (જાણનાર)] સ્ત્રિ. ધર્માદાથી મુજરાન ચલાવનારું; દાન ઉપર નિર્વાહ કરનારું.

ઉપકારજ્ઞ [સં. ઉપકાર (પાઠ) + જ્ઞ (જાણનાર)] વિ. કૃતજ્ઞી; એહસાનમંદ.

ઉપકારણ [સં. ઉપ (પેટા) + કારણ] ન. પેટા કારણ.

ઉપકારપ્રદ [સં. ઉપકાર (લાભ) + પ્રદ (આપનાર)] વિ. લાભકારી; કલ્યાણકર.

ઉપકારભાન [સં. ઉપકાર (પાઠ) + જ્ઞાન (જાણવું)] ન. કૃતજ્ઞતા; કરેલ ઉપકારની કદર કરવાનો ગુણ.

ઉપકારમાલા ૧. [સં. ઉપકાર (કલ્યાણ) + માલા (હાર)] સ્ત્રી. આભારરૂપી હાર.

૨. સ્ત્રી. આભારની પરંપરા; અનેક એહસાનો.

ઉપકારવશ [સં. ઉપકાર (આભાર) + વશ (અધીન)] વિ. આભાર નીચે દબાયેલું.

ઉપકારવશતા [સં. ઉપકાર (આભાર) + વશ (અધીન) + તા (પણું)] સ્ત્રી. આભારીપણું.

ઉપકારશીળ [સં. ઉપકાર (એહસાન) + શીલ (સ્વભાવ)] વિ. એહસાન કરે એવું; સારું કરી જાણનારું.

ઉપકારસ્મૃત [સં. ઉપકાર (આભાર) + સ્મૃત (સંભારેલું)] વિ. આભારથી દબાયેલું; એહસાનથી તાબે કરાયેલું.

ઉપકારાર્થે [સં. ઉપકાર (કલ્યાણ) + અર્થ (હેતુ)] અ. ભલું કરવા માટે.

ઉપકારાર્થન્યાસ [સં. ઉપકાર (ભલું) + અર્થ (હેતુ) + ન્યાસ (થાપણ)] પું. સાર્વજનિક હિતસંસ્થા.

ઉપકારિકા ૧. પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, ગુરુ અને લઘુ હોય છે. તે ટાર્કરી છંદની એક જાત છે.

૨. સ્ત્રી. એક જાતની રોટલી.

૩. સ્ત્રી. કાળીજીરી.

૪. સ્ત્રી. તંબૂ; પટમંદિર.

૫. સ્ત્રી. પીઠીની એક જાત.

૬. સ્ત્રી. મુસાફરખાનું; સરાઈ; પાંચશાળા.

૭. [સં. ઉપકાર (રક્ષણ) + કૃ (બનાવું) + અક (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રક્ષણ કરનાર બૈરી.

૮. સ્ત્રી. રાજમહેલ; પ્રાસાદ.

૯. વિ. સ્ત્રી. આભાર કરનારી.

ઉપકારિણી [સં. ઉપકાર (એહસાન) + કૃન્ (બનાવું) + ઙી (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ઉપકાર કરનારી.

ઉપકારિતા ૧. [સં. ઉપકારિન્ (આભાર કરનાર) + તા (પણું)] સ્ત્રી. ભલાઈ.

૨. સ્ત્રી. સહાયકના મદદગારી.

ઉપકારી ૧. સ્ત્રી. મહાલય; મોટો બંગલો.

૨. સ્ત્રી. સરાઈ; મુસાફરખાનું; પાંચશાળા.

૩. વિ. ઉપકારક.

૪. [સં. ઉપકાર (ભલું) + ઇન્ (બનાવું)] વિ. આભાર કરનાર.

૫. વિ. આભારને લાયક.

૬. વિ. આભારી; વફાદાર; નિમકહલાલ; પાઠ માનનાર.

૭. વિ. કૃતજ્ઞી.

૮. વિ. કોઈનું ઉપર આભાર થતો હોય તેવું. જેમકે, ઉપકારી કામ.

૯. વિ. કલ્યાણકારક; લાભ કરનારું.

૧૦. વિ. મદદ કરનારું.

૧૧. વિ. મહેરબાન; કૃપાળુ.
૧૨. વિ. લાભ પહોંચાડનાર; ફાયદો આપનાર.
૧૩. વિ. સાધનરૂપ; હથિયારરૂપ.

ઉપકારોપક્ષી [સં.] ન. પાકને નુકસાન કરનાર કીડાનું ભક્ષણ કરનાર પંખી; ખેતીને ફાયદાકારક પક્ષી. જેમકે, કાકરિયા કુંદાર, લક્કડખોદ, હરદ્વાજ, ચીબરી.

ઉપકાર્ય ૧. ન. તંબૂ; ઉપકરિમ.
૨. [સં. ઉપકૃ (આગ કરવું) + ય (જેનું)] વિ. આભાર કરી લાભ જેનું.
૩. વિ. ઉપયોગી.
૪. [સં. ઉપ (પાસું) + કૃ (કરવું) + ય (જેનું)] વિ. મદદ કરવા લાયક.
૫. વિ. સેવા કરવા જેવું.

ઉપકાર્યા ૧. [સં. ઉપ (અધિક) + કૃ (કરવું) + ય (જેનું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. આભાર કરી લાભ જેવી સ્ત્રી.
૨. સ્ત્રી. રાજભવન; રાજમહેલ.
૩. સ્ત્રી. માણસને રહેવા માટેનો તંબૂ.
૪. વિ. સ્ત્રી. બેઅસલ કરવાને લાયક હોય એવી.
૫. વિ. સ્ત્રી. મદદ કરવા જેવી.

ઉપકાલ પું. એક નાગનું નામ.

ઉપકાલિકા ૧. સ્ત્રી. એક જાતનું કરિયાણું; પીપર.
૨. [સં. ઉપ (ઉપર) + કાલિકા (કાળો રંગ)] સ્ત્રી. કણીછરી.
૩. સ્ત્રી. શ્વેત છત્રી; ધોળું છત્રું.

ઉપકાસની [ઉપ (અધિક) + કાસની (આસમાની રંગ)] વિ. ઘેરું આસુરિયું; નીલલોહિતથી પર; 'અલ્ટ્રાવાયોલેટ'.

ઉપકાંઠો ૧. [સં. ઉપ (પાસે) + કંઠ (કિનારો)] પું. આજુબાજુનો કિનારો; પાસેનો કાંઠો.

અર્જુન ઉપકાંઠે અસુર જિતા,
આરંભ્યું અશ્વનું આરાધન. પ્રેમાનંદ

૨. [સં. ઉપ (નજીક) + કંઠ (ગળું)] પું. ગળું અને તેની આસપાસનો ભાગ.
૩. પું. ગામ નજીકનો ભાગ; આજોળ; પાદર.
૪. પું. તળેટી.

ઉપકીચક ૧. [સં. ઉપ (નીચે) + કીચક (વિરાટ રાજાના સાળાનું નામ)] પું. (પુરાણ) કીચકના લાગ નીચેનું સરકાર.
૨. [સં. ઉપ (નાનો) + કીચક (વિરાટનો સાળો) પું. કીચકને પગલે ચાલનાર માણસ.
૩. [સં. ઉપ (નાનો ભાઈ) + કીચક (વિરાટ રાજાનો સાળો) પું. (પુરાણ) કીચકનો ભાઈ.
૪. પું. (પુરાણ) વિરાટ રાજાના સાળા કીચકના નાના ભાઈઓનું જૂથ; કેકય નામના સૂતાધિપના દીકરા.

ઉપકીરતિ સ્ત્રી. અપકીર્તિ.

ઉપકૃતિ [સં. ઉપ (બદલામાં એટલે ફેરવાળના અર્થનો ઉપસર્ગ એટલે મૂળ અર્થમાં વિરોધના ભાવને સૂચવે) + કૃતિ (કીર્તિ ગાવું)] સ્ત્રી. છાપેલું.

ઉપકુરંગક [સં. ઉપ (જેવું) + કુરંગક (હરણ)] પું. ખચ્ચર; હરણ.

ઉપકુર્વાણ ૧. [સં. ઉપ (આસપાસ અર્થનો મૂળ અર્થમાં વધારો કરનાર શબ્દ) અવ્યય) + કુર્વાણ (કરતું)] પું. અભ્યાસ પૂરો કરી ગુરુદક્ષિણા આપી ગૃહસ્થાશ્રમમાં દાખલ થનાર બ્રહ્મચારી.
૨. પું. આખી જિંદગી બ્રહ્મચારી ન રહેનાર વ્યક્તિ. બ્રહ્મચારીના ચાર પ્રકાર: સાવિત્ર, પ્રાજ્ઞ, પ્રાજાપત્ય અને બૃહત્. કેટલાક સાવિત્ર, પ્રાજ્ઞ અને પ્રાજાપત્ય બ્રહ્મચારીને ઉપકુર્વાણ અને બૃહત્ને નૈષ્ઠિક નામથી ઓળખે છે.
૩. [સં. ઉપ (અધિક) + કુર્વાણ (કરતું)] વિ. બેઅસલ કરવાના સ્વભાવવાળું; આભાર કરનાર.

ઉપકુલપતિ [સં. ઉપ (બારણીય) + કુલપતિ (વિદ્યાપીઠનો મોટામાં મોટો પદાધિકારી)] પું. વિદ્યાપીઠના મોટામાં મોટા પદાધિકારીનો મદદનીશ; 'વાઇસ-ચૅ-ન્સલર.'

ઉપકુલ્યા [સં.] સ્ત્રી. એક જાતનું કરિયાણું; લીંડીપીપર.

ઉપકુલિક [સં. ઉપ (પેઠ) + કુલિક (એક જાતનું ખરાબ મકાન)] પું. (અપરાધિત) કુલિક વોસનો એક ભાગ.

ઉપકુલ્યા ૧. [સં.] સ્ત્રી. કંતીનું ઝાડ.
૨. [સં. ઉપ (પેઠ) + કુલ્યા (નાની નદી)] સ્ત્રી. નહેર; ખાર્ડ.
૩. સ્ત્રી. લીંડીપીપરનો છોડ.

ઉપકુશ ૧. [સં.] પું. પોઢાના પોઢાનો એક રોગ. તેમાં દાંતનાં પેઢામાંથી લોહી વહે અને દાંત હલવા લાગે.
૨. પું. દાંતમાં પડ જવાનો રોગ; 'પાયોરિયા.' તેમાં દાંત હલવા લાગે અને પોઢી પીડા થાય.

ઉપકુંચ [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું)] પું. ઝાડું છત્રું; કૃષ્ણકરક.

ઉપકુંચક [સં. ઉપ (પાસે) + કુંચ્ (ટેકો આપવો)] પું. ઝાડું છત્રું.

ઉપકુંચા [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું)] સ્ત્રી. કણીછરી.

ઉપકુંચિ ૧. [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું)] સ્ત્રી. કણીછરી; કૃષ્ણકરક. જેમ એલચી પેટાળમાં ઊપસેલી અને બે છેડે સંકોચાયેલ હોય છે તેમ કણીછરી પણ હોય છે, માટે તેને ઉપકુંચિ કહે છે.
૨. સ્ત્રી. નાની એલચી.

ઉપકુંચિક [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું) + ઇક (વાળું)] પું. કણીછરી.

ઉપકુંચિકા ૧. [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કણીછરી.
૨. સ્ત્રી નાની એલચી.

ઉપકુંચી [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કણીછરી. બીજો ઉપકુંચિ.

ઉપકુંચીકા [સં. ઉપ (પાસે) + કુંચ્ (સંકોચવું) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ત્રીજી એલચી. તે પાસે ઊપસેલી હોય છે.

ઉપકુંજા [સં.] સ્ત્રી. કંતીનું ઝાડ.

ઉપકૂપ ૧. [સં. ઉપ (પાસે) + કૂપ (કૂવો)] પું. કૂવાની પાસે ખોદેલ જળાશય.
૨. પું. કૂવાની પાસેનો ભાગ.
૩. [સં. ઉપ (નાનું) + કૂપ (કૂવો)] પું. નાની વાવ; દીપિકા.
૪. અ. કૂવાની પાસે
૫. અ. કૂવામાં.

ઉપકૂપક [સં. ઉપ (પાસે) + કૂપ (કૂવો) + ક (વાળાપણું બતાવનાર પ્રત્યય)] પું. (ત્રિદોષ) હવાડો; ઢોરને પાણી પીવાનો કૂંડ.

ઉપકૂપજલાશય [સં. ઉપ (પાસે) + કૂપ (કૂવો) + જલ (પાણી) + આશય (ઠેકાણું)] પું. કૂવા પાસેનો હોજ; હવાડો.

ઉપકૂલ ૧. [સં. ઉપ (પાસે) + કૂલ (કાંઠો)] પું. કાંઠા પાસેની જમીન.
૨. પું. કિનારો; કાંઠો; તટ; તીર.
૩. વિ. કાંઠે આવેલ, કિનારે રહેલ.

ઉપકૃત ૧. [સં. ઉપ (બદલો) + કૃ (કરવું) + ત (એલ)] ન. ઉપકાર.
૨. વિ. આભારી; ઓશિયાળું; ઋણી; બેઅસલમંદ.
૩. વિ. ઉપકારી.
૪. વિ. બદલો કરાવેલું. જેનું કલ્યાણ કરવામાં આવ્યું હોય એવું.

૫. વિ. મદદ કરાયેલું.
૬. વિ. મહેરબાની બતાવેલું.

ઉપકૃતિ ૧. [સં. ઉપ (પાસું) + કૃ (કરવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. ઉપકાર; કૃપા; પક્ષ.
૨. સ્ત્રી. કરવાપણું કામ; વહીવટ.
૩. સ્ત્રી. કૃપા; મહેરબાની; અનુગ્રહ.

ઉપકૃતિની [સં. ઉપ (પાસું) + કૃતિન્ (કરનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. કરવાનું કરનારી; ભલું કરનારી.

ઉપકૃતી ૧. [સં. ઉપ (પાસું) + કૃતિન્ (કરનાર)] વિ. આભાર કરનાર.
૨. વિ. કરવાનું કરનાર.
૩. વિ. મહેરબાની કરનાર.

ઉપકેશ [સં. ઉપ (જેનું) + કેશ (વાળ)] પું. બનાવટી વાળ.

ઉપકેંદ્ર ૧. [સં. ઉપ (પેટા) + કેંદ્ર (બબ્બિંદુ)] ન. ગૌણકેંદ્ર; બીજું મધ્યબિંદુ; 'સેકન્ડરિ સેન્ટર'.
૨. ન. સમતોલપણામાંથી બસોબસ તરતી વસ્તુના કુલેલ ભાગના ગુરુત્વકેન્દ્રમાંથી ઊભી રીતે (પ્રવાહીનું ઉપર તરતું કુલેલ બતાવતી) દોરી, પહેલાં સમતોલપણામાં રહેલ પદાર્થના કુલેલ ભાગના ગુરુત્વકેન્દ્રની ઊભી રીતે દોરી દોરીને જ્યાં મળે તે બિંદુ; 'મેટા–સેન્ટર'. આ બિંદુ જો તરતા પદાર્થના ગુરુત્વાકર્ષણના બિંદુથી ઊંચે હોય તો તે પદાર્થ પોતાની મૂળ સ્થિતિમાં આવે, પણ જો તે નીચે હોય તો તે પોતાની મૂળ સ્થિતિમાં પાછું ન આવતાં ગોથું ખાય છે.

ઉપકોષ્ઠ [સં. ઉપ (પાસેનું) + કોષ્ઠ (ખાનું)] પું. (ગણિત) આસનકોષ્ઠ; સંલગ્નકોષ્ઠ; સંસક્તકોષ્ઠ; આશ્રિતકોષ્ઠ; પાસેનો ખૂણો; 'ઍડ્જેસંટ ઍંગલ'. આકૃતિ બિંદુમાંથી ત્રણ રેખા દોરવાથી પાસે પાસે બનતા બે ખૂણામાંથી દરેક બીજાનો ઉપકોષ્ઠ કહેવાય.

ઉપકોસ્લિકા [સં. ઉપ (પાસે) + કુસ્ (ભેગું થવું)] સ્ત્રી. કાળીજરી; ઉપકુક્ષિ. જેલખીમાં જેમ દાણા ભરવાનો ભાગ હોય તેમ ઝેર પણ તેના કોઠવામાં ગોઠવાયેલું હોય છે અને તે જાણવા જેલખીની ચામડી ઊપસેલી હોય છે તેથી તેને ઉપકોસ્લિકા કહે છે. તેની તીક્ષ્ણ ધાર હોય અને ઝેરમાની સોય પણ વાપરે છે.

ઉપકોશ ૧. [સં. ઉપ (ઉપર) + કોશ (કવચ)] પું. કવચનું ઢાંકણ.
૨. [ઉપ (નાનું) + કોશ (ઘર)] પું. નાનું ઘર.
૩. [સં. ઉપ (નાનું) + કોશ (શબ્દકોશ)] પું. નાનો શબ્દકોશ; લઘુકોશ; 'પોકિટ ડિક્શનરી'.
૪. પું. ફૂલની આસપાસ અનિયમિત રીતે ઊગેલાં પાંદડાંનો જથ્થો; પુષ્પની પાંખડીઓ.

ઉપકોશા સ્ત્રી. ઉપવર્ષની દીકરી અને વરરુચિની બહેનું નામ.

ઉપકોષ જુઓ ઉપકોશ.

ઉપકોષ્ઠ [સં. ઉપ (નાનું) + કોષ્ઠ (ખંડ)] ન. ઉપખંડ; પેટા કોઠો. દુકાનમાં પણ મુદ્દાઓને રીતસર બતાવવા તે.

ઉપકોસલ પું. એક ઋષિનું નામ.

ઉપકોસલ કામલાયન પું. સત્યકામ; જબાલ ઋષિના એક શિષ્યનું નામ.

ઉપક્રમ ૧. [સં. ઉપ (પાસેનું) + ક્રમ્ (જવું)] પું. અનુવર્તન; અનુસરવું તે; પાછળ જવાપણું.
૨. [સં. ઉપ (આગળ) + ક્રમ્ (જવું)] પું. આગળ આવવું તે.
૩. પું. આગળ વધવાપણું.
૪. [સં. ઉપક્રમ્ (રાજ કરવું)] પું. આરંભ; શરૂઆત; મંડાણ.
૫. [સં. ઉપક્રમ્ (કરવું)] પું. ઉદ્યોગ; ખંત.
૬. પું. ઉપરથી પસાર થઈ જવાપણું.
૭. પું. ઉપાય; ઇલાજ; સાધન.
૮. પું. કાર્યક્રમ; કાર્ય કરવાની યોજના.
૯. પું. કાર્ય; વ્યવસાય; વ્યાપાર; ધંધો.
૧૦. પું. ચિકિત્સા; સારવાર; ઉપચાર; ચાકરી; માવજત.
૧૧. પું. (જૈન) જેથી આયુષ્ય ઓછું થાય તેવાં કારણ; અકાળ મરણનાં કારણ. જેમકે, ધારવાળું હથિયાર, પ્રતિબિંબ વિષ, અગ્નિ.
૧૨. પું. જ્ઞાન.
૧૩. પું. (ન્યાય) તાત્પર્યનો નિર્ણય એટલે ઓછા આયાસ નક્કી કરાવનાર સાત જાતનું પહેલું સાધન. ઓછા તાત્પર્યનો નિર્ણય કરવા માટે (૧) ઉપક્રમ, (૨) ઉપસંહાર, (૩) અભ્યાસ, (૪) અપૂર્વતા, (૫) ફલ, (૬) અર્થવાદ અને (૭) ઉપપત્તિ એ સાત બાબતોને સાધન તરીકે ગણે છે.
૧૪. પું. નિશ્ચય; નિર્ણય; ફેંસલો.
૧૫. પું. પ્રથમ આરંભ; પહેલ.
૧૬. પું. પ્રમાણિકપણાની કસોટી.
૧૭. પું. (જૈન) બચ્ચાનું મરણ.
૧૮. પું. ભૂમિકા; મૂળપીઠિકા; આમુખ; પ્રસ્તાવના.
૧૯. પું. જિતની વફાદારીની ખાતરી કરવાપણું.
૨૦. પું. યોજના; યુક્તિ.
૨૧. પું. વેદ વાંચવા પહેલાં કરવાનો એક વિધિ.
૨૨. પું. સંસ્કાર.
૨૩. પું. સામ, દામ, દંડ અને ભેદ એ ચાર ઉપાય.
૨૪. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું)] પું. સ્નેહન, સ્વેદન, સ્રંસન, સ્તંભન, લંઘન અને બૃંહણ એ ૭ માંહેની કોઈપણ જાતની ચિકિત્સા.
૨૫. [સં. ઉપ (ઉપર) + ક્રમ્ (જવું)] પું. હલ્લો.

ઉપક્રમણ ૧. [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ (પગલું ભરવું)] ન. આરંભ; શરૂઆત.
૨. ન. આરંભનું સાધન.
૩. ન. ગ્રંથની ભૂમિકા; પ્રસ્તાવના.
૪. ન. ચિકિત્સા; ઇલાજ.
૫. ન. તૈયારી.
૬. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + અન (પ્રત્યય)] ન. પાસે આવવું તે.
૭. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + અન (પ્રત્યય)] ન. સારવાર.

ઉપક્રમણિકા ૧. [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ (પગલું ભરવું) + અન (પ્રત્યય) + ઇક (જાતિ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ગ્રંથનો મુખબંધ; પ્રસ્તાવના; વિષયસૂચિ.
૨. સ્ત્રી. વેદના મંત્ર અને સૂક્તોના ઋષિ, છંદ અને દેવતા જેમાં લખેલાં હોય તેવું એક પુસ્તક.

ઉપક્રમણીય ૧. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + અનીય (જવું)] ન. ચિકિત્સાની શરૂઆત કેવી રીતે કરવી તે બતાવનાર પુસ્તક.
૨. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (ચાલવું) + અનીય (જવું)] ન. દીર્ઘાયુષ વગેરે બતાવવાનું સાધન.
૩. ન. વૈદકનો ગ્રંથ.
૪. [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ (પગલું ભરવું) + અનીય (જવું)] વિ. આરંભ કરવા જેવું.
૫. વિ. ચિકિત્સા સંબંધી; ઇલાજ સાથે સંબંધ રાખતું.
૬. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + અનીય (જવું)] વિ. પાસે જવા જેવું.

ઉપક્રમવું ૧. [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું)] સ. ક્રિ. આગળ જવું; પાસે જવું.
૨. [સં. ઉપ (ઉપર) + ક્રમ્ (ચડવું)] સ. ક્રિ. ચઢાઈ કરવી; હલ્લો કરવો.
૩. [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ (ઉપડવું)] સ. ક્રિ. પ્રારંભ કરવો.

ઉપક્રમાંતર ન. (વનસ્પતિશાસ્ત્ર) બાજવાનું બદલી જવું તે; 'મેટાકિ.'

ઉપક્રમિતા [સં. ઉપ (સમ્યગ્) + ક્રમિત (ચાલનાર)] વિ. આરંભ કરનાર.

ઉપક્રમોપસંહાર [સં. ઉપક્રમ (શરૂઆત) + ઉપસંહાર (અંત)] પું. (વેદાંત) જેના નામે અદ્વિતીય વસ્તુનું જે પ્રકરણની શરૂઆતમાં પ્રતિપાદન તે ઉપક્રમ અને જેને પ્રતિપાદન તે ઉપસંહાર છે.

ઉપક્રમ્ય [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + ય (જેવું)] વિ. આરામ થઈ શકે તેવું; પ્રયાસ કરી શકાય એવું.

ઉપક્રામ્ય [સં. ઉપ (પાસે) + ક્રમ્ (જવું) + ય (જેવું)] વિ. પ્રયાસ કરવા જેવું; ચિકિત્સનીય.

ઉપક્રાંત ૧. [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ (પગલું ભરવું) + ત (એલ)] વિ. આરંભેલું; શરૂ કરેલ.
૨. [સં. ઉપ (પાસે) + ક્રાંત (ગયેલ)] વિ. પ્રાપ્ત થયેલ; મળેલ.
૩. વિ. વિસ્તૃત; ફેલાયેલ.
૪. [સં. ઉપ (ઉપર) + ક્રમ્ (ચડવું) + ત (એલ)] વિ. ઢાંકો કરાયેલું.

ઉપક્રાંતા [સં. ઉપ (શરૂઆત) + ક્રમ્ + તૃ (બનાવનાર)] વિ. શરૂ કરનાર; આરંભનાર.

ઉપક્રાંતિયુક્ત [સં. ઉપ (પાસે) + ક્રાંતિ (જવું તે) + યુક્ત (જોડ)] ન. ક્રાંતિવૃત્ત (વિષુવવૃત્ત)થી ઉત્તર દક્ષિણનો ભાગ.

ઉપક્રિયા ૧. [સં. ઉપ (પાસે) + કૃ (કરવું)] સ્ત્રી. ઉપકાર; ભલાઈ; ઉપકૃતિ.
૨. [સં. ઉપ (પેઠ) + ક્રિયા (કામ)] સ્ત્રી. પેટા કામ.

ઉપક્રિયાપદ [સં. ઉપ (મુખ્ય નહિ એવું) + ક્રિયા (કામ) + પદ (શબ્દ)] ન. (વ્યાકરણ) સ્વતંત્ર નહિ એવો ક્રિયા બતાવનારો શબ્દ; સહાયકારક ક્રિયાપદ. 'જે'નો સ્વતંત્ર ક્રિયાપદ' ઉપરાંત ઉપક્રિયાપદ તરીકે ઉપયોગ સંવત ૧૪૦૦ પછી ગુજરી ભાષામાં થયાનું મનાય છે.

ઉપક્રીડા [સં. ઉપ (ઉપર) + ક્રીડ્ (રમવું)] સ્ત્રી. અખાડો; રમવાનું મેદાન.
૨. [સં. ઉપ (નાનું) + ક્રીડા (રમત)] સ્ત્રી. નાની રમત.

ઉપક્રોશ ૧. [સં. ઉપ (બહુ) + ક્રોશ (ચીસ)] પું. ઠપકો.
૨. પું. તિરસ્કાર; અવજ્ઞા.
૩. [સં. ઉપ (બહુ) + ક્રુશ્ (ચીસ પાડવી)] પું. નિંદા; બોલબૂરી; આક્ષેપ; ગાળ્યું.

ઉપક્રોશક [સં. ઉપ (બહુ) + ક્રુશ્ (અવાજ કરવો) + અક (નાર)] પું. ચપેડો; ગર્હણ કરવું કે તે મોટેથી બૂમ છે.

ઉપક્રોશન ૧. [સં. (બહુ) + ક્રુશ્ (ચીસ પાડવી) + અન (પદું)] ન. ઠપકો.
૨. [સં. ઉપ (હલકું) + ક્રુશ્ (બોલવું)] ન. નિંદા; ગર્હણ.

ઉપક્રોષ ૧. [સં. ઉપ (ક્રોધિત) + ક્રુશ્ (અવાજ કરવો)] પું. ગર્હણ; ચપેડો; ખર.
૨. [સં. ઉપ (હલકું) + ક્રુશ્ (બોલવું)] પું. નિંદક; વખોડનાર માણસ.

ઉપક્રોષ્ટા ૧. [સં. ઉપ (ક્રોધિત) + ક્રોષ્ટૃ (અવાજ કરનાર)] પું. ચપેડો.
૨. વિ. ઠપકો આપનાર.
૩. વિ. નિંદા કરનાર.

ઉપક્રોષ્ટી [સં. ઉપ (અધિક) + ક્રિયાદ (બોલવું કરવું)] વિ. પદાર્થને નરમ પાડનાર.

ઉપક્લેશ [સં. ઉપ (પેઠા) + ક્લેશ (આકાશ જેવો પાંચ ભાગમાં)] પું. મરુદ વર્ગનો.

ઉપક્વથ્ [સં.] પું. વાળિયાનો અવાજ.

ઉપક્વસ [સં.] પું. એક જાતનો કીડો.

ઉપક્વાથ્ [સં.] પું. ચીબરનો અવાજ.

ઉપક્ષય ૧. [સં. ઉપ (પદું) + ક્ષય્ (બરબાદ)] પું. ક્ષીણતા; ઘટાડો.
૨. પું. અર્ક; સત્ત્વ.
૩. પું. નુકસાન; હાનિ.
૪. પું. સડો; બગાડ.
૫. પું. હ્રાસ; વિનાશ.

ઉપક્ષાર ૧. [સં. ઉપ (મુખ્ય નહિ એવું) + ક્ષાર (બારાસવાળું તત્ત્વ)] પું. કેટલાંક ઝેરી દ્રવ્યનું સત્ત્વ; ક્ષારોદ; 'આલ્કલોઇડ'. જોકના તંતુઓમાં કે પ્રાણીઓનાં શરીરમાં તૈયાર સ્વરૂપમાં નીકળતા પદાર્થોમાંનો એક વર્ગનો ક્ષાર. જેમકે, વજ્રાગનું કેરકોમ્યું.
૨. પું. બારાસવાળો ચીજ.

ઉપક્ષિપ્ત ૧. [સં. ઉપ (નીચે) + ક્ષિપ (ફેંકવું) + ત (એલ)] વિ. અપમાન કરાયેલ; તિરસ્કારાયેલ.
૨. [સં. ઉપક્ષિપ્ (શરૂ કરવું) + ત (એલ)] વિ. આરંભેલ; શરૂ કરેલું.
૩. [સં. ઉપ (નજીક) + ક્ષિપ્ (ફેંકવું) + ત (એલ)] વિ. નજીક ફેંકેલ.
૪. [સં. ઉપક્ષિપ્ (મૂકવું) + ત (એલ)] વિ. મૂકેલ.

ઉપક્ષીણ ૧. [સં. ઉપ (પદું) + ક્ષીણ (ઘસાયેલું)] વિ. ક્ષય પામેલ; ઘસાયેલું.
૨. વિ. થાકેલું.
૩. વિ. શક્તિહીન; અશક્ત.
૪. વિ. હાનિ પામેલ.

ઉપક્ષેપ ૧. [સં. ઉપ (નજીક) + ક્ષિપ્ (ફેંકવું)] પું. (નાટક) અર્થાંતર પરત્વે નાટકના આરંભમાં બનવી હકીકતનું કૂટકમાં વર્ણન.
૨. પું. અલંકારવાળી કે કાવ્યમય એટલી કવિતાથી ભરપૂર શૈલી.
૩. [સં. ઉપ (ઉપર) + ક્ષિપ્ (ફેંકવું)] પું. આક્ષેપ; આરોપ.
૪. [સં. ઉપ (શરૂઆત) + ક્ષિપ્ (મૂકવું)] પું. આરંભ; શરૂઆત.
૫. પું. કોયડાના તરફ ફેંકવું તે.
૬. પું. તિરસ્કાર; નિંદા.
૭. [સં. ઉપ (પાસે) + ક્ષિપ્ (મૂકવું)] પું. થાપણ.
૮. પું. ધમકી.
૯. પું. સૂચના; ઉલ્લેખ; ઇશારો; નિર્દેશ.

ઉપક્ષેપક ૧. [સં. ઉપ (ઉપર) + ક્ષિપ્ (ફેંકવું) + અન (પદું)] ન. આરોપ.
૨. [સં. ઉપ્ (નજીક) + ક્ષિપ્ (ફેંકવું) + અન (પદું)] ન. ફેંકવું તે.
૩. ન. શરૂના અનને ચાલકપુને ઘેર રાંધવા આપવું તે.
૪. [સં. ઉપ (પાસે) + ક્ષિપ્ (મૂકવું) + અન (પદું)] ન. સોંપણી; થાપણ મૂકવી તે.

ઉપખગિક પું. એક જાતનો કરોળિયો. આ વર્ગના કરોળિયા ખગાદ કુટુંબના હોય છે. ખગાદ એટલે પક્ષી–બાજ. આ જાત હવામાં ફરનાર કોયનિ આધાર બનાવી બાંધે અને જે જીવતા પક્ષીઓ તેમાં બરાબર ભમ તેને મારી ખાય છે.

ઉપખાત ૧. પું. નાની ખાડી.
૨. [સં. ઉપ (પાસે) + ખાત (ખાડો)] ન. ખાડાની નજીક.
૩. ન. ખાડીમાં.

ઉપખ્યાયિકા [સં. ઉપ (પેઠા) + ખ્યા (કહેવું)] સ્ત્રી. ઉપકથા; પ્રાસંગિક વાત.

ઉપગ ૧. ન. એક જાતનું વાદ્ય.
નંદ મૃદંગ ઉપગ ઝાલરી, નાનાવિધ નિસાણ રા. રાસમાળા
૨. વિ. પામનાર; મેળવનાર.
૩. વિ. પાસે આવેલું; ઉપગત. આ શબ્દ સમાસને છેડે વપરાય છે.
૪. [સં. ઉપ (પાસે) + ગ (જનાર)] વિ. પાસે જનાર.

૫. વિ. પાસે રહેનાર; અનુસરતું.

ઉપગણ [સં. ઉપ (નાનું) + ગણ (જૂથ)] પું. નાનું ટોળું; નાનો સમુદાય.

ઉપગણના [સં. ઉપ (નજીક) + ગણના (ગણતરી)] સ્ત્રી. અંદાજ.

ઉપગણનાપત્ર [સં. ઉપ (નજીક) + ગણના (ગણતરી) + પત્ર (કાગળ)] ન. અંદાજપત્ર; 'એસ્ટિમેટ'

ઉપગત ૧. [સં.] પું. પોતાની મરજીથી અથવા પોતાનાં સગાંવહાલાંની ઇચ્છાથી જે કોઈ બાબતનો દોરો થાય તેને ઉપગત કહે છે.

૨ [સં ઉપ (પાસે) + ગત (પહોંચેલું)] ન. પહોંચ, રસીદ; પાવતી.

૩. [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું) + ત (પ્રેત્ય)] ન. મેળાવેળી હોલત.

૪. વિ. અનુભવેલું.

૫. વિ. આવી પહોંચેલું.

૬ [સં. ઉપસ્થિત; હાજર થયેલ.

૭. વિ. જાણેલું; જ્ઞાત; સમજેલ.

૮. [સં. પ્રાપ્ત; અપ્રાપ્ત.

૯. વિ. નજીકનું; પાસેનું.

૧૦. વિ. પૂરું પાડેલ.

૧૧. [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું) + ત (પ્રેત)] વિ. બનેલું; થયેલું

૧૨. વિ. બંધાયેલું; વચન દીધેલ.

૧૩. [સં. ઉપ (ઉપર) + ગત (ગયેલું)] વિ. ભરી રાખેલું; સ્વર્ગવાસી; મૃત.

૧૪. વિ. મેળવેલ.

૧૫. [સં. ઉપ (સાથે) + ગમ્ (સંયોગ કરવો) + ત (પ્રેત)] વિ. મૈથુન સેવેલું; સંભોગ કરેલ.

૧૬. [સં. ઉપ (પાસે) + ગમ્ (અંગીકાર કરવું) + ત (પ્રેત)] વિ. સ્વીકારેલ; અંગીકૃત; મંજૂર.

ઉપગતવિરાજા પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં નગણ, સગણ, બે જગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે.

ઉપગતવિરાજા ન સ જ જ ગા ઝરી.
રણછોડ

ઉપગતિ ૧. [સં. ઉપ (પાસે) + ગમ્ (અંગીકાર કરવું) + તિ (ક્રિયા)] સ્ત્રી. અંગીકાર; સ્વીકાર; કબૂલત.

૨. [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું) + તિ (ક્રિયા)] સ્ત્રી. સ્થાન; અવયવ.

૩. [સં. ઉપ (હલકું) + ગતિ (અવાજ)] સ્ત્રી. હરણમાં ઉતારી નાખવાપણું.

૪. [સં. ઉપ (પાસે) + ગતિ (અવાજ)] સ્ત્રી. નજીક જવું તે; પાસે જવાપણું.

૫ સ્ત્રી. પ્રાપ્તિ; મેળવવું તે.

૬. સ્ત્રી. રસીદ; પહોંચ.

ઉપગમ ૧. [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું)] પું. આસક્તિ; પ્રેમ.

૨. [સં. ઉપ (પાસે) + ગમ્ (અંગીકાર કરવું)] પું. કબૂલત.

૩. [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું)] પુ. જ્ઞાન; સમજ.

૪. પું. પાસે જવું તે; પહોંચ; નિકટ ગમન.

૫. પુ. પ્રાપ્તિ; મળવાપણું; લાભ.

૬. પું. ગમન.

૭. પું. સમાગમ; સોબત.

૮. પું. સહેવાપણું; ખમવાપણું.

૯. [સં. ઉપ (સાથે) + ગમ્ (ચાલવું)] પું. સ્ત્રી સાથેનો સંબંધ; મૈથુન.

૧૦. પુ. સ્વીકાર; અંગીકાર; મજૂરી.

ઉપગમન ૧. [સં. ઉપ (પાસે) + ગમન (જવું તે)] ન. સહેલાઈ; એક બિંદુ તરફ વધવાપણું.

૨. જુઓ ઉપગમ.

ઉપગામ્ય [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું) + ય (જોઈ)] વિ. પાસે જઈ શકાય એવું.

ઉપગરણ [સં. ઉપ (અધિક) + કરણ (સાધન)] ન. (જૈન) સાધના; ધર્મક્રિયા કરવામાં ઉપયોગી ચીજ.

ઉપગહન ૧. પું. (પુરાણ) એક ઋષિનું નામ.

૨. [સં. ઉપ (ઓઢવું) + ગહન (ઢાંકવું)] વિ. ઓઢવું ઢાંકવું.

ઉપગંતા ૧. [સં. ઉપ (પાસે) + ગંતૃ (જનાર)] વિ. જનારૂકર; જનારું.

૨. વિ. પહોંચનાર; પાસે જનાર.

૩. વિ. મેળવનાર; પ્રાપ્ત કરનું.

૪. [સં. ઉપ (પાસે) + ગમ્ (અંગીકાર કરવું)] વિ. સ્વીકારનાર; કબૂલત આપનાર; અંગીકાર કરનાર,

ઉપગંધ [સં. ઉપ (વિશેષ) + ગંધ (વાસ)] પું. અત્તર.

ઉપગંધકાન્વિત [સં. ઉપ (ઓછું) + ગંધકાન્વિત (ગંધકના તેજાબનો ક્ષાર)] પું. ગંધકને લગતો એક ક્ષાર; 'હાઇપોસલ્ફેટ'.

ઉપગંધકિત [સં. ઉપ (ઓછું) + ગંધકિત (ગંધકના તેજાબનો ક્ષાર)] પું. ગંધકને લગતો ક્ષાર; 'હાઇપોસલ્ફેટ'.

ઉપગા ૧. [સં. ઉપ (પાસે) + ગૈ (ગાવું)] પું. ગાઈમાં સ્તોત્ર ગાનાર ઋત્વિજ.

૨. [સં. ઉપ (પાસે) + ગા (જનારી)] સ્ત્રી. (ગણિત) અસીમપથ; આપેલા વાંકની પાસે ને પાસે જતી હોવા છતાં અમુક નક્કી કરેલા અંતર સુધીમાં વાંકને પહોંચે નહિ એવી લીટી; 'એસિમ્પ્ટોટ'. સીધી કે ગોળ લીટીઓ તે હોય છે.

૩. [સં. ઉપ (પાસે) + ગૈ (ગાવું)] સ્ત્રી. ગાન.

ઉપગાતા ૧. [સં. ઉપ (પાસે) + ગાતૃ (ગાનાર)] પું. યજ્ઞમાં ઉદ્‌ગાતાની સાથે ગાન કરનાર ઋત્વિજ.

૨. વિ. નજીકમાં ગાન કરનાર; પાસે ગાનાર.

ઉપગ્રામ [સં. ઉપ (નાનું) + ગ્રામ (ગામ)] ન. નાનું ગામ; ગામડું.

ઉપગ્રાહી ૧. [સં. ઉપ (પાસે) + ગ્રહ્ (અંગીકાર કરવું)] વિ. અંગીકાર કરનાર; સ્વીકારવું; મંજૂર કરવું; કબૂલવું.

૨. [સં. ઉપ (સાથે) + ગ્રહ્ (જવું) + ઇન્ (નાર)] વિ. આસક્ત; પ્રેમી.

૩. [સં ઉપ (પાસે) + ગ્રામિન્ (જનાર)] વિ. જનારું.

૪. વિ. નજીક આવતું; પાસે જનારું.

૫. વિ. પરસ્પર સંબંધ બતાવતું.

૬. વિ. પાસે આવેલું.

૭. [સં. ઉપ (સાથે) + ગ્રહ્ (ચાલવું) + ઇન્ (નાર)] વિ. મૈથુન કરનાર; સ્ત્રી સાથે સંભોગ કરનાર.

૮. વિ. લાભ મેળવનાર; પ્રાપ્ત કરનાર.

૯. વિ. વચન આપનાર.

૧૦. [સં. ઉપ (નીચે) + ગ્રહ્ (જવું) + ઇન્ (નાર)] વિ. સહનશીલ; ખમનાર.

ઉપગ્રાર ૧. [સં. ઉપકાર] પું. ઉપકાર; ભલાઈ; કોઈનું સારું કરવું તે.

અમૃત જો નિદ્રામાં ગાળ્યાં, રાજવત રાત્રિ અકાર્ય; સ્વજન દાન ને ધ્યાન નહિ, સંત સંગત નહીં ઉપગ્રાર.
પ્રેમાનંદ

૨. પું. કૃપા; મહેરબાની.

૩. પું. દયા.

૪. પું. સગપણ; આભાર; એહસાન.

ઉપગ્રારી ૧. [સં. ઉપકારિન્] વિ. ઉપકાર કરનાર; ભલું કરનાર.

૨. વિ. ઉપકાર જાણનાર; કૃતજ્ઞી.

૩. વિ. કોઈના ઉપર ઉપકાર થતો હોય એવું.

૪. વિ. મહેરબાન; કૃપાળુ.

૫. વિ. વફાદાર; નિમકહલાલ; પાક માનનાર; આભારી.

ઉપકારું ૧. [સં. ઉપ (વિશેષ) + કારિન્ (કરનાર)] વિ. ઉપકાર કરનારું; ભલું.
હવે કૃષ્ણ મુજો રે માત,
પર ઉપકારું પુત્ર. નરસિંહ
૨. વિ. ઉપજવનારું; ઊપજ કરનારું.
મોહ ઉપકારી રે મોહનજીની મોરલી.
પ્રા. કા.

ઉપકારો ૧. [સં. ઉપકાર] પું. ઉપકાર; ભલાઈ; કલ્યાણ.
હરિજન આ કોરે કર્યો ઉપકારો,
કે વેરાગીનો કર્યો અહારો.
પ્રેમાનંદ
૨. પું. કૃપા; મહેરબાની.
૩. પું. દયા.
૪. વિ. પું. ઉપકાર કરનારો.

ઉપકૃગિરિ ૧. [સં.] પું. ઉત્તર દિશામાં આવેલો એક પર્વત. રાજસૂય દિગ્વિજય માટે અર્જુન ત્યાં ગયો હતો.
૨. [સં. ઉપ (પાસે) + ગિરિ (પર્વત)] પું. ઉત્તરમાં પર્વત પાસે આવેલ એક દેશનું નામ.
૩. ન. પર્વત પાસે.

ઉપગીત ૧. [સં. ઉપ (પાસે) + ગીત (ગવાયેલું)] પું. બોલવામાં થતો એક જાતનો દોષ; પાસેના વર્ણનો ગાવાની પેઠે ઉચ્ચાર કરવાનો દોષ.
૨. વિ. ગાવાનું શરૂ કરતું.
૩. વિ. ખાટથી કીર્તિ ગવાયેલું.

ઉપગીતિ [સં. ઉપ (ઊતરતું) + ગીતિ (એક છંદ)] પું. (પિંગળ) આર્યા અને ગીતિને મળતો એક માત્રામેળ છંદ; ઊતરતી ગીતિ. તે ગાહૂ કે ગાહો પણ કહેવાય છે. તેમાં ચોપન માત્રા, ચૌદ તાલ અને પહેલા અર્ધ ભાગ જેટલી જ બીજા અર્ધ ભાગમાં માત્રા હોય.
આર્યા ઉત્તર દલ સમ, કિ દલ જોગાહ લે આવે,
ઉપગીતિ ગાહૂ સ્થના, એવો નિયમ કવિ સમજાવે.
રણછોડજી

ઉપગીતિ કુંડલિની પું. (પિંગળ) ઉપગીતિ ઉપર રોલા છંદ લાવવાથી થતો એક વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ. તેમાં ઉપગીતિની ૫૪ અને રોલાની ૬૬ મળી ૧૫૦ માત્રા હોય.

ઉપગીય [સં. ઉપગા (અસીમપણે ગવાતું) + ય (લાયક)] વિ. (ગણિત) અસીમપણને લગતું; ઉપજ સંબંધી; ઉત્તરોત્તર અમુક ક્રમની વધારે ને વધારે નજીક જતી પણ તેને કદી ન મળતી એવી રેખાને લગતું. 'એસિમ્ટોટિક'.

ઉપગુ ૧. [સં. ઉપ (પાસે) + ગો (ગાય)] પું. ગોવાળ.
૨. પું. (પુરાણ) વસિષ્ઠ કુળમાં થયેલ એક ઋષિનું નામ.
૩. [સં. ઉપ (પાસે) + ગો (કિરણ)] વિ. જેમાં કિરણ મળ્યાં હોય તેનું.

ઉપગુપ્ત ૧. [સ. ઉપ (આવે) + ગુપ્ત (ગુણાકારનો અવયવ)] પું. (ગણિત) ગુણક, કોઈ રાશિનો સાધ્યાત્મક કે વર્ણાત્મક અવયવ; જ્ઞાત કે અજ્ઞાત સંખ્યા જેટલી વાર લેવાની છે એ બતાવવા માટે તેની પહેલાં મુકાતી સાધ્યા કે અક્ષર; 'કોએફિશન્ટ.' જેમકે, ૩અબક એ પદમાં ૩ એ અબકનો ઉપગુપ્ત, ૩બ એ અકનો ઉપગુપ્ત અને ૩અબ એ કનો ઉપગુપ્ત છે.
૨. [સ. ઉપ (મુખ્ય નહિ એવું) + ગુપ્ત (ધર્મ)] પું. મુખ્ય નહિ એવું લક્ષણ; પેટા ધર્મ.

ઉપગુપ્ત ૧. પું. એક બૌદ્ધ ધર્મગુરુનું નામ. તે પાટલિપુત્રમાં આવ્યા પહેલાં અશોકના સ્વપ્નથી મથુરા પાસે આવેલ ઉર્ણુંડા નામના પર્વત ઉપર રહેતો હતો.
૨ પું. (પુરાણ) વિદેહવંશના સત્તરમ જનકના દીકરાનું નામ.
૩. [સં. ઉપ (પાસે) + ગુપ્ત (સંતાડેલું)] વિ. છાનું.

ઉપગુરુ ૧. [સં. ઉપ (નાનું) + ગુરુ (શિક્ષક)] પું. મોટા શિક્ષકના હાથ નીચેનો શિક્ષણ આપનાર નાનો શિક્ષક; બાલશીક્ષા શીખવનાર.
૨. પું. વાડો નિશાળિયો; નિશાળમાં છોકરાંઓને સાચવવા અને શિખામણ દેવા નીમેલો વિદ્યાર્થી; મુખની માફક ઉપદેશ વગેરે કરનાર; 'મૉનિટર'.
૩. પું. (પુરાણ) સત્તરમ રાજાના દીકરાનું નામ.
૪. [સં. ઉપ (પાસે) + ગુરુ (શિક્ષક)] ન. શિક્ષક પાસે; ગુરુ નજદીક

ઉપગુહ્યસ્થિ [સં. ઉપ (પાસે) + ગુહ્ય (પગની ઘૂંટી) + અસ્થિ (હાડકું)] ન. પગની ઘૂંટીનું નૌકાકૃતિ અસ્થિ; ઘૂંટીનું હોડીના આકારનું હાડકું.

ઉપગૂહ ૧. [સં. ઉપગૂહ્ (ભેટવું)] ન. બથ; ભેટ; આલિંગન.
૨. [સં. ઉપ (પાસે) + ગૂહ (ઢાંકવું)] વિ. ગુપ્ત; છાનું.
૩. વિ. ઢબૂરી દીધેલું; બરાબર ઢંકેલ.
૪. વિ. ઢાબી દીધેલું.
૫. વિ. પકડી ગુમેલું; ટેકો આપેલ.
૬. વિ. ભેટેલું; આલિંગન કરેલું.
૭. વિ. યુક્ત; જોડાયેલું.

ઉપગૂહન ૧. [સં. ઉપગૂહ (ભેટવું) + અન (પણું)] ન. આલિંગન; ભેટવું તે.
૨. ન. (જૈન) ઉપબૃંહણ; વૃદ્ધિ; પોષણ.
૩. [સ. ઉપ (પણું) + ગૂહ્ (સંતાડવું) + અન (પણું)] ન. (જૈન) શ્રદ્ધા વગેરેથી પોતાના ધર્મની ઉન્નતિ કરવી, ધર્મની બેઇજ્જત ન થાય તેવી રીતે અવગુણ ઢાકવા તે.
૪. ન. ઢાંકવું તે; પોતાના ગુણ અને પારકાના દોષ ઢાંકવાપણું.
૫. ન. નવાઈ; અચંબો.

ઉપગૃહ ૧. ન. કારગૃહ; જેલ; તુરંગ.
૨. [સ. ઉપ (પાસે) + ગૃહ (ઘર)] ન. મુખ્ય મકાનની પાસેનું તેને લગતું નાનું મકાન; રહેવાનું પાસેનું મકાન; 'આઉટહાઉસ'.

ઉપગૃહ્ય [સ. ઉપ (આવે) + ગ્રહ્ , પકડવા) + અન (પણું)] ન. આલિંગન.

ઉપગોલ ૧. [સ. ઉપ (નાનું) + ગોલ (ગોળો)] પું. નાનો ગોળો.
૨. [સં. ઉપ (સદૃશ્ય) + ગોલ (ગોળો)] પું. લગભગોળ; અંડાકૃતિ.

ઉપગોલી ૧. [સં. ઉપગૂહ્ (ભેટવું) + ય (જોગું)] વિ. આલિંગન કરવા જોગું.
૨. [સં. ઉપગુહ્ (સંતાડવું) + ય (જોગું)] વિ. છાનું રાખવા જોગું; ઢાંકવા જોગું.
૩. વિ. લેવા જોગું; આલા.

ઉપગોળ જુઓ ઉપગોલ.

ઉપગ્રહ ૧. [સં. ઉપ (પેઠા) + ગ્રહ (સૂર્યની આસપાસ ફરતો આકાશી ગોળો)] પું. (જ્યોતિષ) અપ્રધાન ગ્રહ; મુખ્ય ગ્રહની આસપાસ ફરનાર નાનો ગોળો. જેમકે, ગ્રહ. સર્વમાન્યમા સૂર્યની આસપાસ ફરનારા જે મુખ્ય ગોળા તેમની આસપાસ ફરનારા ગ્રહ ઉપગ્રહ કહેવાય છે. મોટા ગોળાને એક અથવા વધારે નાના ગોળા હોય છે. ગ્રહ સૂર્યની આસપાસ ફરે અને ઉપગ્રહ ગ્રહની આસપાસ ફરે. પ્રાચીન ગ્રહોતરીમાં રાહૂ અને કેતુને ઉપગ્રહ માનેલા છે.
૨. પું. નાના ગ્રહોમાંનો કોઈ. જેમકે, ધૂમકેતુ; રાહૂ; કેતુ.
૩. પું. આજ્ઞા; હુકમ.
૪. પું. ઉપયોગ.
૫. પું. (જૈન) ઉપાધિ; જાત વધારે તેવી બાબત.
૬. પું. કુળ વાસનો બગલો; બગલાનો સમૂહ; બોકડ.

ઉપગૂહ

૭. [સં. ઉપ (પાસે) + ગ્રહ્ (પકડવું)] પું. કેદ પકડવું તે; બંદીખાને નાખવું તે.
૮. પું. કેદી; બંદીવાન.
૯. પું. કેદ; મજબૂતિ.
૧૦. પું. ગ્રહણ; પકડવું તે; ગ્રહવું તે.
૧૧. [સં. ઉપ (ઢાંકે) + ગ્રહ્ (લેવું)] પું. ઓઢાણ; ઉમેરો.
૧૨. પું. ટેકો; અવલંબ.
૧૩. [સં. ઉપગ્રહ્ (સમાધાની કરવી)] પું. તહનામું; સંધિ; સુલેહ.
૧૪. પું. પોતાનું બધું સોંપી દઈ સુલેહ કરવી તે.
૧૫. પું. પોષણ; પુષ્ટિ.
૧૬. પું. જ્યોતિષમાં સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી પાંચમું (વિદ્યુન્મુખ), આઠમું (ક્ષત્ર), ચૌદમું (સન્નિપાત), અઢારમું (કેતુ), બાવીસમું (ઉલ્કા), બાવીસમું (કંપ), તેવીસમું (વજ્ર) અને ચોવીસમું (નિર્ઘાત) નક્ષત્ર.
૧૭. પું. મહાપુરુષની કૃપા; અનુકૂલતા.
૧૮. પું. રોષ; અટકાવ.
૧૯. પું. વિનતિ.
૨૦. પું. સાધન; ઉપકરણ.
૨૧. [સં. ઉપગ્રહ્ (સ્વીકારવું)] પું. સ્વીકાર; અંગીકાર; ઉપાદાન; કબૂલાત; મંજૂરી.
૨૨. [સં. ઉપગ્રહ્ (હરવું)] પું. હાર; પરાજય.
૨૩. ન. પ્રરાગૃહ; બંદીખાનું; જેલ; કેદખાનું.
૨૪. ન. ગિરફતારી; કેદ પકડાવાપણું; બંધન.

ઉપગ્રહણ ૧. [સં. ઉપ (પાસે) + ગ્રહ્ (કેદ કરવું) + અન (પ્રત્યે)] ન. કેદ કરવું તે.
૨. [સં. ઉપ (પાસે) + ગ્રહ્ (સ્વીકારવું) + અન (પ્રત્યે)] ન. ગ્રહણ; સ્વીકાર; અંગીકાર; કબૂલાત; મંજૂરી; સમતિ.
૩. ન. પકડી રાખવાપણું; ગ્રહવું તે.
૪. ન. વેદોનો અભ્યાસ.
૫. [સં. ઉપગ્રહ્ (નીચે પાડવું) + અન (પ્રત્યે)] ન. હવેણીમાં લીધેલ વસ્તુને પકડી બગાવવા બીજી હવેણી નીચે રાખવી તે.

ઉપગ્રહલેખ [સં. ઉપગ્રહ્ (કૃપા કરવી) + લેખ (દસ્તાવેજ)] પું. બક્ષિસનો હુકમ; ભેટ આપ્યાનો દસ્તાવેજ.

ઉપગ્રહસંધિ [સં. ઉપગ્રહ (પોતાનું બધું આપી દઈ સુલેહ કરવી તે) + સંધિ (સમાધાન)] પું. પોતાનો જીવ બચાવવા બધું આપીને કરાતી સુલેહ.

ઉપગ્રંથ ૧. [સં. ઉપ (બહારનું) + ગ્રંથ (પુસ્તક)] પું. પુરવણી; વધારાનું લખાણ.
૨. [સં. ઉપ (નાનું) + ગ્રંથ (પુસ્તક)] પું. લઘુ પુસ્તક; નાની ચોપડી.

ઉપગ્રીવિ [સં. ઉપ (ઉપર) + ગ્રીવિ (ગાંઠ)] સ્ત્રી. સરિસૃપની ગ્રીવિ (ગાંઠ) ઉપર નીકળતી ગાંઠ.

ઉપગ્રામ [સં. ઉપ (નાનું) + ગ્રામ (ગામ)] ન. નાનું ગામ; પરું.

ઉપગ્રાહ ૧. [સં.] પું. નજરાણું.
૨. પું. ભેટ.
૩. પું. ભેટ આપવી તે.

ઉપગ્રાહી ૧. પું. નજરાણું.
૨. પું. ભેટ.
૩. વિ. નોકરીમાં રાખવા જેવું.
૪. [સં. ઉપ (પાસે) + ગ્રહ્ (સંગ્રહવું) + ઘ (જેનું)] વિ. ખોરવાની કરવા લાયક.

ઉપગ્રીવા [સં. ઉપ (ઉપર) + ગ્રીવા (ડોક)] સ્ત્રી. ડોકનું ઘરેણું; કંઠી.

ઉપઘર [સં. ઉપ (પાસે) + ગૃહ (ઘર)] ન. મુખ્ય મકાન પાસેની નાની ઓરડી. 'આઉટ-હાઉસ'.

ઉપઘાત ૧. [સં. ઉપ (પાસે) + હન્ (મારી નાખવું)] પું. અપમૃત્યુ; કમોત.
૨. પું. અસમર્થપણું; અશક્તિ.
૩. પું. (જૈન) છદ્મસ્થોને થાનું વગેરેના અવાજથી થતો પ્રકો.
૪. [સં. ઉપ (પીડા) + હન્ (ઈજા કરવી)] પું. ઈજા; પીડા.
૫. પું. ઈજા કરવાના પ્રયાસથી અટકાવું તે.
૬. પું. ખોટ જતનો હોમ.
૭. પું. કામ માટે નાલાયક ઠરાવવું.
૮. પું. (જૈન) કેવલ્યિ સમ્યક્ જોવા છતાં પોતાની અવળી મતિને લીધે તે જોવાજોગ્યથી જણાવાયી તેના દોષ પ્રગટ કરવા તે.
જ્ઞાનરોધ, નિહ્નવ, અન્તર, અંતરાય, આશાતના અને ઉપઘાત એ જ્ઞાનાવરણ કર્મ તથા દર્શનાવરણ કર્મના બંધહેતુ-આસ્રવ છે.
તત્ત્વાર્થસૂત્ર
૯. પું. (જા. પ્ર.) અકેલ.
ધર્મ વણી નૂ બીજી વાત,
આવી મેઈ કરત ઉપઘાત. જ્ઞાનપ્રકાશ
૧૦. [સં. ઉપ (ઓછું કરવાનું) + હન્ (મારી નાખવું)] પું. ખૂન; નાશ; ધ્વંસ; સંહાર.
૧૧. પું. (જૈન) જેથી આપણને આહાર, પાણી, પાટ, પાટલા વગેરે લેવાય નહિ એવો દોષ.
૧૨. પું. તિરસ્કાર; અપમાન; અનાદર.
૧૩. પું. દખલ.
૧૪. પું. પાપ; ઉપઘાતક, અતિઅંતીકરણ જેટલે અંશે ઓછું કરવું તે, સંકરીકરણ, અપાત્રીકરણ અને મલિનીકરણ એ પાંચ પાપનો જથ્થો.
૧૫. પું. પ્રહાર; ફટકો; ઘા.
૧૬. પું. રોગ; વ્યાધિ.
૧૭. પું. હાનિ; નુકસાન; અપકાર.
૧૮. પું. હુમલો.

ઉપઘાતક ૧. પું. અમલદાર; આરક્ષક; ચરબાળો.
૨. [સં. ઉપ (ઓછું) + હન્ (ઈજા કરવી) + અક (કરનાર)] વિ. અપમાનકારક.
૩. [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + હન્ (ઈજા કરવી) + અક (કરનાર)] વિ. ઈજા કરે તેવું; પીડા કરનાર.
૪. [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + હન્ (મારી નાખવું) + અક (કરનાર)] વિ. નાશ કરનારું.

ઉપઘાતકર્મ [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + ઘાત (મારવું તે) + કર્મન્ (કામ)] ન. નાશ કરવાની ક્રિયા.

ઉપઘાતકર્મ [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + ઘાત (નાશ) + કર્મન્ (કામ)] ન. (જૈન) બીજાની ઘાત થાય તેવી ક્રિયા.

ઉપઘાતકારી ૧. [સં. ઉપઘાત (તિરસ્કાર) + કારિન્ (કરનાર)] વિ. તિરસ્કારવાળું; અપમાન ભરેલું.
૨. [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + ઘાત (નાશ) + કારિન્ (કરનાર)] વિ. નાશકારી; નાશ કરનારું.
૩. [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + ઘાત (ઈજા) + કારિન્ (કરનાર)] વિ. પીડાકારક; ઈજા કરે એવું.

ઉપઘાતનામ [સં. ઉપ (ઓછું ઉપસર્ગ) + ઘાત (નાશ) + નામન્ (જેનું નામકર્મ)] ન. (જૈન) નામકર્મની એક જાત; જેને પરિણામે પોતાના, ચોરદાંત, રસોળી વગેરે પીડાકારી અવયવ થાય એવું કર્મ.

ઉપઘાતનામકર્મ જુઓ ઉપઘાતનામ.

ઉપઘાતી ૧. [સં. ઉપ (અર્થ બગાડનો ઉપસર્ગ) + હન્ (ઈજા કરવી) + ઇન્ (કરનાર)] વિ. અપમાન કરનાર.
૨. વિ. બરાબ કરનારું; અનિષ્ટકારક
૩. વિ. નાશકારક.
૪. વિ. પીડા કરનાર; દુઃખ દેનાર; ઈજા કરે એવું.

ઉપઘુષ્ટ ૧. [સં. ઉપ (બધું) + ઘુષ્ (જાહેર કરવું)] વિ. પડઘો પાડવું.
૨. વિ. મોટો અવાજ કરતું.

ઉપયોજ્ય [સં. ઉપ (પાસું) + પ્રયુ (જાહેર કરવું) + અન (પાસું)] વ. જાહેર કરવું તે; ઢંઢેરો.

ઉપરા ૧. [સં.] પું. આશ્રયનું ઠેકાણું; આશ્રયસ્થાન.
૨. પું. નક્ષત્રનો આધાર.
૩. વિ. આશરો લેનાર.

ઉપલ્હીખાન જી. ક્રિયાત.
બાર ઘસાન સામે બાર ગજના બાર સાબલાન રહે છે. દરેકની આગ પાસ્ત થશે ચબોચ્યમાં ઘસાત હોય છે. એને **ઉપલ્હીખાન** કહે છે.
આઇન-ઇ અકબરી

ઉપલ્હ ૧. [સ. ઉપ (ઉપર) + ચય (ઉમેરવું)] ન. મકાનની બાંધણીનું એક પડ, માળ. તે ગોળ ગોળ ઊંચીને ઉપર ચડે છે.
૨. [સં. ઉપ (નાનું) + ચય (પૈડું)] ન. મુખ્ય ચક્રને આધારે ફરતું નાનું ચક્ર. ઊતરતું પૈડું; નાનું ચક્ર.
૩. [સં. ઉપ (ઉપર) + ચય (પૈડું)] અ. પૈડા ઉપર.
૪. [સં. ઉપ (પાસે) + ચય (પૈડું)] અ. પૈડાની પાસે.

ઉપચક્ષુ ૧. [સં. ઉપ (આધાર) + ચક્ષુસ્ (આંખ)] ન. ચશ્મું; ઉપનેત્ર.
૨. [સં. ઉપ (પાસે) + ચક્ષુસ્ (આંખ)] અ. આંખની પાસે.

ઉપચય ૧. પું. (જૈન) ઇંદ્રિયો રચાય એવા પુદ્ગલ લઈ શરીર બાંધવું તે.
૨. [સં. ઉપચિ (વધારો કરવો)] પું. ઉન્નતિ; આબાદી; ચડતી.
૩. પું. ઊંચાઈ.
૪. [સં. ઉપચિ (ઢગલું કરવું)] પું. ઢગલો; જથ્થો; સમૂહ.
૫. પું. (જ્યોતિષ) લગ્નકુંડલીમાં ૩, ૬, ૧૦ અને ૧૧મા સ્થાનમાંનું કોઈ એક.
૬. પું. લાભ.
૭. પું. વૃદ્ધિ; ઉમેરો; પુષ્ટિ.
૮. ન. આધિક્ય; વધારો.
૯. ન. શરીર.

ઉપચયભાવ [સં. ઉપ (વધવું) + ચય (ભેગું કરવું તે) + ભાવ (પ્રકૃતિ)] પું. (જ્યોતિષ) વૃદ્ધિ કરનાર ભાવ; લગ્નકુંડલીમાં ૩, ૬, ૧૦ ને ૧૧માના દરેક સ્થાનનો સ્વભાવ.

ઉપચયશક્તિ ૧. [સં. ઉપચય (ઉન્નતિ) + શક્તિ (બળ)] સ્ત્રી. ઉન્નતિ કરવાની તાકાત.
૨. [સં. ઉપચય (વધારો) + શક્તિ (બળ)] સ્ત્રી. વધારાનું બળ.

ઉપચયસ્થાન [સં. ઉપચય (લગ્નકુંડલીનું ભલું સ્થાન) + સ્થાન (જગ્યા)] ન. (જ્યોતિષ) લગ્નકુંડલીમાં ૩, ૬, ૧૦ અને ૧૧મા ભુવનમાંનું કોઈ એક.

ઉપચયાપચય [સં. ઉપ (અધિક) + ચિ (આત્મા થવું) + અપ (ઉતરતાક્રમના અર્થમાં વપરાતો ઉપસર્ગ) + ચિ (આત્મા થવું)] પું. ચડતી અને પડતી; વૃદ્ધિ અને હાનિ.

ઉપચર ૧. [સં. ઉપચર્ (સારવાર કરવી)] પું. માવજત; ચિકિત્સા.
૨. [સં. ઉપ (પાસે) + ચર્ (જવું)] ન. પહોંચવું તે; નજીક આવવું તે.

ઉપચરક ૧. [સં. ઉપ (નાનું) + ચરક (પાત્ર)] ન. ઊતરતું પદ; મુખ્ય નહિ તેવું પદ.
૨. [સં. ઉપ (ઊતરતું) + ચરક (પરિવ્રાજક)] ન. ઊતરતો કરન્ડિયો.
૩. [સં. ઉપ (પાસે) + ચર્ (જવું) + અન (પડવું)] ન. નજીક આવવું તે; ઉપગમન; પાસે પહોંચવાપણું.
૪. ન. વધારાનું પદ.
૫. [સં. ઉપ (સમજાવવું) + ચરક (ચરક)] ન. સારા આચરણનો દેખાવ.
૬. [સં. ઉપ (પાસે) + ચર્ (જવું)] ન. સેવા.

ઉપચરિત ૧. [સં. ઉપ (પાસે) + ચર્ (કરવું) + ક્ત (જેલ)] વિ. ઉપાસેલ; સેવેલ; પૂજેલું.
૨. વિ. ચિહ્નથી જણેલ.
૩. વિ. લક્ષણાથી જણેલ; લક્ષ્યાર્થ એટલે મુખ્ય અર્થનો બાધ થવે તેને લગતો જ જે બીજો અર્થ લેવો પડે તે જણાવવાની શબ્દની શક્તિથી જણેલું

ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય જુઓ ઉપચરિતઅવહારનય.

ઉપચરિતવ્યવહારનય [સં. ઉપચરિત (લક્ષણથી જણેલ) + વ્યવહાર (વપરાશ) + નય (પદાર્થના એક ધર્મનું જ્ઞાન)] પું. (જૈન) સાત વ્યવહારનયમાનો એક; ઘણા તફાવતવાળા પદાર્થને એક તરીકે માનવાપણું. જેમકે, હાથી, ઘોડા, બદેલ, મકાન બારાં છે.

ઉપચરિષ્ણુ [સં. ઉપ (પાસે) + ચર્ (કરવું)] પું. પેટા જગ્યાનો માલિક.

ઉપચર્મ [સં. ઉપ (ઉપલું) + ચર્મન્ (ચામડું)] ન. બહારની ચામડી; બાહ્યત્વચા.

ઉપચર્યા ૧. [સં. ઉપ (પાસે) + ચર્ (કરવું) + ય (પ્રયુ)] ન. સારવાર; ચિકિત્સા.
૨. [સં. ઉપચર્ (સેવા કરવી) + ય (જેલું)] વિ. સેવવા લાયક; ચાકરી કરવા જેવું.

ઉપચર્યેસ્વામી [સં. ઉપ (પાસે) + ચર્ (કરવું) + ય (જેલું) + સ્વામિન્ (ધણી)] પું. મુખ્ય જગ્યાનો માલિક; વિષ્ણુલોકના.

ઉપચર્યા ૧. [સં. ઉપ (પાસે) + ચર્ (કરવું) + આ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. સારવાર; ચિકિત્સા.
૨. સ્ત્રી. સેવા; ચાકરી.

ઉપચાયક ૧. [સં. ઉપ (વધારે) + ચિ (આત્મા થવું) + અક (કરનાર)] વિ. ચડતી કરનાર; ઉન્નતિકારક.
૨. વિ. વધારનાર; ઉમેરો કરનાર.
૩. [સ. ઉપ (અર્ધ વગરનો ઉપસર્ગ) + ચિ (ભેગું કરવું) + અક (કરનાર)] વિ. સંગ્રાહક; જમાવ કરનાર.

ઉપચાયક કલ્પના [સં. ઉપ (અધિક) + ચિ (વધવું) + અક (કરનાર) + કલ્પના (નવું ઉપજાવી કાઢવાની શક્તિ)] સ્ત્રી. સર્જનાત્મક બુદ્ધિપ્રતિભા; જેમાં કંઈક નવું રચવાનું બળ છે તેવી શક્તિ; 'ક્રિએટિવ ઇમેજિનેશન'.

ઉપચાયી ૧. [સ. ઉપ (વધારે) + ચિ (આત્મા થવું) + ઇન્ (નાર)] વિ. ચડતીને પામતું; આબાદીવાળું.
૨. વિ. વધતું.

ઉપચાર્ય ૧. પું. પવિત્ર અગ્નિ.
૨. [સં. ઉપ (નિરર્થક ઉપસર્ગ) + ચિ (ભેગું કરવું)] પું. વેદિ; યજ્ઞનો અગ્નિ રાખવાનો કુંડ.

ઉપચાર ૧. પું. આરજૂ; વિનતિ; પ્રાર્થના.
૨. પું. ઉપમા પદ; બોલાવવામાં વપરાતો શબ્દ.
૩. પું. ઉપયોગ.
૪. પું. ઉપાય, ઇલાજ; ચિકિત્સા; પ્રતિકાર.
૫. પું. સ્નાન.
૬. પું. ધર્માચરણ; ધર્મક્રિયા.
૭. પું. નમસ્કાર.
૮. પું. પૂજાની સામગ્રી અને સત્કાર. તે મુખ્યત્વે કરીને સોળ પ્રકારે છે: આવાહન, આસન, અર્ઘપાદ્ય, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ (ચંદન), પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા, વંદના.
૯. પું. પૂજામાં વપરાતી ચીજો.
૧૦. પું. બજારનો ભિનભ; ઉપરનો દેખાવ.
૧૧. પું. માનપાન; સેવાચાકરી; સત્કાર.
૧૨. પું. મૂર્તિપૂજામાં વપરાતી દરેક ચીજ.
૧૩. પું. રક્ષણ; બચાવ.

૧૪. પું. રૂપક અથવા અલંકારિક ભાષા; શબ્દ કે અર્થના લક્ષણારૂપવાળી વાણી.

૧૫. પું. લક્ષણા એટલે મુખ્યાર્થ લાગુ નહિ પડતાં તેને લગતો બીજો અર્થ આપનાર શબ્દની શક્તિથી અર્થ સમજવાનું તે.

૧૬. પું. લાંચ; રેશવત.

૧૭. પું. વર્તન; આચરણ.

૧૮. પું. વિવેક; સભ્યતા.

૧૯. પું. (વ્યાકરણ) વિસર્જનો શ્, ષ્ કે સ કરવાનો ફેરફાર. જેમકે, નિઃશ્વનું નિશ્વ, નિઃશ્રેયસનું નિશ્રેયસ અને નિઃસ્પૃહનું નિસ્પૃહ.

૨૦. પું. અવતાર; પ્રયોગ; વિધાન.
ઉપચાર થવો = અવતાર ધરવો; બોલાવું.

૨૧. પું. શરીરના અવયવોને મંત્ર બળી અડકવાપણું

૨૨. પું. શરીરે ચંદન વગેરેનો લેપ.

૨૩. પું. સંસ્કાર; ક્રિયાકર્મ; પૂજાવિધિ

૨૪. પું. સાદરપણ; સરભાપણાનો સંબંધ.

૨૫. પું. સાધન; સામગ્રી.

૨૬. પું. સાધવાનું એક પરિશિષ્ટ જોડણે પુરવણી.

૨૭. [સં. ઉપ (પાસે) + ચર્ (ફરવું)] પું. સારવાર; ઓસડવસડ કરવાં તે; માવજત.

૨૮. પું. સારવારને લગતી બાબત.

૨૯. પું. સારું લગાડવા ખોટું બોલવું તે; ખોટું પણ મીઠું બોલી સંતોષ ઉપજાવવો તે; ખાનોરી ખુશ કરવું તે; ખુશામત; અતિશયોક્તિઅર્થી વખાણ.

ઉપચારઅભિજ્ઞા સ્ત્રી. લક્ષણાનો જોડણે વાચ્યાર્થ લાગુ નહિ પડતાં તેને લગતો બીજો અર્થ આપનાર શબ્દની શક્તિનો એક મુખ્ય પ્રકાર; ઉપચારરહિતા; ગૌણા.

ઉપચારઔષધ ૧. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + ઔષધ (ઓસડ)] ન. ઇલાજ.
૨. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + ઔષધ (ઓસડ)] ન. સારવારમાં વપરાતું ઓસડ.

ઉપચારક ૧ [સ.] પું. પેટા જગ્યાનો માલિક
૨. [સં. ઉપ (પાસે) + ચર્ (ફરવું) + અક (કરનાર)] પું. વૈદ્ય.
૩. પું. સેવક; દાસ, ચાકર; નોકર.
૪ વિ. ઇલાજ કરનારું; ચિકિત્સક.
૫. વિ. મુખ્ય નહિ તેવું; ગૌણ.
૬. વિ. સારવાર કરનાર.

ઉપચારકરથલ [સં. ઉપચારક (મુખ્ય નહિ તેવું) + સ્થલ (જમીન)] ન. જેના ઉપર વાપરવાનો બીજો હોય એવી જમીન.

ઉપચારગમ્ય [સં. ઉપચાર (ઇલાજ) + ગમ્ય (જવાય એવું)] વિ. ઉપચારથી મટે એવું; સાધ્ય.

ઉપચારજ્ઞ ૧. [સં. ઉપચાર (ખાસ ઉપયોગ) + જ્ઞ (જાણ)] પું. (ન્યાય) એક જાતનું કપટ; વાદીએ કહેલ વાક્યને તેના ખાસ અર્થથી જૂદા અર્થમાં લઈ ખોટો ઉત્તર આપવાથી થતું એક દૂષણ. માંચાઓ મૂળ પાડે છે, એમ કહેતાં કહેવાદી કહે કે માંચા ઉપર બેસનારા મૂળ પાડે છે, માંચાઓ ક્યાં મૂળ પાડે છે? એમ કહીને બોલનારને ઉતારી પાડે તે ઉપચારજ્ઞ કહેવાય.
૨. પું. હાસ્યરસ.

ઉપચારપદ [સં. ઉપચાર (ભાષાનો વિનય) + પદ (શબ્દ)] ન. માત્ર વિવેકના શબ્દ.

ઉપચારપ્રચુર [સં. ઉપચાર (સીધો અર્થ નહિ બેસતાં તેને બરાબર બીજે બેસાડવો તે) + પ્રચુર (ઘણું)] વિ. જેમાં લક્ષણા શબ્દ પેટા અર્થમાં ઘણા પડે તેવું.

ઉપચારભિજ્ઞા [સં. ઉપચાર (એક અર્થાલંકાર) + મિશ્ર (ભેળું) + જ્ઞા (તારીખતિથિનો પ્રત્યય)] સ્ત્રી. લક્ષણાનો એક ભેદ. જુઓ ઉપચારસહિતા.

ઉપચારરહિતા [સં. ઉપચાર (કપટ) + રહિત (વગરનું) + જ્ઞા (તારીખતિથિનો પ્રત્યય)] સ્ત્રી. લક્ષણા એટલે વાચ્યાર્થ લાગુ નહિ પડતાં તેને લગતો બીજો અર્થ આપનાર શબ્દની શક્તિનો એક મુખ્ય પ્રકાર; ઉપચારઅભિજ્ઞા; ગૌણા.

ઉપચારવન્ત [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + વન્ત (વાળું)] વ. ચોટદર્શિતા કરવામાં વપરાતું લક્ષણ

ઉપચારવિધિ [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + વિધિ (રીત)] સ્ત્રી. સારવાર કરવાની રીત

ઉપચારવિનય [સં. ઉપચાર (વર્તણૂક) + વિનય (વિવેક)] પું. (જૈન) વિનયરૂપી તપનો એક પ્રકાર; ગુરુગુરુમાં ચર્ચિતાતાનો વિવેક કરવો તે. જેમકે, આચાર્ય વગેરે રાજ્ય દોષ તો તેમને દેખીને ઊભા થવું, સામા જવું, નમસ્કાર કરવો, આસન આપવું અને રાજ્ય ન દોષ તો મન, વચન, કાયારી હાથ જોડી નમસ્કાર કરવા અને ગુણ ગાવા

ઉપચારશાળા [સં. ઉપચાર (સારવાર) + શાલા (ઠેકાણું)] સ્ત્રી. બીમારની સારવાર કરવાનું દવાખાનું; ઇસ્પિતાલ; હૉસ્પિટલ.

ઉપચારસહિતા [સં. ઉપચાર (એક અર્થનો અલંકાર) + સહિત (વાળું) + જ્ઞા (તારીખતિથિનો પ્રત્યય)] સ્ત્રી. લક્ષણાનો એકસો લક્ષ્યાર્થનો બોધ કરાવનાર શબ્દની શક્તિનો એક પ્રકાર; ઉપચારમિશ્રા.

ઉપચારાધિકારી ૧. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + અધિકાર (સત્તા) + ઇન્ (વાળું)] પું. પ્રસંગે બોલાવ આવનાર અધિકારી; બોલાવરતે.
૨. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + અધિકારિન્ (અમલદાર)] પું. સત્કાર કરવા નિમાયેલ અમલદાર.
૩. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + અધિકારિન્ (સત્તાધાર)] પું. બરદાસ કરનાર અધિકારી.

ઉપચારાંતર ૧. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + અંતર (વ્યવધાન)] ન. રોગ વધતો હોય તે દરમિયાન તેમાં ફેર પડવો તે; રોગનું રૂપ બદલાવું તે.
૨. ન. સારવારમાં વપરાતી દવામાં અને જેની દવા વપરાતી હોય તેમાં ફેરફાર કરવાપણું.

ઉપચારિકા ૧. [સં. ઉપ (પાસે) + ચાર (ફરવું તે) + ઇક (વાળું) + આ (તારીખતિથિનો પ્રત્યય)] સ્ત્રી. સારવાર કરનારી સ્ત્રી; નર્સ.
૨. સ્ત્રી. સેવિકા; દાસી.

ઉપચારી ૧. [સં. ઉપ (પાસે) ચાર (ફરવું તે) + ઇન્ (વાળું)] પું. સેવક; ચાકર.
૨. વિ. માવજત કરનાર.
૩. વિ. સારવાર કરનાર.

ઉપચાર્ય ૧. [સં. ઉપ (પાસે) + ચર્ (ફરવું) + ય (જેવું)] વ. ચિકિત્સા; વૈદ્યક્રિયા; માવજત; ઉપચાર.
૨. [સં. ઉપ (પાસે) + ચર્ (ફરવું) + ય (જેવું)] વિ. ચિકિત્સા કરવા જેવું.
૩. [સં. ઉપ (પૂજના અર્થમાં વપરાતો ઉપસર્ગ) + ચર્ (જવું) + ય (જેવું)] વિ. પૂજ્ય જેવું.
૪. વિ. સેવવા જેવું.

ઉપચિત ૧. [સં. ઉપ (અધિક) + ચિ (ભેગાવું થવું) + ત (જેલ)] વિ. ઉન્નત; સમૃદ્ધ; ભરાવદાર; સંપન્ન.
૨. [સં. ઉપચિ (એકઠું કરવું) + ત (જેલ)] વિ. એકઠું થયેલું; સંચિત; જમા થયેલું.
૩. [સં. ઉપ (ઉપર) + ચિ (ચણવું) + ત (જેલ)] વિ ઓપેલું; લેપેલું; ભરોલું.
૪. વિ. દબાયેલું.

૫. વિ. પુષ્ટ; પૂર્ણ.
૬ વિ મજબૂત, શક્તિશાળી; પુષ્ટ.
૭. વિ. લેપ વગેરેથી વધેલું.
૮. વિ. વધેલું; મોટું થયેલું.
૯. વિ સોજેલ.
૧૦. વિ. સાવધ થયેલ

ઉપચિતમર્ષી [સં. ઉપ (એક ઉપસર્ગ) + ચિત (એકઠું કરેલું) + અર્ષ (ગમનો)] પું. એકઠી કરેલી સમજૂતી.

ઉપચિતરતિકા પું. (પિંગળ) ભગણ, નગણ, જગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષરનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદની જાતનો છે.

ઉ ઉપચિતરતિકા ભ ન જ જ ગ.

અપિંગળ

ઉપચિતરસ [સં. ઉપ (અધિક) + ચિત (આવાર થયેલું) + રસ (રાગ)] વિ. રાગમા વધારો પામેલું; જોસમાં વધેલું.

ઉપચિતારો ૧. [સં. ઉપ (નામો) + ચિત્રકાર (ચિત્ર દોરનાર)] પું. ઊગતો ચિત્રકાર.
૨. પું. નકશા કરનાર.

ઉપચિતિ ૧. [સં. ઉપ (એક ઉપસર્ગ) + ચિ (આવાર થવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. ઉન્નતિ; ચડતી; સમૃદ્ધિ; આબાદી.
૨. સ્ત્રી. ઊંચાઈ.
૩. [સં. ઉપ (વધારે) + ચિ (એકઠું કરવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. એકઠું કરવાપણું; સંગ્રહ; ઢગલો
૪. સ્ત્રી. વૃદ્ધિ; વધારો.

ઉપચિત્ય [સં. ઉપ (એક ઉપસર્ગ) + ચિ (વધવું) + ત્ય (પ્રત્યય)] વિ વૃદ્ધિ પામતું, સોળે કાપ જેવું.

ઉપચિત્ર ૧. પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ; ઉપચિત્રા. અગિયારેય વર્ણના આ છંદના પહેલા અને ત્રીજા ચરણમાં જગણ સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં ત્રણ જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
૨. પું. એક વેલાનું નામ; પૂંછિયપર્ણી; પીલવણ.
૩. પું. (પિંગળ) ત્રિષ્ટુપના વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુચિત્ર; નરેન્દ્ર. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર આવે અને ૬, ૫ અક્ષરે વિસામો આવે.

સ સ સા ગ ગ થી ઉપચિત્ર છે.

અપિંગળ

૪. પું. દુરીક્ષ.
૫. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો દીકરામાના એકનું નામ.
૬. પું. મુસાફરીનો ઝોક.
૭. પું. ઇહરતી.
૮. [સં. ઉપ (પેલા) + ચિત્ર (ભમી)] ન. પેટા ભમી.
૯. ન. મૂળ ભમી ઉપરથી ઉતારેલી નકશા.

ઉપચિત્રકા [સં. ઉપચિત્ર (મોટી હંસી) + ક (નામાપણું બતાવનાર પ્રત્યય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. હ્રસ્વપર્ણી નામની વનસ્પતિ; નાની હંસી.

ઉપચિત્રા ૧. સ્ત્રી. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ ઉપચિત્ર ૧.
૨. સ્ત્રી. (પિંગળ) એકસરખી માત્રાના છંદોના વર્ણનો માત્રામેળ છંદ; દરેક ચરણમાં સોળ માત્રા આવે અને ૧, ૫, ૯ ને ૧૩ માત્રાએ તાલ આવે એવો છંદ. તેની બધી જાત છે: (૧) ચારે ચરણમાં નવમી અને દશમી માત્રા જેમી આવે એટલે તેના ગુરુ આપવા, બાકી ગમે તેમ આવે.

સોળ કલા ભમી અક્ષુ પ્રતિ પદે,
નવ દશ જેમી જાણુ લઘપદે,
ઉપચિત્રાની રીતિ એ છે.
બીજા બે વળી જોયા જે છે. અપિંગળ

(૨) તેમાં ચારે પાદમાં આઠ માત્રા પછી જગણ અને બે ગુરુ આવે.

સોળ કલા પ્રતિ પાદ જ આવે,
આઠ કલા પછી જોગણ લાવે;
તે પણ કર્ણ કલા જ ઉલે,
ઉપચિત્રા બીજો ઠર ગેલે. અપિંગળ

(૩) તેના ચારે પાદમાં આઠ માત્રા પછી જગણ આવે, બાકી ગમે તેમ આવે.

સગણ મળી પ્રા સોળ જ કરને,
વસુ કલ પછી જોગણ ધરને,
તે પણ ચાર કલા છટ સજને,
એમ જ ઉપચિત્રા કિ રચને. અપિંગળ

૩. સ્ત્રી. (જ્યોતિષ) ચિત્રા નક્ષત્રની પાસે આવેલું હસ્ત નક્ષત્ર
૪. સ્ત્રી. હંસીનું ઝાડ.
૫. સ્ત્રી. મુસાફરીનો ઝોક; ઉદરપર્ણી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી (પિંગળ) સોળ માત્રાનો એક છંદ. તેમાં આઠ માત્રા પછી એક ગુરુ અને છેલ્લે પણ ગુરુ આવે. તે ચોપાઈની એક જાત છે.
૭. [સ. ઉપ (પાસે) + ચિત્રા (એક નક્ષત્ર)] સ્ત્રી. (જ્યોતિષ) સ્વાતિ નક્ષત્ર. તે ચિત્રા નક્ષત્ર પાસે છે.

ઉપચિત્રી સ્ત્રી. શ્વેત ત્રિવૃતવૃક્ષ; સફેદ સોદામણ.

ઉપચીકા સ્ત્રી. દરિયાઈ જીવ.

ઉપચીયમાન ૧. [સં. ઉપ (વધારે) + ચીયમાન (એકઠું થતું)] વિ. એકઠું થતું જતું; ભેગું થતું; વધતું.
૨. વિ. જમા કરાતું.
૩. વિ. બળવાન થતું જતું.

ઉપચીયમાનસંભવ [સં. ઉપ (વધારે) + ચીયમાન (વધતું) + સંભવ (શક્યતા)] પું. (ન્યાય) વધતી જતી શક્યતા. અમુક સંખ્યામાંથી દરકોઈ માણસને સભાસદ ચૂંટવાનો હું, વિદ્વાન માણસને ચૂંટવાનો હું અને સંસ્કૃત જાણનારને ચૂંટવાનો હું સંભવ છે. જ એ સંસ્થાનો છે, વિદ્વાન છે અને સંસ્કૃત જાણનારો તો આ દરેક મુખને લીધે તેનો ચૂંટવાનો સંભવ વધતો જાય છે. આવી વધતી જતી સંભવિતતાને ઉપચીયમાનસંભવ કહે છે.

ઉપચુલ્લિકા સ્ત્રી. એક ગાંઠનું નામ. જુઓ ઉપચુલ્લિકા ગ્રંથી.

ઉપચુલ્લિકા ગ્રંથી સ્ત્રી. અવળુક્ષ ગાંઠ પાસેની ચટાણાના આકારની અને તેવડી જ એક ગાંઠ.

ઉપચૂલન ન. ગરમ કરવાપણું.

ઉપચેતના [સં. ઉપ (થોડું) + ચેતના (સમજશક્તિ)] સ્ત્રી. અર્ધજાગ્રત સ્થિતિ.

ઉપચેય [સં. ઉપ (નિરર્થક ઉપસર્ગ) + ચિ (એકઠું કરવું) + ય (જોડું)] વિ. એકઠું કરવા જેવું.

ઉપચોક [ઉપ (પાસે) + ચોક (આંગણું)] પું. ઉપપરચાણ; અડાળી.

ઉપચોટિયું વિ. ઉપરચોટિયું; ઉપલકિયું; ઉપરઉપરનું.

ઉપચ્છંદ [સં. ઉપ (નાનું) + છંદ (ઢાકણું)] પું. નાનું ઢાકણ.

ઉપચ્છંદ ૧. પું. (પિંગળ) એક છંદનું નામ. વૈતાલીય છંદમાં દરેક ચરણને અંતે ગુરુ વધારવાથી તે બને છે.
૨. [સ. ઉપ (માનના અર્થમા વપરાતો એક ઉપસર્ગ) + છંદ (વિનવવું)] પું. પ્રાર્થના; વિનતિ.

ઉપચ્છંદન ૧. [સં. ઉપ (એક ઉપસર્ગ) + છંદ (આમંત્રણ કરવું) + અન (પ્રત્યય)] ન. આમંત્રણ આપવું તે.
૨. [સં. ઉપ (અધિક) + છંદ (પ્રાપ્ત કરવું) + અન (પ્રત્યય)] ન. હોંસલામણી; પટામણી.
૩. [સં. ઉપ (માનના અર્થમા વપરાતો

કપડું) + છંદ (બિનજરૂરી) + અત (પછી)] વ. બિનજરૂરી; ઠામઠામનો.
ક્રિ. વ. શાંત પાડીને પ્રાર્થના કરવી તે.

ઉપજાયા ૧. [સં. ઉપ (પેઠ) + છાયા (ઓથો)] સ્ત્રી. આખો ઓળો.
૨. [સં. ઉપ (ચોરું) + છાયા (પ્રકાશપુંજ)] સ્ત્રી. ચોરું અજવાળું.
૩. સ્ત્રી. પ્રકાશની સાથે ભળી જતી હોય એવો ચિત્રનો ભાગ; આભાસ.
૪. [ઉપ (ચોરું) + છાયા (રંગની ચમકવાળી)] સ્ત્રી. રંગની આછી મેળવણી.
૫. [સં. ઉપ (સમીપ) + છાયા (અંધકાર)] સ્ત્રી. (જ્યોતિષ) વેધિત ભાગ; ગ્રહણમાં પૂરેપૂરો ઘેરાયેલ અને તેમાંથી તદ્દન અલગ રહેલ એ બે ભાગ વચ્ચેનો ચોડા અંધકારવાળો ભાગ; તેજસ્વી ચોળાના પ્રકાશનાં કિરણ ત્યાં પૂરેપૂરાં નહિ પણ અમુક અંશે રોકાય તે ચોડા અંધકારવાળો ભાગ; 'પિનમ્બ'.

ઉપજાયાસ્પર્શ [સં. ઉપ (પાસે) + છાયા (અંધકાર) + સ્પર્શ (અડવું તે)] પું. (જ્યોતિષ) ગ્રહણ વખતે પૂરા અંધકારવાળી છાયાની આસપાસની ચોડા અંધકાર અને ચોડા પ્રકાશવાળી છાયામાં આગળથી પદાર્થનો પ્રવેશ.

ઉપજીવદોષ [સં. ઉપ (ચોરો) + જીવ (નાશ થવા જેવું) + દોષ (પાપ)] પું. (જૈન) સાધુને ભિક્ષામાં પડતો પરિશ્રમ જોઈ સાધુને ભિક્ષા ન આપનારને મનમાંથી કાઢી મૂકવાની બીકે દાન આપવાનું પાપકર્મ.

ઉપજીવ્ય [સં. ઉપ (પાસે) + જીવ (જવું)] પું. સુલતાન ઓરંગમાં જવું તે.

ઉપજીવ્ય [સ ઉપ (પાસે) + સત્ (હોવું)] સ્ત્રી. સાધનોની પુષ્કળતા; ઘણી છત; રેલછેલ

ઉપજીવ્યત [સં. ઉપ (પાસે) + સત્ (હોવું)] સ્ત્રી ઘણું; સાધન હોવાપણું.

ઉપજોયા [સં. ઉપ (ચોરું) + છાયા (અંધકાર)] સ્ત્રી. અંધારાયા; અધૂરી છાયા. જુઓ ઉપચ્છાયા.

ઉપઢક [સ. ઉપચ્છદ] ન. ઢાકણ; આવરણ.

ઉપજ ૧. સ્ત્રી. પેદાશ; કમાણી; ઉત્પન્ન; ઊપજ.
૨. [સં.] ક્રિ. વપેલું.

ઉપજગતી સ્ત્રી (પિંગળ) બાર જગતનો ત્રિષ્ટુભ છંદ. તેમાં બધા પાદમાં અક્ષિમારને બદલે બાર માત્રા હોય છે.

ઉપજજ્ઝાય [સં. ઉપાધ્યાય] પું. આચાર્ય, શિક્ષક.

ઉપજઠર [સં. ઉપ (સમીપ) + જઠર (પેટ)] વ. પેટ ઉપરનો અને આસ પાસ કરીને પેટ ઉપરનો ભાગ; 'એપિગેસ્ટ્રિઅમ'.

ઉપજઠરીય [સં. ઉપ (નીચે) + જઠર (પેટ) + ઈય (લગતું)] ક્રિ. પેટના નીચેના ભાગને લગતું; અધિજઠરિક; 'હિપોગેસ્ટ્રિક'.

ઉપજન ૧. [સં. ઉત્પદ્ (પેદા કરવું)] સ્ત્રી. ઉત્પન્ન કરવાની શક્તિ.
૨. સ્ત્રી. ઊપજ.
૩. વ. ચલણ.
૪. વ. પ્રુફતપાસ.
૫. વ. લાગવગ.

ઉપજનું ૧. વ. (કપડાંની) ઊપજ; ઉત્પત્તિ.
૨. વ. ચલણ.
૩. વ. લાગવગ.

ઉપજત ૧. [સં. ઉત્પદ્ (પેદા થવું)] ક્રિ. ઉત્પન્ન થતું.
૨. ક્રિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલું; સ્વયંજ.

ઉપજતન ૧. પું. તૈયારી.
૨. પું. મહેનત.

ઉપજન ૧. [સં. ઉપજન્ (થવું)] પું. ઉપકરણ એટલે સહાયક વસ્તુ; ઉપાંગ; અંગનું અંગ.
૨. પું. ઉમેરો; વૃદ્ધિ; વધારો
૩. [સં. ઉપ (અર્થ વગરનો ઉપસર્ગ) જન્ (જન્મવું)] પું. પરિવાર.
૪. પું. મૂળ; ઉત્પત્તિ; પેદાશ.
૫. પું. (વ્યાકરણ) શબ્દની રચનામાં અક્ષરનો ઉમેરો.
૬. પું. (વ્યાકરણ) શબ્દની રચનામાં ઉમેરેલ અક્ષર કે શબ્દ.
૭. વ. શરીર, નર અને માદાના સયોગથી ઉત્પન્ન થતો દેહ.

ઉપજનિત ૧. [સં. ઉપ (નીચે) + જનિત (બનેલું)] ક્રિ. જમીનના અંદરના ભાગમાં બનેલ, પૃથ્વીની સપાટી નીચે થયેલું, 'હિપોજીઅન'.
૨. [સં. ઉપજન્ (ઉત્પન્ન કરવું) + ક્ત (એલ)] ક્રિ. પેદા કરેલું.

ઉપજપિત ૧. [સં. ઉપ (પાસે) + જપ્ (બોલવું) + ક્ત (એલ)] ક્રિ. કાનમાં કાઈ જાની વાત કરી પોતાની તરફેણમાં લીધેલું.
૨. ક્રિ. ભળતો, વિશ્વાસઘાત કે કાવતરું કરવા ઉશ્કેરેલું.

ઉપજપ્ય [સં. ઉપ (નજીક) + જપ્ (જાપ)] પું. ઘોડાની સામાન્ય ગતિ; ઘોડાની ધીમી ચાલ.

ઉપજંતાર [હિં.] સ્ત્રી. ઝળકુપ; રસાળ.

ઉપજણ ૧. [સં. ઉત્પદ્ (ઉત્પન્ન કરવું)]
ક્રિ. ઊપજ કરનારું; ઉત્પાદક.
૨. ક્રિ. નવું ફોળી લાવે એવું.
૩. ક્રિ. ઝળકુપ; રસાળ; સારી ઉત્પન્ન આપે એવું.

ઉપજણપણું ૧. વ. ઝળકુપતા; રસાળતા.
૨. વ. સર્જક શક્તિ; પેદા કરવાની તાકાત.

ઉપજણીપન [હિં.] વ. ઝળકુપતા; રસાળપણું.

ઉપજત ૧. [સં. ઉપ (ઊતરવું) + જતિ (વર્ણ)] સ્ત્રી. પેટાજાત; વર્ણનો વિભાગ.
૨. [સં. ઉપ (પાસે) + જન્ (જન્મવું) + ત (એલ)] ક્રિ. પેદા થયેલું; ઉત્પન્ન.
૩. ક્રિ. બનેલું.

ઉપજાતિ ૧. [સં. ઉપ (પેટા) + જાતિ (એક છંદવિભાગ)] પું.; સ્ત્રી. (પિંગળ) ઉદ્રવજ્ઞા અને ઉપેંદ્રવજ્ઞા અથવા ઉદ્રવશા અને વંશસ્થના મેળથી બનતો એક છંદ; ત્રિષ્ટુભ છંદની જાતનું નામ; ઉપેંદ્રમાલા; આખ્યાનકી. તેના દરેક ચરણમાં બે તગણ અને જગણ અથવા જગણ, તગણ, જગણ અને છેલ્લે બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય. કોઈ વાર શાર્દૂલવિક્રીડિત અને ઝગ્ધરા મળીને પણ આ છંદ બને છે. આ છંદના ચૌદ પ્રકાર: કીર્તિ, વાણી, માલા, શાલા, હંસી, માયા, જાયા, ભાલા, આર્દ્રા, ભદ્રા, પ્રેમા, રામા, ઋદ્ધિ અને સિદ્ધિ.

> ના તા જ ગી ગા કહિ પાદ ચારી,
> જ તા જ ગી ગા બળી તો ઇચારી;
> એ મિશ્રણે તો **ઉપજાતિ** જાણો,
> ત્રિષ્ટુપમાંથી કવિ! જોઈ આણો. રઘુપિંગળ

૨. પું.; સ્ત્રી. (પિંગળ) બે છંદના મેળથી બનતો એક જાતનો છંદ.
૩. [સં. ઉપ (ઊતરવું) + જાતિ (એક જાતનું સુગંધી ફૂલ)] સ્ત્રી. ચંપેલી.
૪. સ્ત્રી. જાતિનો વિભાગ; પેટા જાત.
૫. સ્ત્રી. વિશેષ; અપરસામાન્ય; 'સ્પીશીઝ'.

ઉપજાતી [સં. ઉપ (ઊતરવું) + જાતી (એક જાતનું સુગંધી ફૂલ)] સ્ત્રી. ચંપેલી.

ઉપજાપ ૧. [સં. ઉપ (પાસે) + જાપ (મંત્ર બોલવા તે)] પું. છાનો જપ.
૨. પું. છૂટા છૂટા ફોડવું તે; કુસંપ.
૩. પું. ભેદ; ફોડ; ફાટફૂટ; એકપણું મટાડી દેવાનું કામ.

ઉપજાપક ૧. [સં. ઉપ (પાસે) + જાપક (મંત્ર બોલનાર)] ક્રિ. ધીરે સ્વરે ફોડવું; ધીમે અવાજે જપ કરવું.
૨. ક્રિ. ફાટફૂટ કરનાર; ભેદ પડાવનાર.

૩. મિ. રાજદ્રોહી.

ઉપજવડાવવું (ઉપજવાડવું) સ. ક્રિ. જનાવરાવવું.

ઉપજવરાવવું સ. ક્રિ. જનાવરાવવું.

ઉપજાવવું ૧. [સં. ઉત્પદ્] સ. ક્રિ. ઉત્પન્ન કરવું; પેદા કરવું; જન્મ આપવો.
૨. સ. ક્રિ. કલ્પવું; ઊભું કરવું; બનાવવું.
૩. સ. ક્રિ. રેડવું; આપવું. જેમકે, દુઃખ ઉપજાવવું.
૪. સ. ક્રિ. પ્રગટાવવું, નિપજાવવું.
૫. સ. ક્રિ. મેળવવું.
૬. સ. ક્રિ. વાત જોડી કાઢવી.
૭. સ. ક્રિ. સ્થાપવું; નિર્માણ કરવું.

ઉપજાંબુલ [ઉપ (અધિયત) + જાંબુલ (જાંબુડિયા રંગનું)] મિ. જાંબુલાતીત; જાંબુડિયા રંગથી પર; 'અલ્ટ્રા-વાયોલેટ'. રંગપટ (સ્પેક્ટ્રમ)માં જાંબુડિયા રંગથી વધારે વકલાવી ત્રાંસાં અને સૌથી ઓછા વિસ્તારવાળાં અદૃશ્ય કિરણો માટે તે વપરાય છે.

ઉપજિગમિષુ [સં. ઉપ (પાસે) + ગમ્ (જવું) + ઇષુ (ઇચ્છાવાચક પ્રત્યય)] મિ. પાસે આવવાની ઇચ્છાવાળુ.

ઉપજિત [સં. ઉત્પદ્ (પેદા થવું)] મિ. ઉપજાવેલું; પેદા થયેલું.

ઉપજિહ્વિકા [સં. ઉપ (પાસે) + જિહ્વિકા (જીભની કલ્પના)] સ્ત્રી. ચોરવાની ક્રિયા.

ઉપજિહ્વ ૧. [સં. ઉપ (પાસે) + જિહ્વ (જીભ)] પું. જીભના મૂળ આગળ રહેલ પડજીભ; ગળાની ઘાંટી; કાકડો.
૨. પું. જીભનો એક રોગ, તેમાં જીભ ચાંદો થઈ જાય.

ઉપજિહ્વા ૧. [સં. ઉપ (સમીપ) + જિહ્વા (જીભ)] સ્ત્રી. અધિજિહ્વા; ઓલા; કાકડો; પડજીભ; કાકવા; અધજીભિકા.
૨. સ્ત્રી. એક કીડો. જુઓ ઉપરોહિકા.
૩. સ્ત્રી. એક જાતની માછલી.
૪. સ્ત્રી. જીભમાં થતો એક જાતનો રોગ; જિહ્વાર્બુદ. તેમાં જીભ નીચે સોજો આવે, ખજવાળ અને બળતરા થાય અને મોઢામાંથી બહુ લાળ પડે.
૫. સ્ત્રી. સ્વરયંત્રમુખ; ગળણીનું કાંકરું; કંઠદ્વારપાલ; ગોજિહ્વિકા. ગળામાંથી ખોરાક કે પ્રવાહી પસાર થતી વખતે શ્વાસનળીને બંધ કરતું કાંકરા જેવું કોમળ હાડકાનું બનેલું ઉપાંગ.

ઉપજિહ્વાનુગા [સં. ઉપજિહ્વા (પડજીભ) + અનુ (પાછળ) + ગા (જનારી)] મિ. સ્ત્રી. પડજીભની પાછળ આવેલી; ગળાના કાકડાને લગતી.

ઉપજિહ્વાસ્થિસંદંશ [સં. ઉપ (નીચે) + જિહ્વા (જીભ) + અસ્થિ (હાડ) + સંદંશ (ચીપિયો)] પું. જીભની નીચે થતો એક જાતનો નાનો ફોલ્લો; 'રેન્યુલ'. તે લાળ નીકળતી બંધ થતાં થાય છે.

ઉપજિહ્વિકા ૧. [સં.] સ્ત્રી. એક કીડો.
૨. સ્ત્રી. એક જાતની માછલી.
૩. સ્ત્રી. ગળાનો કાકડો; નાની જીભ; પડજીભ.
૪. સ્ત્રી. જીભ નીચે થતો એક જાતનો ફોલ્લો, ઉપજિહ્વા.
૫. [સં. ઉપ (નીચે) + જિહ્વા (જીભ) + ઇકા (સ્વાર્થે) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. જીભ નીચેની ગાંઠ.
૬. સ્ત્રી. શ્વાસમાર્ગનો પડદો; કંઠદ્વારપાલ. ગળામાંથી ખોરાક અંદર પ્રવાહી પસાર થતી વેળાએ શ્વાસરંધ્ર એટલે શ્વાસ લેવા માટેના માર્ગને બંધ કરતું કાંકરા જેવું કોમળ હાડકાનું બનેલું ઉપાંગ.

ઉપજિહ્વિકાઘાત [સં. ઉપ (પાસે) + જિહ્વિકા (જીભ) + ઘાત (ઘાવો)] પું. બે ચોજિભાની વચ્ચેનો ત્રિકોણાકાર ખાલી ભાગ; 'સાઇનસ ટ્રેન્સિલેરિસ'.

ઉપજીવ ૧. [સ. ઉપ (નાનું) + જીવ (જંતુ)] પું. નાનો જીવ; નાનું જીવડું; જીવાત.
૨. મિ. જીવન ભોગવું, જીવવાળુ.

ઉપજીવક ૧. [સ. ઉપ (પાસ) + જીવ્ (જીવવું) + અક (કરનાર)] પું. સેવક; ચાકર; દાસ.
૨. મિ. બીજા ઉપર ગુજરાન ચલાવનારું; આશ્રિત; અનુજીવી; કોઈ ઉપર આધાર રાખી જીવનાર; આશરો લેનાર.

ઉપજીવકત્વ ૧. [સં.] ન. (ન્યાય) પરંપરાથી કે સાક્ષાત્ અર્થ હોવાપણું.
૨. ન. (ન્યાય) પ્રયોજનત્વ; અર્થ ન હોવાનું કારણ ન હોવાપણું. જેમકે, દંડિયાના અભાવે ઘડાનો અભાવ છે. એમાં 'દંડિયાનો અભાવ' એ 'ઘડાના અભાવ'નું પ્રયોજનત્વ એટલે કારણ હોવાપણું છે.
૩. [સં. ઉપ (ઉપર) + જીવક (જીવનાર) + ત્વ (પણું)] ન. (વેદાંત) બીજા ઉપર આધાર રાખવાપણું.

ઉપજીવન ૧. [સં. ઉપ (ઉપર) + જીવ્ (જીવવું) + અન (પણું)] ન. કોઈને આધારે ગુજરાન ચલાવવું તે.
૨. ન. ગુજરાન ચલાવવા માટે બીજાનો આશરો.
૩. ન. ગુજરાનનું સાધન.
૪. ન. ટકાવ; મજબૂતાઈ.
૫. ન. નિર્વાહ; ભરણપોષણ, ગુજરાન; આજીવિકા; રોજી.

ઉપજીવિકા ૧. [સં. ઉપ (ઉપર) + જીવ્ (જીવવું) + ઘઞ્ (ભાવ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. આજીવિકા; ગુજરાન; નિર્વાહ; ભરણપોષણ.
૨. સ્ત્રી. ગુજરાન માટે બીજાનો આશરો.
૩. સ્ત્રી. નિર્વાહનું સાધન.
૪. સ્ત્રી. મિલકત.

ઉપજીવી ૧. [સ. ઉપ (ઉપર) + જીવિન્ (જીવનાર)] પું. સેવક; ચાકર; નોકર; દાસ.
૨. ન. (ન્યાય) પ્રયોજન; કારણ હોવાપણું.
૩. મિ. આશરો લઈ જીવનાર; બીજા ઉપર જીવનારું; બીજા ઉપર જેનું ગુજરાન ચાલતું હોય તેવું; આશ્રિત.

ઉપજીવ્ય ૧. [સં. ઉપ (ઉપર) + જીવ્ (જીવવું) + ય (જેવું)] પું. આશરો દેનાર, ઉત્તેજન આપનાર.
૨. ન. આશ્રય, આધાર.
૩. ન. નિર્વાહ ચલાવવાનું સાધન.
૪. ન. (ન્યાય) પ્રયોજન; કારણ; પરંપરાથી કે સાક્ષાત્ અર્થ પેદા કરનાર. ઉપજીવ્યના બે પ્રકાર: (૧) સ્વસત્તા પ્રયોજક અને (૨) સ્વજ્ઞાન પ્રયોજક.
૫. ન. મિલકત
૬. મિ. આજીવિકા માટે આધાર રાખવા જેવું.
૭. મિ. ઉત્તેજન આપનાર.

ઉપજીવ્યત્વ ૧. [સં.] ન. (ન્યાય) કારણત્વ. જેમકે, દંડ એ ઘડાનું ઉપજીવ્યત્વ છે.
૨. ન. (ન્યાય) પ્રયોજનત્વ; કારણ ન હોવાથી અર્થ ન હોવાપણું. જેમકે, દંડને અભાવે ઘડાનો અભાવ છે. એમાં 'ઘડાનો અભાવ' એ 'દંડના અભાવ'નું પ્રયોજનત્વ એટલે કારણ હોવાપણું છે.

ઉપજ્યોપજીવકભાવસંગતિ ૧. [સં.] સ્ત્રી. (ન્યાય) કારણ અને કાર્ય વચ્ચે રહેલા સંબંધનું સાચે હોવાપણું; પ્રત્યક્ષ પ્રમાણ પછી અનુમાન પ્રમાણ હોવું તે. જેમકે, પર્વત ઉપર ધુમાડો દેખાય એ પ્રત્યક્ષ જ્ઞાન છે અને તેથી ત્યાં અગ્નિ હોવો જોઈએ એ પ્રત્યક્ષ જ્ઞાન ઉપરથી કરેલી અનુમિતિ એટલે અટકળ છે. 'પ્રત્યક્ષ જ્ઞાન' અને 'અનુમિતિ' એ બે વચ્ચેનો સંબંધ સાચે હોય તે ઉપજ્યોપજીવકભાવસંગતિ કહેવાય.
૨. સ્ત્રી. (ન્યાય) જ્ઞાનના પ્રયોજક એટલે કારણ ન હોવાથી અર્થ ન હોવાપણું અને

પ્રયોજન એટલે કાર્ય ન હોવાનું કારણ ન હોવાપણું વચ્ચે રહેલા સંબંધનું સાધે હોવું તે.

ઉપજીવ્ય જી. (ડિંગળ) દોમક, ઊધઈ.

ઉપભોગ ૧. [સં. ઉપભુજ્ (કામમાં લેવું)] પું. (કાયદો) ઉપભોગ; અપ.
૨. પું ભોગ; વાપર.
૩. પું. જરૂરિયાત

ઉપભોગી ૧. [સં. ઉપભુજ્ (વાપરવું) + ઇન્ (વાળું)] વિ જરૂરી, ઉપયોગવાળું.
૨. વિ. લાભકારક, ફાયદો કરનારું.

ઉપભોગ ૧. [સં. ઉપ (અધિક) + ભુજ્ (ખુશી થવું)] પું. આનંદ.
૨. પું. પ્રેમ; પ્રીતિ.
૩. પું. વારવાર જવું તે.
૪. પું. સેવન; ખૂબ ઉપભોગમાં લેવું તે.
૫. પું. સ્વાદ

ઉપભોગક ૧. [સં. ઉપ (ખાવું) + ભુજ્ (ખાઈ પીવું)] ન. આનંદ; મજા.
૨. ન. પ્રેમ
૩. ન. વારંવાર જવું તે.
૪. ન. સ્વાદ લેવો તે.

ઉપજ્ઞ [સં. ઉપ (આરંભ) + જ્ઞા (જાણવું)] ન. પ્રથમ જ્ઞાન; શીખ્યા વગર આવતી સમજ; એની મેળે થતું જ્ઞાન.

ઉપજ્ઞા ૧. [સં. ઉપ (આરંભ) + જ્ઞા (જાણવું)] જી ઉપદેશ વગર થયેલું જ્ઞાન; પ્રેરણા; શીખ્યા વગરની સમજ.
૨. જી. શોધ; જૂની પોથી વાંચ્યા; નવી કલ્પના.

ઉપજ્ઞાત ૧. [સં. ઉપ (આરંભ) + જ્ઞાત (જાણેલું)] વિ. કોઈના ઉપદેશ વિના પોતાની મેળે જાણેલ.
૨. વિ. નવું શોધેલ, નવીન કલ્પેલ.

ઉપજ્ઞાન ૧. [સં. ઉપ (ઊતરતું) + જ્ઞાન (સમજ)] ન. ઊતરતું જ્ઞાન.
૨. ન. સાંસારિક બુદ્ધિ; દુનિયા સંબંધી જ્ઞાન.

ઉપજ્યોતિષ ૧. પું. એક દેશનું નામ.
૨. [સં. ઉપ (પેટા) + જ્યોતિષ (ગ્રહ જોવાનું શાસ્ત્ર)] ન. જ્યોતિષને અનુસરનાર શાસ્ત્ર: જેમકે, ગણિત.

ઉપજ્યોતિષ્ક ૧. [સં. ઉપ (પાસે) + જ્યોતિસ્ (અગ્નિ) + ક (વાળું)] પું. અગ્નિહોત્રી.
૨. પું. રસોઇયો
૩. વિ. અગ્નિ પાસે રહેનાર.

ઉપજ્વલિત [સં. ઉપ (બહું) + જ્વલિત (બળેલું)] વિ. પ્રજ્વલિત; સળગતું.

ઉપઝૂલણા [ઉપ (પેટા) + ઝૂલણા (એક છંદ)] પું. (પિંગળ) ઝૂલણા છંદની એક જાત. ઝૂલણાના ચરણમાં છેડે લઘુ અને ઉપાંત્ય એટલે છેલ્લાની આગળનો ગુરુ આપીને આડત્રીસ માત્રા થાય તો ઉપઝૂલણા જાતિ બને.

ઉપટણ [સં. ઉદ્વર્તન (શરીરને સાફ કરનાર પદાર્થ)] ન. નાહતાં પહેલાં શરીરે ચોળવાની પીઠી

ઉપટવું ન. પીઠી. જુઓ ઉપટણ.

ઉપટન ૧. [સં. ઉદ્ (ઉપર) + પટ (વસ્ત્રો)] ન. મેલો લાગવાથી, ઢળવાથી કે સળતાં થતો ડાઘો
૨. [હિં.] ન. સુગંધી ચીજ; નાહ્યા બાદ ઠંડે વસવાની પીઠી; ઉપટણ.

ઉપટના ન. નાહતાં પહેલાં શરીરે ચોળવાની પીઠી; ઉપટણ.

ઉપટરૂળી જી. ઝીંગણ તરફ થતી એક જાતની વેલ; ઉપલસરી. જુઓ ઉપરસાલ.

ઉપટ્યામણી ૧. જી. દસ્તાવેજ.
૨. [સં. ઉદ્ (આગળ) + પટ્ બાંધવું)] જી. સગપણ
૩. [સં. ઉપટ્ (આગળ લાવવું)] જી. લગ્નવિધિ પછી વર અને કન્યાનાં સગાંની લગ્નમંડપમાં વાગતાંમાં આવતી વાદી.
૪. જી. વેવાઈની આગળ વાંચવામાં આવતી કન્યાનાં સગાંની વાદી; સરતમ નાગરી જ્ઞાતિમાં વરપોઢને દિવસે કન્યાનાં ફઈતા મળ્યા સગાંનો પહેરામણી પહેરવા આવેલ વેવાઈની આગળ વાંચવામાં આવતો વાદીનો કાગળ.

ઉપટાવવું ૧. [સં. ઉપટ્ (દૂર કરવું)] સ ક્રિ. ઝાપું કરવું; ફિક્કું કરવું.
૨. સ. ક્રિ. દિલગીર કરવું; અફસોસમાં નાખવું.

ઉપટાળવું સ ક્રિ તારવવું; ભૂકો નીચે રાખી બીજો લાગ ઉપર લાવવો

ઉપટેકો [ઉપ (નીચે) + ટેકો (આધાર)] પું આધાર; અવલંબ; આશ્રય.

ઉપટ્યા [સ.] પું. મોર; ખીસકોલતરૂ

ઉપઠવું ૧. અ ક્રિ. ઊભરાવું.
૨. અ. ક્રિ. ચાકો બંધ; કટાવું.
૩. અ. ક્રિ. દૂર ફેંકાવું.
૪. અ. ક્રિ. પડી જવું
૫. અ ક્રિ. ફરી જવું.

ઉપડાઈ ૧. (ઉપડાર્ઈ) જી. ઉપડામણ; ઉપાડવાની મજૂરી.
૨. જી. ઉપાડવાનું કામ; વૈતરું.

ઉપડામણ (ઉપડામણ) ૧. ન. ઉપાડવાની મજૂરી. ઉપડાઈ.
૨. ન. ઉપાડવાનું કામ; વૈતરું.

ઉપડામણી (ઉપડામણી) જી. ઉપડામણ; ઊંચકવાની મજૂરી.

ઉપડાવનાર (ઉપડાવનાર) ૧. વિ. ઉપાડવાની ફરજ પાડનાર.
૨. વિ. ઊંચકાવનાર

ઉપડાવવું (ઉપડાવવું) ૧. સ. ક્રિ. ઉપાડવામાં મદદ કરવી
૨. સ. ક્રિ. ઉપાડે તેમ કરાવવું; ઊંચકાવવું, ઉઠાવરાવવું.
૩. સ ક્રિ. ઊંચું કરવું
૪. સ. ક્રિ. દૂર કરવું; કાઢી મૂકવું.

ઉપડિયા (ઉપડિયા) પું. બ. વ. ઢોલ્યામાં લઈ જે કુવના કામને ચોટી રહેલ બાગ; ઉપડિયું.

ઉપડિયામણ (ઉપડિયામણ) ન. વધારો; વિશેષતા; ઉમેરો; ઉપરીઆમણ.

ઉપઢૌકન ૧. [સં. ઉપ (પાસે) + ઢૌક્ (ભેટ મોકલવું) + અન (પણું)] ન. ઉપહાર; ભેટ.
૨. ન. ધરવું તે; મૂકવાનું કામ.
૩. ન. નજરાણું.
૪. ન. લાંચ; રિશ્વત.

ઉપણાવવું ૧. સ. ક્રિ. ઊપણવામાં મદદ કરવી.
૨. સ. ક્રિ. પવન નાખી ચોખ્ખું કરવું.

ઉપણિયું ૧. ન. ઊપણવાનું સાધન. જેમકે, ટોપલો, સૂપડું.
૨. ન. ગાડીનો પાછલો ભાગ.

ઉપતાક્ષ ૧. [હિં.] પું. એક જંગલનું નામ.
૨. પું. એક નાગનું નામ.

ઉપતટ [સં. ઉપ (પાસે) + તટ (કિનારો)] પું. ઓળ વાપરવાળો કિનારો; કિનારા નજીકની જમીન; બાદ.

ઉપતપ્ત ૧. [સં. ઉપ (બહું) + તપ્ (ગરમ કરવું)] વિ. બહું તપેલ.
૨. વિ. તેજ થયેલ.
૩. વિ. સંતાપ પામેલ; પીડિત.

ઉપતપ્તા [સં. ઉપ (બહું) + તપ્ (તપાવનાર)] પું. રોગ; બીમારી.

ઉપતપ્તિ ૧. [સં. ઉપ (બહું) તપ્ (તપવું) + તિ (પ્રત્ય)] જી. તપવું તે; ગરમાવો.
૨. [સં. ઉપ (અધિક) + તપ્ (બળવું) + તિ (પ્રત્ય)] જી. બધા અવયવની ઉશ્કેરણી.

ઉપતપ્યમાન [સં. ઉપ (વધારે) + તપ્યમાન (તપાવું)] વિ. પીડિત; દુઃખી.

ઉપતંત્ર ૧. [ઉપ (નાનો) + તંત્ર (નિયમ)] ન. તે નામનું એક તંત્રશાસ્ત્ર.
૨. ન. જિવે બનાવેલ તંત્ર.

ઉપતંત્રી ૧. પું. ગોઠવ્યું કરનારનો મદદનીશ.
૨. [સં. ઉપ (મદદનીશ) + તંત્ર (વ્યવસ્થા) + ઇન્ (વાળું)] પું. રાજાનો સહાયક અધિપતિ.

ઉપતાપ ૧. [સં. ઉપ (વધું) + તપ્ (ગરમ કરવું)] પું. ઉતાપો; સંતાપ; દુઃખ; પીડા; ખેદ; ક્લેશ.
૨. પું. ગરમી; તાપ.
૩. પું. ત્વરા; ઉતાવળ; ઝડપ.
૪. પું. દુર્ભાગ્ય; બદનસીબ; કમનસીબ.
૫. પું. પીડવું તે.
૬. પું. રોગ; બીમારી.

ઉપતાપક ૧. [સં. ઉપ (વધું) + તપ્ (ગરમ કરવું)] વિ. ગરમી આપનાર.
૨. વિ. દુઃખ કરે એવું; કષ્ટદાયક.
૩. વિ. સંતાપ ઉપજાવનાર.

ઉપતાપન ૧. [સં. ઉપ (વધું) + તપ્ (ગરમી આપવી) + અન (પણું)] ન. ગરમી આપવી તે.
૨. ન. દુઃખ દેવું તે; સંતાપ ઉપજાવવાપણું.
૩. વિ. દુઃખ ઉપજાવનાર.

ઉપતાપી ૧. [સં. ઉપ (વધું) + તપ્ (ગરમ કરવું) + ઇન્ (નાર)] વિ. ગરમ કરનાર.
૨. વિ. દુઃખ આપનાર.
૩. વિ. રોગી; માંદું; બીમાર.
૪. વિ. સંતાપ પામેલ.

ઉપતારક ૧. [સં. ઉપ (પાસા) + તારક (આંખની કીકી)] પું. બિલોરી કાચની સામે આંખના જલીય ગોલકના ભેદથી બીજા ભેદ સુધી ઊભી રીતે રહેલ અને સફેદાશ ભેવા કાણા જેટલે કીકીવાળો આગળ રંગીન પડદો.
૨. વિ. છલકાઈ જનાર.
૩. વિ. તારનાર.

ઉપતારા [સં. ઉપ (પાસા) + તારા (આંખની કીકી)] સ્ત્રી. આંખની કીકી પાછળનો પણ તેનાથી જરા દૂર આવેલો પડદાનો ભાગ. જુઓ ઉપતારક ૧.

ઉપતારાછેદન [સં. ઉપતારા (આંખની કીકી ને કૃષ્ણમંડળના પાછળના વચલા ભાગની કનીનિકા) + છેદન (કાપવું તે)] ન. આંખની કીકી ને કૃષ્ણમંડળના પાછળના વચલા ભાગની બનાવટી કીકી બનાવવા માટે થતી શસ્ત્રક્રિયા.

ઉપતારાનુમંડલ [સં. ઉપતારા (આંખની કીકી અને કૃષ્ણમંડળના પાછળના વચલા ભાગની કનીનિકા) + અનુમંડલ (પાછળનો ભાગ)] ન. ઉપતારાની પાછળનો ઊપસેલો ભાગ; આંખના રંગીન પડનો છેક જ આગળનો અને જાડો ભાગ.

ઉપતારાપ્રદાહ [સં. ઉપ (પાસા) + તારા (આંખની કીકી) + પ્રદાહ (બળતરા)] પું. આંખની કીકી પાછળના પડદાનો સોજો; 'આઇરાઇટિસ'.

ઉપતારાર્બુદ જુઓ ઉપતારાપ્રદાહ.

ઉપતારાવૃદ્ધિ [સં. ઉપ (પાસા) + તારા (આંખની કીકી) + વૃદ્ધિ (વધવાપણું)] સ્ત્રી. આંખની કીકી પાછળના પડદાનું કૃષ્ણમંડળ ઉપરના જળપટને બાજુ ઊપસી આવવાપણું.

ઉપતારાશોષ [સં. ઉપ (પાસા) + તારા (આંખની કીકી) + શોષ (સોજો)] પું. ઉપતારાનો સોજો.

ઉપતિષ્ય ૧. [સં. ઉપ (પાસે) + તિષ્ય (પુષ્ય નક્ષત્ર)] ન. (જ્યોતિષ) આગલા નક્ષત્ર.
૨. ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્રની નજીક આવેલ પુનર્વસુ નક્ષત્ર.

ઉપતીષ્ય પું. જુદે સંન્યાસી બનાવેલ એક બૌદ્ધાચાર્યનું નામ; સારિપુત્ર.

ઉપતીર [સં. ઉપ (પાસે) + તીર (કાંઠો)] ન. કાંઠા પાસે.

ઉપતુલા [સં. ઉપ (પાસે) + તુલા (ત્રાજવું)] સ્ત્રી. (વાસ્તુવિદ્યા) ચાંલ્લાના નવ સરખા ભાગમાંનો ત્રીજો ભાગ.

ઉપતૃણ્ય [સં. ઉપ (એક ઉપસર્ગ) + તૃણ્વ (ખાવાની માફક)] પું. સર્પ; સાપ.

ઉપતૈલ [સં. ઉપ (ઉપર) + તૈલ (તેલ)] ન. સમારેલું તેલ.

ઉપત્યકા ૧. [સં. ઉપત્યકા (નીચે આવવું)] સ્ત્રી. ખીણ; ખાઈ; બે પહાડ વચ્ચેની જગા.
૨. સ્ત્રી. જમીન.
૩. સ્ત્રી. નીચાણની જમીન; ઢોળાવ; ઉતરવું; ઉતાર.
૪. સ્ત્રી. પર્વત પાસેની જમીન; તરાઈ; તળેટી.

ઉપત્વક્ [સં. ઉપ (ઉપર) + ત્વક્ (ચામડી)] સ્ત્રી. ઉપરની ચામડી; ઉપલી ખાલ; ચામડીનું ઉપરનું પડ.

ઉપત્વચા [સં. ઉપ (ઉપરનું) + ત્વચા (ચામડી)] સ્ત્રી. ચામડીનું ઉપલું પડ. તેના જરમાનાં રજકણમાં રંગ હોવાથી ચામડી જુદા જુદા રંગની દેખાય છે. પગનું તળિયું અને હાથની હથેળી જેવા વધારે વપરાશવાળા ભાગમાં આ ચામડી વધુ કઠણ ને જાડી હોય છે.

ઉપધાંત અ. (કુસ્તી) ઉપસ્થાન; કોઈ સામે ઊભા રહી હાથ જોડી સ્તુતિ કરવી તે.

ઉપદગ્ધ [સં. ઉપ (થોડું) + દગ્ધ (બળેલું)] વિ. થોડું બળેલું; સહેજ દાઝેલું.

ઉપદ્રવ ૧. [સં. ઉપદ્રવ] પું. જુલમ.
૨. પું. ભય; રાડ.
૩. પું. હિંસા.

ઉપદ્રવી ૧. વિ. અન્યાયી; જુલમી.
૨. વિ હિંસક; ધ્વંસ કરનાર.

ઉપદર્શક ૧. [સં. ઉપ (પાસે) + દર્શક (બતાવનાર)] પું. દ્વારપાળ; દરવાન.
૨. પું. ભોમિયો; માર્ગદર્શક.
૩. પું. સાક્ષી.
૪. વિ. દેખાડનાર; બતાવનાર.
૫. વિ. પાસે રહી જોનાર.

ઉપદર્શન ૧. [સં. ઉપ (પેઠા) + દર્શન (ધર્મ)] ન. ઊતરતા ધર્મના ફાંટા.
અમા પ્રમાણે **ઉપદર્શન** ૭ છે: શૈવ, સાંખ્ય, મીમાંસા, ચાર્વાક, બૌદ્ધ અને જૈન.
અમાવાસ્યો
૨. [સં. ઉપ (ઉપર) + દર્શન (બતાવવાપણું)] ન. દીક્ષા.

ઉપદલ [સં. ઉપ (સરખું) + દલ (પાંદડું)] ન. પુષ્પપત્ર; ફૂલની પાંખડી.

ઉપદંડસત્રાધીશ પું. સહકારી દંડ અધિકારી; નાયબ ફોજદારી ન્યાયાધીશ; 'અસિસ્ટંટ સેશન્સ જજ'.

ઉપદંડાધિકારી [સં.] પું. સહકારી દંડસત્રાધીશ; 'અસિસ્ટંટ સેશન્સ જજ'.

ઉપદંત ૧. પું. કોથળીરનો છોડ; કુરતુમ્બુરુ.
૨. [સં. ઉપ (જેવું) + દંત (દાંત)] વિ. દાંતના જેવું.
૩. વિ. દાંતને લગતું.

ઉપદંતપ્રવર્ધન [સં. ઉપ (જેવું) + દત (દાત) + પ્રવર્ધન (વધવું તે)] ન. દંતપ્રસવ; દાંતના જેવો રેચો; સ્તનધર અને પક્ષીની ડોકમાંના

ઉપદંશ વનકુઠાર રસ

ક્રોરેફાસ્થિનો એટલે મનુષ્યના હાડકાનો રાંત જેવો ઊપસેલ ભાગ; 'ઓગ્રેન્ટોઇડ પ્રોસેસ'.

ઉપદંશ ૧. પું. અથાણું.

૨. પું. ઇંદ્રિય ઉપર રાંત લાગવાથી થતો જખમ.

૩. પું. એક જાતનું પકવાન.

૪. પું. એક જાતનો છોડ; સમશિલપ્રક્ષ.

૫. પું. ચટણી.

૬. પું. ચાંદીનો રોગ; ટાકી; ફિરંગ રોગ; અતિ સંભોગથી કે વંશપરંપરાથી ઊતરી આવતો જનનેંદ્રિય ઉપર થતો એક જેવી રોગ. તેના વકાસના ત્રણ ક્રમઃ પહેલા ક્રમમાં તે જે જગ્યાએ થયો હોય ત્યાં અને બાજુની ગ્રંથિ ઉપર જ રહે છે, બીજામાં તે અંદરની ધાતુની ચામડી ઉપર દેખા દે છે અને ત્રીજા ક્રમમાં તેની વિનાશક અસર રુધાયુ, હાડકાં અને મગજને પહોંચે છે. આ રોગથી ફેફસું, મગજ, હૃદય, આંતરડાં અને આંખ વગેરેનાં અર્મરોગ થાય.

૭. [સં. ઉપદંશ (કરવું)] પું. કંપ; કંપ.

૮. પું. મદ્યપાનમા પ્રીતિ ઉપજાવનાર એક આવાનો પદાર્થ.

૯. પું. મરી જવું તે.

૧૦. પું. સરગવાનું ઝાડ.

૧૧. [સં. ઉપ (ઓછું) + દંશ (સાબુસી)] પું. સાબુસો; મોટી સાબુસી.

૧૨. પું. સ્વાદ.

ઉપદંશકુઠારશુટી [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + કુઠાર (કુહાડો) + શુટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) ચાંદીના રોગ ઉપર વપરાતી ગોળી. મુરદારશીંગ અને ક્ષોર અર્કના તોલો અને ગોરચૂરુ અર્ધો તોલો લઈ તેના ભૂકાને આદુના રસમાં વાટી તે બનાવાય છે. આ દવા લેવામાં આવે તેટલો વખત મીઠી કે ખાટી ચીજ, માંસ, દૂધ અને કોળું ખાવાં નહિ.

ઉપદંશકુઠારરસ [સં. ઉપદંશ (ફિરંગ રોગ) + કુઠાર (કુહાડો) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદીના રોગમાં વપરાતી એક પારાવાળી દવા.

ઉપદંશક્ષત [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + ક્ષત (નખનો ઘા)] પું. ચાંદીના રોગની શરૂઆતમાં થતું ચાંદું.

ઉપદંશક્ષમ [સં. ઉપદંશ (ચાંદી) + ક્ષમ (કામદાયક)] વિ. સરગવાનું ઝાડ. ચાંદીના રોગ ઉપર સરગવો કામદાયક મનાય છે.

ઉપદંશક્ષય [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + ક્ષય (નાશ)] પું. સરગવો.

ઉપદંશ ગજકેશરી રસ પું. ચાંદીના રોગમાં વપરાતી એક દવાનું નામ.

ઉપદંશઘ્ન ગોળક [સં. ઉપદંશ (ચાંદી) + ઘ્ન (નાશ કરનાર) + ગોળક (ગોળ)] પું. (વૈદક) ફિરંગ રોગ મટાડનાર એક દવા. તે બનાવવા દસ પાન ચોપગીનીને અધોળ ગાયના દૂધમાં પાવવી. દૂધ બાકું થાય ત્યારે તેમાં બરોબર તોલા ખાંડની ચાસણી અને એલચી, લવિંગ, કપૂર, ચાતુર્જાત, ત્રિકટુ, કેસર, જાયંતરી, જાયફળ, કેવડાનાં બી, કંકોલ, કસ્તુરી, સિંગોડું, વજલોચન, જટામાંસી, તેજપત્ર, ધાણા, નિલોફર, વિદારીકંદ, મુરવી, બાવરો, રતાવર, બાવકલમ અને તાંબાની ભસ્મ દરેક બે તોલા મેળવી બધાને તોલાના લાડુ વાળવા. આથી આમવાયુ, અપરમાર, ઉન્માદ, પક્ષઘાત, બાવાનો દુખાવો, ઉપરસ, ક્ષય અને કમળાકાંત દૂર થવાનું કહેવાય છે.

ઉપદંશઘ્ન રસ [સં. ઉપદંશ (ચાંદી) + ઘ્ન (નાશ કરનાર) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદીનો રોગ મટાડવા વપરાતી પારાના કેળવાણી દવા. શુદ્ધ પારો બાર માસા, શુદ્ધ ગંધક બે માસા, ખુરાસાની બાવળો બે તોલા, બાવો ગોળ તેર તોલા, કુમારિકા રસ બત્રીસ તોલા લઈને બાવના દેવી અને બધાને માસાની ગોળી બનાવવી અને લોઢાના વાસણમાં ઘીબાવાના દંડાથી ઘૂંટી સવારે, બપોરે અને સાંજે તે બાવાથી ચાંદીનો રોગ મટવાનું મનાય છે.

ઉપદંશઘ્ન લેપ [સં. ઉપદંશ (ચાંદી) + ઘ્ન (નાશ કરનાર) + લેપ (બરાક)] પું. (વૈદક) ચાંદીના રોગમાં ઉપયોગમા લેવાતો એક બરાક. પારો, ગંધક, હરતાલ, સિંગરફ, મનઃશિલ એકેક તોલો અને બાર બાર કાંબળીનું બે બે તોલા બેગણી તુલસીના રસમાં મસળીને છાંયામાં સુકવ્યા પછી ધતૂરાના રસનો પટ દઈ તેની ગોળી વાળવી. બાવના બીબાં ઘસી તેનો લેપ કરવાથી ચાંદીનો જખમ મટે.

ઉપદંશઘ્ન વટી [સં. ઉપદંશ (ચાંદી) + ઘ્ન (નાશ કરનાર) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) ફિરંગ રોગમાં વપરાતી એક દવાનું નામ. બાળંતરી અને કંકુષ્ટ દરેક ત્રણ ટંકની સાથે બાવો ગોળ દોઢ ટંક બેગણી તેને ખૂબ ઘૂંટી તેમાંથી પંદર ગોળી કરવી. સવાર સાંજ એકેક ગોળી લેવાથી ચાંદીનો રોગ મટે. તેના ઉપર ઘઉંની રોટલી અને ઘી બાવાં.

ઉપદંશજ અંડવૃદ્ધિ [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + જ (બાવું) + અંડ (પેશ) + વૃદ્ધિ (બાવાપણું)] સ્ત્રી. ચાંદીના રોગથી પેશ ઉપર થતું ગૂમડું.

ઉપદંશજન્યક્ષત [સં. ઉપદંશ (ફિરંગ રોગ) + જન્ય (થતું) + ક્ષત (બાવું)] પું. ચાંદીના રોગથી થતું ચાંદું.

ઉપદંશજન્યમેહ [સં. ઉપદંશ (ચાંદી) + જન્ય (થયેલ) + મેહ (પ્રમેહ)] પું. ચાંદીના રોગથી થતું ગૂમડું.

ઉપદંશનાશકસાર રસ [સં. ઉપદંશ (ચાંદી) + નાશક (બંજાવનો બાજિ) + બાસાર (બોપબાર વરસાદ) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ફિરંગ રોગમાં દેવામાં બાવતી એક પારાવાળી દવા. સિંગરફ બોટલે હિંગળો, હરતાલ, સંખિયા, મનઃશિલ, રસકપૂર, પુષ્પકાચીરા બોટલે હીરાકસી, ત્રિફિ બોટલે દારુચિકના, તૂતિયા અને બોરચૂરુ સંરખે ભાગે લઈ તેને ખાર વાર ખેંચેલા દારૂમાં ખાર પહોર સુધી બરલ કરી બોદવાળા માટીના પ્યાલામાં મૂકી તેના ઉપર બીજો માટીનો પ્યાલો ઊંધો ઢોકવવો. બેઉ પ્યાલાના સંધાણને માટીથી બંધ કરી ઉપર સાતબું કપડું વીંટી ચૂલા ઉપર મૂકી બેરના ઝાડનાં લાકડાંથી ખાર પહોર સુધી તપાવવુ. ચૂલેથી ઉતારી ઠર્યા પછી ઉપરના પ્યાલામાં લાગેલો રસ લઈ લેવો. ફરીથી દારૂમાં ઘૂંટી ઉપર પ્રમાણે કરવું અને રસ લઈ લેવો. બેવી રીતે સાત વખત કરવાથી તૈયાર બનેલ રસ બેકથી બે બોબાબારની માત્રામાં બી કે બાબણ સાથે બાળાથી સાત, ચૌદ કે બોગણીસ દિવસમાં ઉપદંશનો રોગ મટતો હોવાનું મનાય છે. આ રસની સાથે દરરોજ સાદ દસ્ત બાવે બેવી દવા લેવી.

ઉપદંશરોગજન્ય અર્મરોગ [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + રોગ (બીમારી) + જન્ય (થઇ) + અર્મન્ (બામડી) + રોગ (બીમારી)] પું. ચાંદીના રોગથી બામડી ઉપર નીકળતા ફોલ્લા.

ઉપદંશ લિંગલેપ [સં. ઉપદંશ (ચાંદી) + લિંગ (પુરુષની ઇંદ્રિય) + લેપ (ચોપડવાની દવા)] પું. (વૈદક) ચાંદીના રોગમાં પુરુષના લિંગ ઉપર ચોપડવાની એક દવાનું નામ. રસકપૂર છ માસા લઈ તેને ખેરના પાણીમાં ઘૂંટી સૂકવી રાખવો. જરૂર પડે ત્યારે પાણીમાં બલાણી લિંગ ઉપર ઘસવાથી ત્રણ દિવસમાં ઉપદંશ રોગથી પોકું બાઈ મટે.

ઉપદંશ વનકુઠાર રસ [સં. ઉપદંશ (ચાંદી) + વનકુઠાર (જંગલી કુહાડી) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદીના રોગ ઉપર

પપરાતી એક દવા. શુદ્ધ ભાલસોટો અને એરંડીના સાત સાત દાણા, બિલાડા પંચ નંગ, બૂનો ગોળ દોઢ તોલો, કાળા તલ એક તોલો અને વિષકપૂર એક માસો લેવાં. પહેલાં તલ અને બિલાડાને સાથે ખાંડી ભેળવવાં. પછી એરંડીના દાણા વગેરે ખાંડીને તેમાં ભેળવવા. ત્યારપછી વિષકપૂરને જુદું એક પોર લઈ તે બધાંને ગોળ સાથે સારી રીતે વાટી ભેળવવાં તેમાંથી અકેક માસાની ગોળી બનાવી લેવી. એક તોલા દહીંમાં એક ગોળી ઘણા ભાગે. તે દવા ચાલે તેટલો વખત મીઠું ન ખાવું પણ ઘઉંની રોટલી અને ઘી ખાવા.

ઉપદંશ સૂર્યરસ [સં. ઉપદંશ (ગરમીનો રોગ) + સૂર્ય (સૂરજ) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદીના રોગ ઉપર ફાયદાકારક બનાવટી એક પારાવાળી દવા. સોળેક સંખ્યા ત્રણ પલ લઈ લોઢાની ખરલમાં લીંબુ અને ધતૂરાટેપાનો રસ ત્રણ પલ ભેળવી લીંબડાની લાકડી સાથે તેને ઘૂંટવું. જ્યારે ગોળી બનાવવા લાયક ઘાટું થાય ત્યારે તીખાં જેવડી ગોળી બનાવવી. ઘી સાથે તે ખાવાથી ત્રિદોષ રોગ સમૂળ મટતો હોવાનું કહેવાય છે.

ઉપદંશ સ્ફોટલેપ [સં. ઉપદંશ (ચાંદી) + સ્ફોટ (ફોલ્લામાં) + અવલેપ (ચોપડવાની દવા)] પું. (વૈદક) ચાંદીના રોગમાં વપરાતા એક લેપનું નામ. ભાંયકોળા, ચાવડિયું, રસકપૂર અને લવિંગ સરખે ભાગે લઈ બારીક ચાર્ણ ત્યાંસુધી ખૂબ ખૂટવું અને પછી એની પડીકી વાળવી. રવિવારને દિવસે અડાયા છાણાના કેવા ઉપર એકેક પડીકું નાખી તેમાંથી નીકળતા ધુમાડાને મોઢામાં લેવો. ધુમાડો ખેંચતી વખતે મોઢામાં પાન અને મોઢા ઉપર કપડું રાખવું. આવી રીતે સાત દિવસ સુધી દરરોજ બે વખત ધુમાડો લેવો અને આઠમે દિવસે નહાવું.

ઉપદંશહર ધૂમ [સં. ઉપદંશ (ગરમીનો રોગ) + હર (મટાડનાર) + ધૂમ (ધુમાડો)] પું. (વૈદક) ગરમીના રોગ માટેની એક દવા. હિંગળો ૭ માસા, સોહાગા દસ માસા, અફલતરો દસ માસા, મીણ દસ માસા લઈ પહેલાં મીણને પીગળાવી તેમાં બધી ચીજ વાટવી. બોરના ઠળિયા જેવડી ગોળી કરી સવારમાં ચલમમાં મૂકી ઉપર આકડાના અંજારા રાખીને ધુમાડો ખેંચવો. આથી ચૌદ દિવસમાં ચાંદીનો રોગ મટે.

ઉપદંશહર પંચક [સં. ઉપદંશ (ચાંદી) + હર (નાશ કરનાર) + પંચક (પાંચનો જથ્થો)] પું. (વૈદક) ચાંદીના રોગમાં વપરાતી પાંચ દવા. (૧) પારો, અફલતરો, ભાલકાકણી, હિંગળો, અફીણ અને તામ્રભસ્મ દરેક વીસ રતી અને તે બધાના વજન જેટલો બૂનો ગોળ ભેગાવી ત્રણ ગોળી વાળવી. દરરોજ સવારમાં પાણીની સાથે એકેક ગોળી ગળી. (૨) શુદ્ધ પારો, બાવળ, બિલાડાનાં અને દાબની મૂળ સરખે ભાગે લઈ ગોળની સાથે ખૂબ વાટી તેની બોર જેવડી ગોળી વાળવી. દરરોજ સવારમાં દહીં કે પાણી સાથે એકેક ગોળી ગળવી. (૩) શોધેલ પારો, બિલાડો, હળદર, બાવળ, લસણ, સમુદ્રફળ, મજરૈલ અને લીંબડાનાં પાન દરેક ત્રણ માસા, ગ્રંથો ચાર માસા અને બૂનો ગોળ બાર તોલા ચાર માસા લઈ તે બધી ચીજને બિલાડાના તાંતણે તાંતણા બધાંની સાથે એક થઈ જાય ત્યાંસુધી ખરલમાં વાટવી. પછી તેની ચૌદ ગોળી વાળી સવારમાંજ એકેક ગોળી દહીંની સાથે લેવી. (૪) ગ્રંથો ત્રણ માસા અને સંખવિષનું સત્ત્વ એક રતી લઈ પાણીમાં ઘૂંટીને બાર ગોળી વાળવી. પાણીની સાથે આ ગોળી લેવાથી ઉપદંશ નાશ પામવાનું મનાય છે. (૫) લવિંગ ત્રણ માસા અને રસકપૂર એક માસો લઈ પાણીમા ઘૂંટી દસ ગોળી બનાવવી. દરરોજ સવારમા પાણીની સાથે એકેક ગોળી ખાવાથી ચાંદીનો રોગ નાશ પામે.

ઉપદંશહર રસ [સં. ઉપદંશ (ત્રિદોષ રોગ) + હર (મટાડનાર) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદી ઉપર વપરાતી એક દવાનું નામ. શોધેલ પારો પાંચ માસા, અજમાની ભૂકી, ગ્રંથો, બૂનો ગોળ અને બિલાડો બે બે તોલા ખાંડી એકરસ કરી તેની ચૌદ ગોળી કરવી. સવારમાંજ એકેક ગોળી દહીં સાથે લેવી. ખોરાકમાં ઘી, ઘઉંની રોટલી અને દૂધ પાણી લેવાં. નવમે દિવસે બૂના ગોખા રાંધીને ઘી સાથે ખાવા. ચૌદ દિવસ સુધી ખટાશ અને મીઠું ન લેવાં અને તેટલા દિવસ સહવાસ ન કરવો.

ઉપદંશહરલેપ [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + હર (નાશ કરનાર) + લેપ (મલમ)] પું. (વૈદક) ચાંદી મટાડનાર મલમનું નામ. સફેદ રાળ, ગેબખિરોળા અને મીણ એ દરેક પાંચ રૂપિયાભાર લઈ કમરયંત્રના નીચેના વાસણમાં રાખી બેઉ વાસણને ગેસબત્તી ઉપર ચઢાવી ગોગળી વડે હલાવી તેમનાં ગોદાં લોઢાના તારથી મજબૂત બાંધી લેવાં. તે તાર ઉપર માટી અને કપડાંનાં સાત બંધ બાંધી સુકાવા દેવું. તે પછી કમરયંત્રને ચૂલા ઉપર નકી ધીમો તાપ આપવો. એક કલાકે ઉપલું વાસણ બહુ ગરમ લાગે ત્યારે યંત્રને નીચે ઉતારી જમીન ઉપર રાખવું અને પૂરી બળ લાગે કમરયંત્ર ખોલી તેની અંદરથી ઉપલી ત્રણે ચીજનું મિશ્રિત સત્ત્વ કાઢી લેવું. તેમાંથી પાંચ તોલા લઈ તેટલા જ ઘી સાથે એક રકાબીમા દેવતા ઉપર રાખીને પીગળાવવું. જ્યારે ઘીની સાથે એકરસ થઈ જાય ત્યારે ઉતારી લેવું. આ મલમ બાદ ઉપર દિવસમાં બે વખત લગાડવો. લગાડતા પહેલાં ચાંદાંને લિંબુના કાઢાથી ધોવાં અને કાઢો સવારે અને રાત્રે પાચ પાચ બાર પીવો. કાઢો પીવા પહેલાં કે પછી એક રતી તાજીબત્રીસ મધ સાથે ચાટવી.

ઉપદંશહરી વટી [સં. ઉપદંશ (ચાંદી) + હરિન્ (મટાડનાર) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) ગરમીનો રોગ દૂર કરવાનું એક ઔષધ. શોધ્યો પારો પાંચ માસા, બિલાડા દસ નંગ, પીપર, પીપરીમૂળ, અફલતરો, ખુરાસાની અજમો, જવખાર અને લવિંગ અડધ તોલો અને બધાના જેટલો બૂનો ગોળ લેવો. બધી ચીજ બારીક વાટી તેની સાથે ગોળ ભેળવવો અને પછી તેમાંથી અકેક રતીની ગોળી વાળવી. ઘીની સાથે એક એક ગોળી આપવી. મીઠું આપવું નહિ.

ઉપદંશારિરસ [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + અરિ (દુશ્મન) + રસ (પારાવાળી દવા)] પું. (વૈદક) ચાંદી ઉપર ચોપડાતું એક ઔષધ. શિલારસ ૭ માસા, શોધ્યો પારો ૭ માસા, અજમોદ દસ માસા, અફલતરો દસ માસા, બિલાડો વીસ માસા, અજમો વીસ માસા લઈ તેની ફાકી કરી પાણી નાખી છત્રીસ ગોળીઓ વાળવી. પાણીની સાથે સવારમાંજ અઠાર દિવસ સુધી એક એક ગોળી લેવાથી ચાંદીનો રોગ મટે. ખોરાકમાં ઘઉંની રોટલી, સાકરિયોખા અને મગની દાળ લેવા. ખટાશ, મીઠું અને ક્ષાર ન લેવાં.

ઉપદંશી [સં. ઉપદંશ (ચાંદી) + ઇન્ (વાળું)] વિ. ચાંદીના રોગવાળું.

ઉપદંશીય [સં. ઉપદંશ (ચાંદીનો રોગ) + ઇય (લગતું)] વિ. ચાંદીરોગને લગતું

ઉપદંશવિષહર [સં. ઉપદંશ (ગાંઠો) + વિષ (ઝાળા) + હર (એક હિંસક પ્રાણી)] પું. (વૈદક) ગાંઠોના રોગમાં વપરાતી પારસવાળી દવા. શુદ્ધ પારો એક કર્ષ અને શુદ્ધ ગંધક બે કર્ષ લઈ તેની ઝીણી કાજળી કરી તેમાંથી દરરોજ એક માસો માખણ કે સાકર સાથે ખાવાથી વીસ દિવસમાં ઉપદંશ રોગનો નાશ થવાનું મનાય છે. તેના ઉપર ઘઉંની રોટલી અને ઘી સેવાં બાદ મીઠું ન લેવું.

ઉપદા ૧. [સં. ઉપદા (આપવું)] સ્ત્રી. ઇનામ.
૨. સ્ત્રી. બેસવું થવું તે.
૩. સ્ત્રી. ભેટ; નજરાણું.
૪. સ્ત્રી. કરવત; આરો.
૫. સ્ત્રી. લાંચની રકમ.
૬. વિ. ભેટ આપનાર.
૭. વિ લાંચ આપનાર.

ઉપદાન ૧. [સં. ઉપદા (આપવું)] ન. નજરાણું; ભેટ; સોગાત.
૨. ન. મહાભારતમાં બતાવેલ એક દૂષણનું નામ.
૩. ન. મસાલમસાલો; ષટકટ્ય.
૪. [સં. ઉપ (ઔષ) + દાન (આપવું તે)] ન. મોટા દાનની પાછળ થોડું દાન આપવું તે.
૫. ન. આરો; કરવત.

ઉપદાનવી ૧. સ્ત્રી. (પુરાણ) એક દાનવ કન્યાનું નામ. તે વિપ્રચિત્તની દીકરી અને દુષ્મતની મા હતી.
૨. સ્ત્રી. મયાસુરની બબૂમાંની મોટી દીકરીનું નામ.

ઉપદારિકા પું. (પિંગળ) ત્રિષ્ટુભની જાતિનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દંડિતા. તેમાં રગણ, જગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય અને ૫, ૬ અક્ષરે યતિ એટલે વિસામો આવે.

ઉપદાહ [સં. ઉપ (ઉપર) + દાહ (બળતરા)] પું. શરીરના ઉપલા ભાગની બળતરા.

ઉપદિક [સં. ઉપ (બાજુ) + દિક્ (દિશા)] સ્ત્રી. ઉપદિશા; ખૂણો.

ઉપદિગ્ધ [સં. ઉપ (ઉપર) + દિહ્ (લેપ કરવો)] વિ. લેપ કરેલું; ચોપડેલું.

ઉપદિશા ૧. [સં. ઉપ (બાજુ) + દિશ્ [દિશા)] પું. વિદિશા; બે દિશાની વચ્ચેનો ખૂણો
૨. પું. શિશુપાલના ભાઈ અને વસુદેવના ભાણેજનું નામ.
૩. [સં. ઉપ (પાસે) + દિશ્ (દિશા)] અ. દિશામાં; દિશા તરફ.

ઉપદિશ [સં. ઉપ (બાજુ) + દિશા (બાજુ)] સ્ત્રી. બે દિશા વચ્ચેનો ખૂણો. વાયવ્ય, ઈશાન, અગ્નિ અને નૈર્ઋત્ય કોણ.

ઉપદિશ્ય [સં. ઉપ (બાજુ) + દિશ્ (બાજુ) + ય (લાયક)] વિ. ખૂણાનું; ખૂણામાં આવેલું.

ઉપદિશ્યમાન [સં. ઉપ (બાજુ) + દિશ્યમાન (બતાવાતું)] વિ. બોધાતું; સમજવાતું; શિખવાડાતું.

ઉપદિષ્ટ ૧. [સં. ઉપદિશ્ (ઉપદેશ કરવો)] ન. સલાહ; બોધ.
૨. વિ. આજ્ઞા કરાયેલું; ફરમાન અપાયેલ.
૩. વિ. જેને બોધ આપવામાં આવ્યો હોય એવું.
૪. [સં. ઉપદિશ્ (બતાવવું)] વિ. બતાવેલું, જણાવેલું.
૫. વિ. કહ્યું કરેલું.
૬. વિ. શિખામણ અપાયેલું.
૭. વિ. શીખેલું.

ઉપદિષ્ટિ [સં.] સ્ત્રી. દશ એટલે બાબતમાં એવા નાટકના છત્રીસમાંનાં એક લક્ષણનું નામ.

ઉપદિસવું [સં. ઉપદિશ્ (બોધ કરવો)] સ. ક્રિ. ઉપદેશ કરવો; બોધ આપવો; કહેવું.

ઉપદી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કીડો; વંદો.
૨. સ્ત્રી. એક પરોપજીવી છોડનું નામ; વંદાક

ઉપદીક્ષા [સં.] સ્ત્રી. એક જાતની કીડી; ઉપજિહ્વા

ઉપદીર્ઘ [સં. ઉપ (થોડું) + દીર્ઘ (લાંબું)] વિ. આયત; લંબચોરસ.

ઉપદૂરદર્શક [સં. ઉપ (અધિક) + દૂર (દૂર) + દર્શક (બતાવનાર)] પું. જોવી વસ્તુને તરત જ ખેંચી લાવવા માટે મોટા દૂરબીનની સાથે લગાડેલ નાનું દૂરબીન; 'ફાઈન્ડર'. તેની શક્તિ ઓછી પણ જોવાનું ક્ષેત્ર વિશાળ હોય છે. જોવાના આકાશી પદાર્થની જગ્યા નક્કી કરવા તે વપરાય છે.

ઉપદૂરબીન જુઓ ઉપદૂરદર્શક.

ઉપદરય [સં. ઉપ (ઉપર) + દરૂ (જોવું) + ય (લાયક)] પું. દૂરબીન, સાક્ષાદર્શક યંત્ર વગેરે યંત્રમાં જોવાના પદાર્થ તરફ તેની છબી બતાવવા રખાતો કાચ; 'ઓબ્જેક્ટ ગ્લાસ'.

ઉપદૃષ્ટિ [સં. ઉપ (ઉપર) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. દેખાવ; દશ્ય; રૂપ.

ઉપદેશ [સં. ઉપદેશ] પું. ઉપદેશ; બોધ.

ઉપદેવ ૧. પું. (પુરાણ) અક્રૂર યાદવના એક દીકરાનું નામ.
૨. પું. એ નામનો દેવક રાજાનો દીકરો.
૩. [સં. ઉપ (બરાબર) + દેવ (દેવતા)] પું. દેવ જેવી શક્તિવાળા જીવ. જેમકે, પિશાચ, રાક્ષસ, યક્ષ, વિદ્યાધર, ગંધર્વ.
૪. [સં. ઉપ (ઊતરતું) + દેવ (દેવતા)] પું. મુખ્ય નહિ એવો દેવ; નાનો દેવ.
૫. પું. (પુરાણ) સ્વરોચિષ મનુના એક દીકરાનું નામ.

ઉપદેવતા ૧. પું. દેવોની સભામાં સભામાં આવેલ પ્રેક્ષક એટલે જોનાર.
૨. [સ. ઉપ (ઊતરતું) + દેવતા (દેવ કે દેવી)] પું.; સ્ત્રી. નાનો દેવ કે દેવી; ઉપદેવ; ઊતરતો દેવ કે દેવી.
૩. [સં. ઉપ (બરાબર) + દેવતા (દેવ દેવી)] પું.; સ્ત્રી. પિશાચ, રાક્ષસ, યક્ષ વગેરે દેવના જેવી શક્તિવાળો જીવ.

ઉપદેવા સ્ત્રી. (પુરાણ) દેવક યાદવની દીકરીનું નામ.

ઉપદેવી ૧. સ્ત્રી. દેવીની તહેનાતમાં રહેનારી સ્ત્રી.
૨. [સં. ઉપ (ઊતરતું) + દેવી (દેવતા)] સ્ત્રી. નાની દેવી; ઊતરતા દરજ્જાની દેવી.
૩. [સં. ઉપ (બરાબર) + દેવી (દેવની સ્ત્રી)] સ્ત્રી. પિશાચ, વિદ્યાધર વગેરેની સ્ત્રી.
૪. સ્ત્રી. (પુરાણ) વસુદેવની એક સ્ત્રીનું નામ.

ઉપદેશ ૧. [સં. ઉપદિશ્ (બતાવવું)] પું. આજ્ઞા; ફરમાન.
૨. પું. આજ્ઞા; હુકમ.
૩. પું. આદ્ય ઉચ્ચારણ.
૪. પું. (વેદાંત) પ્રમેયને અર્થ સ.દ્ધિત કરેલા પુસ્તકના સારનું ચિંતન.
૫. [સ. ઉપદિશ્ (શીખવવું)] પું. કેળવણી; શિક્ષણ. જ્ઞાન.
૬. પું. ગુરુમંત્ર આપવો તે.
૭. પું. શેતવણી.
૮. પું. જાની વાતનું કથન.
૯. પું. દરખાસ્ત; સૂચના.
૧૦. પું. નક્ષત્રોપર્યું જણાવવાપણું; સ્થિતદર્શન. જેમકે, રાતના જાગવું ન જોઈએ અને દિવસના સૂવું ન જોઈએ.
૧૧. [સં. ઉપ (પાસે) + દેશ (મુલક)] પું. નજીકનો મુલક; પાસેનો દેશ; પડોશ.
૧૨. પું. નાગરમોથ નામની વનસ્પતિ.
૧૩. પું. નામ આપવું તે; ઓળખાણ.
૧૪. પું. પ્રવર્તક વાક્ય; ઉશ્કેરણી.
૧૫. પું. બતાવવું તે.
૧૬. પું. જ્ઞાન; ઇરફાન.
૧૭. [સ. ઉપદિશ્ (શીખવવું)] પું. બોધ; શિક્ષા; શિખામણ; સલાહ; સીખ. ઉપદેશના

પ્રકાર: (૧) પ્રભુસંચિત એટલે રાજા માફક આજ્ઞા કરવી તે. (૨) મિત્રસંચિત એટલે સ્નેહીની જેમ સમજાવીને કહેવું તે. (૩) કાંતાસંચિત એટલે સુંદરીની પેઠે મધુર વાણીથી અસર કરે તે.

૧૮. પું. શબ્દ; વચન; બોલ.

૧૯. પું. રાજ્ય; સિદ્ધાંત.

ઉપદેશક ૧. [સં. ઉપદિશ્ (શીખવવું)] પું. ગુરુ; શિક્ષક; અધ્યાપક; ઉપાધ્યાય.

૨. વિ. ધર્મનું જ્ઞાન આપનાર.

૩. વિ. સલાહકાર.

ઉપદેશકર ૧. [સં. ઉપદેશ (બોધ) + કર (કરનાર)] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૨. વિ. સલાહ આપનાર.

ઉપદેશકવિતા [સં. ઉપદેશ (બોધ) + કવિતા (કાવ્ય)] સ્ત્રી. બોધ કરેલી કવિતા.

ઉપદેશકારક ૧. [સં. ઉપદેશ (શિક્ષા) + કૃ (કરવું)] વિ. જેમાંથી શિખામણ મળે એવું; ડાહ્યાની સેવા જેવું.

૨. વિ. બોધ કરનું.

ઉપદેશતા ૧. [સં. ઉપદેશ (બોધ) + તા (પણું)] સ્ત્રી. નિયમ હોવાપણું.

૨. સ્ત્રી. બોધ; શિખામણ.

૩. સ્ત્રી. મત; વાદ.

ઉપદેશદાતા [સં. ઉપદેશ (શિખામણ) + દાતૃ (આપનાર)] વિ. શિખામણ દેનાર; સલાહ આપનાર

ઉપદેશદાન ૧. [સં. ઉપદેશ (બોધ) + દાન (આપવું તે)] ન. બોધ આપવાપણું.

૨. [સં. ઉપદેશ (શિક્ષણ) + દાન] ન. શિક્ષણ આપવા માટે કરેલ સભાવત.

ઉપદેશન [સં. ઉપદિશ્ (શિખામણ આપવી)] ન. શિખામણ આપવી તે.

ઉપદેશના ૧. [સં. ઉપદિશ્ (શીખવવું)] સ્ત્રી. શિક્ષણ.

૨. સ્ત્રી. શિખામણ; સલાહ.

ઉપદેશપત્ર [સં. ઉપદેશ (સલાહ) + પત્ર (કાગળ)] પું., ન. સલાહનો કાગળ.

ઉપદેશપ્રદ [સં. ઉપદેશ (બોધ) + પ્રદ (આપનાર)] વિ. શિખામણ આપનારું; બોધ દેનારું.

ઉપદેશમય [સં. ઉપદેશ (શિખામણ) + મય (બનેલું)] વિ. બોધથી ભરેલું.

ઉપદેશમુદ્રા [સં. ઉપદેશ (બોધ) + મુદ્રા (નિશાની)] સ્ત્રી. બોધ આપતા હોય તેવું ચિત્ર કે નિશાની.

ઉપદેશરુચિ [સં. ઉપદેશ (બોધ) + રુચિ (ઇચ્છા)] સ્ત્રી. (જૈન) ધર્મનો બોધ સાંભળવાની ઇચ્છા.

ઉપદેશવચન ૧. [સં. ઉપદેશ (શિખામણ) + વચન (શબ્દ)] ન. બોધનો શબ્દ.

૨. ન. શિખામણ માટે બોલી કહેલી વાર્તા.

ઉપદેશવાણી [સં. ઉપદેશ (બોધ) + વાણી (વચન)] સ્ત્રી. શિખામણનાં વચન.

ઉપદેશવિષયક [સં. ઉપદેશ (બોધ) + વિષય (બાબત) + ક (લગતું)] વિ. બોધને લગતું.

ઉપદેશવું ૧. સ વિ. આજ્ઞા કરવી.

૨. સ. ક્રિ. દોરવણી કરવી.

૩. [સં. ઉપ (શિખામણ બતાવનાર ઉપસર્ગ) + દિશ્ (બતાવવું)] સ. ક્રિ. બોધ દેવો; શિખામણ આપવી; સલાહ દેવી.

૪. સ. ક્રિ. શીખવવું.

ઉપદેશસહસ્રી [સં. ઉપદેશ (બોધ) + સહસ્ર (હજાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. શંકરાચાર્યે તત્ત્વજ્ઞાન સંબંધી રચેલ એક ગ્રંથનું નામ.

ઉપદેશસાહસ્રી ૧. [સં. ઉપદેશ (શિખામણ) + સહસ્ર (હજાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક વેદાંત ગ્રંથનું નામ.

૨. સ્ત્રી. શિખામણના હજાર શ્લોકવાળો ગ્રંથ.

ઉપદેશાત્મક [સં. ઉપદેશ (બોધ) + આત્મક (વાળું)] વિ. બોધદાયક; શિખામણથી ભરેલું.

ઉપદેશાનુસાર [સં. ઉપદેશ (શિખામણ) + અનુસાર (પ્રમાણે)] અ. શિખામણ પ્રમાણે; સલાહ મુજબ.

ઉપદેશામૃત [સં. ઉપદેશ (બોધ) + અમૃત (અમર કરે એવો રસ)] ન. અમૃત જેવો બોધ

ઉપદેશાર્થવાક્ય ૧. [સં. ઉપદેશ (શિખામણ) + અર્થ (હેતુ) + વાક્ય (વચન)] ન નીતિવચન.

૨. ન. બોધ આપવા બોલી કહેલી વાર્તા.

૩. ન. શિખામણના શબ્દ.

ઉપદેશાવલિ [સં. ઉપદેશ (બોધ) + આવલિ (હાર)] સ્ત્રી. શિખામણની હારમાળા; બહુ શિખામણ.

ઉપદેશાવલી [સં. ઉપદેશ (શિખામણ) + આવલી (હાર)] સ્ત્રી. બોધમાળા.

ઉપદેશિકા ૧. [સં. ઉપ (શિખામણ બતાવનાર શબ્દ) + દિશ્ (બતાવવું) + ક (લગતું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. બોધ દેનાર સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. જ્ઞાન આપનારી.

૩. વિ. સ્ત્રી. શીખવનારી.

ઉપદેશી ૧. [સં. ઉપદેશિન્] વિ. બોધભર્યું; શિખામણથી ભરેલું.

૨. વિ. સલાહ આપનાર.

ઉપદેશ્ય ૧. [સં. ઉપ (શિખામણ બતાવનાર ઉપસર્ગ) + દિશ્ (બતાવવું) + ય (જોઈએ)] વિ. બોધ કરવા જેવું.

૨. વિ. શિખામણ આપવા જેવું.

ઉપદેષ્ટા ૧. [સં. ઉપદેષ્ટૃ] પું. ગુરુ; આચાર્ય; શિક્ષક; ધર્મગુરુ.

૨. વિ. બોધ આપનાર; ઉપદેશક.

ઉપદેષ્ટ્રી ૧. [સં. ઉપદેષ્ટૃ (બોધ આપનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. શિક્ષિકા.

૨. વિ. સ્ત્રી. ઉપદેશ કરનારી; બોધ આપનારી.

ઉપદેહ ૧. [સં. ઉપ (અધિક) + દેહ (શરીર)] પું. ગ્રંથમાળ; ગ્રંથમાળનો રોગ.

૨. [સં ઉપ (ઉપર) + દિહ્ (ચોપડવું)] પું. ઢાંકણ.

૩. [સં. ઉપ (ઉપર) + દેહ (શરીર)] પું. ફૂલેલું શરીર.

૪. [સં. ઉપ (કુત્સિત નહિ જેવું) + દેહ (શરીર)] પું. રોગવાળા ભાગ ઉપર મલિનું વધવાપણું.

૫. [સં. ઉપ (ઉપર) + દિહ્ (લેપ કરવો)] પું. લેપ; ખરડ.

૬. પું. લેપનાં ઓસડિયાં

ઉપદેહિકા [સં. ઉપદેહ (કૃશ થયેલું શરીર) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક જાતની પોચી ફોડી; ફોલ્લા; ઉપદંશિકા; ઊપરવટ. ઉંદરથી ભરેલ હોવાને લીધે તેનું શરીર ઊપસેલું રહે છે. જુઓ ઉપદંશ.

ઉપદોહ ૧. પું. ગાયના આંચી ઉપરનો આંચળ.

૨. [સં. ઉપ (આં) + દુહ્ (દોહવું)] પું. દૂધ દોહવાનું વાસણ.

ઉપદ્રવ ૧. પું. અપશુકન.

૨. પું. અદિત; અનિષ્ટ; અવગુણ.

૩. [સં. ઉપ (ઉપર) + દ્રુ (જવું)] પું. આફત; ઉત્પાત; આપત્તિ.

૪. પું. ઉપાધિ; ઝંઝાળ.

૫. પું. કનડગત; રંજાડ; પજવણી; હલાકી.

૬. પું. ત્રાસ; જુલમ.

૭. [સં. ઉપ (અધિક) + દ્રુ (ઈજા કરવી)] પું. પીડા; દુઃખ; સંતાપ.

૮. પું. પેટા દરદ; એક દરદમાં બીજા જાતનું થતું દુઃખ. જેમકે, તાવમાં તરસ લાગવી, માથાનો દુખાવો થવો.

૯. પું. ભગાડ; નુકસાન; ખલ.
૧૦. [સં. ઉપ (ઉપર) + દ્રુ (દોડવું કે ચલવું)] પું. બંડ; દંગો; ફિસાદ.
૧૧. [સં. ઉપ (શરીરમાં બહારનાં કારણ) + દ્રવ (પીડા)] પું. રોગની શરૂઆતનું ચિહ્ન.
૧૨. પું. સામવેદના એક ભાગનું નામ.

ઉપદ્રવકર ૧. [સં. ઉપદ્રવ (અવગુણ) + કર (કરનાર)] વિ. અવગુણ કરનારું; અનિષ્ટકારક.
૨. [સં. ઉપદ્રવ (ઉપાધિ) + કર (કરનાર)] વિ. ઉપાધિ કરાવે એવું.
૩. [સં. ઉપદ્રવ (કનડગત) + કર (કરનાર)] વિ. કનડગતિયું; હેરાન કરનારું.
૪. [સં. ઉપદ્રવ (ત્રાસ) + કર (કરનાર)] વિ. ત્રાસકારક.
૫. [સં. ઉપદ્રવ (પીડા) + કર (કરનાર)] વિ. પીડાકારક.
૬. [સં. ઉપદ્રવ (નુકસાન) + કર (કરનાર)] વિ. નુકસાન કરનાર; ભગાડ કરે એવું.
૭. [સં. ઉપદ્રવ (બંડ) + કર (કરનાર)] વિ. બંડખોર; ફિસાદી.

ઉપદ્રવકર્તા જુઓ ઉપદ્રવકર.

ઉપદ્રવકારક જુઓ ઉપદ્રવકર.

ઉપદ્રવવિદ્યા [સં. ઉપદ્રવ (બિનારોગકારક આપત્તિ) + વિદ્યા (જ્ઞાન) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જ્ઞા. બરકી

ઉપદ્રવી ૧ [સં ઉપદ્રવ (નુકસાન) + ઇન્ (વાળું)] પું. આપખુદ સત્તા વાપરનાર માણસ.
૨. પું. જુલમી; જુલમગાર માણસ.
૩. [સં. ઉપદ્રવ (બંડ) + ઇન્ (વાળું)] પું. બંડખોર.
૪ વિ. અન્યાયી; જુલમી.
૫. [સં. ઉપદ્રવ (અવિહત) + ઇન્ (વાળું)] વિ. અવગુણકારક; અનિષ્ટકારી.
૬ [સ. ઉપદ્રવ (પીડા) + ઇન્ (વાળું)] વિ દુઃખદાયક, ખલ પહોંચાડનાર.
૭. વિ. રોગ કરે એવું.
૮. વિ. હિંસક, નાશ કરનાર.
૯ વિ કુમલાખોર, દંગો મચાવે એવું

ઉપદ્રવીજંતુ [સ. ઉપદ્રવિન્ (રોગ કરે એવું) + જંતુ (જીવડું)] પું., ન. રોગ કરે તેવો જીવાણુ.

ઉપદ્રવીપક્ષી [સં. ઉપદ્રવિન્ (નુકસાનકારક) + પક્ષિન્ (પંખી)] ન. ખેતીને નુકસાન કરતું પક્ષી.

ઉપદ્રવીપણું ૧. ન નુકસાનકારક હોવું તે.
૨. ન. પીડા કરનારું હોવાપણું.

ઉપદ્રષ્ટા ૧. [સં. ઉપ (ઉપર) + દ્રષ્ટૃ (જોનાર)] પું. તપાસ રાખનાર માણસ.
૨. પું. સાક્ષી.
૩. વિ. અનુમોદન જોનાર.
૪. વિ. ધ્યાન રાખનાર.
૫. [સ. ઉપ (પાસે) + દ્રષ્ટૃ (જોનાર)] વિ. નજીક રહીને જોનાર.

ઉપદ્રુ [સ. ઉપ (બોટું) + દ્રુ (ઝાડ)] પું. વડનું ઝાડ.

ઉપદ્રુત ૧. વિ. અશુભ; અનિષ્ટ સૂચવતું.
૨. [સં. ઉપ (ઉપર) + દ્રુ (જવું) + ત (એલ)] વિ. આફતમાં આવી પડેલું; ઉત્પાતગ્રસ્ત.
૩. વિ. (રોગ) મહાવ્યાધિ દશાવસ્થા
૪. [સ. ઉપ (ઉપર) + દ્રુ (હલ્લો કરવો) + ત (એલ)] વિ. જેના ઉપર હલ્લો થયો હોય એવું
૫. વિ. નુકસાન પામેલ.
૬. [સ. ઉપ (અધિક) + દ્રુ (પીડા કરવી) + ત (એલ)] વિ. પીડાયેલ; જુલમ થયેલ.
૭. વિ. આકુળ; બેચેન.

ઉપદ્વાર ૧. [સ. ઉપ (પેટા) + દ્વાર (બારણું)] ન. બારકી; મુખ્ય નહિ એવું બારણું.
૨. [સં. ઉપ (નાનું) + દ્વાર (રસ્તો)] ન. ગળું; ખોરાકને પેટમાં જવાનો માર્ગ.

ઉપદ્વિગુણ ગુણોત્તર [સ. ઉપ (સમીપ) + દ્વિગુણ (બમણું) + ગુણોત્તર (પ્રમાણ)] પું., ન. (ગણિત) ગુણોત્તર (શ્રેણિઓ)ના બીજા પદના પ્રથમપદનું ગુણોત્તર. પ્રથમશ્રેણિક ગુણોત્તર. જેમકે, ૨નું ઉપદ્વિગુણ ગુણોત્તર ૨ છે.

ઉપદ્વીપ ૧. [સં. ઉપ (નજદીક) + દ્વીપ (બેટ)] પું. ટાપુની નજદીકનો ટાપુ
૨. [સં. ઉપ (નાનું) + દ્વીપ (બેટ)] પું. નાનો બેટ; નાનો ટાપુ.
૩. [સ ઉપ (સમીપ) + દ્વીપ (બેટ)] પું. બેટને મળતી આવતી પાણીમાંની જમીન, દ્વીપનો પડેલો એક ભાગ.

ઉપધન ન. શરીર, કાયા.
પામ કલેવર પ્રકૃષ્ટ વપુ દેહ આત્મા નામ.
વિગ્રહ ઉપધન સંઘાત ધામ શરીર પતંગ.
પિંગલપ્રકોષ

ઉપધર્મ ૧. [સં. ઉપ (ઊતરતું) + ધર્મ (ગુણ)] પું. ઊતરતો ધર્મ; અપ્રધાન ગુણ; નીચ લક્ષણ.
૨. પું. દયા; કરુણા માટે આચરાતો ધર્મ.
૩. પું. પાખંડ મત.
૪. પું. પાખંડી પુરુષ; ખોટો મત આપનાર.
૫. પું. પેટા નિયમ.
૬ પું. વેદ વિરુદ્ધ ધર્મ; વેદ વિહીન ધર્મ; નાસ્તિક ધર્મ.

ઉપધર્મવિલિમાંસસૂતઘાતી [સં. ઉપ (હલકું) + ધર્મ (ગુણ) + વિલિમ (ઊપાધેલું) + અંસ (શરીર) + સૂત (સૂતપુરાણી) + ઘાતિન્ (નાશ કરનાર)] પું. પુરુષોત્તમનાં હલકાં માઠેલું એક નામ. સૂતપુરાણી સઠર જાતિનો હોઈ ચક્ર હતો. તેને ઋષિઓની સભામાં બેસી કથા કરવાનો અધિકાર ન હતો. છતાં બ્રહ્માસન ઉપર બેસી વક્તા બનેલો અને તેણે અધર્મનું આચરણ કરેલું. વળી તીર્થયાત્રા કરતાં બલદેવજી ત્યાં આવ્યા ત્યારે આખી ઋષિઓની સભાએ ઊભા થઈ તેનું સન્માન કર્યું, પણ સૂતપુરાણી ઊભો પણ થયો નહિ. આ અધર્મ જાણીને ધર્મસ્થાપન કરનાર બલદેવજીએ તેને હાથથી અડી તેનો વધ કર્યો. શ્રીકૃષ્ણના ધર્મસ્થાપનરૂપી આજ્ઞાથી બલરામે આ કામ કર્યું તેથી એ પુરુષોત્તમનું જ કાર્ય હોઈ પુરુષોત્તમનું આ નામ થયું.

ઉપધંધો [ઉપ (પેટા) + ધંધો (રોજગાર)] પું. પેટા રોજગાર; મુખ્ય ઉપરાંત થતો બીજો નાનો ઉદ્યમ

ઉપધા ૧. [સ. ઉપ (પાસે) + ધા (મૂકવું)] જ્ઞા. ઉપાધિ, પદવી.
૨. જ્ઞા. ઉપાય, સાધના; કલા.જ.
૩. જ્ઞા. (વેદાંત) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.
૪. જ્ઞા. જાળ; કપટ.
૫. જ્ઞા. પરીક્ષા; કસોટી. તે ચાર જાતની ઠેકાણે છે: (૧) વહારીની, (૨) નિઃસ્વાર્થપણાની, (૩) ઇંદ્રિયસંયમની અને (૪) હિંમતની.
૬. જ્ઞા. પારકાને ઉતરવાની કળા.
૭. જ્ઞા. (વ્યાકરણ) શબ્દના ઉચ્ચારાતી પહેલાંનો અક્ષર, ઉપાત્ય અક્ષર.
૮. [સં. ઉપ (ઉપર) + ધા (મૂકવું)] જ્ઞા સ્થાપના; મંડાણ.

ઉપધાતુ ૧. [સ. ઉપ (મુખ્ય નહિ એવું) + ધાતુ (ખનિજ)] જ્ઞા. ધાતુ જેવી ચીજ, 'ઓર્ગેનિક મેટલ'.
૨. [સં. ઉપ (પેટા) + ધાતુ (શરીરમાંના રસ વગેરે પદાર્થ)] જ્ઞા. (વૈદક) શરીરમાંની સાત ધાતુમાંથી થતી પેટા પેદાશ. જેમકે, રસમાંથી દૂધ, લોહીમાંથી રજ, માંસમાંથી તેલ, મેદમાંથી પરસેવો, અસ્થિમાંથી દાંત, મજ્જામાંથી વાળ અને શુક્રમાંથી ઓજ.

૩. [સં. ઉપ (હલકું) + ધાતુ (ખનિજ), સ્ત્રી. હલકી ધાતુ; ચોથ્થ ધાતુ; મુખ્ય ધાતુના મિશ્રણથી બનતો પદાર્થ. તે સાત પ્રકારના છે: સોનમાખી (સૌવર્ચમાક્ષિક), રૂપામાખી (રૌપ્યમાક્ષિક), મોરપૂતુ, ખોદાર, સિંદૂર, આપરિયું અને મંડૂર. વૈદકમત પ્રમાણે ગણાય, સુવર્ચમાક્ષિક, રૌપ્યમાક્ષિક, સુરમો, હરતાલ, ખોદાર, આપરિયો ગેરુ, મનઃશિલ, ધોરાકસી, સિંદૂર, મોરપૂતુ, સંખજીરું, કિંજળે, રસકપૂર ઉપધાતુ ગણવામા આવે છે, કેમકે તેના દેખાવ ઉપરથી જ તે ખનિજ વર્ગની પેદાશ જણાય છે અને તે મુખ્ય ધાતુની સાથે રસ, ઉપરસ અને ક્ષાર મળવાથી બને છે.

ઉપધાન ૧. પું. (ગિણ) બત્રીસીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, નગણ, ભગણ અને મગણ પછી બાર અક્ષર હોય.

ભ ના ભ મ થી **ઉપધાન** રચે છે.

રત્નપિંગળ

૨. [સં. ઉપ (નીચે) + ધા (મૂકવું)] પું. યજ્ઞની ઈંટ મૂકતી વખતે બોલવામાં આવતો મંત્ર.

૩. ન. આધાર, ટેકો.

૪. [સં. ઉપ (ઉપર) + ધા (મૂકવું)] ન. ઉપર રાખવું તે; ટેરવવાપણું.

૫. ન. એક જાતનું વસ્ત્ર.

૬. ન. ઓશીકું, તકિયો.

ઉપબર્હણ **ઉપધાન** અને કટક સોઈ વસીર,
મૂકણ ઓશીસે અલીને બેઠી માન મંગાર.

પિંગળપ્રકાશ

૭. ન. ખાટલાનું માથા તરફનું લાકડું; સિરવું.

૮. ન. ઢોર.

૯. ન. (જૈન) ધર્મશાસ્ત્ર ભણવાની શાસ્ત્રોક્ત મેળવવા કરવામાં આવતું તપ.

૧૦. [સં. ઉપ (પાસે) + ધા (આપવું)] ન. બક્ષિસ.

૧૧. ન. બટ, ઉપહાર.

૧૨. ન. પહેરવેશ. આપસે.

૧૩. ન. વિશેષ ગુણ; ખાસ લક્ષણ.

૧૪. ન. વિશેષતા; ઉત્તમપણું.

૧૫. ન. સ્નેહ; પ્રેમ, પ્રણય.

ઉપધાનજ્ઞાનાચાર [સં. ઉપધાન (એક જાતનું તપ) + જ્ઞાન (જ્ઞાન) + આચાર (વર્તન)] પું. (જૈન) જ્ઞાન મેળવતી વખતે કરાતું તપ.

ઉપધાનવહોણું [સં. ઉપધાન (એક જાતનું તપ) + વહન (વહન)] સ્ત્રી. (જૈન) ધર્મશાસ્ત્ર ભણવા માટે કરવું જોઈતું તપ કર્યા બદલનું.

ઉપધાનશાલા ૧. [સં. ઉપધાન (એક જાતનું તપ) + શાલા (ઓસરી, રહેવા કે બેસવા રહેવાની જગ્યા)] ન. એક જાતનું આસન; એક પગને સાંબો રાખી બીજા પગને તકિયાની પેઠે ટેકો નીચે રાખી સુવાપણું.

૨. ન. ઢાલ્યા પગને ખાંધ ઉપર રાખી બન્યા પગના અંગૂઠાને ભેગા થવું તે.

ઉપધાનીય ૧. [સં. ઉપ (નીચે) + ધા (મૂકવું) + અનીય (જોડું)] ન. ઓશીકું; તકિયો

૨. [સં. ઉપ (પાસે) + ધા (મૂકવું) + અનીય (જોડું)] વિ. પાસે મૂકવા જોગું.

ઉપધાન્ય [સં. ઉપ (હલકું) + ધાન્ય (અનાજ)] ન. હલકી જાતનું અનાજ; અપધાન્ય. જેમકે, ગ્રામ, બંટી, રાજો.

ઉપધારૂત ૧. પું. એક જાતનો કર.

૨. [સં. ઉપધા (ઉપાધિ) + ભૂત (ચોર)] પું. વિશ્વાસઘાતી ચોર; અપ્રમાણિકપણે કરેલ ચોર.

ઉપધાયકત્વ [સં. ઉપ (રાજ્યાદિ અધિકાર સૂચક) + ધાયક (કરનાર) + ત્વ (પણું)] ન. (જૈન) ગ્રાહક હોવાપણું; ગ્રાહકપણું.

ઉપધાયી [સં. ઉપ (ઉપર) + ધા (મૂકવું)] વિ. બાજા નીચે ઓશીકા તરીકે કંઈ મૂકનાર; ઓશીકા તરીકે વાપરનાર.

ઉપધાવ્યા પું. (પિંગળ) ભગણ, નગણ, ભગણ અને ગુરુ પછી દસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદની જાતનો છે.

ભા ન ભ ગ થી **ઉપધાવ્યા.** રત્નપિંગળ

ઉપધારણ ૧. [સં. ઉપ (ઉપર) + ધૃ (ધારવું)] ન. બાંધેડિયાથી ઉપર બોજવું તે; ઉપર લેવી વસ્તુનું બોજાથી બેંચાણ.

૨. ન. પકડવું તે.

૩. [સં. ઉપધૃ (વિચારવું)] ન. વિચાર; મનન; ચિંતન.

ઉપધારણા [સં. ઉપ (અંદર) + ધૃ (ધારવું)] સ્ત્રી. (યોગ) મનને એક બાબતમાં પરોવવાની એક જાતની ક્રિયા.

ઉપધાવન ૧. [સં. ઉપ (પાછળ) + ધાવ્ (દોડવું)] પું. અનુયાયી; બોનુસરનાર માણસ.

૨. ન. ચિંતન; મનન; વિચાર.

૩. ન. પાછળ બનું તે; અનુગમન.

ઉપધાશુદ્ધિ [સં. ઉપધા (કસોટી) + શુદ્ધિ (પવિત્રતા)] વિ. પુરવાર થયેલી વફાદારીવાળું; જેના પ્રમાણિકપણાની કસોટી થઈ હોય એવું.

ઉપધિ ૧. [સં.] સ્ત્રી. અપ્રમાણિકતા.

૨. સ્ત્રી. કપટ; છળ; માયા; કોઈ બાબત હોય તેવી બતાવ કરવાપણું, બનીબિનીને બોલને બદલે બીજી વાત કરવી તે.

૩. સ્ત્રી. પ્રમાદ.

૪. સ્ત્રી. (બૌદ્ધ) પાપો.

૫. સ્ત્રી. પૈસાનો નારબા અને બટા વચ્ચેનો ભાગ.

૬. સ્ત્રી. ઘર; સાસરા.

૭. સ્ત્રી. રથનું પૈડું.

૮. સ્ત્રી. (જૈન) સામગ્રી; ઉપકરણ; વસ્ત્રો, વરખાર, બેસણા વગેરે ગણે.

ઉપધિક [સં. ઉપધિ (કપટ) + ક (વાળું)] પું. બદમાશ, લુચ્ચો અને કપાટ માણસ.

ઉપધિકૃત [સં. ઉપધિ (કપટ) + કૃત (કરેલું)] વિ. કપટ બરેલું, બોટું.

ઉપધિયુક્ત ૧. વિ. નકલી

૨. [સં. ઉપધિ (કપટ) + યુક્ત (જોડાયેલું)] વિ. મેળવણીવાળું.

ઉપધૂમિત ૧. પું. પ્રલય; મરણ; મોત.

૨. વિ. બાયમનું.

૩. વિ. જેનું મોત નજીકમાં હોય એવું; મરણ પથારીએ સૂતેલું; બંતકાળિયું.

૪. [સં. ઉપ (બધિક) + ધૂમ્ (ધમી આપવી) + ત (જેલ)] વિ. ધૂમી આપેલું; ધુમાડી દીધેલ.

ઉપધૂમિત ૧. [સં. ઉપ (બધું) + ધૂમિત (ધુમાડાવાળું)] વિ ધુમાડાવાળું

૨. વિ. બધિત.

ઉપધૂમિતયોગ [સં. ઉપધૂમિત (બાધિત) + યોગ (સૂર્ય કે ચંદ્રનું અમુક જગ્યાએ બાવવું તે)] પું. (જ્યોતિષ) કલિત જોટસે કળ બતાવનાર જ્યોતિષમાંનો એક યોગ જોટસે સૂર્ય કે ચંદ્રનો અમુક જગ્યાએ બાવવાનો સમ્બન્ધ. તેમાં બાજુ કે બીજું શુભ કામનો નિષેધ કરેલો છે. દિવસનો પહેલો પહોર ઈશાન બૂણાની યાત્રા માટે, બીજો પૂર્વ માટે, ત્રીજો અગ્નિ બૂણા માટે અને બોથો દક્ષિણ દિશા માટે મનાઈ કરેલ છે.

ઉપધૂમિતા [સં. ઉપધૂમિત (બાધિત) + બા (તારીખોનો પ્રકાર)] સ્ત્રી. બજારરામ જવા માટે મનાઈ કરેલ દિશા.

ઉપધૃતિ ૧. સ્ત્રી. ઉપાડવું તે.

૨. [સં. ઉપ (ઊંચું) + ધૃ (પકડવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. ઊંચે પકડી રાખવું તે.

૨. જી. ઝિરવું; ઝમોતિ.

ઉપદેશ ૧. [સં. ઉપ (નીચે) + દા (મૂકવું) + ઘ (ઞ્ચું)] જી. મંત્ર આદે ગુરુ વગેરે ચેલાની પ્રતિ.

૨. જિ. (વેદાંત) ધર્મના બંધારણનું.

૩. [સં. ઉપ (ઉપર) + દા (મૂકવું) + ઘ (ઞ્ચું)] જિ. મૂકવા જેવું; સ્થાપવા યોગ્ય.

ઉપધ્મા ૧. જી. પ્ અને ફ્ અક્ષર પહેલાં મહાપ્રાણી વિસર્ગનો ઉચ્ચાર જન્માવતો અવાજનો પ્રયત્ન.

૨. [સં. ઉપ (ઉપર) + ધ્મા (ધમવું)] જી. ફૂંક મારવાપણું.

૩. જી. શ્વાસઝલવું; શ્વાસ લેવાપણું.

ઉપધ્માન ૧. પું. હોઠ.

૨. [સં. ઉપ (ઉપર) + ધ્મા (ધમવું) + અન (ભાવું)] ન. ફૂંક મારવાપણું.

૩. ન. શ્વાસ લેવો તે; શ્વાસઝલવું.

ઉપધ્માની ૧. [સં. ઉપ (ઉપર) + ધ્માનિન્ (ફૂંકવું)] જિ. ફૂંકનાર.

૨. જિ. શ્વાસ લેનાર.

ઉપધ્માનીય ૧. [સં. ઉપ (આધાર) + ધ્મા (શ્વાસ ઝલવો) + અનીય (ઞ્ચું)] પું. સંસ્કૃત ભાષારચનામાં અને લિપિશાસ્ત્રમાં પ્ અને ફ્ અક્ષર પહેલાં લખાતો મહાપ્રાણી વિસર્ગ; તે નામનો બોલ અક્ષર. તે ઽ૮ આમ લખાય.

૨. [સં. ઉપધ્માન (હોઠ) + ઈય (લગતું)] જિ. ઓષ્ઠ્ય; હોઠથી બોલાતું.

ઉપધ્યાન ન. (યોગ) શ્વાસ બેઠકે ટૂંકે અર્થપૂર્ણ વાક્ય વાંચતાં પહેલાં તપ કરવું તે.

ઉપધ્વનિ [સં. ઉપ (પેઠા) + ધ્વનિ (અવાજ)] પું. બીજો અવાજ; મુખ્ય અવાજની સાથે થતો તેનાથી ઓછો પણ ભાળે અને સુણો જ અવાજ.

ઉપધ્વસ્ત ૧. [સં. ઉપ (ઘાલું) + ધ્વંસ (નાશ પામવો)] જિ. નાશ પામેલ.

૨. જિ. નીચે પડેલું; અધોપાત થયેલું.

૩. જિ. મેળવેલ; મિશ્રિત.

ઉપનક્ષત્ર [સં. ઉપ (નમું) + નક્ષત્ર (તારાઓનું જૂથનું)] ન. (જ્યોતિષ) સત્તાવીસ મુખ્ય નક્ષત્ર ઉપરાંતનું જોઈ નક્ષત્ર; સત્તાવીસ નક્ષત્રની બાજુ જતાં રાશિમંડળમાં જોવા તારા. એવાં ૭૨૯ ઉપનક્ષત્ર હોવાનું મનાય છે.

ઉપનખ [સં. ઉપ (પાસે) + નખ] ન. નહિવું પાકવું તે; ક્ષતરોગ.

ઉપનગર ૧ [સં. ઉપ (નમું) + નગર (શહેર)] ન. પું; શહેરની પાસેનો બજારનો ભાગ; બજારગોટ; ઉપપુર.

ઉપનગરપંચસભા [સં. ઉપ (નમું) + નગર (શહેર) + પંચન્ (પાંચ) + સભા (મંડળ)] જી. વિશિષ્ટ પંચાયત; બે વર્ષની સુધરાઈ.

ઉપનગરસંસ્કારસંસ્થા [સં. ઉપ (નમું) + નગર (શહેર) + સંસ્કાર (સુધારો) + સંસ્થા (મંડળ)] જી. વિશિષ્ટ પંચાયત; બીજા વર્ષનું સુધારાખાતું.

ઉપનત ૧. જિ. અર્પણ કરેલ; આપેલું.

૨. [સં. ઉપ (ઉપર) + નત (નમેલું)] જિ. આવી પહોંચ; માથે પડેલું.

૩. જિ. નષ્ટ થઈ ગયેલ; આવી પહોંચેલ.

૪. જિ. નમેલ; નત.

૫. જિ. પામેલ; મેળવેલું.

૬. જિ. બનાવેલ; નિષ્પન્નથેલું.

૭. જિ. બીજા ઉપર આધાર રાખનાર.

૮. [સં. ઉપ (નજીક) + નત (નમેલું)] જિ. લગભગ; 'એપ્રોક્સિમેટ'

૯. જિ. શરણે ગયેલ.

ઉપનતિ ૧. [સં. ઉપ (પાસે) + નતિ (નમવાપણું)] જી. નમન; નમસ્કાર.

૨. [સં. ઉપનમ્ (પહોંચવું) + તિ (ભાવું)] જી. પાસે જવું તે; પહોંચવાપણું.

ઉપનદ [સં. ઉપ (પાસે) + નદ (મોટી નદી)] ન. મોટી નદી પાસે.

ઉપનદી ૧. જી. ગબાત; ખાડી.

૨. [સં. ઉપ (નમું) + નદી (કુદરતી રીતે વહેતો પાણીનો પ્રવાહ)] જી. મોટી નદીને મળનાર નાની નદી.

ઉપનદ્ધ [સં. ઉપનહ્ (બાંધવું) + ત (ઞ્ચું)] જિ. બાંધેલું; નાખેલ.

ઉપનન્દિતા પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિણીતા. તેના દરેક ચરણમાં ચાર નગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

ઉપનય ૧. પું. (ન્યાય) અનુમાનનાં પંચ અવયવવાળા વાક્યમાંના બીજા અવયવનું નામ; પક્ષ અને સાધનમાં ઉદાહરણનું સરખાપણું દેખાડવું તે. જેમકે, આ પર્વત પણ બીજા જ પ્રમાણવાળો છે.

૨. [સં. ઉપની (લાવે અર્થવું)] પું. ગામે બગડવાપણું.

૩. [સં. ઉપનસ્ (જનોઈ આપવી)] પું. જનોઈ. તે ગામે બહેરથી જમણા પડખે રાખવામાં આવે છે.

૪. [સં. ઉપ (પાસે) + ની (લેવું)] પું. પાસે લઈ જવું તે.

૫. પું. પ્રશંસા; ગુણની તારીફ.

૬. પું. બાળકને શિક્ષણ માટે ગુરુ પાસે પહોંચાડવું તે.

૭. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના હિંદુને જનોઈ આપવાનો સંસ્કાર. ઉપનયન.

૮. પું. મેળવવું તે.

૯. પું. (પિંગળ) સાતેયું વર્ણનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં નગણ, નગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી સોળ અક્ષર, બીજા પાદમાં ભગણ, સગણ, બે નગણ, અને ગુરુ મળી તેર અક્ષર, ત્રીજા પાદમાં બે સગણ, બે નગણ અને ગુરુ મળી તેર અક્ષર અને ચોથા પાદમાં તગણ, જગણ, નગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

૧૦. પું. (ન્યાય) સ્મરણ; યાદ. સુખના સુત્રોથી છે એવું શ્રુતજ્ઞાનનું જ્ઞાન યાદ કરીને સુખના કટકાને જાત જોઈ તેની જેમ અનુભવના બળ તે સુત્રથી છે એમ કહેવામાં સુખના સુત્રોપણાનું સ્મરણ એ ઉપનય કહેવાય.

ઉપનયન ૧. ન. (ન્યાય) અનુમાનનાં પંચ અવયવ માંહેનું ત્રીજું.

૨. ન. અર્પણ કરવું તે; આપવાપણું.

૩. ન. આવિષ્કરણ; ખુલ્લું કરવાપણું.

૪. ન. દાબ કીબવવી તે.

૫. ન. જનોઈ; ઉપનીત.

૬. [સં. ઉપની (જનોઈ આપવી)] ન. જનોઈ આપવાનો વિધિ; ઉપનીત સંસ્કાર. બ્રાહ્મણને જનોઈનો અધિકાર આઠથી સોળ વર્ષની અંદર, ક્ષત્રિયને અગિયારથી બાવીસ વર્ષની અંદર અને વૈશ્યને બારથી ચોવીસ વર્ષની અંદર હોય છે. આ ક્રિયા બ્રહ્મરાક્ષોને અભ્યાસ કરવા ગુરુને ઘેર બોલાવતા પહેલાં વેદનો અધિકારી થાય એ હેતુથી કરવામાં આવે છે.

૭. ન. દાખલ થવું તે.

૮. [સં. ઉપ (ઉપરનું) + નયન (આંખ)] ન. નળણી આંખ.

૯. [સં. ઉપ (પાસે) + ની (લેવું) + અન (ભાવું)] ન. પાસે લઈ જવું તે.

૧૦. ન. બલિદાન આપવાની ક્રિયા.

૧૧. ન. બાળકને આપનો મંત્ર આપી આચાર્ય પાસે લઈ જવો તે. ઉપનયનથી બ્રહ્મચર્યાશ્રમનો આરંભ થાય છે.

ઉપનયનવિધિ [સં. ઉપનયન (જનોઈ) + વિધિ (ક્રિયા)] પું. યજ્ઞોપવીત એટલે જનોઈ પહેરાવવાનો સંસ્કાર.

ઉપનયનસંસ્કાર [સ. ઉપનયન (જનોઈ) + સંસ્કાર (ક્રિયા)] પું. જનોઈ આપવાનો વિધિ.

ઉપનયનોત્સવ [સં. ઉપનયન (જનોઈ આપવાની ક્રિયા) + ઉત્સવ (ઓચ્છબ)] પું. જનોઈ આપવા વખતનો આનંદનો મેળાવડો.

ઉપનલાસ્થિ [સં. ઉપ (પાસે) + નલ (નળો) + અસ્થિ (હાડકું)] ન. અનુજંઘાસ્થિ; પગના નળામાં જંઘાસ્થિ સાથે રહેલું જાડારનું સાંબા સોટી જેવું હાડકું; 'ફિબ્યૂલા'.

ઉપનહ ૧. સ્ત્રી. (ડિંગળ) વીણાની ખૂંટી, વીણાનો તાર બાંધવાની ખીલી એટલે ચાવી.

૨. સ્ત્રી. શેક તરીકે ઉપયોગમાં આવતી દવા.

ઉપનહન ૧. [સં. ઉપનહ્ (બાંધવું) + અન (પ્રત્ય)] ન. બંધન.

૨. ન. જૂતું; બાંધવાનું સાધન.

ઉપનળી [સં. ઉપ (પાસે) + નલિકા (નળી)] સ્ત્રી. બે નળીના છેડા જેમાં દાખલ થતા હોય તેવી નળી.

ઉપનંદ ૧. પું. ગર્ગસંહિતા પ્રમાણે પાંચ ગામનો માલિક.

૨. [સં. ઉપ (નાનો ભાઈ) + નંદ (કંસને ઉછેરનાર ગોકુળનો મુખી)] પું. ગોકુળના અધિપતિ નંદનો નાનો ભાઈ

ગોપીનાં વૃંદ કરે આકર્ષ, ઉપનંદ નંદજી રોકતા હરે. પ્રેમાનંદ

૩. [સં. ઉપ (નાનો ભાઈ) + નંદ (વસુદેવની પત્નિ રોહિણી નામની સ્ત્રીથી થયેલ એક દીકરાનું નામ)] પું. વસુદેવનો રોહિણી નામની સ્ત્રીને પેટે થયેલો બલરામનો બીજો દીકરો.

૪. સ્ત્રી. વાગડિયા આહેરની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

ઉપનંદક ૧. પું. (પુરાણ) એ નામનો સર્પ.

૨. પું. ધૃતરાષ્ટ્રના એક દીકરાનું નામ.

૩. [સં. ઉપ (પાસે) + નંદક (આનંદ આપનાર)] વિ. આનંદજનક; હર્ષ ઉપજાવનારું.

ઉપનાગર ૧. [સ. ઉપ (સમીપ) + નાગર (સૌરસેનીની અપભ્રંશ)] પું. (વ્યાકરણ) અપભ્રંશના એક વિભાગનું નામ. કટકના મત પ્રમાણે અપભ્રંશના પણ વિભાગ છે. જેમકે, નાગર, ઉપનાગર, દ્રાવિડ, ટક્ક, માલવી પંચાલી, કાલિન્દી, ગુર્જરી, વૈતાલિકી, કાંચી, આભીરી, લાટી વગેરે.

૨. ન. (સંજ્ઞા) એક જાતનું પદ. રીતિ અને વૃત્તિને ઉપયોગી એવા ૭ પ્રકારનાં પદ છે: (૧) ક્રોડ, (૨) પ્રાકૃત, (૩) આભ્ર, (૪) ગ્રોમક, (૫) નાગર અને (૬) ઉપનાગર. જે પદ અક્ષરત અપ્રસિદ્ધ હોય અને વૈદર્ભી, ગૌડી, પાંચાલી વગેરેમાં ઊતરું હોય તે ઉપનાગર કહેવાય છે.

ઉપનાગરિક સ્ત્રી. (સંજ્ઞા) રીતિ એટલે લાટાના જુદા જુદા પ્રકાર માહેના એકનું નામ. વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એ ત્રણને સંજ્ઞામા મુખ્ય રીતિ માની છે. આ ત્રણ જાતની રીતિને મળ્યટ અનુક્રમે ઉપનાગરિક, પરુષ અને કોમલવૃત્તિ કહે છે.

ઉપનાગરિકવૃત્તિ સ્ત્રી. (સંજ્ઞા) વૈદર્ભી રીતિ. જુઓ ઉપનાગરિક.

ઉપનાગરિકા [સં.] સ્ત્રી. (કાવ્ય) અલંકારમા કાનને મીઠો લાગે એવા અક્ષરવાળો વૃત્તિ અનુપ્રાસનો એક પ્રકાર. તેમાં ટ, ઠ, ડ, ઢ સિવાય ક થી મ સુધીના બધા અક્ષર અને અનુસ્વાર સહિતના અક્ષર આવી શકે છે. તેમાં સમાસ હોવો જોઈએ નહિ અને કદાચ હોય તો તે બહુ નાનો હોવો જોઈએ.

ઉપનાગરિકાવૃત્તિ સ્ત્રી. (સંજ્ઞા) વૈદર્ભી રીતિનુ સંસ્કૃત નામ.

ઉપનાટક ૧. [સં. ઉપ (ગૌણતા) + નાટક (સંસ્કૃત રૂપકનો તેનું કાવ્ય)] ન. એક નાટકની અંદર આવતો બીજો ખેલ; અંતરનાટક.

૨. [સ. ઉપ (અધિક) + નાટક (સંસ્કૃત એવું કાવ્ય)] ન. નાટક પૂરું થયા પછી આવતો ખેલ.

ઉપનામ ૧. [સં. ઉપ (બીજું) + નામન્ (નામ)] ન. મુખ્ય કર્મથી મળેલું નામ.

૨ [સ. ઉપ (નાનું) + નામન્ (નામ)] ન. ટૂંકું નામ; નાનું નામ.

૩. ન. તખલ્લુસ; ધારેલું કરેલું નામ.

૪. [સ. ઉપ (સાથે) + નામન્ (નામ)] ન. નામની સાથે જોડાયેલું બીજું નામ; ગોત્રનામ; અટક; અવટંક; ઓડખ.

૫. ન. પદવી; ખિતાબ; ઉપાધિ.

૬. ન. મરકીનું નામ.

૭. ન. હાડકું નામ; કુલાબજ નામ; બીજું નામ; પ્રચલિત નામ.

ઉપનામધારી [સં. ઉપ (ટૂંક) + નામન્ (નામ) + ધારિન્ (રાખનાર)] વિ. ટૂંક નામ રાખનાર; તખલ્લુસવાળુ. જેમકે, ઉપનામધારી કવિ.

ઉપનામુક [સં. ઉપ (નીચું) + નમ્ (નમવું)] વિ. નમવાના સ્વભાવવાળું.

ઉપનાય ૧. [સ. ઉપનય્ (જનોઈ આપવી)] પું. એક ધાર્મિક સંસ્કાર; જનોઈ લેવી તે.

૨. [સ. ઉપ (પાસે) + ની (લઈ જવું)] પુ. પાસે લઈ જવાપણું.

ઉપનાયક ૧. [સ. ઉપ (ઊતરતુ) + નાયક (મુખ્ય પાત્ર)] પું. મુખ્ય નાયક પછીનું પાત્ર, પ્રધાન નાયકનો સહકારી કે સાથી. જેમકે, માલતીમાધવમાં મકરંદ, રામાયણમાં લક્ષ્મણ.

૨. પુ. યાર; ઉપપતિ.

ઉપનાયન ૧. [સં. ઉપનય્ (જનોઈ આપવી)] ન. જનોઈ આપવાની ક્રિયા.

૨. [સ. ઉપ (પાસે) + ની (લઈ જવું)] ન. પાસે લઈ જવું તે; ઉપનાય.

ઉપનાયિકા [સ. ઉપ (ઊતરતુ) + નાયિકા (મુખ્ય સ્ત્રીપાત્ર)] સ્ત્રી. મુખ્ય સ્ત્રીપાત્ર પછીનુ બીજું સ્ત્રીપાત્ર. જેમકે, માલતીમાધવમાં મદયન્તિકા.

ઉપનાવવું ૧. સ. ક્રિ. જન્માવવુ.

૨. સ. ક્રિ. પેદા કરાવવુ.

ઉપનાસિક ૧. [સ. ઉપ (પાસે) + નાસિક (નાક)] ન. નાક નક્શકનો ભાગ.

૨. વિ. નાકની નક્શક રેખા.

ઉપનાસ્યા વિ. ખૂણાવાળુ.

ઉપનાહ ૧. પું. અણીદાર લીસું એક જાતનું ચૂમકું. તેમાં ખૂજલી આવે પણ દુઃખ થતું નથી.

૨. પું. આંજણથી; બાબચના મૂળ આગળ થતી ગોકડી

૩. [સં. ઉપ (વધારે) + નહ્ (બાંધવું)] પું. ઝાંસડી; પોટલુ.

૪. પું. ભાગો.

૫. પું. વન્ય, કિરાત, અજમા અને દેવદારથી લેવામાં આવતો રોગ. આવા ઉપનાહથી કાચુ ચૂમકું તરત પાકી જાય છે.

૬. પું. જાગર.

૭. પું.; સ્ત્રી. ઘા ઉપર લગાડવાનો લેપ; મલમ.

૮. પું; સ્ત્રી. સતારની તાર બાંધવાની ખીલી એટલે ચાવી.

ઉપનાહન [સં. ઉપ (વધારે) + નહ્ (બાંધવું)] ન. લેપનું બંધન.

ઉપનિક્ષેપ [સં. ઉપ (પાસે) + નિક્ષેપ (થાપણ)] પું. અનામત; થાપણ.

ઉપનિષાદ [સં. ઉપ (પાસે , + નિષા (બેસવું) + ક (કરનાર)] વિ. થાપણ મૂકનાર.

ઉપનિધાન ૧. [સં. ઉપ (પાસે) + નિધાન (મૂકવું તે)] ન. થાપણ; અનામત.
૨. ન. પાસે રાખવું તે.
૩. ન. સ્થાપના; મૂકવાપણું.

ઉપનિધિ ૧. [સં. ઉપ (પાસે) + નિધા (મૂકવું)] પું. અનામત; થાપણ.
૨. પું. નાનો સાગર.
૩. પું. મહોર કે સિક્કાવાળી એટલે સીલબંધ થાપણ.
૪. પું. રચના; નિર્માણ.

ઉપનિધિભોક્તા [સં. ઉપનિધિ (થાપણ) + ભોક્તૃ (ભોગવનાર)] પું. બીજાની રાખેલી થાપણનો પોતાના માટે ઉપભોગ કરનાર માણસ. આપત્તિકાળના વખતમાં આવા માણસે તે વાપરવા માટે બદલો આપવો પડતો

ઉપનિપાત ૧. [સં. ઉપ (ઉપર) + નિપાત (પડવાપણું)] પું. અચાનક હલ્લો; ઓચિંતો હુમલો; છાપો.
૨. [સં. ઉપ (પાસે) + નિપાત (આકસ્માત)] પું. કૈરી આકસ્માત; આગ, રેલ, દુકાળ, રાજા, ચોર વગેરેથી થતું નુકસાન.
૩. [સં ઉપ (પાસે) + નિપાત (પડવાપણું)] પું. નજીક આવવું તે.

ઉપનિપાતપ્રતિકાર ૧. [સં. ઉપ (પાસે) + નિપાત (આકસ્માત) + પ્રતિ (સામું) + કાર (કરનાર)] પું. આગ, રેલ, દુકાળ જેવા કૈરી કોપ સામેનો ઉપાય
૨. પું. કોપને શાંત કરવાની ક્રિયા.

ઉપનિપાતી ૧. [સં. ઉપ (પાસે) + નિપાત (આકસ્માત) + ઇન્ (વાળું)] વિ. આકસ્માતથી બનેલું.
૨. [સં. ઉપ (પાસે) + નિપાત (પડવાપણું) + ઇન્ (વાળું)] વિ. પાસે આવનાર.
૩. [સં. ઉપ (ઉપર) + નિપાત (પડવાપણું) + ઇન્ (વાળું)] વિ. હલ્લો કરનાર.

ઉપનિબંધન ૧. [સં. ઉપ (પાસે) + નિબંધન (બાંધવું તે)] ન. બંધન.
૨. ન. મેળવવાનું સાધન.

ઉપનિમંત્રણ ૧. [સં. ઉપ (પાસે) + નિમન્ત્રણ (નોતરું)] ન. આગ્રહથી બોલાવવું તે.
૨. ન. પાસે જઈ આપવું નોતરું.

ઉપનિયમ [સં. ઉપ (ઊતરતું) + નિયમ (કાયદો)] પું. પેટા નિયમ; પેટાકાનૂન.

ઉપનિર્યંત્રણ [સં. ઉપ (વધારે) + નિયુજ્ (જોડવું)] પું. જરૂરી કામમાં જોડવાની વાત.

ઉપનિવપન ૧. [સં. ઉપ (વધારે) + નિવપન (બોળવું તે)] ન. હેલાવો; નિક્ષેપ.
૨. ન. વધારામાં પ્રક્ષેપન કર્મ એટલે જે નામનો અગ્નિનો એક સંસ્કાર; અગ્નિ સ્થાપવાની ક્રિયા.

ઉપનિવિષ્ટ ૧. વિ. અનુભવી; સુશિક્ષિત. પ્રેટિલ્લના મત પ્રમાણે ઉપનિવિષ્ટ એટલે નવી વસાહતમાં આવીને રહેનાર અને પ્રમાણે એટલે એ જ જાતની લાયકી ધરાવનારા સરકારમાંથી ઉપનિવિષ્ટ સરકાર પાસે જમીન છે, કારણ કે તેને જુદી જુદી જગામાં તેમ જ જાયગી બદલ પણ પડતાં આવ્યો છે
૨. [સં. ઉપ (નજીક) + નિવિષ્ટ (બેઠેલ)] વિ. પાસે બેઠેલ.
૩. વિ. બીજે ઠેકાણેથી આવી વસેલ.
૪. વિ. આમ રહેલ.

ઉપનિવેશ ૧. [સં. ઉપ (વધારે) + નિવેશ (વસવાટ)] પું. એક દેશના લોકનો બીજા દેશમાં વસવાટ; વસાહત; સંસ્થાન; અધિનિવેશ; 'કૉલોનિ'.
૨. પું. સંસ્થાન; સ્થાપના.

ઉપનિવેશાધિપ [સં. ઉપનિવેશ (સંસ્થાન) + અધિપ (પ્રધાન)] પું. રાજ્યના મદદગારની દેખરેખ રાખનાર પ્રધાન

ઉપનિવેશસ્થાપન [સં. ઉપનિવેશ (સંસ્થાન) + સ્થાપન (પ્રતિષ્ઠા)] ન. સંસ્થાન સ્થાપવાનું કામ.

ઉપનિવેશિત ૧. [સં. ઉપ (પાસે) + નિવેશિત (વસવાટ કરેલ)] વિ. આમ રહેવાથી તરકિ આપેલ; વસાવેલ.
૨. વિ. બીજે ઠેકાણેથી આવી વસેલ.
૩. વિ. બેસાડેલ.

ઉપનિવેશી ૧. [સં ઉપ (વધારે) + નિવિશ્ (દાખલ થવું) + ઇન્ (વાળું)] વિ. બહારથી મંગાવેલ; રચાવેલ.
૨. વિ. વધારો કરેલું.

ઉપનિષત્કાર [સં. ઉપનિષત્ (એક તત્ત્વને લગતું પુસ્તક) + કાર (કરનાર)] પું. ઉપનિષદનો કર્તા; બ્રહ્મવિદ્યાની ચર્ચા કરતું ઉપનિષદ નામનું પુસ્તક રચનાર પુરુષ.

ઉપનિષત્કાલ [સં. ઉપનિષત્ (એક તત્ત્વ સંબંધી ચોપડી) + કાલ (વખત)] પું. ઉપનિષદ રચાયાંનો વખત.

ઉપનિષત્કાલીન [સં. ઉપનિષત્ (એક તત્ત્વ સમજાવતો ગ્રંથ) + કાલ (વખત) + ઇન (સંબંધી)] વિ. ઉપનિષદના વખતનું

ઉપનિષદ ૧. સ્ત્રી. ગુરુ શિષ્યની મંડળી, એકાંતમાં મનન કરવા મળેલી બ્રહ્મવિદ્યાની સભા.
૨. [સં. ઉપ (પાસે) + નિ (નીચું) + સદ્ (બેસવું)] સ્ત્રી.; ન. ગુરુની પાસે નીચે બેસી શીખી શકાય એવું ઊંચું અને ઊંડું તત્ત્વજ્ઞાન; બ્રહ્મજ્ઞાન; શોકમોહ દૂર કરનારી બ્રહ્મવિદ્યા; પરમાત્મા સંબંધી જ્ઞાન આપી, અજ્ઞાન ટાળી, સંસારબંધનથી છોડાવનારી વિદ્યા. વનમાં અથવા પરિષદમાં ચર્ચી ન શકાય એવો બ્રહ્મજ્ઞાનનો વિષય શાંત અને એકાગ્ર ચિત્તવાળા દીકરા અથવા શિષ્યને જંગલમાં એકાંતમાં ગુરુ શીખવતા.
૩. સ્ત્રી.; ન. નજીક બેસવાપણું.
૪. સ્ત્રી.; ન. બ્રહ્મવિદ્યા મેળવવા ગુરુ પાસે બેસવું તે
૫. સ્ત્રી., ન. ભગવદ્ગીતાનો દરેક અધ્યાય.
૬. [સં. ઉપ (નજીક) + ની (લઈ જવું) + અદ્ (ઉત્પન્ન)] સ્ત્રી., ન. વેદના ભાગ તરીકે મનાતો, તેના ગૂઢ અર્થને સ્પષ્ટ કરતો અને બ્રહ્મવિદ્યાને પ્રમાણો આપી સાબિત કરતો ગ્રન્થનો તત્ત્વને લગતો ભાગ; વેદનો જ્ઞાનનો ઉપદેશ કરનાર ભાગ. જેમાં દૈત સમી ગયું છે એવા બ્રહ્મતત્ત્વની નજીક આત્માને લાવીને તે બ્રહ્મબોધથી અવિદ્યા અને તેના કાર્યને જે હણે છે તે વિદ્યાના ગ્રંથને ઉપનિષદ કહે છે. બ્રહ્મવિદ્યાની ચર્ચાથી ભરેલાં, વેદના અંતમાં આવેલા તત્ત્વજ્ઞાનના વિષયનાં બ્રાહ્મણ અને આરણ્યક બાદ સુંદર શૈલીમાં રચાયેલાં ઉપનિષદ સંસ્કૃત સાહિત્યમાં ઉત્તમ પુસ્તક મનાય છે. વેદનું તત્ત્વ દૃષ્ટાંતવાર શ્લોકમાં રચાયેલા આવા આશરે ૨૫૦ ગ્રંથમાં ૧૦૮ પ્રસિદ્ધ કોઈ મુક્તિકોપનિષદમાં સમાવવામાં આવ્યા છે. તેનાં નામ: ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વતર, બ્રહ્મબિંદુ, કૈવલ્ય, જાબાલ, હંસ, આરુણિક, ગર્ભ, નારાયણ, પરમહંસ, બ્રહ્મ, અમૃતનાદ, અથર્વશિરસ, અથર્વશિખા, મૈત્રાયણી, કૌશિતકી બ્રાહ્મણ, બૃહજ્જાબાલ, નૃસિંહપૂર્વતાપિની, નૃસિંહોત્તરતાપિની, કાલાગ્નિરુદ્ર, મૈત્રેયી, સુબાલ, ક્ષુરિકા, સર્વસારા, નિરાલમ્બા, શુકરહસ્ય, વજ્રસૂચિકા, તેજોબિંદુ, નાદબિંદુ, ધ્યાનબિંદુ, બ્રહ્મવિદ્યા, યોગતત્ત્વ, આત્મબોધ, નારદ પરિવ્રાજક, ત્રિશિખ બ્રાહ્મણ, સીતા, યોગ ચૂડામણિ, નિર્વાણ, મંડલ બ્રાહ્મણ, દક્ષિણામૂર્તિ, શરભ, સ્કંદ, ત્રિપાદ્વિભૂતિ-મહાનારાયણ, અદ્વય, રામરહસ્ય, રામપૂર્વતાપિની અને રામોત્તરતાપિની, વાસુદેવ, મુદ્ગલ, શાંડિલ્ય, પૈંગલ, ભિક્ષુક, મહા, શારીરિક, યોગશિખા, તુરીયાતીતાવધૂત, સન્યાસ,

પરમહંસ પરિવ્રાજક, અક્ષમાલિક, અવ્યક્ત, એકાક્ષર, અન્નપૂર્ણા, સૂર્ય, અગ્નિ, આત્મોપનિષદ, કુંડિકા, સાવિત્રી, આત્મ, પાશુપત-બ્રહ્મ, પરબ્રહ્મ, અવધૂત, ત્રિપુરાતાપિની, દેવી, ત્રિપુરા, કઠરુદ્ર, ભાવના, રુદ્રહૃદય, યોગકુંડલી, ભસ્મજાબાલ, રુદ્રાક્ષજાબાલ, ગણપતિ, જાબાલદર્શન, તારસાર, મહાવાક્ય, પંચબ્રહ્મ, પ્રાણાગ્નિહોત્ર, કૃષ્ણ, ગોપીચંદનપૂર્વતાપિની અને ગોપીચંદનોત્તરતાપિની, યાજ્ઞવલ્કય, વરાહ, શાટ્યાયની, હયગ્રીવ, દત્તાત્રેય, ગરુડ, કલિસંતારણ, શ્રીજાબાલિ, સૌભાગ્યલક્ષ્મી, સરસ્વતીરહસ્ય, બહ્વૃચ અને મુક્તિકોપનિષદ. તેમાંથી બૃહદારણ્યક, છાંદોગ્ય, ઋષિ અથવા વાજસનેય, કેન અથવા તલવકાર, કઠ, માંડૂક્ય, પ્રશ્ન, મુંડક, ઐતરેય અને તૈત્તિરીય એ દશ મુખ્ય, પ્રાચીન અને પ્રમાણભૂત મનાય છે. ભાષામાં ભૂતું ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીનું મનાય છે. પરંતુ અથર્વોપનિષદ જેવાં બીજાં કેટલાંક નવાં હોવા એમ તેનાં વિષય અને ભાષાથી જણાય છે. યુગ પ્રમાણે ઋગ્વેદીય સત્યયુગનું કહેવાય, કારણ કે તે યજુર્વેદનો ચાળીસમો અધ્યાય છે. છાંદોગ્ય, તૈત્તિરીય, બૃહત્, કેન, અને કઠ એ ત્રેતા યુગનાં કહેવાય, કૌશિતકી, પ્રશ્ન, ઐતરેય, મુંડક, માંડૂક્ય અને શ્વેતાશ્વતર એ દ્વાપરનાં કહેવાય અને અમૃતબિંદુ, કૈવલ્ય અને સર્વસાર એ કલિયુગનાં કહેવાય. ઉપનિષદયુગ પરમ સંસ્કૃતિનો યુગ હતો. સિંધના પૌરાણિક શાસ્ત્રીઓને મતે મોહનજો ડેરાની સંસ્કૃત સંસ્કૃતિનો કાળ એજ તે બધામાનો કાળ. કૈવલ્ય ઉપનિષદના વિકાસનો વખત ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ૧૪૦૦નો પણ ગણવામાં આવે છે. એક મત પ્રમાણે તેનો સમય ઈ.સ. પૂર્વે ૨૫૦૦થી ઈ.સ. પૂર્વે ૨૦૦૦ સુધીનો છે. કાલ પ્રમાણે તે નીચેના ક્રમમાં આવે છે: ૧. છાંદોગ્ય, ૨. બૃહદારણ્યક, ૩. ઋષિ, ૪. તૈત્તિરીય, ૫. ઐતરેય, ૬. પ્રશ્ન, ૭. મુંડક, ૮. માંડૂક્ય, ૯. કઠ, ૧૦. કેન, ૧૧. કૌશિતકી, ૧૨. શ્વેતાશ્વતર, ૧૩. મૈત્રાયણીય. તેની સંખ્યા ૧૮, ૩૪, ૫૨, ૧૦૮ અથવા ૧૫૦ પણ મનાય છે. તેમાં ગદ્ય અને પદ્ય બન્ને છે. કેટલાકમાં એકલા શ્લોક છે. બાદરાયણ પછી તે બધામાં છે.

મુક્તિકોપનિષદમાં બતાવેલા ૧૦૮માં માંડૂક્યને ઉત્તમ ગણ્યું છે, કેમકે શંકરાચાર્યના ગુરુ ગૌડપાદે પોતાની કારિકામાં તેને વિષે ટીકા લખી છે. શંકરાચાર્યે ટીકા કરેલાં મુખ્ય દશ ઉપનિષદ: ૧. ઋષિ, ૨. કેન, ૩. કઠ, ૪. પ્રશ્ન, ૫. મુંડક, ૬. માંડૂક્ય, ૭. તૈત્તિરીય, ૮. ઐતરેય, ૯. છાંદોગ્ય અને ૧૦. બૃહદારણ્યક.

ચાર વેદ પ્રમાણે તેનું વર્ગીકરણ આ પ્રમાણે છે: ઋગ્વેદ-ઐતરેય; શુક્લ યજુર્વેદ-ઋષિ, બૃહદારણ્યક; કૃષ્ણ યજુર્વેદ-કઠ, તૈત્તિરીય; સામવેદ કેન, છાંદોગ્ય; અથર્વવેદ-પ્રશ્ન, મુંડક અને માંડૂક્ય.

ત્રિવિધ કસોટીની ઊંડી વિચારણામાં તે માણસનું મન કેટલે સુધી આગળ વધી શકે તે બતાવે એટલું જ નહિ પણ તેની ભાષા બોલવાની છટાની ઊંચી સ્થિતિ બતાવે છે. તેમનો ઉપદેશ એટલો અસરકારક છે કે જર્મન પંડિત શોપેનહાઉઅર બોલી ઊઠ્યો હતો કે "દે ઉપનિષદો, જીવનમાં તેમજ મરણમાં તમારામાંથી જ હું આશ્વાસન મેળવીશ". વળી ઉપનિષદોને તો બાઇબલનાં પ્રકરણો કરતા ચડિયાતાં માને છે. તે બધે છે, કે "ધર્મની સત્ય ઊંડી ભાવના સબંધમાં બાઇબલનાં પ્રકરણો પુરાતન હિંદુ પવિત્ર ગ્રંથો સાથે સરખામણીના તુલનામાં મોટી શ્રદ્ધા તેમાં નથી."

ઉપનિષદો ન્યાયકોરીના કે બુદ્ધિવાદના કે પ્રમાણ પરંપરાના ગ્રંથો નથી, તેમજ શાસ્ત્રીય દૃષ્ટિએ રચાયેલાં શાસ્ત્રદર્શન પણ નથી, કારણ કે તે જુદા જુદા સમયે શાસ્ત્રોપજ્ઞાને બ્રાહ્મણ રાખ્યા વગર જ ઋષિએ મંત્રદૃષ્ટાઓએ અનુભવેલ દર્શનગ્રંથો કે આપ્તવાક્યો છે. ભગવાન શંકરાચાર્ય, વિદ્યારણ્ય સ્વામી શંકરાનંદ, નારાયણ ભટ્ટ અને અન્ય આચાર્યો જેવા સમર્થ ભાષ્યકારોએ પણ તેમને ભાષ્યમાં સમન્વયનો ધર્મ પાળ્યો છે. બ્રાહ્મણ અને આરણ્યકો યજ્ઞયાગાદિને લગતા ઢોંગિ કર્મકાંડ કહેવાય છે. કર્મકાંડની અતિશયતાને પરિણામે જ્ઞાનકાંડની શરૂઆત થઈ. તેમાંની બ્રહ્મવિદ્યાની ચર્ચાને કારણે તે જ્ઞાનકાંડ કહેવાય છે. વેદોમાંની આત્મવિદ્યાનો સારસમુચ્ચય એટલે બધો સાર ઉપનિષદો છે અને તેથી તેને વેદાંત, વેદોનું શિરસ, 'વેદોકા નિચોડ' પણ કહે છે. કોઈનો કે વર્ણાશ્રમ એટલે હલકી જાતિવાળાને મૂકી તો વેદાભ્યાસનો અધિકાર ન હતો એમ નથી, મૈત્રેયી અને સત્યકામ જબાલિની કથાઓ કહે છે. વળી કર્મકાંડના કાળે અધૂરી રહેલી આત્મમીમાંસા જ્ઞાનકાંડના ઉદયથી પૂર્ણતા પામી

ગોમેટ પોલ વિશ્વના પદાર્થોની પાછળ નીરખવાને ઉપનિષદો પ્રયત્નશીલ છે બાળ નચિકેતા યમદેવને પૂછે છે કે મૃત્યુના પડદાની પાછળ કંઈ છે કે નહિ? સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે અને કયા હેતુથી થઈ? જવાબમાં ઈંડું સચોટ મુદ્દાસર સત્ય ઉચ્ચારે છે કે 'એકોઽહં બહુ સ્યામ્' એટલે 'હું એક છતાં અનેક થું'.

ઉપનિષદ પૂછે છે કે પરા વિદ્યા કઈ? ને અપરા વિદ્યા કઈ? જન્મ, જરા ને જન્માંતર એટલે જન્મમરણની ઘટમાળથી પર એવું અમરપાત્ર શું છે? ને તે કેમ મેળવી શકાય? આ સૂર્ય ચંદ્ર જ્યાં પ્રકાશતા નથી, પણ સ્નેહગ્રિમ પ્રેમરૂપી સૂર્ય જ્યાં આથમ્યા વગર તપે છે એ બ્રહ્મલોક કયાં અને કેવોક છે? સચ્ચિદાનંદ સ્વયં બ્રહ્મ જે જાણ્યે સહુ જાણેલું થાય ને જે પામ્યે સહુ પામેલું થાય એ કેવો છે? પ્રકૃતિ, જગત, જીવ, આત્મા અને પરમાત્માનું સ્વરૂપ ને અરસપરસ સબંધ કેવી જાતનાં છે? દ્વૈત ભાવથી ધીમે ધીમે ઊંચે ચડતાં ઉપનિષદોએ મુમુક્ષુને મહા વાક્ય કહ્યું કે 'તત્ત્વમસિ' એટલે 'એ તું જ છો' અને 'અહમાત્મા' એટલે 'હું બ્રહ્મ છું'. આ ગુહ્યતમ વિદ્યાને પામ્યે માનવી જીવનમુક્ત થઈ રહે છે. કર્મકાંડથી પર, વાયુ, વાજળી, મેઘ, ઉષા, ઋતુની ઋતુથી પર આત્માની અને દિશાઓની ગહન ગુફાઓમાં મંત્રદૃષ્ટા ઋષિવરોએ દૃષ્ટિ પરોવીને ઉપનિષદો રચ્યા.

મોક્ષપ્રાપ્તિના ચાર માર્ગ આર્યોએ નિરધાર્યા છે: કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ ને ભક્તિમાર્ગ. પોતપોતાનો સંપ્રદાય દરેક મહાપુરુષે સર્વોત્તમ ભાખ્યો છે. તે કાંઈ સાંપ્રદાયિક ગ્રંથો નથી. જેમ સાગરમાં સહુ નદીઓ આવીને સમાય છે, એમ તેમાં સહુ માર્ગો અને સંપ્રદાયો સમાય છે. તે દરેક માર્ગનો સમન્વય એટલે સમાધાન કરે છે અને તેથી જ પાંચ મહાન આચાર્યો પોતપોતાના માર્ગની પુષ્ટિ ઉપનિષદના આધારે કરી શક્યા. ચારેય બ્રહ્મમાર્ગોને ઝીલે ને અવલંબન દે એવા હિંદુધર્મના પાયારૂપ પ્રસ્થાનત્રયી (આધ્યાત્મિક ઉન્નતિ માટેનાં ત્રણ પુસ્તકો) ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રો મણીને બાર છે. દુકામાં ઉપનિષદો સર્વમાન્ય, સર્વદેશીય, સર્વકાલીન, ધર્મના પાયારૂપ, જગતના પ્રાચીનમાં પ્રાચીન તત્ત્વજ્ઞાનનાં ધર્મશાસ્ત્રો છે.

૭ બ્રા. ન બદરિકાશ્ર્મ, પરમાત્મા સબંધી વિચાર કરી નિજ તત્ત્વસ્વરૂપ જોવા, અનુભવવું છે અવ, વેદના કેટલા ભાગનો વિષય.

૮. ન. ધર્મ.

૯. [સં. ઉપ (પાસે) + નિ (નીચે ઉપસર્ગ) + સદ્ (બેસવું)] ન. પાસેનું મકાન.

૧૦. ન. વેદવ્યાસ એટલે વેદ જાણનારા બ્રહ્મર્ષિનો ચાળીસ ભાદેનો એક સંસ્કાર. તે જોડાન એટલે કે કેશાંત સંસ્કારની પહેલાં કરવામાં આવે છે.

૧૬. ન. વેરાન જગ્યા; નિર્જન સ્થાન; ઉજ્જડ સ્થળ.

૧૨. વિ. પ્રભુની જેમ નજીક લઈ જનાર.

ઉપનિષદકાર [સં. ઉપનિષત્ (તત્ત્વજ્ઞાનનો એક ગ્રંથ) + કાર (કરનાર)] પું. બ્રહ્મવિદ્યાની ચર્ચા કરતું ઉપનિષદ નામનું પુસ્તક રચનાર પુરુષ.

ઉપનિષદકાલ [સં. ઉપનિષત્ (એક તાત્ત્વિક ગ્રંથ) + કાલ (વખત)] પું. ઉપનિષદ રચાયાનો વખત.

ઉપનિષદકાલીન [સં. ઉપનિષત્ (એક તાત્ત્વિક ગ્રંથ) + કાલ (વખત) + ઈન (સંબંધી)] વિ. ઉપનિષદના વખતનું.

ઉપનિષદકાળ જુઓ ઉપનિષત્કાલ.

ઉપનિષદ્ગત [સં. ઉપનિષત્ (બ્રહ્મજ્ઞાન) + ગત (નિમગ્ન)] વ. કેવલાદ્વૈત સંસ્પ્રદાયની પહેલાં કરાતો વેદવત જ્ઞાનમાર્ગીનો એક સંસ્કાર.

ઉપનિષાદી ૧. [સં. ઉપ (પાસે) + નિષાદિન્ (બેસનાર)] વિ. કોઈના પગ પાસે બેસનાર; પાસે રહેનાર.

૨. વિ. તાબે થયેલ.

ઉપનિષ્કર ૧. [સં. ઉપ (પાસે) + નિષ્કૃ (પ્રસ્થાન થવું)] પું. ગામનો મુખ્ય દરવાજો.

૨. પું. બાલવા કેળાપલું.

૩. પું. મુખ્ય શેરી; મોટી બજાર; મોટો રસ્તો; રાજમાર્ગ.

ઉપનિષ્ક્રમણ ૧. [સં. ઉપ (પાસે) + નિષ્ક્રમણ (બહાર નીકળવું તે)] વ. બાળકને બહાર પહેલી વાર ઘર બહાર લઈ જવાનો ધાર્મિક વિધિ.

૨. વ. બાલવા કેળાપલું.

૩. વ. રાજમાર્ગ; મોટી રસ્તો.

ઉપનિહિત ૧. [સં. ઉપ (પાસે) + નિહિત (મૂકેલું)] વિ. બાજુમાં મૂકેલ; અનામત રાખેલ.

૨. વિ. પાસે રાખેલ.

૩. વિ. વધારાનું.

૪. વિ. વાતવાતમાં કહેલ.

૫. વિ. સ્થાપેલું.

ઉપનીવોચ્ચવૃત્ત ૧. [સં. ઉપ (નજીક) + નીવ (અંદર) + ઉચ્ચ (ઊંચાર) + વૃત્ત (ગોળ)] વ. (ગણિત) એક મોટા ગોળના પરિધ ઉપર, અંદરની કે બહારની બાજુએ દર્શા કરતું નાનું ગોળ; 'એપિસાયકલ'.

૨. વ. (ખગોળશાસ્ત્ર) જેનું કેન્દ્ર પૃથ્વીની આસપાસના કલ્પિત ગોળના પરિધ ઉપર જ રહીને તેની સાથે સાથે ફર્યા કરતું હોય એવું નાનું ગોળ. તેની બાજુ ગતિને લીધે તેની સાથે બહારના ગ્રહને પોતાના મૂળ કેન્દ્રની આસપાસ ફેરવે છે.

ઉપનીત ૧. [સં. ઉપ (પાસે) + ની (લઈ જવું) + ત (એલું)] પું. જનોઈ દેવરાવી ગુરુ પાસે રાખેલ છોકરો.

૨. પું. પ્રશંસા; મહિમા.

૩. [સં. ઉપની (જનોઈ આપવી)] વિ. ઉપનયન સંસ્કાર કરેલું; જનોઈ દીધેલું.

૪. વિ. આપેલ.

૫. વિ. પાસે લઈ જવાયેલ; પાસે આણેલું.

૬. વિ. પુરાવામાં રજૂ થયેલ.

૭. વિ. પ્રાપ્ત થયેલ; મળેલ.

૮. [સં. ઉપની (આપવું)] વિ. અર્પિત આપેલ; ભેટ ધરેલું.

૯. વિ. લાવેલ.

ઉપનીતભાવ [સં. ઉપનીત (લાવેલ) + ભાવ (સ્વભાવ)] વ. (ન્યાય) લૌકિક અને અલૌકિક બંને સન્નિકર્ષથી થયેલું જ્ઞાન. જેમકે, સુગંધી ચંદન. જેમાં સુગંધનો અંશ તો અલૌકિક સંનિકર્ષ છે અને ચંદન તો લૌકિક સંનિકર્ષ છે.

ઉપનીતા [સં. ઉપ (પાસે) + નીત (લાવેલું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પત્ની; સ્ત્રી; વહુ; ઘરવાળી.

ઉપનીતિ [સં. ઉપ (પાસે) + ની (લઈ જવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. (ન્યાય) ન્યાયના જોડા અવયવનું નામ; ઉપનય; દાખલાનું પક્ષ ઉપર અનુસંધાન કરનાર વાક્ય. જેમકે, રસોડામાં ધુમાડો છે અને તેથી અગ્નિ પણ છે, એ પ્રમાણે પર્વત ઉપર ધુમાડો છે માટે અગ્નિ પણ હોવો જોઈએ. આમાં 'પર્વત ઉપર ધુમાડો છે' એ વાક્ય ઉપનીતિ કહેવાય.

ઉપનુન્ન ૧. [સં. ઉપ (અધિક) + નુન્ન (ખોડેલું)] વિ. પ્રેરિત; મોકલેલું.

૨. વિ. મારેલું.

ઉપનૂત્ય [સં. ઉપ (નં) + નૃત્ય (નાચ)] પું. વલ્લભાચાર્ય; નાચવર.

ઉપનેતા ૧. [સં. ઉપનેતૃ] પું. જનોઈ આપનાર ગુરુ; ઉપનયન કરનાર ગોર; આચાર્ય.

૨. [સં. ઉપ (પાસે) + નેતૃ (લેનાર જનાર)] વિ. પાસે લઈ જનાર.

૩. વિ. ભેટ આપનાર.

ઉપનેત્ર ૧. [સં. ઉપ (બહારનું) + નેત્ર (આંખ)] વ. આંકડિયા વગરના ચશ્મા જેવા બે ભાગ. અગાઉ હાથથી ઝાલી રાખવામાં આવતા, પણ હવે સામાન્ય રીતે કમાનના બળે નાક ઉપર ટેકવવામાં આવે છે.

૨. વ. ઉપનેત્ર ભાગ; દ્વિતીય નિરીક્ષણ ભાગ; અણુદર્શી; નેત્રનાલ; દૂરબીન કે સૂક્ષ્મદર્શક યંત્રના આંખ પાસેના છેડે રાખવામાં આવતો એક કે વધારે ભાગ; 'આયપીસ'. તેમાંથી ઉપદૃશ્ય લેન્સ કે દર્પણથી બનેલ પ્રતિબિંબ દેખાય છે..

૩. વ. ઉપનેત્રખંડ; 'આબ્જેક્ટ.' બારીક વસ્તુ જોવા માટે બડિયાણી અને કોતરકામ કરનારા જોડે અથવા બે આવા ભાગ વાપરે છે.

૪. વ. ચશ્મું; આંખો કે દૂરબી નજરનો દોષ દૂર કરવા અથવા અતિ પ્રકાશથી આંખનું રક્ષણ કરવા આંખ ઉપર પહેરાતા હલકા ધાતુમાં બેસાડેલ બે કાચ.

ઉપનેત્રકાચ [સં. ઉપ (બહારનું) + નેત્ર (આંખ) + કાચ] પું. દ્વિતીય નિરીક્ષણ કાચ; અણુદર્શી; નેત્રનાલ; દૂરબીન કે સૂક્ષ્મદર્શક યંત્રના આંખ પાસેના છેડે રાખવામાં આવતો એક કે વધારે કાચ; 'આયપીસ'. તેમાંથી ઉપદૃશ્ય લેન્સ કે દર્પણથી બનેલ પ્રતિબિંબ દેખાય છે.

ઉપનેત્રખંડ ૧. [સં. ઉપ (બહારનું) + નેત્ર (આંખ) + ખંડ (ભાગ)] પું. આંકડિયા વગરના ચશ્મા જેવા બે ભાગ. અગાઉ હાથથી ઝાલી રાખવામાં આવતા, પણ હવે સામાન્ય રીતે કમાનના બળે નાક ઉપર ટેકવવામાં આવે છે.

૨. પું. ઉપનેત્ર; 'આબ્જેક્ટ'. બારીક વસ્તુ જોવા માટે બડિયાણી અને કોતરકામ કરનારા જોડે અથવા બે આવા ભાગ વાપરે છે.

ઉપન્યસ્ત ૧. [સં. ઉપ (ઉપર) + ન્યસ્ત (મૂકેલું)] વિ. ઉલ્લિખિત; લખેલું.

૨. વિ. કહેલું; સમજાવેલું.

૩. વિ. ધરેલું મૂકેલું; ગીરો આપેલું.

૪. [સં. ઉપ (પાસે) + ન્યસ્ત (મૂકેલું) + ત (એલ)] વિ. આપણ તરીકે રાખેલું; સાચવી રાખવા સોંપેલું.

૫. વિ. દીધેલું.

૬. વિ. પાસે રાખેલ.

૭. વિ. પ્રમુખતા જોટલે નક્કી થયેલું; પ્રયોજનપેલું જોટલે અનાકુળી થયેલું.

૮. વિ. રાડ કરેલું.

ઉપન્યાયાધીશ [સં. ઉપ (ઊતરતું) + ન્યાયાધીશ (ન્યાય ખાતાનો ઉપરી અમલદાર)] પું. મહાલ ન્યાયાધીશ; મુનસફ; 'સબજજ'.

ઉપન્યાયાસન [સં. ઉપ (ઊતરતું) + ન્યાય (ઇન્સાફ) + આસન (કચેરી)] વ. તાલુકાની ન્યાયાધીશની; નગિની ન્યાયની કચેરી.

ઉપન્યાસ ૧. પું. અનુકરણ; દેખાદેખી.
૨. પું. આખ્યાન; આખ્યાયિકા.
૩. પું. આડમાં એટલે બદલામાં મૂકેલી ચીજ.
૪. [સં. ઉપ (નીચે) + ન્યસ્ત (ટેકો આપવો)] પું. આધાર, ટેકો.
૫. પું. આધારભૂત વાક્ય.
૬. પું. (ન્યાય) ઉપસંહાર, ઉપનય; દાખલો આપ્યા પછી પક્ષમાં પણ તે રહેલ છે કે નહિ તે બતાવવાની ઇચ્છા થતા તે દાખલાનું પક્ષમા લાગુ કરવાપણું. જુઓ ઉપસંહાર.
૭. પું. ઉપસિદ્ધાંત; અનુમાન.
૮. પું. ઉલ્લેખ; કથન; નિર્દેશ; બતાવવું તે; સૂચન
૯. પું. કલ્પના; સંભાવના; તર્ક; અટકળ.
૧૦. પું. કોઈ ભલું કામ કરવાની ઇચ્છાથી કરાતો કરાર.
૧૧. પુ. ગીરો મૂકવું તે; ઉપનિધિ.
૧૨ પું. છલ, કપટ
૧૩. પું. ટીકા; ભાષ્ય; વિવરણ.
૧૪ પુ. થાપણ, અનામત; ઉપનિધિ
૧૫. પું. થાપણ મૂકવી તે.
૧૬. [સ. ઉપ (પાસે) + ન્યસ્ત (આપવું)] પું. દાન.
૧૭. પું. દૃષ્ટાંત; દાખલો.
૧૮. પું. નવલકથા; 'નોવેલ'
૧૯ પું. નિર્ણય; ફૈસલો.
૨૦. પુ પાસે મૂકવું તે; બોજારોપ મૂકવાપણું.
૨૧. પુ. પ્રસન્ન કરવાપણું. પ્રસાદન.
૨૨. પું. પ્રસ્તાવના, ઉપોદ્ઘાત.
૨૩. [સં. ઉપન્યસ (પ્રસિદ્ધ કરવું)] પું. બહાર પાડવું તે; જાહેરાત; પ્રસિદ્ધિ.
૨૪. પું. બાનું; સાટા પેટે અગાઉથી આપેલ નાણું; સુથી.
૨૫. પું. યોજના; ફરમાસ્ત; પ્રસ્તાવ.
૨૬. પું. રચના.
૨૭. પું. લખાણ; સૂચના.
૨૮. પુ. વાક્યનો આરંભ.
૨૯. પું. વાક્યનો પ્રયોગ.
૩૦. પુ. વિચાર.
૩૧. પુ. શૈલી; ઢબ; રીત.
૩૨. પું. સાધન; હેતુ; પ્રતિજ્ઞા; 'હેટા'.
૩૩. પું. સ્વીકૃત એટલે કબૂલી રાકાય એવો પક્ષ; મુદ્દાની વાત.

ઉપન્યાસકાર [સ. ઉપન્યાસ (લખાણ) + કાર (કરનાર)] પું. લેખક, ગ્રંથકર્તા.

ઉપન્યાસસંધિ [સં. ઉપન્યાસ (એક જાતની સંધિ) + સંધિ (સુમેળ)] સ્ત્રી. કોઈ કિતાબની કામ કરવાની પદ્ધતિથી કરવામાં આવતો કરાર.

ઉપપક્ષ [સં. ઉપ (પાસે) + પક્ષન (પાંખ)] પું. પંખમાં ઊગતો નકામો પીંછાદાર ભાગ; પરવાળું

ઉપપદ [સ. ઉપ (ઊભવું) + પદ (પદો)] પું. પંદાપદો; મુખ્ય ગણોતે રાખનારે આડે આપવાનો દસ્તાવેજ.

ઉપપત [સ. ઉપ (બીજું) + પતિ (સ્વામિ)] પુ. (હિંગળ) ભરા; યાર; આશક.

ઉપપતિ ૧ [સ. ઉપ (નાનો ભાઈ) + પતિ (ધણી)] પું. દિયર; દેર; વરનો નાનો ભાઈ.
૨. પું. પરણ્યો સાથે પ્રીતિ કરનાર પુરુષ; યાર, આશક, ભરા.
૩. પું. (કામ) યારકી સ્ત્રીમાં મગ્ન રહેનાર નાયક. એના બે ભેદ: (૧) વચનચતુર અને (૨) ક્રિયાચતુર. કાર્ક કવિ એના બીજા ત્રણ પ્રકાર પણ બતાવે છે: (૧) મૂઢ એટલે બીજાની પત્ની સાથે અયોગ્ય પ્રેમ હોવો રાખે તે, (૨) મદ એટલે બીજાની સ્ત્રી સાથેના સંબંધને જાહેર કરી દે તે અને (૩) આરૂઢ એટલે પરસ્ત્રી ઉપર પ્રેમ હોવાથી પરાણે ઘરમા પ્રવેશ કરતો હોય અને બધાને શિક્ષા કરવા તૈયાર થયો
૪. પું. સ્ત્રીના પતિ પાસે, પતિની નજર અને સમતિથી અધિકાર કરનાર પુરુષ.

ઉપપત્તિ ૧. [સ. ઉપ (થી) + પદ (જાણવું) + ક્તિ (પણ)] સ્ત્રી. અનુમાન; અનુભવ; અવાપ્તિ.
૨. સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ કારણ; હેતુ
૩. સ્ત્રી. ઉપાય, કસબ.
૪. સ્ત્રી. (વેદાંત) પ્રકરણથી મળતા અર્થનું નિર્ણય કરી આપનારું વાક્ય.
૫. સ્ત્રી. મદદ.
૬. [સં. ઉપ (પાસે) + પદ (મેળવવું)] સ્ત્રી. યુક્તિ; સિદ્ધિ.
૭. સ્ત્રી. યોગ્યતા; લાયકી; સ્થિતિ.
૮. સ્ત્રી. (ન્યાય) વસ્તુને સાબિત કરવા આપવા પડતાં પ્રમાણ; તર્ક અનુસાર સાબિત કરનાર પ્રમાણ રચના; પ્રતિપાદન કરવાની યુક્તિ; દલીલ; તત્ત્વવિવેક; તાત્પર્યનો નિર્ણય કરાવનાર સાત સાધન માહેનું એક. ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ અને ઉપપત્તિ એ સાત આવાં સાધન છે.
૯. સ્ત્રી. શાસ્ત્રનો આગમ.
૧૦. સ્ત્રી. સાધન.
૧૧. સ્ત્રી. સાબિતી; પ્રમાણ; પુરાવો.
૧૨. સ્ત્રી. સાબિતીમાં પ્રમાણ અને દાખલા બતાવવા તે.
૧૩. સ્ત્રી. સિદ્ધાંત; મત; વાદ; કલ્પ.
૧૪. સ્ત્રી. (ગણિત) સિદ્ધાંત કે રીતની સિદ્ધિ; પ્રમેય ('થિયરમ')ની દલીલપૂર્વક સાબિતી.

ઉપપત્તિવિરોધ [સં. ઉપપત્તિ (સાબિતી) + વિરોધ (વિરુદ્ધતા)] પું. પ્રમાણથી ઊલટું હોવું તે.

ઉપપત્તિસમ [સ. ઉપપત્તિ (સિદ્ધિ) + સમ (સરખું)] વ. (વેદાંત) ન્યાયની ચોવીસ માહેની એક જાતિ; ન્યાયમાં બે કારણોની પ્રાપ્તિ; બંને કારણો સરખાં હોઈ એવો ઉત્તર. જેમકે, શબ્દ અનિત્ય છે, કારણ કે તેની ઉત્પત્તિ થાય છે. જે પ્રકારે ઉત્પત્તિધર્મવાળો હોવાથી શબ્દ અનિત્ય કહેવાય છે તે જ પ્રકારે સ્પર્શવાળો ન હોવાથી નિત્ય પણ થઈ શકે. આમ બંને કારણ ઉપપન્ન થાય છે માટે એ ઉપપત્તિસમ કહેવાય છે.

ઉપપત્ની ૧. [સં. ઉપ (હલકું) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. મુખ્ય નહિ એવી સ્ત્રી; બીજી વહુ.
૨. સ્ત્રી. રખાત; બીજી પત્ની.
૩. સ્ત્રી. લુચ્ચી, ઢાસીઓ આકરણી.

ઉપપત્ર [સ. ઉપ (નાનું) + પત્ર (પાન)] વ. અમુક પાનના દીઠના મૂળ પાસે રહેલ સામાન્ય રીતે પાનના બાકીના નકામા વધેલ ભેમાંનો એક ભાગ; 'સિપપૂલ'.

ઉપપર્વ [સં. ઉપ (જાતું) + પર્વ (પાર્ક)] પુ. કંદિકા, અવયવનો મોળાકમાં ઊપસેલો ભાગ; 'સોબ્પૂલ'.

ઉપપદ ૧. [સ. ઉપ (આગળ) + પદ (શબ્દ)] ન. અગાઉ બોલાયેલો શબ્દ.
૨. [સ. ઉપ (સાથે) + પદ (શબ્દ)] ન. અવટક; ઓળખ; અટક.
૩. ન. કટકાળ; પદવી; ખિતાબ.
૪ ન. ઉપાધિ; ડિગ્રી
૫. [સ. ઉપ (સરખું) + પદ (રહેવું)] ન કર્તરિ ક્રિયાપદો કરતાં જે. જેમકે, ઉપરાળ.
૬. [સ. ઉપ (ઊભવું) + પદ (શબ્દ)] ન ક્રિયાપદ કે કૃદંતની પહેલા લગાડેલ ઊતરેતા વર્ગનો શબ્દ. જેમકે, ઉપકૃ, ઉપકાર્ય.
૭. ન. ગુણકર્મ ઉપરથી મળેલું નામ; ઉપનામ.
૮. ન. ગુણવાચક પદ
૯. ન. (વ્યાકરણ) છેલ્લું પદ ધાતુસાધિત શબ્દ હોય એવો તત્પુરુષનો પેટા સમાસ. જેમકે, કુંભકાર.
૧૦. ન. માણસના નામ પછી બોલવામાં આવતું પદ. જેમકે, શર્મા, વર્મા, આર્ય.
૧૧. ન. મંત્રવાચક શબ્દ.
૧૨. ન. સમાસનું પહેલું પદ.

૧૩. [સં. ઉપ (પાસે) + પદ (શબ્દ)] ન. સમીપમાં ઉચ્ચારાતો આદેશમાં મુકાતો શબ્દ.
૧૪. ન. સબંધ; સસર્ગ.

ઉપપદસમાસ [સં. ઉપપદ (કૃદંતની પહેલાં આવેલ ઉતરતા વર્ગનો શબ્દ) + સમાસ (બે કે વધુ શબ્દ મળીને બનેલો શબ્દ)] પું. (વ્યાકરણ) કૃદંત (એટલે ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ)ની સાથે થતો નામનો સમાસ; જેનું છેલ્લું પદ ધાતુસાધિત એટલે ધાતુ ઉપરથી બનેલ શબ્દ હોય એવો તત્પુરુષ (એટલે જેમાં આગલો શબ્દ પછીના સાથે વિભક્તિના સંબધથી જોડાય એવા સમાસ)ની પેટાજાતિરૂપ સમાસ. જેમકે, ઘરભેદુ, કુંભકાર.

ઉપપદ્ધતિ [સં. ઉપ (મદદગાર) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. સહાયક રીત; અમુક શરતે મદદ કરવાની રીત.

ઉપપન્ન ૧. વિ. અમુક સ્થિતિમાં માત્ર રહેવાથી જ પદાર્થમાં રહેલ શક્તિ. જેમકે, બટકાવેલ દાડો.
૨. [સં. ઉપપન્ન (આપેલું)] વિ. અર્પણ કરેલ; આપેલ, દીધેલ
૩. વિ. ઉત્પન્ન; પેદા થયેલું.
૪. વિ. ઉપયુક્ત; મુનાસિબ; વાજબી; ચોગ્ય, ઘટતું
૫. વિ. કબૂલ કરાયેલું.
૬. વિ. દલીલથી ઠરેલું.
૭. [સં. ઉપ (પાસે) + પન્ન (જાણ્યું)] વિ પાસે આવેલું; પહોંચેલું.
૮. વિ. પ્રાપ્ત; લબ્ધ; મેળવેલું.
૯. વિ. પ્રેરિત; પ્રેરણા પામેલ.
૧૦. વિ. બુદ્ધિવાળું, સમજુ.
૧૧. વિ. યુક્ત; સપન્ન; સહિત.
૧૨. વિ. યુક્તિયુક્ત; સુસગત; બંધબેસતું.
૧૩ વિ. શક્ય; સભવિત; બની શકે એવું.
૧૪ વિ. શરણે આવેલું; શરણાગત.
૧૫. વિ. સમોજિત, ઘડેલું.
૧૬ વિ. સાબુત કરેલું
૧૭. [સ. ઉપ (સાથે) + પન્ન (જન્મ)] વિ સાથે આવેલું.
૧૮. વિ. સિદ્ધ થયેલું, સાબિત થયેલું; ફલિત; નક્કી થયેલું.

ઉપપન્નભિક્ષાન્ન [સં. ઉપપન્ન (મળેલું) + ભિક્ષા (ભીખ) + અન્ન (ખોરાક)] ન. ભગવી ભાલમના તજનાર સન્યાસી માટે ભિક્ષાને વખતે તેના આસન ઉપર આણી આપેલું રાંધેલું અન્ન.

ઉપપન્નશક્તિ ૧ સ્ત્રી. રીજણીનો વેગ.
૨. [સં. ઉપપન્ન (સાબિત થયેલ) + શક્તિ (સત્તા)] સ્ત્રી. સાબિત થયેલ પ્રભાવ; સિદ્ધ શક્તિ.
૩. [સં. ઉપપન્ન (મેળવેલ) + શક્તિ (બળ)] સ્ત્રી. સ્થાનને લીધે વસ્તુમાં રહેલી શક્તિ; 'પોટેન્શિયલ એનર્જિ'.

ઉપપરિણામ [સં. ઉપ (ઊતરતું) + પરિણામ (અંત)] ન. પેટા પરિણામ.

ઉપપરીક્ષક [સં. ઉપ (ઊતરતું) + પરીક્ષક (તપાસ)] ન. મુખ્ય ન હોય તેવી તપાસ.

ઉપપરીક્ષા જુઓ ઉપપરીક્ષક.

ઉપપર્ચન ૧. [સં. ઉપ (સાથે) + પૃચ્ (સંબંધમાં આવવું)] પું. મળોપાન; ઓપાન.
૨. [સં. ઉપ (વધારે) + પૃચ્ (સંબંધ પામવો)] વિ. ભેટવાવાળું.

ઉપપર્વ [સં. ઉપ (ઊતરતું) + પર્વન્ (ચોપડીનો અમુક ભાગ)] ન. પર્વ એટલે વિભાગનો પેટા ભાગ.

ઉપપર્શુકા [સં. ઉપ (ઊતરતું) + પર્શુકા (પાંસળી)] સ્ત્રી. ચોવીસ મુખ્ય પાંસળીની સાથે રહેલ નાની પાંસળી; પર્શુકાંતરિક તરબ્ગિકા; 'કોસ્ટલ કાર્ટિલેજ'. તે બધ્ધ ચોરીસ હોઈ તરબ્ગિકા (એટલે અણીદાર કે રેસાવાળા મગજના પોલા, ઓગળ્યા જેવા, ચીકણા ખાનાઓની બનેલ મજબૂત બંધારણવાળી સ્થિતિસ્થાપક પેશી)ની બનેલી છે અને પાંસળીના આગલા છેડાઓને ઉરઃકલક સાથે સાંધે છે.

ઉપપર્શુકાસંધિ [સં ઉપ (ઊતરતું) + પર્શુકા (પાંસળી) + સંધિ (સાંધો)] સ્ત્રી. પાંસળીનાં હાડકાં અને પાંસળીઓનું જોડાણ.

ઉપપર્શુકાસંધિચ્છાલક [સં. ઉપ (ઊતરતું) + પર્શુકા (પાંસળી) + સંધિ (સાંધો) + ચ્છાલક (ચામડી)] ન. પાંસળીના હાડકાની કોરનો ચામડી. ત્યા પાંસળીની ઉપપર્શુકા સાથીને સાંધે છે.

ઉપપર્શુકાંતરાલસ્નાયુ [સં. ઉપ (ઊતરતું) + પર્શુકા (પાંસળી) + અંતરાલ (બેની વચ્ચેનો ભાગ) + સ્નાયુ (માંસની પેશી)] પું. ઉપપર્શુકાઓની પાસે પાસેની કોરોનો બહારનો ભાગ મજબૂત બનાવનાર સ્નાયુનાં બંધન; 'ઇન્ટરકૉસ્ટલ લિગામન્ટ્સ'

ઉપપંજિકાધિકારી [સં ઉપ (ઊતરતું) + પંજિકા (નૌપથોથી) + અધિકારિન્ (અમલદાર)] પું. મુખ્ય નૌપથીદાર નીચે કામ કરનાર અમલદાર; નૌપથીકર્મચારી; મૌખુ પત્રકારીય. 'અસાઇનિંગ ઑફિસર'

ઉપપંથ ૧. [સં. ઉપ (ઊતરતું) + પથ (માર્ગ)] પું. નાનો માર્ગ; પેટા રસ્તો; કેડી.
૨. પું. સંપ્રદાયનો ફાંટો.

ઉપપાઠક [સં. ઉપ (પાસે) + પાઠ (અભ્યાસ)] પું. શબ્દ; મુરીદ

ઉપપાત ૧. [સં. ઉપ (તરફ) + પત્ (પડવું)] પું. અણધાર્યો બનાવ.
૨. [સં. ઉપ (ઉપર) + પત્ (પડવું)] પું. આફત; સકટ.
૩. પું. ઉત્પન્ન થવું તે; ઉત્પત્તિ
૪. પું. ઉપાય; કારણ.
૫. પું. (જૈન) દેવ અને નારકી તરીકે જન્મ. સંમૂર્છિમ, ગર્ભ અને **ઉપપાત** જેટલી ત્રણ પ્રકારના જન્મ છે. તત્ત્વાર્થસૂત્ર
૬ પું. નાટક જેવું તે.
૭. પું. નાશ.
૮. પું. ફળની તૈયારી
૯. પું. સેવા; ભક્તિ.
૧૦. પું. દાયી આવવાપણું.

ઉપપાતક [સં. ઉપ (હલકું) + પાતક (પાપ)] ન. નાનું પાપ. મનુના મત પ્રમાણે પરસ્ત્રીગમન એટલે પરાઈ સ્ત્રી સાથે બળિયાર, ગુરુશુશ્રૂષા એટલે ગુરુની સેવાને બ્રહ્મચારી તે, આત્મવિક્રય એટલે આત્માનું વેચાણ, ગોવધ વગેરે **ઉપપાતક** છે.

ઉપપાતકારિકા [સ. ઉપપાત (સેવા) + કારિકા (કલારી)] સ્ત્રી. ચરણ સેવનારી દાસી.

ઉપપાતદી [સં. ઉપ (ઊતરતું) + પાતક (પાપ) + ઇન્ (કરનું)] વિ. ઊતરતા દરજ્જાનું પા.પ કરનાર.

ઉપપાતક્ષેત્ર [સં. ઉપપાત (પેદા થવું તે) + ક્ષેત્ર (જગ્યા)] ન. (જૈન) દેવ અને નારકીને ઊપજવાની જગ્યા

ઉપપાતજન્મ [સં. ઉપપાત (જન્મ માટે ખાસ જગ્યા) + જન્મન્ (જન્મવું તે)] પું. (જૈન) અમુક નક્કી કરેલ જગ્યાએ પેદા થવું તે; સ્ત્રીપુરુષના સંબધ સિવાય વિક્રિયા થાય તેવા આત્માઓને ઘડેલવઢેલાં શરીરરૂપ બનાવવાપણું.

ઉપપાતવિરહ [સં. ઉપપાત (ઉત્પત્તિ) + વિરહ (વિયોગ)] પું. (જૈન) દેવ કે નારકી તરીકે એક જીવ ઉપજ્યા પછી તે ગતિમાં બીજો જીવ ઉપજ્યા થાય તે વચ્ચેનું વખતનું અંતર.

ઉતપાતસભા [સ. ઉપપાત (પેદા થવું તે) + સભા [દીવાનખાનું)] સ્ત્રી. (જૈન) દેવને ઊપજવાનો ઓરડો.

ઉપપાતસંખ્યા [સં. ઉપપાત (ઉત્પત્તિ) + સંખ્યા (આંકડો)] સ્ત્રી. (જૈન) દેવ કે નારકી તરીકે એક સમયે એકી સાથે કેટલા જીવ ઉત્પન્ન થાય તેનો આંકડો.

ઉપપાતી ૧. [સં. ઉપ (તરફ) + પાતિન્ (પડનાર)] વિ. અચાનક પ્રાપ્ત થનાર.

૨. વિ. ઢાળથી આવનાર.

ઉપપાત્ર ૧. [સં. ઉપ (હલકું) + પાત્ર (નાટકમાં જેના ચેનચાળા કરાય તે)] ન. નાટકમાં મુખ્યથી ઊતરતી જાતનો નટ; નાયકથી ઊતરતું પાત્ર.

૨. [સં. ઉપ (નાનું) + પાત્ર (કામ)] ન. નાનું વાસણ.

ઉપપાદ [સં. ઉપ (પાસે) + પાદ (પગ)] વિ. પગ પાસે રહેલ.

ઉપપાદક ૧. [સં. ઉપપદ્ (પેદા કરવું) + અક (કરનાર)] વિ. પેદા કરનારું, બનાવનાર.

૨. વિ. પ્રવર્તક; આગળ થઈ જનાર; અપપાદક.

૩. [સં. ઉપપદ્ (બહાનું કાઢવું)] વિ. બહાનાવાળું.

૪. વિ. સંગત; યુક્ત.

ઉપપાદકત્વ ૧. [સં. ઉપપાદક (પેદા કરનાર) + ત્વ (પણું)] ન. પેદા કરવાપણું.

૨. ન. પ્રવર્તકત્વ; અપપાદકપણું; હેલાવો; પ્રસાર કરવો તે; પ્રસારણ.

ઉપપાદકત્વઆપક [સં. ઉપપાદક (પ્રસારનાર) + ત્વ (પણું) + આપક (આપનાર)] ન. વીજળીનો વેગ માપવાનું યંત્ર.

ઉપપાદજન્મ [સં. ઉપપાદ (જન્મ માટે ખાસ જગ્યા) + જન્મન્ (જન્મ)] પું. (જૈન) દેવ અને નારકી તરીકેનો જન્મ.

ઉપપાદન ૧. [સં. ઉપ (બમણું) + પદ્ (પેદા કરવું)] ન. પેદા કરવું તે.

૨. ન. પ્રોત્સાહન; અપપાદ; અપપાદન; સબંધમાં આવ્યા બદલ કોઈ પદાર્થમાં વીજળી કે ચોલ્યુંબકનું જાગી આવવાપણું; 'ઇન્ડક્ટન્સ'

૩. ન. બતાવવાપણું; સૂચન.

૪. ન. ભાવના; પ્રતિરૂપતાન.

૫. [સં. ઉપ (બમણું) + પદ્ (મેળવવું)] ન. મેળવવું તે; પ્રાપ્તિ.

૬. ન. સપાદન; કામ પૂરું કરવું તે.

૭. ન. (ન્યાય) સાબિતી કરનાર પ્રમાણપરંપરા એટલે દાખલાઓ ને દલીલની જોડવણી.

૮. ન. સિદ્ધિ; પ્રતિપાદન; દલીલથી સાબિત કરવાપણું.

ઉપપાદનીય [સં. ઉપપાદ (સાબિત કરવું) + અનીય (જેવું)] વિ. સાબિત થઈ શકે એવું.

ઉપપાદિત ૧. [સં. ઉપપદ્ (પેદા કરવું)] વિ. પેદા કરેલું.

૨. વિ. પ્રોત્સાહિત; અનુનીત; જોર પકડ્યું બીજામાં પોતાના ગુણ આપ્યા હોય એવું; સબંધમાં આવ્યા બદલ કોઈ પદાર્થમાં વીજળી કે ચોલ્યુંબકની સ્થિતિ આવેલું. 'ઇન્ડક્ટેડ'.

૩. વિ. સારી રીતે દાખલાઓ આપી સાબિત કરેલું; સિદ્ધ કરેલું.

ઉપપાદિત પ્રવાહ [સં. ઉપપાદિત (પેદા કરેલ) + પ્રવાહ (વહેણ)] પું. વીજળી અથવા ચોલ્યુંબક જાગી ઉત્પન્ન કરેલ પ્રવાહ; 'ઇન્ડક્ટેડ કરન્ટ'.

ઉપપાદિત પ્રવાહ વીજળી જુઓ ઉપપાદિત પ્રવાહ.

ઉપપાદુક ૧. [સં. ઉપ (ઊણ) + પાદુક (જોડા)] પું. દેવ, અસુર.

૨. [સં. ઉપ (ઉપર) + પાદુકા (જોડા)] વિ. જોડા પહેરેલું.

૩. વિ. નાલ જન્મેલું.

૪. વિ. પોતાની મેળે અવતરેલું.

ઉપપાદ્ય ૧. [સં. ઉપ (તરફ) + પદ્ (જવું) + ય (જોવું)] ન. (ગણિત) સાબિત કરવાની બાબત; પ્રમેય.

૨. વિ. સાબિત થઈ શકે એવું.

૩. અ. સાબિત કરીને.

ઉપપાદ્યપ્રમેય [સં. ઉપ (તરફ) + પદ્ (જવું) + ય (જોવું) + પ્રમેય (સિદ્ધાંત)] ન. (ગણિત) નિયમ; સાબિત કરવાનો સિદ્ધાંત.

ઉપપાન [સં. ઉપ (નાનું) + પર્ણ (પાંદડું)] ન. ઉપપત્ર; કુંપળ.

ઉપપાપ [સં. ઉપ (નાનું) + પાપ (ધર્મે નિષ્પાદ્ય કામ)] ન. નાનું પાપ. મનુ અનુસાર પરસ્ત્રીગમન, ગુરુસેવાત્યાગ, જોયજ્ઞ ઉપપાપ ગણાય છે.

ઉપપાર્શ્વ ૧. [સં. ઉપ (પાસે) + પાર્શ્વ (પડખું)] પું. કાખ; બગલ.

૨. પું. બાજો; રવૈયો.

૩. [સં. ઉપ (સામું) + પાર્શ્વ (બાજુ)] પું. સામી બાજુ.

ઉપપીઠ ૧. [ઉપ (પેઢા) + પીઠ (આસન)] સ્ત્રી. તાબાનો પ્રદેશ.

૨. [સં. ઉપ (નાનું) + પીઠ (ઠેકાણું)] સ્ત્રી. દક્ષની દીકરી પાર્વતીના સ્વજના લાગે કે બાજુમાં વિષ્ણુના ચક્રથી કપાઈને જ્યાં પડ્યા હતા તે ઠેકાણું. દક્ષના યજ્ઞમાં જ્યારે પાર્વતી જાય છે અને પોતાનું અને તેના પતિનું અપમાન થતાં યજ્ઞકુંડમાં પડી બળી મરે છે ત્યારે શિવને ખબર પડતાં તે વીરભદ્ર વગેરે અનુચરોને યજ્ઞકુંડનો સંપૂર્ણ નાશ કરવાનું ફરમાવે છે અને પોતે પાર્વતીજીના આવા મરણથી ઉન્માદી બની જઈને અને પાર્વતીજીના શબને ખભા ઉપર લઈ ચોતરફ નાચવા લાગે છે. અંતે ભગવાન વિષ્ણુએ આ દશામાંથી તેનો ઉદ્ધાર કરવા માટે પોતાના ચક્રથી પાર્વતીજીના શબના ધીરે ધીરે કાપીને ટુકડા કર્યા. આ ટુકડા અને આભૂષણો જે જે જગ્યાએ પડ્યા તેને તાન્ત્રિકો અને શાક્તધર્મવાળાઓ પવિત્ર માની તેને ઉપપીઠ કહે છે.

૩. [સં. ઉપ (નાનું) + પીઠ (બખર)] સ્ત્રી. નાનું બખર.

ઉપપીડન (ઉપપીડન) ૧. [સં. ઉપ (બહું) + પીડ (દુઃખ દેવું) + અન (પણું)] ન. પીડા; દુઃખ.

૨. ન. બહુ દુઃખ દેવાપણું.

૩. [સં. ઉપ (બહુ) + પીડ (દાબવું) + અન (પણું)] ન. ભારે દેવાપણું; દબાણ.

ઉપપીડિત (ઉપપીડિત) ૧. વિ. દુઃખી.

૨. વિ. નાશ થયેલું.

ઉપપુર ૧. [સં. ઉપ (પાસે) + પુર (શહેર)] ન. નજીકનું શહેર.

૨. [સં. ઉપ (નાનું) + પુર (શહેર)] ન. પેટાનગર; પરું.

ઉપપુરાણ [સં. ઉપ (ઊતરતું) + પુરાણ (દેવ અને અમુક સબંધી જૂની વાતોનો જેમાં આપી હોય એવું પુસ્તક)] ન. મુખ્ય નહિ એવું પુરાણ; મહાપુરાણોથી ઊતરતું પુરાણ; બાસે સબંધમાં મુખ્ય અઢાર જેવાં બીજાં નાનાં પુરાણ. મહાપુરાણની જેમ નાનાં પણ અઢાર છે: (૧) લઘુકાલિકા, (૨) બૃહત્કાલિકા, (૩) પરાશર, (૪) સિદ્ધ, (૫) નારદ, (૬) સનત્કુમાર, (૭) સૌર, (૮) દુર્વાસ, (૯) કપિલ, (૧૦) માનવ, (૧૧) વિષ્ણુધર્મોત્તર, (૧૨) શૈવધર્મ, (૧૩) ભદ્રેશ્વર, (૧૪) નંદી, (૧૫) કુમાર, (૧૬) ઔશનસ, (૧૭) રૈવી અને (૧૮) વરુણ. બીજા મત પ્રમાણે, (૧) સનત્કુમાર, (૨) નારસિંહ, (૩) નારદીય, (૪) શિવ, (૫) દુર્વાસા, (૬) કપિલ, (૭) માનવ, (૮) ઔશનસ, (૯) વરુણ, (૧૦) કાલિકા, (૧૧) સાંબ, (૧૨) નંદા, (૧૩) સૌર, (૧૪) પરાશર, (૧૫) આદિત્ય, (૧૬) ભદ્રેશ્વર, (૧૭) આર્ગવ અને (૧૮) વાસિષ્ઠ. કોઈ નીચે પ્રમાણે અઢાર પુરાણ જણાવે છે: (૧) સનત્કુમાર, (૨) નારસિંહ, (૩)

પૃથ્વીરદીપ, (૪) શિવસહસ્રહરણ, (૫) ચૌર્યસિદ્ધ, (૬) કાપિલ, (૭) વામન, (૮) ભાર્ગવ, (૯) વાયવ્ય, (૧૦) કાલિકા, (૧૧) સાંબ, (૧૨) નંદિ, (૧૩) આદિત્ય, (૧૪) પારાશર, (૧૫) વાસિષ્ઠ, (૧૬) દેવી ભાગવત, (૧૭) માહેશ અને (૧૮) હંસ. તેમજ મુદ્ગલ, રેણુકા વગેરે સાત પુરાણ પણ અઢાર છે. મૂત સંહિતામાં નીચે પ્રમાણે અઢાર પુરાણનાં નામ જણાવેલ છે: (૧) બ્રાહ્મ, (૨) મરીચ, (૩) પારાશર, (૪) સૌર, (૫) સાંબ, (૬) સનત્કુમાર, (૭) નરસિંહ, (૮) નાન્દ, (૯) કાલી, (૧૦) વરુણ, (૧૧) બ્રહ્માંડ, (૧૨) ઉશનસ, (૧૩) માનવ, (૧૪) કપિલ, (૧૫) નારદ, (૧૬) દુર્વાસાનું શિવધર્મ, (૧૭) વસિષ્ઠનું લિંગ અને (૧૮) માહેશ્વર.

ઉપપુષ્પિકા [સં. ઉપ (ખરું) + પુષ્પ (ઊપડવું)] સ્ત્રી. બગાસું; બૂંગ્રા

ઉપપૂર્વેન્દ્ર પું. (પિંગળ) વિષમપાદમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર અને સમપાદમાં સગણ, ભગણ, રગણ ને બગણ મળી બાર અક્ષરવાળો છંદ.

ઉપપૃષ્ઠ ભરતક [સં. ઉપ (નીચે) + પૃષ્ઠ (પાછળનો ભાગ) + ભરિતૃક (ભરવું)] વિ માથાના પાછળા ભાગની નીચે આવેલું.

ઉપપૈઠિકી [સં. ઉપ (પેઠ) + પિઠ (પગની પિંડી)] સ્ત્રી. પગ સાબો કરવામાં કામ આવતો પગની પિંડીનો એક સ્નાયુ; 'સોલિઅસ'.

ઉપપોષિત [સં.] વિ ઉપવાસ કરનારું; આખો દિવસ ખાધા વગર રહેનારું; ઉપવાસી.

ઉપપ્રકાર [સં. ઉપ (નાનું) + પ્રકાર (જાત)] પું. પેટા જાત; ભેદ.

ઉપપ્રજા [સં. ઉપ (પેઠા) + પ્રજા (લોક)] સ્ત્રી. જુદા જુદા પ્રાંતમાં રહેતા જુદા જુદા લોકની જાત.

ઉપપ્રતિજ્ઞા [સં. ઉપ (નાનું) + પ્રતિજ્ઞા (ન્યાયનો એક ભાગ)] સ્ત્રી (ન્યાય) પુરવાર કરવાનો સિદ્ધાંત; બરાબર માનેલું સાધ્ય એટલે સિદ્ધ કરવાનું વાક્ય.

ઉપપ્રદાન ૧. [સં. ઉપ (વધુ) + પ્રદાન (આપવું તે)] ન. ખંડણી; ખંડિયો રાજા ઉપરી રાજાને દર વર્ષે ભરે તે રકમ.
૨. ન. દુશ્મનને મીઠી વાતોથી સમજાવી ન શકાય તો પછી કંઈક આપી કે લલચાવી વશ કરવાની નીતિ.
૩. ન. ભેટ; નજરાણું.
૪. ન. લોભાવવા માટે કંઈ વસ્તુ આપવી તે; લાંચ રિશ્વત.
૫. ન. સલાહ માટે જમીન વગેરે આપવું તે. ૬. ન. સોંપણી.

ઉપપ્રદેશ [સં. ઉપ (પાસેનું) + પ્રદેશ (ભાગ)] પું. હાસ્તિનો; કાનની એક બાજુએ લબ્બા વજરનો રાંવેલો ભાગ.

ઉપપ્રધાનાધિષ્ઠાતા [સં. ઉપ (નીચેનું) + પ્રધાન (મુખ્ય) + અધિષ્ઠાતૃ (ઉપરી)] પું. મુખ્ય અધ્યક્ષની ગેરહાજરીમાં પદવી આપનાર અમલદાર; 'વાઇસ ચેન્સેલર'.

ઉપપ્રમુખ [સં. ઉપ (નાનું) + પ્રમુખ (અધ્યક્ષ)] પું. નીચેનો સભાપતિ; અધ્યક્ષની ગેરહાજરીમાં પ્રમુખનું કામ કરનાર અમલદાર; 'વાઇસ પ્રેસિડંટ'

ઉપપ્રમેય [સં. ઉપ (પેટા) + પ્રમેય (પુરવાર કરવાની બાબત)] પું. ઉપસિદ્ધાંત; સાબિત કરેલા નિયમ ઉપરથી તરત નીકળતું અનુમાન.

ઉપપ્રયોગ [સં. ઉપ (નાનું) + પ્રયોગ (ખેલ)] પું. નાનો જલસો.

ઉપપ્રવાહ [સં. ઉપ (નાનું) + પ્રવાહ (વહેણ)] પું. ઝરણું.

ઉપપ્રશ્ન ૧. [સં. ઉપ (ઊતરતું) + પ્રશ્ન (પૂછવું)] પું.; ન. ઉપલવાસ.
૨. પું.; ન. એક ઉપરથી નીકળતો બીજો સવાલ

ઉપપ્રસ્તાવ [સં. ઉપ (બબારે) + પ્રસ્તાવ (પ્રકરણ)] પું. શબ્દની બબપટ કરી બબેસ સુધારો.

ઉપપ્રકુરકિત [સં. ઉપ (હલકું) + પ્રકુરકિત (પ્રકુરકારક અને ક્ષારના સંયોગથી બનતું લવણ)] ન. પ્રકુરકારકની બદલે પ્રકુરકના તેજાબની સાથે ક્ષાર મળવાથી થતું લવણ. 'હાઇપોફોસ્ફેટ'

ઉપપ્રાન્તની [સં.] સ્ત્રી. ગ્રીબ કે માર્ગને ઢાંકવામાં મદદ કરનાર કલા; 'ઓક્સેસરિ ઓબ્ટ્યુરેટર'.

ઉપપ્રાણ [સં. ઉપ (પેટા) + પ્રાણ (શરીરમાં રહેલ વાયુ)] પું. શરીરમાં રહેલા પાંચ ઊતરતા દરજ્જાના વાયુ. પાંચ ઉપપ્રાણ: નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય. આ પાંચ પ્રાણ અનુક્રમે ઓડકાર, આંખના પલકારા, છીંક, બગાસાં અને શ્વાસને કુલાવવાનું કામ કરે છે.

ઉપપ્રાપ્તિ [-સં. ઉપ (સાથે) + પ્રાપ્તિ (મેળવવું તે)] સ્ત્રી. કોઈ મુખ્ય ચીજ બનાવતાં સાથે થતી બીજી ઉપયોગી પેટા વસ્તુ; ઉપલબ્ધ 'બાય પ્રોડક્ટ'.

ઉપપ્રાંતરક્ષક [સં. ઉપ (ઊતરતું) + પ્રાંત (દેશનો ભાગ) + રક્ષક (રખવાળી કરનાર)] પું. પોલીસ નાયબ સુબો; પરગણાની રક્ષા કરનાર પોલીસ અમલદાર.

ઉપપ્રેક્ષણ [સં. ઉપ (ઊપરછલ્લે) + પ્રેક્ષણ (જોવું)] ન. ધ્યાન ન આપવું તે; બેદરકારી.

ઉપપ્રૈષ [સં. ઉપ (સાથે) + પ્રૈષ્ (મોકલવું)] ન. નોતરું.

ઉપપ્લક્ષક પું. પેટા નાડીજાલ; ઊતરતા વર્ગની તંતુજાલ; 'સેકન્ડરિ પ્લેક્સસ'.

ઉપપ્લવ ૧. [સં. ઉપ (ઉપર) + પ્લુ (કૂદવું)] પું. આક્રમણ; ઘેરો; હુમલો.
૨. પું. આંધી; તોફાન.
૩. [સ. ઉપ (ઉપર) + પ્લુ (વાવું)] પું. ઉત્પાત; ઉપદ્રવ; વિપ્લવ.
૪. પું. ઉદ્વેગ; આકુળતા; ક્ષોભ.
૫. પું. ગ્રહનડીપી.
૬ પું. ભુખમરો; પીડા
૭. [સ ઉપ (ઉપર) + પ્લુ (તરવું)]
૫ તરવું તે.
૮ પું. બબ; બીક.
૯. પું. મરકી
૧૦. પું (જ્યોતિષ) રાહુ ગ્રહ.
૧૧ પું. વિઘ્ન, બાધા.
૧૨ પું. રાજની અંધાધૂંધી; રાજ્યનો નારા બબ.પણ.
૩. પું. (બૌદ્ધ) શંકા; વહેમ.
૧૪. પું. શિવ; શંકર.
૧૫ પું. સંકટ; વિપત્તિ.
૧૬. પું. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ જેવી કુદરતી ઘટના.

ઉપપ્લવકારક ૧. [સં. ઉપપ્લવ (ગભરાટ) + કારક (કરનાર)] વિ. ગભરાટ પમાડનારું.
૨. [સં. ઉપપ્લવ (ત્રાસ) + કારક (કરનાર)] વિ. ત્રાસી; પીડાકારી.
૩. [સં. ઉપપ્લવ (અનિષ્ટ) + કારક (કરનાર)] વિ. નાશ કરે એવું.
૪. વિ. પાયમાલ કરનારું.
૫. વિ. ગુડાદી દેનારું.

ઉપપ્લવી ૧. [સં. ઉપપ્લવ (આફત) + ઇન્ (વાળું)] વિ ઉપદ્રવ કરનારું; મોટો ઉત્પાત કરે એવું; આફત આણે એવું.
૨. વિ. જેના ઉપર આફત આવી હોય તેવું
૩. વિ. જેનું મરણ થયું હોય તેવું
૪. વિ. કુપાવનારું.
૫. [સં. ઉપપ્લવ (ઉપદ્રવ) + ઇન્ (વાળું)] વિ. નાશકારક.

ઉપપ્લવ્ય [સં. ઉપપ્લવ (રાજની અંધાધૂંધી) + ય (કર્મણિ)] વિ. વિરાટ નગરની પાસે આવેલ એક જૂના નગરનું નામ. છૂપા વાસમાંથી પ્રગટ થયા પછી પાંડવો ત્યાં રહેલા અને કૌરવો સામેથી રાજ આપતા નથી એમ નક્કી થયા પછી એમણે યુદ્ધની તૈયારીઓ ત્યાં રહીને કરી હતી.

ઉપપ્લાવ્ય જ. વિરાટ નગરની પાસે આવેલું એક પ્રાચીન નગર. જુઓ ઉપપ્લવ્ય.

ઉપપ્લુત ૧. [સં. ઉપ (ઉપર) + પ્લુ (કરવું) + ત (એલ)] વિ. ઉપદ્રવવાળું.

૨. વિ. દુઃખી; સંકટથી ઘેરાયેલું.

૩. વિ. ભીનું થયેલું.

૪. વિ. રાહુથી પીડાયેલ.

ઉપપ્લુતા જી. યોનિનું એક દરદ.

ઉપપ્લુતા જી. ઋતુકાળે થતી સખ્ત વેદના.

ઉપપ્લુત [સં. ઉપ (ઊતરતું) + પ્લવ (પરિણામ)] જ. કોઈ મુખ્ય ચીજ બનાવતા સાથે બનતી બીજી ઉપયોગી વસ્તુ; 'બાય પ્રોડક્ટ'.

ઉપબર્હણ [સં. ઉપ (ઓઢું) + બર્હણ (વિસ્તાર)] જ. ઓશીકું.

> ઉપબર્હણ ઉપધાન અને કંદુક સોઈ હસીદ,
> મૃદુલ ઓશીસે આલીને ગેદી બાલ મલીદ.
> વિનયવિજયોપ

ઉપબર્હ ૧. જ. ઓશીકું; કંદુક.

૨. [સં. ઉપ (પાસે) + બર્હ (કહેવું)] જ. પાસે રહી દુઃખ દેવું તે.

ઉપબર્હણ ૧. પું. (પુરાણ) એ નામનો મહાકલ્પમાં થયેલ એક ગંધર્વ. તે પાછળથી નારદ થઈને અવતર્યો મનાય છે.

૨. [સં. ઉપ (વધારે) + બર્હણ (વિસ્તાર)] પું. કૌંચદ્વીપના સાતમાનો એ નામનો એક પર્વત. શુક્લ, વર્દ્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર નામના સાત કૌંચદ્વીપના પર્વતો હતા.

ઉપબર્હિણ પું. (પુરાણ) કૌંચદ્વીપમાંના એક મોટા પર્વતનું નામ.

ઉપબંગ [સં. ઉપ (પાસે) + બંગ (બંગાળા)] પું. જ્યાં ગંગા નદી સમુદ્રને મળે છે તેની પૂર્વ તરફની કાંપવાળી ત્રિકોણ જમીનનો વચલો ભાગ.

ઉપબંદીપાલ [ઉપ (ઊતરતું) + બંદી (કેદ) + પાલ (પાળનાર)] પું. નાયબ બંદીપાલ; મદદનીશ જેલર

ઉપબંધ ૧. પું. જોડાણ

૨. [સં. ઉપ (વધારે) + બંધ્ (બાંધવું)] પું. નરમાદાનું દ્વંદ્વ જોડાવું થવા જેવી એક જાતની મૈથુન ક્રિયા.

૩. પું. પ્રસવ; શબ્દને છેડે જોડેલ અક્ષર.

ઉપબાધા [સં. ઉપ (વધારે) + બાધા (પીડા)] જી. દુઃખ દેવાપણું; સંપીડન.

ઉપબાહુ ૧. [સં. ઉપ (પાસે) + બાહુ (હાથ)] પું. હાથની પાસેનું અંગ.

૨. [સં. ઉપ (નીચું) + બાહુ (હાથ)] પું. હાથનો કોણીથી નીચલો ભાગ; કોણીથી નીચેનો હાથ.

ઉપબિંદુ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ઉપબૃંહક [સં. ઉપ (વધારે) + બૃહ્ (વધવું) + ક (બનું)] વિ. ફેલાયેલ; વિસ્તૃત.

ઉપબૃંહણ ૧. જ. નિભાવ; રક્ષણ.

૨. જ. પોષણ.

૩. [સં. ઉપ (વધારે) + બૃંહણ (ફેલાવો)] જ. વધારો; વૃદ્ધિ.

૪. જ. વિસ્તાર; ફેલાવો.

૫. જ. સમર્થ; જબ્બો.

ઉપબૃંહા [સં. ઉપ (વધારે) બૃહ્ (વધવું)] જી. ગુણવાન માણસના મૃત્યુની તારીખ.

ઉપબૃંહિત ૧. [સં. ઉપ (વધારે) + બૃહ્ (વધવું) + ક્ત (એલ)] વિ. વધેલું; વર્ધિત.

૨. વિ. વિસ્તૃત; ફેલાયેલ.

ઉપબૃંહી [સં. ઉપ (વધારે) + બૃહ્ (વધવું) + ઇન (બનું)] વિ. વધારનું.

ઉપબ્દ ૧. પું. શબ્દ; અવાજ.

૨. પું. સોમરસ કાઢતાં થતો અવાજ

ઉપબ્દિ ૧. [સં] જી. શબ્દ. જુઓ ઉપબ્દ.

૨. વિ. સાંભળવા જેવું.

ઉપભંગ ૧. [સં. ઉપ (નાનું) + ભંગ (ટકડો)] પું. કવિતાની કડીના ભાગ પાડવાપણું.

૨. પું. બે ભાગ રૂપે જવું તે.

૩. પું. લશ્કરમાંથી નાસી જવાપણું.

૪. પું. સારી રીતે ભાંગવું તે.

ઉપભાષા [સં. ઉપ (ઊતરતું) + ભાષા (બોલી)] જી. મુખ્ય ભાષામાંથી નીકળેલી બોલી. જેમકે, કાઠિયાવાડી, ચરોતરી એ ગુજરાતીની ઉપભાષા કહેવાય.

ઉપભુક્ત ૧. [સં. ઉપ (ઉપસર્ગ) + ભુક્ત (ભોગવેલું)] વિ. ભોગું; ભોગવું; ઉચ્છિષ્ટ.

૨. વિ. ખાધેલું

૩. [સં. ઉપ (વધારે) + ભુક્ત (ભોગવેલું)] વિ. બજાર કરેલું; કામમાં લીધેલું; ભોગવેલું.

ઉપભુક્તિ [સં. ઉપ (અર્થ વગરનો એક ઉપસર્ગ) + ભુક્તિ (ભોગ)] જી. ભોગવવું તે; માણવાપણું; ઉપભોગમાં લેવું તે.

ઉપભુજ્ય [સં ઉપ (એક નકામો ઉપસર્ગ) + ભુજ્ય (ઉપભોગમાં લેવા જેવું)] વિ. વાપરવા લાયક; ભોગવવા જેવું.

ઉપભૂત [સં.] પું. ગળીનો છોડ; નીલ નામની વનસ્પતિ, નીલિની

ઉપભૂતી [સં.] જી. મહાનીલી; ગળીનો છોડ.

ઉપભૂમિધારક [સં. ઉપ (ઊતરતું) + ભૂમિ (જમીન) + ધારક (રાખનાર)] પું. પેટા ભાડૂતી; નિમ્ન કૂંગિર.

ઉપભૂષણ [સં. ઉપ (નાનું) + ભૂષણ (શણે શાધન)] જ. ઘટડી, ચામર જેવું નાનું સાધન; ઊતરતી જાતનું સાદિલ.

ઉપભૃત [સં. ઉપ (તરફ) + ભૃત્ (આધારે રહેવું)] જી વડના લાકડાનું યજ્ઞમાં વપરાતું ગોળ મોઢાનું સાધન; સ્રુવો; સ્રુવો આ પુરુષ અગ્નિ છે અને તેમાં જી નાખીને આહુતિ અપાય છે. ભૂમિ એ સ્ત્રી અગ્નિ છે અને તેમાં દૂધ મૂકી તેની ઉપર સ્રુવો ઊંધો મૂકી દૂધ હોમાય છે.

ઉપભેદ ૧. [સં. ઉપ (ઊતરતું) + ભેદ (બુદ્ધાપણું)] પું. ચોડો ફેર.

૨. [સં ઉપ (ઊતરતું) + ભેદ (અંત)] પું. મુખ્યમાંથી નીકળેલો બીજો વર્ગ.

ઉપભોક્તવ્ય ૧. [સં. ઉપ (વધારે) + ભોક્તવ્ય (ખાવા જેવું)] જ. ખોરાક.

૨. [સં. ઉપ (બનું) + ભોક્તવ્ય (ભોગવવા (જેવું)] જ. ભોગવવા જેવી વસ્તુ

૩. વિ. પુખ્ત; પરિપક્વ અંતરે પાકું; પ્રૌઢ; ફલોન્મુખ.

૪. વિ. ભોગવવા જેવું.

ઉપભોક્તા ૧. [સં. ઉપ (વધારે) + ભોક્તૃ (ભોગવનાર)] પું માલિક; ધરાક.

૨. પું. ભોગવટો કરનાર માણસ; ધણી; સ્વામી.

૩. પું. વારસ.

૪. વિ. ભોગવટો કરનાર માણસ; ધણી; સ્વામી.

૩. વિ. ભોગવનાર; વાપરનારું; કામમાં લેનાર.

ઉપભોગ ૧. પું (જૈન) કર્મનો નાશ થતાં પેદા થતા અનંત નવ ભાવમાનો એક. જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યકત્વ અને ચારિત્ર એ નવ ક્ષાયિક ભાવ છે.'

૨. [સં. ઉપ (એક નિરર્થક ઉપસર્ગ) + ભોગ (ઉપભોગ)] પું. કામમાં લેવું તે; ઉપયોગ; વપરાશ

૩. પું. (જૈન) પાંચ લબ્ધિ એટલે પાંચ જાતની શક્તિઓની એક. અંતરાયના ક્ષયથી દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિ પ્રકટ થાય છે.

૪. પું. બીજાની મિલકત વાપરવાનો હક

૫. [સ. ઉપ (વધારે) + ભુજ્ (ભોગવવું)] પું. ભોગવટો; ઉપયોગમાં લેવું તે; વહીવટ.

૬. પું. મૈથુન

૭. પું. સંતોષ

૮. ન. અનુભવ; પ્રતીક.

૯. ન. ઉત્તમ પ્રકારનું સુખ; મોજમજા, માણવું તે.

૧૦. ન. એક જ વખતમાં વપરાય એવી તેવી ચીજ

૧૧. ન. લહાવો; અવસર.

૧૨. ન. સુખની સામગ્રી, વિલાસની વસ્તુ.

૧૩. ન. સુખનો અનુભવ.

૧૪. ન. સેવા.

ઉપભોગપરિભોગપરિમાણ [સં. ઉપભોગ (ઉપભોગ) + પરિ (વારવાર) + ભોગ (ભોગવવું તે) + પરિમાણ (માપ)] ન. (જૈન) એક વ્રત; એક વાર કે વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુઓની હદ બાંધવાપણું.

ઉપભોગપરિભોગપરિમાણવ્રત [સં. ઉપભોગ (એક વખત વાપરી શકાય તેવી ચીજ) + પરિભોગ (વારવાર વપરાય તેવી ચીજ) + પરિમાણ (માપ) + વ્રત (નિયમ)] ન. (જૈન) શ્રાવકનું સાતમું વ્રત; એક વખત કે અનેક વખત ભોગવાતી વસ્તુઓના ભોગ માટે હદ બાંધવાનો નિયમ.

ઉપભોગ્યવું [સ. ઉપ (વધારે) + ભુજ્ (આનંદ કરવો)] સ. ક્રિ. ભોગવવું; માણવું.

ઉપભોગાધિક્ય [સ. ઉપભોગ (વિષયસુખ) + અધિક (વધારે) + ત્વ (પણું)] ન. (જૈન) શ્રાવકના બારમા વ્રતનો એક દોષ; ભોગવિલાસમાં મબી જેવું તે; કપડાં, ઘરેણાં, તેલ, ચંદન વગેરે પોતાને માટે ખાસ લોપ તે ઉપરાંત રાખવાં તે.

ઉપભોગાંતરાય ૧. [સં. ઉપભોગ (ભોગવવું તે) + અંતર્ (વચ્ચે) + આ (જવું)] ન. (જૈન) અંતરાયકર્મનો એક ભેદ. તેના ઉદય એટલે હળ ભોગવવાની સ્થિતિ આવવાથી વસ્ત્ર, ઘરેણાં વગેરેનો ઉપભોગ થઈ શકે નહિ. અંતરાયકર્મના પાંચ ભેદ: દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

૨. વિ. છતી શક્તિએ પહેરી ઓઢી કે માણી ન શકાય એવું.

ઉપભોગી ૧. [સં. ઉપ (વિશેષ) + ભોગિન્ (માણનાર)] વિ. અનુભવ લેનાર.

૨. વિ. ભોગવનાર; સુખ લેનાર, મજા ઉઠાવનાર.

ઉપભોગેચ્છા [સં. ઉપ (એક ઉપસર્ગ) + ભોગ (સુખ) + ઇચ્છા (મરજી)] સ્ત્રી. વિષયસુખ ભોગવવાની મરજી

ઉપભોજ્ય ૧. [સં. ઉપ (એક ઉપસર્ગ) + ભોગ (ખાવા જેવું)] ન. ખોરાક.

૨. ન. પરિપાક થયું તે; પુખ્તપણું; પ્રૌઢતા.

૩. [સં. ઉપ (વધારે) + ભોગ (ભોગવવા જેવું)] ન. ભોગવવા જેવી કોઈ વસ્તુ.

૪. ન. સોમ; ચંદ્રમા.

૫. વિ. ખાવા જેવું.

૬. વિ. પુખ્ત; પાકું; પ્રૌઢ.

૭. વિ. માણવા યોગ્ય; ભોગવવા જેવું.

ઉપભોજ્યતા ૧. [સં. ઉપ (એક ઉપસર્ગ) + ભોગ (ભોગવવા જેવું) + તા (પણું)] સ્ત્રી. ઉપભોગ કરવા લાયક હોવાપણું.

૨. સ્ત્રી. પરિપક્વતા; પુખ્તપણું.

ઉપભોક્તા [સં. ઉપ (એક ઉપસર્ગ) + ભોક્તૃ (ભોગવનાર)] વિ. ભોગવનાર; માણનાર.

ઉપભોજન ૧. [સં. ઉપ (એક ઉપસર્ગ) + ભોજન (ખાવા જેવું)] ન. ખોરાક; ખાવાની ચીજ.

૨. [સં. ઉપ (વધારે) + ભોજન (ભોગવવા જેવું)] ન. ભોગવવા લાયક વસ્તુ.

૩. વિ. ઉપભોગ કરવા લાયક.

૪. વિ. પુખ્ત; પાકું; પ્રૌઢ.

ઉપમ ૧. [વિ.] પું. સાલનું ઝાડ. તેનાં પાન પોતાના કાનને અડતા છે.

૨. ન. હિંદુસ્તાનમાં ઊગતું બીજ વર્ગનું ધ.

૩. [સં.] વિ. ઉપમેય; સરખાવવા જેવું.

૪. વિ. તુલ્ય; જેવું; સમાન.

૫. વિ. પાસેનું; નજીકનું.

૬. વિ. જેમ; ઉત્તમ; સૌથી સારું.

૭. વિ. સૌથી ઉપરનું.

ઉપમઠ [સં. ઉપ (પેટા) + મઠ (સંપ્રદાય)] પું. મુખ્ય મઠની શાખા; પેટા વિભાગ.

ઉપમત્ત પું. (પિંગળ) પચીસથી અડતાલીસ માત્રા સુધીના સમજાતિ માત્રામેળ છંદનો વર્ગ.

ઉપમસ્તકું [સં. ઉપ (નાનું) + મસ્તક (માથું)] ન. લમણાનો ભાગ જ્યાંથી ભમરો આવતી હોય એવી પેટા લીટી; 'સબ્રો'.

ઉપમકુલિકા [સં. ઉપ (નાનું) + મધુલિકા (એક વનસ્પતિ)] સ્ત્રી. મુલેઠી નામની વનસ્પતિ; જેઠીમધ; યષ્ટિમધુ.

ઉપમન [સં. ઉપ (નાનું) + મનસ્ (મન)] ન. સંકલ્પવિકલ્પ કરનારી સૂક્ષ્મ અંદરની ઇંદ્રિય. અવિજ્ઞાત એટલે ન જાણી શકાય તેવું, ચેતનાનીત અથવા સૂક્ષ્મ એમ એને નામ આપવામાં આવેલ છે.

ઉપમન્યવ [સ. ઉપમન્યુ (એક ઋષિનું નામ)] ન. વસિષ્ઠ ગોત્રનું એક પ્રવર.

ઉપમન્યુ ૧. પું. (પુરાણ) કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો દીકરો, શુક્રાચાર્યનો ભાઈ.

૨. પું. (પુરાણ) યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં ફરવાનું કામ કરનાર આઠમાંનો એ નામનો એક ઋષિ.

૩. પું. (પુરાણ) વસિષ્ઠકુળના બહુ ઋષિનો દીકરો.

૪. [સં. ઉપ (પોતે) + મન્યુ (ક્રોધ)] પું. (પુરાણ) વસિષ્ઠકુળના વ્યાઘ્રપાદ નામના ઋષિનો ભેમાંનો મોટો દીકરો. એ ધૌમ્ય ઋષિનો મોટો ભાઈ હતો. તે નાનો હતો ત્યારે બધી વાર પોતાના ભાઈઓ સાથે ખેર જ રમતો. એક વખત પોતાના ભાઈ સાથે રમતાં રમતાં તે બીજા ઋષિને આશ્રમે ગયો. ત્યાં ગાયો દોહવાની હોઈને દોહનારીએ ઉપમન્યુ અને તેના ભાઈને દૂધ આપ્યું. દૂધ પીને બંને ભાઈ પોતાને ઘેર ગયા અને પોતાની મા પાસે દૂધ માગ્યું. માએ પોતે હંમેશા કરતી હતી તેમ લોટ પાણીમાં નાખી ઢહોળીને એની આગળ મૂકયું. એ ન પીતાં તેણે દૂધ માગ્યું. તેથી માએ કહ્યું કે દૂધ મેળવવા જેવાં તમારાં પુણ્ય નથી, કેમકે બધા જન્મમાં તમે પ્રભુનું પૂજન કર્યું જ નથી. આ ઉપરથી ઉપમન્યુએ મંદિરને પ્રસન્ન કરી એક કલ્પનું આયુષ્ય અને ક્ષીરસાગરનું અધિપતિપણું એવાં વરદાન મેળવ્યાં હતાં. એ શૈવ મનાતો. કૃષ્ણે પણ એની પાસે શૈવ ધર્મની દીક્ષા લીધેલી. એ તંડી ઋષિનો શિષ્ય હતો.

૫. પું. (પુરાણ) વેદ ઋષિનો એ નામનો શિષ્ય; ઉત્તંક. આકડાનાં પાદડાં ખાઈને ચેહાથી તે આંધળો બનેલો. અશ્વિનીકુમારે તેને આંખો આપી હતી.

૬. ન. એ નામનું એક ગોત્ર.

૭. ન. કાલાપન ગોત્રનું એ નામનું એક પ્રવર એટલે એક માણસ.

૮. ન. સાંકૃત ગોત્રના એક પ્રવરનું નામ.

૯. વિ. ચલ કરનું; ચંચલતા.

૧૦. વિ. સમજશક્તિવાળું; સુદ્દિરાળું.

ઉપમન્યુવાસિષ્ઠ ૧. [સં.] પું. (પુરાણ) ઋગ્વેદના નવમા મંડલના સત્તાણુમા સૂક્તની ૧૩–૧૫ ઋચાનો કર્તા એક ઋષિ.

૨. પું. (પુરાણ) સામવેદમાં જણાવેલ એક ઋષિનું નામ.

ઉપમર્ત્ય [સં. ઉપ (પાસેનું) + મર્ત્ય (પૃથ્વી)] વિ. પૃથ્વીની નજીકનું.

ઉપમર્દ ૧. [સં. ઉપ (વધારે) + મૃદ્ (દૂર કરવું)] પું. અનાજનાં ફોતરાં કાઢવાં તે.

૨. પું. અપમાન; તિરસ્કાર.

૩. પું. ધિક્કાર.

૪. પું. (વેદાંત) એક રૂપ અથવા ગુણનો નાશ થતાં બીજા રૂપ અથવા ગુણની ઉત્પત્તિ.

૫. પું. ખસી નાખ્યું તે; બધિયું.

૬. પું. ઢાબી દેવું તે; કચરી નાખવાપણું.

૭. [સં. ઉપ (વધારે) + મૃદ્ (મારી નાખવું)] પું. નાશ; વિનાશ; ક્ષય; ખાનું; હિંસા.

૮. પું. પીસવું તે.

૯. પું. સોવું તે; ઝાડવું તે.

૧૦. પું. દબાવવાની ક્રિયા.

ઉપમર્દક ૧. વિ. ધિક્કાર કરનાર.

૨. [સં. ઉપ (વધારે) + મર્દક (દાબનાર)] વિ. કચરી નાખનારું; ઢાંકી નાખનાર.

૩. વિ. નાશ કરનાર; વિનાશક; મારી નાખનાર.

ઉપમર્દકારક [સં. ઉપ (વધારે) + મૃદ્ (મારી નાખવું) + કારક (કરનાર)] વિ. વિનાશ કરનાર; મારી નાખનાર.

ઉપમર્દન ૧. ન. ખસવું તે; બધિયું.

૨. ન. દાબવું તે.

૩. ન. પીડવાપણું.

૪. [સ. ઉપ (વધારે) + મર્દન (નાશ કરવો તે)] ન. (વેદાંત) પૂર્વ રૂપ કે ગુણનો વિનાશ કરી બીજું રૂપ કે ગુણ ઉત્પન્ન કરવાં તે.

૫. [સં. ઉપ (વધારે) + મૃદ્ (દૂર કરવું) + અન (પ્રત્યય)] ન. ફોતરાં કાઢવાં તે.

૬. ન. મારી નાખવા તે; નાશ; વિનાશ

૭. ન. સોવું તે; ઝીણવું તે.

ઉપમલ [સં. ઉપ (એક ઉપસર્ગ) + મલ (મેલ)] પું. નખ વગેરે

ઉપમલ્લક [સ. ઉપ (નાનું) + મલ્લ (એક દેશ) + ક (પ્રત્યય)] પું. મલ્લોકા દેશ

ઉપમવું [સં. ઉપ (સાથે) + મા (માપવું)] સ. ક્રિ. ઉપમા આપવી; સરખાવવું.

ઉપમસ્તિષ્ક [સં. ઉપ (નાનું) + મસ્તિષ્ક (મગજ)] ન. અનુમસ્તિષ્ક; અસ્થિમજ્જા ઉપર અને આગળના ભાગમાં રહેલો પાછલા મગજનો મોટો ભાગ; નાનું મગજ. તે સંયુક્ત સ્નાયુતંત્ર ઉપર કાબૂ ધરાવે છે.

ઉપમહાલરક્ષક [ઉપ (પેટા) + મહાલ (પરગણું) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. નાયબ ફોજદાર; ફોજદાર નીચેનો પોલીસ અમલદાર.

ઉપમંડલદંડાધીશ [સં. ઉપ (ઊતરતા) + મંડલ (પ્રદેશ) + દંડ (શિક્ષા) + અધીશ (ઉપરી)] પું. ફોજદારી ન્યાયાધીશ.

ઉપમંત્રણ ૧. [સં. ઉપ (વધારે) + મંત્ર (દેવની સ્તુતિનો મંત્ર શબ્દ)] ન. આરાધના; દેવોને પ્રાર્થના કરી બોલાવવા તે; વિનતિ.

૨. ન. ખુશામદ.

૩. [સં. ઉપમંત્ર્ (નોતરવું)] ન. નોતરું; આમંત્રણ.

૪. ન. ફરજ માટે પ્રાર્થનાપૂર્વક પ્રેરણા

ઉપમંત્રવું ૧. [સં. ઉપમન્ત્ર્ (નોતરવું)] સ. ક્રિ. આમંત્રણ આપવું; નોતરવું; બોલાવવું.

૨. સ. ક્રિ. આરાધવું; દેવોને આજીજી કે પ્રાર્થનાથી બોલાવવા.

ઉપમંત્રી ૧. પું. નાયબ પ્રધાન; મુખ્ય કાર્યકર્તાનો મદદનીશ.

૨. [સં. ઉપ (નાનું) + મંત્રિન્ (પ્રધાન)] પું. પેટા સલાહકાર.

૩. [સં. ઉપમંત્ર્ (નોતરવું)] વિ. આમંત્રણ કરનાર.

૪. વિ. ખુશામતિયું.

ઉપમંથન ૧. [સં. ઉપ (વધારે) + મંથ્ (મથવું)] પું. મથનાર; મહેનત કરનાર.

૨. પું. રવૈયો.

૩. [સં. ઉપ (વધારે) + મંથ્ (વલોવવું)] પું. વલોવનાર; મથન કરનાર.

ઉપમંથની [સં. ઉપ (વધારે) + મથ્ (વલોવવું)] સ્ત્રી. અગ્નિ પેટાવવાનું સાધન.

ઉપમા ૧. સ્ત્રી. કીર્તિ; આબરૂ.

૧. ઉપમા કરવી – વધારવી = (૧) આબરૂ વધારવી. (૨) સ્તુતિ કરવી; વખાણ કરવાં.

૨. ઉપમા પામવી = આબરૂ મળવી.

૩. ઉપમા લેવી = (૧) દાખલો લેવો. (૨) માન પામવું.

૨. [સં. ઉપ (સાથે) + મા (માપવું)] સ્ત્રી. જે બીજાને સરખાવવામાં આવે અને જે બીજાની સાથે સરખાવવામાં આવે તે બેનો તેઓમાંના સરખા ગુણ સાથે સંબંધ.

૩. સ્ત્રી. જેની સાથે સરખામણી કરવી હોય તે; ઉપમાન.

૪. સ્ત્રી. દાખલો; દૃષ્ટાંત; નિદર્શન.

૫. સ્ત્રી (કાવ્ય) સિત્તાલીસ માંહેના એક અર્થાલંકારનું નામ; બે ચીજ વચ્ચે સરખાપણું વર્ણવેલું હોય એવો અલંકાર. સઘળા અલંકારોમાં આ મુખ્ય અલંકાર છે, કારણ કે ઉપમામાં થોડો થોડો ફેરફાર કરવાથી બીજા ઘણા અલંકાર બને. જેમકે, સીતાનું વદન ચન્દ્રો સમાન ઉજ્જ્વલ છે. ઉપમાના ચાર અંગ: (૧) ઉપમાન, (૨) ઉપમેય, (૩) વાચક અને (૪) સાધારણ ધર્મ. ઉપમાના ભેદ: (૧) લુપ્તોપમા, (૨) નિયમોપમા, (૩) નિર્ણયોપમા, (૪) બહૂપમા, (૫) માલોપમા, (૬) અમૂતોપમા, (૭) નિંદોપમા, (૮) અપ્રકૃત અપ્રકૃત ઉપમા, (૯) પ્રકૃત પ્રકૃત ઉપમા, (૧૦) વૈધર્મ્ય ઉપમા, (૧૧) અભાવરૂપ સાધર્મ્ય ઉપમા, (૧૨) અસંભાવિતોપમા, (૧૩) પદોપમા, (૧૪) સમાસોપમા, (૧૫) પૂર્ણોપમા, (૧૬) પ્રત્યયોપમા, (૧૭) રત્નોત્પ્રેક્ષા, (૧૮) નિંદોપમા, (૧૯) તત્ત્વાખ્યાનોપમા, (૨૦) નિરવયવોપમા, (૨૧) સાવયવોપમા, (૨૨) સમસ્તવસ્તુવિષયોપમા, (૨૩) એકદેશવિવર્તોપમા, (૨૪) પરંપરિતોપમા, (૨૫) સમુચ્ચયોપમા, (૨૬) રસનોપમા, (૨૭) નિન્દોપમા, (૨૮) કલ્પિતોપમા, (૨૯) ઉત્પાદ્યોપમા, (૩૦) વિપર્યાસોપમા અને (૩૧) પરંપરોપમા. અર્થ જાણ્યા જાતના છે: વાચ્ય એટલે કહેવા ધારેલ, લક્ષ્ય એટલે ધ્યેય અને વ્યંગ્ય એટલે આડકતરી રીતે સૂચવાયેલ. એ ત્રણે અર્થોમાં અલંકાર હોવાની યોગ્યતા છે. તે ઉપરથી વાચ્યોપમા, લક્ષ્યોપમા અને વ્યંગ્યોપમા એ ત્રણ અલંકાર છે

> ઉપમેય એટલે જે વસ્તુને બીજી વસ્તુ સાથે સરખાવવામાં આવે તે. ઉપમાન એટલે જે વસ્તુ સાથે બીજીને સરખાવવામાં આવે તે. સામાન્ય ધર્મ એટલે ઉપમેય અને ઉપમાન બંનેની અંદર જે સરખા ગુણ જોવામાં આવે તે. ઉપમાન અને ઉપમેયનો સમાન ધર્મ સાથે સંબંધને **ઉપમા** કહે છે. સંસ્કૃત પુષ્પાંજલિ

૬. સ્ત્રી. પ્રમાણથી એટલે ઉપમાનથી થતુ શબ્દ શક્તિનુ જ્ઞાન.

૭. સ્ત્રી. બરાબરપણું; સાદૃશ્ય; સરખાપણું; સમાનતા.

૮. સ્ત્રી. માનતા

૯. સ્ત્રી. મોટાઈ; મહિમા.

૧૦. સ્ત્રી. શોભા, કાંતિ.

૧૧. [સ. ઉપ (સાથે) + મા (માપવું)] સ્ત્રી. સરખામણી, મુકાબલો; તુલના.

ઉપમા આપવી દેવી = (૧) આબરૂ વધારવી. (૨) સરખામણી કરવી.

ઉપમા અલંકાર [સ. ઉપમા (સરખામણી) + અલંકાર (શબ્દની ચમત્કારવાળી રચના)] પું. બે ચીજ વચ્ચે ચમત્કારી રીતે સરખાપણું વર્ણવેલું હોય એવો અલંકાર. જુઓ ઉપમા ૫.

ઉપમાતા ૧. [સં. ઉપ (પાસે) + માતૃ (માપનાર)] પું. ચિતારો.
૨. પું. મૂર્તિ બનાવનાર માણસ.
૩. સ્ત્રી. આંબળાનું ઝાડ.
૪. [સં. ઉપ (ઊતરતું) + માતૃ (મા)] સ્ત્રી. ઓરમાન મા; સાવકી મા; અપરમા.
૫. સ્ત્રી. ધાવ; ધવાડનારી મા. ધાવી.
૬. [સં. ઉપ (સરખું) + માતૃ (મમતા)] સ્ત્રી. મમતા સમાન કોી. જેમકે, માસી
૭. વિ. ઉપમા દેનાર; સરખામણી કરનાર.

ઉપમાતિ ૧. [સં.] પું. અગ્નિદેવનું એક નામ.
૨. સ્ત્રી. અરજ; પ્રાર્થના.
૩. [સ. ઉપ (સાથે) + મા (માપવું)] સ્ત્રી. ઉપમાન; જેની સાથે સરખામણી હોય તે.
૪. સ્ત્રી. એ નામનો એક અર્થાલંકાર. જુઓ ઉપમા ૫.
૫. સ્ત્રી મારી નાખવું તે.
૬. સ્ત્રી સમાનતા; સરખાપણું.
૭. સ્ત્રી. સરખામણી; તુલના; મુકાબલો.
૮. વિ. પાસે જવાની છૂટવાળું
૯. [સં. ઉપમા (આપવું)] વિ. લક્ષ્મી આપનારું.

ઉપમાદ ૧. [સં. ઉપ (બમણે) + માદ (આનંદ કરવો)] પું. આનંદ.
૨. વિ. હર્ષજનક; આનંદ આપનાર.

ઉપમાદોષ [સં. ઉપમા (સરખામણી) + દોષ (ખામી)] પું. ઉપમા આપવામાં થતી ભૂલ. જેમકે, હીનોપમા, અધિકોપમા

ઉપમાદ્રવ્ય [સં. ઉપમા (સરખામણી) + દ્રવ્ય (પદાર્થ)] ન. સરખામણી માટે વપરાતી વસ્તુ.

ઉપમાધર્મ [સં. ઉપમા (નક્કિતા) + ધર્મ] પું. અધર્મની પાંચ માઠેની એક શાખા; ઉપધર્મ, વેદ વિરુદ્ધ કહેવામાં આવતો અથવા દંભ કે પારકાને ઠગવા માટે આચરાતો ધર્મ. જેમકે, સ્વામી તરફ સાચી પ્રીતિ વિના મિથ્યા સલામો કરવી, ગુરુમાં ગુરુપણાનો ભાવ જોયા વિના ખોટો વિવેક દેખાડવો

ઉપમાન ૧. પું. (પિંગળ) તેત્રીસ માત્રાનો એક છંદ. તેમાં ૧૩ ને ૧૦ માત્રાએ યતિ અને ૧, ૫, ૮, ૧૨, ૧૫ ને ૨૦ માત્રાએ તાલ આવે.

ક્ષ ક્ષ પ્રભુ તેત્રીસ જગ્ય, ને દસ પર યતિ છે,
સગિ રાર નગ રવિ સોલ પીરત, પર તાલની ગતિ છે:
એ સ્વરૂપ ઉપમાનનો, કવિવર તણું અતિ, પૂરું જાન હોજો.
સ્વરૂપિણ

૨. પું. (પિંગળ) અઢારોદ; બાવીસ માત્રાના એક છંદનું નામ.
૩. [સં. ઉપ (ચોરું) + માન (જાણવું)] ન. અપમાન.
૪. ન. ઉપમાનથી જેટલે જેની સાથે સરખાવવામાં આવે તેનાથી અનુમાનનું જ્ઞાન થાય એવો એક અર્થાલંકાર. જેમકે, ચંદ્ર રોહિણી જ્યારે સખા, જે છે શકટ સમાન. તેમાં શકટના જેવું રોહિણી નક્ષત્ર હોય એ ઉપમાનથી આ રોહિણી છે એ ઉપમિતિ સાધિત થાય.
૫. ન. જેની સાથે ઉપમા કે સરખામણી કરવાની હોય તે; સરખામણી કરવાનું સાધન, જે વસ્તુના ગુણનો આરોપ બીજી વસ્તુમાં કરવામાં આવે તે વસ્તુ. જેમકે, તેનું મુખ ચંદ્ર જેવું છે. એમાં 'ચંદ્ર' એ ઉપમાન છે.
૬. ન. દૃષ્ટાંત; દાખલો.
૭. ન. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ એ છ માઠેનું એક પ્રમાણ; ઉપમિતિનું કરણ; સાદશ્યજ્ઞાન; સારૂપ્યજ્ઞાન. તેની ચરુ જાતઃ (૧) સાધર્મ્ય ઉપમાન. જેમકે, 'બળદ જેવું રોઝ હોય છે' એ જ્ઞાનવાળો માણસ બળદ જેવું કોઈ પ્રાણી જોઈ એ રોઝ છે એમ ઉપમાન દોરે. તેમાં બળદ અને રોઝ વચ્ચેના સરખાપણાનું જ્ઞાન એ કરણ, તે જ્ઞાનનું સ્મરણ એ વ્યાપાર અને એ રોઝ છે એવી ઉપમિતિ ફલ છે. (૨) વૈધર્મ્ય ઉપમાન. જેમકે, ઘોડાની જેમ ઊંટની પીઠ સરખી નહિ પણ વચ્ચેથી ટેકરા જેવી અને ડોક લાંબી અને કોમી હોય. આમ ઘોડાથી વિરુદ્ધ ગુણવાળું ઊંટ હોય એ જાણતો, પણ અગાઉ ઊંટને નહિ જોયેલ માણસ જ્યારે ઘોડાથી વિરુદ્ધ ગુણવાળું પ્રાણી જુએ ત્યારે એ ઊંટ છે એવી ઉપમિતિ દોરે. અહીં ઊંટના ગુણ ઘોડાના કરતાં જુદા છે અને તે ઉપરથી ઉપમિતિ થાય છે માટે આ વૈધર્મ્ય ઉપમાન કહેવાય (૩) ધર્મમાત્ર ઉપમાન. જેમકે, જેમને નહિ ઓળખનાર માણસ જેમને નાકે ચીંચડું હોય એટલું જાણતો હોય તો તે નાકે ચીંચડાંવાળું પ્રાણી જોઈ ઉપમિતિ કરી શકે કે એ જેવો છે. આ ઉપમિતિમાં નાકમાં ચીંચડારૂપ અસાધારણ ધર્મનું જ્ઞાન એ ઉપમાન છે.
૮. [સં. ઉપ (નષ્ટ) + મા (મૂકવું)] ન. બે વસ્તુનું સરખાપણું; સમાનતા; અનુપમતા.
૯. ન. સરખામણી; તુલના; મુકાબલો.

ઉપમાનપદ [સં. ઉપમાન (સરખામણીનું સાધન) + પદ (શબ્દ)] ન. જેની સાથે સરખામણી કરવામાં આવે તે પદાર્થ જણાવનાર શબ્દ.

ઉપમાનપૂર્વપદ કર્મધારય [સં. ઉપમાન (સરખામણીનું સાધન) + પૂર્વ (આગળનું) + પદ (શબ્દ) + કર્મધારય (એક સમાસનું નામ)] પું. (વ્યાકરણ) જેની સાથે સરખામણી કરવામાં આવી હોય તેનો શબ્દ જેમાં પહેલો હોય એવો કર્મધારય સમાસ. જેમકે, ઘનશ્યામ, ચંદ્રમુખ, વજ્રદેહ.

ઉપમાનપ્રમાણ ન. (ન્યાય) છ માંહેનું એક પ્રમાણ.

ઉપમાનલુપ્તા [સં. ઉપમાન (સરખામણીનું સાધન) + લુપ્ત (ઊડી ગયેલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. લુપ્તોપમાના મુખ્ય ત્રણ માઠેનો એક ભેદ. તેમાં ઉપમાન અધ્યાહાર રહે છે. જેમકે, હે મધમાખ, માલતી જેવું સુંદર ફૂલ ઢૂંઢતાં નહિ મળે. અહીં માલતી જેવું સુંદર ફૂલ બીજું કોઈ મળતું નથી, એટલે કે તે ઉપમાનનો અભાવ છે. ધર્મલુપ્તા ને વાચ્યલુપ્તા એ બીજા બે પ્રકાર છે.

ઉપમાનવ [સં. ઉપ (નાનું) + માનવ (માણસ)] ન. હલકી પંક્તિનું નહિ સુધરેલ માણસ.

ઉપમાનવું [સં. ઉપમન્ (બરાર થવું)] જુ. ક્રિ. (જા. પ્ર.) અપમાન કરવું; તિરસ્કારવું; અનાદર કરવો.

જે જાણે તે વખાણીએ, સાધુ નર તે ઉપમાનીએ.
જ્ઞાનબોધસમય

ઉપમાનવ્યાપ્તિ [સં. ઉપમાન (એક પ્રમાણ) + વ્યાપ્તિ (સાથે હોવાપણું)] સ્ત્રી. (ન્યાય) છ માંહેનું એક પ્રમાણ. જુઓ ઉપમાન ૭. આમાં અનેક દાખલા લેવાના હોતા નથી. પણ એક જાણેલ પદાર્થમાં જે અમુક ગુણ છે તે બીજા અજ્ઞાત એટલે અધૂરા જાણેલા પદાર્થમાં છે. માટે જ્ઞાનીત પદાર્થના બાકીના ગુણ અજ્ઞાત પદાર્થમાં પણ છે એવું નિરૂપણ કરવાનું હોય છે.

ઉપમાનશ જુઓ ઉપમાનસિક.

ઉપમાનસિક [સં. ઉપ (નાનું) + માનસિક (મનનું)] વિ. શરીરમાં ગૂઢ રીતે રહેલું; આંતરમન સંબંધી; સૂક્ષ્મ અને સ્થૂલ એવી બે માનસિક પ્રવૃત્તિ માંહેની પહેલીને લગતું. જ્ઞાનેંદ્રિયથી ન જાણી શકાય છતાં સ્વપ્ન વગેરે

ક્રિયામાં દેખા દે તે સૂક્ષ્મ માનસિક પ્રવૃત્તિનું પરિણામ છે.

ઉપમાનુસારી [સં. ઉપમા (સરખામણી) + અનુ (પાછળ) + સારિન્ (જનાર)] વિ. પાછળનું; સાપેક્ષ; ઉપમા પ્રમાણેનું.

ઉપમાનોપમેય ૧. [સ. ઉપમાન (જેની સાથે સરખામણી હોય તે) + ઉપમેય (જેને ઉપમા આપવામાં આવી હોય તે)] ન. ઉપમાન તે જ ઉપમેય અને ઉપમેય તે જ ઉપમાન હોય એવો અર્થાલંકાર. જેમકે, આકાશ પાણી જેવું છે અને પાણી આકાશ જેવું છે.

૨. ન. (ન્યાય) એક સાથે સરખાવેલી બે વસ્તુ; ઉપમાન અને ઉપમેયનું સાથે હોવાપણું. જેમકે, મુખચંદ્ર.

ઉપમામાન ૧. [સં. ઉપમા (સરખામણી) + માન (પ્રમાણ)] ન. કોઈ પદાર્થની સરખામણી આપી કહેવામાં આવતું પ્રમાણ. જુઓ ઉપમા ૭.

૨. ન. સધ્યાયી નહિ પણ સરખામણીથી જાતુ મ.પ.

ઉપમારણ ૧. [સ. ઉપ (પાસે) + મારણ (મારવાનો તાંત્રિક પ્રયોગ)] ન. પાસેથી બીજા પાણી નાખવું તે.

૨. ન. વસ્ત્રપ્રસાદ નામના યજ્ઞમાં યજ્ઞ પૂરો થાય ત્યારે નાહવાના પાણી પાસે જઈ તેમાં અભિદાન નાખવાપણું.

ઉપમારૂપક [સં. ઉપમા (સરખામણી) + રૂપક (એક અલંકાર)] પું. (કાવ્ય) કાવ્યનો એક અલંકાર.

ઉપમાર્ગ ૧. [સં. ઉપ (પાસે) + માર્ગ (રસ્તો)] પું. નજીકનો રસ્તો.

૨. પું. નાનો રસ્તો.

૩. પું. પેટા માર્ગ; રસ્તાની શાખા.

ઉપમાલંકાર [સં. ઉપમા (સરખામણી) + અલંકાર (શબ્દો અને અર્થની ચમત્કારી રચના)] પું. (કાવ્ય) તે નામનો એક અર્થાલંકાર. બે પદાર્થ વચ્ચે બંધબેસતું સરખાપણું વર્ણવ્યું હોય તો ઉપમા અલંકાર થાય. જેમકે, ચંદ્ર જેવું સુંદર મુખ. જુઓ ઉપમા ૫.

ઉપમાલિની [સં.] પું. (પિંગળ) અતિશર્કરી જાતનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેમાં બે નગણ, તગણ, ભગણ અને રગણ મળી પંદર અક્ષર હોય અને આઠમે ને સાતમે અક્ષરે યતિ આવે.

ઉપમાવાચક [સં. ઉપમા (સરખામણી) + વાચક (બતાવનાર)] વિ. સરખામણી બતાવનારું. જેમકે, સીતાનું મુખ ચંદ્ર સમાન જેવું છે. આમાં સમાન એ શબ્દ ઉપમાવાચક છે. સમ, સમાન, જેવું, સદૃશ એ ઉપમાવાચક શબ્દો છે.

ઉપમાસ્ય ૧. [સં. ઉપ (પેટા) + માસ્ય (એક મહિનાનું)] ન. ૬૨ મહિને કરવામાં આવતી આહુતિ.

૨. વિ. માસિક, ૬૨ મહિને થતું.

ઉપમિત ૧. [સં. ઉપમા (સરખામણી કરવી) + ક્ત (એલું)] પું. બે શબ્દની વચ્ચે ઉપમાવાચક શબ્દને કાઢી નાખવાથી બનતો એક જાતનો કર્મધારય એટલે સરખી વિભક્તિવાળો તત્પુરુષ સમાસ. જેમકે, નરસિંહ, ઘનશ્યામ.

૨. વિ. સરખાવેલું; મુકાબલો કરેલું; ઉપમા અપાયેલ.

ઉપમિતસમાસ [સં. ઉપમિત (સરખાવેલું) + સમાસ (બે કે જ્યારે શબ્દોના સમૂહથી બનેલો શબ્દ)] પું. ઉપમાવાચક શબ્દને લોપીને થતો કર્મધારય સમાસ. જેમકે, નરસિંહ; ઘનશ્યામ.

ઉપમિતિ ૧. [સં. ઉપમા (સરખામણી) + ક્ત (એલું) + ઙી (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (ન્યાય) ઉપમા અથવા સાદૃશ્યથી થતું જ્ઞાન. બે વસ્તુના સરખાપણાનો અતિદેશ એટલે જાણેલી વસ્તુના ગુણનું નહિ જાણેલ વસ્તુમાં આરોપ કરવાથી થતું જ્ઞાન. અહીં સરખાપણાનું પ્રત્યક્ષજ્ઞાન એ સાધન છે, તેનું ફળ આવું તે ક્રિયા છે અને ઉપમિતિ એ ફળ છે. જુઓ ઉપમાન.

૨. સ્ત્રી. એક જાતનો અલંકાર; ઉપમા.

૩ સ. ઉપ (સામે) + મા (માપવું) + ઙી સરખામણી; સમાનતા; ઉપમા; મુકાબલો, તુલના.

ઉપમિતિપ્રમા [સં. ઉપમિતિ (સરખામણીથી થતું જ્ઞાન) + પ્રમા (ખરું જ્ઞાન)] સ્ત્રી. (ન્યાય) સરખામણીના જ્ઞાનને લીધે ફરી વળેલા પદાર્થમાં થતું સમાનતાનું જ્ઞાન; સદૃશસંજ્ઞી જ્ઞાન. જુઓ ઉપમિતિ ૧.

ઉપમિતિસમાસ [સં. ઉપમિતિ (સરખાપણું) + સમાસ (બે કે વધુ અર્થ ધરાવે શબ્દ)] પું. (વ્યાકરણ) પ્રાધ્યો શબ્દ વિશેષ્ય હોય તેવો સમાસ. તેમાં પૂર્વપદ એટલે પહેલો શબ્દ ઉપમેય અને ઉત્તરપદ એટલે બીજો શબ્દ ઉપમાન હોય. ઉપમેયને ઉપમિત પણ કહે છે. ઉપમિત પહેલાં મુકાતો હોવાથી આવો સમાસ ઉપમિતસમાસ પણ કહેવાય છે. જેમકે, મુખચંદ્ર, ચરણકમલ.

ઉપમીમાંસા ૧. [સં. ઉપ (અધિક) + મીમાંસા (વિચારણા)] સ્ત્રી. ચણતર; ચણતરી.

૨. સ્ત્રી. વિચારણા; મનન.

૩. સ્ત્રી. સંશોધન; તપાસ.

ઉપમુકુલ [સં. ઉપ (નીચે) + મુકુલ (બીલાડી કણ)] પું. મગજના ચક્ષુરજાપુ એટલે આંખની મસિપેશીના પાછલા ઉપાની નીચેની બે ગોળાકાર નાડીગ્રંથિ; 'કોર્પોરા જેનિકયુલેટા'.

ઉપમૂળ [સં. ઉપ (પેટા) + મૂલ (મૂળિયું)] ન. મૂળમાંથી ભાગ ફૂટતા કાંટા.

ઉપમૃત્યુ [સં. ઉપ (બાજુ) + મૃત્યુ (મરણ)] ન. સ્વર્ગલોક; મૃત્યુભૂમિથી ઊંચે આવેલું જગત.

ઉપમેત ૧. પું. સામવેદનું ગ્રાહ્ય.

૨. પું. સામવેદ.

ઉપમેય ૧. [સં. ઉપમા (સરખામણી) + ય (જેવું)] ન. સરખામણીની વસ્તુ; જે સરખાવવામાં આવે તે. જેમકે, કમળ જેવું સુંદર મુખ એમાં મુખ ઉપમેય છે. ઉપમેય ઉપમાન કરતાં ઊતરતા ગુણવાળું હોય.

૨. વિ. સરખાવવા જેવું; મુકાબલો કરવા લાયક.

ઉપમેય આધિક્ય [સં. ઉપમેય (સરખાવવામાં આવતી વસ્તુ) + આધિક્ય (વધારેપણું)] ન. સરખાવવામાં આવતી ચીજનું ચડિયાતાપણું.

ઉપમેયત્વ [સં. ઉપમેય (સરખાવવા જેવું) + ત્વ (પણું)] ન. ઉપમા આપવાપણું; સરખાવવા જેવું હોવાપણું. જેમકે, કમળ જેવું સુંદર મુખ. એમાં મુખનું ઉપમેયત્વ છે.

ઉપમેયા પું. (પિંગળ) જગતીની જાતનો બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વસંત અને ઇંદ્રવજ્રાની મેળવણીથી બનેલો હોઈને તેનું પહેલું અને ત્રીજું ચરણ વંશસ્થનું અને બીજું ને ચોથું ચરણ ઇંદ્રવજ્રાનું હોય.

ઉપમેયોપમા [સં. ઉપમેય (જેને સરખાવવામાં આવે તે વસ્તુ) + ઉપમા (સરખામણી)] સ્ત્રી. (કાવ્ય) ઉપમેયની ઉપમા ઉપમાનને અને ઉપમાનની ઉપમા ઉપમેયને આપી હોય તેવો અર્થાલંકાર; જેમાં ઉપમાન ઉપમેય થાય અને ઉપમેય ઉપમાન થઈ જાય તેવી ઉપમા; જેમાં અમુક ગુણને લીધે ઉપમેયને ઉપમાન માટે ને ઉપમાનને ઉપમેય માટે સરખાવેલ હોય તેવો અલંકાર. બે પદાર્થને અમુક ગુણમાં એકબીજા સાથે સરખાવ્યા હોય તો ઉપમેયોપમા અલંકાર થાય. એ ગુણમાં ત્રીજો પદાર્થ એ બેના જેવો નથી એમ સૂચવવું એ એ

અલંકારનું પ્રયોજન છે. ઉપમેયની સાથે ઉપમા જોડીને સરખાપણું બતાવવામાં આવે છે, માટે તે ઉપમેયોપમા કહેવાય છે. જેમકે,
સુમેરી નયનાનંદી રમણીપ સુરક્તતા.
પદ્મના સમ છે વક્ત્ર વક્ત્રના સમ પદ્મ છે.

ઉપવજ્ર ૧. [સ. ઉપ (સાથે) + વજ્ર (પ્રજવું)] પું. એક વર્ણનું નામ.
૨. પું. વર્ણનાં વધારાનાં અગિયાર સૂત્ર.

ઉપવતિ [સં.] પું. નાટકના તેત્રીસમાંનો એક અલંકાર. તેનાથી નાટકનું સૌંદર્ય બહુ વધે છે.

ઉપયમ ૧. [સં. ઉપ (ઉપર) + યમ (દાબ)] પું. કાબૂ; સંયમ; વશ રાખવાપણું.
૨. [સં. ઉપયમ્ (વિવાહ કરવો)] પું. વિવાહ, શાદી; ઉદ્વાહ; લગ્ન.

ઉપયમન ૧. [સ. ઉપ (ઉપર) + યમન (દાબ)] ન. કાબૂ; સંયમ; વશ રાખવું તે.
૨. [ઉપ (નીચે) + યમ્ (દેવું લેવો)] ન. ટેકો; આધાર; આશ્રય.
૩. ન. લાકડાનું નાનું પૂળિયું.
૪. ન. દેવતા સંતોષવાપણું; અગ્નિનું સ્થાપન.
૫. [સ. ઉપ (પાસે) + યમ્ (જવું)] ન. પાસે જવાપણું.
૬. ન. બાંધવાનું સાધન; દોરી.
૭. [સ ઉપયમ્ (વિવાહ કરવો)] ન વિવાહ, લગ્ન.

ઉપયમની ૧. [સં. ઉપ (પી) + યમ્ (પીરસવું)] સ્ત્રી. કડછી જેવું વાસણ એક વાસણ
૨. સ્ત્રી. વાસણમાં સમિધ એટલે બળતણ જેના ઉપર રંધાય તે પણ્યાર

ઉપયવ [સં.] પું. (પુરાણ) એક ઋષિનું નામ

ઉપયષ્ટા [સં. ઉપ (ઉપવાસ) + યષ્ટૃ (યજ્ઞ કરનાર)] પું. વાસણમાં ઉપવજ્ર નામના સૂત્ર બોલનારે ખાવાનું.

ઉપયંતા ૧ [સં. ઉપ (ઉપર) + યંતૃ (દાબ રાખનાર)] પું. પતિ; વર; ધણી.
૨. વિ. નિયમમાં રાખનાર; સંયમ કરનાર.

ઉપયંત્ર ૧. [સં. ઉપ (પેટા) + યંત્ર (સંચો)] ન. મુખ્ય યંત્રને મદદ કરવા વપરાતું એક પેટા યંત્ર; 'ઑક્ઝી મશિન'
૨. ન. રસોડામાં વપરાતું કાંટા જેવી નાની વસ્તુ ખેંચી કાઢવાનું એક ઓજાર. જુદી જુદી પચીસ વસ્તુ ઉપયંત્ર તરીકે વપરાય છે.

ઉપયાચક [સં. ઉપ (પાસે) + યાચ્ (માગવું) + અક (કરનાર)] વિ. પાસે આવી માગનાર; ભિખારી.

ઉપયાચન [સ. ઉપ (પાસે) + યાચ્ (માગવું) + અન (પદ્ધ)] ન. પાસે જઈને માગવું તે. ભીખ.

ઉપયાચિકા [સ. ઉપ (નજીક) + યાચિકા (માગણી)] સ્ત્રી. પરપુરુષ પાસે જઈને સંભોગની માગણી કરનાર સ્ત્રી.

ઉપયાચિત ૧. [સં. ઉપ (પાસે) + યાચિત (માગેલું)] ન. આજીજી; પાસે જઈ માગવું તે; પ્રાર્થના; માગણી; વિનંતિ.
૨. ન. ધાર્મિક હેતુ પાર પાડવા દેવને કરેલી પ્રાર્થના.
૩. ન. માનતા; ઇચ્છિત વસ્તુ મેળવવા દેવને અર્પણ કરવાનું વચન આપેલ વસ્તુ.
૪. વિ. માગેલું; પ્રાપ્તેલું.

ઉપયાચિતક જુઓ ઉપયાચિત.

ઉપયાજ ૧. [સં. ઉપ (સાથે) + યાજ્ (પ્રજવું)] પું. એ નામનો એક વજ્ર.
૨. [સ. ઉપ (નાનો ભાઈ) + યાજ (એક ઋષિપુત્રનું નામ)] પું. (પુરાણ) એક ઋષિનું નામ; યાજનો નાનો ભાઈ.

ઉપયાત [સ. ઉપ (પાસે) + યાત (ગયેલું)] વિ. પાસે ગયેલું.

ઉપયાન [સ. ઉપ (પાસે) + યાન (જવાપણું)] ન. નજીક જતું તે.

ઉપયામ ૧. [સ. ઉપ (પી) + યમ્ (પીરસવું)] પું. વજ્રમાં વપરાતું કડછી જેવું એક વાસણ
૨. પું. વજ્રમાં સોમરસ લેવાના વાસણનો ટેવ.
૩. [સ. ઉપયમ્ (વિવાહ કરવો)] પું. વિવાહ; લગ્ન.
૪. [સં. ઉપ (ઉપર) + યમ્ (દાબ રાખવો)] પું. સંયમ; કાબૂ.
૫. પું. સોમરસ લેતી વખતે વજ્રમાં બોલાતું સૂત્ર

ઉપયાંસ પું. ખોડો; ગાયની ગરદન ઉપર બાજતો મેસ.

ઉપયુક્ત ૧. [સં. ઉપ (નીચે) + યુક્ત (જોડાયેલું)] પું. કારકુન; મુનીમતો.
૨. પું. હિસાબ રાખનાર અને હિસાબ રાખનાર અમલદારનો મદદનીશ.
૩. પું. સાધન; ઉપાય; ઉપકરણ.
૪. વિ. કાબેલ; કર્મકુશળ; હોશિયાર; સમર્થ, શક્તિમાન.
૫. વિ. કામનું; ઉપયોગી.
૬. વિ. ભલામણ કરેલું.
૭. વિ. આપેલું.
૮. વિ. જણાવેલું; સમજેલું; બતાવેલું.
૯. વિ. બંધબેસતું, અનુરૂપ; અવિરુદ્ધ.
૧૦. [સ. ઉપયુજ્ (જોડવું)] વિ. જોડેલું, વાપરેલું; ઉપયોગ કરેલ
૧૧. વિ. યોગ્ય; લાયક; ઉચિત. વાજબી; મુનાસિબ.
૧૨. વિ. રચેલું
૧૩. વિ. લાગુ પડેલું.
૧૪. વિ. સાવધ; ઉપયોગવાળું.

ઉપયુક્તતા ૧. [સ. ઉપયુક્ત (કામનું) + તા (પણું)] સ્ત્રી. ઉપયોગીપણું.
૨. સ્ત્રી. હામદામદી; હિતકરતા.
૩. સ્ત્રી. બરાબરી; ઔચિત્ય, યોગ્યતા; લાયકાત.
૪. સ્ત્રી. બંધબેસતું હોવાપણું.
૫. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય.

ઉપયુક્તતાઽમત ૧. [સ. ઉપયુક્ત (ઉપયોગી) + તા (પણું) + અમત (માન્યતા)] પું. ઉપયોગિતા એ જ નીતિનું ધોરણ છે અને તેથી અમુક કાર્યની ઉપયોગિતા જેમ વધારે તેમ તે વધારે પ્રામાણિક છે એમ માનતો વાદ.
૨. [સ. ઉપયુક્ત (ઉપયોગી) + તા (પણું) + અત (માન્યતા)] પું. વધુમાં વધુનું સૌથી વધારે સુખ આપે એ તમામ સામાજિક અને રાજકીય સંસ્થાઓનાં પ્રયોજન અને બહુમત હોવાં જોઈએ એવો વાદ; હિતવાદ; ઉપયોગિતાવાદ; હિતબહુમતવાદ; 'યુટિલિટરિઅનિઝમ'.

ઉપયુક્તતાવાદ [સ. ઉપયુક્ત (ઉપયોગી) + તા (પણું) + વાદ (મત)] પું. વધારેમાં વધારે સંખ્યાનું વધારેમાં વધારે ભલું કરવું એવો મત; જનસુખવાદ; જનહિતવાદ; 'યુટિલિટેરિઅનિઝમ'. જુઓ ઉપયુક્તતામત. ૧–૩.

ઉપયુક્તતાવાદી [સં. ઉપયુક્ત (ઉપયોગી) + તા (પણું) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. ઉપયુક્તતાવાદમાં માનનારું; જનહિતવાદી; જનસુખવાદી; બહુહિતવાદી; 'યુટિલિટેરિઅન'.

ઉપયુક્તપરીક્ષા [સં. ઉપ (નીચે) + યુક્ત (જોડેલ) + પરિ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું)] સ્ત્રી. નોકરની વર્તણૂકની તપાસ.

ઉપયુક્તિ [સં. ઉપ (સાથે) + યુક્તિ (જોડાણ)] સ્ત્રી. યોગ્યતા; લાયકાત.

ઉપયોક્તા [સં. ઉપ (સાથે) + યોક્તૃ (જોડનાર)] પું. ઉપયોગ કરનાર.

ઉપયોગ ૧. [સં. ઉપ (પાસે) + યુજ્ (જોડવું)] પું. ક્રમમાં લેવાપણું; વપરાશ; વાપર; પ્રયોગ.

૧. ઉપયોગ કરવો–લેવો = (૧) કામે લગાડવું. (૨) વાપરવું; કામમાં લેવું.
૨. ઉપયોગમાં આવવું–લેવું = (૧) કામે લગાડવું. (૨) સાભકારક થાય એમ કરવું.
૨. પું. (જૈન) ચેતનાની પ્રવૃત્તિ; શબ્દાદિ વિષયમાં ઇંદ્રિયનું જોડાવું.
૩. પું. જરૂરિયાત; અપ; આવશ્યકતા.
૪. પું. જોડાવું.
૫. પું. ઢાંકવું; આવરવું.
૬. પું. ઘરની વપરાશ કે તેની બનાવટ.
૭. પું. ધારેલ વસ્તુ મેળવવાનું સાધન.
૮. પું. ફાયદો; લાભ; નફો.
૯. પું. ભોગવટો; ઉપભોગ.
૧૦. પું. ભોજન; ખોરાક.
૧૧. પું. માફકતા; અનુકૂળતા.
૧૨. પું. યોગ્યતા; લાયકાત.
૧૩. પું. વર્તણૂક; આચરણ.
૧૪. પું. વ્યવહાર; કામકાજ.
૧૫. પું. (ગણિત) વ્યવહારિક લાભ માટે અથવા બીજા કોઈ સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે સાબિત કરેલા સિદ્ધાંતની મદદ લેવાપણું.
૧૬. પું. (જૈન) સંભાળ; સાવચેતી; દરકાર.
૧૭. પું. સાવધાનતા; જાગ્રતિ.
૧૮. પું. (જ્યોતિષ) સૂર્ય કે ચંદ્રના અમુક ક્રોણે આવવાથી થતો આશ અવસર; યોગ. તે અઠાવીસ યોગ નીચે પ્રમાણે: આયુષ્માન, સૌભાગ્ય, શોભન, અતિગંડ, સુકર્મા, ધૃતિ, શૂલ, ગંડ, વૃદ્ધિ, ધ્રુવ, વ્યાઘાત, હર્ષણ, વજ્ર, સિદ્ધિ, વ્યતિપાત, વરીયાન, પરિઘ, શિવ, સિદ્ધ, સાધ્ય, શુભ, શુક્લ, બ્રહ્મ, ઐંદ્ર, વૈધૃતિ.

ઉપયોગઇંદ્રિય [સં. ઉપયોગ (ચેતનાની પ્રવૃત્તિ) + ઇંદ્રિય (જ્ઞાનનું સાધન)] સ્ત્રી. (જૈન) આત્મિક શક્તિ, ઇંદ્રિયો અને ઇંદ્રિયોની શક્તિ એ ત્રણના મળવાથી થતું જ્ઞાન.

લબ્ધિ, નિર્વૃત્તિ તથા ઉપકરણ એ ત્રણેના મળવાથી જે રૂપ આદિ વિષયોને સામાન્ય અને વિશેષ બોધ થાય છે તે **ઉપયોગઇંદ્રિય** છે.
તત્ત્વાર્થસૂત્ર

ઉપયોગત્વ [સં. ઉપયોગ (જ્ઞાન) + ત્વ (પણું)] ન. જરૂરી.

ઉપયોગવંત [સં. ઉપયોગ (ચેતનાની પ્રવૃત્તિ) + વત્ (વાળું)] વિ. (જૈન) જ્ઞાનદર્શન ધારણ કરનાર; તત્ત્વજ્ઞાની.

ઉપયોગવાદ [સં. ઉપયોગ (લાભ) + વાદ (મત)] પું. સામાજિક અને રાજકીય તમામ સંસ્થાઓનો હેતુ અને ધ્યેય બધાંમાં બધાંઓનું સૌથી વધારે કલ્યાણ થાય એવાં હોવાં જોઈએ એવો મત; ઉપયુક્તતાવાદ; ઉપયોગિતાવાદ; 'યુટિલિટેરિઅનિઝમ'. જુઓ ઉપયુક્તતાવાદ ૧–૩.

ઉપયોગવાદી [સં. ઉપયોગ (ફાયદો) + વાદ (સિદ્ધાંત) + ઇન્ (વાળું)] પું. જનસુખવાદી; ઉપયોગવાદમાં માનનાર માણસ; વધારેમાં વધારે લોકનું વધારેમાં વધારે ભલું કરવાના મતવાળો માણસ; જનહિતવાદી.

ઉપયોગાપેક્ષીમૂલ્ય [સં. ઉપયોગ (જરૂરિયાત) + આપેક્ષિન્ (અનુસરતું) + મૂલ્ય (કીમત)] ન. જરૂરિયાત ઉપરથી નક્કી કરવામાં આવતી કીમત.

ઉપયોગિતા ૧. સ્ત્રી. અનુકૂળતા; ફલસાધનતા.
૨. [સં. ઉપ (સામે) + યુજ્ (જોડવું) + તા (પણું)] સ્ત્રી. ઉપયોગીપણું.
૩. સ્ત્રી. કૃપા; મહેરબાની
૪. સ્ત્રી. જરૂર; જરૂરિયાત.
૫. સ્ત્રી. અતલબ; પ્રયોજન.
૬. સ્ત્રી. યોગ્યતા; લાયકાત; લાયકી.
૭. સ્ત્રી. લાભકારિતા

ઉપયોગિતાવાદ [સં. ઉપયોગિન્ (લાભકારી) + તા (પણું) + વાદ (મત)] પું. ઉપયોગવાદ; ઉપયુક્તતાવાદ; જનહિતવાદ; જનસુખવાદ; જ્યાં માણસને વધારે સુખ મળે તો સારું એવો સિદ્ધાંત.

ઉપયોગિતાવાદી ૧. [સં. ઉપયોગિન્ (લાભકારી) + તા (પણું) + વાદિન્ (માનનાર)] પું. ઉપયુક્તતાવાદી; જ્યાં માણસનું વધારે ભલું થાય તો સારું એવો મત ધરાવનાર પુરુષ.
૨. પું. ઉપયોગ ઉપરથી કોઈ ચીજની કીમત આંકનાર માણસ.
૩. વિ. ઉપયુક્તતાવાદી; જનહિતવાદમાં માનનાર.
૪. વિ. જરૂરિયાત ઉપરથી વસ્તુની કીમત નક્કી કરનાર.

ઉપયોગિતાંશ [સં. ઉપયોગિન્ (જરૂરી) + તા (પણું) + અંશ (ભાગ)] પું. જરૂરિયાતનું પ્રમાણ.

ઉપયોગિત્વ [સં. ઉપ (સામે) + યુજ્ (જોડવું) + ત્વ (પણું)] ન. ઉપયોગીપણું. જુઓ ઉપયોગિતા.

ઉપયોગી ૧. [સં. ઉપ (સામે) + યુજ્ (જોડવું) + ઇન્ (વાળું)] વિ. (વેદાંત) પ્રકૃતિવિહિતા સાધનને અનુકૂળ.
૨. વિ. ઉપયોગનું; કામનું; કામનું.
૩. વિ. જરૂરનું; આવશ્યકનું.
૪. વિ. માફક આવે એવું; અનુકૂળ.
૫. વિ. લાભકારક; ફાયદો કરનારું; હિતકર.
૬. વિ. લાયક; યોગ્ય.
૭. વિ. વપરાશમાં આવતું.

ઉપયોગીરસ [સં. ઉપયોગિન્ (કામમાં આવવું) + રસ (પ્રવાહી)] પું. થૂંક, જઠરરસ, પિત્ત, શુક્ર અને આંતરડામાં પેદા થતા જરૂરી રસ.

ઉપયોજન ૧. [સં. ઉપ (સામે) + યુજ્ (જોડવું)] ન. ખોડા ઉપર પલાણ મૂકવું તે.
૨. ન. સમુદાય; સમૂહ; જમ્બો.

ઉપયોજ્ય [સં. ઉપ (સામે) + યુજ્ (જોડવું)] વિ. વપરાવા લાયક.

ઉપર ૧. પું. આરામ પામવાનો આધાર.
૨. પું. જેના ઉપર સોમનો છોડવો વાટવામાં આવે તે પથ્થર.
૩. [સં. ઉપ (ઉપર) + ઋ (જવું)] પું. દિશા.
૪. ન. પક્ષ; ઉપરાણું; મદદ.
આવું ઉપર જોણ કરે, એને વશ સર્વે સાથ.
સાભાવ
૫. પું. પથ્થર.
૬. પું. પ્રદેશ; ભાગ.
૭. પું. મકાનતળનો નીચલો ભાગ.
૮. પુ. વાદળું.
૯. વિ. વાવેલ.
૧૦. વિ. વિસામો લીધેલ.
૧૧. વિ. રોપેલ.
૧૨. અ. આગળ; ઊચ્ચ શ્રેણીમાં; ઉપલી કોટિમાં; મુખ્યમાં વધારે. જેમકે, તે તેની ઉપર છે.
ઉપરકા–ઉપરઉપરકા = સૌથી સરસ; ઉત્તમ.
૧૩. અ. ઉત્તર દિશામાં. જેમકે, સુરત મુબઈથી ઉપર છે.
૧૪. અ. ઉપરથી; માટે; કારણથી.
૧૫. અ. પાછી; પાછળ; પાછળથી. જેમકે, તેના ગયા ઉપર વિચાર.
૧. ઉપર આવું = વસ્તુની સામે કે તરત જ આવું.
૨. આપા ઉપર આવું = (૧) જન્મ્યા પછી તરત જ જન્મવું. (૨) હસી હસીને રાખવું.
૧૬. અ. પહેલાં; અગાઉ; અમુક વખત આગળ.
૧૭. અ. પ્રકટ; દેખાય એવી રીતે; જાહેર; પ્રસિદ્ધ.
૧. ઉપર ઉપર = નજરે જો તેટલા પૂરતું; અંદરખાનેથી નહિ એવું; બહારનું
૨. ઉપર ટાપટીપ, માંહે કૂવા, પરદેશી આત્મા ને દુખી મુખ = ઉપરનો દેખાવ જોઈને અજાણ્યા ફસાઈ ગયા.

૩. ઉપર વાળા માટે નાગા = બહારના સારા દેખાવથી અંદરની હલકી વૃત્તિને ઢાંકવાપણું.

૪. ઉપરકો અલ્લી બની ભીતરકી રામ બલ્લે = મુખમાં રામ, બગલમાં છુરી, ઉપરથી સારું દેખાવું પણ મનમાં કપટ રાખવું.

૫. ઉપરથી ધોળા માટેથી ભોળા = ખોટો દેખાવ.

૧૮. અ. પ્રત્યે; તરફ; માટે. જેમકે, દુઃખ ઉપર રુચિ નથી.

૧૯. [સં. ઉપરિ; અપ. ઉપરિ; ઉપ્પરિ] અ. માથે; ઊંચે; અધર; ઊંચે ટેકાએ.

૧. અપને ઉપર લેવું = માથે લેવું, જવાબદારી વહોરવી.

૨. ઉપર આલા ને નીચે હલા–ઉપર આભ ને નીચે ધરતી = (૧) નિરાશ્રિત; આધાર વિનાનું; એક પ્રભુના રક્ષણવાળું (૨) લાચાર.

૩. ઉપર આવવું = (૧) ઊભરવું; બચવું; તરી જવું. (૨) ઊંચે આવવું. (૩) ચડવું. (૪) હલ્લો કરવો; હુમલો કરવો.

૪. ઉપર ઉપર જવું = જતું કરવું; જવા દેવું.

૫. ઉપર કરવું = (૧) ચડાવું બચાવવું, માન્ય કરવું; નીચું પડવા ન દેવું, નિરર્થક જવા ન દેવું. (૨) પક્ષ લેવો; ઉપરાજી લેવું. (૩) વખાણ કરવાં; કીર્તિ વધારવી.

૬. ઉપર જવું = હલ્લો કરવો; હુમલો કરવો.

૭. ઉપર તળે કરી મેલવું = બધેબધો તપાસી લેવો; બારીક તપાસ કરવી.

૮. ઉપર આવીને કરવું = (૧) કરવું જોઈએ તેની પાસે ન કરાવતાં પોતે કરવું. (૨) ના કહેવા છતાં કરવું, પોતાને જોગમે કરવું, બીજાના મતની દરકાર કર્યા વગર કરવું.

૯. ઉપર નીચે થવું = ઉતાવળા થવું, આતુર બનવું; અધીરા થઈ જવું.

૧૦. ઉપર ને ઉપર મેલવું = પોતાની દેખરેખ નીચે રાખવું.

૧૧. ઉપર પગ મૂકવો = હુકમ નહિ બજાવવો; આવકારના કરવો; કબૂલ ન કરવું.

૧૨. ઉપર પડવું આવવું = ના પાડ્યા છતાં પરાણે હાજા રહેવું.

૧૩. ઉપર પડવું = (૧) અનુકરણ કરવું, પાછળ પડવું. (૨) જબરદસ્તીએ સહોગ કરવો. (૩) વારસો જાળવો. (૪) હરીફાઈ કરવી.

૧૪. ઉપર મૂકવું = બે આકારનું સરખાપણું તપાસવા એકને બીજાની ઉપર બરાબર ગોઠવી જોવું.

૧૫. ઉપર રહીને = બધે ઊભા રહીને; પોતાની દેખરેખથી.

૧૬. ઉપર સત્તા ચલાવવી = હુકમ ચલાવવો.

૧૭. ઉપર સત્તા મેળવવી = અધિકાર મેળવવો.

૧૮. ઉપર હાથ રહેવો – (૧) પકડી કે સત્તામાં રહિનાતા હોવું. (૨) રક્ષણ નીચે હોવું.

૧૯. ઉપર હાથ રાખવો = (૧) કૃપા બતાવવી; એહસાન કરવો. (૨) રહિનાતા રહેવું; સત્તા ચલાવવી; ઉપરીપણું ભોગવવું. (૩) બારેલું કે બોલેલું બર પાડવાની ટેક રાખવી. (૪) સભાળવું; સાચવવું.

૨૦. ઉપર ની ઉપર – (૧) ઉપર ઉપરથી. (૨) એકલું; લુદું. (૩) છૂપી રીતે; દેખાયા વગર.

૨૧. ઉપરનું કામ = પરચૂરણ કામ

૨૨. ઉપરનો દમ બાકી = (૧) કોઈને માટે પ્રેમ હોવાનો ઢોંગ કરવો. (૨) મરતી વખતે હાંફતાં બરાબર.

૨૩. ઉપરો = (૧) ઉપલું. (૨) પહેલાંનું; અગાઉનું.

૨૪. ઉપરનું ઉપર રાખવું = (૧) પોતાનો કક્કો ખરો કરવો. (૨) બોલેલું બર પાડવું. (૩) માનભંગ થવા ન દેવું. અપ્રીતિ તિરસ્કાર કે અનાદર પામે નહિ તેની સભાળ રાખવી. (૪) બુસારીબુસારી લડમાં રાખવું. લાજ સાચવવી.

૨૫. ઉપરના ... (૧) ઉપરાંત. (૨) માથેથી. ગયેથી.

૨૬. ઉપરે = કારણથી; માટે; ને લીધે.

૨૭. છાતી ઉપર પગ મૂકવો = દબાવી દેવું

૨૮. પેટ ઉપર પગ મૂકવો = (૧) આજીવિકા તોડવી. (૨) પાયમાલ કરવું.

૨૯. કોળ ઉપર પગ ન મૂકવો = (૧) જમીનને બાજુએ જ અડવું. (૨) અગવર હોવું.

૨૦. અ. પૉ; થી.

હું એટલા ઉપર ચાકરી કરીશ = એટલું લાવીને નોકરી કરવા હું ખુશી છું.

૨૧. અ. વધારે; અધિક; ઉપરાંત. જેમકે, સો ઉપર દસ.

૨૨. અ. સામે; વિરુદ્ધમાં.

ઉપરઉપર અ. ઉપરછલ્લું; નજરે જો તેટલા પૂરતું, અંદરખાનેથી નહિ એવું; બહાર બતાવવું.

ઉપર ઉપરસે = બીજેથી; દૂરથી કાયેથી.

ઉપરઉપરથી ૧. [સં. ઉપરિ (ઉપર) + ઉપરિ (ઉપર)] અ. ઉપરચોટિયું; ઉપરછિયું; ઉપલકિયું; ઉપરું ઊતર્યા વગર.

ઉપરઉપરથી જોવું–તપાસવું = નજર ફેરવી જવા; ઉપરચોટિયું જોઈ જવું.

૨. અ. સપાટી માત્રેથી; બહારથી.

૩. અ. સહેજસાજ; ઓછું; જરા; કિંચિત્.

ઉપરઉપરનું ૧. [સં. ઉપરિ (ઉપર) + ઉપરિ (ઉપર)] વિ. બહારનું; દેખાવનું; ખરા હૃદયનું નહિ એવું; કૃત્રિમ.

૨. વિ. ચડિયાતું.

ઉપરકોટ [સં. ઉપરિ (ઉપર) + કોટ (કિલ્લો)] પું. જૂનાગઢ નજીક ગિરનાર ઉપર આવેલ જૂનો કિલ્લો.

ઉપરજા ૧ [સ. ઉપ (મોટું) + રંજ્ (પીડવું)] પું. રાહુ, કારણ કે તે સૂર્ય કે ચંદ્રને મહત્ત્વ વખતે દુઃખ દેતો હોવાનું મનાય છે.

૨. પું. રાહુથી ઘેરાયેલ સૂર્ય કે ચંદ્ર.

૩. [સ. ઉપરંજ્ (દુઃખ દેવું) + ત (એલ)] વિ. ક્લેશપીડિત; વ્યાધિવાળું; ચિંતાયુક્ત; દુઃખી; સંતાપવાળું; ઉપાધિથી ઘેરાયેલું.

૪. વિ. ઝાંખું લાલ; રતાશું.

૫. વિ. પ્રતિબિંબ પડેલું.

૬. [સં. ઉપ (અધિક) + રક્ત (આસક્ત)] વિ. ભોગવિલાસમાં ફસાયેલું; વિષયાસક્ત.

૭. વિ. રંગાયેલું.

૮. વિ. રાહુથી ઘેરાયેલું; ગ્રસ્ત થયેલું.

૯. વિ. બસની; બંધાણી.

ઉપરક્ષ ૧. [સં. ઉપ (પાસે) + રક્ષ્ (બચાવવું)] પું. નજીકમાં રહી રક્ષા કરનાર માણસ; અંગરક્ષક; 'બૉડિગાર્ડ'.

૨. [સ. ઉપ (અદલબદલ) + રક્ષ (રક્ષણ કરનાર)] પું. મુખ્ય રક્ષકના હાથ નીચેનો સિપાઈ.

૩. પું. હજૂરિયો; તહેનાતમાં રહેનારો નોકર.

ઉપરક્ષક જુઓ ઉપરક્ષ.

ઉપરક્ષણ ૧. [સ. ઉપ (પાસે) + રક્ષણ (બચાવ)] ન. નજીક રહી રક્ષણ કરવું તે.

૨. ન. પહેરો; ચોકી.

૩. ન. શત્રુની હિલચાલ જોવા કોઈના મુખ્ય બાજથી થોડે છેટે કરેલો મુકામ.

ઉપરચોટિયું જુઓ ઉપરચોટિયું.

ઉપરચોટિયાપણું [ઉપરિ (ઉપર) + ચોટિયું (ચોટવાનું) + પણું] ન. ઉપલક નજરે જોઈ જવું તે.

ઉપરચોટિયું ૧. [ઉપરિ (ઉપર) + ચોટિયું (ચોટલો)] વિ. ઉપરછલ્લું; ઉપરઉપરનું; ઊંડા ઊતર્યા વિનાનું; ઉપલકિયું.
૨. વિ. કામચલાઉ, થોડો વખત ચાલે એવું.
૩. વિ. છીછરું.
૪. વિ. ચીકણું દીધેલું.
૫. વિ. ઓછું; જરા; સહેજ.
૬ વિ. નિરાસ; ઉત્સાહ વિનાનું.
૭. વિ. બહારનું, દેખાવ પૂરતું; કૃત્રિમ; જરા અંત:કરણનું નહિ એવું; મન વિનાનું.
૮. વિ. બેદરકારીથી કરેલું.

ઉપરચોટું જુઓ ઉપરચોટિયું.

ઉપરચ્છન્નુ ન. (ડિંગળ) ચાર્ટ.

ઉપરછલ્લું જુઓ ઉપરછાંટિયું.

ઉપરછલ્લું જુઓ ઉપરછલ્લું.

ઉપરછાંટિયું જુઓ ઉપરચોટિયું.

ઉપરછપકિયું જુઓ ઉપરચોટિયું.

ઉપરછપકું [સં. ઉપરિ (અવ્યયે) + ટિપ્ (ઢાંકવું)] વિ. આચ્છાદનું; ઉપરઉપરનું; ઉપલકિયું.

ઉપરછપકે ૧. [સં. ઉપરિ (અવ્યયે) + ટિપ્ (ઢાંકવું)] અ. ઉપરઉપરથી; ઊંડા ઊતર્યા વગર.
૨. અ. ચોપડામાં રીતસર લખ્યા વિના; ચોપડામાં નહિ નોંધેલ પણ ફક્ત થાડ રૂબરૂ જુઠું માંડીને.
૩. અ. હમારે; અડસદ્દે; અત્યારે.

ઉપરણી ૧. [સં. ઉત્તરીય] સ્ત્રી. ઓઢણી; ઉપર ઓઢવાનું કપડું.
૨. [સં. ઉપ (ઉત્તરવું) + પ્ર (પધારે) + આવરણ (ઢાંકણ)] સ્ત્રી. બેસણ; દુપટ્ટો.

ઉપરણું ૧. [સં. ઉત્તરીય] ન. ઓઢણી.
૨. [સં. પ્રાવરણ; પ્રા. પ્રાવરણઉં–પાઉરણઉં–ઉપરણ] ન. બેસણ; દુપટ્ટો; પુરુષે ખભે રાખવાનું કપડું; ઉપવસ્ત્ર.

ઉપરણો [સ. ઉપ (ઉત્તરવું) + પ્ર (પધારે) + આવરણ (ઢાંકણ)] પું. ઉપરણું; ખભે નાખવાનું લૂગડું; બેસણ.

ઉપરત ૧. [સ. ઉપ (વસ્તું) + રત (આનંદ પામેલ)] વિ. અમુકમાત્રાનું; ઠેઠાળેલું.
૨. [સં. ઉપ (માણી) + રમ્ (અટકવું) + ત (એલ)] વિ. પાપથી છૂટું થયેલું.
૩. [સં. ઉપરમ્ (મરણ પામવું) + ત (એલ)] વિ. મરી ગયેલું.
૪. વિ. વિરામ પામેલ; નિવૃત્ત.
૫. વિ. વૈરાગી; સંસારમાંથી ચિત્ત ઊઠી ગયું હોય એવું; વિરક્ત.
૬. [સ. ઉપરમ્ (શાંત થવું) + ત (એલ)] વિ. શાંત.
૭. વિ. સમાપ્ત; પૂરું થયેલ.

ઉપરતલે ૧. [સ. ઉપરિ (ઉપર) + તલ (તળિયું)] અ. એક ઉપર બીજું.
૨. અ. એક પછી બીજું. અનુપ્રાસ
ઉપરતલે ને અન્યે = સરખે એરંડે એક પછી એક જન્મેલ બાળક.

ઉપરતરપૂહ [સ. ઉપરત (અટકેલ) + બાહ્ય (દશા)] વિ. કૃત્રિમ વગરનું; નિ:સ્પૃહ.

ઉપરતંગ [ઉપર (અવયવે) + તંગ (તાણેલ)] પું. સામટાને આંટી દઈ ચોટાના પેટ નીચે મર્યા બીજા બાજુ તરબામા ભેગાનો ચોટાના સામાનના ઉપલા ભાગનો તંગ.

ઉપરતાતિ ૧. [સં. ઉપરતાપ્ (બટક)] સ્ત્રી. આકરતા
૨ સ્ત્રી પુઠ, સમાધિ, લટાઈ.

ઉપરતિ ૧. [સં. ઉપ (આણી) + રતિ (આકર્ષણ)] સ્ત્રી. છોકરીને ઉપર કાબૂ; વિષયની શાંતિ; સંયમ; છોકરીને વિષય તરફથી પાછી વાળવાપણું.
૨. સ્ત્રી. (વેદાંત) કર્મ અને તેનાં સાધનમા હોય ભરેલી નજર.
૩. સ્ત્રી. દમનો લાભ.
૪. સ્ત્રી. બરાબર માણસનો સહવાસ છોડી દેવો તે.
૫ સ્ત્રી. (પિંગળ) છંદમાં આવતો વિરામ એટલે વિસામો; યતિ; અમુક અક્ષરો પાસે જવા અટકવું તે.
૬. સ્ત્રી. બંધ પડવાપણું, અટકાવ.
૭. સ્ત્રી. ગુહિ.
૮. [સં. ઉપરમ્ (મરવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. મરણ; દેહલય; મોત.
૯. સ્ત્રી. વૈરાગ્ય; વિરક્તિ; આ લોકના અનુભવથી તટસ્થ રહેવું તે.
૧૦. સ્ત્રી. શાસ્ત્રમાં બતાવેલી ક્રિયાની વિધિ નકામી માની તેનો કરાતો ભંગ.

ઉપરતિકેલ [સં. ઉપરતિ (વૈરાગ્ય) + ક્રીડા (ચેષ્ટાવાળા)] ન. (વેદાંત) લૌકિક એટલે આ લોકને લગતા અને વૈદિક એટલે વેદને લગતા બધા સંબંધનો અભાવ.

ઉપરતિસાધન [સં. ઉપરતિ (સંયમ) + સાધન (ઉપાય)] ન. (વેદાંત) તપ, ઇંદ્રિયોનો કાબૂ, ઉપાસના વગેરે.

ઉપરતિસ્વરૂપ [સં. ઉપરતિ (નિવૃત્ત) + સ્વરૂપ (ભેજ)] ન. (વેદાંત) મનની બધી વૃત્તિનો સંયમ

ઉપરત્ન ૧. [સ. ઉપ (હલકું) + રત્ન (મણિ)] ન. ઊતરતા પ્રકારનો મણિ. વૈદ્યક ગ્રંથ પ્રમાણે વૈદૂર્યમણિ, મોતીની છીપ, રક્તસ, ગરુડમણિ, લહસુનિયા, લાજા, ગારુડિમણિ, સંખ અને સ્ફટિકમણિ એ નવ ઉપરત્ન મનાય છે.
૨. ન. મણિ જેવા દેખાતા કાચ, ચિરોડી, છીપ, સંખ. આમાં રત્નથી કંઈ ઓછા પણ મનાતા ગુણ છે.

ઉપરથ પુ. (શિલ્પ) મંદિરના મંડપમાં બદ્ધ એટલે ધુમ્મટની વચ્ચમાનો વધારાનો ખૂણો, પ્રતિરથ.

ઉપરથડ [સં. ઉપરિ (ઉપર) + રત્ (કેવાયું)] વિ. ઉપલા ધરનું, ઉપરનું.

ઉપરથ્યા ૧. [સ. ઉપ (પેટા) + રથ્યા (શેરી)] સ્ત્રી. પેટા ગલી; નાની શેરી.
૨. સ્ત્રી. મુખ્ય રસ્તાને મળતો માર્ગ.

ઉપરથ્યિકા [સં ઉપ (પેટા) + રથ્યા (શેરી)] સ્ત્રી. બાર કુદ પહોળાઈનો નાનો રસ્તો.

ઉપરદળ ૧. [સં. ઉપ (ઉપરનું) + દલ (ભાગ)] ન. કમલો; બાંધકામ; માણતર.
૨. ન. પરથાર.

ઉપરદાવું અ. બારોબારથી; અધરોઅધરથી.

ઉપરદાવો પું. રમતમાં તટસ્થ રહેનાર વ્યક્તિ; રમતના દરેક નિયમનું બરાબર પાલન થાય છે કે નહિ તે જોનાર અને કોઈ પણની તકરારનો નિવેડો લાવનાર માણસ; લવાદ.

ઉપરધાર [સં. ઉપરિ (ઉપર) + ધારા (ધાર)] સ્ત્રી. તાંબડી વતી ખૂબ થી રેડવું તે.

ઉપરધારી ૧. [સં. ઉપરિ (ઉપર) + ધારા (ધાર)] સ્ત્રી. ઉપર થી રેડીને ચડું જમાવું.
૨. સ્ત્રી. સાપડી ઉપર બીની ધાર કરવી તે.

ઉપરપેટું ૧. ન. ઉભતદર્પણ; બહારગોળ અરીસો; 'કૉન્વેક્સ મિરર'. જેમ જેમ પદાર્થ તેનાથી દૂર જાય તેમ તેમ તેનું પ્રતિબિંબ નાનું થતું જાય, પણ તે હમેશા ઊભું અને પડદા ઉપર ન ઝીલી શકાય તેવું રહે.
૨. ન. ઉભતલેન્સ; બહારથી ગોળ એક કાચ: 'કૉન્વેક્સ લેન્સ'. આ પ્રયોગ જમણા નાબ્બતર ઉપર પદાર્થ હોય ત્યારે તેનું પ્રતિબિંબ સરખા જ કદનું રહે. પણ તે પદાર્થ તેથી દૂર જાય તેમ તેમ તે વધુ નાનું થાય અને નજીક આવે તેમ

તેમ તે વધારે મોટું થાય. ઘણી નાણિયી આપે પદાર્થને રાખવામાં આવે તો તેનું પ્રતિબિંબ ઊલું અને પડદા ઉપર ઝીણી શકાય એવું થાય, પણ તે કરતાં વધારે નજીક રાખવામાં આવે તો તેનું પ્રતિબિંબ ઊલું અને પડદા ઉપર ન ઝીણી શકાય એવું હોય.

૩. વિ. બાજુગોળ; વચ્ચેથી બહાર ઊપસેલું; 'કૉન્વેક્સ'.

ઉપરભાવ પું. લિખિત કે ઠરાવેલ કરતાં વધારે કીમત; 'પ્રીમિયમ.'

ઉપરમ ૧. [સં. ઉપરમ્ (અટકવું)] પું. ઉદાસીનતા; વિષયો ઉપર વૈરાગ્ય; સમમ.

૨. [સં. ઉપરમ્ (રાત થવું)] પું. નિવૃત્તિ; વિરામ.

૩. પું. પરહેજ; સંયમ.

૪. પું. બંધન; અટકાવ.

૫. [સં. ઉપરમ્ (મરવું)] પું. મૃત્યુ; મરણ.

ઉપરમણ ૧. [સં. ઉપરમ્ (અટકવું) + અન (પ્રત્યય)] ન. અટકવું તે; ત્યાગ.

૨. ન. ધાર્મિક ક્રિયા ન કરવાપણું.

૩. ન. નિવૃત્તિ.

૪. ન. સંયમ; વિષયની ઇચ્છાનો અટકાવ.

ઉપરમતું [સં. ઉપરિ (ઉપર) + મત્ (વિચારવું)] વિ. પૂછ્યા વિના મત આપનાર; વચમાં ટોકો આપનાર.

ઉપરમવું ૧. [સં. ઉપરમ્ (અટકવું)] અ. ક્રિ. અટકવું; બંધ પડવું.

૨. [સં. ઉપરમ્ (મરવું)] અ. ક્રિ. મરણ પામવું.

ઉપરસળ્યો પું. મસાલા વાટવાનો પથ્થર.

ઉપરસણ [સં. ઉપરિ (ઉપર) + સ્ (કાપવું)] ન. ઊભો બોલ ઉપરથી લાંબી લેવો તે; ઊગેલા ધાન્યની ઉપરથી કાપણી.

ઉપરસા ૧. વિ. ઊંચામાં ઊંચું; સૌથી મોટું.

૨. વિ. બહારનું.

ઉપરસાકોના [હિં.] પું. (અશિષ્ટ) પાણા ઉપરનો ખૂણો.

ઉપરસ [સં. ઉપ (અધિક) + રસ (અનાજ)] પું. સોમરસ કાઢવાનો ખાડાના આકારનો ખૂણાગ. સોમયાગની વેદિમાં યજ્ઞમંડપની બાજણ હવિર્ધાન એટલે બલિ મૂકવાનું સ્થાન કરવામાં આવે તેની દક્ષિણ બાજુએ ગાડીની બાજણ બાર પ્રદેશ દૂર અમુક બિલ્લ એટલે છિદ્રો હોય છે તેને ઉપરસ કહે છે. તે છિદ્રો પથ્થરના અવાજમાં ઉમેરો કરે છે.

ઉપરહટ ૧. સ્ત્રી. પોતાને માટે ભીન્ન કરતાં દાણા કે ચડિયાતા દેખાવાનો ઢોળ.

૨. [સં. ઉપરિ (ઉપર) + વૃત્તિ (આચરણ)] સ્ત્રી. દુકાનની અવસ્થા; આદ્યાક્ષર.

૩. વિ. ચડિયાતું; સરસ

૪. વિ. વિરુદ્ધ; અવગણતું.

૧. ઉપરહટ થઈને કરવું = મોટાની મરજી ઉપરાંત કરવું; ઓટરાંની પરવા કર્યા વગર કરવું.

૨. ઉપરહટ થવું = (૧)ના કહ્યા જતાં કરવું; આદ્યાક્ષર કરવો. (૨) સામા થવું.

૫. અ. ઉત્તમ રીતે.

૬. અ. ઉપરાંત; અધિકપણે.

૭. અ. ઊલટું; વિરુદ્ધ; મરજી ઉપરાંત; અવજ્ઞા કરીને; ના કહ્યા જતાં પણ; ઉલ્લંઘન કરીને.

૮. અ. ધાર્યા કરતાં વિશેષપણું હોય એવી રીતે.

ઉપરહટ્યો [સં. ઉપલ (પથ્થર) + વૃત્ત (ગોળ ગોળ)] પું. મસાલો વાટવાનો પથ્થર.

માનીએ સાસુપી શાલિગ્રામ, નહિ તો ઉપરહટ્યો = ભલા હોય સાસુપી પથ્થર પણ કેમ કહેવાય, નહિ તો તે પાણો જ રહે.

ઉપરહાટો [સં. ઉપલ (પથ્થર) + વૃત્ત (ગોળ ગોળ)] પું. ઉપરહટ્યો; વાટવાનો પથ્થર.

ઉપરહાટો જુઓ ઉપરહટ્યો.

ઉપરહાટ ૧. પું. (કચ્છી) અપમાર્ગ; કુમાર્ગ; અવળો રસ્તો.

૨. [સં. ઉપરિ (ઉપર) + વાટ (રસ્તો)] પું. ગામની બહારથી જતો રસ્તો.

ઉપરહાટલું [ઉપર (ઉપરે) + વાટલો (વાટવાનો ગોળ પથ્થર)] ન. ઉપરહટો, ઉપરહટ્યો; વાટવાનો પથ્થર.

ઉપરવાઢ (ઉપરવાઢ) ૧. [સં. ઉપ (પાસે) + વાટ (કળિયું)] સ્ત્રી. ઘર, કળિયું કે ગામની નજીકનો ભાગ; ઘર, પોળ કે શહેરની હદ; ભીંત અથવા કિલ્લા નજીકનો ભાગ.

૨. સ્ત્રી. ઘરની વાઢ એટલે સીમા ઉપર આવેલી દીવાલની બે બાજુનો ભાગ.

૩. સ્ત્રી. શહેરની આસપાસ રક્ષણ માટેની દીવાલ; ગઢ; કોટ.

ઉપરવાડિયો (ઉપરવાઢિયો) ૧. [સં. ઉપરિ (ઉપર) + વૃત્તિ (આધાર)] પું. આશ્રિત માણસ.

૨. [સં. ઉપરિ (ઉપર) + વાટ (કળિયું)] પું. ઉપરવાડે રહેનારો માણસ; ગામ બહાર રહેનારો માણસ.

૩. પું. રહેવાના ગામથી પાસેના ગામમાં ખેતી કરનાર ખેડૂત; બીજા ગામની હદનું ખેતર ખેડનાર માણસ.

ઉપરવાડિયો જમીનદાર = પોતાની જમીન જ્યાં હોય ત્યાં ન રહેતાં બીજે ઠેકાણે રહે અને ત્યાં પોતાની કમાઈ બરબે તેવો જમીનદાર.

ઉપરવાઢું (ઉપરવાઢું) ન. પાસેના ગામની બેઠવામાં આવતી જમીન.

ઉપરવાડે (ઉપરવાઢે) ૧. [સં. ઉપરિ (ઉપર) + વાટ (કળિયું)] અ. ઘર, કળિયું કે ગામની હદની વાઢ કે ભીંતે થઈને.

ઉપરવાડે આપણે કરવી = વાઢ, વહી કે ભીંતની બાજુએ ઊભા રહી આપવું, જેવું અથવા બોલાવવું.

૨. અ. પાછલે બારણેથી; છૂપી રીતે; પછવાડેથી.

ઉપરવાઢો (ઉપરવાઢો) [સં. ઉપરિ (ઉપર) + વાટિકા (બગલી જમીન)] પું. મકાનનો ઉપલો ભાગ; ઉપરનો માળ.

ઉપરવાઢેથી વિજળા હેઠાણી રે,
શીદને રૂઓ છો દાદા હું છે તે હોને રે.
રઢીઆળી રાત

ઉપરવાર [સં. ઉપરિ (ઉપર) + વારણ (રક્ષણ)] સ્ત્રી. ઊંચાણમાં આવેલી જમીન; નદી કે તળાવના છલકાવાથી જેની ઉપર પાણી ન ફરી વળે તેવી જમીન; બાંગર જમીન.

ઉપરવાલા ૧. પું. બાજણનો કે બહારનો માણસ.

૨. પું. ઈશ્વર.

૩. પું. ઉપલી કોટે રહેનાર માણસ.

૪. પું. જોનાર માણસ.

૫. પું. પૂર્વજ.

૬. પું. પ્રધાન; ઉપરી નોકર.

૭. પું. બીજનો ચંદ્ર.

૮. પું. વરસાદનો દેવ; વરુણ.

૯. પું. વાદળું.

૧૦. પું. હુંડી સ્વિકારનાર માણસ; જેના ઉપર હુંડી લખી હોય તે માણસ.

ઉપરવાલિયાં ૧. સ્ત્રી. બ. ક. બીબડીઓ.

૨. સ્ત્રી. બ. ક, પરીઓ.

ઉપરવારા જુઓ ઉપરવાસ.

ઉપરવાસ ૧. [સં. ઉપરિ (ઉપર) + વસ (સ્થેવું)] પું. માળ ઉપર વસવાટ.

૨. સ્ત્રી. પવન કે નદીનું વહેણ આવતું હોય તે દિશા.

૩. અ. પવન કે પાણી આવતાં હોય તેની સામેની દિશામાં.

ઉપરવાસિયો ૧. [ઉપરવાસ (ગામ વગેરેનો ભાગ) + વાસ (વસવાટ)] પું. અંજાર, ભચી; ચાંડાળ. તે સામાન્ય રીતે ગામથી બહાર થોડે દૂર રહે છે.

૨. પું. ગામ બહારના વસવાટમાં રહેતો માણસ.

ઉપરવાસો [સં. ઉપરિ (ઉપર) + વાસ (વસવાટ)] પું. માળ ઉપર રહેવું તે; ઉપલી બાંધે વસવાટ.

ઉપરવાળો અ. (બીલી) વજન બોલાવે.

ઉપરસ ૧. પું. ઊતરતી જાતની ધાતુ.

૨. પું. ઊતરતી સુગંધ.

૩. પું. એક જાતની રાતી ખડી.

૪. પું. ઓછી વાસ.

૫. [સં. ઊપ (ઊતરતું) + રસ (પારો)] પું. કોઈપણ પારા જેવા ગુણવાળો પદાર્થ; પારાના જેવી અસર કરનાર ચીજ. જેમકે, ગંધક, ત્રિફળો, અબરક, હરતાલ, મનઃશિલ, સુરમો, મોરથૂથુ, ચુનકપથ્થર, ફટકડી, શંખ, બોરુ, ટંકણખાર, કોડી. ઉપરસની અંદર આવતા ગંધક અને ફટકડી જેવા કેટલાક પદાર્થને તપાવવાથી રસ થાય પણ વધારે તાપ આપવાથી પાછો તેનો ભૂકો થઈ જાય અને વજનમાં કેટલોક ઘટાડો થાય.

૬. પું. નખતેલ, પેટ્રોલ, ડામર વગેરે પદાર્થનું બનિજ મિશ્રણ; 'બિટ્યુમન'.

૭. પું. નીચા દરજ્જાની લાગણી, ઊતરતા પ્રકારની ઇચ્છા.

ઉપરસાણ સ્ત્રી. બેરા રાતા રંગની એક વેલ કોંકણ તરફ થતી આ વેલી અને સુંવાળી વેલનાં કપૂરકાચલી જેવાં સુગંધી મૂળ પેટના રોગ અને આંખના દરદ ઉપર વપરાય છે. અર્ધો આંગળ પહોળાં ને ઝાઝા આંગળ લાંબાં, ઉપર ત્રીણ પોગાસ પડતા રેસા ને મોટેરા છાંટાવાળાં તેનાં પાંદડામાંથી નીકળતો ચીકણો રસ આંખમાં કૂલું પડે કે આંખ આવે હાડે અંજાય છે. આ વેલને ઉપલસરી, ઉપટણી, નાની કાવળી, ખેતકાવળી, સ્યામી અને સુગંધા પણ કહે છે. તેમાં ઝાઝી સુધારવાનો ગુણ હોવાથી કેટલાક તેને સારસાપરિલા, સરીવન વગેરે નામ પણ આપે છે. તેની કાળી અને ધોળી એમ બે જાત છે. ધોળી ઉપરસાણ ઠંડી, મીઠી, જાને વીર્ય વધારનાર છે અને કોઢ, કંડૂ, તાવ, શરીરની દુર્ગંધ, જઠરાગ્નિની મંદતા, બળતરા, ઉપરસ, અરુચિ, આમદોષ, ત્રિદોષ, ઝેર, પ્રદર, કાસ, રક્તપિત્ત, વાયુ અને કફ મટાડે છે. કાળી ઉપરસાણ ઠંડી, વીર્ય વધારનાર, મીઠી અને કફનાશક છે.

ઉપરંગ [સં. ઉપ (અધિક) + રંગ (આનંદ)] પું. ગમ્મત; વિનોદ; મજા.

ઉપરંજક ૧. [સ. ઉપ (ઉપર) + રંજ્ (રંગવું)] પું. (સાંખ્ય) ઉપાધિ; પાસેની વસ્તુ ઉપર આભાસ પાડનાર પદાર્થ; જેને લીધે પાસેની વસ્તુ પોતાના અસલ રૂપથી કાંઈક જુદા રૂપે દેખાય તે વસ્તુ. જેમકે, લાલ કપડું, જેનાથી તેની ઉપર રાખેલ કાચમા લાલ ઝાંય પડે છે.

૨. વિ. પ્રભાવ પાડનાર; અસર કરનાર.

૩. વિ. રંગનાર.

૪. [સં. ઉપ (પાસે) + રંજ્ (રાજી કરવું)] વિ. રાજી કરનાર; આનંદ પમાડનાર.

ઉપરંજન ૧. [સં. ઉપ (પાસે) + રંજ્ (રંગવું)] ન. છાપ પાડવી તે; અસર કરવી તે.

૨. ન. રંગવું તે, રંગણું.

ઉપરંજનીય ૧. [સ. ઉપ (અધિક) + રંજ્ (રંગવું) + અનીય (જેવું)] વિ. પ્રભાવ પાડી શકે એવું; અસર કરી શકાય એવું.

૨. વિ. રંગવા લાયક.

૩. વિ. રાજી કરવા લાયક; આનંદ પમાડવા જેવું.

ઉપરંજ્ય ૧. [સ. ઉપ (પાસે) + રંજ્ (રંગવું) + ય (જેવું)] વિ. પ્રભાવ અથવા છાપ પડે એવું.

૨. વિ. રંગી શકાય એવું.

૩. વિ. રંજન કરી શકાય એવું; આનંદ પમાડી શકાય તેવું.

ઉપરા ૧. પું. અડાયું બળતું.

૨. [અ.] સ્ત્રી. પાણી પહોંચવું ન હોય એવી ઉચાણવાળી જમીન.

ઉપરાઉપર ૧. [સં. ઉપરિ (ઉપર) + ઉપરિ (ઉપર)] વિ. એક ઉપર એક એમ તળે ઉપર ગોઠવેલું.

૨. અ. એક ઉપર એક એમ; એક ઉપર બીજું હોય એવી રીતે.

૩. અ. એક પછી એક; લાગલાગટ; અવિરત; ઉપરાઝપરી.

ઉપરાઉપરી ૧. [સં. ઉપરિ (ઉપર) + ઉપરિ (ઉપર)] અ. એક ઉપર એક એમ.

૨. અ. એક પછી એક; લાગલાગટ; અવિરત.

ઉપરાગ ૧. પું. ઉપદ્રવ; પીડા.

૨. પું. કોઈ વસ્તુ ઉપર તેની પાસેની વસ્તુનો આભાસ પડ્યો તે; ઉપાધિ; પાસેની વસ્તુની અસરથી કોઈ વસ્તુનું જુદી રીતે દેખાવું તે; ઝાંય.

૩. પું. ખરાબ આચરણ. ગેરવર્તન

૪. પું. (જ્યોતિષ) ગ્રહણ.

૫. પું. ડંખ.

૬. પું. ઢાંકવાપણું

૭. પું. નિંદા, બદનામી

૮. પું. નુકસાન.

૯. પું. પાસે રહીને પોતાના ગુણ બીજામાં આરોપવા તે.

૧૦. [સં. ઉપ (પેઠે) + રાગ (સાત સ્વર અને તેની શ્રુતિની જુદી જુદી રચના)] પું. (સંગીત) પેઠે રાગ.

૧૧. પું. પ્રવૃત્તિ.

૧૨. [સં. ઉપ (અધિક) + રાગ (રંગ)] પું. બહુ ઘાટો રંગ.

૧૩. [સ. ઉપ (વધારે) + રાગ (રાતો રંગ)] પું. બહુ ઘેરો રાતો રંગ.

૧૪. પું. મિથ્યા સંબંધથી સંબંધ પામેલ વિશેષણ.

૧૫. પું. (જ્યોતિષ) રાહુ; ગ્રહકક્ષોલ.

૧૬. પું. [સ. ઉપ (વધારે) + રાગ (પ્રેમ)] પું. વાસના; ઇંદ્રિયોની પોતપોતાના વિષયમાં લગની

૧૭. પું. વિકારપંજરૂપે સમજ.

૧૮. પું. બસનું બંધાણ

ઉપરાચાપરી ૧. [સ. ઉપર્યુપરિ] અ. એક એકની ઉપર; ઉપરાઉપરી

૨. અ. એક પછી એક; એક પછી બીજું બહારી આવ્યા કરે તેમ; અવિરત; લાગલાગટ.

ઉપરાઝપરી જુઓ ઉપરાચાપરી.

ઉપરાજ ૧. પું. કારભારી.

૨. [સં. ઉપ (ઊતરતું) + રાજન્ (રાજા)] પું. મોટો સુબો; 'ગવર્નર-જનરલ'

૩. [સ. ઉપ (સરખામણી બતાવતો ઉપસર્ગ) + રાજન્ (રાજા)] પું. રાજાનો પ્રતિનિધિ; 'વાઇસરૉય'

૪. પું. ચરિત્ર અદાલત.

૫. [સં. ઉપ (પાસે) + રાજન્ (રાજા)] પું. હજૂરી.

૬. વિ. રાજા સરખું.

૭. અ. રાજાની પાસે

ઉપરાજણ [સ. ઉપ (અધિક) + અર્જન (મેળવવાપણું)] સ્ત્રી. કમાણી; પ્રાપ્તિ; આવક; પધરા.

ઉપરાજવું ૧. [સ. ઉપ (પાસે) + અર્જ્ (કમાવું)] સ. ક્રિ. કમાવું; પેદા કરવું; રળવું.

૨. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

ઉપરિચર

૩. સ. ક્રિ. સ્થવું; બનાવવું; ઉત્પન્ન કરવું.

ઉપરાજા [સં. ઉપ (ઊતરતું) + રાજન્ (રાજા)] પું. મુખ્ય પ્રધાન અને રાજા વચ્ચેનો અમલદાર.

ઉપરાજાની [સં. ઉપ (ઊતરતું) + રાજન્ (રાજા)] પું. ઉપપ્રમુખ.

ઉપરાણી ૧. [સં. ઉપ (નાનું) + રાજ્ઞી (રાણી)] સ્ત્રી. નાના રાજાની રાણી.

૨. સ્ત્રી. નાની રાણી; ઊતરતા દરજ્જાની રાણી.

ઉપરાજ્ય ૧. [સં. ઉપ (ઊતરતું) + રાજ્ય (મુલક)] ન. તાબાનો મુલક.

૨. [સં. ઉપ (નાનું) + રાજ્ય (રાજાની હકૂમતનો પ્રદેશ)] ન. નાનું રાજ્ય.

ઉપરાઢા પું. પશ્ચિમ દિશા.

ઉપરાઠી [સં. ઉપરિ (ઉપર)] અ. ઉપર ઉપરથી; સાદું સાદું તારવેલું હોય એમ.

ઉપરાડું ૧. [સં. ઉપરિ (ઉપર)] વિ. ઊભું

૨. વિ. ઊંધું; અવળું.

૩. વિ. પાસાબેર હોય એનું.

૪. વિ. આલુ ઉપરનું; સામેનું.

ઉપરાઢા [સં. ઉપરિષ્ટ] સ્ત્રી. પરાઠા; તવા ઉપર બીજી રોટલી રોટલી.

ઉપરાણી ૧. [સં. ઉપ (ઊતરતું) + રાજ્ઞી (રાજાની સ્ત્રી)] સ્ત્રી. નાના રાજાની રાણી.

૨. સ્ત્રી. પટરાણીથી ઊતરતી રાણી.

ઉપરાણું ૧. [સં. ઉપર (તરફ) + આનન (જવું તે)] ન. તરફદારી; કુમક; વહાર. પક્ષપાત; મદદ.

ઉપરાણું કરવું–નાખવું–લેવું = (૧) આશ્રય આપવો; મદદ કરવી. (૨) પક્ષ લેવો. (૩) રક્ષણ કરવું.

૨. [સં. ઉપ (ઉપલું) + આવરણ (વસ્ત્ર)] ન. પછેડી; ઉપવસ્ત્ર.

ઉપરાત્ર [સં. ઉપ (ઊતરતું) + રાત્રિ (રાત)] પું. દિવસ.

ઉપરાધિક [સં. ઉપ (ઓછા) + રથ્યા (મોટો રસ્તો)] પુ. રથ્યા એટલે મોટી સેરીયા નાનો રસ્તો. બ્રહ્માંડ પુરાણ પ્રમાણે તેની પહોળાઈ એકરીસ કુટ હોય.

ઉપરાધ્યય ૧. [સં. ઉપ (ઓછું) + અધ્યૂ (ભૂરા કરવું)] પું. નાનો નોકર.

૨. [સં. ઉપ (પાસે) + અધ્યૂ (ભૂરા કરવું)] વિ. પાસે રહી સેવા કે પૂજા કરનાર.

ઉપરાભ ૧. [સં. ઉપ (પાસે) + રમ્ (શાંત થવું)] પું. અટકચાળું; બંધ પડવું તે; વિરામ.

૨. પું. આરામ; શાંતિ; વિસામો.

૩. પું. નિવૃત્તિ; છુટકારો.

૪. પું. પરહેજી; કરી.

૫. પું. બહારની અને અંદરની ઇંદ્રિયો શાંત થઈ વિષયવાસનાનું બંધ થવાપણું.

૬. પું. મૃત્યુ; મરણ.

૭. પું. મોક્ષ; મુક્તિ.

૮. પું. સંન્યાસ; વૈરાગ.

૯. [સ. ઉપ (પાસે) + રામ (દશરથ રાજાના સૌથી મોટા દીકરા)] અ. રામની પાસે.

ઉપરામણ ૧. [ઉપર (વધારે) + આમન્ (પણ)] ન. ઠરાવેલી કીમતથી વધુપણું.

૨. ન. બે વસ્તુની કીમતનો તફાવત.

૩. ન. વધારે કીમતવાળી ચીજનો ઓછી કીમતવાળી ચીજ સાથેના સાટાનો વધારો; વધારો.

૪. ન. વેપારી પેઢીની શાખ; માલના જથ્થા અને તેમાં રોકેલ નાણાં ઉપરાંત પંચાનું અંકાતુ મૂડી. 'ગુડવિલ'.

ઉપરામણી જુઓ ઉપરામણ.

ઉપરાયો પું. આગ્રા; અકબર ઉપર કરાતો વીટો.

બીજું, બિનાઢી, ઉપરાયો-અંતજ લોકો આરાધકીમાં વાપરે છે.

દક્ષિણામૂર્તિ ત્રૈમાસિક

ઉપરાલ [સં. ઉપરિ (ઉપર)] અ. ઊંચે.

ઉપરાલા [હિં.] પું. મદદ; સહાય.

ઉપરાલા કરવો = (૧) ટેકો આપવો. (૨) પક્ષ લેવો. (૩) વચ્ચે આવવું.

ઉપરાવ [સં. ઉપ (પાસે) + રવ (અવાજ)] પું. નાટકમાં બોલાયેલ શબ્દ.

ઉપરાવટા [સં. ઉપરિ (ઉપર) + આવર્ત (પાછું ફરવું)] વિ. અક્કડ; અભિમાની.

ઉપરાવરી ૧. વિ. ટનિયાખોર; લોક તોડુ

૨. વિ. વચ્ચે પડનાર.

ઉપરાવવું ૧. [ઉપર + આવવું] સ ક્રિ. કાંકરીચાળી ચીજને પાણીમાં નાખી કાંકરી તળે બેસી જાય એટલે ઉપરઉપરથી લઈ લેવી.

૨ સ. ક્રિ. ચાળવું

૩. સ ક્રિ. ઝાટકવું, ઝિંકવું.

૪. સ ક્રિ. વેરવાવું, ઉથલાવવું; ઊપાડીને ઠાલી નખાવવું.

ઉપરાસાપરી [સં. ઉપર્યુપરિ (ઉપરોઉપર)] અ. લાગલાગટ; એક પછી એક; ઉપરાચાપરી.

ઉપરાહાર [સ.] સ્ત્રી. પાણી ન જોઈતું હોય એવી ઊંચાઈવાળી જમીન.

ઉપરાળ પું. લાભ; ફાયદો.

ઉપરાળો ૧. [સ.] પું. ખોટો આરોપ; ખોટું આળ.

૨. [સં. ઉપર (વધારે નજીક) + અયન (જવાપણું)] પું. પક્ષપ્રબળતા; સહાયતા; રક્ષા, બચાવ; મદદ. ઉપરાળુ.

૩. [સ.] પુ વધારાનો ભાગ.

૪. વિ. ઊંચામા ઊંચુ, સૌથી મોટું

૫. વિ. બહારનુ.

ઉપરાળું [સં. ઉપર (વધારે નજીક) + અયન (જવું તે)] ન. પક્ષ, સહાય; મદદ; કુમક; ઉપરાણું, તરફદારી.

ઉપરાં અ. ઉપર.

ઉપરાંઉં ૧. ન. (બા. બુ.) ઊપળું.

ઉપરાંટાં ને ઉંસ, ધોરડાને હોલીએ,
રૂપનતીની રીસ, ભાગી ઘઈ ગઈ ભાદરે

દિલગીર

૨. વિ. અવળું; ઊંધું; આડોઅવળું.

૩. વિ. ઊંચુ; ઊભા હોવાપણું.

૪. વિ. દૂરનું; છેટેનું.

૫. વિ. પાસાબેર એવું.

૬. વિ. આલુ ઉપરનું.

૭. વિ. સામેનું.

૮. અ. બાજુ તરફ.

ઉપરાંટો [ઉપરિ (ઉપર) + આટો (આકારનો)] પું. માણસના બગાડને ફેર ન પડે એટલા માટે આંખ ઉપર બાંધવામાં આવતો પાટો; માણસના બગાડના આંખના ડાબલા.

ઉપરાંડા પું. પરાંઠા; બી લગાડીને તવા ઉપર શેકેલી રોટલી.

ઉપરાંત ૧. [સ. ઉપરિ (ઉપર) + અંત (છેડો)] અ. અધિકમાં; વધારે; વિશેષમાં.

૨. અ. પછી; પછવાડેથી; ઉપરથી.

૩. અ. વળી બીજું; સિવાય.

ઉપરિ ૧. [સ. ઉપરિ (ઉપર)] પું. ઉપરનો અધિકારી.

૨. પું. દેખરેખ રાખનાર માણસ; ચોકસી રાખનાર અમલદાર

૩. અ. ઉપર; ઊંચે.

ઉપરિઅધિકારી [સં. ઉપરિ (ઉપર) + અધિકાર (સત્તા) + ઇન્ (વાળું)] પું. સૌથી અધિયાતો અમલદાર.

ઉપરિકર [સં. ઉપરિ (ઉપર) + કર (વેરો)] પુ. જે ખેડૂતનો જમીન ઉપર કોઈ જાતનો હક્ક ન હોય તેની પાસેથી લેવાતો વેરો.

ઉપરિચર ૧. પું. ચેદિ દેશના એક રાજાનું નામ.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુ રાજાના અજમીઢ કુળમાંના સુધનુ વંશમાં જન્મેલા મૂર્તિ રાજાના દીકરાનું નામ. એનું મૂળ નામ વસુ હતું. તેના તપથી રાજી થઈ ઇંદ્રે તેને પોતાના ઠેકની માળા અને વિમાન આપ્યાં. આ માળા મળવાથી તે ઇંદ્રમાલી પણ કહેવાય છે. વિમાનમાં બેસી તે બધે ફરતો માટે એને ઉપરિચર વસુ કહેતા. એક વખત વિમાનમાં બેસી જતાં એણે શુક્તિમતી નામની નદીને કોલાહલ નામના પર્વતે રોકેલી જોઈ. એથી નદીને છૂટી કરવાથી નદીએ પોતાનાં બાળકોનું જોડકું એને આપ્યું. જોડકામાંના છોકરાને તેણે સેનાપતિ બનાવ્યો અને ગિરિકા નામની છોકરીને તે પરણ્યો. એક વખત મૃગયા સારુ તે વનમાં ગયો. ત્યાં તેને કામ પેદા થવાથી તેનું વીર્ય પડ્યું. તે તેણે એક પડિયામાં એક બાજ પક્ષી સામે પોતાની ઓળખ મોકલ્યું. રસ્તામાં બીજે બાજ એ કાંઈ આવાનું લાગ્યું એમ ધારી પડિયો લેવા સામો દોડ્યો. પડિયામાંથી વીર્ય નદીમાં પડતાં શાપને લીધે માછલી થયેલી અદ્રિકા નામની અપ્સરાના પેટમાં ગયું અને એને ગર્ભ રહ્યો. પૂરે વખતે જોડકું તૈયાર થતાં તે માછલી માછીની જાળમાં સપડાઈ. માછીએ એને કાપતાં એમાંથી બાળકનું જોડકું નીકળ્યું. આથી હરખાતો તે માછી ઉપરિચર રાજા પાસે ગયો અને એને એ જોડકું આપ્યું. તેણે તેમાંથી દીકરાને રાખી લઈ દીકરી માછીને પાછી આપી. છોકરાનું નામ એણે મત્સ્યરાજ પાડ્યું. માછીએ છોકરીનું નામ મત્સ્યગંધા પાડ્યું. આ મત્સ્યગંધાને પરાશર ઋષિ તરફથી યોજનગંધા નામ મળ્યું હતું. એ આગળ જતાં શંતનુ રાજાને પરણી અને સત્યવતી નામે પ્રસિદ્ધ થઈ

૩. પું. (પુરાણ) સ્વયંભુવના ઉત્તાનપાદ કુળમાં જન્મેલા એક રાજર્ષિનું નામ. તેણે મણા યજ્ઞ કર્યા હતા. યજ્ઞમાં પશુહિંસા વિહિત કે અવિહિત એટલે કે શાસ્ત્રની આજ્ઞાવાળી કે આજ્ઞા વગરની છે એ સબંધમાં એક વખત ઇંદ્ર સાથે તેને તકરાર થઈ. ઇંદ્ર વિહિત કહેતા અને મહર્ષિ અવિહિત કહેતા. આ વાદ ચાલતો હતો તેવામાં ઉપરિચર ત્યાં જઈ ચડતાં બંઉ તરફથી એનો મત મગાયો. એણે કહ્યું કે વેદના મંત્રો ઉપરથી પશુહિંસા સ્પષ્ટ જણાય જ છે, માટે ઇંદ્રનું કહેવું સાચું છે. આ સાંભળી મહર્ષિએ ક્રોધે ભરાઈ કહ્યું કે તારો જવાબ વાજબી તો છે, પણ તે કામ્યપક્ષ એટલે કર્મકાંડ ઉપર માત્ર નજર રાખીને જવાબ આપ્યો છે. કામ્ય એ કંઈ ધર્મનું મોક્ષ નથી એમ મોક્ષપક્ષનું કહેવાનું છે, તે જોતાં પશુહિંસા જરૂરની જ છે એમ નથી. તે શું છે તે ન વિચારતાં કેવળ સિદ્ધાંત પ્રમાણે તેં જવાબ આપ્યો, માટે તું અધોલોકમાં પડીશ. આમ કહેતાં જ ઉપરિચર રસાતળમાં જઈ પડ્યો.

ઉ. [સં. ઉપરિ (ઉપર) + ચર્ (ફરવું)] વિ. અદ્ધર ફરનાર; આકાશમાં વિચરનાર.

ઉપરિચરવસુ પું. (પુરાણ) એક રાજાનું નામ. તે વિમાનમાં બેસી પૃથ્વી ઉપર જરા ઊંચે જ ચાલતો તેથી તે ઉપરિચરવસુ કહેવાતો હતો. જુઓ ઉપરિચર ૨.

ઉપરિચર્મ [સ. ઉપરિ (ઉપરનું) + ચર્મન્ (ચામડું)] ન. ઉપલી ચામડી; ભઠ્ઠાની ચામડી.

ઉપરિજ [સં. ઉપરિ (ઉપર) + જ (ઉત્પન્ન થયેલું)] વિ. ઊંચું ફેંકેલું; ઊંચે ઉછાળેલું.

ઉપરિતન ૧. [સ. ઉપરિ (ઉપર) + તન (વાળું)] વિ. ઉપર હોનાર; ઊંચેનું; ઉપલું.
૨. વિ. ઉપરછલ્લું; છીછરું.

ઉપરિતન પાદમ્યા શિરા [સં. ઉપરિતન (ઉપલું) + પાદ (પગ) + મ્યા (જનારી) + શિરા (હૃદય તરફ લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. પગના ઉપલા ભાગની કસ.

ઉપરિતન શંખિકી ધમની [સં. ઉપરિતન (ઉપલું) + શંખ (લમણા) + ઇક (લગતું) + ઈ (સ્ત્રીલિંગવાચક પ્રત્યય) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] પું. અનુકપાલ ઉત્તાના; કાનપરીની ઉપરની ધમની; માથા અને ડોકને લોહી પૂરું પાડનારી નળીની આગલી શાખાનો કાનના આગલા ભાગમાં ગયેલી રીતે ઊંચે જતો ભાગ; 'સુપરફિશ્યલ ટેમ્પરલ આર્ટરિ'.

ઉપરિતન શિરોપીયા શિરા [સં. ઉપરિતન (ઉપલું) + શિરોપીયા (માથા નીચની) + શિરા (હૃદય તરફ લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. અધિપ્રમન્યા શિરા; ગર્દનની બહારની શિરા; 'એક્સટર્નલ જ્યુગુલર વેન'. માથા અને ડોકની બહારની બાજુની શિરાનું અને મુખમંડળની ઉપર તરફ મુખવાળી શિરાનું લોહી તે વહી જાય છે.

ઉપરિતન શ્રોપીયા શિરા જુઓ ઉપરિતન શિરોપીયા શિરા.

ઉપરિનિર્દિષ્ટ [સ. ઉપરિ (ઉપર) + નિર્દિષ્ટ (બતાવેલ)] વિ. ઉપર બતાવેલ; આગાઉ કહેલું; પૂર્વોક્ત.

ઉપરિબભ્રવ પું. અથર્વવેદના એક ઋષિનું નામ.

ઉપરિભાગ [સં. ઉપરિ (ઉપર) + ભાગ (ભાગ)] પું. ઉપરનો ભાગ; ઉપર આવેલો ભાગ.

ઉપરિભૂમિ [સ. ઉપરિ (ઉપર) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઉપરની જમીન.

ઉપરિમર્ત્ય [સં. ઉપરિ (ઉપર) + મર્ત્ય (માણસ)] સ. માણસ ઉપર.

ઉપરિમંડળી પું. (પુરાણ) ભૃગુકુળમાં થયેલ એક ઋષિનું નામ.

ઉપરિમેખલ પું. એ નામનો એક ઋષિ.

ઉપરિયું ન. માથાનો ઓળાની બાજુનો ભાગ.

ઉપરિરેખાંકિત [સં. ઉપરિ (ઉપર) + રેખા (લીટી) + અંકિત (નિશાનીવાળું)] વિ. ઉપર લીટી દોરેલું.

ઉપરિરેખિત [સં. ઉપરિ (ઉપર) + રેખા (લીટી) + ઇત (વાળું)] વિ. ઉપર લીટી કરેલું.

ઉપરિવૃહતી [સં.] પું. એક વૈદિક છંદનું નામ.

ઉપરિષ્ઠ પું. પગંદા; બી ઓષધીને તથા ઉપર રોપેલી રોટલી.

ઉપરિષ્ટાત્જ્યોતિ [સં.] સ્ત્રી. (પિંગળ) જેલી લીટી આઠ સ્વરની બનેલી હોય એવો એક જાતનો છંદ.

ઉપરિષ્ટાત્જ્યોતિષ્મતી [સં.] સ્ત્રી. (પિંગળ) વેદનો એક છંદ. તે તેતાળીસ કે ચુમાળીસ સ્વરનો બનેલો હોય છે.

ઉપરિષ્ટાત્બૃહતી [સં. ઉપરિષ્ટાત્ (બાદ) + બૃહતી (જાતિ)] સ્ત્રી. (પિંગળ) બાર પાદવાળો એક વૈદિક છંદ. તેમાં પહેલું પાદ બાર સ્વરનું અને બાકીનાં બધ આઠ સ્વરનાં હોય છે.

ઉપરિસદી ૧. [સં. ઉપરિ (ઉપર) + સદ્ (બેસવું)] પું. દેવના એક વર્ગનું નામ.
૨. વિ. ઉપર રહેનાર; ઊંચે રહેનાર.

ઉપરિસ્તર [સં. ઉપરિ (ઉપર) + સ્તર (પડ)] પું. ઉપલો પડ.

ઉપરિસ્થ [સ. ઉપરિ (ઉપર) + સ્થ (રહેનું)] વિ. ઉપર આવેલું; ઉપરનું પડ.

૫. [સં. ઉપસૃજ્ (નાશ કરવો)] ન. કોપી ઉત્પાત; ઉપદ્રવ; ઉપસર્ગ.
૬. ન. પૂજણી; સાવરણી; વાળવાનું સાધન.
૭. ન. (વ્યાકરણ) પોતાનો મૂળ સ્વતંત્ર ભાવ ખોઈ દેનાર પણ બીજા શબ્દનો અર્થ નક્કી કરનાર શબ્દ. જેમકે, 'રાજપુરુષ'માં 'રાજ' શબ્દ ઉપસર્જન છે.
૮. [સં. ઉપસૃજ્ (દેવું) + અન (પ્રત્યય)] ન. દેવું તે.
૯. ન. સંબંધ.
૧૦. ન. (વેદાંત) દેખાતી વસ્તુ.

ઉપસર્પ ૧. [સં. ઉપ (પાસે) + સૃપ્ (જવું)] પું. નજીક જવું તે.
૨. પું. પાળા જવું તે.

ઉપસર્પક ૧. [સં. ઉપ (પાસે) + સૃપ્ (જવું)] વિ. ઉપાસક; સેવક.
૨. વિ. પાસે જનાર.

ઉપસર્પણ [સં. ઉપ (પાસે) + સૃપ્ (જવું) + અન (પ્રત્યય)] ન. પાસે જવું તે.

ઉપસર્પી [સં. ઉપ (પાસે) + સર્પિન્ (જનાર)] વિ. પાસે જનું.

ઉપસર્પ્યા ૧. [સં. ઉપસૃ (સંબંધ થવો)] સ્ત્રી. ઋતુમતી થતાં સાંઢ દેખાડવા લાવક રખેલી ગાય.
૨. સ્ત્રી. દર વર્ષે વાછરું દેનારી ગાય.

ઉપસંકુલા પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો દરેક ચરણમાં સગણ, જગણ, તગણ અને ગુરુ મળી દશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
ઉપસંકુલા સ ન ત ગ ગી. રઘુપિંગળ

ઉપસંક્રમ ૧. [સં. ઉપ (પાં) + સક્રમ્ (જવું)] પું. દાખલ કરવાપણું.
૨. [સં. ઉપ (ઉપર) + સક્રમ્ (જવું)] પું. મૂકવું તે; સ્થાપન.

ઉપસંક્રમણ જુઓ ઉપસંક્રમ.

ઉપસંક્રાંત [સં. ઉપ (નીચે) + સક્રાંત (પહોંચવું કરેલું)] વિ. સોંપેલું; વારસામાં આપેલું.

ઉપસંખ્યા [સ. ઉપ (ઉતરતું) + સંખ્યા (ક્રમ)] સ્ત્રી. મુખ્યથી ઊતરતી રકમ; પહેલા આંકથી નીચેનો આંક.

ઉપસંખ્યાન ૧. [સં. ઉપ (અધિક) + સંખ્યાન (ગણવાપણું)] ન. ઉમેરો; વધારો.
૨. ન. (વેદાંત) એક અર્થ જે મંત્રમાં ન કહ્યો હોય તેનું બીજા મંત્રમાંથી કહેવું તે.
૩. ન. (વ્યાકરણ) એકને બદલે બીજું રૂપ વાપરવાપણું.
૪. ન. અક્ષતરી કરવી તે.
૫. ન. પુરવણીરૂપ ઉમેરો; વિવેચનવાળી ટીકા. પાણિનિના સૂત્રમાં રહેલી ઊણપ પૂરી કરવા કાત્યાયને કરેલ વાર્તિકને માટે આ શબ્દ વપરાય છે.

ઉપસંગી ૧. [સં. ઉપ (સાથે) + સંગ (સોબત) + ઙીપ્ (પ્રત્યય)] સ્ત્રી. સહચરી; પત્ની; સ્ત્રી; વહુ.
૨. વિ. પાસે રહેનારું.
૩. વિ. સાથે જનારું.

ઉપસંગ્રહ ૧. [સં. ઉપ (અધિક) + સંગ્રહ્ (સંકોચવું)] પું. અભિવાદન; નમ્રતાથી સલામ કરવી તે; અંગસ્પર્શ કરીને કરાતું વંદન; નમસ્કાર કરવાની એક જૂની રીતભાત; પોતાનાં ગોત્ર પ્રવર વગેરે બોલી જમણો અને ડાબો કાનને ક્રમથી હાથ અડે અને જમણો હાથ અડીને, આશીર્વાદ નષ્ટ હોય તો તેના જમણા પગને જમણો હાથ અને ડાબા પગને ડાબો હાથ સ્પર્શ કરી માથું નમાવવું તે.
૨. પું. ઉપકરણ; સાધનસામગ્રી.
૩. [સં. ઉપ (અધિક) + સંગ્રહ (એકઠું કરવું)] પું. એકઠું કરવું તે; સારી પેઠે કરાતો સંગ્રહ.
૪. [સં. ઉપ (અધિક) + સંગ્રહ (લેવું)] પું. આગ્રહ કરવું તે; સ્વીકાર; પરિગ્રહ; લેવાપણું.

ઉપસંહાર

૫. પું. ટેકો; અનુમોદન.

૬. પું. પોતાના પક્ષમાં રાખવું તે.

૭. પું. સભ્યતાથી બોલાવવું તે.

૮. પું. સંતુષ્ટ રાખવું તે; પ્રસન્નતા સંપાદન.

ઉપસંગ્રહણ જુઓ ઉપસંગ્રહ.

ઉપસંગ્રાહ્ય [સં. ઉપ (અધિક) + સમ્ (માન આપવું) + ગ્રહ (લેવું) + ય (લેવું)] વિ. ગરવરૂપમાં કરી વંદન કરવા જેનું; અતિ માનનીય; ઘણું પૂજ્ય.

ઉપસંચાર [સં. ઉપ (અધિક) + સંચાર (ફેલાવો)] પું. ચાલાકી; કપટવાળો ઉપક્રમ.

ઉપસંજીહાના [સં. ઉપ (નજીક) + સં (સારી રીતે) + જિહાન (જવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (ગણિત) ઉપનાં કોઈ બાકી રહી ગયેલાં અંગ પણ ને પણ આવતી જ એ છતાં કદી તેને અડકે નહિ તેવી સીધી લીટી; 'અસિમ્પ્ટોટ'.

ઉપસંતતિ [સં. ઉપ (પેટા) + સંતતિ (ઓલાદ)] સ્ત્રી. બાળકનાં બાળક.

ઉપસંતાન ૧. [સં. ઉપ (નજીક) + સંતન્ (સાથે જોડવું)] ન. નજીકનો સંબંધ.

૨. [સં. ઉપ (અધિક) + સંતાન (વિસ્તાર)] ન. વરાજ; સંતતિ; ઓલાદ.

ઉપસંધાન [સં. ઉપ (સાથે) + સંધાન (જોડાણ)] ન. ઉમેરો; જોડાણ; વધારવું તે.

ઉપસંધિ [સં. ઉપ (પેટા) + સંધિ (નાટકનો ભાગ)] સ્ત્રી. નાટકનો પેટા વિભાગ.

ઉપસંન્યાસ [સં. ઉપ (અધિક) + સંન્યાસ (ત્યાગ)] પું. ત્યાગ; વૈરાગ; વિરક્તિ.

ઉપસંપત્તિ ૧. [સં. ઉપ (પાસે) + સંપદ્ (પહોંચવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. આવી પહોંચવું તે.

૨. સ્ત્રી. શરત; કરાર કરવાપણું.

ઉપસંપદ [સં. ઉપ (નજીક) + સંપદ્ (પ્રાપ્તની અધિકતા)] સ્ત્રી. બૌદ્ધ ભિક્ષુ થવાની દીક્ષા.

ઉપસંપદા ૧. સ્ત્રી. આદર; પરવાનગી.

૨. સ્ત્રી. (જૈન) જ્ઞાનાદિ સંપત્તિ માટે આચાર્યાદિનું શરણ લેવાપણું.

૩. સ્ત્રી. (બૌદ્ધ) નવા શિષ્યને બૌદ્ધ માર્ગમાં દાખલ કરવાની રીત.

૪. [સં. ઉપસંપદ્ (મેળવવું)] સ્ત્રી. પ્રાપ્તિ; લાભ.

૫. [સં. ઉપસંપદ્ (દીક્ષા આપવી)] સ્ત્રી. (બૌદ્ધ) બૌદ્ધ ભિક્ષુ થવાની દીક્ષા

ઉપસંપન્ન ૧. [સં. ઉપ (નજીક) + સમ્ (સારી રીતે) + પદ્ (જવું) + ત (પ્રત્યય)] ન. તૃપ્તિ; તર્પણ; સંતોષ; પરવટ.

૨. [સં. ઉપ (અધિક) + સંપન્ન (પાકું)] ન. મરીમસાલો.

૩. ન. મીઠાઈ.

૪. વિ. ઉદ્યત; તૈયાર.

૫. [સં. ઉપસંપદ્ (અર્પણ કરવું) + ત (પ્રત્યય)] વિ. ધાર્મિક ક્રિયા માટે અર્પેલું; વટમાં આપેલું.

૬. [સં. ઉપ (પાસે) + સંપન્ન (આવેલું)] વિ. નજીક આવેલું.

૭. વિ. પૂરેપૂરું; બરાબરિયાત જેટલું.

૮. [સં. ઉપસંપદ્ (મેળવવું) + ત (પ્રત્યય)] વિ. પ્રાપ્ત; મેળવેલું.

૯. [સં. ઉપ (બધારે) + સંપન્ન (પૂરું બનેલું)] વિ. બહુ ઓળખીતું; ઘણું બનતીતું.

૧૦. વિ. મળેલું.

૧૧. ન. સંપત્તિ; સમૃદ્ધિ; ઘણી ચીવટથી મહેનત કરીને મેળેલ.

ઉપસંપાદક [સં. ઉપ (બદલીને) + સંપાદક (તૈયાર કરનાર)] પું. મુખ્ય કર્તાની મેરદારીમાં કામ કરનાર માણસ.

ઉપસંપાદન [સં. ઉપ (બહુ) + સંપાદન (મિલવવું તે)] ન. ઘણી મેળવણીવાળું.

ઉપસંપ્રદાય ૧. [સં. ઉપ (ઊતરતું) + સંપ્રદાય (ધર્મનો ફાંટો)] પું. પેટા પક્ષ, ધાર્મિક માર્ગનો ફાંટો.

૨. [સં. ઉપ (ઊતરતું) + સંપ્રદાય (રિવાજ)] પું. પેટા રિવાજ.

ઉપસંભાષ ૧. [સં. ઉપ (સાથે) + સમ્ (સારી રીતે) + ભાષ્ (બોલવું)] પું. મિત્ર તરીકે કરેલ સમજૂત.

૨. પું. વાતચીત.

ઉપસંભાષા જુઓ ઉપસંભાષ.

ઉપસંયમ ૧. [સં. ઉપ (તદ્ન) + સંયમ્ (બંધ કરવું)] પું. ઉપસંહાર; સમાપ્તિ; અંત.

૨. પું. જગતનો નાશ; પ્રલય.

૩. પું. ઠગાઈ.

૪. [સં. ઉપ (બરાબર) + સંયમ (ઇંદ્રિયો વશ કરવાપણું)] પું. નિગ્રહ; ઇંદ્રિય ઉપર કાબૂ.

૫. [સં. ઉપ (બહુ) + સંયમ (દબાણ)] પું. બંધન; નિયમ.

ઉપસંયમન ૧. [સં. ઉપ (બધારે) + સંયમન (ઇંદ્રિયોને વશ રાખવાપણું)] ન. ઇંદ્રિયોને સારી રીતે વશ કરવાપણું.

૨. ન. બરાબર બાંધવું તે.

૩. [સં. ઉપ (બધારે) + સંયમન (બાંધવું તે)] ન. મજબૂત રીતે બાંધવાનું સાધન.

ઉપસંયોગ ૧. પું. રૂપાંતર; ફેરફાર.

૨. [સં. ઉપ (ઊતરતું) + સંયોગ (સંબંધ)] પું. સમીપ સંયોગ; પેટા સંબંધ.

ઉપસંરોહ ૧. [સં. ઉપ (ઉપર) + સંરુહ્ (ઊગવું)] પું. ધાની ફણ.

૨. પું. નજીકમાં ચડવાપણું.

૩. પું. ઊંગવું; વળવું તે.

૪. પું. સાંધે ઊગવું તે.

ઉપસંવાદ [સં. ઉપ (બહુ) + સંવાદ (બનાવ)] પું. કબૂલાત; કોલકરાર; કરાર.

ઉપસંવ્યાન ૧. [સં. ઉપ (ઉપર) + સંવ્યાન (કપડું)] ન. લૂગડું; પોશાક; કપડું.

૨. ન. સાધારણ બહારના કપડા નીચે પહેરવાનું વસ્ત્ર.

ઉપસંસ્કરણ ૧. [સં. ઉપ (બરાબર) + સંસ્કૃ (તૈયાર કરવું)] ન. તૈયાર કરવું તે.

૨. [સં. ઉપ (પાસે) + સમ્ (સારું) + કૃ (કરવું)] ન. શુદ્ધ કરવાપણું.

ઉપસંસ્થા [સં. ઉપ (પેટા) + સંસ્થા (બાબત)] સ્ત્રી. મુખ્ય સંસ્થા નીચેનું બાતુ.

ઉપસંહરણ ૧. ન. ના પાડવી તે; મનાઈ કરવી તે.

૨ [સં. ઉપ (નજીક) + સંહરણ (પાછું લેવું તે)] ન. પાછું લેવાપણું.

૩. ન. બાતલ કરવું તે.

૪. ન. કુમકો; મદદ.

ઉપસંહાર ૧. પું. (ન્યાય) ઉપન્યાસ; ઉપનય; દાખલો આપ્યા પછી પક્ષમાં પણ તે હેતુ છે કે નહિ તે બતાવવાની પ્રક્રિયા થતાં તે દાખલાનું પક્ષમાં લાગુ કરવાપણું. જેમકે, રસોડામા ધુમાડો, અને તેથી અગ્નિ પણ છે એ દાખલો છે. આવી જગાની વ્યાપ્તિ પર્વત ઉપર છે કે નહિ એ વ્યાપ્તિવાળી દૃષ્ટિ થાય છે. તેના જવાબમાં પર્વત ઉપર ધુમાડો છે એવું જે આરોપણ થાય તેને ઉપસંહાર કહેવાય.

૨. પું. (વેદાંત) એક જગ્યાએ શ્રુતિમાં કહેલા અર્થને સંબંધને માટે બીજે કહેવામાં પણ ગણી લેવાપણું.

૩. [સં. ઉપસંહૃ (જોડું કરવું)] પું. એકઠું કરવાપણું; સંગ્રહ.

૪. પું. ખડતર; રદિયો.

૫. પું. દ્રવ્યમાં અદલો. લેવું તે; સમેટી લેવાપણું.

૬. પું. તૈયારી.

૭. પું. નાશ; મૃત્યુ; મરણ.
૮. પું. નિશ્ચય.
૯. પું. પરિશિષ્ટ.
૧૦. પું. (ન્યાય) પુસ્તકનું અંતનું પ્રકરણ; ગ્રંથનો ઉપલો અધ્યાય, જેમાં તેનો ઉદ્દેશ કે પરિણામ ટૂકમાં બતાવ્યો હોય. ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ અને ઉપપત્તિ એ ગ્રંથનો સાર જાણવાના સાત સાધન છે.
૧૧. પું. પૂરેપૂરો સબંધ.
૧૨. પું. કેડેલા બાળકને પાછું વાળવું તે.
૧૩. પું. રોકવું; અટકાયત.
૧૪. પું. વેદાર્થ નિર્ણયની છ રીતમાની એક.
૧૫. પું. (ન્યાય) સહચાર; સામાનાધિકરણ્ય. જેમકે, જો કારણ સહચાર વગરનું હોય તો સાધ્ય અને કારણ વચ્ચે ઉપસંહાર એટલે સાથે હોવાપણું ન હોય.
૧૬. પું. સંકોચ.
૧૭. પું. સંપૂર્ણતા; ભરોભરી.
૧૮. પું. સહાર; નકામું બનાવી દેવાપણું.
૧૯. પું. (વેદાંત) સામાન્ય અર્થને વિશેષ અર્થ તરીકે ગણવાપણું.
૨૦. પું. (ન્યાય) સારું બાબતો; તાત્પર્ય; વિસ્તારથી કહેવામાં કહેલ પદાર્થને કહેતું તે.
૨૧. પું. કારણ; લઈ જેતું તે.
૨૨. પું. કુમકો.

ઉપસંહારવિશુદ્ધિ જી. ન્યાયવાક્યના દસ અવયવ પૈકીનું એક.

ઉપસંહારસંધિ જી. નાટકના વસ્તુની પાંચ સંધિમાની એકનું નામ. નાટકમાં બધા ફાંટા ને પ્રયોજન એક સાથે વર્ણવાતાં હોય તેને ઉપસંહારસંધિ કહે છે.

ઉપસંહારી ૧. [સ. ઉપસંહારિન્] પું. (ન્યાય) બાધ કરનાર ન હોય તેવા હેતુ એટલે કારણ.
૨. વિ. નિવારક; પ્રતિબંધક; અટકાવનારું.
૩. વિ. પરિગ્રહ કરનારું; પૂર્ણ કબજો કરનારું.
૪. [સ. ઉપસંહાર (હરણ) + ઇન્ (વાળું)] વિ. બધું હરણ કરનારું.
૫. [સં. ઉપસંહાર (સમાપ્તિ) + ઇન્ (વાળું)] વિ. સમાપ્તિ કરનારું.
૬. વિ. સમાવેશ કરનારું.
૭. [સં. ઉપસંહાર (સારાંશ સમય) + ઇન્ (વાળું)] વિ. સપૂર્ણ સમજાવનારું.

ઉપસંહિત ૧. [સ ઉપ (સાથે) + સંધા (મૂકવું) + ત (એલ)] વિ. જોડાયેલું.
૨. વિ. સંબંધવાળું; સબંધી.
૩. વિ. સાથવાળું; સાથે હોય એવું.
૪. [સં. ઉપ (સાથે) + સંધા (જોડવું) + ત (એલ)] વિ. સાથે જોડાયેલું.

ઉપસંહૃત [સં. ઉપ (અધિક) + સમ્ (સારી રીતે) + હૃ (લેવું) + ત (એલ)] વિ. સંક્ષિપ્ત; ટૂંકું; સારરૂપના રૂપમાં લીધેલું.

ઉપસંહૃતિ ૧. [સ. ઉપ (અધિક) + સમ્ (સારી રીતે) + હૃ (લેવું) + તિ (પ્રત્ય)] જી. લઈ લેવું તે.
૨. [સ. ઉપસંહૃ (નાશ કરવો) + તિ (પ્રત્ય)] જી. વિનાશ.
૩. જી. સંકોચ.
૪. જી. સંક્ષેપ; સાર.

ઉપસાગર [સં. ઉપ (ઊતરતું) + સાગર (દરિયો)] પું. અખાત; જમીનમાં ઘૂસેલો સમુદ્રનો પહોળો મોટો ફાંટો.

ઉપસાદ ૧. પું. વિષાદ; વિકાસ.
૨. [ઊપસદ્ (દૂરનું) + આટ (પ્રત્યં)] પું. દૂરાનો.
૩. [ઊપસદ્ (બહાર નીકળવું) + આટ (પ્રત્યં)] પું. બહાર નીકળવું તે.
૪. [ઊપસદ્ (સોંપે આપવો) + આટ (પ્રત્યં)] પું. સોંપણ.

ઉપસાધ [ઊપસદ્ (પાસે આવવું)] ન. ઊપસેલો ભાગ.

ઉપસામગ્રી [સ. ઉપ (અલંકાર) + સામગ્રી (સાધન)] જી. સહાયક વસ્તુ.

ઉપસારથિ [સ. ઉપ (ઊતરતું) + સારથિ (રથ હાંકનાર)] પું. નીચેના દરજ્જાનો રથ હાંકનાર; રથ હાંકનાર માણસ.

ઉપસાવવું ૧. સ.ક્રિ. ઉપસવું કરવું; ઊપસે કરવું
૨. સ.ક્રિ. ઊપસે એમ કરવું; ફુલાવવું.
૩. સ.ક્રિ. બહાર નીકળે એમ કરવું.
૪. સ.ક્રિ. પધારવું; મોકલવું કરવું

ઉપસાહિત્ય ૧. [સં. ઉપ (અલંકાર) + સાહિત્ય (સાધન)] ન. અલંકાર સાધન.
૨. [સં. ઉપ (ઊતરતું) + સાહિત્ય (મધ અને પલાશ ક્ષાર)] ન. દવારૂ વાસણ.

ઉપસાંગેણું ન. (કચ્છી) ઉપસાવવું તે; ફુલાવવાપણું.

ઉપસાંત્વન [સ. ઉપ (અધિક) + સાન્ત્વ્ (શાંત કરવું) + અન (પ્રત્ય)] ન. શાંત કરવાપણું.

ઉપસિદ્ધાંત ૧. [સ. ઉપ (ગૌણ) + સિદ્ધાંત (નિર્ણય)] પું. કોઈ નિશ્ચય ઉપરથી થતો બીજો નિશ્ચય.
૨. પું. (ગણિત) પરીક્ષાના સવાલપત્રકમાં એકના એક સવાલમાં મુકાયેલો વધારે અઘરો સિદ્ધાંત. 'રાઇડર'.
૩. પું. (ગણિત) મુખ્ય સિદ્ધાંત ઉપરથી સીધી રીતે નીકળતો બીજો સિદ્ધાંત; સિદ્ધ કરેલા સિદ્ધાંત ઉપરથી તરત નીકળતું અનુમાન. 'કોરોલરિ'.

ઉપસિરા [સ. ઉપ (બહારનું) + શિરા (નસ)] જી. સહાયક શિરા.

ઉપસીર [સ. ઉપ (નિશ્ચય વગરનો અવ્યય) + સીર (હળ)] પું. હળ.

ઉપસંસક [સ. ઉપ (હળવું) + સંસક (સંસ્)] વ. કરવું અને કરાવવું જેવી સંજ્ઞા એક ધાતની બીજા ધાતુ; 'ણિજર્થકનામ'.

ઉપસુંદ [સ. ઉપ (નાનો ભાઈ) + સુંદ (એક દૈત્યનું નામ)] પું. (પુરાણ) તે નામનો એક દૈત્ય.

ઉપસૂત્ર [સં. ઉપ (નાનું) + સૂત્ર (તાંતણો)] ન. કપડાનો નાનો તાંતણો.

ઉપસૂર્યક ૧. [સં. ઉપ (સમીપ) + સૂર્ય (સૂરજ) + ક (નાનાપણું બતાવતો પ્રત્યય)] ન. આથમણો.
૨. ન. સૂર્યની આસપાસ થતું અજવાળું.
૩. ન. સૂર્યબિંબ.

ઉપસૃષ્ટ ૧. [સ. ઉપસૃજ્ (પકડવું) + ત (એલ)] પું. પકડવું થવેલ સૂર્ય અથવા ચંદ્ર.
૨. ન. (વ્યાકરણ) ઉપસર્ગ. પ્ર, પરા વગેરે.
૩. ન. સ્ત્રીપુરુષનો સમાગમ; મૈથુન.
૪. વિ. કામી, વિષયી
૫. વિ. પકડવું થવેલ.
૬. વિ. (વ્યાકરણ) જેને ઉપસર્ગ એટલે શબ્દના અર્થમાં ફેરફાર કરનાર અવ્યય લાગેલ હોય એવું.
૭. [સ. ઉપસૃજ્ (દુઃખ દેવું) + ત (એલ)] વિ. દુઃખિત; પીડા પામેલ.
૮. [સ. ઉપસૃજ્ (નાશ કરવો) + ત (એલ)] વિ. નષ્ટ; નાશ પામેલ.
૯. વિ. ભૂતપિશાચના વળગાડવાળું.
૧૦. [સં. ઉપ (અધિક) + સૃજ્ (વરસવું) + ત (એલ)] વિ. રેલા આવેલા; વિસર્જન કરેલું.
૧૧. [સ. ઉપસૃજ્ (જોડવું) + ત (એલ)] વિ. મેળવેલું, જોડાયેલું; સહિત.

ઉપસેક ૧. [સ. ઉપ (ઉપર) + સિચ્ (છાંટવું)] પું. ખાટલા, બિસ્તર.
૨. પું. જેની સાથે રોટલી કે બીજા ખાવું હોય તેવી પ્રવાહી ચીજ. કઢંબેક, દાળ, કઢી.

૩. પું. પલાળવું તે; પાણીથી નરમ કરવાપણું.
૪. પું. પાણી રેડવું તે.
૫. પું. પાણીમાં પલાળી પદાર્થનો કાઢેલ રસ.

ઉપસેકતા [સં. ઉપસેક્તૃ] વિ. સિંચનાર; છાંટનારું.

ઉપસેચન ૧. [સં. ઉપ (ઉપર) + સિચ્ (રેડવું)] ન. ઘી.
૨. ન. પાણી છાંટવાપણું; સિંચન.
૩. ન. લુગ્રો ઉપસેક ૫.
૪. ન. રસો; મસાલાવાળો બનાવે રસ.
૫. ન. લુગ્રો ઉપસેક ૨.
૬. ન. સિંચવાનું કે છાંટવાનું સાધન.
૭. વિ. સિંચનાર; છાંટનારું.

ઉપસેચની [સં. ઉપ (ઉપર) + સિચ્ (રેડવું)] સ્ત્રી. ચમચો; કડછી.

ઉપસેતુ [સં. ઉપ (નાનું) + સેતુ (પુલ)] પું. ગરનાળું; નાનો પુલ.

ઉપસેનાપતિ [સં. ઉપ (અદનાસ) + સેનાપતિ (લશ્કરનો ઉપરી)] પું. સેનાપતિના હાથ નીચેનો અમલદાર.

ઉપસેવક ૧. [સં. ઉપસેવ્ (આચરવું)] વિ. આચરનાર.
૨. વિ. પરસ્ત્રી ઉપર આસક્ત.
૩. [સં. ઉપસેવ્ (ભોગવવું)] વિ. ભોગ ભોગવવામાં મગ્ન.
૪. [સં. ઉપ (પાસે) + સેવક (ચાકરી કરનાર)] વિ. સેવા કરનાર.

ઉપસેવન ૧. [સં. ઉપસેવ્ (ભોગ લેવો)] ન. આસક્તિ; મનનો મોહ હોવાપણું.
૨. [સં. ઉપસેવ્ (ભોગવવું)] ન. ઉપભોગ; વપરાશ; ભોગવટો.
૩. [સં. ઉપસેવ્ (પજવું)] ન. પૂજા; આરાધના; ભક્તિ.
૪. [સં. ઉપ (પાસે) + સેવ્ (ચાકરી કરવી)] ન. સેવા; ચાકરી.

ઉપસેવા લુગ્રો ઉપસેવન.

ઉપસેવી ૧. [સં. ઉપસેવ્ (આચરવું) + ઇન્ (વાળું)] વિ. આચરનારું.
૨. [સં. ઉપસેવ્ (ચાકરી કરવી) + ઇન્ (વાળું)] વિ. ચાકરી કરનાર.

ઉપસોમ ૧. [સં. ઉપ (શક્તિ બતાવનાર અવ્યય) + સોમ (એક યજ્ઞનું નામ)] પું. સોમ નામનો યજ્ઞ કરનાર ઋત્વિજ.
૨. [સં. ઉપ (પાસે) + સોમ (ચંદ્ર)] ન. ચંદ્રની પાસે.
૩. [સં. ઉપ (પાસે) + સોમ (એ નામની વેલ)] ન. સોમલતાની પાસે.

ઉપસ્કર ૧. [સં. ઉપ (પાસે) + કૃ (કરવું)] પું. અલંકાર; આભૂષણ; શણગાર; ઘરેણું.
૨. પું. અંદર; ખાસ.
૩. [સં. ઉપકૃ (બનાવવું)] પું. ઉંદર.
૪. પું. કવચ; દોપ.
૫. પું. ઘરનો સામાન; રાચરચીલું; રાચરચીલું; ઘરખટલો.
૬. પું. કપડો.
૭. [સં. ઉપકૃ (નિંદા કરવી)] પું. નિંદા.
૮. [સં. ઉપસ્કૃ (ઢંકી કરવી)] પું. માર; ઈજા.
૯. [સં. ઉપસ્કૃ (સંપૂર્ણ કરવું)] પું. મુખ્યને કામની બીજી વસ્તુ; કોઈ બીજ પૂરી કરવા માટે વપરાતો પદાર્થ.
૧૦. પું. સંભાર; મસાલો.
૧૧. પું. સામગ્રી; સાધિત્ય.
૧૨. પું. સાવરણી.
૧૩. પું. સીધું; કરિયું અનાજ; કુટુંબનિર્વાહ માટે જરૂરનો સામાન.
૧૪. પું. હિંસા.

ઉપસ્કરકાર્યાલય [સં. ઉપસ્કર (રાચરચીલું) + કાર્ય (કામ) + આલય (મકાન)] ન. ઘરગથ્થુ સરસામાન બનાવવાનું કારખાનું.

ઉપસ્કરણ ૧. [સં. ઉપ (બહાર) + કૃ (કરવું)] ન. અભ્યાસ; પારંપરા; વાક્યમાં એકાદ શબ્દને અર્થ સમજવવા માટે ઉમેરવો તે; 'ઝેલિપ્સિસ'.
૨. ન. અલંકાર.
૩. [સં. ઉપસ્કૃ (ઢંકી કરવી)] ન. ઢંકી કરવાપણું.
૪. ન. કપડો.
૫. [સં. ઉપકૃ (નિંદવું)] ન. નિંદા.
૬. ન. કેરફાર; વિકાર.
૭. [સં. ઉપસ્કૃ (રાચરચીલું)] ન. રાચરચીલું સજવાપણું.
૮. ન. સરસામાન.
૯. ન. સંભાર; મસાલો; સાધન; બનાવો; ઘોળ.
૧૦. ન. હિંસા; મારી નાખવાપણું.
૧૧. ન. હિંસાનું સાધન.

ઉપસ્કરશાસ્ત્ર [સં. ઉપસ્કર (રાચરચીલું) + શાસ્ત્ર (વિદ્યા)] ન. ઉપસ્કરણ, રાચરચીલું વગેરેનો વિચાર કરનારું શાસ્ત્ર; જૂના વખતનું રાચરચીલું બનાવવાની વિદ્યા.

ઉપસ્કાર ૧. [સં. ઉપ (અધિ) + કૃ (કરવું)] પું. અલંકાર; ઘરેણું.
૨. પું. લુગ્રો ઉપસ્કરણ ૧.
૩. પું. લુગ્રો ઉપસ્કરણ ૭.
૪. [સં. ઉપસ્કૃ (સંપૂર્ણ કરવું)] પું. પૂર્તિ; પુરવણી.
૫. [સં. ઉપસ્કૃ (પ્રકાર કરવો)] પું. પ્રકાર; ઘા.
૬. પું. રાચરચીલું.
૭. પું. વધારો; વિશેષતા.
૮. પું. વિકાર; કેરફાર.
૯. પું. સમુદાય.
૧૦. પું. સમાસ.

ઉપસ્કીર્ણ [સં. ઉપસ્કૃ (મારવું)] વિ. મારી નાખેલ.

ઉપસ્કૃત ૧. [સં. ઉપસ્કૃ (સજાવવું) + ત (એલ)] વિ. અલંકૃત; સજાવેલ; શોભિત.
૨. [સં. ઉપસ્કૃ (ઢંકી કરવી) + ત (એલ)] વિ. ઢંકી કરેલ.
૩. વિ. ભેગું કરેલ.
૪. [સં. ઉપસ્કૃ (તૈયાર કરવું) + ત (એલ)] વિ. તૈયાર કરેલું.
૫. [સં. ઉપકૃ (નિંદવું)] વિ. નિંદા પામેલ.
૬. [સં. ઉપ (બહાર) + કૃ (કરવું) + ત (એલ)] વિ. પરસ્પરતાવાળું; અભ્યાસ કરેલ.
૭. વિ. કેરફાર થયેલ; વિકાર થયેલું.
૮. વિ. મરેલું.
૯. વિ. સંસ્કારી કરેલ.

ઉપસ્કૃતિ [સં. ઉપ (પાસે) + કૃ (કરવું) + તિ (પામવું)] સ્ત્રી. વધારો; પુરવણી; પરિશિષ્ટ; 'સપ્લીમેંટ'.

ઉપસ્તર ૧. [સં. ઉપ (નીચે) + સ્તર (પડ)] પું. જમીનનું અંદર પડ.
૨. [સં. ઉપસ્તૃ (ઢાંકવું)] પું. કલેવરની નબી ઢૂટી સપાટીને ઢાંકનારી કોષવાળી તંતુજાલ; ઉપચ્છદ; 'એપિથેલિયમ'.
૩. [સં. ઉપ (ઉપર) + સ્તૃ (પાથરવું)] પું. લેપ.

ઉપસ્તરણ ૧. [સં. ઉપસ્તૃ (ઢાંકવા કરવું)] ન. જમીનને સપાટ કરવાપણું.
૨. [સં. ઉપ (ઉપર) + સ્તૃ (પાથરવું)] ન. પાથરણું; બિછાનું.

ઉપસ્તંભ ૧. [સં. ઉપસ્તંભ્ (ટેકો આપવો)] પું. ઉત્તેજન.
૨. પું. ઉશ્કેરણી.
૩. પું. કલેવરનો આધાર. શરીરના જલ્લાવવા પ્રમાણે આહાર, નિદ્રા અને બ્રહ્મચર્ય એ

શરીરના મુખ્ય ઉપસ્તંભ છે. તેના પ્રકારપણે ભરેલા ઉપયોગથી સોહી, શક્તિ અને આયુષ્ય વધે અને વિપરીત ઉપયોગથી જિંદગીને નુકસાનકારક રોગ થાય.

૪. [સં. ઉપ (નીચે) + સ્તભ (થાંભલો)] પું. ટેકો; થાંભલો; આલંબન.

૫. પું. પાયો; મૂળ.

૬. પું. પ્રસંગ.

૭. પું. સ્થિતિ.

ઉપસ્તંભન જુઓ ઉપસ્તંભ.

ઉપસ્તંભાત્રિત્રિક [સં. ઉપસ્તભ (ટેકાનો આધાર) + આદિ (વગેરે) + ત્રિક (ત્રણનો સમૂહ)] પું. શરીરને ઉપયોગી ત્રણ ત્રણ બાબતનો સમૂહ. ચરક તે નીચે પ્રમાણે આપે છે: ત્રણ જાતનાં બળ, રોગનાં ત્રણ કારણ, ત્રણ રોગ, રોગના ત્રણ માર્ગ, ત્રણ જાતના વૈદ્ય અને ત્રણ જાતની દવા.

ઉપસ્તારણ [સં. ઉપ (ઉપર) + સ્તૃ (પાથરવું)] ન. પથારી; પાથરણું; બિછાનું.

ઉપસ્થિ ૧. [સં.] પું. અનુચર; સેવક; નોકર. આકર

૨. પું. ગ્રહ; ગ્રહ

ઉપસ્થી જુઓ ઉપસ્થિ

ઉપસ્તીર્ણ [સં. ઉપસ્તૃ (પાથરવું)] વિ. ફેલાયેલું; પથરાયેલ.

ઉપસ્તુતવાર્ષિકૃષ્ણ પું. ઋગ્વેદના દસમા મંડલના બેસો પંદરમા સૂક્તનો કર્તા એક ઋષિ.

ઉપસ્તુતિ ૧. [સં. ઉપસ્તુ (પ્રાર્થના કરવી)] સ્ત્રી. આવાહન; દેવને કરાતી પ્રાર્થના.

૨. [સં. ઉપ (અધિક) + સ્તુ (વખાણવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. વખાણ; પ્રશંસા.

ઉપસ્થ [સં. ઉપ (ઊભવું) + સ્થા (ખભો)] સ્ત્રી. રેખાંત.

ઉપસ્થ ૧. [સં.] પું. ખોળો.

૨. પું. (તાંત્રિક) છત્રીસ માંહેનું એ નામનું છબ્બીસમું તત્ત્વ.

૩. [સં. ઉપ (નીચે) + સ્થ (રહેવું)] પું. નીચલો ભાગ.

૪. પું. મધ્યભાગ.

૫. પું. સોળ માંહેનો એક વિકાર.

૬. પું. સ્ત્રી કે પુરુષની મૂત્રેન્દ્રિય.

૭. ન. મૂત્ર; મલદ્વાર.

૮. ન. ચોવીસ માંહેનું એક ગાયત્રી તત્ત્વ.

૯. [સં. ઉપ (ઊંચું) + સ્થા (હોવું)] ન. નિતંબ; ચાપો; કૂલ્હા; ઢેકો.

૧૦. [સ. ઉપ (નજીક) સ્થા (રહેવું)] વિ. પાસે રહેલું; સમીપનું; નજીકનું.

ઉપસ્થકંદિક [સ. ઉપસ્થદિક] સ્ત્રી. સ્ત્રી કે પુરુષની મૂત્ર ઇંદ્રિય; જનનેંદ્રિય. જુઓ ઉપસ્થેંદ્રિય.

ઉપસ્થકર્મ [સ. ઉપ (પાસે) + સ્થ (રહેવું) + કર્મન્ (કર્મ એટલે જેની ઉપર ક્રિયા થતી હોય તે)] ન. (વ્યાકરણ) પ્રધાન કર્મ; ક્રિયામાં ક્રિયાપદનું મુખ્ય કર્મ. તે સાધારણરીતે ક્રિયાપદની પાસે આવે છે. જેમકે, 'તેણે મને ચોપડી આપી' તેમા 'ચોપડી' મુખ્ય કર્મ છે.

ઉપસ્થગ્રહણ [સ. ઉપસ્થ (જનનેંદ્રિય) + ગ્રિ (ગ્રહ) + કોણ (ભાવ)] પું. સ્ત્રી કે પુરુષની જનનેંદ્રિયનો બહારનો ભાગ જેમાં ચટલો છે તે ત્રિકોણ ભાગ.

ઉપસ્થચટલ ૧. [સં. ઉપસ્થ (સ્ત્રીની જનનેંદ્રિય) + ટલ (બાદલું)] પું. પીપળા. તેનાં પાંદડાંનો આકાર યોનિ જેવા હોય છે.

૨. ન. પીપળાનું પાદડું

ઉપસ્થદેશ [સં. ઉપસ્થ (જનનેંદ્રિય) + દેશ (ભાગ)] પું. મૂત્ર અને જનનેંદ્રિય પ્રદેશ. ઉપસ્થચિકિત્સા; 'યુરોજેનિટલ રીજન'.

ઉપસ્થનિગ્રહ [સ. ઉપસ્થ (મૂત્રેંદ્રિય) + નિગ્રહ (અંકુશ)] પું. ઇંદ્રિયસંયમ; વિષયની ઇચ્છા રોકવાપણું

ઉપસ્થપત્ર જુઓ ઉપસ્થચટલ.

ઉપસ્થપાયુ [સં. ઉપસ્થ (સ્ત્રી કે પુરુષેંદ્રિય) + પાયુ (ગુદાદ્વાર)] પું. મૂત્ર; અપાનદ્વાર.

ઉપસ્થમાર્ગ [સં. ઉપસ્થ (સ્ત્રીની જનનેંદ્રિય) + માર્ગ (રસ્તો)] પું. પુરુષનું વીર્ય સ્ત્રીની જનનેંદ્રિયમાં જવાનો રસ્તો; યોનિમાર્ગ.

ઉપસ્થમુખ [સ. ઉપસ્થ (સ્ત્રીની મૂત્રેંદ્રિય) + મુખ (મોઢું)] ન. યોનિદ્વાર. પેસાબના છિદ્ર નીચે તે આવેલું છે. કુમારી અવસ્થામાં તે સાધારણ રીતે યોનિપટલ નામના પાતળા પડદાથી ઢંકાયેલું હોય છે.

ઉપસ્થમૂલચ્છદા [સં. ઉપસ્થ (મૂત્રેંદ્રિય) + મૂલ (શરૂઆતનો ભાગ) + છદ (ઢાંકનાર) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઉપસ્થ ત્રિકોણમાંની બે પેશીમાંની દરેક; 'લૅબિયમ પૅરિનીઆલ મસ્કલ'. આ બે પેશીમાની એક અગ્રિમ અને બીજી પશ્ચિમા કહેવાય છે. અગ્રિમાપેશી કુંડલકૃમિ એટલે યોનાના મૂળમાં રહેલ લાડકાના આગળ વધેલ ગોળ ભાગ ઉપરથી નીકળી ગુદાની આગળ સેવનીમાં ભેગાં પેળાના મૂળ અને ગુદાના છિદ્રની વચ્ચેના ભાગમાં ભેગાં થયેલી છે. તે વહન ઉપર છે. પશ્ચિમા નામની પેશી ઊંડાણમાં રહેલી હોઈ કુંડલકૃમિની નીચલી ટોચ ઉપરથી નીકળી સહેજ આગળ આવી, ઉપસ્થના મૂળ ભાગ આગળ મધ્યરેખામાં આવેલી સેવનીકંદરા ભાગમાં જોડાય છે. આ બે પેશી વચ્ચે બે પડવાણી મજબૂત ત્રિકોણ પ્રાવરણી એટલે પેશી ઉપરનું ઢાંકણ રહેલ છે. તેનું કામ સેવનીને ખેંચીને બરોબર તંગ રાખવાનું છે, જેથી સેવનીમાં સાંગેલી પેશીઓ પોતાનું કામ બરોબર કરી શકે.

ઉપસ્થલ ૧. પું. કટિ; કમર; કેડ.

૨. [સ. ઉપ (ઊંચું) + સ્થલ (જગ્યા)] પું. નિતંબ; કૂલ્હા.

૩. પું. પેડુ; કૂદી નીચેનો પેટનો ભાગ.

ઉપસ્થલી જુઓ ઉપસ્થલ.

ઉપસ્થસંકોચની [સં. ઉપસ્થ (મૂત્રેંદ્રિય) + સંકુચ્ (સંકોચવું)] સ્ત્રી. ઉપસ્થની દરેક બાજુએ આવેલી બે નામની બે પેશીમાંની દરેક તેઓ ઉપસ્થના મૂળની આસપાસ વીંટાઈને અરસપરસ સેવનીમાં ભળી જાય છે. પેશાબ મત્રાતયમાંથી બહાર નીકળી ગયા પછી આ પેશી મત્રપ્રણાલને દબાવી સંકોચે છે એટલે પેશાબનું ટીપું પણ તેની અંદર રહેવા પામતું નથી. સ્ત્રીઓમાં આ પેશી યોનિદ્વારની બાજુઓ ઉપર રહીને તેને સંકોચે છે.

ઉપસ્થસ્થાન [સ. ઉપસ્થ (મૂત્રેંદ્રિય) + સ્થાન (જગ્યા)] ન. જનનેંદ્રિયની જગ્યા.

ઉપસ્થસ્રાવ [સં. ઉપસ્થ (જનનેંદ્રિય) + સ્રવ (પડેલું તે)] પું. સ્ત્રીની જનનેંદ્રિયમાંથી નીકળતા બગાસ જેવા પદાર્થ, વીર્ય જેવો પેશાબ. 'લેકોરીઆ'

ઉપસ્થળ પું. (પુરાણ) ક્રૌંચ દ્વીપમાં આવેલ એક ઋષિનું નામ

ઉપસ્થાતા ૧. [સ. ઉપસ્થાતૃ] પું. એક ઋત્વિજ

૨. [સ. ઉપ (પાસે) + સ્થાતૃ (રહેનાર)] પું. સેવક; નોકર; પરિચારક.

૩. વિ. ઉપાસના કરનાર, સેવનાર.

૪. વિ. બીજા ઉપર આધાર રાખનારું

૫. વિ. વખતસર આવેલ.

ઉપસ્થાધોગંડી વિ. શ્વાસ લેવાની ઇંદ્રિય હૃદયની પાછળ હોય એવું; 'ઓપિસ્થોહ્રેકિએટ'.

ઉપસ્થાન ૧. [સં. ઉપ (સામે) + સ્થા (રહેવું)] ન. અનુસંધાન, દંતકાળ.

૨. ન. ઉત્પન્ન થવાની જગ્યા.
૩. [સં. ઉપ (પાસે) + સ્થા (સ્થેવું)] ન. નષ્ટક્ષ રહેવું તે.
૪. ન. નમસ્કાર; અભિવંદન.
૫. ન. પવિત્ર જગ્યા; પૂજનું ઠેકાણું.
૬. [સં. ઉપ (પાસે) + સ્થા (સ્થેવું) + અન (પ્રત્યય)] ન. પાસે આવી પહોંચવાપણું.
૭. ન. પાસે સેવામાં રહેવું તે; અભ્યર્થના કે પૂજા માટે નષ્ટક્ષ રહેવાપણું.
૮. ન. પુનરુત્પત્તિ; ફરી થવું તે.
૯. ન. પૂજા માટે મંત્ર કે સ્તુતિ બોલતાં દેવની સામે ઊભા રહેવું તે; પ્રાર્થના; ઉપાસના; સેવા.
૧૦. ન. બેઠક; સભા; મંડળ.
૧૧. ન. માવજત; સારવાર.
૧૨. ન. મૂળ; આરંભ; ઉત્પત્તિ.
૧૩. ન. મેળવવું તે.
૧૪. ન. રક્ષણ.
૧૫. ન. રહેઠાણ; રહેવાની જગ્યા; નિવાસસ્થાન.
૧૬. [સં. ઉપસ્થા (ગોદ કરવું)] ન. સેજથી ઠામની વચ્ચેની જગ્યા.
૧૭. ન. સભા; સમાજ.
૧૮. ન. સંધ્યોપાસનાનું એક અંગ. તેમાં મૂર્તિરને પ્રાણ, જીવન અને જ્ઞાનના મૂળ કારણ તરીકે ભાવવામાં આવે છે.
૧૯. ન. (જૈન) સંયમ પાળવાપણું.
૨૦. ન. સૂર્યના આવાહનનો મંત્ર.
૨૧. ન. સ્મરણ; યાદદાસ્ત; સ્મૃતિ.
૨૨. ન. હાજરી; નષ્ટક્ષ હોવું તે.
૨૩. ન. હાથીની કસરત. જેમાં, ઊભા થવું, ઊંચું થવું, નમવું, વાંકા વળવું, ઠોરિયા કે વાઘ ઉપર કૂદવું.

ઉપસ્થાનગૃહ [સં. ઉપસ્થાન (સભા) + ગૃહ (મકાન)] ન. કચેરી; રાજસભા; દરબાર.

ઉપસ્થાનશાલા [સ. ઉપસ્થાન (બેઠક) + શાલા (મકાન)] સ્ત્રી. રાજસભા; દીવાનખાનું.

ઉપસ્થાનિક ૧. [સ. ઉપ (પાસે) + સ્થાન (જગ્યા) + ઇક (નાનું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પાસે રહેનારી દાસી.
૨. ન. નજરાણું.
૩. ન. બક્ષિસ.
૪. [સ. ઉપસ્થા (બક્ષિસ આપવી)] ન. ભેટ.

ઉપસ્થાનીય ૧. વિ. સેવનાર.
૨. [સ. ઉપસ્થા (સેવવું) + અનીય (જેવું)] વિ. સેવા કરવા જેવું.

ઉપસ્થાપક ૧. [સં. ઉપ (પાસે) + સ્થાપક (લાવનાર)] વિ. પાસે લાવનાર.
૨. [સં. ઉપસ્થા (ગોદ કરવું)] વિ. ગોદ કરાવવું.
૩. વિ. વિચાર કે સ્વીકાર માટે કોઈ વિષય સભા આગળ રજૂ કરનાર.
૪. વિ. સમજવવું; બોધ આપવું.
૫. [સં. ઉપસ્થા (સેવા કરવી)] વિ. સારવાર કરનાર.

ઉપસ્થાપન ૧. [સં. ઉપસ્થા (સેવા કરવી)] ન. તહેનાત; સેવા; નોકરી.
૨. ન. તૈયાર કરવું તે.
૩. [સં. ઉપ (નષ્ટક) + સ્થાપન (મૂકવાપણું)] ન. નષ્ટકમાં લાવવાપણું.
૪. ન. (જૈન) પાપના નિવારણ માટેના એક તપનું નામ; મહાવ્રતનો ભંગ કરનારને ફરી મહાવ્રત આપવાપણું.
૫. ન. પુનરુત્પત્તિ; ફરી પેદા કરવાપણું.
૬. ન. જણાવવું તે.
૭. ન. (જૈન) મોટી દીક્ષાનું આરોપણ; દીક્ષા આપ્યા પછી સાત દિવસે, ચાર મહિને કે છ મહિને અપાતી મોટી દીક્ષા.
૮. ન. રજૂ કરવાપણું; આગળ મૂકવું તે.
૯. [સં. ઉપસ્થા (યાદ કરવું)] ન. સ્મરણ કરાવવું તે; યાદ દેવડાવવાપણું.

ઉપસ્થાપના સ્ત્રી. (જૈન) મહાવ્રત ભાંગવાનું પાપ દૂર કરવા માટેનું એક જાતનું પ્રાયશ્ચિત્ત તપ. તેમાં નવેસરથી દીક્ષા આપવામાં આવે છે.

ઉપસ્થાપનાચાર્ય ૧. [સં. ઉપસ્થાપન (મોટી દીક્ષા આપવી તે) + આચાર્ય (ગુરુ)] પું. (જૈન) મોટી દીક્ષા આપનાર ગુરુ.
૨. પું. સાધુસમુદાયથી દૂર કરેલ શિષ્યને ફરી દીક્ષા આપનાર ગુરુ.

ઉપસ્થાપનીય ૧. [સં. ઉપ (નષ્ટક) + સ્થાપનીય (મૂકવા જેવું)] વિ. નષ્ટક લાવવા જેવું.
૨. [સં. ઉપસ્થા (યાદ કરવું)] વિ. યાદ કરાવવા જેવું.

ઉપસ્થાયક ૧. [સ. ઉપસ્થા (સેવા કરવી)] પું. નોકર; ચાકર; પરિચારક.
૨ પું. શુદ્રનો અનુલોમી

ઉપસ્થાયી ૧. [સં. ઉપ (પાસે) + સ્થાયિન્ (હોનાર)] વિ. નષ્ટકનું.
૨. વિ. પાસે આવી પહોંચતું.
૩. [સ. ઉપસ્થા (સેવા કરવી)] વિ સેવાચાકરી કરનારું.

ઉપસ્થાવરા સ્ત્રી. પુરુષમેધ યજ્ઞની એક દેવતા.

ઉપસ્થિત ૧. પું. (પિંગળ) જગણ, સગણ, તગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર અને છેલ્લે અને સાતમે અક્ષરે યતિ એટલે વિસામાવાળો અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ઉપસ્થિત વિશે જગણો જ સ ત સા ગી.

રણછોડ પિંગળ

૨. પું. (પિંગળ) ત્રિષ્ટુપ છંદની જાતનો જગણ, સગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ત્રિષ્ટંડિત. તેમાં છ અક્ષરે વિસામો આવે.

ઉપસ્થિત વિશે જ સા ત બી ગા.

રણછોડ પિંગળ

૩. [સં. ઉપસ્થા (સેવા કરવી)] પું. સેવા; ઉપાસના; પૂજા.
૪. વિ. આવી પહોંચેલું, ઊભું થયેલું.
૫. વિ. જાણેલું; જ્ઞાત.
૬. વિ. તૈયાર હોય એવું
૭. [સં. ઉપ (પાસે) + સ્થિત (ઊભેલું)] વિ. નષ્ટક ઊભેલું; હાજર રહ્યું; આવી પહોંચેલું; વિદ્યમાન; મોજૂદ.
૮. વિ. પાસેનું; નષ્ટકનું.
૯. વિ. પેદા થયેલું.
૧૦. વિ. બનેલું, રચાયેલું; થયેલું.
૧૧. વિ મળેલ.
૧૨. [સં. ઉપસ્થા (યાદ કરવું) + ધૃત (ભેગ)] વિ. યાદીમાં હોય એવું.
૧૩. વિ. વેદમાં નહિ બાંધેલું; અનાર્ષ.
૧૪. વિ. સેવેલ; પૂજાયેલું.
૧૫. વિ. સ્વચ્છ કરેલું; માંજેલું.

ઉપસ્થિતપ્રચુપિત પું. (પિંગળ) એક વિષમવૃત્ત છંદ. તેના પહેલા ચરણમાં જગણ, સગણ, જગણ, જગણ અને બે ગુરુ મળી સોળ અક્ષર, બીજા ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર, ત્રીજા ચરણમાં બે નગણ અને સગણ મળી નવ અક્ષર અને ચોથા ચરણમાં ત્રણ નગણ, જગણ અને ગગણ મળી પંદર અક્ષર હોય છે.

ઉપસ્થિતા પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, બે જગણ અને ગુરુ મળી દરા અક્ષર હોય અને બીજે અને આઠમે અક્ષરે યતિ એટલે વિસામો હોય એવો પંક્તિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

તા ન જ જ ગ યાને **ઉપસ્થિતા.** રણછોડ પિંગળ

ઉપસ્થિતિ ૧. [સં. ઉપ (પાસે) + સ્થિતિ (હોવાપણું)] સ્ત્રી. આકૃતિ; અર્થ સૂચવ્યો સમજાય એમ બે શબ્દનું પાસે હોવાપણું.
૨. સ્ત્રી. ઘટના.
૩. સ્ત્રી. પહોંચવું તે; પાસે જઈ ચડવાપણું.
૪. સ્ત્રી. પ્રાપ્તિ; મેળવવું તે.

૫. સ્ત્રી. બનાવ.

૬. સ્ત્રી. વિદ્યમાનતા; હાજરી. ૨ખરૂપણું.

૭. સ્ત્રી. સફળ કરવું તે; સિદ્ધિ.

૮. સ્ત્રી. સમયસૂચકતા; સમય પ્રમાણે તરત ક્રમ કરવાની સુદ્ધિ.

૯. [સં. ઉપસ્થા (સેવવું) + તિ (પ્રત્યે)] સ્ત્રી. સેવા; નોકરી.

૧૦. [સં. ઉપસ્મા (યાદ કરવું) + તિ (પ્રત્યે)] સ્ત્રી. સ્મરણ; સ્મૃતિ; યાદદાસ્ત.

ઉપસ્થિતિપત્રક [સં. ઉપસ્થિતિ (હાજરી) + પત્રક (દીપ)] ન. હાજરીપત્રક.

ઉપસ્થૂલાંત્ર [સં. ઉપ (પાસે) + સ્થૂલ (મોટું) + અંત્ર (આંતરડું)] ન. આંત્રપુચ્છ; આંત્રપરિશિષ્ટ; ઉંદરના નીચલા ભાગમાં જમણી બાજુએ અંત્રપુટ (સીકમ)ની છેડે અને માણસ અને કેટલાંક આંજણવાળાં પ્રાણીઓનું મોટું આંતરડું શરૂ થાય છે તો આવેલ ટચલાના આકારની ત્રણથી ચાર ઇંચ લાંબી ઇંદ્રિય, જેનું બાસ કાર્ય જણાયું નથી; 'એપેન્ડિક્સ'.

ઉપસ્થેય ૧. [સં. ઉપ (પાસે) + સ્થા (રહેવું) + ઇય (જોઈ)] વિ. પાસે રહી સેવવા જોગ.

૨. [સ. ઉપસ્મા (સ્મૃતિ કરવી) + ઇય (જોઈ)] વિ. યજ્ઞાદિ કરવા જોગ.

ઉપસ્પૅંદ્રિય [સં. ઉપસ્થ (મૂત્રેંદ્રિય) + ઇંદ્રિય] સ્ત્રી. મૂત્રેંદ્રિય; જનનેંદ્રિય.

ઉપસ્થોદરી [સં. ઉપ (પાસે) + સ્થ (રહેલું) + ઉદર (પેટ) + ઙીપ્ (વાળું)] વિ. પાણીની બાજુ અંતરોળ હોય જેનું; 'ઓપિસ્થોસીલિઅન'.

ઉપસ્થોર્ધ્વ [સં. ઉપસ્થ (સ્ત્રી કે પુરુષની જનનેંદ્રિય) + ઊર્ધ્વ (ઉપર)] વિ. મૂત્રેંદ્રિય ઉપરનું; ઢંકી નીચેનું.

ઉપસ્નાતક [સં. ઉપ (સમીપ) + સ્નાતક (અભ્યાસ કરી પૂરા આવેલ)] પું. જેનો અભ્યાસ અમુક હદ સુધી પૂરો થવા આવ્યો હોય તેવો વિદ્યાર્થી.

ઉપસ્નાન [સં. ઉપ (નજીક) + સ્નાન (નહાવું તે)] ન. જમતાં પહેલાં ઓઢી વારે કરવામાં આવતું નાવણ.

ઉપસ્નાયુ [સં. ઉપ (અદલાબદલ) + સ્નાયુ (હાડકાંને ઠરાં પકડાં અટકાવનાર તાંતણા)] પું. હાડકાંને જોડનાર અને સાંધા બનાવનાર એક જાતના પાટી તંતુમય પેશી, જે મુખ્ય સ્નાયુને મદદ કરે છે; 'ઑક્સેસરિ લિગમંટ'.

ઉપસ્નેહ ૧. પું. ઉપલેપ કંદન વગેરેનો લેપ.

૨. [સં. ઉપ (સાથે) + સ્નેહ (ચીકાશ)] પું. ચીકાશવાળું અન્ન કે રસ.

૩. પું. ભીંજવવું તે; ક્લેદન; ભીનું કરવાપણું.

૪. વિ. ચીકાશવાળું.

ઉપસ્પર્શ ૧. [સં. ઉપ (નજીક) + સ્પૃશ્ (અડવું)] પું. જ્ઞાન.

૨. [સં. ઉપસ્પૃશ્ (આચમન કરવું)] પું. મંત્રજળથી પાણી મોંએ અડાડવાપણું; ધાર્મિક ક્રિયા તરીકે પાણીનો ઘૂંટડો લઈ કંઠગતો કોગળો.

૩. [સં. ઉપસ્પૃશ્ (નાહવું)] પું. સ્નાન; નાવણ.

૪. પું. સ્પર્શ; અડવાપણું.

ઉપસ્પર્શન જુઓ ઉપસ્પર્શ.

ઉપસ્પર્શી ૧. [સં. ઉપસ્પર્શિન્] વિ. અડતું. સ્પર્શ કરતું.

૨. [સં. ઉપસ્પૃશ્ (પાણીને અડવું)] વિ. જમણી હથેળીમાં પાણી લઈ પી જતું.

ઉપસ્પૃષ્ટ ૧. [સં. ઉપ (નજીક) + સ્પૃશ્ (અડવું) + ત (ભૂત)] વિ. અડેલું.

૨. [સં. ઉપસ્પૃશ્ (પાણીને અડવું) + ત (ભૂત)] વિ. ધાર્મિક કામ માટે હથેળીમાં પાણી લઈ પીધેલું.

૩. [સં. ઉપ (ઉપર) + સ્પૃશ્ (સિંચવું) + ત (ભૂત)] વિ. સિંચેલું; ઓદેલું.

૪. [સં. ઉપસ્પૃશ્ (નાહવું) + ત (ભૂત)] વિ. સ્નાન કરેલું; નાહેલું.

ઉપસ્મૃતિ [સં. ઉપ (પેટા) + સ્મૃતિ (હિંદુ ધર્મશાસ્ત્ર)] સ્ત્રી. નાનું હિંદુ ધર્મશાસ્ત્ર. કાત્યાયનનું નાનું પુસ્તક. ઉપસ્મૃતિ અઢાર છે.

ઉપસ્રાવણ ૧. [સં. ઉપ (પાસે) + સ્રુ (ઝરવું) + અન (પ્રત્યે)] ન. ઝરણુસાવ; માસિક અટકાવ.

૨. [સ. ઉપ (અંત બતાવતો અવ્યય) + સ્રવણ (ઝરણ)] ન. ઝરણની નિવૃત્તિ; ટપકવું બંધ થવાપણું.

ઉપસ્વત્વ ૧. [સં. ઉપ (ઉપર) + સ્વત્વ (માલિકી)] ન. માલિકીની જમીન વગેરેમાંથી ઉત્પન્ન થયેલ ધાન્ય વગેરે દ્રવ્ય.

૨. ન. લાભ; ફાયદો.

ઉપસ્વાભાવિકસામ્ય [સં. ઉપ (ઓછું) + સ્વાભાવિક (કુદરતી) + સામ્ય (સરખાપણું)] ન. (અર્થશાસ્ત્ર) આર્થિક બાબતોની વચ્ચે અસાધારણ સરખાપણું; 'સબનૉર્મલ ઇક્વિલિબ્રિઅમ'.

ઉપસ્વામી [સં. ઉપ (પેટા) + સ્વામિન્ (ધણી)] પું. પેટા માલિક.

ઉપસ્વાલી સ્ત્રી. એક પક્ષી, સમડી.

ઉપસ્વાવત [સં. ઉપસ્વાવત્] પું. સત્રાજિત રાજાના એક પુત્રના દીકરાનું નામ.

ઉપસ્વેદ ૧. [સં. ઉપ (બહુ) + સ્વેદ (ગરમી)] પું. તાપની પાસે રહેવાથી થયેલી ગરમી; બફારો, ઉકળાટ.

૨. પું. પરસેવો.

૩. પું. ભેજ.

ઉપહ ૧. [હિં.] વિ. બદરંગ; બહોપ.

૨. વિ. ગુમ; ગુલ; બનુ.

ઉપહત ૧. વિ. અટકી ગયેલું.

૨. વિ. અસર થયેલ; પ્રભાવ પડેલું.

૩. [સ. ઉપહન્ (ઈજા કરવી) + ત (ભૂત)] વિ. ઈજા પામેલ.

૪. વિ. ઉત્પાતથી ઘેરાયેલું; સંકટમાં આવી પડેલું; પીડિત.

૫. વિ. ઘા થયેલું.

૬. વિ. તિરસ્કારેલ; નિંદાયેલું.

૭. [સં. ઉપહન્ (નાશ કરવો) + ત (ભૂત)] વિ. નાશ કરાયેલું; હણાયેલ; મારી નાખવામાં આવેલું.

૮. વિ. પરાજય પામેલું; હરાવાયેલું.

૯. વિ. ખરાબ; અશુદ્ધ; દૂષિત.

ઉપહતક [સ. ઉપહત (તિરસ્કારેલ) + ક (તુચ્છપણું બતાવનાર પ્રત્યય)] વિ. બેદરકાર; કામનસીબ.

ઉપહતાત્મા [સ. ઉપહત (અસર થયેલું) + આત્મન્ (મન)] વિ. ઉશ્કેરાયેલું.

ઉપહૂતિ ૧. સ્ત્રી. આમંત્રણ.

૨. [સં. ઉપહન્ (ઈજા કરવી) + તિ (પ્રત્યે)] સ્ત્રી. ઈજા કરવી તે.

૩. સ્ત્રી. નાશ.

૪. [સં. ઉપહન્ (ઘા કરવો) + તિ (પ્રત્યે)] સ્ત્રી. પ્રહાર; ઘા.

૫. સ્ત્રી. આઘાત; અંતર; ફરક.

ઉપહન્તુ ૧. [સં. ઉપ (પાસે) + હન્ (મારવું)] વિ. હણનાર; નાશ કરનાર.

૨. વિ. ઘુમલો કરનાર.

ઉપહત્યા [સં. ઉપહન્ (અસર કરવી)] સ્ત્રી. બંદાઈ જવાપણું.

ઉપહનન ન. ઘાત કરવો તે; નાશ કરવાપણું.

ઉપહન્તાર ૧. [સં. ઉપહન્ (અસર કરવી)] વિ. અસર કરનાર.

૨. વિ. ઉશ્કેરનાર.

૩. [સં. ઉપ (નજીક) + હન્ (મારનાર)] વિ. હણનાર; મારી નાખનાર.

ઉપહરણ ૧. ન. અપહરણ.
૨. ન. નજરાણું.
૩. [સં. ઉપ (નજીક) + હૃ (લેવું) + અન (પ્રત્યય)] ન. નજીક લાવવાપણું.
૪. ન. પકડવું તે; ગ્રહણ.
૫. ન. પીરસણું; જમતાં માણસોને ખોરાક આપવો તે.
૬. ન. પૂજન.
૭. ન. બલિદાન.
૮. ન. બલિદાન આપવું તે; આહુતિ.
૯. [સં. ઉપહૃ (બલિદાન આપવો)] ન. ભેટ.
૧૦. ન. સન્માન.

ઉપહરિત [સં. ઉપ (પેઠા) + હરિત (ભાગમાં રહેલું એક તત્ત્વ)] વિ. હિંમળા અને પાણી ઉપર હરિતની અસરથી બનતા તેજાબવાળું; 'હાઇપોક્લોરસ'.

ઉપહૂઁ વિ. (જૂ. ગુ.) ઉપરનું.
બાસી પોલી ઉદન રહી, સોલપુહર ઉપહૂઁ નહીં.
ભાવપ્રકાશ

ઉપહર્તા ૧. [સં. ઉપ (પાસે) + હર્તૃ (લેનાર)] પું. વિષ્ણુ, જેઓ તે માણસોના દુઃખ હરે છે.
૨. [સં. ઉપહૃ (પીરસવું)] વિ. પીરસનાર.
૩. [સં. ઉપહૃ (ભેટ આપવી)] વિ. ભેટ આપનાર.

ઉપહર્તાયોગપતિ [સં. ઉપ (પાસે) + હર્તૃ (લેનાર) + યોગ (પરમાત્મા સાથે સંબંધ કરવાનો ઉપાય) + પતિ (માલિક)] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ઉપહવ ૧. [સં. ઉપ (નજીક) + હ્વ (બોલાવવું તે)] પું. આમંત્રણ; નોતરું; તેડું.
૨. પું. આવાહન; બોલાવવાપણું.

ઉપહવ્ય [સં.] પું. એક વનનું નામ.

ઉપહસન [સં. ઉપહસ (હસવું) + અન (પ્રત્યય)] ન. મશ્કરી; ઠેકડી; મજાક.

ઉપહસનીય જુઓ ઉપહાસનીય.

ઉપહસનીય [સં. ઉપહસ (મજાક કરવી) + અનીય (જેવું)] વિ. મશ્કરી થાય તેવું; ઠેકડી કરાય એવું; હાંસીપાત્ર.

ઉપહસિત ૧. [સં. ઉપહસ (મજાક કરવી હસવું), + ક્ત (જેલ)] ન. નાક ફુલાવી, આંખ ટેડી કરી, ગરદન હલાવતાં હસવું તે; નિંદાસૂચક હાસ્ય.
૨. વિ. હસી કઢેલ; મશ્કરી બનેલ; નિંદિત.

ઉપહસ્ત [સં. ઉપ (તરફ) + હસ્ત (હાથ)] ન. દાન લેવાપણું; પ્રતિગ્રહ.

ઉપહસ્તિકા [સં. ઉપ (પાસે) + હસ્ત (હાથ) + ઇક (નાનું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મુખવાસ' રાખવાની ખાનાંખાનાંવાળી કોથળી; બટવો.

ઉપહંતા [સં. ઉપ્ (વધ) + હંતૃ (મારનાર)] વિ. હણનાર; નાશ કરનાર.

ઉપહાર ૧. પું. આળસ; ઊંઘ; આન; મોટાઈ.
૨. પું. કીમત; લવાજમ.
૩. પું. નજરાણું.
૪. પું. પારકાપત્ત ગતનો ભોગ આમ.
૫. [સં. ઉપહૃ (અર્પવું)] પું. પૂજનનો સામાન; સામગ્રી.
૬. પું. ફૂલ ભેગાં કરવાપણું.
૭. પું. ફૂલની ભેટ.
૮. પું. બલિદાન.
૯. પું. બલિ; હોમવાની ચીજ.
૧૦. પું. બલિદાન.
૧૧. પું. ભેટ.
૧૨. [સં. ઉપહૃ (પીરસવું)] પું. મહેમાનોને પીરસવામાં આવતો ખોરાક.
૧૩. [સં. ઉપહૃ (નીચે મૂકવું)] પું. મૂકવાપણું.
૧૪. પું. વિસ્તાર; ફેલાવો.
૧૫. પું. રોગોની ઉપાસનાના ૭ નિયમ છે: હસિત એટલે હસીને, ગીત એટલે ગાઈને, નૃત્ત એટલે નાચીને, હુડુક્કાર એટલે હમરૂ બજાવીને, નમસ્કાર એટલે નમન કરીને અને જપ્ય એટલે જપ કરીને થતી આરાધના.
૧૬. પું. સુલેહ માટે આપાતી રકમ; બજીનતસ્ત્રીરીની રકમ.
૧૭. પું. હસવાના આવેગ કે નાચથી થતો પરસેવો કર્યો; બજાનદ.
૧૮. [સં. ઉપ (નાનું) + હાર (માળા)] પું. હાર નાનો.

ઉપહારક [સં. ઉપહૃ (આપવું)] વિ. સોંપનાર; અર્પનાર.

ઉપહારક અધિકારી [સં. ઉપહૃ (આપવું) + આ (પ્રકાર) + અધિકાર (સત્તા) + ઈન્ (વાળું)] પું. પ્રસર્પક એટલે સામાને સોંપનાર અમલદાર, પરરાજ્યમાં ગુનો કરી આશ્રય આપવીને પકડી તે પરરાજ્યના સોંપવાનું કામ કરનાર અમલદાર; 'એક્સ્ટ્રડિશન ઑફિસર'.

ઉપહારવાણી ૧. [સં. ઉપહાર (માન) + વાણી (વાણી)] સ્ત્રી. આવકારના શબ્દ; માનનાં વચન.
૨. [સં. ઉપહાર (ભેટ) + વાણી (વાણી)] સ્ત્રી. ભેટ આપતી વખતે બોલાતા નમ્રતાસૂચક શબ્દ; પ્રશસ્તિ.

ઉપહારસંધિ [સં. ઉપહાર (ભેટ) + સંધિ (સમાધાન)] પું. જેમાં સલાહ કરવા બેઠેલાં બેઉ પક્ષે બીજા પક્ષને કાંઈ ભેટ આપવી પડે એવી સુલેહ.

ઉપહારી ૧. [સં. ઉપહાર (બલિ) + ઇન્ (વાળું)] વિ. બલિદાન આપનારું.
૨. [સં. ઉપહાર (ભેટ) + ઇન્ (વાળું)] વિ. ભેટ દેનારું.
૩. [સં. ઉપહાર (વધ) + ઇન્ (વાળું)] વિ. વધ કરનાર.

ઉપહાલક ૧. [સં.] પું. કુંતલ દેશ.
૨ [સ. ઉપ (પાસે) + હાલ (હળ) + ક (વાળું)] પું. હળનો આગળનો ભાગ.

ઉપહાસ ૧. [સં. ઉપહસ (તિરસ્કારથી હસવું)] પું. નાક ફુલાવી, આંખ ત્રાંસી કરી, ટોળ હસાવતાં હસવું તે; અપહાસ્ય.
૨. પું. નિંદા; અવગણના; તિરસ્કાર.
૩. [સં. ઉપહસ (મશ્કરી કરવી)] પું. મશ્કરી; ટોળ; મજાક; ઠઠ્ઠો; ઠારી; ઠેકડી.
૪. પું. વાગ્બાણ; કટાક્ષ; અન્યોક્તિ; વક્રોક્તિ.

ઉપહાસક ૧. [સ. ઉપહસ (મશ્કરી કરવી)] પું. વિદૂષક; મશ્કરો; રમૂજી માણસ.
૨. વિ. નિંદક; વાંકું બોલનારું.
૩. વિ હાંસીખોર; મશ્કરી કરનારું.

ઉપહાસકથા [સ. ઉપહાસ (મશ્કરી) + કથા (કહેવું તે)] સ્ત્રી. મશ્કરીનો વિષય.

ઉપહાસકવિ [સં. ઉપહાસ (મજાક) + કવિ (કવિતા કરનાર)] પું. હસાવે એવાં કાવ્ય લખનાર માણસ; મશ્કરીભરેલ કવિતા લખનાર કવિ.

ઉપહાસકાવ્ય [સ. ઉપહાસ (હાસ્ય) + કાવ્ય (કવિતા)] ન. હસાવે એવી કવિતા; મજાકરૂપ કાવ્ય.

ઉપહાસગર્ભ [સં. ઉપહાસ (હાસ્ય) + ગર્ભ (અંદરનો ભાગ)] વિ. હાસ્યથી ભરેલું; મશ્કરી કરનારું.

ઉપહાસચિત્ર [સં ઉપહાસ (મશ્કરી) + ચિત્ર (કળી)] ન. કટાક્ષચિત્ર; રમૂજચિત્ર; અતિચિત્ર; મશ્કરી કરવા કરેલું કટાક્ષવાળું આલેખન; નર્મચિત્ર; 'કાર્ટૂન'.

ઉપહાસજનક [સ. ઉપહાસ (મશ્કરી) + જનક (કરાવું)] વિ. હાંસીથી કરાવું કરાવે.

ઉપહાસજનક [સં. ઉપહાસ (હસવું તે) + જનક (પેદા કરનાર)] વિ. રમૂજ ઉપજાવનારું.

ઉપહાસદૃષ્ટિ [સં. ઉપહાસ (મશ્કરી) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. મશ્કરી ભરેલી નજર.

ઉપહાસપાત્ર ૧. [સં. ઉપહાસ (મશ્કરી) + પાત્ર (લાયક)] ન. મશ્કરી કરવા જેવું માણસ.

૨. વિ. હાસી કરવા જેવું.

ઉપહાસપૂર્વક [સં. ઉપહાસ (હાસ્ય) + પૂર્વક (સાથે હોય એવું)] વિ. ઠઠ્ઠાવાળું; મજાકરૂપ.

ઉપહાસરચના [સં. ઉપહાસ (હસવું તે) + રચના (બનાવટ)] સ્ત્રી. હસાવે એવી બનાવટ.

ઉપહાસલેખ [સં. ઉપહાસ (મજાક) + લેખ (લખાણ)] પું. હસાવે એવું લખાણ.

ઉપહાસવિકૃત [સં. ઉપહાસ (હાસ્ય) + વિકૃત (ફેરફાર કરેલું)] વિ. મજાક માટે ફેરફાર કરેલું

ઉપહાસવિકૃતિ [સં. ઉપહાસ (મશ્કરી) + વિકૃતિ (ફેરફાર)] સ્ત્રી. ઠઠ્ઠાચિત્ર; હાસ્યજનક વર્ણનચિત્ર: 'કેરિકેચ્યુર'.

ઉપહાસવું [સં. ઉપહસ્ (મશ્કરી કરવી)] સ. ક્રિ. મશ્કરી કરવી.

ઉપહાસાત્મક [સં. ઉપહાસ (મશ્કરી) + આત્મન્ (રૂપ) + ક (વાળું)] વિ. મશ્કરી ભરેલું; મજાકવાળું.

ઉપહાસાત્મક અનુકરણકાવ્ય [સં. ઉપહાસ (મશ્કરી) + આત્મન્ (રૂપ) + ક (વાળું) + અનુકરણ (નકલ) + કાવ્ય (કવિતા)] ન. પ્રતિષ્ઠિત વિનોદવિકૃતિ; મૂળમાં ફેરફાર કરી તેમાં હાસ્યરસ આણેલો હોય એવી કવિતા; ગંભીર વિષયના કોઈ લેખમાંનાં વચન અને શૈલીની હલકા વિષયના વર્ણનમાં નકલ કરી કરેલું કાવ્ય; કોઈ કવિની રચનાની મશ્કરી કરવા લખેલ કવિતા: 'પરડિ'.

ઉપહાસાસ્પદ ૧. [સં. ઉપહાસ (હાસ્ય) + આસ્પદ (સ્થાન)] ન. મશ્કરીનો વિષય; જેની મજાક કરવામા આવે તે.

૨. વિ. મશ્કરીનો લાયક; હાંસી થાય એવું.

ઉપહાસિકા [સં. ઉપહાસ (રમૂજ) + ઇક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. હાસ્યરસ મુખ્ય હોય એવું નાટક; પ્રહસન; સુખાંત પ્રબંધ; મનુષ્યની નબળાઈ, રમૂજી બનાવ કે જીવનના અકસ્માત ઉપર લખેલ રમૂજ પેદા કરે તેવા પાત્રોના આલેખનવાળું નાટક; 'કૉમેડિ'.

ઉપહાસી [સં. ઉપહાસ (મશ્કરી)] સ્ત્રી. (હિંદી) હાંસી; ઠઠ્ઠા; નિંદા.

ઉપહાસ્ય [સં. ઉપહાસ (હસવું) + ય (જેવું)] વિ. હસી કાઢવા જેવું; હાંસીપાત્ર

ઉપહાસ્યચિત્ર [સં. ઉપહાસ (મશ્કરી) + ચિત્ર (કળી)] ન. વ્યંગચિત્ર; વિકૃતિચિત્ર; ઠઠ્ઠાકળી; ઉપહાસની તસવીર; અતિશ્યોક્તવર્ણન: માણસ કે વસ્તુની આકૃતિનું મશ્કરીના રૂપમાં અતિશય વર્ણન કર્યું હોય એવું ચિત્ર કે લેખાકૃતિ; 'કેરિકેચ્યુર'.

ઉપહાસ્યતા [સં. ઉપહાસ્ય (હાસ્યપાત્ર) + તા (પણું)] સ્ત્રી. હસી કાઢવા જેવું હોવાપણું.

ઉપહિત ૧ વિ આગળ આરોપેલું હોય એવું

૨ [સં. ઉપધા (આપવું) + ત (એલ)] વિ. આરોપેલું; હવાલે કરેલ

૩ વિ. (વેદાંત) ઉપાધિવાળા. રચના અને પ્રપંચના અધિષ્ઠાનવાળુ. માયાથી ઘરાયેલું

૪ વિ ફસેલ.

૫. વિ. ભણવાનું કામ કરવા નિમાયેલું.

૬ વિ જોડેલું, મળેલ, સંબંધવાળુ.

૭. [સં. ઉપ (ઉપર) + હિત (મૂકેલું)] વિ. ઢાંકેલું; આચ્છાદનવાળુ.

૮. વિ. તૈયાર.

૯. વિ. આપણ મૂકેલું.

૧૦. [સં. ઉપ (નજીક) + ધા (મૂકવું) + ત (એલ)] વિ. નજીક આણેલું; સમીપ રાખેલું.

૧૧. વિ. પકડેલું; લીધેલું.

૧૨. વિ. ભેટ તરીકે આપેલ; અર્પિત.

૧૩. [સં ઉપ (ઉપર) + ધા (મૂકવું) + ત (એલ)] વિ. સોંપેલું; આપેલ.

૧૪. વિ. લાંચ આપવામાં આવેલ.

ઉપહિતચંડી પું. (ચિત્રણ) સગર્ભ, ભગર્ભ, સગર્ભ અને જે મૂક્યા બાદ અતિસાર અટકવાનો ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

સ ભ સ ગા ઉપહિતચંડીમાં. રણજિતરામ

ઉપહિતચૈતન [સં. ઉપહિત (આવરણ પેરાયેલું) + ચૈતન્ય (આત્મા)] ન. માયાથી ઘેરાયેલ આત્મા.

ઉપહિતધર્મ [સં. ઉપ (ઉપરનું) + હિત (મૂકેલું) + ધર્મ (ગુણ)] પું. ઉપરના ગુણ.

આકાર, પરિણામ અને બાર એ ત્રણને પદાર્થોના 'ગુણધર્મ' ગણેલા છે, અને બીજા બધાને **'ઉપહિતધર્મ'** કહ્યા છે.

મણિલાલ નભુભાઈ

ઉપહિતિ [સં. ઉપ (ઉપર) + ધા (મૂકવું) + તિ (પણું)] સ્ત્રી. અંગારામાં ચરાના વાસણનું મૂકવાપણું.

ઉપહૂત [સં. ઉપ (પાસે) + હૂવે (બોલાવવું) + ત (એલ)] વિ. બોલાવેલ.

ઉપહૂતિ [સં. ઉપ (પાસે) + હૂવે (બોલાવવું) + તિ (પણું)] સ્ત્રી. બોલાવવાપણું.

ઉપહૃત ૧. [સં. ઉપહૃ (બક્ષિસ આપવી) + ત (એલ)] વિ. ધરાવેલ

૨ [સં ઉપહૃ (એકઠું કરવું) + ત (એલ)] વિ. એકઠું કરેલું, ભેગું કરેલ.

૩. [સં. ઉપહૃ (પીરસવું) + ત (એલ)] ન. પીરસેલું; જમવાના વાસણમાં કાઢેલું

૪ વિ ભેટ આપેલું

૫ [સં ઉપહૃ (ભોગ ધરવો) + ત (એલ)] ન ભોગ તરીકે અપાયેલું

૬ [સં. ઉપ (પાસે) + હૃ (લેવું) + ત (એલ)] વિ. નંદેલ, મળ્યું

૭. વિ. (જૈન) વાસણમાં કાઢેલું હોય તે જ ભિક્ષામાં લેવું એવા નિયમવાળું.

ઉપહોમ ૧. [સં. ઉપ (અમુક) + હોમ (યજ્ઞ)] પું. દશ દેવતા, દશ આહુતિ અને દશ દક્ષિણાવાળો યજ્ઞ.

૨. [સં. ઉપ (ઊતરતું) + હોમ (હવન)] પું. નેતા યજ્ઞ; નાનો હવન.

ઉપહ્રસ [હિં.] સ્ત્રી. ઉપહાસ; હાંસી.

ઉપહ્વય [સં. ઉપહ્વે (બોલાવવું)] ન. આમંત્રણ.

ઉપહ્વર ૧. [સં. ઉપહ્વ (સંતાવું) + અ (નાર)] પું. એકાંત જગા

૨. પું. નજીક હોવાપણું; સમીપતા; સાન્નિધ્ય.

૩. પું. રથ.

૪. [સં. ઉપ (પદ્ધ) + હ્વ (વાંકું કરવું)] પું. ખાડા; ટાળ.

ઉપહ્વરકૃત [સં. ઉપહ્વર (જાનુ ઢેકાળું) + કૃત (કરેલું)] વિ. જાની જમાવે કરેલું.

ઉપહ્વાન ૧. [સં. ઉપ (નજીક) + હ્વે (બોલાવવું) + અન (પણું)] ન. આમંત્રણ.

૨. ન. મંત્રોથી આહ્વાનવાપણું; આહ્વાન.

ઉપળેટ ન. (વૈદક) રૂક્ષ કરનાર; પૌષ્ટિક, ગરમ, વાયુ હરનાર અને કફવાત મારનાર એક મોટો ખુશબોદાર વનસ્પતિનું નામ; કુળ. અકર્ણ્યમાં તેનાં મૂળ વપરાય છે.

ઉપંગ ૧. પું. ઉદયના બાપનું નામ.

૨. ન. એક જાતનું દેશી વાજું; નસ્તરંગ.

વાજ મૃદંગ ભેરા ઉપંગ,
વાજે વાજંત્ર નાના રંગ. નિરાંત

૩. [સં. ઉપ (પેટા) + અંગ (અવયવ)] ન. પેટા અવયવ.

ઉપંગાનું ૧. સ. ક્રિ. (આમ્ર) તજવું.
૨. સ ક્રિ. વિસારવું.

ઉપંગી ૧. સ. (ડિંગળ) વસતરંગ.
૨. વિ. વાળુ વગાડનાર.

ઉપા ૧. [સં. ઉપાય] પું. ઇલાજ; રસ્તો; ઉપાય.
૨. પું. નીતિ.
૩. પું. પગલું; રીત.
૪. પું. યુક્તિ; કળ.
૫. પું. હેતુ; પ્રયોજન; કારણ, ઉદ્દેશ.

ઉપાઈ આવવું અ. ક્રિ. ખરીનું ગરમીમાં આવવું.
ખરી ઉપાઈ આવી = ખરી ઋતુમાં આવી.
ગાય ખૂટે આવી, ભેંસ પાડે આવી, તેમ ખરી ઉપાઈ આવી કહેવાય છે.

ઉપાઓ જુઓ ઉપા.

ઉપાઠ ૧. [સં.] વિ. નજીકનું.
૨. વિ. સામે જોડેનું.

ઉપાઠરણ ૧. [સં. ઉપાકૃ (શરૂ કરવું)] ન. આરંભ; શરૂઆત.
૨. [સં. ઉપાકૃ (ધર્મની ક્રિયા કરવી)] ન. એક સ્તોત્રપ્રયોગ; પ્રેત કહેવાતા અમુક વાકયોને અપાયેલું નામ. યજ્ઞ કરવાને એક ઋત્વિજ બીજાને જણાવે તે પ્રેષ કહેવાય.
૩. ન. હોતા માટે સ્વીકાર.
૪. ન. યજ્ઞના પશુને કરાતો એક સંસ્કાર.
૫. ન. યજ્ઞમાં વેદપાઠની શરૂઆત; પ્રથમની ક્રિયા કરીને વેદનો પાઠ કરવાપણું.
૬. ન. યોજના; તૈયારી; અનુષ્ઠાન.
૭ [સં. ઉપાકૃ (બોલાવવું) + અન (પણું)] ન. શરૂઆત કરવાનું કહેવું.
૮. ન. શ્રાવણ માસની પૂનમને દિવસે કરવાની ક્રિયા.

ઉપાકર્મ ૧. [સં. ઉપાકૃ (શરૂ કરવું)] ન. આરંભ; શરૂઆત.
૨. [સ. ઉપાકૃ (વિધિ કરવી)] ન. જનોઈ ધારણ કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પુરુષને દર વર્ષે શ્રાવણની પૂનમે કરવાનું એક કર્મ, શ્રાવણી; શ્રાવણ માસની પૂનમને દિવસે નવું જનોઈ પહેરવાની ક્રિયા.
૩. ન. તૈયારી.
૪. ન. વેદપાઠનો આરંભ; વેદાધ્યયન શરૂ કરતાં પહેલાં કરવામાં આવતી વિધિ; ચોમાસું પૂરું થયા પછી વેદ વાંચવાની શરૂઆત કર્યા પહેલા કરવામાં આવતી ક્રિયા.

ઉપાકર્મવિધિ [સં. ઉપાકર્મ (વેદપાઠનો આરંભ) + વિધિ (ક્રિયા)] સ્ત્રી. વેદનો અભ્યાસ શરૂ કરવા પહેલાં કરવામાં આવતી હોમની ક્રિયા. શરૂઆતમાં શરીરની શુદ્ધિ માટે ગાયના દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ એ પાંચ વસ્તુ ચાખવી અને હોમસિદ્ધિ કરીને ઘરમાં તૈયાર કરેલા ચરુની આહુતિ આપવી. આને ઉપાકર્મવિધિ કહે છે.
વેદાધ્યયનના પ્રારંભ પૂર્વે જે હોમવિધિ કરવામાં આવતો તેને જ ઉપાકર્મવિધિ કહેતા.
આર્યોના તહેવારોનો ઇતિહાસ

ઉપાકૃત ૧. પું. અપશુકન; અશુભ લક્ષણ.
૨. પું. ઉત્પાત.
૩ પું. યજ્ઞ.
૪ પું. વેદમંત્રથી પવિત્ર કરી મારેલો પશુ.
૫. [સ. ઉપાકૃ (બોલાવવું)] ન. કહેણ. બોલાવવાપણું.
૬. ન. યજ્ઞના પશુ ઉપર કરાતો સંસ્કાર.
૭. [સં. ઉપાકૃ (શરૂ કરવું) + ત (એલ)] ન. શરૂઆત; આરંભ.
૮. વિ. અશુભ; દુઃખસૂચક.
૯. વિ. આરંભિત; શરૂ કરેલું.
૧૦. વિ. બોલાવેલ કરાયેલ; પ્રેષવાક્યોથી બોલાવવામાં આવેલું.
૧૧. [સં. ઉપાકૃ (નજીક આણવું) + ત (એલ)] વિ. નજીક લાવેલ.
૧૨. વિ. યજ્ઞમાં મારેલું.

ઉપાકૃત્ય [સં. ઉપાકર્મન્] ન. હિંદુરાજ મુખ્ય પુરુષને કરવું પડતું એક કર્મ. તે જનોઈ પહેરી રક્ષા પછી તરત કરવું પડે છે. એને શ્રાવણી પણ કહે છે.

ઉપાક્ષ ૧. [સ. ઉપ (પેટા) + અક્ષ (ધરી)] પું. (ગણિત) હરવાફરવા જેને લીધે મોટી ધરી ફરે એવી પેટા ધરી; મોટી ધરીને કાટખૂણે આવેલ સંકુચ્છેદના આગની નાની ધરી; 'માઇનર એક્સિસ'.
૨. [સં. ઉપ (પાસે) + અક્ષિ (આંખ)] ન. આંખ પાસે.

ઉપાક્ષકાનાડી (ઉપાક્ષકાનાડી) [સં. ઉપ (ઉપર) + અક્ષક (હાંસડીનું હાડકું) + નાડી (નસ)] સ્ત્રી. અક્ષકોર્ધ્વ ત્વગીયા નાડી; હાંસડી ઉપર આવેલી નાડી; 'સુપ્રક્લેવિક્યુલર નર્વ'.

ઉપાખ્ય [સ. ઉપ (પાસે) + અક્ષિ (આંખ) + અ (ને લગતું)] વિ. જોઈ શકાય તેવું

ઉપાખ્યા ૧. સ્ત્રી. પ્રત્યક્ષ; નજરે જોવાપણું.
૨. [સં. ઉપ (પાસ) + આખ્યા (કહેવું)] સ્ત્રી. શબ્દથી કરેલું વર્ણન.

ઉપાખ્યાતા [સં. ઉપાખ્યાત] વિ. પ્રસિદ્ધિ મેળવનાર.

ઉપાખ્યાન ૧. [સં. ઉપ (પેટા) + આખ્યા (કહેવું) + અન (પણું)] ન. આડકથા; અવાંતર વાત; ગાળા; અપ્રસ્તુત એટલે મૌલિક મુદ્દાની વાર્તા.
૨. [સ. ઉપ (નાનું) + આખ્યા (કહેવું) + અન (પણું)] ન. કથાનક; પુરાણની કથા; નાની વાર્તા; નાનું આખ્યાન.
૩. ન. જોડી કાઢેલી વાત; કલ્પિત વાર્તા.
૪. ન. બનેલ વૃત્તાંતનું કથન; થયેલ બિના કહેવાપણું.
૫. ન. મહેણું.
૬. ન. લોકમાં ચાલતી વાતો; કતકથા; લોકવાર્તા.
૭. ન. વૃત્તાંત; હાલ; અહેવાલ.
૮. ન. સંદેશ; સમાચાર
૯. ન. સાંભળેલી હકીકત ફરી કહી બતાવવાપણું.

ઉપાખ્યાનક ૧. ન. બનાવની હકીકત સિદ્ધ કરનાર પ્રબંધ.
૨. [સં. ઉપ (પેટા) + આખ્યા (કહેવું) + અન (પણું) + ક (નાનાપણું બતાવનાર પ્રત્યય)] ન. આડકથા; અપ્રસ્તુત એટલે મૂળ મુદ્દા વિનાની વાર્તા.
૩. ન. કહેણ; કથન.
૪. [સ. ઉપ (નાનું) + આખ્યાન (કથા) + ક (નાનાપણું બતાવનાર પ્રત્યય)] ન. ઉપ નાનું આખ્યાન; કથાનક.
૫. ન. સાંભળેલી વાત કહેવાપણું.

ઉપાખ્યાયિકા [સં. ઉપ (જોતરવું) + આખ્યાયિકા (કથા)] સ્ત્રી. ઉપકથા; પ્રાસંગિક વાર્તા.

ઉપાગ પું. ઉપાય; ઇલાજ.

ઉપાગત ૧. [સ. ઉપ (પાસે) + આગત (આવેલ)] વિ. આવેલું.
૨. [સં. ઉપાગમ્ (મેળવવું) + ત (એલ)] વિ. પ્રાપ્ત; મેળવેલ.
૩. [સ. ઉપાગમ્ (જાણવું) + ત (એલ)] વિ. જાણેલું.
૪. વિ. વચન આપેલું.

ઉપાગતિ [સં. ઉપ (પાસે) + આગમ્ (આવવું) + તિ (પણું)] સ્ત્રી. પાસે આવવાપણું.

ઉપાગમ ૧. [સં. ઉપ (નજીક) + આગમ્ (આવવું)] પું. નજીક આવવું તે; આગમન.
૨. [સં. ઉપાગમ્ (જાણવું)] પું. જાણવું; જાણવાપણું.
૩. [સં. ઉપાગમ્ (સ્વીકાર કરવું)] પું. સ્વીકાર.

૪. પું. વચન; કરાર.
૫. પું. સ્વીકાર.

ઉપાક્ષ ૧. [સં. ઉપ (પાસે) + અક્ષ (ચોક્ષ)] પુ. ટોચ કે છેડા નજીકનો ભાગ.
૨. [સં. ઉપ (પેટા) + અક્ષ (મુખ્ય)] પું. બીજી પંક્તિનો અવયવ.
૩. અ. નજીકમાં.

ઉપાક્ષરસર ૧. [સં. ઉપ (પાસે) + અક્ષરસર (બે સંખ્યાનું ગુણોત્તર અંતરવાળાં પહેલી સંખ્યા)] પું. (ગણિત) ગુણોત્તર જોટલે પ્રમાણનાં બે પદમાંનું બીજું. જેમકે, ૩ : ૫ એ ગુણોત્તરમાં ૫ એ ઉપાક્ષરસર છે. અક્ષરસર અને ઉપાક્ષરસર મળીને એક યુગ્મ થાય.
૨. [સં. ઉપ (પાસે) + અક્ષ (આંખ) + સર (જાનાર)] વિ. અક્ષિસરની પાસેનું.
૩. વિ. પાછલું.

ઉપાક્ષર્મક્ષ [સં. ઉપ (સામ્યાત) + અક્ષ (યજ્ઞ) + મક્ષ્ (જોડવું) + અન (પણું)] અ. સંસ્કારપૂર્વક વેદનો પ્રારંભ; અધિકાર મળ્યા પછી વેદનું વાચન; ઉપાકર્મ. આ વૈદિક કર્મ બધી વનસ્પતિ ઊગી ગયા પછી શ્રાવણ માસની પૂનમે અથવા શ્રવણ નક્ષત્રવાળા દિવસે અથવા હસ્ત નક્ષત્રવાળી પંચમે કરાતું હતું.

ઉપાક્ષાક્ષ [સં. ઉપ (ઉપર) + અક્ષા (સૂંઘવું) + અન (પણું)] અ. સૂંઘવા કે ચૂમવાપણું; આર્યવડીલોની દીકરાના માથાના ભાગને સૂંઘવાની ક્રિયા.

ઉપાક્ષરિત્ર ૧. [સં.] પું. (વ્યાકરણ) હ અને પ્ની પહેલાં વિસર્ગનો ઉચ્ચાર સ કરવાનો સંધિનિયમ.
૨. [સં. ઉપાક્ષર્ (તાબેદાર હોવું)] વિ. તાબેદાર; આધીન.

ઉપાક્ષાર ૧. [સં. ઉપ (પાસે) + આચાર (વર્તન)] પું. ક્રમની રીત; પદ્ધતિ.
૨. પું. (વ્યાકરણ) હ અને પ્ની પહેલા વિસર્ગનો ઉચ્ચાર સ કરવાનો સંધિનિયમ.
૩. પું. વાક્યમાં શબ્દનું સ્થાન.

ઉપાક્ષાર્ય [સં. ઉપ (અવશ્યક) + આચાર્ય (શિક્ષક)] પું. અવશ્યક શિક્ષક; 'વાઇસપ્રિન્સિપલ'

ઉપાક્ષિત ૧. [સં. ઉપાક્ષિ (ભરવું) + ત (ગયેલ)] વિ. ભરેલું.
૨. વિ. આમ.

ઉપાજ [સં. ઉપાય] પું. ઉપાય; ઇલાજ.

ઉપાજ્ઞાધારક [સં. ઉપ (પેટા) + આજ્ઞા (હુકમ) + ધારક (ધરાવનાર)] વિ. પેટા હુકમનો રાખનાર; પેટા પરવાનદાર.

ઉપાડ (ઉપાડ) ૧. પું. આકરી દવાને લીધે શરીરની ખોળનું ઊખડી જવાપણું.
૨. [સં. ઉત્પાટ; પ્રા. ઉપ્પાડ] પું. ઉઠાવ; ખપ; માગ; ખપત; લેવારી; ઘરાકી; માગણી.
૩. પું. ઊંચાઈ.
૪ પુ. કોશિશ; મહેનત; પ્રયાસ; પ્રયત્ન.
૫. પું. ખડનો ઝારો.
૬. પુ. ખીલવટ, વિકાસ; ઉપસાટ.
છાતીનો ઉપાડ = (૧) છાતીની પહોળાઈ; બુદ્ધની આવડી તે. (૨) છાતીનું ઊપસવાપણું, ઓપવામાં આવવું તે.
૭. પું. ચડતી; તેજ; વધારો.
૮. પું. ઝનૂન; ઉન્માદ; આવેશ.
મોટે ઉપાડે = ઘણા જ આવેશથી; ઉત્સાહપૂર્વક.
૯. પું. નપુંસકતા મટાડી મર્દાંઈ લાવવા પુરુષની જનનેંદ્રિયની ચામડી ઉતારી નાખે એવી દવા.
૧૦. પું. ભરાઉપરનું.
૧૧. પું. મૂકેલાં નાણાંમાંથી પાછી ખેંચેલી રકમ.
૧૨. પું. મૂકેલાં નાણાંમાંથી પાછું લેવાપણું.
નાણાંનો ઉપાડ = બૅંક અથવા સરાફની પેઢીમાંથી આજે, કાલે કે મૂકેલાં નાણાં લેવાં તે.
૧૩. પું. લીધેલો માલ; ખરીદેલી વસ્તુ.
૧૪. પું. વનસ્પતિ કે અનાજનો ઉગાવો.
૧૫ પું. વાપર; ઉપયોગ; ઉપભોગ.
૧૬. પું. વેચાતું લેવું તે; ખરીદી.
ઉપાડ કરવો = માલ ખરીદવો.
૧૭. પું. આજે નાણાં લેવાપણું.
૧૮. પું. શરૂઆત; આરંભ.
૧. કામનો ઉપાડ = કામનો આરંભ.
૨. વાતનો ઉપાડ = વાતની શરૂઆત.
૧૯. પું. ઓલ્લો; સળગ.

ઉપાડવું (ઉપાડવું) ૧. ન. (કન્નડી) ઉપરનીચે કરવાપણું.
૨. ન. ઊંચકવાપણું.
૩. ન. ટેકો; આધાર.
૪. ન. નજર ચુકાવીને લઈ લેવું તે.
૫. ન. માથે લેવું તે.
૬. ન. મૂકેલાં નાણાંમાંથી પાછું લેવાપણું.
૭. ન. મૂળમાંથી ઊંચકવાપણું; ખસેડવું તે.

ઉપાડમેલ (ઉપાડમેલ) પું. ઉપાડવું અને મૂકવું તે; હેમફેર.

ઉપાડવું (ઉપાડવુ) ૧. [સં. ઉત્પાટ્ (ઊંચે લઈ જવું); પ્રા. ઉપ્પાડ] સ. ક્રિ. ઊંચકવું; ઊંચકવું. નીચેથી ઊંચે લેવું.
૧. ઉપાડી જવું - (૧) ખેંચી લઈ જવું. (૨) ચોરીને લઈ જવું. (૩) ચોરી જવું. (૪) લઈ જવું; ઊંચકી જવું. (૫) હરણ કરવું.
૨. ઉપાડી ચાલવું = ઉપાડો લેવો; પ્રયત્ન મચાવવું.
૩ ઉપાડી મૂકવું - મેલવું – લેવું = સંકેલી લેવું.
૪. ઉપાડી લેવું = (૧) ઊંચકવું અને લઈ જવું. (૨) પસાર કરવું. (૩) માથે ઊંચકવું. (૪) લઈને ચાલ્યા જવું.
૫. બોલ્લે ઉપાડવો = બાર લેવો; વજન ઊંચકવું.
૨ સ. ક્રિ. ખસેડવું; લઈ જવું.
૩. સ ક્રિ. ચોરી કરવી.
ઉપાડી લેવું = ચોરવું.
૪. સ. ક્રિ. ભૂંડું પાડવું.
૫. સ. ક્રિ. ટેકો આપવો; અધૂરું રહેવું હોય ત્યાંથી શરૂ કરવું.
વાત ઉપાડી લેવી = બોલે વાત કરતું હોય તેમાંથી બીજાએ બોલવું શરૂ કરવું; પક્ષકારને ટેકો આપવો; મદદ કરવી.
૬. સ. ક્રિ. નાણાં મૂકેલાં હોય ત્યાંથી લેવાં; બચતખાતામાંથી નાણાં પાછાં ખેંચવાં.
૧. ઉપાડી આવું = બચતખાતામાંથી આવું.
૨. નાણું ઉપાડવું = આજે, કાલીની કે બચતખાતે મૂકેલી રકમ લેવી.
૭. સ. ક્રિ. પેટા કરવું; ઊભું કરવું.
પેટ બોળ ઉપાડવું થવું. અખો
૮ સ ક્રિ. ફેંકી દેવું; ઉઠાડી મૂકવું; કાઢી મૂકવું.
૯. સ. ક્રિ. માથે લેવું; ઝાલવું.
૧. કામ ઉપાડવું = કામ માથે લેવું.
૨. કામ ઉપાડી લેવું = કોઈનું કામ કે જવાબદારીમાંથી છૂટું કરવું.
૩. બોલ્લે ઉપાડી લેવો = કામ ઉપાડી લેવું.
૧૦. સ ક્રિ. મૂળમાંથી ખેંચી કાઢવું; નાશ કરવો.
જડમૂળથી ઉપાડી નાખવું = સદંતર નાશ કરવો.
૧૧. સ. ક્રિ. વાંચવું; જોઇણી કરવી.
૧૨. સ. ક્રિ. વેચાતું લેવું.
માલ ઉપાડવો = ઉધાર ખરીદી કરવી.
૧૩. સ ક્રિ. શરૂ કરવું; માંડવું; ચલાવવું; નીતિમાં મૂકવું.
૧. કામ ઉપાડવું = કામ શરૂ કરવું.
૨. ગીત ઉપાડવું = ગીતની શરૂઆત કરવી.
૩. વાત ઉપાડવી = વાત શરૂ કરવી.
૪. વાત ઉપાડી લેવી = (૧) વાતનો બાકીનો હિસ્સો લઈ તે આગળ ચલાવવો. (૨) વાતમાં ટેકો આપવો.

ઉપાડાવવું (ઉપાડાવવુ) ૧. સ. ક્રિ. ઉપડાવવું; ઉપાડ એમ કરવું, ઉપડાવવું

૨. સ. ક્રિ. કાઢી મુકાવવું.
૩. સ. ક્રિ. ખસેડાવવું.
૪. સ. ક્રિ. ખેંચી કઢાવવું.
૫. સ. ક્રિ. ચોરાવવું.
૬. સ. ક્રિ. ચૂકું પડાવવું.
૭. સ. ક્રિ. ટેકો અપાવવો.
૮. સ. ક્રિ. પેદા કરાવવું.
૯. સ. ક્રિ. માથે લેવડાવવું.
૧૦. સ. ક્રિ. મોજાં નાખુંમાંથી રકમ પાછી લેવડાવવી.
૧૧. સ. ક્રિ. વેચાતું લેવડાવવું; ખરીદાવવું.
૧૨. સ. ક્રિ. શરૂ કરાવવું.

ઉપાડવું (ઉપાડવુ) ૧. સ. ક્રિ. ઉપાડવું.
૨. સ. ક્રિ. કાઢી મુકાવું.
૩. સ. ક્રિ. ખરીદાવું.
૪. સ. ક્રિ. ખસેડાવું.
૫. સ. ક્રિ. ખેંચી કઢાવું.
૬. સ. ક્રિ. ચોરાવું.
૭. સ. ક્રિ. ચૂકું પડાવું.
૮. સ. ક્રિ. ટેકો અપાવો.
૯. સ. ક્રિ. નીપજવું.
૧૦. સ. ક્રિ. માથે લેવાવું
૧૧. સ. ક્રિ. મોંલ્લ આપણુમાંથી રકમ પાછી લેવી.
૧૨. સ. ક્રિ. શરૂ કરાવું.

ઉપાડેગનણું (ઉપાંગનાણ્) ૧. સ. ક્રિ. (કચ્છી) ઉપાડી લેવું; ઊઠાવવું.
૨. સ. ક્રિ. ઊંચું કરવું.
૩. સ. ક્રિ. મદદ કરવી; અનુમોદન આપવું; અમુક વાતને પોતાની કરી ગણવી.

ઉપાડે જવું (ઉપાડે જવું) સ. ક્રિ. બોજનું ગ્રાહક જવું.

ઉપાડેવજણું (ઉપાડેવજાવું) ૧. સ. ક્રિ. (કચ્છી) ઉપાડી જવું; લઈ લેવું.
૨. સ. ક્રિ. ખેંચવું.
૩. સ. ક્રિ. મનાવી લઈ જવું.
૪. સ. ક્રિ. ચોરી જવું; ઊઠાવી જવું.

ઉપાડો (ઉપાડો) ૧. પું. ઉછીનાં કે બાકી નાણાં લેવાપણું.
૨. પું. ઉઠાવ; ખપ; ખપત; માગ.
૩. પું. ઉપભોગ; વપરાશ.
૪. પું. ઉપસાટ; સોનેરી સજાવ.
૫. પું. ઊભડી જવું તે; નાશ; નિર્વંશ થવાપણું. ઉપાડો થઈ જવો = નિર્વંશ જવું.
૬. પું. ઊંચકવાપણું.
૭. પું. ઊંચકી શકાય એટલો ભારોઠ; રોટલા ઉપર લેવાય એટલો ગણિયો.
૮. પું. કણિયું, રવૈયો, બેલી કે ઢુંઢિયાની રાંપમાં ભરાયેલ કચરો.
ઉપાડો કરવો–કાઢવો = બેલી, રવૈયો વગેરે હાંકતાં રાંપમાં ભરાતો કચરો અરધિયાથી સાફ કરવો.
૯. પું. કોચિયો; ઝનૂન; મક્કમતા; પ્રયાસ.
૧૦. પુ. ખડનો ભારો.
૧૧. પુ. ખરીદી.
૧૨. પુ. ખરીદેલો માલ.
૧૩. પું. ચાલતી; તેજી; વધારો.
૧૪. પું. જોર.
૧૫. પું. ઝનૂનનો આવેશ.
૧૬. પું. ઝુંબેશ; જોરશોર ઝળકવા.
૧૭. પુ. ધાપલ; નુકસાન કરવાનો વિચાર; ઊઠાન; તોફાન.
૧. ઉપાડી ગાલવી–ઉપાડો ગાલવો = બીજાને ખોટી ઉપાધિ કરવી.
૨. ઉપાડો લેવો = કોઈને નહિ ગણકારવું; બહુ ધાંધલ કરવું; વાંસે લાગવું; તોફાન મચાવવું; હલેસાકસ જમાવવો.
૧૮. પું. બરાઉપણ.
૧૯. પું. મોજાં નાખું ઉપાડી લેવાપણું.
૨૦. પું. મોજાં નાખુમાંથી પાછી ખેંચેલી રકમ.
૨૧. પું. વનસ્પતિ કે અનાજનો ઉગાવો.
૨૨. પું. વાપરવા; ઉપયોગ.
૨૩ પુ વિકાસ; ઉપસાટ.
૨૪. પું. શરૂઆત; આરંભ.

ઉપાદ્ય પું. (પિંગળ) સકોર્ષ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં નગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી અક્ષરિયાર અક્ષર અને બીજા અને ચોથા પાદમાં બે જગણ, રગણ અને ગગણ મળી બાર અક્ષર હોય છે.

ઉપાતિક્રાંત [સં. ઉપ (વધારે) + અતિક્રાંત (ઓળંગેલ)] વિ. પ્રહાર થઈ ચૂકેલ.

ઉપાતી [સં. ઉત્પત્તિ] સ્ત્રી. (હિંદી) પેદાશ; ઉત્પત્તિ.

ઉપાત્ત ૧. પું. મદદગાર હાથી.
૨. [સં. ઉપદા (આપવું) + ત (એલ)] વિ. ઉપભોગમાં લીધેલું; વાપરેલું.
૩. [સં. ઉપાદા (સ્વીકારવું) + ત (એલ)] વિ. ગૃહીત એટલે અપનાવેલું; સ્વીકૃત એટલે સ્વીકાર કરેલ.
૪. વિ. અનુભવેલું; નિર્દિષ્ટ.
૫. [સં. ઉપાદા (અનુકૂલ) + ત (એલ)] વિ. અનુભવેલું, અનુભવેલ.
૬. [સ. ઉપાદા (મેળવવું) + ત (એલ)] વિ. મેળવેલ; પ્રાપ્ત.
૭. [સં. ઉપાદા (લઈ લેવું) + ત (એલ)] વિ. લઈ લીધેલું; ખૂંચવેલ.
૮. [સં. ઉપાદા (શરૂ કરવું) + ત (એલ)] વિ. શરૂ કરેલું; આરંભિત.

ઉપાત્તવર્ણ ૧. [સં. ઉપાત્ત (મેળવેલું) + વર્ણ (અક્ષરનો ક્રમ)] વિ. ગાવામાં પ્રખ્યાત.
૨. વિ. ગીતનો વિષય બનાવેલું; ગવાયેલું.

ઉપાત્તવિષય અપાદાન [સં. ઉપાત્ત (લીધેલું) + વિષય (બાબત) + અપાદાન (જેનાથી વિયોગ થાય તે પદાર્થ)] ન. (વ્યાકરણ) બેઠી સાથે થયેલી બે ક્રિયામાંથી મુખ્યમાં પેટાનો સમાવેશ થઈ જવો તે. વીજળી અને પ્રકાશ એ બંને બેઠી સાથેની ક્રિયા છે પણ વીજળીમાંથી પ્રકાશ નીકળી જ્યોતિ દેખાય છે તે ઉપાત્તવિષય અપાદાન છે.

ઉપાત્તશસ્ત્ર [સં. ઉપાત્ત (લીધેલું) + શસ્ત્ર (હથિયાર)] વિ. હથિયાર ઉપાડેલું; જેણે હથિયાર સજ્યાં હોય એવું.

ઉપાત્યય ૧. [સં. ઉપ (અધિક) + અત્યય (ઓળંગવું તે)] પું. તોબડાઈ; અસભ્ય વર્તન.
૨. પું. નાશ.
૩. પું. અપ્રાપ્તનું ઉલ્લંઘન.

ઉપાદધી સ્ત્રી. ઉપાધિ; આપદા; પીડા.

ઉપાદાન ૧. [સં. ઉપ (ઉપર) + આદાન (મૂકવાપણું)] ન. (વ્યાકરણ) અધિકરણ એટલે સ્થળ; સાતમી વિભક્તિનો અર્થ. જેમકે, તે મંદિરમાં ગયો તેમાં 'મંદિરમાં' એ સાતમી વિભક્તિમાં છે.
૨. [સં. ઉપ (ઉપર) + આદાન (લેવાપણું)] ન. અધિષ્ઠાન; આધાર. જેમકે, શબ્દનું ઉપાદાન મૂકંમ.
૩. ન. (બૌદ્ધ) અસદ્‌ભૂત એટલે ગેરહાજર એવું કારણ. બનારી વૈજ્ઞાનિક શોધમાં આગળની વૈજ્ઞાનિક શોધનું હોવું તે ઉપાદાન કહેવાય.
૪. ન. ઇંદ્રિયોના સુખનો અનુભવ લેવાપણું.
૫. [સં. ઉપ (આ) + આદાન (લેવું તે)] ન. ઉપકરણ; અવયવ; અંગભૂત પદાર્થ; સાધન સામગ્રી; મદદગાર વસ્તુ; 'ઇનગ્રિડિયંટ'.
૬. [સં. ઉપ (શરૂઆત) + આદાન (લેવાપણું)] ન. કામની શરૂઆત.
૭. [સં. ઉપ (પાસે) + આદાન (લેવાપણું)] ન. ગ્રહણ; સ્વીકાર.
૮. ન. (સાંખ્ય) ચારમાંની એક આધ્યાત્મિક તુષ્ટિ એટલે સંતોષ. તેમાં પ્રાપ્ત એક જ વસ્તુથી પૂરેપૂરા ફળની આશા કરીને બીજાને પ્રયત્ન છોડી દે. જેમકે, સન્યાસ લેવાથી જ વિવેક ઉત્પન્ન થશે, એમ સમજીને કોઈ સન્યાસ જ

લાઈને સંતોષ માને અને વિશેષ મેળવવા માટે બીજાને છળ ન કરે.

૯. ન. જેમાંથી કોઈ પણ વસ્તુ બનાવાઈ હોય તે પદાર્થ. જેમકે, કપડાનું ઉપાદાન તંતુ એટલે તંતુઓ.

૧૦. ન. જ્ઞાન; પરિચય; બોધ.

૧૧. ન. (જૈન) દઢ બનેલી તૃષ્ણા. જેમકે, કામ, આત્મવાદ, દૃષ્ટિ એટલે દુરાગ્રહ, શીલવ્રત.

૧૨. ન. પુષ્પ, પુષ્પ વગેરે ચૂંટીને કરેલ ઉપાસના.

૧૩. ન. પોતપોતાના વિષયમાંથી ઇંદ્રિયોની નિવૃત્તિ.

૧૪. ન. મુખ્ય કારણ; કાર્ય એટલે છેવટના પરિણામની ઉત્પત્તિનું મૂળ.

૧૫. ન. મેળવવાપણું; જેના શબ્દ પોતાનો અર્થ સાચવીને બીજા શબ્દનો અર્થ મેળવી લે તે.

૧૬. ન. (કામ) શુક્રાણુમૂળની આઠ માંહેની એક જાતનું નામ; **અજાતલક્ષણા.** જેમકે, બાલા પ્રવેશ કરે છે, ઢાંગો પ્રવેશ કરે છે, એમાં પોતાનો પ્રવેશ બંધ બેસે માટે બાલા વગેરેથી પોતાના સબોગમાં આવેલા પુરુષો લેવાય છે.

૧૭. ન. (જૈન) સંસાર.

૧૮. ન. (ન્યાય) સુખના સાધનનું જ્ઞાન. ઘર, ચંદન, સ્ત્રી મારા સુખનું સાધન છે એવું જ્ઞાન ઉપાદાન કહેવાય.

૧૯. ન. કરવું; લેવું તે.

૨૦. ન. હેતુ; કારણ; સાધનો સામગ્રી; કાર્યરૂપ એટલે પરિણામમાં ફેરવાવું જરૂર એવું કારણ. જેમકે, માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. વૈશેષિકમાં અને સમવાયીકારણ કાર્યમાં સમવાય સંબંધથી હેતુ કારણ કહે છે. સાંખ્ય મત પ્રમાણે ઉપાદાન અને કાર્ય એટલે પરિણામ એક જ છે.

ઉપાદાનકારણ [સં. ઉપાદાન (મુખ્ય કારણ) + કારણ (હેતુ)] ન. (ન્યાય) સમવાયીકારણ; કાર્યમાં સમવાય રૂપથી રહેલું કારણ; પરિણામના આધારરૂપ હોઈને તેની ઉત્પત્તિનો હેતુ; આદિ કારણ; અમુક વસ્તુ જેની બનેલી હોય તે દ્રવ્ય; હેતુની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સાથે સંબંધ રાખનાર કારણ. જેમકે, માટી એ ઘડાનું ઉપાદાનકારણ છે. કોઈ વસ્તુ જેમાંથી બને તે તેનું ઉપાદાનકારણ અને બનાવના નિમિત્ત કારણ અમુક. ઉપાદાનકારણ બે જાતનું છે: પરિણામી ઉપાદાન અને વિવર્તી ઉપાદાન. કોઈ તેના ત્રણ ભેદ માને છે: આરંભ, પરિણામ અને વિવર્ત એટલે રૂપાંતર.

ઉપાદાનકારણત્રય [સં. ઉપાદાન (પરિણામ સહિત કારણ) + કારણ (હેતુ) + ત્રય (ત્રણનો સમૂહ)] ન. (વેદાંત) જેમાંથી વસ્તુ ઉત્પન્ન થાય એવાં કારણ. તે ત્રણ જાતના છે: (૧) આરંભી ઉપાદાન એટલે શરૂઆતનું કારણ, (૨) પરિણામી ઉપાદાન એટલે પરિણામનું કારણ અને (૩) વિવર્તોપાદાન એટલે રૂપાંતરનું કારણ.

ઉપાદાનગોચર [સં. ઉપાદાન (જ્ઞાન) + ગો (ઇન્દ્રિય) + ચર (અર્થ)] ન. અપરોક્ષ એટલે પ્રત્યક્ષ જ્ઞાન; ઉપાદાન કારણનું પ્રત્યક્ષ જ્ઞાન.

ઉપાદાનભૂત [સં. ઉપાદાન (મૂળ કારણ) + ભૂત (થયેલું)] વિ. મૂળ કારણરૂપ.

ઉપાદાનલક્ષણા [સં. ઉપાદાન (લેવાયેલું) + લક્ષણા (લક્ષ્યાર્થ બતાવનાર શબ્દની શક્તિ)] સ્ત્રી. (કામ) એક અર્થાલંકાર; અજહલ્લક્ષણા; અજહત્સ્વાર્થલક્ષણા; ત્રણ પ્રકારની લક્ષણામાંથી જેમાં પોતાનો અર્થ સાચવે તેના સંબંધી બીજો અર્થ બતાવતો હોય એવી લક્ષણા. જેમકે, કાગડાથી બળિદાનનું રક્ષણ કરો જેમાં કાગડાનો અર્થ કૌ છે અને બલિને ભક્ષ કરનાર બીજાં પ્રાણીઓનો અર્થ લેવાય છે.

ઉપાદાનવસ્તુ [સં. ઉપાદાન (કારણ) + વસ્તુ (ચીજ)] સ્ત્રી. સામગ્રી; સાહિત્ય.

ઉપાદાનસ્કંધ [સં. ઉપાદાન (દઢ બનેલી તૃષ્ણા) + સ્કંધ (સમૂહ)] પું. (જૈન) વાસનાવાળા પાંચ સ્કંધ. રૂપ, વેદના, સંજ્ઞા એટલે સમજ, સંસ્કાર અને વિજ્ઞાન આ પાંચને પંચસ્કંધ કહે છે. આ પાંચ સ્કંધ વાસનાયુક્ત હોય ત્યારે તેને ઉપાદાનસ્કંધ કહે છે. પૃથ્વી, આપ, તેજ અને વાયુ એ ચાર મહાભૂત રૂપસ્કંધ કહેવાય છે. વેદના સ્કંધના ત્રણ ભેદ: સુખકારક વેદના, દુઃખકારક વેદના અને ઉપેક્ષા વેદના. ઘર, ઝાડ, ગામ, વગેરે સાકાર અને નિરાકાર પદાર્થોને બીજાઓથી જુદાં નામ આપવાની શક્તિ તે સંજ્ઞા સ્કંધમાં છે. સંસ્કારના ત્રણ પ્રકાર: (૧) કુશળ સંસ્કાર–જેમકે, પ્રેમ, કોઈને મદદ કરવાની ઇચ્છા, (૨) અકુશળ સંસ્કાર–જેમકે, લોભ, દ્વેષ, માયા, મત્સર અને (૩) અવ્યાકૃત સંસ્કાર–જેમકે, અમુક પદાર્થોની અભિરુચિ એટલે પ્રેમ અથવા અમુક અર્થ કરવાની સ્વાભાવિક આવડત કે શક્તિ. ચક્ષુર્વિજ્ઞાન આંખથી થતું જ્ઞાનવિજ્ઞાન, શ્રોત્રવિજ્ઞાન કાનથી થતું જ્ઞાનવિજ્ઞાન, ઘ્રાણવિજ્ઞાન નાકથી થતું જ્ઞાનવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન જીભથી થતું જ્ઞાનવિજ્ઞાન, કાયવિજ્ઞાન શરીરથી મેળવાતું વિજ્ઞાનવિજ્ઞાન અને મનોવિજ્ઞાન મનથી થતું વિજ્ઞાનવિજ્ઞાન એ છ જ્ઞાનનાં વિજ્ઞાન એટલે જાણવાપણાના વિજ્ઞાનસ્કંધ કહે છે.

ઉપાદિક [સં.] પું. એક જાતનું ઝાડવું.

ઉપાદિકા [સં.] સ્ત્રી. ઉપાદિક એક જાત.

ઉપાધિયા ૧. [સં. ઉપાધ્યાય] પું. મુખ્ય શિક્ષક; અધ્યાપક.

૨. સ્ત્રી. વાઘરણની એક અટકનું નામ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. વાઘરણની એ નામની અટકવાળું.

ઉપાધિયો પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

ઉપાદેય ૧. [સં. ઉપાદા (કંઈ પ્રાપ્ત કરવું) + ય (જેવું)] પું. ઉપાદાન એટલે કારણમાંથી બનેલું કાર્ય એટલે પરિણામ, જેમકે, તંતુ એટલે તાંતણામાંથી બનેલું કપડું તે ઉપાદેય કહેવાય.

૨. [સં. ઉપાદા (ગ્રહ કરવું) + ય (જેવું)] વિ. આદરવા જેવું; ગ્રહ કરવા જોગ.

૩. વિ. ઉત્તમ; જોગ; ઉત્કૃષ્ટ.

૪. વિ. ઉપાદાન કારણ એટલે આદિ કારણથી બનેલું.

૫. [સં. ઉપાદા (લેવું) + ય (જેવું)] વિ. લાલ; લેવા જેવું.

૬. વિ. પસંદ કરવા જેવું.

૭. વિ. પ્રધાન; મુખ્ય.

૮. વિ. મનોહર; સુંદર.

૯. [સં. ઉપાદા (મેળવવું) + ય (જેવું)] વિ. મેળવવા જેવું.

૧૦. વિ. સહજ કરી શકાય એવું.

૧૧. [સં. ઉપાદા (સ્વીકારવું) + ય (જેવું)] વિ. સ્વીકારવા જેવું.

ઉપાદેયતા ૧. [સં. ઉપાદેય (આદરવા જેવું) + તા (પણું)] સ્ત્રી. આદરવા જેવું હોવાપણું.

૨. સ્ત્રી. ઉપાદાન કારણ એટલે મૂળ કારણથી બનેલું હોવાપણું.

૩. [સં. ઉપાદેય (ગ્રાહ્ય) + તા (પણું)] સ્ત્રી. ગ્રાહ્યતા; લેવા જેવું હોવાપણું.

૪. સ્ત્રી. પસંદ કરવા જેવું હોવું તે; ઉત્તમતા; શ્રેષ્ઠપણું.

૫. સ્ત્રી. મનોહરતા.

૬. સ્ત્રી. મુખ્યતા.

૭. [સં. ઉપાદેય (મેળવવા જેવું) + તા (પણું)] સ્ત્રી. મેળવવા જેવું હોવાપણું.

૮. સ્ત્રી. સહજ કરી શકાય એવું હોવું તે.

૯. સ્ત્રી. સ્વીકારી શકાય એવું હોવાપણું.

ઉપાદેયધર્મ [સં. ઉપાદેય (લેવા જેવું) + ધર્મ (ફરજ)] પું. (જૈન) સામાન્ય લોકો બાળતનો સ્વીકાર કરવાની ફરજ.

ઉપાધ ૧. [સં. ઉપાધિ] પું. કપટ; ધૂર્તાઈ; ખિતાબ.

૨. સ્ત્રી. ઈર્ષ્યા; હિંસા.
૩. સ્ત્રી. ઉપાધિ; દુઃખ.
ઋષિની રક્ષા કરવા ખાતર.
એ ચોર કરે ઉપાધ. પ્રેમાનંદ

ઉપાધાન ૧. [સં. ઉપ (ઉપર) + આધાન (મૂકવાપણું)] ન. ઓશીકું; તકિયો.
૨. ન. બિછાં ઉપરની ચાદર.

ઉપાધાર [સ. ઉપ (નાનું) + આધાર (ટેકો)] પું. નાનો ટેકો.

ઉપાધિ ૧. [સં. ઉપ (નાનું) + આધિ (પીડા)] પું. કટકળનું સુજવાન ચલાવવાની કાળજી રાખનાર પુરુષ.
૨. સ્ત્રી. અટક; અવટંક; ઉપનામ.
૩. સ્ત્રી. અડચણ; હરકત; નડતર.
ઉપાધિ વગરની = દુઃખ વગરનું; પીડા વગરનું.
૪. સ્ત્રી. (ન્યાય) આકસ્મિક એટલે ખાસ નહિ એવો ધર્મ; અનાવશ્યક એટલે બિનજરૂરી ગુણ; જે ધર્મ પણ ન હોય અને અસાધારણ ધર્મ પણ ન હોય, શબ્દની અતિવ્યક્તિમાં પણ ન હોય તેમ તે ઉપરથી ઊપજતો પણ ન હોય તેવો ગુણ, જે ગુણો વગર વસ્તુને આલે એમ આપણને લાગે તેને આપણે અનાવશ્યક ગુણ કહીએ છીએ.. એવા ગુણોમાં કેટલાકોક સર્વકાલિક અને કેટલાકોક અલ્પકાલિક હોય છે. કૃષ્ણતા એ કાગડાઓનો સર્વકાલિક પણ અનાવશ્યક ગુણ છે; વળેલાં હીંગમાં એ ગાંઠોનો અલ્પકાલિક ગુણ છે.
૫. સ્ત્રી. ઉપદ્રવ; ઉત્પાત
૬. સ્ત્રી. કર્તવ્યનો વિચાર; ધર્મચિંતા.
૭. સ્ત્રી. કારણ; હેતુ; નિમિત્ત; પ્રયોજન.
૮. સ્ત્રી. ખાસ લક્ષણ; ગુણધર્મ; વિશેષપણું; વિશેષ ગુણ.
૯. સ્ત્રી. ખિતાબ; ઇલકાબ.
૧૦. સ્ત્રી. ચિંતા; સત્તા.
૧૧. સ્ત્રી. જંજાળ; ચિંતા, પંચાત; ઝિકર; પડપૂછ.
૧૨. સ્ત્રી. (વ્યાકરણ) જાતિ, ગુણ, ક્રિયા અને સત્તા. એ ચાર શબ્દની ઉપાધિ છે જેમકે, 'કાળો દેવદત્ત ભણે ચરે છે' એમાં 'ભણ' શબ્દને ચાર ઉપાધિ છે: (૧) ભણનારપણું (જાતિ), (૨) 'કાળો' એ ગુણ, (૩) 'ચરે છે' એ ક્રિયા અને (૪) 'દેવદત્ત' એ વિશેષનામરૂપી સત્તા.
૧૩. સ્ત્રી. દમો; બુચ્ચાર્ઈ; ઉતરપીડી; બળ કપટ.
૧૪. સ્ત્રી. પદવી; 'ડિગ્રી'.
૧૫. [સં. ઉપ (અર્થ વગરનો ઉપસર્ગ) + આધિ (પીડા)] સ્ત્રી. પીડા; દુઃખ; સકટ; આપદા.
૧૬. સ્ત્રી. પોતાના શુદ્ધ સ્વરૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સબંધ. જેમકે, આકાશ એક અપરિમિત એટલે માપ વગરનો અને નિરાકાર પદાર્થ છે પણ ઘડા કે કોટલીની અંદર મર્યાદાવાળા અને જુદા જુદા રૂપમાં જણાય છે. સાંખ્યમતમાં બુદ્ધિની ઉપાધિથી બદ્ધ કર્તા તરીકે દેખાય છે. વેદાંતમાં માયાના સબંધ અને અસબંધથી બદ્ધના સોપાધિ એટલે ઉપાધિવાળા બદ્ધ એટલે જીવ અને નિરુપાધિ એટલે ઉપાધિ વિનાના બદ્ધ એવા બે ભેદ માનવામાં આવ્યા છે.
૧૭. સ્ત્રી. બંધન; મમાદા.
૧૮. સ્ત્રી. બીજાથી જુદો હોવા છતાં બીજાને પોતાના જેવો ઓળખાવનાર પદાર્થ. જેમકે, ઘટાકાર. એટલે ઘડામાની ખાલી જગ્યા. તેમાં ઘડો એ આકાશનો ઉપાધિ છે. તેમ જ માયા એ ઈશ્વરનો ઉપાધિ અને અવિદ્યા એ જીવનો ઉપાધિ છે.
૧૯. સ્ત્રી. માથાકોડ; કકાકૂદ; ગમખ્વારીક.
૨૦. સ્ત્રી. વહીવટ; કારબાર.
૨૧. સ્ત્રી વળગાડ; બલા
૨૨. સ્ત્રી. વિકાર, ફેરફાર
૨૩. સ્ત્રી (વકીલ) શંકિત અને દુષ્ટ.
૨૪. સ્ત્રી (ન્યાય) સાધ્યનો સર્વ કેસોમાં કેલાનાર વ્યાપક એટલે જે સિદ્ધ કરવાનું છે તેનો અને હેતુરૂપ સાધનનો અવ્યાપક પદાર્થ. જેમકે, 'પર્વત ધૂમવાળો છે, અગ્નિવાળો હોવાથી, રસોડાની પેઠે'. એ અનુમાનમાં લીલા બળતણનો સબોસ ઉપાધિ છે. ઉપાધિના ચાર પ્રકાર: (૧) કેવળ સાધ્યવ્યાપક, (૨) પક્ષધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપક, (૩) સાધનાવચ્છિન્ન સાધ્યવ્યાપક અને (૪) ઉદાસીન ધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપક.

ઉપાધિક [સં. ઉપ (પાસું) + અધિક (વધારે)] વિ. વધારાનું; બાકીનું; બાદબાકી.

ઉપાધિકારીદંડપાલ [સ. ઉપ (ઊતરતું) + અધિકારિન્ (અમલદાર) + દંડપાલ (પોલીસ અમલદાર)] પું. નાયબ કોજદાર; કોજદાર નીચેનો પોલીસ અમલદાર.

ઉપાધિકૃત [સં. ઉપાધિ (રૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સબંધ) + કૃત (કરાયેલ)] વિ. આદમા અને જીવના તફાવતને લીધે થયેલ; જીવ અને શિવના ભેદને લીધે કરાયેલું.

ઉપાધિજન્ય [સં. ઉપાધિ (પીડા) + જન્ (પેદા કરવું) + ય (જેવું)] વિ. પીડા કરે એવું; આપદા કરાવનાર.

ઉપાધિતંત્રતા [સં. ઉપાધિ (કારણરૂપ સંબંધ) + તન્ત્ર (નિર્ભર) + તા (પણું)] સ્ત્રી. સાપેક્ષત્વ; અનુબદ્ધત્વ; સબંધવાળું હોવાપણું; 'રેલેટિવિટિ'.

ઉપાધિદાન ૧. [સં. ઉપાધિ (ઇલકાબ) + દાન (આપવાપણું)] ન. ખિતાબ આપવાપણું.
૨. [સ. ઉપાધિ (પદવી) + દાન (આપવાપણું)] ન. પદવી આપવાની ક્રિયા.

ઉપાધિધારી ૧. [સં. ઉપાધિ (ખિતાબ) + ધારિન્ (ધરાવનાર)] પું. ઇલકાબ મેળવેલ માણસ.
૨. [સ. ઉપાધિ (પદવી) + ધારિન્ (ધારણ કરનાર)] પું. પદવીધર; સ્નાતક; 'ગ્રેજ્યુએટ'.

ઉપાધિપત્ર [સ. ઉપાધિ (ગુણધર્મ) + પત્ર (ચિઠ્ઠી)] ન. ગુણપત્ર; ગુણમાનપત્ર; પ્રમાણપત્ર; પદવી, યોગ્યતા વગેરેનું ખાતરીપત્રક; 'સર્ટિફિકેટ'.

ઉપાધિબદ્ધ [સં. ઉપાધિ (જંજાળ) + બદ્ધ (બંધાયેલું)] વિ. જંજાળવાળું.

ઉપાધિભૂત [સ. ઉપાધિ (ખાસ ગુણ) + ભૂત (થયેલું)] વિ. લક્ષણરૂપ; ખાસ ગુણરૂપ.

ઉપાધિમત [સ. ઉપાધિ (કારણ સંબંધ) + મત (વિચાર)] પું. સાપેક્ષતાવાદ. જુઓ ઉપાધિવાદ.

ઉપાધિયા ૧. [સં. ઉપાધ્યાય] સ્ત્રી. બાજરાની એક અટકનું નામ.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. બાજરાની એક અટકનું.

ઉપાધિરહિત [સં. ઉપાધિ (ખાસ લક્ષણ) + રહિત (વિના)] પું. વિષ્ણુ, કારણકે તેમનું કોઈ ખાસ લક્ષણ હોતું નથી

ઉપાધિવાદ [સં. ઉપાધિ (કારણ સંબંધ) + વાદ (મત)] પું. સાપેક્ષતાવાદ; સબંધવાળું હોવાપણાનો સિદ્ધાંત; 'રેલેટિવિટિ થીઅરિ'. માનસસરોવર પ્રમાણે દેશ અને કાળ પ્રમાણે મહો દરજ્જો છે પણ જ્યોતિષ વિજ્ઞાન પ્રમાણે એમાં કાંઈ ખાસ ફેર નથી. એમાંથી એકેયની સ્વતંત્ર હયાતી નથી એક જ ઉપાધિ વગરનાં સ્વતંત્ર સત્યનાં તે બે સ્વરૂપ છે. એ ચતુર્ભાન એટલે લીટી, ચોરસ અને ઘન તેમ જ કાલ મળીને ચાર માપવાળું અખંડ સત્ ઉપાધિવાદનો પાયો છે

ઉપાધિવાદી ૧. [સ. ઉપાધિ (કારણ સંબંધ) + વાદ (સિદ્ધાંત) + ઇન્ (વાળું)] પું. સાપેક્ષતાવાદમાં માનનાર પુરુષ.
૨. વિ. વિશ્વમાં દરેક વસ્તુ એકબીજાના સબંધવાળી છે તેવા વાદમાં માનનાર.

ઉપાધિહર ૧. [સં. ઉપાધિ (પીડા) + હર (લઈ જનાર)] વિ. આપદા દૂર કરનારું; પીડા મટાડનાર.
૨. [સં. ઉપાધિ (કંજૂસ) + હર (દૂર કરનાર)] વિ. ચિંતા મટાડનારું; ફિકર દૂર કરનાર.

ઉપાધી ૧. વિ. ઉદ્ભવ કરનારું
૨. વિ. ઉપદ્રવી; ઉત્પાત કરનાર
૩. વિ. દૂર; વિસ્મૃત.
૪. વિ. બ્યભિચારી.

ઉપાધેય ૧. [સં. ઉપાધા (આપવું) + ય (જોવું)] વિ. આપવા જોગ.
૨. [સ. ઉપ (ઉપર) + આધા (મૂકવું) + ય (જોવું)] વિ. આરોપવા જોગ.
૩. [સ. ઉપાધા (પેદા કરવું) + ય (જોવું)] વિ. ઉત્પન્ન કરવા જોગ.
૪. [સ. ઉપ (આ) + આધા (મૂકવું) + ય (જોવું)] વિ. ગ્રાપ્ત કરવા લાયક.
૫. [સ. ઉપાધા (પકડવું) + ય (લાયક)] વિ. પકડવા જોગ.
૬. [સં. ઉપાધા (પહેરવું) + ય (જોવું)] વિ. પહેરવા લાયક.

ઉપાધ્ય ૧. [સં. ઉપાધિ (પીડા)] સ્ત્રી. આફત; પીડા; આપદા; દુઃખ; સંકટ.
૨. સ્ત્રી. ઇર્ષ્યાળ; ખિતાબ.
૩. સ્ત્રી. ઉપનામ; અવટો; અટક.
૪. સ્ત્રી. ઉપાધિ; ચિંતા; ફિકર.
૫. સ્ત્રી. કારણ; હેતુ.
૬. સ્ત્રી. બનાવ; મનવા.
૭. સ્ત્રી. પદવી.

ઉપાધ્યક્ષ [સં. ઉપ (ઊતરતું) + અધ્યક્ષ (અધિકારી)] પું. ઉપપ્રમુખ; પ્રમુખથી ઊતરતી પંક્તિનો અમલદાર; ઉપસભાપતિ, નાયબસદર.

ઉપાધ્યાની સ્ત્રી. ઓઅધ્યાપક; શિક્ષિકા.

ઉપાધ્યાપક [સ. ઉપ (ઊતરતું) + અધ્યાપક (શિક્ષક)] પું. મદદનીશ શિક્ષક. ઉપઅધ્યાપક; 'સબ્યરર'.

ઉપાધ્યાય ૧. [સ. ઉપ (પાસે) + અધી (અભ્યાસ કરવો)] પું. અધ્યાપક; શિક્ષક.
૨. પું. ઉપઅધ્યાપક; 'સેબ્યરર'
૩. પું. ધર્મગુરુ.
૪. પું. વાચક; ધર્મશાસ્ત્ર વાચનાર
૫. પું. વેદ ભણાવનાર ગુરુ; વિદ્યાગુરુ; જેણે સાંગ વેદ શીખવનાર.
૬. પું. (જૈન) શાસ્ત્ર શીખવનાર મુનિને આપવામાં આવતી પદવી.
૭. પું (જૈન) સાધુઓનો અભ્યાસ કરાવનાર મુનિ
૮. પું. શિષ્યગુરુ; અધ્યેતા; મહાવિદ્યાલયના અભ્યાસમાં ખાસ કુશળતા બતાવનાર જે વિદ્યાર્થીને અમુક સમય આપીને અમુક મુદત રાખવામાં આવે છે તે વિદ્યાર્થી; 'ફેલો'.
૯. પું. શુભઅશુભ દિશા કરાવનાર બ્રાહ્મણ; ગોર; પુરોહિત; પુરોહિત.
૧૦. સ્ત્રી. બ્રાહ્મણની એક અટક.
૧૧. ન. બ્રાહ્મણની એ નામની અટકનું માણસ.
૧૨. ન. બ્રાહ્મણની એક અટકનું.

ઉપાધ્યાયવૃત્તિ ૧. [સં. ઉપાધ્યાય (પુરોહિત) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. પુરોહિતનો ધંધો કરી ચલાવાતું ગુજરાન.
૨. [સ. ઉપાધ્યાય (ધર્મશાસ્ત્ર ભણાવનાર) + વૃત્તિ (ધંધો)] સ્ત્રી. ધર્મશાસ્ત્ર શીખવવાનો ધંધો
૩. સ્ત્રી. વિદ્યાર્થીવેતન; કૉલેજના અભ્યાસમાં મોખી બેસિયાર વિદ્યાર્થીને આપવામાં આવતી મદદ
૪. [સં ઉપાધ્યાય (શિષ્યગુરુ) + વૃત્તિ (પદવી)] સ્ત્રી. શિષ્યગુરુની પદવી; 'ફેલોશિપ'.

ઉપાધ્યાયસ્વરૂપ [સં. ઉપાધ્યાય (ધર્મશાસ્ત્ર ભણાવનાર જૈનમુનિ) + સ્વરૂપ (સ્વભાવ)] ન. ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરાવનાર જૈનમુનિનાં લક્ષણ.

ઉપાધ્યાયા ૧. [સં. ઉપાધ્યાય (શિક્ષક) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી અધ્યાપિકા, ભણાવનાર સ્ત્રી; શિક્ષિકા.
૨. સ્ત્રી. ગુરુપત્ની
૩. સ્ત્રી. ગોરાણી.

ઉપાધ્યાયાની [સં. ઉપાધ્યા (ગુરુ) + આની (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગુરુની સ્ત્રી, અધ્યેતાની પત્ની; ગુરુપત્ની.

ઉપાધ્યાયી ૧. [સં. ઉપાધ્યાય (ગુરુ) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી ગુરુપત્ની
૨. સ્ત્રી. ભણાવનાર સ્ત્રી, અધ્યાપિકા, કૉલેજની શિક્ષક.

ઉપાધ્યો ૧. [સં. ઉપાધ્યાય] પુ. ઉપદેશક; પાદરી.
૨. પુ. ઉપાધ્યાય. જુઓ ઉપાધ્યાય.

ઉપાન્ત [સં. ઉપ (નાનું) + અન્ત (છેવટ)] પું. ટેકરી; પગદંડી.

ઉપાન ૧. પું. (જૂ. સ.) જોડાવાળું.
ત્યાં આસન ઉત્તર દિ ઈ
પ્રથમ ઉપાન બહુ આકરડી ભીમ
૨. ન. (રૂઢ) એક જાતનું ઘેરનમ્રમ.
૩. ન. ચામડી; પાવડી; પાદુકા; પાવલું.
૪. [સં. ઉપાનહ્] ન. પગરખું; જોડો; બાસડું.
પાદત્રાણ પદપીઠ ને ઉપાન પેનર નહીં;
પનહી સાહ્ય કરી અને આસન ધરતી ઠવી.
પિંગળલમૂહેમ
૫. ન. મકાનની ઓંટ.

ઉપાનત ૧. [સ. ઉપાનહ્] પું. (ઉજ્જ.) જૂતાં; પગરખું.
૨. પું. પાદુકા; ચામડી.

ઉપાનદ [સ] પું. (સંગીત) હિંડોલ રાગના એક દીકરાનું નામ

ઉપાનદ્ધારણ [સ. ઉપાનહ્ (પગરખું) + ધારણ (પહેરવાપણું)] ન. જોડા અથવા ચામડી પહેરવાની ક્રિયા.

ઉપાનરેણુ [સં. ઉપાનહ્ (જોડો) + રેણુ (પગ)] સ્ત્રી. પહેરેલાં પગરખાંથી ઊડતી ધૂળ.

ઉપાનહ્ ૧. [સં. ઉપ (પાસે) + આ (બધે) + નહ્ (બાંધવું)] ન. પગરખું; જોડો; મોજડી.
૨. ન. જાવલું; ચામડી.

ઉપાનહ્યુગ્મ ૧. [સં. ઉપાનહ્ (પાવડી) + યુગ્મ (જોડી)] ન. ચામડીની જોડ.
૨. [સ. ઉપાનહ્ (પગરખું) + યુગ્મ (જોડકું)] ન. જોડાની જોડ.

ઉપાનુષ્ટુપ [સં.] ન. એક વૈદિક પદ્યબંધ.

ઉપાન્તરસ [સં. ઉપ (ઊતરતું) + અન્ન (ખોરાક) + રસ (પ્રવાહી)] પું. કોપેલ અને ઉત્તમરસ સિવાયનો કોપમાંનો પદાર્થ; 'પ્રપૂટોપ્લેઝમ'.

ઉપાય [સં. ઉ (જવું) + પાય (પગે ચિહ્ન કામ)] ન. પુલ્લ.

ઉપામિ ૧. [સં. ઉપ (અધિક) + આપ્ (મેળવવું) + ઇ (જવું)] સ્ત્રી. પહોંચવાપણું; આંબી જવું તે.
૨. સ્ત્રી મેળવવું તે; પ્રાપ્તિ.

ઉપાય ૧. [સં. ઉપ (કરવું)] પું. ઇલાજ; પ્રતિકાર; દુઃખમાંથી છૂટવાને જે કાંઈ કરવું તે.
૧. ઉપાય કરવો—જોવો = ઇલાજ લગાડવો.
૨. ઉપાય ચાલવો = ઇલાજ ફાવવો.
૩. ઉપાય લેવો = (૧) ઇલાજ કરવો. (૨) વિચાર આવવો.
૪. ઉપાય હોવો = કાંઈ થઈ રહેવું.
૨. પુ. ઉપક્રમ; આરંભ; દાખલો.
૩. પુ. કારણ.
૪ પુ. જોડાવું; મિલન.

ઉપાર્જન

૫. પુ. તદ્બીર; યુક્તિ.
૬. પુ. નીતિ.
૭. [સં. ઉપ (પાસે) + ય (જવું)] પું. પાસે જવાનું સાધન.
૮. પું. પાસે જવું તે; પહોંચવાપણું.
૯. પું. પ્રયોગ, ઉપચાર; સારવાર.
૧૦. પું. બનાવ.
૧૧. પું મહેનત.
૧૨. પુ. યત્ન; શ્રમ; મહેનત; પ્રયાસ.
૧૩. પુ. રસ્તો; રીત
૧૪. પુ. શત્રુ ઉપર વિજય મેળવવાની ચાર યુક્તિ (૧) સામ એટલે ભાઈબંધી કરી, મીઠું મીઠું બોલીને સમજાવવું અથવા મનનું સમાધાન કરવું તે. (૨) દામ એટલે કંઈ આપીને રાજી કરવું અથવા પૈસા વગેરેની લાલચ આપી વશ કરવું તે. (૩) ભેદ એટલે ફોડવું તે; ભેદ પાડે, ભાઈઓને પરસ્પર ન બને અને જુદા પડે તેવી યુક્તિ કરવી અથવા ખમકી આપવી તે અને (૪) દંડ એટલે ચડાઈ કરવી અથવા શિક્ષા કરવી તે. કેટલાક તેમાં નીચલા બીજા ઉમેરી સાતની સંખ્યા બતાવે છે: (૧) માયા એટલે કપટ, (૨) ઉપેક્ષા એટલે અવગણના અને (૩) ઇંદ્રજાલ એટલે જાદુ.
૧૫. [સં. ઉપ (સંયોગ કરવો)] પું. શૃંગારના બે સાધન. સામ અને દામ.
ઉપાયે આવવું = બરાબર ઠેકાણે આવવું
૧૬. પુ. સાધકની શુદ્ધિનું કારણ. તેના પાંચ પ્રકાર: વાસ્તવ્યો એટલે એકજ જગ્યાએ રહેવાની ટેક, જપ, ધ્યાન, સ્મરણમૂર્તિ અને પ્રપત્તિ એટલે શરણ.
૧૭. પું. સાધન; ઉપકરણ; જેનાથી કોઈ કામ પાર પડે તે. ઉપાય બે જાતના ૧. લૌકિક અને અલૌકિક. ધન માટે દુકાળે વગેરે લૌકિક ઉપાય અને સ્વર્ગ માટે યાગ વગેરે અલૌકિક ઉપાય છે.
૧૮. પું. હેતુ

ઉપાયકૌશલ્ય [સં. ઉપાય (ઇલાજ) + કૌશલ્ય (પ્રવીણ જાણવું)] વિ. ઇલાજ વગેરેનું જાણપણું.

ઉપાયચતુષ્ટય [સં. ઉપાય (ઇલાજ) + ચતુષ્ટય (ચારનો સમૂહ)] ન. રાજનીતિના ચાર જાતના ઇલાજ: સામ, દામ, દંડ અને ભેદ.

ઉપાયજ્ઞ [સં. ઉપાય (યુક્તિ) + જ્ઞ (જાણનાર)] વિ. ઇલાજ યોજવામાં હોશિયાર; કરામતી.

ઉપાયજ્ઞતા [સં. ઉપાય (વિકમત) + જ્ઞ (જાણનાર) + તા (પણું)] સ્ત્રી. યુક્તિ શોધવામાં હોશિયારી.

ઉપાયતંત્રાખ્યાન ન. (બૌદ્ધ) આખ્યાન; મંત્રપ્રધાનના નવ ભાગમાંના એકનું નામ

ઉપાયન ૧. [સ. ઉપે (સિધ્ધ જવું)] ન. દીક્ષા લેવાપણું.
૨. ન. નજરાણું.
૩. [સ. ઉપ (પાસે) + અયન (જવાપણું)] ન પાસે જવું તે.
૪. ન. અર્પણ; દાન.
૫. ન. ભેટ આપવી તે.
૬. ન ભેટ ધરવા જેવી ચીજ.
૭. ન. માનતા; બાધા.
૮ ન. યુક્તિ; ઉપાય.
૯. ન [ઉપ આય જેવું)] ન. સારવાર; ઉપચાર, ઇલાજ
૧૦. ન સિધ્ધ થવું તે.

ઉપાયપ્રત્યય [સ. ઉપાય (સાધન) + પ્રત્યય નિશ્ચય, પુ. ૨૫૬] અનુમાનાદિ સમર્થિત અર્થ સાધનમાં થતાં દૃઢ પ્રતીત, ઉત્સાહપૂર્વક ચિત્તની ધારણા, ધ્યાન, સમાધિ વગેરે ઉપાયથી થતો અનુમાનાદિયોગ. તેનાથી વસ્તુના યથાર્થ સ્વરૂપનું વિજ્ઞાન થાય છે.

ઉપાયભૂત [સ. ઉપાય (ઇલાજ) + ભૂત થયેલું)] વિ. સાધનરૂપ.

ઉપાયયોગ [સ. ઉપાય (ઇલાજ) + યુજ્ (જોડવું)] પું. ઇલાજ યોજવાપણું.

ઉપાયસંપન્ન ૧. [સ ઉપાય (સાધન) + સંપન્ન (યુક્ત)] વિ જેની પાસે ઇલાજ હોય એવું
૨. વિ. વિકમવાળું

ઉપાયસાધ્ય ૧. [સ. ઉપાય (ઇલાજ) + સાધ્ય (પાર પડવા જેવું)] વિ. ઇલાજ થઈ શકે એવું
૨. વિ. સાધનાથી સિદ્ધ કરી શકાય એવું.

ઉપાયહસ્ત [સ. ઉપાય (ઇલાજ) + હસ્ત (હાથ)] પું. રાજનીતિના સામ, દામ, ભેદ અને દંડ એ ચારે ઇલાજ.

ઉપાયાત ૧. [સ. ઉપ (પાસે) + આયાત (આવેલું)] ન. આવવું ત
૨. ન. બનાવ
૩ ન. પાસ આવેલ.

ઉપાયાસ [સ. ઉપ (ઉત્તરવું) + અયસ્, અગ્નિ] પું. (બૌદ્ધ) અગ્નિના અગિયાર મતનો એક પ્રકાર. અગિયાર અગ્નિ: કામ, ક્રોધ, મોહ, ભય, જરા, મરણ, શોક, પુરિદેવ એટલે બડ, દુઃખ, દૌર્મનસ્ય એટલે મનની નબળાઈ અને ઉપાયાસ એટલે ગ્લાનિ.

ઉપાર્જિત ૧. ન. મેળવેલું.
૨. વિ કમાયેલું.
૩. [સ. ઉપે (મેળવવું)] વિ. કેવળ સેવા કરવાથી મળેલ.
૪. વિ. મેળવેલું.

ઉપાર્જી ૧. [સં. ઉપાર્જ (ઉપાર્જન) + ઇન્ (વાળું)] વિ. ઉપાર્જન કરનારું.
૨. [સ. ઉપે (પાસે જવું)] વિ. પાસે જનું.
૩. [સ. ઉપાય (યુક્તિ) + ઇન્ (વાળું)] વિ. યુક્તિ રચનાર.
૪. [સ. ઉપે (સંયોગ કરવો)] વિ. સંયોગ કરેલું.
૫. [સ. ઉપાય (સાધન) + ઇન્ (વાળું)] વિ. સાધનના ઉપયોગમાં હોશિયાર.
૬. વિ. સાધનવાળું.

ઉપાર્જુ ૧. [સં. ઉત્પાદિત (પેદા થયેલ)] વિ. ઉત્પન્ન; જન્મેલું.
૨. [સ. ઉપ (પાસે) + આયુ (જવાના સ્વભાવવાળું)] વિ. પાસે આવતું.

ઉપાર્જું [સં. ઉત્પાદિત] વિ. થયેલું; જન્મેલું.
ઘણા ઉપાર્જા આવે, જાણી ગયા જગતને.

ઉપાયોજ્ઞ [સં. ઉપાય (સાધન) + જ્ઞ (જાણ)] સ્ત્રી. (વેદાંત) જેથી સુખ ઊપજે અને દુઃખનો નાશ થાય એવાં સાધન મળે એવી દૃષ્ટિ.

ઉપાર્જેવું સ. ક્રિ. (કમાણી) ઉપજાવવું; પેદા કરવું. ઉત્પન્ન કરવું.

ઉપાર ૧. [સં. ઉપ (પાસે) + ઋ (જવું)] પું. નજીકપણું; સમીપતા; સાંનિધ્ય.
૨. પું. ભૂલચૂક; અપરાધ; પાપ; બદતી.

ઉપારણ્ય [સ. ઉપ (નાનું) + અરણ્ય (જંગલ)] ન. નાનું જંગલ; ઉપવન.

ઉપારત ૧. [સ. ઉપારમ્ (આનંદ પામવો) + ત (ભેલ)] વિ. આનંદ પામેલું.
૨. વિ. કામમાં રોકાયેલું.
૩. વિ. પાછું અપેલું.
૪. વિ. વારંવાર જનારું.

ઉપારંભ ૧. [સ. ઉપ (શરૂઆત બતાવતો અવ્યય) + આરંભ (શરૂઆત)] પું. આરંભ; શરૂઆત. રાજનીતિ પ્રકરણમાં તે છ છે: સંધિ, વિગ્રહ એટલે લડાઈ, યાન એટલે ચડાઈ, આસન, દ્વૈધીભાવ એટલે ફોડવાપણું અને આશ્રય.
૨. [સં. ઉપ (નજીક) + આરંભ (શરૂઆત)] પું. શરૂઆત પહેલાનું કામ.

ઉપાડઢ [સં. ઉપ (વધારે) + આરૂઢ (ઊગેલું)] વિ. મોટું થયેલું; વધેલું.

ઉપાર્જક [સં. ઉપાર્જૂ (મેળવવું)] વિ. મેળવનાર.

ઉપાર્જન ૧. [સં. ઉપાર્જૂ (રળવું) + અન (પ્રત્યય)] ન. કમાઈ; પેદાશ; રળતર.

૨. ન. મેળવવાપણું; પ્રાપ્તિ; સંપાદન.

૩. ન. લાભ; નફો.

૪. ન. સંગ્રહ; સંચય; સવરો.

ઉપાર્જના ૧. [સં. ઉપાર્જૂ (કમાવું)] સ્ત્રી. કમાઈ; રળતર; પેદાશ.

૨. સ્ત્રી. કમાઈ માટે કરાતી સેવા.

૩. સ્ત્રી. બોલાવામાં; આજીજી.

૪. સ્ત્રી. મેળવવું તે; પ્રાપ્તિ.

ઉપાર્જનીય ૧. [સં. ઉપાર્જૂ (મેળવવું) + અનીય (પ્રત્યય)] વિ. મેળવવા જેવું.

૨. વિ. સમજી કરવા જેવું.

ઉપાર્જવું ૧. [સં. ઉપાર્જૂ (મેળવવું)] સ. ક્રિ. મેળવવું.

૨. [સં. ઉપાર્જૂ (કમાવું)] સ. ક્રિ. રળવું; કમાવું; પૈદા કરવું.

૩. સ. ક્રિ. સંગ્રહ કરવો; એકઠું કરવું.

ઉપાર્જિત ૧. વિ. અવલોકન કરી મેળવેલ; પરીક્ષાપ્રસૂત; આનુમાનિક; અભિજ્ઞતાજન્ય.

૨. [સં. ઉપાર્જૂ (રળવું) + કત (પ્રત્યય)] વિ. કમાયેલું; રળેલ.

૩. [સં. ઉપાર્જૂ (મેળવવું) + કત (પ્રત્યય)] વિ. પ્રાપ્ત કરેલું; મેળવેલું; સંપાદન કરેલ.

૪. વિ. વારસામાં મળેલ.

૫. વિ. સંગ્રહ કરેલ; સંચિત.

ઉપાર્જિતા સ્ત્રી. મોટાં આસમાની કે ધોળાં ફૂલવાળી એક સુંદર વેલ. તેનાં મૂળ અને બી રેચક મનાય છે.

ઉપાર્ધ [સં. ઉપ (ઓછું) + અર્ધ (પૈસો)] વિ. થોડી કીમતનું.

ઉપાર્બુદ ૧. [સં. ઉપ (નાનું) + અર્બુદ (ઊપસેલો ભાગ)] પું. ઉર્વસ્થિના નીચલા છેડા ઉપરના બે મહાબુંદો ઉપરનો ઊંચો ભાગ. આ નાના અર્બુદોને જાનુસંધિની બાજુ ઉપરના લાગેલા છે.

૨. પું. પ્રગંડાસ્થિના નીચલા છેડા ઉપરનું બાજ પ્રવર્ધનક; 'એપિકોન્ડાઇલ'.

૩. પું. હાડકા ઉપરનો ઊપસેલો ભાગ; 'ટ્યૂબરોસિટિ'.

ઉપાલબ્ધ [સં. ઉપાલભ્ (ઠપકો આપવો) + ત (પ્રત્યય)] વિ. ઠપકો અપાયેલ.

ઉપાલભ્ય ૧. [સં. ઉપાલભ્ (ઠપકો આપવો) + ય (પ્રત્યય)] વિ. ઠપકો આપવા જેવું.

૨. વિ. દોષપાત્ર; ભૂલવાળું.

ઉપાલંભ ૧. [સં. ઉપ (અરાબ) + આલભ્ (બોલવું)] પું. અપશબ્દ બોળ.

૨. પું. (પ્રાય) અરાબ કરવાની ઇચ્છા.

૩. પું. ઠપકો; મરકરી; મજાક.

૪. [સં. ઉપાલભ્ (ઠપકો આપવો)] પું. ઠપકો; નિંદાપૂર્વક તિરસ્કાર; ટોણો; મહેણું; ઓળંભો.

૫. પું. (ન્યાય) પરપક્ષનું દૂષણ; સામી બાજુનો દોષ કાઢવાપણું; દોષાભાસ.

૬. પું. (ન્યાય) પ્રતિષેધ; મના.

૭. પું. મુલતવી રાખવું તે; દીલ કરવાપણું.

૮. પું. ઝિખામણ કે ઠપકારપે કહેવું તે; બોધ.

૯. [સં. ઉપાલભ્ (મેળવવું)] પું. (ન્યાય) રપષ્ટી; આડું તે.

૧૦. પું. (ન્યાય) હિંસા.

૧૧. સ્ત્રી. (કાવ્ય) નાયકને ધમકી આપી સમજાવનારી સખી.

ઉપાલંભન ૧. [સં. ઉપાલભ્ (ઠપકો આપવો) + અન (પ્રત્યય)] ન. ઠપકો; ઓળંભો.

૨. ન. નિંદા.

૩. ન. નિંદાપૂર્વક તિરસ્કાર.

૪. [સં. ઉપાલભ્ (દીલ કરવી) + અન (પ્રત્યય)] ન. મુલતવી રાખવાપણું.

ઉપાલંભવું ૧. [સં. ઉપાલભ્ (ઠપકો આપવો)] સ. ક્રિ. ઠપકો દેવો.

૨. સ. ક્રિ. મહેણું મારવું.

૩. સ. ક્રિ. ઝિખામણ આપવી; બોધ આપવો.

ઉપાલંભ્ય [સં.] વિ. હિંસા કરવા જેવું.

ઉપાવ [સં. ઉપાય] પું. (વ્રજ) ઉપાય, ઇલાજ.

હરિ નિજબળ સુખ દિયું બહુ
મેરી ચલિ ન ઉપાવ. દયારામ

ઉપાવરી સ્ત્રી. એક જાતનો વાતરોગ.

ઉપાવર્તન ૧. [સં. ઉપાવૃત્ (આપવું) + અન (પ્રત્યય)] પું. બદલો; પ્રત્યુપકાર.

૨. પું. પહોંચવાપણું.

૩. ન. ઓળોટવું.

૪. [સં. ઉપ (વારંવાર) + આવર્તન (ગોળ ચક્કર ફરવું તે)] ન. ગોળ ફરવું તે.

૫. ન. નષ્ટ આવવાપણું.

૬. [સ. ઉપાવૃત્ (પાછું ફરવું)] ન. પાછું વળવું તે; પુનરાગમન.

૭. ન. બંધ પડવું તે.

૮. ન. વેદનો અભ્યાસ કરી ગુરુને પેરથી પાછા આવવાની ક્રિયા; સોળ માંહેનો એક સંસ્કાર.

ઉપાવવું ૧. [સ. ઉત્પદ્ (ઉત્પન્ન કરવું)] સ. ક્રિ. ઉપજાવવું; બનાવવું; પેદા કરવું.

તાહાથી આવી નૈષધ આગળ ભીમીના ગુણ આગે,
પ્રેમ ઉપાગ્યો નળ રાજને મુજ્યા દીઠા પાગે. ભાલણ

૨. સ. ક્રિ. યોજના કરવી.

૩. સ. ક્રિ. રાખવું.

ઉપાવસાથી [સં. ઉપ (નીચે) + અવસાયિન્ (રહેનાર)] વિ. આતાપીનું; નમ્ર.

ઉપાવસુ [સ. ઉપ (પાસે) + વસુ (ધન)] વિ. ધન આપવાવાળું.

ઉપાવહરણ [સ. ઉપ (અધિક) + અવ (નીચે) + હૃ (લેવું) + અન (પ્રત્યય)] ન. નીચે ઉતારવું તે.

ઉપાવું ૧. સ. ક્રિ. પેદા થવું. જન્મવું.

૨. [સં. ઉત્પદ્ (ઉત્પન્ન કરવું)] સ. ક્રિ. ઉપજાવવું; પેદા કરવું.

ઉપાવૃત્ત ૧. [સં. ઉપ (નીચે) + આવૃત્ (ફરી ફરીને કરવું)] પું. ઘાટ ઉતારવા ભોંય ઉપર આણોટવું પશુ.

૨. પું. મહાભારતમાં જણાવેલ એક દેશનું નામ.

૩. [સં. ઉપાવૃત્ (પાછું આવવું) + ત (પ્રત્યય)] વિ. પાછું આવેલ.

૪. વિ. બંધ પડેલું; અટકેલું.

૫. વિ. લોટવું; આળોટવું

ઉપાવૃત્તિ ૧. [સં. ઉપાવૃત્ (પાછું આવવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. પાછું આવવાપણું.

૨. સ્ત્રી. બંધ પડવાપણું; નિવૃત્તિ.

ઉપાવૃદ્ધિ પું. (પુરાણ) વસિષ્ઠ કુળમાં થયેલા એક ઋષિનું નામ.

ઉપાવ્યાધ [સં. ઉપ (અધિક) + આવ્યાધ (બહુ દુઃખ દેવાપણું)] પું. હુમલો કરી રાકાવ એવી જગ્યા.

ઉપાશઙ્ગદશા [સં. ઉપાસક (આશક) + દશન્ (દશ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (જૈન) બાર અંગોનું સાતમું અંગસૂત્ર. તેમાં શ્રાવકની દહાકતનાં દશ પ્રકરણ છે.

ઉપાશાણ ૧. [સં. ઉપ (બિલકુલ) + આસ્ (બેસવું) + અન (પ્રત્યય)] ન. ઉત્તેજના; ઉશ્કેરણી.

ઉપારાવ્ કરવું = ભુલાઈ ગયેલી કે શાંત પડેલી બાબતને પાછી ચાલુ કરવા સારુ કરવી; ઉશ્કેરણી કરવી.

૨. ન. બહાનું; મિષ.

૩. ન. સ્મરણ; યાદ.

ઉપારાવો ૧. [સં. ઉપામન (આસણે)] પું. જૈન સાધુસાધ્વીના ઉતારાનું રહેઠાણ.

૨. પું. જૈનનું ધર્મસ્થાન.

ઉપારાંસનીય [સં. ઉપ (ઉપર) + આસસ (આશા રાખવી) + અનીય (જોઈ)] વિ. આશા રાખી શકાય એવું.

ઉપાશ્રમ ૧. [સં. ઉપ (સમીપ) + આશ્રમ (જિંદગીના ચાર આશ્રમોનો દરેક)] પું. આશ્રમ સમાન પાશુપત વગેરે દીક્ષા.

૨. [સં. ઉપ (નજીક) + આશ્રમ (સાધુ સંતને રહેવાની જગ્યા)] પું. નાનો આશ્રમ; સાધુઓને રહેવાની જગ્યા.

ઉપાશ્રય ૧. પું. અપાસરો; પૌષધશાળા.

૨. [સં. ઉપાશ્રિ (આશરે જેનો)] પું. આશરાનું રહેઠાણ.

૩. [સં. ઉપ (ચોકું) + આશ્રય (આશરો)] પું. ચોકો વખત આશરો લેવાની જગ્યા.

૪. પું. બીજા ઉપર આધાર રાખવાપણું.

૫. પું. મતલબો હાથી; મદમસ્ત હાથી.

ઉપાશ્રયો [સં. ઉપ (ચોકું) + આશ્રય (આશરો)] પું. પૌષધશાળા; અપાસરો.

ઉપાશ્રિત ૧. [સં. ઉપાશ્રિ (આશરે જેનો) + ત (જેલ)] વિ. આશ્રિત; આશરે રહેલું.

૨. વિ. જેનો આશરો લીધો હોય તે.

ઉપાષંજ પું. આધાર; પોષણ.

ઉપાસ ૧. [હિ.] પું. ઉપવાસ, લાંઘણ; અનશન; ભોજનત્યાગ.

ઉપાસ કરવો = (૧) ખાવું; ભોગ આપવો. (૨) સાવ ભૂખ્યું રહેવું.

૨. પું. ઉપાસના; સેવા; ભક્તિ.

પુરાણ અહાર ને ઇતિહાસ,
મીતાને આશ્રમ ઉપાસ. અખો

૩. પું. કબજિયાત, આંતરા અને સંગ્રહણી તરફ લઈ જતું અપચાનું બગડેલું ખાધું ખાવાથી ઝેરી ગાંઠ; સાપસુંઢી; ગાંડુલા; ગાંઠકુડા. તેની ઠરવાની ગાંઠમાં ઓષુપ્ય અને નીચેની ગાંઠમાં ફૂલ નીકળે. તેની બાજુ ગાંઠ્યથી ઝેરી ગુંદ નીકળે. તેની એક કણી શરીરમાં દાખલ થઈ જાય તો તરત આખા શરીરમાં ઝેર ફેલાઈ મરણ થાય. બગાડા લોકો પોતાના દુશ્મની ખાવી ઉપર આ ગુંદ લગાડી દુશ્મન ઉપર ફેંકતા અને જોને તે ગાયે તેનું જરૂર મોત નીપજાવું.

ઉપાસક ૧. પું. જૈન શ્રાવક; શ્રાવક.

૨. પું. જૈનોના બાર મુખ્ય મૂળ ગ્રંથોનું જોડ.

૩. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું)] પું. નોકર; સેવક.

૪. પું. બુદ્ધનો સંસારી બાળક; બૌદ્ધ ગૃહસ્થ.

૫. [સં. ઉપાસ (બજવું) + અક (કરનાર)] પું. ભક્તિ કરનાર પુરુષ; ભક્ત; સાધક; પૂજારી

૬. પું. ઘડા દિગંબરો.

૭. વિ. ઇચ્છેલી વસ્તુ મેળવવા પ્રયત્ન કરનાર.

૮. વિ. પાસે બેસનાર.

૯. વિ. પૂજા કરનાર; સાધક, ભક્તિ, સ્તુતિ કે સેવા કરનાર.

ઉપાસકદશા [સં. ઉપાસક (જૈન બાર) + દશન્ (દસ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જૈનોનું એ નામનું એક અંગસૂત્ર. તેમાં બારવ્રત સંબંધી દસ અધ્યયન એટલે પ્રકરણ છે.

ઉપાસકદશાધ્યયન [સં. ઉપાસક (બાર) + દશન્ (દસ) + અધ્યયન (પ્રકરણ)] ન. (જૈન) બાર ગ્રંથોનું એક અંગસૂત્ર. જુઓ ઉપાસકદશા.

આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કે ભગવતીસૂત્ર, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાધ્યયન, અંતકૃતદશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ એ બાર અંગો છે.

તત્ત્વાર્થસૂત્ર

ઉપાસકદશાંગસૂત્ર [સં. ઉપાસક (બાર) + દશન્ (દસ) + અંગસૂત્ર (જૈન ધર્મગ્રંથનું નામ)] ન. જૈનોના બાર ધર્મગ્રંથનું નામ. જુઓ ઉપાસકદશા.

ઉપાસવું જુ. ક્રિ. (કચ્છી) ઉપાસવું; આરાધવું; સેવવું.

ઉપાસન ૧. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું) + અન (ક્રિયા)] ન. ભક્તિ કરવાપણું.

૨. ન. ઉપરેરણી.

૩. ન. ખિદમત; સેવાચાકરી.

૪. ન. આર્દ્રપત્ર અગ્નિ હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ગૃહસ્થે રાખવાના ત્રણમાંનો એ નામનો અગ્નિ.

૫. [સં. ઉપાસ (બહારવું કરવો)] ન. તીર ફેંકવાનો અભ્યાસ કરવા બાંધેલો તો; બાણ ફેંકવાનું સીખવા માટેનો અભ્યાસ; શરાભ્યાસ; તીરંદાજી.

૬. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું) + અન (ક્રિયા)] ન. પાસે બેસવાપણું.

૭. [સં. ઉપાસ્ (સેવા કરવી)] ન. પૂજા ભક્તિ; ઇષ્ટદેવનું સ્મરણ; આરાધના; સેવા

૮. ન. મનન; ચિંતન; ધ્યાન.

૯. ન. રાંધવાની ક્રિયા કરવી તે; ઉપક્રમ.

ઉપાસના ૧. [સં. ઉપ (પાસ) + અસ્ (ફેંકવું)] સ્ત્રી. ઝંખ.

૨. [સં. ઉપ (નજીક) + આસ (બેસવું)] સ્ત્રી. ઇષ્ટદેવનું સ્મરણ ધ્યાન.

૩. સ્ત્રી. ઈશ્વરની આજ્ઞા.

૪. સ્ત્રી. ઈશ્વર સાથેનો સંબંધ.

૫. સ્ત્રી. ઈશ્વરની મરજીને આધીન થવાની મનની વૃત્તિ. તેના બે પ્રકાર: પ્રતીક એટલે મૂર્તિની ઉપાસના અને અહંગ્રહ એટલે હું બ્રહ્મ છું એવી ઉપાસના.

૬. સ્ત્રી. ખિદમતમાં રહેવાપણું.

૭. સ્ત્રી. ગુરુ પાસેથી મંત્ર લઈ દીક્ષાનું કરવું પાલન

૮. [સં. ઉપાસ્ (બહારવું કરવો)] સ્ત્રી. તીર ફેંકવાનો બહાવરો કરવાપણું.

૯. સ્ત્રી. પવિત્ર અગ્નિ.

૧૦. સ્ત્રી. પાસે જઈ બેસવું તે.

૧૧. સ્ત્રી. પૂજા સેવા; ભક્તિ. ઈશ્વરની ઉપાસનાથી મનમાં શાંતિ આવે અને શરીરની આરોગ્યતા વધે. કેવલાદ્વૈતના મતે ઉપાસનાના ત્રણ પ્રકાર: કર્મોપાસના, આત્મોપાસના અને જ્ઞાનોપાસના. સારા કર્મ કરવાં, નીતિ પાળવી તે કર્મોપાસના. અંત:કરણથી ઈશ્વરનું સ્મરણ, પૂજન અને ધ્યાન કરવું તે આત્મોપાસના. સારાસાર જ્ઞાનથી સ્વરૂપને ઓળખવું તે જ્ઞાનોપાસના. વિશિષ્ટાદ્વૈત મત પ્રમાણે ઉપાસનાના પાંચ પ્રકાર: અભિગમન, ઉપાદાન, ઇજ્યા, સ્વાધ્યાય અને યોગ. દેવસ્થાનમાં સાફસૂફી કરવી તે અભિગમન, પંચ પુષ્પાદિ પૂજાસામગ્રી મેળવવી તે ઉપાદાન, પૂજન તે ઇજ્યા, મંત્ર જપ સૂક્તાદિ પાઠ તે સ્વાધ્યાય અને અંતર્યામીનું ધ્યાન તે યોગ. વેદસારણ પ્રમાણે ઉપાસનાના પાંચ ભેદ: (૧) નિર્ગુણ ઉપાસના, (૨) સગુણ દેવોપાસના એટલે વિષ્ણુ, સૂર્ય, શક્તિ, ગણપતિ અને શિવની ઉપાસના, (૩) લીલા વિગ્રહ ઉપાસના અર્થાત્ અવતાર ઉપાસના, (૪) ઋષિ, દેવતા અને પિતૃ ઉપાસના અને (૫) ભૂતપ્રેતાદિની તામસિક ઉપાસના. પ્રકૃતિ ને પ્રવૃત્તિ પ્રમાણે સાધકની રુચિ ઉપાસનામાં ચોટે છે.

૧૨. સ્ત્રી. મુક્તિના પ્રકારરૂપ વિદ્યા.

૧૩. સ્ત્રી. (વેદાંત) ઉપાધી વસ્તુમાં જોયા વસ્તુનું આરોપણ.

ઉપાસનાકાંડ [સં. ઉપાસના (સેવા) + કાંડ (ભાગ)] પું. પૂજા સંબંધી પ્રકરણ; મંત્રોમાં જે અર્થ કહ્યો હોય તે કરવાની પદ્ધતિ બતાવનાર વેદનો ભાગ.

ઉપાસનામૃદુ [સ. ઉપાસના (પૂજા) + મૃદુ (ધર્મ)] ન. ભક્તિ કરવાનું મકાન.

ઉપાસનામંદિર [સં. ઉપાસના (ભક્તિ) + મંદિર (ઘર)] ન. પૂજા માટેનું મકાન; પ્રાર્થનાગૃહ.

ઉપાસનામાર્ગીય [સ. ઉપાસના (સેવા) + માર્ગ (રસ્તો) + ઈય (સંબંધી)] વિ. સેવા કરવાની રીત પુરુષ્ટિનું.

ઉપાસનામુદ્રા [સ. ઉપાસના (પૂજા) + મુદ્રા (આકાર)] સ્ત્રી. અંગૂઠાના મૂળમાં તર્જની એટલે અંગૂઠાની પાસેની આંગળી અડાડી રાખી બાકીની બધે આંગળીને છૂટી રાખવાથી બનતી આકૃતિ.

ઉપાસનાલય [સ. ઉપાસના (ઇષ્ટદેવનું ધ્યાન) + આલય (મકાન)] ન. પ્રાર્થનામંદિર; પ્રભુની સ્તુતિ કરવાનું દેવાલય.

ઉપાસનાશાસ્ત્ર [સં. ઉપાસના (ભક્તિ) + શાસ્ત્ર (ધર્મપુસ્તક)] ન. દેવોની પૂજાને લગતું ધર્મપુસ્તક.

ઉપાસનીય [સં. ઉપાસ (પૂજવું) + અનીય (જોઈ)] વિ. સેવા કરવા લાયક; પૂજવા જેવું.

ઉપાસરૂ [સં. ઉપાશ્રય] ન. જૈનોનું ધર્મક્રિયા કરવાનું દેવાલય. તેમાં જૈન સાધુઓની જે છે અને ત્યાં મૂર્તિ જેવું કંઈ હોતું નથી.

ઉપાસરો [સં. ઉપશ્રય (આશરો)] પું. આવક જોડેના ગુરુઓને સેવાની જગ્યા; ઉપાશ્રય; અપાસરો.

ઉપાસવું ૧. અ. ક્રિ. ઉપવાસ કરવો.
૨. અ. ક્રિ. નિરાહાર વ્રત રહેવું.
૩. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું)] સ. ક્રિ. આરાધવું; ભક્તિ કરવી; પૂજવું; સેવા કરવી; ભજવું.
૪. સ. ક્રિ. ધ્યાન ધરવું; મનન કરવું.
૫. સ. ક્રિ. નોકરી કરવી; ખિદમતમાં રહેવું.
૬. સ. ક્રિ. પ્રમાણે વર્તવું; અનુસરવું.
૭. સ. ક્રિ. માન આપવું; વહન કરવું.
૮. સ. ક્રિ. સેવવું; ખૂબ વાપરવું.

ઉપાસવૃક્ષ [સં. ઉપાસ્ત્રી] ન. જયવાર્યા અને આફ્રિકાના ઊષ્ણકટીબંધમાં આવેલ ભાગમાં થતું એક જાતનું ઝાડ. તેમાંથી નીકળતા ઝેરી રસને સાંના વતની પોતાનાં તીરને ઝોપડી ઝેરી બનાવતા.

ઉપાસંગ ૧. પું. ઘણો પ્રેમ.
૨. [સં. ઉપ (નજીક) + આ (બધારે) + સંજ્ (જોડવું ગમવું)] પું. બાથોડ; બાથ રાખવાની કોથળી; તૂણ.
ઉપાસંગ તૂણીર અને ઇષુધિ વાસ નિષંગ,
બાથમાં બાણો ભર્યા બખ્ખ ચૌદિ રંગ.
પિંગલપ્રકોષ

ઉપાસંગધર પું. (પુરાણ) એક યાદવનું નામ.

ઉપાસના ૧. [સ. ઉપ (પાસે) + આસ (બેસવું)] સ્ત્રી. ઉપાસના; ભક્તિ; સેવા.
૨. સ્ત્રી. ખિદમત; સેવાચાકરી; તહેનાત.
૩. સ્ત્રી. ચિંતન; મનન; ધ્યાન; વિચાર.
૪. વિ ઉપવાસી; ભૂખ્યું.

ઉપાસિકા ૧. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું) + ઇક (સ્વાર્થે) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ભક્તિ કરનાર સ્ત્રી; સેવકી.
૨. સ્ત્રી. યોગિની; યોગસાધના કરનારી સ્ત્રી; તાપસી
૩ સ્ત્રી સેવિકા.

ઉપાસિત ૧ [સં ઉપ (પાસે) + આસ (બેસવું) + ક્ત (ભૂત)] વિ જેની ભક્તિ કરી હોય તેવું. સેવેલું; ભજેલું
૨. વિ. ધ્યાન ધરેલું; વિચારેલ
૩. વિ. સેવાચાકરી કરેલું.

ઉપાસિતવ્ય ૧. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું) + તવ્ય (જોઈ)] વિ. ઉપાસના કરવા જેવું; સેવવા લાયક.
૨. વિ. ધ્યાન કરવા લાયક
૩. વિ. સેવાચાકરી કરવા જેવું.

ઉપાસિતવ્યતા ૧. સ્ત્રી. ધ્યાન કરવા જેવું હોવાપણું.
૨. [સં. ઉપ (પાસે) + આસ (બેસવું) + તવ્ય (જોઈ) + તા (પણું)] સ્ત્રી. ભક્તિ કરવા લાયક હોવાપણું.
૩. સ્ત્રી. સેવાચાકરી કરવા માટેની લાયકાત.

ઉપાસિત્ય ૧. વિ. ચાકરી કરનારું.
૨. વિ. ચિંતન કરનાર.
૩. [સં. ઉપાસિત્ (પૂજારી)] વિ. ભક્તિ કરનાર; આરાધક.
૪. વિ સ્ત્રી. જેની ભક્તિ કરવામાં આવી હોય એવી.
૫. વિ. સ્ત્રી. જેનું ધ્યાન ધરવામાં આવ્યું હોય એવી.
૬. વિ. સ્ત્રી. સેવા કરાવેલી.

ઉપાસિરો [સં. ઉપશ્રય] પું. (બા. મ.) અપાસરો; આવકોનું ધર્મક્રિયા કરવાનું દેવાલય.

ઉપાસી ૧. પું. રોજને રાખનાર માણસ.
૨. [સં. ઉપવાસ (નિરાહાર)] વિ. ઉપવાસી; ભૂખ્યું.
ઉપાસી પડવું = ભૂખ્યું રહી જવું.
૩. વિ. સેવા કરનાર; આરાધક; ભક્ત; સેવક.

ઉપાસીક [સં. ઉપ (પાસે) + આસ્ (બેસવું)] વિ. ઉપાસક; ભક્ત; આરાધક; સ્તુતિ કરનાર.

ઉપાસુજપ [સં. ઉપાંશુજપ] પું. બીજા ન સાંભળે તેવી રીતે નામ, મંત્ર વગેરેનું કરાતું રટન.

ઉપાસ્તમન [સં. ઉપ (સમીપ) + અસ્તમન (આથમવું)] ન. સંધ્યાસમે; સૂરજનું આથમણ.

ઉપાસ્તર ૧. [સં. ઉપ (ઉપર) + આસ્ત (પાથરવું)] ન. ઉપલું પડ; ઉપરનું ઢાંકણ.
૨. [સં. ઉપ (નીચે) + આ (બધારે) + સ્તર (પડ)] ન. ગાદલાં કે ઓશીકાંનાં ઉપર નીચેનાં બે મહિનું નીચેનું પડ.
૩. ન. સ્વતંત્ર સપાટી ઉપર અથવા નળી કે કદરા ઉપર આવેલી કોપમય પેશી. તેમાં કોષનાં એક અથવા વધારે પડ આવેલાં હોય. તેની અંદર અંતર્કોષીય એટલે અંદરના કોષનો પદાર્થ ભાગ્યે જ માલૂમ પડે, તેથી કોષની અગત્યના આખો અંતરાલ એટલે અંદરનું પડ ગણી શકે. પણુંખરાં પ્રાણીના શરીરનું બહારનું ઢાંકણ ઉપાસ્તર એટલે ઉપરનું પડ હોય છે. પ્રાણિઓનાં બાર અને આંતરડાંને ઉપાસ્તર હોય છે.

ઉપાસ્તરી [સં. ઉપ (ઉપર) + આ (અધિક) + સ્તર (પડ) + ઈન્ (વાળું)] વિ. ઉપલા પડવાળું.

ઉપાસ્તરીકોષ [સં. ઉપ (ઉપર) + આ (અધિક) + સ્તર (પડ) + ઈન્ (વાળું) + કોષ (સજીવ દ્રવ્યના બેટલે જીવવાળા પદાર્થનાં એકમ જણાવાથી બીજામાં જીવી કોષણી)] પું. બહારનું ઢાંકણ બનાવતો કોષ; અવિકાસ્ય એટલે જુદો ન પડી શકે એવો કોષ. તેની ઊંચાઈ તેના બાસના પ્રમાણમાં જુદી જુદી છે. કોઈ વખત ઊંચાઈ એવડી નાની હોય કે કોષ સપાટ નળિયા જેવો દેખાય અને કોઈ વાર તે એવડી મોટી હોય કે કોષ થાંભલા જેવો દેખાય. દરેક ઉપાસ્તરીકોષ તેના પડોસીની સાથે કોષરસના સળિયાથી અને પુલોથી સંબંધમાં રહેલ છે.

ઉપાસ્તરીપેશિ [સં. ઉપ (ઉપર) + આ (અધિક) + સ્તર (પડ) + ઈન્ (વાળું) + પેશિ (કોષનો સમૂહ)] સ્ત્રી. ઉપાસ્તરી એટલે ઉપલા પડવાળી કોષની પાતળી ચાદર.

ઉપાસ્તિ [સં.] સ્ત્રી. ઉપાસના; દેવની સેવા.

ઉપાહ્ય ૧. [સં. ઉપ (નજીક) + અહ્ય (હથિયાર)] ન. નાનું હથિયાર.
૨. [સ. ઉપ (ઉપર) + અહ્ય (હથિયાર)] ન. હથિયાર રાખવાનું આસન. જેમકે, ભાથો, ખાપો, મ્યાન.

ઉપાહ્વિક [સં. ઉપ (નજીક) + અહ્વિય (બોલાવું)] ન. તરસ્યું હોવાનું અરિષ્ટ.

ઉપાસ્થિઆવરણ [સં. ઉપ (નામુક) + અસ્થિ (હાડકું) + આવરણ (કાપડ)] સ. તરબૂચિયની અખંડ કાપડી ઉપર વીંટાયેલી રક્તવાહિનીથી ભરપૂર પાતળી ચામડીનું આવરણ; 'પેરિકોન્ડ્રિયમ'.

ઉપાસ્થિક [સં. ઉપ (નામુક) + અસ્થિ (હાડકું) + ક (પ્રત્યય)] પું. એક જાતનું કાંટા વગરનું માછલું.

ઉપાસ્થિકોશાર્બુદ [સં. ઉપ (નામુક) + અસ્થિ (હાડકું) + કોશ (સજીવ દ્રવ્યના એટલે કાચબાના પદાર્થના કોઠમ બનાવવાની ઝીણામાં ઝીણી કોથળી) + અર્બુદ (ગાંઠ)] સ. તરબૂચિય ઉપરની દુષ્ટ રસોળી; 'કોન્ડ્રો–સારકોમ'.

ઉપાસ્થિમદાહ [સં. ઉપ (હનું) + અસ્થિ (હાડકું) + પ્રદાહ (બળતરા)] પું. તરબૂ હાડકામાં થતી બળતરા; 'કોન્ડ્રાઇટિસ'.

ઉપાસ્થિબહુજ [સં. ઉપ (નામુક) + અસ્થિ (હાડકું) + બહુજ (ફૂગબ)] પું. હાડકાંને બદલે ક્યાં હોય એની એક જાતની માછલી

ઉપાસ્થિમયઅર્બુદ [સં. ઉપ (નમું) + અસ્થિ (હાડકું) + મય (બનેલું) + અર્બુદ (ગાંઠ)] સ. તરબૂ હાડકા ઉપરનું ગૂમડું; 'કોન્ડ્રોમ'.

ઉપાસ્થિવેદના [સં. ઉપ (નામુક) + અસ્થિ (હાડકું) + વેદના (પીડા)] જી. તરબૂચિય એટલે કોમળ હાડકામાં અથવા તરબૂચિય નાકના જની પીડા; 'કોન્ડ્રોલજિઆ'.

ઉપાસ્ય ૧. [સ. ઉપાસ્ (પૂજવું) + ય (જરું)] પું. વિષ્ણુ, કેમકે તે પૂજવા લાયક છે

૨. [સં. ઉપાસ્ (ઇચ્છિત કરવી) + ય (જરું)] વિ. ચાકરી કરવા લાયક.

૩. વિ. પામવા જેવું.

૪. વિ. માન આપવા જેમ; પૂજ્ય.

૫. વિ. વિચારવા જેવું; ધ્યાન કરવા જોગ.

૬. વિ. સેવવા લાયક; ઇચ્છિત કરવા જેવું, આરાધ્ય.

ઉપાસ્યકાળ [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + કાલ (વખત)] પું. આરાધના કરવા માટેનો સારો વખત.

ઉપાસ્યતા ૧. જી. ચાકરી કરવા લાયક હોવાપણું.

૨. જી. ધ્યાન કરવા જેવું હોવાપણું.

૩. [સ. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + તા (પણું)] જી. પૂજ્યતા; માન આપવા લાયક હોવું તે.

૪. જી. ઇચ્છિત કરાવા જેવી લાયકાત.

ઉપાસ્યત્વ જુઓ ઉપાસ્યતા.

ઉપાસ્યદેવ [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + દેવ (દેવતા)] પું. જેની આરાધના કરવામાં આવે તે દેવતા; ઇષ્ટદેવ.

ઉપાસ્યદેવતા જુઓ ઉપાસ્યદેવ.

ઉપાસ્યનામારૂપાત્મા [સં. ઉપાસ્ (સેવવું) + ય (જરું) + નામ (નામબાજુ) + રૂપ (આકાર) + આત્મન્ (ચૈતન્ય)] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ઉપાસ્યપણું [સં. ઉપાસ્ય (સેવવા જેવું)] સ. પૂજવા જેવું હોવાપણું. જુઓ ઉપાસ્યતા.

ઉપાસ્યભાવ ૧. [સં. ઉપાસ્ (સેવવું) + ય (જરું) + ભાવ (વૃત્તિ)] પું. ઉપાસના, સેવા કે ભક્તિ કરવાની લાગણી.

૨. [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + ભાવ (હોવાપણું)] પું. પૂજવા લાયક હોવાપણું

ઉપાસ્યમોદ [સં. ઉપાસ્ (ભજવું) + ય (જરું) + મોદ (આનંદ)] પું. જેની ભક્તિ કરવી તે સંબંધી મતભેદ; ઇષ્ટદેવ તરીકે સ્વીકારવા બાબતની ખુદાઈ.

ઉપાસ્યશ્રેષ્ઠતાવાદ [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + શ્રેષ્ઠ (ઉત્તમ) + તા (પણું) + વાદ (સિદ્ધાંત)] પું. પરમ દેવોમાંથી એક એકને વારાફરતી સ્વતંત્ર ઇષ્ટદેવ તરીકે માનવાનો સિદ્ધાંત; એકેશ્વરવાદ; 'હેનોથીઝમ'.

ઉપાસ્યશ્રેષ્ઠતાવાદી [સં. ઉપાસ્ (સેવવું) + ય (જરું) + શ્રેષ્ઠ (સૌથી અધિકારું) + તા (પણું) + વાદ (સિદ્ધાંત) + ઇન્ (વાળું)] પું. 'ઉપાસ્યશ્રેષ્ઠતાવાદ' સિદ્ધાંતમાં માનનાર; 'હેનોથીસ્ટ'.

ઉપાસ્યસાક્ષાત્કાર [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + સાક્ષાત્કાર (નજરોનજર જોવાપણું)] પું. અજ્ઞાનવાદ એટલે ઇન્દ્રિયોથી ન સમજી શકાય તેવો મત; મૂઢવાદ એટલે પરમાત્મા ન કળી શકાય એવો છે એમ માનતો વાદ; અતિવાદ એટલે ઈશ્વર સૌથી પર છે એવો સિદ્ધાંત; ધ્યાન અને પ્રેમથી પ્રભુનું સીધું જ્ઞાન થાય એવા સિદ્ધાંતને બધાં તત્ત્વમાં ખરા અને સંપૂર્ણ નિયમ તરીકે માનવાપણું; 'મિસ્ટિસિઝમ'.

ઉપાસ્યોપાસક [સં. ઉપાસ્ (પૂજવું) + ય (જરું) + ઉપાસક (પૂજનાર)] વિ. સેવ્ય અને સેવક; આરાધ્ય અને આરાધક; પૂજવા લાયક અને પૂજનાર; ચાકરી કરવા જોગ અને ચાકર.

ઉપાહ ૧. પું. ખલાણ; દવા.

૨. પું. નીતિ.

૩. પું. પગલું; રીત.

૪. પું. યુક્તિ; કળ.

૫. પું. સાધના; કરણ.

ઉપાહરક [સં. ઉપાહ (આપવું) + અક (કરનાર)] વિ. પકડીને બીજાને આપનાર; પરરાજ્યને સોંપનાર.

ઉપાહરકઅધિકારી [સં. ઉપાહ (આપવું) + અક (કરનાર) + અધિકાર (સત્તા) + ઇન્ (વાળું)] પું. પરરાજ્યમાં ગુનો કરી પોતાના રાજ્યમાં આવેલ ગુનેગારને પકડી તે પરરાજ્યને સોંપવાનું કામ કરનાર અમલદાર; 'એક્સ્ટ્રડિશન ઑફિસર'.

ઉપાહરણ [સં. ઉપાહ (આપવું) + અન (પદું)] સ. પરાધુ સોંપવું તે; પરરાજ્યમાં ગુનો કરી આવેલ ગુનેગારને પકડી તે પરરાજ્યને સોંપવાપણું; 'એક્સ્ટ્રડિશન'.

ઉપાહરણીય [સં. ઉપાહ (આપવું) + અનીય (જરું)] વિ. પકડીને પરરાજ્યને સોંપવા જેવું.

ઉપાહરણીય અપરાધ [સં. ઉપાહ (આપવું) + અનીય (જરું) + અપરાધ (ગુનો)] પું. જેની હદમાં ગુનો થયો હોય તેવા બીજા રાજ્યને ન્યાય માટે ગુનેગારને સોંપી દેવાય એવો ગુનો.

ઉપાહાર ૧. [સં. ઉપ (હલકું) + આહાર (ખોરાક)] પું. કલેવા; ફળનો ખોરાક.

૨. પું. હલકો ખોરાક; નાસ્તો.

ઉપાહારગૃહ [સં. ઉપાહાર (નાસ્તો) + ગૃહ (ઘર)] સ. હોટલ.

ઉપાહિત ૧. [સં.] પું. અગ્નિથી થતો નાશ.

૨. પું. અગ્નિનો ઉત્પાત; દેવતાથી થતો ઉપદ્રવ.

૩. [સં. ઉપ (સાથે) + આહિત (મૂકેલું)] સ. જોડેનો સામાન; સાધન.

૪. [સં. ઉપ (પાસે) + આધા (મૂકવું) + ત (એલ)] વિ. અનામત મૂકેલું.

૫. વિ. આરોપેલ; સ્થાપેલું; મૂકેલું.

૬. વિ. જોડાયેલ.

૭. વિ. પહેરેલું; ધારણ કરેલ.

૮. વિ. મુકરર; નક્કી કરેલું.

ઉપાહો [સં. ઉપાલંભ] જી. ટપાર્યા; ઘાટઘાટ.

ઉપાહ્વું સ. ક્રિ. પેદા કરવું.

ઉપાંક [સ. ઉપ (પેદા) + અંક (સંખ્યા)] પું. પોતાનંબર; પોતા; જમીનના માપનો પેટા ભાગ.

ઉપાંગ ૧. પું. ચિત્રકનું ઝાડ.
૨. [સં. ઉપ (પેટા) + અંગ (જૈનસૂત્રનો એક ભાગ)] ન. (જૈન) અંગ નામના સૂત્રના વિભાગરૂપ બાર ધર્મગ્રંથ: (૧) ઉપપાતિ, (૨) રાજપ્રશ્નેણી, (૩) જીવાભિગમ, (૪) પ્રજ્ઞાપના, (૫) જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ, (૭) સૂરપ્રજ્ઞપ્તિ, (૮) નિરયાવલિ, (૯) કલ્પિકા, (૧૦) કલ્પવતંસિકા, (૧૧) પુષ્પિકા અને (૧૨) પુષ્પચૂલિકા.
૩. ન. ઉપાય.

આપ કરી તો વાપરનો ન ભરો તો ઉપાંગે.
પ્રેમાનંદ

૪. ન. તળાવું; તરવું.

ગજરાજ ગણપતિ ઉપાંગ વાળે,
દે તાળી વગાડે શંભ મૃદંગ. નરસિંહ

૫. ન. તિલક; ટીલું; ત્રિપુંડ.
૬. [સં. ઉપ (નાનું) + અંગ (અવયવ)] ન. નાનો ભાગ.
૭. ન. પરિશિષ્ટ; પુરવણી; સાધન; વધારો.
૮. [સં. ઉપ (નાનું) + અંગ (શરીર)] ન. પેટા અવયવ.
૯. ન. (સંગીત) રાગના દસ ભેદોનો એ નામનો વર્ગ.
૧૦. ન. વેદના આઠ પેટા ભાગમાંનો કોઈ: (૧) પ્રતિપદ, (૨) અનુપદ, (૩) છંદસ્, (૪) ભાષા, (૫) ધર્મ, (૬) મીમાંસા, (૭) ન્યાય અને (૮) તર્ક.
૧૧. [સં. ઉપ (પેટા) + અંગ (વેદનો ભાગ)] ન. વેદાંગનાં પુરવણીશાસ્ત્ર: પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર.
૧૨. [સં. ઉપ (નાનું) + અંગ (શરીર)] ન. શરીરનો ભાગ; અવયવ. સુશ્રુતના અનુસરવા પ્રમાણે માથું, પેટ, પીઠ, કૂંદી, કપાળ, નાક, હડપચી, પેઢું અને કોણ એ દરેક આઠેક, નાકનાં કરણાં, બખાં, ભ્રમરો, ભમાડું, ગાલ, કોણ, સ્તન, વૃષણ, પડખું, કુલો, જંઘ, હાથ અને સાથળ એ દરેક બબ્બે, વીસ અંગળી, સાત આમડી, કલા એટલે હાડકાં, માંસપેશી વગેરેને વીંટળેલી સાત આમડી, બે જાતી, બે કોણ, હૃદય, ગરોળ, કેફસું, કાળજું, કલોમ એટલે આસનળી, સાત આશય, આંતરડું, નવ દ્વાર એટલે છિદ્ર, મુખ્ય સોળ શિરા, બાર ધમની, કૂર્ચ એટલે પગનાં છ હાડકાં, ચાર રજ્જુ, સાત સેવની, હાડકાં મળવાનાં પંદર કોકાણું, અઢાર સંધિત, બસો હાડકાં, બસો દસ હાડકાંના સાંધા, નવસો સ્નાયુ, પાંચસો પેશી, ઓગણસો સાત મર્મસ્થાન, સાતસો શિરા, ચોવીસ ધમની અને સોળવાળ નાડી એ બધાં ઉપાંગ છે.

ઉપાંગચિકિત્સા [સ. ઉપાંગ (અવયવ) + ચિકિત્સા (ઇલાજ)] સ્ત્રી. (વૈદક) એક ભાગનો ઉપાય. તેમાં શિલ્પક્રિયા, સાંધેલ, ચિરાયેલ કે પેચાયેલ અવયવને સાજો કરવામાં આવે છે.
ઉપાંગલલિત ન. એક વ્રતનું નામ.
ઉપાંગલલિતા સ્ત્રી. એક દેવીનું નામ.
ઉપાંગલલિતાવ્રત [સ. ઉપાંગલલિતા (એક દેવી) + વ્રત (નિયમ)] ન. આસો સુદ પાંચમને દિવસે લક્ષ્મીની પૂજા કરી જિનધાતુ એક વ્રત.
ઉપાંગવિરોધ [સં. ઉપ (પેટા) + અંગ (ભાગ) + વિરોધ (વિરુદ્ધપણું)] પું. (ન્યાય) સર્વદેશ વિધાન અને એકદેશ વિધાન, તેમ જ સર્વદેશ નિષેધ અને એકદેશ નિષેધ વચ્ચેની વિરુદ્ધતા: 'સમ્પ્લીટર્ન ઓપોઝિશન'. જેમકે, 'બધાં માણસો સાચાં છે' એ સર્વદેશ વિધાન અને 'કેટલાંક માણસો સાચાં છે' એ એકદેશ વિધાન વચ્ચેના વિરોધને તેમ જ 'કોઈ માણસ સાચો નથી' એ સર્વદેશ નિષેધ અને 'કેટલાંક માણસો સાચાં નથી' એ એકદેશ નિષેધ વચ્ચેના વિરોધને ઉપાંગવિરોધ કહે છે.
ઉપાંગસૂત્ર [સં. ઉપાંગ (જૈનસૂત્રો) + સૂત્ર (ધર્મગ્રંથ)] ન. જૈનનાં જે નામનાં પ્રમાણગ્રંથો.
ઉપાંજન [સં. ઉપ (ઉપર) + અંજન (ઊંજણ)] ન. આર કરવી તે: આખુથી પ્રાણીનો ઓળિયો.
ઉપાંડ [સં. ઉપ (ઉપર) + અંડ (પેળ)] પું. અધિવૃષ્ણિપ્રદેશ: ઉદરપ્રદેશ: વૃષણની ઓળી ઉપર અને પાછળ આવેલો ગજભાગ અર્ધગોળાકાર અવયવ: 'એપિડિડિમિસ'.
ઉપાંડમાત્ર [સ. ઉપ (ઉપર) + અંડ (પેળ) + માત્ર (શરીર)] પું. ઉપાંડનો વધેલો ભાગ: 'કૉર્પસ એપિડિડિમિસ'.
ઉપાંડપુચ્છ [સ. ઉપ (ઉપર) + અંડ (પેળ) + પુચ્છ (પૂછડું)] પું. વૃષણની ઓળી ઉપર આવેલ સાંકળ, પાતળા અને વાંકા આકારનો પિંડનો નીચલો ભેદો: 'ટેઇલ ઑપિડિડિમિસ'.
ઉપાંડશરીર જુઓ ઉપાંડમાત્ર.
ઉપાંડશિર [સં. ઉપાંડ (પેળ ઉપરનો એક અવયવ) + શિરસ્ (ઉપલો ભાગ)] પું. અધિવૃષ્ણિપ્રદેશ એટલે વૃષણની ઉપલા અને પાછલા ભાગની બાજુએ આવેલા અવયવનો ઉપલો ભેદો: 'હેડ ઑપિડિડિમિસ'.
ઉપાંડશોથ [સં. ઉપાંડ (પેળની ઓળી ઉપરનો એક અવયવ) + શોથ (સોજો)] પું. પેળની ઓળીના ઉપલા ભાગમાં આવેલ અવયવનો સોજો: 'એપિડિડિમાઇટિસ'.
ઉપાંડોપમૂત્રવૃદ્ધિ [સં. ઉપ (ઉપર) + અંડ (પેળ) + ઉપ (નજીક) + મૂત્ર (પેશાબ) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. પેળની ઓળી ઉપર આવેલ સાંકળ, પાતળા અને સહેજ ત્રાંસા પિંડમાં પાણી ભરાવાનો રોગ: 'હાઇડ્રોસીલ ઑવ એપિડિડિમિસ'.
ઉપાંકું જ. ક્રિ. (કચ્છી) ઉપજવવું; બનાવવું: પેદા કરવું.
ઉપાંત ૧. [સં. ઉપ (પાસે) + અંત (છેડો)] પું. આસપાસનો ભાગ.
૨. પું. આંખનો ખૂણો.
૩. પું. કોર.
૪. [સં. ઉપ (સમીપ) + અંત (છેડો)] પું. ઉંમર પાસેનો ભાગ.
૫. પું. છેડો.
૬. પું. ઉચ્ચારની પહેલાંનો અક્ષર.
૭. પું. નજીક હોવાપણું; સામીપ્ય; પાડોશ.
૮. પું. નજીકનો ભાગ.
૯. [સં. ઉપ (નાનું) + અંત (કિનારો)] પું. નાનો કિનારો.
૧૦. પું. નિતંબ; ઢાળ.
૧૧. પું. બારસાખ.
૧૨. પું. સરહદ; સીમા.
ઉપાંતર [સં. ઉપ (બીજું) + અંતર (બીજું)] ન. જરા છેટું.
ઉપાંતિક ૧. [સં. ઉપ (પાસું) + અંતિક (પાસેનું)] ન. પડોશ; પાસું નજીક હોવાપણું.
૨. વિ. પાસુ પાસેનું; પાસું નજીકનું.
ઉપાંતિમ ૧. [સં. ઉપ (પાસે) + અંતિમ (છેલ્લું)] વિ. છેલ્લાની પાસેનું.
૨. વિ. પડોશનું; પાસું નજીકનું.
ઉપાંત્ય ૧. [સં.] પું. આંખનો ખૂણો.
૨. ન. પડોશ; નજીક હોવાપણું.
૩. [સં. ઉપ (પાસે) + અંત્ય (છેલ્લું)] વિ. છેલ્લાની પહેલાનું.
ઉપાંત્યપરિચ્છિન્ન [સં. ઉપ (પાસે) + અંત્ય (છેલ્લું) + પરિચ્છિન્ન (કાપેલ)] પું. (ગણિત) પૂરેપૂરિયા અપૂર્ણાંકની છેલ્લાની પહેલાંની કીમત: 'પીનલ્ટિમેટ ફ્રૅક્શન્સ'. પૂરેપૂરિયા અપૂર્ણાંકની કીમત બે હદની વચ્ચે આવેલી હોય છે અને જેમ જેમ પદ વધારે લેવામાં આવે તેમ તેમ તેની કીમત ચોક્કસ અપૂર્ણાંકની નજીક આવતી જાય. તે અપૂર્ણાંકની કીમત અંતકીમત (લિમિટ) તરીકે ઓળખાય છે. તેની

અગાઉના પદ સુધી કીમત હોતાં જે અપૂર્ણાંક આવે તે ઉપાંત્યપરિચ્છિન્ન યોગ. જેમકે,

$$૧ + \cfrac{૧}{૨ + \cfrac{૧}{૪ + \frac{૧}{૩}}}$$

નો ઉપાંત્યપરિચ્છિન્ન યોગ, છેલ્લું ૩ પદ ન લેતું. અપૂર્ણાંકની પ્રથમ કીમત ૧ છે, બીજી બે પદ સુધીની કીમત ૧ + ૧/૪ = ૫/૪ છે અને અંતકીમત ૨૯/૨૩ થાય છે.

ઉપાંત્યસ્થ [સં. ઉપ (પાસે) + અંત (છેવું) + સ્થ (રહેલું)] વિ. અંતના શરીરના બેકાદ ઊંચાની સહેજ અંદર રહેલ હોય એવું; 'સબ્લ્યુમિનલ'.

ઉપાંત્ર [સં. ઉપ (પાસે) + અંત્ર (આંતરડું)] ન. અંત્રપરિશિષ્ટ; મોટા આંતરડાના મુખ આગળ આવેલી અંધ કોથળી; 'અપેન્ડિક્સ'. જમણી બાજુએ પેડુના ભાગમાં આવેલ આ નળી કોઈમાં બળી ઊઠે તો કોથળીમાં આવ ઊભ થાની હોય છે. તે શું કામ કરે છે તે જણાયું નથી, પણ તે કેટલીક જાતના રોગનાં જંતુઓને ઝરાવવાનું સ્થળ છે. તેમાં કોઈ કારણ મરકી ભરાઈ રહે તો બળતરા થાય અને મર્મસ્થિક ચામડી સોજો આવી રાતી થઈ જાય.

ઉપાંત્રપ્રદાહ [સં. ઉપ (પાસે) + અંત્ર (આંતરડું) + પ્રદાહ (સોજો)] પું. નાના આંતરડાના છેડાનો સોજો; 'અપેન્ડિસાઇટિસ'. ઉપાંત્ર કોઈ વખત સોજી આવે અને તેના ઉપર ફોલ્લા પણ થઈ આવે. તેવે વખતે તેને શસ્ત્રક્રિયાથી કાઢી નાખવાની જરૂર પડે છે. જેના ઉપાંત્રની બંધાઈ વધારે હોય અને તે નીચેની તરફ હોય તેને આ રોગનો વધારે ભય રહે છે. ઉપાંત્રમાં કોઈ ખોરાક કે બીજ દ્રવ્ય થઈ જાય તો તેનું મોઢું સાંકડું હોવાથી તે બહાર નીકળી શકે નહિ અને તેથી તે અંદર રહીને સોજો અને ફોલ્લા કરે. આમ કરીને કલ્જિયતને વીંધી આ રોગ કરે છે. આ રોગની શરૂઆત અચાનક પેડુના ભાગમાં ભારથી થાય. સાથે ઊલટી થાય, તાવ એકસો બે અંશ સુધી ચડી આવે અને નાડી ઊતાવળી ચાલે. રોગની ખબર પડે અથવા સંકા પડે ત્યારથી છત્રીસ કલાકની અંદર શસ્ત્રક્રિયા કરાવવાથી લાભ થાય. તે સિવાયનો ભેગ અને ત્યારપછી ઍન્ટિસેપ્ટિક લગાવી ઊના પાણીનો શેક કરાય છે.

ઉપાંશર [સં. ઉપ (ઉપર) + અંશર (લગાડું)] પું. ખેસ; ઉપરણો.

ઉપાંશુ ન. (સંગીત) મધ્યમ ગ્રામમાં રિષભ પછી રચાયી મનું પ્રથમ એટલે છ સ્વરનું એક તાન.

ઉપાંશુ ૧. પું. ઝરકૂવાની જાતનો છોડ.
૨. પું. બીજાને ન સાભળે એવું બોલવાપણું.
૩. પું. યજ્ઞના ચાર માંડિનો એક ભેદ.
વિધિ, જપ, **ઉપાંશુ** અને માનસ એ ચાર પ્રકારના યજ્ઞોમાં માનસ યજ્ઞ શ્રેષ્ઠતમ ગણાય છે. ગીતાપ્રભાકર
૪. પું. વાચિક એટલે વાણીનો એક જપ; બહારના ઉચ્ચારો વિના માત્ર હોઠથી થતો જપ. વાચિક એટલે વાણીના જપના બે ભેદ છે: વૈખરી અને ઉપાંશુ. વૈખરી જપમાં બીજા સાભળે એવા ઊંચા સ્વરથી મત્રશબ્દનો ઉચ્ચાર થાય. ઉપાંશુમાં અવાજ માત્ર હોઠ અને જીભનો ફફડાટ થાય.
૫. પું. સૂર્યનાં કિરણોનો અધિષ્ઠાતા એટલે ઉષ્ણ.
૬ વિ. ગુપ્ત. છુપું.
૭ અ. ચૂપચાપ. અવાજ વગર.
૮. અ નિર્જન; એકાંત

ઉપાંશુજપ [સ. ઉપાંશુ (બીજું) + જપ (જપ)] પું. જપ કરનાર પોતે જ સાંભળી શકે એવા ધીમા સ્વરે થતો જપ. જપ ત્રણ છે: વાચિકજપ, ઉપાંશુજપ, માનસજપ અને ખાનજપ.

ઉપાંશુદંડ [સં. ઉપાંશુ (ક્રમ) + દંડ (શિક્ષા)] પું. ખાનગી શિક્ષા.

ઉપાંશુયાજ [સં. ઉપાંશુ (બીજું) + યાજ (યજ્ઞ)] પું. એક જાતનો યજ્ઞ.

ઉપાંશુવધ [સ. ઉપાંશુ (બીજું) + વધ (નાશ)] પું. એકાંતમાં કરાયેલ હત્યા.

ઉપાંશુવાચિક [સં. ઉપાંશુ (એક જાતનો જપ) + વાચિક (બોલીને થતું)] પું. વાચિક જપની એક જાત; બીજાને સાંભળવામાં ન આવે એવી રીતે કરાતો જપ. જપના મુખ્ય બે પ્રકાર: વાચિક અને માનસ. વળી તે બંનેના પણ બબ્બે ભાગ છે. તેમાં ઉચ્ચૈઃ ને ઉપાંશુ એ બે જાત વાચિકની અને ખાન સહિત ને ખાન સહિત એ બે જાત માનસજપની છે.

ઉપાંસરો [સં. ઉપાશ્રય] પું. (રૂઢિ) અપાસરો; ઉપાશ્રય; મોટો વખત આરામ લેવાનું રહેઠાણ.

ઉપિક પું. (પિંગળ) દરેક ચરણમાં વગણ, તગણ અને ગુરુ સહિત સાત અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ઉપિક છંદનો એક ભેદ છે.
ર ત ગા છે ઉપિક. રણજિતમ

ઉપિચ્છ ન. ગળાનો એક રોગ; અધર આસે જલદીથી કરાતું ચીરાણ.

ઉપીત [સં. પીત] વિ. પીળું.

ઉપેક [સં.] પું. આકડો; અર્ક.

ઉપેક્ષ [સં.] પું. (પુરાણ) માંદિનીના દીકરા અંકુરના એક ભાઈનું નામ.

ઉપેક્ષક ૧. [સં. ઉપેક્ષ્ (અવા કરવું) + અક (નાર)] વિ. ઉદાસીન; તટસ્થ; વિરક્ત.
૨. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું)] વિ. ધૃણા કરનાર; તિરસ્કારનાર.
૩. [સં. ઉપેક્ષ્ (ધ્યાન ન આપવું)] વિ. બેદરકાર; ગફલતી; અસાવધ.
૪. વિ. બેપરવા; કોઈની દરકાર નહિ કરનાર.
૫. વિ. શાંત; સહન કરનાર.

ઉપેક્ષણ ૧. [સ. ઉપેક્ષ્ (તિરસ્કારવું) + અન (પ્રત્ય)] ન. અનાદર; તિરસ્કાર.
૨. [સં. ઉપ (ઉપર) + ઈક્ષ્ (જોવું)] ન. આદર; માન; સભાવના.
૩. [સં. ઉપેક્ષ્ (અવગણવું) + અન (પ્રત્ય)] ન. આપ આપ કામ કરવા તે; બેદરકારી; અવગણના.
૪ [સં. ઉપેક્ષ્ (બાજુ કરવું) + અન (પ્રત્ય)] ન. ઉદાસીનપણું; મધ્યસ્થતા; વિરક્તિપણું; વૈરાગ્ય.
૫. ન. (યોગ) એક જાતની ભાવનાનું નામ.
૬. [સં. ઉપેક્ષ્ (લાવવું) + અન (પ્રત્ય)] ન. લાભ.
૭. ન. બેપરવાઈ.
૮. ન. મતભેદ; વિરોધ.
૯. ન. વિક્રમના સાત ભાંદિનો એક ઉપાય; અવગણના; કમો; છેતરપિંડી.
૧૦. ન. સહનશીલતા; ધીરજ.

ઉપેક્ષણીય ૧. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું) + અનીય (જેવું)] વિ. અનાદર કરવા જેવું; તિરસ્કારપાત્ર.
૨. વિ. ઉપાય માટે નહિ વિચારવા જેવું.
૩. [સં. ઉપેક્ષ્ (લાવવું) + અનીય (જેવું)] વિ. લાભ કરવા લાયક; દૂર કરવા જેવું.
૪. [સં. ઉપેક્ષ્ (ધ્યાન ન આપવું) + અનીય (જેવું)] વિ. ધ્યાન ન આપવા જેવું.

ઉપેક્ષવું ૧. [સ. ઉપેક્ષ્ (તિરસ્કારવું)] સ.ક્રિ. અનાદર કરવો; તિરસ્કારવું.
૨. [સં. ઉપેક્ષ્ (ધ્યાન ન આપવું)] સ.ક્રિ. અવગણવું; દરકાર ન કરવી; ધ્યાનમાં ન લેવું; આંખ આડા કાન કરવા.
૩. સ.ક્રિ. ઉદાસી ભાવ રાખવો; વિરાગી રહેવું.

૪. [સં. ઉપેક્ષ્ (તજવું)] સ. ક્રિ. તજવું. છોડી દેવું.

ઉપેક્ષા ૧. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું)] સ્ત્રી. અનાદર; તિરસ્કાર; ઘૃણા.

૨. સ્ત્રી. અભાવ.

૩. [સં. ઉપેક્ષ્ (ધ્યાનમાં ન લેવું)] સ્ત્રી. અવગણના; અવજ્ઞા; બેપરવાઈ.

૪. સ્ત્રી. આદર; ગણના.

૫. સ્ત્રી. આળસ.

૬. [સં. ઉપેક્ષ્ (જોયા કરવું)] સ્ત્રી. ઉદાસીનતા; તટસ્થપણું; વિરક્તિ; વિરાગીપણું; વૈરાગ્ય.

૭. સ્ત્રી. મંદતા; બેદરકારી.

૮. સ્ત્રી. મરમપોથી; અંધ આસ્થા કાન કરવા તે.

૯. સ્ત્રી. (કાવ્ય) જે માણેની માન દૂર કરવાની એક રીત. જ્યાં માન છોડાવવાની તક છેડી નાયક કોઈ ખુશ જ મોટે માન બોલાવે તેને ઉપેક્ષા કહે છે.

૧૦. સ્ત્રી. બેતરપિંડી.

૧૧. સ્ત્રી. (જૈન) જ્ઞાનના સાત ભેદોનું એક અંગ; ચિત્તની સમ્યક્‌સ્થાવસ્થા. ક્રોધ, લોભ, આળસ, ભ્રાંતતા અને સંશય એ પાંચ ચિત્તનાં આવરણ દૂર કરવાને જ્ઞાનના સાત અંગ કહ્યા છે: (૧) સ્મૃતિ એટલે સ્મરણ અને વિવેક એટલે સાચી સમજ, (૨) ધર્મપ્રવિચય એટલે મનની શક્તિઓને જુદી જુદી રીતે સમજવાની શક્તિ અથવા બુદ્ધિ, (૩) વીર્ય એટલે સત્કર્મ કરવાનો માનસિક ઉત્સાહ, (૪) પ્રીતિ એટલે સત્કર્મથી થતો આનંદ, (૫) પ્રશ્રબ્ધિ એટલે ચિત્તની શાંતતા અથવા ચિત્ત સુખ, (૬) સમાધિ એટલે મનની એકાગ્રતા અને (૭) ઉપેક્ષા એટલે મનની સમ્યક્‌સ્થાવસ્થા એટલે સમતા.

૧૨. સ્ત્રી. લાજ; શરમ; અતિક્રમ; છોડી દેવાપણું.

૧૩. [સં. ઉપેક્ષ્ (તજવું)] સ્ત્રી. નિઃસ્પૃહતા; ઇચ્છા ન હોવાપણું.

૧૪. સ્ત્રી. પ્રાપ્ત કરવા જેવું નથી એવી ભ્રાંતનું જ્ઞાન.

૧૫. સ્ત્રી. (બૌદ્ધ) બોધિસત્ત્વે મેળવવાની દસ પારમિતા એક પારમિતા એટલે સિદ્ધિ. દસ પારમિતા: શીલ એટલે ચારિત્ર્ય, નૈષ્કર્મ્ય એટલે કર્મનો અભાવ, પ્રજ્ઞા એટલે બુદ્ધિ, વીર્ય એટલે સારું કામ કરવાનો ઉત્સાહ, શાન્તિ, સત્ય, અધિષ્ઠાન એટલે સત્તા, મૈત્રી, ઉપેક્ષા અને દાન.

૧૬. સ્ત્રી. મશ્કરી.

૧૭. સ્ત્રી. ખોટું લાગે તેમ બોલવું તે.

૧૮ સ્ત્રી. (જ્યોત્ર) સમ્યક્‌સ્થાવસ્થાન એટલે દુશ્મન તરફ સરખી લાગણી હોવાપણું.

૧૯. સ્ત્રી. મુક્તિ.

૨૦. સ્ત્રી. (વેદાંત) સત્કાર કે તિરસ્કાર કરવાથી અલગ રહેવાપણું.

૨૧. સ્ત્રી. સહનશીલતા; ધીરજ.

૨૨. સ્ત્રી. સાત મહિનો એક પુદ્ગલો ઉપાય; દસો કે બેતરપિંડી.

ઉપેક્ષાપાત્ર ૧. [સં. ઉપેક્ષા (અવગણના) + પાત્ર (લાયક)] વિ. અવગણના કરવા જેવું.

૨. [સ. ઉપેક્ષા (તિરસ્કાર) + પાત્ર (લાયક)] વિ. તિરસ્કારવા જેવું.

ઉપેક્ષાવૃત્તિ ૧. [સં. ઉપેક્ષા (તિરસ્કાર) + વૃત્તિ (લાગણી)] સ્ત્રી. તિરસ્કારવાની લાગણી.

૨. [સં. ઉપેક્ષા (અવગણના) + વૃત્તિ (લાગણી)] સ્ત્રી. બેદરકારી બતાવવાનું વલણ વગેરે.

ઉપેક્ષાસન [સં. ઉપેક્ષા (બેદરકારી) + આસન (બે જાનવરો સંધિ કરી ચૂપચાપ રહેવાપણું)] ન. બે રાજાઓએ સંધિ કરી બીજાઓ તરફ બેદરકારીથી ચૂપચાપ રહેવાપણું.

ઉપેક્ષિત ૧. [સં. ઉપેક્ષ્ (અવગણવું) + ક્ત (ભૂત)] વિ. અવગણાયેલું; ધ્યાન નહિ અપાયેલું.

૨. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું) + ક્ત (ભૂત)] વિ. ધિક્કારાયેલું; તિરસ્કૃત.

૩. વિ. ભુલાયેલું.

ઉપેક્ષ્ય ૧. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું) + ય (કૃદં)] વિ. તિરસ્કારવા લાયક; અનાદર કરવા જેવું.

૨. [સ. ઉપેક્ષ્ (અવગણવું) + ય (કૃદં)] વિ. ધ્યાન નહિ આપવા જેવું.

ઉપેક્ષ્યસંયમ [સં. ઉપેક્ષ્ય (તિરસ્કાર કરવા જેવું) + સંયમ (ઇંદ્રિયો અને મન કાબૂમાં રાખવાપણું)] પું. (જૈન) તિરસ્કાર કરવા જેવી બાબતમાં ઇંદ્રિયોને કાબૂમાં રાખવાપણું. સંયમની સત્તર ભેદની એક જાત.

> પાંચ સ્થાવર અને ચાર ત્રસ એ નવના વિષયમા મન સંયમ, પ્રેક્ષ્યસંયમ, **ઉપેક્ષ્યસંયમ**, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્‌સંયમ, મનઃસંયમ અને સપ્તાસ્તુસંયમ એ પ્રકાર સત્તર.
>
> તત્ત્વાર્થસૂત્ર

ઉપેક્ષા ૧. સ્ત્રી. બેતરપિંડી.

૨. [સં. ઉપેક્ષા] સ્ત્રી. મુક્તિ.

ઉપેત ૧. [સં. ઉપ (આસપાસ) + ઇ (જવું) + ત (ભૂત)] વિ. પેગયેલું.

૨. વિ. જનોઈ આપેલ.

૩. વિ. પરણેલું પાળેલ.

૪. વિ. પાસે આવેલું.

૫. [સં. ઉપ (પાસે) + ઇ (જવું) + ત (ભૂત)] વિ. પાસે ગયેલ.

૬. વિ. આગ; ગાયે ચારી ચૂકેલું.

૭. [સં. ઉપ (સાથે) + ઇ (જવું) + ત (ભૂત)] વિ. યુક્ત; સહિત.

૮. [સં. ઉપે (સંબોધ કરવે) + ત (ભૂત)] વિ. સબોધ માટે જી પાસે ગયેલ.

૯. વિ. હાજર.

ઉપેતા ૧. [સં. ઉપ (પાસે) + ઇ (જવું) + તૃ (નાર)] પું. પ્લેગ જેટલે લક્ષ્ય માટે જતન કરનાર પુરુષ.

૨. [સં. ઉપ (ઉપર) + ઇ (જવું) + તૃ (નાર)] વિ. આક્રમણ કરનાર; ચઢાઈ કરનાર.

૩. [સં. ઉપેતૃ] વિ. તદબીર વાપરનાર.

૪. વિ. નજીક જનાર.

ઉપેતિ [સં. ઉપ (પાસે) + ઇ (જવું) + તિ (ભાવ)] સ્ત્રી. આગમન; આવવાપણું.

ઉપેક્ષા [સં. ઉપ (પાસે) + ધ્રક્ષા (ઇચ્છા)] સ્ત્રી. પ્રાપ્તિની ઇચ્છા; મેળવવાની આકાંક્ષા.

ઉપેય ૧. વિ. ઉપાયથી સાધ્ય; તદબીરથી સાધ્ય થઈ શકે એવું.

૨. વિ. ધ્યાન ધરવા જેવું; લક્ષ્ય.

૩. [સં. ઉપ (પાસે) + ઇ (જવું) + ય (કૃદં)] વિ. પાસે જવા જેવું; ગમ્ય.

૪. [સં. ઉપે (મેળવવું) + ય (કૃદં)] વિ. પ્રાપ્ત કરવા જેવું; મેળવવા લાયક.

૫. [સં. ઉપ (ઉપર) + ઇ (જવું) + ય (કૃદં)] વિ. હુમલો કરી લડાઈ જેવું.

ઉપેર અ. ઉપર.

> જળ સ્વર્ગમાં જાવની **ઉપેર**. પ્રેમાનંદ

ઉપેવવું સ ક્રિ. જાળવું

> અહોરાત્રિ પૂર્ણ **ઉપેવે**,
> વિષ્ણુની પેર પતિને સેવે. પ્રેમાનંદ

ઉપેંદ્ર ૧. [સં. ઉપ (નાનું) + ઇંદ્ર (દેવરાજ)] પું. (પુરાણ) ઇંદ્રની પદવીનો અધિકારી, જેમ રાજા પછી ગાદીએ આવનાર યુવરાજ કહેવાય તેમ આજના ઇંદ્ર પછી થનાર ઇંદ્રને આ નામ લગાડાય છે. હાલ પુરંદર નામનો ઇંદ્ર છે. જેની પછી બલિ દૈત્ય ઇંદ્ર થનાર છે, માટે હાલ બલિને ઉપેંદ્ર નામ લગાડાય.

૨. [સં. ઉપ (નાનો ભાઈ) + ઇંદ્ર (દેવોનો રાજા)] પું. (પુરાણ) ઇંદ્રનો નાનો ભાઈ. પાંચમા અવતારમા ઇંદ્રના નાના ભાઈ તરીકે વિષ્ણુ અદિતિને પેટે ઇંદ્રની પછી વામન તરીકે જન્મેલ હતા.

૩. પું. કૃષ્ણ ભગવાન.

૪. પુ. ગરુડ.

૫. પું. સ્વર્ગની એક ઇંદ્રિયના દેવનું નામ.

દિશા, વાયુ, સૂર્ય, વસુ, અશ્વિનીકુમાર, અગ્નિ, રુદ્ર, ઉપેંદ્ર, યમ અને પ્રજાપતિ એ દસ દિક્પાલોના દેવો અને ચંદ્ર, બ્રહ્મા, શેષને આશ્રયનારા વાસુદેવ અને રુદ્ર એ ચાર દિક્પાલોના અધિદેવો છે. પુરુષોત્તમગીતા

૬. પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

ઉપેંદ્રમાલા પું. (પિંગળ) ત્રિષ્ટુપ જેવો એક સમવૃત્ત વર્ણમેળ છંદ: ઉપજાતિ; આખ્યાનકી. તેના દરેક ચરણમાં બે તગણ, જગણ અને બે ગુરુ અથવા જગણ, તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર આવે.

ઉપેંદ્રવજ્રા [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદની જાતનો છે અને તેમાં પાંચમાં અક્ષર પછી યતિ એટલે વિરામો આવે. ઉપેંદ્રવજ્રા અને ઇંદ્રવજ્રામાં ફેર એટલો જ હોય છે કે ઇંદ્રવજ્રામાં પહેલો અક્ષર ગુરુ અને ઉપેંદ્રવજ્રામાં લઘુ હોય છે.

ઉપેંદ્રવજ્રા જ ત જ ગ ગે થી. અનુપિંગળ

ઉપેંદ્રા [સં.] સ્ત્રી. મહાભારતમાં વર્ણવેલી પુરાણી નદી.

ઉપેંદ્રિય [સં. ઉપ (ઊતરતું) + ઇંદ્રિય (અનુભવનું સાધન)] સ્ત્રી. ચેતા ઇંદ્રિય; મુખ્યને મદદ કરનાર ઇંદ્રિય.

ઉપૈના વિ. નાગું; હાંસિયા વગરનું; ઉઘાડું.

ઉપોઢ ૧. [સં. ઉપ (આપે) + વહ્ [વહ્ વહું)] સ્ત્રી. મુદ્દલ મારે લહરકાની ગોઠવણ; ખૂલ.

૨. [સં. ઉપ (સાથે) + વહ્ (વહ વહું) + ત (ભૂત)] વિ. ભેગું કરેલ; ભેગું કરેલું.

૩. વિ. પરણેલ; વિવાહ કરેલું.

૪. [સં. ઉપ (પાસે) + વહ્ (લાવવું) + ત (ભૂત)] વિ. પાસે લાવેલું.

૫. વિ. પાસેનું; નજીકનું; નિકટ; સમીપ.

૬. વિ. સહવા માટે ગોઠવાયેલું.

૭. વિ. વધેલું.

૮. [સં. ઉપસ્કૃ (શરૂ કરવું) + ત (ભૂત)] વિ. શરૂ કરાયેલું; આરંભેલું.

૧૦. સ્ત્રી. બ્રહ્મજ્ઞાન દીક્ષા દક્ષની દીકરી અને શિવનાં પત્ની. પિતાને ઘેર યજ્ઞમંડપમાં સ્વામીની અવજ્ઞાથી દેહ તે સતી થયા
૧૧. સ્ત્રી. રાત્રિ
૧૨. સ્ત્રી. રુદ્રાણી; અશ્વિનાર રુદ્રાણી મહિની એકનું નામ. અશ્વિનાર રુદ્રાણી: ધી, મૂર્તિ, ઉષના, ઉમા, નિયુત, રાત્રિ, ઇલા, અગ્નિકા, સરસ્વતી, સુધા અને દીક્ષા.
૧૩. સ્ત્રી. શાંતિ; સુખ.
૧૪. સ્ત્રી. શિવસહિતનુ એક નામ. ઈશ્વરની પરમસાર એટલે પ્રધાન શક્તિ હોવાથી તે ઉમા કહેવાય છે.
૧૫. સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.
૧૬ સ્ત્રી. દરિદ્રતા; દરિદ્રા.
૧૭. [સં. ઉ (કે) + મા (નહિ)] સ્ત્રી. હિમવાન કે હિમાલય અને મેનાની દીકરી; શિવનાં પત્ની; અપર્ણા; પાર્વતી; અદ્રિજા. હિમવાન અને મેનાને એકપર્ણા, એકપાટલા અને અપર્ણા નામની ત્રણ દીકરી હતી. તેઓએ બહુ આકરું તપ કર્યું. એકપર્ણા ખોરાક તરીકે દરરોજ એક જ પાંદડું લેતી, એકપાટલા દરરોજ એક પાટલા એટલે એક ચતુ ચોખર ખાતી અને અપર્ણા એક પણ પાંદડું લેતી નહિ. આ અપર્ણાનું તપ જોઈ તેની માતાથી "ઓ મા!" એમ દુઃખની ચૂમ અવાઈ ગઈ. આથી અથવા 'ઉ' એટલે 'હ' અને 'મા' એટલે 'નહિ' એમ કહી તેણે તેને તપ કરતાં રોકી તે ઉપરથી તેનું નામ ઉમા પડ્યુ

ઉમા અપર્ણા ઈશ્વરી ગૌરી ત્રિનેત્ર સોઈ;
મૃડા ચંડિકા અંબિકા જાણ ભવાની સોઈ.
પિંગળપ્રકાશ

ઉમાઅલ [દિ.] પું. હોલુ; ઊભરો.

ઉમાઈ ૧. સ્ત્રી. ઉપમા.
૨. સ્ત્રી. નામના; કીર્તિ.

ઉમાઈશ [સં. ઉમા (પાર્વતી) + ઈશ (પતિ)] પું. શંકર; શિવ.

ઉમાકદ [સં. ઉમા (અળસી) + કદ (પદાર્થ) પું. અળસીની રજ.

ઉમાકાંત [સં. ઉમા (પાર્વતી) + કાંત (પતિ)] પું. શંકર; શિવ; મહાદેવ.

ઉમાકુંવર ૧. [સં. ઉમા (પાર્વતી) + કુંવર (દીકરો)] પું. કાર્તિક સ્વામી.
૨ પું. ગણેશ; ગણપતિ.

ઉમાકૃતિ પુ. (પુરાણ) એક વાનરનું નામ.

ઉમાક્ષેત્ર ન. એક સરોવરનું નામ. તેમાંથી કાવેરી નદી નીકળી છે.

ઉમાગણેશ્વર પું. ભાવન અજરરિમ દેવતાઓના એકનું નામ.

ઉમાગુરુ [સં. ઉમા (પાર્વતી) + ગુરુ (બાપ)] પું. હિમાલય; પાર્વતીના પિતા.

ઉમાચતુર્થી [સં. ઉમા (પાર્વતી) + ચતુર્થી (તિથિ)] સ્ત્રી. એક સુદિ તિથિ. પાર્વતીનો જન્મદિવસ હોવાથી તે ઉમાચતુર્થી કહેવાય છે.

ઉમાચર [સં. ઉમા (પાર્વતી) + ચર્ (ખાનું)] પું. મહાદેવ; શંકર; શિવ.

ઉમાજ ૧. [સં. ઉમા (પાર્વતી) + જ (જન્મેલ)] પું. કાર્તિક સ્વામી; કાર્તિકેય.
૨. પું. ગણેશ.

ઉમાજનક [સં. ઉમા (પાર્વતી) + જનક (બાપ)] પું. હિમાલય પર્વત. તે પાર્વતીનો બાપ થાય.

ઉમાડ (ઉમાડ) ૧. [સં. ઉત્મુક] પું. ઉમાડિયું; બળતું લાકડું; ખોયરું.
૨. સ્ત્રી. સોનીની એ નામની એક જાત.
૩. ન. એ જાતનું માણસ.
૪. વિ. એવી જાતનું.

ઉમાડિયું (ઉમડિયું) [સં. ઉત્મુક] ન. બળતું લાકડું; ખોયરું.

ઉમાડી (ઉમાડી) પું. ઉમાડિયું; ખોયરું.

ઉમાડું (ઉમાડું) [સં. ઉત્મુક (બળતા લાકડું)] વિ. ઓલ્યા બોઢાવાળું; માડિયું

ઉમાડો (ઉમાડો) [સં. ઉત્મુક] પું. બળતું લાકડું; ખોયરું.
ઉમાડા જેવું મોં = ઓલ્યું બોઢું; બીડાયેલ ચહેરો.

ઉમાણ [અ. અમાનત] સ્ત્રી. અનામત; માપણ.

ઉમાતનય ૧. [સ. ઉમા (પાર્વતી) + તનય (દીકરો)] પું. કાર્તિક સ્વામી.
૨. પું. ગણપતિ; ગણેશ.

ઉમાતમજ પું. ગણેશ.

ઉમાદિ સ્ત્રી. ઉમાદેવી.
કહી **ઉમાદિ** પ્રચંડ, બીજો હાથ ઊલ્લાસ્યો દંડ.
સામળ

ઉમાદેવી ૧. [સ. ઉમા (પાર્વતી) + દેવી (બાનુ)] સ્ત્રી. પાર્વતી; શંકરની સ્ત્રી.
૨. સ્ત્રી. અઢારાણુથી તેર માઈલ દૂર ઉમા કે ઉમાપુરમાં આવેલ કડવા કણબીની કુળદેવી. તેનું મોટું મંદિર હોવાથી કડવા કણબીમાં દર બાર વર્ષે થતાં લાખની મિટ્ટી ત્યાં થાય છે.

ઉમાધવ [સં. ઉમા (પાર્વતી) + ધવ (પતિ)] પું. પાર્વતીના પતિ; મહાદેવ; શંકર.

ઉમાન ૧. [અ.] પું. અરબસ્તાનનો દક્ષિણ કિનારો.

૨. પું. હરિણનો અપભ્રંશ.

ઉદરી ઉમાન = હરિણનો અપભ્રંશ.

ઉમાનંદ ૧. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ કામરૂપ નામના પીઠસ્થાનમાં છે.

૨. ન. આસામ પ્રાંતમાં આવેલ એ નામનું એક તીર્થ.

ઉમાપ [સં. ઉદ્ (ઘણું) + માપ (હદ)] વિ. અમાપ; અનહદ; અતિશય; બહુ.

ઉમાપતિ ૧. [સં. ઉમા (પાર્વતી) + પતિ (ધણી)] પું. પાર્વતીના પતિ; મહાદેવ; શિવ; શંકર; શંભુ; પશુપતિ; પિનાકી; ઉમા; ત્રિલોચન. ત્રિનયન ખંભક ત્રિપુરારિ ઈશ **ઉમાપતિ** હોઈ, જટી પિનાકી ધૂર્જટી હર વજ્રધર સોઈ. પિંગલપ્રકાશ

૨. પું. બંગાળાના મહારાજા લક્ષ્મણસેનના એક રાજકવિનું નામ. ધોયી, ઉમાપતિ, શરણ, ગોવર્ધન અને જયદેવ લક્ષ્મણસેન મહારાજના રાજકવિ હતા.

૩. પું. રાણી; બંદ.

ઉમાપતિધર [સં. ઉમા (પાર્વતી) + પતિ (ધણી) + ધર (ધરનાર)] પું. બંદ. શંકરે તેને પોતાના કપાળમાં રાખેલ છે.

ઉમાપતિરસ પું. વાજીકરણ માટે વપરાતું એક ઔષધ

ઉમાપુત્ર ૧. [સં. ઉમા (પાર્વતી) + પુત્ર (દીકરો)] પું. કાર્તિકેય.

૨. પું. ગણેશ.

ઉમાપુર [સં. ઉમા (પાર્વતી) + પુર (શહેર)] ન. મહેસાણાથી તેર માઈલ ઉપર આવેલ ઊંઝા ગામનું બીજું નામ. ત્યાં ઉમાદેવીનું મોટું મંદિર છે.

ઉમાપ્રસાદનરસ પું. તાવ માટેની એક દવાનું નામ.

ઉમાભરણ ન. (સંગીત) ટોડી રાગિણીની એક જાત.

ઉમામહેશ [સં. ઉમા (પાર્વતી) + મહેશ (શંકર)] પું. પાર્વતી સહિત શિવ.

ઉમામહેશ્વર ૧. [સં. ઉમા (પાર્વતી) + મહેશ્વર (શંકર)] ન. મરી ગયેલાંની પાછળ પરણેલાં બહેનને આપાતું દાન; શંકર પાર્વતીનું જોડું રાજીખારવા માટે જોરને ધોતિયું, ખંડી, અંગરખું, પાઘડી ને બેસણ એ બાંધ લૂગડાં અને ઓરણીને સાડી, ચામરો ને કમખો એ વસ્તુ કપડાં મળી આઠ વસ્તુનું દાન.

૨. ન. બ. વ. પાર્વતી અને શંકર.

ઉમામહેશ્વરમૂર્તિ [સં. ઉમા (પાર્વતી) + મહેશ્વર (શંકર) + મૂર્તિ (આકાર)] સ્ત્રી. પાર્વતીપરમેશ્વરની એક પ્રતિમા. પાર્વતીશંકરની મૂર્તિ.

ઉમામહેશ્વરવ્રત [સં. ઉમા (પાર્વતી) + મહેશ્વર (શિવ) + વ્રત (નિયમ)] ન. ભાદરવા સુદિ પૂનમને દિવસે કરવાનું એક વ્રત. તે દિવસે પાર્વતી સહિત શંકરનું પૂજન થાય છે.

ઉમામહેશ્વરી ૧. [સં. ઉમા (પાર્વતી) + મહેશ્વર (શંકર) + ઈ (ડું)] વિ. અર્ધમાં એક રંગ અને બીજા બાકીનાં અર્ધમાં બીજો રંગ હોય એવું; બેરંગી; બંગાઈમાની.

૨. વિ. બે જાતના પદાર્થનું બનેલું.

ઉમામહેશ્વર ન. એક જાતનું દાન. જુઓ ઉમામહેશ્વર.

ઉમામહેશ્વરરસ પું. તાવ માટે વપરાતી એક દવા.

ઉમામહેશ્વરી ૧. સ્ત્રી. આદમના આગવાણી નોમ.

૨. સ્ત્રી. નોમના આગવાણી આદમ.

ઉમારમ ૧. [સં. ઉદ્ (ઘણું) + માર્ગ (રસ્તો)] પું. અનીતિનો રસ્તો.

૨. પું. અવળો માર્ગ ખરાબ રસ્તો. જુઓ ઉન્માર્ગ.

ઉમારજપૂત ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જાતિનું નામ.

૨. ન. રજપૂતની એ જાતનું માણસ.

૩. વિ. એ નામની રજપૂતની પેટા જાતનું.

ઉમારો પું. પૂર્વ આફ્રિકામાં ઉમર માટે વપરાતો શબ્દ. પૂર્વ આફ્રિકાના મૂળ ધર્મોન્મોનાં નામ અપભ્રષ્ટ થયેલાં છે. જેમકે, ઝકરમનું ઝાસીમ, ઉમરનું ઉમારી, સાલમનું સાલીમુ.

ઉમાર્ગ પું. અનીતિનો માર્ગ. જુઓ ઉમારમ.

ઉમાલવું [સં. ઉન્મૂલ (મૂળમાંથી કાઢવું)] સ. ક્રિ. ઉપાડવું; મૂળમાંથી ઉખેડવું; બહેડવું.

ઉમાલો ૧. [ઉદ્ (ઘણું) + આલ (લોભ)] વિ. ઉતાર; છૂટે હાથે ખરચનારું.

૨. વિ. ઉદારી; આનંદી.

૩. વિ. હોંશીલું; ઉમંગી.

ઉમાવ [સં. ઉદ્ (બહાર) + મહ્ (મજા લેવી)] પું. ઉત્સાહ; ઉકેળા.

ઉમાવન ૧. [સં. ઉમા (પાર્વતી) + વન (જંગલ)] ન. કુમાઉનમાં આવેલ હેરિટેજ્રનો કિલ્લો; કોટલગઢ. અહીં હિમાલયની દીકરી ઉમા તપ કરી મહાદેવને વરી હતી.

૨. ન. (પુરાણ) ચંપક નગરી પાસેનું સરોવર.

૩. ન. શોણિતપુર.

ઉમાવલ્લભ [સં. ઉમા (પાર્વતી) + વલ્લભ (પ્રિય)] પું. ઉમેશ; શંકર; શિવ.

ઉમાવણી સ્ત્રી. પચાસથી સો કૂટ ઊંચી વધતી એક જાતની વેલ; ઉમણી.

ઉમાવાઢ (ઉમાવાઢ) [સં. ઉદ્ગમન (બળદ વાહન)] ન. બળદ વાહનું; ખોરિયું; ઉમાડિયું.

ઉમાવાસણ [સં. ઉમા (પાર્વતી) + વસન (કપડું)] ન. સોભાગણ સ્ત્રીના મરણ પાછળ સમાધાન વખતે દીકરીઓ અને જમાઈઓને પહેરવામાં આવતાં કપડાં.

ઉમાવો ૧. [સં. ઉદ્ (બહાર) + મહ્ (મજા લેવી)] સ્ત્રી. અતિ આનંદ.

૨. સ્ત્રી. તીવ્ર ઇચ્છા; આતુરતા.

ઉમાશાંકુરસ પું. પ્રમેહના રોગમાં વપરાતી એ નામની એક દવા.

ઉમાસહાય [સં. ઉમા (પાર્વતી) + સહ (સાથે) + અય્ (જવું)] પું. મહાદેવ; ઉમાવર.

ઉમાસંહિતા [સં. ઉમા (પાર્વતી) + સંહિતા (સંગ્રહ)] સ્ત્રી. શિવપુરાણ.

ઉમાસી ૧. [સં. ઉદ્ (ઘણું) + મહ્ (આનંદ લેવો)] વિ. આનંદી; હોંશીલું.

૨. વિ. ઉદાર.

ઉમાસુત ૧. [સં. ઉમા (પાર્વતી) + સુત (દીકરો)] પું. કાર્તિક સ્વામી; ઉમાપુત્ર.

૨. પું. ગણપતિ.

ઉમાસ્વાતિ પું. જૈનોના તત્ત્વાર્થસૂત્ર ઉપર ભાષ્ય જેટલે લાંબુ વિવેચન લખનારનું નામ.

ઉમાહ [સં. ઉદ્ (બહાર) + મહ્ (આનંદ લેવો)] પું. ઉત્સાહ; ઉમંગ.

ઉમાહલો [સં. ઉદ્ (ઘણું) + મહ્ (આનંદ લેવો)] પું. (જૂ. રૂ.) હોંસ; ઉત્સાહ.

ઉમાહવું [સં. ઉદ્ (બહાર) + મહ્ (મજા લેવી)] સ. ક્રિ. ઉમંગી બનવું; ઉત્સાહવાળું થવું.

ઉમાહિયો [સં. ઉદ્ (ઘણું) + મહ્ (આનંદ) + ઇય (વાળું)] વિ. પું. (જૂ. રૂ.) ઉત્સાહી; હોંશીલો.

ઉમાહો [સં. ઉદ્ (વધારે) + માહ્ (આનંદ)] પું. (જૂ. રૂ.) ઉમંગ; આનંદ.

ઉમાંડ [અ. અમાનત] પું. (કચ્છી) અનામત; થાપણ.

ઉમિયા ૧. જી. ઉમાકુ.
૨. [સં. ઉમા] જી. પાર્વતી; ગૌરી; ત્રિશિન.

ઉમિયાધીશ [સં. ઉમા (પાર્વતી) + અધીશ (ધણી)] પું. મહાદેવ; શંકર.

ઉમિયાવર [સં. ઉમા (પાર્વતી) + વર (ધણી)] પું. શંકર; મહાદેવ; શિવ.

ઉમિવલોણું ન. સાગરીનો ખળભળાટ.

ઉમી [સં. ઉર્મી] જી. (હિંદી) અરધા પોચા અનાજનું કપસલું; ઉર્મી.

ઉમીદ ૧. [અ.] જી. આશા.
૨. જી. ઉમેદ; કન્યા.

ઉમીહ પું. પશુને થતો સીતળાનો રોગ.

ઉમુક [અ. અમક (તે છેક હતું)] પું. ઊંડાઈ.

ઉમૂઠ [અ. અમઠ (તેણે ટચકો આપ્યો)] પું. હંમા સીપી ઊભી સોટી.

ઉમૂતી [અ. અમઠ (તેણે ટચકો આપ્યો)] વિ. સીધું; ઊભું.

ઉમૂમત [અ. ઉમ્મ (મા) + ત (પદું)] જી. માં; માતાપણું; માતૃત્વ.

ઉમૂમન [અ. અમ્મ (તે સામાન્ય હતો)] ક્ર. સામાન્ય રીતે.

ઉમૂર ૧. [અ. અમર (કામ)નું બહુવચન] ન. ન. વ. કામો; બાબતો.
ઉમૂરે દુન્યવી = દુનિયાદારીની બાબતો.
૨. ન. ન. વ. બાબા; કામો.
૩. ન. ન. વ. દુકામ.

ઉમૂરાત ૧. ન. ન. વ. કામો.
૨. [અ. અમર (કામ)નું બહુવચન] ન. ન. વ. કામો.

ઉમેટવું અ. ક્રિ. પેદા થવું.

ઉમેઠન [સં. ઉદ્વેષ્ટન] જી. પેચ; વળ.

ઉમેઠવું અ. ક્રિ. વળ દેવો; મરડવું.

ઉમેઠા ૧. જી. એક બ્રાહ્મણ જ્ઞાતિનું નામ. તેનો ચોરાશી બ્રાહ્મણમાં સમાવેશ થતો નથી.
૨. ન. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની બ્રાહ્મણની જ્ઞાતિનું.

ઉમેઠો પું. (બીલી) ઊમરો; ઉંબરો.

ઉમેદ ૧. પું. પ્રયત્ન; મહેનત.
૨. [સં. ઉન્મેદ] જી. આશા.
૩. જી. ઇચ્છા; અભિલાષા.
૪. જી. ઓરતો.
૫. જી. હોંસ.

ઉમેદગી જી. ઉમેદવારી.

ઉમેદવાર ૧. [સં. ઉમેદ (આશા) + વાર (વાળું)] જી આશાવાળી સ્ત્રી; ગર્ભવતી.
૨. ન. અભ્યાસક્રમ ઉપર રાખેલ માણસ.
૩. ન. નોકરી માટે અરજદાર; નોકરીની અપેક્ષાએ કામ શીખવા માટે વગર પગારે શ્રમ કરનાર માણસ.
૪. વિ. આશા કરનાર.
૫. વિ. ઇચ્છાવાળું. અભિલાષી.
૬. વિ. નોકરીની અપેક્ષાએ શ્રમ કરનાર; નોકરી મળવા બાબતે કરનાર; અરજદાર.
૭. વિ. ઓરતાવાળું.

ઉમેદવારી ૧. જી. અભ્યાસક્રમ ઉપર શ્રમ કરવું તે; કરાર કરીને વગર પગારે કુશળ શીખવા પ્રેરવાપણું.
૨. જી. અભ્યાસક્રમ ઉપર રાખેલ હોવાપણું.
૩. [સં. ઉમેદવારી] જી. આશા.
૪. જી. ઇચ્છા; અભિલાષ.
૫ જી. ઓરતો; વિશ્વાસ.
૬. જી. રખવાલી; ચોકીદારી.

ઉમેદિયા ૧. જી. બ્રાહ્મણની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. બ્રાહ્મણની એ નામની અટકનું.

ઉમેધ જી. (જૂ. રૂ.) ઉમેદ; આશા. જુઓ ઉમેદ.
મેલતી જવિ બિસરઈ રે,
દેખ્યા પરઈ **ઉમેધ**.
આનંદકાવ્ય મહોદધિ

ઉમેધવારી જી. (કચ્છી) ઉમેદવારી. જુઓ ઉમેદવારી.

ઉમેર પું. ઉમેરવું; વધારો; પદાર્થનું માપ કે તોલ કર્યા પછી કંઈ વધારે આપવું તે; ઉપરામણ.

ઉમેરણ ૧. [સં. ઉદ્ આં) + મિશ્ર (મેળવણી)] ન. ઉમેરો; વધારો. જુઓ ઉમેરણી.
૨. ન. મેળવણ; ભભરામણ.

ઉમેરણી ૧. [સં. ઉદ્ (આં) + મિશ્ર (મેળવણી)] જી. ઉમેરો; વધારો.
૨. જી. ચડાવો. ઉરેરણી.
૩. જી. ભેગ; વધારવાનો પદાર્થ.
૪. જી. વધારીને ફેરવવાપણું.

ઉમેરનાર વિ. વધારનાર.

ઉમેરનારું જુઓ ઉમેરનાર.

ઉમેરવું ૧. [સં. ઉદ્ (આં) +[મિ. (મેળવવું)] સ. ક્રિ. ઉમેરો કરવો; વધારવું; પૂરતી કરવી.
૨. સ. ક્રિ. ઉરેરવું; ચડાવવું.
૩. સ. ક્રિ. મેળવવું; મિશ્રણ કરવું.
૪. સ. ક્રિ. વલોવવું.

ઉમેરાવવું ૧. સ. ક્રિ. ઉરેરાવવું; ચડાવવું.
૨. સ. ક્રિ. મેળવાવવું; ભેળવાવવું.
૩. [સં. ઉદ્ (આ) + મિશ્ર્ (મેળવવું)] સ. ક્રિ. વધરાવવું.
૪. સ. ક્રિ. વલોવાવવું.

ઉમેરાવું ૧. [સં. ઉદ્ (આં) + મિશ્ર્ (મેળવવું)] અ. ક્રિ. ઉમેરો થવો; વધારાવું.
૨. અ. ક્રિ. ઉરેરાવું.
૩. અ. ક્રિ. મેળવાવું.
૪. અ. ક્રિ. વલોવાવું.

ઉમેરૂં [સં. ઉદ્ (ઉપર) + મૃદ્ (માટીનો કમ)] ન. ખાસ; ખેડાયેલી પડતર જાંબો આડો.

ઉમેરો ૧. [સં. ઉદ્ આં) + મિશ્ર્ (મેળવવું)] પું. ઉમેરેલી વસ્તુ; મેળવણ.
૨. પું. મેળવણી; પૂર્તિ; ભેળવણ.
૩. પું. વૃદ્ધિ; વધારો.
૪. પું. હાડમારી; મુશ્કેલી.

ઉમેલો [સં. ઉદ્ (ઉપર) + મલ (કચરો)] પું. ગાડાની હાજત માટે પેદા થતો દુખાવો; આંકડી; પીડ; ચૂંક.

ઉમેશ [સં. ઉમા (પાર્વતી) + ઈશ (ધણી] પું. પાર્વતીના સ્વામી; હર; શિવ મહાદેવ.

ઉમેળવું ૧. [સં. ઉદ્ (બહાર) + મૂલ (મૂળિયું)] સ. ક્રિ. આમળીને મૂળમાંથી ઉખેડી નાખવું; મૂળ સહિત ખેંચી લેવું.
૨. સ. ક્રિ. મચડવું.
૩. સ. ક્રિ. વળ દેવો.

ઉમેળાવવું ૧. [સં. ઉદ્ (બહાર) + મૂલ (મૂળિયું)] સ. ક્રિ. મૂળમાંથી ઉખેડવું.
૨. સ. ક્રિ. વળ દેવરાવવો.

ઉમેળાવું ૧. અ. ક્રિ. મચડવું.
૨. [સં. ઉદ્ (બહાર) + મૂલ (મૂળિયું)] અ. ક્રિ. મૂળમાંથી ઉખેડવું.
૩. અ. ક્રિ. વળ દેવાવો.

ઉમૈઠો (ઉમેઠો) [સં. ઉદુમ્બર] પું. ઉમરો; ઉમરડાનું ઝાડ.

ઉમોદવું ૧. [સં. ઉદ્ (ઉપર) + મુદ્ (પ્રસન્ન થવું)] અ. ક્રિ. આનંદ માણવો.

૨. વ. વિ. ઉત્સાહવાળું થતું.

ઉમ [સં.] અ. ક્રોધ, અસંતોષ, વચન, સવાલ, સંમતિ, શાંતિ વગેરે ભાવ બતાવવા વપરાતો શબ્દ.

ઉમદગી ૧. [અ. ઉમ્દા (ચોકું)] સ્ત્રી. સભ્યતાપણું.
૨. સ્ત્રી. ભલાઈ.
૩. સ્ત્રી. મોટાઈ; મહત્તા.

ઉમ્દા ૧. [અ.] વિ. ખાનદાન; ભલું; સારું.
૨. વિ. ચોખ્ખું; ખરું; સાચું; ભેળસેળ વિનાનું.
૩. વિ. તાજું.
૪. વિ. પ્રથમ પંક્તિનું; શ્રેષ્ઠ; ઉત્તમ.
૫. વિ. માફક આવે એવું; અનુકૂળ.
૬. વિ. મુખ્ય; મોટું.
૭. વિ. મૂલ્યવાન; કીમતી.
૮. વિ. મોહક પમાડનારું; સુંદર.
૯. વિ. સંપૂર્ણ; પૂરેપૂરું.
૧૦. વિ. સારો ખ્યાલ આપે એવું; ઠાઠદાર.
૧૧. વિ. સ્વાદિષ્ટ.

ઉમ્માદારાહિ [સં.] સ્ત્રી. એક જાતનું ચોખ્ખા જેવું મીઠું, ઝીણું, સુગંધી અને સારું અનાજ. તે પિત્ત, કફ અને વાયુ મટાડે છે.

ઉમ્માદ [સં.] પું. કાંકરા.

ઉમ્મિયા ૧. [સં.] સ્ત્રી. અળખો.
૨. સ્ત્રી. અનાજની ડૂંડી.
૩. સ્ત્રી. ઘઉં અથવા જવનો પોંક.

ઉમ્મી જુઓ ઉમ્મિયા.

ઉમ્મૂખ્યા [અ.] સ્ત્રી. નણંદ.

ઉમ્મ ૧. [અ.] સ્ત્રી. માતા; માતા.
૨. વ. મૂળ; જડ.

ઉમ્મકુલ્બા [અ. ઉમ્મ (મૂળ) + કુલ્બ (મૂત્રપિંડ)] પું. તાવ; જ્વર.

ઉમ્મખબીસ [અ.] વ. ખૂબ ખાનાર એવું જાનવર કે માણસ; લકડબગ્ગા.

ઉમ્મર પું. એક રેવાનું નામ.

ઉમ્મત ૧. [અ.] સ્ત્રી. સમિતિ; સમાજ; હિલોલ; કોઈ મત કે પંથની મંડળી.
૧. ઉમ્મતે મોહમ્મદિયા = મુસલમાનો; મુસ્લામીનો.
૨. ઓળી ઉમ્મત = હલકી જાતિ.
૨. સ્ત્રી. સંતાન; ઓલાદ.

ઉમ્મતી [અ. ઉમ્મત (પંથ) + ફા. ઈ (ય)] વ. કોઈ પણ મત અથવા પંથનું માણસ.
ના ઉમ્મતી = નાસ્તિક.

ઉમ્મર ૧. [સં. ઉદુમ્બર] પું. ઘરનો ઉંબરો.
૨. [અ. ઉમ્ર] સ્ત્રી. જન્મથી અત્યાર સુધીનાં વર્ષ સુધીનો જીવનકાળ વગેરે.
૩. સ્ત્રી. જિંદગી; આયુષ્ય.

ઉમ્મરદરાજ ૧. [અ. ઉમ્ર (વય) + દરાઝ (લાંબું)] વિ. ચિરંજીવી; દીર્ઘાયુષી; લાંબું આયુષ્ય ભોગવનાર. કાગળપત્રમાં ઓછેરાંઓને મોટેરા આશીર્વાદનો શબ્દ લખે છે.
૨. વ. લાંબું આયુષ્ય ભોગવો !

ઉમ્મરલાયક ૧. [અ. ઉમ્મર (જિંદગી) + લાયક (જોગ)] વિ. પુખ્ત વયનું; અક્કલ આવવા કાળથી નક્કી કરેલ ઉમરે પહોંચેલું.
૨. વિ. સ્ત્રી. પરણવા લાયક ઉમ્મરની.

ઉમ્મરાસ [અ. ઉમ્મ (મૂળ) + રાસ (માલું)] સ્ત્રી. આખાની ચોટલી.

ઉમ્મરિસાલ્લા [અ.] વ. ખજાનાની જાતનું એક પક્ષી; ચેતુક; કરગોલા.

ઉમ્મલ ૧. [સં. ઉષ્મ (ગરમ)] સ્ત્રી. તાપ; ગરમી.
૨. સ્ત્રી. હદ નિશ્ચય; નિર્ણય.

ઉમ્મલકેરી [અ. ઉમ્મ (મૂળ) + ફારસી (ચિત્ત)] વ. ચિત્ત વધારનાર હળ; અમાલ્ય; અમરેખ.

ઉમ્માલ ૧. [અ. અમિલ (આપતિયો)] પું. ૧. ૧. આપતિયા; પ્રતિનિધિઓ.
૨. પું. ૧. ૧. અમીરો.

ઉમ્મી ૧. [સં. ઊર્મી (ઢેઉ)] સ્ત્રી. દરિયાની ડૂંડી.
૨. [અ.] વિ. અભણ.
૩. વિ. અભણ; નિરક્ષર.

ઉમ્મીદ [ફા.] સ્ત્રી. ઉમેદ; હોંસ; આશા.

ઉમ્મીદવાર ૧. [ફા. ઉમ્મીદ (આશા) + વાર (વાળું)] પું. ઉમેદવાર; નોકરી માટે અરજ કરનાર અભણ.
૨. પું. નોકરી માટે અરજ કરનાર માણસ.

ઉમ્મીદવારી ૧. [ફા. ઉમ્મીદ (આશા) + વાર (વાળું) + ઈ (પણું)] સ્ત્રી. ઉમેદવારી.
૨. સ્ત્રી. નોકરી માટે અરજ કરવી તે.

ઉમ્મુત્તબાબ ૧. [અ. ઉમ્મ (મા) + અલ (તે) + તબાબ (ચોરસ)] વ. ચોક.
૨. વ. પત્તા વગરનો ચોરસ ચોક છે તે ઓમ; ઓમાક્ષર 'સ્વસ્તિક'.

ઉમ્મુદ્દમ [અ. ઉમ્મ (મૂળ) + અલ (તે) + દમ (લોહી)] પું. ધોરી નસનું પણ કપાવાથી થતી લોહી ભરેલી ગાંઠ: 'એન્યુરિઝમ'.

ઉમ્મુલકલ્બ [અ. ઉમ્મ (મા) + અલ (તે) + કલ્બ (હૃદયો)] પું. મિસર અને અરબસ્તાનમાં ચોમાસામાં થતો એકાદ હાથ ઊંચો એક જાતનો પીળાશ પડતો છોડ. તેનાં પાકાં મેદાનાં પાન જેવાં પણ તેનાથી સહેજ પહોળાં અને ગોળ કિનારીવાળાં હોય. તેનાં પીળાં ફૂલમાંથી બરાબર બીજ આવે. આ છોડ સાપ, વીંછી અને કડાકણ કૂતરાના કરડ ઉપર દવા તરીકે વપરાય છે.

ઉમ્મુલખબાઈસ ૧. [અ. ઉમ્મ (મા) + અલ (તે) + ખબાઈસ (પાપ)] વ. પાપનું મૂળ.
૨. વ. શરાબ; દારૂ.

ઉમ્મેદ ૧. [ફા. ઉમ્મીદ] સ્ત્રી. આશા; ઉમેદ; હોંસ.
૨. પું. વિશ્વાસ; ભરોસા.

ઉમ્મેદવાર વિ. ભરોસાવાળું.

ઉમ્મેદી ૧. [ફા. ઉમ્મીદ (હોંસ)] પું. આશા રાખનાર માણસ.
૨. વિ. આશાવાળું.

ઉમ્મેદોબીમ [ફા. ઉમ્મીદ (આશા) + વ (અને) + બીમ (ભય)] સ્ત્રી. આશા અને બીક; શંકા.
રોજે ઉમ્મેદો બીમ = કયામતનો દિવસ.

ઉમ્મૈદ ૧. [ફા. ઉમ્મીદ] સ્ત્રી. આશા; હોંસ.
૨. સ્ત્રી. વિશ્વાસ; આધાર.
૩. સ્ત્રી. સમર્થાવસ્થા; મે ઇચ્છવાનું હોવું તે.

ઉમ્મૈદવાર ૧. [ફા. ઉમ્મીદ (આશા) + વાર (વાળું)] પું. આશા રાખનાર માણસ.
૨. વિ. હોંસવાળું.

ઉમ્મૈદવારી ૧. સ્ત્રી. અભણાપેક્ષ ઉપર રાખેલ હોંસાવહું.
૨. [ફા. ઉમ્મીદ (આશા) + વાર (વાળું) + ઈ (પણું)] સ્ત્રી. આશા; હોંસ.
૩. સ્ત્રી. ઇચ્છા; અભિલાષા.
૪. સ્ત્રી. ઠાર કરીને પંખો કે હુનર કીધાનો રહેવાપણું.
૫. સ્ત્રી. વિશ્વાસ.
૬. સ્ત્રી. રજા; કરીકાઈ.

ઉમ્ય ૧. [સં.] વ. અળસીનું ખેતર.
૨. વ. કળથીનું ખેતર.

ઉમ્ર [અ.] સ્ત્રી. ઉમર; જિંદગી.
૧. ઉમ્રે ખિઝ્ર = લાંબી જિંદગી. ખિઝર નામના એક પેગંબરે આબે હયાત ચોટલે અમૃત પીધું હોવાથી તેનું આયુષ્ય લાંબું હતું તે ઉપરથી આ શબ્દસમૂહ વપરાય છે.

૨. ઉંમરે દરાજ = ઘણું જીવ્યો; દીર્ઘાયુ હો.
૩. કમ-નવ ઉંમર = નાનું; જુવાન.

ઉમ્રકૈદ [અ. ઉમ્ર (જીવન) + કૈદ (કેદ)] સ્ત્રી. આખી જિંદગીની કેદ; જન્મટીપ.

ઉમ્રકૈદી ૧. [અ. ઉમ્ર (જીવન) + કૈદી (કેદી)] પું. આખી જિંદગી સુધી કેદમાં રહેનાર માણસ; જન્મકેદી.
૨. વિ. જીવનભર કેદમાં રહેનાર.

ઉમ્રદરાજ (ઉમરદરાજ) ૧. [અ. ઉમ્ર (જિંદગી) + દરાજ (લાંબું)] વિ. લાંબી જિંદગીવાળું; દીર્ઘાયુ.
૨. સ. ઘણું જીવો; તમે લાંબું આયુષ્ય ભોગવો.

ઉમ્રદરાજી (ઉમરદરાજી) [અ. ઉમ્ર (જિંદગી) + દરાજ (લાંબું) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. લાંબી આવરદા.

ઉમ્રપહા [અ. ઉમ્ર (જિંદગી) + પહા (સમય)] પું. જિંદગી સુધી ભાડે આપવું તે.

ઉમ્રભર [ઉમ્ર (જીવન) + ભર (સુધી)] અ. આખી ઉમર; જિંદગી સુધી.

ઉમ્રરસીદા [અ. ઉમ્ર (જિંદગી) + રસીદા (પહોંચેલું)] વિ. ઘરડું; વૃદ્ધ.

ઉમ્રા ૧. [અ.] પું. મક્કાની જાત્રા.
૨. પું. બીજાને તેના વતનના ઘરે મળવા જવું તે; પિયર જવાપણું; જાવું.

ઉમ્લાહરે (ઉમ્લારે) સ્ત્રી. સંસ્કૃત બ્રાહ્મણના દરિયામાં થતી એક જાતની માછલી.

ઉર્મ્બોચ્યા [સં.] સ્ત્રી. (પુરાણ) એક અપ્સરાનું નામ.

ઉમર જ. (જુ. સુ.) ઉદર; પેટ.

ઉયૂમ્ [અ. એન (આમો)નું બ. વ.] પું. બ. વ. દુર્ગુણો; આમીઓ.

ઉય્યાશ [અ. ઈયશ] પું. ઇશ્વર.

ઉર ૧. [સં.] પું. ઘેટો; મેષ.
૨. પું. ભમરો.
૩. સ્ત્રી. આફ્રીદ્યામાંની એક નગરીનું નામ.
ઋગ્વેદ અને અથર્વમાં કેટલાંક એના નામો છે એમનો મેળ આસીરિયન નામો સાથે બેસતો નથી પણ બાબીલોનના પ્રદેશમાની 'ઉર' નગરીના ખંડેરોમાંથી મળી આવતી માટીની તકતીઓ પરનાં લખાણોમાંથી એનાં કેટલાંક નામો પર પ્રકાશ પડે છે.
૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત
૪. જ. ઉપલો ભાગ; પટ.
૫. જ. કાળજું, હૃદય; દિલ.
૬. જ. છાતી; વક્ષઃસ્થળ.
૭. જ. ખોળો; ઉત્સંગ.
૮. જ. કેશ.
૯. [સં. ઊરુ] જ. સાથળ; જાંઘ.
૧૦. [સં. ઉરસ્] જ. હૃદય; મન; દિલ; ચિત્ત.
૧. ઉર તરી આવવું = છાતી ભરાઈ આવવી.
૨. ઉર ભરાઈ આવવું = ખૂબ લાગણી થવી.
૩. ઉર ખાવવું = છાતી સાથે ચાંપવું; પહેલાં બતાવવું.
૪. ઉર લેવું = બધા બીડવી; આલિંગન કરવું
૫. ઉરની લાગણી = ખરો ભાવ.
૬. ઉરે ધરવું = ચિત્તમાં લેવું; મનમાં ઉતારવું; ચિંતન કરવું.

ઉરઆરો [ઉર (હૃદય) + આરો (ઉકેલ)] પું. દિલરૂપી કિનારો.

ઉરઈ [સં. ઉશીર] સ્ત્રી. ખસ; સુગંધી વાળો.

ઉરઉપસણ [ઉર (છાતી) + ઉપસણ (ઊપસવું પ્રાપ્યું)] સ્ત્રી. સ્તન; ધાવ; ઊપસેલ છાતી.
ઉરઉપસણ ઢાંકી ચાંદિની તે કમાંચે.
દલપતરામ ખખ્ખર

ઉરકટ ૧. [સં. ઉરઃકટ] પું. ઝોકરાઓનું ઉપરનું કપડું.
૨. પું. જનોઈ.

ઉરકિલ્લો [ઉર (હૃદય) + કિલ્લો (કોટ)] પું. દિલરૂપી કોટ.
નહાતી જાણીતી તો મુજને, ઉરકિલ્લો બહાનો રે.
દયારામ

ઉરક્ષત ૧. [સં. ઉરસ્ (છાતી) + ક્ષત (જખમ)] પું. છાતીનો રોગવિશેષ.
૨. જ. છાતી ઉપર બનેલ ઉઝરડો.

ઉરગ ૧. પું. સર્પધારી.
૨. [સં. ઉરસ્ (છાતી) + ગમ્ (જવું)] પું. પાતાળમાં રહેતા નાગ.
૩. પું. માણસ જેવા મોઢાવાળો દેવતાઈ નાગ.
૪. પું. શેષનાગ.
૫. પું. સીસું.
૬. પું.; જ. સાપ; સર્પ, કેમકે તે પેટે ચાલે છે.
૭. જ. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.
૮. જ. છત્રાકું; કીડો.
૯. જ. નાગકેસર; એક જાતની વનસ્પતિ.
૧૦. જ. પેટે ચાલનાર પ્રાણી.
૧૧. જ. હવા લેનારાં, પેટે ચાલનારાં અને કરોડરજ્જુવાળાં પ્રાણીનો વર્ગ. તેમાં અજગર, મુસવાળ, ગરોળી, સાપ, કાચબા, કર્કટક પ્રાણીઓનો સમાવેશ થાય છે. તેઓમાંનાં બધાંયનું શરીર ભિંગડાંવાળું હોય અને તે ઈંડાં મૂકનારાં હોય છે.

ઉરગમૂહ [સં. ઉરગ (સર્પ) + મૂહ (ધર)] જ. સાપનું દર.

ઉરગવલ્લી [ઉરગ (સાપ) + વલ્લી (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સાપણ.

ઉરગપતિ ૧. [સં. ઉરગ (નાગ) + પતિ (ધણી)] પું. નાગરાજ.
૨. પું. વાસુકિ; મોટો સર્પ; સર્પોનો રાજા.
૩. પું. શેષનાગ.

ઉરગપુર ૧. જ. ઉરગપુર અથવા ત્રિચિનોપોલિ નામનું શહેર. સાતમી સદીમાં ચોલ પાંડ્ય રાજાઓની રાજધાની હતું. કાવેરી નદી ઉપર આવેલું નાગપટ્ટમ તે ઉરગપુર એમ કેટલાકનું કહેવું છે.
૨. [સં. ઉરગ (નાગ) + પુર (શહેર)] જ. મધ્યપ્રાંતમાં આવેલું નાગપુર શહેર.

ઉરગપ્રતિસર ૧. [સં. ઉરગ (સર્પ) + પ્રતિ (બદલે) + સર (બાણ)] પું. શંકર, તે કોક ઉપર બાણને બદલે સર્પ રાખે છે માટે તેને ઉરગપ્રતિસર કહે છે.
૨. વિ. બાણની જગ્યાએ સર્પ રાખનાર.

ઉરગભક્ષ ૧. [સં. ઉરગ (સર્પ) + ભક્ષ્ (ખાવું)] પું. ગરુડ. તે સાપને ખાતો હોઈને ઉરગભક્ષ કહેવાય છે
૨. પું. મોર.

ઉરગભૂષણ [સં. ઉરગ (સર્પ) + ભૂષણ (ઘરેણું)] પું. મહાદેવ; શિવ; શંકર, કેમકે સર્પ તેના શણગારરૂપ છે.

ઉરગમુખ [સં. ઉરસ્ (છાતી) + મ (જનાર) + મુખ (જવાબો)] પું. દુનિયાના પેટે ચાલનારા જીવોનું શરીર સૌથી મોટું હતું તે વખતનો 'રેપ્ટિલિઅન એજ.'

ઉરગરાજ ૧. પું. મોટો સર્પ.
૨. [સં. ઉરગ (સર્પ) + રાજન્ (રાજા)] પું. વાસુકિ; સર્પોનો રાજા.
૩. પું. શેષનાગ.

ઉરગલતા [સં. ઉરગ (સર્પ) + લતા (વેલો)] સ્ત્રી. નાગવલ્લી; નાગરવેલ.

ઉરગવિદ્યા [સં. ઉરસ્ (છાતી) + ગ (જનાર) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. પેટે ચાલનારાં જમીન ઉપર અને પાણીમાં રહેતાં પ્રાણીઓ સંબંધી જ્ઞાન.

ઉરગવિશાલી [સં. ઉરગ (સર્પ) + વિશાલ (મોટું) + ઙીપ્ (વાળું)] પું. મોટા સર્પ જગામાં ધારણ કરનાર મહાદેવ; શંકર; શિવ.

ઉરગશયન [સં. ઉરગ (સર્પ) + શયન (સૂવું તે)] પું. શેષશાયી; વિષ્ણુ, કેમકે તે શેષનાગ ઉપર સૂતેલા મનાય છે.

ઉરગસારચંદન [સં. ઉરગ (સર્પ) + સાર (શ્રેષ્ઠ) + ચંદન (સુગંધ)] ન. એક જાતની સારી સુગંધ, કેમકે તેમાં સર્પ વીંટળાઈ રહે છે.

ઉરગસ્થાન ૧. ન. પાતાળ.
૨. [સં. ઉરગ (સર્પ) + સ્થાન (ઠેકાણું)] ન. સાપનું દર.

ઉરગળી જુ. આસલા પગના મૂળમાં ગોળ ગોળ તેવો ચોટો.

ઉરગા ૧. [સં.] સ્ત્રી. મહાસ પ્રદેશના એક રાક્ષસનું નામ; હાલનું નાગાપટ્ટણ. જુઓ ઉરગાપુરી.
૨. [સં. ઉરગ (સર્પ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સર્પિણી; નાગણી; સર્પની માદા.

ઉરગાકાર [સં. ઉરસ્ (છાતી) + ગ (જનાર) + આકાર (ઘાટ)] વિ. પેટે ચાલનારાં પ્રાણીના જેવું.

ઉરગાદ [સં. ઉરગ (સર્પ) + અદ (ખાનું)] જુ. ગરુડ. તે સાપને ખાતો હોઈને ઉરગાદ કહેવાય છે.

ઉરગારિ [સં. ઉરગ (સર્પ) + અરિ (દુશ્મન)] જુ. ગરુડ.

ઉરગાપુરી [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન શહેર; તાંજોર જિલ્લાનું હરિપાર્ઈ મધ્યકાલીન નામાપટ્ટણ; ચોલ વખતનું પોંદ્ય પુરાણા રાજાઓનું પાટનગર. જ્યાં રાજપુત્ર દ્રૌપદીના માટે અર્જુને રોમધામને હરાવ્યો હતો.

ઉરગારી [સં. ઉરસ્ (છાતી) + ગામિન (જનાર)] વિ. પેટે ચાલનારાં; સર્પવર્ગી.

ઉરગારિ ૧. [સં. ઉરગ (સર્પ) + અરિ (દુશ્મન)] જુ. ગરુડ પક્ષી.
૨. જુ. ગરુડ.
૩. જુ. મોર.

ઉરગારાજ ૧. જુ. ગરુડ પક્ષી.
૨. [સં. ઉરસ્ (છાતી) + ગ (જનાર) + રાજ (દુશ્મન)] જુ. ગરુડ.
૩. જુ. મોર; મયૂર

ઉરગાશન ૧. જુ. ગરુડ પક્ષી.
૨. [સં. ઉરગ (સર્પ) + અશન (ખાનું તે)] જુ. ગરુડ.
૩. જુ. મોર; મયૂર.
૪. વિ. સર્પને ખાનાર.

ઉરગાસ્ય [સં. ઉરગ (સર્પ) + આસ્ય (મોઢું)] ન. સાપના આકારની કોતરણી.

ઉરગિની [ઉરગ (સાપ) + ઇની (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સાપણ; સર્પિણી; નાગણ.

ઉરગી [સં. ઉરસ્ (છાતી) + ગમ્ (જવું)] સ્ત્રી ગર્ભિણી; સાપણ; નાગણી.

ઉરગેંદ્ર ૧. [સં. ઉરગ (સર્પ) + ઇંદ્ર (રાજા)] જુ. વાસુકિ; સર્પનો રાજા.
૨. જુ. શેષનાગ.

ઉરગેંદ્ર સુમન [સં. ઉરગ (સાપ) + ઇંદ્ર (રાજા) + સુમન (ફૂલ)] ન. નાગકેસર.

ઉરશ્છદ [સં. ઉરસ્ (છાતી) + છદ્ (ઢાંકવું)] ન. કવચ; બખ્તર.

ઉરશ્છદા [સં. ઉરસ્ (છાતી) + છદ (ઢાંકવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી એ નામની છાતીનો એક રોગ; 'પેક્ટોરેલિસ'.

ઉરશ્છદાગ્રવર્તી પેશી [સં. ઉરસ્ (છાતી) + છદા (ઢાંકનારી) + અગ્રવર્તી (આગળ) + પેશી] સ્ત્રી. ઉરશ્છદા ઉપરની પેશી; 'ઉરશ્છદા ઉપરની પેશી'; 'પેક્ટોરેલિસ મેજર'.

ઉરશ્છાદ [ઉર (છાતી) + છાદ (ઢોર)] જુ. મિજાજ; અભિમાન.

ઉરજ ૧. [સં. ઉરસ્ (સ્તન) + જ (જન્મેલું)] જુ. કામદેવ; મદન; અનોજ. મનમાં વિચાર કરતાં તે પેદા થાય છે, માટે તેને ઉરજ કહે છે.

૨. જુ.; ન. છાતી; સ્તન; કુચ.
ઉરજ ભરોભર પુત્ર સ્તન ઉરમંડલ છબી વામ,
બહલે કંચન કળશ પુત્ર પુરાણો કામ.
વિષ્ણવદાસ

૩. [સં. ઉરસ (છાતી) + જ (જન્મેલું)] વિ. છાતીમાંથી પેદા થયેલું.

ઉરજાત ૧. [સં. ઉરસ્ (છાતી) + જ (થયેલું) + પાત (પ)] જુ. છાતી ઉપર થયેલ નખનો ઉઝરડો.
૨. [સં. ઉરસ (હૃદય) + જ (થયેલું) + પાત (પ)] જુ. હૃદયમાં થયેલ ઝાટકો વા.

ઉરજાનુ [સં. ઉરસ્ (છાતી) + જાનુ (ઢીંચણનો સાંધો)] વિ. છાતી અને ઢીંચણ સંબંધી; 'ઘૂંટનો ઉરજાનુપ્રહાર'.

ઉરજાનુસંધિ [સં. ઉરસ (છાતી) + જાનુ (ઢીંચણનો સાંધો) + સંધિ (સ્થાન)] જુ. છાતી અને ઢીંચણ મળે ત્યાં આવેલ એક સ્નાયુ; 'ઘૂંટનો ઉરજાનુપ્રહાર સિનસંધિ'.

ઉરજપાન [સં. ઉરજ (સ્તન) + પાન (પીવું તે)] ન. સ્તનપાન; પાવું તે.

ઉરજાંત ન. (ત્રિફળ) અવસાન; અંત.

ઉરજાત [સં. ઉરસ (છાતી) + જાત (થયેલ)] જુ. સ્તન; કુચ; પાકી; વાન.

ઉરજાવવું ૧. [સં. ઉત્પ્લવ્ (કૂદાવવું)] સ કિ. ઉપડાવવું.
૨. સ કિ ઝટકાવવું

ઉરટંકાર [સં. ઉરસ્ (છાતી) + ટંકાર (મનુષ્યની પ્રસન્નતા અવાજ)] જુ. હૃદયનો અવાજ.

ઉરણ ૧. [સં] જુ. ઊંટ અને ગાયના એક રાક્ષસનું નામ
૨. [સં. ઊર્ (ઘાસનું) + ણ (દેનું)] જુ. ઘરમાં ન હોવાપણું.
૩. જુ ઘેટું. ૬ ખ.
૪. પુ. ઘેટો; મેંઢો.
૫ જુ. ઘરમાં મદદનારો હાથ દોઢ હાથ લાંબો થતો એક છોડ; ઝકવડ.
૬. જુ. (જ્યોતિષ) પ્રજાપતિ; 'યુરેનસ'. પૃથ્વીથી સૂર્યના અંતર કરતાં પૃથ્વીથી તેનું અંતર ઓગણીસ ગણું હોવાથી એક નાના સાંધા તારા જેવો દેખાય છે. પ્રાચીન આર્યોને આ ગ્રહનું જ્ઞાન હતું પણ પશ્ચિમમાં તેના વિશે સૌથી પહેલાં ઈ.સ. ૧૭૮૧માં હર્શેલે જણાવ્યું. સૂર્યથી ૧,૮૦,૦૦,૦૦,૦૦૦ માઈલ તે દૂર છે, આશરે ૩૬૦૦૦ માઈલ તેનો વ્યાસ છે. તેને સૂર્યની આસપાસ ફરતાં ૮૪ વર્ષ અને એક આવર્તિકુ થાય. તેના ચાર ઉપગ્રહ મહિના બે તો દૂરબીનની મદદ વગર જોઈ શકાતા નથી.
૭. જુ. ભારો.
૮. જુ. રેડુ; ચાંદી.
૯. વિ. ઋણમુક્ત; કરજ વિનાનું.
૧૦. વિ. ઓશિકાળ; આભારી.
૧૧. વિ. પૂર્ણ; પૂરું.
૧૨. વિ. સાજા; હતેહમંદ.

ઉરણક ૧. [સં.] જુ. ઘેટો; મેંઢો.
૨. જુ. વાદળું; મેઘ.

ઉરણા [સં. ઉરણ (ઘેટો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઘેટી; બકરી.

ઉરણાક્ષ જુ. ઘરમાં મદદનાર એક છોડ; ઉરણ.

ઉરણાક્ષક જુ. ઘરમાં મદદનાર છોડ; ઉરણાક્ષ.

ઉરણાખ્ય જુ. ઘરમાં મદદનારો છોડ. જુઓ ઉરણ ૫.

ઉરણિયું ૧. [સં. ઊર્ (ઘાસ) + આયુ (દેવું) + ઇન્ (વાળું)] વિ. ઋણમુક્ત.
૨. વિ. કૃષ્ણઓશિગણ.

ઉરણી [સં. ઉરણ (ઘેટો) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઘેટી; બકરી.

ઉરતંત [સં. ઉરસ્ (હૃદય) + તંતુ (દોર)] જુ. હૃદયનો તાંતણો; હૃદયનો સાતતંતુ.

ઉરતંત્ર [સં. ઉરસ્ (હૃદય) + તંત્ર (વ્યવસ્થા)] ન. હૃદયની રચના.

ઉરતંત્રી [સં. ઉરસ્ (હૃદય) + તંત્રી (તાર)] ન. હૃદયનો તાર.

ઉરતા જી. પ્રયાસાધ્ય પ્રસ્તાવો

ઉરતાચક્ષ [ઉરસ્ (હૃદય) + તાચક્ષ (કરવી)] વિ. કુંભ દેનારું; મૂંઝવનાર.

ઉરતિ [સં. ઉષ્ટ્ર] પું. ઊંટ.
ઉરતિ પૂંછ્યા બીયાં સાથિ. કાન્હડદેપ્રબંધ

ઉરતી ૧. [સં. અર્થ] જી. ઉત્પન્ન કરનાર શક્તિ; શોષખોળવૃત્તિ; સર્જકવૃત્તિ; શોધકવૃત્તિ.
૨. જી. બુદ્ધિ.

ઉરતુ [સં. અર્થ] પું. (બ. વ.) ઓરતો. અભિલાષા; ઓરિયો; મનની ઇચ્છા.
આઈ તણૂ ઉરતુ હતુ, હુ ઉદ્ય મંદિ વિડ ઉરતુ. સાબરમતીમાન

ઉરતુફાન [ઉરસ્ (મન) + તુફાન (આવેશ)] ન. હૃદયમાં જાતી વિચારોની આમયક્ષ.

ઉરતૃષ્ણા [સં. ઉરસ્ (મન) + તૃષ્ણા (તીવ્ર ઇચ્છા)] જી. અંતરની ઇચ્છા.

ઉરત્રાણ [સં. ઉરસ્ (છાતી) + ત્રાણ (બખ્તર)] ન. બખ્તર.

ઉરત્વ [સં. ઉરસ્ (હૃદય) + ત્વ (પણું)] ન. હૃદયનો ભાવ; સ્નેહ.

ઉરથળ [સં. ઉરસ્ (છાતી) + સ્થલ (જગ્યા)] ન. છાતી.

ઉરદાબિગનો [તાર્તરી] જી. જખાનામાંની દક્ષિણાર્ધમ ઓનોગ્રા.

ઉરદારણ [સં. ઉરસ્ (હૃદય) + દારણ (ચીરવું)] વિ. હૃદય ચીરી નાખનારું.

ઉરદો [તુ. ઉર્દૂ (લશ્કરી જબાન)] જી. સિપાઈનો ગોલંદાજો પોલાદ; 'યુનિફોર્મ'.

ઉરદૂ ૧. [તુ. ઉર્દૂ] જી. લશ્કરી જાબજી.
૨. [તુ. ઉર્દૂ (બજાર)] જી. સદરબજાર; મુખ્ય બજાર.
૩. જી. હિંદી અને ફારસી ભાષાના મિશ્રણવાળી ઉત્તર હિંદમાં બોલાતી એક ભાષા; ઉર્દૂ. લશ્કર ને બજારમાં જુદાજુદા દેશના ને જુદીજુદી બોલી બોલનાર લોક હોય, તેઓની ભાષામાં ઘણી ભાષાના શબ્દો મળેલા હોવાથી એનું નામ ઉર્દૂ પડ્યું. આ ભાષા મુખ્ય બાદશાહ શાહજહાનના વખતમાં થઈ. ઉર્દૂમાં ફારસી ને અરબી શબ્દ વધારે અને હિંદુસ્તાનીમાં સંસ્કૃત શબ્દ વધારે હોય.

ઉરધ [સં. ઊર્ધ્વ (ઉપરનું)] વિ. ઊંચું.

ઉરધારા [સં. ઉરસ્ (હૃદય) + ધારા (પ્રવાહ)] જી. મનમાંથી નીકળતી ધારા.

ઉરના [સં. ઉરસ્] ન. (હિંદી) મેંદું. ચેદું.

ઉરપ ૧. [સં. આલાપ] પું. ગાતી વખતે સ્વરને ઘુંટતા જવું તે; ઉલપ.
૨. પું. તુરપ; એક જાતનો નાચ; એકદમ કૂદી આગળ જવું અને પછી સુંદર અભિનય સાથે પાછું આવવું તે.

ઉરપરશુકાપૃષ્ઠ [સં. ઉરસ્ (છાતી) + પર્શુમ (પાસળી) + પૃષ્ઠ (પડ)] ન. હૃદય અને પાંસળી આગળનો ભાગ; છાતીની અને બાજુ અને પેટસાને ઢાકતી પાતળી અને સુવાળી ઢાંકી

ઉરપરિસર્પ [સં. ઉરસ્ (છાતી) + પરિસર્પ (જવું)] ન. સર્પની જેમ પેટે ચાલનાર પ્રાણી.

ઉરપહંખડો (ઉરપાંખડી) [સં. ઉરસ્ (હૃદય) + પક્ષ્મન્ (પૂમ્પ્ત પેસર)] જી. હૃદયનો ભાગ; સાબથી.

ઉરપિંજર [સં. ઉરસ્ (છાતી) + પિંજર (પાંજરું)] ન. છાતીનું ઓકું. તેમાં હૃદય, ફેફસાં વગેરે રહેલાં છે.

ઉરપ્રતિઘાત [સં. ઉરસ્ (છાતી) + પ્રતિ (પર) + ઘાત (ચપ્પુ)] પું. છાતીમાં પર અને હલ્લા કરવાનો રોગ.

ઉરપ્રદંભ [સં. ઉરસ્ (હૃદય) + પ્રદંભ (અંતરમાં રાખવું)] વિ. અંતરમાંથી નીકળતું.

ઉરપ્રસર [સં. ઉરસ્ (છાતી) + પ્રસર (ફેલાવો)] પું. છાતીનો વિસ્તાર.

ઉરપ્રેરણા [સં. ઉરસ્ (હૃદય) + પ્રેરણા (વિચાર)] જી. મનની ઊર્મિ; સ્ફુરણા.

ઉરફેર (ઉરફાર) ૧. [અ. અરફ (તેણે બદલ્યું)] પું. ન. વ. હલ્લા માણસો; બુદ્ધિશાળી પુરુષો.
૨. પું. ન. વ. ન્યાયાધીશો.
૩. પું. ન. વ. સાધુઓ.

ઉરફેરૂ (ઉરફે) ૧. [અ. અરફ (તેણે બદલ્યું)] વિ. સામાન્ય રીતે બધું.
૨. ક્રિ. વિ. અથવા; કિંવા; અગર; બદલે.
૩. ક્રિ. વિ. બીજે નામે; બધારે બોલવામાં હોય તે સમજો.

ઉરબંધ ૧. [સં. ઉરસ્ (છાતી) + બંધ (બાંધવાનું સાધન)] પું. બોડીની છાતીએ બંધાતો તંગ.
ઉરબંધ બાંધ્યા ઘાટ.
બાંધ્યા વેરબંધના સાટ. સાબરમતીમાન
૨. [સં ઉરસ્ (હૃદય) + બંધ (બાંધ)] પું. હૃદયરૂપી સરોવરનો કિનારો

ઉરબમરો [સં. ઉરસ્ (છાતી) + ભ્રમર (ભમરો)] પું. બોડીની છાતી ઉપર રેખાતી ભમરી. આ એક ગણિત છે.

ઉરબુ ૧. [સં. ઉરસ્ (મન) + બુ (બનાવ)] પું. કામદેવ; મદન; મનોજ, જેમને મનમાં વિચાર કરતાંજ તે પેદા થાય છે.
૨. વિ. મનમાં બનેલું.

ઉરભૂત [સં. ઉરસ્ (મન) + ભૂત (બનેલું)] પું. કામદેવ; મનમાં પેદા થયેલું. જુઓ ઉરબુ.

ઉરભૂષણ [સં. ઉરસ્ (છાતી) + ભૂષણ (ઘરેણું)] ન. છાતીનું ઘરેણું.

ઉરભોગી [સં. ઉરસ્ (મન) + ભુજ્ (ભોગવવું)] વિ. પ્રેમનો દહાવો લેનાર

ઉરમ ૧. [સં.] પું. એક જાતનું ઝેરી જીવડું.
૨. પું. ઘરઘર ભટકનાર એક જોગ.
૩. પું. બકરો.
૪. પું. મેષ; વાદળ.
૫. પું. મેંઢો; ઘેટો.

ઉરમસંમાત [સં. ઉરભ્ર (ઘેટો) + સમ્પાત (લડાઈ)] પું. ઘેટાની લડાઈ.

ઉરમા ૧. [સં. ઉરભ્ર (ઘેટો) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જી. ઘેટી; બકરી.
૨. જી. બકરી.

ઉરમાર જી. એક જાતનો નાચ. તેમાં જમીનથી કૂદી એક તરફ બધું તાન સંપૂર્ણ કરાય છે.

ઉરમજ (ઉરમજ) [સ.] પું. (જ્યોતિષ) બૃહસ્પતિ ગ્રહ.

ઉરમ્ય ૧. [સ.] ન. અસલબતા; તોબાઈ.
૨ ન. જંગલીપણું;

ઉરમણિ [સં. ઉરસ્ (છાતી) + મણિ (ઘરેણું)] પું. છાતીનો સાચુકાર; હાર.

ઉરમંડન [સં. ઉરસ્ (છાતી) + મંડન (શોભા)] ન. સ્તનઃ પયોધરઃ કુચ, ઉરજ.
ઉરજ પયોધર કુચ સ્તન ઉરમંડન છબી વાન,
અર્થે કંચન કળશ પુણ્ય સુધાનો કામ. વિજયવસંતોષ

ઉરમંડલ ૧. [સં. ઉરસ્ (છાતી) + મંડલ (વર્તુલ)] ન. છાતી; વક્ષઃસ્થલ.
૨. ન. સ્તનઃ પયોધરઃ કુચ.

ઉરમંડળ ૧. [સં. ઉરસ્ (છાતી) + મંડલ (વર્તુલ)] ન. છાતી; વક્ષઃસ્થલ.
૨. ન. બાઈ; કુચઃ પયોધર.

ઉરમાન ૧. [સં. અરમાન] સ્ત્રી. અભિલાષા, નીચ પ્રત્યે આતુરતા.
૨. સ્ત્રી. ચિંતા; ફિકર.
૩. સ્ત્રી. પસ્તાવો; પશ્ચાત્તાપ.

ઉરમાલ [સં. રૂ (મોટું) + માલ (પશુનું)] પું. રૂમાલ.

ઉરમાલા ૧. [સં. ઉરસ્ (છાતી) + માલા (માળા)] સ્ત્રી. છાતી ઉપર રહેતી માળા.
૨. સ્ત્રી. ફૂલનો હાર.

ઉરમાળ ૧. [સં. ઉરસ્ (છાતી) + માલા (માળા)] સ્ત્રી. છાતી સુધી ઝૂલતી માળા.
૨. સ્ત્રી. ફૂલનો હાર.

ઉરમોડણ [સં. ઉરસ્ (છાતી) + મડન (શોભા)] ન. (ક્રિંગ) કુચ; સ્તન; પયોધર.

ઉરમેળ [સં. ઉરસ્ (હૃદય) + મિલ્ (મળવું)] પું. હૃદયની એકતા

ઉરયાં [અ.] વિ. વેરાનમાં ઊગનાર; વનસ્પતિ વિનાનું.

ઉરયુગ [સં. ઉરસ્ (છાતી) + યુગ્ (જોડું)] ન. બેઉ સ્તન; પયોધર; કુચ.

ઉરયુગલ [સં. ઉરસ્ (છાતી) + યુગલ (જોડું)] ન. કુચ; બાઈ; પયોધર; સ્તન.

ઉરયુગ્મ [સં. ઉરસ્ (છાતી) + યુગ્મ (જોડું)] ન. સ્તનમંડળ; બેય કુચ; બાઈ. તે બેયનું જોડકું છે.

ઉરયોગ [સં. ઉરસ્ (મન) + યુજ્ (જોડવું)] પું. હૃદયનું જોડાણ; પ્રેમમાં રનેહ.

ઉરરાગ [સં. ઉરસ્ (અંતર) + રાગ (પ્રેમ)] પું. અંતઃકરણનો ભાવ; હૃદયનો પ્રેમ; વહાલ.

ઉરરાજા [સં. ઉરસ્ (ચિત્ત) + રાજન્ (રાજા)] પું. હૃદયનાથ; સ્વામી; ધણી; પતિ.

ઉરરી [સં.] અ. કબૂલાતનો અર્થ બતાવતો પૂર્વપ્ર.

ઉરરીકાર ૧. [સં. ઉરરી (કબૂલનો અર્થ બતાવનાર પૂર્વપ્ર) + કૃ (કરવું)] પું. વચનનો ઠરાવ; કોલ; વેણ.
૨. પું. સ્વીકાર; અંગીકાર.

ઉરરીકૃત [સં. ઉરરી (કબૂલનો અર્થ બતાવનાર પૂર્વપ્ર) + કૃત (કરેલું)] વિ. સ્વીકારેલ, અંગીકૃત; અપનાવેલ; પોતાનું માનેલ.

ઉરલ ૧. [અં. અરિઅલ] ન. ઉત્તર સિંધ અને કિરાનના નીચા પહાડવાળા પ્રદેશમાં થતું એક જાતનું ઢાઢીવાળું બંગલી મેંદુ.
૨. [સં.] વિ. મતિવાળું; હરતું.

ઉરલહાડુ [ઉર (હૃદય) + લહાડુ (લાભ)] પું. હૃદયનો પ્રેમ.

ઉરલા ૧. [અપર (બીજું) + લા (લું)] વિ. પાછળનું.
૨. [સં. વિરલ (અનેક)] વિ. વિરલ; અદ્વિતીય; અજોડ.
૩. અ. આ બાજુ.

ઉરવર ૧. ન. ઓઢણ.
૨. [સં. ઉપરક] ન. કમળકાકડી; કમળનું બી.
૩. ન. છાતી; સ્તન; કુચ.

ઉરવરા [સં. ઉર્વરા] સ્ત્રી. (ક્રિંગ) ફળદ્રુપ જમીન

ઉરવલ્લી ૧. [સં. ઉરસ્ (છાતી) + વલ્લી (વેલો)] સ્ત્રી. દૂંટીથી છાતી તરફ જતી વેલ જેવી રેખાવી.
૨. સ્ત્રી. પેટ ઉપર પડતા વાટા; ત્રિવલી.

ઉરવશી ૧. [સં. ઉરસ્ (મન) + વશ (વશ કરવું)] સ્ત્રી. સ્વર્ગની એક અપ્સરાનું નામ; ઉર્વશી
૨. વિ. સ્ત્રી. હૃદયમાં રમી રહેતી.

ઉરવશી જુઓ ઉરવશી.

ઉરવા [અર.] ન. એક તારાનું નામ; મઘુહ.

ઉરવારિધિ [સં. ઉરસ્ (મન) + વારિધિ (દરિયો)] પું. હૃદય જેવો સાગર.

ઉરવાસન પું. એક ઈરાની છોડનું નામ. તેનું લાકડું બંગ નાશ કરવા માટે બાળવામાં વપરાય છે.

ઉરવિલ્વ ન. મથાની દક્ષિણે ૭ માઈલ ઉપર આવેલું ગુહ્યસ્થા. ઈ. સ. પૂર્વે પાંચસો બાવીસમાં ત્રિબીસાર રાજાના રાજ્યના સોળમા વર્ષમાં આ જગ્યાએ આવેલ બોધિવૃક્ષ નામના પ્રસિદ્ધ પીપળાના ઝાડ નીચે બેસીને ગૌતમે ત્રીસ વર્ષની ઉમરે ગુહ્યનું પદ પ્રાપ્ત કર્યું હતું.

ઉરવૃત્તિ [સં. ઉરસ્ (અંતર) + વૃત્તિ (અનુ વર્તન)] સ્ત્રી. અંતરની પ્રજ્ઞા.

ઉરવેધક [સં. ઉરસ્ (છાતી) + વ્યધ્ (વીંધવું)] વિ. હૃદયને વીંધનાર.

ઉરવ્યતંત્રી [સં. ઊર (સાથળ) + વ (નું) + તન્ત્રી (નાડી)] સ્ત્રી. સાથળમાં આવેલી એક નાડી; ઔર્વી એટલે સાથળની નાડી.

ઉરશ્ચક્ષુ [સં. ઉરસ્ (અંતર) + ચક્ષુ (આંખ)] ન. અંતરનો ડળભ.

ઉરશા ૧. પું. એક મુનિનું નામ.
૨. પું. ઔષધ; દવા.
૩. પું. હિંદુસ્તાનની ઉત્તરે આવેલ હાલના ભાતથી વસાવેલ એક પ્રાચીન દેશ.

ઉરશલાકાપૃષ્ઠ [સં. ઉરસ્ (છાતી) + શલાકા (પાંસળી) + પૃષ્ઠ (પીઠ)] ન. છાતીનાં હાડકાં અને પાંસળી આગળનો ભાગ; ઉરપરશુકાપૃષ્ઠ.

ઉરશોધન [સં. ઉરસ્ (અંતઃકરણ) + શોધન (સાફ કરવું તે)] ન. ગણું છૂટું, કારણકે તે હૃદયને કાયદાકારક મનાય છે.

ઉરશ્છદાનુપૂર્વી [સં. ઉરસ્ (છાતી) + છદ (ઢાંકવું) + આ (મર્યાદાનો પ્રત્યય) + પૂર્વી (પહેલી)] સ્ત્રી. છાતીની આગલી બાજુ બખ્તરપાની દરેક બાજુએ એ નામની એક ત્રિકોણાકાર પેશી. તે અક્ષકન્થિના અંદરના અર્ધભાગની આગલી બાજુ ઉપરથી ઉત્પન્ન થાય છે.

ઉરશ્છદાસ્થી [સં. ઉરસ્ (છાતી) + છદ (ઢાંકનારી) + અસ્થી (નાની)] સ્ત્રી. છાતીની આગલી બાજુ બખ્તરની રેખાની દરેક બાજુએ એ નામની એક ત્રિકોણાકાર નાની પેશી. તે ઉરશ્છદાનુપૂર્વી નામની પેશીની પાછળ રહેલી છે. બીજી, બીજી તથા પાંચમી પાંસળીના આગલા ભાગમાંથી ઉત્પન્ન થઈ ત્રાંસી રીતે ઊંચે જઈ તે અંસફલકના અંસતુંડની આગલી ધારમાં અંસફલકને લાગેલી હોવાથી તે બાજુને નીચો નમાવે છે. જો બાજુ સ્થિર રાખવામાં આવે તો પોતાનાં મૂળોથી તે બખ્તરપને ખેંચીને શરીરના વચલા ભાગને ઊંચે તાણે છે.

ઉરશ્છદ [સં. ઉરસ્ (છાતી) + છદ (ઢાંકવું)] પું. કવચ; બખ્તર.

ઉરસ ૧. [અ. ઉર્સ (સંતને અંજલિ)] પું. મોસિયાની મરણતિથિનો વાર્ષિક ઉત્સવ; મુસલમાન પવિત્ર પુરુષના મરણની તિથિને દિવસે થતો લોકોનો મેળો; ઉરસ. મરેલા પુરુષો મરીને પ્રભુના ધામમાં જઈ આ દુઃખી સંસારથી મુક્તિ મેળવતા હોઈને તેઓની મરણતિથિ શુભ દિવસ ગણાય છે, તેથી આ શબ્દ ખુશીના અર્થમાં પણ વપરાય છે.
૨. પું. પરણેલ સ્ત્રીથી થયેલ દીકરો; ઔરસ પુત્ર.
૩. [અ. ઉર્સ (લગ્નનું જમણ)] પું. લગ્નનું જમણ.
૪. ન. ખુશી; હર્ષ; આનંદ.
૫. [સં. ઉરસ] ન. છાતી; વક્ષઃસ્થલ.
૬. ન. હૃદય; અંતઃકરણ.
૭. વિ. નીરસ; ફિક્કું; સ્વાદ વગરનું.
૮. વિ. મજબૂત છાતીવાળું.

હ. વિ. હૃદયથી ઉત્પન્ન થયેલું.

ઉરસમહાધમની [સં. ઉરસ્ (છાતી) + મહત્ (મોટું) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. છાતીને શુદ્ધ લોહી પૂરું પાડતી મોટી નસ; 'થોરેસિક ઍઓર્ટા'.

ઉરસરવારેણું [સં. ઉરસ્ (હૃદય) + સરસ્ (તળાવ) + વર (મોટું)] ન. મનસમું મોટું તળાવ.

ઉરસાવું ૧. જુ. ક્રિ. ઉરકેરવું.

૨. [સં. ઉદ્ (ઉપરનું) + અસ્ (ફેંકવું)] જુ. ક્રિ. ગિયલપાયલ કરવું.

ઉરસ્યા [સ.] પું. કશ્મીરની પશ્ચિમનો જેલમ અને સિંધુ નદીની વચ્ચેનો કઠારાનો મુલક. ટોલેમિએ એને અસ્સા અને યુ-અન-ચ્વાંગે પુ-લા-સિ એ નામ આપ્યું છે. કશ્મીરથી બાર દિવસની મંઝિલ ઉપર આવેલી મુરેસ અથવા મુરેઝની ખીણ તે આ સ્થળ એમ મૉરિસર ચિસ્લનનું કહેવું છે પણ કૉલહર સ્ટીન મુરઝને તે હરદની રાજધાની હરતપુરી હોવાનું કહે છે. માત્સ્યપુરાણ અધ્યાય ૧૨૰ શ્લોક ૪૬માં હરદ અને ઉરસ એમ જુદા પ્રદેશ લખ્યા છે. કશ્મીરની ઉત્તરે આવેલા મુઝફરાબાદની પશ્ચિમનો રાજ્ય જિલ્લો તે ઉરસા એમ જનરલ કનિંઘમ કહે છે.

ઉરસાવું ૧. જુ. ક્રિ. ઉરકેરવું.

૨. [સં. ઉદ્ (ઉપરનું) + અસ્ (ફેંકવું)] જુ. ક્રિ. ગિયલપાયલ થવું.

ઉરસિજ [સ. ઉરસ્ (છાતી) + જન્ (પેદા થવું)] પું. સ્તનનું છાતી.

ઉરસિજાત [સં. ઉરસ્ (છાતી) + જન્ (થવું) + ત (જેલ)] પું. સ્તન.

ઉરસિરુહ [સ. ઉરસ્ (છાતી) + રુહ્ (થવું)] પું. છાતી.

ઉરસિલ [સં. ઉરસ્ (છાતી)] વિ. વિશાળ છાતીવાળું.

ઉરસિલોમ ૧. [સ ઉરસિ (છાતી ઉપર) + લોમન્ (વાળ)] પું છાતી ઉપરના વાળ.

૨. વિ. છાતી ઉપર વાળવાળું

ઉરસિલોમા [સં. ઉરસિ (છાતી ઉપર) + લોમન્ (વાળ)] વિ. છાતી ઉપર વાળવાળું.

ઉરસીઉ [સં. ઉપલ (પત્થર)] પું. (જૂ. ગુ.) ઓરસિયો; ઘસવાનો પત્થર.

ઉરસીઉ ઘાલ્યું કસકસે,
તોયું સુઘરિ ભલપી ઘસે.

ગાગાકરસમય

ઉરસુધા [સં. ઉરસ્ (હૃદય) + સુધા (અમૃત)] સ્ત્રી. હૃદયની મીઠાશ.

ઉરસેર [ઉર (હૃદય) + સેર (ધાર)] સ્ત્રી. હૃદયના આંસુની ધાર.

ઉરસ્કા ૧. [સં. ઉરસ્ (ઘન) + સ્કૉમ (સોડ)] પું. ઘરર કરવું તે.

૨. પું. પ્રલાપ; પસ્તાવો; ઓરતો.

૩. પું. હોસવચ્ચુ; ખીજવચ્ચુ.

ઉરસ્ ૧. [સ.] ન. છાતી.

૨. ન. હૃદય, ચિત્ત; મન.

ઉરસ્ક ૧. [સં. ઉરસ્ (છાતી)] ન. છાતી, વક્ષ સ્થળ.

૨. [સ. ઉરસ્ (છાતી) + ક (પું)] વિ. છાતીનું

ઉરસ્કક [સં. ઉરસ્ (છાતી) + કટ (કેડ)] સ્ત્રી. જનોઈ, કેમરે તે છાતી ઉપર થઈ કેડ સુધી રહે છે.

ઉરસ્તોય [સં. ઉરસ્ (છાતી) + તોય (પાણી)] ન. છાતીમાં પાણી ભરાવાનો રોગ.

ઉરસ્ત્ર [સ. ઉરસ્ (છાતી) + ત્ર (બચાવનું)] ન. છાતી બચાવવાનું બખ્તર.

ઉરસ્ત્રાણ [સં. ઉરસ્ (છાતી) + ત્રાણ (બચાવ)] ન. છાતીનું રક્ષણ કરનાર બખ્તર.

ઉરસ્થિક [સં. ઉરસ્ (છાતી) + ત્થ (રહેવું કરવું) + ક (વાળું)] ન. છાતીનું ઓઢવાનું ઘરેણું.

ઉરસ્ત્રિકોણિકા [સં. ઉરસ્ (છાતી) + ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઉરઃકવચની પાછળ ખભાઓ વચ્ચેથી જે નામની પેસી; 'ટ્રૅપેઝિયસ થોરેસિસ'.

ઉરસ્ય [સં. ઉરસ્ (છાતી) + સ્થા (રહેવું)] વિ. છાતીમાં રહેવું.

ઉરસ્યલ [સ ઉરસ્ (છાતી) + સ્થલ (જગ્યા)] ન છાતીનો ભાગ.

ઉરસ્યળ [સ ઉરસ્ (છાતી) + સ્થલ (ઠેકાણું)] ન. છાતીનો ભાગ.

ઉરસ્યાબૃહતીપેશી [સ. ઉરસ્ (હૃદય) + સ્થા (રહેવું) + બૃહતી (મોટી) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. છાતીથી હાથ તરફ જતો મોટો અને મુખ્ય સ્નાયુ; ઉરસ્ત્રાસ્થાપેશી; ઉરસ્ત્રાબૃહતી પેશી; 'પેક્ટોરેલિસ મેજર'.

ઉરસ્યાલઘ્વીપેશી [સં. ઉરસ્ (છાતી) + સ્થા (રહેવું) + લઘ્વી (નાની) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. છાતીની ત્રીજી, ચોથી અને પાંચમી પાંસળીથી ખંભાસ્થક એટલે ખભાના ત્રિકોણાકાર હાડમ સુધી જતો માંસનો લોચો; 'પેક્ટોરેલિસ માઇનર'.

ઉરસ્ય ૧. પું. પુત્ર; દીકરો.

૨. પું. સેનાનો આગલો ભાગ.

૩. સ્ત્રી. પોતાની છાતી લગભગ જમીનને અડી જાય એવી કૂદવાની એક ચાલ.

૪. વિ. ઔરસ; પોતાની કોમની પરણેલ સ્ત્રીથી થયેલ.

૫. [સં. ઉરસ્ (છાતી) + ય (લગતું)] વિ. છાતીનું; છાતીને લગતું

૬. વિ. છાતીને અડેલ પડે એવું.

૭. વિ. બેસ; સૌથી સરસ.

ઉરસ્યા [સં. ઉરસ્ (છાતી) + ય (પું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. છાતીની ઉપરના ખભાને અને કેડસાંને વીંટાયેલી બે પડવાળી પાતળી અને કોમળ ગાભડીની બનેલી કોમળ; કુરકુસબરાકલા; 'પહુરા'.

ઉરસ્યાત [સં. ઉરસ્ (છાતી) + વત્ (વાળું)] વિ. મજબૂત છાતીવાળું.

ઉરસ્સૂત્રિકા [સં. ઉરસ્ (છાતી) + સૂત્ર (દોરો) + ઇકા (વાળો)] સ્ત્રી. માળાની જેમ છાતી ઉપર પહેરાતું મોતીનું ઓઢ ઘરેણું.

ઉરહાર ૧. [સં. ઉરસ્ (છાતી) + હાર (માળા)] પું. છાતી ઉપર લટકતી રહે એવી માળા.

૨. પું. હૃદયસમો પ્રિય હાર.

૩. વિ. બહુ પ્રિય; ઘણું વહાલું.

ઉરહિંદોળો [સં. ઉરસ્ (હૃદય) + આન્દોલ્ (હીંચકો)] પું. હૃદયરૂપી ઝૂલો.

ઉરહુર ન. બેભા; એ નામનું ફળ.

ઉરંગ ૧. [સં. ઉરસ્ (છાતી) + ગમ્ (જવું)] પું. નાગ; સર્પ. તે છાતીભર ચાલતો હોઈને ઉરંગ કહેવાય છે.

૨. પું. પેટે ચાલનાર પ્રાણી.

ઉરંગમ [સં. ઉરસ્ (છાતી) + ગમ્ (જવું)] પું. નાગ. સુઘ્ધો ઉરંગ.

ઉરંજરા [સં.] સ્ત્રી. વિપાસા; હાલની નિપાસ નદી.

ઉરઃ પું. (જ્યોતિષ) હાલમાં વિષુવાંશ ૮૬ અને ઉત્તર ક્રાંતરાશમાં આવેલો તારો; 'બીટા ઑરિગ'. તેનું મહત્ત્વ ૨.૧ છે.

ઉરઃકર્ણમૂલ જુઓ ઉરઃકર્ણમૂલિકા.

ઉરઃકર્ણમૂલિકા [સં. ઉરસ્ (છાતી) + કર્ણ (કાન) + મૂલ (મૂળ) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. જે નામની ખભી અને મજબૂત દોરી જેવી બનાવી કરેક

બાજુએ ત્રાંસી રીતે રહેલી માંસપેશી; 'સ્ટર્નો મેસ્ટૉઇડ'. તે મસ્તકને નીચું નમાવે અને બહાર ફેરવે છે.

ઉરઃકંઠિકા [સં. ઉરસ્ (છાતી) + કંઠ (ગળું) + ઇક (અલ્પ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કંઠિકાસ્થિને લાગેલી ગળાની બાજુ ઉપરની એક નાની પેશી; 'સ્ટર્નો હાયૉઇડીઅસ'.

ઉરઃક્ષત [સં. ઉરસ્ (છાતી) + ક્ષત (ઘા)] પું. (વૈદક) છાતીમાં પડેલું ચાંદું; ફેફસાનો સડો; છાતીનો ઘા. તે ક્ષયની એક અવસ્થા છે જે કારણથી ક્ષય થાય તે જ કારણથી ઉરઃક્ષત થાય. તેમાં બલગમમાં લોહી પડે, છાતી અને પાંસળાં દુઃખે, ફેફસાંનો કોઈ ભાગ અવાર્ય બગડો હોય, બહુ મહેનત કરવાથી, બહુ ભાર ઉપાડવાથી, ઊંચે સ્વરે અવાજથી કે બોલવાથી કે બહુ હોડવાથી આ રોગ થાય.

ઉરઃક્ષતક્ષય [સં. ઉરસ્ (છાતી) + ક્ષત (ઘા) + ક્ષય (નાશ)] પું. (વૈદક) છાતીમાં પડેલ ચાંદાથી થતો ક્ષય. તેમાં છાતીમાં પીડા થાય, કૂબડ આવે, તાવ, ગાંઠો, અરુચિ અને ખાંસી સાથે બલગમ કાળો ખરાબ વાસવાળો અને લોહી ભરેલો પડે.

ઉરઃખાતનીલમ્બીપેશી [સં. ઉરસ્ (છાતી) + આખાતની (ખાડાવાળી) + લંબી (લાંબી) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. છાતીની ત્રીજી, બીજી અને પાંચમી પાંસળીથી અંસફલક સુધી જતો માંસનો લોચો; ઉરઃખાતલંબીપેશી; 'પેક્ટરેલિસ માઇનર'.

ઉરઃત્રિકોણિકાપેશી [સં. ઉરસ્ (છાતી) + ત્રિ (ત્રણ) + કોણિકા (ખૂણાવાળા) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી. ઉરઃફલકની પાછલી બાજુ ઉપર આવેલી બે ત્રિકોણાકાર બાજુની બનેલી એક પેશી; 'ટ્રૅન્સવર્સસ થોરેસિસ મસલ'.

ઉરઃપરિસર્પ [સં. ઉરસ્ (પેટ) + પરિસર્પ (જનાર)] પું. પેટે ચાલનાર પ્રાણી

ઉરઃપર્શુકાસંધિ [સં. ઉરસ્ (છાતી) + પર્શુકા (પાંસળી) + સંધિ (સાંધો)] પું. છાતીના હાડકાની દરેક બાજુ સામે પાંસળીઓનો સાંધો.

ઉરઃપંજર [સં. ઉરસ્ (છાતી) + પિંજર (પાંજરું)] ન. છાતીનો બાળખો; હાડકાંનું બનેલું છાતીનું પાંજરું; વક્ષઃસ્થળ; 'થોરેક્સ'. નાનાં બાળકોમાં છાતીની પહોળાઈ અને આગળ પાછળની લંબાઈ લગભગ સરખી હોય તેથી તે ગોળ દેખાય. મોટી ઉંમરે પહોળાઈ વધે એટલે છાતી ગોળ મટી લંબગોળ થાય. છાતીના આકારમાં ફેરફાર થવાથી વધારા પડતો ફેરફાર રોગ સૂચવે છે. એથી ઊલટું છાતી ઉપરની માંસ પેશીઓનો વિકાસ તંદુરસ્તી સૂચવે છે.

ઉરઃપૂય [સં. ઉરસ્ (છાતી) + પૂય (પરુ)] પું. છાતીમાં પરુ ભેગું થવાથી થતું 'એમ્પીમા'

ઉરઃપ્રચ્છદાગુર્વી [સં. ઉરસ્ (છાતી) + પ્રચ્છદા (ઢાંકનારી) + ગુર્વી (ભારે)] સ્ત્રી. છાતીથી હાથ તરફ જતો મોટો અને મુખ્ય સ્નાયુ; 'પેક્ટરેલિસ મેજર'

ઉરઃફલક [સં. ઉરસ્ (છાતી) + ફલક (પાટિયું)] ન. છાતીની આગલી બાજુ વચમાં રહેલું નાના પાટિયા જેવું હાડકું; છાતીની મરી, 'સ્ટર્નમ'

ઉરઃફલકપાર્શ્વિકા [સં. ઉરસ્ (છાતી) + ફલક (પાટિયું) + પાર્શ્વ (બાજુ) + આ (અનારી)] સ્ત્રી. ઉર:ફલકની પાછલી બાજુ આવેલી અને અંતઃસ્તનિકા નામની ધમનીઓની આજુબાજુ રહેલી ગ્રંથિ; ઉપપર્શુકાંતરાલીકા; 'સ્ટર્નલ પેમ્ફરિ લિંફ ગ્લૅંડ'. સ્તનની કૂંપી ઉપર રહેલી પેટની આગલી દીવાલની અને છાતીની ઊંડી સ્નાયુઓ આ ગ્રંથિમાં ફાયલા થાય છે

ઉરઃફલકસંયોજક [સં. ઉરસ્ (છાતી) + ફલક (પાટિયું) + સંયોજક (જોડનાર)] પું. છાતીના પાટિયામાંના સાંધાને પરસ્પર જોડનાર સ્નાયુ.

ઉરઃફલકાંતરાલ [સં. ઉરસ્ (છાતી) + ફલક (પાટિયું) + અંતરાલ (વચ્ચે)] પું. કૈંચવક એટલે ગળાના મૂળમાં આવેલ હાડકાના સૌથી ઉપરના ભાગ અને મધ્યફલક એટલે છાતીના પાટિયાના વચલા ભાગ વચ્ચે રહેલો એક સ્નાયુ.

ઉરઃસૂત્રિકા [સં. ઉરસ્ (છાતી) + સૂત્રિકા (દોરી)] સ્ત્રી છાતી સુધી પહોંચતી મોતીની માળા

ઉરઃસ્થલ [સં. ઉરસ્ (છાતી) + સ્થલ (જગ્યા)] ન. હૃદયમંડળ; છાતીનો ભાગ.

ઉરઃસ્થળ [સં. ઉરસ્ (છાતી) + સ્થલ (ઠેકાણું)] ન. છાતી.

ઉરઃસ્થાન [સં. ઉરસ્ (છાતી) + સ્થાન (જગ્યા)] ન. છાતીવાળો ભાગ.

ઉરા ૧. [સં. ઉર્વી] સ્ત્રી. પૃથ્વી.

૨. સ્ત્રી. મેરી; મેરી.

૩. [સં. ઉરસ્ (હૃદય) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. હૃદયવાળી; સહૃદયા; ઉદાર

ઉરાઉર ૧. [સં. ઉરગપુર] ન. એ નામનું એક શહેર; ઉરગપુર; ત્રિચિનોપોલિ.

૨. ન. નાગપુર.

ઉરાઉર ૧. ક્ર વિ. અંત:કરણપૂર્વક; ખરી લાગણીથી.

૨. [સં. ઉરસ્ (છાતી) + ઉરસ્ (છાતી)] અ. છાતી સામે છાતી આવે એમ; સામસામે; બેગબેગા; સાવે.

૩. ક્ર વિ. જલદી; એકદમ.

૪. વિ. પૂરેપૂરું; પૂરપાટ; પાસપાસ

ઉરાઉરી ૧. [સં ઉરસ્ (છાતી) + ઉરસ્ (છાતી)] સ્ત્રી. રમવાનો કરીફાઈ મરસાઈ.

૨. વિ. સામસામા; બરાબરિયા.

ઉરાડ [અ. ઉર (ખાલ)] ન. માંસ વગરનું હાડકું.

ઉરાત [સં. ઉરસ્] સ્ત્રી. (હિંમત) છાતી.

ઉરાઠવું (ઉરાડવું) ૧. [સં. ઉદ્ (ઉપ) + રી (ઉરવું)] અ. ક્રિ. વરસાદનું બંધ થવું.

૨. અ. ક્રિ. વાદળાનું વીખરાઈ જવું.

૩. સ. ક્રિ. ઉઘાડવું.

૪ સ. ક્રિ. ઉઘાડીને ચૂમ કરવું; અબોલ કરવું; બોલ કરવું

૫. સ ક્રિ. ઊંડે એમ કરવું; બરામાં તરાવવું; ઉઘાડવું

૬. સ. ક્રિ. ઝાડી નાંખવું

૭. સ. ક્રિ. કાપવું; છેડી નાખવું.

૮. સ. ક્રિ. ખરચવું; વાપરવું; વેંચી નાખવું.

૯. સ. ક્રિ. બસેરવું; આવું કરવું; ફર કરવું.

૧૦. સ ક્રિ. ઢાળીને આર્ક કરવું.

૧૧ સ ક્રિ. પતંગ ચગાવવો.

૧૨ સ ક્રિ. પાયમાલ કરવું; ઉખેડી નાખવું; બારોતાહીને દેવો દેવું.

ઉરાડી મારવું = (૧) નાશ કરવો. (૨) ફેંકી દેવું

ઉરાડાવવું (ઉરાડાવવું) [સં. ઉદ્ (ઉપ) + રી (ઉરવું)] સ. ક્રિ. ઉઘાડ એમ કરાવવું.

ઉરાડાવું (ઉરાડાવું) [સં. ઉદ્ (ઉપ) + રી (ઉરવું)] અ. ક્રિ. ઉઘાડ એમ થવું.

ઉરાત્મા [સં. ઉરસ્ (હૃદય) + આત્મન્ (આત્મા)] પું. હૃદયમાં રહેલો આત્મારામ; આત્મા.

ઉરામણી [સ. ઉરસ્ (પેટ) + મણ્ (વાહ વહેવ)] વિ. પેટનું ભરણ કરનાર.

ઉરારા [સ. ઉર] વિ. વિશાળ; વિસ્તારવાળું.

ઉરાલ ૧. [સ. ઔદરિક] ન. પ્રાણીનું સ્થૂલ શરીર; ચરબી, માંસ અને લોહીવાળું શરીર.

૨. વિ. ઉદાર; મોટા મનનું.

૩. વિ. બહુ અદ્‌ભૂત.

૪. વિ પ્રધાન; મુખ્ય.

૫. વિ વિશાલ; વિસ્તારવાળું.

૬. વિ. સમર્થ; શક્તિવાળું.

ઉરાલિઅ [સં. ઔદારિક] વ. (જૈન) હાડ, માંસ ને લોહીવાળું શરીર; મનુષ્ય અને તિર્યંચ એટલે હલકા પ્રાણીનું સ્થૂલ શરીર.

ઉરાવ [સં. ઉરસ (છાતી) + આવ (કરનાર)] પું. ઉભગ; હોંસ.

ઉરાવટ્ટકા [સં. ઉરસ (છાતી) + અવટ્ટક (કરડિયો)] સ્ત્રી. ગળાના મૂળમાં રહેલી એક ટૂકી અને પહોળી પેસી; 'રટની બાયરોઈક મસલ'

ઉરાવું [સ. ભૂ (ભરવું)] અ. ક્રિ. ભરાવું. પુરાવું જુ.

ઉરાહ [સં.] પું. કાળા ઘૂંટણવાળો સફેદ પીળા રંગનો ઘોડો.

ઉરાહનો [સં. ઉપાલંભ; પ્રા. ઓલહણ] પું. ઠપકો; શિકાયત.

ઉરાહિયા સ્ત્રી. (ગંગાણી) ખેતીને માટે નાલાયક જમીન.

ઉરાંગ ઉટાંગ ૧. [મલયભાષા-ઉરાંગ (ગંજાવી) + ઉટાંગ (માણસ)] પું. માણસની જેમ ઊભો ચાલી શકતો, પૂછડા વગરનો એક જાતનો વાંદરો. સુમાત્રા, બોર્નિઓ અને મલાયા દ્વીપનાં જંગલોમાં માણસને મળતા આવતાં અને ઘૂંટણ સુધી લાંબા હાથવાળા આ વાંદરાનાં ટોળાં હોય છે. તેઓ હાથમાં લાકડી લઈ માણસની માફક હલ્લા કરે ત્યારે ઘણા ચાલે. તેને શરીરે ઝૂરા લાલ વાળ હોય પણ મોઢે વાળ હોતા નથી. સ્વભાવે શાણા ને મિલનસાર હોવાથી નાનપણમાં પાળીને ઉછેરવા હોય તો તે આકરની જેમ કામ કરે છે.

૨. વિ. ઉપજતી કાઢેલું; ભેસાડી દીધેલું, ભેડેલું.

ઉરાંઉ વિ. (ગામ) ઠોથી; તમોગુણી.

ઉરિઉ [સં. અર્ધ] પું. (જૂ. પ્ર.) ઓરિયો; અભિલાષા.

ઉરિઋ [સં. ઉત્ (વિનાનું) + ઋણ (કરજ)] વિ. ઋણમુક્ત; દેવાથી છૂટું; કરજ વિનાનું.

ઉરિડી [હિં. ઉરદ] પું. અડદ.

ઉરિમ [સં. ઉરુ (વિસ્તાર)] પું. વિસ્તાર; ફેલાવો.

ઉરિયા ૧. [સં. ઉડ્ર (ઓરિસ્સા પ્રાંત)] સ્ત્રી. ઓરિસ્સામાં બોલાતી મુખ્ય તેર માંહેની એ નામની એક ભાષા.

૨. સ્ત્રી. હિંદના મૂળ વતનીઓની એક જાત.

૩. વ. એ નામની જાતનું માણસ.

૪. વિ. હિંદના મૂળ વતનીની એક જાતનું.

ઉરિયાહ [સં. ઉરસ્ (છાતી)] વ. રતુંબડા રંગનું સુલેમાન પર્વત ઉપર અને પેશાવર આગળ જોવામાં આવતું ઘેટું.

ઉરિષ્ઠ [સં. અરિષ્ટ] પું. અરીઠાનું ઝાડ.

ઉરિસ્સ સ્ત્રી. દળદર.

ઉરિહ્યા [સં. ઉપાલંભ; પ્રા. ઓલહણ] પું. ઠપકો; શિકાયત.

ઉરી ૧. [સ. ઉરુ (વિસ્તાર)] પું. અવકાશ; ખાલી જગ્યા.

૨. પું. ગર્ભ.

૩. [સ. ઉર (પ્રાકૃત)] વિ. નાનું; ખુલ્લું.

ઉરીકરણ ૧. [સ. ઊરી (પ્રાકૃત ભાષાનાં સ્વર) + કરણ (કરવું તે)] વ. અંગીકાર; સ્વીકાર; માન્ય રાખવાપણું.

૨. વ. વિસ્તાર; ફેલાવો.

ઉરીકાર [સં. ઊરી (પ્રાકૃત ભાષાનો પ્રત્યય) + કાર (કરનાર)] પું. સ્વીકાર. જુઓ ઉરીકરણ.

ઉરીકૃત ૧. [સ. ઉરુ (વિસ્તાર)] વિ. વિસ્તારેલ; ફેલાવેલું.

૨. [સ. ઊરી (પ્રાકૃત ભાષાનો શબ્દ) + કૃત (કરેલું)] વિ. સ્વીકારેલ.

ઉરોધાન [સં. ઉરુ (વિસ્તાર) + ધાન (આધાર)] વ. (ગંગાણી) તળાવ કે બેજવાળી જમીન ઉપર બહુ ઊંચી નીકળતી ટેકરી

ઉરીમેદી [સં. અરિમેદ] સ્ત્રી. ગંધીલો ચેર, અરિમેદ

ઉરીયાનાળિયેરી [સં. ઉડ્ર (ઓરિસ્સા પ્રાંત) + નાળિયેર (નાળિયેરી)] સ્ત્રી. નાળિયેરીની એક જાત

ઉરુ ૧. [સં.] પું. (પુરાણ) અંગિરસ ઋષિના વંશનું નામ.

૨. પું. (પુરાણ) ઉત્તાનપાદિ મનુના એક દીકરાનું નામ.

૩. પું. (પુરાણ) ઋગ્વેદના નવમા મંડલના ૧૦૮ મા સૂક્તની ત્રીજી અને પાંચમી ઋચા બનાવનાર એક ઋષિ.

૪. પું. જંઘા; સાથળ.

૫. પું. (પુરાણ) સામવેદનો એક ઋષિ.

૬. [સં. ઉરસ્] સ્ત્રી. છાતી.

૭. વ. હૃદય.

૮. વિ. ઉત્તમ; ઉમદા; કીમતી.

૯. વિ. ઉદાર; મોટા મનવાળું.

૧૦. વિ. ઊંચું.

૧૧. વિ. બહુ; ઝાઝું.

૧૨. વિ. મોટું.

૧૩. વિ. વિશાળ; વિસ્તીર્ણ; ફેલાવો પામેલું.

ઉરુઋંગિરસ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

ઉરુકાલ ૧. [સં. ઉરુ (બહુ) + કાલ (વખત)] પું. બહુ સમય; લાંબો વખત.

૨. પું. લાલ ઉંદામણનો વેલો.

ઉરુકાલક [સ. ઉરુ (બહુ) + કાલ (વખત) + ક (વાળું)] પું. ઉંદામણનો લાલ વેલો.

ઉરુક્રમ ૧. [સ. ઉરુ (મોટું) + ક્રમ (પગ)] પું. અપભ્રંશ.

૨. પું. પરમેશ્વર. તે બધા પરાક્રમવાળા હોઈને ઉરુક્રમ કહેવાય છે.

૩. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. (પુરાણ) બાર આદિત્ય માંહેનો માધાથી વામન રૂપ લેનાર એ નામનો એક.

૫. [સં. ઉરુ (મોટું) + ક્રમ (પગલું)] પું. મોટાં પગલાં ભરનાર દેવ; વિક્રમ; વિષ્ણુ. ત્રણ પગલાંમાં પૃથ્વી, પાતાળ અને આકાશ માપી લેવાથી આ નામ પડ્યું છે.

૬. પું. વિષ્ણુનો વામન અવતાર.

૭. પું. સૂર્ય; સૂરજ.

૮. વિ. ઊંચા કરનારનું

૯. વિ. બળવાન; પરાક્રમી.

૧૦. વિ. લાબાં ડગલાં ભરનાર.

ઉરુક્રિય [સં.] પું. (પુરાણ) સર્વસંહારી બહુવાર પ્રગટમાં આવેલ અને મહાભારતના યુદ્ધમાં અભિમન્યુએ મારેલ બૃહદ્બળ રાજાના દીકરા બૃહત્ક્ષત્રનો દીકરો. એનું બીજું નામ ઉરુક્ષય હતું.

ઉરુક્ષય ૧. [સં. ઉરુ (મોટું) + ક્ષિ (રહેવાનું)] પું. વિશાળ મકાન.

૨. વિ. મોટા મકાનમાં રહેનાર.

ઉરુક્ષય આજમીઢીય પું. (પુરાણ) ઋગ્વેદના દસમા મંડલના ૧૧૮ મા સૂક્તનો રચનાર એક ઋષિ.

ઉરુક્ષય ૧. [સં.] પું. (પુરાણ) ઉરુક્રિય રાજાનું બીજું નામ.

૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

ઉરુક્ષિતિ [સં. ઉરુ (મોટું) + ક્ષિતિ (રહેવાનું)] સ્ત્રી. મોટું મકાન.

ઉરુગાય ૧. પું. ઉંટ.

૨. [સં. ઉરુ (વિશાળ) + ગૈ (ગાવું)] પું. ઈશ્વર; પરમાત્મા. જો તેની સ્તુતિ કરે છે, માટે તેનું આ નામ પડ્યું છે.

૩. પું. દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર.
૪. પુ. વખાણ; સ્તુતિ; પ્રશંસા.
૫ પું. વિશાળ ક્ષેત્ર; મોટો ફેલાવો.
૬ પું. વિષ્ણુ.
૭ પું. શ્રીકૃષ્ણ; વાસુદેવ.
૮. પું. સૂર્ય; સૂરજ
૯. પુ. સોમ; ચંદ્રમા
૧૦. વિ. ફેલાયેલું
૧૧. વિ. બધે ઠેકાણે વખાણ થાય એવું.
૧૨. વિ. મહદમાં આવે એવું

ઉરુગૂલા [સં.] પું. એ નામનો એક સર્પ

ઉરુચક્ર ૧. [સં. ઉરુ (મોટું) + ચક્ર (પૈડું)] ન. મોટું પૈડું.
૨. વિ. મોટા પૈડાવાળું.

ઉરુચક્રિભાત્રેય [સં.] પું. (પુરાણ) એ નામનો ઋષિ. તેણે ઋગ્વેદના પાંચમા મંડલના ૬૯–૭૦ સૂક્ત રચેલ છે.

ઉરુચક્રીભાત્રેય [સં.] પું. (પુરાણ) સામવેદનો એ નામનો એક ઋષિ.

ઉરુચક્ષ ૧. પું. આકડો.
૨. પું. સૂર્ય; સૂરજ.,
૩. સ્ત્રી. સાંબી આંખ; વિશાળ નેત્ર.
૪. [સં. ઉરુ (વિશાળ) + ચક્ષુસ (આંખ)] વિ. સાંબી નજરવાળું; દૂરદર્શી.

ઉરુચક્ષા ૧. [સં. ઉરુ (વિશાળ) + ચક્ષુસ (આંખ)] વિ. સ્ત્રી. સાંબી આંખવાળી; વિશાળ નેત્રવાળી.
૨. વિ. સ્ત્રી. સાંબી નજરવાળી; દૂર નજર પહોંચની હોય એવી

ઉરુચક્ષુ [સં. ઉરુ (મોટું) + ચક્ષુસ (આંખ)] વિ. સાંબી નજરવાળું. જુઓ ઉરુચક્ષ

ઉરુજન્મા [સં. ઉરુ (ઉમદા) + જન્મન્ (જન્મ)] વિ. ઉમદા વંશનું; ખાનદાન કુટુંબમાં જન્મેલું.

ઉરુજવ ૧. [અ.] પું. ઓખા.
૨. પું. યુનાની વૈદક પ્રમાણે એક જાતનું તોલ્ક એક ચોખાભાર.

ઉરુજ્રયા [સં.] સ્ત્રી. વિશાલા નામની પુરાણી નદી.

ઉરુતા ૧. [સં. ઉરુ (ઊંચું) + તા (પણું)] સ્ત્રી. ઊંચાઈ.
૨. સ્ત્રી. મહત્પણું; પુજ્યતા.
૩. સ્ત્રી. મહત્તા; મોટાઈ.
૪. સ્ત્રી. લંબાઈ.
૫. સ્ત્રી. વિશાળપણું.

ઉરુતાપ [સં. ઉરુ (ખૂબ) + તાપ (ગરમી)] પું. બહુ ગરમી.

ઉરુત્વ [સં. ઉરુ (ઊંચું) + ત્વ (પણું)] ન. ઊંચાઈ. જુઓ ઉરુતા.

ઉરુધાર [સં. ઉરુ (મોટું) + ધારા (પ્રવાહ)] વિ. બહુ વેગથી વહેવાવાળું; મોટી ધારવાળું.

ઉરુપથ [સં. ઉરુ (વિશાળ) + પથ (રસ્તો)] વિ. બહુ ફેલાયેલું; બહુ વિસ્તારવાળું

ઉરુબિલ્લ [સં. ઉરુ (બહું) + બિલ્વ (ફળ)] વિ. બહુ ફળવાળું.

ઉરુમુક [સં. ઉરુ (ઊંચું) + મુક (ઝાડ)] પું. એરંડાનું ઝાડ

ઉરુમજ્જ [સં. ઉરુ (ઘણું) + મજ્જન્ (પાણી)] વિ. બહુ પાણી પેદા કરનાર.

ઉરુમાલ [સં.] પું. એક જાતનું ઝળતાડ; માખાલ

ઉરુમુંડ [સં.] પું. મથુરા પાસેનો એક પહાડ.

ઉરુલોક ૧. [સં. ઉરુ (ઉમદા) + લોક (માણસ)] પું. ભણેલાગણેલા માણસો; સજ્જનો.
૨. પું. આસમાન; આકાશ.
૩. પું. પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની દુનિયા; અંતરિક્ષ.
૪. વિ. બહુ વિસ્તારમાં પ્રકાશ આપતું.

ઉરુવલ્ક પું. (પુરાણ) ઉગ્રાની કુખે જન્મેલ વસુદેવનો મોટો દીકરો.

ઉરુવા [સં. ઉલૂક] સ્ત્રી. ઘુવડની જાતનું એક પંખી.

ઉરુવુક ૧. [સં. ઉરુ (ઊંચું) + વુક (ઝાડ)] પું. ધોળો એરંડો.
૨. પું. પેટનું વધવાપણું; ઉદરવૃદ્ધિ.
૩. પું. લાલ એરંડો.

ઉરુવૂક [સં. ઉરુ (ઊંચું) + વુક (ઝાડ)] પું. ધોળો એરંડો. જુઓ ઉરુવુક

ઉરુશૃંગ ૧. પું (પુરાણ) શાકદ્વીપના સાત મહિનો એ નામનો ખંડ.
૨. પું. (પુરાણ) શાકદ્વીપમાંનો એક મોટો પર્વત. ધ્રુવાન, ઉરુશૃંગ, બળભદ્ર, શતકેસર, સહસ્રસ્રોતક, દેવપાલ અને મહાસન એ શાકદ્વીપના સાત પર્વત છે.
૩. [સં. ઉરુ (ઊંચું) + શૃંગ (શિખર)] ન. ઊંચું શિખર.

ઉરુશ્રવા પું. (પુરાણ) સોમવંશી નરિષ્યંત; પુરાણ સત્રાજિતનો દીકરો; દેવદત્તના બાપનું નામ.

ઉરુષા [સં. ઉરુ (બહું) + ષા (આપનાર)] વિ. બહુ આપનાર; દાની.

ઉરુષ્ય [સં. ઉરુ (ઘણું) + ષ્ય (આપનું)] વિ. દાન કરનાર.

ઉરુષ્યા [સં.] સ્ત્રી. રક્ષણ કરવાની ઇચ્છા.

ઉરુષ્યુ [સં.] વિ. બચાવવાની ઇચ્છાવાળું.

ઉરુસત્ત્વ ૧. [સં. ઉરુ (ઉદાર) + સત્ત્વ (મન)] વિ. ઉદાર મનવાળું.
૨. [સં. ઉરુ (વિશાળ) + સત્ત્વ (બળ)] વિ. બહુ બળવાળું.

ઉરુસ્તંભા [સં. ઉરુ (સાથળ) + સ્તંભ (થાંભલો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ફ્રેંગ. તેનું થડ સાથળના જેવું બનું હોય છે.

ઉરૂ ૧. પું. ઉકરડામાં કે જૂના ખાણામાં થતો વરો.
૨. પું. ચારી નરપશુ. ઓલાદ કરવા માટે આ પશુ રાખવામાં આવે છે.

ઉરૂઆ ૧. [સં. ઉલૂક] પું. ઘૂક.
૨. પું. પતી અને નાશની નિશાની.
૩. પું. મૂર્ખ માણસ.

ઉરૂક ૧. [સં. ઉલૂક] પું. ઘુવડ; ઘૂક
૨. [ઉરુ (વધારે) + ઉક (ચરબી)] પું. વધારે પડતી ચરબી.
૩. સ્ત્રી. રગ; નસ.
૪. સ્ત્રી. હગદર.
૫. ન. સાકેક હાથ ઊંચું અને કરોક હાથના પેરાવાળું તુલ નામનું ઝાડ. તે ઉત્તર હિંદમાં સિંધુ નદીથી બૂતાન સુધી બધે થાય છે.

ઉરૂખલ ૧. [સં. ઉલૂખલ] પું. આંકણિયો.
૨. પું. આપાના હાડકામાંનો કરોળાના આકારનો આડો.

ઉરૂજ ૧. [અ. અરૂજ (તે ચઢ્યો)] પું. ચડતી; ઉન્નતિ.
૨. પું. આવ; ચઢાણ.
૩. ન. શિરોબિંદુ; ટોચ.

ઉરૂજ (ઉરૂઝ) [અ. અરૂઝ (તેણે માપ બતાવ્યું)] પું. છંદશાસ્ત્ર; પિંગળ; પદ્યનાં નિયમો.

ઉરૂદરપટલ [સં. ઉરસ્ (છાતી) + ઉદર (પેટ) + પટલ (પડદો)] પું. શ્વાસોચ્છ્વાસ, મળત્યાગ, પ્રસવ અને તેના જેવી બીજી ક્રિયાઓને વહન કરતો સ્તનવાળાં પ્રાણીઓની છાતી અને ઉદરપુટ વચ્ચે આવેલો, કરોળને તેમ જ આજુબાજુ પાંસળીઓની નીચલી કોરને વળગેલાકોરે ચોંટેલો, અજનળી, પોરીનસ

તથા શિરાઓના મુખદ્વારવાળો સ્નાયુવાળો પડદો.

ઉરૂપગૃહ [સ. ઉરસ્ (છાતી) + ઉપગૃહ્ (ઢાંકવું)] ન. છાતીએ છાતી લગાડી કરાતું આલિંગન.

ઉરૂપી ૧. [સ્ત્રી. રૂપાળું (સિવાળ)] પું. સિવાળ જેવો એક જાતનો કૂતરો.

૨. સ્ત્રી. (પુરાણ) ઐરેણ નામના નાગની દીકરી અને અર્જુનની સ્ત્રી; ઉલૂપી.

ઉરૂભય [સ્ત્રી. ઃ ભૌ) + ભ (ભાવે) + ૩ (ભૌ)] અ. સમક્ષ; દેખ ઓથી રીતે; સન્મુખ; પ્રત્યક્ષ; મોઢામોઢ.

ઉરૂવિલ્વ [સં.] ન. અજાની પાસે અને રાજગૃહથી વીસ માઈલ ઉપર આવેલ એ નામની જગ્યા. ત્યાની નૈરંજના નદીકાંઠાના વનમાં સિદ્ધાર્થે તપ કર્યું હતું.

ઉરૂશુક ૧. [સ. ઉરુ (ઉરુ) + શુક (ગાય)] પું. ઐરેણનું ગાય.

૨. ન. ઐરેણિયું; ઘિવેલ.

ઉરૂષાણ [સ. વરુષ્] અ. જળોદય; પાણીનો દેવતા; વરુણ.

ઉરૂલ ૧. [સ. ઉરુ (ખૂબ) + ઉલ્ (ખળકવું)] વિ. ચડતી ઉન્નતિવાર.

૨. વિ. માતૃભૂમિ ઉપર પ્રેમ રાખનાર.

૩. વિ. સ્વચ્છંદી.

૪. વિ. સ્વતંત્ર; મુક્ત.

ઉરૂવા ૧. [સં. ઉલૂક] પું. ઘૂક.

૨. પું. પક્ષી અને નાગની નિશાની.

૩. પું. મૂર્ખ માણસ.

ઉરૂવાળ ૧. [સં. ઉત્તર (એક દિશા) + વસ્ (રહેવું)] સ્ત્રી. વાણિયાની એક જાત; ઓસવાળ. નગરની પૂર્વ દિશાએ વસતા વાણિયા પુરૂવાળ કે પોરવાડ, ઉત્તરમાં વસનાર ઉરૂવાળ અથવા ઓસવાલ, દક્ષિણમાં રહેતા પટોળીયા અને પશ્ચિમ દિશાએ વસવાટ કરી રહેનાર શ્રીમાળી વાણિયા કહેવાયા.

૨. ન. વાણિયાની એ નામની જાતનું માણસ.

૩. વિ. વાણિયાની એ નામની એક જાતનું.

ઉરૂશુક [સં. ઉરુ (ઉરુ) + શુક (ગાય)] પું. ઐરેણનું ગાય.

ઉરૂષૂક [સં. ઉરુ (ઉરુ) + શુક (ગાય)] પું. ઐરેણનું ગાય.

ઉરૂસ ૧. [અ. ઉર્સ (લગ્નવિધિ જગ્યાનું)] પું. પવિત્ર પુરુષની પધાતની યાદ માટે કરેલું ખાણું; મહાત્માની સમરણી એટલે મરણતિથિની ઉજવણી.

૨. પું. મેળો.

૩. [અ. ઉર્સ (લગ્નનું જગ્યાનું)] પું. લગ્નનું જગ્યાનું.

૪. સ્ત્રી. નવી પરણેલી સ્ત્રી.

ઉરૂસી ૧. પું. જપેનમાં થતું એક ઝાડ. તેના ચટકાથી નીકળતા મુંદામાંથી રંગ અને રોગાન બને છે.

૨. [અ. ઉરૂસ (દીકરી)] વિ. લગ્ન સંબંધી

ઉરે ૧. [સ. અવર] અ. આ બાજુએ

૨. અ. આગળ ઉપર.

૩. અ. દૂર.

ઉરેઘારે ૧. અ. આડુંઅવળું; ઘાવે તેમ.

૨. અ. દેખતાંની સાથે જ; બેતાવેત.

ઉરેણ ૧. [સં.] સ્ત્રી. ત્રાંસા ટટ્ટા કરી સીવેલી એક જાતની ચોરણી.

૨. સ્ત્રી. પગે અધોવસ્ત્ર થાય તેવી એક જાતની ચોગણી.

૩. વિ. ઊતરતું; ગુજ્યું.

ઉરેણ કી-ઉરેણી બાતે = ગુજ્યાની જોરેલી વાતો.

૪. વિ. ત્રાંસ, બૂણાત્રાંસ

૫. વિ. વાંકુચૂકું; આડુંઅવળું.

ઉરેણઘાઢ ૧. [ઉરેણ (ત્રાંસું) + ઘાટ (આકાર)] પું. અધોવસ્ત્ર થાય એવી ટ્રાપડની ત્રાંસી ચેતરણ.

૨. વિ. ત્રાંસું.

ઉરેણસાદી [ઉરેણ (ત્રાંસું) + સાદી (પ્રમાણની પાતળી તળતી)] સ્ત્રી. ત્રાંસા પાથરેલા ઓપચ્યર.

ઉરેણુઆં ૧. [સ. ઉરેણ] વિ. ઊતરતું.

૨. વિ. ત્રાંસું.

૩. વિ. વાંકું

ઉરેથર ન. અવેરી નદીના ખોલ આગળનું ખોલ રાજ્યનું એક મુખ્ય બંદર.

ઉરેલ ૧. [સં. ઉલ્લેખ] ન. ચિત્રામણ.

૨. ન. નકશો.

ઉરો [સં. ઉરસ] પું. પેટની ઉપરનો છાતીનો ભાગ

ઉરોગ્નાગ્નિ ૧. [સં. ઉરસ (છાતી) + અગ્નિ (બળાર)] ન. પેટે ચાલતું પ્રાણી.

૨. ન. હલકું માણસ; અધમ.

૩. વિ. પેટે ચાલતું.

ઉરોગુહા [સં. ઉરસ (છાતી) + ગુહા (ગુફા)] સ્ત્રી. પાંસળીઓ વચ્ચે રહેલો પોલો ભાગ; છાતીની પેટી. છાતીની અંદર હૃદય, ફેફસાં વગેરે જોહીના જીવન્ત અને ચાલોચ્છ્વાસની ક્રિયા માટેના ઉપયોગી અવયવો રહેલા હોવાથી પુરુષે તેનું પાસળીઓથી રક્ષણ કર્યું છે. ચાલોચ્છ્વાસની ક્રિયા દરમિયાન આ ગુહા નાની મોટી થતી રહે છે. છાતીની દરેક બાજુએ બાર પાંસળી સાધારણ રીતે હોય છે, પણ કયારેક એક તેરમી જોડ પણ માલૂમ પડે છે. પુરુષની છાતી કરતાં સ્ત્રીની છાતી નીચે આપેલી બાબતોમાં જુદી પડે છે: ૧. સ્ત્રીની છાતીનો વિસ્તાર ઓછો હોય. ૨. તેમનું ઉર:ફલક અથવા છાતીની આગલી બાજુનું ચપડ ઢાંકકું ટૂંકું હોય, તેમજ પુરુષના ઉર:ફલક કરતાં સહેજ નીચું હોય. ૩. સ્ત્રીની ઉપલી પાંસળીઓ વધારે સરળતાથી હાલીચાલી શકે. જેથી છાતીનો ઉપલો ભાગ સરળતાથી ફૂલે. તેમજ હર્ષ, શોક, નિરાશા વગેરે મનની પ્રવૃત્તિઓની અસર સ્ત્રીની છાતી ઉપર જેટલી પ્રત્યક્ષ આવે.

ઉરોચ્છદ ૧. [સ. ઉરસ (છાતી) + છદ્ (ઢાંકવું)] પું. છાતી બરાબર ઢાંકવાનું.

૨. પું. ફેફસાંના પડનો સોજો.

ઉરોઘાત ૧. [સં. ઉરસ (છાતી) + ઘાત (ઝખમ)] પું. છાતી ઉપરનો ઘા; હૃદયમાં બંધેલ ઝખમાત.

૨. પું. ફેફસાંને સોજો થતી છાતી બરાબર ન ચાલે એવો રોગ; ઉરોઘાત.

ઉરોજ ૧. [સં. ઉરસ (છાતી) + જન્ (જન્મવું)] પું.; ન. સ્તનદેવ; મનોજ; મદન.

૨. પું.; ન. છાતી; સ્તન; કુચ; પયોધર; થાન.

૩. વિ. હૃદયમાંથી ઉત્પન્ન થયેલું.

ઉરોજિહ્વામૂલિકા [સં. ઉરસ (છાતી) + જિહ્વા (જીભ) + મૂલિકા (મૂળ)] સ્ત્રી. ઘોડાવરિયાના મોઢાનાળના અંદરના ભાગમાં જીભ ઉપરથી નીકળતી એ નામની એક પેશી; 'રેટનો-હાઈઓઇડ'.

ઉરોદરપટલ [સં. ઉરસ (છાતી) + ઉદર (પેટ) + પટલ (પડદો)] પું. છાતી અને પેટની મધ્યોદ્ર વચ્ચે આવેલ પડદો; 'ડાયાફ્રમ'.

ઉરોદર્શક [સં. ઉરસ (છાતી) + દર્શક (બતાવનાર)] ન. છાતી તપાસવાની ભૂંગળી; 'સ્ટેથોસ્કોપ'.

ઉરોદરપટલ [સં. ઉરસ (છાતી) + ઉદર (પેટ) + પટલ (પડદો)] પું. છાતી અને પેટની મધ્યોદ્ર વચ્ચે આવેલ પડદો; 'ડાયાફ્રમ'.

ઉરોદેશ ૧. [સં. ઉરસ (છાતી) + દેશ (ભાગ)] પું. છાતી; વક્ષ:સ્થલ.

૨. પું. પેટની ઉપરના ભાગનો ભાગ.

ઉરોનલ [સં. ઉરસ (છાતી) + નલ (નળી)] પું. ઉરોદેશ ભાગના કરોડની નળી; વક્ષ:સ્થલની નળી.

ઉરોનળ પું. સ્તનમાંની ધાવણની નાની નળીઓ જેમાંથી થઈને દૂધ મોટો નળ.

સર્વ દુઃખનાશકોનો સંયોગ થઈ એક નળ થાય છે તેને ઉરોનળ કહે છે.

ત્રિભોવન ઝવેર

ઉરોપરીક્ષણયંત્ર [સં. ઉરસ્ (છાતી) + પરિ (ચારે તરફ) + ઈક્ષણ (તપાસ) + યંત્ર (સાધન)] ન. હૈયું, હૃદય વગેરે અંગો તપાસવાનું સાધન; ઉરોદર્શક; 'સ્ટેથોસ્કોપ'.

ઉરોબૃહતિ સ્ત્રી. એક વૈદિક છંદનું નામ.

ઉરોભંગ ૧. [સં. ઉરસ્ (છાતી) + ભંગ (તૂટી જવાપણું)] પું. હતાશ થવાપણું.

૨. વિ. હતા એટલે ભાંગેલ હૃદયનું; હતાશ.

ઉરોભાગ [સં. ઉરસ્ (છાતી) + ભાગ (અંશ)] પું. છાતી.

ઉરોભૂષણ ૧. [સં. ઉરસ્ (છાતી) + ભૂષણ (ઘરેણું)] ન. છાતીનો અલંકાર; હાર.

૨. વિ. છાતી શોભાવનાર.

ઉરોમંગ [સં. ઉરસ્ (છાતી) + ઉમંગ (આનંદ)] પું. આનંદ.

ઉરોમાપક [સં. ઉરસ્ (છાતી) + માપક (માપનાર)] ન. હૈયું, હૃદય વગેરે તપાસવાનું સાધન.

ઉરોમૂલા [સં. ઉરસ્ (છાતી) + મૂલ (મૂળ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. છાતીના મૂળમાં રહેલી.

ઉરોરુહ [સં. ઉરસ્ (છાતી) + રુહ (ઊગવું)] પું. થાન; સ્તન.

ઉરોવઠ્ઠહા [સં. ઉરસ્ (છાતી) + અવટુ (ડોકનો પાછલો ભાગ) + દા (નાશ કરવું એવા અર્થનો પ્રત્યય)] સ્ત્રી. ગળાના મૂળમાં રહેલી એક ઢૂંકી અને પહોળી પેશી; 'સ્ટર્નોમાસ્ટોઇડિયસ'. આ પેશી સ્વરયંત્ર એટલે ગળકોટાને નીચે ખેંચે છે.

ઉરોવસ પું. છાતીનો ભાગ.

ઉરોવીક્ષણયંત્ર [સં. ઉરસ્ (છાતી) + વીક્ષણ (તપાસ) + યંત્ર (સાધન)] ન. હૈયું, હૃદય વગેરે અંગો તપાસવાનું સાધન; ઉરોદર્શક.

ઉરોસ્થિ [સં. ઉરસ્ (છાતી) + અસ્થિ (હાડકું)] ન. છાતીનું હાડકું; 'સ્ટર્નમ'. તેની બંને બાજુએ પાંસળીઓ જોડાય છે.

ઉરોહસ્ત [સં. ઉરસ્ (છાતી) + હસ્ત (હાથ)] ન. એક જાતનું બાહુયુદ્ધ એટલે હાથથી કરાતી કુસ્તી.

ઉરોહાનિકર [સં. ઉરસ્ (છાતી) +. હાનિ (નુકસાન) + કર (કરનાર)] વિ. છાતીને નુકસાન કરતું.

ઉર્ગ ૧. પું. એક જાતનો ઝેરી.

૨. પું. ક્ષત્રિયનો વહ્ન ઓથી બનેલ દીકરો.

૩. [સં. ઉરસ્ (છાતીએ ચાલનાર)] પું. સર્પ; સાપ.

ઉર્ગદ [સં. ઉરસ્ (સર્પ) + અદ (ખાવું)] પું. ગરુડ પક્ષી.

ઉર્ગુમ વિ. નવરોકું; ફોકરવરણ.

ઉર્જ ૧. પું. એ નામનું એક દ્રવ્યનસત્વ; ઓજ.

૨. પું. ચોખા; ચાવલ.

ઉર્જયંત પું. ગિરનાર પર્વતનું એક જૂનું નામ.

ઉર્જયંત વ. જૂનાગઢનું પુરાણું નામ.

ઉર્જિત ૧. [સં. ઊર્જ (બોલવું) + ઇત (એલ)] વિ. બોડેલું, તદ્દન દીધેલ.

૨. વિ. પ્રખ્યાત; બનેલું.

૩. વિ. વધેલ.

ઉર્જસ્વી [સં. ઓજસ્વિન્] વિ. તેજવાળું; પ્રકારમય.

ઉર્ણ ૧. [સં. ઊર્ણા] ન. ઊન.

૨. ન. કપાસમાં રુવાંટાથી થતું એક જાતનું ચિહ્ન.

ઉર્ણનાભ [સં. ઊર્ણ + નાભિ (ડૂંટી)] પું. કરોળિયો.

ઉર્ણનાભિ [સં. ઊર્ણ (ઊન) + નાભિ (ડૂંટી)] પું. કરોળિયો. નાભિમાંથી ઊન સમી લાળ કાઢે છે એટલે તેને ઊર્ણનાભિ કહે છે.

ઉર્ણા ૧. [સં.] સ્ત્રી. ઊન.

૨. સ્ત્રી. કપાસમાં રુવાંટાથી થતું ચિહ્ન.

૩. સ્ત્રી. સ્વાયંભુ મન્વંતરમાંના અત્રિનિ ઋષિની સ્ત્રીનું નામ.

ઉર્ણિકા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ઉર્દૂ [હિં.] પું. ઘરઃ કપડાની કરચલી.

ઉર્દુબર ૧. [ઉર્દુ (ઘર) + બર (કરનાર)] પું. ઘર પાડનાર ચાકૂસ.

૨. વિ. કરચલી પાડનાર.

ઉર્દૂ [હિં.] પું. બાજરો.

ઉર્દુક પું. મહિષાસુર જેવા એક જૂના સેનાપતિનું નામ.

અસિલોમા, ઉર્દુક, બિડાલ, બાષ્કલ, ત્રિનેત્ર, કાલજંઘ અને બાણપંચક એ મહિષાસુરના જૂના સેનાપતિ હતા. ભાગવતી ષોડશ

ઉર્દુપર્ણી [હિં. ઉર્દુ (બાજરો) + પર્ણી (પાંખવાળું)] સ્ત્રી. બાવાપર્ણી; જંગલી બાજરો.

ઉર્દોબેગાની [હિં.] સ્ત્રી. બાદશાહી કુલાનામાં ઓબેજોના રક્ષક તરીકે કામ કરતી હથિયારબંધ સ્ત્રી.

ઉર્દિબહિશ્ત [ફા.] પું. કબીસી સનના મહિનાનો તેમ જ ઈરાનીઓના મહિનાનો ત્રીજો દિવસ.

ઉર્દિબહિશ્ત [ફા.] પું. ઈરાની બીજા મહિનાનું નામ. તે અંગ્રેજી એપ્રિલ અને મે માસમાં આવે છે.

ઉર્દી ૧. [ફા.] સ્ત્રી. પાનખર ઋતુનો પહેલો મહિનો.

૨. [ઉર્દૂ (બાજરી)] સ્ત્રી. સિપાહીનો બોકસરખો પોશાક; બહુપેસા; 'યુનિફોર્મ'.

ઉર્દૂ ૧. [તુ. ઉર્દૂ] સ્ત્રી. બજાર.

૨. સ્ત્રી. લશ્કર.

૩. [ઉર્દૂ (બાજરી)] સ્ત્રી. લશ્કરી બાજરી; 'ટ્રુપ'.

૪. સ્ત્રી. સદર બજાર; લશ્કરની બાજરી પાસેની બજાર.

૫. સ્ત્રી. હાલની અમુલવન બારેની એક લિપિનું નામ.

૬. સ્ત્રી. હિંદી, ફારસી, અરબી અને તુર્કી ભાષાના મિશ્રણવાળી ફારસી લિપિમાં બોલાતી ને ઉત્તર હિંદુસ્તાનમાં બોલાતી એક ભાષા; લશ્કરી બાજરીની બોલી; હિંદુસ્તાનમાં સાહિત્ય ધરાવનાર તેર માંહેની એક આર્ય ભાષા. મુસલોના વખતમાં ફારસી દરબારી ભાષા હોવાથી ઉર્દૂમાં ઘણા ફારસી શબ્દો દાખલ થયા. બંધારણમાં ઉર્દૂ ભાષા આવી છે, તોપણ તેમાં એટલા બધા ફારસી શબ્દ છે કે તે ફારસી ન જાણનારને સમજવી મુશ્કેલ પડે. લશ્કર અને બજારમાં જુદાજુદા દેશના ને જુદીજુદી ભાષા બોલનાર લોક હોય છે. શાહજહાન બાદશાહના વખતમાં બધી ભાષા મળીને એક ભાષા ઉત્પન્ન થઈ હોવાથી તેનું નામ ઉર્દૂ પડ્યું.

ઉર્દૂ બે મુઝબલા = (૧) બાદશાહની ભાષા. (૨) દિલ્લી અથવા શાહજહાનાબાદ. (૩) દિલ્લી તરફની રૂઢિ. (૪) બાદશાહી બાજરી.

ઉર્દૂ-બજાર [ઉર્દૂ (બાજરી) + બજાર] સ્ત્રી. લશ્કર માટેની ખાસ બજાર; બાજરી બજાર.

ઉદ્ઘિજ્જાય [સં. ઉદ્ (ઉપસર્ગ) + આગમ (તંત્ર)] ન. એ નામનું એક શક્તિતંત્ર.
શક્તિતંત્રમાં બ્રહ્મદેવે ક્રમશઃ (૧) પૂર્વામ્નાય, (૨) દક્ષિણામ્નાય, (૩) પશ્ચિમામ્નાય, (૪) ઉત્તરામ્નાય, (૫) ઉર્ધ્વામ્નાય અને (૬) અધરામ્નાય કહ્યા છે. સ્તોત્રસરિતા

ઉદ્ર [સં.] પું.; ન. જળબિલાડો; પાણીનો બિલાડો; માછલાં ખાઈને નભનાર એક જાતનું પાણીમાં રહેતું બિલાડું; 'ઓટર'. તેની ઘણી જાત છે. તેને મોટું ચપટું માથું, ટૂંકા પગ અને ચામડીથી વળગેલ આંગળાં હોય. તેની રુંવાટી સુવાળી અને કીમતી હોય છે.

ઉર્ધ [હિં.] પું. અડદ.

ઉર્ન [સં.] વિ. ઊનનું.

ઉર્ની પું. (પિંગળ) ત્રિમાત્રી ઇંદની જાતનો ૯૮ લઘુ અને ૧૫ ગુરુ મળી ૧૨૮ માત્રાવાળો એક માત્રામેળ છંદ.

ઉર્દૂ ૧. [અ., અરબ (તેણે બોલાવ્યો)] ન. ઉપનામ; બોલાવવામાં વપરાતું નામ.
૨. વિ. સામાન્ય રીતે બોલાતું.
૩. અ. ઉરેઃ અથવા; અડસેઃ બીજા નામે. જેમકે, બનારસ ઉર્ફે કાશી.

ઉર્ફી ૧. પું. એક પ્રખ્યાત ફારસી કવિનું નામ.
૨. [અ. અરબ (તેણે બોલાવ્યો)] વિ બજારુ ગ્રામ માટે જાદેરુ; બદનામ.

ઉર્ફે ૧. [અ. અરબ (તેણે બોલાવ્યો)] વિ નામથી બોલાવાતું.
૨. વિ. સામાન્ય રીતે બોલાતું.
૩ અ. અથવા; કિંવા; અગર; અડસે.
૪. અ. ઉરેઃ વધારે બોલાવાતું હોય તે નામે.
૫. અ. વાનેઃ મોટેસેઃ મતલબ કે.

ઉર્વરતા [સ. ઉર્વર (પદ્ય) + તા (પ્રત્ય)] સ્ત્રી. ઉપજાઉપણું; ફળદ્રુપતા; રસાળતા.

ઉર્વરા [સં. ઉર્વર (પદ્ય)] સ્ત્રી. ફળદ્રુપ જમીન; રસાળ ભૂમિ.

ઉર્વરાભૂમિ [સં. ઉર્વર (પદ્ય) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઉપજાઉ જમીન; ફળદ્રુપ ભોં.

ઉર્વારુક [સં. ઉરુ (મોટું) + રુહ (ઝાડ)] ન. એરંડાનું ઝાડ.

ઉર્વીર [સં. ઉર્વર (પદ્ય)] વિ. ઘણું સંતાન પેદા કરી શકનારું.

ઉર્વીરતા [સં. ઉર્વર (પદ્ય) + તા (પ્રત્ય)] સ્ત્રી. ઘણું સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ.

ઉર્મન [સં. અર્મમન્] પું. સર્દી; શરદ.

ઉર્મિલા ૧. [સં.] સ્ત્રી. લક્ષ્મણને પરણેલી સીતાની નાની બેનનું નામ.
૨. સ્ત્રી. સાલસપણું; નમ્રતા.

ઉર્યુકા પું. મયૂરની આસપાસનો પર્વત. અશોકના કહેવાથી પાટલિપુત્રમાં આવ્યા પહેલા બૌદ્ધ ધર્મગુરુ ઉપગુપ્ત આ પર્વત ઉપર રહેતો હતો.

ઉર્વ ૧. [સં. ઉરુ] સ્ત્રી. ઉત્તરદી; ઓરિસાની ભાષા.
૨. [અ. ઉર (ઉપાદું)] ન. ખુલ્લા રહેતા ભાગ, પગ, નાક જેવા અવયવ.

ઉર્વાન [અ. ઉર (નાનું)] વિ. ખુલ્લું; કપડાં વિનાનું; ઉઘાડું.

ઉર્વાની [અ. ઉર (નાનું)] સ્ત્રી. ખુલ્લાપણું, ઉઘાડી સ્થિતિ.

ઉર્વિત [અ.] ન. ખાણ; ઝાડ.

ઉર્વી ૧. [અવર (બીજું) + આ (ટાં)] વિ. આ બાજુનું.
૨. [સં. વિરલ] વિ. ભેદરહિત જાં; બહુ બારીક.
૩. અ. આ તરફ; આ બાજુએ

ઉર્વેકાને ૧. [અવર (બીજું) + આ (ટાં)] વિ. આ બાજુનું.
૨. [સં. વિરલ] વિ. ભેદરહિત જાં; બહુ બારીક.
૩. અ. આ તરફ; આ બાજુએ.

ઉર્વે [સં. ઉર (વિશાળ)] ન. મોટું ખેતર.

ઉર્વેહ ૧. [સં. વત્સર] પું. વર્ષ; વરસ.
૨. [સં. વત્સ] પું. વાછરુ

ઉર્વેન [સં. આત્મન્] પું. (જરથોસ્તી) આત્મા; રવાં.

ઉર્વેર ૧. [અવ.] પું. ઝાડ.
૨. [સં. ઉર્વ (પદ્ય)] વિ. અધિક; પુષ્કળ; ઘણું.

ઉર્વેરત્વ [સં. ઉર્વેર (પદ્ય) + ત્વ (પ્રત્ય)] ન. ફળદ્રુપતા.

ઉર્વેરા ૧. [સં. ઉર્વી (પૃથ્વી)] પું. એક સૂત્રકાર સાંકેતિક એટલે સંકેતવાળા શબ્દ. પૃથ્વી એક હોવાથી આ શબ્દ એકના અર્થમાં વપરાય છે.
૨. સ્ત્રી. એ નામની એક અપ્સરા.
૩. સ્ત્રી. ઝાડ.
૪. સ્ત્રી. દરેક જાતની ખેતીથી લાયેલી જમીન; બધાં ધાન્યવાળી ભોં.
૫. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.
અમલા વિપુલા સકલા બલા ઉર્વેરા સોય;
સોના અવની કુંભની મહિ મેદિની હોય.
પિંગલપ્રકાશ

૬. સ્ત્રી. ફળદ્રુપ જમીન; ઉપજાઉ ભૂમિ.
૭. સ્ત્રી. વાળનું મૂંચળું.
૮. વિ. ફળદ્રુપ; ઉપજાઉ; જરખેજ.

ઉર્વેરામ ૧. [અવ. ઉર્વર; સં. ઉર્વરા (ઝાડ)] પું. ઝાડ.
૨. પું. (જરથોસ્તી) દાડમીનું મૂળ અથવા છાળી.
૩. ન. દાડમીનું પાંદડું.

ઉર્વેરિત ૧. [સં. ઉર્વર (વધારે) + ઇત (પામ્યું)] વિ. પાકું; પુષ્કળ.
૨. વિ. બાકી રહેલું.

ઉર્વેરી ૧. [સં. ઉરુ (મોટું)] સ્ત્રી અડિયાતી સ્ત્રી.
૨. સ્ત્રી. રોટિયાની ચાકળાથી કાઢેલા બે તાંતણા.

ઉર્વેર્ય ૧. પું. રહ્ય; સિધ્ધ; ડાહ્યર.
૨. [સં. ઉર્વર (પદ્ય)] વિ. અનાજ વધારે પાકતું હોય એવી જમીનમાં થતું.

ઉર્વ્ય ૧. [સં.] પું. એક ઋષિનું નામ.
૨. [સં. ઉર્વી (પૃથ્વી)] પું. પૃથ્વી ઉપર ફરનાર પિતૃદેવ.

ઉર્વેશી ૧. [સં.] પું. બ્રહ્મદેવના દક્ષમા મંડલના ૬૫ આ સૂક્તની અમુક ઋચા રચનાર ઋષિ.
૨. સ્ત્રી. અંશુ નામના સૂર્યની સાથે માગશર મહિનામાં રહેતી એક અપ્સરાનું નામ.
૩. સ્ત્રી. એ નામની એક દેવી. એનું મુખ્ય દેવાલું બદરિકાશ્રમમાં છે.
૪. [સં. ઉરસ (હૃદય) + વસ્ (વાળે પ્રત્યં)] સ્ત્રી. (પુરાણ) એક અપ્સરા. સામાન્ય હૃદયને વશ કરનારી અપ્સરા; પુરૂરવાની સ્ત્રી. એ સાતે અપ્સરામાં એક ગણાય છે. તેને જોવાથી મિત્રાવરુણનું વીર્ય ઝર્યું હતું. મિત્રાવરુણના શાપને લીધે એણે પુરૂરવા સાથે સંબંધ બાંધ્યો. કેશી નામનો દૈત્ય તેનું હરણ કરી ગયો. તેની પાસેથી પુરૂરવાએ છોડાવી, ત્યારથી તે અરસપરસ ચાહતાં થયાં. વળી એમ પણ કહ્યા છે કે સ્વર્ગમાં ઉદ્ઘની સભામાં નાટારંભમાં ઉર્વશીથી પુરૂરવાનું નામ લઈ જવાયું તેથી શાપિત થઈ પૃથ્વીમાં આવી પુરૂરવાને વરણી. શાપ એવો હતો કે 'તારાથી ઉત્પન્ન થયેલા પુત્રનું જ્યાંસુધી રાજા દર્શન ન કરે ત્યાંસુધી તું પુરૂરવા રાજાની સેવા કર'. ઘણો વખત પુરૂરવાએ અને ઉર્વશીએ આનંદમાં ગાળ્યો. ઉર્વશીને ગર્ભ રહેવાથી તેને ચિંતા થઈ કે હવે મારે રાજાનો વિયોગ થશે. તેથી તેણે ગર્ભાધાન થતાં એક સુકુમાર પુત્રને જન્મ આપી ચ્યવન મુનિના આશ્રમમાં રહેતી સત્યવતી નામે તપસ્વિનીને સોંપ્યો. પુરૂરવાએ દીકરો ન હોવાથી ઘણા દાન અને યજ્ઞયાગ કર્યા,

ને પટરાણી સાથે ગંગાકિનારે સ્નાન કરવા ગયો. ત્યાં કાંઠે મૂકેલાં કપડાંમાંથી ઊંચી કીમતનો લાલ રંગનો સંગમમણિ એક ગીધ પક્ષી માંસનો લોચો ધારી ઉપાડી ગયું. પણ નજીકના વનમાંથી કોઈ તીર નામના કુમારે તીરથી તેને મારી તે મણિ રાજાને આપ્યો. આ કુમારને જોઈ રાજા બહુ રાજી થયો. ત્યાં તો સાસવતીએ આવી વાત કરી કે આ પુત્ર ઉર્વશીનો છે અને કોઈ ઋષ્યમુખ મને સોંપેલ. આ જાણી રાજા બહુ જ ખુશ થયો, પણ ઉર્વશી રોવા લાગી. રાજાએ ઋષ્ય પૂછતાં પોતાને થયેલ શાપની વાત કરી. રાજા બેસુધ બન્યો. એવામાં પુરૂરવાના મિત્ર ઇંદ્રે સ્વર્ગમાંથી નારદજી સાથે ઉર્વશીને આપ્યો જન્મારો રાજાની સ્ત્રી થવાનું ક્લેવરાવ્યું સૌ રાજી થયાં. રાજાએ મહાન ઉત્સવ ઊજવ્યો અને તેઓએ સાંભો વખત નીતિ ને ધર્મથી રાજ્ય કર્યું. તેને આયુ, અમાયુ, સત્યાયુ, રય, વિજય અને જય એમ છ દીકરા થયા.

ઉર્વશીની ઉત્પત્તિ વિષે ક્લેવાય છે કે પૂર્વે નરનારાયણ ભગવાને બદરિકાશ્રમમાં તપધર્મ કરી હતો. તેને છળવા ઇંદ્રે રંભા, મેનકા વગેરે અપ્સરા મોકલી, પણ એ મહાત્મા મોહમાં ન ફસાતાં ઇંદ્રનું માન ખંડન કરવાને પોતાની જંઘ ઉપર કૃત્ય મૂકી પોતાના તપના પ્રભાવે તેમાંથી એક સ્ત્રી ઉત્પન્ન કરી. તે ત્રિભુવનના રૂપનો સર્વ તેજ એવી સ્વરૂપવાન હતી. તેને જોઈને અપ્સરાઓ શરમાઈને જતી રહી. આ ઉત્પન્ન થયેલ સ્ત્રી ઉર્વશી નામથી પ્રસિદ્ધ થઈ. તેને નરનારાયણે ઇંદ્રને સ્વાધીન કરી હતી. એ ઇંદ્રનું અમોઘ બાણ ક્લેવાય છે.

૫. સ્ત્રી. (પુરાણ) ગંગા નદી. સોમવંશી પુરુકુળમાં જન્મેલ જન્હુવંશના પ્રતાપી રાજા અરણ્યમાં તપ કરતા હતા ત્યારે ગંગા એના ઉપર મોહિત થઈ હતી. તે મૂર્તિમાન બની એમની પાસે આવી એમના જમણા ખોળામાં બેઠી. આ ઉપરથી એનું ઉર્વશી નામ પડ્યું.

૬. સ્ત્રી. છાતી ઉપર પહેરવાનું એક ઘરેણું.

૭. સ્ત્રી. જંઘમાંથી ઉત્પન્નવેલી સ્ત્રી.

૮. સ્ત્રી. તીવ્ર ઇચ્છા; આતુરતા.

ઉર્વશીતીર્થ [સં. ઉર્વશી (એક અપ્સરાનું નામ) + તીર્થ (પવિત્ર જગ્યા)] ન. મહાભારતમાં જણાવેલ એ નામનું એક પુરાણું ધામ.

ઉર્વશીપતિ [સં. ઉર્વશી (એક અપ્સરાનું નામ) + પતિ (ધણી)] પું. ચંદ્રવંશી પુરૂરવા નામનો રાજા.

ઉર્વશીપુલિન [સં. ઉર્વશી (એક અપ્સરાનું નામ) + પુલિન (બેટ)] પું. મહાભારતમાં જણાવેલ એ નામનું એક પુરાણું ધામ.

ઉર્વશીપ્રભવ ૧. [સં. ઉર્વશી (એક અપ્સરાનું નામ) + પ્રભવ (જન્મ)] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. નરનારાયણની જંઘમાંથી ઉર્વશી ઉત્પન્ન થયાનું મનાય છે, તેથી તેનું આ નામ છે.

૨. પું. વિષ્ણુ.

ઉર્વશીરમણ [સં. ઉર્વશી (એક અપ્સરાનું નામ) + રમણ (પ્રેમી)] પું. ચંદ્રવંશનો પુરૂરવા રાજા; ઉર્વશીનો ધણી.

ઉર્વશીવલ્લભ [સં. ઉર્વશી (એક અપ્સરા) + વલ્લભ (પ્રેમી)] પું. ઉર્વશીનો પતિ; ચંદ્રવંશનો પુરૂરવા રાજા.

ઉર્વસી પું. (પિંગળ) નગણ, બે તગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષરનો અતિજગતી-ની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ૭ અને ૬ અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

ન ત ત ર ગ સે મુનિ અંકે **ઉર્વસી** છે.

રત્નાકિંજન

ઉર્વેસ્તી ન. મુખ્ય. ખુશ્બો ઉર્વેસ્ન.

ઉર્વેસ્ન [અવ.] ન. (જરથોસ્તી) મુખ્ય; આતશમાં નખાતું ચંદનનું લાકડું.

ઉર્વોગ ૧. [સં. ઉર્વ (ભોંય) + ઓગ (શરીર)] પું. પર્વત.

૨. પું. ક્ષારસાગર.

ઉર્વ્યા ૧. પું. દાહિયો તાવ; શીત જ્વર.

૨. પું. ધૂજ; કંપારી

૩. [સં.] ન. સીસું.

ઉર્વાઇસ્ત પું. (જરથોસ્તી) સ્વર્ગસ્થાનમાં રહેતો પવિત્ર આતશ.

ઉર્વારુ ૧. [સં.] સ્ત્રી. કાકડી; શ્રાવણ ને ચૈત્ર માસમાં વવાતો અને વૈશાખ તથા જેઠમાં ફળતો લાંબાં અને પાતળાં ફળવાળો જમીન ઉપર ફેલાતો એક વેલો. તેનાં કાચાં ફળ ખાવામાં અને શાકમાં વપરાય છે. ગરમીમાં થતી કાકડી બહુ જ નરમ પાતળી અને મીઠી હોય છે.

૨. ન. ખાખરો.

ઉર્વારુક [સં.] પું. કાકડી.

ઉર્વિયા ૧. [સં. ઉરુ (ભોંય)] સ્ત્રી. ઊંચી ઓ.

૨. સ્ત્રી. નદી.

૩. સ્ત્રી. પૃથ્વી.

ઉર્વિશ ૧. પું. (જરથોસ્તી) ચાતુર્માસમાં પવિત્ર કરેલી ગાયને રાખવાનું પત્થરનું મેજર; આતશનો તબતો.

૨. સ્ત્રી. (જરથોસ્તી) બહોર ધાર્મિક ક્રિયા કરાવનારે ક્રિયા દરમિયાન રહેવાની હદ.

૩. [જ્ઞા.] ન. વાળનું દોરડું.

ઉર્વિસગાહ સ્ત્રી. (જરથોસ્તી) વરસ્યો એટલે ધોળા પવિત્ર બળદના વાળ જે ક્રિયામાં વપરાય તે ક્રિયા કરવાની દરે-મેહેરબાની જગ્યા.

ઉર્વી ૧. [સં. ઉરુ (ભોંય) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઊંચી ઓ.

૨. સ્ત્રી. ચાર દિશા, આકાશ અને પાતાળથી બનેલ વિશાળ જગ્યા.

૩. સ્ત્રી. જંઘનો વચલો ભાગ.

૪. સ્ત્રી. ધરા; ભૂમિ; જમીન.

૫. સ્ત્રી. નદી.

૬. [સં. ઉરસ્ (છાતી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (પુરાણ) પૃથ્વી. જળમાંથી પૃથ્વી રસાતળમાં જવા લાગી ત્યારે તેને વરાહ અવતારે પોતાની છાતી ઉપર રાખી હતી, તેથી તેનું આ નામ પડેલું ક્લેવાય છે.

પૃથ્વી ક્ષિતિ ક્ષોણિ ક્ષમા ધરણી ધાત્રી ધાર;
ઉર્વી જગતી વસુમતી વસુધા સર્વંસહાય.

વિજળજપુરોષ

૭. સ્ત્રી. આવવાનું એક ધર્મસ્થાન એટલે જ્યાં પ્રજા થવાથી બરાબર આપ તેવો કોઈક ભાગ.

ઉર્વીજા [સં. ઉર્વી (પૃથ્વી) + જા (જન્મેલી)] સ્ત્રી. સીતા; જનકી; ભૂમિજા; જનકનંદિની. તે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયાનું મનાય છે, માટે તેનું આ નામ પડ્યું છે.

ઉર્વીધર ૧. પું. પર્વત.

૨. [સં. ઉર્વી (પૃથ્વી) + ધર (રક્ષણ)] પું. શેષનાગ. પૃથ્વીને તે માથે ધરે છે તેમ મનાય છે, માટે તેનું આ નામ પડ્યું છે.

૩. [સં. ઉર્વી (પૃથ્વી) + ધર (પકડનાર)] પું. રાજા.

ઉર્વીનાથ [સં. ઉર્વી (પૃથ્વી) + નાથ (ધણી)] પું. રાજા.

ઉર્વીપતિ [સં. ઉર્વી (પૃથ્વી) + પતિ (ધણી)] પું. ભૂપ રાજા.

ઉર્વીભૃત ૧. [સં. ઉર્વી (પૃથ્વી) + ભૃત (રક્ષનાર)] પું. પર્વત.

૨. [સં. ઉર્વી (પૃથ્વી) + ભૃત (પોષક)] પું. રાજા.

ઉર્વીય [સં. ઉર્વી (પૃથ્વી) + ઈય (ને લગતું)] ન. એ નામનું એક તત્ત્વ 'ઍર્બિયમ'. તે બહુધા જ શુદ્ધ અવસ્થામાં મળે છે.

ઉર્વીરુહ [સં. ઉર્વી (પૃથ્વી) + રુહ (ઊગવું)] પું. ઝાડ. પૃથ્વી ઉપર ઊગતું હોઈને તેનું આ નામ પડ્યું છે.

ઉર્વીશ [સં. ઉર્વી (પૃથ્વી) + ઈશ (પતિ)] પું. નૃપ; ભૂપતિ.

ઉર્વીશ્વર [સં. ઉર્વી (પૃથ્વી) + ઈશ્વર (પતિ)] પું. અધિપતિ; નરેશ.

ઉર્ષ્ય સ્ત્રી. ભાવાની એક પ્રેમનીનું નામ: 'પોએટિકલ આર્ટરિ'.

ઉર્ષ્યા ૧. [સં. ઉરુ (મોટું) + ઈષા (ભાવ)] સ્ત્રી. મોટાઈ; મહત્તા.
૨. સ્ત્રી. રક્ષણ; આશરો.

ઉર્વ્વરત્વ સ્ત્રી. ફળદ્રુપતા; જરખોજ.

ઉર્વ્વરાશક્તિ સ્ત્રી. ફળદ્રુપપણું; રસાળતા.

ઉર્શી ૧. ન. આંબળાઓ સહિત ખજનો આગલો ભાગ; દણો.
૨. [અ.] ન. મરદનના સાંધાની રગ.
૩. ન. તાણવાનું હાથકું.

ઉર્સ ૧. [અ.] પું. ઓલિયાની કબર ઉપર ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરવાની ક્રિયા.
૨ પું. પીરના મરણના દિવસે થતી ક્રિયા.
૩. પું. પેગમ્બર સાહેબની મરણતિથિ રબી-ઉલ-અવ્વલની બારમી તારીખે ભરાતો મેળો.
૪. પું. મુસલમાની સાધુઓની નિર્વાણતિથિ.
૫. પું. લગ્નનું જમણ.
૬. [સં. અનલસ] વિ. આળસ; ઓરસ.

ઉર્હુન [હિં.] પું. કપડો.

ઉલ [સં.] પું. એક જાતનો મૂત્ર.

ઉલઝમ [અ.] પું. વિલાયતી ઘોડ.

ઉલકા ૧. [સં. ઉલ્કા] સ્ત્રી. આકાશનો અગ્નિ; કમારેક કમારેક રાતે લીટીના આકારે આકાશમાં એક તરફથી બીજી તરફ જેમથી જતો કે પૃથ્વી ઉપર પડતો દેખાતો એક જાતનો તેજનો અંગાર.
૨. સ્ત્રી. બળતો તાવો.
૩. સ્ત્રી. ખોરિયું; ઉખાડિયું; કુંવાડું.
૪. સ્ત્રી. જ્વાલા; અગ્નિની શિખા; જ્વાળ.
૫. સ્ત્રી. જ્વાળામુખીમાંથી ઊડેલો અગ્નિ.
૬. સ્ત્રી. બરાબર; બરકો

ઉલકાપાત ૧. [સં. ઉલ્કા (ખરતો તારો) + પાત (પડવાપણું)] પું. તારાનું ખરવાપણું.
૨. પું. (જ્યોત્સ) મોટો ઊલ્કાપાત: ભારે અનર્થ.

ઉલકુલી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ઉલગબરડી (ઉલગબરડી) સ્ત્રી. ઉલગુલાંટ; ગોથા

ઉલગવું સ. ક્રિ. કૂદકો મારવો.

ઉલગાણા ૧. સ્ત્રી. સંગીતના જેવી એક જાત.
ગામ બીયારી વાસુજર ગાણી,
બાર ગામ ઉલગાણા. કાન્હડદેપ્રબંધ

૨. સ. ક્રિ. ઉર્મિમાળા જેવી જાતનું ગણપદ.
૩. વિ. એ નામની જાતનું.

ઉલગુલાંટ [ઉદ્ (ઉલટું) + ગુલાંટ (ગોથું)] સ્ત્રી. આખી ગુલાંટ; આલગોટિયું; આળગોટિયું; માથું જમીન ઉપર મૂકી પગને ઊંચા કરી એકથી બીજા બાજુ લઈ જવાપણું.

ઉલગુલાંટિયું [ઉદ્ (ઉલટું) + ગુલાંટ (ગોથું)] સ્ત્રી. આખી ગુલાંટ; આળગોટિયું; માથું જમીન ઉપર મૂકી પગને ઊંચા કરી એકથી બીજા બાજુ લઈ જવાપણું.

ઉલચવાલચ સ્ત્રી. બેચેની; આકસરીયત; તાવમાં થતી બડબડાટ.

ઉલચવું સ. ક્રિ. પાણી આદી કરવું; ઉલેચવું

ઉલછવું ૧. સ. ક્રિ. આદી કરવું; ઉલેચવું
૨. સ. ક્રિ. હાથથી ઊપાડવું; વિખેરવું.

ઉલટ પું. હાથથી ઊંટીને બી વાવવાની રીત.

ઉલજલુલ [અ.] વિ. નકામ; તાબેદાર.

ઉલઝણ (ઉલઝણ) સ્ત્રી. મૂંઝવણ; ગુંચવણ; ઝંઝટ; મુશ્કેલી.

ઉલઝત (ઉલઝત) સ્ત્રી. મુશ્કેલી; ચિંતા.

ઉલઝન (ઉલઝન) ૧. પું. અવ્યવસ્થા.
૨. [સં. અવરોધન] પું. મૂંઝવણ; ગાંઠ.
૩ પું. ગેરસમજ
૪ પું પેચ. વળ
૫. પું હસાર્ડ જવાબદારી.
૬. પું. કેરફાર
૭. પું. મુશ્કેલી
૮ પું. મૂંઝવણ; ચિંતા; બબાલ.
૯. પું. ચિંતા; બાકળ.
૧૦ પું. ગુસ્સો

ઉલઝપુલઝ (ઉલઝપુલઝ) વિ. અવ્યવસ્થિત.

ઉલઝમ (ઉલઝમ) વિ. ખાસ જરૂરી.

ઉલઝવું (ઉલઝવુ) ૧. સ. ક્રિ. અટકવું.
૨ અ. ક્રિ. તકરાર કરવી; લડવું; ઝગડવું.
૩. અ. ક્રિ. પેચમાં પડવું; મોચ આવી.
૪. અ. ક્રિ. પ્રેમ કરવો.
૫ અ. ક્રિ. ચપટવું
૬ અ ક્રિ. લીન હોવું
૭. અ. ક્રિ. વાદ કરવો, ઝગડો કરવો.
૮. અ. ક્રિ. વિપત્તિ કે મુશ્કેલીમાં ગુંચાવું.

ઉલઝાઓ (ઉલઝાઓ.) [હિ.] પું. આડાઅવળા રસ્તાવાળી ગોઠવણ; ભુલભુલામણી.
૨. પું. કુસંપ.
૩. પું. ગેરસમજણ, અવ્યવસ્થા.
૪. પું. ગેરસમજ.
૫. પું. ફિકર, ચિંતા.
૬. પું. બગાડો.
૭. પું. મુશ્કેલી; ગોટાળો.
૮. પું. મૂંઝવણ; મૂંઝવણી

ઉલઝાવ (ઉલઝાવ) ૧. પું. અટકાવ.
૨. પું. ઝઘડો; તકરાર; પેચ.
૩. પું. કપડાં; ટ્રંકિયો.

ઉલઝાવું (ઉલઝાવું) ૧. સ.ક્રિ. ગૂંચવવું; ગાંઠ પાડવી.
૨. સ. ક્રિ. લીન રાખવું.
૩. સ. ક્રિ. વીંટવું.

ઉલઝેઠ (ઉલઝેઠ) ૧. [સં. અવરોધન; પ્રા. ઓરુઝ્ઝણ] પું. અવ્યવસ્થા; ગોટાળો.
૨. પું. ગેરસમજ.
૩. પું. પ્રતિબંધ; અટકાવ.
૪. પું. હસાર્ડ જવું તે.
૫. પું. ફેરફાર.
૬ પું. મુશ્કેલી; આડચણ.
૭ પું. મૂંઝવણ; ચિંતા.
૮. પું. રસાકસી; તાણ; ખેંચતાણ.
૯. પું. ઘુસ્સા; તોફાન; ઝપાઝપી.

ઉલઝેડા (ઉલઝેડા) જુઓ ઉલઝેડ.
ઉલઝેડામાં ઘસવું = (૧) મૂંઝવાઈ જવું; ગોટવાવું. (૨) મુશ્કેલીમાં આવવું

ઉલટ ૧ [સં. ઉદ્ (ઉલટું) + વૃત્ (ગોળ)] પું. અવળો શબ્દ.
૧. ઉલટ જવું = (૧) ઊલટી અસર થવી. (૨) ઊંધું પડવું. (૩) ઊંધું વળી જવું. (૪) ઊંધું સમજવું. (૫) કમનસીબ થવું. (૬) ખોટવું. (૭) ખાંડું થવું. (૮) બગડું થવું. (૯) ટોચે મળવું. (૧૦) ઊલળું કાઢવું. (૧૧) નાશ પામવું. (૧૨) પાછું આવવું. (૧૩) પીંખેલ હોવું. (૧૪) બદલવું. (૧૫) બગડો કરવો. (૧૬) મરીને નીકળે પડવું. (૧૭) સામું થવું. (૧૮) ગુમલો કરવો.
૨. ઉલટ દેવું = (૧) અર્થ બદલી નાખવો. (૨) આત્મા ન માનવી. (૩) ઊલટી કરવી. (૪) ઊંધું વાળવું. (૫) બદલી કરવું. (૬) બગડવું. (૭) મરીજ કરી નાખવું. (૮) ખરું નાખવું (૯) જૂઠા તરીકે માનવું. (૧૦) તરછોડો કરવો. (૧૧) દાઝ ખાવો. (૧૨) નબળું પાડવું. (૧૩) ના પાડવી. (૧૪) નાશ કરવું (૧૫) પાપું મોકલવું. (૧૬) પાપું વાગવું. (૧૭) પીવું. (૧૮) ફરીથી બોલવું. (૧૯) ફરીથી વાંચવું. (૨૦) બદલવું. (૨૧) મુખ બગાડવું. (૨૨) રદ કરવું. (૨૩) રેડવું. (૨૪) વાચવાનો ઢોંગ કરવો. (૨૫) વાપી જવું. (૨૬) વિચારવું. (૨૭) સામું જોવું કરવું.

૨. પું. ઊંધું વળવાની ક્રિયા.
૩. પું. ખોટી બાજુ.

ઉલટકંબલ ૧. [હિં] પું. એક કૂલનું નામ.
૨. પું. હિંદુસ્તાનના ગરમ ભાગમાં થતું રેસાદાર ઝાડ ને સોદ રંગનું એક ઝાડ. તેની છાલનાં દોરડાં બનાવાય. પ્રકટ રોગમાં તેના મૂળની છાલ ઉપયોગી મનાય છે.

ઉલટચંડાલ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગલી; ગાંજૂલી; કલપી.

ઉલટા ૧. [હિં.] પું. અડદના ફોતરાની એક જાતની મીઠાઈ.
૨. પું. અડદના ફોતરાની મીઠાઈ.
૩. પું. તરબુજો.

ઉલટાણી [રૂ. ઉલ્ટા (ખાલી કરેલું)] સ્ત્રી. આમનું ઊલટું કરવા વપરાતું બોગીનું એક સાધન.

ઉલટાત્રમ [અ. ઓહ ટોમ] પું. એક જાતનો દારૂ.

ઉલટાવ ૧. [સં. ઉદ્ (ઉલટું) + ભૂ (હોવું)] પું. ચક્કર; ચુમાવ; ફેર.
૨. પું. ફેરફાર; પલટાવું તે.

ઉલટાવવું ૧. સ. ક્રિ. ઊંધું વાળવું.
૨. સ. ક્રિ. પરત મોકલવું.
૩. સ. ક્રિ. પાછું મોકલવું.
૪. સ. ક્રિ. ફરીને બોલાવવું.
૫. [રૂ. ઉલ્ટા (ખાલી કરેલું)] સ. ક્રિ. ફેરવવું; ઉથલાવવું; પાકું બદલવું; હોય તેથી ઊલટું કરી નાખવું.
૬. સ. ક્રિ. બદલવું; ફરી કરવું
૭. સ. ક્રિ. સામે પલ્લાવું; પલ્લો કરાવવો.

ઉલટુ [સં. અલક્ત] પું. આળતો; લાખ.

ઉલથવું અ. ક્રિ. ઢોલોળે ચઢવું.

ઉલથા ૧. [હિં.] પું. તરબુજો; અનુવાદ.
૨. [હિં. ઉલથના] પું. તાલ પ્રમાણે પગ ઉછાળવા એવો નાચ.
૩. [મ.] સ. એક મોલ લીધા પછી વાવવા પત્થરની પથ્થર રહેલા દોષવાળી જમીન.

ઉલથાપ સ્ત્રી. ભૂલથાપ; ફેરફેર.

ઉલથો ૧. પું. તરબુજો.
૨. પું. (કચ્છી) સાંજ.

ઉલપ ૧. પું. કલાપી ઋષિના એક શિષ્યનું નામ.
૨. [સં. આલાપ] પું. ગાતી વખતે સ્વરોને ઘૂંટતા જવા તે.
૩. પું. પ્રાણીઓ અને પાંદડાંના જથ્થાવાળો વેલો.
૪. સ. ઘાસચીજો બનાવવામાં વપરાતું કૂણું ઘાસ.

ઉલપતિયો (ઉલપડિયો) પું. એ નામની દેશી રમતમાં ચક્રવિચક્રમાં; ખોખિયામાં. રમનારાઓ બે સરખા ભાગ પાડી દાવ આપનારમાંથી મુખ્ય બચાવ એક બાજુએ ઊભો રહે અને બીજાં ચાર ચાર હાથને છેટે સીધી હારમાં ઊભે પગે બેસે. દાવ લેનારાં સામી બાજુએ ઊભે બચવા બોલ બે બચકની વચ્ચે ઊભાં રહે. દાવ આપનાર મુખ્ય બચ્ચે આસપાસ ફરી દાવ લેનારી ટોળીવાળાને પકડવા દોડાદોડ કરે. પણ બહારથી બે બોલ બોકરાંની વચ્ચે પેસી બચ્ચ તો તેણે ચક્ર બીજો બચાવ અને તેને દાવ આપવો પડે. દાવ લેનારમાંથી કોઈને સામાવાળો પકડે ત્યારે વચ્ચમાં બોલ બીજો બચ્ચ ઊભો થાય અને દાવ લેનારને પકડવા દોડતાં દોડતાં આડે ત્યારે બચવા કોઈને બચાવનો લાગ આવેલો બચ્ચાય ત્યારે દાવ દેનારમાંથી એકને 'બો', 'બા' કે 'સીતા' કહી એકદમ હાકલો મારી બસેડે અને પોતે તેની જગ્યાએ ઊભો રહે. એક ટોળીવાળા સામી ટોળીના બોલે પકડે તે રમતમાંથી દૂર થાય. બધા પકડાઈ બચ ત્યારે રમત પૂરી થાય.

ઉલપા પું. (પિંગળ) ભગણ, નગણ અને ગુરુ મળી સાત અક્ષરની ઉષ્ણિક્ છંદની એક જાત. તે સમવૃત્ત વર્ણમેળ છંદનો છે.

બાનમપી ઉલપા. રઘુપિંગળ

ઉલપી [સં. ઉલપિન્] પું. સિંધુસાર ઋષિ; મુનિ.

ઉલપોયા પું. (પિંગળ) બત્રીસેય વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં બે ભગણ, રગણ અને બગણ મળી બાર અને બીજા અને ચોથા પાદમાં મગણ, ભગણ, રગણ અને બગણ મળી બાર વર્ણ હોય છે.

ઉલપ્ય ૧. [સં.] પું. રહ્યા રાકર.
૨. વિ. પાસવાળા કેસમાં રહેનાર.
૩. વિ. ઝાણી અને પાંદડાંના જથ્થાવાળું.

ઉલફત (ઉલ્ફત) [અ. ઉલ્ફત] સ્ત્રી. દોસ્તી; પ્યાર.

ઉલઝન (ઉલ્ઝન) પું. ખ્યાલ; ચેતન.

ઉલટકુલી સ્ત્રી. કુલફિયાના છોડ જેવો અને તે કે અડી હાથ ઊભો વધતો એક છોડ. તેની ટોમળ ડાળી તેમ જ કાતરિયાં જેવાં પાંદડાં શાકભાજીમાં વપરાય છે.

ઉલફતવા સ. ક. સ. જથ્થામાં આપવું.

ઉલબણ [હિં.] પું. ગાંડ.

ઉલભા ૧. [અ. ઇલમ (તેણે જાણ્યું); ઇલ્મિમ (પંડિત)નું બહુવચન] પું. પંડિતો; વિદ્વાનો.
૨. પું. મુસલમાનોની ધર્મસભા ભરનાર માણસ.

ઉલમુક [સં. ઉલ્મુક] પું. (પિંગળ) અંગારો.

ઉલમુખ ૧. [સં. ઉલ્મુક] પું. અંગારો.
૨. પું. કાકડો; મશાલ.
૩. સ્ત્રી. દાતરડા જેવી નાની છરી.

ઉલરગુલર સ્ત્રી. એ નામની વનસ્પતિ. તેનાં પાન ઢોર ખાય તો દૂધ વધે. તે પાંડુ, આમનો રોગ, કૃમિ અને ઉપરસ ઉપર વપરાય છે.

ઉલરવું અ. ક્રિ. આરામ લેવો.

ઉલરાવવું [સં. ઉદ્ (ઊંચું) + લસ્ (ઉછાળવું)] સ. ક્રિ. રમાડવું; લાલન કરવું.

ઉલવણ વિ. (પિંગળ) પ્રકટ.

ઉલવા ૧. સ્ત્રી. રબારીની એ નામની બકરી.
૨. સ. એ નામની બકરીનું બચ્ચું.
૩. વિ. રબારીની એ બકરીનું.

ઉલવાતથન પું. ઋગ્વેદના દસમા મંડલના ૧૮૫મા સૂક્તના કર્તા ઋષિનું નામ.

ઉલવાતાયન પું. સામવેદના એક ઋષિનું નામ.

ઉલવી [હિં.] સ્ત્રી. એક જાતની બાજરી. તેમાંથી એક જાતનો સરેસ નીકળે છે.

ઉલશ [રૂ.] સ. મોટા માણસે અથવા ધર્મોપદેશકે આપેલા ઓરાકનું ભોજન.
ઉલશ કરવું = ચાખવું; કોળિયો લેવો.

ઉલષવું [સં. ઉદ્ (બહાર) + લષ્ (ઇચ્છવું)] સ. ક્રિ. ઇચ્છવું; અભિલાષા રાખવી.

ઉલસઆલસ ૧. [સં. આલસ્ય (આળસ)] સ્ત્રી. આળસ; પ્રમાદ.
૨. સ્ત્રી. બેચેની; અસ્વસ્થતા.

ઉલસાવવું ૧. [સં. ઉદ્ (બહાર) + લસ્ (પ્રકાશવું)] સ. ક્રિ. પ્રકાશ આપે એમ કરાવવું; પ્રકટાવવું.
૨. સ. ક્રિ. પ્રફુલ્લિત કરવું.
૩. સ. ક્રિ. હરખાવવું; આનંદ કરાવવો.

ઉલહના ૧. [સં. ઉપાલંભ] પું. ઠપકો.
૨. પું. તકરાર; ઝગડો.
૩. પું. તહોમત; આળ.
૪. પું. દોષ; વાંક.
૫. પું. કરિયાદ.

ઉલળાવવું [સં. ઉદ્ (ઉપર) + લલ્ (ઊછળવું)] સ. ક્રિ. ઊછળે એમ કરાવવું.

ઉલંબ [સં. ઉલમ્બ] વિ. નાચું; ઊપાડું.

ઉલંગવું [સં. ઉત્ (ઉપર) + લંઘ્ (કૂદવું)] સ.ક્રિ. ઓળંગવું; કૂદકો મારવો.

ઉલંઘન ૧. [સં. ઉત્ (ઉપર) + લંઘ્ (કૂદવું)] સ. અતિક્રમ; ઓવંગવાપણું; હદ વટી જવી તે.

૨. ન. દોષ; અપરાધ; વાંક; ગુનો.

૩. ન. વિરુદ્ધ જવાપણું; અનાદર.

ઉલંઘવું ૧. [સં. ઉત્ (ઉપર) + લંઘ્ (કૂદવું)] સ.ક્રિ. અવગણવું; અનાદર કરવો; 'ઓપવું.

૨. સ.ક્રિ. ઓળંગવું.

૩. સ.ક્રિ. પાર ઊતરી જવું; કૂદાવી જવું; ઉપર જઈને જવું.

૪. સ.ક્રિ. મર્યાદા બહાર જવું; હદ વળોટવી.

ઉલંઘાવવું [સં. ઉત્ (ઉપર) + લંઘ્ (કૂદવું)] સ.ક્રિ. ઓળંગે એમ કરાવવું.

ઉલંઘાવું [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (કૂદવું)] સ.ક્રિ. હદ વળોટે એમ કરાવું

ઉલંઠવું [સં. ઉદ્ (બહાર) + લંઠ્ (કૂદવું)] સ.ક્રિ. કૂદવું.

ઉલંભડો (ઉલભડો) ૧. [સં. ઉપાલંભ] પું. ઠપકો; ઓલું.

૨. પું. તકરાર; ઝઘડો.

૩. પું. તહોમત; આળ.

૪. પું. દોષ; વાંક.

૫. પું. ફરિયાદ.

ઉલંભો [સં. ઉપાલંભ] પું. ઓલું. જુઓ ઉલંભડો.

ઉલા ૧. [સં. ઊર્ધ્વ] ન. પેટાનું બચ્ચું; ભિસરું

૨. ન. બકરીનું બચ્ચું; લવારું.

ઉલાઓના [સં. ઉપાલંભ] પું. ઠપકો. જુઓ ઉલંભડો.

ઉલાક [જા.] પું. ઓક બતની નાની બોટી.

ઉલાજ [સં. ઉલૂક] પું. ઘુવડ.

ઉલાટ [સ. ઉદ્ (ઉલટું) + પાટ (પાર્ટ)] સ્ત્રી. ઊંધો રસ્તો; ઊલટો માર્ગ.

ઉલાટ જવું = ખસકવું

ઉલાઠ (ઉલાડ) ૧. [સં. ઉદ્ (ઉલટું) + ષ્ણુ (કેરવવું)] વિ. ઊંધું વાળી જાય એવું.

૨. [સં. ઉદ્ (ઊપર) + પ્લુષ્ (કેરવું)] વિ. બે પૈડાંવાળા વાહનના પાછળના ભાગમાં વધારે વજનવાળું.

ઉલાડવું (ઉલાડુ) [સં. ઉદ્ (ઊપર) + પ્લુષ્ (કેરવું)] સ.ક્રિ. ઊંચું વાળવું.

ઉલાણ ૧. [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવું)] વિ. ઊલળી જવું; ઓક તરફના વધારે ભારથી નમી પડવું; ઊંધી બાજુ જોવું.

૨. વિ. ગાડાગાડીમાં પાછળ ભાર વધી ગયો હોય જોવું.

૩. વિ. (બૃ.પ્ર.) પીની ગયેલ.

ઢાંકણ વર્ષે વાસ્યાં **ઉલાણ**,
કહિને ઓક થયું નિવાણ. ભાસ્કર

ઉલાના [હિં.] સ્ત્રી. આખી સેવા વગ આપવાપણું.

ઉલામણ ૧. [સં. કુલકુલી (આનંદના આવેશમાં સ્ત્રીઓની ઓલાતો અવાજ વાચક)] ન. પ્રેમ; લાડ; સ્નેહ; કુલામણ.

૨. ન. 'મ' અક્ષર.

૩. ન. ચોંપાઈ; ઓઢવું ઢોલાવવું. પથ્યા બેસવાં મરી ગયાં પછી એમાંથી છોકરું હોય તે કુલામણનું કહેવાય છે.

૪. ન. હરખ; આનંદ

ઉલાયો [સં. આવર્તિ (ઘંટી)] પું. ઓળાવો; આજુબાજુમાં ફરતાં પશુ ન હોય ત્યારે તેને બાંધવા (ફરતી) આવી નિશાની. કૂવિયા કે આના પછી આવતા બીજા એવી આજુબાજુની રાશમાં તે સ્વભાવ છે. જેમકે, કા. ૪)ક્ર; અજ ૫)ના.

ઉલાર ૧. [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવું)] પું. ઉલાળા; ગાડા વગેરેના પાછળના ભાગમાં વધારે વજન હોવું તે.

૨. પું. ઢાળ; ઢોળાવ.

૩. વિ. બે પૈડાંવાળા વાહનમાં પાછળ વધારે વજનવાળું.

ઉલારવું સ.ક્રિ. ચુવાડવું

ઉલારા [હિં.] પું. (સંગીત) ગીતાલાપ અંતમાં ગવાતું પદ.

ઉલારો ૧. [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવું)] પું. ઉલાળો.

૨. પું. આળો; ઠપકારત.

ઉલાલ [સં. ઉદ્ (ઉલટું) + પ્લુષ્ (કેરવવું)] પું. ગાડાના પાછળ ભાગમાં ભારનું વધી જવાપણું. જુઓ ઉલાર.

ઉલાવવું [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવવું)] સ.ક્રિ. ઉલાળવું. જુઓ ઉલાળવું.

ઉલાલ પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો ઓક અર્ધસમકલિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ને ૧૩ માત્રાએ યતિ, વિષમ ચરણમાં ૩, ૧૦, ૧૧ માત્રાએ અને સમ ચરણમાં ૧, ૮, ૯ માત્રાએ તાલ આવે.

ઉલાસો [સં. ઉલ્લોચ (ઓઢું ઓઢવું)] પું. આખ્યાનની ઓકસરખા રાગની કડીઓને બીજા રાગમાં પૂરી કરવી તે; વાલણ.

ઉલાવકી સ્ત્રી. સચુનિયા વિદ્યા ઓટલે પંખીની બોલી ઉપરથી શુભ અશુભ ભણવાના શાસ્ત્ર સામે બોધો કરનાર વિદ્યા.

ઉલાવવું [સં. ઉદ્ (બહારે) + વપ્ (બોલવું)] સ.ક્રિ. બોલાવવું; પોકારવું.

ઉલાહના ૧. [સ. ઉપાલંભ] પું. ઠપકો.

૨. પું. તકરાર; ઝઘડો.

૩. પું. તહોમત; આળ.

૪. પું. દોષ; વાંક.

૫. પું. ફરિયાદ.

ઉલાહન્નાર [સં. ઉપાલંભ] પું. ઠપકો. જુઓ ઉલાહના.

ઉલાળ ૧. પું. ઢોળાવ; ઢાળ.

૨. પું. પાણીનું ઓકું; પાણી ચડવું તે.

૩. [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવું)] પું. બે પૈડાંવાળા વાહનના પાછળના ભાગમાં વધારે વજન હોવું તે; ગાડામાં ભારનું વધી જવું તે.

૪. વિ. બે પૈડાંવાળાં ગાડાગાડીમાં પાછળ વધારે વજનવાળું; ઊલળતું.

આગળ ભેંસો ધરાળ નથી ને પાછળ બોજ ઉલાળ નથી = (૧) કોઈ જોનારના ને વાળ મેરવાળ નથી. (૨) પાછળ કોઈ જોનાર ને રોનાર નથી.

ઉલાળવું ૧. [સં. ઉદ્ (ઊંચું) + પ્લુષ્ (કેરવું)] સ.ક્રિ. ઊલળવું; ઊંચું કેરવું; ઉડાડવું.

૨. સ.ક્રિ. ઊંચું કરવું; આગળથી ઊંચું કરવું.

૧. **ઉલાળી મારવું** = (૧) ઊંચું કરવું. (૨) બંધ કરવું.

૨. **નેણ ઉલાળવાં** = આંખથી ઇશારો કરવો.

૩. સ.ક્રિ. ગાડીના પાછળ ભાગમાં વધારે વજન મૂકી નમાવવું.

૪. સ.ક્રિ. ઊંચાળું મારવું.

૫. સ.ક્રિ. બાધ કરવું; મારી નાખવું; ઊંચી દેવું; આટોપવું.

૬. સ.ક્રિ. વમનમાં પડવું મૂકવું.

ઉલાળાકૂંચી [ઉલાળો (આગળિયો) + કૂંચી (ચાવી)] સ્ત્રી. બારણાનો ઉલાળો ઉઘાડવા બનાવેલી પાકી સળી.

ઉલાળાઝંઝ પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો ઓક અર્ધસમકલિ માત્રામેળ છંદ. જુઓ ઉલાલ.

ઉલાળાવવું સ.ક્રિ. ઉલાળવું એમ કરાવવું.

ઉલાળાનું જ. ક્રિ. ઉલાળે એમ થવું.

ઉલાળિયું ૧. ન. અવળચમાં મૂકી રેવાયલું.
૨. ન. મારી નાખવાપણું; બંધ કરવું તે.
૩. ન. દીવાળું.

ઉલાળિયો ૧. પું. અહર ફેંકવાપણું; ઉલેચ ઉપાડવું તે.
૨. પું. ઉલાળો; અજવાળો; આગળો.
૩. પું. મારી નાખવું તે; સમાપ્તિ.
૪. પું. અવાજદારી દેવી રેવાપણું.
૫. પું. ઠેકો; ફૂદકો.
૬. પું. દુર્બળ; ખરાબ ઉપયોગ.
૭. પું. દીવાળું.
૮. પું. નામની કીમતે વેચી રેવું તે.
૯. પું. વિનાશ.
૧૦. પું. બીનું જોડ બનતું ઘસેલું.

ઉલાળો ૧. [સં. ઉદ્ (ઉત્) + ધૂલ્ (ફેંકવું)] પું. આનંદનો ઉછાળો; ઊમળકો, ઉપલાવો.
૨. પું. ઉલાળો; અજવાળાનાં કારણે ખુલ્લા રાખમાં પૂરું કરવાપણું; ઊપલો; વાસણ.
૩. પું. ઊપલો; ઊલેચો.
૪. પું. કારણ; કોયારો; ચાળો.
૫. પું. ઠેકો; ફૂદકો.
૬. [સં. ઉલ્લોલ (મો૰ ભેગું); જ્ઞે. ઉલાળો] પું. પાણીનું મોલું.
૭. [સં. અર્ગલ (આગળો)] પું. બારણું બંધ રાખવાનું અટકણિયું; ભોગળ; આગળો; આગળિયો.
૮. પું. ભરતી; પાણી આવું તે.
૯. પું. મોળ; ઓથારો; વમન ચીતરી.
૧૦. વિ. ઉલટ; મીઠું ન માનનારું.
૧૧. વિ. સુકાન વગરનું.

ઉલાંઝ ૧. [હિં.] પું. ઓઢ બનતી હોડી. તેનો અગ્ર ભાગ ઘણો પહોળો હોય. તે બનાવટ, બોઝા વગેરેને પાર ઉતારવા માટે વપરાય છે.
૨. પું. પ્રસવપત્ર આવવા બચ્ચાનો સંબંધ.
૩. પું. ટપાલ; ડાક.
૪. ન. ટપાલનું પત્ર.
૫. વિ. બહુ.
૬. વિ. તાજું.

ઉલાંઝપત્ર જ. ટપાલનું પત્ર; 'પોસ્ટ કાર્ડ'.

ઉલાંકવું ૧. સ ક્રિ. કૂદવું.
૨. સ. ક્રિ. લેવું ન લેવું કરવું.
૩. સ. ક્રિ. ચકરી કરવી.
૪. સ. ક્રિ. સંકોચ કરવો.
૫. સ. ક્રિ. સામે પાર દોડી જવું; ઓળંગવું.

ઉલાંઠી [હિં. ઉલાંઝ (ટપાલ)] સ્ત્રી. ઉલાંઝનો; ટપાલ લઈ જનાર ચોપિનો.

ઉલાંઘવું ૧. [સં. ઉલ્લંઘ્ (ઓળંગવું)] સ. ક્રિ. કૂદવું.
૨. સ. ક્રિ. સામે પાર દોડી જવું. જુઓ ઉલાંકવું.

ઉલાંઝ [હિં.] પું. ઓઢ બનતી હોડી. જુઓ ઉલાંઝ ૧.

ઉલાંઘવું જ. ક્રિ. કૂદવું. જુઓ ઉલાંકવું.

ઉલાંઘો ૧. [સં. ઉદ્ (ઉત્) + ધૂલ્ (ફેંકવું)] પું. આંચકો.
૨. પું. ધક્કો; ટેકો.

ઉલાંઝ ૧. [સં. ઉદ્ (ઉત્કૃ) + ધૂલ્ (જવું)] સ્ત્રી. ઊંચું વધી જવું તે; ઉલટાઈ જવાપણું; ગુલાંઝ.
૨. સ્ત્રી. ઓળંગવું તે; પેલી પાર નીકળવું તે.
૩. સ્ત્રી. કૂદકો; ઠેકાંગ; કૂદાંગ.

ઉલાંઝગુલાંઝ ૧. સ્ત્રી. ગુલબુલાટિયું; ઓટાબાજી; નવસારી તરફની ગુલાંટ નામની રમવાની ઓટારાની ઓઢ રમત.
૨. [ઉલાંઝ (કૂદકો) + ગુલાંઝ (ઉલટું જવું તે)] સ્ત્રી. માથું જમીન ઉપર રાખી પગ ઊંચા કરી ઊલટાઈ જવાપણું; ઊલટી ગોબ; મોટીમાંડું.

ઉલિંઝ [સં.] પું. ખાજ; ખણાંકું; ફોલણી.

ઉલિત [સં. ઉદ્ (ઉપર) + લી (ચમકવું)] જ. આભો; ભભો.

ઉલિંઝ ૧. [સં.] પું. ઓઢ દેવનું નામ.
૨. પું. શિવ; શંકર; મહાદેવ.

ઉલીચવું [સં. ઉદ્ (ઉપર) + ધૂલ્ (ઓચવું)] સ. ક્રિ. પાણી ભરાર માટી ઠોઠો રેવું.

ઉલુ [સં. ઊક] વિ. મોટું; વિશાળ.

ઉલુઆ [હિં.] જ. ઓઢ બનતું ઘાસ.

ઉલુકાવી [તે.] સ્ત્રી. પહોળા ચાપડીની ઓઢ બનતું; ખાસના નામનો ડાબનો ઓઢ.

ઉલુકી સ્ત્રી. મારણવિદ્યા ઓઢલે પશુપખીની ભાષા ઉપરથી ભવિષ્ય ભાખવાની કળાનો વિશેષ કરતી ઓઢ સ્ત્રિનું નામ.

ઉલુખાદન [તુ.] પું. ઓઢ તુર્કી ખિતાબ.

ઉલુપ [સં.] પું. ઓઢ બનતું કૂણું ઘાસ.

ઉલુપી ૧. પું. ઓઢ બનતું જળજંતુ; સિંશુમાર.
૨. [સં. ઉલુપિન્] પું. હિંદુ અજોરિકમાં બહું ઓઢ બનતું પીળું પદ્મ ભાત અને કાળા રંગવાળું કુકડ.

ઉલુલખાઝમ (ઉલુલખાઝમ) [અ. ઉલ્ (ઓઢાઈ) + ખાઝ (તે) + અઝમ (ઓઢું)] સ્ત્રી. મહત્ત્વાકાંક્ષા; મોટી આશા વાળું.

ઉલુલખાઝમી (ઉલુલખાઝમી) [અ. ઉલ્ (ઓઢાઈ) + ખાઝ (તે) + અઝમ (ઓઢું) + ઈ (વાળું)] સ્ત્રી. મહત્ત્વાકાંક્ષા; મોટી આશા.

ઉલુલ અઝમ [અ. ઉલ્ (ઓઢાઈ) + ખાઝ (તે) + અઝમ (હુકમ)] પું. બ. વ. સત્તાવાળા માણસો.

ઉલૂ ૧. [અ. અલી (ઊંચું)] પું. ઓટાર્ય.
૨. [સં. ઉલૂક (ઘૂક)] પું. એ નામનું ઓઢ ગ્રાઝ. ઘૂક તેના ઉપર બેસતું હોવાથી આ નામ પડેલ છે.
૩. સ્ત્રી. ઓઢ બનતું ઘાસ.
૪. સ્ત્રી. પુલક.
૫. વિ. તે જ.

ઉલૂક ૧. [સં.] પું. (પુરાણ) અમૃત સાચવનાર દેવ.
૨. પું. ઘૂક.
૩. પું. (પુરાણ) ઓઢ પ્રાચીન દેશ. પાંડવોના વખતમાં અહીં ભૂદત્ત નામનો રાજા હતો.
૪. પું. (પુરાણ) મહાન મુનિ.
૫. પું. ગોરાણી અકિંચનવાડી ઓઢલે ધાર્મિક ક્રિયામાં નહિ જનાર બાહેના ઓઢનું નામ.
૬. પું. દક્ષના ક્ષેત્રમાં આમંત્રિતમાં ફેલાયેલો ઓઢ ધર્મ.
૭. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલ ઓ નામનો ઓઢ રાજા.
૮. પું. (પુરાણ) ભીમ સિરપપાક્ષ દૈત્યના ચાર બાહેનો મોટો દીકરો.
૯. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ ઉલૂક દેશ નજીકનો ઓ નામનો ઓઢ પર્વત.
૧૦. પું. (પુરાણ) વિશ્વામિત્રનો મોટો દીકરો.
૧૧. પું. (પુરાણ) શકુનિનો દીકરો. દુર્યોધને ઓને પુલ તરે ચતા પહેલાં પાંડવો પાસે દૂત તરીકે ઉપપ્લવ્ય નગરમાં મોકલેલો. ત્યાંથી પાછો ફર્યો ત્યારે સહદેવે પ્રતિજ્ઞા કરી હોવાથી કે હું તને અને તારા બાપને યુદ્ધમાં મારીશ. ઓ જ પ્રમાણે ઓ સહદેવને હાથે મરાયો. ઓને દૈવત પણ હોતા.
૧૨. પું.; ન. સિંધો ઝાઝરી ઓવારી નખોરામાં બારાર્ય રોકતું અને રાત્રિએ બહાર નીકળતું ઓ નામનું પંખી; પુલક; ઘૂક.
૧૩. ન. ઓઢ બનતું ઘાસ.

ઉલૂકજિત [સં. ઉલૂક (ઘૂક) + જિત્ (જીતનાર)] પું. કાગડો. તે ઘૂકને હેરાન કરે છે.

ઉલૂકદર્શન [સં. ઉલૂક (મહાન મુનિ) + દર્શન (તત્ત્વ)] જ. મહાન મુનિનું બનાવેલું વૈશેષિક તત્ત્વ.

ઉલૂકનરપતિ ૧. [સં. ઉલૂક (ઘૂક) + નરપતિ (રાજા)] કું. ઘણું મોટું ઘૂક.
૨. કું. મૂર્ખનો સરદાર.

ઉલૂક પક્ષી કું. કથામા સૈકામાં આર્યાવર્તમાં ચાલતો એક ધર્મ.

ઉલૂકપાદ [સં.] કું. પોતાના પગમાં થતો એક જાતનો રોગ.

ઉલૂકયાતુ [સં.] કું. એ નામનો એક રાક્ષસ.

ઉલૂકી [સં.] સ્ત્રી. તામ્રાની દીકરી ઘુડીની દીકરી.

ઉલૂખલ ૧. [સં.] કું. ઉખરાનું લાકડું.
૨. કું. ઊખળ; ખાંડણિયો; ખરલ.
૩. કું. ઊંડો ખાડો.
૪. કું. ગૂગળ.
૫. કું. ગોખલો
૬. કું. ચોરિયા મકાનના બે આજાનબા વચ્ચેનું ધૂંસરું; તખેલું.
૭. કું. નાનું મુકાણ; સાંબેલું.

ઉલૂખળો [સં. ઉલૂખલ] કું. ખાંડણિયો. જુઓ ઉલૂખલ.

ઉલૂમ [સં. ઉલૂક] કું. (પ્રાકૃત) ઘુવડ.

ઉલૂમો ૧. [સં. ઉલૂકી] સ્ત્રી. એક જાતની વિદ્યા. જુઓ ઉલૂકી
૨. સ્ત્રી. ઘુવડની માદા.

ઉલૂત ૧. [સં.] કું. અજગર.
૨. કું. અજગરની જાતનો એક સાપ.
૩. કું. (પુરાણ) એક જૂના ઋષિનું નામ. તે મહાભારતમાં વર્ણવેલ છે.

ઉલૂપ [સં.] કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ઉલૂપી ૧. [સં. ઉલૂપિન્] કું. એક જાતનું માછલું; શિશુમાર.

> સારી અનિમિષ વજ્ર તિમિ પ્રમુખોના ચાલીસ; માર ઉલૂપી અંડજ વૈસાણિ કુળ મીન. પિંગલપ્રકાશ

૨. સ્ત્રી. એ નામની નાગકન્યા; ઐરાવતવંશી કૌરવ્ય નામની કુવરી. અજુનાહન તેનો દીકરો થાય. પાંડવોની સામે લડવામાં યુધિષ્ઠિર અને દ્રૌપદીના એકાંતવાસમાં ધનુષ્ય લેવા જવા અર્જુનને ફરજ પડવાથી તે તરત પ્રસંગે બાર વર્ષ વનવાસ જવા તૈયાર થયો. રસ્તામાં નાહતી વખતે નાગકન્યા ઉલૂપીના જોવામાં તે આવ્યો. અર્જુન ઉપર મોહિત થતા તે એને પાતાળમાં લઈ ગઈ અને તેની સાથે પરણી. આ વખતે તેને ઇરાવાન દીકરો થયો. મણિપુર ગામમાં યુદ્ધ થતાં અર્જુન મરી ગયો, ત્યારે ઉલૂપીએ એને ફરી સજીવન કર્યો હતો. બાર્બરીક સાથે અર્જુન સહાયમાટે હિમાલય ઉપર ગયો ત્યારે ઉલૂપીએ સંતાનમાં પડીને પોતાનો જૈવ ત્યાગ કર્યો.

ઉલૂફ (ઉલૂફ) [અ. અલ્ફ (ઉન્સ)] ન. બ. વ. ઊંટારો.

ઉલૂફત (ઉલૂફ્ત) [અ. અલ્ફ (તેણે અપનાવ્યું)] કું. રોજ; પ્યાર; ચેતન.

ઉલૂમ [અ. ઇલ્મ (જ્ઞાન)] ન. બ. વ. શાસ્ત્રો; વિદ્યા.

ઉલૂમ વ ફુનૂન = વિદ્યા અને કળા.

ઉલૂમાલી [જુ.] સ. એક જાતનું ઝાડ. તેના ફૂલમાંથી અત્તર જેવું થાય છે, પીળું અને પોચું તેલ બાળવા અને ઔષધ લાયે છે.

ઉલૂરા [તુ.] કું. મોટા માણસે મોકલેલું ભેટું

ઉલૂહિયત [અ. ઇલાહ] કું. દેવ.

ઉલૂહિયા [અ. ઇલાહ] કું. દેવ; ઉલૂહિયત.

ઉલેખે ૧. [ઉદ્ (વિનાનું) + લેખું (હિસાબ)] અ. બાંધ્યા; નામનું; નિરુપયોગી રીતે.
૨. અ. મરવા પ્રસંગ; નાહક.

ઉલેચ ૧. [સં. ઉલ્લોચ] કું. ચંદરવો; છત.
૨. કું. લુહારનો કટકો; કમાલ; ટાંકોડિયું. ઉનાળામાં તાંબા પિત્તળના લોટામાંનું પાણી ઠંડું રાખવા તેને વીંટાળવામાં આવતો કટકો.
૩. [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (ખેંચવું)] સ. ઉલેચતાં નીકળતો પદાર્થ
૪. સ. બહાર કાઢવું તે; ઉલેચવું કરવાપણું.

ઉલેચણો (ઉલેચણે) [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (ખેંચવું)] કું. પાણીના વાસણમાંથી પાણી લેવા માટે રાખવામાં આવતું લાકડું સાધન; કળસા; કુલડી

ઉલેચણિયો ૧. [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (કાઢી નાખવું)] કું. પાણી ઉલેચવાની એક જોડણા.
૨. કું. પાણી ઉલેચવાનું વાસણ.

ઉલેચણી ૧. [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (ખેંચવું)] સ્ત્રી. ગોળામાંથી પાણી લેવાનું કામ.
૨. સ્ત્રી. ચાંદની; છત; ચંદરવો.
૩. સ્ત્રી. પાણી ઉલેચવાનું વાસણ નાનો ઉલેચણો.
૪. સ્ત્રી. પાણી ઊંચે ચઢાવવાનો સંચો.

ઉલેચણો ૧. [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (કાઢવું)] કું. ગોળામાંથી પાણી બહાર કાઢવા વપરાતી ડોલ; પાણી ઉલેચવાનું કામ.
૨. કું. ચંદની; છત; ચંદરવો.
૩. કું. પાણી ઉલેચવાનો સંચો.

ઉલેચવું [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (ખેંચવું)] સ. ક્રિ. ઊંડેથી પાણી ભરિયા વગેરેથી ઓછું ઓછું બહાર કાઢવું; ઓછે ઓછે પાણી બહાર ફેંકવું; ઉલેડવું.

ઉલેચે અંધારું ન જાય = (૧) અસંભવિત બાબત મેળવી શકાય નહિ. (૨) ઉલેચવાથી અંધારું દૂર કરી શકાય નહિ.

ઉલેચાવવું [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (કાઢવું)] સ. ક્રિ. પાણી બહાર કાઢે એમ કરવું.

ઉલેચાવું [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (ખેંચવું)] અ. ક્રિ. પાણી બહાર નીકળે એમ થવું.

ઉલેચો ૧. [સં. ઉલ્લોચ] કું. ચંદરવો; છત; ચાંદની.
૨. [સં. ઉદ્ (બહાર) + ઇંચ્ (કાઢવું)] કું. પાણી ઉલેચવાનું વાસણ; ઉલેચણો.
૩. કું. રમાલ; ટાંકોડિયું.

ઉલેનું [સં. અસ્ત] વિ. આથમતું; અસ્ત પામતું, ઊતરતું.

ઉલેમા [અ. ઉલમા; આલિમ (વિદ્વાન)નું બહુવચન] કું. વિદ્વાનો; ઉસ્તાદ.

ઉલેર ૧. [સં. ઉત્તર (ઊતરું)] વિ. ઊતરું.
૨. વિ. વધવાના વલણવાળું.
૩. વિ. વાંકી ગયેલું; બોકું થઈ ગયેલું.

ઉલેલ ૧. [સં. ઉલ્લોલ] સ્ત્રી. ઉમંગ; હોંસ.
૨. સ્ત્રી. ભોગ; તેજી; ઉભારો.
૩. સ્ત્રી. નદીનું પૂર.
૪. વિ. પરવા વિનાનું.

ઉલેસ [સં. ઉલ્લોચ (છત)] સ. ઢાળવાળી ઓપરનાં બોલાંનું ઢાંકણ; ઉલેચો.

ઉલેંડવું [સં. ઉદ્ (બહાર) + લંડ્ (ફેંકવું)] અ. ક્રિ. ફેંકવું.

ઉલૈદ કું. એક જાતનો જૂના વખતનો કપડામાં મળી આવતો પથ્થર.

ઉલૈદ જૂરાસ્ત્રિક કું. એક જાતનો બકરો. જુઓ ઉલૈદ.

ઉલૈડું [હિ. અલ્લડ] વિ. વિચારને નહિ માનતું; પ્રતિકૂળ.

ઉલોંધો ૧. કું. (કચ્છી) પશ્ચિમ દિશા.
૨. વિ. આથમતું; પશ્ચિમ તરફનું.

ઉલ્ ૧. [અ.] અ. (આકરણ) નો; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. અરબી ભાષામાં બે શબ્દને

જોડવા તેમની વચ્ચે આ શબ્દ મુકાય છે. જેમકે, નિકામ–ઉલ્–મુકક.

૨. [સં.] વ. કિ. બાળવું.

ઉલ્કામ (ઉલ્કમ) [સં.] સ્ત્રી. ઉદ્વાનઃ ઉદ્વાવસ્થી.

ઉલ્કા ૧. પું. દક્ષમા સૈકામાં આવર્તનમાં આવતા એક વર્ગનું નામ.

૨. [સં.] સ્ત્રી. અગ્નિઃ ભરતો તારો; એક પ્રકાશિત પિંડ. અંધારી રાતે જોઈ શકાય એવડી ઉલ્કાની રોજની સરાસરી સંખ્યા ૭,૫૦૦,૦૦૦ હોય. તે અત્યેક્ષ માર્ગે આકાશમાં અદીતહી ફરે છે. પણ તેનો એક મોટો જથ્થો સૂર્યની ચોતરફ કેતુઓની કક્ષામાં ફરતો હોય છે. પૃથ્વી જ્યારે સૂર્ય આસપાસ તેના માર્ગમાં ફરે છે ત્યારે તે એવા અનેક સાથે અથડાય છે. પૃથ્વી આ ઉલ્કાક્ષેત્રમાંથી દરેક તેત્રીસમે વર્ષે તા. ૧૪ નવેમ્બર ઝગઝગ નીકળે છે. તે વખતે ઉલ્કાનો વરસાદ જોવામાં આવે છે. ઉપગ્રહિબંધ એટલે વિદ્યુતવૃત્ત ઉપરના ૧૨મા ક્રેતામાં તે જેવી તેજસ્વી દેખાય, તેવી બીજે દેખાતી નથી. તેનો રંગ રાતો, પીળો, નારંગી, લીલો, સોફ્ટ, નીલો એમ અનેક જાતનો હોય. વેગ દર સેકંડે કરાથી પચાસ માઈલનો હોય છે. હવાની સાથે ઘસારાથી તે સળગી ઊઠે. દરરોજ લાખો ઉલ્કા પડે છે, પરંતુ તેમાંથી એકાદ માત્ર જ પૃથ્વી સુધી પહોંચે. બાકીની તો વાતાવરણમાં બળી જઈ સખ થઈ હવામાં ભળી જાય. કેટલીક ઉલ્કા તાન ભારીક હોવાથી પળભર દેખાઈ અદશ્ય થાય. કેટલીક તેથી મોટી હોય તે ક્રમશઃથી આકાશનો ભાગ વટાવીને જમીન ઉપર પડતી દેખાય. તેનું તેજ બહુ જ હોય. કેટલીક તો વળી નીચે આવતાં આવતાં બહુ જ મોટી થઈ ચંદ્ર જેવડી પણ દેખાય અને તેનું તેજ શુક્ર કે ચંદ્ર જેવું અથવા તેથી પણ વધુ દેખાય. કોઈ વાર મોટી ઉલ્કા થઈ દેખાતી બંધ થાય છે તો કોઈ વાર મોટી હોતાં ફૂટી જઈ તેની જુદી જુદી ઉલ્કા બની નીચે આવે. કોઈ વાર કાચો એવો ધડાકર થાય કે ધરતીકંપ જેવો ભાસ થાય. કોઈ વખત મોટી ઉલ્કા નીચે આવી જમીન, પથ્થરને ફાડી નાખે. ઈ.સ. ૧૮૮૨ ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે વરખમાં હંગરી દેશમાં એક લાખ નાના પથ્થર પડ્યા હતા. ઈ.સ. ૧૯૧૨ ના જુલાઈની ૧૬ મી તારીખે અરિઝોનાના આશરા ચૌદ હજાર પથ્થરો પડ્યા. સામાન્ય રીતે ઉલ્કાપાત શરદઋતુમાં વિશેષ થાય છે. ઉલ્કાની બનાવટ બે જાતની છે: ધાતુની અને પાષાણની. ધાતુનીમાં લોઢાનો ભાગ વધારે હોય પણ તેની સાથે થોડું નિકલ, તાંબું અને કાર્બન પણ હોય. કેટલાક ઉલ્કાપાતમાં સોનું, હીરા, પ્લેટિનમ અને ક્રિસ્ટિલમ જેવી કીમતી ધાતુ હોય. પાષાણવાળી દેખાવે પથ્થરના ટુકડા જેવી હોય પણ તેમાં લોહાના કણ રહેલા હોય. કોઈ કોઈમાં હાઇડ્રોજન અને ઓક્સિજન સાથે મળેલ કાર્બન પણ હાથ લાગે છે. ધાતુઓ ભાગ થોડો અને પથ્થરવાળો બહુ ભાગ હોય છે. તેમાં કોઈ એવું તત્ત્વ નથી હોતું કે જે પૃથ્વી ઉપર ન હોય. મોટો ભાગ વટાવીને જે ભરતો તારો આકાશ માર્ગ, તેના ઉપર છતનું કે પાણીનું નામનિશાન રહ્યું હોતું નથી.

૩. [સં.] સ્ત્રી. આકાશમાંથી પડતું ઊંચાઈનું; આકાશનો અગ્નિ; રેખાના આકારે પડતો તેજનો ટુકડો

૪. સ્ત્રી. આગ; અગ્નિ; જ્વાળા.

૫. સ્ત્રી. (જ્યોતિષ) આઠ બાંહેની એ નામની દશા. તે ૭ વર્ષ સુધી રહે છે. દશા આઠ છે: મંગલા, પિંગલા, ધન્યા, ભ્રામરી, ભદ્રિકા, ઉલ્કા, સિદ્ધા અને સંકટા.

૬ સ્ત્રી. એક જાતનો ઢોલો; મશાલ.

૭. સ્ત્રી. જ્વાળામુખીમાંથી ઊડતા અગ્નિ.

૮. સ્ત્રી. ટુકડાનું; ઉલ્કાઃ ઊંચાઈનું; ઓરિયું.

૯ સ્ત્રી. તેજ; પ્રકાશ

૧૦. સ્ત્રી. મંગલા વગેરે આઠ બાંહેની એ નામની યોગિની.

૧૧. સ્ત્રી. મોટો ઉત્પાતઃ મહા અનર્થ.

૧૨. ન. (જ્યોતિષ) સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી ગણતરીમાં નક્ષત્ર.

ઉલ્કાગ્નિ [સં. ઉલ્કા (ભરતો તારો) + અગ્નિ (આગ)] પું. આકાશમાંથી ખરતા તારાનું તેજ.

ઉલ્કાઘાત ૧. ન. ઉત્પાતઃ વિઘ્નઃ અનર્થ.

૨. [સં. ઉલ્કા (ભરતો તારો) + ઘાત (ફેંકવું)] ન. ફેંકવાનો પ્રસિદ્ધ એક ઘાટ.

૩. ન. હાથઘાણ.

ઉલ્કાજિહ્વ [સં. ઉલ્કા (અગ્નિ) + જિહ્વા (જીભ)] પું. અગ્નિની જ્વાળા એક રાક્ષસનું નામ.

ઉલ્કાદર્શન [સં. ઉલ્કા (મશાલ) + દર્શન (દેખાવ)] ન. મેરુપું; બાંધતો મકાડો.

ઉલ્કાધારી [સં. ઉલ્કા (મશાલ) + ધારિન્ (ધારનાર)] પું. મશાલ પકડનાર; મશાલચી.

ઉલ્કાપક્ષાપક ૧. [સં. ઉલ્કા (ભરતો તારો) + પક્ષ (પાંખ) + પાચક (પકાવનાર)] પું. ભરતા તારાનો રસ્તો પારખવાનું યંત્ર.

૨. વિ. ભરતા તારાનો માર્ગ નક્કી કરનાર.

ઉલ્કાપાત ૧. પું. ઉત્પાતઃ મોટો ફેરફાર.

૨. [સં. ઉલ્કા (ભરતો તારો) + પત (પડવું)] પું. (જ્યોતિષ) ખરતા તારાનું પડવાપણું; આકાશમાંથી બળતા પથ્થર વગેરે પડવા તે; અગ્નિ વરસવો તે. ઉલ્કાપાત મોટા સકટની આગાહી કરે છે.

૩. પું. બબરાટઃ ચિંતા.

૪. પું. મોટો ઉત્પાતઃ મહા અનર્થઃ અણધારેલી આપત્તિ.

ઉલ્કાપાતવિદ્યા [સં. ઉલ્કા (ખરતો તારો) + પાત (પડવાપણું) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ખરતા તારા ઉપરથી ભવિષ્ય કે શુકન અપશુકન જાણવાની વિદ્યા.

ઉલ્કાપાતી [સં. ઉલ્કા (મહા અનર્થ) + પતિન્ (પડનાર)] વિ. વિઘ્નકારી; ઉત્પાતી; તોફાન મચાવનાર.

ઉલ્કાપાષાણ [સં. ઉલ્કા (ખરતો તારો) + પાષાણ (પત્થર)] પું. ખરતા તારાનો પત્થર; ખરતા તારામાંથી બળી આવતો પાષાણ જેવો પદાર્થ; અશનિ, ઉલ્કાલોહઃ ઉલ્કાશ્મ. ઉલ્કાપાષાણ બધુ જાતના હોય છે: (૧) લોખંડના (આપણી પૃથ્વીના લોખંડ કરતાં જુદી જાતનું લોઢું), (૨) પથ્થરના અને (૩) લોખંડ અને પથ્થરના મિશ્રણના. મંગળના ભ્રમિત સ્થાન મંગળના અગ્નિપૂંજમાં આવેલ પવિત્ર મણો પથ્થર ઉલ્કાપાષાણ હોવાનું મનાય છે. પૃથ્વી દરરોજ લાખો ઉલ્કામાંથી પસાર થાય છે, તેમાંના બધુખરા વાતાવરણમાં ઘસારાથી બળીને રાખ થઈ જાય છે.

ઉલ્કાભાસ [સં.] પું. (પિંગળ) અતિજગતીની જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં મગણ, તગણ, સગણ, મગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય.

ઉલ્કાભાસે મા ત સ મ ગા આપો શોભી.
અનુપિત્ત.

ઉલ્કામુખ ૧. પું. એક જાતનો પ્રેત. જે પ્રાણી પોતાનાં પાપકર્મોથી ભ્રષ્ટ થાય તે આ જાતનો પ્રેત થઈ જોકવું થાય એમ મનાય છે.

૨. [સં. ઉલ્કા (અગ્નિ) + મુખ (મોઢું)] પું. મોંમાંથી અગ્નિ વરસતો હોય તેવો રાક્ષસ; અગ્નિમુખી રાક્ષસ.

૩. પું. શંકર; મહાદેવ, મારેશ્વર તે મહાન અગ્નિપ્રલયનું મૂળ છે.

૪. પું. (પુરાણ) સીતાની શોધ માટે અંગદ સાથે દક્ષિણ દિશામાં ગયેલ રામની સેનાનો એક વાનર.

૫. [સં. ઉલ્કા (ઠેબાયેલું) + મુખ (ઉપરો)] ન. ઊંબાડિયાનો બળતો ઉપરો; ખોરિયાની સળગતી અણી.

૬. ન. જ્વાળામુખીનું મોં. તેમાંથી બળતા પથ્થર બહાર ઊડે છે.

ઉલ્કામુખકુંડ [સં. ઉલ્કા (ઊંબાડિયું) + મુખ (મોઢું) + કુંડ (ખાડો)] પું. વીસ મનુષ્ય જેટલું બેસી શકાય તેવા માપનો અને ઊંબાડિયાથી બારપૂર એ નામની નરકની ખાઈ.

જે સ્ત્રી ક્રોધ કરીને ક્રોધ કરેલા મહેમાન પતિના સાધુ હાથે અને તેને કષ્ટ પણ સંભળાવે તે સ્ત્રી પતિના કુંવાડાં જેટલા થવો સુધી ઉલ્કામુખકુંડમાં વસે છે. ભગવતી ભાગવત

ઉલ્કામુખી સ્ત્રી. એક બળતું પ્રાણી.

ઉલ્કારેણુ [સં. ઉલ્કા (ખરતો તારો) + રેણુ (પુલ)] સ્ત્રી. ખરતા તારામાંથી બળતો માટી જેવો પદાર્થ; ખુલ્લા આકાશમાં ઉલ્કા પદાર્થની રજકણો.

ઉલ્કાલોષ્ટ [સં. ઉલ્કા (ખરતો તારો) + લોષ્ટ (લોઢું)] ન. ખરતા તારામાંથી બળતો લોઢા જેવો પદાર્થ; ઉલ્કાશમ. જુઓ ઉલ્કાપાષાણ.

ઉલ્કાવિશેષ [સં. ઉલ્કા (ખરતો તારો) + વિશેષ (અસામાન્ય)] પું. ખરતા તારાની જેમ ખરતો, પણ તેના કરતાં બહુ મોટો અને તેજસ્વી પદાર્થ.

ઉલ્કાવૃષ્ટિ [સં. ઉલ્કા (ખરતો તારો) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. ખરતા તારાનો વરસાદ; અગ્નિનો વરસાદ. ઑક્ટોબરની ૬, ૧૦ તારીખે, જુલાઈની ૨૫થી ૩૦, ઑગસ્ટની ૬થી ૧૧, ઑક્ટોબરની ૧૬થી ૨૩, અને ડિસેમ્બરની ૧૪થી ૨૩ તારીખ સુધીમાં બહુ કરીને દર સાલ આવા તારા ખરતા માલૂમ પડ્યા છે.

ઉલ્કાશ્મ [સં. ઉલ્કા (ખરતો તારો) + અશ્મન્ (પત્થર)] પું. ખરતા તારામાંથી બળતો પત્થર. જુઓ ઉલ્કાપાષાણ.

ઉલ્કાસંપાતમૂલ ૧. [સં. ઉલ્કા (ખરતો તારો) + સંપાત (જોવા ઢોળાવું) + મૂલ (મૂળ)] ન. (જ્યોતિષ) ખરતા તારાના માર્ગ જ્યાં જોવા થાય તે જગ્યા.

૨. ન. ખરતા તારાનું જ્યાંથી તે નીકળે તે બિંદુ.

ઉલ્કૂરી ૧. [સં. ઉલ્કા] પું. ઉલ્કા; આકાશમાંથી પડતું ઊંબાડિયું.

૨. પું. કારણ; મતલબ.

૩. પું. ખરતો તારો.

ઉલ્કોદ્ભવ [સં. ઉલ્કા (ખરતો તારો) + ઉદ્ (બાજુ) + ભૂ (થવું)] વિ. ખરતા તારામાંથી બનેલું; ઉલ્કોદ્ભૂત.

ઉલ્કોદ્ભૂત [સં. ઉલ્કા (ખરતો તારો) + ઉદ્ (બાજુ) + ભૂત (બનેલું)] વિ. ખરતા તારામાંથી બનેલું; ઉલ્કોદ્ભવ.

ઉલ્ગત [સં. ઉદ્ (ઉપર) + ગમ્ (જવું)] સ્ત્રી. ફુદકો; ઠેકડો.

ઉલ્જ [હિં. ઉલ્ઝન] સ્ત્રી. ગૂંચવણ; મૂંઝવણ.

ઉલ્ઝન (ઉલ્જન) [સં. ગુપ્ત (ઊલટું) + રોધન (અટકાવ)] સ્ત્રી. (હિંદી) મૂંઝવણ.

ઉલ્ઝા (ઉલ્ઝા) વિ. મૂંઝવણ કરેલું.

ઉલ્ઝાવ (ઉલ્ઝાવ) પું. મૂંઝવણ.

ઉલ્લેખ (ઉલ્લેખ) ૧. પું. ઝપાટો; ઠબકો.

૨. પું. મૂંઝવણ.

ઉલ્લા ૧. પું. એક બળતી કોલસા જોટની ખાવાની વાની.

૨. વિ. અવળું; ઊલું.

૩. વિ. વિરુદ્ધ; પ્રતિકૂળ.

ઉલ્લાપુલ્લા [સં. ઉદ્ (ઊલટું) + પુદ્ (બગડવું)] ન. ઊંધુંચતું.

ઉલ્લાસકમા [ઊલટું (ખાસું) + કરવા (અવાજવું)] પું. પ્રતિક્રિયા; પ્રસાવાટ; પક્કો.

ઉલ્લા [હિં.] પું. આપોતર; બદલાવ; તરજુમો.

ઉલ્લાઽ ૧. [ઉદ્ (ઊલટું) + ધા (ધવ)] પું. ઊંધો ઘા; અવળો ઘેર.

૨. પું. તરવારની રમતમાં એક દાવનું નામ.

ઉલ્લત (ઉલ્લત) ૧. [અ.] સ્ત્રી. ભોગવાશું; પરિણય; પિછાણ.

૨. સ્ત્રી. પ્રીતિ; પ્રેમ; પ્યાર; સ્નેહ; મહોબ્બત.

૩. સ્ત્રી. મૈત્રી; દોસ્તી.

ઉલ્લતેબંધા (ઉલ્લતેબન્ધા) [અ. ઉલ્લત (પ્રીતિ) + ઈ (નું) + ફા. બંધ (બોજ)] પું. મિત્રતાથી બોજાયેલ મુલાયમ કે નોકર.

ઉલ્લેરા (ઉલ્લેરા) [જુ. અલરા (વેલ)] પું. રોજનો સીધો.

ઉલ્લ ૧. [સં.] સ્ત્રી. ઓર; બર્બાના રક્ષણ માટે તેના ઉપર રોતી પાતળી આગળીની ફેરણી.

૨. ન. ચર્બીરસ.

૩. ન. મુખ.

૪. ન. યોનિ.

ઉલ્લક ૧. [સં.] પું. (પુરાણ) વસિષ્ઠ ઋષિને ઊર્જા નામની સ્ત્રીથી થયેલ દીકરાનું નામ.

૨. પું વાત બગવા ચિંતન વધારાથી થતો રોગ.

૩. વિ. ઊંચું.

૪. વિ. ઘટ; બાકું; બાકું; ઘાકું; ઘાકાર.

૫. વિ. બાકું. પુષ્કળ.

૬. વિ. તીક્ષ્ણ; આકરું

૭. વિ. તેજસ્વી; પ્રકાશવાળું.

૮. વિ. દેખીતું.

૯. વિ. નીચું.

૧૦. વિ. ભભકાદાર; ઠઠારાવાળું.

૧૧. વિ. વિસ્તૃત; ફેલાયેલ.

૧૨. વિ. શક્તિવાળું; બળવાન.

૧૩. વિ. સહન કરવું મુશ્કેલ; અસહ્ય.

૧૪. વિ. સ્વચ્છ.

ઉલ્લણરસ [સં. ઉલ્લણ (આર્દ્ર) + રસ (આનંદ)] પું. વીર રસ; કાવ્યના મુખ્ય નવ માંહેનો એ નામનો એક રસ.

ઉલ્લન્ન ૧. [સં.] ન. આહત.

૨. ન. ત્રિદોષ; સન્નિપાત.

ઉલ્લમ ૧. [અ. આલિમ (વિદ્વાન)નું બહુવચન] પું. ન. ધ. આચાર્ય; ધર્મગુરુ.

૨. પું. ન. ધ. મુસલમાની ધર્મશાસ્ત્ર ભણનાર વિદ્વાનો.

ઉલ્મુક ૧. [સં.] પું. અંગારો.

૨. પું. કારણ; મતલબ.

૩. પું. (પુરાણ) ઇક્ષ્વાકુકુળના એક રાજવીનું નામ. તે પંચની તરફેણમાં હતો.

૪. પું. (પુરાણ) સ્વાયંભુવ વંશના અનુર્મતુને નહુષાને પેટે થયેલ અગિયાર માંહેનો નાનો દીકરો. એને પુષ્પરિણી નામની સ્ત્રીથી અંગ, સુમના, ખ્યાતિ, ક્રતુ, અંગિરા અને અન્ય એમ છ દીકરા થયા હતા.

ઉલ્મુકત્વ [સં. ઉલ્મુક (અંગારો) + ત્વ (પણું)] વિ. અંગારાથી બનું.

ઉલ્લ-મુહમ્મદ [અ. અલ્લ (તે) + મુહમ્મદ (પયગંબર)] પું. નામની પછી લગાડવામાં આવતો એ નામનો પ્રકાર.

ઉલ્લસ ૧. પું. ઝાડ અને પાંદડાંના જખ્મોવાળો વેલો.

૨. સ્ત્રી. છાનો મેલ; ઓગ; ઊલ.

૩. ન. એક જાતનું કૂણું ઘાસ; ઉલપ.

ઉલ્લસ ૧. પું. અરણ્યસરસ; વનસરસ.

૨. [સં. આર્દ્ર] વિ. (પ્રાકૃત) લીલું; ભીનું.

ઉલ્લાઽસન [સં.] ન. રુવાંટી ઊભી થવાપણું; રોમાંચ; પુલક.

ઉલ્લકું વ. માણસના ટોળામાં ખોટી વાતથી થતો ગભરાટ.

ઉલ્લગ [પ્રા.] સ્ત્રી. બીજું; આર્દ.

ઉલ્લઘવું [સં. ઉદ્ (બહાર) + લંઘ્ (ઓળંગવું)] સ. ક્રિ. તોડવું; અવગણના કરવી.

ઉલ્લઘ્ય [સં. આર્દ (બીજું) + ઋણ્ (આગ્રહ)] ન. (પ્રાકૃત) કાચું આગ્રહ; બીજું આગ્રહું.

ઉલ્લચ ૧. [પ્રા.] ન. ઓસામણ.

૨. ન. બીના શરીરનું લુબ્ધ.

ઉલ્લજિયા [પ્રા.] ન. બંબૂકો; બલતુબ્બ નૃત્ય; કુદાકા.

ઉલ્લન પું. (પિંગળ) એક અર્ધ સમવૃત્ત માત્રામેળ છંદ; કુલવધૂ. તેનું દરેક દલ ૧૦, ૧૦ ને ૧૩ મળી ૩૩ માત્રાનું હોય અને તેમાં બેથી અને તે પછી દર પાંચમી માત્રાએ તાલ આવે.

દલની પર દલ વળી, સતરે યતિ ધરી,
સાતરીએ કલવવું દલ જ કરજે,
એક પછી દશ રહે, વાત દલમાં કરે.
કુલબધૂ ઉલ્લન જ નામ ધરજે.

અનુપ્રિયણ

ઉલ્લપિત ૧. [સં.] ન. પ્રેમકથા; પ્રેમને લગતી વાત.

૨. [સં. ઉદ્ (ઉપર) + લિપ્ (ચોપડવું) + ક્ત (એલ)] વિ. ખાસ કરેલ; લીંપેલું

૩. [સં. ઉદ્ (બહાર) + લપ્ (બોલવું) + ક્ત (એલ)] વિ. બોલેલું; કહેલ.

ઉલ્લય [પ્રા.] વિ. બીજું; લીલું; આર્દ્ર.

ઉલ્લર ૧. વિ. ઊંચું.

૨. વિ. ઉંચું વધવાના ગુણવાળું; ઉંચેરું.

ઉલ્લલ ૧. વિ. ઉંચે ચાલેલ.

૨. વિ. બધા રોગથી પીડાતું.

૩. વિ. વાળથી રહેમાયેલ.

૪. વિ. હાલતું

ઉલ્લલિત ૧. [સં.] વિ. ઉંચે ચાલેલ.

૨. વિ. કંપાયેલું.

૩. વિ. રમાડવામાં આવેલું.

૪. વિ. હલાવેલ.

ઉલ્લસ ૧. [સં. ઉદ્ (બધું) + લસ્ (પ્રકાશ કરવો)] પું. આનંદ

૨. [સં. ઉદ્ (બધું) + લસ્ (પ્રકાશવું)] વિ. પ્રકાશતું; ચમકતિ.

૩. [સં. ઉદ્ (બહાર) + લસ્ (દેખાવું)] વિ. બહાર નીકળતું.

ઉલ્લસતા ૧. [સં. ઉદ્ (બહુ) + લસ્ (ખબ કરવી)] સ્ત્રી. આનંદ; મઝા.

૨. [સં. ઉદ્ (બધારે) + લસ્ (પ્રકાશવું)] સ્ત્રી. ચકચકાટ; ચોળા; તેજ.

૩. [સં. ઉદ્ (બહાર) + લસ્ (દેખાવું)] સ્ત્રી. બહાર નીકળવાપણું, બહાર દેખાવાપણું.

ઉલ્લસન ૧. [સં. ઉદ્ (બધું) + લસન (રમણ)] ન. આનંદ આપે એવું કામ; હર્ષજનક વ્યાપાર.

૨. ન. રોમાંચ; વાળ ઊભા થવાપણું.

૩. ન. સુખ.

૪. ન. હર્ષ; આનંદ.

ઉલ્લસનક [સં.] ન. રોમાંચ; કેવાં ઊભાં થવા તે.

ઉલ્લસવું ૧. [સં. ઉલ્લસ્ (આનંદ પામવો)] અ. ક્રિ. આનંદ પામવો; ખુશ થવું; હરખાવું.

૨. અ. ક્રિ. કૂદવું

૩. અ. ક્રિ. પ્રકાશવું.

૪. અ. ક્રિ. સોહવું; દીપવું; સુંદર દેખાવું.

૫. અ. ક્રિ. હલાવવું.

ઉલ્લસિત ૧. [સં. ઉલ્લસ્ (આનંદ પામવો) + ક્ત (એલું)] વિ. આનંદી; ઉલ્લાસવાળું; પ્રસન્ન; હર્ષિત; ખુશ; પ્રફુલ્લિત.

૨. વિ. ઉદ્ધત; અવિનયી.

૩. વિ. ખુશામત કરતું.

૪. વિ. ખેંચેલું; ઊપાડેલ; ઊંચું કરેલું.

૫. વિ. પ્રકાશવાળું; ચમકતિ.

૬. વિ. કેરવતું; હલાવતું.

૭. વિ. રૂંવા ઊભાં થયેલું; રોમાંચિત, પુલકિત.

૮ વિ. નુકર, શોભાવાનું.

૯. વિ રહેરેલું; વાદ આપેલું

ઉલ્લંઘક [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું) + અક (બધું)] ન. કૂદી જવાપણું. લાંબો ઉલ્લંઘન.

ઉલ્લંઘન ૧. [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું)] ન. અતિક્રમ; ઓળંગવું તે; કૂદી જવાપણું; હદમાંનું જોવા દઈ જવું તે.

૨. ન. અન્યાય, મરડો-સાટ.

૩. ન અપરાધ, દોષ; ગુનો.

૪. ન. પરિક્રમા, ફેરફાર.

૫. ન. વિરુદ્ધતા; નાફરમાની; અનાદર; લોપ; આજ્ઞાભંગ; વિરુદ્ધાચરણ.

૬. ન. હદ બહાર જવાપણું.

ઉલ્લંઘન-અપરાધકર્મ [સં. ઉલ્લંઘન (હુકમનો ભંગ) + અપરાધ (ગુનો) + કર્મન્ (કામ)] ન. આજ્ઞાભંગનો ગુનો; હુકમનો અનાદર કરવાનો અપરાધ.

ઉલ્લંઘવું ૧. [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું)] સ. ક્રિ. અતિક્રમણ કરવું; મર્યાદા બહાર જવું; હદ વગોટવી.

૨. સ. ક્રિ. અનાદર કરવો; કહ્યું ન માનવું; લોપવું; અવગણના કરવી.

૩. સ. ક્રિ. ઓળાવવું; કૂદવું; બીજે પાર જવું.

૪. સ. ક્રિ. ભંગ કરવો; તોડવું.

ઉલ્લંઘાવવું [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું)] સ. ક્રિ. ઓળંગાવવું.

ઉલ્લંઘાવું [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું)] સ. ક્રિ. ઉલ્લંઘે એમ કરાવું.

ઉલ્લંઘિત ૧. [સં. ઉદ્ (ઉપર) + લંઘ્ (ઓળંગવું) + ક્ત (એલું)] વિ. અનાદર કર્યો હોય એવું. અપમાન કરેલું.

૨. વિ. બીજી પાર ગયેલું; કૂદેલું.

૩. વિ. ભંગ કરેલું; તોડેલું.

૪. વિ. હદ બહાર ગયેલું; મર્યાદા વળોટેલું.

ઉલ્લંબન ૧. ન. ફાંસો નાખી લટકવું તે.

૨. [સં. ઉદ્ (ઊંચું) + લમ્બન (આધાર)] ન. લટકવું બાંધવાપણું.

ઉલ્લંબિત ૧. વિ. ફાંસો નાખેલું.

૨. [સં. ઉદ્ (ઊંચું) + લંબ્ (લટકાવવું) + ક્ત (એલ)] વિ. લટકાવેલ.

ઉલ્લાઈ [તે.] સ્ત્રી. કુસ્તી; ખિલાડ.

ઉલ્લાઉ ૧. [સં. ઉદ્ (બધારે) + લાઘ્ (લાંબા હોવું)] પું. નીરોગીપણું; તંદુરસ્તી.

૨. પું. મરડો તીખો.

૩. વિ. કાચું.

૪. વિ. આતુર; હોંશિયાર; ચબરાક.

૫. વિ. ચાલું.

૬. વિ. દુષ્ટ; બદમાશ.

૭. વિ. પવિત્ર; શુદ્ધ.

૮. વિ. લાવું બગેલ.

૯. વિ. સુખી.

૧૦. વિ. સ્વચ્છ; ચોખ્ખું.

૧૧. વિ. હર્ષિત; આનંદી.

ઉલ્લાઉ ૧. [સં. ઉદ્ (બધું) + લઘ્ (કૂદવું)] ન ચાલ ઊભણી બાજ એવો હોશિયા.

૨. ન. બે પૈડાંવાળું વાહનની પાછળ બાંધવું નીચું નમવાપણું.

૩. વિ. ઊલળી બાજ જોતું; નમેલું; લચેલું.

૪. વિ. પાછળ બાજ વળી ગયેલું

ઉલ્લાત [સં. ઉદ્ (બધું) + લાત (કાપવું)] સ્ત્રી. ખૂબ પ્રકાર; બેસવી મારેલ લાકડ; લાકડીને લગાવેલ ઘા પ્રકાર.

ઉલ્લાહ [સં. અલ્લાહ] પું. ઉલ્લાસ; આનંદ; ઉમંગ; હર્ષ.

ઉલ્લાપ ૧. [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] પું. ઊંચેથી સાદ કરવાપણું; મોટે અવાજે અમથા બાંધી પાડીને બોલાવવું તે; હાકલ.

૨. પું. કટાક્ષ કે તિરસ્કારનું વચન; અપમાનકારક શબ્દ; મેણું; વક્રોક્તિ; વાંકું બેણું; ટોણું.

૩. પું. દુઃખ, શોક, સોક, અંદગીથી અવાજમાં થતો ફેરફાર; આકુ.

૪. પું. નિંદા; બદબોઈ.

૫. પું. પ્રત્યુત્તર; જવાબ.

૬. પું. વાણી; બોલી.

૭. પું. સૂચના; ઇશારો.

ઉલ્લાપક ૧. [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] વિ. ઊંચે સાદે બોલનાર.

૨. વિ. કટાક્ષ કરનાર.

૩. વિ. ખુશામતિયું; મીઠું મીઠું બોલતું.

૪. વિ. જવાબ આપનાર.

૫. વિ. નિંદા કરનારું.

૬. વિ. સૂચના કરનાર.

ઉલ્લાપન ૧. ન. કથન; શબ્દ; વચન; વાણી; બોલ.

૨. ન. ખુશામત; મીઠું મીઠું બોલવાપણું.

૩. [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] ન. વિસ્તારથી કરાતું આખ્યાન.

ઉલ્લાપિક [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] ન. બોલ. જુઓ ઉલ્લાપ ૧-૧.

ઉલ્લાપો [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] જ. પ્રાન. જુઓ ઉલ્લાપ ૧-૧.

ઉલ્લાપ્ય ૧. [સં. ઉદ્ (વધારે) + લપ્ (બોલવું)] ન. ઓક અંકવાળું નાટક; ઉપરૂપકના બદલે બહિનો ઓક ભેદ.

૨. ન. સામવેદના ગાનમાં ગાવાનું સાત બહિની ઓક જાતનું ગીત.

ઉલ્લાપ્યક [સં. ઉદ્ (ઉચ્ચ) + લપ્ (બોલવું)] પું. હરભાળના સત્તાવીસ બહિનો ઓક ભેદ.

ઉલ્લાલ [સં.] પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાના બે દલમાં પંદર ને તેર માત્રાએ વિસામો અને વિષમપાદમાં ૩, ૭, ૧૧ માત્રાએ તેમ જ સમપાદમાં ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે ઓવો અર્ધસમજાતિ માત્રામેળ છંદ.

ઉલ્લાલા પું. (પિંગળ) ઓક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. જુઓ ઉલ્લાલ.

ઉલ્લાવ ૧. [સં. ઉલ્લાપ] પું. પ્રત્યુત્તર; જવાબ.

૨. પું. વાતચીત; વાર્તાલાપ.

ઉલ્લાવનાર [સં. કુલહુલી (બીજો ઓક જાતનો આનંદનો અવાજ)] વિ. સોજ કરાવનાર; હુલારી હુલારીને આનંદમાં રાખનાર; લાડ લડાવનાર.

ઉલ્લાવવું [સં. કુલહુલી (આનંદને વખતે ઓવોથી કરાતો ઓક જાતનો અવાજ)] સ. ક્રિ. ખુશ રાખવું; રાજી કરવું; મોજ કરાવવી.

ઉલ્લાસ ૧. [સં. ઉદ્ (વધારે) + લસ્ (હરખાવું)] પું. આનંદ; ખુશાલી; વધુ હર્ષ; પ્રસન્નતા.

૨. પું. (કાવ્ય) ઓક જાતનો અર્થાલંકાર; ઓકના ગુણદોષની સરખામણીમાં બીજાના ગુણદોષનો ઉલ્લેખ.

૩. પું. પસંદ પડવું તે; ગમવાપણું.

૪. પું. પ્રકરણ; ભાગ; ખંડ; અધ્યાય; પરિચ્છેદ.

૫. પું. પ્રગટ કરવાપણું; પ્રકાશન; પ્રસિદ્ધિ; જાહેરાત.

૬. પું. (પિંગળ) બબ્બે દલમાં પંદર ને તેર માત્રાએ યતિ, વિષમપાદમાં ૩, ૭, ૧૧ માત્રાએ અને સમપાદમાં ૧, ૫, ૯ માત્રાએ તાલવાળો ઓક અર્ધસમજાતિ માત્રામેળ છંદ.

૭. [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (પ્રકાશવું)] પું. અજવાળું; તેજ; પ્રકાશ.

૮. પું. શરૂઆત; પ્રારંભ.

૯. પું. ઘોંસ; ઘોંઘ.

ઉલ્લાસક [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (હરખાવું)] વિ. આનંદ કરવાપણું; પ્રફુલ્લ; હર્ષિત; ખુશી; હરખવાળું.

ઉલ્લાસન ૧. [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (પ્રકાશવું) + અન (ચ્યું)] ન. તેજ; કાંતિ; પ્રકાશ.

૨. ન. શોભા; સુંદરતા.

ઉલ્લાસનાદ [સં. ઉલ્લાસ (આનંદ) + નાદ (અવાજ)] પું. હર્ષનો અવાજ.

ઉલ્લાસપોર [ઉલ્લાસ (આનંદ) + પોર (ઘરે)] જ. ઉમંગથી; આનંદથી; ઉત્સાહપૂર્વક.

ઉલ્લાસવું ૧. [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (હરખાવું)] સ. ક્રિ. આનંદવું; પ્રફુલ્લ થવું; ખીલવું; હરખાવું; ખુશ થવું.

૨. [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (દીપવું)] સ. ક્રિ. પ્રકાશવું.

ઉલ્લાસપૃત્તિ [સં. ઉલ્લાસ (આનંદ) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. આનંદી સ્વભાવ; હરખમાં રહેવાપણું; હોંશનું વલણ.

ઉલ્લાસિત ૧. પું. (સંગીત) પંદર માંહેનો ઓ નામનો સમક ઓટલે સ્વરનો કેપ. સમક પંદર છે: તિરિપ, સ્ફુરિત, કંપિત, લીન, આંદોલિત, વલિત, ત્રિભિન્ન, કુરુલ, આહત, ઉલ્લાસિત, પ્લાવિત, મુદ્રિત, મુદ્રિત, નામિત અને મિશ્રિત.

૨. [સં. ઉદ્ (વધારે) + લસ્ (હરખાવું) + ક્ત (ઓલું)] વિ. આનંદ પામેલું; હર્ષિત; પ્રસન્ન થયેલું; ખુશ.

૩. વિ. ઉદ્ધત; અવિનયી.

૪. વિ. ઊઘડેલું; ઉઘાડેલ.

૫. વિ. રફુરેલું; લાડ આવેલું.

ઉલ્લાસિની ૧. [સં. ઉદ્ (ખૂબ) + લસ્ (હરખાવું)] વિ. સ્ત્રી. આનંદી; હરખાતી; પ્રફુલ્લ.

૨. [સં. ઉદ્ (ખૂબ) + લસ્ (પ્રકાશવું)] વિ. સ્ત્રી. તેજસ્વી; ઝળહાર.

૩. વિ. સ્ત્રી. સુંદર; શોભિતી.

ઉલ્લાસી ૧. વિ. અદ્ભુત; સુંદર.

૨. [સં. ઉદ્ (વધારે) + લસ્ (હરખાવું) + ઇન્ (વાળું)] વિ. આનંદી; હરખવાળું; ખુશ થયેલું.

૩. [સં. ઉદ્ (ઉચ્ચ) + લસ્ (દીપવું)] વિ. કાંતિમાન; ચોળાવાળું; તેજસ્વી; પ્રકાશિત; ઝળહાર.

૪. વિ. ખંતીલું; હોંશીલું; ઉત્સાહવાળું; કોડીલું.

૫. વિ. ખીલેલું; પ્રફુલ્લ.

ઉલ્લાસૈકપ્રિય [સં. ઉલ્લાસ (આનંદ) + એક (જ) + પ્રિય (વહાલું)] વિ. જેને આનંદ સહુ જ ગમે ઓવું; હરખ પસંદ કરનારું.

ઉલ્લાળ ૧. [સં. ઉદ્ (ઉચ્ચ) + ક્ષુલ્ (હેરવું)] જ. ગાડીના પાછળના ભાગમાં બારે વધો તે.

૨. જ. હાણ; ઢોળાવ.

૩. વિ. ઊતરણી જાત ઓવું.

ઉલ્લાળવું [સં. ઉદ્ (ઉચ્ચ) + ક્ષુલ્ (હેરવું)] સ. ક્રિ. ગાડીનો આગલો ભાગ ઊંચે જાય તેમ કરવું.

ઉલ્લિખિત ૧. [સં. ઉદ્ (ઉપર) + લિખિત (લખેલું)] વિ. ઉપર લખેલ.

૨. વિ. કોતરેલ.

૩. વિ. ખોદેલું; જમીનમાંથી બહાર કાઢેલ.

૪. વિ. લખેલું.

૫. વિ. ચીતરેલું; નકશો કરેલું.
૬. વિ. છોલેલ.
૭. વિ. જણાવેલું; ઉલ્લેખ કરેલું; હકીકત આપેલું.
૮. વિ. પાતળું બનાવેલ.
૯. વિ. ઝાડી નાખેલ; ઉકાડેલ.
૧૦. વિ. હેરેલ; ઉતારેલ.

ઉલ્લિખિત [સં. ઉદ્ (ઘણું) + લિખિત (ચીતરેલું)] વિ. પ્રખ્યાત; જાણીતું.

ઉલ્લી [સં.] સ્ત્રી. વિધવા; કુલટા.

ઉલ્લીઉલ્લી [સં. ઉલ્લા (ઉલ્લાસનું)] સ્ત્રી. ઝૂલે નામની રમત. તેમાં ધનતેરસ, અનુદંડી અને દિવાળીના દિવસમાં સવારના સાતથી અગિયાર સુધીમાં અમુક જગાએ બેલા વડે નિશાળિયા બહેનાટને ફટકાય, કૂબારણી, ઝાડની બોળાઓ વગેરે ફળભાવીને મારે. બહેનાટ પકડવા જાય અને મારનારે હાથમાં આવે તો શિક્ષા કરે. આ સિવાય પાઠશાળામાં બધાં વર્ષ સુધી ચાલે.

ઉલ્લી જવું ૧. અ. ક્રિ. નંખ પડવું; કપી જવું; પૂરું થઈ જવું.
૨. [સં. ઉદ્ (ઘણું) + લુલ્ (ફેરવું)] જા. ક્રિ. બે પૈડાંવાળા વાહનમાં પાછળ બેઠેલા બારથી આગળનો ભાગ ઊંચો થઈ જવો તે.

ઉલ્લોઠ ૧. [સં. ઉદ્ (બહાર) + લીઢ (ચાટેલું)] વિ. ચલેલું.
૨. વિ. છોલેલ.
૩. વિ. સાફ કરેલું.

ઉલ્લીન [સં. ઉદ્ (ખૂબ) + લીન (ભરેલું)] વિ. ગુપ્ત; એકાંતમાં રહેલું.

ઉલ્લુ ૧. [સં. ઉલૂક] પું. અક્કલ વગરનો માણસ.
૨. પું. એક જાતનો ઘોડો.
૩. પું. ઘુવડ.
૪. પું. સૂર્ય; સૂરજ.
૫. વિ. અક્કલ વગરનું; બુદ્ધિહીન; જડ; મૂર્ખ; ગમાર; બેવકૂફ.
૬. વિ. મસ્ત; પીધેલ.
૧. ઉલ્લુ બનવું = મસ્ત થવું; પીધેલ હોવું.
૨. ઉલ્લુ બનાવવું = મૂર્ખ બનાવવું; ઉતારવું.
૩. ઉલ્લુકા પઠ્ઠા = (૧) ઘુવડનું બચ્ચું. (૨) જન્મથી જ અક્કલ વિનાનો માણસ. (૩) મૂર્ખનો સરદાર. (૪) સાવ ભોળો માણસ.
૪. ઉલ્લુનું માંસ ખાવું = મૂર્ખ બનવું.

ઉલ્લુક્ય [સં. ઉલ્લા] પું. અગ્નિ; આગ દેવતા.

ઉલ્લુખલિ [સં. ઉદ્ (ઘણું) + ખલિ (ઠગ)] જી. મૂર્ખાવડું; ગમારેપણું.

ઉલ્લુગ્રીવ પું. તેજીના ઘંગની ઊભરીના દીકરાનું નામ. તેણે રામરાંદમાં વેધશાળા સ્થાપી હતી. હિંદુસ્તાનમાં વેધશાળા સ્થાપી જ્યોતિઃશાસ્ત્રને ગતિ આપનાર બભસિદ્ધે પોતાના સિદ્ધાંતસમ્રાટ નામના ગ્રંથમાં તે બાબત લખેલું છે.

ઉલ્લુદાસ ૧. [સં. ઉલૂક (ઘુવડ) + દાસ (નોકર)] વિ. ઘુવડ જેવું મૂર્ખ; અક્કલ વગરનું
૨. વિ. ભોળું

ઉલ્લુદાસશ્રી [સં. ઉલૂક (ઘુવડ) + દાસ (નોકર)] વિ. અક્કલ વગરનું. જુઓ ઉલ્લુદાસ.

ઉલ્લુપક્ષ [ઉલૂક (ઘુવડ) + પક્ષ] ન. મૂર્ખાઈ.

ઉલ્લૂ [સં. ઉદ્ (ઘણું) + લુલ્ (ફેરવું)] વિ. ઊલળેલું; પાછળના ભાગમાં વધારે વજનવાળું; પાછળ બેઠ વજનથી બે પૈડાંવાળા વાહનનો આગળો ભાગ ઊંચો થયો હોય એવું.
એમ કર્યા સમો છે રેલ,
હો ઉલ્લે માંહે કું ગયેલ? સાસ્તા

ઉલ્લુંચન ૧. [સં. ઉદ્ (બહાર) + લુંચ્ (તોડવું) + અન (પ્રત્ય)] ન. ચૂંટણ; મૂળમાંથી ઉખેડી નાખવું તે.
૨. ન. વાળ કાપવાની ક્રિયા; લોચ.

ઉલ્લુંચિત [સં. ઉદ્ (બહાર) + લુંચ્ (તોડવું) + ક્ત (ભૂત)] વિ. ઉખેડેલ; ચૂંટેલ.

ઉલ્લુંઠન [સં. ઉદ્ (બહાર) + લુંઠ્ (લાભ થવો)] ન. લૂંટનો લાભ જણાવવો તે.

ઉલ્લુંપ્ય [સં. ઉદ્ (બહાર) + લુંપ્ (લાભ થવો)] ન. લૂંટનો લાભ જણાવવો તે.

ઉલ્લૂ ૧. [સં. ઉલૂક] પું. એક જાત. ઘૂક જેના ઉપર બહુ બેસે છે.
૨. પું. ઘુવડ; નકો.
૩. પું. મૂર્ખ માણસ.
૪. પું.; ન. ઘૂક; ઘુવડ. દિવસે નહિ દેખવું પાંખ ઊંચી બે કૂદ સુધીનું બચ્ચા પછી રંગે જૂદું, ભિન્નાદી જેવા ગોળ માથાવાળું અને તેના જેવી જ મોટી ને પ્રકાશિત આંખોવાળું હોય છે. તે દિવસે સુપાર્શ્વ રહી સાંજે બહાર આવે અને રાત્રે નાનાં મોટાં જનવરો, કીડા, મકોડા વગેરેથી પોતાનું પેટ ભરે. બધે બાજે તે ઉજ્જડ જગામાં રહે. ગામમાં તેનો વાસ સારો મનાતો નથી. લોક તેની બોલીને અમંગળસૂચિયાળ સમજે છે. તાંત્રિક લોક તેના માંસનો ઉપયોગ બારણ પ્રયોગોમાં કરે છે. સસલાં બધા કેટલાં બે બચ્ચાં લોક તેનું માંસ ખાતાં નથી, પરંતુ તે ખાવાથી માણસ મૂર્ખ બનવા લાગે બહેરો બનવું મનાય છે.
૫. વ. કાપી નાખવું તે.
૬. વિ. ઉખેડી નાખનાર; કાપી નાખનાર.
૭. [સં. ઉદ્ (ઉપર) + લુન (કાપેલું)] વિ. મૂર્ખ; બેવકૂફ; ગમે તેમ બોલનાર; બકવાસ.

ઉલ્લેખ ૧. [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લેખવું)] પું. ટોચરવાપણું.
૨. પું. ખોદી કાઢવું તે.
૩. પું. વર્ણવ; પ્રકારો.
૪. પું. નોંધ; લેખ બખાણ; વખત.
૫. પું. પ્રસંગ.
૬. પું. બોલવું તે; ઉચ્ચાર.
૭. પું. ભૂંસ; છોલવાપણું.
૮. પું. વર્ણન; વિવેચન; ચર્ચા
૯. પું. (અલં) વસ્તુની અનેક રૂપ દેખાડી તેનું વર્ણન કરવાનો અલંકાર; પણ જરા જુદી જુદી રીતે એક જ જણને જુએ અથવા એક જણ જુદે જુદે રૂપે જણાય તેનું વર્ણન. જેમકે, વજનમાંહિ ગુરુ, કીર્તિમાં અર્જુન, બાપ અશેષ; ધનુવિદ્યામાં ભીષ્મ છો, શ્રી શિવરાજ નરેશ.
૧૦. પું. મહિનો, ઋતુ સિવાયના બીજા મહીનાં બિલ ઉપરાઉપર આવવાનો યોગ; અધિકમાં મહીનાં બિલનો દેખાતો સ્પર્શ.
૧૧. પું. હકીકત; નિર્દેશ; કથન; જણાવવું તે.

ઉલ્લેખક [સં. ઉદ્ (ઉપર) + લેખક (લખનાર)] પું. નિર્દેશ કરનાર.

ઉલ્લેખન ૧. ન. ઊંચું કરવું તે.
૨. ન. ઓકારું; વમન.
૩. ન. ટોચરણી.
૪. ન. ખોદાણ; જમીનમાંથી બહાર કાઢવું તે.
૫. ન. ચિહ્ન કરવું તે; નિશાની કરવાપણું.
૬. ન. ચીતરકામ.
૭. ન. નોંધ.
૮. ન. ઝાડી નાખવું તે.
૯. ન. ભરતકામ.
૧૦. ન. ઝૂસી નાખવું તે; છોલવું તે.
૧૧. ન. વજનમાં વીઘીઓ દોરવી તે.
૧૨. [સં. ઉદ્ (ઉપર) + લેખન (લખાણ)] ન. લખવું તે.
૧૩. ન. સિક્કા ઉપર આંકડો પાડવાપણું.

ઉલ્લેખનીય ૧. વિ. લેખવા જેવું.
૨. [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું) + અનીય (જેવું)] વિ. લખવા જેવું; નોંધ કરવા પાત્ર.

ઉલ્લેખપાત્ર [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું) + પાત્ર (જેવું)] વિ. લખવા જેવું. જુઓ ઉલ્લેખનીય.

ઉચ્ચો

ઉલ્લેખવું ૧. સ. ક્રિ. ઓળખવું; પર્ખવું.
૨. સ. ક્રિ. ક્ષેતરવું.
૩. સ. ક્રિ. દસ્તાવેજ કે ખતપત્તર કરવું.
૪. [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું)] સ. ક્રિ. લખવું.
૫. સ. ક્રિ. સંભોષીને લખવું.

ઉલ્લેખાલંકાર [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું) + અલંકાર (શબ્દની ચમત્કારપૂર્ણ રચના)] પું. (કાવ્ય) અનેક ગુણયુક્ત કોઈ વસ્તુ અથવા વ્યક્તિને તેના વિવિધ ગુણને લીધે જુદી જુદી રીતે માનવામાં આવે તેવો અલંકાર. જેમકે, કૃષ્ણને કોઈઓએ કામ, યાચકોએ કલ્પતરુ અને શત્રુઓએ કાળરૂપે જોયા.

ઉલ્લેખાવવું ૧. સ. ક્રિ. ક્ષેતરે તેમ કરવું.
૨. સ. ક્રિ. દસ્તાવેજ લખાવવો.
૩. સ. ક્રિ. લખાવવું.
૪. [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું)]
સ. ક્રિ. વર્ણવે એમ કરવું.
૫. સ. ક્રિ. સંભોષીને લખાવવું.

ઉલ્લેખાવું ૧. સ. ક્રિ. ઉકેલાવું.
૨. સ. ક્રિ. ક્ષેતરાવવું.
૩. સ. ક્રિ. ખતપત્તર લખાય એમ થવું.
૪. [સં. ઉદ્ (ઉપર) + લિખ્ (લખવું)]
સ. ક્રિ. લખાય એમ થવું.
૫. સ. ક્રિ. વર્ણવાવું.

ઉલ્લેખિની ૧. સ્ત્રી. ખોતરણી.
૨. સ્ત્રી. સારડી.
૩. [સં. ઉદ્ (ઉપર) + લેખિની (ક્ષેતરનાર)] સ્ત્રી. લાકડાં ફોરવાનું એક ઓજાર.

ઉલ્લેર ૧. વિ. ઊંચું.
૨. વિ. વધી ગયેલું; મોટું થઈ ગયેલું.

ઉલ્લોક ૧. [સ. ઉદ્ (ઊપર) + લોક (દેખવું)] પું. અજવાસ.
૨. પું. જ્ઞાન.

ઉલ્લોચ ૧. [સં. ઉદ્ (ઉપર) + લોચ્ (પ્રકાશવું)] પું. ચંદરવો; ચાંદની.
૨. [સં. ઉદ્ (ઉપર) + લોચ્ (જોવું)] વિ. દર્શનીય; દેખવા જેવું.

ઉલ્લોચબાણ [સં. ઉદ્ (ઉપર) + લોચ્ (જોવું) + બાણ (બાંધ)] પું. ઉપરનો ભાગ; ઉપલી બાજુ.

ઉલ્લોપ [સં.] સ. લોપનું ભાવન.

ઉલ્લોલ ૧. [સં. ઉદ્ (ઊંચું) + લોલ (હિલોળા ખાવું)] પું. પાણીનું મોટું મોજું; મોટો તરંગ.
૨. વિ. આનંદી.
૩. વિ. ચંચળ; અસ્થિર.
૪. વિ. ઝડપથી ફરતું; જોરથી હલતું.
૫. વિ. રમતિયાળ.
૬. વિ. લહેરી.

ઉલ્વ ૧. [સ.] પું. ગર્ભ.
૨. પું. ગર્ભના રક્ષણ માટે તેના ઉપર રહેતી પાતળી ચામડીની કોથળી.
૩. પું. ગર્ભાશય.
૪. પું. મૂત્ર; કેફર.
૫. પું. ઓની મુલેંદ્રિય; યોનિ.
૬. [અં. અલ્વ] સ. અમેરિકમાં ઊગતું એકદમ પાતળું લાલચટક લીસું દરિયાઈ ઘાસ.

ઉલ્વણ ૧. [સં.] પું. વાત, પિત્ત અથવા કફથી થતો વિકાર.
૨. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતર આદિના વસિષ્ઠના સાત દીકરાઓના બોલાતું નામ.
૩. વિ. અદ્ભુત; વિલક્ષણ.
૪. વિ. આકરું. ઉગ્ર.
૫. વિ. ઊંચું
૬ વિ. ઊંચુનીચું.
૭. વિ. મોટું; ભારું.
૮. વિ. ધરવું; પુષ્કળ; અઢળક પ્રમાણમાં.
૯. વિ. દળી; ભોટા કોળવાળું.
૧૦. વિ. દેખીતું; સ્પષ્ટ; પ્રગટ.
૧૧ વિ. નીચું.
૧૨. વિ. પ્રકાશવાળું; તેજસ્વી.
૧૩. વિ. ભયંકાર; ડરાવણું.
૧૪. વિ. મજબૂત
૧૫. વિ. શક્તિમાન.

ઉલ્વણા સ્ત્રી. વાયુ, પિત્ત અથવા કફ વધવાથી શરીરમાં થતો રોગ.

ઉલ્વા ૧. [સં.] પું. પુત્ર.
૨. પું. પત્ની અને નાસની નિશાની.
૩. પું. મૂર્ખ માણસ.
૪. [અં. અલ્વ] સ્ત્રી. ઝરણ જેવા પાતળા અને ચળકતા લીલા દરિયાઈ ઝોડની એક જાત.

ઉલ્વી ૧. [સ.] પું. સ.વ. સ્પર્શના લોક
૨. વિ. ઉંચું.
૩. વિ. દૈવી; સ્વર્ગીય.

ઉલ્હાર પું. બોલવું તે; બોલવાપણું.
મે બંત ઉલ્હારે ઝલ ઝરે ૭ ઝરી નવે.
નર્મદ

ઉલ્હાસ ૧. પું. ઉત્સાહ; ઉલ્લાસ.
૨. [સં. ઉલ્લાસ (આનંદ)] પું. ઉમંગ; હોંસ.

ઉલ્હાસ [હિં.] પું. ઝપકો.

ઉલ્હાસ [સં. ઉદ્ (વધારે) + ભાસ (પ્રકાશવું)] પું. તેજ; કાંતિ.

ઉલ્હાસવું ૧. સ. ક્રિ. આનંદ કરાવવો.
૨. [સં. ઉદ્ (વધારે) + હાસ, (મજા કરવી)] સ. ક્રિ. મોજ કરાવવી

ઉલ્હાસું [સં. ઉદ્ (વધું) + હાસ (આનંદ કરવો)] અ. ક્રિ. રાજી થવું.

ઉલ્હાસી [સં. આહ્લાદિન્ (ખુશી)] વિ. આનંદી.

ઉવ ૧. અ. અહો.
અચરી સિદ્ધારી પારવા પા ઢેત પેરી,
ઉવે સદેલી આંચળે દૂધ ગોળી ગેા.
કુહો
૨. [સં. ઉપ] અ. (પ્રાકૃત) નજીક; પાસે; સમીપ.

ઉવકવું સ. ક્રિ. બોલવું.

ઉવકાર [પ્રા.] પું. ઉપકાર; આભાર.

ઉવકારિ [સં. ઉપકારિન્] વિ. (પ્રાકૃત) ઉપકાર કરનાર; આભાર માનનાર.

ઉવગ્ગ [સં. ઉપગ્ન] પું. (પ્રાકૃત) પુષ્ટિ; વધારો; વૃદ્ધિ

ઉવગ્ગાર [સં. ઉપચાર] પું. પૂજાની સામગ્રી.

ઉવજ્ઝાય [સં. ઉપાધ્યાય] પું. (પ્રાકૃત) ધર્મતત્ત્વ સમજાવનાર ગુરુ.

ઉવટ ૧. [સં. ઉદ્ (ઊંચું) + વાટ (રસ્તો)] પું. કુમાર્ગ; ખોટો રસ્તો.
૨. પું. શુક્લ યજુર્વેદ ઉપર ભાષ્ય રચનાર એક ગ્રંથકાર. તે ઈ. સ. ૧૧૦૦માં થઈ ગયો.
૩. વિ. ખરાબ; હોલટ; દુષ્ટ.
દાનિયામ ન બ્રહ્મા દાસ,
ઉવટ મણે તેનો અવતાર. દામળ
૪. વિ. ખોટું; ખાટું.

ઉવટણ ૧. [સં. ઉદ્ (ઊંચું) + વર્ત્ (ફેરવવું)] ન. અળવણી ઇત્યાદીએ ચોળવાનો સુગંધી પદાર્થ.
૨. [સં. ઉદ્વર્તન; અપ. ઉવ્વટ્ટણ] ન. વાસણ ઊટકવાના ક્રમમાં આવતી ચીજ.
૩. ન. સુગંધી પદાર્થ શરીરે ચોળવો તે.

ઉવટ્ટવું સ. ક્રિ. ઊટકવું; ચોળવાપણું.

ઉવટણો ૧. પું. ઊપલટણો; ભત્તો; ઘટવાનો પત્થર; ઘટવાનો પાણો.
૨. પું. ઊટકવાના ક્રમમાં આવતી વસ્તુ; વાસણ સાફ કરવાનો કોયો.
૩. પું. શરીરે ચોળવાનો સુગંધી પદાર્થ.

ઉવડો ૧. પું. ચોપાટના સામસામા ખેલ ભાગનું નામ.

૨. પું. ઝરણું.

Ujh અ. ઝાઝે ભાગે.
Ujh હોઓ નાય, જેમ વધ્યા રોરે રાય.
નેમવિજય

Ujhaṇ ૧. ન. ઊલટી ફેરવાઈને કરાતું મંથન.
૨. [સં. ઉત્તર્ન] ન. કર્મની ટૂંકી ગતિને લાંબી કરવાપણું.
૩. ન. પડખું ફેરવવાપણું.

Ujhaḍ (Ujhaṇ) ૧. પું. સળંગપી.
૨. પું. રનેહી.

Ujhaṇ પું. સામવેદના એક ઋષિનું નામ.

Ujhaṇas [સં. ઉપદેશ] પું. (પ્રાકૃત) શિખામણ; બોધ.

Ujhaṇāṇ [સં. ઉપદેશ] પું. બોધ.

Ujhaṇṇ [સં. ઉપદ્રવ] પું. મહાસંકટ; આફત.

Ujhan વિ. રાખ જેવી ન હોય એવું. અનાજને સાંબી મુદત રાખી મૂકવા તેના ઉપર રાખ અને પારો ચોપવામાં આવે છે. તે સિવાય કોઈ વસ્તુનું અનાજ ઉઝન કહેવાય.

Ujhani ૧. [હિં.] સ્ત્રી. ઊલ.
૨. સ્ત્રી. પ્રકાશ; તેજ.

Ujhaṇoga ૧. [પ્રા.] પું. ઉપભોગ; ભોગવટો.
૨. પું. ઉપભોગ થઈ શકે તેવી ચીજ. જેમકે, કપડાં, ઘરેણાં.

Ujhaṇoga Parimaṇoga Parimaṇa [સં. ઉપભોગ (ભોગવાય તેવી ચીજ) + પરિભોગ (ભોગવાય વપરાય તેવી વસ્તુ) + પરિમાણ (માપ)] સ. (જૈન) શ્રાવકના સાતમા વ્રતનું નામ. તેમાં જોઇવાર કે વારંવાર ભોગવાય તેવી ચીજના માપની હદ રાખવામાં આવે છે.

Ujhamā [પ્રા.] સ્ત્રી. ઉપમા; મુકાબલો; સરખામણી.

Ujhayāra ૧. [સં. ઉપચાર] પું. ઉપચાર; સારવાર; સેવા.
૨. પું. પૂજાની સામગ્રી.
૩. [સં. ઉપકાર] પું. મદદ; ભેટ.

Ujhayoga [સં. ઉપયોગ] પું. (પ્રાકૃત) પોતપોતાના વિષય તરફ ઇંદ્રિયનું જોડાણ.

Ujhara સ્ત્રી. આપદા; પીડા; દુઃખ.
પણિ સહુનિ ઉઝરી બલાં, કૂણી કાંઈ ન ગમી.
કાંતવિજય

Ujharāḍavuṃ (Ujharāṇavuṃ) ૧. સ. ક્રિ. ચારે પૂરી કરી; મોસમ પૂરતી.
૨. સ. ક્રિ. ઢળો ઊભી કરવી.
બલ્યા કલ્યા હોય, જેની કાંબાએ ભેરાય નહિ,
આવો ઉઝરાડ્યો તો ય, ભઈ ભેરવ માંગ્યા.
લોકોક્તિ

Ujharavuṃ સ. ક્રિ. નાંખ વો જેમ કરકુ બોપ કરાવવુ.

Ujhari ૧. [પ્ર.] સ. ઉપર; ઊંચે.
૨. સ. (ઉંચાઈ) લંબાઈ.

Ujharichhar [સં. ઉપરિ (ઉપર) + ચર (ચાલનાર)] વિ. અદ્ધર રહેનાર; ઉપરિચર.

Ujhareja સ્ત્રી. રાતે રાગ સરખી ટૂંકે વખતમાં પાછી આવતી હોય તેવા ખાતાની મોંધાનોંધ.

Ujharoha ૧. [સં. ઉપરોધ] પું. આગ્રહ; હઠાગ્રહ.
૨. પું. દુઃખ; પીડા.
૩. પું. રોકાણ; અટકાવ.

Ujharṇ [સં. ઉ (એક સ્વર) + ઋણ (અક્ષર)] પું. ઉ કે ઊ અક્ષર.

Ujhalaṇa ૧. [સં. ઉપલબ્ધ] પું. (પ્રાકૃત) ઠેકાણાનું; સરનામું.
૨. પું. સમાચાર; ખબર.

Ujhalaṇabbhā [સં. ઉપલંભના] સ્ત્રી. કપડાં; ઉઘાડો.

Ujhavāī સ. એક નામનું એક જૈન ધર્મશાસ્ત્ર; આઠ ઉપાંગ મહેતા એક સૂત્રનું નામ.

Ujhavāsa [સં. ઉપવાસ] પું. (પ્રાકૃત) ઉપવાસ; આખો દિવસ અન્નપાણીનો ત્યાગ.

Ujhasa વિ. (બા. પ્ર.) ઉજ્જડ; નિર્જન.
ઉઝ નઈ પરિ નારી હુઈ સારા,
તે પર ઉઝસ હુ હુઈ કારા. સાવલસમય

Ujhasaṇa ૧. [સં. ઉપસર્ગ] પું. (પ્રાકૃત) ઉપસર્ગ; બાધ જોરથી ક્રિયાપદના મૂળરૂપની શરૂઆતમાં મૂકાતો શબ્દ.
૨. પું. ઉપાધિ; ઉપદ્રવ.
૩. પું. કષ્ટ.
૪. પું. પરિષહ.

Ujhasaṇahara ૧. [સં ઉપસર્ગ (કષ્ટ) + હર (લેનાર)] સ. (જૈન) આકરા વ્યાધિનું એક સ્તોત્ર. ભદ્રબાહુ સ્વામીએ વરાહમંત્રનો જૈનશાસન ઉપર આવી મરકી વગેરેનો ઉપદ્રવ નિવારવાને માટે બાંધેલું 'ઉવસગ્ગહર' નામનું પાર્શ્વનાથનું ચમત્કારી સ્તોત્ર બનાવ્યું હતું.
૨. વિ. કષ્ટ દૂર કરનાર

Ujhasama ૧. [સં. ઉપશમ] પું. (પ્રાકૃત) ક્ષમા; શાંતિ.
૨. પું. દિવસ અને રાતનાં બાર મહિના પંદરમા અથવા બારમા મુહૂર્તનું નામ.
૩. પું. પખવાડિયાના પંદરમા દિવસનું નામ.
૪. પું. (જૈન) મોક્ષનીય એટલે સારું જ્ઞાન બુદ્ધાવનાર કર્મની પ્રકૃતિનો નાશ કરવા અથવા દબાવી દેવાપણું.

Ujhasamaseṇi [સં. ઉપશમશ્રેણિ] સ્ત્રી. (જૈન) ક્રમવાર એટલે ક્રોધ, માન, માયા અને લોભ પ્રકૃતિનું શમન વધારીને મુખ્યપણે નીસરણીએ ચડવાપણું.

Ujhahāra ૧. [સં. ઉપહાર] પું. બક્ષિસ.
૨. પું. ભેટ.

Ujhaṇaha વિ. હાથ ઊંચીનું; ઉપર ટપકનું.

Ujhāṇa પું. શ્વાસ; દમ.

Ujhāṇa ૧. [સં. વસ્ (ભોવું)] પું. પોતાનો જ કક્કો ખરો; પોતે બોલ્યા તે જ પરમેશ્વર બોલ્યા.
૨. [સં. વસ્ (ભોવું)] સ. ક્રિ. કહ્યું.

Ujhāṇachitta સ્ત્રી. હોમ નામના જંગલમાં થતું સુગંધી સુંદર પીળાં ફૂલવાળું એક જાતનું ઘટાદાર ઝાડ.

Ujhāha ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + પથ (રસ્તો)] સ્ત્રી. આડો રસ્તો; ખોટો માર્ગ.
પણા કર્મ પાલીના પાક, ઉઘાડે પડવી વાટ.
સામળ
૨ સ્ત્રી. ખોડ; તંગી; ખીલ; સકોચ.
૩. વિ. ખોટું; આડું; વાંકુચૂકું; અસાધારણ.
૪. સ. આડો રસ્તો.

Ujhāha (Ujhāṇa) પું. ઘટતી ખોટવણ; વેચાણ; ઠેકાણું.
માલનો ઉઘાહ કરી નાખવો = માલને ઠેકાણે પાડવો; માલની ઘટતી ખોટવણ કરવી.

Ujhāṇaha [સં. ઉપાનહ] પું. પગરખું; જોડો; બાસડું.

Ujhāṇuṃ [સં. ઉપાનહ (પગરખું) + ઈન (વિનાનું)] વિ. ઉઘાડપગું; આવું; પગમાં કાંઈ પહેર્યા વગરનું.
બલા ઉઘાણે પાય, લૂપ બોબંતો ગીદી.
સામળ

Ujhāta પું. રાત્રિના બીજા પખવાડામાં થતી એક ખેતી જેવું એક કઠોળનું નામ.

Ujhāḍāṇa [સં. ઉપધાન] ન. મુખ્ય કારણ.

Ujhāḍavuṃ સ. ક્રિ. વાવવું; ખેડિયાતા થવું.

Ujhāṇa પું. ખારીસારણુંના અંદરના ભાગની સપાટી.

Ujhāma ૧. [પ્ર.] સ્ત્રી. તીવ્ર તૃષા; બહુ પ્યાસ.
૨. સ્ત્રી. ઠેરઠર ઝાકર આવવાં તે.

Ujhāya ૧. [પ્રા.] પું. ઉપાય; ઇલાજ.
૨. પું. યુક્તિ; બોલ્યા.
૩ સ્ત્રી. ઉમા; પાર્વતી.
એ ત્રિણ આવે નાંખીયે ફે, હસંતી ને ઉઘાય.
નંદવિજય

ઉચાર

૪. [સં. ઉપ (પાસે) + અદ્ (બનું)] સ. ક્રિ. બોલવું; ભાખવું; પ્રાર્થના કરવી.

ઉચાર ૧. [અ.] પું. અગ્નિની જ્વાળ.
૨. પું. ઊભો મોલ ઉખેડી નાખવાનું.
૩. પું. તાપો.
૪. પું. તેજ; ચરબી.
૫. પું. ક્ષત્રિયનો પ્રકાર.
૬. પું. પ્રભાવો.
૭. પું. ખાસ; તરસ.

ઉચારણ [સં અવતારણ] સ. (પ્રાકૃત) ઓવારણાં; ઉતારણાં.

ઉચારણું [સં. અવતારણ] સ. (પ્રાકૃત) ઉતારણાં.

ઉચારવું ૧. સ. ક્રિ. ઉગારવું; બચાવવું.
૨. સ. ક્રિ. ઉતારવું; ધરવું; મૂકવું.
. સધનારે સોબતો કરીને આગળ અમર ઉચારું ૨. નરસિંહ

ઉચારો ૧. [સં. અવાર; પ્રા. ઓઆરો] પું. ઓવારો; કિનારો; આરો; કાંઠો.
૨. પું. બાંધેલો પાઘ.

ઉચાલંક [સં. ઉપાલંભ] પું. ઓળંભો; ઠપકો.

ઉચાસ ૧. [સં. અવકાશ] પું. (પ્રાકૃત) અવકાશ.
૨. પું. ઉપાશ્રય; અપાસરો.
૩. પું. રહેવાનું ઠેકાણું.

ઉચાસ્ય ૧. [સં. ઉપાસક] પું. અવક; જૈન ગૃહસ્થ; સાધુની સેવા કરનાર.
૨. વિ. ધર્મ સાંભળવાની ઇચ્છાવાળું.

ઉચાસ્યાધ્યયન ન. (જૈન) ઉપાસકાધ્યયન; શ્રાવકને લગતો દસ પ્રકરણવાળા સાતમા અંગસૂત્રનું નામ.

ઉચાળ પું. ઢગલો.

ઉચાં અ. સાં.

ઉચાં ઉચાં ન. ન. ન. બચ્ચાંનો રડવાનો અવાજ.

ઉચાંચો પું. કુરસદ; નવરાશનો વખત.

ઉચાંડાર [સં. ઉમામહેશ્વર-ઉમામાહર-ઉમાંડર] ન. શ્રાદ્ધ પાર્વતીનું એકું શ્રાદ્ધકારજ માટે ગોરને પંચ અને ગોરાણીને ત્રણ ગણે આઠ વસ્તુનું કરાતું દાન.

ઉચાંઉ વિ. (બા. પ્ર.) અણબનાવવું.

ઉચેપ ૧. [સં. ઉપેક્ષ્ (હાંસી કરવી)] પું. અનાદર; તિરસ્કાર; નિંદા.
૨. [સં. ઉદીક્ષ્ (જોવું); પ્રા. ઉવ્વપ] પું. જોવું જોવાપણું.
૩. પું. બેદરકારી; ઉપેક્ષા.

૪. [સં. ઉદીક્ષ્ (વિચારવું)] પું. વિચાર; અનુમાન; તુલના.
૫. સ. ક્રિ. ઉપેક્ષા કરવી; બેદરકારી રાખવી.

ઉચેપક [સં. ઉપેક્ષક] વિ. અનાદર કરનાર.

ઉચેપણુદ્ધાર [ઉપેક્ષ્ (અનાદર કરવો) + અન (પણું) + દ્વાર (કબાટ જેવા અર્થનો પ્રત્યય)] વિ. અવગણના કરનાર.

ઉચેપણા ૧. [સં. ઉપેક્ષ્ (તિરસ્કારવું)] સ્ત્રી. અવગણના; અનાદર; તિરસ્કાર; તુચ્છકાર.
૨. સ્ત્રી. બેદરકારી.
૩. સ્ત્રી. લોપ; ઉત્સર્જન; તિરસ્કાર; અપોદ્યાલેગ.

ઉચેપનારું [સં. ઉપેક્ષ્ (અનાદર કરવો)] વિ. તુચ્છકારનાર.

ઉચેપવું ૧. [સં. ઉદ્ (ઉપર) + ક્ષિપ્ (નાખવું)] સ. ક્રિ. અવળું કરવું.
૨. સ. ક્રિ. ઉખેડવું; તોડી પાડવું.
૩ સ ક્રિ ઉપર ફેંકવું; ઉછાળવું; ઊડાવવું.
૪. [સં ઉદ્ (પણ) + ક્ષિપ્ (નિંદવું)] સ. ક્રિ. ઉપેક્ષા કરવી; તુચ્છકારવું; અનાદર કરવો; નિંદા કરવી, વખોડવું.
૫. સ. ક્રિ. ઊતરવું; ઓલાવવું
૬. સ. ક્રિ. ઊંધું જોવું.
૭. સ. ક્રિ. ખંજવાળવું
૮. સ. ક્રિ. અવકવું.
૯. સ. ક્રિ. બેદરકારી કરવી; મન તળે કાઢી નાખવું; અવગણના કરવી.
૧૦. સ. ક્રિ. વિચારવું.
૧૧. [સં. ઉત્ક્ષિપ્] સ. ક્રિ. સળગાવવું.
૧૨. સ. ક્રિ. સાંખવું; ખમવું; સહન કરવું.
૧૩. સ. ક્રિ. સુવાસ આવવી; સુગંધ લાગવી.
૧૪. સ. ક્રિ. હલકું ગણવું; તુચ્છ માનવું.

ઉચેપાવવું ૧. સ. ક્રિ. અનાદર કરાવવો; અવગણના કરાવવી.
૨. સ. ક્રિ. ઊંધું જોવરાવવું.
૩. સ. ક્રિ. વિચારે એમ કરવું.
૪. સ. ક્રિ. સંખાવવું; ખમાવવું; સહેવાવવું.

ઉચેપાવું અ. ક્રિ. અવગણના કરે એમ કરાવું.

ઉચેપો ૧. વિ. એકું કર્યા વિનાનું.
૨. વિ. ચાખ્યા વગરનું.

ઉચેતર ન. પ્રેરણામણી; ભેટ.
ઉચેતર કરી બલાવીયા રામ । બીજો રીંગ આવી બહી. શ્રેણ્યંક

ઉચેલ પું. એક બાજુ પછી બીજું એકઠું આવતાં સુધીનો વખત; ઉખેલ.

ઉચેલવું ૧. સ. ક્રિ. ઉગારવું; બચાવવું.
બાજી પર ડિમ હી ઉચેલઈ કરે અબલી લાજ. પ્રેમાનંદ

૨. સ. ક્રિ. ખંપ કરી રેવું.
૩. સ. ક્રિ. મલાવવું.
નરપાલ ઉચેલઈ ગેહ,
મોચા સોડ જોડિલ તેહ. પ્રેમાનંદ

ઉચેશવું અ. ક્રિ. મહેનતું; ખુશામો આપવી.
મુંદર વર સેજડીએ ચેટ, આગલ અમર ઉચેશાં ૨. નરસિંહ

ઉચેળવું ૧. [સં. ઉદ્ (ઉપર) + ક્ષિપ્ (ખોડવું)] સ. ક્રિ. પાણ આપવુ.
૨. સ. ક્રિ. પાર ઊતરવુ; ઉલ્લંઘવુ; ઓળંગવું.
૩. સ. ક્રિ. બરાબર નહિ બોલ્યા હોવાને સરખું બોલાવવા સાધામાંથી ઉતારવું.
૪. [સં. ઉદ્ (ઉપર) + વેષ્ (વાળવું)] સ. ક્રિ. બોલવાનું રાખવી; અવગણવું; તજવું; ધ્યાનમાં ન લેવું.
૫. સ. ક્રિ. ગુલાંટ ખવેલ વાતને તાજી કરવી.
૬. [સં. ઉદ્ (ઉપર) + ક્ષર્ (વમવું)] સ. ક્રિ. વમન ઉતારવો; ઊબેળવું; અવળો વમન આપવો અવળું કરવુ.
૭. [સં. ઉદ્ (ઉપર) + ક્ષર્ (વમવું)] સ ક્રિ. સમારવા સમજાવવી; બોરડો ઊબળવો; ઉખાડવું છોડવુ.
૮. સ. ક્રિ. હડસેલવું; ધકેલવું.

ઉચ્ચટ ૧. પું. એક આચાર્ય. તેનું વેદ ઉપરનું ભાષ્ય બહું વખણાય છે.
૨. પું. સંગીતના એક ટીકાકારનું નામ.

ઉચ્ચાટ [સં. ઉદ્ (ઉપર) + ચાટ (કરવો)] સ્ત્રી. અવળો માર્ગ; આડો રસ્તો.

ઉચ્ચેગ [સં. ઉદ્વેગ] પું. (પ્રાકૃત) ઉદ્વેગ; ખેદ.

ઉચ્ચા ૧. [સં.] વિ. ઊભું.
૨. અ. ઉદ્; બિસ્કાર.

ઉચ્ચાટ [અ. ઉચ્ચાટ] પું. ધૂપ તરીકે વપરાતો એક જાતનો ગુંદ. તે રસ અને લોબાન કે ગાંગડાના રૂપમાં મળે છે. રસ તજના જેવા રતુંબડા રંગનો હોય છે. તેના અખારદર્શક અને ચળકતા પોપડા ગાંગડા કોપ સુગંધી અને સહેજ કડવા હોય છે. લોહીનું કરવાને તે મદદ કરનાર અને દમના રોગમાં તે બહુ ઉપયોગી મનાય છે.

ઉચ્ચાતુલ્લા [અ. રબ્બલ (તે મહાન હતે)] પું. દતાત્રય.

ઉચ્ચાતી [સં.] સ્ત્રી. અમંગળ વાણી; અશુભ વચન.

ઉચ્ચાન [સં. ઉત્તનય] પું. એક સ્મૃતિના કર્તાનું નામ.

ઉશનસ ૧. [સં. ઉશનસ] પું. દૈત્યના ગુરુ; શુક્રાચાર્ય.
૨. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.
૩. પું. સામવેદમાં જણાવેલ એક ઋષિનું નામ.
૪. ન. એ નામનું એક ઉપપુરાણ.

ઉશનસકાવ્ય ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૮૪ અને નવમા મંડલના ૮૭–૮૯માં સૂક્ત રચનાર એક ઋષિનું નામ.
૨. પું. સામવેદમાં જણાવેલ એક ઋષિ.

ઉશનસસ્મૃતિ [સં. ઉશનસ (એક સ્મૃતિના કર્તા) + સ્મૃતિ (ધર્મશાસ્ત્ર)] સ્ત્રી. બીજા મંવંતરની એક સ્મૃતિનું નામ.

ઉશનસ્તોમ [સં. ઉશનસ (શુક્રાચાર્ય) + સ્તોમ (યજ્ઞ)] પું. શુક્રાચાર્યે કરાવેલો યજ્ઞ.

ઉશના ૧. [સં. ઉશનસ] પું. અઢાર મંવંતરોનું એક ઉપપુરાણ.
૨. પું. ધર્મશાસ્ત્ર રચનાર એ નામના એક ઋષિ. અત્રિ, અંગિરા, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્ક્ય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, આશ્વ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠ એ બધા ધર્મશાસ્ત્રના રચનારા છે. તેઓએ બનાવેલી સ્મૃતિને ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે.
૩. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંના વારુણિ ક્રવિના આઠ માંહેનો ત્રીજો દીકરો; કાવ્ય; શુક્ર. બ્રાહ્મ અને હિરણ્યકશિપુના વખતમાં એ દૈત્યોનો પુરોહિત હતો. પ્રહ્લાદને અર્થે અને કામનો ઉપદેશ આપવાને વખતે એ તપ કરવા ગયો હતો, તેથી એનો સંડામર્ક નામનો દીકરો પુરોહિતપણું કરતો.
૪. પું. (પુરાણ) સોમવંશી ક્રોષ્ટાના વંશમાં જન્મેલા ધર્મ નામના રાજાનો દીકરો.
૫. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાના ભૃગુના દીકરાનું નામ; કાવ્ય; શુક્રાચાર્ય; અસુરના ગુરુ. તે પ્રિયવ્રત રાજાની ઊર્જસ્વતી નામની દીકરી સાથે પરણ્યા હતા. વૈવસ્વત મન્વંતરમાં પણ શુક્ર નામે દૈત્યના ગુરુ મોટા ક્રવિ થયા હતા ને તેને પણ કાવ્ય કે ઉશના કહેતા. નીતિશાસ્ત્રમાં તે પ્રવિણ હતા અને ધર્મનાં અને રાજદ્યાસનનાં પુસ્તકો સબંધી તેણે ઘણું લખ્યું છે. રાજાને કરવે વેદોમાં તેને ક્રવિ પણ કહ્યા છે.
૬. સ્ત્રી. એ નામનું એક ધર્મશાસ્ત્ર સ્મૃતિ.
૭. સ્ત્રી. રુદ્રાણી.
જે ૨૬ ! મન્યુ, મનુ, મહિનસ, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાલ, વામદેવ અને ધૃતવ્રત એ તમારાં નામો છે તથા બી. રુદ્રિ, ઉશના, ઉમા, નિયુત્, સર્પિ, ઇલા, અંબિકા ઇરાવતી, સુધા અને દીક્ષા એ રુદ્રાણીઓ તમારી સ્ત્રીઓ છે. પુરુષોત્તમગીતા

ઉશના [હિં.] પું. એક ઝાડનું ઝાડ. તેનું મૂળ ઔષધી ગુણકારક છે.

ઉશરિન પું. (અરબોલી) અપરાતથી મળતાત્ર સુધીનો વખત.

ઉશસ [સં. ઉશસ] સ્ત્રી. પ્રાતઃકાળની તેજસ્વી અને સુવિખ્યાત દેવી. તે આકાશના દીકરા સુર્યની દીકરી અને રાત્રિની બહેન કહ્યાય છે.

ઉશાસ્તે ચાઙ્ગાયચ્છ [સં.] પું. એ નામનો એક જૂના વખતનો તત્ત્વજ્ઞાની.

ઉશાહિનગાહ પું. અપરાતથી પ્રભાત સુધીનો સમય.

ઉશંગવ [સં.] પું. (પુરાણ) એક રાજાનું નામ.

ઉશંજુ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; કશંજુ. તેણે પોતાને પાપમુક્ત બાબુ બનવી સરસ્વતી ઉપર આવેલા પૃથૂદક તીર્થમાં કેશત્યાગ કરી વૈષ્ણવપદ મેળવ્યું હતું. એના આશ્રમમાં અરુંધિત્ય, વિશ્વામિત્ર, સિંધુદ્વિપ અને દેવર્ષિ ઘોર તપ કરી બ્રાહ્મણત્વ એટલે બ્રાહ્મણના ખરા ગુણો પામ્યા હતા.

ઉશાના ૧. [સં. સ્ત્રી. (કન્યાનું)] સ્ત્રી. કન્યા; મરજી.
૨. સ્ત્રી. એક જાતની પહાડી ઔષધિ. તેમાંથી સોમરસ કાઢવામાં આવે છે.

ઉશાપ [સં. ઉત્ (ઉકેડ) + શાપ (કહ્યા)] પું. શાપ ખોટો કરવાપણું; શાપનું નિવારણ; અનુગ્રહ.

ઉશારેશ્વર પું. રેવતીનો સિરો.

ઉશિઆશુ [વશિન્ (વાળે) + આશુ (વાહ્ય)] વિ. ઓશિયાળું; પરાધીન.

ઉશિક [સં.] પું. (પુરાણ) સોમવંશી એક રાજાનું નામ. એને ચેદિ નામનો દીકરો હતો.

ઉશિજ ૧. [સં.] પું. (પુરાણ) અંગિરા કુળમાં જન્મેલ એક ઋષિ. એને મમતા નામની બીજી દીર્ઘતમા નામે દીકરો થયો હતો.
૨. વિ. બુદ્ધિમાન; ચતુર; દક્ષ.

ઉશિનારગિરિ [સં. ઉશીનર (એક દેશ) + ગિરિ (પર્વત)] પું. સિંધાલિકની લહરમાંનો પર્વત. તેને ચીરીને હરદ્વાર આગળ ગંગા નદી બહાર પડે છે.

ઉશિકળ વિ. ઓશિયાળું; ઓશિકાળું.

ઉશિજ્ઞ [સં. વશિન્ (વાળે જોવું)] વિ. ઓશિયાળું; ઉપકૃત; બાબુકરી; બાબુી.

ઉશી [સં. કન્ (કન્યાનું)] સ્ત્રી. કન્યા; મરજી.

ઉશીકું [સં. ઉત્ (ઊંચું) + શીર્ષ (માથું)] ન. ઓશીકું; ઉપાધાન; માથા નીચે રાખવાનો તકિયો; માથાને ઊંચું રાખનાર વસ્તુ.
ઉશીકાં ઉધામવાં = માંદા માણસની બરાબર ચાકરી કરવી.

ઉશીનર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દેશ; બાંધારા કેલ્હારની આસપાસનો મુલક.
૨. પું. (પુરાણ) એક દેશનું નામ. તેના રાજા સિબિની રાજધાની ગોજ્જનગરીમાં હતી.
૩. પું. પુરુના વંશનો રાજા; સિબિ. એણે શરણે આવેલ હોલા માટે તેની પાછળ પોલા બાજપક્ષીને પોતાનું માંસ જાંઘમાંથી કાઢી આપી હોલાનું રક્ષણ કરી શરણાગતના રક્ષણનો પરમ ધર્મ બજાવ્યો હતો.
૪. પું. (પુરાણ) યાદવ વંશનો એક ક્ષત્રિય.
૫. પું. (પુરાણ) સોમવંશી અનુકુળમાં જન્મેલ કૈકય દેશના ચાલતી રાજા મહામનાના બેમાંનો મોટો દીકરો; તિતિક્ષુનો ભાઈ. એને વમાતિની દીકરી સુરથાથી સિબિ, વન, દમી અને કૃષ્ણ નામના ચાર દીકરા થયા હતા.
૬. ન. એક જાતનું કેદ.

ઉશીનસ [સં. ઉશનસ] પું. (પુરાણ) દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય.

ઉશીર ૧. [સ. ઉત્તર] સ્ત્રી. વિલંબ; ઢીલ.
૨. ન. અમણાલા; વીરણનો ચાળો; નલદ; સેમ્બ; સુગંધી ચાળો; ખસ. તેનું મૂળ ઠંડું, મૂત્ર વધારનાર, બળ આપનું, બળતરા દૂર કરનાર, પ્રમાવનાર અને ઉત્તેજના આપનાર ગણાય છે. તાવમાં તરસ બહુ લાગતી હોય તો તેનું પાણી પીવાથી, સખત ગરમી અથવા ગામડીની બળતરામાં તેનાં મૂળને વાટીને લેપ કરવાથી અને ઊલટી થતી હોય તો તેનું તેલ આપવાથી બંધ થાય. તેનાં બી અફીણના અનુપાન તરીકે તેમ જ મીઠી પેસાબ, મૂત્રાશયનાં દરદો અને રાજે થતા વીર્યસ્રાવમાં વાપરવામાં આવે છે.
૩. ન. બખ્તરની પહડી; કડી.
૪. ન. બરી; તીખાં.

ઉશીરક [સં. ઉશીર] ન. સુગંધી ચાળો; ખસ.

ઉશીરગિરિ [સં. ઉશીનર (એક દેશ) + ગિરિ (પર્વત)] પું. મૈનાક પર્વત; ઉશિનારગિરિ.

ઉશીરનલક [સં. ઉશીર (એક જાતનું ઘાસ) + નલક (કેળો)] સ્ત્રી. ગોખ.

ઉશીરબીજ ૧. પું. ઉત્તર દિશામાં આવેલ એ નામનો એક પર્વત; હિમાલયનો એક ભાગ; ઉશિનારગિરિ.

૨. મ. હિમાલયની પાસે આવેલું એક જૂનું તીર્થસ્થાન. ત્યાં મરતે વખતે ગયા કર્યો હતો. એ જ ઠેકાણે કુબ્જા ઋષિની કંબુતટસર નામની જગ્યા આવેલ હતી. ત્યાં તેની આજ્ઞા હિમાલયના સોનાનો ભંડાર સાક્ષાત્ પ્રકટ થયો હતો.

ઉશીરાદિકપાલ [સં. ઉશીર (મસ) + આદિ (નમેર) + કપાલ (કપાલ)] પું. કાળો વાળો, નંદન, મોચ, ગળો, ધાણા અને સોંનો ઉકાળો. તેમાં મધ અને સાકર નાખી પીવાથી તરિયો તાવ ઊતરવાનું મનાય છે. ધોળો વાળો, કાળો વાળો, મોચ, ધાણા, સૂંઠ, રિસામણી, ધાવડીનાં ફૂલ, ગોદર અને બીલીના ગરભથી પણ આ ઉકાળો બનાવાય છે.

ઉશીરાદિસ્નાન [સં. ઉશીર (વાળો) + આદિ (નમેર) + સ્નાન (નાહવું તે)] ન. ધોળો અને કાળો વાળો, રેતાંજળી અને પદ્મકાષ્ઠને સરખે ભાગે ખાંડી તેની પોટલી કરી પાણીમાં નાખી નાહવું તે. શરીરમા બળતરા થાય ત્યારે બહુ કળ થાયે ત્યારે આવી રીતે નાહવાથી હાયકો થતો મનાય છે.

ઉશીરાસવ [સં. ઉશીર (વાળો) + આસવ (રસ)] પું. ગળો, કાળો વાળો અને બીજી વનસ્પતિ નાખી બનાવેલો દારૂ.

ઉશીરિક [સં. ઉશીર (મસ) + ઇક (વાળું)] વિ. સુગંધી વાળો વેચનાર.

ઉશીનર ૧. [સં. ઉશીનર] પું. પુરાણા હિંદનો એક દેશ; હાલના પંજાબનો એક ભાગ.

૨. ન. જૂના વખતના પંજાબના ચોખા.

ઉશીરાકું (ઉશીરાકું) ન. ઓશીકું.

ઉશીસકું (ઉશીસકું) [સં. ઉત્ (ઉપર) + શીર્ષ (માથું)] ન. ઉશીકું; ઓસોકું; માથા તળે રાખવાનો નાનો તકિયો.

> કોલ તણાઈ ઉશીસકાં,
> આંસરણા મીતરાય. પ્રેમાનંદ

ઉશીસું [સં. ઉત્ (ઉપર) + શીર્ષ (માથું)] ન. માથા નીચે રાખવાનો તકિયો.

ઉશેકવું [સં. ઉદ્ (ઉપર) + સ્રુ (ઝરવું)] ન. ખપે કાઈ લેવું તે તળિયાઝાટક કરવાપણું.

ઉશેડવું ૧. [સં. ઉદ્ (ઉપર) + શિષ્ (તજવું)] સ. ક્રિ. ઉખેડવું; કાઢી નાખવું.

૨. સ. ક્રિ. ઊપડું કરવું.

૩. સ. ક્રિ. ફેંકવું; નાખી દેવું.

ઉશેડાવવું [સં. ઉદ્ (ઉપર) + શિષ્ (તજવું)] સ. ક્રિ. ફેંકાવવું; કઢાવવું.

ઉશેડવું [સં. ઉદ્ (ઉપર) + શિષ્ (તજવું)] સ. ક્રિ. ફેંકી દેવું.

ઉશેડવું (ઉશેરવું) [સં. ઉદ્ (ઉપર) + સ્રુ (સ્રવું)] સ. ક્રિ. ભેગું કરી લેવું.

ઉશેવવું [સં. ઉદ્ (બહાર) + પુ (બગાડવું)] સ. ક્રિ. કોઈ ચીજને ઢાંક્યા વિના પાણીમાં બાકી.

ઉશ્કેરણ [સં. ઉદ્ (પાછું) + ક્ષ (બગાડવું)] સ્ત્રી. આવેશ. ક્રુદ્ધતા ઉશ્કેરણી.

ઉશ્કેરણી ૧. [સં. ઉદ્ (બહુ) + ક્ષ (બગાડવું)] સ્ત્રી. આવેશ; ગુસ્સો.

૨. સ્ત્રી. કોપે ભરાય તેવી સોબતવગું; ગામ ગયા કરેલું તે; ગાસણી.

૩. સ્ત્રી. પ્રેરણા; ઉત્તેજન.

ઉશ્કેરવું ૧. [સં. ઉદ્ (બહુ) + ક્ષ (બગાડવું)] સ. ક્રિ. ગાડવું; સોબતવગું દેવું; ગણી કરવી; આવેશમાં આવે એમ કરવું; ભડકેરવું.

૨. સ. ક્રિ. પ્રેરવું; બગાડવું; ઉત્તેજ કરવું.

ઉશ્કેરણ [સં. ઉદ્ (પાછું) + ક્ષ (બગાડવું)] પું. આવેશ; ગુસ્સો. ક્રુદ્ધતા ઉશ્કેરણી

ઉશ્કેરાવવું [સં. ઉદ્ (બહાર) + ક્ષ (બગાડવું)] સ. ક્રિ. ભડકેરાવ તેમ કરવું.

ઉશ્કેરાવું [સં. ઉદ્ (બહુ) + ક્ષ (બગાડવું)] અ. ક્રિ. ઉશ્કેરવું; ખીજવું; ગીજવું; કોપે ભરાવું; આવેશમાં આવવું.

ઉશ્તરખાના [ફા. ઉશ્તુર (ઊંટ) + ખાના (ઘર)] ન. ઊંટશાળા.

ઉશ્તવૈતીઆદ્ય સ્ત્રી. (અવસ્તી) અભિનંદનનું ગીત.

ઉશ્તાન ન. (અવસ્તી) પ્રાણી તરીકેનું જીવન.

ઉશ્ટુર [ફા.] પું. ઊંટ.

ઉશ્તુકુમ ૧. [ફા.] પું. ઊંટનાગ; ક્રુદ્ધગ.

૨. પું. ઉતાવળ; તાકીદ; ઝડપ.

૩. વિ. દક્ષ; ઝનૂનવાળું.

ઉશ્ના [અ.] ન. સિંચણિયું.

ઉશ્બા [અ.] પું. સાર્સપરિલા; એક જાતની વનસ્પતિ.

ઉશ્ર [અ.] પું. દશમો ભાગ.

૧. ઉશ્રે અશોર = (૧) દશમાનો દશમો ભાગ. (૨) બહુ નાનો ભાગ.

૨. ઉશ્રે તરી = પંચરી પ્રમાણથી નાનો અંશ દશમો ભાગ.

ઉશ્રાપ [સં. ઉદ્ (વિનાનું) + શાપ (શ્રાપ)] પું. શાપનું નિવારણ; અનુગ્રહ.

ઉશ્લેષ [સં. ઉદ્ (બહાર) + શ્લિષ્ (ચોટવું)] પું. પાસપાસે રહેલું તે; સમીપતા; સંસર્ગ.

ઉષ્ણદત્ત [સં. ઉષ્ણદત્ત (ઉષ્ણદ)] પું. ગુજરાતના નહપાન રાજાના જમાઈનું નામ. તેણે ગુજરાત તેમ જ હિંદુસ્તાનના બીજા ભાગમાં મોટાં મોટાં પુણ્યકર્મ કરી પહેલા સૈકામાં પોતાનું નામ ધર્માત્મા તરીકે જગતી મૂકેલું. બૌદ્ધ ધર્મવાળાઓને તેણે નાસિક અને કારલામાં ગુફાઓ બંધાવી આપેલ, જેમાં એના પુણ્યના પ્રમોની વિગત આપી છે. પ્રભાસ, પુષ્કરણ, નાસિક અને બીજે ઠેકાણે તેણે મોટાં દાન કર્યાં હતાં.

ઉષા ૧. [સ.] પું. અંધારાની શરૂઆત.

૨. પું. આનો અને સોબતી જનાવ.

૩. પું. નખરાંબાજ.

૪. પું. ઘરે ઘરથી દેખાતો અગ્નિ.

ઉષાગરી [સ. ઉષા (નખરાં) + ગર (કરનાર) + ઈ (પાછું)] સ્ત્રી. બીજા ઉપરાંતે જોરી નજર; ખરાબ દૃષ્ટિ.

ઉષ્કાસ ૧. [સં. ઉદ્ (બાંધી) + શ્વસ્ (નાકથી વાયુ બહાર કાઢવો)] પું. ઊંડો શ્વાસ લેવાપણું.

૨. પું. દમ.

૩. પું. વરાળરૂપે બહાર કાઢવું તે; ઉદ્ગાર.

૪. [સં. ઉદ્ (બાંધી) + શ્વસ્ (નાકથી વાયુ બહાર કાઢવો)] પું. શ્વાસ બહાર કાઢવાપણું.

૫. પું. હવા આવવા જવા માટે રાખેલ બાકોરું.

ઉષ્કાસક [અ. આશક (પ્રેમી)] પું. ન. વ. પ્રેમીઓ; ચાહનારાઓ.

ઉષ્ક્ ૧; [સં.] અ. ક્રિ. બહાર શ્વાસ મૂકવું.

૨. સ. ક્રિ. બળવું.

૩. સ. ક્રિ. બાળવું.

૪. સ. ક્રિ. વાર કરવો; મારી નાખવું.

૫. સ. ક્રિ. કાબૂ કરવો.

ઉષ ૧. [સં.] પું. ઉષા; પ્રભાત; સવાર.

૨. પું. ગ્રામવાસનાવાળો માણસ.

૩. પું. મૂળો.

૪. પું. ત્રણ સંખ્યાનો વખત.

૫. પું. દિવસ.

૬. સ્ત્રી. સોરઠી; પંખિ.

૭. ન. ખારો; ખારી માટી; એક જાતનું લવણ.

૮. વિ. બાળનાર; દાહક.

૯. વિ. ત્રણે સંખ્યા પ્રમાણનું.

ઉષક ૧. [સં.] પું. ખારો; મૃત્તિકા લવણ.
૨. પું. ટંકણખાર.

ઉષજ [સં. ઉષ (ખારો) + જ (પેદા)] વિ. ક્ષારવાળું.

ઉષણ ૧. [સં.] ન. પીપરીમૂળ.
૨. ન. મરી; તીખાં.
૩. ન. સૂંઠ.

ઉષણા ૧. [સં.] સ્ત્રી. ક્ષમાવૃક્ષ.
૨. સ્ત્રી. ગજપીપર.
૩. સ્ત્રી. લવક; એક જાતનો લવક વેલો.
૪. સ્ત્રી. મરી.
વિકટા ઉષણા તીક્ષ્ણા કૃષ્ણમરિચા એ નામ,
મરચી મીઠું મેળવી વધુ કરું કું નામ.
પિંગલપ્રકાશ
૫. સ્ત્રી. લીંડીપીપર.
૬. સ્ત્રી. સૂંઠ.

ઉષણું [સં. ઉષ્ણ] વિ. ગરમ.

ઉષતી [સં.] સ્ત્રી. ભીલની સાગણી કુલાય એવી બોલી; અભંગણ વાણી.

ઉષદ્રથ [સં.] પું. પુરુવંશી એક રાજાનું નામ.

ઉષધ [સં. ઔષધ (દવા)] સ્ત્રી. (ડિંગળ) ઔષધિ.

ઉષધ ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું. આકડો.
૩. પું. મિત્રનું નામ.
૪. પું. સૂર્ય.

ઉષમાગ્નેહરમ [સં. ઉષ્મા (ગરમી) + ઓહરમ (બહુતરી માટેની એક વસ્તુ)] ન. ગરમી માપવા બહુવા બહુવાનો એક જાતનો સમૂહ; 'યુનિટ ઑવ હીટ'.

ઉષમાપક [સં. ઉષ (ક્ષાર) + માપક (માપનાર)] ન. ખારાશ માપવાનું સાધન.

ઉષર ૧. [સં.] સ્ત્રી. ખારવાળી જમીન; ખારોપાટ.
૨. વિ. ખાંજણું; ખારવાળું.

ઉષરતા ૧. [સં. ઉષર (ખારોપાટ) + તા (પણું)] સ્ત્રી. અનાજ ન પાકે એવી જમીનની ખારાશ.
૨. સ્ત્રી. ખારાટ.
૩. સ્ત્રી. ખારોપાટ; ખારવાળી જમીન.

ઉષર્બુધ ૧. [સં. ઉષ્ (બાળવું) + બુધ્ (જાણવું)] પું. અગ્નિ; અનલ.
પાવક પાંચ દહન દવ જ્વલન ઉદ્ગમ્ય બહુ,
ત્રિધા ઉષર્બુધ વસુરામ નીતિહોત્ર પ્રમાણ.
પિંગલપ્રકાશ
૨. પું. મિત્રનું નામ.
૩. પું. બાણનું બાણ
૪. [સં. ઉષસ્ (પ્રકાશ) + બુધ્ (જાણવું)] વિ. અગિયારના વખતે જાગેલ; મળસકે ઘેલું ઊઠનારું.

ઉષલ [સં. ઉલ્મલ] પું. (જૂ. રૂ.) ઊખળ; ખાંડણિયો.
ઉષલ મૂસલ નીસા ચટિ કોલ્હુ ધાણી ધરી ઘાટ.
લાવણ્યસમય

ઉષસ [સં. ઉષસ્] સ્ત્રી. સામવેદમાં બહુપ્રયોજ એક દેવતા.

ઉષસી ૧. [સં.] સ્ત્રી. દિવસ અને રાત્રિના વચગાળાનો ટૂંકો વખત.
૨. સ્ત્રી. સાવસખ્યા

ઉષસ્ત પું. (પુરાણ) અક્રોધન ઋષિના દીકરાનું નામ; અ.ક્રોધન

ઉષંગુ [સં. ઉષ્ (સંહાર કરવો)] પું. શંકર; શિવનાં હજાર બારેનું એક નામ. તે જગતના સંહારક કહેવાય છે.

ઉષઃ ૧. [સં. ઉષસ્ (પ્રભાત)] સ્ત્રી. પ્રભાતની અધિષ્ઠાતા દેવતા; પ્રકાશમાન અને કીર્તિવાળી પ્રાતઃકાલની ઉત્સાહ આપનાર દેવી. તે આકાશની દીકરી, સૂર્યની સ્ત્રી, રાત્રિની બહેન અને અશ્વિનોની મિત્ર મનાય છે.
૨. ન. પરોઢિયું; મળસકું; પ્રાત:કાળ.

ઉષઃકાલ ૧. પું. ઊગતીનો વખત; ઉન્નતિનો કાળ.
૨ [સં. ઉષસ્ (પરોઢિયું) + કાલ (વખત)] પું. મળસકું, પરો ૯.
૩. પું. રાત્રિપ્રાતનો વખત.

ઉષઃકાલીન [સં. ઉષસ્ (પ્રભાત) + કાલ (વખત) + ઈન (વગતું)] વિ. પરોઢિયાનું; મળસકાનું.

ઉષઃકાળ [સં. ઉષસ્ (પરોઢિયું) + કાલ (વખત)] પું. મળસકાનો વખત. જુઓ ઉષઃકાલ.

ઉષઃપાદવંદન ૧. [સં. ઉષસ્ (પ્રભાતની દેવી) + પાદ (પગ) + વંદન (નમન)] ન. ઉષા દેવીને કરાતું નમન.
૨. ન. સવારમાં કરાતો નમસ્કાર.

ઉષઃપાન [સં. ઉષસ્ (પરોઢિયું) + પાન (પીવું)] ન. સવારમાં ઊઠીને પાણી પીવાયછું. સૂર્યોદય પહેલાં આઠો ઓનો તાજું પાણી પીવાથી માણસ નીરોગી બને અને લાંબું આયુષ્ય ભોગવે. આ પ્રમાણે લાંબો વખત પાણી પીવાથી અર્શ, સોજા, સંગ્રહણી, તાવ, પેટનાં દરદ, ગૂમડાંઓ, અને વાત, પિત્ત કે કફનાં અને લોહીનાં બધાં દરદ માટે એમ મનાય છે. આ પાણી બે નાકથી પીવામાં આવે તો માણસ બુદ્ધિશાળી, ગરુડ જેવી નજરવાળો અને મજબૂત થાય.

ઉષઃસંધ્યા ૧. [સં. ઉષસ્ (પ્રભાત) + સંધ્યા (બે સમયને જોડનાર ટૂંકો વખત)] સ્ત્રી. પૂર્વ દિશામાં સૂર્યોદય પહેલાં સૂર્ય ક્ષિતિજની નીચે અઢાર અંશ હોય તે સમય અને સૂર્યોદય વચ્ચેનું સંધિ દરમ્યાન.
૨. સ્ત્રી. સંધ્યાવંદન.

ઉષા ૧. [સં. ઉષસ્] પું. (પિંગળ) કુંડલિયા છંદની જાતનો ૩૭ ગુરુ અને ૩૮ લઘુ મળી ૧૧૫ અક્ષરવાળો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ.
૨. પું. (જ્યોતિષ) હાલમાં વિષુવાંશ ઓરાશી અને દક્ષિણ ક્રાંત્યંશ બેમાં અત્યંત એક તારો: 'બરપીસ ક્રીટા ઓરાયનિસ'. તેના તેજનું પ્રમાણ ૧-૯ છે.
૩. સ્ત્રી. અરુણોદયની લાલાશ; સૂર્યોદય પહેલાં પૂર્વ તરફ થતો રાતો રંગ.
૪. સ્ત્રી. એક દેવતાનું નામ. ઉષા ઘણા દિવસ સુધી ટકી રહે એમ વેદમાં કરેલા વર્ણન ઉપરથી કેટલાકના મત પ્રમાણે ઉષાનું જે વર્ણન વેદમાં છે તે ધ્રુવ પ્રદેશને લગતું લાગે છે. આથી આર્ય લોક એ વખતે ધ્રુવ પ્રદેશમાં રહેતા હોય એમ પણ માની શકાય.
૫. સ્ત્રી. ભોજા. તે અનિરુદ્ધની સ્ત્રી અને બલિ દૈત્યના દીકરા બાણાસુરની દીકરી હતી. ઉષાને પાર્વતીએ પેદા કરી બાણને દીકરી તરીકે આપી હતી. ઉષાના વરથી પોતાની હાર જોવાને લીધે બાણે તેને પહેરામાં રાખેલી, પણ તેની સખી ચિત્રલેખાએ આકાશમાર્ગે કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધને લાવી તેમને પરણાવ્યાં. આથી કૃષ્ણ અને બાણાસુર વચ્ચે યુદ્ધ થતાં બાણ હાર્યો.
૬. સ્ત્રી. કાનનો બહારનો ભાગ.
૭. સ્ત્રી. ખારી જમીન; ઊખર જો.
૮. સ્ત્રી. ગાય.
૯. સ્ત્રી. કાકડી.
૧૦. સ્ત્રી. બધુ સંધ્યાકાળ; સવાર, બપોર ને સાંજ.
૧૧. સ્ત્રી. ચાળી.
૧૨. [સં.] સ્ત્રી. પ્રભાત; પરોઢ; મળસકું.
૧૩. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષના વિભાવસુની રાણી અને બાતપની બાતાનું નામ.
૧૪. સ્ત્રી. ભવની સ્ત્રી. હર રુદ્રનો એક અવતાર હતો.
૧૫. સ્ત્રી. મલય પર્વતની હાર.
૧૬. સ્ત્રી. મળસકાનું અજવાળું; પરોઢિયાનો પ્રકાશ.

૧૭. સ્ત્રી. રાત્રિ.

૧૮. સ્ત્રી. હોડી; રોપવાનું વાસણ.

૧૯. ન. (જ્યોતિષ) પાંચમું નક્ષત્ર; મૃગશીર્ષ.

૨૦. ન. રાત્રે.

૨૧. ન. સવારમાં વહેલાં.

ઉષાકર [સં. ઉષા (અજવાળું) + કર્ (અજવાળ કરનો)] પું. ફૂકડો; મરઘો, કેમકે તે પરોઢિયે અજવાળ કરી બળવું થવાનું સૂચવે છે.

ઉષાકલ્પ [સં. ઉષા (પ્રભાત) + કલ્પ્ (અજવાળ કરનો)] પું. ફૂકડો. જુઓ ઉષાકર.

ઉષાકાલ ૧. [સં. ઉષા (પરોઢિયું) + કાલ (વખત)] પું. પ્રાતઃકાલ; સવાર; પ્રભાત.

૨. સ્ત્રી. અનિરુદ્ધની બીજી પત્નીનું નામ.

ઉષાકાળ ૧. [સં. ઉષા (પરોઢિયું) + કાલ (વખત)] પું. પ્રભાત; બળસકું.

૨. પું. રાત્રિપ્રાતનો વખત.

ઉષાકાંત [સં. ઉષા (અનિરુદ્ધની સ્ત્રી) + કાન્ત (પતિ)] પું. ઓખાનો વર; અનિરુદ્ધ.

ઉષાકોલી [સં. ઉષા (અજવાળું) + કર્ (અજવાળ કરનો) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ફૂકડાની માદા; કૂકડી.

ઉષાક્ષ [સં.] પું. (પુરાણ) એક નામનો રાક્ષસ.

ઉષાખંડ [સં. ઉષા (પ્રભાત) + ખંડ (દેશ)] પું. પ્રાતીની રાત્રિપ્રાતવાળો દેશ.

ઉષાદેવી [સં. ઉષા (સવાર) + દેવી (દેવતા)] સ્ત્રી. પ્રભાતની દેવી.

ઉષાન [સં.] પું. (પુરાણ) એક નામનો એક દેવ.

ઉષાનાથ [સં. ઉષા (ઓખા) + નાથ (પતિ)] પું. અનિરુદ્ધ; ઓખાનો પતિ.

ઉષાપતિ [સં. ઉષા (ઓખા) + પતિ (ધણી)] પું. બાણાસુરની દીકરી ઓખાનો વર; કૃષ્ણના દીકરા પ્રદ્યુમ્નનો દીકરો; અનિરુદ્ધ.

ઉષાપહૃતપૌત્ર [સં. ઉષા (ઓખા) + અપહૃત (હરી જવેલ) + પૌત્ર (દીકરાનો દીકરો)] પું. પુરુષોત્તમનાં જનાર માંહેનું એક નામ, કેમકે તેના દીકરા પ્રદ્યુમ્નના દીકરા અનિરુદ્ધે બાણાસુરની દીકરી ઓખાનું હરણ કર્યું હતું.

ઉષાપાન [સં. ઉષા (સવાર) + પાન (પીવું તે)] ન. સૂર્ય ઊગતા પહેલાં ત્રણ ચાર ઘડી બાકી હોય ત્યારે ઊઠીને પાણી પીવું તે. તેથી આરોગ્ય વધવાનું કહેવાય છે.

ઉષામંડળ [સં. ઉષા (ઓખા) + મંડલ (દેશ)] પું. ઓખામંડળ નામનો પ્રાંત. એમ મનાય છે કે જાડેજાના વખતમાં તેના એક લાકમાં ઊષા નામની નદી વહેતી. તે ઉપરથી એ નદીની આસપાસનો ભાગ ઉષામંડળ કે ઓખામંડળ કહેવાતો થયો.

ઉષારમણ [સં. ઉષા (ઓખા) + રમણ (ધણી)] પું. ઓખાનો ધણી; અનિરુદ્ધ.

ઉષારંગી [સં. ઉષા (સવાર) + રંગ (રંગ) + ઈન્ (વાળું)] વિ. સૂર્ય ઊગ્યા પહેલાં આકાશનો રંગ હોય તેવા રંગનું.

ઉષાવશું [સં. ઉષા (પ્રભાત) + સમ (જેવું)] વિ. પ્રાતઃકાળના જેવું.

ઉષાસ્તોત્ર [સં. ઉષા (સવાર) + સ્તોત્ર (સ્તવ)] ન. મળસકામાં ઊઠીને સંભોળીને કરાતી પ્રાર્થના; પ્રાતઃકાળની સ્તુતિ.

ઉષાહરણ ૧. [સં. ઉષા (ઓખા) + હરણ (હરી જવું) + અન (જવું)] ન. પ્રેમાનંદનું લખેલું ઓખાના હરણ સંબંધી કાવ્ય.

૨. ન. બાણાસુરની દીકરી ઓખાને ભગાડી જઈને પરણાવવામાં આવી હતી તે બનાવ.

ઉષિજ ૧. [સં.] સ્ત્રી. દ્રૌપદીની મા.

૨. સ્ત્રી. કલિંગરાજની એક રાણીનું નામ.

ઉષિજવું [સં. ઉષ્ (બળવું)] સ. ક્રિ. ઉકાળવું.

ઉષિત ૧. [સં. વસ્ (રહેવું)] વ. વાસ; રહેઠાણ.

૨. વિ. કરેલ; ટપકેલ.

૩. [સં. ઉષ્ (બળવું)] વિ. બળેલ.

૪. વિ. વસેલું; સ્થિર; વાસી; જૂનું.

ઉષિરક [સં.] પું. કેદારનાથની નીચાણમાં ભગીરથ શિલા ઉપર આવેલું એક પવિત્ર કેદારતીર્થ. ત્યાં મહાપ્રતાપી સૂર્યવંશી રાજા માંધાતાની અને પાંચ પાંડવની મૂર્તિ છે.

ઉષીકર્મ ૧. [સં. ઉષ્ (સિદ્ધ કરવું) + કર્મન્ (કામ)] ન. મુહૂર્તવિદ્યા.

૨. ન. રાજનીતિ.

ઉષીજવું [સં. ઉષ્ (બળવું)] સ. ક્રિ. ઉકાળવું.

ઉષીઝવું સ. ક્રિ. ઉકાળવું.

ઉષીષ્ણતા [સં. ઉષ્ણ (ગરમ) + તા (પણું)] સ્ત્રી. ઉષ્ણતા; તાપ; ગરમી.

ઉષીર [સં.] પું.; ન. સુગંધી વાળો; ખસ. જુઓ ઉશીર.

ઉષેશ [સં. ઉષા (ઓખા) + ઈશ (ધણી)] પું. ઓખાનો ધણી અનિરુદ્ધ.

ઉષ્ણીષ [સં. ઉદ્ (ઉપર) + શીર્ષ (માથું)] સ્ત્રી. પાઘડી.

ઉષ્ટ [સં. ઉચ્છિષ્ટ] વિ. એઠું; અભડ્યું.

ઉષ્ટાવલ [સં. ઉચ્છિષ્ટ] ન. બાતાં વર્ષનો બાજ; એઠવૂઠું.

ઉષ્ટ્ર ૧. [સં.] પું. ખૂંધવાળો બળદ; આખલો.

૨. પું. કબજો; માંડું.

૩. પું. પાડો.

૪. પું. સાંઢિયો; ઊંટ.

૫. [સં. વહ્ (વહી જવું)] ન. બારબરદારી પશુ. ગૌ, ભેંસ, બકરાં અને ઊંટ માટે રાત્રપ્રાતમાં ઉષ્ટ્ર શબ્દ વપરાતો. ઉષ્ટ્ર શબ્દનો અર્થ વહ્ ધાતુ ઉપરથી બારબરદારી વહી જનાર પ્રાણી છે. આ શબ્દ ઈરાનમાં પહેલાં અવસ્તામાં ઉષ્ટ્રના રૂપમાં અને પછી પારસીમાં શુતુરના રૂપમાં વપરાય છે.

ઉષ્ટ્રક [સં. ઉષ્ટ્ર (ઊંટ)] ન. એક જાતનું ઝેર, કેમકે તે ઊંટના શરીરનું જેવું હોય છે.

ઉષ્ટ્રકક્ષક [સં. ઉષ્ટ્ર (ઊંટ) + કક્ષક (કોમ)] ન. ઊંટનું ઠોળું; સાંઢિયાની પલટણ.

ઉષ્ટ્રકર્ણિકા [સં.] પું. એ નામનો દક્ષિણમાં આવેલ એક દેશ.

ઉષ્ટ્રકંદ [સં.] પું. ઉનાળો; પહાડી અને રેતાળ જમીનમાં થતી એક જાતની શક્તિ આપનારી વનસ્પતિ.

ઉષ્ટ્રકંદક [સં.] પું. એક જાતની વનસ્પતિ. જુઓ ઉષ્ટ્રકંદ.

ઉષ્ટ્રકંદકભક્ષણન્યાય [સં. ઉષ્ટ્ર (ઊંટ) + કંદક (કાંટો) + ભક્ષણ (ખાવું તે) + ન્યાય (દાખલો)] પું. અલ્પ સુખ માટે ઘણું દુઃખ સહન કરવાપણું. મોટા સુખને માટે ઊંટ કાંટા ખાવાનું દુઃખ વેઠે, તેમ જ્યાં મોટા સુખ માટે ઘણું દુઃખ વેઠવાની વાત હોય ત્યાં આ ન્યાય કહેવામાં આવે છે.

ઉષ્ટ્રકાંડી [સં. ઉષ્ટ્ર (ઊંટ) + કાંડ (કૂણું) + ઈન્ (વાળું)] ન. એક જાતનું રાતા રંગનું ફૂલ.

ઉષ્ટ્રકોરણી [સં. ઉષ્ટ્ર (ઊંટ) + કરણ (રાહ બતાવી)] વિ. ઊંટની જેમ અવાજ કરતું; ભંભરતું.

ઉષ્ટ્રગ્રીવ [સં. ઉષ્ટ્ર (ઊંટ) + ગ્રીવા (ડોક)] પું. અંદર રોગનો એક ભેદ. જુઓ ઉષ્ટ્રગ્રીવ.

ઉષ્ટ્રગ્રીવ ૧. [સં. ઉષ્ટ્ર (ઊંટ) + ગ્રીવા (ડોક)] પું. બગદર રોગની એક જાત. આ રોગમાં મુદાની ફરતી જગ્યે આંજણ ચામડીમાં ઊંટની ગરદનની જેમ ઊંચી લાલ ફોલ્લી થઈ ચોડા વખતમાં પાકે અને તેમાંથી ગરમ પરૂ વહે.

૨. પું. દરસા; જવાસીર.

ઉષ્ટ્રચૂષ ૧. પું. એક જાતનું તમાકુ; શાકિક.

૨. પું. એક જાતનો વીંછી; ઉષ્ટ્રવિટિક

ઉષ્ટ્રનિષદનાસન [સં. ઉષ્ટ્ર (ઊંટ) + નિષિદન (બેસવું તે) + આસન (બેઠક)] ન. બેઉ હાથ ડોકપરથી તેમજ બેઉ પગ ઢીંચણથી પાછા વાળી બેસવું ને મોઢું ઊંટની જેમ ઊંચું રાખવું તે. તેથી ભૂખ, તરસ, ઠંડી અને ગરમી સહન કરવાનું બળ આવે છે.

ઉષ્ટ્રપક્ષી [સ. ઉષ્ટ્ર (ઊંટ) + પક્ષ (પાંખ) + ઇન્ (વાળું)] ન. શાહમૃગ.

ઉષ્ટ્રયાન ૧. [સં. ઉષ્ટ્ર (ઊંટ) + યાન (સવારી)] ન. ઊંટની સવારી

૨. ન. ઊંટથી ખેંચાતી ગાડી.

ઉષ્ટ્રસ્થાન [સં. ઉષ્ટ્ર (ઊંટ) + સ્થાન (રહેવાનું)] ન. ઊંટને રહેવાની જગ્યા

ઉષ્ટ્રા [સં. ઉષ્ટ્ર (ઊંટ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઊંટડી; સાંઢણી.

ઉષ્ટ્રાસન [સં. ઉષ્ટ્ર (ઊંટ) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં ઊભા રહી બેઉ પગ પીઠ ઉપર લાવી, જમણા પગના અંગૂઠાને જમણા હાથના અંગૂઠા અને તર્જની એટલે અંગૂઠા પાસેની પહેલીથી ને ડાબા પગના અંગૂઠાને ડાબા હાથના અંગૂઠા અને તર્જનીથી પકડી બાવા બેઉ પગ પાછળ ઊંચા કરી હાથથી તેનાં કાન પકડી લેવાં અને પેટ અને મોઢાને સરખી રીતે સાંઢવાં કરવાં. તેથી ચાલવાની શક્તિ વધે અને ભૂખ, તરસ, ઠંડી અને ગરમી સહન કરવાનું બળ આવે. આ આસન બીજી રીતે પણ થાય. પગની એડીઓ ઉપર હવા મૂકીને બેસવું. પછી બેઉ હાથને પગનાં તળિયાંની નજીક જમીન ઉપર આવવા પગની એડીઓ ઉપર રાખીને એડીઓ ઉપર શરીર કૂલ્લા ઊંચાવીને આગળ ઊંચા કરવા. માથું પાછળ નમાવીને આકાશ સામી છાતી કાઢી બેઈ રહેવું. આથી પેટને રાહતો થવાનું બહુમાન છે.

ઉષ્ટ્રાસિકા [સં. ઉષ્ટ્ર (ઊંટ) + આસિકા (બેસવું તે)] ન. એક યોગનું આસન જુઓ ઉષ્ટ્રાસન.

ઉષ્ણિમા ૧. [સં. ઉષ્ણ (ગરમ) + ઇમા (સ્ત્રીલિંગને પ્રત્યય)] સ્ત્રી. ઊંટની માદા; ઊંટડી; સાંઢણી.

૨. સ્ત્રી. એક વેલનું નામ.

૩. સ્ત્રી. લાંબું લાંબી ડોકવાળું માટીનું વાસણ.

ઉષ્ણી ૧. પું. (પિંગલ) એકસો નવ માત્રાનો નવ પાદવાળો વિષમવૃત્તિ માત્રામેળ છંદ. કરખી તે દેવાનો એક બંદ છે.

૨. [સં. ઉષ્ણ (ગરમ) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઊંટડી; સાંઢણી.

ઉષ્ણ ૧. [સ. ઉષ્ (બળવું)] પું. ઉનાળો; ગ્રીષ્મ ઋતુ.

૨. પું. ઊંડો ને ગરમ નિસાસો.

૩. પું. એક જાતનું ઘાસ જે ગરમી અને વાતરક્તનો નાશ કરે છે.

૪. પું. એક નરકનું નામ જ્યાં જીવને બહુ ગરમી સહન કરવી પડે છે.

૫. પું. ગરમી; ઊકળાટ; તાપ

૬ પું. કુંજળો; ચિવાજ.

૭. પું. તડકો; તાપ; નિરાપ.

૮ વિ. બાળસ વગરનું

૯. વિ ઊનું; ગરમ; તપેલું.

૧૦. વિ. ચપળ.

૧૧. વિ. બહાદી તપી ગયા જેવું.

૧૨. વિ. (જૈન) જે યોનિ એટલે ઉત્પત્તિસ્થાનમાં ગરમી હોય એવું

૧૩. વિ. બાફું.

૧૪. વિ. તીખું; તમતમતું.

૧૫. વિ. ચોડી વારમાં કોપે બરાબર એવું.

૧૬. વિ. દક્ષ; ચતુર; હોશિયાર.

૧૭. વિ. ઉતાવળું; ઉતાવળી.

ઉષ્ણકર્તુ [સં. ઉષ્ણ (ગરમ) + ઋતુ (મોસમ)] સ્ત્રી. ઉનાળો; ગરમીની મોસમ.

ઉષ્ણક ૧. [સં. ઉષ્ણ (ગરમી) + ક] પું. ઉનાળો; ગરમીનો વખત.

૨. પું. ઇન્દ્રિયો અને બાહ્યનિઓથી થતાં સમજ સુખોનો સંદેહ.

૩. પું. ગરમી.

૪. પું. તાવ.

૫. પું. સૂર્ય; સૂરજ.

૬. ન. સોપારીનું ઝાડ.

૭. વિ. આતુર; તીવ્ર.

૮. વિ. આળસ વિનાનું.

૯. વિ. ગરમ; ઊનું.

૧૦. વિ. તાવ આવેલું.

૧૧. વિ દક્ષ; ચતુર; હોશિયાર.

૧૨. વિ. દુઃખી.

૧૩. વિ . નમેલું; વાંકું વળેલું

૧૪. વિ. હોંશીલું; ઉત્સાહી.

ઉષ્ણકટિબંધ [સં. ઉષ્ણ (ગરમ) + કટિબંધ (કમરપટો)] પું. વિષુવવૃત્તથી ઉત્તરે ૨૩॥ અંશ અને નીચે ૨૩॥ અંશ વચ્ચેની જમીન; કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચેની પૃથ્વીની સપાટી. આ ભાગમાં સૂર્ય આથે હોય છે એટલે તેનાં કિરણ સીધાં આવવા સરેજ વાંકાં પડતાં હોવાથી આખું વર્ષ સૌથી વધારે ગરમી પડે છે.

ઉષ્ણકંદુ [સ. ઉષ્ણ (તીખું) + કંદુ (કઢવું)] સ્ત્રી. ચાર્ડ, કેમકે તે સ્વાદે તીખી અને કઢવી હોય છે.

ઉષ્ણકર ૧. [સં. ઉષ્ણ (ગરમી) + કર (કરનાર)] પું. આકડાનો છોડ.

૨. [સ. ઉષ્ણ (ગરમ) + કર (કિરણ)] પું. સૂર્ય. તેનાં કિરણ ગરમી દેનારાં છે.

૩. વિ. ગરમી કરનાર.

ઉષ્ણકરણ [સં. ઉષ્ણ (ઊનું) + કરણ (કરવું તે)] ન. ગરમ કરવાપણું.

ઉષ્ણકાલ [સં. ઉષ્ણ (તાપ) + કાલ (વખત)] પું. ઉનાળો; ગ્રીષ્મ ઋતુ.

ઉષ્ણકાળ [સં. ઉષ્ણ (તાપ) + કાલ (વખત)] પું. ઉનાળો.

ઉષ્ણકિરણ [સં. ઉષ્ણ (ગરમ) + કિરણ (તેજની રેખા)] પું. સૂરજ. તેનાં કિરણ ગરમી આપનાર હોવાથી તે એમ કહેવાય છે.

ઉષ્ણગ્રહ [સં. ઉષ્ણ (ગરમી) + ગ્રહ્ (જવું)] પું. ગ્રીષ્મઋતુ; ઉનાળો.

ઉષ્ણગ્રહ [સં. ઉષ્ણ (ગરમી) + ગ્રહ (જવું)] પું. ઉનાળો.

ઉષ્ણગંધા [સં. ઉષ્ણ (ગરમ) + ગંધ (વાસ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. કુસંજના; ગરમા, બફારા અને બીનમાં થતી આદુના જેવો એક છોડ. તે મોઢાની ખરાબ વાસ દૂર કરે છે એમ મનાય છે.

ઉષ્ણચુ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં. ઉષ્ણ (ગરમ) + ચુ (બહાર કાઢવું)] પું. સૂર્ય.

ઉષ્ણજ્વર પું. જીનિયો તાવ.

ઉષ્ણતા ૧. [સં. ઉષ્ણ (ગરમ) + તા (પદ)] સ્ત્રી. ઉકળાટ; ધામ; ગરમી; બફારો

૨. સ્ત્રી. ગરમી; ઉનાપણું; 'ટેમ્પરેચર', શરીરની ધાતુમાં વિકાર થવાથી ગરમી પેદા થાય છે. ઉષ્ણતામાપક યંત્રથી તપાસતાં મનુષ્યના શરીરની ગરમી ૯૮ થી ૯૯ અંશની જણાય છે.

આંબળાવાળાં પ્રાણીની સરાસરી ઉષ્ણતા આશરે ૧૦૧ અંશની અને પક્ષીની ૧૦૩ અંશની ગણવામાં આવે છે. પેટે ચાલનારાં પ્રાણીની અને માછલી, દેડકાં અને બીજાં ઠરોઠ વજરનાં પ્રાણીની ગરમીમાં તેના રહેવાની જગ્યા પ્રમાણે ફેરફાર થાય છે. પણ માણસ અને બીજાં આંબળાવાળાં પ્રાણી વિષે તેમ નથી. તેમની ગરમી બધે ઠેકાણે સરખી જ રહે છે. બહારના તાપમાં બહુ ફેરફાર થાય તો તેમને જલદી નુકસાન પહોંચે, પણ બદલો વાળવાથી તેટલું જલદી નુકસાન થતું નથી. ઉમર પ્રમાણે ઉષ્ણતામાં ફેરફાર થાય છે. જુવાન માણસ કરતાં બચ્ચાંની ગરમી જરા વધારે હોય અને ઘરડાં માણસમાં જરા ઓછી હોય. બહારની ચામડીની ઉષ્ણતા શરીરની અંદરના ભાગના અંતર પ્રમાણે અર્ધી ઓછી હોય. બગલમાં ૯૮.૪ અંશ, જાંઘની ૯૬ અંશ અને પગની ૯૫ અંશ જણાય છે. તબિયતમાં ફેરફાર થવાથી પણ ગરમી વધેઘટે. કેટલાક તાવમાં તે ૧૦૬ અંશ કે તેથી પણ વધુ થાય અને કેટલાંક દરદમાં તે ઘણી બદી જાય. કોલરામાં ૮૦ થી ૯૫ અંશ સુધી પણ ઊતરી જાય. ઊંઘમાં એકાદ અંશ ઢળી થાય અને ખોરાક લીધા પછી જરા વધે, એટલે કે શરીરની અંદર કેટલાક ફેરફાર થાય તેને લીધે તે વધેઘટે, પણ બહારના ફેરફાર તેના ઉપર તેટલી અસર કરી શકતા નથી. શરીરની ગરમીમાં ફેરફાર થવાનાં કારણોમાં આસોચ્છ્વાસ પણ એક કારણ છે. જે પ્રમાણમાં તે ચાલે તેના પ્રમાણમાં ઉષ્ણતા વધેઘટે. પક્ષીના આસોચ્છ્વાસ બહુ ઝડપથી ચાલે છે તેથી તેમની ગરમી વધારે હોય છે. દોડતાં અને કસરત કરવાથી વધારે શ્વાસ લેવો પડે તેથી તે વખતે તે વધારે જણાય. જે વખતે શ્વાસ ઓછા લેવામાં આવે તે વખતે તે ઓછી થઈ જાય. કેટલાંક ઠંડા દેશનાં જનવરો જેવાં છે કે તેઓ બોંતા મહિના બહાર ખોરાક મેળવી ખૂબ ખાઈ તૈયાર થાય અને પછી બોંતા મહિના બુકાંમાં પડ્યાં પડ્યાં ઊંઘ્યા કરે. આ ઊંઘવાના વખતમાં તેમનો શ્વાસ ધીમેધીમે ચાલે અને તેમની ઉષ્ણતા પણ ઢળી થઈ જાય. ગરમી ઓછી વધતી થવામાં મજ્જાતંતુની પણ કેટલીક સત્તા ચાલે છે. ઊંઘમાં અને સુસ્તીને વખતે તે ઢળી હોય. શરીરમાં જેટલી ઝડપથી ગરમી ઉત્પન્ન થાય છે તેટલી ઝડપથી તે શરીરમાંથી છૂટી પડે છે. જો તેમ ન થાય તો તે વધી જઈ પ્રાણી મરી જાય. શરીરમાંથી જેટલી ઉષ્ણતા નીકળી જાય તેટલી બીજી ઉત્પન્ન થાય છે. શરીરમાંથી તે મુખ્યત્વે ચામડી વાટે બહાર જાય છે. કેટલોક ભાગ શ્વાસ વાટે અને થોડો ભાગ મળમૂત્ર વાટે જાય છે. ઉનાળામાં ગરમી બહાર કાઢી નાખવા માટે લોહીનો પસારો ચામડીમાં થાય અને તેથી પુષ્કળ પરસેવો વળે, પણ શિયાળામાં તેનો અભાવ કરવા લોહી ચામડીમાં ઓછું જઈ અંદરના અવયવોમાં જાય. માણસ ૨૦૦ અંશ તાપની અને બેક ૨૦ અંશ ઠંડીની જગ્યા ખમી શકે છે.

૩. જી. તાપ; દાહ; બળતરા; અગન; તપારો.
૪. જી. હોંસ; ઉત્સાહ; ચીવટ; તાજાવેલી.

ઉષ્ણતામાહક [સં. ઉષ્ણતા (ગરમી) + માહક (લેનાર)] વિ. રસાયણ અથવા અણુઓની ક્રિયાથી ગરમીનાં કિરણ પોતામાં લઈ લેનારું.

ઉષ્ણતાજનક [સં. ઉષ્ણતા (ગરમી) + જનક (પેદા કરનાર)] વિ. ગરમી ઉત્પન્ન કરનાર.

ઉષ્ણતાદર્શક ૧. [સં. ઉષ્ણતા (ગરમી) + દર્શક (બતાવનાર)] ન. ગરમીમાં થતા ફેરફાર જણાવવાનું સાધન; 'થર્મોસ્કોપ'.

૨. વિ. ગરમીના ફેરફાર બતાવનારું

ઉષ્ણતાનયન [સં. ઉષ્ણતા (ગરમી) + નયન (લઈ જવું તે)] ન. ગરમીને લઈ જવાપણું; ગરમી વહન કરવાની ક્રિયા

ઉષ્ણતાનિર્ધારક [સં. ઉષ્ણતા (ગરમી) + નિર્ધારક (નક્કી કરનાર)] વિ. ગરમી જણાવનાર.

ઉષ્ણતાપરિમાણ [સં. ઉષ્ણતા (ગરમી) + પરિમાણ (માપ)] ન. ગરમી સંબંધી એક માપ એક ગ્રામ પાણીને એક અંશ ગરમ કરવામાં જોઈતી ગરમી

ઉષ્ણતામાન [સં. ઉષ્ણતા (ગરમી) + માન (માપ)] ન. તાપનું માપ; ગરમીનું પ્રમાણ; ઉષ્ણમાન

ઉષ્ણતામાનદર્શક [સં. ઉષ્ણતા (ગરમી) + માન (માપ) + દર્શક (બતાવનાર)] વિ. ગરમીનું માપ બતાવનારું

ઉષ્ણતામાનયંત્ર [સં. ઉષ્ણતા (ગરમી) + માન (માપ) + યંત્ર (સાધન)] ન. ગરમી માપવાનું સાધન; 'થર્મોમિટર'.

ઉષ્ણતામાપક ૧. [સં. ઉષ્ણતા (ગરમી) + માપક (માપનાર)] ન. ગરમી માપવાનું સાધન.

૨. વિ. ગરમીનું માપ કાઢનાર; તપારો માપનારું

ઉષ્ણતામાપકયંત્ર [સં. ઉષ્ણતા (ગરમી) + માપક (માપનાર) + યંત્ર (સાધન)] ન. ગરમી માપવાનું યંત્ર; નીચલો ભાગ જરા પહોળો હોય એવી પારો ભરેલી હવા વજરની કાચની બારીક નળી; 'થર્મોમિટર'. ગરમીને લીધે પારો ઉપર ચડતાં નળી ઉપર મોંકલ અંક ઉપરથી ગરમીનું માપ લેવાય છે.

ઉષ્ણતામાપકશાળી [સં. ઉષ્ણતા (ગરમી) + માપક (માપનાર) + સલાકા (સળી)] જી. ગરમી માપવાનું સાધન. જુઓ ઉષ્ણતામાપકયંત્ર.

ઉષ્ણતાવહન [સં. ઉષ્ણતા (ગરમી) + વહ્ (વહેવું) + અન (પદ્)] ન. ગરમી એકથી બીજે ઠેકાણે લઈ જવી તે; ગરમી વહન કરવાપણું.

ઉષ્ણતાવાહક ૧. [સં. ઉષ્ણતા (ગરમી) + વાહક (લઈ જનાર)] પું. ગરમીને એકથી બીજે ઠેકાણે લઈ જનાર પદાર્થ.

૨. વિ. ગરમી વહન કરનાર; ગરમીને એકમાંથી બીજામાં લઈ જનારું.

ઉષ્ણતાવાહી [સં. ઉષ્ણતા (ગરમી) + વહિન્ (લઈ જનાર)] વિ. ગરમી લઈ જનાર. જુઓ ઉષ્ણતાવાહક.

ઉષ્ણતાસૂચક [સં. ઉષ્ણતા (તપારો) + સૂચક (બતાવનાર)] વિ. ગરમી બતાવનાર.

ઉષ્ણતોયવહા ૧. [સં. ઉષ્ણ (ગરમ) + તોય (પાણી) + વહા (વહેનારાણ)] જી. ગરમ પાણી વહેતું હોય તેવું ઝરણ

૨. જી. ખારી પાસે આવેલ એક નદીનું નામ.

ઉષ્ણત્વ ૧. [સં. ઉષ્ણ (ગરમી) + ત્વ (પદ્ધું)] ન. ગરમી; તાપ; ઊનાપણું.
૨. ન. ગરમીનું માપ; 'ટેમ્પરેચર'.
૩. ન. બળતરા; દાહ.
૪. ન. હોંસ; ઉત્સાહ.

ઉષ્ણદ્રવ્ય [ઉષ્ણ (ગરમ) + દ્રવ્ય (ઔષધ)] જી. (વૈદ્યક) પોતાની શક્તિથી શરીરને ઉત્તેજન કરે અને તેના દરેક ભાગને પોતપોતાનું કામ કરવા ચેતન આપે તેવું ઔષધ. તે બે છે: (૧) શારીરિક ઉષ્ણ અને (૨) સ્થાનિક ઉષ્ણ. શારીરિક ઉષ્ણ દવા એકદમ લોહીમાં ભળી જતી હોવાથી આખું શરીર એકદમ ઉત્તેજિત થાય. સ્થાનિક ઉષ્ણ દવા જે ભાગ ઉપર લગાડેલ હોય તે એક જ ભાગ ઉપર અસર કરે. જેમકે, અકલકરો, આદુ, અજમો, તેજબળ, અગર, કપૂર, જટામાસી, ગંધક, પીપરીમૂળ, અફેણ, અરીઠા, કુસુમ, કાચકો, જવખાર, જાવંત્રી, તુલસી, નાગરમોથ અને ભાંગ્રો.

અજમો, ઉપલેટ, મરીપીપર, કુંભણ, પીપર, અરણી, આદુ, તજ અને દ્રાક્ષ પણ શરીરમાં ગરમી લાવે છે.

ઉષ્ણદીધિતિ [સં. ઉષ્ણ (ગરમ) + દીધિતિ (કિરણ)] પું. સૂર્ય; આકડાનો, કેમકે તેના કિરણ ગરમ હોય છે.

ઉષ્ણદોષ [સ. ઉષ્ણ (ઉત્તમી) + દોષ (પાપ)] પું. (જૈન) પાપ કરવામાં આતુરતા.

ઉષ્ણનદી [સં. ઉષ્ણ (ગરમ) + નદી] સ્ત્રી. વૈતરણી નદી.

ઉષ્ણનિર્વાપણ ૧. [સં. ઉષ્ણ (ગરમી) + નિર્વાપણ (શાંતિ)] ન. ગરમી દૂર કરનારું ઔષધ.

૨. ન. ગરમી શાંત કરવી તે.

ઉષ્ણપરીસહ [સં. ઉષ્ણ (ગરમી) + પરિસહ (સહન)] પું. (જૈન) ગરમીની મુશ્કેલી શાંતિથી સહન કરવાપણું.

ઉષ્ણપાદસ્નાન [સ. ઉષ્ણ (ગરમ) + પાદ (પગ) + સ્નાન (નાહવું તે)] ન. ગરમ પાણીથી પગ ઝારવા-પગ; બેના પાણીમાં પગ બોળી રાખી નાખવા તે.

ઉષ્ણપૂર્વ [સં. ઉષ્ણ (ગરમ) + પૂર્વ (પહેલાં)] વિ. મૂળથી જ ગરમ જણાય એવું; ગરમીવાળું.

ઉષ્ણપૂર્વજ્વર [સં. ઉષ્ણ (ગરમ) + પૂર્વ (પહેલાં) + જ્વર (તાવ)] પું. ઊનિપો તાવ; ઠંઠ આવ્યા વગર આવતો તાવ.

ઉષ્ણપ્રકાશન [સ. ઉષ્ણ (ગરમ) + પ્ર (વધારે) + કાશન (પ્રકાશવું તે)] ન. (રસાયણ) ગરમીથી થતો પોળો પ્રકાશ; તાપદીપના; 'ઇન્કેન્ડેસેન્સ'

ઉષ્ણપ્રમાણ [સં. ઉષ્ણ (તાપ) + પ્રમાણ (માપ)] ન. ગરમીનું માપ 'ટેમ્પરેચર'.

ઉષ્ણબાષ્પ ૧. [સં. ઉષ્ણ (ગરમ) + બાષ્પ (વરાળ)] ન. ગરમ આસુ.

૨. ન. પરસેવો.

૩. ન. બાફ.

ઉષ્ણમજ્જન ૧. [સં. ઉષ્ણ (ગરમ) + મજ્જન (નાહવું તે)] ન. ગરમ પાણીનું સ્નાન.

૨. ન. વરાળનો નાસ.

ઉષ્ણમેરુ [સં. ઉષ્ણ (ગરમ) + મેરુ (પ્રદેશ)] ન. વિષુવવૃત્તથી ઉત્તરે ૨૩½ અંશ અને દક્ષિણે ૨૩½ અંશ વચ્ચેની જમીન; ઉષ્ણકટિબંધ; કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચેની પૃથ્વીની સપાટી. ત્યાં હોવી વધારે ગરમી પડે છે.

ઉષ્ણમાન [સ. ઉષ્ણ (ગરમી) + માન (માપ)] ન. ગરમીનું માપ; ગરમીનું પ્રમાણ.

ઉષ્ણમાનયંત્ર [સં. ઉષ્ણ (ગરમી) + માન (માપ) + યંત્ર (સાધન)] ન. ગરમી માપવાનું સાધન; 'થર્મોમિટર'.

ઉષ્ણયોનિ [સં. ઉષ્ણ (ગરમ) + યોનિ (ઉત્પત્તિનું કારણ)] સ્ત્રી. (જૈન) જેમાં ગરમી રહેલી હોય એવું ઉત્પત્તિસ્થાન એટલે પેદા થવાનું કારણ.

ઉષ્ણરક્ત [સ. ઉષ્ણ (ગરમ) + રક્ત (લોહી)] વિ. ગરમ લોહીવાળું.

ઉષ્ણરક્તતા [સ. ઉષ્ણ (ગરમ) + રક્ત (લોહી) + તા (પણું)] વિ. ઉપર લોહીવાળું.

ઉષ્ણરશ્મિ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં. ઉષ્ણ (ગરમ) + રશ્મિ (કિરણ)] પું. સૂર્ય; દિવાકર; ભાસ્કર; આદિત્ય.

સૂર દિવાકર દિનાકર ભાસ્કર ભાનુ હરિ;
મિહિર તિમિરહર રવિઅકર ઉષ્ણરશ્મિ દિનનાથ. પિંગળપ્રકાશ

ઊર્ધ્વગામી બૃહત્ આંત્ર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + બૃહત્ (મોટું) + આંત્ર (આંતરડું)] ન. આંધળા ઊંડા ઉપરનો મોટા આંતરડાનો ઊંચે જતો ૭ ઇંચ લાંબો ભાગ; જમણો નાનો; 'અસેન્ડિંગ કોલન'.

ઊર્ધ્વગામી બૃહત્ ધમની [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + બૃહત્ (મોટું) + ધમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. આરોહિણી મહાધમનીઃ હૃદયમાંથી નીકળી, ઊંચે જઈ, ગળા ઉરસાના મૂળમાં મોટી કમાન રૂપે આવેલી પોરી નસઃ 'અસેન્ડિંગ એઓર્ટ'. તેની અનેક શાખાઓ મારફત ઉરસાં સિવાય શરીરના બધા ભાગમાં શુદ્ધ લોહી પહોંચે છે.

ઊર્ધ્વગામી ગલાદ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + ગલાદ (કપાળ)] પું. કપાળની બાજુએ આવેલ ઊપસેલ ભાગ; ગલાદસ્થાની જનારની બાજુએ આવેલા બે ઊપસેલ ભાગ; 'અસેન્ડિંગ ફ્રન્ટલ'.

ઊર્ધ્વગામી ગ્રસપથ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + ગ્રસ (ખાવું) + પથ (રસ્તો)] પું. એ નામની એક ધમની; 'અસેન્ડિંગ ફૅરિન્જિયલ આર્ટરિ'. જુઓ ઊર્ધ્વગામી મહાધમની.

ઊર્ધ્વગામી ગ્રસનિકા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + ગ્રસનિકા (ગળામાંનો ઉપલો પહોળો ભાગ)] સ્ત્રી. એ નામની એક ધમની; ગ્રસનિકાથી ઊર્ધ્વગામી ધમની; 'અસેન્ડિંગ ફૅરિન્જિયલ આર્ટરિ'. તે ગર્દિમાંતુમ્ર ધમની (એક્સટર્નલ કેરોટિડ આર્ટરિ)ની પાછળથી નીકળી અંતર્માતુમ્ર ધમની (ઇન્ટર્નલ કેરોટિડ આર્ટરિ)ની પાસે સીધી ઊંચે જતી નજરે પડે છે.

ઊર્ધ્વગામી ચક્ષુસ્ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + ચક્ષુસ્ (આંખ)] પું. આંખના ઉપલા ભાગનો સ્નાયુ; 'સુપીરિયર રેક્ટસ'.

ઊર્ધ્વગામી જ્યોતિ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + જ્યોતિ (અજવાળું)] સ્ત્રી. જોધિક જ્યોતવાળી કલ્પના; 'ઓજિવ'

ઊર્ધ્વગામી જ્યોનિકા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + ગામિન્ (જનાર) + જ્યોનિકા (ગળામાંનો ઉપલો પહોળો ભાગ)] સ્ત્રી. એ નામની એક ધમની; જ્યો

ઊર્ધ્વમહ પું. ઇળા ક્રાણી થઈ ભાવ અને નજર તથા ચાદરહિત બની રહે એવો મોઢાનો એક રોગ

ઊર્ધ્વમાર્ષા આર્ષ્ટિષેણ [સં.] પું. ઋગ્વેદના દસમા મંડલના ૧૬૫મા સૂક્તનો કર્તા એક ઋષિ.

ઊર્ધ્વમાવન [સં.] પું. (પુરાણ) અર્જુન નામનો દીકરો. ઋગ્વેદના દસમા મંડલનું એક સૂક્ત તેણે રચ્યું છે.

ઊર્ધ્વયર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + યર્ (ગમવું)] વિ. ઊર્ધ્વગ.

ઊર્ધ્વયરણ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + યરણ (પગ)] પું. ઊંચે પગ રાખનાર તપસ્વી.

૨. પું. (પુરાણ) યરણ નામનું પ્રાણી. તેના આઠમાંથી ચાર પગ ઉપર હોય છે.

ઊર્ધ્વયારી [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + યારિન્ (ગમું)] વિ. ઉર્ધ્વગામી; 'ઈકરસ'.

ઊર્ધ્વજ પું. ગોઠ ઉપરના ભાગ.

ઊર્ધ્વજત્રુકા [સં. ઊર્ધ્વ (ઉપર) + જત્રુક (હાંસડી)] વિ. હાંસડીના હાડકાની ઉપર આવેલું.

ઊર્ધ્વજત્રુખાત [સં. ઊર્ધ્વ (ઉપર) + જત્રુ (હાંસડી) + ખાત (ખાડો)] પું. હાંસડીના હાડકાની ઉપર આવેલ પોલાણ.

ઊર્ધ્વજલગ્રહ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જલ (પાણી) + ગ્રહ (પીવું)] વ. પાણીના જથ્થાથી ઘાસનું પીવું; રૈ. તેમાં ઇસ્તી ગોલ હોય છે.

ઊર્ધ્વજાલ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જાલ (ઝાપટી)] વિ. આગાનો આખરો ભાગ જડબાંની ઉપર પહાળ નહિ કરતાં લગભગ સીધો હોય એવું; 'ઓર્થોગ્નેથસ'.

ઊર્ધ્વજાનુ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જાનુ (ગોઠણ)] વિ. ઊંચા ઢીંચણવાળું.

ઊર્ધ્વજાનુસંધિ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જાનુ (ઢીંચણ) + સંધિ (સાંધો)] સ્ત્રી. ગોઠણનો સાંધો; જાનુગોપાર્વણી.

ઊર્ધ્વજ્ઞ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જાનુ (ગોઠણ)] વિ. ઊંચા ઢીંચણવાળું.

ઊર્ધ્વજ્ઞાનદશા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જ્ઞાન (જાણવું તે) + દશા (સ્થિતિ)] સ્ત્રી. જ્ઞાનની ઊંચી દશા.

ઊર્ધ્વજ્ઞુ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + જાનુ (ગોઠણ)] વિ. ઊંચા ઢીંચણવાળું.

ઊર્ધ્વતાલ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + તાલ] પું. (સંગીત) એક જાતનો તાલ.

ઊર્ધ્વતિક્ત [સ ઊર્ધ્વ (ઉપર) + તિક્ત (કડવું)] પું. હિંદુસ્તાનમાં બૂટાનની આસપાસ થતો અને દવામાં વપરાતો કરિયાતાનો ઊંઠ.

ઊર્ધ્વદર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દર (ફાડ)] વિ. ઊંધી ફાટવાળું.

ઊર્ધ્વદરિત [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દ (ફાટવું) + ઇત (પામ્યું)] વિ. સીધી ફાટવાળું.

ઊર્ધ્વદર્શનાંધિકા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દર્શિની (આંખ) + પેટી (આકારો બોધો)] સ્ત્રી. આંખના ગોખલાની દીવાલમાં આંખના ડોળાને લાગેલી એક પેશી; ઊર્ધ્વ સરલ નામનો સ્નાયુ; ઊંચી નજર કરવા માટે આંખને ઊંચી કરનાર પેશી; 'રેક્ટસ સુપરિઅર મસલ'.

ઊર્ધ્વદર્શિની [સં ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દર્શિની (આંખ)] સ્ત્રી. આખના આકાની દીવાલમા આંખના ડોળાને લાગેલી એક પેશી; 'રેક્ટસ સુપરિઅર મસલ'.

ઊર્ધ્વદંતમૂલ [સં. ઊર્ધ્વ (ઉપર) + દંત (દાત) + મૂલ (મૂળ)] વ. ઉપલા દાંતના મૂળનો આગ્ર ભાગ.

ઊર્ધ્વદંતમૂલાધાર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દંત (દાંત) + મૂલ (મૂળ) + આધાર (ટેકો)] વ. (યોગ) સોળ આઠેનું ત્રણવું આધારચક્ર. તેમાં ઇળાનું ટેરવું દાંતના મૂળ આગળ રાખવાનો અભ્યાસ થાય તો શાંતિ થાય છે.

ઊર્ધ્વદંતમૂલીય [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દંત (દાંત) + મૂલ (મૂળ) + ઈય (ું)] વિ. દાંતના આગાના ઉપલા ભાગથી બોલાતું; મૂર્ધન્ય.

ઊર્ધ્વદંષ્ટ્રકેશ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દંષ્ટ્ર (દાંત) + કેશ (બોચણ)] પું. મહાદેવ; શિવ. તેનાં આયું અને દાંત ઊભાં હોય છે.

ઊર્ધ્વદંષ્ટ્રોકેશ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દંષ્ટ્રા (દાઢ) + કેશ (વાળ)] પું. સાંપ. જુઓ ઊર્ધ્વદંષ્ટ્રકેશ.

ઊર્ધ્વદૃષ્ટિ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. ઊંચી નજર; આકાશ તરફ જોવું તે.

૨. સ્ત્રી. (યોગ) બે ભવ્ય વચ્ચે દૃષ્ટિ રાખવી તે.

૩. સ્ત્રી. મોટા વાનો કંપ્રદા.

૪. વિ. ઊંચી નજરવાળું; ઉપર જોનાર.

૫. વિ. આકાશાંધી.

ઊર્ધ્વદેવ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દેવ (ઈશ્વર)] પું. પરમેશ્વર.

૨. પું. જૈન દેવ.

ઊર્ધ્વદેહ ૧. [સં. ઊર્ધ્વ (મરણ પછીનું) + દેહ (શરીર)] પું. મરણ પછી બનાર શરીર.

૨. પું.; સ્ત્રી. મરણ પછી કરવાની ક્રિયા.

ઊર્ધ્વદૈહિક [સં. ઊર્ધ્વ (મરણ પછીનું) + દેહ (શરીર) + ઇક (સંબંધી)] વ. પ્રેતકૃત્ય; મરનારની પાછળ કરવાનું ઉત્તરકર્મ.

ઊર્ધ્વદૈહિક [સં. ઊર્ધ્વ (મરણ પછીનું) + દૈહિક (શરીર સંબંધી)] વ. પ્રેત સંબંધી ક્રિયા.

ઊર્ધ્વદ્વાર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + દ્વાર (છિદ્ર)] વ. બ્રહ્મરંધ્ર; માથાની ખોપરી ઉપરનું મુખ્ય છિદ્ર. આ છિદ્રમાંથી પ્રાણ નીકળવાથી મુક્તિ મળવાનું મનાય છે.

ઊર્ધ્વદ્વિપત્રખાત પું. શુશ્રુતી નામનો આકો; ગ્રહાના વચલા હાડકા તરફથી અહિપ્રોક્ષરિય ખાલુના હાડકાનો આકો; 'સ્ફેનોઇડ હોલ'.

ઊર્ધ્વધનુરાસન [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + ધનુસ્ (ધનુષ) + આસન (બેસવાની ઢબ)] વ. (યોગ) મોઢું આકાશ ભણી રાખી બે હાથ અને પગ પૃથ્વી ઉપર રાખી કમાન જેવો આકાર કરવાથી થતું આસન.

ઊર્ધ્વધનુર્લિપિ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ માંહેની બે નામની લિપિ.

ઊર્ધ્વધનુર્લિપિ સ્ત્રી. બૌદ્ધના લલિતવિસ્તર નામના સંસ્કૃત પુસ્તકમાં જણાવેલ ચોસઠ માંહેની એક લિપિ.

ઊર્ધ્વધનુરાસન [સં.] વ. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાસી માંહેનું એક આસન. જુઓ ઊર્ધ્વધનુરાસન.

ઊર્ધ્વધારા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + ધારા (ધાર)] સ્ત્રી. ઊભી ધાર.

ઊર્ધ્વધાવન્તી [સં.] સ્ત્રી. એ નામનો એક તંદોષ. જુઓ ઊર્ધ્વધાવન્ત્યનવસ્થા.

ઊર્ધ્વધાવન્ત્યનવસ્થા [સં. ઊર્ધ્વધાવન્તી (એક તંદોષ) + અનવસ્થા (ઢોરો વ આવે એવી તંદની પરંપરા)] સ્ત્રી. (ન્યાય) અનવસ્થાના બે પ્રકારમાંનો એ નામનો દોષ. તેમાં એકની અપેક્ષા બેટલે સબંધ તેની પહીના અર્થમાં આવ્યા કરે.

ઊર્ધ્વનક્ષ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + નક્ષત્ર (આકાશ)] પું. આકાશમાંને વાયુ; 'ધ્રુવિર'.

ઊર્ધ્વનમસ્કારાસન [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + નમસ્કાર (વંદન) + આસન (બેસવાની ઢબ)] વ. (યોગ) સૂર્યનમસ્કારમાંનું એક આસન. તેમાં સીધા ઊભા રહી, બેઉ હાથ સીધા માથા ઉપર લઈ

બર્ફ આકાશ તરફ જોડેલા રાખી, પેટને મોટું આમણ લઈને, હાથને જેટલા લેવાય તેટલા પાછળ અને પગ મીંચા રાખવામાં આવે છે.

ઊર્ધ્વનયન [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નયન (આંખ)] પું. શરણ નામનું જનાવર. તે આઠ પગવાળું અને સિંહ કરતાં જોરાવર હોવાનું મનાય છે.

ઊર્ધ્વનલિકા [સં. ઊર્ધ્વ (ઉપર) + નલિકા (નળી)] સ્ત્રી. પારાના જેવાવાળા પદાર્થ બનાવવા માટે વપરાતું એક જાતનું યંત્ર. જુઓ ઊર્ધ્વનલિકાયંત્ર.

ઊર્ધ્વનલિકાયંત્ર [સં. ઊર્ધ્વ (ઉપર) + નલિકા (નળી) + યંત્ર (સાધન)] ન. અર્ક ગાળવાનું એ નામનું યંત્ર. એક તપેલામાં ઔષધ નાખી તેના મોઢા ઉપર વચ્ચોવચ્ચ અંગૂઠા જેવડા છિદ્રવાળું ઢાંકણું બરાબર બેસાડી, તે છિદ્રમાં નળી બોકરી, તે તપેલું ચૂલા ઉપર મૂકી નીચે તાપ કરવો. તે નળીનો બીજો છેડો વાસણ તરફના છેડા કરતાં નીચે રહે તેમ કરીને તે બીજા છેડા નીચે પુલ્લા મોંવાળું એક બીજું વાસણ મૂકવું. નળી વાટે તે વાસણમાં અર્ક પડે છે. તે અર્ક ઉપર તેલ તરી આવે તેને અત્તર કહે છે.

ઊર્ધ્વનાપિત [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નાપિત (વાળંદ)] પું. વાળંદથી ઊંચી ગણાતી એક જાતિ. બાળપણ સાથે સહોદર હોવાથી વૈરમ કોને ગર્ભ રહે તો તે બાળક ઊર્ધ્વનાપિત કહેવાય.

ઊર્ધ્વનાભાગ્નિ [સં.] પું. ઋગ્વેદના દશમ મંડલની ૧૦૮મી ઋચા બનાવનાર એક ઋષિ.

ઊર્ધ્વનાભિબધ્ના [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નાભિ (કેંદ્ર) + બધ્ના] સ્ત્રી. (ગણિત) સંકુચિતના કેંદ્રમાંથી પસાર થઈ તેના અક્ષ બંદલે ફરીને સંબદ્ધ સંકુચિતની બધ્ના.

ઊર્ધ્વનિપાતનયંત્ર [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નિપાતન (નીચે પાડવું તે) + યંત્ર (સાધન)] ન. બેગવાળા પદાર્થોને ગરમીથી જુદા પાડવા માટે મોટા અને નળીવાળું બનેલું વાસણ; મૂર્ધિકા; 'રિટૉર્ટ'.

ઊર્ધ્વનેત્ર ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નેત્ર (નજર)] ન. મહત્ત્વાકાંક્ષા; મોટા થવાની ઇચ્છા.

૨. વિ. ઊંચી નજરવાળું.

૩. વિ. મોટા થવાની ઇચ્છાવાળું; મહત્ત્વાકાંક્ષી.

ઊર્ધ્વનેત્રચ્છદ [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નેત્ર (આંખ) + છદ (ઢાંકનાર)] ન. આંખના પુલાની ઉપર આવેલ ત્વચાનું 'સ્યૂપ્રઑર્બિટલ ફોરેમન'.

ઊર્ધ્વનેત્રનાડી (ઊર્ધ્વનેત્રનાડી) [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નેત્ર (આંખ) + નાડી (રસ)] સ્ત્રી. નાકના મૂળની દેરા બાજુએ કપાળમાં રહેલી એ નામની નાડી; ઍક્રિલાલાટિક નાડી; 'સુપ્રઑર્બિટલ નર્વ'.

ઊર્ધ્વનૈતંબિકનાડી (ઊર્ધ્વનૈતંબિકનાડી) [સં. ઊર્ધ્વ (ઊર્યું) + નિતમ્ બ (ચામડે) + ઇક (નું) + નાડી (રસ)] સ્ત્રી. માણસને ઊભા રહેવા અને ચાલવા માટે ખાસ જરૂરની નિતંબપિંડિકા સરિત નામની પેશીની નાડી; અપરા ગ્લૂટિયલ નર્વ'.

ઊર્ધ્વનેત્રચ્છદક [સં. ઊર્ધ્વ (ઉપરનું) + નેત્ર (આંખ) + છદક (ઢાંકનાર)] ન. આંખનું ઉપરનું પોપચું.

ઊર્ધ્વનેત્રચ્છદકપ્રલંબ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + નેત્ર (આંખ) + છદક (ઢાંકનાર) + પ્રલંબ (પડિયું)] ન. આંખના ઉપલા પોપચામાં રહેલું સંયોજક તંતુઓનું પડ; 'અપર ટાર્સસ'.

ઊર્ધ્વપક્ષ [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પક્ષ (પાંખ)] સ્ત્રી. માખીના શરીરની કટિપ્રદેશ મધ્યરેખા ઉપર આવેલી ઢાલ 'પ્લૅટિસ્મા ફ્રિન્સ'.

ઊર્ધ્વપતન ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પતન (પડવું તે)] ન. ઊંચે ચડવાપણું.

૨. ન. ગરમીથી બન પદાર્થોને વરાળનું રૂપાંતર આપવું અને તે વરાળને ઠારી કરી ફરી પ્રવાહી બનવા દેવું તે; આપીલવન; 'સબ્લિમેશન'

ઊર્ધ્વપત્ર ૧. [સં. ઊર્ધ્વ (ઉપર) + પત્ર (પાંખ)] ન. ઊડવા માટેનું પાંખો અને પાંદડી એ પ્રકારનું એક યંત્ર 'ઑર્થોપ્ટર'. પાંખો ફફડે ત્યારે હવા ઉપર સામી અસર થતાં યંત્ર ઊંચે ચડી શકે છે.

૨. ન. તીડ કે વંદાની જાતનું જીવડું. તેની પાંખો બંધ હોય ત્યારે તે એકબીજા ઉપર આવી રહે છે.

ઊર્ધ્વપત્રી [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પત્ર (પાંખ) + ઇન્ (વાળું)] ન. ઊડવા માટેનું એક યંત્ર. જુઓ ઊર્ધ્વપત્ર ૧, ૨.

ઊર્ધ્વપવન ૧. પું. આપ્; પૂંજર નામનો વાયુ.

૨ [સ ઊર્ધ્વ (ઊર્યું) + પથ (રસ્તો)] પું. સ્વર્ગનો રસ્તો; મોક્ષનો માર્ગ.

ઊર્ધ્વપદ્માસન [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પદ્મ (કમળ) + આસન (શરીરનો બંધ)] ન. એ નામનું એક યોગાસન. તેમાં જમણા પગની પીઠ બેસી પછી ડાબો પગ ઊંધો ઉપર રાખી સીધાસન કરી બે હાથના આધારથી કમર ઊંચી કરી, પલાંઠી અધર ઉઘાડી રાખવી. આથી શરીરમાં બળ વધે.

ઊર્ધ્વપંથ [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પથ (રસ્તો)] પું. સ્વર્ગનો માર્ગ.

ઊર્ધ્વપાણિ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પાણિ (હાથ)] પું. હાથ ઊંચા રાખેલા હોય એવો પુરુષ ઊર્ધ્વબાહુ.

૨. વિ. હાથ ઊંચા કરેલા હોય તેવું.

ઊર્ધ્વપાત ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પત (પડવું)] ન. ઊંચું ચડાવવું તે.

૨. ન. ગરમીથી બન પદાર્થનું વરાળ બની ફરી નક્કર રૂપ થવું તે.

ઊર્ધ્વપાતન ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પાતન (પડવું તે)] ન. ઊંચું ચડાવવું તે; ઉપર લઈ જવાપણું.

૨. ન. વરાળના રૂપમાં લાવીને પદાર્થ ઠારવાપણું.

ઊર્ધ્વપાતનયંત્ર [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પાતન (ચડાવાયું) + યંત્ર (સાધન)] ન. બન પદાર્થની વરાળ બનાવી તેને ઠારી ફરી બન પદાર્થ બનાવવા માટેનું યંત્ર. આ યંત્રથી પારાનું ઊર્ધ્વપાતન કરવા છ આંગળ ઊંચી, તેર આંગળ પહોળી અને સાત આંગળ પહોળા મોંવાળી માટીની બે બરણત માટલી લેવી. પછી ક્ષાર, હિંગ, પંચલવણ અને બહેડાંમાં પારાને ઘૂંટી નીચેની માટલીના તળિયે ચોપડવો. તેના ઉપર બીજી માટલી ઊંધી ઢાંકવી. બે માટલીનાં મોંની વચ્ચેનો સાંધો રાખ, મીઠું, માટી અને કપડાથી છાંટી લેવો. ઉપલી માટલીને તળિયે પાણી રહે તેવી ચોતરફ બાજુએ આજળની પાળ કરવી. તેમાં એક નળ નાખવો અને પાત્રમાં પાણી ભરવું. ચૂલે ચડાવી સાધારણ અગ્નિ આપવો. પાણી ગરમ થાય એટલે કાઢી નાખવું અને બીજું નાખવું. એમ બાર કલાક અગ્નિ આપ્યા પછી ચારો ઉપલી માટલીને તળિયે ચોંટે તે કાઢી લેવો.

ઊર્ધ્વપાત્ર [સં. ઊર્ધ્વ (ઉત્તમ) + પાત્ર (વાસણ)] ન. ચડતું ઉત્તમ વાસણ.

ઊર્ધ્વપાદ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્યું) + પાદ (પગ)] પું. (પુરાણ) શરભ; આઠ પગવાળું એક જનાવર. તેના ચાર પગ પીઠ ઉપર હોવાનું મનાય છે.

૨. વિ. ઊંચા પગવાળું.

ઊર્ધ્વપિંડ [સં. ઊર્ધ્વ (ઉપર) + પિંડ (શરીર)] પું. મસ્તકની ઉપરના ભાગમાં આવેલી,. પાતળી ચામડીવાળા રસની ગ્રંથિ; 'સ્યૂપ્રરીનલ કૅપ્સ્યૂલ'.

ઊર્ધ્વપીડન (ઊર્ધ્વપીડન) [સં. ઊર્ધ્વ (ઉપર) + પીડન (દાબ)] ન. ઊંચું દબાણ; ઉપરની તરફ દબાણ.

ઊર્ધ્વપુંડ્ર ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + પુંડ્ર (ટીલું)] પું. ઊભું ટીલું; વૈષ્ણવી તિલક; U આવું ટીલું. તે પ્રભુનાં પગલાંની નિશાની સૂચવે છે. બ્રાહ્મણો અને રામાનુજને કપાળમાં આવું સુબક કે ગોપીચંદનનું ટીલું કરે છે.

લલાટમાં બહુની પેઠે, કાનમાં કડા સરખુ, હૃદયમાં કમળના જેવું, ઉદર પર દીપક સમાન અને રંગમાં જબ્બુ અને પ્રવાલની પેઠે ઊર્ધ્વપુંડ્ર મારવા કરવું. લક્ષ્મણની લાક્ષણિક

૨. વિ. ઊભાં પાંખાંવાળું.

ઊર્ધ્વપુંડ્રક [સં. ઊર્ધ્વ (ઊભું) + પુંડ્રક (ટીલું)] પું. ઊભું તિલક.

ઊર્ધ્વપુંડ્રાંકિત [સં. ઊર્ધ્વ (ઊભું) + પુંડ્ર (તિલક) + અંકિત (નિશાનીવાળું)] વિ. ઊભા તિલકવાળું; ઊભું ટીલું કર્યું હોય એવું.

ઊર્ધ્વપૂર્મિ ૧. [સં. ઊર્ધ્વ (ઉપર) + પૂર્મિ (પ્રવાહવાળું)] પું. વહ્યાં હોયવાનું પાણી.

૨. વિ. ઉપર ઝપાટાપ્રવાળું.

ઊર્ધ્વપૃષ્ઠ [સં. ઊર્ધ્વ (ઉપર) + પૃષ્ઠ (પાછળનો ભાગ)] ન. ,ઉપરથી સીધી નજર કરી જોવામાં આવતી ખોપરી; મસ્તકપૃષ્ઠ; 'નોર્મ વર્ટિકલિસ.'

ઊર્ધ્વપ્રયાણી [સં. ઊર્ધ્વ (ઊભું) + પ્રયાણ (જવું તે) + ઇન્ (વાળું)] વિ. ઊંચે જતું.

ઊર્ધ્વપ્રવર્દન [સં. ઊર્ધ્વ (ઊભું) + પ્રવર્દન (ઠેખો)] ન. અપાંગ પ્રવર્દન; નાસાકૂદ; 'કંટલ પ્રોસેસ'. નાકના મૂળ ભાગની બાજુ ઉપર આવેલો બે ઠેખો ઉપર પુરઃપ્રાણ સાથે, પ્રખરેણામાં નાસાસ્થિ સાથે અને બહાર અનુપીઠાસ્થિ સાથે સંધાયેલો છે.

ઊર્ધ્વબર્હિ ૧. [સ.,] પું. સોમપ નામના પિતૃ.

૨. [સં. ઊર્ધ્વ (ઊભું) + બર્હિસ્ (ઘાસ)] વિ. પશના ઘાસથી ઊંચું.

ઊર્ધ્વબાહુ ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + બાહુ (હાથ)] પું. ઊંચો કરેલ હાથ.

૨. પું. (પુરાણ) પાંચમા રૈવત મન્વંતરના સપ્તર્ષિમાંના એકનું નામ.

૩. પું. શૈવમતનો એ નામનો એક વિદ્વાન. તેના અનુયાયીઓ ઊંચા હાથ કરીને તપ કે પૂજા કરે છે.

૪. પું. હાથ ઊંચા રાખેલા હોય એવો તપસ્વી.

૫. પું.; ન. અસલના વખતનો લડાઈમાં વપરાતો એક મોટો ભાલો. તે એવી રીતે ઊંચે રસ્તે ચોકસામાં ચલાવતો કે લાંબો આ ભાલો દુશ્મનો ઉપર ફેંકી શકાય.

૬. વિ. હાથ ઊંચા કરેલા હોય એવું.

ઊર્ધ્વબાહુસાધુ [સં. ઊર્ધ્વ (ઊભું) + બાહુ (હાથ) + સાધુ (સંત)] પું. બેઉ હાથ ઊંચા રાખનાર તપસ્વી; એક કે બેય હાથ ઊંચા રાખી સાધના કરનાર સાધુ.

ઊર્ધ્વભુક્ ૧. પું. એ નામનું એક લાપાત્ર.

૨. [સં. ઊર્ધ્વ (ઊભું) + મુખ (મોઢું)] વિ. ઊંધું થઈ ગયેલું.

ઊર્ધ્વભૃહતી [સં.] સ્ત્રી. એ નામનો વૈદિક છંદ.

ઊર્ધ્વભૃહત્શિરસ [સં. ઊર્ધ્વ (ઉપર) + બૃહત્ (ચોડું) + શિરસ (માથું)] સ્ત્રી. રક્તાશય એટલે લોહીના રસાયણની બનાવટ સાથે સંકાયેલી ઉપરની મોટી કોષ

ઊર્ધ્વભંગ ૧. [સં. ઊર્ધ્વ (સીધું) + ભંગ્ (વાંકું)] પું. ઊભો સીધો ઝાપ.

૨. વિ. જેમાં ઊભો સીધો ઝાપો મોકો હોય એવું.

ઊર્ધ્વભાક પું. (પુરાણ) સમુદ્રમાં રહેલો અગ્નિ; વડવાનલ.

ઊર્ધ્વભાગ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + ભાગ] પું. ઉપરનો કે આગળનો ભાગ.

ઊર્ધ્વભાગી વિ. ત્રીજ પર્વનાં કરા સમોજન એટલે બ્લિનળાંનાં સેવતાં પાંસળાનું, પહેલાં પાંચ અવરબાગી કહેવાય છે.

ઊર્ધ્વભુજ [સં. ઊર્ધ્વ (ઊભું) + ભુજ (બાહુ)] સ્ત્રી. (અક્ષિત) સમુચ્ચિલાના કેંદ્રમાંથી પસાર થતી અને તેની ઘરીને લંબરૂપ સમુચ્ચિલાની બનતી; ઊર્ધ્વનાભિલા.

ઊર્ધ્વભુવન [સં. ઊર્ધ્વ (ઊભું) + ભુવન (લોક)] પું. સ્વર્ગ.

ઊર્ધ્વભૂમિ [સં. ઊર્ધ્વ (ઊભું) + ભૂમિ જમીન)] સ્ત્રી. ઊંચી જમીન.

ઊર્ધ્વભોમ [સં. ઊર્ધ્વ (ઊભું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. ઊંચાઈવાળી જમીન.

ઊર્ધ્વમધ્યકર્ણકોટર [સં. ઊર્ધ્વ (ઊભું) + મધ્ય (વચ્ચનું) + કર્ણ (કાન) + કોટર (પોલ)] ન. કાનના પડદાની ઉપર આવેલ ખાનો: 'એપિટિમ્પેનિક રિસેસ'.

ઊર્ધ્વમહાશિરા [સં. ઊર્ધ્વ (ઉપર) + મહત્ (મોટું) + શિરા (હૃદય તરફ લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. બેઉ ઝાલ્કુલિયા શિરા એકાકાર બનેલી હતી: 'સ્યૂપીરિયર વીન કેવ'. શરીરના ઉપલા ભાગનું હૃદયમાં લોહી લાવનારી આ લગભગ ત્રણ ઇંચ લાંબી અને જાડી શિરા જમણી પહેલી ઉપપર્શુક એટલે મુખ્ય પાંસળા સાથે જોડાય નાની પાંસળીની પાછળથી થઈ ઉરઃફલકની જમણી બાજુએ નીચે ઊતરી જમણી ત્રીજી ઉપપર્શુક એટલે તરત પાંસળીની પાછળ પહોંચે છે અને ત્યાંથી હૃદયના જમણા આલિંદ એટલે ખાનાની ટોચમાં પેસે છે.

ઊર્ધ્વમંથી ૧. [સં. ઊર્ધ્વમન્થિન્] પું. બાજવારી.

૨. વિ. વીર્ય ન પડવા દેનાર.

૩. વિ. સ્ત્રીપ્રસંગથી દૂર રહેનાર.

ઊર્ધ્વમાન ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + માન (માપ)] ન. ઊંચાઈનું માપ.

૨. ન. તોલું; કાટલું.

ઊર્ધ્વમાર્ગ ૧. [સં. ઊર્ધ્વ (ઊંચું) + માર્ગ (રસ્તો)] પું. આકાશમાર્ગ.

૨. પું. ઊંચો રસ્તો; ઉપરની બાજુ.

ઊર્ધ્વમુખ ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + મુખ (મોઢું)] પું. અગ્નિ. તેની જ્વાળા ઊંચી રહે છે.

૨. ન. મોઢા ઉપરનો ભાગ.

૩. વિ. ઊંચા મોઢાવાળું.

ઊર્ધ્વમુખી ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + મુખ (મોં) + ઙીપ્ (વાળું)] વિ. ઊંચા મોંવાળું.

૨. વિ. ઊંચે જતું.

ઊર્ધ્વમુખીસાધુ પું. ઊંધે માથે રહી તપ કરનાર સાધુસ.

ઊર્ધ્વમૂત્રપિંડ [સં. ઊર્ધ્વ (ઉપર) + મૂત્ર (પેશાબ) + પિંડ (ગાંઠ)] પું. મૂત્રપિંડ (કિડની) ઉપર આવેલ ગાંઠ; 'સુપ્રા રીનલ ટ્યૂમર'.

ઊર્ધ્વમૂર્ધા [સં. ઊર્ધ્વ (ઊભું) + મૂર્ધન્ (માથું)] વિ. ઊંચા માથાવાળું

ઊર્ધ્વમૂલ ૧. [સં. ઊર્ધ્વ (ઊભું) + મૂલ (મૂળિયું)] પું. સંસાર; જગત; દુનિયા. જેનાં મૂળ ઉપર અને શાખા નીચે છે અને વેદ જેના પાંદડાં છે એવા અવિનાશી પીપળા તરીકે સંસારને કલ્પવામાં આવેલ છે.

૨. ન. મૂલાક્ષરપ્રયુ.

૩. વિ. ઊંચે મૂળવાળું

ઊર્ધ્વમ્ [સં.] અ. ઊંચે.

ઊર્ધ્વબાહ્યોત્તરગમન [સં. ઊર્ધ્વ (ઊભું) + બાહ્યોત્તર (ઉત્તરમાં જવું) + ગમન (જવાપણું)] ન. (જ્યોતિષ) આકાશી પદાર્થનું સ્થિતિજથી વધારે ઊંચે રહીને બાહ્યોત્તરવૃત્ત ઉપરથી જવાપણું. કેટલાક આકાશી પદાર્થો દિવસમાં બે વખત આમ જાય છે.

ઊર્ધ્વરમણ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + રમ્ (ક્રીડા કરવી) + અન (પ્રત્યય)] ન. સાત્ત્વિક આનંદ

ઊર્ધ્વરેખ ૧. [સં. ઊર્ધ્વ (સીધું) + રેખા (લીટી)] વિ. સીધી લસોટાયેલું.
૨. વિ. કપાળમાં ઘનરેખાવાળું.

ઊર્ધ્વરેખા ૧. સ્ત્રી. ઘનરેખા. તે કંઠમાંથી નીકળી ચાર આંગળીમાંથી એકાદ તરફ જાય છે. તે માણસનું નસીબ જાણવામાં ઉપયોગી મનાય છે. તેની રેખાવાળો ચાલાક હોંશિયાર માણસોનો નેતા થવાનું મનાય છે.
૨. સ્ત્રી. વિષ્ણુના અવતારના અડતાળીસ માંહેનું એક મરણચિહ્ન એટલે પગના તળિયાંમાંની નિશાની. તે અંગૂઠા અને તેની પાસેની આંગળી વચ્ચેથી નીકળી સીધા અને લાંબા આકારમાં એડીના મધ્ય ભાગ સુધી જતી માનવામાં આવે છે.
૩. [સં. ઊર્ધ્વ (સીધું) + રેખા (લીટી)] સ્ત્રી. સીધી લીટી; લંબરેખા.

ઊર્ધ્વરેણુ પું. (જૈન) આઠ ત્રસરેણુ ભક્ષિણ્યુમ રજરેણુ જેના થવાથી આવો મોટો રજરેણુ; પ્રકાશમાં ઊડતો દેખાતો રજરેણુ; ત્રસરેણુ. તે ઉપર, નીચે અને ત્રાંસો ઊડી શકે છે.

ઊર્ધ્વરેત ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + રેતસ્ (વીર્ય)] પું. બીજ્યપિતામહ, બ્રહ્મા કે તે બ્રહ્મચારી હતા.
૨. પું. (પુરાણ) ચાક્ષુષમન્વન્તર ઋષિના ગુરુ.
૩. પું. શિવ; મહાદેવ.
૪. પું. સનકાદિ મુનિ.
૫. પું. સંન્યાસી, કેમકે તે બ્રહ્મચર્ય પાળે છે.
૬. પું. હનુમાન. તે બ્રહ્મચારી હોવાથી આ નામ પડ્યું છે.
૭. વિ. અખંડ બ્રહ્મચર્ય પાળનાર; વીર્ય સ્ખલિત ન થવા દેનાર; નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનાર; જન્મવીર્ય; નિત્ય બ્રહ્મચારી.
૮. વિ. ઇંદ્રિયજિત; જિતેંદ્રિય.
૯. વિ. જેનું વીર્ય પડતું નથી એવું.

ઊર્ધ્વરેતસ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + રેતસ્ (વીર્ય)] પું. બીજ્યપિતામહ. જુઓ ઊર્ધ્વરેત ૧-૯

ઊર્ધ્વરેતા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + રેતસ્ (વીર્ય)] પું. બીજ્યપિતામહ. જુઓ ઊર્ધ્વરેત ૧-૯.

ઊર્ધ્વરોમા ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + રોમન્ (વાળ)] પું. ઊભાં રુવાંટાવાળો એક વનસ્પતિ.
૨. પું. કુશદ્વીપના સાત મહિના એક પર્વતનું નામ.
૩. વિ. રોમાંચિત; ઊભાં થયેલ વાળવાળું.

ઊર્ધ્વરોહ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + રોહ (ઊગવાપણું)] પું. સીધું ઊગવાપણું; ઊભા સોટાની જેમ ઊગતા છોડનો વિકાસ. 'ઓર્થોટ્રોપિઝમ'

ઊર્ધ્વરોહણ ૧. [સં ઊર્ધ્વ (ઊર્ધ્વ) + રોહણ (ચડવું તે)] ન. ઊંચે ચડવાપણું.
૨ ન. સ્વર્ગપ્રતિ; મોક્ષપ્રાપ્તિ.

ઊર્ધ્વલધુ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + લઘુ (ટચાત)] સ્ત્રી. વચલા ઉર્ધ્વ, ઉત્તરાપથલા; બર્ત્તિના પાછલા ભાગમાંથી નીકળતી અને શ્રોણિચક્રાસ્થિની અંતઃસ્થાની કેડરા સાથે જોડાતી એ નામની નાની પેશી; 'ઇલેયસ્ક્ષ સ્યૂપરિઅર'. તે સાથળને બહાર ફેરવે છે.

ઊર્ધ્વલંબન [સં. ઊર્ધ્વ (ઉપર) + લંબ્ (ઓળગવું)] ન. (જ્યોતિષ) ધ્રુવપ્રદેશનું ધ્રુવની ઉપરથી જમણેથી ડાબી તરફ અર્ધ મધ્યહરણ (એટલે ક્ષિતિજના બે ઉત્તર બે દક્ષિણ બિંદુઓ અને ખગોલકમાં થઈને પસાર થતા કાલ્પનિક કૂટાગ્ર)ને ઓળંગવાપણું. આમ ધ્રુવપ્રદેશ કેટલાકથી છ મહિના સુધી જાય છે. ઑક્ટોબરથી છ મહિના બે જ પ્રમાણે ધ્રુવની નીચે જઈને ડાબી બાજુએથી જમણી બાજુએ જાય ત્યારે તે અધોલંબન કરે છે એમ કહેવાય છે.

ઊર્ધ્વલિંગ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + લિંગ (ચિહ્ન)] પું. મહાદેવ, કેમકે તેની સૂક્ષ્મ શરીરરૂપી નિશાની ઠાર હોય છે.

ઊર્ધ્વલિંગી ૧. [સં. ઊર્ધ્વ (ઉત્તમ) + લિંગ (પુરુષની જનનેંદ્રિય)] પું. ઊર્ધ્વરેતા; બ્રહ્મચારી.
૨. પું. શિવ; મહાદેવ. જુઓ ઊર્ધ્વલિંગ.

ઊર્ધ્વલેશ્યા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + લેશ્યા (પ્રભા)] સ્ત્રી. (જૈન) પ્રભાસ.

ઊર્ધ્વલોક ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + લોક (સ્થાન)] પું. આકાશ.
૨. પું. જનલોક, તપલોક અને સત્યલોક. એ ત્રણને ઊર્ધ્વ કહ્યા છે.
૩. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + લોક (સૃષ્ટિ)] પું. સ્વર્ગ; ઉપરની દુનિયા.
ભવન લોકની ઉપરનો સંપૂર્ણ લોક ઊર્ધ્વલોક છે, જેનો આકાર પખાજ જેવો છે.
તત્ત્વાર્થસૂત્ર

ઊર્ધ્વલોકસિદ્ધ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + લોક (સૃષ્ટિ) + સિદ્ધ (કૃતકાર્ય)] પું. (જૈન) ઊર્ધ્વલોકની મનુષ્ય તરીકે જન્મીને મોક્ષ પહોંચ આત્મા.

ઊર્ધ્વલોષ્ટ [સં. ઊર્ધ્વ (ઉત્તમ) + લોષ્ટ (માટીનું ઢેકું)] સ્ત્રી. કાંસકી, ઓજાર અને ભાઠાઈ સરખી હોય એવી ઈંટ.

ઊર્ધ્વવક્ત્ર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વ) + વક્ત્ર (મોઢું)] વિ. ઊંચા મોંવાળું. પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, આર્દ્રા, મઘા, ધનિષ્ઠા, રોહિણી અને રાતબિષા એટલા નક્ષત્ર ઊર્ધ્વવક્ત્ર છે.

ઊર્ધ્વવર્મા [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વર્મન્ (રસ્તો)] ન. વાતાવરણ.

ઊર્ધ્વવર્ષક [સં. ઊર્ધ્વ (સીધું) + વર્ષક (વરસાદ)] વિ. સીધું ઊગનાર; 'ઑર્થોટ્રોપસ'. જુઓ ઊર્ધ્વરોહ.

ઊર્ધ્વવર્ધિષ્ણુતા [સં. ઊર્ધ્વ (સીધું) + વર્ધિષ્ણુ (વધવાના સ્વભાવનું) + તા (પ્રત્યય)] સ્ત્રી. છોડનો ઊભા વધવાનો ગુણ.

ઊર્ધ્વવાત ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વાત (વાયુ)] પું. ઉપર ચડી ગયેલ વાયુ.
૨. પું. ખરું ઓડકાર આવવાનો રોગ.

ઊર્ધ્વવાયુ ૧. [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વાયુ (વાત)] પું. ઓડકાર.
૨. પું. બરાબર ઓડકાર આવવા કરે એવો વાયુનો રોગ.
૩. પું. શરીરના ઉપલા ભાગમાંનો વાયુ.

ઊર્ધ્વવાહકયંત્ર [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વાહક (લઈ જનાર) + યંત્ર (સાધન)] ન. નીચેથી ઉપલે માળ લઈ જવાનું સાધન; જેમાં ઉપલે માળે જવાનું સાધન 'લિફ્ટ'.

ઊર્ધ્વવાહની [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વાહિન્ (લઈ જનાર) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. ઊંચે લઈ જનારી.

ઊર્ધ્વવાહી [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વાહિન્ (લઈ જનાર)] વિ. ઊંચે લઈ જનારું.

ઊર્ધ્વવૃક્કગ્રંથિ [સં. ઊર્ધ્વ (ઉપર) + વૃક્ક (મૂત્રપિંડ) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. મૂત્રપિંડના ઉપલા છેડા ઉપર આવેલી એ નામની એક જાતની ખૂણવાળી ગાંઠ; 'સુપ્રરીનલ ગ્લૅંડ'.

ઊર્ધ્વવૃત્ત [સં. ઊર્ધ્વ (ઉપર) + વૃત્ત (ગોળ)] વિ. ઉપરના ભાગમાં વીંટેલ.

ઊર્ધ્વવૃદ્ધિ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વૃદ્ધિ (વધવાપણું)] સ્ત્રી. ઝાડનું સીધું ઊંચું વધવાપણું.

ઊર્ધ્વવૃહતી [સં.] સ્ત્રી. તે નામનો વૈદિક છંદ.

ઊર્ધ્વવ્યતિક્રમ [સં. ઊર્ધ્વ (ઊર્ધ્વું) + વ્યતિક્રમ (ઓળગવાપણું)] પું. (જૈન) નક્કી કરેલ ઊંચાઈના પ્રમાણની હદને ઓળંગી જવાપણું.

ઊર્ધ્વશલાકા [સં. ઊર્ધ્વ (ઉપર) + શલાકા (સળી)] સ્ત્રી. કરોડની દોરડા જાતુઓ બીજા,

ત્રીજી અને ચોથી પર્શુકાનુગા એટલે પાંસળીની સાથે રહેલ શિરાઓ મળીને બનતી શિરા; 'સુપીરિયર ઇન્ટરકોસ્ટલ વેન'.

ઊર્ધ્વશંખરેખા [સં. ઊર્ધ્વ (ઊપર) + શંખ (લમણું) + રેખા (લીટી)] સ્ત્રી. સંખ્યતોરણિકા ઉત્તરા; લમણાની બહારની બાજુએ આવેલી ઊંચે જતી ધનુષના જેવી વાંકી લીટી; 'સુપીરિયર ટેમ્પોરલ લાઇન'.

ઊર્ધ્વશાખા ૧. [સં. ઊર્ધ્વ (ઉપરનું) + શાખા (ભાગ)] સ્ત્રી. ઉપરનું અંગ.

૨. સ્ત્રી. હાંસડીનું હાડકું.

ઊર્ધ્વશાયી ૧. [સં. ઊર્ધ્વ (ઊપર) + શાયિન્ (સૂનાર)] પું. મહાદેવ.

૨. વિ. ચત્તું સૂતેલું.

૩. વિ. માથું ઊંચું રાખીને સૂનાર.

ઊર્ધ્વશિખ ૧. પું. અગ્નિ, જેમાંથી તેની જ્વાળા ઊંચે જાય છે.

૨. [સં. ઊર્ધ્વ (ઊપર) + શિખા (ચોટલી)] પું. નારદ, જેમણે તેની ચોટલી ઊભી કરેલ છે.

૩. વિ. ઊભી ચોટલીવાળું.

ઊર્ધ્વશિખા ૧. [સં. ઊર્ધ્વ (ઊપર) + શિખા (જ્વાળા)] સ્ત્રી. અગ્નિની જ્વાળા.

૨. [સં. ઊર્ધ્વ (ઊપર) + શિખા (ચોટલી)] સ્ત્રી. ઊભી ચોટલી.

ઊર્ધ્વશુક્તિકા સ્ત્રી. પાર્શ્વસ્થિઓની અંદરની બાજુએ રહેલો, મોતીની છીપ જેવો, હાથીની સૂંઢ જેવો વળેલો વાતગ્રો વાહકનો ભાગ; 'સુપીરિયર નેઝલ કોંક'.

ઊર્ધ્વશોધન ૧. [સં. ઊર્ધ્વ (ઊપર) + શોધન (સાફ કરવાપણું)] ન. ઊલટી. ઊલટી કરાવવા માટે તેનું પાણી અપાય છે.

૨. ન. ઊલટી.

ઊર્ધ્વશ્વાસ ૧. [સં. ઊર્ધ્વ (ઊપર) + શ્વાસ (પ્રાણ)] પું. ઉપર જતો શ્વાસ.

૨. પું. કોઈનું એક જાતનું દરદ; તમરું શ્વાસ; ઊધરસ. તેમાં દરદી બોલે અથવા તો ઊભો હોય ત્યારે જ શ્વાસ બરોબર લઈ શકે છે. સહેજ પણ વળવાથી શ્વાસ લેતાં દુઃખ થાય.

૩. પું. શ્વાસની તંગી.

ઊર્ધ્વશ્વાસનલિકાછેદન [સં. ઊર્ધ્વ (ઉપર) + શ્વાસ (પ્રાણ) + નલિકા (નળી) + છેદન (કાપ)] ન. શસ્ત્રક્રિયામાં શ્વાસનળી ઉપર મુકાતો કાપ.

ઊર્ધ્વસદ્મા [સં.] પું. ઋગ્વેદના નવમા મંડલના ૧૦૮મા સૂક્તની ૮ અને ૯ મી ઋચાના કર્તા એક ઋષિ.

ઊર્ધ્વસધ્યાઙ્ગિરસ પું. સામવેદના એક ઋષિનું નામ.

ઊર્ધ્વસરલપેશી [સં. ઊર્ધ્વ (ઊપર) + સરલ (સીધું) + પેશી (સંસ્કૃત કોષો)] સ્ત્રી. સરલોર્ધ્વ નૈત્રક; ઊર્ધ્વદિશની પેશી; ડોળાને હલાવનાર એ નામની એક પેશી; 'રેક્ટસ સુપીરિયર મસલ'.

ઊર્ધ્વસર્વાંગાસન ૧. [સં. ઊર્ધ્વ (ઊપર) + સર્વ (બધું) + અંગ (શરીર) + આસન (બેસવાની ઢબ)] ન. (યોગ) એકરાશી આસનોનું એક આસન. બે કોણી જમીન ઉપર ટેકવી હાથના આધારથી પીઠને ઊંચી કરી પગને ઊંચા રાખી કાંધ અને છેક ઉપર આર રહે એમ આખા નરક પગોને ભારી જમીનને અડાડવાથી પણ આ આસન થાય. આને હલાસન પણ કહે છે. આથી હૃદયને વિશ્રામ મળે, લોહી શુદ્ધ થાય અને સ્વાધીનતા આવે.

૨. ન. વિપરીતકરણી આસન. જમીન ઉપર હાથપગ લાંબા કરીને મત્રા સૂર્ય શ્વાસ ફેફસાંમાં ભરીને બે પગ સીધા ઊંચા કરવા અને કમરને હાથથી પકડી રાખવી. પગ ઉપર લઈ ગયા પછી શ્વાસ બહાર કાઢવો. નજર પગના અંગૂઠા ઉપર રાખવી. દાઢી કોમળમાં લાગવી જોઈએ અને ખભો, કમર અને પગ સીધી લીટીમાં હોવાં જોઈએ.

ઊર્ધ્વસંભૃત [સં. ઊર્ધ્વ (ઊપર) + સંભૃત (ભેગું કરેલ)] વિ. ભેગું કરેલું.

ઊર્ધ્વસંમુખપાદાસન [સં. ઊર્ધ્વ (ઉપર) + સંમુખ (સામું) + પાદ (પગ) + આસન] ન. (યોગ) એક હાથના પંજા સામસામા રાખી, તેની પાસે માથું જમીન ઉપર ટેકવી ઊંચે ઝાડે બે પગનાં તળિયાંને મુદ્રાની પાસે લાવી સામસામાં ભેગવાય તેવું આસન.

ઊર્ધ્વસંહનન [સં. ઊર્ધ્વ (ઊંચું) + સંહનન (નાક કરવો)] પું. શિવનાં હનુમાન માટેનું એક નામ. તે બ્રહ્મચર્યના સહારક મનાય છે.

ઊર્ધ્વસાનુ [સં. ઊર્ધ્વ (ઊપર) + સાનુ (શિખર)] ન. ઉપરનું શિખર.

ઊર્ધ્વસુરંગ [સં. ઊર્ધ્વ (ઉપર) + સુરંગ (બોખું)] સ્ત્રી. નાસાસુરંગની બહારની દીવાલ ઉપર આગળપાછળ સંલગ્નવેલો એક ઊભો, ટૂંકો અને પોલો આર્ચ 'સુપીરિયર મીએટસ'. તે ઊર્ધ્વરક્તિની ઊર્ધ્વ અને મધ્યશુક્તિઓની વચ્ચે રહેલો છે.

ઊર્ધ્વસુરંગા જુઓ ઊર્ધ્વસુરંગ.

ઊર્ધ્વસ્કંધીય [સં. ઊર્ધ્વ (ઉપર) + સ્કંધ (ખભો) + છ (સંબંધી)] સ્ત્રી. ખભા અને હાથને જોડનારી એ નામની પેશી; 'સુપ્રા સ્પાઇનેટસ'

ઊર્ધ્વસ્થ ૧. [સં. ઊર્ધ્વ (ઊંચું) + સ્થ (રહેલું ;] પું. શિખર; ટોચ; અણી.

૨. વિ. ઊંચે રહેનાર.

ઊર્ધ્વસ્થિત [સં. ઊર્ધ્વ (ઉપર) + સ્થિત (આવેલું)] વિ. ઉપરનું; ઊંચે આવેલ.

ઊર્ધ્વસ્થિતપૃષ્ઠવક્રાસન [સં. ઊર્ધ્વ (ઉપર) + સ્થિત (ઊભેલું) + પૃષ્ઠ (પીઠ) + વક્ર (વાંકું) + આસન (શરીરનો વળાંક)] ન. (યોગ) હાથના આંકડા ભીંસી પગવાળે કમર ઉપર રાખીને ઊભા રહ્યા પછી આગળ પાછળ ઝૂલવાથી થતું આસન. આથી પેટ, વાસો, જાંઘો, કમર, પ્રેક, પગ વગેરેને ફાયદો થાય છે.

ઊર્ધ્વસ્થિતિ ૧. [સં. ઊર્ધ્વ (ઉપર) + સ્થિતિ (ટેકાવું)] સ્ત્રી. ઉપર રહેવું તે; ઊંચે રહેવાપણું.

૨. સ્ત્રી. ઉપરીપણું; અધિકારી હોવાપણું.

૩. [સં. ઊર્ધ્વ (ઊંચું) + સ્થિતિ (જગ્યા)] સ્ત્રી. ઊંચાઈ.

૪. સ્ત્રી. ઘોડાની પીઠનો ભાગ.

૫. સ્ત્રી. અધિમાતાપણું.

૬. વિ. ઉપર હોય એવું.

ઊર્ધ્વસ્રોત ૧. પું. ઊભો ઝોક.

૨. [સં. ઊર્ધ્વ (ઊંચું) + સ્રોતસ્ (પ્રવાહ)] પું. ઊર્ધ્વરેતસ યોગી; સંભોગ નહિ કરનાર તપસ્વી.

૩. [સં. ઊર્ધ્વ (ઊંચું) + સ્રોતસ્ (પ્રવાહ)] પું. ઊંચો પ્રવાહ; ઊંચા ચઢેલવાળો ઝરો.

૪. વિ. (જૈન) અનાગામી; દુનિયામાં પાછો નહિ આવનાર.

> અનાગામ અર્થાત્ અવ્યાબાધ નિર્વાણમાં જેને સંત લાગ્યો છે, અને તેની અનથી જે સ્પર્શ કરી રહ્યો છે અર્થાત્ અનથી અડ્યો રહ્યો છે, અને જે કામમાં અપ્રતિબદ્ધચિત્ત છે, તેને ઊર્ધ્વસ્રોત કહે છે. મજ્ઝિમ૧૮

ઊર્ધ્વસ્વરસંપુટ [સં. ઊર્ધ્વ (ઉપર) + સ્વર (અવાજ) + સંપુટ (ઢાંકણો)] પું. ઉત્તરસ્વરિણી; અવાજ પેદા કરનાર યંત્રની પ્રાણવા નાડીની જે નામની રચના; 'સુપીરિયર લેરિન્જિયલ નર્વ'.

ઊર્ધ્વહનુ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + હનુ (જડબું)] સ્ત્રી. ઉપરનું જડબું.

ઊર્ધ્વહનુમંડળ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + હનુ (જડબું) + મંડલ (દેશ)] ન. ઉપલા જડબાવાળો ભાગ.

ઊર્ધ્વહન્વર્બુદ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + હનુ (જડબું) + અર્બુદ (ગાંઠ)] ન. ઉપલા જડબાના હાડકાંવાળા તંતુનું ગાંઠ; 'ઓસ્ટિઓ સાર્કોમા ઓવ ધી અપર જૉ'.

ઊર્ધ્વહન્વસ્થિ [સં. ઊર્ધ્વ (ઉપરનું) + હનુ (જડબું) + અસ્થિ (હાડકું)] ન. ઉપલા જડબાનું હાડકું.

ઊર્ધ્વહસ્તજાનુબાલાસન [સં. ઊર્ધ્વ (ઊંચું) + હસ્ત (હાથ) + જાનુ (ઘૂંટણ) + બાલ (બચ્ચું) + આસન (બેસવાની રીત)] ન. (યોગ) પગ જોડીને સીધા ઊભા રહી, ગોઠણ વાળ્યા વિના નમીને લલાટ ગોઠણને અડાડી બે હાથ જોડી રાખીને ઊંચા રાખવાથી થતું આસન.

ઊર્ધ્વહસ્તપશ્ચિમતાનાસન [સં. ઊર્ધ્વ (ઊંચું) + હસ્ત (હાથ) + પશ્ચિમ (પાછળ) + તાન (વિસ્તાર) + આસન (બેસવાની રીત)] ન. (યોગ) પગ લાંબા કરી સાથે રાખી બેઠા પછી માથું ગોઠણ ઉપર રાખી બેઉ હાથ આગળ અને ભીને હાથ પછવાડે વારાફરતી લંબાવી અને તેટલા ઊંચા કરવાથી બનતું આસન. આ આસનથી પેટ, પીઠ, કમર, પગ, છાતી અને હાથનું મૂળ મજબૂત થાય છે.

ઊર્ધ્વહસ્તપાદાસન [સં. ઊર્ધ્વ (ઊંચું) + હસ્ત (હાથ) + પાદ (પગ) + આસન (બેસવાની રીત)] ન. (યોગ) એ નામનું આસન. જમીન ઉપર સૂતા સૂઈ શરીરને ઢીલું રાખી માથાની ઉપરનો ભાગ જમીન ઉપર મીંડો મૂકવો. આંખ ઉઘાડી રાખી બે નસકોરાંથી શ્વાસ ઠેઠસાથી ભરીને બે પગ જમીનથી લગભગ બે ફુટ ઊંચા ઉપાડવા. જમીનથી પહોંચે બે હાથ ઊંચા કરીને પગના અંગૂઠાને પકડી રાખવા. આઠ દિવસના અભ્યાસ પછી સહેલાઈથી અંગૂઠા પકડી શકાશે. જ્યાંસુધી શ્વાસ રોકાય ત્યાંસુધી અંગૂઠા પકડી રાખવા અને પછી પગ અને હાથ જમીન ઉપર ઉતારવા. ત્યારબાદ ધીમેથી બે નસકોરાં મારફત શ્વાસ બહાર કાઢવો.

ઊર્ધ્વહાનબ્યાનાડી [સં. ઊર્ધ્વ (ઉપરનું) + હાનબ્ય (જતાવનું) + આ (નારીજાતિનો પ્રત્યય) + નાડી (રગ)] સ્ત્રી. આંખના આકાની પાછળ ઉપલા જડબા અને અનુકર્ણિક (એટલે આગળીઓ જેવા ખોપરીની વચ્ચે આવેલ હાડકા)ની વચ્ચેના નાના અને ત્રિકોણાકાર આકારમાં આવેલી એક નાડી; 'સ્ફેનોપેલેટાઇન મેક્સિલરિ નર્વ'

ઊર્ધ્વાજવંતી સ્ત્રી. (નામ) અનવચ્છોપના બે માહેનો એ નામનો એક પ્રકાર. જુઓ ઊર્ધ્વસાવતી.

ઊર્ધ્વા ૧ [સં. ઊર્ધ્વ (ઊંચું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઊંચેની દિશા

૨. સ્ત્રી. (વહાણવટું) ત્રીસ હાથ લાંબી, સોળ હાથ પહોળી અને સોળ હાથ ઊંચી એક જાતની ભૂતી હોડી.

ઊર્ધ્વાકર્ષણ [સં. ઊર્ધ્વ (ઉપર) + આકર્ષણ (ખેંચાણ)] ન. ઉપર તરફ ખેંચાણ.

ઊર્ધ્વાકાંક્ષી [સં. ઊર્ધ્વ (ઊંચું) + આકાંક્ષા (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. ઊંચી ઉમેદવાળું.

ઊર્ધ્વાંક [સં. ઊર્ધ્વ (ઉપર) + અક્ષ (ધરી)] વિ. કાટખૂણે અક્ષ અક્ષસરખી ધરી હોય એવી; 'ઓર્થોમેટ્રિક'.

ઊર્ધ્વાગ્નિ [સં. ઊર્ધ્વ (ઊંચું) + અગ્નિ (આગ)] પું. આગની ઊંચી જ્વાળ.

ઊર્ધ્વાજાનુ [સં. ઊર્ધ્વ (ઊંચું) + જાનુ (ઘૂંટણ)] ન. (નાટ્ય) એકપગીનાના હાથમાં હાથ અને પગમાં પગ જોડી લહેકો આપતાં જઈ નાચવાનો એક ભેદ.

ઊર્ધ્વાધાર [સં. ઊર્ધ્વ (ઊંચું) + આધાર (ટેકો)] વિ. ટોચું; ઊંચું.

ઊર્ધ્વાન્નાય પું. એ નામનું એક તંત્રશાસ્ત્ર.

ઊર્ધ્વાયન ૧. પું. (પુરાણ) પદ્મદ્વીપ બહારના હલકા વર્ણની અવરદાવાળા લોક.

> પદ્મદ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાશ્રય નામના ચાર વર્ણો છે. એમનું આયુષ્ય ૧૦૦૦ વર્ષનું છે અને રૂપ દેવલોકના જેવું છે.
>
> ભાગવતી ભાગવત

૨. પું. પદ્મદ્વીપનું એ નામનું પક્ષી.

૩. [સં. ઊર્ધ્વ (ઊંચું) + અયન (જવું તે)] ન. ઉપર જવું તે; ઊંચી ગતિ.

૪. ન. ઉપરનું ઠેકાણું.

૫. વિ. ઊંચી ગતિવાળું.

ઊર્ધ્વારોહ ૧. [સં. ઊર્ધ્વ (ઉપર) + આરોહ (ચઢાણ)] પું. ઉપર ચઢવું તે.

૨. [સં. ઊર્ધ્વ (ઉપર) + આરોહ (ચઢવું તે)] પું. ઉલ્લંત: મરણ.

૩. પું. સ્વર્ગગમન.

ઊર્ધ્વારોહણ ૧. [સં. ઊર્ધ્વ (ઉપર) + આરોહણ (ચઢાણ)] ન. ઉપર ચઢાણનું. જુઓ ઊર્ધ્વારોહ.

૨. ન. ગરમીથી બન પદાર્થને વરાળરૂપ બનાવી તે વરાળને ઠંડી પાડી ફરી પાછું નક્કર રૂપ બનાવવાપણું; 'સબ્લિમેશન'

ઊર્ધ્વાવર્ત ૧. પું. ઘોડા પાળવા તે.

૨. [સં.] પું. ઘોડાની પીઠનો ભાગ.

૩ [સં ઊર્ધ્વ (જમણું) + આવર્ત (ગોળ ફરવું)] પું. દક્ષિણાવર્ત; જમણી તરફ ફરવું તે.

ઊર્ધ્વાસિત ૧. પું. ઝરવેણ; ઝરેલાનો વેસો.

૨. [સં. ઊર્ધ્વ (ઉપર) + આસિત (બેઠેલું)] વિ. ઊંચે બેઠેલ.

ઊર્ધ્વાંગ [સં. ઊર્ધ્વ (ઊંચું) + અંગ (શરીરનો ભાગ)] ન. મસ્તક; શિર; માથું

ઊર્ધ્વાંગપ્રતિમા [સં. ઊર્ધ્વ (ઉપરનું) + અંગ (ભાગ) + પ્રતિમા (મૂર્તિ)] સ્ત્રી. માથાથી છાતી સુધીના ભાગની મૂર્તિ; અર્ધમૂર્તિ; અરધમૂર્તિ; 'બસ્ટ'.

ઊર્ધ્વાંશ ૧. [સં. ઊર્ધ્વ (ઉપરનું) + અંશ (ભાગ)] પું. ઉપલો ભાગ.

૨ પું. ગર્ભાશયનો ઉપરનો ભાગ.

ઊર્ધ્વીકરણ ૧. [સં. ઊર્ધ્વ (ઊંચું) + કરણ , કરવું તે)] ન. આરોહણ; ઊંચે ચઢાવવું તે.

૨. ન. બાષ્પીભવન; વરાળથી શુદ્ધ કરવું તે.

ઊર્ધ્વોચ્છિષ્ટ [સં. ઊર્ધ્વ (ઉપર) + ઉચ્છિષ્ટ એઠું)] ન. જમ્યા પછી મોઢું ન ધોવાપણું; એઠું મોં ધોવાપણું; મોઢું કર્યું ન ધોવાપણું.

ઊર્ધ્વોરસ્કાયમની [સં. ઊર્ધ્વ (ઊંચું) + ઉરસ્ક (છાતીનું + આ (નારીજાતિનો પ્રત્યય) + યમની (હૃદયમાંથી લોહી લઈ જનારી નળી)] સ્ત્રી. ફેફસાંમાંથી ઓક્સિજનવાળું લોહી લઈ જનારી સૌથી ઊંચાઈએ આવેલી અને ઉરસ્ચ્છદા નામની બેઉ પેશીને પોષણ આપનારી એક શાખા; 'સબક્લેવ્યન આર્ટરિ'

ઊર્ધ્વોષ્ઠનાસ્યચતુરસ્રાપેશી [સં. ઊર્ધ્વ (ઉપર) + ઓષ્ઠ (હોઠ) + નાસ (નાક) + ચતુરસ્રા (ચાર ખૂણાવાળી) + પેશી (માંસનો લોચો)] સ્ત્રી ઊર્ધ્વહનુસ્થિના નાસાકૂટ ઉપરથી, નેત્રાધરીય વિવરની નીચેના ભાગ ઉપરથી અને મંડસ્થિના ગંડકૂટ ઉપરથી ઉત્પન્ન થતા ચાર મૂળવાળી એક પેશી; નાસોષ્ઠકર્ણકી પેશી; 'લેવેટર લેબિઆઈ સુપીરિઓરિસ મસલ'.

ઊર્મિ ૧. [સં.] પું. (સંગીત) એક જાતનો સંચારી આરોહી અલંકાર.

૨. પું. પ્રકાશ; તેજ.

૩. સ્ત્રી. ઉભરો; લાગણીનો ઉછાળો

૪. સ્ત્રી. એકાએક થઈ આવતી ઇચ્છા; આવેશ; મનોભાવ; ઉત્કંઠા.

૫. સ્ત્રી. કપડાનો સંકોચ; કપડું ચડી જવું તે.
૬. સ્ત્રી. ઠરચલી.
૭. સ્ત્રી. છની સંખ્યા.
૮. સ્ત્રી. છાયા; આભાસ; ઝાંખો દેખાવ.
૯. સ્ત્રી. જનસમુદાય; માણસોનું ટોળું.
૧૦. સ્ત્રી. જોર; શક્તિ; સામર્થ્ય
૧૧. [સ ઋ (જવું)] સ્ત્રી. તરંગ; મોજું; લહરી; લોઢ.
અંગ તરંગ ઉલ્લેસ અને બીજા ઊર્મિ ભાવ,
લહરી હાથ પસારીને જમુના પરસે પાય.
પિત્રભક્તપ્રબોધ
૧૨. સ્ત્રી. તેજ.
૧૩. સ્ત્રી. દરિયાનાં મોજાંના જેવી ચોપડની એક જાતની ચાલ.
૧૪. સ્ત્રી. પીડા; દુઃખ; ચિત્તક્ષોભ; મનનો આવેગ. ૬ જાતની ઊર્મિ: જન્મ, મરણ, ભૂખ, તરસ, હર્ષ અને શોક, અથવા ભૂખ, તરસ, ઠાઢ, ગરમી, હર્ષ અને શોક, અથવા ભૂખ, તરસ, ઘડપણ, મરણ, શોક અને મોહ, અથવા શરદી, ગરમી, લોભ, મોહ, ભૂખ અને તરસ.
૧૫. સ્ત્રી. પ્રત્યક્ષ જ્ઞાન; અનુભૂતિ; અનુભવ.
૧૬. સ્ત્રી. પ્રવાહ.
૧૭. સ્ત્રી. બોધ; ઉપદેશ.
૧૮. સ્ત્રી. ભૂખ; ક્ષુધા.
૧૯. સ્ત્રી. ભૂલી જવું તે; વિસ્મરણ.
૨૦. સ્ત્રી. મનસ્વીપણું.
૨૧. સ્ત્રી. લીટી; હાર.
૨૨. સ્ત્રી. વળ.
૨૩. સ્ત્રી. વિચાર.
૨૪. સ્ત્રી. વેગ.
૨૫. સ્ત્રી. શોક; દિલગીરી.
૨૬. સ્ત્રી. સુખની કલ્પના; ભોગ.

ઊર્મિક [સં. ઊર્મિ (ઓક અર્થનો પ્રત્યય) + ક (વાળું)] સ્ત્રી. રાગધ્વનિપ્રધાન; સંગીતપ્રધાન; ગીતપ્રધાન; કવિના અંતિમ ભાવોને આલેખતું પ્રધાન; 'લિરિક'. જુઓ ઊર્મિપ્રધાન.

ઊર્મિકા ૧. [સં. ઊર્મિ (કપડાં) + ક (નકામો પ્રત્યય) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઉતરેડા.
૨. સ્ત્રી. કપડાંની ઠરચલી; પાટલી; વળ; ચીલ્લ.
૩. સ્ત્રી. ગુમાવેલ ચીજ માટેનો અફસોસ.
૪. સ્ત્રી. તરંગ; મોજું.
૫. સ્ત્રી. ભમરાનો ગણગણાટ.
૬. સ્ત્રી. વીંટી; અંગૂઠી.
૭. સ્ત્રી. સંગીતપ્રધાન; ગીતપ્રધાન; 'લિરિક'.
૮. સ્ત્રી. સ્વરયંત્ર એટલે અવાજ પેદા કરનાર ગળાના યંત્રના નીચેના ભાગમાં આવેલ મીણની વીંટીના આકારનું તરણાસ્થિક કૂમળકા; 'કાર્ટિલેજ'. તેનો આગળો અર્ધભાગ પાતળો અને અર્ધ ગોળાકાર અને પાછળો અર્ધભાગ જાડો અને પહોળો હોય છે. આગલા અર્ધભાગની ઉપર અવટુક એટલે ગળાની મધ્યમાં રહેલ આગળ પડતા તરણાસ્થિની નીચલી ધાર અને તે ભાગની નીચે શ્વાસનલિકાની ઉપલી ધાર રહેલી છે. આ ભાગો પરસ્પર પ્રાયી જોડાયેલા છે.

ઊર્મિકાવ્ય [સં. ઊર્મિ (લાગણી) + કાવ્ય (કવિતા)] ન. કવિના મનોવિશ્વર દેખાડનાર કવિતા; સંગીતકાવ્ય; રસઉદ્યાનકવિતા; ઊર્મિથી ભરેલું કે રચાયેલું આર્ષ રસમય એવું કાવ્ય; 'લિરિક'. તે પદાર્થના વિચાર કે અંતરભાવ, તરંગ કે ઊર્મિનું મૂર્તસ્વરૂપ હોતાં સંયોગ કે વિયોગનાં સુખ કે દુઃખથી લાગણીનો અતિરેક એટલે વધુ ભારો અર્થ વિચાર અને ભાવનું સ્પષ્ટ સ્થાપીપણું તેમાં ન દોષ કરે. તેમાં વધુ કરીને જીવનની હિલચાલ હોતી નથી, પણ એક કવિના વિરોધાભાસી વિવિધ અનુભવો રાખવાનાં આવાં વધ્યાં કાવ્યો ઉપરથી અધ્યાત્મ મહેનત અને અભ્યાસે તે તારવી રસમય.

ઊર્મિકારર્ષભાકારીપેશી સ્ત્રી. સ્વરતંત્રોની પેશીની સપાટીથી નીચે શ્વાસમાર્ગની આસપાસ રહેલી નવ ભાંડેની એક પેશી; 'આર્યટેનોઍપિટી નોડિઅસ'. તે તંત્રીદ્વાર સાંકડું કે પહોળું કરવામાં મદદ કરે છે.

ઊર્મિકૂટ [સં. ઊર્મિ (કપાસે) + કૂટ (મર્મ)] પું. કવિની ભાવના.

ઊર્મિગીત [સં. ઊર્મિ (લાગણી) + ગીત (ગાયન)] ન. લાગણીથી ભરેલું કે રચાયેલું ગીત; ઊર્મિકાવ્ય; 'લિરિક'.

ઊર્મિગીતા જુઓ ઊર્મિગીત.

ઊર્મિગીતિ [સં. ઊર્મિ (કપાસે ભાવ) + ગીતિ (ગીત)] સ્ત્રી. ગીતમાં રાખે ગવાતું કાવ્ય; ઊર્મિકાવ્ય.

ઊર્મિગુંજન [સં. ઊર્મિ (કપાસે) + ગુંજન (ગણગણાટ)] ન. અંતઃકરણમાંથી નીકળતા ભાવનો ગુંજન.

ઊર્મિજન્ય [સં. ઊર્મિ (લાગણી) + જન્ય (પેદા થયેલું)] સ્ત્રી. લાગણીનો ઝાંખો પ્રકાશ

ઊર્મિઝીલણ [ઊર્મિ (લાગણી) + ઝીલણ (ઝીલવાપણું)] ન. લાગણીનો તરંગ ઝીલવાપણું.

ઊર્મિઝૂલો [ઊર્મિ (તરંગ) + ઝૂલો (હીંચકો)] પું. મોજાંરૂપી હીંચકો.

ઊર્મિતત્ત્વ [સં. ઊર્મિ (લાગણી) + તત્ત્વ (સાર)] ન. હૃદયનો ભાવ; લાગણી.

ઊર્મિદર્શન [સં. ઊર્મિ (ભાવ) + દર્શન (બતાવવાપણું)] ન. હૃદયની લાગણી બતાવવાપણું.

ઊર્મિદારુણ [સં. ઊર્મિ (લાગણી) + દારુણ (ભયાનક)] ન. લાગણીને વશ રહેવાપણું.

ઊર્મિપલટો [સં. ઊર્મિ (મનની વૃત્તિ) + પલટ (ફેરફાર)] પું. લાગણીનો ફેરબદલો.

ઊર્મિપ્રકૃતિ [સં. ઊર્મિ (લાગણી) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. જરા લાગણી થઈ આવે એવો સ્વભાવ.

ઊર્મિપ્રહર્ષ [સં. ઊર્મિ (લાગણી) + પ્રહર્ષ (આંચકો)] પું. લાગણીથી થતો આઘાત.

ઊર્મિપ્રતિભાસ [સં. ઊર્મિ (લાગણી) + પ્રતિ (સામે) + ભાસ (ઝાંખો પ્રકાશ)] પું. મનના આવેશવાળો ભ્રહેગનો દેખાવ; 'ઇમોશનલ ઍબરપ્રેશન'.

ઊર્મિપ્રધાન [સં. ઊર્મિ (લાગણી) + પ્રધાન (મુખ્ય)] વિ. લાગણીથી ભરેલું.

ઊર્મિપ્રવાહી [સં. ઊર્મિ (ભાવ) + પ્રવાહ (રેલો) + ઈન્ (વાળું)] વિ. લાગણીવાળું.

ઊર્મિમત ૧. વિ. કપડાની ઠરચલીવાળું; બીજું દોષ જેવું.
૨. [સં. ઊર્મિ (મોજું) + મત્ (વાળું)] વિ. તરંગવાળું; મોજાંવાળું.
૩. વિ. મોજાં જેવું વાંકુચૂકું.
૪. [સં. ઊર્મિ (લાગણી) + મત્ (વાળું)] વિ. લાગણીવાળું

ઊર્મિમત્તા ૧ [સં. ઊર્મિ (મોજું) + મત્ (વાળું) + તા (પણું)] સ્ત્રી. વાંકાચૂકાપણું; નાજવંત હોવાપણું.
૨. [સં. ઊર્મિમત્ (વાંકું) + તા (પણું)] સ્ત્રી. વાંકાચૂકાપણું.

ઊર્મિમય [સં. ઊર્મિ (લાગણી) + મય (વાળું)] વિ. લાગણીથી ભરપૂર.

ઊર્મિમયતા [સં. ઊર્મિ (લાગણી) + મય (વાળું) + તા (પણું)] સ્ત્રી. લાગણીથી ભરપૂરપણું.

ઊર્મિમાન ૧. [સં. ઊર્મિ (લાગણી) + મત્ (વાળું)] વિ. લાગણીવાળું.
૨. [સં. ઊર્મિ (મોજું) + મત્ (વાળું)] વિ. વાંકું; મોજાં જેવું વાંકુચૂકું.

ઊર્મિમાર્ગ [સં. ઊર્મિ (મોજું) + માર્ગ (રસ્તો)] પું. મોજાંની માફક ઊંચીનીચી થતી ચોપડની એક ચાલ. તેમાં ચોપડનાં પ્રથમ અને બીજું દલદાર રહે છે.

ઊર્મિમાલા ૧. [સં. ઊર્મિ (લાગણી) + માલા (હાર)] સ્ત્રી. એક પછી એક થતી આવતી લાગણી.

૨. [સં. ઊર્મિ (તરંગ) + માલા (હાર)] સ્ત્રી. મોજાંની હાર.

ઊર્મિમાલી ૧. [સં. ઊર્મિ (મોજું) + માલા (હાર) + ઇન્ (વાળું)] પું. સમુદ્ર; દરિયો

૨. વિ. મોજાંથી લહેરાયેલ.

ઊર્મિમાળા સ્ત્રી. મોજાંઓ. જુઓ ઊર્મિમાલા ૧, ૨.

ઊર્મિમુક્તક ૧. [સં. ઊર્મિ (લાગણી) + મુક્તક (સ્વતંત્ર કડી)] ન. ઊર્મિથી ભરેલું અથવા રચાયેલું કાવ્ય કે ગીત; લાગણીપ્રધાન એક કડીનું ગીત.

૨. [સં. ઊર્મિ (લાગણી) + મુક્તા (મોતી)] ન. લહેરનું મોતી; બહુ પ્રિય વસ્તુ.

ઊર્મિયોન્મત્તા [સં. ઊર્મિ (લાગણી) + યોન્ય (લાગ) + તા (પણું)] સ્ત્રી. લાગણી લાગ જેવું હોવાપણું.

ઊર્મિરંગ [સં. ઊર્મિ (લાગણી) + રૈંગ (સ્નેહ)] પું. હૃદયનો ભાવ.

ઊર્મિલ [ઊર્મિ (લાગણી) + લ (ભરેલું)] વિ. હૃદયની ભાવનાઓથી ભરેલ; લાગણીપ્રધાન; તરંગવત.

ઊર્મિલગ્ન ૧. [સં. ઊર્મિ (લાગણી) + લગ્ન (જોડાયેલ)] ન. લાગણીના આવેશને વશ થઈ કરી નખાતો વિવાહ.

૨. ન. સ્નેહલગ્ન.

ઊર્મિલતા [સં. ઊર્મિલ (લાગણીમાનું) + તા (પણું)] સ્ત્રી. લાગણી વધુ હોવાપણું.

ઊર્મિલલકાર [ઊર્મિ (લાગણી) + લલકાર (લાંબે સ્વરે ગાવું તે)] પું. લાગણીના ઉછાળાથી લલકારેલું ગીત.

ઊર્મિલા ૧. સ્ત્રી. (પુરાણ) એક ગંધર્વોનું નામ. તેની દીકરી સોમદાથી પદ્મલત્ત ઉત્પન્ન થયા, જેણે પદ્મેલા નગરી વસાવી હતી.

૨. સ્ત્રી. સીરધ્વજ જનક રાજાની દીકરી અને દશરથ રાજાના દીકરા લક્ષ્મણની સ્ત્રી.

ઊર્મિલાપતિ [ઊર્મિલા (સીરધ્વજ જનક રાજાની દીકરી) + પતિ (ધણી)] પું. લક્ષ્મણ; રામનો નાનો ભાઈ.

ઊર્મિવત્ [સં. ઊર્મિ (મોજું) + વત્ (જેમ)] વ. પાણીનાં મોજાંની જેમ.

ઊર્મિશૂન્ય [સં. ઊર્મિ (લાગણી) + શૂન્ય (વિનાનું)] વિ. સ્નેહ વગરનું સૂકું.

ઊર્મિષટ્ક [સં. ઊર્મિ (લાગણી) + ષટ્ક (છનો જથ્થો)] ન. (વેદાંત) જીવ જાતની ઊર્મિ. ક્ષુધા અને મરણ, ભૂખ અને તરસ તથા શોક અને મોહ એ અનુક્રમે દેહ, પ્રાણ અને મનના ધર્મ મનને આઘાત કરનાર ઊર્મિઓ છે.

ઊર્મી [સં.] પું. (સંગીત) અષ્ટાવન માંહેનો એક સવારી આરોહી અલંકાર.

ઊર્મ્ય ૧. [સં. ઊર્મિ (પ્રવાહ) + ય (નું)] વિ. દરિયાનાં મોજાં સબંધી.

૨. વિ. સમુદ્રનાં મોજાંમાં થતું

ઊર્મ્યા [સં.] સ્ત્રી. સ્ત્રી.

ઊર્મ્યાચરોહ [સં. ઊર્મિ (એક અલંકાર) + અવરોહિન્ (નીચે જવું)] પું. (સંગીત) એ નામનો એક સવારી અવરોહી અલંકાર. સપપપસપ, નિમમમનિમ, ધગગગધગ, મરિરિરિમરિ અને અસસસસમસ તેના ઉદાહરણ છે.

ઊર્વ ૧. પું. (પુરાણ) ઋચીકનો બાપ અને જમદગ્નિના દાદાનું નામ.

૨. પું. (પુરાણ) એક જૂનો ઋષિ વડવાનળનો બાપ.

૩. પું. ઘોર નામનો નરકા.

૪. પું. વિષ્ણુનો એક વર્ણ.

૫. પું. વડવાનળ; સમુદ્રમાં રહેલો અગ્નિ.

૬. પું. પહાડ.

૭. ' સં. ઊર્વ (વિશાળ)] પું. સમુદ્ર.

૮. પું. ઘોડા.

૯. વિ. મોટું; મહાન.

૧૦. વિ. વિશાળ; બહુ વિસ્તારનું.

ઊર્વષ્ઠીવ ન. સાથળનું હાડકું.

ઊર્વશી [સં. ઊરુ (સાથળ) + અશ્ (વ્યાપવું)] સ્ત્રી. એ નામની એક અપ્સરા; પુરુરવાની સ્ત્રી. નારાયણ ઋષિને તપથી ચલિત કરવા ઇંદ્રે પોતાની અત્યંત સ્વરૂપવાન અપ્સરાઓ મોકલતાં તે ઋષિએ પોતાના સાથળમાંથી સ્વર્ગની આવેલ અપ્સરાઓ કરતાંય ભવ્ય એવી બીજી સ્વરૂપવાન અપ્સરા ઉત્પન્ન કરીને આવેલ અપ્સરાઓને ભેટ તરીકે મોકલી. આથી અપ્સરાઓ શરમાઈને સ્વર્ગમાં ચાલી ગઈ. નારાયણે તેને પોતાના ઊરુ એટલે સાથળમાંથી ઉત્પન્ન કરી તેથી આ અપ્સરાનું નામ ઊર્વશી પડ્યું.

ઊર્વસ્થિ [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું)] ન. શરીરનાં હાડકાંમાં સૌથી લાંબું અને મજબૂત સાથળનું હાડકું; 'ફીમર'. સહેજ વાંકું મોડવામેલું આ હાડકું બધો ભોર્ય સહન કરી શકે છે. તેનો મુંડ એટલે માથાનો ઉપલો ગોળ ભાગ ઉદ્ગમ નામના શ્રોણિફલકની બહારની બાજુએ આવેલા ખાડામાં ફરે છે. જ્યારે માણસ ઘરડું થાય ત્યારે તેના આ હાડકાનું મજું પાતળું અને બરડ થઈ જાય. તેની ડોકની પાછલી બાજુ ઉપર આવેલ નાનો ઊપસેલો ભાગ લઘુશિખરક તરીકે ઓળખાય છે. ત્યાં કટિલંબિની દીધા નામની પેશી અને તેની સહેજ નીચે શ્રોણિપક્ષિણી નામની પેશી લાગેલી છે. ઊર્વસ્થિનો મધ્યનળક ધનુષ્યની જેમ સહેજ વળેલો છે અને એની પાછલી બાજુ અંતર્ગોળ છે. આ મધ્યનળકની આગલી બાજુથી મધ્યસ્થા ઊરુપ્રસારણી નામની પેશી શરૂ થાય છે. તેની પાછળ મધ્ય ભાગમાં ઊપસતી એક લીટી પ્રાકારિકા તરીકે ઓળખાય છે

ઊર્વસ્થિગાત્ર [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું) + ગાત્ર (અંગ)] પું. જાંઘની બે શિરા વચ્ચેનું ભેજાના આકારનું નીચે જતાં પહોળું હાડકું.

ઊર્વસ્થિગ્રીવા [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું) + ગ્રીવા (ગરદન)] સ્ત્રી. જાંઘના હાડકાનો ગળા જેવો પાતળો ભાગ

ઊર્વસ્થિમહારિખરક [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું) + મહત્ (મોટું) + શિખરક (ટોચો)] પું. ઊર્વસ્થિગ્રીવા અને ઊર્વસ્થિગાત્રના સાંધા પાસે લઘુશિખરકની ઉપર આવેલો જાંઘના હાડકાનો એક ટેચો

ઊર્વસ્થિશિર [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું) + શિરસ્ (માથું)] પું. જાંઘના હાડકાનો ઉપલો ગોળ ભાગ.

ઊર્વસ્થિશીર્ષ [સં. ઊરુ (સાથળ) + અસ્થિ (હાડકું) + શીર્ષ (માથું)] પું. જાંઘના હાડકાનું માથું.

ઊર્વંગ [સં. ઊરુ (વિસ્તારેલું) + અંગ (શરીર)] ન. છત્રી

ઊર્વંતઃપટ્ટિકા [સં. ઊરુ (જંઘા) + અંતઃ (અંદર) + પટ્ટિકા (પટ્ટી)] સ્ત્રી. સાથળની પાછલી બાજુની પાંચ પેશીઓની સૌથી ઉપરની, ચપટી અને પાતળી પેશી. તે જાનુસ્થિના સાંધાની બાજુ ઉપરથી શરૂ થાય છે. જાનુસ્થિને તે અંદરની બાજુ ફેરવે, બહુસંધિ આગળ પગને વાળે અને સાથળને શરીરની વચ્ચથી રેખા તરફ ખેંચે છે.

ઊર્વંતઃપટ્ટિકાપેશી [સં. ઊરુ (સાથળ) + અંતઃ (અંદર) + પટ્ટિકા (પટ્ટી) + પેશી (સંકળાયેલ હોવું)] સ્ત્રી. એ નામની સાથળની પાછલી બાજુની પેશી; 'ઍડિક્ટર'.

ઊર્વંતઃપાર્શ્વિકાપેશી [સં. ઉરુ (સાથળ) + અંતઃ (અંદર) + પાર્શ્વ (બાજુ) + ઇકા (ની) + પેશી (સ્નાયુ)] સ્ત્રી. એ નામનો સાથળની બાજુએ આવેલો સ્નાયુ; 'ટેન્સિલિસ'

ઊર્વાર્બુદ [સં. ઔર્વ (સાથળનું) + અર્બુદ (ગાંઠ)] પું. ઘૂંટણના હાડકાની બેય બાજુએ બહાર પડતાં બે હાડકાંમાંનું કોઈ; 'કૉન્ડાઇલ'.

ઊર્વાસ્થિ [સં. ઔર્વ (સાથળનું) + અસ્થિ (હાડકું)] ન. સાથળનું હાડકું; 'ફીમર'. જુઓ ઊર્વસ્થિ.

ઊર્વી ૧. [સં. ઔર્વ (સાથળનું)] સ્ત્રી. નાંખનો વચલો ભાગ.

૨. ન. સાથળના વચલા ભાગમાં અંદરની બાજુએ આવેલું એક આંગળ લાંબું મર્મસ્થાન. ત્યાં ઈજા થવાથી લોહી વહે અને સાથળ રોગાઈ જાય, કારણ કે બધા ભાગોથી ઔર્વી ધમની અને શિરા પસાર થાય છે.

૩. ન. હાથના મધ્યભાગમાં આવેલું એક મર્મ. ત્યાં ઈજા થવાથી લોહીનો સ્રાવ તેમ જ હાથનો સોજ થાય, કારણ કે ત્યાંથી બાહવીયમની, અંતર્બાહુક શિરા અને પ્રકોષિકા નામની ત્રણ નાડી પસાર થાય છે.

ઊર્વ્ય ૧. [સં. ઉર્વી (પૃથ્વી) + ય (પામવું)] પું. કદનું એક નામ, કેમકે તે પૃથ્વીમાં વ્યાપી રહેલ છે.

૨. [સં. ઉર્વી (પૃથ્વી) + ય (તું)] વિ. પૃથ્વીમાં રહેનાર.

ઊર્વ્યંગ [સં. ઉર્વી (પૃથ્વી) + અંગ (ભાગ)] ન. વરસાદમાં ઊગતી ખોળાક પડતી જાતી જેવી વસ્તુ; ભિલાડીનો ટોપ.

ઊર્વા [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ; કેવતાડ.

ઊલ ૧. [સં. અવચૂલી; દે. ઉલ્લી] સ્ત્રી. ખોલો; ચૂલા પાસેનો નાનો ચૂલો. તેના ઉપર પણ રસોઈનું કામ થઈ શકે.

ઊલમાંથી ચૂલમાં = એક કેફાલેથી નીકળી બીજે કેફાલે વધારે દુઃખમાં પડવું

૨. સ્ત્રી. કાંપ; કાદવ; કીચડ; ખોખાળ.

૩. સ્ત્રી. છત ઉપરથી ઝરી ઉતારવાનું સાધન.

૪. સ્ત્રી છત ઉપરનો મેલ; ઝરી; ખોળ.

ઊલ ઉતારવી = છત ઉપરનો મેલ કાઢવો.

૫. સ્ત્રી. હોરી.

૬. [સં. આવલી] સ્ત્રી. (જૂ. પ્ર.) હાર; પંક્તિ.

આડી આરીસાની ઊલી, વચોવચ તોરણ જેવડી ખોલિ.
ભાલણસમય

ઊલક ૧. [સં. ઉદ્ (ઉપર) + લક્ (ફેંકવું)] સ્ત્રી. ઊલટી; વમન; ઓકવું તે.

૨. [સં. ઉલ્લસ] સ્ત્રી. ખરતો તારો.

૩. સ્ત્રી. ખાખરી; ઉલ્કા.

ઊલકું ૧. [સં. ઉલ્મુક (આકાશને અગ્નિ)] ન. આકાશમાંથી અગ્નિનું વરસવું તે.

૨. ન. ઓચિંતી હોનારત કે મોટાં લોકોનાં ટોળાંમાં ઊપજતો ગભરાટ; ખોટા ગુમરાણથી થતો ગભરાટ અને દોડાદોડી. મોટો ઉત્પાત.

૩. ન. ખરતો તારો

૪. ન. ગુમરાણ; ધાંધાધાંટ

ઊલકો ૧. [જા. હુક્ક (પેટી)] પું. ઝાડે ફરવા જતાં પાણી લઈ જવાનું વાસણ.

૨. પું. નાળિયેરનો ગર્ભ કે ભેતરા વિનાનો કાચવાળો તપખીર, ચૂર્ણ વગેરે ભરવામાં વપરાતો ખાલી ગોળો; ડોયો; દડિયો.

૩. પું. ખૂજાની કાચલી.

૪. વિ પું. મૂર્ખ; અક્કલ વગરનો.

ઊલખવું ૧. [સં. અવ (નીચે) + લક્ (ભણવું)] સ. ક્રિ. ઓળખવું.

૨. સ. ક્રિ. ખાવું; ઉપભોગ કરવો.

ઊલખો ૧. પું. દેશી બૂની સાળમાં તોર મૂકવા માટે વણકરના ડાબા હાથમાં રહેતો ભોળ ખાંચાવાળો દાંડલો.

૨. પું. નાળિયેરનો ગર્ભ કે ભેતરા વિનાનો એક કાચવાળો ડોયો; ઊલકો; દડિયો.

૩. પું. ઓની મોટી ચાર ગળેથી ચોનિ.

૪. [જા. હુક્ક (પેટી)] પું. હાજતે જતી વખતે વપરાતું પાણીનું વાસણ.

ઊલગ ૧. [સં. અવ (નિશ્ચય અભાવવાચક ઉપસર્ગ) + લક્ (જોવું)] સ્ત્રી. ઓળખ.

૨. સ્ત્રી. (જૂ. પ્ર.) માનતા; બાધા.

અંબાઈની ઉલગ કરી. લાવણ્યસમય

૩. [સં. ઉદ્ (ઉપર) + લગ્ (વળગી રહેવું)] સ્ત્રી. સેવા; ચાકરી; તાબેદારી.

ઊલગવું [સં. ઉદ્ (ઉપર) + લગ્ (વળગી રહેવું)] અ. ક્રિ. ઓશિયાળ કરવી; વારે વારે આવવું

ઊલગુલાંટ [સં. ઉદ્ (ઉપર) + ગુંદ્ (ભમવું) + ગુલાંટ (ઊલટું ફરી જવું તે)] સ્ત્રી. એ નામની એક રમત; ઊર્ધ્વગુલાંટ; ગોટીમડું.

ઊલજલૂલ ૧. [હિં.] વિ. અણઘડ; મૂર્ખ; અનાડી.

૨. વિ. ગાંડું; ફૂવડ.

૩. વિ ગેરવાજબી.

૪. વિ. બેબાકળું; અવિનયી.

૫. વિ. સંબંધ વગરનું.

ઊલટ ૧. [સં. ઉદ્ (ઊંચું) + લટ્ (ફેરવું)] સ્ત્રી. ઊલટી; વમન; ઓકવું તે.

૨. સ્ત્રી. આતુરતા. ઉત્સુકપણું.

૩. સ્ત્રી. ઇચ્છા.

૪. સ્ત્રી. ઉત્સાહ; હોંસ; ઉમંગ.

ખોળામાં બાળું, પણ ખૂબ વિના આવે નહીં; બબ્બાં બાળું, પણ ઊલટ વિના આવે નહીં.
લોકોક્તિ

૧. ઊલટ ધરવી = ઉત્સાહ હોવો.

૨. ઊલટ વિના આવે નહિ, ને મન વિના આવે નહિ = ઉત્સાહ વગર ન સિધાય અને ઇચ્છા વિના પ્રેમ ન થઈ શકે.

૫. સ્ત્રી. ઉમેદ; આશા.

૬. સ્ત્રી. ઊલટાવું તે; પાછા ફરવાપણું.

૭. સ્ત્રી. ઊલટી; વમન.

૮. વિ. ઊલટું; અવળું; પાછું.

ઊલટ આવી = ગુલાંટ મારવી.

૯. વિ. સામું; વિરુદ્ધ.

૧. ઊલટ દપાલે = વળતી દપાલે.

૨. ઊલટ તપાસ = અવળાસવળા સવાલો પૂછીને લેવાતી ખુબાની.

૩. ઊલટ પ્રવાહ = સામું વહેણ.

૧૦. ક્રિ. વિ. ઊલટી રીતે; ઊંધી રીતે.

ઊલટકબૂલીયત [ઊલટ (સામું) + કબૂલીયત (રજીકાર)] સ્ત્રી. સામો કરાર.

ઊલટચેલ [ઊલટ (ઊલટું) + ચેલ (રમના)] પું. અવળો તમાશો.

ઊલટચક્કર હાથે [ઊલટ (ઊલટું) + ચક્કર (ગોળ ફરવું તે) + હાથ] પું. મગજની એક જાતની કસરત; સાદાચક્કરહાથથી ઊલટી રીતે કરવું તે.

ઊલટતપાસ [ઊલટ (સામું) + તપાસ (ચોકસી)] સ્ત્રી. ઊલટપાલટ સવાલ કરવા તે; સામા પક્ષ તરફથી પુછાતા સવાલ; અવળા સવળા સવાલો પૂછીને ખુબાની લેવી તે.

ઊલટતપાસણી [ઊલટ (આડુંઅવળું) + તપાસણી (પરીક્ષા)] સ્ત્રી. આડીઅવળી તપાસ; ઊલટાવીને સવાલ પૂછીને તપાસ કરવી તે.

ઊલટતો તાવ [ઊલટવું (ઊલટી માતો) + તાવ] પું. (વૈદક) કુપ્પાળનવરા ઝેરી જંતુથી કેફાતો એક જાતનો ભયંકર તાવ. કુપ્પાળ, ગદકી, કેનાલિયત અને ગીચોગીચ વસતીને લીધે આ તાવ ભયંકર બને તે પચાસ વર્ષ સુધીનાને લાગુ પડે. પાંચથી સાત દિવસ રહી બહુ પરસેવો થઈ ઉતરી જાય અને બીજે બીજે દિવસે બેસ, બે અથવા વધારે વાર તે ઊથલો મારે.

ઊલટતો મહાસાગર [ઊલટવું (ઊછળવું) + મહા (મોટું) + સાગર (દરિયો)] પું. મોજાં ઊછળતાં હોય તે વખતનો સમુદ્ર.

ઊલટ દાવો [ઊલટ (સામું) + દાવ (આગ્રહી)] પું. સામો દાવો; પ્રતિપ્રાર્થના.

ઊલટપલટ [સં. ઉપર્યસ્તપર્યસ્ત; પ્રા. ઉવ્વલ્લપલ્લટ્ટ; દે. અલ્લટપલ્લટ] જી. અવ્યવસ્થા; ગોટાળો. જુઓ ઊલટપાલટ.

ઊલટપાલટ ૧. [સં. ઉપર્યસ્તપર્યસ્ત; પ્રા. ઉવ્વલ્લપલ્લટ્ટ; દે. અલ્લટપલ્લટ] જી. અવ્યવસ્થા; ગોટાળો.

૨. જી. આડાઅવળા સવાલો પૂછી કરી તપાસ; સામાવાળાના વકીલથી લેવાતી ઊલટાની.

૩. જી. બરાબરમાંથી સારી અને સારામાંથી ખરાબ હાલત.

૪. વિ. અસલબદલ કરેલ

૫. વિ. અવળાસવળું; આમતેમ ફેરવેલ; ઊલટાસૂલટ; હેરફેર.

૬. વિ. અવ્યવસ્થિત; ગોઠવણી વગરનું

૭. વિ. ઊંધુંચતું; આડુંઅવળું; ફેરફારવાળું.

૮. વિ. ધૂળ.

૯. વિ. બારીક.

ઊલટપાલટતપાસ જી. સામાવાળાના વકીલ તરફની તપાસણી; આડાઅવળા સવાલ પૂછી લેવાતી ઊલટાની.

ઊલટપાલટું વિ. ઊલટપાલટ. જુઓ ઊલટપાલટ ૪–૯.

ઊલટપુલટ ૧. વિ. અવ્યવસ્થિત.

૨. વિ. ઊંધુ વળી ગયેલું.

૩. વિ. ગોઠવેલું.

ઊલટપુલટ ૧. [દે. અલ્લટપલ્લટ] જી. અલોપલટો

૨. જી. અવ્યવસ્થા; ગોટાળો; અરબડ.

૩. જી. ઊલટપાલટ તપાસ.

૪. જી. ઊલટસૂલટ થઈ જવાપણું; વિપર્યાસ.

૫. જી. ઊતરપેદી.

૬. વિ. અવળુંસવળું; ઊલટસૂલટ; ઊલટપાલટ.

૭. વિ. અવ્યવસ્થિત.

ઊલટપુલટ કરવું = (૧) અવ્યવસ્થિત કરવું. (૨) ઘરેણું પહેરવું. (૩) ફેરવવું.

૮. વિ. ઊંધુંચતું; આડુંઅવળું; ઊલટસૂલટું.

૯. વિ. તળેઉપર; ફેરફારવાળું.

ઊલટપેચ ૧. પું. અળપચ; અવળાનામું ફેરફાર.

૨. પું. બળ; કેદ; મુશ્કેલી; મુસીબત.

૩. પું. તદ્બીર; યુક્તિ; મુક્તિ; પ્રપંચ.

૪. પું. મુંઝવણ; અવઢામણ.

૫. વિ. કમનસીબ; દુર્ભાગી.

ઊલટપેચ પું. અળપચ; સવળનો ફેરફાર. જુઓ ઊલટપેચ.

ઊલટફેર ૧. પું. અદલબદલ; હેરફેર.

૨. પું. તદ્બીર. જુઓ ઊલટપેચ.

ઊલટભર [ઊલટ (ઊંધ) + ભૂ (ભરવું)] અ. ઉમરથી; ઊંડાથી; આતુરતાથી.

ઊલટભાવ [ઊલટ (અવળું) + ભાવ (સ્થિતિ)] પું. ઊંધની સ્થિતિ.

ઊલટસેર ૧. [ઊલટ (ઊંધ) + શૂ (ભરવું)] વિ. ઉમરી; ઊંડાણું.

૨. અ. ઉમરથી; ખુશીથી.

ઊલટમાન વિ. ઊંડાણું; ઉમરવાળું.

ઊલટરકમ ૧. [ઊલટ (અવળું) + રકમ (સંખ્યા)] જી. બુદ્ધિકપટ; ઊલટાવેલી એટલે અવળી કરેલી સંખ્યા. જેમકે, રૂની ઊલટરકમ ૬૬ થાય.

૨. [ઊલટ (ઊંધ) + રકમ (નાણું)] જી. ઊંડાથી આપેલ નાણું.

ઊલટલેખ [ઊલટ (અવળું) + લેખ (લખાણ)] પું. સામું લખાણ; પ્રતિલેખ; બહેરમાં થયેલ કાર્યને નાબૂદ કરનાર કે ફેરવી નાખનાર દસ્તુ લખાણ.

ઊલટવાણી [ઊલટ (અવળું) + વાણી (બોલી)] જી. બ્યાલેખિતા; અવળાં વચન; ગરબના બોલ; ગેબી; ટોણો.

ઊલટવું ૧. અ ક્રિ. અર્થ બદલાવો.

૨. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + વૃત્ (વર્તવું)] અ ક્રિ. અવળું થવું, ક્રમ બદલવો, ઊલટું હોવું.

૩. અ. ક્રિ. અસર થવી.

૪. અ. ક્રિ. ઊમરથી કરવું.

૫. અ. ક્રિ. ઊલટો ગાવવો; ફરી થવું.

૬. અ. ક્રિ. ઊલટી કરવી.

૭. અ. ક્રિ. ઊંધુ વર્તી જવું.

૮. અ. ક્રિ. ઊંધુ સમજવું.

૯. અ. ક્રિ. ક્રોધક્રમ રવાના થવું.

૧૦. અ. ક્રિ. કમનસીબ થવું.

૧૧. અ. ક્રિ. ગર્ભ ગાવવો; ભમરાર હોવું.

૧૨. અ. ક્રિ. આંધું થવું.

૧૩. અ. ક્રિ. ગુસ્સે થવું.

૧૪. અ. ક્રિ. ધૂમવું; ફરવું.

૧૫. અ. ક્રિ. જમીન ઉપર પડવું.

૧૬. અ ક્રિ. ભાંધું થવું.

૧૭ અ. ક્રિ. ઢોલે ભજવું; ઊભરાવું.

ઊલટી ગાવવું = ટોણાબોધ ધસવું.

૧૮. અ. ક્રિ. તૂટી પડવું; મરી પડવું.

૧૯. અ. ક્રિ. દીવાળું કાઢવું.

૨૦. અ. ક્રિ. ના પાડવી.

૨૧. અ ક્રિ. નાસ પામવો.

૨૨. અ. ક્રિ. પીઠ હોવું; દાવના નસામાં હોવું.

૨૩. અ. ક્રિ. ફરી બેસવું.

૨૪. અ ક્રિ. બાજવો કરવો.

૨૫. [સં. ઉદ્ (ઊર્ધ્વ) + ભૂ (બાબોઢવું)] અ ક્રિ. બરતી આવવી.

૨૬. અ ક્રિ. મળ્યુત્ત થવું.

૨૭. અ. ક્રિ. મૂર્ખ પામવી; બેહોશ થવું.

૨૮. અ. ક્રિ. વાંચવાનો ઢોંગ કરવો.

૨૯. અ. ક્રિ. સામા થવું.

૩૦. અ. ક્રિ. સામું બાદ કરવું

૩૧. અ. ક્રિ. હુકમ ન માનવો.

૩૨. અ. ક્રિ. હુમલો કરવો

ઊલટી પડવું = (૧) ટોણાબોધ નીકળવું. (૨) હલ્લો કરવો.

૩૩. અ. ક્રિ. ઢોંરાબેર બેસવામાં ધસવું.

૩૪. અ. ક્રિ. ઊંધું વાળવું.

૩૫. અ. ક્રિ. ખાલી કરવું.

૩૬. અ. ક્રિ. ખોદું માનવું.

૩૭. અ. ક્રિ. ખોદવું; ઊખેડી નાંખવું.

૩૮. અ ક્રિ. ગરીબ બનાવવું.

૩૯. અ ક્રિ. ચત્તું નાખી દેવું.

૪૦. અ ક્રિ. તરબુમો કરવો.

૪૧. અ. ક્રિ. દાવ પલ્ટો

૪૨. અ ક્રિ. નબળું પાડવું

૪૩. અ. ક્રિ. નાસ કરવો

૪૪. અ. ક્રિ. પાછું વાળવું; ફરી મોકલવું.

૪૫. અ. ક્રિ. પીંખવું

૪૬. અ ક્રિ. ફરી ફરી બોલવું; રટણ કરવું.

૪૭. અ. ક્રિ. ફરીથી વાવવા માટે ખેતર ખેડવું.

૪૮. અ ક્રિ. ફરીથી ચાંચી ભરવું.

૪૯. અ ક્રિ. ફેંકી દેવું.

૫૦. અ ક્રિ. બદલવું.

૫૧. અ. ક્રિ. ભેરવું; ઠોળવું.

૫૨. અ. ક્રિ. વાત ઊંધવવી.

૫૩ અ. ક્રિ. વિચારવું.

૫૪. અ. ક્રિ. વિપરીત કરવું; અસ્તવ્યસ્ત એટલે અવળાસવળું બનાવવું.

૫૫. અ. ક્રિ. સકેલીને ઉપર ચડાવી દેવું.

ઊલટસવાલ [ઊલટ (સામું) + સવાલ (પ્રશ્ન)] પું. સામા પક્ષ તરફથી પુછાતા સવાલ; પ્રતિપ્રશ્ન; અવળાસવળા સવાલો પૂછીને લેવાતી ઊલટાની.

ઊલટસૂચના [ઊલટ (સામું) + સૂચના (ખબર)] જી. સામી આપેલ ખબર.

ઊલટસૂલટ ૧. [ઊલટ (અવળું) + સૂલટ (સવળું)] જી. અવ્યવસ્થા; ગોટાળો.

૨. જી. ઊલટતપાસ; પ્રતિપૃચ્છા; પ્રતિપક્ષ તરફથી કરાતા આડાઅવળા સવાલો.

૩. વિ. અવળાસવળું; ઊલટપાલટ; વિપરીત.
૪. વિ. અવ્યવસ્થિત; ગોટાળા ભરેલું.
૫. વિ. આડુંઅવળું.

ઊલટહુકમ ૧. પું. ઉપરાઉપરી થતો આદેશ.
૨. [ઊલટ (અવળું) + હુકમ (ફરમાન)] પું. ઠરેલ ફરમાન ફેરવીને બનેલ નવીને હુકમ.

ઊલટા ૧. [હિં.] પું. અણ કે ચટરના ઝોટનું પકવાનાં ચમરા; પુડલો
૨. પું. ઝોટ અને અડદના પીઠામાંથી બનાવેલી એક જાતની મીઠાઈ; ગોઝા.
૩. વિ. ક્રમ વિરુદ્ધનું અવળું.
૪. વિ. વિપરીત; બરાબ.
૫. અ. ઝોટલું છતાં; તોપણ.

ઊલટાખપ્પા પું. કુસ્તીનો એક દાવ.

ઊલટાગિરા [હિં. ઊલટા (અવળું) + ગિરના (પડવું)] પું. કુસ્તી કરતાં ઊંધા પડી જવું તે.

ઊલટા જમાના [હિં. ઊલટા (બરાબ) + જમાના (જમત)] પું. અંધેરનો જમાનો.

ઊલટાપ્પા પું. કુસ્તીનો એક દાવ; ઊંધા પડી જવું તે. જુઓ ઊલટાગિરા.

ઊલટાપલું ૧. [ઊલટું (અવળું) + પલું (નામ બતાવનાર પ્રત્યય)] અ. અવળાઈ; ઊલું હોવું તે.
૨. અ. વિરોધ.

ઊલટાપલટા ૧. [હિં. ઊલટા (અવળું) + પલટા (ઊલટાનું બેવડું રૂપ)] વિ. ઊંધું વળી ગયેલું.
૨. વિ. ગોટાળેલું.
૩. વિ. કેફવશ વજરનું; અસ્તવ્યસ્તતા; અવ્યવસ્થિત.
૪. અ. અહીંતહીં; આમતેમ.

ઊલટાપલટી [ઊલટા (અવળું) + પલટાવું (બદલાવું)] સ્ત્રી. ફેરફાર; અદલાબદલ.

ઊલટાપાલટી [ઊલટા (અવળું) + પલટાવું (બદલાવું)] સ્ત્રી. ફેરબદલી; અદલાબદલી.

ઊલટાપુલટા [હિં. ઊલટા (ઊલટું) + પુલટા (ઊલટાનું બેવડું રૂપ)] વિ. ઊંધું વળી ગયેલું.
ઊલટાપુલટા કરવું = (૧) આડુંઅવળું કરવું. (૨) છેદું પાડવું. (૩) ફેરવવું.

ઊલટાવું ૧. [સં. ઊદ્ (ઊલટું) + વૃત્ (વર્તવું)] અ. ક્રિ. ફેરવાવું બદલાવું.
૨. અ. ક્રિ. ફિટાફેર થવું.
૩. અ. ક્રિ. ફેરવાઈ જવું પલટાવું.

ઊલટાવું પૂલટાવું ૧. અ. ક્રિ. આડુંઅવળું હોવું.
૨. [ઊલટાવું (ફેરવાવું) + પૂલટાવું (ઊલટાનું બેવડું રૂપ)] અ. ક્રિ. ઊંધું થવું.
૩. અ. ક્રિ. છેદું પડવું.
૪. અ. ક્રિ. બદલાવું; ફેરવાવું.

ઊલટાસૂલટી ૧. [હિં. ઊલટા (અવળું) + સૂલટા (ઊલટાનું બેવડું રૂપ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ફેરબદલી; ઊલટપાલટ; અવળાસવળી.
૨. વિ. ઊંધુંચત્તું; આડુંઅવળું; તળે ઉપર જેવું.

ઊલટાસૂલટું ૧. [ઊલટું (અવળું) + સૂલટું (ઊલટાનું બેવડું રૂપ)] વિ. ઊલટપાલટ. આડુંઅવળું.
૨. વિ. જોઈએ બદલે બીજું; બાલી બેસ.
૩. વિ. ઓળખીતાની વિરુદ્ધ અજું; મેળ ન બાજું.

ઊલટિ [સં. ઉદ્ (બારે) + વૃત્ (આનંદ કરવો)] સ્ત્રી. ઉમગ; ઊલટ; હોંસ.

ઊલટી ૧. [સં. ઉદ્ (ઉપર) + વૃત્ (ફેરવું)] સ્ત્રી. (વૈદક) ઓક; વમન; ખોકારી; પિત્તનો ઉભરો, હોજરી અને કલેજાનાં દરદ, મેરજિલું, મૂત્રપિંડ અને અકોસાના રોગ, સારણગાંઠ, આંતરડાનો સોજો, તાવ, કરમ, બંધકોષ વગેરે કારણોથી થઈ આવતો વ્યાધિ. તેમાં ખાધેલું અનાજ હોજરીમાંથી મોઢા વાટે બહાર પડે છે. ગળા, કાન, ઉદ્વેગ, ચીતરી ચડે જેવા પદાર્થ ખંડવા, જેવા કે ખાવાથી અને બહુ ઊતાવળે કે આકાળે જમવાથી પણ ઊલટી થાય છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત અને અજીર્ણવાળી વસ્તુઓના ખેવાથી થતી જેમ પાંચ પ્રકારની ઊલટી છે. વાયુની હોય તો છાતી અને માથું દુખે, મોઢું સુકાય, ઘાસ અને ચક્કર્યા હોય તથા પણ અવાજ અને બેચેની થતી ઊલટીમાં ફીણ હોય. પિત્તની હોય તો મૂર્છા, મોઢું સુકાય, માથું, તાળવું અને આંખોમાં બળતી રહે, આંખે અંધારા તથા ફેર આવે અને ગરમ, તીખી કે લાલ ઊલટી થાય. કફની હોય તો ખેન, ગળવું મોઢું, ખાવામાં અરુચિ, આખે શરીર અને ગીચણી, ગળી, ભ્રમી, ઊંઘ અને ઝપાણી ઊલટી થાય. સન્નિપાતની ઊલટી હોય તો વાત, અપચો, અરુચિ, દાહ, તરસ, શ્વાસ અને પ્રલેક કમેકા વધારે રહે અને ખાટી, ખારી, તીખી, ખટી, ગરમ ને લાલ ઊલટી થાય. ત્રિદોષ, વાવડિંગ અને સૂંઠ સરખે ભાગે લઈ ચૂર્ણ કરી મધ સાથે ખાવાથી, દીણુનાં પાંદડાં ઉકાળી કે સિંધવ મીઠાં નાખી કે મધપડાનું ફીણ મધમાં ખાવાથી ઊલટી બંધ થવાનું મનાય છે. ચોખા, મગ, વટાણા, પરવળ, જવ, બ્રાહ્મણી, રાજગરો, કોકું, દાડમ, નાળિયેર અને દીણુ એ ઊલટીના રોગમાં ખાવા જેવા પદાર્થ છે. ગરમ પદાર્થ, નવું, મીઠાં ઘોલાં અને ક્ષારવાળા ખોરાક જેવાં. કોઈ બટાડવા ઊલટી કરાવવી હોય તો લીંડીપાપર, મીંઢળ અને સિંધવનો ચૂરો કરી કોકરવરણા પાણીમાં આપવો. પિત્ત બટાડવા માટે પંતોળાં, અરડૂસી અને કડવા લીમડાનાં પાનનો ભૂકો ઠંડા પાણીમાં દેવો. વાયુની પીડા હોય તો મીંઢળના મજબૂતો ભૂકો દૂધમાં નાખી પાવો. અજમો ઉપર કોકરવરણા પાણીમાં સિંધવ પાઈ ઊલટી કરાવવી.
૨. સ્ત્રી. ઓકવાની ક્રિયા.
૩. [સં. ઉદ્ (ઊલટું) + વૃદ્ (કરવું)] સ્ત્રી. મલખમની રમતનો ચાંબલાનો એક દાવ; કસેલા. તેમાં બેલાડીની પીઠ મલખમની તરફ કે સામે જોનારાંની તરફ રહે છે અને બંને પગને પાછળ કેંકીને મલખમ ઉપર ઓક ઊતરે છે.
૪. સ્ત્રી. સાડીનો એક બેલ.

ઊલટી કંઠમાલ સ્ત્રી. મલખમની એક કસરત.

ઊલટી ખડી (ઊલટી ખડી) સ્ત્રી. મલખમની એક કસરત. તેમાં ઊભા રહીને બેઉ પગને આગળથી માથા ઉપર ફેરવીને પાંસા ઉપર લઈ જવા અને ફરી મૂળ જગ્યાએ લઈ આવવા.

ઊલટી ખોપરી [ઊલટી (ઊધી) + ખોપરી (માથાનું પેછી ભાગનું હાડકું)] સ્ત્રી. અવળું મગજ; વિપરીત બુદ્ધિ.

ઊલટીગુલાંટ [ઊલટી (અવળી) + ગુલાંટ (ઊલટું ફરી જવું તે)] સ્ત્રી. ઊંધી ગુલાંટ મારી પાણીમાં રમાતી એક રમત.

ઊલટીજગલી [ઊલટી (ઊધા) + જગલી (મલખમ કેસવાની એક રીત)] સ્ત્રી. મલખમની એક કસરત. તેમાં પીઠ ઉપરથી છાતી ઉપર મલખમ આવે તોપણ મુઠ્ઠી ઉપર જ રહે.

ઊલટીસિદ્ધતા [ઊલટી (અવળી) + સિદ્ધતા (સાબિતી)] સ્ત્રી. સાબથી ઊલટી બાંધેલ ધારણાની અસલતા સાબિત કરીને સાબનું બરાબરનું નક્કી કરવાની રીત. જમૂક બાબત સાબિત કરવા માટે તે ખોટી છે એમ ધારીને વિચાર કરતાં પ્રશ્ન સાચની વિરુદ્ધ પરિણામ આવે તો તે ધારણા જ ખોટી છે એમ સાબિત થાય છે અને તે ઉપરથી મૂળ બાબતની સત્યતા પુરવાર થઈ શકે છે. જેમકે, ધારો કે પર્વત ઉપર અગ્નિ નથી, પણ ધુમાડો તો છે.

આથી અંદરનાં ધુમાડો કે સાંસાં અગ્નિ છે તે સિદ્ધ થાય ખોટું કરે છે. માટે ત્યાં અગ્નિ નથી એવી ધારણા જ ખોટી છે અને તેથી પર્વત ઉપર અગ્નિ છે એમ સાબિત થાય છે.

ઊલટું ૧. [સં. ઉદ્ (ઉચ્ચું) + પુટ્ (ચીટવું)] વિ. અવળું, ઊંધું.

૧. આ તો ઊલટી ગંગા વહે છે = (૧) અન્યાય થાય છે. (૨) બાજી બદલાઈ ગયા છે.

૨. ઊલટા-ઊલટાએ રેવું = (૧) અર્થ બદલી નાખવો. (૨) ઊલટી કરવી. (૩) ઊંધું વાળવું. (૪) ખાલી કરવું. (૫) ખેડવું. (૬) ગરીબ કરી નાખવું. (૭) ચત્તું નાખવું. (૮) છૂટું કરવું. (૯) જૂનું માનવું. (૧૦) તરજુમો કરવો. (૧૧) દારૂ પાવો. (૧૨) નબળું પાડવું. (૧૩) ના પાડવી. (૧૪) નાશ કરવો. (૧૫) પાછું મોકલવું; પાછું વાળવું. (૧૬) પીસવું. (૧૭) ફરીથી બોલવું. (૧૮) ફરીથી વાંચવું. (૧૯) બદલવું. (૨૦) બર્બાદ પમાડવી. (૨૧) રદ કરવું. (૨૨) રેડવું. (૨૩) વાંચવાનો ક્રમ કરવો. (૨૪) વાંચી જવું. (૨૫) વિચારવું. (૨૬) હુકમ ન માનવો.

૩. ઊલટી અક્કલ = પીડા; નડતર.

૪. ઊલટી ગંગા = વિપરીત ક્રિયા; ઊલટાવી નાખવું તે.

૫. ઊલટી ચાવી-મારવી = ફરી જવું; ફરવી જવું.

૬. ઊલટી તકરીર = ઊંધી બોલી.

૭. ઊલટી તરફ = પાછળની બાજુ.

૮. ઊલટી પટ્ટી બંધાવવી = બનાવે બારે ચડાવવું.

૯. ઊલટી પટ્ટી પઢાવવી = (૧) ઊંધું ભરાવવું; ખોટું સમજાવવું. (૨) જૂનું પાડવું.

૧૦. ઊલટી પાઘડી બાંધવી = ફરી જવું; ફરવી જવું.

૧૧. ઊલટી માર = પાછળથી મારેલો ઘા.

૧૨. ઊલટી માળા ફેરવવી = શાપ દેવો.

૧૩. ઊલટી સીધી સંભળાવવી = (૧) અપમાન કરવું. (૨) ઝાળ દેવી.

૧૪. ઊલટી સૈદી = ભોજનારને જ લાગતો શાપ.

૧૫. ઊલટી હવા = માફક ન આવતો પવન.

૧૬. ઊલટું સમજવું = (૧) ખોટો અર્થ લેવો. (૨) ભૂલ કરવી.

૧૭. ઊલટે કાંટે = વજનમાં ઓછું ઓછું.

૧૮. ઊલટો જવાબ દેવો = મેણું મારવું.

૧૯. ઊલટો પડો બાંધવો = સામે દાવો ચલાવવો.

૨૦. ઊલટો માર = સામું મારવું તે.

૨. વિ. ઊંધું વળેલું.

૩. વિ. કુદરતના ક્રમથી વિરુદ્ધનું.

ઊલટી રીત = (૧) બેરસમજદાર. (૨) સ્વચ્છંદ.

૪. વિ. ખોટું; ભૂલ ભરેલું.

ઊલટી મત-સમજ = (૧) ઊંધો કે ખોટો વિચાર. (૨) બેરસમજ. (૩) નબળી સમજ.

૫. વિ. બેરવાજબી, અયોગ્ય.

૬. વિ. જુદું; ભીન્નું.

ઊલટા મુલકનો = ભીન્ન દેશનો.

૭. વિ. જૂનું; અસલ.

૮. વિ. પાછું.

૧. ઊલટું કરવું = પાછું આવવું

૨. ઊલટો ચોર કોટવાલને દંડે = સામું લેતું પડે; ગુનગારે ન્યાયને ઊંધો વાળે છે.

૯. વિ. મૂર્ખ; બેઅકલી.

ઊલટી રાતનો = મૂર્ખ; અક્કલ વગરનો; ઓળો માણસ.

૧૦. વિ. વિરુદ્ધનું; આડું.

૧. ઊલટા ચાલવું = વિરુદ્ધ વર્તવું; ન માનવું.

૨. ઊલટું પૂછવું = (૧) ઊંધો કે આડો સવાલ કરવો. (૨) ખુલાસા માટે પૂછવું. (૩) સામું પૂછવું.

૧૧. વિ. સામી બાજુનું; બીજી તરફનું.

૧૨. અ. ઊલમ છાંટ.

૧૩. અ. ફરજ વગર.

૧૪. અ. ઊંધવાળી રીતે.

૧૫. અ. બીજી બાજુએ.

ઊલટીચીન = દુકાની નળી ઉપર લગાવાતું ઓરું પડ.

૧૬. અ. વિરુદ્ધ.

ઊલટું ચિત્ર [ઊલટું (અધું) + ચિત્ર (છબી)] ન. અસલ છબીની બાજુ અને આકાર તેમ જ જગ્યા અને કાળી બાજુના મંડળો ઊલટાઈ જવાથી પડતી 'નેગેટિવ ફોટો'.

ઊલટુંસૂલટું ૧. [ઊલટું (અધું) + સૂલટું (સત્તું)] વિ. અવ્યવસ્થિત; અવ્યવસ્થિત.

૨. અ. ઉપરનીચે.

૩. અ. બીજી બાજુ.

ઊલટો [સં. ઉદ્ (ઉપર) + વૃ (ફેરવું)] પું. ઊલટીનો રોગ.

ઊલટ્યું [સં. ઉદ્ (ઉપર) + વૃટ્ (ગોબરવું)] અ. ક્રિ. ઊંધું વળવું; ઉથલવું; ફેરવવું.

ઊલલવું [સં. ઉદ્ (ઉપર) + પુલ્ (ઉછાળવું)] અ. ક્રિ. ઊંધું થવું; નમવું.

ઊલવું ૧. [સં. ઉલંપ્ (ઓઢવું)] અ. ક્રિ. કપી વગેરે ખૂબ પૂરી જગ્યે પૂરું થઈ જવું; મોસમનું ખલાસ થવું.

ઊલટી જવું-ઊલુ ઊલુ થવું = વખત જતો જેવો; મોસમ પૂરી થવી.

૨. [સં. ઉદ્ (ઉપર) + પુલ્ (આમતેમ ફરવું)] અ. ક્રિ. બે પૈડાના વાહનની આગલી બાજુ ઊંચકાઈ જવી; ઊલળવું.

ઊલસવું ૧. [સ. ઉદ્ (વધારે) + લસ્ (રમવું)] અ. ક્રિ. આનંદ પામવો; ઉલ્લાસમાં આવવું; હરખાવું

૨. અ. ક્રિ. ઓપમાંનું ઊભા થવું, ઊભરાવું.

૩. અ. ક્રિ. ખીલવું; પ્રફુલ્લ થવું; વિકસવું.

૪. અ. ક્રિ. પ્રકાશવું.

૫. અ. ક્રિ. દૂરી નીકળવું, દેખાવું; પ્રગટ થવું.

૬. અ. ક્રિ. રમવું.

૭. અ. ક્રિ. હદબહાર ચડવું; આનંદમાં ડૂબવું.

ઊલળાહો [સં. ઉદ્ (ઊંચું) + પુલ્ (ઉછાળવું)] પું. ઉમંગો; કુદકો.

ઊલળાપાણો [ઊલળવું (ઉછળવું) + પાણો (પત્થર)] પું. ઊછીનો કજિયો; પારકી વહોરી લીધેલી તકરાર.

ઊલળવું ૧. અ. ક્રિ. ઊલટાઈ જવું.

૨. [સં. ઉદ્ (ઊંચું) + પુલ્ (ઉછાળવું)] અ. ક્રિ. ઊછળવું; કૂદવું.

૩. અ. ક્રિ. ઊલટું; બે પૈડાંવાળા વાહનની પાછલી બાજુ નમી જવી; ભાર વધવાથી ઊંચી જવું.

ઊલળે ગાડે બેસે ને સવાર = બગડી બાજી સુધરતી નથી.

૪. અ. ક્રિ. ઊંધું પડવું; ઊંધું વળી જવું.

૫. અ. ક્રિ. નાશ પામવું; જતું રહેવું.

૬. અ. ક્રિ. મોસમ બદલાઈ થવી; ઋતુ બદલવી.

૭. અ. ક્રિ. હરખમાં ઊભેઊભા ઊછળી રહેવું.

૮. અ. ક્રિ. હોંશભેર ધસવું.

ઊલંબ [સં. ઊર્ (ઉપર) + લંબ્ (ઝૂલવું)] પું. ઝોકરવો; ઝાંપ.

ઊલંભવું ૧. [સં. ઉપાલંભ્ (ઠપકો)] સ. ક્રિ. ઠપકો આપવો.

૨. સ. ક્રિ. બોલવું મારવું.

ઊલંભો ૧. [સં. ઉપાલંભ્ (ઠપકો આપવો)] જો. ઝોલણી; ઠપકો આપવાપણું.

૨. ન. ઓલંભો; ઠપકો.

ઊલા [અ. ઔલા] વિ. પહેલું.

ઊલાલ [સં. ઉદ્ (ઊંચું) + પુલ્ (ઉછાળવું)] પું. છત્રીની દુનિયામાંથી ઊંચી જવું તે; મરણ.

આકાશમાં ઊલાલ, કાલ ભેગે હેઠકરણી.

અખો

ઊલિ પું. કુંભણ; ખિસ્સું.

ઊલિયું [સં ઉલ્લિખ્ (ખરવું)] ન. ઊલ ઉતારવાની ચીપ.

ઊલી ૧. સ્ત્રી. ઘાનું વાસણ.
૨. [અ.] સ. 'વાળું' એવો અર્થ બતાવનાર અરબી નામની આગળ આવતો પૂર્વપ્ર. જેમકે, ઊલીલઅઝ્મ એટલે હક નિષ્ઠી.

ઊલીબદ્ધ [સં. આવલિ (હાર) + બંધ્ (બાંધવું)] વિ. હારોહાર; હારબંધ.

ઊલુપિ જ. એક જાતનું જળજંતુ.

ઊલૂ ૧. [સં. ઉલપ] સ્ત્રી. (હિંદી) એક જાતનું ઘાસ.
૨. [અ.] સ. 'વાળું' એવા અર્થવાળો અરબી નામની આગળ લગાડાતો પૂર્વપ્ર. જેમકે, ઊલૂલ-અઝમ.

ઊલૂખા [હિ.] સ્ત્રી. ખપરાં બનાવવામાં વપરાતું એક જાતનું ઘાસ.

ઊલૂક [સં.] પું. ઘુવડ.

ઊલૂકી [સં. ઊલૂક (ઘુવડ) + ઈ (જાતિવાચિનો પ્રત્યય)] સ્ત્રી. માદા ઘુવડ.

ઊલૂલ અઝ્મ (ઊલૂલ અઝ્મ) [અ. ઊલ્ (વાહ) + અઝ્મ (તે) + અઝ્મ (નિશ્ચય)] સ. જ. ન. નિશ્ચયવાળાં માણસ.

ઊલ્લી [સં.] સ્ત્રી. સુતારનું એક ઓજાર; ઓરસી; ઇરસી; વીંધણું.

ઊવઠ ૧. સ્ત્રી. અડચણ; હેરાનગતિ; પીડા; મુશ્કેલી.
૨. સ્ત્રી. આપદા; દુઃખ.
૩. સ્ત્રી. ઊવઠ; ખોટો રસ્તો; અટપટો માર્ગ.
ઊવઠ વાટિ ઊપન્યા આવઈ ભાત લહુ લોભાત. સાલ્હસસમ્ભવ
૪. [સં. ઉદ્વર્તન; પ્રા. ઉવ્વટ્ટણ] સ્ત્રી. ઊવટ; પીઠી.
૫. સ્ત્રી. ખેંચ; તાણ; તંગી; ભીડ.
ઊવઠ મઢની ન જોઈતી ચીજ પૂરી પાડવી.
૬. સ્ત્રી. વાહન સરકી ન જાય તે માટે પૈડાને અડીને મૂકવામાં આવતું રોકણ; વસ્તુ રડી ન જવા માટે આડી મુકાતી ચીજ.
૭. વિ. ઊલટું; અવળું; ઊંધું; આડું.

ઊવઠવાટ [ઊવટ (આડું) + વાટ (રસ્તો)] પું. આડો રસ્તો.

ઊવડવું ૧. અ. ક્રિ. રંગ ઊડી જવો; રંગ ઝાંખો પડી જવો.
૨. અ. ક્રિ. સુરંગ વગરનું થઈ જવું; બરાબ થઈ જવું.

ઊવડો પું. ઊવટ; ઊવઠ; પીઠી.

ઊવઠ (ઊવડ) પું. અણઘડ માણસ.
ઊવઠનો આ સ્નેહ, એનો ખોખો અહ ઘસિયે નહિ, હોત સજાણ તે સ્નેહ, જેમાંથી પેરત નહિ. ઝોકોક્તિ

ઊવધ્ય પું. નહિ પચેલું ઘાસ.

ઊવરવું [સં. ઉદ્ (પાછું) + વૃ (વારવું); અપ. ઉવર] અ. ક્રિ. બાકી રહેવું

ઊવલવું [સં. ઉદ્ (ઉપરું) + વલ્ (ભેગવું)] સ. ક્રિ. (બા. પ્ર.) તાગવું; ભેરવું.

ઊવળ [સં. ઉદ્ (ઊપરું) + વલ્ (વીંટવું)] પું. વળ ઊખડી તે; વણેલું ઊખેળી નાખવા રેવાતો વળ.

ઊવળવું ૧. અ. ક્રિ. વસારાને લીધે સહકમાંથી મારી કે પથરાનું છટું પડવું.
૨. અ. ક્રિ. મટી ગયેલ રોગ ફરીને થવો
૩. [સં. ઉદ્ (ઊપરું) + વલ્ (વીંટવું)] અ. ક્રિ. વળ ઊતરી જવો.

ઊવાટ ૧. [સં. ઉદ્ (ઊપરું) + વાટ (માર્ગ)] સ્ત્રી. આડો રસ્તો.
૨. વિ. આડું, ત્રાંસું.
૩. વિ. ખોટું.

ઊવાર પું. (બા. પ્ર.) ઓવારો; કાંઠો.

ઊવેળ [સં. ઉદ્ (ઊપરું) + વલ્ (વીંટવું)] પું. વળ ઊતરી જવો તે; ઊવળ.

ઊશિમું ન. ઘાતરું.

ઊષ્ ૧. [સં.] અ. ક્રિ. અસ્વસ્થિત હોવું.
૨. અ. ક્રિ. બાંધ પાડવું.

ઊષ ૧. [સં.] પું. મનની પેલ.
૨. પું. બારાતવાળી જમીન; બારોપાટ.
૩. પું. ખારી માટી.
૪. પું. તેજાબ; 'એસિડ'.
૫. પું. ક્ષાર; ખારો; તા.
૬. પું. મલય પર્વત.
૭. ન. પ્રભાત; પરોઢિયું.
૮. ન. પીળું; પાત.

ઊષક ૧. [સં.] ન. એક જાતનું સ્ફટિક જાપનાર ક્ષાર; કલર.
૨. ન. ખારી માટી.
૩. ન. તીખાં; મરી.
૪. ન. પ્રભાત, મળસકું
૫. ન. મીઠું.

ઊષક્ ૧. [સં.] પું. ત્રિફલા નામની વનસ્પતિ.
૨. પું. પરિખા; ગેરાવ; ક્ષેત્રફળ.
૩. ન. પીપરીમૂળ. તે ગરમ છે.
૪. ન. મરી; તીખાં.
૫. ન. સૂંઠ

ઊષણ ૧. [સં.] સ્ત્રી. એક વનસ્પતિનું નામ; અજમો.
૨. સ્ત્રી. મરી, તીખાં. તેનો સ્વાદ ગરમ હોય છે.
૩. સ્ત્રી. સં. એ ગરમી ઉત્પન્ન કરે છે.

ઊષલું [સં. ઉષ્ણ] વિ. ગરમ; ઊનું.

ઊષવંત્ર [સં. ઊષ (ખારી જમીન) + તંત્ર (રચના)] ન. જમીનમાં મીઠાનાં પડ.

ઊષમાપક [સં. ઊષ (ક્ષાર) + માપક (માપનાર)] ન. મીઠાનું પ્રમાણ માપવાનું સાધન.

ઊષર ૧. પું. (બા. પ્ર.) ઓખર; નરેડ.
૨. [સં.] સ્ત્રી. જેમાં કાંઈ ઊગે નહિ એવી ખારવાળી જમીન; ઊખર.
૩. વિ. ઉજ્જડ; વેરાન
૪. વિ. બાંઝ.
૫. વિ. મીંઢું પેઠા કરતું.

ઊષરજ ૧. [સં. ઊષર (ખારી જમીન) + જ (પેદા)] ન. ખારાશવાળી જમીનમાં થતું મીઠું.
૨. ન. ખારી જમીનમાંથી નીપજતી ખારાશવાળી પેદાશ.
૩. ન. સોડમુખાની એક જાત.

ઊષરત્વક્ [સં. ઊષર (ખારી જમીન) + ત્વક્ (છાલ)] ન. ખારાપાટમાં ઊગતું એક જાતનું ઘાસ.

ઊષરવૃષ્ટિન્યાય [સં. ઊષર (ખારોપાટ) + વૃષ્ટિ (વરસાદ) + ન્યાય (દાખલો)] પું. ક્ષણ વસ્તની વાત. ખારવાળી જમીન ઉપર વરસાદ વરસે છતાં તેમાં કાંઈ પાકતું નથી. તે ઉપરથી કોઈ વાતનું કાંઈ પરિણામ ન આવે ત્યાં આ પ્રયોગ વપરાય છે.

ઊષસૂત [સં. ઊષ (ખારી જમીન) + સૂત (ઉત્પન્ન થયેલું)] ન. એક જાતનું મીઠું; ઊષરજ; મૃત્તિકાલવણ.

ઊષા ૧. [સં.] પું. કામદેવનો દીકરો.
૨. પું. પરોઢિયું; પ્રભાત; પરોઢ; પ્રાગ્ય.
૩. સ્ત્રી. ખારવાળી જમીન.
૪. સ્ત્રી. ખારી માટી.
૫. સ્ત્રી. પો ફાટતી વખતની લાલી; અરુણોદય.
૬. સ્ત્રી. બલિ દૈત્યના દીકરા બાણાસુરની દીકરી હોવા. તે શ્રીકૃષ્ણના દીકરાના દીકરા અનિરુદ્ધને પરણી હતી. વિવાહ પહેલાં એક વખતે યુવાવસ્થામાં આવેલી ઓખા પોતાના મંદિરમાં સૂતી હતી, ત્યારે સોણમાં એક જુવાન અને કૃપાળુ પુરુષ જોઈ એનો સમાગમ થયો. એ જાગી ઊઠી અને વિરહને અંગે કાંઈ બોલતી હતી તે એની સખી ચિત્રલેખાએ સાંભળ્યું. ચિત્રલેખાએ પૂછવાથી

ઊષાહર

ઊષાએ બધી વાત કરી અને કહ્યું કે જો હું એ પુરુષને પરણીશ તો ઠીક, નહિતર મરી જઈશ. ચિત્રલેખાએ પછી ત્રિલોકના પુરુષ માત્રનાં ચિત્ર કાઢી બતાવતાં તેણે ના પાડી પણ અનિરુદ્ધનું ચિત્ર કાઢ્યું, એટલે 'હા, એ જ' એમ બોલી સ્તબ્ધ બની ગઈ. પછી યોગબળે ચિત્રલેખા દ્વારકા જઈ રાત્રે અનિરુદ્ધને પ્રાંગ સહિત શોણિતપુર લઈ આવી. ઊષાએ અનિરુદ્ધ સાથે ગાંધર્વવિવાહ કર્યો. ચાર મહિના ગુપ્ત રીતે અનિરુદ્ધ તેને આનંદથી રહ્યા પછી મંદિરના સાવધનારાઓની નજર તેના ઉપર પડતાં એમને લાગ્યું કે જરૂર એને પુરુષનો સમાગમ થયો છે. તેથી તેઓએ બધી હકીકત બાણાસુરને જણાવી. બાણાસુરને આ સાંભળી ઘણો ક્રોધ થયો અને ઊષાને મંદિરે આવ્યો. ત્યાં અનિરુદ્ધને જોઈ એના ઉપર દોડ્યો. અનિરુદ્ધ હાથમાં પરિઘ નામનું હથિયાર લઈને સામો થયો. બાણાસુરે અનિરુદ્ધને નાગપાશથી બાંધી કેદમાં રાખ્યો. દ્વારકામાં અનિરુદ્ધ જેમ થવાથી સઘળા યાદવ નિરાશ થઈ બેઠા હતા તેવામાં નારદ ઋષિ ત્યાં પધાર્યા. યાદવોના પૂછવાથી ઋષિએ કહ્યું કે એને શોણિતપુરમાં બાણાસુરે કેદમાં પૂર્યો છે. આથી કૃષ્ણ બળરામ સહિત યાદવોએ શોણિતપુરને ઘેરો ઘાલ્યો. કૃષ્ણે એના હજારમાંથી બાર હાથ રાખી બાકીના કાપી નાખ્યા. બાણાસુરની માની પ્રાર્થનાથી કૃષ્ણે એને જીવતો રહેવા દીધો અને બાણાસુરે અનિરુદ્ધને છૂટો કર્યો.

ઊષાહર [સં. ઊષા (પરોઢિયું) + હર (હરનાર)] કું. કૃષ્ણો. તે પોતાનો અવાજ કરી ચોરોને પ્રભાત થયાનું સૂચવે છે.

ઊષાકાલ [સં. ઊષા (પરોઢિયું) + કાલ (વખત)] કું. પોઢ કાઢવાનો વખત; પ્રાત:; મળસકું.

ઊષાપતિ [સં. ઊષા (બાણાસુરની દીકરી ઓખા) + પતિ (નાથ)] કું. શ્રીકૃષ્ણના દીકરાનો દીકરો અનિરુદ્ધ. તે બાણાસુરની દીકરી ઓખાને પરણ્યો હતો. જુઓ ઊષા.

ઊષાપાન [સં. ઊષા (પ્રભાત) + પાન (પીવું તે)] ન. પૂર્વ ઊષા પહેલાં પાણી પીવાની ક્રિયા. જે માણસ સૂર્યોદય પહેલાં વહેલી સવારે હંમેશા આ જાતનું પાણી પીએ તેના વાત, પિત્ત અને કફ પ્રકોપના દોષ મટે અને તે સુખે સો વર્ષ જીવે એમ મનાય છે. આ જ વખતે જે કોઈ માણસ નાહીને તે પીએ તો તેની નજર ગરુડના જેવી બહુ તેજવાળી બની જાય અને ભૂત પ્રેતિત પણ દૂર થાય એમ કહેવાય છે.

ઊષી [સં. ઊષ (ખાર) + ઙીપ્ (વાચક)] જુઓ. ખારી માટી.

ઊષ્ણ ૧. [સં.] કું. ઉનાળો; ગરમીની ઋતુ.
૨. કું. ગરમી.
૩. કું. વરાળ.
૪. કું. ઉષ્ણ.
૫. વિ. ગરમ; ઊનું.

ઊષ્ણક ૧. [સં. ઊષ્ણ (ગરમી) + ક (વાળું)] કું. ઉનાળો; વરસની ત્રણ ઋતુ માંહેની એ નામની એક.
૨. કું. ગ્રીષ્મ ઋતુ; જેઠ અને અષાઢ માસની ગરમ ઋતુ
૩. કું. પિત્ત.

ઊષ્ણજ્વર [સં. ઊષ્ણ (ગરમી) + જ્વર (તાવ)] કું. પ્રાણવાયુ 'ઑક્સિજન'.

ઊષ્ણત્વ [સં. ઊષ્મન્ (ગરમી)] વિ. ગરમ; ઊનું.

ઊષ્ણદ્રવ [સં. ઊષ્મન્ (ગરમી) + દ્રવ (ઝરવું)] વિ. ગરમી દ્વારા કરી શકાય એવું.

ઊષ્ણપ ૧. [સં. ઊષ્મન્ (ગરમી) + પ (રક્ષનાર)] કું. અગ્નિ
૨. વિ. ગરમીનું પાન કરનાર એટલે શોષણ કરનાર.

ઊષ્ણપા [સં. ઊષ્મન્ (ગરમી) + પા (પીનાર) + આપ (પાણીના પ્રવાહના અર્થમાં)] કું. બ. વ. પિતૃઓ એ નામનો એક વર્ગ. જુઓ ઊષ્મપ ૧, ૨.

ઊષ્ણવર્ષું [સં. ઊષ્મન્ (વરાળ) + વર્ષ (અક્ષર)] કું. (બાજરણ) ઓ, ઊ, એ, ઐ માંનો કોઈ પણ અક્ષર. આ અક્ષરો ઊષ્મ કહેવાવાનું કારણ એ હશે કે તેના ઉચ્ચારણને વખતે મોઢામાંથી ગરમ હવા નીકળે છે.

ઊષ્મા ૧. [સં. ઊષ્મન્ (વરાળ)] કું. શ્, ષ્, સ્, ને હ્ એ ચારમાંનો કોઈ અક્ષર. તે બોલવા વાપરવા સાથે ઉચ્ચારાય છે, માટે ઊષ્મા કહેવાય છે.
૨. સ્ત્રી. અગ્નિની દસ માંહેની એક કલા.
પ્રભા, અર્ચિ, ઊષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરૂપા, કપિલા અને હવ્યકવ્યવહા એ દસ અગ્નિની કલાનાં નામો છે.
ચોસઠપ્રકારીતુલ્ય
૩. સ્ત્રી. ગ્રીષ્મપરોગ.
૪. સ્ત્રી. ગરમી; તાપ.
૫. સ્ત્રી. ગરમીની ઋતુ; ઉનાળો.
૬. સ્ત્રી. વરાળ.
૭. સ્ત્રી. તેજનું ન દેખી શકાય એવું અવયવ. જેમ અગ્નિમાંથી ધુમાડો નીકળે છે તેમ તેમાંથી ઊષ્મા પણ નીકળે છે.
૮. જુઓ વરાળ.

ઊષ્માક્ષર [સં. ઊષ્મન્ (વરાળ) + અક્ષર (વર્ણ)] કું. ઊષ્મવર્ણ; શ્, ષ્, સ્, ને હ્, એ ચારમાંનો દરેક વ્યંજન. જુઓ ઊષ્મવર્ણ.

ઊષ્માગમ [સં. ઊષ્મન્ (ગરમી) + આગમ (આવવું)] કું. ઉનાળો; ગરમીની ઋતુ.

ઊષ્માપહ [સં. ઊષ્મન્ (ગરમી) + અપહ (નાશ કરનાર)] કું. હેમંતઋતુ; આગહર અને પોષનો સમય. ધૃષિક અને ધન રાશિનો સૂર્ય જ્યારે તે બેસે છે.

ઊષ્માભેદ્ય ૧. [સં. ઊષ્મન્ (ગરમી) + ભેદ્ય (ભારી શકાય એવું)] વિ. ગરમી દ્વારા ભેદી શકાય એવું.
૨. વિ. પ્રકાશમાન ગરમી સાથે જવાના ગુણવાળું.

ઊષ્માપાપકર્ષંત્ર [સં. ઊષ્મા (ગરમી) + માપક (માપનાર) + યંત્ર (સાધન)] ન. ગરમી માપવાનું સાધન; 'થર્મોમિટર'.

ઊષ્માંક [સં. ઊષ્મા (ગરમી) + અંક (આંકડો)] કું. એક સેન્ટિગ્રેડ અંશ સુધી એક ગ્રામ પાણીની ગરમી વધારવા માટે જોઈતી ગરમીનું પ્રમાણ 'કૅલરિ'.

ઊષ્મોપગમ [સં. ઊષ્મન્ (ગરમી) + ઉપ (પાસે) + ગમ (જવું)] કું. ગરમ ઋતુની શરૂઆત; ઉનાળાનો આરંભ.

ઊષ્મોપસ્નેહ [સં. ઊષ્મન્ (ગરમી) + ઉપ (પાસું) + સ્નિગ્ધ (ભીનું કરવું)] વિ. ગરમી અને વરાળની જેના ઉપર અસર થાય એવું બૂચિયાર.

ઊસ ૧. [સં. ઉષર (ખારવાળી જમીન)] કું.; બ. સાજીખાર; લૂણાં ધોવામાં વપરાતો એક ક્ષાર.
આડે આડે ઊસ = બહુ જ આડે.
૨. [હિં.] સ્ત્રી. ભોંકની સપ્રમાંથી થતી ક્ષારીન.
૩. સ્ત્રી. ઝાકળ.
૪. [સં. ઇક્ષુ.; અપ. ઇક્ષુ] સ્ત્રી. (મરાઠી) શેરડી; મીઠો સાંઠો.
૫. જુ. તેનો.

ઊસડ [સં. ઊર્ (દૂર) + સૃદ્ (ચાલ્યા જવું)] વિ. ઝિણું; ચૂંદું; જેનાથી જોઈતું ન ગળે એવું.

ઊસણ કું. એક જાતનો છોડ. તેમાંથી નીકળતું તેલ બાળવાના કામે તેનો ખેતર ફોરને ખવડાવવાના કામમાં આવે છે. સરસાઈની

આદર તે જવ અને ઘઉંની સાથે વાવવામાં આવે છે

ઊસપવું ૧. [સં. ઉત્સર્પ્ (ઊપરથી જવું)] સ. ક્રિ. ઉલેચવું; ઠેઠી રેવું; નાખી રેવું

૨. સ. ક્રિ. ખાલી કરવું.

૩. સ. ક્રિ. ખાનમાંથી બહાર કાઢવું.

ઊસપાવું ૧. [સં. ઉત્સર્પ્ (ઊપરવું)] અ. ક્રિ. ઉલેચાવું

૨. અ. ક્રિ. ખાલી કરાવું.

૩. અ. ક્રિ. ખાનમાંથી કઢાવું.

ઊસર ૧. [સં. અવસર] પું. અવસર; પ્રસંગ.

૨. [હિં.] સ્ત્રી. ઉનાળુ જમીન.

૩. [સં. ઊષર] સ્ત્રી. ખારવાળી જમીન.

૪. વિ. ખારાશવાળું.

૫. વિ. મીઠાવાળું; મીઠું પેદા કરતું.

ઊસરજમીન [ઊસર (ઉનાળુ) + જમીન (જગ્યા)] સ્ત્રી. અમેક જગ્યા; પાતર જમીન.

ઊસરપાટો ૧. [સં. ઊત્સ (ખાડો ખોદવું) + પાટન (નાશ)] પું. પાયમાલી; નખોદ; નાશ; નિકંદન; લય.

ઊસરપાટો વાળવો = પાયમાલી કરવી.

૨. પું. બગાડ; નુકસાન.

ઊસરવલ્લી [મ.] સ્ત્રી. ગળોચો.

ઊસરવું ૧. [સં. ઊહ (બાકી) + સ (જવું)] અ. ક્રિ. ઊતરવું; ઓસવું વધવું; ઓસરવું.

ઊસરી જવું = (૧) નીકળી જવું; (૨) શરીરની શક્તિ ઓછી થવી; ક્ષીણ થવું.

૨. અ. ક્રિ. ઢળવું; જતા રહેવું.

૩. અ. ક્રિ. (બા. પ્ર.) પાછા હઠવું

એક આયુષ નવિ માને મારું,
પણ હું પાછળ નવિ ઉસરું. નિષ્કલંકબંધ

ઊસવ [સં. અવસર] ન. ઓચ્છવ; જલસો; ઉત્સવ.

ઊસવ [સં. ઉત્સવ] પું. (પ્રાકૃત) ઉત્સવ; આનંદનો પ્રસંગ.

ઊસારા [હિં.] પું. રેતમીનો શોરો.

ઊસાસ ૧. પું. વધવું ઓછું થવું જોવામાં હાનિ તેટલો વખત.

૨. [સં. ઊહ (ઉષ્ણ) + શ્વસ (શ્વાસ લેવો)] પું. શ્વાસ ઊંડો લેવાપણું.

૩. પું. શ્વાસ બહાર કાઢવો તે; ઉચ્છ્વાસ.

ઊસાસનામ [ઊસાસ (ઉચ્છ્વાસ) + નામ (બાકી રહેવું એવો કર્મ)] ન. (જૈન) નામકર્મનો એક વિભાગ. તેને લીધે જીવ શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે.

ઊસાસવું [સં. ઊહ (બાકી) + શ્વસ (શ્વાસ લેવો)] સ. ક્રિ. વાંસવું; ઉખાડવું.

ઊસીસવું (ઊસીસું) [સં. ઉત્સીર્ષ] અ. ઓસીકું.

ઊસે [ઊસ (તે)] સ. તેને; તેણીને.

ઊહ ૧. અ. ક્રિ. ચર્ચા કરવી.

૨. [સ.] અ. ક્રિ. (ધાતુ) તર્ક કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દ: ઊહા; ઊહાપોહ; ઊહ.

૩. અ. ક્રિ. સારાસારનો વિચાર કરવો

૪. સ. ક્રિ. અટકળ કરવી

૫. સ ક્રિ. ખ્યાલ રાખવો.

૬. સ. ક્રિ. ધારવું.

૭. સ. ક્રિ. ખ્યાનમાં લેવું; લક્ષ કરવું.

૮. સ. ક્રિ. ધારવવું.

ઊહ ૧. પું. અર્થનો બતાવનાર અવાજ.

૨. [સં. ઊહ્ (તર્ક કરવો)] પું. અનુમાન.

૩. પું. આરોપ; આક્ષેપ; તહોમત.

૪. પું. ઉપન્યાસ: પક્ષ; પ્રતિજ્ઞા; વાદ; દલીલ; અમુક સાધ્યને સાબિત કરવા માની લીધેલ સિદ્ધાંત કે વાક્ય 'હાઇપોથિસિસ'.

૫. પું. ઓઘ; હલ્લો; ધસારો; ધક્કો.

વિસ્તર નિબદ્ધ સોરોહ ઊહ પૂર્ણ ગાવ ઘન ઘાવ,
ઝઝ અનંત ઝમાઝમ બહુ રણરંગ ચાવ સંપાવ.
વિજયકુમારિકા

૬. પું. તર્ક; કલ્પના; સંભાવના; અટકળ; અખ્યાલ.

૭. પું. ચાંલ્લાનો સૌથી ઉપરનો ભાગ.

૮. પું. દુઃખસૂચક શબ્દ; ઓહ.

૯. પું. પરિણામ, ફળ

૧૦. પું પરીક્ષા; પારખ.

૧૧. પું. કેળવાર

૧૨. પું. વિચાર.

૧૩. પું. સમજણ.

૧૪ પું. હુંકારનો ઉદ્ગાર.

૧૫. સ્ત્રી. આદત; ઊંડી ખબર; મચાટો.

૧૬. ન. આશ્ચર્ય; અદ્‌ભુત.

૧૭. અ. મરજી; નિરધાર અને ગર્વનો અવાજ.

ઊહકારો ૧. [ઊહ (એવો અવાજ) + કર (કરવું)] પું. અનાદર; ગર્વ કે તુચ્છકારનો ઉદ્ગાર.

૨. પું. ઊંડો નિઃશ્વાસ; નિસાસો.

૩. પું. પોતા માટેનું અભિમાન.

૪. પું. વાતમાં ખાન લેવાનું બતાવતો ઉચ્ચાર. સાંભળું છું, ઠીક છે, સ્વીકારું છું એમ બતાવનાર અવાજ.

૫. પું. હા કહેવી તે; હકાર કરવાપણું.

૬. પું. હાવભાવ, ઓવારે, અરેરે એવો શોક કે ખેદ દુઃખનો શબ્દ.

ઊહગાન ૧. [સં. ઊહ (એક જાતનો અવાજ) + ગાન (ગીત)] ન. સામગાનનો એક ભેદ.

૨. ન. સામવેદનું ગીત; ઉદ્‌ગીથ.

ઊહગીતિ [સં. ઊહ (એક અવાજ) + ગીતિ (ગીત)] સ્ત્રી. સામવેદના ગીતનું એક પુસ્તક.

ઊહન ૧. [સં. ઊહ્ (ધારવું કરવું) + અન (પ્રત્યય)] ન. તર્ક; કલ્પના.

૨. ન. દલીલ.

ઊહની [સં.] સ્ત્રી. સાવરણી.

ઊહનીય [સં. ઊહ્ (વિચારવું) + અનીય (જોઈએ)] વિ. વિચારવા જેવું. જુઓ ઊહ.

ઊહા ૧. [સં. ઊહ્ (ધારવું)] સ્ત્રી. અભ્યાસ; અર્થ પૂરો ન જવાથી વચ્ચે બીજા શબ્દ ઉમેરી અર્થ પૂરો કરવો તે.

૨. [સ. ઊહ્ (વિચારવું)] સ્ત્રી. તર્ક; કલ્પના.

ઊહાપોહ ૧. [સ. ઊહ (ચર્ચા) + અપોહ (ઊહનું અદ્‌ભુત)] પું. અજ્ઞાન બતાવનારો સવાલ.

૨. પું. કોઈ વિચાર છોડીને બીજો વિચાર સ્વીકારવામાં આવે એવો બુદ્ધિના બાર પ્રકારનો એક ભેદ. આને બુદ્ધિનો એક ગુણ કહેલો છે.

૩ પું. ઊહાદના નિર્બુદ્ધ વગરની બાબત.

૪. પું. તર્કવિતર્ક; તકરાર; વાદવિવાદ; વાદાવાદ; સામસામી પૂછપરછ.

૫. પું. શંકાનું સમાધાન.

ઊહિની ૧. સ્ત્રી. લશ્કર; સેના.

૨. [સ. ઊહ (સમૂહ) + ઇન્ (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. સમુદાય; રાશિ; જથ્થો; જથ્થો

ઊહી ૧. [સં. ઊહ (ધારવું) + ઇન્ (વાળું)] વિ. તાંત્રાળું; કલ્પના કરનારું.

૨. [હિં.] અ. અરે; રે.

ઊહૂક (ઊહૂક) સ્ત્રી. (પ્રારંભ) વાક.

ઊહ્ય ૧. [સં. ઊહ્ (પરીક્ષા કરવી)] પું. મીમાંસા; સમાલોચના; અવલોકન; ટીકા.

૨. [સં. ઊહ્ (ધારવું) + ય (જેવું)] વિ. અટકળ કરવા જેવું, અભ્યાસ કરવા યોગ્ય.

૩. વિ. ચર્ચા કરવા જેવું.

૪. વિ. તર્ક કરવા લાયક.

૫. વિ. ખ્યાનમાં લેવા જેવું.

ઊહ્યગાન [સં. ઊહ્ (એક જાતનો અવાજ) + ગાન (ગીત)] ન. સામવેદનું ગીત; ઊહગાન.

ઊળ [સં. ઊહ (ખાડો) + શુલ્ (આમલેમ કિસ્સાં)] સ્ત્રી. ઓળ; ખાડો; મેલ.

ઊળ ઉતારણી = દાતણ કે એવા કોઈ સાધનથી દાંત ઉપરનો મેલ કાઢવો.

ઊં

ઊં
ઊં ૧. સ. (મારવાડી) તે; ઉષ્ણ.
૨. અ. કંઈક બતાવતો અવાજ.
૩. અ. ગુસ્સામાં વપરાતો શબ્દ.
૪. અ. દુઃખનો બોલ.
૫. અ. તોરમાં બોલાતો શબ્દ.
૬. અ. સવાલ પૂછવામાં વપરાતો શબ્દ.

ઊંઆં ૧. અ. તરતના જન્મેલા બાળકના રડવાનો અવાજ.
૨. અ. લવ; તે બબડવે.

ઊંઈ અ. તે તરફ; બોલી બાલુ.

ઊંકરું જિ. અમથું; હોહ.

ઊંકેર ૧. અ. બાજામાંથી નીકળતો ઓક બહારનો અવાજ.
૨. અ. રડવાનો અવાજ.
ઊંકેર કરવું = (૧) છોકરાંનું રોવું. (૨) બાળકે હઠ લેવી; જિદ કરવી.

ઊંકરું (ઊંકરું) જિ. ઉપરાઠ; અવળું ઊલું.

ઊંકરાંકરો ૧. [સં. ઊત્કમ (અવલંબન) + ષ્ટિ (વર્તન)] પું. આવેશ; ગુસ્સો.
૨. પું. કંપારી; રોમાંચ; કંપવા ઊભા થઈ જવાં તે; ઝમઝમાટ.

ઊંકારો ૧. [સં. ઊં (ઓમ અવાજ) + કાર (કરવું)] પું. દુઃખનો કે કણવાનો ઊં કરખો ઉચ્ચાર; ઊંહ ઊંહ કરવું તે.
૨. પું. નિસાસો જુનો ઊંકારો.

ઊંકારોઝૂંકારો ૧. [ઊંકારો (ઓમ અવાજ) + ચૂંકારો (ઊંકારેલું ઉપર ૨૫)] પું. 'ઊં' જેવો દુઃખનો અવાજ.
૨. પું. સામે જવાનો કે બોલવાનો અવાજ.

ઊંખ ૧. [સં. ક્ષુધ] સ્ત્રી. ઈચ્છા; તેરડી.
૨. સ્ત્રી. મરજી; ખુશી.
૩. સ્ત્રી. હોંસ; ઉલ્લાસ; ઉમંગ.

ઊંઘ [હિં.] સ્ત્રી. ઊંઘ; નિદ્રા; નીંદર.

ઊંગણ ૧. [સં. અંજન્ (ચોપડવું)] ન. અંજના; આંજણ.
૨. ન. ઊંજણ; તેલ ફૂલવાની ક્રિયા.
માગવાનું ધન તે કમબુના ઊંગણમાં ગયું = કોઈની વસ્તુ બીજાને જવી.
૩. ન. ઘરી ઉપર ચોક્ષ આકનો ભાગ ગરમ ન થાય અને ફરવામાં સહેલાઈ રહે તે માટે ઊંજવામાં આવતું તેલ.
૪. ન. પૈડામાંનો ઢાળો કકરો; ખળી.

ઊંગણધોરી [ઊંગણ (તેલ ફૂલવાની ક્રિયા) + ધોરી (મુખ્ય)] જિ. હોંશીલું.

ઊંગન [હિં.] સ્ત્રી. ઊંઘ.

ઊંગના કું. પ્રસૂતાં થતો ઓક રોગ. તેમાં મન બહે, શરીર ઠંડું પડી જાય અને પશુ ખાવાપીવાનું છોડી દે.

ઊંગરું [સં. અંજન્ (ચોપડવું)] જ. જિ. ઘસારો ખોળે કરવા સંબંધે તેલ ફૂલવું; ઊંજવું.

ઊંગાવવું [સં. અંજન્ (ચોપડવું)] જ. જિ. તેલ મુકાવવું; ઊંજવાની ક્રિયા કરાવવી.

ઊંગાવું જ. જિ. તેલ કે ચીકટ પદાર્થ ચોપડાવો.

ઊંગ્રે [હિં.] અ. સર્વ.

ઊંઘ ૧. સ્ત્રી. અજ્ઞાન; અજ્ઞતત્વ.
૨. સ્ત્રી. અર્ધનિદ્રા; અલ્પ-નીંદર.
૩. સ્ત્રી. બેખબરી
૪. સ્ત્રી બાળસ; પ્રમાદ.
૫. [સં સ્વપ્ (સૂવું); પ્રા. સુવ્વઇ(ઇ)ત્તિ; દે. ઉપર્ક-ઉંઘ ઉંઘ] સ્ત્રી. નિદ્રા; અંધ સુષુપ્તિ; મનુષ્ય અને પશુને સમયે સમયે આવતી આરામ અને શાંતિની અવસ્થા. તેમાં આંખો મિંચેલ છે, બોધ કે બિલકુલ ભાન ન હોય, શરીર ગાઢ જેવું થઈ જાય અને ઇંદ્રિયોનો વ્યાપાર બંધ પડી જાય. પશુઓમાં કેટલેક વાર એ સ્થિતિ લાંબો વખત આવે છે. ઊંઘથી શરીરની રેણ તાજી થવાથી શરીર અને મનનો થાક ઊતરી આરામ મળે અને તેથી તાજા અને શક્તિમાન થવાય. જિંદગી અને તંદુરસ્તી માટે દરેક પ્રાણીને ઊંઘની જરૂર છે.
ઊંઘ આવવી = આરામ લેવાની ઇચ્છા થવી. નિદ્રા લેવાનું મન થવું; આંખનું ઘેરાવું.
ઊંઘ ઊડાવવી = (૧) અનિદ્રા આવવી; મનોરંજન સુધી પાછી આવવી. (૨) અજ્ઞાનતા દૂર કરવી.
ઊંઘ ઊડી જવી = (૧) અજ્ઞાનતા દૂર થવી. (૨) ઊંઘ ન આવવી. (૩) ભયથી ધ્રુજવું.
ઊંઘ કોને બગાસાને, ભય બગાસા દું, તાં કહીં નહિ અને તો ચોળી પાડીશ હું = પ્રથમ બગાસાં આવે અને તે પછી નિદ્રા આવે.
ઊંઘ ન જુએ ઠંડી ભાઠ, ક્ષુધા ન જુએ ખાલ કાલ, ભૂખ ન જુએ ઠંડો ભાત, પ્યાસ ન જુએ ઘોળી છાશ = નિદ્રાથી ઘેરાયેલું માણસ પોતે સામે છે તે ખાટલો સાબો છે કે તૂટેલ છે તે જોવા રોકાતો નથી, ગમે તેવો ખાટલો હોય તોપણ તે ઉપર સૂઈ જાય.
ઊંઘ ન જુએ સામરો અને ભૂખ ન જુએ બાજરો = જરૂરને વખતે સારાનરસું જોવાતું નથી.
ઊંઘ સાઈ જવું–જાવું = સ્થિર હોવ તેમ કેમાય જોવી અકબધી કરવુ.
ઊંઘ ઊડવી = ઊંઘી જવું; નિદ્રા કરવી.
ઊંઘ લેવી = ઊંઘીને આરામ લેવો.
ઊંઘ વેચીને ઊજાગરો કરવો–વહોરવો = હાથે કરીને પંચાતમાં પડવું; દુઃખ વહોરી લેવું; બોજા ભ્રમ માટે બહુ મહેનત કરવી.
ઊંઘની બીમારી = ૭ માસથી ૭ વર્ષ સુધી ચાલતો ઓક ચેપરોગ રોગ 'સ્લીપિંગ સિકનેસ'. અનિયમિત તાવ આવે, મગજના નાડીતંત્રમાં ધીમે ધીમે રોગ ફેલાય, તેથી શારીરિક અને માનસિક સુસ્તી આવે અને દરદી બેભાન બને. આ ચેપી રોગ છે. આફ્રિકાને પશ્ચિમ કિનારે આ રોગ થયેલો છે અને તે યુગાન્ડા, નાયાસેલેન્ડ અને રોડેશિયાના વધારે ભાગમાં દાખલ થયો છે.
ઊંઘનો રોગ = મગજનો ઓક રોગ.

તેમાં શારીરિક અને માનસિક સુસ્તી રહે. સને ૧૯૧૬–૧૭માં વરસ બંડમાં અને ૧૯૧૮માં ઇંગ્લંડમાં તે ફેલાયો હતો. સામાન્ય રીતે આ દરદમાં માણસ બચતાં નથી. શરૂઆતમાં ઇન્ફ્લુએન્ઝા જેવો હલ્લો થાય. લાંબા વખતે પણ તે ઊથલો મારે છે.

૧૨. ઊંઘમાં ઊંઘવું = (૧) અજ્ઞાનમાં રહેવું. (૨) આળસ કર્યા કરવું.

૧૩. ઊંઘમાં ઊંટ મર્યાં = નિદ્રામાં આસપાસ થતા મોટા બનાવની પણ ખબર પડતી નથી.

૧૪. ઊંઘમાં જવું = (૧) અજ્ઞાનમાં જવું; મહાલત થવી; અજ્ઞાનપણામાં બેસવું. (૨) અજ્ઞાન હોવું. (૩) આળસમાં બોર્ડ બેસવું. (૪) નકામું જવું.

૧૫. ઊંઘમાંથી ઊઠવું = (૧) અજ્ઞાનપણું તજવું. (૨) જાગવું. (૩) બેહોશ થવું. (૪) ભાનમાં આવવું.

૧૬. ઊંઘે સ્વપ્નાં સાંપો = નિદ્રામાં નવા નવા વિચાર આવે.

ઊંઘઆરામ ૧. પું. ઊંઘ લેવાથી મળતી શાંતિ.

૨. પું. નિદ્રા અને વિશ્રાંતિ.

ઊંઘઆસરી [ઊંઘ (નીંદર) + આસરું (ઉતારાનું)] વિ. ઊંઘથી ભરપૂર.

ઊંઘઊણું ૧. વિ. ઊંઘમાં બગાડેલું; નિદ્રાવશ.

ઊંઘઊણું ને ભુત્રઊણું સાસું ન બોલે = ઊંઘણશી અને ભુત્રડી માણસના કહેવા ઉપર વિશ્વાસ રાખી ન શકાય.

૨. વિ. બેદરકાર; સુસ્ત; આળસુ.

૩. વિ. બહુ ઊંઘવાની ટેવવાળું; ઊંઘણશી, નિદ્રાળુ; ઝોકાંખાઉ.

ઊંઘઊણું વિ. ઊંઘમાં આવેલું; નિદ્રાવશ. જુઓ ઊંઘઊણું.

ઊંઘણ ૧. જી. બહુ ઊંઘવાની ટેવ.

૨. જી. નિદ્રા; ઊંઘ.

૩. [સં. અંજ્ (ઓપવું)] ન. ઊંજવાની ચીજ.

ઊંઘણરોગ [ઊંઘણ (ઊંઘ) + રોગ (દરદ)] પું. ઈસ્વી સનની વીસમી સદી બેઠા પછી આફ્રિકામાં આવેલ અક્ષાંશમાં આખીયે ફેલાતો છવલેણ રોગ. તેમાં માણસને બીજું કંઈ જ થતું નથી, પણ ધીરજી ઊંઘ આવે અને કેટલાક દિવસ સુધી ઊંઘમાં ને ઊંઘમાં પડી રહ્યા પછી મરણ થાય. મુગટ ને તેની આસપાસના ભાગોમાં એક જાતની સોજ આ રોગ ફેલાવે છે. આ મરજ મરકીના જેવો હોઈને જ્યાં તેનો પ્રકાર થાય ત્યાં ઘણાં મરણ નીપજે.

ઊંઘણશી ૧ [ઊંઘણું (ઊંઘ) + સીલ (વસ્તુવાચક)] વિ. લાંબા વખત સુધી સૂનાર; ઊંઘાળુ.

૨. વિ. સુસ્ત; આળસુ; ઓદી.

ઊંઘણશીપણું [ઊંઘણશી (વિશેષ) + પણું (ભાવ અર્થનાર પ્રત્યય)] ન. બહુ ઊંઘવાની ટેવ.

ઊંઘતું ૧. [ઊંઘવું (સાદું) + તું (નાર)] વિ. આળસુ; સુસ્ત.

૨. વિ. બહુ ઊંઘ્યા કરતું.

૩. વિ. ઝોલાં ખાતું.

ઊંઘરાટું [ઊંઘ (નિદ્રા) + રાટું (પ્રત્યય)] વિ. ઊંઘણશી; નિદ્રાગ્રસ્ત.

ઊંઘરાવવું ૧. વિ. ઊંઘણશી બનવું.

૨. વિ. નિદ્રાથી ઘેરાયેલું.

૩. વિ. બેભાન; મૂર્ખ.

ઊંઘરેટું વિ. ઊંઘ ઘેરાયું.

ઊંઘવું ૧ અ. ક્રિ. અજ્ઞાનમાં રહેવું.

૨. અ. ક્રિ. આળસમાં પડ્યા રહેવું

૩. અ. ક્રિ. ઝોલાં ખાવાં.

૪. અ. ક્રિ. નિદ્રા કરવી; પોઢવું; સૂવું.

૧. ઊંઘતાનો પાડો ને જાગતાની પાડી = સાવચેત હોય તેની ભેંસ એટલે લાભ મળે ને જાગતામાં હોય તેને પાડો એટલે નકામી ચીજ મળે.

૨. ઊંઘતી બિલાડી ઉંદર પકડે નહિ = આળસુ માણસ હોય ઘર પાળી શકે નહિ.

૩. ઊંઘતી બહુ ને મૂંઝતો દીવો એ બે બરોબર = મહાલતનાં ફળ માઠાં.

૪. ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે = અજ્ઞાનીજોડે સાંભળે નહિ તેના જેટલું બહેરે બીજું કોઈ નહિ.

૫. ઊંઘી ઊઠવું = (૧) અજ્ઞાનપણું દૂર થવું. (૨) ઊંઘ પૂરી થયે જાગવું.

૬. ઊંઘી જવું = જોર જેર રહ્યું. તેનો બદલો લાગ્યો તો ઊંઘી ગયો પણ ઊઠ્યો એ તેમને કરવા તૈયાર થયો.—મુ. જૂની વાર્તા

૭. ઊંઘી જવું = (૧) અજ્ઞાન હોવાનો ઢોંગ કરવો. (૨) બદલવા જવું. (૩) દીસતું રહેવું; જોર જેર રહેવું. (૪) ઠરવું. (૫) કરતું છતાં સ્થિર હોય તેમ દેખાવું. (૬) બંધ રહેવું. (૭) સૂઈ જવું.

૮. ઊંઘેલું ને મરેલું બરોબર = ઊંઘવું મરેલ સમાન હોય છે.

૫. અ. ક્રિ. ભમરડાનું ગુંજ થવું.

ભમરડો ઊંઘી ગયો છે = ભમરડો ફરતાં ફરતાં સ્થિર જેવો દેખાય છે.

૬ સ. ક્રિ. પૈડામાં તેલ નાખવું; સંચાના પસારાની જગ્યાએ તેલ પૂરવું.

ઊંઘાઈ ૧. [હિં.] જી. ઊંઘ.

૨. જી. ઝોલાં ખાવાપણું.

ઊંઘકણું ૧. વિ ઓદી; આળસુ.

૨. વિ. બહુ ઊંઘ્યા કરે તેવું; બહુ ઊંઘવાની ટેવવાળું; ઊંઘણશી.

ઊંઘાખણું વિ. ઓદી; સુસ્ત. જુઓ ઊંઘાકણું.

ઊંઘાડવું (ઊંઘાડવું) ૧. સ. ક્રિ. ઉંઘે એમ કરવું; જંપાડવું; સુવડાવવું.

૨. સ. ક્રિ. મુલતવી રાખવું; પડતું મૂકવું.

ઊંઘાવું ૧. અ. ક્રિ. ઊંઘી જવું.

૨. અ. ક્રિ. નિદ્રા આવવી.

ઊંઘાસ ૧. [હિં.] જી. ઊંઘ; નિદ્રા.

૨. જી. ઝોલાં ખાવાપણું.

ઊંઘાળ ૧. વિ. ઊંઘણશી; નિદ્રાળુ.

૨. [ઊંઘ (નિદ્રા) + આળુ (વાળું)] વિ. ઓદી; સુસ્ત; ધીમું.

૩. વિ. નિદ્રાજનક; ઊંઘ આવવાનું.

૪. વિ. સહેજ સહેજમાં ઊંઘી જાય તેવું.

ઊંઘાળવું ૧. [ઊંઘ (નિદ્રા) + આળુ (વાળું)] વિ. ઓદી; સુસ્ત.

૨. વિ. બહુ ઊંઘનારું.

ઊંઘે ૧. [હિં.] અ. અહીંયાં.

૨. અ. ત્યાં, તે દેશમાં.

ઊંઘેરું ૧. વિ. ઊંઘથી ઘેરાયેલું.

૨. વિ. નિદ્રાવશ.

૩. વિ. બહુ ઊંઘવાની ટેવવાળું.

ઊંચ ૧. [સં. ઉચ્ચ] વિ. ઉચ્ચ; ઊપસું; પ્રૌઢ; ઉન્નત; ચડિયાતું.

૨. વિ. કુલીન; ઉત્તમ જાતિનું; ઉમદા.

૩. વિ. પ્રશસ્ત; ગૌરવવાળું; કીર્તિવંત; યશસ્વી.

૪. વિ. ભોટું; લાંબું.

ઊંચક [સં. ઉચ્ચ] વિ. અધર; ઊંચું.

ઊંચકનણી જી. વશમંત્ર એટલે ગણવાના ક્રમમાં આવતા વાંકી નણીવાળા મંત્રમાંનો વાપુ પાણીની શક્તિથી ક્રમ કરનારા નળમાં પેસાડવા માટેની નળી.

ઊંચકનીચક ૧. [ઊંચક (ઊંચું) + નીચક (નીચું)] ન. અવરોળ; ઊંચે નીચે જતો ફજેતફાળકો.

૨. ન. બાંગીની રમત. એક લાકડું ઊભું જમીનમાં ખોડીને તેની અણી ઉપર વચ્ચે ખાડાવાળું બીજું લાકડું રાખેલ હોય છે. આ લાકડાના બેઉ છેડા ઉપર એક એક જણને બેસાડીને તેને ગોળ ગોળ ફેરવાય છે.

ઊંચકનું ૧. [સં. ઉચ્च (ઊચું) + કર્યું (કામ)] વિ. ઊંચા કાનવાળું પ્રાણી. જેમકે, ઘોડો.
૨. વિ. મોડું સાંભળનારું
૩. વિ. બાનબહેરું.
૪. વિ. બહેરું; બધિર.
૫. વિ. બેતરકાર; સાંભળવું ન સાંભળવું કરનારું.

ઊંચકમેલ [ઊંચકનું (ઉપાડવું) + મેલવું (મૂકવું)] સ. ઉપાડીને નીચું મૂકવાપણું

ઊંચકવું ૧. સ. ક્રિ. ઊંચકી પકડવું; પકડી જવું.
૨. [સં. ઉચ્च (ઊચું) + કૃ (કરવું)]
સ. ક્રિ. ઉપાડવું; ઉઠાવવું; ઉપર લેવું.
૧. ઊંચકી આકાશને = તાણીતોડીને.
૨. ઊંચકી જવું = (૧) ઉપાડી જવું. (૨) ઊંચકી જવું. પકડી જવું. (૩) છૂપી રીતે અથવા સિફતોથી લઈ જવું. (૪) કોઈને ગર્ભ રહેવો બંધ થવો; બેતર આવવું અટકવું.
૩. સ. ક્રિ. (લાક્ષણિક) ખમવું.
૪. સ. ક્રિ. હાથ ઉપર લેવું.

ઊંચકાઈ [ઊંચકવું (ઉપાડવું) + આઈ (પ્રત્યય)] સ્ત્રી. ઉપાડમજૂરી; ઊંચકવાની મજૂરી.

ઊંચકાનું [સં. ઉચ્च (ઊચું) + કર્યું (કામ)] વિ. ઊંચા કાનવાળું. લુચ્ચો ઊંચકનું.

ઊંચકામણ [ઊંચકવું (ઉપાડવું) + આમણ (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉપાડમજૂ

ઊંચકામણી લુચ્ચો ઊંચકામણ.

ઊંચકાવવું સ. ક્રિ. ઉપાડવું.

ઊંચકાવું સ. ક્રિ. ઉપાડું; ઊંચું આવું.

ઊંચકીકૂચકી સ્ત્રી. અવનવું; નવીન વાત.

ઊંચકીદંડ પું. ખેડ બતની કસરત; સાથે દંડ અને બેઠક કરી, ઊંચા ઊભળી, નીચે પડી ઊઠાતો દંડ.

ઊંચતા ૧. [સં. ઉચ્च (ઊચું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ઉચ્ચતા; ઊંચાપણું; મોટાઈ. મોટતા.
૨. સ્ત્રી. કુલીનતા; ઉમદાપણું; અમીરાઈ.
૩. સ્ત્રી. પ્રશસ્તપણું; કીર્તિ; જશ.
૪. સ્ત્રી. લંબાઈ; ઊંચાઈ.

ઊંચવું વિ. (ગ્રામ્ય) અમવું; નમાવું; ફોગટ.

ઊંચવરિયા ૧. સ્ત્રી. સેઉલ્યા કબૂતરની એક બઢક.
૨. ન. એ નામની સેઉલ્યા કબૂતરની બઢકનું મકાન.
૩. વિ. સેઉલ્યા કબૂતરની એક બઢકનું.

ઊંચનીચ ૧. [સં. ઉચ્च (ઊચું) + નીચ (નીચું)] સ્ત્રી. ખડબચડાપણું.
૨. સ્ત્રી. ચઢતીપડતી; કાળચક્ર.
૩. ન. નફો અને નુકસાન.
૪. વિ. ઊંચી અને નીચી પંક્તિનું; કુલીન અકુલીન; જાતકજાત.
૫. વિ. ઊંચું અને નીચું; નાનું મોટું
ઊંચનીચ કેવાનું—જોવનું = (૧) બનાવની કરવી. (૨) ખૂબ વિચાર કરવો.
૬ વિ. ખાડાટેકરાવાળું; ઠેકડઠેકાળું; ખાબચડું
૭. વિ. વિષમ; સરખું નહિ એવું; અસરખું.

ઊંચપણું ન. સરસાઈ; અધિકપ.

ઊંચમનું ૧. વિ ઊંચા મનવાળું.
૨. વિ. ખિલ; દિલગીર; અપસન્ન.

ઊંચમૂચ ન. અજોખિનું; એકદમ; અચાનક.

ઊંચરેડું (ઊંચરેડુ) વિ. ઊંચું; મોટું

ઊંચલવું સ. ક્રિ. ઊંચકવું; ઉપાડવું; ઊંચાળો લઈ જતા રહેવું

ઊંચલું વિ. ઊંચું; ઉમદા.
દાસી ઊંચલી આવે બાર. પ્રેમાનંદ

ઊંચવા [સં. ઉચ્च (ઊચું) + વૃત્તિ (સ્થિતિ)] સ્ત્રી. (મરાઠી) ઊંચી જગ્યાનું; ટેકરો

ઊંચવો [સં. ઉચ્च (ઊચું) + વૃત્તિ (હોવાપણું)] પું. ઊંચપણાનો ભાવ.

ઊંચવું [સં. ઉચ્च (ઊચું) + કર્યું (કામ)] વિ. ઊંચી જાતિનું; ઉચ્ચવર્ણું.

ઊંચવર્ણું [સં. ઉચ્च (ઊચું) + વર્ણ (જાતિ) + કન્ (પ્રત્યય)] વિ. ઊંચી જાતનું.

ઊંચવર્ણું લુચ્ચો ઊંચવર્ણો.

ઊંચવાસો [સં. ઉચ્च (ઊચું) + વાસ (રહેઠાણ)] પું. જે ખાબુથી પાણી આવે તે તરફનો ભાગ; પાણીના વહનની વિરુદ્ધ દિશા; ઉપરવાસ.

ઊંચવાઈ ૧. સ્ત્રી. (અજોગ) આકાશી પદાર્થથી સ્થિતિજ ઉપર લેવાતો લંગ.
૨. [સં. ઊર્ધ્વ (ઊચું) + આઈ (પ્રત્યય)] સ્ત્રી. ઉચ્ચતા; શ્રેષ્ઠતા; અધિપતાપણું.
૩. સ્ત્રી. ઉન્નતિ, ચઢતી.
૪ સ્ત્રી ઊંચુ માપ; ઊંચાઈ.
૫. સ્ત્રી ચઢાવ; ઊંચાણવાળી જગ્યા.
૬. સ્ત્રી. (ગણિત) ત્રિકોણના ત્રિકોણિનું એટલે ઉપલી ભાજીમાંથી પાયા ઉપર દોરેલ લંગ.
૭. સ્ત્રી. પ્રખ્યાતિ.
૮ સ્ત્રી. (સંગીત) સ્વરની ઊંચાઈ.

ઊંચાઈઆંતરઆપકયંત્ર ન. અનુસ્થિતિજ એટલે સ્થિતિજને સમાંતર અને સામાન્ય રીતે અનુલંબ એટલે સીધા ખૂણા આપવાનું ઉપાડી લઈ જઈ શકાય તેવું યંત્ર; 'થિઓડોલાઇટ'.

ઊંચાઈ પું. ઊંચાઈ.

ઊંચાકાની [ઊચ્च (ઊચું) + કર્યું (કામ) + ઈ (પ્રત્ય)] સ્ત્રી. બહેરાપણું.

ઊંચાજોવું [ઊંચુ (ઉપર) + જોવું] વિ. ઊંચું જોઈને ચાલનાર; આભ સામું જોનાર.
ઊંચાજોયો બાવળિયો, નીચાજોઈ નાશ;
એકલપેટો વાણિયો, બે જણને કામ આવ.
લોકોક્તિ

ઊંચાઉ સ્ત્રી. ઊંચી જમીન; ટેકરો.

ઊંચાણ ૧. [ઊચ્च (ઊચું) + આણ (પ્રત્ય)] ન. ઊંચાઈ
૨. ન. ઊંચી જગા; ટેકરી; ભેખડ
૩. ન. ચઢાવ.
૪. ન. પ્રખ્યાતિ.
૫. ન. સ્વરનું ઊંચાપણું.

ઊંચાણઆંતરઆપકયંત્ર [ઊંચાણ (ઊંચાપણું) + આંતર (ઉકે) + આપક (આપનાર) + યંત્ર (સાધન)] ન. દૂરદિગ્સૂચંત્ર; ત્રિકોણમિતિમાં અનુસ્થિતિજ એટલે સ્થિતિજને સમાંતર અને અનુલંબ એટલે સીધા ખૂણા આપવાનું દૂરબીન; 'થિઓડોલાઇટ'.

ઊંચાનીચું ૧. વિ. ઊંચાઅનીચાવાળું; સમથળ નહિ એવું
૨. વિ. તલપાપડ; ધૂંવાંપૂંવાં; બળબળી ઊઠેલું.
ઊંચાનીચું કરવું = (૧) ખુલમ કરવો; રિબાવવું; દુઃખ દેવું. (૨) બેદરકારીથી વર્તવું.

ઊંચાપણું ન. ઊંચાઈ.

ઊંચાપ પું. ઊંચાઈ.

ઊંચાપ સ્ત્રી. ઊંચાપણું.

ઊંચાહટ સ્ત્રી. ઊંચાપણું.

ઊંચાહત સ્ત્રી. ઊંચાઈ

ઊંચી ૧. સ્ત્રી. તારના જેવા સામસામા લાંબે મકો વાળેલો આમળો.
૨. વિ. સ્ત્રી. ઊંચાણવાળી.
૩. વિ. સ્ત્રી. કાઢાળી; લાંબી.

ઊંચી કેળવણી સ્ત્રી. સંસ્કારવિદ્યા; ઉદાત્ત કે ઉચ્ચ શિક્ષણ; પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લેવાયા પછી વિદ્યાલયમાં લેવાતી વિદ્યા; 'લિબરલ એજ્યુકેશન'.

ઊંચી બેઠક સ્ત્રી. વેદિ; ઓટો; 'પ્લેટફોર્મ'.

ઊંચીઅવાવાહુ [સં. ઉચ્ચૈઃશ્રવસ્ (ઉત્તમ ઘોડાનું નામ) + વાહ (વાહ કે અવાજ)] પું. (ઠિંગણ) ઉદ.

ઊંચું ૧. વિ. અતિશય તાણેલ.

૨. [સં. ઉચ્ચ] વિ. ઊર્ધ્વ; અધિકાધું; મોટું; ઉત્તમ; પ્રૌઢ; ઉન્નત.

૧. ઊંચામાં ઊંચું = ઉત્તમોત્તમ, શ્રેષ્ઠતર, ઉત્તમોત્તમ.

૨. ઊંચી જાતનું = (૧) ઠેઠજાતી વર્ગેરેના વર્ગનું. આ પ્રયોગ મરાઠીમાં વપરાય છે. (૨) સરસ; તોલા.

૩. ઊંચે હાથ રહેવો = (૧) અધિકાના નીવડવું; જેર થવું. (૨) થોડો વિરોધ હોવા છતાં કરાવનું પસાર થવું. (૩) ખીજા કરતાં વધારે કૌશલ્યવંત નીવડવું.

૩. વિ. ઉપર ચોલું.

૪. વિ. ઉમદા; અમીર; મહાન; ખાનદાન.

૧. ઊંચી જાત = ખાનદાન કુટુંબ

૨. ઊંચું કુલ-ઘર = સારું સંસ્કારી કુટુંબ; ખાનદાન કુલ.

૫. વિ. ઊંચી આકૃતિમાં બધું હોવું; સપાટી ઉપરની ઊંચી લંબાઈવાળું.

૧. ઊંચા ખેસો બાંધિયે, નીચા જોડી જાર, ખેડ્યાપેટો વાવિયો એ મનેનું બો બાળ = ઊંચું જોઈને આસતો બાળ, નીચું જોઈને આસતી સ્ત્રી તેમ જ રવાબી વાવિયાની સંગત કરવી નહિ, કરવાથી તેમાંથી પરિણામ સારું આવતું નથી.

૨. ઊંચાનીચા પાસા પડવા = બાંધુંબાંધ્યું સમજણી ખાબવું, ઠાવકેપ રમવો; બોબલીને પોતાના જાતું કરવું.

૩. ઊંચા બોલ બોલવા = મગરૂરીથી બોલવું.

૪. ઊંચાં મન = દુરમનાપણું; વિખવાદ.

૫. ઊંચાં મન થવાં-ઊંચું મન થવું = અણબનાવ થવો; અસમ્મતિ થવી.

૬. ઊંચી આંખ કરવી = (૧) આંખ ઠેરવીને સામું જોવું. (૨) હિંમતથી સામે થવું કે જોવું.

૭. ઊંચી આંખ ન કરવી = (૧) નરમાશ બતાવવી. (૨) મંદવાડ બહુ હોવો. (૩) શરમાવું.

૮. ઊંચી આંખો કરાવવી = (૧) આશા આપી અધીરાઈ ઊપજે તેમ લંબાવવું. (૨) ચિંતા કરાવવી; છળ કરી કે ખોબ કરવું. (૩) વટ બેસાડવો.

૯. ઊંચી આંખળી કરવી = (૧) ઠીકાણું કાઢવું; ઊંચી જાતની મેળવી. (૨) પ્રસ્તાવમાં આવવું; લોકોનું પોતા તરફ ધ્યાન ખેંચવું.

૧૦. ઊંચી ગ્રેહે બેસવું = આતુરતાથી રાહ જોવી.

૧૧. ઊંચી નજરે જોવું = આસ કરીને નજર કરવી.

૧૨. ઊંચી મૂછ રાખવી = (૧) ઉપર હાથ રાખવો. (૨) ગર્વ કરવો. (૩) ટેક રાખવી.

૧૩. ઊંચી સીડી ચડવી = ઊંચી પદવી મેળવવી.

૧૪ ઊંચું આવવું = (૧) ઉન્નત થવું; ચડતી થવી; આબાદી હોવી. (૨) ઊંચે આવવું. (૩) ગર્વ કરવો. (૪) ચડવું; ફૂલવું. (૫) અધિકાતા થવું. (૬) પાસે આવવું

૧૫. ઊંચું ઊંચું આવવું = (૧) અભિમાનથી ચાલવું; રોફબેર આવવું. (૨) બીજાને પણ અડાબા વિના ચાલવું. (૩) કપટાબંધ હોવું.

૧૬. ઊંચું કરવું = (૧) ઉઠોરવું. (૨) ઊંચે ચડાવવું. (૩) ખેંચી કાઢવું; નિર્મૂળ કરવું.

૧૭. ઊંચું ચાવું-જોવું = પોતાનાં વખાણ કરવા.

૧૮. ઊંચું થવું = (૧) અભિમાની થવું. (૨) ઉપર ચડવું. (૩) ફૂલાવું. (૪) મોટો દરજ્જો મેળવવો.

૧૯. ઊંચું ચડાવવું = (૧) ખોટાનો ખોટો બનાવ બનાવો; વખાણ કરી ફૂલાવવું. (૨) મોટી પદવીને લાયકી મેળવવી.

૨૦. ઊંચું જવું = મરી જવું.

૨૧. ઊંચું જોવા પગવું નહિ = (૧) ખૂબ કામમાં રોકાઈ રહેવું. (૨) શરમને લીધે ઊંચી નજર કરી શકાશે નહિ.

૨૨. ઊંચું જોવું = (૧) અભિમાન કરવું. (૨) કુમાર્ગે જવું.

૨૩. ઊંચું જોવું નહિ = સામી નજર ન કરવી.

૨૪. ઊંચું થવું = (૧) નાખુશ થવું; નારાજ થવું. (૨) ખેદિત થવું.

૨૫. ઊંચું દિલ રહેવું = (૧) અસ્વસ્થ રહેવું; ચિંતા થવી. (૨) ખિન્ન થવું.

૨૬. ઊંચું નીચું રાખીને-જોઈ કરીને જોવું = (૧) અહંકાર રાખીને જોવું. (૨) ગમે તેમ જોવું.

૨૭. ઊંચું ને ઊંચું શ્વાસું રાખવું = ગમાર જેવું; પારકાજોર થવું.

૨૮. ઊંચું ને ઊંચું જોવું = (૧) ગ્રમ કરવાનો કંટાળો હોવો. (૨) મગરૂરીમાં રહી જવું.

૨૯. ઊંચું બાંધવું = (૧) કાબૂમાં રાખવું. (૨) વટ્ટમાવવું.

૩૦. ઊંચું જોવડ = (૧) ગ્રમ કરવાથી દૂર જોવું. (૨) નિરુદ્યમ થવું. (૩) રજસ્વલા થવું; બાળમા જોવડ (૪) વાતમાંથી મન ઊઠી જોવું. (૫) હાથ ઉઠાવી લેવો.

૩૧. ઊંચું મન = (૧) અભીપ્સિત; કંટાળો. (૨) ઉદાર મન; ઉમરાવ જીવ.

૩૨. ઊંચું બાંધું કરવું = (૧) કામથી પરવારવું. (૨) બીજા કરતાં અધિકાતાપણું બતાવવું; હલકી સ્થિતિમાંથી સારી હાલતમાં આવવું (૩) સામે થવું.

૩૩. ઊંચું મકવું-મેલવું = (૧) ભોકું કરવું. (૨) ચોરવું; ઓળવવું. (૩) બાજુએ મકવું; દૂર મકવું. (૪) વગરનું થવું. (૫) વિસારે મેલવું. (૬) વેરાતા પોલાને ઠેકાણે મકવું. (૭) સંધરવું. (૮) સંતાડવું.

૩૪. ઊંચું મોં કરીને જોવું = (૧) અહંકાર રાખીને જોવું. (૨) ગમે તેમ જોવું.

૩૫. ઊંચે આભ ને નીચે ધરતી = નિરાધારપણું.

૩૬. ઊંચે જોનારનું મોં નીચું = અભિમાની માણસ નીચે પડે

૩૭. ઊંચે આરે = (૧) આરંભ વખત; અડધા વખત. (૨) ઉતાવળે; ઝડપથી; કપાટાબંધ.

૩૮. ઊંચેથી પડ્યા ને ઠપ મૂક્યા = ઝટ તોડ કાઢવો; એકદમ નિકાલ કરવો.

૩૯. ઊંચો જવ = (૧) ઉપર આવ. (૨) આબરૂ જવ. (૩) મરી જવ.

૪૦. ઊંચો છળ = (૧) અસ્વસ્થતા; અશાંતિ. (૨) કંટાળો; અકળામણ.

૪૧. ઊંચો છળ કરાવવો = ચિંતા કરાવવી.

૪૨. ઊંચોનીચો પગ પડવો = અભિસાર કરવો.

૪૩. ઊંચોનીચો હાથ પડવો = (૧) ઊંચાનીચા કરી સારી પેઠે કમાવું. (૨) ચોરીથી મેળવવું.

૪૪. ઊંચોનીચો હાથ પડવો = ચોરવું; ઓળવવું.

૪૫. ઊંચો પડવંદ = પર્વત જેવો ઊંચો.

૬ વિ. ઊંચે જતું.

૭. વિ. ચડાવવાળું.

૮. વિ. બોલવાળું.

૯ વિ. તીવ્ર.

૧૦. વિ. દેખાવમાં આવે એવું.

૧૧. વિ. પ્રખ્યાત.

ઊંચી દુકાન = પ્રખ્યાત; જાણીતી દુકાન.

૧૨. વિ. મર્મ.

૧૩. વિ. મોટેથી બોલાતું; ઊંચા સ્વરવાળું.

ઊંચે સાદે = મોટેથી તાણીને; જોર પડીને.

૧૪. વિ. લાંબુ.

૧૫ વિ. સહેજ બહેરું; ઊંચાનું.

ઊંચું સાંભળવું = બોલીએ બહેરાશ હોવી.

૧૬. અ. ઉપર; ઊંચે ઊંચે; બાજે.

ઊંડું કર વ. ખાનદાન કુટુંબ.

ઊંડુંબોડું વિ. ઉંડે બોડીને ચાલનારું.

ઊંડુંનીચું ૧. વિ. ખરબચડું; સપાટ નહિ એવું
૨. વિ. તલપાપડ; ધૂંવાંપૂવાં; બળાબળી કરેલું.
૧. ઊંડુંનીચું કરવું = (૧) ખુશમ કરવો; રિબાવવું; દુઃખ દેવું. (૨) નીચે દાબવું અને ઊંચું કરવું (૩) બેદરકારીથી વર્તવું. (૪) વેરાવું કેમાંથે કરવું; ઘટતે કેમાંથે મારવું. વેરબુમેરબ પોતાને કેમાંથે કરી સામસામે કરવું. (૫) હલાવવું, ફેરવવું.
૨. ઊંડુંનીચું થવું = (૧) બેચીસ બનવું, તાલાવેલી લાગવી; ઇષ્ટ તલપાપડ થવો, તૈયાર થઈ રહેવું; ઉતાવળા થવું. (૨) બાતુર થવું.

ઊંચે ૧. [સં. ઊર્ધ્વ] અ. ઉંચી જગ્યાએ; ઉંચાણમાં; ઉંચી દિશામાં.
ઊંચે સ્વરે = બૂમ પાડીને; તાણીને.
૨. અ. ઘટાડવું; અંદર.

ઊંચેતર [સં. ઉચ્ચ (સમ) + તર (વધારે)] અ. વધારે ઉંચે.

ઊંચેરું (ઉંચેરું) ૧. વિ. ઉંચું.
૨. વિ. વધારે ઉંચું.
૩. વિ. વધારે સરસ; ચડિયાતું.

ઊંચેરું ૧. [સં. ઉચ્ચતર] વિ. ઉંચું દેખાતું.
૨. વિ. પુણવાન.
૩. વિ. વધારે ઉંચું.

ઊંચેરું વિ. ઉંચું; ઉન્નત. જુઓ ઉંચેરું.

ઊંચો સૂર પું. (સંગીત) તાર બેટકો તીખો સ્વર; બહુ સંભળાતો સ્વર.

ઊંઝ પું. (સંગીત) એક રાગનું નામ.

ઊંજણ ૧. [સં. અભ્યંજન (આંજવું)] ન. ઊંજવાનું તેલ; સગામાં બસારાની જગાએ પૂરવામાં આવતો ચીકણો પદાર્થ.
૨. ન. ઊંજવું તે; તેલ, દિવેલ વગેરે લગાડવું તે.
૩. ન. ભૂત કહવા ઊંજણવી નાખવાની ક્રિયા.

ઊંજણવી ૧. [સં. અભ્યંજન (આંજવું)] જી. ઊંજવું તે; ઊંજણની રીત; ઝોડાપટવાળાને મંત્રજંત્રથી કાઢવાની ક્રિયા; મંત્ર ભણીને કપડા કે સાવરણીની પીંછીથી ભૂત દૂર કરવાની વિધિ; ઊંજણ.
ઊંજણવી નાખવી = (૧) ઝોડાપટવાળાને મંત્ર ભણી સાવરણી કે મોરપીંછથી કાઢવું તે. (૨) મંત્ર ભણી દરદ ઉપર લોઢું ફેરવવું.
૨. જી. તેલ ઊંજવાનું વાસણ.

ઊંજવું ૧. ન. ગતમાગ; ઘટસો.
૨. ન. પરણીને આવેલ વરકન્યાને પોંખીને ઘરમાં લેવાની ક્રિયા.
ઊંજતું પુખવું = પરણીને આવેલ વરકન્યાને પાખવાં.
૩. [સં. ઉજ્જવલ (પ્રકાશવું)] ન. રાખી કે રાજકુવરીનો રસાલો.

ઊંજરો જાં. ખળાં ભરવી વખતે ખેરાત માટે જુદી રાખવામાં આવતી અનાજની ઢગલી. ખમાટનો ભાગ.

ઊંજવું ૧ [સં. અભ્યંજ્ (ચોપડવું)] સ. ક્રિ. તેલ પૂરવું; ચીકણી વસ્તુ ચોપડવી.
તેલ ઊંજવું = તેલ પૂરી ચીકણું કરવું
૨ સ ક્રિ મંત્રવું. મંત્ર ભણી પીંછી કે કપડાના છેડાથી વા નાખવો; રોગ મટાડવા મંત્ર સાથે લોઢું ફેરવવું; રોગ કે ભૂત પ્રેતવા ઊંજણવી નાખવી.
ધારવું ઊંજવું = મંત્રેલ લોઢાનો ડામ શરીર ઉપર ફેરવવો.

ઊંજાવવું ૧. સ. ક્રિ. ચીકણ ચીજ ચોપડાવવી.
૨. સ. ક્રિ મંત્રાવવું; ઊંજે એમ કરાવવું

ઊંજાવું ૧. સ. ક્રિ. તેલ ચોપડાવું.
૨. સ. ક્રિ. મંત્ર ભણીને ઊંજણવી નખાવી.

ઊંઝા ન. મહેસાણાથી તેર માઈલ દૂર આવેલ એક ગામનું નામ; ઉમાપુર. ત્યાં કડવા પાટણીની કુળદેવી ઉમાદેવીનું મોટું મંદિર છે. કડવા પાટણીમાં દર બાર વર્ષે થતાં લગ્નની મિઠી ત્યાં થાય છે.

ઊંટ ૧. પું. પગો ઉંચો પાલતુ.
૨. પું. મર્મ અને ખોળો પાલતુ.
૩. પું. ચોતરંજની રમતમાં ઉંટનું મોરું; 'બિશપ'. તે બધી બાજુએ ત્રાસી રીતે ચાલે છે.
૪ [સં. પદ્ (ચાર પગવાળો) ઉપરથી ઉપ્ર; પ્રા. ઉટ્ટ] ન. રણનું એક જનાવર; રેતીમાં બાલ ઉપયોગી પશુ; સાંઢિયો; દીર્ઘગતિ; દીર્ઘગ્રીવ; અરણ્યનૌકા; કંટકભક્ષક; કંટકશન; રાસભ. ઉષ્ટ્ર શબ્દનો અર્થ પદ્ એટલે ચાર પગવાળો એ ધાતુ ઉપરથી થયો છે અને તેનો અર્થ ચાર ઉંચકનાર પ્રાણ છે. સંસ્કૃત ઉષ્ટ્રમાં પ્રાકૃતની અસરથી અસલ નહિ તેવું અનુસ્વાર દાખલ થતાં ઉંટ શબ્દ થયો. તે ગરમ અને પાણી વગરના દેશમાં બહુ થતું હોઈને એશિયા અને આફ્રિકાના ગરમ પ્રદેશમાં જોવામાં આવે છે. તેનું મૂળ સ્થાન આફ્રિકા અને એશિયા ખંડનો પૂર્વ ને પશ્ચિમ ભાગ છે. સાતથી બાર કુટ ઊંચા ચોપગા અને બારબરદારી આ પ્રાણીની આકૃતિ બહુ મોળા હોય છે. મોટું નાનું ને લાંબુ, ઠોઠ લાકડા, ઠોઠ લાંબી ને કમાનદાર, ડોક મોટા, કેશવાળ શાંત, પીઠ ઉપર ખૂંધ, શરીરના પ્રમાણમાં પગ પાતળા અને લાંબી કરતાં લાંબા, મોઢ ને પૂછડું ટૂંકાં, રીંગડાં વગરનું અને રંગે પીળાશ પડતું, તબખીરી કે ભૂરું હોય છે. પોષ કરતાં ચારગણો બોજો તે ઉપાડી શકે છે. પેટમાં ૩૦ થી ૪૦ દિવસ ચાલે એટલો ખોરાક તે સંઘરી રાખે છે. એ આમોશવાળું પ્રાણી છે; પણ ખીજવનારનું વેર વાળે છે. તે પાણીમાં પડે તેનું જ ઊલટી બાબ ને કૂબતું બચવા કાંઈ જ પ્રયાસ કરતું નથી. ઉંટની બે જાત: એક સાધારણ બચવા અરબી અને બીજી બનાદાદી બચવા બક્ટ્રી. અરબી ઉંટની પીઠ ઉપર એક ઢોલ હોય અને તે અરબસ્તાન, હિંદુસ્તાન અને ઉત્તર આફ્રિકામાં જોવામાં આવે છે. બનાદાદીની પીઠ ઉપર બે ઢોલ હોય અને બાસ તે એશિયાના મધ્ય પ્રદેશ, તુર્કસ્તાન, ઈરાન, તિબેટ, તાતાર અને ચીનમાં જોવામાં આવે છે. ઉંટના વાળ પીંછી અને કપડાં બનાવવામાં વપરાય છે. આ પ્રાણી ઉપર માત્ર સવારી જ કરતા નથી, પણ તેનું દૂધ, માંસ, અને ચામડું એ બધું ક્રમમાં લે છે. તેનું જીવન ચાળીસ વર્ષનું બનાય છે. તે બારે જોજે ઉપાડી સેંકડો ગાઉની મજલ કરી શકે છે. વળી તે પાણી વગર ૮૦બાક દિવસ રહી શકે છે. ઉંટણી એક વેતરે એક બચ્ચું બાપે. તેનું દૂધ બારું બારું હોય.
૧. બદારે વળ્યાં ઉંટનાં અંગ બોલાં = અટાવક્ક કરવું; કૂબકું.
૨. ઉંટ બાગળ કરવું = બોબબ સામે બીબને બાગળ કરવો. બહનાં બીબવાળાં બારણાં બાગળ ઉંટ રાખી હાથી પાસે બક્કો મગાવે છે, જોથી ઉંટ મરી 'બબ ને હાથીના જોરે કિલ્લાનાં બારણાં તૂટી પડે. તે ઉપરથી બા પ્રયોગ થયો છે.
૩. ઉંટ બોંગરતાં પલાણ્યું = બનિચ્છાએ કોઈ પાસેથી કામ લેવું તે
૪. ઉંટ ચરીની વાવડી = રણમાં ઉંટ વાવ સમાન છે: કબંધ પાણી ન મળે ત્યારે બાણસો ઉંટની કોબરીમાંથી પાણી કાઢી પોતાનો જીવ બચાવે છે.
૫. ઉંટ ચડે કુવા માટે = ઉંટિ બેઠાં કૂતરું કરડે; બણધારી બાફત બાવી પડે.
૬. ઉંટ જેવડો થયો પણ બકલ ન બાવી= લાગ્યે થવા છતાં કોચિવારી ન બાવવી.
૭. ઉંટ જેવું = મૂર્ખ.
૮. ઉંટ ને વળી ઉકરડો બાકો = કૃપાત્રને વધુ પડતી બાબત્રત મળે તો તે છટકી શકે નહિ.
૯. ઉંટ, વાઘણનું ને વાંદરાં એ ત્રણે કૂળ ન રહે = તોફાની બાં બાત લાં તોફાન કર્યા વગર રહે નહિ.

૧૦. ઊંટ, બાઠલ્યું, બોજ્યું (લાલ બોનુ વાંદરું) એ ત્રણેનો વિશ્વાસ નહિ એ ત્રણેને હોડીમાં ન બેસાડવાં = અટકચાળું હોય તેને જોઈ વિચારીને કામ સોંપવું.

૧૧. ઊંટ મરે તો સરભરનું = જેને કાંઈ જોવાહેવા ન હોવા તે. કાંઈ લાગુંવળગતું ન હોય અને બાલમેલ કરતો હોય તેને માટે આ પ્રયોગ વપરાય છે.

૧૨. ઊંટ મરે ત્યારે મારવાડ-માળવા બળી જુએ = વતન માટે સૌને બહુ પ્રેમ હોય. જૂનો પૂણે ત્યારે ઘર તરફ નાળિયેર નાખે; બધાની નજર પોતાના લાભ તરફ હોય.

૧૩. ઊંટ માંદે ઊંમાપ નહિ = સલામતી વગરના કેસમાં સુખશાંતિ ન હોય.

૧૪. ઊંટ મેસે આકડો ને બકરી મેસે કાંકરો જે બન્યું તે બાતુ; ઊંટ આકડા સિવાય ને બકરી કાંકરા સિવાય બધું ખાય છે તે ઉપરથી આ પ્રયોગ બન્યો છે.

૧૫. ઊંટ લાવ્યું તો પૂછું કૂંડું = બધી જાતની સરભરાઈ ન હોવા.

૧૬. ઊંટડો કેમ્પી-કઈ તરફ બેસશે ? = પરિણામ કેવું આવશે ? દશા શું નીપજશે ?

૧૭. ઊંટના અવળા પગ = કોયડો હોય તેવા ઊલટું કરવું.

૧૮. ઊંટના ઊંટ મળી જવા = મોટી રકમો ઓહિયાં કરી જવી.

૧૯. ઊંટનાં બકારે પાંચાં = મૂર્ખ માણસથી કાંઈ સારું થાય નહિ.

૨૦. ઊંટનાં શીંગડાં = અસંભવિત વાત. જેમકે, ઊંટને શીંગ હોતાં નથી.

૨૧. ઊંટની ખોતી બોલરી = ઊલટી કરવી. ઊલટીનો બનાવ થયો.

૨૨. ઊંટનું પગલું તો બાણતો નથી = ઊંટનાં પગલાં જેવી મોટી બાબત તે ઓળખતો નથી. બિનવાકેફગાર માણસ માટે આમ કહેવાય છે.

૨૩. ઊંટને તો મારે ય ઢાકા અમાસુ = હમેશા બેબસરખી દુઃખવાળી સ્થિતિમા રહેવું.

૨૪. ઊંટને મોઢે છઠ્ઠું = બહુ બાઉંચા બાજા કોઈ સ્વાદવાળી ચીજ ઉપરથી જતાં વાર લાગતી નથી. કોઈ બાવાની વસ્તુ ઊંટ બાજા બહુ વાર રહે નહિ.

૨૫. ઊંટને મોવાસો હોય કે ? = કોઈ બાબતનો બાધકાર ન હોવો. ઢોરને મોવાસો બાય એટલે કાંઈ બાઈ શકે નહિ, પણ ઊંટ તો બાકડા સિવાય બધું બાય છે, એટલે કે તેને મોવાસો હોતો નથી.

૨૬. ઊંટને મોંએ કાંબરાં = કમનસીબ જનાં બધા હંમેશાં દુઃખ જ ભોગવે.

૨૭. ઊંટને શીંગડાં બોઈને જ નથી બાપ્યાં = કુદરતે સૌને પોતપોતાની જરૂરિયાત અને લાયકાત પ્રમાણે બાપેલું હોય છે.

૨૮. ઊંટ કહ્યામાં કેમ તો બાપણે કર્યાં કાંઈ = સીધી રીતે ન બાનનારને બાડી રીતે મનાવવા જોરજુલમ કરાય છે.

૨૯. ઊંટ ચરીને બાવજો = લેવું લેવાને ખુશીથી જમે તે વખતે બાવજો, લેવું લેવા બાનોબાનો ન બાવતાં બધાં દેખતાં બાવજો.

૩૦. ઊંટ ચરીને ઊંચકું ને સંભારીને નામુ લખવું = નુકસાનીવાળુ કામ કરવું. ઊંટ ચરીને બંધાવ્યું પછી જરાય બને વાગે તેમજ માત્ર વાદ કરીને નામુ લખવાથી વખતે ટટલુંક બાવી બાય. એ બેય નુકસાનવાળા કામ છે.

ઊંટકટાર [સં. ઉષ્ટ્રકર્ણ] પું. ઊંટને બહુ બાવતો એક કાંટાળો છોડ; બંટકટો. બાંબા અને કાંટાદાર પાનવાળા બા છોડના ફળમાં પણ કાંટા હોય. તેના ફળને પાણીમાં પલાળી બારેવતીને સુવાવડ વખતે પાવાથી તે બહુ સારી બાય. કોઈ કોઈ બાને બળતણમાં પણ બાને છે.

ઊંટકટારા [હિ.] પું. ઊંટને બાવતો એક બાતનો ચોર. જુઓ ઊંટકટાર.

ઊંટકટારો પું. એક બાતનો કાંટાવાળો છોડ; ઊંટકટો.

ઊંટકટો ૧. પું એક બાતનું ફૂલ.

૨. [સં. ઉષ્ટ્રા] પું. એક બાતનો કાંટાવાળો છોડ. કાટાળી તો તે સુમારે બે હાથ ઊંચો, ફળ લાલ, ને કાંટાળાં, રંગ બોળો, ફૂલ પીળાં, પાદડાં બાબળા બાવમાં અને નાક ઉપર સોદ રંગના કાંટાવાળાં હોય. ઉનાળામાં સુકાઈ બઈ ચોમાસામાં ફરી બાય. તેનું બળ રેચક અને સુખે પ્રસવ કરે છે એમ મનાતું હોવાથી તે બીને ખોટલે બપાય, પણ પ્રસવ થયા પછી તરત જ છોડી નખાય.

ઊંટકટો (ઊંટકટો) ૧. પું. એક બાતનું ફૂલ.

ઊંટકટા ફૂલ સ્વાદ છે પીળાં. નર્મદાશંકર

૨. પું. એક બાતનો કાંટાવાળો છોડ. જુઓ ઊંટકટા.

ઊંટકટાર પું. એક બાતનો કાંટાવાળો છોડ. તેને બપડાં બહુ બાવ છે.

ઊંટકટો પું. એક વનસ્પતિ. જુઓ ઊંટકટો.

ઊંટગણ ૧. [હિ. ઉટગન] ન. એક બાતનું ધાન્ય; સિતિયાર; સિતિયર; સ્વસ્તિક; સુનિષણ્ણક; બીવાણક; સન્નિપત્ર પર્ણિકા; સિખી.

૨. ન. ચાલું નામકસ્તર.

ઊંટગાડી જી. સાંઢિયાથી બાલતી ગાડી.

ઊંટડી (ઊંટડી) ૧. જી. ઊંટની માદા. ઊંટડી ઊંટને દેખાડવામાં ન બાવી હોય અને બાલવામાં બબરી હોય તેને સાંઢ બબલ સાંઢણી કહે છે.

૨. જી. ગાડીના કામવાને બબીનથી ઊંચે રાખનાર લાકડાનો કટકો. જુઓ ઊંટડો.

૩. જી. ધાબાના કામમાં બાવતું સોનીનું બોજ બોજાર.

૪. જી. બહુ ઊંચી બી.

ઊંટડો (ઊંટડો) ૧. [સં. ઉષ્ટ્ર (ઊંટ)] પું. બાડો; હાડો; બાડું રહ્યું વજેરામાં કામવાને બબીનથી ઊંચે રાખનાર લાકડાનો કટકો; બાડાની પૂંસરી નીચે રખાતું પહા જેવું કેડબુ. તે કામવું બબીનથી ઊંચે રાખવાને ને ધોંસરાનું બાડું બાંધવાના ઉપયોગમાં બાવે છે.

ઊંટડો કાબવો = (૧) કબાનું ચેવિદાળ નકી થવું. (૨) કામ કરેલમંદ થવું.

૨. પું. બાળસુ અને મૂર્ખ માણસ.

૩. પું. ઊંચો માણસ.

૪. પું. (વહાણવટું) ખૂણા અને મરા સાથે બાડું બાંધવામાં બાવતું લાકડું.

૫. પું. ટેકો; ઊંચો થાંભલો.

૬. પું. નર ઊંટ; સાંઢિયો.

૭. પું. ભારે વજન ઊંચકવાનો, ઉતારવાનો અને લટકાવેલ વજનને સમાંતર જગ્યાએ બસેડવાનો સંગ્રો; 'જૅક'. તેનો દાંડો સાંઢિયાની ડોકને મળતો બાવતો હોવાથી બા નામ પડયું છે.

ઊંટપગલી જી. એક કેસી રમતનું નામ; ઊભાંટ ગુલાંટ. તે હમેશા બેકો બાણસોથી રમી શકાય. બેકા બેકા રમતી વખતે બેય જણા હથેળા જબીન ઉપર ટેકવીને ઊભાકટ કે ઘૂંટણ ઉપર બેસે છે અને પછી તેમાનો એક પગ ઊંચા કરીને બીજાની પીઠ ઉપર વારાકરતી ગુલાંટ મારે છે. બેય રમનારા બિના બિના પણ એકબીજાના બાધારે ગુલાંટ બાઈ શકે છે.

ઊંટલાટ [ઊંટ + લાટ (છાણ)] જી. ઊંટનાં લીડાં.

ઊંટલાંપડો (ઊંટલાંપડો) પું. એક બાતના પાસનો સુપ. તેની સળી પણી પાતળી અને બાડીબાવળી હોયછે અને પાન પણાં લાંબાં હોય. તેમાં ઢોરા જેવી બાતના ફૂલની ચમરી બાવે. બીજી પાસની સાથે બીજાતું બા પાસ ઢોર અને ઊંટને બહુ બાવે છે.

ઊંટલાંપડું ન. એક બાતનું લાંબી સળાંગોવાળું બાડ. તેની સાવરણી બને છે. જુઓ ઊંટલાંપડો.

ઊંટની [હિં.] સ્ત્રી. ઊંટની માદા. સાટણી.

ઊંટવડ (ઊંટવડ) વિ. બહુ ઊંડું. ઊંટ સમાઈ જાય એટલું ઊંડું.

ઊંટવડ વિ. ઊંટની ઊંચાઈ જેટલું વહાર્યું કે ખોદાઈ ગયેલું; ઊંટ ન દેખાય તેટલું ઊંડું. જેમકે ઊંટવડ મારગ એટલે ઊંટ ન દેખાય તેટલો ઊંડો મારગ.

ઊંટવાન [હિં.] પુ. ઊંટને હાંકનાર માણસ.

ઊંટવેલ [ઊંટ (સાંઢિયો) + વેલ (ગાડી)] સ્ત્રી. ઊંટથી ચાલતી ગાડી.

ઊંટવૈદ ૧. [ઊંટ (મૂર્ખ) + વૈદ (દવા કરનાર)] પુ. લેભાગુ વૈદ; વૈદકશાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના બોગસ જ્ઞાનથી બરાર થઈ બેઠેલ વૈદ; વગર આવડતે વૈદું કરનાર માણસ; નીમવૈદ; નીમહકીમ.
૨. વિ. પોતાને મોઢે પોતાની હોશિયારીની બડાઈ હાંકનાર; ડંફાસ મારનાર; મૂર્ખ.

ઊંટવૈદી [ઊંટ (મૂર્ખ) + વૈદ (દવા કરનાર) + ઈ (પ્રત્યય)] વિ. સ્ત્રી. બાવાથી નુકસાન કરે તેવી દવા.

ઊંટવૈદું [ઊંટ (મૂર્ખ) + વૈદું (દવા કરવાનું કામ)] ન. રાક્ષસી દવા કે ચિકિત્સા કરવી તે; વૈદાનો ડોળ.

ઊંટવૈદ્ય પુ. લેભાગુ વૈદ; વૈદકશાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના બોગસ જ્ઞાનથી બરાર થઈ બેઠેલ વૈદ.

ઊંટશાસ્ત્ર ન. તાત્ત્વિક કે અવસ્થિત નહિ એવું શાસ્ત્રમાં મૂળ સિદ્ધાંતો અને પરખી ગોઠવણી વગરનું પોથું.

ઊંટાંડિયું ૧. ન. તાપણું; આંકડી.
૨. ન. સસણી; અમૃતવેલ; એક રોગનું નામ.

ઊંટિયાળકું ૧. ન. એક જાતનાં બી; ધાણજીરું; ઓયમીજરું.
૨. ન. એક જાતનો છોડ.

ઊંટિયાળું ન. ઓયમીજરું.

ઊંટિયું ૧. ન. ઊંટડો; બારે વજન ઊંચે લઈ જવાનું, નીચે ઉતારવાનું અને એક જગ્યાએથી બીજી જગ્યાએ બસેડવાનું હોવાનું કે વાહનનું સાધન. એમાં ઊંચા દાંડા, દંતારો અને બળદની ગોઠવણ હોય છે. બાવાથી દંતારવાનું પૈડું કરે છે. તેનો દાંડો સાંઢિયાની પીઠને મળતો આવતો હોવાથી આ નામ પડ્યું છે.
૨. ન. તાતિલ ઝેર.

ઊંટિયુંળકું ન. ઓયમીજરું.

ઊંટિયુંળું ન. ઓયમીજરું.

ઊંટિયુંઝેર ૧. ન. ઢાકરિયો વીંછી કરડવાથી મરી ગયેલ ઊંટનું ઝેરી થઈ ગયેલ માંસ.
૨ ન. તીવ્ર ઝેર.

ઊંટિયો ૧ પુ. ઝાડો
૨ પું. ઊંચો ને મોટો વાઘ
૩ પું. ઊંટ; સાંઢિયો
૪ પું. ઊંટ જેવો ઊંચો માણસ
૫. પું. ભારે વજન ઊંચકવાનું યંત્ર; 'ક્રેન'. જુઓ ઊંટિયું ૧
૬ પું. મૂર્ખ, મંદ બુદ્ધિવાળું માણસ.
૭. વિ પું. ઊંટ જેવો ઊંચો.

ઊંટિયોવાઘ પું. સિંહ.
ખંભાતની બેઠ નજરી પણ વાઘ સિંહ હોવાથી વાઘવતી કહેવાતી અને સિંહ ઊંટિયોવાઘ કહેવાતો. ગુજરાત સર્વસંગ્રહ

ઊંઠ ૧. [હિં.] સ્ત્રી. ખોડું.
૨. વિ સાડાત્રણ; સાડાત્રણગણું.

ઊંઠલાપડો (ઊંઠલાંપડો) પુ. એક જાતનું ઘાસ. તે બોકથી બે હાથ લાંબું, ઝીણું અને કૂણની અમરી સળી કે દોરા જેવી પાતળી હોય. તે ચોમાસા હોય ત્યારે ઢોર ખાય છે.

ઊંડાં ૧. [હિં.] ન. ન. ન. ઊંતરપિંડી.
ઊંડાં ભણાવવાં = (૧) બોકડ સમજવવું; અવળે રસ્તે ચડાવવું. (૨) ઊંતરવું. (૩) મૂર્ખમાં ખપવવું.
૨. ન. ન. ન. સાડાત્રણની સંખ્યા.
૩. ન. ન. ન. સાડાત્રણનો આંક; સાડાત્રણનો પાડો.

ઊંડું ૧. ન. સાડાત્રણની સંખ્યા.
૨. વિ. સાડાત્રણ; ઊંઠ; સાડાત્રણગણું.

ઊંઠ ૧. [સં. ઊંઠ (ન સમજવા જેવું)] પુ. બાદ. કોઈ તે ઉદિયોથી અગોચર છે.
૨. વિ. (પ્રાકૃત) ઊંડું.
૩. અ. તદ્દન; ઊંડાણ.
કોય સમજ કરે સિદ્ધ આપ રે,
પામે નિધિ કરી બહુ કષ્ટ રે;
આપ સમજે તે લોકના ઊંઠ રે,
પણ કહે નહિ બજાંઠ રે. નિષ્કુળાનંદ

ઊંડક ૧. ન. કોંકણ પ્રદેશમાં થતું એક જાતનું ઘાસ. તેનાં પાંદડાં સોરમીનાં જેવાં અને જરા મોટાં હોવાથી પત્રાવળી બનાવવામાં વપરાય છે. તેનું ફૂલ પોળું, મીઠા ને સુગંધી હોય. તેનાં સોપારી જેવાં, ગોળ અને કઠણ બારવાળાં ફળમાંથી કેરડિયા કરતાં બળવામાં સારું ઊંડક નામનું તેલ નીકળે. પાંદડાં તેમજ મૂળ દવામાં ઉપયોગી અને વાદાં ખારત અને વહાણ બાંધવાના કામમાં આવે છે. મૂળમાંથી રાળ જેવો નીકળતો મીઠો, ઠંડો, સુગંધી ગુંદર રક્તાદોષ, રક્તપિત્ત, કૃમિ, પિત્ત અને ભૂતબાધા મટાડે અને એનાં ફૂલ વાત, શ્રમ અને કફ દોષ દૂર કરતાં હોવાનું મનાય છે.
૨. ન. ગોટો; ભરબંડ.
૩. અ. બાથ; બે હાથ ભીડીને લીધેલ બથ.

ઊંડકમૂંડક [ઊંડક (ગોટો) + મૂંડક (ઊડવાનું બિયું ફળ)] પુ. ગોટોપોટો.

ઊંડણિયું વિ. ઊંડું, ઊંડાણવાળું

ઊંડલ સ્ત્રી. મોટો; આંટી; પેટનો ગોળો; ચૂક. જુઓ ઊંડળ.

ઊંડળ ૧. [સં. ઉદ્ધી (નખ)] સ્ત્રી. એક હાથનો અર્ધ ગોટાવો કે બે હાથનું કૂંડાળું; બથ; બા.મ.
૨. સ્ત્રી. મોટો; આંટી; પેટનો ગોળો; ચૂક.
૩. સ્ત્રી. બાથમાં ભરાય તેટલી વસ્તુ.
૪ સ્ત્રી. બેઉ હાથ ભીડીને ભેટવું તે; આલિંગન.
૫. સ્ત્રી. બેલગાડી અને માલની ઊંધ નીચે આંખડી સામે નખાતો લાકડાનો કટકો. તેના બંને છેડામાં વીંધ પાડી કુંદરીઓ નાખી બેતર બાંધવામાં આવે છે.
૬. સ્ત્રી. બર એક તરફ ઢળી ન પડે માટે રખાતું આડું નાકું.

ઊંડળગૂંડળ ૧. [ઊંડળ (ગોળો) + મૂંડળ (ઊડવાનું બિયું ફળ)] ન. ગોળો; પિંડોળો; ગોટોપોટો.
૨. ન. ઠેકાણા વગરનું બોલવું તે; અર્થ વગરની અને ન સમજાય તેવી બોલી.
૩. ન. પેટમાં ગોળા વળવા તે; ચૂંક આવવી તે; પેટની આંકડી.
૪. વિ. અવળસવળ સંકળાઈ ગયેલ.
૫. વિ. ઊંધુંચત્તું; ઊલટુંસલટું; અડબડિયું.
૬. વિ. પાકપૂટ વગરનું; બેડોળ; બેનમૂન.
૭. વિ. ચોતરફથી વેરાયેલું.
૮. વિ. સાફ ન પડે તેવું; ગોટાળા ભરેલું; ગૂંચવાયેલું.
૯. અ. અવળસવળ; ઠેકાણા વગર; ગોટાળો વાળ એમ.
૧૦. અ. ગબડાયેલી રીતે.
૧૧. અ. બેમતેમ; આડુંઅવળું.
૧૨. અ. બેદરકારપણે.

ઊંડળાટ પું. બળાબળાટ.
લોકસાગર ઊર્મિ બંસીર ઊંડળાટે ચઢ્યો છે. ઉત્તરરામચરિત

ઊંડળાંમૂંડળાં [ઊંડળ (ગોળો) + મૂંડળ (ઊડવાનું બિયું ફળ)] અ. ન. બ. ગોટા,

ઊંડાઈ ૧. [ઊંડું (અંદરથી લાંબું) + આઈ (પ્રત્યય)] સ્ત્રી. ઊંડાપણું; ગહનતા.
૨. સ્ત્રી. ઊંડાપણાનું માપ.
૩. સ્ત્રી. ઊંડી અને અંધારી જગ્યાનો અંદરનો ભાગ; ઊંડો ભાગ.
૪. સ્ત્રી. નીચાણ.

ઋતધર્મી [સં. ઋત (સત્ય) + ધર્મ (ગુણ) + ઇન્ (વાળું)] વિ. સત્ય પાળનારું.

ઋતધામા પું. (પુરાણ) ચૌદ મહીના એક ઉદ્દનું નામ.

ઋતધામ્ન ૧. [સં. ઋત (સ્વર્ગ) + ધામન્ (સ્થાન)] પું. (પુરાણ) એ નામનો એક ઉદ્દ; ઉદ્દસાવર્ણિ મન્વંતરમાં થનાર ઉદ્દ.
૨. પું. (પુરાણ) કેકેય પ્રજિતાથી થયેલા બે માંહેનો મોટો દીકરો; પૃથ્વીનો મોળાર્ધ ભાઈ.
૩. પું. (પુરાણ) તેરમા દેવસાવર્ણિમનુનું એક નામ.
૪. પું. (પુરાણ) નારાયણ.
૫. પું. વિષ્ણુ. તેનું નિવાસસ્થાન સ્વર્ગ છે.
૬. વિ. અવિનાશી સ્થાનવાળું.
૭. વિ. ઉમદા આચરણવાળું.
૮. વિ. સત્ય કે શુદ્ધ પ્રકૃતિનું.

ઋતધ્વજ ૧. પું. એ નામના એક ઋષિ.
૨. [સં. ઋત (સત્ય) + ધ્વજ (ચિહ્ન)] પું. શિવ.

ઋતનિ જુઓ ઋતની.

ઋતની ૧. પું. સૂર્ય.
૨. [સ. ઋત (સત્ય) + ની (દોરવું)] વિ. સીધે રસ્તે દોરનાર; સત્યને માર્ગે દોરનાર.

ઋતપતિ [સ. ઋત (યજ્ઞ) + પતિ (સ્વામી)] પું. યજ્ઞપતિ.

ઋતપર્ણ [સં.] પું. અયોધ્યાનો સૂર્યવંશી એક રાજા; ઋતુપર્ણ. તે નળનો મિત્ર હતો અને પાસા ખેલવામાં હોશિયાર હતો.

ઋતપૂત [સં. ઋત (સત્ય) + પૂત (શુદ્ધ)] વિ. સત્યરૂપી ગળણે ગળેલું.

ઋતપેય [સં. ઋત (યજ્ઞ) + પેય (પીવા જેવું)] પું. નાનાં નાનાં પાપોના નાશ માટે કરવામાં આવતો એ નામનો યજ્ઞ; એક દિવસ ચાલતો એક જાતનો યજ્ઞ.

ઋતપેશ ૧. [સં. ઋત (પાણી) + પેશસ્ (રૂપ)] પું. વરુણ. તે જળસ્વરૂપ છે.
૨. વિ. સંપૂર્ણ સ્વરૂપવાળું.

ઋતપ્સુ ૧. [સં. ઋત (યજ્ઞ) + પ્સા (ભક્ષણ કરવું)] પું. યજ્ઞનું અન્ન ખાનાર દેવ; યજ્ઞ સંબંધી હવિષનું ભોજન કરનાર દેવ.
૨. [સં. ઋત (સત્ય) + પ્સુ (રૂપ)] પું. સત્ય સ્વરૂપ દેવ.

ઋતયજ્ઞ [સં.] પું. દેવયજ્ઞ.
આમાં ઋતનું દર્શન કરવાને અને સંસારનું કલ્યાણ કરવાને યોગી લોક જે સાધે છે તે દેવયજ્ઞ અને દેવયજ્ઞને ઋતયજ્ઞ પણ કહ્યો છે. સરસ્વતીચંદ્ર

ઋતલ પું. એક જાતનું ખરું કાપડ, બદામી, પરદર્શક અને લોકના ચોક્ક પ્રમાણવાળું રસાયણિક તત્ત્વ; 'ટ્રાઇટિલ'.

ઋતવાક ૧. પું. (પુરાણ) એ નામનો એક સત્યવાદી મુનિ.

૨. [સં. ઋત (સત્ય) + વાદ્ (વાણી)] પું. સત્ય વાણી.

ઋતવાણી ૧. [સં. ઋત (નિયમ) + વતી (વાળા)] વિ. જ્યો. નિયમિત રીતે જનારી.
૨. [સં. ઋત (વાણી) + વતી (વાળી)] વિ. જ્યો. વાણી હોય એવી; વાણીવાળા.
૩. [સં. ઋત (સત્ય) + વતી (વાળી)] વિ. જ્યો. સત્યવાળી; સાચી.

ઋતવ્ય ૧. [ઋત (ઋતુ)] વિ. ઋતુ સંબંધી; જેની અધિષ્ઠાતા ઋતુ હોય એવું.
૨. વિ. ઋતુની પ્રાર્થના કરનાર.

ઋતવ્રત [સં.] પું. હાકરીપમાં રહેલ વાસુદેવરૂપી ભગવાનનો એક ઉપાસક.

ઋતસત્ [સં. ઋત (સત્ય) + સત્ (હોવું)] પું. આત્મા. તે સત્યમાં અને સત્યમાં રહેલ છે.

ઋતસદ ૧. [સં. ઋત (સત્ય) + સદ્ (બેસવું)] પું. અગ્નિ.
૨. [સં. ઋત (યજ્ઞ) + સદ્ (બેઠક કે કામને લિયત થવું)] વિ. યજ્ઞમાં જનાર.
૩. વિ. સત્યમાં રહેનાર.

ઋતસદન ૧. [સં. ઋત (યજ્ઞ) + સદન (ઘર)] ન. યજ્ઞ માટે બેસવાનું સ્થાન.
૨. ન. વેદી; યજ્ઞનો ઓટો.

ઋતસદની જુઓ ઋતસદન.

ઋતસોળધી વિ. ૬૪૦ અને ૧૨૮૦ સંબંધી; 'જૂરસ'

ઋતસેન પું. (પુરાણ) એક ગંધર્વનું નામ.

ઋતસ્પતિ ૧. [સં. ઋત (સત્ય) + પતિ (સ્વામી)] પું. ઈશ્વરી સત્યનો સ્વામી.
૨. [સં. ઋત (યજ્ઞ) + પતિ (સ્વામી)] પું. યજ્ઞપતિ.

ઋતંજય પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ઋતંભર [સં. ઋત (સત્ય) + ભૃ (ધારવું)] પું. પરમેશ્વર. તે સત્યને ટકાવી રાખે છે.

ઋતંભરપ્રજ્ઞ પું. એક જ્ઞાનનો યોગી. જેમ ભૂમિકામાં અસત્ સંસ્કારોના સંપર્કનો અભાવ હોવાથી નિર્વિતર્ક સમાપત્તિવાળો યોગી ઋતંભરપ્રજ્ઞ પણ કહેવાય છે.

ઋતંભરા ૧. જ્યો. (પુરાણ) પ્લક્ષદ્વીપ માંહેની એ નામની એક નદી.
૨. [સં. ઋત (સત્ય) + ભૃ (ધારવું)] જ્યો. વિપર્યાસ જેટલે ભિન્નજ્ઞાન વિનાની યથાર્થ જ્ઞાનરૂપ ચિત્તની એક વૃત્તિ; એક પ્રજ્ઞા.
૩. વિ. જ્યો. વિપર્યાસ વિનાની અને સત્યને વિષય કરી સમાધિથી થતી.

ઋતંભરાપ્રજ્ઞા [સં. ઋત (સત્ય) + ભૃ (ધારવું) + પ્રજ્ઞા (બુદ્ધિ)] જ્યો. (વેદાંત) સમાહિત ચિત્તની સત્યને ગ્રહણ કરનારી બુદ્ધિ; મિથ્યાજ્ઞાન વિનાની યથાર્થ જ્ઞાનસ્વરૂપ ચિત્તની એક વૃત્તિ; અંતઃપ્રજ્ઞા; પ્રત્યગ્દૃષ્ટિ; અંતર્દૃષ્ટિ; આંતરપ્રેરણા; સહજોપલબ્ધિ. યોગશાસ્ત્રમાં કહેલી નિર્વિચાર સમાધિવાળાની બુદ્ધિ સત્ય અર્થનું જ ગ્રહણ કરનારી થાય છે માટે તેને ઋતંભરાપ્રજ્ઞા કહે છે.

> જો બુદ્ધિને દૂષિત માનવામાં આવે તો વસ્તુના યથાર્થ જ્ઞાનને માટે કોઈ પ્રમાણની રૂઢ અંતઃપ્રજ્ઞા જ પ્રત્યગ્દૃષ્ટિ—અંતર્દૃષ્ટિ—જેને આર્ષદૃષ્ટાઓએ ઋતંભરાપ્રજ્ઞા કહેવામાં આવે છે. તે એવા પ્રમાણનું સ્થાન જ છે. હીરાલાલ શાહ

ઋતિ ૧. [સં.] પું. પુરુષમેધ યજ્ઞનો કોઈ દેવ; નરમેધનો અધિષ્ઠાતા દેવ.
૨ પું. શત્રુ.
૩. પું. સૈન્ય; લશ્કર.
૪. જ્યો. આબાદી; સમૃદ્ધિ.
૫. જ્યો. ખરાબી; કમનસીબી.
૬. [સં. ઋત્ (જવું)] જ્યો. ગતિ; ગમન.
૭. [સં. ઋદ્ (નિંદવું)] જ્યો. નિંદા; બદનામી; અપકીર્તિ.
૮. જ્યો. માર્ગ; રસ્તો.
૯. જ્યો. રક્ષણ.
૧૦. જ્યો. સામાન્યતઃ વાસ્તવિકપણું.
૧૧. જ્યો. સારું જ્ઞાન; કલ્યાણ; મંગળ; સુખાગમ.
૧૨. [સં. ઋત (હરીફાઈ કરવી)] જ્યો. હરીફાઈ; સ્પર્ધા.
૧૩. જ્યો. ઇચ્છા; અભિલાષ.

ઋતિજ્યન પું. ઋગ્વેદના છઠ્ઠા અને નવમા મંડળનાં અમુક સૂક્તો બનાવનાર એ નામનો ઋષિ.

ઋતિકર ૧. [સં. ઋતિ (દુર્જન) + કર (કરનાર)] વિ. દુર્જનોની; કમનસીબ.
૨. વિ. દુઃખ દેનાર; પીડા કરનાર.

ઋતીયા ૧. [સં. ઋત (નિંદવું)] જ્યો. નિંદા; ખુશામત.
૨. જ્યો. શરમ.

ઋતુ ૧. [સં. ઋત્ (જવું)] પું. ઋતુકાળ; ઓગ્યોનો ગર્ભધારણમાં સમર્થ એવો સમય; ઓના ઋતુસ્રાવનો સોળ દિવસનો વખત.
૨. પું. એક જાતનું નેત્રાંજન.
૩. પું. એક યજ્ઞ.
૪. પું. જનાવરોની માદાને વિજવાનો સમય.
૫. પું. યજ્ઞ માટેનો સમય.
૬. પું. રજસ્વલા; ઓગ્યતિને આવતી પ્રથમ વર્ષની ઉંમર સુધી દરેક મહિને આવતો ઋતુસ્રાવ; બાળકું; આર્તવ; દસ્તાનો; પુષ્પ; ફૂલ
૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ૭ ઋતુઓ, ૩ગના કેરનાર અને વસંત ઋતુ પણ છે, તેથી ઋતુ કહેવાય છે.
૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૯. પું. સામવેદનો એક દેવતા.
૧૦. જ્યો અવસ્થા.
૧૧. જ્યો. કોઈ નક્કી કરેલો વખત.
૧૨. જ્યો. જની સંખ્યા બતાવનારી સંજ્ઞા.
૧૩. જ્યો. નિયમ; નક્કી કરેલ પ્રયોગ.
૧૪. જ્યો. બે માસ; બે મહિનાનો નિયત ક્રમ; સૂર્ય જેટલા ક્રમમાં બે રાશિને ભોગવી લે તેટલો સમય; હવાના ફેરફાર પ્રમાણે વર્ષના જુદા જુદા મહિનાના ૬ મહિનો એક વિભાગ.

૧૦ નિમિષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૩૦ કલા = ૧ ક્ષણ
૧૨ ક્ષણ = ૧ મુહૂર્ત
૧૨ મુહૂર્ત = ૧ અહોરાત્ર
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ સંવત્સર
૫ સંવત્સર = ૧ યુગ

સૂર્યની આસપાસ પૃથ્વીનાં પરિભ્રમણ દરમિયાન પૃથ્વીની નમેલી ધરીને પરિણામે ઋતુઓ થાય છે. વર્ષમાં જુદાં જુદાં રાશિની એક જોડી ૬ ઋતુ આવે છે: (૧) વસંત, (૨) ગ્રીષ્મ, (૩) વર્ષા, (૪) શરદ, (૫) હેમંત અને (૬) શિશિર. તેમાં માસોની જુદાં જુદાં ઋતુ ગોઠવણીઓ પણ મળતી હોવાથી તે જુદાં જુદાં મળીને એક જોવી જાણ ઋતુ ગણાય છે: (૧) ઉનાળો ફાગણથી જેઠ સુધી, (૨) ચોમાસું અષાઢથી આસો સુધી, (૩) શિયાળો કાર્તિકથી માહ સુધી. વસંતઋતુ ચૈત્ર અને મેષ રાશિનો સૂર્ય થાય ત્યારે જોટલે કે માર્ચ અને એપ્રિલ મહિનામાં બેસે છે. તે વખતે ચૈત્ર અને વૈશાખ માસ હોય. ગ્રીષ્મઋતુ વૈશાખ અને મિથુન રાશિનો સૂર્ય થાય ત્યારે જોટલે કે મે અને જૂન મહિનામાં બેસે છે. તે વખતે જેઠ અને અષાઢ માસ હોય. વર્ષાઋતુ કર્ક અને સિંહ રાશિનો સૂર્ય થાય ત્યારે જોટલે કે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં બેસે છે. તે વખતે શ્રાવણ અને ભાદરવો માસ હોય. શરદઋતુ કન્યા અને તુલા રાશિનો સૂર્ય થાય ત્યારે જોટલે કે સેપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં બેસે છે. તે વખતે આસો અને કારતક માસ હોય. હેમંતઋતુ વૃશ્ચિક અને ધન રાશિનો સૂર્ય થાય ત્યારે જોટલે

૬ નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં બેસે છે. તે વખતે માગસર અને પોષ માસ હોય. શિશિરઋતુ મકર અને કુંભ રાશિનો સૂર્ય થાય ત્યારે એટલે કે જાન્યુઆરિ અને ફેબ્રુઆરિ મહિનામાં બેસે છે. તે વખતે માઘ અને ફાગણ માસ હોય. વૈદિક આર્યો શિશિર અને હેમંતને એકી ઋતુ, એટલે વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને શિશિર એમ પાંચ ઋતુ પણ માનતા. એમ માનવામાં આવે છે કે દર બોત્તેરસિ વર્ષે ઋતુઓમાં કંઈક ને કંઈક ફેરફાર થાય છે અને તેથી ખેતીની નીપજમાં પણ ફેરફાર થાય છે.

૧૫. સ્ત્રી. મહિનો; માસ.

૧૬. સ્ત્રી. મોસમ; રૂતુ; યોગ્ય કાળ.

૧૭. સ્ત્રી. શોભા; કાંતિ; દીપ્તિ.

૧૮. સ્ત્રી. સ્થિતિ.

૧૯. સ્ત્રી. હવાપાણી.

૨૦. વિ. જુ.

ઋતુઅસ્નાન [સં. ઋતુ (આર્તવ) + સ્નાન (નાહવું)] ન. રજસ્વલા થયા પછી નાહવું તે; માસિક અટકાવ આવ્યા પછી કરાતું સ્નાન.

ઋતુકર [સં. ઋતુ (કલ્યાણ) + કર (કરનાર)] પું. શિવ; શંકર.

ઋતુકરીવતી [ઋતુ (અટકાવ) + કર (કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) સ્ત્રીઓના અટકાવ સંબંધી દોષ મટાડનાર બનાવેલી એક ગોળીનું ઔષધ. તેની બોટલી ઋતુ ગોળીની આજ્ઞા મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ઋતુકાલ ૧. પું. ગર્ભાધારણ માટે યોગ્ય સમય; ગર્ભાધાનનો સમય; પ્રજોત્પત્તિનો કાળ; આધાનકાળ; અટકાવ પછીના પંદર દિવસ; રજોદર્શન ઉપરાંતના સોળ દિવસ. તેમાં સ્ત્રીઓ ગર્ભધારણ માટે યોગ્ય રહે છે. આમાંથી પ્રથમ ચાર દિવસ તથા અગિયારમો અને તેરમો દિવસ ગમન માટે નિષિદ્ધ છે.

૨. [સં. ઋતુ (મોસમ) + કાલ (વખત)] પું. મોસમનો વખત.

૩. પું. વર્ષાઋતુ.

૪. પું. શિશિર વગેરે ઋતુનો વખત.

૫. [સં. ઋતુ (અટકાવ) + કાલ (વખત)] પું. સ્ત્રીઓને દર માસે રજસ્રાવ થવાનો વખત. દર માસે સ્ત્રીની યોનિમાંથી સ્વાભાવિક રજ પ્રવૃત્ત થાય છે. તે ત્રણ દિવસ સુધી રહે છે. આ ત્રણ દિવસને ઋતુકાલ કહે છે.

૬. પું. સ્ત્રીને ઋતુધર્મમાં આવવાનો સમય; અટકાવનો વખત; પુષ્પકાલ.

ઋતુકાલીન [સં. ઋતુ (અટકાવ) + કાલ (વખત) + ઈન (લગતું)] વિ. ઋતુકાલને લગતું; અટકાવ આવતા વખતનું.

ઋતુકાળ [સં. ઋતુ (અટકાવ) + કાલ (વખત)] પું. અટકાવનો સમય. જુઓ ઋતુકાલ.

ઋતુકૃચ્છ્ર [સં. ઋતુ (અટકાવ) + કૃચ્છ્ર (કષ્ટ)] ન. દસ્તાનનો ચુવાસો ન હોવાપણું; સ્ત્રીને ઋતુપ્રાપ્તિમાં હરકત; વખતો વખત આબડખેટ ન જોવાપણું.

ઋતુક્રાંતિ [સં. ઋતુ (રજ) + ક્રાંતિ (ફેરફાર)] સ્ત્રી ઋતુનો ફેરફાર; ઋતુનું બદલાવાપણું.

ઋતુગમન [સં. ઋતુ (રજસ્રાવ) + ગમન (સ્ત્રી પાસે મૈથુન માટે જવાપણું)] પું. ઋતુકાળમાં સ્ત્રીસંભોગ; સ્ત્રી પાસે ઋતુ સમયે સંભોગ માટે જવાપણું.

ઋતુગામી ૧. [સં. ઋતુ (અટકાવ) + ગામિન્ (જનાર)] વિ. ઋતુકાળે જ સંભોગ કરનારું; રજસ્રાવની ભૂત વીત્યા પછી સ્ત્રી સાથે સંભોગ કરનાર; નિયત સંભોગ કરનાર.

૨. વિ. ઋતુમાં ગમન કરનાર; અમુક મોસમે જ સંગમ કરનાર.

ઋતુજાહ [સં. ઋતુ (મોસમ) + જાહ (ફળ)] પું. એ નામનો એક બાગ. મોસમ અનુકૂળ થાય તેવી કૃપાના હેતુથી તે કરવામાં આવે છે.

ઋતુજોહું [ઋતુ (વસંત) + જોહું (ગાહે)] વિ. બાસ કરીને વસંત ઋતુને લીધે મહમસ્ત થતું.

ઋતુચક્ર [સં. ઋતુ (મોસમ) + ચક્ર (કૈડાનું)] ન. ઋતુઓનું ચક્કર; મોસમોનો એક આંટો.

ઋતુચર્યા [સં. ઋતુ (મોસમ) + ચર્યા (આચાર)] સ્ત્રી. મોસમ પ્રમાણે કરવાની ક્રિયાઓ; છએ ઋતુમાં આહારવિહાર સંબંધે પાળવાના નિયમ.

ઋતુજ [સં. ઋતુ (મોસમ) + જ (જન્મેલી)] સ્ત્રી. ઋતુમાં જ જનનારું; યોગ્ય કાળે બનારું.

ઋતુજ્ઞ [સં. ઋતુ (જ્ઞા) + જ્ઞ (જાણકાર)] સ્ત્રી. આત્મા, કેમકે તે ચક્રાદિ રૂપથી ઉત્પન્ન થાય છે.

ઋતુદર્શન ૧. [સં. ઋતુ (અટકાવ) + દર્શન (દેખાવ)] ન. અટકાવ આવવો તે; રજનું દેખાવાપણું. સ્ત્રીના બીજકોશનું કાર્ય પૂર્ણપણે શરૂ થાય ત્યારથી જુવાનીની આખર સુધી દર મહિને સ્ત્રીની જનનેંદ્રિયમાંથી લોહીનો સ્રાવ થાય છે.

૨. ન. પહેલી વાર ઋતુનું બેસવું તે; અટકાવ બદ્ધસ્રાવાપણું.

ઋતુદાન [સં. ઋતુ (ગર્ભાધાનનો વખત) + દાન (આપવું તે)] ન. ગર્ભાધાન; ઋતુકાળ પછી પતી સાથે સંતાનની ઇચ્છાથી સંભોગ કરવાપણું.

ઋતુદેવ [સં. ઋતુ (મોસમ) + દેવ (સ્વામી)] પું. ઋતુનો અધિષ્ઠાતા દેવ.

ઋતુદોષ [સં. ઋતુ (અટકાવ) + દોષ (ખામી)] પું. અસાતત્ય, અનાર્તવ અને પીડિતાર્તવ સંબંધી ખોડખાંપણ.

ઋતુધર્મ [સં. ઋતુ (રજસ્રાવ) + ધર્મ (સ્વભાવ)] પું. અટકાવનું દેખાવાપણું; ઋતુદર્શન; આધાનકાળ.

ઋતુધામા ૧. [સં. ઋતુ (સ્વર્ગ) + ધામન્ (જગ્યા)] પું. ઉદ. તે સ્વર્ગમાં રહે છે.

૨. પું. વિષ્ણુ. તેનું રહેઠાણ સ્વર્ગમાં છે.

ઋતુધ્વજ ૧. પું. અનંગ; કામદેવ; મદન.

૨. પું. એ નામના એક ઋષિ.

૩. પું. એક રાજાનું નામ.

૪. પું. શિવ; શંકર; રુદ્ર.

ઋતુધ્વજકિશોર [સં. ઋતુધ્વજ (એક રાજાનું નામ) + કિશોર (છોકરો)] પું. ઋતુધ્વજનો દીકરો.

ઋતુનાથ [સં. ઋતુ (મોસમ) + નાથ (પતિ)] પું. વસંત ઋતુ.

ઋતુનિવૃત્તિ ૧. [સં. ઋતુ (રજસ્રાવ) + નિવૃત્તિ (બંધ પડવાપણું)] સ્ત્રી. અટકાવ આવવાનું સાવ બંધ પડવાપણું; રજોદર્શન બંધ થવાપણું.

૨. [સં. ઋતુ (મોસમ) + નિવૃત્તિ (બંધ પડવાપણું)] સ્ત્રી. મોસમનું બદલાવાપણું.

ઋતુપતિ ૧. [સં. ઋતુ (યજ્ઞ) + પતિ (સ્વામી)] પું. અગ્નિ.

૨. [સં. ઋતુ (મોસમ) + પતિ (પતિ)] પુ. વસંતઋતુ; ઋતુરાજ.

ઋતુપર્ણ ૧. પું. અયોધ્યાના એક રાજાનું નામ; સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ઋતુનાયુ રાજાનો દીકરો. તે અશ્વવિદ્યામાં અને ઋતુતરી કરવામાં બહુ હોશિયાર હતો. નળ રાજા તેનો મિત્ર હતો. નળ રાજા બાહુક તરીકે તેને ત્યાં રહ્યો હતો.

૨. પું. રામપુત્ર લવના પક્ષ નામના દીકરાનો દીકરો.

ઋતુપર્યાય [સં. ઋતુ (ઋ) + પર્યાય (ફેરફાર)] પું. ઋતુમાં ફેરફાર થવાપણું.

ઋતુપા [સં. ઋતુ (ઋ) + પા (રક્ષણ કરનાર)] પું. ઇંદ્ર; ઋતુપાલક દેવ.

ઋતુપાત્ર [સં. ઋતુ (ઋ) + પાત્ર (વાસણ)] ન. એક જાતનું વાટકું વાસણ; હવિષ અર્પણ કરવાનો પ્યાલો.

ઋતુપાંડુ [સં. ઋતુ (રજ) + પાંડુ (પીળું)] પું. ગર્ભસ્થાનનો એક રોગ; સુવાવડનો પ્રદર.

ઋતુપુત્ર [સં. ઋતુ (રજસ્રાવ) + પુત્ર (દીકરો)] પું. ઋતુકાળે ઋતુદાન આપી ઉત્પન્ન કરેલો દીકરો.

ઋતુપ્રાપ્ત ૧. વિ. ફળદ્રુપ; ફલદાયી.

૨. વિ. ફળને ગ્રહણ કરવા લાયક વયમાને પામેલું.

૩. [સં. ઋતુ (રજોદર્શન) + પ્રાપ્ત (પહોંચેલું)] વિ. રજોદર્શન થયેલ.

ઋતુપ્રાપ્તિ [સં. ઋતુ (રજસ્રાવ) + પ્રાપ્તિ (આવવાપણું)] સ્ત્રી. ઋતુદર્શનનો રજસ્રાવ આવવાપણું; અભણ ગણેલું તે. સગર્ભાઓની કન્યાઓ કરતાં સારા મહિનાની કન્યાઓને અને ગરીબ છોકરીઓ કરતાં શ્રીમંત છોકરીઓને વધારે જલદી ઋતુપ્રાપ્તિ થતી હોવાનું મનાય છે.

ઋતુબલ [સં. ઋતુ (ઋતુસમ) + બલ (જોર)] પું. શિશિર વગેરે ઋતુમાં જેમાંનું બળ હોય તે પ્રમાણે વગેરે ઋતુ.

ઋતુભંગ [સં. ઋતુ (રજસ્રાવ) + ભંગ (રોકવું)] પું. નષ્ટાર્તવ રજોરોધ; રજસ્રાવ થવાનું બંધ પડવાપણું.

ઋતુભુક [સં. ઋતુ (રજ) + ભુક્ (ખાવા કરનાર)] પું. દેવ. તે ઋતિ ગ્રહણ કરે છે.

ઋતુભુજ [સં. ઋતુ (રજ) + ભુજ્ (ખાવું કરવું)] પું. દેવ; અમર; નિર્જર; ત્રિદશ; વિબુધ; સુર; સુપર્વાણ; દિવૌકસ; આદિત્ય; દિવિષદ; અસવ; અમર્ત્ય; અમૃતાંધસ; અદિતિજ; ગીર્વાણ; દેવતા.

ઋતુભેદ [સં. ઋતુ (ઋતુસમ) + ભેદ (ફેરફાર)] પું. ઋતુનો ફેરફાર; ઋતુઓનું બદલાવાપણું.

ઋતુમત ૧. [સં. ઋતુમત્] ન. (પુરાણ) વખતનું ઉપવન.

૨. [સં. ઋતુ (ઋતુસમ) + મત (વાળું)] વિ. ઉત્તમ ઋતુના ફળને ભોગવનાર.

ઋતુમતી ૧. [સં. ઋતુ (રજસ્રાવ) + મત (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. રજસ્વલા; ઋતુમતી.

ઋતુવર્ણન ૧. [સં. ઋતુ (ઋતુસમ) + વર્ણન (કહેવાં)] ન. ઋતુઓનું બયાન.

૨. ન. ઋતુના વર્ણન સંબંધી એ નામનું એક પુસ્તક.

ઋતુવાસ [સં. ઋતુ (ઋતુસમ) + વાસ (વસવાટ)] પું. ઋતુસમ પ્રમાણે કરાતો વસવાટ.

ઋતુવાળી [સં. ઋતુ (રજસ્રાવ) + વાળી (વાળી)] વિ. સ્ત્રી. બહાર જોડેલી. રજસ્રાવવાળી; રજસ્વલા.

ઋતુવૃત્તિ ૧. [સં. ઋતુ (ઋતુસમ) + વૃત્તિ (હોવાપણું)] પું. વર્ષ.

૨. [સં. ઋતુ + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. ઋતુઓનો ધર્મ.

૩. [સં. ઋતુ + વૃત્તિ (ગોળ ફરવાપણું)] સ્ત્રી. ઋતુનું ફરવાપણું; ઋતુપર્યાય.

ઋતુવેલા [સં. ઋતુ (ગર્ભાધાન) + વેલા (સમય)] સ્ત્રી. ગર્ભાધાનનો સમય; ઋતુકાલ.

ઋતુશાંતિ [સં. ઋતુ + શાંતિ (શાંત કરવું તે)] સ્ત્રી. સ્ત્રીને પહેલો રજસ્રાવ આવ્યા પછી તે નિમિત્તે ધર્મસંસ્કાર પ્રમાણે કરવામાં આવતી ક્રિયા; પહેલી વાર ઋતુપ્રાપ્તિ થાય ત્યારે કરવાની વિધિ

ઋતુશોણિત [સં. ઋતુ (રજોદર્શન) + શોણિત (લોહી)] ન. સ્ત્રીજનમાં જોવું લોહી; માસિક રજસ્રાવ વખતે યોનિમાંથી નીકળતું લોહી.

ઋતુસ્રાવ [સં. ઋતુ (રજોદર્શન) + સ્રાવ (ઝરવાપણું)] પું. સ્ત્રીજનમાં રજસ્રાવ; ગર્ભસ્થાનની ભારીક નસોમાંથી દર માસે નીકળતું લોહી; ઋતુનું બહાર નીકળવાપણું.

ઋતુસખી [સં. ઋતુ (ઋતુસમ) + સખી (દોસ્ત)] સ્ત્રી. ઋતુની દોસ્ત.

ઋતુસમય [સં. ઋતુ (ગર્ભાધાન) + સમય (વખત)] પું. ગર્ભાધાનનો વખત; ઋતુકાલ; ઋતુવેલા.

ઋતુસંગમ [સં. ઋતુ (ગર્ભાધાન કાજ જોડો વખત) + સંગમ (સંયોગ)] પું. ઋતુકાલમાં કરાતો સંયોગ.

ઋતુસંગ્રામ [સં. ઋતુ (ગર્ભ ધારણ કરવા લાયક વખત) + સંગ્રામ (યુદ્ધ)] પું. કામક્રીડા; સુરતસંગ્રામ.

ઋતુસંધિ ૧. [સં. ઋતુ (માસ) + સંધિ (જોડાણ)] પું. બેમાસ.

૨. પું. પુનમ.

૩. [સં. ઋતુ (મોસમ) + સંધિ (મેળાપ)] પું. બે ઋતુ વચ્ચેનો સમયગાળો.

ઋતુસંવત્સર [સં. ઋતુ + સંવત્સર (વર્ષ)] ન. મોસમ વગર ફળફૂલ નીપજે તેનું વર્ષ.

ઋતુ વિના વૃક્ષ-વેલીઓને ફળફૂલ આવે, વરસાદ એકસરખી રીતે ન વરસે તેને ઋતુસંવત્સર કહ્યા કર્મસંવત્સર કહીએ.

—ન્હોવિજ્ઞાન

ઋતુસંહાર ૧. [સં. ઋતુ (બે ઋતુનો સમય) + સંહાર (સંગ્રહ)] પું. છ ઋતુનો સમૂહ.

૨. ન. ઋતુ વર્ણનનું મહાકવિ કાલિદાસે બનાવેલું છઠ્ઠું ઋતુના વર્ણનનું એ નામનું કાવ્ય.

ઋતુસંહારકાવ્ય [સં. ઋતુ (મોસમ) + સંહાર (સમૂહ) + કાવ્ય (કવિતા)] ન. મહાકવિ કાલિદાસે બનાવેલું એ નામનું એક કાવ્ય. તેમાં છએ ઋતુનું વર્ણન છે.

ઋતુસિદ્ધિ ૧. [સં. ઋદ્ધિ (સંપત્તિ) + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. આબાદી અને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ.

૨. સ્ત્રી. મહત્તી અને આબાદી.

ઋતુસ્તોમ [સં. ઋતુ (મોસમ) + સ્તોમ (યજ્ઞ)] પું. એક જાતનો યજ્ઞ; મોસમને ઓસીને કરાતો એક યજ્ઞ.

ઋતુસ્થલા સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

ઋતુસ્નાત [સં. ઋતુ (ઋતુકાળ) + સ્નાત (નાહેલું)] સ્ત્રી. નાહીને ફરીથી પવિત્ર બનેલ.

ઋતુસ્નાતા ૧. [સં. ઋતુ (રજ) + સ્નાત (નાહેલ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ત્રણ રાત્રિનો ઋતુકાળ પૂરો થવાથી સોળે દિવસે નાહેલ સ્ત્રી; ઋતુકાળ ઊતર્યા પછી નાહેલી અને તેથી સહવાસ કરવા લાયક બનેલી સ્ત્રી.

૨. સ્ત્રિ. સ્ત્રી. ઋતુસ્નાન કરી ચુકેલી. સ્નેહદર્શન પછી સોળે દિવસે નાહીને સ્વચ્છ બનેલી.

ઋતુસ્નાન [સં. ઋતુ (રજ) + સ્નાન (નાહવું તે)] ન. ઋતુકાળ આવ્યા પછી સોળે દિવસે કરાતું નાહવું; ઋતુકાળ ઊતર્યા પછી નાહવું તે. નાહીને પછી સ્ત્રીએ પોતાના પતિનું અથવા તેના અભાવે સ્પર્શનું દર્શન કરવાનું શાસ્ત્રમાં લખેલ છે.

ઋતુસ્રાવ ૧. [સં. ઋતુ (સ્નેહદર્શન) + સ્રાવ (વહેવું તે)] પું. ખરેખર ઋતુકાળ વખતે વધારે વખત લોહી પડવું તે.

૨. પું. સ્નેહદર્શનનું ઓપડી; જોઈ જોવું તે; આર્તવ. ઋતુસ્રાવ એ સ્ત્રી ઉંમર લાયક-બનવું ચિહ્ન છે. બીનિમાર્ગે સારહત વર્ણોસમાંથી નિશ્ચિત વખતે લોહીનો જે સ્રાવ થાય છે તેને ઋતુસ્રાવ કહે છે. આ સ્રાવ પ્રથમ શરૂ થતાં પહેલા કન્યાના શરીરની બીજવણી કરવી બને, કમરા મોટા થાય, બગલમાં અને જનનેંદ્રિયની ઉપર કેશ ઊગવા લાગે, સ્તનની વૃદ્ધિ થાય, મનોભાવ વધારે કામવાસક બને, તેમ જ પ્રમેહવાસના પણ ઉત્પન્ન થાય છે. તેની સાથે જ વર્ણોદય, બીજકોશ વગેરે અવયવોની બીજવણી થાય બને તે પૂરી થયા પછી ઋતુસ્રાવ શરૂ થાય. ઋતુસ્રાવ શરૂ થયા પછી વર્ણોદયસ્થા બાદ કરતાં બાકીના દર અઠ્ઠાવીસ દિવસે સ્નેહદર્શન થાય. આ સમય પચ્ચીસથી ત્રીસ દિવસ સુધીનો પણ હોઈ શકે છે. પચ્ચીસ દિવસ કરતાં ઓછો અથવા ત્રીસ દિવસ કરતાં વધારે હોય તો શરીરપ્રકૃતિનો દોષ હોય છે. રહેણીમાં કે ખોરાકમાં ફેરબદલી થાય અથવા કોઈ માનસિક આંચકો લાગે તો ઋતુસ્રાવ ઉપર તેની અસર થઈ શકે છે. ઋતુસ્રાવ શરૂ થવાની ઉંમરનો આધાર અનેક બાબતો ઉપર રહે છે, અને તેમાં આબોહવા વિશેષ મહત્ત્વની ભાગ ભજવે છે. પણ જ ગરમ દેશોમાં હજી ૧૨ વર્ષની ઉંમરથી અને પણ જ ઠંડા પ્રદેશોમાં તે ૧૫થી ૧૮ વર્ષની ઉંમરથી શરૂ થાય છે. વળી સમુદ્ર કિનારે રહેનારાઓમાં અને ટેકરીઓમાં તે જાડી અને ટેકરી ઉપર ઊંચાઈએ રહેનારાઓ અને ગામડીયાઓમાં મોડેથી શરૂ થાય છે. સ્રાવ શરૂ થતાં પહેલાં કે તે દરમિયાન પેટ દુઃખીને જડ થવા જેવું લાગે, બીનિમાર્ગમાં જરાક બળતરા થાય, વારંવાર પેશાબ કરવો પડે, સ્તન દુઃખે અને દુખે, મારું લાગે અને બેચેની પેદા થાય. કોઈ કોઈ વખત ઊલટી પણ થાય નહિ, માથું દુખે, ચહેરો નિસ્તેજ દેખાય, ભૂખ ઓછી લાગે, ખોરાક લેવાનો કંટાળો ઊપજે, ઊંઘટી આવે, બગાસાં સૌને આવે, બગાસાં ફેર પડે, નજરની તીવ્રતા ઓછી થાય અને નાકની તીવ્રતા વધે, કોલ્લા થાય અને સહેજ તાવ આવે આ સ્રાવ શુદ્ધ લોહીનો હોતો નથી, કારણ કે શુદ્ધ લોહીની માફક તે ઠરતો નથી. તેનો રંગ લોહી કરતાં સહેજ ઝાંખો હોય અને ઝેરી હોય છે. ઋતુસ્રાવ આસરે ૪૫૫ વર્ષો બંધ થાય છે, પણ કોઈ વખત ૫૫ વર્ષની ઉંમર સુધી પણ તે ચાલુ રહે છે.

ઋતુસ્રાવવિદ્યા [સં. ઋતુસ્રાવ (સ્નેહદર્શન) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. સ્નેહદર્શન વિશેનું જ્ઞાન.

ઋતુસ્રાવોત્તરકાલ [સં. ઋતુસ્રાવ (સ્નેહદર્શન) + ઉત્તરકાલ (ત્યારપછીનો સમય)] સ્ત્રિ. ઋતુસ્રાવ વખતે પ્રમાણમાં આવનાર.

ઋતુહરીતકી [સં. ઋતુ (મોસમ) + હરીતકી (હરડે)] સ્ત્રી. ઋતુઓમાં જુદા જુદા અનુપાન સાથે લેવાની હરડે. વર્ષામાં સિંધાલૂણ, શરદમાં સાકર, હેમંતમાં સૂંઠ, શિશિરમાં પીપર, વસંતમાં મધ અને ગ્રીષ્મમાં ગોળ સાથે સરખે ભાગે હરડેનું સેવન કરવાથી રસાયણ ગુણ કરે.

ઋતુપ્રકોપક [સં. ઋતુ (ઋતુકાળ) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] સ્ત્રિ. સ્ત્રીના મહી બેસતા ઋતુસ્રાવને ફરી શરૂ કરનારું.

ઋતે [સં.] અ. બાદી; વગર; સિવાય.

ઋતેયુ ૧. પું. પુરૂવંશી એક રાજાનું નામ.

૨. પું. વસિષ્ઠનો ઋત્વિજ એ નામનો એક ઋષિ.

ઋતેષુ પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સના પૌત્રાપ્ય રાજાને પૃતાચી નામની અપ્સરાથી થયેલ એ નામનો એક દીકરો. તેનું બીજું જોડું નામ પણ હતું.

ઋતોક્તિ [સં. ઋત (સત્ય) + ઉક્તિ (કથન)] સ્ત્રી. સાચ કથન; સાચું બોલવાપણું.

ઋત્વક્ પું. જૂના સમયમાં બાજો ઉપર લેવાતા દસ બાંહેનો એક કર.

ઋત્વેત ૧. [સં. ઋતુ (મોસમ) + અંત (છેડો)] પું. મોસમનો છેડો.

૨. [સં. ઋતુ (ઋતુકાળ) + અંત (છેડો)] પું. સ્ત્રીઓને ઋતુસ્રાવ આવવાનું બંધ પડવાપણું.

ઋત્વા ૧. પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

૨. પું. ધાર્મિક ક્રિયા કરાવનાર; પુરોહિત; આચાર્ય.

ઋત્વિક ૧. [સં. ઋત્વિજ્] પું. પુરોહિત; આચાર્ય; ઋત્વિજ.

૨. પું. (પુરાણ) સોમવંશી સહદેવના દીકરા સોમક રાજાના એક મંત્રીનું નામ.

ઋત્વિક્કર્મ [સં. ઋત્વિજ્ (પુરોહિત) + કર્મન્ (કામ)] ન. ઋત્વિક કરવાનું કામ.

ઋત્વિજ ૧. [સં. ઋતુ (મોસમ) + યજ્ (પૂજવું)] પું. આચાર્ય; ગોર; પુરોહિત; ઉપાધ્યાય; રાજ્યનો ધાર્મિક ગોર; ઋતુ પ્રમાણે વૈદિકકર્મ કરનાર. મોટા યજ્ઞમાં ઋત્વિજની સંખ્યા સોળ હોય છે. તેમાં ચાર મુખ્ય છે: (૧) ઋગ્વેદ અનુસાર ક્રિયા કરાવનાર તે હોતા. સ્વરાનુપૂર્વી ગ્રથિત મંત્રોથી સ્તુતિ કરવારૂપ કર્મ તે હોતાનું કામ છે. (૨) યજુર્વેદ અનુસાર ક્રિયા કરાવનાર તે અધ્વર્યુ. દેવતાઓને ઉદ્દેશી દ્રવ્યત્યાગરૂપ કાર્યકર્મ તે અધ્વર્યુનું કામ છે. (૩) સામવેદ અનુસાર કર્મ કરાવનાર તે ઉદ્ગાતા. સ્વરાનુપૂર્વી સહિત મંત્રોથી સ્તુતિ કરવારૂપ સ્તુતિસ્તોમ એ ઉદ્ગાતાનું કામ છે. (૪) ઋગ્વે

ઋક્ષ

વેદ ભણનાર અને સમગ્ર કર્મની દેખરેખ રાખનાર તે બ્રહ્મા. પ્રાગ્નિત્ર એ બ્રહ્માનું કર્મ છે. એ ઉપરાંત ચૈત્યવન્દ્ય, પ્રતિપ્રસ્થાતા, બ્રાહ્મણાચ્છંસી, પ્રસ્તોતા, અચ્છાવાક્, નેષ્ટા, આગ્નીધ્ર, પ્રતિહર્તા, પ્રાવસ્તુત, ઉન્નેતા, પોતા અને સુબ્રહ્મણ્ય એમ બીજા બાર ઋત્વિજને પણ છે.

૨. પું. વરુણીમાં વરેલો બ્રાહ્મણ; યજ્ઞ કરવામાં યોજાયેલ બ્રાહ્મણ.

૩. વિ. ઋતુ અનુસાર પ્રાપ્ત કરનાર; ઉત્તમ પ્રસંગ ધારણ કરનાર.

૪. વિ. ઋતુ પ્રમાણે અથવા નિયમિત રીતે વૈદિક કર્મ કરનાર.

ઋત્વિજ્ય ૧. [સં.] ન. ઋતુપ્રાપ્ત; અદ્યતન.

૨. વિ. ગણિત કરવા લાયક સમયમાં હોય એવું; ઋતુકાળ પ્રાપ્ત થયેલું.

૩. વિ. નિયમિત; ઋત્વિજ.

૪. વિ. યજ્ઞના નિયમ જાણનાર.

૫. વિ. યજ્ઞના નિયમોને અનુકૂળ.

૬. વિ. રજસ્વલા.

ઋત્વ્ય લુપ્તો ઋત્વિજ.

ઋદ્ધર [સં.] વિ. નરમ પોચાળું; આમાળુ, નમ્ર.

ઋદ્ધિ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કેમકે તે ઋદ્ધિ એટલે સમૃદ્ધિવાળા, ઋદ્ધિ એટલે સિદ્ધિ દેનારા અને જ્ઞાન, શક્તિ અને વૈરાગ્યની આબાદ છે, તથા સૃષ્ટિપાલક છે. સંસારનો ઉદ્ભવ એ તેમની રિદ્ધિસિદ્ધિ છે. વળી સંસારમાં સ્વાહ પધારી તેમાં સ્વેચ્છાથી કૃપાર્દ્ર રહેનારા અને બ્રહ્મિતભાવનો સ્વીકાર કરીને તેમાં જ્ઞેયાભ્યાસ જોડીને ચોરાસી યોનિમાં જીવરૂપ થઈને ભ્રમણ કરનારા પણ તે જ હોવાથી તે ઋદ્ધ કહેવાય છે.

૨. ન. પાકેલું અને પીસેલું ધાન્ય.

૩. ન. બતરણ.

૪. ન. વૃદ્ધિ; વધારો.

૫. ન. વ્યક્ત સાન્નિધ્ય; પ્રત્યક્ષ પરિણામ.

૬. ન. સિદ્ધાંત.

૭. વિ. વધતું; વૃદ્ધિ પામતું.

૮. વિ. સમૃદ્ધિવાળું; પૈસાદાર; સંપત્તિવાળું; આબાદ.

૯. વિ. સમૃદ્ધ કરેલું; ભરી સજેલું.

ઋદ્ધા સ્ત્રી. એ નામની એક ઔષધિ.

ઋદ્ધિ ૧. પું. (પિંગળ) અગિયની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં પાંચ લઘુ અને છવ્વીસ ગુરુ મળી એકત્રીસ વર્ણ અને સત્તાવન માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) દંડક જાતમાં અગિયાર અક્ષરવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે. તેનું પહેલું, બીજું અને ચોથું ચરણ ઉપેન્દ્રવજ્રાના માપનું અને બીજું ચરણ ઇંદ્રવજ્રાના માપનું હોય છે.

૩. પું. (પિંગળ) સોરઠની જાતનો એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં સાત ગુરુ અને ચોવીસ લઘુ મળી એકત્રીસ વર્ણ હોય છે.

૪. સ્ત્રી. અષ્ટવર્ગ કે અષ્ટવર્ગ માંહેની એક ઔષધિ. અષ્ટવર્ગ: ઋષભ, ઋષભક, મેદા, મહામેદા, ઋદ્ધિ, વૃદ્ધિ, કાકોલી અને ક્ષીરકાકોલી.

૫. સ્ત્રી. (પુરાણ) કુબેરની સ્ત્રીનું નામ.

૬. સ્ત્રી. કોરોમાંડલ કિનારાના પ્રદેશમાં થતો એક કંદ. તેના વેલા થાય છે. કંદ ગાંઠ જેવો, ચિકણાશ અને ઉપર ધોળા કેસરાવાળો અને તેનાં ફળ વામાવર્તો હોય છે. એ ભાગ્ય અને વીર્ય વધારનાર, સ્તંભક અને રક્તપિત્તનો નાશ કરનાર, મધુર, ભારે, પ્રાણરક્ષક અને બૌદ્ધમાર્ગક મનાય છે. ઔષધિમાં તેનો બહુ વારંવાર થાય છે. તે સિદ્ધિરૂપ કહેવાય છે, એટલે કે જે તે ઘરમાં સચવેલ હોય તો તે ઋદ્ધિ એટલે ધનની પ્રાપ્તિ કરાવે.

૭. સ્ત્રી. અષ્ટવર્ગની પાસે રહેતી બે માંહેની એ નામની શક્તિ.

૮. સ્ત્રી. રૌદ્ર શક્તિ; સક્રૂરતા.

૯. સ્ત્રી. ચતુરાઈ; દુર્ગા.

૧૦. સ્ત્રી. ચરાચરીમાંનો એક.

૧૧. સ્ત્રી. લક્ષ્મીનું નામ.

૧૨. સ્ત્રી. સાધનાત; મુખ્ય.

૧૩. સ્ત્રી. વૃદ્ધિ; વધારો.

૧૪. [સં. ઋધ્ (આબાદ થવું)] સ્ત્રી. વૈભવ; વિભૂતિ; આબાદી; અનુકૂલિક અને દિવ્ય એમ તમામ જાતના વૈભવ; સમૃદ્ધિ; સંપત્તિ.

> ૐ ઠેકાણે મુક્તિ અને શક્તિ એકત્ર વાસ છે ત્યાં જ ઋદ્ધિ અને સિદ્ધિ નિશ્ચિત વાસ કરે છે.
> ગીતાભાષ્ય

૧૫. સ્ત્રી. સિદ્ધિ; કળાપ્રાપ્તિ

ઋદ્ધિકા [સં. ઋદ્ધિ (સંપત્તિ) + ક (આબાદી)] સ્ત્રી. એ નામની એક શક્તિ.

ઋદ્ધિધારી [સં. ઋદ્ધિ (સંપત્તિ) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. સંપત્તિવાળું.

ઋદ્ધિમાન ૧. [સં. ઋદ્ધિ (આબાદી) + મત્ (વાળું)] વિ. આબાદ; વૈભવવાળું.

૨. વિ. પૈસાદાર; શ્રીમંત.

ઋદ્ધિવલ્લી [સં. ઋદ્ધિ (વૃદ્ધિ) + વલ્લી (વેલ)] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગાયની દીકોરી.

ઋદ્ધિવૃદ્ધિ [સં. ઋદ્ધિ (આબાદી) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી. આબાદીમાં વધારો.

ઋદ્ધિવત્તી [સં. ઋદ્ધિ (સંપત્તિ) + શાલિન્ (વાળું)] વિ. સંપત્તિવાળું

ઋદ્ધિસંપન્ન ૧. [સં. ઋદ્ધિ (સંપત્તિ) + સંપન્ન (વાળું)] વિ. લક્ષ્મીવાળું; આબાદ.

૨. [સં. ઋદ્ધિ (સિદ્ધિ) + સંપન્ન (વાળું)] વિ. સિદ્ધ.

ઋદ્ધિસિદ્ધિ ૧. [સં. ઋદ્ધિ (લક્ષ્મી) + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. આબાદી અને ઇચ્છેલ વસ્તુની પ્રાપ્તિ; સમૃદ્ધિ અને સફળતા.

૨. સ્ત્રી. આબાદી અને સંપત્તિ. ઋનો રિ બોલો પણ ઉચ્ચાર થતો હોવાથી આ શબ્દ રિદ્ધિસિદ્ધિ પણ બોલાય છે.

ઋદ્ધ પું. એ નામનો ઋષિ. તેનાથી તંબોલી જાતની ઉત્પત્તિ થઈ મનાય છે.

ઋદ્ધ્યાશ્રમ ન. હરિયાની સરહદથી ૨૨૦૦૦ ફૂટ ઊંચાઈએ મરવાહ પ્રાંતમાં આવેલું એક મંદિર. તે કેદારનાથ અને બદરીકેદારની ઠીક પાસે મંદાકિનીના નજીક આવેલ છે.

ઋધ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) આબાદ થવું; સમૃદ્ધ બનવું; વિકાસ થવો. તે ઉપરથી બનેલ શબ્દ: ઋદ્ધ, ઋદ્ધિ, સમૃદ્ધ, સમૃદ્ધિ.

૨. સ. ક્રિ. ઊગવું

૩. સ. ક્રિ. સંતોષવું; પ્રસન્ન કરવું.

૪. સ. ક્રિ. સિદ્ધ કરવું; પાર પાડવું.

ઋધ્યો પું. ઈંટણિમાં તેલ માપવામાં વપરાતું સાડીસુડતાલીસ તોલા જેટલું વજનનું એક માપ.

ઋબીસ ૧. [સં.] ન. અગ્નિ.

૨. ન. ક્ષીરોદ; ક્ષાર; ખારો.

૩. ન. પૃથ્વી.

૪. ન. પૃથ્વીની ફરતી.

ઋભવ પું. (પુરાણ) આઠમા મન્વંતરમાંના પાંચ માંહેના એક જાતના દેવ.

ઋભુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું આદિત્ય.

૩. પું. ઇંદ્ર.

૪. પું. એ નામનો એક શિલ્પશાસ્ત્રી.

૫. પું. એક દેવજાતનું નામ.

૬. પું. (પુરાણ) એક બ્રહ્મજ્ઞાનસ પુત્રનું નામ. પુલસ્ત્યનો દીકરો નિદાઘ તેનો શિષ્ય હતો.

૭. પું. કારીગર; કારીગર.

૮. પું. ચાકી બનાવનાર કારીગર; રથકાર

૯. પું. (પુરાણ) આઠમા મન્વંતરમાંના પાંચ માંહેના એક જાતના દેવ.

૧૦. પું. ત્રિકર્ણ બજારની એક જાતિ.

૧૧. પું. દેવ; અમર; ત્રિદશ; વિબુધ; સુર; દિવૌકસ; અદિતિજ; ઋતુભુજ; દાનવારિ.
૧૨. પું. દેવતાની જેમ જ્યાં દેવતાને પણ પૂજવા લાયક દેવ.
૧૩. પું. દેવોના ગાયકનો એક વર્ગ દેવતાના સેવક.
૧૪. પું. ચાલેવતા.
૧૫. પું. સુથાર.
૧૬. પું. વૈવસ્વત મન્વંતરમાનો એક દેવ.
૧૭. પું. (પુરાણ) શિવના અશ્રુનો નાશ કરવાને ઇચ્છતા બ્રહ્માજીએ યજ્ઞમાંથી ઉત્પન્ન કરેલ એક દેવ.
૧૮. પું. (પુરાણ) સુધન્વાના મોટા દીકરાનું નામ.
૧૯. પું બ. વ. (પુરાણ) અંગિરાના વંશના સુધન્વાના ઋભુ, વિભ્વન અથવા વિભુ અને વાજ નામના ત્રણ દીકરા. તે અર્થે દિવ્ય પુરુષ હતા. ઋભુ નામના મોટા ભાઈના નામ ઉપરથી ત્રણે ભાઈ એ નામથી ઓળખાવા લાગ્યા. પોતાનાં સારા કામથી તે દૈવી પદ પામી પૂજાવા લાગ્યા. સૂર્યલોકમાં તેમણે રહેતા હોવાનું મનાય છે. ઋગ્વેદ પ્રમાણે તેમણે ઇંદ્રનો રથ અને ઘોડાઓ, અશ્વિનનો રથ અને બૃહસ્પતિની ગાય બનાવનારા ચતુર કલાકારો છે. તેમણે પોતાનાં વૃદ્ધ માતપિતાને જુવાન બનાવ્યાં. વળી તેમણે દેવોના યજ્ઞ પ્રસાદ અને પોતાના હરીફ ત્વષ્ટાના એક ચમત્કારમાંથી ચાર બનાવ્યાં હતાં. સામાન્ય રીતે સાંજના યજ્ઞો વખતે તેઓ ઇંદ્રના સાથી બનતા હોવાનું મનાય છે. વળી તેઓ આકાશ ટેકવી રાખતા હોવ એવી માન્યતા છે.
૨૦. વિ. અતિશય તેજસ્વી; બહુ પ્રકાશમાન; દૂર સુધી પ્રકાશતું.
૨૧. વિ. દક્ષ; ચતુર; ચાલાક. આ વિશેષણ ઇંદ્ર, અગ્નિ અને આદિત્યોને લગાડવામાં આવે છે.

ઋભુક્ષ ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. પું. ઋભુ નામના દેવ.
૩. પું. વજ્ર.
૪. પું. સ્વર્ગ.

ઋભુક્ષા ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. પું. ઋભુ નામથી પ્રસિદ્ધ દેવ.
૩. પું. ભરત

ઋભુક્ષી ૧. [સં. ઋભુક્ષિન્] પું. ઇંદ્ર.
૨. પું. ઋભુ નામના દેવ.
૩. પું. ભરત.

ઋભુક્ષિરથ [સં. ઋભુ (ચતુર) + ક્ષિપ (પ્રેરણારી)] વ. ક્રમથી જ્યારે ક્ષિપ્રાનક્ષત્રમાં પડેલ ચૌદ મહિનો એક વિભાગ.

ઋભુક્ષિરથી [સં. ઋભુ (ચતુર) + ક્ષિપ (પ્રેરણારી) + ઇન્ (વાળું)] વ. ચૌદ મહિનું એક ક્ષિપ્રાનક્ષત્ર. તેના સ્વામિ અશ્વિન બહુ હતા.

ઋભ્વ [સં.] પું. દેવ.

ઋભ્વ ૧. [સં.] વિ. દક્ષ; ચતુર; ચાલાક.
૨. વિ. દૂર સુધી પ્રસરતું; દૂર પ્રસારી.
૩. વિ. નિશ્ચયવાળું.
૪. વિ. હિંમતવાન
૫. વિ. દુઃખનો કરનારું.

ઋભ્વક્ષ [સં.] પું. એક જાતનું ચામડું વપરાનાર.

ઋભ્વક્ષરી [સં.] પું. એક જાતનું વાજું.

ઋભ્વીસક વ. એક જાતનું વાજું.

ઋષભ ૧. પું. બળદ.ઋષભ.

> જો હમે **ઋષભ** થયા, તો કયા હતો ભાત ધરિ.
> રમારામ

૨. પું.; વ. મરણ; મોત.

ઋષભ ૧. [સં. ઋષ્ (જવું)] પું. એક જાતનું ઘરમાં પોળા પગવાળું ઘરણ.
૨. [સં. ઋષ્ (હિંસા કરવી)] વ. હિંસા.
૩. વિ. હિંસા કરેલા જેવું.

ઋષભકેતન ૧. [સં.] પું. કામદેવ.
૨. પું. (પુરાણ) કૃષ્ણના દીકરા પ્રદ્યુમ્નનો દીકરો અનિરુદ્ધ.

ઋષભકેતુ [સં.] પું. કામદેવ. ભુજાએ ઋષભકેતન.

ઋષભદ [સં. ઋષભ (બળદ) + દ (આપવું)] પું. દરણ પાડવાનો ખાડો; કૂવો.

ઋષભપર્વત પું. રામાયણમાં જણાવેલો એ નામનો પર્વત. તુંગભદ્રાના કાંઠા આગળ અનગુંદીથી તે બાજ માઈલ દૂર છે.

ઋષભશૃંગ [સં. ઋષભ (બળદ) + શૃંગ (શીંગડું)] પું. (પુરાણ) એક ઋષિનું નામ. જેમ કહેવાય છે કે તે હરણીથી જન્મ્યો હતો અને તેના કપાળમાં નાનું શીંગડું હતું.

ઋષભશૃંગાશ્રમ [સં. ઋષભશૃંગ (એક ઋષિનું નામ) + આશ્રમ (મુનિનું નિવાસનું ઠેકાણું)] પું. (પુરાણ) ભાગલપુર જિલ્લામાંના સિંધિપરમાં કોશિકી કે કૂશી નદી પાસે આવેલ ઋષભશૃંગ ઋષિનો આશ્રમ. કૂશી નદી પાસે આવેલું એક પ્રાચીન તીર્થ. ત્યાં લોમશ ઋષિ યુધિષ્ઠિર મળ્યા હતા.

ઋષભા [સં. ઋષભ (બળદ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મૂછાળી; ઢગણી.

ઋષ્ય ૧. [સં.] વ. ક્રિ. જવું; પાસે જવું.
૨. વ. ક્રિ. વધવું.
૩. વ. ક્રિ. દૂર મારવું; નાશ કરવો; મારી નાખવું.

ઋષ્ય ૧. [સં. ઋષ્ (જવું)] પું. આખલો; ગોધો; વૃષ; બળદ. ત્રિપન કરી શકે એવો સમર્થ બળદ તે ઉક્ષા અને તેથી મોટો તે ઋષભ કહેવાય.
૨. પું. (પુરાણ) ઉત્તર સાગર નજીક આવેલ એ નામનો પર્વત. ત્યાં ગાર્ગિલી નામની બાલબ્રહ્મચારિણીએ તપ કર્યું હતું. એને ઋષભકૂટ પણ કહે છે.
૩. પું. (પુરાણ) એ નામના એક ઋષિ. એમણે સુમિત્ર રાજાને "બ્રાહ્મણ જેવી જાતવાન છે" એ વિષય ઉપર નિરૂપણ કર્યું હતું.
૪. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૫. પું. (પુરાણ) એક અસુરનું નામ. ભરતખંડના દીકરા સુદેવ રાજાએ તેને મારી તેના ચામડાનું દુંદુભિ કરાવ્યું હતું.
૬. પું. એક જાતની ઔષધિ; એક સાપ છોડનું નામ; ગાઠ મોંદેની એક મુખ્ય ઓષધિ.
૭. પું. (પુરાણ) એક મહાન તપસ્વી ઋષિ. એ હેમકૂટ પર્વતના ઋષભકૂટ નામના શિખર ઉપર રહેતો, ત્યારે કેટલાક માણસ નિરર્થક એમની પાસે જતાં. આથી ઉદ્વેગ પામી તેણે પર્વત અને વાસુને આવતા કરી હતી કે જે કોઈ આવે તેના ઉપર પથરા વરસાવી પાછાં જતાં રહે તેમ કરવું. આમ થવાથી ઋષિનો ઉદ્વેગ બંધ થયો.
૮. પું. એક વિષહર ઔષધનું નામ.
૯. પું. (પુરાણ) એક સર્વભૌમ રાજા. રામ સાથળ અયોધ્યાવાસીને સાથે નિજધામ પધાર્યા પછી કેટલોક વખત અયોધ્યા નગરી વસતી વગરની ઉજ્જડ રહી હતી. એ નગરીને આ રાજાએ ફરી વસાવી હતી.
૧૦. પું. ઢોરનું છિદ્ર.
૧૧. પું. (પુરાણ) કૃષ્ણ અને બળરામના મિત્ર; એક ગોપનું નામ.
૧૨. પું. (પુરાણ) કૃષ્ણના એક દીકરાનું નામ.
૧૩. પું. કોંકણ દેશ માંહેનું એક તીર્થસ્થાન.
૧૪. પું. (પુરાણ) ક્રૌંચદ્વીપ માંહેના એક જાતના લોક.

> એ નદીઓના પવિત્ર જળનું પાન કરતા પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના એ દ્વીપના રહેવાસી જનના પતિ સવારાનનું પૂજન કરે છે.
> ભાગવતી ભાગવત

૧૫. પું. જૈનોના ઋષભ ચોવીસીના પ્રથમ તીર્થંકર; નાભિરાજા અને મરુદેવીના દીકરાનું નામ. પોતાના સો દીકરામાંના મોટા ભરતને રાજ્ય સોંપી પ્રભાસ ક્ષેત્ર કરી જેણે એવું આકરું તપ કર્યું હતું કે તેનું માંસ સુકાઈ જઈ ફક્ત હાડકાં અને ચામડી બાકી રહ્યાં હતાં.
૧૬. પું. દક્ષિણ હિંદુસ્તાનમાં સિંધ હિંગળાજ

મતની સ્થાપના કરનાર ઈ. સ. ૧૧૫૦ના અરસામાં થયેલ એ નામનો એક શિવભક્ત વૈષ્ણ.

૧૭. પું. દિવસનું અઠ્ઠાવીસમું મુહૂર્ત.

૧૮. પું. નરબાણી એવો અર્થ બતાવતા પ્રાણીના નામ સાથે વપરાતો શબ્દ. જેમકે, જગજંતુ= બકરો.

૧૯. પું. (પુરાણ) નવમા દક્ષસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો એ નામનો એક અવતાર.

૨૦. પું. પંજાબ દેશમાં હાલના મદુરા જિલ્લામાં આવેલો અલાગિરિ પર્વત. ત્યાં યુધિષ્ઠિર લોમેશ ઋષિની સાથે ગયા હતા.

૨૧. પું. પુરુષોત્તમનો હજાર મહિનાનો એક ભાગ.

૨૨. પું. (પુરાણ) ભાર અદિતિ માંહેનાં ઇંદ્ર નામના આદિત્યને પૌલોમી નામની સ્ત્રીથી થયેલ એ નામનો દીકરો.

૨૩. પું. (પુરાણ) ભારતવર્ષની દક્ષિણ દિશામાં આવેલો જેહના આકારનો એક પર્વત. એના ઉપર કેતુક, ગ્રામણી, રિક્ષ, શુક્ર અને અણુ એવા પાંચ ગંધર્વ રહીને ગોશીર્ષ વગેરે ચાર જાતનાં ચંદનોની રક્ષા કરે છે.

૨૪. પું. ઘૂંટણનું પૂજકું.

૨૫. પું. (પુરાણ) ગજબ દેશમાં આવેલો એ નામનો પર્વત.

૨૬. પું. મગરનું પૂજકું.

૨૭. પું. (પુરાણ) મહાભારતની લડાઈમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

૨૮. પું. (પુરાણ) મેરુની આજુબાજુ ફરતાની પંખાડીની પેઠે આવેલ પીસ માંહેના એક પર્વતનું નામ

એક પર્વતના મૂળ ભાગમાં જગદ્ગૌર નામનો પર્વત આવેલો છે. ભાગવતી ભાગવત

૨૯. પું. (પુરાણ) મેરુની દીકરી મેરુદેવી અને ભાગ્રીશના દીકરા નાભિથી થયેલ એ નામનો આઠમો જગવતાર.

૩૦. પું. યદાયદુનો દીકરો; એ નામનો રાજા.

૩૧. પું. (પિંગળ) રસઉલ્લાસ છંદની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૭ ગુરુ અને ૨૨ લઘુ મળી ૩૯ અક્ષરની ૫૬ માત્રા હોય છે.

૩૨. પું. રાજાથી કરાતો યજ્ઞ; રાજાનું એક કર્તવ્ય.

૩૩. પું. રામની સેનાના એક વાનરનું નામ. જેણે મહાપાર્શ્વને માર્યો હતો.

૩૪. પું. (પિંગળ) રોલાવસ્તુ છંદની જાતનો ૧૧ ગુરુ અને ૩૪ લઘુ મળી ૮૫ અક્ષરની ૯૬ માત્રાવાળો એક વિષમજાતિ માત્રામેળ છંદ.

૩૫. પું. (પુરાણ) લોકાલોક પર્વત ઉપરનો એ નામનો એક દિગ્ગજ.

તે લોકાલોક પર્વતની ઉપર અજિત જગતના ગુરુ બ્રહ્મદેવે સર્વ લોકની સ્થિતિના આધારભૂત એવા જગદ્ગજ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર હાથી ચાર દિશાઓને વિષે સ્થાપેલા છે. પુરુષોત્તમ પીતા

૩૬. પું. (પુરાણ) વૃત્રાસુરનો અનુયાયી એ નામનો એક અસુર.

૩૭. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના બૃહદ્રથ રાજાના બે ભાઈના નાના દીકરા કુશાગ્રનો એ નામનો દીકરો.

૩૮. [સં. જગત્ + મ. રિખભ] પું. (સંગીત) સ્વરસપ્તક માંહેનો બીજો સ્વર. તેની સંજ્ઞા જેટલે દૂંક રૂપ રી છે. તેનું સ્વરસ્થાન છાતી હોઈ હૃદયમાંથી તે ઉત્પન્ન થાય છે. તેનું ઉચ્ચારણ કરતાં વાયુ નાભિ, કંઠ અને મસ્તક એ સ્થાને જાય જેટલે ઘણની ત્રાટક નાદ કરે છે, તેથી તેનું નામ જગજ પડ્યું છે. તેનો અવાજ ગાય અથવા બપૈયાના અવાજ જેવો છે. પણ કોઈ કોઈ તેને ગાતરના સ્વર જેવો માને છે. કેટલાક તેનો સ્વર કુકુભ જેવો હોવાનું માને છે. કૂકડો ત્રાજ્ય સ્વરમાં પ્રભાતે પોકારે છે. મોમુખી નામના વાદ્યિત્રમાંથી પણ આ સ્વર નીકળી શકે છે. સિત્તેર વર્ષની ઉંમરે ધ્રુવું કરીને તે નીકળી શકે છે. આ સ્વરથી સેનાપતિપણું, ધન, વસ્ત્રો, સુખ, ઘરેણાં, સ્ત્રી, રાજન વગેરે મળે છે. તેના શુદ્ધ અને ક્ષોભણ એવા બે ભેદ અને દયાવતી, રંજની અને રતિકા જેવી તેની ત્રણ કૃતિ છે. તેની જાતિ ક્ષત્રિય, વર્ણ પીળો, દેવતા બ્રહ્મા, ઋતુ શિશિર, વાર સોમ, છંદ ગાયત્રી અને પુત્ર માલકોશ છે. તેનો અધિષ્ઠાતા ગ્રહ બુધ અને અધિષ્ઠાતા દેવ બ્રહ્મા કે વિષ્ણુ છે. તેનો મુખ્ય છંદ ગાયત્રી અને શૃંગાર રસ પ્રધાન છે. તે શીત અને શુષ્ક સ્વભાવ છે. તે વસંત ઋતુમાં અને દેશ, ગ્રામ્યતા વગેરેમાં અનુકૂળ અને આલસ્ય તથા દિવસ વગેરેમાં પ્રતિકૂળ છે.

૩૯. પું. (પુરાણ) હિમાલયનું ઔષધિઓથી ભરેલું એ નામનું એક શિખર. જ્યારે રામ લક્ષ્મણ લંકામાં યુદ્ધ વખતે મૂર્છિત થયા હતા, ત્યારે મારુતિએ આ શિખરને ત્યાં લાવી જેના ઉપરની ઔષધિથી તેમને સાજા કર્યા હતા.

૪૦. પું. હિમાલયમાં થતો હરણ જેવો એક કંદ. તે મધુર, બળ આપનાર અને કામોદ્દીપક મનાય છે.

૪૧. વિ. અતિ ઉત્તમ, શ્રેષ્ઠ, જેવો અર્થ બતાવવા સમાસને છેડે વપરાતો શબ્દ; નરજાતિના નામની પછી ઉપમાન તરીકે વપરાતો શ્રેષ્ઠતાવાચક શબ્દ. જેમકે, પુરુષજગ = પુરુષોમાં શ્રેષ્ઠ.

જગજાહક પું.; ન. હિમાલયના શિખર ઉપર થતો હરણ જેવો એક કંદ. તેનાં પાંદડાં બારીક અને તેનો આકાર બળદના શીંગડા જેવો હોય છે. તે બળવર્ધક, કફ, મધુર, વીર્ય અને મેદની વૃદ્ધિ કરનાર અને પિત્ત, દાહ, રક્તદોષ, કૃશતા અને શ્રમનો નાશ કરનાર મનાય છે.

જગજાહૂક [સં.] ન. હેમકૂટ પર્વતનું એક શિખર. તેના ઉપર જગજા ઋષિનો આશ્રમ હોવાથી આ નામ પડ્યું છે. દેવોએ લાંબા વખત સુધી તેના ઉપર રહીને યજ્ઞ યજ્ઞ કર્યા હતા.

જગજાકેતન ૧. [સં. જગજા (બળદ) + કેતન (ચિહ્ન)] પું. જૈનોના પહેલા તીર્થંકરનું નામ. તેમને બળદનું ચિહ્ન હતું, તેથી તે જગજાકેતન કહેવાય છે.

૨. પું. મહાદેવનું શંકર.

જગજાગજ પું. (પિંગળ) અષ્ટિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ: વિલસિત: ગજવિલસિત: જગત્યુગ્મવિલસિત. તેમાં જગજા, રગજા, જગજા નગજા અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં સાતમે અને નવમે અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

જગજાગજવિલસિત [સં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ.

જગજાતર [સં. જગજા (બળદ) + તર (નામપદનું બતાવનાર પ્રત્યય)] પું. નાનો બળદ; પાજરડો; બાર ઉપઠવામાં બહ શક્તિવાળો બળદ.

જગજાતરો [સં. જગજા (બળદ) + તર (નામપદનું બતાવનાર પ્રત્યય) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બાર ઉપઠવામાં ઓછી શક્તિવાળા બળદની જાત.

જગજાતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષના એક તીર્થનું નામ.

જગજાદાસ પું. નાકરવૃત્તમાંનો એ નામનો એક જૈન શ્રાવક કવિ. તે ઓસવાળ એટલે ઓશવાળ વણિક હતો. ખંભાતમાં મહિરાજના દીકરા સાંગણને સરૂપદે નામની સ્ત્રીથી તેનો જન્મ થયો હતો. ખંભાતમાં જ રહી અનેક ગુજરાતી ગ્રંથકૃતિ અને રાસા રચ્યા હતા. નાનો કુમારપાલ રાસ, મોટો કુમારપાલ રાસ, નવતત્ત્વ રાસ, વિક્રમચરિત્ર રાસ, સ્થૂલિભદ્ર રાસ, હિતશિક્ષા રાસ, હીરવિજયસૂરિ રાસ વગેરે તેણે રચેલ છે. તેની કારકિર્દી સંવત ૧૬૬૨થી એટલે ઈસવી સનના સત્તરમા સૈકાની શરૂઆતથી આવે છે, એટલે પ્રેમાનંદ, શામળ અને અખાની પહેલાં તે થઈ ગયાનું જણાય છે.

ઋષભદેવ ૧. [સં. ઋષભ (ઉત્તમ) + દેવ (દેવતા)] પું. અતિ ઉત્તમ દેવ.

૨. પું. (જૈન) આદિનાથ; ઉલ્લી ચોવીસી મહિના પ્રથમ તીર્થંકર. નાભિ રાજા પિતા અને મરુદેવી માતાથી તેમનો જન્મ ચૈત્ર વદિ ૮ ના અયોધ્યા નગરીમાં થયો હતો. તીર્થંકર અર્હંતમા આવે ત્યારે તેની માતાને ચૌદ સ્વપ્ન આવે. મરુદેવીએ પ્રથમ સ્વપ્નમાં વૃષભ એટલે બળદ જોયો તેમ જ ઋષભદેવને બળદનું ચિહ્ન હતું તેથી તેનું નામ ઋષભદેવ રાખવામાં આવ્યું હતું. પ્રથમ તીર્થંકર હોવાથી તે આદિનાથ કહેવાય છે. એમના શરીરનો વર્ણ સોના જેવો પીળો, વૃષભનું લક્ષણ, પાંચસો ધનુષની ઉંચાઈ અને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. તેમાંથી ત્રીજો ભાગ પૂર્વ ગૃહવાસમાં રહી ચાર હજાર પુરુષ સાથે દીક્ષા લીધી. તે પછી એક હજાર વર્ષે કેવળ જ્ઞાન થયું. એક લાખ પૂર્વની દીક્ષા પાળી અષ્ટાપદ ઉપર પદ્માસને બેસી એક હજાર સાધુ સહિત માઘ વદિ ૧૩ ના રોજ મોક્ષે પધાર્યા. તેમણે અસિ, મસિ, કૃષિ આદિ ૭૨ કળા પુરુષને અને ૬૪ કળા સ્ત્રીને શીખવી હતી.

૩. પું. નાભિ રાજાને સુદેવી નામની સ્ત્રીથી થયેલ વિષ્ણુનો અવતાર; અસિ અને કૃષિકર્મ શીખવવા અને સાતમી ઋષિકાનું જ્ઞાન આપવા માટે ભરતને તીર્થિક એક અવતાર; વિષ્ણુના ચોવીસ મોટો આઠમો અવતાર. તે મહાન યોગી અને તત્ત્વવેત્તા હતા. જૈનો તેને આદિનાથ કહે છે અને પોતાના ધર્મના પહેલા તીર્થંકર ગણે છે. નાભિ રાજાએ તેને બાલ્યાવસ્થામાં ઋષિમુનિઓના સહવાસમાં રાખી તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપ્યું હતું. તે યોગ્ય વયના થતાં નાભિ રાજા તેને રાજ્ય સોંપી બદરીકાશ્રમમાં તપ કરવા ગયા. ઋષભદેવ રાજાએ પ્રજાનું ઉત્તમ રીતે પાલન કર્યું. વળી સો યજ્ઞ સો વાર હરીહરીને કર્યા તેથી પ્રજા મહાધર્મવાળી બની. એ જોઈ એ સમયના સર્વાંગીલક્ષ્ય નામના ઇંદ્રને અદેખાઈ થઈ અને તેણે વરસાદ વરસાવવો બંધ કર્યો. ઋષભદેવે પોતાના પ્રભાવથી સોક્ષે છલ્લે ત્યારે પાણી માગે એવી યુક્તિ કરી. તેથી ઇંદ્રે પછી પોતાની જયંતી નામની કન્યા તેને પરણાવી. તેનાથી તેને ભરત વગેરે સો દીકરા થયા. તેમાના ૮૧ બ્રાહ્મણધર્મ કરવાના ઋષિ હતા. કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એ નવ પરમ ભાગવતો હતા, અને દરેક ઋષભદેવ સાથે રહેતા હતા. ઋષભદેવે ઘણાં વર્ષ રાજ્ય અને સંસાર સુખ ઉત્તમ રીતે ભોગવ્યું. તે પછી દીક્ષા લઈ વનમાં જવાનો વિચાર કર્યો. કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્મવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇંદ્રસ્પૃક્, વિદર્ભ અને કીકટ એ નામના નવ દીકરાને જંબુદ્વીપના નવ દેશ મહિના આપ નામના દેશના નવ ભાગ કરી આપ્યો દેશ આપી અધિપતિ સ્થાપ્યા. એ દીકરાઓના નામથી જ તે દેશનાં નામ પાડ્યાં. બાકી રહેલા સર્વેથી મોટા ભરતને સાર્વભૌમપદ આપ્યું. પોતાના રાજ્યના દસ ભાગ પાડી દસ દીકરાને પહેલો આપી પોતે દીક્ષા લઈ વનમાં યોગાભ્યાસ કરવા ચાલી નીકળ્યા. કેટલેક દેકાણે ફરતા ફરતા એક વખતે શિવકુળ કુંજર ઉપર આવી તપશ્ચર્યા કરી, તેથી તે કુંજર પવિત્ર મનાય છે. પછી તીવ્ર આત્માનુસંધાનથી દેહભાન છોડી જઈ નગ્ન અને છૂટા કેશે ફરવા લાગ્યા. કોઈ બારણે તો જ ખાતા પીતા. એવી સ્થિતિમાં ફરતા ફરતા કર્ણાટકમાં આવ્યા. ત્યા કુટકાચલ વનમાં જતાં તેની જટા વૃક્ષમાં ભરાઈ જવાથી ત્યાં જ ઊભા રહ્યા. કેટલેક વખતે વૃક્ષોના પરસ્પર ઘસારાથી અગ્નિ થયો તેથી આખું વન સળગી ઊઠ્યું. તેમાં આ મહાત્મા પણ બળીને સ્વધામ ગયા. જૈનો લોકો તેમને સર્વત્ર શુદ્ધ પણ કહે છે. જૈનો અને જૈન તેમને પોતાના ધર્મના મુખ્ય આચાર્ય માને છે. તે સ્વાયંભુ મન્વંતરમાં ઉત્પન્ન થયા હતા. જૈનો તેને અવસર્પિણી એટલે ઉતરતા ક્રમના કાળના ત્રીજા આરામાં ઉત્પન્ન થયાનું કહે છે.

૪. પું. (પિંગળ) રસઉલ્લાસની જાતનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ગુરુ શુદ્ધ અને લઘુ પદ્ય હોઈને તેની પદ્ય માત્રા હોય છે.

ઋષભદ્વીપ [સ.] પું. એ નામનો એક દ્વીપ; જેતદ્વીપ.

ઋષભધ્વજ ૧. [સ. ઋષભ (બળદ) + ધ્વજ (ચિહ્ન)] પું. જૈનના પહેલા તીર્થંકર ઋષભદેવ. તેની માતાએ પ્રથમ સ્વપ્નમાં બળદ જોયો હતો તેમ જ તેને બળદનું ચિહ્ન હતું, તેથી તે ઋષભધ્વજ કહેવાયા.

૨. પું. તે નામનો એક પર્વત.

૩. [સ. ઋષભ (બળદ) + ધ્વજ (ધ્વજ)] પું. મહાદેવ. શિવ. તેની ધ્વજામાં બળદનું નિશાન છે.

ઋષભનારાચ ૧. [સં. ઋષભ (બાંધાનો પહો) + નારાચ (મર્કટબંધ જાતનું હાડકાંનું બંધારણ)] ન. એક જાતનું સાંધાનું બંધારણ; મર્કટબંધ ઉપર એટલે સાંધાનાં હાડકાંની એકબીજાની પકડ ઉપર પાટો હોય પણ સાંધામાં ખીલી ન હોય એવો સાંધો.

૨. ન. (જૈન) નામકર્મનો એક ભેદ. તેને લીધે છઠ્ઠા મર્કટબંધ અને ઉપર પાટાવાળું બંધારણ પામે છે.

ઋષભપુર ન. રાજગૃહનું એક નામ.

ઋષભપ્રિય પું. (સંગીત) બાવીસો સંગીતના બત્રીસ મંડેલા સત્તાવીસમો થાટ. તેમાં ઋિવત ધ અને નિષાદ નિ કોમળ, મધ્યમ મ તીવ્ર અને બાકીના સાત સ્વર શુદ્ધ આવે છે.

ઋષભયોગી પું. (પુરાણ) શિવના અંશાવતાર એક યોગીનું નામ.

ઋષભરૈવરાજ પું. ઋગ્વેદના દસમા મંડલના ૧૬૨મા સૂક્તનો બનાવનાર એ નામનો ઋષિ; સાંકૃત્ય ઋષિ

ઋષભવૈશ્વામિત્ર પું. ઋગ્વેદના ત્રીજા અને નવમા મંડલનાં અમુક સૂક્ત બનાવનાર ઋષિનું નામ

ઋષભસેન પું. (પુરાણ) રામની સેનાના એક વાનરનું નામ.

ઋષભા ૧. સ્ત્રી. પુરુષના સ્વરૂપવાળી સ્ત્રી; દાઢી, મૂછ જેવાં પુરુષનાં ચિહ્નવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) વિંધ્યાદ્રિ પર્વતમાંથી નીકળતી એક નદીનું નામ.

૩. સ્ત્રી. સિંચાલતા.

૪. સ્ત્રી. ગ્રાસિણી નામની વનસ્પતિ.

ઋષભાદ્રિ [સં. ઋષભ (એક પર્વતનું નામ) + અદ્રિ (પર્વત)] પું. (પુરાણ) એ નામનો દક્ષિણનો એક પર્વત.

ઋષભી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સિંચાલતા.

૨. સ્ત્રી. ક્ષીરશુક્લા; ગ્રાસિણી નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. ગાય

૪. સ્ત્રી. પુરુષના જેવા દેહસ્વરૂપવાળી સ્ત્રી. નરાકાર સ્ત્રી.

૫. સ્ત્રી વિંધ્યા સ્ત્રી.

ઋષ્ય સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; હરેરા. ત્રાંસા, બરડ અને કરવતની અણી જેવાં તેનાં પાન થાકડું અને હાથીદાંત પોલિશ કરવામાં ઉપયોગી છે. કલકત્તા અને વડોદરામાં વાડ બનાવવા માટે તે ઉગાડવામાં આવે છે.

ઋષિ ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ.

૨. પું. એક જાતનું માણસું.

૩. પું. કલ્પિત ચક્ર.

૪. પું. ગોત્ર કે પ્રવરને બનાવનાર મુનિ.

૫. પું. તેજનું કિરણ.

૬. પું. દર્શન.

૭. [સં. દૃક્ (દેખવું)] પું. મંત્રદ્રષ્ટા; વેદના મંત્રોનો પ્રકાશ કરનાર; સૃષ્ટિના અદ્ભુત અને સુંદર પદાર્થોમાં પરમેશ્વરનો વાસ જોનાર. ઋષ્ ધાતુ એટલે જાણવું એ ઉપરથી ઇન્દ્રિયોથી જાણી શકાતી ન હોય એવી બાબતો તેઓ જાણી શકતા હોવાથી ઋષ્ તેઓ ઋષિ કહેવાય છે. તેઓ દેવ, માનુષ અને અસુરથી જુદી પંક્તિમાં ગણાય છે. તેઓ વેદમંત્રના કર્તા અને દ્રષ્ટા કહેવાય છે. તેઓમાં સાત મુખ્ય મનાય છે. આ વૈવસ્વત મન્વંતરના સાત ઋષિ: કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભારદ્વાજ. સ્વાયંભુવ મન્વંતરના સાત ઋષિ: મરીચિ, અંગિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ. મનુ આ ઋષિઓને પ્રજાપતિ એટલે માણસ જાતને પેદા કરનાર ગણે છે અને દક્ષ ઋષિનાં નામ આપે છે. તેણે બનાવેલા સાત ઋષિનાં નામ દક્ષ બ્રહ્મા પ્રજાપતિ, ભૃગુ અને નારદ છે. ભગોળવિદ્યામાં સાત ઋષિનું સપ્તર્ષિ નામનું નક્ષત્ર માનેલું છે.

૮. પું. મુનિ; તપસ્વી; સાધુ; પવિત્ર પુરુષ; સત્સ્વાદી જ્ઞાનથી સંસાર પાર કરનાર વ્યક્તિ. સાધારણ રીતે ઋષિના દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને રાજર્ષિ જેવા સાત પ્રકાર છે. પણ કોઈ વાર બીજા આઠ કે બેતેરી સાત પ્રકાર ગણાય છે. સાતનાં નામ: મહર્ષિ જેમકે, વ્યાસ. પરમર્ષિ જેમકે, કપિલ. દેવર્ષિ જેમકે, નારદ. બ્રહ્મર્ષિ જેમકે, વસિષ્ઠ. શ્રુતર્ષિ જેમકે, સુશ્રુત. રાજર્ષિ જેમકે, જનકપર્યું. કાંડર્ષિ જેમકે, જૈમિનિ. પ્રલય વેળા વેદોની રક્ષા કરવાને બીજા સાત ઋષિનું મંડળ નિર્માય છે એવી માન્યતા છે. મન્વંતરે મન્વંતરે સપ્તર્ષિ મંડળના ઋષિ બદલાય છે.

ઋષિ ત્રિકુટક તાપસ વ્રતિ તપી મુનિવર્ય જેહ;
યોગી યોગસમાસથી પ્રતિદિન સોભત તેહ.
વિજયવસુદેવ

૯. પું. વિદ્યાપારંગત જ્ઞાતકર્તા; આધ્યાત્મિક અને ભૌતિક તત્ત્વોનો સાક્ષાત્કાર કરનાર સાધુ પુરુષ. ત્રિભિના ઋષિ, ખરોસ્ત પ્રજા, કુદ્રિ સબે તિહાં બસી; રામચંદ્ર નહીં સહમણ બાંધવ, સીતા સીતા સહી. સીતાહરણ (પંદરમી સદી)

૧૦. પું. વેદ; જ્ઞાન.

૧૧. પું. વેદના મંત્રોની જેને સ્ફુરણા થઈ હોય તે. જેમકે, વસિષ્ઠ, વામદેવ. જેણે મંત્ર બનાવ્યો અથવા ગાયો હોય તે ઋષિ કહેવાય છે.

૧૨. પું. સાપ.

૧૩. પું. જ્ઞાનસાર; આચાર્ય. ગૃહ્યસૂત્રના કર્તા આશ્વલાયનના મત પ્રમાણે ઋષિનો ઋગ્વેદના મંત્રના દ્રષ્ટા અને આચાર્યો બાહ્યસૂત્રના કર્તા છે.

૧૪. પું. શિવનાં હજાર નામ પૈકીનું એક.

ઋષિચક્ષુ ૧. [સં. ઋષિ (મંત્રદ્રષ્ટા) + ચક્ષુ (ચક્ષ)] ન. ઋષિઓ પ્રત્યેનું કરજ; ઋષિ પ્રત્યેનું મનુષ્યનું કર્તવ્ય. વેદના પઠનપાઠન વગેરે જ્ઞાનપ્રાપ્તિથી આ કરજમાંથી છૂટા થવાય છે.

૨. ન. વેદાભ્યાસ.

ઋષિક ૧. [સં. ઋષિ + ક (અલ્પાર્થ કે સ્વાર્થે પ્રત્યય)] પું. ઋષિનો ઔરસ પુત્ર

૨. પું. દુર્યોધનના પક્ષના એક રાજાનું નામ.

૩. પું. ભારતવર્ષના એક દેશનું નામ. પરમ કાંબોજની ઉત્તરે આવેલ હોઈને તેની ઉત્તરે હિમાલય પર્વત આવેલ છે. હાલ જેને રશિયા કહે છે. અહીં હિમાલય કહેલ છે તે પ્રસ્તુત હિમાલય ઉપત્યકા છે તે નહિ પણ મુખ્ય હિમાલય ગણવાનો છે

ઋષિકદેશ [સં. ઋષિક (ભારતવર્ષના એક દેશનું નામ) + દેશ] પું. (પુરાણ) અર્જુને જીતેલા એક દેશનું નામ: રશિયા.

ઋષિકન્યા [સં. ઋષિ (મુનિ) + કન્યા (દીકરી)] સ્ત્રી. મુનિની દીકરી.

ઋષિગિરિ સ્ત્રી. (પુરાણ) ઉત્તરમાં કાંબોજ નજીક આવેલો એક દેશ: રશિયા.

ઋષિકાળ [સં. ઋષિ (મંત્રદ્રષ્ટા) + કાલ (વખત)] પું. મંત્રદ્રષ્ટા ઋષિનો વખત.

ઋષિકાળમાં પ્રકાશસ્તિકની પ્રાકૃતભાષા સ્વરૂપ ઉપર હતી સમજાય છે. ઋષિકાળની ભાષા ઉપરથી ઉત્પત્તિ અર્વાચીન વર્ણ સિંધુની તેથી પ્રાચીન કરે છે, અને એ બે ની અનુપદ્ધતિ ભાષા ત્રિપદા ગાથાથી પ્રાચીનતર નીચરે છે.

મુ. સા. પરિષદ

ઋષિકુમાર ૧. [સં. ઋષિ (મુનિ) + કુમાર (દીકરો)] પું. ઋષિ પાસે ઊછરેલ છોકરો.

૨. પું. ઋષિનો દીકરો; મુનિપુત્ર.

ઋષિકુમારિકા [સં. ઋષિ (મુનિ) + કુમારિકા (કન્યા)] સ્ત્રી. ઋષિની દીકરી.

ઋષિકુલ ૧. [સં. ઋષિ (મુનિ) + કુલ (સમૂહ)] ન. ઋષિઓનો સમુદાય.

૨. ન. ઋષિનો આશ્રમ: જેમાં ઋષિવિદ્યા એટલે અતિ ઉત્તમ જ્ઞાન આપવામાં આવતું એવી એક પ્રાચીન કાળની જ્ઞાનસંસ્થા: ઋષિકુળ.

૩. [સં. ઋષિ (મુનિ) + કુલ (કટુંબ)] ન. ઋષિનો વંશ.

ઋષિકુલક જુઓ ઋષિકુલ.

ઋષિકુલક ૧. [સં. ઋષિ + કુલ (ટોળું) + ક (અર્થ)] વિ. ઋષિના ટોળાના હિતનું.

૨. વિ. ઋષિના સમૂહને લગતું.

ઋષિકુલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋગ્વેદ વંશના પ્રતિહર્તા નામના રાજાના દીકરા ભૂમા રાજાની બે બહેનો પહેલી સ્ત્રી; ઉદ્ગીથની માનું નામ.

૨. સ્ત્રી. (પુરાણ) ઋષિઓએ બનાવેલી એ નામની નદી.

૩. સ્ત્રી. (પુરાણ) મહેંદ્રગિરિમાંથી નીકળતી અને કલિંગ દેશમાં આવેલી ભારતવર્ષની એ નામની એક નદી: આજ નદી.

૪. સ્ત્રી માનસ સરોવરની પાસે ઋષિઓએ બનાવેલ સરોવરનું નામ.

૫. સ્ત્રી. (પુરાણ) મુખ્ય હિમાલયની ઉત્તરે આવેલી એક નદીનું નામ.

નર્મદા, સરસ્વતી, ચર્મણ્વતી, સિંધુ, ઋષિકુલ્યા વગેરે ભરતખંડની પવિત્ર નદીઓ છે.

ભગવતી ભાગવત

ઋષિકુળ ૧. [સં. ઋષિ + કુલ (ટોળું)] ન. ઋષિઓનો સમૂહ: મુનિઓનો જથ્થો

૨. ન. ઋષિનો આશ્રમ: જેમાં ઋષિવિદ્યા એટલે અતિ ઉત્તમ જ્ઞાન આપવામાં આવતું એવી એક પ્રાચીન કાળની જ્ઞાનસંસ્થા.

૩. [સં. ઋષિ + કુલ (કટુંબ)] ન. ઋષિનો વંશ.

ઋષિકૃત ૧. [સં. ઋષિ (મુનિ) + કૃત (કરેલું)] વિ. ઋષિએ બનાવેલું.

૨. [સં. ઋષિકૃત્] વિ. દેખાવ દેતું.

૩. વિ. સર્વદ્રષ્ટા: બધું જોનાર.

ઋષિકેતન [સં. ઋષિ + કેતન (ચિહ્ન)] પું. અગિયાર: ઝાખાંડ: ઝાખોકેતન.

ઋષિકેશ ૧. [સં. ઋષિ + ઈશ (વિષ્ણુ)] પું. વિષ્ણુનું એક નામ.

૨. ન. એ નામનું એક ગામનું નામ.

ઋષિકેશાશ્રમ [સં. ઋષિકેશ (એક ગામ) + આશ્રમ (રહેઠાણ)] પું. વિષ્ણુ.

ઋષિગણ ૧. [સં. ઋષિ (આચાર્ય) + ગણ (જથ્થો)] પું. આચાર્યનો જથ્થો.

૨. પું. સામવેદના એક ઋષિનું નામ.

ઋષિગિરિ પું. મગધ દેશમાં આવેલો એ નામનો પ્રાચીન પર્વત: જરાસંધની રાજધાની ગિરિવ્રજ એટલે રાજગૃહ પાસના પાંચ ડોંગરો એ નામનો એક પહાડ: મગધ દેશની સીમા કરનારા એક પર્વતનું નામ.

ઋષિચાંદ્રાયણ [સં. ઋષિ + ચાંદ્રાયણ (ચંદ્રની કલાની વધઘટ પ્રમાણે રોજ કોળિયો વધારતા ઘટાડતા જવાનું એક વ્રત)] ન. એક જાતનું વ્રત. તેમાં સંકલ્પની દૃઢતા કરીને દરરોજ નિયમ પ્રમાણે હવિષ્યાન્નના માત્ર ચાર ચાર કોળિયા એક માસ સુધી ખાવાના હોય છે.

ઋષિદંત [સં.] ન. (પિંગળ) એ નામનો એક છંદ

ઋષિદત્ત [સ.] પું. (પુરાણ) ઉશિજ ઋષિનું બીજું નામ.

ઋષિજન [સં. ઋષિ (મુનિ) + જન (માણસ)] પું. ઋષિ.

ઋષિદંગલ [સં.] પું. એક છોડનું નામ; ઋક્ષગંધા.

ઋષિદંગલિકો જુઓ ઋષિદંતલ.

ઋષિતપસ્તામ લિપિ જી. લલિત વિસ્તરમાં જણાવેલી બોસા બાંહેની એક લિપિનું નામ.

ઋષિતર્પણ [સં. ઋષિ + તર્પણ (તૃપ્ત કરવાપણું)] ન. ઋષિની તૃપ્તિ માટે જળ આપવું તે; ઋષિને ઊભા રહીને આપેલી પાણીની અંજલિ.

ઋષિદૃષ્ટ [સં. ઋષિ (મંત્રદ્રષ્ટા) + દૃષ્ટ (જોયેલ)] વિ. મુનિએ જોયેલા મંત્ર.

ઋષિધર્મ ૧. [સં. ઋષિ (મુનિ) + ધર્મ] પું. જૈનધર્મ.

> ઉત્તરમાં દૈત્યોએ કહ્યું, હવે અમે અસુરધર્મ છોડી ઋષિધર્મ સ્વીકાર્યો છે. પુરાતત્ત્વ

૨. [સં. ઋષિ (વેદ) + ધર્મ] પું. વેદ ધર્મ.

ઋષિપત્તન [સં. ઋષિ + પત્તન (શહેર)] ન. કાશીથી સાત માઈલ દૂર આવેલું એ નામનું એક શહેર. બુદ્ધ ભગવાને ધર્મોપદેશની શરૂઆત ત્યાં કરી હતી.

> બનારસ પાસેના સુંદર આળાવાડિમાંથી વીંટળાયલું સારનાથ છે. પ્રાચીન કાલમાં જેને ઋષિપત્તન કહેતા. પુરાતત્ત્વ

ઋષિપત્ની [સં. ઋષિ (મુનિ) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. ઋષિની સ્ત્રી; મુનિની સ્ત્રી; આચાર્યની સ્ત્રી.

ઋષિપક્ષ [સ. ઋષિ + પક્ષ (દરજ્જો)] ન. ઋષિનો દરજ્જો; ઋષિ તરીકે ગણવાની લાયકી.

ઋષિપંચમી [સં. ઋષિ (મુનિ) + પંચમી (પાંચમ)] સ્ત્રી. ભાદરવા સુદિ પંચમી; રમપાંચમ; સામાપંચમ. આ દિવસે સામો આવવાનો મહિમા છે, તેથી તેને સામાપાંચમ કહે છે. તે દિવસે અણપેકડું ધાન્ય ખાઈ વ્રત થાય છે. મુખ્યત્વે એ વ્રત ઋષિ અને પુરુષનું છે. ઋષિકર્મોનું પણ ખાસ પ્રાપ્ત થાય છોકરા માટે તેમનાં પૂજન અર્ચનાદિને માટે આ વ્રત થાય છે. કોઈનો આ વ્રત કરે તો રજસ્વલા દોષ અને પંચ મહાપાતકથી મુક્ત થાય એમ કહેવાય છે. કોક વખતે યુધિષ્ઠિરના પ્રશ્નથી શ્રીકૃષ્ણ ભગવાને ઋષિપંચમીના વ્રતને તદ્દકાલ પ્રાપ્તનાશક બતાવ્યું. ભગવાને કહ્યું કે, પૂર્વકાલમાં દેહને જે અજ્ઞાનતાનો દોષ લાગેલો તેનો એક ભાગ સ્ત્રીઓએ પણ ભજવ્યું હતું. તેથી દર મહિને સ્ત્રીઓને રજોધર્મ થાય છે. તે પહેલે દિવસે ચાંડાલી, બીજે બ્રહ્મઘાતિની, ત્રીજે ધોબણ અને ચોથે દિવસે શુદ્ધ બનેલ મનાય છે. તે રજોદર્શન સમયમાં જો સ્પર્શ થઈ જાય તો તે દોષ ઋષિપંચમીનું વ્રત કરવાથી નિવારણ થાય છે.

ઋષિપુત્ર ૧. [સં. ઋષિ (મુનિ) + પુત્ર (દીકરો)] પું. ઋષિનો છોકરો.

૨. પું. મુનિ પાસે ઉછરેલ બાળક.

ઋષિપુંગવ [સં. ઋષિ (મુનિ) + પુંગવ (બેલ)] પું. બેલ મુનિ.

ઋષિપૂજન [સં. ઋષિ (મુનિ) + પૂજન (પૂજા)] ન. બળેવ.

ઋષિપ્રકૃષ્ટ [સં. ઋષિ (મુનિ) + પ્રકૃષ્ટ (રચેલું)] વિ. મુનિએ રચેલું.

ઋષિપ્રોક્ત [સં. ઋષિ (મુનિ) + પ્રોક્ત (કહેલું)] વિ. ઋષિએ જણાવેલ.

ઋષિપ્રોક્તા [સં. ; સ્ત્રી. એ નામની એક ઔષધિ; માયફળી; જવાસી બાદ.

ઋષિબંધુ ૧. પું. ઋષિવંશમાં જન્મેલ નીચ ઋષિ; શરણ નામનો એક ઋષિ.

૨. [સં. ઋષિ (મુનિ) + બંધુ (ભાઈ)] વિ. ઋષિ સાથે સગપણ ધરાવતું.

ઋષિભાષિત ૧. [સં. ઋષિ (મુનિ) + ભાષિત (કહેવાયેલું)] ન. (જૈન) એ નામનું એક ધર્મપુસ્તક.

૨. વિ. ઋષિમુનિઓએ કહેલું, જ્ઞાનવંત સાધુઓ કહેલું.

ઋષિમાન્ય [સં. ઋષિ (મુનિ) + માન્ય (સ્વીકારેલ)] વિ. ઋષિએ માન્ય કરેલ.

ઋષિમાર્ગ પ્રતિષ્ઠાતા [સં. ઋષિમાર્ગ (વેદ ધર્મ) + પ્રતિષ્ઠાતૃ (સ્થાપનાર)] પું. પુરુષોત્તમનાં હજાર મહિનું એક નામ.

ઋષિમુખ ૧. પું. જેની તળેટીમાં પંપા નામનું સરોવર આવેલું છે એવો રામાયણમાં વર્ણવેલો એ નામનો એક પર્વત; ઋષ્યમૂક. ત્યાં હનુમાનને રામ પ્રથમ મળ્યા હતા.

૨. [સં. ઋષિ + મુખ (રક્ષણ)] ન. ઋષિએ બતાવેલ મંત્રોનો રક્ષણનો ભાગ.

ઋષિમુનિ [સં. ઋષિ + મુનિ] પું. ઋષિ અને મુનિ; મંત્રદ્રષ્ટા ઋષિ અને વીતરાગ અવસ્થા સ્થિર બનવાળો મનુષ્ય.

ઋષિયજ્ઞ ૧. [સં. ઋષિ (મુનિ) + યજ્ઞ (યજ્ઞ)] પું. ઋષિઓને ઉદ્દેશીને કરેલો યજ્ઞ, તેમાં ઘીમે બદલે પ્રાર્થના કરવા છે.

૨. પું. બ્રહ્મયજ્ઞ; વેદ ભણવા, ભણાવવા અને સંધ્યાવંદન કરવું તે; નિત્ય વેદાધ્યયનરૂપ બ્રહ્મયજ્ઞ; પંચમહાભૂતયજ્ઞ માંહેનો એક, જેમાં જ્ઞાન દ્વારા ઋષિઓનું તર્પણ કરવાનું હોય છે

ઋષિરાજ [સં. ઋષિ + રાજ્ (રાજા)] પું. મોટો ઋષિ.

ઋષિરાય [સં. ઋષિ + રાય (રાજા)] પું. બેસ ઋષિ; ઋષિઓનો રાજા.

ઋષિલોક ૧. [સં. ઋષિ + લોક (સૃષ્ટિ)] પું. ઋષિઓની સૃષ્ટિ; જ્યાં ઋષિઓનો વાસ હોય એવી સૃષ્ટિ.

૨. પું. સપ્તલોકની નજીક આવેલો ઋષિઓનો લોક; સપ્તલોકની પાસેનો ઋષિઓને ભોગવવા લાયક એક લોક.

૩. પું. સાધુ જનો.

ઋષિવર [સ. ઋષિ + વર (શ્રેષ્ઠ)] પું. ઉત્તમ ઋષિ.

ઋષિવર્ધનવિવર્ધન [સં. ઋષિ (મુનિ) + વર્ધન (કુટુંબ) + વિવર્ધન (વધારો)] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ઋષિવાદિક પું. (જૈન) સાંખ્ય નામના બાંતરના બાર માંહેનો એક પ્રકાર. તે બાર પ્રકાર: હાસ, હૃદ, તુંબુરુવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

ઋષિવાન પું. (પુરાણ) એ નામના એક પ્રજાપતિ.

ઋષિવરાપ [સં. ઋષિ + શાપ (શાપ આપવો)] વિ. ઋષિનો શાપ પામેલ.

ઋષિશ્રાદ્ધ [સં. ઋષિ + શ્રાદ્ધ (પિતૃની તૃપ્તિ માટે શ્રદ્ધાથી કરાતી તર્પણ ક્રિયા)] ન. ઋષિઓનું ઔર્ધ્વદૈહિક શ્રાદ્ધ.

ઋષિશ્રેષ્ઠ [સં.] પું. એક રાજાનું નામ.

ઋષિષ્ટુત [સં. ઋષિ + ષ્ટુ (સ્તુતિ કરવી) + ત (પ્રેરિત)] વિ. ઋષિઓએ સ્તુતિ કરેલ.

ઋષિસત્તમ [સં. ઋષિ (મુનિ) + સત્તમ (પહેલું જ સારું)] વિ. ઋષિઓમાં શ્રેષ્ઠ.

ઋષિસર્ગ [સં. ઋષિ + સર્ગ (સૃષ્ટિ)] પું. ઋષિઓએ કરેલી જગતસૃષ્ટિ.

ઋષિસંઘ [સં. ઋષિ + સંઘ (સમૂહ)] પું. ઋષિઓનો સમૂહ.

ઋષિસંપ્રાર્થિતકુતિ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ઋષિસ્તોમ ૧. [સં. ઋષિ + સ્તોમ (ઘેટાંના ટોળા પ્રમાણે કરવા)] પું. ઋષિનાં વખાણ કરવાં તે.

૨. [સં. ઋષિ + સ્તોમ (યજ્ઞ)] પું. એક દિવસમાં પૂરો થતો એ નામનો એક યાગ.

ઋષિસ્વર [સં. ઋષિ + સ્વર (અવાજ)] વિ. ઋષિએ સ્તુતિ કરવા જેવું.

ઋષી [સં. ઋષિ + ઈ (નદીવાચક પ્રત્યય)] સ્ત્રી. ઋષિપત્ની; ઋષિની સ્ત્રી.

ઋષેય ૧. [સં. ઋષી (ઋષિપત્ની) + ય (બાળક એવા અર્થનો પ્રત્યય)] પું. ઋષિનો ઔરસ પુત્ર; ઋષિક.

૨. પું. એક દેશનું નામ.

૩. [સં. ઋષ્ (ઠાર મારવું)] વિ. માંસાહારી.

ઋષીકા ૧. [સં.] સ્ત્રી. દેવી.

૨. સ્ત્રી. ઓષધિ.

ઋષીતાલ પું. (સંગીત) એક ચતુરશ્રજાતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૬, ૧૧, ૧૩, ૧૭, ૨૧ માત્રા ઉપર છે. તેના કોષ્ટકોના બોલ: સમ કિટ, તકધિના, કિટતક, ધાત્રિતક, ધાત્રિતક, ધિન કિટતક ધિના કિટતક ધિન કિટતક તિંન તરકિટ.

ઋષીશ [સં. ઋષિ (મુનિ) + ઈશ (સમર્થ)] પું. જેવા ઋષિ.

ઋષીશ્વર [સં. ઋષિ (મુનિ) + ઈશ્વર (સમર્થ)] પું. મોટો ઋષિ; ઋષિઓમાં મોટો; ઋષિનો મુખી.

ઋષ્ટ ૧. પું. ભાલો; બરછી.

૨. પું. પ્રજ્વલતો અગ્નિ.

૩. [સં. દૃશ્ (જોવું)] પું. મંત્રદ્રષ્ટા ઋષિ.

૪. પું. સર્પનું કિરચ.

૫. [સં. ઋક્ષ (અઘરું)] વિ. કઠોર.

૬. વિ. કાઠું; બલવાન.

૭. વિ. બળવાન; જોરાવર.

૮. વિ. મોટું.

ઋષ્ટિ ૧. સ્ત્રી. અનિષ્ટ ઉત્પન્ન કરવાપણું.

૨. સ્ત્રી. કાંતિ; દીપ્તિ.

૩. સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની ખરાબ નજર; ગ્રહદૃષ્ટિ; ગ્રહદશા.

૪. [સં. ઋષ્ (હિંસા કરવી)] સ્ત્રી. તરવાર; અસ્ત્ર.

૫. સ્ત્રી. બે તરફ મારવાળી તરવાર.

૬. સ્ત્રી. હથિયાર; આયુધ; શસ્ત્ર.

૭. [સં. ઋષ્ (હિંસા કરવી)] સ્ત્રી. હિંસા.

ઋષ્ટિક પું. (પુરાણ) વાલ્મીકિ રામાયણમાં જણાવેલ દક્ષિણના એક દેશનું નામ.

ઋષ્ટિષેણ [સં.] પું. એક રાજાનું નામ.

ઋષ્ય ૧. [સં.] પું. કાબરા પડતા રંગનું, પીળા મિશ્રણનું અને પાછી ઝાકળથી ઢોરનું રોજની ખાનું એક હરણ; ઋષ્યક.

૨. પું. (પુરાણ) સોમવંશી દેવાતિથિ નામના રાજાનો એ નામનો દીકરો. એના દીકરાનું નામ દિલીપ હતું.

૩. ન. એક જાતનો રોહ.

ઋષ્યક ૧. પું. એક જાતની મૃગ.

૨. [સં.] પું. એક જાતનું મૃગ; પીળા મિશ્રણનું પાછી ઝાકળથી ઢોરનું રોજની ખાનું એક હરણ; ઋષ્ય.

ઋષ્યકેતન [સં.] પું. અનિરુદ્ધ; ઋષ્યકેતુ; ઋષ્યક.

ઋષ્યકેતુ [સં.] પું. અનિરુદ્ધ; ઋષ્યકેતન.

ઋષ્યજટા [સં.] સ્ત્રી. એક જાતનો છોડ; ઋષ્યપ્રોક્તા.

ઋષ્યગંધા [સં.] સ્ત્રી. એક વનસ્પતિ છોડ; ઋક્ષગંધા.

ઋષ્યજિહ્વ [સં. ઋષ્ય (એક જાતનો રોહ) + જિહ્વા (જીભ)] ન. એક જાતનો ખાવાના કોકનો રોગ.

ઋષ્યપ્રોક્તા ૧. [સં.] સ્ત્રી. એક છોડનું નામ; અતિબલા.

૨. સ્ત્રી. શતાવરીનો છોડ.

૩. સ્ત્રી. શ્વદંષ્ટ્રિકા; કૌંચા નામની વનસ્પતિ.

ઋષ્યમૂક ૧. પું. એકાંત.

૨. પું. પમ્પા પર્વતનું એ નામનું એક શિખર.

૩. પું. (પુરાણ) હિંદુસ્તાનની દક્ષિણે પંપા સરોવર નજીક પંપા નદીના મૂળ પાસે આવેલ એક પર્વતનું નામ. મદ્રાસ જિલ્લામાં પંપા અથવા હામ્પીની પાસે તે આવેલ છે. તેના ઉપર માતંગ ઋષિનો આશ્રમ હતો. શાપને લીધે વાલીથી ત્યાં જવાતું નહિ, તેથી પોતાના મંત્રિઓ સાથે સુગ્રીવ અહીં રહીને વખત કાઢતો હતો ત્યારે ત્યાં અમુક વખત વાનરો સાથે સુગ્રીવ પાસે રહ્યા હતા.

ત્રિકૂટ, ઋષ્યમૂક, કુટક, કોલ્હા, રાક્ષ, દેવગિરિ, ઋષ્યમૂક, વીરોલા વગેરે અરવલ્લીના પર્વતો છે.

ગજવતી ગાયત્રી

ઓકતારતા ૧. [સં. એક + તાર (તાંતણો) + તા (પાછું)] સ્ત્રી. એક જ તાંતણો હોવાની સ્થિતિ.
૨. [સં. એક + તાર (લંબ) + તા (પાછું)] સ્ત્રી. એકાગ્રતા; તલ્લીનતા.

ઓકતારપણું સ્ત્રી. એકાગ્રતા; તલ્લીનપણું.

એકતારા [હિં.] પું. એક જાતનું વાજું; એક તારની સિતાર; ફિકરીને મળતું વાજિંત્ર. બંગાળામાંના વૈષ્ણવ લોક ભિક્ષા માગવા જતાં આ વાદ્ય વાપરે છે. તેમાં એક ડાંડો હોય અને તેને એક છેડે આમડેથી મઢેલું તૂમડું અને બીજે છેડે ખૂટી હોય. ડાંડાને એક છેડેથી બીજે છેડેની ખૂંટી સુધી એક તાર બાંધેલો હોય છે. તે મંદ્ર ગામડાની વચ્ચોવચ્ચ ઘોડિયા ઉપર ચઢીને જાય છે. તર્જની વડે આ તાર વગાડાય છે.

એકતારી ૧. [સં. એક + તાર (તાંતણો) + ઇન્ (વાળું)] વિ. જેને વગાડવાનો એક જ તાર હોય એવું વાજિંત્ર; એક તારવાળો તંબૂરો.

૨. સ્ત્રી. એક તારવાળું એ નામનું એક તંતુવાદ્ય.

૩. સ્ત્રી. ખાંડની ચાસણીનો એક પ્રકાર. તર્જની આંગળી ઉપર જરા ચાસણી લઈ અંગૂઠા ઉપર તે આંગળી ઉપાડમૂક કરવાથી ચાસણીમાંથી એકતાર નીકળે તો તે એકતારી કહેવાય છે.

૪. વિ. સ્ત્રી. સરખા પોતની.

એકતારીવીણા સ્ત્રી. એકતારો; એકતારી તંબૂરો.

એકતાર્હ ૧. [સં. એક + તૃ (ખાવું)] વ. એક તારવાળું વાજિંત્ર.

૨. વિ. એક જ તાંતણાનું. સળંગ એક તારનું.

૩. વિ. એક તરેહનું; એક જ જાતનું.

૪. વિ. એક તારવાળું; જેને એક તાર હોય એવું, વાદ્યમાં એક જ તારવાળું.

૫. વિ. એકસરખું; સમાન; પહેલેથી તે છેડા સુધી એકસરખું.

૬. વિ. એકાકાર; સમસમાન.

૭. [સં. એક + તાર (સ્વર)] વિ. ધ્યાનમગ્ન; લીન.

એકતારો [સં. એક + તૃ (ખાવું)] પું. જેને વગાડવાનો એક જ તાર હોય એવું વાજિંત્ર; એકતારવાળો તંબૂરો; એકતંતુવાદ્ય. આ વાદ્ય તંબૂરા ઉપરથી ઉપજાવી કાઢેલું છે પણ તેની રચનામાં તફાવત છે. તેની દાંડી વાંસની હોઈ તેને આડત્રીસ જે ખૂંટીઓ હોય છે, જેના ઉપર તાર બાંધવામાં આવે છે. તબલાની જગ્યાએ તંબૂરા માફક તૂંમડાને ઢાંકી ચામડાથી મઢી વાંસની દાંડી તેમાં મજબૂત કરવામા આવે છે. બાકીની યુક્તિ અને મેળની રચના તંબૂરા માફક છે. જે તાર બાંધેનો પ્રથમ તાર ગાયકના નાદને અનુકૂળ એટલે મધ્ય સપ્તકના ષડ્જમાં મેળવી બીજો તાર તાર સપ્તકના ષડ્જમાં મેળવાય છે. કોઈ વાર સપ્તકના મધ્યમના પંચમમાં પણ મેળવે છે. ગરીબ વર્ગોમાં આ વાદ્યનો ઘણો ઉપયોગ થાય છે. તેમાં ભક્તિરસ ઉત્પન્ન કરવાનો મોટો ગુણ મનાય છે.

એકતાલ ૧. [સં. એક + તાલ (વાજાના ઘોકનું માપ)] પું. (સંગીત) આઠ માત્રાનો જે નામનો એક તાલ. આ તાલની ચાર માત્રા છે. તેમાં પહેલી માત્રા ઉપર તાલી અને ત્રીજી માત્રા ઉપર ખાલી મારવામાં આવે છે.

૨. પું. (સંગીત) ઝાલિતાલ; રાસતાલ; એકતાળી; જેની અંદર એક જ તાળી મારવામાં આવે તેવો તાલ. તેની અંગિસાર જાતિ: એકાકી, દ્વયસ્ર, ત્રયસ્ર, (તિસ્ર), ચતુરસ્ર કે ચતુરસ્ર, ખંડ, વૃત્ત, મિશ્ર, સાનુગી, સકીર્ણ, સર્વસકીર્ણ, દિગ્સકીર્ણ.

૩. પું. એક જાતનું વાદ્ય.

૪. પું. એકતાન; એકલય.

૫. પું. એકનાદ મેળ; સંપ; અવિરોધ.

૬. પું. (સંગીત) અઠ્ઠાવન અને પાંચ માત્રાનો એક તાલ. તે સહસ્રમનો અર્ધ ભાગ છે. જ્યારે સહસ્રમનો તાલ કોઈ બહુ દ્રુત લયથી ગાવ ત્યારે આ ડાંડો બાંધવો. કોષ્ટકોના બોલ: સમ ૧ ધા ધિનતક ધિન ધિન ખોબરો સમ ૧ ધા તરકિટ તક તરકિટ તક તરકિટ તક ધા સમ.

૭. પું. બોરડીબેએ રમવાની એક દેશી રમત. તેમાં બે છોકરી એકબીજીની સામે બેઠી છેટે જેની રહી તાલ આપી ઝૂકે અને શરીરનો મરોડ કરતી રમે.

૮. પું. જેમાં એક જ તાલ હોય એવો રાગ.

૯. પુ. ગાયકાનને વાદ્ય સાથે બરાબર સરખું કરવું તે

૧૦. પું. પ્રાચીન સાત મહિનો જે નામનો એક તાલ.

૧૧. પું. બાર માત્રામાંનો એક જાતનો તાલ; એકો.

૧૨. પું. વાદ્ય, વૃત્ત અને ગીતનો બરાબર મેળ.

૧૩. પું. સ્વરમેળ; એકરાગ; એકસૂર.

૧૪. વિ. એકતાલવાળું.

એકતાલિકા સ્ત્રી. બે રાગો મળીને બનેલ રાગોમાંથી દરેક.

એકતાલી ૧. [સં.] સ્ત્રી. એકતાલ; તાલનો એક ભેદ. જુઓ એકતાલ.

૨. સ્ત્રી. એક પ્રકારનું વાજિંત્ર; જેમાંથી એક જ અવાજ નીકળે એવું વાદ્ય.

૩. વ. તે નામનું એક પદ.

એકતાળીસ [સં. એક + ચત્વારિંશત્ (ચાળીસ)] વિ. ચાળીસ ને એક; ૪૧.

એકતાળો ૧. પું. કોઈ પણ સૈકાની એકતાળીસમી સાલે પડેલો દુકાળ.

૨. પું. મણના એકતાળીસ શેર વજન એવો તોલ.

૩. વિ. પું. એકતાળીસમો.

એકતીર્થી ૧. [સં. એક + તીર્થ (ઉપાધ્યાય) + ઇન્ (વાળું)] પું. ગુરુભાઈ; સાથે ભણનાર; સહાધ્યાયી.

૨. [સં. એક + તીર્થ (પાઠ) + ઇન્ (વાળું)] વિ. એક જ પવિત્ર જગામાં નાહનારું.

૩. વિ. સમાન આશ્રમવાળું; એક આશ્રમવાળું.

એકતીસ [સં. એકત્રિંશત્] વિ. ત્રીસ ને એક; ૩૧.

એકતો અ. પહેલાં તો; પ્રથમ દરજ્જે.

એકતોબોગીમિત્ર [સં. એકતઃ (એક તરફનું) + ભોગ (સુખ) + ઇન્ (વાળું) + મિત્ર (દોસ્ત)] પું. એક સાથે એકને જ લાભ પહોંચાડી શકે તેવો વરવ મિત્ર; અભિમાનને લાભ ન આપે એવો મિત્ર.

એકતોલ [એક (સરખું) + તોલ (વજન)] વિ. સરખું; સરખા વજનનું.

એકત્ત ૧. [સં. એકત્વ] અ. એક પછી એક; એકબીજાના ક્રમમાં.

૨. અ. એકબીજાનુંએ; એક તરફથી.

એકત્ર ૧. પું. કુલ સરવાળો.

૨. પું. દર મહિને દર સેંકડે એક ઠકાનું વ્યાજ.

૩. વિ. બાજમાં-પલ્લામાં હોય એવું; સરખું.

૪ વિ. ભેગું કરેલું; મેળવેલું; એકઠું; મિશ્ર.

૧ એકત્ર થવું = એકબીજામાં સમાવું.

૨ એકત્ર હોવું = મિત્ર બનવું.

૫. વિ. સંબંધવાળું; જોડેલું; સલગ્ન.

૬. [સં. એક + ત્ર (સ્વાર્થવાચક પ્રત્યય)]

■. એક જગાએ; એક જગાએ.

■. અ. એકઠાં; એકત્રિત.

૮. અ. સાથે; બધાં સાથે હોય એમ.

એકત્રજ્વર [સં. એકત્ર (સાથે) + જ્વર (તાવ)] પું. એક દિવસને આંતરે આવનો તાવ; એકાંતરિયો.

એકત્રતા ૧. [સં. એકત્ર (ભેગું) + તા (પણું)] સ્ત્રી. એકતા; ભેગા હોવાપણું; સાથે હોવું તે.

૨. સ્ત્રી. સંપ; મેળ; ઐક્ય.

એકત્રવ્યવસાય [સં. એકત્ર (સાથે) + વ્યવસાય (ઉદ્યોગ)] પું. સહકાર; સાથે મળીને શ્રમ કરવું તે.

એકત્રિક ૧. પું. એક દિવસમાં પૂરો થતો પક્ષ.

૨. વિ. સંગ્રહેલું; એકઠું કરેલું

૩. [સં. એકત્ર (સાથે) + ઇક (પણું)] અ. એકઠા; સાથે; ભેગા હોય એમ.

એકત્રિત ૧. [સં. એકત્ર (એકું) + કૃત (કરેલું)] વિ. એકઠું; ભેગું; એકત્ર કરેલું; એકરૂપ.
૨. વિ. કુલ; એકદર; બધું; સઘળું
૩. વિ. જોડેલું, સયોજેલું.
૪. અ. એકદરે; સમાહારથી; ભેગું હોય એમ.

એકત્રિત સમાજ [સં. એકત્રિત (એકઠું થયેલું) + સમાજ (સોસું)] પું. એકઠા થયેલ લોક; જનસમુદાય.

એકત્રીકરણ ૧. [સં. એકત્ર (એકું) + કરણ (કરવું તે)] ન. ધનીકરણ; નક્કર બનાવવું તે; 'કૉન્સોલિડેશન'.
૨. ન. સમાહાર; ભેગું કરવું તે; સંગ્રહ; સમાહ.

એકત્રીકૃતદ્રવ્ય [સં. એકત્ર (એકું) + કૃત (કરેલું) + દ્રવ્ય (પૈસો)] ન. ભેગું કરેલું ધન; એકઠું કરેલું નાણું; 'કૉન્સોલિડેટેડ ફંડ'.

એકત્રીસ [સં. એક + ત્રિંશત્ (ત્રીસ)] વિ. ત્રીસને એક; ૩૧; એકતીસ.
૧. એકત્રીસ જેવા = ૮ વસ, ૧૧ રુદ્રો અને ૧૨ આદિત્યો મળી ૩૧ દેવ.
૨. એકત્રીસ પગ = (૧) પોણા બાર. (૨) રાંઢવો; બાવલો; નમાલો

એકત્રીસાં [સં. એકત્રિંશત્] ન. ૩૧ થી ૪૦ સુધીના પાડાને ૧ થી ૧૦ ની સૂચવનો આંક.

એકત્રીસું [સં. એકત્રિંશત્] વિ. એકત્રીસ અક્ષરવાળું

એકત્વ ૧. [સં. એક + ત્વ (પણું)] ન. અભેદ; એકપણું; એકતા; એકચ; સાપ મેળ; જુદાઈ ન હોવી તે.
૨. ન. એક હોવાપણું; સેળભેળ થવું તે; સાથે ભળી જવાપણું.
૩. ન. મળતાપણું; સામ્ય.

એકત્વપરિણતિ [સં. એક + ત્વ (પણું) + પરિણતિ (ફેરફાર)] સ્ત્રી. સમાન; મળીને એક થવું તે.

એકત્વપ્રત્યભિજ્ઞાન [સં. એક + ત્વ (પણું) + પ્રત્યભિજ્ઞાન (સરખી વસ્તુ એકને અગાઉ જોયેલી વસ્તુ યાદ આવી તે)] ન. (જૈન) સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થમાં એકતા બતાવતું જોડરૂપ જ્ઞાન. જેમકે, આ તે જ મનુષ્ય છે કે જેને મેં જોયો હતો.

એકત્વબુદ્ધિ જુઓ એકત્વભાવના.

એકત્વભાવ જુઓ એકત્વભાવના.

એકત્વભાવના ૧. [સં. એક + ત્વ (પણું) + ભાવના (ભાવણી)] સ્ત્રી. એકપણાનો ભાવ; સમની ભાવણી.
૨. સ્ત્રી. (જૈન) બાર બારેની ત્રો નામની ચોથી ભાવના; આત્માની એકતાનો વિચાર. જેમકે, જીવ એકલો કર્મ કરે છે અને એકલો તેનાં ફળ ભોગવે છે, એકલો જન્મે છે અને એકલો મરે છે, ત્રી પુત્રાદિ બધાં અહીં રહી જાય છે માત્ર તેનાં કર્મ જ તેની સાથે જાય છે એવો વિચાર.
૩. સ્ત્રી. સાથે બળી જવાપણું; એક થઈ જવું તે.

એકત્વવાદ [સં. એક + ત્વ (પણું) + વાદ (મત)] પું. જગતનાં સર્વ અસ્તિત્વ, પ્રવૃત્તિ અને વિકાસ એક મૂળભૂત સિદ્ધાંતને લીધે જ છે એમ દર્શાવતો મત; 'મૉનિઝમ'.

એકત્વવિતર્ક [સં. એક + ત્વ (પણું) + વિતર્ક (વિચાર)] ન. (જૈન) શુક્લ ધ્યાનના ચાર માંહેનો બીજો ભેદ; ઉત્પત્તિ, વિનાશ અને નિશ્ચલતા સંબંધી પદાર્થના પૂર્વશ્રુતનો અભેદપણે વિચાર.

એકત્વવિતર્કસવિચાર જુઓ એકત્વવિતર્ક.

એકત્વાદિ વિપક્ષબાધાય [સં. એકત્વ (એકપણું) + આદિ (વગેરે) + વિપક્ષ (તાત્પર્ય) + બાધ] પું. એમિનીકૃત ન્યાયસારમાં.

એકત્વાનુપ્રેક્ષા [સં. એક + ત્વ (પણું) + અનુપ્રેક્ષા (શુદ્ધ ચિંતન)] સ્ત્રી. (જૈન) ધર્મધ્યાનની ચાર માંહેની બીજી અનુપ્રેક્ષા. એકત્વાનુપ્રેક્ષા, અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા અને સંસારાનુપ્રેક્ષા એ ચાર અનુપ્રેક્ષા છે. જેમકે, જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે; એકલો જ તે પોતાનાં બાંધેલાં કર્મોનાં સુખદુઃખાદિ ફળો અનુભવે છે; ત્રી પુત્રાદિ બધા અહીં રહી જાય છે; માત્ર તેનાં કર્મ જ તેની સાથે જાય છે એવો વિચાર.

એકદંભું ૧. [સં. એક + સ્તંભ (થાંભલો)] વિ. એક થાંભલાવાળું; એક થાંભલા ઉપર રહેલું.
૨. વિ. મજબૂત.

એકઠા [સં. એકતસ્] વિ એકઠું; ભેગું; સાથે હોય એવું.

એકઠોઠું [સં. એક + સ્તર (ઢંકાયેલું)] વિ. એક બાજુ હોય એવું; એક જ તરફ નમેલું.

એકડમ ૧. [સં. એકદા; પ્રા. યદ્દમ] અ. અતરવડી; આ જ પળે; આ ક્ષણે.
૨. અ. એકાએક; અકસ્માત.
૩. અ. જુદી જુદી અવસ્થા ન કરતાં આખું એક જ વખતે; સામસામ; એકીવારે; સામટું.
૪. અ. જુરસાબેરજ વચમાં વિસામો ન લેતાં એકધસે.
૫. અ. તરત જ; તત્ક્ષણ; સત્વર; જલદી; તાબડતોબ; તાકીદથી; ઉતાવળે; વિના વિલંબે.
૬. અ. બિલકુલ; સાવ; તદ્દન.

એકદરપ્રકુપિતરોગ [સં. એક + દરણ (તોડવું તે) + પિત્ત (શરીરની એક ધાતુ) + રોગ (દર્દ)] પું. પિત્તના પ્રકોપથી ચામડી ફાટી જવાનો રોગ. પિત્ત શાંત કરવા બળો, આંબળા વગેરે દવા લેવી અને તેવાં ફળમાં થી, તેલ ચામડી શરીરે ચોળવું.

એકદલ ૧. [સં. એક + દલ (પડ)] ન. એક દાણવાળી વનસ્પતિ. તેના બીની રચના એવી હોય છે કે બારીની બાજુમાં તેમાં ગર્ભમૂળ બાજુએ જ થાય છે. તેને બાવિક ચાર હોતાં નથી. તેમનાં પાંદડાંમાંના રેષા સમાંતરે આવેલા હોય છે. ઘાસ, કમળ, તાડ વગેરે બધી એકદળ વનસ્પતિ ગણાય છે.
૨. ન. એક પાંખડીવાળું ફૂલ.
૩. વિ. એક પાંખડીવાળું.
૪. વિ. એક પાંદડીવાળું
૫. વિ. એકસરખી બનાવટનું.
૬. વિ. દાણ વગરનું; જેને પડ કે ફોતરાં ન હોય એવું.

એકદસ્ત ૧. [એક + દસ્ત (હાથ)] સ્ત્રી. એવડા મોટાની એક બાજુ. તેમાં બનાવના બીજા કરતા સાધન વગર એક જ હાથથી લડે છે.
૨. ન. એવડા મોટાની એક બાજુનું બાવૂસ.
૩. વિ. એવડા મોટાની એક બાજુનું.
૪. અ. તદ્દન; સાવ; બિલકુલ.

એકદસ્તી [એક + દસ્તી (હાથની રમત)] સ્ત્રી. કુસ્તીમાં હાથથી એવવાનો એક બાજુનો દાવ. તેમાં બેસાડી એક હાથથી દરીફનો હાથ પકડી એંસે અને બીજા હાથથી એકદમ તે તરફના પગની પિંડી ઉપરનો ભાગ પકડી વચ્ચેથી પગની આંટી મારી તેને પછાડી દે.

એકદળ [સં. એક + દલ (પાંદડું)] ન. એક દાણવાળી વનસ્પતિ. જુઓ એકદલ.

એકદાણું ૧. [સં. એક + દલ (દાણ)] ન. જેના બીજની દાળ ન થાય એવી વનસ્પતિ; દિવા નહિ એવાં ધાન્ય. જેમકે, ઘઉં, બાજરી, જુવાર, કમોદ.
૨. ન. એક પાંખડીવાળું ફૂલ.
૩. વિ. એક પાંખડીવાળું.
૪. વિ. એક પાંદડીવાળું.
૫. વિ. એકસરખા દાણનું. એકસરખી બનાવટવાળું.
૬. વિ. દાણ વગરનું; જેને પડ કે ફોતરાં ન હોય એવું.

એકદળી જુઓ એકદળિયું.

એકદંડ [સં. એક + દંડ (લાકડી)] પું. આધાર; આશ્રય; એક તરફની મોટી મદદ.

એકદંડા [હિં.] પું. કુસ્તીનો એક પેચ.

એકદંડિયું ૧. [એક + દંડ (સીધી લીટી)] વ. નાભિથી નાક સુધી દંડ જેવી સીધી લીટીએ શ્વાસનો ભરવા પહેલા માણસને થતો શ્વાસ; ભરણ થતાં પહેલાંનો છેલ્લો શ્વાસ; એકદંડિયો શ્વાસ.

૨. વિ. એક થાંભલાવાળું; એક લાકડા ઉપર ઊભું હોય એવું; એક થાંભલા ઉપર બંધાયેલું; એકખભું.

૩. વિ. એકદંડને લગતું.

એકદંડિયો ૧. [સં. એક + દંડ (લાકડી)] પું. એક થાંભલા ઉપર બનેલી મેડી.

એકદંડિયો પ્રાસાદ = પંખીને દાણા નાખવાની ખરવડી એક થાંભલા ઉપર બાંધવી હોય છે એવી જ રીતે એક મોટા થાંભલા ઉપર બાંધેલી મેડી. તેમાં અસલના રાજાઓ અનુમાનીતી રાણીઓ અને કુંવારી કન્યાઓને પહેરામાં રાખતા.

૨. પું. મરવા પડેલા માણસને થતો અટકર વખતનો શ્વાસ.

૩. વિ. એક થાંભલાવાળું; એક લાકડા ઉપર ઊભું હોય તેવું; એકખંભુ; એક થાંભલા ઉપર બંધાયેલું

એકદંડી ૧. [સં. એક (કેવલ) + દંડ (લાકડી) + ધર (વાહક)] પું. કેવળ દંડ ધારણ કરનાર એક જાતનો સન્યાસી; હંસ. સંન્યાસીના ચાર પ્રકાર: કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ. પરમહંસ સૌથી શ્રેષ્ઠ છે.

૨. પું. એક જ નસકોરામાંથી આવતો શ્વાસ.

૩. વિ. એક જ થાંભલા ઉપર બનેલું.

એકદંડો ૧. [સં. એક + દંડ (લાકડી)] પું. એક થાંભલા ઉપર બનેલી મેડી.

૨. પું. મરતી વખતે થતો શ્વાસ; એકદંડિયો.

૩. વિ. એક જ થાંભલો હોય તેવું.

એકદંત ૧. [સં. એક + દંત (દાંત)] પું. એક દાંતવાળો હાથી; એકદંષ્ટ્ર.

૨. પું. ગણપતિ; ગણેશ; વિનાયક; વિઘ્નરાજ; દ્વૈમાતુર; ગણાધિપ; હેરમ્બ; લમ્બોદર; ગજાનન.

પ્રથમ ગણપત્ય નામરે ગરવો એકદંતો પ્રસિદ્ધ. લોકગીત

૩. વિ. એક દંતૂશળવાળું; જેને એક દાંત હોય એવું.

એકદંતા [સં. એક + દંત (દાંત)] વિ. (હિંદી) એક દાંતવાળું; જેને એક દાંત હોય એવું જુઓ એકદંત.

એકદંતી [સં. એક + દંતિન્ (દાંતવાળું)] પું. ગણેશ. જુઓ એકદંત.

એકદંતું [સં. એક + દંત (દાંત)] વિ. એક જ દાંતવાળું; જેને એક જ દાંત હોય એવું.

એકદંષ્ટ્ર [સ એક + દંષ્ટ્રા (મોટો દાંત)] પું. ગણેશ; ગણપતિ. જુઓ એકદંત.

એકદા ૧. [સં.] અ. અમાઉના વખતમાં; પૂર્વે; અગાઉના વારામાં

૨. અ. એક વખત; એક વાર; એક સમયે.

૩. અ. કદાપિ કોઈ વખત; કોઈ સમયે.

એકદાખિયું [સં. એક (કરવું) + દાણો (અક્ષરો)] વ. એકસરખા અક્ષરની કેળ; મંગળસૂત્ર; સૌભાગ્યલક્ષ્મીએ અવશ્ય પહેરી રાખવાનું કોરું એકસેરું ધરેલું.

એકદાઢ [એક + દાઢ (વાર)] અ. એક વાર; એક વખત

એકદાણી ૧. વિ. એક કલું; એકસરખું.

૨. [સં. એક + દાણો (અક્ષરો)] વિ. બધા દાણા એટલે અક્ષર સરખા હોય તેવું.

એકદાન અ. એક વાર; એક વખત; એક ફેરે.

એકદિક્ચક્રી [સં. એક + દિક્ (દિશા) + ચક્ર (ચાકું) + ઇન્ (વાળું)] વિ. એક જ ચાકુ ઉપર સઘળી દિશામાં ચાંક વગેરે.

એકદિગર [એક + દિગર (બીજું)] વ. એકબીજું.

એકદિન [સં. એક + દિન (દિવસ)] અ. એક દિવસે; કોઈક વાર; કોઈ વખત.

એકદિલ ૧. [ફા. યકદિલ] વ. બે અથવા વધારે માણસોના જુદા જુદા વિચાર એક જ થઈ રહેવા તે; એકવિચાર; એકમના; એકમતી; સંપ; ઐક્ય; મનનો મેળ.

૨. વ. પ્રેમથી એક થવું તે.

૩. વિ. સંપીલું; એકઠાં; જેના દિલમાં જુદાઈ ન હોય એવું, એક વિચારનું.

૪. વિ. સ્નેહથી એક થયેલું.

એકદિલી ૧. [ફા. યકદિલી] સ્ત્રી. એકદિલ હોવું તે; એકચિત્તતા; મનની એકતા.

૨. સ્ત્રી. મનનો મેળ; સંપ ઐક્ય.

એકદિશ ૧. [સં. એક (કરવું) + દિશ્ (દિશા)] વિ. એક દિશામાં હોનાર; એક દિશાવાળું.

૨. વિ. એકસરખી દિશામાં ચેનારું; સમાન દિશામાં ચેનાર.

એકદિશાપરિમાણાતિક્રમણ [સં. એક + દિશા (બાજુ) + પરિમાણ (હદ) + અતિક્રમણ (ઉલ્લંઘન)] વ. (જૈન) દિશા સંબંધી આપેલ નિયમનું ઉલ્લંઘન. શ્રાવક દરરોજ દરેક દિશામાં અમુક હદ ઉપરાંત ન જવાનો નિયમ ધારે. તેથી વિશેષ જો કોઈ એક દિશામાં તે જાય તો તેને એકદિશાપરિમાણાતિક્રમનો દોષ લાગે.

એકદુઃખસુખ [સં. એક (બળવું) + દુઃખ + સુખ] વિ. સાગથી બતાવવું; સુખદુઃખમાં ભાગ લેવું.

એકદુષ [એક (પ્રથમ) + દુષ (બાજુ)] વિ. એક જ દુષ બાંધેલું; એક બંધનું.

એકદૃક ૧. [સં. એક + દૃક્ (આંખ)] પું. કાગડો. તેને એક જ મેળો હોય છે.

૨. પું. શિવ; શંકર.

૩. સ્ત્રી. એક આંખ.

૪. સ્ત્રી. અભેદ દર્શન; એકસરખી નજર.

૫. સ્ત્રી. એક જ હોવાપણું.

૬. સ્ત્રી. તાકીને જોઈ રહેવું તે.

૭. વિ. એક નજરવાળું.

૮. વિ. કાણું; એક આંખવાળું.

૯. વિ. બધાની તત્ત્વતા; તત્ત્વદર્શી; બધાને એક સ્વરૂપે જોનાર તત્ત્વજ્ઞાની.

એકદેશ [સં. એક + દેશ્ (ભાગ)] પું. કાગડો.

એકદૃષ્ટ [સં. એક + દૃષ્ટિ (નજર)] વ. એકી નજરે.

એકદૃષ્ટિ ૧. પું. કાગડો; કાગવો.

૨. પું. શિવ; મહાદેવ.

૩. સ્ત્રી. અભેદ દર્શન.

૪. [સં. એક (બળવું) + દૃષ્ટિ (આશય)] સ્ત્રી. એક જ હેતુતા; એકાગ્રતા; એકસરખો આશય હોવાપણું

૫. સ્ત્રી. તાકીને જોઈ રહેવું તે; સામસામી નજર થઈ બની તે.

૬. [સં. એક (કરવું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. પહેલેથી તે છેલ્લે લગી એકસરખી નજર.

૭. વિ. એક નજરવાળું; એક વિષયને જ જોનાર.

૮. વિ. કાણું; એક આંખવાળું.

૯. વિ. બધાની તત્ત્વતા; સર્વને એક સ્વરૂપે જોનાર.

૧૦. વિ. સમદર્શી.

એકદેવ ૧. પું. એક દેવતા.

૨. [સં. એક (એક) + દેવ] પું. પરમેશ્વર.

૩. [સં. એક (મુખ્ય) + દેવ (દેવતા)] પું. મુખ્ય દેવ.

એકદેવતા [સં. એક (એક) + દેવતા (દેવ)] પું પરમેશ્વર. જુઓ એકદેવ.

એકદેવવાદ ૧. પું. એકેશ્વરવાદ; એક જ ઈશ્વર છે એવી માન્યતા.

૨. [સં. એક (મુખ્ય) + દેવ (દેવતા)] પું. પણ દેવોમાંથી સર્વોપરી સત્તા કોઈ અમુક જ દેવ પાસે છે એવો મત.

એકદેશ ૧. [સં. એક + દેશ (વિભાગ)] પું. અસલ; આખી વસ્તુનો અમુક ભાગ.

૨. પું. એક જ હેતુ, એક જ આશય; એક જ મહત્ત્વાકાંક્ષા.

૩. પું. બોક્તરફીપણું.

૪. પું. એક ભાગ અથવા વિભાગ; એક ભાજુ.

૫. પું. એક રજા; એક બગા.

૬ પું. કોઈ રાશિ અથવા પરિમાણનો ભાગ.

૭. વિ. એક દેશવાળું; એક દેશનું.

એકદેશવિભક્તિન્યાય [સં. એક + દેશ (ભાગ) + વિભક્તિ (સપ્તમી) + ન્યાય (રીત)] પું. એક ભાગનો તર્ક.

એકદેશસ્થ ૧. [સં. એક + દેશ (વસ્તુ) + સ્થ (રહેનાર)] વિ. એક જ દેશમાં રહેનારું.

૨. વિ. બોક્તરફી; એક બાજુનું

૩. વિ. કોઈ એક ભાગ વર્ગ કે પક્ષનું.

એકદેશાવયવ [સં. એક (અવયવ) + દેશ (વિષય) + અવયવ (ભાગ)] પું. (ન્યાય) એક ભાગનો હોય; જે એકદેશી નિર્દેશો ઉપરથી કહેવું નિગમન 'હેસિસ ઓવ પર્ટિકયુલર પ્રેમિસિસ.'

સામ્ય નિગમના બંધને **એકદેશાવયવ** એવું નામ આપવામાં આવે છે. જા ન્યાયદોષ છે.

ન્યાયરાજ

એકદેશિતા ૧. સ્ત્રી. અધૂરું હોવું તે; અપૂર્ણતા.

૨. [સં. એક + દેશ (વિષય) + તા (પણું)] સ્ત્રી. અમુક એક જ ખંડ, વિષય કે પાસું સમાણીને બેસી રહેવું તે; એકદેશીપણું.

૩. સ્ત્રી. એક જ વાતનું હોવાપણું.

૪. સ્ત્રી. એક જ વાત બતાવ્યાપણું.

૫. સ્ત્રી. એકસરખા પ્રકારનું હોવું તે.

૬. સ્ત્રી. એકસરખું ધ્યેય કે હેતુ હોવાપણું.

૭. સ્ત્રી કોઈ ખાસ એક પક્ષમાં હોવું તે.

એકદેશી ૧. [સં. એક (વસ્તુ) + દેશિન (વતનનું)] વિ. એક જ વતનનું; સ્વદેશી.

૨. વિ. એક જ વાત બતાવનાર.

૩. વિ એક ભાગનું; એક જ ભાગની મોજમતાવાળું; એક જ પ્રકારનું.

૪. વિ. એક પૂરું નહિ એવું; અપૂર્ણ; અધૂરું.

૫. વિ. એક બાજુનું; એકાદ પાસનું હોય એવું. કોઈ આખા વર્ગને નહિ પરંતુ તેના કોઈ ભાગને લાગુ પડતું; અવ્યાપ્તિ; ખામી નહિ પરંતુ બધામાંના એકાદ દૃષ્ટિબિંદુવાળું.

૬. વિ. એક બાજુનું; બોક્તરફી; એક ભાગને લાગુ પડતું

૭. વિ. બોક્તરફી; ખાસ હેતુ કે આશયવાળું.

એકદેશીનિર્દેશ [સં. એકદેશિન્ (એક પાસું) + નિર્દેશ (સૂચન)] પું. કોઈ આખા વર્ગને નહિ પરંતુ તેના કોઈ ભાગને લાગુ પડતું વાક્ય; અવ્યાપ્તિ નિર્દેશ; એકદેશિત વાક્ય.

એકદેશીપણું [એકદેશી (અધૂરું) + પણ (ભાવ બતાવનાર પ્રત્યય)] જ. અપૂર્ણતા. જુઓ એકદેશિતા.

એકદેશીય [સં. એક + દેશ (પક્ષ) + ઈય (પું)] વિ. બોક્તરફી; એક જ પક્ષનું. જુઓ બોકદેશી.

એકદેશીયતા [સ. એક + દેશીય (પક્ષનું) + તા (પણું)] સ્ત્રી. કોઈ ખાસ પક્ષનું હોવાપણું. જુઓ બોકદેશિતા.

એકદેશીયત્વ [સં. એક + દેશીય (પક્ષનું) + ત્વ (પણું)] જ. અમુક કોઈ ભાગને લાગુ પડતું હોવું તે. જુઓ બોકદેશિતા.

એકદેશીયવાક્ય [સં. એક + દેશીય (ભાગનું) + વાક્ય] જ. અવ્યાપ્તિ નિર્દેશ; આખા વર્ગને નહિ પરંતુ તેના કોઈ ભાગને લાગુ પડતું વાક્ય

એકદેશીસમાસ [સં. એક + દેશિન્ (ભાગનું) + સમાસ (બે કે વધારે શબ્દોના સંયોગથી બનેલો શબ્દ)] પું. બીજી તત્પુરુષનો એક પ્રકાર

એકદેહ ૧. [સં. એક + દેહ (શરીર)] પું. એક શરીર.

૨. પું. પતિ પત્ની; દંપતી; પતિપત્નિયુગ્મ.

૩. પું. મુખ અંગ.

૪. પું. વંશવેલ ગોત્ર.

એકધૃ [સ.] પું. કેવળ એક પરમાત્મામાં રમણ કરનાર જ્ઞાની.

એકધૂમ્રોધસ [સં.] પું. ગાયત્રીના આઠમા અક્ષરનું ૮-મું સૂક્ત રચનાર એક ઋષિ.

એકધ્વજ [સં. એક + ધ્વજ (ઝાંડો)] વિ. જેને એક ઝાંડો હોય એવું.

એકદ્વિતીયાંશ [સં. એક + દ્વિતીય (બીજું) + અંશ (ભાગ)] વિ. અડધું.

એકદ્વિત્રાદિસંખ્યા [સં. એક + દ્વિ (બે) + ત્રિ (ત્રણ) + આદિ (વગેરે) + સંખ્યા] જી. ૧, ૨, ૩ વગેરે સામાન્ય સંખ્યા; 'નેચરલ નંબર'.

એકધન ૧. [સં. એક (મુખ્ય) + ધન (દોલત)] પું. ધાર્મિક ક્રિયામાં વપરાતો એક જાતનો ક્ષાર.

૨. જ. એક જાતનું બલિદાન.

૩. જ. કેવળ પૈસો.

૪. [સં. એક (મુખ્ય) + ધન (નાણું)] જ. મુખ્ય ધન.

૫. વિ અવિભક્ત મિલકતવાળું; નહિ વહેંચેલ ધનવાળું, મિશ્ર ધનવાળું.

૬. વિ. એક કુટુંબમાં રહેલ.

૭. વિ. કેવળ ધનવાળું.

એકધરાતલ [સં. એક (સરખું) + ધરાતલ (સપાટી)] વિ. બિલ્કુલ, સુરેખા વગેરે એક જ સીધી સપાટીમાં આવેલ.

એકધરાતલીય જુઓ એકધરાતલ.

એકધર્મ [સ. એક (સરખું) + ધર્મન્ (ધર્મ)] વિ. સમાન ધર્મવાળું. જુઓ એકધર્મી.

એકધર્મી ૧. [સં. એક (સરખું) + ધર્મિન્ (ધર્મવાળું)] વિ. એકસરખા ગુણવાળું; એક જ જાતનું; સમાન ગુણધર્મ ધરાવનાર

૨. વિ. એકસરખો ધર્મ પાળનારું; એક જ સંપ્રદાયનું.

એકધા ૧. [સં. એક + ધા (રીત બતાવનાર પ્રત્યય)] જ. એક પ્રકારે; એક રીતે.

૨. જ. એક વખતે; એકવાર.

૩. જ. એક હદ્યે; એકલે પેટે.

૪. જ. એકી વખતે; એકદમ; એક જ વખતે.

એકધાતુચલન [સં. એક + ધાતુ (અનિત્ય દ્રવ્ય) + ચલન (ચલણી નાણું)] જ. ચલણી નાણું એક જ ધાતુનું હોવું તે. જુઓ એકધાતુવાદ.

એકધાતુપરિણામવાદી [સં. એક + ધાતુ (અનિત્ય દ્રવ્ય) + પરિણામ (રૂપાંતર) + વાદિન્ (માનનાર)] વિ. પરસ્પરની સાથે અદલબદલ અથવા વિનિમયમાં ફક્ત એક જ ધાતુનો બોલ્યો કે સોનાનો કે રૂપાનો સિક્કો વપરાય તેવી કાયદો થશે એવો મત ધરાવનાર.

એકધાતુવાદ [સં. એક + ધાતુ (અનિત્ય દ્રવ્ય) + વાદ (મત)] પું. એક જ ધાતુનું ચલણ હોવું તેવો મત.

એકધાતુવાદી [સં. એક + ધાતુ (અનિત્ય દ્રવ્ય) + વાદિન્ (માનનાર)] પું. એક જ ધાતુના ચલણનો હિમાયતી. જુઓ એકધાતુપરિણામવાદી.

ઓકધાન [સં. ઓક + ધાન્ય (અનાજ)] જી. વર્ષમાં ફક્ત એક જ પાક થતો હોય એવી જમીન.

ઓકધારિયો [સં. ઓક + ધારા (અણી)] પું. સુતાર લોકોનું એકધારું ધારવાળું એક હથિયાર.

ઓકધારું ૧. [સં. ઓક + ધારા (ગતિ)] વિ. એક જ દિશામાં જતું.

૨. વિ. એક જ રંગનું.

૩. વિ. બીજાતરની ધારવાળું; બેને એક બાજુ ધાર હોય એવું.

૪. વિ. એક બાજુનું.

૫. વિ. ફોર્સ એક ઓરડા હેતુ માટે બનતું.

૬. વિ. બાજુ; બાજુ; સતત; અસ્ખલિત; અટકે નહિ એવું.

૭. વિ. બરાબર નહિ તેવું; સરખું; સમાન; એકસરખાપણાવાળું; પહેલેથી છેલ્લે સુધી એક જ બનતનું; કેરાફાર વગરનું.

૮. વિ. સરખી ધાર હોય એવું; એકસરખી ધારવાળું.

ઓકપુર ૧. [સં. ઓક (સરખું) + પુર્ (ભર)] વિ. એક જ બનતની મહેનત માટે ઉપયોગી.

૨. વિ. એકલો બધો ભાર ઉપાડનાર; એકકુંતરી જાત કરનાર.

ઓકપુરા [સં. ઓક + પુરા (ભર)] જી. એકકુંતરી; એકભાર.

ઓકપુરાવહ [સં. ઓક (મુખ્ય) + પુરા (ભર) + વહ્ (ઉપાડવું)] વિ. એકલો બધો ભાર ઉપાડનાર. જુઓ ઓકપુર.

ઓકપુરીષ [સં. ઓક (સરખું) + પુરીષ્ (ભર ઉપાડવા શક્તિમાન)] વિ. એક જ બનતની મહેનત માટે ઉપયોગી. જુઓ ઓકપુર.

ઓકપેષ [સં. ઓક + પેષ (માત્ર કરનાર)] જ. બળતરી વગેરે હેતુઓ માટે ઓક અને બાપી પૂર્ણ બાનેલી વસ્તુ અથવા સમૂહ; ઓકમ; 'યુનિટ'.

ઓકપોષું વિ. એક જ વિચાર પ્રમાણે વર્તનાર.

ઓકભાવ ૧. [સં. ઓક (એકમ) + ભાવ] જ. એકતા; તન્મીનતા; મગ્ન હોવાપણું.

૨. વિ. એકાગ્ર ચિત્ત બનેલું; મગ્ન; એકચિત્ત; ધ્યાનમાં બેઠાગ્ર.

ઓકમેવી ૧. [સં. ઓક (સરખું) + ભેવ (ભેદ) + ઇન્ (વાળું)] વિ. એકસરખા બાહ્ય કે હેતુવાળું.

૨. વિ. બંને માત્ર એક જ હેતુ હોય એવું.

ઓકમુખી [સં. ઓક + મુખ (દિશે) + ઇન્ (વાળું)] વિ. બંને એક મુખ એટલે 'બોલ' હોય એવું; એક જ મુખના આધારે ક્રમ કરતું; 'યુનિપોલર'.

ઓકમુચીય જુઓ ઓકમુખી.

ઓકનક્ષત્ર ૧. પું. અમાસ; અમાવાસ્યા.

૨. પું. જે નામનું એક નક્ષત્ર.

૩. [સં. ઓક + નક્ષત્ર (તારાનું મૂળ)] જ. એક તારાવાળું નક્ષત્ર.

ઓકનજર ૧. [ઓક + નજર (દૃષ્ટિ)] જી. એક બાજુ; એક હેતુ.

૨. જી. એકદૃષ્ટિ; એકવિચાર.

૩. જી. નજર; મેળાપ બને જણે સામસામું જોવું તે.

૪. જી. સરખી નજર.

ઓકનાટ્ય [સં. ઓક (મુખ્ય) + નાટ્ય (વેશ બજવનાર)] પું. સૂત્રધાર; નાટકમાં મુખ્ય પાત્રનું કામ કરનાર પુરુષ.

ઓકનકું ૧. વિ. એક ઉપર બધા રાખવાનું.

૨. [સં. ઓક + નિશ (રહેવું)] વિ. એક ઠેકાણે એકઠું થયેલું; ભેગું.

ઓકનયન ૧. [સં. ઓક + નયન (આંખ)] પું. શ્રમણ, જેમણે તેને એક આંખ હોવાનું મનાય છે.

૨. પું. કુબેર.

૩. વિ. કાણું; એકાક્ષી.

ઓકનસિબું ૧. [સં. ઓક + નસ્ (નો ર્ણ)] વિ. બધી; હદીનું; આખીએ જે વસ્તુ કે વાત મન ઉપર લીધી તે છોડ જ નહિ એવું; હઠી.

૨. વિ. સીધું નહિ તેવું; આડું.

ઓકનસીબું [સં. ઓક + નસ્ (નો ર્ણ)] વિ. બધી. જુઓ ઓકનસિબું.

ઓકનાઓકવીસ [ઓક + નું + ઓકવીસ] જ. આશીર્વાદ આપવા માટે વપરાતો શબ્દ; "તારો એક એકરો છે તેના એકવીસ થાઓ" એવો આશીર્વાદ; વંશનો વિસ્તાર થાઓ એવો ભાવ.

ઓકનાથ ૧. પું. જ્ઞાનેશ્વરના અવતાર તરીકે મનાતો મહારાષ્ટ્રનો એક સાધુ કવિ. એકનાથ મહારાજનો જન્મ લગભગ સંવત ૧૫૯૦માં મહારાષ્ટ્ર પ્રાંતના પૈઠણ નગરમાં થયો હતો. નાની ઉમરે તેનાં માબાપ મરી જતાં તેથી તેમનું લાલનપાલન દાદા-દાદીએ કર્યું. બાલ્યવયમાંથી જ તેમની વૃત્તિ ભગવદ્ભજનની તરફ હતી. બાર વર્ષની ઉમરે જ સદ્ગુરુની પ્રાપ્તિને માટે તેનું મન વ્યાકુળ થઈ ગયું. એક દિવસ એક શિવાલયમાં તે એકલા ધ્યાનમગ્ન કરી રહ્યા હતા. તે વખતે પોતાના હૃદયમાં તેમણે આ આકાશવાણી સાંભળી કે 'દેવગઢ ઉપર જનાર્દનપન્ત નામના એક સત્પુરુષ રહે છે, તેની પાસે જાઓ; તે તમને કલ્યાણનો માર્ગ બતાવશે'. કોઈને કહ્યા વિના તે દેવગઢની તરફ ચાલ્યા અને મુસ્તું શરણું લીધું. તે સમયે તેમની ઉમર આશરે બાર વર્ષની હતી. તેમણે લગભગ છ વર્ષ સુધી ગુરુની ખૂબ સેવા કરી. સેવાથી એનું મન કદી હઠ્યું ન હતું. એમને વિશ્વાસ હતો કે 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ'. ગુરુએ પણ તેને બધા પ્રેમથી કલ્યાણકારી ઉત્તમ જ્ઞાન આપ્યું અને છેવટે પ્રસન્ન થઈને પોતાના ગુરુદેવ જનાર્દન દત્તાત્રેયનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં. ત્યારબાદ જનાર્દન સ્વામીએ તેને શ્રીકૃષ્ણની ઉપાસનાની દીક્ષા આપી એકાંતમાં સાધના કરવાની આજ્ઞા આપી. શ્રીએકનાથજીએ ગુરુએ ઉપદેશેલા માર્ગે એકમન થઈને સાધના કરી અને છેવટે સિદ્ધિ પ્રાપ્ત કરી અને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. ત્યારબાદ તેમણે ગુરુની આજ્ઞાથી આખા ભારતવર્ષનાં બધાં તીર્થોમાં યાત્રા કરી અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. તેમણે પોતાના ઉચ્ચ આચરણથી સંસારની સામે એક શ્રીનો આદર્શ રાખીને લોકો ઉપર મોટો ઉપકાર કર્યો. પ્રવચન, કીર્તન અને ઉપદેશથી તેમણે લોકોનું અજ્ઞાન દૂર કર્યું. અનુ:'લોકી ભાગવત, રુક્મિણી સ્વયંવર, ચિરંજીવપદ, ભાવાર્થ રામાયણ અને એકનાથી ભાગવત' નામના એમના ગ્રંથો મરાઠી છે. જુદી જુદી રીતિએ સંસારનું કલ્યાણ કરી તે સંવત ૧૬૫૬માં જગન્નિવાસમાં લીન થઈ ગયા.

૨. [સં. ઓક + નાથ (પતિ)] પું. પરમેશ્વર.

૩. [સં. ઓક + નાથ (પતિ)] વિ. એક ધણીવાળું.

ઓકનાદી [સં. ઓક + નાદ (અવાજ) + ઇન્ (વાળું)] વિ. એક જ અવાજનું.

ઓકનાભિક [સં. ઓક + નાભિ (ચક્રોના આર) + ઇક (વાળું)] વિ. જે ચક્રોનાં કેં એક જ હોય એવું; એક જ કેન્દ્રવાળું.

ઓકનામ [સં. ઓક + નામન્ (નામ)] વિ. સરખા નામવાળું.

ઓકનાયક [સં. ઓક + નાયક (પતિ)] પું. શિવ.

ઓકનારાયા જી. છપ્પન દિક્કુમારિકા માંહેની એકનું નામ. જુઓ દિક્કુમારિકા.

ઓકનાસારેમો [સં. ઓક + નાસા (નાક) + ઇક (વાળું)] વિ. એક નસકોરાવાળું.

ઓકનિશ્ચય ૧ [સં. ઓક + નિશ્ચય (નિર્ણય)] પું. બરાબર નક્કિ તેવો ઠરાવ; દૃઢ નિશ્ચય.
૨. પું. સામાન્ય અભિપ્રાયપણું; ઓકતા; ઐક્ય.

ઓકનિશ્ચયી ૧. [સં. ઓક + નિશ્ચય (ઠરાવ) + ઇન્ (વાળું)] વિ. બધે મનથી ઠરાવ કર્યો હોય એનું; દૃઢ.
૨. વિ. સરખા વિચારવાળું.

ઓકનિષ્ઠ ૧. [સં. ઓક + નિષ્ઠા (દૃઢતા)] વિ. અચળ; સ્થિર; દૃઢ.
૨. વિ. આસ્તિક; શ્રદ્ધાવાળું.
૩. વિ. નિર્ભયસ્થાન; કૃતજ્ઞ; પહાડર.
૪. વિ. વિશ્વસુ; પ્રમાણિક.

ઓકનિષ્ઠતા ૧. [સં. ઓક + નિષ્ઠા (દૃઢતા) + તા (પણું)] સ્ત્રી. અચળતા; સ્થિરતા.
૨ સ્ત્રી. આસ્થા; શ્રદ્ધા.
૩. સ્ત્રી. કૃતજ્ઞતા; પહાડારી.
૪. સ્ત્રી. પ્રમાણિકપણું.
૫. સ્ત્રી. વિશ્વાસ; ભરોસો.

ઓકનિષ્ઠત્વ જુઓ ઓકનિષ્ઠતા.

ઓકનિષ્ઠા જુઓ ઓકનિષ્ઠતા.

ઓકનિષ્ઠિત [સં. ઓક + નિષ્ઠા (દૃઢતા) + ઇત (વાળું)] વિ. અચળ; સ્થિર. જુઓ ઓકનિષ્ઠ.

ઓકનેત્ર ૧. [સં. ઓક + નેત્ર (આંખ)] પું. કાગડો.
૨. પું. શિવ.
૩. વિ. કાણું.

ઓકનેત્રી [સં. ઓક + નેત્ર (આંખ) + ઇન્ (વાળું)] વિ. એક આંખવાળું.

ઓકનેમિયુક્ત [સં. ઓક + નેમિ (પૈડાની ધરી) + યુક્ત (વાળું)] વિ. એક જ આધારવાળું.

ઓકનોધસિજગ્રહ [અ.] સ્ત્રી. પહોંચ; રસીદ; પાવતી.

ઓકન્નો [હિં. ઓક + અન્ના] સ્ત્રી. આઠ પૈસાની કીમતનો નિશાન પાડ્યો એક આનીનો સિક્કો.

ઓકપક્ષ ૧. [સં. ઓક + પક્ષ (બાજુ)]
પું. એક બાજુ.
૨. પું. સહાય; મદદ.
૩. પું. સાથી; સોબતી.
૪. [હિં.] વિ. એકતરફો.
૫. વિ. એક પંખવાળું.
૬. વિ. સહાયક; મદદગાર.

ઓકપક્ષી ૧. વિ. એકતરફો; એકપક્ષવાળું.
૨. [સં. ઓક + પક્ષ (બાજુ) + ઇન્ (વાળું)] વિ. એક બાજુવાળું.

ઓકપક્ષીય જુઓ ઓકપક્ષી

ઓકપક્ષીયન્યાય [સં. ઓક + પક્ષ (બાજુ) + ઈય (નું) + ન્યાય (ઇન્સાફ)] સ્ત્રી. એકતરફો ઇન્સાફનું.

ઓકપક્ષીયવર્તન [સં. ઓક + પક્ષ (બાજુ) + વર્તન (આચરણ)] ન. પક્ષપાત; એક જ પક્ષના લાભનો વિચાર.

ઓકપક્ષું [ઓક + પક્ષ] વિ. એક પંખવાળું.

ઓકપદે અ. અવીરુ; તત્કાળ થઈ હોય એમ. ઓકપદે થઈ જોવું = (૧) અતિ આતુર બનવું. (૨) આફતને પણ ઊભડી તૈયાર થઈ જોવું.

ઓકપદ [સં. ઓક + પદ (પાણી)] વિ. (હિંદી) એકતરફી.

ઓકપદી [સં. ઓક + પદ્મ (પદ) + ઇન્ (વાળું)] વિ. એક પદવાળું.

ઓકપહો ૧. પું. કુદરતી એક રસ.
૨. [સં. ઓક + પહ (ઘાસનો પ્રકાર)] પું. કુપ્પો; ઉપરણો; ખેસ.

ઓકપડિયું [સં. ઓક + પદ્મ (પદ) + ઈય (વાળું)] વિ. એક પદવાળું.

ઓકપણું ૧. [ઓક + પણું (નામ બનાવવાનો પ્રત્યય)] ન. એકતા; ઐક્ય.
૨. ન. સરખાપણું; સમાનતા.

ઓકપતિ [સં. ઓક + પતિ (ધણી)] વિ. (હિંદુ) પતિવ્રતા.

ઓકપતિ [સં. ઓક + પતિ (ધણી)] પું. એક સ્વામી.

ઓકપતિક [સં. ઓક + પતિ (ધણી) + ઇક (વાળું)] વિ. એક સ્વામીવાળું.

ઓકપતિકા [સં. ઓક + પતિ (ધણી) + ઇકા (વાળી)] સ્ત્રી. એક સ્વામીવાળી સ્ત્રી; પતિવ્રતા સ્ત્રી.

ઓકપતિત્વ ૧. [સં. ઓક + પતિ (ધણી) + ત્વ (ભાવ બતાવનાર પ્રત્યય)] ન. એક જ પતિ હોવો તે.
૨. ન. પતિ પ્રત્યેની વફાદારી.

ઓકપતિવ્રત [સં. ઓક + પતિ (ધણી) + વ્રત (નિયમ)] ન. એક જ પતિ હોવાનું વ્રત.

ઓકપત્ની ૧. [સં. ઓક + પત્ની (સ્ત્રી)]
પું. એક જ સ્ત્રીવાળો એક જ વખત પરણેલો માણસ.
૨. સ્ત્રી. બીજી પત્નીઓ ન હોય એવા પતિની સ્ત્રી.
૩. સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.
૪. સ્ત્રી. રોકડા; રખાત; સમતી.
૫. વિ. પું. એક જ પરણેલી સ્ત્રી તરફ વફાદાર; પોતાની પરણેતર સ્ત્રી ઉપર પ્રેમ રાખનાર.

ઓકપત્નીકત્વ ૧. [સં. ઓક + પત્ની (સ્ત્રી) + ક (વાળું) + ત્વ (પણું)] ન. એક જ પત્ની હોવી તે.
૨. ન. એક જ સ્ત્રી પરણવાનો રિવાજ.

ઓકપત્નીત્વ [સં. ઓક + પત્ની (સ્ત્રી) + ત્વ (પણું)] ન. એક જ પત્ની હોવી તે.

ઓકપત્નીપણું જુઓ ઓકપત્નીત્વ.

ઓકપત્નીવ્રત [સં. ઓક + પત્ની (સ્ત્રી) + વ્રત (ટેક)] ન. એક જ પત્ની કરવાનું વ્રત.

ઓકપત્ર ૧. પું. એક જાતનું ઝાંખરાંદાર.
૨. પું. સફેદ તુલસી.
૩. વિ. એક પાંદડાવાળું; એકદળી.

ઓકપત્રક જુઓ ઓકપત્ર.

ઓકપત્રિકા ૧. [સં. ઓક + પત્ર (પાન) + ઇકા (વાળી)] સ્ત્રી. એક જાતનો છોડ; સુવર્ણી પાનવાળું ઝાડ; ગંધપત્રાદણ; કપૂરકાચલી.
૨. સ્ત્રી. સફેદ તુલસીનો છોડ.

ઓકપદ ૧. પું. બે નામનો એક દેવ. બૃહત્સંહિતા અનુસાર તે આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રોના અધિકારમાં છે.
૨. [સં. ઓક + પદ (પગ)] પું. એક જાતનો પ્રતિબંધ.
૩. પું. એક જાતનો ભ્રમ.
૪. પું. એક જાતનો રતિબંધ.
૫. પું. દેવોની એક જાત.
૬. ન. એક સોદાવાળું સ્થાન.
૭. ન. એક પદને ઉચ્ચારણ વેળા કાળાનો વખત.
૮. ન. એક શબ્દ.
૯. ન. વૈદુ; કૈલાસ.
૧૦. વિ. એક પગવાળું
૧૧. ન. ઢીલ કર્યા વિના; તરત જ તત્કાળ; એકદમ.

ઓકપદસંન્યાસન [સં. ઓક + પદ (પગ) + સંન્યસન (ત્યાગ) + આસન (બેઠક)] ન. આઠમાંથી બીજાસન બાંધેલું એક.

ઓકપદા ૧. [સં. ઓક + પદ (પગ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક પગવાળી પ્રજા
૨. સ્ત્રી. એક પગવાળી કાંકી.
૩. સ્ત્રી. એક વૈદિક છંદ. પક્ષ તેના દેવતા મનાય છે.
૪. સ્ત્રી. રાવણના બગીચામાં સીતાની રખવાળી માટે રાખેલી પ્રહરીઓમાંની એકનું નામ.

એકપદાસન [સં. એક + પદ (પગ) + આસન (બેઠક)] જ. (યોગ) એ નામનું એક આસન. માનસિક સ્વાસ્થ્ય મેળવ્યા પહેલાં એક પગે ઊભા રહેવાથી શારીરિક સમતોલપણું અને સંયમ આ આસનથી મેળવી શકાય છે.

એકપદી ૧. સ્ત્રી. એક જાતની સૂતરી.

૨. [સં. એક + પદ (ચરણ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક પગવાળી સ્ત્રી

૩. સ્ત્રી. એક પદવાળી ગાયત્રી.

૪. સ્ત્રી. એક પાદવાળી ઋચા.

૫. સ્ત્રી. રસ્તો; માર્ગ.

૬. સ્ત્રી. રીત; પદ્ધતિ.

૭. જ. વૈકુંઠ, કૈલાસ.

૮. વિ એક જ શ્લોકવાળું.

૯. વિ. (ગણિત) એક પદવાળું. 'મોનોમિયલ'

૧૦. વિ સાદું.

એકપદે [સં. એક + પદ (પગ)] જ. એકાએક; સત્વર; તાત્કાલિક.

એકપનિયો [એક + પેન્ની (પૈસો)] વિ. કું. એક પૈસાવાળું.

એકપનિયું [એક + પેન્ની (પૈસો) + છું (વાળું)] વિ. એક પૈસાનું.

એકપનું જુઓ એકપનિયું.

એકપર ૧. વિ. એક ઉપર જ આધાર રાખનારું; એકમાં જ પરાયણ.

૨. વિ. [સં. એક + પર (બીજું)] વિ. એકથી વધી જતું.

એકપરતા ૧. [સં. એક + પર (બીજું) + તા (પણું)] સ્ત્રી. એકથી વધી જવાપણું.

> ચિંતા તેની કથા તેનો બોધ અનોખ તેહનો,
> આવી એકપરતાને સ્વાધ્યાયસ્થ કરે સુધો.
> સંસ્કૃત પુષ્પાંજલિ

૨. સ્ત્રી. એકમાં પરાયણતા.

એકપરમાણુક [સં. એક + પરમ (બીજું) + અણુ (જેનો વિભાગ ન થઈ શકે એવો ભાગ) + ક (વાળું)] વિ. એક પરમાણુવાળું.

એકપરિ ૧. જ. એકથી વિપરીત સંખ્યા.

૨. [સં. એકપા] જ. એકપાદ.

એકપરિગ્રહી [સં. એક + પરિ (ચોતરફ) + ગ્રહ (લેવું) + ઇન્ (વાળું)] વિ. એક હાંસવાળું.

એકપર્શું [સં. એક + પર્શુ (બાજુ)] વિ. એક બાજુવાળું.

એકપર્શુ ૧. સ્ત્રી. દુર્ગા.

૨. [સં. એક + પર્શુ (બાજુ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. હિમાલય અને મેનાની ચાર દીકરીઓની વચલીનું નામ; અપર્ણા અને પર્ણાની બહેન. એ અસિત મુનિને પરણી હતી. એકપર્ણા બોગટ તરીકે દરરોજ એક જ પાંદડું લેતી, એકપાટલા દરરોજ એક પાટલા એટલે રાતું કોપર લેતી અને અપર્ણા એક પણ પાંદડું લેતી નહિ. આ ત્રણેનું તપ જોઈ તેની માતાથી "ઓ મા!" એમ દુઃખની ચીસ મરાઈ ગઈ. તેના ઉપરથી તેનું નામ ઉમા પડ્યું.

એકપર્ણિકા ૧. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૨. [સં. એક + પર્ણ (પાન) + ઇક (વાળું)] સ્ત્રી. હિમાલયની ચાર દીકરીઓની વચલીનું નામ; એકપર્ણા. અપર્ણા અને પર્ણાની બહેન. એ અસિત ઋષિની સ્ત્રી હતી

એકપર્ણી ૧. સ્ત્રી. દુર્ગા; પાર્વતી

૨. [સં. એક + પર્ણ (પાન) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ એક પાંદડાવાળું

૩. વિ એક પાંદડું આવે તેવું.

એકપર્વત કું. ઇન્દ્રપ્રસ્થથી માલવપુર જતાં રસ્તામાં આવતો એ નામનો પર્વત.

એકપર્વતક કું. એ નામનો એક પર્વત.

એકપલાશ [સં. એક + પલાશ (પાંદડું)] કું. એક પાંદડાવાળું ઝાડ.

એકપાર્શ્વિક [સં. એક + પાર્શ્વ (બાજુ) + ઇક (પાળું)] વિ. એકતરફો.

એકપાટલા ૧. સ્ત્રી. દુર્ગાની નાની બહેનનું નામ.

૨. [સં. એક + પાટલા (રાતું કોપર)] સ્ત્રી. હિમાલયની ચાર પુત્રીઓમાંની છેલ્લીનું નામ. તે દરરોજ એક પાટલા એટલે એક રાતું કોપર લેતી. જુઓ ઉમા.

એકપાઠી [સં. એક + પાઠિન્ (વાંચનાર)] વિ. એક વખત સાંભળીને કે વાંચીને મોઢે કરી જનાર તેવું; એક જ વખત વાંચવાથી અથવા સાંભળવાથી યાદ રાખી શકે એવું.

એકપાત ૧. [સં. એક + પાદ (પગ)] કું. વિષ્ણુનાં ઠગનાર નામ માંહેનું એક. તે એક જ પગવાળા છે, ઠગનાર એ તેમનો એક પાદ છે. વળી ઠગનારની આકાર માત્રા પણ તે જ છે અને નિરાકરણ સાકાર થયું તે તેમનો એક પાદ છે.

૨. [સં. એક + પાત (પડવું તે)] વિ. ઓસિંગુ બનતું.

એકપાતિની [સં. એક + પાત (પડવું તે) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. તે નામની એક ઔષધિ.

એકપાતી ૧. [સં. એક + પાત (પડવું તે) + ઇન્ (વાળું)] વિ. અણધાર્યું; ઓચિંતું.

૨. વિ. એકાંતમાં ઊભેલું.

એકપાત્ ૧. [સં. એક + પાત્ (પડવું)] કું. ઉત્તરાભાદ્રપદ નક્ષત્રના દેવતા.

૨. કું. વિષ્ણુનાં ઠગનાર માંહેનું એક નામ.

૩. કું. શિવ.

૪. કું. સૂર્ય.

એકપાદ ૧. કું. એ નામનો એક અસુર.

૨. કું. એ નામનો રુદ્ર.

૩. [સં. એક + પાદ (પગ)] કું. એક પગ.

૪. કું. પરમેશ્વર.

૫. કું. પુરાણમાં જણાવેલ એ નામની લોકની એક જાતિ

૬. કું વિષ્ણુ.

૭. કું. શિવ; મહાદેવ.

૮. વિ. એક પગવાળું.

એકપાદકન્ધરાસન [સં. એક + પાદ (પગ) + કન્ધરા (ડોક) + આસન (બેઠક)] જ. એ નામનું એક આસન. એક પગ વાળીને બેસી, બીજો પગ ડોક ઉપર રાખી બંને હાથથી પકડી રાખવો. નજરને તથા નજર સીધી રાખવી. એક વખત એક પગ એ પ્રમાણે રાખવો તો બીજી વાર બીજો પગ એ મુજબ રાખવો. 'આ આસનથી પેટના સ્નાયુ, ઉરુમૂળ, કમર, મણકાનું બરોળ, હૃદય, છાતી, નજરને લગતા રોગોના રોગ માટે જે તથા સારવારમાં જેવા રોગ પણ નાશ પામે છે.

એકપાદપવનમુક્તાસન [સં. એક + પાદ (પગ) + પવન (વાયુ) + મુક્ત (મૂકવું) + આસન (બેઠક)] જ. યોગનું એક આસન. જમીન ઉપર સાદડી કે ગરમ કામળો પાથરીને સૂઈ જવું. ત્યાર પછી પેટ જો મોટું હોય તો શ્વાસ બહાર કાઢીને અને પેટ નાનું હોય તો શ્વાસ ભરીને જમણા પગને વાળવો અને ઢીંચણ બંને હાથથી પકડીને પેટના વચલા ભાગ, મજાકના વગેરે ભાગોને સાધારણ દબાણ આવે તેમ દબાવવો. શ્વાસ બહાર રોકાય અથવા અંદર જેટલી વાર રોકી શકાય તેટલી વાર પગનું દબાણ પેટ ઉપર રાખવું. અને તે પછી પગ જમીન ઉપર મૂક્યો કે તરત શ્વાસ લેવો કે મૂકી દેવો. આ જ પ્રમાણે બીજા પગથી પણ કરવું. આ આસનમાં ચરાકરતી એક પછી એક પગને પેટ ઉપર લાવવામાં આવે છે. જ્યારે એક પગ પેટ ઉપર દબાવેલો હોય ત્યારે બીજો પગ જમીન ઉપર લાંબો સીધો રાખવામાં આવે.

એકપાદપશ્ચિમતાનાસન [સં. એક + પાદ (પગ) + પશ્ચિમ (આખ્યું) + તાન (લંબાવવું) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન. એક પગ ગોઠણથી પૂરો વાળી બીજો પગ લાંબો કરીને બેસવું. પછી બંને હાથથી લંબાવેલા પગનો અંગૂઠો પકડી માથું ગોઠણને અડાડવું. ફરી એ પગ વાળી બીજો પગ લંબાવી એ પ્રમાણે કરવું. આ આસનથી પેટ, પીઠ, કમર અને પગ નીરોગી બને છે.

એકપાદપસરણાસન [સં. એક + પાદ (પગ) + પ્રસરણ (લંબાવવું) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં એક પગ જેટલો પાછળ લઈ જઈ શકાય તેટલો લેવો. બંને હાથ જમીનને ટેકવવા અને સીધા રાખવા. તેની જોડે બીજો પગ વળેલો રાખવો

એકપાદપ્લુત [સં. એક + પાદ (પગ) + પ્લુત (કૂદવું મારેલ)] સ્ત્રી. એક પગે કૂદકા મારે એવી ઘોડાની એક ચાલ; ઘોડાનું એક પગે ઠેકવું તે.

એકપાદભૂજાસન [સં. એક + પાદ (પગ) + ભુજ (હાથ) + આસન (બેઠક)] ન. (યોગ) એક જાતનું આસન. જેણે હાથની હથેલી ઉપર માથું રાખી આકાશ તરફ એક પગ લઈ બીજો પગ જાંઘ ઉપર રાખવાથી આ આસન થાય છે.

એકપાદહિરાસન [સં. એક + પાદ (પગ) + શિરસ્ (માથું) + આસન (બેઠક)] ન. ગોરાણી યોગાસન માફેનું એક. પહેલાં પલાંઠી વાળી બેસવું. પછી એક પગ બે જણવા એક હાથે ઊપાડીને ધીમે ધીમે ગળા ઉપર ચઢાવવો. શરૂઆતમાં કઠિનતા જણાય તો આ આસન કરવાનો હમેશ થોડે થોડે પ્રયત્ન કરવો. આ આસનથી શ્વાસ અને પગની નાડીઓ સંબંધ થાય છે.

એકપાદિકા ૧. [સં. એક + પાદ (પગ) + ઇકા (વાળા)] સ્ત્રી જેમાં માત્ર એક પગ આધાર રૂપે હોય તેવી સ્થિતિ.

૨. સ્ત્રી. પક્ષીઓનું એક પગે ઊભા રહેવું તે.

એકપાની પાંદડીયો [સં. એક + પર્ણિન્ (પાનવાળું) + પર્ણ (પાન) + ઈય (વાળું)] પું. લાંબાં પાનવાળો એક જાતનો છોડ. તેમાં ઊભાં લંબસળી કે બેરા ગુલાબી રંગનાં નાનાં ફૂલ થાય છે અને ગાયટી, પાતળી અને એક બાજુ ખાંગાવાળી સીંગ થાય છે.

એકપાર્શ્વિક [સં. એક + પર્શ્વ (પડ) + ઇક (વાળું)] વિ. જેના અંકુરમાં એક પાંદડું હોય તેવું. કેટલાંક ઝાડના અંકુરમાં એક પાંદડું હોય તે ઝાડને એકપાર્શ્વિક કહેવાય. જેમકે, નાળિયેર, તાડ વગેરે.

એકપાર્વણગ્રાહ [સં. એક + પાર્વણ્ (પર્વ કથનની ગ્રાહ્ય ક્રિયા) + ગ્રાહ્ (ચિત્તોની તૃપ્તિ માટે કરાતી તર્પણ ક્રિયા)] ન. દર વર્ષે પિતાની મરણતિથિને દિવસે કરવાનું શ્રાદ્ધ.

એકપાર્શ્વ [સં. એક + પાર્શ્વ (પડખું)] પું. માણસના ચહેરાનું એક બાજુએથી લીધેલું કે દોરેલું ચિત્ર.

એકપિંગ [સં. એક + પિંગ (પીળું)] પું. કુબેર, કેમકે તેની એક આંખ પીળી હોવાનું મનાય છે. તે પાર્વતીજીને દોષવાળી નજરથી જોતો હતો. તેથી પાર્વતીના શાપથી તેની આંખ ફૂટી ગઈ. તેણે મહાદેવને પ્રસન્ન કર્યાથી આંખ સારી થઈ પણ તેમાં પીળાશ રહી ગઈ.

૨. વિ. પીળાશ પડતી આંખવાળું; પીંગળું.

એકપિંગલ જુઓ એકપિંગ.

એકપિંડ [સં. એક + પિંડ (પિતૃઓ માટે લોટ કે ચોખાનો વાળેલો ગોળો)] વિ. શ્રાદ્ધમાં જેને ઊંચકી સ્થાન પિંડ આપવામાં આવે તેવું; સપિંડ; સગોત્રી

એકપિંડતા [સં. એક + પિંડ (પિતૃઓ માટે લોટ કે ચોખાનો વાળેલો ગોળો) + તા (પણું)] સ્ત્રી. એક જ ગોત્રના હોવાપણું

એકપિંડત્વ જુઓ એકપિંડતા.

એકપુટી [સં. એક + પુટ (પડ) + ઈ (વાળું)] વિ. ઊપરાઠક જંતુના એક પડવાળું

એકપુત્ર [સં. એક + પુત્ર (દીકરો)] વિ. એક દીકરાવાળું.

એકપુત્રક પું. સૌથિલા પક્ષી; કાકસિંગો.

એકપુરુષ ૧. [સં. એક + પુરુષ (માણસ)] પું. પરમેશ્વર; પુરુષોત્તમ.

૨. પું. મુખ્ય માણસ; પ્રધાન પુરુષ.

એકપુરુષ [સં.] પું. એક જાતનું ચારિત્ર; કાકલું.

એકપુરુષક જુઓ એકપુરુષ.

એકપુષ્પ [સં. એક + પુષ્પ (ફૂલ) + ક (નાનીઅર્થિને પ્રત્યય)] સ્ત્રી. માત્ર એક ફૂલવાળું ઝાડ.

એકપુષ્પી ૧. [સં. એક + પુષ્પ (ફૂલ)] વિ. એક ફૂલ આવે તેવું.

૨. વિ. એક બીજપત્રવાળું.

એકપૂડે ૧. [સં. એક + પૂર્ણ (પૂરું)] વિ. જાતે સંપૂર્ણ; બીજાની અપેક્ષા નહિ રાખતું.

૨. વિ. પોતાના જ બળ ઉપર આધાર રાખનાર.

એકપેચા ૧. [એક + પેચીદન (બળ દેવો)] પું. એક જાતની બહુ પાતળી પાંખડી. તે દિલ્હી તરફ પેદા થાય છે.

૨. વિ. એક પેચનું.

એકપેલો [સં. એક + પેલ (રજકણ) + ઇન્ (વાળું)] વિ. એક ભાંડવાળું; એક ગોળીવાળું.

એકપેશીય વિ. એક પેશીથી થયેલું.

એકપ્રકાર [સં. એક + પ્રકાર (જાત)] વિ. એક જ જાતનું

એકપ્રમહ ૧. [સં. એક + પ્રમહ (નેતા)] પું. રાજ્યકર્મમાં કુશળ હોય એવો એક જ કુટુંબનો પહોંચતો ગૃહ્ય.

૨. પું. ચાપલાતા; હોંસિયારી.

એકપ્રભુત્વ [સં. એક + પ્રભુ (માલિક) + ત્વ (પણું)] ન. એકચ્યુ સત્તા.

એકપ્રસ્થ ૧. પું. એક માપ.

૨. [સં. એક + પ્રસ્થ (શિખર)] પું. એક શિખર.

૩. પું. એક શિખરવાળો પર્વત.

એકપ્રહારિક [સં. એક + પ્રહાર (ઘા) + ઇક (વાળું)] વિ. મરણતોલ થઈ ગયેલ.

એકપ્રાણ [સં. એક + પ્રાણ (જીવ)] વિ. એકરૂપ બની ગયેલું; એકજીવ; તન્મય; તદાકાર થયેલું.

એકપ્લુત [સં. એક + પ્લુત (કૂદકો)] પું. એકાએક જોખમ આવવાનું આવે એવી ઘોડાની એક ચાલ.

એકફસી [એક + ફસી (એક)] સ્ત્રી. વર્ષમાં એક પાક ઊતરતો હોય એવી જમીન.

એકફસી જુઓ એકફસી.

એકફલા ૧. [સં. એક + ફલા (ફળવાળી)] સ્ત્રી. એક જ ફળવાળી ઔષધિ

૨. વિ. સ્ત્રી. એક વખતે એક જ ઈંડું મૂકનાર.

એકફલી જુઓ એકફલા.

એકફસલી (એકફસલી) [એક + ફસલ (પાક)] વિ. વરસમાં એક જ પાક આપે એવું.

એકફસલી જુઓ એકફસલી.

એકફળતા [સં. એક + ફલ (ફળ) + તા (પણું)] સ્ત્રી. એક જ ફળ બાજુ તે.

એકફાલી [સં. એક + ફલ્ (ફળ આવવું)] વિ. એક જ વાર ફાલ આપ એવું.

એકબમિ

ઘઉં, ડાંગર, મકાઈ, ચામર, વટાણા, વાલ, અરે બામમાં ઊગતાં પણાખરાં ઝાડો એ વર્ગિક અથવા એકદલી વનસ્પતિ છે.

સુબિનિરીક્ષ્ય

એકડૂલો દુધેલો જી. એક જાતની વનસ્પતિ. તેનાં પાન નાનાં અને ફૂલ ઘણુ કરી ડાખાઓનાં આંગામાં અથવા છેડે એકેકુ આવેલુ. ફળ સૂક્ષ્મ એરંડીનાં ફળ જેવું ત્રણ આંચાવાળું હોય છે. એની દરેક આંચમાં એક એક સંભ્રોળ કીણુ બી હોય છે.

એકડગલ ૧. [એક + અગલ (આગળ)] વિ. જુદું; નિરાળું; ઉપાવકું.
૨. અ. એક બાજુએ; એક તરફ

એકડબલ (એકડબલ) જુઓ એકડગલ.

એકડહી ૧. [હિં. એક + બોખના] જી. હોડી ઊભી રાખવાનું લોઢાનું લંગર, જેમાં ફક્ત આકડા હોય.
૨. [હિં. એક + બાય (ચોરસું)] વિ. એક ચોરસાનું.

એકબરન ૧. [સં. એક + વર્ણ (રંગ)] વિ. એક જ રંગનું.
૨. વિ. એકસરખા રંગનું.

એકબલ [સં. એક + બલ (બળવાનું)] વિ. એક શક્તિવાળું; 'યુનિવેલન્ટ'.

એકબહિર્ગોલ [સં. એક + બહિર્ગોલ (બહાર પડતી ગોળ સપાટીવાળું)] પું. એક બાજુએ બહાર પડતી ગોળ સપાટીવાળો પ્રકાર; 'પ્લેનો કોન્વેક્સ લેન્સ'.

એકબંધન [સં. એક + બંધન (જોડાણ)] વિ. એકની સંયોજિત શક્તિવાળું બળ; 'મોનેડ'.

એકબંધુ [સં. એક + બંધુ (ભાઈ)] પું. શિવ; શંકર; મહાદેવ.

એકબાડો [હિં.] જી. બધી જમીન ઉપર સરખા કરે નાખવામાં આવેલા કોર્ડ કરની વહેંચણી.

એકબાણ [સં. એક (અનેક) + બાણ (તીર)] વિ. જેનું બાણ લક્ષ્યને વિંધ્યા વિના ન રહે એવુ.

એકબાણહતાનેકસહસ્રબલરાક્ષસ [સં. એક (અનેક) + બાણ (તીર) + હત (મરી નાખેલ) + અનેક (ઘણા) + સહસ્ર (હજાર) + બલ + રાક્ષસ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. તેણે પોતાના બાણથી હજારો અસુરોનો સંહાર કરેલો હતો

એકબાણી [સં. એક (અનેક) + બાણ (તીર) + ઇન્ (વાળું)] વિ. જેનું બાણ કદી ખાલી જતું નથી એવું; એકબાણ. દશરથી રામચન્દ્ર એકબાણી હતા.

ગીતારહસ્ય

એકબાત ૧. [સં. એક (સરખું) + વાર્તા (વાત)] જી. એની એ હકીકત.
૨. જી. નિશ્ચિત ભાવ; એક જ કીમત.

એકબાર [જા. જ (એક) + બાર (વખત)] અ. એક વખતે; કયારેક.

એકબારગી ૧. [સં. એક + માર્ગ (રસ્તો) + ઇન્ (વાળું)] વિ. એકમાર્ગી; એક જ દિશાવાળું; એક જ માર્ગને વળગી રહેનારું.
૨. વિ. સરળ; સીધે માર્ગે જનારું.
૩. અ. અચાનક; અકસ્માત.
૪. અ. એકદમ; એકસાથે; સામટું.
૫. અ. એકદમ; જલદી; તુરત.
૬. અ. એક રીતે; એક હેમે; એક બાજુથી જોતાં.
૭. અ. એક વખતે; એક વાર.
૮. અ. ક્રમમાં.
૯. અ. બિલકુલ; સાવ.

એકબારી [એક + બાર (બારણું)] વિ. એક જ વખત બારણું બાય તેવું.

એકબારીં ૧. અ. અચાનક; એકાએક; ઓચિંતું.
૨. અ. સામટું; એક સાથે બધુ.

એકબાલ ૧. [અ. ઇકબાલ] જ. બાબાલાની, મક્કતી; સમૃદ્ધિ.
૨. જ. નસીબ; ભાગ્ય.
૩. જ. પ્રતાપ; સામર્થ્ય; પ્રભાવ.
૪. જ. બાબધરી; જમીનગીરી
૫. જ. સ્વીકાર; કબૂલાત.

એકબાહુક [સં. એક + બાહુ (બાજુ) + ક (વાળું)] વિ. જેને એક ફુલ હોય એવુ; એક જ ફુલના આધારે ક્રમ કરતું; 'યુનિપોલર'.

એકબિંદુક [સં. એક + બિંદુ (ટપકું) + ક (વાળું)] વિ. (ગણિત) એક જ બિંદુમાં મળતી પ્રકાર બનાવે; એક જ બિંદુમાં મળનારું; એક જ બિંદુમાં મળતું; 'કોનકરંટ'.

એકબિંદુકરેખા [સં. એક + બિંદુ (ટપકું) + રેખા (લીટી)] જી. (ગણિત) સરખાથી રેખા; એક જ બિંદુમાં મળતી સીધી લીટીઓ; 'કોનકરંટ લાઈન્સ'

એકબિંદુગામિતા [સં. એક + બિંદુ (ટપકું) + ગામિતા (જવાપણું)] જી. ત્રણ અથવા વધારે સુરેખાઓનું એક જ બિંદુમાં મળવુ તે 'કોનકરંસ'.

એકબિંદુગામી [સં. એક + બિંદુ (ટપકું) + ગામિન્ (જનાર)] વિ. એક જ બિંદુમાં અરસપરસ છેદે અથવા મળે એવુ; 'કોનકરંટ'.

એકબિંદુગામિત્વ જુઓ એકબિંદુગામિતા.

એકબિંદુતા જુઓ એકબિંદુગામિતા.

એકબિંદુત્વ જુઓ એકબિંદુગામિતા.

એકબિંદુરેખા જુઓ એકબિંદુકરેખા.

એકબીજ [સં. એક + બીજ (બી)] વિ. એક બીજાવાળું; જેના એક બી હોય એવુ; 'મનોસ્પર્મસ'.

એકબીજું ૧. [સં. એક + દ્વિતીય (બીજું)] અ. પરસ્પર; માંહોમાંહેનું; અન્યોન્ય.
૨. વિ. એક વધારે.
૩. અ. માંહોમાંહે; અંદરઅંદર.

એકબુદ્ધિ ૧. [સં. એક (અખંડ) + બુદ્ધિ (વિચાર)] વિ. એક જ વિચાર જેને આવતો હોય એવું; એક જ પ્રકારની બુદ્ધિવાળું.
૨. વિ. એકસરખા વિચારવાળું; મળતા વિચારનું; સંમત; એકમત.

એકબૈજિક [સં. એક + બૈજિક (બીજ સબંધી)] વિ. એક જ પિતામાંથી ઉત્પન્ન થયેલું; એક જ બીજાથી જેની ઉત્પત્તિ થઈ હોય એવુ; 'હોમોઝાયગસ'.

એકબોટે ૧. જી. એ નામની મરાઠી અટક.
૨. જી. એક બાંગણી.
૩. જ. એ નામની મરાઠી અટકનું માણસ.
૪. વિ એ નામની મરાઠી અટકનુ.

એકભક્ત ૧. [સં. એક + ભક્ત (ભજેલું)] જ. દિવસમાં એક વખત જમવાનું વ્રત.
૨. વિ. એક વખત ભોજન કરનાર.
૩. [સં. એક + ભક્ત (ઉપાસક)] વિ. એક વિષયની જ ભક્તિ કરનાર; અત્યંત ભક્ત.
૪. વિ. ફક્ત એક ધણીની સેવા કરનાર.
૫. વિ. બીજા ઉપર આસક્ત નહિ તેવું; એક જ દેવ ઉપર ભક્તિવાળું.
૬. વિ. સાથે બેસી જમનારું.

એકભક્તવ્રત [સં. એકભક્ત (એક વખત જમવાનું) + વ્રત (નિયમ)] જ. આખો દિવસ પીલા પછી નિયમથી આનાર અને રાત્રિએ કંઈ પણ ન ખાનાર માણસ

એકભક્તિ ૧. [સં. એક (અખંડ) + ભક્તિ (ઉપાસના)] જી. અત્યંત ભક્તિ; એક ઉપાસના.
૨. જી. એક જ બાબત ઉપર પ્રેમ.
૩. જી. એક વખત ખાવાનું વ્રત.
૪. વિ. અનન્ય ભાવે પ્રભુની ભક્તિ કરનાર.
૫. વિ એકને જ ભજનારું; એક જ દેવ ઉપર

ભક્તિ રાખનારું.
૬. વિ. દિવસમાં એક વખત જમનાર.

એકબાજ ૧. વિ. એક જ પંખવાળું.
૨. [સં. એક + બાજ (બાજેલું)] વિ. પીછાના બાકારના એક જ પાંડાવાળું.

એકબંગીનથ [સં.] પું. એક પ્રકારનો નાચ.

એકબાર્યે ૧. [સં. એક + ભાર્યા (સ્ત્રી)] પું. એક સ્ત્રીવાળો પુરુષ.
૨. વિ. એક જ સ્ત્રીવાળું.
૩. વિ. એકથી ભરણપોષણ કરવા યોગ્ય.

એકભાર્યા [સં. એક + ભાર્યા (સ્ત્રી)] સ્ત્રી. એકની જ ભાર્યા; પતિવ્રતા સાધ્વી સ્ત્રી.

એકભાર્યાવ્રત [સં. એક + ભાર્યા (સ્ત્રી) + વ્રત (નિયમ)] ન. એક પત્નીવ્રત; એક જ સ્ત્રી કરવાનો નિયમ.

એકભાવ ૧ [સં. એક + ભાવ (લાગણી)]
પું. અનન્ય વિષયરાગ
૨. પું. અભેદ; એકપણું.
૩. પું. એક અભિપ્રાય.
૪. પું. એક મત.
૫. પું. એક જ ભાવ; એક જ કિંમત.
૬. પું. એક સ્વભાવ.
૭. વિ. અભિન્ન.
૮. વિ. એક અભિપ્રાયનું.
૯. વિ. એક મતનું.
૧૦. વિ. એક વિષયના રાગવાળું; એક ભાવવાળું.
૧૧. વિ. એક સ્વભાવનું.
૧૨. વિ. પ્રમાણિક; સહજસ્વભાવવાળું.
૧૩. વિ. સરખી કિંમતનું.

એકભાવતા [સં. એક + ભાવ (લાગણી) + તા (પણું)] સ્ત્રી. બધા તરફ એકસરખી ભાવના કે લાગણી હોવાપણું.

એકભાવું [સં. એક + ભાવ (કીમત)] વિ. એક જ ભાવનું; એક જ ભાવ હોય તેવું; સરખી કીમતનું.

એકભાષક [સં. એક + ભાષ્ (પ્રકાશવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] પું. વિદ્યુત બત્તીનો નિભાવક.

એકભુક્ત ૧. [સં. એક + ભુક્ત (ખાધેલું)]
ન. એક ટંક ખાવાનું વ્રત.
૨. ન. એવું જેસીને ખાવું તે.
૩. વિ. એક જ ટંક ખાનાર; રાત દિવસમાં એક વાર જ ખાનાર.
૪. વિ. સાચે જેસીને ખાનાર; એવું જેસીને ખાનાર; એક પંક્તે જમનારું.

એકભુક્તવ્રત ૧. [સં. એક + ભુક્ત (ખાધેલું) + વ્રત (નિયમ)] ન. અમુક દિવસ પહેલાં પછી નિયમથી ખાનાર અને રાત્રિએ કોઈ પણ ન ખાનાર માણસ.
૨. ન. એક જ વાર ખાવાનું વ્રત; અમુક દિવસ પહેલાં પછી નિયમથી ખાવું અને રાત્રિએ કોઈ પણ ન ખાવાનું વ્રત.

એકભુજ [સં. એક + ભુજ (બાહુ) + ઇન્ (વાળું)] વિ. એકપડો; એક બાજુનું; એકતરફી.

એકમૂ ૧. પું. કપૂત.
૨. [સં. એક + મૂ (હોવું)] પું. વંધ્ય.

એકભૂત ૧. [સં. એક + ભૂત (થયેલું)]
વિ. એક થયેલું; એકીભૂત.
૨. વિ. એકમાં આસક્ત.
૩. વિ. એવું કરેલું; મેળવેલું.

એકભૂમ [સં. એક + ભૂમિ (માળ)] પું. એક માળવાળો મહેલ.

એકભોજન ૧. [સં. એક + ભોજન (ખાવું)] ન. એક ટંક ખાવાનું વ્રત.
૨. ન. એવું જેસીને ખાવું તે.
૩. વિ. એક જ ટંક ખાનાર; દિવસમાં એક વાર જ ખાનાર.
૪. વિ. સાચે જેસીને ખાનાર; એવું જેસીને એક પંક્તે જમનારું.

એકમ ૧. [સં. એક + મ (નામ બનાવનાર પ્રત્યય)] પું. એકડો.
૨. પું. ચતુરીમાં આંકડાની સૌથી નાનામાં નાની આખી રકમ.
૩. પું. પ્રમાણ તરીકે નક્કી કરેલું અમુક માપ; એકાંક; અક્ષતરી વગેરે હેતુઓ માટે એક અને આખી પૂર્ણ માનેલી વસ્તુ અથવા સમૂહ; 'યુનિટ'.
૪. પું. રકમનો જમણે હાથે આવેલો પહેલો આંકડો; સખ્યાલેખનમાં જમણા હાથ તરફથી પહેલા સ્થાનનો આંકડો.
૫. પું. વીજળીની શક્તિ માપવા માટે વપરાતું માપ. પાણી એક ચોરસ ઇંચ લાંબું અને બે ચોરસ ઇંચ ભારે થાય અને તેની ઉપર જો ઇંચ પાણીનું દબાણ હોય તો તેને વિદ્યાની પરિભાષામાં એકમ કહેવામાં છે.
૬. સ્ત્રી. પખવાડિયાનો પહેલો દિવસ.
૭. વિ. એક.
૮. વિ. પહેલું.

એકમકાર ૧. [એકમ (આખો પૂર્ણ માનેલો સમૂહ) + કૃ (કરવું)] ઉ. અન્યોન્ય; પરસ્પર.
૨. વિ. એકરૂપ; એકરસ.

એકમગ [સં. એક + માર્ગ (રસ્તો)]
ન. એકબાજુ; એકતરફ; બાજુએ; કોરે.

એકમજમ્મિત [સં. એકમ (આખો પૂર્ણ માનેલો સમૂહ) + મિશ્રિત (ભળવાનું રાસાયણ)]
ન. (મિશ્રિત) એકમરીતિ; અમુક પરિમાણની કીમત આપેલી હોય તે ઉપરથી તે પરિમાણના એકમની કીમત પ્રથમ શોધી કાઢીને તે એકમની કીમત ઉપરથી માગેલ પરિમાણની કીમત શોધી કાઢવાની રીત; 'યુનિટરિ મેથડ'.

એકમગ્ર [સં. એક + માર્ગ (રસ્તો)]
ન. એકબાજુ; એકતરફ; બાજુએ.

એકમજાજી [એક + મનસા (મુકામ)]
વિ. એક મનવાનું; એકમાળિયું; જેને એક જ માળ કે એક જ મેડો હોય એવું એક માળવાળું.

એકમત ૧. [સં. એક (સરખું) + મત (વિચાર)] પું. સર્વાનુમત; સર્વસમતિ; મિલિતભાવ
૨. પું. સંમતિ; અનુમતિ.
૩. વિ. એકવિચાર; એકદિલ; એક અભિપ્રાયવાળું; સર્વાનુમત.
૪. વિ. સંમત; કબૂલ્યું આપી હોય એવું.

એકમતતા ૧. [સં. એક (સરખું) + મત (વિચાર) + તા (પણું)] સ્ત્રી. એક વિચાર; એકમત હોવાપણું.
૨. સ્ત્રી. એકત્વ; એકતા.

એકમતિ ૧. [સં. એક (સરખું) + મતિ (વિચાર)] સ્ત્રી. વિચારનું એકત્વ; એકબુદ્ધિ; બધાનો સરખો મત હોવો તે.
૨. વિ. એક વિષયની શુદ્ધિવાળું; એક જ વસ્તુ ઉપર ચોંટેલું.
૩. વિ. એકસરખા વિચારવાળું; સરખી સમજણવાળું.
૪. વિ. સર્વાનુમતિવાળું; બધાની સંમતિ હોય એવું
૫. વિ. સ્પષ્ટ; ખુલ્લું; જાહેર.
૬. વિ. હીલું; ઝિલ્લી.

એકમતિલું ૧. [સં. એક + મત (વિચાર) + ઇન્ (વાળું)] વિ. એક વિષયની શુદ્ધિવાળું.
૨. વિ. જિદ્દી આગ્રહી; મમતી; આડું; અડિયલ; અમુક એક મતને પકડી રહેનાર; એક જ મત કે તંતને વળગી રહેનારું; હીલું.
૩. વિ. બધાની સંમતિ હોય એવું.
૪ વિ. સ્પષ્ટ જાહેર; ખુલ્લું.

એકમતી [સં. એક + મત (અભિપ્રાય) + ઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. બધાનો સરખો મત હોવો તે.

એકમતીલું વિ. [એક + મત (વિચાર) + લું (વાળું)] જિ. દુરાગ્રહી; હઠીલું; એકમતિયું; આગ્રહી જિદ્દી; પોતાની જ સમજણને વળગી રહેનારું.

એકમત્તા જ્ઞા. [સં. એક (સરખું) + મત (વિચાર) + તા (પણું)] સ્ત્રી. બધાંનો વિચાર સરખો હોવાપણું; સરખો મત.
૨. સ્ત્રી. મનની એકાગ્રતા.

એકમત્ત [સં. એક + મત્ત (સમાન જાણવાપણું)] જ્ઞા. અનુરૂપતા; સંધિ; 'કોઇન્સિડન્સ'. જુઓ એકમતિ.

એકમન વિ. [સં. એક (સરખું) + મનસ (અંતઃકરણ)] જ્ઞા. એકમન હોવું તે; સંપ.
૨. જ્ઞા. મેળ; સલાહ; એકમત.
૩. જિ. એકદિલ; એકચિત્ત; એકાગ્ર; તલ્લીન.
૪. જિ. એક વિચારનું.
૫. જિ. સંપીલું; સંપ અથવા મેળવાળું.
૬. જ્ઞા. સાવધાન થઈને; એકાગ્ર ચિત્તથી.
એકમને = ગળાબૂડપણે; ધ્યાન દઈને; એકાગ્રતાથી.

એકમની [સં. એક + મનસ (હૃદય) + ઇન્ (વાળું)] જિ. સ્ત્રી. એક જ પુરુષ એટલે પોતાના પતિ ઉપર જ જેનું મન છે એવી સ્ત્રી; પતિવ્રતા.

એકમનું વિ. [સં. એક + મનસ (વિચાર)] જિ. એકમનવાળું; સર્વત્ર સમાન ભાવવાળું; એકસરખા વિચારનું; સમાન મનવાળું.
૨. જિ. દૃઢ નિશ્ચયી.
૩. જિ. ધ્યાનમગ્ન; તલ્લીન; એકાગ્રચિત્ત.
૪. જિ. સંપીલું; એકદિલનું.
૫. જ્ઞા. એકચિત્તે; એકાગ્રચિત્તે.
એકમના થઈને = ધ્યાનપૂર્વક; એકાગ્રચિત્તે.

એકમપદ્ધતિ [સં. એકમ (માપતી માટે આખી પૂર્ણ માનેલી વસ્તુ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. પરિમાણની કીમત કાઢવાની એક રીત. એકમાનચિત્ત; 'યુનિટરિ મેથડ'. જુઓ એકમરીતિ.

એકમય [સં. એક + મય (વાળું)] એકમાં લીન; એકરૂપ; તલ્લીન; મગ્ન; એક જ હોય એવું.

એકમયતા [સં. એક + મય (વાળું) + તા (પણું)] સ્ત્રી. એકાકારપણું; એકરૂપ હોવું તે.

એકમરીતિ [સં. એકમ (માપતી માટે આખી પૂર્ણ માનેલી વસ્તુ) + રીતિ (રીત)] સ્ત્રી અમુક પરિમાણની કીમત આપેલી હોય તે ઉપરથી તે પરિમાણના એકમની કીમત પ્રથમ શોધી કાઢીને તે એકમની કીમત ઉપરથી માગેલ પરિમાણની કીમત શોધી કાઢવાની રીત; એકમપદ્ધતિ; એકમચિત્તતા; 'યુનિટરિ મેથડ'.

એકમલ્લી [સં. એક (અનેક) + મલ્લ (પહેલવાન)] પું. જેણે બીજા બધા મલ્લોને હરાવી દીધા હોય એવો કુસ્તીબાજ. જુઓ એકમલ્લ.

એકમાત્ર વિ. [સં. એક + માત્ર (કેવળ)] જિ. એકનું એક; કેવળ એક જ.
૨. જિ. (પિંગળ) એક માત્રાનું; જેમાં કેવળ એક માત્રા હોય એવું.

એકમાત્રા વિ. [એક + માત્રા (ઓછામાંથી ઓછા ભિન્ન)] સ્ત્રી. ~ આવી નિશાની, આ નિશાની 'એ' નો અર્થ સૂચવે છે.
૨. સ્ત્રી. એક પાસુ.
૩. સ્ત્રી. એક માપ.
૪. સ્ત્રી. કાવ્ય કે સંગીતમાં સમયની ગણનાનો એક એકમ.
૫. જિ. ટૂંકું; જરા
૬. જિ (પિંગળ) લઘુ; હ્રસ્વ.

એકમાત્રિક [સં. એક + માત્રા (કાવ્ય કે સંગીતમાં સમયની ગણનાનો એકમ) + ઇક (નું)] જિ. (પિંગળ) એક માત્રાનું; જેમાં કેવળ એક માત્રા હોય એવું.

એકમાન અધિત [સં. એક + માન (માપ) + અધિત] જ્ઞા. પરિમાણની કીમત કાઢવાની એક રીત; એકમપદ્ધતિ; 'યુનિટરિ મેથડ'. જુઓ એકમરીતિ.

એકમાર્ગી વિ. [સં. એક + માર્ગ (રસ્તો) + ઇન્ (ન)] જિ. એક જ માર્ગનું; આડીઅવળી પ્રાપ્તિના ભાગનો તરત લક્ષ નહિ આપતાં અમુક એક જ રીતે વર્તનારું; એક જ માર્ગને વળગી રહેનારું
૨. જિ. એક જ રસ્તો જાણતું હોય એવું; એક જ રસ્તે જનાર
૩. જિ. સીધે માર્ગે જનારું; સીધું; સરળ; નિખાલસ; આડીઅવળી વાત ન જાણે તેવું; ભોળપણ દિલનું

એકમાર્ગીપણું વિ. [એક + માર્ગ (રસ્તો) + ઇન્ (નું) + પણું (ભાવ જણાવનાર પ્રત્યય)] જ્ઞા. એક જ રસ્તે જવાપણું
૨. જ્ઞા. એકરૂપતા; એકવિધતા; એક ને એક લીલે ચાલ્યા જવું એવો ગુણ કે લક્ષણ.
૩. જ્ઞા. સરળતા; નિખાલસપણું; ભોળપણ દિલનું હોવું તે.

એકમાળિયું [એક + માળિયું (માળવાળું)] જિ. જેને એક માળ અથવા મજલો હોય એવું.

એકમુખ વિ. જ્ઞા. એક દ્વાર; એક બારણું.
૨. જ્ઞા. બુઝાર.
૩. [સં. એક + મુખ બારણું)] જ્ઞા. સ્થાન; એક જાતના ઝાડનું બી.
૪. જિ, એક તરફનું; એક દિશામાં જતું; એક બાજુનું.
૫ જિ. એક બેસવાળું.
૬. જિ. એક મોઢાવાળું.
૭. જિ. જેને એક બારણું હોય એવું; એક દ્વારવાળું.

એકમુખવિકય [સં. એકમુખ (એક તરફનું) + વિક્રય (વેચાણ)] જિ. બધાંયે જાતથી માલનું વેચાણ. કંડકુમના સમયમાં માલની પૂરતી આવકથી વેપારીઓને માલ ઓછી કીમતથી વેચવો પડતો હતો. વેપારીઓ ભાવ પટાડી કે વધારી શકતા નહિ.

એકમુખી વિ. જિ. એક જ બેસવાળું.
૨. [સં. એક + મુખ (દિશા) + ઇન્ (વાળું)] જિ. એક તરફનું; એક દિશામાં જતું.
એકમુખી સત્તા = પોતાની મરજી પ્રમાણે સત્તા ચલાવતી તે.
૩. જિ. એક દ્વારવાળું; જેમાં એક બારું હોય એવું
૪. જિ. એક મોઢાવાળું.
૫. જિ. જેને એક દ્વાર એટલે બારણું હોય એવું

એકમુખું જુઓ એકમુખી.

એકમુખે વિ. [સં. એક (સરખું) + મુખ (મોં)] જ્ઞા. એકસરખી રીતે.
૨. જ્ઞા. બધી જાતુબેથી

એકમુઠ [એક + મુઠો (બાચકો)] જ્ઞા. સર્વાનુમતે; બધાંની સંમતિથી.

એકમુદ્ર [સં. એક + મુદ્રા (છાપ)] જિ. એક જાતની છાપવાળું; એક જ પ્રકારનું.

એકમુદ્રા જુઓ એકમુદ્ર.

એકમુલકી [સં. એક + મુલક (દેશ) + ઇન્ (નું)] જિ. એક જ દેશનું; એક જ પ્રદેશનું.

એકમુહત વિ. જ્ઞા. એકાએક.
૨. જ્ઞા. સામટું; એકી સાથે બધું.

એકમુંહા વિ. [હિ. એક + મુંહ (મોઢું)] પું. એક મોઢાવાળો સાપ.
૨. જિ એક મોઢાનું.

ઓકમૂર્તિરસ [સં.] પું. શીત જ્વરનો નાશ કરનારી એક દવા. તે બનાવવા શુદ્ધ કંપ એક ભાગ લઈને ૮ ભાગ સ્વર્જીમાક્ષિકના ચૂર્ણની વચ્ચે કોઈ પ્યાલાની અંદર રાખી સારી રીતે કપડછાણ કરી એક પહોર અગ્નિ આપવો. ત્યારે બધું કૂંડું થઈ જાય ત્યારે માક્ષિક સહિત કાઢીને બારીક ચૂર્ણ કરી રાખવું. તે એક ચણોઠાર ખાંડ સાથે લેવું.

ઓકમૂલ ૧. પું. પુંડરીક; સોદ કમળનો છોડ.
૨. [સં. એક + મૂલ (કારણ)] ન. એક કારણ.
૩. ન. સરખી એકધારી કીમત.
૪. વિ. એક મૂળવાળું.

ઓકમૂલ્યત્વ [સં. એક + મૂલ્ય (કીમત) + ત્વ (ભાવ)] ન. કીમત એકસરખી હોવાપણું.

ઓકમૂલા ૧. [સં. એક + મૂલ (મૂળિયું) + અદ્ય (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અળસી.
૨. સ્ત્રી. શાલપર્ણી નામની એક મૂળિયાંવાળી વનસ્પતિ.

ઓકમૂલિક ૧. પું. એક જ હાઇડ્રોજનનો પરમાણુ હોય તેવો તેજાબ.
૨. [સં. એક + મૂલ (મૂળિયું) + ઇક (વાળું)] વિ. એક જ મૂળિયાવાળું; જેને એક મૂળ હોય એવું.

ઓકમૂલ્ય ૧. [સં. એક (એકસ) + મૂલ્ય (કીમત)] ન. નિશ્ચિત ભાવ; નક્કી કીમત.
૨. ન. સ્થાપી એકમ; ૧૬ સંખ્યા.
૩. વિ. જેનો ભાવ નક્કી હોય એવું.
૪. વિ. સરખી કીમતનું; સરખા ભાવવાળું.

ઓકમૂહ ૧. [સં. એક + મુખ (મોઢું)] વિ. એકવચની; બોલ્યું પાળે એવું.
૨. ક્રિ. વિ. એકી અવાજે; સર્વાનુમતે; બધાંની સંમતિથી.

ઓકમેક ૧. સ્ત્રી. આબાદબેટ; બબડાવું તે.
૧. ઓકમેક કરવું=(૧) બરબાદી નોતરું કરવું. (૨) બબડાવવું; (૩) જોતું કરી નાખવું.
૨. ઓકમેક થઈ જવું = ભેળું થઈ જવું; મળી જવું.
૨. [સં. એકમ (આખી પૂર્ણ મનેલી વસ્તુ) + એક (એક મિશ્રવું); અપ. એકમેક] વિ. એકની અંદર બીજું મળી કે સમાઈ ગયું હોય એવું; એકતાર; એકરૂપ એકરસ; રોગલોગ થયેલું.
૩. ક્રિ. વિ. એકબીજું; અન્યોન્ય; અરસપરસ.
૪. ક્રિ. વિ. પરસ્પર; માંહોમાંહે; એકબીજાને.

ઓકમેકતા ૧. [સં. એકમેક (એકરૂપ) + તા (પણું)] સ્ત્રી. એકરૂપણું; એકતા; અભેદ; એકરૂપતા; એકમેક થવું તે.
૨. સ્ત્રી. પરસ્પર ભાવ; અન્યોન્ય ભાવ.

ઓકમેકી ૧. સ્ત્રી. એકદમ; તાબડતોબ; તરત; બબડી.
૨. ક્રિ. વિ. એકસામટું; ભોગવું.

ઓકમેર [એક + મેર (બાજુ)] ક્રિ. વિ. એક તરફ; કોરે; બાજુમાં; એક પડખે; એક બાજુ.

ઓકયોગ ૧. [સં. એક + યોગ (મળવું)] પું. ઐક્ય; એકતા; સંપસલાહ; મેળાપ; એકમત; એકરાય; મેળ; સંવાદ; સુલેહ સંપ બળવાની લાગણી.
૨. વિ. એકતાવાળું; ઐક્યથી રહેનારું; મેળ મળતો હોય એવું; સંપીલું.
૩. વિ. પરસ્પર મેળ ભાવ એવું; સંવાદી.

ઓકરોહ ૧. [સં. એક (રોકવું) + મૂલ્ય (કીમત)] વિ. જેનો ભાવ નક્કી હોય એવું.
૨. વિ. સરખી કીમતનું.

ઓકરોચકિયો [સં. એક + મુખ (મોઢું) + ઇન્ (વાળું)] વિ. પૂરતી પગાર વિનાનો એક મોઢું વધી શકાય તેવો પત્થર.

ઓકયષ્ટિ જુઓ ઓકયષ્ટિક.

ઓકયષ્ટિકા [સં. એક યષ્ટિકા (લાકડી)] સ્ત્રી. એક સેરવાળો હાર; એકલડી; લાકડીની જેમ જેની એક જ સેર છે તેવો હાર.

ઓકયાન [સં. એક (સરખું) + યાન (જવાનું)] પું. આચારસાસ્ત્ર નીતિશાસ્ત્ર.

ઓકયુગ્મી [સં. એક + યુગ્મ (જોડું) + ઇન્ (વાળું)] વિ. એક જોડવાળું; 'યુનિઅુગસ'.

ઓકયોજ [સં. એક + યુજ્ (જોડવું)] વિ. એકની સંયોજિત શક્તિવાળું; એકયુક્તિક; 'મોનોવેલન્ટ'.

ઓકયોજી જુઓ ઓકયોજ.

ઓકયોનિ ૧. [સં. એક + યોનિ (ઉત્પત્તિસ્થાન)] સ્ત્રી. એક ઉત્પત્તિસ્થાન.
૨. વિ. એક ઉત્પત્તિસ્થાનવાળું.
૩. વિ. એક જાતિનું; એક કોમનું.

ઓકર [અં.] પું. ૪૮૪૦ ચોરસ વાર અથવા ૪૩૫૬૦ ચોરસ ફૂટ જમીનનું એક માપ. હિંદમાં જમીનની માપણી વીઘામાં થાય છે, તેમ વિલાયતમાં એકરમાં થાય છે. એક હળ એક દિવસમાં જેટલી જમીન ખેડી શકે તેટલું માપ બતાવવા આ શબ્દ અગાઉ વપરાતો. ભરૂચ જિલ્લામાં ૧ વીઘું ૧૪ વસાનો, સુરત તથા ચરોતરમાં ૧૩૫ વીઘાનો, કોઈ ઠેકાણે ૧ વીઘું ૧૨ વસાનો, કોઈ ઠેકાણે ૧ વીઘું ૬ વસાનો ને કોઈ ઠેકાણે ૧ વીઘું ૬૨ વસાનો પણ એકર ગણાય છે.

ઓકરકમ [એક + રકમ (સંખ્યા)] ક્રિ. વિ. એક જ રકમ તરીકે; એકસાથે; એકસામટું, ઉપરાંત; જુદી જુદી રકમે નહિ પણ એક જ રકમે. એક હપતે.

ઓકરક્ત [સં. એક + રક્ત (લોહી)] વિ. એક લોહીવાળું; એક કુળમાં જન્મેલું.

ઓકરગું ૧. [એક + રજ્જુ (વસ્તુપણું)] વિ. એકસરખું; એકરસ; બરાબર મળી ગયેલું.
૨. વિ. ગુલતાન; એકતાર; તલ્લીન.

ઓકરજ [સં.] પું. આંગરો.

ઓકરતન [સં. એક + રત્નિ (હાથ)] પું. ગણેશ; અણપૂર્તિ; ગજનન.

ઓકરસ ૧. [સં. એક + રસ (સ્વાદ)] ન. એક અભિપ્રાય.
૨. ન. એક એવો રાગ; મેળ; ઐક્ય; એકતા.
૩ ન. એક રસવાળું નાટક.
૪. વિ. એક અભિપ્રાયવાળું.
૫. વિ. એક રાગવાળું; એક જ વસ્તુમાં રસ લેનાર.
૬. વિ. ગુલતાન; એકતાન; સમરસતાને પામી ગયેલું; તન્મય ઓતપ્રોત; એકાગ્ર.
૭. વિ. જુદાપણું હળી જઈ એકપણું થઈ રહ્યું હોય એવું; જેમાં કૃત્રિમ પણું જુદાં ન રહ્યાં હોય એવું.
૮. વિ. બરાબર મળી કે ભીજાઈ ગયેલું.
૯. વિ. સમાન; એક રીતનું; બદલાય નહિ એવું.
૧૦. વિ. સુસંગત; સુસ્વર; અન્યોન્ય સંશ્લિષ્ટ.

ઓકરસતા ૧. [સં. એક + રસ (સ્વાદ) + તા (ભાવ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. એક અભિપ્રાય હોવાપણું.
૨. સ્ત્રી. એકતાર હોવું તે; ગુલતાન હોવાપણું; તલ્લીનતા.
૩. સ્ત્રી. બરાબર મળી જવાપણું.
૪. સ્ત્રી. સંગતિ; સુસ્વરતા; એકરંગીપણું; અભિન્નરસતા.
૫. સ્ત્રી. સંપ; ઐક્ય; મેળ.

ઓકરસવિજ્ઞાન [સં. એક + રસ (સ્વાદ) + વિજ્ઞાન (ખાસ જ્ઞાન)] ન. કૂંડ બધા જ પદાર્થનું ખાસ જ્ઞાન.

ઓકરસબુદ્ધિ [સં. એક + રસ (સ્વાદ) + બુદ્ધિ (વપરાશ)] સ્ત્રી. સજ્જન અવસ્થામાં

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જૂનાં રજકણોની સાંધની વચ્ચે નવા પદાર્થનાં અંતર ઉમેરાઈ તેનો વધારો થાય તે; 'ઇન્ટસસેપ્શન ગ્રોથ'.

એકરંગ ૧. [સં. એક + રંગ (રાગ)] પું. એકમત.
૨. પું. એકરાગ; સંપ; મેળ.
૩. વિ. એક જ જાતનું હિત અને સુખ ભોગવનાર.
૪. વિ. એક જ રંગનું; સરખા રંગનું.
૫. વિ. એકસરખા વિચારનું; થોડી થોડી વારે વિચાર નહિ ફેરવનાર.
૬. વિ. બારે બાબુ એકસરખું હોય એવું.
૭. વિ. મળતા સ્વભાવનું; મળતા વિચારવાળું; એકમત; સમાન; એકરૂપ.
૮. વિ. સપીલું.
૯. વિ. સાચ દિલનું; કપટરહિત; જેવું મનમાં હોય તેવું બહાર બોલનાર; અંદર અને બહાર સરખું હોય એવું; પ્રમાણિક; સાચું.

એકરંગી ૧. વિ. એક જાતના સ્વભાવનું; એકતાળી; મળતા વિચારવાળું; મળતા સ્વભાવનું; રંગીલું.
૨. વિ. એક જ જાતના રંગ કે તરંગવાળું, બીજે બીજે વિચાર નહિ ફેરવનાર.
૩. [સં. એક (સરખું) + રંજિત (રંગવાળું)] વિ. એક રંગનું; જુદા જુદા નહિ પરંતુ બધા એક જ રંગ હોય એવું; એક જ સરખા રંગનું.
૪. વિ. બધી બાબુએ એકસરખું હોય એવું.
૫. વિ. સંપીલું
૬. વિ. સીધે રસ્તે જનારું; સાચ દિલનું; પ્રમાણિક; કપટરહિત.

એકરાગ ૧. [સં. એક (સરખું) + રાગ (સંગીતનો અવાજ)] પું. એકતાન; સ્વરૈક્ય સંગ્રાહ; સુરમેળ.
૨. પું. સંપ; એકમતી; મેળ.
૩. વિ. એક જ સરખા રંગનું.
૪. વિ. તાલબદ્ધ; સંવાદી.
૫. વિ. મળતા સ્વભાવનું; સરખા વિચારવાળું

એકરાગતા ૧. [સં. એક + રાગ (સંગીતનો અવાજ) + તા (ભાવ)] સ્ત્રી. એકતાન; સુરમેળ, સ્વરૈક્ય.
૨. સ્ત્રી. સંપ; મેળ.

એકરાગિતા ૧. [સં. એક + રાગ (સ્નેહ) + તા (ભાવ)] સ્ત્રી. બધાં તરફ એક સરખી પ્રીતિ; સૌ પ્રત્યે સમાન સ્નેહ.
૨. સ્ત્રી. સંપ; મેળ.

એકરાજ ૧. પું. કુલ અખત્યાર ભોગવનાર સ્વતંત્ર રાજા.
૨. [સં. એક (મુખ્ય) + રાજન્ (રાજા)] પું. ચક્રવર્તી અધીશ્વર; સ્વરાટ.
૩. પું. મોટા રાજા.

એકરાજકતા [સં. એક + રાજન્ (રાજા) + ક (બહુ) + તા (ભાવ)] સ્ત્રી. અપ્રતિબંધ સત્તા; સ્વેચ્છાચારી રાજ્ય.

એકરાજશાસન [સં. એક + રાજન્ (રાજા) + શાસન (અમલ)] ન. રાજ્યસત્તાશાસન; એકરાજાધિપત્ય; રાજશાહી; 'મોનર્કિ'.

એકરાજાધિપત્ય જુઓ એકરાજશાસન.

એકરાજ્ય જુઓ એકરાજશાસન.

એકરાડ [સં. એક (મુખ્ય) + રાજ્ (રાજા)] પું. રાજાધીરાજ સમ્રાટ. જુઓ એકરાજ.

એકરાત્ર ૧. [સં. એક + રાત્રિ (રાત)] પું. એક રાત ચાલતી ક્રિયા.
૨. સ્ત્રી. એક રાત.
૩. ન. મહાભારતમાં બતાવેલું એક પ્રાચીન તીર્થ.

એકરાત્રિક [સં. એક + રાત્રિ (રાત) + ઇક (નું)] વિ. એક રાત ચાલે એટલું (ભોજન વગેરે); નિર્વાહ પૂરતું.

એકરાત્રિપરિમાણ [સં. એક + રાત્રિ (રાત) + પરિમાણ (માપ)] વિ. જેની મુદત એક રાત્રિની હોય એવું; એક રાત ચાલે એવું.

એકરાર ૧. [અ. ઇકરાર; અ. કરર (તેણે આપ્યું કબૂલ કર્યું)] પું. કબૂલાત; મેહિનત; જેવી રીતે બન્યું હોય તેવું જ બરાબર કહેવું તે કબૂલ કરવું તે; પ્રતિજ્ઞાપૂર્વક લેખો અથવા લખાયેલો મજકૂર.
૨. પું. વાયદો; વચન; વાદા
૩. પું. સ્વીકાર; મંજૂરી; અંગીકાર; હકરાર.
૪. પું. લા પાછી તે.
૫. પું. કેવાલા; કરાવ; સ્થાપના; સ્થાપન.

એકરારનામું ૧. [અ. ઇકરાર (કબૂલાત) + ફા. નામહ (પત્ર)] ન. પ્રતિજ્ઞા ઉપર જે મજકૂર લખાયેલો હોય તે; કરારનામું, કબૂલાતનામું.
૨. ન. પ્રતિજ્ઞાપત્ર; જેમાં એકરાર હોય તે લખાણ; પ્રતિજ્ઞાપૂર્વક કબૂલાતનો લેખ; 'અંડરટેકિંગ'.
૩. ન. બાનસાહેબ; નિર્વહણપત્ર; વહીવટનું બાનું; 'ઇન્ડમ્નિનિટી બોન્ડ'.

એકરાશિ ૧. [સં. એક (સરખું) + રાશિ (ઢગલો)] સ્ત્રી. એકસીઓનો બનાવવું હોવું તે; સમશુદ્ધક; સરખાપણું.
૨. સ્ત્રી. સંપ; મેળ; એકમીઓનો જીવને મોટું બનવું તે.
૩. વિ. એક જાતનું; એકસરખું; રૂપ ગુણ વગેરેમાં સરખું હોય એવું; મોટું બનવું; સમાન ગુણવાળું.
૪. સ્ત્રી. એકત્ર કરેલું; ભેગું કરેલું; એકંદર.
૫. વિ. જેની બળતી રાશિ હોય એવું

એકરાશિ ૧. [સં. એક + રાશિ (ઢગલો)] પું. એક ઢગલો.
૨. સ્ત્રી. એક રાશિ
૩. સ્ત્રી. એકતા, એકત્વ સંપ.
૪. સ્ત્રી મળતાવડો સ્વભાવ; સુશીલતા
૫. વિ. એકસરખું સુખ ભોગવનારું; એકતાર.
૬. વિ. મળતા સ્વભાવનું; એક મતનું; એકમીઓને જોડનું
૭. વિ. મળતી આવતી રાશિવાળું.

એકરાષ્ટ્રીયત્વ [સં. એક + રાષ્ટ્રીય (દેશનું) + ત્વ (ભાવ)] ન. રાષ્ટ્રની એકતા; દેશનું એકત્વ.

એકરાસ જુઓ એકરાશ.

એકરાહુતકરસ પું. કુસ્તીનો એક દાવ.

એકરીતિસેવન [સં. એક + રીતિ (રીત) + સેવન (ઉપયોગ)] ન. કાર્યમાં કે વર્તનમાં એક જ જાતની રીત અથવા પદ્ધતિને વારંવાર અનુસરવાપણું; 'મેનરિઝમ'.

એકરૂખી વિ. એકચિત્ત; તલ્લીન; ધ્યાનસ્થ; એકમનું.

એકરૂપ ૧. [સં. એક (સરખું) + રૂપ (દેખાવ)] ન. સમાન રૂપ; સરખો દેખાવ.
૨. વિ. અભેદ; એક જ હોય એવું.
૩. વિ. (ગણિત) એક જ જાતના પદવાળું.
૪. વિ. એક જ દેખાવનું; બહુરૂપીથી ઊલટું; સરખા દેખાવનું; સમાન રૂપવાળું.
૫. વિ. એકસરખું હોય એવું; એકરસ; એક મત.
૬. વિ. (ગણિત) બધી બાબતમાં સરખું. જે આકૃતિઓ બધી બાબતમાં સરખી હોય એટલે એકના બધા ખૂણા અને બાજુઓ અનુક્રમે બીજાના બધા ખૂણા અને બાજુઓની બરાબર હોય તેવી આકૃતિઓને એકરૂપ કહે છે. ભૂમિતિમાં બે આકૃતિઓ એકરૂપ છે એમ બતાવવાને '≡' આવી નિશાની વપરાય છે.

એકરૂપતા ૧. [સં. એકરૂપ (એક જ હોય એવું) + તા (ભાવ)] સ્ત્રી. અભેદતા; એકાકારતા; સમતા; સાથે મળી જવાપણું.
૨. સ્ત્રી. (ગણિત) એક જ જાતનાં પદ હોવાપણું.

૩. સ્ત્રી. એકસરખું હોવાપણું; સમાનતા; એકતા; એકરૂપ હોવું તે; સમાન રૂપ હોવાપણું; સમરૂપતા; એકસરખાપણું; સામ્ય.

૪. સ્ત્રી. (ગણિત) બે અથવા વધારે આકૃતિ બધી રીતે સરખી હોય એટલે એમની બાજુઓ અને ખૂણાઓ અનુક્રમે એકબીજાની સરખાં હોય એવી સ્થિતિ.

૫. સ્ત્રી. વૈચિત્र्यહીનતા; એકવિધતા; એકતાનતા; એકશ્રુતિ:નિરસતા; 'મોનોટોનિ'.

સમપ્રમાણકાને પરિણામે monotony (એકરૂપતા) થતી અટકાવવાને એક પ્રકાર આ બીજા માત્રા ઉપર તાલ આવે છે.
નરસિંહરાવ

એકરૂપત્વ [સં. એક (સરખું) + રૂપ (દેખાવ) + ત્વ (પણું)] જ. સમાન રૂપ હોવાપણું. જુઓ એકરૂપતા.

એકરૂપવાદ [સં. એકરૂપ (સરખાપણું) + વાદ (મત)] પું. જગતના પ્રાકૃતિક ઇતિહાસના બધા યુગોમાં પ્રપંચારચનામાં, વિકાસક્રિયામાં અને ઘટનામાં એકસરખાપણું માનવું એ અને ભૂતકાળની પ્રવૃત્તિઓ રીત અને પ્રમાણમાં હાલના સમયના જેવી જ હતી એવો મત; 'યુનિફૉર્મિટેરિઅનિઝમ'.

એકરૂપિણી [સં. એક (સરખું) + રૂપિન્ (દેખાવું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. હંમેશ એક જ સ્વરૂપવાળી.

એકરૂપી [સં. એકરૂપ (એકાકાર) + ઇન્ (વાળું)] વિ. એક જ હોય એવું; એક જ રૂપનું; અભેદ. જુઓ એકરૂપ.

એકરેખબિંદુ [સં. એક + રેખા (લીટી) + બિંદુ (ટપકું)] જ. (ગણિત) એક જ લીટી ઉપર આવેલાં બધાં ટપકાં.

એકરેખિક ૧. [સં. એક + રેખા (બિંદુ) + ઇક (નું)] જ. (ગણિત) એક જ સુરેખા ઉપર આવેલાં ત્રણ અથવા વધારે બિંદુ.

૨. વિ. એક લીટી ઉપર આવેલ; 'કૉલીનિઅર'.

એકરેખીય [સં. એક + રેખા (લીટી) + ઈય (નું)] વિ. એક લીટી ઉપર આવેલ

એકરેણ [સં. એક + રેણુ (અવયવ)] વિ. એકશ્રેણી; જેનાં એક શ્રેણ હોય એવું. 'મોનોસ્પેસ'.

એકરૈખિક જુઓ એકરેખિક.

એકરોજ જ. એક દિવસો; કમાટેક; એક વખતો.

એકર્ચ ૧. [સં. એક + ઋચા (વેદનો મંત્ર)] પું. એક ઋચાથી સ્તુતિ કરવા યોગ્ય કોઈ દેવ.

૨. જ. એક ઋચાવાળું સૂક્ત.

૩. જ. વેદનો એક મંત્ર.

એકર્ત્વ [સં. એક + ઋ (જવું)] વિ. એકલું ગમન કરનાર

એકર્ષિ ૧. [સં. એક (શ્રેષ્ઠ) + ઋષિ (મંત્રદ્રષ્ટા)] પું. ઈશ્વર; પરમેશ્વર.

૨. પું. એ નામનો આધ્યાત્મિક અગ્નિ.

૩. પું. સૂર્ય.

૪. વિ. એકલું વિચરનાર; એકલવાયું.

એકલ ૧. [સં. એક + લ (પણું)] પું. એકપક્ષનો આશ્રય.

૨. પું. (સંગીત) ગાનાર કે વગાડનાર એક જ માણસ.

૩. પું. શ્રીકૃષ્ણને કાલિંદી નામની સ્ત્રીથી થયેલો એ નામનો દીકરો.

૪. પું. સૂતરની એક જાત; ફાટી ગયેલ અને એકલું કરતું બૂંદ.

૫. વિ. એકલું; એક જ; જોડી વિનાનું; સંબંધી જુદું પડી ગયેલું.

આજ કાંઈ કૂંપળાં, એકલ લીલ ન આજ.
લલિતદાસ

૬. વિ. એકલું ગમન કરનાર.

૭. વિ. ભાગ વગ વિનાનું; અખંડ; અવયવ રહિત.

૮. વિ. સહાય વગરનું; નિરાધાર.

એકલે હાથે = બીજા કોઈની મદદ વગર; એકલપંડે.

એકલએકલ ૧. [એકલ (એક જ) + એકલ (એક જ)] વિ. છૂટું છૂટું; એકેક.

કેટલી જાતનાં જંતુ પોતાનાં ઈંડાં એક કોચલામાં જુદી કોથળી મૂકે છે; કેટલાંક એકલએકલ મૂકે છે.
ભેટીના ઉપદ્રવો

૨. જ. એકેકી વખતે એક એમ.

એકલકંઠો ૧. [એકલ (એક જ) + કંઠ (ગળું)] પું. એકદોર; અસલ; ખૂબ મુલાયમવાળો, ધોળાં નાનાં સુગંધી ફૂલવાળો, વટાણા જેવાં રાતા રંગનાં નાનાં ફળવાળો ઝાડીથી ત્રણ ફૂટ ઊંચો એક જાતનો વેલો; સતાવરીનો છોડ. તેનાં પાન સરના જેવાં છે સુવાને બાજતાં ચીણી સળી જેવાં લાગ છે. તેને ૧૦૦ મૂળ હોવાથી એનાં સતાવરી કહેવાય છે. મૂળના ત્રણ ચાર તસુના કટકા વેચાય છે, તે અવડા દેખાય છે. તેનાં મૂળને બહુ કૂણાં હોવાથી તેને સકકામૂળી પણ કહે છે. વેશામાં એકેક તીખો કાંટો ફૂટોલ્બનો હોય માટે એકલકાંટો કહેવાય છે. તેનાં ફાલ અને પાન હોરને અવરાવવાથી પેટમાં ઠરવાત પડી હોય તે નીકળી જાય. તેની નાની અને મોટી એમ બે જાત થાય છે. બંને પૌષ્ટિક, શીતળ અને ગ્રાહી છે. કૃમિ, રક્તદોષ, પ્રદર, આંતરદોષ, ધાતુક્ષય, અશક્તિ, અગ્નિમાંદ્ય, વા અને સોજાનાં દરદો ઉપર કૂણાં તથા ચૂર્ણના રૂપમાં અપાય છે. ખારીદ અને સોલાદાર પાનવાળી પરદેશી એકલકંટાની વેલ બાંબલા ઉપર ચઢાવી શકાય છે.

૨. વિ. પું. એકલો; કોઈના સહાય વિનાનો

એકલકંઠો પું. (કાઠી) એક જાતની વેલ. જુઓ એકલકાંટો.

એકલકંદ ૧. [એકલ (વૃક્ષ) + કંદ (મૂળ)] પું.; જ. કુકરકંદ; વારાહીકંદ; એક જાતની વનૌષધિ

૨. પું.; જ. લસણના આકારનાં લંબગોળ ઊંડી નસોનાં પાનવાળો અને પીળાં ફૂલવાળો એક વેલો. નરકૂલની કલમીઓ ફણ્યાઓ વાળી હોય છે. તેમાં લંબગોળ ત્રણ ધારવાળાં ફળ થાય છે. આ વેલા ઉપર ઝેરી અને કડવાં કંદ થાય છે. તેના મૂળમાં રેસાવાળાં કંદ હોય તેને વારાહીકંદ કહે છે.

એકલકાંટો [એકલ (એક જ) + કાંટ (કાંટો)] પું. દરજની એક જાત. જુઓ એકલકંટો.

એકલકૂટો પું. કુસ્તીનો એક દાવ; એકલંગા.

એકલક્ષી ૧. [સં. એક + લક્ષ (ધ્યાન) + ઇન્ (વાળું)] વિ. એક જ લક્ષ કે ધ્યાનવાળું; એક જ તરફ ધ્યાન હોય એવું.

૨. વિ. એકહેતુક; એક જ હેતુ રાખનારું

એકલક્ષ્યગામી [સં. એક + લક્ષ્ય (હેતુ) + ગામિન્ (જનાર)] વિ. એક જ ધ્યેય રાખી જનારું; એક જ હેતુ તરફ જતું.

એકલક્ષ્યો જુઓ એકલક્ષી.

એકલખાતું [એકલ (એકલું) + ખાતું (ખાનારું)] વિ. એકલપેટું; આખ પોતાનું જ પેટ ભરવાનું સમજતું હોય એવું; સ્વાર્થત્યાગી.

એકલગ્ન જ. તદ્દન; પૂરેપૂરી રીતે; સર્વાંશે.

એકલગામું [એકલ (એકલું) + ગામિન્ (જનાર)] વિ. કોઈના સહાય વિના એકલું જનાર.

એકલગાડો ૧. પું. (જૂ. પ્ર.) એકાદ ગામનો ધણી.

અહંકાર ગામ સંભારીઓ રાજ,
એકલગાડા જેટલું આજ. વિમલપ્રબંધ

૨. [એકલ (એકલું) + ગામિન્ (જનાર)] વિ. પું. એકલો જનાર.

એકલગ્ન [સં. એક + લગ્ન (વિવાહ)] જ. એકપત્નીત્વ; એક વખત પરણવું તે.

સ્ત્રી પુરુષ ઉભયને માટે **એકલગ્ન** (Monogony) જેવસ્કર છે, પુરુષવિવાહ (Polygamy) બાબત છે. મણિલાલ

એકલબુમ જી. ગંજાળામાં થતા અંજનની એક સારી જાત.

એકલવર જુઓ એકલવાયું.

એકલવર્યા [એકલ (એકલું) + વર્યા (પ્રત્યયી)] સ્ત્રી. એકલા જવું તે.

એકલવારી જુઓ એકલવાયું.

એકલહું ૧. વિ. એકલામહું.
૨. વિ. બોબ-બેબોબ્બું; ભેગ વિનાનું.
૩. ન. નિયમસર; હારબંધ.

એકલહું જુઓ એકલું

એકલહુકલ ૧. [એકલ (એકલું) + હોકલ (ચ)] વિ. એકાકી; એકલુંઅટૂલું; સાથી વિનાનું. જુઓ એકલદોકલ.
૨. વિ. એકાકૂ સંગાથવાળું.

એકલહું (એકલવું) ૧. [એકલ (એકલું) + હું (સ્વાર્થિક પ્રત્યય)] વિ. એકલું; સાથ વિનાનું. કવિતામાં વપરાય છે.
૨. વિ. ખાલી; જેમાં કોઈ પણ હોય નહિ એવું.

એકલહોકલ ૧. [એકલ (એકલું) + હોકલ (ચ)] વિ. એકલું; અટૂલું; છડું; સોબત-સંગાથ વિનાનું. જુઓ એકલદોકલ.
૨. વિ. એકાકૂ સંગાથવાળું.

એકલતણી વિ. એક તણિયાવાળું.

એકલતા સ્ત્રી. એકલા રહેવાપણું.

એકલતાર ૧. [એકલ (એકલું) + તાર (એક)] વિ. એકજ; અદ્વિતીય; અનેક.
૨. વિ. એકલકૂકી.
તાર તદ્રપ તારે મારા સંસારના,
હૃદયતંત્રીનું એકલતાર વાજ જો. વિહારી

એકલતારો ૧. [એકલ (એક) + તાર (તારો)] પું. તંબૂરો.
૨. વિ. પું. એકલપેટો; પોતાનો જ સ્વાર્થ લક્ષમાં રાખે એવો.
૩. વિ. પું. એકલો; સાથ વિનાનો.

એકલત્તી છપાઈ સ્ત્રી. કુસ્તીનો એક દાવ. આમાં સામાવાળાના હાથ અને પગ જમીન ઉપર ટેકે છે અને ખેલાડી તેના વાંસા ઉપર રહે છે અને ખેલાડી સામાવાળાના વાંસા ઉપર પોતાનું માથું રાખી ડાબા હાથને તેની પીઠ ઉપરથી લાવી જઈને પેટની પાસે લગોટ પકડે છે અને જમણા હાથની કોણી ઉપર દાબ મારે છે અને કુસ્તીને અંતે કરે છે.

એકલદશા સ્ત્રી. એકલપણું; એકલ હોવું તે.

એકલદંડી ૧. [સં. એકલ (એક) + દંડ (લાકડી) + ધર (વાળું)] પું. સાધુ; સન્યાસી.
૨. વિ. એકલું; સાથ વિનાનું.

એકલદોકલ જુઓ એકલદોકલ.

એકલદ્રેકલ જુઓ એકલદોકલ.

એકલદોકલ ૧. વિ. એકલું; અટૂલું; છડું.
એકલદોકલનો અલ્લા બેલી = અનાથનો ધણી ઈશ્વર; જેને કોઈની મદદ નથી તેને ઈશ્વર મદદ કરે છે.
૨. વિ. એકાકૂ સંગાથવાળું.
૩. વિ. છૂટુંછવાયું; અલગ નોખું.

એકલધારિયો [સં. એક + ધાર (તીક્ષ્ણ ધાર) + ધર્ (વાળું)] પું. સુતારનું એ નામનું એક હથિયાર.

એકલપેગો સ્ત્રી. વરસાદનો એકેક છાંટો ને ચાર કલાક સુધી પડ્યા કરવાપણું.

એકલપંથું વિ. એકલું; સાથી વિનાનું; અટૂલું.

એકલપીડું ૧. [એકલ (એકલું) + પીડ (બાણ)] વિ. જેનો બાણમાં કોઈ હરીફ ન હોય તેવું; નિષ્કરીફ.
કાયા એવો બાણીઓ, નીયા કોઈ નાર;
એકલપીડો બાણિયો, સકેને કોય માર.
લોકોક્તિ
૨. વિ. નિરાળું; એકલું.

એકલપેટાઈ સ્ત્રી. સ્વાર્થીપણું.

એકલપેટાપણું ન. આપમતલબીપણું.

એકલપેટું ૧. વિ. આપમતલબી; આપસ્વાર્થી
૨. વિ. પરધૂસિયું; ભટકું.
૩. વિ. છુપી વાત રાખનાર.
૪. વિ. કરમાળ.

એકલબારી સ્ત્રી. જેમાંથી એકાદ માણસ પસાર થઈ શકે એવું નાનું બાર.

એકલબાહુ ૧. [એકલ (એકલું) + બાહુ (હાથ)] વિ. અસહાય; નિરાધાર.
૨. વિ. જેને એક હાથ હોય એવું.

એકલબેકલ [એકલ (એકલું) + બેકલ (એકનો દ્વિર્ભાવ)] વિ. એકલું; અટૂલું.

એકલભલ જુઓ એકલમલ.

એકલમલ ૧. પું. અદ્વિતીય મરદ--કુસ્તીબાજ. મારઈ એકલમલ વીર તીર વેધિ વલી વલી એ.
જયદેવ સં. ૧૫૪૮
૨. પું. એકડો; શૂન્ય.
૩ પું. બહાદુર જબરો માણસ.
૪. વિ. અજોડ; અદ્વિતીય.
૫. વિ. એકમાર્ગી.
૬. વિ. એકલું; વિરલ; કદર્ચિત.
૭. વિ. તેજ; ઝેનું એ.

એકલમૂકિયું (એકલમૂકિયું) ૧. વિ. એકલપીડું.
૨. વિ. પરિવાર વિનાનું.

એકલમૂકું (એકલમૂકું) જુઓ એકલમૂકિયું.

એકલમોકું [એકલ (એક જ) + મોર (ઝિલો)] વિ. એક જાતના સરખા સિક્કાનું.

એકલરામ [એકલ (એકલું) + રામ (દેવ)] પું. બાઈડી છોકરાં વગરનો એકલો માણસ.

એકલવાઈ ૧. [એકલવાયું (એક વાયું)] સ્ત્રી. જેની એક બાજુ ઊંચી હોય એવો માટીનો ચીલો
૨. સ્ત્રી. પખરાળમાં નાલ કે ચૂંબે બેસાડતી વખતે નીચે રખાતું એક સાધન.
૩. સ્ત્રી. વાંક વાળવાનું સોનીનું એક ઓજાર.
૪. સ્ત્રી. સોની લોકમાં ગણની સંખ્યા બતાવતી એક મુદ્રા સંજ્ઞા. કેટલાક આને તરીકે પણ તેને માને છે.

એકલવાડિયું (એકલવાડિયું) વિ. એકવડિયું; પાતળા બાંધાનું.

એકલવાયાપણું ન. એકાકીપણું.

એકલવાયું ૧. [એકલ (એકલું) + વાસી (રહેનું)] વિ. અટકું.
૨. વિ. એક તરફનું.
૩. વિ. એક બાજુએ નમેલું.
૪. વિ. એકલા રહેવાવાળું.
૫ વિ. એકલું પડી ગયેલું.
૬. વિ. જેને બીજું કોઈ સહાયમાં ન હોય એવું; નિરાધાર.
૭. વિ. એ પુત્ર બાબતનું; છડું.

એકલવાયો પું. પશ્ચિમઘાટમાં આવેલો એ નામનો કુંભર; ગોમતગિરિ. ત્યાં શ્રીકૃષ્ણે અને બળરામે જરાસંધને હરાવ્યો હતો.

એકલવાસ પું. એકલા રહેવું તે.

એકલવાસી ૧. પું. (વૈદક) નાના આંતરડામાં આવેલા જુદા જુદા પિંડ.
૨. વિ. એકલવાયું.

એકલવિહારી [એકલ (એકલું) + વિહાર (આનંદથી હરવું ફરવું તે) + ધર્ (વાળું)] વિ. એકલું ફરનાર.

એકલવીર ૧. [એકલ (એકલું) + વીર (બહાદુર પુરુષ)] પું. એકલે હાથે ઝૂઝનાર બહાદુર પુરુષ.
૨. વિ. એકલમલ; મદારદી.
૩. વિ. એકલવાયું; એકલું જ રહેનારું.

એકલવેલું ૧. [એકલ (એકલું) + વસિન્ (રહેનાર)] વિ. અટકું.
૨. વિ. એકવસની.

એકલવેનીહું વિ. બીજી વાત ન મૂકનાર; હઠીલું.

એકલવ્ય [સં.] પું. (પુરાણ) હિરણ્યધનુષ કે હિરણ્યધનુ નામના નીષધ રાજાનો દીકરો અને દ્રોણાચાર્યનો શિષ્ય. પાંડવ અને કૌરવોને ધનુર્વેદ શીખવવા માટે બીજા દ્રોણાચાર્યને રાખ્યા હતા. તેની પાસે બીજા ઘણા રાજપુત્રો પણ આવ્યા હતા. તેથી એકલવ્ય પણ ત્યાં આવ્યો અને શિષ્ય તરીકે સ્વીકારી વિદ્યાદાન આપવાની પ્રાર્થના કરી, પણ આચાર્યે તેનો સ્વીકાર કર્યો નહિ. તેથી એણે આચાર્ય પાસે પાદુકા માગી. દ્રોણાચાર્યે તે આપી. પછી પોતાને ઘેર આવી ભક્તિપૂર્વક આચાર્યની માટીની મૂર્તિ બનાવી એની આજ્ઞા પોતે આપેલી પાદુકા મૂકી તેની રોજ નિયમપૂર્વક પૂજા કરી પોતાનાં ધનુષ્ય બાણ લઈ મૂર્તિ સામે ઊભા રહી બાણ ફેંકવાનો અભ્યાસ કરવા લાગ્યો. બ્રહ્મ પોતે જાતે જ અભ્યાસ કરતા વિમોક્ષ, આદાન, સંધાન વગેરે ધનુર્વિદ્યામાં પ્રવીણ થઈ ગયો. એક વખત પાંડવ કૌરવો અને બીજા રાજપુત્રો મૃગયા માટે ગયા હતા. તેઓ મૃગની પાછળ પડ્યા હતા પણ તેનો શિકારી કૂતરો રસ્તો ભૂલી એકલવ્યની પાસે આવી ચઢ્યો. તે એકલવ્યને જોઈ ભસવા લાગ્યો. એનું ભસવું પહોળું મોં જોઈને એકલવ્યે નાનાં નાનાં બાણની એક સૂડી ધનુષ્ય ઉપર ચઢાવી એવી બાબાદ મારી કે એના પહોળા મોમા પેસી ગઈ. કૂતરાથી ન ભસાય કે ન મોં બિડાય એવું કરી દીધું. કૂતરો ત્યાંથી નાસીને રાજપુત્રો પાસે ગયો. તેઓને આશ્ચર્ય થયું કે આ કરનાર કોઈ બ્રહ્મચારી ધનુર્ધર હોવો જોઈએ તેની શોધ કરતા કરતા તેઓ જતા હતા ઝાડવામાં બાણમાં ધનુષ્ય બાણ સહિત એકલવ્યને દીઠો. એને પૂછતાં તેણે કહ્યું કે હું દ્રોણાચાર્યનો શિષ્ય છું. આ વાત રાજપુત્રોએ દ્રોણાચાર્યને કહી. તે સાંભળી દ્રોણાચાર્ય બધા રાજપુત્રો સાથે તે જંગલમાં ગયા. દ્રોણાચાર્યને જોતાં જ એકલવ્યે પ્રણામ કર્યા અને હાથ જોડીને ઊભો રહ્યો. પછી તેની ધનુર્વિદ્યાની પરીક્ષા કરતાં તે સર્વથી ઉત્તમ જણાયો. પોતે કેવી રીતે અભ્યાસ કર્યો હતો તે પણ કહી સંભળાવ્યું. આથી બધાને આશ્ચર્ય થયું. આ માણસ કોઈ વખત અર્જુનને પણ ક્યારે પડશે એમ દ્રોણાચાર્યને લાગવાથી એમણે એકલવ્ય પાસે ગુરુદક્ષિણા માગી કે તું આજથી બાણ છોડતી વખત તારો પોતાનો અંગૂઠો કાપી બાણને અડકાડીશ નહિ. એકલવ્યે ત્યારથી બાણને અંગૂઠો અડકાડવાનું મૂકી દીધું. આ વાત આજ સુધી ફિરાતો પાળે છે.

એકલશીંગી ૧. [એકલ (એક જ) + શૃંગ (શિંગડું) + ઇન્ (વાળું)] પું. (પુરાણ) ઋષ્યશૃંગ નામના એક ઋષિ. જુઓ એકલશૃંગી. ૨. વિ એક શિંગડા વાળું.

એકલશૂરડું (એકલશૂડ) [એકલ (એકલું) + શૂર (બહાદુર) + ડું (સ્વાર્થવાચક પ્રત્યય)] વિ. બીજાનો સહારો ન ગમતો હોય એવું. અતડું. જુઓ એકલસૂર.

એકલશૂકું જુઓ એકલસૂકું.

એકલશૂરો ૧. [એકલ (એકલું) + શૂર (બહાદુર)] પું. પરિણયારાનો પુનરાવ; જેને એકલા જ રહેવું ગમે તેવો માણસ ૨. વિ. પું. અતડો; ઘળાળો નહિ એવો. ૩. વિ પુ એકલપેટા. સ્વાર્થી ૪. વિ. પું. મુગ્ધ; ભોળાભોલો.

એકલશૃંગી [એકલ (એક જ) + શૃંગ (શિંગડું) + ઇન્ (વાળું)] પું. (પુરાણ) ઋષ્યશૃંગ ઋષિ; વિભાંડી ઋષિના દીકરા. એમને કપાળે એક શિંગડું હતું. તે વિદ્વાન અને જ્ઞાની હતા. પરીક્ષિત રાજાને તક્ષક સાત દિવસમાં મરવાનો શાપ આપ્યો હતો, ત્યારે રાજાનો પુત્રેષ્ટિ યજ્ઞ આ ઋષિએ કરાવ્યો હતો.

એકલસૂકું (એકલસૂડું) જુઓ એકલસૂકું.

એકલસૂરડું (એકલસૂડું) જુઓ એકલસૂકું.

એકલસૂરાપણું ૧. ન. એકલપેટાપણું. ૨. ન. મળતાવડાપણાનો અભાવ.

એકલસૂરિયું જુઓ એકલસૂકું.

એકલસૂકું ૧. [એકલ (એક જ) + સૂર (બહાદુર) + ઇન્ (વાળું)] વિ. એકલપેટું. સ્વાર્થી. ૨. વિ. એકલું. સોબત વિનાનું. ૩. વિ. મળતાવડું ન હોય એવું; અતડું. ૪. વિ. મુગ્ધ; ભોળાભોલું.

એકલસેકલ [એકલ (એકલું) + સેકલ (એકલદોકલ એવું રૂપ)] વિ. એકલું; સંગાથ વિનાનું.

એકલસોયું જુઓ એકલસૂકું.

એકલહથ જુઓ એકલહત્થુ.

એકલહથુ જુઓ એકલહત્થુ.

એકલહથું જુઓ એકલહત્થુ

એકલહત્થુ ૧. [સં. એક + હસ્ત (હાથ)] વિ. એક જ માણસના હાથમાં હોય એવું; એકલસૂકું; એકલહત્થુ. ૨. વિ. એક જ માણસનું; એકલું; એક પક્ષનું. ૩. વિ. એક હાથવાળું; એક જ હાથ હોય એવું.

એકલહથ્થું જુઓ એકલહત્થુ.

એકલહાથે ક્રિ. બીજાની મદદ વગર; એકલાં.

એકલહારી [સં. એકલ (એક જ) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ. એક વખત ખાવાવાળું

> પણ જ્યારે આળસે **એકલહારી** એક વખત ખાવાવાળા, સંચિત પરિગ્રહારી, ભૂમિસંગ્રહારી, પાકશાસ્ત્રારી, ભક્ષણારી, પ્રતિકમનુષ્યારી, એવી રીતની અન્યપદમાં 'રી' આવે છે તેવા પ્રકારની ચારી પામે છે. ચંદ્રસાગર

એકલંગ [સં. એક + લિંગ (મહાદેવની મૂર્તિ)] પું. એકલિંગની મહાદેવ; મેવાડના રાણાના અને મેવાડ રજપૂતોના કુળદેવ

એકલંગા [હિં.] સ્ત્રી. કુસ્તીનો એ નામનો એક દાવ. બેસવાની પોતાનો જમણો હાથ સામાવાળાના ડાબા બાહુ ઉપર લપેટી પોતાના ડાબા હાથથી સામાવાળાનો જમણો પોંચો પકડી પોતાના જમણા ઢીંચણ ઉપર રાખે છે અને તે પગને એક દઈ ઉપાડી સામાવાળાને બાદુથી દબાવીને અને નમાવીને ચત્તો કરી દે છે.

એકલંગા દંડ પું. એક જાતની કસરત કે દંડ, જે કરતી વખતે એક હાથ ઉપર ખૂબ જોર દઈને તે બાજુ આખું શરીર નમાવી દંડ કરાય અને બીજી બાજુનો પગ ઉપાડી હાથની બાજુ લઈ જવાય.

એકલંગી પું. કુસ્તીનો એ નામનો એક દાવ. જુઓ એકલંગા.

એકલંગી સવારી સ્ત્રી. કુસ્તીનો એ નામનો એક દાવ. જુઓ એકલંગા દંડ.

એકલંતરસો [સં. એક + ઉત્તર (બસો) + સત (સો)] વિ. એકસો એક; ૧૦૧.

એકલાપણું ૧. ન. એકલા હોવું તે; એકલવાયા. ૨. ન. કૈવલ્યપદ; કેવળપણું.

> કૈવલ્યપદ એટલે કેવળપણું, **એકલાપણું**, પ્રકૃતિ સાથે સંયોગ ન હોય તે સ્થિતિ. એવો તેનો અર્થ છે. ગીતારહસ્ય

એકલિયું ૧. [પ્રા. એક્કલઉ] ન. એક જ્યાં પૂરું થઈ એવું ગોદડું. ૨. ન. એકલડિયો પૈસો. ૩. ન. ટૂંકા પનાનું ચાદલું. ૪. ન. બોલને ફેંકવાનું એક જ વરખડામાં ચાલે એવું સાંતીડું. તે નીંદવાના અને જમીન પોચી કરવાના કામમાં આવે અને બેલીની બાકી જમીનમાં ખીનાશ રાખે. ૫. વિ. એક જ કમાડવાળું. ૬. વિ. એક જ પૂરું રહે એવું. ૭. વિ. એકલું; સાથ વિનાનું.

એકલિયું ખર્યું વ. જેમાં માત્ર એક સાંઠીનો પાક લાવવામાં આવતો હોય એવું ખર્યું.

એકલિયો ૧. પું. ખરખાની એક જાત.

૨. પું. સ્વામી નારાયણ સંપ્રદાયનો પાળો. તે એકલો જઈ શકે છે તેથી એકલિયો કહેવાય છે.

એકલિંગ ૧. [સં. એક + લિંગ (જાતિ)] પું. (વ્યાકરણ) એક જ જાતિ જેને લાગતી હોય એવો શબ્દનિયત લિંગવાળો શબ્દ. સોપારી, ચા વગેરે કેટલાક શબ્દોને બે જાતિ લાગે છે, માટે તે એકલિંગ ન કહેવાય.

૨. પું. કુબેર.

૩. પું. મેવાડના મહારાણાઓ અને મેવાડ રજપૂતોના કુળદેવ મહાદેવ. જુઓ એકલિંગજી.

૪. વ. સિદ્ધિનું સાધન એક હોય.

૫. વિ. એક જિનવાળું.

૬. વિ. એક જ જાતિ બતાવે એવું.

એકલિંગજી [સં. એક + લિંગ (મહાદેવની મૂર્તિ)] પું. ઉદેપુર રાજ્યમાં આવેલ મેવાડના મહારાણાના કુળદેવ એવા પ્રસિદ્ધ મહાદેવ, એકલિંગ મહાદેવ. જુઓ એકલિંગેશ્વર.

એકલિંગી ૧. [સં. એક + લિંગ (મહાદેવની મૂર્તિ)] પું. એકલિંગ મહાદેવ; મેવાડના મહારાણાના કુળદેવ એવા હાર. જુઓ એકલિંગજી.

૨. વ. જેમાં એક જ જનનેંદ્રિય હોય એવી જાતનાં ફૂલ.

૩. વિ. પોતાની અંદરથી નવું ઉત્પન્ન કરવાની શક્તિવાળું; અંતર્વર્ધિષ્ણુ.

એકલિંગીજી [સં. એક + લિંગ (મહાદેવની મૂર્તિ)] પું. ચિતોડથી તેર માઈલ દૂર આવેલ મેવાડના મહારાણાના કુળદેવ એવા એ નામના મહાદેવ. તેની પૂજા ખુદ મહારાણા અમર તો પૂજારી બ્રાહ્મણ સિવાય કોઈ કરી શકતું નથી. મહાદેવની મૂર્તિ કાળા પાષાણની છે અને તેને ચાર મુખ છે. અને આ ચારે મુખ ઉપર એક લિંગ છે અને તેથી જ તેનું નામ એકલિંગી પડેલ છે. ઉદેપુરના મહારાણા આ મહાદેવને રાજા માને છે અને પોતાને તેના દીવાન માને છે.

એકલિંગેશ્વર જુઓ એકલિંગીજી.

એકલીહોસ્યાયી વિ. (ચલિત) એક જ સુરખા ઉપર આવેલું; 'કેલીનિસ્ટર'. જ્યાં ત્યારે વધારે બિંદુઓ, જ્યારે એક જ સીધી લીટીમાં હોય ત્યારે તે એકલીટીસ્થાયી કહેવાય.

એકલું ૧. [સં. એકલક; પ્રા. એક્કલઅ; અપ. એક્કલ] પું. એક જણ.

એકલો એ હજારાં, ને હજારાં એ બિચારાં = એક મરણિયો હજારને ભારે પડે અને માલ વગરનાં હજાર હોય તે બિચારાં નમાલાં જાણે છે

૨. વિ. અલગ, જુદું

૩. વિ. એકનું એક જ

૪. વિ. કુવારું

૫. વિ. કેવળ, માત્ર

૬ વિ. બીજું કોઈ માણસ ન હોય એવું.

૧ એકલું પડવું = એકાંતવાળું બનવું.

૨ એકલે પડે દાયે = મદદ વગર.

૩. એકલો તે વેપલો = એકલવાયાપણું કાંઈ ફોગટનું નથી.

૭.-વિ. માત્ર પોતે એક જ હોય તેવું; પડે; ઠું.

એકલુંએકલું વ. ઊભરો; ઓસંતવાળું.

એકલુંએકલું ૧. [એકલું (એકલવાયું) + એકલું (એકલુંદોકલું)] વિ. કોઈ પણ સાથે હોય નહિ એવું; સાવ એકલું.

૨. વિ. છડું; એકલદોકલ; પડે; અતે.

૩. વિ. નહિ પરણેલું; કુવારું.

૪. વિ. નિરાળું; જુદું; નોખું.

૫. વિ. સહાય વગરનું; નિરાધાર.

એકલુંસાકલું જુઓ એકલુંએકલું.

એકલુંસેકલું જુઓ એકલુંએકલું.

એકલૂ [સં.] પું. એ નામનો એક ઋષિ.

એકરીખન વ. હસ્તલિખિત પ્રતની નકલમાં આખરે લાગ કોરી રેખાયેલું.

એકરેખા ૧. પું. એક જાતનું ઘાસ.

૨. વ. એ નામના ઘાસનું ફૂલ.

એકલો [સં.] પું. સંન્યાસનો એકલો.

એકલોચના સ્ત્રી. (પુરાણ) સીતાના સંરક્ષણ માટે રાખેલ રાક્ષસીઓમાંની એક.

એકલોજ વ. નીરા નદી ઉપરનું સતારા જિલ્લામાં આવેલ એક ગામ.

એકલોડી સ્ત્રી. એ નામની વીસનગર તરફ રમાતી દેશી રમત. જુઓ એક્કેક્કા દોયાકેક્કા.

એકલોહું ૧. [સં. એક + લોહિત (લોહી)] વિ. એક લોહીનું; એક જ વંશનું.

૨. વિ. એક લોહીનું હોવ તેમ પરસ્પર ગણાતું; હિલોજન.

એકલોહિયું જુઓ એકલોહું.

એકલોહું જુઓ એકલોહું.

એકલૌતા વિ. માબાપનું એક જ સંતાન હોય એવું.

એકવક્ત જુઓ એકવખત.

એકવક્ત્ર ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. વ. એક મુખવાળું સ્વરૂપનું ફળ.

૩. [સં. એક + વક્ત્ર (મોઢું)] વિ. એક મુખવાળું.

એકવખત ૧. વ. બગાડ

૨. વ. એક વાર; એક સમય.

એકવખતે જુઓ એકવખત.

એકવગું ૧ [એક + વેગ (ગતિ)] વિ. એક જ્યા; એકક્રમ સાથે કરાતું; સામટું.

૨. વિ. એક બાજુએ હોય એવું.

૩. વિ. સગવડવાળું.

૪. વ. એક બાજુએ; એક વગે.

૫. વ. એકક્રમ; એક વારે.

૬. વ. એકમેક; ઓગિતું.

૭ વ તાન, ભાવ

૮. વ. સગવડતાથી.

એકવચન ૧. [સં. એક (સરખું) + વચન (જોડ)] વ. આદર બોલ.

૨. વ. (વ્યાકરણ) એક જ વસ્તુનો બોધ કરવાપણું; એકપણું બતાવવું તે.

એકવચની ૧. વિ. એક બોલી રાખનાર; બોલ્યું પાળે એવું.

૨. વિ. (વ્યાકરણ) એકવચન બતાવતું હોય એવું.

૩. વિ. ખરું; સાચું.

એકવચનીપણું ૧. વ. આપેલું વચન પાળવાની ટેક.

૨. વ. પ્રમાણિકતા; સત્યવાદીપણું.

એકવટ ૧. [સં. એક + વૃત્તિ (વર્તન)] વિ. એક વૃત્તિ રાખે એવું; ટેકીલું; વટવાળું.

૨. વિ. સત્યવાદી; પ્રમાણિક

એકવડ (એકવડ) [સં. એક + વટ (વળવું)] વિ. એક પડવાળું; એકવડું.

એકવડિયું (એકવડિયુ) ૧. [એક (એક જ) + વટ (ઉપસર્ગ) + ઇન્ (વાળું)] વિ. એકવડી કીમતનું. જેમકે, એકવડિયું કાપડિયું.

૨. વિ. ઓછી પહોળાઈનું; એક માણસ પહેરી શકે તેટલી પહોળાઈવાળું (વસ્ત્ર).

૩. વિ. પાતળા બાંધાનું; નબળા બાંધાનું સાદું.

એકવડી પ્રજ્ઞરાશિ (એકવડી પ્રજ્ઞરાશિ) સ્ત્રી. (ગણિત) ગણિતની એક રાશિ. જે પ્રજ્ઞરાશિમાં એક ઓછી સંખ્યા ચારી તે ઉપરથી ખરો જવાબ કાઢવામાં આવે તેને એકવડી પ્રજ્ઞરાશિ કહે છે. કોઈ સંખ્યામાં તે જ સંખ્યાનો કોઈ ભાગ જાણવા તેના અમુક ભાગ ઉમેરવા કે બાદ કરવો હોય જાણવા તેને

કોઈ પણ સંખ્યાએ ગુણ્યે કે ભાગ્યે હોય તો તે મૂળ સંખ્યા રૂપેથી ઓળખવામાં આ એકરૂપી ધનરાશિનો ઉપયોગ થાય છે.

એકવું (એકવવું) ક્રિ. [એક (એકવું) + વવું (વવું)] બે ઉપરાઉપરી પડો ન વવાયાં હોય એવું; એક પડવાળું.

૨. વિ. એકવડિયું; સુકલકડી; પાતળું.

૩. વિ. ઉદ્ધ નહિ એવું.

એકવું પંચાળું (એકવું પચાળું) ન. બધા ભાગીદારોની મૂડી સરખી મુદ્દત રોકાણી હોય તેવો સહિયારો વેપાર કે વહીવટ.

એકવત્ ક્રિ. [સં. એક + વત્ (વન્ત)] વિ. એકના જેવી ક્રિયાવાળું.

૨ વિ એકના જેવું.

૩. વિ. એકવચનના જેવું.

એકવર્ગી ક્રિ. વિ. એક જ વર્ગનું; એક જ જાતનું.

૨. વિ. જેમાં માત્ર એક જ અવયવ પદ હોય એવું.

એકવર્ગીય જુઓ એકવર્ગી.

એકવર્ગીયસમીકરણ ન. (ગણિત) માત્ર એક જ અવયવ પદ હોય તેવું સમીકરણ.

એકવર્ણ ક્રિ. [સં. એક (સંખ્યા) + વર્ણ (જાતિ)] પું ઊંચી જાતિ.

૨. પું. એક પદવાળો શબ્દ.

૩. પું એકસ્વરૂપ.

૪ પું. ધાતુમાં.

૫. સ્ત્રી એક જ જાતિ

૬. [સં. એક + વર્ણ (રંગ)] વિ. એકરંગી; એક સરખા રંગનું.

૭. વિ. એકસ્વરૂપવાળું.

૧૧. વિ. ન્યાતજાતનો ભેદ વિનાનું

૧૨. વિ. જેના વર્ણવાળું.

૧૩. વિ સમાન; બળતું; એકસરખું.

એકવર્ણભક્ષ્યાહરણ જુઓ એકવર્ણવર્ગસમીકરણ.

એકવર્ણવર્ગસમીકરણ ન. (ગણિત) એક જ અવયવવાળું વર્ગસમીકરણ. જેમકે, $૪x^{૨} - ૧૭x = ૧૨$. જે દ્વિઘાત સમીકરણમાં એક જ અવયવ રાશિની કીમત શોધવાની હોય તેને એકવર્ણવર્ગસમીકરણ કહે છે. આસાન તેને એકવર્ણભક્ષ્યાહરણ કહે છે.

એકવર્ણસમીકરણ [સં. એકવર્ણ (એક જ અવયવ પદવાળું) + સમીકરણ (સરખું કરવું તે)] ન. (ગણિત) જેમાં એક જ અવયવ પદવાળો હોય એવું એટલે સાદું સમીકરણ; એકવડું સમીકરણ; શુદ્ધ સમીકરણ; જે સમીકરણમાં માત્ર એક જ અવયવ પદ હોય અને તે પણ પ્રથમ પાતના જ હોય તેવું સમીકરણ. 'સિમ્પલ ઇક્વેશન', જેમકે, $૬x - ૧૧ = ૩$. રાશિ જો દ્વિઘાત હોય તો તેને એકવર્ણવર્ગસમીકરણ કહે છે

એકવર્ણસમીકરણકૂટપ્રશ્ન [સં. એકવર્ણ (એક જ અવયવ પદવાળું) + સમીકરણ (સરખું કરવું તે) + કૂટ (અઘરું બરોબર) + પ્રશ્ન (સવાલ)] પું. (ગણિત) જેમાં માત્ર એક જ અવયવકારરાશિ હોય અને તેમાં જ્ઞાત અને અજ્ઞાત રાશિઓ વચ્ચેનો સબંધ ભેળસેળ રીતે શુદ્ધ સમીકરણથી દર્શાવી શકાય તેવો સવાલ.

એકવર્ષિક ક્રિ. [સં. એક (સરખું) + વર્ષ (રંગ) + ઇક (વાળું)] વિ. એકસરખા રંગનું.

૨. વિ. જેમાં માત્ર એક જ રંગ હોય એવું.

૩. વિ. સરખી જાતિનું; એક જ જ્ઞાતનું.

એકવર્ણી ક્રિ. સ્ત્રી. કરતાલના જેવું એક વાદિત્ર.

૨. સ્ત્રી. તાલી મારીને તાલ દેવો તે.

૩. વિ. રંગરોપ રહિત; નીરંગ; વિવર્ણ.

૪. વિ. સરખા રંગનું; રંગ બળતો આવતો હોય એવું.

એકવર્ણીસમીકરણ જુઓ એકવર્ણસમીકરણ.

એકવર્તી પું. આખી સૃષ્ટિનો રાજા; ઈશ્વર.

એકવર્ષ [સં.] વિ. એક વરસનું.

એકવર્ષિક વિ. એક વરસનું.

એકવર્ષિકા ક્રિ. સ્ત્રી. એક વર્ષની ગાય.

૨. વિ. સ્ત્રી. એક વર્ષની; એક વરસની ઉમરની.

એકવર્ષીયા જુઓ એકવર્ષિકા.

એકવસ્ત્ર ક્રિ. વિ. ઉત્તરીય વસ્ત્ર વિનાનું.

૨. ન. એક જ વસ્ત્ર; એક જ કપડું.

૩. વિ. એક જ વસ્ત્ર પહેરેલું હોય એવું.

૪. વિ. એક જાતનાં વસ્ત્રવાળું.

એકવસ્ત્રા [સં. એક + વસ્ત્ર (કપડું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. એક જ કપડું પહેરેલું હોય એવી.

એકવંદ ન. બળતા રોગના સપ્તર પ્રકાર માંહેનો એક; એકવંદ.

એકવાઈ સ્ત્રી. એકલવાઈ; મોજીની એક જાતની એરણું; ખરખામાં નાખ કે ચૂંક બેસાડતી વખતે નીચે રખાતું એક સાધન.

એકવાક્ય ક્રિ. [સં.] ન. એક અર્થવાળું વાક્ય; તુલ્યરૂપ વાક્ય.

૨. ન. એકમતી; સર્વાનુમત.

એકવાક્યતા ક્રિ. સ્ત્રી. એકમત; સર્વાનુમત.

૨. સ્ત્રી. એકસરખાપણું; સમાનતા; મળતાપણું.

૩. સ્ત્રી. એકીકરણ; એક કરવું તે.

૪. સ્ત્રી. મીમાંસામાં જે અનેક વધારે આચાર્ય, પ્રમ અથવા શાસ્ત્રોનાં વાક્ય અથવા તેઓના અભિપ્રાય પરસ્પર મળી જવા તે.

૫. સ્ત્રી. સમાધાન; વૈરશાંતિ

૬. સ્ત્રી. સમાનાર્થતા; સમન્વય.

એકવાક્યત્વ જુઓ એકવાક્યતા.

એકવાણિયું વિ. એક તરફ વળાંક્યે તો ઓછામ વળે અને બીજી તરફ વાળીએ તો વળે નહિ એવું (પોકું).

એકવાદ ક્રિ. પું. ઈશ્વર એક છે એવો સિદ્ધાંત; એકેશ્વરવાદ.

૨. પું. એક જાતનું તબલું; ડિંડિમ નામનું વાદિત્ર.

એકવાદ્ય [સં.] ન. ડિંડિમ નામનું વાજું.

એકવાયું [એક + વાયું (વાયવું)] વિ. એકતરફ ઢળતું કે નમતું.

એકવાર ક્રિ. [સં. એક + વાસર (દિવસ); અપ. એકવાર] ક્રિ. અમુક વખતે.

૨. ક્રિ. વિ. એક કેરે.

૩. ક્રિ. વિ. ઓચિંતી રીતે; અચાનક.

૪. ક્રિ. વિ. છેવટને માટે

એકવારું વિ. એકવારનું; પહેલું; પ્રથમ. જુઓ એકવાર.

એકવારિયું ક્રિ. ન. એક વાર ઓઢણી ઢંગર; ઢેફ; કરડ.

૨. વિ. એક વખતનું; એક વખત માપ તેનું.

૩. [સં. એક + વાર (૨૧ વસ્તુ)] વિ. એક વારનું; એક વારના માપનું.

એકવારું જુઓ એકવાર.

એકવારે જુઓ એકવાર.

એકવાર્ષિક ક્રિ. વિ. એક વરસે એક વાર પ્રસિદ્ધ થતું.

૨. વિ. વાર્ષિક; આબ્દિક; એક વરસનું

એકવાસા ક્રિ. [સં. એક + વાસસ (કપડું)] પું. એક પ્રકારનો દિગંબર જૈન. તે નગ્નમાં અપવાદ છે.

૨. સ્ત્રી. નારી; વનિતા; સ્ત્રી.

એકવાહી વિ. એક માણસ જઈ શકે એટલું પહોળું.

એકવાંજ [સ. એક + વન્ધ્યા (વાઝણી)] સ્ત્રી. એક બાળક પછી બીજાનું બાળક ન થયું હોય એવી સ્ત્રી; કાકવંધ્યા.

એકવિકારક વિ. સંખ્યામાં જુદું પડેલું; સંખ્યાની સંજ્ઞાથી તફાવત બતાવતું. 'યુનિવેરિઅન્ટ'.

એકવિચાર ૧. પું. કરે નહિ એવો વિચાર.
૨. પું. વિચારો બળતા બાવવા તે.
૩. વિ. એક વિચારનું
૪. વિ. સરખા વિચારનું.

એકવિધ ૧. પું. એક પ્રકાર.
૨. વિ. વિવિધતા વિનાનું; એકધારું; એકસરખું. એક જાતનું

એકવિધગ્રાહી વિ. (જૈન) એક પ્રકારે ગ્રહણ કરનાર.

પાંચ ઇંદ્રિયો અને એક મન એ છ સાધનોથી બનતા મતિજ્ઞાનના અવગ્રહ, ઇહા આદિ ૪૫૬ કે ચોવીસ ભેદ થાય છે તે બધા ક્ષયોપશમ અને વિષયની વિવિધતાથી બહુ બહુ જાતના થાય છે. જેમકે, બહુગ્રાહી, અલ્પગ્રાહી, બહુવિધગ્રાહી, એકવિધગ્રાહી. ક્ષિપ્રગ્રાહી, અક્ષિપ્રગ્રાહી, અનિશ્રિતગ્રાહી, નિશ્રિતગ્રાહી, અસંદિગ્ધગ્રાહી, સંદિગ્ધગ્રાહી, ધ્રુવગ્રાહી અને અધ્રુવગ્રાહી
તત્ત્વાર્થસૂત્ર

એકવિધતા ૧. સ્ત્રી. એકરૂપતા; વૈચિત્ર્યશૂન્યતા; અવૈવિધ્ય; એકવિધ; 'મોનોટોનિ'.
૨. સ્ત્રી. એકસરખું હોવાપણું.

એકવિધ્ય જુઓ એકવિધતા.

એકવિલોચન ૧. [સં. એક + વિલોચન (નેત્ર)] પું. કુબેર.
૨. પું. વામન પુરાણનો એ નામનો એક દૈત્ય. તે ઉત્તરદ્વાર, અવધ અને ધનિષ્ઠ નક્ષત્રના અધિકારમાં હોવાનું મનાય છે.
૩. વિ. એક આંખવાળું. જુઓ એકદૃષ્ટિ.
૪. વિ. કાણું.

એકવિધવક જુઓ એકવિધી.

એકવિધવી ૧. [સં. એક + વિધ (હેતુ) + ઇન્ (ર્)] વિ. એકસરખો હેતુ કે પ્રયોજન હોય એવું; સમાન દૃષ્ટિવાળું.
૨. વિ. કોઈ એક બાબત સંબંધી.

એકવિષયોન્માદ (સં. એક + વિષય (બાબત) + ઉન્માદ (ગાંડપણ)] પું. એક જ બાબતમાં ગાંડપણ; 'મોનોમેનિઆ'.

એકવિહારી વિ. એકલું જનાર.

એકવિંશ [સં. એક + વિંશતિ (વીસ)]
વિ. એકવીસમું.

એકવિંશતિ [સં.] વિ. એકવીસ; ૨૧.

એકવિંશતિ ગુગ્ગુલ [સ. એકવિંશતિ (૨૧) + ગુગ્ગુલ (વરણ)] પું. પુષ્ય એટલે કોઈ બટાડવા માટેની ચૂરણવાળી ગોળી. ત્રિફલા, ત્રિકટુ, ત્રણોત્તરી, ક્ષારોત્તરી, ધોડાવજ, સિંધાલૂણ, અતિવિષ, ઉપલટ, અવક, એલચી, જવખાર, ચવડિત્ર, અજમોદ, મોથ, દેવદાર એ બધી વસ્તુ સરખા વજનમાં લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તે બધાની બરાબર ચૂરણનું ચૂર્ણ લઈ તેમાં બી નાખી ખાંડતાં ખાંડતાં ગોળો કરવો. તેમાંથી જાયફળ વજને બળ પ્રમાણે માત્રા લેવી. સામાન્ય રીતે ચૂરણની બનાવટમાં બી સાથે ખાંડીને ગોળી કરવાની વિધિ હોવા છતાં ચૂરણને બદલીમાં વજાણી બળીને તેમાં દવાનું ચૂર્ણ મેળવી ગોળીઓ કરવાનો રિવાજ છે

એકવિંશસ્તોત્ર પું. એકવીસ સંખ્યની એક સ્તુતિ.

એકવીતોતું [સં. એક + બી (કેળાનું)]
વિ. એક જ વાર થતું; એકવારિયું.

એકવીર ૧. પું. એ નામનું હિમાલય, ઓરિસ્સા અને બંગાળામાં થતું ઝાડ, વાતનાશક અને ગરમ, સામાન્ય ઊંચાઈનું એક ઝાડ. તેની ડાળીઓમાં કાંટા થાય છે. ફૂલ નાનાં બોર જેવાં ગુચ્છામાં થાય અને લીલા રંગનાં ફૂલ થાય છે.
૨. પું. એક વીર; મહાવીર.
૩. પું. (પુરાણ) સોમવંશી તુર્વસુકુળમાં ઉત્પન્ન થયેલ હરિવર્મા નામના રાજાને વિષ્ણુના પ્રસાદથી પ્રાપ્ત થયેલ દીકરો. વાદળ-જેવું રૂપ ધારણ કરેલા વિષ્ણુથી બીજાનું રૂપ ધારણ કરેલાં લક્ષ્મીને પેટે ઉત્પન્ન થવાના પ્રસંગથી દેવલ એવું એનું નામ થયું. વંશકુળમાં ઉત્પન્ન થયેલ દેવલ રાજાથી આ જુદો છે. એને એકાવલી અને વસોવતી એમ બે સ્ત્રી હતી. ઓરીસ નામની દેવી એની ઉપાસ્ય હતી.

એકવીરા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક દેવી. એનું સ્થાન સહ્યાદ્રિમાં છે.
૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વંધ્યાકર્કોટકી.

એકવીરા, હરિદ્રાબલાબ્ધ, બાલાકોર, કલ્પાકોર, વનસૂરણ, કુંવાર, કરંટી, પખાસો, ચિત્તિલોચા, કુમ્પો, કેવાડી, બોબો બાળપો, લાલ બાળપો વગેરે ૧૧ જાતની વનસ્પતિઓ દ્વારા થતા ચાતુર્માસના વિવિધ પ્રકારના પ્રયોગો વર્ણવ્યા છે.
આયુર્વેદ સહસ્રાબ્દિ

એકવીરાકલ્પ [સં. એકવીરા (એક દેવીનું નામ) + કલ્પ (વર્ણવેલું બાબતવાળું)] પું. એ નામનું એક તંત્રગ્રંથ.

એકવીસ ૧. વ. બાવળની કોરીનું ઝાડ.
૨. [સં. એક + વિંશતિ (વીસ); પ્રા. ઇક્કવીસ] વિ. વીસ ને એક; ૨૧.
૧. એકના એકવીસ હોવું = કપ્પાં બચ્ચાં ખૂબ થવા.
૨. એકવીસમી આંગળી = શિશ્ન

એકવીસા ૧. [સં. એક + વિંશતિ (વીસ)] પું. વ. ૨. ૨૧ × ૧૧ = ૨૧ × ૧ = સુધીનો પાડો.
૨. સ્ત્રી. કોમની એ નામની એક જાતિ.
૩. વ. કોમની એ નામની એક જાતિનું માણસ.
૪. વિ. એકવીસ જાતનું
૫. વિ. કોમની એ નામની એક જાતિનું.

એકવૃક્ષ ૧. પું. એક જ ઝાડ.
૨. પું. બાળકો એક રોગ.
૩. પું. આઠ કોસની અંદર એક જ ઝાડ હોય તેવો પ્રદેશ.

એકવૃન્તબિંદુ [એક + વૃન્ત (ડીંટું) + બિંદુ] વ. ૨. ન. (ગણિત) એક જ ટૂંકાણના પરિધ ઉપર આવેલાં બિંદુ; 'કોન્સર્કિલક પોઈન્ટ્સ'.

એકવૃન્તસ્થ [સં. એક + વૃન્ત (ડીંટું) + સ્થ (રહેલું)] વિ. એક જ ટૂંકાણ ઉપર આવેલું; 'કોન્સર્કિલક'.

એકવૃષ ૧. [સં. એક + વૃષ (બળદ)]
પું. એક જ બળદ.
૨. વિ. એક બળદથી ખેડેલ.

એકવૃંદ ૧. [સં. એક + વૃંદ (સમૂહ)]
વ. એક સમુદાય; એક ટગલો.
૨. વ. બળાનો એક બતનો રોગ; કેરોસીનના સત્તર પ્રકાર બાંહેનો એક; એકવંદ; કૃ૬ અને લોહીના વિકારથી બળામાં સોજો આવવાનો રોગ; 'ગ્રેન્યુલર કેરિન્જાઈટિસ'.

એકવેણિ [સં. એક + વેણિ (બંબોળો)]
સ્ત્રી. સાદો અંબોડો.

એકવેણિકું [એક + વેણિ (કમાડમાં જડેલી સાંબી પટ્ટી)] વ. એક જ બીજી પટ્ટીવાળું કમાડ.

એકવેધી ૧. સ્ત્રી. કાનમાં કેરીનું એક ઘરેણું.
૨. સ્ત્રી. વિંધવા; રાંડીરાંડ.
૩. [સં. એક + વેણિ (બંબોળો)] સ્ત્રી. સાદો અંબોડો.
૪. વિ. ઝિંદી; હળીહું.
૫. વિ. બોલેલું વચન પાળનાર.
૬. વિ. સ્ત્રી. વિરોગિની.

એકવેનીહું ૧. [સં. એક + વક્ર (બોલવું)]
વિ. એકવચની; બોલ્યું પાળે એવું.
૨. વિ. લીધી વાત ન મૂકે એવું; ઝિંદી; હઠીલું; મમતી.

એકવેશ પું. સમવેશ; એકસરખો પોશાક.

એકવ્યક્તિવાચક વિ. એક જ વ્યક્તિનો બોધ કરનાર.

એકવ્યવસાયી [સં. એક + વ્યવસાય (ધંધો) + ઇન્ (વાળું)] વિ. એક જ ધંધો અનુસરતું.

એકશબ્દ પું. અમુક માણસ.

એકશરણ [સં. એક + શરણ (આશ્રય તે)] ન. એકટાણું; એકભોક્તા.

એકશરાવું જુઓ એકશણવું.

એકશત ૧. ન. એકસો; ૧૦૦.
૨. વ. એકસો એક; ૧૦૧.

એકશતક ૧. ન. એકસોની સંખ્યા ૧૦૦.
૨. વિ. એકસો જેટલું.

એકશતધા અ. એકસો રીતે

એકશફ ૧. [સં. એક + શફ (ખરી)] પું. એક ખરીવાળું પ્રાણી.
૨. પું. ઘોડો.
૩. પું. શરભ.
૪. વિ. આખી ખરીવાળું.

એકશફક્ષીર [સં. એક + શફ (ખરી) + ક્ષીર (દૂધ)] પું. એક ખરીવાળા પશુનું દૂધ. તે દૂધ ગરમ, હલકું, હાજ પચનો થા દૂર કરનાર અને બલકારક મનાય છે.

એકશફક્ષીરપૂત [એક + શફ (ખરી) + પૂત (ઘી)] પું. એક ખરીવાળા પશુનું ઘી.

એકશફક્ષીરપેય જુઓ એકશફક્ષીર.

એકશરણ્યા પું. ચારણના સાત મહિનો પહેલો વાર; રવિવાર.

એકશર્ણ પું. (પુરાણ) તક્ષકપુત્ર અશ્વસેનનો એક સર્પ.

એકશયનભાગિની ૧. સ્ત્રી. ધર્મપત્ની; સ્ત્રી.
૨. સ્ત્રી. સાથે શયન કરનારી સ્ત્રી.
૩. વિ. સ્ત્રી. સાથે શયન કરનારી.

એકશરાવ ન. એક જ આકારો.

એકશરીર વિ. એક જ શરીરનું; એક શરીરનું.

એકશરીરાન્વય પું. સપિંડતા; સગોત્રતા.

એકશરીરાવયવ પું. સગોત્રો; સંબંધી.

એકશલ્ય ૧. વિ. એક શલ્યવાળું.
૨. વિ. સરખી વેદની શાખાવાળું.

એકશલ્યક જુઓ એકશલ્ય.

એકશાટિક [સં. એક + શાટક (લૂગડું)] ન. સાંધા વિનાનું લૂગડું. જેમકે, શાલ, દુપટો વગેરે.

એકશાન [એક + શાન (સ્થિતિ)] વિ. એકની સાથે હોય એવું.

એકશાસન ૧. ન. એકહથ્થુ અમલ.
૨. ન. રાજ્યશાસન.

એકશીખ [સં. એક + શિખા (અગ્નિની જ્વાલા)] વિ. એક વાટવાળું.

એકશીર્ષ ૧. ન. એક જાતનું ફૂલ; રક્તાક્ષ.
૨. ન. એક મુખ; એક દ્વાર.
૩. ન. ગુગર.
૪. વિ. એક જ ખેમવાળું.
૫. વિ. એક ખારસુવાળું.

એકશુંગ પું. એક જાતની ઔષધિ.

એકશૂલી વિ. એક કાંટાવાળું.

એકશૃંગ ૧. [સં. એક + શૃંગ (શિખર)] પું. એક શિખરવાળો પર્વત.
૨ પું. એક શિંગડાવાળું પશુ.
૩. પું. મેરુ
૪. પું. તે નામનો એક ખિતખ્ત.
૫. પું. વિષ્ણુ.
૬. વિ. એક શિખરવાળું.
૭. વિ. એક શિંગડાવાળું.

એકશૃંગા ૧. [સં. એક + શૃંગ (શિંગડું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક શિંગડાવાળી પશુની જાત.
૨. સ્ત્રી. શુકદેવ રાજાની રાણી.

એકશૃંગિમંડલ ન. ઘામમાં વિષુવાંશ ૧૧૦ની આસપાસ વિષુવવૃત્તની ઉપર આવેલું નક્ષત્ર.

એકશૃંગી ૧. પું. ઘોડાના જેવા શરીરવાળું અને કપાળમાં એક શિંગડાવાળું પ્રાણી.
૨. વિ. એક શિંગડાવાળું.

એકશૃંગીમત્સ્ય ન. એક શિંગડાવાળું માછલું. નારવાલ.

એકશેષ ૧. [સં. એક + શેષ (બાકીનો ભાગ)] પું. એક જાતનો દ્વંદ્વ સમાસ; એક શેષ રહી જેનો અર્થ જતાવે માટે એને એકશેષદ્વંદ્વ કે એકશેષ કહે છે. ગુજરાતીમાં આવો એકશેષ સમાસ બિલકુલ પ્રચારમાં નથી.
૨. પું. એક ગૂંથિવાળું વૃક્ષ.
૩. પું. એકાંત.
૪. વિ. અતિશયતાવાળું.

એકશેષદ્વંદ્વ જુઓ એકશેષ ૧.

એકશ્રુત ૧. વિ. એક વખત સાંભળેલું.
૨. વિ. એક સ્વરવાળું.

એકશ્રુતિ ૧. સ્ત્રી. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતના વિભાગ કર્યા વગર બોલવું તે.
૨. સ્ત્રી. એક વેદવાક્ય.
૩. સ્ત્રી. એક સ્વરનું સંભળાવું તે.
૪. સ્ત્રી. એકરૂપતા; એકતાનતા.
૫. સ્ત્રી. એકસરખો સ્વર; એક સ્વર.
૬. સ્ત્રી. સ્વરબાર વિના બોલવાની પદ્ધતિ.
૭. વિ. એક કાનવાળું.
૮. વિ. એકધારું સાંભળનાર.
૯. વિ. એકસ્વરી; જેમાં એક સ્વર સંભળાય તેવું.

એકશ્વાસી ન. પેટ ચાલનાર એક જાતનું જનાવર.

એકષષ્ટિ [સં. એક + ષષ્ટિ (સાઠ)] સ્ત્રી. એકસઠ; ૬૧.

એકષષ્ટ્યા [એક + ષષ્ટી (સાઠ)] વિ. એકસઠ; ૬૧.

એકસંઘ ૧. [સં. એક + સંઘ (નો ભાગ જતાં)] પું. એકસરખી વસ્તુઓનો સમૂહ.
૨. ન. એક આકાર; એક જાત.
૩. ન. એક આખો જથ્થો.
૪. વિ. એક જથ્થાનું; એક પ્રકારનું.
૫. [સં. એક + ષષ્ટિ (સાઠ)] વિ. એકસઠ; ૬૧.

એકસટમું વિ. સાઠ પછીનું પહેલું; એકસઠમું.

એકસઠ [સં. એક + ષષ્ટિ (સાઠ) ; પ્રા. એગસટ્ઠિ] વિ. સાઠ ને એક; ૬૧.

એકસઠમું વિ. સાઠમા પછીનું પહેલું; ૬૧મું.

એકસઠિયું વિ. એકસઠ આપવાનું.

એકસત્તાક વિ. એકહથ્થુ સત્તાવાળું.

એકસત્તાવાદ [સં. એક + સત્તા (અસ્તિત્વ) + વાદ (મત)] પું. સત્તાને મુખ્ય ઠરાવવામાં આવી હોય એવો દર્શનનો એક સિદ્ધાંત. જગતમાં આ મત ફેલાવનાર મુખ્ય પુરુષ શંકરાચાર્ય હતો. તે આખા સંસારને સત્સ્વરૂપ માનતો. તેનું કહેવું એમ હતું કે સત્ એજ નિત્ય, અવિનાશી અને પરિપૂર્ણ વસ્તુ છે. અસત્ કોઈ વસ્તુ નથી. જ્ઞાન સતનું થાય છે, અસતનું નહિ. આ મત શંકરાચાર્યના મતને મળતો આવે છે. પૂર એટલો જ છે કે તેણે સત્ અને અસતને પણ માયા કહ્યાં છે.

એકસદો પું. બોતેર નંગનું માપ.

એકસપ્તતિ [સં. એક + સપ્તતિ (સિત્તેર)] વિ. બોતેર.

એકસભા ૧. [સં. એક + સભા (મંડળ)] સ્ત્રી. ભગવાનું એક સ્થાન.
૨. વિ. એક સભાવાળું.

એકસમચંડી વિ. એકસરખા બે ભાગવાળું.

એકસર ૧. વિ. એકલું.
૨. વિ. તમામ; બિલકુલ.

૩. [હિં. એક + સર (બધાપણું)] સ્ત્રી. એક લીટીમાં; એકસરખું.
૪. સ્ત્રી. એકદમ; સામટું.

એકસરખાઈ ૧. સ્ત્રી. બધાપણું
૨. [સં. એક + સદૃશ (સમાન)] સ્ત્રી. સમતલતા; સરખી સપાટી.

એકસરખાપણું જુઓ એકસરખાઈ.

એકસરખું ૧. [એક + સદૃશ (એનું); પ્રા. એક્કસરિસ] વિ. આખરથી તે આખર સુધી એકજ રીતનું; એકધારું.
૨. વિ. ચાલુ; અખંડિત; સતત.
૩. વિ. દૃઢ.
૪. વિ. કપ, મુશ્કેલ વગેરેમાં મળતું આવતું.
૫. વિ. સમાન; એકરૂપ; એકસાર.

એકસરિકા [સં. એક + સર્ (પડવું) + ઇકા (વાળી)] સ્ત્રી. એકાવળી હાર; એક સેરવાળું ઘરેણું.

એકસરી ૧. [સં. એક + સર્ (પડવું) + ઇન (વાળી)] સ્ત્રી એક સેરની કંઠી; એક સેરનું ડોકનું એક ઘરેણું.
૨. વિ. એક સેરનું; એક સેરવાળું.

એકસર્ગી ૧. [સં. એક + સર્ગ (સૃષ્ટિ)] પું. એક એવી સૃષ્ટિ.
૨. પું. એકતાન.
૩. [સં. એક + સર્ગ (નિશ્ચય)] વિ. એકજ વાતનો નિશ્ચય કર્યો હોય એવું.
૪. વિ. એકસરખું; સમાન.
૫. વિ. એકાગ્ર; એક વિષય ઉપર એવું મન આસક્ત હોય એવું.

એકસલાહ જ. બાવતું.

એકસહસ્ર જ. એક હજાર; ૧૦૦૦.

એકસહા [સં. એક + સદૃ (સાથે)] વિ. એકસરખું

એકસંગ વિ. આસક્ત; ભેગું.

એકસંચ વિ. (ક્રિયા) એકમત; એક રીતિનું અનુસરણ કરનાર.

એકસંધિ [સં. એક + સંધિ (સાંધો)] વિ. સાંધા વિનાનું; સળંગ.

એકસંપ ૧. [સં. એક + સમ્ (સાથે) + પત્ (પડવું)] પું. એકબીજાની સાથે મળી જવાપણું; એકમેકતા.
૨. પું. એકજાતા; સંપ.
૩. પું. ઘણા જણ સાથે મળીને વિચાર કરવો તે.
૪. પું. ઘણા જણનો સરખો મત; એકમત.
૫. પું. ભેગું થવું તે; ભાગ કરીને વેપારીની પેઢીઓ ભેગી થવાપણું.
૬ વિ એકચિત્ત, એકમત.
૭. વિ એકત્ર થયેલું.

એકસંપી ૧. સ્ત્રી. એકમતતા.
૨. સ્ત્રી. એકસંપ હોવાપણું; મેળ; અભિન્નતા.
૩. સ્ત્રી. ઠગારા પાડવા એકમતના થઈ જવું તે.
૪. વિ. એક વિચારવાળું.
૫. વિ. એકત્ર થયેલ.
૬. વિ. એકમતથી વર્તનારું.
૭. વિ. ભેગાર્ક થયેલ.

એકસંપીલું ૧. વિ. એકત્ર થયેલ.
૨. વિ. એકમત; એકચિત્ત.
૩. વિ. ભેગાર્ક થયેલ.

એકસંરથ [સં. એક + સમ્ (સાથે) + સ્થા (ઊભવું)] વિ. એક જ કોઠાએ રહેતું.

એકસા વિ. (હિંદી) બધાનું આવતું; સરખું.

એકસાથ [સં. એક + સહ (સાથે) + ઉચિત (ઘટે)] વિ. અભક્ત; ભેગું.

એકસાન ૧. [એક + સાન્ (જેવું)] વિ. એકાકાર; એકરૂપ.
૨. વિ. ધ્યાનમાં એકચિત્તવાળું; એકતાર.

એકસામટું ૧. [સં. એક + સમસ્ (કોઠું)] વિ. સળંગ; એકીસાથેનું
૨. અ. એકી સાથે.

એકસાર [હિં. એક + સર (પડવું)] વિ. બધાનું આવતું; સરખું.

એકસાલ ૧. સ્ત્રી. એક વરસ.
૨. જ. રામાયણમાં વર્ણવેલું એક ગામ. મોસાળથી અયોધ્યા આવતાં ભરતે આ ગામની સામે સ્વાદુમતી નદી ઓળંગી હતી.

એકસાલા જુઓ એકસાલ.

એકસાલી વિ. વાર્ષિક.

એકસાં વિ. એકરસ.

એકસિદ્ધિ [સં.] સ્ત્રી. કેવલ એકજ ઉપાયથી બનારી પ્રાપ્તિ.

એકસી [હિં.] વિ. બધાનું આવતું; સરખું.

એકસુરતા સ્ત્રી. એકતાન.

એકસુરીલાપણું જ. એકજ સૂરનું હોવાપણું.

એકસુરીલું વિ. એકજ સૂરવાળું.

એકસૂ ૧. વિ. એકનિષ્ઠ; એકની ઉપર આસ્થા રાખનાર.
૨. [સં. એક + સૂ (બનવું)] વિ. એકો સાથે એકનેજ બન્યા આપનાર.

એકસૂત્ર ૧. [સં. એક + સૂત્ર (તંતુ)] ન. દોરા; તાંતણું. તે સાથે જોડેલ દોરી અને દંડી વડે પતંગ ઉડાડાય છે.
૨. વિ. સાંધી દોરીવાળું.

એકસૂત્રિ [સં. એક + સૂત્ર (દૃઢ વાક્ય) + ઇન્ (વાળું)] વિ. (ન્યા.) એક સૂત્ર ઉપર રચાયેલ
એકસૂત્રિ થયા તમ જોગ, વાટ સરીખુ રોળ્યા લોક. ભાળમસમણ

એકસૂત્રી જુઓ એકસૂત્રિ.

એકસૂર પું. એકમત.

એકસૂરું ૧. વિ. એકતાવાળું.
૨. વિ. સમાન સૂરવાળું.

એકસૂરૂં જુઓ એકસૂરું.

એકસેઠ ૧. [એક + સં. શેટ (સ્વામી)] વિ. એક જણમાં હોય એવું.
૨. [સં. એક + યષ્ટિ (સાઠ)] વિ. સાઠ ને એક; ૬૧.

એકસેરું [સં. એક + સર્ (પડવું); પ્રા. એગસરિઆ] વિ. એક સેરવાળું; એક સેરનું.

એકસેરૂં જુઓ એકસેરું.

એકસૌ [સં. એક + શત (સો)] વિ. સો; ૧૦૦.

એકસો [સં. એક + શત (સો)] વિ. સો; ૧૦૦.

એકસોઆઠ ૧. [સં. એક + શત (સો) + અષ્ટન્ (આઠ)] પું. એકસો અને આઠની સંખ્યા.
૨. પું. સંબોધનમાં વપરાતું માનભર્યું અભિવાદન. એકસો આઠ પેઢી તારવી = આપવદાની કીર્તિ અજવાળવી–વધારવી.

એકસોએક ૧. પું. એકસો અને એકની સંખ્યા; ૧૦૧.
૨. પું. કામણ કરવાની શરૂઆત કરતાં પહેલાં મણકે મણકે કરાતો શુભારંભ શબ્દ. 'શ્રી', 'શ્રી૧', '૧૦૧', 'સત્', 'ૐ' વગેરે જુદા ભિન્નોથી શરૂઆત થાય છે.

એકસોસાત ૧. પું. એકસો ને સાતની સંખ્યા.
૨. પું. પક્ષોપનામાં બોલવામાં આવતું સંબોધન તથા અભિવાદન. જેમકે, મહંતશ્રી ૧૦૭ કે ૧૦૮.

એકસ્તરો [સં. એક + સ્તર (થર)] વિ. એક થરવાળું.

એકસ્તોત્ર [સં. એક + સ્તોત્ર (સ્તુતિ)] પું. સોબતની એક ક્રિયા.

એકસ્ત્રીકેસરી [સં. એક + સ્ત્રી + કેસરિન્ (સિંહ)] વિ. પું. એક પત્નીને પરણનાર.

એકસૂત્ર ૧. [સં. એક + સૂત્ર (તંતુ)] ન. દોરા; તાંતણું. તે સાથે જોડેલ દોરી અને દંડી વડે પતંગ ઉડાડાય છે.
૨. વિ. સાંધી દોરીવાળું.

એકસૂત્રિ [સં. એક + સૂત્ર (દૃઢ વાક્ય) + ઇન્ (વાળું)] વિ. (ન્યા.) એક સૂત્ર ઉપર રચાયેલ
એકસૂત્રિ થયા તમ જોગ, વાટ સરીખુ રોળ્યા લોક. ભાળમસમણ

એકસૂત્રી જુઓ એકસૂત્રિ.

એકસૂર પું. એકમત.

એકસૂરું ૧. વિ. એકતાવાળું.
૨. વિ. સમાન સૂરવાળું.

એકસૂરૂં જુઓ એકસૂરું.

એકસેઠ ૧. [એક + સં. શેટ (સ્વામી)] વિ. એક જણમાં હોય એવું.
૨. [સં. એક + યષ્ટિ (સાઠ)] વિ. સાઠ ને એક; ૬૧.

એકસેરું [સં. એક + સર્ (પડવું); પ્રા. એગસરિઆ] વિ. એક સેરવાળું; એક સેરનું.

એકસેરૂં જુઓ એકસેરું.

એકસૌ [સં. એક + શત (સો)] વિ. સો; ૧૦૦.

એકસો [સં. એક + શત (સો)] વિ. સો; ૧૦૦.

એકસોઆઠ ૧. [સં. એક + શત (સો) + અષ્ટન્ (આઠ)] પું. એકસો અને આઠની સંખ્યા.
૨. પું. સંબોધનમાં વપરાતું માનભર્યું અભિવાદન. એકસો આઠ પેઢી તારવી = આપવદાની કીર્તિ અજવાળવી–વધારવી.

એકસોએક ૧. પું. એકસો અને એકની સંખ્યા; ૧૦૧.
૨. પું. કામણ કરવાની શરૂઆત કરતાં પહેલાં મણકે મણકે કરાતો શુભારંભ શબ્દ. 'શ્રી', 'શ્રી૧', '૧૦૧', 'સત્', 'ૐ' વગેરે જુદા ભિન્નોથી શરૂઆત થાય છે.

એકસોસાત ૧. પું. એકસો ને સાતની સંખ્યા.
૨. પું. પક્ષોપનામાં બોલવામાં આવતું સંબોધન તથા અભિવાદન. જેમકે, મહંતશ્રી ૧૦૭ કે ૧૦૮.

એકસ્તરો [સં. એક + સ્તર (થર)] વિ. એક થરવાળું.

એકસ્તોત્ર [સં. એક + સ્તોત્ર (સ્તુતિ)] પું. સોબતની એક ક્રિયા.

એકસ્ત્રીકેસરી [સં. એક + સ્ત્રી + કેસરિન્ (સિંહ)] વિ. પું. એક પત્નીને પરણનાર.

એકસ્થ [સં. એક + સ્થ (રહેનાર)] વિ. એક ઠેકાણે રહેનાર.

એકસ્થતા [સં. એક + સ્થા (રહેવું) + તા (પ્રત્ય)] જુઓ. એકી સાથે બનવાપણું; સમાપતન.

એકસ્થાન ન. એક જ ઠેકાણે બેસીને દિવસમાં એક વખત જમવું તે.

એકસ્થાની વિ. એક જ જગ્યાએ આવેલ.

એકસ્થિત વિ. એક ઠેકાણે રહેનાર.

એકસ્નાયુક વિ. એક સ્નાયુવાળું.

એકસ્નાયુવા જુઓ એકસ્નાયુક.

એકસ્વર ૧. પું. એક જ અવાજ.
૨. પું. કંટાળો; નીરસતા.

એકસ્વરતા ૧. સ્ત્રી. એકતાન.
૨. સ્ત્રી. કંટાળો; નીરસતા.
૩. સ્ત્રી. મેળ; એકતા.

એકસ્વરી ૧. [સં. એક + સ્વર (સૂર) + ઈન્ (વાળું)] સ્ત્રી. ચાર જાતની ભાષા; પ્રલમરહિતા. આ ભાષામાં પૂર્વત્ર કે પ્રલય નથી. તેમ જ જુદા જુદા પદાર્થો માટે જુદાં જુદા પદ નથી., એકનું એક પદ જ સ્થાન પ્રમાણે નામ, વિશેષણ, ક્રિયાપદ વગેરે બને છે. ધાતુઓ જ કોઈ પણ ફેરફાર વિના પદ તરીકે વપરાય છે, બધા શબ્દો એકસ્વરી છે. શબ્દને પ્રત્યય લાગતા નથી અને જ્યારે તેનો વાક્યમાં બને ત્યારે એક જ શબ્દ વાક્યમાં સ્થાન પ્રમાણે નામ, ક્રિયાપદ કે વિશેષણ તરીકે જણાય છે. આ કારણથી એ પ્રકારની ભાષા પ્રલયરહિતા, એકસ્વરી કે ક્રમાનુસારિણી કહેવાય છે.
૨. વિ. એકતાનવાળું.
૩. વિ. એકસૂરી; એકપદી; એક સ્વરવાળું. ચીની ભાષામાં ૪૦,૦૦૦ એકસ્વરી શબ્દો છે.
૪. વિ. કંટાળો ઊપજે તેવું એકસરખું.
૫. વિ. પ્રલય વગરનું.

એકહજારમાઠ ૧. પું. એક હજાર ને આઠની સંખ્યા; ૧૦૦૮.
૨. પું. પત્ર લખવામાં વપરાતું માનવાચક અભિવાદન.

એકહજારસાત ૧. પું. એક હજાર ને સાતની સંખ્યા; ૧૦૦૭.
૨. પું. પત્રલેખનમાં ધર્માચાર્યને લખવામાં આવતું સંબોધન તથા અભિવાદન.

એકહજારી [હિં.] સ્ત્રી. મલખમની એક કસરત.

એકહજારીજોડ [હિં.] સ્ત્રી. મલખમની એક કસરત.

એકહજારી નીચલી કમાન [હિં.] સ્ત્રી. મલખમની કસરતમાં કમાન કરવાની એક રીત. જેમાં બેલાડી એક હાથે મલખમ પકડી, પોતાનું મોઢું નીચી તરફ રાખે છે.

એકહઠનું જુઓ એકહઠુ.

એકહઠુ ૧. વિ. એક જ માણસના હાથથી થયેલું.
૨. વિ. એક હાથવાળું.
૩. વિ. એકનું; એક પક્ષનું.
૪. વિ. એકને કુખ્યે દોષ એવું.

એકહઠું જુઓ એકહઠુ.

એકહથ્થુ જુઓ એકહથુ.

એકહથ્થુતા સ્ત્રી. એક હાથમાં વ્યાપાર કરી લઈ લેવાપણું.

એકહથ્થુસત્તા સ્ત્રી. એક હાથમાં અધિકાર લેવાપણું.

એકહથ્થું જુઓ એકહથુ.

એકહરા [સં. એક + હર્ (લઈ જવું)] જ. એકલું.

એકહરી ૧ [હિં.] પું. કુસ્તીના દાવમાં એ નામની એક યુક્તિ; કુસ્તીનો એક દાવ.
૨. પું. સાડીનો એ નામનો એક ઢાળ.

એકહસ્તશુષ્કાસન [સં. એક + હસ્ત (હાથ) + શુષ્ક (હાથ) + આસન (બેઠક)] ન. બોજાનું એ નામનું આસન. જમણા પગનો વચલો ભાગ જમણા ખભા ઉપર અને બંને હાથ પાછળની પાછળ રાખી, તેનાં આંગળાં મેળવી, જમણા પગને બાહુના આધારથી ઊંચો રાખીને બેસવું તે એકહસ્તશુષ્કાસન કહેવાય. પગની તથા હાથની સ્થિતિ બદલવાથી આ આસનનો બીજો પ્રકાર થાય છે. આ આસનથી હાથપગના સ્નાયુ મજબૂત થઈ પાચનશક્તિમાં સુધારો થાય છે.

એકહસ્તાધિકાર પું. એક હાથમાં સત્તા લેવાપણું.

એકહસ્તાસન ન. બોજાનું એ નામનું એક આસન. તેથી પગનાનું સ્નાયુ મટે છે.

એકહસ્તી સ્ત્રી. ઘોડાની લગામ.

એકહંસ ૧. [સં. એક + હંસ (રૂપ)] પું. આત્મા.
૨. પું. એ નામનો એક રાક્ષસ.
૩. ન. એ નામનું એક સરોવર.

એકહાયણા હંસ [હિં.] પું. હંસનો એક પ્રકાર.

એકહાયણો એક ઢંગો પું. મલવિદ્યાનો એક દાવ. બંને પહેલવાને સામસામા તાલ ઠોકી, એક બેડીદારનો હાથ ઊંચો કરી હાથને હાથથી ભાંખી પકડીથી તેનો પગ સામાવાળાના પગમાં આંટીરૂપે નાખી તેને ઊંધાવવો, એ રીતે તે નીચેના માણસને ચત્તા લાવે છે.

એકહાથે ૧. જ. એક હાથથી.
એકહાથે તાળી ન પડે = (૧) એક જ જણથી કાર્ય થઈ શકે નહિ. (૨) બને પક્ષના વાક વગર લડાઈ ન થાય.
૨. જ. કબજાગીરી વગર.

એકહાયન [સં. એક + હાયન (વરસ)] વિ. એક વર્ષનું.

એકહાયની ૧. [સં. એક + હાયન (વર્ષ) + ઈન્ (વાળું)] સ્ત્રી. એક વર્ષની વાછડી.
૨. સ્ત્રી. વાળા પછી એક વર્ષમાં ફળ આપે એવું ઝાડ.

એકહો ૧. [હિં.] વિ. બરાબર; દરદ.
૨. વિ. એક જ.
૩ વિ. સરખું.

એકાંગ લાકડો (એકાંગ લાકડી) પું. લાકડીનો એક દાવ.

એકાંત જ. (ઠેકાણ) એકાંતમાં.

એકાંતરા પું. એકાંતરિયો ઉપવાસ.

એકાંતું વિ. (બા. ગુ.) એકસરખું.
વિમલ મંત્રી મુખ માગતાં, હું આણિતિ એકાંતિ.
લાવણ્યસમય

એકાંદર ૧. [એક + અંદર (માં)] પું. આખો સરવાળો.
૨ વિ. એકું.
૩. વિ. કુલ.
૪. વિ. મુખ્તેસર; ટૂંકું.
૫. વિ. સરવાળામાં આવેલું.
૬. જ. છેવટને માટે.
૭. જ. બાયથી પગ સુધી.
૮. જ. સામટી રીતે; સરવાળે.

એકાંદરી ૧. [એક + અંદર (માં)] સ્ત્રી. સરવાળો; કુલ સંખ્યા.
૨. વિ. કુલ; એકંદર.
૩ વિ. સારરૂપે ભેગું કરેલું.

એકાંદરે ૧. [એક + અંદર (માં)] વિ. બધું મળીને થયેલું; કુલ.
૨. જ. એકસામટું લેતા.
૩. જ. બધી બાબતોનો વિચાર કરતાં.

એકા ૧. [હિં.] પું. (વિમાન) આકર્ષણ, ખેંચાણ.
૨. પું. ઝાવતરું.
૩. પું. સંધિ; સલાહ.
૪. પું. સંપ; મેળ.
૫. પું. ચ. ૪. ૧ x ૧ થી ૧૦ x ૧૦ નો ઘડિયો.

એકાગાર

૬. [સં. એક + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક એવી સ્ત્રી.
૭. સ્ત્રી. દુર્ગાદેવી.

એકાર્ણ ૧. સ્ત્રી. એકાંત.
૨. સ્ત્રી. માત્રા.
૩. [એક + અર્ણ (પાણી)] સ્ત્રી. સંપ; મેળ.

એકાઉન્ટ [અં.] પું. હિસાબ.

એકાઉન્ટ ઑફિસ [અં.] સ્ત્રી. હિસાબ રાખનારી કચેરી.

એકાઉન્ટન્ટ ૧. [અં] પું. હિસાબનો.
૨. વ. હિસાબ તપાસનાર માણસ; હિસાબી બાબતમાં નિષ્ણાત.

એકાએક ૧. [સં. એક + એક] વિ. એક એક એમ ગણતાં બેટલાં હોય તેટલાં બધાં.
૨. વિ. એકલું.
૩. વિ. ઓચિંતાનું; અણધાર્યું.
૪. વ. એકદમ; અચાનક.
૫. વ. ઓચિંતું; અણધાર્યું.
૬. વ. દરેક; પ્રત્યેક.

એકાએકી ૧. [સં. એક + એક] વિ. ઓચિંતાનું; અણધાર્યું.
૨. વ. એકદમ; અચાનક.

એકાકાર વ. એકસરખું.

એકાકાર ૧. [સં. એક + આકાર (રૂપ)] વ. એકરૂપ થઈ જવું તે.
૨. વ. એકવિચાર; એકમત.
૩. વ. ધણા ધર્મ અને જ્ઞાત હળી જઈ એક ધર્મ કે એક જ્ઞાત થવું તે.
૪. વ. બાલમેળ; સેળભેળ.
૫. વ. ભ્રષ્ટતા; અપવિત્ર કરવાપણું.
૬. વિ. એક પંક્તિએ ગોઠવેલું; જાતજાતના બોક વગરનું.
૭. વિ. બાજુઓ અને ખૂણાઓ અનુક્રમે બોકીબીજાની બરાબર હોય એવું.
૮. વિ. સેળભેળ થયેલું.

એકાકારતા ૧. સ્ત્રી. અપવિત્રતા.
૨. [સં. એકાકાર (એકરૂપ) + તા (પણું)] સ્ત્રી. એક જ આકારનું હોવાપણું; સમતા; એકરૂપતા.

એકાકારપણું જુઓ એકાકારતા.

એકાકાર [સં. એક + આકાર (રૂપ)] વિ. ભેળવાય વગરનું; એકરૂપ.

એકાકિત્વ [સં. એક + કૈ (વધવું) + ત્વ (પણું)] સ્ત્રી. એકાકી હોવું તે; એકલપણું.

એકાકિનવા સ્ત્રી. એકલાપણું.

એકાકિની ૧. વિ. સ્ત્રી. અનાથ; નિરાધાર.
૨. વિ. સ્ત્રી. એકલી.

એકાકિવિહાર પું. એકલા વિચરવું તે.

એકાકી ૧. [સં. એકાકિન્] પું. (સંગીત) એકતાલની અગિયાર જાતિ માંહેનો એક તાલ. તેની એક માત્રા છે અને એક ઉપર તાલ આવે છે. જુઓ એકતાલ.
૨. પું. નિરાધારનો આધાર પ્રભુ.
૩. સ્ત્રી. (સંગીત) એક વર્ણસ્વરની જાતિ.
૪. વિ. એકલું; સાથ વગરનું.
૫. વિ નિરાધાર; નિરાશ્રય.
૬ વ. ઓચિંતું; એકદમ.

એકાકી ઉડ્ડયન [સં. એકાકિન્ (એકલું) + ઉત્ (ઊર્ધ્વ) + ડયન (ઊડવાપણું)] વ. વિમાનમાં એકલું ઊડવું તે.

એકાકીકરણ ૧. [સં. એકાકિન્ (એકલું) + કરણ (કરવાપણું)] વ. એકરૂપ થઈ જવું તે.
૨. વ. એકવિચાર; એકમત.
૩. વ. બાલમેળ; સેળભેળ.
૪. વ. જુદા જુદા ધર્મ અને જ્ઞાત હળી જઈ એકતાની સ્થાપના.

એકાકીપણે વ. એકલા; સાથ વગર.

એકાકી પાંદડાં (એકાકી પાંદડાં) વ. ન. બ. એક જાતનાં પાંદડાં. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે પાંદડાંની બે જાત છે: એકાકી અને સંયુક્ત. એકાકી પાંદડામાં તેની વચલી શિરામાં વિભક્ત ન કરતાં તેના દીંટાને બીજે સાંધો હોતો નથી.

એકાકી બિંદુ વ. (ગણિત) કોઈ પદ્ય વાની બાજર આવેલું અને એને તે વાનું સમીકરણ બાજુ પડતું હોય તેવું બિંદુ.

એકાકી વાક્ય વ. સાદું વાક્ય; અમિશ્ર વાક્ય.

એકાક્ષ ૧. [સં. એક + અક્ષ (આંખ)] પું. ઝગડો. તેને એક આંખ હોવાનું મનાય છે.
૨. પું. (પુરાણ) શુક્રનો દીકરો એક દાનવ.
૩. પું. શિવ; હોકર.
૪. પું. શુક્રાચાર્ય.
૫. વિ. એક આંખવાળું.
૬. વિ. એકતરફી.
પરંતુ કવિ એટલે કંઈક સોફટકર જેવો એકાક્ષ થઈ જાય ત્યારે ત્યારે કેવાના ચાળેચા ઉ ત્યારે કવિતામાં સુખમાં પડવાં છે.
બ. ક. ઠાકોર
૭. વિ. કાણું.
૮. વિ. કાણી કાળમાં વજરના ચડવાળું.

એકાક્ષક [સં. એક + અક્ષ (ધરી) + ક (પણું)] વિ. જે વહેની ધરી એક જ હોય એવું.

એકાક્ષનિધિપતિ [સં. એક + અક્ષ (આંખ) + નિધિ (પીણું) + પતિ] પું. કુબેર. કેમકે તેની એક આંખની જગ્યાએ પીળો ડાઘ છે.

એકાક્ષર ૧. [સં. એક + અક્ષર (વર્ણ)] પું. એક અક્ષર.
૨. પું. એક અક્ષરનો મંત્ર; બીજ.
૩. પું. એકસો આઠ મહિની કૃષ્ણ યજુર્વેદની એક ઉપનિષદ.
૪. પું. (સંગીત) તાલના ૭ અંગ માહેનું એક; એક માત્રાને અંતરે તાલ આવે તે અંગ; વિરામ અંગ, અલ્પકૃત અંગ, અર્ધચંદ્ર, કરજ, અર્ધબિંદુક, અર્ધકૃત, બ, ધ્રુવ, ભ્રમ, વિરસ, ત્રુટિ, બીજ અને અનાકૃત એ તેનાં પર્યાય બ્રમ છે.
૫. વિ. એક અક્ષરવાળું.
૬. વિ. એકપદી.

એકાક્ષરત્રિપદીબંધ પું. (છંદ) છંદનો એક પ્રકાર.

એકાક્ષરમંત્ર પું. એક અક્ષરનો મંત્ર; બીજ.

એકાક્ષરમુદ્રા સ્ત્રી. એક અક્ષર જેવી જણાતી છાપ; 'મોનોગ્રામ'.

એકાક્ષરા સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય બાવીસ માંહેની સાતમી શ્રુતિ.

એકાક્ષરી ૧. પું. એક અક્ષરવાળો શબ્દ.
૨. વિ. એક અક્ષરનું.
૩. વિ. એકસરખી; એકપદી.
એકાક્ષરી (One syllable) શબ્દોમાં સ્વર માટેનો નિયમ ઉપર જાણી ગયો.
બ. ક. ઠાકોર

એકાક્ષરી કોશ પું. અક્ષરોના બ્રમ બ્રમ બર્ણ આપ્યા હોય તેવો કોશ. જેમકે, અ = વાસુદેવ; ઈ = કામદેવ વગેરે.

એકાક્ષરી મંત્ર પું. ઓંકાર; પ્રણવ.

એકાક્ષ રુદ્રાક્ષ સ્ત્રી. એકમુખી રુદ્રાક્ષ; જેમાં એક જ આંખ અથવા લિટી હોય તે રુદ્રાક્ષ.

એકાક્ષી [સં. એક + અક્ષિન્ (આંખવાળું)] પું. ઝગડો. જુઓ એકાક્ષ.

એકાગાડી [સં. એક + ગંત્રી (ગાડી)] સ્ત્રી. પોડાગાડી.

એકાગાર [સં. એક (એકલું) + આગાર (ઘર)] વ. બ્રમચારી ઘર.

એકાગારી [સં. એક + અગાર (ઘર) + ઙીપ્ (વાળું)] વિ. એક ઓરડો હોય તેવું.

એકાગ્ર ૧. [સં. એક + અગ્ર (અણી)] પું. (ગણિત) આકૃતિની સાંકળી બાજુ કે જેના બાજુ પડ્યા હોય છે.

૨. સ્ત્રી. (યોગ) મન સ્થિર બની જાય એવી ચિત્તની એક અવસ્થા. ચિત્તની પાંચ અવસ્થા છે: મૂઢ, ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ.

ચિત્ત જેને જેટલી વિષય કલ્પની ધારણાદિક વૃત્તિઓનું જે સામર્થ્ય તેનું નામ એકાગ્ર. ગીતાપંચામૃત

૩. વિ. એક જ બિંદુ ઉપર મોંટેલી દૃષ્ટિવાળું.

૪. વિ. એકચિત્ત; એકલક્ષ.

૫. વિ. સંચળતા વગરનું.

૬. વિ. જાણીતું; પ્રખ્યાત.

૭. વિ. તલ્લીન.

૮. વિ. વિક્ષેપ રહિત જાણવાળું

૯. વિ. સંકેંદ્રિત; બ્યાપ્ત.

૧૦. વિ. સંક્ષિપ્ત; ટૂંકું.

એકાગ્રચિત્ત ૧. વ. એકધ્યાન.

૨. વ. ચિત્તની એકાગ્રતા; તલ્લીનતા.

૩. વિ. સ્થિરચિત્ત.

એકાગ્રતા ૧. સ્ત્રી. એકચિત્તે હાથમાંનું કામ પૂરું કરવાની વૃત્તિ.

૨. સ્ત્રી. તલ્લીનતા.

એકાગ્રત્વ જુઓ એકાગ્રતા.

એકાગ્રભૂમિ [સં. એકાગ્ર (એકચિત્ત) + ભૂમિ (અવસ્થા)] સ્ત્રી. (વેદાંત) ચિત્તભૂમિપંચક એટલે યોગની પાંચ ભૂમિકા આદેની બીજી. તેમાં ચિત્ત એકધ્યાન બને છે.

એકાગ્રશૈલી [સં. એક + અગ્ર (મુખ્ય) + શૈલી (રીત)] સ્ત્રી. મુદ્દાની વાતને વળગી રહેવાની લખાણની રીત.

સંક્ષિપ્ત અથવા એકાગ્રશૈલી એટલે મુદ્દાની વાતને જ વળગી રહી આડાઅવળા જવું નહીં. આ શૈલીમાં દરેક શબ્દ લાક્ષણિક એટલે અર્થમાં જરૂરનો વધારે કલાત્મ હોય તેજ મૂકવામાં આવે છે, અને કોઈ પણ મુદ્દાસર કે સંક્ષિપ્તવિસ્તાર પણ કાઢી કરવામાં આવતી નથી. સર્વોત્તમ દક્ષિણાની શૈલીમાં (Diffused style) ચમત્કૃતિ તો એટલી જ સ્થૂલી હોય છે, પણ અંગ્રેજીનો વિસ્તાર મર્યાદિત હોતો નથી. બલવંતરાય

એકાગ્રાવસ્થા જુઓ એકાગ્રભૂમિ.

એકાગ્રીભૂત વ. એકચિત્ત; એકધ્યાન.

એકાગ્ર્ય [સં.] ન. મનની એકાગ્રતા; એકાગ્રતા.

એકાઙ્ગ [સં.] વિ. (બાહ્યાદિ) એક સ્વરૂપવાળું.

એકાત્મા ૧. [સં. એક + આત્મન્ (જીવ)] પું. એકસરખી રીતભાત; સમવર્તન.

૨. પું. બેસસ્પેગ.

૩. વિ. એકસરખી રીતભાતનું; સમધર્મી.

એકાજાતી ૧. સ્ત્રી. મેળ; બનાવ.

૨. વિ. સંયુક્ત બજાવનારીવાળું.

૩. અ. એકમતે; સંમતિથી.

એકાજીવ ૧. [સં. એક + જીવ (જન્મેલ)] વિ. એક જ માબાપથી પેદા થયેલ.

એકાજીવતિ [સં. એક + જીવ (નદીનાલિનો પ્રવાહ) + વતિ (વર્ત)] વિ. એક કોમનું; એક જાતિનું.

એકાજૂતી ૧. [સં. એક + જુટ્ (જોડવું)] સ્ત્રી. અનેકમાંથી એકને જ કામમાં જોડવાપણું.

૨. સ્ત્રી. બે બળદમાંથી એક સારો અને એક બહુ જ નબળો હોય તેવું ગાડું બરાબર ચાલતી.

૩. વિ. નાસ્તું ઉપાડનાર બધામાંથી એક.

એકાજૂતીપૂનીપર ૧. વિ. એકલું પહોંચી શકે એવું.

૨. વિ. બોજાને એકલું તાણી જનાર; બોજને એકલું ઊઠાવી શકે તેવું.

૩. વિ. નાસ્તું ઉપાડનાર બધું મહિનું પુરુષ.

એકાજૂતે [સં. એક + જુટ્ (જોડવું)] અ. એકબીજા સાથે જોડાઈને.

એકાણુ ૧. [સં. એક + અણુ (અણુ)] વિ. એક અણુવાળું.

૨. [સં. એક + નવતિ (નેવું); પ્રા. એકાણઉઈ] વિ. નેવું ને એક ૯૧.

એકાણું [સં. એક + નવતિ (નેવું); પ્રા. એકાણઉઈ] વિ. નેવું ને એક; ૯૧.

એકાતપત્ર [સં. એક + આતપત્ર (છત્ર)] વિ. સર્વોપરી સત્તાવાળું.

એકાતીત ૧. [સં. એક + અતીત (પર ગયેલું)] પું. પ્રભુ; પરમેશ્વર.

૨. પું. રામચંદ્ર.

એકાત્મ ૧. [સં. એક + આત્મન્ (જીવ)] વ. એક જ વિચારનું હોવાપણું.

૨. વિ. પોતાના ઉપર જ આધાર રાખનારું.

૩. વિ. સમાન આત્માનું.

એકાત્મકેશ્વરવાદી વિ. એકેશ્વરવાદી; અદ્વૈતવાદી.

એકાત્મજ્ઞાન વ. સર્વત્ર એક જ આત્મા છે એવું જ્ઞાન.

એકાત્મતા ૧. સ્ત્રી. અભેદ; એકતા.

૨. સ્ત્રી. એકમત હોવું તે.

૩. સ્ત્રી. એકવાપણું. વિયોગ.

૪. સ્ત્રી. (ગણિત) બે અથવા વધારે પદોનો બરાબર એકબીજાને સરખી હોય પણ જુદે જુદે રૂપે ગબાઈ હોય એવી સ્થિતિ. જેમકે, (ક + ચ) (ક – ચ) અને ક^{૨} – ચ^{૨}.

૫. સ્ત્રી. (ગણિત) સમીકરણમાનાં અજ્ઞાત પદોની બધે તે કીમત મૂકતાં બંને પક્ષની કીમત સરખી થઈ રહે તેવું સમીકરણ.

એકાત્મપણું જુઓ એકાત્મતા.

એકાત્મભાવ પું. આત્મા એક જ છે એવી માન્યતા.

એકાત્મવાદ [સં. એક + આત્મન્ (જીવ) + વાદ (મત)] પું. આત્મા એક જ છે એવો વેદોક્ત મોક્ષનો એક વાદ; અદ્વૈતવાદ

જેમ પૃથ્વીનો સમૂહ (પૃથ્વી સ્થૂલ) એક (એકસરખી) છે છતાં પર્વત, ગામ, નદી, સમુદ્ર વગેરે અનેકરૂપે જુદો જુદો જણાય છે, તેમ આ બધો લોક ચિત્ત (જ્ઞાનપિંડરૂપે એકસરખો) છે છતાં જુદો જુદો દેખાય છે. અર્થાત જ્ઞાનપિંડરૂપે સંસારમાં એક જ આત્મા છે. દીક્ષકારે આ મતને એકાત્મવાદ તરીકે જણાવેલો છે. મુદ્રારાક્ષ

એકાત્મસંબંધ પું અભેદભાવ; તાદાત્મ્યતા.

એકાત્મા ૧. પું. એક એવો આત્મા.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાન એક આત્મા હોઈને તે એકાત્મા કહેવાય છે.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. વિ. એક સ્વરૂપવાળું; એક સ્વભાવવાળું.

એકાદિક ૧. વિ. એકરૂપ; અખિલ.

૨. વિ. (ગણિત) પ્રથમિક; 'ઍક્સિયોમૅટિક'; જે પદોનો બરાબર એકબીજાને સરખી હોય પણ જુદે જુદે રૂપે ગબાઈ હોય તેવી. જેમકે, (ક + ચ)^{૨} અને ક^{૨} + ૨ ક ચ + ચ^{૨}.

એકાદ્ય વ. એક હોવાપણું; અભેદતા.

એકાદ્યભાવ પું. એકરૂપ થઈ જવું તે; તદ્રૂપતા.

એકાદ ૧. [સં. એક + અધિક (વધારે)] વિ. એક અથવા બે.

૨. વિ. એકાદું; એક જ.

૩. વિ. કોઈક; કોઈ એક.

૪. [સં. એક + આદિ (પહેલું)] વિ. આગળ એક; વિશ્વ.

એકાદ બે ૧. [સં. એક + આદિ (પહેલું) + દ્વિ (બે)] વિ. આકરે એક અથવા બે.

૨. વિ. આગળ એક; અવ્યક્ત.

એકાદશ ૧. [સં. એક + દશન્ (દસ)] પું. અગિયારની રકમ ૧૧.

એકાદિક

૨. સ્ત્રી. ચાંદ્રમાસની દરેક પખવાડિયાની અગિયારમી તિથિ, વિષ્ણુનો પવિત્ર દિન.

૩. વિ. અગિયાર; ૧૧.

૪. વિ. અગિયારમું.

એકાદશાઙ્ગધારક [સં. એકાદશ (અગિયાર) + અંગ (જૈનનાં અંગસૂત્ર) + ધારક (ધરનાર)] વિ. અગિયાર અંગનું જ્ઞાન ધરાવનાર.

એકાદશાંક ૧. [સં. એક + દશન્ (દસ) + ક (વાળું)] પું. અગિયારની સંખ્યા.

૨. વિ. અગિયાર; ૧૧.

એકાદશદ્વાર ૧. [સં. એક + દશન્ (દસ) + દ્વાર (બારણું)] ન. અગિયાર છિદ્રવાળું મનુષ્યનું શરીર. બે નાકનાં, બે કાનનાં, બે આંખનાં, એક મોઢાનું, નાભિ, ગુદા, મૂત્રાશય અને જાતેન્દ્રિય એવાં શરીરમાં અગિયાર છિદ્ર છે.

૨. જ.જ.જ. શરીરનાં અગિયાર દ્વારાં.

એકાદશદ્વારિ વિ. અગિયારમું.

એકાદશરાશિક જ. (જ્યોત) લીલાવતીમાં જણાવેલ અગિયાર રાશિઓને લગતી એક ગણતરી.

એકાદશરુદ્ર પું. (પુરાણ) આદ્ય વૈવસ્વત મન્વન્તરમાંના બ્રાહ્મણાસપુત્ર સ્થાણુના અનેકમાંના અગિયાર મુખ્ય પુત્ર. મૃગવ્યાધ, સર્પ, નિર્ઋતિ, અજૈકપાત, અહિર્બુધ્ન્ય, પિનાકી, દહન, ઈશ્વર, કપાલી, સ્કંદ અને ભવ એ રુદ્રોનાં નામ છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે, બ્રહ્મદેવના કપાળમાંથી રુદ્ર ઉત્પન્ન થયા. બ્રહ્મદેવની આજ્ઞાથી તેમણે પોતાની જાતને વિભાગીને તેમાંથી સ્ત્રી અને પુરુષ જેવા કરી, તેમના સંયોગથી દરેકનાં અગિયાર અગિયાર બનાવ્યાં. એમનાં કેટલાંક શુભ અને નામ અને કેટલાંક સ્વરૂપ અને ક્રોધી હતાં. વળી એમ પણ મનાય છે કે, એકાદશરુદ્ર તે કશ્યપ અને સુરભિના દીકરા હતા. બીજી માન્યતા પ્રમાણે બ્રહ્માની ભ્રુકુટિ પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છા અને એક પુરુષ જેવા બન્યો. જન્મતાં જ રોયો અને "મારું નામ શું", એમ તેણે પૂછ્યું. રોવાથી એનું નામ રુદ્ર પાડ્યું. પણ એ હરીથી રહ્યો, જેથી એનાં બીજાં સાત નામ પડ્યાં. બધાં પુરાણો ભવ, સર્વ, ઈશાન, પશુપતિ, ભીમ, ઉગ્ર, મહાદેવ એ આ સાત નામ સંબંધે તો સંમત થાય છે, પણ અગિયાર નામોમાં તેમનામાં તફાવત છે. કેટલીક વખત આ નામ ખુદ શિવને પણ લગાડ્યાં છે અને કેટલીક વખત રુદ્ર શિવના પુત્રો હોય એમ પણ અનુભવવામાં છે.

એકાદશરાત્રત ન. (જૈન) જૈનધર્મનાં અગિયાર વ્રત.

એકાદશરાત્રિક બૃહત્પ્રસાણી તૈલ ન. વાના રોગ માટે બનાવેલ એક જાતનું તેલ. તે બનાવવાની રીત: પ્રસાણી એટલે ચાંદવેલનું પંચાંગ અધ્ધ ૦૩૩, કાંટા સેલખાનું પંચાંગ અધ્ધ ૦૩૩, બળો અધ્ધ ૦૩૩, એરંડમૂળ અધ્ધ ૦૩૩, રાસ્ના શેર ૧૦, સરસડાનાં મૂળ શેર ૧૦, દેવદાર શેર ૨૩, કેતકી શેર ૨૩ એ વસ્તુનો ક્વાથ ડોલ ૬, કાંજી ડોલ ૧, અરડુ એટલે ઢોરીની નર ૧ અદદ, તેલ ડોલ ૧, સરકો, બકરાંના માંસનો રસ, શેરડીનો રસ અને દૂધ એકેક અદદ લાર્ઈ તેમાં નીચેનાં સાત દ્રવ્યોનું ચૂર્ણ પ્રત્યેક અધ્ધ અધ્ધ તોલા નાખવું જેવાં કે, ગુગ્ગેર, કાકડી, ઇન્દ્રવારુણિકમૂનાં ઔષધ, મજીઠ, કાકોલી, ક્ષીરકાકોલી, ક્રોંચ, એલચીકપૂર, કંકુર ધૂપ, રાળ, કેસર, જટામાંસી, નાકલી, અગર, કમલ, પદ્મકાષ્ટ, હલદર, કસ્તૂરીકમાળ, પીપરીમૂળ, ચંપો કે નાગકેસર; ચણો, ભાંડો તજ, સોપારી, કપૂ અથવા કસ્તૂરી, ખસકાળ, કાકોલી, કાળો ચણો, ચંદન, દેવદાર, શિલારસ, વજ, ઇન્દ્રયૂલ, સિંધાલૂણ, ખોજ, પ્રસારિણીનાં મૂળ, નલી, ગાંઠોડીનાં મૂળ, કપૂરકાચલી, કસ્તૂરી, કરમૂળ, કેવડો, તગર, રોહીસ ઘાસ, અજમોદ, રેણુકબીજ, રસાંજન, મીંઢોળ અથવા હાડજા, ધળેલા, સીમડાનાં મૂળ, ચણા, ભિલામા, તિલનાં અને ચિત્રક એ બધાં દ્રવ્યોને તેલ સાથે પકવવા.

એકાદશ ૧. સ્ત્રી. અગિયારમો દિવસ: અગિયારમું.

૨. સ્ત્રી મરણ પછી અગિયારમે દિવસે કરવામાં આવતી ક્રિયા.

એકાદશાક્ષ પું. અગિયાર ઇંદ્રિયના સ્વામી.

એકાદશાયસ [સં. એકાદશ (અગિયાર) + આયસ (લોઢાનું)] પું. બાર માટે વપરાતી લોઢાની બનાવટ. તે બનાવવા લોઢકાચ્ય, પારદ, તામ્રકાચ્ય, માક્ષિકકાચ્ય, શુદ્ધ હિંગુલ, શુદ્ધ ગંધક, અભ્રકકાચ્ય, પોખરાજની ભસ્મ, કેસર અને પિત્તળની ભસ્મ એ બધાં સરખે વજને લઈ ખૂંટીને ચૂર્ણ કરવું.

એકાદશાહ ૧. [સં. એકાદશ (અગિયાર) + અહન્ (દિવસ)] પું. અગિયાર દિવસનો સમુદાય.

૨. પું. મરવાના દિવસથી અગિયારમો દિવસ.

૩. જ. મરણ પછી અગિયારમે દિવસે કરવાનું શ્રાદ્ધ.

એકાદશાંગ જ. આચારાંગ વગેરે અગિયાર અંગસૂત્ર.

એકાદશી ૧. [સં. એકાદશ, અગિયાર)] સ્ત્રી. અગિયારસ: દરેક માસની સુદિ તેમ જ વદિ પક્ષની અગિયારમી તિથિ. તે પવિત્ર મનુષ્યથી શૈવ અને વૈષ્ણવ ધર્મના લોકો એકાદશીનો ઉપવાસ કરી ભગવાનું સ્મરણ કરે છે. ચૈત્ર માસથી શરૂ કરી ૨૬ એકાદશીનાં નામ: કામદા, વરૂથિની, મોહિની, અપરાજિતા, નિર્જલા, યોગિની, દેવશયની, કામિકા અથવા કામિની, પુત્રદા, અજા, પ્રદા અથવા પરિવર્તિની, ઇંદિરા, પાપાંકુશા, રમા, પ્રબોધિની, ઉત્પત્તિ, મોક્ષદા, સફલા, પુત્રદા, ષટ્તિલા, જયા, વિજયા, આમલકી, પાપમોચિની, શુક્લપક્ષી કમળા અને કૃષ્ણપક્ષી કમળા.

એકાદશી કરવી = ભૂખ્યા રહેવું.

૨ સ્ત્રી. એ નામની કેરી.

૩. સ્ત્રી. એક જાતનું શ્રાદ્ધ: પરદેશી આંબલી. તેનાં પાન ત્રીજાં, સિંગોનો વર્ન બદામ અને તેને કાંટા પણ હોય છે.

૪. સ્ત્રી. પખવાડિયાની અગિયારસને દિવસે કરવામાં આવતો ઉપવાસ.

૫. સ્ત્રી. મરણ પછીનો અગિયારમો દિવસ. તે દિવસે પિતૃઓને શ્રાદ્ધ અપાય છે.

૬. વિ. અગિયારની સંખ્યાવાળું.

એકાદશીતિપદ [સં.] જ. વાસ્તુપૂજા માટે કરવાનું એક મંડળ.

એકાદશી નાડી (એકાદશી નાડી) સ્ત્રી. મગજની અગિયારમી નાડી.

એકાદશેન્દ્રિય [સં. એકાદશ (અગિયાર) + ઇન્દ્રિય (જ્ઞાનનું સાધન)] વિ. અગિયાર ઇંદ્રિયો: કાન, આંખ, ત્વચા, નાક, ચામડી. વાણી, હાથ, પગ, ગુદા, ઉપસ્થ અને મન.

એકાદશોત્તમ પું. શિવ. કારણે તે અગિયાર રુદ્રમાં શ્રેષ્ઠ છે.

એકાદ્રિ [સં. એક + અદ્રિ (પર્વત)] વિ. એકાદ: ગમે તે એક.

એકાદ્રિભેદ પું. (જ્યોત) અમુક સંખ્યાના પદાર્થમાંથી અમુક સંખ્યાના પદાર્થ કેટલી જુદી જુદી રીતે લઈ શકાય તેનું ગણિત.

એકાદ્રું ૧. [સં. એક + અદ્રિ (પર્વત)] વિ. એક અથવા બે.

૨. વિ. કોઈક: કોઈ એક.

૩. વિ. બાજો એક: વિરલ.

એકાદ્રેક ૧. [સં. એક + અદ્રિ (પર્વત) + એક] જ. બારણે: એક.

૨. જ. બાજો જ એક.

એકાદેશ ૧. [સં. એક + આદેશ (હુકમ)] પું. એક એવો હુકમ.
૨. પું. (આકરણ) બેને બદલે બનાવ એક આદેશ.

એકાધ ૧. [સં. એક + અર્ધ (અડધું)] વિ. અડધું.
૨. વિ. એકાદ; કોઈ એક

એકાધંક [સં. એક + આધા (મુકું) + અંક (આંકડો)] પું. (ગણિત) એકથી શરૂ થતી ક્રમિક સંખ્યા; ૧, ૨, ૩, ૪, ૫, ૬ વગેરે

એકાધંકદ્યુતિ [સં. એક + આધા (મુકું) + અંક (આંકડો) + દ્યુતિ (સરવાળો)] સ્ત્રી. એકથી શરૂ થતી ક્રમિક સંખ્યાનો સરવાળો.

એકાધિક ૧. વિ. એકથી વધારે; બે અંશવાળું.
૨. વિ. જેમાં એક અધિક હોય તેવું.
૩. અ. એકથી વધારે; ઘણા.

એકાધિકગુણોત્તર ન. (ગણિત) જેમાં પ્રથમ પદ ઉત્તર પદથી મોટું હોય તેનું ગુણોત્તર; 'રેશિયો ઑફ ગ્રેટર ઇનઇક્વોલિટી'. તે ગુણોત્તરની કીમત એકથી વધારે હોવાથી તેને એકાધિક ગુણોત્તર કહે છે. જેમકે, ૪ : ૪.

એકાધિકાર ૧. પું. એકલ્યું સત્તા.
૨. પું. ઠેકો; ઇજારો.

એકાધિકારવાદ પું. ઇંદ્રતાનો મત નહિ સ્વીકારનાર એક વાદ.

એકાધિકારાભાસ પું. એક હલ્યુ સત્તા હોય એવો દેખાવ; અપૂર્ણ એકાધિકાર.

એકાધિકારિતા જુઓ એકાધિકાર.

એકાધિકારી પું. ઇજારદાર; ઠેકેદાર.

એકાધિનાયક પું. આપખુદ સત્તા ભરાવનાર માણસ; 'ડિક્ટેટર'.

એકાધિપતિ ૧. પું. આપખુદ રાજા.
૨. પું સર્વોપરી અધિકારી

એકાધિપત્ય ૧. ન. એકલ્યું રાજ્ય; સાર્વભૌમપણું
૨. ન. સ્વતંત્ર રાજ્યની સત્તા
૩. વિ. એક રાજ્યની સત્તાવાળું.

એકાધ્યાયી ગીતા સ્ત્રી. એક અધ્યાયવાળી ગીતા.
આ અઢારમો અધ્યાય નથી, પરંતુ **એકાધ્યાયી** ગીતા જ છે. ગીતા પંચામૃત

એકાનએક ૧. [સં. એક + ઊન (ઓછા) + એક] વિ. એક ઓછી એક; દોઢ.
અનિર્વચનીય છે સદા એક, અનેક **એકાનએક**. પ્રેમાનંદ
૨. વિ. બધું; તમામ.
૩. અ. એકએક; ઓચિંતું.

એકાનન [સં. એક + આનન (મુખ)] પું. મહાદેવજીનું સ્વરૂપ.

એકાનવ [એક + નવતિ (નેવું)] વિ. એકાણું; ૯૧.

એકાનસી સ્ત્રી. દુર્ગાદેવી.

એકાનંગા સ્ત્રી. (પુરાણ) એ નામની વસોદાની દીકરી અને શ્રીકૃષ્ણની બહેન.

એકાનેક્ષ [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; યોગમાયા.

એકાનુદિષ્ટ ૧. ન. એકોદ્દેશથી આપેલું શ્રાદ્ધ.
૨. [સં. એક + અનુ (નહિ) + ઉદ્દિષ્ટ (ઉલ્લેખ)] ન. કુળના એક જ પુરુષને માટે કરવામાં આવતી એક જાતની ક્રિયાવિધિ.

એકાનુપ્રેક્ષા [સં. એક + અનુ (નહિ) + ઉપેક્ષા (ત્યાગ)] સ્ત્રી. મારું કોઈ નથી અને હું કોઈનો નથી એવી ભાવના.

એકાનેકા ૧. સ્ત્રી. (પુરાણ) અંગિરસની પુત્રી; કુહૂ.
૨. સ્ત્રી. સીતાના વનમાં આવેલું એક નામ.

એકાનેકોત્તર [સં. એક + અનેક (ઘણાં) + ઉત્તર (જવાબ)] પું. જેમાં અનેક જવાબનો સમાવેશ થતો હોય તેનો ઉત્તર. જેમકે, કોણ અધિક રનેકી સમું, કૃષ્ણે કહ્યું સૌ આપ; ઉત્તમ પ્રાપ્તી કોણ છે: જાનકી મોટે આપ. આમાં જાનકી શબ્દમાં મા, માન અને જાનકી એમ બધા સવાલના જવાબ છે.

એકાનૌવે [સં. એક + નવતિ (નેવું)] વિ. એકાણું; ૯૧.

એકાન્ન ૧. ન. એક જ વખત ભોજન કરવાનું હોય એવું વ્રત; એકભક્તવ્રત.
૨. ન. માત્ર એક જાતનો ભોજ્ય પદાર્થ.

એકાન્વય [સં. એક + અન્વય (સંબંધ)] પું. સજાતીયતા; એક કુટુંબના હોવાપણું.

એકાપિકો ૧. [અ.] ન. ખેતર; જમીન.
૨. વિ. વર્ષમાં એક જ પાક આપનાર.

એકાપુત્ર વિ. એક જ દીકરો હોય એવું.

એકાબ્દા [સં. એક + અબ્દ (વરસ) + આ (તારીખનિર્દેશ પ્રત્યય)] સ્ત્રી. એક વરસની ચાકડી.

એકાભવતારી વિ. મનુષ્યનો એક ભવ કરી મોક્ષમાં જનાર.

એકામતી ૧. સ્ત્રી. મેળ; બનાવ.
૨. અ. એકમતે; સંમતિથી.

એકામતે અ. એક મતાથી; એક જ સહીથી.

એકામ્રવન ક્ષેત્ર ન. ઓરિસાનું પ્રાચીન પ્રાણનું એક અરણ્ય. ત્યાં શિવનાં ઘણાં મંદિર હોવાથી શિવની પૂજા ચાલે છે.

એકામ્રક જુઓ એકામ્રકાનન.

એકામ્રકાનન [સં. એક + આમ્ર (આંબો) + કાનન (વન)] ન. ઓરિસામાં આવેલ એક જંગલ. તે શિવનું પ્રિય સ્થાન હતું. ત્યાં ભુવનેશ્વર આગળ હજુ પણ શિવનાં છેરાં છે. ઓરિસામાં કટકથી વીસ માઈલ ઉપર મંધવતી નદી ઉપર ભુવનેશ્વર આવેલ છે. કેસરીવંશ પ્રવર્તક અને ઈ.સ. ૭૭૭માં યવનો અમર જોદ્ધાને હાંકી કાઢીને ઓરિસાની ગાદીએ બેસનાર યયાતિ કેસરીએ ભુવનેશ્વરનું મંદિર બંધાવવા માંડેલું. ત્યારપછી લગભગ એક સૈકો વીતે લલાટેંદુ કેસરીના રાજ્યમાં એ પૂરું થયું હતું. ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકાથી તે ઈ.સ.ની પાંચમી સદીના મધ્યમાં યયાતિ કેસરીના રાજ્યકાળ સુધી ભુવનેશ્વર ઓરિસાની રાજધાની હતું. તે વખતે એનું નામ કલિંગનગરી હતું. એને હરક્ષેત્ર પણ કહેતા. યયાતિ કેસરીએ પોતાના રાજ્યના અંતકાળ લગભગ ભુવનેશ્વરનું દેવાલય બંધાવવા માંડેલું. તે પૂર્વે એ સ્થળે જંગલ હતું. યયાતિ કેસરી ઈ.સ. ૫૨૬માં મરણ પામ્યો. લલાટેંદુ કેસરીના વખતમાં પાકું એ રાજધાની બન્યું. એ શહેરને સાત પર્વા અને બેંતાળીસ શેરી હતી. ભુવનેશ્વર, મુક્તેશ્વર, ગૌરી અને પરશુરામની દેવળો હજુ પણ હયાત છે. દેવીપાટહરા નામનો કુંડ ત્યાં આવેલ છે ત્યાં ભગવતીએ કીર્તિ અને વાસ નામના બે દૈત્યને પોતાના પગ વડે છૂંદી નાખ્યાનું કહેવાય છે. આ કુંડની આજુબાજુ યોગિનીના અંકડો ને આઠ નાનાં દેવળ છે.

એકાયન ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. [સં. એક + પદ્મ (પદ્મનું)] ન. એક જ ઈશ્વરની પૂજા.
૩. ન. ધ્યેય; હેતુ.
૪. ન. નિશાન; અભ્યર્દિષ્ટ.
૫. ન. નીતિશાસ્ત્ર.
૬. ન. સંકેતસ્થાન.
૭. વિ. એક આશ્રયવાળું.
૮. [સં. એક + અયન (જવું તે)] વિ. એક જણ પસાર થઈ શકે એવું.
૯. વિ. એકાગ્ર મનવાળું; એક જ વિષયમાં મગ્ન રહેનારું.

એકાયુ ૧. ન. પહેલું છવ્વું આણી.
૨. વિ. બધા છવ્વોને એકત્ર કરનાર.

એકાર ૧. [સં. એ (એક વર્ણ) + કાર (ઉચ્ચાર અંતવનાર અવ્યય)] પું. એ અક્ષર.
૨. પું. ગર્વ; અભિમાન.

એકારદેહ પું. પિતા અને માતાના સંયોગથી થતી સજીવતા.

એકારો [સં. એક + કૃ (કરવું)] પું. એકપણું.

એકાર્ગલ ન. (જ્યોતિષ) અર્ગળરહિત નામનો યોગ
સૌમ્યગ્રહ તે પાપગ્રહનો યોગ હોય તો એકાર્ગલ અથવા લાભઘાત દોષ પરંતુને શુદ્ધ લાભ કરે.
જ્યોતિષસાર

એકાર્ણવ ૧. પું. તાંત્રિકોક્ત વજ્રનો જ્વાલસમુદાય
૨ [સં. એક + અર્ણવ (સમુદ્ર)] પું. પ્રલય; દુનિયામાં મહાન પૂર આવવું તે

એકાર્થ ૧. પું. એક અર્થ; એક પ્રયોજન.
૨. પું. એક પદાર્થ.
૩. વિ. એક પદાર્થવાળું.
૪. વિ. એકસરખા આશયવાળું.
૫. વિ. પર્યાય; એક અર્થવાળું.

એકાર્થક વિ. સમાન અર્થવાળું; પર્યાયવાચક.

એકાર્થકનિર્દેશ [એક + અર્થ (સમજ) + ક (વાળું) + નિર્દેશ (ઉલ્લેખ)] પું. સમાન અર્થવાળા શબ્દો કહેવા તે.
પ્રત્યેક ભાષામાં એકની એક વાર્તા જણાવવાના અનેક પ્રકાર હોય છે; અને કોઈ વાર એક પ્રકાર કરતાં અન્ય પ્રકારે તેની તે વાત કહેવાથી સ્પષ્ટતા વિશેષ થાય છે. આવા જે ભાષાપ્રકાર તેને એકાર્થકનિર્દેશ એ નામ આપીએ.
ન્યાયસાર

એકાર્થતા [સં. એક + અર્થ (સમજ) + તા (પણું)] સ્ત્રી. સામાન્ય હિત.
અને સ્નેહને હદ પણ રખે કરવા બન કરીએ તો એકાર્થતા સમાનધર્મતા કોને અંગ્રેજમા Common interest કહે છે એના જેવું સ્નેહસાધક દ્રવ્ય બીજું કોઈ નથી.
રત્નમંજૂષા

એકાર્થનિર્દેશ પું. સરખા અર્થવાળા શબ્દો કહેવા તે.

એકાર્થવાચક વિ. પર્યાયરૂપ; એક અર્થવાળું.

એકાર્થવાચી વિ. એક અર્થવાળું; પર્યાયરૂપ.

એકાર્થસમવાયિ [સં. એક + અર્થ (સમજ) + સમવાય (સંબંધ)] ન. (વૈશેષિક) એક જાતનું કારણ; જ્યારે એક વસ્તુમાં બે ગુણ વગેરે રહેતા હોય ત્યારે એકનું નાશ હોવાથી બીજાનું સ્વયં થાય તે. જેમકે, નારંગીનો નારંગી રંગ જોતાં આપણે અનુમાન કરીએ છીએ કે સ્વાદે તે મીઠાશવાળું હશે.

એકાર્થાભિલાષ સ્ત્રી. કરીકરાર; ગઠબંધની.

એકાર્થી ૧. વિ એકસરખા આશયવાળું.
૨. વિ. સરખા અર્થનું

એકાવતારી વિ. જન્મીથી મૃત્યુ પામીને મોક્ષમાં જનાર.

એકાવન ૧. [સં. એક + પંચાશત્ (પચાસ); પ્રા. એકપન્નાસ—એજ્જાવન્ના—એક્કાવન્ના] વિ. પચાસ ને એક; ૫૧.
૨. વિ. પચાસ પછી પહેલું; એકાવનમું.

એકાવનમું [સં. એક + પંચાશત્ (પચાસ) + મ (ક્રમ બતાવનાર પ્રત્યય)] વિ. પચાસ પછીનું પહેલું; ૫૧મું.

એકાવનહાર પું. કોઠનું એક ધોરણ.

એકાવયવી વિ. એક અવયવવાળું.

એકાવલહાર [સં. એક + આવલિ (પંક્તિ) + હાર (માળા)] પું. એક સેરવાળો હાર; એકસરો હાર.
એક હાર્યો એકાવલહાર. કાન્હડદે પ્રબંધ

એકાવલિ ૧. [સં. એક + આવલિ (હાર)] સ્ત્રી. એક સેરનો હાર; એક સેરની માળા; એકસરી.
૨. [સં. એક + આવલિ (પંક્તિ)] સ્ત્રી પૂર્વપદો સાથે ઉત્તરપદોનું વિશેષરૂપે સ્થાપન કે નિરોધ દેખાડવા જેવો અર્થાલંકાર. જે પદ મૂકી દીધાં હોય તેને પાછળ લેવાથી અર્થની ઊંડી ખબર પડે એવો અલંકાર. જેમકે, ગિરિ ઉપર વૃક્ષ, વૃક્ષ ઉપર શિવ અને શિવ ઉપર ગંગા.

એકાવલી ૧. સ્ત્રી. (પિંગળ) અક્ષરમાત્રાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંક્તિવૃત્તી. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, ભગણ, ભગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે.
૨. સ્ત્રી. એક સેરનો હાર; એક સેરવાળી કંઠી, એકસરી.
૩. સ્ત્રી. (જૈન) આઠ ઉપરાઠ ક્રમવાળો તપ.
૪. સ્ત્રી. પૂર્વપદો સાથે ઉત્તરપદોનું વિશેષરૂપે સ્થાપન કે નિરોધ દેખાડવા જેવો એક અર્થાલંકાર.
૫. સ્ત્રી. (પુરાણ) રત્ન રાજાને કૂવચેરીઓથી મળેલ કન્યા; એકતીર રાજાની સ્ત્રી.

એકાવલ્ય [સં. એક + આવલિ (હાર)] વિ. એક સેરનું.

એકાવળ ૧. [સં. એક + આવલિ (હાર)] સ્ત્રી. એક સેર.
૨. વિ. એક સેરવાળું.
૩. વિ. સુંદર; કીમતી.

એકાવળહાર પું. એક સેરવાળું ઘરેણું.

એકાવળી ૧. સ્ત્રી. એ નામનો એક અર્થાલંકાર.
૨. સ્ત્રી. એક સેરવાળો હાર; એકસરી.

એકાવાઈ સ્ત્રી. ગાડામાર્ગમાં એક તરફનો બળદોને ઊંડો ઘર્ષ અપેક્ષ ચીલો. તેમાં ગાડું ચાલતાં એક તરફ નમી જાય ને વખતે ઊથલી પણ પડે છે.

એકાશણ [સં. એક + અશન (ખાવું તે); પ્રા. એક્કાસણ] ન. એકટાણું; આખા દિવસમાં એક વખત ખાવું તે.

એકાશણું જુઓ એકાશણ.

એકાશન જુઓ એકાશણ.

એકાશનિક [સં. એક + અશન (ખાવું) + ક (વાળું)] વિ. હંમેશા એક જ વખત જમનાર.

એકાશી ૧. [સં. એક + અશીતિ (એંશી)] વિ. એંશી ને એક; ૮૧.
૨. વિ. ઘણું; અનેક.
એકના એકાશી થને = તમારો વંશવેલો વધો.

એકાશીતિપદ [સં. એક + અશીતિ (એંશી) + પદ (ચારે બાજુ બાજુ)] ન. વાસ્તુપૂજા માટે કરવાનું એક મંડળ.

એકાશ્રમી વિ. એકલો વસવાટ કરનાર.
રાજમંદિર અને નિવાસસ્થાન બંનેની સંયુક્ત યોજનાવાળી (Residential) ઓફિસ અને એકાશ્રમી (રેસિડેન્સ) વિભાગોની આસરી ઉત્તમ, મનોહર અને સગવડ છે.
જ. જ. કુકાણ

એકાસન ૧. પું. એક આધાર.
૨. વિ. એક જ ઠેકો હોય એવું.
૩. વિ. બીજી અતિ વજનનું.

એકાષ્ટકા ૧. સ્ત્રી. (પુરાણ) અથર્વવેદમાં જણાવેલ એ નામની એક દેવી. તે પ્રજાપતિની દીકરી અને ઉષા તથા સોમની માતા થાય. તેણે આકરું તપ કર્યું હતું.
૨. સ્ત્રી. ઉદાણી.
૩. સ્ત્રી. માગ વદિ આઠમ.
૪. સ્ત્રી માગ વદિ આઠમે કરવાનું શ્રાદ્ધ.

એકાષ્ટમા [સં.] સ્ત્રી. કૃષ્ણપક્ષની અષ્ટમી; વદ આઠમ.

એકાષ્ટી [સં. એક + અષ્ટિ (આઠ)] સ્ત્રી. કપાસ. તેના દરેક ડાલામાં એક થી હોય છે.

એકાષ્ટીલા સ્ત્રી. કાળીપાટ.

એકાષ્ઠી [સં. એક + અષ્ટિ (આઠ)] સ્ત્રી. કપાસ. જુઓ એકાષ્ટી.

એકાક્ષીલ ૧. [સં. એક + અક્ષીલ (બીજ)] પું. એક બોરનું નામ; પુષ્કરફલ; શિવમલ્લી; પાશુપત; ક્ષુદ્ર; વસુ; મોટી બોગસરી; ભદ્રફલ.
૨. વિ. એક જ ઠળિયા કે બીવાળું.

એકાક્ષીલા [સં. એક + અક્ષીલા (બી)] સ્ત્રી. પાઠ; અંજરકા; વિદારણી, સ્થાપની; જેવસી. રસા; પાપચેલી; પ્રાચીના; વનતિક્તિકા.

એકાસણ [સં. એક + અશન (ખાવું તે); પ્રા. એક્કાસણ] ન. એક ટંક ખાવું તે.

એકાસણું ન. (જૂ. ગુ.) એકાસણું; એક આસને બેસીને દિવસમાં એક જ વખત જમવાનું એ નામનું એક તપ.

એકાસણું [સં. એક + અશન (ખાવું તે); પ્રા. એક્કાસણ] ન. (જૈન) એક ટંક ખાવું તે; આખા દિવસમાં એક વખત ખાવું તે.

એકાસન ૧. ન. (જૈન) આખા દિવસમાં એક જ વખત જમવાનું વ્રત.
૨. ન. એકસરખું આસન.
૩. ન. પુરસી, તેમાં એક જ જણ બેસી રહે.

એકાસના ૧. (હિંદી) પું. દિવસમાં એક જ વખત જમવાનું વ્રત.
૨. સ્ત્રી. ખાટકણની મોરાટી જાતિ માંહેની એક પેટાજાતિ.
૩. ન. ખાટકણની એ નામની પેટાજાતિનું માણસ
૪. વિ. ખાટકણની એ નામની પેટાજાતિનું.

એકાસી [સં. એક + અશીતિ (એંસી)] વિ. એંસી ને એક; ૮૧. જુઓ એકાશી.

એકાસૂધ [એક + સુધાં (સાથે)] અ. એકેએક; દરેક.

એકાહ ૧. [સં. એક + અહન્ (દિવસ)] પું. એક દિવસ.
૨. પું. એક દિવસનો ઉપવાસ.
૩. પું. એક દિવસનો યજ્ઞ; અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞ; જોત યજ્ઞમાં એક દિવસનો યજ્ઞ.
૪. વિ. એક દિવસમાં પૂરું થાય તેવું.

એકાહયાગ [સં. એક + અહન્ (દિવસ) + યાગ (યજ્ઞ)] પું. એક દિવસમાં થતા અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞ.

એકાહાર ૧. પું. એક જ વસ્તુ જમવી તે.
૨. પું. એક દિવસમાં એક વખત ભોજન કરવું તે.
૩. વિ. એક દિવસમાં એક વખત ભોજન કરનાર.

એકાહારી વિ. એક ટાણું જમનાર.

એકાહ્નિક ૧. પું. એકાંતરિયો તાવ.
૨. વિ. એક દિવસ રહેનારું; ક્ષણિક.
૩. વિ. એક દિવસનું.
૪. વિ. એક દિવસમાં પૂરું થનાર.

એકાંક ૧. પું. મગ આંબો
૨. ન. અંકમાં ઈકાઈ; 'યુનિટ'
૩ વિ. એક અંકવાળું (નાટક).
૪. વિ. એક આંકડાવાળું; એક સંખ્યાવાળું.

એકાંકી ૧. [સં. એક + અંક (નાટકનો વિભાગ) + ઇન્ (વાળું)] વિ. એક અંકવાળું (નાટક); એકાંક.
૨. વિ. એક આંકડાવાળું; એક સંખ્યાવાળું

એકાંકીવિજ્ઞાન ન. એક જાતનું દવાઈ બનાવવા; 'મોનોપ્લેન'.

એકાંગ ૧. [સં.] પું. અંગરક્ષક.
૨ પું. મુખ નામનો ગ્રહ.
૩. પું. વિષ્ણુ.
૪. પું. કોની સાથે એક અંગવાળો પતિ.
૫. ન. અપંગતા; પંગુપણું.
૬. ન. એક અંગ અથવા ભાગ.
૭. ન. ચંદન; સુખડ.
૮. ન. માથું; મસ્તક.
૯. વિ. એક અંગનું; એક અંગવાળું.
૧૦. વિ. લંગડું.
૧૧. વિ. હીન અંગ; અપંગ; ખોડવાળું.

એકાંગવધ [સં.] પું. એક અંગ કાપી નાખવાનો દંડ

એકાંગવધનિષ્ક્રય પું. અંગછેદને બદલે દંડ.

એકાંગવાત પું. એક જાતનો વાનો રોગ; પક્ષાઘાત; લકવો; આખું અંગ રહી જઈ જડ થવું તે; એક અંગનું રહી જવાપણું.

એકાંગવાતારસ પું. એકાંગવાતમાં વપરાતી એક રસૌષધિ.

એકાંગવાયુ જુઓ એકાંગવાત.

એકાંગવીરરસ પું. પક્ષાઘાત, સંધિવા, લકવો, અસ્થિત્વ, ઊરુસ્તંભ વગેરે વાનાં દરદ ઉપર અપાતું એક ઔષધ. તેની ૧થી ૨ ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવામાં છે. શુદ્ધ ગંધક, ઝાડોદ્ય, ગ્રંતલોહભસ્મ, અંગભસ્મ, નાગભસ્મ, તામ્રભસ્મ, અભ્રકભસ્મ અને પોલાદભસ્મ, સૂંઠ, મરચાં, પીપર દરેક સરખે ભાગે લઈ ચૂર્ણ કરી કપડાગળ કરવું. હરીથી બધા ચૂર્ણને ત્રિફલા, ત્રિકટુ, નિર્ગુંડી, ચિત્રક, ભાંગરો, સહિજન, કુમિલા, આકારો અથવા આદરખના રસની જુદી જુદી સાત સાત ભાવના દેવાથી બધું તૈયાર થાય છે.

એકાંગાઘાત ૧. પું. શરીરનું આખું અંગ વાયા રહી જવાપણું; લકવો.
૨. વિ. પક્ષાઘાત થયેલું.

એકાંગિક વિ. સળંગ; અખંડ; આખું.

એકાંગિતા ૧. સ્ત્રી. એક જ બાબત સંબંધી દોરાપત્ર
૨. સ્ત્રી. કોઈ એક જ પક્ષનું હોવું તે.

એકાંગી ૧. [સં.] પું. અંગરક્ષક.
૨. પું. શુક્રગ્રહ.
૩. પું. વિષ્ણુ.
૪. સ્ત્રી. કડવી, શીતળ અને સ્વાદેષ્ટ એક ઔષધિ. તે પિત્ત, વાત, જ્વર, કોઢીરોગ વગેરેનો નાશ કરે છે.
૫. સ્ત્રી. પતિની સાથે એક અંગવાળી સ્ત્રી.
૬. ન. એક અંગ અથવા ભાગ.
૭. ન. ચંદન.
૮. ન. માથું.
૯. વિ. અપંગ; ખોડવાળું.
૧૦ વિ એક અંગવાળું.
૧૧. વિ એકપક્ષી; એકતરફી.
૧૨. વિ. એકપદી; એકાક્ષરી.
૧૩. વિ. લંગડું.
૧૪. વિ. હઠીલું; જિદ્દી.

એકાંગીપણું ન. એક પક્ષનું હોવું તે. જુઓ એકાંગિતા.

> કોઈ પક્ષ સંસ્થા કરે તેના સારા આયુસોના હાથમાં હોય લોકપ્રિય ઉત્સાહી અને અપારજોર કામ કરતાં તેમાં **એકાંગીપણું** આવે એ અપરિહાર્ય છે. કલોલકર

એકાંગીભાગ્યપરિવર્તન ન. શરીરના કુમતા એક જ ભાગમાં વરાળ લેવાની ક્રિયા.

એકાંગીરાગ પું. એકવડિયો રાગ; એકપદી [illegible].

એકાંગુલ વિ. એક આંગળીવાળું.

એકાંડી સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ; બેલા જોખડ. તેનાં જાતલાં લાંબાં, શાખાવાળાં ને જમીન ઉપર પથરાયેલાં હોય છે. તેના ઉપર વાળની ફૂમળ હોય. ફળ પાકાં હોય ત્યારે ઠોર ખાય છે.

એકાંડ ૧. [સં. એક + અંડ (ઈંડું)] પું. એક ઇન્દ્રિયવાળો ધોડો; 'મોનીર', તે ઓળ ગણાય છે.
૨. પું. કીડાની એક જાત.

એકાંડિયો [સં. એક + અંડ (ઈંડ) + ઇન્ (વાળું)] પું. એક ઇન્દ્રિયવાળો ધોડો; એકાંડ.

એકાંત ૧. [સં.] પું. અભ્યભિચાર.

૨. પું. મોક્ષ નિયમ.
૩. સ્ત્રી. એક જે બધાની બાનગી બેઠક.
૪. સ્ત્રી. બાનગી કોટડી.
એકાંત કરવી-વિચારવી = (૧) બાનગી સભા ભરવી. (૨) બાનગીમાં ગુપ્તચીત કરવી.
૫. સ્ત્રી. બાનગી મસલત કે ગુપ્તચીત.
૬. સ્ત્રી; વ. કોઈની અવરજવર ન હોય તેવી જગ્યા.
એકાંતે બેસવું = દુનિયાદારીની બાબતથી મૂકી કોઈ નિર્જન સ્થાનમાં રહેવું.
૭. વ. અતિશય એવું દ્રવ્ય.
૮. વિ. અત્યંત; અતિશય.
૯. વિ. અલગ; પૃથક્.
૧૦. વિ. એક જ બાબુ બધા વસ્તુને લગતું; અનેકાંતથી વિરુદ્ધ.
૧૧. વિ. એક સ્વભાવવાળું; એકરૂપતાને પામેલ.
૧૨. વિ. એકપથી; એકમાર્ગી; એકપક્ષી.
૧૩. વિ. બાનગી.
૧૪. વિ. ગરબૂંસિયુ; એકલપેટું
૧૫. વિ. જરૂરી; ઉપયોગનું.
૧૬. વિ. દૃઢ; નિશ્ચય.
તે નારાયણ પર વિષે, મતિ અતિ એકાંત.
રત્નેશ્વર
૧૭. વિ. નિર્જન; અવરજવર વિનાનું.
૧૮. વિ. બીજા કોઈ માણસ વગરનું.
૧૯. વિ. શાંત.
૨૦. વ. બાનગી રીતે.
૨૧. વ. બધાં બીજાં કોઈ ન હોય તેમ દેખાવે.
૨૨. વ. માત્ર; તદ્દન.

એકાંતઅભેદવાદી પું. અદ્વૈતવાદી.
વેદાંતીઓ **એકાંતઅભેદવાદી** છે. જૈનો એકાંતભેદવાદી છે અને જૈનો એકાંતવાદી છે.
અપૂર્ણમાત્ર

એકાંતકારાવાસ પું. એકને જુદું પૂરી મૂકવાની સજા; એકાંતદંડ.

એકાંતકેદ જુઓ એકાંતકારાવાસ.

એકાંતકૈવલ્ય [સં. એકાંત (અતિ) + કૈવલ્ય (મોક્ષ)] સ્ત્રી. મુક્તિનો એક ભેદ; જીવનમુક્તિ.

એકાંતગુણ ૧. [સં. એકાંત (દૃઢ) + ગુણ (અસર)] વિ. મોક્ષસ ફળ આપનારાનું.
૨. વિ. જેના ગુણ કોઈ દિવસ ફરે નહિ તેવું.

એકાંતગૃહ ૧. [સં. એકાંત (બાનગી) + ગૃહ (ઘર)] ન. એકલાં બેસી પ્રાર્થના કરવાનું ઘર.
૨. ન. કેદમાં પૂરી રાખવાની જુદી કોટડી.

એકાંતગ્રાહી [સં. એકાંત (એક જ બાબુને લગતું) + ગ્રાહિન્ (લેનાર)] વિ. એકતરફી; એકપક્ષનું.

એકાંતચિત્ત વિ. એકાંતપ્રિય; એકલા રહેવું ગમે તેવું.

એકાંતચારી વિ. એકલું વિચરનાર.

એકાંતતઃ ૧. [સં.] વિ. અત્યંત; બહુ.
૨. વિ. સેકડો નહિ તેવું.
૩. વ. એકધારી રીતે.
૪. [સં. એકાંત (એકલું) + તસ્ (અન્યથા અભાવવાચક પ્રત્યય)] વ. એકલા.
૫. વ. કેવળમાત્ર.
૬. વ. જરૂર; નક્કી.

એકાંતતા ૧. [સં. એકાંત (અતિ) + તા (પણું)] સ્ત્રી. અત્યંતપણું; અતિશયતા.
૨. સ્ત્રી. અલગતા; પૃથક્ત્વ.
૩. સ્ત્રી. એકાંતરહી હોવાપણું.
૪. સ્ત્રી. એકરૂપતા.
૫. સ્ત્રી. એકલપેટાપણું
૬. સ્ત્રી. દૃઢતા; નિશ્ચયતા; સ્થિરતા.
૭. સ્ત્રી. નિર્જનતા; અવરજવર ન હોવી તે.
૮. સ્ત્રી. શાંતિ; નીરવતા.

એકાંતત્યાગવાદ [સં.] પું. જૈનોએ માનેલો સ્યાદ્વાદ.

એકાંતદુઃખમા [સં.] સ્ત્રી. એક જાતનું કાલપ્રમાણ; જૈનના ૬ આંહેનો એકવીસ હજાર વર્ષનો છેલ્લો આરો

એકાંતદુઃષમા જુઓ એકાંતદુઃખમા.

એકાંતનિશ્ચય પું. દૃઢ વિચાર

એકાંતપ્રિય [સં. એકાંત (એકલું) + પ્રિય (ગમતું)] વિ. એકાંતને ચાહનારું; શાંતિપ્રિય.

એકાંતપ્રિયતા સ્ત્રી. એકલા રહેવાનો આનંદ.

એકાંતભેદવાદી [સં. એકાંત (એકપણું) + ભેદ (જુદાપણું) + વાદિન્ (માનનાર)] પું. જુદાપણામાં માનનાર.

એકાંતર ૧. [સં. એક + અંતર (વ્યવધાન)] પું. એક દિવસને અંતરે આવતો તાવ; એકાંતરિયો
૨. વ. એકાંતરે ખોરાકવાળું એક વ્રત.
૩. વિ. એક એક દિવસને અંતરે કરાતું; એકાંતરે દિવસે થતું (તપ).
૪. વિ. એકાંતરિયું; એક અંતરવાળું; એક વ્યવધાનવાળું.
૫. વિ. વચ્ચે આંહેનું વચ્ચલું એકાંતાં રહેતું બીજું; એક છોડીને બીજું.
૬. વિ. દર બીજે દિવસે આવતું.
૭. વિ. વચ્ચમાં એક આંતરો પડે એવું.
૮. વિ. સામસામેનું; ક્રમમાં 'ઑલ્ટરનેટ'.
૯. વ. એકાંતરા રીતે.

એકાંતરકોણ [સં. એકાંતર (વ્યુત્ક્રમ) + કોણ (ખૂણો)] પું. વ્યુત્ક્રમકોણ; સામસામેના ખૂણા; બે સમાંતર સુરેખાને ત્રીજી છેદે તો તેથી બનતા અંદરના ખૂણા પૈકીના જે ઉપકોણ એટલે પાસેપાસેના ખૂણા ન હોય અને કાપનારી લીટીની સામસામેની બાજુએ હોય તેવા ખૂણા.

એકાંતરક્રમ પું. પર્યાયક્રમ; વ્યુત્ક્રમ.

એકાંતરછિદ્ય જુઓ એકાંતરનિષ્પત્તિ.

એકાંતરગોલ પું. એક તરફ અંતર્ગોળ દૃઢક્રમ.

એકાંતરજ્વર પું. એક દિવસને આંતરે આવતો તાવ; એકાંતરિયો.
એકાંતરજ્વર નિ ત્રિદુ શોધિત જ્વર બ્યાઠ.
ઉપાદ્યાય

એકાંતરનિષ્પત્તિ [સં. એકાંતર (એક છોડીને બીજું) + નિષ્પત્તિ (પ્રાપ્તિ)] સ્ત્રી. (ગણિત) કોઈ પણ પ્રમાણમાં બે સંખ્યા પદોની અરસપરસ બદલી કરવાથી આવતું પરિભ્રમ.

એકાંતરપ્રમાણ [સં. એકાંતર (એક છોડીને બીજું) + પ્રમાણ (સમ્બન્ધ)] વ. (ગણિત) ક : ખ :: ઢ : ત હોય તો ક : ઢ :: ખ : ત થાય એ સિદ્ધાંત; 'ઑલ્ટરનેન્ડો'.

એકાંતરવૃત્તખંડ [સં. એકાંતર (એક છોડીને બીજું) + વૃત્ત (ચોળ) + ખંડ (ભાગ)] પું. વર્તુળનો એક ભાગ; 'ઑલ્ટરનેટ સેગમન્ટ ઑવ એ સર્કલ.

એકાંતરા ૧. [સં. એક + અંતર (છેદ)] વ. એક એક દિવસને અંતરે ભોજન કરવું તે; એકાંતરું ભોજન.
૨. વિ. એક એક દિવસને અંતરે થતું.
૩. વ. અવારનવાર; વારંવાર.
૪. વ. એક એક દિવસને છોડે; એક એક દિવસ મૂકી દઈને.
૫. વ. એક પછી એક.
૬. વ. એકના આંતરે; ક્રમમાં એક મૂકી દઈને.

એકાંતરામલ્લ પું. એ નામના અમિમારના સૈકામાં થયેલ શૈવાચાર્ય. તેણે જૈનધર્મના પ્રસારનો ધક્કો જ વિશેષ કર્યો.

એકાંતરું ૧. પું. અકેક દહાડાને અંતરે કરાતું ભોજન.
૨. જુઓ એકાંતરા.

એકાંતરિક વિ. એકાંતરા વ્રત સંબંધી. જુઓ એકાંતરા.

એકાંતરિયું જુઓ એકાંતરા.

એકાંતરિયો ૧. પું. એક એક દહાડાને અંતરે આવતો તાવ.

૨. વિ. પું. એક એક દિવસને અંતરે આવતો; એકાંતરો.
એકાંતરિયો તાવ = એક દિવસ રહીને ફરીથી ફરીથી આવતો તાવ; દાહિયા તાવની એક જાત.
એકાંતરું જુઓ એકાંતર.
એકાંતરે ૧. [સં. એકાંતરેણ] વિ. એક એક દિવસને અંતરે થતું.
૨. અ. અવારનવાર; વારાફરતી.
૩. અ. એક એક દિવસને અંતરે.
૪. અ. એક પછી એક.
૫. અ. વચમાં એક મૂકી દઈને.
એકાંતરો ૧. પું. એક એક દિવસને અંતરે આવતો તાવ.
૨. વિ પું. એક એક દિવસને અંતરે આવતો.
એકાંતરો તાવ = એકાંતરિયો તાવ. તે દાહિયા તાવનો એક પ્રકાર છે.
એકાંતવાદ પું. એક અમુક જ સાચું ને બીજું નહિ એવો આગ્રહ.
વસ્તુનું સ્વરૂપ અમુક જ પ્રકારનું છે એવો નિશ્ચય અમુકનો તે એકાંતવાદ. અમૃતલાલ
એકાંતવાસ ૧. પું. એકાકીપણું; અસંગતા.
૨. પું. એકાંતમાં રહેવું તે.
૩. પું. કોઈ ન હોય એવી ખાતરી કરવા.
૪. પું. નિર્જન સ્થાનમાં રહેવું તે.
૫. પું. નિર્જનતા; વિજનતા.
૬. પું. મૈથુનના આઠ પ્રકારો પૈકી એક પ્રકાર. બીજું ખાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે.
એકાંતવાસિની ૧. વિ. સ્ત્રી. એકાંતમાં રહેનારી.
૨. વિ. સ્ત્રી. નિર્જન સ્થાનમાં રહેનારી.
એકાંતવાસી ૧. પું. વાનપ્રસ્થ.
૨. પું. સંન્યાસી; વૈરાગી; સાધુ.
૩. વિ. એકાંતસેવી; જનસંસર્ગહીન.
૪. વિ. નિર્જન સ્થાનમાં રહેનાર.
એકાંતસુખમા [સં.] સ્ત્રી. (જૈન) એક જાત પ્રમાણ.
એકાંતસ્થાન ન. જ્યાં કોઈની અવરજવર ન હોય એવું નિર્જન કે અલગ.
એકાંતસ્વરૂપ વિ. અસંગ; નિર્લિપ્ત.
એકાંતિક ૧. પું. એકાંતમાં રહી નિષ્ઠાપૂર્વક પ્રભુની ભક્તિ કરનારો માણસ.
૨. પું. ભાગવતધર્મ. જુઓ એકાંતિકધર્મ.
૩. વિ. અનન્ય; મિશ્ર.
૪. વિ. એક જ પ્રકારનું.
૫. વિ. એક સ્થળને લગતું.
૬. વિ. એકાંતમાં રહેનાર સંન્યાસીને લગતું.
૭. વિ. જાનગી; ગુપ્ત.
૮. વિ. છેવટનું; અંતિમ.
૯ વિ. સાધનભૂતઃ સહાયકારી
૧૦. વિ. સિદ્ધાંતસ્વરૂપઃ દાખલો જેવો એવું.
એકાંતિકતા જુઓ એકાંતિકત્વ.
એકાંતિકત્વ ૧. ન. અનન્યતા; મિશ્રતા.
૨. ન. અંતિમતા; છેવટનું હોવું તે.
૩. ન. એક જ પ્રકાર કે હેતુ હોવો તે.
૪. ન. ગુપ્તતા; જાનગી હોવાપણું.
૫. ન. (ન્યાય) જે બે વસ્તુ વચ્ચે વ્યાપ્તિ હોય તેમાંની એક મોટી અને બીજી નાની હોવાનો જે નિયમ.
બીજો અવરોધ એકાંતિકત્વની સ્થાપના છે. કોઈ પણ વસ્તુ હોય કે ન હોય-બન્નેથી સાધ્ય છે જ નહિ. મણિલાલ નભુભાઈ
૬. ન. દક્ષતા; મક્કમતા.
૭. ન. પક્ષપાતપણું.
એકાંતિકધર્મ પું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, મહાતપ અને ભક્તિ સહિતનો ધર્મ; મોક્ષ મેળવવા મહાપુરુષે ભક્તિ કરવી તે. આ ધર્મ સૌથી પ્રથમ નારદે સાંભળ્યો હતો, પણ તે ગુપ્તધર્મ નથી હતો. કૃષ્ણે તેના મિત્ર અર્જુનને તે સંભળાવ્યો. નારદને આ ધર્મ ઉપર પાસેથી મળેલો.
એકાંતિકધર્મવાન પું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે અંગ જેનામાં હોય તેવો ભક્ત.
એકાંતી ૧. પું. ભગવાનનો અનન્ય ભક્ત. જુઓ એકાંતિકભક્ત.
૨. વિ. અતિશયતાવાળું.
૩. વિ. એક જોવાવાળું.
૪. વિ. એકાંતમાં રહેનાર.
એકાંતે ૧. [સં.] અ. એક સરખી રીતે.
૨. અ. નકી.
એકાંબક ન. (પુરાણ) ભારતવર્ષનું એક ક્ષેત્ર અને તીર્થ.
એકાંશ ૧. [સં. એક + અંશ (અપૂર્ણાંકમાં નીચે લખવો તે)] પું. (ગણિત) અંશમાં એક હોય તેવો અપૂર્ણાંક; 'અલીકોટ પાર્ટ'. જેમકે, ½, ⅓ વગેરે. બે સંખ્યા અથવા પરિમાણોમાંની નાની સંખ્યા અથવા નાનું પરિમાણ મોટી સંખ્યા અથવા મોટા પરિમાણમાં જ્યારે પૂરેપૂરી વાર સમાયેલું હોય ત્યારે તે નાની સંખ્યા અથવા નાના પરિમાણને મોટી સંખ્યા અથવા પરિમાણનો એકાંશ કહે છે.
૨. પું. છૂટો ભાગ.
એકિકું [સં. એક + સ્વા (સ્વાર્થે)] વિ. એકલું; સાથે.
એકી ૧. [સં. એક; અપ. એક્કઅ] સ્ત્રી. એકરૂપતા; એકાત્મભાવ.
અમલ અજાણતાં કરી એકી. ઝવેરચંદ મેઘાણી
૧. એકી કરવી = સપ કરવો.
૨. એકી તોડવી = મૈત્રી તોડવી.
૨. સ્ત્રી. એકી સંખ્યા.
૩. સ્ત્રી. (લાક્ષણિક) પેશાબ કરવા જવાનો સંકેત. જેમકે, એક આંગળી બતાવવી તે.
૧. એકી કરવી = પેશાબ કરવો.
૨. એકી અને બેકીએ જવું = વધુ સંકટ માટે જવું.
૪. વિ. એક જ; એકરૂપ.
૫. વિ. જે વીસ નિઃશેષ ન આવી શકાય એવી (સંખ્યા).
એકોક્કારો પું. (ગામ) ભેળા મળવું તે.
એકોઠ વિ. એકાત્મક; એક સંબંધી.
એકીકરણ ૧. [સં. એક + કૃ (કરણ)] ન. એક કરવું તે; સંમેલન.
૨. ન. ઐક્ય; એકતા.
૩. ન. કામળીપો; કાપડાનો સંગ્રહ.
૪ ન જે એક નથી તે એક હોવાની સંભાવના.
૫. ન. પ્રમાણ; સમન્વય.
૬. ન. પૂરું કરવું તે; સંકલન; સંક્ષિપ્તિ.
૭. ન. (ગણિત) પૃથક્કરણનાં પ્રમાણિત ઉદાહરણો પરથી વસ્તુ સિદ્ધ અથવા પ્રાપ્ત કરવી તે. ગણિતના કોઈ પ્રકારના મુશ્કેલ દાખલા ગણી તેમાંથી કોઈ સાદા તરીકે ગણાયેલી અથવા આપવામાં આવેલી બાબત બાદ કરવી તે પૃથક્કરણ કહેવાય છે.
૮. ન. યોગ.
એકીકલમે અ. એકી સાથે.
એકીકાર વિ. એકરૂપ.
એકીકારક વિ. ઐક્ય બતાવનાર, 'કન્જેસર'.
એકીકૃત ૧. વિ. એક કરેલ.
૨. વિ. સર્વસમેત; કુલ.
એકીકૃત્વ અ. એક કરીને.
એકીખોળો પું. બાળકને ચોથે છઠ્ઠે માંદવસારાને દિવસે ઘર તરફના બાળકો પાસે ઘરની બાણીમાં નાખવામાં આવતા રૂપિયા.
એકીટશે [એકી (એક જ) + દૃશ (જોવું)] અ. એકી નજરે; ગીટ માંડીને.
એકીટસે જુઓ એકીટશે.
એકીદરથ વિ. બધાં દૃષ્ટિબિંદુ આંખની એક જ સીધી લીટીમાં આવે એવી રીતે.

એકીન ૧. વ. આસ્થા; શ્રદ્ધા.
૨. વ. વિશ્વાસ; ભરોસો; પતીજ

એકીનજર જી. ઓરખાન. જુઓ એકીટશે.

એકીનદાર ૧. [અ. યકીન (શ્રદ્ધા) + દાર (વાળું)] વિ. આસ્થાવાળું; શ્રદ્ધાળુ.
૨. વિ. વિશ્વાસુ; ભરોસાદાર.

એકીપાસ [એકી (એક જ) + પાસ (બાજુ)] અ. એક તરફ; એક બાજુ.

એકીબેકી ૧. [એક (એક જ) + બેકી (બે)] જી. એક બાજીરમત. મૂઠીમાં રાખેલ વસ્તુની સંખ્યા એકી છે કે બેકી તે અટકળથી કહેવાની આ રમત બે કે તેથી વધુ જણથી રમાય છે. નવાં પરણી આવતાં વરવધૂને પણ આ રમત એક સિવા તરીકે રમાડાય છે. પાસાંમાં હારનાર જીતનારને ચાંદે. તે કરતાં જીતનાર હારનારને વધારે ચાહવાનું મનાય છે.
૨. જી. કરમાઈ જવું તે.
૩. જી. નિતંબની ઊંચી નીચી ગતિ.
એકીબેકી રમવી = (૧) ગભરાઈ જવું. (૨) હાથથી જવું.
૪. જી. નિરાશ થવાપણું.

એકીજીવન [સં. એક + જીવ (જીવું)] જી. ભણી જવું તે; એકીકરણ.

એકીભાવ ૧. [સં. એક + ભૂ (થવું)] પું. ભળી જવું તે; એકનું એકરૂપ થવું તે.
૨. પું. સામાન્ય સ્વભાવ કે ગુણ.

એકીભૂત ૧. વિ. ઘનીભૂત; અનેક મટીને એક થયેલ.
૨. વિ. એકાગ્રચિત્ત.
૩. વિ. સેળભેળ; મિશ્રિત.

એકીમુખ અ. એક થઈને.

એકીમતે અ. સૌની સંમતિથી.

એકીમેનિયન ૧. [અ.] જી. એ નામના લોકની જાત.
હિંદુસ્તાનના વાયવ્યકોણના ઉપર એકીમેનિયન લોકોએ ચઢાઈ કરીને પોતાનું રાજતંત્ર સ્થાપ્યું.
અશોકચરિત
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

એકીય ૧. વિ. એક પક્ષનું; એક સંબંધી.
૨. વિ. એકને મદદ કરનાર; સહાયકારક.

એકીવારે અ. એકી વખતે; સાથે; એકજવખે.

એકીસ [સં. એક + વિંશતિ (વીસ)] વિ. એકવીસ; ૨૧.

એકીસારો [એકી (એકાવન) + સ (જવું)] પું. જેલ ભણવું તે.

એકુ ૧. [સં. એક] વિ. કોઈ; કોઈએક.
એકુ કળાયે ઢુલ્ય ન આવે, એવું પુત્ર ને માત પ્રેમાનંદ
૨. વિ. કોઈ નહિ; એક પણ નહિ.

એકુકું [સં. એક + એક] વિ. દરેક; વારાફરતી એકેક.

એકુજ [સં. એક] વિ. એકલું.

એકુડીચારી પું. નામનો એક પ્રકાર. તેમાં વાહનના તાલ પ્રમાણે એક પગ આગળ સેરવતાં ગોળ ફરવાનું હોય છે.

એકુણ ૧. પું. સરવાળો; કુલ.
૨. [સં. એક + ઊન (ઓછું); પ્રા. અઉણ] વિ એક ઓછું; એક કમ.

એકુણાત ૧. પું. એકદર; કુલ.
૨. જી. હિસાબી ચોપાનાના પાના ઉપર નંબર અને મિલક કર્માનો ઉંબરે કરવામાં આવતો સેરો. તે એકુણાત આંકી એમ કહેવાય છે.

એકુન [સિં.] અ. સુમસામ; કુલ; સરવાળે. જેમકે, બે રૂ. બાર લેવા ને બે રૂ. બાજરી લેવા એકુન રૂા. ૪.

એકુરકુ વિ. એકલું; કોઈ સાથે હોય નહિ એવું.

એકું ૧. [સં. એકાક્ષ–એકાક્ષં–એકાક્ષી–એકું] વિ. કોઈ એક; એકાદું; એકાક્ષ.
૨. વિ. કોઈ નહિ; એક પણ નહિ.

એકુતેર [એક + સિત્તેર] વિ. (કચ્છી) એકોતેર.

એકુતેરો પું. (કચ્છી) એકોતેરો; ૧૮૭૧માં પોલો દુકાળ.

એકુકું ૧. [સં. એક + એક] વિ. એક પછી એક; વારાફરતી.
૨. વિ. દરેક; એકએક.

એકે ૧. [એક + એ (પણ)] વિ. એક પણ; એકાદ.
૨. વિ. એક પણ નહિ; કોઈ નહિ.
૧. એકે કોર કામી ન રહેવી = સુખદુઃખમાં જે આવવાનું હોય તે સઘળું આવી જવું.
૨. એકે કોર કામી ન રાખવી = બચ્યું ન રાખવું.
૩. એકે પથરો ઉખાડ્યા વગરનો ન રહેવો = ક્રમ પાર પાડવા માટે બનતો બધો પ્રયત્ન કરી લેવો.

એકેઆનવે [સં. એક + નવતિ (નેવું)] વિ. એકાણું; નેવું અને એક; ૯૧.

એકેઆસી [સં. એક + અશીતિ (એંસી)] વિ. એકાસી; ૮૧.

એકેએક ૧. [સં. એક + એક] વિ. એક એક એમ ગણતાં બેટલાં દોષ તેટલાં સઘળાં; બધાં ય.
૨. વિ. દરેક; પ્રત્યેક.

એકેક ૧. [સં. એકૈક; અપ. એક્કેક્ક] વિ. એકએક; એકેએક; દરેક
૨. વિ. છૂટું; નોખું.
૩. અ. એક પછી એક.

એકેકાન અ. એકામ ચિત્તે

એકેકું ૧. [સં. એકૈક] વિ. એક પછી એક.
૨. વિ. દરેક; પ્રત્યેક.

એકેક્ષ ૧. [સં. એક + ક્ષિપ્ત (આંખ)] પું. કામદેવ
૨. પું. શુક્રાચાર્ય
૩. વિ. એક આંખવાળું; કાણું.

એકેચકવે [સં. એક + ચક્ર (પણ બીજું રાખ્યું)] અ. એક ચક્રવે; એકમેક.

એકેચ્યે અ. એકચ્યે; એકઠ્યે.

એકેડિયન ૧. [અં.] જી. એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

એકેડેમિ ૧. [અ. અકેડિમિ] જી. સરસ્વતી મંદિર; સાહિત્ય, કળા કે વિજ્ઞાનની ખિલવણી માટે સ્થપાયેલી સંસ્થા; વિદ્યાભ્યાસનું સ્થળ. ગ્રેવન્સ નામના એકેડેમિ નામની સંસ્થામાં પ્લેટોએ ભણવું હતું. આ સંસ્થા એકેડેમસ નામના માણસના કબજામાં હતી. આથી આ શબ્દ વિદ્વાન સભા કે સંસ્થા માટે વપરાય છે.
૨. જી. સાહિત્ય, કળા અને વિજ્ઞાનના ઉત્તેજન અર્થે સાહિત્યકારો, કલાકારો અને વિજ્ઞાનશાસ્ત્રીઓનું મંડળ.

એકેડેમિક ૧. [અં. અકેડિમિક] વિ. વિજ્ઞાન, સાહિત્ય અને કળાના અભ્યાસના સ્થળ સંબંધી.
૨. વિ. વિજ્ઞાનશાસ્ત્રીઓનો, સાહિત્યકારો અને કળાકારોના મંડળને લગતું.

એકેડેમિશિયન [અં. અકેડિમિશન] વિ. કળા, સાહિત્ય અને વિજ્ઞાનનો અભ્યાસી.

એકેતાલીસ ૧. [સં. એક + ચત્વારિંશત્ (ચાલીસ)] પું. (કચ્છી) એકતાળો; મધુના એકતાલીસ સેર ગામ એવો એખ.
૨. પું. કોઈ પણ સૈકાની એકતાલીસમી સાલે પોલ દુકાળ.

એકેપગે ૧. વિ. બધીકું; બાકળું.
૨. અ. આતુરતાથી; ઉત્કંઠાથી.
એકેપગે ઘર્ઈ રેવું = ચિંતાતુર થવું.

૩. [સં. એક + પાદ (પગ)] સ. એક પગ ઉપર.

એકેકૂરે સ. એક વખતે; એક સપાટે.

એકે ય ૧. સ. એક પણ.

૨. સ. એક પણ નહિ.

એકેરામારાધ્ય પું. વીર શૈવધર્મના પાંચ રક્ષાપક આચાર્ય માંહેના બે નામના એક. તેમનું સિદ્ધાસન કેદારનાથમાં હતું.

એકેરી [સ.] વિ. નોકરીમાં ચાકર ન મળતું હોય એવા ઊતરતા દરજ્જાનું.

એકેલું વિ. એક પછી એક.

એકેલિયા ૧. પું. રંગબેરંગી લાલ પાંદડાંનો એ નામનો શોભાયમાન ફૂલછોડ.

૨. સ. એક જાતનું ઝાડ.

એકેલું [સં. એકલ] વિ. એકલું; સાથ વિનાનું.

એકેશિયા [અં. અકેશ] સ. બાવળ ને બેરની જાતની એક વનસ્પતિ. આ વિચિત્ર જાતનાં ઝાડ સુદાનમાં ઊગે છે. તેના નાના કણના નાનાં જીવજંતુથી રૂડીને કોઈ વખત એક બે તસુના થઈ જાય છે અને ત્યારે જીવતાં નીકળી જાય ત્યારે છિદ્રોમાં કરાડને તેમાંથી બનાવ નીકળે છે જે વાંસળીના જેવો તીણો સાદવાથી સાંભળી કેટલીનો તેને સિસોટી વગાડવું ગમે છે. ઉષ્ણ પ્રદેશ અને ખાસ કરીને રેતીને માંડે તે હોય છે. કેટલાકમાંથી દવા અને ગુંદર નીકળે છે. તેનાં નાજુક ફૂલ પીળાં, સફેદ અને રાતાં હોય.

એકેશ્વર જુઓ એકેશ્વરવાદ.

એકેશ્વરકારણ સ. એકેશ્વરવાદ; સૃષ્ટિમાં એક જ ઈશ્વરનું પૂજન કરવું બસ છે એવો મત.

એકેશ્વરવાદ પું. ઈશ્વર એક જ હોવાનો સિદ્ધાંત; એક જ સનાતન સર્વવ્યાપી પ્રભુ છે એવો સિદ્ધાંત; અદ્વૈતવાદ; બ્રહ્મવાદ; ઈશ્વરવાદ. એકેશ્વરવાદ.

> જેમના ધાર્મિક વિકાસનો ક્રમ: અજ્ઞેયવાદ (Agnostic)ની સમીપ, પછી સહજ Theistic (એકેશ્વરવાદ), પછી સ્પીકનઝોર્ઝના સિદ્ધાન્તો દ્વારા ક્રિશ્ચન ધર્મ, પછી વધુ આર્યસમાજ.
>
> નરસિંહરાવ

એકેશ્વરવાદી ૧. પું. એકેશ્વરવાદમાં માનનાર માણસ; અદ્વૈતવાદી.

૨. વિ. એકેશ્વરવાદને લગતું.

૩. વિ. કેવળ ઈશ્વરવાદી.

એકેશ્વરી વિ. ઈશ્વર એક જ છે એમ માનનાર.

એકેંદ્રિય ૧. પું. (વેદાંત) અપરવૈરાગ્યના ત્રણ ભાંહેનો એક ભેદ; સાંખ્ય પ્રમાણે ઉચિત અને અનુચિત એ બે પ્રકારના વિષયોથી ઇંદ્રિયોને દૂર રાખી પોતાના મનમાં લીન કરવી તે. જુઓ એકેંદ્રિયવૈરાગ્ય.

૨. પું. એક જ ઇંદ્રિય એટલે માત્ર સ્પર્શ હોય એવો જીવ.

૩. વિ. એક ઇંદ્રિયવાળું; સ્પર્શની એક જ ઇંદ્રિયવાળું; સ્પર્શવાળું.

એકેંદ્રિયવૈરાગ્ય ૧. પું. (વેદાંત) આ લોક તથા પરલોકના વિષય માટેની પ્રવૃત્તિને દુઃખરૂપ જાણીને તેનો આદરથી પરિત્યાગ કર્યા પછી હૃદયમાં રહેલ વિષયોની સૂક્ષ્મ અભિલાષાનો ઉદ્ભવ. આ વૈરાગ્યમાં મનની તૃષ્ણા પણ અંકુરરૂપે રહે છે.

૨. પું. બધી ઇંદ્રિયોનો ઉપસંહાર કર્યા છતાં પણ મનનો ઉપસંહાર ન થવાથી તેની વૃત્તિઓનો ત્યાગ કરવાની ઇચ્છા.

૩. પું. મનમાં વિષયોની ઇચ્છા હોવા છતાં ઇંદ્રિયોને વિષયથી રોકવાનો પ્રયત્ન.

એકેંદ્રી [સં. એક + ઇંદ્રિય (સ્પર્શનું સાધન)] પું. એક ઇંદ્રિયવાળો જીવ. જુઓ એકેંદ્રિય.

એકૈક ૧. વિ. એક એક; પ્રત્યેક.

૨. સ. એક પછી એક; વારાફરતી.

એકૈકશઃ [સં. એક + એક + શઃ (ક્રમ બતાવનાર પ્રત્યય)] સ. એક પછી એક; વારાફરતી.

એકૈવિકા [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; સાતવરી; પાઢા.

એકો ૧. પું. એ નામના અંકના પ્રથમ; એકને બોલ, એને બોલે ને બધાને બધે એમ ગુણવાથી બદલતા ગુણાકારના પહેલા; એકડો અને વડો એકો. જુઓ એકડો.

૨. [સં. એક] વિ. એકલવ્યું; એક એક.

> એ વીત એકો અભાવ જ, અથવા એકો શ્લોક; અથવા એકો અક્ષર આખે, અથવા કરે કે લોક.
>
> પ્રેમાનંદ

૩. વિ. એક નહિ; કોઈ નહિ.

એકોએક વિ. કોક; બધાં; સઘળા.

એકોક્તિ ૧. [સં. એક + ઉક્તિ (બોલ)] સ્ત્રી. એક જ માણસને ઉદ્દેશીને કરાયેલી વાત.

૨. સ્ત્રી. એક શબ્દ; એક બોલી.

૩. સ્ત્રી. બને પદાર્થના વિષયની એક શક્તિ.

એકોતર [સં. એકસપ્તતિ; અપ. એકસત્તરિ] વિ. એકોતેર; ૭૧.

એકોતરર્શ [સં. એકસપ્તતિ; પ્રા. એક્કસત્તરી–એક્કહત્તરી] વિ. (જૂ. ગુ.) એકોતેર; ૭૧.

એકોતરી [સં. એક + ઉત્તર (વધારે)] સ્ત્રી. એકડી સો સુધીની સંખ્યાના વર્ગ બતાવનારા આંક; વડો એકો.

એકોતેર [સં. એકસપ્તતિ; પ્રા. એક્કસત્તરી–એક્કહત્તરી–એકોતરર્શ] વિ. એકોતેર; ૭૧.

> એકોતેર કુળ ઉદ્ધારવાં = પૂર્વજોને સૌને મોક્ષ મળી જાય એવું વ્રત કે કલ્યાણનું કામ કરવું
>
> દેવ મહાપાત્ર દેવસો સંપજે
> એકોતરે કુળ ઉધરજે. સમરારાસુ

એકોત્તર [સં. એક + ઉત્તર (વધારે)] વિ. એક એક અધિક.

એકોત્તર સવૈરાશ પું. (જ્યોતિષશાસ્ત્ર) અમુક વર્ષનો જ અથવા અમુક સમયનો જ સવૈરાશ.

એકોદ્યપત્તિ સ્ત્રી. એક જ પત્ની હોવાપણું; 'મોનોગમિ'.

એકોદ્યા ૧. [સં.] પું. કુળ સરવાળો.

૨. પું. સેકડે એક ટકો.

૩. વિ. એકસો એક; ૧૦૧.

એકોત્રી સ્ત્રી. (જ્યોતિષ) ધ્રુવતારી; સોળ માંહેનો એક આંક.

એકોદ્દક [સં. એક + ઉદક (પાણી)] પું. સાતમી પેઢીથી આરંભી ચૌદમી પેઢી સુધીનો ગોત્રજ; સમાનોદક.

એકોદ્દકા [સં. એક + ઉદક (પાણી) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. સાતમી પેઢીથી આરંભી ચૌદમી પેઢી સુધીની ગોત્રજ સ્ત્રી.

એકોદર ૧. [સં. એક + ઉદર (જઠરાગ્નિ)] પું. ભાઈબિરાદર; સગો ભાઈ.

૨. સ. એક પેટ.

૩. વિ. એક પેટનું; માનું જણ્યું; સહોદર.

એકોદર્યા [સં. એક + ઉદર (જઠરાગ્નિ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બહેન; માજણી બહેન.

એકોદાત્ત [સં. એક + ઉદાત્ત (એક જાતનો સ્વર)] વિ. જેમાં એક ઉદાત્ત સ્વર આવતો હોય એવું.

એકોદ્દિષ્ટ ૧. [સં. એક + ઉદ્દિષ્ટ (સંબોધાયેલું)] સ. એકને માટે કરાતું શ્રાદ્ધ; પ્રેતશ્રાદ્ધ જેવું વિધિવાળું વાર્ષિક શ્રાદ્ધ.

૨. વિ. એક શ્રદ્ધ ને એક પિંડવાળું; એકના પ્રેતને ઉદ્દેશીને કરવામાં આવતું.

૩. વિ. એકના ઉદ્દેશનું; એકને ઉદ્દેશીને કરેલું.

એકોન [સ. એક + ઊન (ઓછું)] વિ. એક ઓછું. એકોન પછી જે સંખ્યા કહી હોય તેનાથી એક ઓછું એવો તેનો અર્થ થાય છે. જેમકે, એકોનવીશ = ઓગણીસ એક ઓછું; ૧૯.

ઓકોનપદ = પદની જેટલી સંખ્યા હોય તેનાથી એક ઓછું.

ઓકોનમચ્છ [સં. એક + ઊન (ઓછું) + મચ્છ (મેટીમાં આપેલ પદોને અનુલક્ષ)] વિ. કોઈ પણ મેટીના મચ્છ એટલે પદની સંખ્યા કરતાં એક ઓછું. જેમકે, ૫, ૮, ૧૧, ૧૪, ૧૭, ૨૦, ૨૩, ૨૬, ૨૯, ૩૨ આ મેટીમાં પદ ૧૦ છે તેથી ઓકોનમચ્છ ૯.

ઓકોનગુણોત્તર જ. (ગણિત) પ્રથમ પદ ઉત્તર પદથી નાનું હોય તેવું ગુણોત્તર; 'રેશિયો ઑવ લેસ ધેન યુનિફર્મોલિટિ'. આ ગુણોત્તરની કીમત એકથી ઓછી હોવાથી ઓકોનગુણોત્તર કહેવાય છે. જેમકે, ૨:૩.

ઓકોનચત્વારિંશત્ [સં. એક + ઊન (ઓછું) + ચત્વારિંશત્ (ચાલીસ)] વિ. ઓગણચાળીસ; ૩૯.

ઓકોનત્રિંશત્ [સં. એક + ઊન (ઓછું) + ત્રિંશત્ (ત્રીસ)] વિ. ઓગણત્રીસ; ૨૯.

ઓકોનનવતિ [સં. એક + ઊન (ઓછું) + નવતિ (નેવું)] વિ. નેવ્યાસી; ૮૯.

ઓકોનપંચાશ [સં. એક + ઊન (ઓછું) + પંચાશત્ (પચાસ)] વિ. ઓગણપચાસ; ૪૯.

ઓકોનવિંશતિ [સં. એક + ઊન (ઓછું) + વિંશતિ (વીસ)] વિ. ઓગણીસ; ૧૯.

ઓકોનષષ્ટિ [સં. એક + ઊન (ઓછું) + ષષ્ટિ (સાઠ)] વિ. ઓગણસાઠ; ૫૯.

ઓકોનસપ્તતિ [સં. એક + ઊન (ઓછું) + સપ્તતિ (સિત્તેર)] વિ. ઓગણોતેર; ૬૯.

ઓકોનાશીતિ [સં. એક + ઊન + અશીતિ (એંસી)] વિ. ઓગણ્યાએંસી; ૭૯.

ઓકોપસ્થિ જ. લાંબા જડબાંવાળું ને મોટી ઉમરે પણ સાચા દાંત ન આવ્યા હોય તેવું એક પ્રાણી.

ઓકોપાસના [સં. એક + ઉપાસના (ભક્તિ)] સ્ત્રી. એકની જ ભક્તિ કરવાપણું.

ઓકોષ [સં. એક] વિ. એક પણ; કોઈ.

ખીમસ ! મોટી ખોટ, માણસને માના તણી,
બીજા લાખ કરોડ, (પણ) ઈ જેની એકોષ રે.
લોકગીત-ખીમસની દુહો

ઓકોસ્ટિકા [સં.] સ્ત્રી. એ નામનું એક ગાન.

ઓકોડર્મ બહુસ્થાયી [સં. એક + અક્ષ (ઇ) + ઋ + સ્થાયિ (સ્થી)] જી. શા. 'હું એક છું ને બહુ થાઉં' એવું રાજસ્થાન. દાખલા આ વિશ્વ પ્રકૃતિમાં વાસના પ્રમાણે સ્થાવર જંગમ આદિ સુક્ષ્મ સ્થૂલ પ્રકારના પરિવર્તનને પામતો રહી તેમાં ક્ષણ, યુગ, કલ્પ, વર્ષ, મહર્ષિ, મનુ વગેરે કેટ, નક્ષત્ર, ગ્રહ, દિગ્પાલ, અસુર, મહાસાગર, નાગ તથા પૃથ્વી અને તેમાં પણ પહાડ, લતા, પત્ર, વૃક્ષ વગેરે સ્થાવર જંગમ અને પશુ, પક્ષી, કૃમિ, કીટ, પતંગ, મનુષ્ય વગેરે જંગમ, બ્રહ્મપુત્ર, સ્વેદજ, ઉદ્ભિજ્જ એમ અનંત આકાર અનંત રૂપરંગે દેખાય છે. આ ભિન્ન ભિન્ન રૂપ દેખાતા. વિવિધતા પદને મનુ વાસ્તવના પ્રથમ અપરાર્ધથી તાત્ત્વિકતા સાથે ૧૮૬૨ના આરંભાળ સુધી સૌર એટલે ઓક માન પ્રમાણે આકરે કૃષ્ણાત્મજ બ્રહ્મતરીએ ૧૫૫૫૧૯૭૨૯૪૬૰૪૰ વર્ષ વીતેલ મનાય છે. તે પહેલાં અસભ્ય વાસ, વિશ્વ ને એકેય થઈ ગયા, તેની બ્રહ્મતરી અજાણ છે.

ઓકોષ [સં. એક + ઓષ (બાળક)] વિ. બાળ પ્રત્યે; એક સમુદાય.

ઓકોહી [સં. એક + ઓક (ઘર) + ઈન્ (વાળું)] વિ. એક ઘરનાપણું.

ઓક્ષ [સં. એક] વિ. (ક્રિયા) એકલું.

ઓક્ષગાડી સ્ત્રી. હાલ્લર તરફ રમાતી એ નામની એક રમત; ખોડીપમની.

ઓક્ષાધાન [હિં.] જી. એકો હાંકવાળો માણસ.

ઓક્ષાધાની ૧. સ્ત્રી. એકો હાંકવાનું કામ.
૨. સ્ત્રી. એકો હાંકવાનું મહેનતાણું.

ઓક્કું વિ. એકલું; કોઈ સાથે હોય નહિ એવું.

ઓક્કે [સં. એક] વિ. એક પણ. ખુલ્લો એકે.

ઓક્કો ૧. [સં. એક] જુ. એક પોડો કે બળદ જોડાતો હોય એની બે પૈકીથી બાજુની ગાડી; ઠમણી; ઠમણિયું.
૨. જુ. (સંગીત) એક બાજુનો ચોતાલ જેવો તાલ. તે ત્રણ૨સન્નતિ બાર માત્રાનો છે. તેમાં બીજી, પાંચમી અને નવમી માત્રા ઉપર ત્રણ તાળીઓ પડે છે, તેથી એકનું સ્વરૂપ ત્રણ અંગવાળું થાય. ત્રીજા, સાતમી અને અગિયારમી માત્રા ઉપર ખાલી જાય છે. આ તાલમાં સરખે અંતરે ત્રણ તાળીઓ આવવાથી સમવાળી તાળી કહી તેની બદલ પહતી નથી; માટે મરૈયાઓ એકની ત્રણ તાળીને બદલે પુરુષ કે ચોતાલનો તાલ હાથથી આપે છે ને ગાય છે. એક તાલમાં જે ગાયન રચાય છે તે બાજાની ઢંગનાં હોય છે.
૩. જુ. એકલે હાથે ચલાવાય એવો.
૪. જુ. એકનું એકસંપી.
૫. જુ. બંજારાનું એકની સંભાળવું પડતું; બંજારાનું એક ઘણવાળું પડતું. તેર પ્રકારમાં તે સૌથી ચડિયાતું ગણાય છે.
૬. જુ. ચામડાનો પટ્ટો. તેમાં તરવાર લટકાવાય છે.
૭. જુ. (લશ્કરિયું) બાહોશ આદમી; શેર પુરુષ.
૮. જુ. રમવાના પાસાની એક ઢબ્બાવાળી બાજુ.
૯. જુ. રૂપક તાલનો એક પ્રકાર. તેની ગત નીચે પ્રમાણે છે:

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
ધી ધી ધા તૂ ક તૂ ના ક ત્તા ધી તૂ ક ધી ના
૧ ૧ ૧ ॥ ॥ ૧ ૧ ૧ ૧ ૧ ॥ ॥ ૧ ૧
– – ૦ – – ૪

આ ગતની સમ પહેલા ધી ઉપર છે અને ૪, ૫, ૧૧, ૧૨ આ અક્ષરો અર્ધ માત્રાના છે, તથા બાકીના અક્ષરો એક માત્રાના છે. આ ગત બ્યાસ બજવા પદ બોલતી વખતે બજાવવામાં વિશેષ ઉપયોગમાં આવે છે.
૧૦. જુ. રેકડો.
૧૧. વિ. અજોડ; અદ્વિતીય.
૧૨. વિ. એક પણ; એક જ.
૧૩. વિ. કોઈ નહિ; કોઈ નહિ.
૧૪. વિ. બધામાં એક જ હોય એવું; સર્વોપરી.
૧૫. વિ. બહુ જ મુશ્કેલ; બાહોશ.
૧૬. વિ. જુ. એકલો.

ઓક્ઝામિનેશન [અં.] જુ. પરીક્ષા.

ઓક્ઝિલિયરિ ૧. [અં.] જુ. બાજની કંપનીમાં કોઈ કામમાં પ્રમાણ તરીકે બતાવવાની કોઈ વસ્તુ.
૨. જુ. પ્રદર્શનમાં બતાવવાની વસ્તુ.

ઓક્ઝિબિશન [અં.] ન. પ્રદર્શન.

ઓક્ઝીક્યુટર ૧. જુ. મરનારાએ મૃત્યુ પત્રમાં નીમેલ વસ્તાવેજ, જેમાં કોઈ માણસને વેપાર બાબતમાં કેટલોક અખત્યાર આપી પોતાની તરફનો વકીલ કરાવ્યો હોય.
૨. જુ. વસિયતનામાની બજવણી માટે મીલ્કતની મરણથી છૂટાયેલો અને નિમાયેલો પુરુષ.

ઓક્ટ ૧. [અં. એક્ટ] જુ. કાયદો; નિયમ; ધારણ.
૨. જુ. કર્મ; કામ.
૩. જુ. બદ્ધતા; બનાવ.
૪. જુ. નાટકનો ભાગ.

ઓક્ટર ૧. [અં. એક્ટર] જુ. કર્મ કરનાર માણસ.
૨. જુ. પાઠ બજવનાર માણસ; નાટકનું પાત્ર; વેશધારી નર; મરદ પાત્ર.

ઓક્ટ-હુકસૂલ-ઓ-અરાલ્ટી જુ. જમીન મેળવવા સંબંધી કાયદો.

ઓર્ડિઝ ૧. [અં. ઓર્ડિસ] જ. હાવભાવ; અભિનય.

૨. વિ. કામચલાઉ; થોડા વખત માટે શ્રમ કરતું.

એક્ટ્રેસ [અં. એક્ટ્રેસ] સ્ત્રી. નટી; નારી-સ્ત્રીપાત્ર

એક્ત [સં.] પું. એ નામના એક ઋષિ.

એક્ની [અં. એક્નિ] ન. મોં ઉપરના ખીલ; યૌવનકેટક.

એક્યાશી ૧. [સં. એક + અશીતિ (એંસી); પ્રા. એક્કાસીઇ] વિ. એંસી ને એક: ૮૧.

૨. વિ. ઘણું; અનેક. આશીર્વાદમાં તે આ અર્થમાં વપરાય છે. જેમકે, એક તો શું પણ એક્યાશી તૈયાર છે. તારા એકના એક્યાશી થજો.

એક્યાસી જુઓ એક્યાશી.

એક્વા [લૅ. એક્વ] ન. જળ; પાણી; અમુક તબીબો જે પાણી સ્વચ્છ બનાવી ઉપયોગમાં લે છે તેને એક્વા પ્રિસ્ટેરા કહે છે.

એક્સ કિરણ જુઓ એક્સ રે.

એક્સહૌરાન [અં.] ન. (શરીર) મૂત્ર, પરસેવો, વરાળ, પ્રાણવાતક વાયુ અને આંતરક્રિયા ઉત્પન્ન થતા રસ, જે શરીરના મેલ રૂપે અને નિરુપયોગી હોઈ બહાર નીકળી જાય છે.

એક્સચેંજ ૧. [અં.] પું. અદલોબદલો. વિનિમય; પ્રતિદાન.

૨. પું. પરસ્પર લેવડદેવડ અથવા વેચાણ ખરીદ માટે એકઠા થવાનું સ્થળ.

૩. પું. દુકાનો બાજોઠ.

એક્સટેન્શન ૧. [અં.] ન. ફેલાવો; વિસ્તાર; વ્યાપ્તિ.

૨. ન. વધારો.

એક્સટ્રેડિશન [અં.] ન. એક રાજ્યના તાબામાંથી તહોમતદારને બીજા રાજ્યને હવાલે કરવાપણું.

એક્સપર્ટ [અં.] વિ. નિષ્ણાત; પ્રવીણ; વિચારદ; હોશિયાર; બાહોશ; નિપુણ.

એક્સપેલર [અં.] ન. ઘાણો; તેલી બી પીલવાનું યંત્ર.

એક્સપોર્ટ [અં. એક્સપોર્ટ] પું. બહાર દેશાવર મોકલેલી વસ્તુ; નિકાસ.

એક્સપ્રેસ ૧. [અં.] પું. ઝડપથી મોકલેલો ખાસ સંદેશો કે પત્તર.

૨. પું. ઝડપી વાહન.

૩. પું. પ્રતિમૂર્તિ; મૂર્તિ.

૪. વિ. ઝડપી અથવા ખાસ વાહન સંબંધી.

૫. વિ. મુદ્દામ; ખાસ.

૬. વિ. મૂળને બરાબર મળતું; ના જેવું જ.

એક્સપ્લોઝિવ ૧. [અં.] પું. અવાજ કરી તૂટે એવો ખાસ વિસ્ફોટક પદાર્થ, બૉંબ, દારૂ વગેરે.

૨. વિ. ધડાકો થાય એવું.

એક્સ રે [અં.] ન. શ્વ કિરણ. તે બહારનું પડ પારદર્શક બનાવી પ્રતિબિંબ લઈ શકવામાં મદદ કરતું હોવાથી પેટની અંદરના તેમજ શરીરમાંના બધા ભાગના ફોટા તેથી લઈ શકાય છે. તેથી ડૉક્ટરોને શરીરના અંદરના ભાગમાં કઈ જાતનો રોગ છે તેનું નિદાન કરવાનું કાર્ય સહેલું થઈ પડ્યું છે. ઈ.સ. ૧૮૯૫માં રૉન્ટજને આ કિરણની શોધ કરી છે.

એક્સ રે ચિત્રણ [એક્સ રે (શ્વ કિરણ) + ચિત્રણ (ચીતરવું તે)] ન. શ્વ કિરણની મદદથી ચિત્ર દોરવાની કળા.

એક્સલ [અં. એક્સલ] પું. ધરીઆ; ધરી.

એક્સસાઈઝ [અં.] સ્ત્રી. દેશમાં ઊપજતા માલ ઉપરનો કર; દાણ; ચુંગી. તેની શરૂઆત ૧૭૫૩ સૈકામાં થઈ. પહેલાં દારૂ અને તેવાં બીજાં પીણાં ઉપર જ તે લેવાતી. ૧૮૫૩ સૈકામાં પચ્ચોખરો રાબવેરો નીકળી જતાં આજે દારૂ, રિપરિદ, પેટન્ટ દવા અને દીવાસળી ઉપર તે લેવાય છે.

એક્સાન વિ. બરાબર; સમાન; જેવું; સરખું.

એક્સિડંટ [અં. એક્સિડેન્ટ] પું. આકસ્મિક અણધારી આફત.

એક્સેન્ટ્રિક ૧. [અં.] વિ. ઊંધેકાંધો; અવળચંડો; ઢંગ બહારનું.

> મોર ચકરે તેના કરતાંયે ઉપર નહિ, પરંતુ બીજા કોઈ પિંડ ઉપર કૂદવું રાખેલું હોય તો એને એક્સેન્ટ્રિક કહે છે.
>
> પદાર્થવિજ્ઞાન

૨. વિ. અસ્વાભાવિક બનાવટનું; તોરી.

એક્સેલસીઅર [અં. એક્સેલસિઅર] પું. સને ૧૮૯૩માં બનેલ આવેલ એ નામનો એક ઘોડો. તે વખતે તેનું વજન લગભગ કેરેટ હતું, પણ પછીથી વધીને ૨૩૯ રહ્યું છે. ૧૬½ ઉંચ લાંબો અને ૧ ઉંચ ઊંચો આ ઘોડો સને ૧૯૦૦માં પેરીસના પ્રદર્શનમાં મૂકવામાં આવેલ. પછી તે સર લેરાબ તાતાએ લગભગ ૫૨,૫૦,૦૦૦ રૂપિયામાં ખરીદી લીધો છે.

એક્સેલેરેટર ૧. [અં.] ન. ગતિ વધારનાર યંત્ર.

૨. વિ. વેગ વધારનાર; ગતિમાં વધારો કરનાર.

એક્સેસ ફેર [અં. એક્સેસ (વધારો) + ફેર (ભાડું)] ન. વધારાનું ભાડું; વધારે ભાડું લેવાની રકમ.

એક્સ્ટ્રા [અં.] વિ. વધારાનું; ફાલતુ.

એખડ ૧. [સં. એકરસ] વિ. (બા. પ્ર.) એકઠું; ભેગું કરેલું.

> અમવા અનેકિ કમળ કેરું એખડ ચીબડાર.
>
> ભાલણ

૨. વિ. એકલું; સાથ વિનાનું.

એખતર [પ્રા. એકોતરઈ] વિ. એકોતેર: ૭૧.

એખન ૧. (હિં.) ન. આ વખતે.

૨. ન. થોડા વખત પહેલાં.

એખની ૧. [ફા.] સ્ત્રી. માંસનો રસો.

૨. વિ. સ્ત્રી. (બીજી) એકલી; સંગાથ વિનાની.

એખરું [સં. એકરસ] વિ. એકલું; સાથ વિનાનું.

એખર પું. કચરો; પૂળો.

એખરાજ [અ.] પું. બહિષ્કાર; સમાજચ્યુતિ; નાત બહાર મૂકવાપણું.

એખરો ૧. [સં. ક્ષુર] પું. એ નામની વાસાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ: એક જાતનું વજ્રાળું; ક્ષુપગંધ; ક્ષુપર; ક્ષુપરક; ગોક્ષાક્ષ; ક્ષોક્ષુ; ક્ષુર; ક્ષુરક; ભિક્ષુ; ક્ષોક્ષુ; ક્ષુપગંધિકા. એથી ત્રણ હાથ ઊંચા વધતા, પાણીવાળી જગ્યામાં થતા, કાંટાવાળા આ છોડનાં પ્રાંતમાં રુંવાંટીવાળા આંઠો થાય. તેનાં બી તાલીમખાનું કહેવાય છે. બી, મૂળ, પાન તેમજ આખ ઔષધ તરીકે વપરાય. બીજ પૌષ્ટિક હોવાથી ધાતુક્ષય ઉપર સાકર સાથે કે પકવમાં નાખીને અપાય. બી સાકર સાથે અપરાહ્નવાથી ઓને અર્શ રહે. મૂળનો કાઢો પેશાબ સારો લાવે. એખરાની રાખ સાબુની ગરજ સારે. એખરો પૌષ્ટિક, મૂત્રલ, શીતળ, ગુરુ, પિત્તહર, રક્તદોષ મીઠો ને ચીકણો હોવાથી હાડ મજબૂત કરે તથા ખસરી, સોજો, વાતરોગ, સંધિવા, જળંદર, અતિસાર, રક્તપ્રદર, ધાતુપુષ્ટતા, મૂત્રરોગ, પ્રમેહ અને યોનિસ્રાવમાં ઉપર ફાયદો કરતો મનાય છે.

૨. પું. (લાક્ષણિક) કચરાપૂજા જેવો બરાબર માલ; નકામો માલ.

૩. પું. કચરો; મેલ; કસ્તર.

૪. વિ. કાઢી નાખેલ; બાતલ કરેલ.

એખલાસ ૧. [અ. ઇખ્લાસ] પું. નિખાલસપણું; સહૃદયતા.

૨. પું. નિર્મળ પ્રેમ; સહોજન; પ્યાર. જુઓ ઇખ્લાસ.

૩. પું. સંબંધ; મિત્રાચારી; ઘરોબો; ઘરવટ.

ઓખલું [સં. ઓકસ્થ] વિ. ઓકવું; સાથ વિનાનું.
મુને ઓખલાં ઘેર બહું ન ગમે પ્રેમાનંદ

ઓખોટે ૧. જી. એ નામની એક મરાઠી અટક.
૨. જી. એક આંગળી.
૩. ન. એ નામની મરાઠી અટકનું માણસ.
૪. વિ. એ નામની મરાઠી અટકનું

ઓગાનગત જી. ઐક્ય; સ્નેહ; મેળ.

ઓગાનગી ૧ [ફા.] જી. મિત્રતા; દોસ્તી
૨. જી. મેલ

ઓગારહ [સં. એકાદશ] વિ. અગિયાર; ૧૧.

ઓગ્યુમિક્ચ્યર [અં. ઓગ્યુ (ઢાઢિયો તાવ) + મિક્ચ્યર (મિશ્રણ)] ન. બધી જાતના તાવ અટકાવનારૂં તેમ જ ઉતારનારૂં એક પ્રવાહી
તાવના ચાલતા ઉપદ્રવમાંથી બચવા સારૂં માણસો પણ તેની ૧થી ૨ ચમચી લે. ઢાઢિયો ૩ ગિનિયો તાવ, તાવ સાથે ઊલટી, આંચરો અને હસ્ત સાફ લાવવામાં તે ફાયદાકારક મનાય છે.

ઓગ્રિકલ્ચર [અં.] ન. ખેતી; કૃષિ; ખેતીવાડી; જમીન ખેડવાનું શાસ્ત્ર, કળા, ક્રિયા વગેરે. બધી જાતના ખોરાકને ઉત્પન્ન કરવાનો તેમાં સમાવેશ થાય છે. ખેતી એ દુનિયામાં જૂનામાં જૂનો, મોટો અને સૌથી ઉપયોગી ઉદ્યોગ છે. તે આખી દુનિયામાં ફેલાયેલ હોવાથી જેના જેટલા સિદ્ધાંત બધી ખેતીને સામાન્ય રીતે લાગુ પડવા છતાં તે દેશકાલે ક્રિયા, આબોહવા, આર્થિક અને એવી બીજી બાબતોને લીધે જુદી પડે છે. ખેતીના મુખ્યત્વે ત્રણ વિભાગ પાડી શકાય: (૧) અનાજ, ચોખા, સાકર, ચા, કોફી અને એવા બીજા બાહ્ય પદાર્થો ઉત્પન્ન કરવા તે. (૨) દૂધ માટે ઢોરને ઉછેરવાં તે. (૩) ફળફૂલ અને શાકભાજી ઉત્પન્ન કરવાં તે. આ ઉપરાંત બીજા પેટાભાગ છે. જેવા કે, તમાકુનું વાવેતર, ઢોર માટે વાવેતર, બકરાં રાખવાં, મધમાખીનું ઉછેરકામ, રબ્બર માટે સસલાં અને લોંકડીનું ઉછેર વગેરેનો પણ અર્વાચીન ખેતીમાં સમાસ થાય છે. ઓગણીસમી સદીમાં ખેતીમાં મહાન ફેરફાર થયા. વરાળની મદદથી ઘણા મોટા પ્રમાણમાં વાવવાનું ને લણવાનું થવા માંડ્યું. ઉપરાંત વીજળી અને પેટ્રોલ પણ ખેતીમાં મદદ કરવા વપરાવાં માંડ્યાં.

ઓગ્રીમેંટ [અં.] ન. કરારનામું; બંધણી; કબૂલતનો દસ્તાવેજ. અંગ્રેજી કાયદા પ્રમાણે કબૂલત કરવામાં ઓછામાં ઓછાં બે માણસ હોવાં જોઈએ. કરારનામા ઉપર સ્ટેમ્પ ન હોય તો દલીલ તરીકે કોર્ટમાં ચાલે નહિ. કબૂલત ઘણી જાતની હોય: કોઈને નોકર વચ્ચે, પુસ્તક બનાવનાર ને જાહેર કરનાર વચ્ચે, જમીનના માલિક ને ભાડૂત વચ્ચે વગેરે.

ઓઘિયા ૧. જી. કબૂતરની એ નામની એક અટક.
૨. ન. કબૂતરની એક અટકનું માણસ.
૩. વિ. એ નામની કબૂતરની એક અટકનું.

ઓચ જી. ગોવર્ધ દેશમાં આવેલ એ નામની નદી. તેને કાંઠે તપ કરતા કોઈ ઋષિની અંજલિથી અંબરાના પુત્રનું પતન થયું હતું. તેથી તે પુત્રનું પતંજલિ એવું નામ પડ્યું

ઓચ. ઓચ. ૧. [અં.] પું. હિંદ ક્વાઇનેસનું ૬૬૬ રાજા, મહારાજાનો પૂર્વજ.
૨. જી. હર ક્વાઇનેસનું ૬૬૬ રાણી, મહારાણીનો પૂર્વજ.

ઓચ. ઓચ. ૧. [અં.] પું. હિંદ મેજેસ્ટિનું ૬૬૬ રાજા; સહેનશાહનો માનસૂચક પૂર્વજ.
૨. જી. હર મેજેસ્ટિનું ૬૬૬ રાણી; સહેનશાહ બાનુનો માનસૂચક પૂર્વજ.

ઓચંઓચા ૧. જી. ખેંચંખેંચા; ખેંચાખેંચી; તાણાતાણ.
૨. જી. ઠોલઠોલા; કુસ્તાકુસ્તી.
૩. જી. નાંખાનાંખા; ફેંકાફેંકી (સ્પર્ધાત્મક).

ઓચારી ૧. [સં. આચાર્ય] પું. ગોર.
૨. પું. ધર્મગુરુ.
૩. પું. મુખ્ય શિક્ષક.
૪. પું. વિદ્વાન. જુઓ આચાર્ય.

ઓચું વિ. ભાડું; વાજી નજરવાળું.

ઓજ ૧. [સં.] ન. કિ. (ધાતુ) ખાવું; જવું. તે ઉપરથી બનેલ શબ્દ: ઓજસ; ઓજન.
૨. ન. કિ. ધ્રૂજવું; કંપવું.
૩. ન. કિ. પ્રસરવું.

ઓજ ૧. [સં. ઓજ્ (જવું)] પું. ગતિ.
૨. પું. વાયુ; પવન.
૩. ન. પ્રાચીન રોમન રાજ્યના વખતમાં ચાલતું તાંબાનું એક પ્રકારનું નાણું. તેનું વજન બાર ઔંસનું હતું.
૪. [સં. એતરેય; અપ. એહુજિ] વિ. તે જ; ઉક્ત.
૧. એ જ પ્રમાણે = એ રીતે; એ પ્રકારે.
૨. એ જ રીતે = એ જ પ્રમાણે; એમ જ.
૫. ન. એ જ રીતે; એ જ પ્રમાણે; એમ જ; એ પ્રકારે.
૬. ન. એવું; નક્કી એ.

ઓજન ૧. [સં. ઓજ્ (પ્રજવું)] ન. ધ્રૂજ; કંપ; કંપારી.
૨. ન. નોતરું; કજિયા આમંત્રણ.
૩. [અ. ઔજના; અપૂજન (ઉપર પ્રમાણે)] વિ. સદરહુ; ઉપર્યુક્ત; પૂર્વોક્ત.

ઓજન્ટ ૧. [અં.] પું. આડતિયો; દલાલ.
૨. પું. પ્રતિનિધિ; મુખત્યાર; કાયદા પ્રમાણે કોઈ માણસને બદલે કામ કરનાર માણસ. કાયદામાં આ બંનેના સંબંધ વર્ણવ્યા છે. નોકરની માફક એજન્ટ હુકમ પાળે છે, તોપણ આ શબ્દ નોકરથી તદ્દન જુદો છે, કારણ કે તે સીધી દેખરેખ નીચે કામ કરતો નથી.
૩. પું. બાદ સાહેબના પ્રતિનિધિ તરીકે દેશી રાજ્યોની રાજનીતિ ઉપર દેખરેખ રાખનાર અમલદાર.
૪. પું. સરકારના પ્રતિનિધિ તરીકે કોઈ દેશી રાજ્યમાં રહેતો અમલદાર.

ઓજન્ટ ટુ ધ ગવર્નર-જનરલ [અં] પું. બાદ સાહેબના પ્રતિનિધિ તરીકે દેશી રાજ્યોની રાજનીતિ ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

ઓજન્ટિસ ૧. [અં.] જી. આડત; માલિકના વતી કામ કરવું તે.
૨. જી. આડતની દુકાન.
૩. જી. આડતની દુકાનમાં બીજા સોદાગર કે કારખાનાની વેચવા માટે રાખેલ ચીજ.
૪. જી. એજન્ટ કંપનિ કે કારખાના માટે માલ ખરીદ કરતો હોય તે ખાતું.
૫. જી. એજન્ટને રહેવાનું સ્થાન; એજન્ટનું દફતરખાનું કે કચેરી.
૬. જી. શાખા.
૭. જી. સરકારી એજન્ટની હકૂમત નીચેનો દેશી રાજ્યમાંનો પ્રદેશ.

ઓજમાન [તેલુગુ] પું. યજમાન.

ઓજવું ૧. [સં. ઓજ્] ન. કિ. જવાનું; ફેલાવું.
૨. ન. કિ. ઝરોસો કરવો.
૩. ન. કિ. સહવાસમાં આવવું.
૪. ન. કિ. પાસે જવું.
૫. ન. કિ. રજૂઆત કરવી; અરજ કરવી.

ઓજિટેશન ૧. [અં.] ન. ધ્રુસકો; ઉશ્કેરણી.
૨. ન. ઝાવલ.

ઓજી ૧. [હિં.] ન. એક પ્રકારનું સંબોધન; સાહેબ!
૨. ન. પતિ અને પત્ની એકબીજાને માટે વાપરે તે સંબોધન.
કડજ (કડ્જ) [સં.] પું. એક જાતનો ઘાસ.

કડજાઈ (કડ્જાઈ) પું. કૂતરો ઘાસચારો કરડતી વખતે થતો અવાજ.

કડજીવ (કડ્જીવ) પું. સતાર, વીણ જેવાં વાદ્યોમાં ઘડેજનો તાર.

કડજુગ (કડ્જુગ) [સં. કૃતયુગ] પું. સત્યયુગ; ૧૭,૨૮,૦૦૦ વર્ષનો આદિ યુગ.

કડજોગિ (કડ્જોગિ) [સં. કૃતયોગિન્] વિ. ગીતાર્થ; જ્ઞાની.

કડડ (કડ્ડ) અ. એવો અવાજ કરીને. જુઓ કડડ.

કડડકેટ (કડ્ડકેટ) પું. એક પ્રકારનો અવાજ.

કડડડ (કડ્ડડ) ૧. [સં. કટકટાપયતિ (કડકડ અવાજ કરવો)] અ. આકાશમાં ઉપરાઉપરી થતી ગર્જના.
૨. અ. ઝાડ, ઘર વગેરેના પડવાથી થતો કડડડ જેવો અવાજ.
૩. અ. કડડડ અવાજ કરીને.

કડડડભૂસ (કડ્ડડભૂસ) ૧. અ. એકાએક ઓચિંતું તૂટી પડતાં થતો અવાજ; ધડાકો; પાટડો, પાટડી, ભીંત કે મકાન વગેરેના પડવાથી થતો અવાજ.
૨. અ. કડડ જેવા અવાજ સાથે; એકદમ.

કડડડાટ (કડ્ડડાટ) અ. કડડ જેવા અવાજ સાથે.

કડડધૂળ (કડ્ડધૂળ) અ. આંધળિયાં કરી પડવું તે.

કડડભૂસ (કડ્ડભૂસ) જુઓ કડડભૂસ.

કડડા (કડ્ડા) સ્ત્રી. એક જાતની છીપ.

કડડુ (કડ્ડુ) સ્ત્રી. એક જાતની વનૌષધિ; કાલીકૂલી. તે બે પ્રકારની થાય છે. એક જાત નેપાળમાં અને બીજી રાતા સમુદ્રમાં મળે છે. એક જાતનાં મૂળિયાં ૪ થી ૬ ઇંચ લાંબાં અને માંહેથી કાણાં હોય અને બીજી જાતનાં મૂળિયાં માંહેથી સફેદ હોય.

કડવ ૧. [સં. કટ (ગાલ); પ્રા. કડવ] સ્ત્રી. કડવું; ખડકની કોર; કરાડ.
૨. સ્ત્રી. કિનારી; કનેરી.
૩. સ્ત્રી. છેડે કાંબીવાળી વાંસની લાકડી.
૪. સ્ત્રી. ટેવ; આદત; લક્ષણ; હેવા.
૫. સ્ત્રી. પાણીના પ્રોસની લાકડા કે લોઢાની એક કાંબી; પ્રોસના ચમચાના ઉપાડે વજનદાર કામમાં આવતું ગોળ લાકડાનું ગજ.
૬. વિ. ગોળિયું; મિજાજી.

કડવિ [સં. કઠિન; કઠિને; કઠિવે; કડિવે; કડવે; કડવિ] સ્ત્રી. ગરાસ. આ શબ્દ કેમ જોવો છે, પણ કદાચ સંસ્કૃત કઠિન શબ્દ સાથે તેનો મૂળ સંબંધ હોય.

કડવે [પ્રા.] અ. કને; નજીક; પાસે.
વાવણ બળદમેં પડી કુંજર કડવે આઇ રે.
આનંદઘનબહોતરી

કડતલ (કડ઼્તલ) ૧. [સં. કટ (બાહુ) + તલ (તળિયું)] સ્ત્રી. કરતાલ; કડતાલ.
૨. સ્ત્રી. ગપ; ખોટી વાત.
૩. સ્ત્રી. નકામી કુથલી.
૪. સ્ત્રી. લબાણ; ઉદ્યા કે અંત વગરની વાત; વાતનું લંબાણ.
૫. [સ. કૃતલ] વિ. ખડતલ, ઘડાયેલું; માર ખમી શકે એવું.
૬. વિ. જબરું; જોરાવર; મજબૂત.
૭. વિ. તરણાંને તોલે હોય એવું; તુચ્છ.
૮. વિ. સહનશીલ; ખમી શકે એવું.
૯. વિ. હલકું; પાજી.

કડતલું (કડ઼્તલું) ન. કપાસની સાઠીનો ચૂંથેલો પડદો; કટલું; કડો.

કડતાલ (કડ઼્તાલ) ૧. સ્ત્રી. મોટી ખોજરી; નાના હાથાવાળી લાકડાને હથોડો.
૨. ન. નારા.
૩. [સં. કર (હાથ) + તાલ] ન. હાથ વડે વગાડાતું વાદ્ય; લાકડાની બે ચીપ વચ્ચે નાનાં ઝાંઝર જોડેલાં હોય અને વાત્રે એવું એક વાદ્ય.

કડતીનાં પાટિયાં (કડ઼્તીનાં પાટિયાં) ન. બ. વ. વહાણના બહારના ભાગમાં બે નામનો લાકડાનો એક ભાગ.

કડત્ર (કડ઼્ત્ર) ૧. [સં.] ન. એક જાતનું ઘરેણું.
૨. ન. કડું.
૩. ન. પત્ની.
૪. ન. ઢાલ.

કડકઢૂંઢું (કડ઼્કાઢૂંઢું) વિ. આઈને ખૂટે છતાં કામ ન કરે એવું.

કડકો (કડ઼્કો) ૧. [સં. કટ (બાહુ) + કાય (ભાગ)] પું. ઓછું આપવું તે; કટકસુ; ઘટ આપવી તે; ખુટામણ.
કડકો આપવો = ઘટાડો આપવો; ઓછું આપીને આપવું.
૨. પું. કપાત; છૂટ; કીમતમાં અપકૂંપ.
૩. પું. ખટપટ; ચૂંચવણ; અંટી.
૪. પું. અરાજ વસ્તુ
૫. પું. કુકસાની
૬. પું. સોદામાં તકરાર પડતાં તટસ્થ માણસથી કરાતી અપકૂંપ.
૭. પું. મિશ્રણ; ભેગ; ભેળ.
૧. કડકો કરવો = (૧) કટકું કાઢવું. (૨) છૂટ મારવી. (૩) ભેગવવું; મિશ્રણ કરવું.
૨. કડકો ભેગવવો = ભેગવવું.
૮. પું. મુશ્કેલ; ઘરઘાટ.
૯. પું. ભેગ; ક્યારો; શેઢું; બંધાણ.
કડકો ઉતારવો = ભેગ કાઢી નાખવો.
૧૦. પું. વાંધો.

કડપ (કડ઼્પ) ૧. પું. કડપણ.
૨. [સં. કલ્પ (લય)] પું. કરજ; વલ્લભ; ભાર; બોજ.
૩. પું. ત્રાસ; દમ; બીક.
૪. [સં. કર્ષ (શોક કરવો)] પું. દાબ; ધાક.
૫. પું. ધાતુની સાંકળનો એક જાતનો ઘાટ.
૬. પું. રોફ; રુઆબ; પ્રભાવ.
૭. પું. હુકમ.

કડપકડપ (કડ઼્પકડ઼્પ) ક્રિ. પગનાં તળિયાંથી કેડ સુધી પહોંચે તેટલું ઊંડું

કડપચેન (કડ઼્પચેન) ૧. પું. ડોકમાં પહેરવાનું એક ઘરેણું, એક જાતનો હાર.
૨. પું. સ્ત્રીઓને પગમાં પહેરવાનું રૂપાનું સાંકળું.

કડપતા (કડ઼્પતા) ૧. સ્ત્રી. ત્રાસ; બીક.
૨. સ્ત્રી. રોફ; રુઆબ.

કડપલી (કડ઼્પલી) સ્ત્રી. નાનું કડપલું.

કડપલું (કડ઼્પલું) ૧. ન. છોડને કાપી કાપીને ખેતરમાં ચોડે ચોડે ઉભેરે કરાતા ઢગલા.
૨. ન. ચોસલું.
૩. ન. પડ; અસ્તર.
૪. ન. મૂળ ઉપર આવેલું હોતરું
૫. ન. રાંધેલા અન્નનો વાસણમાં ચોટેલો પોપડો; કપોટી.

કડપલાંકળાં (કડ઼્પલાંકળાં) ન. રૂપાની સાંકળીનું બનાવેલ બેડીના પગમાં પહેરવાનું ઘરેણું.

કડપ્પ (કડ઼્પ્પ) પું. સમૂહ; જથ્થો.

કડપ્પા (કડ઼્પ્પા) ન. એક ગામનું નામ.

કડપ્રોજ (કડ઼્પ્રોજ) પું. (ડિંગળ) નિતંબ; કૂલો.

કડબ (કડ઼્બ) ૧. [દે. કડ્ઢપો (ઢગલો); પ્રા. કડ્ઢબ] ન. જવર બાજરીના સૂકા સાંઠા; સૂકું ઘાસ કે રાડાંનો પૂળો.
સૂકાં ખડ, ભલા નિ ભેરડી,
પૂલી કડબ અપાર. કાન્હડદેપ્રબંધ
૧. કડબનાં કોવરાં = મોટા ઢગલા.
૨. કડબની બાજત = એકઠું પાસેથી દર સાંતીએ અમુક પૂળા કડબના લેવાનો રિવાજ. કોઈ ઠેકાણે કડબ બદલ રોકડ રકમ પણ લેવાય છે
૨. ન. ખાક; કરપ.
૩. ન. સરોડાનો ભારો.

કડબકાલર (કડ઼્બકાલર) ન. કડબ અને કાલર; જવર બાજરાનાં રાડાં કે કડબ અને મગફળીના છોડ સહિતના મોટા ઢગલા ને કાલરાં.

કડબપટ્ટી (કડ઼્બપટ્ટી) સ્ત્રી. કડબ ઉપર લેવાતો કર.

કડબવેરો (કડ઼્બવેરો) પું. કડબ ઉપર લેવાતો કર; કડબપટ્ટી.

કડબિયો (કડ઼્બિયો) પું. કડબ વેચનારો માણસ.
કબાડી બહુ કડબિયા, ને ગળિયારા ગોવાળ.
કનકદાસ

કડબી (કડ઼્બી) ૧. સ્ત્રી. એક જાતનું બારુ જેવું ઘાસ. તેને ડોર બહુ આતાં નથી.
૨. સ્ત્રી. જવર બાજરાના સૂકા સાંઠા.

કડબીર (કડ઼્બીર) સ્ત્રી. સ્વીડન, સ્કોટલંડ અને ઉંગલંડમાં ઊગતા એક જાતના ઘાસનાં દીડવાંમાંથી બનાવાતી એક ભૂકો, તે પાક રંગના કામમાં બહુ ઉપયોગી છે.

કડબુ (કડ઼્બુ) ન. બાજરા જેવો દેખાતો એક છોડ. પાકે ત્યારે તે રાતું થાય અને સુકાય ત્યારે બહવાથી કાતળીએ કાતળાં ભાંગી જાય.

કડમ (કડ઼્મ) સ્ત્રી. એક જાતની ભાજી.

કડમડ (કડ઼્મડ઼) સ્ત્રી. સહેજ માંદગી.

કડમડવેલ (કડ઼્મડ઼વેલ) સ્ત્રી. ખાટખૂબો; આંબલીવેલ.

કડલિયાં ન. બ. વ. પુરુષને હાથમાં પહેરવાનાં રૂપાનાં ઘરેણાં.

કડલી ૧. સ્ત્રી. એક જાતની ભાજી.
૨. સ્ત્રી. નાનું કડું.
૩. સ્ત્રી. સાંકલી.
૪. [સં. કટક; દે. કડચ્છ] સ્ત્રી. સ્ત્રીઓનું પગમાં પહેરવાનું રૂપાનું ઘરેણું.
૫. સ્ત્રી. હાથનું એક ઘરેણું; નાના છોકરાના હાથનું પાતળું ને ગોળ ઘરેણું; કડલી.

કડલીખ્યાવી સ્ત્રી. ચણાની દાળ.

કડલું ન. સ્ત્રીઓને પગે પહેરવાનું ઘરેણું; કડલું.

કડલો પું. કોણી; અંગૂઠા અને આંગળી વચ્ચે સમાયેલ જથ્થો.

કડવ (કડ઼્વ) ન. એક જાતનું વાદ્ય.

કડવક (કડ઼્વક) [સં.] વિ. કડવું.

કડવપણો (કડ઼્વપણો) સ્ત્રી. કનડગત; હેરાનગતિ; પજવણી.

કડવસી (કડ઼્વસી) સ્ત્રી. કડવી.

કડવળિયું (કડ઼્વળિયું) ન. દોરડાને વળ દેવાનું લાકડાના બે કટકાનું સાધન.

કડવંચા (કડવંચા) જ. ઝ. જ. ક્રાસ્યુલેસીનાં કુળ. તે દ્રાક્ષ જેવાં થાય અને પિત્તકર તથા કફનિકર હોય છે.

કડવંચી (કડવંચી) [સં. કટુહંચી] સ્ત્રી. મહારાષ્ટ્ર, મૈસુર અને સીલોનમાં થતો એક જાતનો વેલો. જમીનમાં તેના મૂળમાં ગાંઠો થાય છે. આ વેલા સુકાઈ ગયા પછી પણ બીજે વર્ષે એના ગાંઠાને અંકુર ફૂટી તેનો વેલો થાય. એ વેલા ઉપર દ્રાક્ષ જેવાં ફળ થાય છે. તેમાં ભારીક બી હોય તે ઔષધોના રોગ ઉપર કામમાં આવે છે. તેનાં કંદ ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક, વૃષ્ય ને હારક છે. તે અર્શ, મળાવરોધ, મળમંથિ, મોનિતોષ સુધારે છે. મોટી માત્રામાં તે ગર્ભપાતક છે. અનાજનાં ખેતરમાં આ વેલા ઊગી નીકળે છે. તેની ભાજી સ્વાદકાર બને છે.

કડવા (કડવા) ૧. પું. કણબીની એક જાત. કણબી શબ્દ કૂર્મીનો અપભ્રંશ મનાય છે. કૂર્મ ઋષિના વંશજો કૂર્મી કહેવાયા. કૂર્મ એટલે કણબીમાં પાટીદારોનો સમાવેશ થાય છે. કણબીનો મુખ્ય ધંધો જમીન એટલે પાટી ધારણ કરવી અથવા ખેતી કરવી એ હોવાથી કણબી પાટીદાર પણ કહેવાયા. આ કૂર્મીઓ પંજાબના કરુ વિભાગમાં રહેતા હતા. તેઓના વંશજો આજ સુધી કરુ વિશેષણ ધારણ કરી રહ્યા છે. પંજાબ ઉપર વિદેશીઓનાં આક્રમણો થવાથી ત્યાંના કૂર્મીઓને પંજાબ છોડવું પડ્યું, પરંતુ પોતાની અસલ ભૂમિ અને જાત ભુલાઈ ન જાય તેટલા માટે કરુ વિભાગના અસલ વતનીઓ કરડવા કૂર્મી અને જેના વિભાગના કૂર્મીઓએ જૈનાકૂર્મી વિશેષણો ધારણ કર્યાં. ગુજરાતમાં હાલ સિદ્ધપુર તાલુકામાં જ્યાં ઉંઝા ગામ છે તે ગામમાં કૂર્મીઓની કટલીક ટોળીઓ આવીને વસવા લાગી. ત્યાં પણ પંજાબ અને ત્યારપછી ઉત્તર હિંદુસ્તાનના જે જે ગામોમાંથી તે આવેલા તે અસલ વતનના નામથી તેઓ સાખો હજુ જાળવી રહ્યા છે. કડવા પોતાની ઉત્પત્તિ વિશે કહે છે કે ઉમાજે માટીનાં પૂતળાં બનાવ્યાં, શિવે તેમને સજીવન કરી એક ગામમાં વાસ આપ્યો. એ લોકો તે ગામનું નામ ઉમિયા આપ્યું ને ત્યાં દહેરું બંધાવ્યું. બીજી જ્ઞાતિઓ આઠક એમનામાં દર વર્ષે લગ્ન થતાં નથી, પણ બાર બાર વર્ષને અંતરે થાય છે. કોઈ વખતે નવ કે પંદર વર્ષને અંતરે પણ થાય છે. એક વખત લગ્નગાળો જાય પછી નવ વર્ષ સુધી લગ્ન થતાં નથી. કડવા વર્ષની શરૂઆતમાં જ્ઞાતિનો મોટો ઉંઝામાં આવેલ કડવાની કુળદેવી ઉમિયાના મંદિરમાં જાય. ત્યાં જઈ ચાલુ સાલ તમા લગ્નગાળા પછી બારમી અને પંદરમી સાલના અંકિત જુદી જુદી ચિઠ્ઠીઓ ઉપર લખી તે ચિઠ્ઠીઓ બોળ કરી માતા આગળ મૂકે છે. માતાનો પૂજારી એમાંથી એક ચિઠ્ઠી ઉપાડે અને એમાં જે સાલ નીકળે તે વર્ષમાં લગ્નો કરવાની માતાની પરવાનગી છે અને કેવી જોઈએ એમ ગણાય છે. પછી જેવી એ વર્ષના વૈશાખ મહિનામાં એક મૂહૂર્ત જોઈ આપે, કારણ કે કણબીઓ ખેડૂત હોઈને એમને વૈશાખ મહિનામાં કુરસદ હોય છે. એ એક જ મૂહૂર્તે આખી જ્ઞાતિનાં સમસ્ત કુંવારાં છોકરા છોકરીઓનાં લગ્ન કરી દેવામાં આવે છે. જો કન્યાને માટે વર ન મળે તો કુલના દેવ સાથે પરણાવી એ દેવને લગ્નવિધિ પછી કૂવામાં નાખી દેવામાં આવે છે, અથવા તો કોઈ પરણેલા પુરુષ સાથે કન્યાનું લગ્ન કરવામાં આવે છે, અને વિધિ થઈ રહેતાં જ એ પુરુષ છેડો ઝાડી આપે છે. પછી એ કન્યા વિધવા જેવી ગણાય છે અને નાતરાના વિધિથી એને મોટી થતાં ગમે ત્યારે પરણાવી શકાય છે. નાતરા માટે કોઈની સંમતિની જરૂર રહેતી નથી. કોઈ બોલે તે પછી જો બાળક કુંવારું રહી જાય તો એના ઉપર માતાનો પ્રેમ ઊતરે એમ મનાય છે. કટલીક વાર વગર જન્મેલાં બાળકોનાં લગ્ન પણ કરવામાં આવે છે. એટલે જે ગર્ભવતી સ્ત્રીઓ લગ્નવિધિ કરે છે અને જો એકને છોકરો અને બીજીને છોકરી થાય તો એ સાચું જ લગ્ન ગણાય છે.

૨. [સં. કટુ] વિ. કડવું કટુ.

૧. કડવા-કસેલા-દિન = દુઃખના દિવસ.

૨. કડવા કસેલા = (૧) કડવું અને બેસ્વાદ. (૨) નિંદ્ય.

૩. કડવા બોલ = કઠોર શબ્દ.

૪. કડવી ખીચડી-રોટી = જેના ઘરમાં મરણ થયું હોય તેનાં સગાંઓએ ઓકલેલો ત્રણ દિવસનો ખોરાક.

૫. કડવું કરવું = નામરજીથી અર્પવું.

૬. કડવું તેલ = રાઈ અથવા સરસવનું તેલ.

૭. કડવું થવું = (૧) કડવું બનવું. (૨) ગુસ્સે થવું.

૮. કડવું દિલ કરવું = શાંતિથી સહન કરવું.

૯. કડવું લાગવું = (૧) માઠું લાગવું. (૨) સ્વાદમાં કડવું લાગવું

૧૦. કડવે કસેલે દિન = સખ્ત અને કૂર વખત.

૧૧. કડવે વેલે ફળ લાગ્યું = કડવા વેલામાં પણ ફળ આવે છે.

૩. વિ. આકરું.

૪. વિ. તેજ; આકરું.

૫. વિ. બહાદુર.

૬. વિ. બેસ્વાદ.

૭. વિ. મળમૂત.

૮. વિ. સખ્ત હૃદયનું; કઠોર.

કડવા ઉદ્ભજ (કડવા ઉદ્ભજ) જ. ઉદ્ભજની એક જાત.

કડવાઈ (કડવાઈ) ૧. સ્ત્રી. કડવાપણું; કડવાશ; બેર.

૨. સ્ત્રી. કડવાપણું; કડવાશ.

૩. સ્ત્રી. વિરોધ; આકાર્ઈ.

કડવા ઓરખોડા (કડવા ઓરખોડા) પું. વિખોદી.

કડવાગોખરૂ (કડવાગોખરૂ) પું. એક જાતનો ગોખરો છોડ. જેની શાખા જમીન ઉપર ફેલાતી, ફૂલ પીળાં અને બોરડી જેવાં કાંટાવાળાં મૂળ કેસરિયા રંગનાં હોય છે.

કડવાઝહર (કડવાઝહર) વિ. બેર જેવું કડવું.

કડવાટ (કડવાટ) ૧. [સં. કટુ (આકારૅ) + વૃત્તિ (સ્થિતિ)] પું.; સ્ત્રી. કડવો સ્વાદ; કડવાપણું; કડવાશ; કટુતા.

૨. પું.; સ્ત્રી. દ્વેષ; ખાર; અંટસ.

કડવાટવું (કડવાટવું) ૧. સ. ક્રિ. કડવું થાય એમ કરવું.

૨. સ. ક્રિ. કરિયાતું, ઉદ્ભજ વગેરે કડવાટ પાવું.

૩. સ. ક્રિ. ટેવ પાડવી.

કડવાણ (કડવાણ) ૧. સ્ત્રી. આંખનો કટાપો.

૨. સ્ત્રી. કડવાશ.

૩. સ્ત્રી. કડવો પદાર્થ.

કડવાણી (કડવાણી) ૧. પું. એક જાતનો છોડ.

૨. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૩. સ્ત્રી. કડવી દવા; કડવું ઔષધ.

૪. સ્ત્રી. પ્રસવ થયા પછી ગર્ભાશયમાંથી રુધિર સાથે પ્રવાહીનું વહેવું તે.

૫. જ. કડવા કણબીની એ નામની અટકનું માણસ.

૬. વિ. કડવા કણબીની એ નામની અટકનું.

કડવાનીમ (કડવાનીમ) વિ. બેર જેવું કડવું.

કડવાપન (કડવાપન) ૧. સ્ત્રી. કડવાશ.

૨. સ્ત્રી. કડવો સ્વાદ.

કડવાબદામ (કડવાબદામ) સ્ત્રી. એ જાતની કડવી બદામ. કડવી બદામનું વાવેતર કરવામાં આવતું નથી પણ મીઠી બદામમાંથી ચૂંટી લેવામાં આવે છે.

કડવાઓહું (કડવાઓહું) વિ. કડવું બોલતું; અપ્રિયવદી.

કડવાલી (કડ્વલી) સ્ત્રી. ખડની સાવરણી.

કડવાવેલા (કડ્વાવેલા) પું. એક જાતનો અડબાઉ કડવો વેલો. તે ઢોર ખાતાં નથી.

કડવાશ (કડવાશ) ૧. સ્ત્રી. અણબનાવ; દુશ્મનાઈ; અંટસ; દ્વેષ; વેર.

૨. સ્ત્રી. સહેજ કડવો સ્વાદ; કડવાપણું; કટુતા.

કડવાસ (કડ્વાસ) જુઓ કડવાશ.

કડવાહટ (કડવાહટ) ૧. [હિં.] સ્ત્રી. કડવું હોવાપણું.

૨. સ્ત્રી. કડવો સ્વાદ.

કડવાંતુમડાં (કડ્વાંતુમડાં) ન. બ. વ. એક જાતનો વેલો.

કડવાં તુંબાં (કડ્વાંતુંબાં) ન. બ. વ. એ નામનું એક મોટું ફળ. તેમાં કડવાં અને મીઠાં, લાંબાં ને જડાની જાત થાય છે. મીઠાનું શાક થાય છે. સુકાયેલા તુંબાં તબૂરા બનાવવા તથા તરતાં શીખનારની કમરે બાંધવા વપરાય છે. કડવાં ફળોની અંદર તેલ, પાણી કે બીજી વસ્તુ રાખવામાં આવે તો તે બાવાપીવામાં ન વપરાય, કારણકે તેમાં તે વસ્તુ વખત રહે તો તેનો રેચક અને ઝેરી ગુણ તે પદાર્થોમાં આવે છે. કડવાં તુંબાં તીક્ષ્ણ રેચક, વામક, મૂત્રલ અને પિત્તક્ષ છે. તેનો ગર સોજા અને શરીર બળતરા થાય તે ઉપર ચોપડવામાં વપરાય છે. તેનો રસ તેલમાં સિદ્ધ કરી તે તેલ નાડીવ્રણ, મગજના રોગ, ઉન્માદ, સંનિપાત, માંડપણ વગેરે માટે માથા ઉપર ચોપડાય છે.

કડવાં તૂરિયાં (કડ્વાં તૂરિયાં) ન. બ. વ. એક જાતનો વેલો. એનાં ફળોને ઘિલોડા પણ કહે છે. કડવાં તૂરિયાંનો વેલો તૂરિયાંના વેલા જેવો હોય છે. એ વેલાનાં પાંદડાં, ફૂલ અને ફળ તૂરિયાં કરતાં નાનાં હોય છે. આ ફળ ઘણાં જ કડવાં હોય છે. આ વેલો વર્ષાઋતુમાં આપોઆપ ઊગે છે. કડવાં તૂરિયાં શીત, સહેજ તીખાં, તૂરાં અને કડવાં છે. એ પાચકરસ, આધ્માનવાયુ અને બલાસની શુદ્ધિ કરનાર તથા લઘુ અને રૂક્ષ છે, તેમ જ વાયુ, કૃમિ, પિત્ત, પાંડુ, વિષદોષ, મેહ, કુષ્ઠ, અર્શ, સોજો, ઉધરસ, ઉદરરોગ, કમળો અને ગુલ્મનો નાશ કરનાર મનાય છે. તેનાં ફળ ભેદક, તીખાં, કડવાં, સ્નિગ્ધ તેમ જ દીપન છે, અને કાસ, શ્વાસ, અગ્નિ, મેહ, જ્વર, કૃમિ, કફ, પિત્ત અને વાયુનાં નાશક છે. બીજ મસ્તકશુદ્ધિ કરનાર છે. વિષ ઉપર તેનો કાઢો ઘી નાખી પીવાથી ઊલટી થઈ વિષ ઊતરે.

કડવી (કડ્વી) ૧. સ્ત્રી એક જાતની કડવી વેલ; ગળો.

કડવીની વેલમાં મોગરાની આશ રાખવી = ખરાબમાંથી સારાની આશા રાખવી.

૨. સ્ત્રી. કચરો.

૩. સ્ત્રી. ખાદી.

૪. સ્ત્રી. બાકું વાવેલું અને ચારા માટે કાપેલું ઘાસ.

૫. સ્ત્રી. તુંબડીનો વેલો. એક જાતનો શાકનો વેલો.

૬. સ્ત્રી. બગાગ.

૭. [સં. કુષ્માન્ડ] સ્ત્રી. (હિંદી) હાથી અને સીંગડાવાળાં પ્રાણીના ખોરાક તરીકે વપરાતા જુવાર બાજરીના સાંઠા.

૮. વિ. કડવું.

૯. વિ. ખારું.

૧૦. વિ. તેજ; આકરું.

૧૧. વિ. બેસ્વાદ.

કડવીકકડી (કડ્વીકકડી) [હિં.] સ્ત્રી. કડવી મકડી.

કડવીકચ્ચ (કડ્વીકચ્ચ) સ્ત્રી. દક્ષિણ કોંકણ, મલબાર, ગોવા વગેરે સ્થાને થતું એક જાતનું ઝાડ. તેનાં સીતાફળ જેવાં અને તેનાં ફળનાં બીજમાંથી નીકળતું તેલ ઔષધ કહેવાય છે અને તે કડવું હોવાથી બાળવાના ઉપયોગમાં લેવાય છે. આ તેલમાં ચોળી ગુદ કરવાનો ગુણ છે અને ગરમી, ચામાં, હોલ્લા પર અકસીર દવા મનાય છે. બીનાં પાદડાં સીતાફળી જેવાં પરંતુ તે કરતાં મોટાં હોય છે

કડવીકચ્ચ (કડ્વીકચ્ચ) જુઓ કડવીકચ્ચ.

કડવીકંદૂરી (કડ્વીકંદૂરી) [હિં.] સ્ત્રી. કડવીઘોલી, કડવીઘીસોડી.

કડવીકુંવાર (કડ્વીકુંવાર) સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન અને કેસરનું બનાવેલું શાક અને રસમાંથી ઔળિયો બને.

કડવીકોઠીમડી (કડ્વીકોઠીમડી) સ્ત્રી. એક જાતનો ગીલોડા જેવો વેલો. તેની અંદર થતાં ત્રીજાં ભાગનાં મીઠાં ફળ બનાવ છે.

કડવીકોળી (કડ્વીકોળા) સ્ત્રી. એક જાતનો વેલો. તેમાં થતાં કોળાં સ્વાદે કડવાં હોવાથી ઔષધિમાં વપરાય. તેનાં તુંબડી તથા તંબુરા માટેનાં તુંબડાં બનાવાય છે. રંતાંધળાપણા માટે તેને બાળી તેની રાખને મધમાં ભેળી આંજણમાં આવે છે.

કડવીખડખોટી (કડ્વીખડખોટી) સ્ત્રી. એક જાતનો વેલો. તેની સુકી સીંગ બકરાં માટે તેને બાળી તેની રાખને મધમાં ભેળી આંજણમાં આવે છે.

કડવીખીચડી (કડ્વીખીચડી) સ્ત્રી. જેને ત્યાં મરણ થયું હોય તેને ત્યાં તેનાં સંબંધી તરફથી બે ત્રણ દિવસ સુધી મોકલાતું ભોજન.

કડવીગલકી (કડ્વીગલકી) સ્ત્રી. ગલકાના જેવો એક જાતનો વેલો. તેનાં ફળ ગલકાનાં જેવાં પણ કડવાં હોય છે. તેનાં મૂળનો અથવા પાલાનો કાઢો કરી મધ નાખી પાવાથી વમન થઈ બધી જાતનાં વિષ ઊતરે છે. બધી જાતની અરોળ અને સોજા ઉપર તેનાં પાંદડાંનો રસ સાકર નાખી અપાય છે

કડવીગીસોડી (કડ્વીગીસોડી) સ્ત્રી. એક જાતનો વેલો.

કડવીઘીલોડી (કડ્વીઘીલોડી) ૧. સ્ત્રી. એ નામના વેલાનું ફળ.

૨. [સં. કર્કોટકી] સ્ત્રી. એક જાતનો વેલો; ખોલી. તેનાં પાન, ફૂલ, મૂળ ઔષધીય ગુણવાળાં છે.

કડવીઘીસોડી (કડ્વીઘીસોડી) સ્ત્રી. એક જાતનો વેલો; મહાજાલી; કડુદોકડી. કાઠિયાવાડમાં તે ગુમખડાં ને ગુજરાતમાં કડવાં તૂરિયાંનાં નામથી ઓળખાય છે. તેનાં ફૂલ પીળાં, અને બી તરબૂચનાં બી જેવાં ચપટાં હોય છે. દવામાં રેચ, ઊલટી માટે વપરાય છે. વરસાદની ઋતુમાં એની મેળે ઊગી નીકળે. દહકાયેલા કૂતરાના ઝેર, દાંતમાંના કીડા અને આધાશીશી ઉપર તે ક્રમમાં આવે છે. કમળો થયો હોય ત્યારે તેના રસનાં ટીપાં નાકમાં નખાય છે.

કડવીઘોલી (કડ્વીઘોલી) સ્ત્રી. બારે માસ થતો એક જાતનો વેલો. તેનાં ફૂલ પીળાં અને ફળ બીસાં, ચમકતાં લંબગોળ હોય છે. એનાં મૂળ રક્તપિત્ત અને ક્ષય ઉપર કામ આવે છે. મૂળ અથવા પાંડાંનો કાઢો કરી પાવાથી ઊલટી થઈ વિષ ઊતરે.

કડવીચૂંડડી (કડ્વીચૂંડડી) સ્ત્રી. એક જાતનો છોડવો. એનાં બીજ કાળા રંગનાં ને કડવા સ્વાદવાળાં હોય છે. તેનાં પાનનું શાક થાય.

કડવીજરી (કડ્વીજરી) સ્ત્રી. જરાની કડવી એક જાત; કાળીજરી. જુઓ કાળીજરી. આ છોડ શુમારે બે ત્રણ હાથ ઊંચા અને સીધા વધે છે. એ છોડનો દાંડો જરા ગારીક હોય અને તેનાં ઝીંડવાનાં ફળમાં બી હોય છે. તે ઉષ્ણ, તૂરું, તીખું, રક્તપ્રક ને કૃમિનાશક હોય છે અને વાયુ, કફ તથા વ્રણનો નાશ કરે છે. આનો ભૂકો કપાં ઉપર છાંટવાથી જંતુ લાગતાં નથી. લીંબુના રસમાં વાટી માથામાં લગાડવાથી જૂ અને લીખો નાશ પામે.

કડવીઝીંઝવી (કડ્વીઝીંઝવી) સ્ત્રી. એક જાતનું ઘાસ.

કડવીતુરઈ (કડવીતુરઈ) [હિં.] જી. કડવી તૂરિયાં.

કડવીતૂંબડી (કડવીતૂમડી) ૧. જી. એક જાતનો વેલો. તેનાં મૂળ અને પાન પાણીમાં વાટી પાવાથી ઝેર ઊતરે. તૂંબડાં પાણીમાં તરવાને અને તબુરા અને કમંડળ બનાવવામાં વપરાય છે. પાન માથાના દુખાવા ઉપર બાંધવામાં વપરાય. આ તૂંબડી તીખી, શીતલ, કડવી, ઉષ્ણરસની નાશક તથા વાયુ, સોજો, વમન, વિષ, શૂલ અને પિત્તજ્વરનો નાશ કરનાર મનાય છે.

૨. જ. એ નામના વેલાનું ફળ. તેનાં ગર તથા બી ઔષધ તરીકે વપરાય છે. ગર રેચક તથા વામક અને બી શીતળ હોય છે.

કડવીતૂંબી (કડવીતૂમી) [હિં.] જી. કડવી તૂમડી.

કડવી દૂધી (કડવી દૂધી) જી. કડવી નાર; કડવીતૂંબડી. જુઓ કડવીતૂંબડી.

કડવી નાર (કડવી નાર) ૧. જી. એક જાતની જડીબુટ્ટી. તેની ગાંઠ ઘરમાં રાખી હોય છતાં સુગાતી નથી. વીંછીનું ઝેર ઉતારવામાં તે ઉપયોગી છે.

૨. જી. એક જાતનો વેલો. તેના મૂળમાં ગાંઠ થાય છે. એને બોગરા જેવાં ફળ આવે છે. તેનાં પાન ૩ થી ૫ ખૂણિયાંવાળાં બોલાનાં પાન જેવાં પણ નાનાં હોય છે. ફૂલ નર ને માદા જાતે જુદી એક જ પત્રકોષ્ઠમાંથી નીકળતાં પીળા રંગનાં હોય છે. ફળ વચમાં સિંદૂરિયા રંગનાં અને ઉપર નીચે લીલા રંગનાં હોય છે. પંજાબ, સિંધ, ગુજરાત, કચ્છ, અને દક્ષિણ હિંદમાં ચોમાસામાં આ થાય છે. તેનાં ફૂલ જાતે કડવાં હોય છે. તે વિષઘ્ન, કૃમિઘ્ન, રેચક, વામક, મૂત્રલ, જ્વરઘ્ન અને શોષક છે. સર્પદંશ માટે તે હિંદમાં જાણીતી દવા છે. હડકવા કૂતરાનું, વીંછીનું તથા બીજાં ઝેરો ઉતારવા તે અપાય છે. ધાતુ બગાડ માટે તે સારી દવા કહેવાય છે. તેનો ક્વાથ વિસ્ફોટક, ઉપદંશ, લોહવિકાર, સંધિવા, અતિસાર, સંગ્રહણી, મરડો, મરડી, કોલેરા તથા ઉદરરોગમાં આપે છે. તેનું ચૂર્ણ ૧ ગ્રામ અને અર્ક ૧૦થી ૩૦ ટીપાં અપાય. મોટી માત્રામાં તે આંતરડામાં છિદ્રો પાડે છે. છરૂ, દૂધણા અને એરંડા તેલ સાથે સંધિવા ઉપર ચોપડાય.

૩. જી. એક વનસ્પતિ; ગ્રામેન્ધો.

૪. જ. એક જાતના વેલાનું ફળ. તેનાં મૂળની ગાંઠ ઔષધ તરીકે વપરાય. તે પાણી કરતાં ભારે હોય છે. લાલ પગના દાહમાં તથા નખપાકના સોજા ઉપર તે ચોપડાય.

કડવીનાઈ (કડવીનાઈ) જુઓ કડવીનાર્ઈ.

કડવીનેવરી (કડવીનેવરી) જી. એક જાતનો વેલો.

કડવીપત્ર (કડવીપત્ર) જી. પુનર્વસુ અને પુષ્યના પહેલા પંદર દિવસ. તે પંદર દહાડામાં પડતા વરસાદથી પાકને નુકસાન થાય.

કડવીપટોલ (કડવીપટોલ) જી. એ નામની કુષ્માણ્ડાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવીપરવલ (કડવીપરવલ) જી. એક જાતનો વેલો. આ વેલા કંટોલી જેવા થાય છે. ફળ કડવાં થાય છે. આને કડવી પરવર પણ કહે છે.

કડવીપાડર (કડવીપાડર) જી. એક જાતનો વેલો. તેમાં પાનની સામસામી દિશાએ ઝીણા તારનાં મૂળ જેવા તંતુ નીકળે છે. તેની મદદથી તે પાસેના ગ્રાહ્ય ઉપર ચડે છે. તેનાં પાન પહોળાં ૫ થી ૭ ખાંચાવાળાં હોય છે તેમાં પોચા રંગનાં ફૂલ આવે. આખા છોડમાં અણગમતી કડવી વાસ હોય છે. તેમાં કારેલાં જેવાં રાતાં ફળ થાય.

કડવીબદામ (કડવીબદામ) જી. એક જાતના ઝાડનું કડવું ફળ. કડવી બદામ ખેરી હોઈ ખાવામાં વપરાતી નથી. કડવી બદામનું તેલ ચામડીના રોગ અને બરજ ઉપર મલમમાં આવે છે.

કડવીબાગ (કડવીબાગ) જી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવીબાજી (કડવીબાજી) જુ. અર્ધોથી હોદ ફૂટ ઊંચો પોળાં ફૂલ ને ગોળાઈ લેતાં ફળવાળો એક જાતનો કડવો ઝેઠવો.

કડવીરોઝો (કડવીરોઝો) જી. જેને ત્યાં મરણ થયું હોય તેને ત્યાં તેનાં સંબંધી તરફથી જે બપ્પ દિવસ સુધી મોકલાતું ભોજન; કડવી ખીચડી.

કડવીલૂણી (કડવીલૂણી) જી. એક જાતનો વેલો.

કડવીવાણી (કડવીવાણી) જી. કડવી દવા.

કડવીસેના (કડવીસેના) જી. પીલુનાં જેવાં પાન અને સફેદ ફૂલવાળો એક જાતનો છોડ. તેનાં બીજ ફળ દવામાં વપરાય છે.

કડવું (કડવું) ૧. [સં. કટ (બાધુ)] જ. એક આખ્યાનનો આઠમો ભાગ; પ્રકરણ; અધ્યાય.

૨. [સં. કષાય; દે. કડ્ય] જ. એક જ રાગના ગાવાની કેટલીક કડીઓનો સમુદાય; કવિતાનું એક નાનું પ્રકરણ; એક પ્રકારનો કાવ્યપ્રબંધ. કડવાની બધી લીટી એક જ રાગમાં ગવાય.

૩. જ. એક જાતનો રાગ

૪. જ. કવિતાની કડીનો એક ભાગ; ટૂક.

૫. [સં. કટુક; અપ. કડુઅ; પ્રા. કડુઅકડવમ્] વિ. કરિયાતાના અથવા એલિયાના જેવા સ્વાદનું; કટુ.

૧. કડવા ઝાડને બહુ કપી ફળ = નકામી વસ્તુનો વિસ્તાર ઘણો હોય.

૨. કડવા સીમડાની મીઠી છાંય = પ્રિય જનનું વચન અપ્રિય હોય તોપણ તેની અસર તો સારી જ હોય.

૩. કડવાનાં કડવાં ને મીઠાંનાં મીઠા = નકારામાંથી નકાર ને સારામાંથી સારું થાય.

૪. કડવી આંખ = દ્વેષભરી નજર.

૫. કડવી આખે-નજરે જોવું = આરીસી અથવા દ્વેષની નજરથી જોવું.

૬. કડવી દ્યૂબ = અપ્રિય વાણી.

૭. કડવું ઓસડ = હિતકર પરંતુ અપ્રિય લાગે એવી બાબત.

૮. કડવું ઓસડ મા પાય = (૧) કડવી દવા સારું પરિણામ લાવે. (૨) જેને હોય હિત હોય તે જ દુઃખ લગાડે.

૯. કડવું કરવું = જાતું કરવું; મનમાં કાંઈ ન લાવવું.

૧૦. કડવું ઝેર = અત્યંત કડવું.

૧૧. કડવું ઝેર જેવું = ઝેર જેવું; અળખામણું; અકારું; કંટાળો ઉપજાવનારું.

૧૨. કડવે લીમડે કડવો વાસ = વસ્તુ જેવી હોય તેવી અસર કરે.

૬. વિ. દુઃખ લાગે એવું; કટુ.

૭. વિ. પસંદ પડે નહિ એવું; અપ્રિય.

૮. વિ. સ્વાદ વગરનું.

૯. જ. ક્રિ. ચામડી ઉપર દાંત મારવા; કરડવું.

કડવુંઝેર (કડવુંઝેર) ૧. વિ. અકારું; અળખામણું; અણગમતું; અપ્રિય.

૨. વિ. ઝેર જેવું કડવું.

કડવુંતૂરિયું (કડવુંતૂરિયું) જ. કડવી વીસોળી.

કડવુંતેલ (કડવુંતેલ) જ. સરસવનું તેલ; સરસિયું.

કડવુંમીઠું (કડવુંમીઠું) વિ. ગમતુંઅણગમતું; સારુંનરસું.

કડવુંવચન (કડવુંવચન) ૧. વિ. અણગમતું; અપ્રિય.

૨. વિ. ઝેર જેવું કડવું; ખૂબ કડવું.

કડવુંવાય ૧. જી. કડવો સ્વાદ.

૨. જી. વાગણીઓની કડવાશ.

કડવું વાયવું (કડવું વાયવું) સ. ક્રિ. કડવું બોલ્યા આપવું.

કડવું સૂરણ (કડવું સરણ) ન. વગડાનું સૂરણ; જંગલિયું સૂરણ.

કડવેરું (કડવેરું) જિ. કડવું.

કડવો (કડવો) ૧. પું. કરડવો; નાળચાવાળો લોટો.

૨. જિ. (બીલી) કડવું.

૩. જિ. ખારું.

આસ્વાદ દેશમાં ખારા સ્વાદને કડવો કહે છે. રાજબલભ

કડવો ઉદ્રજવ (કડવો ઉંદરજવ) પું. ઝાળો કડો; ઉંદરજવના બે ભાંહેનો એક પ્રકાર.

કડવોખોખરાડ (કડવો ખોખરાડ) પું. એ નામની લિસ્સટાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવો ખરખોડો (કડવો ખરખોડો) પું. સોજા ઉપર ચોપડવામાં આવતો એક જાતનો વેલો.

કડવો ગૂગળ (કડવો ગૂગળ) પું. કચ્છ તથા કાંગડા તરફ થતો એક જાતનો ગૂગળ. લોહીના શ્વેતકણને તે વધારનાર અને બધી જાતના વાયુના રોગમાં ઉપયોગી મનાય છે.

કડવો ચોલારો (કડવો ચોલારો) પું. એક જાતનો વેલો. એનાં મૂળ બધી વાર કંઠ જેવાં થાય છે. એનો રસ મધુપ્રમેહ ઉપર ઉપયોગી કહેવાય છે.

કડવો રસ (કડવો રસ) પું. ૭ ભાંહેનો એક રસ.

કડવો લીંબડો (કડવો લીંડો) પું. એક વનસ્પતિ. તેનાં પાન, મૂળ અને ફળ તાવમાં કામ આવે છે.

કડવો વેલો (કડવો વેલો) પું. એક જાતનો વેલો. તેનાં પાંદડાંની ભાજી થાય છે.

કડવો સિરિહ (કડવો સિરિસ) પું. એ નામનું એક સુંદર વૃક્ષ.

કડવો સરગવો (કડવો સરગવો) પું. કડવી શીંગવાળું એક જાતનું ઝાડ. એનું લાકડું પોચું ને હલકું થાય છે, પાન મીઠા સરગવાથી મોટાં, ફૂલ વધારે ધોળાં પણ પીળી રાતી ઝાંયવાળાં હોય છે.

કડસ (કડસ) સ્ત્રી. પૂનામાં થતી એક જાતની કેરી. તેનું વજન વીસ રૂપિયાભાર હોય છે. તેની છાલ ઝાખી લાલ અને ઉપર પીળા ડાઘવાળી હોય છે.

કડસલું (કડસલું) ન. ત્રાહું; ભીંત ઉપર ચોડેલો લાંકીઓનો ત્રાપો.

કડસલો (કડસલો) ૧. પું. પછીત કે કરાના નીચેના ભાગમાં વહ્યો ન લાગે તેમ જ પાણામાં પાણી ન ઊતરે તે માટે બહારના ભાગમાં ધૂળ કે ગારનો ચડાવો.

૨. પું. મોટી ભીંતને લગતી નાની ભીંત ચણીને બનાવેલું બંધારિયું; પડબીંતિયું.

કડસાં (કડસાં) પું. ન. બ. ર. રોંઢાં; ગામડી માણસો.

કડહલ (કડહલ) ન. કચ્છ. તે સ્નિગ્ધ, પૌષ્ટિક અને વિરેચક છે. વધારે પ્રમાણમાં ખાવાથી ઝાડા થાય, કરણ કે તે પચવામાં ભારે છે. કાચું ફળ કબજિયાત કરનાર છે. તેના જોડાનું દૂધ સુરમા સાથે મેળવી આંખે અને બીજા સોજા ઉપર લગાડવાથી સોજો બેસી જાય.

કડહુલો (કડહુલો) ૧. પું. ગ્રામડીકરાનો અભવસ્થિત હલકો.

૨. પું. નાશ; પાયમાલી; ધોબાડાવો.

કડંબ [સં.] પું. એક જાતનો પીવાનો દારૂ.

કડંબર ૧. [સં.] ન. બનાજનું ફોતરું; ધૂસું.

૨. ન. એક જાતનું ઘાસ; કડબ.

૩. ન. મગ વગેરેનાં મૂળ.

કડંબરીય જિ. બનાજનાં ફોતરાં બનાવનાર.

કડંગાવવું સ. ક્રિ. બબડાવવું.

કડંદિકા [સં.] સ્ત્રી. ચાલ્ય; વિદાન; સર્વવિદ્યા.

કડંદિયો પું. રૂપાનું એક ઘરેણું.

કડંબ ૧. [સં.] ન. એક જાતનું વાદ્યિંત્ર.

૨. ન. ખૂણો.

૩ ન. છેડો; અંત.

૪. ન. બાજરનું ડાંખળું.

૫. ન. ઝાડ વગેરેનું ઠીંડું.

કડંબી [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

કડ (કડ) ૧. [હિં.] પું. એક જીવાત.

૨. પું. કડું; બેડી; કડા.

૩. [સં. કટાહ] પું. કડો; ઉંદરજવનો છોડ.

૪. પું. ગામ રખવાડ ચોખા.

૫. પું. બારણાનું કડું.

૬. પું. વીંટી; સાંકળાની કડી.

૭. પું. હિંદી પ્રકિતાની એક લીટી.

૮. પું. ન. બ. વાંસના બખરા.

૯. [સં. કટુજ] સ્ત્રી. એક જાતની હલકી કાંગર. કડાના ચોખા સુરત તરફ થાય છે.

૧૦. સ્ત્રી. ચોળ રાંધવાનું ચોડાનું ચોળ વાસણ; ગોરડીનો રસ ઊકાળવાની મોટી કડાઈ.

૧૧. સ્ત્રી. તળવાનું વાસણ; પેણી. એને બે બાજુ કડાં હોય છે.

૧૨. ન. ઉંદરજવના છોડનાં ફૂલ. તે કઢીમાં વપરાય છે.

૧૩. ન. એક જાતનું કબૂતર.

૧૪. ન. બ. ર. કડાં; હાથ કે પગનાં સાંકળાં.

૧૫. જિ. બધું; પુરકેલ.

૧૬. જિ. ઊભું; તીવ્ર; આકરું.

૧૭. જિ. ઓછું.

કડા સમા = બજતની બાદબાકી.

૧૮. [સં. કટુ] જિ. કડવું.

કડા કરવું = (૧) કડવું કરવું. (૨) કીમત વધારવી. (૩) સતાવવું કરવું. (૪) હિંમત આપવી.

૧૯. જિ. કડક; કઠોર.

૨૦. જિ. કંજૂસ.

૨૧. જિ. કંટાળો આવે એવું.

૨૨. જિ. બાજરાનું.

૨૩. જિ. ગંભીર.

૨૪. જિ. ચુસ્ત.

૨૫. જિ. દુઃખ ઉપજાવનારું.

૨૬. જિ. દૃઢ; મજબૂત.

૨૭. જિ. નિર્દય.

૨૮. જિ. બહાદુર.

૨૯. જિ. બળવાન; જોરાવર.

૩૦. જિ. બારમહીના; કમનસીબ.

૩૧. જિ. મોટું.

૩૨. જિ. મોંઘું; કીમતી.

૩૩. જિ. લુચ્ચું.

૩૪. જિ. વજનદાર.

૩૫. જિ. સહનશીલ; સહન કરે એવું.

૩૬. જિ. હઠીલું.

૩૭. જિ. હટ્ટપુષ્ટ; જાડું; તગડું.

કડાઈ (કડાઈ) ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનાં પાન અને થાપા જૂના રંગનાં, પાન પંચથી સાત ખૂણિયાવાળાં, મોટાં, લાંબી દીટવાળાં ફળ લાલ રંગનાં અને ફૂલ નાનાં જાંબલી રંગનાં થાય છે. તેના બારમાં શિંગોડે મુંડ આવે છે.

૨. [હિં.] સ્ત્રી. કઠોરતા.

૩. [સં. કટાહ] સ્ત્રી. તળવાનું વાસણ; પેણી; નાનું કડાયું; કડાવાળી તપી. એને બે બાજુ કડાં હોવાથી કડાઈ નામ પડ્યું છે.

કડાઈ ચડાવવી = મીઠું ભોજન બનાવવું.

૪. સ્ત્રી. દુકાન.

૫. સ્ત્રી. દુકાનદાર.

૬. સ્ત્રી. બજાર.

કડાઉ (કડાઉ) ૧. ન. જંગલી મરતું ઝાડ. તેનાં પાન બીડાનાં પાનને મળતાં, થડ લીસું અને છાલ રતાશ પડતી હોય છે. તેનાં ફળમાં લાળ થાય છે.

૨. જિ. ઊભા પથ્થરવાળું; જેમાં પથ્થર ઊભા મોભ હોય એવું.

કડાકો (કડાકો) વિ. ઊલટ પથ્થરવાળું; જેમાં પથ્થર ઊભા મૂકેલ હોય એવું.

કડાક (કડાક) ૧. પું. એક જાતનો અવાજ.
૨. અ. કડાક એવો અવાજ કરીને.
૩. અ. સપાટાબંધ.

કડાકડ (કડાકડ) ૧. [હિં.] પું. ઉપરાઉપરી પડવાનો અવાજ
૨. સ્ત્રી. કટકટ; કડકડાટ.
૩. સ્ત્રી. મારામારી; તડાતડ; કડાકડી.
૪. સ્ત્રી. સામસામે કડાક થાય તેમ કરવું તે.
૫. અ. કડાક એમ બીજા ઉપરાઉપરી અવાજ થતા હોય તેમ; કડાક એવા અવાજ સાથે.

કડાકડી (કડાકડી) ૧. સ્ત્રી. કડાકૂટી; આવેશ.
૨. સ્ત્રી. નકોરડો ઉપવાસ; સાંધણ.
૩. સ્ત્રી. પડાપડી; ધમાધમી.
૧. કડાકડી ઉપર આવવું = લડવાની અણી ઉપર આવવું.
૨. કડાકડીનો વખત = (૧) અણીનો વખત; મારીફ સમય. (૨) ભોગાભોગી કે ધમાધમીનો પ્રસંગ. (૩) લડાઈનો પ્રસંગ. (૪) સરસાઈનો વખત.
૪. સ્ત્રી. મારામારી; તડાતડી; ધમાધમી.
૫. સ્ત્રી. ઝપાટ.
૬. સ્ત્રી. હરીફાઈ; હોંસાતોસકી; અસાત્યસાતી; સ્પર્ધા.

કડાકડો (કડાકડો) પું. દૂધના જેવું એક જાતનું લાકડું. તેની છાલ કડવી હોય છે.

કડાકણ (કડાકણ) ૧. વિ. કોરુંધાકોર; કાંઈ પણ ન હોય એવું.
૨. વિ. ભૂખ્યું તરસ્યું.

કડાકર (કડાકર) સ્ત્રી. ખોખા પાસે મળતી માછલી.

કડાકા (કડાકા) ૧. [હિં.] પું. કડાકો; ભડાકો.
૨. પું. કોઈ પણ વસ્તુના તૂટવાનો અવાજ.
૩. પું. મરના પડવાનો અવાજ.
૪. પું. ભૂખમરો.
૫. પું. સાંધણ; આકરો ઉપવાસ.
કડાકા ગુજારવા = ભોરાક વગર રહેવું.
૬. પું. ન. પ. ઝટકા.

કડાકાદાર (કડાકાદાર) વિ. કડાક એવો અવાજ થાય એવું.

કડાકૂટ (કડાકૂટ) ૧. સ્ત્રી. ગમરાઈ અવાજ અને બાજદીથી રસ્તો ન સૂઝે એવું કામ.
૨. સ્ત્રી. છૂટદડીની રમત.
૩. સ્ત્રી. માયાકોડ; પંચાત; લપલપ.

કડાકૂટિયું (કડાકૂટિયું) ૧. વિ. કજકિયું.
૨. વિ. કડાકૂટવાળું; માથાકોડિયું.
૩. વિ. ચૂંચવકૂચવાળું; કેટાળો ઊપજે એવું.

કડાકૂટો (કડાકૂટો) ૧. પું. કડાકૂટ; માથાકોડ; માથાકૂટ.
૨. પું. બાજદીથી રસ્તો ન સૂઝે એવું કામ.

કડાકેદાર (કડાકેદાર) વિ. કડાકાદાર; અવાજ; સખત.

કડાકો (કડાકો) ૧. [સં. કટ્ (ભાંગવું)] પું. કડાક એવો અવાજ; ધડાકો; ભડાકો.
૧. કડાકા થવા = જોરથી મારામારી થવી; વાળાનું ચાલવું.
૨. કડાકા હોબલા = અંગ અથવા અંગમાંથી મરોડવાળાને કટ એવો અવાજ થાય એમ કરવું.
૨. પું. નકોરડો ઉપવાસ.
૧. કડાકા કરવા = સાંધણો કરવી.
૨. કડાકા થવા = આવાનું નહિ મળવાથી ઉપવાસ પડવા.
૩. કડાકા પડવા = ઉપવાસ થવા; ભૂખ્યા રહેવું.
૪. જંગલમાં મંગળ ને વસતીમાં કડાકા = જ્યાં જેમ ન થવું જોઈએ ત્યાં તેમ થવું તે.
૩. પું. ભૂખમરા જેવી હાલત.
૪. પું. લાકડું અથવા કોઈ ભાંગતી વખતે થતો અવાજ.
૫. પું. પીંજણની મારમાર.

કડાકોચી (કડાકોચી) સ્ત્રી. હલકી જાતની ડાંગર.

કડાચુ (કડાચુ) ન. એક જાતનું ઝાડ.

કડાછાલ (કડાછાલ) સ્ત્રી. કોરો નામના છોડની છાલ; ઉંદરવના છોડની કડવી છાલ. તે ગ્રાહી, જ્વરઘ્ન, શીતળ અને પિત્તરામક હોવાથી અતિસાર, રક્તાતિસાર, પિત્તાતિસાર, આમાતિસાર અને તાવ ઉપર વપરાય છે.

કડાજૂઠ (કડાજૂઠ) ૧. વિ. સેળભેળ થઈ ગયું હોય એમ ભાજેલું.
૨. [સં. કટ (અતિશય) + યુષ્ (થવું)] અ. ખૂબ ભાજેલું હોય તેમ; ભાટાચૂર; લાગટ.
૩. અ. ધમધોકાર; અડાબીડ; સબબડ.
૪. અ. ખંધી શક્તિ વડે.
૫. અ. સપાટાબંધ.
૬. અ. સામસામા.

કડાઝૂડી (કડાઝૂડી) સ્ત્રી. તડાતડી; કડાકડી.

કડાઝોડ (કડાઝોડ) ૧. ન. બીજ દેખાવડી તે.
૨. વિ. સેળભેળ થઈ ગયું હોય એમ ભાજેલું; કડાજૂઠ.
૩. અ. ખૂબ ભાજેલું હોય તેમ.
૪. [સં. કટ (અતિશય) + યુષ્ (થવું)] અ. મારામારી થતી હોય એમ.

કડાડા (કડાડા) [હિં.] પું. નદીનો ઊંચો અને સીધો કાંઠો.

કડાડુ સ્ત્રી. ચાંલ્લી.

કડાપણ (કડાપણ) જુઓ કડાપન.

કડાપન (કડાપન) ૧. [હિં] ન. કઠણાઈ.
૨. ન. કઠોરતા.
૩. ન. દૃઢતા; મજબૂતી.

કડાપો (કડાપો) ૧. પું. એક જાતનું ઝાડ; કડાયો. આ ઝાડ પંદરથી પચીસ ફૂટ ઊંચાં થાય છે. થડ અને ડાળા ભૂરા ધોળા રંગનાં હોય. આ ઝાડમાંથી ગુંદર આવે છે. પાન ડાળાને છેડે વિશેષ હોય છે. ફૂલ સૂક્ષ્મ પીળાશ પડતા રંગનાં વસંતમાં આવે છે. ફળ ધોળી ઊપર પડે છે. તે કંકનાકાર મનાય છે. છાલમાંથી નીકળતા રેસાની દોરી બને છે. લાકડું પોચું અને હલકું હોવાથી તેનાં રમકડાં અને વાદ્યિંત્ર બનાવાય છે.
૨. પું. કપાસની એક જાત.

કડાકેલી (કડાકેલી) ૧. સ્ત્રી. ઉંદરવની શીંગ.
૨. સ્ત્રી. કડ નામના છોડની શીંગ.
૩. સ્ત્રી. કડાના ફળનો છોડ.

કડાકોળી (કડાકોળી) જુઓ કડાકેલી.

કડાબકડ (કડાબકડ) પું. ગાબડાનો અવાજ.

કડાબંધ (કડાબંધ) વિ. બંદૂક કરતાં વધારે પહોળા મોઢાનું અગ્નિઆયુધ.

કડાબીડ (કડાબીડ) ૧. [સં. કટ (અતિશય) + બિદ્ (ભાંગવું)] અ. અડાબીડ; ધમધોકાર.
૨. અ. સબબડ; મજબૂત.

કડાબીન (કડાબીન) [ફ્રા. કરાબીન] સ્ત્રી. ઘોડેસવારની એક નાની ટૂંકી પહોળા મુખની બંદૂક.

કડાબૂન (કડાબૂન) [હિં.] પું. એક જાતનો છોડ.

કડાબાકું (કડાબાકું) ન. ગોળ પકવવાની કડાનું વાકું.

કડાય (કડાય) [સં. કૃતાયાસ] પું. (જૈન) સંયમ કરનાર સાધુની સેવાભક્તિ કરનાર સાધુ.

કડાયું (કડાયું) ૧. [સં. કટાહ] ન. ચેલો; કડાઈ.
૨. ન. મોટી કડાઈ.

કડાયો (કડાયો) ૧. પું. કડાયા ગુંદરનું ઝાડ; કડાપો; કુટલ વગેરે. તેની છાલ દવા જેવી સફેદ અને ગોંદમાં બદામનાં આકારનાં હોય છે.
૨. પું. કપાસની એક જાત.
૩. પું. કુંવારી જમીનમાં થતા એક મોટા ઝાડનો ગુંદર. તે ઊપલેપટ્ટા તથા પૌષ્ટિક ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

કડાયોગૂંદ (કડાયોગૂંદ) પું. એક જાતનો ગૂંદ.

કડાર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં યગણ, નગણ, યગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
કડારે ય ન ય ન ગા આવે છે. રણપિંગળ
૨. પું. કાળો રંગ.
૩. પું. નકશી; કોતરકામ.
૪. પું. નોકર; ચાકર; દાસ.
૫. પું. પીળા રંગની ચીજ.
૬. પું. પીંજળો રંગ; પિંજદવર્ણ.
૭. વિ. અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ.
૮. વિ. આંજરું; પીંગળું.

કડાલી [સં. કટાલિકા] સ્ત્રી. ઘોડેસવારના પગ ટેકવવાને પલાણની બે બાજુએ લટકતું પેંતરું.

કડાવ (કડાવ) ૧. પું. મોટો તાવડો.
૨. વિ. ઊંડું.

કડાવા (કડાવા) સ્ત્રી. સંભાળ.

કડાવું (કડાવું) ૧. અ. ક્રિ. ખિડાવું; ખિજાવું.
૨. અ. ક્રિ. જવું; દૂર થવું.

કડાસન (કડાસન) ૧. [સં. કટ (લાકડી) + આસન (બેઠક)] ન. ગામડાની બેઠક; ગામડાનું આસનિયું.
૨. ન. ઢર્ભની સળીઓથી બનાવેલું બેસણું; ઢર્ભનું આસનિયું.

કડાહ (કડાહ) ૧. [હિં.] પું. કાચબાની પીઠ.
૨. પું. તાવડો; કડાઈ.
૩. પું. પાંસળીનાં હાડકાં.
૪. પું. કબિયાર.

કડાહક (કડાહક) જુઓ કડાહ.

કડાહા (કડાહા) [સં. કટાહ] પું. (હિંદી) મોટો તાવડો.

કડાહાપૂજન (કડાહાપૂજન) ન. સારા પ્રસંગે પ્રથમ દેવતા ઉપર મુકાતાં પહેલાં તાવડાની કરવામાં આવતી પૂજા.

કડાહી (કડાહી) ૧. [સં કટાહ] સ્ત્રી (હિંદી) તાવડો; કડાઈ; તવી.
૧. કડાહી ચઢવી = (૧) જમણવારની તૈયારી થવી. (૨) તાવડાને અગ્નિ ઉપર મૂકવો.
૨. કડાહી ચાટવી = વાસણ ચાટવું. બૈરાંઓમાં એવો વહેમ છે કે વાસણ ચાટવાની ટેવવાળા માણસના કુટુંબમાં વરસાદ પડે છે. તેથી જ્યારે આમ વરસાદ પડે ત્યારે બૈરીઓ વરસાદને કડાહી ચાટી હશે એમ ગાળ દે છે.
૩. કડાહી બાંધવી = તાવડાને બદ્ધ કરવું.
૪. કડાહીમાં હાથ નાખવો = ઊકળતા તેલથી કસોટી કરવી. ગુનેગાર પાસે ઊકળતા તેલના વાસણમાંથી સોનાનો કટકો કઢાવવામાં આવે. જો તે બળ્યા વગર કાઢી લે તો તે નિર્દોષ ગણાય.
૨. સ્ત્રી. મીઠાઈ.
કડાહી કરવી = દેવીને મીઠાઈ ધરવી.

કડાં (કડાં) ૧. [સં. કટક] ન. એક જાતની બાંયનું બાજુ.
૨. ન. કડું; ગોળ વાળેલો ધાતુનો જાડો કટકો.
૩. ન. બાંયનું ગોળ બનાવેલું રમકડું.
૪. ન. બત્રીસે કોઈ પણ ગોળ વાળેલી ચીજ
૫. ન. સોનારૂપાનું ગોગ ઘરેણું

કડાંગધીન (કડાંગધીન) પું. નગારાનો અવાજ.

કડાંગધીન કટકા (કડાંગધીન કટકા) પું. નોબતનો અવાજ; નગારાનો અવાજ.

કડાંપટ્ટી (કડાંપટ્ટી) સ્ત્રી. દીવાસળના સાંધા ખોતરી પાણી સાટી પીસેલો ચૂનો ચાપડી કરેલી પટ્ટી.

કડાંબંગડી (કડાંબંગડી) સ્ત્રી. કાંડામાં પહેરવાની બંગડી.

કડિ (કડિ) [સં. કટિ] સ્ત્રી. (જૂ. ગુ.) કેડ; કમર.

કડિકપાન (કડિકપાન) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કડિકૂ (કડિકૂ) [અ.] ન. એક જાતનું ઘાસ. તેનાં ફૂલ ગુંથવા છે.

કડિતુલ્લ (કડિતુલ્લ) ૧. [સં.] પું. તલવાર; ખડ્ગ; અસિ.
૨. પું. વહાણમાં વપરાતી એક જાતની જરી.

કડિબંધ (કડિબંધ) ૧. [સં. કટિબંધ] પું. કંદોરો.
૨. વિ. જેમાં કડીઓ એક પછી એક વળગાડેલી હોય એવું; હાર પ્રમાણે; હારદોર.

કડિબંધન (કડિબંધન) [સં. કટિબંધન] ન. (જૈન) કેડે બાંધવાનું વસ્ત્ર.

કડિભાગ (કડિભાગ) [સં. કટિભાગ] કેડનો ભાગ; કટિપ્રદેશ.

કડિયણ (કડિયણ) સ્ત્રી. કડિયાની સ્ત્રી.

કડિયલ્લ (કડિયલ્લ) ૧. [હિં.] પું. દેવતા રાખવાનું માટીનું વાસણ.
૨. સ્ત્રી. (પ્રાકૃત) કમર; કેડ.

કડિયલ્લ જવાન (કડિયલ્લ જવાન) પું. જોરાવર માણસ.

કડિયા (કડિયા) ૧. સ્ત્રી. એક કારીગર વર્ગની જાત; પથ્થર, ઈંટ વગેરેનું ચણતર, ધાતર વગેરે કામ કરનાર કારીગર વર્ગ.
૨. સ્ત્રી. કુંભારની એક જાત.
૩. સ્ત્રી. ભરવાડ, માલધી અને સુમરાની એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. એ નામની જાતનું.

કડિયાકરોળિયો (કડિયાકરોળિયો) પું. એક જાતનો કરોળિયો. તે ભોંયમાં નળ ખોદી તેમાં પોતાના ભક્ષને માટે ભરાઈ રહે. એ નળને ઢાંકણ હોકેલું હોય.

કડિયાકામ (કડિયાકામ) ૧. ન. કારીગરી કામ.
૨. ન. કડિયાએ કરવાનું ચણવાનું, છોવાનું વગેરે કામ.
કડિયાકામે જવું = (૧) કડિયા સાથે તેને લગતી મજૂરીનું કામ કરવા જવું. (૨) કડિયાનું કામ કરવા જવું.

કડિયાકોટ (કડિયાકોટ) પું. બોરહિંડાની રમતનો એક પ્રકાર. ઉત્તર ગુજરાતમાં તે નીચે પ્રમાણે રમાય છે: રમનારના સરખે ભાગે બે પક્ષ પાડે. પ્રથમ એક પક્ષમાંથી એક છોકરો ગળીથી દા કરે. પછી બીજો છોકરો જ્યાં પહેલાની બોમ પડી હોય ત્યાંથી, ત્રીજો બીજાની બોઈ પડી હોય ત્યાંથી એવી રીતે એક પક્ષના તમામ રમનારા દા કરી રહ્યા પછી એ જ રીતે બીજા પક્ષના પણ તમામ રમનારા દા કરે. બંને પક્ષમાંથી જે પક્ષવાળાની બોઈ આઘી પડી હોય તે પક્ષ દાવ લે અને બીજો પક્ષ દાવ આપે. દાવ આપનાર પક્ષમાંનો એક જણ બોઈ પડી હોય ત્યાંથી તે બાજુ તરફ "કડીમડીના કડિયા કોટ-કોટ-કોટ-કોટ" એમ એક શ્વાસે બોલતો બોલતો આવે. એમ એના ત્રણ શ્વાસ પૂરા થાય એટલે બીજો છોકરો એ પ્રમાણે દાવ આપે. એમ ઉપરા બાજી સુધી દાવ આપે એટલે રમત પૂરી થાય.

કડિયા કોટન (કડિયા કોટન) જ. એક જાતનું કાપડ.

કડિયાદુ (કડિયાદુ) જ. એક છોડ. તેનાં પાન લીલાં ને લંબગોળ હોય અને ફૂલ આસમાની રંગનાં હોય છે.

કડિયાર (કડિયાર) ૧. સ્ત્રી. સોનીની એ નામની અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કડિયારી (કડિયારી) જિ.સ્ત્રી. કડીવાળી; કડીઓ જડેલી.

કામણગારો કંથ, ઓઢ્યા કાજા કામળા,
કડિયારી રહી કંથ, જેણાં અલ્યે આવતાં.

લોકોક્તિ

કડિયાલી (કડિયાલી) સ્ત્રી. રાતી રોરડીની એક જાત.

કડિયાળ (કડિયાળ) જ. કવચ.

કડિયાણી (કડિયાણી) જુઓ કડિયારી.

કડિયાળું (કડિયાળું) વિ. કડીવાળુ.

કડિયાં (કડિયાં) જ.બ.વ. સીપલ્લાનાં એક જાતનાં પ્રાણી.

કડિયું (કડિયું) ૧. જ. કૂવા ઉપર કપિયણ મંડાણના થાળામાં નખાતું આવળ કે વાસનું ગૂંથેલું કૂતરું.

૨. [સં. કટિવસ્ત્ર દે. કડિલ્લ] જ. કેડ ઢાંકી પહોંચે એટલું નીચું એક જાતનું વસ્ત્ર, કેડિયું, નાનું કેડ સુધીનું અંગરખું.

કડિયું ઉતારવું = અક્ષતયોનિ કન્યાનો ઉપભોગ કરવો.

૩. જ. ઘરગથ્થુ સંચનું એક પ્રાણી

૪. જ. (કચ્છી) સાકળું; કલ્લું.

૫. જ. સાંકીનો નાનો કડો.

કડિયેણ (કડિયેણ) સ્ત્રી. કડિયાની સ્ત્રી.

કડિયો (કડિયો) ૧. [દે. કડઅઓ; કડઅવઉ] પું. ઈંટ, માટી અને છોથી ચણવાનું અને છોવા વગેરેનું કામ કરનારો કારીગર.

૨. પું. કડિયાની નાતનો માણસ.

૩. પું. કાનનું એક ઘરેણું.

કડિયાની જાત ઉંદર જેવી ખણીખણીને કાટે = કડિયા કોલી કોલીને ખાય.

૪. પું. કોકડો.

૫. પું. સલાટ.

૬. જ. (કચ્છી) એક જાતનું ઝાડ, કડાયો. જુઓ કડાયો.

કડિયોકોટ (કડિયોકોટ) જુઓ કડિયાકોટ.

કડિંગ (કડિંગ) પું. ઘંટ વાગ્યા જેવો અવાજ.

કડિંગધીન (કડિંગધીન) ૧. પું. નોબત વાગતાં ઉત્પન્ન થતા ધ્વનિનો અનુકરણવાચક શબ્દ.

૨. જ. કડિંગધુમ એવો અવાજ કરીને.

કડિંગધુમ (કડિંગધુમ) પું. નગારાનો અવાજ; વિજયનાદ.

કડી (કડી) ૧. [સં. કટક (કટું); અપ. કડઅ] સ્ત્રી. આંકોડી; આંકડી; હુક.

કડીએ ભરાવવું = આંકડે ભરાવવું; ખીંટીએ ટાંગવું.

૨. સ્ત્રી. આવલિ; ઓળ; પંક્તિ; હાર.

૧. કડીતોડ = (૧) કડી તોડી નાખે એવું મજબૂત; અકોડાબંધ; સખ્ત. (૨) વિસ્તારવાળું; ઝીણવટવાળું.

૨. કડીબધ = ક્રમ પ્રમાણે હોય એવું, એક પાછી એક ગોઠવાયેલું.

૩. સ્ત્રી કડી; ચણવાનું કે ચોખાનું વેસણ તથા મસાલો નાખી ઉકાળેલ ખાટ.

૪. સ્ત્રી. (કચ્છી) કલ્લું.

૫. સ્ત્રી. કવિતાનું પદ, ચરણ; કૂટ

કડીબધ ગાવું = કવિતાની કડીઓ જુદી પાડીને ગાવું.

૬. સ્ત્રી. કાનનું એક ઘરેણું.

૧. કાને કડી ઘાલવી-પહેરવી = કાનમાં એરિંગ પહેરવા. કાનમા વાળી પહેરવી

૨. ઉલકડી = ઉપલા કાનમા પહેરવાનું સોનાનું ઘરેણું.

૭. સ્ત્રી. કુડાળું

૮ સ્ત્રી કૂવાના થાળામાં નખતું માટીનુ ગૂંથેલુ કપડું.

૯. સ્ત્રી કોળિયો; નવાલો.

કડીન. લાડૂ = એક જાતની મીઠાઈ.

૧૦. સ્ત્રી ગામ, ધેન

અમારે ૧૧ એક ઘે છે કડીઓ રે,
તેહેમા સહુ વેસેપાર તરિ દેહડિઓ રે.

રાસેઆકત

૧૧. સ્ત્રી. ખાંડ.

૧૨. સ્ત્રી. મૂથણુકરાંમા સોયા વડે ગૂંથેલુ ગોળ ચકરડું.

૧૩. સ્ત્રી. ગોળ પરિધ.

૧૪. સ્ત્રી. ગોપમાં જનવરોનું છાતીનું હાડકું.

૧૫. સ્ત્રી. છીપ.

૧૬. સ્ત્રી. બોડાણ.

૧૭. સ્ત્રી કુકડો.

૧૮. સ્ત્રી. ધાતુના સળિયાનો ગોળ અથવા વાંકો વાળેલો આકાર; ગોળ વાળેલો તાર કે સળિયો.

૧. કડી દેવાવી – મિલકત જપ્ત થવાથી સીલ દેવાવું; પહેરો મુકવો.

૨. કડી મારવી = જપ્તી કર્યા પછી કબજો કરવો.

૧૯. સ્ત્રી. (વહાણવટું) નાનો કડો.

૨૦. સ્ત્રી. પીઠિયું; ભારેટિયું; બોલ.

૨૧. સ્ત્રી. બેડી; જંજીર; હેડ.

૧. કડી કરવી-ભરવી = (૧) બેટના હુકમથી કેદ કરવું. (૨) બેડી પહેરાવવી. (૩) સાંકળથી બાંધવું.

૨. પગે કડી ઘાલવી = બેડી પહેરાવવી; જંજીર પહેરાવવી.

૩. હાથે કડી કરવી = બેડી પહેરાવવી; કેદ કરવું.

૨૨. સ્ત્રી મુશ્કેલી; દુ:ખ.

૨૩. સ્ત્રી. લાકડાનો લાંબો સોટો.

૨૪. સ્ત્રી. (ત્રજ) વાર; વખત, વિલંબ.

૨૫. સ્ત્રી. વીટી.

૨૬. સ્ત્રી. શિખર, ટોચ.

૨૭. સ્ત્રી. સાંકળીનુ સંધાણ; અંકોડા.

૨૮. સ્ત્રી. હાથકડી.

૨૯ જ. ગુજરાતમાં આવેલ એક શહેરનું નામ. તેના બજાર વખણાય છે.

કડી જેતાં પાટણ જોયું = ઓછી કીમતી વસ્તુ લેવા જતાં સારી વસ્તુ ગઈ; હલકી લેતાં મુજરાત જોઈ.

૩૦. વિ. સ્ત્રી. અધરી.

૩૧. વિ સ્ત્રી. આકરી; કડક.

૩૨. વિ. સ્ત્રી. ઉગ્ર; આકરી.

૩૩. વિ સ્ત્રી. ઓછી.

૩૪. વિ સ્ત્રી. કાચુ

૩૫. વિ. સ્ત્રી. કઠોર.

કડી કઠેરી-સુણાવવી = કઠોર ભાષા વાપરવી.

૩૬. વિ. સ્ત્રી. કનૂસ.

૩૭. વિ. સ્ત્રી. કટાળો આવે એવી.

૩૮. વિ સ્ત્રી. ખડબચડી

૩૯. વિ. સ્ત્રી. ગભીર.

૪૦. વિ. સ્ત્રી. ચુસ્ત.

૪૧. વિ સ્ત્રી. જોરાવર; બહાદુર.

૪૨. વિ. સ્ત્રી દુ:ખ ઉપજાવે એવી.

૪૩ વિ. સ્ત્રી. દૃઢ; મજબૂત.

૪૪ વિ. સ્ત્રી. નિર્દય.

૪૫ વિ સ્ત્રી. ભારેખમ.

૪૬. વિ. સ્ત્રી. મોટી.

૪૭. વિ. સ્ત્રી મોથી.

૪૮. વિ. સ્ત્રી. વજનદાર.

૪૯. વિ સ્ત્રી. વીર્યવાન; બળવાન.

૫૦ વિ સ્ત્રી. સખ્ત મજૂરીવાળી.

૫૧ વિ સ્ત્રી. સહન કરે એવી.

૫૨. વિ. સ્ત્રી. હઠીલી.

કડીમાંકડા (કડીમાંકડા) જિ. કડીઓથી આંકડા જેવું બનેલું.

કડીકડી (કડીકડી) [હિં] અ. સખ્ત રીતે.

કડીકાઠ (કડીકાઠ) ૧. પું. વણી.
૨. પું. વાંસડો.

કડીકાપડી (કડીકાપડી) પું. બ. વ. (જૂ. ગુ.) ભગત ભિખારી લોકો; માગણ.
કડીકાપડી રહ્યા ઈ ગાડી,
હિંડે બા'રે બરાઈ ઝાડી. લાવણ્યસમય

કડીકાંટો (કડીકાટો) પું. બકલ; આંકડો; આંકડી.

કડીકૂડ (કડીકૂડ) જિ. આનંદ અને ઉત્સાહ આપે એવું.

કડીતોડ (કડીતોડ) ૧. જિ. કડી આવવા સાંકળ તોડી નાખે એવું.
૨. વિ બારે; વજનદાર.
૩. જિ. મજબૂત.
૪. જિ. રકમવાર; વિગતવાર.

કડીદાર (કડીદાર) જિ. કડીવાળું.

કડીધીમ (કડીધીમ) અ. ઢોલ વાગવાના અવાજનું અનુકરણ કરી બતાવનાર શબ્દ.
સાજણો તમે ઢોલે કડીધીમ, હ્યાંથી આવ્યા થી ઊતરી. પ્રેમાનંદ

કડીનીમ (કડીનીમ) જ. પૂર્વિમપાટમાં પુષ્કળ પ્રમાણમાં થતું એક ઝાડ. તેને અણીવાળાં પાન અને ઈંડાના આકારનાં ફળ હોય છે. તેનાં પાંદડાં કરીપાક બનેવામ છે. તે કડીમાં નાખવામાં આવે છે.

કડીપાન (કડીપાન) પું. કરિયા પાસે ઝાડ ઉપર ઊગતો એક છોડ.

કડીબદ્ધ (કડીબદ્ધ) ૧. જિ. શ્લોકબદ્ધ; કડીઓમાં રચેલું; કડીબંધ.
૨. જિ. સાંકળ રૂપે ગોઠવું.
૩. વિ. હારબંધ

કડીબંધ (કડીબંધ) ૧. જિ. રકમબંધ; એક કડીનું; એકસામટું.
૨ જુઓ કડીબદ્ધ.

કડીમા (કડીમા) [હિં.] પું. પદકાળું.

કડીમાલી (કડીમાલી) જ્યો. ચોકડું, લગ્નામ.

કડીવાર (કડીવાર) ૧. જિ. કડવા કબુમીની એક જાત
૨. ન. કડવા કબુમીની એ નામની જાતનું મ.થૂસ
૩ જિ. કડવા કબુમીની એ નામની જાતનું.

કડીવાળો (કડીવાળા) ૧. જ્યો. કડવા કબુમીની એક અટક.
૨. જ. કડવા કબુમીની એ નામની અટકનું માણસ.
૩. જિ. કડવા કબુમીની એ નામની અટકનું.

કડીંચી (કડીંચી) ૧. જ્યો. એક જાતનું વાદ્ય; સિતાર.
૨. ન. તારવાળું એક વાદ્યું; રાવણહત્થો.
૩. જિ. ઉતાવળું.
૪. જિ. સ્ફોટ; મજબૂત.

કડુ (કડુ) ૧. પું. કડવો રસ.
૨. જ. આસમાની રંગનાં ફૂલવાળો એક જાતનો છોડ. તે આખો છોડ તાવ ઉપર ક્રમમાં આવે છે. તે શીતળ, ભેદક, દીપન, કફઘ્ન, પિત્તહર, રોપક અને કૃમિઘ્ન છે. રક્તરોગ ઉપર પણ તે વપરાય છે.
૩. [સં. કટુ (કડ્વુ)] જ. ઉંદરજાતના ઝાડની સૂકી ડાંખળી; કટી; કટુકા; તિક્તા; કૃષ્ણભેદા; કટુંભરા; અસોઢા; અસ્વસ્થારા; ઝાંગી; કટુમારણી; મત્સ્યપિત્તા; કાંડેલા; રોહિણી. તે જ્વરઘ્ન, પાચક, સારક અને પૌષ્ટિક મનાય છે. ટાટિયો તાવ, મંદાગ્નિ, વાયુ, અગ્નિ, કરમ, અજાવગ્રેપ, ગાભાનો દુઃખાવો વગેરે ઉપર અપાય છે.
૪. જિ. અનિષ્ટ; અરાજ.
૫. જિ. કડવું.
૬. જિ. દારુણ; ભયંકર.

કડુઆ (કડુઆ) ૧. પું. કેનોમાંથી નીકળેલો એક મત.
૨. [હિં.] જિ. તીક્ષ્ણ.
૩. જિ. તીખા સ્વભાવનું.
૪. જિ. વિષ્ટ; કડવું.
૫. જિ. સ્વાદમાં અપ્રિય.

કડુક (કડુક) ૧. પું. એ નામનો એક ઋષિ. સીતાની શોધ વખતે હનુમાને આ ઋષિના આશ્રમમાં એક રાક્ષસને માર્યો હતો.
૨. ન. ખોટું લાગે એવું વચન.
મોટમ બ્યા કહું કડુક ન કહીએ. દયારામ

કડુકચ્છ (કડુકચ્છ) [સં.] જ. એક જાતનું ઝાડ. તેનાં ફૂલ અરણ્યવડી જુપરી જાતવાળાં અને કોકડાં જેવડાં થાય છે. તેનાં બીજમાંથી નીકળતું તેલ દવાના ક્રમમાં આવે છે.

કડુકંદ (કડુકંદ) પું. એક જાતનો કંદ; કનખડી. રાનીપરજ લોકો તેના કટકા કરી ટોપલામાં વહેતાં પાણીમાં રાતભર રાખી બીજે દિવસે તેને બાફી મસાલો ચડાવી ખાય છે.

કડુખજૂર (કડુખજૂર) પું. એક જાતનું ફળ; કારીકળ. કદ, આકાર અને રંગમાં તે ખજૂરને મળતું આવે છે. તેમાં મોટો અને સખ્ત ઠળિયો હોય છે. તેના ખાવાનો સ્વાદ કડવો અને અજાવ ઉત્પન્ન કરે એવો હોય છે.

કડુગુજરી (કડુગુજરી) જ્યો. એ નામની રમત; દાવપિછોડો.

કડુછાલ (કડુછાલ) જ. કડવી છાલનું એક ઝાડ.

કડુડાસ (કડુડાસ) જ. ઊંચેથી જમીન ઉપર પડવાનો મોટો અવાજ.

કડુડાટ (કડુડાટ) જ. પેટમાં દર્દથી થતો અવાજ.

કડુડાસ (કડુડાસ) જુઓ કડુડાસ.

કડુનિંબ (કડુનિંબ) પું. કડવો લીંબડો.

કડુમિઠા (કડુમિઠા) જ. એક જાતની ભાજી. તેનાં બી અને તેલ આંતરડાનાં કૃમિને માટે ઉપયોગી મનાય છે. તેલ ઠંડું અને શાંતિ કરનારું છે. માથે અને પગે તેલ માલિશ કરવાથી દરદીને ઊંઘ આવે છે.

કડુરી (કડુરી) [પં.] જ્યો. લીસોડાં.

કડુલિંબ (કડુલિંબ) પું. કડવો લીંબડો.

કડુવ (કડુવ) [પ્રા.] જ. એક જાતનું વાદ્યિંત્ર.

કડુવા (કડુવા) [હિં.] જિ. કડવું.

કડુસ (કડુસ) જ. ભોંયમાંનો છોડ.

કડું (કડું) ૧. જ. (વહાણવટું) આરસો; કડલે; આરસાની કૂતી બરાબર રાખવા માટેનું જાડિયું ઉપરનું બાંધેલું ગાળિયું.
૨. જ. એક જાતની વનસ્પતિનું મૂળ. તાવ ઉપર તે વપરાય છે. તે કરિયાતા સાથે પણ તાવ ઉપર લેવાય છે.
૩. જ. કડાના આકારમાં વળેલી બાતરાળ.ઝ.
૪. જ. બાંડનું ગોળ વાળેલું રમકડું.
૫. જ. ગાડા કે બૈલગાડીમાં નાનાં ભરાવવા માટેનું સાધન; બૈલગાડીના કાગળાના પૈડાંના ભાગમાં ઉપણી સાથે લોઢાનું બગડી આકારનું જડવામાં આવતું સાધન.
૬. જ. દેવતા પહેરવાના કામમાં આવતું લોઢાનું એક ઓજાર.
૭. [સં. કટક; પ્રા. કડઉ] જ. ધાતુના સળિયાને બરાબર તેની કોઈ ચીજને ગોળ વાળીને બનાવેલો વર્તુલ આકાર; ગોળ વાળેલ ધાતુનો સળિયો.

૧. કડા પોલ્યન્દ્રિઝમ = અણુતારમાં તાર ભારી કરેલ વાટાક્રમ.
૨. કડાં જેગાં કરવાં = અગવડમાંથી સગવડ કરતી; મુશ્કેલીમાંથી રસ્તો કાઢવો.
૩. કડું ભારવું = અણુતરની સાંધમાં તાર ભારી વાટો કરવો.

૮. ન. અંતરવાની કોર્ડ ગોળ ચીજ.

૯. ન. લોઢાનું ચક્ર. અકાણી સિખ તે માથા ઉપર બાંધે છે.

૧૦. ન. હાથકડી
કડે રાખવું = કબજે રાખવું; બંધનમાં રાખવું.

૧૧. [સં. કટક + ઉલ્લા; અપ. કડઉલ્લ] ન. હાથના કાંડા અને કોણી ઉપર પહેરવા તરીકે પહેરવાનો સોના કે રૂપાનો ગોળ ઘાટ; વલય; કંકણ.

કડુંઉં (કડુંઉ) વિ. (જૂ. ગુ.) કડવું; કડવું.
ધર્મ નિશ્ચયો ધારજ રે,
કદીને કડુંઆં વેણ રે.
આનંદ કાવ્યમહોદધિ

કડુંકડું (કડુંકડું) વિ. કડવાશવાળું.

કડુંબચાળ (કડુંબવાળ) પું. (ઝિંગા) ક્રિસ્ટાન.

કડુંરા ૧. ન. એક જાતનો વેલો. એનાં પાન વાલોળનાં પાન જેવાં જેખડાં અને ૧ થી ૬ ઇંચ લાંબાં હોય છે. ડાળખી ઉપર એક પછી એક કલગી જેમ ઘણાં ફૂલ આવે. તેની સિંગ ૨ થી ૩ ઇંચ લાંબી, વાંકી વળેલી અને ફૂંદાંવાળી હોય છે. તે ફૂંદાંને અડતાં ઝણ આવે.
૨. ન. જેરવ.

કડુ (કડૂ) ૧. [સં.] પું. ગુલાબ એનું બાળક; દાસીપુત્ર.
૨. પું. છ સાંઠેનો કડવો સ્વાદ. ૭ સ્વાદ: (૧) કડુ, (૨) તિખટ, (૩) તૂરટ, (૪) ખારટ, (૫) ખાંખટ અને (૬) મધુર.
૩. પું. પુનર્ભવથી થયેલ બાળક
૪. વિ. કડવું.
૫. વિ. ખારું.
૬. વિ. તેજ; આકરું.
૭. વિ. બેસ્વાદ.

કડૂઉ (કડૂઉ) વિ. (જૂ. ગુ.) કડવું; અપ્રિય; કડું.
પુરુષ ઈ સુઈ નવિ, કડૂઉ બવઈ,
પુરુષવંત પુત્રી બોલવઈ. પદ્મનાભ

કડૂખલો (કડૂખલો) ૧. [સં. કટ + ખલ (ખાડો)] પું. ઓકરી બાજણનું ખીલું.
૨. પું. નાની ઓરડી.

૩. પું. નાની સાંકડી અને બાજુની બજાર; ખૂણો; કોલો.

કડૂબું (કડૂબું) ૧. [કડ (કડવું) + બોલ (નાનાપણું બતાવનાર પ્રત્યય)] વિ. કડવાશ પડતું; સહેજ કડવું; વાકડવું.
૨. વિ. કસાલું; બેસ્વાદ.

કડૂસલો (કડૂસલો) ૧. પું. એક જાતનું ઘાસ.
૨. પું. ખાર; પ્રાગખારી.
કડૂસલો કાઢવો = ખૂબ માર મારવો; માથું વાળવો.
૩. પું. ખેળ કે ઢેમ વગરનો કચરો; અડચણો; પડીને થઈ ગયેલો કચરો.

કડૂહલો (કડૂહલો) ૧. પું. એક જાતનું ઘાસ.
૨. પું. ખાખ; પ્રાગખારી.

કડૂંબ (કડૂંબ) ન. (ઝિંગા) વંશ.

કડે ૧. ન. કેડે; ઊંચે રસ્તે.
કડે ચડવું = અંદરોઅંદર દુશ્મનાવટ થવી; મનદુઃખ થવું.
૨. (કડે) ન. કર્યા.
૩. [સ. કટ] ન. તરફ; બાજુ
૪. ન. ત્યાં.
૫. ન. ની સંભાળમાં; સાથે.
૬. ન. પાસે; કને; ભેગો.

કડે કરવું (કડે કરવુ) ૧. ઘ ક્રિ. કબજે કરવું
૨. ઘ. ક્રિ. છતી લેવું.
૩. ઘ. ક્રિ. સત્તા બેસાડવી.

કડેકાઢે (કડેકાઢિ) ૧. ન. આનંદમાં.
૨. ન. કડેધડે; પૂર બહારમાં.
૩. ન. પૂરી શક્તિમાં.

કડેચા (કડેચા) ૧. સ્ત્રી. વાલિયાની એક બટક.
૨. ન. વાલિયાની એ નામની બટકનું બાવૂસ.
૩. વિ. વાલિયાની એ નામની બટકનું.

કડેજો (કડેજો) ૧. [હિં.] પું. બાવૂસનું હૃદય
૨. પું. હિંમત; ખુમસો.

કડેટાટ (કડેટાટ) ન. સપાટાબંધ. ખુબ્બો કડેટાટ.

કડેડવું (કડેડવુ) ન. ક્રિ. કડક કરીને પડવું; ભાંગી પડવું.

કડેડાટ (કડેડાટ) ૧. પું. કડકડ થતો અવાજ.
૨. ન. કડકડાટ; વજર બટકચે; બેધડક.
૩. ન. ત્વરાથી; એકદમ; સપાટાબંધ.

કડેડાટી (કડેડાટી) ૧. સ્ત્રી. કડકડ જેવો અવાજ.
૨. સ્ત્રી. દાહનું તીવ્રપણું.

કડેડાબો (કડેડાટો) પું. કડ-કડ કરીને બાકડું વગેરે ભાંગવાથી થતો અવાજ.

કડેડિયાં (કડેડિયાં) ન. બ. વ. બાવળિયાં; બાહોમ.

કડેડી (કડેડી) અ. કડેડાટ બાગીને.

કડેતોડ (કડેતોડ) વિ. કઠીતોડ.

કડેધડ (કડેધડ) ૧. વિ. કર્તાહર્તા.
૨. વિ. સર્વ અંગે સાબૂત; શરીર શક્તિમાન.
૩. અ. આનંદમાં.
૪. ન. કડાબીડ; સપાટાબંધ.
૫. ન. ખમધોકાર; બહુ સારી રીતે.
૬. ન. રોકમાં; પૂર બહારમાં.

કડેમાણે કડે (કડેમાણે કડે) [સં. ક્રિયમાણ કૃતઃ] અ. (જૈન) કરવા માંડવું તે કર્યું એવો મહાવીર સ્વામીનો સિદ્ધાંત

કડેરા (કડેરા) પું. ગંજીફે રમનાર બાજુસ.

કડેલા સ્ત્રી. કુબ્જા. બુઝો કુબ્જા.

કડેલિયો (કડેલિયો) પું. ગોબના કાંગરાની ઉપરનો ભાગ.

કડેલું (કડેલું) ન. ઠીકરાની ઠીબ.

કડેવર (કડેવર) [સં. કલેવર] ન. શરીર; દેહ.

કડેસા ૧. સ્ત્રી. સોનીની એક બટક.
૨. ન. એ નામની બટકનું બાવૂસ.
૩. વિ. એ નામની બટકનું.

કડૈં (કડૈં) અ. (કચ્છી) કયારે.

કડૈ (કડૈ) અ. કયારે.

કડો (કડો) ૧. પું. એક જાતનું ઝાડ. તેને સુગંધીદાર ફૂલ થાય છે.
૨. [સં. કુટજ] પું. એક વનસ્પતિ; કુંમરી જાતમાં થતું એક ઝાડ; કલાળાલ્ય; કોટ; વત્સક; ગિરિમલ્લિકા; કલિંગ; શક્રશાખી, ઇંદ્ર; વત્સક; વૃક્ષક; પાંડુરદ્રુમ; મલ્લિકાપુષ્પ; ઇંદ્રજવ નું ઝાડ. તેનાં પાન મોટાં, લાંબાં અને અણીદાર હોય છે. તે ચોમાસામાં ફાલે છે અને તેમાં સફેદ અને પાસ પાંખડીવાળાં જથ્થાબંધ ફૂલ થાય છે. તેનાં ફળને કડાકણી કહે છે. તેનું થાક અથવા અથાણું થાય છે. કડાકણી લાંબી અને વાંકી હોય છે. તેનાં બીને ઇંદ્રજવ કહે છે. બીને એક છેડે રેશમ જેવો તોરો હોય છે. તે બી બહાર નીકળતાં રૂનીની પેઠે ફેલાય છે. તેનાં છાલ તથા બી દવા તરીકે વપરાય છે. તે ગ્રાહી, ઉષ્ણ, જ્વરઘ્ન અને અગ્નિદીપક છે અને તાવ, હરસ, અતિસાર, મરડો, કરમ, જૂની બાંસી, ત્વચારોગ અને શીળસ ઉપર દવાના રૂપમાં અપાય છે.

કરાડો

૩. પું. દહીં બેળવેલ સાયનો

૪. પું. સ્તાવરીનો છોડ.

૫. પું. રોકેલા જવ.

કરંભા ૧. [સં.] સ્ત્રી. ઝિમંત વૃક્ષ.

૨. સ્ત્રી. સતાવરી નામની વનસ્પતિ.

કરંભાદ પું. સૂર્ય; પૂષા.

કરંભિ [સં.] પું. (પુરાણ) એ નામનો યદુવંશી એક રાજા; શકુનિ રાજાનો એ નામનો એક દીકરો.

કરંસી ૧. સ્ત્રી. વાણિયાની એક અટકનું નામ.

૨. ન. વાણિયાની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરા ૧. [સં. કરક] પું. ન. બ. વ. આકાશમાંથી પડતા કુદરતી બરફના કટકા; હિમાશ્મ.

કરા પડવા = બરફના કટકાનો વરસાદ વરસવો.

૨. પું. સ. વ. સાંઢ; બળદ.

૩. પું ન વ. ઘરની બાજુની દીવાલ.

૪. પું ન વ. પટારાનાં પડખેનાં પાટિયાં.

૫. પું ન. વ. સૂપડાની બને તરફની ઢળતી દીવાલ.

કરાઇત [સં. કિરાત] પું. એક જાતનો કાળો સર્પ. તે બહુ ઝેરી હોય છે.

કરાઇયત [અ. કરહ તેણે ધિક્કાર્યું)] સ્ત્રી. અણગમો; સૂગ; તિરસ્કાર.

કરાઈ ૧. પું. કરવતિયો; લાકડાં વહેરવાનો ધંધો કરનાર માણસ; વહેરસિયો.

૨. પું. ભોંઈ; પાલખી ઊંચકનાર.

૩. સ્ત્રી. કરામણ; કરાવવાનું અર્થ.

૪. સ્ત્રી. કોણીથી પંજા સુધીનો હાથનો ભાગ.

૫. સ્ત્રી. કોરાઈ; પરાઈ.

૬. ન. જાતીનું હાંડવું.

કરાઈન [અ.] પું. બ. વ. સંજોગો.

કરાઉ ૧. [દે.] ન. કેરવવું; વિધવાનાં તેના દિયર સાથે પુનર્લગ્ન.

કરાઉ રીત = જાટ, ગુજ્જર, આહીર વગેરે જાતિમાં ભાઈનો પત્ની મરી ગયા પછી તેણીના દિયર ઉપર ઊંડો નાખે છે તે રીત.

૨. ન. વેરવાવૃત્તિ.

કરાએજ [ઇ.] પું. લંબગોળ પાંદડાંવાળી એક વનસ્પતિ. તેનાં બીને ઇંદ્રજવ કહે છે.

કરાઓ ૧. પું. રખાત રાખવી તે.

૨ [હિ.] પું. વિધવાએ મુજરનાર પતિના નાના ભાઈ સાથે કરેલ લગ્ન; દેરવવું; કરાઉ.

કરાકર ૧. [સં. કર (કિરણ) + આકાર (જથ્થો)] પું. કિરણનો જથ્થો.

વિલાસી જન્યા રશ્મિમૂઢ કરાકર સૂર્યતણા. સ્નેહમુદ્રા

૨. [અ.] પું. તાંત વાગતાં થતો અવાજ.

કરાકસ ૧. સ્ત્રી. પારસીની એક અટક.

૨. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરાકુર [અ.] પું. વાયુથી પેટમાં થતી ગરબડ.

કરાકુર થવું = પેટમાં વાયુનો અવાજ થવો.

કરાકુલ ૧. [સં. કૈરલ] ન. એક જાતનું ઘાસવું.

૨. ન. રાતી કલગીવાળું એક ઢાસવું પક્ષી. તે સિંધળામાં મોટા ટોળામાં ઉત્તર હિંદુસ્તાનના મેદાનમાં આવે છે.

કરાકો પું. કપાસના અથવા તુવેરના છોડની સાંઠીનો બાંધેલો સાવરણો.

કરાખી ૧. સ્ત્રી. બડકો; ઘરની આગળનો ભાગ

૨. [સં. કક્ષા–કક્ષિકા–કક્ષિખા–કક્ષખી–કરક્ખ–કરાખી] સ્ત્રી. સીવેલા કાપડામાં બગલ આગળ આવતો ત્રિકોણકાર કટકો; કળી; સીવણમાં વળાંવના ભાગ આગળ મુકાતી ત્રિકોણાકાર કાપલી.

કરાગ્ર ૧. [સં.] પું. નખ.

૨. ન. આંગળી

૩. ન. હાથનો આગલો ભાગ.

૪. ન. હાથીની સૂંઢનો ઉપલો ભાગ.

કરાગ્રજ [સં. કર (હાથ) + અગ્ર (આગલો ભાગ) + જ (ઉત્પન્ન થયેલ)] પું. નખ; કરજ; કરરુહ.

કરાગ્રપલ્લવ પું. આંગળી. જુઓ કરપલ્લવ.

કરાઘાત [સં.] પું. હાથનો પ્રહાર; થપ્પડ.

કરાચી સ્ત્રી. વાણીના જે ભાગ ઉપર બાંધી બેસે તે ચોકઠું.

કરાજી સ્ત્રી. નાખુશી.

કરાટ વિ. વિકટ.

કરાઠી [હિ.] સ્ત્રી. કસાઈ; તબી.

કરાડ (કરાડ) ૧. પું. (ડિંગ) એક વનસ્પતિ; કલાર.

૨. પું. મલાજન.

૩. પું. વૈદ્ય.

૪. [સં. કરાલ] સ્ત્રી. ઊતરતા ઢોળાવની પર્વત કાપીને બનેલી ખો.

૫. સ્ત્રી. ઊંચું શિખર; ટેકરી.

૬. સ્ત્રી. ઊંચો છોડ.

કરાડે જવું = ખેતરમાં ઊગેલા મોલનું બહુ ઊંચું વધવું.

૭. સ્ત્રી. ઊંચા ખાડા ઉપરની પથ્થરની ઊભી દીવાલ; ભેખડ.

૮. સ્ત્રી. બડકો.

કરાડો પટાડીમાં નિરભ્ર બની દે રજાવા. વીરસુ

૯. સ્ત્રી. ખરાબો.

૧૦. સ્ત્રી. પલાશમાં વસતી એ નામની વાણિયાની એક કોમ.

૧૧. ન. વાણિયાની એ નામની કોમનું માણસ.

૧૨. ન. સતારા જિલ્લામાં કૃષ્ણા અને કોયનાના નદીના સંગમ ઉપર આવેલ એક પ્રાચીન ગામ; કરહાટક, કરાહાટક.

૧૩. વિ. વાણિયાની એ નામની કોમનું.

૧૪. વિ. વિકરાળ; ભયંકર.

કરાડવલ્લ (કરાડવલ્લ) પું. (કચ્છી) ડાંડલીમાંથી દૂધ નીકળે એવો એક જાતનો વેલો.

કરાડવું (કરાડવું) અ. ક્રિ. બહુ ઊંચું વધી જવું.

કરાડા (કરાડ) ૧. [મ.] પું. કિનારો.

૨. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એક જાતિ. સાંવતવાડી સંસ્થાન અને રત્નાગિરિ વચ્ચેના પ્રદેશ કરાહટ ઉપરથી આ નામ પડ્યું જણાય છે.

૩. ન. બ્રાહ્મણની એ જાતિનું માણસ.

૪. વિ. બ્રાહ્મણની એ નામની જાતિનું.

કરાડું (કરાડું) ૧. ન. બ. વ. ઓથ.

૨. ન. બ વ. મોરચા.

કરાડિયા (કરાડિયા) ૧. સ્ત્રી. કોડીનાર તરફ રહેતી રજપૂત ખેડૂતની એક પેટા જાત. સરકારને કર ભરવો પડ્યો તેથી તેઓ કરાડિયા કહેવાયા.

૨. ન. રજપૂતની એ નામની જાતનું માણસ.

૩. વિ. રજપૂતની એ નામની જાતનું

કરાડિયો (કરાડિયો) પું. કરોળિયો; ઊર્ણનાભ.

કરાડી (કરાડી) ૧. સ્ત્રી ધરો; નદીમાં ખાડો હોવાથી જ્યાં ઘણું પાણી રહેતું હોય એવું ઠેકાણું.

૨. સ્ત્રી નદીનો ભેખડવાળો કાંઠો.

૩. સ્ત્રી. પર્વતની સાંકડી અને ઊંચી કાટ; પર્વતમાં પથ્થર કાપવાથી પડેલી સાંકડી અને ઊંડી કાટ; ખો

૪. સ્ત્રી. સોનીનું એક ઓજાર.

કરાડો (કરાડો) ૧. પું ખડક; કરાડ.

૨. પું. જે આડા લાકડા ઉપર વહેરવાનું લાકડું મુકાય છે તે લાકડું.

૩. પું. નદીનો ઊંચો અને સીધો કાંઠો; ભેખડ.

૫. વિ. બેસ્વાદ; સ્વાદ વગરનું.

કઢાપો ૧. [સં. ક્વથ્ (ઉકાળવું)] પું. ઉકાળો.
૨. પું. કઢી. મકરીમાં અને તિરસ્કારમાં કહેવામાં છે.
૩. પું. કળતર; વેદના; દુ:ખ.
૪. પું. ગુસ્સો આણી લોહી તપાવવું તે; પરિતાપ; કલેશ; કંકાસ.
૫. પું. ધામ; ભઠ્ઠારો; કઢારો.
૬. પું. દાઢનો દુ:ખાવો.

કઢામ ૧. ન. એકદમ પોતાનાં સાધન ઉપાડી જવા જે ત્રિકોણાકાર ચોકઠું વાપરે છે તે; ધીસડું; કઢામડું.
૨. ન. ઘોડા અને બળદ પખોટવાનું વગર પૈડાંનું જમીનને ઘસરકાતું તણાય એવું લાકડાનું ત્રિકોણાકાર ચોકઠું.

કઢામડું (કઢામ્બું) ન. ધીસડું; કઢામ; ચોગઠાના આકારનું લાકડાનું સાંતી નીચે નંખાતું બેલાખડું; સાંતીને લઈ જતાં લાગતાં તે બરાબર નહિ માટે તેની નીચે ચોગઠાના આકારનું રાખવામાં આવતું લાકડાનું ચોકઠું.

કઢામણી ૧. સ્ત્રી. પૈસા કઢાવવાની રીત.
૨. સ્ત્રી. મૂઠી ઓસાવવી તે.
૩. સ્ત્રી. લાકડું અંદર નાખી વહેરવાનું ત્રિકોણાકાર સાધન.

કઢામણું જુઓ કઢામડું.

કઢામું ન. મોટી કઢાઈ; તાવડો; નાનો તવો.

કઢાયેલું જુઓ કઢાવું.

કઢારો ૧. પું. ખાંલ્લા વગરની ઊંચી મૂઠ જેવી સૌથી લાંબા ઊભા ઉપરની ખોરની પીઠી; આંપને.
૨. પું. તરીપલને ગાડા સાથે જોડવાનું વરત જેવું દોરડું; તાણિયો.
૩. પું. મુચકુંદાદિ વર્ગની એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. એનાં બીજ કોઠીની જગ્યાએ વપરાય છે અને એનો મુંદર પૌષ્ટિક મનાય છે. તેનો મુંદ કઢારો મુંદર સાથે ભોગવવામાં આવે છે અને તે એક નામના બે જાતના મુંદનો જોગ કરવામાં આવે છે. સાધારણ રીતે કઢાવાનો મુંદર કતીરા મુંદ તરીકે ઓળખાય છે અને પરદેશથી તે આવે છે.

કઢારો મુંદર પું. બે નામનો એક જાતનો મુંદ. આ મુંદ સાતપુડાના કુંજરમાં થાય છે. તે પૌષ્ટિક હર્ષ સુવાવડી સ્ત્રીઓ માટે સરસ મનાય છે. પરદેશથી આવતો કતીરા મુંદ પણ કઢાય મુંદર તરીકે ઓળખાય છે અને આ બેનો જોગ થાય છે.

કઢારા નાખ્યા પું.બ.વ. (ભોંયામંડળ) ઊભીનાં લીધેલાં નાણાં.

કઢારું ૧. ન. કોથળું; દોર બાંધવાનું નાનું વરસ પડાણી.
૨. ન. ઘરની પછવાડેનો વાડો.
૩. ન. નીચે ઉતારેલી ઓશરી.
૪. વિ. ઊભીનું; પાણું આપવાનું કહીને સાથ ઉપર લીધેલું.
કઢારે લઈ જવું = ઊભીનું લઈ જવું.

કઢારો ૧. પું. અમુક ગણ કરી પાણું આપવાની શરતે અનાજ વગેરે લેવું તે.
કાઢ કઢારે કંઈ અંતર બ્રીજાં અંતરે
દિલગીર
૨. પું. કઢાઈ એવો મોટો અનાજ.
૩. પું. ઘીરેલાં નાણાંનો વપારો.
૪. પું. ભાવ કરાવીને નહિ પરંતુ ઊંચક વસ્તુ લેવી દેવી તે; ઊંચક વસ્તુ લેવી તે.
૫. પું. લીધેલી વસ્તુ નીમેલી મુદતે સવાઈ દોડી દેવાનો કરાર.

છે. તેમાં પહેલી પરિપાટીમાં એક ઉપવાસથી શરૂ કરી છ એટલે બે ઉપવાસ અને અઠમ એટલે ત્રણ ઉપવાસ સુધી ચડી આઠ અઠમ કરી વળી એક ઉપવાસથી સોળ ઉપવાસ સુધી ચઢાવવા. બીજી પરિપાટીમાં ચોત્રીશ અઠમ કરવા. ત્રીજી પરિપાટીમાં પહેલી પરિપાટીથી ઊલટી રીતે કરવું એટલે સોળથી ઘટાડી એક સુધી આવી આઠ અઠમ કરી અઠમ, છઠ અને એક ઉપવાસ કરવો. ચોથી વચ્ચેની પરિપાટીમાં ચોત્રીશ અઠમ કરવા. એકેક પરિપાટીમાં એક વરસ પાંચ માસ અને બાર દિવસ લાગે. બારેમાં પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસ લાગે.

કનકાવલિતપ જુઓ કનકાવલિ ૨.

કનકાસન ૧. [સં.] ન. બેસવાનું સોનાનું આસન.
૨. ન. સોનાનું સિંહાસન.

કનકાસવ [સં.] પું. (વૈદ્યક) હેડકી, શ્વાસ, કોસાનાં દરદ, ઉપરસ, કૃમ અને ન્યુમોનિઆમાં ફાયદાકારક મનાતો એક આયુર્વેદિક દારૂ. તે બનાવવા ધતૂરાનું પંચાંગ પળા ૪, અરડૂસાનું પંચાંગ પળા ૪, જેઠીમધ, પીપર, ભોરિંગડીનાં મૂળ, નાગોસર, સૂંઠ, ભારંગમૂળ અને તાલિસપત્ર એ બધાનું વસ્ત્રગાળ ચૂર્ણ એકેક તોલો, ધાવડીનાં ફૂલ એક પ્રસ્થ, દ્રાક્ષ વાટેલી પળા ૨૦, પાણી દ્રોણ બે, સાકર તુલા એક, અને મધ તુલા અરધી બધાં સાથે મેળવી એક માસ સુધી માટીના રીઢા વાસણમાં રાખી મૂકવું. આ આસવ દિવસમાં એકથી બે ચમચા બે વખત પાણી સાથે આપવો.

કનકાહ્વ [સં.] ન. અગ્નિ કરતો હોમ એવું સોનાનું એક હથિયાર.

કનકાક્ષ ૧. [સં.] પું. ધતૂરો.
૨. પું. નાગોસર.
૩. ન. ફૂલ.

કનકાહ્વય જુઓ કનકાક્ષ.

કનકાંગદ ૧. પું. ધૃતરાષ્ટ્ર રાજાનો સો ભાઈનો એક દીકરો.
૨. [સં.] પું. સોનાનો બાજૂબંધ.

કનકાંગદી [સં.] પું. વિષ્ણુ ભગવાન. માયાવતારમાં સોનાના બાજૂબંધ તેમણે પહેરેલા હોવાથી તેઓ કનકાંગદી કહેવાય છે.

કનકિતા [સં.] પું (પિંગળ) બે ભગણ, બે નગણ, અને ગુરુ મળી ૧૩ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ભા ભ ન ના મ થકી રચ કનકિતા.
સ્વરૂપિણ

કનકી ૧. [હિં.] સ્ત્રી. ભાંગેલા ચોખા; ખમૂકી.
૨. સિ. સોનાનું.

કનકુતા જુઓ કનકૂત.

કનકૂ ૧. [અ.] પું. કિનારો.
૨. પું. પાંખ.
૩. પું. બાજુ.

કનકૂડો (કનકૂડો) પું. કનકવો; પતંગ.

કનકૂત ૧. [હિં.] પું. ઊભા પાકની આપણી કરવા અને તેની કીમત આંકવા નિમાયેલ અધિકારી.
૨. સ્ત્રી. ઊભા મોલની કીમત.

કનકૂન સ્ત્રી. ઝાડ ઉપર રહેતી અને ઘણે દૂર કૂદકો મારી શકતી ખિસકોલી જેવી, ઝેરી, પાંચથી છ ઇંચ લાંબી, દોઢ ઇંચની પૂછડીવાળી ગરોળી. એના ડંખથી મનુષ્ય ક્વચિત જ બચે.

કનકૈયા ૧. સ્ત્રી. એક જાતનો બંજારી ઘોડ.
૨. સ્ત્રી. પતંગ.

કનકો જુઓ કનકૂડો.

કનકોજ્જ્વલ [સં.] વિ. સોનાના જેવું પ્રકાશિત.

કનકોત્સવ [સં.] પું. સુવર્ણ મહોત્સવ.

કનકૌવા જુઓ કનકૂડો.

કનખ જુઓ કનકૂડો.

કનખલ [સં.] ન. હરદ્વારની પૂર્વે ગંગા અને નીલધારાના સંગમ આગળ બે માઈલ ઊપર આવેલું એક ગામ. દક્ષયજ્ઞ અહીં થયાનું મનાય છે. મહાભારતમાં આને એક તીર્થસ્થળ તરીકે વર્ણવેલ છે. તેની ઉત્તરમાં બે માઈલ ઉપર ગંગાની નહેર આવેલી છે.

કનખલ ઘાટ ઉપર સ્નાન કરાય છે. કાંઠા ઉપર રાધાકૃષ્ણનું અલૌકિક આંધ્રકામનું મંદિર છે. પાસે જ બીજું મહાદેવનું મંદિર છે. દક્ષ પ્રજાપતિની સ્થા જગ્યા છે. ઉમિયાજી જ્યા રમ્યાં હતાં તે કૂંડ પણ ત્યાં છે. આર્યાવર્તવાત્રા

કનખલા પું. (બૌદ્ધ) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કનખૂલ જુઓ કનખલ.

કનગુરિઆ [હિં] સ્ત્રી. ટચલી આંગળી.

કનઘુંગલી જુઓ કનગુરિઆ.

કનછેક પું. ખિજાળુ હોવાપણું.

કનજર સ્ત્રી. કુદૃષ્ટિ; ખરાબ નજર.

કનજરી ૧. સ્ત્રી. રખાત; ઉપપત્ની.
૨. વિ. ખરાબ દૃષ્ટિવાળું.

કનજા ૧. સ્ત્રી (જ્યોતિષ) એ નામની રાશિ.
૨. સ્ત્રી. દસ વર્ષ નીચેની કુંવારી છોકરી.
૩. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૪. સ્ત્રી. પરસૂતી છોકરી.

કનટારી ૧. પું. કસાઈ.
૨. પું. દસ ભાર ફૂટ ઊંચો થતો કાંટાળો એક છોડ.
૩. પું. વેરાન જમીનમાં ઊગતું જાડું ઘાસ.

કનટી સ્ત્રી. રાતો સોમલ.

કનડ (કનડ) ૧. સ્ત્રી. દુઃખ; પીડા; સંકટ.
૨. સ્ત્રી. નાકર; આડચણ; હરકત.
૩. સ્ત્રી. હેરાનગતિ; પજવણી.

કનડગત (કનડગત) જુઓ કનડ.

કનડવું (કનડવું) ૧. સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.
૨. સ. ક્રિ. પજવવું; હેરાન કરવું.
૩. સ. ક્રિ. હરકત કરવી; વિઘ્ન નાખવું.

કનડાડ (કનડાડ) જુઓ કનડ.

કનડી (કનડી) [હિં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.

કનતાન સ. રાણનું બનતું એક જાતનું હથિયાર. વહાણના સઢ બનાવવામાં તે ઉપયોગી છે.

કનદિયારી સ્ત્રી. રક્તપિત્ત, કૃમ, ખાંસી અને તાવમાં ઉપયોગી મનાતી એક વનસ્પતિ; ઊભી ભોરિંગડી.

કનદોર્ઈ ૧. પું. બાહમૂંગો.
૨. સ્ત્રી. ખાંડ ઉકાળવાની કડાઈ.

કનન [સં.] વિ. કાણું; એક આંખવાળું.

કનપટી સ્ત્રી. કાન અને આંખ વચ્ચેનો ભાગ.

કનફટા ૧. પું. ગોરખનાથનો અનુયાયી યોગી. તે કાન ફડાવી તેમાં લાકડાં, માટી વગેરેની મુદ્રા પહેરે છે.
૨. વિ. કાન ફાટેલું.

કનફેડા (કનફડ) જુઓ કનફટા.

કનફૂલ સ. ઓઢણીનું કાનનું ઘરેણું; કનકૂલ.

કનફેડ (કનફેડ) પું. કાન અને ગળા વચ્ચેની કોથળી સોજી જવી તે; માલપ્રોળિયાં.

કનફેર જુઓ કનફેડ.

કનબુઝ જુઓ કનફેડ.

કનમાત્ર સ. બહુ થોડા પ્રમાણમાં.

કનચૂત પું. સફેદ કસ્તૂરી ચોખાની એક જાત.

કનર સ્ત્રી. કોહીનૂર પાસેના દરિયામાં થતી એક માછલી.

કનરસ [હિં.] પું. સંગીત વગેરે સાંભળવાનો આનંદ.

કનરસિયું વિ. ગાવું, બજાવવું વગેરે સાંભળવાનો શોખીન; સંગીતપ્રિય.

ઝનરા જ. એક જાતનું પક્ષી; ઘુલઘુલ.

ઝનરાજ જ. એ નામનું ઝાડ; નિલૂર; રાતઝેન.

ઝનારો કું. (સંગીત) ત્રિતાલને બીજે પહોરે ગવાતો એક રાગ.

ઝનાલી [સં.] વિ. પ્રકાશિત; દેદીપ્યમાન.

ઝનાવાઈ સ્ત્રી. માટીવાળી જમીનની એક જાત.

ઝનાહ [સં.] કું. એ નામનો વસુવંશી એક ક્ષત્રિય.

ઝનાવા ૧. સ્ત્રી. દરકાર; ચિંતા.
૨. સ્ત્રી. શેરના વીસમા ભાગનું માપ.

ઝનાવાઈ સ્ત્રી. કાન વીંધવા તે.

ઝનાવાત જ. દરજી લોકોના કબીલાનું એક નામ.

ઝનાવાર ૧. સ્ત્રી. અણબોળ; પંચાત.
૨. સ્ત્રી. દરકાર; ચિંતા.
૩. સ્ત્રી નિષેધ; અટકાવ; મનાઈ.
૪. સ્ત્રી. વેરવા; તમા.
૫. સ્ત્રી. લક્ષ; ખ્યાલ; કાળજી.

ઝનાશાસાઈ કું. કાનખજૂરાની એક જાત. તે કાનમાં થઈને મગજમાં પેસી જાય. તેના કરડવાથી બહુ દુઃખ થાય અને કોઈ વખત મૂર્છા પણ થાય.

ઝનાશી સ્ત્રી. પંજાબ તરફની એક ભાષા.

ઝનાસાસાઈ જુઓ ઝનાશાઈ.

ઝનાસાસો જુઓ ઝનાશાઈ.

ઝનાસાર ૧. કું. કંસાર; સાપસી.
૨. વિ. તામ્રપટ ઉપર લેખ કોતરનાર.

ઝનાસારા જુઓ ઝનાશાઈ.

ઝનાસારી ૧. સ્ત્રી. કંસારાની સ્ત્રી.
૨. સ્ત્રી. કંસારી; એક છોડ.
૩. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

ઝનાસારો કું. કંસારો.

ઝનાસ્તર ૧. [અં. મૅનિસ્ટર] જ. ભાંડ ભરવાની ગુણ.
૨. જ. ચાર હજાર પરિમાણનો જથ્થો.
૩. જ. ત્રિનના પંતરાનો દાણો.
૪. જ. નેતર અથવા વાંસની ચીપોની ગુણ.
૫. જ. પડો; કોડી.
૬. જ. વાંસ અથવા વાંસની ચીપોની ટોપલી અથવા કરંડિયો

ઝનાહા કું. ઊભા મોલની કીમત બાંધનાર અમલદાર.

ઝનાહાઈ ૧. સ્ત્રી. ઊભા પાકની કીમતની બાંધણી.
૨. વિ. ઊભા પાકની કીમત બાંધનાર.

ઝનાહાઈ બંસી કું. પાતળી ઝાલની, પોલા અવયવની, રેશમ વિનની, મુલાયમ જેવી સુંવાળપણી, લાંબી અને પોલા કરીની એક જાત.

ઝનાહારો ૧. કું. બાજરાનો ચારણ.
૨. કું. અશ્વ.

ઝનાહેવો ૧. કું. કુમળુ બકવાન; કનેવો.
૨. કું. ખૂબસૂરત છોકરો.
૩. કું. ઊંટબટાઉ.

ઝનંગર કું. પથ્થરનું એક જાતનું હથિયાર.

ઝનંડા ૧. જ. ખોદવાનું ઓજાર.
૨. વિ. ખોદનાર.

ઝના ૧. [સં.] સ્ત્રી. સૌથી નાની છોકરી.
૨. વિ. સ્ત્રી. સૌથી નાની.

ઝનાઝત [અ.] સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.
ઝનાઝત કરવી = જેટલું હોય તેટલાથી સંતોષ માનવો.

ઝનાઈ ૧. કું. કનેવો; બીજો પુત્ર.
૨. સ્ત્રી. લગ્ન; સગપણ.

ઝનાઈબિરરી સ્ત્રી. દરથી બાર ઇંચ લાંબા અને પણું સ્વાદિષ્ટ કેળાંની એક જાત.

ઝનાકેસૂ [હિં.] કું. એક જાતની સાકલાદ્ય.

ઝનાગત ૧. કું. આસો માસનું કૃષ્ણપક્ષ.
૨. કું. ગરમકિયા.
૩. કું. ગદ્ય.

ઝનાજા ૧. સ્ત્રી. સુંવાળિયા કોળીની એ નામની જાતિ.
૨. જ. સુંવાળિયા કોળીની એ નામની જાતિનું માણસ.
૩. વિ. કોળીની એ નામની જાતનું.

ઝનાજી ૧. સ્ત્રી. કાચ બનાવીની એ નામની બટક.
૨. જ. એ નામની કબૂતરીની બટકનું માણસ.
૩. વિ કબૂતરીની એ નામની બટકનું.

ઝનાત ૧. [અ.] સ્ત્રી. બારા જેવા કપડાનો વાંસની સાથે સીવીને બનાવેલો પડદો.
ઝનાત ખેંચવી-પેસવી = તંબૂની આસપાસ વાડ કરવી.
૨. સ્ત્રી. તબેલો; ઘોડાર.
૩. સ્ત્રી. તંબૂની કપડાની દીવાલ.

ઝનાન [અ.] કું. એ નામનો એક દેશ.

ઝનાની [અ.] વિ. ઝનાન દેશ સંબંધી.

ઝનાબન કું. ગૌતમ ઋષિનો એ નામનો શિષ્ય.

ઝનાર ૧. સ્ત્રી. ગોર.
૨. સ્ત્રી. ગોરીનું ઝાડ.
૩. સ્ત્રી. ઘોડાની બાંધણી; હાથી માટેનો બંધુસ.
૪. સ્ત્રી. સરહદ; કિનાર.

ઝનારવું અ. ક્રિ. કરિયાદ કરવી.

ઝનારા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક બટક.
૨. જ. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ઝનારો કું. (ઠિંગણ) કિનારો; કાંઠો.

ઝનાલ ૧. [અં. કનેલ] સ્ત્રી. વહાણોને જવા આવવાની સરળતા માટે બે બોટી નદી, અખાત કે સમુદ્રની વચ્ચે કાઢવામાં આવતી કૃત્રિમ બાટી.
૨. સ્ત્રી. સાંતીનો બાકીનો ભાગ.

ઝનાસા સ્ત્રી. જમીનમાં નાખેલી સાંકળ. તેની સાથે હાથીને બાંધેલી સાંકળ બાજીપાળી ન થાય તે માટે બાંધવામાં આવે છે.

ઝનારેતર જુઓ ઝનારતર.

ઝનાહ ૧. કું. ફળનો સડેલો ભાગ.
૨. વિ. કાણું; એક બાંખવાળું.

ઝનાહું સ્ત્રી. પ્રહ્લાદની માતું નામ.

ઝનિકા ૧. સ્ત્રી. કોકિલા; કોયલ.
૨. સ્ત્રી. દુકો.
૩. જ. કોયલ.

ઝનિત ૧. [સં.] વિ. પવિત્ર; શુદ્ધ.
૨. વિ. સાફ.

ઝનિયાહટ સ્ત્રી. સરભાળપણું.

ઝનિયાં ૧. સ્ત્રી. ખોળો.
૨. સ્ત્રી. નાળિયેર, મીઠાઈ અને રાતા નાણાની કન્યાને ભેટ.
૩. સ્ત્રી. બાળકને ખોળે બેસાડવાની ક્રિયા.

ઝનિશ કું. કોકિલો.

ઝનિસ્ત [સં.] કું. ખ્રિસ્તી ધર્મ.

ઝનિષ્ક કું. બૌદ્ધ ધર્મનો પ્રચાર કરનાર એક સમર્થ રાજા.

ઝનિષ્કપુર જ. કાશ્મીરની દક્ષિણે દરા માઈલ ઉપર આવેલું નગર; ઝમપુર. તે ઝનિષ્ક રાજાનું હતું.

ઝનિષ્ઠ ૧. [સં.] કું. નાનો ભાઈ.
अनुज अवर्जस नाहि तव अस्ति ज्येष्ठ कनिष्ठ जनि, सब सहोदरनी समुझ, कोय नहि है तीय.
ત્રિભોવનદાસ
૨. કું. શિવ; શંકર; મહાદેવ.
૩. વિ. અતિ તરુણ.

૪. વિ. ઉત્તર દ્રાક્ષે બનેલ.
૫. વિ. ઉંમરમાં સૌથી નાનું.
૬. વિ. ઊંચ ઊતરતું; હલકામાં હલકું; નીચ.
કનિષ્ઠ ચાકરી = ગરીબાઈવાળી સ્વતંત્રતા એ શ્રીમંતાઈવાળી ગુલામી કરતાં સારી છે.
૭. વિ. પગ નીચા હોય એવું.
૮. વિ. બહુ ઓછું.
૯. વિ. સૌથી નાનું.

કનિષ્ઠઉદય પું. જ્ઞ હાથ ઊંચાઈ.

કનિષ્ઠક [સં.] ન. એક જાતનું ઘાસ.

કનિષ્ઠકાલકેજ પું. (જ્યોતિષ) સાતસત્યાવીસ નક્ષત્રનો એક તારો.

કનિષ્ઠતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત નાનાપણું.
૨. સ્ત્રી. બહુ ઓછાપણું.
૩. સ્ત્રી. હલકાપણું; અધમતા; ઊતરતાપણું.

કનિષ્ઠત્વ જુઓ કનિષ્ઠતા.

કનિષ્ઠપક્ષ ૧. [સં.] પું. ઊંચ ઊતરતો પક્ષ.
૨. પું. ઊલટી પામરી.
૩. પું. ઊલટો ઉપાય.
૪. પું. હલકી રીત.

કનિષ્ઠપક્ષે ૧. અ. ક્રમમાં ક્રમ; ઓછામાં ઓછી રીતે.
૨. અ. ઊલટે; ન ગણતાં.

કનિષ્ઠપદ ૧. [સં.] ન. બીજગણિત.
૨. ન. બીજગણિતમાં કહેલું એક વર્ગમૂળ.

કનિષ્ઠફલ [સં.] ન. (ગણિત) આપેલાં સમીકરણોમાંથી અજ્ઞાત ઊંચી ઘાત્ય પછી સમીકરણો જે રૂપમાં રહે તે રૂપ: 'ડિટર્મિનેશન'.

કનિષ્ઠમાન [સં.] ન. અઢીસો ફૂટ ઊંચી પાળવાળું તળાવ.

કનિષ્ઠમૂલ [સં.] ન. (ગણિત) બે કોઈ સંખ્યાના વર્ગને આપેલી સંખ્યામાંથી બાદ કરવાથી બાકી રહેતી સંખ્યા ઉમેરવાથી બાદ કરવાથી બીજા કોઈ સંખ્યાનો વર્ગ થાય તેવી પહેલી મૂળ સંખ્યા.

કનિષ્ઠા ૧. [સં.] પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રનો સૌથી ચળકતો તારો.
૨. સ્ત્રી. એક જાતની નાયિકા.
૩. સ્ત્રી. ટચલી આંગળી; સૌથી નાની આંગળી.
૪. સ્ત્રી. દુર્બળ આંગળી.
૫. સ્ત્રી. નાના ભાઈની સ્ત્રી.
૬. સ્ત્રી. નાની ઉંમરની સ્ત્રી.
૭. સ્ત્રી. નાની બહેન.
૮. સ્ત્રી. બે અથવા વધુ સ્ત્રીઓમાં જેના ઉપર સૌથી ઓછો પ્રેમ હોય તે સ્ત્રી.
૯. સ્ત્રી. બે કે વધારે સ્ત્રીઓમાં સૌથી ઊતરતી પરણેલી સ્ત્રી.
૧૦. વિ. સ્ત્રી. નાની.

કનિષ્ઠામકર્ષણી [સં.] સ્ત્રી. એ નામની એક ચેષ્ટા. તે વર્તુળક નામના કૂર્ચારિચના ફેરવ્યા જાય ઉપરથી તેમ જ કંડ્યિક રનાયુ ઉપરથી ઉત્પન્ન થઈને ટચલી આંગળીના પાછલા વેઢાના મૂળમાં લાગેલી છે.

કનિષ્ઠામપસારણી [સં.] સ્ત્રી. ટચલી આંગળીને લાંબી કરનાર એક ચેષ્ટા.

કનિષ્ઠામૂલકર્ષણી [સં.] સ્ત્રી. કનુપર નામના કૂર્ચારિચના ફેરવ્યા જાય ઉપરથી તેમ જ કંડ્યિક રનાયુ ઉપરથી ઉત્પન્ન થઈ કનિષ્ઠામૂળરાલામની અંદરની બાજુને લાગેલી ચેષ્ટા.

કનિષ્ઠામૂલસલામકા [સં.] સ્ત્રી. ટચલી આંગળીના મૂળમાં રહેલું હાડકું. તેના મૂળ ભાગની બહારની બાજુ ઉપર એક મોટું અર્બુદ જેટલે ઉપસેલો ભાગ છે.

કનિષ્ઠાસંકોચની [સં.] સ્ત્રી. એ નામની પાદતલની એક ચેષ્ટા. ટચલી આંગળીની મૂળ રાલામ ઉપરથી ઉત્પન્ન થઈ તેના જ પાછલા પર્વના મૂળ ભાગને જય ચેષ્ટા લાગેલી છે. પગની કનિષ્ઠા આંગળીને તે સંકોચે છે.

કનિષ્ઠિકા ૧. [સં.] સ્ત્રી. ટચલી આંગળી.
૨. સ્ત્રી. નાની બહેન.
૩. સ્ત્રી. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રનો બહેલો તારો.

કનિસ્ત [ફા.] પું. ખ્રિસ્તી દેવળ.

કનિહા વિ. વેર રાખે એવું.

કની ૧. [સં.] સ્ત્રી. કણ; રજકણ.
૨. સ્ત્રી. કન્યા; કુંવારી છોકરી.
૩. સ્ત્રી. (જ્યોતિષ) કન્યા રાશિ.
૪. સ્ત્રી. ચોખાનો રાંધ્યા વગરનો દાણો.
૫. સ્ત્રી. દીકરી.
૬. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૭. સ્ત્રી. પતંગની દોરી.
૮. સ્ત્રી. બહેન.
૯. સ્ત્રી. ભાંગેલા ચોખા; કણકી.
૧૦. સ્ત્રી. હીરાની કણી.
૧૧. અ. જરાય નહિ; કે નહિ.

કનીઆ પું. સોળ ચોરાસી અક્ષરનો એ નામનો એક વેદા અક્ષર.

કનીઆર ન. એક જાતનું ઝાડ; કનેર.

કનીઓ પું. રાંધી બને બાજુના ઊંચને ચઢાવા રાખવાના ક્રમમાં આવતો હળનો ભાગ.

કનીક [સં.] વિ. બહુ બારીક.

કનીચિ ૧. [સં.] સ્ત્રી. ગાડું.
૨. સ્ત્રી. ચણોઠી.
૩. સ્ત્રી. લતા; વેલ.

કનીજ પું. પાણા.

કનીજ (કનીઝ) [ફા.] સ્ત્રી. ગુલામ સ્ત્રી; લોંડી; ગુલામડી.

કનીજક (કનીઝક) [ફા.] જુઓ કનીજ.

કનીજકઝાદા (કનીઝકઝાદા) [ફા.] પું. ગુલામડીનો દીકરો.

કનીજકી (કનીઝકી) [ફા.] સ્ત્રી. ગુલામી; દાસત્વ.

કનીજગી (કનીઝગી) જુઓ કનીજકી.

કનીજા (કનીઝા) જુઓ કનીજ.

કનીઝી (કનીઝી) જુઓ કનીજકી.

કનીઝોર પું. સંયોગ.

કનીન ૧. [સં.] વિ. જુવાન.
૨. વિ. સુંદર.

કનીનક ૧. [સં.] પું. કન્યાની કૃપ્રાવાળો પુરુષ.
૨. પું. છોકરો.
૩. પું. યુવાન.
૪. ન. આંખની કીકી.

કનીનકા ૧. [સં.] સ્ત્રી. આંખની કીકી; સુંદર પૂતળી.
૨. સ્ત્રી. કન્યા.

કનીનિકા ૧. [સં.] સ્ત્રી. કીકી; આંખની પૂતળી.
૨. સ્ત્રી. ટચલી આંગળી; નાની આંગળી.

કનીનિકાસંકોચ [સં.] પું. આંખની કીકી સંકોચવાથી થતો એક રોગ.

કનીની જુઓ કનીનિકા.

કનીય ૧. [સં. કનીયસ] પું. નાનો ભાઈ.
અનુજ અવમંસ નાવિ વણી અવિશ કનિશ કનીય,
વધુ સહોદરની સકલ હોય નહિ કે સીય.
પિંગળપ્રકાશ
૨. ન. તાંબું.
૩. વિ. ઊતરતું; ઊણું.
૪. વિ. ઓછું; ઓછું.
૫. વિ. નાનું.
૬. વિ. યુવાન.

કનીયસ ૧. [સં.] ન. તાંબું.
૨. વિ. ઉંમરમાં નાનું.
૩. વિ. ઓછું; ઓછું.

કનીયા પું. (પિંજણ) તગવુ, સગવુ, વગવુ, ચગવુ અને લવુ મળી તેર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કનૈયા. તે અતિજગતીનો ભેદ છે. ત, સ, ય, ય, લથી કનીયા કહે વત્ત.
રણજિતરામ

કનીયાન [સં. કનીયસ] ગુજ્યો કનીજ.

કનીયો પું. રાંપનો વાળેલો છેડો.

કનીરા ૧. [અ.] પું. તીર બનાવવાનું લોઢું.
૨. સ્ત્રી. આહીરની એક અટક.
૩. ન. એ અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કનુ [અં. કેનો] ન. કાચના ચમચાંથી કોતરી કાઢી બનાવેલું હોડકું.

કનૂજ [સં.] ન. ગંગા નદી ઉપર આવેલું એક પ્રાચીન શહેર; કન્યાકુબ્જ.

કનૂન ૧. પું. પારો.
૨. સ્ત્રી. વીણા.

કનૂરક પું. એ નામનો એક સુશોભિત છોડ.

કને ૧. [સં. કર્ણે-કણ્ણે-કન્હઇ-કને] અ. તાબે; કબજે.
૨. અ. નજીક; પાસે, સોડે.

કનેફરાન [અં.] ન. સભંમ; મેળાપ.

કનેડી [હિં.] સ્ત્રી. કાન વીંધવા જેવું છે.

કનેડ (કનેડ) સ્ત્રી. સરહદ; સીમા.

કનેડગત (કનેડગત) સ્ત્રી. ફેરાનગતિ; નકતર.

કનેડવું (કનેડવુ) સ. ક્રિ. ફેરવત કરવું; ચકરાવવું.

કનેત પું. સીમમા તરફ વસતા એક જાતના કોળી લોક.

કનેતર ન. બાધ; નકતર; અડચણ.

કનેર ૧. સ્ત્રી. કણેરનું ઝાડ. તેનાં પાન, ફૂલ તથા મૂળ બહુ જ ઝેરી હોવાથી તેનો ઉપયોગ બહાર લગાડવામાં જ કરાય છે. કણેરનાં પાનના રસનું તેલ કોઢ અને ચરસ ઉપર લગાડાય છે.
૨. સ્ત્રી. કોળીનારે પાસેના દરિયામાં વસતી એક જાતની માછલી.
૩. સ્ત્રી. સીમા; સરહદ.

કનેરા ૧. સ્ત્રી. કસબણ.
૨. સ્ત્રી. વેશ્યા.
૩. સ્ત્રી. હાથણી.

કનેરિયા ૧. સ્ત્રી. કડવા કણેરીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કનેરી ૧. સ્ત્રી. એક જાતનું નાનું પક્ષી.
૨. સ્ત્રી. ઓઢણા અથવા પહેરેલ ઉપર ચારેકની કોર; લેસ.
૩. સ્ત્રી. કાંઠ; ચોખાની સુગ.
૪. સ્ત્રી. કિનારી; કોર.
૫. સ્ત્રી. કોળીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી.
૬. સ્ત્રી. ચોખાના લોટની ખારી પૂરી.
૭. સ્ત્રી. પાટડાના મથાળાનો ભાગ; તાંતરો; તંત્રક.
૮. સ્ત્રી. ભીતનો ઝાપરા નજીકનો ભાગ.
૯. સ્ત્રી. સોનારૂપાની ઝાલરી.

કનેરૂ ૧. ન. કિનારો; કોર.
૨. ન. ઝાપરાંની પાંખે મૂકેલી પાપડી.
૩. ન. પાસે; કને; બાજૂમાં.

કનેલ ગુજ્યો કનેર.

કનેવાળિયો પું. અજાનમાં ઘૂસેલા ચોરનો બહાર નજર રાખવા ઊભેલો સાથી.

કનેં અ. નજીક, પાસે.

કનેચા ૧. પું. કાનનો સોનેરી વાળ.
૨. વિ. કાનું; એક આંખવાળું.

કનેચ પું. કાન વીંધવાની ક્રિયા.

કનૈયા ૧. પું. કાન વીંધવાની ક્રિયા.
૨. પું. કૃષ્ણ ભગવાન.
૩. પું. (પિંજણ) તગવુ, સગવુ, વગવુ, ચગવુ અને લવુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કનીયા. તે અતિજગતીનો ભેદ છે.
૪. સ્ત્રી. બાજરાની અને મકાઈની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

કનૈયાણ ૧. પું. કૃષ્ણ.
૨. પું. બહુ વહાલો પુરુષ.

કનૈયો ૧. [સં. કમનીય] પું. કૃષ્ણ; કાન; કનાઈ.
૨. પું. નાનો રૂપાળો છોકરો.
૩. પું. ભેતી અથવા રપટાના લાકડાના ઘાટમાં રાંધ રાખવાને પાડેલો ખાંચો.
૪. પું. રૂપાળો જુવાન.
૫. વિ. લાલ; કસ્તૂરિયું.

કનૈયોકુંવર ૧. પું. કૃષ્ણ. ગુજ્યો કનૈયો.
૨. પું. જુવાનીમાં આવતો પુરુષ.

કનૈલ ૧. પું. એક જાતનું ફૂલઝાડ.
૨. પું. રબ્બરમાં ઊભરતો કાંટાવાળો એક જાતનો કરિયો. તે ઊંટને ખાવાના કામમાં આવે છે.

કનો પું. કાંઠો.

કનોકન ૧. અ. તદ્દન નજીક; પાસ પાસે.
૨. અ. કનકે; પોતાને કાને.

કનોચાં ન. બ. વ. કાનની બૂટો.

કનોજ [હિં.] પું. એક જાતનો છોડ. તેનાં પાન ચૂનામાં ઉપર ખંખેરાય છે. એનું બી માણસના કાનની બૂટને મળતું હોવાથી તેને હિંદીમાં કનોજ કહે છે. તેને પીળાં કે સફેદ નાનાં ફૂલ થાય છે. તેનાં ફળ આમળાં જેવાં લીલાં થાય છે.

કનોજ ૧. વ. જૈન ઓસવાળ જાતિનું એક કુટુંબ.
૨. ન. હિંદુસ્તાનનું એક પ્રાચીન શહેર. ત્યાં પોરસ રાજા કરતો હતો એમ મનાય છે.

કનોજદેશ પું. ગંગા અને જમના નદી વચ્ચેનો પ્રદેશ.

કનોજિયા ગુજ્યો કનોજ.

કનોજી ૧. પું. કનોજ દેશનો માણસ.
૨. સ્ત્રી. એ નામની બાજરાની એક જાત.
૩. સ્ત્રી. મધ્ય ગંગા, જમના અને ઉત્તર પ્રદેશની હિંદી બોલી.
૪. વ. બાજરાની એ નામની જાતનું માણસ.
૫. વિ. કનોજ દેશનું રહેવાસી.
૬. વિ. બાજરાની એક જાતનું.

કનોડા [સં. કર્ણ] પું. બ. વ. બાજરાના રોપ માટેનાં બહારનાં હાંસણાનાં પાટિયાં.

કનોડી પું. ઘોડાનો કાન.

કનોડ (કનોડ) ૧. પું. કાટખૂણાની સામેની બાજૂ.
૨. પું. કાન; શ્રવણેંદ્રિય.
૩. પું. મુખ અક્ષરનો ગણ.
૪. પું. ખાન.
૫. પું. વહાણનો પાછળો ભાગ.
૬. પું. વળાંક; વાંક.
૭. પું. વાસણનો હાથો.

કનોર ગુજ્યો કનોરો.

કનોરું ૧. વિ. એકલું; અટૂલું; પાડોશ વિનાનું.
૨. વિ. ઉપાડનું.
૩. વિ. મેળ વગરનું; સાથ વિનાનું; અધોરું.
૪. વિ. સગવડ વિનાનું.

કનોજ ગુજ્યો કનોજ.

કનોજિયા ગુજ્યો કનોજી.

કનોરિયા ૧. [હિં] પું. કિનારો; બગલ.
૨. પું. ખૂણો.
૩. પું. બાજૂ.

કનૌતી ૧. (હિંદી) સ્ત્રી. કનનું ઘરેણું; ઓરિંગ.
૨. સ્ત્રી. ઘોડાની કાનસરી ચલાવી તે.
૩. સ્ત્રી. બાજુના વાળ.

કનૌર વ. એક જાતનું કૂળ; 'ઓલિએન્ડર.'

કનૌંડ ૧. પું. કલંક; ડાઘ.
૨. પું. બાજી.
૩. સ્ત્રી. શરમ; લજ્જા.

કન્ટ્રિ ૧. [અં.] પું. કરીની એક જાત.
૨. પું. દેશ; રાષ્ટ્ર; ભૂમિ.
૩. વિ. ગામડાનું; ગ્રામ્ય.

કન્ડક્ટર ૧. [અં.] પું. આગેવાન; નાયક; સંચાલક.
૨. પું. જેમાંથી વીજળી પસાર થઈ શકે તે તાર.
૩. વિ. ઊષ્ણતાવાહક.
૪. વિ. દોરનાર; ચલાવનાર; લઈ જનાર.

કન્ડેન્સર [અં.] ન. જુદી જુદી ગરમીવાળા પદાર્થ એકમેકના સંબંધમાં આવતાં તેમાં થતો ગરમીનો સંચાર.

કન્ડિશન ૧. [અં.] સ્ત્રી. શરત; બોલી.
૨. સ્ત્રી. સ્થિતિ; હાલત.

કન્ડેન્સર ૧. [અં.] ન. ઘનીકરણનું સાધન.
૨. ન. પ્રકાશને એકત્ર કરી જોરથી બહાર ફેંકનારો કાચ.

કન્ન ૧. પું. કાન.
૨. [સં.] ન. પાપ; પાતક.
૩. ન. મૂર્ચ્છા.
૪. ન. સ્વપ્ન.

કન્નઈ જ. નજીક; પાસે.

કન્નજલૂકા પું. કાનખજૂરો.

કન્નડ (કનડ) ૧. પું. મહારાષ્ટ્રની દક્ષિણે આવેલો કર્ણાટ પ્રાંત.
૨. વિ. કાનડી.

કન્નબ ૧. [અ.] પું. ગાંજો.
૨. પું. ભાંગ.

કન્નરી ન. એક જાતનું ખજૂર.

કન્યા ૧. [સં. કન્યૂ] પું. છોરું; બાજુ.
૨. પું. જોડાની કાનસરીની બે બાજુ.
૩. પું. ધાતુના વાસણનું કાંઠું.
૪. પું. પતંગ ઊડી શકે તે માટે લઘુ અને કમાન સાથે બંધાતી દોરી.
૫. પું. બે સામસામેના ખૂણાને જોડનારી લીટી; કર્ણરેખા.

કન્નાડી (કન્નાડ) સ્ત્રી. દ્રાવિડી ભાષાનો એક પ્રકાર.

કન્નાત સ્ત્રી. તંબૂની દીવાલ.

કન્નાદાર [ફા.] પું. એક જાતના ભોગ; 'સિલ્વર'.

કન્નારા ૧. [અ.] પું. કસબાતું.
૨. પું. ઘોડાની કડીની હાર. તેના ઉપર બાટકી માંસના કટકા લટકાવે છે.

કન્યાલીક [સં.] વ. કન્યા સંબંધી ખોટું બોલવું તે.

કન્યાવું ૧. સ. ક્રિ. આનાકાની કરવી.
૨. સ. ક્રિ. પતંગનું એક બાજુ નમતા રહેવું; ઝિલાવું.
૩. સ. ક્રિ. મગરૂર થવું.
૪. સ. ક્રિ. હઠ કરવી.

કન્યાસ ૧. પું. રાક્ષસ.
૨. પું. લાલચુ અને ખરાબ સ્વભાવનો માણસ.
૩. પું. લોભી પુરુષ.
૪. [અ. કન્સ] વિ. વાળનાર.

કન્યાં [સં. કર્ણ] ન. ન. ક. કનકવાના કપડા અને કાપ એ જેનું બે બાજુ ઉપર બળવું આવે છે' ત્યાં અને તેથી થોડેક દૂર કપડા સાથે બાંધેલી દોરીના બે ઊભાની વાળેલી ગાંઠ. જુઓ કર્ણા.
કર્ણાં લેવાં—કર્ણામાંથી લેવો = બરાબર કનકવાની સાથે કર્ણા બરાબર પેચ કરવા.

કન્ની ૧. [સં. કનિષ્ઠ] સ્ત્રી. નાની ખાંગ.
૨. સ્ત્રી. પતંગને કલાતી ઓછી કરવા માટે તેને છેડે બોલાતી પૂછડી. જુઓ કર્ણા.
કન્ની આપી = કલાવું; પતંગનું એક બાજુ નમતા રહેવું.
૩. સ્ત્રી. બાવણથી બસો માસ સુધીનો વખત.
૪. સ્ત્રી. હીરાનો કટકો.
૫. ન. થૂલ.
કન્ની કાટવી = ગબડપટ્ટ કરી નાશ કરવો.

કન્નીદાર વિ. કોરવાળું; જરત ભરેલું.

કન્નું ન. કનકવાને બાંધેલી દોરી. જુઓ કર્ણા.

કન્નોજ જુઓ કનોજ.

કન્યક ૧. [સં.] પું. એ નામના એક ઋષિ.
૨. પું. મહાભારતમાં બોલાયેલો એક પ્રાચીન દેશ.

કન્યકા ૧. પું. એ નામનો એક દેશ.
૨. સ્ત્રી. કન્યા; પતંગ નભી ન જાય તે માટે બાંધવાની દોરી.
૩. સ્ત્રી. કન્યાકુમારી નામનું તીર્થ.
૪. સ્ત્રી. અકડીનો વેલો.
૫. સ્ત્રી. કુંવાર નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. ભગો.
૭. સ્ત્રી. દિશા.
૮. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૯. સ્ત્રી. નાની અને કુંવારી દશ વર્ષની છોકરી; કુમારિકા.
૧૦. સ્ત્રી. નાવિકાનો એક પ્રકાર.
૧૧. સ્ત્રી. નિત્ય યૌવનવાળી સ્ત્રી.
૧૨. સ્ત્રી. બાર મહિની છઠ્ઠી રાશિ.
૧૩. સ્ત્રી. બાળકી; છોડી; દીકરી.
૧૪. સ્ત્રી. મોટી ઇલાયચી.
૧૫. સ્ત્રી. વાછડી.
૧૬. સ્ત્રી. વારાહીકંદ.
૧૭. સ્ત્રી. વાંઝણી ઠોલી.

કન્યકાજ્વર [સં.] પું. છોકરીને લલચાવી ઉપાડી જવાપણું.

કન્યકાજન [સં.] સ્ત્રી. કુંવારી છોકરી.

કન્યકાજાત ૧. [સં.] વિ. કર્ણ.
૨. પું. કુંવારી છોકરીને જન્મેલો પુત્ર; કાનીન.
૩. પું. વ્યાસ.
૪. વિ. કન્યાથી ઉત્પન્ન થયેલ.

કન્યકાપતિ [સં.] પું. જમાઈ.

કન્યકાપુરાણ [સં.] ન. તિમન્ના સાતી નામે કવિએ તેલુગુ ભાષામાં રચેલો એક ગ્રંથ. તેનો સાર આ પ્રમાણે છે: રાજમહેન્દ્રી શહેર પાસે વેનુગોપ નામે ગામ હતું. ત્યાંના રાજકુમારે વિષ્ણુધર્મે એક વૈશ્ય કન્યા ઉપર બળાત્કાર કરી તેના કૌમારત્વનો ભંગ કર્યો હતો. તેથી શોકમાં તે કન્યા અગ્નિમાં પડી બળી મરી. આ બનતાં તેનાં ઘરનાં તથા સગામોનાં આશરે ૧૦૦ માણસોએ અગ્નિપ્રવેશ કર્યો. વાણિયાઓએ તે બાઈનું નામ કન્યકા પરમેશ્વરી આપી તેની મૂર્તિ કરી એકાદી. કન્યકા પુરાણમાં તેની હકીકત કરવું, રસિક તેમ જ ચિત્તવેધક છે.

કન્યકારત્ન [સં.] ન. કન્યારૂપી રત્ન; દીકરી; પુત્રી.

કન્યક [સં.] પું. બાર મેષમાંનો એ નામનો એક.

કન્યકા ૧. સ્ત્રી. કન્યા.
૨. [સં.] સ્ત્રી. છોકરી; દીકરી; પુત્રી.

કન્યા ૧. [સં.] પું. (પિંગળ) ભગણ અને ગુરુ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણવૃત્ત છંદ.
આ ના કન્યા. રઘુપિંગળ
૨. સ્ત્રી. કન્યાકુમારી નામનું તીર્થ.
૩. સ્ત્રી. અકડી.
૪. સ્ત્રી. અકડીનો વેલો.
૫. સ્ત્રી. કુમારિકા; દશ વર્ષની કુંવારી છોકરી.

૬. સ્ત્રી. કુંવર નામની વનસ્પતિ.
૭. સ્ત્રી. ગળો.
૮. સ્ત્રી. દિશા.
કન્યા કાજા કમલ દિશા બો આયા સિમલેર, ચિતવત હસ્તા નાથ તુજ અનમ રાશિ વદન ચકોર. પિંગલસૂમેપ
૯. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૧૦. સ્ત્રી. નાયિકાનો એક પ્રકાર.
૧૧. સ્ત્રી. નિત્ય યૌવનવાળી સ્ત્રી; સતરણી; રમણી.
૧૨. સ્ત્રી. પતંગની દોરી; કન્યા.
૧૩. સ્ત્રી. પુત્રી; દીકરી.
૧૪. સ્ત્રી. (જ્યોતિષ) બાર માંહેની છઠ્ઠી રાશિ. વાઢન ઉપર બેઠેલી કુમારિકા જેવી આ રાશિની આકૃતિ છે. તેની રેખા ઉપર આરસી રહેલી છે. આ રાશિના ૫, ૬, ૭ અક્ષર છે. આને દ્વિ સ્વભાવની રાશિ પણ કહે છે. ઉત્તરા ફાલ્ગુનીનો પોણો ભાગ તથા હસ્ત અને ચિત્રા નક્ષત્રનો અરધો ભાગ આ રાશિમાં આવે છે. આ રાશિ પાકની કાપણીનો સમય સૂચવે છે.
૧૫. સ્ત્રી. મોટી ઇલાયચી.
૧૬. સ્ત્રી. વાઘરી.
૧૭. સ્ત્રી. વારાહીકંદ.
૧૮. વિ. વાંઝણી કટોલી.

કન્યાકલંક [સં.] પ્ર. કુમારિકાદોષ; કુંવારી અવસ્થામાં લાગેલું લાંછન.

કન્યાકાલ ૧. [સં.] પું. કન્યાને પરણાવી દેવાનો વખત.
૨. પું. કુંવારાપણાનો સમય.

કન્યાકાળ જુઓ કન્યાકાલ.

કન્યાકુબ્જ ૧. [સં.] પું. કનોજ પ્રાંત; કનોજની આજુબાજુનો જે નામનો એક પ્રાચીન દેશ.
૨. સ્ત્રી. બાજણની એક જાત.
૩. પ્ર. કનોજ શહેર.
૪. પ્ર. બાજણની જે નામની જાતનું માણસ.
૫. વિ. બાજણની જે નામની જાતનું.

કન્યાકુમારી ૧. સ્ત્રી. જે નામની દક્ષિણ હિંદની ભૂશિર; રાસકુમારી; 'કેપ કોમોરિન.'
કન્યાકુમારીએ છેક દૂર અરબી સમુદ્રનાં અને બંગાળી ઉપસાગરનાં મોજાં પરસ્પર અથડાતાં દરય રમ્ય લાગે છે. આર્યાવર્તદર્શન
૨. [સં.] સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૩. સ્ત્રી. હિંદુસ્તાનની દક્ષિણે આવેલું જે નામનું તીર્થ.

કન્યાકૂપ [સં.] પ્ર. જે નામનું તીર્થ.

કન્યાગત ૧. [સં.] વિ. (જ્યોતિષ) કન્યા રાશિમાં ગ્રહની સ્થિતિ.
૨. પ્ર. કન્યાની પહેરામણી; પરણું; ઓઢણ.
૩. વિ. કન્યા રાશિમાં ગયેલું.
૪. વિ. કન્યાને દાનમાં અપાયેલું.

કન્યાગર્ભ ૧. [સં.] પું. કન્યા.
૨. પું. કુંવારી અવસ્થામાં જન્મેલ પુત્ર; ભાનીજ.
૩. પું. ગર્ભમાં કન્યાનું ધારણ થયું છે.
૪. પું. બાસ.

કન્યાગુરુકુલ [સં.] પ્ર. જ્યાં રહી છોકરીઓ જ્ઞાન મેળવે તે સંસ્થા.

કન્યાગૃહ [સં.] પ્ર. છોકરીઓ માટેનું અનાથાલય.

કન્યાગોલક [સં.] પ્ર. એક જાતનું ધાન્ય.

કન્યાગ્રહણ [સં.] પ્ર. લગ્ન વિધિપૂર્વક પરણવું તે; કન્યાનું પાણિગ્રહણ.

કન્યાચૂડી (કન્યાચૂડો) સ્ત્રી. પરણતી વખતે કન્યાએ પહેરવાની બંગળાચૂડી.

કન્યાચોરી ૧. સ્ત્રી. કન્યા પરણાવ્યા બાદ બાહ્મણને અપાતી દક્ષિણા.
૨. સ્ત્રી. કુંવરીના લગ્ન વખતે લેવાતો કર.
૩. સ્ત્રી. કોઈ પણ માણસની દીકરી પરણતી હોય ત્યારે રાજાને આપવાનો કર.

કન્યાચોળી જુઓ કન્યાચોરી.

કન્યાજ [સં.] પું. કન્યા રહે તે ઘરનો મધ્યભાગ; વાસળપન.

કન્યાતીર્થ ૧. [સં.] પ્ર. કાવેરી નદીના કાંઠા ઉપર આવેલું જે નામનું તીર્થ.
૨. પ્ર. કુરુક્ષેત્રમાં આવેલું એક તીર્થ.
૩. પ્ર. દક્ષિણ સમુદ્રના કાંઠા ઉપરનું આવેલું પ્રાચીન તીર્થસ્થાન.

કન્યાદાતા [સં. કન્યાદાતૃ] પું. વિવાહમાં કન્યાનું દાન કરનાર પુરુષ.

કન્યાદાન ૧. [સં.] પ્ર. કન્યાને સાર્વભૌમ મુલ્ય કંઈ પણ બદલો લીધા વિના પરણાવવી તે.
૨. પ્ર. પહેરામણી; કન્યાને પરણતી વખતે જે કંઈ આપવામાં આવે તે.

કન્યાદાયો પું. કન્યાને આપતો દાયજો; પહેરામણી.

કન્યાદુર્ગા [સં.] સ્ત્રી. જે નામની એક દેવી. તેનું સ્થાન દક્ષિણ સમુદ્રને કાંઠે છે. જગરામ અહીં તીર્થયાત્રાએ આવ્યા હતા.

કન્યાદૂષણ ૧. [સં.] પ્ર. કન્યા ઉપર બુરાઈ કરી તેનો સિમાલોપ કરવો તે.
૨. પ્ર. કન્યા ઉપર મૂકેલું આળ.
૩. પ્ર. કન્યાના પ્રેમ મેળવવા કરીને સંબંધી બોટાબોલવું.

કન્યાદોષ જુઓ કન્યાદૂષણ.

કન્યાધન ૧. [સં.] પ્ર. કન્યા રૂપી ધન.
૨. પ્ર. કન્યાપક્ષે મેળવેલું ધન; દેજ; કન્યાના બાપને દીકરીના બદલામાં આપેલું નાણું.
૩. પ્ર. પરણું; કન્યાને અપાયેલું ધન.

કન્યાપતિ ૧. [સં.] પું. મૂર્તિસ્વામી.
૨. પું. જમાઈ; દીકરીનો ધણી.

કન્યાપત્ય [સં.] સ્ત્રી. બાર જાતની વાંઝણી માંહેની એક. સુઓ અષ્ટવંધ્યા. આવી સ્ત્રીને પુત્રીઓ જ થાય છે, પુત્ર જન્મતો નથી.

કન્યાપાક જુઓ કન્યાપક્ક.

કન્યાપાયા જુઓ કન્યાપક્ક.

કન્યાપાલ ૧. [સં.] પું. કન્યાઓને પ્રેમાળ નરીતે ઉછેરનાર પુરુષ.
૨. પું. દીકરીને ઉછેરી મોટી કરનાર પિતા.
૩. પું. બંગાળની પાસ નામની એક શૂદ્ર જાતિ.
૪. વિ. કન્યાનું રક્ષણ કરનાર.

કન્યાપાળ જુઓ કન્યાપાલ.

કન્યાપુત્ર ૧. [સં.] પું. કન્યા.
૨. પું. કુંવારી કન્યાને થયેલો પુત્ર; ભાનીજ.
૩. પું. દોહિત્ર; ભાણેજ.
૪. પું. બાસ.

કન્યાપુર [સં.] પ્ર. કન્યાને રહેવાનું ઠેકાણું; અંતઃપુર; જનાનખાનું.

કન્યાપ્રકર્ષ [સં.] પ્ર. બાળો વહેવાર; બલિયાર.

કન્યાભર્તા જુઓ કન્યાપતિ.

કન્યામઠ જુઓ કન્યાપુર.

કન્યારત્ન ૧. [સં.] પ્ર. પુત્રી રૂપી રત્ન; દીકરીને માટે વપરાય સૂચક શબ્દ.
૨. પ્ર. બહુ સુંદર કન્યા.

કન્યારાશ જુઓ કન્યારાશિ.

કન્યારાશિ ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) બાર રાશિમાંની જે નામની એક.
૨. વિ. નામર્દ; બાયલું.

કન્યારાશી જુઓ કન્યારાશિ.

કન્યાર્ક પું. (જ્યોતિષ) સૂર્યનું કન્યારાશિમાં આવવું તે.

કન્યાલીક [સં. કન્યા (દીકરી) + અલીક (બાયલું)] પ્ર. (જૈન) કન્યાના સંબંધમાં ખોટું બોલવાપણું.

કન્યાલક્ષણશાસ્ત્ર [સં.] પ્ર. બહુ બારીકીથી રચેલું કન્યા સંબંધી શાસ્ત્ર.

કન્યાલોહાદિ [સં.] સ્ત્રી. (વૈદક) કબજિયાત, પાંડુરોગ અને અનિયમિત ઋતુસ્રાવ ઉપર

અપાતી દવા. તે બનાવવા એળિયો ૧૦ તોલા, હીરાકસી ૩૨ તોલા, તજ ૫ તોલા, એલચી ૫ તોલા, સૂંઠ ૫ તોલા અને ગુલકંદ ૨૦ તોલા લઈ બધાને વાટની ગોળી કરવી.

કન્યાવય [સં.] સ્ત્રી. કન્યા તરીકેની ઉંમર.

કન્યાવસ્થા ૧. [સં.] સ્ત્રી. કન્યાકાળ.
૨. સ્ત્રી. છોકરીની કુંવારી અવસ્થા.

કન્યાવર્ષણી [સં.] સ્ત્રી. સૂર્ય કન્યારાશિમાં હોય ત્યારે પડતો વરસાદ.

કન્યાવિક્રય ૧. [સં.] પું. કન્યા દેવા બદલ પૈસા લેવા તે.
૨. પું. દીકરીનું વેચાણ.

કન્યાવેદી [સં.] પું. જમાઈ.

કન્યાવ્યવહાર [સં.] પું. એકબીજા સાથે કન્યા લેવાદેવાનો સંબંધ.

કન્યાવ્રત [સં.] ન. છોકરીનું કુંવારાપણું; કૌમારાવસ્થા.

કન્યાશાળા સ્ત્રી. છોકરીઓ માટેની આસ નિશાળ.

કન્યાશુલ્ક [સં.] ન. કન્યાના બાપને કીમત તરીકે અપેક્ષું ધન. જુઓ કન્યાધન.

કન્યાશ્રમ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થ. સતીના પૃષ્ઠ દેશનું આ પીઠસ્થાન છે.

કન્યાસંપ્રયુક્તક [સં.] ન. વાત્સ્યાયન કામસૂત્રનું સ્ત્રીપુરુષના સંયોગ સંબંધી એક પ્રકરણ.

કન્યાસંવેદ્ય જુઓ કન્યાશ્રમ.

કન્યાસૂત જુઓ કન્યાપુત્ર.

કન્યાસ્વયંવર [સં.] પું. કન્યાએ પોતે જ પતિ પસંદ કરવાની ક્રિયા.

કન્યાહરણ ૧. [સં.] ન. કન્યાને ચોરીને જાનીમાની લઈ જવી તે.
૨. ન. કન્યાને બળાત્કારે હરી જઈ તેની સાથે સંભોગ કરવું તે.

કન્યાહાર્ય પું. લગ્ન; વિવાહ; પાણિગ્રહણ.

કન્યાહ્રદ [સં.] ન. એ નામનું એક તીર્થ.

કન્યાળું ૧. ન. બજુતર ક્રમાં વિનાનો કૂવો.
૨. ન. નદી બારણા તળાવના સૂકા પટમાં ખોદેલો ઝાંખો કૂવો; વીરડો.
૩. સ્ત્રી. કન્યાવાળું.

કન્યો ૧. પું. પુત્ર; દીકરો.
૨. સ્ત્રી. મોટી ઉંમરની કન્યા.

કન્યાર ગંડલ કુમારી સ્ત્રી. ભેજવાણ અને છાંયાવાળી જગ્યાએ ઊગતો એક છોડ. તે પંજાબ અને સિંધના દક્ષિણ કિનારે થાય છે.

કન્યાલ વ. એક જાતનું કમળ. તે ઠંડું, તરસ છિપાવનાર, જલતરા કમી કરનાર અને ઝેર ઉતારનાર મનાય છે.

કન્વિક્ટ ૧. [અં.] પું. ગુનો કરનાર માણસ; અપરાધી.
૨. સ. ક્રિ. ગુનેગાર ઠરાવવો.

કન્વેન્શન [અં.] ન. બરાબરપણ બાબત માટે ઠરાવેલ નિયમ.

કન્સેશન [અં.] ન. નિયમથી ઓછું લેવું તે.

કન્હડનાટ (કન્હડનાટ) સ્ત્રી. (સંગીત) કાનડા અને નટરાગિણીના મિશ્રણથી બનતી એક રાગિણી. જુઓ નટ.

કન્હડશ્યામ (કન્હડશ્યામ) પું. (સંગીત) શ્યામ રાગની બાર પત્નિ માંહેની એ નામની એક.

કન્હેરપાતકેળ સ્ત્રી. કેળની એક જાત. તેનાં ફળ ઉપયોગી છે. જુઓ કેળ.

કન્હૈયા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી; અબાબીલ.
૨. પું. કૃષ્ણ.
૩. પું. પૂર્વ હિમાલય ઉપર થતું એક ઝાડવી ઘાસ.
૪. પું. બહુ જ સુંદર છોકરો.
૫. [હિં.] પું. બહાદુર બાહોશ; ત્રિપ માણસ.
૬. વિ. બોલકું; લહેરી; વિલાસી.

કન્હો ૧. પું. કૃષ્ણ.
૨. પું. ખૂબસૂરત છોકરો.
૨. પું. એ નામનું પીંછું.
૩. પું. કાવડ; કાંપ; બીજાની માટી.
૪. પું. ગાડામાં અને બોલાને બાંધવાને તેમાંથી પડતો તણખો ભીંજવવાનું સાતર કે મુંજનું દોરડું; જળમરી.
૫. પું. ગાડામાંનો તણખો.
૬. પું. દેવતનો એક વર્ગ.
૭. પું. ખાલો; વાટકો; કટોરો.
૮. પું. (ક્રિકેટ) સંપૂર.
૯. પું. વરુણ દેવ.
૧૦. પું. સીમળાના ડાળા ફળમાંથી નીકળતું રૂ. તે ગોસીકાં ભરવામાં વપરાય છે.

કપકપાહટ [હિં.] સ્ત્રી. કકળવું તે; કકળાટ.

કપકપી ૧. [હિં.] સ્ત્રી. કંપારી; ધ્રુજારી.
૧. કપકપી ચડવી = તાવની શરૂ આવવી.
૨. કપકપી છૂટવી = ધ્રુજારી આવવી.
૨. સ્ત્રી. ચહલપહલ; ધમરોળ.

કપકપી ૧. [હિં.] સ્ત્રી. કંપા; ધ્રુજારી.
૨. સ્ત્રી. માનસિક અશાંતિ.

કપચટ જુઓ કપચટ.

કપચી ૧. સ્ત્રી. કાતર.
૨. સ્ત્રી. કાપડાના આધારરૂપ એક ત્રિકોણાકાર ચોકઠું.
૩. સ્ત્રી. તાસ; ચપટી રકાબી.
૪. સ્ત્રી. પાકા રસ્તા બનાવવા વપરાતા નાના પથ્થરના ટુકડા; કાંકરેટ.
૫. સ્ત્રી. લાદીની કટકી.
૬. સ્ત્રી. વહાણનું મચાળું.

કપચું ન. પથ્થરનો છીપતરો કટકો; પાણનું પાતળું બટકું; ઠીકું. જુઓ કપચી.
કપચું મારવું = બજુતરને એકરસું કરવા માટે પથ્થરનો લીસો કટકો ફેલાડવો.

કપચ્ચ ૧. સ્ત્રી. તરખાડ; માથાકૂટ; ઝાંઝ્યા; પંચાત.
૨. સ્ત્રી. ઉરકટ; મુશ્કેલી.

કપચ્ચપ ૧. સ્ત્રી. રીત.
૨. સ્ત્રી. લખવાની શૈલી.

કપચ્ચટ જુઓ કપચટ.

કપટ ૧. પું. (પુરાણ) દનુ પુત્ર એક દાનવ.
૨. [સં.] પું. નાટકના તેત્રીસ અલંકારમાંનો એ નામે એક અલંકાર.
૩. ન. ઠોળ; દમામ.
૪. ન. ઢોંગ; દંભ.
૫. ન. દ્વેષ; અદાવત.
૬. ન. ચોતેર કળાઓની એક.
૭. ન. ભેદ; કપો.
૮. ન. માયા.
૯. [સં.] ન. ચુગ્ચાઈ; કમાઈ; છળ; પ્રપંચ.
૧. કપટ કરવું–ખેલવું–રમવું = ઠેતરવું.
૨. કપટ તેનું કપટ = (૧) ચોરીનો માલ ચાલીને જાય. (૨) ચોરીનો માલ પચે નહિ. (૩) જેવી દાનત તેવી બરકત. (૪) કપાળકપે ઘર ન ભરાય. (૫) કપો કોઈનો સગો નહિ. (૬) પાપનો ઘડો કૂટ્યા વગર રહે નહિ.
૩. કપટ તાં કપટ = (૧) છળનું પરિણામ નાશ. (૨) ચુગ્ચાઈ કરનાર કપાયેલ જ રહે.

કપટકક્કા ૧. સ્ત્રી. કપટ કરવાની આવડત; છળકૌશલ્ય.
૨. સ્ત્રી. ચોતેર કલા મહેની એક.

કપટકલુષ [સં.] ન. ચુગ્ચાઈવાળું કામ; કપટીપણું.

કપટકળા જુઓ કપટકલા.

કપટકુરંગ [સં.] ન. બનાવટી મૃગ.

કપટકોટ ૧. [સં.] પું. કિલ્લા માટે ઊભો કરેલો બનાવટી કોટ.

૨. પું. દોરનો પાટો; છળ.
વેરયા કેસાં વચનનો, એહ કરે વિશ્વાસ,
કપટકોટ ખાની ખરો, અથે તેની પાસ.
કનેયર

૩. પું. વસ્ત્રનો ડોટ; કનાત.
કપટકોટ કરાવીઓ, એકાંત રસોઈનું ધામ રે.
પ્રેમાનંદ

કપટખોર વિ. કપટી; ઠગ; દગલબાજ; પ્રપંચી.

કપટચતુર [સં.] વિ. કપટવ્યવહારમાં પ્રવીણ.

કપટચારી [સં.] વિ. પ્રપંચી; દોંગી.

કપટજાળ સ્ત્રી. પ્રપંચ કે છળની યોજના.

કપટદારી સ્ત્રી. કપટરૂપી પાટો.

કપટતંત્ર [સં. કપટ (કપો) + તંત્ર (યોજના)] ન. કાવતરું.

કપટતા [સં.] સ્ત્રી. ઠગાઈ; છળ; પ્રપંચ.

કપટતાપસ પું. ઋષિ તરીકે ખોટો દોંગ કરનાર માણસ.

કપટત્વ જુઓ કપટતા.

કપટધારી [સં.] વિ. કપટી.

કપટનિંદા [સં.] સ્ત્રી. કોઈને છેતરવાને કરાતી કોઈની ખોટી નિંદા; પ્રપંચ ભરેલી નિંદા.

કપટપટુ [સં.] વિ. કપટ કળામાં ચતુર; ઇંદ્રજાળમા કુશળ.

કપટપાશ [સં.] પું. છળનો ફાંસો.

કપટપ્રબંધ ૧. [સં.] પું. કપટની યોજના.
૨. પું. કાવતરું.

કપટબાજ ૧. વિ. કપટખોર; ધૂર્ત; દગલબાજ.
૨. વિ. કપટી; પ્રપંચી

કપટબાજી ૧. સ્ત્રી. કપટની જાળ.
૨. સ્ત્રી. દગલબાજ; દગલબાજી; ધૂર્તતા.

કપટભાવ [સ.] પું. છળની વૃત્તિ.

કપટલેખ પું. દોંગી પાત્ર.

કપટમુદ્રા [સં.] સ્ત્રી. બનાવટી નાણું; ખોટો સિક્કો.

કપટયુદ્ધ ૧. [સં.] ન. કપટથી લડાતું યુદ્ધ.
૨. ન. ખોટી દેખાડવાની લડાઈ; આભાસયુદ્ધ.

કપટરૂપ ૧. [સં.] ન. ખોટો દેખાવ; છળ.
૨. વિ. બનાવટી; કૃત્રિમ.
અહીંઆથી લાવી, કપટરૂપ સુવર્ણમૃગને,
નહાવા પાણીએ જવિધિ કર્યો રાક્ષસ જને.
ઉત્તરરામચરિત

કપટરૂપધારી ૧. [સં.] પું. દંભી માણસ.
૨. વિ. દગલબાજીનું રૂપ ધારણ કરનાર.

કપટલગ્ન ન. ખોટાને બદલે સાચામાં રાખવાની કરીયાણી લગ્ન.

કપટલેખ ન. ખોટો દસ્તાવેજ; બનાવટી ખત.

કપટલેખ્ય [સં.] ન. ખોટો દસ્તાવેજ; ખોટી સહીવાળો દસ્તાવેજ.

કપટવચન [સં.] ન. છેતરે એવી વાતચીત.

કપટવધ [સં.] પું. દગાથી મારી નાખવું તે; કપટથી કરેલું ખૂન.

કપટવર્જિત [સં.] વિ. કપટ વિનાનું; કૂડ વગરનું.

કપટવિદ્યા [સં.] સ્ત્રી. કપટ કરવાની આવડત; છળવિદ્યા.

કપટવેશ ૧. [સં.] પું. કપટી રૂપ; ખોટો વેશ; છળ વેશ.
૨. વિ. કપટધારી; કપટી વેશવાળું.

કપટવેશધારી જુઓ કપટવેશી.

કપટવેશી ૧. [સં.] પું. દંભી માણસ.
૨. વિ. કપટધારી.

કપટશક્તિ [સં.] સ્ત્રી. દગો કરી શકે એવી બુદ્ધિ.

કપટશીલ [સં.] વિ. કપટ કરવાની ટેવવાળું.

કપટશૌંડ [સં.] વિ. કપટ કરવાની કુશળતાવાળું.

કપટાષ્ટક પું. અસલના વખતમાં રાજસભાનો એક અમલદાર.

કપટાસ્ત્ર [સં.] ન. દગાબાજ વર્તન.

કપટાહાર પું. કપટી વર્તણૂક.

કપટાચારી [સં.] વિ. પ્રપંચી; દોંગી.

કપટિક ૧. [સં.] પું. કપટી; ખુન્ચો માણસ.
૨. વિ. કપટવાળું.

કપટિયાળું વિ. કપટી; કપટ કરનાર.

કપટી ૧. સ્ત્રી. એક જાતની સુગંધ.
૨. સ્ત્રી. એક જાતનું માપ.
૩. સ્ત્રી. તમાકુના છોડમાં થતો એક રોગ.
૪. સ્ત્રી. પાનનો ખાસ નાશ કરનાર એક કીડો.
૫. [સં. કપટિન્] વિ. કપટ કરનારું; પ્રપંચી; દોંગી.
૬. વિ. ખૂનું; બામઠ.
આજ લિયા કેતન પ્રતિજ્ઞા કહી પૂર્વ છળી નામ,
બંધક કપટી કાનને ભલો કહત તું આમ.
વિજયવલ્લભકોષ
૭. વિ. પેટમાં પાપ રાખનાર.
કપટી મિત્ર કરતાં દાનો દુશ્મન વધારે સારો = કપટ કરનાર મિત્ર કરતાં ખુલ્લો શત્રુ દબાવવા યોગ્ય છે.

કપટીલગ્ન જુઓ કપટલગ્ન.

કપટેશ્વરી [સં.] સ્ત્રી. ધોળા ગૌરિનાથની.

કપડો ૧. પું. કપડું.
૨. [હિં.] પું. દરવાજાનું બારણું.
૩. પું. દરવાજો.

કપડોપાય [સં.] પું. યુક્તિ; ગોઠવણ.

કપઠાર ૧. ન. કમઠાળ; ચિતરણ; બાળવા માટે કાપેલો લાંબો, પહોળો અને જાડો લાકડાનો ટુકડો.
૨. ન. કાપેલું લાકડું; ઠાઠો.

કપઠાળ જુઓ કપઠાર.

કપડ (કપડ) [સં. કર્પટ] ન. કપડું.
કપડાંની પોટ = કપડાંની ગંસડી.

કપડકોટ (કપડકોટ) ૧. [હિં.] પું. તંબૂ; ડેરો.
૨. ન. કપડાથી ઢાંકી રેતું તે.

કપડકોથા (કપડકોથા) [હિં.] પું. તંબૂ; ડેરો.

કપડાબાજ (કપડાબાજ) ૧. પું. વજનમાં ખૂબું; ખારીક ખૂણો.
૨. ન. કપડાથી છણવું તે; ગાળવાપણું.
કપડાબાજની માટી = બારી માટી; ચેસ.
૩. વિ. ઉંડું.
૪. વિ. કપડાથી ગાળેલું.
કપડાબાજ કરવું = કપડાથી વીંટી માટી લગાવવી; માટીના કામમાં ઓસામ ભરી તેના મોં આડું લૂગડું રાખી તે લૂગડા ઉપર બારીક માટી વગેરે લગાડી તેનું મોં બંધ કરવું.
૫. વિ. કપડામાં વીંટી ગાઈ બારીક માટીથી બીબિલું.
૬. વિ. ખૂબ વિચાર કરેલ.

કપડાબાજ (કપડાબાજ) જુઓ કપડાબાજ.

કપડાબીજ (કપડાબીજ) ન. કપડાથી ગાળવું તે; વસ્ત્રગાળ.

કપડાવરની (કપડાવરની) વિ. પોષાક લાવનાર.

કપડાકુમાર (કપડાકુમાર) પું. તોશાખાનું.

કપડાદ્વાર (કપડાદ્વાર) ન. કીમતી ચીજો રાખવાનો ઓરડો; તોશાખાનું.

કપડાબૂલ (કપડાબૂલ) ૧. [હિં.] પું. એક જાતની જાળી.
૨. પું. વણેલું જુદીદાર કપડું.

કપડાપોટ (કપડાપોટ) ન. કપડાંની ગાંસડી.

કપડાફૂલ (કપડાફૂલ) ૧. પું. કપડાબૂલ. જુઓ કપડાબૂલ.
૨. પું. સોનેરી કે રૂપેરી ફૂલવાળું રેશમી લૂગડું.

કપડાભાંગ (કપડાભાંગ) પું. કસબી ભાતની એક જાત.

કપડામટી (કપડામટી) ૧. સ્ત્રી. કપડાથી ગાળવું તે.

૨. સ્ત્રી. કપડાં અને માટીથી હવા ન પેસી શકે એવી રીતે દાટો મારવો તે.
૩. સ્ત્રી. ચારાવસપુટને બંધ કરવા માટે માટી અને કપડાનો ઉપયોગ કરવાની ક્રિયા.

કપડમાટી (કપડ્માટી) જુઓ કપડમાટી.

કપડમેઢ (કપડ્મેટ) વિ. કપડાબાજ; કપડું બાંધી માટીથી બંધિલ.

કપડવંજી (કપડ્વંજ) ૧. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. કપડવંજ શહેરનું.

કપડવિદાર (કપડ્વિદાર) ૧. પું. (ત્રિબળ) કપડાં ચેતરનાર દરજી.
૨. પું. રફૂગર; તૂણનાર.

કપડસોયા (કપડ્સોયા) પું. એક જાતનો કીડો.

કપડા (કપડ઼ાં) ૧. પું. ઝાડુમાર; રબ્બેકર્શન.
કપડું આવવું = રજસ્વલા થવું.
૨. [હિં.] પું. કાપડ.
કપડું રંગવું = (૧) ફકીર થવું. (૨) લુચ્ચાને રંગ આવવો.
૩. પું. પોશાક.

કપડાબોર (કપડ્બોર) પું. ઝાડ.

કપડાંલત્તાં (કપડ઼ાંલત્તાં) [સં. કર્પટ (કપડું) + લત્તક (વીંટિયું)] ન.બ.વ.ઇ. કપડાં; પોશાક; પહેરવાનાં લૂગડાં.

કપડી (કપડી) સ્ત્રી. મુઠો.

કપડું (કપડું) ૧. [સં. કર્પટ (કપાસ)] ન. કાપડ; સીવ્યા વગરનું કપડ.
૨. ન. ભાણું.
૩. ન. પોશાક; પહેરવાનું લૂગડું.
ઊજળે કપડે ડાઘ લાગે = સારું હોય તેને જ લાંછન લાગે.
૪. ન. ૬, રેશમ, ઊન અથવા સણ વગેરેનાં તંતુઓને વણીને બનાવેલો, પહેરવાં ઓઢવા, ઢાંકવા કે પાથરવાના કામમાં આવે એવો માટ કે પટ.

કપતરું ૧. ન. ચાળણું; ઝલ્લું.
૨. [સં. કૃ (ખરાબ) + પત્ર (પાંદડું)] ન. ઝાડની ખરાબ; ખોતરું.

કપતણું ૧. ન. ચાળણું; ઝલ્લું.
કપતણું કરવું = બહુ ચાળી નાખવું; બહુ ખર્ચ કરવું.
૨. ન. ઝાડની ખરાબ.
૩. ન. દુઃખ કે શોકનું પ્રસંગ હોવું.

કપતાન ૧. [અં. કૅપ્ટિન] પું. આગબોટ કે વહાણના બલાસીઓનો ઉપરી; ટંડેલ.
૨. પું. આગેવાન; મુકાદમ.
૩. પું. નૌકાધિપતિ; નૌકાધ્યક્ષ.
૪. પું. લશ્કરની પલટણનો ઉપરી.

કપના ન. લાકડું ચેરી જાનાર એક જાતનો કીડો; ઘુણ.

કપના જુઓ કપન.

કપની વિ. લોભી.

કપભાન [જુઓ] પું. ઉપરી

કપમાઈકોમ્પિહર [અં.] ન. રોપો કેટલો વર્ષે છે તેનું માપ જોવા માટે ડ્રવિને શોધેલું એ નામનું યંત્ર.

કપય પું. ભારદ્વાજ ગોત્રની એક શાખા.

કપર ૧. પું. (પુરાણ) એ નામનો એક દાનવ.
૨. પું. જમીનની સપાટ; ખેતરનો સેઢો.
૩. પું. (કચ્છી) નદીના કિનારાની ભેખડ.
૪. પું. સિંધ તરફ થતા સર્પ. તેની ત્રણ જાત: (૧) કપરકોરકડ, (૨) કપરસોંળી અને (૩) કપરસોંડી. કપરકોરકડ આથી નવ ઇંચ લાંબા અને બધી બાજુ પૃથ્વીવાળા હોય છે. તે પથ્થર નીચે રહે અને બહુ ઝેરી હોય. ઝેર ચડતાં માણસના શરીરનો રંગ સીસા જેવો થઈ જાય અને મોંમાંથી લોહી પડી મરણ પામે. કપરસોંડી સાપ બધો બદસ્વરત હોય અને તેથી જ તેને સોંડી નામ આપેલું છે
૫. ન. કપડ; કાપડ.

કપરકોરકડ પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરકૃષ્ણ ૧. [હિં.] પું. એક જાતની ભાજી.
૨. ન. એક જાતનું રેશમી લૂગડું; જાજમ.

કપરસોંળી પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરસોંડી પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરવેલ સ્ત્રી. એક જાતનો વેલો; કમરવેલ.

કપરાસ સ્ત્રી. ખારાપણું; મુરકીલાપણું હોવાપણું.

કપરી સ્ત્રી. કાળી રેત.
કપરી કાઢવું = જમીનમાંથી પથ્થર કાઢવું.

કપરું ૧. વિ. અઘરું; મુશ્કેલ કામ.
૨. વિ. ખાવામાં બહુ ઉગ્ર સ્વાદવાળું; કોપી.
૩. વિ. કોઈથી ખમાતું નહિ અને પોતાના હાથ નીચેનાઓ પાસેથી સખે એવું.
૪. વિ. સ્વાદ વગરનું; ફાલ્યા વગરનું.
૫. વિ. દુઃખકારક; વસમું.

કપરું જ. કૂવો.

કપરોહ (કપરોઢ) પું. ખાડાની અથવા કૂવાની અંદરનું આડું પોલાણ; બખોલ.

કપર્દ ૧. [સં.] પું. અંબોડો; સ્ત્રિઓની ગૂંથ.
૨. પું. (વૈદક) એક જાતનો ઉપરસ.
૩ પું. નાનો શંખ; કોડી.
૪. પું. મહાદેવની જટા.

કપર્દક જુઓ કપર્દ.

કપર્દકરસ પું. (વૈદક) રક્તપિત્ત માટે રસની એક બનાવટ. રસસિંદૂરને કપાસનાં ફૂલના રસમાં એક દિવસ ઘૂંટી તેને પાંચ કોડીઓમાં ભરવો પછી એ કોડીઓના મુખ ઉપર ટંકણખાર અને સંખના ચૂર્ણની મુદ્રા કરી તેને અંધમુષા ૧ સપુટમાં મૂકી એ મુષાને વાલુકાયંત્રમાં મૂકી પકાવવી. સ્વાંગ શીત થયે કાઢી લઈ કોડીઓનું વજનમાણ ચૂર્ણ કરવું અને તેનાથી બમણું મરીનું ચૂર્ણ તેની સાથે મેળવવું. આ રસ ૧ રતીની માત્રામાં બી સાથે આપવો. અનુપાન તરીકે ઉનરાનાં પાંદ દળને દૂધમાં પકાવી મરી અને સાકર નાખી આપવાં.

કપર્દિકભરસ્ય [સં. કપર્દિક (કોડી) + ભરસ્ય (રાખ)] સ્ત્રી. (વૈદક) એ નામનું ભરસ્ય. જે બીજનો ચૂનો કરવામાં આવ્યો હોય તે ચીજ પ્રમાણે શંખભરસ્ય, કપર્દિકભરસ્ય શુક્તિકભરસ્ય શંખુકભરસ્ય વગેરે નામ આપવામાં આવે છે.

કપર્દિકા ૧. [સં.] સ્ત્રી. કોડી.
૨. સ્ત્રી. ઊંચી કીમતનો સિક્કો; દમડી.
૩. સ્ત્રી. વટ્પદી વર્ગનું એક જીવડું.
કરોળિયા, વીંછ, કરચલા અને કપર્દિકામાં એ વિશેષ પ્રકારની આંખની રચના જોવામાં આવે છે. પ્રાણીસૃષ્ટિ

કપર્દિની [સં.] સ્ત્રી. અંબા; દુર્ગા; ભવાની.

કપર્દિનેશ્વર [સં.] પું. મહાદેવનું એક નામ. તેના મંદિરમાં વૈશાલીથી આવેલો અગ્નિવેશ્ય જીતયો હતો.

કપર્દિવિનાયકકલ્પ [સં.] ન. એ નામનું એક તંત્ર. આ તંત્રમાં આપેલ મુજ મોહરથી આકરણ મુજ મોહ સુધી માણસ એક વાર ભોજન કરીને એક માસ સુધી મહેનતનું ફળ કરે, તેવી સર્વ જાતે સિદ્ધ થાય એમ મનાય છે.

કપર્દી ૧. [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.
ઇમ કપર્દી ભવપતિ પશુપતિ મૃડ ઈશાન:
નીલકંઠ ગૌરીશ શિવિરંત શાંભ ભવભાન.
પિંગળપ્રકાશ
૨. પું. સૂર્ય; પૂષા.
૩. સ્ત્રી. જટા.
૪. વિ. જટાવાળું.

કપર્દીગિરિ પું. પેશવાના નકશાનું એ નામનું એક સ્થળ. ત્યાં અગાઉ ભૌદ્ધ ધર્મની ગુફાઓ મોટા પ્રમાણ ઉપર કોતરવામાં છે.

કપર્દીજટત્વ [સં.] સ્ત્રી. મોટી જાડી જટા કરીને રાખી હોવાપણું. ખુલ્લો કપર્દિજટત્વ.

કપર્દીયક્ષ [સં.] પું. માથું બળદનું અને બાકીનું શરીર માણસ જેવું હોય એવી મૂર્તિ.

કપર્દીરિષ [સં.] પું. એક જાતી ઝાડીનું એક શિવલિંગનું નામ.

કપર્દેય [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કપર્દી [સં.] પું. બાંધેલું માથું. જેને વાઘાઈ રૂપી જટા હોય છે.

જટા કપર્દી રજતાદ્રિ ગ્રહપાત ક્ષુબ્ધ ન્યબોધ;
આ વંશી વટ કે સખી સહુ ક્ષુબ્ધનો અવરોધ.
ત્રિભુવનપુરોપ

કપલ ૧. [સં.] ન. (વૈદક) આખો ભાગ.

૨. ન. એ નામની એક વનસ્પતિ; પુટપત્ર.

કપલા [સં. કપિલા] સ્ત્રી. ભલામી રંગની ગાય.

કપલાસ ન. ગોળીનું એક ઓજાર.

કપલીન [અં. કર્પિલમ] ન. બે નળીઓ જોડવા માટે વપરાતો નળનો નાનો કટકો.

કપવલ્લ પું. (કચ્છી) એક જાતનો છોડ.

કપસ્યા સ્ત્રી. મહેનત.

કપળ ન. સમાર; એક જાતનું ખેતીનું ઓજાર; 'હેરો'.

કપા પું. (કચ્છી) કપાસ.

કપાઈ ભરવું ૧. અ. ક્રિ. ઓકળીઓની અદેખાઈ કરવી.

૨. અ. ક્રિ. કપાઈને મરી જવું.

૩. અ ક્રિ. માંહોમાંહે ટંટો કરીને બાયમાલ થઈ જવું; અંદરઅંદર લડી મરવું

કપાઓરાયન પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રમાંનો બારમો તારો.

કપાઇ ૧. [સં.] ન. ઉપાડવા અને બંધ કરવાનું પાટિયું.

૨. ન. કબાટ

૩ ન. કમાડ; બારણું બારણું.

૪. ન. બારણાનું પાનેલ.

૫. ન. લાકડાની ફરેરી.

કપાઇઉઘાડન ૧. [સં.] ન. બારણું ઉઘાડવું તે.

૨. ન. કૂંચી.

કપાઇમ [સં.] પું. બારણું તોડી નાખનાર ચોર; ચોરટો.

કપાકપૂ [સં. કપટ (કપિટું) + પૂ (પોલાણ)] પું. ખોળું પોલાણ.

સખી કપાટપૂર સી હરખે ભરતી,
અલિભરીર મા દીયે મને વિદાણી.
ભતિબા નાટક

કપાટપ્રબંધ [સં.] પું. એક જાતનું ચિત્ર-કામ; કપાટના આકારનું કાપ્ય ગોઠવવાનો

કપાટબદ્ધ જુઓ કપાટપ્રબંધ.

કપાટબંધ જુઓ કપાટપ્રબંધ.

કપાટબંધા [સં.] સ્ત્રી. ગાય સારી જગ્યા તોપણ અંદર સારી સ્થિતિમાં રહેનારી સ્વાભિ કેરીની એક જાત.

કપાટસંધિ [સં] પું. કમાડમાં રહેલ સાંધો; દરવાજાનો સાંધો.

કપાટસંધિક [સં.] પું. અનન્ત પંદર જાતના રોગ માંહેનો એ નામનો એક.

કપાટસ્તંભિકા [સં.] સ્ત્રી. એ નામની દક્ષિણ નિતમ્બની દીવાલ ઉપર આવેલી નાની માંસપેશી.

કપાટા પું. ૧. ન. નસીબ.

કપાટા ફાટવા = સાહુકાર થઈ જવું; એકદમ નસીબ ઊઘડવું.

કપાટિકા ૧. [સં.] સ્ત્રી. કીમત.

૨. સ્ત્રી. નાની બારી; નાનું કમાડ.

કપાટિયા પેરણી સ્ત્રી. કવરબંધ.

કપાટોદ્ઘાટન [સં.] ન. બારણું ખોલવું તે.

કપાઠફૂટ (કપાઠફૂટ) સ્ત્રી. માથાફૂટ.

કપાડો (કપાડો) પું. બારણાં ન અથડે એવી ધાતુની બેઠવણી.

કપાત ૧. ન. ઉઘાડે પગે ચાલવાથી લાગતી ગરમી.

૨. ન. કપાવું તે.

૩. ન. કાપવાની ક્રિયા.

૪. ન. કાપવાનું એક ઓજાર.

કપાતુ લોજવાનું અને કપાતુ લાગે તેહ;
કપાતુ તે હથિયાર છે, કપાતુ કહ્યું એહ.
લોકોક્તિ

૫. ન. તડકાની ઝાળ; લૂ.

૬. ન. પાકુ પાકા વિનાનું કપડું.

૭. ન. વજન કરવાનો ચોરીકાંટો.

કપાત ૧. પું. અગિયાર માંહેનો એક રુદ્ર; કપાદ.

૨. સ્ત્રી. કપી કરવું તે.

૩. સ્ત્રી. પ્રહાર કાપવો તે.

કપાતર ૧. [સં. કુપાત્ર] પું. બરાબ વાસણ; કુપાત્ર.

૨. વિ. બરાબ; નાલાયક; હીણું.

૩. વિ. નાલાયક.

૪. વિ. બેબાકળા; ઉતેજ.

૫. વિ. લાચારું; લાંડ.

૬. વિ. ક્રુરચું.

કપાત્ર [સં. કુ (બરાબ) + પાત્ર (પાત્ર)] નકામું વેડાયું. ખુલ્લો કપાતર.

કપાદ પું. અગિયાર માંહેનો એક રુદ્ર; કપાત.

કપાપક્ષિની સ્ત્રી. એક જાતનું ફૂલ.

કપાપિષ્ટા ૧. સ્ત્રી. પીલ્લરાની એ નામની એક ઔષધ.

૨. ન. એ નામની ઔષધનું મિશ્રણ.

૩. વિ. પીલ્લરાની એ નામની ઔષધનું.

કપામણી ૧. સ્ત્રી. કપાવાનો ભાવ.

૨. સ્ત્રી. કાપણી; કાપકૂપ.

કપાર ૧. [સં. કપાલ] પું. ખોપરી.

૨. પું. નસીબ; ભાગ્ય.

૩. પું. માથાની આગળનો ભાગ.

કપારમીશ્વર [હિં.] પું. હિંદુ સાધુનો એક વર્ગ. તે પોતાની ભાગથી સંતોષવા માટે પત્થર સાથે માથું અથડાવે છે.

કપારી ૧. [હિં.] પું. ખોપરી.

અરધી કપારી = (૧) આધાશીશી. (૨) બે કાપિયાવાળી સોપારી, એક કાપિયાની એક બાજુ બહારથી ગોળ હોય છે અને બીજી બાજુ સપાટ હોય છે. આ સોપારી વચ્ચેથી ચોપડવાથી અધાશીશી મટે છે.

૨. પું. ખોપાના નાકની આસપાસ બાંધવાનો પાપો.

૩. પું. બાજીપાસો વેચનાર બંજારી લોકોની એક જાત.

૪. પું. કાંકર, કેમિ તે પોતાના હાથમાં ખોપરી અને બગલમાં ખોપરીનો હાર રાખે છે.

કપાલ ૧. [સં. ક (ઉત્પન્ન કરનાર) + પા (રક્ષણ કરનાર) + લ (નાશ કરનાર)] પું. ભૈરવ; શિવ; ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર ત્રિમૂર્તિસ્વરૂપ મહેશ્વર.

૨. ન. દેહ ઉપરનો ભાગ.

૩. ન. એક જાતનો રોગ.

૪. ન. એક પ્રકારનું અત્ર.

૫. ન. કપાળ; લલાટ; ભાલ.

૬. ન. અપરા; ભીખ માગવાનું વાસણ.

૭. ન. ખોપરીનો કટકો.

૮. ન. ચૂમકું.

કપાલમૂલિકા

૯. ન. જ્ઞાત; સમૂહ; સમુદાય.
૧૦. ન. ઠીબડું; રકોરું; વગેરે પદાર્થો કહ્યો.
૧૧. ન. હાથ.
૧૨. ન. હાંકણ.
૧૩. ન. તાલકું ખોપરી.
૧૪. ન. નસીબ; ભાગ્ય.

૧. કપાલ ખૂલવું = સારું નસીબ થવું; ભાગ્ય ઊઘડવું.

૨. કપાલ ફૂટવું = કમનસીબ હોવું.

૧૫. ન. ખાલો; કૂલો.
૧૬. ન. મસ્તક; મગજ.
૧૭. ન. માણસના પગનું ચપટું હાડકું.
૧૮. ન. પકાવ્યા પુરોડાશ વગેરેના સંસ્કાર માટે આધારરૂપ માટીનું વાસણ.
૧૯. ન. રોકવાનું એક જાતનું વાસણ.
૨૦. ન. સમૂહ.

કેલ્લ બાલ કપાલ પ્પ્ર કૃદ્ર અનેક સુવૃંદ;
પણી વાત તુજને કહી થઈ તથા પ્પ્ર હુંદ.
વિજયસૂરિમેળ

૨૧. ન. સરખી સપાટે કરેલી સંધિ; પરસ્પર એકમત થઈ કરેલ કોલકરાર.

કપાલક [સં.] સ્ત્રી. સર્પાક્ષી; એ નામની એક ઔષધિ.

કપાલકાપાલસંયોગ [સં.] પું. છાંટા એક બીજામાં ભેગાતા આવી જઈ બાજા બે અરધિયાંનું આખું થઈ જવું તે.

કપાલકુહર [સં.] ન. તાળવાનો વચ્ચેનો ખાડો.

કપાલકૂટિયું વિ. ભાગ્યફોડિયું; દગાબાજ કરનાર.

કપાલકેતુ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક પૂછડિયો તારો. તે આકાશના પૂર્વાર્ધમાં અમાવાસ્યાને દિવસે ઊગે. તેના ઉદયથી બારે અનાવૃષ્ટિ થાય અને દુકાળ પડે એમ મનાય છે.

કપાલક્રિયા [સં.] સ્ત્રી. હિંદુઓમાં મરણ વખતે થતી એક વિધિ. બાપે દીકરાના કપાલમાં (માથામાં) લાકડી મારી ખોપરી ફોડી નાખવી.

કપાલખંડી [સં.] ન. મગજમાં સોજો આવવાનું દરદ.

કપાલખોડો ૧. સ્ત્રી. ખોડાને કપાલે ખોસવાનો આકડાનો પટો.

૨. સ્ત્રી. મુસલમાની એક જાતની હજામત.

કપાલગતકર્મ [સં.] ન. માથાની હજામત.

કપાલગતની [સં.] સ્ત્રી. માથાની હજામત.

કપાલગહ્વર [સં.] ન. કપાળ બહુ મોટું અને જાનો રોગ.

કપાલદુર્ગ [સં.] પું. એક જાડી કિલ્લો. તે શ્રીરંગપટ્ટણથી ૪૦ માઈલ ઉત્તર પૂર્વમાં ચંદન વહોની વચમાં છે. ટીપુ સુલતાને આ સ્થાન કેદીઓ માટે રાખ્યું હતું.

કપાલધારી ૧. [સં.] પું. સાધુરૂપે હાથમાં ખપોરી લોકોની એક જાત. તેઓ ખોપરીની માળા ધારણ કરે છે.

૨. વિ. ખોપરીની માળા ધારણ કરનાર.

કપાલપત્રાંતરિકા [સં.] સ્ત્રી. ખોપરીનાં કપાલાસ્થિઓનાં બે પડ વચ્ચે ફેલાયેલ શિરા. આમાંની આર મુખ્ય છે: (૧) અગ્રિમ કપાલિકા, (૨) શંખપૂર્વા, (૩) શંખપશ્ચિમા અને (૪) પશ્ચિમ કપાલિકા. આ શિરાઓ પુરઃકપાલ અને પશ્ચિમકપાલાસ્થિઓનાં મગજો વચ્ચે ફેલાયેલી સાત શાખાઓ વડે પરસ્પર જોડાય છે.

કપાલપટી ૧. [સં. કપાલ (કપાળ) + પટિન્ (પહેરવાનું)] સ્ત્રી. એક જાતનું ઘરેણું માથે પહેરવાનું. તેના કપાળનો ભાગ ઘણો પહોળો હોય છે.

૨. સ્ત્રી. એક જાતનું ચૂડકામ માથાનું. માથાની અંદર પણ એકાકાર થઈ જતા હોવાને લીધે તેનું આ નામ પડ્યું છે.

૩. વિ. કપાળમાં પણ હોય એવું છપાયું.

૪. વિ. કપાળમાં પણ હોય એવું.

૫. વિ. પહોળા કપાળવાળું.

કપાલપક્ષ પું. (જૈન) ચોરાશી ગચ્છોનો એ નામનો એક સિદ્ધ.

કપાલપટ્ટી સ્ત્રી. બાદશાહની રમતમાં મુખ્ય બાજી બીબી.

કપાલપાણિ [સં. કપાલ (ખોપરી) + પાણિ (હાથ)] પું. શંકર.

કપાલપોડી (કપાલફોડી) સ્ત્રી. દક્ષિણ હિંદમાં થતી એક જાતની વેલ.

કપાલપ્રાચ [સં.] પું. ખોપરીના હાડકાનો આગળની કોર પહોળો ભાગ.

કપાલબાતિ [સં.] સ્ત્રી. (જોગ) એ નામની એક ક્રિયા. તેમાં સુખાસન કે પદ્માસનમાં બેસી બેઉ હાથના પંજા બેઉ પગના ઢીંચણ ઉપર રાખવા જોઈએ. આંખ બંધ રાખવી, કમર, ગરદો તથા કોક સીધાં રાખવાં, બાકી શરીર આરામની વરચે કેવાયી રાખવું, મુખમુદ્રા આનંદમય રાખવું ને પછી બન્ને નસકોરામાંથી શ્વાસ ફેફસામાં ભરવો અને કાઢી નાખવો. એક વખત શ્વાસ ફેફસામાં ભરીને કાઢી નાખવાથી એક પર્યંત થાય. આવી રીતે દસ પર્યંત કર્યા પછી શ્વાસ ભરી લેવો. યથાશક્તિ કુંભક કરીને બેઉ નસકોરામાંથી ધીમેધીમે શ્વાસ બહાર કાઢી નાખવો. આ ક્રિયાને કપાલભાતિ કર્મ કહેવામાં આવે છે. આર દિવસ સુધી પ્રથમ વખત, આરથી દસ દિવસ સુધી બીજ વખત, દસથી વીસ દિવસ સુધી સાત વખત, વીસ દિવસ પછી સાતથી દસ કપાલભાતિ કર્મ કરવું જોઈએ. કપાલભાતિ કર્મ કરતી વખતે શ્વાસ બાબ રાખવાનું કે જેમ પ્રાણાયામ કરતી વખતે રેચ પૂરક, કુંભક અને રેચક કરવામાં આવે છે, તેમ આમાં પણ કરવું જોઈએ એ માત્રાનું પ્રમાણ બીજા પ્રાણાયામની માફક જ છે. કુંભક કરતી વખતે જમણા હાથના અંગૂઠા, અનામિકા અને કનિષ્ઠિકાથી નાક પકડી રાખવું. પર્યંત કરતી વખતે ફેફસાંને આયાસ ન લાગવો જોઈએ. એમ અને તેમ બાંબો શ્વાસ લેવાય અને મુક્તમ તેવા કરવું. નેતિ, ધૌતિ, બસ્તિ, નૌલિ, ત્રાટક અને કપાલભાતિ એ ષટ્કર્મોનાં ષટ્કર્મ છે અને જેના શરીરમાં મેદ તથા શ્લેષ્મ વધારે હોય તેણે પ્રાણાયામની સિદ્ધિને અર્થે તે સાધવાં જોઈએ. ચક્ષુઃશક્તિ અને બોદીના સમણ ઉપર તેની સરસ અસર થવાનું મનાય છે.

કપાલભૂત ૧. [સં. કપાલ (મસ્તક) + ભૂ (ધારણ કરવું)] પું. મહાદેવ; શિવજી. તે ખોપરીની માળા ધારણ કરે છે.

૨. વિ. ખોપરી ધારણ કરનાર.

૩. વિ. ભિક્ષાપાત્ર ધારણ કરનાર.

કપાલભૈરવ [સં.] પું. એ નામના મંત્રશાસ્ત્રના દેવતા.

કપાલભ્રાપકયંત્ર [સં.] ન. મરમાનું બોકું બેસાડવા માટે કપાળ માપવા વપરાતું યંત્ર.

કપાલમાલિની [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કપાલમાલી ૧. પું. અઘોરી બાવાનો એક વર્ગ.

૨. [સં.] પું. મહાદેવ; શિવ; રાજુ.

૩. વિ. ખોપરીઓની માળા પહેરનાર.

૪. વિ. બીબ માગવાનું વાસણ ધારણ કરનાર.

કપાલમૂલિક ત્રિકોણ [સં.] પું. મસ્તકના મૂળમાં આવેલ ત્રિકોણાકાર પ્રદેશ.

કપાલમૂલિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. ખોપરીના પાછલા ભાગમાંથી નીકળી પશ્ચિમ કપાલના મૂલ ભાગની બહારની

અંદર ઉપર પૂર્વદિશા નામની ચેતીનું મૂળ ભેદીને તે બહાર આવે છે. તેમાં કોકની ઊંડી શિરાઓ ભેગી થાય છે.

૨. સ્ત્રી. કોઢ અને માથાના સોધાની પાછળ પશ્ચિમ કપાલાસ્થિના મૂળ ભાગ આગળ રહેતી જે ગ્રંથી. ખોપરીના પાછળના ભાગની રક્ષાચેતીઓ એમાં કાપલ થાય છે.

કપાલમૂલિની [સં.] સ્ત્રી. પશ્ચિમ કપાલાસ્થિના મૂળ ભાગને ભાગેલી ચેતીઓને ભેદીને ફેલાતી ધમની. તેની ૭ અનુશાખાઃ (૧) મન્યાનુગ, (૨) ગ્રૈવસ્તનિકા, (૩) અંસપ્રસિદ્ધા, (૪) માંસલા, (૫) અસ્થિભ્રકુટિકા અને (૬) પશ્ચિમ કપાલિકા.

કપાલમોચન ૧. [સં.] ન. એ નામનું મહાભારતમાં જણાવેલું પ્રાચીન તીર્થસ્થાન.

૨. ન. શ્રાદ્ધનું એ નામનું પવિત્ર તળાવ.

કપાલમોચનતીર્થ ૧. [સં.] ન. ગુજરાતમાં સાબરમતીના કાંઠા ઉપર આવેલ તીર્થનું નામ.

૨. [સં.] ન. તામ્રલિપ્તા અથવા તામલુકનું એ નામનું એક તીર્થ.

૩. ન. માયાપુરમાં આવેલું તીર્થ.

૪. ન. વારાણસીમાં આવેલા એક તીર્થનું નામ

૫. ન. સરસ્વતીને તીરે આવેલું એ નામનું તીર્થ. એને ઔશનસ પણ કહે છે. કેટલાકના મત પ્રમાણે કપાલમોચન નામનું આ પવિત્ર સરોવર સરસ્વતીના પૂર્વ કિનારા ઉપર આધોરાથી આગ્નેયમાં દસ માઈલ દૂર આવેલું છે.

કપાલરેખાદીપ્તિ [સં.] ન. (યોગ) દંતપ્રીતિના પાંચ ભેદોનો એક ભેદ. જમણા હાથના અંગૂઠાને પ્રદેશિની પરથી અંદર લઈ જઈ કપાલની પાછળનો ભાગ ઘસવાથી તે થાય છે. આ ક્રિયા કરવાથી દાંત દૃઢ કરે, નાકીઓને નિર્મળ કરે અને આંખો દિવ્ય દૃષ્ટિ પણ મેળવે એમ કહેવાય છે.

કપાલરેખાસોધન [સં.] ન. (કર્મયોગ) પ્રીતિનો એક પ્રકાર. ઊંઘમાંથી ઊઠ્યા પછી, ભોજન કરી રહ્યા પછી તેમ સૂર્યાસ્ત સમયે કપાલરેખ એટલે માથાની વચમાંના ભાગને જમણા હાથના અંગૂઠા વડે દરરોજ પાણીથી સાફ કરવો તે.

કપાલયંત્ર [સં.] ન. વખત આપવાનું એક યંત્ર; ઘટિકાયંત્ર. પાણીથી ભરેલ એક મોટા વાસણમાં તળિયે છિદ્રવાળો એક કટોરો રાખવામાં આવે છે. છિદ્ર દ્વારા તે કટોરામાં પાણી ભરાય. પૂરો કટોરો ભરાય ત્યારે તે ડૂબી જાય. એવી રીતે એક રાતદિવસમાં સાઠ વખત ભરાય. આ કટોરાને કપાલયંત્ર અથવા ઘટિકાયંત્ર કહેવાય છે.

કપાલયાન [સં.] ન. શિવનાં હાથ પર માંહેનું એક નામ. તે ખોપરીની માળા પહેરે છે.

કપાલવિદ્યા [સં.] સ્ત્રી. કર્પરવિદ્યા; અસ્તિભ્ય શાસ્ત્રવિદ્યા.

કપાલશાસ્ત્રજ્ઞ [સં.] વિ. અસ્થિશાસ્ત્ર જાણે.

કપાલસંધિ [સં.] સ્ત્રી. રાજાઓમાં એકબીજા સાથે સરખી રીતે થયેલ કોલકરાર; સંપસલાહ.

કપાલસ્નાયુશૂલ [સં. કપાલ (માથું) + સ્નાયુ (માંસપેશી) + શૂલ (સણકો)] ન. (હિંદી) આધાશીશી.

કપાલસ્ફોટ [સં.] પું. માથાફૂટ; માથાકોડ.

કપાલાધિકરણ [સં.] ન. જૈમિનીના સૂત્રમાં કહેલ એ નામનું એક અધિકરણ.

કપાલાસન [સં. કપાલ (માથું) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન; વૃક્ષાસન; શીર્ષાસન. બંને હાથના પંજા જરા ત્રાંસા રાખી તેની પાસે માથું ભૂમિથી ટેકાવી, પગ સીધા લાંબા કરી, પગના અંગૂઠા પાસે રાખી, ઊંધે મસ્તકે રહેવાથી આ આસન થાય છે. આ આસનને મુંડાસન, વિપરીતકરણી કે નરાસન પણ કહેવામાં આવે છે.

કપાલાસ્થિ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું અસ્થિ.

૨. સ્ત્રી. હાડ.

કપાલાસ્થિક [સં.] ન. માથાનું હાડકું.

કપાલાસ્થિભંગ [સં.] પું. ખોપરીનું હાડકું તૂટી જવું તે.

કપાલિ ૧. પું. (પુરાણ) આઠ માંહેનો એક ભૈરવ. એનું કુપતિ એવું બીજું નામ પણ છે.

૨. પું. એક રુદ્ર.

૩. પું. મહાદેવ.

કપાલિક [સં.] પું. અપરમાં ભોજન કરનાર.

કપાલિકા ૧. [સં.] સ્ત્રી. કપિલ; રસવતી.

૨. સ્ત્રી. પગનો નીચેનો અથવા ઉપરનો ભાગ.

૩. સ્ત્રી. દાંતનો એક રોગ. આ રોગથી દાંત પડવા માંડે છે.

૪. સ્ત્રી. બહુમેહા માદીના ગ્રામની દીકરી.

કપાલિની ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) ત્રિભંગીની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૪ લઘુ અને ૩૭ ગુરુ મળી ૧૨૮ માત્રા આવે છે.

૨. સ્ત્રી. દુર્ગા; પાર્વતી; ભવાની.

૩. વિ. સ્ત્રી. ખોપરી ધારણ કરનારી.

કપાલી ૧. [સં.] પું. અમિયાર માંહેનો એક રુદ્ર.

૨. પું. કપાળમાં થતી પીડા કરનારો રોગ.

૩. પું. ખપર ધારણ કરનાર અઘોરી જાતનો એક વર્ગ; ખોપરી ધારણ કરનાર એક જાતનો સંન્યાસી.

૪. પું. ધાણવણી ચા અને માઠીમાર જાતથી ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર જાતિ.

૫. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ નેપાલના પીઠસ્થાનમાં છે.

૬. પું. શંકર; શિવ.

૭. સ્ત્રી. ભીખ માગવાનું વાસણ.

૮. સ્ત્રી. માથાફોડ; મગજમારી.

૯. ન. (સંગીત) બહુ ઊંચો સ્વર.

૧૦. વિ. ખપર ધારણ કરનાર.

૧૧. વિ. ખોપરીની માળા પહેરી હોય એવું; ખોપરીનો હાર પહેરનાર.

૧૨. વિ. બહાદી સરસવનું; ઊંચે બગાબે થાનારું.

કપાલીક પું. એક જાતનો કોઢ.

કપાલીક્રિયા [સં.] સ્ત્રી. મૃત દેહનો એક સંસ્કાર. તેમાં બળતા શબની ખોપરીને વાંસથી ફોડી તેની બખોલમાં ઘી નાખવામાં આવે છે.

કપાલીક્રિયા કરવી = બહુ જ વિચાર કરવો.

કપાલીવિદ્યા [સં.] સ્ત્રી. અઘોરીની વિદ્યા.

કપાલેશ્વર [સં.] પું. શંકર; મહાદેવ.

કપાવવું ૧. સ. ક્રિ. આમંત્રણ ન મેળવાવું.

૨. સ. ક્રિ. ઓછું અપાવવું.

૩. સ. ક્રિ. કપાય એમ કરાવવું; વઢાવવું

૪. સ. ક્રિ. લુહું પડાવવું; બાતલ કરાવવું.

કપાવું ૧. સ. ક્રિ. અંદર અંદર અદેખાઈથી કજિયો કરવો.

૨. સ. ક્રિ. ઓછું થવું; ખાડ થવું.

૩. સ. ક્રિ. છેદાવું; વઢાવું.

૪. સ. ક્રિ. માથાકૂટ કરવી.

કપાસિયું ૧. વિ. કપાસનું; કપાસમાંથી બનેલું.

૨. વિ. કપાસનો પાક થતો હોય એવું; કપાસના પાકને લાયક.

કપાસિયો ૧. પું. પકવ્યા મૂકવાં, ભીલ વગેરેમાંથી નીકળતો ગંદામેલો દાણો.

૨. પું. રૂનાં કોઠડાં જેવા માથાની અંદરના માંસના લોચા.

૩. પું. રૂનું બી.

કપાસિયે કોડી કાઢે નહિ = બળતામાં ઘીનું સહેલાઈથી ગ્રમાઈ શકે. જમતાં જમતાં કરતી વખતે આ પ્રયોગ વપરાય છે.

કપાસી ૧. પું. કપાસિયાના જેવો ધોળો રંગ.

૨. પું. કપાસના છોડને બગડતો આવતો રંગ; આછો લીલો રંગ.

૩. પું. કપાસનો વેપારી.
૪. સ્ત્રી. કાણી પાંખોવાળી સમળી.
૫. સ્ત્રી. શેરડીમાં થતો એક જાતનો રોગ. તેથી સાંઠો પોચો થઈ જાય છે.
૬. સ્ત્રી. હાથપગમાં કાંટો અથવા કાંકરી પેસી જવાથી કે થા રુઝાયા પછી તે જગ્યાએ બંધાતી ગ્રંથિ; પગમાં ઠેસ પડવાથી કે કાંટો વાગવાથી પડી ગયેલ ઘૂંટી કે આંટી; ફનની કણી.
૭. વિ. કે જેવું નરમ.

કપાસ ૧. પું. અટકળ; અનુમાન; અડસટ્ટો; અંદાજ.
૨. [સં. કર્પાસ] પું. કપાસિયા સહિત કે બી સાથેનું કે; સૂત્રપુષ્પ.
૩. પું. કપાસિયો; કૂવું બી.
૪. પું. ૨.
૫. પું. કે વાય એવો પીળાં ફૂલનો એક છોડ; સારિવકી; કપોતકી; વસ્તુ. તે એકદમ ગાયોડ ઊંચો થાય. તેનાં પાન એરંડાનાં પાનને મળતાં પણ તેનાથી નાનાં હોય છે. તેનાં ફૂલ પીળાં થાય છે. તેનું થડ પાતળું અને સીધું હોય. તે થડને સાંઠી કહે છે, અને બાળવાના કામમાં આવે. તેનાં ફળને ઝૂંડવાં કહે છે. તે પાકે ત્યારે તેને ફાલ કહે અને તેમાંથી કપાસ નીકળે. કપાસમાં અંદર બી અને ઉપર સફેદ તંતુઓનું ગૂંચળું હોય. આ તંતુઓને રૂ અને બીને કપાસિયા કહે છે. રૂમાંથી લૂગડાં વગેરે બનાવાય છે, અને કપાસિયા ઢોરને ખવડાવાય. કપાસની મુખ્ય બે જાત છે: કપાસ અને નરમો. બારમાં કે પેર વાવેલ હોય તેને નરમો અથવા હીરવણી કપાસ કહે છે. ખેતરમાં વાવેલ હોય તેને વસ્તુ કે વસુરાજ કહે છે. નરમાના બે વધુ પ્રકાર છે: એકનાં બી કપાસ જેવાં જ હોય છે અને બીજાનાં બી લાંબાં અને કાળાં હોય છે. આ છોડને ફૂલ આવે ત્યારથી કપાસ વિપુલ સાંસુધી એક ઝવડો તેને નુકસાન કરે છે. તે ઝવડાની માદા થડની છાલ ઉપર ઈંડાં મૂકે. તેમાંથી નીકળતો ઝવડો થડની અંદર દાખલ થઈ અંદરનો ભર ખાય. છેક સુકાતો માલમ પડે કે તરત તેને ઉપાડી નાખી દેવાથી આ રોગ ફેલાતો અટકી જાય. કપાસની અનેક જાત છે: (૧) કાનપુરી કપાસ: આ કપાસનો ફાલ સારો અને પોષ માસમાં થાય અને ફૂલ બેગાસા પડતાં પીળાં થાય છે. (૨) ધારીનો કપાસ: તેનાં ફાલમાં રૂ તારની બાજુ ટિંગાઈ રહે છે. તેને ફૂલ પીળાં થાય છે. (૩) સાંઠિનો કપાસ: તેના છોડ સોડી જેવા ઢાળીઓ વગરના હોય અને ઊંચા વધે છે. તે દિવાળી ઉપર પાકી જાય. તેનાં ફૂલ પીળાં થાય છે. (૪) કાચો કપાસ: તેનાં પાન તથા ઝૂંડવાં મોટાં થાય છે. તેને ઝવડાં બહુ ખાય છે. (૫) હીરવણી કપાસ: તેને ફૂલ લાલ રંગનાં થાય છે. (૬) ધૂંધસ: તેનાં ફાલાં બંધ રહે છે, તેથી તેને ઢાંકણીઓ કે ફાલણીઓ કપાસ પણ કહે છે. તે પાકે ત્યારે ઝૂંડવાં સહિત ઉતારી તેને ફોલીને કપાસ કાઢે છે. (૭) કપાસ કન્જિપ્તઃ તે કન્જિપ્ત દેશની પેદાશ છે. (૮) મદ્રીઓ અને દેશી કપાસ: તે ઓછી મહેનતે તૈયાર થાય છે. વરસાદ ઓછો હોય તોપણ તે ઊગે છે. (૯) ફાલીઓ: ફાલો તૈયાર થતી વખતે તે ફાટી જાય છે. (૧૦) બાગડીઓ કપાસ. (૧૧) ઢાંકણીઓ અથવા ફાલણીઓ કપાસ: તેનાં ફાલાં બંધ રહે છે. (૧૨) સંભરકૂવા: આ નામ માંગરોળ પાસે આવેલા કૂવા ઉપરથી પડ્યું છે. કપાસનાં મૂળિયાં દસ્તાન વધારનાર હોવાથી તે દુઃખથી થતા ઋતુસ્રાવ અને ઠંડીને અંગે બંધ થયેલ રજોદર્શનમાં આપવા, ગર્ભધારણ પછીના બીજા વખત માટે મૂળિયાં વધારે પ્રમાણમાં આપી શકાય. તેનાં ફૂલનો મુરબ્બો પિત્તરોગમાં અપાય છે, કારણ કે તે ઉત્તેજક છે. બીજાનો રક્તસ્રાવ ઉપર કપાસનાં પાંદડાંનો રસ કાઢી પવાય છે. બીજીનો ઉકા, કાનનો દુખાવો અને સર્પદંશ ઉપર તેનો રસ ચોળાય છે. ઓને દૂધની વૃદ્ધિ કરવા કપાસનાં મૂળ વાટીને પવાય છે. અફીણના ઝેર ઉપર કપાસનાં બિયાંનો ચૂરો ને સાકરી અપાય. તે કફઘ્ન ઉષ્ણ, વાતનાશક, લઘુ અને મધુર છે. તે કૃમિ, પિત્ત, તૃષા, દાહ, શ્રમ, શ્રમ, ઊલટી અને મૂર્છાનો નાશ કરનાર મનાય છે. ઝૂંડવાં મૂત્રવર્ધક છે.

કપાસદાન [સં. કર્પાસ (કપાસ) + દાન (આપવું તે)] ન. કપાસનું દાન.

કપાસપતિ [સં. કર્પાસ (કપાસ) + પતિ (શેઠ)] પું. કપાસનો સૌથી મોટો વેપારી.

કપાસયંત્રાલય [સં.] ન. કપાસ ઓટવાનું કારખાનું.

કપાસસંકોચનયંત્ર [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનો સાધો.

કપાસસૂત્ર [સં.] ન. સાતર; રૂનો તાર.

કપાસિયાવહાર ન. કપાસિયા વેચનારનું બજાર.

કપાસિયું ૧. વિ. કપાસનું; કપાસમાંથી બનેલું.
૨. વિ. કપાસ વાવવા લાયક. જુઓ કપાસિયું.

કપાસિયો પું. કપાસનું બી. જુઓ કપાસિયો.

કપાસિયાનું તેલ જ્ઞાનતંતુના દરદ અને ગામડી ઉપરનાં ચાંદાં દૂર કરવા માટે વપરાય છે. કપાસિયા ગુરુ, વૃષ્ય અને સ્નિગ્ધ છે. કપાસિયાને પાણીમાં વાટી મરડા ઉપર અપાય છે. તે વિરેચક અને સંકોચવર્ધક છે. માંસના દુખાવામાં જ્ઞાનતંતુને પુષ્ટિ આપવા માટે તે વપરાય છે.

કપાસી ૧. પું. કપાસના ફૂલ જેવો પીળો રંગ.
૨. પું. કપાસનો વેપારી
કપાસી રે કપાસી વેપાર કરજે તપાસી, નહિ તો ઊભાં રહેજો ઉપાસી = કપાસના વેપારીએ કાળજીથી વેપાર કરવો જોઈએ. નુકસાન થાય તો ઘણું આકરું પડે. તે ઉપરથી દરેક કામ બરાબર વિચારીને કરવું, નહિ તો બહુ નુકસાન થાય.
૩. સ્ત્રી. કપાસનો વેપાર કરનારની અટક.
૪. સ્ત્રી. શેરડીમાં થતો એક જાતનો રોગ.
૫. સ્ત્રી. સિપાઈ અને ચોરાની એ નામની અટક.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.
૮. વિ. કપાસનું.
૯. વિ. રૂનું બનાવેલું.

કપાસીઆ પું. કૂવું બી. જુઓ કપાસિયો.

કપાસીઆમીલ સ્ત્રી.; ન. જ્યાં કપાસ ઓટવાનું કારખાનું.

કપાસીઉં વિ. કપાસનું. જુઓ કપાસિયું.

કપાસીયો ૧. પું. એક જંતુ. તે કપાસિયા ખાય છે.
૨. જુઓ કપાસિયો.

કપાસીરંગ પું. કપાસના ફૂલ જેવો પીળો રંગ.

કપાસીવાઢ (કપાસીવાઢ) સ્ત્રી. કપાસી લોકોનો સમૂહ.

કપાસ્ય ન. એક જાતનું ધાન્ય. તે અસ્તિક ઋષિએ અર્જુનને આપેલ હતું.

કપાહ [હિં.] સ્ત્રી. કપાસનો છોડ; કપાસ.

કપાળ ૧. પું. એક જાતનો ક્ષોદ. આ ક્ષોદવાળાની આગળ કાળી લાલ અને ઠેકાણે ઠેકાણે ફૂટેલી ઠીબડીની માફક ફાટેલી, સૂખી, કઠોર અને સૂકી હોય છે.
૨. ન. કંઈ નહિ તે; ફોગ.
૩. [સં. કપાલ (ખોપરી)] ન. ખોપરી; માથાનો ઉપર; તુંબડી.
૪. ન. (સંગીત) ગામનો ઊંચો તાર.
૫. ન. વીણું; વજ્રાનો કટકો.

૬. જ. નસીબ; ભાગ્ય.

૧. કપાળ ધોઈ જોવું–નાખ્યું = નસીબના સારાનરસા લેખ ઊકેલવા અથવા અનુભવવા; નસીબ અજમાવી જોવું.

૨. કપાળ ફૂટવું = (૧) ધાર્યું ન બનવું; લાંબા વખતની આશા ફળ ન બનવી. (૨) કપાળમાં વાગવાથી બહિયો લોહી વહેવું. (૩) ઘણું નુકસાન થવું. (૪) મોટું દુઃખ આવી પડવું. (૫) હમેશને માટે દુર્ભાગ્ય થવું.

૩. કપાળ તો ફળે ભૂપાળ = નસીબ સારાં હોય તો રાજ્યપ્રાપ્તિ થાય.

૪. કપાળે કાળજા = કલંક; મેશનો ચાલ્લો, કાળો ટીલો; અપમાન; બોટું બોળ.

૫. કપાળે લખાવી લાવવું = (૧) નિર્માણ થવું. (૨) સુભાગ્ય લઈને જન્મવું.

૬. મોટું કપાળ = (૧) નસીબદાર; ભાગ્યશાળી. (૨) જબ્બર લલાટવાળું.

૭. જ. ભ્રમર ઉપરનો અને માથાના વાળની નીચેનો ચહેરાનો સપાટ ભાગ; ભાલ; લલાટ.

૧. કપાળ ફૂટવું = (૧) નકામી મહેનત કરવી; માથું દુઃખતાં સુધી મહેનત કરવી. (૨) નિરાશાને લીધે હાથથી માથામાં મારવું. (૩) નુકસાન થવાથી દિલગીર થવું. (૪) પશ્ચાત્તાપ કરવો. (૫) માથાકૂટ કરવી; મહેનત લેવી. (૬) શોક, દુઃખ કે ક્રોધના આવેશમા કપાળને કોઈ ચીજ સાથે અથાળવું અથવા કોઈ ચીજ કપાળમાં મારવી.

૨. કપાળ ખૂલવું = નસીબ સારું થવું.

૩. કપાળ ધોઈ આવવું = વિધાતાના લેખ ફેરવવા.

૪. કપાળ પ્રમાણે ટીલું = જેવા દેવ તેવી પૂજા; જેને જેવું શોભે તેવું.

૫. કપાળ ફૂટવું = (૧) કમનસીબ હોવું. (૨) મહાન આશા પૂર્ણ થવામાં નિષ્ફળ થવું; આશાભંગ થવું. (૩) માથામાં વાગવું. (૪) મોટી ખોટ આવવી

૬. કપાળ ફૂટે નસીબ ન ઊઘડે = શોક કરવાથી કોઈ દી ન વળે

૭. કપાળનું ટીલું કપાળે જાય–કપાળનું ટીલું ગાલે ન જાય = જે પ્રમાણે શોભતું હોય તેમ જાય.

૮. કપાળનું ટીલું પૂંઠે ન જાય = દરેકને બને એવું બનવું; જ્યાં જે થવું હોય ત્યાં તે થાય.

૯. કપાળમાં ચાંલ્લો કરવો = (૧) કોઈ ન આપવું. તિરસ્કારમાં આ અર્થમાં વપરાય છે. (૨) નકામું આપી દેવું.

૧૦. કપાળમાં ચોડવું = આપી દેવું. તિરસ્કારમાં આ અર્થમાં વપરાય છે.

૧૧. કપાળમાં ડામ = આપવાનું કાંઈ નથી. તિરસ્કારમાં કાંઈ નહિ આપતાં આમ કહેવાય છે.

૧૨. કપાળમાં ડામ દેવો = કાંઈ ન આપવું.

૧૩. કપાળે કપાળે જુદી મતિ = દરેક માણસના અભિપ્રાયમાં ફેર હોય છે; માણસે માણસે જુદા અભિપ્રાય હોય.

૧૪. કપાળે કેડ = વશ; માન; પ્રતિષ્ઠા; સુખપ્રાપ્તિ.

૧૫. કપાળે ચોટવું = (૧) કર્યા કે ભોગવ્યા વગર છૂટકો ન થવો. (૨) માથે પડવું; છેડે બંધાવું. (૩) હમેશને માટે જોડાયેલું હોવું.

૧૬. કપાળે ટૂંકું–અક્ષરિયું વધવું = ઓછી હલ્લામત વધવી

૧૭. કપાળે રેલા ઊતરવા = મહેનત પડવી. પરસેવો ઊતરતાં સુધી મહેનત કરવી; ઘણો પ્રયાસ કરવો; સખત અને મુશ્કેલી ભરેલી મહેનત કરવી.

૧૮. કપાળે લખેલું = નિર્મિત; નિર્માણ થયેલું. જન્મ્યા પછી છઠ્ઠે દિવસે વિધાતા લેખ લખી જાય છે એવી માન્યતા ઉપરથી આ પ્રયોગ થયો છે.

૧૯. કપાળે હાથ દેવો = (૧) નિરાશ થવું. (૨) પસ્તાવો કરવો. (૩) નસીબ પ્રમાણે થયું એમ માની મન વાળવું; કોઈને નહિ પણ પોતાના ભાગ્યને દોષ દેવો.

૨૦ કોડિયા જેટલું કપાળ = કમનસીબ; હીણભાગ્ય.

૨૧. કોડિયા જેવું કપાળ હોવું = (૧) કમનસીબ હોવું. (૨) ટોચ હોવું.

૮. જ. મગજ.

કપાળે કપાળે જુદી મત = માણસે માણસે જુદી બુદ્ધિ.

કપાળકૂટ ૧. સ્ત્રી. એક ને એકજ જાતની મહેનત; એકસરખી મહેનતવાળી કામગીરી.

૨. સ્ત્રી. માથાકૂટ; મગજમારી.

કપાળકૂટવું ૧. સિ. માથાકૂટવું; કટકટ કરવું.

૨. સિ. આયું દુઃખી જન જેવી મહેનતવાળું, કપાળ ફૂટવે જેવું; ઘણી મગજમારી કરાવે એવું.

કપાળકૂટું જુઓ કપાળકૂટિયું.

કપાળકૂટો જુઓ કપાળકૂટ.

કપાળઝરાસ પું. રાજાએ આપાનો અથવા રાજકુંવરોના મુજરાન માટે આપેલી જાગીર.

કપાળઝકઝક ન. ખોપરી બનાવનારા કપાલાસ્થિઓના સાંધામાં આવેલું એક ઝીણું અને ખોટોળ હાડકું.

કપાળટોપી સ્ત્રી. ઘોડાના કપાળ ઉપરનો વાળનો ગુચ્છો. તે બે કાન વચ્ચેથી શરૂ થઈ બે આંખ વચ્ચે કપાળ ઉપર લટકતો રહે છે.

કપાળદંતચૂડિક (કપાલદંતચૂડિક) [સં.] પું. પશ્ચિમ કપાલના મૂળ ભાગને દંતચૂડાના પિંડ સાથે જોડનાર સ્નાયુ.

કપાળપટી સ્ત્રી. ઘોડાના કપાળ ઉપર રાખવાની ચામડાની પટી.

કપાળભસ્મા સ્ત્રી. યોગની છ માંહેની એક ક્રિયા.

કપાળભાતિ જુઓ કપાલભાતિ.

કપાળિયો પું. ખપ્પર ધારણ કરનાર અઘોરી બાવો; કપાલી.

કપાળી જુઓ કપાલી.

કપિ ૧. [સં.] પું. અશુદ્ધ સિંદૂરરસ.

૨ પું. આમલીનું ઝાડ.

૩. પું. આંબાનું ઝાડ.

૪. પું. ઇંદ્ર

૫. પું. કરમદાનું ઝાડ.

૬. પું. કરંજનું ઝાડ.

૭. પું. તામસ મન્વંતરમાંના સપ્તર્ષિમંડળનો એક ઋષિ.

૮. પું. પિંગળો રંગ.

૯. પું. ભારદ્વાજાંગિરસ વંશનો એક ઋષિ.

૧૦. પું. રાતા ચંદનનું ઝાડ.

૧૧. પું. લાલ રંગ.

૧૨. પું. વરાહ, ડુક્કર; ભૂંડ.

૧૩ પું. વાંદરો; મર્કટ; વાનર.

કપિ શાખામૃગ બલિમુખ હરિ પ્લવગ લાંગૂર, વલ્લ કરમાં નાળિયર દેત નિમાતા હૂર.
પિંગળપ્રકાશ

૧૪. પું. વિષ્ણુ.

૧૫. પું. (જ્યોતિષ) વૃષભ રાશિનો તારો.

૧૬. પું. સમાધિ પ્રાપ્ત કરી લેવાનો માર્ગ.

૧૭. પું. સૂર્ય.

૧૮. પુ હનુમાન.

૧૯ પું. હાથી.

૨૦. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત.

૨૧. સ્ત્રી. પથ્થર કે વજન ઊંચકવાની ગરેડી.

૨૨. ન. અઢાર મુખ્ય ધ્વન મંદિરનું એક.

૨૩. જ. એ નામનું એક ગોત્ર.

૨૪. ન. રાતું ચંદન.

૨૫ વિ. પિંગળું.

૨૬. વિ. રાતું.

કપિકચ્છૂ ૧. [સં.] સ્ત્રી. વાંદરી; મર્કટી.

૨. જ. કવચ; કૌંચાં; એક જાતનું ઝરજ ઉત્પન્ન કરનારું કઠિયાવું. તેનાં બી શક્તિવર્ધક અને

વાનું જોર નરમ કરનાર કહેવાય છે. બી બે ફલાક સુધી દૂધમાં ઉકાળવાથી શુદ્ધ થાય. તેનાં પાંદડાં ઉપર નાની રુવાટી હોય છે. તેને જો ચામડી અડી જાય તો દાહ થાય. શ્વાનતંતુની નબળાઈ, શ્વેતપ્રદર, વીર્યસ્ખલન અને વીંછીના ડંખ ઉપર ચોપડવા આ ઔષધિ કામ આવે છે.

કપિકુલ [સં.] ન. વાંદરાનું ટોળું.

કપિકુંજર [સં.] પું. ઉત્તમ વાંદરો.

કપિકેતન [સં.] પું. અર્જુન. તેના ધ્વજમાં હનુમાનનું ચિહ્ન હતું.

કપિકેતુ જુઓ કપિકેતન.

કપિકોલિ [સં.] પું. બોરનું ઝાડ.

કપિચુડ ૧. સ્ત્રી. અંબાડાનું ઝાડ.
૨. [સં.] સ્ત્રી. અંબાનું ઝાડ.
૩. સ્ત્રી. પારસપીપળો.

કપિચ્યુત જુઓ કપિચુડ.

કપિચ્યૂત જુઓ કપિચુડા.

કપિજ [સં.] પું. શિલારસ.

કપિતક સ્ત્રી. દાડમળદર.

કપિતાન ૧. ન. એક જાતનું ઝાડ; પારસપીપળો.
૨. વિ. બધું, ખુચ્યું.
૩. વિ. વાંદરા જેવું; તોફાની; બદમાયાળું.

કપિતૈલ [સં.] ન. શિલારસ. તે સ્વાદિષ્ટ હોઈ વાંદરા તે ચાટ્યા કરે છે. ચાટતાં તેના હાથ, પગ, મોઢું રસથી તેલ તેલ થઈ જાય છે, માટે તેને કપિતૈલ કહે છે.

કપિત્થ ૧. [સં.] ન. એક જાતની બાતલબાજી.
૨. ન. ઉપરી અધિકારીનું રહેઠાણ.
૩. ન. કારખાનું.
૪. ન. કોઠી; કોઠાનું ઝાડ. તેનાં ફળ વાંદરાને પ્રિય છે. કાચું ફળ સંકોચક હોવાથી અતિસાર અને મરડામાં ઉપયોગી મનાય છે. પાકું ફળ તરસ અને હેડકી મટાડે, અવાજ સુધારે, પણ, પચવામાં મુશ્કેલ કહેવાય છે. દારૂ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.
૫. ન. કોદુ; કોઠીનું ફળ.
૬. ન. ચશ્મકબાજ.
૭. ન. છાશ.
૮. ન. ફરુખાબાદ જિલ્લામાં કૃતેહગટની પશ્ચિમે ત્રેવીસ માઈલ ઉપર કિંકુમતી નદીને કાંઠે આવેલું ગામ; સાંકાસ્ય.
૯. ન. માટીનું મોટું વાસણ.
૧૦. ન. માલ રાખવાનું મકાન; 'ગોડાઉન'.
૧૧. ન. હાથ અને આંગળાંથી થતો એક જાતનો અભિનય. હાથની તર્જની અંગૂઠાની ટોચ ઉપર મૂકવાથી આ અભિનય થાય. લક્ષ્મી, સરસ્વતી, ગાય દોહવી, રમતમાં ફૂલ ઝાલી રાખવાં, સાડીનો છેડો પકડી રાખવો, માથા ઉપર છેડો ધરી રાખવો એ દર્શાવવા આ અભિનય કરાય છે.

કપિત્થક ૧. [સં.] ન. કોઠાનું ઝાડ.
૨. ન. કોઠું

કપિત્થપત્રા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કપિત્થપર્ણી જુઓ કપિત્થપત્રા.

કપિત્થશિખર જુઓ કપિત્થ ૫.

કપિત્થાષ્ટક [સં.] ન. (વૈદક) એક જાતનું ચૂર્ણ. તે બનાવવા કોઠાં આઠ ભાગ, સાકર ૭ ભાગ, દાડમનો રસ, આમલી, બીલી, ચાવડીનાં ફૂલ, અજમોદ અને પીપર અનુક્રમે ભાગ, મરી, જીરું, ધાણા, સંચળ, એલચી, તજ, તમાલપત્ર, નાગકેસર, ત્રિફળા અને સૂંઠ એકેક ભાગ લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. સંગ્રહણી અને અતિસારમાં તે ફાયદાકારક મનાય છે. તેની માત્રા પાવલીથી અર્ધાભારની છે.

કપિત્થાષ્ટકચૂર્ણ જુઓ કપિત્થાષ્ટક.

કપિત્થાસ્થ [સં.] ન. કોઠા જેવા મોંવાળો ગોલાકૂલ નામે એક જાતનો વાંદરો.

કપિત્વ [સં.] ન. વાંદરા જેવું બાઘકચાળાપણું.

કપિત્થ જુઓ કપિત્થ.

કપિદળ [સં.] ન. વાંદરાનું ટોળું.

કપિધ્વજ [સં.] પું. અર્જુન. તેના રથની ધ્વજામાં હનુમાન હતા. એક વખત અર્જુને રામેશ્વરનાં દર્શન કરી હનુમાનના મુખથી રામચરિત્ર સાંભળ્યું. અર્જુને હસીને કહ્યું કે, 'રામનું એટલું સામર્થ્ય, તો બાણ વડે તેણે સેતુ કેમ ન બાંધ્યો ?' હનુમાને કહ્યું કે, 'બાણ તો ભાંગી જાય.' અર્જુન બોલ્યો કે, 'હું જો હોત તો બાણનો સેતુ બાંધત'. હનુમાને કહ્યું કે, 'બાંધ જોઉં.' પછી અર્જુને એક યોજનનો બાણસેતુ બાંધ્યો અને કહ્યું કે, 'એ જો ભાંગે તો હું અગ્નિકાષ્ટ ભક્ષ કરીશ.' હનુમાને કહ્યું કે, 'જો હું ન બાંધું તો તારી ધ્વજા ઉપર બેસી મારે તારે આધીન રહેવું.' હનુમાને ફૂદકો મારી સેતુ બાંધ્યો અને અર્જુને બાકીનાં એકાંત કરી સળગાવી તેમાં પ્રવેશ કરવાની તૈયારી કરી. એટલામાં કૃષ્ણે બ્રાહ્મણ રૂપે આવી તેની બધી વાત સાંભળી. પછી કૃષ્ણે હનુમાનને કહ્યું કે, 'સાક્ષી કોણ છે ? માટે ફરીથી સેતુ રચાય અને તું ભાંગે તો સાચી વાત.' અર્જુને તે બાંધ્યો. કૃષ્ણે તેની નીચે જાની રીતે સુદર્શન મૂકેલું. તેથી જો સેતુ હનુમાનથી તૂટ્યો નહિ. ત્યારે બ્રાહ્મણે હનુમાનને કહ્યું કે, 'એની ધ્વજા ઉપર બેસી એને સહાય કરજે.'

જિષ્ણુ ધનંજય વિજય નર ફાલ્ગુન કિરીટી હોઈ,
કૃષ્ણસખા ગાંડિવધર પાર્થ કપિધ્વજ સોઈ.
પિંગળસૂરોજ

૨. વિ. જેની ધ્વજામાં વાંદરાની આકૃતિ હોય એવું.

કપિનાથ [સં.] પું. હનુમાન.

કપિનામ [સં.] ન. શિલારસ.

કપિનામા જુઓ કપિનામ.

કપિપીપ્પલી [સં.] પું. રાતો અપેડો.

કપિપ્રભા [સં.] સ્ત્રી. કવચ.

કપિપ્રભુ ૧. [સં.] પું. રામચંદ્ર.
૨. પું. સુગ્રીવ.
૩. પું. હનુમાન.

કપિપ્રિય ૧. [સં.] ન. અંબાડાનું ઝાડ.
૨. ન. કોઠાનું ઝાડ.
૩. ન. કોઠું; કપિત્થ.

કપિપ્લુત [સં.] સ્ત્રી. વાંદરાની માફક કૂદકા મારી ચલાવવાની બોલાની એક ચાલ.

કપિબ્રૂ [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

કપિમાર્ગ [સં.] પું. ઉપાસના, ભક્તિ વગેરેથી અંતઃકરણની શુદ્ધિ દ્વારા આત્મજ્ઞાન મેળવવાનો રસ્તો; મુક્તિના ત્રણ પૈકીનો એક માર્ગ.

કપિમુખ ૧. [સં.] ન. વાંદરાના જેવું મોં.
૨. ન. વાંદરાનું મોં.
૩. વિ. વાનરમુખ; વાંદરાના જેવા મોંવાળું.

કપિમૂર્તિ [સં.] પું. હનુમાન.

કપિરથ જુઓ કપિપ્રભુ.

કપિરસ [સં.] પું. પીપરનું ઝાડ.

કપિરાજ જુઓ કપિપ્રભુ.

કપિલ ૧. [સં.] પું. બ્રહ્મદેવના પ્રપૌત્ર શાલિહોત્ર ઋષિના પિતાનું નામ.
૨. પું. ઉંદર.
૩. પું. એ નામના એક ઋષિ; સાંખ્યશાસ્ત્રના કર્તા ઋષિ. કર્દમ પ્રજાપતિને દેવહૂતિથી જન્મેલ આ મહામુનિનો જન્મ પુષ્કર પાસે થયો હતો. ત્રિદ્ધ નામથી તેમની દેવમાં ગણના થાય છે. વિષ્ણુના તે પાંચમા અવતાર મનાય છે. સાંખ્યયોગ રચી તેમણે અનેક ધર્મોનો ઉદ્ધાર કર્યો. તેમનું મન સંસારમાં બિલકુલ ચોંટ્યું ન હતું. માતા દેવહૂતિને તેમણે સરસ્વતી ક્ષેત્રમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો, જેથી માતા મુક્તિ પામ્યાં. આ તેમનો આશ્રમ છે. ત્યાંથી તેઓ ઉત્તરમાં

ગંગાકિનારે ગયા. ગંગાસાગરમાં આવતાં સમુદ્રે તેમની પૂજા કરી બેસવાને આસન આપ્યું. અહીં બેસી તેમણે યોગાભ્યાસ કર્યો. આજે પણ ગંગાસાગર નામે કલકત્તાની પાસે એ મુનિનો આશ્રમ છે. સગર રાજાના અશ્વમેધ યજ્ઞનો ઘોડો ઇંદ્રે ચોરી લાવી કપિલ મુનિની પાછળ બાંધી દીધો. તે વખતે ઋષિ સમાધિમાં હતા. ઘોડો શોધતા શોધતા સગરના સાઠ હજાર પુત્રો અહીં આવી ચઢ્યા. તેઓએ ચોર માની સમાધિસ્થ કપિલને માર માર્યો. સમાધિ ઊતરતાં સગરના બધા પુત્રો ઋષિના ક્રોધાગ્નિમાં બળી ભસ્મ થયા. તેઓ અખંડ ભક્તિ દ્વારા બ્રહ્મસ્વરૂપને પામી ગયા.

૪. પું. એ નામનો એક દૈત્ય.

૫. પું. એ નામનો એક યતિ. તેણે બાળના શરીરમાં પ્રવેશ કરીને સ્મૃતરથિ નામના ઋષિ સાથે બાળમાં ગાય અવધ્ય છે એવો સંવાદ કર્યો હતો.

૬. પું. એ નામનો ચોરાશી અક્રિયાવાદીઓ માંહેનો એક.

૭. પું. એક જાતનો ઘોડો.

૮. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૬ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૦ વર્ણ અને ૫૬ માત્રા હોય છે. તે રસઉલ્લાસનો ભેદ છે.

૯. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૯ ગુરુ અને ૬૬ લઘુ મળી ૭૫ વર્ણ અને ૮૪ માત્રા હોય છે. તે રામવસ્તુનો ભેદ છે.

૧૦. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૭૨ લઘુ મળી ૮૪ વર્ણ અને ૯૬ માત્રા હોય છે. તે રોલાવસ્તુનો ભેદ છે.

૧૧. પું. કદ્રુપુત્ર એક નાગ.

૧૨. પું. કુશ દ્વીપના સાત માંહેનો એક પર્વત.

૧૩. પું. કૃતયો.

૧૪. પું. કૌશાંબી નગરના રાજા જિતશત્રુના ઉપાધ્યાયનો એ નામનો દીકરો.

૧૫. પું. ગણેશ. તે રાતા અને ભૂરા રંગના ત્રિનયનવાળા છે.

૧૬. પું. ૭૯ સરોવરથી ઉત્તરનો દેશ.

૧૭. પું. દેવતા; અગ્નિ.

૧૮. પું. પીંગળો રંગ; બદામી અથવા ઝાંખરો વર્ણ.

૧૯. પું. બલદેવનો એ નામનો માનસપુત્ર.

૨૦. પું. ભરૂચ જિલ્લામાં રહેતા બાવચાની એક જાતિ. તેઓ ખેતીનો ધંધો કરે છે.

૨૧. પું. મહાદેવ; શંકર.

૨૨. પું. મેરુપર્વતના મૂળ ભાગમાં આવેલો પર્વત.

૨૩. પું. ૨૬ મનુમાંનો એક.

૨૪. પું. વાડવાનલ; સમુદ્રમાં રહેલ અગ્નિ.

૨૫. પુ. વાસુદેવ.

૨૬. પું. વિશ્વામિત્રનો એ નામનો એક દીકરો.

૨૭. પું. વિષ્ણુ.

૨૮. પું. વિંધ્ય પર્વતમાં રહેતો એક વાનર.

૨૯. પું. સિલારસ.

૩૦. પું. સુતનુ નામની ઓથી થયેલો વસુદેવનો નાનો દીકરો.

૩૧. પું. સૂર્ય.

૩૨. પું. હિરણ્યગર્ભ; સૂક્ષ્મ શરીરના અભિમાની દેવ.

૩૩ સ્ત્રી. કપિલા ગાય.

૩૪. ન. અઢાર ઉપપુરાણ માંહેનું એ નામનું એક.

૩૫. ન. એ નામનું એક ગોત્ર.

૩૬. ન. એક જાતનું પંખી.

૩૭. ન. પ્રાચીન હિંદનું એક શહેર. સુખ્યો કપિલવસ્તુ.

૩૮. ન. સીસમનું ઝાડ. ૪૦, ૫૦ વર્ષનું થયા પછી તેનું લાકડું બજારમાં વેચાય છે. કાળા અને ધોળી એવી તેની બે જાત છે.

૩૯. વિ. કાળું.

૪૦. વિ. પીળા કે ભૂરા જેવા બદામી રંગનું; પીંગળું.

૪૧. વિ. પીંગળા વાળવાળું.

૪૨. વિ. સફેદ; ધોળું.

કપિલગીતા [સં.] સ્ત્રી. ભાગવતપુરાણમાંથી લીધેલો હઠયોગ પ્રધાન એક ગ્રંથ. કપિલેય ઉપાખ્યાનને કેટલાક કપિલગીતા પણ કહે છે. ગૌડ બ્રાહ્મણોની ગીતા માંહેની આ એક છે.

કપિલચ્છાયા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કપિલતા ૧. [સં.] સ્ત્રી. કપચા; ટ્રૌંચ.

કોલ નલિકા કપિલતા નાવિ મેમરી નામ,
કંઠ રુપૈ કોઈ લે પીંજ વેરના ગામ.
પિંગલપ્રકાશ

૨. સ્ત્રી. ચંદ્રક-વસ્ત્ર; ઝોલણી.

ચંદ્રકન્યા કપિલતા ત્રિપુરી ભાલિકા વેલી,
એસા રવ પવનમાં પછી રમ્ય મુખમાં મેલી.
પિંગલપ્રકાશ

૩. સ્ત્રી. ભૂરાપણું; પીંગળાશ.

૪. સ્ત્રી. લાલાશ; રાતાપણું.

૫. સ્ત્રી. સફેદપણું.

કપિલતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન યાત્રાનું સ્થળ.

કપિલદેવ જુઓ કપિલ ૩.

કપિલદેવજી જુઓ કપિલ ૩.

કપિલદેવમુનિ જુઓ કપિલ ૩.

કપિલદ્યુતિ ૧. [સં.] પું. આકાશનો છેદ.

૨. પું. પીંગળા કાંતિ.

૩. પું. સૂર્ય.

કપિલદ્રાક્ષા [સં.] સ્ત્રી. એક જાતની ભૂરી દ્રાક્ષનો વેલો.

કપિલદ્રુમ [સં.] ન. એક જાતનું સુગંધી ઝાડ.

કપિલધારા ૧. [સં.] સ્ત્રી. અમરકંટકમાંથી નીકળ્યા પછી નર્મદા નદીના પહેલા પોયનું નામ.

૨. સ્ત્રી. કપિલા ગાયના દૂધની ધાર.

૩. સ્ત્રી. ગંગા નદી; ભાગીરથી.

૪. ન. એ નામનું કાશીમાં આવેલ એક તીર્થ.

૫. ન. જયામાં આવેલું એક તીર્થસ્નાન.

૬. ન. નાસિકની નૈઋર્ત્યમાં આવેલું એક તીર્થ. ત્યાં કપિલનો આશ્રમ હતો.

કપિલપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ. રામપુરાણ, કપિલપુરાણ, વરાહપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, શિવપુરાણ, ભાગવતપુરાણ, દુર્વાપુરાણ અને ભવિષ્યોત્તરપુરાણ ગુજરાતમાં ઉત્તમ મનાય છે.

કપિલફલા [સં.] સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

કપિલર પું. એ નામનો એક તામિલ કવિ. તે ચૌદ કેરમાં વેલ્લુવર ગામમાં જન્મ્યો હતો અને એક બ્રાહ્મણને ત્યાં ઉછર્યો હતો. આગવર નામનો ગ્રંથ તેણે રચ્યો છે. તેમાં ભાર્યા-જૈનનો જન્મવૃત્તાંત કાવ્યરૂપે લખેલ છે.

કપિલવત [સં. કપિલવત્] વિ. ઉંદરના જેવા રંગનું.

કપિલવર્ણ [સં.] પું. પીંગળો રંગ; બદામી વર્ણ.

કપિલવસ્તુ [સં.] ન. ગૌતમબુદ્ધના પિતા શુદ્ધોદન રાજાની રાજધાનીનું શહેર. અહીં બુદ્ધનો જન્મ થયો હતો. તે નેપાળના તેરાઈમાં બસ્તી જિલ્લામાં રોહિણિ નદીને કાંઠે આવેલું હતું. હાલના સમયમાં ગિત્રૌલી, રામઘાટ, સંકશા અને તિલૌરા નામનાં ગામો આવેલાં છે તે વિસ્તારમાં કપિલવસ્તુ શહેર હતું. હાલના તિલૌરાની જગ્યાએ કપિલવસ્તુનો કિલ્લો અને રાજમહેલ હતાં. એ કિલ્લો આણુનંગાના પૂર્વ કિનારા ઉપર હતો. ભાગીરથી એ જ આણુનંગા. કેટલાક લખનારાઓની મત છે કે કપિલવસ્તુ ભાગીરથીના કિનારા ઉપર આવેલ હતું.

કપિલસ્મૃતિ [સં.] પું. શિવનું એક નામ.

કપિલસીસમ ન. સીસમની ઝાડની એક જાત.

કપિલસૂત્ર [સં.] ન. કપિલ મુનિએ રચેલ સાંખ્યશાસ્ત્રનું ટૂંકું વાક્ય.

કપિલસ્મૃતિ [સં.] સ્ત્રી. કપિલ મુનિએ રચેલી સાંખ્યસ્મૃતિ.

કપિલા ૧. પું. (પિંગળ) ચૌદ માત્રાનો એક છંદ; હંસગતિ. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

૨. પું. બાહ્મણની એ નામની એક જાતિ.

૩. પું. શિલારસ.

૪. સ્ત્રી. અગ્નિ ધૂમ્રાની એ નામની હાથણી.

૫. સ્ત્રી. અગ્નિની એ નામની એક કલા.

> ધૂમ્રા, અર્ચિ, ઉષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરૂપા, કપિલા ને હવ્યકવ્યા એ દશ અગ્નિની કલાનાં નામો છે.
>
> યોગકૌસ્તુભ

૬. સ્ત્રી. ઈશાન કોણના પુંડરિક નામના દિગ્ગજની હાથણી.

૭. સ્ત્રી. એ નામની દેવી.

> મહાલિંગમાં કપિલા નામની દેવીની પીઠ છે.
>
> ભગવતી જ્ઞાનવત

૮. સ્ત્રી. એક જાતની ઔષધિ; વસ્ત્રતગંધા. તેનાં ફૂળની ભૂકો કપડાં રંગવાના કામમાં આવે છે.

૯. સ્ત્રી. કામધેનુ; ઇંદ્રની ગાયનું નામ.

૧૦. સ્ત્રી. કેટલાક સફેદ ફૂલોનો લાલ સુગંધી ભૂકો.

૧૧. સ્ત્રી. તદ્દન એક રંગની ગાય.

૧૨. સ્ત્રી. તદ્દન કાળા રંગની ગાય.

૧૩. સ્ત્રી. તદ્દન બદામી રંગની ગાય; સોનાના રંગની ગાય.

૧૪. સ્ત્રી. દુઝણી ગાય.

૧૫. સ્ત્રી. ધૂપ.

૧૬. સ્ત્રી. (પુરાણ) પંચશિખ નામના ઋષિની માનું નામ.

૧૭. સ્ત્રી. પિત્તળ.

૧૮. સ્ત્રી. પૂર્વ દિશાના લોકપાલ અગ્નિના ઐરાવતની સ્ત્રી.

૧૯. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષ પ્રજાપતિની એ નામની દીકરી અને કશ્યપ ઋષિની તેર સ્ત્રી માંહેની એક.

૨૦. સ્ત્રી. ફૂલવાળી શિંશપા; સીસમ.

૨૧. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી મધ્ય પ્રદેશની એક પ્રાચીન નદી. તે પવિત્ર કુંડના પશ્ચિમ ભાગમાંથી નીકળીને નર્મદા નદીમાં બે ગાઉ સુધી વહીને સિતેર ફૂટની ઊંચાઈથી કપિલધારા નામે ધોધ રૂપે પડે છે.

૨૨. સ્ત્રી. મેંદીનાં બી.

૨૩. સ્ત્રી. મૈસુર રાજ્યમાં આવેલ એક પ્રાચીન નદી.

૨૪. સ્ત્રી. રાજનીતિ.

૨૫. સ્ત્રી. રેણુકા નામની સુગંધી ઔષધિ.

૨૬. સ્ત્રી. લોળી સ્ત્રી.

૨૭. સ્ત્રી. સફેદ રંગની ગાય. આ ગાય બહુ સારી મનાય છે.

૨૮. સ્ત્રી. સુશ્રુતે ગણી નહિ એવી ૭ પ્રકારની જણાવેલી જળો માંહેની એક.

૨૯. ન. બાહ્મણની એ જાતિનું માણસ.

૩૦. વિ. બાહ્મણની એ નામની જાતિનું.

૩૧. વિ. સ્ત્રી. બૈરા બદામી રંગની.

૩૨. વિ. સ્ત્રી. ધોળા રંગની.

૩૩. વિ. સ્ત્રી. ભૂરા રંગની.

૩૪. વિ. સ્ત્રી. શરીરમાં સફેદ ડાઘવાળી.

૩૫. વિ. સ્ત્રી. સીધી; ગાદી.

કપિલાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘરચું.

૨. સ્ત્રી. પીંગળાં ફૂલવાળી સિંશપા.

કપિલાગમ [સં.] પું. સાંખ્યશાસ્ત્ર.

કપિલાચાર્ય ૧. પું. વિષ્ણુ.

૨. પું. શિવ.

૩. પું. સાંખ્યાચાર્ય કપિલ મુનિ.

કપિલાછઠ સ્ત્રી. બારસ્વો અગિયો, કૃષ્ણ પક્ષ, છઠનો દહાડો, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત યોગ અને મંગળવાર એટલાં વાનાના યોગવાળો દિવસ. આવો યોગ લગભગ બાર વરસે આવે અને તે પુણ્યતિથિ તરીકે ગણાય. એ દિવસે સ્ત્રીઓ સૂર્યની પૂજા કરે છે. આ દિવસે કપિલા ગાયનું બાહ્મણને દાન આપવાનો મોટો મહિમા ગણાય છે.

> કપિલા છઠ બાર વરસે એક વાર આવે = સારો પ્રસંગ લાંબે વખતે આવે છે.

કપિલાતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન.

કપિલાદાન [સં.] ન. કપિલા ગાયનું દાન.

કપિલાવટ [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન ક્ષેત્ર; ગંગાદ્વારની પાસે આવેલું એક તીર્થ.

કપિલાશ્રમ ૧. [સં.] પું.; ન. ગંગા નદીના મુખ આગળ સાગરદ્વીપમાં આવેલ કપિલ મુનિનો આશ્રમ.

૨. પું.; ન. ગુજરાતમાં આવેલું સિદ્ધપુર નામનું શહેર.

કપિલાષષ્ઠિ ૧. [સં.] પું. ઇંદ્ર; દેવોનો રાજા દેવરાટ. તેનો ઘોડો પીળા રંગનો મનાય છે.

૨. પું. (પુરાણ) સર્વભંડી પ્રજાપતિ કુળમાં થયેલ કુવલાશ્વ રાજાના ત્રણ માંહેના એક દીકરાનું નામ.

કપિલાષષ્ઠી જુઓ કપિલાછઠ.

કપિલાહ્રદ [સં] પું. કાશીની ઉત્તરે આવેલું એક તીર્થ.

કપિલાંજન [સં.] પું. શિવ.

કપિલાંબર [સં.] પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ ઉજ્જૈન નામના પીઠસ્થાનમાં છે.

કપિલિક [સં.] વિ. બૈરા બદામી રંગનું.

કપિલિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની શતપદી.

કપિલેશ્વર [સં.] કાશીમાં આવેલું એક શિવલિંગ.

કપિલો જુઓ કપીલો.

કપિલોદક ન. (પુરાણ) ભારતવર્ષમાં એક તીર્થ.

કપિલોહ [સં.] ન. પિત્તળ.

કપિલ્લક ૧. [સં.] પું. એક ઔષધિ; કપિલો.

૨. સ્ત્રી. રાતી સાટોડી.

કપિલ્લિકા [સં.] સ્ત્રી. ગજપીપર; કપિવલ્લિકા.

કપિવક્ત્ર ૧. [સં.] પું. (પુરાણ) નારદ. શાપથી તેનું મોઢું વાનર જેવું થઈ ગયું હતું એવી પૌરાણિક માન્યતા છે.

૨. ન. વાનરનું મુખ.

કપિવતી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષમાં એક નદી; રામગંગા નદીને મળનારી એક શાખા નદી; કૈમૂ.

કપિવર [સં.] પું. હનુમાન.

કપિવલ્લિકા [સં.] સ્ત્રી. ગજપીપર; કપિલ્લિકા.

કપિવલ્લી [સં.] સ્ત્રી. ગજપીપર. એ વેલાને ગુવારના જેવી લાંબી શિંગો થાય છે.

કપિવાત [સં.] પું. પારસપીપળાનું ઝાડ.

કપિશ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

૨. પું. કાબુલનું પ્રાચીન નામ; કપિરસ્તાન.

> બદખશન પાટના મસાણમાંથી જાગેલું એ બહારણ કપિશ, ગાંધાર, દક્ષ વગેરે મુલકના લાગ્યું.
>
> કેશવ હર્ષદ

૩. [સં.] પું. કાળો પીળો મિશ્રિત રંગ.

૪. પું. ભૂખરો રંગ; ભૂરો રંગ.

૫. પું. લાલ કાળો મિશ્રિત રંગ.

૬. પું. વૈદિક કાળના હિંદુસ્તાનનો એક પ્રાચીન દેશ.

૭. પું. શિલારસ.

૮. પું. શિલારસનું ઝાડ. તે ઘણું ઊંચું હોય છે. તેમાં ચાંદરાનો ઘણો વાસ હોય છે, તેથી કપિશ કહેવાય છે.

૯. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૦. ન. એક જાતનો દારૂ.

૧૧. વિ. બીજું પીળું મિશ્ર.
૧૨. વિ. બદામી રંગનું.
૧૩. વિ. ભૂરું.
૧૪. વિ. રતાશ પડતું ભૂરું.
૧૫. વિ. રાતું; લાલ રંગનું
૧૬. વિ. રાતું અને પીળું; લાલ પીળું મિશ્ર.

કપિસ્થાન ન. કપિશરસ્તાન; કાબુલ.

કપિશા ૧. સ્ત્રી. એ નામની એક નદી; બંગાળાના મિદનાપુર જિલ્લામાં વહેતી કસાઈ નદી. રઘુવંશ પ્રમાણે આ નદી ઊતરીને રઘુ ઉત્કલ દેશમાં ગયા હતા.
૨. સ્ત્રી. એક જાતનો ઘાસ
૩. સ્ત્રી. ઓરિસામાં આવેલી એ નામની નદી; સુવર્ણરેખા.
૪. સ્ત્રી. (પુરાણ) કશ્યપની એક સ્ત્રી. તેનાથી પિશાચ ઉત્પન્ન થયાનું મનાય છે.
૫. સ્ત્રી. કાબુલ નદીની ઉત્તરે ૧૫૦ માઈલ ઉપર આવેલો ઉત્તર અફઘાનિસ્તાનનો પ્રદેશ. ચિનાઈ મુસાફરોએ એને કિપિન કહ્યો છે.
૬. સ્ત્રી. માખણી ઘાસ.
૭. સ્ત્રી. કાબુલનું કાબુલ. કપિશા નગરી એક સમયે ગાંધારની રાજધાની હતી.

કપિશાક્ષ વ. ટૂંકા વાળવાળી અને તેની ઉપર પાંદડાંનો જથ્થો હોય એવી એક વનસ્પતિ; કોળીજ. તેનું શાક થાય છે.

કપિશા પુત્ર [સં.] પું. પિશાચ.

કપિશાયન ૧. [સં.] પું. એક જાતનો ઘાસ.
૨. પું. તેલ.

કપિશાવદન વ. બૌદ્ધ ધર્મનું એ નામનું અવદાન.

કપિશૃંજન [સં.] પું.. શિવ.

કપિશિલા પું. એક જાતનો રસાયણિક પ્રવાહી પદાર્થ.

કપિશી ૧. [સં.] સ્ત્રી. ઘાસ.
૨. પું.; સ્ત્રી. માખણી ઘાસ.

કપિશીર્ષા [સં.] સ્ત્રી. એક જાતનો ઘાસ

કપિશીર્ષ ૧. [સં.] વ. હિમાલાનો કાંગરો. તે હિમાની પહોળાઈના અર્ધભાગે મધ્યભાગમાં ભારથી દેખાય નહિ એટલો ઊંચો જણાવામાં આવે છે.

એવા હિમાના વિસ્તારના (પહોળાઈના) અર્ધ ભાગમાં કાંગરા કલ્પ્યા અને તે કાંગરા બધા કપિશીર્ષ એકબીજાની બાજુ બાજુમાં બધા બાજુ જણાય ત્યારે હોવા જોઈએ. રાજવાડકર

૨ વ. પથ્થરનું નિશાન; સિમાસેતુ; સીમાસ્તંભ; ખૂંટ.

કપિશીર્ષક વ. હિંગળોક; હિંગળો.

કપિશીર્ષી વ. એક જાતનું વાજિંત્ર.

કપિષ્ઠલ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. સ્ત્રી. વલુવેંદની એક શાખા.
૩. વ. વાંદરાંઓનું સ્થાન.

કપિસુખ પું. (પુરાણ) એક ઋષિ.

કપિસ્કંધ [સં.] પું. એ નામનો એક દાનવ.

કપિહસિત ૧. [સં.] વ. વાંદરાનાં દાંતિયાંની પેઠે વાદળાં વગર આકાશમાં થતી વીજળી; સ્વચ્છ આકાશમાં વીજળીનું અચાનક દર્શન.
૨. વ. વાંદરાની જેમ દાંતિયાં કરવાપણું.

કપિંગ [સં.] વ. શરીરનું બગડેલું લોહી કાઢી નાખવા માટે વપરાતું એક સાધન. તેમાં નાના મોટા કદનાં ગોળ કોરવાળાં કાચનાં પ્યાલાંઓ તેમ જ ગોળ મોરવાળાં ઝરીનાં પાનાંઓ કે જે કમાનની મદદથી ઊપડો ભિડાય છે તે હોય છે. તેથી ધાતુની કાળજી બાંધી લોહી કાઢવાનું હોય ત્યાં ઝરીના ઊભરા કાપ પાડી તે ઉપર એથિલેટેડ સ્પિરિટ લગાડેલો કાચ કે જેને કપિંગગ્લાસ કહે છે તેને દીવાસળી કેળાવી મૂકી કેવામાં આવે છે. તેથી બળતો સ્પિરિટ ઓલવાઈ જઈ અંદરનો ભાગ નરમ પડતાં લાગતી ખેંચાણને ઊપડી આવે છે અને લોહી ખેંચાઈ આવે છે. આ ક્રિયાને વેટ કપિંગ કહે છે. શરીરમાં ગમે તે ભાગમાં કપિંગ થઈ શકે છે. કાચના પ્યાલામાંથી હવા કાઢી નાખ્યા પછી જે ભાગ ઉપર તે મૂકવામાં આવે ત્યાં નવું લોહી ખેંચાઈ આવે છે ને તેથી ત્યાં દરદ મટવાનું મનાય છે.

કપિંજલ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. [સં.] પું. એક જાતનું પક્ષી; ખોળું તેતર.
૩. પું. કાલંજરીની કથા માંહેનો સ્થૂલકોશ ઋષિનો દીકરો; પુંડરિકનો મિત્ર.
૪. પું. ચાતક પક્ષી; બપૈયો.

પ્રમાણ વખતે કપિંજલ અને ઋષભ એ બે જ જગ્યાએ વપરાય તો સારાં રાજવાડકર

૫. વિ. પીળું; પીળા રંગનું.

કપિંજલ તીર્થ [સં.] ન. મહાભારતમાં ઉલ્લેખેલ એક પ્રાચીન તીર્થ.

કપિંજલા [સં.] સ્ત્રી. મહાભારતમાં ઉલ્લેખેલી એક પ્રાચીન નદી.

કપિંજલાક્ષ પું. (પુરાણ) ચાંડાલથી પેટા થયેલ એ નામનો એક ઋષિ.

કપિંજલેશ પું. (પુરાણ) ઉત્તમમતિ ઋષિનું બીજું નામ.

કપી ૧. પું. (ડિંગળ) સૂર્ય.
૨. સ્ત્રી. (વહાણવટું) નાનો કપો.
૩. સ્ત્રી. પાણી કે વજન ઊંચકવાની મરેડી.
૪. સ્ત્રી. વાંદરી.

કપીન્દ્ર ૧. [સં.] પું. હરિવંશવક્ષ.
૨. પું. રામચંદ્ર.
૩. પું. સુગ્રીવ.

કપીષ્ઠ વ. (વહાણવટું) કપી.

કપીત [સં.] પું. એક જાતનું ઝાડ.

કપીતક સ્ત્રી. ઘાસ વિશેષ.

કપીતન ૧. [સં.] વ. બંબાવાડાનું ઝાડ.
૨. વ. બાવળનું ઝાડ; શિરીષ વૃક્ષ.
૩. વ. પીપળાનું ઝાડ.
૪. વ. બીલીનું ઝાડ.
૫. વ. સરસડિયો નામનું ઝાડ.
૬. વ. સોપારીનું ઝાડ.

કપીતર પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કપીત્થ ૧. વ. એક જાતનું ઝાડ; કોઠી.
૨. વ. કોઠી ઝાડનું ફળ; કોઠું.

કપીલિકા સ્ત્રી. નવલિકા; નાની વાર્તા.

નાની વાર્તા novel. જેને માટે હાલ નવલિકા શબ્દ યોજાયો છે તેને માટે હું વે યોજું કપીલિકા. પ્રસ્થાન

કપીલુ વ. ગોરસેલ્લું.

કપીલો ૧. [સં. કપિલક] પું. સુરત તરફ થતા પુલાય નામના કુંજરી ઝાડના મોલ્યા ઉપર ખાઝરી ગાંઠ. દીવાસળીની સળી તથા કામળી બનાવવા માટે આ ઝાડનું લાકડું કીમતી મનાય છે. આ ગાંઠનો છીંટના બ્લૉક જેવો લાલ રંગનો ભૂકો થાય છે. તે કડવો, રેચક, તીક્ષ્ણ તે ઉષ્ણ છે. મદ અથવા મારણ સારૂ જે જાનીથી પાવલીભારની માત્રામાં તે અપાય છે. ચૂમડાં, ખૂજલી, કૃમિ, ઉપદંશ, કંઠ અને કૃમિનો નાશ કરે છે. બાળકો કૃમિ ઉપર કપીલો વિશેષ લાભ પડે છે. તે આપ્યા પછી લુણાદિ આપવાથી કરમ બહાર પડે છે. પેટ તથા ચિત્તજ્વર ઉપર પણ અપાય છે. દેશી કપિલા, કર્કેત, ચંદ, રક્તાંગ અને રોમન પણ કહે છે.
૨. પું. રેતાળ રંગનો પીળો રંગ.
૩. વિ. પું. બદામી; કપિલવર્ણે.

કપીલક [સં.] વ. એ નામનું એક સરોવર.

કપીલ ૧. પું. એ નામનો એક ઋષિ.

કપૂરકાચલી

૨. [સં.] પું. વાનરોનો રાજા. જેમકે, સુગ્રીવ, વાલિ.

૩. પું. હનુમાન.

કપીષ્ટ ૧. [સં.] પું. મોટું ઝાડ.

૨. પું. સુગન્ધન નામનું વૃક્ષ.

કપીસ્થળ જ. પન્નામાં આવેલ કૈથલ ગામનું એક પ્રાચીન નામ; કપિસ્થળ.

કપીંદ્ર ૧. પું. રામચંદ્ર.

૨. પું. વાનરોનો રાજા.

૩. પું. વિષ્ણુનાં હજાર નામ પૈકીનું એક. કપિ એટલે વાંદરાઓના ઇંદ્ર એટલે સ્વામી હોવાથી તેઓ કપીંદ્ર કહેવાય છે.

૪. પું. સુગ્રીવ.

૫. પું. હનુમાન.

કપુત્ર જુઓ કપૂત.

કપુપરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એ અટકનું.

કપુરાસ સ્ત્રી. બારસપદાણની એક જાત.

કપુરિયા ૧. સ્ત્રી. બિહારી કણબી આંબાની એક જાત. તેને કપૂરની બાકર સુગંધવાળી કેરી આવે છે.

૨. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૩. જ. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કપુરું વિ. બરાબર વાંકું.

કપુલ ૧. જ. (વહાણવટું) મોટી હોડકરીનું હોરડું.

૨. જ. (વહાણવટું) વાસ વીંટવાનું લાકડું.

કપુષ્ટિકા [સં.] સ્ત્રી. ચોટલાનું સંસ્કાર કર્મ.

કપૂત ૧. [સં. કુ (બરાબ) + પુત્ર] પું. કહ્યું ન માનનાર દીકરો.

૨. પું. કુટુંબને લાંછન લગાડે એવો છોકરો; નાલાયક દીકરો.

૩. પું. નાયું બહુચરાજી કરનારો નામધોળ છોકરો.

૧. કપૂત દીકરો કુળમાં અંગારો = કપૂત દીકરે કુળ હીરવું પડે.

૨. કપૂતનો કોથળીએ મેળ = બરાબ છોકરો બરબનો હિસાબ રાખે નહિ.

૪. વિ. પું. કરજ ન ભાંગે એવો.

કપૂતી ૧. [સં. કુ (બરાબ) + પુત્ર + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કહ્યું ન માનનાર પુત્રી.

૨. સ્ત્રી. કુળને લાંછન લગાડે તેવી પુત્રી.

૩. સ્ત્રી. નામધોળ છોકરી.

૪. સ્ત્રી. નામ જોગે જેવો પુત્ર બચાપણ.

કપૂર ૧. પું. ચંદ્ર; સોમ.

૨. પું. નામધિમાત્ર માંહેનો વર્ણમેળ છંદ.

૩. [સં. કર્પૂર; ગા. કપુર; મા. કપૂર] જ. એ નામનું ઝાડ. વરસાદમાં બી વાવી તેના રોપ કરવામાં આવે છે. આઠ મહિનામાં રોપા ફૂટતી વાવવા લાયક થાય છે. મૂળિયાં કાપી વાવવાથી જલ્દ નવાં ઝાડ થાય. ડાળી વાવવાથી ન થાય. બે અને ચૂનામાં તેને સફેદ ફૂલ આવે છે. તેનાં પાન ગોળાં લંબગોળ, સુંવાળાં અને સિરાવાળાં હોય છે. પાનની ઉપરની બાજુ પીળા રંગની ઝાંયવાળી લીલા રંગની અને નીચેની બાજુ નીલી ઝાંયવાળી લીલા રંગની હોય છે. પાનનું ડીટકું લાંબું અને થાબાની બાજુ ઉપરથી ખરબચડી હોય છે, પણ અંદરનો ભાગ લીસો હોય છે. ફળ વટાણા સરખાં થાય છે. ઝાડના દરેક ભાગમાં કપૂરની સુગંધ આવે છે. પણ ઊંચાઈવાળી જગાએ આ ઝાડ સારાં થાય છે. હવા આવતી હોય તે દિશામાં બીજા વાવેતરનાં રક્ષણ તરીકે ખાળોને ફરતાં કપૂરનાં ઝાડનું વાવેતર સીલોનમાં કરે છે. ઝાડની પાંચ ફૂટથી વધારે ઊંચાઈ થવા દેવી નહિ. ત્રીજા કે ચોથા વરસથી તેમાંથી કપૂર કાઢવા માટે પાતરાં, લાકડું, મૂળ વગેરે લેવામાં આવે છે.

૪. જ. કેરડાના ઝાડનું ફૂલ.

૫. જ. સોફ રંગનું એક સુગંધી દ્રવ્ય. તે હવામાં ઊડી જાય અને બાળવાથી બળે. તેની પાવ અને અપાવ એમ બે જાત છે. જે કપૂર ગાડમાંથી તૈયાર મળે છે તે અપાવ અને જે બાજા વરાળની ક્રિયા કરીને બનાવવામાં આવે તે પાવ. અપાવ કપૂરમાં વધારે ગુણ રહેલો છે. તેના પોતાસ, ચીની, બોમસેની વગેરે ઘણા ભેદ છે. બોમસેની કપૂર ઊંચી જાતનું મનાય છે. તેમાં બાકરી સુગંધ હોય છે. બીજા દરજ્જાનાં ઝાડમાંથી કપૂર નીકળે છે. હિંદમાં ફળની જાતનું એક ઝાડ છે તેમાંથી કપૂર કાઢે છે. તે ઝાડને કપૂરીબા કહે છે. કપૂર તે ઝાડના મૂળમાંથી નીતરનારું બનું અને પોતાની મેળે ઘટ્ટ બનતું તેલ હોય છે. કેટલાકની માન્યતા એવી છે કે ફળમાં સ્વાતિ નક્ષત્રનું પાણી પડવાથી કપૂર થાય છે. હાલ કેટલાક ઝાડમાંથી કપૂર કાઢવામાં આવે છે. તે બધાં તજના ઝાડની જાતનાં હોય છે. આ બધા ઝાડમાં ઉત્તમ ઝાડ દારચીની કપૂરનું છે, જે ચીન, જાપાન, ફોર્મોસામાં થાય છે. કપૂર સ્વાદમાં કડવું, સુગંધમાં તીક્ષ્ણ અને ગુણમાં શીતલ, કૃમિઘ્ન, સ્વેદઘ્ન અને વાયુકોપઘ્ન છે. તે તાવ, ખાંસી, દમ, ગ્રામશાંતિ અને કોલેરા ઉપર તથા આંખના દરદોમાં તેમ જ દંતમંજનમાં વપરાય છે. જંતુનાશક તરીકે હવા સુધારવામાં તથા ચામડીના રોગમાં ચળ માટે તેનો ઉપયોગ થાય છે. વસ્ત્ર અને પુસ્તકમાં કપૂર રાખવાથી તેને ઊધઈ લાગતી નથી. જે કપૂર કડવા સ્વાદવાળું અને ચીકણું હોય તે ઉત્તમ ગણાય છે. કલાનિધિ, કલાધર, કલાપૂર્ણ, હરિ, શશાંક, ભગ, શીતરશ્મિ, શીતકર, સિંધુજ, સિંધુપુત્ર, સારસ, સુભ, સુધાવાસ, સુધાકર, શાંભવ એ બધાં કપૂરનાં નામ છે. કપૂરનો રસ જંતુઘ્ન, સડોત્પાદક અને ઉત્તેજક છે. તે કોમળિયુ અને ઉનાળામાં થતા અતિસાર, કે જે પીચાશના નામથી ઓળખવામાં આવે છે, તેમાં અકસીર ઇલાજ મનાય છે. આ રસ ઝાડા અને ઊલટી બંધ કરે છે, પણ મૂત્રના પ્રમાણમાં ફેર પડવા દેતો નથી. તે ઉત્તેજક હોવાથી હૃદય બંધ પડવા દેતો નથી. વધુ માત્રામાં લેવાથી તે વિષનું કામ કરે છે. કપૂરનું તેલ વાતરોગ, દાંત હાલવા, દાંતોની અશક્તિ વગેરે રોગો ઉપર અપાય છે. કપૂરનાં ઝાડનાં પાતરાં, મૂળિયાં ને લાકડામાંથી અર્ક જેવી કપૂર બનાવવામાં આવે છે. તેના કકડા કરી ખૂબ કલાક સુધી પાણીમાં કુબાડી રાખવામાં આવે છે, એટલે કપૂરનું તમામ સત્ત્વ પાણીમાં ભેગાઈ જાય છે. તેમાંથી એક દક્ષે સોળખું કપૂર ને ત્રીસ દક્ષ કપૂરનું તેલ નીકળે છે. કાંબળાં, પાતરાં વગેરે તેની બાજ કાતરથી કાપવાં. વરસમાં ત્રણ કે ચાર વખત ડાળીઓ કાપી લઈએ. જો આ ઝાડને કાપવામાં ન આવે તો વધીને માણસ કૂદ સુધીનું થાય.

૧. કપૂરથી કંઈ દાંત ન પડે = બાનદાની બાનદાનીમાં પરિણમે છે.

૨. કપૂરનું વહીતરું = પ્રેમની મહેનત.

૩. કપૂરે કોળણા કરવા = સુખી હોવું.

૬. જ. હિમ; કાર.

કપૂરકચરી ૧. સ્ત્રી. કપૂરકાચલી.

૨. સ્ત્રી. સુગંધી ઝાડનું એક મૂળિયું.

૩. [હિં.] સ્ત્રી. સુગંધી મૂળવાળી એક વેલ. બકાલાના લોકો તેનાં પાનની સાદડી બનાવે છે. તેનું મૂળ ખાવામાં કડવું અને તીક્ષ્ણ હોય છે.

કપૂરકાચરી જુઓ કપૂરકચરી.

કપૂરકાચલી ૧. સ્ત્રી. એ નામની વેલનું મૂળિયું.

૨. સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાકડાં બાબરાના પાંદડાં જેવાં થાય છે. તેનો વિસ્તાર પુષ્કળ થાય છે. વેલાને વચ્ચોવચથી ચીરી તેનો દોરડાના કામમાં ઉપયોગ કરે

છે. આ ઝેરો ઝાડમાં હોય છે. કપૂરકાચલી ઝાડને સારે ખાંડીને તેનો અળીયા જેવો છે અને પૂનમનાં સુકવી અળીયા તરીકે વપરાય છે. તે તીક્ષ્ણ, દાહક, તીખી, કડવી, વાટી, શીતવીર્ય, લઘુ, ચિત્તકર અને શ્વાસ, ખાંસ, જ્વર, દાહ, હેડકી, ગુલ્મ, રક્તરોગ, વાયુ, ત્રિદોષ, અરુચિ, કૃમિ, વમ, આમ, ઊલટી વગેરે રોગનો નાશ કરે છે. ચામડીના રોગ અને રક્તવિકાર માટે ઔષધ તરીકે વપરાય છે. ઔષધિના તેલમાં તે નખાય છે. ટોપરું અને અંજળાં સાથે તે વાટીને માથે નાહતાં વાળ વધે છે. તેને અપપલાસી, રાઈ, પલાઢી, વાસંગ, સુવતા, ગંધમૂલિકા, ગંધરિકા, ગંધપત્ર, પૂયુપ અને લાક્ષિક પણ કહે છે.

કપૂરકાચલી જુઓ કપૂરકાચલી.

કપૂરકાંદ પું. એક પ્રકારનું પાન.

કપૂરકેળ સ્ત્રી. કેળની જાતનું એક ઝાડ. તેમાંથી કપૂર કાઢવામાં આવે છે

કપૂરખપાટ સ્ત્રી. ખેતરાળમાં થતી એક સુગંધી વનસ્પતિ. તેની ગંધથી લૂતાદામાં ઇયળ પડતી નથી.

કપૂરચિનાઈ સ્ત્રી. કપૂરવેલ.

કપૂરચીની ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક ઔષધિ.

૨. સ્ત્રી. મિનાઈ સાકર.

કપૂરતેલ ૧. ન. કપૂરનું તેલ.

૨. ન. કપૂરનો લેપ.

કપૂરધૂળ ન. અસલી કપૂરની એક જાત. તે બધું કીમતી હતું.

કપૂરનારી સ્ત્રી. બાવાની ઝળી બીજી બાવો, સાકર, ઘી, સવિત્ર ખેરાની બનાવેલી ઝળી પૂરી

કપૂરકૂટી સ્ત્રી. એ નામનો એક સુશોભિત છોડ; ઝવા; કુમ્રિપિડ.

કપૂરજરાસ પું. કપૂરના ઝાડના રસની બનાવેલી ટીકડીના આકારની દવા. તે જતુનાશક છે. બોનિયો અને સુમાત્રામાં તે થાય છે. સો વર્ષથી વધુ જૂના ઝાડની અંદરથી તથા તેની ગાંઠોમાંથી ભળેલું કપૂર નીકળે છે. કોઈ કોઈ વાર ઝાડને છેદ કરીને દૂધ કાઢે છે અને તે જામવાથી કપૂર થાય છે.

કપૂરબોરી સ્ત્રી. એક જાતનું કુંવરાઉ ઝાડ. તે ૬ થી ૧૦ ફૂટ ઊંચું થાય છે. નાનના કરડ ઉપર તેનું મૂળ વસી ચોમાસામાં. અંકોર ઉપર પણ તે ક્રમ આવે છે.

કપૂરમકુરી સ્ત્રી. કપૂરની જેવી સુગંધીવાળો એક જાતનો છોડ. તેનાં તુલસીનાં પાન જેવાં પણ પોલાણ પડતાં લીલાં પાન સાકર સાથે ખાવાથી ઉપરસ મટે છે.

કપૂરવાટી સ્ત્રી. એક જાતની મીઠાઈ.

કપૂરવેલ સ્ત્રી. લાંબાં, સુંવાળાં પાનવાળી એક જાતની વેલ. એમાં પોળા મોંજર આવે છે. પાંદડાની વાસ કપૂર જેવી આવે છે તેથી તેનું નામ કપૂરવેલ પડેલું છે. તેને કપૂરમિનાઈ પણ કહે છે. કપૂરવેલના ફૂલને પાંચ પાંખડી હોય છે. તે કેસર પુષ્પ જેવું હોય છે. રહેનશાહ અકબરના વખતમાં તે બરફથી હિંદમાં લાવવામાં આવ્યું હતું.

કપૂરહલદી [હિં.] સ્ત્રી. આમાહળદર.

કપૂરા ૧. [હિં.] પું. ઘુવડ.

૨. સ્ત્રી. ઘુવડની જોડણી.

કપૂરિયાં જુઓ કપૂરીયાં.

કપૂરિયો જુઓ કપૂરીયો.

કપૂરી ૧. પું. લાંબાં અને અણીદારવાળાં પીળાશ પડતાં નાગરવેલનાં પાન. તેની કોર કાઈક ચાંદોચૂકી હોય છે.

૨. પું. હલકો પીળો રંગ.

૩. સ્ત્રી. (કચ્છી) એ નામની પંખીની જો.

૪. વિ. કપૂરના જેવી વાસવાળું.

૫. વિ. કપૂરના જેવું; સફેદ.

૬. વિ. કપૂરનું બનેલું.

૭. વિ. નાગરવેલના પાનની જાતનું.

કપૂરીઆં ૧. સ્ત્રી. આંબાની એક જાત.

૨. [સં.] ન. બ. વ. મગની દેરીનાં બટકાં.

૩. ન. બ. વ. ઠોરાં ઢોકળાં.

૪. ન. બ. વ. અબૂરીનાં ઝાડનાં કાચાં ફળ.

૫. ન. બ. વ. નાગરવેલની કપૂરના જેવી પોળાં પાનની એક જાત.

૬. ન. બ. વ. નાનાં બચ્ચાંના અંડકોષ.

કપૂરીઓ ૧. પું. એક જાતનો છોડ. તેનાં પાન ખાવાં કૂણાં હોય છે. તે એક ઓકને અંતરે આવેલાં કોર ઉપર ઢાંતાવાળાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે. છોડમાંથી કપૂર જેવી વાસ આવે છે. પાન મેથીની પેઠે બધુ બધુ ખેરાં આવે છે.

૨. પું. ચાંચડમારી.

૩. પું. પુરુષની ઇંદ્રિય.

૪. પું. ઢાલ કરેલ જનવરનું વૃષણ.

કપૂરીકચુરી સ્ત્રી. તુલસીને મળતો એક છોડ. તેના ઉપર પોળા મોંજરના ગુંછ થાય છે. કોઢ, વિષ, પ્રમેહ અને દાહ ઉપર ક્રમ આવે છે. તેનાં પાંદડાંનો રસ ચેટના દુઃખાવા ઉપર અપાય છે.

કપૂરીહળદર સ્ત્રી. હળદરની જેવું જાત. એ સર્વ પ્રકારની બરજનો નાશ કરે છે.

કપેચાં વ. કૃ, વ. એક જંતુનું વલાણું.

કપેચું ૧. વિ. ઓટપડું; કાણું; મુરેલ; અધરું.

૨. વિ. આંટીવાળું; ચેચવાળું.

કપેડું વિ. કપડું; અધરું; કાણું.

કામ કપેડું મરકી આવે. દયારામ

કપૈ [સં. કંપૂ (કૂજવું)] વિ. કંપતું; કૂજતું; બરબરતું.

કપો [સં. કાક (કાકડું) + પત્ર (પાનું)] પું. વહાણનો એક ભાગ; કાકી બરેડી રહી હોય એવું કાકડાંનું ચોકઠું.

કપોક પું. વેરટ ઉદ્દીજ્જમાં થતો એક જાતનો છોડ. તેનાં ફૂલ પીળાં હોય છે અને તે ઉપર રેશમ જેવું પડ હોય છે. તેનાં બીની આસપાસ પણ રેશમ જેવા તાંતણા હોય છે. આનાં ઓશીકાં ભરાય છે. તેનાં બીમાંથી એક જાતનું તેલ નીકળે છે.

કપોક [સં. કપોત] ન. કબૂતર. જુઓ કપોત.

કપોડી ૧. સ્ત્રી. ખારી.

એવની કપોડી કાલ પર બાજીને ઢાંકને સોડવે
■ દિનકર્યા

૨. સ્ત્રી. પાતળી ભલ; ઓતકં.

૩. સ્ત્રી. પાતળું અને પૂલીને ઊંચું થયેલું પડ.

૪. સ્ત્રી. ભીંગડું; પોપડી.

કપોડું ૧. ન. ઊખડી ગયેલું ભીંતનું પડ.

૨. ન. ચૂનાનું સુકાયા પછી ઊખડતું છોડું.

૩. ન. ચાળણીમાં રહેલો ભાડો અને બરબાદ દાણો.

૪ ન. છોડું; પાતળી ભલ.

૫. ન. પોપડો; પોડું; ભીંગડું.

૬. ન. ભાખરાના ભોંગડા; ભાખરા બનવા ભૂકિનને બાંધી બાળતાં બાકી રહે તે.

કપોત ૧. પું. બબપૂતનો એક ગ્રહ.

૨. પું. એ નામના બે તારાપુંજ. પહેલો વિષુવાંશ ૨૦૦થી ૨૩૦ અને દક્ષિણ ક્રાંતિવંશ ૬૫થી ૮૦ વચ્ચે આવેલ છે, અને બીજો વિષુવાંશ ૬૦થી ૧૦૦ વચ્ચે અને દક્ષિણ ક્રાંતિવંશ ૨૫થી ૪૫ વચ્ચે આવેલ છે.

૩. પું. એક આદમજાતની રાજા.

૪. પું. (સિદ્ધ) એક જાતનું ક્ષેત્રફળ

૫. પું. એક જાતનો ઉંદર.

૬. પું. (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ. આ સર્વેમાં છંદનો એક ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૮૦ લઘુ એમ ૧૦૨ વર્ણ હોય છે.

૭. [સં.] પું. કબૂતરની જાતનું પરંતુ તેનાથી સહેજ નાનું એક જાતનું પંખી; હોલો.

કુલિત અગ કપોતની વાણી.
કહે સમજા કવિઓ અવબાણી. દલપતરામ

૮. પું. કબૂતરનો ભૂરો રંગ.

૯. પું. (પુરાણ) ગરુડ પુત્ર.

૧૦. પું. ઝીણે રંગની છાંટવાળું કબૂતર; પારેવું.

૧૧. પું. ભૂરા રંગનો ઢાંકો સુરમો.

૧૨. પું. હાથના ચોરીસ પ્રકારના અભિનયમાંનો બીજો.

૧૩. ન. કુખાંઢ; કોળું.

૧૪. વિ. આસમાની.

કપોતક ૧. પું. સાજીખાર.

૨. પું. હાથનો એક અભિનય.

૩. ન. અંજન.

૪. ન. નાનું કબૂતર.

૫. [સં. કપોત (હોલું) + ક (નાનાપણું બતાવનાર પ્રત્યય)] ન. નાનો હોલો.

૬. ન. સુરમો.

કપોતકી પું. કપાસ; વરુ.

કપોતચરણ [સં.] પું. કબૂતરનો પગ.

કપોતજરણા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; નાલી. તેમાંથી નલી નામની સુગંધી નીકળે છે.

કપોતની ૧. સ્ત્રી. કબૂતરી.

કપોતની કહે છે કંઈ આવે કહું કથી.
મીરો

૨. સ્ત્રી. હોલી; કપોતની માદા.

કપોતપાક [સં.] પું. કબૂતરનું બચ્ચું.

કપોતપાદ [સં.] વિ. કબૂતરના જેવા પગવાળું.

કપોતપાલિકા [સં.] સ્ત્રી. કબૂતરખાનું; કબૂતરો; પક્ષીઓને રહેવાની છત્રી.

કપોતપાલી જુઓ કપોતપાલિકા.

કપોતપુટ પું. જમીન ઉપર આઠ અક્ષરમાં ભણાતું મૂકી અપાતા પુટનો એક પ્રકાર. કેટલીક ભસ્મો બનાવવામાં આ પુટનો ઉપયોગ થાય છે.

કપોતબંજ ન. ગુજરાતમાં આવેલ એ નામનું એક તીર્થસ્થાન.

કપોતમંડલ [સં.] ન. એ નામના બે તારાપુંજ. જુઓ કપોત ૨.

કપોતરાજ [સં.] પું. કબૂતરોનો મુખી.

કપોતરું ન. ભાંગી ગયેલ; નાખવું.

કપોતરૈતસ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કપોતરોમા ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ; અરિશનીર સિબ્રિનો પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંતી વડુપુત્રમાં સાતત રાજાના પુત્ર અંધકના વંશના વિલોમ રાજાનો પુત્ર.

કપોતરોમન ૧. [સં.] પું. ઉશીનર રાજાનો પુત્ર.

૨. પું. એ નામનો એક રાજા.

૩. પું. વસુવતી એક રાજાનું નામ.

કપોતલી સ્ત્રી. મંદિરમાં ભરણી ઉપરનો ભાગ. તેમાં કણી તથા આંબાવાળી પટી એટલા ભાગ હોય છે.

કપોતલુબ્ધકીય [સં.] ન. મહાભારતની એક આખ્યાયિકા.

કપોતવર્ણા [સં.] સ્ત્રી. એક જાતની સુગંધ.

કપોતવર્ણી [સં.] સ્ત્રી. હોલાના જેવા રંગવાળી એલચી

કપોતવલ્લી [સં.] સ્ત્રી. નાની એલચી.

કપોતવંકા [સં.] સ્ત્રી. આકડી વૃક્ષ. જુઓ આકડી.

કપોતવાણા સ્ત્રી. કપોતચરણા.

કપોતવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. રોજ કમાવું અને રોજ ખાવું તે; કબૂતર જેવું સંચય રહિત જીવન.

૨. વિ. કબૂતરના જેવા જીવનવાળું.

કપોતવેગા [સં.] સ્ત્રી. આકડી વૃક્ષ.

કપોતવ્રત [સં.] ન. મૂરે ખોટે દુઃખ સહન કરવું તે.

કપોતશરીર [સં.] ન. પારેવાના શરીરના રંગવાળું ફળ; કોળું.

કપોતસાર [સં.] ન. સુરમો; નેત્રાંજન.

કપોતહસ્ત [સં.] પું. ભય અથવા માનના વખતે હાથ રાખવાની એક સ્થિતિ.

કપોતાક્ષી [સં.] સ્ત્રી. નંદાણની એક નદીનું નામ. તેના કાંઠા ઉપર અમરેલ રહેલી આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોયની જન્મભૂમિ માટે જાણીતું છે.

કપોતાભ ૧. [સં.] પું. એક જાતનો ઉંદર.

૨. પું. કબૂતરના જેવો રંગ.

૩. વિ. કબૂતરના રંગ જેવું.

કપોતારિ [સં. કપોત (કબૂતર) + અરિ (શત્રુ)] પું. સીંચાણો; શકરો; બાજ પક્ષી.

કપોતાલી ૧. સ્ત્રી. કબૂતરખાનું.

૨. [સં.] સ્ત્રી. કબૂતરોની હાર.

૩. સ્ત્રી. કાતરી.

૪. સ્ત્રી. કાકર; કોરુ-

કપોતાશ્મ પું. એક જાતનો ચકચકતો પારસાદાર પત્થર.

કપોતાંજન [સં.] ન. સુરમો; નેત્રાંજન.

કપોતાંડિ ૧. [સં.] સ્ત્રી. નલિકા; એક જાતની સુગંધી વસ્તુ.

૨. સ્ત્રી. માલકાંગણી.

૩. વિ. કબૂતરના જેવા પગવાળું.

કપોતિકા ૧. [સં.] સ્ત્રી. કબૂતરની માદા.

૨. સ્ત્રી. હોલી.

કપોતિની ૧. સ્ત્રી. કબૂતરી.

૨. સ્ત્રી. હોલી; કપોતની માદા.

કપોતી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વૃક્ષસ્તંભ.

૨. સ્ત્રી. કબૂતરી.

૩. સ્ત્રી. નાગની એક જાત.

૪. સ્ત્રી. હોલી.

૫. વિ. પારેવાના રંગનું.

કપોતો [સં. કપોત] પું. (પક્ષી) પારેવું.

કપોપનતા સ્ત્રી. (સંગીત) બેતાલીસ મૂર્છનામાંની દસમી મૂર્છના.

કપોપરા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની બટક.

૨. ન. એ બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

કપોર વિ. આખું; કાચું; અધકચરું.

કપોલ ૧. [સં.] પું. કપાળ.

કપોલું કાઢવું = કપાળ ઉપરના વાળ અસ્ત્રા વતી ચંદ્રાકારમાં કાઢી નાખવા. એ કપોળું નાનાં છોકરાં કઢાવે છે અને મોટા માણસ વાળ ચોપીઆ વતી ખેંચી કઢાવે છે.

૨. પું. ગલાસ્થિ.

૩. પું. ગાલ.

૪. પું. વૃત્તમાં ગાલની એક જાતની ચેષ્ટા. તે સાત પ્રકારની છે: મુદ્રિત (હાસ્યને વખતે), કંપિત (ક્રોધને વખતે), કુલ્લ (હર્ષને વખતે), રોમાંચિત (ભયને વખતે), સમ (સ્વાભાવિક), પૂર્ણ (ગર્વ અથવા ઉત્સાહને વખતે), શ્યામ (કષ્ટને વખતે).

૫. પું. લમણું; શંખ.

૬. સ્ત્રી. વાણિયાની એક જાત; જૈન વૈશ્યોની ચોરાસી માંહેની એક જાત.

૭. ન. વાણિયાની એ નામની જાતનું માણસ.

૮. વિ. વાણિયાની એ નામની જાતનું.

કપોલકલ્પના [સં.] સ્ત્રી. પાયા વિનાની વાત; ગપ; મનની કલ્પના.

કપોલકલ્પિત ૧. [સં.] પું. ગપ્પો; ભાંગરું; તુક્કો; બનાવટી વાત.

૨. વિ. કૃત્રિમ; જોડની કાઢેલું.

કપોલકાય [સં.] પું. ગાલનું મંડલાકાર.
કપોલપાંતિ સ્ત્રી. ગાલની ચામડી
કપોલમેદુમ્બા ન. ગાલમસૂરિયું.
કપોલશ્લેષ્મા [સં.] સ્ત્રી. મુખમાં ગાલની એક જાતની શ્લેષ્મા. જુઓ કપોલ ૪.
કપોલસ્થિ [સં.] પું. ગાલનો ભાગ.
કપોલસ્ફુતિ [સં.] સ્ત્રી. ગાલ ઉપર તરવરતું તેજ.
કપોલસ્વનતા [સં.] સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની એ નામની એક મૂર્છના. જુઓ મૂર્છના.
કપોલસૈર્ઋત પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલનું ૧૬૫મું સૂક્ત રચ્યું છે.
કપોલહરિણ ૧. [સં.] પું. કપાળનો ભાગ.
૨. પું. ગાલ.
કપોલહર્ષણ [સં.] પું. મંડલવર્દ્ધના; પશ્ચિમ પ્રવર્દ્ધન દંષ્ટ્રિક.
કપોલફલક પું. ગાલ.
કપોલરાગ [સં.] પું. કપોલ અને બીજે ગાલનું ફૂલવું તે.
કપોલલક્ષણ [સં.] ન. મસ્તક સામુદ્રિકલક્ષણ.
કપોલલક્ષણી [સં.] પું. કપોલલક્ષણપ્રતીક્ષુ; મસ્તક સામુદ્રિકવિદ્યાજ્ઞો.
કપોલાસ્થિ [સં.] ન. ગંડાસ્થિ; ગુમડાસ્થિ.
કપોલિકા ૧. જો. ડોડી.
૨. સ્ત્રી. ગાલની લગભગ ચતુષ્કોણ અને પાતળી એક પેશી. આ પેશી ગાલવામાં સહાયભૂત થાય છે. ગાલવતી વખતે તે ગાલને સંકોચી દોળિયાને બન્ને દાંતોની હારો વચ્ચે પકડે છે. ગાંજ પગાડતાં કે સીસોટી વગાડતાં તે પેશી ગાલને સંકોચી, હવાને હોઠ વચ્ચેથી બહાર ધકેલે છે.
કપોલિકાપેશી જુઓ કપોલિકા ૨.
કપોલી [સં.] સ્ત્રી. ખુંધ; ટીંબુ.
કપોલીઆ ૧. સ્ત્રી. એ નામની કઠિયાની જાત.
૨. સ્ત્રી. મોસાળી બાજુનું જ્ઞાતિ પૈકીનું એક જ્ઞાતિ.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.
કપોળ જુઓ કપોલ.
કપોલા સ્ત્રી. એક જાતની વેરણ.
કપ્પા [હિં.] પું. એક જાતનું જાકીટ.
કપ્તાન [અં. કૅપ્ટિન] ૧. પું. ટોળા; નાયુદા; વહાણ કે જહાજોટ ઉપરના ખલાસીઓનો ઉપરી.
૨. પું. નાયક; અધિપતિ.
૩. પું. રમતગમત; ગાર્ડ.
૪. પું. લશ્કરની પલટણનો ઉપરી; સરદાર.
૫. પું. વહો; ઉપરી અમલદાર.
કપ્તાનગીરી સ્ત્રી. કપ્તાનપણું; નાયકપણું; સરદારી.
કપ્પડ (કપ્પડ) ન. કપડું; કાપડ; વસ્ત્ર.
કપ્પડકઙ્કય (કપ્પડકઙ્કય) [સં. કર્પટ (કપડ) + કૃત (સોનું)] ન. સોનેરી કપડું; કિનખાબ.
કપ્પડકોટ (કપ્પડકોટ) જુઓ કપડકોટ.
કપ્પડિય (કપ્પડિય) ૧. [સં. કર્પટિક] પું. કાપડી બાવો.
૨. વિ કપડી; કાપાવી.
કપ્પર ૧. સ્ત્રી. કપાલ; ખોપરી.
૨. સ્ત્રી. (કચ્છી) નદીના કિનારાની ભેખડ; કરાડ.
૩. વિ. આકરું; કપરું.
કપ્પરો પું. (પાલી) કપાળ; ખોપરી.
કપ્પવડંસિયા (કપ્પવડંસિયા) ન. જૈન ધર્મનું એ નામનું ઉપાંગ સૂત્ર.
કપ્પા ૧. પું. બ. વ. બી તેલ ભરવાનાં ચામડાનાં કોથળા, કુલ્લાં
૨. પું બ વ. બાલ કે સાદડીને ગૂંથીને બનાવેલ બાજુર, બાંડ વગેરે ભરવાના ઠોયળા; ગુણો, થેલા.
૩. ન અર્ધું મનુષ્ય અને અર્ધું હાથણા જેવું નદીઓના મુખ પાસે કરતું અને સમુદ્રના તારાઓને મારી નાખનારું એક જાતનું જળજંતુ.
કપ્પાય [સં. કલ્પાય] પું. કર; રાજભાગ.
કપ્પાસ [સં. કર્પાસ] પું. કપાસ; રૂ.
કપ્પાસિ [સં. કાર્પાસિક] ૧. સ્ત્રી. કપાસનો વેપારી.
૨. વિ. કપાસનું બનેલું.
કપ્પાસી [સં. કર્પાસી] સ્ત્રી. કપાસમાં રહેનારી જીવડું.
કપ્પિયસુત્ત ન. જૈનનાં ઉપાંગ સંબંધી ૧૨ પુસ્તક માહેનું એક
કપ્પિયા ન. જૈન ધર્મનું એ નામનું અંગ.
કપ્પી ૧. [સં. કૂપી] સ્ત્રી. કૂલ્લી; કુલડી.
૨. સ્ત્રી. ગોયણો.
૩. સ્ત્રી. ગરગડી; ગરેડી; ફરકડી.
૪. સ્ત્રી. થીગડી; મઢી.
૫. સ્ત્રી. નાનો સીસો.
કપ્પૂર [સં. કર્પૂર] પું. કપૂર.
કપ્પો ૧. [સં. કૂપ] પું. કૂવો; સીસો.
૨. પું. કોથળો.
૩. પું. ગરગડી; ગરેડી
૪. પું. ભાર ઉપાડવાનો નાનો રૅટ.
કપ્પાસ ન. વાદરાનું મુખ.
કપ્લિમ ૧. [અં.] સ્ત્રી. અનુસધાન; જોડાણ.
૨. સ્ત્રી. બાજુના ભાગ કે વસ્તુઓ જોડવાનું સાધન.
કફ ૧. [સં.] પું. ઉધરસ; ખાંસી
૨. પું. ખમીસની બાયનો છેડો.
૩. પું. ચૂંક.
૪. પું. દુઃખ દેતા રસને બહાર કાઢી નાખવાની ફેફસાંની તજવીજ.
૫. પું. ખમનું તળિયું.
૬. પું. ફેફસાંનો રોગ; એક જાતનો રોગ.
૭. પું બીજું ચૂગડું.
૮. પું. મુંજની બનમજરી; ચકમકના તણખા ઝીલવાનું રૂ.
૯. [અ.] પું. લોહાની નાલ; આગ પાડવા માટેનો ચકમક સાથે ઘસવાનો લોઢાનો કટકો.
૧૦. પું. શરીરમાં રહેલી એક ધાતુ; શ્લેષ્મ. તેને રહેવાનું સ્થાન આમાશય, હૃદય, કંઠ, માથું અને સાંધા છે. ત્યાં રહેતા કફનાં નામ અનુક્રમે ક્લેદન, અવલંબન, રસન, સ્નેહન અને શ્લેષ્મ છે. હાજના પાચાલ ઋત પ્રમાણે તેનું સ્થાન શ્વાસની નળી અને આમાશય છે. કફ દુષિત થવાથી તેને દોષ અજ્ઞાનમાં આવે છે.
૧૧. [સં.] પું. શ્લેષ્મ; બલગમ; બળખો. આયુર્વેદમાં કફને જળતત્ત્વ કહેલ છે. ઉધરસ આતી વખતે છાતીમાંથી જે ચીકણો પીળા રંગનો પદાર્થ પડે છે તેને કફ કહે છે. આ કફ વખતે બહુ ચીકણો હોય છે. ક્યારે તે ઉધરસ જેવો બહુ મહેનતે નીકળે છે. વખતે તે બહુ પાતળો હોય છે. કેટલીક વખતે તે રક્તમિશ્રિત અથવા પરૂમિશ્રિત હોય છે.
૧૨. [કા.] પું. હાથની હથેલી.
૧૩. [કા.] સ્ત્રી. કોણ.
કફક ૧. [કા.] પું. થૂકાથૂક કરવું તે.
૨. પું. હથેળીનો ભરેલો ભાગ.
કફકર [સં.] વિ. કફ કરનાર.
કફકારક વિ. કફ વધારનાર.
કફકાસ સ્ત્રી. ઉધરસનો એક જાતનો રોગ. જુઓ ઉધરસ. આવી ઉધરસથી મોટું અંદરના ભાગમાં લિપાયેલું રહે છે. દરદી ઉદાસી અને સુસ્ત રહે છે. માથામાં વેદના થાય છે. બધુ શરીર કફથી ભરાઈ જાય છે. અનાજ ઉપર

ઉત્પન્ન આવે છે. અંગ ભારે લાગે છે. શરીરે ચળ આવે છે.

કફકુઠારરસ પું. એક પ્રકારની ઔષધિની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારો ૧ા તોલો, શુદ્ધ વછનાગ ૧ા તોલો, શુદ્ધ ગંધક ૧ા તોલો, લોહભસ્મ ૧૫ા તોલો, ધતૂરાનાં બીજ ૧ તોલો, કુલાવેલો ટંકણખાર ૧૫ા તોલો તથા જાવંત્રી, જાયફળ, સૂંઠ અને કલાઈની ભાજ એકેક તોલો લઈ આદુના રસમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળી કરી તે મધ, આદુનો રસ અથવા તુલસીના રસમાં આપવી. એથી કફ અને ખાંસી મટવાનું બનાવ છે. તેની માત્રા ૨ થી ૪ રતી છે. તે દૂધ કે પાણી સાથે પણ લેવામાં છે.

કફકૂર્ચિકા [સં.] સ્ત્રી. મૂંઝ; ગાળ.

કફકેતુ સ્ત્રી. કફ મટવાની એક દવા.

કફકેતુરસ પું. કફની બાધિ મટાડવાની રસની બનાવટ. તે બનાવવા ટંકણખાર, પીપર, સંચળક્ષાર, વછનાગ એ બધુ સમાન ભાગે લઈ આદુના રસની ત્રણ ભાવના દેવી. માત્રા રતી ૧ છે. આથી દમ, સ્વરભંગાદિ, પીનસ, શ્વાસ, ઉધરસ, ગળાના રોગ, કંઠરોગ, કર્ણરોગ અને નેત્રરોગ મટવાનું બનાવ છે.

કફકોપ [સં.] પું. કફનો બાધિ. તેથી દમ થાય છે અને પાચનશક્તિ મંદ પડે.

કફક્ષય [સં.] પું. કફતીનો ક્ષય; ફેફસાંનો ક્ષય; યક્ષ્મા.

કફગી (કફ્ગી) [કા. ખફગી] સ્ત્રી. નારાજી; કંટરાજી.

કફગીર (કફ્ગીર) ૧. [કા.] પું. કાળો.
૨. પું. ખમચો.

કફગીરા (કફ્ગીરા) પું. ગોડાના નખનો રોગ.

કફઘ્ન ૧. [સં.] ન. કફ મટાડનાર દવા. તે શ્વાસનળીના શ્લેષ્મપિંડ ઉપર અસર કરી તેના કાઢના ગુણ તથા સમુદાયને બદલાવે છે.
૨. વિ. કફ મટાડનાર; કફ નિવારક.

કફની સ્ત્રી. એ નામની વનસ્પતિ.

કફજનક [સં.] વિ. કફ પેદા કરે તેવું.

કફજન્ય અતિસાર પું. ગાઢો ચીકણો, સફેદ, દુર્ગંધવાળો, ચોડી પીડાની સાથે જિતરે તથા શરીર ભારે રહે અને ભોજનમાં અરુચિ રહે તેવો રોગ.

કફજ્વર [સં.] પું. કફ વિકારને લીધે આવતો તાવ. પ્રતિકૂળ ખોરાકથી દૂષિત થયેલો કફ જઠરમાં જઈ રસને બગાડે તે ઉષ્ણતાને બહાર કાઢે. શરીર ભીના કપડાથી વિંટાળ્યા જેવું લાગવું, તાવનો વેગ મંદ હોવો, બગાસ આવવું, મોંનો સ્વાદ મધુર હોવો, ઝાડો, પેશાબ, આખી વગેરે સફેદ હોવાં, શરીર જકડાઈ જવું, બાધા વિના પેટ ભરેલું લાગવું, શરીર ભારે હોવું, દાઢ ચડવી, ઊબકા આવવા, રૂવાડાં ઊભાં થવાં, ખૂબ ઉધરસ આવવી, સળેખમ થવું, બાંસી હોવી અને આંખનો રંગ સફેદ થવો એ બધાં આ તાવનાં લક્ષણ છે. આ રોગનો દરદી લંઘન વિરોધ સહન કરી શકે છે. ખોબ સંબંધથી દૂષિત થયેલો દોષ દૂર થાય છે.

કફજીટ (કફ્જીટ) વિ. ખેંચતાણ; લોંચાલોંસી.

કફટ (કફ્ટ) પું. ઝાપલો.

કફટરિયા (કફ્ટરિયા) [ગ્રી.] પું. સમુદ્રનાં કીડા.

કફટાર (કફ્ટાર) ૧. વિ. કપટી.
૨. વિ. કસદાર; શક્તિવાન.

કફણિ (કફ્ણિ) [સં.] પું.; સ્ત્રી. કોણી.

કફણી જુઓ કફણિ.

કફન (કફ્ન) ૧. પું. ચાદર.
૨. ન. ખાલી ખારદાન.
૩. ન. લાગીઓને પહેરવાનું કપડું.
૪. [અ.] ન. લાશ ઢાંકવાની પેટી; 'કોફિન'.
૧. કફન કાઢી કરવી = દફનાવવું.
૨. કફનદફન કરવું = અંતિમક્રિયા કરવી.
૩. કફન ફાડીને બોલવું = એકદમ જોરથી બોલવું.
૪. કફન શિર પર બાંધવું-લપેટવું = મરવા તૈયાર હોવું; બહુ જોખમમાં નાખવું.
૫. કફનાના ઘુનાના = છળકપટ.
૫. ન. કાપડને ઢાંકવાનું વસ્ત્ર.

કફનખસોટ (કફ્નખસોટ) વિ. કંજૂસ; અતિશય લોભી.

કફનખસોટી (કફ્નખસોટી) ૧. સ્ત્રી. કંજૂસી.
૨. સ્ત્રી. સ્મશાનમાં લેવાતો કર.
૩. સ્ત્રી. કરકોઈ રીતે ધન એકત્ર કરવાની વૃત્તિ.

કફનખોર (કફ્નખોર) ૧. [હિં.] પું. કબર ખોદીને કફન ચોરનાર પુરુષ.
૨. પું. દુષ્ટ માણસ; બદમાશ.
૩. પું. મોટો ચોર.

કફનફાડુ (કફ્નફાડુ) વિ. કાપડનો બહોળો કપડાનો ઉડાવચીર.
કફનફાડુ ચણો અને મેળવણ ઝાઝો = સાગે ચણો અને નરસો ઝાઝો એકબીજાથી ચઢિયાતા નકામું.

કફનસોટ (કફ્નસોટ) ૧. વિ. દ્રવ્યું. જેમાં કફ મટાડવાનો ગુણ છે.
૨. વિ. કફમ; કફ મટાડનાર

કફનાશક ગુટિકા (કફ્નાશક ગુટિકા) સ્ત્રી. (વૈદક) એ નામની એક દવાની બનાવટ. તે બનાવવા ટંકણખાર, કુલાવેલો જવખાર, લીંડીપીપર અને હરડેદળ એ બધાંનું ચૂર્ણ ગોળમાં નાખી ગોળીઓ વાળવી. તેનાથી ઉધરસ, દમ, શ્વાસ, હેડકી વગેરે મટવાનું બનાવ છે.

કફનાશન (કફ્નાશન) વિ. કફને મટાડનાર; કફનો નાશ કરનાર.

કફની (કફ્ની) ૧. [અ.] સ્ત્રી. ઝભ્ભાથી ઘૂંટણ સુધીનું ઢીલું આવનું સાદું લાંબું પહેરણ; જોગી કે ફકીરનું ઢીલું લાંબનું ઘૂંટી સુધીની લંબાઈનું પહેરણ; ફકીરનું ઝભ્ભું.
૨. સ્ત્રી. ઢીલી બાંયનું લાંબું પહેરણ; મુસલમાન લોકો જુમ્મની વખતે મસ્જીદમાં નાખે છે તે સીવ્યા વિનાનું કપડું. મુસલમાન લોકો મુડદાને પણ એવી જ કફની પહેરાવે છે
કફની પહેરવી = સાધુ થવું; વૈરાગી થવું.

કફપાંડુ (કફ્પાંડુ) પું. પાંડુ રોગનો એક પ્રકાર.

કફપિત્ત (કફ્પિત્ત) [સં.] પું. એક પ્રકારનો કફ અને પિત્તનો મિશ્ર દોષ.

કફપિત્તજ્વર (કફ્પિત્તજ્વર) [સં.] પું. કફ તથા પિત્ત બંને મિશ્ર દોષવાળો તાવ. અરુચિ, બગાસ, ચીકણું અને કડવું મોઢું, ચેન, બેસુધી, બાંસી, ચડીમાં દાહ તો ચડીમાં ઠંડી લાગવી તે આ તાવનાં લક્ષણ છે.

કફપ્રકૃતિ (કફ્પ્રકૃતિ) [સં.] સ્ત્રી. જથ્થી વખત કફનું જોર વધવા પામે એવી તાસીર. આ પ્રકૃતિવાળાને કાસ, શ્વાસ, પરસેવો, અરુચિ અને ઊંઘ વધે છે.

કફપ્રકોપ (કફ્પ્રકોપ) [સં.] પું. કફના વધવાથી થતો નવો રોગ.

કફપ્રતિશ્યાય (કફ્પ્રતિશ્યાય) પું. નાકના કફ જનના રોગ પૈકીનો એક.

કફપ્રધાન (કફ્પ્રધાન) [સં.] વિ. શ્લેષ્મપ્રધાન; કફનું જોર હોય એવું.

કફરા (કફ્રા) વિ. કઠિન; કપરું; મુશ્કેલ.

કફરોહા (કફ્રોહા) [સં.] સ્ત્રી. નાગરમોથ.

કફલું જુઓ કપરું

કફલ (કફ્લ) [સં.] ૧. પું. કડવું બી.
૨. [અ.] પું. કુલો; ઢેકો.
૩. પું. ખોડાનું ઢાંકું.
૪. વિ. કફકારક; કફદાયક.
૫. વિ. કફપ્રકૃતિવાળું.

કરેલાત (કરેલાત) ૧. સ્ત્રી. ખિસ્સાકોશ; ચૂનાની બાર.
૨. સ્ત્રી. મરામત.

કરેવર્ણી (કરેવર્ણી) વિ. ધૂમ્રવર્ણ રંગનું.

કરેવર્ધક (કરેવર્ધક) વિ. કર વધારનાર.

કરેવર્ધન (કરેવર્ધન) ૧. [સં.] પું. ચિત્રિતક વૃક્ષ.
૨. વિ. કર વધારનાર.

કરેવાચક (કરેવાચક) [સં.] વિ. કર મટાડનાર.

કરેવાનું (કરેવાનું) ન. ત્રિ. કબર માટેની ચાદર ઓઢાડવી.

કરેવિકાર (કરેવિકાર) [સં.] વિ. કર સંબંધી રોગ. આ વિકાર ૨૦ જાતના છે: (૧) તૃપ્તિ–હમેશા ધરાયેલ છીએ એમ લાગવું. (૨) ત-દ્વા–અર્ધનિદ્રા અવસ્થા રહેવી. (૩) નિદ્રાધિક્ય–બધાર પ્રમાણમાં ઊંઘ આવવી. (૪) સ્તૈમિત્ય–શરીર ભીના કપડાથી ઢાંકેલ હોય એવું લાગવું. (૫) ગુરુગાત્રતા–શરીર ભારે લાગવું. (૬) આલસ્ય–આળસ આવવી. (૭) મુખસ્રાવ–મુખમાંથી લાળ પડવી. (૮) મુખમાધુર્ય–મુખમાં મીઠાશ લાગવી. (૯) શ્લેષ્મોદ્વેરણ–કર નીકળવો. (૧૦) બલનાશન–બળનો નાશ થવો. (૧૧) અપક્તિ–આપેલું અનાજ ન પચવું. (૧૨) હૃદયોપલેપ–હૃદય ઉપર કોઈ લેપ લગાડ્યો હોય એવું માલૂમ પડવું (૧૩) કંઠોપલેપ–કંઠ ભારે થવો. (૧૪) ધમની પ્રતિચય–નાડી ભારે અને મોટી થવી. (૧૫) અક્ષગંડ–ગળામાં ચૂમડાં થવાં. (૧૬) અતિસ્વૌમ્ય –બહુ જ બાડા થઈ જવું. (૧૭) શીતાગ્નિતા–અગ્નિ મંદ પડી જવો. (૧૮) ઉદ્વર્દ–બેચેની આવે એવી લાલ ફોડકીઓ થવી. (૧૯) શ્વેતાવભાસ–શરીરનો રંગ સફેદ થઈ જવો. (૨૦) શ્વેતનેત્રમૂત્રવર્ચસ્ત્વ–આંખ, મૂત્ર અને મળનો રંગ સફેદ થઈ જવો.

કરેવિકલ્પદૃષ્ટિ (કરેવિકલ્પદૃષ્ટિ) [સં.] સ્ત્રી. આંખના રોગના અઠોતેર માંહેનો એક પ્રકાર. તેમાં કરને લીધે બધા પદાર્થ ધોળા દેખાય. આખરાનાં અને પીપળીનાં બી બકરીની લીંડીના અથવા ગાયના છાણના રસમાં વાટી અંજન કરવાથી તે મટવાનું મનાય છે.

કરેવિદ્રધિ (કરેવિદ્રધિ) [સં.] પું. કંઠરોગના સત્તર માંહેનો એક પ્રકાર.

કરેવિરોધી (કરેવિરોધી) ૧. [સં.] પું. તીખાં; મરી.
૨. વિ. કરનો નાશ કરનાર.

કરેવિલયન (કરેવિલયન) [સં.] ન. અતિશુષ્ક કરને પાતળો પાડી દૂર કરનાર દવા.

કરેવૈસ્તબ્ધ (કરેવૈસ્તબ્ધ) [સં.] સ્ત્રી. ચિત્રાવાળાં ચોપગાં પ્રાણીની ભરી.

કરેવ્યાધક (કરેવ્યાધક) [સં.] વિ. ઘાસ નખીના શ્લેષ્મવિષના સંકોચને શાંત કરી અથવા લાવને કાપી કરી ઉપરસ ઓછી કરે તેવું.

કરેશિરા (કરેશિરા) સ્ત્રી. સફેદ નસ.

કરેસ (કરેસ) ૧. પું. કેદખાનું; બંદીખાનું.
૨. પું. ચબૂતરો.
૩. પું. પાંજરું.
૪. પું. શરીર.
૫. પું. સાકરી બંધારી જગ્યા.

કરદળી સ્ત્રી. પાણીના ઓવારા પાસે ઊગતું પાંદડાંનાં ચાર જેવાં પાંદડાંવાળું જુદા જુદા રંગનાં ફૂલવાળું એક ઘાસ.

કરદંડ [સં.] પું. સુકોમળ હાથ.

કરદંત [સં.] વિ. અણીદાર તંતુનું અનેલું.

કરદંતી જુઓ કરદંત.

કરદા ૧. પું. અખાત; પ્રકરણ.
૨. પું. ખટલો; દાવો.
૩. પું. માલની અદલબદલ.
૪. પું. વેચાતી લીધેલ જમીનનો માલિક.
૫. પું. વેપારીએ હિસાબમાં આપી આવેલા પૈસા; છૂટ; મુક્તણ.

કરદાતા [સં. કર (વેરો) + દાતૃ (આપનાર)] પું. કર ભરનાર માણસ.

કરદીવો પું. કુંવારી કન્યાથી નાહી ધોઈ હમેશાં ઘરમાં કરાતો દીવો.

કરદેજા ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક જાત.
૨. ન. એ. નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કરદો ૧. પું. અખાત; પ્રકરણ.
૨. પું. ખટલો; દાવો.
કરદો કરવો = રફેદફે કરી બાવ ઘટાડવો; મારીમચીને ભાવ ઉતારવો.

કરદ્રુમ [સં.] ન. કિંમતી વૃક્ષ; કારસ્કર વૃક્ષ.

કરધન [સં.] ન. ખેતે મેળવેલ નાણું.

કરધની સ્ત્રી. કંદોરો; મેખલા.

કરધરમ વિ. હાથથી પવન નાખનાર.

કરધા પું. (પિંગળ) સંકલેલું વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેનાં વિષમ પાદ વિરાટ છંદ મુજબ અને સમ પાદ સુબદ્રિકા છંદ પ્રમાણે હોય છે. તેના પહેલા અને બીજા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર અને બીજા અને ત્રીજા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કરના ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ચાલિનીકુંડલિનીનો ભેદ છે. તેમાં ૪૧ ગુરુ અને ૭૧ લઘુ મળી ૧૧૭ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.
૨. પું. ક્રમ.
૩. પું. મહાપોત. જુઓ કરણ.
૪. પું. નાના નાના કટકા કરી ટોપી ઉપર મૂકેલ કોર.
૫. પું. બાર અથવા ચોવીસ વર્ણની મુક્તાત.
૬. ન. કરતુ તે.
૭. ન. ક્રિયણ.
૮. ન. પગમાં પહેરવાની ઝાંઝી.

કરનખ [સં.] પું. હાથનો નખ.

કરનજ ૧. ન. એક જાતનું ઝાડ.
૨. ન. જવ, બાજરી, જાર વગેરેની કૂખ.
૩. ન. જૂનો રંગ.

કરનફેલ ન. લવિંગ.

કરનફૂલ ૧. પું. પલટણનો સરદાર.
૨. સ્ત્રી. કરણી; કેવી.

કરનશાહી સ્ત્રી. તરવારની મૂઠનો એક પ્રકાર.

કરનહાર ૧. પું. ઉત્પાદક; બનાવનાર માણસ.
૨. પું. (બાકરણ) કર્તા.
૩. પું. કુટુંબમાં ક્રમ કરનાર માણસ.
૪. વિ. કરનાર; કરવાવાળું.

કરનહારા જુઓ કરનહાર.

કરના ૧. ન. એક જાતનું સંતરું.
૨. ન. મોરેબી વગાડવાનું ચરણયુક્ત જોડું વાદ્ય. તે સોનું, રૂપું, પિત્તળ અથવા બીજી ધાતુનું બનેલું હોય છે.

કરનાર્ઈ ન. મોટેથી વગાડવાનું વાજું; કરના.

કરનાટ ન. એક જાતનું વાજિંત્ર; કરના.

કરનાટક પું. (સંગીત) વીરરસથી પ્રાતઃકાળમાં ગવાતો એ નામનો રાગ.

કરનાટી કાન્હરા સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની બદાર માંહેની એક જાતિ.

કરનાર વિ. કર્તા; કંઈ કામ કરે તે.

કરનારા ૧. સ્ત્રી. આતમણની ચોરાશી માંહેની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. આતમણની એ નામની જાતિનું.

કરનાર્ઈ જુઓ કરનાર.

કરનાલ ૧. પું. એક જાતની તોપ.
૨. પું. મોટો ઢોલ.
૩. પું. (ઠિંગળ) સૂર્ય.
૪. ન. પંજાબનું એ નામનું શહેર.

કરનાલી ન. એ નામનું નર્મદા કાંઠાનું એક તીર્થ.

કરનાણી જુઓ કરનાલી.

કરનિરૂપક [સં.] પું. આકાર કરાવનાર માણસ; જમાબંદી કરવાવાળો પુરુષ.

કરનિર્ણોપણ [સં.] ન. આકારની સુનાવણી.

કરનિર્ણાયક જુઓ કરનિરૂપક.

કરનિર્ધારક જુઓ કરનિરૂપક.

કરનિર્ધારણ [સં.] ન. કર નક્કી કરવાપણું; આકાર કરાવવો તે; જમાબંદી.

કરનિર્ધારિત [સં.] વિ. જેના ઉપરનો કર નક્કી કરવામાં આવ્યો હોય એવું.

કરની ૧. સ્ત્રી. કરણી; કેફી.
૨. સ્ત્રી. કામ; કર્મ; કરણી.
૩. સ્ત્રી. બાગબાનનું એક ઓજાર; ખરપડી.

કરન્યાસ [સં.] પું. સખ્યાપૂજા કરતાં હાથનાં આંગળાં અને બીજા અવયવો મંત્ર બોલીને અમુક દેવને સોંપવાં તે; મંત્ર બોલીને શરીરના ભાગ ઉપર જુદા જુદા દેવનું સ્થાપન.

કરન્સી ૧. [અં.] સ્ત્રી. ચલણી નાણું; ચલણ.
૨. વિ. બેઙ્કિંગના વ્યવહારમાં ધનની આવક કામ આવે એવું.

કરપ ૧. પું. કાળ; અંકુશ; પાક; કાપ.
કરપ બેસાડવો–રાખવો = ટાળ રાખવો.
૨. પું. ભાર; બોજ; વજન.
૩. પું. માન; બાળક; રોહ.
૪. પું. રોક, કડકાઈ; મિજાજ.
૫. ન. નાનું કળિયું; એકલિયું; વખરું.

કરપટ ન. કપડું.

કરપટા ન. કાંકડાનું ઝાડ. તેના પાન સાધારણ મોટાં અને લીમડાનાં પાનને મળતાં હોય છે. આંબળાના જેવા તેના ફળમાં ઠળિયા હોતા નથી, પણ બે ત્રણ બી હોય છે. તે ફળનું અથાણું થાય છે.

કરપટી જુઓ કરપટા.

કરપટ્ટ ૧. ન. કાકડીનું ઝાડ.
૨. [સં.] વિ. હાથનું ચાલાક.

કરપટ્ટતા [સં.] સ્ત્રી. હાથચાલાકી; હસ્તલાઘવ.

કરપડું ન. કરપટીનું ફળ; ઓડવું.

કરપડો (કરપડો) ૧. સ્ત્રી. કાઠીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. કાઠીની એ જાતનું.

કરપક્ક ૧. [સં. કૃપક્વ] વિ. કંજૂસ; બખીલ.
૨. વિ. દીન; ગરીબ.

કરપક્વતા ૧. [સં. કૃપક્વતા] સ્ત્રી. કંજૂસાઈ; બખીલપણું.
૨. સ્ત્રી. દીનતા; ગરીબાઈ

કરપતીગુંદી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનાં પાન ગુંદાનાં પાન જેવાં પણ નાનાં એક એકને અંતરે આવેલાં હોય છે. તેમાં પીળું, ખરીવાળું, મોળ, લીસું, બાકાનું ફળ થાય છે. તેમાં ગુંદા જેવો ચીકણો રસ અને ઠળિયો હોય છે. તે ખાવાના કામમાં આવે છે.

કરપતીરાઈ સ્ત્રી. એક જાતનો છોડ. તે જ્યાં ઊગે ત્યાં તલવરણી પૉદે જબ્બાબંધ ઊગે. તેમાંથી દૂધ જેવો રસ નીકળે છે. તેનાં પાન સામસામાં બરીવાળાં અને ફૂલ નાનાં પીળા રંગનાં હોય છે. એક ફૂલમાંથી બબ્બે જેવા શિંગ નીકળે છે. દરેક શિંગમાં ૧૦ થી ૧૨ કાળાં બીજાં બી નીકળે છે.

કરપત્ર ૧. [સં.] ન. કરવત; આર
૨. ન. જળહોડા.
૩. ન. લાકડાં કાપવાનું એક ઓજાર.

કરપત્રક જુઓ કરપત્ર.

કરપત્રિકા [સં.] સ્ત્રી. જળહોડા; નાહતી વખતે પાણી આમતેમ ઉડાડવું તે.

કરપત્રી જુઓ કરપત્ર.

કરપદ [સં.] ન. હથેળી; હાથનું તળિયું.

કરપદ્મ [સં.] પું. કમળ જેવો સુંદર કોમળ

કરપર ૧. સ્ત્રી ખોપરી.
૨. વિ. કૃપણ; કંજૂસ.

કરપર્દ ૧. [સં.] પું. જીંડાનો છોડ.
૨. પું. લાલ એરંડાનું ઝાડ.

કરપલ્લ ન. હાથરૂપી પલ્લું; બે હાથમાં રહે એટલું માપ; ઊંડળ.

કરપલ્લવ ૧. [સં] પું. નાનુંક હાથ.
૨. પું. હથેળી.
૩. પું. હાથના પંજારાથી બોલાવવું તે.
૪ પું. હાથની આંગળી.
૫. પું. હાથનો પંજો
૬. પું. હાથરૂપી કૂંપળ.

કરપલ્લવી ૧. [સં. કર (હાથ) + પલ્લવી (પંજારો)] સ્ત્રી. પંજારત વિદ્યા; હાથ અને હાથનાં આંગળાં વગેરે આમતેમ હલાવીને સામાને સમજાવવાની રીત; હાથના ચાળાથી વિચાર સમજાવવાની વિદ્યા. કરપલ્લવીના સંકેત નીચે પ્રમાણે છે: 'અ' વર્ગના અક્ષરોની સંજ્ઞા અડીખમ, 'ક' વર્ગની કમળ, 'ચ' વર્ગની ચક્ર, 'ટ' વર્ગની ટકોર, 'ત' વર્ગની તરુ, 'પ' વર્ગની પવન, 'ય'ની યૌવન અને 'શ'ની શણગાર. 'અ' વર્ગના અક્ષર બતાવવા અક્કિરણ એટલે સર્પની ફેણ જેવો હાથનો દેખાવ કરી પછી અક્ષરની સંખ્યા આંગળીથી બતાવાય છે. આ પ્રમાણે દરેક વર્ગના અક્ષર બતાવાય છે. 'ક' વર્ગના અક્ષરો બતાવવા હાથથી કમળનો, 'ચ' વર્ગના અક્ષર બતાવવા હાથની એક આંગળી ઊંચી કરી ફેરવી ચક્રનો, 'ટ' વર્ગના અક્ષર બતાવવા ઊંધે હાથે ટોકરી બખડાવવાનો, 'ત' વર્ગના અક્ષર બતાવવા હથેળી નીચી કરી તરુવર એટલે ઝાડ દર્શાવવાનો, 'પ' વર્ગના અક્ષર બતાવવા હથેળીથી પવન નાખવાનો, 'ય' અને તે પછીના અક્ષર બતાવવા છાતી કાઢી તે ઉપર હાથથી યૌવન એટલે જુવાની બતાવવાનો, અને 'શ' અને પછીના અક્ષરો કોઈ કે બીજે અંગે હાથથી શણગાર બતાવવાનો દેખાવ કરી જણાવવામાં આવે છે. ઉપરના દરેક વર્ગના અક્ષરની સંજ્ઞા આંગળાંથી જણાવાય છે. દરેક અક્ષરને લાગેલા સ્વરની નિશાની તે સાથે થતી જાય છે.
૨. સ્ત્રી. બહેરાં મૂંગાને સમજાવવાની રીત.
૩. સ્ત્રી. શિલાલેખની લિપિ.
૪. સ્ત્રી. સંકેત; હાથનો ઇશારો.
૫. સ્ત્રી હથેલીરૂપી વેલ.
૬. સ્ત્રી. હાથનાં આંગળાંથી શીખવાની વિદ્યા.

કરપલ્લવોદ્ભવા પું. (પિંગળ) બે યગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતીનો એક ભેદ છે

ય યા સા જ ગાથી કરપલ્લવોદ્ભવા.

કરપવું ૧. સ. ક્રિ. કાપવું; મરનારની પાછળ ઉત્તરાવસ્થ કે બ્રહ્મભોજનને દિવસે દાન કરવું.
૨. સ. ક્રિ. કોતરવું.
૩. સ. ક્રિ. ધીરે ધીરે ખાઈ જવું; કોતરી ખાવું; ચોકું ચોકું કરડવું

કરપા ૧. પું. બ. વ. ખૂંપા; કરચા.
૨. [સં. કૃપા] સ્ત્રી. કૃપા; મહેરબાની; દયા.

કરપાત [સં.] પું. વધાટ.

કરપાત્ર ૧. ન. અંજલિ; ખોબો
૨. ન. નાહતી કે જળક્રીડા વખતે પાણી ઉડાડવું તે.
૩. ન. હાથથી પાણી ઊછળી જાય એમ કરાતી ક્રીડા.
૪. [સં. કર (હાથ) + પાત્ર (વાસણ)] ન. હાથનું પાત્ર; હાથરૂપી વાસણ.

કરપાત્રિકા [સં.] સ્ત્રી. સાધુઓથી વપરાતું એક જાતનું માટીનું વાસણ.

કરપાદ ૧. [સં. કર (હાથ) + પાદ (પગ)] પું. બ. વ. હાથ અને પગ.
૨. ન. ૭ આંગળનું માપ; પા જેવું; કડિયા, સુતાર, સલાટ વગેરેના જોવા ઉપર જે માપ હોય છે તેમાં ૭ આંગળનું માપ.

કરપાન ૧. પું. ચામડીનો એક રોગ. તેમાં મનુષ્યોના શરીર ઉપર લાલ દાણા નીકળી આવે છે.
૨. પું. જમૈયો.

કરપાલ ૧. પું. કર વસૂલ કરનાર પુરુષ.
૨. [સં.] પું. તરવાર; અડ્ગ.
વિશ્વ કુસેય કૃપાણ અસિ મંડલાગ્ર કરપાલ,
ખડ્ગ ધાર પર અલગ સમ સ્નેહ રામ તું ભાલ.
ચિમણવધુકોષ
૩. પું. સોદો.
૪. ક. આંગળાનો નખ.

કરપાલિકા ૧. [સં.] સ્ત્રી. એક તરફ ધારવાળું હથિયાર.
૨. સ્ત્રી. તરવાર.
૩. સ્ત્રી. મોટી સોટી.

કરપાલી [સં.] સ્ત્રી. હાથમાં રાખવાની લાકડી.

કરપાવું ૧ જ. ક્રિ. ઝેરથી કપાઈ જવું; ચોડે ચોડ કપાઈ જવું.
૨. [સ. કૃપ્] અ. ક્રિ. બરી પડવું; પોતાની મેળે છટું પડી જવું.
૩. સ. ક્રિ. ખટકાવું; તૂટી જવું.

કરપાસ પું. (ડિંગળ) કપાસ.

કરપિંજરી સ્ત્રી. શિંગડા જેવા તંતુના હાડપિંજરવાળું એક જાતનું જીવડું.

કરપી ૧. [સં. કૃપણ] પું. કંજૂસ; કૃપણ; લોભી; બખીલ.
કૃપ કાની બંડળ મુખ,
કરપી ધન ને કુલટાનું પુરુષ. અખો
કરપીનું ધન જેવે બસ = કંજૂસ બાપને ઉડાઉ દીકરો હોય.
૨. [સં. કલૃપ્ (કાપવું)] સ્ત્રી. રાંપડી; રાંપ; નિંદામણ કરવાનું ઓજાર; કરણી.
૩. વિ. નરમ; કમકોવતવાળું; નબળું.
૪. વિ. નિર્દય; ઘાતકી; ક્રમકમાટીલું.

કરપીડણ (કરપીડણ) સ. (અ. ગુ.) હસ્તમેળાપ; લગ્ન.
બોલ બાંધને રે બાબા લગ્ન કહે,
કરપીડણ કર કંત. જિનહર્ષ

કરપીડન (કરપીડન) [સં.] વ. હાથેવાળો; પાણિગ્રહણ; લગ્ન; કરમહ.

કરપીણ ૧. [સં. કૃપણ] વિ. કંજૂસ; બખીલ; લોભી.
૨. વિ. નબળું
૩. વિ. નિર્દય; ઘાતકી; ક્રૂર; ક્રમકમાટીલું.
૪. વિ. નીચ; અધમ; દુષ્ટ.
૫. વિ. બનકર.

કરપીણ ન. લોબિયાનો પૈસો.
સિદ્ધમૂલ લોરિંગમલિ, કરપીણન સ્કી નાર;
છવ મયે પર કર ચટે, ત્યમ ક્ષત્રી તરવાર.
લોકોક્તિ

કરપુટ ૧. [સં.] પું. ખોબો; પસલી.
૨. પું. નમસ્કાર માટે હાથ જોડવા તે.

કરપુર ન. (ડિંગળ) કપૂર.

કરપુરા સ્ત્રી. ભંગાળી આંબાની એ નામની એક ઊંચી જાત.

કરપુષ્કર [સં.] ન. હસ્તકમળ; કરકમળ; હાથરૂપ કમળ.

કરપૂત [સં.] વિ. હાથ વડે પોંખેલું.

કરપુસ્તક [સં.] ન. લઘુગ્રંથ; નાની ચોપડી.

કરપુંજ [સં.] પું. કિરણનો સમૂહ.

કરપૂર [સં.] ન. કપૂર.

કરપૂરક ન. (ડિંગળ) કપૂર.

કરપૃષ્ઠ જુઓ કરપૃષ્ઠ.

કરપૃષ્ઠ [સં. કર (હાથ) + પૃષ્ઠ (પીઠ)] પું. હથેલીનો પાછલો ભાગ; હાથનો અવળો ભાગ.

કરપૃષ્ઠિક [સં. કર (હાથ) + પૃષ્ઠ (પીઠ) + ઇક (સ્વાર્થ)] પું. હથેલીની પાછલી બાજુ ઉપર આવેલી શિરાઓની જાળ.

કરપેશી [સં.] સ્ત્રી. હથેલી અંદરની ચેતા. અંગૂઠાના મૂળની આસપાસ ચાર, ટચલી આંગળીના મૂળની આસપાસ ચાર, અને આંગળીઓની મૂળરાસાઓ વચ્ચે આગલી અને પાછલી મળી અગિયાર એમ હથેલીમાં કુલ ચોગ્રીસ ચેતા છે.

કરપો ૧. પું. ઠેકું કે લાકડાના કટકાથી ગુદા સાફ કરવાની ક્રિયા.
૨. પું. પક્ષીઓને ઉડાડવા માટે ખેતર વચ્ચે બાંધેલો માળો.
૩. પું. પુરુષની જનનેન્દ્રિય.

કરપોટાં ન. બ. વ. બેલગાડીના ઓળખ નીચેનાં લોઢાનાં પતરાં.

કરપ્રચાર [સં.] પું. આકારની સુનાવણી.

કરપ્રતિકર [સં.] પું. અમુક કરાવેલ રકમના બદલામાં ગોવાળને સોંપવામાં આવતું ગાયનું વાછરું; દૂધ વગેરેની અમુક ચોક્કસ પેદાશ લેવી એવી શરતે સોંપેલું ગાયનું વાછરું. ચંદ્રગુપ્તના વખતમાં દરેક ગોવાળિયાને ૨૦ ધરડી ગાય, ૨૦ દૂઝણી ગાય, ૨૦ ગાભણી ગાય, ૨૦ જુવાન ગાય અને ૨૦ વાછરડી એમ ૧૦૦ ઢોર સોંપવામાં આવતાં અને તેને બદલામાં તરીકે દર વર્ષે ૮ વારક એટલે ૨૫% શેર ઘી અને ભરી ગયેલ ગાયોનાં ગાભણાં આપવામાં આવતાં.

કરફેરુ ન પ્રમાણિકતા; ન્યાયીપણું.

કરફૂસ (કરફૂસ) [ફા.] ન. કુદરતી.

કરફૂસકોદી (કરફૂસકોદી) [પ્ર.] સ્ત્રી. પહાડી અજમોદ.

કરબ ૧. પું. અંકુશ; કાપ; ધાક; રોહ; દાબ.
૨. પું. ભાર; બોજ; વજન.
૩. ન. ખેતીનું એક ઓજાર. જમીન પોચી કરવાનું તથા ઘાસ કચરો કાઢી નાખવાનું કામ જુદા જુદા કદનાં પાનાંથી થાય છે. આ પાનું તદ્દન સીધું અથવા સહેજ વાંકવાળું હોય છે. તેની લંબાઈ ૨૧થી ૪૮ ઇંચ અને પહોળાઈ ૨૫ ઇંચથી ૪ ઇંચ જેટલી હોય છે. હળની પેઠે કરબ એક કરવાનું ઓજાર પણ છે.
૪. [અ.] ન. દુઃખ.
૫. ન. સૂકું ઘાસ; કડબ; જુવાર બાજરીના સાંઠા.
૬. [અ.] અ. ક્રિ. (ધાતુ) તે નજીક હતો. તેના ઉપરથી નીકળેલ શબ્દ: કરીબ; અકરિબ; અકારિબ; કુરબત.

કરબટ પું. નાનાં ગામોવાળો પ્રદેશ.

કરબડા (કરબડા) ૧. [હિં.] ન. અબરખ; તંબરી.

૨. વિ. ધોળું; ધૂંધ.

ઝરબી (ઝરબ્ડી) ૧. સ્ત્રી. પક્ષીઓને ચણ નાખવા ટગિલું રીકું.
૨. સ્ત્રી. રાંપડી; ખેડૂતનું એક ઓજાર.
૩. વિ. સ્ત્રી. ભૂરી.

ઝરબો (ઝરબ્બો) પું. નાળચાવાળો સોટો.

ઝરબઝર [સં.] અ. હાથમાંનું ખોરું; હસ્તામલક; તદ્દન સ્પષ્ટ વસ્તુ.

ઝરબઝરવત્ [સં.] અ. હાથમાંના ખોર જેટલી સ્પષ્ટ રીતે; દીવા જેવી સ્પષ્ટ રીતે; હાથમાં રહેલા બોરની પેઠે; સંપૂર્ણ રીતે તપાસી કે જાણી શકાય તેમ.

ઝરબઝરસદશ જુઓ ઝરબઝરવત્.

ઝરબડી સ્ત્રી. એક જાતનું જળચર પક્ષી.

ઝરબલા ૧. સ્ત્રી. તાજિયા ઠાઠા કરવામાં આવે તે જગ્યા.
૨. સ્ત્રી. પાણી વગરની ઉજ્જડ જગ્યા.
૩. સ્ત્રી. મુસલમાનની કબર.
૪. સ્ત્રી. મુસલમાનનું કબરસ્તાન.
૫. [અ. કર્બલા] અ. ઇરાકમાં આવેલું મુસલમાનોનું એ નામનું પવિત્ર સ્થળ; જે જગ્યાએ મહંમદ પેગંબર સાહેબના દૌહિત્ર ઇમામહુસેન શહીદ થયા અને જ્યાં તેની કબર છે તે સ્થળ.

ઝરબલાઈ [અ.] વિ. કરબલાનું.

ઝરબવું ૧. સ. ક્રિ. કષ્ટ રાખવો; અંકુશમાં રાખવું; કાબૂમાં રાખવું.
૨. સ. ક્રિ. રાંપડી દેવી.

ઝરબસ [હિં.] પું. હરિયાર્ડ ઘોડાના આગ્રાનો બનતો એક જાતનો ચાબુક. આફ્રિકામાં સિનાર નામમાં આ જાતના ચાબુક બને છે.

ઝરબાલ ૧. પું. તરવાર; ખડ્ગ; શમશેર.
૨. [સં. કર (હાથ) + બાલ (બચ્ચું)] પું. નખ.

ઝરબાલિકા [સં.] સ્ત્રી. એક જાતનું હથિયાર.

ઝરબી ૧. પું. (હિંદી) કાળા અને ભાજરાના સૂકા સાંઠા.
૨. સ્ત્રી. ખેતીનું એક ઓજાર.

ઝરબીર ન. કરેણનું ફૂલ.

ઝરબીરક ન. (ડિંગળ) સ્મશાન.

ઝરબુજા ન. (કાનડી) એ નામનું એક ફળ; સાકરટેટી.

ઝરબુર ૧. પું. (ડિંગળ) રાક્ષસ.
૨. વિ. કાળકે.

ઝરબો પું. કરવું તે.

ઝરબોકું ન. બકરીની જાતનો એક સાંઠો; એક જાતનું બકું; કલમ કરવાના કામમાં આવતું એક જાતનું બકું રાકું.

ઝરભ ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. ઊંટનું બચ્ચું; બોતકું.
૩. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં સોળ ગુરુ અને સોળ લઘુ મળી બત્રીસ વર્ણ અને અડતાલીસ માત્રા હોય છે.
૪. પું. કોણીથી કાંડા સુધીનો હાથનો ભાગ.
૫. પું. ગાયથી થતો એક દોષ; ઊંટના જેવી ગરદન લાંબી કરીને બચ્ચા હાથીના બચ્ચાની માફક માથાને ઊંચુનીચું નમાવી ચાલે તે.
૬. પું. નખલો નામનું ગંધદ્રવ્ય.
૭. પું. નાનો ચુવાન હાથી; હાથીનું બચ્ચું.
૮. પું. (જ્યોતિષ) રોહિણીક અથવા નક્ષત્રચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારાનો સમૂહ. તેનો આકાર લાંબી ડોકવાળા ઊંટ જેવો છે.
૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૪૫થી ૧૨૦ અને ઉત્તર ક્રાંત્યંશ ૫૨ થી ૮૦ વચ્ચે આવેલો તારાપુંજ.
૧૦. પું. કાંખની અંદરની કોર. તે હાથી આંગળીથી ઉપર સીધી લીટીમાં આવી છે.
૧૧. પું. કાંખનો પાછલો ભાગ; કરપૃષ્ઠ; કાંડાથી આંગળાઓના મૂળ સુધીના હાથનો પાછલો ભાગ.
૧૨. પું. કરકોશ જનાવરનું બચ્ચું.
૧૩. પું. હાથીની સૂંઢ.
૧૪. સ્ત્રી. કેડ; કમર.
૧૫. સ્ત્રી. દોરી.
૧૬. વિ. ઊંટની જેમ ઊભી કેડે કરી ચાનાર.

ઝરભક ૧. પું. ઊંટ.
૨. પું. ઊંટનું બચ્ચું.
૩. પું. કાંડાથી કાંખ સુધીનો હાથનો બહારનો ભાગ.
૪. પું. નખલો નામનું ગંધદ્રવ્ય.
૫. પું. સાંઢણી સવાર.
૬. પું. કરકોશ જનાવરનું બચ્ચું.
૭. પું. હાથીનું બચ્ચું.

ઝરભક્રિયા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ત્રીજો ધમાસો.

ઝરભલ્લ ન. નાનું ભાલું.

ઝરભવલ્લભા ૧. [સં.] પું. ઊંટને ભાવતી કરકોશ વસ્તુ.
૨. પું. એરંડ.

૩. પું. પીલુનું ઝાડ.

ઝરભસંકોચની [સં.] સ્ત્રી. કાંખની આંગળીના મૂળમાં રહેલી એ નામની એક પેશી. આ ત્રાંસી પેશી કંઠશિરક અને કરતલિક નામના સ્નાયુઓ ઉપરથી ઉત્પન્ન થઈ હથેળીની અંદરની બાજુએ કાંડાના સાંધાથી સહેજ નીચે આગળીમાં જાતેલી છે.

ઝરભંજ [સં.] પું. મહાભારતમાં બતાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

ઝરભંજક પું. (પુરાણ) એ નામનો એક દેશ.

ઝરભજિકા ૧. [સં.] સ્ત્રી. કરમદાનું ઝાડ.
૨. સ્ત્રી. કોઈ એક પ્રકારે હાથનું મર્દન.
૩. સ્ત્રી. મોટું કરંજ વૃક્ષ; ઉદકીર્ય.

ઝરભાગ [સં] પું. રૈવત પાસેથી રાજા કર તરીકે ઊપજનો ભાગ લે તે; ઊપજમાંથી કરરૂપે લેવાતો રાજભાગ.

ઝરભાજન પું. એક ઋષિ; ઋષભદેવના નવ સિદ્ધ પુત્ર પૈકીના એકનું નામ.

ઝરભાદની સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ.

ઝરભારી વિ. હાથ જોડનાર

જેમ કહે જગદીશ હજી, તેમ કરે તે કરભારીને.
નિષ્કુળાનંદ

ઝરભાર ૧.[સં.] પું. કરવેરાનો બોજો.
૨. પું. ખંડણીની મોટી રકમ.
૩. પું. બધો ભાર બોજો.
૪. પું. હાથરૂપી ભાર.

ઝરભારક અ. વેરાનો બોજો.

ઝરભારિક અ. હથેળીને ટેરવે આપનાર કારીગરી; મૂળ શબ્દ.

ઝરભિકા [સં.] સ્ત્રી. ઊંટડી.

ઝરભિણી [સં.] સ્ત્રી. હાથણી.

ઝરભિત પું. (પિંગળ) બે સગણ અને એક ગુરુ મળી સાત વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કરભિદુ સ સ ગાથી. રણછોડદાસ

ઝરભી ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; નવપદી; ઉપ્પટી; કલાવી. તેમાં પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા અને આઠમા પદમાં ૧૩ માત્રા અને બીજા, ચોથા, છઠ્ઠા અને નવમા પદમાં ૧૧ માત્રા હોય છે.
૨. [સં. કરભિન્] પું. હાથી.
૩. સ્ત્રી. અનાજ ભરવાનું એક મોટું વાસણ.
૪. [સં.] સ્ત્રી. ઊંટડી.
૫. સ્ત્રી. નાની ચુવાન હાથણી.

ઝરભીર [સં] પું. સિંહ; વનરાજ.

કરણ વિ. ઊંટની પેઠે ઊંચી ડોક કરી ચાનાર.

કરણ [સં.] પું. આંગળીનો નખ.

કરણ ૧. [સં.] ન. હાથ.
૨. ન. પતિ.
૩. ન. હાથનું ઘરેણું.

કરણોંઠો પું. લાંકડીની જાતનું એક પ્રાણી.

કરણોદ્ગતા પું. (પિંગળ) એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, તગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કરણોરુ ૧. [સં. કરભ (હાથીની સંઢ) + ઊરુ (સાથળ)] સ્ત્રી. હાથીની સંઢના જેવા સાથળવાળી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. સુંદર જંઘાવાળી.

કરમ ૧. પું. (વ્યાકરણ) કર્મ વિભક્તિ.
૨. પું. કાંડાની અને આંગળીઓનાં હાડકાંની વચ્ચેનો ભાગ. માણસમાં આ પાંચ હાડકાંનો બનેલો હોય છે.
૩. પું. ધર્મ.
૪. પું. ધાર્મિક ક્રિયા.
૫. પું. કરજ.
૬. [અ. કરમ (તે ઉદાર હતો)] સ્ત્રી. કૃપા; મહેરબાની.
૭. સ્ત્રી. કોમળાશ.
૮. સ્ત્રી. વિધાતા; નસીબની દેવી.
૯. ન. અવળું કરતાં બટકાવવાનો ખૂટો.
૧૦. ન. ઉત્તમતા; શ્રેષ્ઠપણું.
૧૧. ન. ઉદારતા; સભાવત.
૧૨. ન. એક જાતનું ઘરેણું.
૧૩. ન. કપાળ.
૧૪. [સં. કર્મ] ન. કર્મ; કામ; કૃત્ય.
૧૫. ન. કાંઈ કરવું તે.
૧૬. ન. કુકર્મ; નિંદ્ય કામ.
૧. કરમ કરવું = બરાબર કામ કરવું.
૨. કરમ બાંધવાં = પાપ કરવાં.
૩. કાળાં કરમનો કરનાર = બરાબર કામો કરનાર.
૧૭. [સં. કૃમિ] ન. કૃમિ; કરમિયો; પેટમાં પોષાતું એક જાતનું જીવડું. જુઓ કૃમિ.
૧૮. ન. (કચ્છી) ધોળાશ પડતા પીળા રંગના સુગંધી ફૂલવાળું એક જાતનું ઝાડ. તેને કલમ પણ કહે છે.
૧૯. બ. નસીબ; પ્રારબ્ધ; ભાગ્ય; કિસ્મત.
૧. કરમ ઊઘડવું–ખૂલવું = નસીબ ખૂલવું; નસીબદાર થવું
૨. કરમ બગડવું = સારું નસીબ ચરવું.
૩. કરમ ફોડવું = કરમ ઉપર રોવું.
૪. કરમ ફૂટવું = (૧) કમનસીબ હોવું. (૨) વિધવા થવું.
૫. કરમના ભોગ = નસીબે માંડેલ દુઃખ; કમબખ્તી; દુર્દૈવ.
૬. કરમનો આગળો–અળિયો = નસીબદાર.
૭. કરમનો કાળો = કમનસીબ.
૮. કરમનો ધણી–અળિયો = ભાગ્યશાળી.
૯. કરમનો ફૂટેલો–ફૂટ્યો = કમનસીબ.
૧૦. કરમે ઓટલું–લખેલું–લાગેલું–વાગેલું = નસીબમાં માંડેલું.
૧૧. કરમ કાચું ને ક્રમા મુંવાળી = સારું મળે નહિ અને બરાબ બને નહિ.
૧૨. કરમ કડિયારાનું અને દેહ રાજાની–કરમ કથીર ને દેહ સોનાની = સ્થિતિ સારી હોવી પણ સજોગો પ્રતિકૂળ હોવા.
૧૩. કરમ કરે તે કોઈ ન કરે = નસીબના રસ્તા છૂપા છે; નસીબમાં લખેલું કોઈ મિથ્યા ન કરે.
૧૪. કરમ કહે કોડીમાં પેસું ને મન કહે માળવે જાઉં = ગજા ઉપરાંતની મોટી મોટી આશા બાંધવી.
૧૫. કરમ પ્રમાણે બુદ્ધિ ને જળ પ્રમાણે પોમલું = માણસની ઇચ્છા તેના ભૂતકાળના વર્તન અને આસપાસની હકીકત ઉપરથી જોઈ શકાય છે.
૧૬. કરમ વગરનો ખેતી કરે, બળદ મરે કે સુકવણું પડે = ભાગ્યહીન માણસ જે કાંઈ કામ આદરે તેમાં દેને અનેક મુશ્કેલીઓ પડે.
૧૭. કરમ હોય ખપરાં તો વૈરી સૌ આંખ્યાં = ઈશ્વર અનુકૂળ હોય તો કોઈ પ્રતિકૂળ ન થાય; અનુકૂળ નસીબ બધા વિરોધીને ચૂપ કરી દે છે.
૧૮. કરમના આગળા કે પરણ્યા પહેલાં રાંડ્યા = નસીબ પ્રતિકૂળ હોય ત્યારે તેની સામું થવું નકામું છે.
૧૯. કરમની રતી, નાંખી ઊધી તો થઈ છતી = ઓછું નસીબ બધું ફેરવી શકે.
૨૦. કરમને કોઈ તરમ નથી = કરમ નિષ્ઠુર છે.
૨૧. કરમમાં ન હોય કોઠાં ને કોનાં બોકડ ઓડ્યાં = નસીબની સામે કોઈ મદદ ન કરી શકે.
૨૨. કરમમાં ને ધરમમાં કોઈનો ભાગ નથી = નસીબ અને ભક્તિમાં કોઈ ભાગ પડાવતું નથી.
૨૩. કલમ આપે જનેતા પણ કરમ ન આપે કોઈ = પોતાનાં કર્યાં પોતે જ ભોગવવાં પડે.
૨૪. જ્યાં જાઉં ત્યાં કરમ આગળ ને આગળ = નસીબ બે ડગલાં આગળ ને આગળ; વધારે મહેનત કરું છું તેમ વધારે નિષ્ફળ થાઉં છું.

૨૦. ન. પગલું; કદમ.
૨૧. ન. પરોપકાર.
૨૨. ન. પ્રારબ્ધ કર્મ.
૨૩. ન. બે કદમ અથવા ત્રણ હાથનું બેડતનું ભરતરીનું માપ.
૨૪. [અ.] અ. ક્રિ. (ધાતુ) તે ઉદાર હતો. તેના ઉપરથી બનેલ શબ્દો: કરમ, અકરામ, કરીમ, કરામત.

કરમ–અલી–જમાન [અ.] પું. પૂરે જહાન; આખી દુનિયાનો પ્રકાશ.

કરમક ૧. ન. એક જાતનું કળ.
૨. ન. (પિંગળ) શુદ્ધ આચરણ.

કરમકથા ૧. સ્ત્રી. બરાબ નસીબની વાત.
૨. સ્ત્રી. નષ્ટની વાત; ટાયલું.
૩. સ્ત્રી. પોતાની વડાઈની વાત.
૪. સ્ત્રી. વીતકની વાત; કરમકહાણી.

કરમકર પું. (પિંગળ) હાસ્ય.

કરમકર્તા ૧. [સં. કર્મન્ (કામ) + કર્તૃ (કરનાર)] પું. કામ કરનાર; આકૃતિઓ એજન્ટ.
૨. પું. હિંદુ ઉપદેશ દેનાર.

કરમકલ્લા [જા.] પું. કોળીઓ; કોળીજ.

કરમકલ્લો [જા. કરંકલ્લા (કોળીઓ)] સ્ત્રી. એક જાતનું ઘાસ; કોળીજ.

કરમકહાણી સ્ત્રી. વીતકની વાત. જુઓ કરમકથા.

કરમકળિયું વિ. નસીબમાં માંડેલું.

કરમકૂટ ૧. સ્ત્રી. એકની એક વાતનું પીંજ્યા.
૨. [સં. કર્મન્ (પ્રારબ્ધ) + કૂટ (કુટ્યા થવું)] સ્ત્રી. ખોટી માથાકૂટ; નકામી મહેનત.
૩. સ્ત્રી. નિલક્રમ.
૪. સ્ત્રી. વિતંડા; અસાર વિવાદ.
૫. સ્ત્રી. વેઠ; વૈતરું.

કરમકૃત [સં. કર્મકૃત્] વિ. કર્મ કરનાર.

કરમગત સ્ત્રી. કર્મની ગતિ

કરમચડી (કરમચડો) સ્ત્રી. (પિંગળ) તરવાર.

કરમચંડાળ વિ. ઘાતકી; નીચ; હલકું.

કરમચારી પું. ગામડાના અમુક ભાગની વસૂલાત ઓઠી કરવા નિમાયેલ અધિકારી.

કરમજ ૧. [સં. કૃમિ (કરમિયો જીવડો) + જ (જન્મેલું)] પું. એક જાતના કીડાની માદામાંથી થતો રંગ. એ કીડાને એકઠા કરી

વાગ્યાથી નાખી કરવી આપવામાં આવે એટલે તે કોડા મરી જવાં અને તેનો રંગ બને છે. જુઓ ક્રિરમજ.

૨. પું. ક્રરમિજો; એક જાતનો છપકો

ક૨મજી [સં. કૃમિજ; અ. ક્રિરમિઝ] વિ. મેરું લાલ; રંકત વર્ણું.

ક૨મજ (ક૨મજ) [હા.] વિ. ક્રિરમજી; મેરું લાલ.

ક૨મટા ૧. સ્ત્રી. કપુચીની અને રબારીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

ક૨મડ [સં.] પું. સોપારીનું ઝાડ.

ક૨મડું વિ. ભોળું; કંજૂસ.

ક૨મડું (ક૨મડું) ૧. ન. કર્મ; ક૨મ.

૨. ન. નસીબનું બારણું.

ક૨મડો (ક૨મડો) ૧. પું. મોચા અને દહીં.

૨. પું. મોચા અને દહીંની બનાવેલી વાની.

ક૨મણ ૧. સ્ત્રી. મૂહરબની દીકરી.

૨. સ્ત્રી. મૂહરબની સ્ત્રી.

ક૨મણવું ૧. અ. ક્રિ. અમવડતા થવી; અકળવું પડવી.

૨. [સં. કૃ (ખરાબ) + મનસ્ (મન)] અ. ક્રિ. કંટવાવું; કંટાળવું; અસંતોષથી બબડવું.

૩. અ. ક્રિ. વિનોદ કરવો; મજાક કરવી.

ક૨મણું૬ ૧. સ્ત્રી. રમત; લીલા; વિનોદ; ક્રીડા; વિહાર.

૨. [સ. કર્મણું૬] સ્ત્રી. સુખ કેપજે એવો અવસાય; ઉદ્યોગ સાથે સુખ મળે એવો આધાર.

ક૨મણ્ય૬ જુઓ ક૨મણું૬.

ક૨મત પું. એ નામનો એક પ્રખ્યાત ખુતારો. ઈ.સ. ૮૬૧માં તે ક૨મ અલ્લા ક૨મતીબ્બન મંથનો વડો હતો. એનું મૂળ નામ અબુઝર હતું. તેણે હજરત મહમદનાં ક૨માનો ઊંધા વાળવાની કોશિશ કરી હતી. આ પંથ હવે નાબૂદ થઈ ગયો છે.

ક૨મચિત [સં.] વિ. હાથે કરી મેળવેલું.

ક૨મડિયા જુઓ ક૨મદી.

ક૨મદી [સં. ક૨મર્દક] સ્ત્રી. એક જાતનું ફળઝાડ. તેનાં પાન લીંબોરી જેવાં અને ફળ નંબુડાં જેવાં થાય છે. તેનાં ફૂલ સફેદ હોય છે અને ઝાડને કાંટા હોય છે. તેનાં કાચા ફળનું અથાણું થાય છે. તે ખાટાં, અગ્નિદીપક, ભારે, પિત્તકર, ગ્રાહક, ઉષ્ણ અને રુચિપ્રદ છે. પાકાં ફળ મીઠાં, રુચિકર, લઘુ અને શીતળ હોય છે. તે ત્રણ છે. તેનાં ઝાડ જંગલના ક્રમમાં આવે છે. ક૨મદીની એક કડવી જાત પણ થાય છે. તેનાં મૂળ મીઠા તેલ સાથે ચોપડવાથી ખરજનું દરદ મટવાનું મનાય છે. સર્પદંશ ઉપર ક્રાણી ક૨મદીનાં મૂળ ઘસી પાવામાં આવે છે.

ક૨મદું ૧. [સં. ક૨મર્દ] ન. ક૨મદીનું ફળ; ક૨મર્દક; સુપેલ્લ. તે નાનું હોય ત્યારે ખાટું અને પાકતાં નંબુડિયા રંગનું અને મીઠું થાય છે. તેની સફેદ અને લીલી એમ બે જાત છે. કેટલાક લોકો તેનું અથાણું કરે છે. પાકું ફળ મધુર, રુચિકર, લઘુ અને શીતળ છે. તે રક્તપિત્ત, ત્રિદોષ, વિષ અને વાયુનો નાશ કરનાર મનાય છે.

૨. ન. કુંવરમાં થતું એક જાતનું કાંટાવાળું ઝાડ. તે બહુ ઊંચું થતું નથી. પોચી અને કુંવરાણી જમીન, જેમાં પાણી ભરાઈ રહેતું હોય ત્યાં ક૨મદાં કુદરતી રીતે ઘણાં થાય છે. તેની ડાળીઓમાં કાંટા હોય છે. આ ઝાડને હાલ્યા માસમાં ફૂલ આવે અને એક અવાડમાં તે પછી ત્યારે તે કાળાં થાય છે. આવાં ક૨મદાં સફેદ ને લાલ રંગનાં હોય છે ને આવામાં જરા કડવાં લાગે છે. ક૨મદાં વાવ્યાં પછી ચોથે કે પાંચમે વર્ષે ફળે છે.

૩. [સં. કર્ણ] ન. દૂધ ગોળેલ રોટલો અને બાતનું મિશ્રણ.

ક૨મદો ૧. પું. એક જાતનું ફળઝાડ. જુઓ ક૨મદી.

૨. પું. દૂધ, બાત અને ગોટલાનું મિશ્રણ.

ગોવાળિયા ગંદણ ભળી, ઉભી ગોવર્ધનને બાય,
કૃષ્ણ આરોગે દહો ક૨મદો, આહીરાંની સાથ.
નરસિંહ

ક૨મધ્વ ૧. પું. કંપનિષદી એક ઋષિબાળનું વજન.

૨. પું. મગધ દેશનો એક કાંનો તોલ.

ક૨મન પું. એક જાતનો રંગ.

ક૨મપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

ક૨મફૂહ વિ. કમનસીબ; અકર્મી; હીનભાગ્ય.

ક૨મફૂટવું જુઓ ક૨મફૂટ.

ક૨મફેડ (ક૨મફોડ) વિ. ક૨મફૂટ; કમનસીબ.

ક૨મબક્ષિસ ૧. [સ. ક૨મ (ઉદારતા) + ફા. બક્ષિસ (ઇનામ)] સ્ત્રી. ભાગ્યશાળીપણું; સારું નસીબ.

૨. સ્ત્રી. રહેમિયત; મમાસીલતા.

૩. સ્ત્રી. મહાનતા; ઉદારતા.

ક૨મબખેસ જુઓ ક૨મબક્ષિસ.

ક૨મબખ્શી [સ. ક૨મ (ઉદારતા) + ફા. બખ્શીદન્ (મહેરબાની કરવી)] સ્ત્રી. મહેરબાની કરવાપણું.

ક૨મબળી વિ. બળવાન નસીબવાળું.

ક૨મબાગ પું. બાગોનો કે રાજકુંવરોને મુજરાન સારૂ આપેલ જમીન; કપાળમરાસ.

ક૨મર સ્ત્રી. (ડિંગળ) તરવાર.

ક૨મરાઠ પું. કમવાટ; બળાપો.

ક૨મરી [સં. ક૨મરિન્] પું. કેદી; બંદીવાન.

ક૨મરું વિ. બાઠ આનીથી પણ ઓછા પાકવાળું.

ક૨મરેખ ૧. [હિં.] સ્ત્રી. કર્મની રેખા.

૨. સ્ત્રી. નસીબરૂપી હાથ.

ક૨મરેખા સ્ત્રી. ભાગ્ય; નસીબની રેખા.

ક૨મર્દ ૧. [સં.] પું. ક૨મદાનું ઝાડ.

૨. ન. ક૨મદું; એક ફળ.

ક૨મર્દક જુઓ ક૨મર્દ.

ક૨મર્દન ૧. [સં.] પું. ક૨મદાનું ઝાડ.

૨. પું. હાથનો મેળાપ.

ક૨મર્દિકા સ્ત્રી. નાનું ક૨મદું.

ક૨મર્દી [સં.] સ્ત્રી. ક૨મદાનું ઝાડ.

ક૨મલ [સં.] પું. કમળ; એ નામની એક ઔષધોપયોગી વનસ્પતિ; રોમકૂપનું ઝાડ. તેનાં ફળ અટમધુરાં અને મૂત્રરેચક છે. તાવ અને કમળા તે ફળનો રસ પાણી અને સાકર સાથે આપવા છે.

ક૨મલડી (ક૨મલડી) સ્ત્રી. કમલિની; કમળનો છોડ.

ક૨મલડો (ક૨મલડો) ૧. પું. ક૨મો; દહીં, ઝરું તથા ખીંડ નાખેલા બાતનું માતાનું નૈવેદ્ય.

૨. પું. કલ્પવો.

૩. [સં. કલ્પવર્ત] પું. ઘી મોળમાં ગોળેલો બાજરાનો લોટ; ફુલેર.

૪. પું. કુમરો.

૫. પું. રોટલો.

વહાલો અહીંયાં જેસતા રે
જમતાં ક૨મલડો ને ખીર. નરસિંહ

ક૨મલો જુઓ ક૨મલડો.

ક૨મવું અ. ક્રિ. કરમાવું; સુકાવું.

ક૨મવેરો ૧. [સં. ક૨મ + અવહાર (રિવાજ)] પું. બજિયાવેરો; માથાવેરો; માણસ દીઠ લેવામાં આવતો કર.

૨. પું. નસીબમાં લખાયેલી વેદ.

કરમરા ૧. જી. કેરી એ નામની એક જાત.
૨. ન. એ જાતનું ઝાડ.
૩. વિ. એ નામની જાતનું.

કરમલદિયું વિ. કમનસીબ; બાગ્યહીન.

કરમસાખી પું. (ઝિંગ) સૂર્ય.

કરમસેક ૧. પું. કુલ્લો.
૨. જી. કાણ સૂકી રોટલી.

કરમહીણું વિ. દીનબાગી; કરમદૂઠ; કમનસીબ.
રતનાગર સાગર ભર્યો, રતન ઝાઝાં અપાર;
કરમહીણાં કરે મૂઠડી, તોયે હાથ ન લગાર.
લોકોક્તિ

કરમાઈ જી. તરવાર.

કરમાળો જુઓ કરમલડો

કરમેઠડી (કરમઢડી) જી. કરમદાનું ઝાડ.

કરમા ૧. [સં. કર્મા] જી. એ નામની એક જાત જી. તેનું મંદિર જગન્નાથજીમાં છે. તેની ખીચડીનો જગન્નાથજીને ભોગ ધરાય છે.
૨. [સં. ક (બ્રહ્મા) + રમા (સ્ત્રી)] જી. બ્રહ્માની સ્ત્રી સરસ્વતી.

કરમાઇલ પું. એ નામનો એક ઈરાની. ઈરાન ઉપર એક વખત બોલાક નામે એક પરદેશીનું રાજ્ય હતું. તેનો રોજ બદલવા દરરોજ બે માણસને મારી નાખવામાં આવતા. આ વખતે અરમાઇલ અને કરમાઇલ નામના બે દયાળુ પુરુષ વેષપલટો કરી રાજા પાસે ગયા અને તેના રસોયા તરીકે નોકર રહ્યા. તેઓની પાસે દરરોજ બે માણસ લાવવામાં આવતાં તેમાંથી તેઓ માત્ર એકને મારતા અને બીજાને બચાવતા. આ રીતે તેઓએ લગભગ ૨૦૦ માણસ બચાવ્યાં અને તેમને ડુંગર ઉપરના ભોંયરામાં મોકલી આપ્યાં. આ ઉપરથી આપેલ લોકો પૂર્વે લોકોના પૂર્વજો હોવાનું મનાય છે.

કરમાણી અજમો [સં. કર્માણી (કર્માન પ્રાંતનું) + અજમો (એક જાતની ઔષધિ)] પું. કિર્માન કે કમાન નામના પ્રાંતમાંથી આવતું એક જાતનું કદ વસાણું; કિરમાણી અજમો; ખુરાસાની અજમો; ખુરાસી અજમો. આ અજમો ગાયના મૂત્રમાં સાત દિવસ પલાળી રાખી, મૂત્ર હમેશ બદલતા રહી પછી શુદ્ધ પાણીથી ધોઈને દવામાં વપરાય છે.

કરમાધરમી ૧. [સં. કર્મન્ (નસીબ) + ધર્મ] વિ. ભાગ્યને અધીન; કર્મધર્મ અનુસાર એનું
૨. અ. કર્મ અને ધર્મને અનુસાર.

કરમાધર્મી જુઓ કરમાધરમી.

કરમાન ન. ઈરાનનું એ નામનું એક શહેર.

કરમાલ [સ.] પું. પુમાડો.

કરમાલક ૧. [સં.] પું. (પિંગળ) બાર અક્ષરનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેમાં સ, ભ, ત અને ન ગણ હોય છે. તે જગતી છંદનો એક ભેદ છે.
કરમાલક કર સાભાવ ન આવી. અખિલેશ
૨. જુઓ કરમાળા.

કરમાલી [સં.] પું. સૂર્ય.

કરમાવવું ૧. સ. ક્રિ. ખોદવું આપ તેમ કરવું.
૨. સ. ક્રિ. ખિજાવવું; કરમાય એમ કરવું.
૩. સ. ક્રિ. કરમાવવું.

કરમાવું ૧. અ. ક્રિ. નરમ પડવું; ઢીલા થવું.
૨. અ. ક્રિ. ખિન્ન થવું; ખેદ થવું; સંકોચાવું.
૩. અ. ક્રિ. ખિન્ન થવું; ગ્લાનિ થવું; દિલું પડવું; તાજગી ઊતરી જવી; ઝાંખું પડવું.
૪. અ. ક્રિ. કરમાવું.
૫. અ. ક્રિ. મુરઝાવું, બ્લેન્ચરી જવું.

કરમાસ જી. કરમાવું તે.

કરમાહી જી. (જરબેરા) એક જાતની ગાળવી. તે હોમનાં ગાડની રખેવાળી કરવા પેદા કરેલ મનાય છે.

કરમાળ ૧. [સં. કર (કિરણ) + માલા (જથ્થો)] પું. સૂર્ય; સૂરજ.
૨. જી. (બૃ. સુ.) તરવાર; અસિ.
કરમાળની કોટાળી કરી, સબડે કાઢ્યું સદ;
જડે નહિ જગદીશ, ભાલપણું ભોળા.
લોકોક્તિ

કરમાળા ૧. [સ. કર (હાથ) + માલા (હાર)] જી. જપમાળા; જેરખો; તસબી; જપ કરવાની માળા.
૨. જી. હાથની આંગળીઓ દ્વારા જપમાળા. સંધ્યાદિ નિત્યકર્મમાં જણાવેલ છે કે અનામિકાનો વચલો વેઢો, પછી તેના મૂળ પાસેનો એટલે પહેલો વેઢો, પછી ટચલી આંગળીનો પહેલો, બીજો અને ત્રીજો વેઢો, પછી અનામિકા અને મધ્યમાના ઉપલા વેઢા અને પછી તર્જનીનો ત્રીજો, બીજો અને પહેલો વેઢો એમ દરેક વેઢાની કરમાળા થાય છે. કનિષ્ઠિકાના ઉપલા વેઢાથી શરૂ કરી દરેક આંગળીના ત્રણ ત્રણ વેઢા ગણતાં તર્જનીના મૂળ સુધીના બાર વેઢાની કરમાળા થતી હોવાનું દેવલાક માને છે.
કનિષ્ઠિકાને અડકે કરી અનામિકાથી તર્જનીના મૂળ સુધી બન્ને પ્રકારે અડતા જવું એ કરમાળા કહેવાય છે. ભગવતી ભાગવત

કરમાળું વિ. કર્મવાળું.

કરમાંણી જી. એક જાતનું પ્રસિદ્ધ વસાણું; છોગાદે.

કરમિયો ૧. [સં. કૃમિ] પું. કૃમિ; પેટમાં થતો એક રોગ. ખાધેલું પચ્યું ન હોય ને બીજું ખાવું, રોજ બપોરના ખાવું, ખાવાના વખતનો નિયમ ન હોવો, દૂધ આદિ પીવાં, મિષ્ટાન્ન અને ભોગ સાકર વગેરે વધારે પ્રમાણમાં ખાવાં, કસરત ન કરવી એ કૃમિ થવાનાં સાધારણ કારણ કહેવાય છે.
૨. પું. વિષ્ટામાં ઉત્પન્ન થતો બે ઇંદ્રિયવાળો જીવ.

કરમી ૧. પું. કબૂલી.
સાજણો સમા મા'રી વિનતિ,
દ.ન કરમીનાં કહીએ. લોકોક્તિ
૨. વિ. કર્મઠ; કર્મરત.
૩. વિ. નસીબદાર; ભાગ્યશાળી.
૪. વિ. પૈસાદાર; તાલેવંત; ધનાઢ્ય.
૫. વિ. બહાદુર.
૬. વિ. હોશિયાર; ચાલાક.

કરમીચક જી. કરમીપણાનું બિરદ.
રંગ રંગ રજપૂત, કરમીચક તારો કર્યો.
હમીર

કરમીચો પું. ભાગ્યશાળીપણું; નસીબદારી; મોટાઈ.

કરમીસ પું. એક જાતનો કીડો. ફ્રાન્સ અને સ્પેન તરફ ઊગતાં ઝાડ ઉપર તે હોય છે. તે કિરમજી જેવા રંગના ઉપયોગમાં આવે છે.

કરમુક્ત ૧. [સં.] ન. એક જાતનું અત્તર.
૨. વિ. કર વિનાનું; મહેસૂલ માફ; નિષ્કર.

કરમુદ્રકી (કરમુદ્રી) [કર (હાથ) + મુદ્રા (વીંટી) + કી (નાનાપણું બતાવનાર પ્રત્યય)] જી. આંગળીની વીંટી.

કરમુખ્યપ્રકારબંધ પું. (ગણ) કાવ્યનો એ નામનો એક પ્રકાર.

કરમુંહા ૧. વિ. કાંકરો.
૨. વિ. કાળા મોઢાવાળું.

કરમૂલરાલાકા જી. હાથની આંગળીઓના મૂળ આગળનું હાડકું.

કરમો ૧. પું. ખડ, ચોખા, દાળ વગેરેને તેલનો પટ આપવો તે; મોણ નાખવું તે.
કરમો દેવો = ઔષધના ભૂકામાં કોઈ પ્રવાહી પદાર્થ ભેળી તે વડે તેને ભીંજવવો.
૨. પું. ઢોરને શરીરે નીકળતા વાણા.
કરમો ફૂટવો = ઢોરને શરીરના કોઈ ભાગમાંથી લોહી નીકળવું.
૩. પું. છરી, છરું તથા મીઠું નાખેલા ભાતનું ખાતાનું નૈવેદ્ય.
૪. પું. ભાત.

કરમંદડી (કરમંદડી) જી. કરમદાનું ઝાડ.

કરમૈથુન [સ.] ન. હસ્તમૈથુન; સ્વયં વીર્યનો નાશ કરવો તે.

કરમોચન ૧. [સં.] ન. પાણિગ્રહણ.

કરમોચન અધિક પ્રમોદ મું,
રાજા દીધો નિજ રાજ રે જિનહર્ષ

૨. ન. ચેરાની માફી.

કરમોચનનિયમ પું. માફીની યોજના; માફીનો કાયદો.

કરમોડ (કરમોડ) ૧. પું. ઢોરને થતો એક રોગ.

૨. [સં. કર + મુટ્] જી. કરમોડાવું તે; લચક. ગુજરાતી મોડ શબ્દ મૂળ સંસ્કૃત મુટ્ અને પ્રાકૃત મોડ ઉપરથી થયો છે. મોળ, મોર, મરોડ, મરડ વગેરે એનો પરિવાર છે.

. કરમોડ ખાવી = મરડાઈ જવું; લચકાઈ જવું.

કરમોડવું (કરમોડવું) ૧. સ. ક્રિ. મરડવું; લચકાવવું; અવયવ મોચ આપે તેમ કરવું.

૨. સ. ક્રિ. મસળવું; ચોળવું.

૩. સ. ક્રિ. સહેજ પલાળવું; કરમોવવું.

કરમોડાયેલું (કરમોડાયેલું) વિ. મરડાયેલું; લચકી ગયેલું.

કરમોડાવું (કરમોડાવું) સ. ક્રિ. મરડાવું; લચકાવું.

કરમોડિયો (કરમોડિયો) પું. પશુને થતો એક રોગ. જુઓ કરમોડી.

કરમોડી (કરમોડી) જ. પશુના શિંગડામાં થતો એક રોગ. જે ઢોરને આ રોગ થયો હોય તે ઢોર બરાબર ખાતું નથી અને શિંગડું એક બાજુ નમતું રાખે છે. કેટલીક વખત મગજની નીચે સોજો હોય છે અને શિંગડાના મૂળમાં દબાવવાથી દુઃખે છે. આ રોગવાળા ઢોરની સામે ઊભા રહી જોવાથી અને બંને શિંગડાં સરખાવવાથી કરમોડીવાળું શિંગડું નમેલું જણાશે અને બંને આંખો સરખાવવાથી કરમોડીવાળા શિંગડા તરફની આંખ સહેજ કૂસેલી અને ઠોળાયેલી માલૂમ પડશે. કરમોડીવાળું શિંગડું ધીમે ધીમે નમતું જાય અને આખરે ખરી પડે છે. સાજા શિંગડા કરતાં રોગી શિંગડું વધારે ગરમ હોય અને કઠણ વસ્તુ તેના ઉપર ઠોકવાથી ખોખરો અવાજ થાય. આ રોગના ઉપાય તરીકે કરમોડીવાળા શિંગડાને સાજુ અને ગરમ પાણીથી ધોઈ વાળની નળક કરવતીથી કાપી નાખવું, કરમોડીવાળો બધો ભાગ કાઢી નાખી શિંગડાનાં કાણાં ચોખ્ખાં કરવાં અને જખમ ફીનાઇલના પાણીથી ધોઈ નાખવો. તે જ પાણીમાં પૂમડું બોળી જખમ ઉપર મૂકવું અને તે ઉપર સ્વચ્છ કપડાનો પાટો બાંધી દેવો. રૂજ આવતાં સુધી આમ દરરોજ કરવું. રૂજ આવ્યા પછી સિંગડું દરરોજ ધોઈ ટિંક્ચર આયોડિન ચોપડવું અને રૂ મૂકી પાટો બાંધવો. કરમોડીનું શિંગડું જેમ અને તેમ વહેલું કાપવું. જેટલું મોડું થાય તો રોગ વધી જાય અને મોડું કાપવાથી રોગ મટતો નથી.

કરમોવવું ૧. સ. ક્રિ. કરમોડવું; સહેજ પ્રવાહી સાથે ભેળવવું કે મસળવું; પ્રવાહીથી સહેજ પલાળવું.

૨. સ. ક્રિ. ચોળવું; જોરથી ભીંજવવું.

૩. સ. ક્રિ. બીજાને કરમો દેવો.

કરમોવું સ. ક્રિ. કરમોડવું; લોટ જેવી વસ્તુને જોરથી ચોળીને ભીંજવવી; હાથથી મોવું; મસળવું.

કરમ્બીક [અ.] ન. પાણી સ્વચ્છ કરવાનું વાસણ.

કરમ્બેદ્રા પું. પ્રાચીન કાળમાં ગણના કરવામાં આવેલ ભાર માહેનો એક દેશ; કારવાડ.

કરમ્બુજ [સં.] ન. બે હાથનું જોડું

કરમ્બસોચ વિ. (ઠિંગણ) ઠાવર; બાજવું.

કરમ્બૂસ જુઓ કરરબૂસ.

કરરબૂસ ૧. પું. ધડાકા સાથે ભાંગી પડતાં થતો અવાજ.

૨. જ. ધડાકા સાથે ભાંગી પડે એમ.

કરરુહ ૧. પું. તરવાર.

૨. [સં. કર (હાથ) + રુહ્ (ઊગવું)] પું. નખ.

કરલ ૧. [સં.] પું. કેરડાનું ઝાડ.

૨. જી. ઝીણી કરચલી; કરચોલી; સીવેલ કપડામાં રાખવામાં આવતી વળી.

૩. ન. કોઠીનું ઝાડ.

૪. ન. ચીકણી અને કઠણ માટી

કરલગાન [હિં.] ન. કર નાખવો તે.

કરલજ્જમણું વિ. હાથને લજ્જને જેવું.

કરલાવું જ. ક્રિ. આનંદ કરવું.

ઊંચું ભાળ ચડી, કરલાય બહ કુંજ જોમ.
દહો

કરલાં ન. બ. વ. તવના છોડવા ઉપરથી ખરેલાં ગોડવાં.

કરલિયું ન. ઊંટનું બચ્ચું; બોતડું.

કરલી [સં. કુલિકા] જી. એક જાતની ખાંડુ વર્ણની ઔષધોપયોગી એક વનસ્પતિ; કલક; આહ્લરાક; કલસ્રાક; નાડિક. તેના છોડ ચોમાસે પહેલો વરસાદ પડતાં જ ઊગી નીકળે અને લગભગ એક અઠવાડિયામાં કૂણકૂણ આવી જાય. પાણકહા જેવાં તેનાં પાન અથવા સાંકડાં ને કોરે ઉપર વલેલ થાય. તેની વચમાંથી કૂલ ધારણ કરનારી લીસી સળી નીકળે છે પાનની બીડી ભાજી કક્ષ અને શીત છે. કૂલ ઘોળાં નાનાં અને ફળ ત્રણ ખૂણાવાળાં એલચી જેવાં નાનાં થાય છે. આ છોડને જમીનમાં કંદ થાય છે.

કરલું ન. ઊંટનું બચ્ચું; બોતડું.

કરલો ૧. પું. ઊંટ.

કરલો કાંટા નહ ચરે,
ચરે જ કૂલ ઊંટ. દહો

૨. પું. પૂણીનો જથ્થો.

કરવ ૧. જી. એક જાતનું જળપાત્ર.

૨. જી. રાંપ; પાક લીધા પછી જમીન ઉખેડવાનું ખેડનું એક સાધન.

કરવટ ૧. [હિં.] જી. એક પડખે નમવાની મુદ્રા.

૨ જી. એકનો પક્ષ.

૩. જી. પડખાભર સૂવાની શરીરની સ્થિતિ.

૧. કરવટ કરવી = ફેરવવું.

૨. કરવટ બદલવી–બદલાવવી–લેવી = (૧) એકની બાજુ ઉપર જવું. (૨) દુશ્મનના પક્ષમાં જવું. (૩) પથારીમાં પડખું ફેરવવું; પાસું બદલવું.

૪. જી. પડખું; પાસું.

કરવટિયું ૧. ન. પડખું.

૨. વિ. પડખાભર સૂતેલું.

કરવટ્યા જી. એકનો પક્ષ.

કરવડું ૧. જી. કોળાની જે નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. ન. ૬૨ વરસે દેવદેવી નિમિત્તે કરવી પડતી કરજિજાત ક્રિયા; કરવેડું.

૪. વિ. એ નામની અટકનું.

કરવડા (કરવડા) વિ. પું. લાંબા હાથવાળો.

કરવડાગોચ (કરવડાગોચ) જી. આસો વદ ચોથનો દહાડો; કર્કચતુર્થી.

કરવડી (કરવડી) ૧. [કરવ (એક જાતનું જળપાત્ર) + ડી (નાનાપણું બતાવનાર પ્રત્યય)] જી. નાળચાવાળી લોટી; ઝારી.

૨. જી. બે હાથનો ખોબો.

૩. જી. રાંપડી; ખેતીનું એક ઓજાર.

કરવડું (કરવડું) ૧. ન. કોઈ કોઈ જગ્યાએ વરસાદ થાય તેવું વરસ.

૨. ન. નાળચાવાળું વાસણ.

૩. ન. નાળચું.

કરવડો (કરવડો) [સં. કર + વૃત (કેરવું)] પું. માટીનો કે તાંબા પિત્તળનો ટૂંકા નાળચાવાળો લોટો; વાદી; ઝારી. કેટલીક જ્ઞાતિમાં કરવડો મરનારને દહાડે પાણી ભરી ચકલે મૂકવામાં આવે છે.

કરવડાને એક આંધળું ને બાળકને બોતેર આંધળાં. લોકોક્તિ

કરવત ૧. [સં. કર + પત્ર] સ્ત્રી.; ન. લાકડાં, પથ્થર વગેરે વહેરવાનું દાંતાદાંતાવાળું એક ઓજાર.

૧. કરવત મુકાવરી–કાશીનું કરવત મુકાવવું = મોક્ષ પામવાને કાશીમાં કે કોઈ બીજા તીર્થમાં કરવતે વહેરાઈને મરણ પામવું. આગલા વહેમી જમાનામાં કાશીમાં કેટલાક કૂર લોકો કરવત મૂકવાનો ધંધો ચલાવતા. તે પહેલાં એક મોક્ષકૂપ કરી તેમાં પડવાનું આવું કરવત મોકૂલું હતું. કલ્પિત મેળવવાની કામનામાં ઘેલો થયેલો માણસ બે પગ પહોળા રાખી ઉપરથી તેની ઉપર પડતો ઘોટસે તેના શરીરનાં બે ફાડચાં થઈને કૂવામાં પડતાં.

૨. કરવત મારી–મેલવી = કરવતથી વહેરવું.

૩. કાશીનું કરવત આવું બે વહેરે ને અવળું બે વહેરે = જેમ કરીએ તેમ વાંધો અને વાંધો જ આવે.

૪. પકડો કરવત = ગાંસી જેવા દાંતાવાળી કરવત.

૫. મોવાળું કરવત = મોર મોવું કરતી ફેમવાળું ઊભાં લાકડાં વહેરવાનું હથિયાર.

૬. સીધિયું કરવત = ચોરસ કરવત.

૨. સ્ત્રી.; ન. રાણપુ; કસોટીનો પથ્થર.

કરવતાકૃતિ વિ. દાંતાકાર; કાંગરાવાળું; દંતુર.

કરવતિયો ૧. પું. વહેરણિયો; કરવતથી કામ કરનાર પુરુષ.

૨. વિ. પું. કરવતવાળો; વહેરનાર.

કરવતી ૧. પું. હાથી.

૨. સ્ત્રી. એક જાતની ધોડાગાડી.

૩. સ્ત્રી. લાકડું વહેરવાનું ઓજાર; નાનું કરવત. હાથ કરવતી = એક માણસ વાપરી શકે એવી નાની કરવતી.

૪. સ્ત્રી. સોનીનું એક ઓજાર.

૫. વિ. કરવત જેવું દાંતાવાળું.

કરવતી ઠોર સ્ત્રી. કરવતીના જેવા દાંતાવાળી ઠોર; શિંગોડા ઠોર.

કરવતી ગૂંદી સ્ત્રી. એક જાતનું લાડ; કટગૂંદી.

કરવતી લાજ પું. કુસ્તીનો એક લાવપેચ.

કરવતી લાલ્યું ન. તરવારના પાના જેવા અને અતિશય લાંબા નાકવાળું એક જાતનું લાલરે પંદર ફૂટ લાંબુ માણસું. તેની ઉપર મજબૂત ને તીણા અણીવાળા દાઢાંના કાંટા કાંટા હોય છે.

કરવતી રાઈ સ્ત્રી. રાઈની સીંગ જેવી સીંગવાળો એક જાતનો છોડ; ઊભી સીંગણી.

કરવતું [સં. કરવેત્ર પ્રા. કરવેત્ત] ન. ડાંગ. બહાર મહીને કરવતું બહારાજ પૂઠે બાપ. કેળદાસ

કરવરું ૧. [સં. કલ્પ (દુષ્કાળ)] ન. અરડિયું; નાનો દુકાળ; ઓછા પાકવાળું વર્ષ.

કુતિકા કરે કરવરો, સેટલ કરે સકાળ. લોકોક્તિ

૨. ન. (જૂ. પ્રા.) મૃત્યુ; મરણ.

ઉજે જેરઈ હુઈ કરવરૂ, કલિયુગ તણઉ પાખૂ અરૂ. લાવણ્યસમય

૩. વિ. ઓછા પાકવાળું.

કર્તિક શુદિ પડવા દિન, હોય જો ગુણવાર; વરસ હોય તે કરવરૂ, ન કરીસ વણ વિચાર. વાકરી

કરવર્ષણા સિ. સ્ત્રી. ઉઘરાણ; દાન આપવા કરે એવી.

કરવલ્લા ૧. (બ.) પું. જોડ.

૨. પું. દિવસ.

૩. પું. સાગો.

કરવલી ૧. [બ.] સ્ત્રી. જોડાણી.

૨. સ્ત્રી. દેરાણી.

૩. સ્ત્રી. સાણી.

કરવહું ૧. ન. કલંક; આળ; લાંછન; મહો.

૨. ન. કહેવા જેવું.

૩. ન. ખાવામાં બતી ઉદરી જેવી ખોડખી. બહુવચનમાં કરવલાં વપરાય છે.

કરવલ્લી લતા સ્ત્રી. કારેલાંનો વેલો.

કરવહી [સં.] સ્ત્રી. બાકારવહી; બાકારાવલિ; બાકારપુસ્તક.

કરવંત ૧. સ્ત્રી. દક્ષિણી બાલાસુની એક જાત.

૨. ન. એ નામની બાલાસુની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કરવંદી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ.

૨. ન. એક જાતની વનસ્પતિનું ફળ.

કરવા ૧. [સં. કરક] પું. (હિંદી) નાળચાવાળું પાસણ; વાદી.

૨. [સં. કર્ક] સ્ત્રી. પંજાબ, બંગાળા અને દક્ષિણ હિંદની નદીઓમાં થતી એક જાતની માછલી.

૩. ન. વહાણમાં લગાડવાનો લોટાનો ખૂણિયો.

૪. ન. સાબેલાની નીચેની લોખંડની ખોળ; સાંબ.

કરવા ચતુર્થી સુધો કરવા ચોથ.

કરવા ચોથ ૧. [સં. કર્ક ચતુર્થી] સ્ત્રી. આસો વદ ચોથ.

૨. સ્ત્રી. કારતક વદ ચોથ. તે દહાડે સૌભાગ્યવતી સ્ત્રીઓ ઉપવાસ કરી ગૌરીનું વ્રત કરે છે, ને સાંજે કરવા વડે ચંદ્રને અર્ઘ આપી પકવાન સાથે કરવાનું દાન કરે છે. ઉત્તર હિંદમાં તે દિવસે લોકો પટ ઉપર ચંદ્રમાની મૂર્તિ ચીતરી તેની નીચે શંકર, પાર્વતી તથા કાર્તિક સ્વામીની મૂર્તિ આલેખી તેની પૂજા કરી પોંઆથી ભરેલાં દશ માટીનાં નાનાં પાત્રનું દાન કરી કથા શ્રવણ કરે છે.

કરવાઈજ (કરવાઈજ) [મ.] સ્ત્રી. મોટી મા.

કરવાનક [અ.] પું. એક જાતનું પક્ષી.

કરવાફેર ન. ભૂલ.

કરવાર ૧. [હિં.] પું. સુકાન.

૨. [સં. કરવાલ] સ્ત્રી. તલવાર.

કરવારો ૧. [હિં.] પું. કૂવામાંથી પાણી ખેંચવાનું સાધન, જેમકે કોસ, હોલ.

૨. પું. યંત્રનું પૈડું.

૩. પું. સુકાન.

કરવાલ ૧. પું. નખ.

૨. [હિં.] પું. યંત્રનું પૈડું.

૩. પું. સુકાન.

૪. [સં. કરવાલિકા] સ્ત્રી. તલવાર; ખડ્ગ.

દક્ષિણ કર ઝાલી કરવાલ, અક ઉલ્લિખ્યો દેઈ કાલ. લાવણ્યસમય

કરવાલા [હિં.] પું. હોલ, તે પાણી ઊંચું કરવા માટેના યંત્રના દોરડા સાથે બાંધવામાં આવે છે.

કરવાલિકા ૧. [સં.] સ્ત્રી. એક તરફ ધારવાળું હથિયાર; તલવાર; બાંડું; ગુપ્તી.

૨. સ્ત્રી. નાની જાતી લાકડી.

કરવાલી [સં. કરવાલ] સ્ત્રી. નાની તલવાર.

કરવાલું ન. તલવાર; ખડ્ગ.

કરવાળ જુઓ કરવાલ.

કરવાળી ૧. સ્ત્રી. કરવાલી; નાની તલવાર.

૨. સ્ત્રી. સાવરણી. આ શબ્દ કાઠિયાવાડમાં વપરાય છે.

કરવાળું ૧. ન. કરવાલું; તલવાર.

૨. ન. પાવડું. આ શબ્દ કાઠિયાવાડમાં વપરાય છે.

કરવાંસી [હિં.] સ્ત્રી. જમીન માપણીનો નાનામાં નાનો ભાગ.

કરવિવર્તનીદીર્ઘા [સં.] સ્ત્રી. પ્રસેવના નીચેના ભાગની આગલી બાજુ ઉપર મણિબંધથી સહેજ ઉપર આવેલી ટૂંકી અને પહોળી પેશી.

કરવી ૧. [સં.] સ્ત્રી. અંજલિ.
૨. સ્ત્રી. (જૂ. સ્ત્ર.) નાળચાવાળું પાત્ર; ઝારી
સોવન કેરી કરવી લેય,
રાજન પ્રતિ અલોખો દેય. લાવણ્યસમય
૩. સ્ત્રી. હિંગનું ઝાડ; હિંગુપત્ર વૃક્ષ.

કરવીર ૧. પું. એ નામનો એક દેશ.
૨. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૩. પું. એક જાતનું ફૂલઝાડ; કરેણ; કણેર. તેની ધોળી, રાતી, પીળી અને મુસાળી એમ ચાર જાત થાય છે.
૪. પું. કરેણનું ફૂલ.
૫. પું. કણસ; કુપથ્ય.
૬. પું. કેરડાનું ઝાડ.
૭. પું. તલવાર.
૮. પું. (પુરાણ) મેરુ પર્વતની દક્ષિણે આવેલ એક પર્વત.
૯. પું. રાતો સોમલ.
૧૦. ન. એ નામનું એક તીર્થ.
૧૧. ન. ચેદિ દેશનું એક નગર.
૧૨. ન. પ્રાચીન હિંદનું એક નગર; કોલ્હાપુર.
૧૩. ન. અહિચ્છત્રની એક પ્રાચીન રાજધાની
૧૪. ન. મસાણ; સ્મશાન.

કરવીરક ૧. [સં.] પું. અમચિયાનું ઝાડ.
૨. પું. એ નામનો એક દેશ.
૩. પું. કેરડાનું ઝાડ.
૪. પું. તલવાર.
૫. પું. મસાણ.
૬. ન. એ નામનું એક તીર્થ.
૭. ન. કેરડાના મૂળથી થતું એક જાતનું ઝેર.

કરવીરપટ્ટણી ન. એ નામનું એક પ્રાચીન શહેર

કરવીરપુર ૧. ન. કૃષ્ણા નદીની વેરવ નામની શાખા ઉપર આવેલ પદ્માવતીનું પ્રાચીન નામ.
૨. ન. અહિચ્છત્રની એ નામની એક પ્રાચીન રાજધાની.
૩. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; શર્કરા. ત્યાં પાર્વતીજીની ત્રણે આંખો પડી હતી.
૪. ન. મુબઈ ઇલાકામાં આવેલ કોલ્હાપુરનું પ્રાચીન નામ. આ સ્થળના લોકો એને કવિર કહેતા. આ ઠેકાણે કૃષ્ણ પરશુરામને મળ્યા હતા અને અહીંના કૃષ્ણા નામના ઝાડનો વધ કર્યો હતો. કોલ્હાપુરનું બીજું નામ કુલ્લકપુર હોવાનું એક શિલાલેખ ઉપરથી જણાય છે.

કરવીરા ૧. સ્ત્રી. કરેણ નામનું ફૂલઝાડ.
૨. [સં.] સ્ત્રી. રાતો સોમલ.

કરવીરાક્ષ પું. (પુરાણ) ખર રાક્ષસના ચાર અમાત્યો પૈકીનો એ નામનો એક; કરવીરાક્ષ. તેને રામચંદ્રજીએ માર્યો હતો.

કરવીરાદિ તેલ ન. કરેણનું તેલ. ધોળી અપરાજિતા રાતી કરેણનાં મૂળનો ક્વાથ ૮ શેર, ગોમૂત્ર ૮ શેર, મીઠું તેલ ૪ શેર, ચિત્રકમૂળ અને ચાવર્ડિંગ એને અરધો શેર એ બધાં સાથે ઉકાળીને તેલ બનાવવું. અરબજું, વિસ્ફોટક, દદ્રુ અને બીજા કેટલાક ચામડીના રોગ ઉપર તે લગાડાય છે

કરવીરી ૧. [સં.] સ્ત્રી. અદિતિ; અસુરોની માતા.
૨. સ્ત્રી. પુત્રવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. સારી ગાય.

કરવીર્ય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કરવું ૧. સ. ક્રિ. આતુર હોવું.
૨. સ. ક્રિ. ઉપાડવું.
૩. [સં. કૃ (કરવું)] સ. ક્રિ. શ્રમ કરવું.
૪ સ. ક્રિ. ખણવું.
૫. સ. ક્રિ. ઘડવું; ચોળવું.
૬. સ. ક્રિ. ધોંસવું.
૭. સ ક્રિ. ઝાળવું, ઝબૂકવું.
૮. સ ક્રિ. ઝાડો કરવો; અરડુ જવું.
૯. સ ક્રિ. ઠારવું.
૧૦. સ. ક્રિ. તૈયાર થવું.
૧૧. સ. ક્રિ. દાખલ કરવું.
૧૨. સ ક્રિ. ધંધો ચલાવવો; કરજ બજવવી.
૧૩ સ ક્રિ. નવું ઉપજાવવું; બનાવવું; નવી દિશામાં લાવવું.
૧૪. સ. ક્રિ. પહેરવું.
૧૫. સ. ક્રિ. પૂરું કરવું.
૧૬. સ. ક્રિ. પોતાનું કરવું.
૧૭. સ. ક્રિ. બક્ષિસ આપવું.
૧૮. સ. ક્રિ. બાંધવું; પાગવું.
૧૯. સ. ક્રિ. ભય ઉત્પન્ન કરવો.
કર્યો અંબમા અતિ ઉત્પાત,
મોહ મેર દાણીને. પ્રેમાનંદ
૨૦. સ. ક્રિ. ભાડે રાખવું.
૨૧. સ. ક્રિ. મહેનત લેવી; પ્રવૃત્તિ ચલાવવી. ધારેલું કામ પાર પાડવું કે પૂર્ણ હાલતમાં લાવવું. આ ક્રિયાપદ જુદા જુદા શબ્દો સાથે જોડાઈ જુદા જુદા અનેક અર્થોમાં વપરાય છે. જેમકે, મન કરવું; ભોજન કરવું; હિત કરવું; સ્મરણ કરવું
૨૨. સ. ક્રિ. આયુ ભોગવું.
૨૩. સ. ક્રિ. મારી નાખવું
૨૪. સ ક્રિ. મોહ પમાડવું.
૨૫. સ. ક્રિ. યુક્તિ કરવી.
૨૬. સ. ક્રિ. રાખવું.
૨૭. સ. ક્રિ. રોપવું.
૨૮. સ. ક્રિ. રેડવું.
૨૯. સ. ક્રિ. લાઈ જવું.
૩૦. સ. ક્રિ. વાપરવું.
૩૧. સ. ક્રિ. વિધુર કે વિધવાએ પરણવું.
૩૨. સ. ક્રિ. વ્રત પાળવું; આચરવું; વ્રત દાખલ થયું. જેમકે, તે સોમવાર કરે છે.
૩૩. સ. ક્રિ. સર કરવું.
૩૪. સ. ક્રિ. સળગાવવું
૩૫. સ. ક્રિ. સંભોગ કરવો.

૧. અછો અછે કરવું–બધું થાનાં કરવાં = (૧) ધણી બરદાસ કરવી. (૨) દાબવું; દબાવું કરવું. (૩) વહાલથી રમાડવું; ખોળે બેસાડવું.

૨. કર અને જો–કરવું તેવું પામવું ને વાવવું તેવું લણવું–કરવું તેવું ભરવું–કરશે તે ભરશે ને પોંકશે તે પસ્તાશે–કરીએ તેવું પામીએ = જેવાં કર્મ તેવાં ફળ; ભલા કરેગા ભલા હોવના.

૩. કરતા હો તે કરો ને ભાઇની દોણી ભરો–કરતા હોય સો કરીએ ને ભાઇની દોણી ભરીએ–કરતા હોય સો કીજીએ ઓર ન કરીએ કામ = પોતાના હિતનું કરવાનું કામ હોય તે જ કરવું અને બીજાના કામમાં માથું મારવું નહિ.

૪. કરતો કારવતો પુરુષ = કુટુંબનો મુખ્ય માણસ; જેનું હલ્લણચલણ હોય તે પુરુષ.

૫. કરના સો કરના નહિ, કરના સો કરના નહિ–કરવું તો કરવું નહિ અને કરવું તો કરવું નહિ = કાં તો કરવું નહિ, અને જો કરવું તો તે કામ પાર ઉતારવું; હિંમત સો હથિયાર.

૬. કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી = ધાર્યું હતું તેથી ઊલટું આવી ગયું; કામ બગડી ગયું.

૭. કરી લેવું = (૧) બગાડીથી બનાવવું; આમળથી કરી લેવું. (૨) પોતાનું હોય એમ કરવું.

૮. કરે ચાકરી તો પામે ભાખરી–કરે તે પામે–કરેગા સો પાવેગા = મહેનત વગર નફો મળતો નથી

૯. કરે હાથે ને વાગે માથે = હાથનાં કર્યાં હૈયે વાગે; બાંધે ભોંદે તે જ પડે; આપણાં કામ આપણને જ નડે; કોઈનું બૂંદું કરતાં પોતાનું બૂંદું જાય.

૧૦. કર્યાં કરમ ભોગવ્યાં પડશે = આપણાં કામનાં ફળ આપણે જ ભોગવ્યા વિના છૂટકો નથી.

૧૧. કર્યું એ કામ ને વીખ્યું એ મોતી = આજ જેવી કાલ નથી; અમમચેતી સૌથી ભલી.

૧૨. કર્યું ને ખરું ને કરશુ તે ખોટું = આજની વાત કાલ ઉપર ન રાખવી.

૧૩. કર્યું પણ શેઠી ચાલ્યું = પોતાની ઇચ્છા વિરુદ્ધ કામ કર્યું.

૧૪. કર્યું ભગાના જેવું-કર્યું ભગાના બાપે જેવું = કામ બગાડી નાખ્યું.

કરવું કારવવું ૧. સ. ક્રિ. આપવું; મેલવું.

૨. અ. ક્રિ. કરવા ન કરવાનું નક્કી કરીને વર્તવું.

૩. અ. ક્રિ. ક્રિયા થી બધી રીતે પરવારવું.

૪. અ. ક્રિ. શું કરવું શું ન કરવું અને આખી ક્રિયાને કેવી અવસ્થાથી પાર ઉતારવી તે લક્ષમાં રાખીને કામ કરવું.

૧. કરતા કારવતા = કુલ મુખત્યાર; પોતાની મુનસફી પ્રમાણે અવસ્થા કરનાર.

૨. કર્યું કારવ્યું = કરેલું ને કરાવેલું; દીકરી દીકરાને માટે જે શ્રમ સીધો હોય, જે ખરચ્યું વાપર્યું હોય તથા બીજું જે કાંઈ કરાવ્યું હોય તે બધું.

૫. સ. ક્રિ. સત્તોપયોગ કરવું.

કરવેડું ન. કેવ કેવી નિમિત્તે દર વરસે કરજિયાત કરવો પડતો ખરચ.

કરવેરો ૧. પું જકાત.

૨. પું. લાગોટકો.

કરવેલડી (કરવેલડો) [સં. કરવલ્લી] સ્ત્રી. હાથ; હાથ રૂપી વેલ.

કરવૈયો ૧. પું. કરતોકારવનો માણસ; પંચાતિયો. આ શબ્દ કર અને વાલા મળીને થયો છે.

૨ પું. કુશળ કાર્યકર્તા.

૩. વિ પું. કરી જાણનારો; કરનારો.

૪. વિ પું. કાર્યકુશળ; અનુભવી.

કરવૈવિધ્ય ૧. [સં.] ન. કરવેરાની વિવિધતા.

૨. ન. ભિન્ન ભિન્ન કળાકારોનુ કૌશલ્ય; વિધવિધ કરોનું કૌશલ્ય.

જગતના કોઈ પણ ચિત્રભંડારમાં જાજરા જેટલું કમનીય કરવૈચિત્ર્ય ભાગ્યે જ મળશે.

અજંતાના ચિત્રમંડપો

કરવો પું. કરવડો; નાગલ્યાવાળો તાંબાનો લોટો.

કરવ્યવસ્થાશાસ્ત્ર ન. કરશાસ્ત્ર; જમાવસુલશાસ્ત્ર.

કરશણો (કરશણ્યો) પું. દિવાસનો ભોગ.

કરશબ્દ ૧. [સં. કૃ (ચોરવું)] ન. (ભૂ. શ.) કૃષિ; ખેતી.

વિદ્ય સોયે વિદ્ય વદે, કરશબ્દ સોયે ખેત.

રાજબલ

૨. ન. કૂંડું; અણસલું.

૩. ન. ખોલ; વાવેતર; અનાજના છોડ; ઊગેલું અનાજ.

૪. વિ. ખેતરમાં ઊગેલું.

કરશાળી ૧. [સં. કર્ષક] પું. ખેડૂત; ખેડ કરનાર માણસ.

૨. સ્ત્રી. કૃષિ વિદ્યા; ખેતી વિદ્યા.

કરશિયા પું. (બિંગળ) બૃહસ્પતિની જાતનો એક સમકૃત વર્ષુમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે.

કરસણ ન ગ ર કહે. રણછોડ

કરશાર ન. હાથ રૂપી ભાલુ.

કરશાલી [સં. કલશ] સ્ત્રી. નાનો લોટો; કસલી.

કરશાષ્પા [સં.] સ્ત્રી. આંગળ.

કરશાળી જુઓ કરશણી.

કરશાસ્ત્ર [સં.] ન. કરબ્યવસ્થાશાસ્ત્ર; જમાવસુલશાસ્ત્ર.

કરશાંકર [સં.] ન. હાથીની સૂંઢમાંથી નીકળેલ અવાજ.

કરશીપ ન. એક જાતનું પક્ષી. જરથોસ્તીઓની માન્યતા પ્રમાણે આ પક્ષીને અકલ, હોશિયારી અને જોસવની સર્વ શક્તિ ખુદાએ બક્ષેલી મનાય છે. આ પક્ષી બારસ્તે ખુદાએ જમશેદની ગુફામાં પર્યંહરમાન રવાના કર્યું ત્યારે આ પક્ષી ત્યાં જઈ મધુર અવાજે અવસ્તા ભણ્યું હતું.

કરશુદ્ધિ [સં.] સ્ત્રી. હાથની શુદ્ધિ.

કરશૂક [સં.] પું. નખ.

કરશોષ [સં.] પું. હાથ સૂકા જવાપણું.

કરશ્રદ્ધ ૧. [સં.] પું. ચમત્કાર; દૈવભવ.

૨. પું. જાદુ.

૩. પું. મોટક નજર.

કરશ્વા [સં. કરસ્થાન (માટી કે લાકડાનું વાસણ-)] પું. (જરથોસ્તી) યજ્ઞસમારંભમાં વપરાતો કળશો. ધાર્મિક ક્રિયામાં વપરાવાની ચીજને પવિત્ર કરવા માટેનું પણી રાખવામાં તેનો ઉપયોગ થાય છે.

કરશ્વસ્તુ જુઓ કરશ્વ.

કરષણિ સ્ત્રી. (બિંગળ) કર્ષણ; ખેંચવું તે.

કરસ ૧. પું. એક જાતનો તોલ; કર્ષ.

૨. સ્ત્રી. ભાલુનો કટકો.

૩. વિ. (બિંગળ) કૃશ.

કરસક પું. (બિંગળ) કિસાન; ખેડૂત.

કરસહું (કરસહું) ન. અણસલું; કૂંડું.

કરસણો (કરસણ્યો) ૧. પું. ભીંતના આધાર માટે અણવામાં આવતો ત્રાંસો ટેકો; કરશણો.

૨. પું. ભીંતના રક્ષણ માટે તેના મૂળમાં ચણવામાં આવતો માટી કે પત્થરનો પાળો.

૩. પું. રૂંટિયાનો એક ભાગ.

કરસણ જુઓ કરશણ.

કરસણકાર પું. (જૂ. ગુ.) કૃષિકાર; ખેડૂત.

કરસણકારી વેરુ કહાઈ,
નાટકિયા નર રાઢ કહાઈ. સાયલસમય

કરસણી સ્ત્રી. દવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

કરસણી જુઓ કરશણી.

કરસણ્યો પું. (જૂ. ગુ.) પાકના રક્ષણ માટે કરતી નાખેલી માટી. જુઓ કરસણો.

કસુ કહે પુત્તાલત્તણી,
કસુ કહે કરસણ્ય વાડિ.

તેરમા શતકનું ગુજરાતી

કરસન ૧. પું. કૃષ્ણ.

૨. વિ. કાળું.

કરસણ ૧. પું. રજવાડા બીજાને વાપરવાનાં ચીજવસ્તુ.

૨. પું.; સ્ત્રી. શાહીના બરિયામાં ભાલવાનો રેશમ કે વાળનો ઝૂમો; ઘામો.

૩. સ્ત્રી. ચીપડ.

કરસમજારવાદ [સં.] પું. જુદી જુદી વસ્તુઓ ઉપર અને જેમ મને તેમ કરનો બોજો દરેક વ્યક્તિને સરખો આવે તે કરવાદાકાર છે એવો મત.

કરસમિતિ સ્ત્રી. કર સંબંધી નિર્ણય કરવા માટે નીમેલી મંડળી.

કરસલિયા ૧. સ્ત્રી. બહારવટીયાની એ નામની એક ટોળકી.

૨. ન. એ નામની ટોળકીનું માણસ.

૩. વિ. એ નામની ટોળકીનું.

કરસલી [સં. કલશ] સ્ત્રી. નાનો લોટો; કસલી; કરશલી; ટબૂડી.

કરસંપાત ૧. પું. કર બસવાનો બોજો.

૨. પું. પ્રસંગ; ઘટના; બનાવ.

૩. પું. હાથનો ઘા-બો; ધોલ.

કરસંપુટ ૧. [સં. કર + સંપુટ] પું.; ન. ખોબો.
૨. પું.; ન. નમસ્કાર કરવા માટે બે હાથ જોડવા તે.
૩. પું.; ન. વચ્ચે પોલાણ રહે એમ હાથ ઉપર હાથ રાખવો તે.
૪. પું.; ન. હાથના પંજાને છીપના આકારે કોચલા જેવો કરી બીજા હાથના પંજાને તેવો જ કરી તેના ઉપર ઢાંકવાથી કમળના ઘોડા કે ફૂલના કૂલ જેવો થતો આકાર.

કરસંવાહન [સં.] ન. હાથ મિલાવવાપણું; કરાલિંગન; કરતાંદોલન; કરતમૂનન.

કરસાખ સ્ત્રી. (ડિંગળ) અંગુલિ; આંગળી.

કરસાજ પું. (ડિંગળ) કિસાન; ખેડૂત; કરસાણ.

કરસાણું વિ. ભગરેલું; કસાણું. ઘોડા માટે આ શબ્દ વપરાય છે.

કરસામુદ્રિક સ્ત્રી. હસ્તલક્ષણ વિદ્યા; સામુદ્રિક વિદ્યા.

કરસારા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કરસાહું જુઓ કરસાણ.

કરસી [સં. કરીષ] સ્ત્રી. છાણાનો કટકો.

કરસુક પું. (ડિંગળ) કિસાન; ખેડૂત; કરસાણ.

કરસૂચી ૧. સ્ત્રી. કરનો દર બતાવનાર પુસ્તક; આકારસૂચી; આકારપત્રિકા.
૨. સ્ત્રી. જકાતનું ચોપડું.

કરસૂત્ર [સં.] ન. ધાર્મિક વિધિમાં શુભ માટે કાંડાની આસપાસ બંધાતો દોરો

કરસૈલા પું. એક જાતનો કાંટાવાળો છોડ. તેનો રસ પીળા રંગનો અને બહુ તીવ્ર હોય છે. ઔષધિક તરીકે તેનો ઉપયોગ થાય છે.

કરસો પું. (ડિંગળ) કિસાન; ખેડૂત.

કરસોઢો પું. સાવરણો; ઝાડુ; કરાંટો.

કરસોઠો જુઓ કરસોટો.

કરસ્કર ૧. પું. કારસ્કરનો પ્રદેશ; દક્ષિણ હિંદુસ્તાનમાં કાનડામાં આવેલ કારકળ દેશ.
૨. પું. પૂર્વ બંગાળનું પ્રાચીન નામ.

કરસ્થ [સં.] વિ. હાથમાં રહેલું.

કરસ્થાલી [સં.] પું. મહાદેવ.

કરસ્ન પું. ખાડુ; ભુજા

કરસુત્ર પું. નાનો સુપ; ચાટવો

કરસુવા જુઓ કરસુપ.

કરસ્પર્શ ન. હાથથી તાણી પાડવી તે.

કરહ ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૃતિ. તેના દરેક ચરણમાં નગણ, સગણ, અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.
૨. [અ.] સ્ત્રી. દુઃખ; પીડા.
૩. સ્ત્રી. ધિક્કાર
૪. [સં. કરભ] ન. ઊંટ.
૫. ન. એક જાતનું વાહન.
અથ કુંજર રથ પાયક અપાર,
કરહ સુખાસન પાલખી સાર. રેવીદાસ
૬. [જુ.] ન. ગધાવત.

કરહડ (કરહડ) સ્ત્રી. નળિયાં ચણવાનું કે ગારમાટી વગેરે કરવાનું કામ.

કરહડા (કરહડા) ૧. સ્ત્રી. વાણિયાની ચોરાસી નાત માંહેની એ નામની એક.
૨. ન. વાણિયાનું એ નામની જાતનું માણસ.
૩. વિ. વાણિયાનું એ નામની જાતનું.

કરહડી (કરહડી) વિ. સ્ત્રી. કરમટી; હાથેથી પાણી લઈ શકાય એવી.
સાદડા વાવિ કરહડી બણી. મન્હદદેપ્રબંધ

કરહડો (કરહડો) પું. કરસડો; ભીંતના મૂળમાં કરેલ છાંદણ; ભીંતના આધાર કે રક્ષણ માટે કરવામાં આવતું છાંદણ.

કરહણ (કરહણ) ન. ખેતરમાં ઊભેલું તરતનું અનાજ; તૂણ; કરસણ
કોરડા કહે મારો કાળો દાબો,
મારૂં કરહણ નીચું;
ચાર દહાડા સુબને બાબ તો,
ઢગલા આખો મારૂ. લોકોક્તિ

કરહણિયો (કરહણિયો) પું. કૃષ્ણ.
કરહણિયા મને કરહણ દેજો,
હું બજારની રહી હું સાચી. નરસિંહ

કરહન [અ.] સ્ત્રી. નાખુશીથી

કરહર ૧. [સિં.] પું. ભીંડિયાવળ.
૨. પું. ભીંડોળ.

કરહલ [સિં.] ન. કણસ.

કરહંચ પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અકરિ; કરહંજ; કરહંચી; કરહંત; કરહંતા; કરહંતુ; કરહસ; કરહસી. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

કરહંચા પું. (પિંગળ) માત્રાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પુટમર્દિ. તેના દરેક ચરણમાં નગણ અને જગણ મળી ૭ અક્ષર હોય છે.

કરહંચી જુઓ કરહંચ.

કરહંજ જુઓ કરહંચ.

કરહંત જુઓ કરહંચ.

કરહંતા જુઓ કરહંચ.

કરહંતુ જુઓ કરહંચ.

કરહંસ જુઓ કરહંચ.

કરહંસી જુઓ કરહંચ.

કરહા ૧. [હિં.] પું. ઊંટ.
૨. [અ.] પું. ઠોઠવો.
૩. [હિં.] સ્ત્રી. કેડ.

કરહાટ ૧. [સં. કરહાટક] પું. અઢાર મહિનો એક દેશ; હાલના સતારા જિલ્લા મહિનો કહ્યાડ પ્રાંત; કરાડ.
૨. પું. એક જાતનું વૃક્ષ; અશોકનું ઝાડ.
૩. પું. કમળનું ખૂણ; કમળ વગેરેનો સમૂહ.
૪. પું. કમળનું તંતુવાળું મૂળ.
૫. પું. મદનવૃક્ષ
૬. પું. હાથના અલંકારરૂપ સોનું.
૭. [સં.] ન. ભીંડોળ; કરહાટક.

કરહાટક ૧. પું. સતારા જિલ્લામાં કૃષ્ણા અને કોયનાં નદીના સંગમ ઉપર આવેલ કરાડ પ્રદેશનું પ્રાચીન નામ. તેને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીતી લીધાનું કહેવાય છે. જુઓ કરહાટ.
૨. [સં.] ન. એક જાતનું ઝાડ.
૩. ન. (અપ્ર) છ શ્લોકનું કાવ્ય.
૪. [સં. કર (કમળનો) + કાટક (સોનું)] ન. ભીંડોળ. ભીંડોળના વૃક્ષનાં પાંદડાં કમળના પાન જેવાં અને સોનાનાં જેવાં પીળા રંગનાં ચળકતાં હોય તેથી તેને કરહાટક કહે છે.
૫. ન. સોનું.
૬. ન. હાથનું ઘરેણું.

કરહાડ પું. એ નામનો દેશ; દક્ષિણ કોંકણ.

કરહાના [હિં.] સ્ત્રી. કેડ.

કરહાર પું. ભીંડોળ.

કરહિયા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાસી નાત માંહેની એક.
સુરહિયા બાવર કમોળ કરહિયા.
લાવણ્યસમય
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કરહો (કરહો) ૧. પું. ઉતાર; ચોરનું ઊંડું, ખાડાનાં પાન, મીઠું, રાંધ્યું અન્ન, લીમડાની ડાળી વગેરે ઘર્ષ ચૂંસાં મૂસાં નામ અક્ષર મૂકવામાં આવે તે ટૂચકો; અરબી.

૨. પું. (ડિંગળ) ઊંટ.
૩. પું. કર.
૪. પું. પિત્તળનો ઘડો.
૫. પું. (જૂ ગુ.) વરસાદનાં ફોરાં ઠરી જવાથી ઘનરૂપે બંધાઈ નીચે પડે છે તે કરો.

હિમ કરહર વિષ સરિ રસ ભગ્ગાં.
લાવણ્યસમય

કરહોર [હિં.] પું. ઘાસનું જાવણ.

કરંક ૧. [સં.] પું. એ નામનો એક અસુર.
૨. પું. એક જાતની શેરડી.
૩. પું. કમંડલ; કરવો.
૪. પું. પોલું કરેલું નાળિયેર; ખોપરી.
૫. પું. માથાની ખોપરી.
૬. પું. હાડ; અઠું.
૭. પું. હાડકું; અસ્થિ.
૮. પું. હાડપિંજર.

કરંકવાલિ [સં.] પું. એક જાતની શેરડી.

કરંગિયો પું. બીજાઓને હાથી પકડવાનું કામ કરતી હોકરું એક મરેલું.

કરંજ ન. એક જાતનું ઝાડ; કરંજ.

કરંજ ૧. પું. એક જાતની આતરાત્માજ.
૨. પું. કુવારો.
૩ પું. (પિંગળ) ત્રામણી પિંગળ પ્રમાણે એક અર્ધ સમવૃત્ત માત્રામેળ છંદ. તે ઉલ્લાલ છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૪૮ લઘુ મળી ૫૬ માત્રા હોય છે.
૪. [હિં. કિરમાલ] ન. એક જાતનું શોભાદાર ઝાડ; કબુછ; નકામાલ; ચિરબિલ્વક; ધૃતપૂર્ણક; પ્રકીર્ય; પૂતિક; પૂતિકરંજ; સોમવલ્ક. આશરે ૪૦ ફૂટ ઊંચાઈનું આ ઝાડની અમા ઘણી ઘાટી અને શીતળ હોય છે. લાકડું ઇમારતના કામમાં આવતું નથી. તેને ગુલાબી રંગવાળાં ઘોળાં, જાંબુડા રંગનાં ગુચ્છાદાર ફૂલ થાય છે. આ ઝાડ પાક વખતે તીખું, તેજ, ઉષ્ણ, રસક્ષાળે કડવું ને તૂરું છે અને ઉદાવર્ત, વાયુ, યોનિરોગ, વાતપ્રકમ, અર્શ, કૃમિ, કોઢ, કફ, વિષ, વિષૂચિકા, પિત્ત, કૃમિ, ત્વગ્દોષ, ઉદરરોગ, પ્રમેહ અને પ્લીહાનો નાશ કરે છે. તેનાં ફળ ઉષ્ણ તથા લઘુ છે અને મસ્તકરોગ, વાયુ, કફ, કૃમિ, અર્શ અને પ્રમેહનો નાશ કરે છે. ફળની પાપડીમાંથી બદામી રંગનું ચરબું જેવું નીકળે છે. તેનાં ૨૦ રતલ બિયાંમાંથી ૧૩ રતલ તેલ નીકળે છે. તે તેલ વાયુનો તથા કૃમિનો નાશ કરે છે અને ખસ, ઉંદરી, ચૂનાં વગેરે ચામડીનાં દરદ ઉપર લગાડાય છે. ફળનો ઉકાળો વાયુનાં દરદમાં વપરાય છે.
૫. ન. કરમદાંનું ઝાડ.
૬. ન. બાંબરાનો છોડ.

કરંજક ૧. [સં.] પું. કરમદાંનું ઝાડ.
૨. પું. બાંબરાનો છોડ.

કરંજદ્વય [સં.] ન. કરંજ અને ચરેલ.

કરંજફલ [સં.] પું. કોપરું ઝાડ.

કરંજફલક જુઓ કરંજફલ.

કરંજવલ્લ પું એક જાતનો વેલો; કંપાવલી.

કરંજવા ૧. [સં. કરંજ] પું. એક જાતનું ઝાડ.
૨. પું. ભાર, ભાજરી વગેરેમાં થતી ફૂગ.
૩. પું. ભૂરો રંગ.

કરંજા ૧. [ચ.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. ભીંડાની એક વાની; ચૂબરો.
૩. પું. મુંબઈની પૂર્વે આવેલ એક ટાપુ.
૪. વિ. દુખવા આવેલી અને પાણી ઝરતી આંખવાળું.

કરંજાદિકૃત [સં.] ન. કરંજ, ભીંડાનો, સાજી, રાતનું ઝાડ, લાંબુડો અને વડ વગેરે ઝાડોની છાલના ક્ષાર તથા ક્ષારથી સિદ્ધ કરેલ ઘી. તે ચોપડવાથી દાદર, પાક તથા રસીના આવવાળો ઉપદંશ મટવાનું મનાય છે.

કરંજાદિતૈલ ન. કરંજ વગેરેથી બનાવેલ તેલ.

કરંજિ પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે.

કરંજિ જ ન ગ સેવી. ઋષિપિંગળ

કરંજિકા [સં.] સ્ત્રી. કરંજ વૃક્ષ.

કરોઢ (કરોઢ) ૧. [સં. ક્રોઢ] જી. પૃષ્ઠવંશ: કરોડનું ઊભું હાડકું. ઉચ્ચ પ્રાણીઓના હાડપિંજરનો તે સૌથી અગત્યનો ભાગ છે. તે ખોપરી અને પાંસળીઓને આધારરૂપ છે અને શરીર ટટ્ટાર રાખે છે. કરોઢ સંખ્યાબંધ હાડકાંની બનેલ છે. દરેક હાડકાની વચમાં એક મકતી હોય છે. આ મકતીનો હેતુ ચલનથી થતા આંચકાથી રક્ષણ કરવાનો હોય છે. આખો દિવસ સીધા ઊભા રહેવાથી શરીરનો ભાર આ મકતીને દાબે છે. ચાલવાથી તેઓ સહેજ ચપટી થાય છે અને તેથી માણસની ઊંચાઈ ઘટે છે. સૂતી વખતે આ સ્થિતિસ્થાપક મકતી હતી તેવી જ થઈ જાય છે, તેટલા માટે સવારમાં માણસની ઊંચાઈ સાંજના કરતાં સહેજ વધારે હોય છે. કરોઢ ઉપર આખા શરીરનો આધાર છે, કારણ એને આધારે જ માથું, હાથ, પગ વગેરે અવયવો રહેલા છે. તેમાં સુષુમ્નાશીર્ષ અવયવ કરોઢસ્થ રહેલો છે. ત્રિકશીર્ષ ઉપર જોડાયેલા ત્રેવીસ મણકાનો તે બનેલો છે. દરેક મણકો ત્રિકશીર્ષ ઉપર સહેજસાજ હાલીચાલી શકે છે. પૃષ્ઠસ્તંભ ઉપલો ભાગ

પાતળો અને નીચેનો ભાગ જાડો છે. ઉપર માથા સાથે અને નીચે ત્રિકાસ્થિ સાથે તે જોડાય છે. તે બધ્ન જઠ્યાગ્રે મનુષ્યની માદક વાંકો છે. પ્રોઢમાં તથા વૃદ્ધમાં તે કાચબાની ઢાલની માફક અક્ષણ ઊપસેલો છે, જ્યારે બરડાના ભાગમાં તેનામાં ખાડો દેખાય છે. કોઢના સાત, બરડાના બાર તથા કેડના પાંચ મળી કુલ ચોવીસ મણકા એટલે કરોડકાનો તે બનેલો છે.

૧. કરોડ વગરનાં = જેને કરોડ ન હોય તેવાં પ્રાણીનો વિભાગ.

૨. કરોડવાળાં = જેને કરોડ હોય તેવાં પ્રાણીનો વિભાગ. જેને કરોડ હોય તે પ્રાણીમાં બુદ્ધિ વધારે હોવાનું મનાય છે.

૨. [સં. કોડ (વાંસો ભાગ)] સ્ત્રી. વાંસો, બરડો.

૩. [સં. કોટિ] સ્ત્રી સો લાખ.

કરોડપુરુષ (કરોડપુરુષ) પું. આદ્ય જોલો માણસ.

કરોડગીરી (કરોડગીરી) સ્ત્રી. કરોડ રૂપિયાની માલિકી

કરોડપતિને કરોડગીરીનો વાવટો પોતાના ઘર ઉપર ઉરાડવાની મૂર્ખ હતી.

મુળજીભાઈ બદામવાળા

કરોડનળી (કરોડનળી) સ્ત્રી. આખા વાંસાની મધ્યમાં આવેલ લાંબા હાડકાનો પોલો ભાગ. જુઓ કરોડ.

કરોડના ત્રિક (કરોડના ત્રિક) ન. કરોડમાં આવેલ ત્રિકાસ્થિ.

કરોડપતિ (કરોડપતિ) પું. કરોડની સંખ્યાએ ગણાતો લક્ષ્મીનો માલિક; જેની પાસે કરોડ રૂપિયા હોય એવો ધનાઢ્ય.

કરોડરજ્જુ (કરોડરજ્જુ) [સં. કોડ + રજ્જુ (દોરી)] સ્ત્રી. કરોડના મણકાની વચ્ચેના પોલાણમાંની તેમને સંકલિત રાખનારી જાડી નાડી; વાસામાં મગજથી કેડ નિતંબના ભાગ સુધી આવેલ અઢાર ઇંચનું અને તર્જની જેવું પહોળું જ્ઞાનતંતુનું દોરડું.

કરોડવાળું (કરોડવાળું) વિ. મણકાવાળું.

કરોડસ્તંભ (કરોડસ્તંભ) પું. વાંસામાં આવેલો કરોડરજ્જુમાં પરોવાયેલો મણકાનો બનેલ વાંકાચૂકો.

કરોડ (કરોડ) ૧. [હિં.] પું. કર ઉઘરાવનાર માણસ

૨. ન. અક્કડ; તંગી.

કરોડાતીર્થ (કરોડાતીર્થ) ન. કલિંજરના કિલ્લામાં આવેલ એક પવિત્ર તળાવ; કોટતીર્થ.

કરોડાધિપતિ (કરોડાધિપતિ) પું. કરોડપતિ; જેની પાસે કરોડ રૂપિયા હોય તેવો ધનાઢ્ય; કરોડ રૂપિયાનો આસામી.

કરોડાવધિ (કરોડાવધિ) વિ. અસંખ્ય; કરોડો.

કરોડી (કરોડી) ૧. પું. કર ઉઘરાવનાર અમલદાર.

૨. વિ. કર ઉઘરાવનાર; તપાસનાર.

કરોડો (કરોડો) ૧. વિ. અસંખ્ય; અગણિત.

૨. [સં. કોટિ] વિ. બધુ કરોડ.

કરોત સ્ત્રી. આરા; કરવત.

કરોતરા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરોદ્ધર [સં.] પું. બુલમ કરી કર લેવો તે.

કરોત્તાનની સ્ત્રી. એ નામની એક પેસો.

કરોત્તાનનીદીર્ઘા [સં.] સ્ત્રી. પ્રમાસ્થિના મધ્યનળકના નીચેના ભાગની બહારની ધારામાંથી નીકળતી બે પેસીમાની એ નામની એક. આ પેસી બને ઢરે પાતળી અને વચમાં જાડી છે. તે બંનેને ગતી અથવા સંકળી કરે છે.

કરોત્તાનનીહ્રસ્વા [સં.] સ્ત્રી. એ નામની પેસી. તે બહિઃપ્રકોષ્ઠસ્થિના ઉપલા ત્રીજા ભાગની આસપાસ વીંટળાયેલી છે, અને તે હાડકાને બહારની બાજુ તરફ ફેરવી ઊંધા હાથને બતો કરવામાં ભાગ લે છે.

કરોડાન પું. કબ્બો; ઢાંકણવાળું વાસણ.

કરોધ [સં. ક્રોધ] પું. ગુસ્સો; રીસ; રોષ.

કરોની સ્ત્રી. [હિં.] દૂધ ઉકાળ્યા પછી વાસણને તળિયે ચોટી રહેતો ભાગ.

કરોફર પું. ભલભલો.

કરોબરા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરોયલ ૧. [સં. કલાપર] પું. મોર

૨. [સં. કર્કિલા] સ્ત્રી. કોયલ; કોકિલા.

કરોર વિ. સો લાખ; કરોડ.

કરોરૂ ન. ઘોસના હડ પાસે ઝૂલતી ચામડી.

કરોલ ૧. પું. બંદૂકસવાર.

૨. પું. રીંછ.

૩. પુ. વનરક્ષક; વનનું રક્ષણ કરનાર માણસ.

કરોલા પું. ભાલુ; રીંછ.

કરોહ [સં.] પું. ગળણ ને ચાળણી વચ્ચેનું અંતરનું માપ.

કરોળ જુઓ કરોલ.

કરોળિયણ સ્ત્રી. કરોળિયાની માદા.

કરોળિયા પું. ન. વ. પ્રતિકૂળ ખોરાક આવાથી શરીરના અમુક ભાગ ઉપર ચામડીમાં દેખાતા ધોળા ચાંભલા. આ રોગ પિત્તપ્રકોપથી થાય છે. તેમાં લોહીનો વિકાર થવાથી ઉપલચ્મા ઉપરથી ઊખડી જાય અને નીચેથી સફેદ ચામડાં નીકળતાં જાય. કરોળિયાના હલકા સ્વરૂપને ચિતરી કહે છે. વરસી વખત આ ચામડાં આખા શરીર ઉપર દેખાય છે.

કરોળિયો ૧. પું. એક જાતની વનસ્પતિ. તેનાં બી અણોદી જેવાં પણ કાળાં અને ધોળાં મોંવાળાં હોય છે. તે રજસ્રાવ વધારવાનો ગુણ ધરાવે છે. તેનાં પાન બકાન લીબડાનાં પાન જેવાં કતરાયેલાં ત્રિકોણાકાર હોય છે. તેમાં બારીક સફેદ ફૂલ થાય છે. ફળ ત્રિકોણ ડોબળી જેવાં હોય છે. તેનું ઉપલું પડ પાતળું અને તે ઉપર જળાદાર નસો હોય છે. ઉપરનું પાતળું પડ કાઢી નાખતાં અંદર કરોળિયાના પડ જેવાં ધોળાં પાતળાં ત્રણ પડ દેખાય છે. દરેક પડમાં વટાણા જેવું ગોળ બી હોય છે.

૨. [સં. કુલાલ] પું. કરાળિયો; માટીનાં વાસણ વેચનારો માણસ.

૩. પું. ચામડીનો એક રોગ; ચહેરા અને શરીર ઉપરની પાતળી ચામડી ઉતરી જઈ પડતો સફેદ ડાઘ. જુઓ કરોળિયા.

૪. પું. બહા. બહાઓ કરોળિયાની પેઠે આ સંસારની મહાજાળ રચી છે એ ઉપરથી એમને કરોળિયાની ઉપમા આપવામાં આવે છે.

કરોળિયાનો સામાન = લગ્ન પ્રસંગમાં કુંભારને ત્યાંથી ઘડા, કૂંડાં, કોડિયાં વગરે લાવવાનાં હોય છે તેને કરોળિયાનો સામાન કહેવાય છે.

૫. [સં. પ્રેલિક (વણનાર)] પું. મુખની લાળના તંતુઓની જાળ બાંધનાર અને કવચિત્ ધોળા પ્રકારનાં જેવાં બાંતિ ઘર કરનાર એક જીવડું; ઊર્ણનાભ. તે બધે જોવામાં આવે છે. ઉષ્ણ દેશોમાં તે બે ઇંચ લાંબો થાય છે. જંતુઓ પકડી ખોરાક મેળવી જીવન તે ગાળે છે. તેના કાંતવાના અવયવ તેના પેટમાં હોય છે, અને પગમાં ગ્રંથિઓ હોય છે. કાંતવાના ભાગમાંથી તે રેશમી દોરા જેવી જાળ બહાર કાઢે છે. કરોળિયાને આઠ આંખ, પેટલાકને છ અને કોઢાને જ બે હોય છે. દરેક બાજુએ ચાર ચાર મળી આઠ પગ હોય છે. તેના દરેક પગમાં સાત સાત આંગળાં હોય છે. ઉલ્લા સાંધાને છેડે વાંકા નખ જેવા બે આંકડા હોય

છે. તેનું આયુષ્ય ચાર વરસનું કહેવાય છે. વસિષ્ઠ તથા વિશ્વમિત્રના કલેશ વખતે વસિષ્ઠ મુનિના લલાટમાંથી તીક્ષ્ણ તેજવાળાં પસીનાનાં બિંદુઓ કાપેલા (વૃત) ખડમાં પડ્યાં. તેમાંથી કરોળિયા ઉત્પન્ન થયા માટે તેઓ વૃતા કહેવાય છે. કરોળિયો રહેવા માટે અને ઈંડાં મૂકવા માટે ઢાલના જેવું પાતળું અને ધોળું પડ બનાવે છે. આ પડ ઉખેડી તેની ગોળી ગોળામાં આપવાથી વિષમજ્વર ઊતરી જાય અને આંખમાંથી બહુ પાણી પડતું હોય તો તે પણ બેસી જાય. આજકાલની રાફેનશાહ બાદશાએ કરોળિયાના તાંતણાનો પોષાક મહારાણી વિકટોરિઆને ભેટ મોકલ્યો હતો

કરોળિયાનો એક ઢાંગો તૂટ્યો તો ચે શું અને ન તૂટ્યો તોયે શું = નજીવું નુકસાન.

કરોળી જી. બંદૂકસવારનો હલ્લો

કરોંઠી જી. કપાસ, તુવેર વગેરેની સાંઠી.

કરોંડુ ન. કરમદું.

કરોત [સં. કરપત્ર] પું. કરવત.

કરોબી ૧. [તુ.] જી. ચોકી.
૨. જી. છરો.

કરોલ ૧. [તુ. કરાવલ] પું. ચોકિસવાર.
૨. પું. ચોકીદાર.
૩. પું. શિકારી.

કરોલી ૧. [તુ.] જી. ચોકિયાત.
૨. [સં. કરવાલી] જી. ભોંકવાના ક્રમમાં વપરાતી સીધી છરી.
૩. ન. રજપુતસ્તાનનું એક શહેર.

કરોંટ જી. એકનો પક્ષ.

કરોંડા ૧. [સં. કરમર્દ] પું. (હિંદી) કરમદું.
૨. પું. કરમદી; એક ફળઝાડ.
૩. પું. દુકા ઉપર ઊભતી નાની ગોળ કડપ્પુ કોથળી.
૪. પું. ખાણો.

કર્ક ૧. પું. અગ્નિ
૨. [સં.] પું કરચલો; એકડો.
૩. પું. કાકડાશીંગીનું ઝાડ.
૪ પું. કાત્યાયન શ્રૌતસૂત્રનો ભાષ્યકાર એ નામનો એક આચાર્ય.
૫ પું. કાંટો; ત્રાજવું
૬. પું. ધડો.
૭. પું. ધોળો ઘોડો.
૮. પું. બીલીનું ઝાડ.
૯. પું. સુંદરતા.
૧૦. જી. (જ્યોતિષ) કાલપુરુષના આકારનું તારાનું ઝૂમખું; કર્ક રાશિ. આ રાશિ પણ આને કહે છે. આ રાશિમાં જન્મનારનું નામ ડ-હ અક્ષરથી પ્રારંભાતા શબ્દથી પડે છે. તેમાં પંચાસી તારા છે. આ રાશિનો સૂર્યસંચાર આષાઢથી ભાદરવા સુધી થાય છે. કર્ક રાશિ એવો વખત દર્શાવે છે કે જ્યારે સૂર્ય વિષુવવૃત્ત એટલે પૃથ્વીની ધરીની વચ્ચે ઝટપટ્યો કાપેલા કુંડાળા તરફ પાછો જાય છે. કરચલાની ચાલ પણ સૂર્યની આવક હોય છે.

કર્ક મકર બે બેનડી, આવે એક જ વાર;
બડો કહે બડકીને, નિમે પડે કાજ.
લોકોક્તિ

૧૧. ન. પ્રમા; આબાદું; દર્પણ; આરસી.
૧૨. વિ. ધોળું.
૧૩. વિ. સાદું; એકડ.

કર્કક [સં.] જી. કરચલાની એક સ્થિતિ.

કર્કખંડ [સં.] પું. એ નામનો એક દેશ.

કર્કચ વિ. કઠોર; બેસૂકું.

કર્કચતુર્થી જી. કરવડ્ય ચોથ; આસો વદ ચોથ.

કર્કજાતીય [સં.] વિ. કાણ પડવાળું; કરચલાના વર્ગનું. ઝીંગા, કરચલો વગેરે આ જાતનાં પ્રાણી છે. તેનું માથું અને છાતી બંને ભેગાં જોડાયેલાં હર્ઈ એક જ સાંધાનાં બનેલાં હોય છે. છાતીના ભાગ ઉપર કવચ જેવું મજબૂત ઢાંકણ હોય છે અને તેમાંના કેટલાકને બન્ને બાજુ મોઢા ઉપર ચાર ચક્ષુ હોય છે.

કર્કટ ૧. પું. એક જાતનો રતિબંધ.
૨ [સં.] પું. કમળનો કંદ.
૩. પું. કરચલો; કમઠ.
૪. પું. કાચો.
૫ પું. જોડેલા હાથનો એક અભિનય.
૬. પું. તુંબડાનો વેલો.
૭. પું. ત્રાજવામાં વચ્ચે નાખવાનો ઘોડાનો ખીલો.
૮. પું. બગલો.
૯. પું. રીંગણો.
૧૦. પું. સારસ.
૧૧. જી. (જ્યોતિષ) કર્ક રાશિ; વિષુવાંશ બસો વીસથી બસો ચાલીસ અને દક્ષિણાંશ પંચાવનથી પાંસઠ વચ્ચેનો તારાપુંજ.
૧૨. જી. કાકડાશૃંગી.
૧૩. જી કાકડી.
૧૪. જી. બીલીનું ઝાડ.
૧૫. જી. વૃત્તની ત્રિજ્યા.
૧૬. ન. વર્તુલ દોરવાનું યંત્ર; કંપાસ.

કર્કટક ૧. પું. એક જાતની રોટલી.
૨. પું. એક જાતનું યંત્ર; કંપાસ.
૩. પું. કરચલો; કમઠ. એની ઉપલી ચામડી દાણ જેવી સખત હોય છે.. તે જમીન ઉપર, મોટા પાણીમાં તથા દરિયામાં વસે છે. તે રેતીમાં ઈંડાં મૂકે છે. તેનો વિકાસ થયો જ ધીમો છે અને તે ઘણાં વર્ષ જીવે છે. જે પ્રાણી પાણીમાં રહે છે તેને જ વિદ્વાનો કર્કટક કહે છે અને જમીન ઉપર રહેનારને તેઓ કચ્છપ અથવા કૂર્મ કહે છે.
૪. પું. બીલીનું ઝાડ.
૫. પું. કાકડાનો વાંક.
૬. જી. (જ્યોતિષ) કર્ક રાશિ.
૭. જી. કાકડી.
૮. ન. ઘોડતા ઘોડાના પેટમાં ઊપજતો વાયુ.

કર્કટકી [સં.] જી. કરચલી

કર્કટકાંતિ [સં.] જી. ભૂમધ્યરેખાની સાડી ત્રેવીસ અંશ ઉપર પૃથ્વીને ફરવાની કાલ્પનિક રેખા; કર્કવૃત્ત.

કર્કટચોગ [સં.] પું. (જ્યોતિષ) શનિવારે છઠ, શુક્રવારે સાતમ, ગુરુવારે આઠમ, બુધવારે નોમ, મંગળવારે દશમ, સોમવારે અગિયારસ, અને રવિવારે બારસ આવવાથી થતો યોગ.

કર્કટરોગ [સં.] પું. વિદ્રધિ.

કર્કટવલ્લી [સં.] જી. જબ્બીપર; મોટી તીખી પીપર.

કર્કટશૃંગ ન. જેલમ નદીથી આસામ પ્રાંત સુધીમાં તેમ જ હિમાલયમાં ઊગતું એક ઝાડ. તેની ઊંચાઈ ત્રીસ ફૂટ જેટલી થાય છે. તેનાં પાંદડાં ને છાલમાંથી એક સફેદ રસ નીકળે છે. તેમાંથી ઊડી જાય એવું તેલ નીકળે છે. તેલનો ઉપયોગ કપડાં ઉપર નામ પાડવામાં કરાય છે.

કર્કટશૃંગિકા [સં.] જી. કાકડાશીંગી

કર્કટશૃંગી જુઓ કર્કટશૃંગિકા.

કર્કશ [સં.] જી. એક જાતની વેલ. તેને કારેલાંની માફક નાનાં ફળ આવે છે. તે ફળનું શાક થાય છે.

કર્કટાક્ષ [સં.] પું. કાકડી.

કર્કટાખ્યા [સં.] જી. કાકડાશીંગી.

કર્કટાદિલોહ [સં.] પું. (વૈદક) કાકડાશીંગી, અતિવિષની કળી, સૂંઠ, બાવળીનાં ફૂલ, બીલીનો ગર્ભ, વાળો, ચોય, ખોરના ઠળિયાનાં મીંજ એ બધાંનું વસ્ત્રગળ ચૂર્ણ કરવાથી બનતો આળકોનાં દરદોમાં વપરાતો અવલેહ. આ ચાટણ તાવ, ઝાડા અને સમહણી મટાડનાર મનાય છે.

કર્કટિ ૧. જી. એક જાતનું ઝાડ.
૨. જી. કાકડાશીંગી.

૩. [સં.] સ્ત્રી. કાકડી.
૪. સ્ત્રી. કાકડીનો વેલો.
૫. સ્ત્રી. સીમળાનું ઝાડ.

કર્કટિક [સં. કર્કટક] જ. કૂકડાનું કાકરાનું વંશ; કેપાસ.

કર્કટિકા ૧. [સં.] સ્ત્રી. કાકડી.
૨. સ્ત્રી. કાકડીનો વેલો.
૩. સ્ત્રી. ચીભડું.

કર્કટિની [સં.] સ્ત્રી. દારૂહળદર.

કર્કડી ૧. પું. પડો.
૨. પું. સાપ.
૩. [સં.] સ્ત્રી. કરચલી; ભેખડી.
૪. સ્ત્રી. કરકસરીગીરી.
૫. સ્ત્રી. કાકડી.
૬ સ્ત્રી. કુકડવેલ.
૭. સ્ત્રી. ચીભડાં.
૮ સ્ત્રી. નનામી; કાઠી.
૯. સ્ત્રી. વીજ્યુ.
૧૦. સ્ત્રી. કેપાસને બળતું વીટી માપવાનું ઓજાર.

કર્કટીવ્રત [સં.] ન. સ્ત્રીઓનું એક વ્રત. કર્ક સંક્રાંતિ બેસે ત્યારે શ્રાવણ માસમાં સ્ત્રીઓ આ વ્રત કરે છે. તેમાં કાકડીના વેલાનું પૂજન કરી શંકર પાર્વતી તથા તેના પોઢિયાનું પૂજન પણ કરાય છે.

કર્કટ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી; ભગલો.
૨. પું. કરચલો.

કર્કણી સ્ત્રી. એક સુંદર છોડ. તે કાશના વાવેતરમાં નકતરરૂપ થાય છે.

કર્કમકરણમ્ [સં.] ન. મહર્ષિ અંગીરસે રચેલ એક શાસ્ત્ર. તેમાં સૂર્યનાં કિરણોની શક્તિ તથા વનસ્પતિ, પથ્થર, રત્ન, શંખ, પરવાળાની ઉત્પત્તિ વગેરે બાબતનું વર્ણન કરેલ છે.

કર્કશ [સં.] ન. ઝીણું આમણું.

કર્કમંડલ [સં.] ન. (જ્યોતિષ) કર્કરાશિના તારાઓનો સમૂહ.

કર્કર ૧. [સં.] પું. આરસી; દર્પણ.
૨. પું. (પુરાણ) એ નામનો સર્પ.
૩. પું એક જાતનું નીલમ.
૪. પું. ચામડાનો કટકો.
૫ પું. ચૂનો.
૬. પું. મગદળ.
૭. પું. મોગરી; હથોડો
૮. પું.; સ્ત્રી. કાંકરો; પથ્થરની ઝીણી કરચ.
૯. ન. ચૂનાનો કાંકરો.
૧૦. ન. કાચકૂ; ખોપરીના કાકડાનો ટુકડો.
૧૧. વિ. ખરબચડું; કરકર થાય એવું.
૧૨. વિ. દુઃખિત; ગ્રસ્ત.
૧૩. વિ. મક્કમ; સ્થિર.
૧૪. વિ. મજબૂત; કઠણ.

કર્કરમુખ [સં.] પું. ધાતુવિદ્યાનો એક પુત્ર. તેમાં માટીનો મુશ્ય પરાવતા ચૂનાના પથ્થર બંધાય છે.

કર્કરા [સં.] પું. એક જાતનું ઉપગ્રહન.

કર્કરાક્ષ [સં.] જ. એક જાતનું પક્ષી; ખંજન પક્ષી.

કર્કરાજ [સં.] પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એક રાજાનું નામ.

કર્કરાશિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એ નામની રાશિ.

કર્કરાંગ જ. ખંજન પક્ષી

કર્કરાંધુક [સં.] પું. પગે અંધારવાળો કૂવો.

કર્કરિ ન. એક પ્રકારનું વાદ્ય.

કર્કરિકા [સં.] સ્ત્રી, આંખમાં બરજ આવવાનો રોગ.

કર્કરી સ્ત્રી. આરી; નાળવાવાનું પણી બાંધવાનું વાસણ.

કર્કરીક [સં.] ન. શરીર.

કર્કરીકૃત [સં.] વિ. કાંકરી જેવી કઠણ કરેલ.

કર્કરેખા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) વિષુવવૃત્તની ઉત્તરે ૨૩° ૨૭'ના અંતર ઉપર આવેલી રેખા; કર્કવૃત્ત.

કર્કરેહ [સં] પું. બંને હાથ મૂકી પકડો મારી કાઢી મૂકવું તે.

કર્કરેટુ [સં] ન. એક પક્ષી; એક જાતનો સારસ.

કર્કલોક [સં.] પું. ચમલોક.

કર્કવ [સં.] પું. ઉકાળેલ શેરડીનો રસ.

કર્કવર્તુલ [સં.] ન. કર્કરાશિનું વર્તુલ.

કર્કવંશ પું. વાંસની એક જાત.

કર્કવૃત્ત [સં.] ન. (જ્યોતિષ) ઉત્તરાયણ વૃત્ત; વિષુવવૃત્તથી ઉત્તરે વિષુવવૃત્તને સમાંતર ક્રાંતિવૃત્તના ઉત્તરાયણ બિંદુમાં પસાર થાય તે ગોળ. કર્કરાશિનું વર્તુલ; કર્કરાશિના ગંજાનો આકાર; 'ટ્રોપિક ઓવ કેન્સર'.

કર્કશ ૧. પું. એક ઋષિનું નામ.
૨. પું. એક જાતનું ઝાડ. તેનાં ફળ ચણોઠીને લેવાં થાય છે.
૩. પું. કઠોર અવાજથી ગાવું તે.
૪. પું. કાકડાશીંગ.
૫. પું કાસુંદરો.
૬. પું. તજનું ઝાડ.
૭. પું. તરવાર.
૮. પું. ગેરડી.
૯. ન. એક ઔષધિ; પટોલ.
૧૦. વિ. અત્યંત.
૧૧. વિ. અપવિત્ર; હલકું
૧૨. વિ. આકરું; કઠોર; સખત, કઠણ.
૧૩. વિ. કડવાશવાળું.
કર્કશ કરવું = કંકાસ કરવો; કજિયાદ કરવો.
૧૪. વિ. ખરબચડું.
૧૫. વિ. બરાબ ગાવું.
૧૬. વિ. ધાતું.
૧૭. વિ. ચીડિયું; સહેજસાજમાં બિગડી જતું.
૧૮. વિ. તીવ્ર; તીક્ષ્ણ.
૧૯. વિ. દુર્બોધ; ન સમજાય એવું.
૨૦. વિ. નિર્દય; ક્રૂર; ઘાતકી
૨૧. વિ. બેસૂરું; અમધુર.
૨૨. વિ. ભયંકર.
૨૩. વિ. મજબૂત.
૨૪. વિ. બરબાદી દરકાર નહિ કરનારું.
૨૫. વિ. રહો બડબાવળું.
૨૬. વિ. સાહસિક.

કર્કશચ્છદ [સં.] જ. પરવળ; પટોલ વૃક્ષ.

કર્કશતા ૧. [સં.] સ્ત્રી. કઠોરપણું; કઠોરતા.
૨. સ્ત્રી. ક્રૂરતા; નિર્દયપણું.
૩. સ્ત્રી. બેસૂરો અવાજ કે રાગ.
૪. સ્ત્રી. સાહસિકતા.

કર્કશત્વ ૧. [સં.] ન. કઠોરતા.
૨. ન. ક્રૂરપણું; નિર્દયપણું.
૩. ન. સાહસિકતા.

કર્કશપણું જુઓ કર્કશતા.

કર્કશપર્ણ જ. સર્પિપદી પ્રાણીનો ન વળી શકે તેવો કઠણ ભાગ.

કર્કશવાક્ય [સં.] ન. કઠોર વચન; ક્રૂર વાક્ય.

કર્કશા ૧. સ્ત્રી. એક જાતની વેલ; કુમારિકા.
૨. સ્ત્રી. કઠોર વેદના; આકરી પીડા.
૩. સ્ત્રી. કડવાશોની બાઈ; ટંટાખોર સ્ત્રી.
૪. સ્ત્રી. ખરાબ બોલવાળી બેવડા સ્ત્રી.
૫. સ્ત્રી બબ્બલી બોરનું ઝાડ.
૬. સ્ત્રી. લઘુ ભરદાસીંગીનું ઝાડ.
૭. વિ. સ્ત્રી. કેકાશિવણું; વઢકણી.
૮. વિ. સ્ત્રી. હલકી; બરાબ.

કર્કશિરુહા [સં.] સ્ત્રી. બંગલી બોરનું ઝાડ.

કર્કશૃંગી [સં.] સ્ત્રી. કાકડાશીંગી.

કર્કસરિષા ૧. સ્ત્રી. કંસારાની એક જાતની

૨. ન. એ નામની બટકનું માણસ.
૩. ન. કરકસર કરનાર.
૪. વિ. કંસારાની એક બટકનું.

કર્કસા ૧. [જુ. ખરખશા (કર્કશો)] સ્ત્રી. (તેમૂપ્ર) કર્કશો.
૨. સ્ત્રી. તોફાન.

કર્કસા ભૂમિ સ્ત્રી. (તેમૂપ્ર) સીમાડાની તકરારવાળી જમીન.

કર્કસાર [સં.] પું. દહીંમિશ્ર સાબરો.

કર્કંધુ ૧. [સં.] ન. એક જાતનું ગાક્ષણ; વનબોરેલાં; કકોડાં.
૨. ન. બોરડી.

કર્કંધુ જુઓ કર્કંધુ.

કર્કંધૂફલ [સં.] ન. બોર.

કર્કટક ન. કપાસ; વર્તુળ કાઢવાનું યંત્ર.

કર્કટસૂત્ર ન. કપાસ; વર્તુળ કાઢવાનું કડિયા તથા સુતારનું ઓજાર.

કર્કટિ ૧. [સં.] સ્ત્રી. કાકડી.
૨. સ્ત્રી. કોળું.
૩. સ્ત્રી. તુંબડું.

કર્કટિક ૧. [સં.] પું. કાકડીનો વેલો.
૨. પું. કોળાનો વેલો.
૩. પું. તરબૂચ.

કર્કટિ [સં.] ન. સક્કરટેટી.

કર્કટિફલ [સં.] ન. કુષ્માંડ; કોળું.

કર્કટી [સં. કર્ક + અર્ક (સૂર્ય)] પું. કર્ક રાશિનો સૂર્ય. જ્યારે સૂર્ય કર્કસંક્રાન્તિથી પ્રચાર થતો હોય ત્યારે તે કર્કટી કહેવાય છે.

કર્કટિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) કર્ક રાશિ.

કર્કટીપ્રસ્થ [સં] ન. પ્રાચીન હિંદનું એક રાજ્ય.

કર્કચવું જા. ક્રિ. (અ. સ.) ધ્યાન દેવું.

કર્કેતન [સં.] ન. એક જાતનું રત્ન.

કર્કેતર [સં.] પું. એક જાતનો કીમતી પત્થર.

કર્કોટ ૧. પું. એક સાપનું નામ.
૨. પું. કાશ્મીરનો એક રાજવંશ.
૩. પું. નાગોનો એક નાયક; કર્કોટક; નાગરાજ.
૪. પું. દરજીવાળો એક જાતનો વેલો.
૫. પુ. બીતીનું ઝાડ.
૬. સ્ત્રી. બોરડી.
૭. ન. એક જળચર; પાનકોવા. એક્વિઝમ, વરપ અને આફ્રિકાનાં નદી, તળાવ વગેરે પાણીવાળા ટેકરાળ જગ્યામાં તે જોવામાં આવે છે. પગે ભાગે નરમાદાની જોડી અથવા કોઈ કોઈ વખત ચાર પાંચ પણ સાથે ફરતાં દેખાય છે. તેની ચાંચ બદામી, પગ કાળા અને તેની બંગાઈ ચાર ફૂટની હોય છે. તેનો રંગ કાળો પણ મોટું, માથાની આજુબાજુ અને હડપચી ધોળાં હોય છે.

કર્કોટક ૧. [સં.] પું. (પુરાણ) કદ્રુપુત્ર એ નામનો એક નાગ. તે નારદના શાપને લીધે દ્વાપરમાં જાણતો હતો, તેમાંથી નળરાજાએ બચાવ કાઢી એને ઉગાર્યો હતો. એના ઉપકારમાં એણે નળને ઇચ્છા કરીને કેવળ વિરૂપ બનાવી દીધો હતો કે જેથી કલિથી એને પીડા ન થાય અને વનવાસમાં એને કોઈ ન ઓળખે. વનવાસ પૂરો થતાં નળનું રૂપ અગાઉના જેવું કરીને એ પોતાને સ્થાને ચાલ્યો ગયો હતો.
૨. પું. કારેલી વનસ્પતિ.
૩. પું. કોડિયા કાળસા નામની એક જાત; દક્ષિવિષ.
૪. પું. બીલીનું ઝાડ.
૫. પું. (પુરાણ) બાર નામના સર્પની સાથે પોષ મહિનામાં સંચાર કરનાર એક નાગ.
૬. સ્ત્રી. કોરડી.
૭. ન. અલ્લાઉદ્દીનથી એકતાળીસ માઈલ ઉપર વાયવ્યમાં આવેલું એ નામનું પ્રાચીન નગર. એ જગ્યાએ શક્તિ પાર્વતીનો હાથ કપાઈ ગયો હતો તેથી તે શક્તિપીઠ ગણાય છે.
૮. ન. કકોડું.
૯. ન. ભંગાણના ઉપસાગરને કાંઠે તામ્રલિપ્તિની સામે આવેલ આરાકાનનું પ્રાચીન નામ.

કર્કોટકી ૧. સ્ત્રી. કડવી પિસોળી.
૨. [સં.] સ્ત્રી. કંકોડાનો વેલો.

કર્કોટકી ફલ [સં.] ન. કંકોડું; કંટોલું.

કર્કોટતાપો [સં.] સ્ત્રી. કાશીમાં આવેલ એ નામનું એક તીર્થ.

કર્કોટિ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કંકોડી.

કર્કૌટક [સં.] પું. કંકોડું.

કર્કૌટકી [સં.] સ્ત્રી. કંકોડીની વેલ.

કર્ગ પું. જળપોપો.

કર્ગદન જુઓ કર્ણ.

કર્ગદા [હિં.] પું. કેડની આસપાસ પહેરવાની દોરી.

કર્ગહન [સં.] પું. રસણ.

કર્ચરિકા [સં.] સ્ત્રી. એક જાતની પૂરી; કચોરી.

કર્ચરી જુઓ કર્ચરિકા.

કર્ચૂર ૧. પું. કચૂરો; એરકોલ્લું.
૨. પુ. કાબરચીતરો રંગ.
૩. સ્ત્રી. બાંભણગાદર.
૪. ન. સુવર્ણ; સોનું.
૫. ન. હરતાલ.
૬. વિ. કાબરચીતરું.

કર્ચૂરક ૧. [સં.] પું. કપૂરકાચલી.
૨. પું. કાબરચીતરો રંગ.
૩ સ્ત્રી. હળદર.
૪. ન. સોનું.
૫. ન. હરતાલ.

કર્ચૂરો પું. એક જાતની ઔષધિ. કચૂરો, હરસ, રક્તપિત્ત, ખાંસી, કૃમ વગેરેમાં તે અપાય છે. તે કડવો હોઈ કરે. તે વાળવર્ધક છે અને ગૂમડાં રૂઝવે છે. સંગીતકારો તે ચાવે છે, કારણકે તે અવાજને શુદ્ધ કરે છે. તેનાં મૂળિયાં જંતુનાશક છે.

કર્ચની [હિં.] સ્ત્રી. લોઢાનો ઝારો.

કર્છી [હિં.] પું. મોટો ચમચો; કડછો.

કર્છોલ [હિં.] સ્ત્રી. કુદકો.

કર્છી [હિં.] સ્ત્રી. કડછી; ચમચો.

કર્છૂલ ૧. [હિં.] સ્ત્રી. નરમ લોઢાની તરવાર.
૨. સ્ત્રી. લોઢાનો ચમચો.

કર્જૂજા પું. એક જાતનું આજ; શકરાની જાતનું એક પક્ષી.

કર્જ (કર્ઝ) [અ.] પું. કરજ; દેવું.
૧. કર્જ આપવું કરવું–ચુકાવવું–ભોગવવું = દેવું ભરી દેવું; કરજમુક્ત થવું.
૨. કર્જ ઉઠાવવું–કાઢવું = દેવું કરવું; ઉધાર લેવું.
૩. કર્જ દેવું = ધીરવું; આપે આપવું.
૪. કર્જ રાખવું = દેણદાર હોવું.

કર્જખત (કર્ઝખત) [અ.] ન. કરારનામું.

કર્જખાહ (કર્ઝખાહ) [અ.] વિ. લેણદાર.

કર્જખુખાહ (કર્ઝખુખાહ) ૧. પું. ઉપરાણું કરનાર માણસ.
૨. વિ. ઉધાર દેનાર.

કર્જગીરિંદા (કર્ઝગીરિંદા) [અ.] વિ. દેણદાર.

કર્જમસ્ત (કર્ઝમસ્ત) વિ. દેવાના બોજવાળું.

કર્જદાર (કર્ઝદાર) ૧. પું. દેણદાર માણસ.
૨. વિ. દેવાદાર.

કર્જદારી (કર્ઝદારી) સ્ત્રી. દેવાદાર હોવું તે; ઋણગ્રસ્તતા.

કર્જનામા (કર્ઝનામા) [અ.] પું. કરજનો દસ્તાવેજ.

કર્જપત્ર (કર્ઝપત્ર) પું. ઋણસ્વીકારપત્ર લેણાની બાબતુ લિખી. કોઈ કંપનિને શેરહોલ્ડરો મારફત

મણેલી પૂંજીથી વધારે પૂંજીની જરૂર હોય ત્યારે તે આવી ચિઠ્ઠી કાઢે છે

કર્ઝમુક્તિ (કર્ઝમુક્તિ) જી. કરજમાંથી છુટકારો; ઋણમુક્તિ; ઋણશોધન.

કર્ઝરક્ષા (કર્ઝરક્ષા) પું. કરજનો દસ્તાવેજ. જુઓ કર્ઝપત્ર.

કર્ઝવહી (કર્ઝવહી) જી. દેણાંની નોંધનો ચોપડો.

કર્ઝવામ (કર્ઝવામ) ન. ઋણ; દેવું.

કર્ઝશોધ (કર્ઝશોધ) જી. દેણાની તપાસ.

કર્ઝા (કર્ઝા) [અ.] પું. કરજ; દેવું.

કર્ઝાઉ (કર્ઝાઉ) વિ. બાકીમાં લીધેલ.

કર્ઝી (કર્ઝી) ૧. [અ.] પું. કરજદાર; દેણદાર.

૨. વિ. ઉછીનું લીધેલું.

કર્ઝે મુતનાસેબ (કર્ઝે મુતનાસેબ) ન. વાંધાવાળું દેણું.

કર્ઝે હસના (કર્ઝે હસના) પું. વગર વ્યાજુ અને પૈસા લેનારની મરજી પડે ત્યારે આપવાની રકમ

કર્ઝે હસના જુઓ કર્ઝે હસના.

કર્ઠ (કર્ઠ) પું. કબાટ; મબ્બૂસ.

કર્ડા (કર્ડા) ૧. વિ. ખોટું.

૨. વિ. સખત; કઠણ.

કર્ડુ (કર્ડુ) જીરું. એક વન ઔષધિ. તેનાં બિયાંમાંથી તેલ અને ફળમાંથી કસ્તુંબા નામે લાલ રંગ નીકળે છે.

કર્ણ ૧. [સં.] સ. કિ. બોલવું; ભેદવું; વીંધવું.

૨. સ. કિ. (ધાતુ) સાંભળવું. તે ઉપરથી નીકળેલા શબ્દો: કર્ણ; કર્ણિત; કરણ.

કર્ણ ૧. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

૨. પું. એક જાતનું ઝાડ.

૩. પું. એક જાતનો તાલ.

૪. પું. (પિંગળ) એક સમમાત્ત વર્ણમેળ છંદ; ગુજરાતી. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે.

૫. પું. કર્ણનું મોલક.

૬. પું. (ગણિત) કાટખૂણ ત્રિકોણની કાટખૂણા સામેની લીટી.

૭. પું. કુંતીને સૂર્યથી ગૌમારાવસ્થામાં મંત્ર પ્રભાવથી થયેલ દીકરાનું નામ. કુમારી અવસ્થામાં બાળક થવાથી કુંતીને લાગ્યા આવતાં તેણે બાળકને પેટીમાં મૂકી તે પેટી અશ્વ નદીમાં તરતી મૂકી. પેટી સતકર્માના અધિરથ નામના પુત્રના જોવામાં આવી. અંદર બાળક જોઈ તેને બહુ હર્ષ થયો અને પોતાની રાધા નામની સ્ત્રીને તે આપ્યો. તેનું નામ વસુષેણ પાડ્યું. પાંડવો અને ધાર્તરાષ્ટ્રો જ્યારે દ્રોણાચાર્યની પાસે અસ્ત્રવિદ્યા શીખતા હતા ત્યારે કર્ણને પણ ત્યાં બોલાવામાં આવ્યો અને તે અસ્ત્રવિદ્યામાં અર્જુનનો બરાબરીનો નીકળ્યો તેથી દુર્યોધન તેના તરફ પ્રેમ રાખવા માંડ્યો અને તેને અંગદેશનું આધિપત્ય આપ્યું. વસુષેણ જન્મતો સૂર્યોપાસક હતો અને સૂર્યના મંત્રના પ્રભાવે જ જન્મ્યો હતો તેથી સૂર્ય તેના ઉપર પુત્ર પ્રમાણે ભાવ રાખતો. વસુષેણ જ્યારે જન્મ્યો ત્યારે એના શરીર ઉપર કવચ અને કાનોમાં દેદીપ્યમાન કુંડલો સહિત જન્મ્યો હતો. સૂર્ય એક દિવસ બ્રાહ્મણના રૂપમાં આવીને તેને કહ્યું કે ઉક્ત બ્રાહ્મણના રૂપમાં આવીને તારી પાસેથી કુંડળ અને કવચ માગશે ત્યારે તું આપીશ નહિ. જો આપે તો તેની અમોઘ શક્તિ લઈને આપજે. પણ કર્ણ જબરો દાનેશ્વરી હતો. ઉક્ત જબરે માગવા આવ્યો ત્યારે કાપીને પોતાના શરીર ઉપરથી કવચ, કુંડળો કાતરી આપ્યાં, તેથી તેનું નામ કર્ણ પડ્યું. પછી તેણે પરશુરામ પાસે જઈને વિદ્યા સંપાદન કરવાનો વિચાર કર્યો. પરશુરામ બ્રાહ્મણ સિવાય કોઈને વિદ્યા બક્ષતા ન હતા તેથી હું બ્રાહ્મણ છું એમ જૂઠું બોલીને તે ભણવા લાગ્યો. એક દિવસ કર્ણના ખોળામાં માથું મૂકીને પરશુરામ સૂતા હતા તેવામાં તીક્ષ્ણ કીટકોનિ પાળેલા એક કૈત્યે તેની સાથળ કોરવા માંડી. તેમાંથી બહુ લોહી નીકળ્યું કે પરશુરામ જાગી ઊઠ્યા અને કર્ણ દુઃખને લીધે જરા પણ હાલ્યો નહિ તેથી તે ક્ષત્રિય હોવો જોઈએ એવી શંકા ગઈ. તેને પૂછતાં તેણે કહ્યું કે હું સૂતપુત્ર છું. તે ખોટું બોલ્યો માટે પરશુરામે એને શાપ દીધો કે જે વિદ્યા તું અહીં ભણ્યો છે તે તને ૬૬ પ્રસંગે સ્ફુરશે નહિ. એક વખતે તે શિકારે ગયો હતો, ત્યાં એનું બાણ એક બ્રાહ્મણની ગાયને વાગવાથી તે મરી ગઈ. તે બ્રાહ્મણે એને શાપ આપ્યો કે યુદ્ધ પ્રસંગે તારા રથનું પૈડું જમીનમાં ઠળી જશે. એક વખત કર્ણે દિગ્વિજય કરી અપરિમિત દ્રવ્ય લાવી દુર્યોધનને આપ્યું હતું અને તેની પાસે વિશ્વાસ કરાવ્યો હતો. અજ્ઞાતવાસમાંથી પાંડવો પ્રગટ થયા પછી કૃષ્ણ જ્યારે પાંડવોને રાજ્ય આપવા માટે દુર્યોધનને સમજાવવા ગયા ત્યારે તેણે કર્ણને તેના જન્મની વાત કહી પાંડવોના પક્ષમાં આવવા કર્યું હતું પણ તેણે ના પાડી હતી. કુંતીએ પણ તેને બહુ સમજાવ્યો છતાં માન્યો નહિ, ત્યારે કુંતીએ કર્યું કે ધનુર્વિદ્યામાં અર્જુન તારો બરોબરિયો છે તેવા બીજા પાંડવો નથી, તેથી યુદ્ધમાં તું બીજા પાંડવોને હાથ અડાડીશ નહિ. કર્ણે કુંતીના આ કહેવાને માન્ય કર્યું હતું. પાંડવ-કૌરવના યુદ્ધ વખતે જેટલા દિવસ ભીષ્મ સેનાધિપતિ રહ્યા તેટલા જોટલે દહા દિવસ કર્ણે શસ્ત્ર ધારણ કર્યાં નહિ કારણકે એણે પ્રતિજ્ઞા કરી હતી કે ભીષ્મ હશે ત્યાંસુધી હું યુદ્ધ નહિ કરું. દ્રોણાચાર્ય પડ્યા પછી કર્ણને સેનાધિપતિપદ મળ્યું ત્યારે તેણે આવેશથી યુદ્ધ મચાવ્યું. સાંજે તેણે દુર્યોધનને કહ્યું કે જો રાજારાજ મારા સારથિ થવાનું સ્વીકારે તો મોક્ષ હું આવતી કાલે પાંડવોને મારી તને રાજ્યાભિષેક કરીશ. આ ઉપરથી કર્ણને લઈને દુર્યોધન રાજાના તંબૂએ ગયો અને તેને વિનતિ કરી, તેથી તેને ગુસ્સો ચઢ્યો. પણ તેની બ્યારે સ્તુતિ કરી ત્યારે તેણે સારથિ થવાનું કબૂલ રાખ્યું. બીજે દિવસે શલ્ય કર્ણનો સારથિ થયો પણ અર્જુનનાં વખાણ કરવા લાગ્યો. તે કર્ણથી સહન થઈ શક્યાં નહિ અને બંને વચ્ચે ટપાટપી ચાલતી હતી તેવામાં દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો અને બંનેને બોલતા અટકાવ્યા. પછી કર્ણે બરાબર યુદ્ધ આરંભ્યું. તેણે યુધિષ્ઠિર, સહદેવ, નકુળ વગેરેને હરાવ્યા પણ કુંતીના વચનથી જવા દીધા. પછી તેણે અર્જુન સાથે યુદ્ધ આદર્યું અને બહુ પરાક્રમ કર્યું પણ બ્યારે તેના રથનાં પૈડાં જમીનમાં ઊંડાં રહ્યાં તે વખતે અર્જુને તેને મારી નાખ્યો. બાણુશય્યાએ પોઢેલા સૂર્યપુત્ર કર્ણને બ્રાહ્મણ રૂપે શ્રીકૃષ્ણ તેને છળવા આવ્યા. બ્રાહ્મણને પરણ્યા ધન જોઈતું હતું. કર્ણે પ્રભુ વતી પથ્થર ભેગા કીધા ને તે વડે દાંતમાંથી સુવર્ણરેખા કાઢી. પણ બ્રાહ્મણને તે આપતાં સ્વસ્થિત કર્યું નહિ કારણકે રેખા અપવિત્ર હતી. તેથી તેને શુદ્ધ કરવા બાણ મારી ગંગાનીર આપ્યું. પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે વરદાન આપવાથી કર્ણે કુંવારી ધરતી ઉપર દહન માગ્યું. કૃષ્ણે કર્ણના શબને સ્કંધે ચઢાવી કાલિંદી વગેરે રથને હરી, ઉત્તરે રેવા તટે કરણાલી ગામે એને દાહ દીધો. કર્ણનાં ઘણાં નામ છે: વૈકર્તન, વસુષેણ, અધિરથિ, સૂતપુત્ર, રાધેય, અંગરાજ, ચાંપેય, કાનીન.

૮. પું. ખૂણો.

૯. પું. ગુરુ તરીકેનો શુભ.

૧૦. પું. ચાર માત્રાવાળા અગણની સંજ્ઞા.

૧૧. પું. જેનાથી કુંભાર જાતની ઉત્પત્તિ થઈ છે તે ઋષિ.

૧૨. પું. ઋષ્ય શૃંગવાળું હરણ.

૧૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પૈકીના એક દીકરાનું નામ.

૧૪. પું. બે બાજુવાળું પહેરવાનું ઘરેણું. પ્રવિતા ચરણ.
૧૫. પું. બે સ્વરનો સાંકેતિક શબ્દ.
૧૬. પું. (ગણિત) ભુજના અંતથી તે કોટિ સુધીની રેખા.
૧૭. પું. મંદિરની બેઠક ઉપરનો પ્રતિબદ્ધની નજીકનો ખૂણાવાળો ભાગ.
૧૮. પું. વાસણનો બાજુનો ઝાલવાનો ભાગ.
૧૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૯૬ અને ઉત્તર ક્રાંતિવૃત્ત ૧૦માં આવેલો ગ્રીન્ધ મહત્વનો બેઠ તારો.
૨૦. પું. (પિંગળ) ષટ્પદી છંદોની જાતનો બેઠ વિષમમાત્રામેળ છંદ. તેમાં ૧૮ લઘુ અને ૬૭ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૨૧. પું. સફેદ વાળ.
૨૨. પું. સાંભળવાની ઇંદ્રિય; કાન.
૨૩. પું. સુકાન.
૨૪. પું. હથિયારની ચેટી.
૨૫. સ્ત્રી. (ગણિત) ત્રોણાકોણની રેખા; આર કે વધારે બાજુવાળી આકૃતિમાં બે સામસામેના ખૂણાને જોડનાર લીટી.
૨૬. ન. બેઠ જાતની નારંગી.
૨૭. ન. બેઠ જાતનું મોટું વાજિંત્ર.
૨૮. ન. (જ્યોતિષ) ગયેલી તિથિને ભમરણી કરી, શુક્લ પક્ષની પ્રતિપદાને આદિ ગણી તેમાંથી બેઠ બાદબાકી કરી, સાતે બાજવાથી રહેતો શેષ. તેનાં નામ: બવ, બાલવ, કૌલવ, તૈતિલ, ગર, વણિજ, વિષ્ટિ, શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન.
૨૯. ન. હિંદુસ્તાન, આફ્રિકા અને અમેરિકામાં થતું બેઠ પક્ષી. તેને લાંબાં અને વળકતાં પીછાં હોય છે.
૩૦. વિ. લાંબા કાનવાળું.

કર્ણક ૧. પું. (પુરાણ) અત્રિના કુળમાં થયેલા ૭ મંત્રદ્રષ્ટાઓનો એ નામનો બેઠ.
૨. પું. બેઠ જાતનો તાલ.
૩. પું. બેઠ બ્રહ્મર્ષિ.
૪. પું. કાન.
૫. પું. કાનની પાછળ પહેરવાનું ઘરેણું.
૬ પું. ગાડની ડાણી અને પાંદડાં.
૭. પું. ગાડનો બેઠ જાતનો રોગ.
૮. પું. જન્મ માસનો સનેપાત.
૯. પું. ખોળા વાળ.
૧૦. પુ. હાથી.
૧૧. પું. હાથો.
૧૨. સ્ત્રી. કાન જેવા ઘાટની કીચ.
૧૩. ન. અધિક: હદનું ઉપલું ખાનું.

કર્ણકટુ ૧. પું. બેઠ પ્રકારનો રસરોગ.
૨. [સં.] વિ. કાનને કડવું લાગે એવું; કર્કશ; અપ્રિય.

કર્ણકઠોર [સં.] વિ. સાંભળતાં કાનને સખત લાગે એવું; અતકરું; કર્કશ.

કર્ણકર્દય જુઓ કર્ણકઠોર.

કર્ણકવા પું. કાનનો બેઠ જાતનો રોગ.

કર્ણક સન્નિપાત [સં.] પું. બેઠ જાતનો સન્નિપાતનો રોગ. તેમાં દરદીને જડબાટ, બહેરાપણું, ગળું પકડાવું, આખા શરીરમાં પીડા થવી, શ્વાસ, બાંસી, મોંમાથી લાળ પડવી, સખત તાવ, કાનનાં મૂળ પાસે ગળામાં દુખવું વગેરે ચિહ્નો જણાય. આ રોગમાં તાવ આવતા પહેલાં, મધ્યમાં આવ્યા તો અંતમાં કાનના મૂળ પાસે ભયંકર સોજો થઈ આવે. તે શરૂઆતથી જ હોય તો અસાધ્ય, મધ્યમાં હોય તો કષ્ટસાધ્ય અને અંતમાં હોય તો સુખસાધ્ય મનાય છે.

કર્ણકંડુ [સં.] ન. કાનનું બરજવું; કાનનો બેઠ જાતનો રોગ.

કર્ણકંડૂ જુઓ કર્ણકંડુ.

કર્ણકંબુક સ્ત્રી. કાનની બહારનો કંદરા.

કર્ણકટી સ્ત્રી. નર્મદા કિનારે આવેલું એ નામનું બેઠ શહેર.

કર્ણકોટ [સં.] પું. કાનના રોમમાં પડતાં જીવડાં.

કર્ણકોટરા [સં.] સ્ત્રી. નાનો કાનબજૂરો.

કર્ણકોટી જુઓ કર્ણકોટરા.

કર્ણકુઠ વિ. અપ્રિય કાનને સાંભળવું ન ગમે તેવું.

કર્ણકુબ્જ ૧. [સં.] પું. કનોજ દેશ.
૨. ન. કાંઠિયાવાડમાં આવેલું જૂનાગઢ.

કર્ણકુહર પું. નળી જેવો વચલો કાન; કાનનું છિદ્ર.

કર્ણકૂપ્રલ [સં.] ન. કાને પહેરવાનું કુંડળ; બેઠ જાતનું ઘરેણું.

કર્ણકૂર્મલી [સં.] સ્ત્રી. ચૂંળા જેવા દેખાવનું કાનનું ઘરેણું.

કર્ણકૃમિ [સં.] સ્ત્રી. કાનમાં કીડા પડવાનો રોગ.

કર્ણકોટર [સં.] પું. કાનની અંદરનો પોલો ભાગ.

કર્ણકોલાહલ પું. કાનાફૂસ; ગોસ્પટ.

કર્ણકોશ [સં.] ન. પ્રાચીન હિંદુનું બેઠ શહેર.

કર્ણકૌતુક [સં.] વિ. કાનને વિસ્મય પમાડે એવું.

કર્ણક્ષત [સં.] ન. કાન ઉપર પાડેલ ઘેદ.

કર્ણક્ષેપ [સં.] પું. કાનનો બેઠ જાતનો રોગ. તેમાં કાનની અંદર કાયમ બેઠ અવાજ થયા કરે છે.

કર્ણગઢ ન. ભારતવર્ષનું એ નામનું બેઠ તીર્થસ્થાન. બંગાળના મિદનાપુર જિલ્લામાં એ ગામ આવેલું છે. તે દાનવીર કર્ણનું નિવાસસ્થાન છે. અત્યારે પણ તેનું વિશાલ પથ્થરનું જૂનું મંદિર જંગલમાં જોવામાં છે.

કર્ણગતરોગ [સં.] પું. કાનનો રોગ.

કર્ણગમ્ય [સં.] વિ. કાનથી જાણી શકાય તેવું.

કર્ણગંગા [સં.] સ્ત્રી. ઘરવાલ પરગણામાં અલકનંદા નદીને મળનારી એ નામની નદી.

કર્ણગૂથ ૧. પું. કાનનો મેલ.
૨. [સં.] પું. કાનમાં મેલ જામી જવાનો રોગ. તેમાં કાનનો મળ પાતળો થઈ મોંમાં તથા નાકમાં આવે છે.

કર્ણગૂથક જુઓ કર્ણગૂથ.

કર્ણગોચર ૧. [સં.] ન. કાનથી થતું ઇંદ્રિય જ્ઞાન; કાનનો વિષય.
૨. વિ. સંભળાય તેવું; શ્રાવ્ય.
કર્ણગોચર થવું = હકીકત કાને આવવી; વાત સાંભળવી.
૩. વિ. સાંભળેલું; શ્રુત.

કર્ણઘાટ ૧. [સં.] પું. નાવિક.
૨. પું. સુકાની.

કર્ણચૂડિકા [સં.] સ્ત્રી. કાંબારિયાના ગોસ્તન પ્રવર્દન ઉપરથી ઉપજ થઈ કાનના કૂણેલા ભાગને લાગેલી એ નામની બેઠ પેશી. તે મનુષ્યોને નકામી છે, પરંતુ પશુઓને કાન ફટફટાવવામાં ઉપયોગી છે.

કર્ણચૂડિકા જુઓ કર્ણચૂડિકા.

કર્ણચ્છિદ્ર [સં. કર્ણ (કાન) + છિદ્ર (કાણું)] ન. કાનમાં છેદ; કાનમાં બાકું.

કર્ણચ્છેદ પું. કાનમાં છેદ; કાન વીંધવા કે કાપવા તે

કર્ણછંદ પું. (પિંગળ) ત્રણ ગણ, બેઠ લઘુ અને બેઠ પ્લુતનો બનેલો એ નામનો છંદ. તેમાં ૭ અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

કર્ણછિદ્ર જુઓ કર્ણચ્છિદ્ર.

કર્ણજપ ૧. [સં.] પું. બેઠની વાત બીજાને કહેનાર માણસ.

૨. ન. આડાપાઠી; આડી. એકની વાત બીજાને કહેવી તે.

૩. ન. નિંદા; બદગોઈ.

કર્ણજલૂકા [સં.] સ્ત્રી. કાનખજૂરો.

કર્ણજલૌકા [સં.] સ્ત્રી. કાનખજૂરો.

કર્ણજાપ જુઓ કર્ણજપ.

કર્ણજાહ [સં.] ન. કાનનું મૂળ.

કર્ણજિત [સં. કર્ણજિત્] પું. અર્જુન.

કર્ણજ્વર [સં.] પું. કાનમાં વેદના થવાપણું.

કર્ણતાડ (કર્ણતાડ) ૧. [સં.] પું. કાન ઉપરનો પ્રહાર.

૨. પું. હાથીના કાનનું આજુબાજુ અથડાવું તે.

કર્ણતાલ ૧. [સં.] પું. (સંગીત) એક ચતુસ્ર જાતિ આઠ માત્રાનો તાલ.

૨. પું. કાન ઉપર પ્રહાર કરવાપણું.

૩. પું. હાથીના કાનનું આજુબાજુ અથડાવું તે.

કર્ણતૈલ [સં.] ન. કાનમાં નાખવાનું તેલ.

કર્ણતોડ (કર્ણતોડ) વિ. કાન કાપી નાખે એવું, મોટા અવાજવાળું.

કર્ણત્રિભુજ [સં.] પું. (ગણિત) કોઈ પણ આકૃતિના ખૂણો દોરવાથી બનતા ત્રિકોણ.

કર્ણદર્પણ [સં.] ન. કાનનું બરેણું.

કર્ણદર્ભકર્ષક [સં.] ન. કાનની અંદરનો બધો ભાગ જેનાથી દેખાય એવી જાતની આરસી.

કર્ણદાહ [સં.] પું. કર્ણશોથ; કાનની અંદર બળતરા થવી તે.

કર્ણદુંદુભિ [સં.] પું કાનખજૂરો.

કર્ણદેવતા [સં.] સ્ત્રી. કાનનો દેવતા; વાયુ.

કર્ણદોષ [સં.] પું. સાંભળવાનો દોષ.

કર્ણદ્વાર [સં.] ન. કાનનો બહારનો ભાગ.

કર્ણધાક સ્ત્રી. કાનમાં ધાક પડી જવી તે; બહેરાપણું.

કર્ણધાર ૧. પું. કંપાસની બૂલ ખોળી કાઢનાર યંત્ર.

૨. [સ.] પું. ખલાસી; નાવિક.

૩. પું. ગુરુ.

૪. પું. નેતા; સુકાની.

૫. પું. વગાડિયો; ભોમિયો; માર્ગદર્શક.

૬. વિ. દુઃખ દૂર કરનાર.

૭. વિ. વહાણનું સુકાન ધારનાર; વહાણને ચલાવનાર.

કર્ણધારિણી [સં.] સ્ત્રી. કાણણી.

કર્ણધારી જુઓ કર્ણધાર.

કર્ણધૌતિ [સં.] સ્ત્રી. (યોગ) ધૌતિનો એક પ્રકાર. તર્જની અને અનામિકા એ બે આંગળીથી કાનનાં બંને છિદ્રને શુદ્ધ કરવાં તે. આથી એક પ્રકારનો શુદ્ધ આનંદ પ્રગટ થાય છે.

કર્ણનખ પું. બહારના કાનથી શરૂ થઈ અંદરના ભાગમાં થુમારે સવા ઇંચ ઊંડે, કાનના પડદા સુધી જતો કંઈક ગોળ નળ. કાન ઉપર પડતી ધ્વનિની લહેરો આ નળની ભીંત મારફત કાનના પડદાને પહોંચે છે. કર્ણનળમાં હવા ભરી હોઈ તેમાં પ્રતિધ્વનિ થાય છે.

કર્ણનળી ૧. સ્ત્રી. કાનની નળી; અવાજને કાનમાં જવાનો માર્ગ.

૨. સ્ત્રી. રોગપરીક્ષા માટે તપાસવાની નળી; 'સ્ટેથોસ્કોપ'.

કર્ણનાદ ૧. [સં.] પું. અઠ્ઠાવીસ જાતના કાનના રોગ માંહેનો એક. તેમાં કાનમાં ચાલુ ઝણઝણાટ થાય, થોડીવારી ધાક પડે. મધ્ય ભાગમાં મેલ અગર બહારની બીજાના દબાણથી આ રોગ થાય છે.

૨. પું. કાનને આંગળી વતી બંધ કર્યા પછી તેમાં સંભળાતો અવાજ.

કર્ણનાલિકા [સં.] સ્ત્રી. અવાજ લઈ જનારી નળી.

કર્ણનિર્વાક [સં.] પું. એ નામનો ઋષિ.

કર્ણપટલ [સં.] ન. કાનનો પડદો.

કર્ણપટહો (કર્ણપડહો) પું. મધ્યકાન તથા કર્ણનળીની વચમાં આવેલો પડદો. ધ્વનિની લહેરો કર્ણનખ દ્વારા આ પડદા ઉપર પડતાં અને મધ્ય કાનનાં અસ્થિ અને તેની અંદરની હવા દ્વારા અંદરના કાનમાં આવેલા અવયવતંતુ ઉપર અથડાતાં અવબોધન થાય છે.

કર્ણપત્ર ૧. [સં.] પું. કાન બહારનો ઘાટ.

૨. ન. પાંદડી; કાનમાં પહેરવાનું એક બરેણું.

કર્ણપત્રક [સં.] પું. કાનનું રક્ષણ કરનાર કાનનો એક ભાગ.

કર્ણપત્રભંગ [સં.] પું. કર્ણફૂલ, કુંડલ વગેરે કાનના આભૂષણ બનાવવાની રીત; સોસ માંહેની એક કલા.

કર્ણપથ [સં.] પું. કાનમાં રહેલો છિદ્રરૂપ માર્ગ.

કર્ણપરંપરા સ્ત્રી. એક કાનેથી ઉત્તરોત્તર બીજે કાને પડવું તે; શ્રવણપરંપરા.

કર્ણપરીક્ષા ૧. [સં.] સ્ત્રી. કાન વડે થતી પરીક્ષા.

૨. સ્ત્રી. કાનની ચિકિત્સા કરવી તે.

કર્ણપટ્ટ ન. કાનમાંથી વહેતો ગંધાતો પીળો પદાર્થ.

કર્ણપર્પટિકા [સં.] સ્ત્રી. કાનનો પડદો.

કર્ણપશ્ચિમા [સં.] સ્ત્રી. ખોપરીની બાજુ ઉપરની માંસપરાઢલામાંથી ઉત્પન્ન થઈ કાનના બહારના ભાગને લાગેલી એ નામની એક પેશી. તે મનુષ્યોને નકામી છે, પરંતુ પશુઓને કાન હલાવવામાં ઉપયોગી છે.

કર્ણપાક ૧. [સં.] પું. કાનનું પાકવું તે; કાનમાંથી પરૂ નીકળવાનો રોગ.

૨. પું બહારના કાનનો સોજો.

કર્ણપાલિ ૧. સ્ત્રી. કાનના લોલકમાં થતો એક રોગ.

૨. સ્ત્રી. કાનની બૂટ.

૩. [સં.] સ્ત્રી. કાનનું એક બરેણું; વાળી.

૪. સ્ત્રી. કાનનું રક્ષણ કરનાર કાનનો એક ભાગ

કર્ણપાલિકા ૧. [સં.] પું. (પિંગળ) પંક્તિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કમલ; મરાલિકા. તેમાં રગણ, યગણ, જગણ, અને એક ગુરુ મળી દસ વર્ણ આવે છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

૨. સ્ત્રી. કાનના ઉપરના ભાગમાં પહેરવાની વાળી.

કર્ણપાલી જુઓ કર્ણપાલિ.

કર્ણપાશ ૧. પું. કાનની બખોલ.

૨. [સં.] પું સુંદર કાન.

કર્ણપિશાચ ૧. [સં.] પું. બહેવા; બબાટો; લોકવાયકા.

૨. પું. કહેતાકહેતી સાંભળવાથી થયેલી અસર; બબેરણી

૩. પું. મંત્રથી વશ થતું કલ્પિત ભૂત એમ કહેવાય છે કે જેણે આ પિશાચ સાધ્યો હોય તેને તે ભૂત, ભવિષ્યમાં તથા ભોંયતી કઢીકત કાનમાં અદશ્ય રૂપે કહી જાય છે.

કર્ણપિશાચી ૧. [સં] પું. પિશાચના કહેવા ઉપરથી જવાબ આપનાર બેશી; કોઈ પિશાચની ઉપાસના કરવાથી તે પિશાચ ઉપાસના કરનારને કાનમાં પ્રશ્નનો જવાબ આપી જાય તેવો ભવિષ્યવેત્તા.

૨. સ્ત્રી. એક જાતની રેસી.

કર્ણપીડનાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. કમરને કેડ બણી બંને હાથ લાંબા કરી બંને પગને માથા બણી પાછા વાળી બંને

ઢીંચણ બેઉ કાનને અડાડી બંને પગનાં આંગળાં ભૂમિને અડાડી રિયર થવાથી આ આસન થાય છે. તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરનારું છે.

કર્ણપીડમૂલાસન (કર્ણપીડમૂલાસન) જુઓ કર્ણપીડનાસન.

કર્ણપુટ ૧. પું. અવાજ સાંભળવાનો કાનનો રસ્તો.
૨. પું. કાનનો પડદો.
૩. પું. બંને કાન

કર્ણપુત્રિકા [સં.] સ્ત્રી. કાનની પાળ.

કર્ણપુર ન. ભાગલપુરની પાસે આવેલું કર્ણગઢ; ચંપાપુરી.

કર્ણપુરી જુઓ કર્ણપુર.

કર્ણપુષ્પ ૧. [સં.] ન. કાન ઉપર લટકાવેલ મોતીનો તોરો.
૨. ન. કાનમાં પહેરવાનું ફૂલ.

કર્ણપૂર ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ.
૨. પું. કાનનું એક ઘરેણું.
૩. પું. ખાખરાનું ઝાડ.
૪. પું. શિરીષનું ઝાડ.
૫. ન. કર્ણફૂલ.
૬. ન. કાનનું એક ઘરેણું.
૭. ન. કાળું કમળ.
૮. ન. ભાગલપુરની પાસે આવેલ એક શહેર.
૯. ન. કાયીના કાનનું આભૂષણ.

કર્ણપૂરક જુઓ કર્ણપૂર.

કર્ણપૂરણ [સં.] ન. વૈદ્યકના નિયમ પ્રમાણે કાનમાં તેલ પૂરવાપણું.

કર્ણપૂર્વિકા [સં.] સ્ત્રી. ખોપરીની બાજુ ઉપરની માંસમેરાકલામાંથી થઈને કાનના બહારના ભાગને લાગેલી એ નામની પેશી. તે મનુષ્યોને નાભી છે, પરંતુ પશુને કાન હલાવવામાં ઉપયોગી છે.

કર્ણપ્રકોપ [સં.] પું. કાનનો એક જાતનો રોગ.

કર્ણપ્રતિનાહ [સં.] પું. કાનનો એક જાતનો રોગ.

કર્ણપ્રતિશ્યાય પું. એક જાતનો કાનનો રોગ.

કર્ણપ્રદાહ [સં.] પું. કાનનો સોજો; કાનમાં ચસકા આવવા તે.

કર્ણપ્રદેશ [સં.] પું. લમણાનો પ્રદેશ; કાનની આજુબાજુનો ભાગ.

કર્ણપ્રયાગ [સં.] ન. અલકનંદા અને પિંડાર નદીના સંગમ ઉપર આવેલ ચટવાલનું એક નામ. અહીં સ્નાન કરવાનું બહુ માહાત્મ્ય મનાય છે.

કર્ણપ્રવેશી [સં.] વિ. કાનને ત્રાસે એવું.

કર્ણપ્રાવરણ [સં.] પું. તે નામનો એક દેશ.

કર્ણપ્રાંત ૧. [સં.] પું. કાનની બૂટ.
૨. પું. (જ્યોતિષ) નૌકા; એ નામનું એક નક્ષત્રમંડળ.

કર્ણપ્રિય [સં.] વિ. કાનને મધુર લાગે એવું.

કર્ણફૂલ [સં.] પું. એક જાતનું માછલું.

કર્ણફૂલ [સં.] ન. બીજાને કાનમાં પહેરવાનું એક ઘરેણું, કુંડળ; કાંપ.

કર્ણબંધન [સં.] ન. (વૈદક) કાન ઉપર પાટો બાંધવો તે.

કર્ણબ્બિલ [સં.] વિ. બહેરું; બધિર.
કર્ણબ્બિલા હરિજન નવિ સુણઈ,
જિહા દઈસિ નવિ જાણઈ. વીમ

કર્ણભૂષણ [સં.] ન. કર્ણાભરણ; કાનનું એક ઘરેણું.

કર્ણભેદી [સં. કર્ણભેદિન્] વિ. કાન ફોડી નાખે તેવું.

કર્ણભેરી [સં. કર્ણ (કાન) + ભેરી (નગારું)] ન. કાનમાં આવતો અવાજ.

કર્ણમરડ [સં.] ન. આળસીની એક જાત.

કર્ણમધુર [સં.] વિ. સુસ્વર; કાનને સારું લાગે એવું.

કર્ણમલ [સં.] પું. કાનનો મેલ.

કર્ણમાધુર્ય [સં.] ન. સ્વરમધુરતા; કાનને ગમે તેવો અવાજ.

કર્ણમુકુર [સં. કર્ણ (કાન) + મુકુર (તાજ)] પું. ઓરિંગ; કાનનું એક ઘરેણું

કર્ણમૂલ ૧. પું. કાનના મૂળ આગળનો ભાગ.
૨. [સં.] પું. કાનનો સોજો; સન્નિપાત જ્વરમાં કાનના મૂળમાં થતો સોજો.

કર્ણમૂલગ્રન્થિ [સં.] સ્ત્રી. એ નામની એક પ્રાવરણી ગ્રંથિ એ ગ્રીવાગ્રન્થિચક્રનું આગલું પદ.

કર્ણમૂલપિંડ [સં.] ન. ગોસ્તન પ્રવર્દનકથી ઓળખાઈ આવતો કાંબાસ્થિનો પાછલો ભાગ. તે કાનના મૂળમાં રહેલો છે

કર્ણમૂલિકજ્વર [સં.] પું. આસપમોળાં; વાત, અને શ્લેષ્મના દૂષિત થવાથી ખાળકો અને યુવાનોમાં આ રોગ ફાટી નીકળે છે. એક પછી એક કાનનાં અને જડબાંનાં મૂળ પાસે સોજો આવી દુખાવો થાય અને તાવ આવે, ગાલ ફૂલેલા દેખાય અને ઠોઈ વાર ચહેરો લાલ થઈ જાય. સામાન્ય પાંચમે દિવસે પોતાની મેળે જ સોજો તથા પીડા શમી જાય.

કર્ણમૂલિકા [સં.] સ્ત્રી. કનુકૂટકર્ણની નામની ચેતાની પાછલી બાજુએ આવેલી એ નામની એક મોટી લાલા ગ્રંથિ. બધી લાલા ગ્રંથિઓમાં આ સૌથી મોટી છે. તેનો દેખાવ રૂના લોચા જેવો અને વજન બેથી ત્રણ તોલા જેટલું છે. તે કાનના મૂળની નીચે તથા આગળ હનુમુંડસંધિને વીંટીને રહેલી છે.

કર્ણમૂલિકાગ્રંથિ જુઓ કર્ણમૂલિકા.

કર્ણમૂળ ૧. પું. બારવીક જાતના કર્ણરોગ મહિનો એ નામનો એક રોગ; સન્નિપાત જ્વરમાં કાનના મૂળને આવતો સોજો.
૨. ન. કાનનું મૂળ; કાનના મૂળ આગળનો ભાગ. જે ઘોડાને બંને કાનની બહારની બાજુમાં ભમરી હોય તે ખરાબ મનાય છે.

કર્ણમૂળપિંડ પું. ગોસ્તન પ્રવર્દનક વડે ઓળખાઈ આવતો કાનના મૂળમાં રહેલો કાંબાસ્થિનો પાછલો ભાગ. કંઠ આગળના આ પ્રવર્દનકનું બોં નીચું છે. તે અંદરથી વાદળીના જેવું છિદ્રમય હોઈ તેનાં છિદ્રો કાનના અંદરના ભાગ સાથે સંબંધ રાખે છે.

કર્ણમૃદંગ [સં.] પું. કાનનો ઢોલ.

કર્ણમોટી [સં.] સ્ત્રી. દુર્માદેવીનું એક રૂપ.

કર્ણયવનિકા [સં.] સ્ત્રી. કાનનો પડદો.

કર્ણયુગ્મની સ્ત્રી. એ નામની એક દેવી.

કર્ણયોનિ ૧. [સં.] સ્ત્રી. યોનિરોગના વીસ માંહેનો એ નામનો એક પ્રકાર. કર્ણફૂલના આકારે યોનિ હોય તેમાંથી કફ અને લોહી નીકળે તે રોગ.
૨. વિ. કાનથી ગ્રહણ કરવા જેવું.
૩. વિ. કાનમાં જેનું મૂળ હોય એવું; કાનમાંથી ઉત્પન્ન થયેલું.

કર્ણરક્તસ્રાવ [સં.] પું. કાનમાંથી લોહી નીકળવાનો રોગ.

કર્ણરચનાશાસ્ત્ર [સં.] ન. કર્ણરોગશાસ્ત્ર.

કર્ણરવા સ્ત્રી. નર્મદા અને તાપીની દક્ષિણે આવેલી રામાયણ વખતની એ નામની નદી.

કર્ણરસિક [સં.] વિ. સાંભળવામાં રસ લેનારું; સાંભળવાનું શોખીન.

કર્ણરસી સ્ત્રી. કાનમાંથી નીકળતું પરૂ.

કર્ણરંધ્ર [સં.] ન. કાનનું છિદ્ર; કાનનું બોલક.

કર્ણરંધ્રધૌતિ [સં.] સ્ત્રી. (યોગ) ધૌતિનો એ નામનો એક પ્રકાર. જમણા હાથની તર્જની કે અનામિકા વડે બંને કર્ણરંધ્રોને ક્રમથી સારી રીતે ઘસવાથી વામ અને દક્ષિણ એ બંને પ્રકારની કર્ણરંધ્રધૌતિ થાય છે. આ ક્રિયા સતત કરવાથી નાદનું અનુસંધાન થાય છે.

કર્ણરિપુ પું. (જૈન) એ નામનો એક સિદ્ધ.

કર્ણરેખા [સં.] સ્ત્રી. (ગણિત) કાટખૂણા ત્રિકોણમાં કાટખૂણાની સામેની બાજુ; કર્ણરેખા.

કર્ણરેખા [સં.] સ્ત્રી. (ગણિત) કર્ણરેખા. કાટખૂણા ચોપૂણના સામસામેના ખૂણાનાં શિરોબિંદુને સાંધનારી સીધી લીટી.

કર્ણરોગ [સં.] પું. કાનનો વ્યાધિ; કાનના અક્ષુદ્રીય રોગ: (૧) કર્ણશૂલ, (૨) કર્ણનાદ, (૩) બધિર્ય, (૪) ક્ષ્વેડ, (૫) કર્ણસ્રાવ, (૬) કર્ણકંડૂ, (૭) કર્ણગૂથ, (૮) કર્ણ પ્રતિનાદ, (૯) કૃમિકર્ણ, (૧૦) કૃમિવિદ્રધિ, (૧૧) વર્ત્મ, (૧૨) કર્ણપાક, (૧૩) પૂતિકર્ણ, (૧૪–૧૭) વાયુ, પિત્ત, કફ અને લોહીના પ્રકોપથી થયેલા અર્શ, (૧૮–૨૧) વાયુ, પિત્ત, કફ અને લોહીના સોજા, (૨૨–૨૮) વાયુ, પિત્ત, કફ, લોહી, માંસ, મેદ અને નસોના અર્બુદ એટલે અર્બુદ જેવી ગાંઠો.

કર્ણરોગશાસ્ત્ર [સં.] ન. કર્ણરક્ષણશાસ્ત્ર.

કર્ણલ ૧. [સં.] વિ. કાનની બેઠક સહિતવાળું. ૨. વિ. કાનવાળું.

કર્ણલમ્બતા [સં.] સ્ત્રી. કાન નાના હોવાપણું.

કર્ણલતિકા સ્ત્રી. કાનની બૂટ.

કર્ણલતા ૧. [સં.] પું. (પિંગળ) અતિશર્કરીની જાતનો પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, બે જગણ અને બે સગણ આવે છે.

૨. જુઓ કર્ણપાલી.

કર્ણલતિકા [સં.] સ્ત્રી. કાનની બૂટ; કાનનું રક્ષણ કરનાર એક ભાગ.

કર્ણલોટી જુઓ કર્ણરેખા.

કર્ણવર્જિત ૧. [સં.] પું. સર્પ. અસલના લોકોનું એવું માનવું હતું કે સર્પને કાન નથી હોતા. પણ ખરી રીતે તેને આંખની પાસે કાનના છેદ દેખાઈ આવે છે.

૨. વિ. કાન વિનાનું.

૩. વિ. બહેરું.

કર્ણવર્ણન [સં.] ન. કાનનું બયાન.

કર્ણવલય પું. કાનનું કૂંડળ.

કર્ણવલયગર્ભ પું. અંદાજાર નલિકા.

કર્ણવંશ [સં.] પું. આંચડો; બાટલો.

કર્ણવાન સ્ત્રી. સંયુક્ત કુટુંબની અવસ્થા કરનાર સ્ત્રી. આ શબ્દ મલબારમાં બોલાય છે.

કર્ણવાલ ૧. પું. કાન અને વાળ.

૨. પું. કાન ઉપરના વાળ.

કર્ણવિદ્ધ [સં. કર્ણવિધ્] પું. કાનનો મેલ.

કર્ણવિદ્રુધિ પું. છત્રીસ નરકકુંડ માંહેનો એ નામનો કાનના મેલથી ભરેલો કુંડ.

> જે માણસ બહેરાંની હાંસી કરે અને અભિમાનથી નિંદા કરે તે માણસ કર્ણવિદ્રુધિમાં સો વર્ષ સુધી પડે છે. ભગવદી ભાગવત

કર્ણવિદ્યા [સં.] સ્ત્રી. કાન સંબંધી વિદ્યા.

કર્ણવિદ્યાવિશારદ [સં.] વિ. કાનને લગતી વિદ્યામાં પ્રવીણ.

કર્ણવિદ્રધિ [સં.] પું. કાનમાં થતો ગડ; કાનનો એક રોગ.

કર્ણવિવર [સં.] ન. કાનનું છિદ્ર; કાનનું બોલક; કર્ણરંધ્ર.

કર્ણવિવરજ [સં.] ન કાનમાં અવાજ જવાનો રસ્તો.

કર્ણવિશ ૧. પું. બોકની વાત બીજાને કહેવી તે.

૨. [સં. કર્ણવિષ્] સ્ત્રી. કાનનો મેલ.

કર્ણવિષ ૧. [સં. કર્ણવિષ્] સ્ત્રી. કાનનો મેલ.

૨. ન. કાનનું ઝેર; કાન ભંભેરવાપણું.

૩. ન. નિંદા.

કર્ણવીક્ષણયંત્ર [સં.] ન. કાન તપાસવાનું યંત્ર.

કર્ણવિધ ૧. [સં.] પું. કાન વીંધવા તે. પુષ્ય, ત્રણ ઉત્તરા, ધનિષ્ઠા, રેવતી, હસ્ત, અશ્વિની, શ્રવણ, ચિત્રા, પુનર્વસુ, અનુરાધા અને મૃગશીર્ષ એટલાં નક્ષત્રોમાં બાળકોના કાન વિંધાવવા એ સારું કહેવાય છે.

૨. પું. કાનમાં પાડેલું છિદ્ર.

૩. પું. હિંદુના સોળ માંહેનો કાન વીંધવાનો દરામો સંસ્કાર.

કર્ણવેધન [સં.] પું. કાન વીંધવા તે.

કર્ણવેધનક [સં.] પું. કાન વીંધવાના સંસ્કારને લગતો ઉત્સવ.

કર્ણવેધનિકા [સં.] સ્ત્રી. કાન વીંધવાની સોય.

કર્ણવેધની [સં.] સ્ત્રી. કાન વીંધવાની સળી.

કર્ણવેધસંસ્કાર [સં.] પું. કાન વીંધવાની ક્રિયા.

કર્ણવેધી ૧. [સં. કર્ણવેધિન્] વિ. કાનને કરવું લાગે એવું.

૨. વિ. કાનને વીંધે તેવું; તીક્ષ્ણ.

કર્ણવેષ્ટ ૧. [સં.] પું. એ નામનો પાંદડ પક્ષનો એક રાગ.

૨. પું. કુંડલ; કાનનું ઘરેણું.

કર્ણવેષ્ટક જુઓ કર્ણવેષ્ટ.

કર્ણવેષ્ટન જુઓ કર્ણવેષ્ટ.

કર્ણશક્તિ [સં.] સ્ત્રી. સાંભળવાની શક્તિ; શ્રવણ શક્તિ.

કર્ણશલ્ય [સં.] ન. કાનમાં પેસી ગયેલ બહારનો પદાર્થ.

કર્ણશષ્કુલિ ૧. [સં.] સ્ત્રી. ઉપકર્ણ; બહારનો કાન.

૨. સ્ત્રી. એક જાતની માછલી.

૩. સ્ત્રી. કર્ણભૂષણ; કાનનું ઘરેણું.

૪. સ્ત્રી. કાનની બૂટ.

૫. સ્ત્રી. કાનની લબાઈ.

૬. સ્ત્રી. કાનનું છિદ્ર.

૭. સ્ત્રી. કાનનો પડદો; કર્ણોદર.

કર્ણશંખ [સં.] પું. આભૂષણ તરીકે હાથીના કાનમાં પહેરાવવામાં આવતો શંખ.

કર્ણશૂલ ૧. [સં.] ન. કાનમાં નીકળતા અસહ્ય; કાન પાકવાથી થતું દુઃખ; કર્ણદાહ.

૨. વિ. સાંભળવું ન ગમે તેવું; કાનને પીડાકારક લાગે એવું.

કર્ણશૂળ જુઓ કર્ણશૂલ.

કર્ણશોધનક ન. કાનખોતરણી; કાનને ખોતરવાની સળી.

કર્ણશોફ પું. કર્ણપાક; કર્ણદાહ.

કર્ણશ્રવ ૧. [સં.] વિ. જેના શબ્દ સાંભળવા યોગ્ય હોય એવું.

૨. વિ. સાંભળી શકાય એવું; ઓછા અવાજનું.

કર્ણશ્રવા પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. પાંડવો દૈત વનમાં હતા ત્યારે તે તેમની પાસે હતો.

કર્ણસ્રાવ પું. કાનમાંથી રસી નીકળવી તે.

કર્ણસ્રુતવાસિષ્ઠ પું. એક ઋગ્વૈદિક ઋષિ. તેણે ઋગ્વેદના નવમા મંડળનું ૯૭મું સૂક્ત રચ્યું છે.

કર્ણસરોજ ૧. [સં.] પું. કાનરૂપી કમળ.

૨. પું. કુંડળ વગરના કાન.

કર્ણસંક્ષય ૧. પું. કાનમાંથી મેલ નીકળવો તે.

૨. પું. કાનમાંથી રસી નીકળવી તે; કર્ણસ્રાવ.

કર્ણસંજ્ઞાવ [સં.] પું. એક જાતનો કાનનો રોગ. જુઓ કર્ણસ્રાવ.

કર્ણસાગર પું. ખોદેરા પાસે રૂપેણ નદીને બાંધી કર્ણ સોલંકીએ બંધાવેલું તળાવ. તેનો બંધ ૭૫૦ વર્ષ ચાલી ઈ.સ. ૧૮૧૮માં તૂટી ગયો.

કર્ણસુખ ૧. [સં.] ન. ગમતી વાત સાંભળીને થતું સુખ.

૨. વિ. કાનને આનંદ આપનારું; કર્ણપ્રિય.

કર્ણસુવર્ણ ન. બંગાળમાં મુર્શિદાબાદ જિલ્લામાં ભરહામપુરની દક્ષિણે ૭ માઈલ ઉપર ભાગીરથીને જમણે કિનારે આવેલું રાંગામતી શહેર; કાનસોના. રાંગામતીની ભૌગોલિક ફેર લાલ છે. એની આખ્યાયિકા એવી છે કે, રાવણના ભાઈ વિભીષણને એક વખત બાલ્યકાલે રાંગામતીમાં જમવાને નિમંત્રણ આપ્યું હતું. એ સભ્યતાના ઉપકારમાં વિભીષણે ત્યાં સોનાનો વરસાદ વરસાવ્યો હતો, તેને લીધે એ જમીનનો રંગ લાલ થયો કહેવાય છે.

કર્ણસૂ [સં.] સ્ત્રી. કર્ણની માતા કુંતા.

કર્ણસ્પૃષ્ટ જાનુ પદ્માસન [સં] ન. (યોગ) એ નામનું પેટનું એક આસન. પદ્માસન વાળી બેઠા પછી હાથ પછવાડે મેળવવા અને નમીને જમણા ઓડણને જમણો અને ડાબો કાન અડાડવો. એ જ રીતે ડાબા ઓડણને ડાબો તથા જમણો કાન અડાડવો. આ આસનથી પેટ, પાંસળી, ગરદન અને પીઠ વિકાર રહિત બને છે.

કર્ણસ્રોદ્ધ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, તગણ, નગણ, જગણ, ગુરુ અને લઘુ મળી સત્તર વર્ણ હોય છે. તે અકૃતિ છંદનો ભેદ છે.

કર્ણસ્ફોટા સ્ત્રી. એ નામની એક ઔષધિ; નીલવસુ

કર્ણસ્રાવ ૧. [સં.] પું. કાનમાંથી પરુ વહેવાનો રોગ. કાનના પડદામાં ઘડો પડેલો હોય તેથી અથવા કર્ણનળીના માર્ગમાં ઘાટ પડ્યું હોય તેથી આ રોગ થાય છે.

૨. પું. કાનમાંથી મેલ નીકળવો તે.

કર્ણસ્રોત [સં. કર્ણસ્રોતસ] ન. કાનનો મેલ.

કર્ણસ્રોતોભવ [સ.] પુ વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલ મધુ અને કૈટભ નામના અસુર

કર્ણહલ્લીકા સ્ત્રી. કાનમાં ઝવડા પડવાનો રોગ.

કર્ણહીન ૧. [સં.] પું. સર્પ.

૨. વિ. કાન વગરનું

૩. વિ. બહેરું

કર્ણા [કા. કર્ના] પું. ચારણોની જાતનું એક વાદ્ય. તેના મોં ઉપર બાંધવાની અથવા હાથીદાંતની પિપૂડી અને પાતળો નાળો હોય છે.

કર્ણાકર્ણિ જુઓ કર્ણાકર્ણી.

કર્ણાકર્ણી ૧. સ્ત્રી. એકે કાનેથી બીજે કાને ફેલાયેલી વાત.

૨. સ્ત્રી. કાને કાને સાંભળવા જેવી એક બીજાની વાત.

૩. અ. એક કાનેથી બીજે કાને ફરતું હોય એમ.

કર્ણાધાર વિ. કર્ણધારિ.

કર્ણાધારપૃષ્ઠ ન. ત્રિકસ્થાનક.

કર્ણાભ્યવર્તી [સં. કર્ણાભ્યવર્તિન્] વિ. કાનની અગાશની બાજુ ઉપર આવેલ.

કર્ણાભ્યવર્તી ગ્રાળગ્રંથી સ્ત્રી. ચર્વણદંષ્ટિ; ઉપકર્ણ ગ્રંથિ. કાનની અગાશની બાજુએ આવેલી આ ગ્રંથી મોંમાં લાળ ઉત્પન્ન કરે છે.

કર્ણાઘાત [સં.] પું. કાનને અપ્રિય લાગવાપણું.

કર્ણાટ ૧. પું. એક જાતની વનસ્પતિ; એક જાતનો હંસરાજ.

૨. પું. કર્ણાટકી બકાયણ; એક જાતનો દ્રવિડ પ્રાણાયમ.

૩. [સં. કર્ણાટક] પું. દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો એ નામનો પ્રદેશ; રામાનંદ અને શ્રીરંગપટ્ટણ વચ્ચેનો કર્ણાટકનો ભાગ. એનું બીજું નામ કુંતલ દેશ છે અને એની રાજધાની કલ્યાણ છે. તારાતંત્રમાં લખ્યા પ્રમાણે મહારાષ્ટ્ર તેજ કર્ણાટપુર. તેની સીમા બાગલાણથી શ્રીરંગમ સુધી હતી અને તેની રાજધાની દ્વારાસમુદ્રમાં હતી. વિજયનગરના રાજાને પણ કર્ણાટ કહેતા. મૈસૂર, કુર્ગ, કાનડા અને દખ્તગત કરેલ બીજા જિલ્લા એ બધાને પણ કર્ણાટ દેશ કહ્યો છે. મૈસુરનું માલ્ય પણ કર્ણાટ કહેવાતું.

> મૂળમાં કર્ણાટ રાગને એક તાલી તાલ આપેલ છે. ગીતગોવિંદ

૪. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તે મેઘ રાગનો બીજો પુત્ર મનાય છે. તે રાતને પહેલે પહોરે ગવાય છે. હિંદીમાં તેને કાનડો કહે છે.

૫. સ્ત્રી. (સંગીત) દીપક રાગની છ સાંઠેની એક રાગિણી.

૬. ન. કાનના આકારનું એક વાદ્ય; રણશીંગું, તરૂક

કર્ણાટક ૧. [સં.] પું. કન્યાકુમારીથી ઉત્તર સરકાર સુધી આવેલો મદ્રાસ પ્રાંતનો ભાગ; કર્ણાટ; દક્ષિણ હિંદુસ્તાનનો એ નામનો એક પ્રાંત; કોરોમાંડલ કિનારા ઉપર આવેલો હિંદનો એક વિભાગ. હાલ તેનો મદ્રાસ ઇલાકામાં સમાવેશ કરવામાં આવેલ છે

૨. પું. ગોત્રપ્રવર્તક એ નામનો એક ઋષિ.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, ભગણ, જગણ, ભગણ, જગણ, ભગણ, બે નગણ, લઘુ અને ગુરુ મળી છવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો ભેદ છે.

૪. ન. એ નામનું એક વાદ્ય.

> કરણાટક કમાચ, સ્વર અઢારની સાર;
> નવલ ગાત્ર ખંજરી, બેહ આદિ વાદ્ય અપાર.
> નિજાનંદ

કર્ણાટકી ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.

૨. સ્ત્રી. એ નામની દ્રવિડ સંગીતની એક જાત.

૩. સ્ત્રી. કર્ણાટક દેશની સ્ત્રી.

૪. સ્ત્રી. ગણિકા; નાયકા.

૫. સ્ત્રી. (સંગીત) પંચમ રાગની એક રાગિણી.

૬. વિ. કર્ણાટકનું.

૭. વિ. સંગીતની એ નામની પદ્ધતિનું.

કર્ણાટકી કાફી પું. (સંગીત) એ નામનો એક રાગ.

કર્ણાટકી પદ્ધતિ સ્ત્રી. (સંગીત) દક્ષિણ હિંદમાં પ્રચાર પામેલી એ નામની સંગીતપદ્ધતિ. તેના આઠ ભાગ: પલ્લવી, કીર્તન, પદ, તાનવર્ણ, ચોકવર્ણ, જાવલી, ગીતા અને રામમાલિકા.

કર્ણાટકી સૈન્ય સ્ત્રી. તરવાર. દક્ષિણના રાજાઓ આ તરવાર વાપરતા.

કર્ણાટકીય વિ. કર્ણાટક દેશનું.

કર્ણાટિકી સ્ત્રી. (સંગીત) મદ્રાસ ઇલાકો અને મૈસુરમાં પ્રચલિત સંગીતપદ્ધતિ.

કર્ણાઢી ૧. સ્ત્રી. એ નામની એક લતા; હંસપદી.

૨. સ્ત્રી. (કાવ્ય) એક જાતનો શબ્દાલંકાર; અનુપ્રાસ. તેમાં માત્ર 'ક' વર્ગના અક્ષર આવે છે.

૩. સ્ત્રી. કર્ણાટ દેશની ભાષા.

૪. [સ.] સ્ત્રી. કર્ણાટ દેશની સ્ત્રી.

૫. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક શુદ્ધ રાગિણી. કેટલાકના મત પ્રમાણે તે દીપક રાગની પત્ની છે. તે રાતના બીજા પહોરની બીજી ઘડીમાં ગવાય છે. તેને કાનડી પણ કહે છે.

કર્ણાઢ્ય [સ.] ન. (શિલ્પ) એક જાતના આકારનું ઘર.

કર્ણાત્મજ [સં.] પું. કુમારી કુંતાના દીકરા કર્ણનો કુમાર.

કર્ણાદર્શ [સં.] પું. કુંડળ.

કર્ણાદિવટી સ્ત્રી. એ નામનું એક ઔષધ; હાથીપગું નામના દરદ માટે વપરાતી ગોળી. તેની બનાવટ: પીપર, વજ, સાટોડીનાં મૂળ, બીલીનો ગર્ભ અને વરધારો એ બધી ચીજ સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધમાં ગોળી વાળવી. તેની માત્રા એક વટાણાની છે. અનુપાન તરીકે કાંજી અપાય છે.

કર્ણાદોલન ન. અણુપરમાણુની ગતિ.

કર્ણાધાર [સં.] પું. સુકાની; વહાણ અથવા વિમાનને કાબૂમાં રાખનાર માણસ. બંદરોમાં સનદ ધરાવતા કર્ણાધાર રાખવામાં આવે છે.

જ્યારે વહાણ બંદર કે નદીમાં આવવા ઇચ્છે ત્યારે તેના તરફથી વાવટો બતાવવામાં આવે ઊંટલે સ્થાનિક કર્ણધાર લાં આવ જાવ વહાણ બંદરમાં લાવે. બંદરથી બહાર જતા વહાણમાં પણ જ્યાંસુધી તે વહાણ મહાસાગર કે ખુલ્લા પાણીમાં ન જાય ત્યાંસુધી સ્થાનિક કર્ણધાર જાય અને ત્યાંથી પાછો ફરે. હવાઈ વિમાનના કર્ણધાર અમુક ઠેકાણેથી કે અમતરા કર્યા પછી કર્ણધાર તરીકેનું પ્રમાણપત્ર મેળવી શકે છે.

કર્ણાટ્રજ [સં.] પું. ધર્મરાજ; યુધિષ્ઠિર. તે કર્ણની પાછળ જન્મેલ હોવાથી કર્ણાટ્રજ કહેવાય છે.

કર્ણાપવર્ણન [સં.] ન. કાનનું વિજ્ઞાનની રીતે કરેલું વર્ણન.

કર્ણાભરણક [સં.] પું. કરમાળો. તેનાં પીળાં ફૂલ કાનમાં પહેરાય છે.

કર્ણાભૂષણ [સં.] ન. કાનનું ઘરેણું.

કર્ણામૃત [સં.] ન. કાનને પ્રિય લાગે એવી વાત.

કર્ણારા [સં.] સ્ત્રી. હાથીના કાન વીંધવાની સણી.

કર્ણારિ ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. એક જાતનું ઝાડ; સાદડ.

કર્ણાર્જુન પું. એ નામનો એક નાટકકાર.

કર્ણાર્પણ [સં.] ન. કાન દઈ સાંભળવાપણું.

કર્ણાર્બુદ [સં.] પું. કાનમાં અર્જુન જેવી ગાંઠો થાય એવો કાનનો એક જાતનો રોગ.

કર્ણાર્શી [સં.] પું. કાનમાં થતા હરસ.

કર્ણાલંકાર [સં.] ન. કાનનું ઘરેણું.

કર્ણાવટી સ્ત્રી. (શિલ્પ) મકાનમાં કરાતો એક જાતનો ઘાટ.

કર્ણાવતંસ [સં.] ન. કાનનું ઘરેણું.

કર્ણાવતી ૧. સ્ત્રી. અમદાવાદ શહેર.

પોતાની રાજધાની ત્યાંથી ફેરવીને હાલનું અમદાવાદ જે તે વખતનું કર્ણાવતી હતું લાં રાખી.

મુ. સા. પરિષદ

૨. સ્ત્રી. આશાપલ્લી; કર્ણદેવે વસાવેલું ગુજરાતનું એક જૂનું શહેર. હાલના અમદાવાદ પાસે તે આવેલ હતું.

૩. સ્ત્રી. ખંભાતનું બીજું નામ.

૪. સ્ત્રી. ભુદેલખંડની એ નામની નદી.

કર્ણાવર્ણ ન. એક જાતનું ઝાડ.

કોઈ કોઈવાર કર્ણાવર્ણ, ખેર બાવળ જાતના ઝાડ.

નિરુપમાનંદ

કર્ણાવલંબન [સં.] ન. કાન તાણવાપણું.

કર્ણાશ્મ [સં.] પું. કાનની ઊંડાણમાં પડદાવાળા ભાગમાં બંધાતો ચૂનાખર જેવો; માછલાં અને તેવાં પ્રાણીના કાનમાંનો પથ્થર જેવો એક અવયવ.

કર્ણાસ્થિ [સં.] ન. કાનનું હાડકું; લમણા આગળનું કાનના ભાગનું હાડકું.

કર્ણાસ્થિશૃંગ [સં.] ન. કાનના હાડકાની ટોચ.

કર્ણાસ્ફોટ [સં.] ન. હાથીના કાનનો ફફડાટ.

કર્ણાંજલિ [સં.] સ્ત્રી. કર્ણબિલદ્વારિ બહારના કાનનો એક ભાગ. તેમાં અવાજનાં મોજાં અથડાય છે.

કર્ણાંજલી જુઓ કર્ણાંજલિ.

કર્ણાંતરદ્વાર [સં.] ન. પશ્ચિમ મહાભારતની દરેક બાજુએ આવેલું કાનનું અંદરનું દ્વાર.

કર્ણાંતિક [સં.] વિ. કાન પાસેનું.

કર્ણાંત્ર ન. એક જાતનું જંગલી પ્રાણી.

કર્ણિ ૧. [સં.] પું. કાન જેવા આકારનું ફળાવાળું એક જાતનું બાણ.

૨. પું. ભેદવું તે; ચીરી નાખવાપણું.

કર્ણિક ૧. [સં.] પું. બલારી.

૨. સ્ત્રી. એ નામની જડી.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ; કરેણ.

૪. સ્ત્રી. કમળની અંદરનો ભાગ.

૫. ન. એ નામની જડીનું માપસ.

૬. વિ. એ નામની જડીનું.

૭. વિ. લાંબા કાનવાળું.

૮. વિ. સુકાનવાળું.

કર્ણિકર ન. એક જાતનું ફૂલ.

કર્ણિકા ૧. [સં.] સ્ત્રી. અજરૂની નામનું છોડ; મેંદાસીંગનું ઝાડ.

૨. સ્ત્રી. અરણીનું ઝાડ; અગ્નિમંથ છોડ.

૩. સ્ત્રી. એ નામનું તરણપ્રસ્થિ.

૪. સ્ત્રી. (પુરાણ) એક અપ્સરાનું નામ.

૫. સ્ત્રી. કસ્તી; બીજકોશ.

૬. સ્ત્રી. કમળનો બીજકોશ; કમળનો ડોડો.

૭. [સં. કર્ણિકાર] સ્ત્રી. કરેણ; કરવીરનું ફૂલઝાડ. તે પીળા, ધોળા, લાલ, ગુલાબી એમ ચાર જાતની હોય છે.

૮. સ્ત્રી. કાનનું ઘરેણું; કર્ણફૂલ.

૯. સ્ત્રી. કાવેરી નદીનો એક ફાંટો.

૧૦. સ્ત્રી. કંટાવાળી રીંગણીનું ઝાડ.

૧૧. સ્ત્રી. ખૂણો.

૧૨. સ્ત્રી. ગાંઠ; ગ્રંથિ.

૧૩. સ્ત્રી. ગાંઠ.

૧૪. સ્ત્રી. છત્રનો અંદરનો ભાગ.

૧૫. સ્ત્રી. જેમાં બાંધેલા અંકુર ફાલ એવી યોનિ.

૧૬. સ્ત્રી. ગોટું દુઃખ; વ્યાધિ.

૧૭. સ્ત્રી. ધોળી જૂઈ.

૧૮. સ્ત્રી. કૂળનું દીંડું.

૧૯. સ્ત્રી. બહારનો કાન.

૨૦. સ્ત્રી. બિંબ.

૨૧. સ્ત્રી. લેખણનું કલમ.

૨૨. સ્ત્રી. વસ્ત્રની આંગળી.

૨૩. સ્ત્રી. વધારે સંભાળ જેવી તરેહનું કાને રાખવાનું એક જાતનું ઝૂંમણું.

૨૪. સ્ત્રી. (પુરાણ) વસુદેવના ભાઈ કંસની સ્ત્રી. એને ઋતુધામા અને જય એવા બે પુત્ર હતા.

૨૫. સ્ત્રી સફેદ ગુલાબ.

૨૬. સ્ત્રી. હાથીની સૂંઢની અણી.

૨૭. સ્ત્રી. હરણનું ઉપરનું ખાનું; રક્તાક્ષપની માંસમય થેલીના ઉપરના બે ખંડમાંનો દરેક.

કર્ણિકાકાર ૧. [સં.] પું. કમલ પુષ્પની કર્ણિકાનો આકાર.

૨. વિ. બાણની જેવું.

કર્ણિકાચલ [સં.] પું. સુમેરુ પર્વત.

કર્ણિકાપર્વત જુઓ કર્ણિકાચલ.

કર્ણિકાર ૧. [સં.] પું. એક જાતનું ફૂલઝાડ; કણેરનું ઝાડ.

૨. પું. કણેરનું ફૂલ.

૩. પું. ગરમાળો.

૪. પું. (પુરાણ) જટાયુના એક દીકરાનું નામ.

૫. પું. પદ્મકોષ.

૬. પું. શિવ.

કર્ણિકારપ્રિય [સં.] પું. સોનું.

કર્ણિકારમહાસહસ્રી [સં.] પું. શિવનાં હજાર માથેનું એક નામ.

કર્ણિકારેક્ષ [સં.] ન. એક નાની ધમની તથા નાડીને અરમકૂટમાં આઈ કાનમાં જવાનું છિદ્ર.

કર્ણિકારિ ન. એક સુંદર ઝાડ. તેનાં પાન ૧૦ થી ૧૪ ઇંચ લાંબાં અને ૬ થી ૧૦ ઇંચ પહોળાં હોય છે.

કર્ણિકી ૧. પું. એ નામનો એક પર્વત.

૨. [સં. કર્ણિકિન્] પું. હાથી.

કર્ણિની ૧. [સં.] પું. (પિંગળ) અસંકીર્ણ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, નગણ, ભગણ, અને બે ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. મર્મસ્થાનના ચીકણા પડદાની સપાટી ઉપર માંજર જેવી ગાંઠ થાય એવો યોનિરોગ.

કર્ણિરથ [સં.] પું. આચ્છાદન કરેલ રથ; પડદાવાળો રથ.

કર્ણિલ [સં.] વિ. લાંબા કાનવાળું.

કર્ણિશાર પું. (પિંગ) ત્રણ ભગણ, તગણ, લઘુ અને ગુરુ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ગઝલની બહનો એક લોકપ્રિય છે.

કર્ણી ૧. પું. એ નામનો એક યોનિરોગ. લુખ્યો કર્ણિની.

૨. પું. એ નામનો એક વર્ષપર્વત.

૩. પું. કાન જેવા આકારના ફળાવાળું એક જાતનું ઝાડ; કર્ણિ.

૪. પું. વછેરો.

૫. પું. સુકાની.

૬. સ્ત્રી. કાંટાવાળું તીર.

૭. સ્ત્રી. મૂલદેવ રાજાની માતા.

૮. ન. કરેણનું ઝાડ.

કર્ણી ભલથી મોય ભંજન, કુમુક દાડમ સોહામણી,
સિંગ સિંગેર્ય કદા બધા, જેની બરોબરી કોર નથી.
નિષ્કુલાનંદ

૯. વિ. વધેલા કાનવાળું; લાંબા કાનવાળું.

૧૦. વિ. વાળાવાળું.

કર્ણીકાર લુખ્યો કર્ણિકાર.

કર્ણીજપ [સં.] પું. પીઠ પાછળ નિંદા કરનાર; ચુગલીખોર.

કર્ણીરથ ૧. પું. (પુરાણ) એક વહાણનું નામ.

૨. [સં.] પું. બાજપક્ષી; ગોળા.

કર્ણીસુત ૧. [સં.] પું. કેસ રાક્ષસ.

૨. પું. મૂલદેવ રાજા; ચોરીના શાસ્ત્રનો રચનાર.

કર્ણેજપ ૧. [સં.] પું. કાનમાં કહેનાર પુરુષ.

૨. પું. ખલ; દુર્જન.

૩. પું. ચાડિયો.

કર્ણેડુ [સં.] ન. ઝીનું કાનનું એક ઘરેણું; કાનનો અર્ધચંદ્રાકાર એક દાગીનો. તે કાનની બાહ્ય બાજુએ પહેરાય છે.

કર્ણેન્દ્રિય [સં.] સ્ત્રી. કાનરૂપી ઇંદ્રિય સાંભળવાનો અવયવ; કાન; શ્રવણ; શ્રોત.

કર્ણોચ્છેદ [સં. કર્ણ (કાન) + ઉચ્છેદ (નાશ)] પું. કાન કાપી નાખવા તે.

કર્ણોત્તંસ ન. કાનનું ઘરેણું.

કર્ણોપલ [સં.] ન. કર્ણોત્તંસ તરીકે વપરાતું કમળ.

કર્ણોષ્ઠ [સં.] ન. કાનનો પડદો.

કર્ણોપકર્ણ ૧. ન. ઉત્તરોત્તર; એક પાસેથી બીજા પાસે.

૨. ન. એક કાનેથી બીજે કાને; કર્ણોકર્ણિ.

૩. ક્રિ. વિ. ધીરે ધીરે.

કર્ણોપકર્ણિ ૧. [સં.] સ્ત્રી. એક કાનેથી બીજે કાને ચાલેલી વાત; કાન.

૨. વિ. બોલેલું નહિ પણ સાંભળેલું; ઊડતું સાંભળેલું.

૩. ન. કર્ણોકર્ણિ; એક કાનેથી બીજે કાને.

કર્ણોપકર્ણિક લુખ્યો કર્ણોપકર્ણિ.

કર્ણોપકર્ણિકા [સં.] સ્ત્રી. કાને કાને પરસ્પર સાંભળવારૂપ વાતચીત; અફવા.

કર્ણોપદિષ્ટ [સં.] વિ. ગુરુનું જ્ઞાન.

કર્ણોર્ણ [સં.] ન. એક જાતનું ઘરેણું.

કર્ત ૧. [સં.] સ. કિ. (ધાતુ) બનેલું.

૨. સ. કિ. પોચું કરવું; ઢીલું કરવું.

કર્તક ન. કામ; કૃત્ય.

કર્તકા સ્ત્રી. નાની તરવાર; ચાકુ.

કર્તદંત [સં. કૃત્ (કાપવું) + દંત (દાંત)] પું. ચોરસ કાપવામાં વપરાતો દાંત.

કર્તદંતી ૧. [સં.] ન. કરડી ખાનારું પ્રાણી.

૨. વિ. કાપવા માટે જરૂરી તીક્ષ્ણ દાંત કે દાતવાળું.

કર્તન ૧. [સં.] ન. કાપવું તે; ઉચ્છેદ; છેદન; કાપણી.

૨. ન. કાંતવું તે.

૩. ન. ઢીલું કરવું તે.

૪. ન. દગો; કપટ.

૫. વિ. કાપી નાખે એવું.

કર્તનકર્તન પું. છેદક દાંત.

કર્તનકર્તન પું. ચોરાકના ટુકડા કરનાર દાંત.

કર્તનશીલ વિ. કરડી ખાનાર.

કર્તનશીલપ્રાણી ન. કરડી ખાનારું પ્રાણી.

કર્તનિકા ૧. [સં.] સ્ત્રી. કાતર.

૨. સ્ત્રી. જ્યોતિષ પ્રસિદ્ધ એક યોગ.

૩. સ્ત્રી. નાની છરી.

૪. સ્ત્રી. નાની તરવાર; કટાર.

કર્તની લુખ્યો કર્તનિકા.

કર્તર ૧. પું. કલા; કુનર.

૨. [સં. કર્તૃ] પુ. (હિંદી) કારક પંચો.

૩. પું. ભાદ્ર કરણ.

૪. પું. બુદ્ધિ.

૫. પું. અવસર.

કર્તરકારી સ્ત્રી. કાપ કરવાની શક્તિ.

કર્તરિ [સં.] ન. કાતર; કાતરવાનું સાધન.

કર્તરિ વિ. કાર્યના અર્થનું અભિધાન કરનાર.

કર્તરિક ન. સત્યક્રિયાનાં બીજ માટેનું એ નામનું એક ક્ષેત્ર.

કર્તરિકા ૧. [સં.] સ્ત્રી. કાતર; કાતરવાનું સાધન.

૨. સ્ત્રી. છરી.

૩. સ્ત્રી. નાની તરવાર.

કર્તરિપ્રયોગ ૧. પું. (વ્યાકરણ) જે પ્રયોગ કરતાં કર્તાનું લિંગવચનનો સંબંધ ક્રિયાપદ સાથે રહેતો હોય તે; જેમાં કર્તા પ્રમાણે ક્રિયાપદ બદલે અને વચન જેવું હોય તેવો પ્રયોગ. પ્રયોગ ત્રણ છે: ૧. અકર્મક કર્તરિ: જેમકે, બાળ સમજી જોયો. ૨. સકર્મક કર્તરિ: જેમકે, મંગા ખોરાક ખાતી નથી. અને ૩. ભાવ કર્તરિ: જેમકે, ચેટમાં કુદાયે છે.

૨. પું. મૃગ ભેદ.

કર્તરી ૧. પું. જોડેલા હાથના બોલીસ માંહેનો એક જાતનો અભિનય.

૨. પું. વસુ અક્ષરવાળા મંત્રનું નામ.

૩. [સં. કૃત્ (કાપવું)] સ્ત્રી. કાતર; કાપવાનું ઓજાર; કાતરણી.

૪. સ્ત્રી. બત્રીસ માંહેનું એક દંતાયુધ.

૫. સ્ત્રી. છરી.

૬. સ્ત્રી. તાલ દેવાનું એક વાદ્ય.

૭. સ્ત્રી. નાની તરવાર.

૮. સ્ત્રી. કલિત જ્યોતિષનો એક યોગ. જ્યારે બે ક્રૂર ગ્રહો વચ્ચે ચંદ્રમા કે કોઈ લગ્ન હોય ત્યારે કર્તરી યોગ થાય છે.

કર્તરીમુખ પું. એક હાથના બત્રીસ માંહેનો એક પ્રકારનો અભિનય.

કર્તરીમુખહસ્ત [સં.] પું. અનામિકાને અંગૂઠાથી નમાવી દઈ, મધ્યમા અને તર્જનીને સહેજ વહોળી કરવાથી થતો એક અભિનય.

કર્તરીવૃત્તિ [સં.] સ્ત્રી. (વ્યાકરણ) કાર્યના અર્થમાં વપરાતી જુદી વિભક્તિ. ગુજરાતીમાં બહુધા એવો પ્રયોગ કૃદંતનો બીજે થાય છે. જેમકે, રાજાનો પ્રધાનો.

કર્તવ્ય ૧. [સં. કૃ (કરવું)] ન. અવશ્ય કરવું કે કરવું તે.

૨. ન. કર્મ; કામ; કૃત્ય.
૩. ન. ધર્મ; ફરજ.
૪. ન. વર્તન; વર્તાવ; આચાર.
૫. વિ. કરવા જેવું.
૬. વિ. છેદવા જેવું; કાપવા જેવું.
૭. વિ. બરડું.

કર્તવ્યકરણ [સં.] ન. કરવા જેવું કામ.

કર્તવ્યકર્મ [સં. કર્તવ્ય (કરવા જેવું) + કર્મન્ (કામ)] ન. કરવાનું કામ; નિત્ય ફરજ.

કર્તવ્યક્ષમ વિ. કામમાં કે કર્તવ્યમાં ધ્યાન રાખનાર.

કર્તવ્યક્ષેત્ર [સં.] ન. કામ કરવાનો વિસ્તાર.

કર્તવ્યગણિત ન. વ્યાવહારિક રીતે હિસાબ કે રકમના સંબંધી ગણિતનો વિભાગ.

કર્તવ્યગામી [સં. કર્તવ્યગામિન્] વિ. કર્તવ્યપરાયણ; બરાબર ફરજ બજાવે એવું.

કર્તવ્યચ્યુત [સં.] વિ. કર્તવ્યથી પડેલું; ફરજ ચૂકેલું.

કર્તવ્યચ્યુતિ [સં.] સ્ત્રી. ફરજભંગ; કર્તવ્યવિમુખતા; કર્તવ્યભ્રષ્ટતા.

કર્તવ્યજ્ઞ [સં.] વિ. પોતાની ફરજ સમજનાર.

કર્તવ્યજ્ઞાન સ્ત્રી. કામ કરવાનો ખુલાસો.

કર્તવ્યતા ૧. સ્ત્રી. કરવાની રીત.
૨. સ્ત્રી. કરવાપણું.
૩. સ્ત્રી. કર્તવ્યબુદ્ધિ; ફરજનું ભાન.
૪. સ્ત્રી. કર્મકાંડની ક્રિયા.
૫. સ્ત્રી. કામ; કર્મ.
૬. સ્ત્રી. ધર્મ; ફરજ.

કર્તવ્યત્વ [સં.] ન. કરવા યોગ્યપણું.

કર્તવ્યદક્ષ [સં.] વિ. કામ કરવામાં હોશિયાર; બાહોશ.

કર્તવ્યદર્શક [સં.] વિ. ફરજ બતાવનારું.

કર્તવ્યદ્રોહ [સં.] પું. કર્તવ્યથી વિમુખ થવાપણું; ફરજભંગ.

કર્તવ્યધુરા [સં.] સ્ત્રી. કામની ચૂંસરી; કામનો બોજો; ફરજનું ભારણ.

કર્તવ્યનિશ્ચય [સં.] પું. કામ પર ચડવાનો દૃઢ સાલ્પ.

કર્તવ્યનિષ્ઠ [સં.] વિ. કર્તવ્યપરાયણ; પોતાની ફરજને વળગી રહેનાર.

કર્તવ્યનિષ્ઠતા [સં.] સ્ત્રી. કર્તવ્યપરાયણતા.

કર્તવ્યનિષ્ઠા જુઓ કર્તવ્યનિષ્ઠતા.

કર્તવ્યપદ્ધતિ ૧. ન. કરવાની રીત.
૨. ન. કરવાપણું.
૩. ન. કર્તવ્યતા; ફરજ.

કર્તવ્યપથ [સં.] પું. ફરજનો માર્ગ.

કર્તવ્યપરાયણ [સં.] વિ. ફરજને વળગી રહેનાર; કર્તવ્યનિષ્ઠ.

કર્તવ્યપરાયણતા [સં.] સ્ત્રી. કર્તવ્યનિષ્ઠતા; ફરજને વળગી રહેવાપણું.

કર્તવ્યપાલન [સં.] ન. ફરજ બજાવવી તે; કર્તવ્યનું પાલન.

કર્તવ્યપ્રદેશ પું. કામ કરવાનો વિસ્તાર.

કર્તવ્યપ્રીતિ [સં.] સ્ત્રી. કામમાં પ્રીતિ; કામમાં હોંસ.

કર્તવ્યબળ ન. કામ કરવાનું જોર.

કર્તવ્યબંધન ન. ફરજનું બંધન.

કર્તવ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. ફરજની સમજ.

કર્તવ્યભાન ન. કર્તવ્યનું ભાન; પોતાની ફરજની સમજણ.

કર્તવ્યભાવના સ્ત્રી. ફરજનો ખ્યાલ.

કર્તવ્યભૂખ્યું વિ. ફરજ બજાવવાને આતુર.

કર્તવ્યભૂમિતિ સ્ત્રી. (ગણિત) તંત્ર રૂપે કોઈ સિદ્ધ કરવાનું ન હોય તેવી ભૂમિતિ; ' પ્રૉબ્લેમ્સ ઑફ જ્યૉમિટ્રિ '.

કર્તવ્યભ્રષ્ટ [સં.] વિ. ધર્મભ્રષ્ટ; ફરજભંગ કરનાર.

કર્તવ્યભ્રષ્ટતા સ્ત્રી. કર્તવ્ય નહિ બજાવવાપણું.

કર્તવ્યમંત્રણા ન. માંડવાળ; બાપલે; બેમૂફ.

કર્તવ્યમૂઢ ૧. [સં.] વિ. મજાકટના કારણથી કંઈ ન કરી શકે એવું.
૨. વિ. પોતાની ફરજ ન સમજનાર.

કર્તવ્યરત [સં.] વિ. કામમાં મશગૂલ.

કર્તવ્યલીન [સં.] કામકાજમાં મગ્ન.

કર્તવ્યવશ [સં.] વિ. કામને આધીન.

કર્તવ્યવાદ [સં.] પું. કર્મમાં માનવું તે.

કર્તવ્યવિમુખ [સં.] વિ. પોતાની ફરજ ભૂલી જનાર.

કર્તવ્યવિમૂઢ જુઓ કર્તવ્યમૂઢ.

કર્તવ્યવિષયક [સં.] વિ. કર્તવ્ય સંબંધી.

કર્તવ્યશાસ્ત્ર [સં.] ન. નીતિશાસ્ત્ર નીતિવિદ્યા.

કર્તવ્યશીલ [સં.] વિ. કામ કરવાના વલણવાળું.

કર્તવ્યશૂન્ય [સં.] વિ. કામ કરવાની ઇચ્છા ન હોય એવું; આળસુ.

કર્તવ્યાકર્તવ્ય [સં.] ન. કરવા જોગ અને નહિ કરવા જોગ કામ; ઉચિત તથા અનુચિત કર્મ.

કર્તવ્યાભિમુખ [સં.] વિ. કરવા જેવા કામ તરફ વળેલું.

કર્તવ્યેચ્છા [સં.] સ્ત્રી. કામ કરવાની લાગણી.

કર્તા ૧. [સં. કર્તૃ] પું. આદિ પુરુષ; સ્થાપક; ઉત્પાદક; પેદા કરનાર.
૨. પું. કરનાર પુરુષ; બનાવનાર માણસ.
૩. પું. કરારની રૂએ અરજ કરનાર.
૪. પું. (વેદાંત) કાર્યના ઉપાદાનનું જ્ઞાન, કાર્ય કરવાની ઇચ્છા, અને પ્રયત્નજન્ય પ્રયત્ન, એ ત્રણનો જે આધાર હોય એટલે એ ત્રણ જેનામાં હોય તે.
૫. પું. ક્રિયાનાયક; વાક્યના અર્થમાં ક્રિયાનું કરનારું કહ્યું છે એમ જેને વિષે બોલાતું હોય તે.
૬. પું. ગ્રંથકર્તા; રચયિતા; રચનાર.
૭. પું. માલક; કર્મકારી.
૮. પું. તાવથી થતો દાહ.
૯. પું. ધર્મગુરુ.
૧૦. પું. પરમેશ્વર; કિરતાર; વિધાતા.
અહો ! કર્યું સુખી જોઈ કર્તાએ નિરખું દીસે.
કલાપી
૧૧. પું. પરિચાલક; વ્યવસ્થાપક.
૧૨. પું. (વેદાંત) બીજા કોઈ કારણથી પ્રેરાવા યોગ્ય ન હોઈને સઘળાં કારકોનો પ્રયોક્તા.
૧૩. પું. પતિ.
૧૪. પું. જન્મ કુટુંબનો મોટુમિક વહીવટકાર.
૧૫. પું. વગેરે ક્રિયાના પાંચ પ્રકારના કારક માંહેનો એક; યજમાને પોતાના તરફથી હોમવાને નીમેલો બ્રાહ્મણ.
૧૬. પું. યોજક; પ્રયોક્તા.
૧૭. પું. (વેદાંત) વિજ્ઞાનમય કોશની ઉપાધિવાળો આત્મા.
૧૮. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ સ્વતંત્ર હોવાથી તે કર્તા કહેવાય છે. તે એક અકર્તા છે અને તેની માયા જગતની ઉત્પત્તિમાં કર્તા છે, પણ આપણે તેનો આશ્રય હોવાથી જ તે કરી શકે છે. તેથી માયા સહિત તે જ જગતના કર્તા છે.
૧૯. પું. વ્યાકરણમાં છ કારક માંહેનું એક, જેનાથી ક્રિયાના કરનારનો અર્થ પ્રગટ થાય છે; કારકના છ માંહેનો એક પ્રકાર; બીજા કારકથી પ્રેરાય નહિ અર્થાત્ સ્વતંત્ર હોય અને બીજા કારકોને પ્રેરે તે. કર્તાના પાંચ પ્રકાર છે: (૧) સ્વતંત્ર કર્તા, (૨) હેતુ કર્તા, (૩) કર્મ કર્તા, (૪) અભિહિત કર્તા, (૫) અનભિહિત કર્તા.

૨૦. પું. શિવ.
૨૧. પું. સ્વામી; માલિક; ધણી.
૨૨. વિ. કરનાર; બનાવનારું.
૨૩. વિ. કાપનારું; છેદનાર.

કર્તાકારયિતા પું. કરનાર કરાવનાર પ્રભુ.

કર્તાકારયિતા પું. કર્મકર્તા; મુખ્ય કામ કરનાર.
કર્તાકારયિતા થવું = રજકા થવું; કમાતા થવું.

કર્તાધર્તા પું. કરતાકારયતા; મુખ્ય કર્મકર.

કર્તાધર્તાસાઝી (કર્તાધર્તાસાઝી) [કર્તાધર્તા (મુખ્ય કામ કરનાર) + સાઝી (ભાગીદાર)] પું. વ્યાપાર ચલાવવામાં ખાસ ભાગ લેતો હોય એવો ભાગીદાર.

કર્તાપણું ન. કર્તૃત્વ.

કર્તાર ૧. [સં. કર્તૃની પહેલી વિભક્તિનું બ. વ.] પું. કર્તા; ઉત્પન્ન કરનાર માણસ.
૨. પું. કિરતાર; સ્રષ્ટા; વિધાતા; ઈશ્વર.
૩. પું. કૈરી બંધ.
૪. પું. બાપા.

કર્તારૈં ન. બિના કરનારને અર્થે.

કર્તાવારી સ્ત્રી. પુસ્તકોના કર્તાઓની અનુક્રમણિકા.

કર્તાહર્તા ૧. [સં. કૃ (કરવું) + હૃ (હરી લેવું)] પું. ઉત્પન્ન કરી જાણે તેમ જ નાશ કરે એવો પરમેશ્વર.
૨. પું. કારભારી; પધરાણી.
૩. પું. મુખ્ય વહીવટ કરનાર.
૪. પું. સર્વોપરી સત્તા ધરાવનાર પુરુષ; મુખ્ય ધણી.

કર્તિકા સ્ત્રી. કાપવાનું યંત્ર; કાતર.

કર્તુક ૧ ન. કર્મ; કામ.
૨. ન. કાવાદાવા; ખરાબ કામ; કારસ્તાન.
૩. ન. ખરાબ ચારિત્ર.
૪. ન. વર્તણૂક; આચરણ.

કર્તુમ ૧. ન. કરતૂક; કરણી.
૨. ન. કર્મની કહાણી.
સુખ દુઃખ વિગત વારવ્ય, કર્તુમ વહાતા કહાવ્ય. ડામળ

કર્તુત જુઓ કર્તુક.

કર્તુમકર્તુ ૧. વિ. કરતાકરતા.
૨. વિ. કરેલું હોય કરનાર.
કર્તુમકર્તું સામર્થ્ય તારે, પ્રભુ કેમ આવ્યો પેર ઘારે. પ્રેમાનંદ

કર્તુમ્ વિ. અસિદ્ધ કામ કરવા સમર્થ. આ ભગવાનનું વિશેષણ છે.

કર્તૂક ૧. ન. કર્મ; કામ.
૨. ન. પાપ; દુરિત; નઠારું કામ.
૩. ન. પ્રપંચ; ખટપટ; કાવતરું.
૪. ન. વર્તણૂક; આચરણ.

કર્તૃ ૧. પું. (ચિત્રા) પ્રતિષ્ઠા છંદની બાજુનો ચાર અક્ષરનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વારિ છંદ કહે છે.
૨. [સં.] પું. બનાવનાર માણસ; કર્તા; રચયિતા.
૩. ન. નાની તરવાર.
૪. વિ. કરનાર; બનાવનારું.
૫. વિ. ગ્રંથ રચનાર.

કર્તૃક ૧. [સં.] પું. નાની તરવાર; કટારી.
૨. વિ. કરેલું; બનાવેલું; સંપાદિત.
૩. વિ. કામ કરનાર; ઉદ્યોગી.

કર્તૃકા [સ.] સ્ત્રી. નાની તરવાર.

કર્તૃતંત્ર વિ. કર્તાને અધીન.
વિચાર કરવાથી જે પરોક્ષાનુભવ થાય તે કર્તૃતંત્ર અનુભવ. સિદ્ધાન્તબિંદુ

કર્તૃત્વ ૧. [સં.] ન. કરવાની શક્તિ.
૨. ન. કરવાપણું; ક્રિયા; વ્યાપાર.
૩. ન. કર્તાપણું; સરજનારપણું.
૪. ન. કામ કરનારપણું.
૫. ન. (જૈન) પારિણામિક ભાવો માંહેનો એક; અનાદિસિદ્ધ એક ભાવ.
અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્વ, પ્રદેશવત્વ, અસંખ્યાત પ્રદેશત્વ, અસર્વગતત્વ, અરૂપત્વ આદિ અનેક પારિણામિક ભાવો છે. તત્ત્વાર્થસૂત્ર
૬. ન. ક્રમના બાંધ માંહેનો એક પ્રકાર.

કર્તૃત્વકાળ પું. કર્મ કરવાનો સમય.

કર્તૃત્વવાન વિ. કર્તાપણું; કર્તાપનિક; કર્મકાર.

કર્તૃત્વશક્તિ ૧. [સં.] સ્ત્રી. ઉત્પાદક બળ; પેદા કરવાની શક્તિ.
૨. સ્ત્રી. ઈચ્છા; દૈવતા; કામ કરવાની શક્તિ.

કર્તૃત્વહીન [સં. કૃ (કરવું) + ત્વ (નાર) + ત્વ (પણ) + હીન (વગરનું)] વિ. કર્મ કામ નહિ કરનારું; આળસુ.

કર્તૃત્વાભિમાન ૧. [સં.] ન. જીવનું આપણાં રચ્યુંપચ્યું રહેતું તે.
૨. ન. હું કરું છું એવું અભિમાન.

કર્તૃપ્રધાનક્રિયા [સં.] સ્ત્રી. જેમાં કર્તા પ્રધાન હોય તેવી ક્રિયા.

કર્તૃપ્રધાનવાચક [સં.] ન. જેમાં કર્તા પ્રધાન રૂપે આવ્યું હોય તેવું વાચન

કર્તૃવાચક ૧. સ્ત્રી. (વ્યાકરણ) પહેલી વિભક્તિ; પ્રથમા; કર્તા વિભક્તિ.
૨. વિ. કર્તાનો બોધ કરનારું.

કર્તૃવાચી [સં.] વિ. જેથી કર્તાનો બોધ થાય એવું.

કર્તૃવાચ્ય ૧. પું. મૂળભેદ.
૨. વિ. (વ્યાકરણ) જેમાં કર્તાનું પ્રાધાન્ય હોય એવું; કર્તા પ્રમાણે જેમાં ક્રિયાપદનું રૂપાંતર થતું હોય એવું.

કર્તૃસ્વાતંત્ર્ય [સં.] ન. સ્વયંભાવ; સ્વતંત્રમૂર્તશક્તિ.

કર્ત્તંત જુઓ કર્તંત.

કર્ત્તંતી જુઓ કર્તંતી.

કર્ત્તન જુઓ કર્તન.

કર્ત્તનક [સં.] પું. મધ્યરેખાની બરોબર બાજુ ઉપર રહેલો એક દાંત.

કર્ત્તનકર્તંત જુઓ કર્તનકર્તંત.

કર્ત્તનકર્તંત જુઓ કર્તનકર્તંત.

કર્ત્તનશીલ જુઓ કર્તનશીલ.

કર્ત્તનિકા જુઓ કર્તનિકા.

કર્ત્તની જુઓ કર્તની.

કર્ત્તર જુઓ કર્તર.

કર્ત્તરિ જુઓ કર્તરિ.

કર્ત્તરિક જુઓ કર્તરિક.

કર્ત્તરિકા જુઓ કર્તરિકા.

કર્ત્તરિપ્રયોગ જુઓ કર્તરિપ્રયોગ.

કર્ત્તરી જુઓ કર્તરી.

કર્ત્તરીપક્ષી જુઓ કર્તરીપક્ષી.

કર્ત્તવ્ય જુઓ કર્તવ્ય.

કર્ત્તવ્યકરણ જુઓ કર્તવ્યકરણ.

કર્ત્તવ્યકર્મ જુઓ કર્તવ્યકર્મ.

કર્ત્તવ્યક્ષમ જુઓ કર્તવ્યક્ષમ.

કર્ત્તવ્યક્ષેત્ર જુઓ કર્તવ્યક્ષેત્ર.

કર્ત્તવ્યચલિત જુઓ કર્તવ્યચલિત.

કર્ત્તવ્યચ્યુત જુઓ કર્તવ્યચ્યુત.

કર્ત્તવ્યચ્યુતિ જુઓ કર્તવ્યચ્યુતિ.

કર્ત્તવ્યજ્ઞ જુઓ કર્તવ્યજ્ઞ.

કર્ત્તવ્યજ્ઞોત જુઓ કર્તવ્યજ્ઞોત.

કર્ત્તવ્યતા જુઓ કર્તવ્યતા.

કર્ત્તવ્યત્વ જુઓ કર્તવ્યત્વ.

કર્ત્તવ્યદક્ષ જુઓ કર્તવ્યદક્ષ.

કર્ત્તવ્યદર્શક જુઓ કર્તવ્યદર્શક

કર્તવ્યદ્રોહ જુઓ કર્તવ્યદ્રોહ.
કર્તવ્યધુરા જુઓ કર્તવ્યધુરા.
કર્તવ્યનિશ્ચય જુઓ કર્તવ્યનિશ્ચય.
કર્તવ્યનિષ્ઠ જુઓ કર્તવ્યનિષ્ઠ.
કર્તવ્યનિષ્ઠતા જુઓ કર્તવ્યનિષ્ઠતા.
કર્તવ્યનિષ્ઠા જુઓ કર્તવ્યનિષ્ઠા.
કર્તવ્યપદું જુઓ કર્તવ્યપદું.
કર્તવ્યપથ જુઓ કર્તવ્યપથ.
કર્તવ્યપરાયણ જુઓ કર્તવ્યપરાયણ.
કર્તવ્યપરાયણતા જુઓ કર્તવ્યપરાયણતા.
કર્તવ્યપાલન જુઓ કર્તવ્યપાલન.
કર્તવ્યપ્રદેશ જુઓ કર્તવ્યપ્રદેશ.
કર્તવ્યપ્રીતિ જુઓ કર્તવ્યપ્રીતિ.
કર્તવ્યબળ જુઓ કર્તવ્યબળ.
કર્તવ્યભંજન જુઓ કર્તવ્યભંજન.
કર્તવ્યભુક્તિ જુઓ કર્તવ્યભુક્તિ.
કર્તવ્યભાન જુઓ કર્તવ્યભાન.
કર્તવ્યભાવના જુઓ કર્તવ્યભાવના.
કર્તવ્યભૂખું જુઓ કર્તવ્યભૂખું.
કર્તવ્યભૂમિતિ જુઓ કર્તવ્યભૂમિતિ.
કર્તવ્યભ્રષ્ટ જુઓ કર્તવ્યભ્રષ્ટ.
કર્તવ્યભ્રષ્ટતા જુઓ કર્તવ્યભ્રષ્ટતા.
કર્તવ્યમંદ જુઓ કર્તવ્યમંદ.
કર્તવ્યમૂઢ જુઓ કર્તવ્યમૂઢ.
કર્તવ્યરત જુઓ કર્તવ્યરત.
કર્તવ્યલીન જુઓ કર્તવ્યલીન.
કર્તવ્યવશ જુઓ કર્તવ્યવશ.
કર્તવ્યવાદ જુઓ કર્તવ્યવાદ.
કર્તવ્યવિમુખ જુઓ કર્તવ્યવિમુખ.
કર્તવ્યવિમૂઢ જુઓ કર્તવ્યવિમૂઢ.
કર્તવ્યવિષયક જુઓ કર્તવ્યવિષયક.
કર્તવ્યશાસ્ત્ર જુઓ કર્તવ્યશાસ્ત્ર.
કર્તવ્યશીલ જુઓ કર્તવ્યશીલ.
કર્તવ્યશૂન્ય જુઓ કર્તવ્યશૂન્ય.
કર્તવ્યાકર્તવ્ય જુઓ કર્તવ્યાકર્તવ્ય.
કર્તવ્યાભિમુખ જુઓ કર્તવ્યાભિમુખ.
કર્તવ્યૈષણા જુઓ કર્તવ્યૈષણા.
કર્તા જુઓ કર્તા.
કર્તાકારવિરતા જુઓ કર્તાકારવિરતા.
કર્તાકારવૃત્તા જુઓ કર્તાકારવૃત્તા.
કર્તાધર્તા જુઓ કર્તાધર્તા.
કર્તાપણું જુઓ કર્તાપણું.
કર્તાર જુઓ કર્તાર.
કર્તાર્થે જુઓ કર્તાર્થે.
કર્તાવારી જુઓ કર્તાવારી.
કર્તાહર્તા જુઓ કર્તાહર્તા.
કર્તિકા જુઓ કર્તિકા.
કર્તિત [સં.] વિ. કાપેલું.
કર્તુક જુઓ કર્તુક.
કર્તુન જુઓ કર્તુન.
કર્તુમકર્તું જુઓ કર્તુમકર્તું.
કર્તુમ્ જુઓ કર્તુમ્.
કર્તૃ જુઓ કર્તૃ.
કર્તૃક જુઓ કર્તૃક.
કર્તૃતંત્ર જુઓ કર્તૃતંત્ર.
કર્તૃત્વ જુઓ કર્તૃત્વ.
કર્તૃત્વકાળ જુઓ કર્તૃત્વકાળ.
કર્તૃત્વવાન જુઓ કર્તૃત્વવાન.
કર્તૃત્વશક્તિ જુઓ કર્તૃત્વશક્તિ.
કર્તૃત્વાભિમાન જુઓ કર્તૃત્વાભિમાન.
કર્તૃપ્રધાનક્રિયા જુઓ કર્તૃપ્રધાનક્રિયા.
કર્તૃપ્રધાનવાક્ય જુઓ કર્તૃપ્રધાનવાક્ય.
કર્તૃવાચક જુઓ કર્તૃવાચક.
કર્તૃવાચ્ય જુઓ કર્તૃવાચ્ય.
કર્તૃસ્વાતંત્ર્ય જુઓ કર્તૃસ્વાતંત્ર્ય.
કર્ત્રિપુર ન. એ નામનું એક પ્રાચીન રાજ્ય. કયુમાઉન, ગઢવાલ, રવરાલ અને કાંગરાનો એમાં સમાવેશ થતો. સમુદ્રગુપ્તે એ રાજ્ય જીત્યું હતું.
કર્ત્રિમ [સં. કૃત્રિમ] વિ. બનાવટી; કુદરતી નહિ એવું; આયાતી.
કર્ત્રી ૧. [સં.] સ્ત્રી. કરનાર સ્ત્રી.
૨. સ્ત્રી. કાતર.
૩. સ્ત્રી. છરી; કટાર.
કર્દ ૧. [સં.] પું. કીચડ; કર્દમ.
૨. પું. ઘણીમાં ઊભતો છોડ.
૩. પું. પગપસૂતો એક રોગ.
૪. ન. આંતરડામાં થતો ચામડાં.
૫. ન. કાચનું તંતુવાળું બૂચિયું.
૬. ન. કાચના જેવો કા કા ચળકાટ.
કર્દટ જુઓ કર્દ.
કર્દન [સં.] પું. પૈસાનો ચળકાટ.
કર્દનક ૧. [સં.] પું. એક જાતનું દ્રવ્ય.
૨. પું. સર્પની એક જાત.
કર્દનકરતન [સં.] ન. હિંગળાક.
કર્દની ૧. [સં.] સ્ત્રી. જેવી પ્રકાર.
૨. [સં.] વિ. કાદવ જેવું; કાદવવાળું.
કર્દમ ૧. [સં.] પું. એ નામનો એક સર્પ.
૨. પું. એક ઋષિનું નામ.
૩. પું. કાદવ; કીચડ.
૪. પું. ખાખ.
૫. પું. અતિએનું સેળભેળ થયું તે; સંકરપણું.
૬. પું. પાપ.
મમ સૃષ્ટિયું મહી કર્દમ તવ મહિમા ચ.
૭. પું. પુલહ ઋષિનો એ નામનો પુત્ર.
૮. પું. (પુરાણ) ભગવાન નારાયણે ઉત્પન્ન કરેલ વિરજ નામના માનસિક પુત્રનો પૌત્ર. તેના બાપનું નામ કીર્તિમાન હતું.
૯. પું. મનનો એક.
૧૦. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં થયેલો એ નામનો બ્રહ્મમાનસ પુત્ર. તે એક પ્રજાપતિ હતો. એણે સરસ્વતીને તીરે બહુ આકરું તપ આરંભ્યું હતું. ત્યાં ભગવાને દર્શન આપી કહ્યું, 'સ્વયંભૂ મનુ પોતાની પ્રસૂ કન્યામાંથી એક તને આપશે તે પરણજે.' તેથી સ્વયંભૂ મનુએ પોતાની દેવહૂતી નામની કન્યા એને પરણાવી હતી. જાથી તેને નવ કન્યા અને એક પુત્ર કપિલદેવ નામે થયાં. એ નવ કન્યાઓ મહર્ષિઓને પરણાવી હતી. કલા મરીચિને, અનસૂયા અત્રિને, શ્રદ્ધા અંગિરા ઋષિને, હવિર્ભુવા પુલસ્ત્યને, ગતિ પુલહાસને, ક્રિયા ક્રતુને, ખ્યાતિ ભૃગુને, અરુંધતી વસિષ્ઠને અને શાંતિ અથર્વણને આપી હતી.
૧૧. સ્ત્રી. પંચાંગમાં આવેલી એ નામની એક નદી.
૧૨. સ્ત્રી. એક જાતની મટોડી; 'કપૂર્ણ સિલિકેટ ઑવ એલ્યુમિના'.
૧૩. સ્ત્રી. મળી.
૧૪. ન. માંસ.
૧૫. વિ. કાદવવાળું.
કર્દમક ૧. [સં.] પું. એક જાતની કાંકર.
૨. પું. એક જાતનો નાગ.
કર્દમચારી ૧. [સં.] પું. કાદવમાં ફરનાર એક જાતનો કીડો.
૨. [સં.] ન. એક જાતનું તંતુવાળું દ્રવ્ય.
કર્દમજીવ [સં.] વિ. કાદવ કીચડમાં રહેનારું.

કર્દમપાત્ર [સં.] ન. માટીનું વાસણ.

કર્દમભૂમિ [સં.] સ્ત્રી. કાદવવાળી જમીન.
કર્દમભૂમિ કમ્પ્ર બરેલી, ને ત્રિશ્ચિર કેરી કરામ.
નરસિંહરાવ

કર્દમમત્સ્ય [સં.] સ્ત્રી. કાદવમાં રહતી એક જાતની માછલી; ' ઍક્ષ ફિશ '.

કર્દમવાન [સં. કર્દમવત્] વિ. કાદવ જેવું.

કર્દમવિસર્પ [સં.] પું. વિસર્પ રોગનો એક પ્રકાર.

કર્દમાલ [સં.] ન. (પુરાણ) ભારતવર્ષનું એક પુરાણું તીર્થ. અહીં ઋષિઓએ ભરત રાજાને રાજ્યાભિષેક કર્યો હતો.

કર્દમાશ્રમ [સં.] ન. ગુજરાતમાં આવેલા સિદ્ધપુરનું પ્રાચીન નામ. કાં કાગડો કર્દમ ઋષિનો આશ્રમ હતો અને કાં તેના પુત્ર કપિલ મુનિનો જન્મ થયો હતો. વિષ્ણુ ભગવાનના અશ્રુજળ વડે થયેલા બિંદુ સરોવરના તટ ઉપર આ આશ્રમ આવેલો હતો.

કર્દમિલ ન. જુઓ કર્દમાલ.

કર્દમી ૧. સ્ત્રી. ચૈત્ર માસની પૂનમ.
૨. સ્ત્રી. ગમનો એક.
૩. વિ. કાદવવાળું.

કર્દમેશ્વરપ્રસાદતા [સં.] પું. પુરુષોત્તમનાં કુલર મહિનું એક નામ.

કર્ધી ૧. [કા.] પું. કાર્ય; કામ.
૨. [હિં.] પું. બદલો; સાટું.
૩. વિ. કરેલું.

કર્ધાર [કા.] પું. કામ.

કર્ધું [હિં.] પું. એ નામનો સાકનો એક છોડ. તેને પુલ્લી જગ્યા બહુ ગમે છે અને વાડાના ગમે તે વર્ગનું ખાતર તેને માટે વાપરી શકાય છે. આસમાં એક ફૂટ પહોળા અને બે ફૂટ ઊંડા ખાડા કરી જમીન તૈયાર કરવી. દરેક ખાડામાં બી વાવવાં અને છોડ ઊગે ત્યારે ટેકા મૂકવા. જે છોડ ઉનાળામાં ફળ આપે તેને ટેકાની જરૂર પડતી નથી. સાધારણ રીતે બી વર્ષમાં ત્રણ વાર વવાય છે. પહેલી વાવણી ડિસેમ્બરની આખરથી ફેબ્રુઆરીની આખર સુધી, બીજી એપ્રિલથી જૂન સુધી અને છેલ્લી વાવણી સપ્ટેમ્બર આખરથી નવેમ્બર આખર સુધી કરાય છે. વાવ્યા પછી આઠથી નવ મહિને ફળ આવે છે. આ છોડની ઉછેર અને સારસંભાળ ઠેકાણી આકર્ષક લાગે છે.

કર્ધોરા ૧. સ્ત્રી. કંદોરો.
૨. સ્ત્રી. ઊંટની આસપાસની દોરી. તેની સાથે સંગોટી બાંધવામાં આવે છે.

કર્ધની સ્ત્રી. જુઓ.

કર્ન ૧. [ત્રા.] પું. ઝાડોનું એકઠું થયું તે.
૨. પું. દસથી એકસો વીસ વરસની મુદત.
૩. પું. સિંગડું.

કર્નકૂલ વ. વર્ણિ.

કર્નફૂલી સ્ત્રી. આસામના પહાડોમાંથી નીકળી બંગાળના અખાતમાં પડતી એક નદી. ચટગાંવ શહેર આ નદીને કાંઠે છે.

કર્નબ પું. ગામડાનો હિસાબનવીસ.

કર્નલ [અં.] પું. પલટણનો મુખ્ય સરદાર.

કર્ના ૧. પું. મોસંબીની જાતનું એક ફળ.
૨. [અ.] સ્ત્રી. એક જાતનું રણશિંગું.

કર્નાઈ [અ.] સ્ત્રી. રણશિંગું.

કર્નાટ ૧. સ્ત્રી. (સંગીત) મુખ્ય છ રાગમાંના નાટ રાગની એક રાગિણી.
૨. [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના બંને કાન પડ્યા હતા.

કર્નાટક [સં.] પું. (સંગીત) ગેયપ્રબંધ મુક્ત અને ઉતાલીસ લઘુ અંગોને નવાણું વર્ગનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ટ્રુવસિલ્લ છંદનો ભેદ છે.

કર્નાટકી ૧. સ્ત્રી. એક જાતનું રાગ.
૨. સ્ત્રી. તરવારની મૂઠનો એક પ્રકાર.

કર્નાટકોરાગ પું. દેશી સંગીતશાસ્ત્ર પ્રમાણ એક રાગિણી. એમાં વિકૃત નિ નામની મૂર્ચ્છના, આરંભ અને અંતમાં સ્વર નિ હોય છે. જેમકે, નિ સ રિ ગ મ પ ધ નિ નિ.

કર્નાસ ન. રણશિંગાના સિદ્ધાંત ઉપર રચાયેલ એક વાદ્ય.

કર્નાસી સ્ત્રી. ગંગાને મળનારી એ નામની નદી.

કર્ની ૧. પું. વિષને ચૂસી પાડનાર સાત મહિનો એ નામનો એક પર્વત.
૨. સ્ત્રી. (અપભ્રંશ) કરણી; ' કર્મ '.
૩. સ્ત્રી. દામ; પૈસો.
૪. સ્ત્રી. બાજવાનનું એક ઓજાર; અરપટ્ટી.
૫. [હિં.] વિ. બહેરું.

કર્પ પું. પાક; બીક.

કર્પકર્પ પું. અનંત બીક; અતિશય દહેશત.
આવીયો આજવાર કંપ કર્પકર્પ તો. વલ્લભ

કર્પટ ૧. પું. ઉપરણો; ખભે વાળવું વસ્ત્ર.
૨. [સં.] પું. એ નામનો એક પર્વત.
૩. પું. રૂમાલ.
૪. ન. કપડું; વસ્ત્ર.
૫. ન. ચીંથરું; જૂનો ગાભો.

સો સો કર્પટની કંથા પાસે
જ્યાં કામાગ્નિ તો પીડશે જ. તખ્તસાગર

૬. ન. લાકડાનું તીર જેવું એક જાતનું હથિયાર. તેના પાનાનું વજન સાતથી નવ કર્ષ જેટલું થતું.

કર્પટધારી ૧. [સં.] પું. કપડાના ટુકડા ધારણ કરનાર ભિક્ષુક.
૨. વિ. કપડાના ટુકડા પહેરનાર.

કર્પટવાણિજ્ય [સં.] ન. ગુજરાતનું એક જૂનું શહેર; કપડવંજ. ચોરાસી ગામડાંના જિલ્લાનું એ મુખ્ય શહેર હતું. નવમી સદીમાં તેની આસપાસ મધ્ય હિંદમાંથી કિનારા ઉપર માલ લઈ જનાર મથક તરીકે હતી. બારમી અને તેરમી સદીમાં એ ઘણું મહત્ત્વનું શહેર હોવાનું મનાય છે.

કર્પટિક [સં.] વિ. કપડાના ટુકડા પહેરનાર.

કર્પટી જુઓ કર્પટિક.

કર્પણ [સં.] પું. એક જાતનું હલકુંભાનિ હથિયાર; બે વેંત જેવું કાપે ફેંકવાનું તીર.

કર્પદક [સં.] સ્ત્રી. કોડી.

કર્પર ૧. [સં.] ન. ઉભરાનું ઝાડ; બાંધવાનું ઝાડ.
૨. ન. એક જાતનું ઘાસ.
૩. ન. કપાળ.
૪. ન. કેફનું ઝાડું.
૫. ન. ઠીકરું; ઠીબ; કલેડું.
અંતે કર્પરમાં સિક્થ માગી ભાવનો વળગ
વાસ માટે આવ્યો. તખ્તસાગર
૬. ન. માટીનું બાંગેલું વાસણ.
૭. ન. માથાની ખોપરી.
૮. ન. મોઢું કડાયું; કઢાઈ; તવી.

કર્પરલંબ [સં.] પું. ખોપરી, કપાળ અથવા માથાની વાઢકાપ.

કર્પરલંબન જુઓ કર્પરભંજ.

કર્પરસાધક [સં.] ન. ખોપરી સાધવાનું સાધન.

કર્પરરેખા [સં.] સ્ત્રી. મસ્તકના દરેક પ્રત્યેક્ષપટની દીવાલમાંની ધાર; ' ક્રોપોરા રિડ્જેટા '.

કર્પરવિદ્યા [સં.] સ્ત્રી. કપાળ, ખોપરી વગેરેને લગતું શાસ્ત્ર કપાલસામુદ્રિક.

કર્પરવેત્તા [સં.] પું. કર્પરવિદ્યા જાણનાર.

કર્પરા ૧. [સં.] પું. એક જાતનું હથિયાર.
૨. પું. લોઢાનું લોહિયું; કડાઈ.

કર્પરાપાક [સં.] પું. નળિયાની ભઠ્ઠી.

કર્પરાલ [સં.] ન. ખાડી પીસુનું ઝાડ.

કર્પરાવરણ [સં.] ન. માથાની ચામડી; ખાલ.

કર્પરાશી [સં. કર્પરાશિન્] પું. બહુક જૈસ્વ દેવ.

કર્પરાળ ૧. [સં. કર્પરાલ] ન. અખરોટ.
૨. ન. પીસુનું ઝાડ.

કર્પરી ૧. [સં.] સ્ત્રી. આપરિયું; એક ઔષધિનું નામ.
૨. સ્ત્રી. ઠીકરી; ફોલેલી.

કર્પાન પું. બાળકોને થતો એક જાતનો ચામડીનો રોગ.

કર્પાસ ૧. [સં.] પું. કપાસ; ૨.
૨. પું. રૂનો ઢોડ.
૩. ન. રૂનું વસ્ત્ર.

કર્પાસકુસુમ [સં.] ન. રૂની પોલ.

કર્પાસફલ ન. કપાસિયો.

કર્પાસિકા ૧. [સં.] સ્ત્રી. કપાસનો છોડ; વસુ.
૨. સ્ત્રી. માલવાનું બીજું નામ. જ્યાં કપાસ બહુ ઊગે છે.

કર્પાસી ૧. [સં.] સ્ત્રી. કપાસનો છોડ.
૨. વિ. રૂનું બનેલું.

કર્પી સ્ત્રી. સરવ કે માટીમાં થતી એક માછલી.

કર્પૂર ૧. પું. (ખિંગળ) અક્ષુરસેળ જંતની એક જાત.
૨. ન. એક જાતનું ઝાડ.
૩. [સ.] ન. કપૂર. તે ચીન, જપૅન અને હિંદના દક્ષિણના પ્રાંતમાં થાય છે. તે જ્વરનાશક, જંતુઘ્ન, ઉત્તેજક, આક્ષેપનિવારક અને ઉંઘ લાવનાર છે. વેદનાહર તરીકે શરીર ઉપર ઘસવા માટે તે કામમાં આવે છે. તે તાવ ઉતારીને પરસેવો લાવે તથા વા અને પેટનો દુખાવો મટાડે. યોગ્ય પ્રમાણમાં તેનો અર્ક આપવાથી રક્તસ્રાવ બંધ થાય. કપૂર સૂંઘવાથી શરદી મટે, તેની વરાળ સૂંઘવથી છાતીનો દુખાવો મટે. તે દુખમાં ઝોડાળીને અને શુદ્ધ કર્યા પછી વપરાય છે.

કર્પૂરક ૧. [સં.] પું. કચૂરો.
૨. વિ. કપૂરને લગતું.

કર્પૂરકાચલી સ્ત્રી. એક જાતનું સુગંધીદાર મૂળિયું.

કર્પૂરખંડ ૧. [સં.] પું. કપૂરનું ખેતર.
૨. પું. કપૂરનો કટકો.

કર્પૂરગૌર ૧. [સં. કર્પૂર + ગૌર (ધોળું)] પું. શિવ; શંકર; મહાદેવ.
કર્પૂરગૌર સ્વરૂપ શોભા, ધર્યું ઉમયા હૃદયે ધારણ. પ્રેમાનંદ
૨. વિ. કપૂરના જેવું ગોરું; બેતવર્ણું; ધવલ; ઊજળું.

કર્પૂરગૌરી સ્ત્રી. (સંગીત) સંકરજાતિની એક રાગિણી. તે ગ્રહોતિ, ભંભારવી, જગતગી, ટંક અને બરાટીના મિશ્રણથી બની છે.

કર્પૂરતિલક [સં.] પું. તે નામનો એક હાથી.

કર્પૂરતિલકા [સં.] સ્ત્રી. પાર્વતીની સખી વિજયા.

કર્પૂરતૈલ [સં.] ન. કપૂરનું તેલ.

કર્પૂરદ્વિપદી [સં.] પું. (પિંગળ) એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તેની માત્રા બત્રીસ છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૬, ૨૦, ૨૪, ૨૭ માત્રાએ તાલ આવે છે.

કર્પૂરનાલિકા [સં.] સ્ત્રી. એક જાતનો ખોરાક.

કર્પૂરપરશ [સં.] સ્ત્રી. દક્ષ પ્રજાપતિ બ્રાહ્મણપુરુષ; વધ્યાપુત્ર.

કર્પૂરપાલ [સં.] ન. કપૂરના જેવું શ્વેત કમળ.

કર્પૂરમણિ ૧. [સં.] પું. એક જાતનો પત્થર. તે વાસુનાશક હોઈ દવાના ક્રમમાં આવે છે.
૨. પું. કપૂરના રંગનું એક જાતનું રત્ન.

કર્પૂરમાર [સં.] ન. ઓરટેલિઝનું એક જાતનું ઝાડ; 'યુજેનિયસ'.

કર્પૂરરસ ૧. [સં.] પું. (વૈદક) કપૂર અને પારાની બનાવટવાળો એક દવા. શુદ્ધ હિંગળો, અફીણ, મોગ, ઉંદરવ, જાયફળ અને કપૂરને પાણીમાં ઘૂંટી બન્ને રીતની ગોળી કરવી. તે અતિસાર માટે વપરાય છે.
૨. પું. રસકપૂર.

કર્પૂરશિલાજિત [સં.] ન. કપૂરના જેવી એક સફેદ ઔષધિ. પથરી, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, કમળો અને પાંડુરોગ વગેરે દરદો ઉપર તે બેથી ચાર વાલ સાકર સાથે અપાય છે. લીંબુના રસમાં ખાવાથી તે શુદ્ધ થાય છે.

કર્પૂરસુંદરીગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) એ નામની દવાની બનાવટ. તે બનાવવા જાયફળ, જાવંત્રી, કપૂર, ધતુરાનાં બી, સમદરસોષનાં બી, અકલકરો, સૂંઠ, પીપર, મરી, ચોખવાની અને કાંકચિયાનાં બીજ એ દરેક ચાર તોલા, સોપેલી બાંગ તોલા ૨૨, સોપેલ ત્રણ વર્ષનું ભૂકું અફીણ તોલા ૨૨, શુદ્ધ વછનાગ તોલા ૧૧ એ બધાને એક કરી ભાંગરાના રસમાં ઘૂંટી ચણોઠી જેવડી ગોળી વાળવી. તે સવાર સાંજ મધમાં ચટાડવી. તેથી શીતવાત, સંગ્રહણી, હરસ, ગાંઠ અને ભંદાગ્નિ વગેરેને મટાડે અને કામ જાગ્રત કરે એમ કહેવાય છે.

કર્પૂરસુંદરીવટી [સં.] સ્ત્રી. (વૈદક) અતિસાર, ગાંઠ તથા મરડા ઉપર અપાતી એક દવા. તેની માત્રા એકથી બબ્બે ગોળી છે અને તે મધ કે પાણી સાથે લેવાય છે.

કર્પૂરહરિદ્રા [સં.] સ્ત્રી. આંબાહળદર.

કર્પૂરા [સં.] સ્ત્રી. આંબાહળદર.

કર્પૂરાદિ [સં.] ન. (વૈદક) અફીણ, કપૂર, હિંગ, મરી અને લસણ સરખે ભાગે લઈને બનાવેલી ગોળી. તે કોલેરા, ગાંઠ અને અજીર્ણ ઉપર અપાય છે.

કર્પૂરાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) મરડો, સગ્રહણી વગેરે માટે રસની બનાવટ. કપૂર, હિંગળો, અફીણ, લવિંગ અને કસ્તૂરી એ બધું સરખે ભાગે લઈ કપૂર સિવાય દરેકનું જુદું જુદું વજનમાં ચૂર્ણ કરી કપૂરની સાથે ઘૂંટી ગોળી વાળવી.

કર્પૂરાદિતૈલ [સં.] ન. (વૈદક) બાળને દૂર કરવા તેલની બનાવટ. કપૂર, સિલારસ, શ્વેતચૂર્ણ, જવખાર અને મનઃશિલ એ બધાં સમાન ભાગે લઈ તેનાથી ચારગણું તેલ અને તેલથી ચારગણું પાણી લઈ તેલની રીતે સિદ્ધ કરી તેમાં હરતાલ મેળવીને વાપરવું.

કર્પૂરાસવ [સં.] પું. કપૂરનો આસવ.

કર્પૂરાસ્થિ [સં.] ન. હાથના કાંડાથી કોણી સુધીનાં બે હાડકાં પૈકીનું એક; અંતઃપ્રકોષ્ઠાસ્થિ.

કર્પૂરી [સં. કર્પૂરિન્] વિ. કપૂરવાળું.

કર્પ્પાસ [સં.] ન. કાતર.
અવળે બંધ બાંધ્યો નાથે,
કર્પ્પાસ મૂક્યું જાદુનાથે. મોખદાસ

કર્પૂર પું. કર્પણ; આરસી.

કર્પ્યૂ [અં.] પું. રાતે ચોક્કસ વખતથી બધે ઠેકાણે દીવો કે દેવતા બોલવી નાખવાનો હુકમ.

કર્બ [અ.] ન. દુઃખ.

કર્બટક પું. (જ્યોતિષ) એક ગ્રહનું નામ.

કર્બન [અં. કાર્બન] પું. એક રસાયણી તત્ત્વ; કાર્બન નામનો પદાર્થ.

કર્બલા ૧. [અ.] પું. ઈરાકમાં એ નામની એક જગ્યા. ત્યાં અલીના નાના ભાઈ હુસેનને મારી નાખીને દાટવામાં આવ્યો હતો.
૨. પું. પાણી ન મળી શકે એવો મોટો રેગ્રન જગ્યા.
૩. પું. મુસલમાનોની તાજિયા મૂકવાની જગ્યા.

કર્બી [હિં.] સ્ત્રી. ભુજાદર ભાજરીના સાંધા; કરેજ.

કર્બુર [સં.] વિ. કાબરચીતરું; કાબાકાબરવાળું.

કર્બુદર ૧. [સં.] પું. ઝાંઝો.
૨. પું. પર્વત ઉપર થતું એક ઝાડ.
૩. પું. શ્વેતપ્રસ્તરક્ષુ.

કર્બુર ૧. [સં.] પું. કબૂરો.
૨. પું. કપૂરકાચલી.
૩. પું. કાબરચીતરો રંગ.
૪. પું. ચોખાની એક જાત.
૫. પું. ધંતૂરો.
૬. પું. નદી ઉપર થતું એક જાતનું પ્રાન્ન.
૭. પું. સર્પ.
૮. પું. રાક્ષસ.
૯. પું. સર્પની એક જાત.
૧૦. પું. હરતાલ.
૧૧. ન. (જ્યોતિષ) એક જાતનું નક્ષત્ર.
૧૨. ન. પાણી.
૧૩ ન. પોવાદના જેવા રંગવાળા, મજબૂત અને નિકલને મળતી એક ધાતુ.
૧૪. ન. સોનું.
૧૫. વિ. અનેક રંગવાળું; બહુરંગી; કાબરું.
૧૬. વિ આખી રંગનું; કપોતના જેવા ભૂરા રંગનું.

કર્બુરક [સં.] પું. (જ્યોતિષ) આકાશી ગ્રહો આંકવાનો એક.

કર્બુરવૃત્તિ [સં.] સ્ત્રી. આંખના ગોળાનું એક પડ.

કર્બુરા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; કૃષ્ણતુલસી.
૨. સ્ત્રી. તુલસીની એક જાત; કૃષ્ણતુલસી.
૩. સ્ત્રી. સુમુખે વર્ણવેલ એક જાતની ઝેરી જળો.

કર્બુરિત [સં.] વિ. કાબરચીતરા રંગનું.

કર્બુરી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કર્બૂર જુઓ કર્બુર.

કર્બૂરક વિ. કપૂરનું.

કર્બૂરા [સં] સ્ત્રી. એક જાતની જળો. જુઓ કર્બુરા.

કર્બોદિત જે. સાકરવાળું; 'કાર્બોહૈડ્રેટ્સ'.

કર્મ ૧. [સં. કર્મન્] ન. આચાર; વર્તણૂક; ચાલ.
૨. ન. આઠ માંહેનું એક પુર.
૩. ન. ઇંદ્રિય.
૪ ન. કપાળ.
૫ ન કરજના વ્યાપારનો વિષય. જેમકે, વાંસળો કરજ છે, તેને ઊંચો નીચો કરી વગાડવા ઉપર આધારિત રૂપ વ્યાપારનો વિષય વાગવું છે, માટે વાગવું એ કર્મ કહેવાય.
૬. ન. (વ્યાકરણ) કર્તરિ પ્રયોગમાં દ્વિતીયાંત અને કર્મણિ પ્રયોગમાં પ્રથમાંત જે કારક આવે તે.
૭. ન. કર્તવ્ય; ફરજ; ધર્મ. ધર્મનાં કર્મો : યજ્ઞ, સ્નાન, સંધ્યા, પૂજા, પાઠ, જપ, હોમ, અર્ચન, આતિથ્ય, વૈશ્વદેવ વગેરે. મીમાંસા પ્રમાણે કર્મના બે પ્રકાર: મુખ્ય અથવા નૈષ્ઠિક કર્મ અને પ્રધાન અથવા અર્થ કર્મ. જેથી દ્રવ્યની ઉત્પત્તિ કે સંસ્કાર થાય તે નૈષ્ઠિક કર્મ. નૈષ્ઠિક કર્મનું ફળ નજરે દેખાય છે. નૈષ્ઠિક કર્મના ચાર ભેદ: ઉત્પત્તિ, આપ્તિ, વિકૃતિ અને સંસ્કૃતિ. જે કર્મમાં દ્રવ્યની ઉત્પત્તિ કે શુદ્ધિ ન હોય પણ તેનો ઉપયોગ હોય તે પ્રધાન કર્મ. જેમકે, યજ્ઞ. પ્રધાન કર્મનું ફળ અદૃષ્ટ હોય છે. વધું અને આશ્વલ પ્રમાણે પ્રધાન કર્મના ત્રણ ભેદ: નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. મીમાંસકો કર્મને પ્રધાન માને છે અને વેદાંતીઓ જ્ઞાનને પ્રધાન માની તેથી મુક્તિ માને છે. ગોભિલ પ્રમાણે કર્મના ત્રણ પ્રકાર: વિહિત, નિષિદ્ધ અને મિશ્ર. સામાન્ય રીતે કર્મ બે પ્રકારનાં છે: શુભ અને અશુભ. શુભ કર્મ સુખ આપે અને અશુભ કર્મ દુઃખ આપે. યોગના સંકેત પ્રમાણે કર્મના ચાર પ્રકાર: (૧) કૃષ્ણ એટલે પરદ્રવ્યનો સમારંભ જેવા નઠારાં કર્મ. (૨) શુક્લ એટલે સદારંભ પુણ્ય કર્મ (૩) મિશ્ર એટલે જેમાં પુણ્ય અને પાપ બંને હોય તેવાં સોમયાગાદિ કર્મ. (૪) અશુક્લઅકૃષ્ણ એટલે કોઈ પ્રકારની કામના રાખ્યા વિના કર્તવ્ય સમજીને કરાતાં પુણ્ય કર્મ. આજની ક્ષણ સુધી કરેલાં જે કર્મ, પછી તે આ જન્મનાં હોય કે પૂર્વ જન્મનાં હોય, તે સંચિત એટલે એકઠાં થયેલાં કર્મ કહેવાય. સંચિત કર્મ એકદમ ભોગવવાં શક્ય નથી, કેમકે તેમાં કર્મનાં પરિણામ માઠાંનાં કોઈ સારાં તો કોઈ નઠારાં એમ પરસ્પર વિરોધી ફળ આપનાર પણ હોઈ શકે. સંચિત પૈકી જેટલાં કર્મનાં ફળ ભોગવવાની શરૂઆત થઈ ચૂકી હોય તેટલાને પ્રારબ્ધ કહેવાય. ક્રિયમાણ એટલે જે હાલ ચાલુ છે તે અથવા હાલ કરવામાં આવે તે કર્મ. જેના ફળનો આરંભ થયો નથી એવાં જન્માંતરનાં સંચિત અને જ્ઞાનોત્પત્તિની પૂર્વનાં આ જન્મનાં સંચિત પુણ્ય પાપ કર્મો જ્ઞાનપ્રાપ્તિથી નાશ પામે છે. જ્ઞાનીને જો અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત ન થયો હોય તો મંદ, મધ્યમ અને તીવ્ર વેગવાળાં ત્રણે પ્રકારનાં પ્રારબ્ધ કર્મોનું ફળ ભોગવવું પડે છે. શ્રુતિમાં જણાવ્યા મુજબ જ્ઞાનીનું શુભ કર્મ તેમના ભક્તના અંતઃકરણમાં જ્ઞાનદીપ્તિ ઉત્પન્ન કરી તેને શુભ કર્મમાં પ્રવૃત્તિ કરાવી તેને શુભ ફળ આપે છે. તેથી જ્ઞાનીના પુણ્યને તેમના ભક્તો લઈ જાય અને પાપકર્મને તેમના નિંદકો લઈ જાય એમ મનાય છે.
૮. ન. કામગીરી; પ્રવૃત્તિ.
૯. ન. (વ્યાકરણ) કારકના ૭ માંહેનો એક પ્રકાર.
૧૦. ન. કુદરતી મિલકત.
૧૧. ન. ક્રિયા; કર્મ. વૈશેષિક મત પ્રમાણે કર્મ પાંચ છે: ઉત્ક્ષેપણ એટલે ઊંચે ફેંકવું તે, અવક્ષેપણ એટલે નીચે ફેંકવું તે, સંપ્રસારણ એટલે ફેલાવવું તે, આકુંચન એટલે સંકોચવું તે અને ગમન એટલે જવું તે.
૧૨. ન. (વૈદક) ચિકિત્સા; રોગશાંતિનો ઉપાય. કર્મ પાંચ છે: વમન, વિરેચન, આસ્થાપન કે નિરૂહબસ્તિ, અનુવાસન કે સ્નેહબસ્તિ અને શિરોવિરેચન.
૧૩. ન. (જૈન) જીવના રાગદ્વેષાદિક પરિણામોના નિમિત્તથી કર્મરૂપ વર્ગણારૂપ જે પુદ્ગલસ્કંધ જીવની સાથે બંધને પ્રાપ્ત થાય તે. કર્મની ત્રણ અવસ્થા મનાય છે: બંધ અવસ્થા, સત્તા અવસ્થા અને ઉદય અવસ્થા. પ્રથમ કર્મ બંધાય છે ત્યારે બાંધવાના સમયમાં તેની બંધ અવસ્થા. બાંધેલું કર્મ અમુક વખત સુધી કંઈ પણ ફળ દર્શાવ્યા સિવાય જેમને તેમ પડ્યું રહે તેને કર્મની સત્તા અવસ્થા કહે છે. સત્તાનો કાળ પૂરો થતાં કર્મ ઉદય અવસ્થામાં આવે. કર્મના બે પ્રકાર: ઘાતિ અને અઘાતિ. મુક્તિને બાધક હોય તે ઘાતિ અને અબાધક હોય તે અઘાતિ કહેવાય છે.
૧૪. ન. જીવોની ઉપાધિમાં રહેલો ક્રિયા કરવાનો વેગ.
૧૫. ન. (વ્યાકરણ) જે ધાતુના અર્થનું અવચ્છેદક હોય અને જે ક્રિયાનું ફળ અન્યને પ્રાપ્ત થતું હોય તે. જેમકે, 'પુસ્તક લખે છે' એમાં 'લખ' ધાતુનો અર્થ જે લેખનક્રિયા તેનું અવચ્છેદક પુસ્તક છે અને તે પુસ્તકલેખનનો ફલાશ્રય લેખક છે અને તે લેખક પુસ્તકથી પર છે. માટે એ લેખન ફલાશ્રયાએ કરેલી લેખનરૂપ ક્રિયાનું નામ કર્મ છે.
૧૬. ન. દસ માંહેનો એક વસ્તુ. આંખના પલકારા મારવા એ આ વસ્તુનું કામ છે.
૧૭. ન. દશની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ.
૧૮. ન. (જ્યોતિષ) દસમું આંઠ નક્ષત્ર.
૧૯. ન. ધંધો; રોજગાર; વ્યવસાય; વ્યાપાર.
૨૦. ન. નિર્જીવ પદાર્થમાં રહેનારી તથા જીવ જ્યાં નહિ રહેનારી એવી કર્મત્વ જાતિવાળો પદાર્થ.
૨૧. ન. પદાર્થનો સ્વાભાવિક ગુણ.

૨૨. ન. પરિણામ; ઉપજ.
૨૩. ન. પાપ; નઠારાં કામ; કુકર્મ.
કર્મ બાંધવાં = પાપ કરવાં; પાપનાં પોટલાં બાંધવાં.
ધર્મશૂન્ય થઈ કર્મ બાંધે, તે શેનો રે હોય ઉગારુ. નર્મદ
૨૪. ન. મામલો.
૨૫. ન. (વૈશેષિક) મોક્ષ મેળવવાના સાત પદાર્થ માંહેનો એક. દ્રવ્ય, ગુણ, કર્મ, વગેરે છ પદાર્થો નિત્ય છે. તમામ પદાર્થોનું અવલોકન કરતાં મણાય તેનું સાત પદાર્થોમાં પૃથક્કરણ કરે છે.
૨૬. ન. જોગનાં છ કર્મ: ધોતી, બસ્તી, નેતી, નાડક, નોલી અને કપાલક્રિયા.
૨૭. ન. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ચાળીસ વસ્તુ માંહેની એક.
૨૮. ન. વાસના.
૨૯. ન. વેદના ત્રણ કાંડ માંહેનું એક.
૩૦. ન. શુભ કે અશુભ અદૃષ્ટને ઉત્પન્ન કરનારો આપાર. નિત્ય, નૈમિત્તિક, કામ્ય, પ્રાયશ્ચિત્ત અને નિષિદ્ધ જેવા તેના પાંચ પ્રકાર છે.
૩૧. ન. (ગણિત) સરવાળો, બાદબાકી વગેરે ગણિતની કોઈ પણ ક્રિયા.
૩૨. ન. સંયોગ.
૩૩. ન. સંયોગ અને વિભાગ એ બંનેનું નિરપેક્ષ કારણ.
૩૪. ન. સંયોગથી ભિન્ન હોય તથા સંયોગનું અસમવાયી કારણ હોય તે પદાર્થ. જેમકે, ઘટાદિક મૂર્તદ્રવ્યોમાં રહેલું કર્મ સંયોગથી ભિન્ન છે તથા ઘટાદિક ઉત્તર કાલ સંયોગનું અસમવાયી કારણ પણ છે.
૩૫. ન. સંસ્કાર; નસીબ.
૧. કર્મ કરણ ને કાયા કુમળી–કર્મ કઠિયારાનું અને દેહ રાજાનો = શરીર સુંદર હોય પણ નસીબ ખરાબ હોવાથી જાતમહેનત બહુ કરવી પડે.
૨. કર્મ કરે તે કોઈ ના કરે = નસીબમાં હોય તો ન માગ્યું ઓચિંતું મળી જાય અને ન હોય તો વહાલાં મારવા જતાં પાસે હોય તે પણ ચાલ્યું જાય.
૩. કર્મ ધર્મમાં કોઈનો ભાગ નથી = સંચિત પાપપુણ્યનું ફળ કર્તાએ જ ભોગવવાનું હોય છે
૪. કર્મ વિનાની ખેતી કરે તો બળદ મરે કે સુકવણું પડે = હતભાગી માણસનો પુરુષાર્થ બહુ નકામો જાય છે.
૫. કર્મના લેખ-જોખ = દૈવયોગે આવી દશા.
૬. કર્મના કાળા તેને રાઈ ઉખાણ = જેનું નસીબ ખરાબ તેને કંઈ લાભ ન હોય.
૭. કર્મનાં કાળાં = નસીબના ખૂબ લેખ.
૮. કર્મનાં કોડાં તો કોનાં જોયાં ઓછાં = કમનસીબ માણસે કોઈ નસીબદારનો ઠાઠમાઠ લેવો નહિ.
૯. કર્મનું પાનું ફરવું = નસીબ ઊઘડવું.

કર્મજ્ઞાવી [સં.] પું. કર્મને લીધે જણાતો આર્ષ. મજબ, માજબ, જાન, જ્ઞાન, કૃષિ, લિપિ, વાણિજ્ય વગેરેથી આજીવિકા કરનાર કર્મજ્ઞાવી કહેવાય છે.
કર્મઠ ૧. [સં.] ન. કર્મસમુદાયરૂપ દ્રવ્ય.
૨. વિ. કરવા યોગ્ય.
૩. વિ. જેનાં કર્મ હોય એવું.
૪. વિ. જાણનારું; કરનાર.
કર્મઠડા (કર્મઠડ્ડા) વિ. મરજ્યાં આવે ત્યાં પગલું ભરીને ઓલવતાં જેનાથી સોના મહોરોની કદા નીકળે તેવું.
કર્મઠડા જુઓ કર્મઠડા.
કર્મકથા [સં.] સ્ત્રી. દુઃખની વાત; કરમની કઠની.
કર્મકપાટ [સં.] ન. નસીબનું બારણું; કર્મદ્વાર.
કર્મકર ૧. [સં.] પું. કારીગર.
૨. પું. નોકર; દાસ; પગાર લઈ કામ કરનાર માણસ.
૩. પું. પગ.
૪. પું. મજૂર; કામ કરનાર માણસ.
૫ પું. યમ.
૬. વિ. કર્મ કરનારું.
કર્મકરણ [સં.] ન. કર્મનું સાધન.
કર્મકરી ૧. [સં.] સ્ત્રી. ચાકરડી; દાસી; નોકરડી.
૨. સ્ત્રી. દુર્વા ઘાસ.
કર્મકર્તા ૧. [સં. કર્મકર્ત્રૃ] પું. (વ્યાકરણ) કર્મ રૂપ કર્તા.
૨. વિ. કામ કરનાર.
કર્મકર્તૃ જુઓ કર્મકર્તા.
કર્મકંચુક [સં.] ન. કર્મનું બંધન.
કર્મકાયિક [સં.] ન. સ્થૂલ શરીરથી થતું કામ.
કર્મકાર ૧. [સં.] પું. અઢાર મુખ્ય કર્મરૂપ માંહેનો એક.
૨. પું. કામ કરનાર પુરુષ; કાર્યકર્તા.
૩. પું. કારીગર.
૪. પું. દાસ; નોકર; સેવક.
૫. પું. બગદીચો; ખૂંટ.
૬. પું. લવાદ; પંચાતિયો.
૭. પું. સુથાર.
૮. પું. વર્ણસંકરની એક જાત.
૯. પું. ચેકિયો; બેમારી; વગર પગારે મહેનત કરનાર.
૧૦. વિ. કારીગરીનું કામ કરનાર.
કર્મકારક ૧. પું. (વ્યાકરણ) કર્મ વિભક્તિ.
૨. [સ.] પું. નોકર.
૩. વિ. કામ કરનારું.
કર્મકારી જુઓ કર્મકાર.
કર્મકારીમંડલ [સં.] ન. અધિકારી મંડળ.
કર્મકાર્મુક [સં.] ન. યુદ્ધમાં વપરાતું ધનુષ્ય.
કર્મકાલવિદ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
કર્મકાષ્ઠ [સં.] ન. (જૈન) જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી ઇંધણ.
કર્મકાંડ ૧. [સં.] પું. બ્રાહ્મણ ગ્રંથો; કર્મ સંબંધી શિક્ષણવાળો વેદનો ભાગ; દ્રવ્ય અને દેવતા વગેરે અર્થનું સ્મરણ કરાવનાર વેદનો ભાગ. સૂર્ય, અગ્નિ, ઇંદ્ર, વરુણ, રુદ્ર વગેરે વૈદિક દેવતાઓનું યજ્ઞો કરીને પૂજન કરી તેમના પ્રસાદથી આ લોકમાં પુત્રપૌત્રાદિ, ગાય, ઘોડા, વગેરેની અથવા ધાન્ય, ધન વગેરે સમૃદ્ધિ મેળવીને મરણ પછી સદ્ગતિ મેળવવી તેનું વર્ણન તેમાં કરેલ છે.
૨. ન. ધાર્મિક ક્રિયાઓ અને કર્મો.
કર્મકાંડજ્ઞક [સં.] વિ. કર્મકાંડથી ભરપૂર.
કર્મકાંડી [સં.] વિ. વૈદિક કર્મ કરનાર તથા કરાવનાર; કર્મકાંડને અનુસરનારું.
કર્મકિલ્વિષ વિ. કર્મચંડાળ; બરાબ કામ કરનાર.
કર્મકીલક [સં.] પું. ખીલી.
કર્મકુશળ વિ. કામ કરવામાં હોશિયાર.
કર્મકુશળતા સ્ત્રી. કામ કરવામાં હોશિયારી.
કર્મકૂટ ૧. સ્ત્રી. અર્થ વગરની વાત.
૨. સ્ત્રી. કર્મકાંડી કમકૂટ.
૩. સ્ત્રી. રોજનું એકનું એક કામ.
૪. સ્ત્રી. હમેશની કટાળારૂપ થઈ પડેલી એકની એક જાતની; માથાકૂટ; માથાફોડ; પંચાત.
કર્મકૃત [સં. કર્મકૃત] પું. કર્મ કરનાર; કામ કરનાર.
ઋગ્વેદ સંહિતામાં નકર્, શુક્લ સંહિતામાં કર્મકૃત, અથર્વસંહિતામાં કર્મી અને અમેરુમાં લેબરર કહે છે. શિવપ્રસાદ

કર્મકેતકી ન. એક જાતનું ઝાડ.
કર્મદી ને કર્મકેતકી ઇસર ક્ષિપ્ત કેતકી.
નિષ્કુળાનંદ

કર્મકોષ [સં.] પું. કર્મનો ખજાનો; પાપનો પુંજ; કર્મભંડાર.

કર્મકૌશલ ન. કામ કરવામાં કુશળતા.

કર્મક્ષપણા સ્ત્રી. (જૈન) કર્મ ખપાવવાં તે.

કર્મક્ષમ [સં.] વિ. કોઈ પણ કામ કરવામાં સમર્થ.

કર્મક્ષય [સં.] પું. કર્મનો નાશ.

કર્મક્ષેત્ર ૧. [સં.] ન. કર્મ કરવા માટે યોગ્ય સ્થાન.
૨. ન. (જૈન) કર્મભૂમિ; અસિ, મસિ અને કૃષિ કરીને ગુજરાન ચલાવાતું હોય એવી ભૂમિ.
૩. ન. પોતાનાં કામ કરવાનું સ્થળ; ક્રિયા કરવાનું યોગ્ય ક્ષેત્ર.
૪. ન. ભારતવર્ષ; હિંદુસ્તાન.

કર્મગતિ ૧. સ્ત્રી. નસીબ; ભાગ્ય.
વિષમ કર્મગતિ કિમ કહઈ જી,
મનિ વમનાર ન આણિ.
કાન્હડદેપ્રબંધ
૨. સ્ત્રી. સંચિતોનું પરિણામી ફળ.

કર્મગુપ્ત પું. કાર્યકુશળતા.

કર્મગૃહીત [સં.] વિ. કામ કરતાં પકડાયેલ.

કર્મગ્રંથ [સં.] પું. કર્મ વિષયક પુસ્તક.

કર્મગ્રંથિ [સં.] સ્ત્રી. અજ્ઞાનજન્ય વાસનારૂપી ગાંઠ; કર્મબંધન.

કર્મઘાત [સં.] પું. કામ બંધી રહેવું તે; કામ કરતાં બંધ થવું તે.

કર્મઘ્ન [સં.] વિ. કર્મનો નાશ કરનારું.

કર્મચક્ર [સં.] ન. કાર્યની પદ્ધતિ.
સર્વ કર્મો પણ જ્ઞાનાગ્નિરૂપના જ્ઞાનની સાથે અને સામ્યબુદ્ધિથી આસક્તિ છોડીને કર અને જોય કરીશ તો કર્મચક્રે કામય રાખવા જ્યાં તું મુક્ત છે.
ગીતારહસ્ય

કર્મચંડાળ [સં. કર્મચંડાલ] પું. કર્મથી ચંડાળ માણસ; અધમી; દુરાચારી. જુઓ કર્મચાંડાલ.

કર્મચારી ૧. [સં. કર્મચારિન્] પું. નોકરદાર; અધિકારી.
૨. પું. કામ કરનાર પુરુષ; કાર્યકર્તા.
૩. પું. સેવક; દાસ; નોકર.

કર્મચારીદોષ [સં.] પું. નોકરોએ કોઈનું કરેલું ખોટું.

કર્મચારીતંત્ર [સં.] ન. નોકરશાહી નોકરોથી ચલાવાતું રાજ્યતંત્ર.

કર્મચાંડાલ ૧. [સં.] પું. કર્મથી ચંડાળ માણસ.
૨. પું. ક્રોધ, માન, માયા અને લોભના આવેશવાળો માણસ.
૩. પું. રાક્ષસ; દૈત્ય.
૪. પું. રાહુ.
૫. વિ. હલકું કામ કરનાર; નિંદ્ય કામ કરનાર.

કર્મચિત ૧. [સં.] વિ. કર્મથી ચોકખું થયેલું.
૨. વિ. કર્મથી સિદ્ધ કરવા યોગ્ય.

કર્મચેષ્ટા [સં.] સ્ત્રી. કર્મ કરવા વિશે હાંનો પ્રયત્ન; પુરુષાર્થ.

કર્મચોદના ૧. [સં.] સ્ત્રી. કર્મ કરવાની પ્રથમ પ્રેરણા; કર્મમાં પ્રેરણા.
કોઈ પણ કર્મ કરવાની ઇચ્છા થાય છે તે પહેલાં મને કરીને નિયમ કરવો પડે છે એટલે આ માનસિક વિચારને કર્મચોદના એટલે કર્મ કરવાની પ્રથમ પ્રેરણા એમ કહે છે.
ગીતારહસ્ય
૨. સ્ત્રી. ધાર્મિક કર્મ કરવાનું ફરમાવે એવો સિદ્ધાંત.

કર્મચોર [સં.] વિ. કામમાં ચોર હોવાપણું.

કર્મજિચ્છ પું. એ નામનું પ્રાચીન હિંદનું એક ગામ.

કર્મજુગુપ્સિત [સં.] વિ. નોકરીમાંથી પડતી મૂકેલું.

કર્મજ ૧. પું. (જૈન) આઠ કર્મના જથ્થારૂપ કાર્મણ શરીર.
૨. પું. એ નામના એક પ્રકારના દેવ.
૩. પું. કળિયુગ; કલિયુગ.
૪. પું. રાહુ.
૫. પું. વડ.
૬. સ્ત્રી. માણસોના કામથી ઉત્પન્ન થતી અસર.
૭. ન. અંતરનું ઝાડ.
૮. ન. (વેદાંત) કર્મની સૂક્ષ્મ અવસ્થાને પામેલ કોઈ સંસ્કાર.
૯. ન. ધર્મ અધર્મ રૂપ એક ગુણ.
૧૦. ન. નરક.
૧૧. ન. સ્વર્ગ.
૧૨. વિ. કર્મ જેનું કારણ છે તેવું.
૧૩. [સં.] વિ. કર્મથી ઉત્પન્ન થયેલું; કર્મજન્ય.
૧૪. વિ. કાયિક, વાચિક તથા માનસિક કર્મોથી પ્રાપ્ત થનાર.

કર્મજગુપ્સ [સં.] પું. ક્રિયાજન્ય ગુણ.

કર્મજડ (કર્મજડ) ૧. સ્ત્રી. કર્મ રૂપી સાધન.
જ્ઞાન ધ્યાન કાજ, કર્મજડ તુજ નહિ પાયે.
દયારામ
૨. વિ. પશુ જેવું.
૩. વિ. યજ્ઞ વગેરે કર્મો કરવામાં જડ થઈ ગયેલું.

કર્મજડતા (કર્મજડતા) [સં.] સ્ત્રી. પશુ જેવી સ્થિતિ.

કર્મજતાદાત્મ્ય [સં.] ન. (વેદાંત) અહંકારનું સ્થૂલ દેહ સાથે તાદાત્મ્ય.

કર્મજન્ય [સં.] વિ. કર્મથી પ્રાપ્ત થયેલું; કર્મથી મળેલું.

કર્મજન્યગુણ [સં.] પું. કર્મથી ઉત્પન્ન થયેલ ગુણ. જેમકે, સંયોગ, વિભાગ, વેગ.

કર્મજવિભાગ [સં.] પું. (વેદાંત) ક્રિયારૂપ કર્મ વડે જન્ય વિભાગ.

કર્મજ્ઞ ૧. સ્ત્રી. કર્મ સંબંધી સિદ્ધિ.
૨. [સં.] સ્ત્રી. કામ કરતાં ઊપજે તે બુદ્ધિ.

કર્મજ્ઞપ્તિ [સં.] સ્ત્રી. કર્મનો પ્રકાર.

કર્મજિત ૧. [સં. કર્મજિત્] પું. ઓરિસાનો એ નામનો એક રાજા.
૨. પું. જરાસંધના વંશનો મગધ દેશનો એક રાજા.
૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ઉપરિચર વંશના બૃહત્સેન રાજાનો પુત્ર. એને સૃતંજય નામે પુત્ર હતો.

કર્મજ્ઞ [સં.] વિ. કર્મકાંડ, ધાર્મિક ક્રિયાઓ વગેરે જાણનારું. હિંદુસ્તાનમાં મુખ્ય આઠ કર્મજ્ઞ કહ્યા છે: માર્જક, ચક્રક, ચરક, માપક, સુરક, રાપક, રાલાક, પ્રતિમાલક, ક્ષિપુક, દાસ, કર્મકર, સૂપકર, ભેષક, વાદક, ગાયક, નર્તક, તક્ષક અને વર્ધક.

કર્મઠ ૧. પું. (પિંગળ) ચાર ભગણ અને એક ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમિશ્ર છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે.
કર્મઠમાં સ્થ આપ જ ભા જ જ ગા.
વૃત્તવિનોદ
૨. પું. યજ્ઞમાંનો મુખ્ય પુરુષ.
૩. વિ. આરંભેલા કાર્યનો અંત લાવનાર.
૪. વિ. કર્મ સિદ્ધ કરવાને સમર્થ.
૫. [સં.] વિ. કર્મકાંડી.
૬. વિ. કર્મકુશળ; કર્મનિષ્ઠ.
જે કર્મઠ સંત જાહ કર્યા, સંન્યાસી જોગી અત.
દયારામ
૭. વિ. ચતુર; હોશિયાર.
૮. વિ. બાલ આચારમાં આગ્રહી.
૯. વિ. યજ્ઞયજ્ઞાદિક કર્મમાં જ પરમાર્થ માનનારું; કર્મમાર્ગી; યાજ્ઞિક.

કર્મઠતા ૧. [સં.] સ્ત્રી. કર્મકાંડ ઉપરનો હક.
૨. સ્ત્રી. કર્મકાંડીપણું; કેવળ યજ્ઞયાગાદિમાં મશગૂલતા.
૩. સ્ત્રી. કામમાં ખંત.
૪. સ્ત્રી. કાર્યકુશળતા; હોશિયારી.

કર્મેષુ પું. જૂના સમયનો એક નામનો એક કવિ.

કર્મેષ્ય ૧. [સં.] સ્ત્રી. કામ; ક્રિયા

૨. વ. કર્મ વડે, કર્મ દ્વારા

કર્મોક્તિ ૧. [સં.] સ્ત્રી કર્મની સમાપ્તિ સમયે કરવાની પ્રાયશ્ચિત્ત વિધિ

૨. વિ (વ્યાકરણ) કર્મ પ્રમાણે જાતિવચન વગેરે લેનારું

કર્મોક્તિદ્વિતીયા [સં] સ્ત્રી. (વ્યાકરણ) કર્મ અર્થે થતો બીજી વિભક્તિનો પ્રયોગ.

કર્મોક્તિપ્રયોગ [સં.] પું. (વ્યાકરણ) કર્મ પ્રમાણે જેમાં ક્રિયાપદ જાતિવચન લેતું હોય એવો પ્રયોગ; સકર્મક.

કર્મોક્તિવાચ્ય ૧. [સં.] વિ. (વ્યાકરણ) કર્મ પ્રમાણે જાતિવચન લેનારું.

૨. વિ. કર્મનું પ્રાધાન્ય હોય એવું.

કર્મોક્તિષષ્ઠી સ્ત્રી. (વ્યાકરણ) છઠ્ઠી વિભક્તિનો એક પ્રકાર. કર્મના અર્થમાં છઠ્ઠી વિભક્તિ વપરાય છે. જેમકે, શિષ્યની શિક્ષા યોગ્ય હતી

કર્મોક્ષ [સં.] સ્ત્રી. મનોરંજન.

કર્મોદ્યમ ૧. [સં.] ન. પ્રવૃત્તિ; ઉદ્યોગ.

૨. ન. શૌર્ય; પરાક્રમ.

૩. વિ ઉદ્યોગી, યત્નશીલ

૪. વિ. ચાલાક; કુશળ; હોશિયાર.

કર્મોદ્યમતા ૧. [સં.] સ્ત્રી. ઉદ્યોગીપણું.

૨. સ્ત્રી. કર્મકુશળતા; હોશિયારી.

કર્મોદ્યા [સં.] સ્ત્રી. ચેતના; પગાર.

કર્મોદ્યોગ ન. કર્મનું તંત્ર.

કર્મોત્સાગ [સં.] પું. કર્મનો ત્યાગ; સંસાર છોડી દેવો તે.

કર્મોદય [સં.] ન (વેદાંત) પ્રારબ્ધ, સંચિત અને આગામી એવા કર્મના ત્રણ પ્રકાર.

કર્મોદ્યોગ [સં.] ન. ક્રિયા; સંસાર સંબંધી કર્મ.

કર્મોર્ધ ન. કરમદું.

કર્મોલ [સં.] પું. કર્મનો સમૂહ.

કર્મોલિક ન. કર્મનો સમૂહ

પણ સુખ, આત્મામાં રહેલા કર્મલલિકને ઉઠાડી, આત્માને અંધકારથી પરિપૂર્ણ બનાવે છે.

સત્યાર્થ પ્રકાશ નિર્ણય

કર્મોળ [સં. કર્મોલ] ન. કર્મનો સમૂહ.

કર્મોર્દ [સં.] પું. કરેલાં કામની શિક્ષા; કર્મની સજા

કર્મોર્દા પું. (પિંગળ) દરેક ચરણમાં એક રગણ અને એક ગુરુ મળી છ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગણમેળ છંદનો એક ભેદ છે. તેને તિલ્લ છંદ પણ કહે છે.

કર્મોદા ૨ ગ ગી ચંદ્રવિજય

કર્મોદ્યાન [સં.] પું. નાલંદા વિદ્યાપીઠના પંડિતોના અધ્યક્ષથી ઊતરતા દરજ્જાનો પંડિત; વિહારસ્વામી; વિહારપાલ.

કર્મોદ્રી ૧. સ્ત્રી. કરમદાનું ઝાડ.

૨. ન. કરમદું

કર્મોદુષ્ટ [સં.] વિ. હલકાં કામ કરવાવાળું; નીચ; અધમ.

કર્મોદેવ ૧. [સં.] પું. એક જાતનો દેવ; અગ્નિહોત્ર વગેરે કર્મથી દેવપણાને પામેલા દેવ. દેવતા બે પ્રકારના છે: કર્મદેવો અને આજાનદેવો.

૨. પું. કર્મ કરનાર વ્યક્તિ.

કર્મોદેવતા [સં.] સ્ત્રી. કર્મ વડે દેવપણાને પામેલા દેવતા; કર્મદેવ.

કર્મોદેવી સ્ત્રી મેવાડના રાણા સમરસિંહની સુવીર રાણી. જ્યારે સમરસિંહ શાહબુદ્દીન સામે લડતાં માર્યો ગયો ત્યારે આ રાણીએ પોતાનો દેશ બચાવવા ગુજરની સરદારી લઈ શાહબુદ્દીનના સરદાર કુતબુદ્દીનને હંફાવ્યો પકડી પાડી કરાવ્યો અને મેવાડીઓને ગુલ્લામી બંધનમાંથી બચાવી લીધા.

કર્મોદોષ ૧. [સં.] પું. કર્મનાં માઠાં પરિણામ.

૨. પું. કર્મનું ખરાબ વાસનારૂપ દોષ.

૩. પું. કર્મનો હેતુ.

૪. પું. દુરાચાર; ખરાબ આચરણ

૫. પું. પાપ; દુષ્કર્મ

૬. પું. ભૂલ; કર્મનો દોષ.

કર્મોદ્ધાર [સં.] ન. કર્મરૂપી ભારનું; કર્મકપાટ.

કર્મોધર્મસંયોગ [સં.] પું. કર્માનુસાર પૂર્વના સંસ્કારથી બનેલું ભાગ્ય.

કર્મોધારક [સં.] વિ. હલરૂપ; નિષેધ.

કર્મોધારય ૧. [સં.] પું. (વ્યાકરણ) ક્રિયાની સાથે સરખો સંબંધ રાખનાર પદોનો સમાસ; તત્પુરુષ સમાસમાં બંને પદો સમાનાધિકરણ હોય તે સમાસ. તેમાં વિશેષણ પૂર્વપદ હોય અને વિશેષ્ય ઉત્તરપદ હોય છે. જેમકે, મહારાજા, પીતાંબર, શુક્લપક્ષ, ઘનશ્યામ, પદ્મકમળ.

૨. પું. ખેતી.

કર્મોધારય સમાસ [સં.] પું. (વ્યાકરણ) જે સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય અથવા બીજું પદ સરખામણી બતાવનારું હોય અથવા રૂપક હોય તે જાતનો સમાસ; વિશેષણ અને વિશેષ્ય સમાન અધિકરણવાળાં જેમાં હોય તેવો સમાસ. જેમકે, કુષ્ણસર્પ, જ્ઞેયપતાકા.

કર્મોધ્વંસ ૧. [સં.] પું. ધાર્મિક ક્રિયા કરવાથી મળેલા ફળનો નાશ.

૨. પું. નિરાશા; હતાશા થવું તે.

કર્મોનક્ષત્ર ન. (જ્યોતિષ) જન્મ નક્ષત્રથી દશમું નક્ષત્ર.

કર્મોનામ [સં.] ન. કૃદંતમાંથી બનાવેલું નામ.

કર્મોનાશ [સં.] પું. કર્મોનો નાશ.

કર્મોનાશા ૧. [સં.] સ્ત્રી. કરેલાં કુકર્મો માટે તેરી નદી; દેવનદી.

૨. સ્ત્રી. જેના પાણીના સ્પર્શથી પુણ્ય નાશ પામે તેવી એક નદીનું નામ. તે બિહારી પ્રાંતની સીમા ઉપર ફરી વળી ઉત્તર તરફથી ગાજીપુરીને મળે છે. હિંદુરાજ પ્રમાણે આ નદીના પાણીને અડકવાની પણ મના છે, પરંતુ તેના કાંઠે વસતા લોકોને તેના પાણીથી સ્નાન કરવું પડે છે. આ નદી ત્રિશંકુ રાજાની લાળથી અથવા રાવણના મૂત્રથી ઉત્પન્ન થયેલ મનાય છે. હિંદુઓના મતવ્ય પ્રમાણે વિશ્વામિત્ર ઋષિના કૃપાપાત્ર ત્રિશંકુના પાપના સંસર્ગથી એનું જળ પતિત બન્યું. આ નદી પૂર્વે જેને બંગાળ પ્રાંત કહેતા તેમાંના શાહબાદ જિલ્લાની પશ્ચિમ સીમારૂપ છે. હાલ એ બિહાર અને સંયુક્ત પ્રાંતની સીમા બક્સાર છે ને તે સરોહ નામના ગામના એક ડુંગરામાંથી નીકળે છે.

૩. ન. વૈદ્યનાથમાં આવેલું એક નાનું ચંદ્રોળિયું.

કર્મોનાશા ન. હરીતકીવન પાસે કારસાલુદ્દીની ઉત્તરમાં વહેતું એ નામનું ચંદ્રોળિયું. પ્રબળ મહોત્સર્ગ કરવાથી તે ઉત્પન્ન થયું હોવાનું મનાય છે.

કર્મોનિરત [સં.] વ. કામ ઉપર; ધોરા ઉપર.

કર્મોનિર્જરા [સં.] સ્ત્રી. (જૈન) કર્મબંધનનો અંશથી ક્ષય.

કર્મોનિષ્ઠ ૧. [સં.] વિ. કર્મ ઉપર આસક્તવાળું.

૨. વિ. કામમાં આસક્ત; કર્તવ્યપરાયણ.

૩. વિ. ચારિત્રશીલ.

૪. વિ. શાસ્ત્રવિહિત કર્મોમાં નિષ્ઠા રાખનાર; અગ્નિહોત્ર, યજ્ઞયાગ વગેરે કર્મ ઉપર નિષ્ઠા રાખનાર.

કર્મોનિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. કર્મ ઉપર પૂર્ણ મદાર; નસીબ ઉપરનો વિશ્વાસ

૨. સ્ત્રી. કામમાં આસક્તિ; કર્તવ્યપરાયણતા.

કર્મોનિષ્ઠાર્ક જુઓ કર્મોનિષ્ઠા.

કર્મન્યાસ [સં] પું. કર્મ ઈશ્વરને અર્પણ કરી દેવાં તે; કર્મસંન્યાસ.

કર્મપક્ષ [સં.] પું. કર્મયોગ; કર્મમાર્ગ.

કર્મપથ ૧. [સં] પું કર્મ કરવાનો રસ્તો; કાર્યમાર્ગ; કર્મમાર્ગ. જૈન ધર્મમાં દસ કર્મપથ મનાયેલા છે: (૧) પ્રાણાતિપાત, (૨) અદત્તાદાન, (૩) વ્યભિચાર, (૪) અસત્ય ભાષણ, (૫) ચાડી, (૬) કઠોર ભાષણ, (૭) બકવાદ, (૮) પર દ્રવ્યનો લોભ, (૯) દ્વેષ અને (૧૦) નાસ્તિકતા. ૨ પું. કામનું મૂળ.

કર્મપદાર્થ [સં.] પું. (વેદાંત) કર્મરૂપી પદાર્થ. એના પાંચ પ્રકાર: (૧) ઉત્ક્ષેપણ, (૨) અવક્ષેપણ, (૩) આકુંચન, (૪) પ્રસારણ અને (૫) ગમન. એ કર્મ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને મન એ પાંચ મૂર્ત દ્રવ્યોમાં રહે છે.

કર્મપદ્ધતિ [સં] સ્ત્રી કર્મકાંડની રીત; વિધિ.

કર્મપરંપરા [સં.] સ્ત્રી. આપાર.

કર્મપરાયણ [સં.] વિ. ફરજ બજાવે એવું.

કર્મપરાયણતા [સં , સ્ત્રી. ફરજ બજાવવાપણું.

કર્મપરિણામી [સં. કર્મપરિણામિન્] વિ. કર્મના પરિણામ રૂપે થયેલું હોય એવું.

કર્મપંચક [સં.] ન. (વેદાંત) નિત્યકર્મ, નૈમિત્તિક કર્મ, કામ્ય કર્મ, પ્રાયશ્ચિત્ત કર્મ, નિષિદ્ધ કર્મ એ ૪ કર્મના પાંચ પ્રકાર.

કર્મપંચમી [સં.] સ્ત્રી (સંગીત) હસિત, વસંત, હિંડોલ અને કેદારના સંયોગથી બનેલી એક રાગિણી.

કર્મપાક [સં.] પું. આગલા જન્મનાં કર્મો ફળવાની તૈયારી; પૂર્વજન્મનાં સારાંનરસાં કર્મોનો બદલો મળવાના સમયનું આગમન; કર્મફળ.

કર્મપાકપરાધીન [સ] વિ કર્મના પાકવાથી; આગલા જન્મનાં કર્મો ફળવાની તૈયારીથી.

કર્મપાશ [સં.] પું. કર્મબંધન; કર્મની જાળ.

કર્મપ્રકૃતિ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક ગ્રંથ.
૨. સ્ત્રી કર્મનો સ્વભાવ; કર્મનો ગુણ.

કર્મપ્રધાન ૧ [સં.] વિ. ક્રિયાકાંડી.
૨. વિ જ્યાં માણસો ખૂબ મહેનત કરતાં હોય એવું

કર્મપ્રધાનક્રિયા [સ] સ્ત્રી (આકરણ) જે ક્રિયામાં કર્મ મુખ્ય હોઈ કર્તાની સમાન આવે અને જેના ગતિવ્યત્યય ને કર્મ અનુસાર આવે તે ક્રિયા

કર્મપ્રધાનવાક્ય [સં.] ન. જેમાં કર્મ મુખ્ય રૂપે કર્તા સમાન આવે તે વાક્ય.

કર્મપ્રવચનીય [સં.] પું. નામ અથવા ક્રિયાપદની સાથે સમાસ પામતે નહિ એવા ક્રિયાવિશેષણ કે નામયોગી અવ્યય. કર્મપ્રવચનીય ૧૧ છે. જેમકે, અનુ, ઉપ, અપ, પરિ, આ, પ્રતિ, અભિ, અધિ, સુ, અતિ, અપિ.

કર્મપ્રવીણતા સ્ત્રી. કામમાં મશગૂલતા.

કર્મપ્રવેશ પું. વસ્તુના સ્રોત સંસ્કાર માંહેનો બારમો સંસ્કાર. જુઓ સંસ્કાર.

કર્મફરજ ૧. પું. કૃષ્ણના અને વસ પુરુષનો પુત્ર.
૨. ન. એક જાતના ઝાડનું ફળ.
૩. [સં.] ન. કર્મનો પરિપાક; કર્મવિપાક; સારાં નરસાં કર્મોના પરિણામ. સારાં કર્મના બદલામાં સ્વર્ગ મળે છે અને નઠારાં કર્મના બદલામાં અનેક પ્રકારની નરકમાં શિક્ષા ભમવી પડે છે અને મોક્ષ મળે ત્યાંસુધી અસંખ્ય યોનિમાં વારંવાર પુનર્જન્મ લેવો પડે છે.

કર્મફલદા [સં.] સ્ત્રી, કર્મનું ફળ આપનારી દેવી.

કર્મફલપ્રદાતા [સં. કર્મફલપ્રદાતૃ] વિ. કર્મનાં ફળ આપનાર.

કર્મફલવ્યતિકર [સં.] (વેદાંત) એકના સુખ દુઃખથી બીજાને સુખ દુઃખ થવું તે.

કર્મફળ જુઓ કર્મફલ.

કર્મફૂટેલ વિ. ભાગ્યહીણ; કમનસીબ.

કર્મફૂટ્યું વિ. કમનસીબ; દુર્ભાગી; હતભાગી.

કર્મબદ્ધ [સં.] વિ. શુભાશુભ કર્મના બંધનવાળું.

કર્મબંધ ૧. [સં.] પું. કર્મબંધન; કર્મથી આત્માનું બંધન; કર્મની બેડી.
૨. પું. (જૈન) રાગ, દ્વેષ, મોહ કરવાથી કાર્મણ વર્ગણા નામનાં એક જાતનાં સૂક્ષ્મ પુદ્ગલોનું આત્માના પ્રદેશમાં એકમેક મળી જવાપણું.

કર્મબંધન જુઓ કર્મબંધ.

કર્મબાજી સ્ત્રી. કામ કરવામાં હામફાલાડી.

કર્મબાધ [સં.] પું. કર્મનો દોષ.

કર્મબાહુલ્ય [સં.] ન. ઘણું કામ; કામનું પનારૂપાપું.

કર્મબીજ [સં.] ન. કર્મનું બીજ; રાગ, દ્વેષ, મોહ વગેરે.

કર્મબંધર [સ.] પું. કર્મકોષ. કર્મનો ખજાનો.

કર્મભાર [સં.] પું કર્મરૂપી બોજો.

કર્મભાવ ૧ [સ.] પું. (જૈન) જ્ઞાનાવરણત્વ આદિ પ્રકૃતિ.

> આત્મપ્રદેશો સાથે બંધાતા પુદ્ગલસ્કંધોમાં કર્મભાવ અર્થાત્ જ્ઞાનાવરણત્વ આદિ પ્રકૃતિઓ બને છે. — તત્ત્વાર્થસૂત્ર

૨. સ્ત્રી. જ્યોતિષ કુંડલીનો દશમો ભાવ.

કર્મભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાંનું દશમું ભુવન. આ ભુવનમાં કર્મ, કીર્તિ, આજીવિકા, પ્રવૃત્તિ, આજ્ઞા, ભાગ્ય, રાજ્યદ્વાર તથા વેપાર વિષે અને પિતાનું સુખદુઃખ પણ જોવામાં આવે છે

કર્મભૂ ૧. [સં.] સ્ત્રી. ખેડેલી જોમ; ખેતી કર્મની ભૂમિ
૨. સ્ત્રી. જે કોઈ સ્થળે કર્મ કરાય તે સ્થળ; કર્મક્ષેત્ર.
૩. સ્ત્રી. હિંદુસ્તાન; ભારતવર્ષ; આર્યાવર્ત

કર્મભૂમિ ૧. [સં] સ્ત્રી. (જૈન) અસિ, મસિ એટલે વ્યાપાર અને કૃષિ જ્યાં થતી હોય તેવી ભૂમિ; મનુષ્યને રહેવાનાં પંદર ક્ષેત્ર. તેમાં મોક્ષમાર્ગને જાણનારા અને તેનો ઉપદેશ કરનારા તીર્થંકર પેદા થઈ શકે છે. કર્મભૂમિઓ પંદર જ છે. જેમકે, પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ વિદેહ.
૨. સ્ત્રી. કાર્યક્ષેત્ર; કર્મ કરવાનું ક્ષેત્ર.
૩. સ્ત્રી. ખેડેલ જોમ; ખેતી કર્મની ભૂમિ.
૪. સ્ત્રી. ભારતવર્ષ; આર્યાવર્ત; ભરતખંડ.

કર્મભૂમિક ૧ [સ.] વિ (જૈન) કર્મભૂમિના ક્ષેત્રમાં રહેનાર; અસિ, મસિ અને કૃષિ એટલે તરવાર, કલમ અને ખેતી એ ત્રણ કર્મ ઉપર નિર્વાહ ચલાવનાર.
૨. વિ. કર્મભૂમિમાં પેદા થયેલ.

કર્મભૂમિજ [સં.] ન. કર્મભૂમિમાં પેદા થયેલ મનુષ્ય.

કર્મભોગ ૧ [સં.] પું. એક પક્ષીનું નામ.
૨. પું. કર્મજન્ય સુખદુઃખનો ભોગ.
૩. પું. કર્મફલ; કરણીનું ફળ.
૪. પું. પૂર્વજન્મનાં કર્મનું પરિણામ.
૫. પું. ભક્તિ

કર્મભ્રષ્ટ ૧. [સં. કર્મન્ + ભ્રંશ્ (નીચે પડવું)] વિ. કર્મચ્યુત; કર્તવ્ય કર્મોથી વિમુખ થઈ ગયેલું.
૨. વિ. પોતાની ફરજ નહિ બજાવનું.

કર્મમર્યાદા [સં.] પું. વિષ્ણુનું નામ.

કર્મમર્યાદાદર્શનોત્સુક [સં.] પું. પુરુષોત્તમનું બીજું નામ માંહેનું એક.

કર્મમલ [સં.] પું. કર્મરૂપી મેલ.

કર્મમલહીન [સં.] વિ. કર્મના મેલ વિનાનું.

કર્મમહત્તા [સં.] સ્ત્રી. કર્મનું મોટાપણું.

કર્મમળ [સં. કર્મમલ] પું. કર્મરૂપી કચરો.

કર્મમંત ન. બંગાળના ટીપરી જિલ્લામાં આવેલ ટમતા ગામનું પ્રાચીન નામ. ખડગના રાજ્યોના ભાગમાં એ સમતટની રાજધાની હતું.

કર્મબાહક [સં.] પું. કર્મરૂપી જેડી પકડી.

કર્મમાર્ગ ૧. [સં.] પું. કર્મયોગ; યજ્ઞ, પૂજા, હોમ વગેરે કર્મ કરીને સ્વર્ગે જવાય તે માર્ગ; કર્તવ્ય કર્મથી અથવા કર્મકાંડને અનુસરવાથી મોક્ષ મેળવવાનો માર્ગ.

૨. પું. ધાર્મિક ક્રિયાઓ કરવાથી જ કલ્યાણ થાય એવું માનનારાઓનો પંથ; કર્મપક્ષ.

૩. પું. પિતૃયાનનો એક માર્ગ. જુઓ પિતૃયાન.

કર્મમાર્ગનિષ્ઠામક ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

કર્મમાર્ગપ્રદર્શક [સં.] પું. વિષ્ણુનું એક નામ.

કર્મમાર્ગી ૧. [સં. કર્મમાર્ગિન્] વિ. કર્મમાર્ગને અનુસરતું.

૨. વિ. ધર્મની ક્રિયાઓ કરવાથી જ કલ્યાણ થાય છે એમ માનનાર; મીમાંસક.

કર્મમાર્ગીય જુઓ કર્મમાર્ગી.

કર્મમિશ્રાપિપાસના [સં.] સ્ત્રી. ભગવાનને અર્પણ કરવાની બુદ્ધિથી કર્મ કરવા વડે ભગવાનની સમીપમાં હોવાપણું.

કર્મમીમાંસા ૧. [સં.] સ્ત્રી. કર્મની ફિલસૂફી; કર્મ સંબંધી વિચારણા.

૨. સ્ત્રી. પૂર્વમીમાંસા; કર્મકાંડને પ્રતિપાદન કરનારા વેદના વિચારનો ગ્રંથ; જૈમિનિ મુનિએ રચેલું કર્મકાંડપ્રધાન દર્શન.

કર્મમીમાંસામાર્ગી [સં. કર્મમીમાંસામાર્ગિન્] વિ. કર્મની ફિલસૂફીમાં માનનાર.

કર્મમુક્ત [સં.] વિ. કર્મના બંધનથી છૂટું થયેલ.

કર્મમૂલ ૧. [સં.] ન. કર્મનું મૂળ.

૨. ન. (જૈન) કર્મનું મૂળ કારણ. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એવાં કર્મનાં પાંચ કારણ છે.

૩. ન. કર્મ; દાભ; કુશતૃણ. તેનાથી વૈદિક કર્મો કરાય છે.

કર્મમોચન [સં.] પું. પરમાત્મા; સિદ્ધ; અંતર્યામી.

કર્મમુક્તિ [સં.] સ્ત્રી. નૈષ્કર્મ્ય સિદ્ધિ.

કર્મમુખ ૧. [સં.] પું. કલમુખ; કલિયુગ.

૨. પું. કાર્ય કરવાનો જમાનો.

કર્મયોગ ૧. [સં.] પું. કર્મ કરવાની કુશળતા.

૨. પું. કર્મને પરમાત્માના માર્ગમાં જોડવાપણું.

૩. પું. ગીતાના અઢાર માંહેનો એ નામનો ત્રીજો અધ્યાય. આ અધ્યાય ગીતાનું સ્વરૂપ જાણવાની કૂંચી મનાય છે. તેમાં કર્મ કેમ કરવું, કયું કરવું તથા અકર્મ કોને કહેવું જોઈએ તે સ્પષ્ટ કર્યું છે અને બતાવ્યું છે કે અકર્મ જ્ઞાન પારમાર્થિક કર્મોમાં પરિણમવું જ જોઈએ. જ્ઞાનીઓએ પોતે જ્ઞાની હોઈ સમબુદ્ધિ રાખી કર્મ કર્યા વિના જેવી રહેવા કરતાં સમબુદ્ધિ રાખી બીજું બાજુએ કે પુષ્કળ મનુષ્યના હિતને માટે જેટલે આખા જગતના કલ્યાણ માટે કર્મ કરતાં રહેવું એ જોવરકર છે. એ કર્તવ્યની મહત્તાનું વર્ણન આ અધ્યાયમાં આપવામાં આવ્યું છે, માટે એને કર્મયોગ કહ્યો છે.

૪. પું. ચિત્ત શુદ્ધ કરનાર શાસ્ત્રવિહિત કર્મ.

૫. પું. ધાર્મિક તથા વ્યાવહારિક કર્માનુષ્ઠાન કરવાં તે; કર્મમાર્ગની સાધના.

૬. પું. નિષ્ક્રમ કર્મરૂપી ભક્તિ.

૭. પું. બનાવ; નસીબનો યોગ.

કર્મયોગમાર્ગ [સં.] પું. આયુષ્યકર્મના માર્ગના ચાર માંહેનો એક પ્રકાર.

કર્મયોગશાસ્ત્ર [સં.] ન. એ નામનું એક પુસ્તક; ભગવદ્ગીતારહસ્ય.

કર્મયોગિની [સં] સ્ત્રી. કર્મયોગમાં માનનારી સ્ત્રી.

કર્મયોગી ૧. [સં. કર્મયોગિન્] પું. કર્મયોગનો સાધક.

૨. વિ. કર્મમાં જોડવાયાળું.

કર્મરત [સં.] વિ. કર્મમાં રચ્યુંપચ્યું રહેનાર.

કર્મરહિત [સં.] વિ. પવિત્ર; પાવન; પાપ રહિત.

કર્મરંગ ૧. [સં.] ન એક જાતના ઝાડનું ફળ. તે ખાવાથી ભોજનમાં રુચિ વધે છે.

૨. ન. એક જાતનું ઝાડ; કમરખ.

કર્મરી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વંશલોચન.

કર્મરૂપિયું વિ. કર્મ રૂપે રહેલું હોય એવું.

> ત્યાં કર્મરૂપિયાં બાલ્યાં હોય,
> મેલું મન અંધારું હોય. અખો

કર્મરેખ [સં.] સ્ત્રી. કર્મની રેખા; તકદીર.

કર્મરેખા ૧. [સં.] સ્ત્રી. કર્મગતિ; કર્મનો આલેખ.

૨. સ્ત્રી. નસીબ.

૩. સ્ત્રી. મસ્તકના, કપાળમાં વિધાતાની લખેલ લીટી.

૪. સ્ત્રી. શુભાશુભ ભાવિસૂચક હસ્તપાદાદિમાંની આંટો અથવા લીટી; ભાવિસૂચક આંટો.

કર્મલતા સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેને સુંદર પીળાં ફૂલ આવે છે. કાંગનાં જંગલમાં તથા આસામમાં તે ઊગે છે. તેનાં મોટાં પાંદડાં રતાશ પડતાં તાંબાના રંગ જેવાં હોય છે.

કર્મલઘુ [સં.] વિ. હળુકર્મી; કર્મ પાતળાં પડ્યાં હોય એવું.

કર્મલહો (કર્મલ્હો) ૧. પું. કરમો; દહીંભાત.

૨. પું. સાબરો; કુબેર.

> કરે કરીને કર્મલહો ખવરાવું રે. બાબુ

કર્મલાક ન. કોમિલ્લા. બંગાળના ટીપરી ત્રિપુરાની રાજધાનીનું છઠ્ઠી સદીનું પ્રાચીન શહેર. ગિનાર્ડ મુબારક ગુપ્તાંગે તેને કિમોલાકિયા જણાવ્યું છે.

કર્મલોક [સં.] પું. મર્ત્યલોક.

> મર્ત્યલોકમાં વિશિષ્ટતા એ છે કે તેમાં કર્મ કરાય છે અને તથી તેને કર્મલોક પણ કહેલો છે.
> સૂતસંહિતા

કર્મવચન [સં.] ન. (બૌદ્ધ) ધાર્મિક ક્રિયાઓ.

કર્મવજ્ર [સં.] પું. વજ્ર.

કર્મવત્તા સ્ત્રી. કર્મ કરનારા હોવાપણું; કર્મયુક્તતા.

કર્મવધ પું. બેદરકારી.

કર્મવર્ગણા સ્ત્રી. કર્મદ્રવ્ય; કર્મ સંબંધી જાગતીય પદાર્થ.

કર્મવશ ૧ [સં.] પું. આગલા જન્મમાં કરેલાં કર્મોનું ફળ.

૨. વિ. પુનર્જન્મનાં કરેલાં કર્મનાં ફળ આ જન્મે જોને ભોગવવાં હોય તેવું; નસીબને આધીન એવું.

કર્મવશાત્ [સં.] અ. કર્મને લઈને.

કર્મવાચ્ય ન. સાધ્ય આગળ મુકાતો કરાવ બતાવવા પ્રતિષ્ઠા

કર્મવાચકસંજ્ઞા સ્ત્રી. (વ્યાકરણ) ક્રિયાપદ ઉપરથી બનેલું ભાવવાચક નામ.

કર્મવાદી [સં.] સ્ત્રી. તિમિ.

કર્મવાદ ૧. [સં.] પું. કર્મને બળતો ઝાઝો; કર્મને બળતો વાદ.

૨. પું. કર્મયોગ.

૩. પું. પ્રારબ્ધવાદ; દૈવવાદ; નસીબમાં લખેલું મિથ્યા બનાર નથી એવો મત.

૪. પું. મીમાંસા. તેમાં કર્મને પ્રધાન માન્યું છે.

કર્મવાદયુક્ત [સં.] વિ. કર્માનુસાર ફળ મળે એવા સિદ્ધાંતવાળું.

કર્મવાદી ૧. [સં. કર્મવાદિન્] પું. કર્મવાદમાં માનનાર પુરુષ.

૨. વિ. કર્મકાંડ અથવા કર્મને પ્રધાન માનનાર; મીમાંસક.

૩. વિ. કર્મને માનનાર; કર્મવાદમાં માનનાર.

૪. વિ. નસીબ ઉપર આધાર રાખનાર; દૈવવાદી

કર્મવાન ૧. [સં. કર્મવત્] વિ. ક્રિયાવાન; કર્મ કરનાર.
૨. વિ. વેદવિહિત નિત્યકર્મને વિધિપૂર્વક કરનાર.

કર્મવારી [સં.] સ્ત્રી. તિથિ; મિતિ.

કર્મવાસના [સં.] સ્ત્રી. કર્મમાંથી બંધાતી [redacted]

કર્મવિધિ [સં.] પું. અમુક વિધિના ચાર મહિનો એક પ્રકાર.

કર્મવિપાક ૧. [સં. કર્મન્ + વિપાક (પરિપાકવું)] ન. કર્મનું ફળ; કર્મપાક.
૨. ન. કેવાં કેવાં કર્મે કેવા કેવા જન્મ મળે તે બતાવનારું પુસ્તક.

કર્મવીર ૧. [સં.] પું. કર્તવ્ય કર્મ કરવામાં બહાદુર માણસ.
૨. વિ. કામ કરવામાં હિંમતવાન.

કર્મવૃત્તિ [સં.] સ્ત્રી. કર્મ કરવાની ઇચ્છા; કર્મપ્રવૃત્તિ.

કર્મવ્યતિહાર ૧. [સં.] પું. કામનો અદલોબદલો; કર્મનો વિનિમય; ક્રિયાનું સામસામે થવું તે.
૨. પું. (વ્યાકરણ) સમાસની એક જાત. તેમાં ક્રિયા વારંવાર થાય છે એમ બતાવાય છે. જેમકે, મુષ્ટામુષ્ટિ; દંડાદંડી.

કર્મવ્યતિહારવાચક [સં.] વિ. કર્મવ્યતિહાર બતાવનારું.

કર્મશક્તિ ૧. [સં.] પું. કર્મનું એક નામ.
૨. સ્ત્રી. કર્મ કરવાનું બળ.

કર્મશાલા ૧. [સં.] સ્ત્રી. કારખાનું; કર્મોત્સવ; ઉદ્યોગશાળા; કારીગરીની શાળા.
૨. સ્ત્રી. કુંભારનું વાસણ બનાવવાનું સ્થળ.

કર્મશાસી [સં. કર્મશાસિન્] પું. વિષ્ણુનું એક નામ.

કર્મશાસ્ત્ર [સં.] ન. કર્મો સંબંધી શાસ્ત્ર.

કર્મશીલ ૧. [સં.] વિ. ઉદ્યોગી.
૨. વિ. નિરંતર કામમાં લાગેલું; કામ કરવાના સ્વભાવવાળું; પ્રવૃત્તિશીલ; ઉદ્યમી.
૩. વિ. ફળની અભિલાષા છોડી સ્વભાવતઃ કામ કરનાર; કર્મવાન.

કર્મશૂન્ય [સં.] વિ. આળસુ; કામ ન કરતું હોય એવું.

કર્મશૂન્યતા [સં.] સ્ત્રી. નૈષ્કર્મ્ય; આળસાઈ.

કર્મશૂન્યત્વ [સં.] ન. અકર્મ; કામ ન કરવું તે.

કર્મશૂન્યાધિકાર ૧. [સં.] પું. કામ વગરની ચાકરી.
૨. પું. કામકાજ નહિ કરવાની વૃત્તિ.

કર્મશૂર ૧. પું. કર્મઠ; કામ કરવામાં વીર; આરંભેલું કામ પૂરું કરનાર.
૨. વિ. સાહસ તથા દક્ષતા સાથે કામ કરનાર; ઉદ્યોગી.

કર્મશેષ [સં.] ન. ન. ન. બીજા જન્મ પર જઈ રહેવાં કર્મ.

કર્મશૌચ [સં.] ન. નિર્મળતા; મરીજાઈ.

કર્મશ્રેષ્ઠ ૧. [સં.] પું. પુલહ ઋષિનો ક્રતિ નામની સ્ત્રીથી થયેલો પુત્ર.
૨. વિ. કર્મ કરવામાં જોર.

કર્મષટ્ક [સં.] ન. (વેદાંત) સ્નાન, સંધ્યા, જપ, હોમ, આતિથ્ય અને વૈશ્વદેવ એ છ કર્મ.

કર્મસચિવ [સં.] પું. રાજાને બાજની વિચાર સિવાયનાં કામમાં સલાહ કરનાર.

કર્મસચીવ જુઓ કર્મસચિવ.

કર્મસર્વસ્વબંધવિમોચન [સં.] પું. શિવનું એક નામ.

કર્મસંગ ૧. [સં.] પું. 'આ હું કરું છું અને તેનું ફળ હું ભોગવીશ' એ પ્રમાણે કરાતાં કામોમાં અભિનિવેશ.
૨. પું. કર્મના ફળની આશા રાખવી તે.
૩. પું. કર્મમાં આસક્તિ; સાંસારિક કર્મો અને તેનાં ફળો પ્રત્યેની આસક્તિ.

કર્મસંજ્ઞી ૧. [સં.] પું. મનુષ્યલોક.
સ્વર્ગમુખમાં સુખ ભાગ તો દેહધારી કર્મસંજ્ઞીના લોકમાં જન્મે છે. અખાસક્તિયોગ
૨. વિ. કર્મનો સંગ કરનારું; કર્મની સાથે સંબંધ રાખનારું.
૩. વિ. કર્મો કરનાર.

કર્મસંગ્રહ [સં.] પું. કર્મમાં આવશ્યક સાધના. તે ચાર છે: કરણ, કર્મ અને કર્તા.

કર્મસંજોગ ૧. [સં. કર્મસંયોગ] પું. નસીબનો તાકો; ભાવિનો યોગ.
૨. ન. સોબતદોષ; દૈવયોગે.

કર્મસંન્યાસ ૧. [સં.] પું. ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરેલાં કર્મફળનો વિધિથી ત્યાગ કર્મનો ત્યાગ.
૨. પું. કર્મના ફળનો ત્યાગ.

કર્મસંન્યાસિક [સં.] પું. દીક્ષિત ભિક્ષુક; સંન્યાસી. જુઓ કર્મસન્યાસી.

કર્મસંન્યાસી ૧. [સં.] પું. પરમહંસ; કર્મનો ત્યાગ કર્યો હોય એવો માણસ.
૨. વિ. કર્મફળનો ત્યાગી; કર્મત્યાગી.

કર્મસંપૂર્તિકર્તા [સં. કર્મસંપૂર્તિકર્તૃ] પું. પુરુષોત્તમનાં ઉત્તર મહિનું એક નામ.

કર્મસંવત્સર [સં.] પું. (જ્યોતિષ) સાઠ સંવત્સર.

કર્મસાક્ષી ૧. [સં. કર્મસાક્ષિન્] પું. કર્મને જોનાર પુરુષ.
૨. પું. પુરુષોત્તમનાં ઉત્તર બારેનું એક નામ.
૩. પું. શુભાશુભ કર્મના પરિપાકનો જોયું અનુભવ લીધેલો હોય કે જોયું હોય એવો પુરુષ. આઠ કર્મસાક્ષી છે: પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, મનુષ્ય (ચંદ્ર), યમ અને કાળ.
૪. પું. સૂર્ય.
૫. વિ. કર્મને જોનાર; કરકોઈ કામમાં સાક્ષી.

કર્મસાધન ૧. [સં.] ન. કર્માનુષ્ઠાન; જેથી કર્મ સિદ્ધ થાય તે.
૨. ન. કામનું સાધન; કર્મ સિદ્ધ કરવા જરૂરી સાધન.

કર્મસાપેક્ષ [સં.] વિ. કર્મની અપેક્ષાવાળું.
ઈશ્વરને કર્મસાપેક્ષ કહેવા હો તો તે સંભવ નથી, કારણ કે પ્રથમ કર્મનો વિલાસ કરેલો હોવો જોઈએ. શરીર અને કર્મ જેવા જે જાતા ભાગ હોય તો બની શકે. અનુકલ્પ

કર્મસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કર્મ ફળવાં તે; સારાં નઠારાં ફળની પ્રાપ્તિ.
૨. સ્ત્રી. કર્મમાં સફળતા.
૩. સ્ત્રી. જન્મમોતીમાં સમરસ્થાનનું દશમું ઘર.

કર્મસિંહ પું. નાકરસુતનો જે નામનો એક કવિ. તે સં. ૧૬૭૮માં થઈ ગયો. તે નામમાળાની ચોપાઈ, કુમતિવિધ્વંસ ચોપાઈના લેખક મનાય છે.

કર્મસ્કંધ [સં.] પું. (જૈન) દ્વિપ્રદેશાદિક બધા પરમાણુ મળીને બનેલ કર્મનો જથ્થો.
પ્રદેશબંધ એ એક જાતનો સંબંધ છે અને તે સંબંધના કર્મસ્કંધ અને આત્મા એ બે આધાર છે. તત્ત્વાર્થસૂત્ર

કર્મસ્થાન ૧. [સં.] ન. કર્મ કરવાનું ઠેકાણું; કર્મવિષય કામધંધો કરવાની જગ્યા.
૨. ન. દેહ; શરીર.
૩. ન. (જ્યોતિષ) લગ્નથી દશમું સ્થાન.
૪. ન. સંસાર; જગત.

કર્મહીન ૧. [સં. કર્મહીન] વિ. અળાઈવું; દીર્ઘસૂત્રી; કામચોર; હતભાગી.
૨. વિ. કર્મ વિનાનું.
૩. વિ. કર્મભ્રષ્ટ; કર્તવ્ય કર્મથી વિમુખ થયેલું.
૪. વિ. દુઃખી.
૫. વિ. પાપી; અધર્મી.

કર્મહીણું વિ. નિર્ભાગી; અળાઈવું; કામચોર.

કર્મહીન જુઓ કર્મહીન.

કર્મહેતુ [સં.] પું. કામનું કારણ.

કર્મળો ૧. પું. કમળો.

અમને દયા કરો મુકુંદ,
કાપીને કર્મ કર્મળો ૦ ૨. ભોને

૨. પું. કલવો. કન્યાનાં માતાપિતા કન્યાનું લગ્ન કરતાં પહેલાં વરને કંસાર અથવા સુખડી જમાડવા બદલ તેને કલવો કહે છે.

કર્મંદ [સં.] પું. ભિક્ષુસૂત્રનો કર્તા એક ઋષિ.

કર્મંદી ૧. [સં. કર્મંદિન્] પું. સંન્યાસી.

૨. વિ. કર્મંદે રચેલ ભિક્ષુસૂત્ર ભણનાર.

કર્માકર્મી અ. કર્મ અને ધર્મને અનુસરતી રીતે; કર્મ અને ધર્માનુસાર; નસીબ પ્રમાણે.

કર્માક્ષમ [સં.] વિ. કંઈ પણ કરવાને અશક્ત.

કર્માગત ૧. [સં.] વિ. કંતકથા માંહેનું.

૨. વિ. વારસામાં આવેલું.

કર્માગતદાસ [સં.] પું. વારસાથી થયેલો દાસ.

કર્માચરણ [સં.] ન. વર્તન.

કર્માજીવ ૧. [સં.] પું. ધંધો કરી ગુજરાન ચલાવનાર માણસ.

૨. વિ. શ્રમ કરી જીવનાર.

કર્માટવી [સં.] સ્ત્રી. કર્મ રૂપી જંગલ.

કર્માડંબર ૧. [સં.] પું. કર્મનો ડોળ.

૨. પું. કર્મનો દેખાવ.

કર્માતીત [સં.] વિ. કર્મથી પર; કર્મના બંધને પણ ઊલટી ગયેલું.

કર્માત્મક [સં.] વિ. કર્મ સંબંધી.

કર્માત્મા ૧. [સં. કર્માત્મન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

૩. પું. સંસારી જીવ.

૪. વિ. શ્રમ કરવામાં આસક્ત.

કર્માદાન ૧. [સં.] ન. કર્મોને આવવાનો માર્ગ.

૨. ન. (જૈન) પંદર પ્રકારનો વેપાર. તે શ્રાવકને માટે નિષિદ્ધ છે.

કર્માદાની વિ. કર્માદાન સંબંધી.

કર્માધર્મી ૧. [સં.] પું. વરસાદ સારો ન થવાથી ખેતરમાં થતો ઓછોવત્તો પાક.

૨. વિ. અકસ્માતથી થયેલું.

૩. વિ. નસીબ ઉપર આધાર રાખતું.

૪. વિ. નસીબદાર.

૫. વિ. સદ્‌ગુણી.

૬. અ. કર્મ અને ધર્મને અનુસરતી રીતે; કર્મ અને ધર્માનુસાર.

કર્માધિકાર [સં.] પું. કર્મકાંડ કરવાનો હક; ધાર્મિક વિધિ કરવાનો અધિકાર.

કર્માધીન ૧. [સં.] વિ. કર્મવશ; કર્મ ઉપર આધાર રાખનાર; દૈવાધીન.

૨. વિ. પોતાનાં આગલાં કૃત્ય ઉપર આધાર રાખનાર.

કર્માધ્યક્ષ [સં.] પું. ક્રિયાસાક્ષી; શ્રમ કર્યું ન કર્યું તપાસનાર.

કર્માનુબંધ [સં.] પું. કામનો સંબંધ; શ્રમ ઉપર આધાર.

કર્માનુબંધી [સં. કર્માનુબન્ધિન્] વિ. કર્મ સાથે જોડાયેલ; કર્મ સાથે સંબંધવાળું

કર્માનુરૂપ ૧. [સં.] વિ. કર્મને અનુરૂપ; જેવાં કર્મ કર્યાં હોય એ પ્રમાણેનું.

૨. અ. કર્મને અનુસરીને; કર્મ મુજબ; કર્મ પ્રમાણે.

કર્માનુષ્ઠાન [સં.] ન. ફરજ બજાવવી તે; પોતાનાં કર્મધર્મ કરવાં તે.

કર્માનુસાર ૧. [સં.] પું. કર્મને અનુસરનાર.

૨. અ. કર્મ પ્રમાણે; કર્મને અનુસરીને; જેવાં કર્મ કરેલાં હોય તે પ્રમાણે.

કર્માનુસારી ૧. [સં. કર્માનુસારિન્] વિ. કર્મને અનુસરતું.

૨. વિ. કામને અનુસરનાર.

કર્માનુસ્થાયી [સં. કર્માનુસ્થાયિન્] વિ. કામ કરનાર; વ્યવહાર કર્મ કરનાર.

કર્માબાઈ સ્ત્રી. બે હજાર વર્ષ પૂર્વે જગન્નાથમાં થઈ ગયેલ એ નામની ઓલકત. જેનો પતિ, પુત્ર તથા પૌત્ર અકાળ મરણ પામવાથી તે અતિ શોક પામી ત્યારે એક સાધુએ તેને એક મૂર્તિ આપી તેની ભક્તિ કરવા કહ્યું. તે બાઈએ બચ્ચાંની માફક તે મૂર્તિની સંભાળ લીધી અને કેટલીક મુદ્દતે તે મૂર્તિ તેના હાથે ભોજન લેવા માંડી. ત્યારથી આજ સુધી જગન્નાથને ભોજનનું નૈવેદ્ય મૂકવાનો ચાલ ચાલતો આવ્યો છે. પ્રભુએ જેને ત્યાં ખીચડો ખાધો હતો એમ મનાય છે.

કર્માબ્ધિસાર [સં.] ન. મહર્ષિ આપસ્તંબે રચેલું એક શાસ્ત્ર. તેનો વિષય મનુષ્યોથી કરાતાં કર્મો છે. દરેક વ્યક્તિએ કરવાનાં કર્મો, અમુક કર્મનું ફળ, કર્મો કયારે અને કેમ કરવાં વગેરે જ્ઞાન તેમાં આપવામાં આવ્યું છે.

કર્માયન પું. (પુરાણ) એક ઋષિ.

કર્માર ૧. [સં.] પું. એક જાતિ.

૨. પું. કમરખ.

૩. પું. કર્મદેવ વૃક્ષ.

૪. પું. કારીગર.

કરણ સ્ત્રી સારે માહિષ્ય પુરુષનો સંબંધ થતાં તથા તક્ષા સ્ત્રી સાથે રથકાર પુરુષનો સંબંધ થતાં શિલ્પિ, વર્ધકિ, લોહકાર તથા કર્માર જાતિઓ બને છે. સૂતસંહિતા

૫. પું. સુથાર.

૬. પું. વાંસ

૭. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૮. પું. શિલ્પશાસ્ત્રનો જાણનાર.

૯. વિ. કર્મને પ્રાપ્ત થયેલ.

૧૦. વિ. કારીગરનું.

કર્મારપક્ષ પું. (જૈન) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કર્મારંભ [સં.] પું. કર્મની શરૂઆત.

કર્માર્થ [સં.] અ. કર્મને માટે; કર્મને અર્થે.

કર્માર્હ [સં] પું. કર્મમાં આર્ય; નિર્દોષ વ્યાપાર કરનાર.

કર્માર્હ ૧. [સં.] પું. પુરુષ.

૨. વિ. કામ કરવામાં સમર્થ.

કર્માવરણ ન. કર્મનું આવરણ; માયાજાળ.

કર્માશય ૧. [સં.] પું. કરેલ કર્મના સંસ્કાર.

૨. પું. કર્મજન્ય ધર્મ અધર્મરૂપ ગુણ.

કર્માસક્તિ [સં.] સ્ત્રી. કર્મમાં મોહ.

કર્માસેધ [સં. કર્મ (કામ) + આસેધ (પ્રતિબંધ)] પું. અમુક કામ કરવાની અટકાયત.

કર્માસ્રવ [સં.] પું. કર્મનું વહન; કર્મનો બંધ.

કર્માંગ [સં.] ન. કર્મનું અંગ.

કર્માંત ૧. [સં.] પું. અનાજનો કોઠાર; ધાન્યનું સમવરણ.

૨. પું. કામનો અંત; કર્મની સમાપ્તિ.

૩. પું. ખેડેલી જમીન.

૪. પું. શાસ્ત્રમાં જણાવેલ આત્મ અને અનાત્મનો તત્ત્વનિશ્ચય.

૫. પું. શિલ્પકળાનો એક ઉદ્યોગ.

૬. ન. કર્મબંધનનું કારણ.

૭. ન. કારખાનું.

કર્માંતપુર ન. ગુજરાતનું એ નામનું એક જૂનું શહેર; કંતારગામ.

કર્માંતર ૧. [સં.] ન. કર્મનો વિધિ; સંસ્કારાદિ ક્રિયા; વૈદિક કિંવા પૌરાણિક રીતે વ્રતોદ્યાપન, હોમ હવન અને ક્રમાદિ સંસ્કારોની ક્રિયા.

૨. ન. ક્રિયાની અંદરનો વિરામ.

૩. ન. કુરસદ; નવરાશનો વખત.

૪. વ. બીજું ક્રમ.
૫. વ. શુભ કાર્યમાં અને આગ્ર કરીને અવગણીમાં કરાવાનું વિધિયુક્ત કર્મ.

કર્મતિસૂત્ર [સં.] ન. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સાધ્ય કરવા માટે મહરષિ કર્તા રીતે વર્તવું તેનું વર્ણન કરતું એક સૂત્ર.

કર્માંતિક ૧. [સં.] પું. કારખાનાનું ધ્યાન રાખનાર અધિકારી.
૨. પું. મજૂર; નોકર
૩. વિ. છેવટનું; છેલ્લું.

કર્માંશ [સં.] પું. કર્મનો અંશ.

કર્મિયો ૧. પું. એક જાતનો મજદૂર.
૨. વિ. કર્મ કરનાર.
કહિયે કર્મિયોને અધર્મિયો. નિષ્કુળાનંદ

કર્મિષ્ઠ ૧. [સં.] વિ. કર્મમાં માનનાર.
૨. વિ. કર્મરત; કર્મ કરવા ઉપર જેને પ્રીતિ હોય એવું.
૩. વિ. બેશ કર્મયોગી
૪. વિ. હમેશા સ્નાન, સંધ્યા, હોમ કરે તેવું.
૫. વિ. હોશિયાર; કાર્યકુશળ.

કર્મિષ્ઠા પું. (પિંગળ) નવ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કિમિષ્ઠા. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ અને ભગણ મળી નવ વર્ણ હોય છે.
ભૂ સ ભ રચતા કર્મિષ્ઠા. રઘુપિંગળ

કર્મી ૧. પું. મજૂર; કારીગર.
મયમતસંહિતામાં મૂકર, ભૃગુસંહિતામાં કર્મકૃત, મયસંહિતામાં કર્મી અને અંબિકામાં શેલ્પર કહે છે. શિલ્પરત્ન
૨. પું. (પુરાણ) શુક્રાચાર્યને શતપર્વાથી થયેલ ચાર પૈકીનો નાનો દીકરો
૩. [સં. કર્મિન્] પું. સક્રિય કર્મયોગી.
૪. સ્ત્રી. આવા લાયક રાંક.
૫. વિ. ઉદ્યોગી; મહેનતુ.
૬. વિ કર્મના લેપવાળું; જેને કર્મ લાગેલા હોય એવું
૭. વિ. કામવાળું
૮ વિ કારીગર
૯. વિ ધની; ધનાઢ્ય; વૈશ્યરી.
૧. કર્મીની કુશલ અને અકર્મીના પગ = ગરીબને પરસેવે મોટાઓએ મોજ માણવી.
૨. કર્મીનો મહવાડ અને અકર્મીનું ઠિકાણું કદી છતાં જ રહે નહિ = નસીબ એ કાયમ સ્થાયી જ છે.
૧૦. વિ. ધાર્મિક ક્રિયાઓ કરાવનાર
૧૧. વિ. નસીબદાર.
કર્મી આવ ને કૂબતી રૂપે = સૌંદર્ય કરતાં નસીબ વધારે ચળકાટ છે.
૧૨. વિ. ફળની ઇચ્છા રાખી યજ્ઞ વગેરે ક્રમ કરનાર
૧૩ વિ સારાં કર્મ કરવાવાળું
૧૪. વિ. સારાં કર્મવાળું.
૧૫. વિ. સાફ, ઊંચી જાતનું

કર્મીર ૧. [સં.] પું. કાબરચીતરો રંગ.
૨. પું. નારંગી રંગ.
૩. વિ. કાબરચીતરા રંગનું; ડાઘાધબ્બાવાળું.

કર્મીષ્ઠો ૧. પું. વૈભવી સ્થિતિવાળો અમલ; સુખચેનનો સમય.
૨. પું. સાદુકારી; અમીરાત.

કર્મુક ૧. [સં.] ન. તાલવૃક્ષનું બનાવેલ કામઠું.
૨. ન. સોપારી. સૂકી સોપારીનો ભૂકો નવશેકાપાણીને લીંધે ઘણેલ ગાય અટકાવે છે. તે મૂત્રાશયના દરદોમાં ઉપયોગી છે. મુખપાકની સાથે સોપારી આપવાથી મૂર્છાનો નાશ થાય છે. પેઢાં સખ્ત થયાં હોય ત્યારે ૧ ભાગ સોપારીનું અરિષ્ટ ૪ ભાગ પાણી સાથે મેળવી કોગળા કરવાં આ અરિષ્ટ રક્તસ્રાવ પણ બંધ કરે છે. સોપારીની રાખ, અકલકરો અને મધનું મીઠું ચાટીને દંતમંજન તરીકે વપરાય છે.
૩. ન. સોપારીનું ઝાડ

કર્મુજ જુઓ કર્મુક

કર્મેચ્છા [સં.] સ્ત્રી. કર્મ કરવાની ઇચ્છા.

કર્મેધર્મે અ. કોઈ વખત.

કર્મેવાહ [સિં.] પું એક રાગરાગણીનું નામ.

કર્મેંદ્રિય [સં.] સ્ત્રી. ક્રિયાને સિદ્ધ કરવાવાળી ઇંદ્રિય; સ્થૂળ કામ કરનાર ઇંદ્રિયો જુઓ ઇંદ્રિય. સાંખ્ય મત અનુસાર ઇંદ્રિયો અગિયાર છે: પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો અને મન. વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિયો કહેવાય છે અને અનુક્રમે વાણી, ગ્રહણ કરવું, ચાલવું, મલ ત્યાગ કરવો અને મૈથુન કરવું એ તેમનાં કર્મ છે. આકાશના રજોગુણ અંશમાંથી વાણી, વાયુના રજોગુણ અંશમાંથી હાથ, તેજના રજોગુણ અંશમાંથી પગ, જલના રજોગુણ અંશમાંથી ઉપસ્થ અને પૃથિવીના રજોગુણ અંશમાંથી ગુદા થયેલ છે. કર્મેંદ્રિયોના દેવ: વાક્નો અગ્નિ, હાથનો ઇંદ્ર, પાદનો ઉપેન્દ્ર, વાયુનો મૃત્યુ અને ઉપસ્થનો પ્રજાપતિ દેવ છે.
પંચમહાભૂતના રજસ અંશોમાંથી પાંચ કર્મેંદ્રિય થઈ છે. જ્ઞાનથી જ્ઞાનવત

કર્મેંદ્રિયપંચક [સં.] ન. (વેદાંત) વાક્, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ એ પાંચ કર્મનાં સાધન.

કર્મોડો (કર્મોડી) પું. શિંગડાનો એક રોગ. ભાદ્ર અને ચૈત્રને, આગ્ર કરીને બળદો, આ રોગ થઈ શિંગડા મહિનો ગર્ભ કોઠી બહુ ઝવાં પડી આણી ઘણું દુઃખી થાય છે.

કર્મોદય [સં.] પું. કર્મનો ઉદય; કર્મ પ્રગટ થવાપણું.

કર્મોપાદન [સં.] વિ. કર્મ બંધાવનાર.

કર્મોપાર્જન [સં.] ન. કર્મનું ઉપાર્જન; કર્મ બાંધવાં તે.

કર્મોપાસના [સં.] સ્ત્રી. જપ જાતની ઉપાસના માંહેની એક.

કર્મોર્ધ્વગામી [સં.] વિ. સારાં કર્મ કરી મોક્ષને પંથે જનાર.

કર્મ્ય ૧. [સં. કર્મન્] પું. (આકરણ) કર્મ વિભક્તિ.
૨. પું. કાર્ય.
૩. પું. ધાર્મિક ક્રિયા.
૪. પું. કરજ.
૫. પું. ભાગ્ય; નસીબ.

કર્મ્યભૂમિ સ્ત્રી. (જૈન) તલવાર, કલમ અને ખેતી એ ત્રણ જાતનાં કર્મ ઉપર નિભાવ ચલાવનાર માણસોને રહેવાનાં પંદર ક્ષેત્ર.

કર્મ્યરી [સં.] ન. વંશલોચન. તે પીળું અને કરકરિયાંવાળું ઝીણી ઝીણી ગાંઠડીવાળું આવે છે, માટે તેને કર્મ્યરી કહે છે.

કર્ષ ૧. [સં.] પું. કારણ; કામ.
૨. પું. ગામડું.

કર્ષાત ૧. [અ. કર્બત (ગામ)] સ્ત્રી. તાણુમો.
૨. સ્ત્રી. દસ આર ગામ બેસાં બધી જાતનો બદાલ.

કર્ષું ૧. ન. કરેલ કૃત્યનું ફળ.
૨. ન. કરેલું કામ.

કર્ષુકારબ્યું ૧. ન. મહેનત
૨. વિ. જાતે કરેલ અને કરાવેલું.

કર્ષોવરોક પું. ગ્રામજીકુમણ.

કર્રરરભૂસ અ. ભીંત કે બારે બીજ પદાર્થ કરરર એવો મોટો અવાજ.

કર્રાં ૧. વ. કમુંબો.
૨. વ. કુસુમ; ફૂલ.

કર્રાં ૧. પું. વારો; વખત.
૨. વિ. ઉમ.

૩. વિ. ઓછું.
૪. વિ. કઠણ
૫. વિ. કડક; કઠોર.
૬. વિ. કંજૂસ.
૭. વિ. કંટાળો આવે એવું.
૮. વિ. ખરબચડું.
૯. વિ. ખોટું; અસલમાં ન ચાલે એવું.
૧૦. વિ. ગંભીર.
૧૧. વિ. ચુસ્ત.
૧૨. વિ. જોરાવર; બહાદુર.
૧૩. વિ. દુઃખ ઉપજાવે એવું.
૧૪. વિ. દૃઢ.
૧૫. વિ. ભારેખમ.
૧૬. વિ મજબૂત.
૧૭. વિ. મોટું.
૧૮. વિ. મોંઘું.
૧૯. વિ વજનદાર.
૨૦. વિ. વીર્યવાન.
૨૧. વિ. સહન કરે એવું.
૨૨. વિ. હઠીલું.

કરીત [અ.] અ. ક્રિ. વિ. વખત; સમય.
કરીત મરીત = વારેવાર.

કરીઠ [અ.] વિ. પૈસા સાચવનાર.

કરીર ૧. [અ.] પું. જોરથી હુમલો કરવો તે.
૨. પું. કરીથી કરેલ આક્રમણ.

કરીહત સ્ત્રી. દુઃખનો અવાજ.

કરીહવું ૧. અ. ક્રિ. દિલગીર થવું.
૨. અ ક્રિ. શોક કરવો.

કરૂબિયાન [અ.] પું. એક જાતનો દેવદૂત.

કરોકર (કરોકર) ૧. [અ. કર્ર (હુમલો કરવો) + ફા. કર (વૈભવ)] પું. ઠાઠમાઠ; ભપકો.
૨. પું. દમામો અને અભિમાન.

કર્વ [સં.] અ. ક્રિ. ખડાઈ કરવી; મગરૂર થવું

કર્વ ૧. પું. ઉંદર.
૨. પું. પ્રેમ.
૩ પુ. વક રેખા; વાંકી લીટી.
૪. [અં.] પું. વાંક; ખોડખાંપણ.
૫. [સં.] પું. વિષયવાસનાનો ક્રમ.

કર્વટ ૧. પું. એક જાતની જાડી સુકાઈ ગયેલ લીલ.
૨. પું અનિજ અંગાર; હલકી જાતનો કોલસો.
૩. [સં.] પું. ઘણાં ગામની વચ્ચેનું કેંદ્ર ગામ; પુર; નગર; મોટું શહેર.
૪. પું. પર્વતનો નીચાણવાળો ભાગ.
૫ પું. બંગાળની પાસે આવેલો એક પ્રાચીન દેશ. તેનો રાજા તામ્રલિપ્ત હતો. આ દેશને ભીમે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે છતી લીધો હતો.

કર્વડો (કર્વડો) પું. ઝારી જેવો લોટો.

કર્વતક પું. ઘીમાં ઘીમાં પગલાં ભરવું એક જાતનું મોટું પક્ષી.

કર્વર ૧. [સં.] પું. એક જાતની ઔષધિ.
૨. પું. રાક્ષસ.
૩. પુ. વાઘ.
૪. ન. પાપ.
૫. વિ. ઝાંખરાંવાળા રંગનું.

કર્વરી ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; દ્વિગુપત્રી.
૨. સ્ત્રી. દુર્ગા.
૩. સ્ત્રી. રાક્ષસી.
૪. સ્ત્રી. રાત્રિ
૫. સ્ત્રી. વાઘણ.
૬. સ્ત્રી. શિયાળ.
૭. સ્ત્રી. હજામ.

કર્વંદા સ્ત્રી. એ નામની કાંટાવાળી એક વનસ્પતિ. તે વાઇ તરીકે ઉપયોગમાં લેવાય છે. સેને વધારે વરસાદની જરૂર છે.

કર્વિર સ્ત્રી. કનેર; કણેર. પશ્ચિમ આફઘાનિસ્તાન, પંજાબ અને સિંધના અણાખરા પ્રાંતમાં તે થાય છે. તેની છાલ અને મૂળ બહુ જ ઝેરી હોવાથી તેનો ઉપયોગ બહાર લગાડવા માટે જ કરવામાં આવે છે. મૂળ ગળેપાતમાં ઉપયોગી મનાય છે. પાંદડાંના રસનું તેલ ફોડ અને ખસ વગેરે ઉપર ચોપડવામાં આવે છે.

કર્વિરાદિ તેલ ન. એક જાતનું તેલ. તેનો ઉપયોગ ચામડીનાં દરદો અને ફોડ ઉપર થાય છે.

કર્ષ ૧. [સં.] પું. ઉઝરડો
૨. પું. એ નામનો રૂપાનો સિક્કો.
૩. પું. એંસી રતી અથવા બે કુંવિયાભારનું વજન; ઉદુંબર. આ વજન પ્રસિદ્ધ દેશમાં વપરાય છે.
૪. પુ. ખેડ; ખેતી.
૫. પું. ખેડવા લાયક ખેતર.
૬. પું. ખેંચવું તે; આકર્ષણ.
૭. પું. ત્રાસ; ખેડનો ત્રાસો.
૮. પુ. તોલવામાં વપરાતું એક પ્રાચીન વજન. સોનીનો કર્ષ લગભગ હાલના તોલા વજનનો મનાય છે.

૫ ગુંજ = ૧ માષ
૧૬ માષ = ૧ કર્ષ

૯. પું. તાવ.
૧૦. પું. તોલાનો ૧/૧૬ ભાગ.
૧૧. પું. બહેડાનું ઝાડ.
૧૨. પું. ચિરર; છિદ્ર.
૧૩. પું. સોનાનો એક સિક્કો.
૧૪. પું. સોળ માસાભાર સોનું.

કર્ષક ૧. [સં.] વિ. ખેડૂત; કણબી.
૨. પું. લેખક.
૩. વિ. ખેંચનાર; આકર્ષે એવું.
૪. વિ. ખોતરનાર.

કર્ષકનખી સ્ત્રી. શોષણ કરનાર જૂંગણ.

કર્ષકયંત્ર [સં.] ન. બંબો; ચૂસવાનું યંત્ર.

કર્ષણ ૧. [સં.] ન. ખેતી કરવું તે; ઉત્કર્ષણ.
૨. ન. કણસલું; કૂંડું.
૩. ન. ખેડેલી જમીન.
૪. ન. ખેતી; ખેડ.
૫. ન. ખેંચ; તાણ; આકર્ષણ.
૬. ન. ખોતરવું તે.
૭. ન. ચૂસવું તે; શોષણ; ચૂસણ.
૮. ન. તૂજ; મોહ.
વે લે કર્ષણ રોદણા વાવિયા, કયાંથી જમે દાળશેવી, લોકોક્તિ
૯. ન. (વૈદક) રોગીને ધટાડવા તે; રોગને નિદાનપૂર્વક જોખો કરવાપણું.
૧૦. ન. નુકસાન કરવું તે.
૧૧. ન. વિદારણ; ચીરવું તે.
૧૨. વિ. આકર્ષણ કરનાર.
૧૩. વિ. નુકસાન કરનાર.

કર્ષણભિષક્ક્રિયા [સં.] સ્ત્રી. (વૈદક) વાતાદિ વિકારને હલકા કરવાની ક્રિયા.

કર્ષણયંત્ર [સં.] ન. હળ.

કર્ષણિ [સં.] સ્ત્રી. અભિચારિણી સ્ત્રી; કુલટા.

કર્ષણી ૧. [સં.] સ્ત્રી. ક્ષીરિણી ઝાડ.
૨. સ્ત્રી. ઘોડાની લગામ.
૩. સ્ત્રી. ધોબણી વેપડ.
૪. સ્ત્રી. પેચ; રસ્સો.

કર્ષણીય ૧. [સં] વિ. ખેડવા જેવું.
૨. વિ. ખેંચવા યોગ્ય.

કર્ષપક્વ જુઓ કર્ષપિલ્લ.

કર્ષફલ ૧. ન. બહેડાનું ઝાડ. તેનું ફળ વજનમાં એક કર્ષ મનાય છે.
૨. [સં.] ન. બહેડું; બહેડાનું ફળ.

કર્ષફલા સ્ત્રી. આમલી.

કર્ષવું [સં. કૃષ્] સ. ક્રિ. ખેંચવું.

કર્ષાપકર્ષી [સં.] સ્ત્રી. ખેંચાખેંચ; તાણાતાણ.

કર્ષાપણ [સં.] પું. એક પ્રાચીન સિક્કો.
૮૦ કૌડી = ૧ પણ
૧૬ પણ = ૧ કર્ષાપણ

કર્ષાર્દ્ધ [સં.] વ. એક તોલો.

કર્ષાષ્ટક [સં.] પું. બત્રીસી ઝવેરીબજારનું એક વજન.

કર્ષિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાર્પાસિણી વગેરે.
૨. સ્ત્રી. બોડાના મોઢામાં રખાતું લોઢાનું ચોકઠું.

કર્ષિત ૧. [સં.] વિ. ખેડેલ.
૨. વિ. ખેંચેલ; તાણેલ.
૩. વિ. ખૂનું થઈ ગયેલું; ઘસાઈ ગયેલું.

કર્ષિતા [સં.] વિ. સ્ત્રી. પાતળી.

કર્ષી ૧. [સં.] પું. ખેડૂત.
૨. વિ. ખેંચનાર; આકર્ષણ કરનાર.

કર્ષૂ ૧ [સં] પું ઝાડમાં બાળાંનો અગ્નિ.
૨. પું. ખેતરમાં કરેલો ચાસ.
૩. સ્ત્રી. આઠવિઘા; ગુજરાત.
૪. સ્ત્રી. બાકામાં રેવતા ભરી કરાતો રીક.
૫. સ્ત્રી. ખાડી
૬. સ્ત્રી. ખેતી.
૭. સ્ત્રી. નહેર.
૮. સ્ત્રી. નાની નદી.
૯. સ્ત્રી. નાનો અગ્નિકુંડ.

કર્સ ૧. [અ.] પું. ગોળાકાર વસ્તુ.
૨. પું. બે પૈસાની કીમતનો રૂપાનો સિક્કો.
૩. પું. સૂર્યનું બિંબ.

કર્સી [સં.] સ્ત્રી. બળતણ માટે સૂકવેલાં બાળાં.

કર્હી ૧. [હિં.] સ્ત્રી. કેડ; વાંસો.
૨. સ્ત્રી. ખેતરમાં પાણી સાર્વ જવાની નહેર

કર્હ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો.
૨. અ. ક્રિ. મશ્કરી કરવી; ઠઠ્ઠા.
૩. સ ક્રિ. અમર કરી.
૪. સ ક્રિ. ચડાવવું, ઉશ્કેરવું
૫. સ. ક્રિ. જવું.
૬. સ. ક્રિ. જાણવું; ઓળખવું
૭. સ ક્રિ. ધારવું, વિચારવું. સમજવું.
૮. સ ક્રિ. પકડવું, ઊંચકવું
૯. સ ક્રિ. હોવું; મહિલાઓમા હોવું.

કર્હ ૧. [સં.] પું. અશ્રુ.
૨. [સં. કર્હ્ (અવાજ કરવો)] પું. અવાજ.
૩. પું. અસ્પષ્ટ મધુર શબ્દ.
૪. પું. આરામ.
૫. પું. બે નામનો ગોત્ર ઋષિ.
૬. પું. (ચિત્રા) એક વિષમગતિ માત્રામેળ છંદ. તેમાં ૭ ગુરુ અને બાકીના સઘુ મળી અઠ્ઠાવન વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.
૭. પું. ઋષિવૃક્ષ.
૮. પું. ક્રોધ; વેદના
૯. પું. કાદવ; કીચડ.
૧૦. પું. કુળ; કુટુંબ.
૧૧. પું. કોવિદાર વૃક્ષ; ખોરનું ઝાડ.
૧૨. પું. બહિષ્કાર.
૧૩. પું. પા.

અકલ્પાયુ તણા વહુપ કર્હે,
કલ્પવું પણ વૈદ્ય ન કો મલે. ૨૫મુદ્દરપા

૧૪. પું. ગોદા; વલણ; પ્રસ્તાવ.
૧૫. પું. (સંગીત) બાવન તાલ બાંધેલો એ નામનો બોટ.
૧૬. પું. અપરાતનું અથવા અપોરનું બોડુબોટ વહી જતુ તે
૧૭. પું. પીપળ; ક્ષુપ
૧૮. પું. સામનું ગામ; સાલવૃક્ષ.
૧૯. સ્ત્રી. આરોગ્યતા; તંદુરસ્તી.
૨૦. [હિં.] સ્ત્રી. આવતી કાલ.

કલ્લ આદમી = (૧) આજકાલનો માણસ, બેભરોસુ. (૨) બહુ નજીકનો માણસ.

૨૧. સ્ત્રી. કળ; યુક્તિ; યુક્તિ.
૨૨. સ્ત્રી. ચાવી; ચાંપ.
૧. કલ્લ ઊતરી જવી–ખોટકાવી = સત્યો ખોટો થવો.
૨. કલ્લ બરાબર જવી = ગાડા બરાબર જવું; ચિત્તભ્રમ થઈ જવું.
૪. કલ્લ ઠીક કરવી–સુધારવી = સત્યો દુરસ્ત કરવો
૩. કલ્લ ઘુમાવવી–ઓડવી = (૧) અસર કરવી; ઝટકી લેવું. (૨) દુરસ્ત કરવું. (૩) સત્યો બનાવવો.
૫. કલ્લ ભેરલ થવું = રહ્યું દીલો થવો.
૬. કલ્લના બોલ = (૧) માર્મિક બોલો. (૨) સારી રીતે ઠેબચાયેલ અને તાબેદાર બોલો.
૭. કલ્લનો આદમી = (૧) બધો જ નજીકનો માણસ. (૨) નાકમનો માણસ. (૩) બિન અનુભવી માણસ.
૮. પાણીની કલ્લ = (૧) પાણીનો સત્યો. (૨) ખોડા ચોટવાનુ યંત્ર.

૨૩. સ્ત્રી. તાળી.
૨૪. સ્ત્રી. પક્ષી અથવા પ્રાણીનું ઝીણું અને મધુરું કૂજન; કૂજનવ; કલકૂજન; કલરવ.
૨૫ સ્ત્રી. કૂકડાની કલગી
૨૬ સ્ત્રી. ભૂંડનો બોડો.
૨૭. સ્ત્રી. બાલુ; પક્ષ.
૨૮. સ્ત્રી. માત્રા; કળા
૨૯. સ્ત્રી. સમવડ.
૩૦. વિ. અવાજ કે ગુજન કરતું
૩૧. વિ. અસ્પષ્ટ અને મધુર.
૩૨. વિ. કાળું.
૩૩. વિ. કોમળ.
૩૪ વિ. ટાલિયા માથાવાળું
૩૫. વિ. ન સમજાય એવું.
૩૬. વિ. નાજુક.
૩૭. વિ. બાકાત નહિ થયેલું.
૩૮. વિ. મનોહર; સુંદર.
૩૯. અ. ગઈ કાલ.
૪૦. અ. ભવિષ્યમાં.

કલઆયની પું. દરજી લોકના એક હથીયારનું નામ.

કલર્ક ૧. સ્ત્રી. એક જાતની રૂપાના જેવી ચકચકિત અને કઠ ઓગળી જાય એવી પીળી ધાતુ; બંગ. દવા તરીકે ઉપયોગ કરવામાં તેની ભસ્મ કરતાં પહેલાં તે શુદ્ધ કરવી પડે છે. શુદ્ધ કરવા માટે તેને ઉકાળી તેના રસને બકરાના ક્ષીરમાં અથવા ગોમૂત્રમાં ક્ષારવો. પછી તેને કલમના પાણીથી ધોવાથી તે શુદ્ધ થાય છે. શુદ્ધ થયેલ કલર્કના બારીક કકડા કર્યા પછી મોટા ભાગા ઉપર મોટી પારેવાંની અરક પાથરીને કલર્કની ભસ્મ પાથરવી. આમ બધુ ચાર વાર કઈ માથે પારેવાંની અરક રાખી મોકું બાલુ મકવું. આ એક બાજું ઉપર બીજાં મોકાં બાજું બકડી તેને સળગાવવાં. આથી ભસ્મ થયેલ કલર્કની સફેદ ભાંગડીઓ બંધાઈ રહેશે. જ્યારે અગ્નિ આપોઆપ ઠરી જાય ત્યારે આજુબાજુનાં બાજું બસેડી ઉપલું બાજું કાળજેથી ઉતારી લેતાં ભસ્મ થયેલ કલર્કની જામી ગયેલ સફેદ ભાંગડી બકરો થઈ પારેવાંની અરક સાથે મળી ન જાય એ ધ્યાન રાખવું. જામેલ ભાંગડીઓ લઈ લેવી. પારેવાંની અરકને બદલે ભાંગ અથવા અજમાની બકરી સાથે મૂકીને સળગાવવાથી પણ સફેદ કલર્ક ભસ્મ થાય છે. કલર્કનો ઉપયોગ મૂત્રકૃચ્છ્ર, સુવર્ણ ભસ્મ વગેરેની બનાવટમાં થાય છે. તે શોધક, પૌષ્ટિક અને મૂત્રલ છે. પેશાબનાં દરદ, ક્ષય, બાસી, જૂનો પ્રમેહ, મધુપ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર ઉપર તે અપાય છે.
૧. કલર્ક કલાવવી = (૧) બોકું બર્ક થવું. (૨) બાયુ મુક્તવું.
૨. કલર્ક ખુલવા = (૧) ઉપાય પડી જવું; બસકી બોક ખુલી જવો. (૨) બોટો બેચ દૂર થવો. (૩) બાવુમ થઈ જવું.
૩. કલર્ક બોલવી = બકરો ઊંચકવો; બકર પાકવું.

૨. સ્ત્રી. ઓરણી; ઝળાઈ.
૩. સ્ત્રી. કોથળી નીચેનો ભાગ.
૪. સ્ત્રી. ચૂનો.
૫. સ્ત્રી. ચૂનો ઘંટવો તે.
૬. સ્ત્રી. પિત્તળના કે તાંબાના વાસણને કલાઈ ચઢાવવી તે. તેથી ખાટા પદાર્થ કટાય નહિ.
૭. સ્ત્રી. ઈંગ ચઢાવવા અથવા ચમકાવવા માટે કોઈ વસ્તુ ઉપર ચઢાવવામાં આવતો લેપ.

કલાઈગર ૧. [સં.] પું. કલાઈ કરનાર માણસ.
૨. પું. હલમ.

કલાઈગરી સ્ત્રી. કલાઈ કરવાનો ધંધો.

કલાઈચિટ પું. કલાઈ કરનારના ઠીકરા માટે વપરાતો હલકો શબ્દ.

કલાઈદાર [સં.] વિ. કલાઈવાળું; કલાઈ કરી હોય એવું.

કલાક ૧. પું. એક જાતની માછલી; 'પેન ફિશ'.
૨. પું. એક જાતનું ગવ.
૩. પું. તાલુપૅચ.
૪. પું. દુઃખ; ખેદ.
૫. પું. પહેલેથી ધાતુનો ઢાળો. તે ભીનામાં મેળવવાથી એના રૂપમાં ફેરફાર કરે છે.
૬. પું. પાપ.
૭. પું. બેચેની.

કલકત્તા જ. હિંદુસ્તાનની પૂર્વમાં આવેલું બંગાળની રાજધાનીનું એ નામનું શહેર.

કલકત્તાઅંગ્રેજ પું. આંગ્લાની એક જાત.

કલકદમ ૧. વ. અંજપ્રદ.
૨. વ. કેસરનું ફૂલ.

કલકલ ૧. પું. ગુંજન; ગુંજાર.
૨. પું. નદીનો ખળખળ અવાજ.
૩. પું. પાણી પડવાનો અવાજ.
૪. પું. બોલાચાલી; શબ્દપ્રહ.
૫. પું. રાળ.
૬. પું. વાદવિવાદ; ઝઘડો; કજિયો.
૭. પું. શોરબકોર; કલબલ; ધોંધાટ; કોલાહલ.
૮. પું. (પિંગળ) બહુપદી છપ્પયની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; કરતાલ.
૯. પું. સાતનો રસ.
૧૦. સ્ત્રી. સંપૂર્ણ ખીલી રહેવાપણું.

કલકલપા પું. (બૌદ્ધ) ચોરાસી મહિનો એક સિદ્ધ.

કલકલવું ૧. [સં. કલ્] અ. ક્રિ. ઊનું થવાથી અવાજ થવો; ઊકળવું.
૨. અ. ક્રિ. કલપાંત કરવો.
૩. અ. ક્રિ. બળબળવું; ઉશ્કેરાવું.
૪. અ. ક્રિ. ચકચકવું; મનમાં દાઝવું.
૫. અ. ક્રિ. ગ્રીસ્મો અવાજ કરવો; ચકચકવું.
૬. અ. ક્રિ. દિલગીર કરવી.
૭. અ. ક્રિ. બડબડવું.

કલકલાટ પું. કલબલ; શોરબકોર; ધોંધાટ.

કલકલાટ ૧. વ. કલકલ.
૨. વ. કલપાંત; રડાપીટ.
૩. વ. ધોંધાટ; ગુંજારવ; શોરબકોર.

કલકલાંકો ૧. વ. કલાંત.
૨. વ. અવિવેકમાં.

કલકલિત [સં.] વિ. કલકલાટ કરાવેલું.

કલકલિયો ૧. પું. ઉંચે માથે પાણીમાં મરાતો ટેકો.
૨. પું. કલકલ કરનારો માણસ.
૩. પું. કલકલ કરનારો માણસ; બકબકોલો પુરુષ.
૪. પું. માછલાં ખાઈ નભનાર એક પક્ષી. તેની લંબાઈ આશરે ૧૨ ઈંચ હોય છે. નરના માથાનું મથાળું અને નાની પાંખ કાળાં અને સફેદ રેખાવાળાં હોય છે. આંખ ઉપર રેખાઈ આવે એવી સફેદ લીટી હોય છે. ઉપલા ભાગનાં પીછાં કાળાં અને ધોળાનું મિશ્રણ હોય છે. પૂંછડું સફેદ અને તેને છેડે કાળો પટો હોય છે. નીચલા ભાગનાં પીછાં સફેદ અને છાતી ઉપર બે કાળા પટા હોય છે. કાળાશી ઝાલુમાં કાળાં ટપકાં હોય છે. માદામાં કાળો પટો હોતો નથી. તેની મુખ્ય ત્રણ જાત: સફેદ છાતીવાળો, પટાવાળો અને વાદળી. હિંદુસ્તાનમાં સફેદ જાત બહુ પ્રચલિત છે. તે રંગે વાદળી અને લાલ, અને તેનાં માથું, મોં, ગરદન, પડખાં, પેટ, પૂંછડી હેઠળનાં પીંછાં ચળકતાં ઘેરા લાલ રંગનાં હોય. બાકી આખા મેલા વાદળી, પાંખો ઘેરી લાલ અને ઝીમાં સફેદ પટો હોય છે. તેની છાતી સફેદ પણ કેક આસમાની અને ઘેરા લાલ રંગનો હોય છે. એની ચાંચ લાંબી ભાલા જેવી કઠોર હોય છે. આ પક્ષીના વિવિધ રંગો માટે પ્રચલિત કલ્પના છે કે, વાસુદેવ અને દેવકીના સવોત્તમથી એક કન્યા જન્મી. તેનું નામ આલ્સીઓન રાખ્યું. મુગ્ધાવસ્થામાં તે એક નાવિક સેઇસિસ સાથે પ્રેમમાં પડી. કાલાંતરે સેઇકસનું નાવ ભાંગતાં એ ડૂબી મૂઆ. ઝૂરતી આલ્સીઓનને વાયુદેવે પતિને સહજ ભેટવાની રજા કરી આપવા પંખી બનાવી. એ પંખી તે આ શ્વેતવક્ષા કલકલિયો. આજે પણ પાણીમાં ફરતા એના પતિના આત્મા સાથે હૃદય મિલાવીને નદી કે સમુદ્રના પાણી ઉપર તે ત્વરાથી ફર્યા કરે છે. બીજી કલ્પના છે કે, જગતના જગન્નિયન વખતે પિતામહ ' નોહમ ' પ્રત્યેક જોડીના નરમાદા યુગ્મને વહાણમાં લાવે લઈ નીકળ્યા. ઉપરે બધાના પ્રાંતદેહની લાળ લેવા ચાણક્યરૂપ કાગડાને મોકલ્યો. એ ન આવ્યો એટલે હોલાને મોકલ્યો. એને વાર થતાં કલકલિયાને મોકલ્યો. એના રૂપથી એનું વાન સુંદર સોમ્ય, નીલવર્ણથી રંગાઈ ગયું. ત્યાં દૂર દૂર સવિતા દેવના તેજદર્શિથી અકળાઈ તેને સ્પર્શવા જતાં એની છાતીનાં પીછાં દાઝી જતાં લાલ અંગારારૂપ થઈ ગયાં. બળતો તે નીચે પડ્યો, જળમાં ડૂબકી મારી. ભાનમાં આવી બહાર ગોકુ કરે ત્યાં નહિ પહોચ્યું કે નહિ દાદા 'નોહમ'. આજે એની એ પાણી ઉપર શોધ કર્યા કરે છે. આ કલકલિયો ચીનમાંથી ચીન સુધી, હિંદુસ્તાન, જાવા-સુમાત્રા અને સિલોનમાં જોવામાં આવે છે. ઠેકરીઓમાં તે ૨૫૦૦ ફૂટથી વધારે ઊંચે ઊડતો નથી. જંગલના મધ્યભાગ સિવાય જ્યાં પાણી હોય ત્યાં મેદાનમાં આ પક્ષી જોવામાં આવે છે. તેનો ખોરાક માછલી છે. પહેલાં તે પાણીથી દસેક ફૂટની ઊંચાઈએ ઊડે છે અને પાણીમાં માછલીની સંખ્યાને જુએ એટલે એકાએક હવામાં જોરથી પાંખો ફફડાવતો સ્થિર રહે છે અને નિશાન ઠોકતો હોય તેમ તેની ચાંચ સીધી માછલાં તરફ હોય છે. એકાએક તે પાણીની સપાટી ઉપર સીધું ઝોકરે છે અને નિશાન સાચું હોય તો ચાંચમાં એક નાની માછલી પકડીને ઉપર આવે અને સંતોષની ચીસો પાડતો ઊડી જાય, પણ અનેક વખત તેનાથી માછલી નથી પકડાતી એટલે કેટલીક વખત તે બંધે હવામાં અટકી જાય અને અંતમાં ડૂબકી માર્યા વિના જ ઊડી જાય. ઊડતાં ઊડતાં તે નિરાશાની ચીસો પાડે છે. જ્યારે આ પક્ષી માછલી ન મારતું હોય ત્યારે તે ન પચે તેવાં માછલીનાં ભીંગડાં જઠરમાંથી પાછાં કાઢી નાખે છે. તેની માદા બેકી સાથે આશરે ૭ ઈંડાં મૂકે છે.

કલકલિયો કોડિયો પું. કોડવાળો એટલે ચુડાદાર જાતીવાળો કલકલિયો; એક જાતનું પક્ષી.

કલકલિયો ઝુબકો પું. કલકલિયાની જેમ પાણીમાં વેગથી મરાતી ડૂબકી.

કલકલી ૧. [હિં.] સ્ત્રી. અસ: ગણ.
૨. વ. સુખડના ઝાડની એક જાત

કલકલીઓ જુઓ કલકલિયો.

કલકવલય [સં] ન. પગના કાંડામાં પહેરવાનું એક ઘરેણું.

કલકણાલુ જુઓ કલકલાલુ.

કલકંઠ ૧. પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં પચ્ચીસ

વર્ણ હોય છે. આઠ, બાર અને નવ વર્ણે યતિ આવે છે.

૨. પું. કોયલ.

૩. [સં.] પું. ગળાનો મધુર અવાજ.

સુણી કલકંઠ હવે,
કોકિલરવા કમતો ચિત્ત વિષે ના;
કસ્તિની ગતિ તુચ્છ,
પ્રિયા ગતિના રસરસ્યે લાગે હા.
રાસગોષાવ

૪. પું. પારેવું.

૫. પું. હંસ.

૬. વિ. મધુર શબ્દ નીકળે એવા ગળાવાળું.

કલકંઠિની [સં.] સ્ત્રી. કોયલ.

કલકંઠી ૧. [સં.] પું. એ નામનું એક પક્ષી; શેતકંઠી. ભૂમધ્ય સમુદ્ર નજીકના દેશમાં અને આફ્રિકામાં આ પક્ષી આસ દેખાય છે. તેનો અવાજ ઘણો મધુર હોય છે. બપોરે તે ગુસ્સે થાય ત્યારે હેડકાના જેવો કર્કશ અવાજ કરે છે. તેની ચાંચ અણક્ક, માથું રાખોડિયું, કંઠ સફેદ અને પોળી છાતીમાં સુધાળી નાજુક ટપકાં હોય છે. આ પક્ષીની નાની મોટી ઘણી જાત થાય છે. તે છત્રાં અને અનાજના દાણા ઉપર નભે છે. આ જાતનાં મોટાં પક્ષી ઑક્ટિબર મહિનામાં ઉપરાં ઝૂંડે સેવે છે. તેને પીંછાં બહુ ઝડપથી ઊગે છે અને થોડા સમયમાં નાનાં બચ્ચાં ઊડતાં થઈ જાય છે.

૨. સ્ત્રી. કોયલ, હંસ કે કલહારની માદા.

૩. વિ. સારું માઠું શકનારું; મધુર અવાજ કાઢનારું.

કલકંઠી પંખાપૂછ ૧. સ્ત્રી. કોયલની માદા.

૨. સ્ત્રી. પારેવી.

૩. સ્ત્રી. હંસણી.

૪. ન. એક જાતનું પક્ષી. તેની લંબાઈ બાર ઇંચ હોય છે. નર અને માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. ઉપરનાં પીછાં કાળાં ભૂરા રંગનાં અને કોરે બદામી રંગનાં હોય છે. એનું પૂછ બસલ પંખાની માફક પ્રસરી શકે છે. આ પક્ષી દક્ષિણ સ્પેન, આફ્રિકા અને એશિઆમાં જોવામાં આવે છે. હિંદુસ્તાનમાં પણ લગભગ આખા દેશમાં જોવામાં આવે છે. ચાસવાળી જગ્યામાં અથવા આંબલીની વાડામાં તે રહે છે. તેને એકાંત પ્રિય હોવાથી તે બહુ જોવામાં આવતું નથી. તેને ઉડવામાં આવે ત્યારે થોડી વાર ઊંચે ઊડીને ભરર૨ પોતાના માળામાં ઊતરી આવે છે.

૫. વિ. સારું માઠું શકનારું; મધુર અવાજ કાઢનારું.

કલકા પું. (ચિત્રક) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; મૌરલિક. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે લગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

કલકારી સ્ત્રી. કલિંગપાળી સ્ત્રી.
કલકમારી પ્રાણી નામનું, મન વિચારી એવું રે,
નારીને સંગે મુનિવરને નવિ રહેવું.
ખોડીદાસ

કલકી ૧. પું. કલક; પાપ.

૨. પું. દશાવતારી મંજીરાના પાનાની એક જાત. દશાવતારનાં પ્રતીક નીચે પ્રમાણે છે: (૧) મત્સ્ય (માછલાનું, વાદળ રંગનું), (૨) કચ્છ (કાચબાનું, રાતું), (૩) વરાહ (ડુક્કરનું, પીળું), (૪) નૃસિંહ (સિંહનું, લીલું), (૫) વામન (ઠીંગણાનું, લીલું), (૬) પરશુરામ (ફરશીનું, બદામી), (૭) રામ (ધનુષ્ય, બાણ અથવા હનુમાનનું, પીળું), (૮) કૃષ્ણ (ચક્ર અથવા મોરપીંછનું, બદામી), (૯) બુદ્ધ (શંખનું, શ્યામ), (૧૦) કલકી (ભાવી અવતાર બતાવનાર તરવાર કે સફેદ ઘોડાનું, કાળું).

૩. પું. દંભ; ઢોંગ.

૪. પું. વિષ્ણુનો કલિયુગમાં થનારો દશમો અને છેલ્લો અવતાર.

૫. પું. સફેદ ઘોડો.

૬. સ્ત્રી. કલગી; ઝોંકું.

૭. સ્ત્રી. કૂકડાની ઝાંજર.

૮. સ્ત્રી. તાજ ઉપરનું પીંછું.

૯. સ્ત્રી. માળાની એક જાત.

૧૦. સ્ત્રી. શિખર; ટોચ.

કલકીટ ૧. પું. એક જાતનો ઘીરો.

૨. પું. સંગીતમાં એક ગ્રામ.

કલકુંડ ન. ગોલકુંડા. તે નિઝામના રાજ્યમાં આવેલ હતું અને હીરાની ખાણ માટે પ્રસિદ્ધ હતું.

કલકૂજિકા [સં.] સ્ત્રી. વેશ્યા; અભિસારિણી સ્ત્રી

કલકૂજિત [સં.] પું. મધુર અવાજ.

કલકૂટ [સં.] પું. એ નામનું એક શહેર.

કલકૂણિતા જુઓ કલકૂજિકા.

કલકો પું. ધોંધાટ; શોરબકોર.

કલક્ષણ ૧. [સં. કુ (ખરાબ) + લક્ષણ (નિશાની)] ન. અપલક્ષણ; કુચાલ; કુટેવ.

૨. ન. અશુભ ચિહ્ન.

૩. ન. ગેરવર્તણૂક; દુરાચાર.

કલક્ષણું ૧. [સં.] વિ. અપલક્ષણું.

૨. વિ. અલાયદું; કમનસીબ.

૩. વિ. દુરાચારી.

૪. વિ. નઠારી ટેવવાળું.

કલખણું જુઓ કલક્ષણું.

કલખાપરી ૧. સ્ત્રી. જસતનો એક ક્ષાર.

૨. [સં. કલ (કાચું) + ખર્પર (ઠીકરું)] સ્ત્રી. પકવેલી અથવા બાળેલી માટીની એક ઔષધિ.

૩. સ્ત્રી. યુક્તિથી પકવેલી એક જાતની પોચી માટી.

કલખાપરો ૧. પું. જસતનો એક ક્ષાર.

૨. [સં. કલ (કાચું) + ખર્પર (ઠીકરું)] પું. પકવેલી અથવા બાળેલી માટીની એક ઔષધિ.

કલગ્યો પું. પહોળો કળ્યો.

કલક્ષ્યણ [સં. કુલક્ષણ] ન. અપલક્ષણ. જુઓ કલક્ષણ.

કલગર વિ. વહવાડિયું

કલગલવું ક્રિ. વિ. (બા. પ્ર.) પક્ષીનું બોલવું; કળેળવું.

કલગાન ન. મધુર ગાયન; મીઠું મીઠું સંગીત.

કલગારી [સં. કલિહારી] સ્ત્રી. કલિહારી; હલિની; લાંગલી; શુકપુષ્પી; ઓ; જાતનો વેલો. ઘણું કરીને વડના આશ્રયે તે થાય છે. એનાં પાન આકડાનાં પાન જેવાં અને ફૂલ ઘંટાકાર રાતા રંગનાં હોય છે. જમીનમાં તેનો કંદ થાય તેને ઘણિયો વછનાગ કહે છે. તેને ઝાઝું હાંસનાં મરી જેવડાં ફળ થાય. તેનાં રાતાં ફળિયાં બી વિષારિ છે. કોઢ, સોજા, અર્શ અને ક્ષય ઉપર તે ઉપયોગી ઔષધ છે. આંબલાઈ, કમળો, સ્ત્રીના રોગ, સર્પનું ઝેર, ઘરબનું વગેરે ઉપર દવાના ક્રમમાં તે આવે છે. ફૂલ રાતાં, પીળાં, બદામી, ધોળાં એમ રંગભેરંગી હોય છે. અંદર રાતી છાલવાળાં કલાયચીનાં બીજ જેવાં બીજ હોય છે.

કલગી ૧. સ્ત્રી. એક જાતનું બાજુબંધી.

૨. સ્ત્રી. (સંગીત) ખયાલની એક જાત.

૩. સ્ત્રી. ખંડણી.

૪. સ્ત્રી. ઘોડાના માથા ઉપર શોભાને માટે મૂકવામાં આવતો પીંછાંનો તોરો.

૫. સ્ત્રી. ટોચ; પ્રકારનું શિખર.

૬. સ્ત્રી. દેવગીતની એક તરેહ.

૭. સ્ત્રી. પક્ષીના માથા ઉપરની ચોટલી.

૮. સ્ત્રી. ફૂલનો ગોટો; મંજરી.

૯. સ્ત્રી. ફૂલવાળું ઝાડ.

૧૦. [કા.] સ્ત્રી. માથે પહેરવાના મુગટ ઉપર ખોસવાનો એક શણગાર; ચાલડી કે ટોપીમાં ખોસેલું મોરપીંછ.

કલગી સ્ત્રી. કલગીનો એક સાજ; કલગીના આયા ઉપર શોભા માટે સજાવી વખતે રખાતો રૂપાનો કે સોનાનો સાજ અગર મોર.

કલગીત પું (પિંગળ) દસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વિસદચ્છંદ. તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. તેના પંચમે અક્ષરે વિસામો આવે છે.

કલગીતોરા પું. કલગી અને તોરા.

કલગીદાર [તુ.] વિ. કલગીવાળું; ઘોંઘાળું.

કલગીલળતું વિ. કલગીવાળું; કલગીધર.

કલગોર સ્ત્રી. ઊંચા રેશમનું અને ઓછી કીમતનું ઓઢવાને પહેરવાનું ઘરચોળું; ભાંટ; એક કીમતી રેશમી વસ્ત્ર.

કલગો ૧. પું. એક જાતની વનસ્પતિ; ગુલ મખમલ.

૨. પું. મુગટ ઉપરનો એક શણગાર.

કલઘોર પું. એક જાતનો અવાજ.

કલઘોષ [સં.] પું. કોયલ. તેનો અવાજ મીઠો હોય છે.

કલઘોષી [સં.] સ્ત્રી. કોયલ માદા.

કલચરબોતી ન. કર્બચ્યુમોતી; 'કલ્ચર પર્લ'. આ મોતી ખરાં મોતી જેવાં થાય છે. અમુક જાતની રસાયનની ગોળી એક્કસ જાતની માછલીના પેટમાં નાખી તે માછલીને પાછી તળાવમાં નાખવામાં આવે છે. થોડી મુદતે તે નાખેલી ગોળી ઉપર મોતીનું પડ બંધાય છે અને તે ખરાં મોતી જેવું દેખાય છે. તે વીંધવામાં કઠણ હોય છે

કલચરિયું વિ. નકલી; બનાવટી

કલચલો પું. નાની ગોળ કાંટા વગરની ચીકણી ચામડીવાળી માછલી

કલચીખુચો પું. વહાણનો એક ભાગ.

કલચૂરપતિ પું. ચેદિરાજ.

કલચૂરિ ૧. પું. દક્ષિણનો એક પ્રાચીન રાજવંશ. તેના અધિકારમાં કર્ણાટક, ચેદિ, ડાહલ, મંડલ વગેરે દેશ હતા.

૨. વિ ચેદિ દેશનું; ચેદિને લગતું.

કલચૂરિકાલ પું. કલચૂરિસંવત.

કલચૂરિસંવત પું. ચેદિ સંવત; ત્રૈકૂટક સંવત; ભારતીય ૭૪ પૈકીનો એક સંવત. તે ઈ. સ. ૨૪૯ થી શરૂ થાય છે.

કલછલી સ્ત્રી ચમચો

કલછી સ્ત્રી. કડછી, ચમચી.

કલજ [ચી.] સ્ત્રી. મેદાલકડી.

કલજજ [સં. કલયુગ] પું. કલિયુગ; ચાર પૈકીનો છેલ્લો યુગ.

કલજહ્યાં [હિં.] વિ. ઉલટા ચહેરાવાળું.

કલજિભ્યા વિ. જિ. અદેખું

૨. વિ. જેની વાણી કડવી એવું

કલજીબી વિ. અદેખું

કલળુગ ૧. [સં કલિયુગ] પું. ચાર પાદોનો ચોથો યુગ. તે ૪૩૨,૦૦૦ વર્ષનો છે. તે ઈ સ. પૂર્વે ૩૧૦૨ વર્ષે ફેબ્રુઆરીની ૧૮મી તારીખ ને શુક્રવારે શરૂ થયો હોવ એમ મનાય છે

૨. પું. નઠારો માણસ; દુર્ગુણી કે અધર્મી માણસ.

૩. પું. નઠારો વખત; અધર્મનો સમય

કલલ [સં.] ન. ઘાસનું આપડું

કલલી સ્ત્રી. કલલી કેરલમાં આવેલું એ નામનું સ્થળ. શંકરવિજયમાં કહ્યું છે કે આ સ્થળે ખ્રિસ્તની સાતમી શતાબ્દિમાં શંકરાચાર્યનો જન્મ થયો હતો.

કલવાંતરિતા ૧. સ્ત્રી. પણી સાથે કલહ કરી રિસાયું થઈ બેસેલી સ્ત્રી

૨. સ્ત્રી. પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી નાયિકા.

કલહર પું. પ્રાંતનો મુખ્ય વસૂલાતી અધિકારી. 'કલેક્ટર'.

કલહરી સ્ત્રી. કલેક્ટરની કચેરી.

કલહી (કલ્હી) ૧. સ્ત્રી. એ નામનું કેરલમાં આવેલું સ્થાન. ત્યાં શંકરાચાર્યનો જન્મ થયો હતો એમ માનવામાં આવે છે.

૨. સ્ત્રી. જનેતા દેવી.

કલહ્ય ૧. [સં. કલ્હાર] ન. કળી એટલે ઊતરી જવાય એવી ખણીપોચી કાદવની જમીન.

૨. ન. જમીનના ઉપલા પડ નીચે દટાઈ રહેલું પોચાપણ.

૩. ન. ભોખમ; કર્દમ.

૪. ન. શબ્દ; અવાજ.

કલલ્યા [સં. કલ્ (ગણવું)] સ્ત્રી. સમજ; અક્કલ.

કલલ [સં.] વિ. ટાલિયું; વાળ વગરનું.

કલવર ૧. સ્ત્રી. કળતર, પીડા.

૨. ન. અડસટ્ટો; અનુમાન

૩. [સં કલ્ (ગણવું)] ન. કળી જવાય એવું હોવાપણું.

૪. ન. કોસ ફેરવવાનું સાધન.

કલવા પું. કલકલ અવાજ.

કલવાણ સ્ત્રી. મહેસૂલ વસૂલ લેવાનો એક પ્રકારનો વહીવટ.

કલવી ન. કાનડામાં પૂણાને કાંઠે આવેલ એ નામનું ગામ. અહીં શંકરાચાર્યનો જન્મ થયો હોવાનું મનાય છે.

કલવૂલિકા [સં.] સ્ત્રી. વેશ્યા.

કલત્ર ૧. [સ.] સ્ત્રી. વહુ; પત્ની; ભાર્યા.

૨. સ્ત્રી. (જ્યોતિષ) સાતમું ચાંદ્ર નક્ષત્ર.

૩. ન. કુટુંબ; પરિવાર.

૪. ન. દુર્ગ; કિલ્લો.

૫. ન. નિતંબ; કૂલો.

કલત્રવાન [સં. કલત્ર (સ્ત્રી) + વત્ (વાળું)] વિ. પું. સ્ત્રીવાળો; પરણેલ; વિવાહિત.

કલધિયું [સં. કૃષિત્ય (કળથી)] વિ. કળથીના રંગનું.

કલથી ૧. સ્ત્રી. એક જાતનો છોડ.

૨. [સં. કૃલિત્ય] સ્ત્રી. કળથી; એક જાતનું કઠોળ.

૩. સ્ત્રી. ભાંડું ઘાસ

કલદાર ૧. પું. આંકવાળો સિક્કો; રૂપિયો.

૨. વિ. આંગ્રેજી ચલણનું.

૩. વિ. કલવાળું; પેચદાર.

૪. વિ. નકદ; રોકડું.

૫. વિ. કુનરાળાવાળું.

કલધર સ્ત્રી. એક જાતની સાડી.

કલધાર ન. ખાંધણીનું ભૂગાડું.

કલધુનિ પું. (પિંગળ) ઉત્કૃતિ છંદની જાતનો ૨૬ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, જગણ, સગણ, જગણ, નગણ, સગણ, બે નગણ, ગુરુ અને લઘુ આવે છે.

કલધૂત [સં.] ન. રૂપું.

કલધેર ૧. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

૨. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાની એક જાતની સાડી.

કલધો ન. ખિડકિયા બનાવટનું સુતરાઉ છાપેલ કાપડ.

કલધૌત ૧. [સં.] ન. મધુર અવાજ.

૨. ન. રૂપું.

૩. ન. સોનું.

કલધૌતપદ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. પાંચ સગણ અને એક ગુરુ મળી સોળ વર્ણ તેમાં હોય છે.

કલધૌતપદે સ સ સ સ સ સ ગ ધર પાદે.

કલાપ્રપંચ ૧. પું. કલ્પતરુ.
૨. પું. કોયલ.
૩. પું. મધુર અસ્પષ્ટ શબ્દ.
૪. પું. મોર.
૫. પું. હોલો.

કલાબ ૧. ન. આચરણ.
૨. ન. ખોડ; ખામી.
૩. ન. બચતરી; સંખ્યા.
૪. ન. ગર્ભાધાન થયા પછી ગર્ભની શરૂઆતની સ્થિતિ; બીના ઉદરમાં ગર્ભસ્થ થયેલ પુરુષના વીર્યનો એક રાત્રિમાં થતો વિકાર.
૫. ન. ગ્રહણ કરવું તે; પકડવું તે; ધારણ કરવું તે.
૬. ન. પાસ.
૭. ન. ચિહ્ન; નિશાની.
૮. ન. જ્ઞાન; સમજ; જાણવું તે.
૯. ન. નેતર.
૧૦. ન. વાત, પિત્ત વગેરેનો કોપ.
૧૧. ન. શબ્દ; અવાજ.
૧૨. ન. (ગણિત) લબ્ધલબ્ધિ; ગણિતશાસ્ત્રનું એક અંગ.
૧૩. ન. સંબંધ.

કલાબવિદ્યા [સં.] સ્ત્રી. (ગણિત) લબ્ધવત્ એટલે અત્યંત અલ્પ પરિમાણોનું ગણિત.

કલાના ૧. પું. (પિંગળ) અસંકીર્ણ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી તેર વર્ણ અને બીજા તથા ચોથા પાદમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
૨. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૧૪ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૬, અને ૧૨ માત્રાએ તાલ આવે છે.
આપ ચોકલિયા સુણ ચિત્ત ધર,
તે પર બે કલ કૂરી કર;
ચૌદ અને કલ કલનામાં,
તાલ રસિ રાર નવ જગમાં. અપ્રસિદ્ધ
૩. [સં. કલન] સ્ત્રી. અટકળ; અંદાજ; આસરો.
૪. સ્ત્રી. કરવું તે.
૫. સ્ત્રી. જ્ઞાન; જાણવું તે.
૬. સ્ત્રી. ગુલતા.
૭. સ્ત્રી. પહેરવું તે.
૮. સ્ત્રી. પિછાણ.
૯. સ્ત્રી. મૂકવું તે; ગોઠવું તે.
૧૦. સ્ત્રી. સમજ; ગ્રહણ.

કલાબાર્ક [સં. કલન] સ્ત્રી. ભોગળ જેવું; સમજ.

કલાનાથ ૧. [સં.] પું. એક પ્રકારની વર્ણસંકર જાતિ.
૨. પું. ધીમો અને મધુરો સાદ.
૩. પું. રાજહંસ.
૪. વિ. ધીમા અને મધુર અવાજવાળું.

કલાનાડી ૧. સ્ત્રી. ગુલતા.
૨. સ્ત્રી. પિછાણ.
૩. [સં.] સ્ત્રી. રાજહંસી.
૪. સ્ત્રી. સુથાર; બઢઈની.

કલાનાધિકા પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, તગણ, નગણ, જગણ અને એક ગુરુ એમ કુલ તેર વર્ણ હોય છે.
જ ત ન જ ગ ૨ કર તું કલનાધિકા. અપ્રસિદ્ધ

કલનાવતી પું. (પિંગળ) અસંકીર્ણ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ.

કલાપ ૧. પું. કલાપ.
૨. પું. કેલાસ.
૩. પું. કાંજી; ખેળ.
૪. પું. ન્યાય.
૫. પું. પ્રલય.
૬. [અ. કલ્બ] પું. વાળ રંગવાની એક બનાવટ; કલપ.
૭. પું. પદ્મવેદાંત.

કલાપત જિ. વિલાપ કરતું.

કલાપત્રક ન. કમરો.

કલાપના ૧. [સં. કલ્પના] સ્ત્રી. અટકળ; અનુમાન; સુમાર.
૨. સ્ત્રી. અનુમતિ.
૩. સ્ત્રી. તર્ક; તરંગ; ચુટકો.
૪. સ્ત્રી. નિયમ; સંપાદન.
૫. સ્ત્રી. બુદ્ધિ.
૬. સ્ત્રી. યુક્તિ; કળા.
૭. સ્ત્રી. શક્તિ; ભાન્તિ.

કલાપની સ્ત્રી. (ગણિત) કેમ્પી.

કલાપવું ૧. સ. ક્રિ. અપંત કરવું; રડવું.
૨. સ. ક્રિ. (જૈન) બાપવું; ઉપભોગમાં આવવું; ક્ષય પામવું.
૩. સ. ક્રિ. શોકથી ચિલાવું; બૂરવું.
૪. [સં. કલ્પ્ (અટકળ બાંધવી)] સ. ક્રિ. અટકળ બાંધવી; ધારવું; કલ્પવું.
૫. સ. કામમાં આવવું.
૬. સ. ક્રિ. મૂલ્યાંકને નામે કોઈ વસ્તુનું સંકલ્પ કરી દાન આપવું; મરનાર પાછળ પુણ્ય કરવું; કરપવું; સારવું.

કલપવૃક્ષ ૧. [સં. કલ્પવૃક્ષ] પું. ઇચ્છા પૂરી પાડે તેવું એક કાલ્પનિક દેવવૃક્ષ; કલ્પદ્રુમ; કલ્પતરુ. તેનાં પાંચ પ્રકાર: (૧) પારિજાત, (૨) મંદાર, (૩) પારિભદ્રક, (૪) સંતાન, (૫) હરિચંદન.
૨. પું. ઘણાં ફળવાળું ઝાડ.
૩. પું. ઘણું મળી શકે એવો ધંધો.
૪. પું. મનોવાંછિત વસ્તુ જેની પાસેથી મળે તે.

કલપાવવું સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.

કલપાંત ૧. પું. કકળાટ; કાકલૂદી.
૨. [સં. કલ્પાંત] પું. રડાપીટ; રડારોળ.

કલપિત [સં. કલ્પિત] વિ. કલ્પેલું; કલ્પિત.

કલપી ન. ખેતીવાડીનું એક ઓજાર. તેથી ઘાસ, કરસણના પાસ વચ્ચેનું ખડ વગેરે સાફ કરી શકાય છે.

કલપૂજિતાબ્ધ [સં.] પું. શંકરનાં કળર મહિનું એક નામ.

કલફ (કલ્ફ) ૧. [અ.] પું. ખાર; અસ્તર.
૨. પું. કાંજી; ખેળ.
૩. પું. ખાંડ.
૪. પું. તાળું.
૫. પું. ખ્યાન.
૬. [સં. કલક] પું. મોઢા ઉપરનો કાપ કે ફોલ્લી.
૭. પું. રંગ વગરનું થવું તે.
૮. પું. વાળ રંગવા માટે વપરાતી એક બનાવટ. તે લોખંડ, હરડાં અને આમળાં જુદાં તોલા અને બહેડાં એક તોલો લઈ મિશ્ર કરી ખરીમાં ખૂટીને બનાવાય છે. તે મેંદી કેશને લગાડવાથી કાળા થાય છે.

કલફત (કલ્ફત) ૧. [અ. કલ્ફ (તેણે કલ્ફ લગાડ્યો)] પું. ચોપડવાપણું.
૨. [અ.] સ્ત્રી. વહાણ બાંધવામાં થતી એક જાતની ક્રિયા; વહાણનાં પાટિયાંનાં સાંધાને જૂના દોરડાનાં કે તેના કકડાને ઊકાળી કરેલાં કૂચાં કે કૂચા વડે એવી રીતે બંધ કરવા કે હવાપાણી તેની વચમાં થઈને વહાણમાં દાખલ થઈ શકે નહિ.

કલબ (કલ્બ) ૧. [અ.] પું. કૂતરો; શ્વાન.
૨. પું. મુસલમાન.

કલબક સ્ત્રી. પીળા સુખડ.

કલબલ ૧. [સં. કલા + બલ] પું. ઉપાય.
૨. સ્ત્રી. અનેક અવાજોનો સેળભેળ ઘોંઘાટ; એકથી વધારે માણસોના બોલવાથી થતો અવાજ; ગડબડાટ; શોરબકોર.

૩. સ્ત્રી. કલમની ખોલી.
૪. સ્ત્રી. ન સમજાય તેવું બોલવું તે.
૫. સ્ત્રી. પક્ષીઓથી થતો અવાજ.
૬. સ્ત્રી. લખલખાટ; લવલવ.

કલબલવું સ.ક્રિ. કલબલાટ કરવો.

કલબલાટ જુઓ કલબલ.

કલબલિયાં ન.બ.વ. ઝંઝટ.

કલબલું વિ. ન સમજી શકાય તેવું.

કલમંડા [હિં.] સ્ત્રી. સુખડના ઝાડની એક જાત.

કલમ ૧. પું. નિશાન.
૨. પું. (પ્રાચ્ય) રાજા.

કલમાના સ્ત્રી. ગવાની પદ્ધતિ.

કલમી ૧. પું. (મારવી) કણબી.
કલમી થઈને ફ્રાંસાવર, રહી ત્રિલોચન પેર; વિચંબરીઓ પટલ ફહાબ્યો, બે પ્રભુની પેર. લોકોક્તિ
૨. [અ.] વિ. ખરા અંતઃકરણનું.

કલમેન સ્ત્રી. (વજ) કાલી વાણી.
વિદ્વત કરી કલમેન નમે. દયારામ

કલમોલ ૧. પું. કલબલ.
૨. પું. મધુર સ્વર; મીઠો સૂર.
૩. પું. મીઠા લાગે તેવા શબ્દ.

કલમ ૧. પું. ઊંઠનું બચ્ચું; બોતડું.
૨. પું. બીજા વર્ષનો હાથી.
૩. પું. બંતૂરી.
૪. [સં.] પું. પાંચ વર્ષનું હાથીનું બચ્ચું; કરભ.

કલભક્રિય [સં.] પું. પીઠનું ગાડ.

કલભવ ૧. સ્ત્રી. ખાખરાની એ નામની જાત.
૨. ન. ખાખરાની એ નામની જાતનું મામસ.
૩. વિ. ખાખરાની એ જાતનું.

કલભવલ્લભ [સં.] પું. પીઠનું ગાડ.

કલભા [સં.] સ્ત્રી. હાથીનું માદા બચ્ચું.

કલભાષણ [સં.] ન. બાળકનો બબડાટ.

કલભાષિણી સ્ત્રી. કમાં કાલનારી સ્ત્રી; મીઠું બોલનારી સ્ત્રી.

કલભિકા [સ.] સ્ત્રી. નાની હાથણી.

કલમો ૧. પું. (પિંગ) એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે ૬૩ છંદનો એક ભેદ છે. તેની ૧૦૬ માત્રા છે. તેને કરબી પણ કહે છે. જુઓ કરબી.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ; ચચ્ચુ.
૩. સ્ત્રી. ત્રીસ વર્ષની હાથણી.
૪. સ્ત્રી. હાથી કે ઊંટનું માદા બચ્ચું.

કલમ ૧. [સં.] પું. ચોર; લુચ્ચો; ઠગ.
૨. પું. લુવાન હાથી.
૩. પું. બંગાળમાં થતી ચોખાની એક જાત. તેનું વાવેતર મે જૂનમાં થાય અને તે ડિસેમ્બર જાન્યુઆરિમાં પાકે.
૪. પું. (ક્રિકેટ) મુસલમાન.
૫. પું. વંશમાં જન્મેલ માણસ.
૬. સ્ત્રી. ખજૂર; ફરકત.
૭. સ્ત્રી. ઉભેડીને પાકું વાવેલ ધાન્ય; ડાંગર.
૮. સ્ત્રી. એક જાતની ખાતરગાહક; ખજુર.
૯. સ્ત્રી. એક ઝાડની કુંપળ બીજા ઝાડ સાથે જોડવાથી સંધાઈ રહેલી ડાળી. એક ઝાડ ઉપર બીજાનાં ફળ લગાડવા માટે એક ઝાડની ડાળીને બીજા ઝાડની ડાળી સાથે જોડવી હોવામાં આવે છે.
૧૦. સ્ત્રી. કરારની શરત.
૧૧. સ્ત્રી. કૌંસમાંનું કામ.
૧૨. સ્ત્રી. ખાનિ; ખાણ.
૧૩. સ્ત્રી. બખરખી; ચિઠ્ઠી.
૧૪. સ્ત્રી. ખીતરવાની ઢબ; લેખનશૈલિ.
૧૫. સ્ત્રી. ઝાડની ડાળીને કલમની માફક ત્રાંસી કાપી જમીનમાં રોપવી તે.
૧. કલમ કરવી = ઝાડની ડાળીને ત્રાંસી કાપી જુદી ઉગાડવી.
૨. કલમ કરવું = કાપી નાખવું; ખંડિત કરવું.
૩. કલમ મારવી = કલમથી આડો લાંટો કાઢવો.
૪. કલમ રોપવી = ઝાડની ડાળી કાપી ખોદેલમાં રોપી દેવી.
૫. કલમ સમારવી = કલમ વાવવી.
૧૬. સ્ત્રી. ઝાડની ડાળીએ ભાલુબટીનો લોબો વળગાડી ઉપર કપડું બાંધી તેનાં ઉપર પાણીનું ટપકતું વાસણ બાંધતાં તે ડાળીને તે જગ્યાએથી મૂળ ફૂટ્યા પછી કાપી બીજી જગ્યાએ રોપવી તે.
૧૭. સ્ત્રી. ઝાડીનો ઉપલો અણીવાળો ભાગ.
કલમે છોડવી = ઝાડીના ઉપલા ભાગમાં ચોક્કસ લક્ષ રાખવા.
૧૮. સ્ત્રી. ધારો; નિયમ.
૧૯. સ્ત્રી. નવું ઉપજાવેલું લખાણ; મુસદ્દો.
૨૦. (ફ્રાંસ) [અ.] સ્ત્રી. પાસાદાર કટકો.
૨૧. [અ.] સ્ત્રી. પીઠી.
૨૨. [અ.] સ્ત્રી. પુરુષની જનનેન્દ્રિય.
૨૩. સ્ત્રી. પેન્સિલ; સીસપેન.
૨૪. સ્ત્રી. ખોલી; ખાના.
૨૫. [હિં.] સ્ત્રી. રજો.
૨૬. સ્ત્રી. લખવા માટે લાકડાના કટકાનું બનેલું સાધન; લેખિની.
૧. કલમ અંકાડ કરવી = લખવાનો અમુક ભાગ છોડી દેવો.
૨. કલમ કપવી = (૧) મુનામાં આવ્યાથી નોકરી ઉપરથી રઝળિયું મળવું. (૨) બેબસ્ત થવી.
૩. કલમ કાપવી = (૧) કલમનો છેડો કાપવો. (૨) નોકરીમાંથી કાઢી મૂકવું.
૪. કલમ કરવી-મારવી = કલમની અણી કાઢવી; જરૂરે મરડી કલમ કાઢવી; લેખણ બનાવવી.
૫. કલમ ચાલવી = લખવી.
૬. કલમ ચંદ કરવી = ઉતારવું; લખવું.
૭. કલમ, કાંડી ને બરછી = મુસદ્દો લખાણ લખવાની આવડત, રસોઈની આવડત અને યુદ્ધકળા અથવા સિપાઈગીરીની આવડત.
૨૭. સ્ત્રી. લાંબાં અને પહોળાં પાનવાળું કદમની જાતનું ઝાડ. તેને ચોમાસા પડતાં પીળાં ફૂલ આવે છે. ફળ ગોળ નાનું લીંબુ જેવું હોય છે. તેનું લાકડું ઘર બાંધવામાં, ફર્નિચર બનાવવામાં, ગાડાંમાં, પાલા, ચમચા વગેરે બનાવવામાં વપરાય છે.
૨૮. સ્ત્રી. લાંબાં લખાણ કે વિષયનો નાનો ભાગ; પેરેગ્રાફ; પર્વ; કાંડ; ખંડ; કંડિકા.
કલમ ચારી દેવી = લખ્યા મુજબ વર્તવું.
૨૯. સ્ત્રી. સરણાઈ જાતનું એક વાદ્ય. તે કલમ જેવું હોય છે. તે સિનાઈ વાંસનું બનાવાય છે.
૩૦. સ્ત્રી. કદની બાર મહિની એક જાત.
૩૧. સ્ત્રી. સંપ્રદાય; પક્ષ; મત.
૩૨. સ્ત્રી. હેવાલની નોંધ.
૩૩. ન. એક જાતનું ઝમારતી લાકડું.
૩૪. ન. પક્ષ; વાકય.
૩૫. ન. બાબત.
૩૬. ન. સર્પના મંત્રની કલમ.
૩૭. [અ.] સ. ક્રિ. (ધાતુ) તે બોલ્યો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દોઃ કલમા, કલામા, મુકાલેમત.

કલમક સ્ત્રી. સિંધમાં થતી એક જાતની અંજીર.

કલમકલ [હિં.] સ્ત્રી. દુઃખ; ફિકર; ચિંતા.

કલમકરા (કલમકરો) ૧. [અ.] પું. કુશળ લેખક; મુસદ્દી.
૨. પું. હજામો.
૩. સ્ત્રી. લેખણ વાપરી જાણનારું.

કલમકરી (કલમકરી) [અ.] સ્ત્રી. કલમ વાપરવી તે; સુંદર ઇબારત લખાણ કરવાપણું.

કલમકસાઈ (કલમકસાઈ) ૧. [સ.] પું. કસેરીના કારકુનો માટે તિરસ્કારવાચક શબ્દ.
૨. પું. લખાણ મારફત જાહેર લખત શિક્ષા કરનારો કઠોર લેખક.
૩. પું. વાણીથી નહિ પરંતુ કલમથી કસાઈના જેવું ક્રૂર કર્મ કરનારો માણસ.

કલમકાવલી ૧. જી. કલમો.
૨. ન. પીળા છાંટવાળું એક જાતનું ઇક્ષુ. તે ખુશબોદાર હોવા છતાં સ્વાદે કડવું હોય છે. તેનો રસ જઠરાગ્નિ વધારનારો મનાય છે.

કલમકાર (કલમકાર) ૧. [ફા.] પું. કલમથી લખનાર.
૨. પું. કોતરનાર.
૩. પું. ચિતારો; ચિત્રકાર.
૪. પું. વેલબુટ્ટાથી ભરેલું એક પ્રકારનું કપડું.

કલમકારી (કલમકારી) ૧. [ફા.] જી. કલમથી કરેલું કામ.
૨. જી. કોતરણી.
૩. જી. ચિત્રકામ.
૪. જી. સુંદરવાળું છીંટ.

કલમકુચરાઈ ૧. [અ.] જી. અરાબ અથવા ભૂલ ભરેલું લખાણ.
૨ જી. ખાતામાં બરાબરતથી નહિ આવેલી રકમ.

કલમકિયા જી. કલમ રોપવાની પદ્ધતિ.

કલમખ ૧. [સં. ક્રિમિજ] પું. કલંક; લાંછન.
૨. પું. દોષ; પાપ.

કલમચિત્ર ન. શબ્દમાં દોરેલું ચિત્ર.

કલમચૂક જી. લખાણમાં થતી ભૂલ.

કલમજારી જી. વિતરિપત્ર.

કલમતરાશ (કલમતરાશ) ૧. [અ. કલમ + ફા. તરાશીદન્ (કાપવું)] પું. એક જાતનું હથિયાર; બરુહરની ખૂંટી.
૨. પું. કલમ બનાવનાર આદમી.
૩. પું. કલમ બનાવવાની છરી; ચાકુ.
૪. પું. હોશિયાર લેખક.
૫. વિ. કલમ બનાવનાર; બરોડાકાર અક્ષર આવે એવો ત્રાંસો કલમકાપ મૂકી જાણનાર.
૬. વિ. કલમના છેડાની બાજુ ઊભું અને ત્રાંસું કાપેલું.

કલમતરાશ (કલમતરાશ) જુઓ કલમતરાશ.

કલમતલ્લિકા પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં નગણ, રગણ, નગણ, રગણ, નગણ, રગણ એમ ૨૧ વર્ણ હોય છે.

કલમતસ્વીર (કલમતસ્વીર) જી. શબ્દોમાં દોરેલ ચિત્ર.

કલમતાકાત (કલમતાકાત) [અ.] જી. ભોરદાર લખાણ લખવાની શક્તિ.

કલમતાંસ (કલમતાંસ) વિ. કલમની બાજુ ત્રાંસું કાપેલું.

કલમદવાત (કલમદવાત) પું. લેખન સામગ્રી.

કલમદાન (કલમદાન) ૧. [અ.] જી. એક જાતની સાદીની સીસી. તે ઈરાની બનાવટની હોય છે. તેના ઉપર તરેહ તરેહની કારીગીરી કરવામાં આવે છે.
૨. ન. કલમ વગેરે રાખવાની વાસની, ધાતુની અથવા લાકડાની રાખણવાળી બૂંગણી અથવા પેટી; કલમનું ઘર.
૩. ન. ખડિયો.
કલમદાન દેવી = લખવા શીખવાની નોકરી દેવી.

કલમદાનિયું (કલમદાનિયું) ૧. ન. કલમ રાખવાનું ચોળ બૂંગણી આકારનું પાત્ર. તે દોરીથી ખડિયાની સાથે જ બાંધેલું હોય છે.
૨. ન. બારણા ઉપરની બારી.

કલમદાની (કલમદાની) જી. કલમ રાખવાનું ઘર.

કલમદાનીઉં (કલમદાનિયું) જુઓ કલમદાનિયું.

કલમદારું ન. બનિયું; દલવાણી.

કલમદાર (કલમદાર) [અ.] પું. લખનાર.

કલમદાવાત (કલમદાવાત) જી. કાગળ, સાહી, ખડિયો વગેરે લેખન સામગ્રી.

કલમબોરો ૧. પું. હોશિયાર પુરુષ.
૨. વિ. અક્કલવાન; હોશિયાર.
૩. વિ. બેકલો; કુટુંબ વિનાનો; છડો; કુક્કડ.

કલમબન [અ.] પું. અબજદપદ્ધતિના આઠ શબ્દસમૂહનો ચોથો શબ્દ. જુઓ અબજદપદ્ધતિ. તેના દરેક અક્ષરની કીમત નીચે પ્રમાણે છે:—

કાફ	લામ	મીમ	નૂન
૨૦	૩૦	૪૦	૫૦

કલમબાક (કલમબાક) ન. કલમ લૂછવાનું કપડું.

કલમબોશી (કલમબોશી) [અ.] જી. લેખનકલા.

કલમબહાદુર (કલમબહાદુર) ૧. પું. લખવામાં હોશિયાર.
૨. પું. સારો લેખક.

કલમબહાદુરી (કલમબહાદુરી) જી. ભોરદાર લખાણ.

કલમબંદ (કલમબંદ) ૧. [અ.] વિ. સુધારેલું.
૨. વિ. લાઇનમાં લેવાયેલું.
કલમબંદ કરવું = નોંધ લેવી; લખવું; લખાવી લેવું.
૩. વિ. લખેલું; લિખિત.
૪. ન. પૂરેપૂરું; ઠીકઠીક.

કલમબંદી (કલમબંદી) ૧. જી. કોઈ પણ વસ્તુની બનાવટ તથા કામકાજનું બોરણ બતાવનારું લખાણ; તપસીલ.
૨. [અ.] જી. કોલકરાર; શરત.
કાચી કલમબંદી = ફુકમનામું થતાં પહેલાં સરકારના કબજામાં રાખેલી મિલકત.
૩. જી. જમા કરેલી વસ્તુની યાદી.
૪. જી. જમી; ટાંચ.
૫. જી. મુકાસરનું લખાણ; પેરા પાડીને કરેલ ચોક્કસ કલમવારી લખાણ.
૬. જી. રાજકીય બદોબસ્ત; રાજનૈતિક બનાવ.
૭. જી. સરકાર અને જમીનદારની વચ્ચે થયેલી કબૂલાત; ગામ અથવા જમીનની કલમવાર તપસીલનું પત્રક.
૮. જી. ઝકીકત; વર્ણન.
૯. વિ. વિગતવાર લખાયેલું.

કલમબંદીવેરો (કલમબંદીવેરો) પું. ખેડૂતો પાસેથી એકસરખી રીતે લેવાતો કર.

કલમબંધો (કલમબંધી) જુઓ કલમબંદી.

કલમબાજ (કલમબાજ) [અ.] વિ. લેખનકાર્યમાં કુશળ; કલમ ચાપરવામાં હોશિયાર.

કલમબાજી (કલમબાજી) જી. લેખનકાર્યમાં કુશળતા.

કલમબિરાદર (કલમબિરાદર) પું. લેખકબંધુ.

કલમબરથી પું. પાદશાહી; સલ્તનત.

કલમબરદ (કલમબરદ) [અ.] પું. કલમ અથવા હુકમ આપે એટલો પ્રદેશ; તાબાનો મુલક; રાજ્ય.

કલમબરમી [મ.] જી. ભોંયપાપરી.

કલમબલ પું. (જૈન) જાદરમાં રહેલો દ્રવ્યનો સમૂહ.

કલમબલડો (કલમબલડો) પું. એક જાતની વાની; કરમબલડો; કરમબલો.

કલમબલવું ૧. અ. ક્રિ. કપવું; ધ્રૂજવું.
૨. અ. ક્રિ. ભયભીત થવું.
૩. અ. ક્રિ. સળગવું.

કલમબલો ૧. પું. એક જાતની વાની; કરમબલો.
૨. પું. વહેમ; શંકા.

કલમબાર (કલમબાર) અ. તપસીલવાર; દરેક કલમ અથવા ફકરાના ક્રમ પ્રમાણે.

કલમબૂડું અ. ક્રિ. સળગતું.

કલમબિરખા પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણભેદ છંદ. તેમાં નગણ, રગણ, ભગણ, ભગણ, અને અંતે સગણ એમ કુલ ૨૧ વર્ણ હોય છે.

કલમબષ [સં. ક્રિમિજ] ન. પાપ.

કલમબસ ૧. [સં. ક્રિમિજ] ન. પાપ.
૨. ન. (ડિંગળ) મેલું.

કલમસવાર (કલમસવાર) જુ. ઘોડેસ્વાર.

કલમસવારી (કલમસવારી) સ્ત્રી. સવારપણું.

કલમા ૧. [અ. કલમ (તે બોલ્યો)] પું. ઇસ્લામનો મૂળ મંત્ર હોય એવું વાક્ય જેમકે, ' લાઇલાહ, ઇલ્લિલ્લાહ, ઉર્ રસૂલિલ્લાહ, ' એટલે અલ્લાહ એક છે અને મુહમ્મદ તેના પયગમ્બર છે.

૧. કલમો કુફ્ર = ઈશ્વરનિંદા; નાસ્તિકવાદ.

૨. કલમા પઢવા = મુસલમાન ધર્મની દીક્ષા લેવી.

૨. પું. ઇસ્લામનો સ્વીકાર.

૩. પું. કુરાનના મંત્રો.

૪. પું. વાત; વાક્ય.

૫. પું. શબ્દ.

કલમાક [કા.] પું. મધ્ય એશિઆનો એક તાતાર જાતિનો વતની.

કલમાકની [કા.] સ્ત્રી. કલમાક જાતિની સ્ત્રી. વખતે વખત આ જાતિની સ્ત્રીઓ સરહદ ઉપની રાજપુતીઓની અંતરરક્ષિકાઓ તરીકે કામ કરતી.

કલમાકાર વિ. બારના આકારનું.

કલમાગો પું. કલમા પઢનાર માણસ; મુસલમાન.

કલમાણ પું. (ડિંગળ) મુસલમાન.

કલમાણ વિ. (ડિંગળ) મલમલ.

કલમિષતા [સં. કિલ્મિષ] સ્ત્રી. પાપ; અપરાધ.

કલમી ૧. [સં. કુલ (કુટુંબ) + અમ્ (વધારે) + મ્રક્ષ્ (બટકવું)] પું. અણી; ખેડૂત.

૨. પું. ચોખાની એક જાતનું નામ.

૩. [અ.] પું. (વહાણવટું) ઢોલી ઉપર રખાતો બાજુએ કુવો; વહાણમાં મોટા કુવા પાછળનો ભાગ તે કુવા ઉપરનો સુકાન તરફનો સઢ; નાનો સઢ.

૪. સ્ત્રી. કરેમ; કલમીબામ.

૫. વિ. અણીવાળું.

૬. [હિં.] વિ. બાધાર લાયક.

૭. વિ. કલમ કરીને ઉગાડેલું.

૮. વિ. કલમ સબંધી.

૯. [હિં.] વિ. કરતાવેજ.

૧૦. વિ. પાસાદાર

૧૧. [હિં.] વિ. લિખિત.

૧૨. [હિં.] વિ. સરકારી.

૧૩. વિ હસ્તલિખિત.

કલમી કરવું = લખવું.

કલમીબામ ૧. (કલમીબામ) પું. કલમી બાંબો.

૨. સ્ત્રી. કલમી બાંબાની કેરી.

કલમીબાંબો (કલમીબાંબો) જુઓ કલમીબામ.

કલમીહોલ (કલમીહોલ) સ્ત્રી. વહાણની કડી.

કલમીદાર (કલમીદાર) વિ. કુલની કળિઓનું ચૂંથેલું.

કલમીન (કલમીન) ૧. સ્ત્રી. વહાણની હોલ કડી; નાનો સઢ.

૨. સ્ત્રી. વહાણનો બીજો હોલ-કૂવો; સુકાન તરફનો નાનો કૂવો.

કલમીબોબોડી (કલમીબોબોડી) ન. (કચ્છી) એક જાતનું ઝાડ; કલમછી બોરડી; બારેક બોરડી.

કલમીબોર ન. એક જાતનું ફળઝાડ.

કલમીશૂરા જુઓ કલમીશોરા.

કલમીશોરા પું. શુદ્ધ કરેલો સુરોબ્બર.

કલમુઈ ૧. સ્ત્રી. કાળાં મોઢાંવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. બિલાડી.

૩. સ્ત્રી. ખેડોળ ચહેરો.

કલમુખો પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો પાંચ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સુતસંગડ. તેના દરેક ચરણમાં નગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

કલમુહી [હિં.] સ્ત્રી. રાત બાંધની એક દેવી. તે ચોતળા, ચોરી વગેરેની દેવી છે.

કલમુંહી સ્ત્રી. કલમી બો.

કલમૂત પું. કાકોડો.

કલમેકૃદ સ્ત્રી. ઈશ્વરનિંદા.

કલમેશરીફ (કલમેશરીફ) ૧. પું. કલમો પઢનાર ધર્મગુરુ.

૨. પું. કુરાન.

૩. વિ. કલમામાં પારંગત.

કલમો ૧. [અ. કલમ (તે બોલ્યો)] પું. આદેશ; આજ્ઞા.

૨. પું. ઉપદેશ; વચન.

૩. પું. કળ; કૂંચી; ચાવી.

૪. પું. કુરાનની કડી; કુરાનનું મૂળ સૂત્ર. જુઓ કલમા ૧.

૫. પું. મુસલમાની ધર્મની દીક્ષા લેતાં બોલાતાં વચન.

૧. કલમો પઢવો = ઇસ્લામ ધર્મ સ્વીકારવો.

૨. કલમો પઢાવવો = મુસલમાન કરવો.

૬. પું. મોટેથી બોલવું તે.

૭. પું. લગ્નના સરભરા.

૮. પું. સિદ્ધાંત.

કલમોત્તમ [સં.] પું. ઉત્તમ જાતની સુગંધી કાંચર.

કલમોહકીદી (કલમોહકીદી) ન. અલૌકિક શાસ્ત્ર; આધ્યાત્મિક શાસ્ત્ર.

કલયત્રી સ્ત્રી. કલાકાર સ્ત્રી.

કલર ૧. [હિ.] પું. ક્ષાર; ખારી માટી; ખારો.

૨. [અં.] પું. રંગ વર્ણ.

૩. પું. વૃણો.

૪. ન. ઘોડામાં પહેરવાનું સોનાનું ઘરેણું.

કલરવ ૧. [સં.] પું. કલકલાટ; પંખીનો મધુર ધ્વનિ.

૨. પું. મધુર અસ્પષ્ટ અવાજ.

૩. પું. ઘોર.

૪. પું. હંસનો કલકલાટ.

૫. ન. કલ્લોલ; ખારેલું.

૬. ન. કોલાહલ.

૭. વિ. મધુર અસ્પષ્ટ શબ્દવાળું.

કલરવું અ. ક્રિ. અવાજ કરવો.

કલરોળ પું. ઘોંઘાટ; મોટો કલકલાટ; મોટો અસ્પષ્ટ અવાજ.

કલલ ૧. [સં.] ન. એક માસનો ગર્ભ.

૨. ન. જરાયુ; ગર્ભ ઉપર વીંટાતી આમળી; ઓર.

કલલજ ૧. [સં.] પું. ગર્ભ.

૨. પું. રાળ.

કલલવિદ્યુવિદ્યા [સં.] સ્ત્રી. ગર્ભવિદ્યા; ગર્ભના બીજ સંબંધી વિદ્યા.

કલલરસ [સં.] પું. પ્રાણરસ; ' પ્રોટોપ્લેઝમ '.

કલલિ પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો પાંચ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સુતસંગડ. તેના દરેક ચરણમાં નગણ અને બે ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

કલવકલ સ્ત્રી. યુક્તિપ્રયુક્તિ.

કલવત ન. (કચ્છી) એક જાતનું ઘાસ.

કલવરો (કલવરો) પું. (ગ્રામ્ય) કલરવો.

કલવર્ટ [અં. કલ્વર્ટ] ન. ગરનાળું.

કલવલ ૧. સ્ત્રી. કલકલ; બીજું બીજું બોલવું તે.

૨. સ્ત્રી. દાવપેચ; યુક્તિ.

૩. સ્ત્રી. દુઃખ; આફત.

કલવલવું ૧. અ. ક્રિ. ઉકેરવું.

૨. અ. ક્રિ. ઝીણવું.

૩. અ. ક્રિ. કકળવું.

કલવલાટ પું. ખોદકામ; રાડારાડ.

કલવલ્લીવિદ્ધ પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, તગણ અને બે યગણ એમ બાર અક્ષર હોય છે.

કલવવું ૧. સ. ક્રિ. કરગરવું કરાવવાં.

૨. સ. ક્રિ. કોચવવું.

૩. સ. ક્રિ. બીજવવું.

૪. સ. ક્રિ. ટમવવું; મૂંઝવવું.

૫. સ. ક્રિ. બાળકને કલકલ કરી મૂકે તેમ ગમત કરીને રમાડવું.

કલવસ્તીય [અ.] સ્ત્રી. પોડાગાંઠ; બીજા કે થાંભલા ઉપર બાંધવામાં આવતી ગાંઠ.

કલવહ્નિ પું. દુઃખરૂપી અગ્નિ.

કલવાટ પું. કલાવાલા.

કલવાબીર [હિં.] પું. એક કલ્પિત પ્રેત. મદારીઓ અને જાદુગરો તેની મદદ માગે છે.

કલવાર ૧. [સં. કલપાલ] પું. શરાબ બનાવનાર તથા વેચનાર માણસ.

૨. સ્ત્રી. દુધિયા સોપારી; બાંગવાથી સફેદ કેફાય અને ખાતાં વૂરી જાગે તેવી સોપારી.

૩. સ્ત્રી. સોલી સોપારી.

કલવાવવું સ. ક્રિ. કોચવવું.

કલવિકરક ૧. [સં.] પું. કળકળતા પાણીના અસ્પષ્ટ અવાજ જેવા અસ્પષ્ટ જગતને વિવિધ પ્રકારે રચનાર આદિપુરુષ.

૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

કલવિંક ૧. [સં.] પું. ઉંદરજાતનું પ્રાણી.

૨. પું. એક તીર્થનું નામ.

૩. પું. કલિંગ વૃક્ષ.

૪. પું. ચકલો પક્ષી.

૫. પું. તરબૂચ.

૬. પું. ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ ત્રણ મસ્તકમાંથી જે વડે તે શરાબ પીતો હતો તે મસ્તકનું મુખ.

૭. પું. દોષ; પાપ; કલંક.

૮. પું. પોળી ચમરી.

કલવિગ જુઓ કલવિંક.

કલવી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઊલટ ચડેલ; નાગલી; ગાંગૂલી.

૨. સ્ત્રી. ખિલાડી.

૩. સ્ત્રી. સમણી

કલવું ૧. [સં. કલલ] ન. કન્યા વરકની ઓળોનું વરને મંગળ કોળિયો ખરાવવા જતું તે; કલરો.

૨. અ ક્રિ. સાંધામાં દુખાવો હોવો.

૩. સ. ક્રિ. ખટકવા કરવું; કળવું.

૪. સ. ક્રિ. ખણવું; સમજવું.

કલવેટ પું. નર કાળિયાર.

કલવો ૧. [સં. કલવર્ત; અપ. કલવઉ–કલવઉ–કલવો] પું. કલવા; કોળિયો.

૨. પું છોટાહાજરી; નાસ્તો.

૩. પું. લગ્ન પ્રસંગે વરને સસરા પક્ષ તરફથી મોકલાતું પકવેલવહેલું ભોજન; મંગલકલવા.

કલશ ૧. [સં.] પું. ત્રણ આંગળિયાંનું જૂથ.

૨. પું. એક દ્રોણ જથ્થા ત્રણ શેરનું એક માપ ૧૦૨૪ મૂર્ધિલાવાર.

૩. પું. (પિંગળ) એક પ્રચલિત માત્રામેળ છંદ; કુંભ. તે સંખ્યક જાતિનો એક ભેદ છે.

૪. પું. (પુરાણ) એક સર્પનું નામ.

૫. પું. એકએકથી નાના કળશોની ઉતરડ.

૬. પું. કાશ્મીરનો એક રાજા; રણાદિત્ય. તે ૧૦૬૮ની સાલમાં થઈ ગયેલ. તે જાતે કુખ્યાત, અન્યાયી, પિતા ઉપર અત્યાચાર કરનાર અને પોતાની બેનનું સતીત્વ નષ્ટ કરનાર હતો. મંત્રીઓએ તેને સિંહાસનથી ઉઠાડી તેના પિતાને ગાદી પર ફરી બેસાડ્યો હતો.

૭. પું. કળશો; ઘોટો.

૮. પું. કુંભ; ઝાકર; ઘડો. તંત્ર અનુસાર ઓછામાં ઓછા ૧૦ આંગળના આસવાળો, ઊંચાઈમાં ૧૬ આંગળ અને જેનું મુખ ૮ આંગળથી ઓછું ન ન હોય એવો ઘડો વપરાય છે.

કલશ સ્થાપન કરવો = દેવને પાણીનો ઘડો અર્પણ કરવો. તેમાં અશ્વત્થ, ઉદુંબર, વટ, શમી અને આમ્ર એ પંચ પવિત્ર વૃક્ષનાં પાંદડાં નાખવામાં આવે છે.

૯. પું. ઘુમ્મટની ટોચ કે ટેરા ઉપર મુકાતું ઘડાના આકારનું ધાતુ કે જેનું શિખર; મંદિરના શિખર ઉપર આવેલું પિત્તળ, પત્થર સોના વગેરેનું ઊંચું.

૧૦. પું. પ્રધાન અંગ.

૧૧. પું. ત્રણ શેર કે ચોવીસ શેરનું એક માપ.

૧૨. પું. સમુદ્ર.

કલશક્ષેત્ર [સં.] ન. કાર્યોટક માંહેનું એ નામનું એક તીર્થ.

કલશજન્મ [સં. કલશ (ઘડો) + જન્મન્ (જન્મ)] પું. અગસ્ત્ય ઋષિ.

કલશતીર્થ [સં.] ન. ગઢવાલમાં આવેલું એક પ્રાચીન તીર્થ.

કલશપોતક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કલશિ ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; પૃશ્નિપર્ણી; સમેરવો.

૨. સ્ત્રી. એક જાતનું વાજું.

૩. સ્ત્રી. કુંભ.

૪. સ્ત્રી. (જ્યોતિષ) કુંભરાશિ.

૫. સ્ત્રી. ઘડો.

૬. સ્ત્રી. નાનો કળશો.

૭. સ્ત્રી. ત્રણ કે ચોવીસ શેરનું એક માપ.

કલશિકા ૧. [સં.] સ્ત્રી. નાનો કળશો.

૨. ન. (સંગીત) એક જાતનું કળશાના આકારનું વાદ્ય. ઘુઘરો વાદ્ય.

કલશિરા ૧. [સં.] પું. માણસ.

૨. વિ. કાળા માથાવાળું.

કલશી જુઓ કલશિ.

કલશીકંઠ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કલશીપદી [સં.] સ્ત્રી. કળશ જેવા આકારના પગવાળી સ્ત્રી.

કલશીપુષ્પ ૧. [સં.] સ્ત્રી. કુંભપુષ્પ.

૨. સ્ત્રી. વારતુની ક્રિયા.

કલશીમુખ [સં.] પું. એક જાતનું વાદ્ય.

કલશીસુત [સં.] પું. અગસ્ત્ય મુનિ. કેમકે તેનો જન્મ ઘડામાંથી થયેલો મનાય છે.

કલશોદધિ [સં.] પું. ઘડાસાગર.

કલશોદર ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.

૨. વિ. કળશના જેવા પેટવાળું.

કલશોદ્ભવ જુઓ કલશજન્મ.

કલશોર પું. અવાજ; કલરવ.

કલશ ૧. [સં. કલશ] પું. (હિંદી) કુંભ; ઘડો. જુઓ કલશ.

૨. પું. (જ્યોતિષ) કુંભરાશિ.

૩. પું. (ગરબી) નાગરિંગણ મહિનો માત્રામેળવાળો એક છંદ.

કલશા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ લઘુ અને ૫૬ ગુરુ આવે છે.

૨. [હિં.] પું. મંદિરનું શિખર.

૩. પું. સાકર ખાંડનું ધાતુનું વાસણ.

કલશાય [પ્રા.] પું. કલશ.

કલશિરા [સં.] ૧. પું. દુશ્મન.

૨. પું. આઠ વિજળી પુરુષ.

કલશી ૧. [સં.] સ્ત્રી. માટીનો પાણીનો ઘડો; કુંભ; કળશ; કલશિ.

૨. સ્ત્રી. સોળ મણનું માપ.

કલશીસુત [સં.] પું. અગસ્ત્ય મુનિ. કેમકે તે ઘડામાંથી ઉત્પન્ન થયાનું મનાય છે.

કલસેહિરા જી. (જૈન) ઓસવાલ વંશના આદ્યપુરુષ ગોત્રની શાખા.

કલસો ૧. [સં. કલશ] પું. (સિદ્ધ) કુંભાની ઉપરનો ભાગ. તેમાં એક કમળ અને સોળ તથા ઉપરની કળી એટલા ભાગ હોય છે.

૨. પું. મુંબઈના મયાળા ઉપરનો કળશ.

૩. પું. પાણીનું એક વાસણ.

૪. પું. મંદિરનું શિખર.

કલસ્વનવંશ પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પાવક. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ, તગણ, લઘુ, ગુરુ એમ અક્ષર આવે છે.

કલસ્વર [સં.] પું. મધુર અસ્પષ્ટ અવાજ.

કલહ ૧. [સં.] પું. કજિયો; ક્લેશ; કંકાસ.

૨. પું. ચીસ; રાડ.

૩. પું. ઊતરપિંડી.

૪. પું. તરવારનું મ્યાન; અસિકોષ.

૫. પું. (પિંગળ) પ્રકૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, ભગણ, ભગણ એમ નવ વર્ણ હોય છે.

૬. પું. માર.

૭. પું. યુદ્ધ; લડાઈ; વિગ્રહ.

૮. પું. રસ્તો.

૯. પું. વિવાદ.

૧૦. ન. (જૈન) અઢાર પાંહેનું બારમું પાપસ્થાન.

કલહકર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે. ચાર નગણ, એક ભગણ, એક ગુરુ એમ સોળ વર્ણનો તે બને છે.

૨. [સં.] વિ. કજિયો કરનાર.

કલહકવિર [અ.] સ્ત્રી. એલચી.

કલહકંકાસ ૧. પું. કજિયો.

૨. પું. કુટમનાવટ; વેર.

કલહકાર ૧. [સં.] પું. કજિયાખોર; ક્લેશ કરનાર માણસ.

૨. વિ. કજિયો કરનાર.

કલહકારિણી ૧. [સં.] સ્ત્રી. કજિયાખોર સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કજિયા કરનારી.

કલહકારી [સં. કલહકારિન્] વિ. કજિયો કરનાર; કજિયાખોર; ઝઘડો કરનાર.

કલહકાળ [સં. કલહકાલ] પું. પ્રલયકાળ.

કલહખોર પું. તોફાની; બંડખોર; કજિયાળું.

કલહગાંધ જુઓ કલહગામ.

કલહગામ [સં. કલહ (કજિયો) + ગ્રામ (ગામ)] ન. બંગાળના હાવડાપુર પરગણામાં આવેલું એક પ્રાચીન ગામ; કલહગાંવ; કોલગાંવ; તેની પાસે આવેલા કલહી પહાડ ઉપર પૂર્વે દુર્વાસા ઋષિ રહેતા હતા. એમના ઉગ્ર સ્વભાવને લઈને આ ગામનું આવું નામ પડ્યું હોવાનું મનાય છે.

કલહનિમગ્ન [સં.] વિ. કજિયામાં પડેલું.

કલહપ્રિય ૧. [સં.] પું. નારદ. તે બન્નેમાં સામસામેનાં કરી લડાઈ કરાવનાર તરીકે પ્રખ્યાત છે.

૨. વિ. કજિયાનું શોખીન; ઝઘડાખોર.

કલહપ્રિયા ૧. [સં.] સ્ત્રી. કજિયાળી સ્ત્રી; કર્કશા; કુમારબ.

૨. સ્ત્રી. મેના; સારિકા.

કલહબીજ [સં.] ન. લડાઈનું મૂળ.

કલહમય [સં.] વિ. કજિયાથી ભરેલું.

કલહર ૧. સ્ત્રી. મધ્ય પ્રદેશની એક વસ્તિ છે.

૨. ન. વાણિયાની એ જાતિનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કલહરસિક [સં.] પું. કજિયામાં આનંદ લેનાર.

કલહશીલ [સં.] વિ. કજિયો કરવાની વૃત્તિવાળું; કજિયાખોર

કલહસ્થાન [સં.] ન. તકરારની જગા.

કલહંસ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મણિદંસ. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મધુમાલિની. તેમાં સગણ, જગણ, સગણ, જગણ, એક ગુરુ એમ તેર અક્ષરો હોય અને પાંચમે તથા આઠમે અક્ષરે યતિ આવે.

૩. [સં.] પું. હલકું, અસ્પષ્ટ બોલતું હંસનું નાનું બચ્ચું; નાનો બાળ હંસ.

૪. પું. હલકું હલકું બોલતું બાળક.

૫. પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ એમ તેર અક્ષરનો એક છંદ; સિંહનાદ. તેના છઠ્ઠા અને સાતમા અક્ષરે યતિ હોય છે. આ અતિજગતી છંદનો એક ભેદ છે.

કલહંસ આઠ સ જ સા સ ગ આવે.

સ્વરૂપિંગળ

૬. પું. પરમાત્મા; બ્રહ્મ.

૭. પું. બગલો.

૮. પું. રાજહંસ. દર વર્ષે શિયાળામાં અનેક પંખી હિંદમાં આવે છે. તેમાં હંસની છ સાત જાત દેખાય છે. આમાંની ચાર પાંચ તો મોટી સંખ્યામાં દેખાય છે. મુખ્ય બે જ અસંખ્ય પ્રમાણમાં આવે છે: (૧) રાજહંસ. (૨) કાદમ. દેખાવે બન્નેમાં જરા પણ ભેદ નથી હોતો. તેની લંબાઈ દોઢેક મજ અને તેનો રંગ મેલો હોય છે. તેનાં માથું, ગરદન અને પીઠ ધૂળિયા રંગનાં બદામી અને લાલચી અને છાતી દિશાં બદામી હોય છે. બાકીનો નીચેનો ભાગ સફેદ હોય છે. તેનાં ચાંચ અને પગ પીળાશ પડતાં અથવા લાલ મજીઠ જેવાં હોય છે. આ પક્ષી અતિશય સાવધાન અને ચપળ હોય છે. એશિયા, સાઇબીરિયા, તુર્કસ્તાન, ઈરાન વગેરે દેશમાં તે વસે છે. અક્ટોબરના આરંભમાં હિંદમાં આવી માર્ચમાં તેઓ પાછા જવા માંડે છે. તેઓ વિશાળ જળાશય કે નદી કિનારે રેતમાં રહે અને રાત પડ્યે ખેતરોમાં ચરવા જાય

૯. પું. જૈન રાજા.

૧૦. પું. (સંગીત) સંકર જાતિની એક રાગિણી. તે મધુ, સંકરવિજય અને આભીરીના યોગથી બને છે.

૧૧. પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને લઘુ આવે.

૧૨. સ્ત્રી. રજપૂતોની એક જાતિ.

૧૩. ન. રજપૂતોની એ નામની કોમનું માણસ.

૧૪. વિ. એ નામની રજપૂત કોમનું.

કલહંસવધૂ સ્ત્રી. કલકલ અવાજ કરતી હંસી.

કલહંસી ૧. સ્ત્રી. (પિંગળ) શક્કરી છંદની જાતનો બીજ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં તગણ, જગણ, સગણ, ભગણ બે ગુરુ એમ બાર અક્ષર આવે છે. તેમાં છ અને આઠ અક્ષરે યતિ આવે છે.

ત્રા યા સ જ સા ગ, છ સિતાથી કલહંસી.

સ્વરૂપિંગળ

૨. સ્ત્રી. હંસલી

કલહાભિરત [સં.] વિ. કંકાસમાં આનંદ માનનાર.

કલહાર ન. સફેદ કમળ.

કલહારા [સં.] વિ. કજિયાખોર.

કલહારી [સં.] સ્ત્રી. કર્કશા; કજિયાળી સ્ત્રી.

કલહાસ્ય [સં.] પું. હાસ્યના ચાર પ્રકાર પૈકી એક. તેમાં મોટો કોળળ તથા મધુર ધ્વનિ નીકળે છે.

કલહાંતરિકા જુઓ કલહાંતરિતા.

કલહાંતરિતા ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) આઠ માંહેની એક જાતની નાયિકા. પોતાના પ્રિયનું અપમાન કરી પશ્ચાત્તાપ કરવાવાળી સ્ત્રી. ભ્રાંતિ, મોહ, સંતાપ, જ્વર શરીર, શ્વાસ અને પ્રલાપ એ એની ચેષ્ટા છે.

૨. સ્ત્રી. ધણીથી કંટાસને લીધે છૂટી પડેલી સ્ત્રી; રિસાયું લઈ બેઠેલી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. પતિનો અનાદર કરી રિસાવા પટ્ટી સોડ કરનારી.

કલહિની ૧. [સં.] સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

૨. સ્ત્રી. (જ્યોતિષ) શનિની સ્ત્રીનું નામ.

કલહી [સં. કલહિન્] વિ. કજિયાખોર; તકરારી.

કલહુ [સં. કલહ] પું. કલેશ; લડાઈ; વિગ્રહ.

કલહેતિકા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ ગાયકરી છંદનો એક ભેદ છે. સગણ, બે જગણ, ભગણ, લઘુ અને ગુરુ એમ અક્ષર આવે છે.

કલહેતિકા સ જ જ ભ લા ગ થી રચો.

સ્વરૂપિગણ

કલહો ૧. પું. ઝઘડો; તકરાર.

૨. પું. દુઃખ; પીડા.

કલળા ૧. સ્ત્રી. બિલાડી.

૨. સ્ત્રી. સમળી.

કલળાવી સ્ત્રી. લાંગૂલી નામની વનસ્પતિ.

કલળી જુઓ કલળા.

કલંક ૧. પું. તાંબા વગેરે ધાતુનો ડાઘ.

૨. પું. વાંસની બનાવેલી વાડ.

૩. ન. અપવાદ; દાગ; બદનામ; બટ્ટો.

૪. ન. કેસરતંતુ જેવો તે ફૂલોનો ભાગ.

૫. ન. ચંદ્રમામાં દેખાતો કાળો ડાઘ.

૬. ન. ચિહ્ન; નિશાની.

૭. ન. તહોમત; આળ.

૧. કલંક-આવવું-ચડવું-ચોંટવું-બેસવું-લાગવું = (૧) આળ ચડવું. (૨) બોડ બેસવી. (૩) ડાઘ પડવો. (૪) લાંછન લાગવું.

૨. કલંક ઉતારવું-ધોઈ નાખવું = આવેલા આળમાંથી મુક્ત થવું.

૮. ન. દોષ.

૯. ન. પાપ.

કલંકકથા [સં.] સ્ત્રી. અપકીર્તિ; પાપની કહાણી.

કલંકકારિણી [સં.] સ્ત્રી. કલંક લગાડનારી સ્ત્રી.

કલંકભંજન ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. વિ. બદનામી ભાંગનાર.

કલંકભૂત [સં.] વિ. બદનામવાળું.

કલંકલ ૧. વિ. અબોજ.

૨. વિ. અશુભ.

કલંકલીભાવ ૧. પું. કલકલાટ; ગભરાટ.

૨. પું. સંસારમાં કરાતું પર્યટન.

કલંકવું સ. ક્રિ. કલંકિત કરવું.

કલંકષ [સં.] પું. સિંહ.

કલંકષી ૧. [સં.] સ્ત્રી. એક વાદ્યિંત્ર; કરતાલ.

૨. સ્ત્રી. સિંહણ.

૩. સ્ત્રી. હાથની તાળી.

કલંકહીન [સં.] વિ. કલંક લાગ્યું ન હોય એવું; નિષ્કલંક.

કલંકહીનતા [સં.] સ્ત્રી. નિષ્કલંક હોવાપણું.

કલંકાવહ [સં.] વિ. અપકીર્તિ કરેલું; નિંદ્ય.

કલંકાંક [સં.] પું. ચંદ્ર માંહેનો કાળો ડાઘ.

કલંકિત [સં.] વિ. બોનકાર; કલંકવાળું; ડાઘવાળું.

કલંકિતા [સં.] સ્ત્રી. કલંક પામેલી સ્ત્રી.

કલંકિની [સં.] વિ. સ્ત્રી. કલંકવાળી.

કલંકી ૧. [સં. કલંકિન્] પું. કલંકવાળો ચંદ્ર.

૨. પું. પાપ ભરવા આઠત્યને મારનાર પુરુષ.

૩. પું. વિષ્ણુનો કળિયુગમાં થનારો દશમો કલ્કિ અવતાર.

૪. સ્ત્રી. આઠલ્યની એ નામની એક જાતિ.

૫. ન. આઠલ્યની એ નામની જાતિનું માણસ.

૬. વિ. અપરાધી; દોષયુક્ત; કલંકવાળું.

૭. વિ. ચિહ્નવાળું.

૮. વિ. આઠલ્યની એ નામની જાતિનું.

કલંકી અવતાર પું. વિષ્ણુના દસ અવતારમાંનો એક. તે કળિયુગમાં દુર્મુખ સંવત્સરમાં શ્રાવણ સુદિ છઠ શનિવાર પૂર્વાષાઢા નક્ષત્ર સિદ્ધિયોગ અને રાતને ત્રીજે પહોરે થશે એમ મનાય છે.

કલંકુર [સં.] પું. પાણીમાં પડતી ધૂમરી.

કલંકો [સં. કલંક] ન. બદનામ; બટ્ટો.

કલંગ ૧. [દે.] પું. બબ્બો જેવો માણસ.

૨. ન. એક જાતનું પક્ષી.

૩. ન. એક દેશનું નામ.

૪. વિ. સારી રીતે ઉછરેલું.

કલંગી ૧. પું. એક જાતનો ઘોડો.

૨. પું. વિષ્ણુનો દશમો અને ઊલ્કો અવતાર. જુઓ કલ્કી અવતાર.

૩. સ્ત્રી. કૂલનો ગુમચો.

૪. વિ. બોડું.

કલંગી મરુઆ ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં ફૂલોની ઝૂમરી ખુલ્લી ફણાયેલી નાગ કલગી માફક હોય છે.

૨. ન. એક જાતનું ઘાસ.

કલંગ્યા [બ.] ન. એક જાતનું પાણીમાં થતું ફળ; તરબૂચ.

કલંજ ૧. પું. ઝેર પામેલ અજાથી મારેલું પ્રાણી કે કોઈ પક્ષી.

૨. પું. તામ્રકૂટ પક્ષી.

૩. ન. ઝેર ચોપડેલા બાણથી મારી નાખેલ હરણ કે પક્ષીનું માંસ.

૪. [સં.] ન. તમાકુ.

૫. ન. દસ રૂપિયાભારનું માપ.

કલંજાધિકરણ [સં.] ન. તે નામનો એક ન્યાય.

કલંજી પું. એ નામનો સિક્કો.

કલંજો ન. બહારવટામાં વપરાતું એ નામનું એક મોટું બાઝ. તેનાં પૂળ નારંગી જેવડાં માપ છે.

કલંઠ ૧. [સં. કુ (બરાબ) + લઠ (લુચ્ચું)] વિ. કપાંડા; કસોડા; તોફાની; મસ્તીખોર.

૨. વિ. ભમેલ; લુચ્ચું.

૩. વિ. નીચ; દુષ્ટ; પાપી.

૪. વિ. ઢીલું.

કલંઠર [અં. કૅલેંડર] ન. તિથિપત્ર; તારીખિયું.

કલંતર [સં. કપાંતર] ન. કાળાંતર.

કલંદ ૧. [સં.] પું. આર્ય જાતિના એક જાતના મનુષ્ય.

૨. પું. કુંદ.

૩. પું. રેશમનું કીડું.

કલંદક [સં.] પું. એક ઋષિનું નામ.

કલંદર (કલંદર) ૧. [અ.] પું. એક જાતનો ફકીર; પરમહંસ. આવા ફકીર ઘરબાર, ઓરત, બાલબચ્ચાં તથા દોસ્ત તેમજ ધનમાલના લોભને લાગી આવ્યા તેમજ દાઢીમૂછના વાળને મુંડાવી ગમે ત્યાં ભટકતા ફરે છે.

૨. [અ.] પું. તંબૂના આંબલામાં ભરાવવાનું જેવું કેતાન.

૩. પું. નિરપૂહ માણસ.

૪. [સં.] પું. માંકડ, ચીંચ અને સાપ વગેરે પ્રાણીને કેળવી તેના ખેલ લોકોને બતાવી આજીવિકા કમાનાર માણસ; મદારી; વાદી.

૫. પું. વર્ણસંકર જાતની.

૬. ન. રેશમનાં ટપકાંવાળું ધોળું ભૂતકું.

૭. વિ. તોફાની.

૮. વિ. મિશ્ર જાતનું.

કલંદર ઉસ્માની (કલંદર ઉસ્માની) પું. એ નામનો એક મુસલમાન સંત. તેણે જલાલી સંપ્રદાય મુલ્તાનમાં સ્થાપ્યો. ઈ. સ. ૧૨૭૪માં તેનું મરણ નીપજ્યું હતું.

કલંદરા (કલદરા) ૧. [અ.] પું. એક જાતનું રેશમી ભૂતકું.

૨. પું. તંબૂનું કપડું.

કલંદરી (કલંદરી) ૧. સ્ત્રી. એક જાતનો તંબૂ.

૨. સ્ત્રી. કલંદરનું સ્ત્રીલિંગ કે પંથો.

૩. [અ.] સ્ત્રી. ગોળ લગાડેલું કપડું; બીબૂતું.

કલંદિકા [સં.] સ્ત્રી. ચતુરાઈ; ડહાપણ; બુદ્ધિ.

કલંધર ૧. પું. કલકને ધારણ કરનાર ચંદ્ર.

૨. પું. લાજશરમ ન હોય એવો માણસ.

૩. વિ. કલંકને ધારણ કરનારું.

૪. વિ. લાજશરમ વિનાનું.

કલંબ ૧. [સં] પું. કદંબનું ઝાડ.

૨. પું. તીર; બાણ.

૩. પું. ટીંડું.

૪. પું. પાંચની સંખ્યા.

૫. પું. ભાજીનું ડાંખળું.

૬. પું. શાકનું ખેતર.

૭. સ્ત્રી. કલાવૃત્તની પદ્ધિએ પહેલી એક નદીનું નામ.

કલંબક જ. એક વૃક્ષનું નામ.

કલંબડંબર પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ.

કલંબિકા [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગમાં રહેલી એક નાડી.

કલંબી [સં.] સ્ત્રી. એક જાતનું શાક; કોળીજ.

કલંબુ [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

કલંબુક [સં.] જ. માખણ.

કલંબૂ [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

કલંબો [સં. કલંબ] પું. એક ઔષધિ; તેના મોળ કટકા અર્ધાથી બે ઇંચ સુધીના હોય છે. તે ક્ષોભકોથી આપણા દેશમાં આવે છે તેથી તેનું નામ કલંબો પણ કહેવાય છે તે તાવમાં વપરાય છે. તેનાં પતીકાં જાડ કલકાં અને સ્વાદે કડવાં હોય છે. તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. બાળકોને દાંત આવતી વખતે ઊલટી તથા ઝાડો થતાં હોય ત્યારે તેનો ક્વાથ અગર તેને ઘસી પાણીમાં પલાળીને અપાય છે.

કલંબો જુઓ કલંબો.

કલા ૧. પું. (પિંગળ) એક જગણ અને ગુરુ મળી ચાર માત્રાનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નગાદિકા; કુમારિકા; નગા; નગણિકા; નગી; નગલિકા; જયા; નિર્ગલા; નગાલિકા. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

૨. પું એક પ્રાચીન તોલ.

૩. [અ.] પું. કિલ્લો; ગઢ.

૪. પું. કોણીથી કાંડા સુધીનો ભાગ.

૫. સ્ત્રી. ચણ; ચણું.

૬. સ્ત્રી. અગ્નિનો એક ભાગ.

૭. સ્ત્રી. અડી પળનો સમય.

૮. સ્ત્રી. અદ્‌ભુત શક્તિ. શાસ્ત્રોમાં અજાવેલ ચોસઠ પ્રકારની કલા નીચે પ્રમાણે છે: (૧) ગીત (ગાવું). (૨) વાદ્ય (બજાવવું). (૩) નૃત્ય (નાચવું). (૪) નાટ્ય (અભિનય કરવો). (૫) આલેખ્ય (ચીતરવું). (૬) વિશેષકચ્છેદ્ય (તિલકનો સાંચો બનાવવો). (૭) તંડુલ-કુસુમાવલિ-વિકાર (ચોખા અને ફૂલોનો ચોક પૂરવો). (૮) પુષ્પાસ્તરણ (ફૂલોની સેજ બનાવવી). (૯) દશનવસનાંગરાગ (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી). (૧૦) મણિભૂમિકાકર્મ (ઋતુને અનુકૂળ ઘર ચણવું). (૧૧) શયનરચના (પલંગ બિછાવવો). (૧૨) ઉદકવાદ્ય (જલતરંગ બજાવવું). (૧૩) ઉદકઘાત (ગુલાબદાની વાપરવાની વિદ્યા). (૧૪) ચિત્રયોગ (અવસ્થા પરિવર્તન કરવી એટલે કે જુવાનને બુઢ્ઢો કે બુઢ્ઢાને જુવાન બનાવવો). (૧૫) માલ્યગ્રથન વિકલ્પ (દેવપૂજાને માટે કે પહેરવાને માટે માળા ગૂંથવી). (૧૬) કેશશેખરાપીડ યોજન (શિખર ઉપર ફૂલોથી અનેક જાતની રચના કરવી કે માથાના વાળમાં ફૂલ લગાવી ગૂંથવું). (૧૭) નેપથ્યયોગ (દિશાકાળ અનુસાર વસ્ત્ર, આભૂષણ વગેરે પહેરવાં). (૧૮) કર્ણપત્ર ભંગ (કાને પહેરવા માટે કર્ણફૂલ વગેરે આભૂષણ બનાવવાં). (૧૯) ગંધયુક્તિ (સુગંધી પદાર્થ બનાવવા). (૨૦) ભૂષણયોજન (અલંકારોનો પ્રયોગ). (૨૧) ઐંદ્રજાલ (કટકપાને સુંદર બનાવવું). (૨૨) કૌચમારયોગ (કટકપાને સુંદર બનાવવું). (૨૩) હસ્તલાઘવ (હાથની ચાલાકી). (૨૪) ચિત્રશાકપૂપભક્ષ્ય વિકાર ક્રિયા (અનેક જાતનાં શાક તથા માલપૂવા વગેરે બનાવવાના પદાર્થ બનાવવા). (૨૫) પાનકરસરાગાસવયોજન (અનેક જાતનાં શરબત, અર્ક અને શરાબ વગેરે બનાવવાં). (૨૬) સૂચીકર્મ (સીવવું). (૨૭) સૂત્રકર્મ (સીવણકામ). (૨૮) પ્રહેલિકા (બીજાને બોલતો બંધ કરવા માટે ગૂંચવણ ભરેલા પ્રશ્નો પૂછવા) (૨૯) પ્રતિમાલા (અંત્યાક્ષરી કહેવી). (૩૦) દુર્વાચકયોગ (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા). (૩૧) પુસ્તકવાચન (સ્પષ્ટ રીતે પુસ્તકનું વાચન કરવું). (૩૨) પ્રશ્નપ્રશ્નસમસ્યાપૂર્તિ (કવિતાની પાદપૂર્તિ કરવી). (૩૩) પટ્ટિકાવેત્રબાણવિકલ્પ (દોરી કે નેતરથી ભરવું). (૩૪) નાટિકાખ્યાયિકા-દર્શન (નાટક જોવું ને જાતે રમવું). (૩૫) તર્કકર્મ (દલીલ કરવી). (૩૬) તક્ષણ (સુતાર તથા કડિયાનું કામ). (૩૭) વાસ્તુવિદ્યા (ઘર બનાવવું). (૩૮) રૂપ્યરત્નપરીક્ષા (સોના, ચાંદી તથા રત્નોની પરીક્ષા). (૩૯) ધાતુવાદ (બીજી ધાતુ સાફ કરવી). (૪૦) મણિરાગજ્ઞાન (રત્નોના રંગ જાણવા). (૪૧) આકરજ્ઞાન (ખાણની વિદ્યા). (૪૨) વૃક્ષાયુર્વેદયોગ (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધિ). (૪૩) મેષકુક્કુટલાવકયુદ્ધ વિધિ (મરઘાં, કુકડાં, લાવક વગેરે પક્ષીને લડાવવાની ક્રિયા). (૪૪) શુકસારિકા આલાપન (પોપટ, મેના બોલાવવાં). (૪૫) ઉત્સાદન (શરીર ચોળવું). (૪૬) અક્ષરમુષ્ટિકાકથન (કરપલ્લવી). (૪૭) કેશમાર્જન (કુશળતાથી વાળ ઓળવા તથા તેલ નાખવું). (૪૮) મ્લેચ્છિતકલ્પ વિકલ્પ (મ્લેચ્છ અથવા વિદેશી ભાષાઓ જાણવી). (૪૯) દેશી ભાષાજ્ઞાન (પ્રાકૃતિક બોલીઓ જાણવી). (૫૦) પુષ્પશકટિનિમિત્તજ્ઞાન (વાદળાં ગાજવાં, વીજળી ચમકવી વગેરે દેખી લક્ષણ જાણીને આગામી ભાખવી). (૫૧) યંત્રમાતૃકા (યંત્રનિર્માણ). (૫૨) ધારણમાતૃકા (સ્મરણશક્તિ વધારવી). (૫૩) પાઠ્ય (કોઈને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે બોલવું ગાવું). (૫૪) માનસી કાવ્યક્રિયા (મનમાં કાવ્ય કરીને શીઘ્ર કહેવું). (૫૫) ક્રિયાવિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો). (૫૬) છલિતકયોગ (છળ કે ધૂર્તતા કરવી). (૫૭) અભિધાન કોષ (છંદોનું જ્ઞાન). (૫૮) વસ્ત્રગોપન (વસ્ત્રોની રક્ષા કરવી). (૫૯) દ્યૂતવિશેષ (જુગાર રમવો). (૬૦) આકર્ષક્રીડા (પાસા વગેરે ફેંકવા). (૬૧) બાળક્રીડા કર્મ (બાળકને રમાડવું). (૬૨) વૈનાયકી વિદ્યાજ્ઞાન (વિનય, શિષ્ટાચાર, હુકમ વગેરે કરવાં). (૬૩) વૈજયિકી વિદ્યાજ્ઞાન (જય મેળવવાને માટે જાણવાની ક્રિયા. જેમકે, શિકાર, લશ્કરી તાલીમ વગેરે). (૬૪) વૈતાલિકી વિદ્યાજ્ઞાન (રામ, પ્રાણ, પરખ, નાડી, ન્યાસ, તરતુ, તંતરવું અને ચોરી કરવી).

૯. સ્ત્રી. અંશ; નાનો ભાગ.

૧૦. સ્ત્રી. (ગણિત) અંશનો ૬૦મો અને વર્તુળનો ૨૧૬૦૦મો ભાગ.

૧૧. સ્ત્રી. કલમ; કલાજ; ઉપાય.

૧૨. સ્ત્રી. એ નામની અગ્નિદીપની દેવી. તે ચોસઠ છે: પિંગલાક્ષી, વિશાલાક્ષી, સમૃદ્ધિ, વૃદ્ધિ, શ્રદ્ધા, સ્વાહા, સ્વધા, અજિતમ્યા, માયા, સંતા, વસુંધરા, ત્રિલોકધાત્રી, સાવિત્રી, ગાયત્રી, ત્રિસંધ્યેશ્વરી, મુદ્રિકા, અનુદ્રિકા, સર્વદમાતા, અચ્યુતપ્રિયા, વિમલા, અમલા, અતુલ્યા, આદ્યા, પ્રકૃતિ, વિકૃતિ, સૃષ્ટિ, સ્થિતિ, સંહતિ, સંધ્યા, માતા, સતી, દંસી, અદ્રિકા, વજ્રિતા, દેવમાતા, ભગવતી, દેવકી, કમલાસના, ત્રિમુખી, સપ્તમુખી, સુરાસુરમર્દિની, લક્ષ્મોત્કી, ઉર્વશીદેવી, અનુશીર્ષા, વૃત્તોદરી, રથરેખા, શશિરેખા, ગગનવત્સા, પવનવત્સા, ભુવનપાલા, અરુનાતુરા,

અનંગા, અનંગમદના, અનંગમેખલા, અનંગકુસુમા, વિશ્વરૂપા, સુરાલિકા, ક્ષયંકરી, અહોભ્યા, સલ્યાદિની, શુચિવ્રતા, ઉદારા અને વાગીશી.

૧૩. સ્ત્રી. (પુરાણ) કર્દમ ઋષિની એ નામની દીકરી. તે મરીચિ પ્રજાપતિને પરણી હતી. તેનાથી તેને કશ્યપ તથા પૂર્ણિમા નામનાં બે સંતાન થયાં હતાં.

૧૪. સ્ત્રી. કોઈ પણ વસ્તુનો એક ભાગ.

૧૫. સ્ત્રી. કૌતુક; નવાઈ.

૧૬. સ્ત્રી. ગતિનું એક માપ.

પ્રાચીન	અર્વાચીન
૧૬ કલા = ૧ ભિન્ન	૬૦ વિકલા = ૧ કલા
મધ્યકાલીન	૬૦ કલા = ૧ અંશ
૩૦ કલા = ૧ રાશિ	૩૦ અંશ = ૧ રાશિ
૧૧ રાશિ = ૧ વલય	૧૨ રાશિ = ૧ ચક્ર

૧૭. સ્ત્રી. (સંગીત) ગાવા તથા વગાડવામાં ધ્વનિનું પ્રમાણ. તેના બે પ્રકાર: સૂક્ષ્મકલા અને સ્થૂલકલા.

૧૮. સ્ત્રી. ચંદ્રનો સોળમો ભાગ. ચંદ્રની સોળ કળા: ૧. અમૃતા, ૨. માનદા, ૩. પૂષા, ૪. પુષ્ટિ, ૫. તુષ્ટિ, ૬. રતિ, ૭. ધૃતિ, ૮. શશની, ૯. ચંદ્રિકા, ૧૦. કાંતિ, ૧૧. જ્યોત્સ્ના, ૧૨. શ્રી, ૧૩. પ્રીતિ, ૧૪. અંગદા, ૧૫. પૂર્ણા, ૧૬. પૂર્ણામૃતા. પુરાણોમાં લખ્યું છે કે ચંદ્રમામાં અમૃત છે. તેને દેવતાઓ પીએ છે. શુક્લપક્ષમાં ચંદ્રમા ક્રમાએ કરીને વધતો જાય છે અને પૂર્ણિમાને દિવસે તેની સોળ કળા પૂર્ણ થાય છે. કૃષ્ણપક્ષમાં તેનું એકેકું કરેલું અમૃત ક્રમા કરીને નીચે પ્રમાણે દેવતાઓ પીએ છે: પહેલી કળાને અગ્નિ, બીજીને સૂર્ય, ત્રીજીને વિશ્વેદેવા, ચોથીને વરુણ, પાંચમીને વષટ્કાર, છઠ્ઠીને ઇંદ્ર, સાતમીને દેવર્ષિ, આઠમીને અજએકપાત, નવમીને યમ, દશમીને વાયુ, અગિયારમીને ઉમા, બારમીને પિતૃગણ, તેરમીને કુબેર, ચૌદમીને પશુપતિ, પંદરમીને પ્રજાપતિ અને સોળમી કળા અમાવાસ્યાને દિવસે પાણી અને ઔષધિઓમાં પ્રવેશ કરી જાય છે, જે આવા પીવાથી પશુઓમાં દૂધ થાય છે. દૂધમાંથી ઘી થાય છે અને આહુતિ દ્વારા ઘી ચંદ્રમા સુધી પહોંચે છે.

૧૯. સ્ત્રી. ચંદ્રલોકમાં રહેલી એ નામની દેવીની પીઠ.

૨૦. સ્ત્રી. ચોપન વાસુતત્ત્વ દેવતા માંહેની એક. બીજો વાસુતત્ત્વ દેવતા.

૨૧. સ્ત્રી. (તાંત્રિક) છત્રીસ તત્ત્વ માંહેનું આઠમું તત્ત્વ. બીજો અહંકાર.

૨૨. સ્ત્રી. છળ; કપટ.

૨૩. સ્ત્રી. જનકોની એક સભાનું નામ.

૨૪. સ્ત્રી. છળ.

૨૫. સ્ત્રી. ભોજનનો ત્રીજો ત્રિગડો ભાગ.

૨૬. સ્ત્રી. ઝિલ્લી; અસ્તર; પડ.

૨૭. સ્ત્રી. (સંગીત) તાલનાં ૭ મુખ્ય અંગ માંહેનું ચોથું અંગ.

૨૮. સ્ત્રી. તેજ; કાંતિ.

કલા પાડવી-કલાની આંખી ચરી = કોઈની કાંતિ ઓછી કરવી; તેજ કમી થવું.

૨૯. સ્ત્રી. ત્રીસની સંખ્યા.

૩૦. સ્ત્રી. ધર્મપુરુષાર્થમાં કહ્યાવેલ બત્રીસ ક્રિયા માંહેની દરેક. તે નીચે પ્રમાણે છે: ધ્યાન, આવાહન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, આસન, મધુપર્ક, સ્નાન, નિરાંજન, વસ્ત્ર, ઉપવીત, ભૂષા, ઉપસ્પર્શ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પાનીય, ફલ, તાંબૂલ, અનુલેપ, પુષ્પહાર, ગીત, વાદ્ય, નૃત્ય, હવન, દક્ષિણા, પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિ અને વિસર્જન.

૩૧. સ્ત્રી. નૃત્યનો એક ભેદ.

૩૨. સ્ત્રી. નૌકા; હોડી.

૩૩. સ્ત્રી. પાણી ભરવાનો ઘડો.

૩૪. સ્ત્રી. પુરુષના કેહના સોળ અંશ માંહેનો દરેક. તે ઉપનિષદમાં નીચે પ્રમાણે વર્ણવેલ છે: ૧. પ્રાણ, ૨. શ્રદ્ધા, ૩. વ્યોમ, ૪. વાયુ, ૫. તેજ, ૬. જળ, ૭. પૃથ્વી, ૮. ઇંદ્રિય, ૯. મન, ૧૦. અન્ન, ૧૧. વીર્ય, ૧૨. તપ, ૧૩. મંત્ર, ૧૪. કર્મ, ૧૫. લોક અને ૧૬. નામ.

૩૫. સ્ત્રી. બાજનું.

૩૬. સ્ત્રી. બે આંગળનું માપ.

૩૭. સ્ત્રી. બોલતાં ½ માત્રા જેટલો ક્ષણ લાગે એવો સંગીતનો સ્વર; ક્ષાસ્વર.

૩૮. સ્ત્રી. ભગવાનનો એક અવતાર.

૩૯. સ્ત્રી. (પિંગળ) માત્રા; લઘુવર્ણ. તેમાં એક જ માત્રા હોય છે.

૪૦. સ્ત્રી. મિનિટ: બે પળનો સમય. કમળની સો પાંખડી એક ઉપર એક ગોકરી, તેમાં ઉપરથી નીચે સુધી સોય એવી રીતે ભોંકવી કે બધી પાંખડી ભોંકાઈ જાય. એ પ્રમાણે દરેક પાંખડીને વીંધતાં જે વખત લાગે તેને ક્ષણ કહે છે. એ પ્રમાણે ૪૦૯૬ ક્ષણનો વખત તે ક્રમા કહેવાય છે.

૪૧. સ્ત્રી. મોટી ચીસ.

કલા પાડવી = બહોર કરવું.

૪૨. સ્ત્રી. મોર પક્ષીએ ઊભાં કરેલ પોતાનાં પીછાં.

કલા કરવી = (૧) મોરે કળા ચલાવવી. (૨) યુક્તિ રચવી; ઇલાજ કરવો. (૩) શોભા બનાવવી; ક્રાંતિ પ્રસારવી.

૪૩. સ્ત્રી. વહાણ જેવું પૈડી કોઈ અંગ. ચંદ્ર, કુંભ અને કલા એ જેવું પોતાનાં અંગ ગણવા કલા છે.

૪૪. સ્ત્રી. યંત્ર

૪૫. સ્ત્રી. (જ્યોતિષ) રાશિના ત્રીસમા ભાગનો સાઠમો ભાગ.

૪૬. સ્ત્રી. વિદ્યા. શિલ્પસંહિતામાં નીચે પ્રમાણે ચોસઠ કલા વર્ણવેલી છે: (૧) સીરાખ્યાકર્ષણ, (૨) વૃક્ષારોહણ, (૩) વાગ્વાદિયુવિક્રર, (૪) વેણુતૃણાદિકૃતિ, (૫) ગજાશ્વસ્વારરૂપ, (૬) દુગ્ધદોહવિક્રર, (૭) ગતિશિક્ષા, (૮) પક્ષાણકિયા, (૯) પશુચર્માંગનિર્હાર, (૧૦) ચર્મમાર્દવક્રિયા, (૧૧) ક્ષુરકર્મ, (૧૨) કેન્યુકાદિસીવન, (૧૩) ગૃહભાંડાદિમાર્જન, (૧૪) વસ્ત્રસંમાર્જન, (૧૫) મનોનુકૂલસેવા, (૧૬) નાના દેશીય વર્ણલેખન, (૧૭) શિશુસંરક્ષણ, (૧૮) સુપ્તોત્થ તાડન, (૧૯) શય્યાસ્તરણ, (૨૦) પુષ્પાદિગ્રથન, (૨૧) અગ્નપાચન, (૨૨) અન્નવાયવગ્નિસયોગ, (૨૩) રત્નાદિસ્નસાતાન, (૨૪) ક્ષારનિષ્કાસન, (૨૫) ક્ષારપરીક્ષા, (૨૬) સ્નેહનિષ્કાસન, (૨૭) ક્ષણિકાદિકાલજ્ઞ, (૨૮) ધાત્વૌષધીના સંયોગ, (૨૯) ક્ષયપાત્રાદિકરણ, (૩૦) લોહાભિસ્કાર, (૩૧) ક્ષારક્રિયા, (૩૨) સ્વમૂર્તિતામાત્મપ્રદર્શન, (૩૩) મક્ષરંદાદિકૃતિ, (૩૪) સયોગધાતુસાન, (૩૫) ભાજનાદિભિર્જલતરણ, (૩૬) સૂત્રાદિગ્રન્થકરણ, (૩૭) પટબંધન, (૩૮) નૌકાનયન, (૩૯) સમભૂમિક્રિયા, (૪૦) શિલાચ્ચી, (૪૧) વિવરકરણ, (૪૨) કૃતખંડબંધન, (૪૩) જલબંધન, (૪૪) વાયુબંધન, (૪૫) શકુંતશિક્ષા, (૪૬) સ્વર્ણલેપપ્રક્રિયાકિયા, (૪૭) ચર્મશ્લેષવાક્ષર્ક્ષમાર્ગાદિપ્રબંધન, (૪૮) મૃત્સાધન, (૪૯) તૃણાદ્યાચ્છાદન, (૫૦) ચૂર્ણોપલેપ, (૫૧) વર્ણકર્મ, (૫૨) દારુકર્મ, (૫૩) પટકર્મ, (૫૪) ચિત્રાલ્લેખન, (૫૫) પ્રતિમાકરણ, (૫૬) તક્ષક્રિયા, (૫૭) શિખરકર્મ, (૫૮) ભવનપુર, (૫૯) રાજસંધાન, (૬૦) અક્ષનિપાતન, (૬૧) ભૂકરચના, (૬૨) ક્રમાહુતિ, (૬૩) વસુધાધિનિરાકરણ, (૬૪) વનોપવનરચના.

૪૭. સ્ત્રી. (પુરાણ) વિભીષણની મોટી દીકરી. એ વારંવાર અશોકવનમાં જઈ સીતાને રામના કુશળ વર્તમાન કહેતી.

૪૮. સ્ત્રી. પૃથ્વિ.

૪૯. સ્ત્રી. બાજનું પીંછ.

૫૦. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય.

૫૧. સ્ત્રી. શરીરની ગરમીથી પાકતો ધાતુનો બીનાસવાળો ભાગ; શરીરમાં રહેલ એક ધાતુ; ક્લેદ.

૫૨. સ્ત્રી. શિવની શક્તિ.

૫૩. સ્ત્રી. શોભા.

૫૪. સ્ત્રી. સમયનું એક માપ; ક્ષણનો ત્રીસમો ભાગ.

૧૮ નિમિષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૪૦ કલા = ૧ નાડિકા

૫૫. સ્ત્રી. સૂર્યનાં ૧૦૮ મહિનુ એક નામ.
૫૬. સ્ત્રી. સૂર્યનો બારમો ભાગ. વર્ષની બાર સંક્રાંતિના વિચારથી સૂર્યનાં બાર નામ છે. તેના તેજને કલા કહે છે. તે બાર કલાનાં નામ: ૧. તપિની, ૨. તાપિની, ૩. ધૂમ્રા, ૪. મરીચિ, ૫. જ્વાલિની, ૬. રુચિ, ૭. સુષુમ્ણા, ૮. ભોગદા, ૯. વિશ્વા, ૧૦. બોધિની, ૧૧. ધારિણી અને ૧૨. ક્ષમા.
૫૭. સ્ત્રી. સોનાના એક સિક્કાનું નામ; મહેનતાણા અકબરના સમયનો સોના કે ચાંદીનો એક સિક્કો. તે ઇલાહાબાદી ઢબ હતો અને તેની બંને બાજુ ઉપર જંજલી મુલાયમનાં ફૂલ હતાં. ચાંદીનો સિક્કો ચોખૂણાકાર હતો. તે જલાલી રૂપિયાની રૂની બરાબર હતો.
૫૮. સ્ત્રી. સોળની સાંકેતિક સંખ્યા.
૫૯. સ્ત્રી. સૌંદર્યયુક્ત રચના કે તેની હિકમત.
૬૦. સ્ત્રી. ઔરજ.
૬૧. સ્ત્રી. (યોગ) હઠયોગમાં રહેલી કુંડલિની શક્તિ.
૬૨. સ્ત્રી. હુનર; કસબ. જુદા જુદા લોકોની જુદી જુદી કલાઓ માનવામાં આવે છે. જેમકે, વાણિયાની ૬૪, ઓની ૫૨, વેરાની ૬૪, ગણિકાની ૩૬, ભમસ્યની ૧૬, દરિદ્રની ૧૨, જુગારીની ૧૬, મદની ૩૨, ભવૈયાની ૧૨, સોનીની ૬૪, ચોરની ૩૬, મલ્લની ૧૬, ઠગની ૬૪, દીવાનની ૧૬, પ્રુતારાની ૬૪, ગૃહસ્થની ૨૫, યોગની ૨૩, ધર્મની ૬૪.
કલાઈ ૧. સ્ત્રી. કઠોળ.
૨. [હિં.] સ્ત્રી. પ્રેયસી સુંદીનો હાથનો ભાગ. કલાઈ કરવી = મંજા મરડીને લડવું.
૩. [અ. કલઈ] સ્ત્રી. ધોળી અને કઠ ઓગળી જાય એવી એક હલકી ધાતુ; બાટા પદાર્થ કટાય નહિ તે માટે તાંબાપિત્તળનાં અને લોઢાનાં વાસણને ચઢાવવામાં આવે તે ધાતુ. કલાઈ કરાવવી = માથું મુંડાવવું.
૪. સ્ત્રી. બજારુ જોડીની એક કસરત.
૫. સ્ત્રી. વાસણ ઉપર ચઢાવાતું કલાઈનું પાતળું પડ.
૬. સ્ત્રી. વાસણને કલાઈ કરવાની ક્રિયા.
કલાઈગર પું. કલાઈ કરનારો; વાસણો ઉપર કલાઈ દેવાનો ધંધો કરનાર.
કલાઈગરો જુઓ કલાઈગર.
કલાઈગાર જુઓ કલાઈગર.
કલાઈગારો જુઓ કલાઈગર.
કલાઈસપિતો જુઓ કલાઈસફેતો.
કલાઈસફેતો ૧. પું. કલાઈ ખાણને કરેલી સફેદ રાખ. તે ધારાં અને ચાંદાં ઉપર લગાડવાની દવા તરીકે વપરાય છે.
૨. પું. સફેદ ચાક.
કલાઈસફેદો જુઓ કલાઈસફેતો.
કલાઉ [અં. ઓક્લાઉ] પું. દિવસ અને રાત મળીને જે કાળ થાય તેનો ૨૪ મો ભાગ; સાઠ મિનિટ જેટલો સમય.
કલાકર ૧. [સં.] પું. અક્ષોડના જેવું એક ઝાડ; દેવદાર.
૨. પું. મોર. તે પોતાની પીછાંની કલા બતાવે છે.
કલાકલાપ વિ. કલાથી ભરપૂર.
કલાકલ્પ [સં.] સ્ત્રી. એ નામની પેસો.
કલાકશીશી જુ. રેતી ભરવા ઉપરથી સમય જોવાની શીશી.
કલાકંઠ [સં.] પું. એક પ્રકારની ભરડો.
કલાકાર ૧. [સં.] વિ. કલાયુક્ત રચના કરનારો. જેમકે, કવિ, ચિત્રકાર, શિલ્પી, કુંભારી.
૨. વિ. ઇલાજબાજ; કપટી.
કલાકારણ્ય સ્ત્રી. એ કલાકાર.
કલાકુર વ. હજામના ઉસ્તરા; વિષ.
કલાકુલ [સં.] ન. અસલ ઉસ્તરા; કલાકુર.
કલાકુશલ ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેમાં આઠ જગણ અને એક ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.
૨. વિ. કળામાં કુશળ.
કલાકુશલતા [સં.] સ્ત્રી. કળામાં હોંશિયારી.
કલાકૃતિ [સં.] સ્ત્રી. કલાની કૃતિ; કળાની રચના.
કલાકેલિ ૧. [સં.] પું. કામદેવ; મદન.
૨. સ્ત્રી. મુક્તિગામી રમત; જેમાં કંઈ કલા જેવું હોય એવી મોજ.
૩. વિ. વિલાસી.
કલાકોવિદ [સં] પું. કલાનો પંડિત; કલાનો ઉસ્તાદ.
કલાકૌશલ [સં.] ન. કોઈ કળાની નિપુણતા. જુઓ કલાકૌશલ્ય.
કલાકૌશલ્ય ૧. [સં.] ન. કલાની આવડત; હોંશિયારી.
૨. ન. કુનરઉદ્યોગમાં નિપુણતા.
કલાક્ષય ૧. [સં.] પું. ઓછું થવું તે.
૨. પું. ચંદ્રની કળામાં થતો ઘટાડો.
કલાક્ષેત્ર [સં.] ન. કામરૂપ પ્રદેશમાંનું એક પ્રાચીન તીર્થ.
કલાગું ૧. વિ. અપટિત; અબોજ.
૨. વિ. નાલાયક.
૩. વિ. લાગ વગરનું; કબોદું.
કલાગૃહ [સં.] ન. કળાનું મકાન; સંગ્રહસ્થાન.
કલાઘ [કા.] પું. ઝગડો.
કલાચન્ના [કા.] પું. નાનો ઝગડો.
કલાચપેટા [કા.] પું. જંજાળી ઝગડો; ટોણ.
કલાચાટ પું. કલાનું ક્ષેત્ર.
કલાચાતુર્ય [સં.] ન. કારીગરી.
કલાચાર્ય [સં.] પું. કળા શીખવનાર ગુરુ; શિક્ષાગુરુ.
કલાચિક ૧. [સં.] પું. આગલો હાથ.
૨. પું. ચમચો.
કલાચીક ૧. [સં.] પું. ચમચો.
૨. વ. કરાંચીનું જૂનું નામ. અગાઉ તે મચ્છીમારોનું ગામડું હતું. કલાચી-બે-ગોઠ એ નામે તે ઓળખાતું. એ ગોઠનો નેતા 'કલાચી' આ મચ્છીમારોમાં મુખ્ય હતો.
કલાજન જુઓ કલાજંઘ.
કલાજંઘ [હિં.] પું. કસરતમાં કરાતો એક દાવ. બંને પહેલવાન સામસામા લાતા હોય ત્યારે સામાવાળો પહેલવાન ઊભો હોય તે વખતે તેનો એક હાથ પોતાના હાથે ઝાલી, બીજા હાથે તેનો પગ પકડી, પોતાની બરડન ઉપર તેને લઈ, નીચે પાડવાથી તે માણસ ચીત આવે છે. જો સામો પહેલવાન તેના પગનું બોચું પકડે તો બચે છે.
કલાટીન પું. પાણીમાં રહેનારું એક જાતનું પક્ષી.
કલાઠ (કલાઠ) [સ.] પું. બોજ; ભાર.
કલાડિયા (કલાડિયા) ૧. સ્ત્રી. કોળીની એક જાત.
૨. સ્ત્રી. મુસલમાન અને વાઘરીની એ નામની એક અટક.
૩. ન. એ અટકનું એક માણસ.
૪. ન. કોળીની એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. કોળીની એ જાતનું.
કલાડી (કલાડી) સ્ત્રી. કીકડી. અરોતર પ્રદેશમાં તેને કલાડી કહે છે.
કલાડું (કલાડું) ન. માટીની તાવડી. જુઓ કલેડું.
કલાડપટ્ટ જુઓ કલેડું.
કલાણુ ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. સ્ત્રી. બેલવાળી બગલા.
૩. ન. એ નામનું નામ.
૪. વિ. એ નામની બટકનું.
૫. [સં. કલ્યાણ] વિ. શુભ; ભલું; સારું.

કલાતચી ન. કરાંચીનું બૂનું નામ.

કલાત્મ વિ. કળાથી ભરપૂર.

કલાત્મક [સં.] વિ. કલાવાળું.

કલાદ ૧. [સં.] પું. સોની; હેમકૂટ.
૨. સ્ત્રી. સોનીની કારીગીરી.

કલાદક [સં.] પું. સોની.

કલાદ ચાગડ (કલાદ ચાગડ) ૧. સ્ત્રી. ચાકણકુની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

કલાદૃષ્ટિ [સં.] સ્ત્રી. કલાવિષયક નજર; સૌંદર્ય તરફનું વલણ.

કલાદેવી [સં.] સ્ત્રી. સરસ્વતી; શારદા.

કલાધર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શકરી છંદનો એક ભેદ છે. તેમાં બે રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ક્રમે વર્ણ હોય છે.
આકુને રા ૨ જ ૨ લા ૧ ગા કલાધરે.
રઘુપિંગળ
૨. [સં.] પું. કપૂર.
૩. પું. કલાકાર.
૪. પું. કળાને ધારણ કરનાર ચંદ્રમા; કલાનિધિ.
૫. પું. ચોસઠ પ્રકારની કળા જાણનાર પુરુષ; ગુણવાન.
૬. પું. (પિંગળ) ૬૩ છંદનો એક ભેદ. તેના પ્રત્યેક ચરણમાં એક ગુરુ, એક લઘુ એ ક્રમમાં ૧૫ ગુરુ અને ૧૫ લઘુ આવી છેવટે ગુરુ હોય છે.
૭. પું. મોર.
૮. પું. શિવ.
૯. વિ. કલાવાન; કળા જાણનાર.

કલાધર્મ [સં.] પું. કલા પ્રત્યેની ભાવના.

કલાધામ [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ, જગણ, ભગણ અને એક ગુરુ એમ તેર વર્ણ હોય છે.
ભા ભ જ ભા ગ ધરને કલાધામે તો.
રઘુપિંગળ

કલાધારી [સં. કલાધારિન્] વિ. કલા ધારણ કરનાર.

કલાધિક [સં.] પું. કૂકડો.

કલાધિકી [સં.] સ્ત્રી. કૂકડી.

કલાધીશ [સં.] પું. કલાકાર. બુઓ કલાકાર ૧.

કલાન [સં.] વિ. મોટું; વધુ.

કલાનક [સં.] પું. શિવના એક ગણનું નામ.

કલાનતર [સં.] વિ. વધારે મોટું.

કલાનભિજ્ઞ [સં.] પું. કલાને સંપૂર્ણ રીતે નહિ જાણનાર.

કલાનાથ ૧. [સં.] પું. એક ગંધર્વનું નામ. તેણે સંગીતાચાર્ય સોમેશ્વરને સંગીત શીખવ્યું હતું.
૨. પું. કલા ઉપર સંપૂર્ણ પ્રભુત્વવાળો કલાકાર; પારંગત કલાકાર.
૩. પું. ચંદ્ર.

કલાનિધિ ૧. પું. (પિંગળ) એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં સત્તાવીસ માત્રા હોય છે.
૨. [સં.] પું. કપૂર.
૩. પું. કલાકાર પુરુષ.
૪. પું. ચંદ્ર.
૫. પું. ચિત્ર સંબંધી જ્ઞાન આપનારું એક પુસ્તક.
૬. પું. મોર.
૭. વિ. કલાપૂર્ણ.

કલાનિર્ભેદિની [સં.] સ્ત્રી. અક્ષિજોધિકા ધમનીની શાખાઓ પૈકીની એક; 'ઑર્બિટલ આર્ટરિ'.

કલાનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કલા નિષ્પન્નતા તે.

કલાનિષ્પાદક [સં.] વિ. કલા નિષ્પન્ન કરનાર.

કલાની [સં.] સ્ત્રી. મહત્તા; મોટાઈ.

કલાનુનાદી ૧. [સં. કલાનુનાદિન્] પું. કર્ણિકાર પક્ષી.
૨. પું. ચકલો.
૩. પું. ચાતક; પપૈયો.
૪. પું. ભમરો.

કલાનુરાગી [સં. કલાનુરાગિન્] વિ. કલાપ્રેમી.

કલાનુવાદી જુઓ કલાનુનાદી.

કલાનૈપુણ્ય [સં.] ન. કલામાં નિપુણતા.

કલાન્યાસ [સં.] પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક ન્યાસ. તે શિષ્યના શરીર ઉપર કરવામાં આવે છે.

કલાન્વિત [સં.] વિ. કલાવાળું; કલાને જાણનાર.

કલાપ ૧. [હિં.] પું. બાજરો.
૨. પું. અર્ધચંદ્રાકાર ઝાંઝનું નામ.
૩. પું. ઉદ્ભિજ સમૂહ.
૪. પું. એક અર્ધચંદ્રાકાર ઘરેણું.
૫. પું. એક જ રાગમાં કે છંદમાં રચેલી કવિતા.
૬. પું. એક સકર રાગિણી. તે સિંધવા, મલ્હાર, કાનડા અને નટ રાગો મેળવવાથી બને છે.
૭. પું. કમરબંદ; પેટી.
૮. પું. (સિંધ) કરધની; કેડે પહેરવાનું એક ઘરેણું; કંદોરો.
૯. પું. કૃતિક સ્વામીએ રચેલ સંસ્કૃત વ્યાકરણ.
૧૦. પું. ચંદ્રમા.
૧૧. પું. કેડમાં પહેરવાનું ઘરેણું.
૧૨. [હિં.] પું. તંગી; આમી.
૧૩. પું. હિંસગીરી. શોક.
૧૪. પું. અત્રિઋષિના પુત્રનું એક નામ.
૧૫. પું. બાણ; ધનુષ.
૧૬. પું. બાણ રાખવાનો ભાથો.
૧૭. પું. બાણની લાંબને ઉપરાઉપરી વીંટાળવાથી થતો મુગટના જેવો ઘાટ.
૧૮. પું. મોતીની સેર.
૧૯. પું. મોર નામે જાણે એટલે કે મોભાસાથે ચૂકવવાનું દેણું.
૨૦. પું. મોરનાં પીછાંનો જથ્થો.
૨૧. પું. મોરની કળા.
૨૨. પું. માન.
૨૩. પું. બાણ.
૨૪. પું. વેદની એક શાખા.
૨૫. પું. વ્યાપાર.
૨૬. પું. સમૂહ; જથ્થો; ઢગ.
૨૭. પું. હાથીના બચ્ચાનો દોરો.
૨૮. વિ. પંડિત; વિદ્વાન.
૨૯. વિ. પીળાં ફૂલવાળું.

કલાપક ૧. [સં.] પું. એકમાં અન્વય થતો હોય તેવો ચાર શ્લોકનો સમૂહ.
૨. પું. કટિમેખલા; કંદોરો.
૩. પું. કપાળમાં કરેલું તિલક.
૪. પું. કેડમાં પહેરવાનું આભૂષણ.
૫. પું. મોતીની સેર.
૬. પું. હાથીની બાંધવું બંધન.
૭. ન. મોર તેનાં પીછાં પ્રસારે ત્યારે એટલે વર્ષા ઋતુમાં આપવામાં આવતું ઋણ.

કલાપક્ષપાતી ૧. [સં. કલાપક્ષપાતિન્] પું. સાહિત્યનો પક્ષપાત.
૨. વિ. કલાનો શોખ હોય એવું.

કલાપખંજ પું. એક પ્રકારનો વાયુરોગ. આ વાયુથી માણસ ચાલતી વેળાએ કરીરે કંપે તથા ચાલતાં ચાલતાં પણ પંકાઈ જાય છે.

કલાપગ્રામ [સં.] ન. વિષ્ણુ ભગવાનના દશમા અવતાર કલ્કિએ ભેગા કરાવેલા ગામોનો નાશ કર્યા પછી

પોતાને અનુકૂળે અયોધ્યા અને હસ્તિનાપુરનાં રાજ્ય મળે એ માટે સૂર્યવંશી રાજા મરુ અને ચંદ્રવંશી રાજા દેવાપિએ જે સ્થળમાં તપ કર્યું હતું તે પ્રાચીન ગામ. મહાભારત પ્રમાણે તે હિમાલયના પ્રદેશમાં આવેલું હતું અને એ સ્થળે અપ્સરા ઉર્વશી પુરૂરવા સાથે કેટલોક કાળ રહી હતી. ગઢવાલમાં આવેલા બદરિનાથની પાસે અલકનંદાને મળતી સરસ્વતીના મૂળ પાસે આ સ્થળ આવેલું છે એમ મનાય છે.

કલાપક ન. કલા જે ઉપર દોરાય તે વસ્તુ; 'કેનવાસ'.

કલાપટુ [સં.] વિ. કલાવાળું

કલાપતિપ્રભા પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અતિજગતી છંદનો એક ભેદ છે. તેને રાગ કે નંદરાજ છંદ પણ કહે છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ તેર વર્ણ હોય છે.

૦ કલાપતિપ્રભા ૨ ન ૨ ન ગ થી. રઘુપિંગળ

કલાપદીપક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છં. આ છંદ અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ બોંતેરીયા વર્ણ હોય છે.

રાજ રાજ રાજ ગા મરો
સદા તમે કલાપદીપકે. રઘુપિંગળ

કલાપદીપ ૧. [સં.] ન. એ નામનું એક નામ; કલાપપ્રાસ.

૨. ન. કાંતંત્ર વ્યાકરણ ઉપરના એક ભાષ્યનું નામ.

કલાપદ્વીપ [સં.] પું. એ નામનું એક ગામ.

કલાપની સ્ત્રી. બગાસાંના આંબાની એક ઊંચી જાત. આ કેરી ભાવણ ભાદરવામાં પાકે છે.

કલાપવંશ પું. જૈન મત પ્રમાણે એક ઉત્તમ વંશ.

કલાપરિવાર [સં.] પું. એક ઋષિનું નામ.

કલાપહાર સ્ત્રી. કેરીની એક જાત.

કલાપા ૧. [હિં.] પું. બાજસોસ.

૨. પું. તંગીઃ ખામી.

૩. પું. હિલગીરીઃ શોક.

કલાપાક ૧. પું. દોરી.

૨. ન. (કાવ્ય) પાંચ પ્રકારનાં પદ્યો પૈકીનું એક.

કલાપાંતરિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, નગણ અને ગુરુ એમ દશ વર્ણ હોય છે.

કલાપાંતરિતા ન સે ના ગે. રઘુપિંગળ

કલાપિત પું. વૈશંપાયનનો એક શિષ્ય.

કલાપિતા સ્ત્રી. મોરપીંછનો સમૂહ.

કલાપિન પું. એક પ્રાચીન ઋષિનું નામ.

કલાપિની ૧. [સં.] સ્ત્રી. નાગરમોથ.

૨. સ્ત્રી. મયૂરી; ઢેલ.

૩. સ્ત્રી. રાત્રિ; રાત.

કલાપિપાસુ [સં.] વિ. કળા ચાહનાર.

કલાપી ૧. [સં. કલાપિન્] પું. એક પક્ષી, મોર; મયૂર; શિખી; શિખંડી; નીલકંઠ.

૨. પું. કોયલ.

૩. પું. ચંદ્ર.

૪. પું. પલાશનું ઝાડ; ઝેમરો.

૫. પું. ગાદીના દાવેદાર યુવરાજ્ઞએ લેખક તરીકે ધારણ કરેલ તખલ્લુસ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં થયો હતો. 'કલાપી' નામથી તેમણે સાહિત્યમાં અમર નામ સંપાદન કરેલ છે. સત્તર અઢાર વર્ષની વય સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં એમણે અભ્યાસ કર્યો હતો. પછી એમણે કાશ્મીર તથા હિંદનો પ્રવાસ કરેલો. એ કાશ્મીરના પ્રવાસનું એમનું પુસ્તક પ્રવાસ-વર્ણનના સાહિત્યમાં ઊંચું સ્થાન લે છે. એ પ્રવાસને એ 'સ્વર્ગનું સ્વપ્નું' કહે છે. ઈ. સ. ૧૮૯૫માં રાજ્યનો અધિકાર એમને મળેલો. એ અધિકાર એમણે માત્ર પાંચ વર્ષ ભોગવ્યો હતો. એમનો કાવ્યસંગ્રહ 'કલાપીનો કેકારવ' નામે ઈ. સ. ૧૯૦૦માં થયેલ તેમના મૃત્યુ પછી બહાર પડ્યો છે. એમણે આરંભેલું 'કાશ્મીર કાવ્ય' નામનું મહાકાવ્ય પણ સર્જકની અધૂરું રહેલું છે. તે પછી 'માલા અને મુદ્રિકા'નું અંગ્રેજી અનુવાદનું પુસ્તક, 'કેસલ તોરલ' જેવા ચાર સંવાદ તથા સ્ટીડનબોર્ગના 'ધાર્મિક વિચારો'ની ચર્ચા—એટલાં એમણે લખેલાં છે. 'કલાપીના પત્રો' એ પણ કવિની આત્મકથાના સ્વરૂપનું ચાલન પૂરું પાડે છે. જ્યાં કલાપી જીવશે તો તેમની કવિતાથી જ. ગાગણી એ તેમની કવિતાનું આસ લક્ષણ છે. પ્રેમમાં જ તેઓ પ્રવૃત્ત સમજ્યા હતા. કુદરત, માનવસ્વભાવ, ઈશ્વરનો અસ્તિત્વભાવ, પ્રકૃતિ, દર્દ એટલાં તત્ત્વો એમની કવિતામાંથી બાદ કરીએ એટલે એમની કવિતામાં કશું રહેવા પામતું નહિ. કલાપીએ ગાગણીને ઉજાગી છે. તેનું નરમ, કોમળ અને ઉદાર દિલ ગાગણીઓથી સહજભાવમાં આંદોલિત થાય છે અને તે કોમળ ગાગણીઓ સરળ અને સ્વચ્છ શૈલીમાં ઉદ્ગાર પામે છે. કલાપીએ કુદરતદર્શનને ગાગણીના ઊભરા સાથે જેવી સુંદર રીતે જોડી દીધેલું છે કે ગાગણીના જોસમાં વહેતાં વહેતાં કુદરતનો સમભાવ એમાં જોઈ શકાય છે અને તેથી કુદરતમાંથી જરૂર કાંઈ ઠીમિયા જડી આવે છે. કાઠિયાવાડની અનેક સુંદર લોકકથાઓમાંની એકમાંથી 'કેસલ તોરલ'નો સંવાદ લેવાયો છે. આ પાઠીના સંવાદો અદ્ભુત કલ્પનાઓમાં છુપાયેલા, રસભરી કંતકથાઓથી વીંટાઈ રહેલા મધ્યકાલીન હિંદુસ્તાનના ઇતિહાસમાંથી લેવામાં આવ્યા છે. ગોપીચંદ, ભર્તૃહરિ, વિક્રમ જેવા રાજવીઓ તેમજ જાલંધરનાથ સરખા ઠકમોમી, આ સંવાદોમાં પાત્રો તરીકે બોલવા છે. આ સંવાદોમાં પણે ભાગે કવિના જીવનનું જ પ્રતિબિંબ જોઈ શકાય છે. પણે ભાગે એમાં પોતાના સ્વતંત્ર સિદ્ધાંતોની ચર્ચા એમણે કરી છે. અંગ્રેજી કવિઓમાંથી વર્ડ્ઝવર્થ, શેલી, કીટ્સ, બર્ન્સ વગેરેની છાપ એમનાં કાવ્યો ઉપર સ્પષ્ટ જણાય છે. કલાપીની ગઝલો ઉપર મણિલાલ નભુભાઈની ગઝલોની અસર વિશેષ છે. તેમની રાજ્યાતની ગઝલોમાં વિચારની સ્પષ્ટતા નથી. ફારસી ગઝલની ગીઠાશ, કલ્પના કે સુંદરતા કલાપીની ગઝલોમાં ઓછી જ જણાય છે, છતાં "ગ્રામ" તથા "આપની યાદી" જેવી સોહિણીની ગઝલોમાં કલાપીને ઝળતા મળ્યા છે.

૬. પું. વડનું ઝાડ.

૭. પું. વૈશંપાયન ઋષિનો એક શિષ્ય.

૮. સ્ત્રી. પાસની બારી.

૯. સ્ત્રી. ઓ

૧૦. વિ. કલાપ વ્યાકરણ ભણેલું.

૧૧. વિ. ઝૂંડમાં રહેનાર.

૧૨. વિ. બાલનું બાંધું બાંધેલું હોય એવું; તરકસબંદ.

કલાપીઠ ૧. સ્ત્રી. ખોંપાટ; સોરબકોર; બાંધણ.

૨. સ્ત્રી. ખાખરોડ.

૩. સ્ત્રી. રેઢારોળ; રોકકળાણ; રોકૂટ; આક્રંદ; કળકળાટ.

કલાપુંગો પું. મોર.

કલાપૂજક [સં.] વિ. કલાભક્ત; કલા તરફ ભાવનાવાળું.

કલાપૂજન [સં] ન. કલાનો શોખ; કલા પ્રત્યે ભક્તિભાવ.

કલાપૂર [સં] પું. એક જાતનું વાદિત્ર.

કલાપૂર્ણ ૧. [સં.] પું. કપૂર.

૨ પું. કલાધર.

૩. પું. કલાનિધિ; ચંદ્ર.

૪. વિ. કળાવાન.

૫. વિ. ચોસઠ કલાથી સંપૂર્ણ.

કલાપોષક [સં.] વિ. કલાને પોષનાર.

કલાપોષણી [સં.] સ્ત્રી. ધમનીની શાખાનો એક પ્રકાર.

કલાપ્રચાર [સં.] પું. કળાનો ફેલાવો.

કલાપ્રધાન [સં.] વિ. કળા જેમાં મુખ્ય હોય એવું.

કલાપ્રિય ૧. [સં.] વિ. કળા પ્રત્યે પ્રેમ ધરાવનાર; કળાનું શોખીન.
૨. વિ. કુદરત પ્રત્યે પ્રેમવાળું

કલાપ્રેમી વિ. કળા પ્રત્યે પ્રેમભાવવાળું.

કલાફિલસૂફી સ્ત્રી. કલાશાસ્ત્ર; આનંદમીમાંસા.

કલાફૂલ [સં.] ન. ઓઝોના ઝાડનું એક સુંદર ધરેણું; ઝોકરું.

કલાબ પું. નપુંસક.

કલાબકૂ પું. ઊંચો મૂર્ખ માણસ.

કલાબકોર પું. કળાહોર; ધમસાણ; ધાંધલ; ધમાચકડી.

કલાબતી જુઓ કલાબતૂ.

કલાબત્તુ ૧. [હિં.] પું. વણેલું રેશમ અને રૂપેરી દોરો.
૨. પું. સોના ચાંદીનો તાર.

કલાબત્તૂન ૧. [કા.] ન. કસબનું કામ.
૨. ન. સોનાનો કે રૂપાનો દોરો.

કલાબત્તૂની વિ. કલાબત્તૂનું બનેલું.

કલાબર્તુ ૧. પું. એક પ્રકારનું મરિયાણ.
૨. પું. સોનેરી કે રૂપેરી દોરી; જરી.
૩. ન. દોર; લેસ.

કલાબંધ પું. ઉચ્ચારણના કાલમાનને આધારે રચાતું પદ કે પ્રબંધ વગેરેનો વર્ગ.

કલાબા [કા.] પું. દોરા વીંટવા માટેનું ચકર.

કલાબાજ ૧. [હિં.] વિ. કલામાં પ્રવીણ.
૨. વિ. નટનું કામ કરનાર.

કલાબાજી જુઓ કલાબાજી.

કલાબાઝ જુઓ કલાબાજ.

કલાબાત્રી ૧. [હિં.] સ્ત્રી. કલામાં પ્રવીણતા.
૨. સ્ત્રી. મુસાંઢ; ગોયું.
કલાબાત્રી ખાવી = ગોથું ખાઈ જવું.
૩. સ્ત્રી. નટનું કામ.
૪. સ્ત્રી. મુક્તિ.

કલાબૂત ૧. [કા. કલાબત્તૂન (સોનાનો તાર)] પું. કસબ; રેશમના દોરા સાથે વણેલો સોના રૂપાનો તાર; સોનેરી અથવા રૂપેરી તારથી વીંટેલો રેશમનો તાર.
૨. પું. તલવાર ઉપર નકશીનો એક પ્રકાર.

કલાબો ૧. [અ. કુલાબ (ઝાળાં પકડવાનો લોઢાનો કાંટો)] પું. અંતરમાં વગેરે કપડાંની બાયોને મુકાવેલ ગ્રપ; બાંધનો ગ્રપ.
૨. પું. કાંપવાળી જમીન.
૩. પું. ચૂનો પ્લાસ્તરની ચકીનો લોઢાનો એક ભાગ. તેનો એક છેડો પેચવાળા ખીલા સાથે અને બીજો છેડો લાકડાના ઢાંચા સાથે જોડવામાં આવેલ હોય છે. તેના મથાળાનો ભાગ એક ગળિયાની પેચપટ્ટી સાથે જોડવામાં આવે છે એટલે ચકીના એક ચકર સાથે પેચપટ્ટીનું પણ એક ચકર પૂરું થાય.
૪. પું. છેડો.
૫. પું. તરવારની મૂઠનો એક ભાગ.
૬. પું. દોરા વીંટવાનું ફેરકડું.
૭. પું. બે છેડાને સાંધવા માટે વચ્ચે લોઢાની ચોખંડી કડી નખાય છે તે; બરડું.
૮. પું. બેલગાડીના કોડામાં લોઢાની પાટીનો આડું અંદર રહી શકે તેવડા કાણાવાળો બરડામાં આવતો કકડો
૯. પું. લોઢું અથવા લાકડાને જોડી મજબૂત કરનાર લોઢાનો પહોળ પાટ.

કલાભવન ન. કળાના શિક્ષણ માટેની શાળા; હુનરકળાની શાળા.

કલાભંડાર [સં.] પું. કલાકૃતિઓનો ભંડાર; સંગ્રહસ્થાન.

કલાભાવના [સં.] સ્ત્રી. કલા પ્રત્યેની લાગણી.

કલાભિજ્ઞ [સં.] વિ. જુદી જુદી કલામાં રસ લેનાર; કલામાં પ્રવીણ.

કલાભિજ્ઞતા [સં.] સ્ત્રી. કલામાં પ્રવીણતા.

કલાભુવન [સં.] ન. ઉદ્યોગો તથા કલાઓ શીખવવા માટેનું સ્થાન; હુનરશાળા.

કલાભૂત ૧. પું. કપૂર.
૨. [સં.] પું. કારીગર; સિતારો.
૩. પું. ચંદ્ર; ચાંદો.

કલામ ૧. [અ.] પું. આંકડો.
૨. [હિં.] પું. બંધા તરીકે ગણાતા તથા ગણતરમાં પ્રવીણ પુરુષ.
૩. પું. નસીબ.
૪. પું. નિબંધ; ધારો; ઘોરણ.
૫. પું. વાતચીત; વાર્તા; કથન.
૬. પું. વાંધો; સવાલ.
૭. સ્ત્રી. ઇસ્લામનું ફરમાન.
૧. કલામ અલ્લાહ ઉદ્ગારવું = ધર્મગ્રંથના સોગન ખાવા.
૨. કલામે અલ્લાહ = (૧) ઈશ્વરવાણી. (૨) ધર્મપુસ્તક.
૮. સ્ત્રી. ટીકા.
૯. સ્ત્રી. ફકરો; પદ; વિભાગ.

૧૦. [અ. કલમ (તે બોલવો)] સ્ત્રી. ભાષા; બોલી; બોલવું; વાણી.
૧૧. સ્ત્રી. રજપૂતની એક જાતિ.
૧૨. સ્ત્રી. લખાણ.
૧૩. સ્ત્રી. શબ્દ; વચન.
૧૪. ન. બહાનું; મિષ; ખોટું કારણ.
૧૫. ન. ભજન.
૧૬. ન. રજપૂતની એક જાતિનું માણસ.
૧૭. ન. પાયદો; પ્રતિજ્ઞા.
૧૮. વિ. રજપૂતનું એ નામની જાતિનું.

કલામક [સં.] પું. એક જાતના શિયાળુ ચોખા; કલમી ડાંગર.

કલામણ ન. ફોસલામણી; ફસાવવું તે.

કલામત [હિં.] પું. પખ. તરીકે ગણાતા તથા બજાવનાર પુરુષ.

કલામય [સં.] વિ. કળામય ભરેલું.

કલામયતા [સં.] સ્ત્રી. કલામય હોવાપણું.

કલામંડપ પું. કળાનો મંડપ.

કલામંદિર [સં.] ન. કલાનું મંદિર; કલાભવન.

કલામાધવ ન. અગોળવિદ્યા ઉપર માધવાચાર્યે લખેલ એ નામનું પુસ્તક.

કલામિત [સં.] ન. કલાથી થતું માપ.

કલામીમાંસક [સં.] પું. હુનર કળાઓનો વિચારક.

કલામીમાંસા [સં.] સ્ત્રી. કલાપ્રકરણ.

કલામુલ્લાહ ૧. [અ.] પું. અલ્લાહનો કલામ; આકાશી વાણી; ઈશ્વરી આજ્ઞા.
૨. પું. કુરાને શરીફ; ઇસ્લામ ધર્મનું પવિત્ર પુસ્તક.

કલામે મજીદ ૧. [અ.] પું. ઈશ્વરનો શબ્દ; પવિત્ર વાણી.
૨. પું. કુરાને શરીફ.

કલામે લહદીસ [અ.] સ્ત્રી. પયગંબરે કરેલી ભાષા

કલામે શરીફ [અ.] ન. મુસલમાન લોકોનું ધર્મનું પુસ્તક; કુરાન.

કલામુંદી સ્ત્રી. ઊલટુલાટિયું.

કલાય ૧. [સં.] ન. એક જાતનું અનાજ.
૨. ન. એક જાતનું ફૂલ. તેનો રંગ જાંબુડો હોય છે.
૩. ન. લાંગલી; એક જાતની વનસ્પતિ.
૪. ન. વટાણા.

કલાયક ૧. પું. એક જ વાકયનો સમૂહ.
૨. પું. સમૂહ; ટોળું; સમવાય.

કલાયકતા સ્ત્રી. વટાણાની ફળી.

કલાયખંજ [સં.] વિ. ચાલતાં ચાલતાં ઘૂજતું.

કલાયત [સં.] પું. તરવારની ધાર ઉપર નાચનાર નટ; તલવાર.

કલાયા ૧. પું. લાંબો, પાતળો, નાનો અને કાળો વટાણો. તે ઘોડાના ખોરાક તરીકે વપરાય છે.

૨. પું. સારનું ઝેરડું.

૩. પું. હાથીની કોકની આસપાસનું દોરડું.

૪. [સં.] સ્ત્રી. ગંડુવા વનસ્પતિ.

કલાયુક્ત [સં.] વિ. કલામય; સુંદર.

કલાર ૧. પું. એક જાતનો છોડ. એનાં પાન સરસવનાં પાન જેવાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે અને નાનાં ગોળ ફળ થાય છે. એ ઔષધિમાં વપરાય છે.

૨. પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાંને ઊખિયું કરતાં વાસણનું મોં બંધ કરવામાં વાપરે છે.

૩. પું. (વનસ્પતિ) ગોરખમુંડી; કકરમ; જંગલી તમાકુ; ગંગાજમની. કલારની નાની અને મોટી એમ બે જાત હોય છે. નાના કલારને ખોડિયો કલાર અને મોટા કલારને કાદવિયો કલાર કહે છે. કાદવિયો કલાર દીવિણપૂર ઊંચો વધે છે. તેમાં ગાઢર બાજ તો આંધળું થઈ જાય. તેથી એને ગાઢર કલારના નામથી ઓળખે છે. કલાર ઉપર નાની સોપારી જેવડાં છોડવાં જેવાં મુલાયમ રંગનાં ફળો આવે છે. એ ઝાડનાં પાંદડાં ભારીક અને લાંબાં હોય છે. તેની વાસ ઘણી ઉગ્ર આવે છે. એ ઝાડ લીલી જમીનમાં થાય છે. ગોરખમુંડી તૂરી, ઉષ્ણ, પાકકાળે તીક્ષ્ણ, કડવી, મધુર, ભેદક, લઘુ, મેધાકારક, બલકર તથા રસાયન છે. તે ગઠગૂમડાં, ગંડમાળ, બરમો, કૃમિ, વાયુ, પ્લીહા, મેદ, અપસ્માર, શ્લીપદ, પાંડુરોગ, પિત્ત, આમરોગ, કૃમિ, દમ, કોઢ, વિષદોષ, અતિસાર તથા ઊલટીનો નાશ કરે છે.

૪. પું. દારૂના પીઠાનો માલિક; કલાલ.

૫. [હિં.] પું. દારૂ સ્વચ્છ કરનાર.

૬. સ્ત્રી. હિંદુની એક જાતિ.

૭. [સં. કલ્હાર (ધોળું કમળ)] ન. એક જાતની વનસ્પતિ; કલ્હાર; કંકોલી. એનાં લાલ ફૂલ શિવને ચડે છે.

૮. ન. હિંદુની એ નામની જાતિનું માણસ.

૯. વિ. એ નામની જાતિનું.

કલારણી સ્ત્રી. કલારની સ્ત્રી.

કલારત્ન ન. ઉત્તમ કલા.

કલારવ પું. કલરવ; કોલાહલ.

કલારસ ૧. [સં.] પું. કલા ઉપરનો ભાવપ્રેમ; સુંદર કારીગરી પ્રત્યેનો રસભાવ; કલાનો રસ.

૨. પું. મુક્તિમય ફુવર.

કલારસજ્ઞ [સં.] વિ. કલામાં રસ લેનારું.

કલારસિક જુઓ કલારસજ્ઞ.

કલારસિકતા [સં.] સ્ત્રી. કલામાં રસ લેવાપણું.

કલારસિયું જુઓ કલારણી.

કલારી [હિં.] પું. દારૂના પીઠાનો માલિક; કલાલ.

કલારુચિ સ્ત્રી. કલા તરફનો ભાવ.

કલાલ ૧. પું. કુંભાર.

૨. [સં. કલ્પ (ભક્ષિ) + પાલ (રાખનાર)] પું. દારૂ બનાવી વેચનાર; દારૂનો દુકાનદાર; પીઠાનો માલિક.

કલાલખાનું ૧. [જ. કલાલ (દારૂ વેચનાર) + ફા. ખાના (ઘર)] ન. દારૂની દુકાન; પીઠું; કલાલખાનું.

૨. ન. ધોંસાણું; તોફાન; મરતી.

૩. ન. (લાક્ષણિક) બસતીઓને બેસવા થવાની જગ્યા.

કલાલજાત [હિં.] સ્ત્રી. દારૂની જાતની ઊપજ.

કલાલણ ૧. સ્ત્રી. કલાલની સ્ત્રી.

૨. સ્ત્રી. દારૂ વેચનાર સ્ત્રી.

કલાલણી જુઓ કલાલણ.

કલાલય [સં.] ન. સત્રહસ્થાન; મદ્યવિક્રયગૃહ.

કલાલવાડ (કલાલવાડ્) સ્ત્રી. કલાલ લોકોનો મહોલ્લો.

કલાલાપ ૧. [સં.] પું. અસ્પષ્ટ મધુર શબ્દનું ઉચ્ચારણ.

૨. પું. ભમરો.

૩. પું. મધમાખ.

૪. પું. મધુર વાર્તાલાપ.

કલાલી ૧. પું. દારૂ વેચવાવાળો પુરુષ.

૨. સ્ત્રી. દારૂ બાળવા વેચવાનો ધંધો; કલાલપણું.

૩. ન. પ્રેમ; સનમ.

કલાલીય જુઓ કલાલણ.

કલાવત ૧. [સં.] પું. કપૂર.

૨. પું. કરીગર.

૩. પું. ચંદ.

કલાવતી ૧. સ્ત્રી. ઉસ્તાદી ગાયન.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક સ્વર્ગની વેશ્યા.

૩. સ્ત્રી. એક અપ્સરાનું નામ.

૪. સ્ત્રી. એક પ્રકારની મંત્રદીક્ષા.

૫. સ્ત્રી. એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રૂચિરા. આ છંદ અતિજગતીનો ભેદ છે.

૬. સ્ત્રી. (પુરાણ) કાશીપતિની કન્યાનું નામ. સોમવંશના બૃહદ્બલના દ્રઢાર્હ રાજાના પુત્ર ઓમની સ્ત્રી. એ દુર્વાસા ઋષિની શિષ્યા હોઈ ઘણીજ પવિત્ર હતી. ઓમરાજા એનું પાણિગ્રહણ કરીને પોતાને નગર ગઈ અને રાત્રે પોતાના મંદિરમાં એને આલિંગન આપતાં એનું શરીર બહુ વ્યથિત થઈ દુઃખ પામવા લાગ્યું. એના પતિએ તેનું કારણ પૂછ્યું. એણે કહ્યું કે તમે અભક્ષ્ય પદાર્થો આપ્યા હશે તેથી એમ થયું હશે. તે ઉપરથી તે ભર્ગ મુનિને શરણ ગયો અને શરીર શુદ્ધ કરાવ્યું. પછી એને એનું શરીર ચંદન જેવું શીતળ લાગવા માંડ્યું.

૭. સ્ત્રી. ગંગા.

૮. સ્ત્રી. ગંધર્વની વીણા.

૯. સ્ત્રી. ગોકુળની ગોવાળણ.

૧૦. સ્ત્રી. દુમિલ રાજાની પત્ની.

૧૧. સ્ત્રી. શોભાવાળી સ્ત્રી.

૧૨. વિ. કળાઓની આવડતવાળું.

૧૩. વિ. સ્ત્રી. કીર્તિવાળી; શોભાવાળી.

૧૪. વિ. સ્ત્રી. નૃત્યાદિ કળા જાણનારી; નામાક્ષ.

કલાવર વિ. ઊગતી જુવાનીવાળું.

કલાવવું ૧. સ. ક્રિ. બનાજ સૂકવવું.

૨. સ. ક્રિ. ખીજવવું; ગુસ્સે કરવું.

૩. સ. ક્રિ. ખોટો કરવો; બેહું કરવું.

૪. [સં. કલ્ (ચલાવવું)] સ. ક્રિ. ચલાવવું; વખાણ કરીને બોલાવવું.

૫. સ. ક્રિ. પટાવવું; કળાથી સમજાવવું; હોંસલાવવું.

૬. સ. ક્રિ. લડાવવું.

કલાવવું પટાવવું સ. ક્રિ. કળાથી સમજાવવું; હોંસલાવવું.

કલાવૈત ૧. [સં.] પું. ગવૈરો; સંગીતજ્ઞ.

૨. પું. નટ; ખેલાડી.

૩. પું. ઓર.

૪. [સં.] સ્ત્રી. રત્નગિરિ અને સાવંતવાડી તરફ નાચવાનો ધંધો કરનાર લોકોની એક જાત.

૫. વિ. કળા જાણનાર.

કલાવંત જુઓ કલાવત.

કલાવંતન [હિં.] સ્ત્રી. ગાનાર બજાવનાર સ્ત્રી.

કલાવંતિણ સ્ત્રી. વેશ્યા.

કલાવંતી ૧. [સં.] સ્ત્રી. નર્તકી; નાચનારી; નાચ અને ગાન કરનારી સ્ત્રી.

૨. વિ. નૃત્યાદિ કળા જાણનારી.

કલાવંતીણ જુઓ કલાવંતિણ.

કલાવા ૧. પું. દોરાનો દડો.

૨. પું. સારનું ઝેરડું.

૩. સ્ત્રી. હાથીની ભરદન.

કલિ

૪. પું. હાથીની પ્રેરની આસપાસનું દોરડું.

કલાવાહ ન. ચોસઠ માંહેનું એક તંત્ર.

કલાવાદી [સં.] વિ. કલા જાણનાર.

કલાવાન ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. વિ. કલાવાળું; કળા જાણનારું.

કલાવાહ જુઓ કલાવાહ.

કલાવિદ [સં.] પું. દૂધનો.

કલાવિકલ [સં.] પું. ચાસો.

કલાવિકલી [સં.] સ્ત્રી. ચાસણી.

કલાવિકી [સં.] સ્ત્રી. દૂધની.

કલાવિજ્ઞ [સં.] પું. કલાવિજ્ઞાન જાણનાર.

કલાવિજ્ઞાન [સં.] ન. કળા સંબંધી જ્ઞાન.

કલાવિદ [સં. કલાવિદ્] પું. કલા જાણનાર માણસ.

કલાવિદ્યા ૧. [સં.] સ્ત્રી. કળા સંબંધી જ્ઞાન.
૨. સ્ત્રી. કળાનું શિક્ષણ.

કલાવિધાન [સં.] ન. કલાનું સર્જન; કલાની રચના.

કલાવિધાની [સં.] પું. કારીગર.

કલાવિધાયક ૧. [સં.] પું. કલાકાર; કલાધર.
૨. વિ. કલાનું સર્જન કરનારું.

કલાવિભૂતિ [સં.] પું. દિવ્ય શક્તિવાળો પુરુષ.

કલાવિરોધી [સં.] વિ. કલાનો વિરોધ કરનાર.

કલાવિવેચક [સં.] વિ. કલા સંબંધી ચર્ચા કરનાર.

કલાવિવેચન [સં.] ન. કલા સંબંધી ચર્ચા.

કલાવિશારદ ૧. [સં.] પું. કલામાં પ્રવીણ માણસ.
૨. પું. ચરિત્ર સંગ્રહનો એક ભાગ.

કલાવિષયક [સં.] વિ. કળા સંબંધી; કલાત્મક.

કલાવી સ્ત્રી. બીજું મરચું ભભરાવી વઘાર કહેવાપડું.

કલાવીર [સં.] પું. ઉત્તમ કલાકાર.

કલાવૃત્તિ સ્ત્રી. કળા પ્રત્યેનું વલણ.

કલાવેત્તા પું. કળા વિજ્ઞાન જાણનાર.

કલાવ્યક્તિત્વ [સં] ન. કળાથી પડતી પ્રતિભા

કલાશાલા [સં.] સ્ત્રી. સંગ્રહસ્થાન; મ્યુઝિયમ.

કલાશાસ્ત્ર ૧. [સં.] ન. ભારતના ત્રીસ પ્રાચીન ગ્રંથમાંનો કોકકૃત એક ગ્રંથ.
૨. ન. સૌંદર્યશાસ્ત્ર; રસશાસ્ત્ર.

કલાશિક્ષક [સં.] પું. કલા શીખનાર પુરુષ.

કલાશિક્ષણ [સં.] ન. કલા શીખવવાપણું; કલાવિદ્ય.

કલાશિક્ષ જુઓ કલાશિક્ષણ.

કલાશિંબિકા [સં.] સ્ત્રી. સીંગવાળું ધાન્ય.

કલાશેષ [સં.] પું. બીજનો ચંદ્ર.

કલાશોધી [સં.] વિ. કળાથી ઓપેલું કરેલું.

કલાશ્લાઘ [સં.] ન. કલાને વખાણવું તે.

કલાશ્લાઘ્યધિનાઢ પું. કલાને વખાણનાર શહેર.

કલાસ ૧. [સં. કલશ] પું. કળશ; કળશિયો; લોટો.
૨. [અં. ક્લાસ] પું. વર્ગ.

કલાસમ ન. ચોખા અને ગોપરાથી ભરેલ પૂજા માટેનું પાત્ર.

કલાસર પું. મોજમૌદાર; સર્વેયર.

કલાસર્જક [સં.] પું. કલાકાર; કલા ઉત્પન્ન કરનાર પુરુષ.

કલાસર્જન [સં] ન. કલા ઉત્પાદન.

કલાસંગ્રહસ્થાન [સં.] ન. કલાત્મક વસ્તુઓ જ્યાં એકઠી કરવામાં આવી હોય તેવું સ્થળ; મ્યુઝિયમ.

કલાસંપન્ન [સં.] વિ. કલામાં પ્રવીણ કળાવાળું.

કલાસંપાદન [સં.] ન. કલા મેળવવી તે.

કલાસંપ્રદાય [સં.] પું. કલામાં રસ લેનારા લોકોનો સમૂહ.

કલાસંવેદન [સં.] ન. કળાનું જ્ઞાન; કલાની સમજણ.

કલાસા [ફા.] પું. મદ્યના ચાતાળુઓ જેમાંથી પાણી પીએ તે કૂવો.

કલાસાધ્ય [સં.] વિ. કલાથી મેળવી શકાય તેવું

કલાસાર ન. ચોસઠ માંહેનું એક તંત્ર.

કલાસિકા પું. આપણી કરવાનો જગ.

કલાસિદ્ધિ [સં.] સ્ત્રી. કલામાં મળેલી હસ્તક.

કલાસૂક્ત [સં.] વિ. સિદ્ધ કુશળતાવાળું; સૌષ્ઠવપ્રિય.

કલાસૂત્ર ૧. [સં.] ન. ગોઠવણ; વ્યવસ્થા કરવી તે.
૨. ન. રમતગમત; ખેલ.

કલાસૂત્રી ૧. પું. ખેલાડી.
૨. [ન.] પું. નાચનાર નાચનાર માણસ.
૩. પું. જાદુગર.
૪. વિ. દોરડા ઉપર નાચનાર.

કલાસૌષ્ઠવ [સં.] ન. કલાનું સોળાવાળાપણું.

કલાહક [સં.] પું. એક જાતનું વાદ્ય; કાહલ વાદ્ય.

કલાહિ ૧. પું. ખેલ.
૨. સ્ત્રી. કાંડું; પોંચો.

કલાહૃદય [સં.] ન. કલા પ્રત્યે જાગવાણી મનોવૃત્તિ.

કલાહોમ પું. કકલાણ; ગાળપ; ધોંધાટ.

કલાહોળ જુઓ કલાહોમ.

કલાળ પું. (ડિંગળ) કલાર.

કલાં ૧. વિ. ઉપરનું.
૨. [કા.] વિ. ઊંચું; બુલંદ.
૩. વિ. ખાનદાન.
૪. વિ. પ્રખ્યાત.
૫. વિ. મુખ્ય.
૬. વિ. મોટું.

કલાંકલાં ક્ર. સંપૂર્ણ ખીલેલું હોય એમ.

કલંકર ૧. [સં.] પું. કંસ અસુર.
૨. પું. ચોરીનું કામ બનાવનાર મૂળદેવ.
૩. ન. સારસ પક્ષી.

કલાંગરૂ ન. દુઃખી હોવાનો ઢોંગ.

કલાંઠ ૧. પું. કજિયાખોર માણસ.
૨. વિ. કજિયાખોર.
૩. વિ. ગાંઠે નહિ એવું.
૪. વિ. લુચ્ચું; બેશરમ.
૫. વિ. જો. સરસતાથી ઢોહળ ન દે તેવી.

કલાંઠી ૧. [સં. કટિ] સ્ત્રી. એક પાસું.
૨. સ્ત્રી. શરીરની પાંસળી; કલોઠ.

કલાંતર ૧. [સં.] ન. ચંદની બીજી કળા.
૨. ન. આજનો વધારો.

કલાંપ પું. સાપિયો.

કલાંહાં વિ. કેટલું.

કલિ ૧. પું. એકની સંખ્યા.
૨. પું. કપિલવસ્તુ પાસે આવેલું એ નામનું એક રાજ્ય. કેવદહ તેની રાજધાની હતી.
૩. પું. જુગાર.
૪. પું. કલહ; કંકાસ; કજિયો; કજિયો.
૫. પું. કલિયુગનો અધિષ્ઠાતા પાપમય કલિદેવ; કલિયુગનો અધિષ્ઠાતા પુરુષ—અસુર.
૬. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિને મુનિ નામની સ્ત્રીથી થયેલા દેવગંધર્વમાંનો એક; કશ્યપ અને દનુની કન્યાથી ઉત્પન્ન થયેલ દેવગંધર્વ.
૭. [સં.] પું. કલિયુગ; જગતના આયુષ્યનો છેલ્લો અને ઊતરતો ભાગ; કલ્પ નામના કાલ પરિમાણનો એક ઊતરતો યુગ. તેમાં લોકો અધર્મી અને પાપી થશે એવું હિંદુ ધર્મશાસ્ત્રોમાં લખેલું છે. એ ૪૩૨૦૦૦ વર્ષનો મનાય છે. તેમાંથી ૪૯૭૧ વર્ષ ગયાં છે. હાલ કલિયુગનાં ૫૦૨૮ સૌરવર્ષ ગયાં છે. ચાલુ મન્વંતરમાં આ યુગ ૨૮મો છે.

૮. પું. કજોડાનો.
૯. પું. ક્રોધ.
૧૦. [illegible] છંદમાં ટગણનો એક ભેદ. તેમાં પહેલા બે ગુરુ અને પછી બે લઘુ હોય છે.
૧૧. પું. સુથારનો હાથ. વૈદિક સંસ્કૃતિમાં આ શબ્દનો અર્થ 'સુથારનો હાથ' થાય છે. પછી સાહિત્યમાં તેનો અર્થ 'હારનો હાથ' થાય છે અને પછી લક્ષણાથી 'હાનિ' થાય છે.
૧૨. પું. સુથારમાં એકના બંકવળો પાસો.
૧૩. પું. ખૂડ; અસલ.
૧૪. પું. દુર્જન.
૧૫. પું. દુઃખ.
૧૬. પું. બોળો ધતૂરો.
૧૭. પું. (બંગ) પાપબુદ્ધિ; દુરાગ્રહ.
૧૮. પું. પ્રાચીન હિંદનો એક પ્રાંત; ઇન્દ્રાવન.
૧૯. પું. બહેડાનું ઝાડ. વામન પુરાણમાં એવી કથા છે કે જ્યારે દમયંતીએ નલ રાજાને જ્યમાળા પહેરાવી ત્યારે કલિ ત્રિપાર્ષદને નલ પાસેથી બદલો લેવા માટે બહેડાના ઝાડમાં આશ્રો મળ્યો. આથી બહેડાનું નામ કલિ પડ્યું.
૨૦. પું. બાણ.
૨૧. પું. શિવ; શંકર.
૨૨. પું. શૂરવીર પુરુષ.
૨૩. પું. સંગ્રામ; લડાઈ; યુદ્ધ.
૨૪. પું. સુરમો.
૨૫. પું. સૂર્યનાં ૧૦૮ માંહેનું એક નામ.
૨૬. પું. (પુરાણ) હિંસાથી ઉત્પન્ન થયેલ એક પુત્ર, તેની બહેન દુરુક્તિ અને તેના બે પુત્રો ભય અને મૃત્યુ છે.
૨૭. સ્ત્રી. કૂસની કળી; નહિ ઊઘડેલું ફૂલ.
૨૮. વિ. કાળું.

કલિઅબ્દ [સં.] ન. કલિયુગનું વર્ષ.

કલિઆર [સં. કાલસાર (કાલિઆર)] પું. કરણના ટોળાનો વડો નર; કાળિયાર. એને શિંગડાં અને શરીર કાળાં ધાબાં હોય છે.

કલિક [સં.] પું. એક જાતનું ભજનું; ક્રૌંચ પક્ષી.

કલિકચ્છ સ્ત્રી. ઉત્તમ પ્રકારના ઘોડાની એક જાતિ.

કલિકર્મ [સં.] ન. યુદ્ધ; સંગ્રામ.

કલિકલુષહારી [સં. કલિકલુષહારિન્] વિ. કલિયુગનાં પાપને હરનાર.

કલિકા ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ; મંજરી; મંડરી. તેના પહેલા પદમાં બે ગુરુ, દશ લઘુ એમ બાર વર્ણ, બીજામાં બે ગુરુ અને છ લઘુ એમ આઠ વર્ણ; ત્રીજામાં બે ગુરુ અને બાર લઘુ એમ સોળ વર્ણ અને ચોથામાં બે ગુરુ અને આઠ લઘુ એમ વીસ વર્ણ હોય છે.
૨. [સં.] સ્ત્રી. અંજુખીલેલું ફૂલ; કળી.
૩. સ્ત્રી. અંત; ભાગ.
૪. સ્ત્રી. કલા; મુહૂર્ત.
૫. સ્ત્રી. કસ્તૂરી ભરું.
૬. સ્ત્રી. ચંદની એક કલા.
૭. સ્ત્રી. પત્ની પરંપરાવાળી એક રમત.
૮. સ્ત્રી. પ્રાચીન કાળનું એક વાદ્ય.
૯. સ્ત્રી. પીપળાનો મૂળભાગ.
૧૦. સ્ત્રી. સંસ્કૃત છંદનો એક ભેદ.

કલિકાપૂર્વ ન. અંતથી ઉત્પન્ન થનારું કોઈ વૈદિક કર્મ.

કલિકાર ૧. [સં.] પું. નારદ મુનિ.
૨. પું. પીળા માથાવાળું એક જાતનું પક્ષી.
૩. પું. પ્રતિકરંજ; કરંજનું ઝાડ.
૪ વિ. કજિયાખોર.
૫. વિ. કળીને પામનાર.

કલિકારક સુગ્રો કલિકાર.

કલિકારિણી [સં.] વિ. સ્ત્રી. કજિયો કરનારી; કંકાસખોર.

કલિકારી [સં.] સ્ત્રી. એ નામનો એક છોડ; ઇંદુપુષ્પિકા; વિષલાંગલી.

કલિકાવૃષ [સં.] વિ. કળી જેવું સુકોમળ.

કલિકાલ ૧. પું. અધર્મનો જમાનો; અન્યાયનો સમય
૨. [સં.] પું. કલિયુગ; ચાર માંહેનો છેલ્લો યુગ.

કલિકાલલલિતા પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ છંદનો ભેદ છે. તેના પહેલા અને ત્રીજા પાદમાં સગણ, જગણ, તગણ, યગણ, સગણ, જગણ અને બે ગુરુ એમ બાર વર્ણ, તથા બીજા અને ચોથા પાદમાં સગણ, જગણ, તગણ, યગણ અને બે સગણ એમ અઢાર વર્ણ છે.

કલિકાલસર્વજ્ઞ [સં.] વિ. કલિયુગનાં બધાં શાસ્ત્ર જાણનાર. જૈન મુનિ હેમચંદ્રાચાર્ય શાસ્ત્રમાં ઘણા પ્રવીણ હોવાથી કલિકાલ સર્વજ્ઞ કહેવાતા.

કલિકાવલિ [સં.] સ્ત્રી. કળાવલિ.

કલિકાળ પું. કલિયુગ. સુગ્રો કલિકાલ.

કલિકિલિમય [સં.] ન. કલિયુગમાં થતાં પાપ.

કલિકિલ્વિષ [સં.] પું. નારદ.

કલિકુક્ષિ [સં. કલિકુક્ષ] પું. કાળપરિમાણનો ચોથો યુગ; ચક્રારનો ચાલતો યુગ. તેનાં વર્ષ ૪,૩૨૦૦૦ છે. તે પૂરાં થયે દુનિયાનો નાશ થવાનો એમ મનાય છે.

કલિત ૧. [સં. કલ્ (ગણવું)] ન. ગણન.
૨. ન. મહત્ત્વ.
૩. ન. જ્ઞાન.
૪. ન. બંધન.
૫. ન. ભેદન.
૬. ન. લાભ.
૭. ન. વિચાર.
૮. વિ. ઉક્ત; કહેલ.
૯. વિ. કલકલ અવાજ કરતું.
૧૦. વિ. ગણાયેલું; ગણેલું; સમજાયેલું.
૧૧. વિ. કળાવાળું.
૧૨. વિ. મહત્ત્વ કરેલ; પકડેલ.
૧૩. વિ. સુંદર પાડેલું.
૧૪. વિ. ધીમે બોલાયેલું; સંભળાય તેમ નહિ બોલાયેલ.
૧૫. વિ. પૂર્ણ; પૂરેપૂરું.
૧૬. વિ. પ્રાપ્ત કરેલ.
૧૭. વિ. બંધાયેલ; બાંધેલું.
૧૮. વિ. ભેગું કરેલું; ચૂંટેલું.
૧૯. વિ. ભેરવેલ.
૨૦. વિ. મિશ્રિત; મેળવેલું.
૨૧. વિ. વિચારેલ.
૨૨. વિ. સભ્યા કરેલ; ગણેલ.
૨૩. વિ. સુશોભિત; સુંદર.

કલિતક ન. જોડીમધ.

કલિતકમલમાલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, એક મગણ અને બે ગુરુ એમ અગિયાર વર્ણ હોય છે.
કલિતકમલમાલામાં લાવો.
ન ન મ ગ ગ ધરીને લોલાલો. ઇ.પિંગળ

કલિતકર ૧. પું. કળાકૌશલ્ય દર્શાવનાર હાથ.
૨. પું. ધૂપરીવાળી વીંટી પહેરેલ હાથ.

કલિતકંઠ [સં.] પું. એ નામનું પક્ષી; ભપંખો.

કલિતકા સ્ત્રી. કળી.

કલિતક્રીડા ૧. [સં.] સ્ત્રી. કલકલ અવાજ થતો હોય એવી કામક્રીડા.
૨. સ્ત્રી. કળાયુક્ત રમત.

કલિતનક ન. જોડીમધ.

કલિતરુ [સં.] પું. બહેડાનું ઝાડ.

કલિતા ૧. પું. એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મૌરલિક. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ અને ગુરુ એમ સાત વર્ણ હોય છે.
૨. વિ. કળી શકાય એવું.

કલિતારક [સં.] પું. સહજાનંદ સ્વામી. તે અઘોર કલિમાં અપાર અધર્મરૂપ સમુદ્રમાં ડૂબતા જનોને સુખરૂપ પાર ઉતારનાર મનાતા હોવાથી કલિતારક કહેવાયા.

કલિદુમ ૧. [સં.] જ. બહેડાનું ઝાડ. તેમાં ત્રીણી ત્રીણી ફળીઓ થાય છે.

૨. જ. બહેડું; બિભિતક.

કલિનાથ [સં.] પું. સંગીતના ચાર આચાર્યો માહેનો એક.

કલિનિગ્રહકર્તા [સં. કલિનિગ્રહકર્તૃ] પું. વિષ્ણુનું નામ; પુરુષોત્તમનાં જગત્ર મહિનું એક નામ.

કલિપાત પું. ચિત્ર રચનારાનો એક છંદ.

કલિપુર ૧. [સં.] જ. પ્રાચીનમધ્યિ અથવા માલેકની એક જૂના વખતની જાણનું નામ.

૨. જ. પદ્મરાગમણિનો એક ભેદ.

કલિપ્રગાથ [સં.] પું. સામવેદનો એક ઋષિ

કલિપ્રાગાથ પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે આઠમા મંડળનું ૬૧મું સૂક્ત રચ્યું છે.

કલિપ્રિય ૧. [સં.] પું. નારદ.

૨. પું. બહેડાનું ઝાડ.

૩. પું. વાંદરો.

૪. વિ. કજિયાળું.

કલિબલ ૧. પું. કલિયુગની દુષ્ટ અસર.

૨. પું. પાપ; અસદ્‌વાસના.

૩. પું. રોગ.

કલિમલાપહ [સં.] પું. પુરુષોત્તમનાં જગત્ર માહેનું એક નામ. કલિયુગમાં જીવતનાં પાપોનો તે જ માત્ર નાશ કરનાર મનાય છે.

કલિમષ [સં. क्लिमिष] જ. પાપ; પાતક.

કલિમા ૧. [અ.] પું. ધર્મ સંબંધી મુસલમાનોની માન્યતા.

૨. પું. શબ્દ.

૩. પું. (આકરણ) શબ્દભેદ.

૪. સ્ત્રી. ભાષણ.

કલિમારક [સં.] પું. પૃતિકરંજ નામનું ઝાડ.

કલિમાલક જુઓ કલિમારક.

કલિયા ૧. [અ.] પું. માંસની એક જાતની વાની.

૨. સ્ત્રી. કળી.

કલિયાકુ પું. (ડિંગળ) વિષ્ણુ.

કલિયાન [ગ્રી.] પું. નાનો દુકડો. ફ્રેંચનીઓ તેને 'કલિયું' કહે છે.

કલિયાર [સં.] પું. હરણ; મુખ્યી મૃગ; સિંગડાંવાળું પ્રાણી રંગનું નર હરણ.

કલિયારી ૧. [સં. કલિહારી] સ્ત્રી. એક ઝેરી ઝાડ; કલગારી; કુમિલો વછનાગ.

૨. સ્ત્રી. વનસ્પતિની એક જાત; લાંગૂલી; નાગલી.

કલિયાવું અ. ક્રિ. બીલવું.

કલિયુગ ૧. [સં.] પું. કાળપરિમાણના ચાર યુગમાંનો છેલ્લો યુગ; અધર્મનો યુગ. મહાભારત અને અનુસ્મૃતિ પ્રમાણે ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષનો આ યુગ ગણાય છે, પરંતુ પૌરાણિક રીતે ૧૨૦૦×૩૬૦ = ૪૩૨૦૦૦ વર્ષનો કલિયુગ ગણાય છે. હિંદુઓની કાળગણના અનુસાર કલિયુગ એક મહાયુગનો દસમો અંશ માત્ર છે. મહાયુગમાં ચાર યુગ મનાય છે: કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ. દ્વાપર કલિયુગથી બમણો, ત્રેતાયુગ કલિયુગથી ત્રણ ગણો અને કૃતયુગ કલિયુગથી ચાર ગણો મનાય છે. એવા ૧૭ મહાયુગનો એક મન્વંતર અને ૧૪ મન્વંતર ને ૬ મહાયુગનો એક કલ્પ કે બ્રહ્માનો દિવસ કહેવાય છે. કેટલાકને મતે આ યુગનો આરંભ કાર્તિક સુદ ૯ સોમવારે થયો કહેવાય છે. કોઈ કહે છે કે આ યુગનો આરંભ શ્રાવણ સુદ ૫ થી છે. કોઈના મત પ્રમાણે ભાદરવા વદ ૧૩ રવિવારે મઘરાતે આશ્લેષા નક્ષત્રમાં વ્યતિપાત યોગમાં અને મિથુન લગ્નના ઉદયમાં કલિયુગની ઉત્પત્તિ થઈ. આ યુગની શરૂઆત ઈ. સ. પૂર્વે ૩૧૦૨ થી થઈ છે એમ પણ કેટલાક માને છે. આમાં વિષ્ણુના બે અવતાર છે: એક બુદ્ધ અને બીજો કલ્કી. આ યુગમાં મનુષ્યની ઊંચાઈ ૩૩ હાથ અને આયુષ્યપ્રમાણ સો વર્ષનું ગણાય. આ યુગનાં વિશિષ્ટ લક્ષણો. અન્નમય પ્રાણ, ભાગીરથી તીર્થ, વિશ્વેશ્વર દેવ, અન્નક્ષેત્ર, ધર્મને આરંભમાં ૧ પગ, શ્રાદ્ધનું બિલકુલ નષ્ટ થવું, નોકરી એ જ ધંધો વગેરે. આ ઉપરાંત એનું પણ ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે જે લોકોને વિશ્વાસ હોય તે જ કળિયુગમાં ઈશ્વર ચિંતવન કરશે, માટી અને લોઢાં તેમ જ તાંબાનાં વાસણોનો વપરાશમાં ઉપયોગ થશે, વ્યવહારમાં પણ તાંબાની ધાતુનો ઉપયોગ થશે, જમીન નિઃસત્ત્વ થશે, બાળબ્રહ્મચારી વર્ષે પેટભરા અને ભીરુ જોલનારા જણાશે, લોકો કરાવે તે જ ખોટલો લૌકિક ધર્મ તે ધર્મ મનાશે, દીર્ઘદૃષ્ટિ નષ્ટ થશે, લોકો ખોટું જોલનારાં થશે, પિતાપુત્રમાં વેર અને દ્વેષભાવ માલૂમ પડશે, ઓગ્યોની સંખ્યા પુષ્કળ થશે અને તે પણ અધિકારિણી થશે. યુગની આખરે અંગૂઠાના વેઢના એક વાંસ જેવડી માણસોની આકૃતિ થશે. ધર્મરાજ, વિક્રમાદિત્ય વગેરે શકકર્તા રાજાઓ તેમ જ ઍલેક્ઝાંડર તથા શ્વેતવર્ણીય રાજાઓ થશે. ગાયનું દૂધ બકરા ઉપર આવશે. વેદની ક્રિયાઓ, બલાઓનાં ક્રમો, વિધિઓ અને યજ્ઞો બંધ થશે, દુઃખ, આપત્ત, રોગ, ભય, બૂલશેષ, ગુસ્સો વગેરે અનિષ્ટો વધી પડશે. આવી રીતે પ્રજા વિનાશને રસ્તે ધસડાવા લાગશે અને મનુષ્યની જિંદગીનું કોઈ ચોક્કસ માપ નહિ હોય. આ યુગમાં માટીનાં પાત્ર થશે, હાડકાંનો વેપાર થશે, લુચ્ચાઓની પૂજા થશે, પ્રલય સાત થશે અને રાજા ધર્મકર્મ રહિત બનશે. કલિનું સ્વરૂપ: તે પિશાચના જેવા મોઢાવાળો, ક્રૂર તથા કલહપ્રિય છે. તે ડાબા હાથથી પોતાની ઇંદ્રિય તથા જમણા હાથથી પોતાની. જીભ પકડીને રહેલ છે. એના પ્રભાવથી મનુષ્યોની દેવતાઓમાં ભક્તિ રહેતી નથી, તપસ્વીઓ કપટવેશધારી થાય છે, મનુષ્યો જૂઠાં બોલે છે, વરસાદ કોઈક કોઈક સ્થળે થાય અને નીચ જન મજા કરે. કલિયુગમાં ૭ ચક્રવર્તી રાજા ઉત્પન્ન થશે એમ મનાય છે: (૧) હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર. તેનો શક આરંભમાં ૩૦૪૪ વર્ષ. (૨) ઉજ્જયિનીમાં વિક્રમ. તેનો શક ૧૩૫ વર્ષ. (૩) પૈઠણમાં શાલિવાહન. તેનો શક ૧૮૦૦૦ વર્ષ. (૪) વૈતરણી નદીને ઠેકાણે સિંધુસંગમ વિજયાભિનંદન. તેનો શક ૧૦૦૦૦ વર્ષ. (૫) ગૌડ દેશમાં ધારાતીર્થમાં નાગાર્જુન, તેનો શક ૪૦૦૦૦૦ વર્ષ. (૬) કર્ણાટક દેશમાં કરવીર ક્ષેત્રમાં કલ્કી અવતાર. તેનાં વર્ષ ૮૨૧. આ પ્રમાણે ૭ શકકર્તા રાજાઓ થયા બાદ કલિયુગની સમાપ્તિ થશે. કલિનો પાંચ ઠેકાણે વાસ કહેવાય છે: (૧) જૂગટું, (૨) જૂગડું, (૩) મદ્યપાન, (૪) જીવહિંસા અને (૫) સુવર્ણ.

૨. પું. બરાબ વખત.

૩. પું. દુષ્ટ આયુષ.

૪. પું. સૂર્યના ઘોડાઓ માંહેનું એક નામ.

કલિયુગ સંવત પું. ભારતીય ૩૪ સંવત માંહેનો એક. તેનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૩૧૦૨ માં ૧૮ ફેબ્રુઆરિના શુક્રવારે પ્રાતઃકાલથી થયાનું કહેવાય છે. તેને ભારત યુદ્ધ સંવત અથવા યુધિષ્ઠિર સંવત પણ કહે છે. એ સંવતનો વિશેષ ઉપયોગ જ્યોતિષના ગ્રંથો તથા પંચાંગોમાં, પણ કયારેક કયારેક શિલાલેખ આદિમાં પણ મળી આવે છે. જુઓ સંવત.

કલિયુગારંભા [સં.] સ્ત્રી. આપ માસની પૂર્ણિમા.

કલિયુગાલક્ષ [સં.] જ. બહેડાનું ઝાડ. તેમાં ફળીઓ બહુ થાય છે તેથી તેને આ નામ આપવામાં આવ્યું છે.

કલિયુગી ૧. [સં.] વિ. કલિયુગનું.
૨. વિ. ખરાબ પ્રવૃત્તિવાળું.
કલિયો પું. હાથનું એક ઘરેણું.
કલિરવ પું. કોલાહલ; ઘોંઘાટ.
કલિલ ૧. [સં.] ન. અવ્યવસ્થિત દબાણ.
૨. ન. ગોટાળો; ગૂંચવણ.
૩. વિ. ભરાયું; ગહન.
૪. વિ. બરફ થયેલું.
૫. વિ. ઊંડું; અગાધ.
૬. વિ. એક થયેલું; મિશ્રિત.
૭. વિ. દુર્લભ; અપ્રાપ્ય.
૮. વિ. ભરેલું; ભરપૂર.
૯. વિ. સમૃદ્ધવાળું.
કલિલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરિલા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે સગણ, એક લઘુ અને એક ગુરુ એમ આઠ વર્ણ હોય છે.
કલિલા સ સ લા ગ
કલિલિ સ્ત્રી. ઢોરમાં જંતુથી થતો એક રોગ.
કલિવર ન. કલેવર; શરીર.
કલિવર્જ્ય [સં.] વિ. કલિયુગમાં નિષેધ હોય એવું. અશ્વમેધ, ગોમેધ, દેવર વગેરેનો નિયોગ, સંન્યાસ, માંસનું પિંડદાન વગેરે કલિયુગમાં વર્જ્ય છે.
કલિવલ્લભ [સં.] પું. ચાલુક્ય વંશનો એક રાજા; ધ્રુવ.
કલિવિક્રમ [સં.] પું. દક્ષિણ દેશનો એક ચાલુક્ય વંશી રાજા. તેને ત્રિભુવનમલ્લ અથવા બીજો વિક્રમાદિત્ય પણ કહે છે. તેના પિતાનું નામ આહવમલ્લ હતું. તેણે સંવત ૬૬૧ થી ૧૦૪૮ સુધી રાજ્ય કર્યું.
કલિવૃક્ષ [સં.] પું. કલિદ્રુમ; બહેડાનું ઝાડ.
કલિસંતરણ [સં.] ન. કૃષ્ણ યજુર્વેદની શાખાનું એક ઉપનિષદ.
કલિસંતારણ જુઓ કલિસંતરણ.
કલિહાર [સં.] પું. કૃષ્ણસાર; કાળું હરણ.
કલિહારિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કૃષ્ણિનો વનપ્રકાર; કલિહારી.
કલિહારી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલિહારિ.
૨. સ્ત્રી. કન્યાળી સ્ત્રી.
કલિંગ ૧. પું. અત્રિ ગોત્રમાં થયેલ એ નામનો એક ચંદ્રવંશી રાજપુત્ર. તેના પિતાનું નામ વલિ હતું. કલિંગ દેશનું નામ તેના નામ ઉપરથી પડ્યું છે.
૨. [સં.] પું. આંધ્રની પૂર્વે આવેલો વૈદિક કાળનો હિંદુસ્તાનનો એક પ્રદેશ.
૩. પું. ઉદ્ભટ બંદરનો.
૪. પું. એ નામનું વહાણ એક રત્ન; મુખલિંગમ્. તે ગંજમ પરગણામાં પરલખિમેડીથી ૨૦ માઇલ વંશધારા નદીના મુખ ઉપર આવેલું છે.
૫. પું. એક પર્વતનું નામ.
૬. પું. એક પ્રાચીન દેશનું નામ; ઓરિસા; તેલંગ દેશ. તેનો વિસ્તાર ગોદાવરી અને વૈતરણી નદી વચ્ચે હતો. વૈતરણી નદીની અને બંગાળની વચ્ચે બંગાળના ઉપસાગરના કાંઠાની પાસે જે જમીનનો ભાગ હતો તે એ કાળનો કલિંગ દેશ હતો. કર્ણના લોકો વહાણ ચલાવવામાં બહુ પ્રસિદ્ધ હતા. ચંદ્રગુપ્તના વખતમાં લોકો હાથી ઉત્તમ ગણાતા.
૭. પું. ઓરિસામાં આવેલા ભુવનેશ્વર ગામનું પ્રાચીન નામ. જાતના સૈન્યમાં લલાટેન્દુ કેસરીના સમયમાં આ નામ ફેરવીને ભુવનેશ્વર નામ રાખવામાં આવ્યું હતું. આ નગર ઓરિસાની રાજધાની હતું.
૮. પું. (સંગીત) કલિંગો રાગ. આ રાગ દીપક રાગનો પંચમો પુત્ર માનવામાં આવે છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે અને રાતના ત્રીજા પહોરે ગવાય છે.
૯. પું. કાકડાશિંગા.
૧૦. [સં. ક (જલવાચક) + લિંગ (ચિહ્ન)] પું. કલિંગડું; તરબૂચ.
૧૧. પું. ચોપિયા જેવી પાંખવાળું દસ ઇંચની લંબાઈવાળું એક પક્ષી; દીર્ઘપક્ષી. આ માંસાહારી પક્ષી સિંહના મુખ ઉપર બેસી તેના દાંત વચ્ચે ભરાઈ રહેલા માંસનો ચારો કરે છે. નર તથા માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. તેને ચાંચથી એક પહોળો કાળો પટો રહે અને આંખ ઉપર જઈને પસાર થાય છે. તેની ઉપરના ભાગમાં પીળાં વાદળી કે ભૂરાં, પાંખો ઉપરનાં લક્ષણ સફેદ અને નીચલા ભાગનાં તદ્દન સફેદ હોય છે. પૂંછડી જરા લાંબી હોય છે. ચાંચ લાંબી અને વળેલી હોય છે. આ પક્ષી વરસ, આફ્રિકા, ઑસ્ટ્રિલિયા અને ઉત્તર અમેરિકામાં જોવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં પણ આ પક્ષી દેખાય છે. આ પક્ષી જંગલથી તો દૂર જ જાય છે. એક જગ્યા એ પક્ષી જોડે સાથે રહે છે. એવું કરીને તે જમીન ઉપરથી પોતાનો ખોરાક લે છે. બીજા ઉપજાતિને તે પાસે આવવા દેતું નથી. માદા વધુમાં વધુ ત્રણ ઈંડાં મૂકે છે.
૧૨. પું. (પુરાણ) તે નામનો એક ક્ષત્રિય. દ્રૌપદીના સ્વયંવરમાં તે આવ્યો હતો.
૧૩. પું. પીપરનું ઝાડ.
૧૪. પું. મૂર્તિકરેજ નામનું ઝાડ.
૧૫. પું. પ્રાચીન કાળનો એક રાજા. તે બલિ રાજાની રાણી સુદેષ્ણા અને દીર્ઘતમસ ઋષિના નિયોગથી ઉત્પન્ન થયેલ મનાય છે.
૧૬. પું. ભારતની એ નામની એક લિપિ.
૧૭. પું. (પુરાણ) ભારતવર્ષનો એક દેશ. એ ઉદ્ઘાસ્કની દક્ષિણે હોવાનું મનાય છે. એની રાજધાની રાજપુર કહેવી છે. પાંડવના સમયમાં ત્યાં ભાનુમંત નામનો રાજા હતો. આ પ્રદેશને સહદેવે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે કરતી દીધો હતો.
૧૮. પું. રાતનું ઝાડ.
૧૯. પું. (સિદ્ધ) વૈદ્યક ગ્રંથના બોધકામની વિદ્યાની બે શાખામાંની એક. બીજી શાખા આંક કહેવાય છે.
૨૦. પું. હિંદી મહાસાગરમાં ભારતની દક્ષિણ પશ્ચિમે ૧૦૦ માઈલ ઉપર આવેલ ટાપુઓનો એક સમૂહ. કેપ્ટન કલિંગે ઈ. સ. ૧૬૦૬માં તેની શોધ કરી અને તેના નામ ઉપરથી જ આ ટાપુઓનું નામ કલિંગ પડ્યું.
૨૧. વિ. બાહોશ; હોશિયાર; ચતુર.
૨૨. વિ. ક્રુદ્ધ.
કલિંગક ૧. [સં.] પું. કૃષ્ણજીરું; કાળજીરું.
૨. ન. તરબૂચ.
કલિંગડ (કલિંગ) ૧. ન. એ નામનો એક વિલાયતી ઔષધપાલો. એનાં બી ખરબો ગિલોડો જેવા પણ વધારે, જમીન રેતાળ અને ખૂબ ખાતર નાખેલી હોવી જોઈએ.
૨. [સં. કલિંગ] ન. ઔષધમાં કલિંગડું; તરબૂચ. બારિયાં અને ટેટીની જાતનું ઉપરથી લીલું અને અંદરથી લાલ પાણીથી ભરપૂર મિષ્ટ ફરવાનું એક મોટું ફળ. તે નદીની રેતીમાં વાવવામાં આવે છે. તેના વેલા બહુ જલદીથી વધે છે. કુમળા કલિંગડાનું શાક કે અથાણું થાય છે.
કલિંગડા (કલિંગડ) પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેના રિષભ, ધૈવત, કોમળ અને અન્યત્ર મૂર્છના સહિત ન્યાસ છે. બાકીના સર સુદ્ધ છે. તે શાંતરસપ્રધાન છે અને રાતના ત્રીજા પહોરે ગવાય છે.
કલિંગડું (કલિંગડું) જુઓ કલિંગડ.
કલિંગડો (કલિંગડો) [સં. કલિંગ] પું. (સંગીત) વૈદ્યક રાગને મળતો એ નામનો એક રાગ. શાંત વાતાવરણમાં તે બહુ બરાબર છે. તેની જાતિ સંપૂર્ણ એટલે બરાબર સુદ્ધ, રિષભ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ વૈવત કોમળ,

અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. આ રાગ દીપક રાગનો પાંચમો પુત્ર માનવામાં આવે છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે અને રાતના બીજા પહોરે ગવાય છે.

કલિંગડો પું. (ચારણી) તરબૂચ.

કલિંગદેશ ૧. પું. ઓડિશા; ઉડિશા પ્રાંત.

૨. [સં.] પું. દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો એક દેશ.

કલિંગબીજ [સં.] ન. ઉંદરજર; પુરાના ઝાડનાં કાળાં ફળમાં રહેલ તરબૂચ જેવાં કાળાં બી.

કલિંગર ન. (ગ્રામ્ય) તરબૂચ.

કલિંગરાજ પું. કલિંગ દેશનો રાજા.

કલિંગલિપિ સ્ત્રી. દક્ષિણી કૈથીની જ બહિની એક જાતની લિપિ. આ લિપિ મદ્રાસ ઇલાકાના ચિકાકોલ અને ગંજામના મધ્ય પ્રદેશમાં માલૂમ પડી છે. આ મધ્યપ્રદેશી લિપિને જગતી આવે છે. તેના અક્ષર સામાન્ય રીતે સમકોણવાળા હોય છે. ઉપરમાં જોવામાં નાગરી, કનડી તથા ગ્રંથલિપિનું મિશ્રણ થઈ ગયું છે.

કલિંગા ૧. [સં.] સ્ત્રી. એક છોડનું નામ. તે સાધારણ રીતે તેજોરી કહેવાય છે. તે રેચક તરીકે વપરાય છે.

૨. સ્ત્રી. નસોતર.

૩. સ્ત્રી. સુંદર સ્ત્રી.

કલિંગાદિકક્વાથ [સં.] પું. (વૈદક) વિષમજ્વર તથા પિત્તજ્વર માટે વપરાતો એક ઉકાળો. તેની બનાવટ: ઉંદરજવ, પટોલ અને કડુ એ દરેક અડધ તોલો લઈ તેને અધકચરાં કરી ૧૬ ગણા પાણીમાં ઉકાળવું જ્યારે છ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળીને પીવું.

કલિંગાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) જ્વરાતિસાર માટેની ગોળી. તેની બનાવટ: ઉંદરજવ, ભીંડીનો ગર્ભ, લાંબુડાની છાલ કે કુળિયા, આંબાની ગોટલી, કોકમનો ગર્ભ અને રસવંતી, લાખ, હળદર, વાળો, કાકડા, અરડૂસાની છાલ, સોનેર, મોચરસ, ધંખસરસ, ધાવડીનાં ફૂલ અને વરિયાળી એ બધાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સોનાના ઘોલમાં ઘૂંટી તેની ગોળીઓ કરવી.

કલિંગાન અરબી સ્ત્રી. એક જાતની બાજરી.

કલિંજ ૧. [સં.] સ્ત્રી. સાદડી.

૨. સ્ત્રી. સૂકી સાદડી.

૩. સ્ત્રી. સંઝવી.

૪. ન. નરકટ નામનું ઘાસ.

કલિંજર ૧. પું. એ નામનો એક પર્વત.

૨. ન. એક કલ્પનાનું નગર.

કલિંદ ૧. પું. એક આર્ય જાતિ.

૨. [સં.] પું. એક વનસ્પતિ; ભોંયરિંગણીનું ઝાડ.

૩. પું. તે નામનો પર્વત; હિમાલય પર્વતની પંદરપુન્ન ગિરિમાળામાં આવેલો પહાડી પ્રદેશ. આ પર્વતને યમુના પર્વત પણ કહે છે. આંથી જમના નદી નીકળે છે. એ ઉપરથી જ જમનાનું નામ કાલિંદી પડ્યું છે.

૪. પું. સૂર્ય.

૫. ન. એક જાતનું ફળ; કલિંજર; તરબૂચ

કલિંદકન્યા [સં.] સ્ત્રી. યમુના નદીનું એક નામ; કાલિંદી; જમના નદી. તે કલિંદ નામના પર્વતમાંથી નીકળે છે.

કલિંદગિરિ [સં.] પું. કલિંદ પર્વત.

કલિંદગિરિજા જુઓ કલિંદકન્યા.

કલિંદજા જુઓ કલિંદકન્યા.

કલિંદતનયા જુઓ કલિંદકન્યા.

કલિંદનંદિની જુઓ કલિંદકન્યા.

કલિંદરા સ્ત્રી. ભરતખંડમાં અસલના વખતમાં થતા કાપડની એક જાત.

કલિંદસુતા જુઓ કલિંદકન્યા.

કલિંદી [હિં.] સ્ત્રી. કાલિંદી.

કલિંદ્ર [હિં.] પું. તરબૂચ.

કલી ૧. પું. કળીચૂનો.

૨. પું. સુતારનો દાબ. ખુલ્લો કલિ.

૩. સ્ત્રી. એક જાતની ભાજી.

૪. [અ.] સ્ત્રી. ખોખરી; ચળકાટ.

૫. સ્ત્રી. કલાઈ; કલાઈ.

કલી કરવી = (૧) પિત્તળનાં વાસણની અંદર કલાઈનો લોપ ચઢાવવો. (૨) ચાલું બોઘવું. (૩) વસ્ત્રાને સોડાવીને મૂકવાં; પછી ઘાટીને કપડાં મૂકવાં.

૬. સ્ત્રી. ધાતની એક જાત.

૭. [અ.] સ્ત્રી. ચૂનો ઘાંટવાપણું.

૮. સ્ત્રી. ચોસઠમાં ચોકડીથી નેવા સુધી નખાતો લૂગડાનો ત્રાંસિયો.

૯. સ્ત્રી. તમાકુ પીવાની નળીની એક જાત.

૧૦. સ્ત્રી. પહોળામાં આખલો તથા પાછલો બાજુ જોડવાનું લૂગડાનો ત્રાંસિયો.

૧૧. સ્ત્રી. પીપુ.

૧૨. સ્ત્રી. પુરુષનો રજોવીર્ય ન થયો હોય એવી સ્ત્રી.

૧૩. [સં.] સ્ત્રી. કૂલની કળી.

૧૪. સ્ત્રી. વૈષ્ણવોનું એક જાતનું તિલક. તે કૂલની કળી જેવું હોય છે.

૧૫. ન. બહેડાં.

૧૬. ન. કળીને; બાજીને.

કલીઆયુ વિ. કુળવાનું; બાનદાન.

કલીઆલુ ન. કકલાયું.

કલીઆર ન. એ નામનું એક ઝાડ; કેવડંગના; રક્તકંચન.

કલીઆરો પું. સરત તરફ થતી એક જાતની ભાજી.

કલીઓ પું. જાત રાખવાનું કલાઈનું પાત્ર.

કલીકલુષ ન. કલિકાળનો કેફાસ; કજિયો.

કલીકલોલ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કલીકાચ ૧. ન. ટોચાંની ચૂંથણીવાળું વસ્ત્રાંતર.

૨. ન. વાઢીનવાણું સીધું ચાટકાચ; સરખા ચાપનો ચાટો.

કલીકો પું. અસ્તરનું બાકું લૂગડું.

કલીક [સ.] સ્ત્રી. કૂંચી.

કલીદાર વિ. ચડીવાળું; ઝબ્બીબંધ.

કલીદી [હિં.] સ્ત્રી. ઢોરમાં જંતુનો એક રોગ.

કલીદ્રુમ [સં.] ન. બહેડાનું ઝાડ.

કલીફો પું. એક જાતનો શોભાવાળો પાનનો છોડ. તેનાં પાન સિંદોરિયાનાં પાન જેવાં લાલ પીળા રંગનાં કરકરિયાંવાળાં હોય છે.

કલીબ [અ.] પું. નપુંસક માણસ.

કલીમત ૧. [અ.] પું. વર્ણભેદ.

૨. સ્ત્રી. મુસલમાન ધર્મની કલમત.

૩. સ્ત્રી. ગબ્દ ભાષા.

કલીમરજો [ચૂ.] સ્ત્રી. કૂલવાનું ઘાસ.

કલીમલ ૧. [સં. ક્લિમિષ] ન. અપરાધ.

૨. ન. પાપ.

૩. ન. રોગ.

કલીમલી સ્ત્રી. એક જાતની ભાજી. તેનો છોડ ચોમાસામાં ખારમાં કે નદીને કાંઠે ઊગે છે. તેનાં પાન જમીન ઉપર પાતળાં ને લાંબાં કુંવળીનાં પાનની માફક ઊગતાં રહે છે.

કલીમા જુઓ કલીમત.

૧. કલીમા પઢવા = મુસલમાન ધર્મની કલમત ફરી ફરી બોલવી.

૨. કલીમા બે હક = સત્ય બોલવું.

૩. ક્રમાની આંગળી = અગલી આંગળી; તર્જની.

કલીમીલુતા સ્ત્રી. એક જાતનો છોડ; ફંગ; કંદી. પથરવાળી જગ્યામાં તે વધુ સારો લાંબો વખત ટકી રહે છે. જ્યાં થોડું પાણી હોય ત્યાં તે વધારે છે. તેનાં પોળાં અને સુગંધી ફૂલ સાંજે ખીલે. તેનાં કુમળાં પાન મુખવાસ તરફ શાક બનાવવામાં વપરાય છે.

કલીમુલ્લાહ પું. ખુદા તરફથી બોધ આપનાર.

કલીયન [હિં.] ન. કૂવાની કળી.
કલીયાં આવવાં = (૧) બીસવું. (૨) નવાં પીયાં મેળવવાં.

કલીર પું. (બિંગળ) ગુરુ.

કલીલ ૧. [અ.] વિ. અપૂરું; અપૂર્ણ.
૨. વિ. અલ્પ; થોડું; કમ.
૧. કલીલો કસીર = ઓછુંવત્તું; થોડુંઘણું.
૨. મિખારે કલીલ = થોડી મુદત.
૩. વિ. નકામું.
૪. વિ. મર્યાદિત; સાંકડું.

કલીસ અબરકર પું. સાક્ષાત્કાર.

કલીસા પું. (ગ્રીક) ખ્રિસ્તી દેવળ.

કલીસોબોરા ન. કુબ્જપુર.

કલીંગ [સં.] પું. ઉદ્દાલ્વ. જુઓ ઉદ્દાલ્વ.

કલીંગક (કલીંગઃ) ન. તરબૂચ.

કલીંગર જુઓ કલીંગક.

કલીંગું જુઓ કલીંગક.

કલીંગો પું. કરામા નક્ષત્રક અજાતારની સામે લાગનાર તેજાં કરસામ કન્સલ.

કલીંદો પું. તરબૂચ.

કલુઓ [સં. કલલ] પું. ગર્ભ વખતે વરને કન્યાના બાપને લાંબી પહેલવહેલો બોલાવામાં આવતો મંગળ કલ્લા; કલવો.

કલુખ [સં. કલુષ] ન. (બિંગળ) પાપ.

કલુખાઈ સ્ત્રી. કલુષાઈ.

કલુખી વિ. કલંકી; દોષી.

કલુડી (કલુડો) ૧. સ્ત્રી. કુલડી.
૨. સ્ત્રી. મેમલની એક જાત.
૩. ન. એ જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

કલુડું વિ. કાળુંમૂડું; મેલા રંગનું.

કલુરણા ૧. સ્ત્રી. વાઘરણની એક જાતિ.
૨. ન. વાઘરણની એ નામની જાતનું માણસ.
૩. વિ. વાઘરણની એ નામની જાતનું.

કલુવો જુઓ કલુઓ.

કલુષ ૧. [સં.] પું. ગુસ્સો; દ્વેષ.
૨. પું. પાપ.
૩. પું. પાપ.
૪. સ્ત્રી. લેસ.
૫. સ્ત્રી. મલિનતા.
૬. ન. કલ્પિત.
૭. ન. કાલ્પ; મળ.
૮. ન. કુકૃત્ય; બરાબર કામ.
૯. વિ. અસભ્ય.
૧૦. વિ. અંધારવાળું.
૧૧. વિ. આળસુ.
૧૨. વિ. ઉશ્કેરાયેલું; ગુસ્સે થયેલું; ક્રુદ્ધ.
૧૩. વિ. કપટી.
૧૪. વિ. કાદવવાળું; ગંદું; ડહોળું.
૧૫. વિ. ખાતકી.
૧૬. વિ. ખોબરા અવાજવાળું.
૧૭. વિ. દુષ્ટ.
૧૮. વિ. નિંદ્ય.
૧૯. વિ. પાપમય; પાપી.
૨૦. વિ. બદલાયેલું.
૨૧. વિ. બરેલું; ફૂર્યું.

કલુષચરિત્ર [સં.] વિ. દૂષિત; ભ્રષ્ટ.

કલુષતા સ્ત્રી. અપવિત્રતા; અશુદ્ધપણું.

કલુષના ન. પાપ.

કલુષબાલ [સં.] પું. પાપી વૃત્તિ.

કલુષયોનિ [સં.] વિ. અશુદ્ધ ઉત્પત્તિવાળું; વર્ણસંકર.

કલુષયોનિજ જુઓ કલુષયોનિ.

કલુષવ્યવહાર [સં.] પું. પાપમય વર્તણૂક.

કલુષહર [સં.] વિ. પાપ દૂર કરનાર.

કલુષાઈ ૧. સ્ત્રી. અપવિત્રતા; મલિનપણું.
૨. સ્ત્રી. શુદ્ધિની મલિનતા.

કલુષિત ૧. [સં.] વિ. અપવિત્ર; મલિન.
૨. વિ. અસભ્ય.
૩. વિ. કલ્પાયેલું; રિસાયેલું.
૪. વિ. કાદવવાળું; ગંદું.
૫. વિ. ક્રૂર; ખાતકી.
૬. વિ. ક્ષુબ્ધ.
૭. વિ. દુષ્ટ; પાપી.
૮. વિ. દુઃખિત.
૯. વિ. દૂષિત.

કલુષી ૧. [સં.] સ્ત્રી. દોષ; ભૂલ્લી.
૨. વિ. અપવિત્ર મલિન.
૩. વિ. કલ્પાયેલું; રિસાયેલું.
૪. વિ. દુઃખી.

કલુષ્ય ૧. [સં.] ન. અપવિત્રતા; મલિનપણું.
૨. ન. પાપ.
૩. વિ. ગંદું; મેલું.
૪. વિ. પાપી.

કલુસ ૧. ન. (બિંગળ) કાદવવાળું પાણી.
૨. ન. પાપ.

કલુંજી ન. એક પ્રકારનું કરિયાણું; કલોંજી.

કલુંબો પું. એક જાતનું કરિયાણું.

કલૂ પું. તેલ પીલનાર અને વેચનાર વાંચી.

કલૂધા ૧. [હિં.] વિ. કાળું.
૨. વિ. ભદામી; પીળચટ્ટું.

કલૂતર ૧. [સં.] પું. તે નામનો એક દેશ.
૨. વિ. તે નામના દેશમાં રહેનાર.

કલેઉ પું. સવારનો થોડો હલકો નાસ્તો.

કલેક્ટર ૧. [અં.] પું. જિલ્લાનો વડો મહેસૂલી અમલદાર; વસૂલાતી અધિકારી.
૨. પું. મૂખો.
૩. વિ. ભેગું કરનાર.

કલેક્ટરપદું ન. કલેક્ટરનો હોદ્દો.

કલેક્ટરી ૧. સ્ત્રી. કલેક્ટરની કચેરી.
૨. સ્ત્રી. કલેક્ટરનું પદ.

કલેક્શન [અં.] ન. જમ્યો; ભેગું કરવું તે.

કલેજવા જુઓ કલેજા.

કલેજા ૧. [હિં.] ન. કલેજું; પિત્તાશય.
૨. ન. જુસ્સો; હિંમત.

કલેજી [હિં.] સ્ત્રી. ખોરાક તરીકે વપરાતું પ્રાણીનું કલેજું.

કલેજું ૧. [સં. કલેજ] ન. પિત્ત ઉત્પન્ન કરનાર અને શિરાઓનું લોહી સાફ કરનાર એક મોટો અવયવ; કાળજું; લીવર. શરીરની બધી ગ્રંથિઓમાં કલેજું સૌથી મોટું અને ઉપયોગી છે. આ ઉપયોગી આશય અંદરથી સહેજ પોલું છે. પેટની અંદર તેનો મોટો ભાગ હૃદયાધરિક પ્રદેશમાં પ્રસરેલો છે. તે લગભગ ત્રિકોણાકાર હોય છે. તેનું વજન આશરે ૨૫ થી ૩૫ શેર હોય છે. સ્ત્રીઓમાં તે સહેજ ઓછું હોય છે. તેની બંને પડખાં વચ્ચેની પહોળાઈ ૬ થી ૮ ઇંચ, આગળ પાછળ લંબાઈ ૪૫ થી ૬ ઇંચ હોય છે. તેનો જમણો છેડો ૬ થી ૭ ઇંચ જાડો અને ડાબો ભાગ પાતળો હોય છે. રોગોને પરિણામે તેના કદમાં વધઘટ થાય છે. તેને બે તરિયાં, બે ધારા, બે પિંડ અથવા પિંડિકા, પાંચ સીતાઓ અથવા ખાડીઓ તથા પાંચ પ્રજાંકનીઓ હોય છે.

૨. ન. મનઃ હૃદય; અંતઃકરણ.

૧. કલેજા જલાવવું = હૃદય બાળવું.

૨. કલેજા થામ થામ કરે રોવું = અતિશય વિલાપ કરવો

૩. કલેજા પર ચોટ લાગવી = સખ્ત પ્રહાર લાગવો.

૪. કલેજા પર હાથ ધરવો = (૧) પોતાના આત્માને પૂછવું. (૨) પોતાની લાગણીને સતેજ કરવી. (૩) હૃદય ઉપર હાથ મૂકવો.

૫. કલેજાની કોર = (૧) અત્યંત પ્રિય વ્યક્તિ. (૨) આંખની કીકી સમાન. (૩) સંતાન. (૪) હૃદયનો કટકો; પ્રાણ સમાન વહાલું.

૬. કલેજાનું નરવું = સાવચ.

૭. કલેજાને સમાધી રાખવું = ખાય ધરવી.

૮. કલેજામાં આગ લાગવી = (૧) બહુ તરસ લાગવી. (૨) બહુ દુઃખ અથવા શોક થવો.

૯. કલેજામાં હાલ રાખવું = અતિ ચાહવું.

૧૦. કલેજું ઊળળવું = (૧) અકળાટ હોવો. (૨) ધડકવું. (૩) હૃદય પ્રફુલ્લિત હોવું.

૧૧. કલેજું ઊલટવું = વધારે પડતી ઊબટીથી માંદી જવું.

૧૨. કલેજું ઠરવું = (૧) ઠંડી લાગવી. (૨) ભીનું. (૩) હૃદય ધડકવું.

૧૩. કલેજું કાઢવું = (૧) કોઈની પ્રિય વસ્તુ લઈ લેવી. (૨) ઉપર સુધી લઈ લેવું. (૩) છળ કળવો. (૪) ગાયા જવા. (૫) મેલી વિદ્યાથી કોઈનું હૃદય બાળી જવું.

૧૪. કલેજું કાઢી દેવું = (૧) કોઈને માટે પોતાનો જીવ આપવો. (૨) પોતાની અત્યંત પ્યારી વસ્તુ દેવી.

૧૫. કલેજું કાપવું = (૧) અંતઃકરણમાં લાગણી થવી. (૨) હૃદય વીંધવું.

૧૬. કલેજું ખાળણી થવું = હૃદયમાં ખોંપવું.

૧૭. કલેજું બળવું = (૧) અફસોસ થવો. (૨) ખેદ અથવા ઈર્ષાથી કાળજું બળવું.

૧૮. કલેજું ઠારું કરવું = (૧) આનંદ કરવો; સંતોષ પામવો. (૨) તરસ છીપવી. (૩) તૃપ્ત થવું, ખુશી થવું.

૧૯. કલેજું ઠંડું કરવું = શાંતિ મેળવવી.

૨૦. કલેજું ઠંડું થવું = (૧) તદ્દન આરામ લેવો. (૨) તૃપ્તિ થવી. (૩) ધાર્યું થવું.

૨૧. કલેજું ઠંડું હોવું = સંતોષ થવો.

૨૨. કલેજું તર હોવું = (૧) તૃપ્તિ થવી. (૨) ધારેલું થવું. (૩) સુખી હોવું.

૨૩. કલેજું ધડકવું = ભયથી બાકુળ હોવું; બીકથી છળ કાંપવો.

૨૪. કલેજું બાકવું = ઊંડો જખમ લાગવો.

૨૫. કલેજું ફાટવું = (૧) અતિશય બીક લાગવી. (૨) કોઈનું દુઃખ દેખી મનમાં અત્યંત કષ્ટ થવું. (૩) ઘેલા થવું. (૪) દયા આવવી. (૫) દિલ ફાટવું.

૨૬. કલેજું બળવું = બહુ શોક કરવો; દિલગીર થવું; પશ્ચાત્તાપ થવો.

૨૭. કલેજું બળીને બાખ થવું = ઘણું જ માઠું લાગવું.

૨૮. કલેજું ખેસી જવું = હૃદયનું દૂબળું.

૨૯. કલેજું વીંધવું–સાલવું–કોરવું હૃદય દુભવવું.

૩૦. કલેજું સળગવું = અત્યંત દુઃખ થવું.

૩. ન. વક્ષઃસ્થળ; છાતી.

૪. ન. સાહસ; હિંમત.

કલેઠ ૧. પું. બે લાકડાના બીડા.

૨. વિ. તોફાની.

કલેડી (કલેડી) ૧. સ્ત્રી. એક જેતર ન વિણાઈ હોય એવી ચાર કે બેસ; ભેટડી.

૨. સ્ત્રી. ઠીકરી; ઠીબ.

૩. સ્ત્રી. નાનું કલેડું; માટીની નાની તપી.

૪. ન. કચ્છમાં ઊગતી એક વનસ્પતિ.

કલેડું (કલેડું) ૧. [પ્રા. કલ્લલી; દે. કલ્લલિઆ] ન. માટીની ઠીબ.

૨. ન. માટીનું કપાલ; ઘડા અથવા માટલીનું નીચેનું પાસું.

૩. ન. માટીનો તવો.

૪. ન. રોટલા શેકવાની માટીની તાવડી.

૫. ન. વિણાઈ ન હોય તેવી ચાર કે બેસ; ભેટડી.

કલેડી જુઓ કલેડી.

કલેડું ન. માટીના વાસણની ઠીબ. જુઓ કલેડું.

૧. કલેડા વગર શું ગાદ રહેશે ? = અમુક વસ્તુ નહિ હોય તો અમુક કામ કરી અટકી પડે નહિ.

૨. કલેડું ઊંધું વાળવું = હળાહળ વધી જવી.

૩. ઊલટાકે ને હાથમાં આવું, ઘરમાં જોઈએ તો કલેડું કાવું = ઉપરથી સારું લાગતું હોય પણ વસ્તુતઃ માઠા વળનું હોય.

૪. સારુ આંગે તે કલેડાં અને બહુ આંગે તે ઠીકરાં = ઓછું વાપરવા કરે તે સહુ સારું અને નાનું વાપરવા કરે તે બધું ખોટું.

કલેવું ૧. ન. ભુક્કા વાપરવાનું મરણ.

૨. વિ. ભુક્કા વાપરવાનું.

કલેપ પું. ખાર; ક્ષાર; ખેળ.

કલેપાસ [અં. પ્લેસ્પર્સ] ન. ખોળ પદાર્થનો ખાસ ખાવાનું એક સાધન; ક્રમાનદાર પરકાર; પ્લેસ્પર.

કલેફ પું. વાળને ભરાવવાનો રંગ; સોઇ વાળ ઠાળા કરવાની એ નામની બનાવટ. લોઢાનો બૂકો બે તોલા, કીની ગોઠલી પાંચ તોલા, હરડાં બે તોલા, આમળાં બે તોલા, બહેડાં એક તોલો, એ બધાને એકઠાં કરી પાણીની અંદર ઘૂંટી એક રાત સુધી લોઢાના ઠામની અંદર રાખી મૂકવાથી કલેફ બને છે.

કલેબર જુઓ કલેવર.

કલેમ સ્ત્રી. કલમ; લેખણ.

કલેમા પું. શબ્દ.

કલેમાન પું. ન. ૧. શબ્દો.

કલેમેશરીફ (કલેમેસરીફ) ૧. [અ.] ન. પ્રતિજ્ઞાવાળું વચન.

૨. ન. મુસલમાની ધર્મપુસ્તક; કુરાન.

કલેમો પું. શબ્દ.

કલેશ ન. એક જાતનું ફૂલ.

કલેરી ૧. પું. સિંધમાં સિંધુના જળપ્રવાહ કાંઠાથી છૂટો પડી કાંઠાથી પૂર્વમાં રણ ભાઠા ઉપર વહેતો પાણીનો એક મોટો પટ. પશ્ચિમે વહેતાં એ ધારાની આઠીને નામે એ ખોળખાબ છે અને તેનાં પાણી અરબી સમુદ્રને મળે છે.

૨. ન. આયર્લંડના અન્તર્ગત પરગણામાં સમુદ્રકાંઠા ઉપર આવેલું એ નામનું એક શહેર.

કલેલાં [સં. કલ્ (કૂજવું)] ન. બ. ક. (વહાણવટું) કૂટ બોલ કૂટ લાંબા માથા વગરના, બીલા.

કલેવર ૧. ન. મડદું.

૨. ન. મુદ્દાની બાબત; સત્ત્વ.

૩. [સં. કલ (પીવું) + વર (શ્રેષ્ઠ)] ન. શરીર; દેહ; કાયા.

૪. ન. શબ; મૃતદેહ.

કલેવરક ન. છોકરાઓનું એક નાનું હાંડવું.

કલેવરવિધાન ન. સ્વરૂપનું બંધારણ; શરીરનું બંધારણ.

કલેવા ૧. પું. કોળિયો; બટકું.

૨. [સં. કલ્યાહાર] પું. થોડો હલકો નાસ્તો.

૩. પું. વાસી ખોરાક.

કલેશ ૧. પું. અવિદ્યા.

૨. [સં. કલેશ; પ્રા. કલેસ] પું. કજિયો; ઠંડાસ.

૩. પું. દુઃખ.

૪. પું. દ્વેષ.

કલૈસ જુઓ કલેશ.

કલૈસર ૧. પું. એક જાતનું કૂતરા જેવું શિકારી પ્રાણી.

૨. ન. એક જાતનું પક્ષી.

કલૈસહાયા પું. કજિયાળો માણસ.

કલૈસી વિ. દુઃખી; રિબાતું.

કલૌઠ ૧. સ્ત્રી. કઠણ રોડવાળી ગાય.

૨. વિ. તોફાની; કજાકું; ધમપછાડા કરે તેવું; સરલતાથી દોહવા ન દેનારું.

૩. વિ. ધુત્ત્યું.

કલૌતું ન. બચ્ચાંને માથે બાંધવાની કસવાળી ટોપી.

કલૌદુ પું. કલારૂપી ચંદ્ર; બીજનો ચંદ.

કલૌદુ ૧. વિ. એક કોરના ખૂણાવાળું.

૨. વિ. રસ્તાની બાજુનું.

કલૈ સ્ત્રી. ધોળી અને સહ ઓગળી જાય એવી એક હલકી ધાતુ; કલાઈ; કલઈ.

કલૈગર પું. વાસણને કલાઈ કરનારો; કલાઈગર.

કલૈગરો જુઓ કલૈગર.

કલૈયઢો (કલૈયઢો) પું. કલાઈના ઘાટ ઘડનારો માણસ.

કલૈયા સ્ત્રી. મલખમની રમતનો થાંભલાનો એક દાવ; ઊલટી. તેમાં ખેલાડીની પીઠ મલખમની તરફ ને સામે જોનારાંની તરફ રહે અને બંને પગને પાછળ દેઈ તે મલખમ ઉપર ચડે ઊતરે.

કલૈયું ન. છાશ, દહીં વગેરેને માટે તાવડીના આકારનું કલઈનું વાસણ.

કલૈયો ૧. પું. કનૈયો.

૨. વિ. પું. સુંદર; સુશોભિત; રૂપાળો.

કલૈયો કુંવર પું. કનૈયા જેવો રૂપાળો પુત્ર.

કલૈ-સપેતો પું. કલાઈને બાળીને બનાવેલી ભાજ્ય; મારાં અને ચાંદાં ઉપર લગાડવાનું ધાતુનું ચૂર્ણ.

કલો ૧. પું. કજિયો; કંકાસ; કલહ.

૨. પું. બે જણની તકરાર; બોલાચાલી.

કલોઈ ન. ભાજિયું.

કલોઉ પું. હળનો નાસ્તો.

કલોણું ૧. વિ. ખરાબ.

૨. વિ. નોધારું.

૩. વિ. લાભ વિનાનું; બંધબેસતું નહિ એવું.

કલોચડી (કલોચ્ચડી) સ્ત્રી. કરચલી.

કલોજ ન. કેફસું.

કલોટિયા ૧. સ્ત્રી. વોરાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કલોડું ૧. ન. કરોડું; રાકું; સાંઠો.

૨. ન. વરસોવરસ નવ પાળવાનો ધારો.

કલોડી (કલોડી) સ્ત્રી. નાની ગાય; બે ત્રણ વરસની વાછડી.

કલોઞ [સં.] ન. કમળકાકડી; પદ્મબીજ.

કલોપોપ્યુરંટી પું. કરોળિયાની એક જાત. આ કરોળિયો એક પ્રકારનો તંતુ બાંધી તેમાં રહે છે અને પોતાનાં બચ્ચાંને ઊછેરે છે. બહારથી તે તંતુનું પડ મેલું રાખે પણ અંદર ધોળું અને સ્વચ્છ હોય છે. કોઈ પ્રાણી તેમાં પ્રવેશ કરી શકતું નથી.

કલોબો વિ. પું. મુરોલા; આખ્યમ પડે એવો.

કલોપનતા [સં.] સ્ત્રી. (સંગીત) બાવીસ મૂર્છનામાંની એક; મધ્યમ ગ્રામની બીજી મૂર્છના. સાતે સ્વરના ક્રમસર આરોહ અવરોહને મૂર્છના કહે છે. આ મૂર્છના મધ્યસ્થાની પ્રેમળ રિષભથી આરોહ કરી તારસ્થાનના રિષભ સુધી જાય છે અને પછી આરોહ કરી મૂળ સ્વર ઉપર આવે છે.

કલોબું વિ. અબોધ.

કલોર [હિં.] ન. વાછરું.

કલોલ ૧ [સ. કલ્લોલ] પું. આનંદ; ઉમંગ; ઉર્મિ.

૨. પું. ક્રીડા; કેલિ.

૩. પું. તરંગ; મોજું.

૪ પું. નક્રમો વિચાર.

૫. પું. મોજનો અવાજ.

૬. પું. મોટો અવાજ.

૭. પું. મોટો વિચાર.

૮. પું. વનસ્પતિની એક જાત.

૯. સ્ત્રી. ઉપભોગ.

૧૦. ન. એ નામનું ગુજરાતનું ગામ.

કલોલક ૧. વિ. આનંદવાળું.

૨. વિ. સુંદર; રૂપાળું.

કલોલવું જા. ક્રિ. કલોલ કરવો.

કલોલા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કલોલ્લ જુઓ કલોલ.

કલોવો પું. પરણેલ જતા વરને કન્યાના બાપને ઘરથી પહેલવહેલી બોલાતી મીઠાઈ; મંગલકલશ; કલવો.

કલૌંજી સ્ત્રી. કાળીજરી. તેનાં બી કાળાં, ત્રીકોણ અને કડવાં હોય છે. તાવ અને કૃમિ ઉપર તે આપવામાં આવે છે.

કલૌંજી જીરું ૧. ન. કાળીજરીની એક જાત. તેના ત્રિકોણાકાર અને એક કોરને છેડે અણીદાર દાણા કુંભણીના બી જેવા કાળા, જીરા જેવી ખુશબોવાળા હોય છે. તે અજમામાં, કૃમિઘ્ન અને તાવમાં ઉપયોગી હોય છે. બજારે તેને દવેલીમાં ચોળતામાં આવે ત્યારે તેમાંથી લીંબુના જેવી ખુશબો નીકળે છે. તેની અંદર મકિ બાજરની ખુશબો મળેલી હોય તેમ જણાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. આ જીરું કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, કૃમ્ય, અજીર્ણનાશક અને ગર્ભાશયને શુદ્ધ કરનાર, તેમ જ આધ્માન, વાયુ, ગુલ્મ, રક્તપિત્ત, આમદોષ, કૃમિ, વાયુ તથા કફ મટાડનાર કહેવામ છે

૨. ન. સબજીરું; શાહજીરું.

કલૌઠ ૧. વિ. કજિયાળું.

૨. વિ. દોહવા ન આપે એવું; બહોણું

૩. વિ. બનવહારમાં ન સમજનારું.

કલૌહું વિ. કસાયેલું.

કલૌ પું. કળિયુગ.

કલૌજી જુઓ કલૌંજી.

કલૌજી જીરું જુઓ કલૌંજી જીરું.

કલૌતા [હિં.] પું. એકનો એક ખોટનો દીકરો.

કલૌચો પું. કલચો; કલોવો.

કલૌંજી જુઓ કલૌંજી.

કલૌંડા વિ. કરમાળ.

કલૌંસ ૧. સ્ત્રી. (ગણિત) જ, ન, ઝ વગેરેને મળતી નિશાની.

૨. સ્ત્રી. કલંક; બટ્ટો.

કલૌંસના ટીકા ૦ (૧) કામ. (૨) દૂષણ; બટ્ટો.

૩. [હિં.] સ્ત્રી. કાળાશ.

કલ્ક ૧. [સં.] પું. એક સુગંધી પદાર્થ.

૨. પું. ઔષધનો કવાથ; કાઢો; ઉકાળો.

૩. પું. કાદવ; કીચડ; પંક.

૪. પું. પાનનો મેલ.

૫ પું ગર્વ; અહંકાર.

૬. પું. ગુદા.

૭ પું. ઘી, તેલ વગેરેનો એક પ્રકારનો પાક સંસ્કાર.

૮. પું. ચટણી જેવો વાટેલો પદાર્થ.

૯. પું. ચૂર્ણ; ભૂકો.

૧૦. પું. છેતરપિંડી.

૧૧. પું. દંભ; આડંબર; ઢોંગ.

૧૨. પું. ખૂપ.

૧૩. પું. પાપ; પાતક.

૧૪. પું. બહેડાનું ઝાડ.

૧૫. પું. રેતીના પાંચ મહિનો એક પ્રકાર.
૧૬. પું. લમદો; ધોલે.
૧૭. પું. વિષ્ટા; મળ.
૧૮. પું. શઠતા.
૧૯. પું. લાંચીદાત.
૨૦. ન. કીડું.
૨૧. સ્ત્રિ. પાપમય; પાપી; પાતકી.

કલ્કકુરુક્ષ જી. કંબથી થતી ઉતરપિંડી.

કલ્કગુરુક ન. માયા; કપટ.

કલ્કન ૧. [સં.] ન. અસલ.
૨. ન. ઉતરપિંડી.
૩. ન. કંબ.
૪. ન. શઠતા.

કલ્કના ૧. [સં.] સ્ત્રી. પાપ.
૨. સ્ત્રી. માયા.

કલ્કપૂર્ણ ન. અનાર; દાડમ.

કલ્કાસ્થિક [સં.] ન. (વૈદક) બકાની હાલનું ત્રિકોણાકાર હાડકું. તે બકાની પાછળ ઉપરના ભાગમાં આવેલું છે.

કલ્કિક ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ, ૮૮ લઘુ, ૯૨ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.
૨. પું. (પુરાણ) કલિને અંતે સંભલ ગામમાં રહેનારા વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં થનારો વિષ્ણુનો દશમો અવતાર. એ સમયમાં તલવાર લઈ, ઘોડે બેસી અધર્મીઓને મારી સંસારમાં સત્યયુગનો ધર્મ ચલાવશે એવી માન્યતા છે.
૩. પું. તીનાવેલીમાં તામ્રપર્ણી નદીના મુખ પાસે આવેલ ટયૂરિકોરિનનું પ્રાચીન નામ. ટોલેમીએ એને સોસિપ્રેરાઈ કહ્યું છે. એ પૂર્વે પાંડ્ય રાજ્યની રાજધાની હતું.
૪. પું. પુરુષોત્તમનાં કલ્કર માંહેનું એક નામ.
૫ પું (પિંગળ) સુમતિલા છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

કલ્કિક [સં.] ન. માંસ.

કલ્કિ જયંતિ જી. શ્રાવણ સુદિ છઠનો દિવસ. પ્રથમ યુગમાં થયેલા અને ભવિષ્યમાં થનારા કલ્કિ અવતારની આ જયંતિ છે.

કલ્કિ પુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ. તેમાં કલ્કિ મહારાજ કલિયુગના અંતમાં અવતાર લઈ દુષ્ટોનો કેમ સંહાર કરશે તેનું વર્ણન છે.

કલ્કી ૧. [સં. કલ્કિન્] પું. વિષ્ણુનો દશમો કે છેલ્લો અવતાર. જુઓ કલ્કિ ૨.
૨. વિ. ચંદું; મેલું.
૩. વિ. દુષ્ટ; પાપી.

કલ્કી અવતાર [સં.] પું. (પુરાણ) કલિયુગને અંતે વિષ્ણુ ભગવાનનો થનારો અવતાર. એ અવતાર અઢારસ વર્ષ ધૂમકેતુ જેવી પ્રકાશિત તરવાર ધારણ કરશે. પાપીઓ અને અધર્મીઓનો સંહાર કરી સદ્ધર્મની પુનઃ સ્થાપના કરશે. આ અવતાર સંભવ નામના ગામમાં વિષ્ણુયશા નામના બ્રાહ્મણના પવિત્ર ઘરમાં મહા વીર્યવાન, મહા બુદ્ધિમાન અને મહા પરાક્રમી એવા બ્રાહ્મણને રૂપે થશે. એ મનમાં વિચાર કરશે એટલે સર્વ વાહનો, આયુધો, યોદ્ધા, શસ્ત્રો અને બખ્તર એની પાસે આવી પહોંચશે અને એ ધર્મ પ્રમાણે દિગ્વિજય કરી ચક્રવર્તી રાજા થશે. વળી તે લોકોને યોગ્ય અવસ્થામાં મૂકશે અને ક્ષુદ્ર મનુષ્યને નાશ પમાડશે. દિવ્યમાન એ ભોગમાન કરતાં ૩૬૦ ગણું મોટું છે, તેથી ૧૨૦૦ દિવ્ય વર્ષ એટલે ૧૨૦૦ × ૩૬૦ = ૪૩૨૦૦૦ ભૌમ એટલે પૃથ્વીનાં વર્ષોનો કલિયુગ થાય છે. હાલમાં કલિયુગમાં શાલિવાહનનો શક ૧૮૧૬ પૂરો થયો છે, તે ૧૮૦૦૦માંથી બાદ કરતાં આ શકનાં બાકીનાં વર્ષો ૧૬૧૩૪ રહે છે. ત્યારપછી ૧૦૦૦૦ વર્ષે વિજ્ઞાભિનંદન નામનો શક થશે. ત્યારબાદ ૪૦૦૦૦૦ વર્ષ નાગાર્જુન શકનાં મળી હાલના શાલિવાહન શક ૧૮૧૬ના ચૈત્ર સુદિ ૧ થી ૪૨૧૧૩૪ પૃથ્વીનાં વર્ષો પૂરાં થશે બાદ કલ્કીનો અવતાર થવાનું કહેવાય છે.

કલ્ગાહ જી. કુહાડી.

કલ્ગા ૧. [હિં.] પું. એક ફૂલનું નામ.
૨. પું. કૃષ્ણનો તોરો.
૩. પું. જટાધારી બાવો.
૪. પું. રાજાની કલગી.

કલ્ગી જી. બરછું.

કલ્લી ૧. [તુ.] જી. એક જાતનું ગીત.
૨. જી. કૃષ્ણનો તોરો.
૩. જી. બાવડીમાં ખોસાતું એક જાતનું આભૂષણ; તોરો.
૪. જી. ઘુંમટના મથાળા ઉપરનો કળશ.

કલ્ચરિયાં ન. બ. વ. એક જાતનાં મોતી; 'કલ્ચર્ડ પર્લ'.

કલ્પા ૧. [કા.] પું. તંબૂના થાંભલા ઉપર ઉપલા છેડાની નજીક રાખવામાં આવતો લાકડાનો ગોળ કટકો.
૨. પું. નાનો રોટલો.
૩. પું. બીકાર્ડ.

કલ્તખાન ૧. [અ.] પું. અંધ આદમ ક્રૂર કરતો બાબરનો.
૨. પું. ક્રુખ્યો માણસ.
૩. પું. સંતોષી માણસ.

કલ્તખાની [અ.] જી. બાબરની રીતભાત.

કલ્પ ૧. [સં.] પું. અધિવાસ; સ્થાન.
૨. પું. અભિપ્રાય.
૩. પું. અમલ; શાસન; સત્તા.
૪. પું. અવાજ; શબ્દ; ધ્વનિ.
૫. પું. આચાર; રીતભાત.
૬. પું (પુરાણ) ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવને બ્રમી નામની ભાર્યાને પેટે થયેલા બે પુત્રોમાંનો મોટો દીકરો.
૭. પું. એક પ્રકારનું વૃક્ષ.
૮. પું. ઔષધોની ખાસ બનાવટ. જેમકે, કલ્પસ્થાન, મંથકલ્પ, અમ્લકલ્પ.
૯. પું. કંપાસ.
૧૦. પું. ગુફા; ગુહા.
૧૧. પું. ચિકિત્સા.
૧૨. પું. (જૈન) કળી સંજ્ઞા.
૧૩. પું. જગતના આયુષ્યનો ક્રમ; જગતની ઉત્પત્તિથી માંડીને તેનો નાશ થાય ત્યાં સુધીનો વખત; સો યુગ; બ્રહ્માનો એક દિવસ; કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગની એક ચોકડી એવી ૭૧૪ ચોકડી જેટલો ક્રમ; ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષોનો સમય. બ્રહ્માના એક દિવસમાં સ્વર્ગમાં ચૌદ ઇંદ્ર અને પૃથ્વી ઉપર ચૌદ મનુ વીતે છે. બ્રહ્મદેવે બ્રહ્માંડની રચના કેવળ પોતાના કલ્પનાબળથી જ કરેલી હોવાથી તેના દિવસને સંકલ્પ અથવા કલ્પના ઉપરથી કલ્પ કહે છે. કલ્પ બે જાતના છે: (૧) બ્રાહ્મકલ્પ અને (૨) પાદ્મકલ્પ. કલ્પ એકેકર ગ્રીલ છે: શ્વેત, નીલ લોહિત, વામદેવ, રથંતર, રૌરવ, દેવ, બૃહત્, કંદર્પ, પદ્મ, ઈશાન, તમ, સારસ્વત, ઉદાન, ગરુડ, કૌર્મ, નારસિંહ, સમાન, આગ્નેય, સોમ, માનવ, તત્પુરુષ, વૈકુંઠ, લક્ષ્મી, સાવિત્રી, ઘોર, વારાહ (હાલમાં ચાલુ છે), વૈરાજ, ગૌરી, માહેશ્વર અને પિતૃકલ્પ. એક કલ્પમાં ૧૦૦૦ મહાયુગ વીતી જાય છે.
૧૪. પું. તર્ક; વાદ.
૧૫. પું. તુરંગ.
૧૬. પું. (પુરાણ) તેર સિંહિકાપુત્રોમાંનો એક.
૧૭. પું. દરખાસ્ત.
૧૮. પું. દંભ.
૧૯. પું. દેવલોક.
૨૦. પું. ધર્મના અર્થનો વિધિ; નિયમ; વિધાન.
૨૧. પું. નિશ્ચય; ઠરાવ.
૨૨. પું. ન્યાય; ન્યાયશાસ્ત્ર.
૨૩. પું. પગેરું.
૨૪. પું. બ્રહ્માની ચક્ષિણી પ્રજા.

૨૫. પું. પ્રાતઃકાળ.
૨૬. પું. (જૈન) બારમા દેવલોક નિવાસી દેવ.
૨૭. પું. (જૈન) બારમો દેવલોક.
૨૮. પું. મનોરથ.
૨૯. પું. મંત્રના અર્થના સામર્થ્યનો પ્રકાશ કરનાર.
૩૦. પું. યજ્ઞયાગાદિક ક્રિયાના નિયમોનું પ્રતિપાદન કરતું જે વેદાંગમાંનું એક અંગ; જેમાં વપરાતા પાત્રો બનાવવાના પ્રકારનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર. જેમકે, કાત્યાયનસૂત્ર, આશ્વલાયનસૂત્ર, આપસ્તંબસૂત્ર.
૩૧. પું. યોગ; ઋદ્ધિ; યોગસિદ્ધિનો ઉપદેશ.
૩૨. પું. લાપશાત.
૩૩. પું. વડીઓ; વડ.
૩૪. પું. વાડ.
૩૫. પું. વિકલ્પ.
૩૬. પું. વિધિ બતાવનાર શાસ્ત્ર.
૩૭. પું. વિભાગ; પ્રકરણ.
૩૮. પું. વિષોપચાર અને વિષમ ઔષધોનું વિવેચન.
૩૯. પું. વિસ્તાર.
૪૦. પું. વેશ.
૪૧. પું. શાક; વઘેમ.
૪૨. પું. શિવ.
૪૩. પું. સંકલ્પ.
૪૪. પું. સિદ્ધાંત.
૪૫. પું. સ્મરણ.
૪૬. પું. સ્વર્ગનું વૃક્ષ; કલ્પતરુ.
૪૭. પું. હરકોઈ આચારગ્રંથ.
૪૮. સ્ત્રી. સૃષ્ટિ.
૪૯. ન. એક જાતનો માદક દારૂ.
૫૦. ન. કપટ.
૫૧. ન. નીરોગીપણું.
૫૨. ન. વર્ણન.
૫૩. ન. સોળ પ્રકારનાં દાનમાંનું એક.
૫૪. વિ. નિશ્ચિત; નક્કી કરેલ.
૫૫. વિ. મજબૂત; જોરાવર.
૫૬. વિ. યોગ્ય; ઉચિત.
૫૭. વિ. રાજય.
૫૮. વિ. સમર્થ; સશક્ત.
૫૯. વિ. સરખું; બરાબર.
૬૦. અ. નામ અને વિશેષણને જરા ઓછાપણું દેખાડવા માટે લગાડાતો પ્રત્યય; શબ્દને અંતે 'જેવું' અર્થમાં વપરાતો પ્રત્યય. જેમકે, દ્વિપકલ્પ.

કલ્પક ૧. [સં.] પું. આચાર; વિધિ.
૨. પું. કચૂરો; વનસ્પતિની એક જાત.
૩. પું. બુદ્ધિશાળી પુરુષ.
૪. પું. રીત; રિવાજ.
૫. પું. નાપિત.
૬. પું. જન્મ; વાળંદ.
૭. વિ. આરોપ કરનાર.
૮. વિ. ઉત્પન્ન કરવાની શક્તિવાળું; ઉત્પાદક; રચનાર.
૯. વિ. કલ્પના કરનાર; અનુમાન બાંધનાર.
૧૦. વિ. કુશળ; ચોપડ બુદ્ધિનું; ચોક્કસ.
૧૧. વિ. વિધિ કરનાર.

કલ્પકતા ૧. [સં.] સ્ત્રી. કલ્પનાશક્તિ; તર્કબુદ્ધિ.
૨. સ્ત્રી. કલ્પવૃક્ષ.
૩. સ્ત્રી. સર્જકતા; સર્જનશક્તિ.
૪. ન. કલ્પવું તે.

કલ્પકલતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ રાજરી છંદનો એક ભેદ છે. તેમાં ર, ત, ત, ત, બે ગુરુ એમ ૧૪ વર્ણ હોય છે.

કલ્પકાર ૧. [સં.] પું. કલ્પસૂત્ર વગેરે આચારગ્રંથ રચનાર પુરુષ.
૨. પું. જન્મ.
૩. વિ. વેશ વગેરે કરનાર.

કલ્પકારક જુઓ કલ્પકાર.

કલ્પક્ષય [સં.] પું. પ્રલય; સૃષ્ટિનો લય.

કલ્પગ્રંથ [સં.] પું. વેદ મંત્રોનો કેમ કરીને ઉપયોગ કરવો તે બતાવનાર ગ્રંથ.

કલ્પચારિ પું. (પિંગળ) અઠ્ઠિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલ્પધરિ. તેમાં સોળ અક્ષર હોય છે. તેના દરેક ચરણમાં રગણ, રગણ, રગણ, જગણ, રગણ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે.

કલ્પતરુ ૧. પું. ઉદાર માણસ.
૨. પું. એ નામનો એક ગ્રંથ.
૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે.
૪. ન. કલ્પવું તે.
૫. [સં.] ન. કલ્પવૃક્ષ; જોઈએ તે આપનારું એક કાલ્પનિક દેવવૃક્ષ. સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થયેલ ચૌદ રત્નોમાંનું આ એક રત્ન મનાય છે.
૬. ન. જેમાંથી મનોવાંછિત મળે તેવી કોઈ પણ ચીજ.
૭. ન. ગાડાં ફરવાળું ગાડું.
૮. ન. ધાર્યું મળે તેવો ધંધો.

કલ્પતરુવર [સં.] પું. કલ્પવૃક્ષ.

કલ્પદ્રુ જુઓ કલ્પવૃક્ષ.

કલ્પદ્રુમ જુઓ કલ્પતરુ.

કલ્પધર ન. (જૈન) સંવત્સરી આદિ પર્વ દિવસ હોય તે પર. ચોમાસાનો દિવસ કલ્પધરનો કહેવાય છે, એટલે ચોમાસીથી સુદ ત્રીજ સુધી કલ્પસૂત્ર સાંભળવામાં આવે છે.

કલ્પધારિ પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલ્પચારિ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, રગણ, રગણ, જગણ, રગણ, લઘુ એમ સોળ વર્ણ હોય છે.

કલ્પન ૧. [સં.] ન. અનુમાન; અનુમિતિ.
૨. ન. (વેદાંત) અર્થાપત્તિ.
૩. ન. આરોપ.
૪. ન. કલ્પિત કથા; જોડી કાઢેલી વાર્તા.
૫. ન. કાપવું તે.
૬. ન. ક્રમ કરવું તે.
૭. ન. નિશ્ચય.
૮. ન. બનાવટી બનાવવું કે સહી.
૯. ન. રક્ષણ.
૧૦. ન. રચના.
૧૧. ન. શિલ્પ વગેરે ક્રિયા.

કલ્પના ૧. [સં.] સ્ત્રી. અનુમાન; અનુમિતિ; અટકળ; ધારણા. વેદાંત પરિભાષામાં તેની વ્યાખ્યા એમ છે કે: જે પદાર્થ વિદ્યમાન નથી, અથવા જે પદાર્થ બીજા કોઈ બનાવોએ હોય છતાં જોનારની સન્મુખ નથી તે પદાર્થનો જે બીજા બનાવોએ પ્રતિભાસરૂપ વ્યાપાર તે કલ્પના.
૨. સ્ત્રી. આકાશગંગા.
૩. સ્ત્રી. ઉપાય.
૪ સ્ત્રી. કરવું તે; ક્રિયા.
૫. સ્ત્રી. ખોટી સહી.
૬. સ્ત્રી. દિલગીરી; અફસોસ.
૭. સ્ત્રી. નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ.
૮. સ્ત્રી. નિબંધ; બનાવવું
૯. સ્ત્રી. નિયમ.
૧૦. સ્ત્રી. નિશ્ચય; ઠરાવ.
૧૧. સ્ત્રી. પક્ષ.
૧૨. સ્ત્રી. પ્રતિજ્ઞા.

કલ્પના કરવી = (૧) ધારવું. (૨) પ્રતિજ્ઞા લેવી.

૧૩. સ્ત્રી. બખ્તર, શસ્ત્રાસ્ત્ર વગેરે સજવાં તે.
૧૪. સ્ત્રી. બનાવટ; રચના; વિધાન.
૧૫. સ્ત્રી. બોધગ્રંથસંતું કરવું તે; ગોઠવવું તે.
૧૬. સ્ત્રી. બુદ્ધિ; તર્ક; તરંગ; જુક્તિ.

કલ્પનાના ઘોડા દોડાવવા = પોતાની મરજી પ્રમાણે વિચાર કરવો.

૧૭. સ્ત્રી. ભ્રાન્તિ; શક.
૧૮. સ્ત્રી. મનમાં ધારેલ મૂર્તિ.
૧૯. સ્ત્રી. મનોભંગ.
૨૦. સ્ત્રી. મનોભાવના.

૨૧. સ્ત્રી. મીમાંસા અને વેદાંતમતે અર્થાપત્તિરૂપ પ્રમાણ.
૨૨. સ્ત્રી. યુક્તિ; કળા.
૨૩. સ્ત્રી. વલખાં; તીવ્ર ઇચ્છા.
કલ્પના કાપવી = આશા પૂર્ણ કરવી.
૨૪. સ્ત્રી. વાદ.
૨૫. સ્ત્રી. ઔષધયોગ.
૨૬. સ્ત્રી. સંકેત.
૨૭. સ્ત્રી. સંભવ; સંભાવના.
૨૮. સ્ત્રી. સિદ્ધાંત.
૨૯. સ્ત્રી. લાયીને શણગારવો તે; લાથી તૈયાર કરવો તે.

કલ્પનાગમ્ય [સં.] વિ. કલ્પના પહોંચી શકે એવું; વિચાર થઈ શકે એવું.

કલ્પનાગોચર [સં.] વિ. જેને વિષે વિચાર થઈ શકે એવું; સમજવામાં આવે તેવું.

કલ્પનાગૌરવ [સં.] ન. (વેદાંત) અર્થ કરવામાં સમર્થકારણની અલ્પતાની કલ્પના હોવાપણું. જેમ કન્યાનો એક વર સમર્થ સિદ્ધ થયા છતાં પણ અનેક વરની કલ્પના એ કલ્પનાગૌરવ છે.

કલ્પનાચક્ષુ [સં.] ન. કલ્પનારૂપી આંખ.

કલ્પનાચિત્ર [સં.] ન. કલ્પના વડે ખડું કરેલું ચિત્ર.

કલ્પનાજનિત [સં.] વિ. કલ્પનાથી ઉત્પન્ન થયેલું; વિચારથી ખડું કરેલ.

કલ્પનાતરંગ [સં.] ન. કલ્પનાનું મોજું.

કલ્પનાતીત [સં.] વિ. કલ્પનામાં ન આવી શકે તેવું.

કલ્પનાત્મક [સં.] વિ. કલ્પના સંબંધી.

કલ્પનાત્મકવીરકથા [સં.] સ્ત્રી. અદ્‌ભુતકૃતિ; ગાથા; કલ્પનામાં ઘડેલ અદ્‌ભુત વાર્તા.

કલ્પનાપ્રધાન [સં.] વિ. વિચાર જેમાં પ્રધાન હોય તેવું.

કલ્પનાપ્રભાવ [સં.] પું. પ્રતિભાશક્તિ; વિચારોનું સામર્થ્ય.

કલ્પનાબલ [સં.] ન. નવી બનાવટ કરવાનું સામર્થ્ય; કલ્પનાનું જોર; કલ્પનાનું બળ.

કલ્પનાબળ જુઓ કલ્પનાબલ.

કલ્પનાબાજ વિ. કલ્પના કરવામાં પ્રવીણ.

કલ્પનાબીજ [સં.] ન. વિચારનું ઉદ્‌ભવસ્થાન.

કલ્પનાભાસ [સં.] પું. હકીકતમાં ન હોય તે છે એવો દેખાવ.

કલ્પનાભૂત [સં.] વિ. કલ્પનાથી બનાવેલ; કાલ્પનિક.

કલ્પનામય [સં.] વિ. કલ્પનાથી ભરેલું.

કલ્પનામૂલક [સં.] વિ. જેની પાછળ કલ્પનાનો આશ્રય હોય તેવું.

કલ્પનાર પું. કલ્પના કરનાર.

કલ્પનાલક્ષ્મી [સં.] વિ. કલ્પના સંબંધી.

કલ્પનાલાઘવ [સં.] ન. કાર્યના ઉત્પન્ન કરવા વિષે સમર્થ વસ્તુની કલ્પના. સર્વ જગતના કર્તારૂપે કલ્પેલો ઈશ્વર એક માનીએ તે કલ્પનાલાઘવ કહેવાય છે.

કલ્પનાલાલિત્ય [સં.] ન. તરંગવૃત્તિ; કલ્પનાના તરંગ.

કલ્પનાલીલા [સં.] સ્ત્રી. મનના ઉદ્રાવેશ તરંગ.

કલ્પનાવાદ [સં.] પું. કળા એટલે કુદરતનું અનુકરણ નહિ પણ કલ્પનાબળે નવું સર્જન એ પ્રકારનો મત; કળા એ અનુભવ ઉપરથી કરેલી કલ્પના છે એવો વાદ.

કલ્પનાવાદી [સં.] વિ. કલ્પનાવાદમાં માનનાર.

કલ્પનાવિહાર [સં.] પું. કલ્પનામાં મશગૂલ રહેવાપણું.

કલ્પનાવિહારી [સં.] વિ. કલ્પનામાં વિહાર કરનારો.

કલ્પનાશક્તિ ૧. [સં.] સ્ત્રી. અપ્રત્યક્ષ વસ્તુ કલ્પનાથી જોવાની કે તે વિષે વિચાર કરવાની શક્તિ; તર્કશક્તિ.
૨. સ્ત્રી. નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ.

કલ્પનાશીલ [સં.] વિ. કલ્પના કરવાના સ્વભાવવાળું.

કલ્પનાશીલતા [સં.] સ્ત્રી. કલ્પના કરવાની શક્તિ.

કલ્પનાસરણિ સ્ત્રી. વિચારોની પરંપરા.

કલ્પનાસામર્થ્ય [સં.] ન. કલ્પના કરવાનું બળ; તર્કશક્તિ.

કલ્પનાસૃષ્ટ [સં.] વિ. કલ્પનામાં ઉત્પન્ન થયેલ.

કલ્પનાસૃષ્ટિ [સં.] સ્ત્રી. તર્કથી ઉત્પન્ન કરેલી બાબત; મનોરાજ્ય.

કલ્પની ૧. [સં.] સ્ત્રી. કાતર.
૨. સ્ત્રી. છરી.

કલ્પનીક વિ. (જૈન) અપે જેવું.

કલ્પનીય ૧. [સં.] વિ. અનુમાનને યોગ્ય; કલ્પના કરવા જેવું; કલ્પી શકાય જેવું.
૨. વિ. (જૈન) અપે જેવું; ગ્રહ્ય આવે જેવું.
૩. વિ. બનાવવા જેવું.
૪. વિ. શક્ય; સંભવિત; બની શકે એવું.

કલ્પનોત્થ [સં.] વિ. કલ્પના બળથી ઊભું થયું.

કલ્પપતિ [સં.] પું. કલ્પવાસી દેવતાઓનો અધિપતિ; ઇંદ્ર.

કલ્પપાદપ ૧. [સં.] પું. કલ્પવૃક્ષ.
૨. પું. મહાદાન તરીકે આપવાનું સોનાનું વૃક્ષાકાર કોઈ દ્રવ્ય.

કલ્પપાદપદાન [સં.] ન. કલ્પવૃક્ષનું દાન; એક મહાદાન, જેમાં સોનાનું ઝાડ, મૂલ વગેરે બનાવી દાન દેવામાં આવે છે.

કલ્પપાલ [સં.] વિ. દારૂ વેચનાર.

કલ્પપ્રિયક [સં. કલ્પવૃક્ષ] ન. સુરતરુ; સ્વર્ગનું એક કલ્પિત ઝાડ. તે ઇચ્છિત વસ્તુ આપે એમ મનાય છે.

કલ્પભવ [સં.] પું. (જૈન) એક પ્રકારના દેવગણ.

કલ્પમૌલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ૪ રગણ, ૧ લઘુ અને ૧ ગુરુ એમ ૧૪ વર્ણ હોય છે.

કલ્પમુખી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લીલા છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં ૧ ભગણ, ૧ તગણ અને ૧ ગુરુ એમ ૭ વર્ણ હોય છે.

કલ્પરુકખ [પ્રા.] ન. કલ્પવૃક્ષ; વાંછિત ફળ આપનારું ઝાડ.

કલ્પલતા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છેલ પૂરું પાડનારી સ્વર્ગની એક લતા; દેવતાઈ વેલ.
૨. સ્ત્રી. મહાદાન તરીકે આપવાનું સોનાનું એક દ્રવ્ય.

કલ્પલતાદાન [સં.] ન. એ નામનું એક મહાદાન. જુઓ કલ્પલતા ૨.

કલ્પલતાપ્રતાપિની પું. (પિંગળ) અતિધૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, નગણ, નગણ, સગણ, સગણ, જગણ અને એક ગુરુ એમ ૧૯ વર્ણ હોય છે.

કલ્પલતિકા જુઓ કલ્પલતા.

કલ્પવર્ષ [સં.] પું. ઉગ્રસેનનો નાનો ભાઈ અને દેવકનો પુત્ર એ નામનો એક યાદવ.

કલ્પવાસ [સં.] પું. આખો માઘ માસ ગંગા કિનારે સંયમ સાથે રહેવું તે.

કલ્પવિટપ [સં.] સ્ત્રી. કલ્પવૃક્ષ.

કલ્પવિદ્યા સ્ત્રી. ચમત્કાર વિદ્યા મંત્રોની એક. જુઓ વિદ્યા.

કલ્પવું ૧. [સં. કલ્પ્] સ.ક્રિ. અનુમાન કરવું; અટકળ બાંધવી; ધારવું.

૨. સ. ક્રિ. ખપવું; કામમાં આવવું.
૩. સ. ક્રિ. તરંગ ઉઠાવવો; કલ્પના કરવી.
૪. સ. ક્રિ. નવી રચના ઊભી કરવી.
૫. સ. ક્રિ. યુક્તિ કરવી.
૬. સ. ક્રિ. યોગ્ય હોવું; સમર્થ હોવું.

કલ્પવૃક્ષ ૧. [સં.] ન. આખી દુનિયામાં સૌથી મોટામાં મોટું મનાતું ભારે મોટું ઝાડ. તેનું આયુષ્ય ૧૦૦ થી ૫૦૦૦૦ વર્ષનું અટકળવામાં આવે છે. તેની છાલમાંથી રેસા નીકળે છે. તેનાં દોરડાં બનાવવામાં આવે છે.
૨. ન. એક જાતનું ઝાડ. તેનાં પાન કીમળાના પાન જેવાં હોય છે. તેને વેતબર બંગાઈનાં દુધી જેવાં ફળ થાય છે. તેની અંદરની છાલ કઠણ હોય છે. અંદર આઠ સોટના ગોળા હોય છે. આંબલીને બદલે તેનો ઉપયોગ થાય છે.
૩. ન. દેવતરુ; કલ્પતરુ; કલ્પદ્રુમ; સુરતરુ. તે સમુદ્રમંથન વખતે નીકળ્યું હતું અને ચૌદ રત્નોમાંનું એક મનાવામાં આવે છે. તેનો નાશ કલ્પાંત સુધી થતો નથી. પારિજાત, મંદાર, પારિજાતક, સંતાન અને હરિચંદન એ પાંચ કલ્પવૃક્ષો મનાય છે. તેની નીચે બેસનાર જેનો સંકલ્પ કરે તે વસ્તુ તેને મળે એમ મનાય છે.
૪. ન. ફળ ઘણાં હોય એવું ઝાડ.
૫. ન. બહેડાનું ઝાડ.
૬. ન. મનોવાંછિત જેમાંથી મળે તેવી કોઈ પણ વસ્તુ, માણસ વગેરે.
૭. ન. લાભ જેમાંથી ઘણો મળે તેવો ધંધો.

કલ્પવૃક્ષગુચ્છબંધ પું. (કાવ્ય) ગુચ્છબંધ કાવ્યનો એક ભેદ.

કલ્પવૃત્તિ [સં.] સ્ત્રી. કલ્પનાશક્તિ.

કલ્પવેલડી (કલ્પવેલ્ડી) સ્ત્રી. ઇચ્છેલ વસ્તુ પૂરું પાડનારી સ્વર્ગની એક લતા. જુઓ કલ્પલતા.

કલ્પવ્યવહાર પું. (જૈન) શ્રુતિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

કલ્પશાખી [સં.] ન. કલ્પવૃક્ષ.

કલ્પસૂત્ર ૧. [સં.] ન. વૈદિક કર્મોના વિધિઓનું શાસ્ત્ર; યજ્ઞની ક્રિયા ક્રમ કરવી તેના નિયમો આપેલા હોય એવો ગ્રંથ; કર્મકાંડને લગતા નિયમોનું શાસ્ત્ર. સૂત્રોના ત્રણ પ્રકાર છે: શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રૌતસૂત્રોમાં શ્રૌતયજ્ઞની વિધિઓ ક્રમ કરવી તે આવે છે. ગૃહ્યસૂત્રોમાં ગૃહ્યાગ્નિ ચેતવ્યા પહેલાં પુરોહિતની સલાહ વગર કરી શકાતાં કર્મોની વિધિ કહેવામાં આવી છે. ધર્મસૂત્રો વેદનાં અંગો મનાવામાં આવે છે. તેથી ચાર વેદ પ્રમાણે તેની જુદી જુદી શાખા હોય છે: જેમકે, ૧. ઋગ્વેદનાં– આશ્વલાયન અને સાંખ્યાયન. ૨. સામવેદનાં– મશક, રાણાયનિ અને દ્રાહ્યાયણ. ૩. કૃષ્ણયજુર્વેદનાં–માનવ, બૌધાયન, હારદ્વાજ, આપસ્તમ્બ અને હિરણ્યકેશિન્ અથવા સત્યાષાઢ. ૪. શુક્લ યજુર્વેદનું–કાત્યાયન. ૫. અથર્વવેદનાં– કૌશિક અને વૈતાન.
૨. ન. (જૈન) સાધુઓના આચાર વર્ણવતું ધર્મપુસ્તક. તે પાંચ છે: ૧. ઉત્તરાધ્યયન સૂત્ર, ૨. નિશિથ સૂત્ર, ૩. કલ્પ સૂત્ર, ૪. વ્યવહાર સૂત્ર, ૫. જિતકલ્પ સૂત્ર.

કલ્પસ્ત્રી સ્ત્રી. દેવની સ્ત્રી; દેવી.

કલ્પસ્થ પું. બાળક.

કલ્પસ્થિતિકા સ્ત્રી. તરણ સ્ત્રી.

કલ્પહિંસા [સં.] સ્ત્રી. (જૈન) રાંધવા, ખાંડવા વગેરેમાં થતી હિંસા.

કલ્પા [સં.] સ્ત્રી. એક જાતનો ઘાસ.

કલ્પાકર ન. છોકરું.

કલ્પાગ્રાડ ન. (કલ્પાગ્રાડ) કલ્પતરુ. જુઓ કલ્પવૃક્ષ.

કલ્પાતીત ૧. પું. (જૈન) ઊર્ધ્વલોકના બે ભાગ પાડેલો એ નામનો એક. જ્યાં ઇંદ્રાદિકની કલ્પના નથી તે ભાગને કલ્પાતીત કહે છે. જ્યાં ઇંદ્રાદિકની કલ્પના હોય છે તે ભાગને કલ્પ કહે છે.
૨. પું. નવ ગ્રૈવેયકથી માંડી પાંચ અનુત્તર વિમાન સુધીના દેવતા; વિમાનિક દેવોનો એક પ્રકાર. આ દેવો કલ્પ–સ્વર્ગ–બહાર હોવાથી તેઓ કલ્પાતીત કહેવાય છે.
૩. વિ. જેનો અંત કલ્પમાં પણ ન થાય એવું; નિત્ય.
૪. વિ. બાર દેવલોકથી ઉપરના દેવલોકનું.
૫. [સં.] વિ. (જૈન) સર્વ પ્રકારની મર્યાદા જતી રહી હોય એવું. જ્યાં પરસ્પર સ્વામીસેવકભાવ જતો રહ્યો છે, જ્યાં પરસ્પર નાનામોટાપણાની મર્યાદા હોતી નથી, જેઓને જિનેશ્વરોના કલ્યાણિકાદિ પ્રસંગોમાં જવાવાની મર્યાદા સાચવવાની નથી તે કલ્પાતીત કહેવાય.

કલ્પાદિ ૧. [સં.] પું. શિવ.
૨. સ્ત્રી. કલ્પની શરૂઆત.
૩. ન. ચૈત્ર માસમાં કરવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

કલ્પાદિકાલ [સં.] પું. કલ્પનો આદિ સમય.

કલ્પાદિતિથિ [સં.] સ્ત્રી. બ્રહ્માના દિવસની પહેલી તિથિ; કલ્પની શરૂઆતનો દિવસ.

કલ્પાય પું. (જૈન) કર; રાજાને આપવાનો ભાગ.

કલ્પારંભ [સં.] પું. બ્રહ્માના દિવસની શરૂઆત.

કલ્પાવર્તંસક ન. તે નામનું વિમાન.

કલ્પાવર્તંસિકા સ્ત્રી. (જૈન) કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર. જુઓ કાલિકશ્રુતજ્ઞાન.

કલ્પાવવું ૧. સ. ક્રિ. અમુક બાબતનો ચોક્કસ નિર્ણય કરાવવો; નક્કી કરાવવું.
૨. સ. ક્રિ. ઉત્સર્ગ કરાવવો; સરાવવું; પ્રેરણા મરજી પ્રમાણે સંકલ્પ કરીને કોઈ વસ્તુ આપવી તે.
૩ સ. ક્રિ. કાળજું બાળવું; કળકળાવવું.
૪. સ. ક્રિ. દુઃખી કરવું; શોક કરાવવો; રોવરાવવું; અંતર દાઝે એમ કરવું.

કલ્પાવું ૧. અ. ક્રિ. કલ્પનાથી બનવું.
૨. [સં. કૃપ્ (ભેળવવું)] અ. ક્રિ. ભળવું; સંપાદિત થવું.

કલ્પાહારી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અષ્ટિ છંદનો તે એક ભેદ છે. તેમાં ૪ નગણ, ૧ ભગણ અને ૧ ગુરુ એમ ૧૬ વર્ણ હોય છે.

કલ્પાંત ૧. [સં.] પું. કલ્પનો અંતકાળ; જગતનો પ્રલયકાળ; મહાપ્રલયનો સમય. વિવસ્વાન્ –સૂર્યથી ઉત્પન્ન થયેલા મનુમનુષ્યાદિ પ્રાણી–સમૂહનો કાલ તે વૈવસ્વત મન્વંતર. ચાર યુગનો એક મહાયુગ, એકોતેર મહાયુગનો એક મન્વંતર અને ચૌદ મન્વંતરનો એક કલ્પ થાય છે. કલ્પાંત થાય ત્યારપછી આવતો ક્રમ ગયેલ કલ્પના જેવો હોય. કલ્પાંતમાં સાત લોક પર્યંત પ્રલય થાય એમ મનાય છે.
૨. ન. અત્યંત રોવું કકળવું તે; કકળાટ.
૩. ક્રા. સમ.
૪. ન. રડારોળ.

કલ્પાંતકારી ૧. [સં. કલ્પાંતકારિન્] વિ. કકળાટ ઉત્પન્ન કરે એવું.
૨. વિ. ભયંકર.

કલ્પાંતકાળ પું. બ્રહ્માના દિવસનો અંત સમય; કલ્પનો છેડો; મહાપ્રલયનો કાળ.

કલ્પાંતસ્થાયી [સં. કલ્પાંતસ્થાયિન્] વિ. પ્રલયકાળ સુધી રહેનાર.

કલ્પાંતાવધિકાર્ય [સં.] પું. વિષ્ણુનું એક નામ.

કલ્પાંતાવધિકાર્યકૃત [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કલ્પિકા સ્ત્રી. (જૈન) કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

કલ્પિત ૧. [સં.] પું. લશ્કર માટે શણગારાયેલો હાથી.
૨. વ. કલ્પેલી વસ્તુ; કલ્પના; યુક્તિ.

૩. વિ. આરોપાયેલ.
૪. વિ. કલ્પેલું; કૃત્રિમ; બનાવટી; નકલી.
૫. વિ. ઊભેલું; રચના કરેલું; ગોઠવેલું.
૬. વિ. અનુમાનેલ.
૭. વિ. ખોટી ઠરેલું; મનમાં ધારેલું; ખોટું.
૮. વિ. રચેલું; સ્થાપેલું.
૯. વિ. અવસ્થિત.
૧૦. વિ. (જૈન) સાધુને લેવા જેવું.

કલ્પિતકથા [સં.] સ્ત્રી. ખોટી બનેલ વાર્તા; કંથકથા; પુરાણકથા.

કલ્પિતગ્રંથ [સં.] પું. ખોટી બનેલ વાર્તાસંગ્રહ.

કલ્પિતભૂષાગ [સં.] ન. પૂજાનો બનાવટી પ્રકાર.

કલ્પિતમુગ પું. ખોટી બનેલી વાર્તાનો બનાવ.

કલ્પિતરાશિ [સં.] પું. ગણિતમાં ધારેલી સંખ્યા.

કલ્પિતાકલ્પિત ન. (જૈન) એ નામનું ઊપધિક વસ્ત્ર.

કલ્પિતાર્થ ૧. [સં.] પું. અનુમાનાર્થ; સિદ્ધાંતાર્થ.
૨. પું. તર્ક; વાદ; બકવાદ.
૩. પું. પક્ષ; પ્રતિજ્ઞા.
૪. પું. સંભાવના; ઉપન્યાસ.
૫. ન. (ગણિત) જે બાબતો બનાવવામાં આવી હોય અને જેના ઉપરથી બીજી બાબતો સિદ્ધ કરવાની હોય અથવા સ્થપાની હોય તે બાબતો.

કલ્પિતોપમા [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારનો ઉપમા અલંકાર; અપૂર્ણોપમા. જ્યાં કોઈ ઉપમેયની ઉપમા માટે ઉપમાનની પ્રાપ્તિ થવિને ન હોય ત્યાં ઉપમેયના યોગ્ય ઉપમાનની કલ્પના કરીને ઉપમા આપવામાં આવે તે કલ્પિતોપમા.

કલ્પી ૧. [સં. કલ્પિન્] પું. કલ્પક.
૨. વિ. કલ્પના કરનાર.
૩. વિ. રચનાર.
૪. વિ. વેશ કરનાર.

કલ્પેલું વિ. કલ્પિત.

કલ્પોપપન્ન ૧. પું. (જૈન) વૈમાનિક દેવોનો એક પ્રકાર. બાર દેવલોકમાં રહેનારા દેવ કલ્પોપપન્ન દેવ કહેવાય છે. દિગંબરી જૈન બારને બદલે સોળ દેવલોક માને છે.
૨. [સં.] વિ. (જૈન) જેમાં ઇંદ્રાદિકની કલ્પના હોય એવું.

કલ્પ્ય ૧. [સં.] પું. બાગ.
૨. ન. આરોપ્ય.
૩. ન. ધ્વનિ; અવાજ.
૪. ન. સંખ્યા.
૫. વિ. બનાવવા યોગ્ય; કરવા જેવું.
૬. વિ. કલ્પના કરવા યોગ્ય.
૭. વિ. કલ્પી શકાય એવું; કલ્પનામાં આવે એવું.
૮. વિ. સ્થપવા લાયક.

કલ્બ ૧. પું. આત્મા.
૨. [બ.] પું. કાળજું.
૩. પું. કુતરો.
૪. પું. નર; મરદ.
૫. પું. સ્ત્રિ; હિજડા.
૬. પું. વાઘરાનો બખોલવાસ.
૭. વિ. ઊણું કરેલું.
કલ્બ કરવું = ઊણું વાળવું.
૮. વિ. બગાડેલું.

કલ્બલાવવું સ. ક્રિ. મચાવવું; બબડાવવું.

કલ્બસાઢ પું. ખોટા સિક્કા પાડનાર બાવૂત.

કલ્બસાઢી ન. ખોટા સિક્કા પાડવાનું કામ.

કલ્બા [બ.] પું. હળ.

કલ્બાશાની [બ.] ન. હળ હાંકવું તે.

કલ્બી ૧. વિ. ખોટા સિક્કાવાળું.
૨. ન. હલકપૂર્વક; ખરા ભાવથી.

કલ્મ ૧. [સં.] પું. અભિપ્રાય.
૨. પું. આચાર.
૩. પું. ધર્મકર્મનો વિધિ.
૪. પું. સંકલ્પ; વિચાર.
૫. પું. કાવતરું.
૬. ન. જેવું અર્થમાં વપરાતો પ્રત્યય.

કલ્મણી [હિં.] સ્ત્રી. એક જાતનું ગાદલું; શેતરંજ.

કલ્મષ ૧. [સં.] પું. એ નામનો એક વાસ.
૨. પું. પેણીની નીચેનો હાથ; હાથનો છેડો.
૩. ન. અપરાધ; દોષ; ગુનો.
૪. ન. પાપ; અપરાધ; મેલ.
૫. ન. મણી ટીલી; લાંછન.
૬. ન. દુઃખ; પીડા.
૭. ન. નરક.
૮. ન. પાપ; પાતક.
૯. વિ. મલવાળું; ગંદું; મેલું.
૧૦. વિ. બદમાશ; પાપી; દુષ્ટ.

કલ્મષકારી [સં.] વિ. પાપી; દુષ્ટ.

કલ્મષતા [સં.] સ્ત્રી. મલિનતા.

કલ્મા ૧. [બ.] પું. કુરાનનું મૂળ સૂત્ર.
૧. કલ્મા પઢવા = મુસલમાન બનાવવું.
૨. કલ્મા પઢવા = (૧) કુરાનનાં સૂત્ર બોલવાં. (૨) કોઈનું ઉપરીપણું કબૂલ કરવું.
૩. કલ્મા તે મૂકૂ = ઉપરની નિશા.

કલ્માક ૧. સ્ત્રી. તાતાર લોકોની એક જાત.
૨. ન. એક જાતનું બાવૂત.
૩. વિ. એ નામની એક જાતનું.

કલ્માકો ૧. પું. સુરત મુસલમાન.
૨. પું. ધુબેલ્યક.

કલ્માન પું. દાદી અને મૂળનો ઉપલો ભાગ.

કલ્માષ ૧. [સં.] પું. એક જાતનો અગ્નિ.
૨. પું. (પુરાણ-) એક જાતનો સર્પ.
૩. પું. કાળો રંગ.
૪. પું. રાક્ષસ.
૫. પું. સુગંધી ઢોંસરની એક જાત.
૬. ન. કલંક; ડાઘ.
૭. ન. વિષ; ઝેર.
૮. વિ. કાળા અને ધોળા રંગના મિશ્રણવાળું; કાબરચીતરું.
૯. વિ. કાળું.

કલ્માષકંઠ [સં.] પું. મહાદેવ; શિવ.

કલ્માષકોષ [સં.] પું. ઢોકર.

કલ્માષપાદ [સં.] પું. ઇક્ષ્વાકુ વંશમાં હરિશ્ચંદ્રથી ૨૦મા સૂર્યવંશી સુદાસ રાજાનો પુત્ર; વીરસહ; મિત્રસહ; સૌદાસ. એક વખત એ રાજાએ મૃગયા-કરવા જતાં બે રાક્ષસ જોયા. તેમાંના એકને તેણે માર્યો. બીજો નાસી ગયો. નાસી ગયેલ રાક્ષસે વેર લેવા તેને ઘેર અતિથિ તરીકે પધારેલ વસિષ્ઠ ઋષિના ભોજનમાં નરમાંસ ભેળવી દીધું. વસિષ્ઠને આ વાતની ખબર પડતાં તેણે રાજાને શાપ આપ્યો કે તું રાક્ષસ બનીશ અને બાર વરસ પછી પાછો રાજા થઈશ. રાજા પણ વસિષ્ઠને શાપ આપવા તૈયાર થયો, પણ તેની સ્ત્રી મધ્યંતીએ તેને વાર્યો. તેથી તેણે મંત્રેલું પાણી પોતાના જ પગ ઉપર નાખ્યું. તેથી તેનો પગ કાળો થઈ ગયો અને એનું નામ કલ્માષપાદ પડ્યું. રાજા જ્યારે રાક્ષસયોનિમાં હતો ત્યારે વિશ્વામિત્રે એના શરીરમાં કિંકર નામના રાક્ષસને પ્રવેશાવી એને હાથે વસિષ્ઠના સહિત આઠ સો પુત્રોને મરાવ્યા. તેમજ એક બ્રાહ્મણનું એકું અપેક્ષા જતું હતું, તેમાંના બ્રાહ્મણને આ રાક્ષસે માર્યો. તેથી બ્રાહ્મણની સ્ત્રીએ શાપ આપ્યો કે તું મધ્યંતીનો સમાગમ કરીશ કે તત્કાળ મરણ પામીશ.

કલ્માષા સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એક નદીનું નામ.

કલ્માષી ૧. [સં.] સ્ત્રી. કાબરચીતરી સ્ત્રી.
૨. સ્ત્રી. જમદગ્નિની માતા.
૩. સ્ત્રી. યમુના નદી.
૪. વિ. ચિત્રવિચિત્ર રંગનું.

કલમી સ્ત્રી. એક જાતની કંદમૂળ વનસ્પતિ.

કલ્લુંહી [હિં.] વિ. કલંકિત; કાળા ચોઢાવાળું.

કલ્લેશારીફ [અ.] ન. ઇસ્લામીઓનું ધર્મપુસ્તક; કુરાન.

કલ્મો પું. કુરાનનું સૂત્ર.

કલ્પ ૧. [સં.] સ્ત્રી. આવતી કાલ.
૨. સ્ત્રી. ચર્ચ કાલ.
૩. સ્ત્રી. લાડ.
૪. સ્ત્રી. પરોઢિયું; પ્રભાત; પ્રાતઃકાલ.
૫. સ્ત્રી. મંત્ર.
૬. સ્ત્રી. સારા અક્ષર.
૭. વિ. ઉદ્યોગી; ખંતીલું.
૮. વિ. કાલું; બોબડું.
૯. વિ. ચતુર; હોશિયાર.
૧૦. વિ. નીરોગી.
૧૧. વિ. પઢાવેલું; શીખવેલું.
૧૨. વિ. બહેરું.
૧૩. વિ. મૂંગું.
૧૪. વિ. સિખામણ આપનાર.
૧૫. વિ. સજ્જ; તૈયાર.
૧૬. વિ. સમર્થ; શક્તિવાળું.
૧૭. વિ. સુખી.

કલ્પતા [સં.] સ્ત્રી. આરોગ્ય.

કલ્પત્વ જુઓ કલ્પતા.

કલ્પપાલ [સં.] પું. દારૂ વેચનાર; કલાલ.

કલ્પપાલક જુઓ કલ્પપાલ.

કલ્પવર્તી ૧. [સં.] ન. નજીની વસ્તુ.
૨. ન. સવારનું ખાણું; નાસ્તો.

કલ્પા ૧. [અ.] પું. ઉકાળેલું માંસ.
૨. [સં.] સ્ત્રી. અભિનંદન.
૩. સ્ત્રી. કાર.
૪. સ્ત્રી. નીરોગી સ્ત્રી.
૫. સ્ત્રી. શુભ વાણી.
૬. સ્ત્રી. હરકોઃ હરકાં.
૭. સ્ત્રી. (બોરી) હાથે પહેરવાની રૂપાની કલ્લી.

કલ્પાકલ્પ [સં.] ન. પ્રતિદિનઃ હમેશા.

કલ્પાણ ૧. પું. એ નામનો પ્રકાર.
૩. [સં. કર્પટ] પું. ચીંથરાને વળ દઈ અથવા ગોળ વીંટાળી સળગાવવા માટે બનાવેલો જાડો અને દિવેટથી લાંબો વાટો.

૧. કાકડા ઉતારવા-બાળવા = ભૂત અથવા ડોકરપટ્ટ કહેવા માટે માણસના માથા ઉપર મશાલ સળગાવીને ઘૂમવી.

૨. કાકડા ફાડવા = બળતા કાકડાને મોંમાં નાખવા અને કાઢવા.

૩. કાકડો કરવો = (૧) મશાલ સળગાવવી. (૨) મશાલની વાટને વળ દેવો.

૪. વિ. પું. મોરો; ઊજળો.

કાકડોળિયા સ્ત્રી. એક જાતની વેલ. તેની કાંકરી રાતી, પાન બહુ ત્રણ ખાંચે, ડોડવાં પરપોટા જેવાં ફૂલેલાં ત્રણ ધારનાં અને બીજ પણ બહુ ત્રણ ખૂણા આકાર, કાળાં અને મોટે સહેજ ફેંસવાળાં થાય છે. તેનાં બી મધુર, તૂરાં, વીર્યવર્ધક અને પુષ્ટિકારક છે. બી દીપડા ખાય તો મરી જાય એમ મનાય છે.

કાકડોળે અ. આતુરતાથી; ઉદ્વેગપૂર્વક.

કાકણ્ય [સં.] પું. એક પ્રકારનો રોગ. તે તીવ્ર વેદનાયુક્ત, વચ્ચે લાલ અને કોરે ભાળો એટલે ચણોઠી જેવો હોય છે.

કાકણ્યક જુઓ કાકણ્ય.

કાકણ્યવીચર્ચિ સ્ત્રી. એક જાતની દવા. તે બનાવવા લોહભસ્મ, શુદ્ધ વછનાગ, મિરચ, કઠ, સૂંઠ, મરી અને પીપર એ બધું સમાન ભાગે લઈ તેને દરેકના, લીબુંના અંતરભાગ, ચાવડિયું, ખેર, અરડૂસીનાં પાન અને બળદના દ્રવાની ત્રણ ભાવના આપવી.

કાકણ્યહાર પું. એક જાતનું ઘરેણું.

કાકતુણ્ડા સ્ત્રી. કાકતુણ્ડા નામની ઔષધિ.

કાકતુણ્ડિ જુઓ કાકતુણ્ડી.

કાકતુણ્ડી ૧. પું. એક જાતનો જડતી સિક્કો.

૨. સ્ત્રી. ચોરસ ગોત્રમનું એક માપ. ક્ષેત્રફળનામાં તેનો ઉપયોગ થાય છે.

૬૪ ગોત્રમ = ૧ કાકણી

૪ કાકણી = ૧ માપ.

૩. સ્ત્રી. દેરાના નીચેના ભાગમાંની જાડવાળી કોર.

કાકતાલ ન. હંસપદ; તરત.

કાકતાલીય ૧. [સં.] ન. અનુપારી રીતે બનેલો બનાવ; આકસ્મિક.

૨. વિ. પ્રાણી તાડ ઉપર બેસવું અને આકસ્મિક તાડફળીનું પડવું આમ બેવું અનુપપન્ન; ઔચિત્યું.

કાકતાલીયતા સ્ત્રી. કાગડાનું તાડના ઝાડ ઉપર બેસવું અને તાડનું પડવું એના જેવી સ્થિતિ.

કાકતાલીયન્યાય [સં.] પું. આકસ્મિક જેવો ન્યાય; કાગડો બેસે અને તાડ પડે તેવું દૃષ્ટાંત. અનુપપન્ન અર્થ કરતાં બીજું અનુપપન્ન જ અર્થ ઘટી આવ જેવા બનાવ માટે આ દૃષ્ટાંત વપરાય છે.

કાકતાલુકી [સં.] વિ. તુચ્છ; ધિક્કારપાત્ર.

કાકતિક્તા ૧. [સં.] સ્ત્રી. અપેડી.

૨. સ્ત્રી. પીલુડી.

કાકતીર્થ ૧. [સં.] ન. કાગડાઓનું ભેગા મળવાનું સ્થળ.

૨. ન. કામી મનુષ્યોનું આનંદનું સ્થાન.

કાકતુંડ ૧. [સં.] પું. એ નામનું એક અપવિત્ર ગણાતું વૃક્ષ.

૨. ન. કાળું અગર.

કાકતુંડકેલા [સં.] સ્ત્રી. કાકનાસા વનસ્પતિ.

કાકતુંડસંધ [સં.] પું. કાગડાની ચાંચ જેવો સાંધો.

કાકતુંડી ૧. [સં.] સ્ત્રી. કાકમારી; એ નામની એક ઔષધિ; લાલ પીલુડી; કાકનાસાવૃક્ષ.

૨. ન. પિત્તળની એક જાત. પિત્તળને તપાવી સુરકામાં બુઝાવવાથી કાળું થાય તે કાકતુંડી કહેવાય છે.

કાકતુલ્યપપાતક [સં.] પું. (ન્યાય) કાગડાથી દહીં બગાડવાનું કહેતાં કૂતરાં, બિલાડાં વગેરે બધાં પ્રાણીથી દહીં બગાડવાનું પણ સમજવામાં આવે છે તેમ કોઈ એક વાતમાં બીજી ઘણીએ વાતોનો સમાવેશ થતો હોય એવો ન્યાય.

કાકદની સ્ત્રી. એક જાતનો બહુ મોટા વિસ્તારવાળો કાંટાળો લાંબો વેલો; મૂષકપર્ણી; કેવારો. આ વેલો કાકના ટુંક જેવો લાગે છે. એનાં પાન સમપ્રોળ અને સાંકડાં હોય છે. તેમાં ફૂલોની છત્રાકાર પીળા રંગની ગુચ્છીઓ આવે છે અને ફરમદાં જેવાં કાળાં ફળ થાય છે.

કાકદંત ૧. [સં.] પું અસંભવિત વાત.

૨. પું. કાગડાનો દાંત.

કાકદંતગવેષણ [સં.] પું. (ન્યાય) કાગડાના દાંતની શોધ કરવાની પેઠે લાભ વિનાની બરાબર બાબતની તપાસ; નિષ્ફળ પ્રમાણપ્રયત્ન ન્યાય.

કાકદૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. કાગડાના જેવી ત્રિક શોધક દૃષ્ટિ અંગના તેમજ સ્વાર્થ સારેલી નજર.

૨. સ્ત્રી. કાગડાની આંખ.

૩. સ્ત્રી. વક્રા દૃષ્ટિ.

કાકદ્વીપ પું. ખારવાળી જગ્યામાં ઊગતો એ નામનો એક છોડ. તેને ઊગતી વખતે પુષ્કળ ખરાબની જરૂર છે.

કાકધ્વજ ૧. [સં.] પું. વાડવાનલ સમુદ્રમાં રહેલો અગ્નિ.

૨. પું. (પુરાણ) વાસવિ ભૃગુના પુત્ર ઔર્વના મોટા ભાઈના દીકરા ઉર્વનો પુત્ર; ઔર્વ, કેમકે તેની ધજામાં કાગડો હોય છે.

૩. સ્ત્રી. જ્યેષ્ઠા દેવી, કેમકે તેની ધજામાં કાગડાનું ચિહ્ન હોય છે.

કાકનજ [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ. તેનાં ફળનું ચણી દૂધમાં નાખવાથી દહીં જેવું જામી જાય છે. તે કોપક, મૂત્રલ અને અતિસર્યું તથા કફોલ્બણના વ્યાધિ મટાડે છે.

કાકનંતી [સં.] સ્ત્રી. ચણોઠી.

કાકનાદ ન. કોશળ રાજ્યમાં આવેલ બે બુદ્ધના સ્તૂપોને લીધે પ્રસિદ્ધ થયેલ શ્રાવસ્તીનું પ્રાચીન નામ.

કાકનાશા સ્ત્રી. (જૈન) એક જાતની ભોજનાંતરાય; સાધુ ચાલતા હોય અથવા ઊભા રહે તે વખતે કાગડો વગેરે વિઘ્ન કરે તેથી આવતી અંતરાય.

કાકનાસા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; નસોતર; કાગડાના નાક જેવી ચાંચોવાળી વનસ્પતિ; કાકમારી; કાકતુંડકેલા.

૨. સ્ત્રી. કાંગનું ઝાડ.

કાકનાસિકા જુઓ કાકનાસા.

કાકનિદ્રા [સં.] સ્ત્રી. ઝબકી ઊઠી જાય એવી ઊંઘ; સાવચેતી ભરેલી ઊંઘ.

કાકનિષદ પું. એ નામનો જૂના વખતનો એક સિક્કો.

કાકનિદુક ૧. પું. ક્રૂરો.

૨. પું. કાકડિન્દરવો.

૩. પું. પીલુનું ઝાડ.

૪. ન. પીલુનું ફળ.

કાકપક્ષ ૧. પું. ચોટલી.

૨. પું. વાઢેલા વાળનો કાગડાની પાંખ જેવો ગુચ્છો.

૩. ન. એક જાતનું ત્રિફાળ ઘર.

૪. ન. કાગડાનું પીછું.

૫. ન. કાનઉંદરમાં; મસ્તક નીચે ઉંદર કાન સુધી પહોંચેલા કેશ.

કાકપક્ષક જુઓ કાકપક્ષ.

કાકપક્ષધર [સં.] વિ. કાનઉંદરમાં રાખનાર.

કાકપક્ષી પું. કાગડો.

કાકપગલું ન. હંસપદ; કાગડાના પગના આકારનું ચિહ્ન.

કાકપત્ર ૧. [સં.] ન. કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

૨. ન. (સંગીત) ચાર બહુ માત્રા જેટલો સમય.

કાકપદ ૧. [સં.] ન. એક જાતનો રતિબંધ.

૨. ન. કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

૩. ન. કાગડાના પગના જેવું કોઈ માપ.

૪. ન. કાગડાનું પગલું.

૫. ન. કાગડાનો પગ.

૬. ન. ચામડીમાં અંદરથી કરેલો ઉઝરો.

૭. ન. (સંગીત) ચાર બહુમાત્રા જેટલો સમય; કાળનું એ નામનું એક પરિમાણ.

૮. ન. (સંગીત) રાગમાં સ્વરનો એક પ્રકાર.

૯. ન. હીરાનો એક દોષ.

કાકપદચિહ્ન [સં.] ન. કાગાક્ષરમાં બે શબ્દો વચ્ચે ઊભેરો કરવા મૂકાતું ^ આવું ચિહ્ન.

કાકપદદોષ [સં.] પું. હીરાના દસ પ્રકારના દોષ પૈકીનો એક.

કાકપર્ણી [સં.] સ્ત્રી. જંગલી અગર; એક જાતની વનસ્પતિ.

કાકપાદ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલ ખરતાં પીળા રંગનાં હોય છે.

કાકપાદમ પું. દુધીની જાતનો એક વેલો. તેનું ફળ નારંગી જેવું લાલ હોય છે. તેને સુગોલિત પીળાં ફૂલ આવે છે. પશ્ચિમ ઘાટમાં તે ખૂબ ઊગે છે.

કાકપીલુ ૧. [સં.] પું. પીળા અણોડીનું ઝાડ.

૨. પું. રાતી અણોડીનું ઝાડ.

૩. ન. કમ્બીર નામનું ઝાડ.

કાકપુચ્છ ૧. [સં.] સ્ત્રી. કોયલ.

૨. સ્ત્રી. તમરની જાત.

કાકપુષ્ટ પું. કોયલ.

કાકપુષ્પ [સં.] ન. એક જાતનું વૃક્ષ.

કાકપેય [સં.] વિ. છીછરું; બહુ ઊંડું નહિ એવું.

કાકફેલા [સં.] સ્ત્રી. એક જાતનું વંતુ.

કાકફેળ ૧. [સ. કાકફલ] પું. કીંમઠાનું ઝાડ.

૨. [સં. કાકમારી] ન. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ દવામાં વપરાય છે. તે માયાનાં ફરદ

ઠાકરેક

અને ત્રિદોષ મટાડે છે. તેથી ધાવણ પણ વધે છે.
૩. ન. કાકમારીનું ફળ.
૪. ન. કોંબોળી.

ઠાકણ ૧. પું. મહુડાંનો ભાંડો અને કાળો રસો; મહુડાંનો ગોળ. તે તમાકુમાં ભેળા ગાકુ બનાવવામાં આવે છે.
૨. ન. હલકો જાતનાં લોકો રહેતાં હોય એવું ગામ.

ઠાકણલિ [સં.] પું. શ્રાદ્ધ સમયે ભોજનનો કામકાને અપાતો ભાગ.

ઠાકણીરુ ૧. [સં.] પું. ધુવડ.
૨. પું. ભીરુ અને મૂર્ખ માણસ.

ઠાકણ્ડુપુંડી [સં.] પું. (પુરાણ) એક ઋષિનું નામ. લોમશના શાપથી તે કાગડો બની ગયો હતો. તે રામનો મોટો ભક્ત હતો.

ઠાકમ ૧. પું. એક જાતનું નોળિયાની જાતનું સુંદર જનાવર.
૨. પું. પ્રવાહી ગોળ જેવો થાય ત્યાંસુધી ઉકાળેલો શેરડીનો રસ; સહેજ કાચો પાતળો શેરડીનો ગોળ.

ઠાકમક્કુ ૧. [સં.] સ્ત્રી. જળકૂકડી.
૨. સ્ત્રી. કાત્યૂહ પક્ષી.

ઠાકમરી જુઓ ઠાકમારી.

ઠાકમર્દ [સં.] પું. બહેડાનું વૃક્ષ.

ઠાકમાચી [સં.] સ્ત્રી. કાપફળનો વેલો; ભોરિંગડીની જાતનો એક બે હાથ ઊંચો થતો છોડ. તેમાં નાનાં નાનાં પીળાં ફૂલનાં ઝૂમખાં થાય છે. તેનાં ફળ ગોળ કાળા રંગનાં થાય છે. તેનું પંચાંગ રેચક અને મૂત્રલ છે અને મકૃતોદર, પ્લીહોદર તથા જૂર્ણ ત્વકૃદોષમાં ઉપયોગી છે.

ઠાકમાતા જુઓ ઠાકમાચી.

ઠાકમાતુ જુઓ ઠાકમાચી.

ઠાકમારી સ્ત્રી. હિંદ, સિલોન, મલબાર, કોંકણ અને મલાયાના પહાડોમાં ઊગતી એ નામની એક વેલ. તેનાં ફળ ઝેરી અને મારક છે. અરબસ્તાનમાં તેનો આસવ બનાવે છે. તે નિદ્રા કે ચેન લાવવા વપરાય છે. હિંદમાં રૂનાની લહીઓ પણ તે વાપરે છે. ચામડીનાં દર્દ, ખસ, ખરજવું, દદર, ઉંદરી, જૂનાં નહિ રૂઝાતાં પડ વહેતાં ઝેરી વ્રણો, પોપડા બાઝેલાં પાકાં, જંતુ પડેલ વ્રણોને રૂઝવવા તેનાં બીજ ઉપરની છાલ કાઢી બારીક કપડગાળ કરી મલમમાં ભેળવી ઓપડાય છે. તેલમાં નાખી તે વાળમાં નાખવાથી જૂ નાશ પામે છે. મરી ગયેલાં દોરોને ઉખાડવાનો પ્રયત્ન લેનાર રેઢ લોકો ભામનો પ્રયત્ન મોંચો પડે તે વખતે લોહાની આર ઉપર તેનો લેપ લગાડે ને તે આર જનવરોને ચોંકે તેથી ઢોર ભીમાર પડી એક બે દિવસમાં મરણ પામે. તેનાં પાંદડાંના રસમાં લાંબૂલીનાં પાન વાટી ગોટી બનાવી વ્રણ ઉપર બાંધવાથી વ્રણો જલદી જ્યાર નીકળી પડે.

ઠાકમુખસ્વસ્તિક [સં.] પું. કાગડાના મોઢા જેવો ચીપિયો.

ઠાકમુખી પું. આખું શરીર એકસરખા રંગનું પણ મોઢું કાળું હોય તેવો ઘોડો.

ઠાકમુદ્ગા જુઓ કાકપર્ણી.

ઠાકમૈથુન ન. કાગડા કાગડીનો સંયોગ.

ઠાકયવ [સં.] પું. જનાજ વગરનું કૂંડું.

ઠાકર ૧. [સં. કર] પું. કરવતનો દાંતો.
૨. પું. કાંકરો; પત્થર.
૩. પું. કાંટો.
૪. પું. ચામડીમાં પડેલો કાયમ ચીરો.
૫. પું. ચળિયો.
૬. પું. સુવરાદિ પ્રાણીઓના દાંત; દંતૂશળ.
૭. સ્ત્રી. કપૂખીની એ નામની એક અટક.
૮. સ્ત્રી. ઘેટાં બકરાંની કરોડ ને પાંસળા સાથેનું માંસ.
૯. સ્ત્રી. પીંજણને છેડે આવેલ સૂપડા જેવા પાટિયાની કોર ઉપર બંધાતી બકરાના ચામડાની પટ્ટી. તે ન હોય તો તાંતનો બનાવ કરી શકે નહિ.
૧૦. ન. કપૂખીની એ નામની અટકનું માણસ.
૧૧. ન. ચશ્માં; ચોકઠું.
૧૨. વિ. કપૂખીની એ નામની અટકનું.

ઠાકરકોબ સ્ત્રી. વસવાયું; કારીગરવર્ગ.

ઠાકરડી (કાકરડી) સ્ત્રી. ઝીણા ઝીણા વધુ દાંતાવાળો ધાર.

ઠાકરડો (કાકરડો) પું. ઉંદરજાતનું નાનું કાંકરો; કુટજ.

ઠાકરણી સ્ત્રી. રેતરડી; કાનસ; અતરડી.

ઠાકરબોકર ૧. પું. નાનાં મોટાં છોકરાંછૈયાં.
૨. વિ. બરાબર પાકેલ ન હોય એવું.

ઠાકરવ ૧. [સં.] પું. કાગડાનો અવાજ.
૨. પું. કરકસુ અકિતા; અસાદસી માણસ.
૩. પું. રાજનો મધ્યમ સેનક.

ઠાકરવાળું વિ. સાગવાન વગરનું.

ઠાકરવું ૧. સ. ક્રિ. ઉશ્કેરવું; ચગાવવું; ઉત્તેજન આપવું.
૨. સ. ક્રિ. કરવતના દાંતા કાઢવા.
કાકર કાઢવા = તીક્ષ્ણ બનાવવું.
૩. સ. ક્રિ. કાપી કાપીને કે કરડા ચડીને ધીરે ધીરે ખાઈ લેવું; ધીરે ધીરે ખોતરી ખોતરીને ખાવું.

ઠાકરા સ્ત્રી. મૂગની ચામડી.

ઠાકરાણા પું. એક જાતનો વેલો. તેનાં પાન પીળાં પાનથી નાનાં અને કાળાશ પડતાં થાય છે. તેનું બનાવણ જેવું ફળ પણ કારેલાંનું થાય છે.

ઠાકરિયા ૧. પું. તબલાં વાદ્ય.
૨. પું. બ. વ. ઘોટ ગોળની બનાવેલી એક વાની.

ઠાકરિયા કુંભાર ૧. પું. એ નામની એક રમત. તેમાં બે જણ બાળક હાથ દેનારના માથા ઉપર મૂઠી મૂઠી ખોબે છે, 'ઠાકરિયા કુંભાર, તારે કેટલો ભાર, એક ઉતાર.' એમ બોલી મૂઠી ઉતરાવે છે અને પછી ઠાકરકુંભારની રમત જેમ રમે છે.
૨. પું. એક જાતનું કાબરચીતરું માથે લાંબી ચોટલીવાળું કલગીદાર પક્ષી.

ઠાકરિયાળું વિ, ઠાકરીવાળું; જે ખેતર કે જમીનમાંથી કાંકરા, કાંકરી નીકળતા હોય એવું.

ઠાકરિયું ૧. ન. અમદાવાદનું એ નામનું એક તળાવ.
૨. ન. તલ અને ગોળ મેળવીને બનાવેલી નાની ગોળી.
૩. ન. તલસાંકળી; તલ અને ગોળની બનતી એક વાની.
૪. ન. મોટા પ્રમાણમાં કાંકરા હોય તેવું ખેતર.
૫. વિ. કાંકરીવાળું.
૬. વિ. ગોળની ચાસણીમાં શેકેલું.
૭. વિ. જેમાંથી ગોળ નીકળે એવું.

ઠાકરી ૧. [સં.] સ્ત્રી. કાંકરી; નાનો કાંકરો.
કાકરી ચાળો = અકરીમાં કાંકરી દેખી; અપશુકન.
૨. સ્ત્રી. ઝીણા ઝીણા દાંતાઓની ધાર; નાનાં દાંતાવાળી ધાર.
૩. સ્ત્રી. ધીરેથી કરેલ અધુંપાધું કરવું તે.
૪. સ્ત્રી. રેતી; કરકર.

ઠાકરુક જુઓ કાકરુક.

ઠાકરેત [સં.] ન. કાગડાનો ઝીણો અવાજ.

ઠાકરેલ્યા સ્ત્રી. એક જાતની કીડી. તે કરણ વિના દુઃખી રહે છે અને અંગ ઘડીઘડી ફેરવતી હોય છે.

ઠાકરોહા સ્ત્રી. એક જાતનું ઝાડ.

ઠાકરૂક ૧. પું. ધુવડ.
૨. પું. દંભ; પાખંડ.
૩. [સં.] પું. ઓળે વસ્ત્ર વગેરેનો પુરુષ;

ઓનો કહેવા પ્રમાણે વર્તનારો માણસ; ઓશિયાળો; ઓનો ગુલામ.
૪. વિ. હિંમતવર; નાગું.
૫. વિ. નિર્ધન; ગરીબ.
૬. વિ. બીકણ.

કાકડ્યું જી. પીળાં પાંદડાંવાળી એક જાતની મોટી વેલ.

કાકરેજ (કાકરેજ) [ઘા.] પું. ભૂખરી રંગ.

કાકરોચા પું. (કચ્છી) આંગરાનો છોડ.

કાકર્ષી પું. ઊલટો અર્થ.

કાકલ ૧. [સં.] પું. એક જાતનો જંગલી મગ્રો; ફ્રેંચુમાક.
૨. પું. બગાનો કાકડો; નરગોટો.
૩. પું. ગોકે પહેરવાનું એક રત્ન.

કાકલક ૧. [સં.] પું. એક જાતનો મગ્રો.
૨. પું. ગજશુંડિકા; પાઠજા. તે એક નાની સંઢના જેવી માંસપેશી છે. આ ઉપનિષ્ક્રિ જ્યારે વધારે પડતી લાંબી હોય અથવા સૂજી આવે ત્યારે ગળામાં આવું ઉપરકણી કર્યા કરે અને તેથી બોલી ઉપરસ આવ્યા કરે.
૩. પું. ગળાનું એક ઘરેણું.
૪. પું. ચોખાની એક જાત.
૫. પું. સાઠ દિવસે થતું એક જાતનું ધાન્ય.

કાકલક ગ્રંથિ જી. ગળાની સામી બાજુ ઉપર આરપાર આવેલી એક માંસપેશી. જ્યારે તે ફૂલેલી હોય ત્યારે સહેલાઈથી દેખાય છે. તેનું વજન માત્ર એક ઔંસ જેટલું છે તોપણ આખા શરીરની તંદુરસ્તી આ નાની ગ્રંથિના કામ કરવા ઉપર આધાર રાખે છે. જો બાલ્યાવસ્થામાં આ ગ્રંથિનું કાવણ બરાબર પૂરતું ન થતું હોય તો બાળક વધતું નથી અને બુદ્ધિહીન થાય છે. બાળકને ગમે તેવું સારું પોષણ આપવામાં આવે પણ જો આ ગ્રંથિ બરાબર કામ ન કરે તો બાળક અક્કલ વગરનું અને ઠીંગણું થાય છે. મોટી ઉમરનું માણસ ગમે તેવું તંદુરસ્ત, મજબૂત અથવા બાલાક હોય, પરંતુ આ ગ્રંથિ ચોક્ક્સ રીતે કામ કરતી બંધ થાય કે તરત તે માણસ મૂર્ખ, જડ અને બાળસુ બની જાય. આ નાની સરખી ગ્રંથિ માણસના શરીર અને મગજ ઉપર આવી અસર કરી શકે એ પહેલી નજરે નવાઈ જેવું લાગે છે, પણ આ ગ્રંથિ તપાસતાં માલૂમ પડે છે કે તેને બહું લોહી મોકલવામાં આવે છે. જ મોટી મોટી નસો આ ગ્રંથિ તરફ લોહી લાવે છે અને બીજી નાની નસો લોહી બહાર જાય છે. તેથી આખા શરીરનું લોહી આ ગ્રંથિમાંથી ઝડપથી પસાર થઈ જાય છે. આ ગ્રંથિની અવસ્થા મટાડવા બે દવાની તપાસોએ જોવું પડ્યું છે કે બેટાની ગ્રંથિ માણસના શરીરમાં મૂકો રાખવ અને તે સંતોષકારક કામ કરી શકે અને આથી મૃત્યુલોક રોગ થતો અટકી જાય. એમ પણ માલૂમ પડ્યું છે કે બેટાનું કાકલક સત્ત્વ પિચકારીથી અથવા મોઢાથી પણ આપી શકાય અને તેમ કરવાથી મૂર્ખાઈ અને અક્કલહીનતા આવતી અટકે છે. આ ગ્રંથિને શરીરની બહારી પણ કહી શકાય કે આ બહારી બરાબર કામ આપે તો શરીરનો અગ્નિ તેજ રહે છે, પણ જો તે અવ્યવસ્થિત થાય તો શરીરનો અગ્નિ મંદ પડી જાય.

કાકલકિની જી. તાલવરિકને લાગેલી નાની સંઢના જેવી એ નામની એક માંસપેશી.

કાકલ ગ્રંથિ જુઓ કાકલક ગ્રંથિ.

કાકલાકલીર [ષ.] જી. મોટી એલચી.

કાકલાસગીર [ફા.] જી. નાની એલચી.

કાકલિ ૧. [સં.] જી. ચકોરી.
૨. જી. ચોરીનું એક સાધન. જુઓ કાકલી.
૩. જી. કોયલ અને મધુર અસ્ફુટ અવાજ; ધીમો મીઠો અવાજ.

કાકલિયા ૧. પું. આખો; આનો બાઈ.
૨. પું. બ. વ. સૈન્યમાં; શીતળાનો રોગ; બળિયાકાકા.
૩. જી. વાણિયાની ચોરાશી જ્ઞાતિ માંહેની એ નામની એક.
૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૫. વિ. એ નામની વાણિયાની જ્ઞાતિનું.

કાકલી ૧. જી. કૃષ્ણમતી નદી; કુરુક્ષેત્રની એ નામની નદી; તે રોહિલખંડ અને કનોજ વિસ્તારમાં થઈને વહે છે.
૨. જી. (સંગીત) એક વિકૃત સ્વર. જ્યારે ષાધાર રિષભની પહેલી શ્રુતિ લે છે ત્યારે તે વિકૃત સ્વર કાકલી કહેવાય છે.
૩. જી. કાકલાષા; પંખીની બોલી.
૪. જી. કાંતર.
૫. [સં.] જી. ચકોરી.
૬. જી. ચોરીના સાધન માટે વપરાતું વાદ્ય; માણસ જ્યારે છે કે ચોર છે તે નક્કી કરવા ચોર લોકો તરફથી વપરાતું એક ધીમા અવાજનું વાદ્યિંત્ર.
૭. જી. સાડી પાન.
૮. જી. સૂક્ષ્મ અને મધુર અસ્ફુટ અવાજ; ધીમો મીઠો અવાજ.
૯. વિ. કોમળ ને મધુર.
૧૦. વિ. દયામણું; કરુણા ઉપજવે એવું.

કાકલીક [સં.] પું. ધીમો મધુર અવાજ.

કાકલીકલ ૧. [સં.] પું. કોમલ.
૨. પું. સૂક્ષ્મ અને મધુર અવાજ.

કાકલીકલ કોકિલ પું. (પિંગળ) રગણ, સગણ, બે જગણ, જગણ, રગણ, સગણ, જગણ, એક લઘુ અને એક ગુરુ મળી બત્રીસ અક્ષરનો એક પ્રમાણવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉદ્ગતિનો ભેદ છે.

કાકલીકલ કોકિલે રસ ને દ્વિજ પર આર છે
સજ અન્ત લાગ કરો. અપિંગલ

કાકલીદ્રાક્ષા [હિં.] જી. બી વગરની મીઠી દ્રાક્ષ.

કાકલીદ્વાર ન. સ્વરનળીનું મુખ.

કાકલી નિષાદ [સં.] પું. (સંગીત) અતુ'શ્રુતિ નિષાદ; આર વિકૃત સ્વર માંહેનો એ નામનો એક. જ્યારે નિષાદ ષડ્જની બે શ્રુતિ અલગ કરે ત્યારે તે આર શ્રુતિવાળો થાય છે.

કાકલીરવ જુઓ કાકલીકલ.

કાકલીરવા [સં.] જી. કોયલ.

કાકલી સાધારણ ન. (સંગીત) સ્વર સાધારણનો આર માંહેનો એ નામનો એક પ્રકાર. સ્વર સાધારણના કાકલી સાધારણ, અંતર સાધારણ, મધ્યમ સાધારણ અને ષડ્જ સાધારણ એમ આર પ્રકાર છે. કાકલી સ્વર નિષાદ અને ષડ્જ વચ્ચે સાધારણપણે રહેલો છે, એટલે કે તેથી નિષાદ આર શ્રુતિવાળો થઈ તેણે ષડ્જની બે શ્રુતિ અલગ કર્યાથી બંનેનું પરસ્પર મળી જવા જેવું થાય છે. એટલા માટે એ કાકલીત્વથી નિષાદ તથા ષડ્જ એ બંનેનું સાધારણપણ એટલે સાધારણપણું થવાથી તે કાકલી સાધારણ એમ સંગીત જાણનારા વિદ્વાનો કહે છે.

કાકલુકગી [ઘા.] જી. કાકલુદી; આજીજી.

કાકલુદી જી. દયા ઉપજવે એવી આજીજી; કાલાવાલા; વિનતિ; લાચારી.

કાકલુદીવેડા (કાકલુદીવેડા) ૧. પું. બ. વ. કાકલુદી ભરેલ વર્તન; કાલાવાલા કરવા તે.
૨. પું. બ. વ. હાથપગ અફાળી ચાળા પાડવા તે.

કાકલૂત જી. લોભ; તૃષ્ણા.

કાકલૂતી વિ. લોભી; તૃષ્ણાવાળું.

કાકલૂદી જુઓ કાકલુદી.

કાકલૂદીવેડા (કાકલુદીવેડા) જુઓ કાકલુદીવેડા.

કાકલોદ [હિં.] જી. આસક્તિ; મોહ.

કાકલ્યંતર પું. (સંગીત) એક જાતનો સ્વર. શુદ્ધ નિષાદ અને ષાધાર.

સાધારણ લોકવ્યવહારમાં બોલવામાં તો કાકલ્યંતર (હાલના શુદ્ધ નિ. ગાં.) સ્વરો વપરાતા હતા.
ગુ. સા. પરિષદ

કાકા

કાકવર્ણ પું. (પુરાણ) પ્રદ્યોત પછી ગાદી ઉપર આવેલા શિશુનાગનો એ નામનો દીકરો. કલિના રાજાઓમાં આ મહાન હતો અને તેણે ઘણું વર્ષ રાજ્ય કર્યું હતું.

કાકવલ્લભા [સં.] સ્ત્રી. એક જાતની જંગલી.

કાકવલ્લરી ૧. સ્ત્રી. દ્રાક્ષ.

૨. સ્ત્રી. રાતી અપોટી.

૩. સ્ત્રી. રતવેલ નામનો વેલો.

કાકવલ્લી જુઓ કાકવલ્લરી.

કાકવંધ્યા જુઓ કાકવન્ધ્યા.

કાકવંધ્યા ૧. [સં.] સ્ત્રી. એક જ વાર ફળ આપનાર વનસ્પતિ. જેમકે, કેળ.

૨. સ્ત્રી. જેને એક જ છોકરું થયા પછી કાંઈ સંતાન ન થયું હોય એવી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. કાગડી અને કેળની જેમ એક જ વાર જણનારી.

કાકવંધ્યા અને મૃતવત્સા સ્ત્રી પણ જો આ ભાગવત સાંભળે તો તેને દીર્ઘાયુષ પુત્ર થાય.

ભગવતી ભાગવત

કાકવાશિક વિ. કા કા એવો અવાજ કરવાવાળું.

કાકવિ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કાકવિદ્યા [સં.] સ્ત્રી. કાગડાની ચાલાકી.

કાકવિદ્યાવત [સં. કાકવિદ્યાવત્] વિ. કાગડાની માફક જેવું તેવું ખાનાર.

ભણાવેલ સુપીના લોભને કાકવિદ્યાવત્ જાણી તેમના કેદારીનના સાથથી તે વેરાગ્ય.

ત્રિકાળદર્શક કર્મણ

કાકવી ૧. સ્ત્રી. રોગ.

૨. સ્ત્રી. રોગની રસી; ઉકરણીને મદદ જેવો ઘાટો કરેલા નેરણીનો રસ; કાકમ.

૩. સ્ત્રી. ખામણી.

કાકવો ૧. પું. રોગ.

૨. વિ. પું. જ્ઞાન જેટલો; જ્ઞાનમણી.

કાકશબ્દ [સં.] પું. કાગડાનો અવાજ.

કાકશિરબંદ [ફા.] પું. બાજરી; માથા ઉપર બાંધવાનો મુસ્લિમ.

કાકશીર્ષ [સં.] પું. એક જાતનું ઝાડ; અકરકરો.

કાકશુક્ર વિ. કાગડા જેવું ચતુર.

કાકસકામ ૧ પું. દાદથી બે ફૂટ ઊંચો થતો એ નામનો એક ફૂલછોડ. તેનાં પાન કંગિત, સાંબાં અને પટોળાં અને તેનાં ફૂલ મખમલ જેવાં લીસાં, કૂકડાની બાંજર જેવાં, રાતાં તથા પીળાં થાય છે.

૨. પું. રાતો મુરખો.

કાકસકોળ જુઓ કાકસકોમ.

કાકસત્ત્વા સ્ત્રી. નકામો ઉદ્યોગ કરનારી, વારંવાર નેત્રને અસ્થિરપણે આમતેમ ફેરવનારી, આઉપર સ્ત્રી.

કાકસું ન. એક જાતનું પક્ષી.

કાકસો પું. એક જાતનું પક્ષી.

કાકસ્રી [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; અકરકરો.

કાકસ્પર્શ [સં.] પું. કાગડાનું અડવાપણું. આ પક્ષાંડમાં જેટલા પ્રદેશો છે તે દરેકનો અકેક અંશ આ મત્સ્યલોકમાં પશુ, પક્ષી, વનસ્પતિ, ઔષધિ પ્રત્યક્ષરૂપે સૂક્ષ્મરૂપે અને સ્થૂલ હોવી હોય છે જ. તે પોતપોતે ચંદ્રલોકનો અંશ કિંવા પ્રતિનિધિ કાકપક્ષી એટલે કાગડો છે. તેને આ લિંગ દેહધારી વાસનાત્મક જીવ અદ્ગોલકમાં પહોંચ્યો કે કેમ તેની બરાબર માહિતી હોય છે. આથી જ તે જીવ નાશવંત કિંવા સાધક જોલક છોડી જ્યારે ચંદ્રલોકમાં પ્રવેશ કરે ત્યારે અને કાગડો પિંડને તાબડતોબ સ્પર્શ કરે છે. કેટલીક વખતે કાગડો પિંડને જલદી સ્પર્શ કરે છે અને કેટલીક વખતે બહુ વખત સુધી સ્પર્શ કરતો નથી. આવા સમયે ક્રિયા કરનાર પિંડની પ્રાર્થના કરી તેને અન્યની કોઈપણ પ્રકારની ચિંતા કે વાસના નહિ રાખવા સમજાવે છે. આ મુખ્ય પ્રાર્થના કરતાં કરતાં મૃત જીવની જે કંઈ વાસના કિંવા મરણ સમયે આસ ચિંતા રહી હોય તેની જ્યારે ક્રિયા કરનાર જવાબદાર કુટુંબીઓ તરફથી ખાતરી મળે છે ત્યારે જ તે જીવ આ ગોલકને છોડી ઉપરના ચંદ્રગોલકમાં આવ્યો જાય છે, એટલે તાત્કાલિક કાગડો અને પિંડને સ્પર્શ કરે છે એમ મનાય છે.

કાકસ્વર ૧. [સં.] પું. કાગડા જેવો કઠોર અવાજ.

૨. પું. ગાયકના મુખ્ય ચૌદ ભાંતિનો એક દોષ; કઠોર સ્વરથી ગવાયેલું.

કાકસ્વરા વિ. સ્ત્રી. કાગડાના જેવા સ્વરવાળી.

કાકળાકોમ જુઓ કાકરમેમ.

કાકંતિક પું. લોંકડી.

કાકંકક વિ. કાકડી ખેતરમાં રહેનાર, લેનાર કે બનાવનાર.

કાકંદિ સ્ત્રી. એ નામનો એક દેશ.

કાકંદી ૧. સ્ત્રી. એ નામનો એક દેશ.

૨. ન. પ્રાચીન બિહારનું એ નામનું એક નગર. અત્યારે તેને કોકંદ કહે છે. તુર્કસ્તાનમાં કોકંદ નામનું નગર સમરકંદની પૂર્વે છે.

કાકંદીય પું. કાકંદી દેશમાં વસનાર આયુષ્યજીવી સંઘ.

કાકા ૧. પું. કાગડાનો સ્વર.

૨. [કા.] પું. ગુલાબ.

૩. પું. નોકરી કરતાં મરણ પામેલ નોકર માટે માનાર્થે વપરાતું સંબોધન.

૪. પું. ન્યૂઝીલંડનો એક જાતનો પોપટ. તે જીવડાં અને ફૂલના રસ ઉપર જીવે છે. ગાડાના બામણામાં ઈંડાં મૂકે છે.

૫. પું. પીરાણા પંથમાં ગુરુને મદદ કરવા નિમાયેલ માણસ. આ પંથમાં ગુરુ મુસલમાન હોય છે. એ ગુરુનો એક પાટીદાર મદદનીશ હોય છે, તેને કાકા કહે છે.

૬. [અ.] પું. બતકનો અવાજ.

૭ પું. આપને માટે વપરાતો સંબોધનનો શબ્દ.

૮. પું. આપનો નાનો ભાઈ.

૧. કાકા કહીને = જબ્બર મારીને; હારી અને પાડીને.

૨. કાકા ખીચડી આ કે નાખો બાળમાં–ગાંડામાં = આગ લાગી રહ્યા પછી પાણી લાવવું. બહુ મોડી વસ્તુ મળે ત્યારે આ પ્રયોગ વપરાય છે.

૩. કાકા પરણ્યા અને કૂબી રેહાયાં = લાભ અને નુકસાન બંને જેમાં હોય એવી બાબત.

૪. કાકા મટીને ભત્રીજા થવું = ઓશિયાળા થવું; લેતું દેતું થવું.

૫. કાકા મામા કરવા = (૧) આજીજી કરવી; કાલાવાલા કરવા. (૨) ખુશામત કે વખાણ કરવાં; ખૂબ તારીફ કરવી. (૩) સગપણનો દાવો કરવો.

૬. કાકા મામા કહેવાના અને ઘરમાં–માંઠ હોય તો આવાના = પૈસાની સૌ સગાં; ખરચી ખૂટી કે યારી તૂટી.

૭. કાકા સગી કુટુંબ અને મામા સગી મોસાળ = કાકા અને મામા જીવતા હોય ત્યાં સુધી સગપણ સંબંધ રહે, પછી બહુ ફેર પડી જાય.

૯. પું. મલબારના મોપલા માટે રૂઢિમાં વપરાતો શબ્દ. ત્યાં મલબારના મોપલાને કાકા અને ચિતાર્ગોમના રહેવાસીઓને મામા એ ઉપનામથી સંબોધવામાં આવે છે.

૧૦. [કા.] પું. મોટો ભાઈ.

૧૧. પું. શીખ રાજા કે સરદારના નાના દીકરા અને પૌત્રો.

૧૨. પું.સ્ત્રી. કાગડાનું સંતાન.
૧૩. સ્ત્રી. કાકજંઘા વનસ્પતિ.
૧૪. સ્ત્રી. કાકનાસાપુષ્પ.
૧૫. સ્ત્રી. કાકોલી વૃક્ષ.
૧૬. સ્ત્રી. કાગડાનો વેલો.
૧૭. સ્ત્રી. અઘોડી.
૧૮. સ્ત્રી. મલપૂ નામની વનસ્પતિ.

કાકાકઉઓ જુઓ કાકાકોવો.

કાકાકચોર્યું ૧. ન. કન્યાને માવતર તરફથી આપવામાં આવતું ઘાતુનું ઘરેણું.
૨. ન. નાગરમાં લગ્ન વખતે કાકના હાથથી અપાતો સાકર ભરેલ કાંસાનો વાટકો.

કાંકાકોઓ જુઓ કાકાકોવો.

કાકાકોવો પું. પોપટની જાતનું એક પક્ષી. ઓસ્ટ્રેલિયા, મલાયા દ્વીપ, અને અફ્રિકાના પૂર્વ કાંઠાનાં જંગલોમાં તે થાય છે. જંગલનાં પ્રાણીઓની બોલીનું તે બહુ જ સારું અનુકરણ કરે છે અને કેટલીક વાર તો જંગલમાં તે બીજાં પ્રાણીઓને તેમના જેવા અવાજ કાઢી ભ્રમમાં નાખી દે છે. લોકો આ પંખીને પાળે છે. તે માણસની ભાષા શીખી તે પ્રમાણે બોલે છે. તે રંગે સફેદ અથવા કાબરચીતરો હોય છે. માથા ઉપર કલગી જેવાં પીંછાં હોય છે, જેને તે મરજી પ્રમાણે ઊંચાંનીચાં કરી શકે છે. આથી તેની ખૂબસૂરતીમાં વધારો થાય છે. મૂળિયાં, ભિયાં, દાણા વગેરે તેનો ખોરાક છે. આ પક્ષીની અનેક જાત છે અને તે રૂપે રંગે એકબીજાથી જુદા દેખાય છે.

કાકાક્ષિગોલકન્યાય [સં.] પું. કોઈ શબ્દ કે વાક્યનો ઘટ્ટ પ્રમાણે અર્થ કરવો તે; બેઉ તરફ સંબંધ જણાવતો ન્યાયલો. કહેવાય છે કે કાગડાને એક કોળો હોય છે અને જરૂર પ્રમાણે તે એક આંખમાંથી બીજી આંખમા ફેરવે છે. તેમ એક જ વસ્તુ બે જગ્યાએ કામ કરતી હોય તેને માટે આ ન્યાય વપરાય છે.

કાકાજી ૧. પું. પારસીઓમાં બાપના ભાઈ માટે માનાર્થે વપરાતો શબ્દ.
૨. પું. સસરાનો ભાઈ; કાકાસસરા માટે માનાર્થે વપરાતો શબ્દ.

કાકાડૂઆ જુઓ કાકાકોવો.

કાકાડોઆ પું. કાકાકોવા માટે અવધ બાજુનો શબ્દ.

કાકાત આપાત પું. ઓરમાન બાપ.

કાકાતુઆ [હિ.] પું. કાકાકોવો.

કાકાનૂઆ પું. પોપટની જાતનું એક પક્ષી. જુઓ કાકાકોવો.

કાકાદની ૧. [હિ.] સ્ત્રી. કેવડા.
૨. સ્ત્રી. રાતી અઘોડી.
૩. સ્ત્રી. રાતી પીલુડીનો વેલો; કાકમારી.
૪. સ્ત્રી. સફેદ પુષ્પની; ધોળા અઘોડી.

કાકાદિર્ધિંડહરણ ન. (જૈન) ઓરાકમાં એક જાતની અંતરાય. કાગડા વગેરે માંસ લઈ જાય તો તે કાકાદિર્ધિંડહરણ અંતરાય કહેવાય છે.

કાકાદુંબરિકા સ્ત્રી. કાળો ઉમરો.

કાકાનંતી સ્ત્રી. રાતી અઘોડી.

કાકાપંચ પું. પીરાણા પંથ. આ પંથ ધર્મામરશાહે સ્થાપેલ છે. આ મતમાં મોટો ભાગ પાટીદારોનો છે. ગુજરાતમાં લગભગ પંદરમી સદીથી આ પંથ ચાલે છે. આ પંથનાં લોકો હિંદુ રીતરિવાજો પાળે છે. તેમોનાં નામ અને આચરણ પણ હિંદુઓ જેવાં જ છે. ફક્ત તેમનો ગુરુ મુસલમાન હોય છે. એ ગુરુનો એક પાટીદાર મદદનીશ હોય છે, તેને કાકા કહે છે. તેઓ બાળવા અને કાકા અને પાસે પાર્થિક ક્રિયા કરાવે છે અને મરણ બાદ કબરમાં દટાય છે. તેમોનો ઉપાસ્ય દેવ નકલંક અથવા નિષ્કલંકી કહેવાય છે આ પંથની આઠ શાખા છે. મૂળ સ્થાન કચ્છમાં છે.

કાકાપુરી ૧. પું. ગુલામ; શેઠના ઘરમાં જન્મ થયો હોય એવો ગુલામ.
૨. પું. બારજ સંતાન.
૩. પું. વર્ણસંકર.
૪. વિ. છિનાળના પેટનું; બારજ.
૫. વિ. ઠેકાણા વગરનું; નિર્માલ્ય.
૬. વિ. તકલાદી; થોડી વાર ટકે એવું.
૭. વિ. નબળું; કુળનું.
૮. વિ. હલકી પ્રતિનું; નીચ કુળમાં જન્મેલું.

કાકાબળિયા ૧. પું. બ.વ. ડોકના તેરમને દિવસ પરિવારનો ભીંતે કંકુવામાં આવતી એક જાતની આકૃતિ. ચૈત્ર માસની અંધારી તેરસને દિવસે ઓગ્યે પરિવારની દીવાલે બેસના ભાજીથી અમુક આકારે બનાવી તેને લીંબડાનાં પંદરાં ખોટવે છે. કોઈ સ્વજને કેટલા સાથિયા પૂરે છે.
૨. પું.બ.વ. ભૂતિમાકાક્ષ; શીતળા; સૈવ્ય; એક જાતનો ચેપી અને ઊડતો રોગ. તેમાં એકાદ દિવસ તાવ આવ્યા પછી દરદીના આખા શરીર ઉપર રાતા દાણા ફૂટી નીકળે. આઠ દિવસમાં તે દાણા બરાબર ને ભરમાઈ જાય. તાવ ઓછેવત્તો ચાલુ રહે. આઠ દિવસ પછી નમવા માંડે.
૩. પું.બ.વ. શીતળાના દેવ; ભૂતિમાકાક્ષ દેવ.

કાકાબાસી [કાકા + બાબસ (ઈરાની બબાત ઉપરનું એક બંદર)] ન. એક જાતનું હલકું મોતી; બંદર બાબાસ તરફનું મોતી; એબવાળું અને ઊંચી જાતના ચમકી વગરનું મોતી.

કાકાબુ ન. કાકડા.

કાકાર વિ. ચમકીને ઝરનાર કે ઝવનાર.

કાકારિ [સં. કાક (કાગડો) + અરિ (દુશ્મન)] પું. ઘુવડ.

કાકાલ [સં.] પું. એક જાતનો કાગડો.

કાકાસસરા પું. કાકાજી; સસરાનો ભાઈ.

કાકાહ્વા ૧. સ્ત્રી. ચોમાસામાં થતો એક જાતનો વેલો; કાગડોળિયો.
૨. [સં.] સ્ત્રી. પીપળી.

કાકાંગા [સં.] સ્ત્રી. કાકજંઘા નામની વનસ્પતિ.

કાકાંગી ૧. [સં.] સ્ત્રી. કાકજંઘા.
૨. સ્ત્રી. કાકનાસા.

કાકાંચી જુઓ કાકંગા.

કાકાંઠ ૧. [સં.] પું. મહાનિંબ વૃક્ષ.
૨. પું.; ન. કાગડીનું ઈંડું.

કાકાંડફળ [સં. કાકાંડફલ] ન. રોમું; કોચબીજ.

કાકાંડા [સં. કાકાંડા] જુઓ કાકાંડી.

કાકાંડી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; મહાજ્યોતિષ્મતી
૨. [સં. કાકાંડી] સ્ત્રી. કાકનાસા વનસ્પતિ.
૩. સ્ત્રી. કોસશિખી નામની વનસ્પતિ.

કાકાંડીલા [સં.] સ્ત્રી. કોસશિખી નામની વનસ્પતિ; કાકરપાદિકા.

કાકાંડોળા સ્ત્રી. કાગડોળિયો.

કાકિણિકા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં બે જગણ, ભગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે. તે સક્કરી છંદનો એક ભેદ છે.
૨. સ્ત્રી. એક પૈસો.
૩. સ્ત્રી. પગનો ચોથો ભાગ.
૪. સ્ત્રી. માસાનો ચોથો ભાગ.

કાકિણી ૧. સ્ત્રી. એ નામની એક વેલ.
૨. સ્ત્રી. એક પૈસો; એક દમડી.
૩. સ્ત્રી. કંઠની રોગ.
૪. સ્ત્રી. કોડી; છીપોલી. તેનો સિક્કા તરીકે પણ ઉપયોગ થાય છે.
૫. સ્ત્રી. ચૂનારીનો ભાંખી હોય એવી કાંકણી.
૬. સ્ત્રી. (જૈન) ચક્રવર્તીનાં ચૌદ રત્નોમાંનું એ

નામનું એક રત્ન. તેને ૭ તળાં, આઠ ખૂણા અને બાર હાંસ હોય છે.
૭. સ્ત્રી. ચણોઠી.
૮. સ્ત્રી. ત્રાજવાની દાંડી.
૯. સ્ત્રી. પશુનો ચોથો ભાગ; વીસ કોડી.
૧૦. સ્ત્રી. પા માસો; માસાનો ચોથો ભાગ; સવા ચણોઠી ભાર વજન.
૧૧. સ્ત્રી. પાજી સ્ત્રી.
૧૨. સ્ત્રી. ભરવામાં વપરાતો હાથ.
૧૩. સ્ત્રી. રાત્રિ.

કાકિણીમાંસ ન. કોડીને આકારે કોઢી જેવડા માંસના કટકા શરીરમાંથી કાઢવા તે.

કાકિણીરત્ન ન. (જૈન) ચક્રવર્તીનું એ નામનું એક રત્ન. તે લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે અને વિષહર છે. તે ૭ દિશાઓ છ તલવાળું, સમચતુરસ્ર આકારે, બાર હાંસ અને આઠ કર્ણિકાવાળું, અતિશય પ્રકાશ પાથરનારું અને સોનીની એરણ જેવું હોય છે.

કાકિણીલક્ષણ ન. કાકિણી રત્નને જોવાની કળા.

કાકિની ૧. સ્ત્રી. એ નામની છપ્પન પાર્થિવ તત્ત્વ દેવતા આલેની એક.
૨. સ્ત્રી. કોડી.
૩. સ્ત્રી. ક્ષીરકાકોલી; કાળાં ફૂલની પીલુડી.
૪. સ્ત્રી. બાંનેર આકાશ તત્ત્વ દેવતામાંની એ નામની એક.

કાકિલ ૧. [સં.] પું. કાગડો
૨. પું. કોકનો ઉપરનો ભાગ.
૩. પું. કોકે પહેરવાનું બખ્તર.

કાકિલા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી જ્ઞાતિની એ નામની એક જ્ઞાતિ.

ખટાયતા ખટેર ખટોલ, કણિયૂરા કાકિલા કપોલ.
લાવણ્યસમય

૨. ન. વાણિયાની એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની વાણિયાની જ્ઞાતિનું.

કાકી ૧. પું. (સંગીત) કાગડા જેવા કૂર અવાજથી ગાનાર પુરુષ.
૨. પું. (સંગીત) ગાયકનો એ નામનો એક દોષ; કાગડાના જેવો સ્વર કરી જાવું તે.
૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
૪. સ્ત્રી. એક જાતની વેલ.
૫. સ્ત્રી. (પુરાણ) કશ્યપથી તામ્રાને થયેલ એ નામની દીકરી.
૬. સ્ત્રી. કાકવિદ્યા; કાગડા સંબંધી વિદ્યા.
૭. સ્ત્રી. કાકાની પત્ની.
૮. સ્ત્રી. કાગડી.
૯. સ્ત્રી. આને માટે વપરાતો શબ્દ.
૧૦. સ્ત્રી. ત્રીસ કે તેથી ઉપરની ઉંમરની સ્ત્રીને સંબોધવાનો માનવાચક શબ્દ.
૧૧. સ્ત્રી. વીસની ચમીસ મહેની એ નામની એક મુદ્રા.
૧૨. સ્ત્રી. (પુરાણ) સંહ્લાદ શરીરમાંથી ઉત્પન્ન થયેલ એક દૈવતા.
૧૩. વિ. કાગડા જેવો કઠોર અવાજ કાઢનાર.

કાકીલી સ્ત્રી. કાકો સાસુ; કાકા સસરાની પત્ની; વર કે પત્નીના કાકાની સ્ત્રી.

કાકીડો પું. સરડો; ગરોળીના આકારનું જંગલમાં ઝાડ અને વેલા ઉપર વસનારું એક પ્રાણી. વરસાદ આવવાનો હોય ત્યારે કાકીડો રંગાતા પકડે છે. શરીર ઉપર કાકીડો ચડે તો તેનું ફળ નીચે મુજબ સમજવામાં આવે છે: માથા ઉપર ચડે તો રાજ્યલક્ષ્મી પ્રાપ્તિ, કપાળ ઉપર ચડે તો ઐશ્વર્ય અને સમૃદ્ધિ, કાન ઉપર ચડે તો મરણું, આંખ ઉપર ચડે તો કુટુંબ મેળાપ, નાક ઉપર ચડે તો સુમેળી પદાર્થ, મોઢા ઉપર ચડે તો મિષ્ટાન્ન, ગળે ચડે તો લક્ષ્મી, હાથે ચડે તો વૈભવ, બાહુબાવડાં ઉપર ચડે તો ધનલાભ, કાંડા નીચેના હાથ ઉપર ચડે તો ધન, સ્તન ઉપર ચડે તો સૌભાગ્ય, છાતી ઉપર ચડે તો સુખમાં વધારો, કમર ઉપર ચડે તો વસ્ત્રલાભ, મુખ ભાગ ઉપર ચડે તો મરણ, બાંય ઉપર ચડે તો ધનનો નાશ, સાથા ઉપર ચડે તો રોગનો ભય, સાથળ ઉપર ચડે તો વાહનનો લાભ અને બંને પગ ઉપર ચડે તો મુસાફરી મળે. કાકીડો શરીર ઉપર પડે તો ઉપરનાથી ઊલટું પરિણામ મળે. કાકીડો રાત્રે શરીર ઉપર પડે તો મરણ થાય એમ મનાય છે.

૧. કાકીડાનું જ્ઞાનનતું = જે પૂછે તે જા.
૨. કાકીડો ચડાવવો = ગુનો કબૂલ કરાવવા માટે ગોના બાપરામાં કાકીડો મૂકવો.

કાકીમુખ ન. કંડરવાન.

કાકીમુદ્રા સ્ત્રી. (યોગ) એક પ્રકારની મુદ્રા; શીતલી નામના કુંભક પ્રાણાયામમાં જીભને મુખ બહાર કાઢી તે વડે પવન આકર્ષવાની ક્રિયા.

મુખને કાગડાની ચાંચના જેવું બનાવી બીજે બીજે વાયુ અંદર પીવો તેનું નામ કાકીમુદ્રા છે.
ત્રિશાખબ્રહ્મણ

કાકીમોનો પું. જપાની લોકોના ઘરમાં ચિત્રો રાખવાની જગ્યા.

કાકીયો ૧. પું. કીમિયો.
૨. પું. તેલિયો કદ.
૩. પું. લખોટા અને સાંઠ્યાં પાનવાળો એક જાતનો છોડ. જેને ઝાંખા ધોળા રંગનાં ફૂલ આવે છે અને મગફળી જેવી કાળી સીંગ થાય છે. તે પાકીને ઊભો ત્યારે તેની અંદરનો બર રાતા રંગ જેવો દેખાય છે. તેમાં રજકી જેવાં કાળાં બી હોય છે. તેના મૂળમાં તેલનો અંશ હોય છે.

કાકી સાસુ સ્ત્રી. કાકીજી; કાકા સસરાની સ્ત્રી.

કાકુ ૧. પું. અવાજને મરડવો તે.
૨. પું. કીકો; મગો; દીકરો; પુત્ર.
૩. પું. છોકરાને બોલાવવાનું એક વહાલું નામ.
૪. પું. છળ.
૫. પું. ધીમે બોલવું તે.
૬. પું. શબ્દ ઉપર ભાર; જોર.
૭. પું. હકાર સૂચવવા વપરાયેલ નકારવાચક શબ્દ.
૮. સ્ત્રી. ધ્વનિભેદ; શોક, ભય, ક્રોધ વગેરેથી થતો કંઠધ્વનિનો વિકાર.
૯. [સં.] સ્ત્રી. વક્રોક્તિ; કટાક્ષોમાં કે વ્યંગમાં બોલવું તે.

કાકુત્સ્થ ૧. પું. ધક્ષવાકુ રાજા.
૨. પું. (પુરાણ) કકુત્સ્થ રાજાનો દીકરો; અનના અથવા સુયોધનનું બીજું નામ.
૩. પું. જેની આંધ બળવાન અને જમેલી હોય એવો પુરુષ.
૪. પું. રામ.
૫. પું. વિશાલા નગરીનો વિશાલથી નવમો રાજા.
૬. [સં.] પું. સૂર્યવંશી કકુત્સ્થ રાજાના વંશમાં થયેલ રાજામાંનો દરેક; સૂર્યવંશી રાજા.

કાકુત્સ્થકુળદીપન પું. રઘુવંશને શોભાવનાર વ્યક્તિ.

કાકુદ ૧. [સં.] ન. તાળવું.
૨. ન. સ્વાદ.

કાકુદમત્ત [સં.] ન. વ્યંગમાં પુછાયેલો સવાલ.

કાકુભ પું. (પિંગળ) એક વૈદિક છંદ. વેદની કુલ પંચાવન ઋચાઓમાં આ છંદ વપરાયો છે.

કાકુભ [અ.] પું. નોળિયાની જાતનું એક સુંદર જનાવર.

કાકુર [સં.] પું. કપૂર.

કાકુલ ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.
૨. [સં.] સ્ત્રી. ચોટલી.
૩. સ્ત્રી. વાંકા વાળનો ગુચ્છો; વાળની લટ.

કાકુલા (કાકલા) [સં.] સ્ત્રી. એલચી.

કાકુવાક્ય [સં.] ન. શોક, રોગ વગેરેથી વિકૃત સ્વરવાળું વાક્ય; ઉલ્લાપ.

કાકુવિશેષ પું. (કાવ્ય) અંગ્રેજનો અર્થ કરવાના દસ માંહેનો એક પ્રકાર.

કાકુવિશેષવ્યંગ્ય ન. (પ્રાચ્ય) એ નામનું એક વ્યંગ્ય. જેમકે,

ચમકી રહી છે ચપળા, ઘેરાયણ ઘન ગાજે દિનરાત;
શું કરવાને ઉમળ્યા, ખારા! કરવી પ્રપાણની વાત.

અહીં પ્રપાણની વાત ઉમળ્યા ચલાવો નહિ એ વ્યંગ્ય છે.

કાકુસે જાવું સ. ક્રિ. જંગલ જવું; ઝાડે જવુ.

કાકુસ્થ પું. ક્રકુત્સ્થનો વંશજ. જુઓ ક્રકુત્સ્થ.

કાકુસ્વર પું. એક સ્વર ઉપરથી બીજા સ્વર તરફ જતાં વચ્ચે એક વચલા સ્વરનું મધુ લાગે છે તે. તેનો માત્ર લોકસંગીતમાં અવારનવાર અનુભવ થાય છે.

કાકૂ સ. કોને.

કાકે [પુ.] પું. એક જાતના રોગનું નામ ચોખા ઝટઝટ આવવાથી તે થવાનું મનાય છે. આવામાં ફેરફાર કરવાથી તે હુમલો કરતો નથી. ચીન અને જાપાનમાં તે સાધારણ રોગ છે. તેથી સુસ્તી અને નબળાઈ આવે છે.

કાકેક્ષુ પું. એક જાતનું ઘાસ; ઝાડો.

કાકેયરથ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કાકેષ [સં.] પું. લીમડાનું ઝાડ. ઝાડાને તે બહુ ખાઈ હોય છે.

કાકૈંદુ ૧. [સં.] પું. મૂલિકાપર્ણ.

૨. ન. ઉંદરકોચલું.

કાકો ૧. પું. ઘરના માણસને સંબોધવામાં વપરાતો માનવાચક શબ્દ.

૨. પું. જંગલી પ્રાણી માટે વપરાતો શબ્દ.

૩. પું. બાપ. કેટલાક લોકોમાં બાપને કાકા કહી બોલાવે છે.

૪. પું. બાપ તરફનો કોઈ પુરુષસગો; પદ્માલેસરી.

૫. [ફા. કાક્ક (મોટો ભાઈ)] પું. બાપનો નાનો ભાઈ. જુઓ કાકા.

કાકા મામા કરવા = (૧) કાલાવાલા કરવા. (૨) વખાણ કરવાં. (૩) સગપણ બતાવવું.

૬. પું. (વ્યંગ) વેરી; કટ્ટો દુશ્મન.

કાકોકૌઓ જુઓ કાકાકૌઓ.

કાકોચિક [સં.] પું. એક જાતનું માછલું.

કાકોચી [સં.] સ્ત્રી. એક જાતની માખી.

કાકોડુંબર [સં.] પું. એક જાતનું ઉંબરાનું ઝાડ.

કાકોડુંબરિકા [સં.] સ્ત્રી. એક જાતનો ઉંબરો.

કાકોદર [સં.] પું. સર્પ; એક જાતનો ફેણવાળો સાપ.

પવન નાગ બુલબુલ બે બિલાવ બોગી સર્પ,
ચતુષ્પદ સરીસૃપ હરિ કાકોદર જર દર્પ.
પિંગળસપ્તકોષ

કાકોદુંબર [સં.] પું. એક જાતનો ઉંબરો; કાળો ઉંબરો.

કાકોદુંબરિકા [સં.] પું. એક જાતના ઉંબરાનું ઝાડ; કાળો ઉંબરો; કલ્પ; ધુલરો.

કાકોપક્ષા સ્ત્રી. કાગડાની પાંખ.

કાકોલ ૧. પું. એકવીસ માંહેનું એ નામનું એક નરક.

૨. પું. કાકોલી નામની વનસ્પતિ.

૩. પું. કુબાર.

૪. પું. જંગલી કાગડો.

૫ પું. કુક્કર; એક જાતનું સૂવર.

૬. [સં.] પું. સાપ.

૭. પું.; ન. એક જાતનું સ્થાવર વિષ.

કાકોલી ૧. સ્ત્રી. અષ્ટવર્ગ.

૨. સ્ત્રી. અષ્ટકવર્ગની એક ઔષધિ.

૩. સ્ત્રી. એ નામનો એક કંદ. તે કંદ કાગડાના રંગનો અને આકારનો હોય છે માટે તેને કાકોલી કહે છે. હિમાલયના શિખર ઉપર તે થાય છે. તેમાંથી દૂધ ઝરે છે તે વાસ આવે છે. તે ધાતુની વૃદ્ધિ કરનાર અને વાયુ, દાહ, શોષ અને તાવનો નાશ કરનાર મનાય છે.

૪. સ્ત્રી. કાગડાના જેવો સ્વર.

૫. સ્ત્રી. કાગડી.

૬. સ્ત્રી. જીવનીય ગણની દશ માંહેની એક ઔષધિ.

૭. વિ. કાગડાના સ્વરને મળતું આવતું.

કાકોલૂક [સં.] પું. કાગડો અને ઘુવડ.

કાકોલૂકિકા [સં.] સ્ત્રી. કાગડો અને ઘુવડ વચ્ચે વૈરભાવ.

કાકોલૂકીય [સં.] ન. કાગડા અને ઘુવડ વચ્ચેનું કુદરતી શત્રુત્વ.

કાકોલ્યાદિગણ [સં.] પું. જીવનીય અને વૃષ્ય ગણની ઔષધિઓનો સમૂહ: કાકોલી વગેરે વનસ્પતિનો બચ્ચો. આ વર્ગમાંની ઔષધિ: કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, ઋષભક, ઋદ્ધિ, વૃદ્ધિ, મેદા, મહામેદા, મેધા, જંગલી મગ, જંગલી અડદ, પદ્મક, વોગકપૂર, અષ્ટવારિગી, પ્રપાવરિક, જીવતી, રોહી, જેઠીમધ અને દ્રાક્ષ. આ ઔષધિઓ ધાતુ વધારનાર, અને રક્તપિત્ત તથા વાયુને શમાવનાર મનાય છે.

કાકોલ્યાદિઘૃત ન. વાતરક્ત માટે ઉપયોગી એક ઘીની બનાવટ. તે બનાવવાની રીત: કાકોલી, ક્ષીરકાકોલી, જેઠીમધ, દરડે, આબળાં, જીવતી, મેદા, મહામેદા, શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, દ્રાક્ષ, પદ્મક, વોગકપૂર, અષ્ટવારિગી, છડ અને ગાદળ્ડ એ દરેક ચીજ અકેક તોલો લઈ બધાંથી સોળ ગણું પાણી, એક પ્રસ્થ ઘી અને એક પ્રસ્થ ગાયોનો રસ લઈ તથા ઘીથી સોયા ભાગનો ચૂરણ નાખી પકવવું.

કાકોષ્ટક [સં.] પું. સુશ્રુતપ્રસિદ્ધ એક અર્ધખંધાકૃતિ.

કાકોષ્ઠિકા સ્ત્રી. એ નામની એક માંસપેશી; નુંદપ્રસ્થદ્વિશ પેશી. તે અંસફલકના નૂંદ ઉપરથી નીકળી પ્રસંધાન્વિના મધ્યનલકની અંદરની સીમામાં લાગેલી છે. તે દાયને આગળ જાની તરફ બંધે છે તેમજ અંદરની બાજુ તરફ ફેરવે છે

કાકોસસરો પું. સસરાનો ભાઈ; કાકોજ.

કાકોરસૂંગી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. હિમાલયના નીચલા ભાગમાં ૨૫૦૦ ફૂટ સુધી અને આસ્ત કરીને કાંગ્રા જિલ્લો અને તેહરિ-ગાહરવાલ જિલ્લામાં તે થાય છે.

કાકોક્ષિમ પું. (પ્રાચ્ય) મધ્યમ કાગના આઠ માઠેનો એક ભેદ. જ્યાં સ્વરભેદથી ધ્વનિ પ્રકટ થાય છે તે કાકોક્ષિમ કહેવાય છે.

કાકોજ (કોજ્ઞ) પું. જંબુડિયા જેવો એક જાતનો રંગ.

કાકોજી (કોજ્ઞી) વિ. જંબુડિયા રંગનું; ઘેરું જાંબુડિયું.

કાક્ષ ૧. ન. કટાક્ષ નજરે અપાંગ દર્શન.

૨. ન. ગુસ્સાની નજરે કોઈ તરફ જોવું તે.

૩. વિ. જેની આંખ મોટી ખરાબ હોય એવું.

કાક્ષા [સં. કાક્ષા] સ્ત્રી. ધજ્જા.

કાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતની સુગંધી માટી.

૨. સ્ત્રી. ગુવેર.

કાક્ષીવ ૧. [સં.] પું. ગૌતમથી શૂદ્ર જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક દીકરો.

૨. પું. સરગવાનું ઝાડ.

કાક્ષીવક [સં.] પું. સરગવાનું ઝાડ.

કાક્ષીવત ૧. પું. એ નામનુ એક પ્રવર.

૨. [સં.] પું. કક્ષીવત મુનિનો દીકરો.

૩. વિ. કક્ષીવત મુનિ સંબંધી.

કાક્ષીવતી સ્ત્રી. ઋગ્વેદની મંત્રદ્રષ્ટી ઔષધિ.

કાક્ષીવાન [સં. કાક્ષીવાન] પું. (પુરાણ) દીર્ઘતમા ઋષિનો શૂદ્ર સ્ત્રીમાં થયેલો દીકરો. અનુપુત્રમાં થયેલ બલિરાજાએ પોતાની સુદેષ્ણા નામની સ્ત્રીને પુત્ર સંપાદન સારૂ દીર્ઘતમા ઋષિની સેવા કરવા જવાનું કહ્યું હતું. તેથી એક

વખત પોતે ન જતાં એક દાસીને તેમની પાસે મોકલી. આ દાસીને દીર્ઘતમા ઋષિથી કાક્ષીવાન દીકરો થયો. તે તપાચરણ કરીને બ્રહ્મલોકમાં ગયો હતો

કાખ ૧. સ્ત્રી. ઉપલો ભાગ; ડરખો.

૨. [સં. કક્ષ] સ્ત્રી. બગલ; બાહની નીચેનો હાથના મૂળનો ભાગ.

૧. કાખમાં છોકરું અને ગામમાં શોધ્યું = બીજા પોતાની નજર આગળ હતાં તેને માટે બીજે શોધાશોધ કરવી.

૨. કાખમાં રાખવું = (૧) છુપાવવું. (૨) નહિ લેખવવું. (૩) બગલમાં સંતાડવું. (૪) સંભાળવું.

૩. સ્ત્રી. ભટેક.

કાખઘોડી (કાખઘોડો) સ્ત્રી. લંગડાની કાખમાં રાખવાની લાકડાની જોડી; ચાલણગાડી; ચાલતાં જમીનથી પગ ઊંચો રાખવાને બોલણવાળી લાકડી.

કાખત ૧. સ્ત્રી. પ્રપંચ

૨. વિ. છેતરપિંડીવાળું.

કાખબલાઈ સ્ત્રી. બગલમાં થતું ગૂમડું; બામલાઈ.

કાખમલાડી (કાખબલાડો) જુઓ કાખબિલાડી.

કાખબિલાડી (કાખબિલાડો) સ્ત્રી. બામલાઈ; કાખબલાઈ; કાખમાં થતું ગૂમડું. તેને તરત ચિરાવી નાખવી જોઈએ, નહિતર તે હેરાન કરે. ચિત્રકિની નામના વેલાનાં પાન વાટી લેપ કરવાથી પાંચ સાત દિવસમાં તે બેસી જાય અથવા ફૂટી જાય. ફૂટી ગયા પછી પણ તે જ લેપ લગાડવાથી તે રૂઝાઈ જાય.

કાખમાંજરી સ્ત્રી. કાખબલાઈ; બામલાઈ. કાખમાંજરી અને વાળા માટે કલગારીનો કંદ ઘસી લેપ કરાય છે.

કાખલાઘોડી (કાખલઘોડો) સ્ત્રી. લંગડાની કાખમા રાખવાની જોડી.

કાખલી સ્ત્રી. બગલ; કાખ.

૧. કાખલી ફૂટનાર = બીજાની હાર જોઈ ને રાજી થનાર.

૨. કાખલી ફૂટવી = (૧) અતિ હરખથી નાચવું કૂદવું; બેહદ આનંદમાં આવી જવું. અનાજ ચોરો ખુલા થાય ત્યારે કાખલીઓ ફૂટે છે ને ઉપરથી આ પ્રયોગ થયો છે. (૨) સામા માણસની હાર જોઈ તેની મશ્કરી કરીને હસવું.

કાખા ૧. [સં. કાકુ] સ્ત્રી. આજીજી; કરકરત.

૨. સ્ત્રી પત્થરો; ઘામાં પ્રતિપક્ષને હરાવવા માટે આજુબાજુ નાખતર.

કાખાઈ સ્ત્રી. (બોલી) કાંસકી.

કાખી સ્ત્રી. ગંજરણ કે કાપડાની બગલની ટ્રણ; કાપડ બનાવવામાં કાખના ભાગમાં ચોરેલો ટુકડો

કાખું ન. કાખનો વાળ; બગલનો ઓવાળો.

કાખેસદેહ [અર.] પું. (જરથોસ્તી) સદેહનું જથાન ઊજવવા માટેનું મકાન.

કાખોલાઈ ૧. સ્ત્રી. બાંબલી.

૨. સ્ત્રી. બગલની ગાંઠ; બાંબલાઈ; પિત્તના પ્રકોપથી બગલમાં થતો ગાંઠો હોલ્સો.

કાખોડી સ્ત્રી. બગબોદ.

કાગ ૧. પું. (જરથોસ્તી) કાક નામનો ગ્રહ.

૨. [સં. કાક] પું. કાગડો; વાયસ; કાક; કૌવો.

૧. કાગનું પીંછ = રજનું ગજ થવું; બરવું મીઠું બજરાવેલી વાત; ઊડાનું ઘણું કહેવું તે.

૨. કાગનું બેસવું ને તાડનું-કાળનું પડવું = અકસ્માત સંજોગ; અકલ્પનીય નિયમ.

૩. કાગને કહે-સાંભે કોળાં મરતાં નથી = સંભળાવીનો શાપ લાગે નહિ.

૪. કાગને ડોળે = અતુરતાથી; અધીરાઈથી.

૫. કાગને ડોળે રાહ-વાટ જોવી = અતુરતાથી રાહ જોવી

૬. કાગનો વાઘ કરવો = નજીવી વાતને મોટી કરી બાવવી; હોય તે કરતાં અતિશય વધારીને કહેવું; તરણાનો મેરુ કરવો.

૭. તારે બારણે કાળો કાગ કાગડો = તારા ઘરમાં કોઈ મરે.

૩. પું. ગળાનો કાકડો.

કાગ ઉપાવવો = ગળાનો કાકડો ઊંચો કરવો.

૪. [ફા.] પું. ભિસ્તિશ્ત; નારંગીની એક વાની.

૫. પું. ગુગ.

૬. સ્ત્રી. એક જાતની માછલી.

૭. સ્ત્રી. (બોલી) ગાગર.

૮. સ્ત્રી. ચારણની એ નામની એક અટક.

૯. ન. ચારણની એ નામની અટકનું માણસ.

૧૦. વિ. એ નામની અટકનું.

૧૧. વિ. હોશિયાર, ચુસ્ત; ઠગ; ખગ.

કાગઋષિ પું. પુનારો; ઠગ ચુસ્તો.

કાગકેલા પું. (કચ્છી) એક જાતનો છોડ. જેનાં ઉપર જેમ ધાર હોય તેમ આની સીંગ ઉપર ધાર હોય છે.

કાગગીસોડી (કાગગીસોડો) સ્ત્રી. (કચ્છી) પીળાં ફૂલ અને છ ધારવાળી સીંગનો એક છોડ. સીંગોમાં ઉપર જેમ ધાર હોય છે એવી આની સીંગ ઉપર ધાર હોય છે. માટે તેને કાગગીસોડી કહે છે.

કાગગીસોડો (કાગગીસોડો) પું. (કચ્છી) એક જાતનો છોડ; છુડ્યો. જેની સીંગ ઉપર ગીસોડાં જેવી ઊભી ધાર હોય છે. માટે તેને કાગગીસોડો કહે છે.

કાગછત્ર પું. એક જાતની વનસ્પતિ; બિલાડીનો ટોપ; બોડા, પુરતક, કે ચામડાનાં પૂંઠા ઉપર ચોમાસામાં થતી ફૂગ.

કાગજ ૧. [અ.] પું. કાગળ; નહિ લખેલો કે નહિ છપેલો કાગળ.

૨. પું. ચોપડો.

૩. પું. છાપું.

૪. પું. દસ્તાવેજ.

૫. પું. પત્ર; પત્રિકા; લખેલો કાગળ.

૬. પું. લેખ.

૭. પું. વાંસ, વાંસ વગેરેમાંથી કરાતી લખવા વગેરેના કામની એક બનાવટ.

કાગજપત્ર ૧. પું. પ્રામાણિક લેખ; દસ્તાવેજ.

૨. પું. લખેલો કાગળ.

કાગડખિનિયુ ૧. ન. એક જાતનું ઝાડ. તેને કાગડી લીંબુ કહે છે. તેની દેશી, હિંદી અને અમદાવાદી જાતો છે.

૨. ન. કાગડી લીંબુ; કાગળના જેવી પાતળી છાલવાળું લીંબુ.

કાગડખિનિયુભડામ સ્ત્રી. કાગડી ખડામ; જેની છાલ કાગળના જેવી પાતળી હોય તેવી બદામ.

કાગડછુટ્ટા સ્ત્રી. ચલણી નોટ.

કાગડછુટ્ટિકો પું. ચલણી નોટ.

કાગડ (કાગડ) જુઓ કાગજ.

કાગડજાત (કાગડજાત) પું. ન. ન. કાગળો; કાગડનું બહુવચન.

કાગડજાતે મોળૂદા = જેવી હાલતમાં હોય તેવી હાલતનું દફતર.

કાગડી (કાગડી) ૧. પું. કાગદી; કાગળ વગેરે ચીજો વેચનાર.

૨. સ્ત્રી. એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કાગડેંગોધા ન. (કચ્છી) એક જાતનું ઘાસ.

કાગડા (કાગડ) ૧. પું. કાઠીની આઠ માંહેની એ નામની એક જાત.

૨. પું. પારસી લોકો માટે ગુજરાતમાં મશ્કરીમાં વપરાતો શબ્દ.

૩. પું. માટલા ઉપરનું ગોળાકાર ઢાંકણ.

૪. પું રાજિયારને મળતું એક જાતનું ઘાસ. તેમાં ચળી ડૂંટીઓ કાગડણ કહેવાય છે. તેની સળી નીકળી ઉપર કાગી લોળ આવે છે. તે સળી ઉપર ઓડી દોય છે અને પકે ત્યારે ખરી પડે છે. તેમાં કાબૂડિયાં થાય છે.

કાગડાકાગડી (કાગડાકાગડી) ૧. સ્ત્રી. ધનગજ્જર; નાખુશી; નાપસંદગી; બેદિલી; અસંતોષ.

૨. સ્ત્રી. ઑફીસમાં વિશ્વાસ ન હોય એવી સ્થિતિ; અવિશ્વાસ.

કાગડાકેરી (કાગડાકેરી) ૧. સ્ત્રી. આકડાનું ઠોલું.

૨. સ્ત્રી. કેરીના જેવું એક જાતનું ફળ. તે અથાણા અને શાકમાં કામ આવે છે.

કાગડાટોપી (કાગડાટોપી) સ્ત્રી. કાગડાની પૂંઠી જેવાં પાછળ કમતાંવાળી ટોપી; કાગડા જેવી દેખાતી લાંબી પૂંઠીવાળી ટોપી.

કાગડાસાબૂરી (કાગડાસાબૂરી) સ્ત્રી. ધાતુ ગાળવાની કુશળીને પકડવાની સાણસી. તે કાગડાની ચાંચ જેવી હોય છે.

કાગડાસાબૂરી જુઓ કાગડાસાબૂરી.

કાગડાની પાંખ (કાગડાની પાંખ) સ્ત્રી. કાગડાની પાંખના કૂચે છાપરું ઢાંકવાનો પ્રકાર; છાપરું ઢાંકવાના છ માંહેનો એક પ્રકાર. તેમાં ઢાળ ઓછો આવે છે.

કાગડિયો (કાગડિયો) ૧. પું. કાઠિયાવાડી ઘોડાની એ નામની એક જાત.

૨. પું. પતંગ; કનકવો. કાગડા ઉપરથી આ શબ્દ બન્યો છે.

કાગડિયો કુંદેર (કાગડિયો કુંદેર) ૧. પું. એક જાતની ઔષધિ; ઉસબો.

૨. પું. એક જાતનો વેલો. તેનાં પાન લાંબાં, સાંકડાં અને તેજદાર, ફૂલ સૂક્ષ્મ લીલાશ જેવાં પીળાં કે સફેદ જાંબુડી છાંયા જેવા રંગનાં હોય છે. તેને વેંત એક લાંબી સામસામી બે શીંગ આવે છે. તેમાં સફેદ ચપટાં બી હોય છે. તે દવામાં વપરાય છે.

કાગડિયો કુંભાર (કાગડિયો કુંભાર) પું. કાગડાને મળતું કેડ્યું સાંબી પૂંઠીવાળું ભૂખા રંગનું પક્ષી.

કાગડી (કાગડો) ૧. સ્ત્રી. એ નામનો એક દરિયાઈ જીવ. તે ખોરાક તરીકે વપરાય છે.

૨. સ્ત્રી. કાગડાની માદા.

૩. સ્ત્રી. માદાની બે આંખની પિત્તળથી જડેલી અણી; માદાના ખોરિયાનો ધૂસરીથી અંજળનો ભાગ જેવો ભાગ.

૪. સ્ત્રી. બાજ કે ચકોર જેવી.

૫. સ્ત્રી. ભાગેલા સાથિયા સાંધવાનું ઓજાર.

૬. સ્ત્રી. સોની લોકોથી વપરાતી એક જાતની સાણસી.

કાગડું ન. એક જાતની રમત; ઘંટીપીસો.

કાગડો (કાગડો) ૧. પું. જાણીતો માણસ.

૨. પું. ઊંધું વચાપલું. જેમકે, છત્રી કાગડો થઈ ગઈ.

૩. પું. એક જાતનો વેલો. તેનાં પાન ચંગેલીનાં પાન જેવાં હોય છે. તેમાં ચાસો માસમાં રાન મોગરીનાં ફૂલ જેવાં ફૂલ થાય છે.

૪. પું. ઓખા પાસે થતું એક જાતનું માછલું; ભીંગડાં વજરની માછલી. તેનું મોં કાગડાની ચાંચ જેવું હોય છે તેથી તેનું નામ કાગડો પડ્યું છે.

૫. પું. કલકલ કરે એવો માણસ; બહુબોલો માણસ.

૬. [સં. કાક] પું. કાળા રંગનું એક મોટું પક્ષી; વાયસ. કોઈ પણ શહેર એવું નહિ હોય કે જ્યાં કાગડા નહિ વસતા હોય. ઓકવાડ, કોહેલું માસ, ઇવડાં એ તેનો ખોરાક છે. જનાવરોનાં મુડદાંની આંખો ફોલવાનું તેમ દૂબળાં અને મરવા પડેલાં ઢોરના શરીર ઉપર ચાંચ મારવાનું તેને માટે છે. સાપ, દેડકાં, ગરોળી, ઉંદર વગેરે નાનાં પ્રાણીનો પણ તે સિકાર કરે છે, અને વખતે ઘણા કાગડા મળીને મસલાં જેવાં પ્રાણીને પણ મારી નાખે છે. કાગડી પોતાનાં બચ્ચાં તેમ જ કાગડા માટે મરી પડે છે. નર માદાના સ્નેહમાં તે બીજી બધાં પક્ષીથી ચડી જાય છે. જ્યાં વાંદરાં વધારે હોય ત્યાં કાગડા ઓછા હોય છે, કેમકે કાગડા માળો બાંધી ઈંડાં મૂકે છે ત્યારે વાંદરાં ઝાડ ઉપર ચડીને તેનાં ઈંડાં નીચે જમીન ઉપર નાખી દે છે. કાગડો શકુન શાસ્ત્રવેત્તા હોવાની કેટલાકોની માન્યતા છે અને તેથી કોઈ સંબંધી પરદેશ ગયેલ હોય અને આવવાની તક થઈ હોય ત્યારે કાગડો ફળિયામાં આવી બેસે તો તેને ઘરનું કોઈ કહે કે 'અમારો ફલાણો માણસ આવતો હોય તો ઊડી જજે.' જો ઊડી જાય તો તે માણસ તરતમાં આવશે એમ ધારે છે અને ન ઊડે તો વિલંબ થશે એમ માને છે. આ વહેમ કાકતાલીય ન્યાયની પેઠે ફળે છે. વળી રાતે કાગડા બોલે તો તે દુકાળની નિશાની ગણાય છે. તે માટે ભડલીનું વાક્ય છે કે

રાતે બોલે કાગડા, દીના બોલે સિયાળ;
તો ભડલી એમ કહે, નિશ્ચે પડશે દુકાળ.

કાગડાની કેટલીક જાતઃ—ઘરનો કાગડોઃ આ જાતના કાગડાની લંબાઈ ૬૮ ઇંચ, નર માદા કદમાં સરખાં, ડોકની આસપાસ રાખોડિયા ભૂરા રંગનો પહોળો પટો, છાતીનો નીચલો ભાગ ઝાંખા કાગ કે ભૂરા રંગનો અને ચાકીનો ભાગ જાંબુડિયા આસમાની અને લીલા રંગની ઝૂલતી ઝાંયવાળો કાગો હોય છે. ને દેશના માણસની સોબતમાં માલૂમ પડે છે. સિંધ, વાયવ્ય સરહદનો પ્રાંત, પંજાબ અને કાશ્મીર સિવાય હિંદુસ્તાનમાં બધે આ કાગડો દેખાય છે. આ જાત સ્થાયી છે. બધાં પક્ષી કરતાં આ કાગડો વધારે નજરે પડે છે. પરદેશથી આવતા જતા મુસાફરને આગબોટ ઉપર આવકાર આપવા તથા વિદાય દેવા આ કાગડો હાજર હોય જ. માણસનું રહેઠાણ એ જ એનું રહેઠાણ છે. ૬૦૦૦થી ૭૦૦૦ ફૂટની ઊંચાઈની ટેકરી ઉપર માણસનો વસવાટ હોય તો આ કાગડો પણ હોય. તેનું સવારીપાત્ર સવારે અને સાંજે આસ્ત દેખા દે છે. સાંજે તેઓ હજારોની સંખ્યામાં પસંદ કરેલાં ઝાડ તરફ સૂવા માટે ઊડતા જતા જણાય છે. માણસ સાથેના સહવાસે એને હિંમતવાન અને ચોગવાની વૃત્તિનો બનાવ્યો છે. કેટલીક વખત તે ઘરમાં અને દુકાનમાં છૂપી રીતે દાખલ થઈ જાય છે અને કંઈ ખાવા વસ્તુ લાઈને ઝડપથી ઊડી જાય છે. આ હિંમતની સાથે તેનામાં એટલી જ સાવચેતી પણ છે. માણસને નહિ પણ પશુ પક્ષી પ્રાણીઓને પણ તે હેરાન કરે છે. કેટલીક વખત ગીધ, બળદ, ગાય વગેરેની પીઠ ઉપર એકાંતે કંઈ ખાવું હોય તો ટોળી આવે છે. એની બધી લુચ્ચાઈ છતાં તેને એક પક્ષી મહાત કરે છે અને તે કોયલ છે. કોયલ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકી આવે છે. કાગડી તે સેવે છે અને બચ્ચાંને મોટાં કરે છે. તે મોટાં થાય એટલે કોયલ તેને લઈ જાય છે. આ પક્ષી સર્વભક્ષી છે. તે ઝાડના પાંદડાંવેળી ડાળીમાં પોતાનો માળો બાંધે છે. કાગડી એક વખતે ચારથી પાંચ ઈંડાં મૂકે છે, પણ કેટલીક વખત છથી સાત પણ મૂકે છે. કાગો કાગડોઃ તેની લંબાઈ ૨૪ ઇંચ હોય છે અને નર તથા માદા કદમાં સરખાં હોય છે. તે રંગે તદ્દન કાળો હોય છે. એ કાળા રંગ ઉપર સફેદ જાંબુડિયા રંગની ઝાંય હોય છે ઉત્તર ગોળાર્ધમાં લગભગ દરેક ભાગમાં અને હિંદુસ્તાનમાં પંજાબ, વાયવ્ય સરહદનો પ્રાંત, સિંધ અને પશ્ચિમ રજપૂતસ્થાનના રણના ભાગોમાં આ કાગડો જોવામાં આવે છે. હિમાલયમાં તે દેખાતો નથી. માળા માટે તે એકાંત પસંદ કરે છે છતાં એ મિલનસાર તો છે જ અને પંદરથી વીસના ટોળામાં જોવામાં આવે છે. આ કાગડો ઝાડું ફાડનારનું કામ પણ ઠીક કરે છે. કેટલીક વખત બાજરાનાં આખાં કૂવાં કાપી નાખીને પાકને નુકસાન પહોંચાડે છે. પશુનાં મુડદાં પાસે તે જોવામાં આવે છે. તે મુખે મુખે એવો અવાજ કરે છે. સામાન્ય રીતે આ પક્ષી જીવનભર એક સાથી સાથે રહે છે

અને જ્યાં ખોરાક પુષ્કળ હોય ત્યાં ઘણાં ઘુમલો એકઠાં મળે છે. સાંજ પડ્યે પચાસથી સાઠ પક્ષી નિયત કરેલી જગ્યાએ રાત્રિ પસાર કરવા ઊડ્યે જાય છે. કોઈ કૂવો, ઘર અથવા ઝાડ પાસે તેઓ મજબૂત માળો બાંધે છે. એ પક્ષીઓ તરફથી હુમલો થવાની ધાસ્તી વિના કોઈ માણસ તેનાં ઈંડાંની આશા રાખી શકે નહિ. માદા એક વખતે ચારથી છ ઈંડાં મૂકે છે. એક વખતનાં ઈંડાં સરખાં હોય છે જ્યારે જુદા જુદા વખતનાં ઈંડાંમાં તફાવત હોય છે. રાની કાગડો-અરણ્યવાયસ-ગીરનો કાગડો: આ જાતના કાગડાની લંબાઈ ૧૭ ઇંચ હોય છે. નર અને માદા બંને સરખી લંબાઈનાં હોય છે. તેની ચોંચનો પાછલો ભાગ તથા ડોકની બે બાજુ સિવાય તેનું બધું શરીર ઘેરા વાદળી અથવા જાંબુડિયા રંગની ઝાંયવાળા કાગા રંગનું હોય છે. ડોકની પાછળનો ભાગ અને છાતી તદ્દન કાળાં હોય છે. આ તેને સામાન્ય કાગડાથી જુદો પાડે છે. હિંદુસ્તાન, બલૂચિસ્તાન, સિલોન અને જાપાની ઓસ્ટ્રેલિઝમ સુધીના પ્રદેશમાં તે જોવામાં આવે છે. તેના નામ પ્રમાણે તે જંગલમાં રહે છે, પણ કેટલીક વખત ગામડા કે શહેરમાં પણ જોવામાં આવે છે. સામાન્ય કાગડા જેટલો તે હિંમતવાન નથી. કદાચ ખોરાક હોય કે કોઈ શિયાળ કે બીજા કોઈ પ્રાણી ઉપર હુમલો કરવો હોય તો ત્યાં ટોળાબંધ ભેગા થાય છે. ઓકવાડ, કમરો, ઊડતાં જીવડાં, ફળ, નાનાં પક્ષી, નાનાં જંતુ તેનો ખોરાક છે. બચ્ચાં પક્ષીનાં ઈંડાં તથા નાનાં બચ્ચાંનો તે નાશ કરે છે. 'કૉ' એવો તે અવાજ કરે છે અને તે કાનને અપ્રિય લાગતો નથી. તેની માદા માર્ચથી મે સુધીમાં ઈંડાં મૂકે છે. કાળોકાંબળાનો તે સાધારણ ઊંડા પ્યાલા જેવો મોટો માળો બાંધે છે અને તેમાં વાળ, સૂકાં તરણાં, ઊન, નાળિયેરનાં ઓતલાં અને એવી બીજી ચીજોનું તેને અસ્તર કરે છે. આ જાતની કાગડી એકી વખતે ચારથી પાંચ પણ કોઈ વખત છ ઈંડાં મૂકે છે. ઈંડાં સાધારણ લંબગોળ અને નાના છેડા તરફ ઘણા અણીદાર હોય છે. જંગલી કાગડો: તેની લંબાઈ તેર ઇંચ હોય છે. નર અને માદા કદમાં સરખાં હોય છે. તેનાં ઉપરનાં બધાં પીછાં, પાંખો અને પૂંછડી ચળકતાં કાળાં હોય છે. માથાની બાજુથી પસાર થતો આંખો પૂરો હોય છે, કયાંક કયાંક એટલો ઝાંખો હોય છે કે લગભગ સફેદ થઈ જાય છે. દાઢી, ગળું અને ગળાનો આગલો ભાગ કાળાં હોય છે, બાકીનાં નીચલાં પીછાં ઝાંખાં સફેદાશ કાળાં હોય છે. છેક બંગાળમાં અને કાશ્મીરમાં આ પક્ષી દેખાય છે. તે ઘરના કાગડા જેટલો જ પુષ્ટ છે. કાગડાની વાણીકરી જાત કરતાં તેનો અવાજ મધુરો છે અને કેટલાક વાતો કરતાં પણ શીખે છે. આ જાતના કાગડા ૨૪૦ વર્ષ જીવ્યાના હોવાનું કહેવાય છે.

૧. કાગડા ઊડવા = (૧) કોઈની હાજરી ન હોવી. (૨) ખંડેર થઈ જવું. (૩) નિર્વંશ જવો; સત્યનાશ જવું; ઘરનાં બધાં માણસનું મરણ થવું. બહુધા કહેવામાં આ અર્થમાં વપરાય છે.

૨. કાગડા ઠળકળવા = સત્યનાશ જવું; ઉંધે જ અવળી થવાનાં ચિહ્ન જણાવાં. કાગડા સકુન શાસ્ત્રવેત્તા છે એવી માન્યતા ઉપરથી આ કહેવત થઈ છે.

૩. કાગડાની કોટે કંકોતરી = તરત વાત જાહેર કરે એવું; ગામવાતોડિયું.

૪. કાગડાની કોટે કલીંજરૂં-રતન = (૧) અપાત્રે દાન; સારા માણસનું નઠારાને ઘનારે પડવું. (૨) ગરીબ માણસ પાસે સારી વસ્તુ હોવી.

૫. કાગડાની મુદ્રામાંથી ગંગાજળ કાઢવું = ઘણું મુશ્કેલ કાર્ય કરવું.

૬. કાગડાની નજરે જોવું = પોતે માટે સાવધાન રહેવું; ચાલાક રહેવું; ચેતતા રહેવું, ચોતરફ તપાસ રાખવી.

૭. કાગડાનું ગોદી બેસવું-બોબવું = સારાં શુકન થવાં; ધારેલા ગયેલ માણસ ઘેર આવશે એવું સૂચવનાર શુભ ચિહ્ન થવું.

૮. કાગડાનું બેસવું ને તાડનું પડવું = અણચિંતવ્યું કાંઈ બનવું; દૈવયોગે બનવું

૯. કાગડાનું હસવું ને દેડકાના પ્રાણ જવા = બીજાને નુકસાન થાય અને પોતાને લાભ થાય તેવું કામ.

૧૦. કાગડાને કાળો રંગવો પડે ? = નીચ માણસમાં નીચપણું જ હોય.

૧૧. કાગડાને મન રમત અને ઉંદરનો જીવ જવા = બીજાને નુકસાન થાય અને પોતાને લાભ થાય એવું કામ.

૧૨. કાગડાને મોંયે રામ ન હોય = પાપીના મોઢામાંથી સારાં વેણ ન નીકળે.

૧૩. કાગડાને શાખે દોર ન બરે = સ્વાર્થોલ્યા માણસની સ્વાર્થોલી ઇચ્છા પાર પડે નહિ.

૧૪. કાગડાને સોગે દહાડા આવ = ભાગી ખાનારને હમેશા સારું સારું ખાવા મળે.

૧૫. કાગડાને હાથે કંકોતરી = રડતો જાય ને મુકાના અક્ષર લાવે.

૧૬. કાગડો કાગડાને ન ધીરે = લુચ્ચો લુચ્ચાનો વિશ્વાસ ન કરે.

૧૭. કાગડો કોબલને લે = કોઈ પોતાનો દોષ જુએ નહિ અને બીજાને હસવા જાય.

૧૮. કાગડો દહીંયરૂં લઈ ગયો = ઉતરી ગયો; સારી વસ્તુ નઠારાને હાથ ગઈ.

૧૯. કાશીમાં બે કાગડા તો કાળા = મેલા મનનું માણસ ગમે ત્યાં જાય તોપણ મલિન જ રહેવાનું.

૨૦. છત્રી કાગડો થઈ જવી = પવનના જોરથી છત્રી વિખાઈ જઈ તેનો દાળ ઊધો થઈ જવો.

૭. પું. કાળા રંગનો માણસ; કદરૂપ માણસ.

૮. પું. ચતુર માણસ; પેચમાં ન આવે એવો માણસ; ચકોર આદમી.

૯. પું. પતંગ.

૧૦. પું. પારસી; પારસી માટે વપરાતો શબ્દ.

૧૧. પું. માટીનું ચકોરૂં; ગોળી વગેરે ઉપર ઢાંકવાનું માટીનું ઢાંકણું.

૧૨. પું. માથાના આગળના વાળ આંખી જોવાથી બતો દેખાવ. માથાના આગલા વાળ આંખ આડે આવતા હોય ત્યારે તેને દોરો લઈ આગળ આવે એવી રીતે બાંધી દે છે તેને કાગડો બાંધ્યો કહે છે.

કાગડો મોર (કાગડો મોર) પું. જો નામની એક રમત. તેમાં રમનારાઓ પાસે પાસે બે હારમાં એકબીજાને પીઠ અડાડી બેસે. તે પછી રમાડનાર એક વાત કહેવા માંડે. તેમાં જે પક્ષનું નામ આવે તે પોતાનું નામ સાંભળતાં જ ચટ દઈને ઊઠી નાસવા લાગે અને બીજો પક્ષ તેને પકડવા પાછળ દોડે.

કાગડોલી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેની છાલમાંથી મજબૂત દોરડાંના બરના રેસા નીકળે છે.

કાગડોળી વિ૰ બદસિકલ; કદરૂપ; વરવું.

કાગડોળિયું ૧. ન. એક જાતની રેષક વનસ્પતિ.
૨. વિ. કાળું; એકાકી, કાગડાના જેવા ઢોળાવાળું.

કાગડોળિયો પું. ચોમાસામાં ઊગી નીકળતી એક જાતની વનસ્પતિ. તેના વેલા વીસ ફૂટ સુધી લાંબા વધે છે. તેનાં પાન બકાન હૌંયાદાર જેવાં, કતરાયેલાં અને ત્રિકોણાકાર હોય છે. ફૂલ બારીક, સફેદ અને ફળ ત્રિકોણ કોથળી જેવાં હોય છે. બારવામાં તે પાકે છે. તેના બધા ભાગ ઉપયોગી છે. તે રવેચક, સારક, ઊલટી કરાવનાર અને મૂત્રલ છે. ફૂલની અંદર અડદ જેવા ત્રણ ત્રણ દાણા હોય છે. દાણા ઉપર ધોળો ક્ષાર હોય છે. ત્રણ ગોળા સાથે જોડાતા હોય તેવા તેને પોપટા થાય છે. જેને શરીર કરોળિયા નીકળે તે માણસ તેની માળા પહેરે છે.

કાગડોળે અ. અતિશય ઉત્સુકતાથી; ઘણી આતુરતાથી.

કાગડો (કાગડ઼ો) ૧. પું. કાગળ.
૨. પું. પતંગ.

કાગણ જી. કાગડી; કાગડાની માદા.

કાગત ૧. પું. કાગળ.
૨. પું. ચોપડો.
૩. પું. છાપું.
૪. પું. દસ્તાવેજ.
૫. પું. લેખ.

કાગતલ ૧. પું. એક જાતનો છોડ. તેમાં નીચેનાં પાન વખતે બેથી ત્રણ ખૂણિયાવાળાં પણ વિશેષ કરી બધાં પાન સાદાં હોય છે. તેનાં ફૂલ તથા ફળ અડદાઉ તલી જેવાં હોય છે. તેનાં ફળાઉ પડતાં જે રતુંબડી ઝીણી તલી જેવાં બીને કાગતલ કહે છે. ગામડાનાં લોકો ધર્મક્રિયામાં તે વાપરે છે.
૨. પું. તલી જેવાં એક જાતનાં છોડનાં બી.

કાગતાડી ન્યાય (કાગતાઢ઼ી ન્યાય) પું. દૈવયોગનો બનાવસૂચક ન્યાય; કાગડાનું બેસવું અને તાડના ફળનું પડવું એ જાતની આકસ્મિક પ્રાપ્તિ જણાવનાર ન્યાય.

કાગતિર પું. (કચ્છી) એક જાતનો છોડ. તેને અડદાઉ ઊતરી કહે છે. તેનાં ફૂલ અને ફળ ઝોકરાં આવે છે, અને સાકર સાથે પ્રમેહના રોગવાળાને પણ અપાય છે.

કાગદ ૧. [અ.] પું. કાગળ; કાગજ; લખવાનો કાગળ.
૨. પું. ચિઠ્ઠી.
૩. પું. ચોપડો.
૪. પું. છાપું.
૫. પું. દસ્તાવેજ.
૬. પું. લેખ.

કાગદપત્ર ૧. પું. કાગળ; પત્ર.
૨. પું. દસ્તાવેજ.
૩. પું. પહોંચ.

કાગદી ૧. પું. આંબાની એક જાત.
૨. [અ.] પું. કાગળ બનાવનાર કારીગર.
૩. પું. કાગળ વેચનાર વેપારી; કાગળનો ધંધો કરનાર.
૪. પું. ચોપડા બાંધનાર વેપારી.
૫. જી. એ નામની વાણિયા અને મેમણની એક અટક.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. સ્ત્રિ. ઊંચી જાતનું.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. તકલાદી કાગળનું હોય એવું; નાજુક.
૧૦. વિ. દસ્તાવેજ; લિખિત.
૧૧. વિ. પાતળી ચામડીવાળું. જેમકે, કાગદી એલચી, કાગદી લીંબુ.
૧૨. વિ. નાજુક; સૂક્ષ્મ.

કાગદીઆકૂસ જી. કલમી આંબાની એક જાત. જુઓ કાગદીઆકૂસ.

કાગદીએલચી જી. પાતળા છાલવાળી ઝીણી ઊંચી જાતની એલચી.

કાગદીકુંજ જી. સાંભી ડોક અને મોર જેવા નહોરવાળા પગવાળું રાખોડી રંગનું એક પક્ષી.

કાગદીચલક્ષ ન. નાસ્ય તરીકે ધાતુને બદલે કાગળનું ચલક્ષ.

કાગદીજવાન જુઓ કાગદીજુવાન.

કાગદીજુવાન પું. નાજુક તબિયતવાળો માણસ; જેનાથી વધુ શ્રમ થઈ ન શકે તેવો માણસ.

કાગદીબદામ જી. ઊંચી જાતની બદામ; બીજ ઉપર ઝીણી છાલ હોય એવી બદામ.

કાગદીલીંબુ ન. એક જાતનું લીંબુ; પાતળી છાલવાળું લીંબુ.

કાગદીલીંબોઈ જી. નાનાં ગોળ પાન અને સફેદ ફૂલવાળું એક જાતનું ઝાડ. તેનાં ફળને કાગદીલીંબુ કહે છે.

કાગદીવાડ (કાગદીવાઢ઼) જી. કાગદીઓનો લત્તો; શહેરના જે ભાગમાં કાગદીઓની દુકાનો આવી હોય તે ભાગ.

કાગદીહાકૂસ જી. મુંબઈમાં થતી એ નામની કેરીની જાત. આ જાતની કેરીની છાલ લીલાપીળા રંગની હોય છે. ફળનું વજન પચીસ રૂપિયાભાર હોય છે. રસ કેસરિયા રંગનો હોય છે અને તેમાં રેસા હોતા નથી.

કાગદૃષ્ટિ ૧. જી. કાગડા જેવી તીક્ષ્ણ નજર.
૨. જી. કાગડાની નજર.

કાગપક્ષ ૧. પું. કાગડાની પાંખ.
૨. પું. ઝુલ્ફાં; વાળની ગુચ્છા.

કાગપદ્મ પું. કાકપદ; કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

કાગપગો ૧. પું. કાળા છાંટા હોય એવો હીરો.
૨. સ્ત્રિ. પું. કાગડાના પગ જેવો.

કાગફળ ન. એ નામનું એક જાતનું ફળ.

કાગબી જી. દાણા ઉપર થતી ગાંઠ.

કાગબુજ પું. કાગડો; કાગ.

કાગભુશંડી પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; કાકભુશંડી. તે પૂર્વે બ્રાહ્મણ હતો. જ્ઞાન માટે ઢાંકાં મારતો તે લોમશ મુનિ પાસે આવ્યો. લોમશ મુનિને એકલા જ્ઞાનનો અને બ્રાહ્મણને જ્ઞાનવાળા ભક્તિનો બહુ મોહ હતો. વાતો કરતાં તે બે વચ્ચે વાંધો પડ્યો. આથી લોમશે બ્રાહ્મણને શાપ આપ્યો કે જેમાં તેમાં શ્રદ્ધા કરે છે માટે તું કાગડો થઈ જા. ભક્ત બ્રાહ્મણે આ શાપ રાજી થઈને સ્વીકાર્યો. બ્રાહ્મણ કાગડો બન્યો તે કાગભુશંડી.

કાગભુસંડ ૧. પું. એક ઋષિ અથવા કાગડાનો દેવ, જેણે કાગડાને રૂપે રામનું એંઠું આપું હતું.
૨. પું. લાંબા નાકવાળો અને કાળો પુરુષ.

કાગમગી વું. (કચ્છી) પીળા રંગનાં ફૂલવાળો અને નાની મગફળી જેવી શીંગવાળો એક જાતનો છોડ.

કાગમાળ ૧. સ્ત્રિ. કાગડાના માળા જેવું; આખારીખી; નિર્માલ્ય; માલ વગરનું; દમ વિનાનું; અવાસ્તવિક.
૨. સ્ત્રિ. કામચલાઉ.

કાગમાળો ૧. પું. કાગડાનો માળો.
૨. પું. કામચલાઉ ઘર.
૩. પું. ચોડી ચાર ટેક એવું કામ.
૪. પું. હલકો ધંધો.
૫. સ્ત્રિ. અસ્થિરવાસી; કામચલાઉ.
૬. સ્ત્રિ. નિર્માલ્ય.
૭. સ્ત્રિ. હલકી હીમતનું.

કાગમું ૧. ન. અડધા આગળનું બાકડું.
અર્જુન બાજે બીજરે પણ, હું નમાવ્યો નહિ નમું,
એમ કહીને દીજરથનું, આપે કાકમું કામપ્રેમાનંદ
૨. ન. બાકડાના ઊંટડાને જે ઠેકાણે ખોંસરું બંધાય છે તે ભાગ.

કાગમેંદી જી. એ નામની કેટલાંયેક વર્ષની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનાં પાન ઝીણાં અને દૂધિયાં હોય છે. તેની શાખાઓ કાંટાવાળી ધોળા ઝિંકા રંગની હોય છે. તેમાં સફેદ નાનાં ફૂલ આવે છે અને નાનાં પીળાં કે રાતાં ફળ થાય છે. તેનાં પાન ગૂમડાં ઉપર બંધાય છે.

કાગરક્ષી જી. પક્ષપંખીની ભાષા.

કાગરઘાળી જી. ખેતરમાંથી કાગડાને હાંકી કાઢવાનું કામ.

કાગરવા [સિં.] પું. ન. બ. વ. કાગડા.
જાવી અટરિયા પે કાગરવા બોલે. સ્વામી

કાગરા પું. (બીલી) ધામરો.

કાગરાજ પું. કાગડો.

કાગરાશ જી. કાગડાની બોલી.

કાગરાશિયો પું. ભવિષ્ય ભાખનાર બ્રાહ્મણ; જોશળભટિયો.

કાગરાશી જી. ભવિષ્ય જાણવાની વિદ્યા.

કાગરાસ જુઓ કાગરાશ.

કાગરો પું. (વહાણવટું) અગ્નિ ખૂણો.

કાગલ પું. કાગળ.

કાગલકૂટો પું. કાગદી; કાગળ બનાવનાર માણસ.
ચાલઈ વુહરા કાગલકૂટા. કાન્હડદેપ્રબંધ

કાગલો પું. કાગડો.

કાગવંધ્યા ૧. જી. એક જ છોકરું થયું હોય એવી સ્ત્રી.
૨. જી. ફૂળ. તે એક જ વાર ફળે છે.

કાગવાણી જી. કાગડાનો અવાજ.
કાગવાણી રાઉતમાં ન લાવું,
મારે અજ પછી રમામ રંગ સમીપે ન જવું.
દયારામ

કાગવાસ ૧. [સં. કા- (કાગડો) + વાસ (રહેઠાણ)] પું. દુર્દશા.
૨. પું. મોતીની એક જાત. તેને જખા કહે છે. આ જાત અરબસ્તાનમાં મોખામાંથી નીકળે છે. તે રંગે પીળું અને સહેજ કાળાશ પડતું હોય છે.
૩. જી. કાગડા બોલાવવાને કાગડાની આકૃતિ બોલવું તે.
૪. [કાગ + વાસના (દેખાવ)] જી. બાપને દિવસે પિતૃ નિમિત્તે કાગડાને બોલાવવામાં આવતો બલિ; વાયસાબલિ; કાકબલિ.
કાગવાસ નાખવો = છાપરા ઉપર કાગડાને બલિ આપવો.
૫. જી. બાપને દિવસે પિતૃ નિમિત્તે કાગડાને બલિ નાખતી વખતનો ઉદ્ગાર.

કાગવાસી વિ. પશુપક્ષીની ભાષા જાણનાર.

કાગવિદ્યા ૧. જી. કાગડાની ભાષા જાણવાની વિદ્યા.
૨. જી. જાદુ; કાગવિદ્યા; કર્ણપિશાચવિદ્યા; તેલિયા રાજાની વિદ્યા.
૩. [સં. કાક (કાગડો) + વિદ્યા] જી. પશુ પંખીની ભાષા સમજવાની વિદ્યા.
૪. જી. પંખીઓની બોલી ઉપરથી ભવિષ્ય જાણવાની વિદ્યા. એનું મનાય છે કે કેટલાંક પક્ષીને ભવિષ્યમાં બનવાના બનાવ પ્રેરણાથી જાણતાં હોય છે અને તે તેઓ પોતાની બોલીમાં બોલે છે.
૫. જી. ભવિષ્ય કહેવાની વિદ્યા.

કાગવું ૧. ન. કાચમુ; ભાઠીનું બહાર નીકળેલું ટેણ.
૨. ન. ધોંસરાથી આગળ નીકળતો ગાડી કે રથના ઊંટડાનો આગલો છેડો; ગાડાના ઊંટડા ઉપર જ્યાં ધોંસરું બંધાય છે તે ભાગ.

કાગવૃંદ ન. કાગડાનું ટોળું

કાગવો પું. ચાકું, રથ વગેરેનો ઊંટડા ઉપરનો એક ભાગ.

કાગસર ન. કશ્મીરનું એક પ્રાચીન નામ.

કાગસુવા પું. એક જાતનો છોડ. તે પથ્થરવાળી જમીન ઉપર છૂટાછવાયા ઊગે છે. તેનાં ફૂલ પીળાં અને ફળ, બી તથા પાન સુવા જેવાં હોય છે; આથી તેને કાગસુવા કહે છે.

કાગળ ૧. [ફા. કાગદ] પું. ચીંથરાંને કોહાવ્યા બાદ કૂટીને તેમાંથી બાંબુ વાંસના તાંતણામાંથી અથવા લાકડાના માવામાંથી બનાવેલ સફાઈદાર કોરાં પતરાં. મુસલમાનો હિંદમાં આવ્યા પછી આ શબ્દ કાગજ ઉપરથી ગુજરાતી ભાષામાં દાખલ થયો. તે પહેલાં તાડપત્ર ઉપર લખાણ થતું. થોડું કરીને મિસર, ચીન અને જપેનમાં પહેલવહેલો કાગળ બનાવવામાં આવ્યો હતો. મિસરમાં પેપીરસ નામનો એક છોડ થાય છે તેમાંથી કાગળ બનાવવામાં આવતો. ચીના લોકોના મત પ્રમાણે ૨ જા અને બીજા વનસ્પતિના તાંતણામાંથી કાગળ બનાવવાની શરૂઆત ઈ.સ. પૂર્વે બીજા સૈકામાં થઈ હતી. વરસમાં કાગળ બનાવવાનો હુનર મૂર લોકોએ દાખલ કર્યો હતો અને કાગળ પહેલવહેલો સ્પેનમાં શુમારે અગિયારમા સૈકામાં રૂના રેસામાંથી બનાવવામાં આવ્યો હતો. તે પછી તે હુનર જર્મનિ, ફ્રાન્સ અને ઇટલિમાં દાખલ થયો. ઇંગ્લંડમાં આ હુનર ઈ.સ. ૧૪૯૫માં અને સ્કોટલંડમાં ૧૬૮૫માં દાખલ થયો. અત્યાર સુધી કાગળ મુખ્યત્વે કરીને ચીંથરાંમાંથી બનાવવામાં આવતા; પણ ૧૮૬૦થી એસ્પાર્ટો નામનું ઘાસ, પરાળ, લાકડાનો માવો વપરાવા લાગ્યાં. હવે ચારસો જાતનાં લાકડાં તથા ઘાસ કાગળ બનાવવા માટે વપરાય છે. મિસર અને મિસ્ત્રિઅમાં આસમાની કાગળ સૌક જળવવા માટે વપરાતો. ફ્રાંસી રેવાનુ હુકમો પણ એ જ રંગના કાગળોમાં અપાતા. રાતો કાગળ સુખ અને સારા નસીબની નિશાનીવાળો મનાતો. કોઈક જ મોટા માણસને બાદશાહ કે સુલતાન ઉપર કાગળ લખવા માટે રાતા કાગળની છૂટ રેવામાં આવતી. આછા જાંબુડિયા રંગનો કાગળ રાજાઓ જ કાગળ લખવામાં વાપરતા, કારણ કે તે રંગ રાજરંગ તરીકે મનાતો, પીળા કાગળ સાધુઓ અને સરદારો વાપરતા. હિંદુસ્તાનમાં સંવત ૧૨૦૦ સુમારમાં કાગળ વપરાતા થયા. તે પહેલાં લખવેખણ માટે મુખ્ય સાધન તાડપત્રો જ હતાં.
૨. પું. તુમાર.
૩. પું. દસ્તાવેજ; ખત.
૪. પું. પત્ર; પત્રિકા.
૧. કાગળ કરવો = (૧) છૂટાછેડા કરવા. (૨) લખાણું કરવું. (૩) જોને મૂકી દેવી.
૨. કાગળ કોરવો = (૧) કાગળમાં લખેલી વાત જાહેર કરવી. (૨) પરબીડિયું કાઢી કાગળ કાઢવો.
૩. કાગળ બીડવો = (૧) કાગળ ઓડવો. (૨) કાગળ મોકલવો.
૪. કાગળ મામરો = ભલામણપત્ર કે ઓળખાણપત્ર માગવો.
૫. કાગળ લખવો = (૧) કાગળ મોકલવો. (૨) પત્ર લખવો.
૧. કાગળ લાવવો = ભલામણ લાવવી.
૭. કાગળની કોથળી = બહુ નાજુક વસ્તુ.
૮. કાગળની કોથળીમાં હાથ્યા ભરવા = હલકા પાત્રને ઊંચે ચડાવવું
૯. કાગળની કોડીથી દરિયો ન તરાય = જેવું કામ તેવું સાધન જોઈએ.
૧૦. કાગળે ચડવું = (૧) પ્રસિદ્ધ થવું; જાહેરમાં આવવું. (૨) મરણના સમાચાર આવવા.
૫. પું. હોમોસા દ્વીપમાં થતું એક જાતનું ઝાડ. તેનાં પાન બોપેપાનાં પાન જેવાં અને ઘોળાશ પડતા લીલા રંગનાં હોય છે. ચીનમાં તેને તંગસ્તો કહે છે. તે કદે નાનું અને એક જ ડાંખળીનું હોય છે. ફૂલ આવ્યા પછી તે બે ત્રણ ડાંખળીમાં વહેંચાઈ જઈ ૨૦થી ૩૦ ફૂટ ઊંચું થાય છે. આ ઝાડનો માવો કાગળ બનાવવામાં વપરાય છે. આવા કાગળનાં ફૂલ વગેરે બનાવાય છે.
૬. પું. લખાણ.
૭. પું. રોટ અથવા લોનનો કાગળ.
૮. પું. હૂંડી લખી આપનાર તરફનો ચોથા તબક્કાનો દસ્તાવેજ; હૂંડી, પેઢ અને પરપેઢ ગેરવલ્લે જતાં લખાતું લખાણ. હૂંડી લખી આપનાર પ્રથમ લખી આપે તે હૂંડી કહેવાય. તે ગેરવલ્લે જતાં લખી આપે તે પેઢ, તે પણ ગેરવલ્લે જાય તો લખી આપે તે પરપેઢ કહેવાય. આ પ્રમાણે હૂંડી, પેઢ અને પરપેઢ ઓવાઈ જાય, ચોરાઈ જાય, મળે નહિ, ફાટી જાય અથવા નાશ થાય અને હૂંડી, પેઢ અને પરપેઢનાં નાણાં મળી શકે તેમ ન હોય તો હૂંડી લખનાર હૂંડી, પેઢ અને પરપેઢમાં લખેલી વિગત સાથે ચોથો દસ્તાવેજ લખી આપે તે કાગળ કહેવાય.

કાગળદાબણિયું ન. કાગળોને દબાવવાનું સાધન; 'પેપરવેટ'.

કાગળપત્તર જુઓ કાગળપત્ર.

કાગળપત્ર પું પત્ર; પત્રિકા.

કાગળવા ૧. સિ. કાગળની જાડાઈ જેટલું; પાતળું.
૨. અ. ઘણું ઓછા પ્રમાણમાં. જેમકે, આગ, સ્નિગ્ધ અને સોનું, સો વર્ષે કાગળવા જૂનું.

કાગળસ્વરૂપ ગુરુ પું. (જૈન) ગુરુનો એ નામનો એક પ્રકાર. ગુરુના ત્રણ પ્રકાર: જ્ઞાનસ્વરૂપ, કાગળસ્વરૂપ અને પથ્થરસ્વરૂપ. કાગળસ્વરૂપ ગુરુ એ મધ્યમ છે. તે સંસાર સમુદ્રને પોતે તરી શકે નહિ, પરંતુ કંઈ પુણ્ય મેળવી શકે. બીજાને તે તારી શકે નહિ.

કાગળિયાવાઢ (કાગળિયાવાડ) પું. કાગદીયાડ; કાગળ બનાવનાર કે વેચનારનો મહોલ્લો.

કાગળિયાહાટ સ. કાગળ વેચનારની દુકાન કે બજાર.

કાગળિયાં ૧. ન. બ. વ. અગત્યના કાગળો.
૨. ન. બ. વ. નિરુપયોગી કાગળો.

કાગળિયું ૧. ન. કાગળ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ.
૨. ન. કાગળનો કટકો.
૩. ન. કામકાજનો અગત્યનો દસ્તાવેજ.
૪. ન. ચલણી નોટ; જેનાં નાણાં આમ જોવો કૂંડી કે શૌર જેવો કાગળ.
૫. ન. નકામો કાગળ.
૬. ન. લેખ.

કાગળિયો ૧. પું. કામકાજનો કાગળ.
૨. પું. અસદ: કાગળ કાઢી જનારો માણસ; એબિયો.
૩. પું. ખતપત્ર.
૪. પું. તુમાર.
૫. પું. પતંગ.

કાગળિયો કૂંદેર પું. ઉશનો; એ નામનું એક કરિયાણું.

કાગા ૧. પું. [હિં.] ગળાનો કાકડો.
૨. પું. બ. વ. કાગડા.

કાગાચુડા (કાગાચુડા) પું. ક્યામણી સ્થિતિ દેખાડવાપણું.

કાગાનિદ્રા જુઓ કાગનીંદર.

કાગાનીંદર સ્ત્રી. અર્ધપિર્ધી ઊંઘ; કાગડાના જેવી ઊંઘ; ઝટ ઊડી જવા જેવી ઊંઘ.

કાગાબાસી ભાંગ સ્ત્રી. મજૂરોના ચોખાથી સવારે લેવાની ભાંગ, બપોરે લેવાની ભાંગને ભોગવિલાસી ભાંગ અને સાંજ પછી લેવાની ભાંગને ગ્લાનાશી ભાંગ કહે છે.

કાગાબાસી મોતી ન. એક જાતનું કાળું મોતી.

કાગામૂંહો પું. ઓટા ઠોંસ કરનારો માણસ.

કાગારિ [સં.] પું. ઘુવડ. તે કાગડાનો દુશ્મન ગણાય છે.

કાગારોળ ૧. [હિં. કાગ (કાગડો) + રોર (શોર)] પું. કાગડાનું 'કાગ' કરીને બોલવું તે.
૨. પું. ફેર; મોટો અનર્થ.
૩. પું. મુશ્કેલી.
૪. પું. શોરબકોર; ધોંધાટ.
૫. સ્ત્રી. રડારોળ; રોકકળ; હાયવોય.
કાગારોળ કરવી = (૧) કાગડાની પેઠે ગોકીરો કરવો. (૨) દેખાવ કરવો. (૩) નકામો કજિયો કરવો.

કાગારોલ જુઓ કાગારોળ.

કાગાસુર પું. કસે કૃષ્ણને મારવા માટે મોકલેલ એ નામનો રાક્ષસ. કૃષ્ણે તેનો નાશ કર્યો હતો.

કાગિયો પું. કાગડાને અવરાવવાનો લાડવો.

કાગી પું. કાગડો.

કાગુબ્બા [હિં.] પું. ઢાળ ઉપર બતી ગાંઠ.

કાગો ૧. પું. કાગડો.
૨. પું. કજોડી.

કાગોલિયાં ૧. ન. બ. વ. કાગડાનાં બચ્ચાં.
૨. ન. બ. વ. બચ્ચાં.

કાગોલિયું ન. કાગડાનું બચ્ચું.

કાગૌર સ્ત્રી. ઝાડમાં કાગડાને અપાતો ખોરાકનો ભાગ.

કાગ્નિ [સં.] પું. ખોટો અગ્નિ.

કાચ (કાચ્ચ) ૧. [સં.] પું. કાગળ.
૧. કચ્ચા કાચ = (૧) દેશી હાથે કાગળ. (૨) સિફા વિનાનો કાગળ.
૨. કાચ કરવો–લખવો–લખી દેવો = ખત કરી આપવું.
૩. કાચ કલમ દાવાત = લખવાનાં સાધન; સ્ટેશનરિ.
૪. કાચ ખોલવો = કોઈનાં ખરાબ કામ બહાર પાડવાં.
૫. કાચ મેળવવો = હિસાબ તપાસવો.
૬. કાચવાનો પટાવાચ = (૧) નામનો માણસ. (૨) પાતળો અલાક માણસ.
૭. કાચે નિકા = લગ્નનો દસ્તાવેજ.
૮. ચિઠીના કાચ = નોટપેપર.
૯. પક્કા કાચ = (૧) ઝાઝે કાગળ. (૨) સિફાવાળો કાગળ.
૨. પું. ચિઠ્ઠી; પત્ર.
૩. પું. ચોપડો; હિસાબી નાનપુક.
કાચ કરવો = હિસાબ તૈયાર કરવો.
૪. પું. બબુ; ચોપાનિયું.
૫. પું. દસ્તાવેજ; ખત; લેખ.

કાચકરોરા (કાચકરોડા) [હા.] પું. કામદાર; મજૂરનો વેપારી.

કાચકસા (કાચકસા) સ્ત્રી. કાગળ જેવું પાતળું.

કાચકી (કાચકી) ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. કાગળ બનાવનાર માણસ.
૩. [હા.] પુ. કાગળ વગેરેનો વેપારી; કાગદી.
૪. પું. કાગળનું બાનું.
૫. પું. ધોબી કપૂતર.
૬ પું. હિસાબી કારકૂન.
૭. સ્ત્રી. ઊંચી જાતના પાતળી કાગળાં બીજી, જાડકળ, અખરોટ, બદામ વગેરેની જાત.
૮. સિ. નાજુક; નરમ.
૯. સિ. પાતળું; બારીક.
૧૦. સિ. બરડ.
૧૧. સિ. લખનાર.

કાચકીન (કાચકીન) [હા.] સિ. કાગળનું બનેલું.

કાચકી ઓહલ્લા (કાચકી ઓહલ્લા) પું. કાગળ બજાર.

કાચકે સરકારી (કાચકે સરકારી) ૧. પું. ચલણી નાણાંની નોટ.
૨. પું. છાપવાળો કાગળ.

કાચડ પું. કાગળ. જુઓ કાગળ.

કાચ્ચ ૧. પું. એક જાતની માટી.
૨. પું. એક જાતનું ઊપરેલ; એક જાતનો મણિ.
૩. પું. એક જાતનો નેત્રરોગ; મોતિયો. તેમાં આંખમાં પડદો આવી જાય છે.
૪. પું. (પ્રાકૃત) કચ્છ દેશ.
૫. પું. ક્ષયની પેઠે ઝાડાટ કરતું એક જાતનું લવણ.
૬. પું. ખાંડ કે ગોળની ચાસણીને ટારવાથી બનતો આશ પદાર્થ. તે કાચ જેવો દેખાતો હોવાથી તેનું આ નામ પડ્યું છે.
૭. પું. જોવા માટે વપરાતું પારદર્શક સાધન: દૃક્કાચ; 'લેન્સ'.
૮. પું. તાજ્જ દળીને ગાળવાથી નીતરતું પાણી. જેને દૂધ પચતું ન હોય તેવા દરદીને આવું તાજું પાણી પાવામાં આવે છે.
૯. પું. ત્રાજવાની દોરી.
૧૦. પું. દર્પણ; અરીસો.
૧૧. પું. પહેરવાના કપડામાં ખોસિયા માટે પાડવામાં આવતું કાણું; ચૂથીને બનાવેલું બટનનું નાકું.

૧૨. પું. પારદારક અક્ષયકતી વસ્તુ.

૧૩. પું. બરફ અને સહેજમાં ભાંગી જાય તેવો પદાર્થ.

૧૪. પું. ભરમ.

૧૫. પું. (કચ્છી) મરેલ માણસને કેડથી ગોઠણ સુધી પહેરાવવાનુ લૂગડુ.

૧૬. પું. મીણ.

૧૭. [કા. માઝ (કાચેલું)] પું. રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો ચળકતો એક પદાર્થ. સફેદ રેતી, ચિરોડી અથવા એવા બીજા પદાર્થના મિશ્રણથી કાચ બને છે. કાચનો રસ બીબામાં પડ્યા પછી ઘન બને છે. કાચને ઘણી વાર 'જમેલો પ્રવાહી' કહેવામા આવે છે. ગમે તે આકારમાં તેને ફેરવી શકાય છે. કાચના ગુણનો આધાર તેમાં વપરાતી ચીજો અને એકબીજાના મિશ્રણથી થતી અસર ઉપર આધાર રાખે છે. સાધારણ કાચ બનાવવા માટે સોડા અને ચૂનો વપરાય છે અને સખ્ત કાચ માટે લેડ ઓક્સાઇડ, પોટાશ અથવા સોડા વપરાય છે. લેડ ઓક્સાઇડને લીધે કાચમાં ચળકાટ અને વજન આવે છે. તે ઉપરાંત તે બધુ ભાંગ્યા વખત સુધી ટકી શકે છે. બેરિયમ ઓક્સાઇડ વાપરવાથી કાચનો ચળકાટ વધે છે અને ચોકઠામાં જડી શકાય તેવો કાચ બનાવી શકાય છે. ચૂનાથી કાચ પ્રવાહી જેવો પદાર્થ બને છે અને સખ્ત ગરમી સહન કરી શકે છે. યંત્રમાં વપરાતા કાચ માટે ચૂનો ઘણો ઉપયોગી છે. ચૂનો કાચને સખ્ત બનાવે છે. આ રીતે બનાવાતો કાચ શીશી બનાવવા માટે ઘણો ઉપયોગી છે. મેંગેનિઝિયા પણ ચૂના જેટલી અસર કરે છે. એલ્યુમિનિયમની માટી કાચની મજબૂતી વધારે છે અને સહેલાઈથી કાચને ડ્રો થતાં અટકાવે છે. કાચ ઉપર કોતરકામ થઈ શકે છે. કાચ પ્રકાશને સહેલાઈથી ઝીલી શકે છે. કાચમાંથી પ્રકાશ જ્યારે પસાર થાય છે ત્યારે તે જુદા જુદા રંગ ધારણ કરે છે. જો કાચમાં મેંગેનિસિયા હોય તે કાચમાથી જ્યારે પ્રકાશ પસાર થાય છે ત્યારે તેમાંથી ઘેરો વાદળી રંગ પણ જોવામાં આવે છે. કાચમાંથી ગરમી સહેલાઈથી પસાર થતી નથી. કાચ જેમ જાડો હોય તેમ સહેલાઈથી તેના ઉષ્ણતામાનમાં અચાનક ઝડપી ફેરફાર થવાથી ભાગી જાય છે, કારણ કે જે બાજુ ગરમ થાય છે ને ફૂલે છે ત્યારે બીજી બાજુની સપાટી જેમ ને તેમ રહે છે. આથી કાચમાં ફાટ પડે છે. પારદર્શક, અપારદર્શક, અરધપારદો, કાઉન ગ્લાસ, ફ્લિોરી કાચ, બોહિમી કાચ, ફ્લિન્ટ કાચ, સંગીન કાચ, સોડાનો કાચ, બારીનો કાચ, ઘસેલો કાચ, આંધળો કાચ અને દૂધિયો કાચ એમ કાચના અનેક પ્રકાર છે.

૧. કાચ પાયેલ કાગળ = (૧) કાગળ ઉપર સરેસ અને તેના ઉપર કાચની ભૂકી ચોંટાડેલ કાગળ; કાચની રજકણ જેના ઉપર ચોંટી હોય તેવો કાગળ. (૨) રેખમાલ.

૨. કાચ ફાકવો = મરણ થાય એમ કરવું; આત્મઘાત કરવાને કાચની ભૂકી ખાવી.

૩. કાચના ઘરમાં રહીને પત્થર ન મારવા = પોતાને નુકસાન થાય એવું કામ ન કરવું.

૪. કાચનો કૂપો = (૧) કાચની શીશી. (૨) ભાંગી જાય તેવી વસ્તુ.

૫. કાચનો ચંબુ = પ્રવાહી પદાર્થ નિતારનાર વાસણ.

૧૮. પું. શીકું.

૧૯. સ્ત્રી. એ નામની કઠિયાની એક જાત.

૨૦. સ્ત્રી. પુનર્લગ્ન; નાતરું.

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. ન. એક જાતનું દ્વિશાળ ઘર. હસ્તિની અને છાત્રી એ બે શાળા જે ઘરમાં જોડી હોય તે ઘરનું નામ કાચઘર કહેવાય છે

૨૩. વિ. કઠિયાની એ નામની અટકનું.

૨૪. વિ. શીશું.

કાચએલિયો ૧. પું. જૈન ઓસવાળ જ્ઞાતિની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. પું. શુદ્ધ કરેલો એલિયો; કાચના જેવો સ્વચ્છ એલિયો.

કાચક ૧. પું. કાચ.

૨. પું. બંગડી.

૩. પું. ભરમ.

૪. પું. સ્ફટિક.

૫. વિ. કાચનું બનેલ.

કાચકા જી. સિંબી વર્ગની એ નામની એક વનસ્પતિ. તે કૃમિઘ્ન છે અને તાવમાં તથા સૂતિકાજ્વરમાં ઉપયોગી મનાય છે.

કાચકાગળ પું. કાચ પાયેલો કાગળ.

કાચકી ૧. સ્ત્રી. એક જાતની કાંટાવાળી વનસ્પતિ.

૨. જુ. કાચકું.

કયાં ઊકળ ને કયાં કાચકી, કયાં કઠેઠ ને કયાં કાચ. વસ્તો

૩. સ્ત્રી. ગળાની બારી આગળ થતો એક રોગ; ખોરાક અથવા પાણી ગળામાં બરાબર ને ઊતરી શકે નહિ એવો કેફમાં થતો રોગ કાચબી.

૪. સ્ત્રી. તરસને લીધે ગળામાં થતો સૂકવાટ.

૫. સ્ત્રી. મોટી મુશ્કેલી; સંકડામણ.

કાચકો જળકૂકું ન. એ નામની એક દેશી રમત; જે કે વધારે છોકરાંઓ નાહીને કાચકું મારવાની રમત. આમાં બધાં રમનારાં કાચબાં ભેગાં કરી તેનું એક કૂંડાળું બનાવે છે. પછી જેનો પહેલો વારો હોય તે પોતા બગળ જોડો રહે. બાકીનાં રમનારાંમાંથી કોઈ એક જણ કૂંડાળામાંના અમુક કાચકાને આંટવાનું બતાવે. તે જો આંટી શકે તો કૂંડાળાવાળાં બધાં કાચકાં લઈ જાય. આંટવામાં નિષ્ફળ જાય તો તેણે પોતાના પદરનું એક કાચકું કૂંડાળામાં મૂકવું પડે. પછી બીજા વારાવાળો તાકે. આ પ્રમાણે રમતાં જ્યારે કોઈ જણને બધાં કાચકાં લઈ જાય ત્યારે રમત પૂરી થાય. આ રમત કાચકાંને બદલે કોડી, બદામ કે લખોટીથી પણ રમાય છે.

કાચકું ૧. ન. કાંકોલનું ફળ.

૨. ન. સોપારી જેવડું જૂરા અને લીસા બેટલાનું કાચલીનું ફળ. તેનો ગર્ભ કરમિયાં છુટ્યાંના દરદ ઉપર વપરાય છે. આને કેટલાક કાચકો પણ કહે છે. છોકરાંઓ આ ફળને રમતમાં લખોટાને ઠેકાણે વાપરે છે.

કાચકૂચી [હિં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાચકૂરી [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કૌંચ.

કાચકૂંપી સ્ત્રી. કોઈ વસ્તુને અગ્નિમાં તપાવવા માટે વપરાતી કાચની શીશી; અગ્નિશીશી.

કાચકો ૧. પું. કાચકું; કાચકીનું ફળ. કરમના રોગ ઉપર ઓસડમાં તે વપરાય છે.

૨. પું. કાચનો કટકો; કાચ.

કાચગૃહ ન. કાચનું ઘર; કાચની દીવાલોવાળી પેટી.

કાચગોલ પું. તાલ; ઠકુરાત.

કાચઘટી સ્ત્રી. કાચનો કૂજો; પાણી માટેનું કાચનું વાસણ.

કાચઘર જુઓ કાચગૃહ.

કાચચીભડી (કાચમીભડી) સ્ત્રી. એક ફળ; પોપૈયું.

કાચડ (કાચ) ન. દડણું; ડોલ્લાની આસપાસની સુજી આવેલી જગ્યા; ગૂમડાની આજુબાજુનો સૂજેલો ભાગ.

કાચડો (કાચડે) ૧. પું. કાચું તરબૂચ.

૨. પું. પદાર્થ જેવું પેટ.

૩. પું. રેનુ ઝંડવું.

કાચતનુ સ્ત્રી. રજનો એક પેટા વિભાગ.

કાચતરંગ ન. જલતરંગ જેવું એક જાતનું સંગીતવાદ્ય. તેમાં સ્વર ઉત્પન્ન થાય એવી રીતના કાચના કટકાની રચના હોય છે.

કાચત્વ ન. કાચની અવસ્થા.

કાચદાર પું. કાચનું કામ કરનાર કારીગર.

કાચદીપાગમ ૧. [સં.] પું. દીવો કરવાનો કાચનો પ્યાલો.
૨. પું. કાનસ.
૩. પું. કાંડી.

કાચદૃઢ વિ. મગોટીબંધ.

કાચધામ ન. કાનસ.

કાંચન ૧. [સં.] ન. કાગળનું બંડલ.
૨. ન. ચોપડીનાં પાનાં બાંધવામાં વપરાતો દોરો.

કાચનક જુઓ કાચન.

કાચનલિન [સં.] પું. લેખપત્ર.

કાચનલિકા [સં.] સ્ત્રી. કાચની નળી.

કાચનળી ૧. સ્ત્રી. કસનળી; 'ટેસ્ટ ટ્યુબ'.
૨. સ્ત્રી. કાચની નળી.

કાચનિદીન પું. પીળો નારંગી રંગ; ઉદરિદ.

કાચપ સ્ત્રી. કચાશ; કાચાપણું; અપક્વતા.

કાચપરશુ [સં.] પું. પહેલદાર કાચ; બધ્ધ સપાટ પડાવાળી કાચની ત્રિકોણ આકૃતિ. તેને સૂર્યકિરણમાં ધરી રાખીએ ત્યારે કિરણોનું પૃથક્કરણ થઈ જુદા જુદા સાત રંગનાં કિરણ પડે છે.

કાચપાત્રાદિકરણ ન. ચોસઠ કલાની એ નામની એક કલા.

કાચફલક પું. કાચની તકતી.

કાચબ સ્ત્રી. પાઠું; બરફાના કાંઠા ઉપર, બોચી ઉપર, બન્ને તેમજ કૂલાની વચ્ચેના કાચક્ષ ઉપર થતું ગૂમડું; અદીક ગૂમડું. તેમાં ગોળ, સખ્ત, ચપટો અને કાચબાની પીઠ જેવો ઊપસેલો ફોલ્લો થાય છે.

કાચબડો (કાચબડો) પું. કાચબો.

કાચબા ૧. સ્ત્રી. એ નામની મેમણની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાચબાકૂદડી (કાચબાકૂદડી) સ્ત્રી. એક જાતની રમત. તેમાં છોકરાં પોતપોતાના પગ વચ્ચે હાથ ઘાલી અને આગલી બાજુએ બંને હાથની મૂઠી વાળી રાખીને જમીન ઉપર બેસે અને બેઠાં બેઠાં જ કૂદાકૂદ કરે છે, અથવા તો બાંય છ હાથ આગળ જઈ સાંથી પાછા ફરે અને મોટેથી કે કે કરે છે.

કાચબિંદુ ન. આંખનો મોતિયો; આંખનો એક રોગ. તેનો ઉપચાર: મરી ૧॥ માસો, સીંદીપીપર ૩ તોલો, સમુદ્રફીણ ૩ તોલો, સિંધવ ૧॥ માસો અને સુરમો ૨ા તોલા એકત્ર કરી તેને બારીક ખરલ કરવું. આ અંજનથી બધ રોગ મટતો હોવાનું મનાય છે.

કાચબી ૧. સ્ત્રી. એક જાતનો યકૃતનો વ્યાધિ; કલેજાનું ચાઠું; કલેજાનો પોક.
૨. [સં. કચ્છપી] સ્ત્રી. કાચબાની માદા.
૩. સ્ત્રી. ગળાની બારીના સોજાનો રોગ; કાચકો.
૪. સ્ત્રી. દુઃખની લાગણી.
કાચબી મારવી = (૧) અકળામણ થવી; મૂંઝવણ થવી. (૨) અસુખ થવું; ખૂબ દુઃખની લાગણી થવી. (૩) ચીતરી ચઢવી; બેસુધી આવવી. (૪) જીવ બેતાબપણું થઈ જવો.
૫. સ્ત્રી. મેઘધનુષ્ય; ઇંદ્રધનુષ; ઇંદ્રધનુષ્ય.
પૂર્વ તણે કાચબી, ને આગમતે સર,
ભાલી વાયક એમ ભણે, દુષિ જગાડું કર.
ભાલણ

કાચબો ૧. [સં. કચ્છપ] પું. કૂર્મ; કર્કટ; કરક. તે જમીન ઉપર તેમજ પાણીમાં પણ રહે છે. તેની પીઠનું કોટલું બહુ કઠણ હોય છે અને તેની ઢાલ બને છે. તે સલામતી માટે પોતાના અંગ, ઉપાંગ, માથું તેની ઢાલમાં સંકેલી શકે છે. તે ગરમ પ્રદેશમાં વસે છે. કાંકર સન્મુખ કાચબાની સ્થાપના થાય છે. કાચબાની આયુર્મર્યાદા આશરે ૪૦૦ વર્ષની મનાય છે.
કાચબાની આંખ = (૧) ઊર્ધ્વાથી જોનાર આંખ. (૨) કાચબાની પેઠે કાંઈ પણ નજર બહાર જવા નહિ એવી ચંચળ આંખ.
૨. પું. ધાતુનો રસ ઢાળવાનું ઓઠું; ધાતુનો ઢાળો પાડવાનું ચોકઠું.
૩. પું. વિષ્ણુનો એ નામનો એક અવતાર.

કાચભાજન [સં.] ન. કાચનું વાસણ.

કાચમણિ ૧. પું. એક જાતનો પત્થર; ઝિલા સ્ફટિક; કિરમ પત્થર. તે છ ખૂણાવાળા કે પાસાના રૂપમાં નજરે પડે છે. એ સાધારણ રીતે રંગહીન અને પારદર્શક હોય છે. તે પીળા, ભૂખરા, જાંબુડા, લીલા અને બીજા રંગના પણ હોય છે.
૨. પું. કાચ.
૩. પું. કાચનો કટકો.

કાચમલ [સં.] ન. કાચમાંથી થતું એક જાતનું મીઠું; કાચલવણ.

કાચર ૧. સ્ત્રી. કરચ; કકડી; ટુકડો.
૨. સ્ત્રી. ચાકડી; ગળગૂમડની આસપાસ બંધાતી કઠણ માંસની ગાંઠ.

કાચરકૂચર ૧. ન. આચરકૂચર; અચુકોર્.
૨. ન. ભાંગીતૂટી ચીજોનો જથ્થો.
૩. વિ. પરચૂરણ.
૪. વિ. ભાંગ્યુંતૂટ્યું; આલતુફાલતુ.

કાચરસ ૧. પું. આંખના ડોળામાંનો કાચના રસ જેવો પદાર્થ.
૨. પું. કાચનો રસ.
૩. પું. કોપના કોપરસની અને કોષેશની જાળીદાર રચનાથી ભિન્ન, પ્રાયુરસનો વધારે પ્રવાહી આધારભૂત પદાર્થ. કોપકલ્કની ઉપર આવેલું ઘટનાહીન પડ આનું બનેલું હોય છે.
૪. પું. રસની જાળીના વચલા ભાગમાં રહેલો નિર્મળ પારદર્શક કાચ જેવો પ્રવાહી પદાર્થ.

કાચરિયું ન. કચ્ચરઘાણ; કચરિયું; દૂચો.

કાચરી ૧. સ્ત્રી. કૂણી ચીર કરી એમ ને એમ અથવા મીઠામાં અથવા મૂકવેલી કટકીઓ.
૨. સ્ત્રી. કાકડાની સૂકવણી.
૩. સ્ત્રી. સૂકવેલી લીલોતરીને રોટલા કે તળવાથી થતી વાની.

કાચરું ૧. ન. કાચનું ચીંથરું.
૨. વિ. ખોખાં.

કાચરૂપરસ પું. આંખના ગોળામાં લેન્સ એટલે સ્ફટિકરૂપરસની પછવાડે અને નેત્રદર્પણની આગળના પોલા ભાગમાં આવેલો એક રસ. નેત્રગોળની પોલાણનો આર પંચમાંશ ભાગ આ રસથી ભરેલો છે અને બાકીના એક પંચમાંશ ભાગમાં લેન્સ અને જળરૂપરસ આવેલા છે. આ રસની આગળની બાજુએ આવેલા ખાડામાં લેન્સનું પાછળનું બાજુબોળ બેસે છે. તે સંપૂર્ણ પારદર્શક તથા મુરબ્બાના જેવો નરમ છે અને પાણી તથા કેટલાક ક્ષારનો બનેલો છે. તેની આસપાસ એક પાતળું પારદર્શક પડ છે.
સ્ફટિકરૂપરસ અથવા લેન્સ આ કનીનિકાની પાછવાડે તથા કાચરૂપરસની આગળ રહેલ છે.
ત્રિભોવનદાસ શાહ

કાચરો પું. આંબલીનો કાતરો.

કાચલ ૧. સ્ત્રી. ખોપરી; તાલકું.
૨. સ્ત્રી. ટોચકું.
૩. સ્ત્રી. તાલકા ટોપી; માથા ઉપર બરાબર બેસી રહે એવી ટોપી.
૪. સ્ત્રી. નાના બચ્ચા માટે વપરાતું એક જાતનું હલેસું.

કાચલપટ્ટા વિ. બલિચારી.

કાચલવણ ૧. ન. કાચમાંથી થતું એક જાતનું મીઠું; કાચમલ. તે કાચની ભઠીમા ઉત્પન્ન થાય છે. એનો રંગ ધોળો હોય છે. તે પિત્તકારક, કર્કક ખાર, રૂક્ષ, અગ્નિદીપક, ઉષ્ણ, ચક્ષુષ્ય

અને દાહકારક છે અને શ્રમ, ગુલ્મ, કફ, વાયુ તથા પિત્ત મટાડનાર મનાય છે.

૨. [સં.] ન. બંગડીબજાર; બીડબજાર; કાચ બનાવવામાં વપરાતો ખાર.

૩. ન. મગજ.

કાચલિયોપંથ જુઓ કાચલીપંથ.

કાચલી ૧. સ્ત્રી. કાચરી. રાઈની અને અળસી કરીને કોઠીમડાંની સૂકવણી.

૨. સ્ત્રી. કાપણું; કમખો; કાંચળી.

૩. સ્ત્રી. કોઈ પણ ફળનું વેંટકી જેવું કોટલું.

૪. સ્ત્રી. ગોરણની કાંકણી.

૫. સ્ત્રી. નાળિયેરનું ભાંગેલું કોટલું.

કાચલીનો ચૂરો = નાળિયેરના કોટલાને બાળતાં તેની ધૂણીમાંથી બનેલું પ્રવાહી. તે દાદર અને ચામડીના રોગ ઉપર વપરાય છે.

૬. સ્ત્રી. ભિક્ષાપાત્ર; માગી આવાનું કોટલાનું નાનું વાસણ.

કાચલી આપવી = ભીખ માગવા જેવી સ્થિતિ કરી નાખવી.

૭. સ્ત્રી. કાકડાનું વાસણ; કાકપાત્ર.

કાચલીપંથ પું. કાંચળિયાપંથ; એ નામનો એક સંપ્રદાય.

કાચલું ૧. ન. કોઈ પણ ભાંગેલું અર્ધગોળ જેવું કાણું કોટલું; ઠીબ.

૨. ન. કોઈ પણ ભાંગેલો અર્ધગોળ વાટકો.

૩. ન. ગર, બીજ અથવા કોપરું કાઢી લીધા પછી રહેલું ફળનું અડધું ગોળ કાણું કોડું.

૪. ન. કીકરું.

૫. ન. નદીના ભાઠાની ખોડલી જમીન.

૬. ન. નાળિયેરનું ભાંગેલું કોટલું.

કાચલાં કૂટવાં = મિથ્યા પ્રયાસ કરવો; નકામી મહેનત કરવી.

૭. ન. પાણીનું વેન ગાળવા માટે કરવામાં આવતો ચણતરનો ઘાટ.

કાચવત [સં. કાચવત્] વિ. કાચ જેવું; પારદર્શક.

કાચવિદ્યુત [સં કાચવિદ્યુત્] સ્ત્રી. કાચને રેશમ જેવા પદાર્થ સાથે ઘસવાથી ઉત્પન્ન થતી વીજળી.

કાચસદૃશ [સં.] વિ. કાચ જેવું; પારદર્શક.

કાચસંભવ [સ.] પું. કાચલવણ.

કાચસાર [સં.] પું. સાંદરસ; પારદર્શક પદાર્થ.

કાચસૌવર્ચલ [સં.] ન. કાચલવણ; કાચમાંથી થતું એક જાતનું મીઠું.

કાચસ્થાલી ૧. [સં.] સ્ત્રી. કાચની રકાબી.

૨. સ્ત્રી. વેલપાટલાનું ઝાડ; ફલેરુહા વૃક્ષ.

કાચળા પું. એક જાતનું દરિયાઈ પ્રાણી. તેને પૂર્વમાં કાચબા પણ કહે છે. તે કાચબાને ખોરાક તરીકે વાપરે છે.

કાચળી સ્ત્રી. નામના શરીરની ખોળ.

કાચંડી ૧. સ્ત્રી. કાકોડાની માદા.

૨. સ્ત્રી. નાનો કાકોડો.

કાચંડો પું. કાકોડો; સરડો; કાચિંડો.

કાચા ૧. પું. ગુલ્લા ભાગ ઢાંકવા માટે વપરાતો લૂગડાનો સાંકડો પટો; લંગોટ.

૨. સ્ત્રી. કુંજર, કડિયા અને મેમણની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. અનિસ; અસાર.

૫. વિ. એ નામની અટકનું.

૬. [હિં.] વિ. કચું.

કાચાઈ ૧. સ્ત્રી. અનુભવની ખામી.

૨. સ્ત્રી. કચાશ; કાચાપણું; અપક્વતા.

કાચાકાન પું. ન. બ. ન. ભોળાપણું; તપાસ કર્યા વગર વાત માની લેવાપણું.

કાચાકાનનું વિ. ભોળું; ગ્રહાળુ.

કાચાકામનું વિ. જેની હજુ તપાસ ચાલતી હોય એવું.

કાચા કામનો કેદી = જેની તપાસ હજુ ચાલતી હોય એવો કેદી.

કાચાકૂર સ્ત્રી. કાચાકૂટ.

કાચાક્ષ [સં.] પું. એક જાતનો બગલો.

કાચાપાકું ૧. વિ. અધકચરું.

૨. વિ. અધકચરું.

કાચાપ્રાજા સ્ત્રી. લગભગ સાત એકર જમીન.

કાચામલમલ ન. એક જાતનું કોઈ બારીક કાપડ.

કાચામીઠા ન. આંબાની એ નામની એક જાત.

કાચારી ૧. સ્ત્રી. અમદાવાદ અને નાસિક તરફ વસતી એ નામની એક જાત. આ જાતનાં લોકો કાચની બંગડી બનાવવાનો ધંધો કરે છે.

૨. સ્ત્રી. આસામ અને બંગાળ તરફ બોલાતી એક ભાષા. મેદાની કાચારી અને કુંજરી કાચારી એવા તેના બે પ્રકાર છે.

૩. સ્ત્રી. આસામી લોકોની એ નામની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

કાચા રૂપિયા પું. કાચો આકડો; જે આંકડામાંથી રાહી કે વણતરની રકમ બાદ કરવાની હોય તેની રકમ.

કાચારિમ પું. કાચિયો પથ્થર.

કાચાંતક પું. હરિતને મળતો એક મૂળ તાત્ત્વિક પદાર્થ.

કાચિંડ ૧. [સં.] પું. ઉંદર.

૨. પું. ચાડિયો.

૩. પું. સોનું.

૪. ન. કાકડાજી.

કાચિત [સં.] વિ. કીડા ઉપર ચાલેલ.

કાચિમ પું. દેવમંદિરમાં થયેલ એક જાતનું ઝાડ.

કાચિયું વિ. કાચ જેવું.

કાચિયો પથ્થર પું. જેમાંથી કાચમણિ નીકળે તે પથ્થર.

કાચિંડો પું. કાકોડો; સરડો.

કાચી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. કાકી.

૩. સ્ત્રી. પૂના તરફ મેવો વેચવાનો ધંધો કરતી એ નામની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

૬. વિ. સ્ત્રી. અનિમિત.

૭. વિ. સ્ત્રી. અપક્વ; નહિ પાકેલી.

૮. વિ. સ્ત્રી. ટૂંકી; નાની.

કાચી કેદ સ્ત્રી. નજરકેદ; પહેરામાં થપ્પડ તે; આલતા મુકદમાએ અટકાયતમાં રાખવું તે.

કાચીકેળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાચી કોડીનું વિ. કીમત વિનાનું.

કાચી ખાતાવહી સ્ત્રી. ઉપરટપકે હિસાબની નોંધ રાખવાની ચોપડી.

કાચી જગન્નાથી સ્ત્રી. એક જાતનું કાપડ.

કાચી જપતી સ્ત્રી. પાકી જપતી કરતા પહેલાં માલને કબજે રાખવો તે.

કાચી જમાબંદી ૧. સ્ત્રી. અડસટેથી આકારી.

૨. સ્ત્રી. ઉત્પન્ન થવાની ઊપજનો અડસટ્ટો.

કાચી ધાતુ સ્ત્રી. જમીનમાંથી ખોદી કાઢેલ ધાતુ; ખનિજ.

કાચી નોંધ ૧. સ્ત્રી. ઉપરટપકે લખી રાખેલું નામું.

૨. સ્ત્રી. ખરડો.

૩. સ્ત્રી. પાકું નહિ કરેલું એવું સંક્ષિપ્ત લખાણ.

કાચી ખુટ્ટી ૧. વિ. અણસમજુ.

૨. વિ. ભોટિયું; ભોળિયું.

૩. વિ. ગાફલ; બેદરકાર.

૪. વિ. નિઃસત્ત્વ; નિર્માલ્ય.

૫. વિ. બોચકું; મૂર્ખ.

કાચી બુદ્ધિ ૧. સ્ત્રી. અપરિપક્વ સમજણ.
૨. સ્ત્રી. છોકરમત; બાળક જેવી ઉંમર.
૩. સ્ત્રી. નાદાની; મૂર્ખાઈ.
૪. સ્ત્રી. સમજ વિનાનું હોવાપણું.

કાચીમન સ્ત્રી. રામફળનું ઝાડ.

કાચી મુદ્દત ૧. સ્ત્રી. પક્કી નહિ ઠરેલી મુદત; અટકળ રાખેલી મુદત.
૨. સ્ત્રી. પાકના વગરની મુદત.

કાચીવય સ્ત્રી. નાની ઉંમર; કમીર અવસ્થા.

કાચીંડો જુઓ કાચિંડો.

કાચું ૧. ન. કચાશ; અધૂરાપણું; કસર.
૨. વિ. અકુશળ; અનુભવ
૩. વિ. અજાણ; અનુભવ વગરનું.
૧. કાચું કાપવું = (૧) અણઘટતું બોલાઈ જવું. (૨) ખરાબ થવું. (૩) અનગી વાત બહાર પડવી. (૪) દિલગીર થવું. (૫) બળવું.
૨. કાચું કાપવું = (૧) અણઘટતું બોલવું. (૨) ખરાબ કરવું. (૩) અનગી વાત બહાર પાડવી. (૪) દિલગીર કરવું. (૫) બાળવું.
૪. વિ. અડસટ્ટાવાળું; આશરે હોય એવું.
૫. વિ. અધૂરું; અપૂર્ણ
૬. વિ. અનિત્ય; અસાર; નાશવંત.
૭. વિ. અનિશ્ચિત; પક્કી નહિ એવું; અદ્દલ.
કાચે તાંતણે તણાય એવું = વશ વર્તે તેવું; આપણુદ્ધિ ન વાપરતાં સામાની બુદ્ધિ પ્રમાણે વર્તે એવું.
૮. [સં. કૃત્ય; પ્રા. કિચ્ચ; અપ. કચ્ચુ, કાચ્ચ] વિ. અપક્વ; પાકેલ નહિ એવું.
કાચે ઘડે પાણી ભરવું = (૧) મેળ વિનાની વાત કરવી; મિથ્યા પ્રયત્ન કરવો. (૨) લાકડાની તરવારે લડવું.
૯. વિ. આંધળું.
૧૦. વિ. ઊડી જાય એવું.
કાચો રંગ = ઊડી જાય તેવો રંગ; કાચે ચોટે તેવો રંગ.
૧૧. વિ. એકવચની.
કાચે તાંતણે બંધાવું = વચન પ્રમાણે વર્તે તેવું.
૧૨. વિ. કડક; પોચું નહિ એવું.
૧૩. વિ. કામચલાઉ; ઉપરચોટિયું.
કાચો દસ્તાવેજ = અધૂરો અને સાદા કાગળ ઉપર લખેલો કરાર.
૧૪. વિ. ડહોળતી સ્થિતિમાં હોય એવું.
૧૫. વિ. ખામીવાળું.
૧. કાચું કઢાવવું = (૧) દીવાળું કઢાવવું. (૨) ભાડ વેરવી. (૩) ગોપાળું નીકળે તેમ કરવું.
૨. કાચું પડવું = દીવાળું કઢવું.
૧૬ વિ. તકલાદી; નાજુક.
૧૭. વિ. નકામું; વ્યર્થ.
કાચે પાયે = (૧) કસણ વગરનું; અમરતું. (૨) વિચાર કર્યા સિવાય.
૧૮. વિ. નવું; તાજું.
૧૯. વિ. નાદાન; મૂર્ખ.
૨૦. વિ. નાનું.
૧. કાચો કુબીલો = નાનાં નાના છોકરાંવાળું કુટુંબ.
૨. કાચો પીધો = નાનો પીધો
૨૧. વિ. પોચું; નરમ.
૨૨. વિ. બરાબર નહિ રંધાયેલું.
૨૩. વિ. બિનપાકાદાર.
૨૪. વિ. બીકણ; કરપોક.
૨૫. વિ. ભેળસેળવાળું.
કાચું સોનું = (૧) ઓછું શુદ્ધ થયેલું સોનું. (૨) ખરેખરું કીમતી. (૩) જેમાંથી સોનું બને છે તેવી ખનિજ. (૪) રસાળ; ફળદ્રુપ; કીમતી. (૫) સોના જેવી વસ્તુ.
૨૬. વિ. વજનમાં ઓછું.

કાચું કંથિયારું ૧. વિ. નાનાં નાનાં બાળક હોય એવું.
૨. વિ. બહુ પ્રાયુ હોય તેવું.

કાચું કામ ૧. ન. અધૂરું કામ; અપૂર્ણ કામ.
૨. ન. ઘણો વખત સુધી ન રહે તેવું કામ.
૩. ન. તકલાદી કામ.

કાચું કુંવારું ૧. વિ. નાનાં બાળકોવાળું, બચરવાળ.
૨. વિ. નાની ઉંમરનું; નહિ પરણેલ.

કાચું કોરું ૧. ન. કૂવો; નાસ્તો.
૨. વિ. આચરકૂચર; પરચૂરણ.
૩. વિ. કોરું લૂંછેલું અને લખું.
૪. વિ. નહિ રાંધેલું.

કાચું ખાવું ૧. સ. ક્રિ. પેટમાં દુખવું.
૨. સ. ક્રિ. બીક ખોસવવી.

કાચું ઘડાયું ૧. વિ. અર્ધપાકા; કાચું પણ નહિ તેમ બળી ગયેલું નહિ એવું.
૨. વિ. કાચું અને પાકા લાગી હોય એવું.

કાચુંનખ વિ. તદ્દન બાળક; સાવ કાચું.

કાચું નાણું ન. કાગળ ઉપર પેન્સિલથી અગર સ્લેટ ઉપર ટપકાવવામાં આવતું નામુ. બજારમાં ઉતાર્યા પછી તે પાકું કહેવાય છે.

કાચુંપાકું વિ. કંઈક કાચું અને કંઈક પાકું એવું; ચાલું ન ચાલું હોય એવું.

કાચુંપોચું ૧. વિ. અકુશળ; બાવાટ વગરનું.
૨. વિ. અનુભવ વિનાનું.
૩. વિ. કોમળ; નાજુક.
૪. વિ. કરપોક; બીકણ.
૫. વિ. નબળું.

કાચું પ્લાસ્ટર ન. મસિયા ચૂનાની ગાર.

કાચું બૈડું ૧. વિ. કટ પીગળે એવું; ઘાની લાગણીવાળું.
૨. વિ. કિંમત વગરનું.

કાચૂ ન. ચાકુ; છરી.

કાચૂક ૧. પું. કાટલોડો; કાચલો.
૨. [સં.] પું. કાચબો.
૩. પું. ચાકવાક પક્ષી.
૪. પું. ઓર.
કાચે પાસે = (૧) અમરતું; કસણ વગરનું. (૨) વિચાર કર્યા સિવાય.

કાચેલા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.
૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાચો કાન ૧. પું. ભોળો માણસ.
કાચા કાનનું = તરત જ માની લે એવું.
૨. વિ. ભોળું; વિશ્વાસવાળું.

કાચોકૂચો ૧. પું. કચરોપૂચો; નકામી વસ્તુ.
૨. પું. ઉપટનો બાકી રહેલો ભાગ.

કાચોતોલ પું. ચાળીસ રૂપિયાભારનો એક શેર અને ચાળીસ શેરનો એક મણ એનાથી ઓછે લેખાતો તોલ.
૨. પું. બારદાન સાથેનો તોલ; સંતોલો.

કાચોદ્ધવ ન. કાચમાલ; કાચમાંથી બનાવે એવું બનતું બીજું.

કાચો પારો પું. નં પત્તી શકે તેવી ચીજ.

કાચો બાવળો પું. ઝાંખો લાલ અને ધોળા રંગનો ઘોડો.

કાચો મીઠો જી. કેરીની એક જાત.

કાચો રોજમેળ પું. હિસાબની કાચી નોંધ.

કાચોલેખન ન. કાચ ઉપરનું લખાણ.

કાચ્યપ જી. કચાશ; કાચાપણું; કાચપ.

કાછ ૧. [સં. કચ્છ] પું. કચ્છ; કાળો; લંગોટ; લંગોટી.
૨. પું. કાંપ.
૩. પું. ચોડવું સુધીની ટૂંકી ચોરણી.
૪. પું. ખાડાખર્ચ; ઉદિત વશ રાખવાપણું.
૫. પું. સાયળનો ઉપલો ભાગ.
કાછ બોલવો = (૧) કોઈને નાગું કરવું. (૨) સિવણ કરવું; સંબોગ કરવો.

કાછડી [સં. કચ્છ] સ્ત્રી. નદીના કાંઠાની જમ્યા; ભાઠું.

કાછડ (કાછડ) ૧. પું. કછોટો; કાછડો.
૨. પું. ધોતિયું પહેરનાર માણસ.
૩. સ્ત્રી. આહેરની એ નામની એક અટક.
૪. ન. આહેરની એક અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

કાછડિયા (કાછડિયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછડી (કાછડો) ૧. [સં. કચ્છ; દે. કચ્છડી] સ્ત્રી. ધોતિયું અથવા સાડી સાડલાની આગલી પાટલીને બે પગ વચ્ચેથી લઈ પાછળ ખોસવાનો પેચો.
૧. કાછડી છૂટી જવી = (૧) ભય લાગવો; બીવું; ડરી જવું. (૨) હિંમત હારવી; હિંમત જતી રહેવી. (૩) હોશકોશ ઊડી જવા.
૨. કાછડી ઝાલીને દોડવું = (૧) કોઈ કામ બગડી જવાની ધાસ્તીથી તાકીદ કરવી. (૨) બહાવરું બનવું. (૩) બે ભેગા થવું.

કાછડીબૂડ (કાછડીબૂડ) વિ. લંપટ; વિષયી; અભિચારી.

કાછડીબૂડો (કાછડીબૂડો) ૧. પું. ઠિંગાળો માણસ; વિષયી; અભિચારી.
૨. વિ. પું. અભિચારી; લંપટ.
૩. વિ. પું. હિંમત હારી બેસેલ; કાયર.

કાછડીદાસ (કાછડીદાસ) પું. ધોતિયું પહેરનારને માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ; પોતડીદાસ.

કાછડો (કાછડો) ૧. [સં. કચ્છ] પું. કચ્છ; કછોટો.
૨. પું. ધોતિયા અથવા સાડલાની આગલી પાટલીને બે પગ વચ્ચેથી લઈ પાછળ ખોસવી તે.
૩. પું. ધોતિયું પહેરનાર માણસ.

કાછપ્ય ૧. સ્ત્રી. માગણ.
૨. સ્ત્રી. સાદ પેગનારી સ્ત્રી; કાછિણ.

કાછન વિ. સાકભાજી વાવનાર અને વેચનાર.

કાછની જુઓ કાછડી.

કાછપ પું. કાછિયો; સાદ વેચનાર માણસ.

કાછમ પું. (જૂ. પ્ર.) કામળો.

કાછમો જુઓ કાછમ.

કાછર ન. એક જાતનું ઘાસ.

કાછલી ૧. સ્ત્રી. નદીના ભાડાની ખેરવી જમીન.
૨. સ્ત્રી. નાળિયેરની કાચલી.

કાછલું ન. નાળિયેરની કાચલીને કટકો.

કાછવું ૧. સ. ક્રિ. કચ્છ પહેરવો.
૨. સ. ક્રિ. ધોતી નરીઠ પહેરવું.
૩. સ. ક્રિ. નાગાપણું ઢાંકવું.
૪. સ. ક્રિ. બહારવટું ખાણવું.
૫. સ. ક્રિ. બલાઈ કાઢી લેવી.

કાછા ૧. પું. કચ્છ; કછોટો; કાછડો.
૨. પું. ચોરણ સુથીની સુરવાળ.
૩ પું. કાચબાનો ઉપલો ભાગ.
૪. સ્ત્રી. કડિયા તથા કુંભારની એ નામની અટક.
૫. ન. કડિયા તથા કુંભારની એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

કાછિયણ ૧. સ્ત્રી. કાછિયા કોમની સ્ત્રી.
૨. સ્ત્રી. બકાલીની સ્ત્રી.

કાછિયા ૧. પું. બકાલું વેચનાર પુરુષ; બકાલી.
૨. સ્ત્રી. એ નામની એક કોમ.
૩. સ્ત્રી. કણબીની એક અટકનું નામ.
૪. ન. એ નામની કોમનું માણસ.
૫. ન. કણબીની એક અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. એ નામની કોમનું.

કાછિયાવાડ (કાછિયાવાડ) સ્ત્રી. કાછિયા લોકોનો મહોલ્લો.

કાછિયો ૧. પું. એ નામની જાતિનો માણસ.
૨. સ્ત્રી. શાકભાજી વેચવાનો ધંધો કરનાર લોકોની એક જાત.
૩. વિ. પું. શાકભાજી વેચનારાની જાતનો.

કાછી ૧. પું. કાછિયો; બકાલી; શાકભાજી વેચનાર માણસ.
૨. પું. નદીનું તળિયાર; નદીના પાણીનો પ્રવાહ ખસી ઠર જાય્યો જવાથી ખેડાણના કામમાં આવતી જમીન.
૩. સ્ત્રી. કડિયા અને ખેડૂતની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

કાછું વિ. (કચ્છી) કચ્છનું.

કાછૂ [હિં.] પું. કામળો.

કાછૂટો વિ. પું. અભિચારી; વિષયી.

કાછેલા ૧. સ્ત્રી. સારસ્વત અને લોહાણાની એ નામની અટક. તેઓ કચ્છમાંથી ઊતરી આવેલા મનાય છે.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછો ૧. પું. એ નામનો એક રોગ.
૨. પું. કચ્છ; કછોટો; કાછડો.
૩. પું. કચ્છમાં બંધાતો અવયવ.
૪. પું. ખાડું કરવાનો ચાડો.
૫. પું. ઘર પાછળનો વાડો.
૬. પું. ચાડી આવ તેવી જમીન; ભાગાવતી જમીન.

કાછોટિયા ૧. સ્ત્રી. રજપૂતની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછોટી ૧. સ્ત્રી. કચ્છથી જોને બીડી સેવામાં આવે છે તે ઢૂંઢી નીચેનો ભાગ.
૨. સ્ત્રી. લંગોટી.
૩. સ્ત્રી. લંગોટીમાં બંધાતો અવયવ.

કાછોડો ૧. પું. કચ્છમાં બંધાતો અવયવ.
૨. પું. કચ્છો; કાછો.
૩. પું. ઢૂંઢી અને તેની નીચેનો વૃષણ સુધીનો ભાગ.

કાજ ૧. [સં. કાર્ય] ન. અર્થ; ઉદ્દેશ; હેતુ; પ્રયોજન.
૨. ન. ઉપયોગ.
૩. ન. કહેણ; માગું.
૪. ન. કામ; કાર્ય.
૫. ન. કારજ; મૃત્યુભોજન; પ્રેતજમણ.
૬. ન. ધંધો; રોજગાર; વ્યવસાય.
૭. ન. નાતરું; લગ્ન.
૮. ન. નોતરું.
૯. ન. બદન બીડવાનું કાંકું.
૧૦. ન. સગપણ.
૧૧. અ. કાજે; માટે; સારુ; વાસ્તે; સારૂ.

કાજક ૧. પું. કાગળ.
૨. પું. ચોપડો.
૩. પું. છાપું.
૪. પું. દસ્તાવેજ.

કાજકર્તું ૧. ન. કલાક.
૨. વિ. કામ કરનાર.
૩. વિ. સગપણ કે લગ્નના સોદા કરનાર.

કાજકાર ૧. વિ. કામ કરનાર.
૨. વિ. કામગરું; કામેલ.
૩. વિ. બુદ્ધિમાન.

કાજગરું જુઓ કાજગરું.

કાજગરું ૧. વિ. અતિક્રિયા; વધારું.
૨. વિ. કપોરું; લાગ વગરનું.
૩. [સં. કાર્યકર] વિ. કામ કરનાર.
૪. વિ. કામવાળું.
૫. વિ. કોમળ; તકલાદિ નાજુક.
૬. વિ. જુવાન; તરુણ.
૭. વિ. લાડકું; લાડકવાયું; માનીતું.
૮. વિ. શક્તિવાળું; કામેલ.

કાજન પું. કારણ.

કાજળ પું. (બીલી) કામળો.

કાજર ૧. [હિં.] ન. કાજળ; આંજણ.
કાજર કોટડી = બદનામ થાય એવી જગ્યા.
૨. વિ. કાજરચીતરું.

કાજરા [સં. કારસ્કર] સ્ત્રી. એક ઝાડનું નામ; પીલું; કુમઠા. તેનાં બિયાં ખેરી છે.

કાજલ ૧. [સં. કજ્જલ] ન. (હિંદી) આંજણ; આંખને ચકચકિત બનાવવા વપરાતો પદાર્થ.
૨. ન. બરાબ પાણી.
૩. ન. મેશ.

કાજલ લટોરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કાજલિયો પું. કૂવો; ચણ. જુઓ કાજળિયો.

કાજલી ૧. [સં. કજ્જલ] સ્ત્રી. આંજણ.
૨. સ્ત્રી. કાજળ; મેશ.
૩. સ્ત્રી. કાજળ પાડવાનું વાસણ; મેશ પાડવાનું કોડિયું.
૪. સ્ત્રી. કાળી કૂમ.
૫. સ્ત્રી. ખોવાયેલી વસ્તુ કે ભનેલો બનાવ જાણવાની એક વિદ્યા.
૬. સ્ત્રી. ગાય પૂજવાનું ઓગણોતું એક વ્રત. તેમાં રાત્રિએ જાગરણ કરવામાં આવે છે.
૭. સ્ત્રી. મરું બળી ગયા પછી નહિ બળેલ લાકડાનું કાળું કોલસું તેને બાળવું મુશ્કેલ થઈ પડે છે.
૮. સ્ત્રી. રાખનું પડ; દેવતાના અંગારા ઉપર બંધાયેલું પડ.
૯. સ્ત્રી. સોવાસણ સ્ત્રી.
૧૦. વિ. સ્ત્રી. કાળા રંગવાળી.

કાજવાલી સ્ત્રી. ઘરમ સંબંધી સારાં કરનારી સ્ત્રી.

કાજવું વિ. કચરાયેલું; ભગાડેલું; બરાબ.

કાજળ ૧. ન. કાળું અંજન.
૨. ન. બરાબ પાણી.
૩. [સં. કજ્જલ] ન. મેશ; દીવા ઉપર થતી ધુમાડાની કાળી રજ; દીપકીટ
૧. કાજળપેરું = મેશના જેવું કાળું; બહુ જ કાળું.
૨. કાજળની કોટડી = મેશનું ઘર; લાંબ લગાડે એવું ઠેકાણું.

કાજળકંકુ ન. સોહામણા બીના શણગારની વસ્તુ.

કાજળરાણી સ્ત્રી. કાજલી ત્રીજ; શ્રાવણ વદ ત્રીજ.

કાજળલટોરી સ્ત્રી. એક જાતનું પક્ષી

કાજળવું ૧. અ.ક્રિ. કાજળી જવું; રાખથી ઢંકાતાં ઓલવાઈ જવું, મેશ વળવી
૨. અ.ક્રિ. કાળું થવું.

કાજળિયું પું. આંખની અંદરનો કાળો ભાગ.

કાજળિયું ન. કાજળ; આંજણ.

કાજળિયો ૧. પું. કૂવો; ચંબુ.
૨. પું. ખોવાયેલી વસ્તુ શોધી આપવા કે બનેલો બનાવ જણાવવા બીજા માણસને બેસાડી તેલ કે સાહીના ટીપામાં બનેલ બનાવની વિગત બતાવનાર માણસ.

કાજળી જુઓ કાજલી.

કાજળી ઓકરણ ૧. સ્ત્રી. એક જાતનો છોડ.
૨. [સં. કજ્જલોગી] ન. ગળો; કમુંબો અને આળોલિયાના મિશ્રણથી થતો રંગ.

કાજળી ત્રીજ સ્ત્રી. શ્રાવણ વદ ત્રીજ.

કાજળ્ય જુઓ કાજળ.

કાજા ૧. [સં. કાર્ય] સ્ત્રી કાર્યપદ્ધતિ; કામની રીત.
૨. વિ. સ્ત્રી. અર્થવાળી; કામની.

કાજામરું ૧. વિ. કામનું; કામમરું.
૨. વિ. કાપદામારું.

કાજારી ૧. [જ.] સ્ત્રી. એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું
૪. વિ. કામની બગડી બનાવનાર.

કાજી ૧. પું. કરલામી વિદ્વાન; પંડિત.
૨. પું. કજિયાખોર.
૩. [જા. કાઝી (હુકમ કરનાર)] પું કજિયો ચૂકવનાર માણસ; કુરાનના ફરમાન પ્રમાણે ન્યાય કરનાર પુરુષ; કરલામી ન્યાયમંદીર.
૧. કાજી તો કહેનેમ, કરનેમ નહિ = પારકે ભાણે મોટો ભાડચો.
૨. કાજી બનવું = દોષ જોવા.
૩. કાજી વિના હલાલ ન થાય = (૧) જેનું કામ હોય તેજ તે કરે. (૨) માણસ તીર્થે જ મુડાય.
૪. કાજીની કૂતરી = અમલદાર અથવા મોટા માણસની બીકી ખાતી નાની તુચ્છ વસ્તુ. કોઈ એક ગામમાં એક કાજી હતો. તેનું એ ગામમાં ઘણું માન હતું. તેની એક પહેલી કૂતરી મરી ગઈ ત્યારે તેને દાટવાને હજારો માણસોની કઈ જરાઈ હતી, પણ જ્યારે કાજી પોતે મરી ગયો ત્યારે એકલુ પણ તેને દાટવાને માટે આવ્યું નહિ. તે ઉપરથી આ પ્રયોગ વપરાતો થયો છે.
૪. પું. માનાર્થે વપરાતો શબ્દ.
૫. સ્ત્રી. રોખ, મેમણ, સિપાઈ અને સિપીની એક અટક.

કાજુ ૧. પું. કચ્છ.
૨. સ્ત્રી. કેરીની એક જાત.
૩. ન. એક જાતનું ઝાડ. કાજુનાં નવાં ઝાડ ડાળીને જમીનમાં વાળી દાબી કરાય છે. તેનાં તાજાં બી વાવવાથી નવાં ઝાડ કરી શકાય છે. બધો વરસાદ તથા દરિયા બીનારા હોય ત્યાં આ ઝાડ સારાં થાય છે. કાજુનો રોપ વાવ્યા પછી સાત વર્ષે ફલે. પહેલાં ત્રણ વર્ષ સુધી તેને દર ચોમાસામાં તથા શિયાળામાં ખાતરું, દીવેલના ખોળનું કે દરિયાઈ માછલીનું પૂરતું ખાતર કયારા ગોડીને નાખવું. આ ઝાડ આંબાના ઝાડ જેવું મોટું થાય છે. તેને સફેદ રંગનાં નાનાં ફૂલ આવે છે. તેમાં કેરીની માફક ફળ થાય છે. પોષ મહિનામાં ફૂલ આવે છે ને વૈશાખ જેઠમાં ફળ પાકી જાય છે. આ ઝાડ મોટું થયા પછી પાણી પાવાની જરૂર નથી
૪. [પોર્ટુ.] ન. એક જાતનું તેલી ફળ; એક જાતનો સૂકો મેવો આ ફળ બોળુ, મીઠું અને તેજિયા મીજનું થાય છે. તે તૂરું, મધુર, ઉષ્ણ, ભારે અને ધાતુવર્ધક છે. એ વાયુ, કફ, ગુલ્મ, ઉદરજ્વર, કૃમિ, બલ, અગ્નિમાંદ્ય, કોઢ, રક્તપિત્ત અને અર્શ મટાડનાર મનાય છે. તેનાં ઝાડ મકરાસ, ચિતાકોંગ, તિનાસરીમ વગેરે રસળે થાય છે.
૫. વિ. વિનયી.
૬. વિ. બેવકૂફ; કાલુ
૭. વિ. સારું; સુંદર; બાકુ.

કાજુકળિયા ૧. પું. કાજુ.
૨. પું બ વ. ઝાડ ચઢાવેલા કાજુ; રોકેલા કાજુ; સાકરિયા કાજુ.

કાજુકળી સ્ત્રી. કાજુની આગળનું બીજ. જેનો રસ શરીરને અડે તો ફરફોલા થાય છે.

કાજુ ગોવાઈ ન. કાજુની એક જાત.

કાજુડી (કાજુડી) સ્ત્રી. કાજુનું ઝાડ.

કાજુપૂટ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કમાકુડી. તેને પીળાં અને સફેદ ફૂલનાં ઝૂમખાં હોય છે. ઓરટ્રેલિઝ અને હિંદી ટાપુઓમાં તે થાય છે.

કાજુપુતીતેલ ન. એક જાતનું પોષટિક રંગનું તેલ. તેની સુગંધ આનંદદાયક અને કપૂરના જેવી હોય છે. સ્વાદમાં તે તીખુ પણ કંઈ હોય છે. તેનો રંગ લીલાશ પડતો હોવાનું કારણ

તેમાનું તાંબું છે. તે પક્ષપાત અને સંધિવા જેવાં દરદમાં દવા તરીકે કામ આવે છે.

કાલુમાલવણ્ડ વ. કાલુની એક જાત.

કાલ્પૂત જુઓ કાલુ.

કાલ્પૂતક [સં.] ન. કાલુનું ઝાડ. જુઓ કાલુ.

કાલ્પૂલાત્પૂ ૧. વિ. નબળું.
૨ વિ. નાશવંત.

કાલ્પે [સં. કાર્યે; પ્રા. કાલ્પે] અ. માટે; કારણ; વાસ્તે; અર્થે. તે ચતુર્થી વિભક્તિ કે સમ્પ્રદાન વિભક્તિ દર્શાવનાર પ્રત્યય છે

કાલ્પેં [સં. કર્દમ] પુ. કચરો, પૂળો.

કાલ્ભ (કાભ) ૧. [સં.] પું. હંસ
૨. જુ હંસની માદા; હંસી.
ચીની કાભ = ઝાંખા લીટાવાળી હંસની માદા.

કાલ્ભગી (કાભગી) જી. લગામ; રેન.

કાલ્ભરી (કાભરી) જી. એક જાતની વનસ્પતિ. તેની પેઠ ક્ષિપ્રિયુ ઝોંડ્યુ, ગોગા, ગાવણકોર અને ધાટ ઉપર ઉગે છે. તેનું નર્સિયુ નયા લાકડું ઝેરી હોય છે કોંક્યુમ. તેને મોદાગરી અને તામિલમાં નાગમુષ્ટિ કહે છે તામિલ વૈદો સર્પદંશ ઉપર તેનું લાકડું વાપરે છે. લાકડાને ચાર છ વખત ઉકાળી તેમાંથી એક ચમચાભાર ઉકાળો બે વખત આપી ઊલટી કરાવે છે.

કાલ્ભા (કાભા) ૧. જી. કાભગી; લગામ.
૨. જ. નસીબ.

કાલ્ભાદાર (કાભદાર) વિ પું ધોડાવાળો.

કાલ્ભિફે (કાભિફ) [અ.] વિ. ખોટું તહોમત મૂકનાર.

કાલ્ભિમ (કાભિમ) ૧. [અ.] પું. જૂઠાણું.
૨. પું. જૂઠું બોલનાર માણસ.
૩. વિ. ખોટું; અસલ.

કાલ્ભી (કાભી) ૧. પું ધાર્મિક ચેષ્ટા. તે નિકાહ વખતે અંતિમ ક્રિયા વખતે હાજર રહી ધાર્મિક ક્રિયાઓનો અંજામ આપે છે જુઓ કાજી.
કાલ્ભીનું ખાતું = (૧) ઉમદા અમલદાર. (૨) કુદરતી હાજત. (૩) ન્યાયની અદાલતનો પટાવાળો.
૨. [અ. કાભ (કુકમ)] પું. નસીબનો નિર્ણય કરનાર માણસ.
૩. પુ. હંસ.

કાલ્ભીમ ૧. પું. નાની તરવાર.
૨. પું પુરુષની જનનેન્દ્રિય.
૩. [અ] પું. મશિયો.

કાલ્ભુગી જુઓ કાભગી.

કાલ્ભ ૧. [સં. કાભ] પું. કુમારની લાકડું; કુમારનું નવું જૂનું લાકડ. કાઠી શબ્દ જળતરનાં લાકડાં માટે વપરાય છે. લાકડાં શબ્દ બાળવાનાં તેમ જ કુમારી લાકડાં માટે વપરાય છે. બાળવાનાં લાકડાં વેચનાર તે કઠિયારો અને કુમારની લાકડાં વેચનારને કાટપીટિયો કહેવાય છે.
૨. પું. એક વનસ્પતિનું નામ; અરબી આ. અરબસ્તાનમાં યમનના પર્વત ઉપર તે ઊગે છે. જ્યાં જ્યાં કોફી ઊગે છે ત્યાં ત્યાં આ સુશોભિત વનસ્પતિ ઊગે છે. પાંદડાંવાળી તેની ડુમળી ડાળી ચાવવાથી માણસનું મન પ્રફુલ્લિત રહે છે.
૩. પું. કપાત.
૪. [સ. કૃત્ (કાપવું)] પું. કાપ; ઘા; જખમ.
૫ પું. કૂચો.
૬ પુ. ચીર.
૭ પું. જંગલ.
૮. પુ. ભુક્કાપણું.
૯. પું. ઝેર.
૧૦. પું. ડર; ડંખ.
૧૧ પું. ધાર; અણી.
૧૨. પું. નશ્તર; અસ્ત્રયુ; આડ.
કાટ કાટવો = (૧) નશ્તર દૂર કરવી. (૨) પતાવવું; ઑડી બાળવું; સમાધાન કરવું, નિકાલ કરવો. (૩) મારી નાખવું; કાસળ કાઢવું
૧૩. પું. નાશ; ધાણ.
૧૪. પું. બાજા; ઓરા; કટકો.
૧૫. [સં. કટ્ (પેરી મેળવું)] પું. ખીનાશમાં રહેવાથી કેટલીક ધાતુ ઉપર પેલ થતો રાતો, નારંગી અથવા લીલો થર; ધાતુઓનો વિકાર; મટુર; મેલ.
૧૬. પું. મીનાકારી.
૧૭. પું. રસ્તો.
૧૮. પું વાંસ.
૧૯. પું. સામો હાથ; પ્રતિકાર.
૨૦. જી. કાંસરી; ઝેર.
૨૧. જી. ધોડાનું જીન.
૨૨. જી. ચિંતા; ચેહ.
૨૩. જી. તરવારનું મ્યાન.
૨૪. જી. મોરચો.
૨૫. જી. શરીર; દેહ.
૨૬. જ. ઘોડામાં કહાવેલું ઓસડ.
૨૭. વિ. પાકું; હોશિયાર.
૨૮. વિ. ચુસ્ત; ખપુ.
૨૯. [સં. કર્તૃ પ્રા. કટ્ટ] વિ. લોભિયું; કંજૂસ.

કાટકબૂલ પું. કુરામત; કબૂલ ન કરવાની ટેક.

કાટકવું અ. ક્રિ. તૂટી પડવું; ત્રાટકવું; હલ્લો કરવો.

કાટકસર જી. કરકસર; કાપકૂપ.

કાટકા ૧. પું. તકરારમાં બે હાથનાં આંગળાં એક બીજામાં ભેરવી ગાળ દેવાપણું.
૨. પું. બ. વ. અળોલા.
૩. પું. બ. વ. મોટા અવાજ.

કાટકાધિયા ૧. જી. કચ્છીની એ નામની અટક.
૨. જ. કચ્છીની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાટકામ જ. લાકડામાં કુમારી લાકડાનું કામ.

કાટકૂટ ૧ જી કટકાટકી.
૨. જી. કાપકૂપ; કાપીને ઓછું કરવું તે.
૩. જી. કાપવું અને કૂટવું તે; ખાંડવું અને ટીપવું તે.
૪. જી. (બંગાલી) ચડેલાં રોજ ન આપવાં અથવા અટકાયતમાં રાખવાપણું.
૫ જી. ઉઠકચાક.
૬ જી. નષ્ટનો બચાવ.
૭. જી. પગારનો ઘટાડો.
૮. જી. બાંધ્યોતૂટ્યો સરસામાન.
૯. જી. વાદવિવાદ.

કાટકો ૧. પું. મોટો અવાજ; મોટી બૂમ.
૨. [સ. કર્તૃ (કાપવું) + કોષ (ખૂણો)] પું. (ગણિત) સમકોણ; ઋજુકોણ.

કાટકોડિયા ૧. જી. વાણિયાની એ નામની અટક.
૨. જ. વાણિયાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાટકોણ ૧. પું. (ગણિત) એક આડી સીધી લીટીને બીજી ત્રાંસી જેની સીધી લીટીથી કાપતાં જે નેનું અંશનો ખૂણો થાય છે તે; કાટખૂણો.
કાટકોણચતુર્ભુજ = સામસામી બાજુ સમાંતર હોય અને એક ખૂણો કાટકોણ હોય તેવી આકૃતિ.
૨. પું. કાટખૂણો બરાબર છે કે નહિ તે તપાસવાનું કડિયા સુતારનું એક ઓજાર.

કાટકોટિયા જુઓ કાટકોડિયા.

કાટખાતું ૧. જ. ક્રિ. કરકસર.
૨. જ. ક્રિ. નુકસાન સહન કરવું.

કાટખૂણો ૧. પું. નેનું અંશના ખૂણાના માપનું કડિયા સુતારનું ઓજાર.
૨. પું. (ગણિત) નેનું અંશનો ખૂણો; એક સીધી લીટી ઉપર બીજી લીટી બંને પડવાથી થતો ખૂણો.

ઠાઠમઠોપૂરક વિ. (અક્ષિત) આઠે ખૂણા ૯૦°ના હોય તેવી લંબચોરસ આકાર આઠખૂણાવાળી આકૃતિ. તેની સામસામી બાજુ સમાંતર અને સરખી હોય છે.

ઠાઠમઠોત્રિકોણ વિ. (અક્ષિત) જેનો એક ખૂણો આઠખૂણો હોય તેવો ત્રિકોણ.

ઠાઠમઠોદ્વિખૂણો વિ. જે ખૂણો આવેલા ખૂણામાં ઉમેરવાથી સરવાળે એક આઠખૂણા બરાબર થતો હોય તેવો ખૂણો.

ઠાઠમઠોપૂરિયું ન. આઠખૂણો દોરવાનું સાધન.

ઠાઠમઠોપૂરિયો ઠાઉંસ પું. જે ઠાઉંસમાં ૯૦ અંશનો ખૂણો હોય તેવો ઠાઉંસ; આવો [ ] ઠાઉંસ.

ઠાઠમઠોપૂરો વિ. પું. (અક્ષિત) જેનું અંશનો ખૂણો.

૨. પું. સુતાર લાકડામાં આઠખૂણો આપવાનું સાધન.

ઠાઠમાંઠ [હિં.] પું. આપવું અને ઠાઠવું તે.

ઠાઠયોખૂણ પું. (અક્ષિત) આઠ આઠખૂણાવાળો ચતુષ્કોણ.

ઠાઠરું વિ. સોનેરી વાળવાળું.

ઠાઠરાંઠ વિ. સ્ત્રી. આપકૂપ.

૨. સ્ત્રી. સુધારોવધારો.

ઠાઠવત ન. ક્રિ. (વજ) આપવું.

ઠાઠત્રિકોણ પું. (અક્ષિત) આઠખૂણાનો ત્રિકોણ.

ઠાઠવન વિ. [હિં. ઠાઠના (આપવું)] ન. આપાત.

૨. ન. ઉપાય; ૩.

૩. [હિં.] ન. આપવાની ક્રિયા.

૪. ન. (બંગાળી) કાંતવાની ક્રિયા; કાંતવું તે.

૫. ન. જથ્થો.

૬. ન. સુતરાઉ આપડ.

ઠાઠના સ. ક્રિ. આપવું; ચીરવું.

ઠાઠનિયા પું. (બંગાળી) કાંતનાર પુરુષ.

ઠાઠની વિ. સ્ત્રી. (બંગાળી) કાંતનારી સ્ત્રી.

૨. ન. કંતામણ.

ઠાઠનીબંદી સ્ત્રી. લણણી.

ઠાઠનેવાલા પું. વાઢકાપ કરનાર.

ઠાઠપગાઉં ન. હંસપદ.

ઠાઠપીઠિયાવાડ (આઠપીઠિયાવાડ) સ્ત્રી. પ્રમારતી લાકડાં વેચનારાઓની દુકાનો હોય એવો શહેરનો ભાગ.

ઠાઠપીઠિયો પું. પ્રમારતી લાકડાં વેચનાર માણસ; પ્રમારતી લાકડાંનો વેપારી.

ઠાઠફેણ ન. કાપડ.

ઠાઠફાંસ વિ. [હિં.] સ્ત્રી. ઈજા; હાનિ.

૨. સ્ત્રી. ઓછું કરવું તે; આપકૂપ.

૩. સ્ત્રી. ચાલીચુકલી.

ઠાઠબંધન ન. હાથી બાંધવાનો બીલો.

ઠાઠમાલ વિ. પું. ઘર માટેનો લાકડાં સામાન.

૨. [સં. ત્રિદ્] પું. જૂનું નવું પરચૂરણ પ્રમારતી લાકડું.

ઠાઠમાળ જુઓ ઠાઠમાલ.

ઠાઠરહો (ઠાઠરહે) વિ. પું. ઠાઠવિને આપવા બીજી રીતે બગડીને ખરાબ થઈ ગયેલો માલ.

૨. પું. પ્રવાહી વસ્તુનો મેલ; ડરેલો કચરો.

ઠાઠલ વિ. વિ. ઠાવેલ.

૨. વિ. ઊતરાય નહિ એવું.

ઠાઠલાં વિ. ન. બ. વ. વજનનાં લેખ; તોલાં.

૧. ઠાઠલાં કૂટવાં = અર્થ પ્રયાસ કરવો.

૨. ઠાઠલાં કૂવામાં નાખવાં = ગઈ ગુજરી વાત ભૂલી જવી.

૩. ઠાઠલાં સાંખવાં = (૧) લેખ મેળવી જોવો. (૨) વ્યભિચાર કરવો.

૨. ન. બ. વ. વસાણાના બાકુ.

ઠાઠલાંઠાલ વિ. પું. દગાબાજીથી કરી ઓછું આપનાર માણસ.

૨. વિ. વચમાં પડીને નુકસાન કરાવનાર.

ઠાઠલિયો વિ. પું. અગિયારમું સરસવનાર બાઠબંધ.

૨. પું. આપટિયો; માટી.

૩. વિ. પું. ચુગ્ગો; બાકાં; બીજો.

ઠાઠલું વિ. ન. ખરું; ભલું; પાપ; નકતર.

૨. ન. ઘડી કે ટીપી નાખવું તે.

૩. [સં. કર્તૃ (આપવું)] ન. લેખ; વજન.

૪. ન. નુકસાન; ખોટ; ટોટો.

૫. ન. મારી નાખવું તે; કાસળ કાઢવું તે; નાશ.

૬. ન. સુથારામાં ઓજારને સજ્જ આપવા માટે અપાતું ગુંદર વગેરેનું વસાણું; સંધાક. ઠાઠલું બનાવવાની રીત: ગુંદર શેર ૩ને પાણી ૧૨ શેર ૨ શેરી, વી શેર ૨૫, મેળ શેર ૩નો બાક મૂકી તેમાં ટોપરું તોલા ૫૦, સુવાદાણા તોલા ૨૦, અસોપ તોલા ૪, સતાવરી તોલા ૨૫, તજ તોલો ૧, એલચી તોલો ૧, વાવડિંગ તોલા ૪, સૂંઠ તોલા ૧૦, મરી તોલા ૪, પીપર તોલા ૨૫, પીપરીમૂળ તોલા ૧૫, નાગકેસર તોલો ૧, ઇલાયચી તોલા ૨, અજમા તોલા ૨, મેથી તોલા ૩, બાવળ તોલા ૨, અતિવિષની કળી તોલા ૨૫ એ બધી ઔષધિઓનો ભૂકો નાખી ગોસમાં ઠાળવાં. તેની માત્રા ૨૫થી ૧૦ તોલા છે.

૧. ઠાઠલું કરવું = (૧) ઓછું કરવું; આપકૂપ કરવી. (૨) ઘડીઘડીને પાંસરું કરવું; ટીપી નાખવું. (૩) નુકસાન કરવું; હાનિ કરવી.

૨. ઠાઠલું ઠાઠવું-મરી નાખવું = મારી નાખવું.

ઠાઠવરણ ન. પ્રમારતી લાકડાંમાં; માળણ.

ઠાઠવળણ જુઓ ઠાઠવરણ.

ઠાઠવાળો જુઓ ઠાઠવરણ.

ઠાઠવું ૧. વિ. ઠાઠના રંગ જેવું; રતાશ પડતું.

૨. સ. ક્રિ. અલગ કરવું; છૂટું પાડવું.

૩ સ. ક્રિ. ઓળંગવું.

૪. સ. ક્રિ. મુજબની બતાવટ કરવી.

૫ સ. ક્રિ. કરડવું; બચકું ભરવું.

૬. સ. ક્રિ. ઘાટ ઘડવો.

૭. સ. ક્રિ. ઘાતરવું.

૮. [સં. કર્તૃ; પ્રા. ઠ્ઠ] સ. ક્રિ. આપવું; વાઢવું; ઊઠવું; કટકા કરવા.

૯. સ. ક્રિ. કોતરી બાવું.

૧૦. સ. ક્રિ. બવાર્ડ ભરવું.

૧૧. સ. ક્રિ. ખેંચી કાઢવું.

૧૨. સ. ક્રિ. ઊતરવું.

૧૩. સ. ક્રિ. જગલ સાફ કરવું; લણવું.

૧૪. સ. ક્રિ. પસાર કરવું.

૧૫. સ. ક્રિ. પૈસો મેળવવો.

૧૬. સ. ક્રિ. બાતલ કરવું; બાદ કરવું.

૧૭. સ. ક્રિ. ભૂંસી નાખવું.

૧૮. સ. ક્રિ. માર મારવો.

૧૯. સ. ક્રિ. નકું કરવું.

૨૦. સ. ક્રિ. વચમાં પડીને વાત આપી નાખવી.

ઠાઠવો ૧. પું. એક ઔષધિનું નામ.

૨. પું. કાળો પોશાક.

૩. વિ. શોકનો કાળો સાલ્લો.

ઠાઠસૂર્ખિલ પું. કોઈ ગતિમાન પદાર્થથી અમુક સ્થિર બિંદુ સુધીનું જે અંતર હોય તે અંતરના બનના બારત પ્રમાણમાં આવેલા બળને આધીન જે તે પદાર્થ કરતો હોય તો તે પદાર્થનો માર્ગ.

ઠાઠળ જુઓ ઠાઠલ.

ઠાઠા ૧. પું. કરડ.

૨. વિ. અતિ; વધારે પડતું.

૩. વિ. કરડેલું.

ઠાઠાઠાઠ ૧. સ્ત્રી. અદાવત; ઓટસ.

૨. [સં. કર્તૃ (આપવું)] સ્ત્રી. આપાઆપી; વાઢવાકાપી; કતલ.

૩. સ્ત્રી. અર્ચની આપકૂપ.

ઠાઠિયાવરણ ૧. સ્ત્રી. લાકડાં, નીકર અને ઘરાતની ચોકોની બનત.

૨. વિ. કઠોર.

ઠાઠિયું ૧. ન. ઝાડીને માટે કપડાં, વણી, સુતર વગેરે સામાન.

૨. ન. વાણ; ભીંડીની દોરી.
૩. વિ. લાગણીથી પ્રેમમાં જન્મેલું.

કાટી ૧. પું. કસાઈ.
૨. સ્ત્રી. ઇમારતી લાકડું.
૩. સ્ત્રી. ધોરીઓ સાફ કરવાનું સાધન.
૪. વિ. નવું.

કાઠી કાલીંગ સ્ત્રી. કચાળાલ.

કાઠો તરોઈ સ્ત્રી. તૂરિયું; ચિસોડું.

કાઠ્ઠુ વિ. કાપનાર.

કાઠ્ઠુક ૧. [સં.] ન. કડુક રસ.
૨. ન. ખટાશ.

કાઠ્ઠુડી (કાઠુડી) સ્ત્રી. બકરી.

કાઠ્ઠૂ ન. દક્ષિણ હિંદુસ્તાનમાં સમુદ્ર કાંઠા ઉપર ઊગતું એક જાતનું ઝાડ. તે દક્ષિણ અમેરિકાથી લાવવામાં આવેલ છે.

કાઠેકાઠ વિ. સરખે સરખું ગુચ્ચું.

કાઠેલ ૧. વિ. કટાયેલું; કાટવાળું.
૨. વિ. ગુચ્ચું.

કાઠેલું જિ. કટાયેલું. જુઓ કાટેલ.

કાઠોડિયા (કાઠોડિયા) ૧. સ્ત્રી. ભરવાડની એ નામની બકરી.
૨. ન. એ નામની બકરીનું માણસ.
૩. વિ. એ નામની બકરીનું.

કાઠોડો (કાઠોડો) ૧. પું. કમરો; પ્રવાહી નીતરીને નીચે ઠરેલો મેલ.
૨. પું. કાચી ધાતુમાંથી લોઢું કાઢી લીધા પછી ભઠ્ઠીમાં રહેતો અવશેષ.
૩. પું. ચકમક.
૪. પું. બગડીને કટાઈ ગયેલો માલ.
૫. પું. લોટાનો કાઠ; લોટકોઠ.

કાઠ્ઠિ [સં.] વિ. અંત લાવે તેવું.

કાઠ્ઠી ૧. પું. અગિયારમું સરાવનાર બાહ્મણ; કાપડિયો.
૨. સ્ત્રી. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતી ક્રિયા અથવા જમણ; કામઠું.

કાઠ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું કઠનું એક નામ.
૨. વિ. કૂવામાં હોનાર કે થનાર.
૩. વિ. વિષમ માર્ગમાં રહેતું.

કાઠ્યા ૧. વિ. કાટેલું; કાપેલું.
૨. વિ. મુલત કરેલ.

કાઠ્ઠ્ વિ. કાપનાર.

કાઠ ૧. [સં. કાષ્ઠ; અપ. કટ્ઠ] પું. ઉપનું; કાડી; લાકડું.
૧. કાઠ ફૂટવી = રમકડું; નામનું માણસ; નિર્માલ્ય માણસ.
૨. કાઠ હોવું = આબરૂથી થીજી જવું.
૩. કાઠમ ઉલ્લુ = મૂર્ખનો સરદાર.
૪. કાઠમ કોયલ = માંકડ.
૫. કાઠની ઘોડી = નનામી; જનાજો.
૬. કાઠની ભંભો = (૧) દીમકોઈ પૂતળી. (૨) ભોળાનાથ; ભેદરૂહ માણસ. (૩) મૂર્ખ સ્ત્રી.
૭. કાઠની હાડી = બાંધી બધ કે નાશ પામે એવી વસ્તુ.
૮. કાઠનો ઉલ્લુ = બધેડા જેવો માણસ.
૯. કાઠનો ઘોડો = (૧) નનામી. (૨) લંગડા માણસને ટેકો દઈ ચાલવાની લાકડી.
૨. પું. એક જાતનો ચીબડાને બરાબર સ્વાદને બગાડતો ઘરૂ; ઝાડ.
૩. પું. કાગથીને ઉપ્રળા તેનું ઉપરનું પાણી કાઢી રાખેલો સાર.
૪. પું. કાઠ; ઇમારતી કાઠ.
૫. પું. કાઠો; ઊંટ વગેરે જાનવરની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન.
૬. [સં.] પું. બરફ; પથ્થર.
૭. પું. તરવારનું મચાન.
૮. પું. નક્ષત્ર.
૯. પું. મોત.
૧૦. સ્ત્રી. કાડી ઘોડો.
૧૧. સ્ત્રી. લાકડાની પેટી; પાંજરૂં.
૧૨. સ્ત્રી. હેડ; હેડ બેડીનું ચોકઠું.
૧૩. વિ. કઠ ઋષિ સંબંધી.
૧૪. વિ. કઠ ઋષિનું.
૧૫. વિ. ધાતકી; દુષ્ટ.
૧૬. વિ. પૂર્ત; પહોંચેલ; ઉસ્તાદ.
૧૭. વિ. સખત.

કાઠક ૧. સ્ત્રી. એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. ન. વેદની કઠ શાખાઓનું અધ્યયન કરનારાનો ધર્મ અથવા આમ્નાય કે સમૂહ.
૪. વિ. એ નામની જાતનું.

કાઠકચ્યવલ પું. એક જાતની રમત. તેમાં એક રમનાર પ્રથમ બાંબલાને પકડી ઊભો રહે. પછી તે બાંબલો છોડી બીજાં રમનારને પકડવા બધ, એટલે બીજાં રમનારાં બાંબલાને અડવાનો પ્રયત્ન કરે. બાંબલાને અડ્યા પહેલાં જે પકડાઈ જાય તે ચોર બધુ અને તેને આવે દાવ આવે.

કાઠકબાઠ (કાઠકબાઠ) ૧. પું. ભાંગેલા સરસામાનનો અવ્યવસ્થિત ઢગલો.
૨. પું. સડો અને કાણુ રોટલી.

કાઠકબાર ન. લાકડાની ચીજો.

કાઠકસંહિતા સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની પાંચ સંહિતા માંહેની એ નામની એક સંહિતા.

કાઠકા પું. બધેડ જેવો મૂર્ખ.

કાઠકોપનિષદ [સં. કાઠકોપનિષદ્] ન. એ નામનું એક ઉપનિષદ. તેને કઠઉપનિષદ્ અથવા કઠવલ્લી ઉપનિષદ પણ કહે છે. આ ઉપનિષદ કઠ નામના મુનિએ અન્ય ઋષિઓને બધુરાને પ્રદત્ત કરી છે. તેથી તેનું નામ કઠોપનિષદ કે કઠવલ્લી એટલે કઠ નામના મુનિની કલ્પલતા પડ્યું છે. આ ઉપનિષદનાં પ્રકરણોનું નામ વલ્લી કે લતા રાખવામાં આવ્યું છે, કારણ કે તે બાગમાં પ્રતિપાદન કરેલો વિષય કલ્પલતાની પેઠે અભીષ્ટ ફલ આપનારો છે. યમરાજાએ કહેલી આ બ્રહ્મવિદ્યાને તથા સાધન અને ફલસહિત સમગ્ર યોગવિધિને યમના વરદાનથી પામીને નચિકેતા વિદ્યાની પ્રાપ્તિવડે ધર્માધર્મથી રહિત તથા અવિદ્યા ને કામનારૂપ મૃત્યુથી રહિત થઈ બ્રહ્મને પ્રાપ્ત થયો. અન્ય પણ જે પુરુષ નચિકેતાની પેઠે દુઃખરહિત પ્રત્યેક સ્વરૂપને કહેલી રીતે જાણે છે તે પુણ્યપાપથી રહિત થઈને બ્રહ્મની પ્રાપ્તિથી મૃત્યુ રહિત થાય છે.

કાઠકોટ [સં. કાષ્ટકોટ] પું. લાકડાનો કિલ્લો; લાકડાનો ગઢ.

કાઠગુલર [હિં.] પું. એક જાતની વનસ્પતિ.

કાઠચીભડ (કાઠચીભડ) ન. પોપેયું.

કાઠચીભડો (કાઠચીભડો) પું. પોપેયું.

કાઠડ (કાઠડ) ૧. સ્ત્રી. ઢેઢની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની ઢેઢની અટકનું.

કાઠડા (કાઠડા) પું. લાકડાનું વાસણ.

કાઠડી (કાઠડી) સ્ત્રી. ઘોડા અથવા બીજા જાનવરની પીઠ ઉપર રાખવામાં આવતી લાકડાની બેસણી; ખોગીર; નાનો કાઠડો.

કાઠડું (કાઠડું) ૧. ન. ઊંટ અને ઘોડાની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન.
૨. ન. બધેડા ઉપર નાખવાનો ચૂણો; જાલું.

કાઠડો (કાઠડો) [સં. કાષ્ઠ] પું. ઊંટાદિ જાનવરની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન; ઠઠેરાવાળું લાકડાનું બેસણું.
ઓટ કર્યા ઢેઢા સારે માણસે કર્યા કાઠડા = આડે લાકડે આવો વેર; જેવું કરીએ તેવું સામો માણસ પણ કરે.

કાઠણ વિ. (બા. પ્ર.) કઠણ.

કાઠે ભરવી સ. ક્રિ. હળના દુંગાથી જમીન કેટલે દૂર રાખવા તે દોરીથી માપીને સમાન કરવું.

કાઠમાળ ન. બખરાનું વરણ.

કાઠમાંડુ [સં. કાષ્ઠમંડપ] ન. કાટમંડુ; નેપાલની રાજધાનીનું શહેર. આ નગરમાં કાષ્ઠનાં મકાન બહુ છે તેથી તેનું કાઠમાંડુ નામ પડ્યું છે.

કાઠમેંદક પું. દેડકો.

કાઠલું ન. એક જાતની મીઠાઈ; ઘઉંનો લોટ, ઘી, ખાંડ અને સૂંઠ નાખીને બનાવેલી મીઠાઈ.

કાઠલો પું. કન્યાને પરણતાં પહેલાં આપવામાં આવતું ઘરેણું; વસંત; રીતનું ઘરેણું.

કાઠા ૧. પું. એક જાતના ચોર.

૨. [સં. કઠિન] પું. કાચું અને લાલ ઘઉંની એક જાત. બાલમાં આ ઘઉં વધુ થાય છે.

૩. વિ. અજ્ઞત.

૪. વિ. ઓછું.

૫. વિ. કાચું.

કાઠાખાખરી સ્ત્રી. બાયબૅસના અંગ્રેજમાં થતો એક જાતનો રોગ.

કાઠા ઘઉં પું. ઘઉંની એક જાત. બજારમાં આ ઘઉં બહુ થાય છે.

કાઠા દલી સ્ત્રી. કાઠા ઉપર નાખવાની પાલણા કે મોલડી.

કાઠાવાજિયા ૧. પું. કાઠા તથા વાજિયા એમ ઘઉંની બે જાત.

કાઠાવાજિયા કરવા = (૧) ખરી કરી તેટલી મહેનત કરવી. (૨) બેળસેળ કરવું; અપ્રમાણ ગડબડ કરવું.

૨. સ્ત્રી. બાંધણ; તકરાર.

કાઠાળું વિ. કઠાવર; કઠાવાળું; ઊંચા બાંધાવાળું.

કાઠાં ૧. ન.બ.વ. ઘોડાનાં કાંઠાં; ઘોડાની કાચુ કાંખળીઓ.

૨. વિ.બ.વ. વસમાં; આકરાં.

કાઠિયતા ૧. સ્ત્રી. કઠણતા.

૨. સ્ત્રી. નિષ્ઠુરપણું.

કાઠિન્ય ૧. [સં.] ન. એક જાતનો વાયુરોગ. તેમાં શરીર કાચુ જેવું થઈ જાય છે.

૨. ન. કાચુપણું; કઠિનતા.

૩. ન. કઠોરતા; નિષ્ઠુરપણું.

૪. ન. ઘુપો અર્થે.

કાઠિન્યકરણ [સં.] ન. કાચુ કરવું તે.

કાઠિન્યકલ [સં.] ન. કોઠનું કાચ.

કાઠિન્યયુક્ત વિ. કાચુ.

કાઠિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.

૨. ન. રજપૂતની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાઠિયાણી સ્ત્રી. કાઠી સ્ત્રી.

કાઠિયાવાડ (કાઠિયાવાડ) [હિં. કાંઠે (સમુદ્ર કિનારો) + વાડ (દ્વાર)] પું. હિંદના પશ્ચિમ કિનારા ઉપર આવેલ એ નામનો એક પ્રાંત. તે કચ્છના અખાત તથા ખંભાતના અખાત વચ્ચે આવેલ છે. કાઠી લોકોના વસવાટને લઈને આ પ્રાંતનું આ નામ પડ્યું છે. તેને સૌરાષ્ટ્ર પણ કહે છે. આ પુણ્યભૂમિનું અતિ પ્રાચીન વેદકાળનું નામ આનર્ત છે. કાઠિયાવાડ પુરાણી ભૂમિ છે. ભગવાન શ્રીકૃષ્ણની બાલલીલાથી તે પાવન થયેલી છે. તીર્થંકરો અને સત્પુરુષોને લીધે શાંતિ મળી છે. નરસિંહ, દયાનંદ અને ગાંધીજીની તે જન્મભૂમિ છે. ગાં ગિરનાર અને શત્રુંજય જેવાં ધામ અને દ્વારકા અને પ્રભાસ જેવાં તીર્થો છે. સાગર તેનાં ચરણ ધોઈ રહ્યો છે અને મોતીની છોળોથી વધાવી રહ્યો છે. ગિરનાર ઉપર ઊભો રહી કોઈ ભાગ્યવાન કલ્પનાદૃષ્ટિ ફેરવે તો તેને લાગશે કે, પોતે કોઈ અલૌકિક સમાધિમાં ઊભો છે. ધ્યાનમાં અારાવલીની હાર, પૂર્વમાં સાતપુડા અને વિંધ્યની હારમાળા, અગ્નિમાં સહ્યાદ્રિના ઘાટ જે બધાં સોરઠની ભરતી ગિરે સંયમમાં પરિણામ પામતાં જણાશે. ખરેખર સૌરાષ્ટ્ર એ ત્રિવેણીનો પ્રદેશ છે અને ભૌગોલિક દૃષ્ટિએ ત્રિવેણીસંગમે તીર્થરાજ જેટલું અગત્યનું તેનું મહાત્મ્ય છે. ઉપરાંત કાઠિયાવાડ આખા હિંદનું પ્રભુત્વ ખાડે છે. દરિયાઈ વેપારી માર્ગનો વિચાર આવે ત્યારે બધા રસ્તા કાઠિયાવાડ તરફ જ વળે છે અને તેને માટે ખંભાતના અખાતનાં કે કચ્છના અખાતનાં બંદર સૌથી પહેલાં નજરે પડે છે; કારણકે સાવ પશ્ચિમે ખુલ્લો દરિયો હોઈ કુદરતી બંદર એકે ય નથી. તેના સંબંધમાં કવિ વિહારી વાજપેયી કહે છે કે: દીપડ્યો ગ્રામ દેવ દ્વારકા શ્રીકૃષ્ણે કરી તખ્ત, મીરાં નરસિંહ ને સુદામા ભોજન સમ જ્યાં ભક્ત; દયાનંદે દીપાવી જ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર. બાપુ ગાંધી ને જવાહર રાણા ને ઝોલિત; વિવિધ વંશી રેલો રાજ્યે ભરી અખંડ અખિલ; અમારી વીરભૂમિ વિખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર. અન્ન અમારાં વસ્ત્ર અમારાં જળ જીવન આધાર, લીધાંછમ લીલવણી ચેતર ભર્યાં ભૂમિ ભંડાર; મહેનતુ ભાડી ખેડુત જ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર. બાપલીનું ને ભોળાં જનથી કુંતો કાઠિયાવાડ, આદરમાને મેમાનોની જીભે લ્હાલે હાડ; પરોણાગત વિષે પ્રખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર. સિંદભૂમિ સુવર્ણભૂમિ તીખી તેજવ તારોતાર, પ્રેમસૌવેની ભડવીર ભૂમિ કરે દુહા લલકાર; સહુ મુજ સોરઠના અણમટ પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.

કાઠિયાવાડણ (કાઠિયાવાડણ) સ્ત્રી. કાઠિયાવાડની સ્ત્રી.

કાઠિયાવાડી (કાઠિયાવાડી) ૧. પું. કાઠિયાવાડનો રહીશ.

૨. સ્ત્રી. ખાટકી અને મરાઠાની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. કાઠિયાવાડનું.

કાઠિયાવાડી કબુતર = ટૂંકી ટૂંકી વાતોવાળો.

કાઠિયાવાડીપણું (કાઠિયાવાડીપણું) ન. કાઠિયાવાડના લોકોનો તરી આવતો ગુણ. જેમકે, આગતાસ્વાગતા, ભલમનસાઈ, દોસ્તિયારી.

કાઠિયું ન. તરવાનું નીચેનું બાકડું.

કાઠિયો પું. ગાડાનું ખોખું; ગાડાનો બાકડાનો સામાન.

કામદાની [ફા.] સ્ત્રી. એક પ્રકારનું ઘોળું સોનેરી જુદાદાર સુતરાઉ લૂગડું. તે દિલ્હી અને લખનૌમાં બને છે.

કામદાર ૧. પું અમલદાર; અધિકારી.
૨. પું. કામ કરનાર નોકરિયાત કે મજૂર માણસ.
૩. [ફા.] પું. કારભારી; દીવાન.
૪ પું. દરબારી સર્જને કામ કરનાર; કારકુન.
૫. પું. કલાવંત; આકૃતિયો.
૬. સ્ત્રી. એ નામની વનસ્પતિ અને મેમળની એક જાત.
૭. ન. એ નામની જાતનું માણસ.
૮. વિ. એ નામની જાતનું.
૯. વિ. કામવાળું; કામ કરનાર.

કામદારની આવ્ય સ્ત્રી. ખેતીની ઊપજમાંથી કામદારને આપવામાં આવતી લેતરી.

કામદારપક્ષ પું. કારખાનાં વગેરેમાં કામ કરનારાની સંગઠિત રાજકીય દોરણી; મજૂરોનો પક્ષ; મજૂરપક્ષ.

કામદારવર્ગ પું. મજૂરવર્ગ; મજૂરોનો સમૂહ.

કામદારસંઘ પું. કામદારમંડળ; સમસ્ત કામદારોનું વ્યવસ્થિત મંડળ.

કામદારસુખડી (કામદારસુખડી) સ્ત્રી. અગહન. વખતની એક લેતરી.

કામદારી ૧. સ્ત્રી. કામદારના ખભારનો વરાડ.
૨. સ્ત્રી. કામદારપણું. કામદારનું કામકાજ.
૩. સ્ત્રી. ખેડૂત પાસેથી ઉઘરાવાતી એક લેતરી.
૪. સ્ત્રી. મજૂરી.

કામદારું ન. કામદારનું કામ.

કામદીપક પું. ઓસડિયાં નાખી અડદનો બનાવેલો પાક. તે વીર્યવર્ધક છે.

કામદીપકરસ [સં.] પું. વાજીકરણ માટે ઉપયોગી રસની બનાવટ. તે બનાવવા સફેદ સાટોડીનાં મૂળને શીમળાનાં મૂળના રસની ભાવના આપી ૧ તોલો શીમળાનો શુદ્ધ કર, ૧ તોલો મોચરસ, ૧ તોલો પારદ, ૧ તોલો ગંધક એ ચારે વસ્તુને ઘૂંટી મિશ્રણ કરી ચૂર્ણ કરવું. તેની માત્રા ૪ થી ૮ વાલ છે. તેનું અનુપાન દૂધ છે.

કામદીપન [સં.] ન. દારૂ; મદ્ય. જેમાં તે વાસનાને ઉત્તેજિત કરે છે.

કામદુ ન. (સંગીત) મધ્યગ્રામમાં એક નિષાદ અને ગાંધાર વર્જવાથી ઉત્પન્ન થતું ઓડવનું એક તાન.

કામદુઘ ૧. પું. (પુરાણ) સુરભા નામના પિતર લોક.

૨. [સં.] વિ. ઇચ્છિત આપનાર.

કામદુઘા [સં.] સ્ત્રી. કામધેનુ ગાય; સુરભિ.

કામદુઘાસુત [સં.] પું. નંદી; શિવનો પોઠિયો.

કામદુગ્ધા [સં. કામદુઘા] સ્ત્રી. મનની ઇચ્છા પૂરી પાડે તેવી ગાય.

કામદુહ [સં. કામદુહ્] સ્ત્રી. કામધેનુ.

કામદુહાગાય સ્ત્રી. કામદુઘા; કામધેનુ.

કામદુહા [સં.] સ્ત્રી. કામધેનુ.

કામદૂતરસ [સં.] પું. વાજીકરણ માટે એક જાતના રસની બનાવટ. તેમાં પારદ, ગંધક અને ક્રાંતલોહની ભસ્મ એ ત્રણે વસ્તુ સરખે ભાગે લઈ તેને શીમળાનાં મૂળની છાલના ક્વાથમાં એક પહોર સુધી ઘૂંટી તેનો ગોળો કરી બીની સાથે અંધમુષામાં પકવવું. પાછી તેમાંથી એક રતી રસ, વિદારીકંદના રસ અને નાગરવેલનાં પાનના રસમાં ભેળવી બી અને મધની સાથે ચાટી ઉપર ગરમ દૂધ પીવું.

કામદૂતિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગદંતી; હાથીસૂઢ.

૨. સ્ત્રી. પાટલાવૃક્ષ.

કામદૂતી ૧. [સં.] સ્ત્રી. નાગદંતી.

૨. સ્ત્રી. પરવલની વેલ.

૩. સ્ત્રી. પાટલાવૃક્ષ.

૪. સ્ત્રી. મદનદૂતી; કોપલ; કોઠિલા.

કામદૃષ્ટિ [સં.] સ્ત્રી. વિષયવાસનાવાળી નજર; પ્રેમની નજર.

કામદેવ ૧. [સં.] પું. કામદોગની ઇચ્છાનો કલ્પિત દેવ; મદન; અનંગ; સ્મર; મનોજ; રતિપતિ. કામદેવનાં પાંચ બાણ છે: કેટલાકને મતે અરવિંદ, અશોક, આંબાનો મોર, નવમલ્લિકા અને નીલોત્પલ. બીજાના મતે સમ્મોહન, ઉન્માદન કે ઉન્માદક, શોષણ, તાપન અને સ્તંભન. કામદેવનાં પાંચ બાણ ઉપર કમળ, આસોપાલવનું ફૂલ, સરસવનું ફૂલ, આંબાનો મોર અને ભૂરું કમળ એ નામના પાંચ ફૂલ છે. કેટલાક ચંપો, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને નીલીફૂલ એમ પણ કહે છે. કામદેવ એ કૃષ્ણ રુક્મિણીનો દીકરો મનાય છે. તેની સ્ત્રી રતિ, તેનો મિત્ર વસંત, તેનું વાહન કોયલ, તેનું બાણ ફૂલનું ધનુષ્ય બાણ છે. તેની ધ્વજા ઉપર માછલીનું ચિહ્ન છે. કહેવાય છે કે જ્યારે સતીનો પરલોકવાસ થયો ત્યારે શિવજીએ વિચાર કર્યો કે હવે વિવાહ ન કરવો. આવો નિશ્ચય કરી સમાધિ લગાવી. તેવામાં તારકાસુરે ઘોર તપ કરી એવું વરદાન માગ્યું કે મારું મોત શિવજીના પુત્રથી થાય અને તે પછી તેણે દેવતાઓને સતાવવા માંડ્યા. આથી દુઃખી થઈ દેવતાઓએ કામદેવને શિવની સમાધિનો ભંગ કરવા કહ્યું. કામદેવે શિવની સમાધિ તોડાવવા તેના ઉપર પોતાનાં બાણ ચલાવ્યાં. આથી ગુસ્સે થઈ શિવજીએ તેને ભસ્મ કરી દીધો. આથી તેની સ્ત્રી રતિ વિલાપ કરવા લાગી. શિવજીએ પ્રસન્ન થઈ કહ્યું કે કામદેવ હવે અંગ રહિત રહેશે અને દ્વારકામાં કૃષ્ણને ઘેર તેનો જન્મ થશે. કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર મનાય છે. આ દેવના સન્માન માટે મહા સુદિ પાંચમનો ઉત્સવ થાય છે. તેનાં નામઃ અનન્યજ, આત્મભૂ, ઇશજ, ઇશ્વર, કંદર્પ, કિશોર, મદ, રમ, રમણ, રમર, લાવણ્ય, મનોજ, પ્રદ્યુમ્ન, કામપુષ્પી, મામી, માયાસુત, મીનકેતન, અભિરૂપ, દર્પક, દીપક, મકરિલ્વ, મૃદુ, મોહન, કામન, મન્મથ, કંદર્પ, કેતુ, ક્લાકેલિ, મીર, મધુદીપ, મુદિર, મુધુર, રાગવંત, રૂપાદ્ય, રતનારીગ, રામાંતક, સંસારગુરુ, શૃંગારયોનિ, તિષ્ય, વામ, કુસુમાયુધ, પુષ્પધન્વા, પુષ્પશર, મકરકેતુ અને પુષ્પકેતન.

૨. પું. વિષ્ણુનાં ઉત્તર નામ ધારેલું એક. ધર્માદિ ચારે પુરુષાર્થની ઇચ્છાવાળાઓથી તેની કામના કરાય છે તેથી તે કામ કહેવાય છે.

૩. પું. વીર્ય.

૪. પું. વૈદ્યક પ્રસિદ્ધ એક વીની બનાવટ.

૫. પું. શિવ.

૬. પું. સંમોગની ઇચ્છા.

૭. પું. સામવેદનો એક ઋષિ.

કામદેવકૂત [સં.] ન. રક્તપિત્ત માટે એક જાતની વીની બનાવટ. તે બનાવવા અફીણ બે શેર ૧૦, ગોખરુ શેર ૫, શતાવરી, વિદારીકંદ, શાલિપર્ણી, બલા, પીપળાની વડવાઈ, કમળકાકડીનાં બી, સાટોડીનાં મૂળ, સીસમનું દૂધ અને આદુ એ બધાં એક શેર લઈ ૪ મણ પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે તે ક્વાથ તથા નીચેનાં દરેક બબ્બે તોલા દ્રવ્યોનો કલ્ક તથા આઠ તોલા સાકર નાખી એક પ્રસ્થ વી પકાવવું. તેના કલ્કનાં દ્રવ્યોઃ મજીઠ, ચણોઠ, કાકોલી, ક્ષીરકાકોલી, દોડી, જેઠીમધ, દ્રાક્ષ, જટામાંસી, ઉપલેટ, પીપર, સાંજ્યો, વાળો, નાગકેસર, ધૈંચાં, નીલોત્પલ એટલે નીલકમળ અને કાળી તથા સફેદ કમોદીમુરી.

કામદેશ પું. વીંછી.

કામદેહ [સં.] પું. લિંગદેહ; જીવાત્માનું સૂક્ષ્મ શરીર.

કામદોહી [સં.] વિ. ઇચ્છા પૂરી પાડનાર.

કામધર [સં.] પું. એ નામનું એક સરોવર.

કામધંધો પું. વેપારરોજગાર; કામ અને ધંધો.

કામધામ ૧. [સં.] ન. કામદેવનું ઉત્પત્તિનું સ્થાન.

૨. ન. ધંધો; કામકાજ.

કામધુક સ્ત્રી. કામધેનુ; મનકામના પૂરી કરનાર ગાય.

કામધૃક્કોટિકામદ [સં.] પું. પુરુષોત્તમનાં સુંદર મહિનું એક નામ.

કામધેન સ્ત્રી. ગાવડ.

કામધેનુ ૧. [સં. કામ (ઇચ્છા) + ધેનુ (ગાય)] સ્ત્રી. ઇચ્છા પૂરી પાડનાર કલ્પિત ગાય; કામદુઘા; સવલા; સુરભિ. વસિષ્ઠની આ પ્રખ્યાત ગાય સમુદ્રમંથનમાંથી ચૌદ રત્નો મહિનાં એક રત્નરૂપે નીકળી હતી.

૨. સ્ત્રી. જે પુરુષ કે વસ્તુ પ્રાપ્તેથી બધી મુશ્કેલ હાલત જાય તે.

૩. સ્ત્રી. દાન માટે બનાવેલી સોનાની ગાય.

૪. સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. રોહિણીની કન્યા.

૬. સ્ત્રી. વૈષ્ણવ સાધુની ગાવડ.

કામધેનુ ફેરવવી = લોટ માગવો.

કામધેનુતંત્ર [સં.] ન. એ નામનું એક તંત્રગ્રંથ.

કામધેન જુઓ કામધેનુ.

કામધ્વજ [સં.] પું. આછલી. જેમાં તે કામદેવના વાવટા ઉપર હોય છે.

કામધ્વંસી [સં.] પું. મહાદેવ.

કામના ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; મરજી.

૨. સ્ત્રી. સુંદર પ્રેમાળ સ્ત્રી.

૩. વિ. કામવાસનાવાળું.

કામના ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; અભિલાષ. આપણા પંડિતોએ કામનાઓ ત્રણ જાતની કહી છે; દારેષણા એટલે સ્ત્રીની, વિત્તેષણા એટલે ધનની અને લોકેષણા એટલે કીર્તિની કામના.

કામના કરવી–ધરવી = ઇચ્છવું.

૨. સ્ત્રી. ભાવ.

૩. સ્ત્રી. વાસના; કામવૃત્તિ.

કામનાચક્ર [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કામનિભા પું. (પિંગળ) દસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, સગણ, તગણ અને લઘુ એમ દસ અક્ષરો હોય છે.

ભણો કામનિભા મા સા ત લ. સ્વયંપિંગળ

કામની ૧. સ્ત્રી. પ્રેમાળ સ્ત્રી; હેત રાખનારી સ્ત્રી.

૨. સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

૩. [સં.] સ્ત્રી. સુંદરી; કામિની.

કામનીયક [સં] ન. સુંદરતા; કોઈનું આકર્ષણ થાય એવો દેખાવ.

કામનું વિ. જરૂરનું; જરૂરી; ઉપયોગનું.

કામપત્ની ૧. [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

૨. સ્ત્રી. રખાત સ્ત્રી.

કામપરાયણ વિ. કામમાંથી; રમ્યુપમ્યું રહેનાર.

કામપરાયણતા સ્ત્રી. કામમાં રમ્યુપમ્યું રહેવું તે.

કામપાઠુ (કામપાટુ) ૧. ન. ખુશામત.

૨. વિ. ખુશામત કરનાર.

કામપાલ ૧. [સં.] પું. બળદેવ; બળભદ્ર.

૨. પું. મહાદેવ; શંકર.

૩. પું. શ્રીકૃષ્ણ; વાસુદેવ.

કામપિતા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કામપિપાસક [સં.] વિ. વિષયાભિલાષી; કામવાસનાવાળું.

કામપી [સં.] પું. કામ પી જનારો પુરુષ; કામ બાળનારો માણસ.

કામપીઠ [સં.] સ્ત્રી. કામપીઠ; પુરુષ તેમ જ સ્ત્રીમાં ભગાસ્થિઓના સાંધાની આજુબાજુનો ત્રિકોણ અથવા યોનિની ઊંચે રહેલો ભાગ. તેમાં રહેલી ચરબી વડે તે ઊંચો જણાય છે. તે પાતળી ત્વચા વડે ઢંકાયેલ છે. યૌવનની શરૂઆતથી આ ભાગ ઉપર પાતળા અને કુમળા વાળ ઊગે છે.

કામપીડિત (કામપીડિત) [સં.] વિ. કામવાસનાથી દુઃખ પામતું.

કામપુરુષાર્થ [સં.] પું. ચાર માંહેનો એક પુરુષાર્થ.

કામપૂળ [સં.] સ્ત્રી. સમ.

કામપૂજિતા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

કામપૂર ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. વિ. ઇચ્છા પૂરી પાડનાર.

કામપૂરક જુઓ કામપૂર.

કામપ્રદ ૧. પું. એ નામનો એક રતિબંધ.

૨. પું. પરમેશ્વર.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભક્તોને તેમની ઇચ્છિત વસ્તુઓ ઉત્તમ રીતે દે છે તેથી તે કામપ્રદ કહેવાય છે.

૪. [સં.] વિ. ઇચ્છિત વસ્તુ આપનાર.

કામપ્રદીપ [સં.] પું. ભારતના એક પ્રાચીન ગ્રંથનું નામ.

કામપ્રધાન [સં.] વિ. જેમાં કામ મુખ્ય હોય એવું; મૈથુની.

કામપ્રવેદન [સં.] ન. અભિમાન પ્રકટ કરવાપણું.

કામપ્રશ્ન [સં.] પું. ઇચ્છિત પ્રશ્ન.

કામપ્રસ્થ [સં.] ન. કામગિરિ નામના પર્વતનું શિખર.

કામપ્રિયા [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

કામફેલ ૧. [સં.] પું. એક જાતનો આંબો.

૨. ન. ઇચ્છિત ફળ.

૩. ન. મદનવિકારનું ફળ.

કામફેલા [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.

કામબંધ ન. લગ્નસંબંધ.

કામબાણ ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં ૯ જગણ અને બે ગુરુ મળી ઓગણત્રીસ અક્ષરવાળો એક અક્ષરમેળ છંદ; આમ.

૨. [સં.] ન. કામદેવનું તીર. તે પાંચ પ્રકારનાં મનાય છે. અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ.

૩. ન. નેત્રકટાક્ષ.

કામબાધા સ્ત્રી. કામનો વ્યાધિ.

વતમાં આધિ ચિંતા વધી,
વકરી જતાં કામબાધા બહોરી. કેશવ હર્ષદ

કામભક્ષ ૧. [સં.] ન. પોતાની ઇચ્છા પ્રમાણેનું ભક્ષણ.

૨. વિ. પોતાની ઇચ્છા પ્રમાણે ખાનાર.

કામભવ પું. (જૈન) કામલોક; નરક; મનુષ્યલોક.

કામભાજ [સં.] વિ. ઇચ્છા પ્રમાણે ભોગવનાર.

કામભાજ ૧. [સં.] પું. કામની ઇચ્છા કરનાર પુરુષ.

૨ પું. લંપટપણું.

કામભેદ [સં.] પું. (વેદાંત) બાહ્ય, આભ્યંતર અને વાસના એવો ત્રણ પ્રકારનો કામ.

કામભોગ [સં.] પું. વિષયસુખ; કામવાસના ભોગવવી કે પૂરી કરવી તે.

કામમયી ૧. [સં.] વિ. કામવાસનાથી ભરપૂર; વિષયવાસનાવાળું.

૨. વિ. ક્રમવાળું.

કામમર્દ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એને મરાઠીમાં ટાંકળાં કહે છે.

કામમહ [સં.] પું. કામદેવનો મહોત્સવ. તે ચૈત્રી પૂનમે કરાય છે.

કામમંત્ર [સં.] પું. વશીકરણમંત્ર.

કામમંદિર ન. યોનિ.

કામમાથી [સં. કામમાથિન્] પું. ગણપતિ.

કામમીલું વિ. કામથી વિરૂપ બનેલ.

અપ જપે નળ રામનો, ભાંતી સરખી દેખી;
કાલિંદીનું કામમીલું, રાણી એની પેખી.

ભાલણ

કામમીમાંસા ૧. [સં.] સ્ત્રી. કામશાસ્ત્રને લગતી તાત્ત્વિક ચર્ચા; ભાતીય પ્રજની ચર્ચા.

૨. સ્ત્રી. સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધનો સાંગોપાંગ વિચાર કરનારી વિદ્યા; કામશાસ્ત્ર.

કામમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક મુદ્રા.

કામમૂઢ [સં.] વિ. વિષયવાસનાને લીધે ઉન્મત્ત થયેલું.

કામમોહિત જુઓ કામમૂઢ.

કામમોહિની પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઝવિણી. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર રગણ આવે છે.

કામયાળ ૧. [ફા.] વિ. હતોદ્યમ; નસીબદાર.

૨. વિ. સફળ; જેનું પ્રયોજન સિદ્ધ થયું હોય તેવું.

કામયાળી [ફા.] સ્ત્રી. સફળતા; હતોદ્યમી.

કામયિતા [સં. કામયિત્] વિ. વિષયી.

કામયિન ન. એ નામનું એક વૃક્ષ; ચલવન.

કામર સ્ત્રી. ચોપન વાયુતત્ત્વ દેવતાઓની એ નામની એક.

કામરક ન. એ નામનું ફળ.

કામરતિ સ્ત્રી. વિષયસુખ.

કામરતિસંભૂત [સં.] ન. કામદેવ અને રતિથી ઉત્પન્ન થતું સુખ.

કામરત્ન ૧. પું. ભારતના ત્રીસ પ્રાચીન મયમાંના એકનું નામ.

૨. વિ. નસીબદાર; ચલતી.

કામરસ ૧. [સં.] પું. પ્રીતિનો આવેશ.
૨. પું. સંભોગ વખતે થતો વીર્યસ્રાવ.

કામરસિક [સં.] વિ. કામાતુર; વિષયવાસનાની ઇચ્છાવાળું; વિલાસી.

કામરંગ ન. એ નામનું ફળ.

કામરાગ .[સં.] પું. કામવાસના.

કામરાન [ફા.] વિ. વિજયી; જીત મેળવનાર.

કામરાની [ફા.] સ્ત્રી. નસીબ; આબાદી.

કામરાંગ ન. એક નાનું ઝાડ. તેનાં પાંદડાંને બાફવાથી તેનો સકોચાઈ જાય છે. તેનાં પીળાં ફળ પાકે ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. ભેજવાળા પ્રદેશમાં આ ઝાડ સામાન્ય રીતે ઊગે છે.

કામરિપુ [સં.] પું. શિવ; શંકર.
ગંગાધર હર ચાલધર, શશિધર શંકર નામ;
સર્વ રાક્ષ ત્રિપ ભીમ ભવ ભાર્ગ કામરિપુ નામ.
પિંગલપ્રકાશ

કામરી ૧. સ્ત્રી. અગ્રહસ્તતા; કાંડાથી કોણી સુધીનો હાથ.
૨. સ્ત્રી. ધાબળી; કામળી.

કામરુચિ [સં.] સ્ત્રી. વિશ્વામિત્રે રામચંદ્રજીને આપેલ એક અસ્ત્ર. આથી તે બીજા અસ્ત્રોને વ્યર્થ કરતા હતા.

કામરૂ ૧. [સં. કામરૂપ] પું. આસામ; કામરૂપ દેશ.
૨. પું. કામ કરનાર માણસ.
૩. [હિં.] સ્ત્રી. ભાવડ; વાંસડાને બંને છેડે બાંધવામાં આવેલી બે ટોપલી.

કામરૂપ ૧. [સં.] પું. એ નામનો એક દેશ; આસામ. તેનું મુખ્ય શહેર ગૌહતિ છે. કાલિકા પુરાણમાં કામાખ્યા દેવી અને કામરૂપ તીર્થનું માહાત્મ્ય ઘણા વિસ્તારથી વર્ણવેલ છે. પ્રાચીન કાળમાં આને મ્લેચ્છ દેશ માનવામાં આવતો હતો અને તેની રાજધાની પ્રાગ્જ્યોતિષપુર એટલે હાલનું ગૌહતિ હતું. રામાયણના સમયમાં ત્યાંનો રાજા નરકાસુર હતો. સીતાની શોધ માટે વાંદરાઓને મોકલતી વખતે સુગ્રીવે આ દેશનું વર્ણન કર્યું છે. મહાભારતના સમયમાં ત્યાંનો રાજા ભગદત્ત હતો. જ્યારે અર્જુન દિગ્વિજય માટે નીકળ્યો ત્યારે તે તેની સાથે ચીનીઓ અને કિરાતોની સેના લઈને લડ્યો હતો. કુરુક્ષેત્રના યુદ્ધમાં પણ ભગદત્ત ચીનીઓ અને કિરાતોની મ્લેચ્છ સેના લઈ પૂરવો તરફથી લડવા ગયો હતો. મહાભારતમાં કોઈ કોઈ સ્થળે ભગદત્તને મ્લેચ્છાનામધિપઃ પણ કહેલ છે. પાછળથી જ્યારે શાક્તો અને તાંત્રિકોનો પ્રભાવ વધ્યો ત્યારે આ સ્થાન પવિત્ર માનવામાં આવ્યું. રેંગપુર, મહીમનસિંઘ, સિલ્હટ, જયન્તાકા, મણિપુર અને આસામ એટલા બાને શાક્તમાં કામરૂપ દેશ ગણેલો છે.
૨. પું. એક ઋષિનું નામ.
૩. પું. એક જાતનું ઝાડ. તેનું લાકડું ખુરસી, મેજ વગેરે બનાવવામાં કામ આવે છે.
૪. પું. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં ૨૬ માત્રા હોય છે. તેમાં ૬, ૭ અને ૧૦ માત્રાને અંતરે વિરામ આવે છે. અંતમાં ગુરુ, લઘુ હોય છે.
૫. પું. શત્રુનાં રોકાયાં અટકી જાય કરવામાં આવે એવું એક અસ્ત્ર.
૬. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; કામાખ્યા. અહીં સતીની યોનિપીઠ છે, તેમ જ ઉમાનંદ નામના ભૈરવની મૂર્તિ છે.
૭. વિ. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર.
૮. વિ. ખૂબસૂરત; દેખાવડું; સુંદર; મોહક; રૂપાળું

કામરૂપધર [સં.] વિ. ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનાર.

કામરૂપા [સં.] સ્ત્રી. ઇચ્છિત રૂપ ધારણ કરવાની યોગની એક સિદ્ધિ.

કામરૂપિણી [સં.] સ્ત્રી. અહસંધ વનસ્પતિ.

કામરૂપિત્વ [સં.] ન. (જૈન) ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરવાની શક્તિ.

કામરૂપી ૧. [સં. કામરૂપિન્] પું. ઊતરતા વર્ગના દેવતાઓનો એક સમૂહ; વિદ્યાધર દેવ.
૨. પું. કામરૂપ દેશનો વતની.
૩. પું. ડુક્કર.
૪. સ્ત્રી. એક જાતની કસ્તૂરી.
૫. વિ. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર.
૬. વિ. સુંદર; મોહક; મોહક રૂપવાળું.

કામરૂપીઠ [સં.] સ્ત્રી. દ્વારામતી; દ્વારકા.

કામરૂપોદ્ભવા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કામરેખા [સં.] સ્ત્રી. વેશ્યા.

કામરેજ ન. સુરત પાસે તાપી નદીને કિનારે આવેલું એક ગામ.

કામરો પું. (વહાણવટું) બંદર; વહાણના લંગરની નીચેનો ભાગ.

કામરોગ [સં.] પું. વિષયલાલસા.

કામલ ૧. પું. એક જાતનો રોગ. કમળો. તેમાં પિત્તની પ્રબળતાથી રોગીના શરીરનો રંગ પીળો પડી જાય છે. આંખ અને નખ વિશેષે કરીને પીળાં થાય છે. શરીર અશક્ત થાય છે અને ભોજન ઉપર અરુચિ થાય છે.
૨. પું. મારવાડ; મારવાડ.
૩. પું. વસંતકાળ.
૪. [સં.] વિ. કામી; કામુક; વિષયવાસનાવાળું.

કામલતું (કામલતુ) ન. કામ; વિષયવાસના.

કામલતા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં ભગણ અને યગણ મળી છ અક્ષરનો એક છંદ.
૨. સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; પુષ્પા; મુગ્ધા. આ વેલ છ ફૂટ ઊંચી ચડે છે. તેને રાતાં, ધોળાં અથવા કબારેક પીળાં ફૂલ આવે છે.
૩. સ્ત્રી. પુરુષનું ચિહ્ન; લિંગ.
૪. સ્ત્રી. વિલાયતી બનાવટની સુતરાઉ છાપેલ મજલીન.

કામલયો પું. એક જાતનો ઘોડો.

કામલા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ શાર્કરી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, ભગણ, યગણ, લઘુ અને ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.
૨. પું. (વૈદ્યક) કમળો; કમળાનો રોગ. અતિ પિત્તકારક પદાર્થોના સેવનથી પિત્ત, લોહી અને માંસ દૂષિત થઈ ચામડી, નખ અને મુખ એ હળદર જેવાં પીળાં થાય છે. આંખ અને નખ વધુ પીળાં જણાય છે. મળ અને મૂત્ર રક્તવર્ણ અને પીતવર્ણ થાય છે. ભોજનમાં અરુચિ થાય છે. દાહ, અગ્નિમાંદ્ય, દુર્બળાપણું, અરોચક ઇત્યાદિ લક્ષણ થાય છે. તે મટાડવા ભોંરીંગણાં પાંદડાં અને કૂપળનો રસ ૪ તોલા લાડી તેમાં ગાયનું દૂધ નાખી અપાય છે. આ ઉપરાંત બીજા પણ ઘણા ઉપચારો છે.

કામલાલસા [સં.] સ્ત્રી. વિષયસુખની ઇચ્છા.

કામલિકા ૧. સ્ત્રી. એક જાતનું ધાન્ય; કાંગ.
૨. સ્ત્રી. એક જાતનો દારૂ.

કામલિયા [હિં.] સ્ત્રી. કામળી; ધાબળી.

કામલી [સં. કામલિન્] વિ. કમળાના રોગથી પીડાતું.

કામલી ૧. સ્ત્રી. મરાઠાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કામલેખા [સં.] સ્ત્રી. વેશ્યા.

કામલેટ ૧. સ્ત્રી. ઊન અથવા રેશમનું બનાવેલું એક જાતનું કાપડ.
૨. સ્ત્રી. કામળી.

કામલોક [સં.] પું. પ્રેતલોક; પિતૃલોક.

કામલોલ [સં.] વિ. વિષયવાસનાવાળું; કામાતુર.

કામલોલુપ્ત [સં.] વિ. કામવાસનામાં ચકચૂર; વિષયવાસનામાં મગ્ન.

કામવતી ૧. [સં.] સ્ત્રી. દારૂહળદર.
૨. વિ. સ્ત્રી. વિષયેચ્છાવાળી; મૈથુનની ઇચ્છાવાળી.

કામવર [સં.] પું. મરજી પ્રમાણે પસંદ કરેલ વર.

કામવર્ધક [સં.] વિ. કામોદ્દીપક; વિષય વધારે તેવું

કામવર્ધની પું. (સંગીત) બત્રીસ માંહેનો ત્રેવીસમો ગ્રામ. ભુજ્યો ગ્રામ.

કામવશ ૧. વિ. કામગ્રસ્ત; કામદુ.
૨. વિ. જેને કામ વહાલું હોય તેવું.

કામવલ્લભ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. પું. ચંદ્ર.
૩. પું. તજ, તેની સુવાસ વિષયવાસના વધારે એમ મનાય છે.
૪. પું. માધવ; શ્રીકૃષ્ણ.
૫. પું. વસંતઋતુ.
૬. પું. સારસપક્ષી.

કામવલ્લભા [સં.] સ્ત્રી. ચાંદની; ચન્દ્રિકા.

કામવશ [સં.] વિ. કામાતુર; કામવાસનાને વશ બનેલું; ઇંદ્રિયસુખ ભોગવવાની ઇચ્છાવાળું.

કામવશાત્ અ. કામને લઈ; કામને લીધે.

કામવશ્ય જુઓ કામવશ.

કામવાહ વિ. મરજીમાં આવે તે બોલનાર.

કામવાન વિ. કામની ઇચ્છા કરનાર; ઇંદ્રિયલોલુપ.

કામવાસના [સં.] સ્ત્રી. વિષયેચ્છા; કામાસક્તિ.

કામવાળું ૧. વિ. કામદું; ઉદ્યમી.
૨. વિ. વિષયવાસનાવાળું.

કામવિકાર [સં.] પું. વિષયેચ્છાને લીધે થતો મનોવિકાર; કામથી થતો વિકાર.

કામવિજ્ઞાન [સં.] ન. કામશાસ્ત્ર; કામવાસનાનું વિજ્ઞાન.

કામવિતર્ક પું. (જૈન) વિતર્કના ત્રણ માંહેનો એક પ્રકાર.

કામવિહ્વલ [સં.] વિ. વિષયવાસનાથી બેચેન થયેલ.

કામવીર્ય ૧. [સં.] પું. ગરુડ.
૨. વિ. મરજી પડે ત્યારે શરવીરતા બતાવનાર.

કામવું ૧. સ. ક્રિ. ઇચ્છા કરવી.
૨. સ. ક્રિ. મેળવવું; કમાવું; પ્રાપ્ત કરવું; રળવું.
આપે છે તે તે કામે છે,
સોંપે છે તે તે પામે છે. કાન્ત

કામવૃક્ષ [સં.] પું. એક જાતનું ઝાડ.

કામવૃત્ત [સં.] વિ. કામવાસનાવાળું; વિષયલોલુપ.

કામવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કામની ચેષ્ટા; સ્વેચ્છાચાર; કામના.
૨. વિ. મરજી મુજબ વર્તનાર; સ્વતંત્ર.

કામવૃદ્ધિ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
૨. [સં.] સ્ત્રી. કામનું વધવું તે.
૩. સ્ત્રી. વિષયવાસનાની વૃદ્ધિ.

કામવૃંત [સં.] ન. એક જાતનું ફૂલ. તેનો આકાર રણશિંગા જેવો હોય છે.

કામશ ૧. સ્ત્રી. કાણાવાળું; મુકવું બાળતાં થતી કપડાની બળ.
૨. સ્ત્રી. લીંથી પગ બસવાથી નીકળતો કાળો પદાર્થ.
૩. સ્ત્રી. રસ ઉકાળતાં તરી આવતો મેલ.
કામશ મારવી = તર મારવી; કચરો મારવો.

કામશક્તિ ૧. [સં.] સ્ત્રી. કામદેવની શક્તિ.
૨. સ્ત્રી. કામદેવની સ્ત્રી.
૩. સ્ત્રી. મંત્રોની આઠ પ્રકારની શક્તિઓમાંની એક.
૪. સ્ત્રી. મહેનતથી કામ કરતવાની શક્તિ.

કામશર ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. ન. કામદેવનું તીર. કામસાહિત્યમાં કામનાં પાંચ બાણ બતાવેલાં છે: અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ.

કામશાલા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, આ છંદ શક્વરી છંદનો એક ભેદ છે. તેમાં ૪ રગણ, ૧ ગુરુ અને ૧ લઘુ મળી કુલ ૧૪ વર્ણ હોય છે.

કામશાસન [સં.] પું. શિવ.

કામશાસ્ત્ર [સં.] ન. કોકશાસ્ત્ર; સ્ત્રીપુરુષના સંબંધજન્ય સુખનું વર્ણન કરનાર શાસ્ત્ર; અનંગરંગ; કામલોભનું શાસ્ત્ર. તે નંદીશ, કામંદકી, વાત્સ્યાયન અને ઔદ્દાલકિકીએ લખ્યું હોય એમ મનાય છે.

કામશાંતિ [સં.] સ્ત્રી. વિષયવાસના શાંત થવાપણું.

કામશિયું ન. રોરડીના રસ ઉપર આવતો મેલ એકઠો કરવાનું વાસણ.

કામશૈલ પું. (પુરાણ) એ નામનો એક પર્વત; કામગિરિ.

કામસ ૧. [સં. કામસ (કચરો)] પું.; સ્ત્રી. ગોળનો મેલ; શેલડીના રસનો કચરો. તે ઢોરને પાવાના કામમાં આવે છે.
૨. સ્ત્રી. કામસ.
૩. સ્ત્રી. ભઠ્ઠીમાં આવેલા પ્રાણીની બરડની આસપાસ દેખાતી ત્રાંગા રંગની ત્રાંસ.

કામસખ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. પું. ચૈત્ર મહિનો.
૩. પું. વસંત ઋતુ.

કામસખા જુઓ કામસખ.

કામસમૂહ [સં.] પું. ભારતના ત્રીસ પ્રાચીન ગ્રંથ માંહેનો એક.

કામસર ૧. અ. કામ દરમિયાન.
૨. અ. કામાર્થે; કામ પ્રસંગે.

કામસલિલ ૧. [સં.] ન. કામવાસના વખતે એની જનનેંદ્રિયમાંથી નીકળતો પાણી જેવો ચીકણો પદાર્થ; રતિબંધુ.
૨. ન. વીર્ય.

કામસંકલ્પ [સં.] પું. (જૈન) બત્રીસ મિથ્યા સંકલ્પ માંહેનો એ નામનો એક કામવિચાર.

કામસંજીવનવાટિકા સ્ત્રી. કામોત્તેજક, વાજીકર, વીર્યસ્તંભક અને પૌષ્ટિક એક ઔષધ. તેની ૧થી ૨ ગોળી મધ, દૂધ કે પાણીમાં લેવાય છે.

કામસંદીપનમોદક [સં.] પું. એક જાતનો પાક. તેનાથી ઉપરસ, તાવ, શ્વાસ અને ક્ષય મટે છે.

કામસંયોગ [સં.] પું. ઇચ્છિત વસ્તુ મળવી તે.

કામસંવેદના [સં.] સ્ત્રી. કામ ભોગવવાની લાગણી.

કામસાકુ ૧. પું. આપમતલબી આદમી.
૨. વિ. સ્વાર્થી; મતલબી; સ્વાર્થસાધુ.

કામસાર પું. ભારતના ત્રીસ પ્રાચીન ગ્રંથ માંહેનો એ નામનો એક.

કામસુખસાર [સં.] પું. સુખપ્રમોજનવાદ; મનુષ્યનું જીવન આવા પીવા તથા ભોગવિલાસ માટે જ છે એવો મત.

કામસુત [સં.] પું. કામદેવનો પુત્ર; અનિરુદ્ધ.

કામસુંકરપાક [સં.] વિ. આ પાકમાં સતાવરી, કાળી મૂસળી, ગોખરૂ, તજ, લવિંગ, બદામ, કોચલીજ વગેરે ઔષધો આવે છે. તે તાવનો નાશ કરે છે અને પુષ્ટિકારક છે.

કામસુંદરી [સં.] સ્ત્રી. કામોદ્દીપના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક રસાયણ.

કામસૂ ૧. પું. વાસુદેવ; કૃષ્ણ.
૨. સ્ત્રી. રુક્મિણી.
૩. [સં.] વિ. ધારેલ વસ્તુ મેળવી આપનાર.

કામસૂત્ર ૧. [સં.] ન. ભોગવિલાસનું વર્ણન આપેલું હોય એવું પ્રેમપ્રકરણ.

૨. ન. વાત્સાયન મુનિએ બનાવેલું સત્રગ્રંથ.
૩. ન. સ્નેહકિસ્સો; પ્રેમનો બનાવ.

કામસૂત્રકાર પું. કામશાસ્ત્ર વિષેનાં સૂત્રો રચનાર વાત્સાયન.

કામસેવન [સં.] ન. મૈથુન; સંભોગ.

કામસ્તુતિ [સં.] સ્ત્રી. પ્રતિગ્રહનો દોષ દૂર કરવા માટે પ્રતિગ્રહ કરનારાથી બોલવામાં આવતો સ્તુતિરૂપ કોઈ મંત્ર.

કામહર્ષ પું. અઠવાસી મહિનો એ નામનો એક ગ્રહ.

કામહન ૧. [સં. કામહન્] પું. પરમેશ્વર.
૨. પું. મહાદેવ.
૩. વિ. કામદેવનો નાશ કરનાર.

કામહા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ, બે તગણ અને ગુરુ એમ ૧૬ વર્ણ હોય છે.
૨. [સં. કામહન્] પું. પરમેશ્વર.
૩. પું. મહાદેવ.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે વિષયકામનાઓનો નાશ કરનાર મનાય છે. વળી સર્વ કામનાઓ એટલે વાંછનાઓનો નાશ કરનાર પણ તે છે. ઇચ્છારહિત એટલે નિરીચ્છ એટલે નિષ્કામપદ પણ તે છે. વળી અકામપદ એટલે ઇચ્છાવિકારથી રહિત અવિકારીપદ પણ તે જ છે તેથી તે કામહા કહેવાય છે.
૫. વિ. કામદેવનો નાશ કરનાર.

કામહીન ૧. વિ. કામ વગરનું.
૨. વિ. નપુંસક; હીજડો.
૩. વિ. નિર્બળ; અશક્ત.

કામહેતુક ૧. [સં.] વિ. કામના હેતુવાળું; પોતાની ઇચ્છાના હેતુવાળું.
૨. વિ. કારણ વિના માત્ર ઇચ્છાથી જ ઉત્પન્ન થયેલું.

કામળ સ્ત્રી. ધાબળી; કાંબળ.

કામળિયા ૧. સ્ત્રી. એ નામે આહીરની અને રજપૂતની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કામળિયાવાડ (કામળિયાવાડ) સ્ત્રી. કામળિયા અટકના આહીર અને રજપૂત ગામમાં જ્યાં વસે તે ભાગ.

કામળિયો ૧. પું. આહીર જાતનો એ નામની અટકનો પુરુષ.
૨. પું. એક જાતનો સાપ.
૩. પું. કામળીના જેવાં ફૂંવાળાં ચોમાસામાં થતો એક છોડ; કામળિયો ઝાંતરો. આ છોડ રંગે લીલાં, ભૂરાં અને ચપટાં હોય છે. લીલા રંગનાં છોડ પાંદડાં આકિ છોડે છે. આ નામની છોડની ઝાંસના પાકને નુકસાન કરે છે.
૪. પું. ખોજની જાતનો પક્ષી.

કામળી ૧. [સં. કમ્બલ; મ. કામ્બી] સ્ત્રી. ઊનની ધાબળી; ગરમ પછેડી; ઊનનું વસ્ત્રોલું વસ્ત્ર.
કામળીનો કટકો = બરડ.
૨. સ્ત્રી. વાપેલું ઊન.
૩. ન. અસ્વિબંધન.

કામળો ૧. પું. કામળિયો છોડ. બીજો કામળિયો ક.
૨. પું. ગાડાના પૈડાનો અંદરનો ફેર.
૩. પું. ગાયના ગળા નીચે લટકતી ઝાલર.
૪. [સં. કમ્બલ] પું. બે પડની મોટી કામળી; ધાબળો. માણકચ અર્થશાસ્ત્ર પ્રમાણે કંબલ, કંબપક્ષ, કુલમિતિક, સૌમિતિક, તુરગસ્તરણ, વર્ષક, તલિચ્છક, વારવાણ, પરિસ્તોમ અને સમંતભદ્રક એમ દશ જાતના કામળા થાય છે.

કામં [સં.] અ. ઇચ્છા પ્રમાણે; બરોબર; ભલે તેટલું.

કામંઠ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

કામંદક પું. રાજનીતિ ઉપર પુસ્તક લખનાર મધ્યકાલીન એક પંડિતનું નામ. તે ચૌટિલ્યનો શિષ્ય હતો.

કામંદકીનીતિ સ્ત્રી. એ નામનું કામંદકે લખેલું પુસ્તક.

કામંદલિ [સં.] પું. એ નામનો એક નીતિશાસ્ત્રકાર.

કામા ૧. પું. મેખા; અલ્પવિરામ જોડી વાર અટકાવવાનું લખાણની અંદર આવતું ચિહ્ન.
૨. પું. હંસ.
૩. સ્ત્રી. ઇચ્છા.
૪. સ્ત્રી. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; સ્ત્રી. તેનું દરેક ચરણ બે ગુરુ અક્ષરનું હોય છે. આ છંદ અતુકતા છંદનો એક ભેદ છે.
૫. સ્ત્રી. કાબુલ નદીને મળતી એ નામની નદી.
૬. સ્ત્રી. પારસીની એક અટકનું નામ.
૭. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતા માંહેની એક.
૮. સ્ત્રી. સુંદર સ્ત્રી; સુંદરી; રામા.
૯. ન. પારસીની એ નામની અટકનું માણસ.
૧૦. વિ. એ નામની અટકનું.

કામાકર્ષિણી [સં.] સ્ત્રી. એ નામની દેવી.

કામાકૂટવું વિ. કામનું ચોર; બાળસ; નિરહમી.

કામાક્ષી ૧. [સં.] સ્ત્રી. આંખમાં વિષયવાસના હોય એવી સ્ત્રી; વિષયી આંખવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. એક તાંત્રિક દેવી.
૩. સ્ત્રી. કૌલિક મતવાળાએ માનેલી એ નામની દેવીની મૂર્તિ.
૪. સ્ત્રી. ચોસઠ મહિની એ નામની એક યોગિની.
૫. સ્ત્રી. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક બીજ.
૬. સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ.

કામાક્ષીઅષ્ટક [સં.] ન. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

કામાખ્યા ૧. સ્ત્રી. કામરૂપ; ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીની યોનિપીઠ છે.
૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.
૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ કામરૂપ નામના પીઠસ્થાનમાં છે.
૪. ન. પંજાબમાં દેવિકા નદીને તીરે આવેલું એક પ્રાચીન તીર્થસ્થળ.

કામાગાર [સં.] ન. સ્ત્રીની જનનેંદ્રિયની આસપાસનો ભાગ.

કામાગ્નિ ૧. [સં.] પું. કામાનળ; કામનો તાપ; કામરૂપ અગ્નિ.
૨. સ્ત્રી. પુરુષના વીર્યને પચાવી જનારી સ્ત્રીની યોનિની શક્તિ. આ અગ્નિનું કામ પુરુષનું વીર્ય પચાવી લીધે પુષ્ટતા આપવાનું છે.
૩. સ્ત્રી. રતિઇચ્છા; કામોત્તેજના.

કામાગ્નિસંદીપન ૧. ન. (વૈદક) વાજીકરણ દવાની એક જાતની બનાવટ.
૨. [સં.] વિ. કામાગ્નિ ઉત્પન્ન કરે એવું.

કામાગ્નિસંદીપનરસ [સં.] પું. (વૈદક) વાજીકરણ માટે રસની એક જાતની બનાવટ. પારદ, ગંધક, અભ્રકભસ્મ, જવખાર, સાજીખાર, સિંધાલૂણ, સંચળ, બીડલૂણ, વડાગરું મીઠું, કચૂકો, અજમો, અજમોદ, ચાવડિંગ અને ભાંગરાપત્ર એ દરેક અડધા તોલો, છરી, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવિંગ, જાયફળ એ દરેક અડધે તોલા, વરખારો અને ત્રિકટુ બધું ત્રણ તોલા, ધાણા, જેઠીમધ, કપૂરીમધુરી, કસેલાં એટલે ઘીતેલાં એ દરેક અઢાર તોલા, શતાવરી, વિદારીકંદ, બલા, મજીપીપર, નાગબલા, કૌંચાં અને ગોખરૂ એ પ્રત્યેક પાંચ પાંચ તોલા, એ બધાં દ્રવ્યોની બરાબર સાકર મેળવી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા ૩॥ થી ૧ તોલો છે અને અનુપાન મધ અને ઘી છે.

કામાચાર [સં.] પું વિલાસ; મૈથુનપ્રવૃત્તિ.

કામાચારી [સં.] સ્ત્રિ. સ્વચ્છંદી; મનમોજી.

કામાચાર્ય [સં.] પું કામીઓમાં શ્રેષ્ઠ પુરુષ.

કામાટણ સ્ત્રી. કામાટીની સ્ત્રી; નોકરડી.

કામાઢારાણા પું. નીલગિરિ ઉપર વસતા કોટા લોકોના દેવનું નામ.

કામાઢી ૧. પું. કામાટી જાતિનો પુરુષ.
૨. પું. હાજરૂ કરનાર નોકર; પટાવાળો.
૩. સ્ત્રી. ખેતી અને મહેનત મજૂરી કરનાર દક્ષિણના હિંદુ લોકોની એક જાત.
૪. ન. એ જાતિનું માણસ.
૫. વિ. કામાટી નામની હિંદુ જાતિનું.

કામાઠણ ૧. સ્ત્રી. કામાટણ; કામાટીની સ્ત્રી.
૨. સ્ત્રી. નોકરડી; પાટણ.

કામાઠો ૧. પું. કામાઢી જાતિનો પુરુષ.
૨. પું. હાજરૂ કરનાર નોકર; પટાવાળો.
૩. સ્ત્રી. દક્ષિણમાં વસતી હિંદુ લોકોની એક જાત. પુનામાં કામાઠી લોકો અનાજ દળવાનું, લાકડા કાપવાનું વગેરે હલકું કામ કરે છે.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. ન. ખંડાળાના રામનદ જિલ્લામાં આવેલું એક ગામડું.
૬. વિ. એ નામની હિંદુ જાતિનું.

કામાણી ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કામાતપત્ર ન. યોનિ.

કામાતુર [સં.] વિ. કામ વિષે આતુર; રતિરસ માટે ટળવળતું; વિષયી; લંપટ.

કામાત્મજ [સં. કામ (પ્રદ્યુમ્ન) + આત્મજ (દીકરો)] પું. અનિરુદ્ધ; કૃષ્ણનો પૌત્ર.

કામાત્મા ૧. [સં. કામાત્મન્] પું. કામની ઇચ્છાવાળો પુરુષ.
૨. વિ. કામની ઇચ્છાવાળું.

કામાદાર વિ. કામકાજ કરનારો; કારભારી; કામદાર.

કામાદ્રિ પું. યોનિના બંને ભોઠ ઉપરનો ઉપસેલો ભાગ.

કામાધિકાર [સં.] પું. કામદેવનો અધિકાર; કામદેવનો અમલ; કામદેવની સત્તા.

કામાધિષ્ઠાન ૧. [સં.] ન. ઇંદ્રિય.
૨. ન. બુદ્ધિ.
૩. ન. મન.

કામાધીન [સં.] વિ. કામને વશ થયેલ.

કામાનલ [સં.] પું. કામરૂપી અગ્નિ; વિષયાભિલાષનો ગુસ્સો; કામાગ્નિ.

કામાનળ જુઓ કામાનલ.

કામાનુજ [સં.] પું. ક્રોધ.

કામાભિલાષ [સં.] પું. કામની ઇચ્છા.

કામાભિલાષી [સં. કામાભિલાષિન્] વિ. વિષયવાસનાવાળું; કામાતુર.

કામાયુ ૧. [સં. કામાયુસ] પું. ગરુડ.
૨. પું. ગીધ.

કામાયુષ ૧. [સં.] ન. કામદેવનું આયુષ્ય; કામનાયુ; કામદેવનું અજ.
૨. ન. પુરુષનું લિંગ.

કામારણ [સં.] વિ. કામગર; ઉદ્યમી; પરિશ્રમી.

કામારિ ૧. પું. મહાદેવ; શિવ.
૨. પું. માક્ષિક ધાતુ.

કામારિચૂર્ણ [સં.] ન. તુલસી, ભોંયણી વગેરે ઔષધોની મેળવણીથી બનતું એક ચૂર્ણ. ખાંસી, ઊલટી વગેરે ઉપર તે વપરાય છે.

કામાર્ત [સં.] વિ. વિષયી; કામાતુર.

કામાર્ત્ત જુઓ કામાર્ત.

કામાર્થી ૧. પું. ગંગાષ્ટનું પખી કામમાં ભરી પ્રવાહ ઉપર રાખી દૂર દેશાવરમાં લઈ જનાર કાવડિયો.
૨ વિ. ઉદ્યોગી; ખંતીલું; ધાર્યું ધર પાડનાર.
૩. [સં.] વિ. વિષયાભિલાષી; કામી.

કામાર્યું ૧. [સં.] વિ. કામકાજ કર્યા કરનાર; કામગર; ઉદ્યોગી.
૨. વિ. પોતાની ઇચ્છા પૂરી કરવા ઉપર જ મનવાળું.

કામાલિકા [સં.] સ્ત્રી દારૂ; અસિ.

કામાવતાર ૧. પું. (પિંગળ) એ નામનો ત્રણ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; પંચાલ. તેના દરેક ચરણમાં એક તગણ હોય છે.
૨. [સં.] પું. પ્રદ્યુમ્ન; કૃષ્ણનો પુત્ર.

કામાવશયાયિતા [સં.] સ્ત્રી. યોગી પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ પદાર્થનું પોતાના ચિત્તમાં સમાવેશન કરે એવી એક શક્તિ.

કામાવસાય ૧. [સં.] પું. આત્મનિષ્ઠા.
૨. પું. આત્મસંયમ.
૩. પું. કામની શાંતિ.

કામાવસાયિતા ૨. સ્ત્રી. સત્ય સંકલ્પફલરૂપ યોગીઓનું એક ઐશ્વર્ય. જુઓ કામાવસાયિતા.

૨. [સં.] વિ આત્મસંયમ કરનાર.
૩. વિ. કામની શાંતિ કરનાર.

કામાવસાયી ૧. [સં.] વિ. આત્મસંયમ કરનાર.
૨. વિ. કામની શાંતિ કરનાર.

કામાવસ્થા [સં] સ્ત્રી. પ્રેમની દશા. વાત્સાયન સૂત્ર પ્રમાણે કામાવસ્થા દશ પ્રકારની મનાય છે: (૧) અભિલાષ, (૨) ચિંતન, (૩) સ્મૃતિ, (૪) ગુણકથા, (૫) ઉદ્વેગ, (૬) પ્રલાપ, (૭) ઉન્માદ, (૮) જ્વર, (૯) જડતા અને (૧૦) મરણ.

કામાવેશ [સં.] પું. કામનો આવેશ.

કામાશાન [સં.] ન. મજ્જા પ્રમાણે આવું તે.

કામાશ્રમ પું. ભલિયા જિલ્લામાં ફૈરેટીથી ઉત્તરે આઠ માઈલે આવેલું કોરાનનું એક પ્રાચીન નામ. પોતાના ભીષ્ણ ક્રોધનભાંથી અગ્નિની જ્વાળા કાઢીને મહાદેવે કામદેવને આ સ્થળે બાળી નાખ્યો હતો. પૂર્વે એ સરયૂ અને ગંગાના સંગમ ઉપર આવેલ હતું. પણ હાલ સરયૂ પોતાનું વહેન બદલીને પૂર્વે તરફ ઘણી દૂર ગઈ છે.

કામાશ્વ પું. (જૈન) આશ્વના આઠ ભાંહેનો એક પ્રકાર.

કામાસક્ત [સં.] વિ. વિષયી; કામમાં આસક્ત થયેલ.

કામાસક્તિ [સં.] સ્ત્રી. ભોગલંપટતા; કામવાસના; સંભોગની અતીવ લાલસા.

કામાસન [સં.] ન. કામ દમામ તેવું આસન; કામમર્દન કરવા વાળામાં આવતું યોગીઓનું એક આસન.

કામાસરી [સં. કામેશ્વરી] સ્ત્રી. પરમેશ્વરી.

કામાસ્ત્ર [સં.] ન. કામનું ફેંકવાનું અસ્ત્ર. જુઓ કામબાણ.

કામાણી ૧. સ્ત્રી. એ નામની દેવી
૨. વિ. સ્ત્રી. કામવાળી.

કામાં ન. બ. ક. કામનું બહુવચન; કામો.

કામાંકુર ૧. [સં.] ન. કામનો અંકુર.
૨. ન. યોનિદ્વારના ઉપરના ભાગમાં આવેલના ડુંગળાના આકારનો અવયવ; મદનાંકુર; યોનિલિંગ; ભગાંકુર.

કામાંકુશ ૧. [સં.] પું. નખ.
૨. પું. પુરુષનું લિંગ.
૩. વિ. કામને અટકાવનાર.

કામાંગ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. સ્ત્રી. ઢાકુસ.

કામાંગનાનાયકરસ [સં.] પું. (વૈદક) વાજીકરણ માટે વપરાતી એક રસની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ અને શુદ્ધ ગંધક બંને સમાન વજને લઈ તેની કજ્જલી કરી રાતા કમળના રસમાં એક પહોર ઘૂંટી તેમાં પ્રથમનાથી અર્ધ શુદ્ધ ગંધક મેળવવો. તેની માત્રા વાલ ૧ થી ૨ બતાવ છે. તેના અનુપાનમાં સાકર, અકેક તોલો લઈ ઇંદ્રજવ અને મૂસળી માપના દૂધમાં વાટીને પીવું.

કામાંધ ૧. [સં.] પું. મોક્ષ.

૨. વિ. કામાતુર; લંપટ; વિષયમાં અંધ બનેલું.

૩. વિ. વિચારશૂન્ય; કર્તવ્યશૂન્ય.

કામાંધતા [સં.] સ્ત્રી. વિવેકશૂન્ય કામાસક્તિ; કામાવેશથી આંધળું બનવું તે.

કામાંધા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કામાંધુ વિ. કામાંધ; કામથી અંધ.

કામિ ૧. પું. દેવ.

૨. સ્ત્રી. [સં.] કામદેવની પત્ની; રતિ.

૩. વિ. કામી; કામુક; વિષયલાલસાવાળું.

કામિક ૧. ન. અઠ્યાવીસ મહેનું એક શૈવાગમ.

૨. ન. ચોસઠ તંત્ર માહેનું એક તંત્ર.

૩. ન. [સં.] જંગલી બકરું.

૪. વિ. ઇચ્છા પ્રમાણે ગમન કરનારું.

૫. વિ. ઇચ્છેલું; કામ્ય.

૬. વિ. કામ કરેલ.

૭. વિ. કામનાવાળું; મનની ઇચ્છાવાળું; કામની ઇચ્છાવાળું.

૮. વિ. શરીરવડે થતું; કાયાને લગતું.

કામિકા એકાદશી [સં.] સ્ત્રી. અષાઢ વદિ અગિયારસ. આ દિવસે તુલસીપત્ર તથા તેની મંજરીથી વિષ્ણુપૂજન કરવાનો ખાસ મહિમા છે. રાત્રે જાગરણ કરનારને યમનો ભય રહેતો નથી અને દુર્ગતિને પામતો નથી એમ મનાય છે.

કામિકાગમ ન. (શિલ્પ) એક જાતનું આગમ. તેમાં વીસ જાતનાં મકાન વર્ણવેલાં છે.

કામિત ૧. [સં.] ન. ઇચ્છા; મરજી.

૨. વિ. ઇચ્છેલું.

કામિત્વ [સં.] ન. વિષયી હોવાપણું.

કામિનત્વ ન. ઊર્ધ્વગતિનો સ્વભાવ.

કામિની ૧. પું. એક માત્રામેળ છંદનું નામ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૩૨ લઘુ અને ૪૮ ગુરુ મળી ૧૨૮ માત્રા આવે છે.

૨. સ્ત્રી. અષાઢ વદિ અગિયારસ.

૩. સ્ત્રી. એ નામની એક રૅગ.

૪. સ્ત્રી. એક સુંદર ઝાડ; નોર્મા; એલમા. તેને ધોળા રંગનાં સુવાસિત ફૂલ આવે છે. તેની બીજી જાત પણ થાય છે.

૫. [સં.] સ્ત્રી. કામની શક્તિ.

૬. સ્ત્રી. દારૂ; મદિરા.

૭. સ્ત્રી. દારૂડણ.

૮. સ્ત્રી. બીકણ સ્ત્રી.

૯. સ્ત્રી. (સંગીત) આસાવેરી રાગની એક રાગિણી.

૧૦. સ્ત્રી. વિષયભોગની ઇચ્છાવાળી સ્ત્રી. ઋતુનાં દર્શન થયા પછી સોળ દિવસથી પંદર દિવસ સુધી તેના શરીરમાં કામનો સંચાર થતો હોય છે. આવી સ્ત્રીને કામિની કહે છે.

૧૧. સ્ત્રી. સુંદર સ્ત્રીમાત્ર સ્ત્રી.

કામિનીત્વ [સં.] ન. સ્ત્રીનો સ્વભાવ.

કામિનીદર્પશ્રીરસ પું. (વૈદક) વાજીકરણ માટે વપરાતી રસની એક બનાવટ. તે બનાવવા ૧ તોલો પારદ અને ૧ તોલો ગંધકની કજ્જલી કરી તેમાં એક તોલો અફીણ ધતૂરાનાં બી મેળવી તેને ધતૂરાનાં બીના તેલમાં ઘૂંટવું. આ રસ ચિત્રા ઉપર ચોપડવાનું કહેવાય છે.

કામિનીમોહન પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્ત્રિણી. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, રગણ, રગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

કામિયો ૧. પું. કામી પુરુષ.

૨. પું. કાંડિયો.

૩. સ્ત્રી. સરકારે જાહેર કરેલી ગુના કરનારી એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

કામિલ ૧. પું. સાધુ પુરુષ.

૨. [અ. કમલ (તે પૂર્ણ હતો)] વિ. વિદ્વાન; પ્રવીણ; બ્યુત્પન્ન.

૩. વિ. સર્વાંગસુંદર; સુશોભિત.

કામિલઘૈયાર વિ. પૂરેપૂરી શુદ્ધ ધાતુનું બનેલું.

કામિલિયત [અ.] સ્ત્રી. સંપૂર્ણતા.

કામિલી જુઓ કામિલિયત.

કામી ૧. [સં. કમિન્; પ્રા. કમ્મિ] પું. ઝાપલ નામની ઔષધિ.

૨. પું. કાકડાશિંગ.

૩. પું. ચકલો.

૪. પું. ચકવાક પક્ષી.

૫. પું. ચંદ્ર.

૬. પું. પરમેશ્વર.

૭. પું. પારેવું.

૮. પું. વિષ્ણુ.

૯. પું. શંકર.

૧૦. પું. સારસ પક્ષી.

૧૧. પું. સોનાનો કટકો.

૧૨. સ્ત્રી. આસામની એક ભાષા.

૧૩. વિ. ઇચ્છા કરવાવાળું.

૧૪. વિ. કામમાં રોકાયેલું.

૧૫. વિ. કામસૂત્રમાં પ્રવીણ.

૧૬. વિ. વિષયવાસનાની બહુ જ ઇચ્છા રહેતી હોય એવું; વિષયાસક્ત.

કામીજ પું. પદેરણ; કુલ્લું.

કામીન ૧. [સં.] પું. એક જાતનું સોપારીનું ઝાડ.

૨. વિ. કામને અનુસરેલ.

કામીલ જુઓ કામીન.

કામુક ૧. પું. અતિમુક્ત ફૂલનો વેલો.

૨. પું. આસોપાલવનું ઝાડ.

૩. [સં. કમ્ (ચાહવું)] પું. આશક; યાર; ચાહક.

૪. પું. કબૂતર.

૫. પું. કામી પુરુષ; વિષયાસક્ત માણસ.

૬. પું. ચકલો.

૭. પું. ચક્રવાક પક્ષી.

૮. સ્ત્રી. આંબેચીલતા; મધુમાલતી.

૯. ન. દક્ષિણ અમેરિકનું એ નામનું પક્ષી. સોના જેવી ઝલગીવાળા આ પક્ષીની જાત સૌથી મોટ દેખાવની અને સૌથી નામી છે. તે બહુ સુંદર માળો બાંધે છે. કોઈ કોઈ વાર રહેવા માટે નહિ પણ માત્ર મજા ખાતર પણ તે માળો બાંધે છે.

૧૦. વિ. ઇચ્છા રાખનાર; ઇચ્છુક.

૧૧. વિ. કામ સંબંધી; વિષય સંબંધી.

૧૨. વિ. કામી; વિષયી.

૧૩. વિ. મૈથુનની ઇચ્છાવાળું.

૧૪. વિ. લોભી.

કામુકતા ૧. [સં.] સ્ત્રી. કામુકપણું; વિષયાસક્તિ.

૨. સ્ત્રી. લોભ.

કામુકત્વ જુઓ કામુકતા.

કામુકલેખા પું. (પિંગળ) ભગણ, મગણ, સગણ, ગુરુ અને લઘુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે.

કામુકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો માતૃક દોષ. વૈદ્યક અનુસાર આ રોગ બાળકને જન્મથી બારમે દિવસે, બારમે મહિને કે બારમે વર્ષે થાય છે. આમાં રોગી જ્વરગ્રસ્ત થઈ હસે છે, વસ્ત્રાદિ ફેંકે છે, અધિક શ્વાસ લે છે અને બકે છે.

૨. [સં. કમ્ (ઇચ્છા કરવી)] સ્ત્રી. કોઈ પણ જાતની ઇચ્છાવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. ચમેલી.

૪. સ્ત્રી. ધનવાન્ને ઇચ્છનારી સ્ત્રી.

૫. સ્ત્રી. અગલી.

૬. સ્ત્રી. રસિકા; કામવતી; વિલાસી સ્ત્રી.

૭. વિ. સ્ત્રી. કામી; વિષયી.

કામુકિ ન. મેલ; વાદળું.

કામુકી ૧. [સં.] સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન ગંધમાદન પર્વત ઉપર છે.

૨. સ્ત્રી. ઘણો પ્રેમ બતાવનારી સ્ત્રી.

૩. સ્ત્રી. વિષયી સ્ત્રી.

૪. સ્ત્રી. વેશ્યા.

કામું ૧. ન. કામ; કાર્ય.

૨. ન. વ્યાપાર; ક્રિયા.

કામૂન ન. જીરું.

કામૂસ ૧. [અ.] પું. અરબી કોષ.

૨. પું. મહાસાગર.

કામેચ્છા ૧. [સં.] સ્ત્રી. વિષયભોગની ઇચ્છા.

૨. વિ. વિષયી; કામાસક્ત.

કામેચ્છુ [સં.] વિ. વિષયની ઇચ્છાવાળું; કામી. જુઓ કામુક.

કામેટી ૧. [અં. કમિટી] સ્ત્રી. તપાસ કરનારી મંડળી; પંચ.

૨. સ્ત્રી. પરીક્ષા; તપાસ.

૩. સ્ત્રી. ગ્રહેરસુધરાર્યાભાતું; મ્યુનિસિપાલિટી.

કામેપ્સુ ૧. [સં.] વિ. ઇચ્છિત વસ્તુ મેળવવા યત્ન કરનાર.

૨. વિ. વિષયાસક્તિવાળું.

કામેલિયા ૧. સ્ત્રી. ઢેઢની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

કામેશ્વર ૧. [સં.] પું. કામ એટલે વિષયવાસના ઉપર ઐશ્વર્ય મેળવનાર પુરુષ.

૨. પું. પરમેશ્વર.

૩. પું. શંકર; મહાદેવ, શિવ.

કામેશ્વરપાક [સં.] પું. (વૈદ્યક) એક જાતની સ્વાસ્થ્ય વૈદ્યકીય બનાવટ. તે કેવળ અમૃત જ છે એક વર્ષ તેનું સેવન કરવાથી અકાલમૃત્યુ અને વલીપલિત રોગ દૂર થાય છે.

કામેશ્વરમોદક [સં.] પું. (વૈદ્યક) સૂંઠવગી માટેની એક દવા. તે બનાવવા આંબળાં, સિંધાલૂણ, ઉપલેટ, કાકડા, પીપર, સૂંઠ, અજમા, અજમોદ, જેઠીમધ, ઇરૂં, શાલઇરૂં, ધાણા, કચૂરો, કાકડાશિંગ, વજ, નાગકેસર, તાલિસપત્ર, તજ, તમાલપત્ર, એલચી, મરી, હરડે, બહેડાં એ બધું સમાન વજને લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, સર્વેની બરાબર સેકેલા ઇંદ્રજવનું ચૂર્ણ તથા બધાથી બમણી સાકર તથા ઘીકું ઘી અને મધ નાખીને બાકુ વાળવા. સુગંધી માટે તેમાં ઘોકું કપૂર તથા કાળા તલ પણ નાખવા. વાજીકરણ તરીકે વાપરવા માટે અભ્રકભસ્મ તોલા ૨, મંડૂક તોલો ૧, ઉપલેટ, મગો, મેથી, મોચરસ, વિદારીકંદ, ધોળી મૂસળી, મોખરૂ, ગોખરો, શતાવરી, કસેલાં, અજમા, તાડમૂળી, ધાણા, જેઠીમધ, નાગબલા, કાળા તલ, વરિયાળી, બળકૂળ, સિંધાલૂણ, બારંબળ, કાકડાશિંગ, ત્રિકટુ, ઇરૂં, શાલઇરૂં, ત્રિફલા, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, સાટોડીનાં મૂળ, ગજપીપર, દ્રાક્ષ, કચૂરો અને કાચકૂળ તથા શીમળાનાં મૂળ, ત્રિફળા, ઘોડાં એ બધી વસ્તુ સમાન ભાગે લઈ તેનાથી અર્ધો ભાગ અને બમણી સાકર તથા ઘી અને મધ ભેળવી ગોળીઓ કરવી. તેની માત્રા બેથી બાર તોલો છે.

કામેશ્વરરસ [સં.] પું. (વૈદ્યક) પાંડુરોગ માટેની એક બનાવટ. તે માટે પારદ તોલા ૪, મંડૂક તોલા ૪, હરડેલા તોલા ૪, ત્રિફલા તોલા ૪, મોચ, એલચી અને તમાલપત્ર પ્રત્યેક ૭ ૭ તોલા, ત્રિકટુ, પીપરીમૂળ અને વજ્રનાગ પ્રત્યેક તોલા ૪, નાગકેસર તોલો ૧ અને ઓરડાનાં મૂળ તોલા ૪ એ બધી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેની બરાબર જૂના ગોળમાં તથા ધતૂરાના રસમાં ઘૂંટી ઘીની સાથે અડદોડોર જેવડી ગોળી કરવી. તેમાંથી એકેક ગોળી રાત્રે ખાવી.

કામેશ્વરી ૧. [સં.] સ્ત્રી. કામ ઉપર ઐશ્વર્ય ધરાવનાર સ્ત્રી.

૨. સ્ત્રી. ચોસઠ જોગિની એ નામની એક યોગિની.

૩ સ્ત્રી. ચૌદ માંહેની એક વર્ણિકની. મહાપદ્મિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ૧૪ વર્ણિની છે.

૪. સ્ત્રી. (તંત્ર) પદર માંહેની એ નામની પહેલી નિત્યા.

૫. સ્ત્રી. પાર્વતી; દુર્ગા દેવી. શંકરે કામને બાળી મૂક્યો હતો, પણ જ્યારે શંકર પાર્વતીનો વિવાહ થયો ત્યારે પાર્વતીએ તેને ફરીને જીવતો કર્યો. તેથી પાર્વતી કામેશ્વરી કહેવાય છે.

૬. સ્ત્રી. જોરવી દેવી

૭. વિ. સ્ત્રી ઇચ્છા ઉપર સત્તા ચલાવનાર.

કામૈષણા [સં.] સ્ત્રી. વિષયવાસના.

કામો ૧. પું. નિત્ય કામ; દસમું કાર્ય.

૨. પું. પરાક્રમ; જાતનવાળું કામ.

કામોદી સ્ત્રી. (સંગીત) માલકોસ રાગની આઠ પુત્રવધૂ મંડલની એ નામની એક.

કામોઠી ૧. સ્ત્રી. વાંઝાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામોડું વિ. કામમાં ગૂંચાયેલું; કામમગ્ન.

કામોત્તેજક [સં.] વિ. વાજીકર; કામવાસના વધારે એવું.

કામોત્તેજના [સં.] સ્ત્રી. રતિઇચ્છા; કામાગ્નિ; વિષયવાસનાનું જાગૃત થવાપણું.

કામોદ્રેપત્તિ [સં.] સ્ત્રી. કામવિકાર ઉત્પન્ન થયો તે.

કામોત્સવ [સં.] પું. ચૈત્ર સુદિ ૧૩ અને ૧૪ને દિવસે ઊજવાતો કામદેવનો તહેવાર. કેટલેક સ્થળે એ હોળી સાથે ભેળવી દેવામાં આવ્યો છે.

કામોદ ૧. [સં.] પું. (સંગીત) રાત્રિના પહેલા પહોરે ગવાતો એક રાગ; કલ્યાણ ઘાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેને માલકોશનો પુત્ર માનવામાં આવે છે. તેમાં પૈવત વાદી અને પંચમ સંવાદી છે. કરુણ્ય અને હાસ્યમાં તેનો ઉપયોગ થાય છે. કોઈ તેને બિલાવલ અને સોરઠના સયોગથી બનેલો સંદર રાગ માને છે. તેના સ્વરગ્રામ ધ, નિ, સા, રી, ગ, મ, પ છે. તેમાં શુદ્ધ તથા તીવ્ર મધ્યમ આવે છે, તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગને અને કેદારને નિકટ સબધ છે. કેદારમાં કામોદનો અને કામોદમાં કેદારનો ક્ષણે ક્ષણે ભાસ થાય છે.

૨. સ્ત્રી. (સંગીત) દીપક રાગની એક રાગિણી.

કામોદક ૧. [સં.] ન. કામવાસના ઉત્પન્ન થયે યોનિની અંદરથી વહેતો પ્રવાહી પદાર્થ.

૨. ન. ઔર્ધ્વદૈહિક કર્મ પહેલાં મરેલા જીવને આપવામાં આવતી જલાંજલિ એટલે મરેલાને ઉદ્દેશીને આપવામાં આવતું જળ

કામોદકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ રાગની બાર જાતિ માંહેની એક. કામોદ અને કલ્યાણ રાગના સયોગથી બનતો એક મકર રાગ. તે

સંપૂર્ણ જાતિનો છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

કામોદતિલક [સં.] પું. (સંગીત) કામોદ અને તિલકના સંયોગથી બનતો એક સંકર રાગ. તે વાડવ જાતિનો છે. તેમાં ધૈવત વર્જિત છે. તે રાતના પહેલા પહોરે ગવાય છે.

કામોદનટ સ્ત્રી. (સંગીત) કામોદ અને નટ રાગિણીના મિશ્રણથી બનતો એક સંકર રાગ. તે સંપૂર્ણ જાતિનો છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે. આને કેટલાક લોક નટનારાયણનો પુત્ર પણ માને છે. તે ગાવાનો સમય રાતનો પહેલો પહોર છે. કોઈ કોઈ તેને દિવસના બીજા પહોરે પણ ગાય છે.

કામોદનાટ સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની એક જાત; કામોદનટ.

કામોદમલ્હાર પું. (સંગીત) મિલાવટ થવાથી ઉત્પન્ન થતો અને ખાસ કરીને વર્ષા ઋતુમાં ગવાતો એ નામનો એક રાગ.

કામોદય ૧. [સં.] પું. યુવાની; તારુણ્ય.

૨. પું. વિષયવાસના ઉત્પન્ન થવી તે.

કામોદસામંત પું. (સંગીત) કામોદ અને સામંતના યોગથી બનતો એક સંકર રાગ. તે વાડવ જાતિનો છે. તેમાં ધૈવત વર્જિત છે. તે ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પહોર છે.

કામોદા [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

કામોદી ૧. [સં. કામોદા] સ્ત્રી. (સંગીત) ઓડવ જાતિની એક રાગિણી. તેમાં શુદ્ધ સ્વરનો ઠાઠ છે. તે મલ્હારને બહુ મળતી આવે છે. તેમાં ગાંધાર અને નિષાદ વર્જ્ય છે.

૨. સ્ત્રી. (સંગીત) માલકોશના પુત્ર કામોદની બહેન; એક રાગિણી; કાંબોજી. સંપૂર્ણ જાતિની આ રાગિણી રાતના બીજા પહોરની બાજ ઘડીમાં ગવાય છે. કોઈ કોઈ તેને સકર રાગિણી કહે છે અને સુઘરાઈ અને સોરઠના યોગથી તેની ઉત્પત્તિ માને છે.

૩. સ્ત્રી. (સંગીત) કનુમંત મત પ્રમાણે દીપક રાગની પાંચ રાગિણી માહેની એ નામની એક. તે ગાવાનો વખત દિવસના બીજા પહોરનો છે કોઈ સાંજનો પણ કહે છે. તેની જાતિ સંપૂર્ણ છે. એટલે તેમાં ઋષભ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર ધૈવત અથવા નિષાદ છે.

કામોદ્દીપક [સં] વિ. કામોત્તેજક, વિષયવાસના ઉત્તેજિત કરે એવું.

કામોદ્દીપન ૧. [સં.] ન. કામવાસના ઉત્તેજે એવું ઔષધ.

૨. ન. વિષયવાસના ઉત્પન્ન થવી તે; સાંસારિક સુખ ભોગવવાની ઇચ્છા.

કામોદ્ધતા પું. (પિંગળ) તગણ, તગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કામોદ્ધત્ત વિ., ન. ક્રિ. વિ. જુઓ કામોદ્ધતા

કામોન્મત્ત [સં.] વિ. કામવાસનાથી ગાંડું બનેલું.

કામોન્માદ ૧. [સં.] પું. કામવાસનાથી ગાંડું બની જવાપણું.

૨. પું. સંભોગની તીવ્ર ઇચ્છા.

કામોપધા સ્ત્રી. પ્રેમની છલના.

કામોપપત્તિ [સં.] સ્ત્રી. કામવાસનાને લીધે થતું દુઃખ.

કામોપભોગ [સં.] પું. વિષયસુખ ભોગવવાપણું.

કામોપહત [સં.] વિ. વિષયવાસનાથી ઉત્તેજિત બનેલું; કામ્ય.

કામોરું ૧. ન. અધિકારી.

૨. ન. ઘરનું કામકાજ કરવા રાખેલું માણસ.

કામોરો પું. કામદાર; સરકારી કામ કરનાર અમલદાર.

કામ્ય ૧. [સં.] વ. કર્તવ્ય; કર્મ.

૨. ન. કામનાનો વિષય.

૩. ન. બાંડવપ્રસ્થની પશ્ચિમ દિશાએ મહાવનમાં આવેલું પુણ્ય વન. ત્યાં પાંડવોએ વાસ કર્યો હતો.

૪. ન. યજ્ઞની એક જાત. જેમકે, જ્યોતિષ્ટોમ, અગ્નિષ્ટોમ, રાજસૂય, અશ્વમેધ આદિ યજ્ઞો તે કામ્ય છે. નિત્ય તથા નૈમિત્તિક યજ્ઞો કર્યા બાદ કામ્ય યજ્ઞો થઈ શકે છે.

૫. વિ. અમુક ખાસ ઉદ્દેશથી કરેલું

૬. વિ. ઇચ્છા કરવા યોગ્ય.

૭. વિ. ઇચ્છાથી કરેલું.

૮. વિ. કામ કે ઇચ્છા પૂર્ણ કરવા સંબંધી.

૯. વિ. કામવાસના ઉદ્દીપન કરે એવું.

૧૦. વિ. ખુશનુમા; મનોરંજક; સુંદર.

૧૧. વિ. ચાહવા લાયક; પ્રીતિપાત્ર.

૧૨. વિ. બદલાની ઇચ્છાવાળું; સ્વાર્થી.

કામ્યક ૧. [સં.] ન. એ નામનું એક વન. જુઓ કામ્યકવન

૨. ન. એ નામનું એક સરોવર.

૩. વિ. ઇચ્છિત; ધારેલું.

કામ્યકર્મ ૧. [સં.] ન. જે કર્મ કરવાથી ફળની પ્રાપ્તિ થાય, પણ ન કરવાથી પ્રત્યવાય લાગે નહિ તેવું કર્મ. જેને સ્વર્ગની ઇચ્છા હોય તે જ્યોતિષ્ટોમ યજ્ઞ કરે તો તેને સ્વર્ગફળ મળે, પણ જેને સ્વર્ગની ઇચ્છા નથી તેને તે ન કરવાથી કાંઈ પાપ પણ લાગતું નથી.

૨. ન. ધાર્મિક ક્રિયા; ધર્મનું કામ.

૩. ન. ફળ મેળવવાની ઇચ્છાથી કરેલું કાર્ય.

કામ્યકવન [સં.] ન. મહાભારતમાં વર્ણવેલું સરસ્વતીને તીરે આવેલું એક વન. ત્યાં યુધિષ્ઠિર દ્રૌપદી સહિત ધૌમ્ય ઋષિ સાથે રહી સૂર્ય તરફથી મદદ મળતાં નિર્વાહ ચલાવતા. હાલ થાણેશ્વરથી આગ્નેયમાં ૭૦ માઈલ ઉપર આવેલ એ સ્થળ કામોદ કહેવાય છે. મથુરા પ્રાંતમાં આવેલ કામ્યકવન તે આ વનથી જાદું છે. પૂર્વે કુરુક્ષેત્રમાં આવેલું કામ્યકવન સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર હતું.

કામ્યકામી વિ. કામ્યકર્મ કે કામ્યફળને ઇચ્છનાર.

કામ્યતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત ઇચ્છા; તીવ્ર લાલસા.

૨. સ્ત્રી. કામુકપણું; વિષયાસક્તિ.

૩. સ્ત્રી. સુંદરતા; મનોહરતા.

કામ્યત્વ જુઓ કામ્યતા.

કામ્યદાન ૧. [સં.] ન. ઐશ્વર્ય, પુત્ર, સ્વર્ગ વગેરે ફળની કામનાથી કરેલું દાન.

૨. ન. બહુ જ મોટું કે શ્રાદ્ધ એવું દાન.

૩. ન. રત્ન વગેરે સારી વસ્તુ પુણ્યાર્થે આપવી તે.

કામ્યપૂજન [સં.] ન. ઐહિક એટલે આ લોકના સુખભોગાદિ મેળવવા કરાતી પૂજા.

કામ્યફળ [સ.] ન. ફળની ઇચ્છાથી કરેલા કર્મનું ફળ.

કામ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. કામ્યકર્મના ફળની ઇચ્છા.

કામ્યમરણ ૧. [સં] ન. આપઘાત.

૨. ન. ઇચ્છા પ્રમાણે મૃત્યુ; યથેષ્ટ મરણ.

૩. ન. મુક્તિ; મોક્ષ.

કામ્યવન જુઓ કામ્યકવન.

કામ્યવૃત્ત [સં.] ન. પોતાની મરજીથી લીધેલ સોગંદ

કામ્યશ્રાદ્ધ [સં.] ન. અમુક ઇચ્છાફળ જેમાં રહેલું હોય એવું શ્રાદ્ધ કર્મ.

કામ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. કામના; ઇચ્છા; મરજી.

કામ્યાભિપ્રાય [સં] પું. સ્વાર્થી ઉદ્દેશ કે હેતુ

કામ્યેષ્ટિ [સં.] પું. પ્રજા, ગાય, પશુ, બ્રહ્મવર્ચસ, ગ્રામ, ભૂતિ, આયુ વગેરેની પ્રાપ્તિ માટે કરવામાં આવેલો યજ્ઞ. તેમાં અગ્નિ, ઇંદ્ર વગેરે દેવતાઓને ખાસ મંત્રથી આહુતિ કરવામાં આવે છે. આવા યજ્ઞોમાં બલિદાનમાં માંસ નહિ પણ જુદી જુદી જાતનાં અન્નજ આપવામાં આવે છે.

કામ્રેડ [અં.] પું. સાથી; સહયોગી. સામ્યવાદી પોતાના સમૂહના માણસને બોલવા પોતાને સહાનુભૂતિ દર્શાવનારને કામ્રેડ કહી સંબોધે છે.

કામ્લ ૧. [સં.] ન. ખોટી ખટાશ.
૨. વિ. ખટાશ પડતું; થોડું ખાટું.

કાય ૧. પું. અઠ્યાસી ગ્રહોનો એ નામનો એક ગ્રહ.
૨. પું. પ્રકૃતિ સ્વભાવ; લક્ષણ.
૩. પું. છ સૂચક સાંકેતિક શબ્દ.
૪. પું. જીવ.
૫. પું. ગાય; વૃક્ષ.
૬. પું. પાણી લાવવાની કાવડ.
૭. પું. પ્રજાપતિ જેના દેવ હોય તેવો વિવાહ; પ્રાજાપત્ય વિવાહ.
૮. પું. પ્રજાપતિનો હવિ; પ્રજાપતિના નિમિત્તનો હવિ.
૯. પું. બૌદ્ધ ભિક્ષુઓનો સંઘ.
૧૦. પું. બકરા.
૧૧. પું. લક્ષ્ય; નિશાન.
૧૨. પું. (જૈન) સમૂહ; સંઘ; સમુદાય.
૧૩. સ્ત્રી. કાયા; શરીર; દેહ.
૧૪. ન. ઊંચ નીચના તારાવત્ વજરનું પ્રજાતંત્ર.
૧૫. ન. ધનિષ્ઠા આરંભનો નીચેનો ભાગ; પ્રાજાપત્ય તીર્થ.
૧૬. ન. કામ; કાર્ય.
૧૭. ન. કાયફળ.
૧૮. ન. ઘર; રહેઠાણ.
૧૯. ન. મનુષ્યતીર્થ; આઠમતીર્થ.
૨૦. ન. મૂળ ધન; મૂડી; અસલ.
૨૧. [મ.] ન. શું.
૨૨. વિ. પ્રજાપતિ જેના દેવ હોય તેવું (હવિષ્ વગેરે).
૨૩. વિ. પ્રજાપતિ સંબંધી.
૨૪. અ. શાને માટે.

કાયક [સં.] વિ. શરીર સંબંધી.

કાયકપૃચ્છિ ૧. [સં.] સ્ત્રી. કોઈ પ્રાણી વાપરવા બદલ આપાતું ભાડું.
૨. સ્ત્રી. વ્યાજ.

કાયકષ્ટ ૧. [સં.] ન. દેહનું દુઃખ; શરીરની પીડા.
૨. ન. દેહને તપ વ્રત વગેરેથી દમવો તે; દેહદમન.
૩. ન. મહેનત; પરિશ્રમ; શારીરિક શ્રમ.

કાયકષ્ટી વિ. શરીરે દુઃખ સહન કરી શ્રમ કરનાર; મહેનતુ; કાયક્લેશ કરનારું.

કાયકા [સં.] સ્ત્રી. બાજર; નાણાંના ઉપલોઝને બદલે આપાતું ભાડું.

કાયકોટિક પું. કાવડિયો; કાવડથી બાર ઉપાડનાર પુરુષ.

કાયક્રિયા સ્ત્રી. (જૈન) ચોરી વગેરેની પ્રેરિતા.

કાયક્લેશ [સં.] પું. શરીરને દુઃખ દેવું તે; છ બાહ્યતપ માંહેનું એક. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ છ બાહ્યતપ છે.

કાયખાર પું. એક જાતનો ખાર.

કાયગતાસ્મૃતિ સ્ત્રી. (જૈન) શરીરના જુદા જુદા ભાગ ઉપર અશુભ ભાવના.

કાયગુપ્ત વિ. શરીરને વશ રાખનાર; સંયમી.

કાયગુપ્તિ ૧. સ્ત્રી. (જૈન) શરીર હલેચલે નહિ એવી સ્થિતિ; જૈન મુનિએ પાળવાની ત્રીજી ગુપ્તિ.
૨. સ્ત્રી. શરીરને ખોટે રસ્તે જતાં વશ રાખવું તે; જિતેંદ્રિયત્વ.

કાયચ ૧. પું. મેણું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. સ્ત્રી. એ નામની એક જાતિ.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. વિ. એ નામની જાતિનું.

કાયચિકિત્સક [સં.] પું. હકીમ; વૈદ્ય; તબીબ.

કાયચિકિત્સા ૧. [સં.] સ્ત્રી. આયુર્વેદનો એક ભાગ. આત્રેયના શિષ્ય અગ્નિવેશે આ તંત્ર રચ્યું છે. તેમાં જ્વર, કોઢ, ઉન્માદ, અપસ્માર વગેરે સર્વાંગવ્યાપી રોગોના ઉપશમનની વિધિ બતાવેલી છે.
૨. સ્ત્રી. રોગ મટાડવા શરીરની વૈદ્યકીય તપાસ અને સારવાર; શારીરિક ચિકિત્સા.

કાયજ [હિં.] પું. ખોડાના લગ્નમની ઠોરી; ચોકકું; કાયદો. તેને પૂછડા સુધી લાંબી જાડી બાંધવામાં આવે છે.

કાયજોગ પું. શારીરિક ક્રિયા.

કાયટિયો પું. મરનારનું અગિયારમું સરાવનારો બ્રાહ્મણ; કાયદું કરાવનાર બ્રાહ્મણ.

કાયદું ૧. [સં. કલ્ટ] ન. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતું બ્રહ્મભોજન.
કાયદું આપવું = મરણ પછી તેરમે દિવસે જ્ઞાતિભોજન આપવું.
૨. ન. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ.
કાયદું કરવું-સરાવવું = અગિયારમાના દિવસે મરનારની ઉત્તરક્રિયા કરવી.

કાયદોડા સ્ત્રી. ખડકવાળી જમીનમાં ઊગતી એક ઉપયોગી વેલ; તોંડલી; વિંધા. તેને પોળાં ફલ આવે છે. તેનાં રાતાં ફળ ખાદ્ય છે.

કાયધૃ ન. ભૂત; પ્રેત.

કાયત ૧. સ્ત્રી. ક્ષત્રિય બાપ અને શૂદ્ર માયી ઉત્પન્ન થયેલ એક મિશ્ર કોમ. જુઓ કમરસ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

કાયતી જુઓ કાયત.

કાયત્વ [સં.] ન. દેહમાં આપી રહેલું ઇંદ્રિયપણું.

કાયથી જુઓ કાયત.

કાયથી સ્ત્રી. એક જાતની લિપિ.

કાયદ [અ.] પું. નાના સસર્પિની પૂછડીમાંનો તારો.

કાયદંડ ૧. પું. ઇંદ્રિયનિગ્રહ; દેહદમન.
૨. પું. (જૈન) શરીરને દુષ્ટ કાર્યમાં રોકવાપણું.

કાયદાકાનૂન પું. બ. વ. ધારા અને ચેપા ધારા.

કાયદાકાર ૧. વિ. કાયદા બનાવનાર.
૨. વિ. કાયદા બનાવનારું.

કાયદાદાન ૧. વિ. કાયદાબાજ; કાયદા બનાવનાર.
૨. વિ. શિસ્તનું પાલન કરનારું.

કાયદાપાલક વિ. કાયદા પાળનારું; કાયદા અનુસાર વર્તન રાખનારું.

કાયદાપોથી સ્ત્રી. કાયદાનું પુસ્તક.

કાયદાબદ્ધ વિ. કાયદાથી મર્યાદિત.

કાયદાબાજ વિ. કાયદાની ઝીણવટ બતાવનાર; કાયદાની આવડતવાળું.

કાયદાબાજી સ્ત્રી. કાયદાની રમત; ધારાની ચાલાકી; ખોટારઘુની હોશિયારી.

કાયદાભંગ પું. કાયદાનું ઉલ્લંઘન; ધારાનો અનાદર; કાયદો તોડ્યો તે.

કાયદામંત્રી પું. ધર્માધિકારી; રાજને કાયદા સંબંધી સલાહ આપનાર મંત્રી.

કાયદામાન્ય વિ. કાયદા પ્રમાણે.

કાયદાશાસ્ત્ર ન. કાયદાનું શાસ્ત્ર.

કાયદાશાસ્ત્રી પું. કાયદાનો જાણકાર પુરુષ; ધારાશાસ્ત્રી.

કાયદાસર ૧. વિ. કાયદા પ્રમાણેનું; કાયદાને અનુસરતું.

૨. જ. નિયમસર; રીતસર; ધારા મુજબ.

કાયદુષ્પ્રણિધાન [સં.] ન. (જૈન) સામાયિક વ્રતનો એક અતિચાર; કાય યત્ન વગેરે અંગોનું નકામું અને ખોટી રીતે સંચાલન.

કાયદેહીર જુઓ કાયદાસર.

કાયદેસર જુઓ કાયદાસર.

કાયદો ૧. પું. અરબી શીખવાની બાળપોથી અથવા પહેલી ચોપડી.

૨. પું. કવાયત; તાલીમ.

૩. પું. ક્રમ; વ્યવસ્થા.

૪. પું. ખોડાના ચોકઠા સાથે સંબંધ ધરાવતી કોરી. તે તેની કોઠની હાંસડીના કદામાં વઈ જનના આંકડા સાથે મેરવાય છે.

૫. પું. ચાલતી આવેલી રીત; ધારો; શિરસ્તો.

૬. પું. દસ્તૂર; કોઈ પણ જાતનો વ્યવહાર સારી રીતે ચલાવવાને માટે કરેલો નિયમ. કાયદાના બે પ્રકાર છે: કીચાની અને કોલ્હારી.

૧. કાયદા પ્રમાણે ચાલવું-કાયદામાં રહેવું = કુદરતસર વર્તવું.

૨. કાયદામાં લેવું-સંપાવવું = કાયદાના બંધનમાં લેવું.

૩. કાયદો કરવો-બાંધવો = કાનૂન, ધારા વગેરે નવા બાંધવા.

૪. કાયદો તોડવો = કાયદામાં બંધેલાં ફરમાન વિરુદ્ધ કામ કરવું.

૫. કાયદો નેવે મૂક્યો = કાયદા પ્રમાણે વર્તન ન કરવું.

૭. પું. નિયમસંગ્રહ; કોડ; કાયદા કાનૂનનું પુસ્તક.

૮. પું. વ્યવહાર; આચાર.

૯. પું. રાજ.

૧૦. પું. સરકારી કાનૂન; ફરમાન; હુકમ.

૧૧. પું. હિસાબ ગણવાની રીત કે નિયમ.

કાયનાત ૧. [અ.] સ્ત્રી. પૂંજી; વિસાત; દોલત.

૨. સ્ત્રી. માલ; સત્ત્વ; હીર; નૂર.

૩. સ્ત્રી. શક્તિ; બળ; સત્તા.

કાયનાથ પું. ધણી; સ્વામી.

કાયનિ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કાયનિરોધ [સં.] પું. શરીરના વ્યાપારનો પરિત્યાગ.

કાયપત્રી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાયપૂજિત [સં.] પું. શિવ; શંકર.

કાયફર જુઓ કાયફળ.

કાયફળ [સં. કટ્ફલ] ન. સોપારીના જેવડું ઔષધિના ક્રમમાં આવતું એક ફળ; કટુફળ; સોમવલ્લ. તે તીખું, ઉષ્ણ, વાયુ, તથા કફહર છે અને વાત, પિત્ત, જ્વર, દાહ, રક્તાતિસાર, યોનિદોષ, વિષ અને કૃમિનો નાશ કરે છે.

કાયફળી સ્ત્રી. કાયફળનું ઝાડ; કટુફળ. જેનાં પાન લાંબાં અને મોટાં હોય છે. તેમાં બીલાં જેવાં જોળ ફળ થાય છે. તેની ધોળી ને કાળી બે જાત છે. તેનાં પાન પત્રાવળ બનાવવાના ક્રમમાં આવે છે.

કાયબલન [સં.] ન. બખ્તર.

કાયબલિક વિ. શારીરિક બળવાળું.

કાયબળી સ્ત્રી. એક જાતની લબ્ધિ; એક પ્રકારની સિદ્ધિ.

કાયબંધન ૧. [સં.] ન. કટિમેખલા; કંદોરો.

૨. ન. ચેતનાયુક્ત જીવ તથા લોહીનો એક સયોગ; શરીરનું બંધારણ.

કાયભાર પું બળદ અથવા માથા ઉપર ઉપાડાતો ભાર.

કાયમ (ક્વમ) ૧. પું. એ નામનો એક પ્રધાન. તેમની પ્રધાનત ઈ.સ. ૬૩૪થી ૬૪૫ સુધી ૧૨ વર્ષની હતી.

૨. પું. નામચિહ્ન માંહેનો એક વધુમેળ છંદ.

૩. સ્ત્રી. ચોપાટની બાજરી રહેલી રમત.

૪. વિ. કોઈ પક્ષની હારજીત ન હોય એવું.

૫. વિ. સ્થાપિત; મુકરર; મજૂર; બહાલ.

૬. વિ. હમેશનું; રોજનું; નિત્ય; સ્થાયી.

૧. બાજની તબિયતથી કામ કરવું = મરજી પડે તેમ કરવું.

૨. કાયમ ઊઠવું = કૈતરંજની રમત નકામી જવી.

૩. કાયમ કરવું = (૧) રજો આપવો. (૨) બાંધવું. (૩) પાકું કરવું. (૪) બાંધવું. (૫) મજૂર કરવું; બહાલ રાખવું. (૬) મુકરર કરવું. (૭) સ્થાપવું. (૮) હક ઉત્પન્ન કરવો

૪. કાયમ જગ્યા = બહાલી જગ્યા; હમેશની-કરે નહિ તેની જગ્યા-નોકરી.

૫. કાયમ થવું = (૧) ઉત્પન્ન થવું. (૨) નક્કી થવું; મુકરર થવું. (૩) બનવું.

૬. કાયમખિનકસાહી = પોતાની મેળે હવાતી ધરાવતું; સ્વતંત્ર.

૭. કાયમ રહેવું = (૧) અમલમાં હોવું. (૨) નિશ્ચય થવો. (૩) પોતાનો પગ રાખવો. (૪) સહન કરવું. (૫) સ્થિર રહેવું; ટકવું. (૬) હક કરવી.

૮. કાયમ રાખવું = (૧) કાયમ થવું; નક્કી થવું; મુકરર થવું; બહાલ થવું. (૨) ચાલુ રાખવું; નિભાવવું. (૩) જેમ હોય તેમનું તેમ રાખવું; જેવું રબ્બુ થયું હોય તેવું ને તેવું મજૂર રાખવું. (૪) પસંદ કરવું; સ્થાપિત કરવું; પુષ્ટિ આપવી; ભઈ છે એમ કહાવવું. (૫) રહેવા દેવું; નહિ ફેરવવું.

કાયમખરડો (ક્વમખરડો) ૧. પું. કાયમનો દસ્તાવેજ.

૨. પું. ખેતર તથા ખાતેદારને લગતી કાયમની વિગતવાળું તલાટીનું ચોપડું; ખેતરનું નામ, ખૂંટ, માપ, દર, ઝાડ, કૂવા વગેરે તપસીલ લખેલી હોય તેવી તલાટીની એક નોંધપોથી; કાયમની વિગતવાળું લખાણ.

કાયમ કાયમ (ક્વમ કાયમ) [અ.] વિ. હમેશનું; નિત્યનું; સ્થાયી; બહાલનું.

કાયમનું વિ. હમેશનું; સનાતન; કાયમી.

કાયમપાયા સ્ત્રી. ખોજાઓની એક જાતની ધાર્મિક વિધિ.

કાયમરાય પું. બંદાલને ઊંચી સ્થિતિએ લાવવા માટે લર્ડ વિલ્બમાં થનાર એ નામનો રાજા.

કાયમંત વિ. ઊંચા શરીરવાળું.

કાયમા (ક્વમા) ૧. પું. કાઠખૂણો.

૨. પું. સીધી લીટી.

૩. વિ. સીધું.

કાયમાન ૧. [સં.] ન. બાજની કૂંપડી.

૨. ન. શરીરનું માપ.

કાયમી (ક્વમી) ૧. સ્ત્રી. દૃઢતા; સ્થિરતા.

૨. વિ. હમેશનું; બહાલનું.

કાયમુદ્દીન (ક્વમુદ્દીન) પું. મુસલમાન ધર્મના ચિસ્તી પથના એક પીર.

કાયયોગ [સં.] પું. શરીરનો વ્યાપાર; શારીરિક ક્રિયા. હિંસા, ચોરી, વગેરે બ.પાર અશુભ કાયયોગ અને દયા, દાન, બ્રહ્મચર્ય પાલન આદિ શુભ કાયયોગ છે.

કાયયોગી ૧. ન. શરીરજન્ય ક્રિયાવાળું માણસ.

૨. વિ. શરીરજન્ય ક્રિયાવાળું.

કાયર ૧. પું. બંદો અને બેડોળ પુરુષ.

૨. પું. બાયલો; નામર્દ માણસ.

૩. સ્ત્રી. શૂદ્ર અને બીજી હલકી જાતિ. તે ચોટી, સાતર અને ગામડાની દોરી બનાવી વેચે છે અને સર્પ પકડીને બાય છે.

૪. વ. એ નામની એક હલકી જાતિનું માણસ.

૫. વિ. એ નામની એક હલકી જાતિનું.

૬. વિ. કામથી, ક્રમથી કે ખટપટથી હારી જાય એવું; ત્રાસ પામે એવું.

૭. વિ. થાકી અથવા કંટાળી ગયેલું; હેરાન.

૧. કાયર કરવું = (૧) કંટાળો આપવો; હેરાન કરવું; થકવવું; મહેનત આપવી. (૨) ચિડવવું. (૩) હરાવવું.

૨. કાયર થવું = (૧) કટાળવું. (૨) ચિડાવું. (૩) હારવું.
૮. વિ. નાહિંમત; નામર્દ; નામલું; અથર.
૯. વિ. પ્રમાદી; આળસુ; સુસ્ત.

કાયરતા ૧. સ્ત્રી. અક્ષમતા; સહન ન કરવાપણું.
૨. સ્ત્રી. આળસ; સુસ્તી.
૩. સ્ત્રી. ત્રાસ; કંટાળો; અનુત્સાહ.
૪. સ્ત્રી. દીયકારાપણું; નિર્બળતા; બીરતા.

કાયરપણું જુઓ કાયરતા.

કાયરશાહી જુઓ કાયરતા.

કાયરું ૧. વિ. આળસુ; સુસ્ત.
૨. વિ. કાયર; થાકી ગયેલું; હારી ગયેલું; કંટાળેલું.
૩. વિ. નાહિંમત; કરકસુ; નામલું.

કાયરૂપસંયમ [સં.] પું. પાતંજલસૂત્ર વગેરેમાં કહેલ અમુક પ્રકારના આનરૂપ એક નિગ્રહ.

કાયરોગ [સં.] પું. શારીરિક વ્યાધિ.
પસનારી પાળી સભી, કાયરોગ કરનાર.
સામળ

કાયલ ૧. પું. જેરકઠી; કાયર; ચોકકું.
૨. વિ. કબૂલ કરનાર; સ્વીકારનાર.
૩. વિ. કાયર; કંટાળેલું.
૪. વિ. બાતરીવાળું.
૫. વિ. નકામું; રદબાતલ.
૬. વિ. નિરાશ થયેલું.

કાયલબ્ધિ [સં.] સ્ત્રી. શરીરના નિગ્રહથી પ્રાપ્ત થતી એક સિદ્ધિ.

કાયલાઈ સ્ત્રી. મારણથી આવેલી અશક્તિ; નબળાઈ.

કાયલી ૧. સ્ત્રી. ગ્લાનિ; ખેદ.
૨. સ્ત્રી. શરમ; શરમ.
૩. ન. લાકડાની એક જાત.
૪. વિ. માંદવાડવાળું; માંદું; બીમાર.
૫. વિ. રોગથી કાયર થયેલું.
૬. વિ. સહેજસાજ માંદું અને નિર્બળ થઈ ગયેલું; બનારોગ્ય.

કાયલો પું. કાપીને કરેલો કટકો.

કાયવરોહણ જુઓ કારાવન.

કાયવ્રણ [સં.] ન. નખ્તર; કવચ.

ઠારેરો પું. એક જાતની માટી. કુંભાર લોકો કાળો રંગ કરવા તે વાપરે છે. તે કઠણ હોવાથી જલ્દી પલળતો નથી, તેથી પથ્થર કાચે પાણીમાં બસીને ઉતારાય છે.

ઠારેલ ૧. [સં. ઠારવેલ્લ] સ્ત્રી. કારેલાંનો વેલો.
૨. સ્ત્રી. મુબઈ પાસેના દરિયામાંથી મળતી એક જાતની માછલી.
૩. ન. કારેલું.

ઠારેલાં જંગરા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનાં ફળ થોડાં ઝેરી છે. પાકે ત્યારે તે સુંદર નારંગી રંગનાં દેખાય છે. તેમાં તીવ્ર રેચક ગુણો હોવાથી જળોદર જેવા વ્યાધિમાં કે ઝેર ઉતારવા કવચિત્ વપરાય છે. ફુમળાં ફળોનું અથાણું અને ફુમળાં પાંદડાંનું શાક થાય છે.

ઠારેલિયા ૧. સ્ત્રી. સુથાર, કણબી, વણિયા અને સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઠારેલિયું ન. રૂપા અને સોનાનું ગોકમાં પહેરવાનું એક ઘરેણું.

ઠારેલી ૧. [સં. ઠારવેલ્લ] સ્ત્રી. એક જાતની લાકડાની રંગેલી ચૂડી.
૨. સ્ત્રી. ખુરસીની પીઠમાં બે પટી વચ્ચે રહેતી સંધાડે ઉતારેલી લાકડાની ગરાદ.
૩. સ્ત્રી. બેને કારેલાં થાય છે તે વેલ. આ વેલ ઊંચે ચડવાના સ્વભાવવાળી હોવાથી તેને ટેકો જોઈએ. વર્ષમાં બે વખત તે ઊગે છે, એક વખત ઉનાળામાં અને પછી ઠંડી ઋતુમાં. તેનાં પાન કાટેલા પંજા જેવાં થાય. ફળ બંને બાજુ પાતળું, વચ્ચે જાડું, ઉપર ખરબચડું અને આખામાં કડવું હોય છે. તેની પોળી અને લીલી બે જાત છે. પોળાં કારેલાં મોટાં અને લીલાં નાનાં થાય છે. કારેલાં શીતલ, ભેદક, પિત્તહર તથા જ્વર, પાંડુ અને પ્રમેહમાં હાનિકારક મનાય છે.
૪. સ્ત્રી. સ્ત્રીઓને કાયમાં પહેરવાનું રૂપનું એક ઘરેણું.

ઠારેલું ૧. [સં. ઠારવેલ્લ] ન. એક જાતનું કડવાશવાળું શાકનું ફળ. કારેલાં લાંબાં, ટૂંકાં, લીલા રંગનાં અને સોફ રંગનાં થાય છે. પાકે ત્યારે તે લાલ થઈ જાય છે. તેમાં સારક, મૂત્રલ, દીપન, પાચન, પૌષ્ટિક, ઉત્તેજક, કૃમિઘ્ન, રક્તશુદ્ધિકર, અર્શોઘ્ન, કુષ્ઠઘ્ન અને પિત્તશામક ગુણ છે. છતાં મંદવાડમાં પથ્ય શાક છે. તેનાં બીજ કૃમિઘ્ન છે. તેનાં પાનનો રસ પિત્તપ્રકોપમાં આપવાથી સાધારણ ગ્લાનિ ઊલટી થઈ શાંતિ થાય. મલમમાં ભેળવી આપવાથી ચૂમડાં અને વણ રુઝાય. ફોલ્લ ઉપર તે ચોપડાય. રસમાં જરા મરીની ભૂકી નાખી અંજન કરવાથી ચણ દિવસમાં રતાંધળાપણું મટે. ટૂંકાં કારેલાં અષ્ટ કડવાં, અગ્નિદીપક, લઘુ, ગરમ, શીત, ભેદક, સ્વાદુ અને પથ્યકર છે. તે અરુચિ, કફ, વાયુ, રક્તદોષ, જ્વર, કૃમિ, પિત્ત, પાંડુ તથા કોઢનો નાશ કરે છે. લાંબાં કારેલાં તીખાં, કડવાં, અગ્નિદીપક, અતૃપ્ત, ભેદક, રુચિકર, ભારાં, લઘુ, વાતજ અને પિત્તનાશક છે. તે રક્તરોગ, પાંડુ, અરુચિ, કફ, શ્વાસ, વણ, ક્રમ, કૃમિ, કોઢ રોગ, કુષ્ઠ, જ્વર, પ્રમેહ, આધ્માન અને કમળાનો નાશ કરે છે. કારેલાંનાં બી ચિરાળો અર્શો મસા પછી વાહીઓમાં જમીન ખોદી, ખૂબ ખાતર નાખી, ક્યારા બાંધી, પાળા ઉપર વાવવામાં આવે છે. તેના વેલા ચડવા માંડવો કરાય છે. તેને પાણી ત્રીજે દિવસે પથ્ય છે. કારેલાંનો દોખાળે બનાવવા એક શેર નાનાં કુમળાં કારેલાંને ધોઈ, બે રૂપિયાભાર મીઠું ચોળી, દબાવી, પાણી નિતારી નિર્જળ કરી નાખવાં. પછી તેને ચીરી તેમાં બે માસા તજ, એક માસો લવિંગ, બે માસા એલચી અને બે માસા મરી એટલો વાટેલો ગરમ મસાલો, પોણાબે રૂપિયાભાર ક્યારેલું આદુ, બે માસા બાળ કરેલું કેસર અને છ માસા મીઠું એ બધી ચીજો ભેગી કરી ભરવી. પછી તે કારેલાંને દોરી વીંટાળી લઈ દશ રૂપિયાભાર ઘીમાં તળવાં અને તરત જ પોણો શેર ઢાંકાનો ભેમો, એક શેર દહીંની છાશ અને બે રૂપિયાભાર ખરિયા ચોખામાં પાંચ રૂપિયાભાર પાણી નાખી તેનું પાણી, એટલી ચીજો તેમાં નાખી દઈ નીચે ધીમો તાપ કરવો. દોખાળાને બાકું ન હલાવતાં તેમાંનું પાણી બળી જાય એટલે નીચે ઉતારવો.
૨. ન. એક જાતનું ઘાટમાં પહેરવાનું ઘરેણું.
૩. ન. કસરત કરવાનું લાકડું; મગદળિયું.
૪. ન. ખુરસીની પીઠમાં નખાતો લાકડાનો કટકો.
૫. ન. તુચ્છ વસ્તુ. તિરસ્કારમાં બોલાય છે.
૬. ન. સ્ત્રિ; પુરુષની જનનેંદ્રિય.
૭. ન. ઓઢણી બરાબર રાખવાનું સાધન.

ઠારેલો જંગરો જુઓ કારેલાં જંગરા.

ઠારો પ્ર. ભાવવાચક નામ બનાવનાર એક પ્રત્યય. જેમકે, ધુબકારો.

ઠારોઠઈ [ઠા.] ન. કામ; ધંધો.

ઠારોઠક પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ઠારોતર ૧. [સં.] પું. ચૂવો.
૨. પું. ખરણી; દાર્ શાળવાની વાંસની ચીપોની ચારણી.
૩. પું. દારૂનું દીવુ.
૪. પું. રોટલીમાં મોણ તરીકે વપરાતું અમીર.

ઠારોત્તમ [સં.] પું. દાર્ ઉપરનું દીવુ; દારૂનો બંધ.

ઠારોત્તર જુઓ ઠારોતર.

ઠારોળ ન. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં લીલાં, ફૂલ ઝળી વિનાનાં અને ફળ કળીદાર ચારથી આઠ ઉંચ લાંબાં થાય છે. તેનો ગર સ્વાદિષ્ટ તથા પોષક અને દોરને પુષ્ટિકારક છે. તેનાં બિયાં કડવાં છે. મૂર તથા અરબોનું આ ફળ પ્રિય ખાદ્ય છે. તેનું લાકડું મજબૂત અને ટકાઉ હોય છે. તેની છાલમાંથી રંગ બનાવાય છે.

ઠારોળાર ૧. [ઠા. ઠાર (કામ) + ળાર (વજન)] પું. અમલ; ઠારબારું વહીવટ અવસ્થા.
૨. પું. ખટપટી કે જંજાળી કામ.

૩. પું. ધંધો; વ્યવસાય.
૪. પું. સંબંધ.
૫. પું. સાદું; બાકસો.

કારોબારમંડળી સ્ત્રી. બધાંય ખાતાંવાળા મંત્રીઓની ટોળી; કાર્યવાહક સભા; વ્યવસ્થાપક મંડળ; 'એક્ઝેક્યુટિવ કમિટી'.

કારોબારી વિ. કારોબારનું; કારોબારને લગતું.

કારોબારીમંડળ જુઓ કારોબારમંડળ.

કારોબારીમંડળી જુઓ કારોબારમંડળ.

કારોબારીસત્તા સ્ત્રી. શાસન અધિકાર.

કારોબારીસભા જુઓ કારોબારમંડળ.

કારોબારીસમિતિ જુઓ કારોબારમંડળ.

કારોસાર સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન બોરડી જેવાં હોય છે. તેના સફેદ પરાગ દોઢ ઇંચ પહોળા અને એક ફૂટ લાંબા હોય છે.

કાર્કટક [સં.] પું. કાકડીનો વેલો.

કાર્કટિકક્ષય પું. વિદધિજનિત ક્ષય.

કાર્કિણ [સં.] વિ. જંગલી કૂકડા સંબંધી.

કાર્કેવાક્ય [સં.] વિ. કૂકડા સંબંધી.

કાર્કશ્ય ૧. [સં.] ન. કઠોરતા; કઠોરપણું; કઠોર સ્પર્શ; રૂક્ષતા.
૨. ન. દૃઢતા.
૩. ન. નિર્દયતા.

કાર્કષિ [સં.] પું. કઠિનતાનો નાશ કરનારાનો પુત્ર.

કાર્કીક [સં.] વિ. ધોળા ધોબા જેવું.

કાર્કોટક પું. (પુરાણ) કર્કોટક.

કાર્ગર વિ. વ્યવહારોપયોગી.

કાર્ગો રાઇસ [અં.] પું. અફઘાનિસ્તાનમાં થતા એક ઊંચી જાતના મોભા.

કાર્જ ૧. [સં.] ન. કામ; કર્મ.
૨. ન. સોદો.

કાર્જકારી ૧. પું. (બંગાળી) આપતિયો.
૨. પું. કર્મ કરનાર.
૩. પું. વેપારી.

કાર્ટિલેજ [અં.] પું. હાડકાના છેડાનો પોચો ભાગ.

કાર્ટૂન [અં.] ન. હાસ્યચિત્ર; રમૂજી ચિત્ર.

કાર્ડ ૧. [અં.] પું. બધા પ્રકારનો કાગળ.
૨. પું. જાહેરખબરનું પત્રું.
૩. પું. કપાસનું પણ; પોસ્ટ કાર્ડ.
૪. પું. પત્ર.
૫. પું. પાસા બનાવવાં ઢાલવી કરવા માટે બનાવેલું સ્ટિફિકેટ.
૬. પું. પોતાના નામનું પત્રું.
૭. ન. ગંજીફાનું પાનું; રમવાનું પત્રું.
૮. ન. રૂ પીંજવાનું યંત્ર.

કાર્ડ પાસ ૧. [અં.] પું. બધા પ્રકાર ઉપર લખેલો પરવાનો.
૨. પું. રેલવેના નોકરોને રેલવેમાં મફત મુસાફરી કરવા માટે આપવામાં આવતી એક જાતની ટિકિટ.

કાર્ડ પોપલિન [અં.] ન. એક જાતનું કપડું.

કાર્ડ બોર્ડ [અં.] પું. જાડું પૂઠું; પૂંઠાનો કાગળ.

કાર્ડર ૧. [અં.] પું. પત્તાં ભેગાવનાર; પાનાં રમનાર.
૨. પું. રૂ પીંજનાર; પીંજારો.

કાર્ડિનલ [અં.] પું. રોમન કેથલિક પંથનો પોપથી ઊતરતા દરજ્જાનો ધર્મગુરુ. તેને પોપ ચૂંટી કાઢે છે અને તેઓ બધા મળીને નવા પોપને ચૂંટી કાઢે છે.

કાર્ડિનલ પક્ષી ન. એક જાતનું પક્ષી. જેને અમેરિકામાં 'રેડ બર્ડ' એટલે લાલ પક્ષી કહે છે. નર પક્ષીનો રંગ લાલ, માથું ફિરંગાના રંગનું, ચાંચ નારંગી રંગની અને આસપાસનો ભાગ ચોગ્ગો કાળો હોય છે. એ સવાર સાંજ મધુર રાગ કાઢે છે.

કાર્તી ૧. [સં.] પું. કર્ણનો પુત્ર વૃષકેતુ.
૨. ન. કાનનો ભેલ.
૩. ન. કાનમાં પહેરવાનું ઘરેણું.
૪. વિ. કાન સંબંધી.

કાર્તુચ્છિદ્રક [સં.] પું. નાના બોકાવાળો કૂવો.

કાર્તુચ્છેષ્ટકિક [સં.] વિ. કાનના અલંકારથી રાજીગારેલ.

કાર્તૂવિનિ [સં.] વિ. કર્ણે બનાવેલ.

કાર્ત્રિ જુઓ કાર્તુવિનિ.

કાર્ત્રિકા સ્ત્રી. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

કાર્તિજગારી જુઓ કારતિસ.

કાર્તિકરાજ પું. ચૈતન્યે સ્થાપેલ સનક સંપ્રદાયનો એ નામનો એક ફાંટો.

કાર્તિયુગ [સં.] વિ. કૃતયુગ સંબંધી.

કાર્તવીર્ય ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.
૨. પું. જૈન મત પ્રમાણે એ નામનો એક ચક્રવર્તી રાજા.
૩. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૮૬ અને દક્ષિણ ક્રાંતિવંશ ૧૦ માં આવેલો બીજા મહત્ત્વનો એ નામનો તારો.
૪. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર સહસ્રજિતના વંશમાં જન્મેલા કૃતવીર્ય રાજાના પુત્ર અર્જુનનું બીજું નામ. એણે દત્તાત્રેયની ખૂબ જ ઉત્તમ સેવા કરીને હજાર હાથ પ્રાપ્ત કર્યા હતા. ત્યારથી એ સહસ્રાર્જુન કહેવાતો. અરૂપ દેશમાંથી માહિષ્મતી નગરીમાં પોતાની રાજધાની કરી એ સંપૂર્ણ ભારતવર્ષ ઉપર રાજ કરતો. એ ધર્મરાજાને અનુસરનારો હોવાથી એના રાજ્યમાં પાપ થતું જ નહિ. આમ તેણે પચાસી હજાર વર્ષ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું. રાવણને પણ એણે બાંધ્યો હતો. અગ્નિના માગવાથી એણે ભક્ષણ કરવાને એક વન આપવાથી અગ્નિની પ્રીતિ સંપાદન કરી હતી. પરંતુ એ વન બળતાં વસિષ્ઠ ઋષિનો આશ્રમ બળી જવાને લીધે 'તારા હજારે હાથ ભાંગી પડશે' એવો શાપ થયો હતો. એક વખત મૃગયા રમવા તે અરણ્યમાં ગયો હતો. ત્યાં જમદગ્નિ ઋષિને આશ્રમે ગયો. જમદગ્નિ પાસે કામધેનુ હોવાથી તેની સહાયતાથી તેમણે કાર્તવીર્યનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો. પણ તેણે ઋષિની કામધેનુ બળાત્કારે લઈ લીધી. જમદગ્નિના પુત્ર પરશુરામે સામોપચારથી પાછી માગી, પણ એણે આપી નહિ. આથી બંને વચ્ચે યુદ્ધ થયું. પરશુરામે એના હજાર હાથ કાપી નાખ્યા અને એ મરણ પામ્યો.

કાર્તવીર્યાર્જુન પું. એ નામનો રાજા; સહસ્રાર્જુન.

કાર્તસ્વર ૧. [સં.] ન. કાંચન; સોનું.
કંચન અર્જુન કાર્તસ્વર હેમ હિરણ્ય સુવર્ણ,
અકારાદ ક્રમક પુરક શાંત પુંજ હરિ સ્વર્ણ
પિંગળસાર કોષ
૨. ન. ધતૂરાનું ફૂલ.

કાર્તાંતિક [સં.] પું. જોશી; જ્યોતિષનો ધંધો કરનાર; જ્યોતિષી.

કાર્તિક ૧. [સં.] પું. કારતક માસ; કૃત્તિકા નક્ષત્રયુક્ત પૂર્ણિમા જેમાં હોય તે મહિનો; વિક્રમ સંવતનો બારમો માસ. તેનું નામ કૃત્તિકા નક્ષત્ર ઉપરથી પડ્યું છે. તે નક્ષત્ર તે માસમાં સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયે અસ્ત પામે છે.
૨. પું. કાર્તિકસ્વામી; સ્કંદ.
૩. પું. બૃહસ્પતિ કૃત્તિકા અથવા રોહિણી નક્ષત્રમાં હોય તે સંવત્સર.
૪. વિ. કારતક મહિના સંબંધી.

કાર્તિકપુર ન. અલમોરાથી ઈશી માર્ગે દૂર પ્રયુમાઉન જિલ્લામાં આવેલું વૈજનાથ અગર વૈદ્યનાથનું પ્રાચીન નામ.

કાર્તિકચી સ્ત્રી. એ નામની એક દેવી.

કાર્તિકવ્રત [સં.] ન. કારતક માસમાં કરવાનું વ્રત.

કાર્તિકશાલી પું. (બંગાળી) કાર્તિક માસમાં બંગાળામાં નીપજતો ચોખાનો પાક.

કાર્તિકસ્વામી ૧. પું. કુમારસ્વામી; સ્કંદદેવતા; શાંકરી; કાર્તિકેય; રુદ્ર.

૨. ન. એ નામનું યાત્રાનું એક સ્થળ. તે કુમારધારા નદી ઉપર આવેલ હતું.

કાર્તિકી ૧. [સં.] સ્ત્રી. કારતક માસની પૂનમ.

૨. વિ. કારતક માસ સંબંધી.

કાર્તિકેય ૧. [સં.] પું. (પુરાણ) મહાદેવનો પુત્ર; કૃત્તિકા નક્ષત્રમાં ઉત્પન્ન થયેલ રુદ્રદેવ. એ મહા બળવાન અને સદા બ્રહ્મચારી હતો. તે શૂરવીર સેનાની હોવાથી લડાઈનો દેવ ગણાય છે. તે મોર ઉપર સવારી કરે છે. એ ગણપતિના નાના ભાઈ થાય છે. પ્રથમ મહાદેવનું રેત શરવણ નામના વનમાં પડેલું. તે બહાળ જતાં ગંગાએ અને અગ્નિએ ક્રમે ક્રમે કેટલોક કાળ ધારણ કર્યું. તેમની પછી છ કૃત્તિકાએ ધારણ કર્યું. તે પછી તેનો જન્મ થયો. આમ હોવાથી એનાં અનુક્રમે રુદ્રદ, માંગેય, અગ્નિભૂ અને કાર્તિકેય એવાં નામ પડ્યાં. એક મુખ અને બે હાથ સહિત જન્મે કૃત્તિકાને ચોટે એક જ કાળે જન્મેલા હોવાથી એમને છ મોં અને બાર હાથ છે. તેથી એમનું નામ ષણ્મુખ, ષડાનન એવું પડ્યું છે. અગાઉ જતાં એ દેવતાના સેનાપતિ થવાથી, તેમને સેનાની પણ કહેતા. ગુહામાં વાસ કરવાને લીધે ગુહ પણ કહેવાતા. એક વખતે પાર્વતીએ બંને ભાઈઓને બોલાવી કહ્યું કે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી વહેલો આવે તે સિદ્ધિ બુદ્ધિ સાથે પરણે. તે ઉપરથી કાર્તિકેય તો મોર ઉપર સવારી કરી ફરવા ગયા. પણ ગણપતિ સ્વમાતાને પૃથ્વીરૂપ ગણીને તેમની પ્રદક્ષિણા કરી કહ્યું કે હવે મને પરણાવો. તેથી માતાએ તેમને પરણાવ્યા. કાર્તિકેય આવી જુએ છે તો ગણપતિને પરણેલા દીઠા. તે ઉપરથી ન પરણવાનો નિયમ લઈને કુંવારા રહ્યા એમ કહ્યા છે. આ દેવની ઉત્પત્તિ માટે જુદી જુદી કથા છે. તેમાં એક આ પ્રમાણે છે: શિવ અને પાર્વતી તપ કરવા ગયાં હતાં ત્યારે તારકાસુરનો નાશ કરવા માટે દેવોએ શિવને સમજાવ્યા અને સુબ્રહ્મણ્યમાં કાર્તિકેય જન્મ્યા. તેમણે તારકાસુરને માર્યો. આથી દક્ષિણમાં સુબ્રહ્મણ્યના નામથી તે પૂજાય છે

૨. પું. (જ્યોતિષ) વિષુવાંશ એંશી અને ઉત્તર કાર્તેય છમાં આવેલો બીજા વર્ગનો એ નામનો તારો.

કાર્તિકેયપુર જુઓ કાર્તિકપુર.

કાર્તિકોત્સવ [સં.] પું. કાર્તિકી પૂનમને દિવસે ઊજવાતો ઉત્સવ.

કાર્તિવય પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કાર્તીયિચમંડાકાર પું. એક જાતનો ગમનમાર્ગ; 'કાર્ટિઝિઅન ઓવલ'. બે કોઈ ફરતા બિંદુથી બે સ્થિર બિંદુનાં અંતરો r અને r' હોય અને જો m, n અને k અચલ પરિમાણો હોય અને જો mr + nr' = k હોય, તો તે ફરતા બિંદુના ગમનમાર્ગને કાર્તીયિચમંડાકાર કહે છે.

કાર્તીયિપ્રતિપ્રાપક પું. કાર્તીય સંપ્રદાય પ્રમાણે કોઈ પણ બિંદુની સ્થિતિ દર્શાવનાર પરિમાણ; 'કાર્ટિઝિઅન કોઓર્ડિનેટ'.

કાર્તીયિબુજબુબ્ધ જુઓ કાર્તીયિપ્રતિપ્રાપક.

કાર્તીયિસંપ્રદાય પું. કોઈ પણ બિંદુની સ્થિતિ દર્શાવવાની જે પદ્ધતિમાં અક્ષો એક બીજાને કાટખૂણે હોય તે પદ્ધતિ; 'કાર્ટિઝિઅન સિસ્ટમ ઑવ કોઓર્ડિનેટસ'.

કાર્તીયિસ્થિતિ નિરૂપક જુઓ કાર્તીયિ-પ્રતિપ્રાપક.

કાર્ત્તે ૧. [સં.] પું. સત્યપુત્ર.

૨. વિ. કૃત પ્રલય સંબંધી.

કાર્ત્તકૌજપાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

કાર્ત્તપુત્ર [સં.] વિ. સત્યપુત્રનું; સત્યપુત્ર સંબંધી.

કાર્ત્તવીર્ય ૧. [સં.] પું. કૃતવીર્ય રાજાનો પુત્ર સહસ્રાર્જુન.

૨. પું. જૈનમતે એ નામનો એક ચક્રવર્તી રાજા.

કાર્ત્તવીર્યદીપ [સં.] પું. સહસ્રાર્જુનને ઉદ્દેશી કરાતો દીવો.

કાર્ત્તવીર્યારિ [સં.] પું. પરશુરામ.

કાર્ત્તસ્વર ૧. [સં.] ન. ધતૂરો.

૨. ન. સોનું.

કાર્ત્તાંતિક [સં.] પું. જ્યોતિષી.

કાર્ત્તિક ૧. [સં. કૃત (કાપવું)] પું. કસાઈ; પશુવધ કરી તેનું માંસ વેચનાર માણસ.

૨. પું. કાર્તિક મહિનો.

૩. પું. કાર્તિકસ્વામી.

૪. પું. બૃહસ્પતિ કૃત્તિકા અથવા રોહિણી નક્ષત્રમાં હોય તે સંવત્સર.

કાર્ત્તિકવ્રત [સં.] ન. કાર્તિક મહિનામાં કરવાનું વ્રત.

કાર્ત્તિકિક [સં.] પું. કાર્તિક મહિનો.

કાર્ત્તિકેય પું. (પુરાણ) કાર્તિકસ્વામી. જુઓ કાર્તિક. તેનાં ઘણાં નામ છે: મહાસેન, સેનાપતિ, સિદ્ધસેન, યુદ્ધરંગ, કુમાર, ગુહ, શક્તિધર, સુબ્રહ્મણ્ય, ગંગાપુત્ર, શરભૂ, તારકજિત, દ્વાદશકર, દ્વાદશાક્ષ અને ઋભુક્રમ. તેનું વાહન મોર છે. તે મોરનું નામ પરવાણિ છે.

કાર્ત્તિકેયમસૂ [સં.] સ્ત્રી. પાર્વતી.

કાર્ત્તિકોત્સવ ૧. [સં.] પું. કાર્તિક મહિનાની પૂનમે ઊજવાતો ઉત્સવ.

૨. પું. કાર્તિક મહિનાની પ્રતિપદાને દિવસે કરવાનો દીપોત્સવ.

કાર્ત્સ્ન્ય [સં.] ન. સમગ્રપણું; અખંડતા; પૂર્ણતા.

કાર્ત્સ્ન્યે જુઓ કાર્ત્સ્ન્ય.

કાર્બોનિફેરસ ૧. પું. એક જાતના ખોક.

૨. સ્ત્રી. અદ્યતન અર્વાચીન લિપિમાંની એ નામની એક.

કાર્ઈ [કા.] સ્ત્રી. ઝરી.

કાર્દમ ૧. સ્ત્રી. પુરાનમાં આવેલી એ નામની નદી.

૨. વિ. કર્દમ નામના પ્રજાપતિ સંબંધી; કર્દમથી ઉત્પન્ન થયેલું.

૩. [સં.] વિ. કાદવથી બરડાયેલું; કાદવવાળું.

કાર્દમાયનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કાર્દમિક ૧. સ્ત્રી. પુરાનમાં આવેલ કર્દમ નદીમાંથી નીકળતા મોતીની એક જાત.

૨. વિ. કાદવથી બરડાયેલ.

કાર્દમીપણી સ્ત્રી. બપોર પછી છઠ.

કાર્નિવલ [અં.] પું. રોમન કૅથલિક સંપ્રદાયનો એક ઉત્સવ. દક્ષિણ ફ્રાન્સ, ઇટલિ અને ખાસ કરીને રોમમાં તે ખૂબ જ આપકાથી ઊજવવામાં આવે છે.

કાર્નેગી [અં.] પું. એક સ્કોટિશ અમેરિકન ક્રોડાધિપતિ અને મોટો માનવપ્રેમી. લોખંડ અને પોલાદના ઉદ્યોગો, તેલ, રેલવે વગેરેમાં સારી આબાદી દક્ષતાને લીધે તે ગરીબાઈમાંથી સત્તા અને વૈભવને શિખરે પહોંચેલ. તેણે તેના દ્રવ્યનો બહુ જ સદ્વ્યય કર્યો છે. તેણે ઘણી સખાવતો કરી છે. વળી તે ઉપરાંત તેણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે.

કાર્પ સ્ત્રી. વરુ તથા જર્મનમાં થતી એક જાતની માછલી. તેને શાંત પાણીમાં પડી રહેવું વિશેષ ગમે છે. શિયાળામાં તે કાદવમાં ભરાઈ રહી વસંત આવે ઘણા મહિના સુધી પડી રહે છે. તેને જડબામાં એક દાંત હોતો

નથી. પીઠ પર લાંબી પાંખ હોય છે. ચાંચ્યાં બહુ મોટાં હોય છે. સખત વટેન સામે પણ તે તરી શકે છે.

કાર્પટ ૧. [સં.] પું. કપાટ.
૨. પું. જૂનાં કપડાં જોડે જોડેરેલાં હોય તેવો કોઈ ઉમેદવાર.
૩. પું. લાખ.
૪. ન. જૂનો કપડો; ફાટ્યું વસ્ત્ર ફાટેલા તૂટલાનો ટુકડો; ચીંથરું.
૫. વિ. કંગાલ; ગરીબ; દીન.

કાર્પટગુગ્ગિકા [સં.] સ્ત્રી. ઝોળી; વાટવો.

કાર્પટિક ૧. [સં.] પું. ભટકતી માણસ.
૨. પું. કર્મઠ; તીર્થયાત્રાનો વેશ ધારણ કરનાર કાપડી; સંન્યાસી; ચીંથરેહાલ યાત્રી; બાવો.
૩. પું. તીર્થવાસી; યાત્રાળુ.
૪. પું. પવિત્ર નદીમાંથી પાણી ભરી લાવી ગુજરાન ચલાવનાર માણસ.
૫. પું. બીજા ઉપર નભનાર માણસ.
૬. વિ. કપટી; મામાવી.
૭. વિ. કંગાલ; ચીંથરેહાલ; જૂનાં ફાટેલાં વસ્ત્રો પહેરનાર.
૮. વિ. ભગવાં વસ્ત્ર ધારણ કરી તીર્થયાત્રામાં ફરનાર.

કાર્પટી જુઓ કાર્પટિક.

કાર્પટિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કાર્પણ્ય ૧. [સં.] ન. કંજૂસાઈ; કૃપણતા; અખીસાઈ; લોભીપણું.
૨. ન. ગરીબાઈ; દીનતા; દૈન્ય.
૩. ન. દયા.
૪. ન. નીચપણું; અધમતા.
૫. ન. ભીરુતા; કાયરતા; મનની નિર્બળતા.
૬. ન. લોભ.
૭. વિ. કાયર; ત્રાસ પામેલ.

કાર્પસ [અં.] પું. ખભા અને કોણીની વચ્ચેનો હાડકાનો ભાગ.

કાર્પાસ ૧. પું. (જૈન) એક પ્રાચીન લૌકિક મત.
૨. [સં.] પું. કપાસ; રૂ.
૩. પું. કાગળ.
૪. પું. રૂની બનેલી કોઈ પણ વસ્તુ.
૫. પું. રૂનું વસ્ત્ર.
૬ પું., ન. કપાસનું ઝાડ.
૭. વિ. રૂનું બનેલું; કપાસનું.

કાર્પાસક ૧. [સં.] પું. કપાસનું ઝાડ.
૨. પું. શિલ્પનાં આઠ મૂળો માંહેનું એક.

કાર્પાસતૈલ [સં.] ન. (વૈદક) નાડીવ્રણ માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા કપાસનાં મૂળ પણ બે અને ઇન્દ્રજવ પણ બે લઈ તેને અધકચરાં ખાંડી ચાર અણુ પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું. તેમાં તેલ તોલા ૪, કપાસનાં મૂળ તોલો અર્ધો અને ઇન્દ્રજવ તોલા અર્ધાનું વસ્ત્રગાળ ચૂર્ણ નાખી તેલની રીતે પકવવું.

કાર્પાસધેનુ [સં.] સ્ત્રી. દાન આપવા માટે સાતરની કલ્પેલી ગાય.

કાર્પાસનાસિકા ૧. [સં.] સ્ત્રી. કપાસ; વર્તુળ દોરવાનું એક સાધન.
૨. સ્ત્રી. ત્રાક.

કાર્પાસપર્વત [સં.] પું. દાન આપવા માટે કલ્પેલો કપાસનો પર્વત.

કાર્પાસબીજનિષ્કાસનયંત્રાલય [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનું કારખાનું; છાપ.

કાર્પાસબીજનિષ્કાસનગૃહ [સં.] ન. કપાસ લોઢવાનું કારખાનું.

કાર્પાસવર્ત્તાલય [સં.] ન. કપાસ લોઢવાનું કારખાનું.

કાર્પાસસંકોચનયંત્ર [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનું કારખાનું.

કાર્પાસસૂત્ર [સં.] ન. શિલ્પશાસ્ત્રમાં વપરાતું એ નામનું ઓજાર.

કાર્પાસસૌત્રક [સં.] વિ. કપાસનાં સૂતરથી બનાવેલ.

કાર્પાસસ્થિ [સં.] ન. કપાસના ડોડવું બી; કપાસિયો.

કાર્પાસિક ૧. [સં.] પું. કપાસનો વેપારી.
૨. વિ. કપાસનું બનેલું; સૂતરાઉ.

કાર્પાસિકા [સં.] સ્ત્રી. કપાસનો છોડ.

કાર્પાસિની [સં.] સ્ત્રી. જંગલી કપાસ.

કાર્પાસી ૧. [સં.] સ્ત્રી. કપાસ.
૨. સ્ત્રી. કપાસનો છોડ.
૩. સ્ત્રી. (જૈન) કપાસમાં રહેનારી જીવાત.
૪. વિ. કપાસનું બનેલું.

કાર્પિકા પું. (ચિત્રણ) રગત, જરદ અને લાલ મળી સાત વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કાર્પી ન. એક જાતનું ઝાડ. તેને ગુમખાબંધ મુલાયમ ફૂલ આવે છે.

કાર્પેથીઅન [અં.] પું. યુરપમાં આવેલો એ નામનો પર્વત. તેમાંથી કોલસો, રૂપું, તાંબું, સીસું, લોઢું, મીઠું અને પેટ્રોલિયમ મળે છે.

કાર્બનડીપ્રાણિદ ન. પ્રાણઘાતક વાયુ; 'કાર્બોનિક ઍસિડ ગેસ'.

કાર્બન ૧. [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ.
૨. પું. કોલસો; કોલસો; મેશ. કોઈ પણ પ્રવાહીમાં કાર્બન ઓગળતો નથી અને બહુ જ ગરમી આપતાં તે સળગે છે. કોલસો, પેટ્રોલિયમ અને આલ્કોહોલ જે મુખ્યત્વે કાર્બનનાં બનેલાં છે, તેમાંથી જ આપણે ગરમી, તેજ અને બળ મેળવીએ છીએ.
૩. પું. રસાયનશાસ્ત્ર પ્રમાણે બળી બળીને રહેલું તત્ત્વ. હીરામાં શુદ્ધ કાર્બન હોય છે. શુદ્ધ કાર્બન બાળતાં તે ભસ્મ ન થતાં પ્રાણવાયુ સાથે બળી કાર્બોનિક ઍસિડ વાયુને જન્મ આપે છે.

કાર્બન ડાયોક્સાઇડ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ. હવામાં કોલસો બળે છે ત્યારે તેમાંથી આ વાયુ નીકળે છે. તે રંગ વગરનો હોય છે. તે વાતાવરણ અને પાણીમાં પણ હોય છે. એક કલાકે ૧૬ ઘનફૂટ કાર્બન ડાયોક્સાઇડ આપણે ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢીએ છીએ.

કાર્બન પેપર [અં.] પું. કાગળ લખતી વખતે બીજી નકલ કરવાને વપરાતો કાળા રંગનો એક જાતનો કાગળ.

કાર્બોનિક [અં.] વિ. કાર્બનનું; કાર્બનમિશ્રિત; કાર્બન સંબંધી.

કાર્બોનિક ઍસિડ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ; પ્રાણઘાતક વાયુ. પંદરથી વીસ ટકા તે શ્વાસમાં લેવાય તો મૃત્યુ આવે. નક્કર રૂપે આ ગેસ બરફને મળતો બને છે. રાસાયણિક ક્રિયામાં કોસ્ટિક અને આલ્કલીમાંના ઊદ્યોગમાં પણ તે વપરાય છે. ૧૨ ભાગ કાર્બન અને ૩૨ ભાગ ઓક્સિજનનો તે બનેલો છે. વનસ્પતિ તેનું ખોરાક કરે છે તેમજ બહાર પણ કાઢે છે.

કાર્બોનિક ઍસિડ ગેસ [અં.] પું. પ્રાણીમાંથી બહાર નીકળતો કાર્બોનિક વાયુ.

કાર્બોનિક વાયુ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ. કાર્બોનિક ઍસિડ.

કાર્બોનેટ પું. કાર્બોનિક ઍસિડનો ક્ષાર.

કાર્બોનેટ ઑફ સોડા [અં.] પું. સાજીખાર.

કાર્બોલિક વિ. કાર્બોલિક ઍસિડવાળું; કાર્બોલિક ઍસિડ સંબંધી.

કાર્બોલિક ઍસિડ [અં.] પું. કોલસામાંથી નીકળતો એક જાતનો તેજાબ. એ દાહક, રોગનુ, જંતુઘ્ન અને દુર્ગંધનાશક છે. ઊલટી, કોલેરા,

વાતપિત્ત, જ્વર તથા રક્તદોષ માટે અપથ્ય છે. દાદર વગેરેને બાળી નાખવામાં તે ઉપયોગી છે. તેનો મુખ્ય ઉપયોગ કામમ રૂઝવવાનો છે.

કાર્બોહાઇડ્રેટ્સ [અં.] પું. બ. વ. ચરબી અને સાકરવાળા પદાર્થ. જેમકે, બટાટાં, ગોળ, સાકર વગેરે. ખોરાકમાં આ તત્ત્વો શક્તિ અને દૂધ કે ગરમાવો આપે છે.

કાર્મ [સં.] વિ. ઉદ્યમી; કામ કરનારું; મહેનતુ; કામ કરવાના સ્વભાવવાળું; કામઢું.

કાર્મણ ૧. [સં.] ન. એક જાતનો મળ.
૨. ન. કામ પૂરું કરવું તે.
૩. ન. કામણ; મંત્ર, ઔષધિ વગેરેથી વશ કરવું તે; મંત્ર વગેરે યોગવિદ્યા.
૪. ન. કારણશરીર.
૫. ન. કોઈ પણ કામ સારી રીતે કરવું તે.
૬. વિ. કર્મ સંબંધી.
૭. વિ. કર્મકુશળ; કામ કરવામાં કુશળ.
૮. વિ. (જૈન) કર્મસ્વરૂપ.

કાર્મણતા [સં.] સ્ત્રી. કામણપણું.

કાર્મણત્વ [સં.] ન. કામણપણું.

કાર્મણયોગ પું. (જૈન) કાર્મણ શરીરથી થતું આત્મપ્રદેશનું કંપન.

કાર્મણ વર્ગણા સ્ત્રી. (જૈન) કાર્મણશરીરરૂપ પરિણમે તે કર્મપુદ્ગલનો સમૂહ.

કાર્મણશરીર ન. (જૈન) જ્ઞાનાવરણ આદિ આઠ કર્મનો સમૂહ. કર્મના પિંડરૂપ અથવા કર્મના વિકારરૂપ આ શરીર છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું બનેલું આ શરીર જીવ પ્રદેશ સાથે ક્ષીરનીરની જેમ સતત સંબંધવાળું છે. પરભવમાં જીવ આ કાર્મણશરીરના સામર્થ્યથી જઈ શકે છે.

કાર્મણી [સં.] સ્ત્રી. મંત્રાદિ યોગવિદ્યા; કામણ; જાદુવિદ્યા.

કાર્મણોન્માદ [સં.] પું એક પ્રકારનો ઉન્માદ. તેમાં માથું ભારે રહે, નાક, આંખ, હાથ તથા પગમાં પીડા થાય અને રોગી દુબળો પડી જાય. આ રોગ જાદુ, મંત્ર તંત્ર વગેરેથી થતો હોવાની લોકમાન્યતા છે.

કાર્મના ૧ પું. મંત્રતંત્ર
૨. [સં. કાર્મણ] પું. મંત્રતંત્રનો પ્રયોગ.

કાર્માર [સં.] પું. કામ કરનાર; કારીગર.

કાર્માર્ક [સં.] વિ. કામ કરનારાએ કરેલ; કારીગરે કરેલ.

કાર્માર્યાયણિ [સં.] પું. કામ કરનારનો પુત્ર.

કાર્માલિક પુ. અદ્ધર માંહેનું એક મુખ્ય તીર્થ.

કાર્મિક ૧. [સં.] પું. કારકુન.
૨. પું. વનસ્પતિનો એક વર્ગ.
૩. ન. જુદા જુદા રંગવાળું ભરતકામ.
૪. ન. શંખ, ચક્ર, સાથિયા વગેરે ચિહ્નવાળું વસ્ત્ર.
૫. વિ. કરેલું; બનાવેલું.
૬. વિ. કર્મવાળું; કર્મશીલ; કામ કરનાર.
૭. વિ. ગૂંથેલું; રંગિત દોરાથી ભરેલું.
૮. વિ. ચિતરેલ.

કાર્મિકત્વ ૧. [સં.] ન. ઉદ્યમ; કામ.
૨. ન. ચિતરેલાપણું.

કાર્મુક ૧. [સં.] પું. એક જાતનું મધ
૨. પું. પરિધિનો એક ભાગ; ચાપ.
૩. પું. મહા નિત્યકર્મ.
૪. પું. કે યોગવવાની લાકડી.
૫. પું. દિગ્ગજ વૃક્ષ.
૬. ન. ઇંદ્રધનુષ.
૭. ન. કામઠું; કોદંડ; તાલવૃક્ષના લાકડાનું બનેલ ધનુષ; ભાથું.
૮. ન. કીચક; વંશ; વાંસ; સરકટ.
૯. ન. (જ્યોતિષ) ધનરાશિ; નવમી રાશિ.
૧૦. ન. ધનુષ જેવા આકારનું એક જાતનું યંત્ર કે હથિયાર.
૧૧. ન. ધોળા ઘેરનું ગાય.
૧૨. ન. નગરવિધાનનો એક પ્રકાર. તેમાં ગોળાકાર અથવા ત્રાંસ માર્ગ આવેલા હોય છે
૧૩. ન. બકાન
૧૪. ન. યોગનું એક સાધન.
૧૫. વિ. કામ કરવાની શક્તિવાળું; કામ કરવામાં સમર્થ; કામમાં ચતુર.
૧૬. વિ. સોપારીનું; સોપારી સંબંધી

કાર્મુકાસન [સં.] ન. યોગનું એક આસન. ડાબા સાથળ ઉપર જમણો પગ રાખીને, અને જમણા સાથળ ઉપર ડાબો પગ રાખીને, પછી બંને હાથ સીધા રાખી, જમણા હાથના અંગૂઠા તથા તર્જનીથી જમણા પગનો અંગૂઠો અને ડાબા હાથના અંગૂઠા તથા તર્જનીથી ડાબા પગનો અંગૂઠો પકડી, શરીર, ગ્રીવ તથા માથાને સીધાં રાખી બેસવું તે કાર્મુકાસન કહેવાય છે. પગની સ્થિતિ ઉલટાવવાથી આ આસનનો બીજો ભેદ થાય છે. આ આસનથી શરીરમાં ઉષ્ણતા આવે અને અપાનવાયુનું ઊર્ધ્વ આકર્ષણ થાય.

કાર્મુકી [સં. કાર્મુકિન્] વિ. ધનુષ ધારણ કરનાર.

કાર્મુકોપનિષદ [સં.] ન. ધર્મવિદ્યા.

કાર્મ્ય વિ. લાભની ખોટી આશાએ મેળવેલું.

કાર્ય ૧. [સં.] ન. ઉત્પત્તિસ્થાન; મૂળ.
૨. ન. ઉદ્દેશ; હેતુ; પ્રયોજન.
૩. ન. ઉદ્યોગ; ધંધો.
૪. ન. ઋણ સંબંધી તકરાર; પૈસાનો ઝઘડો.
૫. ન. કરવું જોઈએ કર્તવ્ય; જે અવશ્ય કરવાનું હોય તે.
૬ ન. કાજ; કામ; જે કંઈ કરવા જેવું તે; કામકાજ.
૭. ન. કરજ.
૮. ન. કારણ; નિમિત્ત; મૂળ કારણ.
૯. ન. કારણથી જે ઉત્પન્ન થાય તે; જેને લક્ષમાં રાખી કર્તા ક્રિયા કરે તે.
૧૦. ન. કુંડળીમાં દશમું સ્થાન; જન્મલગ્નથી દશમું સ્થાન.
૧૧. ન. ક્રિયા, ધર્મ; ફરજ.
૧૨ ન ચાલચલગત; રીતભાત.
૧૩. ન. જરૂરિયાત.
૧૪. ન રેહ.
૧૫. ન. ધાર્મિક ક્રિયા.
૧૬ ન નાટકમાં ઘટમાં આપવી તે.
૧૭ ન. નીરોગીપણું; આરોગ્ય.
૧૮. ન. પ્રારબ્ધકામ; મૂળ.
૧૯ ન પાંચ અંકોની એ નામની પ્રકૃતિ. પાંચ પ્રકૃતિઃ બીજ, બિંદુ, પતાકા, પ્રકાશ અને કાર્ય.
૨૦. ન. પ્રયત્નથી સાધ્ય થતી ક્રિયા.
૨૧ ન. પ્રવૃત્તિ; ક્રિયા.
૨૨ ન. કંઈ અથવા માઠો અવસર.
૨૩ ન. વ્યાપાર.
૨૪. વિ. કરવા યોગ્ય; કર્તવ્ય.

કાર્યકર ૧. વિ. અસરકારક.
૨. વિ. કાર્ય કરનાર; કાર્ય કરી શકે એવું; કામકાજ કરનારું; કામ કરે એવું.

કાર્યકરખાતું ન. કામ કરનારાઓનો વિભાગ.

કાર્યકર ભાગીદાર પું. સક્રિય કામ કરે એવો ભાગીદાર.

કાર્યકર્તા ૧. [સં. કાર્યકર્તૃ] પું. કામ કરનાર; કર્મચારી, વ્યવસ્થા કરનાર; સંચાલક.
૨. પું. ભલું કરનાર માણસ; મિત્ર.
૩. પું. વિષ્ણુનું એક નામ.

કાર્યકર્તાવિશ્વાસ્ય પું. અમાનતદાર; નિક્ષેપ; સરક્ષક; 'ટ્રસ્ટી'.

કાર્યકર્તા જુઓ કાર્યકર્તા.

કાર્યકર્ત્રી [સં] સ્ત્રી. કામ કરનારી સ્ત્રી

કાર્યકારક વિ. કામમાં ભાગ લઈ શકે એવું.

કાર્યકારકમંડળી સ્ત્રી. કારભારી મંડળી; કાર્યવાહક મંડળી.

કાર્યકારણ ૧. [સં.] ન. આશય; હેતુ.
૨. ન. કાર્યવિષયમા હોનારૂં કારણ; કાર્યવિષયમા ઉત્પન્ન થતો નૈમિત્તિક હેતુ.
૩ ન ક્રિયાનો ઉદ્દેશ; કાર્યનુ મૂળ.

કાર્યકારણપરંપરા સ્ત્રી. કાર્યકારણની પ્રણાલિકા; કાર્ય ને કારણ હોય તેવી પરંપરા.

કાર્યકારણપ્રતીતિ સ્ત્રી. કારણપ્રકાશન.

કાર્યકારણભાવ ૧. [સં.] પું. એક તથા બીજા રોગ વચ્ચે સબંધ.
૨. પું. કારણ અને કાર્ય વચ્ચેનો નિત્ય સંબંધ.
૩. પું. કારણતા; હેતુભાવ.
૪. પું. કાર્ય ઉત્પન્ન કરવું તે.

કાર્યકારણવાચક વિ. કાર્ય અને કારણ જણાવનારૂં.

કાર્યકારણવાદ પું. બુદ્ધિસ્વાતંત્ર્યવાદ; હેતુવાદ.

કાર્યકારણસંકલના સ્ત્રી. કાર્ય અને તેના કારણની સાંકળ.

કાર્યકારિણી [સં. કાર્ય (કામ) + કરિન્ (કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. કામ કરનારી.

કાર્યકારિણીસભા સ્ત્રી. કારોબારી સભા; વહીવટ કરનારી મંડળી.

કાર્યકારિતા સ્ત્રી. પર્યાપ્તતા; વાસ્તવિકપણું.

કાર્યકારી ૧. [સં. કાર્યકારિન્] પું. કામ કરનાર પ્રજામ; કારભારી; કાર્યકર્તા.
૨. વિ. કામ કરનાર; કાર્યકર; કાર્યવાહક.

કાર્યકારીપણું ન. કામ કરવાની રીત કે શક્તિ.

કાર્યકારીમંડળ ન. અધિકારી મંડળ; કાર્યવાહક મંડળ.

કાર્યકારીમંડળી સ્ત્રી. કારભારી મંડળી; કાર્યકારક મંડળી.

કાર્યકાલ [સં.] પું. કામ કરવા માટેનો વખત; મોજા સમય; ઋતુ.

કાર્યકીર્તિ સ્ત્રી. કારકિર્દી.

કાર્યકુશૂલ [સં.] વિ. કામનો ભણકાર; કારીગર; કાર્ય કરવામાં હોશિયાર; કાર્યનિપુણ; ક્રિયાદક્ષ; માહિતગાર; કર્મઠ.

કાર્યકુશલતા [સં.] સ્ત્રી. કામની બરાબર આવડત; કામની હોશિયારી, કામમાં નિપુણતા.

કાર્યકુશલત્વમાં પું. હોશિયાર કારીગર.

કાર્યકુશળ જુઓ કાર્યકુશલ.

કાર્યકુશળતા જુઓ કાર્યકુશલતા.

કાર્યક્રમ [સં.] પું. કામ કરવાની અનુક્રમવાર રચના, કરવાનાં કાર્યોનો નિયમ; પ્રોગ્રામ.

કાર્યક્રમસૂચિ [સં.] સ્ત્રી. પ્રસિદ્ધિપત્ર; વિજ્ઞાપન પત્ર.

કાર્યક્ષમ ૧. વિ. અસરકારક.
૨. વિ. કામમાં નિપુણ; કાર્યકુશળ.
૩. વિ. કામમાં ધીરજ રાખે એવું.
૪. વિ. કાર્ય કરી શકે એવું; પાવરધુ.
૫. વિ. ચોક્કસ; લાયક.

કાર્યક્ષમતા ૧. સ્ત્રી. કામમાં ધીરજ રાખવાપણું.
૨. સ્ત્રી. શક્તિસ્વાતંત્ર્યપણું; કાર્ય કરવાની શક્તિ.
૩. સ્ત્રી. હોશિયારી; કુશળતા.

કાર્યક્ષમતાવેતન ન. કાર્યકુશળતા માટેનો પગાર.

કાર્યક્ષેત્ર [સં.] ન. કાર્યનો વિસ્તાર; કાર્યની મર્યાદા; કામકાજનું ક્ષેત્ર.

કાર્યખાહક ૧. [સં.] વિ. ઉદ્યમી; કામઢું.
૨. વિ. નવું કામ કાબેથી હાથ કરી લે એવું; કામકાજમાં પાવરધું થઈ જાય એવું.

કાર્યગ્રાહકતા ૧. [સં.] સ્ત્રી. કામઢી.
૨. સ્ત્રી. નવું કામ કાબેથી શીખી લેવાની શક્તિ; પાવરધા થઈ જવાની આવડત.

કાર્યગ્રાહિણી ૧. [સં.] સ્ત્રી. કામઢી.
૨. સ્ત્રી. નવું કામ કાબેથી શીખી લેનારી બાઈ; કામને સમજી સહેલાઈ હાથ ધરે એવી સ્ત્રી.

કાર્યગ્રાહી ૧. [સં. કાર્યગ્રાહિન્] વિ. કામઢું.
૨. વિ. નવું કામ કાબેથી હાથ કરી લે એવું; કામમાં પાવરધા થઈ જાય એવું.

કાર્યચિંતક ૧. [સં.] પું. વેપાર કે ઉદ્યોગમાં મુખ્ય સંચાલક માણસ; વહીવટી અમલદાર.
૨. વિ. કામું; વિચારીને કામ કરનારૂં.

કાર્યચ્યુત [સં.] વિ. કામ વિનાનું; કામ કરવામાંથી કાઢી મુકાએલું.

કાર્યજ્ઞ [સં.] વિ. કામ સમજનાર.

કાર્યતત્પર [સં.] વિ. તુરત કામ કરવા મરી એવું; કામ કરવાને તૈયાર.

કાર્યતત્પરતા [સં.] સ્ત્રી. કામ કરવાની તૈયારી; કામ કરવા તુરત ચંડી જવું તે.

કાર્યતંત્ર [સં.] ન. કારભાર.

કાર્યતઃ [સં.] અ. કાર્ય પ્રત્યે હેતુ કે ઉદ્દેશથી; પરિણામે.

કાર્યતા [સં.] સ્ત્રી. કર્તવ્યપણું; કૃતિસાધ્યપણું.

કાર્યત્વ [સં.] ન. કર્તવ્યપણું; કાર્યતા.

કાર્યત્વરા [સં.] સ્ત્રી. કામ કરવાની ઉતાવળ.

કાર્યદક્ષ [સં.] વિ. કાર્યકુશળ; કામ કરવામાં હોશિયાર; કાર્યનિપુણ.

કાર્યદક્ષતા [સં.] સ્ત્રી. કામ કરવાની હોશિયારી; કાર્યકુશળતા.

કાર્યદર્શન ૧. [સં.] ન. કામ ઉપર નજર રાખવી તે; કામની દેખરેખ.
૨. ન. પોતે કરેલું કામ ફરી તપાસવુ તે.

કાર્યદર્શી [સં. કાર્યદર્શિન્] પું. કામ ઉપર દેખરેખ રાખનાર; નિરીક્ષક.

કાર્યદિશા [સં.] સ્ત્રી. કામ કરવાનો રસ્તો.

કાર્યદિશાસૂચન [સં.] ન. કઈ રીતથી કામ કરવુ તે બતાવવાપણું

કાર્યદ્વયાકુલ [સં.] વિ. એક વખતે બે કામ કરવાનાં હોવાથી ગભરાએલું.

કાર્યધુરંધર [સં.] પું. કુશળ કાર્યકર્તા; બાહોશ કર્મચારી.

કાર્યધુરા [સં.] સ્ત્રી. કામની ધૂંસરી; કામનો બોજો.

કાર્યનિપુણ [સં.] વિ. કાર્યકુશળ; કામની આવડતવાળું; પાવરધુ; પારંગત.

કાર્યનિપુણતા [સં.] સ્ત્રી. કામની આવડત; કાર્યકુશળતા.

કાર્યનિબંધતા સ્ત્રી. (કામ્ય) અપ્રસ્તુતપ્રશંસા અલંકારનો એક ભેદ.

કાર્યનિયોજક [સં.] પું. રાજ્યતંત્રનો પ્રધાન કરનાર અધિકારી.

કાર્યનિરત [સં.] વિ. કામમાં તલ્લીન.

કાર્યનિર્ઘૃણ [સં.] પું. કઠોર; નિર્દય.

કાર્યનિર્ણાયકસંખ્યા [સં.] સ્ત્રી. ગોળામાં ગોળી જે સંખ્યાથી કાર્ય આપુ રહે તેવી સંખ્યા.

કાર્યનિષ્ઠા [સં.] સ્ત્રી. કાર્યની એકાગ્રતા.

કાર્યનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કાર્યસિદ્ધિ; કામમાં સફળતા.

કાર્યનીતિ [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યનેતા [સં.] પું. કાર્યની દોરવણી કરનાર પુરુષ.

કાર્યનોંધ સ્ત્રી. કાર્યની ગણતરી; કામની નોંધ.

કાર્યપટુ [સં.] વિ. કામમાં હોશિયાર; ચાલાક.

કાર્યપઠવી સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યપદ્ધતિ [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યપરતા [સં.] સ્ત્રી. કાર્યપરાયણતા.

કાર્યપરીક્ષક [સં.] પું. કાર્યની પરીક્ષા કરનાર; કાર્ય તપાસનાર.

કાર્યપંચક [સં.] ન. કર્મના પાંચ કામ: અનુગ્રહ, તિરોભાવ, આદાન, સ્થિતિ અને ઉદ્ભવ.

કાર્યપાટિ જી. ક્રમની નોંધ.

કાર્યપાત્ર [સં.] ન. કામમાં રોકાયેલું કોઈ પણ માણસ.

કાર્યપુર ૧. [સં.] પું. ક્ષપણક; બૌદ્ધ સાધુ.
૨. વિ. અનર્થ કરનાર.
૩. વિ. આળસુ.
૪. વિ. ઉન્મત્ત; ગાંડું.

કાર્યપૂર્તિ [સં.] સ્ત્રી. કાર્યની પુરવણી.

કાર્યપ્રકારા [સં.] પું. કથા, નાટક વગેરે કાર્યમાં આગળ વધવું તે.

કાર્યપ્રણાલિ ૧. [સં.] સ્ત્રી. કામની પ્રથા; કામની રીત.
૨. સ્ત્રી. નીતિ; નય; રાજપ્રપેરવી.

કાર્યપ્રથા [સં.] સ્ત્રી. કામ કરવાની રીત; કાર્યપદ્ધતિ.

કાર્યપ્રદેશ [સં.] પું. કાર્યક્ષેત્ર.

કાર્યપ્રદ્વેષ [સં.] પું. કામ કરવામાં નારાજી; આળસાઈ.

કાર્યપ્રયોજના [સં.] ન. હેતુ; મતલબ.

કાર્યપ્રવણ [સં.] વિ. કામ કરવાની પ્રીતિવાળું; કાર્યપરાયણ; કામમાં લાગેલ.

કાર્યપ્રવાહ [સં.] પું. પ્રવૃત્તિ; હિલચાલ; ચળવળ.

કાર્યપ્રવીણ [સં.] વિ. કામમાં હોશિયાર; કાર્યનિપુણ.

કાર્યપ્રેપ્સ [સં.] વિ. કૃત; ચરિયો સાઈ જનાર.

કાર્યબંધુ [સં.] પું. સહાધિકારી; સાથી.

કાર્યબાધક ૧. [સં.] વિ. અવિચારી; અવિવેકી.
૨. વિ. કામમાં અડચણ કરનાર.

કાર્યભાર ૧. [સં.] પું. કામનો બોજો.
૨. પું. કારભાર; વહીવટ; કારોબાર.

કાર્યભારિક [સં.] પું. કારભારી; મંત્રી; દીવાન.

કાર્યભારી જુઓ કાર્યભારિક.

કાર્યભેદ ૧. [સં.] પું. કામ કરવાની જુદી જુદી રીત.
૨. પું. ક્રિયામાં તફાવત.

કાર્યમગ્ન [સં.] વિ. પોતાના કામમાં આનંદ માનનાર; કર્તવ્યપરાયણ; કામમાં તલ્લીન.

કાર્યમર્મવિદ [સં. કાર્યમર્મવિદ્] વિ. કામનું રહસ્ય જાણનાર.

કાર્યમસ્ત જુઓ કાર્યમગ્ન

કાર્યમંત્ર [સં.] પું. કામની યોજના; કામનો ઉદ્દેશ.

કાર્યમંદિર [સં.] ન. કામ કરવાનો ઓરડો.

કાર્યમાપન [સં.] ન. કામની નોંધ.

કાર્યરચના [સં.] સ્ત્રી. કામની ગોઠવણી.

કાર્યરત [સં.] વિ. કામમાં પરોવાયેલું.

કાર્યરતતા [સં.] કામમાં તલ્લીન રહેવાપણું.

કાર્યરીત ૧. [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.
૨. સ્ત્રી. ગળની ચરિ કે દિશા બતાવનારી સીધી લીટી.

કાર્યરોધ ૧. [સં.] પું. કામ કરતાં અટકાવવાપણું.
૨. પું. દેખનારને તેનો વધો કરતો અટકાવીને લેખું વસૂલ કરવું તે.

કાર્યલાયકી સ્ત્રી. કામ કરવામાં કુશળતા; હોશિયારી.

કાર્યવર્તુલ [સં.] ન. કામનું ક્ષેત્ર.

કાર્યવશાત્ [સં.] અ. કામ પ્રસંગે; કામને લીધે.

કાર્યવસ્તુ [સં.] ન. ઉદ્દેશ; હેતુ.

કાર્યવાહક ૧. [સં.] પું. કામ કરનાર માણસ.
૨. પું. કારભારી; મંત્રી.
૩. વિ. કારોબાર કરનાર; વ્યવસ્થા કરનાર.

કાર્યવાહકમંડળ ન. કારોબારી સભા; કામ કરનાર માણસોનો સમૂહ.

કાર્યવાહકમંડળી જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહકસભા જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહકસમિતિ જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહિકા [સં.] વિ. સ્ત્રી. કામ ચલાઉ કરનારી.

કાર્યવાહી ૧. [સં. કાર્યવાહિન્] સ્ત્રી. કારોબારી મંડળી.
૨. સ્ત્રી કાર્યપદ્ધતિ; કામ કરવાની રીત; 'પ્રોસીજર'.
૩. સ્ત્રી. કામની; બનેલા બનાવોની નોંધ; કાર્યક્રમ.
૪. સ્ત્રી. ચરિપાટી; કાર્યાવલિ.

કાર્યવાહીકમિટી જુઓ કાર્યવાહક મંડળ.

કાર્યવિપત્તિ [સં.] સ્ત્રી. કામમાં વિઘ્ન.

કાર્યવિભાગ [સં.] પું. કામની વહેંચણી.

કાર્યવિવરણ [સં.] ન. પરિપાટી; કામનો ક્રમ.

કાર્યવૃત્તિ [સં.] સ્ત્રી. કામ કરવાની હોંસ.

કાર્યવ્યવસ્થા [સં.] સ્ત્રી. વહીવટ; કારોબાર.

કાર્યવ્યવસ્થિતિ [સં.] સ્ત્રી. કામ કરવામાં અવસ્થિતતા.

કાર્યવ્યવહાર [સં.] પું. કામકાજ; કામગીરી.

કાર્યવ્રત [સં.] ન. કામ કરવાનો નિયમ.

કાર્યશક્તિ [સં.] સ્ત્રી. કામ કરવાનું બળ; સામર્થ્ય.

કાર્યશાસ્ત્રિક [સં.] પું. નૈયાયિક; ન્યાયશાસ્ત્ર જાણનાર પુરુષ.

કાર્યશાળા [સં.] સ્ત્રી. કારખાનું; કામ કરવાનું સ્થળ.

કાર્યશૂર વિ. કામ કરવામાં કુશળ

કાર્યશેષ [સં.] પું. કામનો બાકીનો ભાગ.

કાર્યશ્રમ [સં.] વિ. મહેનત કરી રહે એવું.

કાર્યસફળતા સ્ત્રી. કામ પાર પડવાપણું.

કાર્યસમ [સં.] પું. (ન્યાય) ન્યાયના બોતેર પ્રકાર બાદેનો એક.

કાર્યસમાપ્ત [સં.] સ્ત્રી. કામનો અન્ત.

કાર્યસર અ. કામને માટે.

કાર્યસરણિ જુઓ કાર્યસરણી.

કાર્યસરણી સ્ત્રી. કામ કરવાની રીત; કાર્યપદ્ધતિ.

કાર્યસંકલ્પ [સં.] પું. ધારેલું કામ.

કાર્યસંચાલન [સં.] ન. કામની દોરવણી.

કાર્યસંજ્ઞા [સં] સ્ત્રી. (ન્યાય) દોષી બે ભાવની વચ્ચે અમુક સંબંધ, કાર્ય વગેરે બતાવવા નક્કી કરેલી સંજ્ઞા.

કાર્યસંદેહ [સં.] પું. કામમાં શંકા.

કાર્યસંભાવ્યતા [સં.] સ્ત્રી. સામર્થ્ય; કાર્યશક્તિ.

કાર્યસાગર [સં.] પું. મોટું કામ.

કાર્યસાધક ૧. [સં.] વિ. કામ કરી લેનાર; કાર્યને સિદ્ધ કરનારું.
૨. વિ. કામ પૂરું કરે એવું.
૩. વિ. જરૂરનું; આવશ્યક.
૪. વિ. બાહોશ; નિપુણ.

કાર્યસાધકતા [સં.] સ્ત્રી. કામ પાર પાડવાની શક્તિ; કાર્યક્ષમતા.

કાર્યસાધકત્વ જુઓ કાર્યસાધકતા.

કાર્યસાધકસંખ્યા [સં.] સ્ત્રી. મંડળનું કાર્ય કરવાને જરૂરની નાનામાં નાની સંખ્યા.

કાર્યસાધના [સં.] સ્ત્રી. કામ પાર પાડવું તે; કામમાં સફળતા.

કાર્યસિદ્ધિ [સં.] સ્ત્રી. કામ પતી જવું તે; કામમાં ફતેહ; કામની પરિપૂર્ણતા.

કાર્યસૂચિ [સં.] સ્ત્રી. કરવાનાં કામોની યાદી; કાર્યાનુક્રમ.

કાર્યસૂચી જુઓ કાર્યસૂચિ.

કાર્યસ્થાન ૧. ન. કચેરી; કામ કરવાની જગ્યા; કાર્યાલય.
૨. ન. કારખાનું.

કાર્યસ્વાતંત્ર્ય [સં.] ન. પોતાની મેળે કામ કરવાની શક્તિ.

કાર્યહંતા ૧. [સં. કાર્યહન્ત્] વિ. કાર્યનો નાશ કરનાર; કામમાં હાનિ કરનાર.
૨. વિ. બીજાના હિત વિરુદ્ધનું.

કાર્યાકારણ ૧. [સં.] વિ. પૂરતું; કોઈ કામ વાસ્તે જોઈએ તેટલું; મતલબ જેટલું.
૨. ન. જરૂરી કામને લીધે; કામસર.

કાર્યાકાર્ય [સં.] ન. કરવા જેવું અને ન કરવા જેવું કામ.

કાર્યાક્ષમ [સં.] વિ. કામ કરવામાં અસમર્થ; કામ માટે અયોગ્ય; પોતાનું કામ ન કરી શકે એવું.

કાર્યાતિદેશ [સં.] પું. પાંચ જાતના અતિદેશ માહેનો એક. શાસ્ત્રમાં પાંચ જાતના અતિદેશ છે: (૧) શાસ્ત્રાતિદેશ, (૨) કાર્યાતિદેશ, (૩) નિમિત્તાતિદેશ, (૪) અપદેશાતિદેશ અને (૫) રૂપાતિદેશ.

કાર્યાધિકાર [સં.] પું. કોઈના વતી કામકાજ કરવાનો અખત્યાર.

કાર્યાધિકારી [સં.] પું. અમલદાર; કામ સોંપવામાં આવ્યું હોય તે પુરુષ.

કાર્યાધિપ ૧. [સં.] પું. જ્યોતિષમાં કહેલ વ્યાપારરૂપ કાર્યસ્થાનનો અધિપતિ; કર્મભાવાધિપ દશમસ્થાનનો અધીશ્વર.
૨. વિ. કામ ઉપર દેખરેખ રાખનાર.

કાર્યાધીશ [સં.] પું. કામ ઉપર દેખરેખ રાખનાર માણસ.

કાર્યાધ્યક્ષ [સં.] પું. મુખ્ય કાર્યકર્તા; અમલદાર

કાર્યાધ્યાસ [સં.] પું. (વેદાંત) અવિદ્યાજન્ય જ્ઞાનનું વિષયત્વ.

કાર્યાનુક્રમ જુઓ કાર્યક્રમ.

કાર્યાન્વિત ૧. [સં.] વિ. કામ સાથે જોડાયેલું; કાર્યપ્રવૃત્ત.
૨. પું. (વેદાંત) કાર્યના સંબંધવાળું

કાર્યાર્થ ૧. [સં.] પું. ઉદ્દેશ; પ્રયોજન.
૨ પું. કામનો હેતુ; થવાનું નિમિત્ત.
૩. પું. નોકરી માટેની અરજી.

કાર્યાર્થી ૧ [સં. કાર્યાર્થિન્] વિ. આજ્ઞા કરનાર; વિનંતિ કરે એવું
૨. વિ. કામ કે નોકરી શોધતું.
૩. વિ. કોઈ કામ સારૂ આવેલું; કામ કરવા કે કરાવવા ઇચ્છતું.
૪. વિ. પોતાનો હેતુ પાર પાડવા ઇચ્છતું.

કાર્યાલય ૧. [સં.] ન. કચેરી; કામ કરવાની જગા.
૨. ન. કારખાનું.

કાર્યાવલિ સ્ત્રી. કાર્યસૂચિ; કરવાનાં કામોની યાદી; પરિપાટી; કાર્યક્રમ.

કાર્યાવલી જુઓ કાર્યાવલિ.

કાર્યાવિદ્યા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અન્ય વસ્તુમાં અન્યની બુદ્ધિ, જેમકે, દેહાદિકમાં આત્મબાદ બુદ્ધિરૂપ ભ્રાંતિજ્ઞાન તે કાર્યાવિદ્યા છે. ૨. સ્ત્રી. (વેદાંત) ઉપાધિથી અવચ્છિન્ન ચૈતન્યને ઢાંકનારી અવિદ્યા. તેના ચાર પ્રકાર: (૧) અનિલ પદાર્થોદિક કણમાં નિત્યતા બુદ્ધિ, (૨) અશુચિ જોવાં પુત્ર સ્ત્રી વગેરેનાં શરીરમાં શુચિત્વ બુદ્ધિ, (૩) માણસ્યો, ચંદન, સ્ત્રી આદિક દુઃખરૂપ છે અને દુઃખના સાધનરૂપ છે તેમાં સુખરૂપ અને સુખના સાધનરૂપ બુદ્ધિ. (૪) આત્મ આત્માદિ અનાત્મા મિથ્યાત્મા છે અને પુત્ર સ્ત્રી આદિક જોયાત્મા છે તેમાં મુખ્યાત્માની ભ્રાંતિ.

કાર્યાસન ૧. [સં.] ન. કામ કરવાની જગ્યા; કાર્યાલય.
૨. ન. રાજકાજની બેઠક.

કાર્યિક ૧. [સં.] વિ. કામવાળું; જેને કામ હોય એવું.
૨. વિ. વાદવિવાદમાં રોકાયેલું.

કાર્યી ૧. [સં. કાર્યિન્] વિ. કાર્યયુક્ત; કામવાળું.
૨. વિ. કાર્યાર્થી; કામ શોધતું; ઉમેદવાર.
૩. વિ. વ્યાકરણપ્રસિદ્ધ આરોગ્યવાની.
૪. વિ. હેતુવાળું; કંઈ ઉદ્દેશ હોય એવું.

કાર્યેક્ષણ [સં.] ન. કામકાજમાં ધ્યાન રાખવાપણું.

કાર્યેંદ્રિય [સં.] સ્ત્રી. શારીરિક કર્મ કરવાની ઇંદ્રિય; કર્મેંદ્રિય.

કાર્યૈક્યસંમતિ સ્ત્રી. (વેદાંત) કામની અનુકૂળતા. અગ્નિ તથા પૃથ્વીમંત્રના જે બંને એક જ અનુમિતિરૂપ કાર્યનાં જનક હોય છે. માટે અગ્નિના નિરૂપણ પછી પૃથ્વીમંત્રનું નિરૂપણ તે કાર્યૈક્યસંમતિથી છે.

કાર્યોત્સાહ [સં.] પું. કામ કરવામાં હોંશ.

કાર્યોત્સાહી વિ. કામમાં હોંશવાળું.

કાર્યોદ્ધાર ૧. [સં.] પું. કામ પાર પાડવાપણું.
૨. પું. કરજ ભરપાઈ તે.

કાર્યોદ્યોગ પું. કામમાં રચ્યાપચ્યા રહેવું તે.

કાર્યોન્મુખ [સં.] વિ. કામ કરવા તરફ પ્રવૃત્તિવાળું.

કાર્યોપક્ષ પું. અઠવાડી માહેનો એ નામનો એક પક્ષ.

કાર્લી ૧. સ્ત્રી. મુંબઈ તરફના દરિયામાંથી મળતી એક જાતની માછલી.
૨. ન. દક્ષિણ હિંદનું એ નામનું એક ગામ. ત્યાંની ગુફાઓ પ્રસિદ્ધ છે.

કાર્વેલીચતુર્પુટ પું. (સંગીત) એક તિસ્રજાતિ નવ માત્રાનો તાલ.

કાર્શાકેય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કાર્શ્ય ૧. પું. વાયુરોગનો એક પ્રકાર. તે આખા શરીરને પાતળું કરે છે.
૨. [સં.] ન. કચૂરો નામની વનસ્પતિ.
૩. ન. કપૂરકચલી.
૪ ન. કૃશતા; નિર્બળતા; દુબળાપણું.
૫. ન. વટવૃક્ષ.
૬. ન. લાગનું ઝાડ.

કાર્શ્યહરલોહ ન. (વૈદક) શરીરનું પાતળાપણું દૂર કરવા વપરાતી લોહની રસાયન ગુણવાળી બનાવટ. તે બનાવવા સરેરાશ તુલસી, દંતીમૂળ, ત્રાયમાણ, હરડેદળ, બેહેડાં, આમળાં, સૂંઠ, મરી, પીપર, ચાવડિંગ, ખોખ, ચિત્રક, શતાવરી અને બળદાણા એ બધી ચીજ સમાન ભાગે લઈ બધાની બરાબર લોહભસ્મ મેળવી તેને ભાંગરાના રસની ભાવના આપવી.

કાર્ષ [સં.] પું. ખેતી કરનાર ખેડૂત.

કાર્ષક [સં.] પું. ખેડૂત.

કાર્ષાપણ ૧. પું. એક જાતનું નાણું. સુવર્ણ કાર્ષાપણ, રૌપ્ય કાર્ષાપણ અને તામ્ર કાર્ષાપણ એવા તેના ભેદ હતા. તેની કીમત અનુક્રમે પાંચ રૂપિયા, એક રૂપિયો અને અર્ધો આનો મનાય.
૨. પું. ખેડૂત.
૩. ન. ભોંયી રતિભારનું એક વજન; સોળ પણનું એક માપ.
૪. ન. ધન; પૈસો.

કાર્ષાપણિક ૧. [સં.] વિ. એક કાર્ષાપણ જેટલી કીમતનું.
૨ વિ. કાર્ષાપણથી ખરીદેલ.

કાર્ષિક ૧. [સં.] પું. એક કર્ષનું માપ; રૂપિયાભાર; પણનો ચોથો ભાગ.
૨. પું. ખેડૂત.

કાર્ષ્ણિ ૧. [સં.] વિ. કાળા મત્ર સંબંધી.
૨. વિ. કાળું.
૩. વિ. કૃષ્ણ જેનો દેવ હોય તેવું.
૪. વિ. કૃષ્ણ દ્વૈપાયન સંબંધી; વ્યાસ સંબંધી.
૫. વિ. કૃષ્ણ સબંધી.

કાર્ષ્ણાજિનિ [સં.] પું. કૃષ્ણાજિન ઋષિનો એ નામનો પુત્ર.

કાર્ષ્ણાયન ૧. [સં.] પું. વસિષ્ઠ ગોત્રનો આદ્યપુ.
૨. પું. વ્યાસનો ગોત્ર પુત્ર; વ્યાસ વંશીય આદ્યપુ.

કાર્ષ્ણાયસ ૧. [સં.] ન. પોલાદ; કાળું લોઢું
૨. વિ. કાળા લોઢાનું; પોલાદી.

કાર્ષ્ણાયસી સ્ત્રી. પોલાદી; કાળા લોઢાનું.

કાર્ષ્ણિ ૧. [સં.] પું. અગ્નિમન્યુનું એક નામ.
૨. પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી મુનીની કુખે થયેલા દેવ ગંધર્વોમાંના એકનું નામ.
૩. પું. કામદેવ.
૪. પું. વ્યાસનો પુત્ર; શુકદેવજી.
૫. પું. શ્રીકૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન.

કાર્ષ્ણ્ય [સં.] ન. કાળાપણું; કાળાશ.

કાર્ષ્ય ન. સામનું ગાન.

કાલ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) વખતની ગણતરી દાખવવી. તે ઉપરથી નીકળેલા શબ્દો: કાલ, અકાલ, કાલીન, સમકાલીન.

કાલ ૧. પું. અક્ષરનું તાંત્રિક નામ.
૨. પું. આંખનો કાળો ભાગ.
૩. પું. ઋતુ; મોસમ.
૪. પું. ઋતુવિચાર.
૫ પું. (પુરાણ) એ નામનો એક અસુર.
૬. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૭. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.
૮. પું. (પુરાણ) એ નામનો એક યોદ્ધો.
૯. પું. (જ્યોતિષ) એક યોગ, જે દિવસનો કરે છે અને જન્મ માટે અશુભ મનાય છે.
૧૦. પું. કલાલ.
૧૧. પું. કસમદ વૃક્ષ.
૧૨. પું. કાગડો.
૧૩. પું. કાળો રંગ.
૧૪. પું કાળો સાપ.
૧૫ પું કૃષ્ણપક્ષ.
૧૬. પું. કોયલ.
૧૭. પુ. ખંડ; વિભાગ.
૧૮. પું. ગણ્યાં મારવાં તે.
૧૯. પું. (જૈન) ચક્રવર્તીના નવ માંહેનું એ નામનું એક નિધાન. તેમાં બધી કારીગીરી તથા શિલ્પકર્મનો સમાવેશ થાય છે.
૨૦. પું. (તાંત્રિક) છત્રીસ તત્વો માંહેનું એ નામનું એક.
૨૧. પું. (સંગીત) જ્યાં કોઈ ન જાવે એવું માત્રાનું સ્થાન.
૨૨. પું. દુકાળ.
કાલ પડવો = દુકાળ પડવો.
૨૩. પું. (પુરાણ) ધ્રુવ નામના વસુનો એ નામનો દીકરો.
૨૪. પું. (ન્યાય) નવ દ્રવ્યો માંહેનું એ નામનું એક. નવ દ્રવ્યઃ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન.
૨૫. પું. (જૈન) પરમાધામીની એક જાત. તે નારકીને કડાયામાં રંધે.
૨૬. પું. પરમેશ્વર.
૨૭. પું. (જૈન) પિશાચ જાતના વ્યંતર દેવતાનો ઇંદ્ર.
૨૮. પું. પિશાચ દેવોની એક જાત
૨૯. પુ. પ્રાતઃકાળ.
૩૦. પું. જોલકણાપણું.
૩૧. પું. જોલવામાં થતા બદાર પ્રકારના દોષ માંહેનું એક; અક્ષરનું કંઠાદિ સ્થાન તજીને બીજા સ્થાનમાં જોલવું તે.
૩૨. પું. બ્રહ્માનું સ્વરૂપ.
૩૩. પું. જીવનકાળ; જિંદગી; અવતાર.
૩૪. પું. મૃત્યુ; મરણ
કાલ આવવો = મૃત્યુ આવવું.
૩૫. પું. મૃત્યુનો અભિમાની દેવ; યમરાજ.
૩૬. પુ. પુત્ર.
૩૭. પું રાતો ચિત્રક.
૩૮. પું. રાળ.
૩૯. પું. રહ; શિવ.
૪૦. [સં. કલ્ય; પ્રા. કલ્લ] પું. વખત; અવસર; સમય; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા પ્રકારના અવકારનો હેતુ.
૪૧. પું. વાતાવરણ; હવા.
૪૨. પું. (જૈન) વાયુકુમાર જાતિના દેવતાના ઇંદ્રનું નામ.
૪૩. પું. વિષ્ણુદેવનો એક વર્ગ.
૪૪. પું. વિષ્ણુનાં હથિયાર માંહેનું એક નામ.
૪૫. પું. શંકિત.
૪૬. પું. (જ્યોતિષ) શનિગ્રહ.
૪૭. પું. શબ્દ.
૪૮. પું. શંકરનો એ નામનો એક શત્રુ.
૪૯. પું. સમયનું માપ; વેળા.
૫૦. પુ. સવંત્સર એકસો આઠ માંહેનું એક નામ.
૫૧. પું. સ્થિતિ.
૫૨. પુ. હુંપદ.
૫૩. સ્ત્રી. આવતા દિવસની આગળ કે પાછળનો દિવસ.
૫૪. ન. (જ્યોતિષ) આઠ માંહેનું એ નામનું એક ચોસઠિયું.
૫૫. ન. (જૈન) આઠમા દેવલોકનું એ નામનું એક વિમાન.
૫૬. ન. એક જાતનું ગંધદ્રવ્ય.
૫૭. ન. કસ્તૂરી.
૫૮. ન. છત્રીસ દંડાયુધ માંહેનું એક.
૫૯. ન. (જૈન) જૂની ચીજને નવી અને નવી ચીજને જૂની બનાવનાર એ નામનું છ માંહેનું એક દ્રવ્ય.
૬૦. ન. લોઢું.
૬૧. ન. વાદળમંડળ માંહેનું એ નામનું પાંચમું પડ.
૬૨. વિ. ઈજા કરે એવું; નુકસાન કરે એવું.
૬૩. વિ. કાળા રંગવાળું; કાળું.
કાલરાત્રી = કાળી રાત; અંધારી રાત.
૬૪. વિ. મોટું.
કાલાચોર = મોટો ચોર.
૬૫. અ. ગઈ કાલે અથવા આવતી કાલે.
૬૬. અ. મોડા દિવસ ઉપર કે પછી; હમણાં.
કાલ ઊઠીને = ભવિષ્યમાં; આગળ જતાં.

કાલઉપકાર ન. દુષ્કાળનિવારણ કેસ.

કાલક ૧. પું. આંખની કીકી.
૨. પું. એ નામનો એક દેશ. પતંજલિ મહાભાષ્યકારના સમયમાં તેને આર્યાવર્તની પૂર્વ તરફની સીમા માનવામાં આવતી હતી.
૩. પું. એક રાક્ષસનું નામ. તે કાલકા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ કશ્યપનો એક પુત્ર હતો.
૪. પું. (ગણિત) કહેલ અવધિ રાશિની એક સંજ્ઞા.
૫. પું. કાળો પાણીનો સર્પ; અજગર નામનો પાણીનો સાપ.
૬. પું. તેત્રીસ પ્રકારના કેતુ પૈકી એક કેતુનું નામ.
૭. [સં.] પું. શરીર ઉપર થતું કાળું ચિહ્ન.
૮. સ્ત્રી. કરસીની ભાજી; એક જાતનું શાક.
૯. સ્ત્રી. કલહ; કાળી લીટી; લાંછન.
૧૦. સ્ત્રી. કાળાશ.
૧૧. ન. યકૃત; લીવર.
૧૨. વિ. કાળા રંગનું.

કાલકરણ [સં.] ન. વખત નક્કી કરવો તે.

કાલકર્ણિકા ૧. [સં.] સ્ત્રી. આફત; દુઃખ.
૨. સ્ત્રી. દુર્ભાગ્ય; દુર્દૈવ.

કાલકર્ણી જુઓ કાલકર્ણિકા.

કાલકર્મ [સં. કાલકર્મન્] ન. મરણ.

કાલકલાર્ક જી. અત્યંત ઘાટો રંગ; કિટોરિયસ્સ.

કાલકલાય [સં.] પું. કાળા વટાણા.

કાલકલ્પ [સં.] વિ. કાળા જેવું; મૃત્યુ સમાન.

કાલકલ્પવૃક્ષ ન. વખતનું પ્રમાણ બતાવનાર ઠોઠો.

પરમ તત્ત્વ અવ્યક્તાવ્યક્તપ્રેરક મૂળ.

|

૦

સ્મૃતિ–મહામાયાનિમેષ = ૧,૦૦૦ શિવનિમેષ
(૧) શિવનિમેષ ૧ = ૧,૦૦૦ વિષ્ણુઘટિકા
(૨) વિષ્ણુઘટિકા ૧ = ૧,૦૦૦ બ્રહ્મદેવ
(૩) બ્રહ્મદેવ ૧નું આયુષ્ય વર્ષ સો, ૭૨,૦૦૦ કલ્પ
(૪) ૨ કલ્પ = બ્રહ્મદેવનું અહોરાત્ર
(૨,૦૦૦ મહાયુગ)

(૫) ૧ કલ્પ બ્રહ્મદેવનો દિવસ — (૬) ૨ કલ્પ બ્રહ્મદેવનું અહોરાત્ર
(૭) ૧,૦૦૦ મહાયુગ — ૨,૦૦૦ મહાયુગ

(૮) ૧૪ મન્વંતર મનુ — (૯) ૧૫ મન્વંતર સંધિ

(૧૦) ૧ મન્વંતર

(૧૧) ૭૧ મહાયુગ — (૧૨) ૧૪ ઉદ્ધ

(૧૩) ૧ મહાયુગ = (૧૨,૦૦૦ દિવ્ય વર્ષ)

(૧૪) ૧ ચોકડી — (૧૫) ૧૦ અવતાર
(ભૌમ વર્ષ ૪૩,૨૦,૦૦૦)

(૧૬)	(૧૭)	(૧૮)	(૧૯)
૧ કૃતયુગ (સત્યયુગ)	૨ ત્રેતાયુગ	૩ દ્વાપરયુગ	૪ કલિયુગ
(૨૦)	(૨૧)	(૨૨)	(૨૩)
દિવ્યવર્ષો	દિવ્યવર્ષો	દિવ્યવર્ષો	દિવ્યવર્ષો
૪,૮૦૦	૩,૬૦૦	૨,૪૦૦	૧,૨૦૦
(૨૪)	(૨૫)	(૨૬)	(૨૭)
ભૌમ–પૃથ્વીનાં વર્ષો	ભૌમ–પૃથ્વીનાં વર્ષો	ભૌમ–પૃથ્વીનાં વર્ષો	ભૌમ–પૃથ્વીનાં વર્ષો
૧૭,૨૮,૦૦૦	૧૨,૯૬,૦૦૦	૮,૬૪,૦૦૦	૪,૩૨,૦૦૦

(૨૮) ૪૩,૨૦,૦૦૦ ભૌમ વર્ષો અગર ૧૨,૦૦૦ દિવ્યવર્ષો એટલે મહાયુગ

(૨૯) ૧ દિવ્યવર્ષ

(૩૦) ૬ સંવત્સરચક્ર — (૩૧) ૩૬૦ ભૌમવર્ષ
(૩૨) ૧ સંવત્સરચક્ર — (૩૩) ૬૦ ભૌમવર્ષ
(૩૪) ૬૦ ભૌમવર્ષ
(૩૫) ૧ ભૌમવર્ષ

(૩૬) ૧ દેવોનું (દિવ્ય, અહોરાત્ર)

(૩૭) ઉત્તરાયણ — (૩૮) દક્ષિણાયન
(૩૯) દેવોનો દિવસ અગર રાક્ષસોની રાત્રી — (૪૦) રાક્ષસોનો દિવસ અથવા દેવોની રાત્રી
(૪૧) ભૌમ ૬ માસ — (૪૨) ભૌમ ૬ માસ
(૪૩) ભૌમ અહોરાત્ર દિવસ ૧૮૦ — (૪૪) ભૌમ અહોરાત્ર દિવસ ૧૮૦

કાલકવન ન. બિહારમાં આવેલ રાજમહાલના ડુંગરાનું પ્રાચીન નામ.

કાલકવિ [સં.] પું. અગ્નિ.

કાલકવૃક્ષીય [સં.] પું. કાળવિદ્યા જાણનાર તે નામનો એક ઋષિ.

કાલકસ્તૂરી [સં.] સ્ત્રી. એક જાતની કસ્તૂરી.

કાલકંખી [સં. કાલકાંક્ષિન્] વિ. અવસર જાણનાર.

કાલકંજ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.
૨. ન. કાળું કમળ.

કાલકંઠક ૧. [સં.] પું. ભમરો; દારૂક.
૨. પું. મહાદેવ; શિવ.
૩. ન. કાળાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું ઔષધ.
૪. વિ. કાળા રંગટાવાળું.

કાલકંઠકર [સં.] પું. શિવ.

કાલકંઠ ૧. [સં] પું. ખંજન પક્ષી.
૨. પું. મકોડો.
૩. પું. જલકૂકડો.
૪. પું. દારૂક પક્ષી; ભમરો.
૫. પું. નીલકંઠ પક્ષી.
૬. પું. મોર.
૭. પું. શિવ.

કાલકંઠક જુઓ કાલકંઠ.

કાલકંઠી [સં. કાલકંઠ] પું. એક જાતનું પક્ષી. તેનો આકાર ચોકડાં જેવો, ચાંચ, કપાળ, ગળું, ગરદન તથા બધા ચળકતા કાળા રંગનાં, પીઠ અને પેટનો ભાગ કૈતરંગી, પાંખો સફેદ અને કાળી મંજરાળની હોય છે. તેની ચાંચ દોઢ વેંત લાંબી, કાળી, ભાલાં જેવી અણીદાર અને સીધી તેમ જ પગ લાલચોળ અને મજબૂતિયા રંગના હોય છે. આ પક્ષીને હિંદમાં લોહારજંઘ કહે છે.

કાલકંદ સ્ત્રી. કેરીની એક જાત. તે જૂન માસમાં પાકે છે. આ જાત સુલતાન ટીપુના બગીચામાંથી માલૂમ પડી છે. દરેક ફળનું વજન આશરે બાર ઔંસનું હોય છે.

કાલકંદક [સં.] પું. પાણીનો સાપ; જળસાપ.

કાલકંધ [સં.] પું. તમાલ વૃક્ષ.

કાલકા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેને કાલિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ત્રણ રગણ, ત્રણ નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ત્રેવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો હોય છે.
૨. સ્ત્રી. દક્ષપ્રજાપતિની એ નામની એક કન્યા અને કશ્યપની સ્ત્રી. તેને નરક અને કાલક નામના બે દીકરા થયા હતા.
૩. સ્ત્રી. (પુરાણ) વૈશ્વાનર દાનવની કન્યા અને મારીચ નામના અસુરની બહેનનું નામ.

કાલકાક્ષ [સં.] પું. (પુરાણ) ગરુડે મારેલ એક અસુરનું નામ.

કાલકામ પું. (પુરાણ) એ નામનો એક વિશ્વદેવ.

કાલકામક [સં.] પું. (પુરાણ) ખર રાક્ષસના ખર અમાત્યમાંના એકનું નામ.

કાલકારી [સં.] પું. શિવનું એક નામ.

કાલકાર્મુક [સં.] પું. ખરદૂષણની સેનાનો એક સેનાપતિ. તેને રામચંદ્રજીએ માર્યો હતો.

કાલકાલ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. મહાદેવ.
૩. પું. મૃત્યુનો વખત.
૪. વિ. કાળા રંગટાવાળું.

કાલકાંક્ષી ૧. વિ. અવસર જાણનાર.
૨. વિ. સમયની અપેક્ષા કરનાર.

કાલકીર્તિ [સં.] પું. એ નામનો એક રાજા. તે દુર્યોધન પક્ષમાં રહી લડ્યો હતો.

કાલકીલ [સં.] પું. અવાજ; કોલાહલ.

કાલકુટ [સં.] પું. હીરાળોળ; રસગંધ; ગંધરસ.

કાલકુંજ [સં.] પું. વિષ્ણુ.

કાલકુંઠ ૧. [સં.] પું. યમરાજ.
૨. ન. પર્વતની એક જાતની માટી.

કાલકૂટ ૧. [સં.] પું. ઝમરો.
૨. પું. (પુરાણ) અગ્નિ રેતમાં આવેલ એક પર્વત.
૩. પું. મોટો નાગ.

૪ પું હસ્તિનાપુરના અગ્નિકોણમાં આવેલો એક પ્રદેશ.
૫. ન. અફીણ.
૬. ન. એક જાતનું અઢારું ઝેર; કાળો વછનાગ.
૭. ન. એક જાતનું ગાંઠ.
૮. ન. સમુદ્રમંથનને અંતે નીકળેલું અને શિવે પીધેલું હલાહલ.

કાલકૂત ૧. [સં] પું. ત્રણ પ્રકારના પરિચ્છેદ માટેનો એ નામનો એક.
૨. પું. સૂર્ય
૩. વિ. ઉંચીનું આપેલું.
૪. વિ. નક્કી કરેલું; નીમેલું.
૫. વિ. સાંબા વખત સુધી કરેલું.
૬ વિ. વખતથી ઉત્પન્ન થયેલું.

કાલકેતુ [સં.] પું. એ નામનો અસુર. એક વાર નામના દૈત્ય રાજાએ એને માર્યો હતો.

કાલકેય ૧. [સં.] પું. કશ્યપ ઋષિની એ કાલકાનો દીકરો.
૨. પું. રાક્ષસોની એક જાત.

કાલકેરિયસ પું. પથ્થરની એક જાત.

કાલકેશી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; નીલી
૨. સ્ત્રી. કાળા કેશવાળી સ્ત્રી.

કાલકૈષિકા [સં.] સ્ત્રી., કાલી નસોતર.

કાલકોટડી (કાલકોટડી) સ્ત્રી. અંધારી કોટડી, એકાંતવાસ જેલ.

કાલકોટિ ન. (પુરાણ) નૈમિષારણ્યનું એ નામનું તીર્થ.

કાલક્રમ ૧. [સં.] પું. વખતનો ક્રમ; વખતનું પસાર થવું તે.
૨. ન. વખત જતાં

કાલક્રમણ ૧. [સં.] ન. વખતનું પસાર થવું તે
૨. ન. સલાટ

કાલક્રમદોષ [સં.] પું. કાલની ક્રમ ગણનામા કે સમજમાં થતો દોષ.

કાલક્રમાનુસારી પદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણ-શાસ્ત્રની એ નામની એક પદ્ધતિ. કાળના ક્રમ પ્રમાણે એટલે વર્ષાનુક્રમે આદિથી તે અંત સુધી ઇતિહાસ શીખવવાની રીત.

કાલક્રમે અ. વખત જતાં.

કાલક્રિયા ૧. [સં.] સ્ત્રી. મૃત્યુ.
૨. સ્ત્રી. વખત નક્કી કરવો તે.

કાલક્ષેપ ૧. [સં.] પું. દિલગીરીમાં દિવસો પસાર કરવા તે.
૨. પું. વખત પીતાડવાપણું.
૩. પું. વિલંબ; ઢીલ.
૪. વિ. વખત ગુમાવનારું.

કાલક્ષેપક [સં.] વિ. વખતનો બગ કરનારું; સમય ગુમાવનારું.

કાલક્ષેપણ [સં.] ન. કાળ ગાળવો તે.

કાલખ ૧. [સં.] સ્ત્રી. કાળાશ.
૨. સ્ત્રી. ખીજવણિતમાં કહેલ અવ્યક્ત રાશિની એક સંજ્ઞા.
૩. સ્ત્રી. શરીર ઉપર થતું કાળું ચિહ્ન.

કાલખંજ ૧. [સં.] પું. એક જાતનો દાનવ.
૨ ન. કાળજું.

કાલખંજન [સં.] ન. કાળજું; યકૃત.

કાલખંડ ૧. [સં.] પું. અમુક વખત.
૨. પું. કાળજું; યકૃત.

કાલખેપન જુઓ કાલક્ષેપણ.

કાલગણન [સં.] ન. કાલમાન; ઘટિયંત્ર; ઘડિયાળ.

કાલગણના [સં.] સ્ત્રી. સમયની ગણતરી. કશ્યપ સંહિતા પ્રમાણે કાલની ગણનાનું કોષ્ટક નીચે પ્રમાણે છે:

૧૮ નિમિષ	=	૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા	=	૧ કલા
૩૦ કલા	=	૧ ક્ષણ
૧૨ ક્ષણ	=	૧ મુહૂર્ત
૧૨ મુહૂર્ત	=	૧ અહોરાત્ર
૧૫ અહોરાત્ર	=	૧ પક્ષ
૨ પક્ષ	=	૧ માસ
૨ માસ	=	૧ ઋતુ
૩ ઋતુ	=	૧ અયન
૨ અયન	=	૧ વત્સર

ભૃગુ સંહિતા પ્રમાણે કાલની ગણના નીચે પ્રમાણે છે:

૨ માત્રા	=	૧ અક્ષર
૨ અક્ષર	=	૧ લવ
૨ લવ	=	૧ ક્ષણ
૩૦ ક્ષણ	=	૧ વિપલ
૬૦ વિપલ	=	૧ પલ
૬૦ પલ	=	૧ ઘટિકા
૬૦ ઘટિકા	=	૧ અહોરાત્ર
૩૦ અહોરાત્ર	=	૧ માસ
૧૨ માસ	=	૧ અબ્દ
૫ અબ્દ	=	૧ યુગ

કાલગત [સં.] વિ. મરણ પામેલ.

કાલગંગા ૧. [સં.] સ્ત્રી. યમુના નદી.
૨. સ્ત્રી. સહ્યાદ્રિની એ નામની એક નદી.

કાલગંડૈત પું. ધોળાં ટપકાંવાળો સાપ.

કાલગંધ ૧. [સં.] પું. એક જાતનો સર્પ.
૨. પું. કાળું અગર.
૩. પું. કાળું ચંદન.
૪. પું. મોટો કાળ.

કાલગુણ [સં.] પું બ. વ. (વેદાંત) કાલના પાંચ ગુણ; સંખ્યા, પરિમાણ, પૃથક્‌ત્વ, સંયોગ અને વિભાગ.

કાલગૌતમ [સં.] પું. એક ઋષિ.

કાલગ્રસ્ત [સં.] વિ. અવાવરુ; કાળનો ગ્રાસ થયેલું.

કાલગ્રંથિ [સં.] પું. વર્ષ.

કાલઘટ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કાલઘાતી [સં. કાલઘાતિન્] વિ. ધીમે ધીમે મારી નાખે એવું.

કાલઘડી સ્ત્રી. કાળરૂપી ઘડી.

કાલચક્ર ૧. [સં.] ન. એક અસ્ત્રનું નામ; વિશ્વામિત્રે રામને આપેલ એક અસ્ત્ર.
૨. ન. એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી મળીને જેટલો વખત થાય તેટલો વખત.
૩. ન. નસીબનું ચક્ર; ભાગ્યનું ચક્ર.
૪. ન. પૈડું.
૫. ન. બાર આરાવાળું કાળરૂપી ચક્ર; કાળનું ચક્ર એટલે પૈડું.
૬. ન. માણસની દશા જોવા માટેની એક પદ્ધતિ. આ પદ્ધતિ કોષ્ઠીએ હાલમાં છપાયેલ નથી, કારણકે બીજી રીતો કરતાં આ રીત અઘરી છે.
૭. ન. મોટી આફત.
૮. ન. વખતનું કુંડાળું.
૯. ન. સાઠકલ.
૧૦. ન. સૂર્ય.

કાલચક્રયાન [સં.] પું. બૌદ્ધ ધર્મનો એક પંથ તે લગભગ ૧૦મી સદીમાં શરૂ થયો હતો.

કાલચંપા [સં.] સ્ત્રી. ભાગલપુરની પશ્ચિમે ચાર માઈલ ઉપર પ્રાચીન કાળમાં આવેલી નગરીનું નામ.

કાલચારી [સં. કાલચારિન્] વિ. પોતાના ઠરાવેલા સમયે ચાલનાર.

કાલચિહ્ન [સં] ન. મોતની નિશાની.

કાલચિંતક [સં.] પું. જ્યોતિષી.

કાલચૂરી ન. એક જાતનું પક્ષી. તેની પીઠ કાળી હોય છે.

કાલચ્છેદકૂત [સં. કાલચ્છેદકૂત] પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

કાલચ્છેદી [સં.] પું. વિષ્ણુ.

કાલછર જી. રજપૂતની એક જાત.

કાલજ ન. કાળજું.

કાલજિત પું. (પુરાણ) બ્રહ્મપુત્રો એ નામનો સેનાપતિ.

કાલદગ્ધક [સ.] ન. સાલ્મલિ. તે રંગે કાળું હોવાથી કાલદગ્ધક કહેવાય છે.

કાલદગ્ધું [સં.] વિ. સમયને લઈ ભાંગી તૂટી ગયેલ.

કાલદુબ્ભારી પું. મોટો જુગારી.

કાલજ્ઞ ૧. [સં] પું. જોશી.
૨. પું. મુરબ્બો.
૩. વિ. સમયની યોગ્યાયોગ્યતાને જાણનાર.

કાલજ્ઞતા [સં.] સ્ત્રી. દેશકાળની ઓળખાણ.

કાલજ્ઞાન ૧. [સં.] ન. કાળ સંબંધી જ્ઞાન.
૨. ન. જ્યોતિષશાસ્ત્ર.
૩. ન. મૃત્યુસાપક એક સિદ્ધ

કાલજ્ઞાની ૧. [સં. કાલજ્ઞાનિન્] પું. શંકર.
૨. વિ. કાળને જાણનારું.

કાલજ્યેષ્ઠ [સં.] વિ. ઉમરમાં મોટું.

કાલજ્વર [સં.] પું. બગાળ તરફ થતો મોત નિપજાવે એવો એક જાતનો તાવ. પુષ્કળ પાણીવાળા દેશમાં પુષ્કળ ભેજવાળી હવા અને એક પ્રકારનાં જંતુઓના વિષથી આ રોગ પ્રસરે છે. તેમાં દરદીની બરોળ એકદમ વધી જાય છે અને જઠરાગ્નિ મંદ પડે છે. શરીર એકદમ નબળું બની જઈ નખ અને ચામડીનો રંગ ઝાંખો કાળો પડી જાય છે. નાકમાંથી અને દાંતના પેઢામાંથી ઠોઠી ઠોઠી વખત લોહી નીકળે છે અને સંગ્રહણી કે પાંડુના દરદીની જેમ હાથ, પગ અને ચહેરા ઉપર સોજા દેખાય છે.

કાલડી ન. કેરલ દેશમાં પૂર્ણા નદીને કિનારે વૃષાદ્રિ પર્વત નજીક આવેલ એ નામનું એક ગામ; શહાલી. તે શંકરાચાર્યની જન્મભૂમિ મનાય છે.

કાલદીન પું. કાળો માણસ.

કાલડી (કાલડી) ૧. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડાની એક જાત.
૨. વિ. ગરીબ; કંગાલ.

કાલતરંગ [સ.] પું. વખતરૂપી મોજું.

કાલતાલ ૧. [સં.] પું. તમાલ વૃક્ષ.
૨. વિ. કાળા તાળવાવાળું.

કાલતિલક ૧. [સં.] ન. બરાબર પીસુનું ઝાડ.
૨. ન. ગોરોચન.

કાલતીર્થ [સં.] ન. કોઈક દેશમાં આવેલું એ નામનું તીર્થ.

કાલતુષ્ટિ [સં.] સ્ત્રી. એક જાતનો સંતોષ; સમય આવશે ત્યારે આ વાત એની મેળે બનશે એમ માનીને રખાતો સંતોષ.

કાલતોયક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કાલત્રય [સં.] પું. ત્રણે કાલ; ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો સમૂહ.

કાલત્વ ૧. [સં.] ન. કાળાશ.
૨. ન. સમય; વખત.

કાલદંડ [સં.] પું. મહાભારતમાં જણાવેલા એક દેશ.

કાલદમન [સં.] ન. એ નામનું એક પુરાણ.

કાલદમની [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કાલદંડ ૧. [સં.] પું. (જ્યોતિષ) અક્ષવીક્ષ ઉપયોગમાનો એક. તે બાર ઉપજાવે છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; સંમાર્ગ. તેના દરેક ચરણમાં બે નગણ અને સોળ રગણ મળી ત્રોપન અક્ષર હોય છે.
૩. પું. યમનો દંડ.

કાલદંતક ૧. [સં.] પું. એ નામનો એક નાગ.
૨. વિ. કાળા દાંતવાળું.

કાલદંષ્ટ્રુ [સં.] પું. (પુરાણ) એ નામનો દૈત્ય.

કાલદા પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

કાલદાત્રી [સં.] સ્ત્રી. સ્વાહાનું એક નામ.

કાલદુમા ન. કાળી પૂંછડીવાળું એક જાતનું પક્ષી

કાલદેવલ [સં.] પું. એ નામનો એક ઋષિ. તે યુધિષ્ઠિર રાજાનો પુરોહિત હતો. તેણે સિદ્ધાર્થનું જ્યોતિષ જોઈ ભવિષ્ય કહ્યું હતું.

કાલદોષ ૧. [સં.] પું. કાળબુદ્ધમ.
૨. પું. સમય વિરોધનો દોષ.

કાલદોષનિવારક [સં.] પું. વિષ્ણુ.

કાલધર્મ ૧. [સં.] પું. અવસાન; અંત; મૃત્યુ.
૨. પું. ઋતુ; મોસમ.
૩. પું. સમયને યોગ્ય એવો ધર્મ; કર્તવ્ય કર્મનો માર્ગ
૪. પું. સમયનો સ્વભાવ; સમયનો નિયમ.

કાલધર્મપ્રવર્તક [સં.] પું વિષ્ણુ.

કાલધારણા [સં.] સ્ત્રી. વખત લંબાવવો તે.

કાલધ્વાન પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, નગણ, યગણ, ગુરુ અને ગુરુ એમ ચૌદ અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

કાલધ્વાંત જુઓ કાલધ્વાન.

કાલનર ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા. સોમવંશી યયાતિપુત્ર અનુરાજાનો પૌત્ર.
૨. [સં.] પું. (જ્યોતિષ) માણસના શરીરની આકૃતિ.

કાલનાથ ૧. [સં.] પું. કાલભૈરવ.
૨. પું. મહાદેવ.

કાલનાભ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.
૨. પું. હિરણ્યાક્ષ અસુરના એક પુત્રનું નામ.

કાલનારક [સં.] પું. વિષ્ણુ.

કાલનિદ્રા ૧. [સં.] સ્ત્રી. ગાઢ ઊંઘ.
૨. સ્ત્રી. મોતની નિદ્રા; મરણનિદ્રા.

કાલનિધિ પું. શંકર.

કાલનિયોગ ૧. [સં.] પું. કાળે કરેલો નિયમ.
૨. પું. દેવાજ્ઞા; ઈશ્વરી હુકમ.
૩. પું. દૈવ.

કાલનિરુપણ ૧. [સં.] ન. કાલગણન વિદ્યા.
૨. ન. વખતની આખ્યા.
૩. ન. સાલવારી.

કાલનિર્ણય [સં.] પું. વખતનો નિર્ણય કરવો તે.

કાલનિર્ણય [સં.] પું. અવધિબાધ; કાળનો બંધુસ; વખતની મર્યાદા.

કાલનિર્યાસ [સં.] પું. રાળ જેવો એક સુગંધી પદાર્થ; ગૂગળ.

કાલનિશા ૧. [સં] સ્ત્રી. અત્યંત કાળી રાત; અંધારી ભયાનક રાત.
૨. સ્ત્રી. દિવાળીની રાત.

કાલનેમિ ૧ [સ.] પું. (પુરાણ) એક દાનવ. તેણે દેવતાઓને હરાવી સ્વર્ગ ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો. તે પોતાના શરીરના ચાર ભાગ કરી બહુ કાર્ય કરતો હતો. અંતમાં તે વિષ્ણુના હાથે મરાયો અને બીજા ભવમાં કંસ થયો.
૨. પુ. કપટ.
૩. પું. (પુરાણ) લંકાનો એક રાક્ષસ; રાવણનો મામો. યુદ્ધમાં લક્ષ્મણ મૂર્ચ્છિત થયો અને દ્રોણાચળ પર્વત ઉપરથી ઔષધિ લાવવાને મારુતિ જતો હતો ત્યારે તેનો નિરોધ કરવાને રાવણે આને મોકલ્યો હતો. એ ઋષિનો વેશ ધારણ કરીને રસ્તામાં બેઠો હતો. મારુતિ ત્યાં

પાણી પીતાને જોયો. કાલનેમિએ હનુમાનને જમવાનું આમંત્રણ આપ્યું. તે નહિ સ્વીકારતાં તે નાહવા ગયો. પાણીના ખાબોચિયામાં પગ મૂકતાં એક મગર તેનો પગ ગળવા લાગી. હનુમાને મગરને પાણી બહાર ખેંચી મારી નાખી. કાલનેમિનું કપટ રૂપ તરત જ કળી જઈ બિલકુલ ખોટી નહિ થતાં એને મારી પોતે ઔષધિ લેવા આગળ ગયો.

૪. પું. વખતરૂપી ચક્રનો આરો.

૫. પુ. હિરણ્યકશિપુનો એ નામનો પુત્ર.

કાલનેમિરિપુ ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. વિષ્ણુ.

કાલનેમિશિરશ્છેદી [સં. કાલનેમિશિરશ્છેદિન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાલનેમિહર ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. વિષ્ણુ.

કાલનેમિહા [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

કાલનેમ્યરિ ૧. [સં.] પું. કૃષ્ણ.

૨ પું. વિષ્ણુ.

કાલપ ૧. સ્ત્રી. કાળાશ.

૨. સ્ત્રી. મેશ.

કાલપક્ષ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

કાલપણ ન. ઝાઝું ઝાઝું બોલવાની ટેવ.

કાલપથ [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો પુત્ર

કાલપરમાણુ પું. (જૈન) સૂક્ષ્મમાં સૂક્ષ્મ વખત.

કાલપરિચ્છેદ ૧. [સં.] પું. કાળથી મર્યાદિત હોવાપણું

૨. પું. (વેદાંત) પ્રાગભાવનું તથા પ્રધ્વંસાભાવનું પ્રતિયોગીપણું. જેમકે ઘડાનો પોતાની ઉત્પત્તિથી પૂર્વે કાર્યકારણમાં પ્રાગભાવ રહેલો છે, તથા નાશ પછી કપાલમાં પ્રધ્વંસાભાવ રહેલો છે. તે બંને અભાવનું પ્રતિયોગીપણું જે ઘટમાં રહેલું છે તે કાલપરિચ્છેદ છે.

૩. પું. સમયનો વિભાગ.

કાલપરિપાક [સં.] પું. સમયનું જરાઈ જવું તે, વખતનું આવી લાગવાપણું.

કાલપરિહીન ન. વિલંબ, ઢીલ.

કાલપર્ણ [સં] ન. કાળાં પાદડાંવાળું ઝાડ.

કાલપર્ણિકા જુઓ કાળુ નસોતર.

કાલપર્ણી જુઓ કાલપર્ણિકા.

કાલપર્યાય પું (જૈન) મોતને વખતે કરવાનો સંલેખના વિધિ.

કાલપર્વત [સં.] પું. હિમાલય પર્વતની પાસેનો તે નામનો એક પર્વત.

કાલપર્વતક પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે દેખાવમાં સુંદર હોય છે.

કાલપા પું. (જૈન) ચોરાસી મહિનો એ નામનો એક સિદ્ધ.

કાલપાશ ૧. પું. જબરું બંધન.

૨. [સં. કાલ (યમ) + પાશ (ફાંસો)] પું. મૃત્યુપાશ; યમનો ફાંસો.

૩. પું. સમયનું બંધન

કાલપાશિક [સં.] પું. ફાંસી આપનાર માણસ.

કાલપાસ પું. ખસકો.

કાલપાહ જુઓ કાલપાત્ર.

કાલપિલુક ન. જેરડોચલું.

કાલપીલુ [સં.] ન. એક જાતનું બરાબ પીણું.

કાલપુચ્છ ૧. [સં.] પું. ચકલો.

૨. પું. રાહુગ્રહ.

૩. વિ. કાળા પૂંછડાવાળું.

કાલપુરુષ ૧. [સં.] પું. ઈશ્વરનું વિરાટ સ્વરૂપ.

૨. પું. કાલ; યમરાજ.

૩. પું. ગગનમંડળમાં રહેલ પુરુષાકાર એક વાયુચક્ર

૪. પું. જ્યોતિષશાસ્ત્ર.

૫. પું. (જૈન) પુરુષવેદ નામના કર્મનો અનુભવ કરનાર માણસ.

૬. પું. યમદૂત.

કાલપૂરુષમંડળ ન. (જ્યોતિષ) મૂળ નક્ષત્ર.

કાલપૃષ્ઠ ૧. [સં.] પું. એક જાતનો મૃગ. તેની પીઠ કાળી હોય છે.

૨. પું. ક્રૌંચ પક્ષી

૩. ન. કચ્છનું ખનીજ.

૪. ન ખનીજ.

કાલપેષિકા [સં.] સ્ત્રી. કાળુ જીરું.

કાલપેષી ૧. [સં.] સ્ત્રી. કાળુ જીરું.

૨ સ્ત્રી. રસોઈમાં વપરાતા.

કાલપોટ્યા પું. કાળી ખાતીબાવળ પક્ષી.

કાલપ્રતિલેખના સ્ત્રી. (જૈન) વખતનું નિરીક્ષણ; જે વખતે જે ક્રમ કરવા શાસ્ત્રમાં બતાવ્યું હોય તે બાબતમાં સાવધ રહેવાપણું.

કાલપ્રભાત [સં.] ન. શરદ ઋતુ.

કાલપ્રમાણ [સં.] ન. વખતનું પ્રમાણ.

કાલપ્રમેહ [સં.] પું. (વૈદક) એક જાતનો પ્રમેહનો રોગ. તેમાં કાળા પેશાબ આવે છે. સુશ્રુતમાં આને અસૃગ્દર કહેલ છે

કાલપ્રરૂઢ ૧. [સં.] વિ. અતિશય પકવ

૨. વિ. અત્યંત પ્રફુલ્લ.

કાલપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. સમયની પ્રવૃત્તિ.

કાલપ્રેરિત [સં.] વિ. સમયથી પ્રેરાયેલું.

કાલફેરો પું. દેશી રાજ્ય તૈયાર કરવા માટે તેની ઊંડાઈનું માપનું બતાવેલું પાટિયું.

કાલબદ્ધ ન. શાકત મત પ્રમાણે વિશ્વનું એક રૂપ.

કાલબલ ન. જમાનાનો પ્રભાવ; યુગમહિમા; સમયનું પ્રાબલ્ય.

કાલબલન [સં.] ન. બખ્તર.

કાલબલિ ન. એ નામનું એક બ્રાહ્મણ.

કાલબંજર પું. લાંબા વખત મુદ્દી ઉજ્જડ રહેલો દેશ.

કાલબંડ પું. એ નામની એક વનસ્પતિ. તેમાંથી ઔષધો થાય છે.

કાલબંધ જુઓ કાલપાશ.

કાલબાય પું. ચાકર

કાલબાહ્ય [સં.] વિ. સમય બહારનું.

કાલબિરોધ પું. વખતની બજતરીમાં ચૂક.

કાલબુત વિ. કારજભૂત.

કાલબુદ્ધ [કા.] પું. મનુષ્યદેહ; શરીર.

કાલબૂહ ૧. [કા. કાલ્બુત (શરીરનું બોખું)] ન. બોડું; પાલો; મૂળ

૨. ન. ખાટ; બીબું

૩. ન. જોડાની અંદર ઠોકવાનું પગના માટનું લાકડું

૪. ન. માટીનું પૂતળું.

૫. ન. મૂર્ખ.

કાલબૂત જુઓ કાલબૂહ.

કાલભક્ષ [સં] પું. ચકર

કાલભાતી [સં.] પું. કાળના જેવી કાંતિવાળો પુરુષ; ડગમગ્યો પુરુષ.

કાલભાયી વિ. વિકરાળ; બિહામણું.

કાલભિદુક ન. જેરડોચલું.

કાલભૂત [સં.] પું. સર્પ.

કાલભેદ [સં.] પું. સમયનો તફાવત.

કાલભૈરવ ૧. [સં.] પું. એ નામનો શંકરનો એક અંશ. તે કાશીનો ક્ષેત્રપાળ દેવ મનાય છે.

૨. પું. શંકર; શિવ.

૩. ન. એ નામનું એક તંત્ર.

કાલભૈરવજયંતી જુઓ કાલભૈરવાષ્ટમી.

કાલભૈરવાષ્ટમી [સં.] સ્ત્રી. માગશર વદિ આઠમ. કાલભૈરવની પૂજા કરી આ દિવસ ઊજવાય છે

કાલભોજન [સં.] ન. બરાબર ભૂખ લાગે ત્યારે જમવાપણું.

કાલમ વિ. કાળું.

કાલમકાલ ૧. સ્ત્રી. કજિયો.

૨. સ્ત્રી. વાતચીત.

૩. સ્ત્રી. વાદવિવાદ; ચર્ચા

કાલમયૂખ [સં.] પું. એ નામનો એક સ્મૃતિગ્રંથ

કાલમર્યાદા ૧. [સં.] સ્ત્રી. અવધિ; મુદત; હદ.

૨. સ્ત્રી. આવરદા; જિંદગી.

કાલમસી [સં.] સ્ત્રી એ નામની એક નદી.

કાલમહી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

કાલમહોદધિ [સં] પું. વખતરૂપી મહાન સાગર

કાલમાધવ ન. ભારતવર્ષનું એ નામનું પીઠસ્થાન. અહીં સતીનો ડાબો નિતંબ પડ્યો હતો.

કાલમાન ૧. [સં.] સ્ત્રી. કાળી તુલસી.

૨. ન. ઋતુનું એટલે વાતાવરણનું આકલન કરવું તે.

૩. ન ઘડીયંત્ર; ઘડિયાળ.

૪ ન. વખતનું માપ. ૩૬૦ દિવસ = ૧ વર્ષ (માનુષ), ૧૭,૨૮,૦૦૦ વર્ષ = કૃતયુગ, ૧૨,૯૬,૦૦૦ વર્ષ = ત્રેતાયુગ, ૮,૬૪,૦૦૦ વર્ષ = દ્વાપરયુગ, ૪,૩૨,૦૦૦ વર્ષ = કલિયુગ, ૪ યુગ = મહાયુગ એટલે ૪૩,૨૦,૦૦૦ વર્ષ, ૭૧ મહાયુગ = મન્વંતર એટલે ૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષ, ૧૪ મન્વંતર = ૪૩૫, ૨ કલ્પ = ૧ દિવસ, ૩૬૦ દિવસ = ૧ વર્ષ, ૧૦૦ વર્ષ = મહાકલ્પ. આ મધુનામાં યુગસંખ્યા, મન્વંતરસંખ્યા તથા કલ્પસંખ્યા લખેલી છે

૫. ન. સજીવોની યોગ્યાયોગ્યતાની મજબૂતી.

કાલમાનવિદ્યા [સ.] સ્ત્રી. સૂર્યગ્રહના ભ્રમણ પ્રમાણે કાળના વિભાગ પાડવાની રીત. કાલજ્ઞાનવિદ્યા.

કાલમાનવેત્તા [સ.] પું. કાલમાનવિદ્યામાં નિપુણ; કાલમાનશાસ્ત્રો. કાળક્રમનિર્ણાયક; ભૂતકાળના વૃત્તાંતની સાલ, તારીખ વગેરે નક્કી કરી કહેવાર જોડનાર માણસ.

કાલમાનશાસ્ત્રી જુઓ કાલમાનવેત્તા.

કાલમાપક ૧. [સં.] ન. વખત માપવાનું યંત્ર ઘડિયાળ.

૨. વિ. સમયને માપે એવું.

કાલમાપકયંત્ર [સં.] ન. ઘટિકાયંત્ર; ઘડિયાળ.

કાલમાસ [સં.] પું. મરણનો સમય.

કાલમાસિની સ્ત્રી. મુવાયડ નજીક હોય એવી, ગર્ભવતી સ્ત્રી.

કાલમુક સ્ત્રી. અર્વાચીન અક્ષરવન લિપિ માફેની એ નામની એક.

કાલમુખ ૧. પું. એ નામનો એક રાક્ષસ.

૨. પું. એક જાતનો શૈવસંપ્રદાય. આ પંથના લોકો શિવને ભૈરવ તરીકે પૂજે છે, ખોપરીમાં ખોરાક ખાય છે, મરી ગયેલા શરીરની રાખ ચોળે છે, રાખ ખાય છે, દંડ ધારણ કરે છે, દારૂનું પાત્ર હાથમાં રાખે છે અને ભૈરવની પ્રાર્થના કરે છે. કોઈક વાર તેમને સાર્વજનિક સ્થળે જૂલી જવાય છે. તેઓ કપાળમાં તથા જટામાં રુદ્રાક્ષની માળા પહેરે છે. રામાનુજ તેમને મહાવ્રતી કહે છે, કેમકે તેઓએ મનુષ્યની ખોપરીમાં ખાવાનું મહાવ્રત લીધું હોય છે.

૩ ન. એક જાતનું વાંદરું.

૪. વિ. કાળા મોંવાળું.

કાલમુખીયોગ પું. (જ્યોતિષ) પાંચમે મંગળ, ચોથે ચંદ્રમા, નોમે કૃત્તિકા, બીજે અનુરાધા અને આઠમે રોહિણી નક્ષત્ર હોય એવો યોગ.

કાલમુખું ૧. વિ. અપશુકનિયાળ.

૨. વિ. કાળા મોંવાળું.

કાલમુદ્ગા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

૪. વિ. કાળા મોઢાવાળું.

કાલમુદ્ગ જુઓ કાલમુખું.

કાલમૂત્ર [સં.] પું. કાળા રંગનો પેશાબ ઊતરવાનો રોગ.

કાલમૂલ [સં.] ન. ચિત્રકનું ઝાડ.

કાલમૃગ [સં.] પું. એક જાતનું કાળું હરણ.

કાલમેખલા [સં] સ્ત્રી. દ્રાક્ષ.

કાલમેઘ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે પ્રવિષ્ટાને મળતી છે અને કફ, પિત્ત તથા તાવનો નાશ કરે છે.

કાલમેઘા સ્ત્રી. આંબાની એક સારી જાત.

કાલમેઘિકા જુઓ કાલમેઘી.

કાલમેઘી ૧. [સ.] સ્ત્રી. કાળું નસોતર.

૨. સ્ત્રી. બાવચી.

૩. સ્ત્રી મજીઠ.

૪. સ્ત્રી. રાસ્નાદિ

કાલમેહ જુઓ કાલમૂત્ર.

કાલયવન પું. (પુરાણ) એ નામનો યવન રાજા. કોઈ યવન રાજાએ યાદવોના પરાભવ સારૂ પોતાની સ્ત્રીની કૂખે ગર્ગ મુનિ પાસે તેને ઉત્પન્ન કરાવેલો હતો. તે મોટો પ્રતાપી અને યાદવોથી જિતાય નહિ એવો હતો. તેણે યાદવો ઉપર ચઢાઈ કરી અને જબરદસ્ત સંગ્રામ થયો. કૃષ્ણને લાગ્યું કે આનો પરાભવ થાય એમ નથી. તેથી તેણે તેને યુક્તિથી મારવાનો વિચાર કર્યો. યુદ્ધમાંથી પોતે નાસવાનો ઢોંગ કરીને તે ઢોલ્યા કાલયવન પાછળ પડીને તેની પાછળ દોડ્યો. એમ દોડતાં દોડતાં કૃષ્ણે પોતે પર્વતની જે ગુફામાં મુચકુંદ રાજા ઊંઘતો હતો તેમાં જઈ પોતાનું ઉત્તરીય મુચકુંદ રાજાને ઓઢાડી પોતે યુદ્ધના અંધારા ખૂણામાં સંતાઈને શું થાય છે તે જોવા ઊભા. કાલયવને ત્યાં આવીને કૃષ્ણ ઢોંગ કરીને સૂતા છે એમ માનીને લાત મારી. મુચકુંદ જાગી ઊઠ્યા. એમણે આંખ ઉઘાડી અને કાલયવન ઊભો હતો તેના સામું ક્રોધ ભરેલી દૃષ્ટિથી જોયું. મુચકુંદના ક્રોધાગ્નિથી કાલયવન તરતજ બળીને ભસ્મ થઈ ગયો. પછી કૃષ્ણ અને મુચકુંદ મળ્યા. ત્યાર બાદ મુચકુંદ ઉત્તરમાં ગયો અને કૃષ્ણ દ્વારકા પાછા આવ્યા.

કાલયુક્ત ૧. [સં.] પું. પ્રભવથી બાવનમો સંવત્સર.

૨. વિ. મૃત્યુથી જોડાયેલું; મરણાધીન.

કાલયુક્તાબ્દિ [સ.] પું. એ નામનો એક સંવત્સર.

કાલયોગ ૧. [સં.] પું. કાળનો સંબંધ.

૨. પું. ભવિષ્ય.

કાલયોગી ૧. [સં. કાલયોગિન્] પું શાકર.

૨. વિ. કાળના સંબંધવાળું

કાલર ૧ પું. કોટ, અંગરખા કે પહેરણની પટ્ટી.

૨. [અં. કૉલર] પું. ગળે બાંધવાનો પટ્ટો.

૩. સ્ત્રી. કડબની નાની ભારી

કાલરા પું. ગોનળિયું.

કાલરાત્રિ ૧. [સં.] સ્ત્રી. આસો વદિ ચૌદશની રાત. ત્યારે દક્ષ પ્રજાપતિને ત્યાં સતી જન્મ્યાં હતાં.

૨. સ્ત્રી ઘોર અંધારી રાત.

૩. સ્ત્રી. દિવાળીની રાત.

૪. સ્ત્રી. દુર્ગા દેવીની એક મૂર્તિ.
૫. સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.
૬. સ્ત્રી. પ્રલયકાળની રાત.
૭. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતામાંની એક.
૮. સ્ત્રી. અમાની રાત.
૯. સ્ત્રી. મહાકાળીના જન્મની રાત.
૧૦. સ્ત્રી. માણસની જિંદગીના સત્તોતેરમા વર્ષના સાતમા મહિનાના સાતમા દિવસની રાત.
૧૧. સ્ત્રી. મૃત્યુની રાત.
૧૨. સ્ત્રી. યમરાજની બહેન.
૧૩. સ્ત્રી. (જ્યોતિષ) રાત્રિનો એક ભાગ. તેમાં કોઈ કાર્યનો આરંભ કરવાનો નિષેધ માનેલો છે.

કાલરાશિ [સં.] પું. મૃત્યુકાળ.

કાલરિયા ૧. સ્ત્રી. આહીર અને કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાલરી સ્ત્રી. એક ચોરસ કટકામાં વાસનો કમઠો; વાસની ચોખંડી ગંજી.

કાલરુદ્ર [સં.] પું. પ્રલયરૂપ એક રુદ્ર દેવ.

કાલરૂપ [સં.] પું. એક ઋષિનું નામ.

કાલરૂપા [સં.] સ્ત્રી. ભયંકર સ્વરૂપવાળી દેવી.

કાલલું ૧. ન. ગંજી.
૨. ન. તરણપૂર.
૩. ન. ઢગલો.

કાલવરીરવયોગ [સં.] પું. (જ્યોતિષ) એક યોગનું નામ. પખવાડિયાના ૧૫ દિવસ હોય ત્યારે આ યોગ થાય છે. મહાભારતના યુદ્ધ સમયે અને સને ૧૯૧૪ના વરપીય મહાન વિગ્રહ વખતે આ યોગ થયો હતો.

કાલવર્ષ પું. ખેતરના પાકનો નકામો કરે તેવો રોપો.

કાલલક્ષ્મણ [સં.] પું. વિષ્ણુ

કાલલક્ષ્મણહેતુ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલલવણ [સં.] ન. બીડલવણ; સજ્જી.

કાલલોચન ૧. [સં.] પું. દાનવનો એક ભેદ.
૨. વિ. કાળાં નેત્રવાળું.

કાલલોહ [સં.] ન. કાળું લોઢું.

કાલલૌહ જુઓ કાલલોહ.

કાલવ ન. (જ્યોતિષ) બાર કરણ માંહેનું એ નામનું એક.

કાલવણી સ્ત્રી. ભેગ; ભેળ; મિશ્રણ; ભેળવણી.

કાલવર્ષ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

કાલવર્ષી [સં.] પું. કાળો રેગ.

કાલવર્ષ પું. (પિંગળ) અક્ષરિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રિકુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, જગણ, ૧ ગુરુ અને ૧ લઘુ મળી ૧૧ વર્ણ હોય છે.

કાલવવું સ.ક્રિ. મિશ્ર કરવું; ભેળવવું.

કાલવશાત્ [સં.] અ. કાળને વશે; સમયસમવશાત્.

કાલવહન [સં.] ન. વખતનું જવાપણું.

કાલવા સ્ત્રી. નદી; નહેર.

કાલવાચક [સં.] વિ. સમયનું જ્ઞાન કરાવનાર.

કાલવાચી [સં.] વિ. સમયનું જ્ઞાન કરાવનાર.

કાલવાદ પું વૈશેષિક શાસ્ત્રમાં જણાવેલ એક મતનું નામ.

કાલવાદી [સં. કાલવાદિન્] વિ. જગતને કાળકૃત માનનાર.

કાલવાર ૧. [સં. કાલવારિ] પું. કાલ.
૨. ન. કાળરૂપી પાણી.

કાલવાવું ૧. ન.ક્રિ. ઢગલી નાખવું.
૨. ન.ક્રિ. રાખ કરી નાખવું.

કાલવિપર્યાસ [સં.] પું. કાલકમદોષ; સમયની અવતરીમાં થતી ભૂલ.

કાલવિપાક [સં.] પું. કોઈ કામ પૂરું થવાની અવધિ; મુદત પાકવી તે.

કાલવિરોધ જુઓ કાલવિપર્યાસ.

કાલવિવર્ત પું. કાલનું ફરવું તે; કાલનું બદલાવું તે.

કાલવિશેષ પું. (કામ) વ્યભિચારનો એક પ્રકાર.

કાલવીર્ય પું. (પુરાણ) એક અસુરનું નામ.

કાલવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. અમુક વખતને અંતરે ભરાતું વ્યાજ.
૨. સ્ત્રી. દર મહિને ફરાવેલું વ્યાજ.

કાલવેગ પું. (પુરાણ) એ નામનો એક સર્પ તે ઘણો કાળો અને ઝેરી હોય છે.

કાલવેત્તા [સં.] પું. જ્યોષ; ભવિષ્યવેત્તા.

કાલવેલા ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એક યોગનું નામ. તે વખતે કોઈ પણ કાર્ય કરવાનો નિષેધ છે.
૨. સ્ત્રી. રવિ વગેરે વારના સાત્રિદિવસમાં એક અર્ધો પ્રહર.

કાલવ્યત્યય પું. પસાર થઈ ગયેલો સમય; વીતી ગયેલો સમય.

કાલવ્યુત્ક્રમ [સં.] પું. કાલકમદોષ; આગળ બનેલું સમયનિરૂપણ.

કાલવ્યૂહ [સં.] પું. નવ વ્યૂહમાંનો એક.

કાલશાક ૧. [સં.] પું. એક પ્રકારનો ઝોડવો. તે પાણીમાં થાય છે. ગુચ્છપાક બનાવવા માટે એના રેસા ઉત્તમ ગણાય છે.
૨. ન. એ નામનું એક શાક.

કાલશિખ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

કાલશૈલ [સં.] પું. એ નામનો એક પર્વત.

કાલસદૃશ [સં.] વિ. યોગ્ય સમયનું; સમય પ્રમાણેનું

કાલસર્પ ૧. [સં.] પું. કાળો સર્પ.
૨. પું. ઘણો ઝેરી સાપ.

કાલસંકર્ષા [સં.] સ્ત્રી. મહોત્સવમાં દુર્ગાનો પાઠ ભજવતી નવ વરસની છોકરી.

કાલસંમતિ [સં.] સ્ત્રી. સમયનું બરાબર બંધબેસતું આવવાપણું.

કાલસંધિ [સં.] પું. નવયુગની જ્યાંથી શરૂઆત થાય છે તે સમય.

કાલસંપન્ન [સં.] વિ. તારીખવાળું.

કાલસાક્ષી [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલસાધન [સં.] ન. સૂર્યની છાયા ઉપરથી, અથવા સૂર્યોદય, સૂર્યાસ્ત કે કોઈ પણ આકાશીય પદાર્થની સ્થિતિ ઉપરથી સમય નક્કી કરવો તે.

કાલસાધના [સં.] સ્ત્રી. વખત જાણવો તે

કાલસામર્થ્યદાતા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલસાર ૧. [સં.] પું. ઝળિયાર.
૨. ન. પીળું ચંદન.

કાલસારોહત પું. (પિંગળ) અક્ષરિણી જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં જગણ, તગણ, જગણ, સગણ, યમણ, ૧ લઘુ અને ૧ ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

કાલસાહ્વય [સં.] ન. એ નામનું એક નરક.

કાલસિદ્ધ [સં.] વિ. કાળની કસોટીએ ચડી ઊતરેલું; સમયની કસોટીમાંથી પસાર થઈ યોગ્ય ઠરેલું.

કાલસિરા પું. કાળા માથાનું પક્ષી.

કાલસિંધુ ૧. [સં.] પું. કાળરૂપી સમુદ્ર.
૨. પું. વખતરૂપી દરિયો.

કાલસીફરસ પું. એક જાતનો પથ્થર.

કાલસૂક્ત [સં.] ન. એક વૈદિક સૂક્તનું નામ.

કાલસૂત્ર ૧. [સં.] ન. એકવીસ નરકો પૈકીનું એકનું નામ; જમપુરીમાંનો પાંચમો નર્કનો કુંડ. તેમાં દશ સહસ્ર યોજન વિસ્તારના તાંબાનાં પતરાંની નીચે યમદૂતો રહેતા હોવાથી એ પતરું હમેશાં તપેલું જ હોય છે. જે પ્રાણી માતા, પિતા અને ગુરુજનનો દ્રોહ કરે છે તેને યમદૂતો આ પતરા ઉપર ઊભા રાખી શાતના આપે છે એમ મનાય છે

૨. ન. મૃત્યુની દોરી.

કાલસૂત્રક જુઓ કાલસૂત્ર.

કાલસૂત્રકૂંડ [સં.] પું. એ નામનો ૮૬ નરક પૈકીનો એક. તે મરમ પાણીથી ભરેલો મનાય છે.

કાલસૂર્ય [સં.] પું. પ્રલયાંત સમયનો સૂર્ય.

કાલસેન [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર. તેણે હરિશ્ચંદ્ર રાજાને મેલાતો લીધો હતો.

કાલસ્કંધ [સં.] પું. તમાલવૃક્ષ.

કાલસ્કંધ ૧. [સં.] પું. ઊંટનું ઝાડ.

૨. પું. એક જાતના ખેરનું ઝાડ.

૩. પું. જીવાવૃક્ષ.

૪. પું. ટીમરું.

૫. પું. તમાલવૃક્ષ.

૬. પું. તિંદુકવૃક્ષ.

૭. પું. સમયનો અમુક ભાગ.

કાલસ્થાલી ૧. [સં.] સ્ત્રી. કંકોડા.

૨. સ્ત્રી. બેલપાટલાનું ઝાડ.

કાલસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. આયુષ્ય.

૨. સ્ત્રી. કાળપરિમિત સ્થિતિ.

કાલસ્યકારણ [સં.] પું. વિષ્ણુ.

કાલસ્યકાલ [સં.] પું. વિષ્ણુ.

કાલસ્વર પું. એ નામનો દાનવ.

કાલસ્વરૂપ [સં.] વિ. મરણ જેવું ભયંકર.

કાલહર ૧. [સં.] પું. શિવ.

૨. વિ. સમય આણનાર.

કાલહરણ [સં.] ન. ઢીલ; વખતનો ભોગ; વિલંબ.

કાલહસ્તી ન. આર્કટ જિલ્લામાં સુવર્ણમુખરી નદી ઉપર આવેલું એક પ્રાચીન યાત્રાનું સ્થળ. આંના મોટા દેવળમાં મહાદેવના વાયુસ્વરૂપની મૂર્તિ આવેલી હતી. આ મૂર્તિ કૌતિક સ્વયંભૂ મનાતી. આ લિંગનું નામ ઊર્ણનાભ મહાદેવ હતું. તે ઉપરથી ગામનું નામ કાલહસ્તી છે.

કાલહા પું. શિવનાં હજાર નામ પૈકીનું એક.

કાલહાનિ [સં.] સ્ત્રી. વાર લગાડવી તે; વિલંબ.

કાલહિ સ્ત્રી. મહાં અજવા આવતી ઝાડ.

કાલહુ જુઓ કાલકિ.

કાલહોરા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એક પ્રકારનો સમય.

કાલાંકાટ [સં.] પું. કાલમર્દ; કાલહો.

કાલાંગડાં (કાલાંગડું) ન. ન. બ. કારેલાં.

કાલાંગડો (કાલાંગો) ૧. પું. (સંગીત) એક સંપૂર્ણ જાતિ રાગ. તેમાં સાત સ્વરો આવે છે. રિ, ધ કોમળ છે. તેમાં મહસ્વર ગ, વાદીસ્વર મ,-સંવાદીસ્વર તિ અને ન્યાસસ્વર મ છે. ગાવાનો સમય રાત્રીનો ત્રીજો પહોર છે. તે શૃંગાર અને હાસ્ય રસ ઉત્પન્ન કરે છે. અધમ ગંધર્વ પ્રકૃતિવાળો છે.

૨. પું. (સંગીત) ગત્રીસ માહેનો સાતમો ઘાટ.

કાલાંગમા સ્ત્રી. દુર્ગા દેવી.

કાલાંજર ૧. [સં.] પું. એક ભૈરવનું નામ.

૨. પું. ધાર્મિક સાધુઓની સભા. તેઓને મળવાની એક જગા કાલિંજર હતી તે ઉપરથી આ શબ્દ નીકળેલ છે.

૩. પું. મેરુપર્વતિય પર્વત માહેનો એક પર્વત.

૪. પું. યોગી

૫. પું. વૈદિક સમયનો ચેદિની દક્ષિણે આવેલ હિંદુસ્તાનનો એક પ્રદેશ.

૬. પું. શિવ

૭. ન. બુંદેલખંડના બદા જિલ્લામાં આવેલ કાલિંજરનું પ્રાચીન નામ. ચંદેલા રાજાઓના સમયમાં કાલંજર બુંદેલખંડની રાજધાની હતું. એમાં નીલકંઠ મહાદેવનું દેવળ આવ્યું હતું. લાંના કિલ્લામાં મુંડમાળાઓ અને સર્પોભૂષણ ધારણ કરેલી કાળભૈરવની મોટી અને અષ્ટાદશ ભુજાવાળી મૂર્તિ પણ છે. અહીં હિરણ્યનિદ નામે તીર્થ પણ છે.

કાલાંજરી [સં.] સ્ત્રી. દુર્ગા; ચંડિકા દેવી.

કાલાંદરી સ્ત્રી. જમના નદી; યમુના.

કાલાંદ્રી જુઓ કાલંદરી.

કાલાંબર ન. સીસું ઊંચનારું ઝાડ.

કાલાંબા ન. કાલંબો નામે વનસ્પતિ.

કાલાંબી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

કાલા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગ છંદનો એક ભેદ છે. તેમાં ૧૦૮ લઘુ અને ૧૦ ગુરુ મળી ૧૧૮ માત્રા છે.

૨. પું. કાળું નસોતર.

૩. પું. કાળો નાગ.

૪. પું. કૃષ્ણનું એક નામ.

૫. [ફા.] પું. રાજરમીલું.

૬. પું. વખત.

૭. પું. સિપાઈ

૮. સ્ત્રી. અસગંધા; આસંધ.

૯. સ્ત્રી અંધારિયું; વદિ.

૧૦. સ્ત્રી. એ નામની દક્ષ પ્રજાપતિની એક કન્યા.

૧૧. સ્ત્રી. એ નામની લાકડા કેરીની એક જાત. તેની છાલ પેરી લીલી છે. રસ કેસરિયો હોય છે. તેમાં રેસો હોતો નથી. તે સુગંધીદાર અને સ્વાદિષ્ટ છે.

૧૨. સ્ત્રી. કમળ ઋષિની સ્ત્રીનું નામ. એને ચાર પુત્રો હતા. એ બધા કાલકેય કહેવાતા.

૧૩. સ્ત્રી. કાળીઝરી.

૧૪. સ્ત્રી. નીલી નામની વનસ્પતિ.

૧૫. સ્ત્રી. પાડલ વનસ્પતિ.

૧૬. સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.

૧૭. સ્ત્રી. મજીઠ.

૧૮. વિ. કલુષિત; મેલું.

૧૯. વિ. કાળું.

૨૦. વિ. મોટું.

કાલાઝાજાર પું. એક જાતનો રોગ. આ રોગ બહારથી દેશમાં આવ્યો એવી માન્યતા છે.

કાલાઝાર ન. પાણીપતના મેદાનનું એક નામ.

કાલાઠકુ ન. એ નામનું એક સુંદર ગામ: બોરસાલ.

કાલાઢેક સ્ત્રી. બંગાળાના આંબાની એક ઊંચી જાત.

કાલાતીકર પું. તલખાવણિયો.

કાલાકુડા (કાલાકુડ) ન. ઉજ્જડ; કડો.

કાલાકેડા (કાલાકેડા) જુઓ કાલકુડા.

કાલાકોયલા વિ. બહુ જ કાળું; મસ જેવું કાળું.

કાલાક્ષરી વિ. બહું વિદ્વાન.

કાલાગરુ [સં.] પું. કાળું અગરુ; કૃષ્ણચંદન.

કાલાગુરુ જુઓ કાલાગરુ.

કાલાગૃહ [સં. કારાગૃહ] ન. જેલ; તુરંગ; બંદીખાનું.

કાલાગ્નિ ૧. [સં.] પું. પ્રલયાગ્નિ. તેનો અધિષ્ઠાતા રુદ્ર મનાય છે.

૨. પું. પંચમુખી રુદ્રાક્ષ.

કાલાગ્નિભૈરવતંત્ર ન. આઠ ભૈરવતંત્ર માંહેનું એક.

કાલાગ્નિભૈરવરસ [સં.] પું. જ્વર માટે રસની એક બનાવટ. તે બનાવવા પારદ તોલો ૧ અને ગંધક તોલા ૨ બંનેની કજ્જલી કરી

ગોખરુના ક્વાથની ભાવના દઈ તેની બરોબર તામ્રભસ્મ અને તામ્રના આઠમા ભાગનો શુદ્ધ વછનાગ, હિંગળો તોલો ૧, ધતૂરાનાં બી તોલા ૨, હરતાલ તોલા ૫, મનઃશિલ તોલા ૩, ટંકણ તોલા ૩, ભાવરિયું તોલા ૩, નેપાળનાં બી તોલા ૩, સુવર્ણમાક્ષિકભસ્મ તોલા ૩, લોહભસ્મ તોલો ૧ અને અંત્રભસ્મ તોલો ૧ એ બધાંને આકડાના દૂધની તેમજ લસણના તથા પંચમૂળના ક્વાથની અનુક્રમે અકેક પહોર ભાવના આપીને અકેક રતીની ગોળી કરવી.

કાલાગ્નિરસ [સં.] પું. ભગંદર માટે રસની એક બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સીસાની ભસ્મ, શુદ્ધ મોરથૂથુ, ફટકડી, સિંધાલૂણ એ બધાં સરખે ભાગે લઈ તેને કડવી બીસોટીનાં પાનના રસમાં વાટીને લેપ કરવાથી તથા બન્ને રતીની માત્રા આપવાથી ભગંદર મટે છે.

કાલાગ્નિરુદ્ર ૧. [સં.] પું. પ્રલયાગ્નિ સમાન રુદ્ર દેવ.

૨. પું. મહાદેવ.

૩. ન. એ નામની એક ઉપનિષદ.

કાલાગ્નિરુદ્રરસ [સં.] પું. વિસર્પ માટે રસની એક બનાવટ. તે બનાવવા પારદ, ગંતબોળ, મણશીલ, મણશેલ અને માક્ષિક તથા ગંધક બધાં સરખા વજને લઈ વાંઝિયા કંટોલાના કંદમાં બાકોરું કરી તેમાં ભરી ઉપર કપડછટ્ટી કરીને ભૂધરયંત્રમાં પકવવું. સ્વાંગ શીતલ થયે કાઢી લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં એ ચૂર્ણથી દશમા ભાગનો શુદ્ધ વછનાગ મેળવવો. તેનું અનુપાન પીપર અને મધ છે.

કાલાગ્નિરુદ્રોપનિષદ સ્ત્રી. એકસો અઢાર માંહેની એ નામની એક ઉપનિષદ. તેમાં જણાવ્યું છે કે, એક વખત ભગવાન કાલાગ્નિરુદ્રને બ્રહ્મા સનત્કુમારે પૂછ્યું કે, "હે ભગવન્, ત્રિપુંડ્રવિધિનું વાસ્તવરૂપ કહો અર્થાત્ ત્રિપુંડ્રનું જે દ્રવ્ય, સ્થાન, પ્રમાણ, રેખા, દેવ, મંત્રો, શક્તિઓ ને ફલ હોય તેમનું કૃપા કરી નિરૂપણ કરો." ઉત્તરમાં ભગવાન કાલાગ્નિરુદ્રે કહ્યું કે, અગ્નિહોત્રની ભસ્મ એ દ્રવ્ય છે. મંત્રો વડે ભસ્મ અભિમંત્રી કરી અભિમંત્રી, તેમાં જળ નાખી, મર્દન કરી, 'અંબક યજામહે' આ મંત્ર સહિત નીચેના ત્રણ રેખાના મંત્રો વડે અથવા અ ઉ મ વડે અથવા ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ ને જ્ઞાનશક્તિ વડે શિર, લલાટ, વક્ષઃસ્થળ ને બંને સ્કંધ ઉપર ત્રણ ત્રણ રેખા કરવી. ક્રિયા, ઇચ્છા ને જ્ઞાન આ ત્રણ તે રેખાની શક્તિઓ છે. શ્રી સદાશિવથી પ્રાપ્ત થયેલું આ વ્રત સર્વ વેદોમાં વેદવાદીઓએ કહ્યું છે, તેનું પ્રયત્ન આચરણ કરે. તેમ કરવાથી પરિણામે મોક્ષ થાય. જે એવી રીતે ત્રિપુંડ્રનું સ્વરૂપ સમજી ભસ્મ વડે ત્રિપુંડ્ર કરે તે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી સમસ્ત મહા પાતકો તથા ઉપપાતકોથી મુક્ત થાય, જેણે સર્વે હોમનું ભક્ષણ કર્યું, જેણે સર્વે હોમને ભક્ષ્યા ને જેણે સર્વે તીર્થોમાં સ્નાન કર્યું જાણવું. તે શરીર ત્યાગ કરી શિવસાયુજ્યને પામે ને પુનરાવૃત્તિ પામે નહિ.

કાલાઘેલું ૧. વિ. ગાંડીલું.

૨. વિ. સમજ વગરનું.

કાલાચોર ૧. પુ. બાળપણો માણસ.

૨. પું. બરાબ માણસ; તુચ્છ મનુષ્ય.

૩. પું. મોટો ચોર.

કાલાજાજી ન. ઝીણું જીરું. તે ઉપર તથા અંદર સાવ કાળું હોય છે, તેથી કાલાજાજી કહેવાય છે.

કાલાજિન ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય.

૨. ન. કાળા મૃગનું ચામડું.

કાલાટોરા ન. કાલોંજી. તે સ્તનમાં દૂધનું પ્રમાણ વધારનાર ઔષધ હોવાથી સુવાવડી સ્ત્રીને બીજી દવાની સાથે આપવામાં આવે છે, પણ તે બે વધારે પ્રમાણમાં અપાય તો ગર્ભપાત કરે છે. સડી ન જાય તેટલા માટે આ જીરું ગરમ કપડામાં રાખવામાં આવે છે. મૂત્રપ્રાવના દુખાવામાં પણ અપાય છે. કાલોંજી રક્તિત્ત આપનાર હોવાથી કોપ, ઊલટી અને વાયુમાં અપાય છે. છાશની બૂહી કે અજમા પાણી સાથે લેવાથી વાયુનું જોર ઘટે અને છાશને બી સાથે મેળવી તેની પુલ્ટીસ લેવાથી ફોડલી બંધ થાય એમ મનાય છે. તેની માત્રા ૧૦થી ૨૦ ગ્રેન છે.

કાલાટોરી સ્ત્રી. કડવીટોરી; કાળાટોરી.

કાલાતિક્રમ ૧. પું. અવસરમા.

૨. પું. (જૈન) ભોગકાળે તેના વખતની બાંધેલ મર્યાદાથી વધુ વખત રાખવો તે.

૩ પું. મોડું થવું તે; દીલ.

કાલાતિક્રમણ [સં.] ન. વખતની મર્યાદાને ઉલ્લંઘી જવાપણું.

કાલાતિક્રાંત ૧. [સં.] પું. (જૈન) ભૂખને સમરે નહિ પણ તેને ઉલ્લંઘીને મેલેલો ખોરાક.

૨. વિ. જેની જે મર્યાદા બાંધી હોય તેને ઉલ્લંઘી ગયેલ.

કાલાતિપાત [સં.] પું. આયુષ્યના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે; આયુષ્ય તોડી નાખવાપણું.

કાલાતિપાત ૧. પું. મરણનો કટકો.

૨. પું. સમય વહી જવો તે.

કાલાતિસ પુ. એક જાતનો છોડ.

કાલાતીત ૧. પું. (જ્યોષ) એ નામનો એક હેત્વાભાસ.

૨. પું. (જ્યોષ) એક પ્રકારનો જ્યોષ. જેમાં સાધ્યનો આધાર નિશ્ચિત હોય છે.

૩. [સં. કાલ (વખત) + અતીત (વીતી ગયેલું)] પું. મરણનો અતિક્રમ; વખત પસાર થઈ જવો તે.

૪. વિ. અતિ જૂના સમયનું.

૫. વિ. કાળ પણ ન પહોંચે એવું.

૬ વિ. મુન્વન્તરથી તે મહાપ્રલય સુધીના સમયથી પર.

કાલાતુલસી [હિં.] સ્ત્રી. એક જાતનો તુલસીનો છોડ.

કાલાતેલી ૧. સ્ત્રી. મુસલમાન બતરીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાલાત્મક ૧. પું. કાળસ્વરૂપ પરમેશ્વર.

૨. વિ. કાળ સંબંધી.

કાલાત્મા ૧. [સં. કાલ + આત્મન્] પું. કાળસ્વરૂપ પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનું એક નામ.

કાલાત્યયાપદિષ્ટ [સં.] પું. ગૌતમે કહેલ એક હેત્વાભાસ.

કાલાત્રકારક પું. (જ્યોતિષ) શુભ ગ્રહ.

કાલાદાણા ૧. [હિં.] પું. બ. ક. એક પ્રકારની સુંદર લતા. તેનાં ફૂલ નીલા રંગનાં હોય છે. તેનાં ફળમાંથી નીકળતા કાળા દાણા રેચક છે.

૨. પું. બ. ક. રાઈ.

કાલાદાના જુઓ કાલાદાણા.

કાલાદી ૧. સ્ત્રી. મદ્રાસ પ્રેસીડન્સીમાં વસતી એ નામની એક હલકી કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કાલાદૈત્ય ૧. પું. એ નામનો એક મોટો રાક્ષસ.

૨. પું. એક કલ્પિત દૈત્ય. જે વિજ્ઞાનકાય વ્યક્તિ મનાય છે અને જેનો રંગ તદ્દન કાળો છે.

૩. પું કાળો રંગ ધરાવે હોય અને જેનું શરીર હૃષ્ટપુષ્ટ હોય તેવો માણસ.

કાલાધતૂરા પું. એક જાતનો ધતૂરો.

કાલાધીન વિ. કાળને આધીન; કાળને વશ.

કાલાધ્યક્ષ ૧. [સં.] પું પરમેશ્વર.
૨. પું. સૂર્ય.

કાલાનમક [હિં.] પું. મેંધક અને રાળ ભેળવેલું અને ખડકમાંથી નીકળેલું કાળું મીઠું; સંજ્ઞા.

કાલાનલ ૧. [સં.] પું. એ નામનો રાજા; કેકય દેશના ચંદ્રવંશી રાજા અજાનબનો પુત્ર.
૨. પું. પ્રલયકાળનો અગ્નિ.

કાલાનલચક્ર [સં.] ન. રાજાની જયપરાજયમાં અનિષ્ટ વગેરે જણાવનાર એક ચક્ર.

કાલાનાગ ૧. પું. કાળો નાગ.
૨. પું. ખોટો આદમી.

કાલાનિસ્સિસર્પિ પું. એ નામનો એક છોડ. તે ચાર હજાર ફૂટની ઊંચાઈએ ઊગે છે.

કાલાનુકૂલ વિ. વખતને અનુકૂળ.

કાલાનુક્રમ ૧. પું. કાળગણનાની ક્રમિકતા.
૨. પું સમયનો અનુક્રમ; વખતનું વહેંચણ.
૩. અ. વખત જતાં.

કાલાનુક્રમણિકા પું. કાળની ક્રમગણનામાં કે સમજમાં દોષ.

કાલાનુક્રમી અ. કાળ જતો ગયો તેમ.

કાલાનુગામિત્વ [સં. કાલ (વખત) + અનુ (પાછળ) + ગામિત્વ (જવાપણું)] ન. વખતને અનુસરવું તે.

કાલાનુપાયી [સં. કાલાનુપાયિન્] વિ. વખતસર અનુષ્ઠાન કરનાર; નામનો વખત નહિ ગાળનાર.

કાલાનુસાર અ. વખત પ્રમાણે.

કાલાનુસારિણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે પાવાગઢ ઉપર હનુમાનખંભ પાસ છે.

કાલાનુસારિવા [સં.] પું. કૃષ્ણ સારિવા.

કાલાનુસારી ૧. ન. શિલાજિત.
૨. ન. મીસમ.
૩. ન. સીસમનું ઝાડ.
૪. [સં. કાલ (વખત) + અનુસારિન્ (અનુસરનાર)] વિ. સમયને અનુસરનાર.

કાલાનુસાર્ય ૧. [સં.] ન. તગરનું ઝાડ. તે હરડેના ગાભા જેવું કાળું ને ખડબચડું હોય છે.
૨. ન. શિલાજિત.
૩. ન. મીસમ.
૪. ન. સીસમનું ઝાડ.

કાલાનુસાર્યક ૧. ન. બીલો.
૨. ન. પીળું ચંદન.

કાલાનોન જુઓ કાલાનમક

કાલાપ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ
૨. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની એ નામની એક શાખા; મૈત્રાયણીય શાખા.

કાલાપક ૧. ન. એ નામનું એક પ્રાચીન નગર; કાળાવડનું પ્રાચીન નામ. સાતમી સદી દરમિયાન એ એક પંચકનું મુખ્ય શહેર હતું. પોરબંદરથી સાઠ માઈલ દૂર આવેલ કાલાવડ જૂનું કાલાપક હોવ એવી માન્યતા છે.
૨. ન. કૃષ્ણ યજુર્વેદનું એ નામનું એક બ્રાહ્મણ

કાલાપત્ર પું. કાળાસ.

કાલાપસીના પું. કૃષ્ણ સ્વેદ.

કાલાપહાડ (કાલાપહાડ) ૧. પું કાળો પહાડ.
૨. પું. બહલોલ લોદીનો એ નામનો એક આફેજ. તે સિકંદર લોદી સામે લડ્યો હતો.
૩. પું. બહુ ભારે અને બેમાનકસ વસ્તુ.
૪. પું. માવું.
૫. પું. મુર્શીદાબાદના નવાબ દાઉદનો એક સેનાપતિ. તેણે બંગાળાનાં બધાં દેવળ તોડી નાખ્યાનું અને એક વાર જગન્નાથજીની મૂર્તિ સમુદ્રમાં ફેંકી દીધાનું કહેવાય છે. તે બ્રાહ્મણ હતો અને કોઈ નવાબની કન્યાના પ્રેમમાં પાગલ બન્યો હતો.
૬. પું. હાથી.
૭. સ્ત્રી. બંગાળી આંબાની એ નામની એક જાત

કાલાપહાર સ્ત્રી. મોટી કેરીની એ નામની એક જાત.

કાલાપહાળ સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. હૈદરાબાદના કિલ્લામાં બારેદરીના દુર્ગ ઉપર આ ભારે તોપ મૂકેલી છે. તે ૧૨ ફૂટ ૮½ ઇંચ લંબાઈની છે. મોનની પાસેનો તેનો ઘેરાવો ૪ ફૂટ ૧૦ ઇંચ અને મુખનો ઘેરાવો ત્રણ ફૂટ ૯½ ઇંચ છે. આ તોપ ઉપર કોઈ લેખ કોતરેલ નથી, પરંતુ તેની બનાવટ અને દેખાવ પરથી નિઝામશાહી તોપ હોવ એમ મનાય છે.

કાલાપાની ૧. [હિં.] પું. અંદામાન અને નિકોબાર આદિ દ્વીપ. આ દ્વીપોની આસપાસનું પાણી કાળું દેખાય છે, તેથી તેનું આ નામ પડ્યું છે.
૨. પું. ઘરિયાપાર કરવું તે.
કાલાપાની ભેજવું = ઘરિયાપાર મોકલવું.
૩. સ્ત્રી. મદિરા; શરાબ.
૪. સ્ત્રી. સારી સુગંધ અને દેખાવની મોટી પાકે તેવી કેરીની એક જાત. તે કાળા રંગની અને ઘણી મોડી હોય છે.

કાલાપેળ ન. બિહારી બ્રહ્મભટ્ટ આંબાની એ નામની એક જાત.

કાલાબાધિત વિ. વખત પ્રમાણે ન ફરનાર.

કાલાબાલ ૧. પું. કમર.
૨. પું. ગુર્જરદેશ બ્રાહ્મણ ઊભતા વાળ.
૩. પું. નકામી ચીજ.

કાલાબાસા [હિં.] પું. કાંટાઝરોળિયો.

કાલાબુર્જ પું. એક જાતનું સુતરાઉ કાપડ.

કાલાબ્ધિ [સં.] પું. કાળરૂપી દરિયો.

કાલાભિગ્રહ પું. (જૈન) પહેલે પહોરે કે છેલ્લે પહોરે અમુક વખતે આહાર વગેરે મળે તો જ લેવું એમ ક્રમ સંબંધી નિયમ ધારવો તે.

કાલાભુજંગ [હિં.] વિ. કોલસા જેવું કાળું.

કાલાભોપલા સ્ત્રી. મોટી જાતની દુધી.

કાલામ્બ ૧. પું. એ નામનો એક બેટ.
૨. [સં.] પું. કાળું વાદળું; જળવાળો કાળો મેઘ.

કાલામંજન ન. જસતનો એક ક્ષાર.

કાલામાણિકા ન. એક જાતનું કાળું ફળ.

કાલામિયા સ્ત્રી. ચિત્તાગોંગ તરફ વસતી અને દરિયાઈ વેપાર ખેડનારી એ નામની એક સાહસિક કોમ.
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

કાલામુખ ૧. પું. શૈવ સંપ્રદાય.
૨. ન. એ નામનું એક પેય.

કાલામુંહ ન. કાળું મોઢું.
કાલામુંહ કરવું = (૧) કલંક ચોંટાડવું. (૨) બળાત્કાર કરવો. (૩) બેઆબરૂ કરી કાઢી મૂકવું. (૪) મોઢું કાળું કરવું. (૫) સંબંધ તોડી નાખવો.

કાલામોકા સ્ત્રી. બંગાળી આંબાની એ નામની એક ઊંચી જાત.

કાલાયની [સ.] સ્ત્રી. દુર્ગા દેવી.

કાલાયસ ન. જસદવેલ; પોલાદ.

કાલારામ પું. મરણ; મૃત્યુ.

કાલારિ પું. શિવ.

કાલારોઢ (કાલારોઢ) સ્ત્રી. કજોટ; કલપાંત.

કાલાર્દ્ધરાત્ર ન. અમાસની અરધી રાત્રી.

કાલાવચ્છિન્ન [સં.] અ. ભંગ થયા વિના; સતત; ચાલુ.

કાલાવચ્છેદ [સં.] પું. કાળનું સ્થાન.

કાલાવડિયા (કાલાવડિયા) ૧. સ્ત્રી. કપાસની એ નામની જાત.
૨. ન. એ જાતનું માણસ.
૩. વિ. એ જાતનું.

કાલાવધિ [સં.] સ્ત્રી. કાળમર્યાદા; વખતની હદ; નક્કી કરેલો સમય.

કાલાવધ્યેય [સં.] અ. કાળના અંત સુધી.

કાલાવર્ત [સં.] પું. કાળનું ચક્ર.

કાલાવલોકન [સં.] ન. વખત જોવો તે; સમયનો વિચાર કરવાપણું.

કાલાવસુ ન. ચાબરેશમાં બનતું એક ઝાડ.

કાલાવાલા પું. બ. વ. આજીજીપૂર્વક અતિ નમ્રપણે પ્રાર્થના; આજીજી; કાકલૂદી; લાચારી; કરગરવું તે.

કાલાષ્ટમી ૧. [સં.] સ્ત્રી. કાર્તિક વદિ આઠમ; મહાદેવજીએ આ તિથિએ કાલભૈરવનો જન્મ ધારણ કરી હમેશને માટે કાશીમાં નિવાસ કર્યો હતો.
૨. સ્ત્રી. જન્માષ્ટમી; શ્રાવણ વદિ ૮.
૩. સ્ત્રી. દરેક મહિનાની વદિ આઠમ.

કાલાસેધ [સં.] પું. આસેધના ચાર પ્રકાર માંહેનો એક; અમુક મુદતની કેદ અથવા અટકાયત.

કાલાસ્તિકાય પું. જૈન મત પ્રમાણે અજીવનો એક પ્રકાર.

કાલાસ્ત્ર [સં.] ન. મરણ નીપજાવે એવું બાણ.

કાલાં ૧. ન. બ. વ. કપાસનાં ડોડવાં સુકાઈ જવાથી ફાટી ગયેલાં ફૂંડાં. જથ્થા અથવા તેથી વધારે ફાડોનું કપાસનું એક ફૂંડવું બને છે. જ્યારે તે પરિપક્વ થાય ત્યારે રૂના સુકાવાથી જેમ ફૂલ ખીલે તેમ તે ફાટીને રૂના ઢગ્યા બહાર નીકળે છે. આમ ખીલીને ફાટેલાં ફૂંડવાંને કાલાં કહેવામાં આવે છે. જેમાંથી કપાસ નીકળે છે.
કાલા કપાઈ જવાં = (૧) નુકસાન થવું; બગાડ થવો. (૨) હિંમત હારી જવી.
૨. ન. બ. વ. ગાંડાંવેલાં.
કાલાં કાઢવાં = ભાવતર પડસે નાના છોકરા જેમ બોલવું.

કાલાંગી [સં.] સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.

કાલાંજન [સં.] ન. કાજળ; કાળું આંજણ.

કાલાંજની [સં.] સ્ત્રી. રેચક તરીકે વપરાતી એક વનસ્પતિ.

કાલાંતક ૧. [સં.] પું. દક્ષિણ દિશાનો સ્વામી; યમ.
૨. પું. વિષ્ણુ.
૩ પું. શિવ.

કાલાંતકક્ષયચ્છેદી [સં. કાલાંતકભયચ્છેદિન્] પું. પુરુષોત્તમ. તે મનુષ્યને યમના ભયમાંથી મુક્ત કરનાર મનાય છે.

કાલાંતકરસ [સં.] પું. ઉપરસ માટેની એક દવા. તે બનાવવા હિંગુલ, મરી, ત્રિકટુ, ટંકણ અને ગંધક બધું સરખે વજને લઈ બીજાના રસમાં એક પહોર ઘૂંટી રતી રતીની ગોળી કરવી. આ દવા હલ્ક માટે વાપરવી હોય તો બાર આંબળા ઊંડી વજ્રમુષા કે જાંબેલની જ મુષા બનાવી તેમાં સુવર્ણરજ તોલા ૪ તથા વરાહીકંદને કુંવારના રસમાં તથા લસણના રસમાં ઘૂંટીને ગોળો કરીને નાખવું. પછી તેમાં પારદ તોલા ૪ અને ગંધક તોલો ૧ બંનેને નગોડના રસમાં ઘૂંટીને નાખવા. તેના ઉપર જાંબેલનું મજબૂત ઢાંકણ દઈને અગ્નિમાં ભરવું કરવું. આ પ્રમાણે દરેક વખતે નવીન પારદ તથા ગંધક નાખીને આઠ વખત ભરવું કરવું. તેની માત્રા રતી પાંચ છે અનુપાનમાં મૃગાંકરસ છે

કાલાંતર ૧. [સં.] ન. બેમાં વચ્ચેનું અંતર.
૨. વિ. બદલું બનું.
૩. અ બહુ લાંબે વખતે.

કાલાંતરઆવી વિ. અમુક વખતે ફળ આપનારું.

કાલાંતરસ્થાયી ૧. વિ. ઘણો લાંબો વખત રહેનાર.
૨. વિ. ભવિષ્યમાં હોનાર.

કાલાંતરે ૧. અ. કોઈ વખત.
૨. અ. કેટલોક કાળ વીત્યા પછી.
૩. અ. બહુ લાંબા વખતે.

કાલાંધકાર [સં.] પું. કાળરૂપી અંધકાર.

કાલાંબોબડાં (કાલાંબોબડાં) ન. બ. વ. કાલી જોબડી અને ભાંગી તૂટી વાણી.

કાલાંશ ૧. [સં.] પું. કાળ વિભાગ; વયા.
૨. પું. ગ્રહમનો અમુક અંશ.

કાલિ ૧. પું. કશ્યિદાસ ઋષિ.
૨. સ્ત્રી એ નામની એક પ્રાચીન નદી. તેની પૂર્વે શાખા કુમાઉનમાંથી નીકળી ગંગાને મળે છે. તેને કાલિની અથવા કાલિંદી પણ કહે છે. તેના મૂળથી તે સંગમ સુધીમાં તેનાં ધવલગંગા, ગોરી, ચંદ્રભાગા અને કાલિગંગા જેવાં પણ નામ છે. પૂર્વ કાલિ નદી ગંગાને મળે છે. ત્યાંથી ત્રણ ચાર માઈલ છેટે એના પશ્ચિમ તટ ઉપર કનોજ આવેલું છે. આ પ્રાચીન નદીની પશ્ચિમ શાખા સંયુક્ત પ્રાંતમાં સહરાનપુર અને મુઝફરનગરના જિલ્લાઓમાં થઈને વહેતી.

કાલિક ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; દા.ત.લી. તેમાં ૧૪ માત્રા હોય છે અને ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.
૨. પું. કીચ પક્ષી.
૩. પું. દૂંટી સુધી પહોંચતી પાળની દાઢ.
૪. પું. નાક્ષત્ર માસ
૫. પું. બગલો.
૬. પું. મેરા.
૭. પું. ચાતક.
૮. પું. સુવર્ણનો એક દોષ.
૯ ન. અંજનાલા મુજબનો એક ભેદ.
૧૦. ન. એ નામનું એક ઉપપુરાણ.
૧૧. ન. એક જાતનું ગામડું. હિમાલય ઉપર આરોહ નામના સ્થળમાંથી તે મળી આવે છે. તે રંગે ભૂરાશી અથવા કોલાના જેવા રંગવાળું હોય છે.
૧૨. ન. કૃષ્ણચંદન.
૧૩. ન. વેર.
૧૪. વિ. અનિશ્ચિત; ઘોડા વખતનું.
૧૫. વિ. કાળથી નીવડેલું; કાળે કરેલું.
૧૬. વિ. જેનો કોઈ કાળ નિશ્ચિત હોય એવું.
૧૭. વિ. મોસમી; ઋતુનું; સમયને મળતું.
૧૮. વિ. રાત અને દિવસના પહોરમાં તથા ઉલ્કમાં પહોરે બરાબર પણ બીજે તથા ત્રીજે પહોરે ન બરાબર એવું.

કાલિકટ ન. દક્ષિણ હિંદનું એ નામનું એક શહેર.

કાલિકર્ત ન. કલકત્તાનું પ્રાચીન નામ.

કાલિકવાત [સં.] પું. પ્રચંડ અથવા પ્રતિકૂલ વાયુ.

કાલિકા ૧. [સં.] પું. (પિંગળ) ત્રેવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દા.ત.લ. તે વિકૃત છંદનો એક ભેદ છે.
૨. સ્ત્રી. અગ્નિની કીકી.
૩. સ્ત્રી. એ નામની દેવી; ચંડિકા; કાલિ. તેનું સ્થાન પાવાગઢ અને ગિરનાર ઉપર છે
૪. સ્ત્રી. એક જાતનો તોફાની પવન.
૫. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.
૬. સ્ત્રી. કાજળી.
૭. સ્ત્રી. કાનની મુખ્ય નસ.
૮. સ્ત્રી. કાલિમડું; તરબૂચ.
૯. સ્ત્રી. કાળા રંગની સ્ત્રી.
૧૦. સ્ત્રી. કાળાં વાદળાંનો સમૂહ.
૧૧. સ્ત્રી. કાળી ચકલી.
૧૨. સ્ત્રી. કાળી માટી.

૧૩. સ્ત્રી. ગૌરી; દુર્ગા; પાર્વતી.
૧૪. સ્ત્રી. બાર વર્ષની કુમારી.
૧૫. સ્ત્રી. ચોથા અર્હંતની એક દાસી.
૧૬. સ્ત્રી. ચોસઠ યોગિની માંહેની એ નામની એક.
૧૭. સ્ત્રી. જટામાંસી વનસ્પતિ.
૧૮. સ્ત્રી. જેનો રંગ ઊડી જવા જેવી કાળા રંગની સાડી.
૧૯. સ્ત્રી. દારૂહળદર.
૨૦. સ્ત્રી. દારૂ; મદિરા.
૨૧. સ્ત્રી. પટોળાની શાખા.
૨૨. સ્ત્રી. બદામી રંગનું ચામડું.
૨૩. સ્ત્રી. બોતેર આકારાદિતત્ત્વદેવતામાંની એક.
૨૪. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.
૨૫. સ્ત્રી. માટીનો એક છાબડો.
૨૬. સ્ત્રી. મેશ.
૨૭. સ્ત્રી. વાળની કતાર; રેવાંટા.
૨૮. સ્ત્રી. વાજાનો હથોડો.
૨૯. સ્ત્રી. શાહી.
૩૦. સ્ત્રી. સિમાળની માદા.
૩૧. સ્ત્રી. સ્પર્શમા નામનું પક્ષી.
૩૨. સ્ત્રી. સોનાનો એક દોષ.
૩૩. સ્ત્રી. સોનામાં નાખવાનો પાઉડો.
૩૪. સ્ત્રી. હિમાલયમાં થતી જાણ રેખાવાળી હરડે.
૩૫. ન. કાળું છત્રું.
૩૬. વિ. અમુક મુહૂર્તનું

કાલિકાક્ષ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
૨. પું. જેની આંખ સ્વભાવથી કાળી હોય તે મનુષ્ય.

કાલિકાગ્નિરુદ્ર પું. (પિંગળ) પહેલો, ત્રીજો, પાંચમો અને સાતમો રગણ, બીજો, ચોથો ને છઠ્ઠો નગણ, એક લઘુ અને એક ગુરુવાળો છંદ. તેમાં બારમે અક્ષરે વિસામો આવે છે.

કાલિકાતાંડવ [સં.] ન. તાંડવનૃત્યના સાત પ્રકાર માંહેનો એક.

કાલિકાદેવી [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

કાલિકાપતિ [સં.] પું. મહાદેવ; શંકર.

કાલિકાપીત્રી સ્ત્રી. ટોળ છોકરોની છૂપી વાત કરવાની ભાષા.

કાલિકાપુરાણ [સં.] ન. કાલિકાદેવીના મહાત્મ્યવાળું એ નામનું એક ઉપપુરાણ. તેમાં આશરે ૯,૦૦૦ શ્લોક અને ૯૮ પ્રકરણ છે.

કાલિકાવૃદ્ધિ ૧. ન. ચક્રવૃદ્ધિ વ્યાજ.
૨. ન માસિક વ્યાજ.

કાલિકાશ્રમ [સં.] ન. વિપાશા નદીના કાંઠા ઉપર આવેલું એક તીર્થ.

કાલિકાસુંદા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાલિકિન પું. ગળરમાંથી બનાવેલો ઝાળો રંગ.

કાલિકેય [સં.] પું. દક્ષની કન્યા કાલિકાથી ઉત્પન્ન થયેલ અસુરોની એક જાતિ.

કાલિકો પું એક જાતનું કાપડ. મલબાર કિનારા ઉપર આવેલા કાલિકટ શહેર ઉપરથી આ નામ આપવામાં આવ્યું છે.

કાલિઘાટ ન. કલકત્તા પાસે આવેલું એક પવિત્ર સ્થળ. સતીના જમણા પગની ચાર આંગળીઓ આ સ્થળે કપાઈને પડી હોવાથી તે એક પીઠ કહેવાતું. કાલિઘાટ ઉપરથી કલકત્તા નામ પડ્યું લાગે છે. આ નામની ઊપજ દેવી કાલિકાની પૂજામાં વપરાતી હોવાથી એને કાલિકર્ત કહેતા. યાત્રાળુઓ એ ઘાટ ઉપર સ્નાન કર્યા પછી દેવી કાલિની પૂજા કરે છે તેથી આ ઘાટ કાલિઘાટને નામે સુવિદિત છે. પુરાણોમાં કહેલ કિલકિલા ઉપરથી કલકત્તા નામ પડ્યું હોય એમ પણ કેટલાકનું કહેવું છે.

કાલિજ ૧. ન. કાળજું.
૨. ન. પક્ષી.

કાલિજ્ઞે પું. કાળજું.

કાલિત ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ.
૨. પું. એ નામનો એક બ્રાહ્મણ પુત્ર. શુદ્ધે તેને સંન્યાસી કરી મૌદ્ગલ્યાયન એવું નામ આપ્યું હતું.

કાલિતાંડવમૂર્તિ પું. શિવ; શંકર.

કાલિદાસ પું. એ નામનો મહાન સંસ્કૃત કવિ. તે મૂળ કશ્મીરનો પંચગૌડ બ્રાહ્મણ અને વિક્રમરાજાનાં નવરત્ન માંહેનો એક હતો. તેણે ઋતુસંહાર, કુમારસંભવ, શાકુંતલ, મેઘદૂત, રઘુવંશ, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર, શ્રુતબોધ, પ્રશ્નોત્તરમાલા, અસમંજન વર્ણન, મહાપદ્માષ્ટક, ગંગાષ્ટક, રાક્ષસમંત્ર, કર્પૂરમંજરી, શૃંગારતિલક, હરત્રાર્જુન વગેરે ગ્રંથો લખેલ છે. વરરુચમાં તેનો સમકાલીન મહાકવિ ગોકસપીત્રર હતો. તેની હયાતીનો કાળ હજુ નિશ્ચિત થયો નથી. કોઈ તેને ઈ. સ. પૂર્વે ૫૬, કોઈ ૬ ઠ્ઠા સૈકામાં, કોઈ ત્રીજા સૈકામાં, કોઈ પાંચમા સૈકામાં અને કોઈ ઈ. સ. પૂર્વે ૫૦ માં થઈ ગયો હોવાનું માને છે. આ સિવાય એક બીજો પણ કાલિદાસ કવિ હતો. તે ભોજરાજાના વખતમાં થઈ ગયેલ છે. તે આંધ્ર દેશનો રહેવાસી હતો અને ભોજરાજા પાસે રહેતો. તે તૈલગી બ્રાહ્મણ અને શક્તિનો ઉપાસક હતો. તેણે સ્યામલાદંડક, પુષ્પબાણવિલાસ, શૃંગારરસાષ્ટક, રામાયણચંપૂ, ભોજચંપૂ, તમોદય, ભોજપ્રબંધ વગેરે ગ્રંથ લખેલ છે. તે એક વેશ્યામાં આસક્ત હતો. એક વખત ભોજરાજાએ તેને ગ્રંથગ્રંથ લખવા કહેલ, તેથી તે રિસાઈને પોતાના વતન વરંચૂળમાં જતો રહ્યો હતો, પરંતુ પાછળથી ભોજરાજાએ તેને સમજાવી પાછો બોલાવેલ હતો. આ કાલિદાસને થયાં આશરે ૯૦૦ વરસ થયાં હશે. આ સિવાય એક ત્રીજો પણ કાલિદાસ થયેલ છે. તે કાલિયાવાડના વલાવડનો વતનદાર નાગર હતો. તે શાલિવાહન શક ૧૬૧૨ માં થઈ ગયો છે. તેણે ગુજરાતીમાં કુવલયજ્ઞાન, હરજ્ઞાન અને સીતાસ્વયંવર એમ ત્રણ ગ્રંથ લખેલ છે.

કાલિદ્રહ [સં.] પું. કાલિય નાગનો ધરો.

કાલિનાથમત પું. રાગના પાંચ મત પૈકીનો એક.

કાલિની [સં.] સ્ત્રી. આર્દ્રા નક્ષત્ર.

કાલિપીઠ ન. એ નામનું એક પીઠસ્થાન. સતીના જમણા પગની ચાર આંગળીઓ કપાઈને આ સ્થળે પડી હોવાથી તે એક પીઠ કહેવાય છે.

કાલિભ ૧. પું. ઓડું.
૨. પું. કાલભૂત.
૩. પું. કૂબટના કામને યોગ્ય વખત કહેતો આપવા કરેલું કામચલાઉ બાંધકામ.
૪. પું. દેહ; શરીર.
૫. પું. મુગટ.
૬. પું. હરણના આકારનું ચોકઠું. તેના ઉપર હરણ દોપી વેતરે છે.

કાલિમી સ્ત્રિ. ઓકામાં ન.ગેલું.

કાલિમા ૧. [સં.] સ્ત્રી અંધકાર; અંધારું.
૨. સ્ત્રી કલંક; દોષ; લાંછન.
૩. સ્ત્રી. કાળપ; કાળાપણું; કાળાશ.
૪. સ્ત્રી. છાયા; ઝાંખ.

કાલિમિરચ સ્ત્રી. તીખાં.

કાલિય ૧. [સં.] પું. એ નામનું એક નક્ષત્ર.
૨. પું. (પુરાણ) કાદ્રવેય કુળમાં જન્મેલ એક નાગ. એ પૂર્વે રમણદ્વીપમાં રહેતો હતો. એ દ્વીપમાં ગરુડ વારે વારે જઈને નાગોનું ભક્ષણ કરી જતો હતો. તેથી બધા નાગોએ મળીને ગરુડને નિયમિત ભક્ષ આપવાનું નક્કી કર્યું. એક વખત ગરુડનું ભક્ષ્ય કાલિય પોતે આવી ગયો. તેથી તેની અને ગરુડની વચ્ચે યુદ્ધ

થયું. છેવટે તે ભાગીને યમુનાના ધરામાં જઈને સંતાયો, કારણકે સૌભરિ ઋષિએ આપેલા શાપને લઈને ગરુડથી ત્યાં જવાય તેમ નહોતું. એનું વિષ એવું ઉગ્ર હતું કે યમુનાના એ ધરાના પાણીને સ્પર્શીને જતો વાયુ ઊડતા પક્ષીને લાગે તો તે પણ મરી જાય. એક વખત ભલા ગોવાળિયા ગામોને લઈને તે ધરા ઉપર ગયા. તેઓએ અને ગાયોએ એમાંનું પાણી પીધું અને બધાં ઝેર ચઢવાથી મરણ પામ્યાં. કૃષ્ણને આ વાતની ખબર પડતાં તેઓએ કાલિય નાગને ધરામાં જઈને નાથ્યો અને ખૂબ ગૂંચ્યો. એટલામાં એની બોબ્બોએ આવીને કાલાવાલા કરીને પ્રાર્થના કરવાથી એને છોડ્યો. એની પાસે યમુનાનું જળ શુદ્ધ કરાવી તેમ જ ગામ અને ગોવાળોને પૂર્વવત્ નીરોગી કરાવી એને પાછો રમણદ્વીપમાં રહેવા મોકલ્યો.

૩. પું. ગૃધ્ર; ગીધ.

૪. પું. દાશરથિ રામની સભામાંનો એક વિદૂષક.

કાલિયક જી. કારુલાદર.

કાલિયદમન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયમથન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયમર્દન ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.

૨. ન. કાલિયનાગને નાથવાપણું.

કાલિયરાયન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયારોંળા જી. પૂનાની એક જાતની કેરી. તેની છાલ લીલી પીળા રંગની અને રસ કેસરિયો છે. તેની અંદર રેસો નથી અને સુગંધીદાર છે.

કાલિહૂક [સં.] પું. કાલિય નાગ જેમાં રહેતો હતો તે યમુના નદીનો ધરો.

કાલિંપા ૧. [સં.] પું. કાળો માણસ.

૨. પું. સર્પ.

૩. જી. મેમણ અને ખજૂરીની એ નામની જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. સ્ત્રી. એ નામની જાતિનું.

કાલિયાદેહ જી. સિપ્રા નદીને મળનારી એ નામની નદી.

કાલિયારિ [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયાવર્ત ૧. પું. રામની સભાનો એક મરકરો હાસ્યકાર માણસ.

૨. ન. (પુરાણ) વૃંદાવન.

કાલિરાત્રિ જી. કાળકાનું એક નામ.

કાલિંગ ૧. પું. અહાણું માહેનો એક રેસ; આંદ્રદેશ. ઓરિસ્સામાં વૈતરણી નદીની દક્ષિણ દિશાએ તથા રાજમંદ્રિ, વિજાગાપટ્ટમ અને ગંજામ તથા ઓરિસ્સાના ચોકા જાગની ઉત્તર દિશાએ તે આવેલો છે.

૨. [સં.] પું. ઉદ્યમ.

૩. પું. એક જાતનું લોહું.

૪. પું. કલિંગ દેશનો રહેવાસી.

૫. પું. (પુરાણ) કલિંગ દેશનો રાજા. તે અનિરુદ્ધના વિવાહ સમયે આવ્યો હતો. એણે દ્યૂત રમી બલરામને હરાવવાનું ધારીને સુરુવ્યું હતું. દ્યૂત રમતા હતા ત્યારે આ રાજા બલરામનું ઉપહાસ કરીને હસ્યો હતો. આથી ગુસ્સે થઈ બલરામે એના દાંત પાડી નાખ્યા હતા.

૬. પું. અઠણસ; તરબૂચ.

૭. પું. સર્પ.

૮. પું. હાથી.

૯. સ્ત્રિ. કલિંગ દેશમાં ઉત્પન્ન થનાર.

કાલિંગક ૧. [સં.] પું. એક જાતનું લોહું.

૨. પું. કલિંગ દેશનો રાજા.

૩. પું. (પિંગળ) કુલિયા બંદની જાતનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૫૭ ગુરુ અને ૩૮ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. હાથી.

૫. ન. એક જાતનું ઝેર. તે કલિંગ દેશમાં થાય છે અને તેનો આકાર વજ્ર જેવો હોય છે.

૬. ન. તરબૂચ.

૭. સ્ત્રિ. કલિંગ દેશમાં ઉત્પન્ન થનાર.

કાલિંગકું (કાલિંગકું) ન. અઠણસ; તરબૂચ.

કાલિંગડો (કાલિંગડો) પું. (સંગીત) એક જાતનો રાગ; ભૈરવ. આ ઘાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષડ્જ છે. આ રાગ પ્રાતઃકાલે ગવાય છે. આ રાગમાં કેટલેક સ્થળે ભૈરવ રાગનો ભાસ થાય છે.

કાલિંગિકા [સં.] સ્ત્રી. એક જાતની વેલ; નિસોથ.

કાલિંગી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; તરબૂચનો વેલો.

૨. સ્ત્રી. કલિંગ દેશની રાણી.

૩. સ્ત્રી. મોટી બકરી.

૪. સ્ત્રિ. કલિંગ દેશનું.

કાલિંગી કરંજ જી. (પુરાણ) અયોધનની એ નામની સ્ત્રી.

કાલિંગું ન. તરબૂચ.

કાલિંગ્યો પું. કલિંગુચ.

કાલિંજર ૧. પું. એ નામનું શહેર.

૨. પું. બાંદેથી વીસ માઈલ પૂર્વ તરફ આવેલ એ નામનો એક પર્વત. તે એક તીર્થ મનાય છે. તે પહાડ ઉપર એક પુરાણી કિલ્લો છે અને નીલકંઠ મહાદેવનું એક મંદિર છે. પ્રસિદ્ધ ઇતિહાસલેખક ફરિસ્તા લખે છે કે કાલિંજરનો ગઢ કેદારનાથ નામની એક વ્યક્તિએ ઈ. સ.ની પહેલી સદીમાં બંધાવ્યો હતો. મહમદ ગઝનીએ સને ૧૦૨૨માં આ ગઢને ઘેરો ઘાલ્યો હતો. તે વખતે ત્યાંનો રાજા નંદ હતો.

૩. ન. (પુરાણ) કથામાં આવેલું એ નામનું એક સ્થળ.

૪. ન. ભુવેલખંડમાં આવેલ કાલિંજરનું એક પ્રાચીન નામ. અહીં નીલકંઠ મહાદેવનું ધામ છે. આ તીર્થને કોટતીર્થ પણ કહે છે. કિરાતપક્ષ નામે ચંદેલ રાજાએ ત્યાંનો કિલ્લો બંધાવ્યો હતો.

૫. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક વન.

કાલિંદ ૧. [સં.] પું. કલિંદ પ્રદેશમાં આવેલ એ નામનો એક ડુંગર. તેને યમુના પણ કહે છે, કારણકે જમના નદી અહીંથી નીકળે છે.

૨. ન. તરબૂચ.

કાલિંદક ૧. [સં.] ન. કોળું; પતરાળું.

૨. ન. તરબૂચ.

કાલિંદી ૧. સ્ત્રી. અયોધ્યાના રાજા અસિતની એ નામની સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) અંધુમતી નદીનું બીજું નામ.

૩. સ્ત્રી. એક અસુર કન્યાનું નામ.

૪. [સં.] સ્ત્રી. એક પ્રકારની અપભ્રંશ ભાષા.

૫. સ્ત્રી. (સંગીત) ઓડી જાતની એક રાગિણી.

૬. સ્ત્રી. ઓરિસ્સાનો એ નામનો એક વૈષ્ણવ સંપ્રદાય.

૭. સ્ત્રી. કાળા ઉપલસરી નામની વનસ્પતિ.

૮. સ્ત્રી. કાળું અથવા રાતું નસોતર.

૯. સ્ત્રી. કૃષ્ણની એ નામની એક પટરાણી. અને કૃષ્ણ પતિ મળે એમ ધારી યમુના કોરપ થઈને યમુનાને તીરે તપ કરતી હતી. એક સમય કૃષ્ણ ગોમાસ્રામાં ઉદ્યાનવનથી અર્જુનને સાથે ભ્રમણ રમવા ગયા. તે વખતે આને તપ કરતાં જોઈ અને પૂજાપાઠ કરતાં બધી હકીકત જાણીને તેને ઉદ્યાનવન લઈ ગયા. ગોમાસું પીલા બાદ દ્વારકા ગયા અને ત્યાં એનું વિધિસર પાણિગ્રહણ કરીને પોતાની પટરાણીઓમાં સ્થાપના કરી.

૧૦. સ્ત્રી. ગોકર્ણ માંહેની એ નામની એક યોગિની.

૧૧. સ્ત્રી. યમુના નદી. કાલિંદ પર્વતમાંથી નીકળતી હોવાથી તે કાલિંદી નામે ઓળખાય છે.

૧૨. સ્ત્રી. સૂર્યની એક પુત્રીનું નામ.

૧૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી વસ્તુ રાજાની એ નામની સ્ત્રી.

કાલિંદીકૃષ્ણ [સં.] પું. કૃષ્ણના મોટા ભાઈ; બળદેવ.

કાલિંદીજેઠન [સં.] પું. કાલિંદીને જળથી ઝિલમિલ કરી નાખનાર કૃષ્ણના મોટા ભાઈ બળદેવ

કાલિંદીરતિવર્ધન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાલી ૧. [સં.] પું. કાળીનાગ.

૨. પું. હાથીને થતો એ નામનો રોગ. આ રોગમાં હાથીનો દાંત ભાંગી જતાં અથવા તેને ઘોખમ થતાં તે નિરુપયોગી બને છે.

૩. સ્ત્રી. અગ્નિની સાત જ્વાળાની એક.

૪. સ્ત્રી. કાકજંઘા.

૫. સ્ત્રી. કાંજની વનસ્પતિ.

૬. સ્ત્રી. કાલિકા નામની શક્તિ. એણે શુંભ અને નિશુંભનો વધ કર્યો હતો.

૭. સ્ત્રી. કાળાશ; કાળો રંગ.

૮. સ્ત્રી. કાળી ઔદલ.

૯. સ્ત્રી. કાળી સ્ત્રી.

૧૦. સ્ત્રી. કાળી નામની વનસ્પતિ.

૧૧. સ્ત્રી. ૭ વર્ષની કન્યા.

૧૨. સ્ત્રી. કપડો.

૧૩. સ્ત્રી. તાર સ્થાનીય આવીશ માંહેની બીજી શ્રુતિ

૧૪. સ્ત્રી. દશ મહાવિદ્યા માંહેની પહેલી વિદ્યા.

૧૫. સ્ત્રી. દુર્ગા દેવી. તેની મૂર્તિને ત્રણ નેત્ર અને ચાર હાથ છે. એક હાથમાં મનુષ્યનું માથું, બીજામાં ખોપરીપાત્ર, ત્રીજામાં તરવાર અને ચોથો ખાલી છે. કમરપટ્ટામાં મનુષ્યના હાથ, ગળામાં માણસની ખોપરીની માળા, છૂટા કેશ, જીભ બહાર નીકળેલી એવી લોહી તરસી આ આકૃતિ શિવની જ તરીકે છે. રાક્ષસોનો નાશ એ આ સ્વરૂપનો હેતુ છે. પ્રાચીન કાળમાં તેને મનુષ્યનું બલિદાન અપાતું. હાલમાં બકરા, પાડા વગેરેનું બલિદાન અપાય છે. આ દેવીએ નાશ કરતાં પૃથ્વી કટકા થયા લાગી ત્યારે શિવે તે બંધ રાખવા કહ્યું, છતાં આવેશમાં શિવની છાતી ઉપર તે નાચ્યાં હતાં.

૧૬. સ્ત્રી. નવાં કાળાં વાદળાંની હાર.

૧૭. સ્ત્રી. નાગણ નદી.

૧૮. સ્ત્રી. નિશા; મદનોર્ધ.

૧૯. સ્ત્રી. નોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક.

૨૦. સ્ત્રી. ભીમસેન નામના પાંડવની એક પત્ની. ભીમસેનથી એને સર્વગ નામે પુત્ર થયો હતો.

૨૧. સ્ત્રી. મેશ.

૨૨. સ્ત્રી. યમરાજની એ નામની બહેન.

૨૩. સ્ત્રી. રાત્રિ.

૨૪. સ્ત્રી. વ્યાસની માતા.

૨૫. સ્ત્રી. શાક્ત સંપ્રદાયની દેવીઓનો એક ભેદ.

૨૬. સ્ત્રી. સાહી.

૨૭. સ્ત્રી. શાંતનુ રાજાની સ્ત્રી સત્યવતી.

૨૮. સ્ત્રી. શિવની પત્ની; પાર્વતી.

૨૯. સ્ત્રી. હળદર.

૩૦. સ્ત્રી. હિમાલય પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

૩૧. વ. અઢાર ઉપપુરાણ માંહેનું એ નામનું એક.

૩૨. ન. એક જાતનું કેળું.

૩૩. ન. શિરીષ.

૩૪. વિ. સ્ત્રી. ગાંડી; અસ્થિર મગજની.

કાલીકચ્ચકૂરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાલીકમલીવાલા પું. વિજ્ઞાનદાસ નામના સંત પુરુષ. આ મહાન પુરુષે બદરીનાથ જતાં જાત્રાળુઓની અગવડતા ધ્યાનમાં લઈ રસ્તામાં ઠેરઠેર ધર્મશાળા તથા આવાપીવાની સગવડતા કરી છે.

કાલીકલૂટી વિ. જાડું જ કાળું.

કાલીકુકડી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાલીકુલ્લી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેની એક જાત નેપાળમાં ને બીજી રાતા સમુદ્રમાં મળે છે. પહેલી જાતનાં મૂળિયાં ૪ થી ૬ ઇંચ લાંબાં, માંહેથી કાંટાવાળાં ને બહારથી ખાંડાવાળાં છે. બીજી જાત તેવી જ પણ માંહેથી તે સફેદ હોય છે. એવી જાતનાં મૂળિયાં ઔષધિમાં કામ આવે છે.

કાલીગુલી સ્ત્રી. એક જાતનું ઘાસ. એનાં ડાંખળાં અને પાંદડાંને પાણીમાં પલાળી તેના રસમાંથી રંગમાં ઉપયોગી એક પદાર્થ બનાવાય છે.

કાલીઘાટ પું. કલકત્તાનું પ્રાચીન નામ. લુપ્ત કાલિકાપીઠ.

કાલીચલી વિ. સ્ત્રી. કાલી અને ધોળી; અણસમજવાળી; ભોળિયા.

કાલીચક્ર ૧. [સં.] ન. નામની એક જાત.

૨. ન. સીસમ; કાળી સુખડ.

કાલીચી [સં.] સ્ત્રી. યમરાજનું ન્યાયમંદિર.

કાલીચૌદશ સ્ત્રી. આસો વદિ ૧૪; દિવાળી પહેલાનો દિવસ. એમ કહેવાય છે કે વિષ્ણુએ બલિ રાજા નામના દૈત્યને મારીને તેને પૃથ્વીની અંદર ઢાંકેલી દીધો. બલિ રાજાએ એવું વરદાન માગ્યું કે વર્ષમાં એક વાર તેને ફરીને પૃથ્વીની સપાટી ઉપર આવવા દેવો અને તે એક રાત તેને રાજ ચલાવવા દેવું. આ વરદાન તેને આપવામાં આવ્યું. આ ઉપરથી કાલીચૌદશની ઘોર અંધારી રાતે ભૂત પિશાચો ફરવા નીકળે છે અને ધાર્મિક હિંદુઓ ભૂત પિશાચને કાઢી મૂકવા માટે રોશની કરે છે અને આતશબાજી કરે છે. આથી આ રાત ખંતરમતર માટે અને ભૂત પિશાચોની પૂજા તથા વશીકરણ માટે અનુકૂળ થઈ પડે એ કુદરતી છે. રાક્ષસોના મુખ્ય સ્થાનરૂપ લંકાના રાક્ષસ રાજા રાવણ ઉપર રામે મેળવેલ જીતનું પણ કાલ આ સ્મારક હશે.

કાલીઝીરી ૧. સ્ત્રી. એક જાતનું ઔષધ.

૨. સ્ત્રી. રોતરેજી.

૩. વિ. કાળું.

કાલીતનય [સં.] પું. પાડો.

કાલીતનયા [સં.] સ્ત્રી. ભેંસ.

કાલીદિવી સ્ત્રી. અફીણ.

કાલીન (કાલીન) ૧. પું. ગાલીચો.

૨. સ્ત્રી. રોતરેજી.

૩. [સં.] વિ. કાળનું; કાળસંબંધી.

કાલીનત્વ ન. (ન્યાય) કાલવૃત્તિત્વ. જેમકે, ૫૮ એ ઘટકાલીન છે. એમાં ૫૮નું ઘટકાલીનત્વ છે.

કાલીનાગ પું. એ નામનો એક નાગ. શ્રીકૃષ્ણે તેને નાથ્યો હતો.

કાલીનું ૧. વિ. ગાંડું.

કાલીનું થવું = (૧) કાલીકાલી વાતો કરવી. (૨) ગાંડા થવું.

૨. વિ. મૂર્ખ; અણસમજુ.

કાલીપરજ ૧. સ્ત્રી. ગુજરાતમાં વસતી એક ભીલ કોમ.

૨. ન. એ નામની ભીલ કોમનું માણસ.

૩. વિ. એ નામની ભીલ કોમનું.

કાલીપાઠ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એનાં પાન મળોના જેવાં થાય છે. દવામાં તેનાં મૂળ વપરાય છે.

કાલીફસાવર ન. એક જાતનું ઘાસ.

કાલીબલા ૧. સ્ત્રી. ઘરડી ડાકણ.

૨ સ્ત્રી. મરકો; મહામારી.

કાલીબલીલીબલી પું. એક જાતનું પક્ષી. કલકલિયો. ઘર ઉપર બોલતો બોલતો તે ઊતરે ત્યારે અનિષ્ટનો વહેમ ટાળવા લોકો વાસણ બખાડે છે.

કાલીભૂમિ [સં.] સ્ત્રી. કાળી અને ફળદ્રુપ જમીન.

કાલીય ૧. ન. કાળું ચંદન.
૨. ન. પીળા ચંદનનું ઝાડ.
૩. ન. શિલાજિત.

કાલીયક ૧. પું. એક જાતનો નાગ.
૨. [સં.] ન. કાળી સુખડ; સીસમ.
૩. ન. કાળું અગર; કાળાગરુ.
૪. ન. કેસર.
૫. ન. દારુહળદર.
૬. ન. ધોળી ગ્રી.
૭. ન. પીળા ચંદનનું ઝાડ.
૮. ન. પીળું ચંદન.
૯. ન. શિલાજિત.

કાલીયા પું. કૃષ્ણના વખતના નાગ જાતના લોકોનો આગેવાન. તેનો પરાજય કૃષ્ણે તદ્દન નાની ઉમરમાં કર્યો હતો એવો કેટલાકનો તર્ક છે.

કાલીરોઢી સ્ત્રી. ગાલપૂળો.

કાલીવેલ સ્ત્રી. એક જાતની મોટી લતા.

કાલીશ ન. કાનું એક ઘરેણું.

કાલીશીતલાભાતા સ્ત્રી. શીતળાનો જીવનાશક રોગ.

કાલીસર સ્ત્રી. ઉપલસરી; ઊસળો; કપૂરીમધુરી.

કાલીસિંધી સ્ત્રી. એ નામની એક નદી; સંગલ.

કાલીસેમ પું. વટાણા.

કાલીહડે જો હીમજ.

કાલીહર પું. કાળિયાર; એક જાતનું હરણ.

કાલીંગ પું. અંદરજવ.

કાલીંગડું (કાલીંગડુ) ન. તરબૂચ.

કાલીંગો ન. તરબૂચ

કાલું ૧. પું.; સ્ત્રી. દરિયાઈ ખડક.
૨. પું.; સ્ત્રી. બહુ જ ભારીક ભીંગડાવાળી બે ઢાંકણની છીપવાળુ ચેતન વિનાનું એક પ્રાણી, એક જાતની માછલી. તેનુ રક્ષણ બહુ ભારે તથા મજબૂત છીપથી થાય છે. કાળી તરફની મોટી અને ભિન્નાકાર છીપ ઉપર આ માછલી સૂએ છે અને હલકું તથા ચપટુ જમણુ ઢાંકણ ઉપરનું આવરણ બનાવે છે. આ બેઉ ઢાંકણ એક મજબૂત રબાણુ વડે સાથે સંધાયેલાં છે. આ માછલીની અનેક જાત છે. તે કાંઠા નજીક છાજરા પાણીમા રહે છે કે જ્યાં ઊંડુ પાણીનો પ્રવાહ તેને અસેલ પહોંચવાદતો નથી. આ માછલી મે થી સેપ્ટેમ્બર સુધીમાં ખૂબ જ ઈંડાં મૂકે છે. તે એટલી બધી સંખ્યામાં જન્મે છે કે તે માસમાં દરિયાનું પાણી તે માછલીઓનાં બચ્ચાં ઠોળી મારે છે. આવુ માછલીનાં નાનાં બચ્ચાં દર વર્ષે કદમાં એક ઇંચ આસ પહોળાં વધે છે. બધુ વર્ષ પૂરાં થયા પછી તે વધતાં અટકી પડે છે. આવુ માછલીની જીવવાની શક્તિ સરેરાશ સાત વર્ષની છે. બ્રિટન, યુનાઇટેડ સ્ટેટ્સ અને ફ્રાન્સમાં કાલુ માછલીને ખૂબ સંખ્યામાં પકડી ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેનો મોટો ઉદ્યોગ ચાલે છે. મોતીની કાલુ માછલી ઉચ્ચકક્ષાની ગણાય છે. તેની છીપો ઝગમગાટ અને શણગારની ચીજોમાં વપરાય છે. તેમાંથી દરિયાઈ મોતી મળી રહે છે. આ માછલીના શરીરમાંથી એક જાતની રસી નીકળે છે અને છીપમાં તેનાં ટીપાં આવે છે. જ્યારે એ ટીપાં ઠરી ગયાં બધાય ત્યારે તે મોતી કહેવાય છે.

કાલુગંડી સ્ત્રી. એક જાતની કાષ્ટ ઔષધિ.

કાલુડું (કાલુડું) ૧. વિ. કાલુકાલુ બોલનાર.
૨. વિ. કાળું.
૩. વિ. વહાલ ઊપજે એવું.

કાલુતરૂ વિ. દુષ્ટ; નીચ; હલકું.

કાલુબાળલી જુઓ કાલુ.

કાલુષ્ય ૧. ન. ચિત્તની ગ્લાનિવાળી સ્થિતિ.
૨. ન. પાપકર્મ; મલિનતા.

કાલું ૧. પું. કાળ; મૃત્યુ.
૨. સ્ત્રી. મોતીની છાપ.
૩. ન. કપાસનું ઝાંડવું.
૪. ન. નિદ્રા; ઊંઘ.
કાલું કાઢવું = ઊંઘ આવવી.
૫. વિ. અણસમજુ; બાલિશ.
૧. કાલાં કાઢવાં = અણસમજુ હોય તેમ બોલવું; બાળકચેષ્ટા કરવા.
૨. કાલાંની કચ અને ભણેલાંનો ડાહ્યો = જોઈતો પાર જ ન આવે એવું
૬ વિ. કાળા રંગનું.
૭ વિ. પ્રેમ ઉપજાવે તેવું; પ્રેમળીલું.
૮. વિ. ભણેલું.
૯. વિ. બાળકની વાણી જેવું.
૧૦ વિ. ભાંગ્યુતૂટ્યું અને મધુરું.
૧૧ વિ. મરેલું.
૧૨. વિ. લાડકું, વહાલું.

કાલુંકાલું જુઓ કાલુમેલું.

કાલુંમેલું ૧. વિ અણસમજુ; બાલિશ.
૨. વિ. અસ્પષ્ટ સમજાય નહિ એવું; ભાંગ્યુંતૂટ્યું અને મધુર
૩. વિ. ખુશામતખોર.
૪. વિ. વાત્સલ્યભાવ ઉપજાવે એવું.
૫. વિ. વિદૂષક જેમ હાસ્ય ઉપજાવે એવું.

કાલુબોબડું વિ. ન સમજાય તેવું; અસ્પષ્ટ; ભાંગ્યુંતૂટ્યું.

કાલુ જુઓ કાલુ.

કાલે ૧. સ્ત્રી. એ નામની અગાઉની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. અ. ગયે દિવસે અથવા આવને દિવસે.

કાલેઝી પું. સવારનો હલકો નાસ્તો.

કાલેકોસ ન. બહુ છેટું; મોટું અંતર.

કાલેત સ્ત્રી. બબૂલવેલની એક પેટા શાખા.

કાલેય ૧. [સં.] પું. એ નામના એક વર્ણસંકર.
૨. પું. કશ્યિએ જોયેલ સામવેદ.
૩. પું. કૂતરો.
૪. પું રસાતળમાં રહેનાર એક દૈત્ય.
૫. પું. હળદર.
૬. ન. કાળું કંકુ.
૭. ન. કાળું ચંદન.
૮. ન. દારુહળદર.

કાલેયક ૧. [સં.] પું. કાળું ચંદન.
૨ પું. કૂતરો.
૩. પુ કેસર.
૪. પું. દારુહળદર.
૫ પું. સુવર્ણભૂમિમાં ઉત્પન્ન થતો પીળો અને ચીકાશવાળો પદાર્થ.
૬. પું. હળદર.

કાલેરા પું. અબજોક; કાંઠા ઊલટીનો રોગ; વિષૂચિકા.

કાલેરૂ ન. કારેલુ.

કાલેરો ૧. પું. કાલિમાનો રાગ.
૨. પું. કાંઠા ઊલટીનો રોગ.

કાલેલકર ૧. પું. ગુજરાતી અદ્યતન સાહિત્યના લેખક દત્તાત્રેય બાલકૃષ્ણ. તે મૂળ સારસ્વત બ્રાહ્મણ અને બેલગામ તાબે શહાપુરાના વતીશ છે. દેશપર્યટનને અંગે એમણે હિમાલયમાં આશરે બારી હજાર માઈલનો પ્રવાસ પગે ચાલીને કરી પોતાનો અનુભવ 'હિમાલયનો પ્રવાસ' નામક પુસ્તકમાં સંગ્રહેલ છે. એમના પ્રિય વિષય ઉપનિષદ અને જ્યોતિષ છે. ગુજરાતી ભાષા દ્વારા જનતામાં નૈતિક ઉપદેશનો પ્રચાર કરવામાં એમની કલમે કીમતી હાળો આપ્યો છે. સ્વતંત્ર નૈસર્ગિક વિચાર અને વિશાળ ભાષા-શૈલીવાળું નવું અને જોમવાળું ગદ્ય તેમણે તેમ કરતાં ઊભું કર્યું છે. સંસ્કૃત ભાષાના અભ્યાસથી કેટલીક નવી જ વાકયરચનાઓ, ગુજરાતી ભાષાની

રૂઢિને અનુકૂળ રહીને એ કરી શકે છે. તેમણે મનનપ્રધાન ગ્રામ્યાં નિબંધ, અનુભવકથન, સાહિત્યશાસ્ત્ર, વિવેચન, ઉપદેશ, તત્ત્વદર્શન, સંશોધન અને ધર્મપ્રકરણમાંનાં સ્વતંત્ર ચિંતન કર્યાં છે.

૨. સ્ત્રી. એ નામની એક દક્ષિણી અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કાલેશ ૧. [સં.] પું. મહાર વર્ણ.

૨. પું. શિવ.

૩. પું. સર્પ.

કાલેશ્વર જુઓ કાલેશ.

કાલેશ્વરમ ન. આંધ્ર રાજ્યની સરહદ ઉપર આવેલું એક પુરાતની શહેર.

કાલેસ ૧. પું. કજિયો; કલહ.

૨. પું. દુઃખ; પીડા.

૩. પું. માંદગી; રોગ.

કાલેસર પું. એક જાતની ઔષધિ.

કાલૅંદ્ પું. પિશાચ નિકાયની દક્ષિણ દિશાનો ઇંદ્ર.

કાલોચિત [સં.] વિ. સમયને યોગ્ય.

કાલોડિયા (કાલોડિ્યા) ૧. સ્ત્રી. આહીરજાની એક જાતિ.

૨. ન. આહીરજાની એ નામની જાતિનું માણસ.

૩. વિ. આહીરજાની એ નામની જાતિનું.

કાલોદ્ભવ વિ. કાળથી ઉત્પન્ન થયેલ.

કાલોત્પત્તિ [સં.] સ્ત્રી. કાળની ઉત્પત્તિ.

કાલોદ પું. (જૈન) કાળરૂપી સમુદ્ર: કાલોદધિ.

કાલોદક ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.

૨. ન. કાળું પાણી.

કાલોદધિ ૧. [સં.] પું. (જૈન) આકાશના રંગ જેવા કાળા પાણીવાળો સમુદ્ર.

૨. પું. કાળરૂપી મહાસાગર.

૩. પું. (જૈન) ધાતકી ખંડને ફરતો આવેલો આઠ લાખ યોજન વિસ્તારનો સમુદ્ર.

કાલોની [અં. કૉલોનિ] સ્ત્રી. ઉપનિવેશ; એક દેશનાં માણસોની બીજા દેશમાં વસતી અથવા આબાદી; વસાહત.

કાલ્જા ૧. પું. જુસ્સો; હિંમત.

૨. પું. માણસનું હૃદય.

કાલ્દેરા સ્ત્રી. એ નામની વાડ બનાવવા માટે ઉપયોગી એક વનસ્પતિ. ૩૦૦૦થી ૬૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈએ તે ઊગી શકે છે. તેનાં ફૂલ સુગની છે.

કાલ્પનિક ૧. પું. દંતી માણસ.

૨. પું. શબ્દનો એક પ્રકાર.

૩. વ. જે સંજ્ઞા કે વસ્તુનું અસ્તિત્વ વસ્તુવિક રીતે સંભવતું નથી છતાં જેનો ઉપયોગ ગણિતશાસ્ત્રમાં થાય છે તે. જેમકે, $\sqrt{-1}$, $\sqrt{-4}$, $\sqrt{-7}$, $\sqrt{-3^2}$.

૪ વિ. બનાવટી; કૃત્રિમ; તર્કથી ઉપજાવી કાઢેલું.

૫. વિ. બુદ્ધિથી કલ્પાયેલું; મનોજન્ય.

કાલ્પનિકતા [સં.] સ્ત્રી. ટોચ; દંભ.

કાલ્પનિકસુખ્ખચિત્ર ન. દરેક માણસ આ દુનિયામાં તદ્દન સુખી રહે એવી ધારણા.

કાલ્પી ૧. પું. એક જાતનો ખાખરો.

૨. ન. એ નામનું હિંદુસ્તાનનું એક શહેર.

કાલ્પુરુ ૧. પું. આકૃતિ.

૨. પું. શરીર; દેહ.

૩. પું. હૃદય.

કાલ્બા ૧. પું. નિંદા.

૨. પું. સંગ.

કાલ્ય ૧. સ્ત્રી. આવતી કાલ.

૨. સ્ત્રી. ગઈ કાલ.

૩. અ. કમભાગે; બીજા વખત ઉપર.

કાલ્લી સ્ત્રી. રોરટીની એક જાત. તેનો સાંઠો રંગે સફેદ, ભાજે અને બહુ રસવાળો થાય છે.

કાલ્સર્પ પું. એવી સાપ.

કાલ્હા ન. વખતનું એક માપ.

કાવ ૧. પું. કામો.

૨. પું. હેતુ.

૩. [સં.] ન. કવિ જેનો દેવ છે તેવું શાસ્ત્ર.

૪. ન. કામ; મતલબ.

કાવ મટી જેવું = કપટથી કામ સાધી લેવું.

૫. ન. ખોદવાની ક્રિયા.

૬. ન. તપાસ.

કાવકા ન. રાંધું.

કાવકાવ સ્ત્રી. બારીક તપાસ.

કાવઠિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાવડ (કાવડ) ૧. સ્ત્રી. ખાખી: ખોટ.

૨. સ્ત્રી. ગાડીનો એક ભાગ.

કાવડનું આખડું = ગાડાના ચોકડા નીચે બળદોના ખભામાં જડવામાં આવતું લાકડું. તેમાં દાવણ ભેરવાડવામાં આવે છે.

૩. સ્ત્રી. બંને છેડે શીકાં બાંધ્યાં હોય તેવી લાકડી અથવા વાંસ.

કાવડવાળો = કાવડમાં સામાન ઉપાડનાર માણસ.

૪. સ્ત્રી. સેવા.

કાવડિયા (કાવડિ્યા) ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાવડિયું (કાવડિ્યું) ન. પૈસો; એક તરફ કાવડના ચિત્રવાળો પૈસો. કાવડના ચિત્ર ઉપરથી તેનું નામ કાવડિયું પડેલું.

કાવડિયો (કાવડિ્યો) ૧. પું. કાવડ ઊંચકનાર માણસ.

૨. પું. કાવડથી પાણી ભરવાનો ધંધો કરનાર માણસ.

૩. પું. કાવડમાં દેવ રાખી ફરનાર એક જાતનો ભાવો.

કાવડી (કાવડી) ૧. પું. કાવડિયો.

૨. સ્ત્રી. કાવડ.

કાવડું (કાવડું) ૧. ન. કામું.

૨. ન. કાવડનું લાકડું.

૩. વિ. કમાઉ; પૂર્તું; ચલાઉ.

કાવડોડી સ્ત્રી. દુષ્કાળની જાતની એક સુશોભિત વેલ; સિવલિંગા. તે વર્ષાઋતુને અંતે થાય છે. તેને જેમ ફળ પાકતાં જાય છે તેમ પાંદડાં સુકાતાં જાય છે.

કાવતરાખોર વિ. પ્રપંચી; કપટી; કારસ્તાની.

કાવતરાબાજ જુઓ કાવતરાખોર.

કાવતરું ૧. ન. કપટ; તરકટ; કારસ્તાન; કૂટપ્રપંચ.

૨. ન. ખટપટ; ભળ.

કાળિયોતાવ પું. ઘોડાં, ઢોર, બકરાં, ઘેટાં, હાથી, ઊંટ, કૂકર, કૂતરાં અને મનુષ્યને આવતો એક જાતનો ચેપી તાવ. આ રોગથી મરી ગયેલાં ઢોરનું ચામડું ઉતારનાર માણસને હાથે જખમ થયો હોય તો જખમ મારફતે ઝેર પ્રવેશ કરે છે. ઊન પીંજનારાઓને આ રોગનાં જંતુઓથી ફેફસાંનો પ્રાણઘાતક રોગ થાય છે. આ રોગનાં જંતુઓ શરીરમાં જલદીથી પ્રસરી જાય છે અને થોડા કલાકમાં મરણ નીપજે છે. ઢોરના કાનની નસમાંથી લોહીનું ટીપું લઈ સૂક્ષ્મદર્શક યંત્રમાં તપાસવામાં આવે તો આ રોગનાં જંતુઓ દેખાય છે. આ રોગથી મરી ગયેલું જનવર કૂદી જાય છે અને તેની ગુદામાંથી લોહી વહે છે તે જમીન ઉપર પડે છે, તેથી પણ આ રોગનો ચેપ ફેલાય છે. માટે આવું મુડદું ખોલવું નહિ. જે જગ્યાએ જનવર મરી ગયું હોય તે જગ્યાનું ઘાસ ખાવાથી પણ આ રોગ થાય. પાણીનાં સ્થાનના કિનારાઓ ઉપર જ્યાં ચોમાસાનું પાણી ફરી વળ્યું હોય તેની જમીનનું ઘાસ ખાવાથી પણ આ રોગ થાય. આ રોગનું મરણપ્રમાણ ૮૦થી ૧૦૦ ટકા હોય છે. શરીરમાં રોગ છૂપો રહેવાનો વખત બેથી પણ દિવસ છે. આ રોગમાં ૧૦૬ અથવા ૧૦૭ ડિગ્રી તાવ હોય, મોઢું અને આંખો લાલ હોય, ચૂક અને ઝોડીવાળો પ્રવાહી ઝાડો થાય, પેશાબ લોહીવાળો થાય, વધારે વખત રોગી રહે તો શરીરના જુદા જુદા ભાગો ઉપર સોજા આવે. મળમૂંદાની માફક આ સોજા દુઃખદાયક અને ગરમ હોતા નથી. જનવર અકળાય છે અને પછીથી બેનમાં પડે છે અને શ્વાસોચ્છ્વાસ મુશ્કેલીથી લે છે. જનવર ઘરઘર કરી આખરે પડે છે અને તાબ આવી મરણ પામે છે. આ રોગથી મરી ગયેલાં ઢોરનું ચામડું ઉતારવું નહિ. તેનું મુડદું બાળવું. મુડદાની જગ્યાની ૭ ઇંચ માટી ખોદી કાઢવી અને તે માટી નેમ જ ખાતર, લાલ લાંદી વગેરે જે કંઈ મન્યા જનવરનું પડ્યું હોય તે બધું મુડદાં સાથે બાળી દેવું. મુડદું અથવા બળેલું મુડદું ઢોર પણ જગ્યાસ્થમાં નાખવું એ બેબમકારક છે. મુડદું ઢેડવાડે પડે તાંસુધી તેની પાસે કૂતરાં, જંગલી જનવરો અને માણસોને આવવાં દેવાં નહિ. તે જગ્યાએ બીજાં જનવરો ન આવે તે માટે તેની આજુબાજુ વાડ કરવી. આ રોગ બટકાવવા સાબ ઢોરને રસી મુકાવવી.

કાળિયોરોગ પું. ઢોરને થતો એક જાતનો રોગ. જુઓ કાળિયોતાવ.

કાળિયોવછનાગ પું. બહુ ઝેરીલો અને કંપીલો માણસ.

કાળિયોસરસ પું. એક જાતનું મોટું ઔષધોપયોગી ઝાડ; કાળોસંસકિનો.

કાળિયોસીરસ ન. એક જાતનું જંગલી ઝાડ.

કાળિંગ ન. તરબૂચ. કાળિંગના વેલા થાય છે. એમાં બે જાત થાય છે: એક કાળી અને બીજી ધોળી અને લાંબી. ધોળી જાતનાં તરબૂચ મોટાં અને ભીનાં હોય છે. એનાં પાંદડાને પાંચ ખૂણા હોય છે. ફૂલનાં તરબૂચનું શાક સારું થાય છે. કાળિંગ શીતલ, બલકર, મધુર, તૃપ્તિકર, ગુરુ, પુષ્ટિકારક, મલસ્તંભક તથા કફકર છે અને પિત્ત, શુક્ર તથા ધાતુનો નાશ કરે છે. એનાં પાંદડાં કડવાં અને રક્તવર્ધિકારક છે. કાળિંગની સાલ અને ધોળી એમ પણ બે જાત કહેવાય છે. સાલની અંદરનો ગરભ રાતા રંગનો અને બધો જ ઠળો તથા મીઠો થાય છે. તરબૂચમાં તૃષા શાંત કરવાનો ઉત્તમ ગુણ છે, પણ તે બહુ ખાવાથી મળને શિથિલ કરી બુદ્ધિનો નાશ કરે છે. એનાં બીજને કાળી કહે છે. એને પણ કેટલાક મીઠું ચડાવીને શેકીને ખાય છે. કાળીમાંથી નીકળતું તેલ ઢોરના ઘાવ તથા ચૂમડાં ઉપર અકસીર મનાય છે.

કાળિંગક ન. એક જાતનું ઝેર. તે કલિંગ દેશમાં થાય છે.

કાળિંગડું (કાળિંગડું) ન. કાચું તરબૂચ.

કાળિંગડો (કાળિંગડો) પું. (સંગીત) મારવી રાગે ગાવાનો એક રાગ.

કાળિંગું જુઓ કાળિંગ.

કાળી ૧. પું. એ નામનો નાગ. તેને કૂલ્લે નાગો હતો.

૨. સ્ત્રી. અગ્નિની સાત માઠેની એક જ્વાળા.

૩. સ્ત્રી. અંધારી રાત.

૪. સ્ત્રી. કાલાંજનિ વનસ્પતિ.

૫. સ્ત્રી. કાળકા; કાલિકા એ નામની એક દેવી.

૬. સ્ત્રી. કાળા રંગની સ્ત્રી.

૭. સ્ત્રી. કાળી ભરવાળી જંગલી પાનાંની જાત.

૮. સ્ત્રી. કાળીબંદર.

૯. સ્ત્રી. દ્રૌપદી.

૧૦. સ્ત્રી. તુવેર.

૧૧. સ્ત્રી. નસોતર.

૧૨. સ્ત્રી. નાગણી.

૧૩. સ્ત્રી. મહાવિદ્યા.

૧૪. સ્ત્રી. રેણ.

૧૫. સ્ત્રી. રાત્રિ.

૧૬. સ્ત્રી. શાંતનુ રાજાની સ્ત્રી સત્યવતી.

૧૭. સ્ત્રી. શિવની પત્ની; પાર્વતી.

૧૮. સ્ત્રી. સાકી.

૧૯. સ્ત્રી. હળદર.

૨૦. સ્ત્રી. હિમાલય પર્વતમાંથી નીકળતી એ નામની નદી.

૨૧. વિ. સ્ત્રી. શ્યામવર્ણી; કાળા રંગની; ખીના વાનવાળી.

કાળીઇંયળ સ્ત્રી. નાગણી.

કાળીકરજ સ્ત્રી. એક જાતની જમીન.

કાળીકસ્તૂરી સ્ત્રી. હિંદુસ્તાન અને દક્ષિણ અમેરિકામાં ઊગતા એક રોપાનાં બી. વાસમાં અને સ્વાદમાં આ બી કસ્તૂરીને મળતાં હોય છે.

કાળીકંઠી સ્ત્રી. કોડિયાસેર: કાળિયું; કાલિયું; મગળસ્ત્રા; ગોકનું એક જાતનું ઘરેણું.

કાળીકાડિયાણી સ્ત્રી. બોપદ વડે રમવાની એક દેશી રમત. આ રમત ચાર જણ રમી શકે છે. દરેક જણ જુદા જુદા રંગની એક સોગઠી લે છે અને પોતપોતાના પડના કૂલ ઉપર તે સોગઠી મૂકે છે. એક કાળી સોગઠી જેને કાકિયણી કહેવામાં આવે છે તે પહની વચમાં મૂકવામાં આવે છે. પછી રમનારાઓ કોઠીથી દાણા નાખે છે. જેટલા દાણા આવે તેટલાં ઘર તે પોતાની સોગઠી ચલાવે છે અને કાળી સોગઠીને જેવા જણ છે. જે સૌથી વહેલો ત્યાં પહોંચે તે તે કાળી સોગઠી લઈને પોતાના પડના કૂલ ઉપર પાછો આવવા લાગે છે. દરમિયાન બીજો આવી પહોંચે તો તે કાળી સોગઠી લઈ પોતાના પડ તરફ જાય છે. આમ કરતાં જે પહેલાવહેલો તે કાળી સોગઠી એટલે કે કાળી કાકિયણી લઈ પોતાના પડના કૂલ ઉપર પાછો પહોંચે તે રાજા કહેવાય છે. પછી બાકીના રમનારાઓ દાણા નાખતા તે રાજા રાણી પાસે સલામ કરવા આવે છે અને સૌથી સલામ કરી પોતપોતાના પડમાં સૌથી ઊલ્લો પહોંચે તે હારો કહેવાય છે.

કાળીકૂટકી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિનું મૂળિયું. આ મૂળિયાં ચારથી છ ઇંચ લાંબાં હોય છે. અંદરથી તદ્દન કાળાં અને બહારથી ચાંદામાંદ્ર હોય છે. કૂટકી બે જાતની હોય છે:

એક જાત નેપાલથી અને બીજી રાતા સમુદ્રથી આવે છે. ઘોડાના વૈદો અને નાલ ઠોકનારાઓ તેનો ઉપયોગ કરે છે. બંને જાતનાં મૂળિયાં દવાના કામમાં આવે છે.

૨. સ્ત્રી. કડુરોહિણી.

કાળીકોશ ૧. સ્ત્રી. બહુ કાળી સ્ત્રી.

૨. ન. એક જાતનું પક્ષી. જુઓ કાળિયોકોશી.

કાળીખજૂરી સ્ત્રી. નીચલાના જેવું એક ઝાડ. એનાં પાન એક ફૂટ લંબાઈનાં અને બે ભાગવાળાં હોય છે. તેનાં સફેદ ફૂલ ઉપરથી હોય છે. તેને ખજૂર જેવું પણ કડવું ફળ થાય છે. પેટરણ, તાવને લીધે જીભ બળતી હોય, મોઢું પાકવું હોય, કાનખજૂરો કરડ્યો હોય તે ઉપર તેનો ઉપયોગ થાય છે.

કાળીખાર પું. એક જાતનો કાળા રંગનો સાજી જેવો ખારો.

કાળીખોખર સ્ત્રી. ચીકણી, રાખોડી રંગની, કાંકરાવાળી અને સુકાયેલ ભખોરાં પડે એવી જમીન

કાળીગરાદીન સ્ત્રી. હિમાલય ઉપર વસતી બિસકોલીની એક જાત. તેના નાક આજુબાજુ કાળો લિસોટો હોય છે.

કાળીગરણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાળીકૂપો. તેનાં બીજ મૂત્રરોગ, ત્રિદોષ અને મધુપ્રમેહને મટાડે, તેમજ ખાળકને ઝાડાં ઉપર લેવામાં છે.

કાળીગાંઠનું વિ. કિનાખોર; ઝેરીલું.

કાળીગાંઠી ૧. સ્ત્રી. કપાળ ઉપર પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું.

૨. સ્ત્રી. સ્ત્રીઓનું ગળામાં પહેરવાનું સોનાના મણકા અને સેરવાળું એક ઘરેણું. સોનાને તારે તેમાં કોડિયાં અથવા કાળા મણકા પણ ક્યારેક પરોવેલા હોય છે.

કાળીઘોડી (કાળીઘોડો) સ્ત્રી. અફીણ.

કાળીઘોડી ઉપર ચડવું = અફીણનો નશો કરવો.

કાળીચકલી સ્ત્રી. કાળું બુલબુલ.

કાળીચીડી (કાળીચીડો) જુઓ કાળીચકલી.

કાળીચીસ સ્ત્રી. ભયંકર રાડ.

કાળીચૌદશ ૧. સ્ત્રી. આસો વદિ ૧૪; મોહરાત્રિ; નરકચતુર્દશી. મંત્રતંત્રની સાધના કરવાનો આ દિવસ કાળકા માતાના માનમાં ઊજવાય છે. બીજી એવી દંતકથા છે કે, તે દિવસે બલિ નામના એક રાક્ષસ રાજાને હરાવવામાં આવ્યો છે. પણ તે રાજાનું તપ એટલું બધું છે કે તેને વરસમાં એક વાર આ દિવસે પૃથ્વીની સપાટી ઉપર આવવા દેવામાં આવે છે તે દિવસે બલિ હરીથી રાજ કરે છે અને તે રાત્રે પિશાચોનું જોર વધારે હોય છે. શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી સોળ હજાર રાજકન્યાઓને આ દિવસે બંદીખાનામાંથી છોડાવી હતી.

૨. વિ. કાળા રંગનું.

કાળીછડ (કાળીછડ) સ્ત્રી. જડતામરી; એક જાતની વનસ્પતિ.

કાળીજમા સ્ત્રી. જમીનમહેસૂલ.

કાળીજમીન સ્ત્રી. જુવાર, કપાસ, ઘઉં, કાંકર, દિવેલા, રાતા તલ, મગ, તુવેર વગેરે સારા ઉત્પન્ન થાય એવી જમીન.

કાળીજાત સ્ત્રી. કાળી ચામડીવાળી પ્રજા.

કાળીજીરી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિનાં બી. આ છોડનાં પાન રીંગણ જેવા કાંગરીવાળાં અને ફૂલના જાંબુડા રંગના નાના ગોટા થાય છે. તે પાકે એટલે તે સરસવની પેઠે બીજે છે. તેની અંદર રેતાળ જેવી પુમ થાય છે. તેમાં કાળીજીરી નીપજે છે. આ બી ઝીણાં, કાળાં અને સહેજ લંબાકાર હોય છે. તે કૃમિઘ્ન, શોધક અને વાતહર તરીકે ૧ થી ૧ ગ્રામની માત્રામાં તાવ, ચૂંક, કરમ, અરુચિ, ત્વચારોગ, ગૂમડાં, વ્રણ વગેરે દરદોમાં અપાય છે. કરમને બહાર કાઢવા માટે તે આખા બી ગુલાબ આપવાની જરૂર રહે છે તે જંતુનાશક પણ હોઈ ઝીમતી કપડાંમાં તેને રાખી હોય તો તે ઊધઈ, વાંતરી વગેરે જંતુઓથી કપડાંની થતી બરબાદી અટકાવે છે.

કાળીજીરીચૂર્ણ ન. (વૈદક) કાળીજીરી અને કાળા તલને સમભાગે મેળવી ખાંડી તેનું બનાવેલું ચૂર્ણ.

કાળીટોલી સ્ત્રી. બદતામી; લાંછન; કલંક.

કાળી ટીલી ચોટવી – કલંક લાગવું; નઠારું કહેવાવું.

કાળીઠેપી સ્ત્રી. ઘણી વાર ગુના કરનાર ઠેપી

કાળીઠરાખ સ્ત્રી. કાળા રંગની અને બિનાંવાળી રાખ.

કાળીઠરાજ સ્ત્રી. કાળા રંગના વાળ આવે અને ચામડીની સપાટી કાળી થઈ જાય એવો ચામડીનો એક રોગ.

કાળીદેવ સ્ત્રી. કાળા રંગની શુભ સકુનમાં ગણાતી ચકલી.

કાળીદ્રાક્ષ જુઓ કાળીઠરાખ.

કાળીધામણવોકળી સ્ત્રી. કાળીધામણી; એક જાતનો છોડ. તેનાં પાન ધામણવોકળીનાં પાન જેવાં પણ પાતળાં હોય છે. તેના ફૂલ ગુલાબી કે આસમાની રંગના થાય છે. શીંગ ઝીણી અને અણીવાળી થાય છે. તેમાંથી નીકળતાં છ થી બાર નાનાં નાનાં બીજ દવામાં વપરાય છે.

કાળીધામણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાળીધામણી જુઓ કાળીધામણવોકળી.

કાળીનગદી જુઓ કાળીનગોડ.

કાળીનગર સ્ત્રી એક જાતની વનસ્પતિ. તેનાં પાદડાં સોજા, ચામુ, જ્વર અને કૃમિ ઉપર ઉપયોગી છે

કાળીનગોડ (કાળીનગોડ) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગળો; અત્યૂહા

કાળીનસ સ્ત્રી. અશુદ્ધ લોહી વહી જનારી નળી; શિરા.

કાળીનસોતર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ દવામાં ઉપયોગી છે.

કાળીનાગ ૧. પું. કાળા રંગનો સાપ.

૨ પું. યમુનાના ધરામાં રહેતો કૃષ્ણે નાથેલો એ નામનો નાગ

કાળીપરજ સ્ત્રી કુળગા વગેરે કાળા રંગની જાતિ; રાનીપરજ; કાળા રંગના અનાર્ય લોકોની એક જાત સુરત જિલ્લો, માંડવી, બારડોલી, છોટાનાગપુર, રાજપીપળા, નવસારી પ્રાંત અને નાંદોદ તરફ આના લોકોની વસતી છે. રંગભેદના મૂલકર્ણાથી આ શબ્દને હલકો માનીને એને સ્થાને હાલ 'રાનીપરજ' શબ્દ યોજાયો છે. રાનીપરજની મુખ્ય તેર જાતિ છેઃ ભીલ, ધોડિયા, કુળગા, ગોંધરા, ગામીત, કોટવાળિયા, નાયકડા, કાનુડિયા, કૂકણા-કોંકણા, કોલધા, પલવી, વાર્લી અને આવચા. ધાલકડ, માવચા, અને તડવી એ ભીલની પેટા જાત તરીકે ગણાય છે. તડવી એ મુસલમાન પુરુષ અને ભીલ સ્ત્રીથી ઉત્પન્ન થયેલી ઓલાદ મનાવામાં આવે છે. કુળગાની પેટા જાત તરીકે તળાવિયા અને નમાવા છે, પણ હાલ તેઓ પોતાને કુળગાથી ઊંચા કહેવરાવે છે. રાનીપરજની આ મુખ્ય જાત અને તેના પેટા વિભાગ સૌ આજ તો પોતપોતાને એક સ્વતંત્ર જાત તરીકે ઓળખાવે છે ને માને છે, તે એટલી હદ સુધી કે એક જાતને બીજી જાત સાથે આણાવહેવાર પણ નથી હોતો. છતાં જો એક જાત બીજી જાતનું બાઈ લે તો પંચ તેવા માણસ પાસે "નાતુ" પ્રાયશ્ચિત્ત કરાવે છે. કુળગાઓની વસતી જંગલ ભાગમાં નથી. તેઓ ઉજળિયાત ખેડૂતોના અર્ધ ગુલામ જેવી દશામાં રહે છે. કોટવાળિયા

મરેલાં ઢોરનું માંસ ખાય છે. તેમનો મુખ્ય ઉદ્યોગ વાંસના ટોપલા, સૂપડાં વગેરે બનાવી વેચવાનો છે. જંગલમાં ગામાત ઢોર ચારવાનું કામ પણ તેઓ કરે છે. રાનીપરજમાં તેઓ અન્યૂરણ જાતના મનાય છે, તેથી રાનીપરજનો કોઈ માણસ તેને અડકતો નથી. કાયુડિયાનો મુખ્ય ઉદ્યમ ખેરમાંથી કાથો પકવવાનો છે. ચોધરા, ધેડિયા, ગામીત એ લોકો વધારે સંસ્કારી છે. તેઓ મોટે ભાગે ખેતી અને જંગલની મજૂરી ઉપર ગુજરો કરે છે. આ પ્રજામાં બાળલગ્ન નથી. જ્ઞાતિપંચોનાં બંધારણ બહુ મજબૂત હોય છે. ફારગતી અને પુનર્લગ્ન એ બંને પ્રચલિત છે. ભીલ અને વસાવાઓમાં ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન થઈ શકે છે, પણ બીજી જાતો બબ્બેથી એક સ્ત્રી ઘરમાં હોય ત્યાંસુધી એક ઉપર બીજી આપતા નથી. એવે પ્રસંગે પહેલી સ્ત્રીને ફારગતી આપવી પડે છે. દારૂ તાડીનું વ્યસન આ જાતોમાં ઘર કરી બેઠું છે. મૃત શરીરને દાટવાના અને બાળવાના એ બંને રિવાજો તેઓમાં પ્રચલિત છે. તેમ મરનારનું શ્રાદ્ધ પણ કરવામાં આવે છે. પ્રત્યેક મરનારની પાળ્યા એક નાનું સ્તૂપ જેવું સ્મૃતિચિહ્ન બનું કરવામાં આવે છે. તેને ખત્રુ મકનું કહે છે. તેઓ અનેક દેવદેવીઓને માને છે. સીમાપાલ, ક્ષેત્રપાલ જેવા ખાસ દેવતાઓ ઉપરાંત વાઘ, વિષધર વગેરે વન્ય પશુઓએ પણ એ જાતના દેવતાઓનાં આસન ઉપર પોતાનું સ્થાન લીધું છે. એ લોકો કેટલાંક વ્રત કરે છે. તેના નિયમો પણ બહુ કડક હોય છે. શિવધર્મ દર્શનના એક વ્રતમાં તો સ્ત્રીજાતિના હાથની કોઈ પણ વસ્તુ તેઓ ખાઈ કે પી શકતા નથી અને સાંઝા મહિનાઓ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. આ સઘળી જાતો ઉપર ભૂત પ્રેતનો વહેમ જબરજસ્ત લદાયેલો છે. તાવ આવ્યો તો વળગણનું કારણ. કઈ બીમારી થઈ કે ભૂત તો આવી જ પહોંચ્યું હોય. એ ભૂત કાઢનારા ભૂવા જગતની સંતાથી તેઓમાં ઓળખાય છે અને તેમના ઉપર પુષ્કળ દાર થયા છે. નૃત્ય, ગીત, ગોઠ એટલે વાર્તા અને શિકાર એ આ જાતોમાં આનંદપ્રમોદનું મુખ્ય સાધન છે. નૃત્યકલા આ પ્રજામાં વ્યવસ્થિત સ્વરૂપમાં નજરે પડે છે. અમુક પ્રસંગે, અમુક સમયે, અમુક પ્રકારનાં જ નૃત્ય થઈ શકે છે અને એની તાલબદ્ધતામાં જરા યે ઊણપ નથી. એમનાં વાદ્યો પણ વિશેષ પ્રકારનાં છે. તેઓના આ નૃત્યના જલસામાં ઘણો ચમત્કાર પણ આવે છે. ગીતમાં ઘણો ભાગ પ્રેમસંગીત, વિરહમનોભવનાં ગીત અને બીભત્સ રસનાં હોય છે, પણ કેટલાંક ગીતો તો ઘણી જ ઉત્કૃષ્ટ પંક્તિનાં છે. વાતોમાં પણ કેટલીક હાસ્યરસની અને નીતિવિષયક વાતો છે. પણ મોટે ભાગે બીભત્સ રસની વધારે છે. આ ઉપરાંત જંગલના ઉંડાણના ભાગમાં બહાદુર માણસોનાં સાહસભર્યાં કામોને લોકકવિતામાં ગૂંથી તેઓ ખૂબ લાવણ્ય લાવે છે. આવાં ગીતોને તેઓ લાવણી કહે છે. એમનું સ્થાપત્ય પણ નિરાળું છે. નાનાં નાનાં ઝૂંપડાં બાંધવામાં પણ એમના સ્થપતિની ગોઠવણી મુજબ તે તૈયાર કરવામાં આવે છે. અક્ષરજ્ઞાનનો તેમનામાં બહુ અભાવ છે, એટલે એમનાં જ્ઞાન અને અક્લીપણાનો લાભ સાહુકારો, પીઠાંવાળાઓ અને બીજાઓ સારી રીતે લે છે.

કાળીપહાડ (કાળીપહાડ) જુઓ કાળીપાટ.

કાળીપત્ર સ્ત્રી. એ નામની એક ઔષધિ.

કાળીપાટ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પાટલા. તેનાં મૂળ તાવમાં વપરાય છે.

૨. સ્ત્રી. ચોમાસામાં થતો એક જાતનો વેલો. કરંદિયું. તેનાં પાન ત્રણ ઇંચથી વધારે લાંબાં અને બે ઇંચથી વધારે પહોળાં હોય છે. નર માદાનાં ફૂલ જુદાં હોય છે. મૂળ અને પાન ઉપયોગી છે. કાળીપાટ ચિરગુણકારી, કટુ, શોષક, પૌષ્ટિક, ગ્રાહી અને મૂત્રલ છે.

૩. સ્ત્રી. પહાડમૂળ. તે લાંબું અને પાતળું થાય છે અને સોજા ઉપર ચોપડાય છે.

કાળીપાઠ સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ; પાઠા. તે અર્શ, અતિસાર, પ્લીહોદર અને ત્રિદોષને દબાવનાર કહેવાય છે.

કાળીપાઠ (કાળીપાઢ) જુઓ કાળીપાટ.

કાળીકૂકડી (કાળીકૂકડો) ૧. સ્ત્રી. આસમાની કૂકવાળો એક જાતનો ઝેડ.

૨. સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેને મોટાં ચૂજાંવાળાં પાંદડાં હોય છે અને જુદા જુદા રંગનાં દેખાવડાં ફૂલ હોય છે. તેમાં બાળાના આકારનો પાંદડીઓનો સમૂહ હોય છે અને તેની નળીમાં પાંચ પુંકેસર હોય છે.

કાળીખજૂર સ્ત્રી. બાંધેલ જાવથી વધુ આવે અને સરકારની કે રાજની ખરવાનગી વગર વસ્તુઓ વેચાતી લેવાતી હોય તેવું સ્થળ.

કાળીખટાશ સ્ત્રી. મંદકાન્તિ પાનાંનો કાળો રંગ.

કાળીખણતરા સ્ત્રી. અસલ વેદના; અતિતીવ્ર દાહ.

કાળીખારા સ્ત્રી. ભરતી, તપખીરિયા રંગની અને જરા ખારાશવાળી જમીન. તેમાં ઘઉં સારા થાય છે.

કાળીખેસર સ્ત્રી. પેરા જૂરા રંગની ઘણી ભભરી અને વિશેષ કાંકરાવાળી જમીન. એમાં બાજરી તુવર અને ત્રીણ્ડિ કાંગર સારાં થાય છે.

કાળીછાર સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત.

કાળીજીરી સ્ત્રી. જમીનની એક જાત. કપાસ, જુવાર, રીરડી અને કાંગરનાં તૂસ આ જમીનમાં થઈ શકે છે.

કાળીઝમ્મી સ્ત્રી. એ નામની એક દરિયાઈ માછલી. તે પૂછડી વિનાની હોય છે અને ખોરાક તરીકે વપરાય છે.

કાળીમહેનત સ્ત્રી. સખત શ્રમ; અત્યંત મહેનત.

કાળીમીરચી સ્ત્રી. એક જાતના ઉષ્ણ પ્રદેશમાં થતા ક્ષુપનાં સૂક્ષ્મબાષ્પ ફળ; કાળાંમરી; તીખાં. કદમાં તે નાનાં અને આકારે ગોળ હોય છે.

કાળીમીરી જુઓ કાળીમીરચી.

કાળીમૂસળી સ્ત્રી. એક જાતની કાળા રંગની ધાતુપુષ્ટિના ઉપયોગમાં આવતી ઔષધિ.

કાળીમેશ ૧. વિ. સ્ત્રી. ઘણી જ અંધારી; બાઢ અંધારી.

૨. વિ. સ્ત્રી. મેશના જેવી કાળી.

કાળીરાક્ષસી સ્ત્રી. અંધારી રાત.

કાળીરાત ૧. સ્ત્રી. અંધારિયું; કૃષ્ણપક્ષ.

૨. સ્ત્રી. અંધારી રાત.

૩. સ્ત્રી. કાળીચૌદશ; આસો વદ ૧૪ની રાત્રિ.

૪. સ્ત્રી. મધ્યરાત્રિનો સમય.

૫. સ્ત્રી. વદિ પક્ષની આઠમની રાત.

કાળીરેતી સ્ત્રી. સાદી ચૂસવાને માટે વપરાતી એક જાતની રેજી.

કાળોરોઝી સ્ત્રી. બાલપૂમો; એક જાતની ગળી પૂરી.

કાળીરોશનાઈ સ્ત્રી. કાળા રંગની લખવાની દેશી સાહી

કાળીરોળી ૧. સ્ત્રી. ભયાનક ચીસ; કારમી ચૂમ.

૨. સ્ત્રી. સંધ્યા સમય; સૂર્યાસ્તનો વખત.

કાળીલાલ ૧. સ્ત્રી. અતલસ; એક જાતનું કાપડ.

૨. સ્ત્રી. અનહદ બળતરા; બેહદ દાહ.

કાળીવસૂલ સ્ત્રી. જમીનમહેસૂલ.

કાળીવેલ સ્ત્રી. એક જાતની વેલ. માથાનો ખોડો, જૂ વગેરે તેનાથી મરી જાય છે. તેનાં પાન એરંડાનાં પાન જેવાં થાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે. ફાગણ મૈત્રમાં તેને નાનાં

નાનાં ફૂલ આવે છે. ફૂલનો રંગ કાંઈક હરિયાળો હોય છે વૈશાખ જેઠમાં તે ફળે છે. કાળાતેલ લાવું કરીને વાઇ ઉપર થાય છે. તે કર્પૂરજા, રત્નરોગ, રતવા, ઝેરી સોજો અને વિષ ઉપર ફાયદાકારક મનાય છે.

કાળીશર સ્ત્રી. ગળામાં પહેરવાનો એક જાતનો સોનાચાંદીનો દાગીનો.

કાળીશંખાવળી સ્ત્રી. વિષ્ણુક્રાંતા નામની આસમાની રંગનાં ફૂલવાળી એક ઔષધોપયોગી વનસ્પતિ.

કાળીશીતલા [હિં.] સ્ત્રી. કાળા દાણા નીકળે અને રોગીને બહુ કષ્ટ થાય એવો શીતળાના રોગનો એક પ્રકાર.

કાળીસઢેડી (કાળીસરેડી) સ્ત્રી. જંગલમાં થતો કાળાં ફૂલવાળો એક ઔષધોપયોગી છોડ.

કાળીહળદ સ્ત્રી. એક જાતનો સુંદર છોડ. વર્ષા ઋતુમાં તે સુંદર લાગે છે. ૯ મહિનામાં તેને ફૂલ આવે છે.

કાળીગડી (કાળીગડી) સ્ત્રી. તરબૂચનો વેલો.

કાળીંગડું (કાળીગડું) ૧. ન. એક જાતનું અનાજ.
૨. ન. કાચું તરબૂચ.
૩. ન. ગીલોડું.

કાળીંગું જુઓ કાળીગડું.

કાળીંગડો (કાળીગડો) પું. પાછલી રાતે આવતો એક રોગ.

કાળીંગો ૧. પું. એ નામનો દૈત્ય.
૨. પું. કલિયુગ.
૩. પું. ખરાબ વખત.
૪. ન. તરબૂચ.

કાળુ ૧. સ્ત્રી. એક જાતની કાળા રંગની ભેંસ. તેને એકેય ડોળો વાળ હોતો નથી. તેના પોદળામાંથી લાલ દોરા જેવો કૃમ નીકળે છે તે શુકનવાળો ગણાય છે. ગરજુ લોકો તેને ઘરમાં રાખે છે. તે રિદ્ધિસિદ્ધિ વધારે એમ મનાય છે. આ ભેંસ પાતાળમાંથી નીકળી કહેવાય છે.
૨. સ્ત્રી. એક જાતની માછલી. જુઓ કાસુ.

કાળુખડો (કાળુખડો) પું. એક જાતની વનસ્પતિ.

કાળુડાં ખાડુ (કાળુડાં ખાડુ) સ્ત્રી. ભેંસનું બચ્ચું.

કાળુડી (કાળુડી) ૧. સ્ત્રી. બોડી.
૨. સ્ત્રી. ભેંસ.

કાળુડું (કાળુડું) ૧. વિ. કાળું.
૨. વિ. બહુ જ કાળકેર.

કાળુભાર સ્ત્રી. એ નામની કઠિયાવાડની નદી.

કાળુમાછલી સ્ત્રી. બે પડવાળું મૃદુકાય દરિયાઈ પ્રાણી. સમુદ્રના કિનારા પાસે ખોળ પાણીની અંદર ખડકો તથા કોઈ પદાર્થને તે ચોંટી રહે છે, ને પાણીના પ્રવાહથી વનસ્પતિનો અથવા પ્રાણીઓનો જે ખોરાક તેમની પાસે આવે છે તે તેઓ ખાય છે. એને ખોરાક માટે બહુ પરિશ્રમ આવે છે. અરબી સમુદ્રમાં તથા હિંદી મહાસાગરમાં તે વધુ મળે છે. જુઓ કાસુ.

કાળુરોળુ ૧. ન. સંધ્યાકાળ પછીનો વખત.
૨. વિ. આંધળું; ધૂંધળું.

કાળું ૧. [સં. કાલ] વિ. અંધકારમય; પ્રકાશ રહિત.
૨. વિ. આકાશના અંધારા જેવું; કૃષ્ણ; શ્યામ; મેશના જેવા રંગનું.
૧. કાળા કાળા અંકોડા અને રાતી રાતી વીમેલ = અજાણને વાંચતાં ન આવડતું હોય તેને કાગળ વાંચવા આપે તો શું થાય? એને મન તો સઘળું કાળું જ લાગે.
૨. કાળાની જોડે ધોળો બાંધ્યો તો વાન ન આવે તો સાન આવે = સોબત તેવી અસર.
૩. કાળાં મરી ધોળાં વર્ષા = જુવાની જર્જર દશાવસ્થા આવવી.
૪. કાળું કોયલા-કોજ-મેશ-સાહી-સીદી જેવું = બહુ જ કાળું.
૩. વિ. નકારું; દુષ્ટ પાપી.
૧. કાળા મોંવાળું = દુષ્ટ અરાજ.
૨. કાળું કરવું = બરબાદ; મોં ન દેખાડવા તેમ કરવું; ગાલબા જવું.
૩. કાળું કૂતરું ચે જાવ નથી પૂછતું = કોઈ પણ પ્રકારના કે દરજ્જાર કરતું નથી.
૪. કાળું મોં કરવું = કાળું કરવું.
૫. કાળામાં કાળું = અનિષ્ટ કામ.
૪. વિ. ખારે; ખોટું; પ્રત્યંત.
૫. વિ. લાલચી વનરનું; ધાતકી; નિર્દય.
કાળા જેટલા ભૂતના સાગ = કાળું જેટલું અવગુણવાળું.
૬. વિ. સખત; તીવ્ર; કઠોર.

કાળુકટ વિ. બહુ જ કાળું.

કાળુમાંઠિયું ન. ભાંગરો; એક જાતની વનસ્પતિ.

કાળુંબોકું ૧. ન. નિંદાવાક્ય; અપશબ્દ.
૨. વિ. કાચું પાકું; ખરું કે ખોટું.

કાળુંબ્રકું ન. કાળા રંગનું જીવડું; કૃષ્ણકીટ. આ એક જાતની ઝાર ફૂટ લંબે છે. તે ગુજરાત ઉષ્ણ છે. સમણી, કાંઠ વગેરે ઉપર આપાય છે.

કાળુંબેળ જુઓ કાળુંકટ.

કાળુંબેળાળુ જુઓ કાળુંકટ.

કાળુંડિબાંગ જુઓ કાળુંકટ.

કાળુંધોળું ૧. ન. અસ્પષ્ટાક્ષરપણું; કપટ.
૨. ન. ખરાબ કામ.

કાળુંપાકા ન. પક્ષ તથા શિયાળને મળતું એક જાતનું પ્રાણી. એ દક્ષિણ અમેરિકામાં વસે છે. કાળા આંતરપાંખનું લાંબું તેના વાળનું બને છે.

કાળુંપાણી ૧. ન. દેશનિકાલ; દેશવટો.
૧. કાળાં પાણી ઉપર બહુ દૂર જવું = દેશનિકાલે જવું; સમુદ્ર પાર જવું.
૨. કાળાં પાણીએ ચડવું-જવું = (૧)
૩. કાળાં પાણીએ ઉતરવું = દેશનિકાલ કરવું. દેશનિકાલ થવું. (૨) વિદેશ જવું; સમુદ્રપાર જવું.
૨. ન. સમુદ્ર.
કાળાં પાણી ઓળંગવાં = સમુદ્રગમન કરવું; દરિયાપારના દેશોમાં સફર કરવી.
૩. ન. સમુદ્રનું પાણી.

કાળુંકૂલકું (કાળુંકૂલકું) ન. એક પ્રકારનો છોડ. તેના ઉપર ધોળાં ટપકાં હોય છે. તેને ફૂલની ધોળી મુગ્ધ આવે છે.

કાળુંભકે ન. નેતરની જાતનું ઘાસ.

કાળુંભક્કક વિ. કાળું કાળું ભૂત જેવું.

કાળુંભાભરું ન. એક જાતની વનસ્પતિ. આરોગ્ય માટે બાળકોને તે પાવામાં આવે છે.

કાળુંમુસલમુસ્લ ન. એ નામનું એક જાતનું નાનકું પક્ષી; કાળામોઢી; કાળીમસલી. આ પક્ષી હિંદુસ્તાનમાં બધે જોવામાં આવે છે. વસંતઋતુની શરૂઆતમાં નરનો કંઠ ખૂલે છે. માદા કરતાં નર વધુ સુંદર અને આકર્ષક હોય છે. પાંખોનો રંગ ચળકાટવાળો અને પૈઠનો સફેદ હોય છે. માદાનો રંગ આખો જૂદો હોય છે. એક જ જોડું આખી જિંદગીભર કાયમ રહે છે. તેનો ખોરાક જીવડાં છે. કોઈ કોઈ વખત ફળાહાર પણ કરે છે. રાત્રિથી બચ્ચાં મોટાં થાય ત્યાં સુધી ઈંડાં મૂકે છે. માળો શરૂઆતના આકારનો વચ્ચે બાકોરાવાળો હોય છે. વધારેમાં વધારે પાંચ ઈંડાં મૂકે છે.

કાળુંભૂંછ વિ. કાળું મશ; ખૂબ કાળું.

કાળુંમેશ વિ. બહુ કાળું.

કાળુંબોકું ન. ઊતરી ગયેલો ચહેરો.

કાળુખડો (કાળુખડો) પું. એક જાતની વનસ્પતિ.

કાળૂડો (કાળૂડો) વિ. સ્ત્રી. કાળી.

કાળે ૧. સ્ત્રી. મરાઠાઓની એ નામની અટક.
૨. ન. એ નામની એક મરાઠી અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાળોકરીન અ. વખત જતાં; સમય વીતતાં.

કાળોલું ન. બીડી અને અજરના બંધાણીને તે રાખવાનું લાકડાનું અજર પતરાનું સાધન.

કાળો ૧. પું. એ નામની એક ધાતુ; 'પ્લમ્બેગો.'

૨. પું. નાગ; સર્પ.

૩. ન. અફીણ.

૪. વિ. ભયંકર; ઝેરવાળું.

કાળોઅરડૂસો (કાળોઅરડૂસો) પું. એક પ્રકારનો છોડવો. એ બધુડા રંગનો હોય છે. પાનનો ઢવાથ સંધિવા ઉપર અપાય છે.

કાળોઆકૂસ પું. એક જાતનો આંબો.

કાળોઉભરડો (કાળોઉભરડો) ૧. [સં. કૃષ્ણ ઉદુમ્બરિકા] પું. એક ઝાડ; ઢેડઉમર; નાંદોઉંમર. એની છાલ અતિસાર મટાડે છે. તે શીત, કડવો, ખાટો, મલસ્તંભક, તીખો, તૂરો અને ગ્રાહક છે. તે કમળો, પિત્ત, રક્તપિત્ત, ધોળો કોઢ, વણ, પાંડુરોગ, રક્તદોષ, સોજો અને અર્શનો નાશ કરે છે. તેનાં ફળ મીઠાં, તૂરાં, શીતળ, વૃદ્ધિકારક, ગુરુ, ધાતુવર્દ્ધક, પાકકાળે મધુર, સ્નિગ્ધ, મલસ્તંભક, પૌષ્ટિક, ગ્રાહક તથા વાતકારક છે અને દાહ, રક્તવિકાર, દાહ તથા વિષદોષ મટાડે છે.

૨. પું. નાંદુ ઝાડ. મોટી ઊધરસ માટે તેની છાલનો ઉપયોગ થાય છે.

કાળો કટકિયો પું. એ નામની એક વનસ્પતિ. તેનો દુધિયા હેમકંદના જેવો ઉપયોગ છે. આ વેલાને ગુજરાતમાં મધ્યભરે ઠેકાણે જેડીમધ નામથી ઓળખવામાં આવે છે, કારણકે એનાં મૂળ પણ મીઠાં હોય છે. તે જેઠીમધથી જુદું છે.

કાળોકડુ (કાળોકડુ) પું. એક જાતની ઔષધિ. તે ખરપમાં અને નેપાળમાં મળે છે. કૂલો સુંદર હોઈ બગીચામાં વવાય છે. તે મૂત્રલ, કૃમિઘ્ન, હૃદયપૌષ્ટિક, તીવ્ર રેચક, વિષઘ્ન, રક્તશોધક અને જ્વરઘ્ન છે. લોહીના ઝાડાને પણ શાંત કરે છે. તેનું બારીક ચૂર્ણ પર વહેતાં ચાંદાં ઉપર ભભરાવવાથી તેની અંદરનાં બારીક જેરી જંતુઓનો નાશ થઈ તરત રૂઝ લાવે છે.

કાળોકઢો (કાળોકઢો) પું. ઉંદરજાતની બે માંહેની એક જાત.

કાળોકહેર પું. ત્રાસદાયક બનાવ; ભારે જુલમ.

કાળોકળોળાટ પું. ગોકીરો; બહુજ રાડો પાડની તે.

કાળોકંથારો પું. એક પ્રકારનો વેલો.

કાળોકામો પું. અપકૃત્ય; જૂઠું કામ; બરાબ કામ.

કાળોકાયકો પું. કૂર કામદો; બરાબ કામદો.

કાળોકાંસકિયો પું. એક જાતનું ઝાડ; કળિયોસરસ. તેનાં ફૂલ મધુરી વાસવાળાં પીળા રંગનાં અને સિંગે લાંબી, ચપટી અને પહોળી થાય છે. તેમાં નાનાં ચપટાં ભૂરા રંગનાં બી હોય છે.

કાળોકૂકો (કાળોકૂકો) પું. એક જાતનું ઝાડ. ચોમાસામાં તેને સુગંધમય લીલાં સફેદ રંગનાં ફૂલ આવે છે. આનાં ફળ તથા ફૂલ સિંગેનાના વૃક્ષ જેવા ગુણ ધરાવે છે અને તાવ ઉપર ઉપયોગી મનાય છે.

કાળોકૂંપો જુઓ કાળોભરણી.

કાળોકેર જુઓ કાળોકહેર.

કાળોકોપ ૧. પું. બનાવ અત્યંત બરાબ કે માઠો બનાવ; કાળોકહેર.

૨. પું. કૈવકોપ.

૩. પું. ભયંકર અને ત્રાસદાયક નાશ.

કાળોકોરી જુઓ કાળિયોકોસી.

કાળોખાંસલો પું. ભટો; કલંક; બદનામી; કાળોટીલી.

કાળોચિત્રક પું. એક જાતની વનસ્પતિ. મહાત્માઓ એના રસમાં ચોખા રાંધીને માત્ર એક જ વખતે જમે છે. આથી તેમને છ મહિના સુધી અનાજ બેવું પડતું નથી એમ મનાય છે.

કાળોચિત્રો પું. એક જાતનો છોડવો. આ છોડવો વેલા જેવો થાય છે. એમાં સુંદર આસમાની ફૂલ આવે છે.

કાળોચોર ૧. પું. અંધારી રાતે ચોરી કરનાર; અંધારામાં ચોરીનું કામ કરનાર; પાકો તસ્કર; મોટો ચોર.

૨. પું. કાળાં કર્મ કરનાર માણસ; કુકર્મી.

કાળોટચું અ. ક્રિ. કાળા પડી જવું; કાળા થવું.

કાળોડાઘ પું. કલંક; અપયશ; લાંછન; બટો.

કાળોઢનું ૧. અ. ક્રિ. કાળા રંગનું થઈ જવું.

૨. અ. ક્રિ. નબળું પડી જવું.

કાળોતર વિ. બૂરા વખતનું.

કાળોતરા ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૨. ન. રબારીની એ નામની અટકનું માણસ.

૩. વિ. રબારીની એક અટકનું.

કાળોતરિયો પું. મૂબાની બાજર લાવનાર માણસ; અશુભ કામના લઈ જનારો બેપિયો.

કાળોતરી [સં. કાલપત્રિકા-કાલત્તરી-કાલઉતરી-કાળોતરી] સ્ત્રી. મરણના સમાચારની ચિઠ્ઠી; માઠા બનાવનો પત્ર.

કાળોતરું ૧. વિ. કાળું.

૨. વિ. ભયંકર.

૩. વિ. વિષધર.

કાળોતરો ૧. પું. કાળો નાગ; મોટો ઝેરી નાગ, તે રંગે ઝળકતો કાળો અને પીઠ ઉપર સફેદ આડી કમાનો જેવા ત્રીણ્યા પટાવાળો હોય છે.

૨. વિ. છળ લેનાર.

૩. વિ. ભયંકર.

કાળોત્રી જુઓ કાળોતરી.

કાળોત્રો જુઓ કાળોતરો.

કાળોદુકાળ પું. માણસ તથા ઢોર છતી શકે નહિ તેવો બરાબ વખત.

કાળોનાગ ૧. પું. કાળ.

૨. પું. બધો ઝેરી સાપ; તરત મૃત્યુ નીપજે એવા ભારે ઝેરવાળો સાપ.

૩. પું. કંપીલો માણસ.

કાળોપીંજારો પું. એક જાતનો છોડ. આ છોડ બધું કરીને કાચા વેલા જેવો અને આદીજવળી થાબાવાળો થાય છે. તેનાં પાન લાંબાં અને સાંકડાં લંબગોળ હોય છે. તેમાં પીળાં કે ધોળાં ફૂલ થાય છે. તે દવામાં વપરાય છે.

કાળોપ્રમેહ પું. પિત્તથી બનાર એક પ્રકારનો પ્રમેહ.

કાળોફૂલ્લો પું. એક જાતનો છોડ. તેનાં પાન બેથી ત્રણ ઇંચ લાંબાં, અરધો ઇંચ પહોળાં અને ટેરવે અણીવાળાં હોય. તેમાં પાન વગરની પાતળી થાબાને છેડે સફેદ ફૂલ આવે. એનો છોડ સુકાય ત્યારે કાળા રંગનો થાય. ફૂલ પણ સુકાય ત્યારે કાળાં થઈ જાય છે.

કાળોબલ્લક વિ.પું. કાળું મેશ; મેશ જેવું કાળું.

કાળોબોકાસો પું. બાદરી ચીસ; ગોકીરો.

કાળોભૂત પું. કાળું ડરણ; કાળિયાર.

કાળોમેશ વિ.પું. બધો કાળો; મેશ જેવો કાળો.

કાળોરંગ પું. મેશ જેવો રંગ. ને સર્વ રંગનાં કિરણો ગળી જતા હોય છે. શાસ્ત્રીય રીતે કાળો એ કોઈ રંગ નથી. તે સર્વ રંગોનો અભાવ છે. આ પ્રમાણે કાળા પદાર્થમાં સર્વ પ્રકારનાં કિરણો ગળી જવાનો ગુણ હોવાને લીધે તે ઉષ્ણતાગ્રાહક છે.

કાળોરોગ પું. એક જાતનો રોગ. દુનિયામાં તે અગાઉ ફેલાયો હતો. તે જેને લાગુ પડે તેના શરીર ઉપર કાળા રંગનાં ધબ્બા ફૂટી નીકળે.

કાળોલંગુર પું. પશ્ચિમ ઘાટમાં વસતો કાળો વાંદરો. તેની પૂછડી ટૂંકી હોય છે.

કાળોવાળો ૧. પું. એક જાતનાં કાળાં મૂળિયાં; એક ઔષધિ.
૨. પું. સુગંધી વાળાની એક જાત.

કાળોવેશ પું. દેશવટાની નિશાનીનો પોશાક.

કાળોશિરીષ પું. એક જાતનું ઝાડ. તેને સુંદર મુશળોદાર ફૂલો આવે છે.

કાળોસરસ ૧. પું. એક જાતનું ઝાડ. તેમાં એપ્રિલથી જૂનમાં સફેદ સુગંધી ફૂલ આવે છે. આ ઝાડ ૬૦થી ૭૦ ફૂટ ઊંચું થાય છે. એનું લાકડું મજબૂત હોવાથી શેરડીના ગોલુ તથા ઘાણી કરવા માટે વપરાય છે.
૨. પું. કાળા રંગનો સરસ.

કાળોસાલેમ પું. એક જાતની પૌષ્ટિક ઔષધિ.

કાળોસીસમ પું. સીસમની એક જાત.

કાળોસોમલ પું. એક જાતનું બનાવટ ઝેર; સોમલ.

કાળોહુકીક પું. એક જાતનો કાળો બનિજ પદાર્થ.

કાળોહંસરાજ પું. એક વનસ્પતિ. તે નદી કે પોંઢામાં જ્યાં પાણી હોય ત્યાં જોવામાં થાય છે. તેનાં પાન શોભાવાળાં કપાયેલાં થાય છે. તે દવાના કામમાં વપરાય છે.

કાળોંડવું ૧. અ. ક્રિ. નબળું પડી જવું.
૨. અ. ક્રિ. સહેજ કાળું પડી જવું.

કાળોંડવું જુઓ કાળોડવું.

કાં ૧. પું. કાગડો કે બતકથી થતો એવો એક અવાજ.
૨. [સં. ક્રિમ્] અ. કેમ; શા સારૂ; શા માટે; શાને.

વહ્યા રામ વિહાં સહમણ મિલિયા,
મહી ભોગી કાં આવ્યા. કર્ણમૂ

૩. અ. કોઈ સાથે વાત કરવાની શરૂઆત કરવાનો એક આરંભ ઉદ્ગાર; એક પાદપૂરક અવ્યય. જેમકે, કાં ભાઈ, શોક જણો ?
૪. [અ.] અ. કયાં; કઈ જગ્યાએ; ક્યે ઠેકાણે.
૫. અ. વા; અથવા.

કાંઅસી સ. ક્રિ. (ભાવ) કહે છે.

કાંઈ ૧. સ. અનિશ્ચિત અથવા ન સમજણ પડે એવું; અમુક; કયું.
કાંઈ કાંઈ થઈ જવું = સમજણ છતાં જણાઈ ન શકાય એવું કાંઈ દુઃખ થવું.
૨. [સં. કિંચિત્] સ. કંઈ; કાંઈક.

જિણ દિહડઈ સુઈ ચમ્મઈ,
અણહુંતઉ કાંઈ ઉહિ અહુ.

ભત્તર (સંવત ૧૨૭૦)

૧. કાંઈ ને કાવરા = કાંઈ પણ નહિ; કશું યે નહિ. કાવરા એટલે ખાલી જગા ઉપરથી આ પ્રયોગ જન્મ્યો મનાય છે.
૨. કાંઈ દિ'ન કટકડી = કાંઈ લેવાદેવા ન હોવાપણું.
૩. કાંઈનું કાંઈ થઈ જવું = ધારવા કરતાં ઊલટું થઈ જવું; ઊલટસૂલટ થઈ જવું.
૩. સ. કેટલા યે; કેટલાં યે.
૪. સ. કોઈ; કોઈપણ.
૫. સ. શું; એક પ્રશ્નાર્થ સર્વનામ. જેમકે, અવસર ચૂપ્યા મેહુલા પૂછી કાંઈ કરેસિ ?
૬. વિ. કેટલું યે.
૭. વિ. જરીબર નહિ જોયેલું, જાણેલું કે સાંભળેલું.
૮. વિ. હજાર; બરા.
૯. અ. હજાર.
૧૦. અ. શા માટે.

કાંઈ અબોલણ હુન્નઉ (તારે અબોલણ શા માટે છે ?) હેમચંદ્ર

કાંઈકાંઈ જુઓ કાંઈક.

કાંઈક ૧. સ. કંઈક; કંઈ; કાંઈકાંઈ.
૨. સ. કેટલા યે; કેટલાં યે.
૩. સ. કોઈ; કોઈપણ.
૪. વિ. અનિશ્ચિત અથવા ન સમજણ પડે એવું; અમુક; કયું.
૫. વિ. ઓછાવત્તું.
૬. વિ. કેટલું યે.
૭. વિ. થોડુંઘણું; હજાર; બરા.

કાંઈકાંઈ ૧. સ. કંઈક; બરોબર સમજણ નહિ એવું જે કંઈ તે; કંઈકંઈ; કશુંકશું.
૨. સ. થોડું.
૩. વિ. બરા; હજાર; થોડુંથોડું.
૪. વિ. ન કહેવાય કે બોલાય એવું.
કાંઈકાંઈ થઈ જવું = એવું કાંઈ અસરકારક દુઃખ થવું કે જે સમજણ છતાં જણાવી ન શકાય.

કાંઉ ૧. [સં. ક્રિમ્] અ. શા માટે; શા સારૂ; કેમ. ચારણ, ગઢવી, કેટ વગેરે લોકો આ શબ્દ વાપરે છે.

ચોખાં જેનાં ચિત્ત, (એને) વરણ કાંઉ વિચારીએ.
લોકસાહિત્ય

૨. અ. શું.

કાંઉ ગાઝાં ગાગોલિયાં ને કાંઉ ગાઝા કપૂત,
હકડી તો મહી બલી, હકડે બલો સપૂત.
લોકોક્તિ

૩. જુઓ કાંઈ.

કાંઉકાંઉ અ. ઘણું ઘણું.

કાંઉ બાપ્પે અ. (ચારણી) શા સારૂ.

કાંઉસ પું. (અણિત) અમુક સંખ્યાઓ કે બૈજિક રાશિઓનું અણિત એકસાથે કરવાનું છે એમ બતાવવા માટે વાપરવામાં આવતું ચિહ્ન; ગ્રૉસ.

કાંઉન્સિલ [અં.] સ્ત્રી. અમુક સભ્યોનું બનેલ મંડળ; સમિતિ.

કાંઉન્સિલર [અં.] પું. કાંઉન્સિલનો સભાસદ.

કાંઉં ૧. [સં. ક્રિમ્] સ. શું.
૨. અ. કેમ.

કાંએઢ પું. બસ.

કાંક ૧. સ્ત્રી. બગલાના ઊડવાને મળતી આવતી ઘોડાની એક દોડ. તેમાં ઘોડો બગલા કે ચીબના ઊડવાની પેઠે દોડે છે.
૨. જુઓ કાંકિ.

કાંકચ પું. એક જાતની વનસ્પતિ; અતિવલ્લભા; તોમપુષ્પી; પાડલા; પાટલિ; પાટલા; મોખા; મધુદૂતિ; ફલેરૂહા; કુખ્યવંતા; કુબેરાક્ષી; ભ્રમરવાલી; તામ્રપુષ્પી. તેનાં લંબગોળ પાન સુમારે એક ઇંચ લાંબાં અને આમલીનાં પાનની માફક સામસામાં ગોઠે છે. ડાંખળીના પાછલા ભાગ ઉપર નાના વાંસ કાંટા થાય છે. માંજરમાં જથ્થાં પીળા રંગનાં ફૂલ થાય છે. ફૂલની પાંચ પાંખડીમાં ચાર ફિક્કા રંગની હોય અને પાંચમી રાતી છાંટવાળીમાં પુંકેસર અને સ્ત્રીકેસર હોય. ફળ કાંટાવાળાં અને પોટલિયા સરખાં હોય છે. તેમાંથી નીકળતાં બી કાંકચિયા કહેવાય છે. બી અને પાન બંને ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. આ વનસ્પતિ તૂરી, કડવી, ઉષ્ણ અને શોષક છે, અને કફ, પિત્તાર્શ, શ્વાસ, સોજો, ઊલટી, તૃષા, અપમાન, વ્રણ, પ્રમેહ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતાર્શ અને રક્તદોષનો નાશ કરનાર મનાય છે.

કાંકચિયું વ. કાંકચનું ફળ; કાંકચું; કાંકચિયો; ગેંતરું.

કાંકચિયો ૧. પું. કાંકચનું કાંટાવાળું ફળ. તેમાં છીપના જેવાં બે પડ હોય છે. તેના પોપટામાં એક અથવા બે બી હોય તેને કાંકચિયા કહે છે. તેની છાલ બહારથી કડવી અને અંદરનો મર સફેદ અને સ્વાદે કડવો હોય છે. આ બીને મંદ ઉકાળતાં શીકી પછી અંદરનું મગજ કાઢી કડવાણી તરીકે ઔષધમાં વપરાય છે. તે કડવું પૌષ્ટિક અને પાચક તરીકે ૧૦થી ૧૫ ગ્રેનની માત્રામાં દાહિયા તાવ, કરમ, પેટના વાયુ, ચૂંક, પેટપીડ અને ઊલટીમાં અપાય છે.
૨. પું. લોભી; કંજૂસ.
૩. વિ. પું. લુચ્ચો.
કાંકચિયો વામાં આવવો = હાથમાં આવવું; હાથમાં આવવું.

કાંકચું જુઓ કાંકચિયું.

કાંકચો જુઓ કાંકચિયું.

કાંકડ (કાંકડ્) ૧. પું. (જ્યોતિષ) કર્કે રાશિ.

૨. પું. કાચબો.

૩. ન. એ નામના ઝાડનું ફળ; કાંકચિયો.

૪. [સં. કર્કટક] ન. એક જાતનું ઓછું ઝાડ; કરપટાનું ઝાડ. તેનાં પાન લીંબડા જેવાં અને ફળ આમળાં જેવાં થાય. તેમાં નાનાં નાનાં બે ત્રણ બિયાં હોય છે, પણ ફળિયા હોતા નથી. ઝાડની છાલ કે પાન વાટી ગૂમડા ઉપર બાંધવાથી આરામ થાય. ફળનું સ્વાદિષ્ટ અથાણું બને પણ તે રેચ લાવે થાય છે. ફળ બેઢ મહિનાના અરસામાં આવે: મોટાં કાંકડનાં ફળ તૂરાં, અગ્નિદીપક, બદ્ધાં, શીતળ, લઘુ, ઉષ્ણ તેમ જ આંખને હિતાવહ છે અને રક્તપિત્ત તથા કફ કરનાર અને વાતનાશક છે. તે ફળ પાકવાથી શીતળ તથા કફવિકર અને અને પિત્ત તથા રક્તદોષનો નાશ કરે. નાનાં કાંકડનાં ફળ માહક, બદ્ધાં, અગ્નિદીપક, ઉષ્ણ અને લઘુ છે. તે પાકવાથી મધુર, સ્નિગ્ધ, તૂરાં, વાતનાશક અને કફપિત્તકારક છે.

૫. વિ. જરા; થોડું.

કાંકડું (કાંકડું) ૧. [સં. કંક] ન. બહું જુદાળનું એક પંખી.

૨. ન. પાણીમાં પલળે નહિ કે ઉકાળવાથી બફાય નહિ એવો અનાજ માંહેનો દાણો; કાંગડું; ગાંગડું.

કાંકડોલી સ્ત્રી. (શિલ્પ) અઢાર મુખ્ય માંહેનું એક ઘરેણું.

કાંકણ ૧. [સં. કંકણ] પું. દોરો.

સતી રે'ણીકરણીના મુકટ કાંકણ બાંધે,
એ તો મુક્તિની માળા બાંધે. જોગે

૨. સ્ત્રી. સિપાહીની એ નામની એક બટક.

૩. ન. ઇમામની હજૂરમાં કાંગરો વાગ્યા પછી ઇમામ સાહેબ પોતે અથવા તેમના ફરમાનથી હાકમો જેની આગળ બેઉ હાથ જોડીને નમન કરનારને પાણીમાં બાંગળી બોળા બેઉ હાથનાં કાંડાં ઉપર કરવું ચિહ્ન કરે છે તે.

૪. ન. એ નામની બટકનું માણસ.

૫. ન. એક જાતનું પક્ષી; કાંકણહાર. કહેવાય છે કે કાંકણ જનાવર બોલે ત્યારે ત્રણ દિવસ વરસાદ વરસે.

૬. ન. એક જાતનું લાલ ફળ.

૭. ન. કંકણ; બંગડી.

કાંકણ આવ નવું રે મારા રાજ, બાવલડી સાહીને.
નરસિંહ

૮. ન. દારૂના લાલ ભાગ.

૯. ન. બીજાને હાથે પહેરવાનો એક દાગીનો; ચૂડો; વલય; હાથનું કડું.

૧૦. વિ. એ નામની બટકનું.

૧૧. વિ. તરત ભાંગી જાય એવું; ક્ષણભંગુર.

૧૨. વિ. જરા; બટકણું.

કાંકણહાર ન. લાંબી ચાંચ અને લાલ ભોવાળાના ચાદલાવાળું, કાળા રંગનું એક મોટું પક્ષી. ચોમાસામાં તે બોલે ત્યારે વરસાદ તરત વરસે એમ મનાય છે.

કાંકણડોરો પું. કંકણદોરો; કાંકણ અને દોરો; લગ્નવિધિ દરમિયાન મંગળ ભૂષણ તરીકે કન્યાને પહેરાવેલાં કંકણ અને વરને હાથે બાંધેલ મીંઢળદોરો; વરકન્યાને ભેગાને હાથે બાંધેલ રક્ષાસૂત્ર, વલય વગેરે વિવાહદીક્ષાનાં શુભ ચિહ્ન. લગ્નવિધિ પૂરો થતાં તે અક્ષતપતિ બ્રાહ્મણ છોડી નાખવામાં આવે છે.

કાંકણડોરા છૂટ્યા = વૈવાહિક સમારંભ અને વિધિ પૂરો થયો; રક્ષામણ ઊતરવાં.

કાંકણસાર ન. ચોમાસામાં સ્થળાંતર કરી આવતું એક જાતનું પક્ષી. તે ધાકુંખટ્ટ પાણી નજીક જોવામાં આવે છે.

કાંકણહાર ન. એક જાતનું પક્ષી. કહેવાય છે કે તે કદી મૂતું નથી.

રાણા જોને રાવ, પ્રજાનો પોતે ધણી;
ન સરે નીંદરમાંય, હેડું કાંકણહારનું.
દુહો

કાંકણાસાર ન. એક જાતનું પંખી. જુઓ કાંકણસાર.

કાંકણાં ૧. ન. એક જાતનું ઝાડ; આટીઆંબલી તેનાં પાન પાતળાં, બપોરે પીંગાય લેતા લીલાં અને તળિયે ઘીકાશ લેતા લીલા કે ધોળા રંગનાં હોય છે. પાન જેવી જ ઊંચ લાંબાં અને એકથી દોઢ આંગળ પહોળાં હોઈ તળિયે ગોળાઈ લેતાં ને બપોરે સંકોચાં થતાં જણ છે. ફૂલ રાતા રંગનાં અને ઘણાં પાસેપાસે આવે છે. ફળ રસભર્યાં, પીળાં, બદ્ધાં અને ૩ થી ૪ કે ૮ આંબાવાળાં થાય. તેમાં તેલિયા જાતવાળું ઝીણું અણીદાર બી થાય છે.

૨. ન. ન. ૧. એક પ્રકારનાં ફળ; એક જાતનું વસાણું.

કાંકણિયો ૧. પું. એક જાતનો ગમલાવાદો મરડ.

૨. પું. બીજાને હાથે પહેરવાનો એક દાગીનો.

કાંકણી ૧. સ્ત્રી. આંકડી; ચૂંક.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક વસાણું.

૩. સ્ત્રી. એક જાતનું ઘરેણું.

૪. સ્ત્રી. બાંબણી.

૫. સ્ત્રી. (શિલ્પ) ચાંભલાની વચમાં અગર મકરબો તથા મિનારાની અંદર કરવામાં આવતો ત્રણ ઊંચની આંટવાળો થર.

૬. સ્ત્રી. દાંતની ચૂડીની પાછળ પહેરવામાં આવતી એક પ્રકારની ચાંદીની ચૂડી.

૭. સ્ત્રી. દીવીના મથાળાનો એક ભાગ.

૮. સ્ત્રી. (શિલ્પ) શિખરબંધ દેરામાં ગલતાના થરથી ઉપરનો થર.

૯. [સં. કંકણ] સ્ત્રી. બીજાને હાથે પહેરવાનું કાંગરીદાર એક ઘરેણું; કંકણી; કાંગરાવાળું વલય; કંકણ.

કાંકણું ૧. ન. કાંગડું; પલાળવાથી કે બાફવાથી પણ પોચો થાય નહિ એવો કઠોળનો સખત દાણો.

આઠે પ્રહર ઉકાળીએ તો હે કાંકણું ના બફાય,
દમારામ

૨. વિ. કાંકરિયું; કાંકરાવાળું.

૩. વિ. કાંગું.

કાંકણેજ સ્ત્રી. એક જાતનું કરિયાણું.

કાંકણેહું ન. બગલાની જાતનું એક પક્ષી. તે બોલે ત્યારે વરસાદ થવાનું મનાય છે.

કાંકર ૧. પું. ચૂનાનો પત્થર. તે રસ્તો અને ચૂનો બનાવવામાં વપરાય છે.

૨. સ્ત્રી. કરવતના દાંતા.

૩. [સં. કર્કર] સ્ત્રી. કાંકરી; નાના કાંકરા.

૪. સ્ત્રી. કાંટાવાળું એક ઝાડ; કાંકચિયાનું વૃક્ષ; કાંકચ.

૫. સ્ત્રી. પીંજણનો એક ભાગ.

૬. સ્ત્રી. રંગ આપતી એક જાતની વનસ્પતિ.

કાંકરડી (કાંકરડી) સ્ત્રી. નાની કાંકરી.

કાંકરણી સ્ત્રી. દાતરડામાં કાંકર પાડવાનું સાધન.

કાંકર જોં સ્ત્રી. કાંકરાવાળી જમીન.

કાંકરજેટ [કાંકર (કાંકરી) + જેટ (અનુતાદર્થક શબ્દ)] સ્ત્રી. પોચી કાંકરી. સખત કાંકરીને મહોરમ કહે છે.

કાંકરચ ન. તૈલમણ દેશમાં આવેલ એ નામનું ગામ.

કાંકરવું સ. ક્રિ. તીક્ષ્ણ બનાવવું.

કાંકરાળું વિ. કાંકરીવાળું.

કાંકરિયા ૧. સ્ત્રી. કબૂતરની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું મબ્બુસ.

૩. વિ. એ નામની બટકનું.

કાંકરિયાળ ૧. સ્ત્રી. રેતીવાળી જમીન. તેમાં કપાસનો પાક સારો થાય છે.

૨. વિ. રેતાળ; કાંકરીવાળું.

કાંકરિયાળકોળી જી. કોળી જાતની જમીનનો એક ભેદ.

કાંકરિયાળું ૧. વિ. કાંકરીથી ચવેલું.

કાંકરીઆળા કોટ, પીઠા ! તેં કૈંક પલટ્યા,
ગઢગઢૈયાળા ગઢ, વસમા છે વેટ તણા. કુનો

૨. વિ. કાંકરીવાળું.

૩. વિ. ખૂંચે એવું.

કાંકરિયું ૧. ન. અમદાવાદનું એ નામનું એક તળાવ. તેનું ખોદકામ આસું હતું ત્યારે એક દિવસે હજરત શાહઆલમ એ ખોદકામ આગળ થઈને પસાર થયા. ત્યાં એક કાંકરો એના પગમાં પેસી ગયો અને એ બોલી ઊઠ્યા કે આ કેવો કાંકરો ? અને એ ઉપરથી એ તળાવ કાંકરિયા નામે ઓળખાયું.

૨. ન. રેતું; કરજ.

૩. વિ. કાંકરીવાળું.

કાંકરી ૧. જી. અફીણની કટકી.

૨. જી. (સંગીત) એ નામનો એક રાગ.

૩. જી. કોઈ ચીજનો નાનો કકડો.

૪. જી. ચકમકનો પથ્થર.

૫. જી. ચિચોડો ચાલતો હોય ત્યાં વસવામાં વગેરેને અપાતો થોડો ગોળ.

૬. જી. નવકાંકરીની રમત.

૧. કાંકરી ભરવી = રમતમાંની કાંકરીને એકસરખી હારમાં મૂકવી.

૨. કાંકરીએ રમવું = નવકાંકરીની રમત રમવી.

૭. [સં. કર્કર] જી. નાનો કાંકરો; કાંકર; મરડિયો ઝીણો કણ; પથ્થરનો નાનો ઢગલો. તેની બનેલ જાત: (૧) કસની કાંકરી એટલે જમીનનાં વળામાંથી ખોદીને કાઢેલી કાંકરી. (૨) ચૂનાની કાંકરી એટલે ચૂનો પાક્યા પછી તેમાં રહેલી પાકવા વગરની કપચી. (૩) વિણાઉ કાંકરી એટલે ખેતર ખણવા ધારમાંથી વીણી કાઢેલી કાંકરી.

કાંકરી ઘડો ફોડે = (૧) કાળનું માહાત્મ્ય મોટું છે. (૨) વખતે નાના માણસથી પણ મોટું કામ થઈ જાય.

૮. જી. પથરી; એ નામનો એક રોગ.

૯. જી. પ્રતિષ્ઠા; આબરૂ.

૧. કાંકરી કાઢી નાખવી = કીમત કાઢી નાખવી.

૨. કાંકરી નીકળી જવી = નમાલા થવું.

૩. કાંકરી મારી જવી = આબરૂ જવી.

૧૦. જી. ખાજાનું સોગઠું; ચોપાટ વગેરે રમતની સોગઠી.

કાંકરી મારવી = (૧) ખરે વખતે કામ કરવું. (૨) તાલ લાગ જોઈને બરોબર વખતે સામાને કટકો મારી પોતે છટકી જવું; રોઢ દેવી; છાપ મારવી.

૧૧. જી. રેતી.

૧૨. જી. હોકાની ચલમમાં રાખવામાં આવતી ઠીકરાની ચપટી ગોળ કટકી; ઠીકરી.

કાંકરીકરતાર ન. ઝીણી ઝીણી રજ; ધૂળ; અબ્રુ.

કાંકરીકામ જી. રસ્તામાં કાંકરી બેસાડવાનું કામ.

કાંકરીકુચામણી જી. એ નામની એક દેશી રમત; ખોળાકાંકરી; ચણકુચીલડી; બેઠીકુકરી.

કાંકરીચાળો ૧. પું. ખડપલું; અટકચાળું; ચાંદરું; ઊઠતી.

૨. પું. ઓકબીજા ઉપર કાંકરા નાખવાની રમત.

૩. પું. મરકરીમાં કે મુરબ્બામાં કોઈના ઉપર કાંકરી નાખવી તે.

કાંકરીચાળો કરવો = (૧) મરકરીમાં કાંકરા દેવા. (૨) સામાને ઉશ્કેરણી થાય એવું કરવું. (૩) હાથચાલાકી બતાવવી; યુક્તિ કરવી; સોગઠાં ફેરવી નાખવાં.

કાંકરીદાવ પું. સોગઠાંને બદલે કાંકરીઓ મૂકીને રમાતી એક રમત. તેમાં સોળ કાંકરી અને એક વાય હોય છે.

કાંકરીનંખાભણી જી. એ નામની એક રમત; બણબણબોમલો.

કાંકરેજ ૧. વિ. ગુજરાતનાં ઢોરની એક જાતનું. ગુજરાતનાં ઢોરના ચાર વર્ગ: કાંકરેજ, ચરિયાળ, ગીર અને ભાલવી. ગુજરાત તેની કાંકરેજ જાતની ગાય, આખલા અને બૈલ માટે પ્રખ્યાત છે. ગાય બહુ દૂધવાળી ને બળદ મોટા ને સોહ્ય હોય છે.

૨. ન. ગુજરાતનું એ નામનું ગામ.

કાંકરેજી ૧. પું. કાંકરેજ તરફ થતા એક જાતના બળદ. તે મોટા અને સોહ્ય હોય છે.

૨. જી. એક જાતની બહુ દૂધવાળી ગાય.

૩. વિ. કાંકરેજ તરફનું.

કાંકરેટ ૧. [અં. કૉંક્રીટ] જી. ચૂનો, કાંકરા, મરડ વગેરેનો જમાવટનો થર.

કાંકરેટ કરવી = ઈંટના કટકા, પથ્થર કે કાંકરા સાથે ચૂનો નાખી તેને ભોરથી કૂટી બેસાડવું; થર કરવો: ચૂનાગચ્ચી કરવી.

૨. જી. રેતી, મરડિયા પથ્થરના કકડા વગેરેને ગમર કે સિમેંટ સાથે ભેળવી રસ્તા ઉપર કરસણથી કરી લેવાનું મિશ્રણ.

કાંકરેચેરી જી. એ નામની એક રેતી.

કાંકરો ૧. [સ. કર્કર] પું. ઈંટ, પથ્થર અથવા સખત માટી વગેરે વસ્તુનો નાનો ગોળ કકડો; ગાંગડો; ગઠ્ઠો; રેકું; દગડ; ઈંટાળો.

૧. એક કાંકરે બે પક્ષી મારવાં = ચાલાકી કે યુક્તિ વાપરવી.

૨. કાનમાં કાંકરા ભરવા = (૧) દુઃખ આપવા કાંકરાથી કાન ઊંબાડવા. (૨) ન સાંભળવા જેવું સાંભળી રહેવું; મૌન રહેવું; ઉપેક્ષા કરવી. (૩) બાતમી ન દોરી. (૪) સાભળ્યું ન સાંભળ્યું કરવું, ખરું સાંભળતા જ ન હોઈએ તેમ દુર્લક્ષ દાખવવું; બહેરા થવું.

૩. કાંકરે કાંકરે પાળ બંધાય = થોડે થોડે મોટું કામ થાય; ટીપે ટીપે સરોવર ભરાય.

૨. પું. કોઈ પણ કઠણ વસ્તુનો નાનો ગાંગડો.

૩. પું. ખીલ; પાંપણની અંદરની બાજુએ થતા લોહીના નાના નાના ગઠ્ઠાનો એક રોગ.

આંખમાં કાંકરો આવવો = આંખનો દુખાવો હોવો.

૪. પું. ઝીણો પથ્થર.

૫. પું. પથ્થરપેન; સ્લેટમાં લખવાનું વતરણું.

૬. પું. ફાસ; આડ; અડચણ; નડતર; પ્રસનાય; કંટક.

૧. કાંકરો કાઢવો = (૧) કોઈને વિષે બૂરું કહીને તેનો પગ કહાવવો. (૨) નડતર કાઢવું. (૩) નદીના તળમાંથી ચૂનો પકવવા કાંકરી લેવી.

૨. કાંકરો ખૂંચવો = (૧) કાંકરાની માફક ભોંકવું. (૨) મનમાં દુઃખી થવું; મનમાં લાગવું.

૭. પું. આનબુદ્ધિ; કીમત.

૧. આબરૂના કાંકરા કરવા–થવા. = આનબાન થવું; શાખ ગુમાવવી; હલકો થવું; વજન ઘટાડવો; આબરૂ લૂંટી જાય એવું કામ કરવું; ન છાજતું કામ કરવું.

૨. કાંકરા પડવા = (૧) આંખોમાં બીલ પડી જવાથી બટકો થવો. (૨) લોકોથી તિરસ્કાર થવો; ધિક્કાર થવો; નાલાયક ગણાવું; બજારમાં ફટફટ થવું.

૩. કાંકરો કાઢી નાખવો = (૧) કીમત ઉતારી નાખવી; કોઈ હિસાબમાં ન ગણવું; નિરુપયોગી ગણી કાઢવું; નિર્માલ્ય ગણવું; રદ કરવું. (૨) માર્ગમાંથી દૂર કરવું; કાંકરાની પેઠે નડતી અડચણ દૂર કરવી; હરકત કરનારી વસ્તુ ટાળવી; નડતર કાઢવું; કોઈને વિષે બૂરું કહીને તેનો પગ કાઢવો. (૩) સંકેત કે મનની લાગણી દૂર કરવી; બટકો ટાળવો; ભ્રાંતિ ટાળવી.

૮ પું. સંદેહ; શંકા; વહેમ; ભ્રાંતિ; શક; ખટકો.

૯. પું. હિંદુસ્તાનની જમીનમાંથી નીકળતો ખરબચડો ચૂનાનો પત્થર. તે સાફ અને ચૂનો બનાવવામા વપરાય છે.

ઢાંકરોલ જી. એક જાતની વનસ્પતિ.

ઢાંકરોળી જી.; ન. એક જાતનું પક્ષી; કાંક્યુસાર.- સફેદ ઢાંકરોળી, કાળા ઢાંકરોળી અને ચળકતી ઢાંકરોળી એમ એની ત્રણ જાત છે. ત્રણેનો આહાર સરખો હોય પણ માત્ર રંગમાં ફેર હોય. તેની કાયા નાના કૂકડા જેવડી, પગ લાંબા અને ચાંચ છ આંગળ લાંબી ને દાતરડાની પેઠે વળેલી હોય છે. એમની વિચિત્ર ચાંચને લીધે તે ઝટ ઓળખાઈ આવે છે. આ પંખી પાણીમાં કે કિનારે છીપલાં શોધતું મૂગે મોંએ ફર્યા કરે છે. ધોળી ઢાંકરોળીનું આખું શરીર સફેદ, બોડકું માથું, પીંછાં વિનાની ગરદન, અને ચાંચ તથા પગ કાળા હોય. કાળી ઢાંકરોળી અ.ખા ઢીલે કાળા રંગનું, પાંખમાં સફેદ પટ્ટા વાળું અને પગ ચકચકિત લાલ રંગના હોય. મ.યાના પાછલા ભાગ ઉપર લાલ માંસગ્રંથિ હોય. ચળકતી ઢાંકરોળીનો વાન ઘોડા જેવો લાલ, માથું, પાંખો અને પૂછડી ઘેરા તપખીરિયા રંગનાં, ચાંચ જેવા લીલા રંગની અને પગ ઘેરા લીલા હોય. ત્રણે જાત ગુજરાતમાં રહે છે, પણ ધોળી ઢાંકરોળી સૌથી વધુ નજરે પડે છે. એને સમૂહમાં રહેવું ગમે છે. બાકીની બેઉ જાત એકલપેટી છે. ચળકતી જાત કયાંક જ દેખાય છે.

ઢાંકલ પું.; જી. કાંટાકાંટાવાળી એક વનસ્પતિ; ઢાંકોલ.

ઢાંકલડી (ઢાંકલ્ડી) જી. ઢાંકરી.

વૃંદાવનને મારગ જાતાં,
મારગમેં ખૂબ ઝાલી ઢાંકલડી. મીરાંબાઈ

ઢાંકરા જી. એક વનસ્પતિ. તેનાં પાન એક બાજુ સીધાં, કાંસકોળ અને જોરડીનાં પાન જેવડાં થાય છે. મૂળા સુવાવડી બાઈને માથું ધોવાના કામમાં આવે છે.

ઢાંકસિયા ૧. પું. બ. ક. (જૂ. ગુ.) કપાસિયા; કપાસનાં બી.

કરઈ વણજ ઢાંકસીઆ કોઈ,
પીલણ કર્મ રહી જઈ સોઈ. લાવણ્યસમય

૨. પું. બ. ક. વાળનાં ગુલ્લાં.

ઢાંકસિયો પું. ફળ. તરીકે ઉપયોગી એક જાતનું ઝાડું ફળ

ઢાંકસી ૧. જી. એક જાતનો છોડ; ઢેંસણી.

૨ જી. ઢાંસડો.

ઢાંકસીકસ ન. પગીનું હાડકું; પૂંઠના હાડકાની ટોચ સાથે વળગેલું હાડકું.

ઢાંકસું [સં. કર્કશ; પ્રા. કક્કસ] વિ. કર્કશ; કઠોર; તીવ્ર.

ઢાંકળ ૧. જી. કાંટાકાંટાવાળી એક વનસ્પતિ; કાંકોળ.

૨. ન. અંતર; છેટું.

ઢાંકાયન ગુટિકા [સં.] જી. (વૈદક) એ નામની એક દવા. તે બનાવવા હળદર ૨૦ તોલા, મરી, સૂંઠ, પીપર, ચવક, પીપરીમૂળ, ચિત્રક અને સૂંઠ દરેક ચત્તાર તોલા, બિલાડું ૬૨ તોલા, દેવદાર ૬૪ તોલા, અજમાર ૮ તોલા અને એ બધાંથી બમણો ગોળ નાખી ગોળી બનાવાય છે.

ઢાંકાયન ઓદક [સં.] પું. (વૈદક) અર્શ ઉપર અપાતી એક જાતની ગોળી. તેની બનાવટમાં હરડે ૫ પલ, બહેડાં ૧ પલ, મરી ૧ પલ, પીપર ૧ પલ, પીપરીમૂળ ૨ પલ, ચવક ૩ પલ, ચિત્રક ૪ પલ, સૂંઠ ૫ પલ, અજમાર ૨ પલ, બિલાડું ૮ પલ અને સાકર ૬ ગોળ એ બધાંથી બમણા પ્રમાણમાં લઈ તેની ગોળી બનાવાય છે.

ઢાંકાયન વટી [સં.] જી. (વૈદક) એ નામની એક દવા. સંગ્રહણી, પાંડુરોગ, હરસ, ગુદારોગ, ગુલ્મ, વાયુનો ગોળો, આદી, મંદાગ્નિ તથા અજીર્ણના રોગ ઉપર મધ કે ઘણી સાથે અપાતી એક જાતની બનાવટની ગોળી.

ઢાંકાયની ગુટિકા જુઓ ઢાંકાયન ગુટિકા.

ઢાંકાયની વટી જુઓ ઢાંકાયન વટી.

ઢાંકાં ૧. પું. અવાજ.

૨. પું. ઝગડાનો અવાજ.

૩. પું. બંદૂકનો અવાજ.

ઢાંકિણી જી. દમડી; પૈસાનો ત્રીજો ભાગ.

૪ પ્રાસડિયાં = ૧ ગંડા
૪ ગંડા = ૧ દમડી (ઢાંકિણી)
૪ દમડી = ૧ પૈસો

ઢાંકી જી. (વોચ) એ નામની એક મુદ્રા.

ઢાંકીડો પું. એ નામનું એક જંતુ; ઢાંચિડો; સરડો; ઢાકીડો.

ઢાંકે ૧. અ. કેમ પણ.

૨. [સં. કિમ્] અ. કેમકે; કારણકે.

૩. અ. ક્રોધિત આવેશમાં.

કહિ ચાલ્યું = કમકમી આવે ને ફેંકાં જેમાં થાય એવા ક્રોધમાં આવી જવું; ચિડાવું.

ઢાંકોટિયું ૧. ન. બળા ઉપર ગરદન નાખી બેસવું તે.

૨. વિ. દુર્બળ; નબળું.

ઢાંકોર ૧. પું. કરચલો.

૨. પું. કર્ક રાશિ.

ઢાંકોલ જુઓ ઢાંકોળ.

ઢાંકોલી જી. હિમાલય ઉપર ઊગતી એક વનસ્પતિ

ઢાંકોળ પું ;જી. કાંટાકાંટાવાળી ચોરની જાતની એક જંગલી વનસ્પતિ. તેની કળીઓનાં શૂળાંમાં જળાં બંધાય છે અને પીળાં ફૂલ થાય છે.

જાહ અતિ પ્રીતે ઢાંકોળા ચાવે,
તેને આમકુંપળી ન ભાવે. દયારામ

ઢાંકોહ [અ. કોંહોટ] જ. રેતી, મરડિયા પત્થરના ટુકડા વગેરેને ચૂનો કે સીમેંટ સાથે ભેગું કરીને કરસણથી કરવા માટે કરવાનું મિશ્રણ; કોંક્રેટ.

ઢાંક્ષ [સં.] જ. ક્રિ. (ધાતુ) ઇચ્છા રાખવી; આશા રાખવી. તે ઉપરથી બનેલ શબ્દ: આકાક્ષા; કાંક્ષિત; વિકાંક્ષિત.

ઢાંક્ષણીય [સં.] વિ. ઇચ્છવા જેવું.

ઢાંક્ષનીય વિ. ઇચ્છા કરવા યોગ્ય; ચાહવા લાયક.

ઢાંક્ષવું [સં. કાંક્ષ્] જ. ક્રિ. ઇચ્છવું; અભિલાષા રાખવી.

ઢાંક્ષા [સં.] જી. અભિલાષા; ઇચ્છા; આકાંક્ષા.

ઢાંક્ષિત [સં.] વિ. ધારેલું; ઇચ્છેલું.

ઢાંક્ષી ૧. જી. એક પ્રકારની સુગંધી માટી; સોરઠી માટી.

૨. [સં. કાંક્ષિન્] વિ. ઇચ્છા રાખનાર. ચાહનાર; ઇચ્છા કરનાર. તે સમાસને અંતે વપરાય છે. જેમકે, દર્શનકાંક્ષી.

ઢાંગ ૧. [સં. કક્ષા] જી. જગલ.

૨. [હિં.] જી. જંગલમાં નાખવાનો ચૂનાનો કકડો.

ઢાંખવું ૧. અ. ક્રિ. ગાડો કરવામાં મહેનત પડવી.

૨. અ. ક્રિ. વિલાપ કરવો; શોક કરવો.

ઢાંખા [હિં.] પું. ખરચુ જતી વખતે બળ કરતુ તે.

ઢાંખી ૧. જી. બંને બાજુ દાંત.વાળો ઓખોનો દાતિયો.

૨. જી. ખૂંપણ.

ઢાંખોડી જી. બજરબેદ.

ઢાંગ ૧. [સં. કંકુની] પું ; જી.; ન. સામાની જાતનું એક જાતનું હલકું પીળું ધાન્ય; ઢાંગની;

પ્રિયંગુ, ક્રૌસિની; ક્રંગુન; ક્રાંતા; ક્રાતા; ગુંદ્રા; ગુંદ્રફલા; શ્યામા; ક્રંગના; વિષ્વક્સેના; પ્રિયા. તેનો છોડ બે અઢી હાથ ઊંચો અને રેંટ્યાવમા ખાજરા જેવો હોય પણ ચાંદલા પહોળાં હોતાં નથી. છોડમાં લાંબાં અને ભારીક રૂવાંસલાં આવે છે. તેમાંથી દાણા નીકળે છે.. તેની ઉપરની ભાલ જાડી અને રાતી, પીળા, કાળા એવા ત્રણ ચાર જાતના રંગની હોય છે. ક્રંગને શેકીને તેનો લોટ થાય છે. ક્રાંગનો ભાત, લાડુ વગેરે ખાવાના પદાર્થ બને છે અને દવામાં તથા દોરના બાધુમાં વપરાય છે. ક્રાંગ શીતળ, વાતકારક, રૂક્ષ, વૃષ્ય, તૂરી, માતુર્વર્ધક, સ્વાદુ, ગુરુ, ધોડાને હિતાવહ, ભાજેલાં હાડકાને સાંધનાર, મર્મપાતના અટકાવમાં હિતાવહ અને કફ તથા પિત્તનો નાશ કરનાર છે અને જ્વર, ગોદો, તૃષા અને ઝેર ઉપર ઉપયોગમાં આવે છે. આ ધાન્ય કાળું, લાલ, ધોળું અને પીળુ એમ ચાર રંગનુ થાય છે.

૨. સ્ત્રી. કાસકી.

ક્રાંગચ્ય સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાન, પ્રાન, કાળી બધાંમાં કાંટા હોય છે. પોપડા અંદરથી સખત છોડનું બી નીકળે તેને ક્રાંકચિયો કહે છે. તે દવાના કામમાં આવે છે.

ક્રાંગચિયાં ન. બ. વ. ક્રાંકચનાં ફળ; ક્રાંકચિમા.

ક્રાંગચિયો પું. ક્રાંગચનું ફળ; ક્રાંકચિમો.

ક્રાંગડ (ક્રાંગડ) ન. તાબ્બા ઉપર ફેરવવાના કામનું વજનદારનું એક ઓજાર; ક્રાંકણો; કુસકું.

ક્રાંગડા (ક્રાંગડા) ૧. સ્ત્રી. મેમજુની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

ક્રાંગડી (ક્રાંગડી) ૧. [હિં.] સ્ત્રી. નાની અંગીઠી. તે અંગૂરના વેલની બને છે. કશ્મીરી લોકો બળામાં પહેરે છે. પુરુષો ક્રાતીની પાસે અને સ્ત્રીઓ નાભિની પાસે લટકાવે છે

૨. સ્ત્રી. મદ્રાસ તરફની એક ભાષાનું નામ..

૩. ન. હરિદ્વાર; હરદ્વાર.

ક્રાંગડુ (ક્રાંગડુ) જુઓ ક્રાંગડું.

ક્રાંગડું (ક્રાંગડ) ૧. ન. પાન સાથે બાળી બાય એવો પથ્થરનો નાનો ટુકડો.

૨. [સં. કંકર] ન. પાણીથી પલળે નહિ કે ઉકાળવાથી બફાય નહિ એવો કઠોળનો દાણો; ક્રાગડુ; ગાગડું; ઠોળ; કોરડું.

ક્રાંગડો (ક્રાંગડો) પું. ગંજ.

ક્રાંગડોળી (ક્રાંગડોળા) ન. એક જાતનું કઠોળ. ક્રાંગડોળું (ક્રાંગડોળું) ન. ક્રાણાના બાકનું બી. એને શેકીને રાની લોકો દુકાળના વખતમાં ખાય છે.

ક્રાંગણિયું ન. ક્રાણું સૂતરાઉ કપડું.

ક્રાંગણી સ્ત્રી. (ક્રુચી) એક જાતનો વેલો; માલકાંગણીની વેલ. તેનાં લીલા રંગનાં ફૂલ પાકે ત્યારે પીળાં થઈ જાય છે.

ક્રાંગણું જુઓ ક્રાંગડું.

ક્રાંગન ૧. પું. એ નામના છોડનું બી.

૨. પું. એ નામનો એક છોડ.

ક્રાંગની [હિં.] સ્ત્રી. એક જાતનું હલકું ધાન્ય; ક્રાંગ.

ક્રાંગરડું અ. ક્રિ. મુશ્કેલ થવું; રીસે ભરાવું.

ક્રાંગરા ૧. પું. ન. ન. ક્રાંગરો શબ્દનું બહુવચન.

૨. ન. રાવી નદીના મૂળ નજીકનું એક પ્રાચીન ગામ. ત્રિગર્ત.

ક્રાંગરાદાર [સ. ક્રંગુરા + દાર (વાળું)] વિ. ક્રાંગરાવાળું; દાતા પાડેલા હોય એવું; જેના શિખરની ચપાટી ઉપર કોરણ હોય એવું.

ક્રાંગરાવાળું જુઓ ક્રાંગરાદાર.

ક્રાંગરિયો વિ. પું. ક્રાંગરાવાળો.

ક્રાંગરી ૧. [સ. ક્રંગુરા] સ્ત્રી. કરવતના દાંતા જેવો ઝીણે આકૃતિની અણીદાર ભાત; દાંતાવાળી તરેહ; નાનો ક્રાંગરો.

૨ સ્ત્રી. કોર; ધાર; કિનાર.

૩. સ્ત્રી. ગાદા, ગાદી કે પટારા ઉપર જડવામાં આવતી કિનારીવાળી પટી.

૪. સ્ત્રી. ક્રીકની ટીટી સાથે ભરતક્રામમાં વપરાતી જાડા તારની ભૂંગળી

૫. સ્ત્રી. પાર્શ્વક; સિગરામિ.

ક્રાંગરૂ ન. એક જાતનું ચોપગું જનવર; ક્રાંગારૂ

ક્રાંગરો ૧. [સ. ક્રંગુરા] પું. કોટના કોરાણ ઉપરનું એક અમુતર; કિલ્લા ઉપરની સપાટીએ ચતુતરની કાઢેલી કાંકરા આકારની લહેર.

૨. પું. ત્રિકોણાકાર દાંતાદાંતાવાળી સપાટીઓનો અકેક દાંતો; કચુરો; કૂંપ

૩. પું. બારીઓવાળો કોટ.

ક્રાંગરા કૂદવા = ૯૯ બહાર જતા રહેવું

૪. પુ. ભરત ભરવાની એક તરેહ.

૫. પું. મોટા દાંતાની ક્રાંગરી.

૬ પુ. ચાકડામાં ત્રિકોણાકારે કરેલું કોતરકામ.

૭. પું શિખર; શંકુ આકૃતિનું શિખર.

ક્રાંગલું ૧. વિ. આકમણ વગરનું.

૨. વિ. કાયર; રોતકું.

૩. વિ. ગરીબ; દીન.

૪. વિ. નિર્બલ; બાલ વગરનું.

૫. વિ. બીકણ; નાહિંમત; બાયલું.

૬. વિ. લાડકું.

૭. વિ. શક્તિ વિનાનું; કૌવત વગરનું.

ક્રાંગવું ૧. ન. ક્રાંગની બનાવેલી બાવાની વાની; ક્રાગવો.

૨. વિ. ગરીબ; કંગાળ.

૩. જુઓ ક્રાંગલું.

ક્રાંગવો ૧. પું. ક્રાંગમાંથી બનાવેલો બાવાનો પદાર્થ.

૨. પું. પત્રના ફણા ઉપરનો દંડ.

૩. પું. વહાદારીનું વચન; બૈબત. હજરત અલી અને તેની પરંપરા માંહેના પુરુષને ઇમામ માનનારા દરેક સ્ત્રીપુરુષ પોતાના વખતના ઇમામની તાબેદારી તન, મન, ધનથી કરવાનો હોલ બાપે છે તે પ્રસંગની ક્રિયાને ક્રાંગવો કહે છે.

ક્રાંગરિયો પું. ક્રાંચળીના બાડનું ફળ; ક્રાંકચિયો.

ક્રાંગસ સ્ત્રી. દવામાં બધ લાગતો એક છોડ. તેનાં ફળ બીબો બાથું ધોવામાં વાપરે છે.

ક્રાંગસડી (ક્રાંગસડી) સ્ત્રી. બાથું ઓળવાની કાંસકી.

ક્રાંગસરિયો પું. એ નામની એક વનસ્પતિ; શેળો.

ક્રાંગસિયાં ન. બ. વ. એક જાતનાં ફળ.

ક્રાંગસી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાંકસી; કાંસકો. તેને જાડા ગોળ કાંગરાવાળાં ફૂલ બાવે છે અને દરેક કાંગરામાં અકેકું બી બાય છે. તે દવાના કામમાં આવે છે. એનાં પાન હથેળી જેવડાં મોટાં હોય છે.

૨. સ્ત્રી. બે બેસાને જોડી રાખનાર કાંસકીના બાકારની વચમાં સાંકડી લાકડાની ફાડ.

૩. સ્ત્રી. વાળ ઓળવાનું સાધન; કાંસકી.

ક્રાંગસું ન. પગની પાટલીના ઉપલા ભાગમાં પડતું ભાડું.

ક્રાંગસ્યો પું. એક જ બાજુ દાંતાવાળો પુરુષનો દાતિયો.

ક્રાંગહુઉવિલ્લ સ્ત્રી. એક જાતની કાળી માળણી. તે ૧૬ થી ૨૪ ફૂટ લાબી બાય છે. એની જાતી પાંચ ફૂટ પહોળી હોય છે. તેના બળ તરફનો ભાગ સફેદ ચળકતો હોય છે.

ક્રાંગા ૧. પું. વજ.

૨. સ્ત્રી. કોડી.

૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૪. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કાંગાઈ ૧. સ્ત્રી. અસહનશીલતા; અસહિષ્ણુતા; કાંચું હોવાપણું.
૨. સ્ત્રી. કાયરતા; રોતડાપણું.
૩. સ્ત્રી. ગરીબાઈ; દૈન્ય.
૪. સ્ત્રી. બીકણપણું; બાયલાપણું.
૫. સ્ત્રી. ઝાડું હોવાપણું.

કાંગાનીંદર સ્ત્રી. કાગડાની જેવી ઓટલે ઝટ ઊડી જાય એવી ઊંઘ; કાગાનીંદર.

કાંગામૂંડા પું. ૧. ૧. ગરીબાઈ આવી તે; દુઃખ આવ્યાપણું; વસોપાત.

કાંગામૂંડી સ્ત્રી. કાંગલાઈ; કાયરતા.
કાંગામૂંડી ના કરે, જેનાં રજપૂતી હાડ;
એ તો મારે કાં મરે, સામું સોરઠિયો લડે.
લોકોક્તિ

કાંગાયમ સ્ત્રી. આખલાની એક જાત.

કાંગારુ [અં.] ૧. ઑસ્ટ્રેલિઆનું ઉંદરના આકારનું પ્રાણી કદમાં મોટા બકરા કે પેટા જેવડું ઓપતું, માદા બાનારૂ, સ્તનધર એક પ્રાણી. તેનું મોં નાનું અને કાન મોટા હોય છે. આગલા પગ બહુ જ ટૂંકા અને પાછલા પગ મજબૂત અને બહુ જ લાંબા હોય છે. પ્રમાણમાં ઘણા નાના આગલા પગ આગળ વધવાના કામમાં વપરાતા નથી. બે મોટા પાછલા અંગૂઠાને જબરા નખ હોય અને તે વડે જ એ પ્રાણી પોતાનો બચાવ કરી લઈ છે. તે ઠેકડા મારતું ચાલે છે. તેની પૂછડી લાંબી અને જાડી હોય છે. તે ઊભતી કે ચાલતી વખતે આધાર આપે છે. માદાના પેટ ઉપર ચામડીની કોથળી હોય છે. બચ્ચાં જન્મ્યા પછી મોટાં થાય ત્યાંસુધી એમાં રહે છે.

કાંગારોળ ૧. પું.; સ્ત્રી.; ન. કાગડા એકસામટા બોલે તેવી રીતનું કકળાટ.
૨. પું.; સ્ત્રી.; ન. કાંગા માણસના જેવી રાડારોળ.
૩. પું.; સ્ત્રી.; ન. કોઈકને ભૂંડા લગાડી રડવું તે.
૪. પું.; સ્ત્રી.; ન. દુખિયાના રડવાના શબ્દનો અવાજ; કકળાટ.

કાંગાલિની સ્ત્રી. કંગાલ પુરુષની સ્ત્રી.

કાંગાવેડા (કાંગાવેડ) ૧. પું. ૧. ૧. કાંગાઈ; કાંગા હોવું તે.
૨. પું ૧. ૧. પ્રપંચ; તરકટ; પ્રકરણાન; ધુમ્ચાઈ.

કાંગુઓ પું. કાંગમાંથી બનતો બાવાનો એક પદાર્થ; કાંગવો.

કાંગુક [ફા.] પું. ચોખાની એક જાત.

કાંગુણા પું. ૧. ૧. કાંગના દાણા.

કાંગું જુઓ કાંગલું.

કાંગુંમૂંડું વિ. કાંગું.

કાંગો પું. પાણકોરાનું ચોળિયું બનાવતાં વપરાતો એક જાતનો લાલ રંગ.

કાંગોણી પું. આશરે બે હાથ ઊંચો વધતો એક છોડ. તેમાં આવતાં ચણોઠી જેવાં રાતાં ફળ ખાવામાં સ્વાદિષ્ટ છે. પાંદડાંમાંથી લાલ રસ નીકળે છે તે લાલ સાહીની બરજ સારે છે. કાનમાં જંતુ ગયું હોય તો પાંદડાંનો રસ કાનમાં નાખવાથી જંતુ મરી જાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે.

કાંગોલિયું વિ. નબળું; દુબળું; પાતળું.

કાંગો પું. સિંધમાં થતા એક જાતના ચોખા.

કાંગી સ્ત્રી. બંને બાજુ દાંતાવાળો દાંતિયો.

કાંચ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) પ્રકાશવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: કાંચન.

કાંચ ૧. પું.; સ્ત્રી. (હિંદી) આખરી નીકળતી તે; મળાશયનું બહાર નીકળવાપણું.
૧. કાંચ કાઢવી = ખૂબ ચૂંદવું.
૨. કાંચ નીકળી = આખરી નીકળી.
૨. પું.; સ્ત્રી. ઉત્તમ જાતીનમાંથી નીકળેલો ખરબચડો કાચ.
૩. [સં. કક્ષ; પ્રા. કચ્છ] પું.; સ્ત્રી. કછોટો.
૪. પું.; સ્ત્રી. કાચ.
નીલા કાંચ = (૧) જરોળ; સોળ. (૨) આસમાની.
૫. પું.; સ્ત્રી. શુદ્રાત્મક; શુક્રેંદ્રિયનો અંદરનો ભાગ.
૬. સ્ત્રી. ખમસ.
૭. વિ. અમુક વજનથી નીચેનું.
૮. વિ. અસ્થિર; દૃઢ નહિ એવું.
૯. વિ. આછા રંગનું
૧૦. વિ. આધાર રખાય નહિ એવું.
૧૧. વિ. કાચી માટીનું બનેલું.
૧૨. વિ. કાચું; અપાયું; નહિ પાકેલું.
૧૩. વિ. ખરાબ; દુષ્ટ.
૧૪. વિ. આંચ નહિ એવું; કૃત્રિમ.
૧૫. વિ. આભીવાળું; દોષિત.
૧૬. વિ. ચોક્કસ નિશ્ચયવાળું.
૧૭. વિ. નબળું.
૧૮. વિ. નવું; લીલું.
૧૯. વિ. બરડ; જલદી ભાંગી જાય એવું.
૨૦. વિ. બિનખાતાદાર; વગર વપરાતું.
૨૧. વિ. ભીરુ; કરપોક.
૨૨. વિ. મૂર્ખ. જેમકે, કાંચ ગૂમડું.
૨૩. વિ. મેળવણીવાળું; સેળભેળ કરેલું.
૨૪. વિ. વજનમાં ઓછું.
૨૫. અ. આશરે; અટકળે.

કાંચકડી (કાંચકડી) સ્ત્રી. કાંચકી; આંખ ઓળવાની કાંસકી.
સોનલા વાટકડી ને રૂપલા કાંચકડી;
બાળુડો ભેળી નાહવા બેઠો રે જરવરી.
બાળસાહિત્યમાળ

કાંચકાર વિ. કાચનું કામ કરનાર.

કાંચકી ૧. સ્ત્રી. ગળામાં આડમણ હોવી તે; ગળું રૂંધાઈ જવાપણું.
૨. સ્ત્રી. જેમાં કાંકચિયા થાય છે તે એક જાતની વનસ્પતિ; કાંકચ.
૩. સ્ત્રી. આંખ ઓળવાની કાંસકી.
૪. સ્ત્રી. મુરકેલી.

કાંચકું ન. કાંચકી નામની વનસ્પતિનું ફળ; કાંકચિયો.

કાંચકો જુઓ કાંચકું.

કાંચગાર ૧. સ્ત્રી. આનર્દેશ તરફ રહેતી અને કંસારાનો ધંધો કરતી એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કાંચડો (કાંચડે) પું. એક જાતનું પ્રાણી; કાકીડો.

કાંચન ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.
૨. પું. કાંચનવૃક્ષ.
૩. પું. ચંપાનું ઝાડ.
૪. પું. (પુરાણ) અયનભાર્ગવ ઋષિ.
૫. પું. ધતૂરાનો છોડ.
૬. પું. (બૌદ્ધ) બુદ્ધ પછી જેના ધર્મમાં થયેલો એ નામનો એક બૌદ્ધ. કાશ્યપ, વિપશ્યી, શિખી, વિશ્વભૂ, ક્રકુચ્છંદ, કાંચન અને શાક્યસિંહ એ સાત બૌદ્ધ ગયા કહેવાય છે.
૭. પું. (પુરાણ) સોમવંશી વિજયપુળમાં ઉત્પન્ન થયેલ ભીમ રાજાનો દીકરો. તેના દીકરાનું નામ હોત્રક રાજા હતું.
૮. ન. ઉંદક વિમાન.
૯. ન. એક જાતનું ષટ્કારયુક્ત ત્રિશાળ ઘર. રાજવલ્લભમાં લખેલ છે કે, જે ત્રિશાળ ઘરના મુખ આગળ સતિભાગે ચાર અલિંદો હોય, તે અલિંદો આગળ એક મંડપ હોય, વળી તે ઘરની ડાબી તરફ એક અલિંદ હોય અને તેવા સુભદ્ર ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે ઘર કાંચન નામનું ઘર થાય.
૧૦. ન. કમલકેસર; પદ્મકેસર.
૧૧. ન. દીપ્તિ; તેજ; કાંતિ.
૧૨. ન. ધન; દોલત; લક્ષ્મી.
૧૩. ન. નાગકેસરનું ફૂલ.
૧૪. ન. નાગકેસરનો છોડ.
૧૫. ન. સોનું; સુવર્ણ; હેમ.
૧૬. વિ. સોનાનું.

કાંચનક ૧. [સં.] પું. એક જાતના ચોખા; ધાન્ય.

૨. પું. એક જાતનું પક્ષી.
૩. પુ. એક જાતનું ફૂલઝાડ.
૪ પું. ચંપો.
૫. ન. કોવિદારનું ઝાડ; કાંચનાર.
૬. ન. ગોરોચન
૭. ન. પદ્મકેસર
૮. ન. હરતાલ; હરિતાલ.

કાંચનકદલી [સં.] સ્ત્રી. સોનેરી કેળ.

કાંચનકલશ [સં.] પું. સોનાનો કળશ.

કાંચનકા સ્ત્રી. રજપૂતસ્થાનનું એ નામનું એક પ્રાચીન શહેર.

કાંચનકામધેનુ [સં.] સ્ત્રી. સોનું અને ગાય જેમાં આપવામાં આવે એવું સોળ દાન માંહેનું એક દાન.

કાંચનક્ષીરી ૧. [સં] સ્ત્રી. આંખફોડામણી; એક જાતનો વેલો.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સ્વર્ણક્ષીરી; રેવંચી.

કાંચનગંગા [સં.] સ્ત્રી.; ન. નેપાળ અને સિક્કિમ વચ્ચે આવેલ હિમાલયનું એક શિખર.

કાંચનગિરિ ૧. [સં] પું. દાન આપવા માટે કલ્પેલો સોનાનો પર્વત.
૨. પું. મેરુ પર્વત.

૧. કિંમાયત કરવું = (૧) કરકસર કરવી. (૨) પૂરું થવું (૩) બનાવવું. (૪) લાયક કરવું. (૫) સસ્તું કરવું. (૬) સંતોષ માનવો. (૭) સાફ કરવું.

૨. કિંમાયતશબ્દાર = કરકસરિયું

૩. કિંમાયતશબ્દારી = કરકસર કરવાની ટેવ.

૪. કિંમાયતશારી = કરકસર.

૫. કિંમાયતસર્યું = કૃત્યનો.

૬. કિંમાયતસારી = મિતવ્યયિતા; કરકસર.

૨. સ્ત્રી. ઓછું મૂલ્ય; સસ્તાપણું.

૩. સ્ત્રી. ફાયદો; લાભ; નફો.

૪. સ્ત્રી. બચત; વધારો.

૫. સ્ત્રી. ભકેસૂલના દરમાં કરેલ વધારો.

૬. સ્ત્રી. શક્તિ; તાકાત.

૭. સ્ત્રી. સંપૂર્ણતા; પુષ્કળતા.

૮. વિ. જોઈએ તેટલું; પૂરતું.

૯. વિ. સસ્તું; સોંઘું

ક્રિયાવતી (ક્રિયાવતી) ૧. [સં. ક્રિયાવત] સ્ત્રી. કરકસર.
૨. સ્ત્રી. સસ્તાપણું.
૩. વિ. કરકસરિયું; સંભાળથી ખર્ચ કરનાર.
૪. વિ. લાભકારી; નફાકાર; ફાયદાકારક.
૫. વિ. સસ્તું; સોંઘું.

ક્રિયાહા જુઓ ક્રિયાયત.

ક્રિયાહ (ક્રિયહ) ૧. [અ. કબીલનું બહુવચન] સ્ત્રી. બ. વ. જાતો.
૨. સ્ત્રી. બ. વ. પુષ્ઠળતા.
૩. સ્ત્રી. બ. વ. શક્તિ; સત્તા.
૪. સ્ત્રી. બ. વ. હાજરી.
૫. અ. ના સંબંધે.

ક્રિયહા (ક્રિયહા) જુઓ ક્રિયહા.

ક્રિયાહ (ક્રિયાહ) [હિં.] સ્ત્રી.; ન. કમાડ; બારણું; દરવાજો.

ક્રિયાર [અ.] પું. બ. વ. અમીરો.

ક્રિયાલા ૧. પું. ઘરની માલિકીનો દસ્તાવેજ.
૨. પું. વેચાણદસ્તાવેજ.

ક્રિયોકો પું. જળબોડો; દરિયાઈ ઘોડો.

ક્રિયમ ૧. [અ.] પું. અભિમાન.
૨. પું. ઈર્ષા.
૩. પું. ભોળો.

ક્રિયિયા ૧. [અ.] પું. અભિમાન.
૨. પું. ઈર્ષા.
૩. પું. ભભકો.

ક્રિયીત ૧. [અં.] પું. ઝંખક.
૨. પું. ઝીણી સોનારૂપાની કરચ.

ક્રિલ્લાહ (ક્રિલ્લાહ) ૧. [અ.] પું. પિતા; બાપ.
૨. પું. ભક્તિ કરવાની જગ્યા.
૩. પું. માન આપવા લાયક વ્યક્તિ.

ક્રિલ્લતુમા (ક્રિલ્લતુમા) [અ.] પું. (બહાનુંવટું) ઠોકાપત્ર.

ક્રિલ્લા (ક્રિલ્લા) ૧. [અ. કબ્લ (પહેલાં)] પું. પિતા, રાજા, હજરત, મહારાજ વગેરે માનનીય પુરુષો માટે માનમાં વપરાતો શબ્દ.
૨. પું. પૂજ્ય વ્યક્તિ; વડીલ; શિરતાજ.
૩. પુ. મક્કા શરીફમાં આવેલી કાબાની મસ્જિદ.
૪. સ્ત્રી. પશ્ચિમ દિશા. તે દિશામાં મુખ રાખી મુસલમાન લોકો નમાજ પઢે છે, કારણકે કાબા શરીફ તે તરફ આવેલ છે.
૫. ન. દેવળ; મંદિર.
૬. ન. મક્કા.
૭. ન. સામેની વસ્તુ.

ક્રિલ્લાઆલમ (ક્રિલ્લાઆલમ) ૧. [અ.] પું. ઈશ્વર.
૨. પું. બાદશાહ; સમ્રાટ.

ક્રિલ્લાકાબા (ક્રિલ્લાકાબા) [અ.] વિ. તીર્થસ્વરૂપ; વંદનીય; પૂજ્ય. ઉર્દૂ કાગળપત્રમાં પિતા, કાકા વગેરે પૂજ્ય માણસોને માટે આ શબ્દ લખાય છે.

ક્રિલ્લાગાહ (ક્રિલ્લાગાહ) ૧. પું. ઉપરી.
૨. પું. પરમ પૂજ્ય વ્યક્તિ.
૩. પું. પિતા; બાપ.
૪. વિ. તીર્થસ્વરૂપ. પિતા, રાજા, ધર્મગુરુ માટે માનમાં આ શબ્દ વપરાય છે.

ક્રિલ્લાગાહી (ક્રિલ્લાગાહી) [અ.] પું. પિતા; બાપ.

ક્રિલ્લાનુમા (ક્રિલ્લાનુમા) પું. (વહાણવટું) પશ્ચિમ દિશા બતાવનાર એક જાતનું યંત્ર.

ક્રિલ્લા યે આલમ (ક્રિલ્લા યે આલમ) ૧. પું. ધ્રુવ તારો.
૨. વિ. નામવર; નામદાર; જગદ્વંદનીય.

ક્રિલ્લેગાહ જુઓ ક્રિલ્લાગાહ.

ક્રિલ્લેગાહી જુઓ ક્રિલ્લાગાહી.

ક્રિમ ૧. [સં. ક્રિમ્] સ. કોણ; કયું; શું.
૨. વિ. કોણ; કયું; શું.
૩. અ. કેમ; શા માટે.
૪. અ. કોઈ પણ રીતે.

ક્રિમધિકમ [સં.] અ. આથી વધારે શું.

ક્રિમપિ [સં.] અ. કાંઈ પણ.

ક્રિમરિક [અં. કૅમિક] ન. નેનસુખના જેવું એક ચીકણું અને સફેદ વિલાયતી કપડું. અગાઉ તે ઘણું જાતું અને ઘણું મજબૂત થતું. હવે સસ્તું પણ બનવા લાગ્યું છે.

ક્રિમર્થમ [સં.] અ. શા માટે.

ક્રિમાઠ (ક્રિમાઠ) સ્ત્રી. બારણું; દરવાજો.

ક્રિમાક [અ.] ન. દુઃખતા ભાગ ઉપર મુકાતું ગરમ કપડું.

ક્રિમાર (ક્રિમાર) ૧. [અ.] પું. જુગાર.
૨. પું. જુગાર રમવાનો પાસો.

ક્રિમારખાના (ક્રિમારખાનહ) [અ.] પું. જુગારખાનું; જુગાર રમવાનું ઘર.

ક્રિમારબાજ (ક્રિમારબાજ) ૧. [અ.] પું. જુગાર રમનાર પુરુષ.
૨. વિ. જુગારી.

ક્રિમારબાજી (ક્રિમારબાજી) સ્ત્રી. જુગાર.

ક્રિમારબાઝ (ક્રિમારબાઝ) જુઓ ક્રિમારબાજ.

ક્રિમારબાઝી (ક્રિમારબાઝી) જુઓ ક્રિમારબાજી.

ક્રિમારી (ક્રિમારી) જુઓ ક્રિમારબાજ.

ક્રિમારુ (ક્રિમારુ) ૧. પું. એક જાતનો દવાનો છોડ.
૨. પું. ગંજીફાનાં પાનાંના ચાર મહિનો એક રંગ.
૩. પું. ગંજીફાની રમતમાં પાનાંની માત્ર.
૪. પું. લિબાસ; પોશાક.
૫. પું. સજાવટ; શણગાર.

ક્રિમિજ્જક [સં.] ન. માર્કંડેય પુરાણમાં કહેલું જીવડાંનું મૂળ આપે એવું એક વ્રત.
હજી ક્રિમિજ્જક વ્રત કરશે, હું આજ કરું ઉપવાસ.
પ્રેમાનંદ

ક્રિમી [સં. કૃમિ] પું. કીડો.

ક્રિમુ [સં.] અ. પ્રશ્ન, નિષેધ, વિતર્ક, નિંદા વગેરે જણાવનાર અવ્યય.

ક્રિમુત [સં.] અ. પ્રશ્ન, વિતર્ક, વિકલ્પ અને અતિશયતા જણાવનાર અવ્યય.

ક્રિમે અ. કોઈ પણ રીતે; કોઈ પણ પ્રકારે.

ક્રિમોનો પું. જેની બાંય લાંબી ચોળેલ ન હોય પણ મૂળ કપડામાંથી જ કોતરી કાઢવામાં આવી હોય એવું લાંબું અને પહોળું જાપાનીનું પહેરણ.

ક્રિમ્ ૧. [સં.] પું. પરમાત્મા; પ્રભુ. સર્વ પુરુષાર્થરૂપ હોવાથી બધા જ વિચારવા યોગ્ય છે, તેથી બધા ક્રિમ્ કહેવાય છે. વળી ક્રિમ્ એટલે શું ? તેના ઉત્તરમાં ન ક્રિમ્ એટલે શું નહિ ? બધું, સર્વ. નામ, રૂપ, જેમ સુવર્ણ સર્વે તેજ છે, વળી નિષેધોના અવધિરૂપ નેતિ, અવશેષ, અસ્તિત્વ પણ તે જ છે. તેથી પણ ક્રિમ્ કહેવાય છે.
૨. સ. કોણ; કયું; શું.
૩. વિ. કોણ; કયું; શું.
૪. અ. કેમ; શા માટે.
૫. અ. કોઈ પણ રીતે.

ક્રિમ્યો અ. કેમે પણ; કોઈ પણ પ્રકારે.

ક્રિમ્રિત્ય પું. શોણ અને તોણ નદીની વચ્ચેની કૈમુર પર્વતમાળાનું એક જૂનું નામ. એ પર્વતમાળા વિંધ્યાચળનો એક ભાગ છે. ચેદિની સમીપમાં આવેલ કુમાર રાજા ઉપરથી ક્રિમ્રિત્ય અને કૈમુર નામ પડ્યાં હોય એમ લાગે છે.

ક્રિયત [સં. કિયત્] વિ. કેટલું; કેવડું.

ક્રિયત્તા સ્ત્રી. કેટલાપણું.

ક્રિયા ૧. ન. કામ; કાર્ય; કૃત્ય.
૨. સ્ત્રી. કરેલું.

કિયાન જી. ગુજિયાંડમાં આવેલ કેન કે કેન્સેન નદીનું એક પ્રાચીન નામ.

કિયામ ૧. ન. ખાન.
૨. ન. રહેઠાણ.
૩. ન. સ્થિરતા.

કિયામત (કિયામત) ૧. સ્ત્રી. આફત; મુસીબતી; આપદા.
કિયામત કરવી = (૧) જુલમ કરવો. (૨) નવાઈ ભરેલું કામ કરવું.
૨. સ્ત્રી. ચુકાદો; ફેસલો.
૩. [અ. કમ (ઊભા થવું)] સ્ત્રી. પુનર્જીવન; કબરમાંથી ઊભા થઈને કર્મોના જવાબ માટે હજાર ઊભા રહેવાનો દિવસ.
૪. વિ. બહુ જ મોટું.

કિયામી (કિયામી) [અ.] સ્ત્રી. સ્થિરતા; દૃઢતા.

કિયારી ૧. સ્ત્રી. ખોખું; ચોકઠું.
૨. સ્ત્રી. બગીચાનો ક્યારો.

કિયાસ (કિયસ) ૧. પું. અનુમાન; અંદાજ; અટકળ.
૨. પું. નિર્ણય; મત.

કિયાસત (કિયાસત) [અ.] સ્ત્રી. મતુરાઈ; ચતુરિ.
સાહેબે કિયાસત = મતુર; ચતુરિસાળ.

કિયાસન (કિયાસન) ન. અટકળ; આશરે.

કિયાસી (કિયાસી) ૧. [અ.] વિ. અટકળ ઉપર આધેલું.
૨. વિ. નિયમિત.

કિયાહ ૧. [સં.] પું. કાળો ઘોડો.
૨. પું. લાલ રંગનો ઘોડો.

કિયાંશુ [સં.] વિ. ઝેરવા પાણીવાળું.

કિરું ૧. [સં. કિમ્] ન. કશું; કંઈ; કોણ.
૨. વિ. કશું. બે કે વધારેમાંથી ચુકું પકી બોળખવા માટે પ્રશ્નાર્થે આ શબ્દ વપરાય છે.
કયે ઓઢે = કઈ બાબતથી? શું ઓઢ બાંધે? કયા સાધનથી? કઈ રીતથી?

કિર ૧. પું. ખેતરાં કે બગરાને બોલાવવાં તે.
૨. [સં.] પું. ડુક્કર; સૂવર; ભૂંડ.
૩. પું. બાજ; રાજ.
૪. પું. રણહસ્તિના બચ્ચાં જેવી હાથીની જાત.
૫. ન. જ્યોત; પ્રકાશ.
૬. વિ. વેરી નાખનાર; વિખેરી નાખનાર.
૭. અ. બાજે કે; બાજે.

કિરક ૧. [સં.] પું. નાનું ડુક્કર; ભૂંડનું બચ્ચું.
૨. પું. ખેખરો; ઝાપટનાર માણસ.

કિરકલ [હિં.] સ્ત્રી. રેતી.

કિરકિચ સ્ત્રી. કિચ્ચ; એક બાતની બાંધેજી રમત.

કિરકિરી ૧. સ્ત્રી. આંખમાં પડેલું કચરું.
૨. સ્ત્રી. પૂળની કણી.

કિરકિરા ૧. વિ. બગાડેલું; બરાબ કરેલું.
૨. વિ. રેતીવાળું.

કિરકિરાટ સ્ત્રી. રેતી.

કિરકિરાપણું ન. રેતીવાળું હોવાપણું.

કિરકિરાવું ૧. સ. ક્રિ. અરરર કરીને અવાજ થવો.
૨. સ. ક્રિ. રેતાળ હોવું.

કિરકિરાહટ સ્ત્રી. રેતીવાળું હોવાપણું.

કિરકિરી ૧. સ્ત્રી. અપમાન.
૨. રૂ.પ્ર. આંખમાં પડીને પીડા ઉત્પન્ન કરતું રજકણ.
૩. વિ. બગાડેલું; બરાબ થયેલું.
૪. વિ. રેતીવાળું.

કિરકી [હિં.] સ્ત્રી. બારીનું નાનું બોકસ.

કિરકુલ ૧. વિ. કબિર; બાનું.
૨. વિ. નજીકનું; બીજું.

કિરકોલ ૧. વિ. છૂટક છૂટક; લાંબું લાંબું.
૨. વિ. નાનાવિધ; અનેક પ્રકારનું; વિવિધ.
૩. વિ. નિઃસત્વ; નજીવું.
૪. વિ. પરચૂરણ; પ્રકીર્ણ.
૫. વિ. વિજાતીય; જુદા પ્રકારનું.
૬. અ. છૂટક; થોડે થોડે કરીને.

કિરકોળ જુઓ કિરકોલ.

કિરગામ ન. પંજાબમાં આવેલા વૈજનાથનું એક પ્રાચીન નામ. તે સુપ્રસિદ્ધ યાત્રાનું ધામ મનાતું. તેની નૈર્ઋતે બાર માઈલ ઉપર પર્વતની ઊભી ટેકરી ઉપર આશાપુરા દેવીનું મંદિર આવેલ હતું.

કિરચ ૧. [સં. કિંચિત્] પું. કટકો; ટાકો.
૨. [સં. કૃતિ] સ્ત્રી. એક બાતનું હથિયાર; સીધી તરવાર.

કિરણ ૧. પું. (પિંગળ) એક વિષમબાતિ માત્રામેળ છંદ. તે રાજવરતુનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૭૦ લઘુ બાતી ૭૭ વર્ણ અને ૮૪ માત્રા આવે છે.
૨. [સં.] પું. રશ્મિ; કર; મરીચિ; તેજની રેખા.
૩. સ્ત્રી. એક બાતની માછલી; રશ્મિ. તેમાંથી પ્રબલ નીકળે છે.
૪. ન. બહાપીઠ શૈવાગમ ગ્રંથોનું એ નામનું એક. જુઓ શૈવાગમ.

કિરણકલા [સં.] સ્ત્રી. પ્રકાશની સુંદર રેખા.

કિરણકીર્તિ પું. (પિંગળ) અતિધૃતિની બાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં તગણ, જગણ, તગણ, જગણ, નગણ, સગણ અને ગુરુ મળી ઓગણીસ વર્ણ હોય છે.

કિરણકેંદ્ર [સં.] ન. કાચનબિંદુ; પ્રતિબિંબ પડ્યા પછી પ્રકાશનાં કિરણ જેકાં મળે તે બિંદુ; અભાંશુ; 'ફોકસ'.

કિરણગુચ્છ [સં.] પું. અંશુજાલ; કિરણનો સમૂહ.

કિરણગ્રહ [સં.] ન. કિરણોનું ઢંકાણું.

કિરણચિકિત્સા [સં.] સ્ત્રી. સૂર્યનાં કિરણોથી રોગ મટાડવાની વિદ્યા.

કિરણચૂર્ણી ન. જાબપટ; રંજપટ; વર્ણપટ; નજરે જોયેલાં બાબતો જુની પાડવાના ફરબીનથી બીજી કોઈ પણ રીતે જોયેલ બાબતોનાં રંગબેરંગી કિરણ જેના ઉપર પડે છે તે પડદો.

કિરણતૂલિકા [સં.] સ્ત્રી. એક બિંદુમાં મળતાં અનેક કિરણોનો સમૂહ.

કિરણનિગિલન [સં.] ન. કિરણનું ગળી બાવાપણું.

કિરણપતન [સં.] ન. પ્રકાશનાં કિરણ પડવાનું બાર્ય.

કિરણપરિવેશ [સં.] પું.; ન. તેજનું ઢંકાણું; 'હેલો'.

કિરણપાતન [સં.] ન. કિરણોનો પડાવો; બાપોપણ.

કિરણપુંજ [સં.] પું. તેજની રેખાબોનો સમૂહ.

કિરણપ્રસરણ [સં.] ન. પ્રકાશનો ફેલાવ.

કિરણબદ્ધ [સં.] વિ. કિરણોથી ભરેલું; ઝળકતું.

કિરણમાલા [સં.] સ્ત્રી. તેજોમંડળ; પ્રકાશાવરણ.

કિરણમાલી ૧. [સં. કિરણમાલિન્] પું. બાકાશનો છોડ.
૨. પું. કપૂર.
૩. પું. ચંદ્ર.
૪. પું. સૂર્ય.

કિરણમૂલ [સં.] ન. જેમાંથી અનેક કિરણ નીકળે તે બિંદુ.

કિરણરેખા [સં.] સ્ત્રી. તેજની લીટી.

કિરણરોક વિ. અપારદર્શક; જેની બારપાર દેખાય નહિ એવું.

કિરણલેખા [સં.] સ્ત્રી. બે દૂરની જગા વચ્ચે કિરણ વડે સંદેશા બલાવી શકાય તેવું યંત્ર.

કિરણલેખ્યકલા [સં.] સ્ત્રી. ફોટો પાડવાની કળા; કિરણ એટલે તેજની છાપ લાઈ છબી ઉતારવાની કળા.

કિરણવંતું વિ. તેજસ્વી; પ્રકાશિત.

કિરણવિદ્યુતિવિદ્યા [સં.] સ્ત્રી. કિરણમાં થતા વિદ્યુત સંબંધી વિદ્યા.

કિરણશાસ્ત્ર [સં.] ન. કિરણને લગતી વિદ્યા.

કિરણસમૂહ [સં.] પું. કિરણનો જથ્થો.

કિરણસ્ફુરણ [સં.] ન. કિરણનો ઝબકારો; કિરણનું ઝબકવું તે.

કિરણાભેદ જુઓ કિરણાભેદ.

કિરણાભેદ્ય [સં. કિરણ + અભેદ્ય (ભેદી ન શકાય એવું)] વિ. અપારદર્શક; પ્રકાશાભેદ્ય.

કિરણાલેખ્યકલા [સં. કિરણ + આલેખ્ય (ચિત્ર) + કલા (હુનર)] સ્ત્રી. તેજની છાપ લાઈ છબી ઉતારવાની કળા; સૂરજના અજવાળાની અસરથી છબી પાડવાનો હુનર; 'ફોટોગ્રાફિ'.

કિરણાવરોધક [સં. કિરણ (તેજની રેખા) + અવરોધક (રોકનાર)] વિ. અપારદર્શક; કિરણોને જતાં રોકી રાખનાર; જેમાંથી કિરણો પસાર ન થઈ શકે તેવું; જેની આરપાર જોઈ ન શકાય એવું.

કિરણાવરોધકત્વ [સં. કિરણ + અવરોધક (રોકનાર) + ત્વ (પણું)] ન. અપારદર્શકતા; કિરણાવરોધક હોવું તે.

કિરણાવલિ [સં. કિરણ + આવલિ (હાર)] સ્ત્રી. એકબીજ નિકુમાં થઈને જતાં મળતાં કિરણ.

કિરણાળ વિ. કિરણવાળું.

કિરણાંશ [સં. કિરણ + અંશ (ભાગ)] પું. કિરણનો એક ભાગ.

કિરણી ૧. [સં. કિરણ (તેજની રેખા) + ઈન્ (વાળું)] પું. જેમાંથી કિરણ નીકળે છે તે; તેજસ્વી પદાર્થ.

૨. પું. સૂર્ય.

૩. વિ. કિરણવાળું.

કિરણું સ્ત્રી. બ. વ. (બોલ) કિરણો; તેજની રેખાઓ.

કિરત ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ ભગણ મળી ચોવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મેદુરદત. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બારમે અક્ષરે વિસામો આવે છે.

૨. [સં. કીર્તિ] સ્ત્રી. યશ; આબરૂ.

૩. [અ.] સ્ત્રી. વાયવાની સારી જાત ખાસ કરીને કુરાન માટે વપરાય છે.

ગૈર અખિલે કિરત = ન વાંચી શકાય એવું.

કિરતાર ૧. [સં. કર્તૃ] પું. ઈશ્વર; પરમાત્મા; પરમેશ્વર; ભગવાન; પ્રભુ; સરજનહાર; સૃષ્ટિનો કરનારો; બ્રહ્મા.

કિરતારના જનામાં = ઈશ્વરની સમક્ષ.

૨. ન. ગળીશ જાત માંહેની એક જાતનું વાજિંત્ર.

કિરતાલ ન. એક જાતનું વાજિંત્ર; કિરતાર; કરતાલ.

કિરતાલિયો પું. કરતાલિયો; કરતાલ કે ઝાંઝ પખાજ બજાવનાર પુરુષ.

કિરતાસ [ગ્રીક] પું. કાગળ.

કિરદાર ૧. [ફા.] પું. કૃત્ય.

૨. પું. અમીર.

૩. પું. રિવાજ; બાલત.

૪. પું. વર્તણૂક.

૫. પું. સારવાર.

૬. પું. સ્વભાવ; ટેવ.

૭. વિ. પ્રકાશિત.

૮. વિ. કેળાયેલ.

કિરકિગાર [ફા.] પું. સરજનહાર; પરમેશ્વર; કિરતાર.

કિરકેગાર જુઓ કિરકિગાર.

કિરન ૧. [સં. કિરણ] ન. (હિંદી) કિરણ.

૨. ન. સોનારૂપાનું ઝુમકું.

કિરનરોક [હિં.] વિ. અપારદર્શક.

કિરપણ ન. નાની તલવાર. શીખ લોકોનું આ માનીતું હથિયાર છે.

કિરપન [સં. કૃપણ] વિ. લોભી.

કિરપા ૧. [સં. કૃપા] સ્ત્રી. (હિંદી) કૃપા; દયા

૨. સ્ત્રી. મહેરબાની; ઉપકાર.

કિરપાણ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૃપાણ; વર્ણદંડક. તેના દરેક ચરણમાં ગમે તે ચોદ વર્ણ, ગુરુ અને લઘુ મળી ભગોરા અક્ષર હોય અને તેમાં ચારમા, સોળમા અને ચોવીસમા ઉપર યતિ આવે.

૨. [સં. કૃપાણ] ન. શીખ લોકોનું પૂજાનું અને સાથે રાખવાનું એક હથિયાર; બરછી; મોટો છરો.

કિરપાનિધાન પું. દયાના સાગર.

કિરપાલ ૧. [સં. કૃપાલ] વિ. ઉદાર; કૃપાળુ; મહેરબાનીવાળું.

૨. વિ. દયાળુ.

૩. વિ. માયાળુ; પ્રેમાળ.

કિરપાસિંધ જુઓ કિરપાનિધાન.

કિરપાહીન વિ. લાગણી વગરનું; મહેરબાની વિનાનું.

કિરપાળ જુઓ કિરપાલ.

કિરમ [ફા. કિર્મ (નાના કીડા)] ન. કૃમિ; કરમ.

કિરમજ ૧. [સં. કૃમિ (એક કીડો) + જ (થયેલું)] પું. એક જાતના કીડામાંથી થતો રાતો મેરો રંગ અને દવા. આ જાતના કીડાઓને એક વાસણમાં એકઠા કરી તેમે ગરમી આપવાથી બધા મરી જાય છે. તેમનાં શરીરનાં ખોખાંમાંથી રંગ બને છે. આ કીડાની માદાના ખોખામાંથી બહુ સારો રંગ નીકળે છે. આ કીડાનાં ખોખાં તે કિરમજ કહેવાય છે. તે રંગ અને દવા તરીકે વપરાય છે.

૨. [સં. કિર્મ (કીડા) + જ (રંગમ)] પું. એક જાતનો કીડો; રંગમ રંગવામાં ઉપયોગી એક જાતનો કીડો. આ કીડા ચણા જેવડા થાય છે. તેને સાની રાખી મૂકે અને જ્યારે ઋતુમાં જેવા હોય ત્યારે તેને ગરમ પાણીમાં ઉકાળે એટલે રાતો રંગ થાય.

કિરમજી ૧. વિ. કિરમજ નામના કીડામાંથી થયેલું.

૨. વિ. કિરમજના રંગનું; મેરું લાલ.

કિરમા સ્ત્રી. એ નામની એક લિપિ.

કિરમાણી અજમો પું. અજમાના જેવાં એક જાતની ઔષધિનાં ફળ બી. તે અરબસ્તાન અને ઈરાનમાંથી હિંદમાં આવે છે. તેમાંથી થેંટોનાઝન નામનું સત્ત્વ શોધવામાં આવે છે. તે એક રેચિયન જેવું સને ૧૮૩૦ની સાલમાં પ્રથમ શોધ્યું કહેવાય છે. તે કૃમિ ઉપર અપાય છે. સાબી પ્રોતમાં આના ઝાડને મારબેટી અથવા સુરબુંદ કહે છે. આ અજમો કડવો, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, કૃમ્ય અને લઘુ છે અને ત્રિદોષ, અજીર્ણ, કૃમિ, કફ અને આમનો નાશ કરનાર મનાય છે. બીજા ગુણ અજમા પ્રમાણે હોય છે.

કિરમાની અજમો જુઓ કિરમાણી અજમો.

કિરમિજ ૧. પું. એક પ્રકારનો રંગ; મેરો રાતો રંગ.

૨. પું. મેરા રાતા રંગનો ઘોડો.

કિરમિજી ૧. વિ. કિરમજ નામના કીડામાંથી થયેલું કિરમજી મૂળમાં કરમજ છે.

૨. વિ. મેશ રાતા રંગનું; કિરમજી.

કિરમિજી ૧. [અ.] ન. કિરમજી રંગનું કાપડ.

૨. વિ. કિરમજી રંગનું.

કિરયા ૧. [હિં.] સ્ત્રી. ક્રમ; ક્રિયા.

૨. સ્ત્રી. (આકરણ) ક્રિયાપદ.

૩. સ્ત્રી. ધાર્મિક વિધિ.

૪. સ્ત્રી. સોગંદ.

કિરયાકરમ [હિં.] ન. દહનક્રિયા; મૈયતક્રિયા.

કિરયાત [અ.] સ્ત્રી. દવામાં વપરાતો એક જાતનો છોડ.

કિરર [હિં.] પું. કંટોલું.

કિરવત [હિં.] સ્ત્રી. કાર્ય.

કિરવા પું. કીડો; નાનો ઇયળો; જંતુ.

કિરવાણી પું. (સંગીત) પીલુ રાગ. તેમાં ગ અને ધ કોમળ અને બીજા સ્વર શુદ્ધ આવે છે.

કિરવાન ન. તરવાર.

કિરવું વ. ક્રિ. કરવું; વેરવું.

કિરસ્તાન ૧. પું. ખ્રિસ્તી ધર્મ માનનાર માણસ.

૨. વિ. ખ્રિસ્તી.

કિરસ્તાની જુઓ કિરસ્તાન.

કિરા [સં.] ન. કોને.

કિરાઅત (કિરાઅત) [અ.] સ્ત્રી. વાચન. ખાસ કરીને કુરાન માટે આ શબ્દ વપરાય છે.

કિરાઈ [હિં.] પું. એક જાતના વટાણા.

કિરાઓ [સં. કલાય] પું. (હિંદી) નાનો વટાણો.

કિરાજીકંચેરી [હિં.] સ્ત્રી. ઊંટ પાસેથી મહેસાણનું ખાડી રહેલ લેવું વસૂલ કરનાર ખાતું.

કિરાડકૂપ ન. જોધપુર રાજ્યના કિરાડુ ગામનું જૂનું નામ.

> જૈનસિંહે પરમારના કિરાડકૂપ (જોધપુરમાં હાલમાં જ્યાં કિરાડુ નામે ગામ છે તે)નો આસરો લીધો. પુરાતત્ત્વ

કિરાડિકા [સં.] સ્ત્રી. મેના પક્ષી.

કિરાડ (કિરાડ) [હિં.] પું. દુકાનદાર.

કિરાણ જુઓ કિરાણું.

કિરાણા જુઓ કિરાણું.

કિરાણી વિ. ક્રમ કરનાર.

કિરાણું ન. કરિયાણું; ખાંધિયાણું.

કિરાત ૧. [સં.] પું. એક જાતની ઔષધિ; કરિયાતું. તે હિમાલયના પ્રદેશમાં ૪૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર સીમલાથી નેપાળ જુતાન સુધીમાં ઊગે છે.

૨. પું. એક જાતનું ગાયકું.

૩. પું. એક જાતનો વીંછી.

૪. પું. ચોરાનો રખેવાળ.

૫. પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પુટિલવૃત્તિ. તે અતિજગતી જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, બે તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

> સ્મર તું કિરાત ન જ ત ત ગા ગા વડી.
> અપ્રસિદ્ધ

૬. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશનું નામ. તે હિમાલયના પૂર્વ ભાગ તથા તેની આસપાસમાં માનવામાં આવતો હતો. હાલનાં જુતાન, સિક્કિમ, મણિપુર વગેરે તે દેશમાં મનાતાં હતાં. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે નકુલે આ દેશ જીતી લીધો હતો. ટોલેમિના કહેવા પ્રમાણે તો સિલ્હટ અને આસામનો ભાગ સમાવેશ થાય છે. ઈ. સ. ૧૯૨૩ પછી ચોડ વંશે એક રાજાએ અહીંના રાજા રુદ્રભટ્ટને 'મણિકંચ' એવું બિરુદ આપ્યું હતું, ત્યારથી એ રાજાઓ આ બિરુદ ધારણ કરે છે.

૭. પું. શિવનું એક રૂપ.

૮. (કિરાત) સ્ત્રી. એક આઉંસનો ૨૮ મો ભાગ; ગ્રેવેરાતનું એક તોલ.

૯. સ્ત્રી. નાનામાં નાનો સિક્કો.

૧૦. સ્ત્રી. પહાડી લોકોની એક પ્રાચીન જંગલી જાતિ. તેઓ હિમાલયથી તે ઊંચે પૂર્વ મુલકના પ્રદેશમાં વસતી.

૧૧. [અ.] સ્ત્રી. વાચન.

૧૨. ન. એ નામની જાતનું માણસ; ભીલ, કોળી, કાકરડા, પારધિ, નિષાદ વગેરે. તેઓ હિંદના પૂર્વ તરફના પર્વતમાં માલમ પડે છે. રામાયણમાં તેમને માંસની આનાર, પર્વતમાં રહેનાર અને મ્લેચ્છજાતિ તરીકે વર્ણવવામાં આવેલ છે.

૧૩. ન. (સંજ્ઞા) ચૈત્ર મહાકાવ્ય માઘનું એ નામનું એક. જુઓ પંચમહાકાવ્ય.

૧૪. વિ. એ નામની પહાડી જાતનું.

૧૫. વિ. જંગલી.

૧૬. [સં.] વિ. ઠીંગણું; વામનરૂપ; ઠીમરું.

કિરાતક ૧. [સં.] સ્ત્રી. એ નામની ઔષધિ; કરિયાતું.

૨. સ્ત્રી. એ નામની ઠંસ જેવી એક ભાખી તે ઝાડની ડાળી નીચે અને ઈમારતી લાકડાંની અંદરના ભીના પોલાણમાં જન્મ્યાં થી છે.

કિરાતચૂર્ણ જુઓ કિરાતાદિચૂર્ણ.

કિરાતતિક્ત [સં.] ન. કરિયાતું.

કિરાતતિક્તાદિક્વાથ [સં.] પું. (વૈદક) કરિયાતું અને બીજી ઔષધિનો બનતો વાત-પિત્તજ્વર ઉપર અપાતો ઉકાળો; આતુર્ભદ્ર ક્વાથ. તે કડવો, રક્તિવર્ધક અને જ્વરનિવારક છે, અજીર્ણ દૂર કરે છે, ટાઢિયા અને બીજા તાવમાં ખાસ ઉપયોગી છે. તે બનાવવા કરિયાતું, મોથ, ગળો, વાળો, ઊભી તથા બેઠી ભોરિંગણીનાં મૂળ, ગોખરુ, શાલપર્ણી, પૃશ્નિપર્ણી અને સૂંઠ એ બધાં સમાનભાગે લઈ ખૂબ કરવું. તે વાતજ્વર ઉપર ખાસકરીને બનાવ છે. તે બનાવવાની બીજી રીતઃ કરિયાતું, કડુ, પીપર, ઉદમ્બ, ભોરિંગણીનાં મૂળ, ધમૂરો, અરડૂસો, દેવદાર, હરડેદળ, મરી, મોથ, અમળો, અતિવિષની કળી, આમળાં, પુષ્કરમૂળ, ચિત્રો, કાકડાસિંગી અને અરડૂસીનાં પાન એ બધું સમાન વજને લઈ ક્વાથ કરવો. રોગના અનુપાન સાથે તે લેવાય છે.

કિરાતપતિ [સં.] પું. શિવ.

કિરાતબાખી સ્ત્રી. એક જાતની બાખી; કિરાતક.

કિરાતાદિક્વાથ જુઓ કિરાતતિક્તાદિક્વાથ.

કિરાતાદિચૂર્ણ [સં.] ન. (વૈદક) પાણીના ઝેરથી આવતા તાવ મટાડવા માટે વપરાતું એક ચૂર્ણ. તે બનાવવા કરિયાતું, નસોતર, પીપર, ચવડિયું, કડુ, સૂંઠ એ બધાં સમભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તે કડવું, રક્તિવર્ધક, પાચક, રેચક અને જ્વરનાશક મનાય છે. અજીર્ણ, અપચો, વાયુ, અમ્લતા, પિત્ત અને ટાઢિયા તાવમાં ખાસ અપાય છે. તે ૩ તોલાની માત્રામાં મધના અનુપાન સાથે લેવાય છે.

કિરાતાદિ તૈલ [સં.] ન. (વૈદક) વિષજ્વર માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા મોરવેલ, ચાખ, ઇળદર, કાચળાદર, અજીઠ, ઉંદરામણ, ઉપલેટ, વાળો, રાસ્ના, અજમોપર, ત્રિકટુ, કાળીપાટ, ઉંદરજવ, સિંધાલૂણ, સંચળ, મીઠું, બીડલૂણ, અરડૂસી, સફેદ આકડાનાં મૂળની છાલ, કાળી કપૂરીમંજરી, દેવદાર અને લાલ ઉંદરામણ એ બધાનું ચૂર્ણ શેર એક લેવું. પછી સરસિયું તેલ શેર ચાર, દહીંનું પાણી શેર ચાર, કરિયાતાનો ક્વાથ શેર ચાર લઈ તેલની રીતે પકવવું.

કિરાતાર્જુનીય [સં.] ન. સાતમી શતાબ્દિમાં થઈ ગયેલ ભારવિ નામના એક કવિએ રચેલું ભારે સર્જવાળું એ નામનું એક મહાકાવ્ય. આમાં અર્જુને તપસ્યા કરી શંકરને પ્રસન્ન કરી વરદાન મેળવવાની ઇચ્છા છે. બીજા રૂપે શંકરને અને અર્જુનને જે સંવાદ થયો હતો તેનું વર્ણન આ મહાકાવ્યમાં છે. આ કાવ્ય કલા સાહિત્યની

દૃષ્ટિથી નહિ પણ નીતિશાસ્ત્રની દૃષ્ટિથી પણ એક ઉત્કૃષ્ટ ગ્રંથ મનાય છે. અર્થગૌરવ તેનો ખાસ ગુણ છે.

કિરાતાસ્થી [સં. કિરાતાસ્થિન્] પું. ગરુડ.

કિરાતિ ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.
૨. સ્ત્રી. દુર્ગા દેવી.

કિરાતિની ૧. [સં.] સ્ત્રી. કિરાત જાતિની સ્ત્રી; કિરાતી.
૨. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

કિરાતી ૧. [સં.] સ્ત્રી. અનાર્ય સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામની એક પહાડી જાતિ. તેઓ મોટે ભાગે શિકારી તરીકે વખણાય છે.
૩. સ્ત્રી. કિરાત જાતિની સ્ત્રી; ભીલડી.
૪. સ્ત્રી. દુર્ગા સ્ત્રી.
૫. સ્ત્રી. ગંગા નદી.
૬. સ્ત્રી. ચમ્પક ઢાળનારી સ્ત્રી.
૭. સ્ત્રી. પાર્વતી; દુર્ગા.
૮. ન. એ નામની જાતનું માણસ.
૯. વિ. એ નામના લોકોની જાતનું.

કિરાય [હિં.] સ્ત્રી. એ નામનો વિલાસતી પ્રજાનો છોડ.

કિરાન ૧. [અ. કરન (જોડવું)] પું. ગ્રહોનો યોગ; ગ્રહની સંધિ.
૧. કિરાન કરવું = કંઈક અજબમ્બ ભરેલું કરવું.
૨. કિરાનુસ્સઅદૈન = (૧) દિલ્હીના અમીર ખુશરૂએ બનાવેલું એક પ્રખ્યાત ગ્રન્થનું નામ. (૨) બે સારા ગ્રહ બૃહસ્પતિ અને શુક્રનો યોગ.
૩. સાહિબે કિરાન = (૧) બાપદાદા; નસીબદાર. (૨) બે કે વધારે ગ્રહોના સારા યોગમાં જન્મેલો માણસ. (૩) માનનો એક ઇલકાબ.
૨. પું. દશ, પીશ, બીશ, ત્રીશ, ચાળીશ, એવી અથવા ૧૨૦ વરસની મુદત.
૩. પું. નિકટતા; સમીપ હોવાપણું.
૪. પું. સારો સંજોગ.

કિરાના ૧. [સં. કર્ણ] પું. (હિંદી) કરિયાણું; ગાંધિયાણ.
૨. પું. તેલનો; મસાલો.

કિરાની ૧. [હિં.] પું. અમેરિકા કારકુન.
૧. કિરાની ઉર્દૂ = વરપત્તન વગેરેથી બોલાતી ઉર્દૂ ભાષા.
૨. કિરાની ખાના = બોર્ડિંગ કંપેરી.
૨. પું. ક્રિસ્તી ધર્મ સ્વીકારેલો માણસ.

કિરામ [અ.] પું. ૧. ઉમદા માણસો.

કિરામન [અ.] પું. નોંધ રાખનાર દેવદૂત.

કિરાયા જુઓ કિરાનું.

કિરાયાજમીન ન. જમીનનું ભાડું.

કિરાયાદાર ૧. [ફા.] પું. ભેરૂત; સાથી.
૨. પું. ભાડૂત.
૩. વિ. ધંધનો સાથનાર.
૪. વિ. ભાડૂત; ભાડે રહેનાર.

કિરાયાનામા ૧. [અ.] ન. ઘરની ભાડાચિઠ્ઠી; ભાડાખત.
૨. ન. પટો; ધંધનો.

કિરાનું [અ. કિરાયા (ભાડું)] ન. ઘર, જમીન અથવા બીજી કોઈ પણ વસ્તુના વાપર માટે લેવામાં આવતું લવાજમ; ભાડું.
૧. કિરાયા કરનું = ભાડે આપવું.
૨. કિરાયા કા ટટ્ટુ = ભાડૂતી માણસ; વેઠિયો.
૩. કિરાયા મહાવનું = કોઈ વસ્તુ, ચોકો, ભાડું વગેરે ભાડે આપવું.

કિરાયેદાર જુઓ કિરાયાદાર.

કિરાર પું. (બા. મુ.) કરાર.

કિરારિ ન. એક જાતનું ઝાડ.

કિરાવ ૧. [હિં.] પું. નાનો વટાણો.
૨. પું. પોલો અથવા બરાડ ગયેલો છાંત.

કિરાવવું સ. ક્રિ. સૂપડેથી ઝાટકવું; ફિલાવવું.

કિરાળ [સં. કરાલ] વિ. ભયંકર.
કપાળો કંઈ સુખો બાપાળ,
કુખડો રૂપે અતિ કિરાળ. મેઘરાજ

કિરાંચી [હિં.] સ્ત્રી. વાંસનો બદલે લાકડાની બનેલી માલની ગાડી.

કિરાંત ૧. ન. કરિયાતું.
૨. ન. રામબાવળ નામનું વૃક્ષ. તેમાં પીળાં ફૂલ હોય છે.

કિરિ ૧. [સં.] પું. ભૂડ; ડુક્કર.
૨. પું. મેઘ; વાદળ

કિરિક [સં.] પું. વેદમાં વપરાયેલ રહેલું એક નામ. તે ઇલકો ઉપર પ્રજની વૃદ્ધિ કરનાર કહેવાય છે.

કિરિકિરાહા ૧. [હિં.] વિ. ભભરેલું
૨. વિ. રેતીવાળું.

કિરિકિરિ [હિં.] સ્ત્રી. આંખમાં પડેલ ધૂળની કણી.

કિરિચ જુઓ કિરીચ.

કિરિટકોના ન. મુર્શિદાબાદ જિલ્લામાં ભાગીરથીથી ત્રણ ચાર માઈલ દૂર આવેલ એ નામનું એક પ્રાચીન સ્થળ. આ જગ્યાએ શક્તિ પાર્વતીનો કિરિટ એટલે માથાનો મુગટ કપાઈ પડ્યો હતો એમ મનાય છે.

કિરિટિ ૧. [સં.] ન. ખજૂર.
૨. ન. ખજૂરનું ઝાડ.

કિરિટિશ્વર [સં.] પું. સરજનહાર; પરમેશ્વર.

કિરિનિ ૧. [હિં.] સ્ત્રી. કિરણ.
૨. સ્ત્રી. સોનારૂપાનાં ફુમકાં.

કિરિપિની [હિં.] વિ. ભોળી.

કિરિયા ૧. [હિં.] સ્ત્રી. કામ; ક્રિયા.
૨. સ્ત્રી. (વ્યાકરણ) ક્રિયાપદ.
૩. સ્ત્રી. મૃતકર્મ.
૪. સ્ત્રી. સોગંદ.

કિરિયાણું ન. કરિયાણું; મસાલો, બોસડિમ વગેરે.

કિરિરમ [સં.] પું. ઇલકારો; આંખ મારવી તે.

કિરિસ સ્ત્રી. તરવાર.

કિરિસ્તાન પું. ક્રિસ્તી.

કિરી [સં.] સ્ત્રી. ભૂંડણી; ભૂડણ.

કિરીચ ૧. [સં. કૃત્ (કાપવું)] સ્ત્રી. (હિંદી) જમૈયો.
૨. સ્ત્રી. તરવાર.

કિરીટ ૧. પું. અર્જુન.
૨. પું. એક જાતનું ઘરેણું.
૩. પું. (પિંગળ) ચિત્રરચનાવાળો એક છંદ.
૪. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ ભગણ હોય એવો ચોવીસ અક્ષરનો એક છંદ; મેઘરથ.
૫. [સં.] પું. પાખંડી.
૬. પું. મુગટ; તાજ. આ ટોપી દેવોમાં વિષ્ણુને માથે અને રાજાઓમાં ચક્રવર્તિને જ માથે હોય છે. તેનો ઘાટ વાંસના પાનને મળતો, ઈંડાના ઘાટનો, કમળના ડોડાના ઘાટનો, છત્રી જેવો અથવા કાચબાના આકારનો હોવો જોઈએ.
૭. પું. રાજા; ચક્રવર્તી રાજા.
૮. પું. બાપારી.
૯. પું. (પિંગળ) સવૈયા છંદ.
૧૦. ન. એ નામનું એક નક્ષત્ર.
૧૧. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો મુગટ પડ્યો હતો.
૧૨. વિ. મુગટવાળું; તાજવાળું.

કિરીટજ્યોતિ [સં.] સ્ત્રી. મુગટનો પ્રકાશ.

કિરીટધારી [સં. કિરીટધારિન્] વિ. મુગટ પહેર્યો હોય એવું.

કિરીટમાલી [સં. કિરીટમાલિન્] પું. અર્જુનનું એક નામ.

કિરીટિ [સં.] પું. ખજૂર.

કિરીટિની [સં.] વિ. સ્ત્રી. માથે મુગટ ધારણ કર્યો હોય એવી.

કિરીટી ૧. [સં. કિરીટિન્] પું. અર્જુન, કેમકે તેને ઇંદ્રે મુગટ આપ્યો હતો.

> સિન્ધુ પ્રભંજન વિજય નર કૃષ્ણસુત કિરીટી હોઈ; સુકવિકેસ ગાડીવધર પાર્થ ધનિજય સોઈ. વિનયવિજયકોષ

૨. પું. ઉંદર.
૩. પું. કપાળનું હાડકું.
૪. પું. માથાનું તાલવું.
૫. પું. મુગટ; તાજ.
૬. પું. રાજા.
૭. પું. વિષ્ણુવંશ ૩૦૦ થી ૧૫ અને ઉત્તર ક્રાંતવંશ ૫૫ થી ૮૫ની વચ્ચે આવેલો એ નામનો તારાપુંજ; ઉત્તર ફાલ્ગુન પાસેનું એક નક્ષત્ર.
૮. પું. શિવ.
૯. વિ. કિરીટ પહેરનાર; કિરીટવાળું; મુગટ ધારણ કરનાર.

કિરીડા (કિરીડ) ૧. [હિં.] સ્ત્રી. કિલ્લોલ; રમત.
૨. [સં. ક્રીડા] સ્ત્રી. રમત; ખેલ.

કિરે પું. પક્ષી કે જીવજંતુ વગેરેથી બોલાતો અવાજ.

કિરેજ પું. બિકાનેરના તાબેદાર પ્રદેશોમાં તરફથી બેઠતો પાસેથી લેવાતો એ નામનો કર.

કિરૈયા સ્ત્રી. શીતળા માતા.

કિરોડ (કિરોડ) [હિં.] વિ. સો લાખ; કરોડ; ૧,૦૦,૦૦,૦૦૦.

કિરોધ [સં. ક્રોધ] પું. (હિંદી) ક્રોધ; ગુસ્સો.

કિરોધન જુઓ કિરોધી ૧.

કિરોધી ૧. [હિં.] પું. વિકરી પુરુષ; કિરોધન.
૨. વિ. ક્રોધી.

કિરોલ ન. રજપૂતાનામાં અજમિયરની પશ્ચિમે આવેલ એ નામનું એક દેશી રાજ્ય.

કિરો ૧. [હિં.] પું. પોલો સંત.
૨. વિ. ખાંગેલું.

કિર્ચ ૧. [હિં.] પું. કટકો.
૨. સ્ત્રી. સીધી તરવાર.

કિર્ચા સ્ત્રી. કાચણી.

કિર્તૂત [હિં.] સ્ત્રી. કામ; કાર્ય.

કિર્દ [ફા. કર્દ (કામ)] સ્ત્રી. રોજનિશી; રોજેરોજનો જમાખર્ચ નોંધવાની વહી.

કિર્દગાર [ફા.] પું. પરમેશ્વર.

કિર્દગારી જુઓ કિર્દગર.

કિર્દાન ૧. પું. ઉંદરાણી.
૨. પું. પતરો.

કિર્દાર જી. ક્રિયા.

કિર્પાલ ૧. [હિં.] વિ. ઉદાર.
૨. [સં. કૃપાલુ] વિ. માયાળુ; પ્રેમાળ.

કિર્મ ૧. [ફા.] પું. કૃમિ; પેટનો જીવડો; કરમિયો.
૨. પું. જીવડો.
૧. કિર્મે પીલા = રેશમનો કીડો.
૨. કિર્મે શબતાબ = અગ્નિનો કીડો.
૩. વિ. કિરમજી રંગનું.

કિર્મક ૧. [હિં.] પું. નાનું જંતુ; કિર્મનું લઘુતાવાચક રૂપ.
૨. પું. પતંગિયું.

કિર્મપીલા પું. રેશમનો કીડો.

કિર્માલો પું. એક જાતની રેશમ દવા.

કિર્મિજ ૧. પું. એક જાતનો રંગ; કિરમજી રંગ.
૨. પું. કિરમજી રંગનો ઘોડો.

કિર્મિપીલ પું. રેશમનો કીડો.

કિર્મિમ્શ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કર્મિલા. તે જગતીનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને મગણ એમ નવ અક્ષર હોય છે.

કિર્મી સ્ત્રી. એક જાતનું સોળમાનાન ગાડ.

કિર્મીજી ૧. [ફા.] પું. કિરમજી રંગ.
૨ સ્ત્રી. કિરમજી રંગનું કપડું.

કિર્મીર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ; બકાસુરનો ભાઈ. તે નૈતરના વનમાં રહેતો હતો. હસ્તિનાપુરથી પાંડવો કામ્યક વનમાં આવ્યા ત્યારે આ રાક્ષસના ભાઈને ભીમસેને માર્યો હતો. તેનું વેર લેવાની ઇચ્છાથી કિર્મીર આ વનમાં આવ્યો અને પાંડવોને જવાનો રસ્તો ચોતરફથી ઘેર્યો. તેથી અર્જુની અને ભીમસેનની વચ્ચે ઘોર યુદ્ધ થયું. તેમાં તે મરાયો.
૨. પું. કાબરચીતરો રંગ.
૩. પું. નારંગીનું ઝાડ.
૪. પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, રગણ અને ગુરુ આવે છે.
કિર્મીરે ભે ર ર ગ. ચંદ્રિકા
૫. વિ. રંગબેરંગી; કાબરચીતરું.

કિર્મીરારિ [સં.] પું. પાંડવ ભીમસેન, તેણે કિર્મીર રાક્ષસને માર્યો હતો.

કિર્મેરાળતાળ ૧. પું. અગ્નિનો કીડો.
૨. પું. પતંગિયું.

કિર્યાણી [સં.] પું. જંગલી સૂવર.

કિર્રે ૧. પું. પક્ષીનો અવાજ; પંખીનો કુંજારવ.
૨. વિ. ચીચ; ચરચક.
૩. વિ. પાંસળી ચડીયાતું.

કિર્રાટ [અ.] પું. ઓસનો ચોવીસમો ભાગ.

કિર્વાણી પું. (સંગીત) કાફી ઘાટમાંથી ઉત્પન્ન થતો અને દિવસને ત્રીજે પહોરે ગવાતો એક રાગ.

કિલ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) રમવું; ક્રીડા કરવી. તે ઉપરથી નીકળેલ શબ્દ: કેલિ, ખેલ.

કિલ્લ ૧. પું. ગાડાની ધરીમાં થતો કાળો ચીકણો પદાર્થ; ગાડાની મળી.
૨. [હિં.] પું. મેડી.
૩. ન. ભર્ગ ગોત્રનું એ નામનું એક પ્રવર.
૪. ન. ગૌતમ ગોત્રનું એ નામનું એક પ્રવર.
૫. [સં.] વિ. નજીકનું; તુચ્છ.
૬. સ. અસત્ય, સંભાવના, હેતુ, અસલ, વાર્તા, અનુકરણ, વાર્તાપ્રસિદ્ધ અર્થનું દ્યોતન, ક્ષમાતાપ, સિદ્ધ અર્થનું પ્રકાશન અને તિરસ્કારનો અર્થ બતાવનાર એક અવ્યય.
૭. સ. અરેખર; નિપે.

કિલક ૧. સ્ત્રી. હર્ષધ્વનિ કરવાની ક્રિયા; આનંદસૂચક શબ્દ; કિલકાર.
૨. સ્ત્રી. હીરાનું તેજ.
૩. ન. ડાંગ; કલમ.

કિલકાર ૧. પું. કિલકિલ કરવું તે; પંખીઓનો આનંદનો કલબલાટ.
૨. પું. કોલાહલ; ધોંધાટ; શોરબકોર; ગીસ; ચિચિયારી.
૩. પું. કેકડી; મરકરી; મળક
૪. પું. હર્ષધ્વનિ; આનંદની કિકિયારી.

કિલકારવું ૧. અ. ક્રિ. આનંદની કિકિયારી કરવી.
૨. અ. ક્રિ. ગાવું.
૩. અ. ક્રિ. ધોંધાટ કરવો; શોરબકોર મચાવવો.
૪. અ. ક્રિ. પક્ષીઓનું ખુશીનું બોલવું.
૫. અ. ક્રિ. મળક કરવી; મરકરી કરવી.

કિલકારી ૧. [સં. કિલકિંચા] સ્ત્રી. આનંદભર્યો કલબલાટ; આનંદની કિકિયારી; હર્ષધ્વનિ; કિલકિલાટ.
કિલકારી દેવી-મારવી = હર્ષધ્વનિ કરવો.
૨. [હિં.] સ્ત્રી. ગર્જના.
૩. સ્ત્રી. મળક; મરકરી, કેકડી.
૪. સ્ત્રી. રાડ; ચૂમ.
૫. સ્ત્રી. વાદરની ચીસ.
૬. સ્ત્રી. હાથીનો અવાજ.

કિલકિલા પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ; કિલકિલા. તેના

પહેલા અને ત્રીજા અરબ્રમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર તથા બીજા અને ચોથા અરબ્રમાં નગણ, ભગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે..

કિલકિલ ૧. [સં.] પું. કાલ્યુ, મંગી અને મંખ્યરો દાણો ઉત્પન કરનાર એક જાતનો છોડ.

૨. પું. મહાદેવ; શિવ.

૩. [સં. કલ (મધુર અસ્પષ્ટ અવાજ)] સ્ત્રી., ન. પક્ષીનું આનંદમાં બોલવું તે; પક્ષીઓનો એકીસાથે બોલવાથી થતો કિલકિલ એવો હર્ષભર્યો અવાજ.

૪. સ્ત્રી.; ન. લડાઈ; કજિયો; ઝપડો.

૫. સ્ત્રી.; ન. વલૂર; ચળ

૬. સ્ત્રી ; ન. વાદવિવાદ; બોલાચાલી.

૭. સ્ત્રી.; ન. વાંદરાનું બોલવું તે.

૮. સ્ત્રી.; ન. શોરબકોર; અરબડ; ધોંધાટ.

કિલકિલકાંદો પું. છોકરાઓની એક રમત. તેમાં એક છોકરો એક પથ્થર ઉપર કેટલીક લીંડીઓ દોરી સતાડી રે. બીજાઓ કિલકિલકાંદો એમ બોલતાં બોલતાં દોડે અને તે પથરો જોતી જાય. જે છોકરાને તે પથ્થર જડે તે છોકરો સંતાડનાર છોકરાનો હાથ ઊંચો રખાવીને આંગળીની ઉપર તે પથ્થર વડે મારે અને રમત પૂરી થાય.

કિલકિલવું ૧. અ. ક્રિ. આનંદમાં આવવું.

૨. અ. ક્રિ. કિલકિલ અવાજ કરવો; પક્ષીઓનું એ રીતે કરી મૂકવું.

કિલકિલા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી; કલકલિયો.

૨. પું. મોટો ભૂરો શિકારી કૂતરો.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક પ્રાચીન નગરી; કોંકણ. કહેવાય છે કે અહીં ઓગણીસ રાજાએ એકસો ૭૭ વર્ષ રાજ્ય કર્યું હતું. તેને કિલાગિલા પણ કહેતા.

૪. સ્ત્રી. બીકિમાપણું; ગુસ્સો; ચીડ.

૫. સ્ત્રી. વાદરાના અવાજની નકલ કરવી તે.

૬. સ્ત્રી. વાંદરાની ચીસ.

૭ સ્ત્રી. વીરપુરુષની સિંહગર્જના.

૮ સ્ત્રી. સિંહની ગર્જના; સિંહનો અવાજ.

૯ [સં.] સ્ત્રી. હર્ષધ્વનિ; આનદનો પોકાર.

કિલકિલાકાર ૧. પું. કિલકિલાટ; આનંદનો કિલકિલ અવાજ.

૨. પું. ખુશાલી; આનદોત્સવ.

૩. પું. ધાનાટ, કોલાહલ; શોરબકોર; કલબલાટ.

૪. પું. ચીસ; તીણી ભ્રમ; ચિચિયારી.

કિલકિલાહ ૧. [સં. કિલકિલા] પું. આનંદનો નાદ; હર્ષધ્વનિ.

૨. પું. ચીસ; રાડ.

૩. પું. પક્ષીઓનો કિલકિલ અવાજ.

૪. પું. વીરપુરુષની ગર્જના.

૫. પું. શોરબકોર; કોલાહલ; ધોંધાટ.

કિલકિલાર જુઓ કિલકિલાટ.

કિલકિલારવ જુઓ કિલકિલાટ.

કિલકિલારવું ૧. અ. ક્રિ. મધુર અવાજ કરવો.

૨. અ. ક્રિ. રાડ પાડવી; ચીસ પાડવી.

કિલકિલારો જુઓ કિલકિલાટ.

કિલકિલાવવું સ. ક્રિ. કિલકિલ કરે એમ કરવું; ખુશ કરવું; હસાવવું.

કિલકિલાવું ૧. અ. ક્રિ. આનંદમાં આવવું.

૨. અ. ક્રિ. કિલકિલ એવો અવાજ થવો.

કિલકિંચિત વ. (સંજ્ઞા) શૃંગારભાવની એક તરેહ; સ્ત્રીપુરુષોનો એક પ્રકારનો વિલાસ. નાયિકાના શૃંગારનો એક ભાવ; સંભોગસમયમાં હાસ્યરસ, રડું રડવું, હસવું, ત્રાસ, રોષ, ભય, લાજ, હર્ષ, ગર્વ, કંપ, આસુ, સ્મિત, અભિલાષ એ બધાં જેમાં મિશ્ર હોય એટલે કે એક જ સાથે ઉત્પન થતાં હોય તેવો ઓઓનો ભાવ કિલકિંચિત કહેવાય છે.

કિલચી [હિં.] સ્ત્રી. હાથના આંગળાનો સાંધો; વેઢો.

કિલની ૧. સ્ત્રી. ઢાંસ; મોટો મચ્છર.

૨. સ્ત્રી. જાં; જાય, બળદ, કૂતરું, બિલાડી વગેરે પશુનાં શરીર ઉપર રહેનાર અને તેનું લોહી ચૂસનાર એક કીડો.

કિલપા પું. (ગોંદ) ગોરાણી ભાડિનો એ નામનો એક સિદ્ધ.

કિલબિખ ૧. પું. ચીડ; ગુસ્સો.

૨ પું. મોટો ભૂરો શિકારી કૂતરો.

કિલબિલ ૧. [હિં.] સ્ત્રી. કકળાટ.

૨. સ્ત્રી. કચ્ચાબચ્ચાં; છોકરાં.

૩. સ્ત્રી. જંતુઓનું પેટ ચાલવું તે.

કિલબિલાવું અ. ક્રિ. પેટ ચાલવું.

કિલમ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની આતશબાજી.

૨. સ્ત્રી. ચિઠ્ઠી; ચબરખી.

૩. સ્ત્રી ચિતારાની પીંછી.

૪. સ્ત્રી. દાઢીનો ઉપલો અણીવાળો ભાગ.

૫. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય.

૬. સ્ત્રી. ભીંડાનો પાસાદાર કટકો.

૭. સ્ત્રી. લખવાનો કિત્તો.

કિલલ્લિલલ્લ જુઓ કિલબિલ.

કિલવવું સ. ક્રિ. હસાવવું; ખુશી કરવું.

કિલવંત ૧. સ્ત્રી. બાજરાની એક પેટા જાતિ.

૨. વ. એ નામની બાજરાની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

કિલવા ૧. પું. મોટી કોઠાળી.

૨. પું. મોટો પાવડો.

કિલવાઈ [હિં.] સ્ત્રી. મોટું ઘાસ એકઠું કરવાનો નાનો સગાયો.

કિલવો પું. કિલ્લેદાર; બક્ષનચી.

કિલ્લા [અ.] પું. કિલ્લો; કોટ; ગઢ.

કિલ્લાઈ [સં. કલાય] પું. (હિંદી) એક જાતનો વટાણો.

કિલ્લાઓ પું. નાનો વટાણો.

કિલ્લાકિલોલ જુઓ કિલકિલાટ.

કિલ્લાગિલ્લા સ્ત્રી. (પુરાણ) એ નામની એક પ્રાચીન નગરી. જુઓ કિલકિલા ૩.

કિલ્લાચા [અ.] પું. ઊંટનો બચ્ચાં જેવા બીજા નાનો કિલ્લો.

કિલ્લાદ [સં.] પું. ભાવો; પનીર; મલાઈ.

કિલ્લાદક જુઓ કિલાદ.

કિલ્લાદજ પું. પહાડમાં ઘોડે ચડી દેખાતો સફેદ રહિકના જેવો નજવાયુવાળો એક પદાર્થ. એ પદાર્થને મોટા જથ્થામાં બનાવવો હોય તો વિવિધ પદ્ધતિથી માંસદ દબાવી વિઘટન કરીને તેમાંથી બનાવી શકાય.

કિલ્લાડી [સં. કિલાટિન્] પું. વાંસ; બાંબુ.

કિલ્લાજિયા ૧. સ્ત્રી. કેસારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કિલ્લાત પું. એ નામનો એક ઋષિ.

કિલ્લાતા પું. એ નામનો એક અસુર બાબત.

કિલ્લાદાર ૧. [હિં.] પું. કિલ્લાનો ઉપરી.

૨. પું. ઘેરાયેલી ફુકડીનો સરદાર.

કિલ્લાદારી ૧. [હિં.] સ્ત્રી. કિલ્લાદારની પદવી; કિલ્લેદારનો હોદ્દો.

૨. સ્ત્રી. કિલ્લેદારને મળતો પગાર.

૩. સ્ત્રી. ઘેરાયેલી ફુકડીની સરદારી.

કિલ્લાબ [અ.] પું. બ. વ. કૂતરાઓ.

કિલ્લામના સ્ત્રી. (જૈન) પીડા; દુઃખ.

કિલ્લાવવું સ. ક્રિ. ફિરાવવું; ચપ્પામાં ગોળ ફેરવીને અટકવું.

કિલાવો પું. મહાવતને માવત માટે હાથીને ગળે બાંધવાનું રાખેલું દોરડું. તેમાં પગ ભરાવી મહાવત હાથીને ચલાવવા વગેરેની પ્રચારત કરે છે.

કિલાસિકન (કિલાસિકન) જુઓ કિલ્માસિકન.

કિલાસ ૧. [સં.] પું. એક જાતનો કોટ. તેમાં રસી કે પરૂ વહેતું નથી પણ ગાઢી રાતી ચાઈ જાય છે.

૨. પું. કોઢનો રોગ.

૩. વિ. એક જાતના કોટના રોગવાળું.

કિલાસકુષ્ઠ [સં.] પું. લાલ કોટ.

કિલાસઘ્ન ૧. [સં.] પું. કોઢના રોગનો નાશ કરનાર એક જાતની વનસ્પતિ.

૨. વિ. કિલાસ નામના કોઢનો નાશ કરનાર.

કિલાસનારાન જુઓ કિલાસઘ્ન.

કિલિકિતા પું. (પિંગળ) એ નામનો એક છંદ. જુઓ કિલકિતા.

કિલિકિલે ૧. સ્ત્રી. બેલગ્રામ, ધારવાડ તથા વિજાપુર તરફ રહેતી માછીની એક જાત. તેઓ ગામડાની ઢીંગલીના તમાશા કરવાનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કિલિદાર પું. અજાનગી; કિલ્લેદાર.

કિલિમ [સં.] ન. દેવદારનું ઝાડ.

કિલી સ્ત્રી. સળી; ખીલી.

કિલીક [ફા.] સ્ત્રી. કૂંચી.

કિલેવર [અ. કલાવંર] સ્ત્રી. ગંજીફાનાં પાનાંની ચારમાંથી કોઈની જાત.

કિલેસો ૧. પું. તકરાર; ઝઘડો.

૨. પું. દુઃખ; પીડા.

કિલોગ્રામ [અં.] પું. એક હજાર ગ્રામ જેટલું વજન; આશરે પાકા શેર જેટલો તોલ. ઇંગ્લંડમાં પ્રમાણભૂત રતલ એકગ્રેપ છે; ફ્રાન્સમાં પ્રમાણભૂત કિલોગ્રામ એકગ્રેપ છે.

કિલોમીટર [અં.] પું. અંતર માટેનું એક-માપ. ૧ માઈલ = ૧½ કિલોમીટર થાય છે.

કિલોલ ૧. [સં. કલ્લોલ] પું. આનંદ; મજા.

૨. પું. તરંગ; પાણીની મોટી છોળ; મોજું.

બંગ તરંગ કિલોલ અને ભાખી ઊર્મિ નામ;
અહરી હાથ પસારીને ચહના પરસે ચામ. પિંગળપ્રકાશ

૩. પું. પાપ.

૪. પું. મધુર અવાજ.

વનમાં બોલે ઝાઝા મોર,
મેઘ ઘણી કિલોલ કરે રે લોલ. લોકગીત

૫. સ્ત્રી. કરકસાળ.

૬. સ્ત્રી. ઉપભોગ માણવું તે.

કિલોલ કરવી = (૧) ઉપભોગ કરવો. (૨) રમત રમવી.

૭. સ્ત્રી. રમત; ખેલ; ક્રીડા.

કિલોવા પું. ભર્યા, પેશુ અને માર્તાણાનાં જંગલમાં મળતો એક જાતનો આખી રંગનો વાંસ. તેની લંબાઈ ૬૦થી ૧૨૦ ફૂટ અને જાડાઈ પથી ૮ ઇંચ હોય છે.

કિલોળવું અ. ક્રિ. આનંદ કરવો.

કિલ્માસિકન (કિલ્માસિકન) ૧. સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. મુહમ્મદ હસન નામે એક આરબ હતો. તે આ'લા દરજ્જાની તોપો તૈયાર કરતો હતો. તેની બનાવેલી કેટલીક તોપો આજે પણ મોજૂદ છે. દોલતાબાદમાં ચીની મહેલ પાસેના કિલ્લાના કરવાજા નજીક એક બુરજ ઉપર આ તોપ મૂકેલી છે. એનું અસલ નામ કિલ્માસિકન છે; પરંતુ આજકાલ તેને મેદાતોપ કહે છે, કેમકે એનું માથું મેંઢાના જેવું બનેલું છે. એ તોપની સીધી બાજુએ બેઠો લાગીને નિશાન પડી ગયેલું છે. એની લંબાઈ અઢાર ફૂટ અને અઠી ઇંચ છે, મુખની પાસેનો ચકરાવો સાત ફૂટ બે ઇંચ અને મુખનો ચકરાવો પાંચ ફૂટ છે, જેનાથી અનુમાન કરી શકાય છે કે એનો ગોળો એક મણનો એક હતો.

૨. સ્ત્રી. કિલ્લા ઉપર મોકવાની તોપ.

૩. સ્ત્રી. મોટા કદની બંદૂક.

કિલ્ક (કિલ્ક) [અ.] સ્ત્રી. ગભરાટ; ક્ષોભ.

કિલ્કેરિ ૧. પું. ગભરાટ; ક્ષોભ.

૨. પું. ચર્ચા.

કિલ્લા સ્ત્રી. ટેકરી ઉપર રહેનાર માણસોની મોટી ઊંડી ટોપી.

કિલ્લિકા પું. (જૈન) એક જાતના ઊતરતી પંક્તિના દેવ. તેઓ દેવોની સભામાં જઈ શકતા નથી.

કિલ્વિષ જુઓ કિલ્બિષ.

કિલ્વિષિક જુઓ કિલ્બિષિક.

કિલ્વિષ જુઓ કિલ્બિષ.

કિલ્વિષકોષ [સં.] પું. પાપનો ભંડાર.

કિલ્વિષહારી ૧. પું. પાપ હરનાર ભગવાન; પ્રભુ.

કૃષ્ણભક્તિ ઉત્પન્ન કરે ઉર,
કેટિક કિલ્વિષહારી. દયારામ

૨. વિ. પાપ હર કરનાર.

કિલ્લત (કિલ્લત) ૧. [અ.] સ્ત્રી. અછત; ઓછપણું; તંગી; ન્યૂનતા.

૨. સ્ત્રી. મુશ્કેલી; દુઃખ; આફત.

કિલ્લરી પું. એક જાતનો આખલો.

કિલ્લાટ્ ન. પક્ષીનો હર્ષધ્વનિ; કિલકાર; કલરવ.

કિલ્લાબંધ વિ. ફરતા કિલ્લા હોય એવું; આસપાસ કિલ્લાથી રક્ષિત.

કિલ્લી ૧. [સં. કીલ] સ્ત્રી. (હિંદી) ચાવી; કૂંચી; તાળું. કપ વગેરે ઊપાડવાનું ખીલા જેવું ઓજાર.

૨. સ્ત્રી. ચીસ; ભૂમ.

૩. સ્ત્રી. ઠાંસ.

૪. સ્ત્રી. તિજોરી; નાણાં રાખવાની પેટી.

૫. સ્ત્રી. ખિલાડી.

૬. સ્ત્રી. મેખ.

કિલ્લીદાર (કિલ્લીદાર) પું. અજાનગી; ભંડારી. જેના હવાલામાં તિજોરી હોય તે.

કિલ્લું [સં. કીટક] ન. પાકને નુકસાન કરનાર એક કીટક; અનાજમાં થતું એક જાતનું નાનું જીવડું; ઘનેડું; ભોટલું; વંદાના આકારનું, રાતા રંગનું, આંખ વિનાનું એક જીવડું; મટકું. તે અનાજમાં પડવાથી અનાજ સળી જાય છે.

કિલ્લેગાહ (કિલ્લેગાહ) [ફા.] સ્ત્રી. જ્યાં કિલ્લો હોય એવી જગ્યા.

કિલ્લેદાર (કિલ્લેદાર) ૧. [અ. કિલ્અા (કિલ્લો) + ફા. દાર (રાખનાર)] પું. કિલ્લાનો ઉપરી અમલદાર; દુર્ગપતિ; ગઢપતિ; કિલ્લાનું રક્ષણ કરનાર માણસ; કિલ્લાની સંભાળ રાખનાર અમલદાર.

૨. પું. કિલ્લાનો કબજો ધરાવનાર કે તેનું રક્ષણ કરનાર સૈનિક.

૩. વિ. કિલ્લાવાળું; શત્રુ સામે રક્ષણ મળે એવા કોટ વગેરેના બાંધકામવાળું.

કિલ્લેદારી ૧. સ્ત્રી. કિલ્લેદારને મળતો પગાર.

૨. સ્ત્રી. કિલ્લેદારનો હોદ્દો; દુર્ગાધિપતા.

કિલ્લેનશીન ૧. વિ. કિલ્લા ઉપર રહેવું હોય એવું.

૨. વિ. કિલ્લા ઉપરનું.

કિલ્લેબંદી ૧. [અ. કિલ્અાબંદી] સ્ત્રી. કિલ્લાનું બાંધકામ.

૨. સ્ત્રી. કિલ્લો; કોટ; ગઢ; દુર્ગ.

૩. સ્ત્રી. બાહરચના.

૪. સ્ત્રી. દુશ્મની સામે રક્ષણ મેળવાય એવું બાંધકામ કરવું તે; કિલ્લાવાળી મોરચાબંધી; કોટબંધી.

૫. સ્ત્રી. શતરંજની રમતમાં બાદશાહને સુરક્ષિત ઘરમાં રાખવો તે.

કિલ્લેબંધ વિ. કિલ્લાવાળું.

કિલ્લેબંધી જુઓ કિલ્લેબંદી.

કિલ્લો ૧. [અ. કિલ્અા] પું. શત્રુથી કાટ ભાંગી કે તૂટી શકે નહિ એવું, ચૂનાગચ્ચીની દીવાલવાળું મજબૂત બાંધકામ; કોટ; ગઢ; દુર્ગ. રાજવલ્લભમાં ચાર પ્રકારના કિલ્લા કહેલા છે: ભૂમિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને ગહ્વરદુર્ગ. તેમાં ત્રીજો કે જે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે, કેમકે તેવા દુર્ગમાં શત્રુ સહેલાઈથી પ્રવેશ કરી શકે નહિ. જુદી જુદી જાત ને બાંધણી ઉપરથી પાડેલા નામવાળા કિલ્લાઓ: ધન્વકિલ્લો, માટીનો કિલ્લો, પાણીનો કિલ્લો, ઝાડનો કિલ્લો, વૃક્ષ કિલ્લો, પહાડી કિલ્લો, બખ કિલ્લો, ઔરિણી કિલ્લો, બાર્હનો કિલ્લો, પરિઘ કિલ્લો, સૈન્ય કિલ્લો, મરિ કિલ્લો, મૃ કિલ્લો, માનવ કિલ્લો, ધાવ કિલ્લો અને ગિરિ કિલ્લો.

૨. પું. શત્રુની સામે ઢકી રહેવાને બાંધેલું, ચારે તરફ બાંધવાળું કે ફરતા મજબૂત કોટવાળું, રાજમહેલ અને રાજકચેરીઓનાં મકાનોવાળું મોટું વિશાળ બાંધકામ. તેમાં વચ્ચે કરીને બક્કરી માણસો રહે છે.

૧. કિલ્લા ઉપર હલ્લો = એ નામની એક રમત. તે રમાડવા માટે શિક્ષકે મેદાનની અંદર મધ્ય ભાગે ઊભા રહીને રમનાર છોકરાઓને પોતાથી પચાસ ફૂટ છેટે મોકલવા. પછી શિક્ષકે જમણા હાથની મૂઠી પોતી વાળીને તે જમણી આંખ ઉપર કુરબીન પ્રમાણે રાખવી અને ડાબી આંખ બંધ હાથ વતી ઢાંકી દેવી. પછી રમનારા બધા છોકરાને શિક્ષક તરફ મોઢાં રાખી જમીન ઉપર પેટભર સૂઈ જવા કહેવું. પછી સિસોટી થતાં જ બધા છોકરાઓએ શરીરનો ભાર હાથ અને પગના પંજા ઉપર રાખીને જમીન ઉપરથી શરીર ઊંચકવું અને તેવી જ સ્થિતિમાં રહીને શિક્ષક તરફ આગળ વધવા માંડવું. શિક્ષકની નજર ન હોય તે વખતે જ છોકરાઓએ એ રીતે સરકતા સરકતા જવું. શિક્ષકની નજર પડે કે સરકતા બંધ થઈ જવું. જે છોકરો આગળ સરકતો શિક્ષકની નજરે ચડે તેનું નામ શિક્ષકે બોલવું, એટલે તે બાદ થઈ જાય અને જે છોકરો શિક્ષકની નજર ચૂકવીને આગળ વધતો જઈ અને પ્રથમ આવે તે છોકરો જણાય.

૨. કિલ્લો તોડવો = એ નામની એક રમત. તેમાં છોકરાઓના બે પક્ષ પાડવા. એક પક્ષના છોકરાઓ જમીન ઉપર વર્તુલ કાઢી તેના પરિઘ ઉપર એકએકના હાથ પકડી ઊભા રહે. તેઓ પોતાના પક્ષના એક છોકરાના હાથમાં નિશાન આપી વર્તુલના મધ્ય ભાગમાં ઊભો રાખવો. બીજા પક્ષવાળા બધાએ આ વર્તુલની બહાર ઊભા રહેવું. સિસોટી થતાં જ બીજા પક્ષના છોકરાઓએ પહેલા પક્ષની સાંકળ એટલે કિલ્લો તોડી અંદર ઘૂસવાનો અને અંદર ઊભેલ છોકરાના હાથમાંથી નિશાન ખૂંચવી લેવાનો પ્રયત્ન કરવો. નિશાન હાથમાં આવે તો હલ્લો કરનાર પક્ષ છતો ગણાય.

૩. કિલ્લો બાંધવો = (૧) ગઢ ચણવો. (૨) રોતરંજની રમતમાં બાદશાહને ઠોઠપિષ્ઠ ઘરમાં સુરક્ષિત રાખવો.

કિલ્લોલ પું. કલોલ; આનંદ; મજા.

કિલ્વિષ ૧. [સં.] પું. (જૈન) ચાંડાળરૂપ એક દેવજાતિ.

૨. ન. અનિષ્ટ.

૩. ન. અન્યાય.

૪. ન. ઉપદ્રવ; નુકસાન.

૫. ન. કીર્તિનાશક શારીરિક પાપ.

૬. ન. દોષ; અપરાધ; વાંક.

૭. ન. દ્વેષ; ખાર.

૮. ન. ધર્મ કે અધર્મનું ફળ.

૯. ન. પાપ; પાતક.

૧૦. ન. માયા.

૧૧. ન. રોગ; માંદગી.

૧૨. ન. વેદના; પીડા.

૧૩. ન. સંસાર.

૧૪. વિ. અધમ; નીચ.

૧૫. વિ. બીકણ; બિહામણું.

કિલ્વિષત્વ [સં.] ન. અસુરભાવ; અસુરપણું.

કિલ્વિષિક ૧. [સં.] પું. (જૈન) અંત્યજ સમાન એક જાતના દેવ; ચાંડાળની માફક અશુભ કે નિંદ્ય કર્મ કરનાર દેવ; ચાંડાળ જેવું કર્મ કરનાર એક જાતના દેવ.

૨. પું. બીજાને હલકાવનાર માણસ; વિદૂષક.

૩. વિ. અધમ; નીચ.

કિલ્વિષિકભાવના સ્ત્રી. (જૈન) કિલ્વિષ જાતના દેવતામાં ઉત્પન્ન થવું પડે તેવા દુર્ગુણ. જેમકે, ગુરુનિંદા, ગુરુદ્રોહ.

કિલ્વિષી ૧. પું. (જૈન) હલકી જાતના દેવ.

૨. વિ. પાપી; અપરાધી.

કિલ્વી [સં. કિલ્વિન્] પું. ખોડો.

કિવાડ (કિવાઽ) ૧. [સં. કપાટ] પું. (હિંદી) કમાડ; દરવાજાનું બારણું.

૨. પું. દરવાજો.

કિવાડ (કિવાઽ) જુઓ કિવાઠ.

કિવાડી (કિવાડી) ૧. [હિં.] સ્ત્રી. જાતીનાં પટિયાં.

૨. સ્ત્રી. નાનું કમાડ.

૩. સ્ત્રી. પાટડો.

કિવામ ૧. પું. એક જાતની તમાકુ.

૨. [અ.] પું. ચાસણી.

૩. પું. બ. વ. વસ્તુઓ; જરૂરિયાતો.

કિવામી [અ.] વિ. ભાડું; ભાડાનું.

કિવાર ૧. [હિં.] ન. કમાડ; બારણું.

૨. અ. કઈ વારે; કયે વખતે.

આશા રહી તલસી લાલ કિવાર આવે.
અકબરી નાટક

કિવાંચ [હિં.] પું. એ નામનો એક છોડ.

કિવિડી (કિવિડી) ન. (જૂ. ગુ.) કમાડ.

કિશમિશ [હિં.] પું. બ. વ. રૂપાને ચકળતું કરવામાં વપરાતાં સૂકવેલાં બખરોટ.

કિશતી [હિં.] સ્ત્રી. નાવ; હોડી.

કિશન ૧. પું. એ નામના એક જાણ કવિ. તેમણે ઘણાં પદ રચ્યાં છે.

૨. પું. શ્રીકૃષ્ણ.

કિશનભોગ સ્ત્રી. એ નામની એક જાતની મોટા કદની સ્વાદિષ્ટ અને ખુશબોદાર કેરી. તેની મોટલી નાની હોય છે. દરેક કેરીનું વજન દશથી વીસ ઔંસનું હોય છે.

કિશનીજ (કિશનીઝ) [ફા.] પું. ધાણા.

કિશમિશઝાજ (કિશમિશાજ) ન. આંખના રોગ ઉપર વપરાતું એક જાતનું ચાન્સ જેવું બીડ; ચરમક.

કિશમિશા [ફા. કિશ્મિશ] સ્ત્રી. ઠળિયા વિનાની સૂકી નાની ધોળી દ્રાક્ષ; મુનક્કા.

કિશમિશી ૧. પું. આંબાના રસ જેવો રંગ.

૨. વિ. કિશમિશના રંગનું.

૩. વિ. કિશમિશનું; જેમાં કિશમિશ હોય એવું.

કિશમિશોદ્દિન પું. નાતાલનો દિવસ. તે દિવસે ખ્રિસ્તીઓને કિશમિશ, નારંગી વગેરે વસ્તુઓની ભેટ મોકલાય છે.

કિશર પું.; ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કિશારા સ્ત્રી. સાકર.

કિશલ પું.; ન. કિશલય; નવું કૂંપળ; નવપલ્લવ; કણૂકો; ટીસો.

કિશલય ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, મગણ અને લઘુ મળી સાત અક્ષર હોય.

૨. [સં.] ન. નવપલ્લવ; ફૂટ્યું પાન; કૂંપળ; ટીસી.

કિશાવર [ફા.] પું. દેશ; મુલક; રાજ્ય.

કિશાવરકુશા સ્ત્રી. એ નામની એક તોપ. કારા શિકોહ જ્યારે કંદહાર જવા ઉપડ્યો ત્યારે તે બે તોપ પણ સાથે લઈ ગયો નાની હોવાને કારણે લાહોરમાં મૂકતો ગયો હતો. તેમાંથી એકનું નામ કતહમુબારક અને બીજાનું નામ કિશાવરકુશા હતું.

કિશુકશાલ્મી ન. એક પ્રકારનું પાંદડું.

કિસું વિ. (અ. પ્ર.) કેવું.

ધર્મ કામ કીમાં કિસમ ચઢર મુલ્યુક એકચિત્તિ. વિમલપ્રબંધ

કિશોર ૧. [સં.] પું. આકાશનો છોડ.

૨. પું. (પિંગળ) ઉત્કૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વસંતદ. તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ મળી છવ્વીસ અક્ષર હોય, અને બારમા અક્ષર પછી યતિ આવે.

૩. પું. છોકરો; દીકરો; અગિયારથી પંદર વર્ષ સુધીની ઉમરનો કુમાર; જુવાનીની શરૂઆતની અવસ્થાવાળો યુવક. પાંચ વર્ષના બાળકને કોમાર, દસ વર્ષનાને પૌગંડ અને પંદર વર્ષનાને કિશોર કહે છે.

આ શ્રીમંત કિશોર સિંદરિયાને દાની જાતી જોવાં. વીરસ

૪. પું. (પુરાણ) અજિ કૈકયનો એ નામનો એક દીકરો.

૫. પું. સોખાન.

૬. પું. વછેરો.

૭. પું. સૂર્ય

૮. વિ. દસ વર્ષ પછીની અને પંદર વર્ષ સુધીની અવસ્થાને પામેલ પુરુષ નહિ એવી અવસ્થાવાળું; જુવાનીની શરૂઆતના કાળનું.

૯. વિ. નાની ઉમરનું; અણસમજુ; બાળક; તરુણ; સગીર.

કિશોરઅવસ્થા જુઓ કિશોરાવસ્થા.

કિશોરક [સં.] ન. નાનું બાળક; બચ્ચું.

કિશોરકથા સ્ત્રી. અગિયારથી પંદર વર્ષની ઉમરના બાળકને રસપ્રદ વાર્તા.

કિશોરગૂગળ પું. (વૈદક) ગૂગળની જનસ્થટવાળી એક ઔષધિ. તેમાં ત્રિફળા, ત્રણો, ગૂગળ, વિરંગ, હરડે વગેરે વસ્તુ મુખ્ય છે. તે ધાતુપરિવર્તક અને શક્તિવર્ધક ગણાય છે. કેફમાળ, ગૂમડાં, ઘારાં, ભગંદર, કર્ણસ્રાવ અને કર્ણના રનાયુશૂળમાં તે અપાય છે. સંધિવામાં આ ગૂગળ બહુ જ ફાયદો કરતો મનાય છે. ગરમ પાણી કે મંજીષ્ઠાદિ ક્વાથમાં તે લેવાથી આંતરડાના કર્કટ, અર્બુદ, આંટ્યું, આંસો અને કમળામાં ફાયદો કરે છે. આ ઔષધિ રસાયણ હોવાથી જુદા જુદા દરદમાં જુદા જુદા અનુપાન સાથે અપાય છે.

કિશોરમૂર્તિ સ્ત્રી. બાળમૂર્તિ; બાળક નહિ અને જુવાન પણ નહિ એવું એટલે પંદરથી અગિયાર વર્ષની ઉમરનું બાળક.

કિશોરવય સ્ત્રી.; ન. બાલ્યપણ અને યૌવન વચ્ચેની વય; કિશોરાવસ્થા.

કિશોરસંઘ પું. છોકરાઓનો સમૂહ.

કિશોરાવસ્થા [સં. કિશોર (નાની ઉમરનું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. અગિયારથી પંદર વર્ષ સુધીની ઉમર.

કિશોરી ૧. [સં.] સ્ત્રી. અગિયારથી પંદર વર્ષ સુધીની છોકરી; કુમારી; કન્યા; જુવાન છોકરી; યુવતી.

૨. સ્ત્રી. વછેરી.

૩. વિ. નાની ઉમરનું; કિશોર વયના જેવું.

કિસ્ત ૧. [ફા. કિસ્ત (ભાગ)] સ્ત્રી. કાંધાનો વખત; કાંધ પાકવાનો વખત.

૨. સ્ત્રી. કાંધા ભરીને કરજ આપવું તે.

૩. [ફા. કિસ્તન (વાવવું)] સ્ત્રી. (હિંદી) એક; ખેતી; કૃષિ; વાવેતર.

૪. સ્ત્રી. ખેડૂતે ભરવાનું જમીન ઉપરનું બાકું.

૫. સ્ત્રી. જહાજ; વહાણ.

૬. સ્ત્રી. મહેસૂલ ભરવાનો હપ્તો.

૭. સ્ત્રી. રાજકર; ખંડણી.

૮. સ્ત્રી. વાવેલું ખેતર.

૯. સ્ત્રી. હપ્તો; કાંધ.

૧૦. સ્ત્રી. હાર; પરાજય.

૧૧. સ્ત્રી. શેતરંજની રમતમાં રોક આપની તે; શેતરંજનો એક દાવ.

૧૨. વિ. કેદમાં પડેલું.

૧૩. વિ. પરાજય પામેલું; હારેલું.

કિસ્તકાર [હિં.] પું. ખેડૂત; ખેડુ; કૃષિકાર.

કિસ્તકારી ૧. [હિં.] સ્ત્રી. ખેતી.

૨. સ્ત્રી. ખેતીવાડી.

કિસ્તી ૧. [ફા.] પું. શેતરંજની રમત માંહેનું હાથીનું મહોરું.

૨. [ફા. કિસ્ત (કાપું)] સ્ત્રી. ખેડૂતોને જમીનનો કર ભરવાનો હપ્તો.

૩. સ્ત્રી. નાનું વહાણ.

૪. સ્ત્રી. ભિખારીનું ભીખ માગવાનું વાસણ અથવા ઝોળી

૫. સ્ત્રી. મોટી રકાબી; છીછરી થાળી.

કિસ્તીગાહ [ફા.] સ્ત્રી. હોડી રાખવાની જગ્યા.

કિસ્તીવાન [ફા.] પું. નાવિક; નાખુદા; ખારવો; હોડી હાંકનાર.

કિસ્તીસવાર વિ. વહાણ ઉપર બેઠેલ.

કિસ્તોકાર [ફા.] પું. ખેડવું તે.

કિસ્તોઝાર [ફા.] ન. લીલું દેખાવા માંડેલું વાવેલું ખેતર.

કિસ્તોઝારે દીન = આ દુનિયા.

કિસ્મશ સ્ત્રી. એક જાતની બંબૂર

કિસ્મ [અ.] પું. જાત.

કિસ્વર [ફા.] પું. દેશ; રાજ્ય.

કિસ્વરકુશા = રાજ્યને તાબે કરનાર.

કિષ્કિંધ ૧. [સં.] પું. એ નામના દેશનો એક પર્વત; કિષ્કિંધ્ય.

૨. પું. મૈસુરની આસપાસના દેશનું એક પ્રાચીન નામ. રામના સમયમાં આ દેશનો રાજા વાલી હતો.

કિષ્કિંધા ૧. [સં.] પું. દક્ષિણમાં આવેલ એ નામનો એક પહાડ; વિજયનગરના નિંબપુર નામના નાના પરાથી પૂર્વમાં એકાદ માઈલ દૂર આવેલો એક અંડાકાર ટેકરો. કહેવાય છે કે લંકા ઉપરની ચઢાઈ વખતે રામચંદ્રે મારેલા વાલી વાનરનાં અસ્થિની રાખનો આ ઢગલો છે. તેનું બીજું નામ અનગંડી કે અનાગંદી છે.

૨. પું. હિંદનો એ નામનો એક પ્રાચીન દેશ. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે તે જીતી લીધો હતો

૩. સ્ત્રી. ઉન્નતિ. આત્મરામાયણમાં ઉન્નતિ માટે આ શબ્દ વાપરેલો છે.

૪. સ્ત્રી. દક્ષિણમાં આવેલ કિષ્કિંધ પર્વતની એક ગુફા.

૫. સ્ત્રી. મદ્રાસ ઇલાકામાં બેલારી પ્રાંતમાં હમ્પીની પાસે તુંગભદ્રા નદીના ઉત્તર કાંઠા ઉપરનું આવેલું એક ગામ. તે ધારવાડમાં વિજયનગરથી ત્રણ માઈલ દૂર તુંગભદ્રાને દક્ષિણ કાંઠે અનગંડીની પાસે આવેલું છે. આ કિષ્કિંધાથી બે માઈલ નૈર્ઋત્યમાં આવેલ પંપા સરોવરથી ઈશાનમાં અંજનગિરિ આવેલો છે. તે ઉપર હનુમાનનો જન્મ થયાનું કહેવાય છે. કિષ્કિંધાથી સાડ માઈલ છેટે શબરીનો આશ્રમ હતો. રામે વાલીને માર્યો ત્યારે કિષ્કિંધાની નજીકની એક ટેકરી ઉપર તેનો અગ્નિસંસ્કાર

થયો હતો. એ નથી પ્રદેશ શ્વેતચૂર્ણપાષાણનો બનેલો છે.

૬. સ્ત્રી. રામાયણનો એ નામનો એક કાંડ.

૭. સ્ત્રી. વાલીની રાજધાની; સુગ્રીવની રાજધાની ગોવળકોઠાનું અસલ નામ.

કિષ્કિંધાકાંડ પું. રામાયણનો એ નામનો એક ભાગ.

કિષ્કિંધી સ્ત્રી. કિષ્કિંધ પર્વતની એક ગુફાનું નામ.

કિષ્કિંધ્ય પું. એ નામનો એક પર્વત; કિષ્કિંધ.

કિષ્કિંધ્યાધિપ પું. વાલી નામનો વાનર રાજા.

કિષ્કુ ૧. પું. (પિંગળ) એ નામનો અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે તગણ અને ગુરુ લઘુ મળી ભાર અક્ષર હોય છે.

ત ત ગ એ નામ કિષ્કુ. રત્નકોશ

૨. પું. એક વેતનું માપ.

૩. પું. કોણીની નીચેનો કાંડા સુધીનો ભાગ; કાંકું.

૪. પું. ખોપરીનો નીચેનો ભાગ.

૫. પું. ચોવીસ અંગળનું એટલે એક હાથનું માપ.

૬. પું. બાર આંગળનું માપ.

૭. પું. બેતાલીસ તસુનું માપ; પોણા બે જારનું માપ.

બાર માત્રાનો એક તાલ ભાગ, બે તાલનો એક યતિ ભાગ, પોણા બે યતિનો એક કિષ્કુ ભાગ. × × × બહુનું બીજું નામ કિષ્કુ છે. તે કિષ્કુ બેતાલીસ તસુનો ભાગ. રાજવલ્લભ

૮. પું. લંબાઈ માપવાનું એક માપ; કેસ.

૮ અંગુલ = ૧ ધનુર્મુષ્ટિ
૧૨ અંગુલ = ૧ વિતસ્તિ
૨ વિતસ્તિ + ૧ ધનુર્મુષ્ટિ = ૧ કિષ્કુ

૯. [સં.] વિ. ખરાબ.

૧૦. વિ. નીચ; હલકું.

કિષ્કુહસ્ત પું. (શિલ્પ) બે વેત કે ચોવીસ અંગળનું માપ; 'સ્મૉલ કયુબિટ'.

કિસ ૧. પું. હાનો; કિસ્સ.

૨. [અં.] સ્ત્રી. ચુંબન.

૩. સ્ત્રી. પરમશુક્લ જાતિનો એક વર્ણ. જુઓ પરમશુક્લ.

૪. સ્ત્રી. મહેસાણ.

૫. [સં. કઃ] સ. (હિંદી) કોણ; કયું; શું.

૧. કિસકા = કોનું.
૨. કિસને = કોણે.
૩. કિસ પર = કોના ઉપર.

૬. [સં. કીદૃશ] વિ. કેવું લેખામાં નહિ એવું; તુચ્છ.

૭. વિ. કેટલું.

કિસકદર ૧. [હિં.] વિ. કેટલું.

૨. અ. કેવી રીતે.

કિસકિસ વિ. કયા કયા.

કિસતરહ [હિં.] અ. કેવી રીતે; કેમ.

કિસતોર જુઓ કિસતરહ.

કિસન ૧. [હિં.] પું. કૃષ્ણ.

૨. પું. ખેડૂત.

૩. સ્ત્રી. એ નામની એક કોમ.

૪. સ. એ નામની કોમનું માણસ.

૫. વિ. એ નામની કોમનું.

કિસનાઈ [હિં.] સ્ત્રી. ખેડ; ખેતી.

કિસનાઢ (કિસનાઢ) [હિં.] પું. ખેડૂત.

કિસબ (કિસબ) ૧. [અ. કસબ] પું. કળા; કારીગરી. હુનર.

૨. પું. પ્રવેસિયત; હોશિયારી; ચાલાકી.

૩. પું. ધંધો; રોજગાર.

૪. પું. નકરી.

૫. પું. રેશમ સાથે વણેલો સોનારૂપાનો તાર; જરી.

૬. પું. શુભ્રાર્કી; બદીતિનું કામ.

કિસબગર ૧. સ્ત્રી. કસબણ; કસબી સ્ત્રી.

૨. સ્ત્રી. વેશ્યા; રંડી.

કિસબત જુઓ કિસ્બત.

કિસબતનામા સ. હુન્નર વગેરેનો ઇતિહાસ અને તેઓના ધંધા માટેની સલાહ જેમાં હોય તેવું પુસ્તક.

કિસબસ પું. પખાલી; ભિસ્તી.

કિસબી (કિસબી) ૧. [અ. કિસબ] પું. અતિકુશળ કારીગર.

૨. વિ. કામેલ; હોશિયાર; ચાલાક.

૩. વિ. ધુતારું.

૪. વિ. હુનરી; કળાવાન; શિલ્પી.

કિસમ (કિસ્મ) જુઓ કિસ્મ.

કિસમતવાર (કિસ્મતવાર) [અ. કિસ્મત] અ. નસીબવાર.

કિસમિસ [ફા. કિશ્મિશ] સ્ત્રી. (હિંદી) નાના દાણાની લાલ સૂકી દ્રાક્ષ.

કિસમિસી ૧. પું. સુતરાઉ કાપડનો એક રંગ.

૨. વિ. એ નામના રંગનું.

કિસલી જુઓ કિસલય.

કિસલય [સં. કિસલય] સ. કૂંપળ; અંકુર; ટીશો.

કિસલિયે [હિં.] અ. શા માટે; કયા કારણથી.

કિસવકત (કિસ્વક્ત) [હિં.] અ. કયારે.

કિસવત ૧. [અ.] સ્ત્રી. આકૃતિ; રીત.

૨. સ્ત્રી. કપડાં; પહેરવેશ.

કિસવાસ્તે [હિં.] અ. શા માટે; કયા કારણથી.

કિસસ (કિસ્સ) [અ.] સ્ત્રી. બ. વ. વાર્તાઓ.

કિસાન ૧. [સં. કૃષિમાન; પ્રા. કિસાન] પું. કૃષિકાર; ખેડૂત.

૧. કિસાન કહીમ = વધુ વખતથી બનેલો ખેડૂત.

૨. કિસાન જાત = ખેડ; ખેતીનો ધંધો; કિસાની.

૩. કિસાન પાર્ટી = કૃષકદલ; ખેતીના ઉત્તેજન માટે કામ કરતો રાજદ્વારી પક્ષ.

૨. પું. ગામધણી.

કિસાનસંઘ પું. ખેડૂતસંઘ.

કિસાની ૧. [હિં.] સ્ત્રી. ખેતી; ખેડ; કૃષિકર્મ.

૨. વિ. ખેતી સંબંધી.

કિસામત (કિસ્મત) [અ.] સ્ત્રી. સોબત પાળવા તે.

કિસારી [હિં.] સ્ત્રી. એક જાતનું કઠોળ.

કિસાસ (કિસાસ) ૧. પું. બદલાનો સિદ્ધાંત.

૨. [અ. કસ (તેણે કાપ્યું)] પું. ખોતની સજા.

૩. પું. હાયકારો; નિસાસો.

કિસુંક ૧. [હિં.] પું. આપ નામનાર.

૨. પું. દેવ.

૩. પું. ધર્મગુરુ.

૪. પું. ધર્મી પુરુષ.

૫. પું. પતિ; ધણી.

૬. પું. પરમેશ્વર.

૭. પું. પૈસાદાર માણસ.

કિસી [સં. કિમ્] સ. (હિંદી) કોઈ.

૧. કિસી એક = કોઈ એક; અમુક.

૨. કિસી કદર = અમુક અંશમાં; અમુક અંશે.

૩. કિસી સમ = કોઈનું.

૪. કિસી ન કિસી = કોઈ એક.

૫. કિસીને = કોઈકે.

૬. કિસીસે = કોઈ પાસેથી.

કિસુ [હિં.] સ. કોઈ.

કિસે ૧. [હિં.] સ. કોનું.

૨. સ. કોને

કિસ્તેહ સ્ત્રી. હાથના ચોળ જેવી કોથળી.

કિસ્તેં અ. કયાં.

કિસ્સો વિ. કોના જેવું.

ક્રિસ્ત જી. વધિસ.

ક્રિસ્તાન [અં. ક્રિશ્ચિયન] વિ. ક્રિસ્તી.

ક્રિસ્ત ૧. [સં. ક્રિસ્ત (બાજ)] જી. કાંધાનો વખત.

૨. જી. કાંધાં ભરીને કરજ આપવું તે.

૩. જી. ખંડણી; રાજકર.

૪. [સં. ક્રિસ્તન (વાવવું)] જી. ખેડ; ખેતી.

૫. જી. મહેસાણા; ખેડૂતે ભરવાનું જમીન ઉપરનું બાકું.

૬. જી. મહેસાણ ભરવાનો હપ્તો.

૭. જી. વાવેતર.

૮. જી. વાવેલું ખેતર.

૯. જી. રીતરેજનો એક દાવ; રીત.

૧૦. જી. હપ્તો; કાંધું.

૧. ક્રિસ્ત બાંધવા = હપ્તાથી ભરવું.

૨. ક્રિસ્તે મુ કરી = નક્કિ ભરેલો હપ્તો.

૧૧. જી. હાર; પરાજય.

૧૨. વિ. ઘેરમાં પડેલું.

૧૩. વિ. હારેલું; પરાજય પામેલું.

ક્રિસ્તકાર [સં.] વિ. કરજ આપવા બેરો હપ્તાથી ભરનાર.

ક્રિસ્તબંધી ૧. [સં.] જી. કરજ ચૂકવવાના હપ્તા નક્કી કરવા તે.

૨. જી. ક્રિસ્તથી રકમ આપવી તે કોઈ કરવાપણું.

૩. જી. હપ્તેથી વિમોટીનું ભરવું.

ક્રિસ્તબંધી જુઓ ક્રિસ્તબંદી.

ક્રિસ્તવાર ૧. [સં.] અ. કાંધા કરીને; હપ્તાથી.

૨. અ. કાંધે કાંધે; દરેક કાંધે.

ક્રિસ્તી ૧. [સં.] જી. નોધ; વહાણ; હોડી.

ક્રિસ્તી મુકાવવી = કાંપલાવવું.

૨. જી. મોટી રકાબી; બકાણી.

ક્રિસ્તુઝ ન. (જ્યોતિષ) કોન્ન ચક્ર પ્રમાણે બ્રહ્મિમાર આકેલું એક કરણ.

ક્રિસ્નબ્રુ ૧. [સં. કૃષ્ણ (કુળર)] જી. કાળી સ્ત્રી; કાળવતી.

૨. જી. ખનારી સ્ત્રી.

૩. જી. વેશ્યા; કુલટા.

ક્રિસ્બત ૧. [અ.] જી. ક્રિસ્તી લોકોને બહેરવાનો બાબકાનો કરકો. તે તેના કૂલા ઉપર રાખે છે અને તેના ઉપર પોતાની બચ્ચ એટલે પાણીની કોથળી રાખે છે.

૨. જી. વાળંદની કોથળી.

૩. જી. સરબૈયાની પેટી.

ક્રિસ્બતલ જુઓ ક્રિસ્બત.

ક્રિસ્મ (ક્રિસ્મ) ૧. જી. ઓક વસ્તુને બીજી વસ્તુ સાથે હોય ત્યારે તેના સંબોગની સમાન બાજે કરાતી પદ્ધતિ.

૨. [અ. કસમ (તેણે પહોંચ્યું)] જી. જાત; વર્ગ; વિભાગ.

૧. ક્રિસ્મે અવ્વલ = પહેલી બાબત મુખ્ય જાત.

૨. ક્રિસ્મે મુઅમ્મા = હવાની જાત.

૩. જી. તરેહ; રીત.

૪. જી. પહોંચવું.

ક્રિસ્મત (ક્રિસ્મત) ૧. જી.; અ. પ્રહ્માનો બીજ બાગ. જ્યારે કોઈ પરબ્રહ્માનો બાગ બીજ જમીનદાર પાસેથી બીજા જમીનદાર પાસે બાય ત્યારે તે દરેક બાગ ક્રિસ્મત પરગણું કહેવાય છે.

૨. [અ.] જી.; અ. નસીબ; બાગ્ય; તકદીર. પ્રારબ્ધ.

૧. ક્રિસ્મત બાજમાવવું = બાગ્યની પરીક્ષા કરવી.

૨. ક્રિસ્મત ઊંઘી બવું-પલટવું-કરવું = બાગ્ય ફરવું; નસીબ બદલાવું.

૩. ક્રિસ્મત ખૂલવું-બાગવું = બાગ્ય સારું થવું; બાગ્યોદય થવો.

૪. ક્રિસ્મત ફૂટવું = બાગ્ય બંધ થવું; બાગ્યહીન થઈ બવું.

૫. ક્રિસ્મતના ફેર = નસીબનું ચક્ર.

૬. ક્રિસ્મતના હેઠ = બાગ્યહીન પુરુષ.

૩. [અ. કસમ (તેણે પહોંચ્યું)] જી.; અ. બાગ; હિસ્સો

૪. જી.; અ. પહોંચણી.

૫. જી.; અ. સાસે બાગકાર.

ક્રિસ્મત કરવું = બાગવું; બાગ પાડવા; પહોંચવું

ક્રિસ્મતનામા (ક્રિસ્મતનામા) [સં.] ન. બાગ પડી બ્યાનો દસ્તાવેજ; પહોંચણીનો દસ્તાવેજ.

ક્રિસ્મતબાજ (ક્રિસ્મતબાજ) [સં.] પું. જ્યોતિષી; જોશી.

ક્રિસ્મતબાજી (ક્રિસ્મતબાજી) [સં.] જી. નસીબનો ખેલ; નસીબ બજમાવવું તે.

ક્રિસ્મપત્થર પું. પ્રાગમણિ; એક જાતનો પત્થર.

ક્રિસ્મપ્રકાર (ક્રિસ્મપ્રકાર) ૧. અ. બાતપ્રકાર; વર્ગ પ્રમાણે; બાગપ્રકાર.

૨. અ. પ્રતિ; પ્રકાર.

ક્રિસ્મું ૧. [સં. ક્રીદક; બપ. કર્મિ] ન. કોનું.

૨. વિ. (બૂ. ગુ.) કેવું; કેવા પ્રકારનું.

ક્રિસ્વત જુઓ ક્રિસ્મત.

ક્રિસ્વાત પું. બાબો; બાબળો.

ક્રિસ્સા (ક્રિસ્સા) ૧. પું. બનાવ; કિસ્સો.

૨. ન. કોનું.

ક્રિસ્સાકહાની (ક્રિસ્સાકહાની) ૧. જી. બૂઠી કલ્પિત કથા.

૨. [હિં.] જી. બથો.

૩. જી. વાર્તા; વર્ણન.

ક્રિસ્સાખ્વાન (ક્રિસ્સાખ્વાન) વિ. વાતો કહેનાર.

ક્રિસ્સાખ્વુઆ (ક્રિસ્સાખ્વુઆ) પું. વાર્તા કહેવાવાળો માણસ.

ક્રિસ્સો (ક્રિસ્સો) ૧. [અ. કસસ (તેણે વર્ણન કર્યું)] પું. કહાણી; વાત; કથા; બાખ્યાન.

૨. પું. કેસ ચાલવો તે.

૩. પું. ચમત્કારી વાત; બદ્‌ભુત કથા.

૪. પું. પ્રપંચ; તરકટ.

૫. પું. યુક્તિ; કિબ્બત; ચુટો

૬. પું. વાદવિવાદ; કજિયો; બખેડો; તકરાર.

૧. ક્રિસ્સા કોનાહે કરવો = (૧) કજિયો બનાવવો. (૨) ટૂકામાં કહેવું.

૨. ક્રિસ્સા પાક કરવો = (૧) કજિયાનો કેસનો બાપવો. (૨) કેચામાંથી મુક્ત કરવું. (૩) મારી નાખવું.

૩. ક્રિસ્સો ઉકાવવો-કરવો-બડો કરવો = (૧) કજિયો કરવો; તકરાર કરવી. (૨) પ્રપંચ કરવો; તરકટ કરવું. (૩) યુક્તિ શોધી કાઢવી.

૭. પું. વાર્તા; કલ્પિત કથા.

૮. પું. વૃત્તાંત; સમાચાર; બનાવ.

ક્રિહુ [સં.] વિ. નાનું; બબું.

ક્રિહુતર [સં.] વિ. બોછું; બબું.

ક્રિહુતરી [સં.] જી. બોછાપણું.

ક્રિહુતરીન [સં.] વિ. સૌથી બોછું.

કુબેરકટિકા પું. (પિંગળ) સગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે.
સ. સ, જ, સ અથવા કુબેરકટિકા.
રત્નપિંગળ

કુબેરનગર [સં.] ન. કાઠિયાવાડમાં આવેલ કોડીનાર ગામનું પ્રાચીન નામ

કુબેરનેત્ર [સં.] ન. પાકલ નામની વનસ્પતિ.

કુબેરપંથ પું. એ નામનો એક સંપ્રદાય.

કુબેરપંથી ૧. પું. કુબેરપંથ સંપ્રદાયનો માણસ.
૨. વિ. કુબેરપંથના સંપ્રદાયનું.

કુબેરપાક પું. (વૈદક) એક જાતનો પાક. તેમાં કાંકચનાં બીજ તથા બીજી ઔષધિ અને ભસ્મ પડે છે. આ ખાવાથી કાંતિ, પુષ્ટિ અને બળ આવે છે. પ્રમેહ, સંગ્રહણી, પાંડુરોગ, અરમરી અને ગુલ્મ ઉપર તે અપાય છે.

કુબેરબંધુ [સં.] પું શિવ; શંકર.

કુબેરલક્ષ્મી [સં.] પું. લક્ષ્મીનો પૂજારી; ધનાઢ્ય માણસ; સાહુકાર.

કુબેરભંડારી ૧. પું. ધનનો દેવ. જુઓ કુબેર.

૨. પું. શિવ; શંકર.

૩. વિ. સાહુકાર; પૈસાદાર.

કુબેરાક્ષ [સં.] પું. કાંકચિયો.

કુબેરાક્ષી [સં.] ન. વેલપાટલાનું ઝાડ; પાટલા; કાશ્મ.

કુબેરાખ્ય [સં.] પું. ખુરાસાણી અજમો. તેનાં ફૂલ ગુલાબનાં ફૂલ જેવી પાંખડીવાળાં થાય છે.

કુબેરાચલ [સં.] પું. કૈલાસ પર્વત.

કુબેરાદ્રિ [સં.] પું. કૈલાસ પર્વત.

કુબેરી ૧. સ્ત્રી. અગ્નિ ખૂણાની એક યોગિની. તેનું વાહન સિંહ મનાય છે.

૨. સ્ત્રી. કુબેરની સ્ત્રી.

કુબોધ [સં.] પું. ખરાબ ઉપદેશ; ખોટી સલાહ; નઠારી શિખામણ.

કુબોલકોષ પું. (જૈન) વ્યંતરના દસ ભવિનો એક દોષ.

કુબોલણી વિ. સ્ત્રી. (હિંદી) ખરાબ બોલ બોલવાવાળી; કુભાષિણી.

કુબ્જ ૧. [સં.] પું. અમાડો વનસ્પતિ.

૨. પું. અપામાર્ગ.

૩. પું. એક જાતનું માળખું.

૪. પું. ખૂંધાપણાનો રોગ.

૫. પું. વાંકી તલવાર.

૬. સ્ત્રી. ગુંજા; અણોઠી.

૭. ન. અર્ધા કરતાં વધારે અને આખા કરતાં ઓછું ચંદ્રનું બિંબ.

૮. ન. (જૈન) ૭ આંકનું ચોસું સંઠાણ; વામન સંઠાણની વિપરીત લક્ષણવાળું સંઠાણ.

૯. વિ. અધમ; નીચ.

૧૦. [સં.] વિ. ખૂંધવાળું; ખૂંધ નીકળી આવેલું હોય તેવું કૂબડું.

કુબ્જક ૧. [સં.] પું. અમાડો વનસ્પતિ.

૨. પું. અતિ સુગંધવાળું એક ફૂલઝાડ; સેવતીનું ઝાડ.

૩. પું. એક જાતનું માળખું.

૪. પું. કૂંજડો.

૫. પું. ખૂંધાપણાનો રોગ.

૬. પું. વાંકી તલવાર.

૭. પું. શ્વેત ગુલાબ.

૮. ન. મસ્તની.

૯. વિ. કૂબડું; ખૂંધું.

કુબ્જકંટક [સં.] પું. ધોળા એરંડનું ઝાડ.

કુબ્જકંઠ [સં.] પું. એક જાતનો સન્નિપાત. તેમાં કંઠ ફૂંધાઈ જાય છે અને રોગીને ગળે પાણી પણ ઊતરતું નથી. આ રોગ અસાધ્ય મનાય છે અને તેની અવધિ ૧૩ દિવસની બતાવી છે.

કુબ્જપ્રકિની સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વદેવતા માંહેની એક. જુઓ તેજસ્તત્ત્વદેવતા.

કુબ્જતા જુઓ કુબ્જત્વ.

કુબ્જત્વ [સં.] ન. કૂબડાપણું

કુબ્જપ્રસારણીતૈલ ન. (વૈદક) વાતવ્યાધિ માટે તેલની એક જાતની બનાવટ. તે બનાવવા તલનું તેલ ૧૬ શરાવ, પ્રસારણી—નારીવેલ કે ચાંદવેલનો ક્વાથ ૧૬ શરાવ તથા કલ્કાર્થે ચિત્રક, પ્રીપરીમૂળ, જેઠીમધ, સિંધાલૂણ, વજ, ચાંદવેલ, દેવદર, રાસ્ના, ગજપીપર, ભિલામો, સુવા, જટામાંસી અને રતાંજળી એ દરેક બબ્બે પળ દ્રવ્યોનું વસ્ત્રગાળ ચૂર્ણ લઈ એ સર્વને તેલની રીતે પકવી તેલ સિદ્ધ કરવું. શરીરે નિયમિત આ તેલ ચોળવાથી રચાયું અજબ્બત થાય છે અને નાડીઓને નવી શક્તિ મળે છે. તે વાયુને ઓછે કરે છે અને તૂટેલા સાંધાને જોડવામાં મદદરૂપ છે. તે જ્ઞાનતંતુનાં બધાં દર્દોને મટાડે છે.

કુબ્જવાત પું. એક જાતનો વાયુ. તેથી કૂબડાપણું પરિણમે છે.

કુબ્જસ્વ ન. ખૂંધ નીકળવાનું દરદ.

કુબ્જા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કંસની એક દાસી. શ્રીકૃષ્ણે જ્યારે તેણીએ તેને ચંદનનો લેપ કરવા માંડ્યો ત્યારે તેના કૂબડને દાબી નાખી સ્વરૂપવાન બનાવી પત્ની તરીકે ગ્રહણ કરી હતી.

૨. સ્ત્રી. કૂબડી; ખૂંધી; રૂપ વગરની અને ખોડવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. કૈકેયીની દાસી, મંથરા.

૪ સ્ત્રી. ખરાબ સ્ત્રી.

૫. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેની એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

૬. સ્ત્રી. ગર્ભદાને મળનારી એક પ્રાચીન નદી.

૭. વિ. સ્ત્રી. ખૂંધવાળી.

કુબ્જાકાર વિ. કુબ્જ આકારનું; કૂબડું.

કુબ્જામૃદ્ગ ન. કબુધીરાનું પ્રાચીન નામ.

કુબ્જામ્રક ન. એ નામનું એક તીર્થ; વરાહ પુરાણમાં ઋષિકેશ અને કુબ્જામ્રક એ બે યાત્રાસ્થાનનાં માહાત્મ્ય જુદાં જુદાં વર્ણવ્યાં છે. ત્યાં રૈભ્ય ઋષિનો આશ્રમ હતો.

કુબ્જારતિપ્રદ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જારતિવરપ્રદ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જાલેપનભૂષિત [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જાવતી [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

કુબ્જાસુરૂપકર્તા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જિકા ૧. [સં.] સ્ત્રી. આઠ વર્ષની કન્યા.

૨. સ્ત્રી. ચોપન વાયુતત્ત્વદેવતા માંહેની એક. જુઓ વાયુતત્ત્વદેવતા.

૩. સ્ત્રી. દેવીની એક મૂર્તિ; દુર્ગા દેવીનું એક નામ.

૪. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વદેવતા માંહેની એક. જુઓ તેજસ્તત્ત્વદેવતા.

૫. સ્ત્રી. બોંતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક. જુઓ આકાશતત્ત્વદેવતા.

કુબ્બા ૧. [અ.] પું. અનનાસના આકારનો પાનદાની કાંઠી કે શિખર ઉપર રાખવામાં આવતો એક જાતનો ઘાટ.

૨. પું. ધુમ્મટ; ઘત.

૩. વિ. ખૂંધવાળું; વાંકું.

કુબ્બાર [અ.] વિ. બહાન.

કુબ્બાહ ૧. [અ.] પું. ગુમટ.

૨. પું. શિખરની ઉપર અનનાસના આકારનો મૂકવામાં આવતો ઘાટ.

કુબ્ર ૧. [અ.] ન. અભિમાન.

૨. ન. કાજું.

૩. [સ.] ન. કૂવો.

૪. ન કુળ.

૫. ન ગાડું.

૬. ન. જંગલ.

૭. ન. તણું; તાંતણો.

૮. ન. વીંટી.

૯. ન. શરણું.

કુબ્રહ્મ [સ.] પું. ખરાબ બ્રાહ્મણ.

કુબ્રા ૧. [અ.] પું. ન્યાયના સિદ્ધાંતના ત્રણ માંહેનો મોટો ભાગ.

૨. સ્ત્રી. મગની એક જાત. આ જાત ભાવનગર તરફ થાય છે.

કુબ્લ ૧. સ્ત્રી. યોનિ; ગુહ્યાંગ

૨. [અ] સ્ત્રી બ. વ. જાતો

કુબ્સ ૧. [અ.] સ્ત્રી. કદરૂપતા.

૨. [સં.] ન. પાણી.

૩. વિ. ખરાબ કાંતિવાળું.

કુબડ ન. જૈન ઓસવાલ જ્ઞાતિનું એક કુળ.

કુબન્ધુ [સં.] વિ. પારકી છાંટનાર.

કુભાવ [સં.] પું. ખરાબ ભાવના; દુષ્ટ ભાવના.

કુભાવના [સં.] સ્ત્રી. દુઃખી ભાવના; ખરાબ ભાવ.

કુભા ૧. પું. કાબુલ નદી જે પ્રદેશમાં જઈને વહે છે તે પ્રદેશનું પ્રાચીન નામ. વેદમાં કહેલા કુભા ઉપરથી કાબુલ નામ વિકૃત થયું હોય એમ મનાય છે.

૨. સ્ત્રી. કાબુલ નદી; વેદ સમયની એક હિંદની નદી.

૩. સ્ત્રી. ખરાબ કાંતિ.

૪. સ્ત્રી. પૃથ્વીની ભાર્યા.

કુભારજા ૧. [સં. કુભાર્યા] સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; કર્કશા; કંકાસણી સ્ત્રી.

૨. સ્ત્રી. ખરાબ સ્ત્રી; નઠારી સ્ત્રી.

૩. સ્ત્રી. કુરૂપ

કુભાર્યા જુઓ કુભારજા.

કુભાવ ૧. [સં.] પું. અભાવ; નઠારો ભાવ; ખરાબ લાગણી; અપ્રીતિ.

૨. પું. તિરસ્કાર; કંટાળો.

કુભાષા [સ.] સ્ત્રી. ખરાબ ભાષા.

કુભાંડ ૧. પું. બાણાસુરનો એ નામનો એક મંત્રી.

૨. ન. ઉત્પાત; તોફાન.

૩. [સં. કુ (નઠારું) + ભાણ્ (બોલવું)] ન. તરકટ; તૂત; જૂઠાણું; બનાવટી વાત.

૪. ન. તકલીફ; ભાળ.

કુભાંડખોર ૧. વિ. કપટી; ઠોંગી.

૨. વિ. કુભાંડ કર્યા વિના જેને ચેન ન પડે એવું; કુભાંડી

કુભાંડી ૧. વિ. કપટી; ઠોંગી; દાંભિક.

૨. વિ. ખોટો આરોપ મૂકનાર.

૩. વિ. પ્રપંચી; જૂઠાણું ઊભું કરનાર; તરકટી.

કુભૃત ૧. [સં. કુભૃત્] પું. પર્વત.

૨. પું. શેષનાગ.

૩. પું. સાતની સંખ્યા.

કુભોજન [સં.] ન. ખરાબ ભોજન.

કુભોજી [સં. કુભોજિન્] વિ. દુષ્ટ ભોજન કરનાર.

કુભ્રજદી સ્ત્રી. ખમાણાના ભાંભાની એક ઊંચી જાત.

કુભ્રાંતી વિ. પ્રકારનું પરાવર્તન કરનાર. આ વિશેષણ દીરા માટે વપરાય છે.

કુમ ન. (કચ્છી) કમળ.

કુમક ૧. સ્ત્રી. અવકૃપા.

૨. [હિં.] સ્ત્રી. મદદ; સહાય.

૩. સ્ત્રી. લશ્કરમાં વધારો.

૪. સ્ત્રી. (સંગીત) સ્વરને ઝમઝાની પેઠે વધિ કરવો તે; ગમક; કૂર્મક. તેના ૧૦ ભેદ છે.

કુમકતાન સ્ત્રી. (સંગીત) વચ્ચેવચ્ચેથી ઓટલે જાતીથી લેવાતું તાન.

કુમકી ૧. પું. મિત્ર; મદદગાર.

૨. સ્ત્રી. બંજારી હાથીને બાડામાં લઈ આવવા માટે પાળેલી હાથણી.

૩. [જુ. કુમક] વિ. મદદનું; કુમક સંબંધી.

કુમકુમા [સં. કદુમ્બુ; કોમ્બુ; કવોમ્બુ] વિ. (હિંદી) કોકરવરણું; સહેજ ઊંડું; નવરોકું.

કુમકુમ ૧. ન. કેસર.

૨. ન. હળદર અને પારાની ભેળવણી કરીને બનાવેલું રાતું ચૂર્ણ; કંકુ.

કુમકુમઅક્ષત પું. કંકુ અને ચોખા.

કુમકુમવટી સ્ત્રી. કંકાવટી.

કુમકુમવરણું વિ. કંકુ જેવું રાતું.

કુમકુમા ૧. પું. અત્તરની શીશી.

૨. પું. ગોળ પોટો.

૩. પું. ઘડો.

૪. [અ.] પું. સાંકડા મોંનો ગોટો.

૫. ન. એક પ્રકારનું ઘરેણું.

૬. ન. નાનું ગોળ ફાનસ.

૭. [જુ.] ન. હોળીના દિવસે સામસામા ઘા કે ગોળામાં અબીલ અને ગુલાલ ભરી સામસામા ફેંકવામાં આવે છે તે.

૮. વિ. નવરોકું.

કુમકુમારુ પું. ચોકું બરફ હોવાપણું.

કુમકોટ ન. એક જાતનું ઘીલું. ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ એ ઊગી શકે છે.

કુમખો પું. (જૂ. સુ.) કમખો; કાંચળી.

કુમગું વિ. કુમળું; તાજું.
કોણ રેચે કાઢિયો, કુમગા હતા દત્ત વીસ.

કુમટા ન. સાંભા તારનું રૂ.

કુમઠ [સં. કૂર્મ] પું. કાચબો.

કુમઠા ન. સાંભા તારનું રૂ.

કુમઠો [સં. કૂર્મ] પું. કાચબો.

કુમડું (કુમડું) ન. કમળ.

કુમત જુઓ કુમતિ.

કુમતિ ૧. સ્ત્રી. કુબુદ્ધિ; ખરાબ બુદ્ધિ.

૨. વિ. દુષ્ટ બુદ્ધિનું.

૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

કુમત્ત જુઓ કુમતિ.

કુમદ [સં. કુમુદ] પું. ધોળું કમળ. તે રાત્રે ખીલે છે.

કુમદા સ્ત્રી. કેરીની એ નામની પીઠ.

કુમનદાસ પું. ઈશ્વરનો એ નામનો એક ભક્ત.

કુમર [સં. કુમાર] પું. (પ્રાકૃત) બાળક.

કુમરકલા ન. એક પક્ષી.

કુમરણ ન. ખરાબ સંયોગમાં થયેલું મરણ.

કુમરાળસિ સ્ત્રી. મોટા કદવાળી, મોઢાં દૂધ આવે એવી કેરીની એક જાત.

કુમરિ પું. લાથી આંધવાનો ચાંભલો.

કુમરિચ ન. મરચું.

કુમરિયા પું. (બોલ) ચોરાશી ખાંપેનો એ નામનો એક સિદ્ધ.

કુમરી ૧. સ્ત્રી. (જૂ. સુ.) કુમારી; કુંવરી.

૨. સ્ત્રી. ચાબુક.

૩. સ્ત્રી. ચૂંપડી.

૪. [અ.] સ્ત્રી. ધોળા કાંકાવાળું મોટું હોકું.

કુમલાકાગી [તામિલ] સ્ત્રી. સફેદ કોળું.

કુમલાવું ૧. અ. ક્રિ. ઉત્સુક થવું; આતુર થવું.

૨. અ. ક્રિ. કરમાવું.

૩. અ. ક્રિ. કૂણું થવું; દયાળુ થવું.

૪. અ. ક્રિ. ભાવવું અનવું.

કુમવાવું અ. ક્રિ. કરમાવું; ચીમળાવું; સુકાવું.

કુમળપર્શ સ્ત્રી. કોમળતા; કુમળાપણું.

કુમળાવું જુઓ કુમલાવું.

કુમળાશ ૧. સ્ત્રી. કુમળાપણું; કોમળતા.

૨. સ્ત્રી. નમ્રતા; નરમાશ.

કુમળું ૧. વિ. કૂણું; તાજું.

૨. [સં. કોમલ] વિ. કોમળ; સુકુમાર.

૩. વિ. તરસ્યું.

૪. વિ. દયાળુ.

૫. વિ. નરમ; મૃદુ; કઠણ નહિ એવું.

૬. વિ. મધુર.

૭. વિ. સહજમાં કરમાઈ જાય એવું.

૮. વિ. સુકુમાર; નાજુક.

કુમંત્ર ૧. [સં.] પું. અવળી સલાહ; ખોટી શિખામણ.

૨. પું. ખરાબ ધ્યેય માટે મંત્રપ્રયોગ.

૩. પું. કૂટેલો પ્રધાન.

કુમંત્રણા [સં.] સ્ત્રી. ખોટી સલાહ.

કુમંત્રી [સં. કુમન્ત્રિન્] પું. ખોટી શિખામણ આપનાર માણસ.

કુમા સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી; કુમુ.

કુમાઉન ન. સંયુક્ત પ્રાંતમાંના એક જિલ્લાનું નામ.

કુમાચ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની રોટલી.
૨. સ્ત્રી. એક પ્રકારનું રેશમી કપડું.
૩. સ્ત્રી. મંજીઠના પત્તાના એક રંગનું નામ.

કુમાણસ પું. ખરાબ માણસ.

કુમાતા [સં. કુમાતૃ] સ્ત્રી. ખરાબ મા; દુષ્ટ માતા.

કુમાન ૧. [સં.] ન. અપમાન.
માન કુમાન શું તારે તું તો પાંચ વર્ષનું બાળ.
કાલિદાસ
૨. ન. અપયશ; અપકીર્તિ.

કુમાના ૧. સ્ત્રી. એ નામની પારસીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુમામચ ન. એક વાદ્યનું નામ.

કુમાયૂન પું. પ્રાચીન લડાયક લોકોનો એક વર્ગ.

કુમાર [સં.] જ. ક્રિ. (ધાતુ) ખેલવું; રમવું. તે ઉપરથી થયેલ શબ્દ: કુમાર; કુમારી.

કુમાર ૧. પું. અગ્નિ.
૨. પું. અગ્નિના એક પુત્રનું નામ.
૩. [સં.] પું. અપરિણીત છોકરો; પાંચ વરસ સુધીનો છોકરો. કામને મારનાર હોવાથી તે કુમાર કહેવાય છે.
૪. પું. (જૈન) અસુરકુમાર; આદિદેવતા.
૫. પું. આશ્વિન મ.સ.
૬. પું. એ નામના તિથિદેવ.
૭. પું. એક પ્રજાપતિનું નામ.
૮. પું. એક મંત્રનું નામ.
૯. પું. કૈરા દેશનું પ્રાચીન નામ.
૧૦. પું. બરાબ બરણ
૧૧. પું. ઘોડેસવાર.
૧૨. પું. તરુણ વૃક્ષ
૧૩. પું પાર્વતીનો પુત્ર; કાર્તિકેય; કાર્તિકસ્વામી.
૧૪. પું. પુત્ર; દીકરો.
૧૫. પું. પોપટ પક્ષી.
૧૬. પું. ભારમા જૈન તીર્થંકરનો ઉપાસક એક યક્ષ.
૧૭. પું. બાળકોને પીડા કરનારો એક ગ્રહ.
૧૮. પું. ધુવનું એક નામ.
૧૯. પું. (શિલ્પ) મત્સ્યપુરાણમાં વર્ણવેલા અઢાર મુખ્ય શિલ્પશાસ્ત્ર આંદેનો એક.
૨૦. પું. (પુરાણ) મહાભારતમાં વર્ણવેલો એક ભરતખંડસ્થ દેશ. એ ચેદી દેશની પૂર્વે આવેલો હતો અને પાંડવોના સમયમાં ત્યાં શ્રેણિમાન નામે રાજા હતો.
૨૧. પું. મંગળગ્રહ.
૨૨. પું. યુવરાજ; તિલાટ કુંવર.
૨૩. પું. યુવાવસ્થા અથવા તેની પહેલાંની અવસ્થાવાળો છોકરો; તરણ.
૨૪. પું. રાજકુમાર.
૨૫. પું. સુથાર; લોહકાર.
૨૬. પું. શાકદ્વીપના રાજાનો એ નામનો એક પુત્ર.
૨૭. પું. શિવનું એક નામ.
૨૮. પું. (પુરાણ) સનકાદિક બ્રહ્મમાનસ પુત્ર. તેઓએ પ્રજા ઉત્પન્ન કરવાની ના પાડી અને હમેશને માટે નિર્દોષ બાળકો જ રહ્યા અને એમની ઉમર હમ્મેશ પાંચ વર્ષની જ છે માટે કુમાર કહેવાય છે. સનક, સનદન, સનત અને સુજાત વગેરે જુદાજુદા ઋષિ સદા બાળક રહે છે.
૨૯. પું. સરોવર.
૩૦. પું. સિંધુ નદ.
૩૧. પું. સ્વરોદયમાં કહેલ એક સ્વર.
૩૨. સ્ત્રી. કુંવાર; એ નામની વનસ્પતિ.
૩૩. ન. એ નામનું એક પુરાણ.
૩૪. ન. શુદ્ધ સોનું.
૩૫. વિ. કુંવારું; નહિ પરણેલું.
૩૬. વિ. સુંદર.

કુમારઅધ્યક્ષ [સં.] પું. ઓહો સ્વીકારનાર રાજકુમાર. રાજકુમાર કોઈ પણ ઓહો સ્વીકારે એટલે તે સર્વ રીતે અમલદાર ગણાય છે.

કુમારઆત્રેય પું. ઋગ્વેદના પાંચમા મંડલના બીજા સૂક્તનો કર્તા એક ઋષિ.

કુમારક ૧. [સં.] પું. આંખની કીકી.
૨. પું. એ નામનું એક ઝાડ; વરણો.
૩. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૪. પું. કસાઈ.
૫. પું. કુમાર; યુવાન.
૬. પું. બરાબ શિકારી.

કુમારકલ્યાણઘૃત ન. (વૈદક) ઔષધરૂપ ઘીની બનાવટ. તે બનાવવા શતાવરી, વજ, જાઠી, ઉપલેટ, ત્રિફળાં, દ્રાક્ષ, સાકર, સડ, દોડી, જીરું, બગદાણા, કચૂરો, ધમાસાનાં મૂળ, બીલીનો ગર્ભ, દાડમની છાલ, તુલસી, પુષ્કરમૂળ, બોર, પુષ્કરમૂળ, એલચી અને મજીપીપર એ દરેક અકેક તોલો લઈ તેના વસ્ત્રગાળ ચૂર્ણ સાથે એક પ્રસ્થ ઘી અને ચાર પ્રસ્થ ભોંરિંગડીનો ક્વાથ તથા ચાર પ્રસ્થ દૂધ સાથે ઘીની રીતે પકવવું.

કુમારકોટિ ન. (પુરાણ) ભારતવર્ષમાં એ નામનું એક તીર્થ.

કુમારગતિ પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેમાં જભણ, નગણ, ભગણ અને સગણ એમ ૧૨ વર્ણ હોય.
કુમારગતિ રચો જ ન ભ સથી. સપિંગળ

કુમારગુપ્ત પું. ગુપ્તવંશમાં થઈ ગયેલ એક પ્રતાપી રાજાનું નામ

કુમારજીવ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. જીવપુત્ર નામનું ઝાડ.

કુમારડી (કુમારડી) સ્ત્રી. કુમારી; કન્યા.

કુમારતંત્ર [સં.] ન. રાવણે રચેલ એ નામનું વૈદકનું એક પુસ્તક. બાળકોની સંપૂર્ણ ચિકિત્સા તેમાં વર્ણવી છે.

કુમારતા [સં.] સ્ત્રી. કુમારપણું; કુંવારાપણું.

કુમારતીર્થ ન. એ નામથી ઓળખાતું દક્ષિણ હિંદમાં આવેલું કુમારસ્વામીનું એક દેવળ.

કુમારત્વ ન. કુમારપણું; કુંવારાપણું.

કુમારદાસ પું. મધ્યકાલીન હિંદમાં થઈ ગયેલ એક કવિ. તેણે જાનકીહરણ નામનું કાવ્ય રચ્યું છે.

કુમારધારા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય તીર્થનું નામ.
૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.

કુમારપાઠા [હિં.] સ્ત્રી. કુંવાર.

કુમારપાલ ૧. પું. ગુજરાતનો ચાલુક્યવંશી એક રાજા. તેણે આચાર્ય હેમચંદ્રના ઉપદેશથી જૈનધર્મનો અંગીકાર કર્યો હતો.
૨. પું. શાલિવાહન રાજા.
૩. વિ. કુમારનું રક્ષણ કરનાર.

કુમારપાલક જુઓ કુમારપાલ.

કુમારપાળ જુઓ કુમારપાલ.

કુમારપુત્ર પું. (જૈન) ભગવાન મહાવીરના અનુયાયી કોઈ એક નિર્ગ્રંથનું નામ.

કુમારબાજ પું. જુગારી

કુમારબાજી સ્ત્રી. જુગાર.

કુમારભવન ન. કુંવારાઓને રહેવાનો ઓરડો.

કુમારભાવ પું. કુંવારાપણું.

કુમારભૃત્ય ૧. [સં] ન. આયુર્વેદશાસ્ત્રનો એક ભાગ. તેમાં નાનાં બોકરાના રોગની ચિકિત્સા બતાવી છે.

૬. સ. પ્રસૂતિણીને સુખથી પ્રસવ કરાવવાની વિદ્યા.

કુમારભૃત્યા [સં.] સ્ત્રી. બાળકને સમયે પ્રસૂતિણીની સેવા.

કુમારમંદિર [સં.] ન. બાળમંદિર; પ્રાથમિક કેળવણીની શાળા.

કુમારયુ [સં.] પું. યુવરાજ.

કુમારયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક સારો યોગ.

કુમારરોગ [સં.] પું. બચ્ચાંને થતો રોગ.

કુમારલબ્ધ પું. ચંદ્રગુપ્ત મૌર્યને સામ્રાજ્ય અપાવનાર આગેવાન પુરુષો માંહેનો એ નામનો એક.

કુમારલલિત ૧. [સં.] ન. સુંદર ચેષ્ટા.

૨. વિ. સુંદર ચેષ્ટાવાળું.

કુમારલલિતછંદ પું. (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં જગણ, સગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

કુમારલલિતા ૧. [સં.] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કુમારિકા. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ ૮ વર્ણ છે.

જ સા લ ગ પદે ધરો, કુમારલલિતા હરો.
રણપિંગલ

૨. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે. આમાં ત્રીજા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

૩. સ્ત્રી. બાળકની ક્રીડા; બાળરમત.

કુમારલલિતા [સં.] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ મળી ૮ વર્ણ હોય છે.

કુમારલીલા ૧. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં મગણ, નગણ, નગણ, રગણ અને વગણ મળી કુલ ૧૫ વર્ણ હોય છે.

૨. સ્ત્રી. એક જાતની ભગવાનની લીલા.

કુમારવન ન. કુર્માંચળ વનનું પ્રાચીન નામ.

કુમારવાસ [સં.] પું. કુમાર અવસ્થામાં રહેવું તે; બ્રહ્મચર્યાશ્રમ

કુમારવાહન [સં.] ન. કાર્તિકસ્વામીનું વાહન; મોર.

કુમારવિક્રમ પું. ઉત્તરરામચરિત નાટકના સાત માંહેનો પાંચમો અંક.

કુમારવિજય [સં.] પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તેનો રાજા શ્રેણીમાન હતો.

કુમારવ્રત [સં.] ન. એક જાતનું વ્રત; બ્રહ્મચર્યવ્રત.

કુમારશ્રમણ પું. (જૈન) કુમાર અવસ્થામાંથી જ દીક્ષા લીધેલ સાધુ; બાળબ્રહ્મચારી સાધુ.

કુમારસંભવ [સં.] પું. મહાકવિ કાલિદાસનું રચેલું એ નામનું પાંચ માંહેનું એક મહાકાવ્ય. કુમાર એટલે કાર્તિકેય. આમાં કાર્તિકેય સ્વામીનો જન્મ તથા તેમણે કરેલો તારક નામના અસુરનો વધ તથા દેવતાઓને સ્વર્ગનું રાજ્ય પાછું અપાવ્યું તે હકીકત છે. એકદા બ્રહ્મપતિ અને એ બંને મહાદેવના પુત્રો બોલ્યા. જ્યાં એક બ્રાહ્મણ સિદ્ધિ ને બુદ્ધિ નામની બે કન્યા લઈને આવ્યો અને કહ્યું કે તમારા બેમાંથી આખી પૃથ્વીની પહેલી પ્રદક્ષિણા ફરે તેને આ કન્યા પરણાવું. કાર્તિકસ્વામી તરત પોતે દોડ્યા પણ બ્રહ્મપતિએ પોતાની બુદ્ધિ દોડાવી અને શંકર અને પાર્વતીની પ્રદક્ષિણા કરીને કહ્યું કે માતાપિતા પૃથ્વી સમાન છે માટે મને કન્યા આપો. બ્રાહ્મણ તેને કન્યા આપી ચાલતો થયો. કાર્તિકેય વચ્ચે વખતે અરેબરી પૃથ્વીપ્રદક્ષિણા કરી પાછા ફર્યા ત્યારે બ્રહ્મપતિને પેલી કન્યાઓ પરણી બેઠેલા જોઈ આખી જિંદગી કુંવારા રહ્યા માટે કુમાર કહેવાયા. તેનો સંભવ એ કુમારસંભવ અને સંભવ એટલે ઉત્પત્તિ.

કુમારસુ ૧. પું. ચિત્રક વૃક્ષ.

૨. સ્ત્રી. અગ્નિ.

૩. [સં. કુમાર (કાર્તિકેય) + સૂ (જન્મ દેનારી)] સ્ત્રી. ગંગા નદી, કેમકે તે કાર્તિકેયની માતા મનાય છે.

૪. સ્ત્રી. પાર્વતી

કુમારસેના [સં.] સ્ત્રી. કુમળોનું લશ્કર.

કુમારસ્વર પું. પાંચ પ્રકારના સ્વર માંહેનો એક.

કુમારસ્વામી ૧. પું. એક હિંદી પ્રવાસી ચિત્રકાર. તેણે અજંતાની કલાથી મુગ્ધ થઈ તેની ભારે પ્રશંસા કરેલી છે.

૨. ન. દક્ષિણ હિંદનું એક સુપ્રસિદ્ધ યાત્રાનું સ્થળ.

કુમારહારિત પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

કુમારહૃદય ન. નાની અવસ્થા; બાલ્યાવસ્થા.

કુમારાગાર [સં.] ન. બાળકને ઉછેરવાનું ઘર.

કુમારાવસ્થા [સં.] સ્ત્રી. તરુણાવસ્થા; જુવાની.

કુમારિ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કુંવારપાઠું; ગંગલ; કુંવાર.

કુમારિકા ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; કુમારી છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, ગુરુ અને ગુરુ એમ ચૌદ અક્ષર આવે છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ શાર્કરી છંદનો એક ભેદ છે.

૨. પું. (પિંગળ) ચાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કલા. આ છંદ મધ્યમા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ એમ ચાર અક્ષર હોય છે.

૩. પું (પિંગળ) દરેક ચરણમાં આઠ અક્ષરવાળો એક છંદ; કુમારલલિતા. તેના દરેક ચરણમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

૪. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મહોદતા. તેના દરેક ચરણમાં યગણ, જગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

૫. [હિં.] સ્ત્રી. અત્તર.

૬. સ્ત્રી. એલચીની લતા.

૭ સ્ત્રી. કુંવાર.

૮. [સં.] સ્ત્રી. કુંવારી કન્યા; જેમ ન થયાં હોય તેવી કન્યા.

૯. સ્ત્રી. દુર્ગા.

૧૦. સ્ત્રી. નવમલ્લિકા.

૧૧. સ્ત્રી. પાંચ વર્ષની કન્યા.

૧૨. સ્ત્રી. પુત્રી.

૧૩. સ્ત્રી. બાર વર્ષ સુધીની કન્યા.

૧૪. સ્ત્રી. બે વર્ષની કન્યા.

બે બે વર્ષની કન્યા હોય તે કુમારિકા, બબ્બે વર્ષની હોય તે ત્રિમૂર્તિ. ભગવતી ભાગવત

૧૫. સ્ત્રી. ભારતવર્ષના નવ ખંડ માંહેના એક ભાગનું નામ.

૧૬. સ્ત્રી. મોટી એલચી.

૧૭ સ્ત્રી. રાજકુંવરી; કુંવરી

૧૮. સ્ત્રી. સીતા.

કુમારિકાઘૃત [સં.] ન. (વૈદક) એ નામની એક ઘીની બનાવટ. કુંવારનો રસ એક ભાગ, ઘી ચાર ભાગ અને પાણી સોળ ભાગ લઈ તેનું ઘી સિદ્ધ કરવું. આ ઘી યકૃતોદર, પ્લીહોદર, કૃમિ, વિચર્ચિકા, વાતરક્ત, કૃત્રિમાં ગૂમડાં તેમ જ ત્વકૃદોષની અંદર અપાય છે. તેની માત્રા મોટા

માટે ૨ તોલા અને બચ્ચાંને માટે ૧૫ થી ૧ તોલો છે.

કુમારિકાછંદ પું. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં બે જગણ ને એક ગુરુ મળી સાત અક્ષર આવે છે.

કુમારિકાતીર્થ [સં.] ન. (પુરાણ) કન્યાતીર્થ. એ તીર્થ દક્ષિણ સમુદ્રતીરે આવેલું છે. એનું કન્યાકુમારી એવું નામ છે.

કુમારિકાધન [સં.] ન. કુમારીનું ઓધન.

કુમારિકાપણું ન. કૌમાર્ય; કન્યાવસ્થા; કુંવારાપણું.

કુમારિકામંદિર [સં.] ન. બાળાઓ માટેની શાળા.

કુમારિકાવર્તી સ્ત્રી. (વૈદક) આંખના રોગમાં આંજવાની એક સળી. તે બનાવવા તલનાં ફૂલ નંગ ૮૦, બકાળી હીંડીપીપરને પલાળી તેમાંથી કાઢેલા રાઈના જેવા દાણા નંગ ૬૦, ચમેલીનાં ફૂલ નંગ ૫૦ અને મરીના દાણા નંગ ૧૬ એ બારેને ખરલમાં ઘૂંટી તેની વાટ બનાવી આંજવાથી થયેલાં નેત્ર પણ સારાં થાય છે.

કુમારિકાવસ્થા [સં.] સ્ત્રી. કન્યાની અપરિણીત અવસ્થા.

કુમારિકાવ્રત [સં.] ન. આખી જિંદગી સુધી કુંવારા રહેવાનું છોકરીનું વ્રત; કુંવારા રહેવાનું બાળાઓનું વ્રત.

કુમારિકાશુલ્ક [સં.] ન. શુલ્ક; પલ્લું; કુમારીનું ઓધન.

કુમારિકાસવ પું. (વૈદક) કુંવારનો આસવ. તે બનાવવા કુંવારનો રસ ૨૦૪૮ તોલા, ગોળ ૪૦૦ તોલા, ધાવ ૧૦૦ તોલા અને પાણી ૧૦૨૪ તોલા લઈ તેનો ઉકાળો કરવો. જ્યારે ચતુર્થાંશ રહે ત્યારે બધું ગાળી લેવું. પછી તેમાં ૨૬૬ તોલા મધ અને ૬૪ તોલા માવડીનાં ફૂલ નાખી બીના રીતે ઢામમાં તે બધું ભરવું ને તેની અંદર જાયફળ, લવિંગ, નાગકેસર, અજમોદા, જટામાંસી, અગર, ચિત્રક, જાયત્રી, કાકડાશીંગી, બહેડાં અને એખરમૂલ દરેક અઢાર તોલા અને તામ્રભસ્મ તથા લોહભસ્મ દરેક બબ્બે તોલા નાખવાં ને તે ઢામની મુખમુદ્રા બંધ કરી ૨૦ દિવસ સુધી એક ઢાણાના ઢગલામાં તે રાખી મૂકવું. આ ઔષધ માંદો તાવ, અર્શ, કુષ્ઠ, વિસર્પિકા, વાતરક્ત, ઘટકિયાં ગૂમડાં વગેરે દરદમાં ઉપયોગી મનાય છે.

કુમારિકાસ્ત્રીધન [સં] ન. કુમારીની મિલકત.

કુમારિલ જુઓ કુમારિલભટ્ટ.

કુમારિલભટ્ટ પું. એ નામનો એક પ્રસિદ્ધ વેદાંત આચાર્ય, ભટ્ટપાદ. તે બિહાર પ્રાંતમાં જયમંગળ ગ્રામમાં યુધિષ્ઠિર શક ૨૧૧૦માં ધાતા નામના સંવત્સરમાં વૈશાખ સુદિ ૧૫ રવિવારે બાલસૂ કુળમાં યજ્ઞેશ્વર ભટ્ટને ત્યાં ચંદ્રસૂયને પેટે જન્મ્યો હતો. તે બુદ્ધિશાળી હોવાથી તેણે થોડા વખતમાં ગુરુમુખે વેદ, વેદનાં અંગો વગેરે ગ્રંથનો અભ્યાસ કર્યો. પૂર્વમીમાંસાના ગ્રાહ્ય વિષય ઉપર તેણે વાર્તિક ગ્રંથ કર્યો. પછી બૌદ્ધ મતના ખંડનના ગ્રંથ રચવા શરૂ કર્યા. તેથી પ્રથમ બૌદ્ધ ધર્મના કુતર્કો જાણવા બૌદ્ધ ધર્મમાં દાખલ થયો. બુદ્ધાચાર્યે આ શિષ્યને બુદ્ધિમાન જાણ્યો પણ પોતાના મતનું ખંડન કરશે એવી શંકાથી એને ઊંચી હવેલી ઉપરથી પડતો મૂક્યો તેમાં તેની એક આંખ ફાટી ગઈ. પછી તેણે આખા ભરતખંડમાં ફરીને બૌદ્ધ ધર્મ વિરુદ્ધ પ્રચાર કર્યો અને વેદ ધર્મનું સત્ય સમજાવવા લાગ્યો. તેણે બૌદ્ધધર્મ ખંડનના ૭ ગ્રંથો લખ્યા. તે ૬૪ વર્ષની ઉમરે મૃત્યુ પામ્યો.

કુમારિલભટ્ટાચાર્ય જુઓ કુમારિલભટ્ટ

કુમારી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો ભેદ છે. તેમાં વંશસ્થ અને ઉપેંદ્રવંશાનું મિશ્રણ છે. તેના દરેક ચરણમાં બાર અક્ષર હોય છે. તેનું પહેલું ચરણ ઉપેંદ્રવજ્રાના માપનું અને બીજું, ત્રીજું અને ચોથું વંશસ્થના માપનું છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે નિશાની છંદનો ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૭ લઘુ મળી પંદર અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) નગણ, જગણ, ભગણ, જગણ અને બે ગુરુ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો ભેદ છે. તેમાં આઠમા અક્ષર ઉપર યતિ આવે છે. તેને કુમારિકા છંદ પણ કહે છે.

ન જ ભ જ ગા ગ આઠ વસુથી કુમારી
રઘુપિંગળ

૪. [સં.] સ્ત્રી. અપરાજિતા; કુંવાર નામની વનસ્પતિ.

૫. સ્ત્રી. આઠથી બાર વર્ષની વયની કુંવારી કન્યા.

૬. સ્ત્રી એ નામની દેવી. તેનું સ્થાન હરિદ્વારમાં છે.

૭. સ્ત્રી. કન્યાકુમારી ભૂશિર; ભરતખંડનું છેક દક્ષિણનું બિંદુ. અહીં આગળ કુમારી દેવીનું દેવળ આવેલું છે

૮. સ્ત્રી. કુમાઉ દેશમાં આવેલી ભારતવર્ષીય એક નદી; બિહારના રાજગિર પાસે સુકિતમત પર્વતમાંથી નીકળતી કાસોરહરિ નામની નદીનું પ્રાચીન નામ.

૯. સ્ત્રી. ચમેલી; નવમલ્લિકા; બટમોગરો.

૧૦. સ્ત્રી. દીકરી, પુત્રી.

૧૧. સ્ત્રી. (પુરાણ) ધર્મજ્ઞ ઋષિની સ્ત્રી.

૧૨. સ્ત્રી. પરણેલી નાની ઉમરની સ્ત્રી.

૧૩. સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

૧૪. સ્ત્રી. પૃથ્વીનો મધ્યભાગ.

૧૫. સ્ત્રી. બહેનપણી; સખી.

૧૬. સ્ત્રી. મોટી એલચી.

૧૭. સ્ત્રી. મોર ઉપર સવારી કરનારી સરસ્વતી દેવી.

૧૮. સ્ત્રી. રાજની કુંવરી.

૧૯. સ્ત્રી. વાંજણી ઝાડીનો વેલો.

૨૦. સ્ત્રી. વેશ્યાની છોકરી.

૨૧. સ્ત્રી. રમવા પક્ષી.

૨૨. સ્ત્રી. સહા નામની વનસ્પતિ.

૨૩. સ્ત્રી સીતા.

૨૪. [સં.] સ્ત્રી. હાથીની સાંકળ બાંધવાનો થાંભલો.

કુમારીકુંડ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. ત્યાં પાણીમાં અગ્નિ સળગી રહ્યો છે.

કુમારીક્રીડનક (કુમારીક્રીડનક) [સં.] ન. કુંવારી કન્યાઓને રમવાનું સાધન.

કુમારીગમન [સં.] ન. કુંવારી કન્યા સાથે સંભોગ. તે સર્વથા નિષિદ્ધ છે. તેના જેવું ઘોર અને અક્ષમ્ય પાપ શાસ્ત્રોમાં બીજું નથી.

કુમારીચ્છદ [સં.] ન. કુંવારી કન્યાના યોનિદ્વારને ઢાંકતો ચામડીનો ઝીણો પડદો. યોનિદ્વારનો ઘેરાવો આ પડદાના આકાર પ્રમાણે વધતો ઓછો હોય છે. આ પડદો યૌવનમાં અને કદર્પલીલામાં ક્રમે ક્રમે તૂટી જાય છે. કોઈ વાર આ પડદો આખા યોનિદ્વારને ઢાંકી દે છે. આ સ્થિતિમાં સ્ત્રીનો અટકાવ બહાર આવી શકતો નથી અને બહુ દુખાવો થાય છે.

કુમારીત્વ ન. કન્યાની અવિવાહિત અવસ્થા.

કુમારીપટલ જુઓ કુમારીચ્છદ.

કુમારીપાક [સં.] પું. (વૈદક) કુંવાર અને બીજી કેટલીક ઔષધિઓ મેળવી બનાવાતી એક દવા. તે ઝાડુંજવર, ઉધરસ અને દમનો નાશ કરે છે. સ્ત્રીઓનું વંધ્યત્વ તથા પુરુષોનું વંઠત્વ દૂર કરી શક્તિ આપે છે.

કુમારીપુત્ર [સં] પું. કુંવારી કન્યાને જન્મેલો છોકરો.

કુમારીપુત્રક [સં.] વિ. કુંવારીના છોકરા જેવું અસંભવિત.

કુમારીપુર ૧. [સં] ન. કિલ્લા ઉપર રચવામાં આવતું ચાર ખૂણાવાળું કુમારી દેવીનું સ્થાન.

૨. ન. કુંવારી કન્યાને રહેવાનો અંતઃપુરનો ભાગ.

કુમારીપૂજન [સં.] ન. એક પ્રકારની પૂજા. દેવીપૂજનનો તે ભાગ છે. તેમાં કુંવારી બાળાનું પૂજન કરી તેને મિષ્ટાન્ન વગેરે આપવામાં આવે છે.

કુમારીવ્રત [સં.] ન. કુંવારા રહેવાની સ્ત્રીની પ્રતિજ્ઞા.

કુમારીશ્વશુર [સં.] પું. વિવાહ પહેલાં કન્યાનો વાગ્દિક સસરો.

કુમાર્ગ ૧. [સં.] પું. કુપંથ; અઘાલ.
૨. પું. નઠારો રસ્તો; કુપથ.
૩. પું. પાખંડ મત; નાસ્તિકતા; અધર્મ.

કુમાર્ગગામી ૧. [સં. કુમાર્ગગામિન્] વિ. અધર્મી, નાસ્તિક.
૨. વિ. કુપંથી; કુમાર્ગી; અવળે રસ્તે જનાર.
૩. વિ. ખરાબ ચાલનું.

કુમાર્ગી જુઓ કુમાર્ગગામી.

કુમાર્યાસવ [સં.] પું. (વૈદ્યક) ઘામાં વપરાતી એક જાતની બનાવટ. ગૂમડ, ચેટનું થયા, વાયુનો ગોળો, કબજિયાત, અરોચકનો વધારો, વધરાવળ, સારણ, બાવગૂલ્મ વગેરે દરદ માટે તે ઉત્તમ મનાય છે.

કુમાલક [સં.] પું. માળવામાં આવેલ એક પ્રાચીન દેશ; સૌવીર.

કુમાવિત્ર ન. ન. ન. નઠારાં માબાપ.

કુમાવિસખાનું ન. મામલતદારની કચેરી.

કુમાવિસદાર ૧. પું. કબજદાર.
૨. પું. મામલતદાર; મહાલકારી; વહીવટદાર.

કુમાવિસી સ્ત્રી. મહેસૂલ; તેહસીલ.

કુમાશ ૧. સ્ત્રી. મંજીઠનાં પાનાંનો એક રંગ.
૨. સ્ત્રી. માલમતા રાખવાનું ઠેકાણું.
૩. સ્ત્રી. રેશમી લૂગડું.
૪. સ્ત્રી. લાગણી; ભાવના.
૫. સ્ત્રી. સુંવાળાપણું; નરમાશ.
૬. સ્ત્રી. સ્વચ્છતા; સફાઈ; તેજી.

કુમારાદાર ૧. વિ. ઘટ પોતનું; સુંવાળું.
૨. વિ. બારીક.
૩. વિ. સ્વચ્છ; સફાઈદાર.

કુમારી જુઓ કુમાશદાર.

કુમિણ સ્ત્રી. ન્યૂનતા; ઓછપવું.

કુમિત્ર [સં.] પું. નઠારો દોસ્ત; કુળદી સોબતી; મિત્રના ધર્મથી ઊલટો ચાલનાર સાથી.

કુમી ન. કમળનું ફૂલ.

કુમુખ ૧. [સં.] પું. (પુરાણ) રાવણનો દુર્મુખ નામનો એક યોદ્ધો.
૨. પું. સુવર; ભૂંડ; ડુક્કર.
૩. વિ. બરાબ ચહેરાવાળું.

કુમુદ ૧. પું. એ નામનો એક દૈત્ય.
૨. પું. એ નામનો એક દ્વીપ.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુટલિપા છંદનો એક ભેદ છે.
૪. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.
૫. પું. ઐરાવત હાથી.
૬. પું. કપૂર.
૭. પું. કુમુદિનીના આકારનો એક ધૂમકેતુ. તે પશ્ચિમમાં ઊગે છે અને એક જ રાત દેખાય છે. તેની શિખા પૂર્વ તરફ હોય છે. કહેવાય છે કે તેના ઉદયથી દશ વર્ષ સુધી દુકાળ રહે છે.
૮. પું. ગૂજરાતની એક જાત.
૯. પું. (પુરાણ) ગોમતી નદી તીર રામક પર્વત ઉપર રહેનારો રામની સેનાનો એ નામનો એક વાનર.
૧૦. પું. ઘૂમટ; ગુંબજ.
૧૧. પું. દક્ષિણ દિશાનો એ નામનો હાથી.
૧૨. પું. (પિંગળ) કુપદના સોળ પ્રકારમાંનો એક. તેના દરેક ચરણમાં ૨૧ અક્ષર હોય છે.
૧૩. પું. (પિંગળ) નગણ, નગણ અને નગણ મળી નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભુજની છંદનો ભેદ છે.
૧૪. પું. એક પર્વતની પાસે આવેલ મહાભારતમાં જણાવેલ શાકમલી દ્વીપનો એક પર્વત. તે દશ હજાર યોજન વિસ્તારવાળો અને તેટલો જ ઊંચો છે. આ પર્વત ઉપર શતવલ્શ નામના વડના ઝાડના ઝડમાંથી દૂધ, દહીં, ઘી, ગોળ તથા અન્ન વગેરેના અને વસ્ત્ર, શય્યા, આસન તથા અલંકાર વગેરેના નદી ઇચ્છાને પૂરનારા મોટા નદો વહે છે. તેઓ સર્વે કુમુદ પર્વતના શિખર ઉપરથી પડીને ઉત્તરે પ્રજાપૃત્ત ક્ષેત્રમાં વહ્યા કરે છે. આ નદોનું સેવન કરનાર પ્રજાઓને કદી પણ વળિયાં, પળિયાં, થાક, પરસેવો, દુર્ગંધ, ઘડપણ, રોગ, મૃત્યુ, દાહ, તાપ, ક્લેશ તથા ભીન્ન ઉપદ્રવો થતા નથી. જન્માંસુધી તેઓને જીવન હોય છે ત્યાંસુધી અત્યંત સુખ જ મળે છે.
૧૫. [સં. કુ (પૃથ્વી) + મુદ્ (હર્ષ)] પું. વિષ્ણુ. વ્યક્તિભાવમાં પૃથ્વીને અને પૃથ્વીના પ્રતીરૂપ ભૌતિક શરીરોને રાજી કરનારા અવતારધારી તે છે તેથી તે કુમુદ કહેવાય છે.
૧૬. પું. વિષ્ણુ ભગવાનનો એ નામનો એક પાર્ષદ.
૧૭. પું. શિવ; શંકર.
૧૮. પું. (પુરાણ) સર્પનો એક રાજા. તેની બહેન કુમુદવતી રામના દીકરા કુશને પરણી હતી.
૧૯. પું. સંગીતનો એક તાલ.
૨૦. ન. એક જાતનું કોતરકામ.
૨૧. ન. એક જાતનું ત્રિશાળ ઘર; ઉત્તરમાં પરસાળવાળી ઓરડી અને પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમે પરસાળ હોય તેવું ઘર. સુમુખ નામના ઘરના અપવર્દમાં પરસાળ આવે તો તે પણ કુમુદ નામે ઘર થાય.
૨૨. [સં.] ન. પોયણું; પોયું કમળ. તેની પાંખડીઓ બહુધા પોળી હોઈ તે રાત્રે ખીલે છે.
૨૩. ન. રૂપું.
૨૪. વિ. આનંદ કરનાર; પ્રફુલ્લિત.
૨૫. વિ. ઈર્ષાળુ.
૨૬. વિ. કંજૂસ; કૃપણ.
૨૭. વિ. નિર્દય; ક્રૂર.
૨૮. વિ. લોભી; લાલચુ.

કુમુદકુંતલ પું. માનસાર શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે પાત્રિક, પદ્મધર અને મહાપદ્મધર કે પદ્મરાજ વર્ગના રાજાની રાણીનો મુગટ.

કુમુદકોમલ [સં.] વિ. કમળપુષ્પ જેવું નાજુક.

કુમુદખંડ [સં.] પું. પોયણાંનો સમૂહ; રાત્રિવિકાસી કમળનો જથ્થો.

કુમુદગંધા [સં.] સ્ત્રી. પોયણાં જેવી ગંધવાળી સ્ત્રી.

કુમુદની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૨. સ્ત્રી. એક જાતનું સ્થાવરવિષ.

કુમુદદલ [સં.] ન. કમળનું પાંદડું.

કુમુદનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદની ૧. સ્ત્રી. પોયણી.
૨. વિ. સ્ત્રી. વિકસિત કરનાર; ખિલવનાર.

કુમુદપતિ જુઓ કુમુદનાથ.

કુમુદબંધુ જુઓ કુમુદનાથ.

કુમુદબાંધવ જુઓ કુમુદનાથ.

કુમુદમાલા ૧. [સં.] પું. (પિંગળ) પચીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, તગણ, સગણ, જગણ, યગણ, નગણ, તગણ, સગણ અને ગુરુ એમ પચીસ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. કમળનાં ફૂલનો હાર.

કુમુદવતી ૧. સ્ત્રી. ઉજ્જૈન. અમરાવતી, અવંતી, કનકશૃંગ, કુમુદવતી, કુશસ્થલી, નવેશ્વીનગર, પદ્માવતી, પ્રકલ્પ, શિવપુરી, વિશાલા વગેરે જુદે જુદે કાલે તેનાં નામ હતાં.

૨. [સં.] સ્ત્રી. કુમુદિની; પોયણી.
૩. સ્ત્રી. જ્યાં ઘણાં પોયણાં થતાં હોય તેવી જગ્યા.
૪. સ્ત્રી. સંગીતની બાવીસ માંહેની એક શ્રુતિ.

કુમુદવન ૧. [સં.] ન. પોયણાં ઘણાં ઊગતાં હોય એવું સ્થળ.
૨. ન. પોયણાંનો જથ્થો.

કુમુદવૃંદ [સં.] ન. પોયણાંનો સમૂહ.

કુમુદસુહૃદ ૧. [સં. કુમુદસુહૃદ્] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદા ૧. સ્ત્રી. એ નામની દેવી.
૨. સ્ત્રી. કાયફળ.
૩. સ્ત્રી. બાંભારી વનસ્પતિ; શાલપર્ણી.
૪. સ્ત્રી. સ્રોપન વાયુતત્ત્વદેવતા માંહેની એક.
૫. સ્ત્રી. પોયણી; કુમુદિની.
૬. વિ. સ્ત્રી. પૃથ્વીમાં આનંદ આપનારી.

કુમુદાકર જુઓ કુમુદવન.

કુમુદાક્ષ ૧. પું. એક જાતનો નાગ.
૨. પું. વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

કુમુદાદ્રિ [સં.] પું. પશ્ચિમીય આકરણપ્રસિદ્ધ એક રાજ્યગણ.

કુમુદાનંદ [સં.] વિ. પોયણાંને પ્રફુલ્લિત કરનાર.

કુમુદાભિજ્ય [સં.] ન. રૂપું.

કુમુદારિ [સં.] પું. સૂર્ય. રાત્રે ખીલતાં કમળનો તે શત્રુ મનાય છે.

કુમુદાવાસ [સં.] પું. જ્યાં પુષ્કળ પોયણાં થતાં હોય તેવો દેશ.

કુમુદિકા ૧. સ્ત્રી. કાયફળ.
૨. સ્ત્રી. મુસ.

કુમુદિની ૧. સ્ત્રી. જ્યાં પોયણાં ઘણાં થતાં હોય તેનું નાનું સરોવર; તળાવડી.
૨. સ્ત્રી. વેલ.
૩. [સં.] સ્ત્રી. રાત્રિનું કમળ.
૪. સ્ત્રી. રાત્રે ખીલતાં કમળનો વેલો; પોયણીની વેલ.

કુમુદિનીનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદિનીનાયક જુઓ કુમુદિનીનાથ.

કુમુદિનીપતિ જુઓ કુમુદિનીનાથ.

કુમુદિનીવિકાસ પું. (પિંગળ) જગણ, તગણ, સગણ અને યગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ જગતીનો ભેદ છે.
જ્ઞ તા સ યા છ કુમુદિનીવિકાસો. સ્વયંભૂ

કુમુદી ૧. સ્ત્રી. એક જાતનું કમળ.
૨. સ્ત્રી. કાયફળ.

કુમુદેક્ષણ પું. (પુરાણ) વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

કુમુદેશ ૧. પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદેશ્વર જુઓ કુમુદેશ.

કુમુદેશ્વરરસ પું. (વૈદક) ક્ષય માટેનું એક ઔષધ. તે બનાવવા સુવર્ણભસ્મ તોલો ૧, પારદભસ્મ તોલો ૧, મોતી તોલા ૨, ઠંકણખાર તોલો ૩ અને ગંધક તોલા ૪, બધાંને કાંજીમાં ઘૂંટી ગોળો કરી, કપડમટ્ટી કરી લઘુપુટમાં પકવવાં.

કુમુદ્વતી સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની એ નામની એક શ્રુતિ.

કુમુદ્વા [સં.] સ્ત્રી. ઘઉંની જાતનો એક ચલણી સિક્કો; બદામ.

કુમુદ્વતી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કુમુદની નાની બહેન અને રામના પુત્ર કુશની બીજી સ્ત્રી. એના પુત્રનું નામ અતિથિ હતું.
૨. સ્ત્રી. કુમુદિની; પોયણીની વેલ.
૩. સ્ત્રી. જ્યાં ઘણાં પોયણાં થતાં હોય તે જગ્યા.
૪. સ્ત્રી. પાણીમાં ઊગતો એક છોડ; વરિયાળી.
૫. સ્ત્રી. પોયણાંનો સમૂહ.
૬. સ્ત્રી. (પુરાણ) ભારતખંડની મંદર પ્રદેશમાં આવેલી એક નદી.
૭. સ્ત્રી. (પુરાણ) અમૂરજ્યોતિ રાજાની સ્ત્રી.
૮. સ્ત્રી. ષડ્જ સ્વરની બાર માંહેની બીજી શ્રુતિ.

કુમુદ્વતીબીજ [સં.] ન. પોયણાનું બીજ.

કુમુદ્વતીશ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદ્વતીશ્વર જુઓ કુમુદ્વતીશ.

કુમેઠા (કુમેઢા) જુઓ કુમેઢા.

કુમેઢા [સં.] સ્ત્રી. હાથીની એક જાત.

કુમેત પું. ઘોડાનો કાળાશ પડતો લાલ રંગ.

કુમેઠ ૧. પું. કાળાશ પડતા લાલ રંગનો ઘોડો; તેલિયો; સુરંગ.
૨. પું. કાળાશ પડતો લાલ રંગ.
૩. વિ. ખરાબ; હલકું.
૪. વિ. ધૂપેલ તેલના રંગનું; રાતું ભૂરું; સારંગ.
૫. વિ. લુચ્ચું; તોફાની; મસ્તીખોર.

કુમેદી ૧. વિ. તોફાની; મસ્તીખોર.
૨. વિ. ખોંચેલ; લુચ્ચું; બંધું.

કુમેરુ પું. દક્ષિણ ધ્રુવ.

કુમેરુજ્યોતિ [સં.] સ્ત્રી. દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ; દક્ષિણ ધ્રુવમાં જોવામાં આવતી જ્યોતિ.

કુમેલ ૧. ન. એક જાતનું પીંછું.
૨. વિ. અસલ; ખરું; ભેળસેળ કર્યા વગરનું.
૩. વિ. ખરાબ પ્રમાણવાળું.
૪. વિ. પરદેશી; પારકા દેશનું.
૫. વિ. બેનમૂન; અજોડ.
૬. વિ. બેસતું; માફક ન આવે એવું.
૭. વિ. સંબંધ વગરનું.

કુમેળ પું. અસુખનાથ; કુસંપ.

કુમૈત પું. કાળાશ પડતા લાલ રંગનો ઘોડો.

કુમૈદ જુઓ કુમૈત.

કુમોદક પું. વિષ્ણુ.

કુમોદા ન. કમળનું ફૂલ.

કુમ્મા ન. ભૂકું કોલું.

કુમ્મિપિંઠ પું. એ નામનો એક સુંદર છોડ; કપૂરકૂટી.

કુમ્મુ ન. એ નામનું એક ઝાડ; વરણો.

કુમ્હડા (કુમ્હડ઼ા) જુઓ કુમા.

કુમ્હાર પું. કુંભાર.

કુમ્હારની સ્ત્રી. કુંભારની સ્ત્રી; કુંભારણ.

કુમ્હારી ૧. સ્ત્રી. એક જાતનું નાનું માખી જેવું જંતુ. તે માટીનું ઘર બનાવે છે.
૨. સ્ત્રી. કુંભારણ; કુંભારની સ્ત્રી.

કુમ્હીર સ્ત્રી. મગર.

કુયડી (કુપ્પડી) સ્ત્રી. ઘોડાનું ખાવાનું માટીનું બનેલું વાસણ.

કુયત્ન [સં.] ન. ખરાબ પ્રયત્ન.

કુયાડીઆ (કુયાડીયા) ક્રિ. એક જાતનું હાથ ઊંડ હાથ ઊંચું ઘૂમટ ઘાસ. તેના ઘૂમટામાં ઉગ્ર સુગંધી વાસ હોય છે. આ ઘાસ કાળદુકાળે ગરીબ ખેડૂતોને નિભાવી લે છે.

કુયુક્તિ ૧. સ્ત્રી. કપટ; પ્રપંચ; ઘાલમેલ.
૨. સ્ત્રી. ખોટો તર્ક.

કુયુદ [બં.] સ્ત્રી. કાનને પહેરાવવાની બેડી.

કુયોગ ૧. [સં.] પું. ખરાબ કાળ; કલ્પાંત.
૨. પું. ખરાબ ગ્રહોનું એક સ્થાનમાં એકઠા થવાપણું.

કુયોગી ૧. પું. ઢંગી જોગી.
૨. પું. ભ્રષ્ટ સંન્યાસી.

કુયોનિ [સં.] સ્ત્રી. ક્ષુદ્ર જંતુઓની હલકી કોટિ.

કુરઈ ન. અમદાવાદ અને ખેડા જિલ્લાની રેતાળ અને ગોરાડુ જમીનમાં થતું એક જાતનું ઘાસ. તેનું બી બાજરાના દાણાથી સહેજ ઝીણું હોય છે. એના છોડ જમીનથી ચાર ફૂટ ઊંચા વધે છે. પાંદડાં લાંબાં અને કુમળાં આવે છે, તેથી ઢોરોને આવા અપાય છે. તેને ઉપરઉપરથી વાઢી લેતાં ફરી ઊગે છે. એમ બે ત્રણ વાર તેની કાપણી કરાય છે.

કુરક ૧. [અ.] પું. એ નામનો એક વેલો. કબર.

૨. પું. એક જાતનું ઝાડ. તેનાં ફળ માલાવાળાં, લીસાં અને રંગે રાતા હોય છે.

૩. સ્ત્રી. સહાય; મદદ.

૪. વિ. જપ્ત થયેલું.

કુરકલોદ્દર જુઓ કુરક.

કુરકટ જુઓ કુરકુટ.

કુરકા ૧. [સં.] પું. કુર્ગ રેશમાં તામ્રપર્ણી નદીને કિનારે આવેલું એક શહેર. ત્યાં વૈષ્ણવ આચાર્ય શ્રી શઠકોપનો જન્મ થયો હતો

૨. પું. દક્ષિણ હિંદમાં આવેલ કુર્ગ પ્રાંત.

૩. સ્ત્રી. સહકારી વૃક્ષ.

કુરકાક્ષી સ્ત્રી. હરણની આંખ જેવી આંખવાળી સ્ત્રી.

કુરકુચિયા ન. ઓરાવાળ વંશનું એક ગોત્ર.

કુરકુટ ૧. [સં.] પું. કૂકડો; મરઘો.

૨. [હિં.] પું. કોઈ પણ વસ્તુનો નાનો કકડો.

૩. પું. મોર પક્ષી.

કુરકુર ૧. પું. કુરકુરિયાંનો અવાજ.

૨. પું. કૂકડો; મરઘો.

૩. પું. દાંત વડે થોડું થોડું કરડવાથી થતો અવાજ.

કુરકુર કરવું = (૧) દાંત વડે થોડું થોડું કરડવું. (૨) પીઠ પાછળ બબડવું.

૪. ન. કાનનું ઘરેણું.

૫. [સં. કુક્કુર] ન. કૂતરાનું નાનું બચ્ચું; બટોળિયું.

કુરકુરા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. ખોટો સિક્કો.

કુરકુરિયું ૧. ન. કૂતરાનું નાનું બચ્ચું; બોટીલું, બટોળિયું; ગલૂડિયું.

૨. ન. છાપરું.

૩. ન. ભૂખથી પેટમાં થતો વાયુનો અવાજ.

પેટમાં કુરકુરિયાં બોલવાં = (૧) છાની વાત ખુલ્લી થવી. (૨) ભૂખ લાગવી.

કુરકુરી ૧. સ્ત્રી. ઢોરના શરીરમાં આંતરડાં માંહેનો વાયુ નીકળે તે રોગ.

૨. સ્ત્રી. પાતળું ને ફોતરાં વગરનું દાળકું.

૩. સ્ત્રી. પેટ તબડક ને પેશાબ બંધ થાય એવો ઘોડાનો એક રોગ.

કુરકુરીએલાયચી સ્ત્રી. આંધ પ્રદેશ એલચી દાણા.

કુરકુલા પું. એક જાતનો કાઠવમાં ઊગતો શાક માટે વપરાતો છોડ. તેનાં ગોળ અને ઝીણાં પાન દવામાં વપરાય છે. એક ફૂટ ઊંચા ઊગતા આ છોડ ઉપર એક જ પાન આવે છે ત્યારે તેને મૂળિયાં સહિત ઊખેડી શાકભાજીના ઉપયોગમાં લેવાય છે.

કુરકોટ ન. છત્રીશ માહેનું એક રાગ.

કુરગ પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં એક ગુરુ અને ચોપન લઘુ મળી પંચાવન વર્ણ અને છપ્પન માત્રા હોય છે.

કુરઘોડી (કુરઘોડી) સ્ત્રી. બાળકોને કૂદવાની એક જાતની રમત. જુઓ ઝાતનઝાતન.

કુરચનિયું ન. પાર્ટ ટબેટાંનો બાકડું, તલ, ઝાલણ વગેરે બેસણી કરેલ છૂંદો.

કુરચિલ્લ ૧. [સં.] પું. કરચલો.

૨. પું. કાચબો.

કુરજાલ [હિં.] સ્ત્રી. કૂદકો; ઠેકડો.

કુરજ ૧. પું. દક્ષ પ્રિન્ચેરેવમાંનો એ નામનો એક

૨. પું. ધાતુ પોચાનો એક બનાવી કઠણ ધાતુનો બૂચો.

કુરડ ૧. [સં.] પું. ચમાર.

૨. પું. મોચી.

કુરડક પું. પીળાં ફૂલવાળો કંટાસળિયાનો છોડ.

કુરડી ૧. [સં.] સ્ત્રી. ચમારણ.

૨. સ્ત્રી. મોચણ.

કુરડવેલ (કુરડવેલ) સ્ત્રી. એક જાતનો છોડ; ચણકબીડો; ચપોરિયો. તેનાં પાન ગજેટીનાં પાન જેવાં હોય છે. તેમાં સફેદ કે ગુલાબી ભાષા લેતાં ફૂલ થાય છે. તે ચપોરે ઊખડી સાંજે બંધ થઈ જાય છે. તેમાં વટાણા જેવડાં ફળ થાય છે.

કુરડી (કુરડી) ૧. પું. એ નામનો એક છોડ; કોમ્પત્ર.

૨. સ્ત્રી. કૂલ નામની વનસ્પતિની એક જાત; ગમ્પસો

૩. સ્ત્રી. માટીનું એક જાતનું વાસણ; કુલડી.

૪. સ્ત્રી. સોનું રૂપું ગાળવાની માટીની વાટકી.

કુરડુ (કુરડુ) સ્ત્રી. એક જાતની જંગલી ભાજી. તેના છોડ એકથી બે ફૂટ ઊંચા થાય છે. વર્ષાઋતુમાં જંગલમાં તે આપોઆપ ઊગે છે. તેનાં નાનાં પાંદડાં ઉપર સફેદ ઝૂમખાદાર બિયાં આવે છે. ગરીબ લોકો તે શાકભાજી તરીકે ખાવામાં વાપરે છે. તેનાં પાંદડાં તથા મૂળિયાં ઔષધિમાં ઉપયોગી મનાય છે.

કુરડો (કુરડો) ૧. પું. માટીનું બનાવેલું ઘોટા ઘાટનું એક વાસણ.

૨. પું. સોનું રૂપું ગાળવાનો માટીનો વાટકો.

કુરણ ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. એક જાતનો હથિયારની ધાર કાઢવાનો પથ્થર.

કુરણા [સં. કરુણા] સ્ત્રી. કૃપા; દયા.

કુરતની ૧. સ્ત્રી. જનાનો પહેરવાનું પહેરણ.

૨. સ્ત્રી. પલંગની ઉપર ચારે પાસ નાખવામાં આવતું ઝાલીદાર પડદાનું કપડું; મચ્છરદાની.

કુરતિ [સં.] સ્ત્રી. દુષ્ટ પ્રકારનો રતિવિલાસ; અનિષ્ટ રીતનો સંભોગ.

કુરતી ૧. સ્ત્રી. સ્ત્રી. સ્ત્રીની સ્ત્રીએ તેમની સાંકેતિક ભાષામાં આ શબ્દ વાપરે છે.

૨. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનું એક વસ્ત્ર.

કુરતી ઉતારવી = અક્ષતયોનિ કન્યાનો ઉપભોગ કરવો.

કુરતું ન. પહેરણ; કુરતું.

કુરથી [સં. કુલત્થ] ન. એક જાતનું ધાન્ય; કળથી.

કુરધ્યા સ્ત્રી. નાની શેરડી; ગલી.

કુરદિ પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.

જ ના લઘુ કુરદિ. રણપિંગળ

કુરનસ [ફા.] સ્ત્રી. અદબસર સલામ કરવી તે; દંડવત્ પ્રણામ.

કુરનિસ જુઓ કુરનસ.

કુરબ ૧. પું. અધિકાર; દોર; સત્તા.

૨. સ્ત્રી. નજીક; પાસે.

કુરબક [સં.] ન. એક જાતનું ફૂલઝાડ; ગંપોટ કટસરૈયા.

કુરબત ૧. સ્ત્રી. નજીક હોવું તે; પાસે હોવાપણું.

૨. સ્ત્રી. સગપણ; સંબંધ.

કુરબાન ૧. પું. બલિદાન; સમર્પણ; ભોગ.

૨. પું. બાજનું બચ્ચું.

૩. વિ. અર્પણ કરેલું; અધીન.

કુરંગ

૪. વિ. એકધ્યાનનું; તલ્લીન.

૫. વિ. હિંસા; ખુશખુશાલ; મુગ્ધ; પ્રેમમોલું.

કુરબાનગાહ સ્ત્રી. બલિદાન આપવાની જગ્યા.

કુરબાની (કરબાની) ૧. સ્ત્રી. આત્મયજ્ઞ; આત્મભોગનું બલિદાન.

૨. સ્ત્રી. ખુશાખુશ થઈને અપાતી મોટામાં મોટી બક્ષિસ.

૩. સ્ત્રી. મુસલમાનોને હજ કરવાને માટે અપાતી રકમ.

૪. વિ. બલિદાન અપાયેલું.

કુરબી સ્ત્રી. કુહાડી; માટીનું નાનું કુરડાં જેવું એક વાસણ; નાની ભંભલી.

કુરબુક ન. એ નામનું ઝાડ; કુરબક.

કુરભી ન. એક જાતનું વનપશુ.

કુરમ [સં. કૂર્મ] પું. કાચબો.

કુરમરા પું. ન. બ. મરમરા; ચોખામાંથી બનાવેલી ખાવાની એક વસ્તુ.

કુરમલ્હો (કુરમલ્હો) પું. કુલેરા; ઢાંકણો તેલમાં કરેલ મસિયો.

કુરમાનંદ ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. આહીરની એ નામની અટકનું.

કુરમી ૧. [હિં.] સ્ત્રી. પૂર્વ અને મધ્ય હિંદુસ્તાનમાં વસતી ખેડૂત જેવી એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કુરમુરા જુઓ કુરમરા.

કુરયશી ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુરયાલ ૧. [હિં.] સ્ત્રી. આરામ; શાંતિ.

૨. સ્ત્રી. પોતાની ચાંચ વડે પાંખ સમારી પક્ષીનું આરામથી બેસવું તે.

કુરર ૧. પું. કુંજ પક્ષી; ક્રૌંચ; સારસ.

૨. પું. યોપન વાસુદેવતાઓનો એક.

૩. પું. ટિટોડો.

કુરરિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, રગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

કુરરિકા ન સ ગા બે. અર્ધપિંગળ

કુરરી ૧. સ્ત્રી. (પિંગળ) આર્યા છંદની જાતનો એક છંદ.

૨. સ્ત્રી. કુંજડી.

૩. [સં.] સ્ત્રી. ટિટોડી; ટિટિભ.

અરર આગળ મથા કુરરી, સાગર આગળ કૂપ,
મેરુ આગળ મણ કાગળ, કર્યાં તેવને ક્યાં તૂપ.
અખેગીતા

૪. સ્ત્રી. બકરી.

૫. સ્ત્રી. ભેંટી; પેટી.

કુરરીય પું. (પિંગળ) આર્યાની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૫૧ લઘુ અને ૪ ગુરુ મળી ૫૪ વર્ણ અને ૫૩ માત્રા હોય છે.

કુરરીરુતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધૃતિ; પ્રમદા. આ છંદ કર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, લઘુ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે. અંતમાં છઠ્ઠા અક્ષર પછી યતિ ને વિસામો આવે છે.

રચ કુરરીરુતા ન જ ભ જ લ ગ સ્યા.
અર્ધપિંગળ

કુરલ ૧. પું. (સંગીત) હનુમતી સંગીતમાં સ્વરસપ્તકમાંનો પ્રથમ સ્વર; સા.

૨. [સં.] પું. કેશની લટ.

૩. પું. ટિટોડો; એક જાતનું પક્ષી.

૪. સ્ત્રી. એક જાતનું નાનું ગામડી વાજું. તે ભરવાડ લોકો વાપરે છે.

કુરલંત પું. અવાજ અને ગરબડ.

કુરલી ૧. સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં પાનની ભાજી થાય છે. છોડવા નીચે રેસા નીકળી તેને ઊંડે કંદ આવે છે. તેનાં પાન પાણકોડા જેવાં પણ તેનાથી લાંબાં અને નાનાં થાય છે.

૨. સ્ત્રી. કરચલી.

૩. [સં.] સ્ત્રી. ટિટોડી.

કુરવ ૧. [સં.] પું. એક જાતનું ફૂલઝાડ; સીતમદાર.

૨. પું. કબૂતર.

૩. વિ. દુષ્ટ અવાજવાળું; બરાબ અવાજનું.

કુરવક પું. રાતો કાંટાસળિયો. તેને ફૂલ ન આવતાં હોય તો માનતા પ્રમાણે તેને બીજે આલિંગન દીધાથી એ ફૂલે છે.

કુરવર ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. રાતા કાંટાસળિયાનું ફૂલ.

૩. [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; મેંદી.

કુરવાણ વિ. (જૂ. ગુ.) કુરબાન; બલિદાન તરીકે આપેલું.

કુરવાર ૧. સ્ત્રી. દક્ષિણમાં વસતી એક અંત્યજ કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કુરવિંદ ન. એક જાતનું રત્ન; કુરુવિંદ.

કુરશાત (કુરશત) [અ.] પું. અબજદપદ્ધતિના આઠ મહિનો છઠ્ઠો શબ્દસમૂહ. જુઓ અબજદપદ્ધતિ. તેના દરેક અક્ષરની કીમત નીચે પ્રમાણે છે:

કોફ	રે	શીન	તે
૧૦૦	૨૦૦	૩૦૦	૪૦૦

કુરસ ૧. પું. કુટેવ.

૨. [હિં.] પું. બરાબ ગંધ.

૩. [સં.] પું. બરાબ રસ.

૪. પું. દારૂ; શરાબ.

૫. વિ. બરાબ રસવાળું.

કુરસત [હિં.] સ્ત્રી. એક જાતની લાંબી ખાંડ.

કુરસાર પું. એક જાતનો જંગલી છોડ. તે પશ્ચિમઘાટમાં ટેકરા ઉપર સામાન્ય રીતે જોવામાં આવે છે. તેને પુષ્કળ પીળાં સુગંધી ફૂલ આવે છે.

કુરસી ૧. [અ.] સ્ત્રી. આરામખુરસી.

૨. સ્ત્રી. ખુદાનું તખ્ત; સ્વર્ગ.

૩. સ્ત્રી. ગાદી; તખ્ત.

૪. સ્ત્રી. ચાંભલાનો પામો.

૫. સ્ત્રી. નદીમાં ચાલી શકે તેવી નાવડી.

૬. સ્ત્રી. મકાનની ઊંચી બેઠક.

૭. સ્ત્રી. લખનૌ પાસેનું એ નામનું ગામ.

૮. સ્ત્રી. વંશાવળી; પેઢીનામું.

કુરસીનશીન ૧. પું. દરબારમાં જગ્યા મળવા માટે હકદાર માણસ.

૨. વિ. ખાતરી કરેલું.

૩. વિ. સ્થિર થયેલ; જગાએ ક્રમમી થયેલ.

કુરસીનામા [અ.] ન. કુટુંબની વંશાવળી.

કુરસીનામું ન. કુટુંબની વંશાવળી; વંશાવલિ; પેઢીનામું.

કુરહ ન. ગૂમડું.

કુરહન [અ.] અ. મુશ્કેલીથી.

કુરંક વિ. અતિશય દરિદ્ર; બહું ગરીબ.

કુરંકર [સં.] પું. સારસ પક્ષી.

કુરંકુર જુઓ કુરંકર.

કુરંગ ૧. [સં.] પું. એ નામનું એક તીર્થ.

૨. પું. એક જાતનું લોઢું; તારલોહ.

૩. પું. એક રંગનો ઘોડો.

૪. પું. બરાબ રંગ.

૫. પું. બરાબ લક્ષણ.

૬. પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ચોપ. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ ચૌદ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૭. પું. બદામી રંગનું હરણ.
૮. પું. (પુરાણ) મેરુની પાસે આવેલ પર્વત માહેનો એ નામનો એક.
૯. વિ. (જૂ. પ્ર.) રંગ વગરનું; નિસ્તેજ; ફિક્કું.

કુરંગક ૧. [સં.] પું. બકલકડો.
૨. પું. હરણ; મૃગ.

કુરંગડું (કુરંગડુ) ન. હરણું.

કુરંગણી ૧. સ્ત્રી. એલચી; હોરંગી.
૨. સ્ત્રી. હરણી; મૃગી.

કુરંગનયના ૧. [સં.] સ્ત્રી. મૃગના જેવી સુંદર આંખોવાળી સ્ત્રી; હરિણાક્ષી; મૃગનયના.
૨. સ્ત્રી. હરણી; કુરંગણી.

કુરંગનાભિ [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કુરંગમ [સં.] પું. એક જાતનો મૃગ.

કુરંગરાજ [સં.] પું. હરણ.

કુરંગલાંછન [સં.] પું. ચંદ્રમા.

કુરંગસાર [સં.] પું. કસ્તૂરી.

કુરંગા [સં.] સ્ત્રી. હરણી.

કુરંગાક્ષતારક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, સગણ, સગણ એમ ૧૨ અક્ષર હોય છે.
કુરંગાક્ષતારક ભ ભ સા સ ભરો. રત્નપિંગળ

કુરંગી ૧. પું. વાનર.
૨. સ્ત્રી. એલચી; હોરંગી.
૩. સ્ત્રી. ઘોડાની એક ઊતરતી જાત.
૪. [સં.] સ્ત્રી. હરણી; મૃગી.

કુરંગીશ [સં.] પું. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માહેનો એ નામનો એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

કુરંજ પું. ધાતુને સાફ કરી ઓપ દેવાનો એક મણી કાઢવા ધાતુનો ભૂકો.

કુરંજકાગળ પું. કોર્ક જેવા ધાતુ કે મણિને સાફ કરવા એક કઠણ ધાતુનો ભૂકો લગાડેલો કાગળ. અબરક લગાડ્યું; રેતીનો કાગળ.

કુરંડ ૧. પું. પીળી કીંકોડી નામની વનસ્પતિ.
૨. ન. એક જાતનું પક્ષી; ધોચરા.

કુરંટક [સં.] પું. એ નામની એક વનસ્પતિ; પીળાં ફૂલવાળો કાંટાસળિયો.

કુરંટિકા [સં.] પું. કાંટાસળિયો.

કુરંઠ ૧. [સં.] પું. અબરોટનું ઝાડ.
૨. પું. અંડગ્રંથિનો રોગ; વધરાવળ.
૩. [સં. કુરુવિંદ] પું. એક ખનિજ પદાર્થ. સાકરની નાની કટકી જેવા રૂપમાં તે મળે છે. કઠણતામાં તે હીરાથી કાંઈક કમ હોય છે. રંગ અનુસાર તેને માણેક, નીલમ, પોખરાજ, ગોમેદ વગેરે કહે છે.
૪. [હિં.] પું. પથરી.

કુરંડક ન. એ નામનું એક ઝાડ.

કુરંડિકા પું. ઝાંઝિયો.

કુરંડ ૧. ન. એક જાતનો કીમતી પથ્થર.
૨. ન. તામ્ર રંગનો પથ્થર.

કુરંબી ૧. સ્ત્રી. કોકોનાડા તરફની ભાર ખેંચનારી લોકોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરંભક પું. રાતો કાંટાસળિયો.

કુરા ૧. પું. ઉદ્ગમ.
૨. [અ.] પું. ગોળો.
૧. કુરાયે અર્ઝ = જમીનનો ગોળો; ભૂગોળ.
૨. કુરાયે અર્ઝ ઝમીન = જમીનનો પ્રદેશ; ભૂગોળ.
૩. કુરાયે આતશ = અગ્નિનો પ્રદેશ.
૪. કુરાયે આબ = પાણીનો પ્રદેશ.
૫. કુરાયે આઝ = પૃથ્વીનો ગોળો.
૬. કુરાયે નાર = અગ્નિપ્રદેશ.
૭. કુરાયે ફલકી = આકાશગોળો.
૮. કુરાયે બાદ = પવનનો પ્રદેશ.
૩. પું. ખૂના જખમમાં પડી જતી ગાંઠ.
૪. પું. નસીબ.
કુરા અંદાઝ = (૧) નસીબ બતાવનાર. (૨) પાસો ફેંકનાર.
૫. પું. પાસાની રમત.
૬. [અ. કરઅ (તેણે લગાવ્યું)] પું. પાસો.
૭. પું. પાસો ફેંકવો તે.
૮. ન. એ નામનું ઝાડ. તેને મેથી જૂન સુધીમાં સુંદર સફેદ ફૂલ આવે છે. ખૂનમાં બી પડે છે. ફૂલ સુગંધવાળાં હોય છે. આ ઝાડ સુંદર અને સુવાસિત હોવાથી બાગમાં વવાય છે. ગરમ પ્રદેશમાં સૂકી હવામાં તે થાય છે.
૯. ન. એક જાતનું ફૂલ; શિરીષ.

કુરાઈ [અ.] વિ. ગોળ.

કુરાગી ૧. સ્ત્રી. (સંગીત) ગાયન ગાતાં થતો એક દોષ.
૨. વિ. ખરાબ રાગવાળું.

કુરાછલ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે હિંદનાં જંગલોમાં થાય છે.

કુરાજ ૧. પું. (કચ્છી) ઝાડનો શીશો.
૨. ન. ખરાબ રાજ્ય.

કુરાજનીતિ સ્ત્રી. રાજાને નુકસાન પહોંચાડે તેવી નીતિ.

કુરાજી વિ. કરાજી; નાખુશ.

કુરાજીપો પું. નારાજી; નાખુશ થવાપણું.

કુરાજ્ય [સં.] ન. અંધાધૂંધીવાળું રાજ્ય; ખરાબ રાજ્ય.

કુરાજા [અ.] સ્ત્રી. સોના કે રૂપાની નાની કણી.

કુરાડો (કુરાડ઼ો) પું. કુહાડી.

કુરાણી ૧. સ્ત્રી. ચાલિસાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુરાતાની વિ. હલકાં કામ કરવાવાળું.

કુરાન (કુરાન) [અ.] ન. મુસલમાનોનો પવિત્ર ગ્રંથ. જુઓ કુરાને શરીફ.
૧. કુરાન ઉઠાવવું = માથા ઉપર રાખવું.
૨. કુરાન કસમ ખાવા = કુરાન ઉપર હાથ રાખવો; કુરાનના સોગંદ લેવા.
૩. કુરાન હેઠું કરવું = કુરાન હાથમાંથી પડી જવું. જો કુરાન હાથમાંથી પડી જાય તો તેના વજન જેટલા અનાજની ખેરાત કરવી જોઈએ.
૪. કુરાનનો ફેર કરવો = એકબીજાને કુરાન સંભળાવવું.
૫. મુલ્લા કુરાની = (૧) નામનો અમલદાર. તે કુરાનના સોગન ખાય છે. (૨) મરી ગયેલા માણસને ફેર ૪૦ દિવસ સુધી કુરાન વાંચવાનો ધંધો કરનાર માણસ.

કુરાનખ્વાની (કુરાનખ઼ાની) [અ.] સ્ત્રી. કુરાનનું વાચન.

કુરાનધર્મ (કુરાનધર્મ) પું. ઇસ્લામ; મુસલમાની ધર્મ.

કુરાનિન (કુરાનિન) ૧. પું. મુસલમાન.
૨. વિ. કુરાનને માનનાર.

કુરાની (કુરાની) ૧. [અ.] પું. મુસલમાન.
૨. વિ. કુરાન ઉપર વિશ્વાસ રાખનાર.
૩. વિ. કુરાન જાણનાર; કુરાન ભણનાર.
૪. વિ. કુરાનનું; કુરાન સંબંધી.
૧. આયાતે કુરાની = કુરાનની કડીઓ.
૨. કુરાની મુલ્લાં = કુરાનની પ્રતિજ્ઞા લેવડાવનાર માણસ.

કુરાને શરીફ (કુરાને શરીફ) [અ.] ન. મુસલમાનોનો પવિત્ર ધર્મગ્રંથ; તેમાં ૧૧૪ પ્રકરણ છે જે દરેકને સૂરત કહે છે. તેમાં ૫૪૦

ચૌદમાં અને ૬૬૬ વાક્ય છે. તે મહિનાં ૧૦૦૦ વાક્યોમાં કિસ્સાઓ અને ઐતિહાસિક વર્ણનો છે, ૧૦૦૦માં દૃષ્ટાંતો છે, ૧૦૦૦માં કૃપાના વાયદા છે, ૧૦૦૦માં શિક્ષાની બીક છે, ૧૦૦૦માં વિધિઓ છે, ૧૦૦૦માં નિષેધ હુકમો છે, ૫૦૦માં હલાલ(માલ) ને હરામ (ગેરમાલ)નું વર્ણન છે, ૧૦૦માં પ્રાર્થના છે ને ૬૬માં રદ કરનારને ૩૦ દિવસ એટલે એક મહિનામાં પૂરું વાંચી રહેવા માટે તેના ૩૦ ભાગ કર્યા છે. તે દરેક ભાગને પારા સીપારા કે જુઝ્વ કહે છે. તે ૭ દિવસમાં પૂરું કરવાને ૭ ભાગ કર્યા છે; તે દરેક ભાગને મંઝિલ કહે છે. તે ખુદાએ મહમ્મદને કહેલા શબ્દનું બનેલું છે. મહમ્મદે તે મોઢે કર્યા હતા અને ઉમર બત્રીસમે તેને એકઠા કરી ચોપડીમાં લખ્યા હતા.

કુરાન (કુરઆન) ૧. [અ.] પું. ભોગો.

૨. વિ. ભોટ; માનનીય.

કુરાસુ સ્ત્રી. સિંધુ નદીને મળનારી કોરમ નામની નદીનું પ્રાચીન નામ.

કુરાય ૧. પું. અરાબ રાજા.

૨. પું. સીમાડાનો રાજા.

કુરારી સ્ત્રી. એક જાતની જવેમીના આકારની મીઠાઈ. તે સાબુચોખાની કે ચોખાના લોટની બનાવાય અને બીમાં તળીને અપાય.

કુરાલ ૧. [સં.] પું. પોળા રંગનો કાળા પગવાળો ધોડો.

૨. પું. હિમાલય ઉપર થતું એક જાતનું ઝાડ.

કુરાસ [હિં.] પું. એ નામનો ઔષ છોડ.

કુરાહ ૧. પું. કુમાર્ગ; અરાબ રસ્તો.

૨. [હિં.] પું. ભોળ વાડો.

૩. [સં.] પું. પોળા રંગનો કાળા પગવાળો ધોડો; કુરાલ.

૪. ન. અરાબ રસ્તે.

કુરાહી ૧. સ્ત્રી. કુરાચાર.

૨. [હિં.] વિ. કુમાર્ગી; અરાબ રસ્તે ચાલનાર; દુરાચારી.

કુરિચ્ ન. મોટું જંગલ.

કુરિન [અ.] ન. સ્વતંત્રતા.

કુરિયા ૧. પું. બ. વ. ઠોઠા.

૨. પું. બ. વ. ખાળી, ખાંડી અને ઘોતરાં કાઢી ચોખ્ખા કરેલા અનાજના પ્રભુ.

૩. પું. બ. વ. પોંક.

કુરિયાલ ૧. [હિં.] સ્ત્રી. અરામ; શાંતિ.

૨. સ્ત્રી. આરામથી બેસવું એક પ્રકારનું આસન.

કુરિયો ૧. પું. ઢળિયું; જમીન ખેડવા માટેનું હળમાં રાખેલું સાધન.

૨. પું. છકડા દાણો.

૩. પું. ચુવારના દાહાને -દાળના ચણીમાં રાંધીને થતો મરીન માણસોનો એક ખોરાક.

૪. પું. ખાન્ને ખાડું દણી, ખાડો, બીડું વગેરે નાખી બનાવાતો માંદાને ખાવાનો એક પદાર્થ.

કુરિવાજ પું. ખરાબ ચાલ; નઠારો રિવાજ.

કુરી ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ; કરેરું; ચારેરું. તે બેથી ત્રણ ફૂટ ઊંચું વધે છે. તેની દાંડી નરમ અને જમીન તરફ વળેલી હોય છે. દાંડીના સાંધામાંથી મૂળ નીકળે છે. દાંડીને ફૂલની પાતળી ચમરી આવે છે. તે ઢોરનો ચારો છે.

૨. સ્ત્રી. એક જાતનું ભંડીને બળતું બનાવાતું એક પ્રકારનું બાષ્પાન્ન.

૩. સ્ત્રી. મોટી કોડી.

૪. સ્ત્રી. વંશ; જાતિ.

કુરીજ સ્ત્રી. પક્ષીઓનાં પીછાં વગેરે ભરી પડવાપલું.

કુરીઝ જુઓ કુરીજ.

કુરીત ૧. સ્ત્રી. અસભ્યતા; ગેરવર્તણૂક; અરાબ ચાલચલગત; કુચાલ.

૨. સ્ત્રી. ગેરઉપયોગ.

૩. વિ. ગેરકાયદેસરનું; રિવાજથી ઊલટું.

૪. વિ. સભ્યતાથી વિરુદ્ધ.

કુરીતિ [સં.] સ્ત્રી. કુચાલ; ખોટી રીત.

કુરીર ૧. ન. એક જાતનો સ્ત્રીઓના માથાનો શણગાર.

૨. [સં.] ન. માથાનો અમુક અવયવ.

૩. ન. મૈથુન; સુરત.

કુરુ ૧. પું. આમિક રાજાનો પૂર્વચિતિ નામની અપ્સરાથી થયેલો એ નામનો દીકરો.

૨. પું. એક જાતના પ્રાચીન લોક; વૈદિક આર્યોનું એક કુળ.

૩. [સં.] પું. એક પ્રાચીન દેશ; અર્વાચીન દિલ્હીની આજુબાજુ આવેલો એક દેશ; સરસ્વતી અને દૃષદ્વતી નદી વચ્ચેનો પ્રદેશ. સ્વયંભુવ મનુના સમયમાં તે બ્રહ્મવર્ત કહેવાતો હતો. તે આશરે ૭૦ માઈલ લાંબો અને ૩૦ માઈલ પહોળો હતો અને દિલ્હીની ઉત્તરે આશરે ૧૦૦ માઈલ દૂર આવેલો હતો. તેના બે ભાગ હતા: ઉત્તરકુરુ અને દક્ષિણકુરુ. દક્ષિણકુરુ હિમાલયની દક્ષિણે હતો, જેમાં પંચાલાદિ દેશ હતા. ઉત્તરકુરુ હિમાલયની ઉત્તરમાં હતો, જેમાં તિબેટ વગેરે હતા. તેને લોકો સ્વર્ગ પણ કહેતા હતા.

૪. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે કુંડલિયાનો ભેદ છે.

૫. પું. કર્તા; કામ કરનાર માણસ.

૬. પું. કુરુદેશનો રાજા.

૭. પું. કુરુના વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

૮. પું. નિઝામના રાજ્ય પાસે આવેલ એક પ્રદેશ. તેની રાજધાની કુમાણુ છે.

૯. પું. ભાત; રાંધેલા ચોખા.

૧૦. પું. -કોંયરીંગણી નામની વનસ્પતિ.

૧૧. પું. યજ્ઞ કરનાર પુરુષ.

૧૨. પું. વિશ્વેદેવનો એક વર્ગ.

૧૩. પું. સોમવંશી એક રાજા. તેના વંશમાં પાંડુ અને ધૃતરાષ્ટ્ર થયા હતા.

કુરુકલુના પું. એક જાતનો સુંદર.

કુરુકુંદ ન. એક જાતનું ઘાસ.

કુરુક્ષેત્ર ૧. ન. બ્રહ્મા કેમ્પસનું સ્થળ.

૨. [સં.] ન. (પુરાણ) પાંડવ કૌરવના યુદ્ધનું ઐતિહાસિક પ્રાચીન સ્થળ: થાણેશ્વર. પહેલાં આ જિલ્લામાં સોનપત, અમીન, કરનલ અને પાણીપતનો સમાવેશ થતો. ઉત્તરે સરસ્વતી અને દક્ષિણે દૃષદ્વતીની વચ્ચે એ પ્રદેશ . મનાતો હતો. પાંડવ અને કૌરવોનું યુદ્ધ આ થાણેશ્વરમાં જ નહિ પણ એની આસપાસના પ્રદેશમાં પણ થયું હતું. થાણેશ્વરમાં કૈપાયન કૂવો આવેલ છે. બ્યાસસ્થલી જેને હાલ વાસસ્થલી કહે છે તે થાણેશ્વરથી નૈર્ઋત્યમાં સત્તર માઈલ દૂર આવેલું છે. થાણેશ્વરની દક્ષિણે પાંચ માઈલ ઉપર આવેલા અમીન નામના સ્થળમાં અર્જુનપુત્ર અભિમન્યુ મરાયો હતો. આ જ સ્થળે અર્જુને અશ્વત્થામાને હરાવી એના માથાની ખોપરી આપી કાઢી હતી. અમીન નામ અભિમન્યુ ક્ષેત્ર ઉપરથી પડ્યું હોય એમ કહેવાય છે. આ સ્થળે જ અદિતિએ સૂર્યને પ્રસવ્યો હતો. થાણેશ્વરથી પશ્ચિમે આઠ માઈલ ઉપર આવેલ જોર નામના સ્થળમાં ભૂરિશ્રવા મરાયો હતો. ગાંડીવ નામની જગ્યાએ શ્રીકૃષ્ણે ભીષ્મને હણવા પોતાનું ચક્ર હાથમાં ઉપાડ્યું હતું. થાણેશ્વરથી નૈર્ઋત્યમાં અગિયાર માઈલે આવેલા નાગંડુ નામના સ્થળમાં ભીષ્મ મૃત્યુ પામ્યા હતા અને અમૃત્સર ગાદની દક્ષિણે થાણેશ્વરની પશ્ચિમે આવેલા અસ્થિપુરમાં મહાભારતમાં મરાયેલા યોદ્ધાઓનાં હાડ એકઠાં કરી તેમને અગ્નિસંસ્કાર કરાવાયો હતો. સોનપત અને પાણીપત એ સોનપ્રસ્થ અને પાણીપ્રસ્થ ઉપરથી વિકૃત થયેલાં નામ છે. કુરુક્ષેત્રને રણભૂતીર્થ અને સમંતપંચક પણ કહેતા. થાણેશ્વરની ઉત્તરે બાર માઈલ ઉપર મહાદેવ

સ્થાણુનું દેવળ આવેલું છે. ન્યાય અન્યાય, ધર્મ અધર્મ, કે સત્ય અસત્યનો છેવટનો નિર્ણય આપનાર ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અહીં ધર્મનું રહસ્ય સમજાવ્યું હતું. પૂર્વે કુરુ નામના રાજાએ ઉગ્ર તપશ્ચર્યા અહીં કરી હતી તેથી તેનું નામ કુરુક્ષેત્ર પડ્યું મનાય છે. તે હસ્તિનાપુરની આસપાસનું મેદાન છે. દિલ્હી શહેર આ મેદાન ઉપર જ છે. કૌરવ પાંડવોના પૂર્વજ કુરુ નામના રાજા આ મેદાનમાં હળથી કણસી ખેતી કરતા હતા, તેથી તેને ક્ષેત્ર એટલે ખેતર એમ કહે છે. પછી આ ક્ષેત્રમાં જે તપ કરશે કે યુદ્ધમાં મરાશે તેને સ્વર્ગ મળશે એવો ઇંદ્રે કુરુને વર આપ્યો. તે ઉપરથી તેણે તે ક્ષેત્રને ખેડવાનું છોડી દીધું એવી મહાભારતમાં કથા છે. ઇંદ્રના આ વરદાનને લીધે જ આ ક્ષેત્રને પુણ્યક્ષેત્ર અથવા ધર્મક્ષેત્ર કહેવા લાગ્યા. મહાભારતના યુદ્ધના આરંભકાળે શ્રીકૃષ્ણે સ્થાપેલ જ્યોતીશ્વરની જગ્યા તેની નજીક છે. ઋગ્વેદમાં લખ્યું છે કે પ્રાચીનકાળમાં ઋષિઓ આ સ્થાન ઉપર યજ્ઞાદિ ક્રિયા કરતા હતા. હાલ ત્યાં એક બહુ પ્રાચીન અને પવિત્ર સરોવરનાં ચિહ્નો છે, જેનું નામ ઋગ્વેદમાં સર્ખનાવત લખ્યું છે. તેની અંદર ઘણાં મોટાં અને પવિત્ર તીર્થ હતાં જેનાં ચિહ્નો હજુ સુધી મળે છે. એવું પ્રસિદ્ધ છે કે ત્યાંના બ્રહ્મસર નામના સરોવરમાં પરશુરામે સ્નાન કરી પોતાને ક્ષત્રિયહત્યાના પાપમાંથી મુક્ત કર્યા હતા અને મહારાજ પુરુરવાએ આને કિનારે ઉર્વશી કરી મેળવી હતી. ચંદ્રવંશી રાજા કુરુ આ સરોવરોમાંના કોઈ એકના કિનારા ઉપર તપ કરીને મુક્ત થયા હતા. પછી ત્યાં સ્થાણુ નામના મહાદેવની એક મૂર્તિ સ્થાપિત થઈ અને સ્થાણ્વીશ્વર અથવા થાનેસર નામનું નગર વસ્યું. ત્યાં પુષ્યભૂતિએ વર્દ્ધન નામના રાજવંશની પ્રતિષ્ઠા કરી, જેમાં પ્રસિદ્ધ મહારાજ હર્ષવર્દ્ધન થયા. મહાપર્વ વગેરે અવસરોએ આજે પણ ત્યાં ઘણા મોટા મેળા ભરાય છે. અહીં સતીના જમણા પગની ઘૂંટી પડી હોવાથી પીઠસ્થાન પણ છે.

કુરુક્ષેત્રીયોગ પું. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

કુરુજ વિ. જી. બિહાર અને ઓરિસ્સા તરફની એક ભાષા.

૨. વિ. નારાજ; કુપિત.

કુરુખંડ [સં.] પું. ભારતવર્ષના નવ ખંડોનો જે નામનો એક ખંડ.

કુરુખેત જુઓ કુરુક્ષેત્ર.

કુરુચરી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, લઘુ અને ગુરુ હોય છે.

ર ગ જ લ ગે કુરુચરી. રત્નમિંજા

કુરુજંગલ [સં.] પું. પંચાલ દેશની પશ્ચિમે આવેલો એક પ્રાચીન દેશ; હસ્તિનાપુરની વાયવ્યમાં સિરહિંદમાં આવેલો વગડાઉ પ્રદેશ. બુદ્ધના સમયમાં એને શીકર્ણ કે શીકંડદેશ કહેતા અને એની રાજધાની વિલાસપુર હતી. એ કુરુક્ષેત્રમાં ગણાતો. છઠ્ઠી સદીમાં એની રાજધાની થાણેશ્વરમાં હતી. મહાભારતમાં આખા કુરુક્ષેત્રને કુરુજંગલ કહ્યો છે. કુરુઓની રાજધાની હસ્તિનાપુર તે કુરુજંગલમાં આવી હતી.

કુરુજ [સં.] પું. એક જાતની શાકભાજી.

કુરુટી [સં.] પું. ચોરો.

કુરુતીર્થ [સં.] ન. ત્રણ નામનું એક તીર્થ. જુઓ કુરુક્ષેત્ર.

કુરુદેશ [સં.] પું. ભરતખંડનો એ નામનો એક દેશ. જુઓ કુરુ ૩.

કુરુનદિકા [સં.] સ્ત્રી. નાની નદી.

કુરુનંદન [સં.] પું. અર્જુન.

કુરુપંચાલ ૧. [સં.] પું. (પુરાણ) કુરુદેશની પૂર્વ દિશાને અડતો પાંચાલ દેશ.

૨. ન. એક પ્રાચીન અંદરવસી કુળ.

કુરુપ્રવીર [સં.] પું. અર્જુન.

કુરુબિલ્વ [સં.] ન. પરશુરામભૂમિ; માણેક

કુરુમ્બી સ્ત્રી. કરેણ.

કુરુરાજ ૧. [સં.] પું. કુરુદેશનો રાજા.

૨. પું. દુર્યોધન.

કુરુરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું મધુર સ્વરવાળું પક્ષી.

૨. સ્ત્રી. ટિટોડી; કુરરી. તેનો સ્વર બહુ તીણો હોય છે.

કુરુલ ૧. પું. (સંગીત) પંદર માત્રાનો એ નામનો એક સમક.

૨. [સં.] સ્ત્રી. માથા ઉપર વિખરાયેલી વાળની લટ.

૩. [ગુ.] ન. ખરવાળું.

કુરુલા [સં.] સ્ત્રી. (સંગીત) એક પ્રકારનો સમક.

કુરુવર્ણક પું. (પુરાણ) ભારતવર્ષનો એક દેશ.

કુરુવર્ષ જુઓ કુરુ ૩.

કુરુવિલ જુઓ કુરુબિલ્વ.

કુરુવિંદી પું. સોનું તોળવાનું એક વજન. તે ૩૦૦ ટ્રોય ગ્રેન હોય છે.

કુરુવિંદ ૧. [સં.] પું. અકીક; માણેક.

૨ પું. ઇંગુર; સિંમરફ.

૩. પું. એક જાતની ઝાંગર.

૪. પું. એક જાતનું ઘાસ; નાગરમોથ.

૫. પું. કાચલવણ.

૬. પું. કુષ્ઠવિશેષ નામનો એક જાતનો ચર્મરોગ.

૭. પું. કેળનો થાંભલો

૮. પું. દર્પણ; અરીસો

૯. પું. માણેક; પદ્મરાગમણિ.

૧૦. પું. હિંગળોક.

કુરુવીર [સં.] પું. દુર્યોધન.

કુરુવૃદ્ધ [સં.] પું. ભીષ્મ પિતામહ. કેમકે તે કૌરવમાં સૌથી વૃદ્ધ હતા.

કુરુશ્રવસ્ [સં.] વિ. ઋત્વિજોની સ્તુતિ સાંભળનાર.

કુરુશ્રેષ્ઠ ૧. [સં.] પું. અર્જુન.

૨. વિ. કુરુકુળમાં ઉત્તમ.

કુરુસત્તમ [સં.] પું. અર્જુન.

કુરુસુતિહાત્રેય ૧. પું. ઋગ્વેદના આઠમા મંડલના ૭૬થી ૭૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કુરુસેલેહ [હિં.] પું. એક જાતનો વિલાયતી બોર. તેનાં પાંદડાંની ચટણી કરવામાં આવે છે. તેની બે જાત છે: પહોળાં અને ઊભાં પાંદડાંવાળો છોડ અને ચૂરણાંવાળાં પાંદડાંવાળો છોડ.

કુરુંબ ૧. [સં.] ન. એક જાતની નારંગી.

૨. ન. એક જાતનું બિલ્લેરૂ.

૩. વિ. નારંગી રંગનું.

કુરુંબક જુઓ કુરુંબ.

કુરુંબા [સં.] સ્ત્રી. દ્રોણપુષ્પી નામની વનસ્પતિ.

કુરુંદ્રાયન ન. એ નામની એક ઔષધિ. ગુજરાત અને દક્ષિણની રેતાળ જમીનમાં તે પુષ્કળ થાય છે.

કુરૂઢિ સ્ત્રી. નઠારો રિવાજ; દુષ્ટ ચાલ.

કુરૂઢિ સ્ત્રી. ઝાંગર.

કુરૂતા ૧. સ્ત્રી. કઠોરતા.

૨. સ્ત્રી. ખાર; દ્વેષ.

કુરૂપ [સં.] વિ. કદરૂપું; બેડોળ; બદસૂરત; બદશિકલ; વરવું.

કુરૂપણું જુઓ કુરૂપતા.

કુરૂપતા [સં.] સ્ત્રી. અસુંદરતા; બદસૂરતી; કદરૂપતા.

કુરૂપત્વ જુઓ કુરૂપતા.

કુરૂપા વિ. જુ. કદરૂપી; રૂપ વગરની; બેડોળ.

કુરૂપી ૧. સ્ત્રી. એ નામની એક ચાલતી 'ગ્રિસ્ટલિ ફ્રિલ'.
૨. વિ. સ્ત્રી. કદરૂપી; રૂપવગરની; કુરૂપ.

કુરૂપ્ય ૧. [સં.] ન. કથીર; જસત.
૨. વિ. પૃથ્વીના અરાજ્ય સ્થાનથી આવેલ.

કુરૂબ ૧. સ્ત્રી. એ નામના હોકની એક જાત. તે બેલગામ, ધારવાડ ને બીજાપુર તરફ રહે છે. તેઓ ઢોર ચારવાનું અને ઊન વણવાનું કામ કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૂબક ૧. [સં.] ન. એ નામના ઝાડનું ફૂલ.
૨. ન. એક જાતનું ઝાડ; રાતો કાંટાસળિયો. સુંદર સ્ત્રીના આલિંગનથી એને ફૂલ આવવાનું કહેવાય છે.

કુરૂબકા ન. એક જાતનું ફૂલઝાડ.

કુરૂમ ન. વહાણ લાંગરવાનો દોર; વહાણ લાંગરવાની નાની સાંકળ; લંગર.

કુરૂર પું. એ નામનો એક પર્વત.

કુરૂવક જુઓ કુરૂબક.

કુરૂવિકરણ ૧. સ્ત્રી. મદ્રાસ ઇલાકામાં રહેતા વાઘરીની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૂષ ૧. પું. ક્રોધ; ગુસ્સો.
૨. પું. તાડકા નામની રાક્ષસીએ ઉજ્જડ કરેલ એ નામનો પ્રદેશ.

કુરૂંદ વિ. પથ્થરની એક જાતનું.

કુરૂંબન ૧. સ્ત્રી. કુર્ગ, મદ્રાસ, મૈસુર અને હૈદરાબાદમાં વસતી એક રાનીપરજ કોમ.
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

કુરૂંબા ૧. સ્ત્રી. નીલગિરિ પહાડ ઉપર વસતી એ નામની એક જાત. એ લોકની ભાષામાં કુરૂંબાનો અર્થ ભેડુત થાય છે. આ લોકો રંગે કાળા અને કદે ઠિંગણા હોય છે અને અર્ધ નગ્નાવસ્થામાં ફરે છે. આ જાતમાં ચાર પેટા જાત છેઃ (૧) મુધુ (૨) નામા અને (૩) પનીસ. એક તડવાળા બીજા તડમાં પરણતા નથી. કેટલાક પહાડ ઉપર રહે છે અને કેટલાક બીજોમાં રહે છે. બીજો અતિ શરમાળ હોવાથી પરપુરુષ સાથે આડયે જ વાત કરે છે. એ લોકોનાં ઘરને બારણાં હોતાં નથી. આ લોકો કાંમીતૂટી કનડી અને તામિલ જેવી ભાષા બોલે છે. જંત્રમંત્રની વિદ્યામાં આ લોકો બહુ કુશળ મનાય છે. રીતભાતમાં બહુ ગંદા હોય છે અને એમ મનાય છે કે આ કુટુંબમાં રાતવાસો રહેનાર મુખ્યત્વે માંદો પડી મરણ પામે છે. આ જાત સામાન્ય રીતે શિવ અને વિષ્ણુને માને છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરેઆ (કુરેયા) સ્ત્રી. ઝાકળ.

કુરેચ પું. પશ્ચિમઘાટમાં ઊગતો એક છોડ.

કુરેલ્લા [હિં.] સ્ત્રી. એક જાતની ઘાસ. તે વરસમાં બે વખત વિયાય છે.

કુરેશી ૧. સ્ત્રી. કુરબંશી રજપૂતની અને સંધીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુરૈશ ૧. સ્ત્રી. અરબસ્તાનના અરબ લોકની એક જાત. મહમ્મદ પૈગંબર આ જાતના કહેવાય છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૈશી જુઓ કુરેશી.

કુરો ન. (કચ્છી) શું.

કુર્ક ૧. [હિં.] પું. કોઈ વસ્તુ પરદેશી વહાણને બંદરમાં આવવાની અગર બંદર છોડવાની કરવામાં આવતી મના.
૨. પું. જપ્ત કરવું તે.
૩. પું. રાજની કે મોટા માણસની ઓલ્યો પસાર થતી વખતે આમના માણસોએ ઘરમાં રહેવાનો હુકમ.
૪. પું. વાઘો.
૫. વિ. જપ્ત થયેલું.

કુર્કઅમીન [હિં.] પું. જપ્તી કરનાર અમલદાર; બેલિફ.

કુર્કનામા [હિં.] પું. જપ્તવસૂલીનો કાગળ.

કુર્કસઝાવલ જુઓ કર્કઅમીન.

કુર્કકાર સ્ત્રી. એ નામની શરીરની એક નાડી.

કુર્કી ૧. સ્ત્રી. એક ઔષધિ; કાકતુંડી.
૨. [હિં.] સ્ત્રી. જપ્તી; દેવદારના ઝાડ ઉપર કામદેસરનો કબજો.

કુર્કુર [સં.] પું. કૂકડો.

કુર્કુરફળ [સં. કુર્કુટફલ] ન. કૂકડવેલનું ફળ.

કુર્કુરલક્ષણ [સં.] ન. કૂકડાનાં લક્ષણ જોવાની કળા.

કુર્કુરપૃષ્ઠ [સં.] પું. મોટો કૂકડો.

કુર્કુરી [સં.] સ્ત્રી. કૂકડી.

કુર્કુર [સં.] પું. કૂતરો; શ્વાન.

કુર્કુરિયા [હિં.] વિ. બરડ.

કુર્કુરી ૧. [સં.] સ્ત્રી. કૂતરી.
૨. [હિં.] સ્ત્રી. પેટમાં ચૂંક આવવી તે.
કુર્કુરી ઊકરી = (૧) પેટમાં ચૂંક આવવી. (૨) માઠું લાગવું.
૩. વિ. સ્ત્રી. બરડ.

કુર્ગ પું. હિંદની દક્ષિણે આવેલ એ નામનો એક પ્રાંત.

કુર્ચ (કુર્ચ) ન. એક જાતની ઔષધિ. તેનાં બીજોમાંથી તેલ કાઢી દવા તરીકે ઉપયોગમાં લેવાય છે. એનાં ફૂલમાંથી લાલ રંગ નીકળે છે, જેથી વસ્ત્રો રંગાય છે.

કુર્ત ૧. પું. એરિંગ.
૨. પું. ચોલો ભાગ.
૩. પું. ઘરનું કાપવું તે.

કુર્તન ન. નાગરવેલનાં પાનનું એક માપ.
૪૦૦ પાને = ૧ કલ્લી
૪૦૦ કલ્લી = ૧ કુર્તન
૪ કુર્તન = ૧ ગ્વેજહે.

કુર્તની ૧. સ્ત્રી. અબીલ; બહેરખુ.
૨. સ્ત્રી. મગજરદાની.
૩. સ્ત્રી. આંતરી ચોળી.

કુર્તી જુઓ કુર્તની.

કુર્દ પું. કુર્દિસ્તાનનો વતની માણસ. ઈરાન ઉપર ખેબીલોનિઅની સાર્વભૌમ સત્તા હતી તે જમાનામાં આ લોકો તુર્કસ્તાનમાં આવીને વસ્યાનું ફિરદોસી જણાવે છે. ફિરદોસીએ આ લોકોની તવારીખમાં જણાવ્યું છે કે એક વખત ઈરાનમાં ઝોહાક નામનો એક પરદેશી રાજા રાજ્ય કરતો હતો. તેના ખભા ઉપર બે સર્પ હતા, જે તેને વારંવાર દુઃખ દેતા હતા. કેટલાકના જણાવવા પ્રમાણે તેને ખભા ઉપર કોઈ જાતનું દરદ હતું, જે સર્પને નામે જણાવવામાં આવતું હતું. આ દરદથી તેને બહુ દુઃખ થતું હતું. અહરિમાને વૈદના વેષમાં આવીને તેને સલાહ આપી કે દરરોજ બે માણસના મગજમાંથી બનાવેલો લેપ લગાડવામાં આવશે તો તે દરદ કે સર્પો તેને દુઃખ દેતા બંધ પડશે. આથી તેની રૈયતમાંથી દરરોજ બે માણસને મારવામાં આવતાં. આ પ્રમાણે લાંબો વખત સુધી ચાલ્યા પછી તે બાબત લોકોમાં ચર્ચા ચાલવા લાગી. તે વખતે શહેરમાં બે મહાપુરુષો હતા. તેમણે આ બાબત અટકાવવાનો પ્રયાસ કર્યો. તેમનાં નામ અરમાઈલ અને

કરમાઈલ હતાં. તેઓ રસોઈયાના વેષમાં રાજા આગળ આવ્યા અને નોકરીની માગણી કરી. રાજાએ તેમને રસોઈયા તરીકે નોકર રાખ્યા. દરરોજ તેમની પાસે બે માણસ હાર્ય જવામાં આવતાં. તેઓને મારીને તેઓનાં મગજમાંથી રાજાને ખોરે લગાડવાનો લેપ તેઓએ બનાવવાનો હતો. બેમાંથી એકને તેઓ મારતા અને બીજા માણસને બદલે દરરોજ છૂપી રીતે એક બેટાને તે મારતા અને માણસના મગજ સાથે બેટાનું મગજ મેળવી તેમાંથી લેપ બનાવતા અને રાજાને તે ખોરાકતા. આ પ્રમાણે દરરોજ બે માણસમાંથી એક માણસને તેઓ છોડાવતા અને તેને સંભાળથી ગુપ્ત રહેવાનું તેઓ કહેતા. આ પ્રમાણે ગુમારે ૨૦૦ માણસોને તેઓએ બચાવ્યાં ત્યારે આ દયાળુ સંતો કે જેઓ રસોઈયા તરીકે કામ કરતા હતા, તેઓએ તેમને બેટાં તથા ખજૂરાંનું એક ટોળું આપ્યું અને તેઓને કોઈ દૂર દેશાવર જતાં રહેવાનું કહ્યું. ફિરદોસીના જણાવ્યા પ્રમાણે ઝોહાકના ખુબમાંથી બચવા માટે ભાગી આવેલાં આ લોકોનાં વંશજો તે કુર્દ લોકો છે. કુર્દ લોકોના મૂળ વિષે બીજી પણ કેટલીક વાતો છે. મસૌદી તેમને અરબોની એક ભટકતી જાતના પરિવાર તરીકે જણાવે છે. બીજા એક હેવાલમાં કુર્દ લોકોને રાજા સોલોમનની દાસીનાં વંશજો તરીકે જણાવેલ છે. જ્યારે આ રાજાએ ગાદી ખોઈ ત્યારે તેની દાસીઓ બેવફા નીવડી. ફરીથી જ્યારે તે ગાદી ઉપર આવ્યો ત્યારે તેણે આ બેવફા દાસીઓને કાઢી મૂકી. આ કાઢી મૂકેલી દાસીઓનાં વંશજો તે કુર્દો મનાય છે. કાઢી મૂકવા માટે કરદ શબ્દ છે અને તે કરદ શબ્દમાંથી કુર્દ શબ્દ નીકળ્યો. ફિરદોસીના જણાવવા પ્રમાણે કુર્દ લોકો આર્ય છે. પ્રો. સુસન પણ તેમને આર્ય હોવાનું માને છે.

કુર્દુ ન. એક જાતની બહુ સુશોભિત રેતાળ જમીનમાં ઊગતી વનસ્પતિ; કરવલિ; કેવડો; શ્વેતમૂર્વા.

કુર્નિશ સ્ત્રી., નમીને કે ઝૂકીને કરેલી સલામ; કુરનિસ.

કુર્પર ૧. [સં.] પું. કોણીનો ભાગ.
૨. પું. ભાતું; ચોરાયું; ઘૂંટણ.

કુર્પાસ સ્ત્રી. સ્ત્રીઓની કાંચળી કે ચોળી.

કુર્પાસક જુઓ. કુર્પાસ.

કુર્ફા સ્ત્રી. લૂણીની ભાજી; એક જાતની વનસ્પતિ.

કુર્બત ૧. [અ.] સ્ત્રી. દુઃખ અફસોસ; શોક.
૨. (કુર્બત) સ્ત્રી. નજદીકપણું; નિકટતા.

કુર્બુજ ૧. વિ. બરાબ બુદ્ધિવાળું.
૨. વિ. સમજ વિનાનું; મૂર્ખ.

કુર્મી ૧. સ્ત્રી. કણબીની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુર્મુક સ્ત્રી. સોપારી.

કુર્રી [હિં.] સ્ત્રી. કોમળ લાકડું.

કુર્વા સ્ત્રી. ભિક્ષા.

કુર્વાણ [સં.] પું. નોકર; ચાકર.

કુર્શ [ફા.] ન. ઊંટનું બચ્ચું; નોતરું.

કુર્સ (કુર્સ) ૧. પું. અરબસ્તાનનો ચાંદીનો એક સિક્કો. તેની કીમત લગભગ દોઢ આનો થાય છે.
૨. પું. ચીન દેશનો સોના અથવા ચાંદીનો એક સિક્કો. તે ઘોડીના આકારનો હોય છે અને વજનમાં પચાસ અથવા સો તોલા અને તેથી ઓછે અથવા વધારે પણ હોય છે.
૩. ન. એક પ્રકારનું ઘાસ.

કુર્સકોણ પું. અકબરના વખતનો ટંકશાળનો એક અધિકારી. શુદ્ધ બનાવેલી ચાંદી તપાવી તેમાંથી સીસાની વાસ નીકળી જાય ત્યાંસુધી તેને ટીપવાનું તેનું કામ હતું.

કુર્સી ૧. સ્ત્રી. આકાશ સ્વર્ગ.
૨. [હિં.] સ્ત્રી. ખુરસી.
૩. સ્ત્રી. ગાદી; સિંહાસન.
૪. સ્ત્રી. સભાનીની આસપાસની ચોદ આકૃતિ જગ્યા.

કુર્સીનામા [ફા.] સ્ત્રી. આંબો; વંશવૃક્ષ.

કુર્સુકે ૧. [અ.] પું. અડિયામાં નાખેલું ૧.
૨. પું. રજસ્વલા સ્ત્રી વાપરે તે કપડું.
૩. પું. સંતતિનિયમન માટે વપરાતું એક સાધન.

કુર્હા [અ.] પું. ઝૂમખું.

કુલ ૧. પું. દક્ષપ્રજાપતિ રામની સભાનો એ નામનો વિદૂષક.
૨. પું. ભોતેર આકાશતત્ત્વદેવતા માંહેનો એક.
૩. ન. અકબરના વખતનું સોનાનું વજન કરવાનું એક કાટલું.
૪. ન. અસીલ; ગ્રાહક.
૫. [સં] ન. કુટુમ્બ; વંશ; ગોત્ર.
૬. ન. કુલીનતા; ખાનદાની.
૭. ન. જથ્થો; ટોળું; સમુદાય; સમૂહ.
૮. ન. જનપદ; દેશ.
૯. ન. તંત્રશાસ્ત્ર અનુસાર પ્રકૃતિ, ક્ષણ, આકાશ, જળ, તેજ, વાયુ વગેરે પદાર્થ.
૧૦. ન. બે મધ્યમ હાથથી બેસાય તેટલી જમીન.
૧૧. ન. મકાન; ભવન; ઘર.
૧૨. ન. હરકર.
૧૩. ન વામમાર્ગ.
૧૪. ન. શરીર.
૧૫. ન. સંગીતનો એક તાલ.
૧૬. ન. સંપૂર્ણતા; સમાપ્તિ.
૧૭. વિ. એકદર; બધું મળીને થાય તેટલું.
૧૮. વિ. તમામ.
૧૯. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

કુલઆર્ય [સં.] પું. નવ પ્રકારના એક પ્રકારનો આર્ય. નવ પ્રકાર: જાતિઆર્ય, કુલઆર્ય, ક્ષેત્રઆર્ય, કર્મઆર્ય, શિલ્પઆર્ય, ભાવઆર્ય, જ્ઞાનઆર્ય, દર્શનઆર્ય અને ચારિત્રઆર્ય.

કુલઉછાળ ૧. વિ. કજિયાખોર.
૨. વિ. કુટુંબને કલંક લગાડનાર.

કુલક ૧. [સં.] પું. એક જાતનો લીલો સર્પ.
૨. પું. કારીગર એટલે શિલ્પીના કુળમાં પ્રધાન પુરુષ.
૩. પું. કુળમાં ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠ માણસ; કુલદીપક.
૪. પું. ગદ્ય લખવાનો એક ઢંગ.
૫. પું. રાફડો.
૬. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળનો એ નામનો રાજા; ક્ષુપક.
૭. ન. (કાવ્ય) એક સાથે સંબંધવાળા પાંચ શ્લોકનો જથ્થો; પાંચ શ્લોકનું કાવ્ય.
૮. ન. પરવળ.
૯. ન. પીલુનું ખરાબ ઝાડ.
૧૦. ન. સમૂહ; એકઠું થયું તે; જથ્થો.

કુલકન્યા [સં.] સ્ત્રી. કુળવાન છોકરી.

કુલકર પું. (જૈન) ભુગલિયાનો રાજા. મનુષ્યોને તે ક્ષત્રિય વગેરેનો આચાર તથા અગ્નિથી અન્નાદિક પકાવવાની ક્રિયા શીખવે છે.

કુલકર્ણી ૧. પું. કારકુન.
૨. પું. વસૂલાતી તલાટી.
૩. સ્ત્રી. એ નામની એક દક્ષિણી અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

કુલકર્તા ૧. [સં.] પું. વંશનો આદિ પુરુષ; કુલપતિ.
૨. પું. શિવ; શંકર.

કુલકલંક [સં.] વિ. કુપાત્રથી પોતાના વંશની કીર્તિને ધક્કો પહોંચાડનાર.

કુલકલ્યાણિની [સં.] સ્ત્રી. કુળનું ભલું કરનારી સ્ત્રી.

કુલકંટક [સં.] પું. પોતાની બરાબ ચાલને લીધે વંશને દુઃખી કરનાર પુરુષ.

કુલકાની [હિં.] સ્ત્રી. કુળની મર્યાદા.

કુલકારભારી ૧. પું. મુખ્ય પ્રધાન.
૨. પું. સર્વસત્તાધારી અધિકારી.

કુલકુલા ૧. [અ.] પું એક જાતનો ટુકડો.
૨. પું. કુલ સત્તા. સોંપી હોય તેનો માણસ.
૩. પું. ઠોંગળા કરવા તે.

કુલકુલાન વિ. દિલોજાન; ભરી લાવનાવાળું.

કુલકુલાં ૧. પું. કુલ અબ્બલારીવાળો એલચી કે વકીલ.
૨. પું. ખૂબ આનંદ.
૩. પું. ઘરનો મુખ્ય નોકર.
૪. પું. ઘરમાં બધી ક્રિયા માટે નિમાયેલો માણસ.
૫. વિ. અંગત; ખાસ.
૬. વિ. કુલઅબ્બલાર ભોગવતું; સર્વ અધિકારવાળું.
૭. વિ. સૌથી ઉત્તમ
૮. અ. કુલ અબ્બલાર કે સત્તા સમેત.
૯. અ. સંપૂર્ણ રીતે; પૂરેપૂરું.

કુલકુલી ૧. સ્ત્રી. બડબડાટ હસવું તે.
૨. સ્ત્રી. મગજ ખંજવાળ.

કુલકુંડલિની [સં.] સ્ત્રી. (યોગ) મૂલાધારમાં કમળમાં રહેલ એક શક્તિ.

કુલકુંડલી જુઓ કુલકુંડલિની.

કુલકોટિ સ્ત્રી. (જૈન) જીવની ઉત્પત્તિસ્થાનના પ્રકાર.

કુલકૌલેશ્વર પું. બાસઠ તેજસ્તત્ત્વદેવ માંહેનો એ નામનો એક.

કુલક્રમાગત [સં.] વિ. વંશપરંપરા આવેલું.

કુલક્ષણ ૧. [સં.] ન. નઠારું લક્ષણ.
૨. ન. વ્યભિચાર.
૩. ન. હસ્તદોષ.
૪. વિ. દુરાચારી.

કુલક્ષણી ૧. [સં.] સ્ત્રી. દુરાચારી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ખરાબ આચરણવાળી.
૩. વિ. સ્ત્રી. ખરાબ લક્ષણવાળી.

કુલક્ષણું ૧. વિ. અપલક્ષણું; ખટકવાળું.
૨. વિ. કુટેવવાળું.
૩. વિ. ખોડવાળું.
૪. વિ. દુરાચારી; ખરાબ ચાલનું.

કુલક્ષય ૧. [સં] પું. કુળનો નાશ.
૨. ન. એક પ્રકારનું ત્રિરાળ ઘર. તે અશુભ મનાય છે. જે ત્રિરાળ ઘરના મુખ આગળ ચાર ખૂણિયો હોય અને તે ચાર ખૂણિયો આગળ એક મંડપ હોય તથા તે જ ઘરને એક અલિંદ જમણી તરફ, એક અલિંદ ડાબી તરફ અને એક અલિંદ પછીતે હોય અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે કુલક્ષય ઘર કહેવાય છે.

કુલગર જુઓ કુલકર.

કુલગલો પું. (બા. પ્ર.) ઠોંગળો.
બેસ ચૂપ ગમાર કુલગલા,
ડીયું લેખું સી ચી કલા. લાવણ્યસમય

કુલગિરિ [સં.] પું. કુલાચળ પર્વત.

કુલગુરુ ૧. [સં.] પું. એક કુટુંબ અથવા એક આશ્રમમાં રહેતા સર્વ જણનો વડીલ.
૨. પું. કૌટુંબિક ગુરુ; વંશપરંપરાનો ગુરુ.
૩. પું. વહીવંચો; ચોપડામાં રાખનાર ભાટ.

કુલગૃહ ૧. [સં.] ન. કુળનું ઘર.
૨. ન. પિતૃગૃહ; બાપનું ઘર.

કુલગૃહિણી [સં.] સ્ત્રી. કુલવધૂ; કુટુંબને શોભાવે તેવી ગુણશીલવાળી કુળવતી સ્ત્રી. કુલવધૂનાં લક્ષણ મહાકવિ કાલિદાસે શાકુંતલ નાટકમાં દુષ્યંત રાજાને ત્યાં સાસરે જતી શકુંતલાને તેના ધર્મપિતા કણ્વ ઋષિ પાસે આદેશરૂપે નીચે પ્રમાણે સુંદર રીતે કહેવરાવ્યાં છે:
સેવે સૌ વડીલો, રહે પ્રિયસખીભાવે સપત્નીજને,
સત્કારે નહિ સ્વામી તોપણ કદી રોષે ન સામી થજે;
દાસિજને સહુ દાસવર્ગ ઘરજે, ભાગ્યે વધ્યે ગર્વ ના,
પ્હોંચે યુવતી કુલગૃહિણીપદે એ, અન્ય તો આધિ વા.

કુલગોર [સં. કુલગુરુ] પું. અસલથી જે ગોર ધર્મક્રિયા કરાવતો હોય તે. તે ગોત્રની, કુટુંબના સર્વ ઇતિહાસની અને જન્મમરણની નોંધ રાખે છે.

કુલઘ્ન [સં.] ન. કાળ ચોઘડિયું.

કુલઘર જુઓ કુલગૃહ.

કુલઘાતી વિ. કુળનો નાશ કરે એવું.

કુલઘ્ન ૧. [સં.] પું. કુળનો નાશ કરનાર માણસ.
૨. વિ. કુળનો નાશ કરે તેવું.

કુલચંડી [સં.] સ્ત્રી. એક દેવીનું નામ.

કુલચ્યા ૧. [હિં.] પું. તંબૂના કાંઠા ઉપરનો ગોળ લાકડું.
૨. [કા.] સ્ત્રી. એક જાતની રોટલી.
૩. સ્ત્રી. ગાદી; પૂંજ; એકઠું કરેલ દ્રવ્ય.

કુલજ્યારિ પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, ભગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષરો હોય છે.
જ ભા ન રે કુલજ્યારિ. છંદોદર્પણ

કુલચિહ્ન [સં.] ન. કુટુંબની નિશાની; કુલાઢ.

કુલચૂડામણિ વિ. બોસઠ માંહેનું એ નામનું એક તંત્ર. જુઓ તંત્ર.

કુલચ્છન [સં. કુલક્ષણ] પું. (હિંદી) નેરવર્તણૂક; કુલક્ષણ.

કુલચ્છના ૧. [હિં.] વિ. ખોટી રીતે વર્તેલું; અસભ્ય.
૨. વિ. પાપી.

કુલચ્યુત [સં.] વિ. જાત બહાર થયેલ.

કુલછત્ર પું. કુળનો વડો પુરુષ.

કુલજ ૧. [સં.] પું. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ પુરુષ.
૨. પું. પરવળ.
૩. વિ. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.
૪. વિ. નાહારી આબરૂવાળું.

કુલજન [સં.] ન. કુટુંબનું માણસ.

કુલજમરત્નકૂપ પું. વેદાનુકૂલ વાણીનો ગ્રંથ. તે ચૌદ ગ્રંથનો એકત્રિત ગ્રંથ છે. તેમાં જુદી જુદી ૭૭ દેશની ભાષામાં સમાજને કરેલા ઉપદેશનો સંગ્રહ છે. નિગ્રંથદીક્ષો તેને પવિત્ર માને છે.

કુલજા ૧. [હિં.] પું. આખો સરવાળો; કુલ સરવાળો.
૨. પું. મહેમૂલની કુલ ઊપજ.

કુલજ્ઞ [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી.

કુલજાત [સં.] વિ. વંશમાં જન્મેલ; વંશોદ્ભવ.

કુલજાયા [સં.] સ્ત્રી. ઉત્તમ કુળની સ્ત્રી.

કુલજોપ્ય અ. તમામે તમામ; બધું મળીને.

કુલડુબ્ધ ૧. [અ.] પું. અરબી અથવા રાતો સમુદ્ર.
૨. પું. દરિયો.

કુલટ ૧. [સં.] પું. ઘણી સ્ત્રીમાં પ્રેમ રાખનાર વ્યભિચારી પુરુષ.
૨. પું. દત્તક પુત્ર; જે સગો પુત્ર ન હોય તે.

કુલટા ૧. [સં. કુલ + અટા (ભટકનારી)] સ્ત્રી. એક કુળમાં જન્મ પછી પતિ જીવતાં અથવા મુઆ પછી બીજા કુળમાં પરણનાર સ્ત્રી.
૨. સ્ત્રી. ઘણા પુરુષોમાં પ્રેમ રાખનારી ધરકોયા નાયિકા; વેશ્યા. જે સ્ત્રીની અંગૂઠા પાસેની આંગળી ટચલી પ્રદેશિની અંગૂઠા કરતાં મોટી હોય તે ઘણે ભાગે કુલટા હોય.

૩. સ્ત્રી. ભિક્ષાને માટે ઘેર ઘેર ભટકનારી સ્ત્રી.

કુલટાનાયકા સ્ત્રી. બરાબર ચાલની સ્ત્રી; અભિસારિણી.

કુલટાપતિ [સં.] પું. વ્યભિચારી સ્ત્રીનો પતિ.

કુલટી [સં.] સ્ત્રી. કળથી.

કુલઠુલ સ્ત્રી ગોરખમુંડી વનસ્પતિ.

કુલડાં (કુલડાં) ૧. ન બ. વ. બાળક ભરી ગયું. પછી દૂધ અગર પાણીનાં નેવે મુકાતાં કૂંડાં.

૨. ન. બ. વ. હાડકાંની કણીઓ; કુલ.

કુલડી (કુલડી) ૧. સ્ત્રી. ગુદાનું છિદ્ર.

કુલડીમાં ગોળ ભાંગવો = છૂપી રીતે કરવું.

૨. સ્ત્રી. ટબડી જેવું કોટીના ઘાટનું નાનકડું માટીનું વાસણ; ચાડવો.

૩. સ્ત્રી. દોણી; નાનું દોલ્લું.

૪. સ્ત્રી. સોનું રૂપું ગાળવાનું માટીને અમુક રીતે કળીને બનાવેલું નાનું પાત્ર.

કુલડું (કુલડું) ૧. ન. કાળકાનો નીચલો છેડો ઓજા બસારથી કરે માટે ક્રમ વગેરે મૂકી બનાવેલું માટીનું સાધન.

૨. ન. સોનું રૂપું ગાળવાની નાની કુલડી.

કુલત સ્ત્રી. બરાબ ટેવ.

કુલતંતુ [સં.] પું. કુળના આધારરૂપ પુરુષ.

કુલતારક [હિં.] વિ. કુળને તારનાર; કુળને પવિત્ર કરનાર.

કુલતિથિ [સં.] સ્ત્રી. બીજ, આઠમ, બારસ અને ચૌદસ માંહેની કોઈ પણ તિથિ.

કુલતિલક ૧. [સં.] પું. કુળની ઉન્નતિ કરનાર પુરુષ.

૨. વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુલતિલું જુઓ કુલત્થિકા.

કુલતોલિયો પું. અઠંદેશમાં ઊતરતો પુષ્કળ કુણવાળો એક છોડ.

કુલત્તન વિ. બરાબ.

કુલત્થ ૧. પું. ભારતવર્ષનો એ નામનો દેશ.

૨. [સં.] સ્ત્રી. કળથી.

૩. વિ. કુલીન; ખાનદાન વંશનું.

કુલત્થગુડ (કુલત્થગુડ) પું. (વૈદક) હેડકી તથા શ્વાસ માટે ઉપયોગી ઔષધ. તે બનાવવા કળથી શેર ૧૦, દશમૂળનું દરેક મૂળ શેર ૧, બારંગમૂળ શેર ૧૦ એ બધું લઈને દરેકને અષ્ટગુણ દ્રોણ પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે ઉતારીને ગાળી નાખવું. પછી તેમાં ગોળ શેર પાંચ નાખી પકવવું અને અવલેહ જેવું થાય ત્યારે ઉતારી નાખવું. ઠંડું થયા બાદ તેમાં અષ્ટ શેર ૧, વાંસકપૂર તોલા ૨૪, પીપર તોલા ૮, તજ તોલા ૨, તમાલપત્ર તોલા ૨, એલચી તોલા ૨ એટલી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં ભેળવવું.

કુલત્થપટ્પલઘૃત [સં.] ન. (વૈદક) હેડકી અને શ્વાસ માટે એક જાતની ઘીની બનાવટ. તે બનાવવા કળથી, દશમૂળ સમગ્ર અને બારંગમૂળ એ ત્રણે ય દ્રવ્યો અષ્ટક પ્રસ્થ લઈ તેનો પ્રત્યેકનો જુદો જુદો અષ્ટક દ્રોણ પાણીમાં ક્વાથ કરી ચોથા ભાગનો રહે એટલે ઉતારી, ગાળી લઈ મિશ્ર કરવું. તેમાં ઘી ૧ પ્રસ્થ, ગાયનું દૂધ ૧ પ્રસ્થ અને બકરાનું દૂધ ૧ પ્રસ્થ તથા કલ્ક તરીકે જવખાર તોલા ૪, સાજીખાર તોલા ૪, સુઠ તોલા ૪ અને ચિત્રક તોલા ૪ નું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઘીની સાથે પકવવું.

કુલત્થસૂપ પું. (વૈદક) શેકેલી કળથીનો બનાવેલો ઉકાળો. તે બનાવવા કળથીને શેકી તેને સોળગણા પાણીમાં ઉકાળી ચતુર્થાંશ બાકી રહે એટલે ઉતારી લઈ તેમાં થોડું સિંધાલૂણ ભેળવી છાશથી વઘારવું. તે વાતમ, વિબંધમાં કફ, કબજ અને કફને અનુકૂળ તથા વીર્ય અને લોહીની વૃદ્ધિ કરનાર છે તથા ઉબકા, શ્વાસ અને કફને હરનાર, વીર્યની પથરી મટાડનાર અને પિત્ત કરનાર મનાય છે.

કુલત્થા ૧. સ્ત્રી. (પ્રાકૃત) કુલીન સ્ત્રી.

૨. સ્ત્રી. કાળો સુરમો.

૩. [સં.] સ્ત્રી. અંજલી કળથી.

૪. સ્ત્રી. ખોરપૂયુ.

કુલત્થાદિલેપ [સં.] પું. (વૈદક) કમરના મૂળના સોજા ઉપર લગાડવાનો લેપ. તે બનાવવા કળથી, કમળકંદ, સૂંઠ, કાળીજરી એ ચાર દ્રવ્યોને પાણીમાં વાટી સહેજ ગરમ કરવું.

કુલત્થાદ્યઘૃત [સં.] ન. (વૈદક) પથરીનો રોગ મટાડવા વપરાતી ઘીની બનાવટ. તે બનાવવા કળથી, સિંધાલૂણ, વાવડિંગ, સાકર, જળકુંભી અથવા જવાસંભર્યા, જવખાર, બારાં ક્ષેત્રનાં બીજ અને ગોખરુ એ દરેક દ્રવ્ય અષ્ટક પણ લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તેનાથી ચારગણું ઘી અને ઘીથી ચારગણો વરણાનો ક્વાથ મેળવી ઘીની રીતે પકવવું.

કુલત્થાંજન ૧. [સં.] ન. એક જાતનું અંજન; જંગલી કળથી.

૨. ન. કાળો સુરમો.

કુલત્થિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો રોગ.

૨. સ્ત્રી. કળથી.

૩. સ્ત્રી. કાળો સુરમો.

૪. સ્ત્રી. ચિમેડ; ચમેડ.

કુલત્રુટ ૧. પું. પોતાના વંશનો રિવાજ તોડનાર માણસ.

૨. સ્ત્રી. પોતાના વંશનો રિવાજ તોડ્યો તે.

કુલત્થ [સં. કુલત્થ] સ્ત્રી. કળથી.

કુલથી [હિં.] સ્ત્રી એક જાતનું કઠોળ; કળથી. આ અન્ન વરસાદમાં જમીનની સપાટીએ વવાય છે. તેનો વેલો અઢળની માફક જમીન ઉપર ફેલાય છે. તેનાં પાંદડાં પંજાના આકારનાં હોય છે. શિંગોનાં ગુચ્છા થાય છે અને એક એક શીંગમાં ત્રણ ત્રણ ચાર ચાર દાણા હોય છે. તેના દાણા મરપટા, ભૂરા, લાલ, કાળા એમ જુદા જુદા રંગના હોય છે. કળથી ઘોડા અને ચોપગાં જનાવરને ખવડાવાય છે. ગરીબ લોકો તેનું શાક કરીને ખાય છે. વૈદ લોકો ધાતુ શોધવામાં તેનો ઉપયોગ કરે છે. ગુણમાં તે ગરમ, કબજિયાત કરનાર તથા રક્તપિત્ત કરનાર મનાયામાં આવે છે.

કુલદિનકર [સં.] વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુલદીપ ૧. [સં.] પું. (તાંત્રિક) કુલાચારના અંગરૂપ એક દીવો.

૨. વિ. કુળપ્રકાશક; કુળમાં શ્રેષ્ઠ.

કુલદીપક ૧. પું. કુલાંગાર. અંગમાં ખોડખાંપણ છે.

૨. પું. કુળને દીપાવનાર માણસ.

૩. પું. પુત્ર.

૪. વિ. કુળને દીપાવનાર.

કુલદીવું પું. (જા. પ્ર.) કુલદીપક.

કુલદેવ [સં.] પું. વંશપરંપરાથી અમુક કુળમાં પૂજા થતી હોય તેવા દેવ; કુળનો ઇષ્ટદેવ. આ દેવતાની પૂજા વિવાહ જેવા પ્રસંગે અથવા નવરાત્ર વગેરે દિવસોમાં થાય છે.

કુલદેવતા જુઓ કુલદેવ.

કુલદેવ્રત સ્ત્રી. કુળની દેવી; સોળ માંહેની એક માતૃકા.

કુલદેવી સ્ત્રી. કુળની ઇષ્ટદેવી; વંશપરંપરાથી કુટુંબમાં પૂજાતી દેવી.

કુલદ્રોહી [સં. કુલદ્રોહિન્] વિ. કુળને કલંક લગાડનાર; કુટુંબનો દ્રોહ કરનાર.

કુલધર [સં.] પું. પુત્ર; દીકરો.

કુલધર્મ [સં.] પું. વંશપરંપરાથી ચાલતો આવેલો કુળનો આચાર; કુળને પાળવાનો ધર્મ.

કુલધામ [સં. કુલધામન્] ન. રહેવાનું સ્થળ.

કુલધાર જુઓ કુલધર.

કુલધારક જુઓ કુલધર.

કુલધારી ૧ પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; શુદ્ધગા. તેના દરેક ચરણમાં યગણ, રગણ, ગુરુ અને ગુરુ એમ આઠ અક્ષરો હોય છે.

૨. પુ. ચક્ષુચણાટ; શૂળ; દુઃખની સાગણી.

કુલધુર્ય [સં.] વિ. કુળમાં શ્રેષ્ઠ

કુલન ન. પાંચ શ્લોકનું કાવ્ય.

કુલનક્ષત્ર [સં.] ન. એક જાતનું નક્ષત્ર; નક્ષત્રનો એક પ્રકાર. જુઓ કુલસંજ્ઞક.

કુલનંદન ૧. [સં.] પું. દીકરો; પુત્ર.

૨. ન. એક જાતનું ત્રિકાળ ઘર. જે ઘરના મુખ આગળ પાંચ અલિંદો હોય, તે ઘરની જમણી અને ડાબી બાજુ તરફ એક એક અલિંદ હોય, પછી તે બે અલિંદો હોય તો તે કુલનંદન કહેવાય.

૩. વિ. કુટુંબને આનંદ આપનાર.

કુલનામ ન. અવટંક; શાપ.

કુલનાયક ૧. [સં.] પું. કુલપતિથી ઊતરતો હોદ્દો ધરાવનાર વિદ્યાપીઠનો અધિકારી; 'વાઇસ ચૅન્સલર'.

૨. પું. કુળમાં શ્રેષ્ઠ પુરુષ.

કુલનાયિકા ૧. [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક નાયિકા.

૨. સ્ત્રી. વામમાર્ગના કૌલ ધર્મ મુજબ કૌલચક્રોત્સવમાં જેની પૂજા કરે છે તે સ્ત્રી.

કુલનારી [સં.] સ્ત્રી. કુળવધૂ સ્ત્રી.

કુલનાશ ૧. [સં.] પું. ઊંટ.

૨. પું. કુળનો ક્ષય.

૩. પું. નાતબહાર મૂકેલ માણસ.

કુલનાશક [સં.] વિ. કુળનો નાશ કરનાર.

કુલનાશન ૧. [સં.] ન. કુળના નાશનું કારણ.

૨. ન. કુળનો ક્ષય કરવો તે.

કુલનાશી [સં] સ્ત્રી. ઊંટડી.

કુલન્ધ્ર ન. હિમાલયનું એ નામનું એક શિખર.

કુલપતિ ૧. [સં.] પું. કુટુંબનો વડો; વડીલ.

૨. પું. કુળગોર; કુલગુરુ.

૩. પું. ઘણા શિષ્યોનો મુખ્ય ગુરુ; વિદ્યાપીઠના અવસ્થાપક મંડળનો પ્રમુખ; 'ચૅન્સલર'.

૪. પું. ઘરનો માલિક; મુખી.

૫. પું. દસ હજાર મુનિઓને અન્નદાનાદિ પોષણપૂર્વક અધ્યયન કરાવે તેવો ઋષિ.

૬. પું. વંશમાં શ્રેષ્ઠ.

૭. પું. વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરે અને ભણાવે તે આચાર્ય.

૮. પું. સર્વથી ઉપરી અધિકારી.

૯. પું. (પુરાણ) હિમવાનની પાસે બદરિકાશ્રમમાં રહેનાર એ નામનો એક ઋષિ. એક શૂદ્રને ઉપદેશ આપવાના પાપને લીધે બીજા જન્મમાં તે પુરોહિત થયો હતો. જેને ઉપદેશ આપ્યો હતો તે શૂદ્ર પોતે રાજા તરીકે અવતર્યો હતો. એ રાજાએ તેને જ પોતાનો પુરોહિત સ્થાપ્યો હતો. રાજાને પૂર્વજન્મનું જ્ઞાન હોવાથી પુરોહિતને જોઈ તેને રોજ હસવું આવતું. તેથી ખિન્નચિત્ત થઈને પુરોહિતને એક દિવસ પૂછતાં રાજાએ બંનેના પૂર્વજન્મની વાત તેને કહી હતી.

કુલપતિપદ [સં.] ન. આચાર્યપદ; 'ચૅન્સલરશિપ'.

કુલપરંપરા ૧. સ્ત્રી. પેઢી દર પેઢી ચાલતી આવતી રીત.

૨. સ્ત્રી. વંશાવેલો; પેઢી.

કુલપર્વત ૧. પું. કુલાચલ નામનો પર્વત.

૨. પું. ખંડના કાંઠા ઉપરનો ગિરિ.

૩. પું. પર્વતની માફક કુળનો રક્ષક પુરુષ.

૪. પું. [સં.] મહેંદ્રગિરિ, મલય, સહ્યાદ્રિ, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્યાચળ અને પારિયાત્ર એ સાત પર્વતોમાંનો દરેક.

૫. પું. મુખ્ય પહાડ.

કુલપાલ ૧. [સં.] પું. કુટુંબનો રક્ષક પુરુષ.

૨. પું. કુલપતિ; વંશનો વડો પુરુષ.

૩. વિ. કુટુંબનું પાલન કરનાર.

કુલપાલક ૧. [સં.] પું. એક જાતના બિલ્લેરનું ઝાડ.

૨. પું. નારંગીનું ઝાડ.

૩. જુઓ કુલપાલ.

કુલપાલિ [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી.

કુલપાલિકા જુઓ કુલપાલિ.

કુલપુત્ર ૧. [સં.] પું. કુટુંબમાંનો સરકારી નોકરીમાં જોડાતો યુવાન.

૨. પું. કુળનું રક્ષણ કરનાર દીકરો; વંશધર.

કુલપુરુષ [સં.] પું. કુટુંબનો આદ્ય સ્થાપક; મૂળપુરુષ.

કુલપૂજ્ય ૧. [સં.] પું. કુટુંબમાં પૂજનીય માણસ.

૨. પું. કુળગોર.

૩. વિ. કુળમાં પૂજ્ય લાયક.

કુલપૂજ્ય જુઓ કુલપૂજ્ય.

કુલપ્રથા [સં.] સ્ત્રી. કુળનો રિવાજ; પરંપરા.

કુલપ્રસૂત [સં.] વિ. શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલફ (કુલ્ફ) ૧. [અ.] ન. તાળું.

૨. ન. સફેદ વાળ કાળા કરવા માટેનો રંગ.

કુલફત (કુલ્ફત) [અ.] સ્ત્રી. દુઃખ; આફત.

કુલફી ૧. સ્ત્રી. એક જાતની મલાઈની દવા.

૨. સ્ત્રી. મોટી ઘૂઘરી; એક જાતનું ઘરેણું.

કુલફો ૧. સ્ત્રી. આંટો; પેચ.

૨. સ્ત્રી. ટિન અથવા બીજી કોઈ ધાતુ અથવા માટીની ભૂગળીમાં ભરી બરફમાં ઠારેલું દૂધ, મલાઈ અથવા શરબત.

૩. સ્ત્રી. મલાઈ કે શરબત રાખવા માટે ટિન કે બીજી કોઈ ધાતુનું ઢાંકણ.

૪. સ્ત્રી. હુક્કાની નાની નળી.

કુલફો [અ.] પું. એક જાતનું કરિયાણું.

કુલબાલિકા [સં.] સ્ત્રી. કુળવાન કન્યા.

કુલબુલા વિ. કૂંપળના જેવું.

કુલબુલાહટ સ્ત્રી. કૂંપળના જેવી ચાલ.

કુલબેર ન. એક જાતનું ફળ.

કુલભોળા જુઓ કુલભોળપણું.

કુલભોળપણું ૧. વિ. અયોગ્ય; નાલાયક.

૨. વિ. કુળને કુભાવનાર; કુળને હાનિ પહોંચાડનાર.

કુલભૂષણ [સં.] વિ. કુળને શોભાવનાર.

કુલભૃત્યા ૧. [સં.] સ્ત્રી. ગર્ભિણી સ્ત્રીનાં દોહદ વગેરે પૂર્ણ કરી તેની બરાબર સંભાળ રાખવી તે.

૨. સ્ત્રી. વંશનું બરાબરપોષણ.

કુલભ્રષ્ટ [સં.] વિ. કુળને બગાડનાર.

કુલમ ૧. ન. કલંબો નામની ઔષધિ.

૨. ન. ચોખાની એક જાત; કોલમના ચોખા.

કુલમર્યાદ જુઓ કુલમર્યાદા.

કુલમર્યાદા [સં.] સ્ત્રી. કુટુંબની આબરૂ.

કુલમા ૧. પું. એક જાતની ખાવાની વાની.

૨. સ્ત્રી. બેલગામ તરફ રહેતી અને ખેતી ઉપર નભતી એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કુલમિતિક પું. માથા ઉપર ઓઢવાનો એક જાતનો કામળો.

કુલમુખત્યાર વિ. સંપૂર્ણ સત્તાવાળું; જેને કુલ અધિકાર આપવામાં આવ્યો હોય એવું.

કુલમુખત્યારી ૧. સ્ત્રી. એકછત્ર સત્તા; આપખુદી.

૨. સ્ત્રી. પૂર્ણ અધિકાર; સંપૂર્ણ સત્તા.

કુલભંડણ પું. કુળમાં દીવા જેવો પુરુષ; કુળદીપક.

કુલમર્યાદા [સં.] પું. કુળની આબરૂ.

કુલયોગિની [સ.] સ્ત્રી. પત્ની; સ્ત્રી.

કુલર સ્ત્રી. બી અને ગોળ ભેગાવેલો બઉનો કે બાજરાનો ઢાંચો રોટ.

કુલરજૂઆત [અ. કુલ્લરજુઅ] સ્ત્રી. મેળની જોવું તે; સરખામણી.

કુલરાજ્ય [સં.] ન. સરદારતંત્ર; રાજ્યશાસનનો એક પ્રકાર. આણુપ્રના મતે તે રાજ્યમાં સ્થિરતા રહે છે, અરાજકતાની બીક રહેતી નથી અને તેવા રાજ્યને દુશ્મન જલદી ઝંપી શકતો નથી.

કુલરાણી સ્ત્રી. કુટુંબની મુખ્ય સ્ત્રી.

કુલરિક પું. કુંભાર.

કુલરિયો વિ. પું. ગુદામૈથુન કરાવનાર.

કુલરીત સ્ત્રી. કુળનો રિવાજ; કુલધર્મ.

કુલરીતિ જુઓ કુલરીત.

કુલરોગ [સં.] પું. આખા કુળને લાગુ પડે તેવો વ્યાધિ.

કુલલક્ષ સ્ત્રી. કુલીનતા; ખાનદાની; કુળવાનપણું.

> જીમન બાજિરી કાકર જાણી;
> ડિમ સોપું કુલલક્ષ આખણી.
>
> સ.૫૦૫૨૪૫મ

કુલવતી [સ.] સ્ત્રી. સારા કુળમાં ઉત્પન્ન થયેલ સ્ત્રી.

કુલવધૂ ૧. [સં.] સ્ત્રી. કુટુંબને શોભાવે એવી ગુણશીલવાળી ખાનદાન સ્ત્રી; ઉચ્ચ કુટુંબની સંસ્કારશાળી સ્ત્રી; કુલાંગના. પતિ ઘેર આવે તે વખતે રાંધી રાખે, તે જોડે તે નમ્રતાથી વર્તે કરે, તેમના અવસુમાં દૃષ્ટિ રાખે, તેમને આસન આપી તેમની સેવા કરે, તેમના સૂતા પછી સૂવે, અને ઊઠતા પહેલાં ઊઠે તેવો કુલવધૂનો ધર્મ પ્રાચીનકાળમાં વર્ણવેલો છે.

૨. સ્ત્રી. કુળના પરણેલા પુરુષની વહુ.

૩ સ્ત્રી. ઘર સામગ્રી માત્ર ઘરમાંજ સ્થિતિ કરનારી એટલે કે બહારગામ નહિ ભટકનારી વહુ.

કુલવમૂરસ [સં.] પું. (વૈદક) સન્નિપાત-જ્વરમાં અંજન તરીકે વપરાતું એક જાતનું ઔષધ. તે બનાવવા માટે પારદ, સીસું, તાંબું, મન:શીલ અને મોરથૂથું એ પાંચે દ્રવ્યને દંડમલ્લના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળી કરવી. પહેલાં નાગ્ વીંગળાવી તેમાં સીસું મેળવવું. પછી જસે ધાતુના રસમાં પારો મેળવવો. પછી તેમાં મન:શીલ અને મોરથૂથું મેળવી મૂરછાવી ચૂર્ણ જેવું થઈ જાય ત્યારે દંડમલ્લના રસમા ગોળી કરવી.

કુલવંત વિ. સારા કુટુંબનું; ખાનદાન.

કુલવંતી ૧. સ્ત્રી. ખાનદાન સ્ત્રી.

> રાજ દશરથની કુલવંતી,
> હવઈ ચ કરિસ્યું કહેણ. સીતાહરણ

૨. ન. માતૃપક્ષ અને પિતૃપક્ષ બંનેના હક્ક ધરાવતું બાળક.

કુલવંતું જુઓ કુલવંત.

કુલવંશ [સં.] પું. ગોત્ર; કુટુંબ.

કુલવંશ્ય [સં.] વિ. કુળમાં ઉત્પન્ન થયેલ; વંશમાં જન્મેલ.

કુલવાન વિ. ઉમદા; ખાનદાન.

કુલવાનતા સ્ત્રી. કુલીનતા; કુળવાનપણું.

કુલવાર ૧. પું. મંગળવાર.

૨. પું. શુક્રવાર.

કુલવાસ [સં.] પું. અભ્યાસ માટે ગુરુકુળમાં રહેવું તે.

કુલવાસિની [સં.] વિ. સ્ત્રી. કુળમાં રહેનારી.

કુલવાસી [સં. કુલવાસિન્] વિ. ગુરુકુળમાં રહેનાર; છાત્રાલયમાં રહેનાર.

કુલવિચલન ન. ગણિતની એક રીત.

> પ્રથમ દરેક પદનું સરેરાશથી વિચલન કાઢવું પછી જે તે બેહ્ની આવૃત્તિઓથી બેહ્ની હોય તો વિચલન અને આવૃત્તિનો ગુણાકાર કરવો. જે જવાબ આવે તે સરવાળો કુલવિચલન કહેવાય.
>
> આકડારા ૨૮

કુલવિજ્ઞાન [સં.] ન. કોઈ વાસ પ્રાણી અથવા વનસ્પતિનો જનીય વિકાસક્રમ અથવા ઇતિહાસ; 'ફાઇલોજેનિ'

કુલવિદ્યા ૧. [સં.] સ્ત્રી. વંશપરંપરાથી આવેલી વિદ્યા.

૨. સ્ત્રી. વૈદકાદિ વિદ્યા.

કુલવિપ્ર [સં.] પું. વંશપરંપરાથી આવેલ પુરોહિત.

કુલવિષ્ણુ [સં.] પું. કુળનો પાલક.

કુલવૃદ્ધ ૧. [સ.] વિ. ઉચ્ચ કુળનું.

૨. વિ. કુટુંબમાં સૌથી વયનું.

કુલવેલ સ્ત્રી. વંશનો વેલો; વંશવૃક્ષ.

કુલવ્યૂહ પું. નવ ચક્રમંત્રનો એક. આ ચક્ર નીલ, પીત ઇત્યાદિ જોડથી અથવા ચાકાદિ કુલ બેદરૂપ છે.

કુલવ્રત ૧. [સં] ન. કુલના ચાલતા રિવાજ મુજબ કરવાનું વિશિષ્ટ વ્રત.

૨. ન વંશપરંપરાથી પળાતો આવેલો નિયમ; કુળના દરેક દરેક જણે પાળવાનો આચાર; પેઢી દર પેઢીથી ચાલતી રાખેલી કુટુંબની લાક્ષણિક રસમ.

કુલશીલ [સં.] વિ. ખાનદાન; કુળવાન.

કુલસત્ત્વ [સં.] પું. કુળવાનોએ કરવા યોગ્ય વ્રત.

કુલસમવય પું. જીવ, પ્રકૃતિતત્ત્વ, દિશા, કાળ, આકાશ, પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ બધાંમાં વસ્તુની શુદ્ધિથી વિકલ્પ રહિત કરાતો વ્યવહાર.

કુલસમૃદ્ધ ન. ચારે દિશાએ પરશાળ અને ઉત્તરમાં બહારવાળી ઓરડી હોય તેવું ઘર; ૨૬૪ ભાત માહેનું એક ઘર.

> 'વિજય નામના ઘરના અપવર્કમાં બહારકે નામશાળા આવે તો તે કુલસમૃદ્ધ નામનું ઘર થાય છે.
>
> રાજવલ્લભ

કુલસંકુલ [સં.] ન. એ નામનું એક નરક.

કુલસંખ્યા [સં] સ્ત્રી. કુળમાં ગણતરી; કુળમાં ગણતા.

કુલસંઘ જુઓ કુલરાજ્ય.

કુલસંજ્ઞક [સં.] ન. (જ્યોતિષ) નક્ષત્રનો એક પ્રકાર. અશ્વિની, પુષ્ય, મઘા, મૂળ, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, વિશાખા, મૃગશીર્ષ, ચિત્રા, કૃત્તિકા અને ધનિષ્ઠા આ બાર નક્ષત્ર કુલસંજ્ઞક છે અને આ નક્ષત્રના યોગે જન્મેલો જીવ દાતાર તેમ જ લડાઈ વગેરેમાં જય પામનારો થવાનું મનાય છે.

કુલસંતતિ [સં.] સ્ત્રી. વંશવેલો; કુળપરંપરા; પેઢી

કુલસંનિધિ ૧. [સં.] સ્ત્રી. નજીકનું સગુંવહાલું.

૨. સ્ત્રી. સગીઓની હાજરી.

કુલસંપન્ન [સં.] વિ. કુલીન; ખાનદાન; ઉચ્ચ કુળનું.

કુલસંપ્રદાય [સં.] પું. કુટુંબમાં પરંપરાથી ચાલી આવતી રૂઢિ; કુટુંબમાં વંશપરંપરાથી જળવાતો રિવાજ, રીત કે આચાર.

કુલસંભવ ૧. [સં.] પું. ઉત્તમ કુળમાં જન્મ.

૨. વિ. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલસાધક [સં.] વિ. કુલાચારથી સિદ્ધ કરનાર.

કુલસાર પું. ચોસઠ માંહેનું એક તંત્ર. જુઓ તંત્ર.

કુલસુંદરી સ્ત્રી. (તાંત્રિક) પંદર માંહેની એ નામની નવમી નિત્યા. જુઓ અષ્ટાંત્ર.

કુલસૌરભ [સં.] ન. એક જાતનું સુગંધી ઝાડ.

કુલસ્ત્રી જુઓ કુલવધૂ.

કુલસ્થ ૧. ન. એક જાતનું ઝાડ.

૨. [સં.] વિ. કુલીન; ખાનદાન.

કુલરથા [સં.] સ્ત્રી. બાનદાન સ્ત્રી.

કુલસ્વામી [સં. કુલસ્વામિન્] પું. કુળના અધિષ્ઠાતા દેવ.

કુલહ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. સ્ત્રી. પક્ષી પૂરવાનું પાંજરું.

કુલહમ [હિં.] વિ. સર્વસ્વ; બધું; તમામ.

કુલહલા [સં.] સ્ત્રી. ગોરખમુંડી નામની વનસ્પતિ.

કુલહાર પું. ઓની ઠોકનું એક જાતનું ઘરેણું.

કુલહી સ્ત્રી. ઠાકોરજીના શૃંગારની એક વસ્તુ.

કુલહીલું જુઓ કુલહીન.

કુલહીન [સં.] વિ. કુળ વિનાનું; અકુલીન; હીણા કુળનું; હલકી ઓલાદનું.

કુલહોમ જુઓ કુલહોલ.

કુલહોલ વિ. સર્વસ્વ; બધું; તમામ.

કુલંગ ૧. [સં.] પું. ઘણો ઊંચો માણસ.

૨. પું. મરઘો; કૂકડો.

૩. પું. લાંબા પત્રવાળો માણસ. અંગમાં તે બોલાય છે.

૪. સ. ઉત્તર ઓરિઝ્ય અને બરપમાં થતું અને જમીન ઉપર માળો બાંધતું એક પક્ષી; ફ્રૌંચ. શિયાળામાં તે સમશીતોષ્ણ આગમાં જાય છે. તેની લંબાઈ બાર ફૂટની, પગ ઝાંખા રંગના અને લાંબા, ચાંચ બાર પાંચ ઇંચ લાંબી સીધી અને મૂળ આગળ ખુલ્લા લીલા રંગની મધ્યમાં પેરી અને ટોચ ઝાંખારા પડતી હોય છે. આંખ રતાશ પડતી નારંગી રંગની હોય છે. ગળું, ડાઢી, ગાલ અને લાંબી ડોકનો આગલો ભાગ ઝાંખો હોય છે. માથાની આગળી રાતી હોય અને માથા ઉપર પીંછાં હોતાં નથી. આંખની પાછળથી શરૂ થઈને ડોકની બંને બાજુ સફેદ હોય. શરીર બાજરાની રાખોડી રંગનું, પાંખનાં પીંછાંના છેડા ઝાંખા, પાંખના છેડાનાં પીંછા કૂકડાની જેમ ખૂલતાં અને વળેલાં હોય છે. તેની માદા લીલાં અગર ભદામી ઝાંટાવાળાં બે ઈંડાં મૂકે છે. ઉત્તર ઓરિઝ્ય અને બરપનું વતની હોવા છતાં શિયાળો ગાળવા તે હિંદમાં આવે છે અને માર્ચની આખર મુદતમાં તેઓ વતન જવા હિંદ છોડી જાય છે. છબી વીણતા જળાશયમાં ઊતરું જતું ટોળું રણશિંગા જેવો અવાજ કરે છે. તેનો ખોરાક કુમળી કૂંપળ, ફૂલ, દાણા, જીવડાં અને ચોપગાં નાનાં પ્રાણીઓ છે. ચોમાના ખેતરોમાં ઊતરી ખેતરને વધુપડતી ખેડૂતને તોબા પોકરાવે છે.

૫. વિ. પું. સારી રીતે ઊછરેલો.

કુલંગી [સં.] સ્ત્રી. ઝાડઝાંખી; ખેંટાકીગી વનસ્પતિ.

કુલંજ ૧. [સં.] પું. એ નામનું એક ઝાડ.

૨. પું. કુરકુરી નામનો ઘોડાનો એક રોગ.

કુલંજન ૧. [સં.] ન. એ નામનું એક ઝાડ.

૨. ન. એક ભી.

કુલંતપ પું. દક્ષની ક્રતાબ્દિમાં અગ્નિષ્વાત્તમાં વર્તતો એ નામનો એક મત.

કુલંધર [સં.] પું. કુળની રક્ષા કરનાર કોઈ પુરુષ.

કુલંપુન [સં.] ન. મહાભારતમાં જણાવેલું તે નામનું એક પ્રાચીન તીર્થ.

કુલંફા ૧. પું. ચોર.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કુલંભર [સં.] વિ. કુળનું ભરણપોષણ કરનાર.

કુલંભલ [સં.] પું. ચોર.

કુલ્લ ૧. પું. પરદેશી માણસ. ભર્યા ભાષામાં કુલ્લાનો અર્થ તરીને આવનાર થાય છે. અર્થાત્ જે માણસ સમુદ્રના બીજા કિનારાથી આવ્યો હોય તેનો અર્થ પરદેશી હોઈ થાય. કુરઆતમાં આ શબ્દ તમામ પરદેશી માટે વપરાતો હતો. જ્યારે અંગ્રેજોએ હાઉદેશનો કબજો લીધો ત્યારે તેઓ માટે ફરી એક જુદો શબ્દ શું શોધી કાઢવામાં આવ્યો અને કુલ્લા હિંદુસ્તાનીઓ માટે ખાસ કરીને દક્ષ મુસલમાનો માટે જ વપરાવા લાગ્યો.

૨. સ્ત્રી. એક જાતની સરકારી ટોપી.

૩. [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કુલાઈ [હિં.] પું. સસલું.

કુલાકુના સ્ત્રી. ઉમદા કુળની સ્ત્રી.

કુલાકુર ૧. પું. પોતાના કુટુંબનો અગ્નિ.

૨. પું. પોતાના કુટુંબનો નાશ કરનાર પુત્ર.

કુલાકુલ ૧. [સં.] વિ. ઊંચ તથા નીચ કુળમાં જન્મેલું મિશ્રણ થયું હોય એવું.

૨. વિ. (તાંત્રિક) એ નામનાં તિથિ, વાર કે નક્ષત્રવાળું.

કુલાકુલચક્ર [સં.] ન. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક ચક્ર.

કુલાકુલતિથિ [સં.] સ્ત્રી. બીજ, છઠ, દશમ કે બારશ માંહેની કોઈ તિથિ.

કુલાકુલનક્ષત્ર [સં.] ન. આર્દ્રા, મૂલ, અશ્વિની અને શતતારક નક્ષત્ર.

કુલાકુલવાર [સં.] પું. શુક્રવાર.

કુલાગ્ય [સં.] વિ. બિનજ્ઞ સ્વભાવવાળું; ચીડિયું.

કુલાચ [સં.] પું. ચાચો.

કુલાચલ [સં.] પું. મુખ્ય પર્વત. પૌરાણિક ભૂગોળ પ્રમાણે દરેક ખંડમાં આઠ એ રીતે સાત કુલાચલ છે: મહેંદ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિપાત્ર.

કુલાચળ જુઓ કુલાચલ.

કુલાચાર ૧. [સં.] પું. કુળને આચાર; કુલધર્મ; કુળપરંપરાની રીત; વંશપરંપરાથી કુટુંબમાં ચાલ્યો આવતો રિવાજ.

એક જણી કુલાચારનું કાંઈ નહીં,
સમઉ ધર્મ જિ બાપુ હું તઈ શૈવ.

બલિરાજાની મુ. ટીકા સં. ૧૪૬૬

૨. પું. જીવ, પ્રકૃતિતત્ત્વ, દિશા, કાળ, આકાશ, પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ બધામાં જાતની શુદ્ધિથી વિકલ્પ રહિત કરાતો વ્યવહાર.

૩. ન. ચોસઠ માંહેનું એક તંત્ર. તેમાં ઉચ્ચાટનાદિ પ્રયોગ બતાવેલા છે. જુઓ તંત્ર.

કુલાચાર્ય [સં.] પું. ધાર્મિક ક્રિયા વગેરે કરાવનાર કુટુંબનો ધર્મગુરુ; કુલગુરુ; પુરોહિત; કુટુંબગોર.

કુલાઢ ૧. [સં.] પું. એક જાતનું નાનું માછલું.

૨. પું. બિલાડો; માર્જાર.

૩. પું. આકાશ; વિષ્ણુ.

કુલાદ્રિ [સં.] પું. કુલાચલ પર્વત.

કુલાધાર જુઓ કુલાધારક.

કુલાધારક [સં.] પું. પુત્ર; દીકરો.

કુલાધારી પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ; શુકના. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બગણ, રગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર છે.

કુલાધારી ચ દી ગા બે. અર્ધપિંગળ

કુલાધિકા સ્ત્રી. ગોત્રેર આકાશતત્ત્વદેવતા બહેનની એક. જુઓ આકાશતત્ત્વદેવતા.

કુલાધીશ [સં.] પું. કુળનો મુખ્ય માણસ.

કુલાપોશ [સં. કુલાક (ટોપી) + પોશ (ઢાંકનાર)] પું. બરપીઅન; ગોરો.

કુલાબ્ય (કુલાલ) [સં.] પું. ટોપ; આબ્બલ.

કુલાબ્યા (કુલાબ્યા)° ૧. [સં.] પું. કહી; મજાકરું.

૨. પું. ભૂસિરની જમીન.

૩. પું. માછલી પકડવાનો લોઢાનો કાંટો.

૪. પું. મોરી.

કુલાબ્યો (કુલાબ્યો) ૧. [સં. કુલાબ્યા] પું. કહી; મજાકરું.

૨. પું. જમીનનો દરિયામાં લંબાઈ ગયેલો ભાગ; ઝૂકેરની જમીન.
૩. પું. બાંધનો પ્રકાર.
૪. પું. માછલાં પકડવાનો લોઢાનો કાંટો.

કુલાભિમાન [સં.] ન. પોતાના કુળ માટેની બડાશ; પોતાના કુળ વિષેનું અભિમાન.

કુલામ્નાય [સં.] પું. કુલની રીતિ.

કુલાય ૧. [સં.] પું. પક્ષીનો માળો.
૨. પું. શરીર; દેહ.
૩. પું. સ્થાન.
૪. અ. (કચ્છી) કેમ; શા માટે.

કુલાયિકા [સં.] સ્ત્રી. પક્ષીશાળા.

કુલાર્ણવ ન. એ નામનું એક તંત્ર.
મહાનિર્વાણ, કુલાર્ણવ, વિશ્વસાર વગેરે તંત્રો ઊંડા જ્ઞાનથી ભરપૂર છે. બુદ્ધિપ્રકાશ

કુલાલ ૧. [સં.] પું. કુંભાર.
૨. પું. યુવક.
૩. પું. જંગલી કૂકડો.
૪. પું. દારૂનો વેપારી; કલાલ.
૫. પું. (પ્રાકૃત) બિલાડો; માર્જાર.
૬. પું. બાહ્મણ; વિપ્ર.
૭. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

કુલાલચક્ર [સં.] ન. કુંભારનો ચાકડો.

કુલાલિકા ૧. [સં.] સ્ત્રી. કુંભારણ.
૨. સ્ત્રી. ચીકિયાખાનું.
૩. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વોવાળા ગ્રહોની એક. જુઓ પાર્થિવતત્ત્વોવાળા.
૪. સ્ત્રી. જંગલી કળથી.

કુલાલી ૧. [સં.] સ્ત્રી. કુંભાર જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. જંગલી કળથી.
૩. સ્ત્રી. દૂરબીન.

કુલાવતંસ [સં.] પું. કુળભૂષણ; કુળદીપક.

કુલાવતી ૧. સ્ત્રી. ભાવતી એ નામની એક અપ્સરા.
૨. ન. એ અપ્સરાનું આભૂષણ.
૩. વિ. એ નામની અપ્સરાનું.

કુલાશ્રમ [સં.] ન. ગુરુકુળ.

કુલાહ ૧. પું. શિકારી.
૨. [સં.] પું. સફેદ પીળા રંગનો કાબર ઘૂંટણવાળો ઘોડો.
૩. [હિં.] સ્ત્રી. ખૂબ હસવું તે.
૪. સ્ત્રી. ચીકિયા પક્ષીની આંખનું કાંકણું.
૫. સ્ત્રી. માથા ઉપર પહેરવાની ટોપી.

કુલાહચુર્દ પું. ઉપરક; ઉનુપ્રકુપ. આ મંદિર વૃક્ષ એટલે મનપિંડ ઉપર ટોપીની આકૃતિ આપેલી હોવાથી અરબ ચિકિત્સકોએ તેને ઉનુપ્રકુપ અને અર્વાચીન હકીમોએ કુલાહચુર્દ નામ આપ્યું લાગે છે.

કુલાહદાર [ફા.] પું. બાદશાહ રાજા.

કુલાહદારી [ફા.] સ્ત્રી. રાજ્ય.

કુલાહલ ૧. [સં.] પું. એક જાતનું ઘાસ.
૨. પું. કોલાહલ; ઘોંઘાટ; ગડબડ; શોરબકોર.
૩. પું. ગોરખમુંડી નામની વનસ્પતિ.
૪. પું. બીજી જગ્યાએ થતો એક જાતનો છોડ; કલારુ કુર્સોણા.

કુલાહલરાજરા [ફા.] પું. ધાર્મિક માણસની મિલકતનો વારસો લેવો તે.

કુલાહળ પું. કુલાહલ; ઘોંઘાટ; ગડબડ; શોરબકોર.

કુલાંકુર [સં.] પું. સારા કુટુંબનો છોકરો.

કુલાંગના [સં.] સ્ત્રી. ખાનદાન કુટુંબની સ્ત્રી; કુળવાન સ્ત્રી; કુળવધૂ.

કુલાંગાર ૧. [સં.] પું. કુળનો અંગારો; કુળમાં અંગારા જેવો એટલે કુળનો નાશ કરનાર પુરુષ.
૨. પું. કુળમાં અધમ પુરુષ.
૩. વિ. કુળનો નાશ કરનાર.

કુલાંચ [હિં.] સ્ત્રી. કુદકો; ફલાંગ.

કુલિ ૧. [સં.] પું. એ નામનું એક પક્ષી; ચકલો.
૨. પું. સાપ.
૩. સ્ત્રી. ભોરિંગડી નામની વનસ્પતિ.

કુલિક ૧. પું. ભાદ્ર સપ્તરાત્ર મહિનો એ નામનો એક, તે રંગે ધૂમિલો જણાતો અને માથામાં અર્ધચંદ્રાકારવાળો મનાય છે.
૨. પું. ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.
૩. પું. એક જાતનું ઘાસ.
૪. પું. (જ્યોતિષ) એક પ્રકારનું અશુભ મુહૂર્ત. તેમાં શુભ કર્મ નિષિદ્ધ મનાય છે. રવિવારે સાતમો, સોમવારે આઠ, મંગળવારે પાંચમો, બુધવારે બીજો, ગુરુવારે ત્રીજો, શુક્રવારે નવમો અને શનિવારે પહેલો મુહૂર્ત એ કુલિક યોગ કહેવાય છે.
૫. પું. કરચલો.
૬. પું. કારીગર; શિલ્પકાર.
૭. પું. ઘૂંઘરીનું ઝાડ.
૮. પું. સાહેરનો ન્યાયાધીશ.
કુલિક પૌરને ન્યાયાધીશ હતો. એ ઉપરથી પ્રથમ કુલિક એ પૌરન્યાયાધીશનો પહેલો અથવા સર્વન્યાયાધીશ હોય.
હિંદુરાજ્યતંત્ર
૯. વિ. કુલીન.

કુલિકવેલા [સં.] સ્ત્રી. એક પ્રકારના મુહૂર્તની વેળા.

કુલિત્થ સ્ત્રી. કળથી.

કુલિન્દ ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા.
૨. પું. એ નામનો એક દેશ.

કુલિયાત ૧. [અ. કુલ્લીયાત] વિ, તમામ; સર્વ.
૨. અ. સર્વથા.

કુલિયારૂ ન. એક જાતનું પક્ષી.

કુલિયાં ૧. [હિં.] ન. ઠોમળા કરવાનું ઔષધ.
૨. ન. ઘરઘર એવો અવાજ.

કુલિર ૧. [સં.] પું. કરચલો; કર્કટ.
૨. પું. કાંઠો.
૩. પું. (જ્યોતિષ) મેષથી ગણતાં ચોથી રાશિ.

કુલિરકુંગી [સં.] સ્ત્રી. કાકડાશીંગી નામની ઔષધિ.

કુલિશ ૧. [સં.] પું. ઐરાવતાદિ હાથી, કૂતરા વગેરેના પગનું એક ચિહ્ન. તે વજ્રના આકારનું મનાય છે.
૨. પું. એક જાતનું ઝાડ.
૩. પું. એક જાતનું માછલું.
૪. પું. પ્રહાર.
૫. પું. વીજળી.
૬. પું. હીરો.
૭. ન. ઉંદરનું એક અતિ કઠિન હથિયાર; વજ્ર; પવિ.
અશનિ કુલિશ નિર્ઘાત પવિ વજ્ર ભિદુર ભલાય; કઠિન વચન તે વજ્ર સમ લાગત અંતરમાંય.
પિંગળપ્રકાશ

કુલિશતા [સં.] સ્ત્રી. કઠણાઈ; મજબૂતી.

કુલિશધર [સં.] પું. ઇંદ્ર; સુરરાજા; વજ્રધર.

કુલિશનાયક [સં.] પું. એ નામનો એક રતિબંધ.

કુલિશપાણિ [સં.] પું. ઇંદ્ર.

કુલિશભૃત [સં. કુલિશભૃત્] પું. ઇંદ્ર.

કુલિશાસન [સં.] પું. ઇંદ્રદેવનું એક નામ.

કુલિશાંકુશા [સં.] સ્ત્રી. નીલલોહિતોની એ નામની એક દેવી.

કુલિશી [સં.] સ્ત્રી. એ નામની વેદમાં જણાવેલ નદી. તે આકાશની મધ્યમાં માનવામાં આવે છે.

કુલિસા પું. એક જાતનો હીરો.

કુલિંગ ૧. પું. કાકડાશીંગી.
૨. [સં.] પું. કાકડોગ નામનું પક્ષી.

૩. પું. અશ્વની જાતિ.
૪. પું. એ નામનું ઘટીનું ચકલું.
૫. પું. (પુરાણ) દુર્યોધનનો બાલસખા મંત્રી. એનું બીજું નામ કર્ણિક હતું. તેણે ધૃતરાષ્ટ્રના પૂછવાથી નીતિ કહી હતી. તેમાં પાંડવો પ્રતિ વેરને લીધે કેવી રીતે વર્તવું, તેમનો કેવા ઉપાયોથી નાશ કરવો વગેરે કહ્યું હતું.
૬. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તેને અર્જુને રાજસૂય યજ્ઞ વખતે જીતી લીધો હતો.
૭. પું. ઇંદ્રધ્વજ.
૮. સ્ત્રી. એક નદીનું નામ.
૯. ન. માકડ.
૧૦ વિ. અશ્વાળ જાતિવાળું.

કુલિંગપુરી સ્ત્રી. દિલ્હીથી ઉત્તર તરફનો સહરાનપુર જિલ્લો.

કુલિંગા ૧. [સં.] સ્ત્રી. ઊટીંગણ નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. (પુરાણ) ભરતખંડની એક મોટી નદી.

કુલિંગાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. સફેદ દૂર્વા.

કુલિંગાપુરી સ્ત્રી. કુરુમંગલ.

કુલિંગી ૧. પું. કીડા વગેરે ક્ષુદ્ર જંતુ.
૨. [સં.] સ્ત્રી. કાકડાશિંગી.
૩. સ્ત્રી. ચકલી.
૪. વિ. પાખરી.

કુલિંજ [અ.] પું. આંતરડામાં થતો એક રોગ.

કુલિંદ ૧. પું. ઉત્તર દેશનો રાજા.
૨. પું. ઉત્તર દેશનો વતની.
૩. પું. હિંદની વાયવ્યે આવેલો અને જમણી જમના નદી નીકળે છે એવો એક કુમરાળ પ્રદેશ; સરવાળ અને સહરાનપુર જિલ્લો મળીને બનેલો પ્રદેશ. તેની રાજધાની સુદત્તાવતી હતી.
૪. વિ. ઉત્તર દેશમાં વસતું.

કુલી ૧. પું. એ નામનો એક અસુર રાજા.
૨. [સં. કુલિન] પું. પર્વત; પહાડ.
૩. [ગુ.] પું. ભાર ઊંચકનારો; મજૂર.
૪. સ્ત્રી. (જૂ. ગુ.) કટારી.
કટારી ખંજર જંબ ભલ્લડી,
દંતપતિ તે દાડિમ કુલી. લાક્ષણસમય
૫. [સં.] સ્ત્રી. ભૂમરી નામની વનસ્પતિ; ઊભી ભોરિંગડી.
૬. સ્ત્રી. મોટી સાણી; પાટલાસાસુ.
૭. સ્ત્રી. રોંઝણાની એક જાત. તેનું વાવેતર નવેમ્બર આખરથી જાન્યુઆરિ આખરમાં સુધીમાં કરાય છે.
૮. સ્ત્રી. સફેદ કમળની જાતનો એક છોડ.
૯. વિ. ઉત્તમ કુળવાળું; ખેલ વગરનું.

કુલીકા સ્ત્રી. એ નામનો છોડ; કરલી.

કુલીચા [ફા.] સ્ત્રી. એક જાતની રોટી; બિસ્કિટ.

કુલીજન [હિં.] ન. આકરી વાસવાળું સંકળી જેવું એક જાતનું મૂળિયું.

કુલીન ૧. [સં.] પું. ઉત્તમ જાતનો ઘોડો.
૨. સ્ત્રી. બંગાળી બ્રાહ્મણની એક જાત. તેઓ પોતાને બીજા બ્રાહ્મણો કરતાં ચડિયાતા માને છે. બંગપ્રદેશના એક બ્રાહ્મણ આદિશૂરે પોતાના રાજ્યમાં સામિક બ્રાહ્મણ ન હોવાથી આઠમા સૈકાના આરંભમાં કાશીમાંથી પોતાની સાથે જે પાંચ બ્રાહ્મણ આણ્યા હતા તેનાં આ સંતાન હોવાનું કહેવાય છે.
૩. ન. બંગાળી બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.
૪. વિ. ઊંચી પદવીનું.
૫. વિ. કુળવાન; ખાનદાન; ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.
૬. વિ. તંગોટા કુલાચારવાળું.
૭. વિ. નીચ કુળનું; હલકું. બંગમાં તેમ બોલાય છે.
૮. વિ. પવિત્ર; શુદ્ધ.
૯. વિ. પૃથ્વીને પાળનાર.
૧૦. વિ. બંગાળી બ્રાહ્મણની એક જાતનું.
૧૧. વિ. સારા આચરણવાળું.

કુલીનતંત્ર [સં.] ન. અભિજાતતંત્ર; ઉમરાવવર્ગનું રાજ્યશાસન; દેશના અમીર ઉમરાવથી ચાલતી શાસનપદ્ધતિ.

કુલીનતા ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ કુળ.
૨. સ્ત્રી. ખાનદાનીનું ગૃહસ્થાઈ.

કુલીનત્વ જુઓ કુલીનતા.

કુલીનન પું. દ્વન્દ્વયાશ્રયમાંથી સને ૧૯૦૫માં મળી આવેલ એ નામનો હીરો.

કુલીનપણું જુઓ કુલીનતા.

કુલીનરાજ્ય જુઓ કુલીનતંત્ર.

કુલીનશાહી ૧. સ્ત્રી. કુળવાનપણાનો ગર્વ.
૨. વિ. ખાનદાનીના ગર્વવાળું.

કુલીનસ [સં.] ન. પાણી.

કુલીનસત્તાક વિ. રાજતંત્ર; જેમાં અમીર ઉમરાવની પ્રધાન સત્તા હોય એવું.

કુલીના [હિં.] પું. એક જાતનું અનાજ.

કુલીનાઈ સ્ત્રી. ખાનદાની.

કુલીનાસ સ્ત્રી. એક જાતની માછલી.

કુલીની [સં.] સ્ત્રી. ઉત્તમ જાતની ઘોડી.

કુલીરક જુઓ કુલિક.

કુલીંજન ૧. ન. એક જાતના ઝાડનું લાકડું કે મૂળિયું; ઉમરંખા; સુરંખા. તે સ્વાદે સંકુ જેવું હોય છે. તેનો રંગ તજના જેવો ભૂખરો હોય છે. તેની વાસ આકરી છે. તે દીપક, ગ્રાહક, વાતહર અને પૌષ્ટિક છે. ચેટચૂક, અજીર્ણ, આફરો વગેરેમાં તે અપાય છે.
૨. ન. એક જાતનો છોડ. તે પથી ૬ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાંદડાં ભાલાના આકારનાં હોય છે. તેનાં ફૂલ લીલાશ પડતાં અને દરેકમાં આઠેક મી હોય એવાં નાનકડી જેવાં ફળ હોય છે. તેનું લાકડું ગાંઠ જેવું તથા સુંદ અને ઝાડરના વર્ણનું છે. તે છોડનાં મૂળને પણ કુલીંજન કહે છે ને તે દવાના કામમાં આવે છે. બંગાળા, ચીન અને પૂર્વના બીજા દ્વીપોમાં તેનું વાવેતર થાય છે.

કુલુત્થ ન. એક જાતનું હલકું ધાન્ય; કળથી.

કુલુથ જુઓ કુળુત્થ.

કુલુપ ૧. ન. કળ.
૨. ન. તાળું.

કુલુપૈ (કુલુપ) જુઓ કુલુપ.

કુલુંગ [સં.] પું. એક જાતનું હરણ.

કુલુંગા [સં.] સ્ત્રી. એક જાતની હરિણી.

કુલૂખ [ફા.] પું. માટીનું ઢેકું.
૧. કુલૂખ અંદાજ = ગોફણ ફેંકનાર.
૨. કુલૂખ કૂખ = ઢેકાં ભાંગવાનો હથોડો.

કુલૂત [સં.] પું. એ નામનો એક દેશ. એની રાજધાની નગરકોટમાં હતી.

કુલે ૧. અ. કુલે; જુમલો; એકદરો; સરવાળે.
૨. અ. તમામ; કુલ.

કુલેચર [સં.] પું. બિલાડીના ટોપની એક જાત જાત.

કુલેય [સં.] વિ. કુળવાન.

કુલેર ૧. સ્ત્રી. ગોળ, ઘાંઉ, ઘઉં અને તેલ કે ઘીમાં ગોઠવેલો ધાર્યો, ખાજરી અથવા ચોખાનો કાચો લોટ.
૨. સ્ત્રી. મળદ્વાર; ગુદા.
૧. કુલેર ખારી = સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન કરાવવું.
૨. કુલેર ચોખ્ખી = સૃષ્ટિક્રમ વિરુદ્ધ કામ કરવું.
૩. વિ. સૃષ્ટિક્રમવિરુદ્ધ કામ કરાવનાર; કુલેરિયું.

કુલેરિયું વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન કરાવનાર.

કુલૈલ ૧. [હિં.] પું. આનંદ; મજા.
૨. પુ. કિલ્લોલ.
૩. પું. ઉપભોગ.
૪. પું. કૂદકો.
૫. પું. રમત.

કુલૈશ્વર ૧. [સં.] પું. વંશનો આગેવાન.
૨. પું. શિવ; શંકર.

કુલૈશ્વરા [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કુલૈશ્વરી ૧. સ્ત્રી. છપ્પન મહેતી એ નામની એક પ્રાચિનતત્ત્વ દેવતા.
૨. સ્ત્રી. દુર્ગાદેવી.
૩. સ્ત્રી. બોનેર મહેતી એ નામની એક આદ્યશક્તિતત્ત્વ દેવતા.

કુલૈ [હિં.] પું. સસલું.

કુલોચ્છેદ [સં.] પું. કુળનો નાશ.

કુલોત્કર્ષ ૧. [સં.] પું. કુળવાન છોડો.
૨. વિ. ઉત્તમ કુળમાં જન્મેલું.

કુલોત્પન્ન [સં.] વિ. કુળમાં જન્મેલ; વંશજ.

કુલોદય [સં.] પું. કુળનો ઉદય.

કુલોદ્દેશ [સં.] ન. બોસા મહેતું એ નામનું એક તંત્ર. બુઝો તંત્ર. તેમાં ઉચ્ચાટન વગેરે પ્રયોગ બતાવેલા છે.

કુલોદ્ધાર [સં.] પું. કુળનો ઉદ્ધાર; વંશનો ઉત્કર્ષ.

કુલોદ્ભવ [સં.] વિ. કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલોદ્વહ [સં.] પું. કુળમાં ધુરંધર; કુલશ્રેષ્ઠ.

કુલોપકુલસંજ્ઞક ન. (જ્યોતિષ) આર્દ્રા, અભિજિત, અનુરાધા અને શતતારા મહેતું કોઈ એક નક્ષત્ર. આ નક્ષત્રમાં જન્મ પામેલ હોય તે જીવને પરાધીનતા વગેરેમાં પીડાવું પડે એમ કહેવાય છે.

કુલોપસંજ્ઞક ન. (જ્યોતિષ) ભરણી, રોહિણી, પૂર્વાભાદ્રપદા, પૂર્વાષાઢા-મૂની, પૂર્વાફાલ્ગુની, હસ્ત, શ્રવણ, પુનર્વસુ, આશ્લેષા, સ્વાતિ, રેવતી અને શ્રવણ એ બાર નક્ષત્રો મહેતું કોઈ પણ એક. આ નક્ષત્રમાં જન્મેલ હોય તે જીવને પરાધીનતા વગેરેમાં પીડાવું પડે એમ મનાય છે.

કુલ્ચા ૧. [ફા.] પું. તંબૂના થાંભલાના ઉપલા છેડાની નજીક રાખવામાં આવતો લાકડાનો ગોળ કટકો.
૨. પું. નાનો રોટલો.
૩. પું. મીઠાઈ.

કુલ્થી ૧. સ્ત્રી. એ નામનો એક છોડ; કુળથી.
૨. સ્ત્રી. એક જાતનું હલકું કઠોળ; કળથી.

કુલ્દ (કુલ્દ) ૧. [હિં.] સ્ત્રી. કળ.
૨. ન. તાળુ.

કુલ્ફત (કુલ્ફત) [અ.] સ્ત્રી. દુઃખ.

કુલ્ફા (કુલ્ફા) [ફા.] સ્ત્રી. એક જાતની ભાજી; લૂણી.

કુલ્ફાસાગ (કુલ્ફાસાગ) સ્ત્રી. એક જાતની શાકભાજી; લૂણી.

કુલ્ફી (કુલ્ફી) ૧. [અ. કુલ્ફી] સ્ત્રી. ખૂબસૂરત નાનો છોકરો.
૨. સ્ત્રી. જમાવવાનું ઓજાર કે નળી.
૩. સ્ત્રી. બરફમાં કરેલી દૂધની મીઠાઈ.
૪. સ્ત્રી. દૂધની તાંબા કે પિત્તળની ચાંડવાળી બૂમણી.

કુલ્ફેમલાઈ (કુલ્ફેમલાઈ) સ્ત્રી. દૂધપાક.

કુલ્બા ૧. [ફા.] પું. ઘર; મકાન.
૨. [અ. કુલ્બ] પું. હળ.

કુલ્લી ૧. [અ.] સ્ત્રી. આખો ભાગ.
૨. વિ. પૂરું; તમામ.
૩. વિ. સાધારણ; સામાન્ય.

કુલ્લુલા [હિં.] વિ. બંતુની જેવી ચાલવાળું.

કુલ્લુલાહટ [હિં.] સ્ત્રી. બંતુના જેવી ચાલ.

કુલ્લ્યા (કુલ્લ્યા) [અ.] પું. પ્રાણીઓનાં આંતરડાંમાં કૃત્રિમ રીતે નાખેલ ખોરાક.

કુલ્વાય ૧. પું. એક જાતનો રોગ.
૨. પું. ખીચડી
૩. પું. બંગલી કળથી.
૪. [સં.] પું. ખાવેલ અનાજ; ચૂનરી.
૫. પું. મોટા ચડ્ડા.
૬. પું. સૂર્યનો એક પાર્ષદ.
૭. ન. કાંજી; રાબ.
૮. વિ. નિંદિત.

કુલ્શીરાહ પું. એ નામનો એક સુંદર છોડ; કૃષ્ણકિરા. બળાવવને કારે ઊગતા આ છોડની પ્રજાતિઓ પાણીમાં કેલાય છે. જે દિશામાં પવન હોય તે દિશામાં તે પાંખણીઓ કેલાય છે. તેનાં ફૂલ ચેરા બંબૂડિયા રંગનાં હોય છે.

કુલ્સ ૧. પું. (પુરાણ) વસ્ત્રાતિના દીકરા તુર્વસુના વંશમાં થયેલ એ નામનો એક રાજકુમાર; જનાપીડનો એ નામનો દીકરો.
૨. પું. વેદમાં વપરાયેલું ઋતું એક નામ.
૩. સ્ત્રી. નહેર.
૪. [સં.] ન. આઠ દ્રોણનું એક માપ.
૫. ન. માંસ.
૬. ન. સત્યભૂ; સચ્ચાઈ.
૭. ન. હાડકું.
૮. વિ. કુળના હિતનું; કુલહિતેષી.
૯. વિ. કુળવાન; સારા કુળમાં થયેલ.
૧૦. વિ. નહેરમાં બનાવ.
૧૧. વિ. પાણીના ક્રાંતની નજીકનું.
૧૨. વિ. માન્ય.

કુલ્યા ૧. સ્ત્રી. એક જાતની ભાતરાખાજી.
૨. [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી; સુશીલ સ્ત્રી.
૩. સ્ત્રી. કૃત્રિમ જળમાર્ગ; નહેર; ખાડી
૪. સ્ત્રી. ખાઈ.
૫. સ્ત્રી. ગુફા.
૬. સ્ત્રી. કુર્વતી; એ નામની વનસ્પતિ.
૭. સ્ત્રી. કરણ.
૮. સ્ત્રી. નાની નદી.
૯. સ્ત્રી. માટીનું નાનું પ્યાલું.

કુલ્યાધ્યક્ષ [સં.] પું. નહેર ઉપર દેખરેખ રાખનાર અમલદાર; નહેરદારોગા.

કુલ્યાવર્ત પું. (પિંગળ) અષ્ટિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુલ્યાવૃત્ત. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ, જગણ, તગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં ૭મા અક્ષર ઉપર વિરામો આવે છે.

કુલ્યાવૃત્ત જુઓ કુલ્યાવર્ત.

કુલ્યાસન [સં.] ન. (યોગ) એ નામનું એક જાતનું આસન.

કુલ્લ ૧. [અ.] પું. સરવાળો.
૨. વિ. બધું હોય તેવું; વિશ્વવ્યાપી.

કુલ્લકુલ્લાન વિ. સર્વશક્તિમાન.

કુલ્લચાલિબ વિ. વિશ્વવિજેતા.

કુલ્લહ [હિં.] પું. ભલો મૂર્ખ માણસ.

કુલ્લતૈન ૧. [અ.] પું. બરબ પાણીએ નાહવાનું જાહેર કેકાણું.
૨. પું. દરેક બાબતે શોક એવું વલણ.
૩. સ્ત્રી. સાધારણ વેશ્યા.
૪. વિ. જાહેર; સાર્વજનિક.
૫. વિ. બગડેલું; અપવિત્ર.

કુલ્લાહ (કુલ્લાહ) [હિં.] પું. એક જાતની ભાતરાખાજી.

કુલ્લા ૧. [હિં.] પું. ૪. ૪. કોગળા.
૨. પું. ૪. ૪. (કબજી) બબા.
૩. સ્ત્રી. ટોપી
૪. [સં. કવલ] સ્ત્રી. મોઢું સાફ કરવું તે.
૫. [અ] ન. પર્વતનું શિખર

કુલ્લાબ (કુલ્લાબ) ૧. [અ.] પું. આંકડી.
૨. પું. તીર છોડતાં પહેલાં પ્રત્યંચાની દોરી ખેંચવી અને ઢીલી કરવી તે.

૩. પું. ખાવાને બેસવું કરવા માટે તેના ઉપર મુકાતું લાંબણ.
૪. પું. માખ્યાં પકડવાની આંકડી કે જાળ.
૫. પું. વાસણનો આંકડો કે કડું.
૬. પું. હાથીનો અંકુશ.

કુલ્લાળ્ય (કુલ્લાળા) [જ. ક્રિયા (તે કર્યો)] પું. ઘોડાની કેડી.

કુલ્લાલ ૧. પું. કલાલ; દારૂનો વેપારી.
૨. પું. કુંભાર.

કુલ્લિયાત પું. કર્તાનાં સઘળાં કાવ્યો કે લેખકના પૂરેપૂરા લેખો; રચનાસંગ્રહ.

કુલ્લી ૧. [અ.] સ્ત્રી. કુલ કામ.
૨. સ્ત્રી. કુલડી.
૩. સ્ત્રી. કોયળો.
૪. સ્ત્રી. તાવમાપક યંત્રનો ઊપસેલો ભાગ.
૫. સ્ત્રી. નાનું કૂલું; નાનો ચાડવો; ગોળ કુલેલા પેટાળવાળું અને સાંકડા મોંનું ગામડાનું તેલ કે ઘી ભરવાનું પાત્ર.
૬. સ્ત્રી. બાલ; વાળ.
૭. સ્ત્રી. મોઢું ધોવું અને કોગળા કરવા તે.
૮. વિ. બધું; સર્વ.

કુલ્લીયા ૧. [અ.] સ્ત્રી. ફૂલ્યંતા.
૨. વિ. સામાન્ય.

કુલ્લુક પું. વાંસ નામની વનસ્પતિ.

કુલ્લુકભટ્ટ પું. મનુસંહિતાનો જે નામનો જાણીતો ટીકાકાર. તે દિવાકર ભટ્ટનો દીકરો હતો.

કુલ્લુઢ (કુલ્લુઢ) [હિં.] પું. પાણી પીવા માટેનું માટીનું વાસણ.

કુલ્લુહુમ [અ.] વિ. તમામ; બધું; આખું.

કુલ્લું ૧. ન. કૂંડું.
૨. ન. તેલ કે ઘી ભરવાનું સાંકડા મોંનું પણ ફૂલેલા પેટનું ગામડાનું વાસણ; મોટી કૂલડી; કૂપો.
કુલ્લામાં હાથ મુકાવવો = લાલચમાં નાખવું; પોતાનું કામ કાઢી લેવા સારુ બીજાને ખોટી બહુ મોટી આશા આપવી.

કુલ્લે જ. બધાએ; સરવાળે; એકદર.

કુલ્લો ૧. [સં. કલ્લ] પું. કોગળો.
૨. પું. (કચ્છી) ખભો.
૩. પું. સ્ત્રીઓ ઉપરની બાનુએ ગોળ વળેલાં હોય તેવો બાંધ.

કુલ્વક (કુલ્વક) પું. એક જાતની બાતલણાજ.

કુલ્વડ (કુલ્વડ) પું. પાણી પીવાને માટીનો પ્યાલો.

કુલ્વાડ (કુલ્વાડ) ૧. [હિં.] પું. કુહાડો.
૨. સ્ત્રી. એક જાતની જમાનંદી.

કુલ્વાડિયા (કુલ્વાડિયા) વિ. કુહાડાના આકારનું.

કુલ્વાડી (કુલ્વાડી) ૧. [હિં.] સ્ત્રી. એક જાતની જમાનંદી.
૨. સ્ત્રી. કુહાડી.

કુલ્વિષા ૧. [હિં.] સ્ત્રી. એક જાતની બાતલણાજ.
૨. સ્ત્રી. મુદ્રા; ઘાટઘાટ.
૩. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.
૪. સ્ત્રી. માટીનું નાનું ગોળ પ્યાલું.
૧. કુલ્વિષા ભરવી = કેવીને દૂધનો કે રોકેલા ચોખાનો પ્યાલો ધરવો.
૨. કુલ્વિષામાં મુક્ત હોવો = (૧) કોઈ કામ જોવી રીતે કરવું કે જેની કોઈને કાનોકાન ખબર ન હોય. (૨) બધાં માણસોનું કામ હોય તેમાં થોડાં માણસોએ કામ કરવું
૫. સ્ત્રી. લોઢી કાઢવા માટેનું પ્યાલું.

કુલ્વી સ્ત્રી. એક જાતનું કઠોળ.

કુવ ૧. [સં.] ન. કમળ; પદ્મ; અંભોજ.
૨. ન. ફૂલ; પુષ્પ.

કુવચ ૧. ન. કવચ નામની વનસ્પતિ.
૨. ન. કુવચન; ખરાબ વેણ.
૩. ન. અત્તર.

કુવચન ૧. [સં.] ન. અપશબ્દ; ગાળ.
૨. ન. કડવું વેણ; કઠોર વચન.

કુવચની ૧. વિ. અપશબ્દ બોલનાર.
૨. વિ. અસત્યવાદી.
૩. વિ. મુખમાંથી અમંગળ અને અશિષ્ટ વાણી નીકળતી હોય એવું.

કુવજ [સં.] પું. બાલ; કમલયોનિ.

કુવજ્રક [સં.] ન. હીરા જેવો પથ્થર; એક જાતનો મણિ.

કુવડો (કુવડો) સ્ત્રી. સમડી; એક જાતનું પક્ષી.

કુવત ન. શક્તિ; કૌવત; તાકાત.

કુવદ ૧. વિ. અપશબ્દ બોલનાર.
૨. વિ. અસત્યવાદી.
૩. વિ. ખરાબ બોલવું કરનાર; અમંગળ અને અશિષ્ટ વાણી બોલનાર.

કુવધ પું. સર્પ.

કુવધિની સ્ત્રી. રાજાની કુંવરી.

કુવરિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક જાત.
૨. ન. એ જાતનું વાજિંત્ર.
૩. વિ. એ નામની જાતનું.

કુવર્ષ ૧. [સં.] ન. અતિવૃષ્ટિ કરનિષ્ફળ.
૨. ન. અનાવૃષ્ટિ; દુકાળ.

કુવલ ૧. પું. (પુરાણ) વીરવર્મા રાજાનો એ નામનો દીકરો.
૨. [સં.] ન. કમળ.
૩. ન. બોર; બોરડીનું ફળ.
૪. ન. મોતી.
૫. ન. સર્પનું ચેટ.

કુવલય ૧. [સં.] પું. એ નામનો એક અસુર.
૨. ન. ખીલું કમળ; ઈંદીવર; પોયણું.
૩. ન. ધોળું કમળ.
૪. ન. ભૂગોળ; ભૂમંડલ.

કુવલયાનંદ ૧. પું. એ નામનો સાહિત્યનો એક અલંકારગ્રંથ.
૨. પું. કાળાં કમળથી ઉત્પન્ન થયેલ હર્ષ.
૩. પું. કાળાં કમળનું સૌંદર્ય; કમળાનંદ.

કુવલયાપીઠ (કુવલયાપીઠ) ૧. પું. (પુરાણ) કંસનો એક હાથી. એ હજાર હાથી જેટલો બળવાન હતો. ધનુર્યજ્ઞ નિમિત્તે કૃષ્ણને મથુરા બોલાવી તેમને આ હાથી પાસે મારી નખાવવાનો કંસનો હેતુ હતો. એણે બહારત પાસે કુવલયાપીડને કૃષ્ણના શરીર ઉપર તરાપ્યો, પણ કૃષ્ણે એને મારી નાખી એના દંતૂશળ ઉખેડી નાખ્યા.
૨. પું. ધોળાં કે કાળાં કમળનો શણગાર ધારણ કરેલ પુરુષ.

કુવલયાશ્વ ૧. પું. (પુરાણ) બૃહદશ્વ રાજાનું એક નામ.
૨. પું. (પુરાણ) ઋષિઓના યજ્ઞનો વિધ્વંસ કરનાર પાતાલકેતુને મારવા માટે ધૂંધુ પુત્રની ઉપર મોકલેલ ધોડો.
૩. પું. (પુરાણ) સર્વસંહારના પ્રલયકાળ પૂર્વના બૃહદશ્વ રાજાનો પુત્ર. બૃહદશ્વે આને ગાદી ઉપર બેસાડ્યો અને પોતે અરણ્યમાં ગયો. ત્યાર પછી પોતાના પિતાની આજ્ઞાનુસાર ઉતંક ઋષિને પોતાની સાથે લઈ પોતાના એકવીસ હજાર પુત્ર સાથે ધુંધુ દૈત્યની સામે એ યુદ્ધ કરવા ગયો. જે વખતે એ ત્યાં ગયો તે વખતે દૈત્ય ઉજ્જાલક નામના સમુદ્રના એક વિભાગમાં ઊંઘ લેતો હતો. તેથી તેના પુત્રોએ સમુદ્રને ખોદાવી કાઢીને બળાવ્યો. એ જોયો જાગ્યો કે એના મુખમાંથી સાંવર્તક અગ્નિ નીકળ્યો અને તેથી કુવલયાશ્વના બધા પુત્રો મરણ પામ્યા. માત્ર દઢાશ્વ, કપિલાશ્વ અને ચંદ્રાશ્વ એ ત્રણ જ બચ્યા. કુવલયાશ્વ અને ધુંધુનું યુદ્ધ થયું. તેમાં ધુંધુ એને હાથે મરણ પામ્યો. આ ઉપરથી

એનું પુંડુમાર એવું નામ પડ્યું. એનાં કુવલાશ્વ અને અમિતરથ એવાં બીજાં નામ પણ છે.

૪. પું. (પુરાણ) સોમવંશી અયોધ્યાધીશ્વર કાશ્યવંશી દિવોદાસ રાજાના પુત્ર પ્રતર્દનનું બીજું નામ.

કુવલયિત ૧. [સં.] વિ. કમળથી અલંકારેલ.

૨. વિ. જ્યાં કમળ ઉત્પન્ન થયેલ હોય તેવું.

કુવલયિની ૧. [સં.] સ્ત્રી. કમળનો વેલો.

૨. સ્ત્રી. કમળનો સમૂહ.

કુવલા સ્ત્રી. (પુરાણ) હરિશ્ચન્દ્ર રાજાની એ નામની કન્યા; સુધન્વાની બહેન.

કુવલાપીઠ (કુવલાપીડ) પું. (પુરાણ) દિતિનો દીકરો અરિષ્ટાસુર.

કુવલાશ્વ જુઓ કુવલયાશ્વ ૩.

કુવલી સ્ત્રી. બોરડીનું ઝાડ.

કુવલેશય [સં.] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. કુ એટલે પૃથ્વીનું વચન કરવાથી જળ કુવલ કહેવાય છે. તેમાં શયન કરે છે તેથી ભગવાન કુવલેશય કહેવાય છે. કુવલ એટલે અવરીક્ષમાં તક્ષક શયન કરે છે ને ભગવાનની તે વિભૂતિ છે, તેથી બીજરિ કુવલેશય કહેવાય છે. કુ એટલે પૃથ્વીનો આશ્રય હોવાથી સર્પોનું ઉદર કુવલ કહેવાય છે. તેના ઉપર એટલે શેષોદર ઉપર શયન કરે છે તેથી પણ ભગવાન કુવલેશય કહેવાય છે.

કુવસન [સં.] ન. મેલું વસ્ત્ર.

કુવંગ [સં.] ન. સીસું.

કુવા ૧. સ્ત્રી. નાગણીનું ઝાડ. તેને નાગની ફણી જેવાં રાતાં ફૂલ આવે છે. તે ૫૦ થી ૬૦ હાથ ઊંચું અને જેથી અડધી હાથ પહોળું થાય છે. દવાના કામમાં વપરાતું આ ઝાડ સહ્યાદ્રિના નીચેના પ્રદેશમાં થાય છે. તેનું લાકડું ઇમારતી કામમાં ઉપયોગી છે.

૨. ન. દક્ષિણ કોંકણમાં આવેલા ગોપરાષ્ટ્ર અને ગોપરાષ્ટ્રનું પ્રાચીન નામ.

કુવાકૈપાલ્ય ન. વલયમંત્ર; ગ્રહમંત્ર.

કુવાક્ય [સં.] ન. ખરાબ વચન; ગાળ.

કુવાચ્ય જુઓ કુવાક્ય.

કુવાઠ (કુવાઠ) ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩ વિ એ નામની અટકનું.

કુવાડિયા (કુવાડિયા) ૧. સ્ત્રી. ખારવણ કે આહીરની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવાડિયો (કુવાડિયો) પું. એક જાતની વનસ્પતિ. તેને સૂકવી, શેકી અને દળીને કોફીમાં ઉમેરવામાં આવે છે, જેથી તેમાં કડવાશ, રંગ અને સ્વાદ વધે છે. તેનાં પાનની ચા ગળાકોને શાંત આવતી વખતે તાવ આવે સારે એકથી બે રૂપિયાભાર આપવા છે. ગોમાસામાં આડે વખતે ઊગી નીકળતા આ છોડનાં પીળાં ફૂલો અને ત્રિકો દાઢર ચટાડે છે. પાન ગોળ અને અણસટ થાય છે. સ્ત્રિંગ પાંચ ૭ ઇંચ લાંબી હોય છે બી ક્રોહ, કરેળિયા તથા ભીના ત્વચાના રોગ ઉપર વાટીને ચોપડાય છે.

કુવાડી (કુવાડી) સ્ત્રી. નાનો કુહાડો; લોઢાનું એક ઓજાર; કુહાડી.

કુવાડીઝાડો (કુવાડીઝાડો) પું. (વહાણવટું) ખૂબાને અટકાવ તરીકે રાખવામાં આવતું ઝાડુ.

કુવાડો (કુવાડો) ૧. પું. કઠ્ઠું વચન.

૨. [સં. કુઠાર] પું. લાકડાં કાપવાનું લોઢાનું ઓજાર; મોટી કુહાડી; કુહાડો; પરશુ.

કુવાત્રી સ્ત્રી. ગોકળાણી જ્ઞાતમાં ઊભતો એક નાનો ઘેડ.

કુવાદ્ય પું. ઢાઢો; ઢવાણ; જુદી જુદી જાતનાં વસાણાંને પાણીમાં નાખી એકઠાં ઉકાળી તૈયાર કરેલું ઓસડ.

કુવાધત્ર પું. (વહાણવટું) મોટા સઢનો વાંસલો.

કુવાથરો પું. પ્રતિકૂળ પવન.

કુવાથંભ જુઓ કુવાધત્ર.

કુવાદ ૧. [સં.] પું. અપયોગ; નિંદા.

૨. પું. નકામી ચર્ચા.

૩. વિ. ખોટી ચર્ચા કરનાર.

૪. વિ. પારકાના દોષ કહેવાના સ્વભાવવાળું.

કુવાદિક પું. ઊંટવૈદ્ય.

કુવાદી જુઓ કુવાદ ૩, ૪.

કુવાયરો પું. ખરાબ હવા; પ્રતિકૂળ પવન.

કુવાર પું. આશ્વિન માસ; આસો મહિનો.

કુવારપસંદ સ્ત્રી. એક જાતની કેરી.

કુવારયા ૧. સ્ત્રી. સુતારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવારવા ૧. સ્ત્રી. ખારવાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવાલિપ્ત [સં.] સ્ત્રી. ચિપેટ. તેનાં બી વાટીને આંખમાં આંજણ છે.

કુવાલી સ્ત્રી. નાનો કૂવો; કૂઈ.

કુવાશરી સ્ત્રી. કુમારિકા; કુંવારી બેકરી.

કુવાસ [સં.] સ્ત્રી. દુર્ગંધ; બદબો.

કુવાસના [સં.] સ્ત્રી. ખોટી ઇચ્છા; દુષ્ટ ભાવના.

કુવાસી સ્ત્રી. કુમારિકા.

કુવિકર્તૃ [સં.] પું. ઘણી ગામોનો ધણી; ગામના ટોળાનો અધિપતિ.

કુવિચાર [સં.] પું. દુષ્ટ ઇચ્છા; ખરાબ ભાવના.

કુવિચારી [સં. કુવિચારિન્] વિ. ■ ભાવનાવાળું; હલકા વિચારનું.

કુવિતર્ક [સં.] પું. ખોટો વિચાર.

કુવિદ્ય [સં.] વિ. ખરાબ વિદ્યાવાળું.

કુવિદ્યા [સં.] સ્ત્રી. ખરાબ વિદ્યા.

કુવિધ ૧. ન. બરવખરી.

૨. [સં. કુપિત] વિ. કોપેલ; ગુસ્સે થયેલું.

કુવિવાહ [સં.] પું. નિંદનીય લગ્ન.

કુવિંદ [સં.] પું. સાતરનાં તથા રેશમનાં કપડાં વણનાર ભતરી; સાળવી; વણકર. શિલપશાસ્ત્ર પ્રમાણે તે જ્ઞાતિના લોકો નગરના ઈશાન ખૂણામાં વસાવવા પાત્ર છે.

કુવીક્ષા [સં.] સ્ત્રી. અડાળની વીણા.

કુવીરા [સં.] સ્ત્રી, મહાભારતમાં જેનું વેલી એક પ્રાચીન નદી.

કુવીર્ય ૧. [સં.] ન. શક્તિનો ખરાબ રસ્તે વ્યય કરવાપણું.

૨. ન. હિંસા.

કુવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. દુષ્ટ ઇચ્છા; અસદ્ ભાવના.

૨. સ્ત્રી. નઠારું હોવાપણું.

૩. સ્ત્રી. નિંદિત આચરણ; ખરાબ વર્તન.

૪. સ્ત્રી. હલકો ધંધો.

૫. વિ. નિંદિત આચરણવાળું; ખરાબ વર્તનવાળું.

કુવૃષ્ટિ [સં.] સ્ત્રી. ઋતુ વિનાનો વરસાદ; માવઠું.

કુવેચ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેને અડકવાથી ચળ આવે, પણ છાલ ચોપડવાથી તે મટી જાય.

કુવેણુ ૧. ન. કુવચન; ન કહેવાય એવું અસત્ય, ખરાબ અને સાંભળી દુઃખ થાય એવું વચન.

૨. ન. ગાળ; બોલવું; નઠારું વાક્ય.

કુચેષ્ટી ૧. [સં.] સ્ત્રી. અરાબ રીતે ચૂંથેલો માથાનો ચોટલો.

૨. સ્ત્રી. જેની વેણી અરાબ હોય તેવી સ્ત્રી.

૩ સ્ત્રી. માળખાં રાખવાનું વાંસનું બનાવેલું પાત્ર; ફડિયો.

કુચૈતર ૧. ન. કૂવાના પાણીથી પોષાતી હોય એવી જમીન; કૂવાવાળી જમીન; વાડીપડું.

૨. ન. અરાબ ચેતર.

કુચેતી પું. કોસિયો; કોસ ચલાવવાનું કામ કરનાર મનુષ્ય

કુચૈર ૧. પું. (જૈન) વર્તમાન અવસર્પિણીના ચોવીસમા અર્હંતના એ નામના એક ઉપાસક.

૨. [સં.] પું. કુબેરનો અનુચર; ધનનો દેવ; કુબેર.

૩. વિ. અરાબ શરીરવાળું.

કુચૈરાચલ [સં.] પું. કૈલાસ પર્વત; કુચેરાદ્રિ.

કુચૈરાદ્રિ [સં.] પું. કૈલાસ પર્વત.

કુચૈલ ૧. સ્ત્રી. (ભીલી) સમડી.

૨. [સં.] ન. કમળ.

કુચૈળા [સં. કુચેલા] સ્ત્રી. અરાબ સમય; અયોગ્ય વખત.

કુચૈદ્ય [સં.] પું. જિંદવૈદ્ય; અરાબ વૈદ્ય.

કુવ્યય [સં.] પું. ખોટો ખર્ચ; અનિષ્ટ વ્યય.

કુવ્યયી [સં. કુવ્યયિન્] વિ. ખોટો ખર્ચ કરનાર.

કુવ્યવસ્થા [સં.] સ્ત્રી. અરાબ ગોઠવણી.

કુવ્રત (કુવ્રત) [સં.] સ્ત્રી. બળ; શૌર્ય; શક્તિ.

કુવ્રતે ક્ષત્રિયા = (૧) આત્મબળ. (૨) કુદરતી શક્તિ. (૩) સદ્‌ગુણ.

કુશ્ [સં.] સ. ક્રિ. બેટવું.

કુશ ૧. [સં.] પું. ઉપરિચર વસુનો પુત્ર.

૨. પું. એ નામનો રાક્ષસ.

૩ પું. એક જાતનું ઘાસવાળી અને અરબટ ખાતોઠીવાળું ઘાસ; દાભ; દર્ભ; દાભડો. આ ઘાસ પવિત્ર મનાય છે અને સંસ્કારોની ક્રિયાઓમાં વપરાય છે.

૪ પું. ઘૃતસમુદ્રથી ઘેરાયેલ એ નામનો એક બેટ

૫ પું. જોતર

૬ પું દાટવા આવતાં મડેલો પીળો જેવો ભાગ; કચો

૭ પું ભલાદશ્વનો પુત્ર.

૮ પું મારનાર માણસ; નાશ કરનાર પુરુષ

૯. પું. (પુરાણ) રામચંદ્રજીના બે માંહેનો મોટો પુત્ર. એને અપિક્ષ અને કુમુદતી એવી બે સ્ત્રીઓ હતી. કુશનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો અને પાલનપોષણ ત્યાં થયું હતું. રામચંદ્રજીના અશ્વમેધ યજ્ઞ વખતે કુશ અને તેના નાના ભાઈ લવે રામાયણનું ગાન કરીને આખી સભાને મંત્રમુગ્ધ કરી હતી. તેણે કુશાવતી નગરી વસાવીને ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. રામચંદ્ર વૈકુંઠ પધારતાં અયોધ્યાની અધિપ્રજા દેવી કુશના સમનાગારમાં ઉપસ્થિત થઈ હતી અને અયોધ્યાની દુર્દશા કહી હતી અને કુશાવતી છોડી અયોધ્યા જવાનું જણાવ્યું હતું. આથી તેણે અયોધ્યા જઈ ત્યાં રાજ્ય કરવા માંડ્યું.

૧૦. પું. (પુરાણ) સાત દ્વીપમાનો એક; સુરા સમુદ્રની પેલી તરફ આઠ લાખ યોજન વિસ્તારનો એક દ્વીપ.

૧૧. પું. (પુરાણ) સોમવંશી વિજય રાજાના અજક રાજાનો પુત્ર; કુશિક. એને કુશાંબુ, મૂર્તય, વસુ અને કુશનાભ એવા ચાર પુત્ર હતા.

૧૨. પું. (પુરાણ) સોમવંશી વિદર્ભ રાજાના ત્રણ માંહેનો પહેલો પુત્ર.

૧૩. પું. (પુરાણ) સોમવંશી સુહોત્ર રાજાના ત્રણ માંહેનો બીજો પુત્ર.

૧૪. પું. હળની કુસી; હાલ.

૧૫. સ્ત્રી. અણશ; કુસો; કચરો; ખેરીચો.

૧૬. ન. જળ; નીર; વારિ.

૧૭. ન. કોરડીનો છોતરો.

૧૮. વિ. ઊન્મત્ત; પાગલ; મદમસ્ત.

૧૯. વિ. નીચ; પાપી.

૨૦. વિ. પાતળું; કૃશ.

કુશક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, નગણ અને બે લઘુ મળી આઠ વર્ણ હોય છે.

ર ન લ લ થી કુશકે રણપિંગળ

કુશકડું (કુશકડું) ૧. વિ. બળ વગરનું, નીચું.

૨ વિ. નાનકડું; નાનું

કુશકંડિકા [સં.] સ્ત્રી. કુંડમાં અગ્નિ સ્થાપન કરવાની ક્રિયા.

કુશકટા ૧. પુ ન.બ. અજૂર કે બારેકના ડળિયા.

૨. પુ ન બ. કોતરાં; ઝોતરાં; થૂલું; બૂસું.

૧. કુશકટા કાઢવા = દુઃખ દઈને માલ વિનાનું કરી મેલવું. વકરા દઈ તાલે કરવું.

૨. કુશકટા ખાંડવા = કુશકટા ખાંડવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; ખાલી માથાકૂટ કરવી.

કુશકી સ્ત્રી. ડાંગરને બીજી વાર ખાંડતાં કોકડું રહી ગયેલાં ફોતરાં અને કણકી કણનો બારીક ભૂકો; બાજરી વગેરેનું ઝીણું ભૂસું; ડાંગરનું ભૂસું

કુશકુટુમ [સં.] ન. બરાબ નિશ્તાની; અપશુકન.

કુશકેતુ ૧. [સં.] પું. કુશધ્વજ રાજા.

૨. પું. ધતૂરો.

કુશગંધિ [સં.] સ્ત્રી. એક જાતની ભાજી.

કુશઘાસ ન. એક પ્રકારનું ઘાસ; દાભડો. આ ઘાસ હિંદુસ્તાનમાં બધે જગ્યે છે. એનાં મૂળ લાંબાં, ઊંડાં અને માંડો કે પ્રાતળીવાળાં અને પાન ધારવાળાં હોય છે. ધાર્મિક વિધિમાં તે વપરાય છે.

કુશચીરા સ્ત્રી. ભારતવર્ષીય એક નદીનું નામ.

કુશજ ૧. પું. દર્ભ.

૨. પું. રામનો મોટો પુત્ર. તેનો જન્મ ઋષિએ મોકલ્યા દર્ભથી થયો હતો

કુશજનક જુઓ કુશજત.

કુશદ્વીપ ૧. પું. એ નામનો એક બેટ; પૃથ્વી ઉપરના સાત માંહેનો ચોથો મહાદ્વીપ; આફ્રિકા. ૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંથી બનેલા સાત માંહેનો એ નામનો એક દ્વીપ. તે આઠ લાખ યોજન વિસ્તારમાં છે અને પોતાના જેવડા ઘૃતસમુદ્રથી વીંટાયેલો છે. તેમાં કુદરતી દર્ભનો ઘાંસલો છે. તે ઉપરથી જ આ દ્વીપ કુશદ્વીપ કહેવાય છે. એ સ્વયંભૂ જાણે બીજો અગ્નિ હોય તેવો છે અને પોતાના ધ્વજની કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરે છે. પ્રિયવ્રત રાજાનો દીકરો હિરણ્યરેખા આ દ્વીપનો અધિપતિ હતો. તેણે તે દ્વીપના સાત ભાગ કરીને વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ નામના પોતાના સાત પુત્રને વહેંચી આપ્યા હતા. એમને નામે એ સાત દેશનાં નામ પડ્યાં. આ દ્વીપમાં ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ નામના સાત પર્વત અને રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા તથા મંત્રમાલા નામની સાત નદી છે. કુશદ્વીપમાં રહેનારા કુશલ, કોવિદ, અભિયુક્ત તથા કુલક નામે ચાર વર્ણના લોકો અગ્નિસ્વરૂપ પરમાત્માનું પૂજન કરે છે.

કુશધારા [સં. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કુશધ્વજ ૧. [સં.] પુ (પુરાણ) એક ઋષિ; વેદવતીનો પિતા અને રથધ્વજ રાજાનો પુત્ર.

૨. પું. (પુરાણ) વિદેહ વંશના ધ્રુવરોમા નામના જનકના બે ભાંહેનો બીજા પુત્ર; સીરધ્વજ જનકનો નાનો ભાઈ. એ ઇંદ્રદ્યુમ્નની સાંકાસ્યા નામની નગરીમા રાજ્ય કરતો હતો. એને માંડવી અને શ્રુતકીર્તિ નામે બે કન્યા હતી. એ કન્યાઓ અનુક્રમે એણે દશરથપુત્ર ભરત અને શત્રુઘ્નને વરાવી હતી. સીરધ્વજને પુત્ર ન હોતો તેથી તેની પછી આ જ મિથિલાનો રાજા થયો.

કુશાન ૧. પું. એક જાતના પ્રાચીન લોકો. તેઓએ હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી હતી.

૨. ન. કમાન ઉપર આંચકા ખમવા માટે કરાતુ ચણતર.

૩. [અં.] ન. ગાદી; તકિયો; બોટર તથા રેલવેમાં કમાન ઉપરૂ નખાતી ગાદી.

૪. ન. બિલિઅર્ડ રમવાના મેજની ધાર.

કુશાનાભ [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા; સોમવંશી વિજયકુલોત્પન્ન કુશ અથવા કુશિક રાજાના ચાર માહેનો ચોથો પુત્ર. એની સો કન્યા વાયુના કોપથી કૂબડી થઈ ગઈ હતી. તે કાંપિલ્યપુરીના બ્રહ્મદત્ત રાજાને પરણાવ્યાથી પાછી સરળ થઈ હતી. પણ તેના દેશનું નામ કન્યકુબ્જ પડ્યું તે પડ્યું જ.

કુશનેત્ર [સં.] પું. એ નામનો એક અસુર.

કુશપત્રક [સં.] ન. (વૈદક) ગોલ્લા ચીરવાનુ એક શસ્ત્ર.

કુશપુર જુઓ કુશભવનપુર.

કુશપુષ્પ ૧. [સં.] ન. એક જાતનું વસ્ત્ર.
૨. ન. કુશ અને ફૂલ.

કુશપુષ્પક [સં.] ન. એક જાતનુ સ્થાવર વિષ.

કુશપ્લવ ન. (પુરાણ) ભારતવર્ષનુ એ નામનુ એક વન. ક્ષિતિએ ઉદ્રનો પરાભવ કરે એવો પુત્ર મેળવવા આ જગ્યાએ હજાર વર્ષ સુધી તપ કર્યું હતુ. આગળ જતાં આ જ સ્થળ ઉપર વિશાલા નામની નગરી સ્થપાઈ હતી.

કુશપ્લવન [સં.] ન. (પુરાણ) એ નામનુ ભારતવર્ષનું એક તીર્થ.

કુશબિંદવ પું. (પુરાણ) એ નામનો એક દેશ.

કુશબિંદુ પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ.

કુશભવનપુર ન. અયોધ્યા પ્રાંતમાં ગોમતીના કિનારા ઉપર આવેલુ સુલતાનપુર; રામચંદ્રજીના પુત્ર કુશની રાજધાનીનુ શહેર. ચીનનો મુસાફર હ્યુએન-સાંગ અહીં આવી ગયો હતો. એનું બીજું નામ કુશપુર હતુ.

કુશમ ન. (કચ્છી) એક જાતનું ઝાડ.

કુશમપુર ૧. ન. કન્યકુબ્જનું પ્રાચીન નામ.
૨. ન. પાટલિપુત્રનું પ્રાચીન નામ. પટણના દક્ષિણ ભાગનું નામ કુમ્હાર તે કુશમપુર ઉપરથી આવેલુ છે.

કુશમાંરા [સ.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી

કુશમુદ્રિકા [સં.] સ્ત્રી. પવિત્રી; કુશની બનાવેલી અંગૂઠી.

કુશર [સં.] પું. કાસડા જેવું એક ઘાસ.

કુશરાત ૧. સ્ત્રી. તંદુરસ્તી.
૨. સ્ત્રી. સુખ; આબાદી.

કુશરીર ૧. ન. બરાબ શરીર.
૨. ન. બીકણ જેવા મતા વાળ.

કુશલ ૧. [સં.] પું. એ નામનું વૈદ્યનું પુસ્તક.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રાજવરત્ન છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૧૪ લઘુ મળી ૮૪ માત્રા હોય છે
૩. પું. (પુરાણ) કુશદ્વીપ માહેના એક જાતના લોક.
૪. [સં.] પું. ક્રૌંચ દ્વીપ માહેનો એક પ્રાચીન દેશ.
૫. પું. મોરોક્કો અને અલ્જિરિઅ દેશનુ પ્રાચીન નામ
૬. પું. શિવનું એક નામ.
૭. સ્ત્રી. ભલુ, હિત.
૮. ન એવું જાણવું કર્મ અજોગ, અદ્રષ્ટ તથા અમોઘવાળાં કર્મ કુશલ કહેવાય.
૯. ન. એક જાતનું પદ્ધરાવાળું ત્રિશાળ ઘર. આ ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ, જમણી તરફ એક અલિંદ અને ઘરનું મુખ પશ્ચિમ તરફ હોય.
૧૦. ન. ક્ષેમકુશળતા; સાજાતાજા રહેવું તે. સહીસલામતી.
૧૧. ન. ક્ષત્રરપાત્ર.
૧૨ ન પુણ્ય.
૧૩. ન રક્ષણ.
૧૪. ન સુખ, હિત, શુભ
૧૫ ન હ.થમા દરા દોષ એવુ માપ્યમ
૧૬. વિ. આબાદીવાળું; સુખી; સુખરૂપ.
કુશળ રહો – અપ્રીતિને પાત્ર થઈ દૂર રહો. આમ રીતમાં બોલાય છે
૧૭. વિ. આરોગ્યવાન; તંદુરસ્તીવાળું; સ્વસ્થ.
૧૮. વિ. કલ્યાણવાળું; કલ્યાણકારી.
૧૯. વિ. કાર્યકુશળ; દક્ષ.
૨૦. [સં. કુશ (દર્ભ) + લ (પ્રાપનાર)] વિ. કુશળ; પ્રવીણ; નિપુણ; નિષ્ણાત. આ શબ્દનો વાચ્યાર્થ કુશ એટલે દર્ભ લેનાર છે પરંતુ એ અર્થ બધ બેસતો નથી. દર્ભ લાવનારને મહા હોશિયારી વાપરવી પડે છે કેમકે નદિ તો હાથ કપાઈ જાય. તેથી ક્રમ કરવામાં પ્રવીણ પુરુષ હોય તે કુશળ કહેવાય છે
કુશળ માણસ = પરદેશના કાયદા, શાસ્ત્ર વગેરે જાણવાની તથા પારકા હુન્નરોને ઓળખવાની કળા જાણનાર માણસ.
૨૧. વિ. ડાહ્યું.
૨૨ વિ દર્ભ ગ્રહણ કરનાર.
૨૩. વિ દર્ભવત્ જુ
૨૪ વિ. પુણ્યશાલિ.
૨૫. વિ. ભેદ.

કુશલકર્મ [સ.] ન (બૌદ્ધ) દશ અકુશલકર્મપથથી નિવૃત્ત રહેવું તે. બૌદ્ધ ધર્મશાસ્ત્રોમા કહેલા દશ અકુશળ કર્મપથ અ. પ્રમાણે છે' ત્રણ કાયિક-(૧) પ્રાણઘાત, (૨) અદત્તાદાન અને (૩) અબ્રહ્મચર્ય; ચાર વાચિક-(૪) અસત્ય ભાષણ, (૫) ચાડી, (૬) કઠોર ભાષણ અને (૭) અકામગાઢ; અને ત્રણ માનસિક-(૮) પરદ્રવ્યનો લોભ, (૯) દ્વેષ અને (૧૦) નાસ્તિકતા

કુશલકલાવતિકા પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમા ભગણ, નગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

કુશલક્ષેમ ૧. ન. આબાદી અને તંદુરસ્તી.
૨. વિ. સુખી અને આરોગ્યવાન.

કુશલતા ૧. [સં.] સ્ત્રી. આબાદી; સુખ.
૨. સ્ત્રી. કુશળતા; નિપુણતા; પ્રવીણતા.
૩ સ્ત્રી. ચતુરાઈ; શાણપણ.
૪. સ્ત્રી. તંદુરસ્તી; નીરોગીપણું.

કુશલત્વ જુઓ કુશલતા.

કુશલપત્ર પું; ન. ક્ષેમકુશળ પૂછવા કે કહેવાનો સામાન્ય પત્ર; 'વેલફેર લેટર'.

કુશલપથ ૧. પું. બૌદ્ધ ધર્મશાસ્ત્રમાં જણાવેલા દશ મનુષ્ય ધર્મ.
૨. પું. સન્માર્ગ; સારો રસ્તો; જે રસ્તે જવામાં કુશળતા હોય તેવો રસ્તો.

કુશલપ્રશ્ન ૧. [સં.] પું. કુશળ જાણવાની ક્રિયા
૨. પું. ખબરઅંતર; તબિયતના સમાચાર પૂછવા તે; ક્ષેમકુશળ પૂછવુ તે.

કુશલવ ૧. [સ.] પું. દર્ભનો કટકો.
૨. પું.બ.વ. લવ અને કુશ નામના રામના બે પુત્રો.

કુશલસંસ્કાર ૧. [સં.] પું. ક્ષેમકુશળતા.

૨. પું. મદદ કરવાની ઇચ્છા.

કુશલા ૧. [સં.] સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.
૨. સ્ત્રી. સુખ; આબાદી.

કુશલાગમ [સં.] પું. શિવ; શંકર.

કુશલાત જુઓ કુશલા.

કુશલી ૧ [સં.] સ્ત્રી. અશ્મંતક વૃક્ષ.
૨. સ્ત્રી. એક શાક; ચૂકો.
૩. સ્ત્રી. સુખી અવસ્થા.
૪ વિ. આબાદ; સુખી.
૫. વિ. તંદુરસ્ત; આરોગ્યવાળું.

કુશલીખેમ વિ. કુશળ; આબાદ; સુખી.

કુશલેય પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

કુશવજજરીરા [અ.] ન. હસ્તમૈથુન; ચિરૈતા; ક્રિયાતુ.

કુશવત [સં. કુશવત્] વિ. દર્ભવાળું.

કુશવતી [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

કુશવન ન. જબ્બા ગોકુળ પાસે આવેલું એ નામનું એક વન.

કુશવિન્દુ [સં.] પું. એ નામનો એક દેશ.

કુશસ્તંભ [સં] ન. (પુરાણ) કુશદ્વીપમાં દેવોએ ઉત્પન્ન કરેલું અગ્નિ જેનું તેજસ્વી દર્ભનું ઝોલું. એના ઉપરથી એ દ્વીપનું નામ કુશદ્વીપ પડ્યું.

કુશસ્થલ [સં.] પું. કનોજ દેશ; કાન્યકુબ્જ.

કુશસ્થલી ૧. સ્ત્રી. ઉજ્જૈન.
૨. [સં.] સ્ત્રી. કુશાવતી નામની નગરી. તે વિંધ્યપર્વત ઉપર હતી અને ત્યાં રામચંદ્રજીના પુત્ર કુશ રાજ્ય કરતા હતા. દક્ષિણ કોશલની રાજધાનીનું તે શહેર હતું.
૩. સ્ત્રી. સૂર્યવંશના શર્યાતિ રાજાના દીકરા આનર્તના પુત્ર રેવત રાજાએ સ્થાપેલી નગરી. અત્યારે જતાં તેનું નામ દ્વારકા પડ્યું.

કુશસ્થળ જુઓ કુશસ્થલ.

કુશસ્થળી જુઓ કુશસ્થલી.

કુશળ ૧. ન. આરોગ્ય; તંદુરસ્તી.
૨. ન ચતુરાઈ; હોશિયારી.
૩. ન. ભલું થાય તેવી આશા.
૪ ન. સુખ; આબાદી.
૫. વિ. આરોગ્યવાન; તંદુરસ્ત.
૬ વિ. પ્રવીણ; હોશિયાર
૭ વિ. સુખી; આબાદ.

કુશળક્ષેમ ૧. ન. તંદુરસ્તી; આરોગ્ય.
૨. ન. સુખ; આબાદી.
૩. વિ. આરોગ્યવાન; તંદુરસ્ત.
૪. વિ. સુખી.

કુશળતા ૧. સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.
૨. સ્ત્રી. સુખરૂપતા; સારી હાલત.
૩. સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કુશળદક્ષિણા સ્ત્રી. લગ્ન થઈ રહ્યા પછી વરકન્યાનું ભલું ઇચ્છવા વડીલને અપાતી દક્ષિણા.

કુશળપણું જુઓ કુશળતા.

કુશળપત્ર પું. ક્ષેમકુશળ પૂછવા કે કહેવાનો સામાન્ય પત્ર; 'વેલફેર લેટર'.

કુશળપ્રશ્ન પું. સુખ તંદુરસ્તીના ખબર.

કુશળબુદ્ધિ સ્ત્રી. ચતુરાઈ; હોશિયારી.

કુશળમહેનત સ્ત્રી. બુદ્ધિપૂર્વક કરેલું કે બુદ્ધિની જરૂર પડે તેવું કામ.

કુશળવાર્તા સ્ત્રી. ખુશીખબરના સમાચાર.

કુશળવૃત્તાંત જુઓ કુશળવાર્તા.

કુશળવૃત્તિ સ્ત્રી. ચિત્તની બાર બાંહેની એ નામની એક પ્રકારની વૃત્તિ.

કુશળસમાચાર જુઓ કુશળવાર્તા.

કુશળાત ૧. સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.
૨. સ્ત્રી. સુખ.

કુશળી જુઓ કુશલી.

કુશળોક્ષેમ જુઓ કુશળક્ષેમ.

કુશાણી જુઓ કુશળ ૫, ૬, ૭.

કુશંકા [સં.] સ્ત્રી. વહેમ; ખોટો તર્ક.

કુશંકા [સં.] વિ. ખૂન કરનાર; મારી નાખનાર.

કુશ ૧. [સ.] સ્ત્રી. ઉંબરાના ઝાડવાનો બીજો.
૨ [સ.] સ્ત્રી. એક જાતનું મીઠું ઘાસ.
૩. સ્ત્રી. દોરી, દોરડી.
૪. સ્ત્રી. મીઠી કાકડી.
૫. સ્ત્રી. મીઠી કાકડીનો વેલો.
૬. સ્ત્રી. લગામ.
૭ ન. ઉપાડવું તે; બોલવાપણું.
૮. ન. કુશ; દર્ભ, દાભ, એક જાતનું ઘાસ.
૯. ન. ખાપિયું; તૂટેલ ઝાડવાને બાંધવાનું એક સાધન; પાટિયું.
૧૦. વિ. ઉપાડનાર.
૧૧. વિ. છેતનાર.
૧૨. વિ. દાળનાર; દૂર કરનાર.

કુશકર્શ સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કુશકર ૧. [સં.] પું. યજ્ઞનો અગ્નિ.
૨. વિ. હાથમાં દર્ભ હોય એવું.

કુશકરા ૧. [સ.] સ્ત્રી. અવરું કામ.
૨. સ્ત્રી. લગાર્ઇ.

કુશગારપુર ન. મગધની જૂની રાજધાનીનું શહેર; રાજગૃહ. એનું બીજું નામ ગિરિવ્રજપુર હતું.

કુશગ્ર ૧. પું. (પુરાણ) સૂર્યવંશના પુરુકુળના અજમીઢ વંશના ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથના બે પુત્રોમાંનો બીજો; જરાસંધનો નાનો ભાઈ; ઋષભ રાજાનો પિતા.
૨. સ્ત્રી. દર્ભની અણી જેવી તીક્ષ્ણ બુદ્ધિ; અતિ સૂક્ષ્મ બુદ્ધિ.
૩. ન. એ નામનું એક શહેર; કુશાગ્રપુર.
૪. [સં.] ન. દાભનો આગલો ભાગ; દર્ભની અણી.
૫. વિ. તીક્ષ્ણ; ઝીણું.
૬. વિ. સૂક્ષ્મ; તેજ; ઉગ્ર.

કુશાગ્રપુર જુઓ કુશાગારપુર.

કુશાગ્રબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કુશની અણી જેવી ઝીણી બુદ્ધિ; તીક્ષ્ણ મતિ.
૨. વિ. દર્ભની અણી જેવી તીવ્ર બુદ્ધિવાળું.

કુશાગ્રલોષ્ટ સ્ત્રી. ઈંટની અગિયાર બાંહેની એક જાત. જુઓ ઈંટ.

કુશાગ્રીય [સં.] વિ. અતિસૂક્ષ્મ; દર્ભના અગ્ર ભાગ જેવું તીક્ષ્ણ.

કુશાગ્રીયમતિ જુઓ કુશાગ્રબુદ્ધિ.

કુશાઙ ૧. [સં.] પું. આનંદ; હર્ષ.
૨. પું. ઉપાડવું તે; વિસ્તૃત કરવાપણું.
૩. વિ. પ્રશસ્ત; ભભકાદાર.
૪. વિ. વિશાળ; વિસ્તીર્ણ.
૫. વિ. સમજવા જેવું.

કુશાઙી ૧. [સં.] સ્ત્રી. આનંદ; હર્ષ.
૨. સ્ત્રી. વિસ્તાર; વિશાળતા.

કુશાદા ૧. [સં.] વિ. આનંદી.
૨. વિ. ઉઘાડું; આવરણ રહિત; ખુલ્લું.
૩. વિ. નિખાલસ.
૪. વિ. ભવ્ય; ભભકાદાર.
૫. વિ. વિશાળ; વિશાળ અને સારી રીતે શણગારેલું.

કુશાદા કુશાદા ૧. વિ. ચોખ્ખું; સાફ.
૨. વિ. ખુદુખુદુ.

કુશાદાદિલ ૧. [સં.] વિ. ઉદાર.
૨. વિ. ભોળું

કુશાદાપેશાની [સં.] વિ. આનંદી; હસમુખા ચહેરાવાળું.

કુશાદારવી સ્ત્રી. ઘોડાએ પગ પહોળા કરીને ચાલવું તે.

કુશાદાર્ વિ. આનંદી.

કુશાગ્રબુદ્ધિ પું. પહોળા પણ ઝડપી ચાલનાર ઘોડો.

કુશાદિક [સં.] ન. (વૈદક) ઔષધરૂપ એક તેલ.

કુશાધ્યધૃત [સં.] ન. (વૈદક) પંચરી મટાડવા માટેની ઘીની એક બનાવટ. તે બનાવવા દર્ભ, કાસડો, ખરુ, ઇક્ષુ અને શેરડી એ પાંચેનાં મૂળ, પાષાણભેદ, વિદારીકંદ, વારાહીકંદ, રિસામણી, ડોગરનાં મૂળ, ગોખરુ, અરડૂસો, પાઠળ, કાળીપાઠ, શાલિંચશાક, પીળો કાંટારીંગણિયો, સફેદ તથા લાલ કાટોઢીનાં મૂળ, સરસડાની છાલ એ બધાં સમભાગે લઈ તેથી આઠગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે એટલે ઉતારી ગાળી લઈ બધાથી ચોથા ભાગનું ઘી, બીજી ચોથા ભાગના કલકમાં મેળવી ધીમે ધીમે પકવવું.

કુશાન પું. એક જાતના પ્રાચીન લોકો; શક લોકોની એક શાખા.

કુશાગ્ર ન. એક જાતનું તેજી બિયું.

કુશારણિ [સં.] પું. દુર્વાસા ઋષિ.

કુશાલય [સં.] પું. સમુદ્ર.

કુશાવર્તતીર્થ [સં.] ન. મહાભારતમાં બતાવેલું એક પ્રાચીન ધામ.

કુશાવલિ [સં] પું. રોહિતાનું ઝાડ.

કુશાવતી ૧. સ્ત્રી. ઉજ્જયિનીના કૂર રાજા પાલકને મારી પછી આભીર વંશકર આવીને આરહત્તને આપેલું વેણી અમર વેણુગંગાના તટ ઉપર આવેલું એક સ્થળ.

૨. સ્ત્રી. કુશપુર; કુશલવનપુર; રામચંદ્રજીના પુત્ર કુશની વસાવેલ કોશલદેશની રાજધાની.

૩. સ્ત્રી. પ્રાચીન દ્વારકા; કુશસ્થલી.

૪. સ્ત્રી. શ્રીકૃષ્ણ ભગવાનનું જ્યાં મૃત્યુ થયું હતું તે શહેર; કુશીનગર.

૫. સ્ત્રી. બુંદેલખંડના રાજનગરનું એક નામ.

૬. સ્ત્રી. લાહોરથી નર્ઋત્યમાં આવેલ આજના કસુર ગામનું પ્રાચીન નામ.

કુશાવર્ત ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં.] પું. ગોદાવરીનો એક તીર્થકુંડ. ગોદાવરી નદી આ કુંડ નીચેથી વહે છે. ગોદાવરીના જે ભાગ ઉપર આ કુંડ આવેલું છે તે ભાગને ગૌતમીગંગા કહે છે. દત્તાત્રેય તપ કરતા હતા ત્યારે તેનું ઉપાસન તણાઈ જતાં અહીં પાણીમાં જે ઠેકાણે આવર્ત જોરથી ચક્કર ચક્કર થતું હતું તે જગ્યા કુશાવર્ત કહેવાણી.

૩. પું. નવ ખંડોનો એ નામનો એક ખંડ.

૪. પું. (પુરાણ) પ્રિયવ્રત વંશના ગયજાદેવને જયંતીની કૂખે થયેલા સો ખંડોનો મોટો દીકરો. એના જ નામથી એનો ખંડ કુશાવર્ત કહેવાય છે.

૫. પું. ભરતરાજાનો એ નામનો એક પુત્ર.

૬. પું. હરદ્વારમાં આવેલો ગંગા નદીનો એક પવિત્ર ઘાટ.

કુશાવલેહ [સં.] પું. (વૈદક) એક જાતનું ઔષધ. તણપ્રકારનાં દરેકનાં પંચાસ પંચાસ તોલા મૂળ લઈ તેમને ૬૪ શેર પાણીમાં ઉકાળવાં. જ્યારે આઠ શેર પાણી રહે ત્યારે ગાળી લેવું. પછી તેમાં ચાર શેર સાકર નાખી તેની ચાસણી કરવી. જ્યારે તે તૈયાર થાય ત્યારે કાકડીનાં બીજ, તરબૂચનાં બીજ, વસલોચન, ખસખસ, તમાલપત્ર, એલચી, તજ, નરબુની છાલ, મરો, રાયણનાં બીજ અને નાગકેસર તેમાં મેળવવાં.

કુશાશ્વ [સં.] પું. ઇક્ષ્વાકુ વંશનો એક રાજા. તે સહદેવનો પુત્ર અને સોમદત્તનો પિતા હતો. આ રાજા વિશાલથી સાતમો હતો

કુશાસન ૧. [સં.] ન. ખરાબ રાજ્યશાસન.

૨. ન. દર્ભનું બેસવાનું સાધન; દાભની સાદડી. શ્રાદ્ધોમાં દાન, યજ્ઞ, જાપ, ઉપાસના વગેરેના સમયે કુશાસન ઉપર બેસવાનું વિધાન છે.

કુશાંકાપુર ન. મગધની જૂની રાજધાનીનું નામ; રાજગૃહ.

કુશાંગરીય [સં.] ન. દર્ભની વીંટી.

કુશાંડિકા ન. હોમનું એક પ્રમાણનું કર્મ.

કુશાંબ પું. (પુરાણ) સોમવંશી વિજયકુલમાં જન્મેલ કુશ જાયા કુશિરાજાના ચાર ખંડોનો પહેલો પુત્ર; કુશાંબુ. એણે વસાવેલી નગરીનું નામ કૌશાંબી અને એના પુત્રનું નામ ઋષિ હતું.

કુશાંબુ ૧. [સં.] પું. કુશાંબ.

૨. ન. કુશના આચમનથી દૂષિત પાણી.

કુશિક ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. એક પ્રાચીન આર્યવંશનું નામ.

૩. પું. ઋષિ રાજાના પિતાનું નામ.

૪. પું. તેલનો ગાળ.

૫. પું. (પુરાણ) સોમવંશી વિજયકુળના બ્રહ્મક્ષત્ર રાજાનો પુત્ર. એને કુશાંબુ, મૂર્તિમ, વસુ અને કુશનાભ એવા ચાર પુત્ર હતા.

૬. ન. બાવળનું વૃક્ષ.

૭. ન. વૈદક્ત બ્રાહ્મણ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૮. ન. ખાડાનું ઝાડ.

૯. ન. સાસુનું ઝાડ.

૧૦. વિ. કાલું.

કુશિકનંદન પું. વિશ્વામિત્ર.

કુશિકસુત જુઓ કુશિકનંદન.

કુશિકસૌબલ પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૨૭મા સૂક્તનો કર્તા એક ઋષિ.

કુશિકા [સં.] સ્ત્રી. સોદાની કોર.

કુશિકાક્ષ [સં.] ન. બરાબ ફોરીવાળું. લોકોને ઊતરવાનું સોનીનું ત્રાજવું.

કુશિક્ષક [સં.] પું. બરાબ બહેતાડ.

કુશિક્ષણ [સં.] ન. બરાબ શિક્ષણ.

કુશિનગર ન. એ નામનું એક પ્રાચીન સ્થળ. આ સ્થળે ઈ. સ. પૂર્વે ૪૭૭માં બુદ્ધ ભગવાનનું નિર્વાણ થયું હતું. સીલોનની વંશાવળી તેમ જ પ્રો. લેસેનના મત મુજબ એ બનાવ ઈ. સ. પૂર્વે ૫૪૩માં બન્યો હતો. આ નિર્વાણ અજાતશત્રુના રાજ્યના આઠમા વર્ષમાં અને બુદ્ધ ભગવાનની ઉમરના એંસીમા વર્ષમાં થયું હતું. આ સ્થળ તે હાલનું કસિયા બનાવ છે. તે ગોરખપુરથી પૂર્વે સાઠગીસ માઈલે છે. મરણકાળે બુદ્ધ માથું ઉત્તર તરફ રાખીને જમણે પડખે સૂતા હતા. એમની મરણભૂમિ ઉપર અશોકે સ્તૂપ બનાવ્યા હતા.

કુશિનારા જુઓ કુશિનગર.

કુશિળી [સં.] સ્ત્રી. ખોસરી.

કુશી ૧. [સં. કુશિન્] પું. વામદેવ ઋષિ.

૨. સ્ત્રી. કોશ.

૩. સ્ત્રી. હિંદુસ્તાનની એ નામની નદી.

૪. [સં.] ન. એક જાતનું પવિત્ર ઘાસ.

૫. [સં.] ન. મારી નાખવું તે.

૬. [સં. કુશિન્] વિ. જેના હાથમાં કુશ હોય તેવું.

કુશીદ ૧. [સં.] પું. નાણાવટી.

૨. ન. વ્યાજ આપવું તે.

કુશીનાર ન. જ્યાં શાક્યમુનિ બીજે ગૌતમબુદ્ધ નિર્વાણ પામ્યા હતા તે સ્થળ. આ સ્થાન ગોરખપુર જિલ્લામાં છે.

કુશીરક [સં.] ન. ખેડવાથી જેમાં હળ ખૂબ ઘસાઈ જાય તેવું ચેતર.

કુશીલ ૧. પું. (જૈન) નિર્ગ્રંથના પંચ ખંડોનો એ નામનો એક પ્રકાર. કુશીલના બે ભેદ: પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ.

૨. [સં.] ન. કુપાત્ર.

૩. ન. બરાબ ચોમ.

૪. ન. જેરવર્તણૂક; બરાબ રીતભાત.

૫. વિ. બરાબ ચારિત્ર્યવાળું; બરાબ ચોલવાળું.

કુશીલતા ૧. [સં.] સ્ત્રી. ગેરવર્તણૂક.
૨. સ્ત્રી. લુચ્ચાઈ; દોંગાઈ.

કુશીલવ ૧. પું. કોઈ પણ માણસની ખોસવાની અને વર્તવાની રીતના ચાળા પાડી શકે તેવો પુરુષ.
૨. પું. ભવૈયો; નાનાર.
૩. પું. નટ; નાટકનો ખેલાડી.
૪. પું. ભાટ; ભાટચારણ; બંદીજન.
૫. પું. વાલ્મીકિ મુનિ.
૬. પું બ. વ. (પુરાણ) રામના દીકરા કુશ અને લવ. રામચંદ્રે લોકાપવાદને લઈને સીતાને લક્ષ્મણની સાથે ગંગાની પેલી પાર તમસા નદીને તીરે મોકલી તેનો ત્યાગ કર્યો, ત્યારે સીતાને ગર્ભ હતો. એમને અરણ્યમાં વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આ બે પુત્ર જન્મ્યા. તેમનાં વાલ્મીકિએ કુશ અને લવ એવાં બે નામ પાડ્યાં. કુશીલવ મોટા થયા એટલે વાલ્મીકિએ એમને જનોઈ દીધું અને વેદ, વેદાંગ અને ધનુર્વિદ્યામાં નિષ્ણાત કર્યા. એ સિવાય પોતે રચેલા શતકોટિ રામાયણ ગ્રાન્થમાંથી ગાયત્રી મંત્રપ્રચૂર ગીતિ હજાર શ્લોક ચૂંટી કાઢીને તેમને ગાતાં શીખવ્યું. રામચંદ્રે ગોમતી નદીને તીરે અશ્વમેધનો આરંભ કર્યો અને શ્યામકર્ણ અશ્વને છૂટો મૂકી તેની સાથે મોટું સૈન્ય લઈ શત્રુઘ્નને મોકલ્યો. અશ્વ ફરતો ફરતો વાલ્મીકિ ઋષિને આશ્રમે આવ્યો. તે વખતે લવ એકલો જ હાજર હતો. કુશ દર્ભ, સમિધ વગેરે માટે અરણ્યમાં ગયો હતો અને વાલ્મીકિ વરુણના યજ્ઞ માટે પાતાળમાં ગયા હતા. લવે ઘોડાના કપાળ ઉપરની સુવર્ણ પત્રિકા વાંચીને તેને બાંધ્યો. આથી લવ અને શત્રુઘ્ન વચ્ચે યુદ્ધ થયું. લવે શત્રુઘ્નના સૈન્યને હેરાન કર્યું અને શત્રુઘ્નને પણ મૂર્ચ્છા પમાડ્યો. પણ અંતે એણે લવનું ધનુષ્ય તોડી નાખી મૂર્ચ્છા પમાડી એને રથમાં નાખી અશ્વને લઈ અયોધ્યાનો રસ્તો લીધો. તેવામાં કુશ આશ્રમે આવ્યો અને તેને આ બનાવની ખબર પડતાં તે સૈન્યની પાછળ ધનુષ્યબાણ લઈ પડ્યો. એણે શત્રુઘ્નના સેનાપતિ અને એના ભાઈને મારી નાખ્યા અને શત્રુઘ્નને મૂર્ચ્છિત કરી લવને અને ઘોડાને આશ્રમે લઈ આવ્યો. ત્યાં લવને મૂર્ચ્છા વળી અને તેણે સર્વની સ્તુતિ કરી તેની પાસેથી નવું ધનુષ્ય મેળવ્યું. તેવામાં લક્ષ્મણ સૈન્ય લઈને આવ્યો. તેને પણ લવકુશે મૂર્ચ્છા પમાડ્યો. તેથી ચઢાઈ લઈને આવેલી છતાં રામચંદ્ર પોતાને ત્યાં આવવું પડ્યું. રામે આ કુમારોને જોઈને એના વંશ, પિતાનું નામ વગેરે પૂછ્યું. એ સીતાના પુત્રો છે એ જાણીને રામને મૂર્ચ્છા આવી, પણ તરત જ સાવધ થઈને કુમારો સાથે યુદ્ધ કરવા માંડ્યું. પણ પોતે ઉદાસીનપણે યુદ્ધ કરતા હતા, તેથી પોતાના બીજા ભાઈઓની પેઠે તેઓ પણ મૂર્ચ્છિત થઈને પડ્યા. એવામાં વાલ્મીકિ ઋષિ આવ્યા અને ત્યાં રામ અને એમના ભાઈઓ વગેરે પડ્યા હતા ત્યાં ગયા અને પોતાની અમૃતદૃષ્ટિથી સર્વને સાવધ અને સજીવ કર્યા. એમણે સીતા અને લવકુશની હકીકત તેમને કહી. રામ એ બધાને લઈને વાલ્મીકિ ઋષિને વંદન કરી અયોધ્યા ગયા.
૭. સ્ત્રી. શીલ વેચીને જીવન ગુજારનાર રખડતા લોકોની એક જાત.

કુશીલા [સં.] વિ. સ્ત્રી. ખરાબ સ્વભાવવાળી.

કુશીવય [સં.] પું. વાલ્મીકિ મુનિ.

કુશોરા [જા.] ન. ભારી નાખવું તે; ખૂન.

કુશ્કુક [જા.] ન. ખુલ્લાપણું.

કુશૂલ ૧. [સં.] પું. અનાજ કોઠાર.
૨. પું. ઘોનરાંનો અગ્નિ.

કુશેશય ૧. [સં.] પું. કુશદ્વીપ માંહેનો એ નામનો એક પર્વત; કેમેરોન.
૨. ન. કમળ; પદ્મ.
૩. ન. કરેણનું ઝાડ.
૪. ન. સારસ પક્ષી.
૫. વિ. દર્ભની પથારી ઉપર સૂનાર.

કુશેશ્વર [સં.] પું. શંકર; મહાદેવ.

કુશોદક [સં.] ન. દર્ભ સાથેનું પાણી.

કુશોદકા [સં.] સ્ત્રી. એ નામની નદી.

કુશોદિકા જુઓ કુશોદકા.

કુશ્ક [જા.] પું. મહેલ.

કુશ્ત [જા.] ન. ભારી નાખવું તે; ખૂન.

કુશ્તગાન [જા.] પું. બ. વ. ભારી નાખેલ માણસો.

કુશ્તન ૧. ન. ચિનાઈ અથવા પૂર્વ તુર્કસ્તાનમાં આવેલ ખોસ્તાનનું રાજ્ય. ત્યાંથી ઘેરા લીલા રંગના અકીક નીકળે છે, તેથી એનું નામ ઈન્ખ-શોન પડ્યું છે. ચીનાઓ એને કુ-શ-ન-તાન કહેતા. ચિનાઈ મુસાફરો ફાહ્યાન અને હ્યુએન-સાંગ આ સ્થળે આવેલ હતા. એ સ્થળ હાલના ખોસ્તન શહેરથી સહેજ પૂર્વમે આવેલું હતું. ઈ. સ. શુમારે બીજી સદીમાં તક્ષશિલામાંથી અહીં આવી વસેલા હિંદવાનોએ ખોસ્તન છતી લઈ ત્યાં વસવાટ કર્યો હતો.
૨. [જા.] ન. ભારી નાખવું તે.

કુશ્તની [જા.] વિ. મોતને લાયક.

કુશ્તમકુશ્તા [જા.] સ્ત્રી. મારામારી; યુદ્ધ.

કુશ્તા ૧. પું. એક જાતની પારાની બનાવટ.
૨. પું. કળીચૂનો.
૩. પું. ખૂન કરાયેલ માણસ.
૪. પું. પ્રેમી; આશક.
૫. પું. મારેલી ધાતુ.
૬. [ફા.] વિ. મરેલું; મારી નાખેલું.

કુશ્તી [જા.] સ્ત્રી. કુસ્તી; દંડયુદ્ધ; બથંબથ્થા.

કુશ્તીગર [જા.] પું. મલ્લ; પહેલવાન.

કુશ્તીગીર જુઓ કુશ્તીગર.

કુશ્તીબાજ જુઓ કુશ્તીબાઝ.

કુશ્તીબાઝ [જા.] પું. મલ્લ; પહેલવાન.

કુશ્મપત્ર ન. ગર્ભધારણનાં બીજા મહિનું એક લક્ષ.

કુશ્યાલૂ [હિં.] ન. જરદાળુ.

કુશ્રુતજ્ઞાન ન. (જૈન) શ્રુતજ્ઞાનનું મિથ્યાત્વ.

કુશ્વાન [સં.] પું. હડકાયું કૂતરું.

કુષ્ ૧. [સં.] સ. ક્રિ. ચમચવું; પરીક્ષા કરવી.
૨. સ. ક્રિ. ચીરવું; ફાડવું.
૩. સ. ક્રિ. નિચોવવું.
૪. સ. ક્રિ. (ધાતુ) પ્રક્ષાલવું. તેના ઉપરથી નીકળેલ શબ્દ: કુષ્ઠ.

કુષક [સં.] પું. બહેડાનું ઝાડ.

કુષાકુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. વાનર.
૩. પું. સૂર્ય.
૪. વિ. ક્રૂર; ઘાતકી.
૫. વિ. બળતું; ગરમ થઈ જોરમાં આવતું.

કુષિક પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

કુષીતક પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કુષીદ ૧. [સં.] ન. બ્યાજ આવું તે.
૨. વિ. બાળસુ; મંદ.

કુષુંબ [સં.] સ્ત્રી. કીડાઓની ઝેરની થેલી.

કુષ્ઠ ૧. પું. ઉપલેટ; એક જાતની વનસ્પતિ. ઔષધમાં તેનાં મૂળ વપરાય છે. તે રંગે ભૂખરું અને વજનમાં હલકું હોય છે અને તેમાં એક જાતની ખુશ્બો રહેલી છે. તે સોજા, પૌષ્ટિક, ઉષ્ણ, વાતહર અને જંતુનાશક મનાય છે. અજીર્ણમાં અને દમ ઉપર તેમ જ જુદી જુદી જાતના ચામડીના રોગમાં અને ઝેર ઊતરવામાં તે અપાય છે. ધૂમ્રપાન તરીકે તેનો ઉપયોગ કરવાથી દમ, ઉધરસ વગેરે શાંત થાય છે. સાંધા દુખતા હોય ત્યારે તેનું તેલ ચોપડાય છે.

૨. [સં.] પું. આમડીનો એક જાતનો રોગ; ઠોઠ.
૩. પુ. પતરીમ.
૪. પું. રક્તદોષ; લોહીબગાડ.
૫. ન. એ નામનું એક ઘાસ.
૬. ન. એક જાતનું ઝેર.

કુષ્ઠકુઠારરસ પું. (વૈદ્યક) એક પ્રકારનું ચૂર્ણ. તે બનાવવા પારદભસ્મ ૨ ભાગ, ગંધક ૧ ભાગ, લોહભસ્મ, મૂગળ, ત્રિફળા, ભડાર લીંબડો, ચિત્રક અને શિલાજિત એ દરેક ૧૬ ભાગ, હરજનાં બી ૬૪ ભાગ અને અભ્રકભસ્મ ૬૪ ભાગ લઈ ચૂર્ણ કરવું. આથી સર્વ કોઢનો નાશ થતો મનાય છે.

કુષ્ઠકેતુ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. એક લતા.

કુષ્ઠગણ [સં.] પું. અઢાર પ્રકારના કોઢનો સમુદાય.

કુષ્ઠઘાતિની [સં.] સ્ત્રી. અશ્વગંધા; આસંધ.

કુષ્ઠઘ્ન ૧. [સં.] પું. એ નામની વનસ્પતિ; હિતાવલી.
૨. વિ. કોઢનો નાશ કરનારું.

કુષ્ઠઘ્ની [સં.] સ્ત્રી. બ્રાહ્મી; બાવચી; એક વનસ્પતિ.

કુષ્ઠઘ્ન ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. એક જાતનું વિષ.
૩. ન. પોલાદ.

કુષ્ઠતૈલ ન. (વૈદ્યક) કુષ્ઠ નામની ઔષધિમાંથી બનતું એ નામનું તેલ. તે બનાવવા કુષ્ઠ, એરંડિયું અને કાંજી એક, બાર અને સોળના પ્રમાણમાં લઈ તેનું તેલ સિદ્ધ કરવું. જે પીડા વાતજન્ય હોય તેમાં આ તેલ ચોળવાથી ફાયદો થાય છે.

કુષ્ઠનાશન ૧. [સં.] પું. એક ક્ષુપ; વારાહીકંદ.
૨. પું. ધોળો મરસવ.
૩. ન. રાતા ખેરનું ઝાડ.
૪. વિ. કોઢનો નાશ કરનારું.

કુષ્ઠનાશિની [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સોમરાજી.

કુષ્ઠભેદ [સં.] પું. પુષ્કરમૂળ. તે કોઢ મટાડનાર મનાય છે

કુષ્ઠરોગ ૧. [સં.] પું. કોઢ.
૨. પું. પતરીમ

કુષ્ઠરોગી ૧. [સં. કુષ્ઠરોગિન્] વિ. કોઢિયું.
૨. વિ. પતિયું.

કુષ્ઠલ ૧. [સં.] ન. ખરાબ રમણ.
૨. ન. પૃથ્વીની સપાટી.

કુષ્ઠવસ્તન [સં.] ન. પતિયાંઓનો આશ્રમ.

કુષ્ઠસૂદન ૧. [સં.] પું. ગરમાળો.
૨. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠહરલેપ પું. કોઢ મટાડનાર મલમ.

કુષ્ઠહંતા ૧. [સં. કુષ્ઠહંત] પું. સપ્તપર્ણ વનસ્પતિ.
૨. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠહંત્રી [સં.] સ્ત્રી. એ નામની ઔષધિ; બાવચી.

કુષ્ઠા [સં.] સ્ત્રી. આંબલી.

કુષ્ઠાદિતૈલ ન. (વૈદ્યક) કુષ્ઠ વગેરે વનસ્પતિમાંથી બનતું એ નામનું તેલ. તે બનાવવા ઉપલેટ અને સિંધાલૂણ બંને અબ્બે ભાગ, અરસિયું તેલ ૮ ભાગ અને કાંજી ૩૨ ભાગ લઈ તેનું રીતસર તેલ કરવું.

કુષ્ઠારિ ૧. [સં.] પું. અષ્ટવર્ગ; આકડાનો છોડ.
૨. પું. ગંધક.
૩. પું. પટોળ; દુર્ગંધી ખેર.
૪. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠાલય [સં.] ન. પતિયાંઓનો આશ્રમ.

કુષ્ઠાશ્રમ જુઓ કુષ્ઠાલય.

કુષ્ઠિકા [સં.] સ્ત્રી. પગનો અમુક અવયવ.

કુષ્ઠિત [સં.] વિ. કોઢવાળું.

કુષ્ઠી ૧. [સં. કુષ્ઠિન્] પું. કોઢિયો.
૨. પું. પતિયો માણસ.
૩. ન. એક જાતનું ઝેર.
૪. વિ. કોઢવાળું; કોઢિયું; કોઢીલું.
૫. વિ. પતિયું.

કુષ્માંડ ૧. પું. એ નામનો એક અધમ દેવ.
૨. [સં.] પું. એક જાતનું શાક; કોળું.
૩. પું. જરાયુ.
૪. પું. શિવના ગણનું નામ.
૫. સ્ત્રી. એ નામની એક યોગક્રિયા.

કુષ્માંડક ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. [સં.] ન. કોળું.
૩. ન. તુંબડું.

કુષ્માંડકાવલેહ [સં.] પું. (વૈદ્યક) કોળાં અને બીજી દવાઓ સાથે મેળવી બનાવેલું ચટપટ્ય.

કુષ્માંડનવમી [સં.] સ્ત્રી. કાર્તિક માસની શુક્લપક્ષની નોમ

કુષ્માંડપાક પું. (વૈદ્યક) કોળાંપાક. પાકેલાં જૂનાં કડવા મૂતર કોળાંના ૪૦૦ તોલા મગજને ઠબારવાળા વાસણમાં ભારી પાણી નિચોવી ગળના બીજાં સાંતળવો. પછી વંશલોચન, તજ, એલચી, સૂવિંગ, જાવત્રી અને તમાલપત્ર એ દરેકના અબ્બે તોલાનું બનાવેલું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેની સાથે ભેળવવું. ૪૦૦ તોલા ધોયેલી સાકરની ચાસણી કરી તેમાં બે તોલા કેસરનું પાણી નાખવું અને પછી તેમાં દવાઓ ભેળવેલો કોળાનો મગજ નાખી હલાવી બાળમાં ઢાળી તેનાં ચોસલાં પાડવાં. આ પાક ધાતુવર્ધક અને વાત, પિત્ત, કફ, જીર્ણજ્વર, પ્રદર, પંડુરોગ, મૂત્રિતારોગ અને રક્તદોષને દૂર કરનારો મનાય છે. તે શક્તિ અનુસાર હમેશા બેથી દસ તોલા સુધી આપી શકાય છે.

કુષ્માંડા સ્ત્રી. એ નામની એક દેવી.

કુષ્માંડાવલેહ પું. (વૈદ્યક) કોળાંની બનાવટની ચાટણવાળી દવા. તે બનાવવા માટે જૂનું કોળું લઈ તેની ઉપલી છાલ પાતળી નાખી તેના બારીક કટકા કરી ૪૦૦ તોલા લેવું ને તેની અંદર ૮૦૦ તોલા પાણી નાખી ભાડી ૪૦૦ તોલા પાણી રહેતાં સુધી ઉકાળવું. પછી તે પાણી ગળી લેવું ને જે કોળાંના ગરનો ઉકાળેલ ફૂચો રહે તેને ૩૨ તોલા ઘીની અંદર તળવો. પછી ભીજ કાઢની અંદર ૪૦૦ તોલા સાકર નાખી તેમાં ગાળી રાખેલું કોળાંનું પાણી રાખી તેની બહુ ચાસણી કરવી ને તેમાં ઘીમાં તળેલ કોળાંની કોરી તથા સૂંઠ, મરી ને પીપર એ ત્રણે આઠ આઠ તોલા અને ધાણા, તમાલપત્ર, એલચી, મરી અને તજ એ પાંચ અબ્બે તોલા લઈ તેનું ચૂર્ણ કરી નાખવું. તેની માત્રા ૨ થી ૪ તોલા છે.

કુષ્માંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.
૨. સ્ત્રી. એક જાતની યોગક્રિયા.
૩. સ્ત્રી. એક જાતની વેલ.
૪. સ્ત્રી. દુર્ગા; ઉમા.

કુસ ૧. પું. કુશદ્વીપ.
૨. પું. તીક્ષ્ણ; ખોદવાનું ઓજાર.
૩. પું. દર્ભ; ડાભડો; કુશ.
૪. પું. ઓની જનનેંદ્રિય, યોનિ.
કુસ મરાવવી = છિનાળું કરવું.

કુસકા ન. ફોતરાં; ભાલાં.

કુસકી ૧. સ્ત્રી. કુસકા; ડાંગરની કરડ ખાંડવાથી પડતો લોટ.
૨. [જા. ખુરકી] સ્ત્રી. પગરસ્તો; જમીનરસ્તો.

કુસકી પું. દુરુપયોગ.

કુસકી (કુસ્કી) સ્ત્રી. મેદાની એક જાત.

કુસકું (કુસ્કું) ન. વેજના તાણના પાણ ઉપર ફેરવવામાં આવતું સાધન; કાંસ.

કુસાઓબોલુસ (કુસઓબોલુસ) પું. બોલુસ સાપની એક જાત. તેના વિષથી પહેલાં દંશસ્થાને બરજ ઉત્પન્ન થાય અને ધીમે ધીમે અંગ કૂલી જાય.

કુસાયુ ૧. ન. દહીં; ગોરસ.

૨. ન. વાસણકૂસણ.

કુસમ પું. (પિંગળ) નાનપિંગળ મહિનો એક માત્રામેળ છંદ.

કુસમય ૧. પું. કુસમાજ; પાખંડી લોકોનું સમાજ.

૨. [સં.] પું. બરાબ સમય; દુઃખનો દિવસ.

કુસમાની [કા.] સ્ત્રી. અભિસારિણી સ્ત્રી; વેશ્યા.

કુસમિલતા પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કુસુમિતલતા. તેના દરેક ચરણમાં મગણ, તગણ, નગણ અને ત્રણ યગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અને અગિયારમા અક્ષરે વિસામો આવે છે.

કુસમી સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

કુસમુસ સ્ત્રી. બાનગી ચાતગીત.

કુસર પું. એક જાતનો છોડ; કસ્તૂરી મોગરો. તેને વસંતઋતુમાં સોદ્ર ત્રીજા સુગંધી ફૂલ આવે છે. એનાં પાંદડાં ઔષધિમાં ઉપયોગી છે. તેનાં મૂળ તાવમાં વપરાય છે.

કુસરાત સ્ત્રી. બારોગ્ય; તંદુરસ્તી.

કુસરિત [સં.] સ્ત્રી. નાની ઓળ પાણીની નદી.

કુસરિતા જુઓ કુસરિત.

કુસરી ૧. સ્ત્રી. એક જાતનો વેલો; કસ્તૂરી મોગરો; મધુમાધવી. એનાં પાન મોટાં હોય છે. તેમાં પીળાં સુવાસિત ફૂલ થાય છે.

૨. સ્ત્રી. કુશળતા; હોશિયારી.

૩. વિ. હોશિયાર; ચતુર.

કુસલ ૧. સ્ત્રી. તંદુરસ્તી; બારોગ્ય.

૨. સ્ત્રી. ભલું; હિત.

૩. [સં.] ન. મંગળ; કલ્યાણ.

૪. વિ. ચતુર; હોશિયાર.

૫. વિ. નીરોગી.

૬. વિ. સુખી; કલ્યાણવાળું.

કુસલતા ૧. [સં.] સ્ત્રી. તંદુરસ્તી; બારોગ્ય.

૨. સ્ત્રી. સુખ; બાબાદી; કલ્યાણ.

કુસલાત જુઓ કુસલતા.

કુસહાય ૧. [સં.] પું. બરાબ સોબતી; દુષ્ટ મિત્ર.

૨. પું. દુઃખના વખતમાં મદદ કરનાર માણસ.

કુસહાયક જુઓ કુસહાય.

કુસંકલ્પ [સં.] પું. બરાબ વિચાર.

કુસંગ પું. નઠારી સોબત; કુસંગત; બરાબ અને હલકા માણસો સાથે કરવું‌ંકરવું તે.

કુસંગત જુઓ કુસંગ.

કુસંગતિ જુઓ કુસંગ.

કુસંગી ૧. વિ. બરાબ સોબતવાળું; હલકા માણસોની સંગતમાં રહેનારું.

૨. વિ. નસ્તિક; ઈશ્વરમાં શ્રદ્ધા વિનાનું.

૩. વિ. બીજા ધર્મમાં માનનારું.

કુસંઘયણ [સં. કુસહનન] ન. (પ્રાકૃત) શરીરનો હલકો બાંધો.

કુસંપ ૧. પું. નઠારી બાબતમાં એક થવાપણું.

૨. [સં.] પું. મેળ ન હોવાપણું; અણબનાવ; તૂટ.

કુસંપી ૧. વિ. બાતકું; બણવું રહેતું.

૨. વિ. સંપવાળું નહિ એવું; મેળ નહિ રાખનાર; વહવાડિયું; તકરાર કરી જુદું પડી બલ કરતું.

કુસંયોજન [સં.] ન. તૂટી ગયેલાં હાડકાંના ભાગ બરાબર ન સાંધવાપણું.

કુસંવર ન. એક પ્રકારનું વાદ્ય.

કુસંસાર [સં.] પું. બાબાવી દુનિયા.

કુસંસ્કાર ૧. [સં.] પું. અંતઃકરણમાં અયથાર્થ વાતનો પ્રભાવ. જેથી બુદ્ધિ સારું ભ્રમ ન કરી શકે અને મન સારાં કામ તરફ ન દોરાય.

૨. પું. બરાબ બસર.

કુસાઢ પું. બરાબ બલાબ.

કુસાધ્ય [સં.] વિ. બાકરું; કઠણ; મુશ્કેલ.

કુસાબા ન. એક જાતનું કપડું.

કુસિક [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

કુસિત ૧. [સં.] પું. રેત.

૨. વિ. ખોટું ધોળું.

૩. વિ. હલકું ગણાયેલ કે બાંધેલ.

૪. વિ. બાજ ઉપર જીવનાર.

કુસિતાચી [સં.] સ્ત્રી. બાજ ઉપર જીવનારની સ્ત્રી.

કુસિનાર પું. એક પ્રદેશનું નામ. ત્યાં પ્રાગૈતિહાસિક રાજ્ય સ્થાપિત હતું.

કુસિનારા ન. કુશિનગર; મલ્લ લોકોની રાજધાનીનું શહેર.

કુસિયાર સ્ત્રી. રોટલી.

કુસિસ્તા [કા.] વિ. બાળેલું; તોલું.

કુસીમ [સં.] ન. બાગ વિનાનું ધડ.

કુસી સ્ત્રી. એ નામની એક નદી. તેનું પ્રાચીન નામ કૌશિકી હતું.

કુસીદ ૧. ન. રક્તચંદન.

૨. ન. બાજ્ય.

૩. [સં.] ન. બાજ્યવું; સરાફી ધીરધાર; નાણાંની બાપલે કરવી તે.

કુસીદપત્ર [સં.] પું.; ન. બાનદાગિરી; વચનપત્ર; 'પ્રોમિસરિ નોટ.'

કુસીદિત્વ [સં.] ન. બાજ્યવું; સરાફી; નાણાવટીપણું.

કુસીદલેખ જુઓ કુસીદપત્ર.

કુસીદા [સં.] પું. બાજે પૈસા બાપનાર માણસ.

કુસીદિક જુઓ કુસીદ્ય.

કુસીદિકાયન પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કુસુ સ્ત્રી. બપદા કરમને દૂર કરનારી એ નામની એક દવા.

કુસુકુ પું. એક જાતનું પક્ષી.

કુસુમન [હિં.] ન. બપશુકન; બરાબ ચિહ્ન.

કુસુંજ ૧. પું. એક જાતનો છોડ; કસુંબો. તેનાં ફૂલમાંથી જાતનો ઊંચો લાલ રંગ કસુંબાનો રંગ કહેવાય છે. તેના છોડ ત્રણ ચાર ફૂટ ઊંચા થાય છે. તેનાં ફૂલ સાધારણ છે. તેનાં બીજને કરડી કહે છે ને તેમાંથી તેલ નીકળે છે. રેચક તરીકે બાનાં બી બાપવાથી દસ્ત સાફ બાવે છે અને શરીરમાં રસ કે ઉપરસની જે કાંઈ વિકૃતિ હોય તે દૂર થાય છે. કબજામાં તેનાં ફૂલ વિશેષ ઉપયોગી છે. તેનાં બીનું તેલ શરીરના કોઈ પણ ભાગના સાંધા જકડાઈ જવામાં કે તે ભાગની ગતિ કે શક્તિ નષ્ટ થઈ ગઈ હોય તેવી સ્થિતિમાં વપરાય છે. વળી દુષ્ટ વ્રણ ઉપર તે લગાડવાથી રૂઝ બવરી બાવે છે.

૨. [હિં.] વિ. બશુભ; બરાબ; બમંગળ.

કુસુંભ ૧. પું. બાંખનું દરદ; બકુરોગ.

૨. પું. (પિંગળ) એક બર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૯ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૭ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૮૮ લઘુ મળી ૧૦૬ વર્ણ હોય છે.

૪. પું. કસુંબાનાં ફૂલમાંથી જાતનો રાતો રંગ.

૫. પું. કસુંબાનો છોડ.

૬. પું. (જૈન) બાલુ બવસર્પિણીના ૭મા બર્હતના એક ગણધર.

૭. પું. રજસ્રાવ; ઓરજ.
૮. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે મેઘરાગનો એક પુત્ર. તે પાડવ જાતિનો રાગ છે, અને બીજે પહોરે ગવાય છે.
૯. ન. એ નામનું એક શહેર.
૧૦. ન. કામબાણ.
૧૧. ન. મદ્ય; પત્ર.
૧૨. ન. બાવડીનાં ફૂલ.
૧૩. ન. નાનાં નાનાં વાદ્યોવાળું જંત્ર.
૧૪. [સં.] ન. પુષ્પ; ફૂલ; સુમન.
૧૫. ન. વેણી.
૧૬. ન. સંદેશાઓ; ખલતોરો.

કુસુમકાર્મુક [સં.] પું. કામદેવ.

કુસુમકુંડલા [સં.] ન. કાનનું ફૂલ; ફૂલના આકારનું ઘરેણું.

કુસુમગણ પું. (પિંગળ) ભગણ, નગણ, જગણ અને મગણ મળી ૧૨ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ.

કુસુમચાપ જુઓ કુસુમધન્વા.

કુસુમધન્વા [સં.] પું. કામદેવ. ફૂલ તેનું ધનુષ્ય મનાય છે.

કુસુમધનું (કુસુમધનું) ન. ફૂલ; પુષ્પ.

કુસુમનગર ન. પાટલિપુત્ર; પટણા.

કુસુમપટલ [સં.] ન. ફૂલની પાંખડી.

કુસુમપંચક [સં.] ન. કામદેવનાં પાંચ બાણરૂપ પાંચ ફૂલ: અરવિંદ, અશોક, ચૂત, નવમલ્લિકા અને નીલોત્પલ.

કુસુમપુર ૧. ન. પાટલિપુત્ર; પટણા.
૨. ન. બિહારમાં આવેલ રાજગૃહ શહેરનું એક પ્રાચીન નામ; ગિરિવ્રજપુર.

કુસુમપૂરણ [સં. કુસુમપૂર્ણ] વિ. ફૂલથી ભરેલું.

કુસુમપ્રસૂતિ [સં.] સ્ત્રી. ફૂલ આવવાં તે.

કુસુમબભ્રુ ન. ઈંડામાં ગર્ભાવસ્થામાં ઉત્પન્ન થતો પદાર્થ. તેમાંથી પક્ષી ઉત્પન્ન થાય છે.

કુસુમબાણ ૧. [સં.] પું. કામદેવ. તેનાં બાણ ફૂલ છે.
૨. જુઓ કુસુમપંચક.

કુસુમબિંબ [સં.] ન. એક જાતનું ઝાડ.

કુસુમબિલ જુઓ કુસુમપૂરણ.

કુસુમબાલા ૧. સ્ત્રી. એ નામનો નરસિંહરાવકૃત ગ્રંથનો સંગ્રહ.
૨. સ્ત્રી. ફૂલની માળા.

કુસુમભદ્ર પું. સુતરાઉ કાપડનો એક રંગ.

કુસુમલતા [સં.] સ્ત્રી. ફૂલનો વેલો.

કુસુમલતાવેલ્લિતા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, તગણ, નગણ, યગણ, યગણ અને યગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અને અગિયારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

કુસુમવતી સ્ત્રી. અટકાવ આવ્યો હોય એવી સ્ત્રી; રજસ્વલા.

કુસુમવસન [સં.] ન. ફૂલની ચાદર.

કુસુમવિચિત્રિતા ૧. પું. નગણ, યગણ, નગણ અને યગણ મળી ચાર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે.
૨. વિ. રંગબેરંગી ફૂલવાળું.

કુસુમવૃષ્ટિ [સં.] સ્ત્રી. ફૂલનો વરસાદ.

કુસુમશર ૧. [સં.] પું. કામદેવ.
૨. ન. ફૂલનું બાણ.

કુસુમશૈલજ ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કુસુમષટ્પદી પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ.

કુસુમસંભવ [સં.] પું. વૈશાખ માસ.

કુસુમસાર [સં.] પું. ફૂલનો રસ; મકરંદ.

કુસુમસ્તબક [સં] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કંઠનો એક ભેદ છે. તેના દરેક પદમાં નવ સગણ હોય છે.

કુસુમાકર ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી જાતિના છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૪ લઘુ અને ૪ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૨. [સં.] પું. ફૂલોના સમૂહવાળી જગ્યા; બાગ; બગીચો.
૩. પું. વસંતઋતુ.

કુસુમાગમ [સં.] પું. વસંતઋતુ.

કુસુમામક [સં.] ન. કેસર; કેતકીનું ફૂલ.

કુસુમાધિપ [સં.] પું. ચંપાનું ઝાડ.

કુસુમાધિરાજ જુઓ કુસુમાધિપ.

કુસુમાયોદ્ધિની પું. (પુરાણ) હિમાલય ઉપરનો એ નામનો દેવ.

કુસુમાયુધ ૧. [સં.] પું. કામદેવ; ફૂલ જેનું હથિયાર છે એવો દેવ; મદન; મન્મથ; પુષ્પધન્વા.
૨. પું. કામવાસના.

કુસુમારક્ત [સં.] પું. ગેરુ.

કુસુમાવલિ [સં.] પું. ફૂલનો ગુચ્છ.

કુસુમાસવ ૧. પું. પરાગ; પુષ્પરેણુ.
૨. [સં.] પું. ફૂલના રસનો મદ્ય; ફૂલનો શરાબ; પુષ્પમધુ.

કુસુમાસ્તરણ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; કુસુમસ્તબક. તેના દરેક ચરણમાં નવ સગણ મળી ૨૭ અક્ષરો હોય છે.
૨. [સં.] ન. ફૂલની પથારી.

કુસુમાંજન ૧. [સં.] ન. અઢાર મુખ્ય ક્ષાર માંહેનો એક ક્ષાર.
૨. ન. એક જાતનું અંજન; જસતની ભસ્મ.

કુસુમાંજલિ ૧. [સં.] સ્ત્રી. ઉદયનાચાર્યે બનાવેલ પાંચ સ્તબકવાળો ન્યાયનો એક ગ્રંથ.
૨. સ્ત્રી. ફૂલથી ભરેલો ખોબો; પુષ્પાંજલિ.

કુસુમાંત [સં.] ન. કેસર.

કુસુમિત [સં.] વિ. ફૂલવાળું; ખીલેલું.

કુસુમિતકાવ્ય પું. (પિંગળ) બત્રીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

કુસુમિતલતા [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુસુમલતાવેલ્લિતા; ફૂલમાલા; કુસુમિલતા. આ છંદ પ્રકૃતિ છંદનો ભેદ છે. તેમાં મગણ, તગણ, નગણ, યગણ, યગણ અને યગણ મળી કુલ ૧૮ વર્ણ હોય છે.

કુસુમિતલતાવેલ્લિતા જુઓ કુસુમિતલતા.

કુસુમિલતા જુઓ કુસુમિતલતા.

કુસુમેષુ [સં. કુસુમ (ફૂલ) + ઇષુ (બાણ)] પું. કામદેવ, જેનો કુસુમનાં બાણ તે વાપરે છે.

કુસુમોચ્ચય [સં.] પું. ફૂલનો સમૂહ; પુષ્પગુચ્છ.

કુસુમોઢ પું. એ નામનો એક પ્રદેશ; લાડેડોર.

કુસુમોદ્ગતિ જુઓ કુસુમોદ્ગમ.

કુસુમોદ્ગમ [સં.] ન. ફૂલ આવવાં તે.

કુસુમોદ્યાન [સં.] ન. ફૂલવાડી, બગીચો.

કુસુંબ [સં. કુસુંભ] ન. એ નામની વનસ્પતિ; કસુંબો. તેના ફૂલ આપણા ફૂલ જેવાં હોય છે. તે હિંદ, બલૂચિસ્તાન અને ચીનમાં થાય છે. તેનું લાકડું મજબૂત હોય છે, ફળ ખવાય છે અને બીજમાંથી તેલ નીકળે છે.

કુસુંબલ વિ. કુસુંબી; મજીઠિયું.

કુસુંબી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેમાં કસુંબી રંગનાં ફૂલ થાય છે. તેનાં ફૂલના રેસામાંથી રાતો રંગ નીકળે છે. પાકી સાબુ વગેરે રંગવાના કામમાં વપરાય છે.
૨. સ્ત્રી ઓળીનો રોગ.
૩. સ્ત્રી. કસુંબાથી રંગેલું કપડું.

૪. સ્ત્રી. રાતા રંગનું.
૫. વિ. કુસુંબલ; ચળોઠિયું.

કુસુંબો પું. એ નામની એક વનસ્પતિ. જુઓ કસુંબો.

કુસુંભ ૧. પું. આંખનું દરદ.
૨. [સં.] પું. કસુંબો. તેનાં સફેદ ફૂલોનો રાતો રંગ બને છે.
૩. પું. (પુરાણ) મેરુપર્વિમ્ર પર્વતોમાંનો એ નામનો એક.
૪. પું. રજસ્વલા.
૫. પું. રાતો રંગ.
૬. ન. એક જાતનું તેલી બિયું.
૭. ન. કર્મંડળ.
૮. ન. કુમકુમ; કંકુ.
૯. ન. કેસર.
૧૦. ન. પુષ્કળ ફૂલવાળું ઝાડ.
૧૧. ન. સોનું.
૧૨. વિ. કસુંબલ; રાતું.

કુસુંભક પું. કસુંબો; રાતો રંગ.

કુસુંભબીજ ન. કસુંબાનું બીજ.

કુસુંભા ૧. પું. કસુંબાના ફૂલનો રંગ.
૨. પું. ભાંગનો ઉકાળો. તે ઝાડક તરીકે વપરાય છે.

કુસુંબિની પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શાર્કરી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ભગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.
કુસુંબિની જ ભ સ જ ગા મથી રચારો.
રણછિંગળ

કુસુંબી વિ. લાલ; રાતું.

કુસૂ [સં.] પું. એક જાતનો કીડો.

કુસૂત ૧. [હિં.] પું. કુપુત્ર.
૨. પું. કુપ્રબંધ.

કુસૂફ [અ.] પું. સૂર્યગ્રહણ.

કુસૂર ૧. પું. ખરાબ વિચાર.
૨. પું. ગુનો.
૩. [અ. કસર (તે ખોખું હતું)] પું. ભૂલ; તકસીર.
૪. પું. બ. વ. (ગણિત) અપૂર્ણાંક.
૫. સ્ત્રી. ખામી; અપૂર્ણતા.

કુસૂરી [અ.] સ્ત્રી. ખામી; ભૂલ.

કુસૂલ ૧. સ્ત્રી. એક દેવયોનિ.
૨. વિ. કુશળ.

કુસૂલધાન્યક [સં.] પું. જેમાં વર્ષ ચાલે એટલો દાણો ભરી રાખનાર ખાતેદાર.

કુસૂલધાન્યવહ્યાદ્રાક્ષ જુઓ કુસૂલધાન્યક.

કુસૂલિપા પું. (જૈન) ચોરાસી ગ્રહોનો એ નામનો એક સિદ્ધ.

કુસૃતિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ વર્તન; દુષ્ટતા.
૨. સ્ત્રી. ભાટ.
૩. સ્ત્રી. ઠગાઈ.

કુસેય [સં. કૌક્ષેય] સ્ત્રી. તલવાર.

કુસેવા સ્ત્રી. ખરાબ મનથી કરાતી ચાકરી.

કુસૈસૈ પું. (પિંગળ) એક વિષમમાત્રિક આર્યાગેય છંદ. આ કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

કુસોન [હિં.] પું. અપશુકન.

કુસ્કો સ્ત્રી. કુશકી; ડાંગર વગેરેનાં ઝોતાં.

કુસ્ત [?] પું. એ નામનો એક છોડ.

કુસ્તભાજ ૧. પું. કુસ્તી કરનાર માણસ.
૨. પું. મારામારી કરનાર વ્યક્તિ.

કુસ્તભાજી ૧. સ્ત્રી. કુસ્તી
૨. સ્ત્રી. મારામારી.

કુસ્તા સ્ત્રી. આખા; રાપ.

કુસ્તાઈ સ્ત્રી. તોફાન.

કુસ્તાલુ પું. ચૂગળ.

કુસ્તી ૧. સ્ત્રી. અખાડામાં રમવાની એક દેશી રમત; મલ્લયુદ્ધ; અંગકસરતની એક રીત; અરસપરસની મદદ વગર માત્ર શરીરબળ અને કળથી પ્રતિસ્પર્ધીને માત કરી કબજે કરી લેવાની કળા. મલ્લવિદ્યામાં સામાને બાઝીને તેને ચીત કરવાની કળા બધા પ્રકારની છે. જેવી કે, ઘૂંટણચાલ, લંગડીચાલ, ઢેકળી, હાથ ઝોડાવવો, બે હાથ ઉપર તરવું, પગ કાઢવાની તરેહ, નિકાલ મારવી, સવારી કરવી, કમરખોડ, હાક મારવી, મુઠ્ઠી મારવી, ચરખા, મુહતોડ, ધોબીપછાડ, કાતર, કલાજન, જબ્બાજબંધ. પ્રાચીન આર્યકાળમાં કુસ્તીની કળા સારીય કળા બની ગયેલી. એને મલ્લવિદ્યા કહેતા અને એ કળાના ચાર સમર્થ પ્રવર્તકોનાં નામ ઉપરથી એની હનુમતી, બલ્લુપતી, ભીમસેની અને જરાસંધી એવી ચાર પરંપરા પ્રચલિત હતી. લાંબે કાળે એ પરંપરાઓ લુપ્ત થઈ. હાલમાં પંજાબી કુસ્તી પંજાબ અને ઉત્તર હિંદુસ્તાન તરફ, ખાસ કરીને મુસલમાનોમાં હજરત અલીની ધરાનાથી, અલીમટળ કુસ્તી, મથુરા તરફ ચોબાઓનો સંપ્રદાય અને દક્ષિણમાં બાગલકૂટ દાદાનો સંપ્રદાય એ મુખ્યત્વે પ્રચલિત છે. એમ કહેવાય છે કે બાગલકૂટ દાદાએ ખુદ મારુતિની ઉપાસના કરી એમની પાસેથી જ્ઞાન મેળવી પોતાના સંપ્રદાયમાં હનુમતી કુસ્તીને સજીવન કરી. કુસ્તી લડતાં જોર વાપરવાની રીત અને સ્મૃતિપ્રમાણને ધ્યાનમાં લઈને એના લડત, મદંત અને ઉદંત એવા ત્રણ મુખ્ય પ્રકાર પાડેલા છે. એ ત્રણેમાં દાવપેચ નામવાની કળા જરા જરા ફરકવાળી હોય છે અને એ પ્રકાર પશુપક્ષીઓની લડવાની રીત ઉપરથી ઉપજાવેલ છે.
૨. સ્ત્રી. જનોઈના જેવું પારસીઓમાં વપરાતું એક ચિહ્ન; પારસીનો પવિત્ર કમરબંધ. તે બોતેર ઊનના તારથી વણેલ હોય છે. એ જરથોસ્તી ધર્મની નિશાની છે. ધર્મમાં દાખલ કરવા માટે બાળકને ૭, ૯, ૧૧ કે ૧૪ વર્ષે નવજોતની ક્રિયા કરવામાં આવે છે અને સદરે કમ્મર કુસ્તી બાંધે છે.
૩. સ્ત્રી. અવ્યવસ્થા.
૪. સ્ત્રી. યોગ સૂત્ર બોલીને જનોઈ છોડી ફરી બાંધવાની ક્રિયા.

કુસ્તીગર પું. કુસ્તીબાજ; મલ્લ.

કુસ્તીબાજ વિ. કુસ્તી કરનાર; કુસ્તીમાં પ્રવીણ; મલ્લકુસ્તી કરનાર.

કુસ્તીબાજી સ્ત્રી. કુસ્તીની રમત; કુસ્તી જેવની તે; બાઝાબાઝી.

કુસ્તુભ ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. પું. સમુદ્ર.

કુસ્તુંતુનિયા ન. કોન્સ્ટન્ટિનોપલનું અસલ અરબી નામ.

કુસ્તુંબ પું. એક જાતનું વાજિંત્ર.

કુસ્તુંબક જ. નરકાવાસનો આકાર.

કુસ્તુંબરી ૧. પું. એક જાતનું ધાન્ય.
૨. [સં.] સ્ત્રી. કોથમીર; ધાણાની ભાજી.

કુસ્તુંબરુ પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

કુસ્તુંબરૂ પું. ધાણા.

કુસ્ત્રી [સં. કુ (ખરાબ) + સ્ત્રી] સ્ત્રી. ખરાબ સ્ત્રી; વ્યભિચારિણી સ્ત્રી.

કુસ્થાન ૧. [સં. કુ (ખરાબ) + સ્થાન (જગા)] ન. ખરાબ જગા.
૨. ન. નીચ જાતિ.

કુસ્પર્ધા [સં. કુ (ખરાબ) + સ્પર્ધા (હરીફાઈ)] સ્ત્રી. ખોટી હરીફાઈ.

કુસ્વપ્ન [સં.] ન. ખરાબ સ્વપ્ન.

કુસ્વભાવ [સં.] પું. ખરાબ પ્રકૃતિ; નઠારો સ્વભાવ.

કુસ્વાદ [સં.] પું. ખરાબ સ્વાદ.

કુસ્વાદુ [સં.] વિ. ખરાબ સ્વાદવાળું.

કુસ્સા [હિં.] પું. ખોદવાનું ઓજાર; તીકમ.

કુસ્સુ ન. એક જાતનું જંતુનાશક ઔષધ.

કુસ્સેલ્લ વિ. આકરું; કડક; મુશ્કેલ.

કુહ ૧. [સં.] પું. કુબેર.

૨. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં અંગિરા ઋષિને શ્રદ્ધા નામની સ્ત્રીથી થયેલ એ નામની દીકરી.

૩. વિ. વિસ્મય પમાડનાર.

૪. અ. ક્યાં.

કુહક ૧. પું. એક જાતનો સર્પ.

૨. [સં.] પું. કૂકડાનો અવાજ.

૩. પું. ઢાઢ.

૪. ન. ઉંદરજાળ; કપટ; માયા.

૫. વિ. કપટી; જાદુગર; માયાવી.

કુહકકંકેલ પું. સાધારણ શરીરવાળા જીવનો એક પ્રકાર.

કુહકકુહુર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ, યગણ, બે નગણ, જગણ, ગણ, લઘુ અને ગુરુ એમ છવ્વીસ અક્ષર હોય છે.

કુહકસ્વર [સં.] પું. કૂકડો.

કુહકસ્વરી [સં.] સ્ત્રી. કૂકડી.

કુહકુહ ૧. પું. કૂહ કૂહ અવાજ.

૨. પું. કેસર.

કુહકેક્ષણી સ્ત્રી. હસી જી.

કુહક્ક ન. (સંગીત) એક તાલનું નામ.

કુહન ૧. [સં. કુ (પૃથ્વી) + હન્ (હણવું)] પું. ઉંદર.

૨. પું. સર્પ.

૩. પું. (પુરાણ) સૌવીર દેશનો એ નામનો એક રાજપુત્ર.

૪. સ્ત્રી. હળની કોશ.

૫. ન. કાચનું વાસણ.

૬. ન. માટીનું વાસણ.

૭. વિ. ઈર્ષાળુ.

૮. [ફા.] વિ. જૂનું.

કુહનસાલ = ઘરડું.

કુહનસાલી = ઘડપણ; વૃદ્ધાવસ્થા.

૯. વિ. દંભી; ઢોંગી.

કુહનગી [ફા.] સ્ત્રી. ઘડપણ; વૃદ્ધાવસ્થા.

કુહના ૧. [સં.] સ્ત્રી. દંભમર્યો; ઢોંગ; પાખંડ.

૨. [ફા.] ન. જૂનું ઘરેણું.

૩. વિ. ઘરડું; વૃદ્ધ.

કુહની ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી.

૨. સ્ત્રી. કોણી.

૩. સ્ત્રી. સાપણ.

કુહબ્ર ન. અંજન; સુરમો.

કુહયલન પું. અરબી ઘોડાની એક જાત. આ જાતના ઘોડા મજબૂત, સહનશીલ અને બાંધેલા શરીરના હોય છે.

કુહર ૧. [સં. કુ (પૃથ્વી) + હ (હરવું)] પું. એક જાતનો નાગ.

૨. પું. કાન.

૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

૪. ન. અંધારું.

૫. ન. કંઠનો શબ્દ.

૬. ન. ગર્ભ.

૭. ન. ગુફા; ભોંયરા જેવી ખારી; પોલાણ; બખોલ.

૮. ન. છિદ્ર; બાકું.

૯. ન. દાન.

૧૦. ન. મૈથુન; ઓરસંગ.

૧૧. ન. સમીપવર્તી.

કુહરા પું. કાગડો.

કુહરાપો ૧. પું. બગાસું.

૨. પું. સાપ.

કુહરામ [હિં.] પું. કલ્પ.

કુહરિણિ સ્ત્રી. એક પ્રકારની ઔષધિ.

કુહરિત ૧. [સં.] ન. કોયલનો શબ્દ.

૨. ન. મૈથુનમાં થતો અવાજ.

૩. ન. હરકોઈ અવાજ.

કુહલ ૧. [અ.] પું. ખારીક સોયરું.

૨. પું. મદ્યસાર.

કુહલિ [સં.] પું. તાંબૂલ; પાન.

કુહલી સ્ત્રી. મૂસ; ધાતુ ગાળવાની કુલડી.

કુહલસાર [ફા.] પું. કુંવરાઉ પ્રદેશ.

કુહા ૧. [સં.] સ્ત્રી. કહુ વનસ્પતિ.

૨. સ્ત્રી. કાકણ; ધૂમસ.

૩. સ્ત્રી. ભોરડી.

કુહાડ (કુહાડ) ૧. પું. કુહાડો.

૨. સ્ત્રી. કુહાડી; કુરસી.

કુહાડિયા (કુહાડિયા) ૧. સ્ત્રી. એ નામની રાજપૂત જાતિનું અને ખાંટકીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુહાડિયો (કુહાડિયો) પું. એક જાતની વનસ્પતિ. એના પાનની સૂજણી બનાવી કાંઈ વાગવાથી થા પડ્યો હોય એના ઉપર મૂકવામાં આવતાં થા રુઝાઈ જાય એવી માન્યતા છે. કચ્છમાં આ વનસ્પતિને જખ્મે હયાત એ નામથી ઓળખે છે.

કુહાડી (કુહાડી) [સં. કુઠાર] સ્ત્રી. નાનો કુહાડો; પરશુ; લાકડાં કાપવાનું કે ફાડવાનું એક હથિયાર.

૧. કુહાડી નાખવી = શબને સ્મશાને લઈ જઈ ચેહ ઉપર મૂક્યા પછી તેની બે બાજુ બે માણસ ઊભા રહે અને બે કુહાડીના માથાં બેગાં કરી શબ ઉપર સામે ઊભેલા માણસ તરફ નાખવામાં આવે, એટલે તે માણસ એ જ પ્રમાણે કુહાડીનાં માથાં એકઠાં કરી એક બાજુ હોય તે તરફ સલામ આપતો હોય એમ નમાવી પ્રથમ નાખનાર તરફ ફેંકી નાખી દે. પછી અગ્નિ પ્રગટાવવામાં આવે છે. આ રિવાજ આસ કરીને પાધર પ્રદેશમાં રહેતા વસાવા લોકોમાં છે.

૨. કુહાડીનો હાથો = એક જ કુળના કે વતનના લોકોને હણનાર; ઘર બાળું કરનાર. કુહાડીના હાથાની ઉત્પત્તિ લાકડામાંથી થયેલી છે અને તે પછી કુહાડીની સાથે રહી પોતાના જ વર્ગના લોકો સામે કામ કરે છે. એની સહાયતા વિના કુહાડી એકલી ઝાડ કાપી શકતી નથી.

કુહાડો (કુહાડો) [સં. કુઠારક] પું. લાકડાં ફાડવાનું એક હથિયાર; પરશુ.

પોતાના પગ ઉપર કુહાડો મારવો = પોતે જ પોતાનું ખરાબ કે નાશ થાય તેમ કરવું.

કુહાર [હિં.] પું. પાલખી ઊંચકનાર માણસ; ભોઈ. તે મૂળ દક્ષિણ અને ખંભાતના વતની છે. તેઓ પાલખી વગેરે વજનદાર બોજો સહેલાઈથી ઊંચકી શકે છે.

કુહાવતી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી

કુહાસ ન. દાતિયાં.

કુહાસા પું. કાગડો.

કુહિસ્તાન ૧. [ફા.] ન. ડુંગરાળ.

૨. ન. કુંવરાઉ પ્રદેશ.

કુહી ૧. પું. (પિંગળ) ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અપરબા. આ છંદ આખરી છંદનો એક ભેદ છે. તેમાં જગણ અને સગણ મળી ૭ વર્ણ હોય છે.

૨. [ફા.] સ્ત્રી. ઘોડાની એક જાત; પહાડી ટટ્ટુ.

૩. ન. એક જાતનું શિકારી પક્ષી. તે બાજથી નાનું હોય છે.

કુહુ ૧. સ્ત્રી. કાશ્મીર નદીનું પ્રાચીન નામ. તેનું વૈદિક નામ કુભા, પૌરાણિક કાળમાં બદલાઈને કુહુ થઈ હતું.

૨. સ્ત્રી. ચૌદશયુક્ત અમાવાસ્યા.

૩. સ્ત્રી. (યોગ) દક્ષ માંહેની એ નામની એક નાડી.

૪. સ્ત્રી. (પુરાણ) બાર આદિત્યમાંના ધાતા નામના આદિત્યની સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એ નામની એક નદી.

૬. સ્ત્રી. (પુરાણ) ભમાસુરની બહુ માંહેની ત્રીજી કન્યા.

૭. સ્ત્રી. સ્વાયંભુ મન્વંતરમાંના અંગિરા ઋષિને શ્રદ્ધાની કૂખે થયેલી બાર માંહેની બીજી કન્યા.

૮. સ્ત્રી. (પુરાણ) હવિષ્મંત નામના પિતૃની સ્ત્રી.

૯. સ. કોઈ.

૧૦. સ. કોયલ.

૧૧. સ. કોયલના ટહુકાનું અનુકરણ.

કુહુક ૧. [સં.] પું. કોયલનો અવાજ.

૨. [હિં.] પું. મોરની ખુશી; કહુકો.

કુહુકભાષ [હિં.] ન. વાંસની છોબોનું બનાવેલું એક બાજું. તે છોડતી વખતે અવાજ થાય છે.

કુહુકાર પું. કોયલનો કુહુ એવો શબ્દ; કહુકાર.

કુહુડાં (કુહુડાં) ન. બ. વ. અન્ન વિનાનો ટળવળાટ; ભૂખે મરવું તે; લાંઘણ.

કુહુડાં થવાં = અન્ન વિના ટળવળવું; ભૂખે મરવું.

કુહુરવ ૧. પું. કોયલ.

૨. પું. કહુકો; મીઠો અવાજ.

કુહુવાક (કુહુવાક) પું. કુહાડો.

કુહૂ ૧. પું. (પિંગળ) બૃહતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં બધા જગણના કુલ નવ વર્ણ છે.

૨. [સં.] સ્ત્રી. અમાવાસ્યાના સાતમા ને આઠમા એ બે પ્રહરનો વખત.

૩. સ્ત્રી. અમાવાસ્યાની અધિષ્ઠાત્રી દેવી.

૪. સ્ત્રી. અંગિરા ઋષિની કન્યાનું નામ.

૫. સ્ત્રી. કોયલનો અવાજ.

૬. સ્ત્રી. ચંદ્ર જરા પણ ન દેખાય એવી અમાવાસ્યા.

૭. સ્ત્રી. પ્લક્ષદ્વીપની એક નદીનું નામ.

૮. સ્ત્રી. મોરનો અવાજ.

૯. સ્ત્રી. લિંગમાં આવેલ એ નામની પ્રાણવહા નાડી.

કુહૂક [સં.] પું. કોયલ.

કુહૂકંઠ [સં.] પું. કોયલ.

કુહૂકંઠી જુઓ કુહૂકંઠ.

કુહૂકાર [સં.] પું. કોયલનો અવાજ; કુહુ.

કુહૂકૂહૂ પું. કોયલનો અલાપ.

કુહૂપાલ [સં.] પું. વિષ્ણુનો કૂર્માવતાર.

કુહૂમુખ ૧. [સં.] પું. કોયલ.

૨. ન. ચંદ્રયુક્ત અમાવાસ્યાનો આખો બાગ.

કુહૂમુખી [સં.] સ્ત્રી. કોકિલા.

કુહૂરવ ૧. [સં.] પું. કોયલ.

૨. પું. કોયલનો અવાજ.

કુહૂરવી [સં.] સ્ત્રી. કોકિલા.

કુહેલિકા [સં.] સ્ત્રી. ઝાકળ; ધૂમસ.

કુહેડસો સ્ત્રી. ઓસ; ઝાકળ.

કુળ ૧. ન. અન્વય.

૨. ન. અસલ.

૩. ન. એક જાતનું માપ.

૪. [સં. કુલ] ન. ઓલાદ; વંશ; વેલો. જુઓ કુલ.

૧. કુળ અજવાળવું = કુટુંબની નામના કાઢવી.

૨. કુળ એવું = સમપણ વખતે વંશ જેવો.

૩. કુળ તારવું = પતીમાંથી કુટુંબને બચાવવું.

૪. કુળ બોળવું = કુળને ઐબ લગાડવો; કુળની આબરૂ ઘટાડવી.

૫. કુળને ધોબ કે પાબરે ? = ઉમદા કુળનો લાગ્યો છો ?

૬. કુળમાં દીવો = કુળદીપક.

૫. ન. ખાનદાની.

૬. ન. જથ્થો; ટોળું; સમૂહ.

કુળઅભિમાન ન. પોતે અમુક વંશનો છે એવો અહંકાર.

કુળઅંગાર પું. બાપદાદાની મેળવેલી આબરૂને કલંક લગાડનાર માણસ.

કુળઆર્યા પું. આર્યના ૭ માંહેનો એક પ્રકાર; કુળને લીધે કહેવાતો આર્ય.

કુળઈ સ્ત્રી. કલીની ભાજી. તે વર્ષાઋતુમાં કુંજરાઉ પ્રદેશમાં પુષ્કળ થાય છે. તેને રાતી માટીની જમીન વધારે અનુકૂળ આવે છે. તેના ધોળા કાંદા જમીનમાં થાય છે તે ઉપર પાન આવે છે અને તેને ત્રીજા ધોળાં ફૂલ આવે છે. તેનાં પાન ભાજી ખાવા થાય છે. આ પાન જમીન ઉપર પથરાયેલાં હોય છે. તે શીતળ, સ્વાદુ, વાતકર, કફકર અને મૂત્ર છે.

કુળઉઅજાળવું વિ. કુળને ઊજળું કરે એવું.

કુળઊઠી વિ. સ્ત્રી. કુળને કલંક લગાડનારી.

કુળકથા સ્ત્રી. કુટુંબની કથા.

કુળકર્ણી [સં. કુલ + કૃ (કરવું)] પું. તલાટી; વસ્તારની બાતનો હિસાબી કારકુન.

કુળકંટક [સં. કુલકણ્ટક] પું. પોતાના દુરાચારથી પોતાના વંશવારસોને દુઃખી કરનાર માણસ.

કુળકેતુ [સં. કુલકેતુ] પું. કુળની ધજારૂપ માણસ.

કુળક્રમ [સં. કુલક્રમ] પું. વંશપરંપરા.

કુળક્ષય ૧. [સં. કુલક્ષય] પું. કુળનો નાશ.

૨. ન. એક જાતનું હિંચાળ ઘર.

કુળખપ્પણ વિ. બાતકી; નીચ.

કુળગુરુ [સં. કુલગુરુ] પું. કુટુંબનો ગોર; વંશનો પુરોહિત.

કુળગોર પું. વંશપરંપરાથી કુટુંબને ધાર્મિક વિધિ કરાવનાર બ્રાહ્મણ; વંશપરંપરાનો ગોર.

કુળગૌરવ [સં. કુલગૌરવ] ન. કુળની મોટાઈ; પ્રતિષ્ઠા.

કુળઘાતક [સં. કુલઘાતક] વિ. કુળનો નાશ કરનાર.

કુળચાલ સ્ત્રી. કુળનો રિવાજ; કુલરીતિ.

કુળતંતુ પું. પુત્ર; દીકરો.

કુળતાજ પું. કુટુંબનો મુગટ; કુળનો મણિ.

કુળતાર વિ. કુળનો ઉદ્ધાર કરનાર.

કુળતારક વિ. કુળને તારે એવું; કુળનો ઉદ્ધાર કરનાર.

કુળથી [હિં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; કળથી.

કુળદીપ ૧. [સં. કુલદીપ] પું. કુલાચારના અંગરૂપ દીવો.

૨. વિ. કુળમાં દીવા જેવું; કુળમાં શ્રેષ્ઠ.

કુળદીપક ૧. પું. કુલાંગાર માણસ. તે અર્થમાં વપરાય છે.

૨. [સં. કુલદીપક] પું. કુળને શોભાવનાર પુરુષ.

૩. પું. ગુણવાન પુત્ર.

કુળદીવડો (કુળદીવડો) જુઓ કુળદીપક.

કુળદીવો જુઓ કુળદીપક.

કુળદેવ પું. કુળમાં પૂજાતા દેવ; ઇષ્ટદેવ.

કુળદેવતા જુઓ કુળદેવ.

કુળદેવી [સં. કુલદેવી] સ્ત્રી. કુળમાં પૂજાથી પૂજાતી દેવી.

કુળદેવ્યા જુઓ કુળદેવી.

કુળધર્મ [સં. કુલધર્મ] પું. ઉત્તરોત્તર ચાલતો આવેલો ધર્મ કે રિવાજ; કુળમાં મૂળથી પળાતો ધર્મ.

કુળનંદન [સં. કુલનંદન] ન. ઘરની રહ્યા માંહેની એક જાતનું ઘર.

કુળનામ ન. અટક; ઉપનામ.

કુળપતિ ૧. [સં. કુલપતિ] પું. કુટુંબનો ઉપરી. ૨. પું. દસ હજાર શિષ્યોને ભણાવનાર વિદ્વાન.

કુળપરંપરા સ્ત્રી. બાપદાદાની રીત.

કુળબદ્ધ (કુળબદ્ધ) વિ. કુળમાં જેમ.

કુળબોળામણ ન. કુળને જેમ લગાડવું તે.

કુળબોળુ વિ. કુળકલંક; કુટુંબને જેમ લગાડનાર.

કુળભાનુ [સં. કુલભાનુ] પું. કુળમાં સૂર્ય સમાન તેજસ્વી પુરુષ.

કુળભૂષણ ૧. [સં. કુલભૂષણ] ન. કુળનું ભૂષણ. ૨. વિ. કુળને શોભક.

કુળમર્યાદા સ્ત્રી. કુળની મર્યાદા.

કુળમોટપ સ્ત્રી. કુલીનતા; કુળની મોટાઈ.

કુળરીત સ્ત્રી. કુટુંબમાં ચાલતો આવતો રિવાજ.

કુળરીતિ જુઓ કુળરીત.

કુળલજ્જાભર્યું વિ. કુટુંબને જેનાથી જેમ લાગે એવું; કુળને શોભે એવું.

કુળલાજ સ્ત્રી. કુળની આબરૂ.

કુળવટ [સં. કુલવૃત્તિ] સ્ત્રી. કુટુંબની લાજ; કુળની રેઢ.

કુળવતી વિ. સ્ત્રી. સારા કુળની.

કુળવધૂ [સં. કુલવધૂ] સ્ત્રી. ગૃહિણી; સારા કુટુંબની સ્ત્રી.

કુળવહુવારૂ જુઓ કુળવધૂ.

કુળવંત [સં. કુલવંત] વિ. કુલીન; કુળવાન; ખાનદાન.

કુળવંતતા ન. કુળવાનપણું; ખાનદાની.

કુળવંતી વિ. સ્ત્રી. કુલીન.

કુળવંતું વિ. કુળવાનું કુલીનું ખાનદાન.

કુળવટ સ્ત્રી. કુળરીત; કુટુંબનો ધર્મ.

કુળવાડી (કુળવાડી) ૧. સ્ત્રી. સ્વજનોનું કુટુંબ. ૨. સ્ત્રી. કુટુંબરૂપી વાડી.

કુળવાન [સં. કુલવત્] વિ. ઊંચા કુળનું; કુલીન.

કુળવૃત્તાંત [સં. કુલવૃત્તાંત] ન. કુળનો ઇતિહાસ.

કુળહીણ જુઓ કુળહીનું.

કુળહીણું ૧. વિ. કુળ વિનાનું; કુટુંબ વગરનું. ૨. વિ. હલકા કુટુંબનું; હલકટ.

કુળહીન જુઓ કુળહીનું.

કુળાચાર [સં. કુલાચાર] પું. કુળનો આચાર; કુળનો રીતરિવાજ.

કુળાચાર્ય [સં. કુલાચાર્ય] પું. કુળના ગુરુ.

કુળાભિમાન [સં. કુલ + અભિમાન] ન. કુળનું અભિમાન; પોતાના વંશને માટે ગર્વભરી લાગણી.

કુળાંગના [સં. કુલાંગના] સ્ત્રી. કુળવતી સ્ત્રી.

કુળિયું વિ. કુળવાન; ઉમદા; ખાનદાન.

કુળીન [સં. કુલીન] વિ. ઊંચા કુળનું; કુળવાન. જુઓ કુલીન.

કુળુ [સં. કોમલ] વિ. કુમળું; કોમળ.

કુળે પું. કુલું; કુલડું; ઘી નાખવાનું વાસણ.

કુળેલી સ્ત્રી. કન્યાને લગ્ન પછી વળાવતી વખતે તેની સાથે કન્યાથી નાની ઉમરની બોકલવામાં આવતી છોકરી. ઊંચી કોમમાં અણવર બોકલવાનો રિવાજ છે. આ રીતે બોકલવામાં આવતી છોકરી ભણતાં સુધી કન્યાની બહેનજ હોય છે.

કુળોચ્છેદ [સં. કુલોચ્છેદ] પું. કુટુંબનો ઉચ્છેદ; સત્યાનાશ.

કુળોત્તર [સં. કુલોત્તર] વિ. કુળ પછીનું.

કુળોદ્ધાર [સં. કુલોદ્ધાર] પું. કુળનો ઉદ્ધાર.

કું ૧. ન. તિરસ્કાર બતાવનાર એક પ્રત્યય. ૨. ન. હેતની લાગણી દર્શાવનો એક પ્રત્યય.

કું. સ્ત્રી. કંપનીનું ટૂંકું રૂપ.

કુંઅર ૧. પું. પુત્ર; દીકરો. ૨. પું. રાજાનો પુત્ર; રાજકુંવર.

કુંઆર ૧. પું. જુવાન માણસ. ૨. પું. દીકરો. ૩. પું. રાજાનો દીકરો; રાજકુમાર. ૪. સ્ત્રી. એ નામની વનસ્પતિ; કુંવાર.

કુંઆરી ૧. સ્ત્રી. અવિવાહિત છોકરી; કન્યા. ૨. સ્ત્રી. કુંવરી; રાજકુમારી.

કુંઆરું વિ. અવિવાહિત; કુંવારું.

કુંક સ. (નજ) મેરકિ; કોક.

કુંકડી સ્ત્રી. કોકડી; સીવવાના દોરાની ઘડી.

કુંકડિયા (કુંકડિયા) ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક. ૨. વ. એ અટકનું માણસ. ૩. વિ. એ નામની અટકનું.

કુંકણ ૧. પું. કોંકણ દેશ. ૨. ન. લાલ કમળ; કોકનદ.

કુંકણા ૧. સ્ત્રી. કાળીપરજ લોકોની એક જાત. ૨. સ્ત્રી. ચાલણીની એ નામની એક અટક. ૩. વ. એ નામની અટકનું માણસ. ૪. વિ. એ નામની અટકનું.

કુંકણી ૧. સ્ત્રી. કુંકણા લોકોની ભાષા. ૨. સ્ત્રી. કુંકણા લોકોની સ્ત્રી. ૩. વિ. કોંકણનું; કોંકણમાં થતું.

કુંકણી કેળું ૧. ન. વ. બ. એક પ્રકારનો છોડવો. કેળાં ઉપર જેમ ધાર હોય છે તેમ તેની સીંગો ઉપર ધાર હોય છે. ૨. ન. વ. બ. કોંકણમાં થતાં એક જાતનાં ત્રણ ધારવાળાં, પીળા રંગનાં અને જાડી છાલનાં કેળાં. ૩. ન. વ. બ. સુકવણીનાં કેળાં; સુકવેલાં કેળાં.

કુંકરઝાંકું ન. વિજાપુર તરફ રમાતી એક જાતની રમત; ઈંટદેકાળી.

કુંકરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક. ૨. વ. એ અટકનું માણસ. ૩. વિ. એ નામની અટકનું.

કુંકુરી ૧. સ્ત્રી. એક જાતની કાંકરીદાવ નામની રમત. ૨. સ્ત્રી. કોસમાં વરતને ઠેકાણે રાખવાનું લોઢાનું સાધન. ૩. સ્ત્રી. ઘાણીમાં ડાબિયાળ અને ધોંસરાને જોડનારો ખીલો. ૪. સ્ત્રી. લાકડાની ખીલી. ૫. સ્ત્રી. સોમડી; નાનો કાંકરો. ૬. સ્ત્રી. હળની હાલમાં ચાલું પાડીને નાખવામાં આવતી ખીલી.

કુંકરીદાવ પું. એ નામની રમત.

કુંકરો ૧. પું. એ નામનો, ખોરાક તરીકે વપરાતો દરિયાઈ જીવ. તે સૂપડા જેવો હોય છે. ૨. પું. કાંકરો; કુંકે. ૩. પું. બકરીને જોળ બનાવેલો દીકરાનો કટકો; આંગડો. ૪. પું. કુંવારાનું ઘર. ૫. પું. જુવાર વગેરે અનાજનો પાક તૈયાર થયા પછી તેમાં રહેલો મોટો ભાગ કણસલાં વગેરેનો ભાગ. ૬. પું. ઘાણી ખેંચવાના કોસની ટોચની સાથે અળખોડ જોડનાર લોઢાનું સાધન.

કુંકવાવાણુ ૧. સ્ત્રી. કોળીની એ નામની અટક. ૨. વ. એ અટકનું એક માણસ. ૩. વિ. એ નામની અટકનું.

કુંકા સ્ત્રી. એ નામની એક રમત.

કુંકાપગલી વિ. સ્ત્રી. સારાં લક્ષણવાળી; શુભ શુકનવાળી.

કુંકાપશું વિ. કંકુનાં પગલાંવાળું; મંગલકારક; સારાં શુકનવાળું.

કુંકાવડી સ્ત્રી. કંકાવટી; કંકુ પલાળી રાખવાનું સાધન.

કુંકાવડો પું. બે વસ્તુ ખાનાંનું કોડીના આકારનું કંકુ, અક્ષત, ચંદન વગેરે પૂજની સામગ્રી રાખવાનું ધાતુ અથવા લાકડાનું પાત્ર; કંકોડું.

કુંકાવરણું વિ. કંકુ જેવા રંગનું; રાતું; લાલ.

કુંકાળી વિ. કંકુવાળું.

કુંકી પું. પાળેલો હાથી.

કુંકુ ન. કંકુ.

કુંકુણ પું. કોંકણ દેશ.

કુંકુમ ૧. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાસનો ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૬ લઘુ મળી ૩૧ વર્ણ અને ૫૬ માત્રા હોય છે

૨. ન. એક જાતનું ઝાડ. તેનાં ફૂલમાંથી રંગ નીકળે છે.

૩. ન. કંકુ; હળદર અને ખારાની ભેળવણીથી બનાવેલું રાતા રંગનું ચૂર્ણ.

૪. ન. કેસર

કુંકુમતાપ્ત [સં.] વિ. કેસર જેવું લાલ.

કુંકુમપત્ર [સં.] પું.; ન. કંકુનાં છાંટણાંવાળો શુભ કાગળ.

કુંકુમપત્રિકા [સં.] સ્ત્રી. કંકોત્રી; શુભપત્ર.

કુંકુમરંગી વિ. કંકુના જેવા રંગવાળું; રાતું; લાલ.

કુંકુમરેણુ [સં.] પું. કેસરની રજ.

કુંકુમવટી સ્ત્રી. (વૈદક) અફીણ અને કેસર સરખે ભાગે લઈ બધની અંદર ગોખા જેવડી બનાવેલી ગોળી. અરધીથી એક રતીભાર જેટલી આ ગોળી લેવાથી પણ સખત કાઢો એકદમ બંધ થાય છે.

કુંકુમવર્ણું વિ. કંકુના જેવું લાલ રંગનું.

કુંકુમા પું. હોળીએ રમવાનો ગુલાલ રાખવાનું વાસણ.

કુંકુમાગર ન. હરિશ્ચંદ્રન; એક જાતની સુગંધી વસ્તુ.

કુંકુમાદ્યતૈલ [સં.] ન. (વૈદક) ગામડીનાં દરદો માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા કેસર, રતાંજળી, લાખ, મજીઠ, જેઠીમધ, વાળો, પદ્મકાષ્ઠ, કાળુ કમળ, વજવાઈ, પીપરની કુંપળો, કમળનાં કેસર તથા દશમૂળનું દરેક દ્રવ્ય સરખે ભાગે એકેક પલ લઈ ૧૬ શરાવ પાણીમા ઉકાળી ૪ શરાવ બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું. તેમાં તલનું તેલ એક શરાવ અને મજીઠ, જેઠીમધ અને રતાંજળી એકેક તોલો લઈ તેનો કલ્ક અને બકરીનું દૂધ બે શરાવ મેળવી બધાને તેલની રીતે સાધે પકવી તેલ સિદ્ધ કરવું.

કુંકુમાદ્રિ [સં.] પું. કાશ્મીર દેશમાં આવેલો એ નામનો એક પર્વત. ત્યાં કેસર ઉત્પન્ન થાય છે.

કુંકુમારુણ [સં.] વિ. કેસર જેવું રાતું.

કુંકુમાંક ૧. [સં.] પું. કેસરનો ડાઘ.

૨. વિ. કેસરના ડાઘવાળું.

કુંકુમી સ્ત્રી. મહાજ્યોતિષ્મતી નામનો વેલો.

કુંકો ૧. પું. કોડી; નાની છીપ.

૨. પું. પાતળી ઠીકરીને વાસીને બનાવેલો પૈસા જેવો ગોળ આકારનો ટુકડો.

કુંગડાઈ (કુંગાઈ) સ્ત્રી. ભેરા; તાબાત.

કુંગડું (કુંગડું) વિ. બજબૂત; ભેરાવદર.

કુંગરો ૧. પું. ઝિલાનો મંત્રરો.

૨. પું. તાજનો હીરો.

૩. પું. તોરો; ઝભ્ભો

૪. પું. મજબૂત માણસ.

૫. પું. મીનારો; બુરજ.

૬. વિ. મજબૂત.

કુંચ ૧. પું. એ નામનો એક અનાર્ય દેશ.

૨. પું. ક્રૌંચ પક્ષી.

૩. ન. દાઢી.

૪. ન. મૂછ.

કુંચકી સ્ત્રી. કમખ્યો; કંચુકો.

કુંચડી (કુંચડી) સ્ત્રી. કૂચડી; ખાડા વાળની પીંછી.

કુંચડો (કુંચડો) પું. કૂચડો; વાળનો પીંછો.

કુંચન ૧. [સં.] ન. આંખનો એક જાતનો રોગ.

૨. ન. કુટિલતા; કુચ્ચાઈ.

૩. ન. તિરસ્કાર; અનાદર.

૪ વ. સંકોચ; સંકોચાવું તે.

કુંચવાવું ૧. અ. ક્રિ. આનાકાની કરવી.

૨. અ.ક્રિ. આંચકો આવો.

૩. અ. ક્રિ. ઓસરવું; ઓછું થવું.

૪. અ. ક્રિ. કચવાવું; મનમાં દુઃખ પામવું.

૫. અ. ક્રિ. કોઈ પણ ક્રમ કરતાં અપ્રસન્ન રહેવું.

૬. અ. ક્રિ. ચિંતવું; ચિન્તવું.

૭. અ. ક્રિ. સંકોચાવું

કુંચાચકલ સ્ત્રી. પારસ અને ઇતરપ તરફ બાકા ઉઠેલ્યાનો ધંધો કરતી એક જાત.

કુંચિ ૧. [સં.] પું. આઠ મૂઠીનું એક માપ.

૨. સ્ત્રી. કૂંચી.

કુંચિકા ૧. [સં.] સ્ત્રી એક જાતનું માપલું.

૨. સ્ત્રી. કલાંચ છરી.

૩. સ્ત્રી. કાળીજીરી.

૪. સ્ત્રી. કૂંચી; ચાવી.

૫. સ્ત્રી. ચણોઠી.

૬. સ્ત્રી. મેથી.

૭. સ્ત્રી. વાંસની નાની લાકડી.

કુંચિત ૧. પું. ખોટો ગુસ્સો.

૨. પું. ત્રિજ માણસ હાજર ન હોવા છતાં તેની વાહવાહીથી થતો આનંદ.

૩. પું. વિલાસ; મોજમજા.

૪. પું. હાવભાવનો એક પ્રકાર.

૫. [સં.] ન. તગરનું ફૂલ.

૬. વિ. વાંકું; વાંકું વળેલું.

૭. વિ. સંકોચાયેલું.

કુંચિન ન. મારવ નામનું એક ઝાડ. તેને ઠંડી ઋતુમાં સુંદર ફૂલ આવે છે.

કુંછિયો પું. કમખાનો સ્તન ઢાંકનાર ભાગ.

કુંજ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એક જાતનો ફૂલવાળાં પાન અને સુગંધી ફૂલવાળો વેલો.

૩. [ઇ.] પું. ખૂણો.

૪. પું. રસ્તાનો અથવા નદીનો વાંક; વળાંક; વલણ.

૫ પું. વૃંદાવનનું એક સ્થાન.

૬. પું. શેરી.

૭. પું. હાથી.

૮. પું. હાથીની હડપચી.

૯ પું. હાથીનો દાંત.

૧૦. સ્ત્રી. મુદ્રા; મુદ્રા.

૧૧. સ્ત્રી. ઝાડ અથવા વેલાનાં પાંદડાંથી થયેલી છાયા; વનરાઈ; લતામંડપ; વનરાજી.

૧૨. સ્ત્રી. હંસની માદા; હંસી.

૧૩. ન. એ નામનું એક પક્ષી. કાઠિયાવાડમાં સિવાળુ પક્ષીઓમાં સૌથી વધારે પરિચિત આ પક્ષી છે. એમનું રહેઠાણ દક્ષિણ વરપ અને ઉત્તર તથા મધ્ય એશિઆના પ્રદેશો છે. ઑક્ટોબર માસમાં કુંજનાં ટોળેટોળાં ઉત્તર દેશથી ભારતવર્ષમાં ઊતરી આવી સીધાં ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છનાં તળાવ, સરોવર અને નદીને કિનારે પથરાઈ જાય છે. એના આગમન પછી વરસાદ આવતો નથી એમ મનાય છે. બાદરના મોખારામાં અને બાદરના પ્રવરવાસમાં તેઓ હજારોનાં ટોળાંમાં દેખાય છે. તેનાં મસ્તક, ડોક અને બતીના લાંબા ઝૂલતા વાળ કાળા રંગનાં હોય છે. એ કાળા રંગની વચ્ચે તેની આંખ પાસે સફેદ વાળનો ગુચ્છો હવામાં ફરફરતો હોય છે.

તેનું શરીર આસમાની ભૂરા રંગનું હોય છે અને પાંખનાં પીંછ લાલ, મૂલતાં અને સફેદ રંગનાં હોય છે. તેની આંખો રાતી, પગ ઠાળા અને ચાંચ મૂળમા લીલાશ પડતી, વચ્ચે પીળાશ પડતી અને છેડે ગુલાબી હોય છે. તેનું કદ ૩૧ થી ૩૫ ઇંચ, પૂંછડી ૬ થી ૭ ઇંચ અને ચાંચ ૪ ઇંચ હોય છે. આ મનોહર પક્ષીનું કૌશલ્યપૂર્ણ જેટલું આકર્ષક છે, તેટલી જ આકર્ષક તેની ઊડવાની છટા છે. એમની સમાજરચનામાં અભુત નિયમો છે. ઊડતી વખતે તેઓ નાની ટુકડીઓમાં વહેંચાઈ પોતાના નેતાને અનુસરે છે. એ નેતૃત્વનો ભાર પણ તેઓ ક્રમવાર વહન કરતાં હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. ઊડતી વખતે તેઓ વિવિધ આકાર રચે છે. તેની વિવિધતા અને રમણીયતા બીજા કોઈ પક્ષીના ઊડવામાં દેખાતી નથી. ખેતરોમાં ચારો ચરવામાં અથવા વગડામાં વિસામો લેવામાં અને નિદ્રામાં પણ વારા પ્રમાણે એક નેતા સમૂહનાં બીજાં અંગભૂતોનું રક્ષણ કરવા મોટી કરે છે અને જરા પણ ભય જેવું લાગે કે તરત જ તે ચોકિયાત નેતા અવાજ કરીને બધાને સાવચેત કરી દે છે. આ ટેવ રાજહંસ અને સારસમાં હોય છે. ખોરાક માટે પણ વચ્ચે જ્યારે તેઓ નીચે ઊતરે છે ત્યારે નાયકની નજર બધાં ઉપર હોય છે. તેના અમુક પ્રકારના અવાજે કે હુકમથી તરત જ તેઓ પોતાના નાયકને અનુસરે છે. શિકારી પક્ષીઓની ચોટમાંથી કાફલાને મુક્ત રાખવા તેમ જ દિશાભૂલ ન થાય અથવા તો કોઈ પાછળ પડી ન જાય તે પ્રમાણે સહીસલામત મુકામે પહોંચાડવા નેતા પોતાથી બનતું કરે છે. તેનો મુખ્ય ખોરાક દાણા, ઘઉં,' જવ અને બાંડવી છે. તે છૂટવાં પણ ચારોચે છે. ખાસમાં તો એમનાં ટોળેટોળાં રખડતાં નજરે પડે છે. ઘઉંની તૈયાર આવનારાં અને ઘઉંનાં ખેતરોમાં નિરાંત છૂટે ચરનારાં હોવાથી અમદાવાદની આસપાસ તો તે ઘઉંલા નામે ઓળખાય છે. કોઈ એને ફ્રૌંચ પણ કહે છે. સારસના એ પિતરાઈ પણ શરીરે સારસથી અર્ધા કદનાં હોય છે. મોટે ભાગે તેઓ સાંજે અને સવારે ચારો કરે છે. બપોરે વિશ્રાંતિ લે છે. સાંજ પછી તેઓ ઊડે છે. શિકારીઓના હાથે આ પક્ષીઓની વધારેમાં વધારે કતલ થાય છે. દિવાળી ઉપર મોટી સંખ્યામાં આવતાં આ પક્ષી ટોળા ઉપર ઉત્તર એશિયામાં પોતાનાં વતન તરફ પાછાં ફરે છે. દૂરના દેશોમાં શિયાળો ગાળી પ્રયાસેથી પાછાં ફરીને લાના વિશાળ મેદાનોમાં અને જળાશયની નિકટમાં હજારો કુંજ બચ્ચે બચ્ચાંની ઝંખડીએ છૂટાંછવાયાં પથરાઈ જાય છે. એમનાં સંવનન અને સંતાનોત્પત્તિ પણ આ રસ્તે જ થાય છે. દરરોજ સવારે કુંજનાં ટોળેટોળાં એમના નિવાસસ્થાનના મેદાનમાં કે એકાદ નદી કાંઠે ભેગાં થાય. ભેગાં થઈ એક પાછળ બીજા એમ લાંબી હારો રચે. પછી કોઈ અદશ્ય સૂત્રધાર આજ્ઞા કરતો હોય તેમ એક જ ક્ષણે બધાં એક સાથે અને એક તાલે જમીન ઉપર શિર ઝુકાવે. બીજી ક્ષણે બધાં શિર ઊંચાં થાય. એમની સફેદ કલગીઓ એકી સાથે ઊડતી દેખાય. નૃત્યારંભનો આ મંગળ વિધિ પૂરો થાય કે સમગ્ર પક્ષીસમૂહ જમીન ઉપર કૂદવા માંડે. ઘનઘન નાચતાં ત્વરિત ગતિએ દોડતાં આગળ જાય ને પાછાં આવે. ટોળે મળીને ફેરફુદડી ફરતાં જાય અને વિવિધ અંગભરોડ કરતાં જાય. આમલી ઘારનું નૃત્ય પૂરું થયું કે તરત જ બધાં એક સાથે ઊડી જાય. સવાર સાંજ હંમેશા આ નૃત્યારંભ હોવાનો જ. પણ સંવનનકાળ પૂરો થાય અને પ્રજનન ક્રમ આવી પહોંચે કે પછી આ નૃત્યક્રમ બંધ પડે છે. તેઓ જમીન ઉપર પીળા ઝાંખરા રંગનાં ઈંડાં મૂકે છે.

કુંજએકાદશી સ્ત્રી. આસોવદી એકાદશી; ફાગણ સુદિ અગિયારસ.

કુંજક ૧. [સં.] પું. કેયુકી; મોગરો.
૨. ન. એક જાતનું કૂલ.

કુંજકાળ પું. સિંહ., તે રાશીનો દુશ્મન મનાય છે.

કુંજકુટીર [સં. કુંજ (લતામંડપ) + કુટીર (ઝૂંપડી)] ન. કુંજગૃહ; લતાગૃહ; લતાઓથી ઢંકાયેલી ઝૂંપડી.

કુંજકેલી [સં. કુંજ (લતાગૃહ) + કેલી (ક્રીડા)] પું. લતામંડપમાં રમવું તે.

કુંજગલન જુઓ કુંજગલી.

કુંજગલી ૧. સ્ત્રી. કુંજમાં થઈને જતો સાંકડો માર્ગ.
૨. સ્ત્રી. ભુલભુલામણી.
૩. સ્ત્રી. લીલાં ઝાડ અને વેલીઓ એકબીજા સાથે ગુથાઈ જવાથી બનેલો ઘટાવાળો માર્ગ.
૪. સ્ત્રી. વૃંદાવનની પ્રાચીન કુંજગલી. તે સ્થાન યાત્રારૂપ મનાય છે.
૫. સ્ત્રી. વૃંદાવનનું યમુના ઉપરનું એ નામનું એક ઘાટું વન.
૬. સ્ત્રી. સાંકડો અને છાંયાવાળો ગીચ વનમાર્ગ.

કુંજગૃહ [સં. કુંજ (લતામંડપ) + ગૃહ (ઘર)] ન. લતામંડપરૂપી ઘર.

કુંજઘટા સ્ત્રી. ઝાડ અથવા વેલાનાં પાંદડાંની ઝુંડ.

કુંજછાંયડો (કુંજછાંયડો) પું. લતામંડપનો છાંયો.

કુંજજ (કુંજજ) ન. એક જાતનું પક્ષી.

કુંજડ (કુંજડ) ૧. [હિં.] પું. કળ વેચનાર માણસ.
૨. પું. બકાલું વેચવાનો ધંધો કરતી એ નામની એક જ્ઞાત.
૩. પું. લીલી ઔષધિ વેચનાર વ્યક્તિ.
કુંજડાનો ગલ્લો = (૧) અવ્યવસ્થા. (૨) ખીચડો. (૩) લીલી ઔષધિ વેચનાર માંધીનો દકાનો. (૪) સેળભેળવાળો હિસાબ.

કુંજડાન (કુંજડાન) [હિં.] સ્ત્રી. કુંજડાની સ્ત્રી.

કુંજડિયા (કુંજડિયા) ૧. સ્ત્રી. કબુતરીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુંજડી (કુંજડી) ૧. [હિં.] સ્ત્રી. કુંજડાની સ્ત્રી.
૨. સ્ત્રી. કુંજડી; કુંજ પક્ષીની માદા.
૩. સ્ત્રી. નાની કુંજ; કુંજબલી.

કુંજડું (કુંજડું) ન. એક જાતનું પક્ષી; કુંજ પક્ષી.

કુંજડો હસાઈ (કુંજડો હસાઈ) પું ન. બ. લાંબા સામાન્ય લોકો.

કુંજડો (કુંજડો) ૧. [સં. કુબ્જક] પું. અતિકેસર; અલિકુલસંકુલ; નીલા; બૃહત્પુષ્પ; ભદ્રતરણી નામની વનસ્પતિ. તેનાં ફળ ત્રિદોષ ઉપર અપાય છે.
૨. પું. એક જાતનું પક્ષી.
૩. પું. કંજૂસ; કૃપણ આદમી.
૪. પું. કાચિંબો; કાકડાછાપ વેચનાર માણસ.
૫. પું. માળી.

કુંજધામ ન. કુંજભવન.

કુંજના જ.' કુંજ; બગીચો.

કુંજનવન ન. શ્રીકૃષ્ણ યમુનાજીને કાંઠે ગોકુળ ગયુરાની આસપાસ ફર્યા તે વનનું નામ.

કુંજનિકા સ્ત્રી. રાત્રિ.

કુંજનિકુંજ [સં. કુંજ (લતામંડપ) + નિકુંજ (વનસ્પતિની ઘટા)] ન. બાગ; બગીચો.

કુંજબિહારી ૧. પું. શ્રીકૃષ્ણ.
૨. વિ. કુંજમાં વિહાર કરનારું.

કુંજભવન [સં. કુંજ (લતાગૃહ) + ભવન (રહેઠાણ)] ન. કુંજમંડપ; કુંજરૂપી ભવન; લતામંડપ.

કુંજમંડપ [સં. કુંજ (ઝાડપાનની ઘટા) + મંડપ (માંડવો)] પું. કુંજરૂપી મંડપ; લતામંડપ.

કુંજમાર્ગ [સં. કુંજ (લતામંડપ) + માર્ગ (રસ્તો)] પું. લતામંડપ વચ્ચેનો રસ્તો.

કુંજમેઘ [સં. કુંજ (વાડ) + મેઘ (વાદળ)] ન. ઉનાળામાં બનતું એક જાતનું વાદળું. તે મોટા જથ્થામાં ગોળાના આકારનાં અને ઍલ્ટ્રોસ્ટીલ્સ ઉપર થરોથી ગોઠવાયેલ હોય છે. અરધી હદાયેલ મહાન પર્વત જેવો તેનો કોઈક વાર દેખાવ હોય છે. આમાંથી ઘણી વાર ગાજવીજ અને વરસાદ થાય છે.

કુંજર ૧. [સં.] પું. આઠની સંખ્યા.
૨. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.
૩. પું. એ નામનો એક વાનર; અંજનાના પિતાનું નામ.
૪. પું. એક દેશનું નામ.
૫. પું. એક નાગનું નામ.
૬. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૫૨ ગુરુ અને ૫૦ ગુરુ મળી ૧૦૨ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે અથવા ૫૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૯૮ વર્ણ અને ૧૪૮ માત્રા હોય છે.
૭. પું. (પિંગળ) ગુરુ.
૮. પું. (પુરાણ) અજદ્રમના ભાઈનું નામ.
૯. પું. (પુરાણ) પદ્મપુરાણ અનુસાર એક વૃદ્ધ શુક પક્ષી. તેણે યવનને ઉપદેશ આપ્યો હતો.
૧૦. પું. પાંચ માત્રાનો પહેલો પ્રસ્તાર.
૧૧. પું. પીપળો.
૧૨. પું. વાળ.
૧૩. પું. વિંધ્યની દક્ષિણે આવેલા પર્વતનું નામ. તે ઉપર અગસ્ત્ય ઋષિએ આશ્રમ રાખ્યો હતો.
૧૪. પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્ર.
૧૫. પું. હાથી. ઉત્સાહ, વેગ, સાહસ, મદ, સત્ત્વ, ગુરુત્વ, દક્ષતા અને સંહ તથા દંતના કર્મમાં કુશળ એટલાં લક્ષણવાળો હાથી કુંજર કહેવાય છે. કુંજર એટલે હાથીની હડપચી સુંદર હોવાથી હાથીને કુંજર કહે છે.
૧૬. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
૧૭. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.
૧૮. વિ. મુખ્ય.

કુંજરકર્ણ [સં.] સ્ત્રી. અજપીપર; ટાંકી અને મોટી પીપર.

કુંજરકાળ [સં. કુંજર (હાથી) + કાલ (નાશ)] પું. હાથીનો દુશ્મન; સિંહ.

કુંજરછાય [સં.] પું. જ્યોતિષ અનુસાર એક યોગ. જ્યારે અંધારી તેરશ મઘા નક્ષત્ર સાથે હોય અથવા સૂર્ય ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય ત્યારે આ યોગ થાય છે. મનુ અનુસાર જ્યારે કૃષ્ણપક્ષમાં તેરશ ચૌદશનો યોગ હોય અને તે દિવસે પૂર્વાહ્નમાં હસ્ત નક્ષત્ર પણ હોય તારે આ યોગ થાય છે. આ યોગ એક પર્વ મનાય છે અને શ્રાદ્ધોમાં આ દિવસે કરેલ પિતૃશ્રાદ્ધનું મહા ફળ જણાવ્યું છે.

કુંજરતનયા [સં. કુંજર (અંજનાના પિતાનું નામ) + તનયા (દીકરી)] સ્ત્રી. અંજના; હનુમાનની માતા.

કુંજરદરી [સં.] સ્ત્રી. એ નામનો એક દેશ.

કુંજરપિપ્પલી [સં.] સ્ત્રી. અજપીપર; ટાંકી મોટી પીપર.

કુંજરપીપર સ્ત્રી. ટાંકી અને મોટી પીપર.

કુંજરપીપળી જુઓ કુંજરપીપર.

કુંજરબદન ૧. પું. ગણપતિ; ગણેશ.
૨. વિ. હાથીના જેવા મોઢાવાળું.

કુંજરમંજન ન. હાથીને નાહવાનું સરોવર.

કુંજરમુખ ૧. [સં.] પું. ગણપતિ.
૨. વિ. હાથીના જેવા મુખવાળું.

કુંજરશૌંડ ન. હાથીની સૂંઢ.

કુંજરા ૧. [સં.] સ્ત્રી. આંબળાનું ઝાડ.
૨. સ્ત્રી. પાટલા વૃક્ષ.
૩. સ્ત્રી. હાથણી.
૪. ન. ધાવડીનાં ફૂલ.

કુંજરાયેલું ૧. વિ. દાઢથી, જાયથી કે બીજા કોઈ અડચણથી કુદરતી રીતે વધવા કે ખીલવા ન પામેલું; અણખીલ્યું રહેલું.
૨. વિ. બળિયેલ; અંતરમાં બળેલું.
૩. વિ. વિશીર્ણ; ભાંગીતૂટી ગયેલું.

કુંજરારાતિ ૧. [સં. કુંજર (હાથી) + અરાતિ (શત્રુ)] પું. વરુ જેવું પશુ.
૨. પું. સિંહ.

કુંજરારિ જુઓ કુંજરારાતિ.

કુંજરારોહ [સં. કુંજર (હાથી) + આરોહ (સવારી કરવી તે)] પું. હાથીનો માવત.

કુંજરાવું ૧. અ. ક્રિ. અંતરમાં બળવું; ખિન્ન થવું; ચોપે ચહેરે રહેવું.
૨. અ. ક્રિ. ઉન્મત્ત રહેવું.
૩. અ. ક્રિ. ખીલવું અટકવું; અટકું અને અણખીલ્યું રહી જવું; વિકાસ ન પામવું; સંપૂર્ણ નહિ ખીલવું.

કુંજરાશન ૧. [સં. કુંજર (હાથી) + અશન (ખોરાક)] ન. પીપળો. અગાઉના વખતમાં કોઈ રાજા અપુત્ર ગુજરી જતાં રાણીને જો ગર્ભ પડેલો રહે અને જેના ઉપર પ્રજા દોળે તે રાજા થતો. હાથીને પીપળાનાં પાન ખાવાથી આવું ચમત્કારિક જ્ઞાન આવવાની માન્યતા હોવાથી પીપળાને કુંજરાશન કહેવાય છે.
૨. ન. વડનું ઝાડ.

કુંજરાસન [સં. કુંજર (હાથી) + આસન] ન. (યોગ) એ નામનું એક આસન. એક હાથ અને બે પગ ઉપર ઊભા રહી માથું ભૂમિ ભરી રાખીને પછી એક હાથને મસ્તક આગળથી હાથીની સૂંઢની પેઠે લટકતો રાખવાથી આ આસન થાય છે.

કુંજરી ૧. સ્ત્રી. વારણી.
૨. [સં.] સ્ત્રી. હાથણી.

કુંજરો વિ. પું. મોટું ચોકલો.

કુંજરોપવાહ્ય ૧. [સં.] પું. હાથીના ટોળામાં સવારી કરવા આપે એવો હાથી.
૨. સ્ત્રી. એક હાથી ઉપરથી બીજા હાથી ઉપર સવારી કરવા માટે સવારી કરવાના હાથીએ કરવી જોઈતી હિલચાલ.

કુંજલ ૧. પું. હાથી.
૨. [સં.] ન. કાંજી; રાબ.

કુંજલડી (કુંજલ્ડી) સ્ત્રી. લતાકુંજ.

કુંજલતા ૧. સ્ત્રી. એક સુંદર વેલ; કુંજ વેલી.
૨. સ્ત્રી. ગૂઢ વેલીનો મંડપ; વેલીનો માંડવો.

કુંજવન ન. ઝાડપાન અને વેલાઓથી ભરપૂર ઘીલુંછમ જંગલ.

કુંજવલ્લરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. વેલ.

કુંજવાન પું. હંડારણ્ય માંહેનો એ નામનો એક પર્વત. કબંધ નામનો રાક્ષસ ત્યાં રહેતો હતો.

કુંજવાસી [સં. કુંજવાસિન્] વિ. કુંજમાં વાસ કરનાર.

કુંજવિધિ સ્ત્રી. લતામંડપ.

કુંજવિહારી જુઓ કુંજબિહારી.

કુંજવું અ. ક્રિ. ધીરે ધીરે ગાવું; મધુર નાદ ગાવું.

કુંજવૃક્ષ [સં.] સ્ત્રી. ચમેલી.

કુંજસદન [સં. કુંજ (વાડ) + સદન (ઘર)] ન. લતા અને વૃક્ષોનો મંડપ.

કુંજસમૂહ પું. કુંજનો જથ્થો; વૃક્ષલતાદિનો કરેલો મંડપ.

કુંજાઈશ સ્ત્રી. તાકાત; શક્તિ.

કુંજાગાર [સં. કુંજ + આગાર (ઘર)] ન. વૃક્ષઘટા બગ્ગેનું રહેવાનું સ્થાન.

કુંજાર ૧. વિ. કુંજ જેવું; ઘટાદાર.
૨. વિ. પ્રફુલ્લ; સંપૂર્ણ ખીલેલું.

કુંજાલ પું. રોવાળ.

કુંજિકા ૧. [સં.] સ્ત્રી. કણીજારી.
૨. સ્ત્રી. કાંજી.
૩. જુઓ કુંચિકા.

કુંજિયું સ્ત્રી. ન. વ. ન. (કચ્છી) કૂંચીઓ.

કુંજી ૧. [સં. કુંચિકા] સ્ત્રી. કૂંચી; ચાવી.
૨. સ્ત્રી. બીજા પુસ્તકનો ખુલાસો કરે એવું પુસ્તક.

કુંજીચ પું. માટલું; માટલુ.

કુંજુક [ઘા.] ન. તલ.

કુંજો ૧. [ઘા. કુન્જ] પું. કૂજો; ચંબુ; પાણી ભરવાનું સાંકડા નળાકાર મોઢાનું પાત્ર અથવા માટીનું વાસણ; ઝોટવો.
૨. સ્ત્રી. ન. વ. ઘડાઓ.
૩. વિ. અકર્મી; વંઠેલ.

કુંજોદર ન. કુંજપટ્ટા.

કુંઝડો (કુંઝ્ડો) પું. ગુસ્સે થયેલો માણસ; ચડેલા મોઢાનો માણસ.

કુંઝી સ્ત્રી. કુંજડી.

કુંડ ૧. પું. પાંચથી સાત હાથ આડાનો ઢાંકો ધોકો. તે સ્મશાનમાં હથિયાર તરીકે વપરાય છે.
૨. વિ. કૂબડું; ઠીંગણુ.
૩. વિ. ઠૂંઠું; વિકૃત હાથવાળું.

કુંડિયો ૧. પું. ચણવા વગરનો કૂવો.
૨. પું. ધૂળથી પુરાઈ ગયો હોય અને જેમાં પાણી ન હોય તેવો કૂવો.
૩. પું. નાનો કૂવો.

કુંડું ન. અંકુર; કૂંપળ.

કુંડો સ્ત્રી. સ્ત્રીઓને નાકમાં પહેરવાની સોનાની ચૂક.

કુંઢ ૧. [સં.] અ. ક્રિ. અટવાયું થયું; આળસ કરવું.
૨. અ. ક્રિ. ગતિમાં સ્ખલના થવી.
૩. અ. ક્રિ. જડબુદ્ધિવાળું થવું; ઠોઠ થવુ.
૪. અ. ક્રિ. દીક્ષુ પડવું; બૂઠું થવુ.
૫. અ. ક્રિ. બંગડુ થવુ; બોઠમાંપણુવાળું થવુ.
૬. અ ક્રિ. વીંટાવુ.
૭. સ. ક્રિ. મૂકવુ, છોડવુ.
૮. સ. ક્રિ. વીંટવુ.

કુંઠ ૧. ન. જળાદય. સિંહપરાજ મુજબ પશ્ચિમ દિશામાં તે પ્રથમ સ્થપાય છે.
૨. વિ. આળસુ.
૩. વિ. કુંઠિત; તીક્ષ્ણ નહિ તેવું; બૂઠું.
૪. વિ. ક્રિયામાં મંદ.
૫ વિ. જડી બુદ્ધિનું; મૂર્ખ.

કુંઠન ન. કુંઠિત હોવું તે.

કુંઠનકારી વિ. કુંઠિત કરે એવું.

કુંઠમ વિ. આજ્ઞાના વશી થયેલા ભાગવાળું

કુંઠિત ૧. [સં.] વિ. અટકી ગયેલું; કૂંધાયેલું.
૨. વિ. નકામું.
૩. વિ. નબળું; મંદ.
૪. વિ. બૂઠું; બહેર મારી ગયેલું.
૫. વિ. સ્તબ્ધ; સ્થિર.

કુંડ ૧. પું. અનાજ માપવાનું એક જૂનું માપ.
૨. પું. આજ્ઞા; આદેશ.
૩. [સં.] પું. એક જાતનું પક્ષી.
૪. પું. એક જાતનો નાગ.
૫. પું. કૂંડાના આકારનું વાસણ.
૬. પું. કૂંડી; નાનો હલાડો.
૭ પું. ખાડો, ગર્ત.
૮. પું. ખાબુ.
૯. પું. નાહવાં ધોવા માટે બાંધેલું પાણી ભરી રાખવાનું મોટુ હોજ.
૧૦. પું. જમીન ખોદી હોમ, યજ્ઞ વગેરેનો અગ્નિ રાખવા માટે ચોરસ અથવા બીજી કોઈ આકૃતિનો બાંધેલો ખાડો; બલિ.
૧૧. પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૧૨. પું. પત્રમિશ્રાંવાળો પાણીનો ખાડો.
૧૩. પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારકર્મથી ઉત્પન્ન થયેલ પુત્ર.
૧૪. પું. જોખમથી નીકળતો ઊંડો કરો.
૧૫. પું. મહાદેવ.
૧૬. સ. કોણ; ખૂણો.
૧૭. વિ. કુંડાપંથી; માર્ગી.

કુંડક જુઓ કુંડ.

કુંડકરાળ સ્ત્રી. કરાળ જાતની જમીનનો એક ભેદ.

કુંડકુંવર પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર.

કુંડકૌંડિ ૧. [સં.] પું. ચાર્વાક મતનો અનુયાયી.
૨. પું. દાસી ઉપર કામના કરનાર પુરુષ.
૩. પું. પતિત બ્રાહ્મણનો પુત્ર.

કુંડગામ ન. તિરહુતમાં મુઝફ્ફરપુર જિલ્લામાં આવેલા વૈશાલી ગામનું બીજું નામ; બેસર. તે હાલ વસુકુંડ કહેવાય છે. વૈશાલીના ત્રણ વિભાગ હતા. આ ત્રણે વિભાગમાં અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વાણિયા રહેતા. મહાવીરનો જન્મ અહીં થયો હતો એમ મનાય છે.

કુંડગોલક ૧. [સં.] પું. પતી જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર.
૨. પું. રાજા, કાંજી.
૩. પું. વિધવા અથવા પતી જીવતાં ઉત્પન્ન થયેલ પુત્ર.

કુંડજ પું. (પુરાણ) એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

કુંડજઠર ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) જન્મેજયના સર્પસત્ર માંહેનો એ નામનો એક બ્રાહ્મણ.
૩. વિ. કૂંડા જેવા પેટવાળુ.

કુંડજીગર પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. તેની નીચે બટેટા જેવા અને ખાતા કંદ થાય છે.

કુંડધાર ૧. પું. એ નામનો એક નાગ.
૨. પું. (પુરાણ) એ નામનો એક મેઘ. એને એક સમયે એક બ્રાહ્મણે મૂર્તિમાન દીઠો અને દ્રવ્ય મળશે એમ ધારીને એણે એની બહુ જ સેવા કરી. દ્રવ્યથી કેવા કેવા અનર્થ થાય છે એ એણે પેલા બ્રાહ્મણને સ્વપ્ન દ્વારા જણાવ્યું. તે ઉપરથી એ બ્રાહ્મણની દ્રવ્યલાલસા ટળી ગઈ.

કુંડપંથ પું. વામમાર્ગનો એક પેટા ભેદ. તેના અનુયાયીઓ કૂંડામાં ખાય છે.

કુંડપાયી [સં. કુંડપાયિન્] પું. એક જાતના સોમયાજ કરનાર યજમાન. તેણે સોમ અર્પવિજે પાસે સોમસત્ર કરાવી કૂંડાકાર અગ્નિમાં સોમપાન કર્યું હોય છે.

કુંડપાયીનામયન [સં.] ન. એ નામનો એક યજ્ઞ. તેમાં યજમાનને ૨૧ રાત્રિ દીક્ષિત રહેવું પડે અને એક માસ ઉપરાંત સોમસંગ્રહ માટે જવું પડે છે.

કુંડપાયીનામયનન્યાય [સં.] પું. જૈમિનિએ કરેલો એ નામનો એક ન્યાય.

કુંડપાર્શ્વ [સં.] પું. એક જાતનો યજ્ઞ.

કુંડપુત્ર પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર; કુંડકુંવર.

કુંડપુર જુઓ કુંડગામ.

કુંડપૂજા [હિં.] સ્ત્રી. રબ્બી પાકનું વાવેતર પૂરું કરવાના દિવસે થતો ઉત્સવ.

કુંડપ્રસ્થ ન. પ્રાચીન હિંદના એક શહેરનું નામ.

કુંડબોઈ [હિં.] પું. વાવણી પૂરી થાય તે દિવસ.

કુંડભેદી પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

કુંડમ ન. કૂંડું.

કુંડમુહની જુઓ કુંડપુજા.

કુંડમુંડલા જુઓ કુંડમોર્ડા.

કુંડમોઢ પું. હાથીના પગના આકારનું કૂંડા જેવુ માટીનું ઘમ.

કુંડયંત્ર ન. આગ ઓલવવાનું સાધન; સ્વેદનયંત્ર. એક મોટા કુંડામાં પાણી ભરી તેને મોઢે કપડું બાંધવું. તે કપડાં ઉપર જોને આગ આપવી છે તેવી વસ્તુ મૂકવી અને તેના ઉપર બીજું કૂંડું ઊંધું ઢાંકવું. પછી નીચે અગ્નિ સળગાવવો.

કુંડરી સ્ત્રી. બિલોરું; તૂરિયું.

કુંડરૂપી વિ. પતિ હયાત હોવા છતાં વ્યભિચારથી સ્ત્રીએ ઉત્પન્ન કરેલ.

કુંડલ ૧. પું. એ નામનો એક દ્વીપ.
૨. પું. દેવ.
૩. પું. પરિધ; વર્તુળનો ઘેરાવો.
૪. પું. પર્વત.
૫. પું. (પિંગળ) બાવીસ માત્રાનો એક છંદ.
૬. પું. સૂર્ય કે ચંદ્રની આસપાસનું તેજવલય.
૭. સ્ત્રી. બાજરાની એ નામની એક જાત.
૮. ન. એ જાતનું એક માણસ.
૯. ન. કાનું; વલય.
૧૦. ન. કાનમાં પહેરવાનું ગોળી, ઝવેરાત કે રફટિકનું ચંદ્રાકાર કે મત્સ્યાકાર એક ઘરેણું.
૧૧. ન. કૂંડાળું; ચકરડું.
૧૨. ન. ગળાનું ઘરેણું.
૧૩. ન. જંતુ પ્રવેશે નહિ માટે રાત્રે કાનમાં ભરવાનું રૂનું પૂમડું.
૧૪. વિ. એ નામની જાતનું.

કુંડલગિરિ પું. કુંડલદ્વીપની મધ્યમાં આવેલ એ નામનો એક પર્વત.

કુંડલદ્વીપ પું. એ નામનો બારમો દ્વીપ.

કુંડલપુર [સં.] ન. કુંડિનપુર.

કુંડલા ૧. [હિં.] પું. એક જાતનો તંબૂ.
૨. સ્ત્રી. કુંભારની એ નામની એક જાત.
૩. સ્ત્રી. ગળીનો વેલો.
૪. ન. એ જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું.

કુંડલાકાર [સં.] વિ. ગોળ; વર્તુલાકાર.

કુંડલાકાર નિહારિકા સ્ત્રી. આકાશમાં ફરતો ગોળાકાર તેજસમૂહ. આવા સમૂહ ઘણાં વાયુમય પદાર્થોના બનેલા છે. એમ મનાય છે કે તેઓ વહેલા મોડા એક થઈ તારાપુંજ થશે.

કુંડલિકા ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામનો એક માત્રાવૃત્ત છંદ.
૨. સ્ત્રી. જલેબી.

કુંડલિકાભાગ [સં.] પું. મોટા આંતરરાના ૭ ભાગ માંહેનો વાંકો ચળેલો નીચલો છેડો.

કુંડલિત વિ. અનુચ્ચેલિતા; ઘુમાવદાર; ચક્રવર્તિત.

કુંડલિન નિહારિકા જુઓ કુંડલાકાર નિહારિકા.

કુંડલિની ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ: આર્યા. તેના પ્રથમ ચરણમાં ૩૦ માત્રા અને બીજા ચરણમાં ૨૭ માત્રા હોય છે.
૨. સ્ત્રી. મગો નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. ગોસાઠ માનસતત્ત્વદેવતા માંહેની એ નામની એક.
૪. સ્ત્રી. જલેબી.
૫. સ્ત્રી. ગોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એકનું નામ.
૬. સ્ત્રી. (યોગ) રોગ મટાડવા બનાવેલું એક ચક્ર.
૭. સ્ત્રી. સાપના સ્વરૂપવાળી ત્રણ આંટાવાળી એક પ્રસિદ્ધ શક્તિ. નાભિની નીચે ગૂંચળા જેવા આકારમાં તે રહેલી છે. નાભિની સામે મેરુદંડ એટલે કરોડની કરોડમાં સુષુમ્હાનું મુખ છે. તેના ઉપર તે પોતાનું મુખ અધું રાખી ઊંઘતા સાપની માફક પડી રહે છે. યોગી યોગો તેને જગાડવાને અષ્ટાંગયોગ કરે છે. અત્યંત યોગાભ્યાસ કરવાથી તે જાગે છે. જાગ્યા પછી તે સાપની માફક અત્યંત ચંચળ બને છે અને એક જગ્યાએ સ્થિર રહેતી નથી. સુષુમ્હા નાડીમાં થઈ મૂલાધારથી સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને મેરુશિખર થઈ અથવા તેને ભેદી બ્રહ્મરંધ્રથી સહસ્રાર ચક્રમાં જાય છે. જેમ જેમ તે ઉપર ચડે છે તેમ તેમ સાધકમાં અલૌકિક શક્તિઓનો વિકાસ થતો જાય છે અને તેનાં સાંસારિક બંધનો ઢીલાં થતાં જાય છે. કેટલાકના મત પ્રમાણે કુંડલિની નિત્ય જાગતી હોય છે અને તે વચ્ચેનાં ચક્રોને ભેદતી ભેદતી સહસ્રાર કમલમાં જાય છે અને ત્યાં જઈ તેને અમૃતથી સ્નાન કરાવે છે. તેઓનું કહેવું એવું છે કે મનુષ્યો સૂતાં હોય ત્યારે કુંડલિની ઉપર ચડે છે અને તેઓ જાગે છે ત્યારે પોતાના સ્થાન મૂલાધારમાં ચાલી જાય છે. તેની સંજ્ઞા કૂર્મી છે. આ એક જાગ્રતને સ્વપ્નાજીવ, માયાજીવ, જીવનેશ્વરીજીવ વગેરે અનેક નામથી પ્રબોધવામાં આવે છે.

કુંડલિનીધરા [સં.] સ્ત્રી. ગોસાઠ માનસતત્ત્વદેવતા માંહેની એકનું નામ.

કુંડલિયા ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તેમાં ૧૪૪ માત્રા અને ૬ ચરણ હોય છે. તેમાં જે જે ત્રણ પ્રથમ વ્યંજન આવે તે જ વ્યંજન બાજ અંતે આવવા જોઈએ. તેથી તેને ગાંઠની સાથે સરખાવવામાં આવે છે.
૨. સ્ત્રી. કમળીની એ નામની એક જાત.
૩. ન. એ જાતનું માણસ.
૪ વિ. એ નામની જાતનું.

કુંડલિયાતોડક પું. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ.

કુંડલિયો પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. આ છંદમાં ૬૮ ગુરુ અને ૧૬ લઘુ હોય છે. તેમાં ગુરુ લઘુની વધઘટ થતાં તેના ૬૭ ભેદ થાય છે.

કુંડલી ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. જુઓ કુંડલિયા ૧.
૨. [સં.] પું. ગરમાળો. ગરમાળાની શીંગનો ગોળ આવાથી ચેટમાં કુંડલી એટલે વળ દઈને આરે તરફથી નિચોવીને બળબળાને ઝાડો સાફ લાવનાર હર્ડ તેને કુંડલી કહે છે.
૩. પું. (પુરાણ) ગરુડનો પુત્ર.
૪. પું. ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.
૫. પું. મોર.
૬. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક. તે લીલાવતારમાં કુંડળ ધારણ કરનારા છે. વળી મનુષ્યશરીરના આધારભૂત કુંડલી આકૃતિ પણ તે છે અને ગોરાથી લઈને કુંડાળું કરનારા પણ તે જ છે તેથી તે કુંડલી કહેવાય છે.
૭. સ્ત્રી. અરુંધતી; ઈંધરી.
૮. સ્ત્રી. ફાંચનારે ગૂગળની એક જાત.
૯. સ્ત્રી. ખોળી; લાકડીને લોઢાનો કે રૂપાનો ચડાવવામાં આવતો ખોભળો.
૧૦. સ્ત્રી. ગળો.
૧૧. સ્ત્રી. ગાળિયો.
૧૨. સ્ત્રી. ગુદા.
૧૩. સ્ત્રી. ચૂમાળું; ચક્કર.
૧૪. સ્ત્રી. ઘઉં વગેરેની ગણતરીનું બનાવાળું ગોઠવું.
૧૫. સ્ત્રી. ઘીનું નાનું કૂંડલું.
૧૬. સ્ત્રી. જલેબી; મીઠાઈની એક જાત.
૧૭. સ્ત્રી. નાનું કૂંડાળું
૧૮. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.
૧૯. સ્ત્રી. લોઢાના પતરામાં કાણાં પાડવાનું સાધન.
૨૦. સ્ત્રી. વીજળીનો મારો.
૨૧. સ્ત્રી. સર્પ.
૨૨. સ્ત્રી. સાત રાત્નમનો સમૂહ.

કુંડલું ન. ઘોડીનું કૂંડાળું કરી તેને છોથી આંટવાની રમત.

કુંડલેશ્વર [સં.] પું. શંકરનું એક નામ.

કુંડલ્ય સ્ત્રી. કુંડલી; લાકડી ઉપર જડવાની ખોભળી.

કુંવાયુબારમાપક ન. એક જાતનું વાયુબારમાપક યંત્ર; 'સિન્ડર્ન બેરૉમિટર'.

કુંવારહ [હિ.] પું. માટીનું શકોરું.

કુંવારા પું. પીવવા માટે જ્યાં ઠાલવેલી રોટલી એકઠી કરવામાં આવે તે જગ્યા.

કુંવાં ન. બ. વ. ખડકલા; ઢગલા.

કુંવારાયી ૧. [સ. કુંવારાયિન્] પું. એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૨. પું. કુંવ અને ગોલક જાતિના વર્ણસંકર પુરુષનું અન્ન માગનાર માણસ.

કુંવળ જુઓ કુંવલ.

કુંવળાકાર જુઓ કુંવલાકાર.

કુંવળિયા જુઓ કુંવલિયા.

કુંવળિયો જુઓ કુંવલિયો.

કુંવાળી જુઓ કુંવલી.

કુંવા ૧. પું. ચિચોડામાંથી દબાતો રોટલીનો રસ જેમાં પડે તે વાસણ.

૨. પું. ચોખાનો ભૂકો.

૩. પું. છીછરું માટીનું વાસણ.

૪. પું. પોતાના ધણી સિવાય બીજા માણસથી થયેલું બાળક.

૫. પું. ફકીરને આપેલું બલિદાન.

૬. સ્ત્રી. ડોઢ.

૭. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૮. ન. એ અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું.

કુંવાકાર વિ. ગોળ ગૂંચળાવાળું.

કુંવાતાંસળી સ્ત્રી. બલિયાથી મોટું વાસણ.

કુંવાથાળી સ્ત્રી. મોટા કૂંડા જેવી થાળી.

કુંવાપંથી વિ. આગળ પંથનું.

કુંવારેલ વિ. કોતરેલ; નકશી કરેલ.

કુંવાલા ૧. પું. કપડાં ધોવાનું માટીનું વાસણ.

૨. પું. મોટું પહોળું વાસણ. તેમાં પાણી, દૂધ વગેરેની કોઠીઓ ભરેલ કે ખીચું રાખીને ઠંડી રાખવામાં આવે છે.

કુંવારી પું. ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

કુંવાંતરો પું. ગામડાંની ટપીનો આંતરો.

કુંવિક ૧. પું. (પુરાણ) એ નામનો કુરુવંશી એક રાજા.

૨. પું. એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૩. ન. કમંડળ.

કુંવિકા ૧. [સં.] સ્ત્રી. એકસો આઠ માંહેની એ નામની એક ઉપનિષદ; સામવેદની શાખામાં ગણાતી એક ઉપનિષદ.

૨. સ્ત્રી. કમંડળ.

૩. સ્ત્રી. કૂંડી.

૪. સ્ત્રી. ડોકરી.

૫. સ્ત્રી. થાળી.

૬. સ્ત્રી માટીનું કે લાકડાનું કૂંડું.

૭. સ્ત્રી. લોટો.

૮. સ્ત્રી. સન્યાસી વગેરેનું જળપાત્ર.

૯. સ્ત્રી. હવન કરવામાં વપરાતો તાંબાનો કુંડ.

કુંવિકોપવત પું. સોળ માંહેનુ એ નામનું એક તંત્ર.

કુંવિકેર પું. (પુરાણ) દૈત્યનાં બાંધ માંહેનું એક કુળ.

કુંવિકોપનિષદ સ્ત્રી.; ન. એ નામની એક ઉપનિષદ. તેમાં જણાવ્યું છે કે, મુમુક્ષુ બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુની સેવા તથા વેદનો અભ્યાસ કરી, ગુરુની આજ્ઞા મેળવી, લોગ્ય સ્ત્રી પરણી, ગૃહસ્થધર્મનું પરિપાલન કરે. પછી વૃદ્ધાવસ્થામાં પુત્રને ગૃહભાર સોંપી વાનપ્રસ્થ થઈ તપ કરતાં કરતાં પવિત્ર દેશમાં પરિવ્રાજક કર્મ પછી-સંન્યાસ ગ્રહણ કરે ત્યારે પ્રથમ વસ્ત્ર ધારણ કરે. ભિક્ષાપાત્ર, કમંડલ, કીંકુ, જનોઈ, પાદત્રાણ, કંથા, કૌપીન, આચ્છાદન, બહિર્વાસ ને ઉત્તરીય સિવાય બધી બીજાનો ત્રિદંડી સંન્યાસી ત્યાગ કરે. અભ્યાસથી પ્રાણાયામનો જય કરે. તે વિચાર કરે કે પાંચ ભૂતોના કારણ અજર, અમર, અક્ષર ને અજન્મ બ્રહ્મને હું પ્રાપ્ત થયો છું. હું અખંડાનંદરૂપ મહાસાગર છું, તેમાં બહુ પ્રકારે જગતરૂપ તરંગો માયારૂપ વાયુના વિભ્રમથી ઊપજે છે ને વિલીન થાય છે. જેમ આકાશને મેઘની સાથે સંબંધ નથી તેમ મને શરીરની સાથે સંબંધ નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના ધર્મ મારા નથી. હું નિર્લેપ, દૃશ્યથી વિલક્ષણ, નિષ્કલ, અખંડ બોધરૂપ સમ્યગ્જ્ઞાનનો સાક્ષી, સ્વતંત્ર, જ્ઞાતાજ્ઞાતપણા રહિત ને અપાર છું. જેમ ઘરના ધર્મો દીપકને સ્પર્શ કરતા નથી તેમ સાક્ષ્યના ધર્મો અવિકારી ને ઉદાસીન સાક્ષીને સ્પર્શ કરતા નથી. ઘટના ધર્મોથી જેમ આકાશ સંબંધ પામતું નથી તેમ હું શરીરના ધર્મોથી સંબંધ પામતો નથી. હું નિષ્ક્રિય, નિર્વિકાર, નિરવયવ, નિર્વિકલ્પ, નિત્ય, નિરાલમ્બ, અદ્વય, સર્વનો આત્મા, સર્વરૂપ, સર્વાતીત ને અખંડ બોધરૂપ છું. આવા વિચારના પરિપાકવાળો મુનિ સર્વદા આત્મામાં રમણ કરનારો થાય છે.

કુંવિન ૧. [સં.] ન. એ નામનુ એક નગર; ભીષ્મકના સમયની વિદર્ભની રાજધાની; અમરાવતીની પૂર્વ દિશામાં આશરે ત્રીસીક માઈલ દૂર આવેલું કુંડિનપુર.

૨. પું. એ નામનો એક ઋષિ.

૩. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ.

૪. પું. કુરુવંશી એક રાજાનું નામ.

૫. પું. વસિષ્ઠ કુળમાં થયેલ એ નામના મંત્રદ્રષ્ટા.

૬. [સં. કુંડિન્] પું. શિવ.

૭. વિ. કમંડળવાળું.

૮. વિ. કુંડવાળું.

કુંવિનપુર ૧. ન. કાઠિયાવાડમા આવેલ કનકાવતીનું જૂનું નામ.

૨. ન. દમયંતીના પિયેરનું ગામ.

૩. ન. મધ્ય પ્રાંતમાં અહા જિલ્લામાં વરોરાથી દક્ષિણમાં અગિયાર માઈલ વર્ધા અથવા વિદર્ભા નદી ઉપર આવેલું એક ગામ; દેવલઆરા. જૂનું કુંડિનપુર વર્ધા નદીથી અમરાવતી સુધી ફેલાયેલુ હતું. અમરાવતીમાં જે દેવળમાંથી શ્રીકૃષ્ણે રુકિમણીનું હરણ કર્યું હતું, તે દેવળ હાલ પણ અસ્તિત્વમાં છે. આ દેવળ પાસે દર વર્ષે મેળો ભરાય છે.

કુંવિની [સં.] સ્ત્રી. એક જાતનું રત્નપાત્ર.

કુંવિસ્યપુર જુઓ કુંડિનપુર.

કુંવી ૧. [સં.] પું. એક મુનિનું નામ.

૨. પું. વિદર્ભનગર.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્ર માંહેનો એ નામનો એક.

૫. સ્ત્રી. કમંડળ.

૬. સ્ત્રી. કુલડી; કુપ્પી. જુઓ કૂંડી.

કુંવોદ [સં.] પું. ભારતવર્ષનો એ નામનો પુરાણો પર્વત.

કુંવોદની સ્ત્રી. કૂવા જેવાં આકારવાળી ગાય કે ભેંસ.

કુંવોદર ૧. [સં.] પું. એક જાતનો નાગ.

૨. પું. મહાદેવનો એક અનુ.

૩. પું. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્ર માંહેનો એ નામનો એક.

૪. વિ. કૂવા જેવા ખરાબ પેટવાળું.

કુંવોળિયા ૧. સ્ત્રી. બાંટની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

કુંહ ૧. પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. તે ૨ થી ૫ ફૂટ લાંબો થાય છે. તેને નીચે બટેટા જેવા કે એથી થોડા જેવા નાના કંદ થાય અને લૂણી જેવાં રતાશ પડતાં પાન આવે છે.

૨. [હિં.] પું. તળાવ.

કુંઢિયા ૧. સ્ત્રી. વાઘરીની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંઢી ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંદર સ્ત્રી. એક જાતનો વેલો; કુંદ.

કુંદો પું. (કચ્છી) કોંટો; ઠૂંઠો.

કુંજ ૧. પું. તિબેટ દેશનું એક જૂનું નામ.
૨ વ. ક્રોધ.

કુંત ૧. [સં.] પું. ઊમતા.
૨. પુ. એક જાતનું ધાન્ય.
૩ પું. છાપકું; નાનો કોડો.
૪. પું. બરછી; ભાલું.
૫. પું. મલ્લ.
૬ પું. વાળની લટ.
૭ ન. બાણ.
૮. ન. લોઢાનું એક અસલી હથિયાર.

કુંતકુંઠ [સં.] પું. એ નામનો ૮૬ નરકકુંઠ માંહેનો એક કુંઠ. તે શસ્ત્રમય સ્વરૂપ મનાય છે.

કુંતધર [સં.] પું. ભેરુદાર; ભાલું રાખનાર સિપાઈ.

કુંતય ૧. પું. કુંતીનો પુત્ર.
૨. સ્ત્રી. એ નામની પ્રજા.
૩. ન. (પુરાણ) એ નામનું અત્ર નદીને તીરે આવેલું પ્રાચીન નગર. ત્યાં કુંતીનો જન્મ થયો હતો.

કુંતરાજ ન. સીસાનું ઓક્સાઇડ.

કુંતલ ૧. પું. બંબોડો; ચોટલો.
૨. પું. એ નામનો એક દેશ. તે દક્ષિણ હૈદરાબાદની નૈર્ઋતે કૌંકણ અને વરાડ વચ્ચે પશ્ચિમ ઘાટની પૂર્વમાં ભીમા અને વેદવતીની વચ્ચે આવ્યો હોવાનું મનાય છે.
૩. પું. એક જાતની સુગંધી.
૪. પું. જવ.
૫. પુ. જેના હાથમાં ભાલો હોય તે માણસ.
૬. પું. દ્રુપદના સોળ માંહેનો એક પ્રકાર. તેના દરેક પાદમાં ૧૬ અક્ષર હોય છે.
૭. પું. પીવાનું પાત્ર; પ્યાલો.
૮. પું. જાદુગર; વેશ બદલનાર પુરુષ.
૯. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાંદરો.
૧૦ પું. વાવ.
૧૧. પું. સંપૂર્ણ જાતિનો એ નામનો એક સ્વર. તેને દીપક રાગના આઠ માંહેનો ત્રીજો પુત્ર માનવામાં આવે છે.
૧૨. પું. હળ
૧૩. વિ. વાંકું.

કુંતલકપુર ન. મૈસુરના શિમોગા જિલ્લામાં આવેલું એ નામનું ગામ; કુળાપુર. તે કુંતલ દેશના રાજા ચંદ્રહાસની રાજધાની હતું.

કુંતલપરા ૧. સ્ત્રી. એ નામની બારોટની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંતલમેઘ પું. એક જાતનું વાદળું. આ જાતનાં વાદળાં સૌથી ઊંચાં રહે છે. તેઓ પાતળાં, લંબાયેલાં અને ઊન અથવા વાળના જેવાં દેખાવનાં હોય છે.

કુંતલહસ્ત [સં.] પું. વાળનો જથ્થો.

કુંતલિકા [સં.] સ્ત્રી. છરી; પાણી.

કુંતલી [સં. કુંત] સ્ત્રી. એક જાતની નાની માખી. તેના મધપૂડામાંથી ઝામર નામની નરમ વસ્તુ મળે છે. આ માખીઓને ડંખ હોતો નથી.

કુંતળ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા.
૨. પું. (સંગીત) હનુમત મત પ્રમાણે દીપક રાગના આઠ પુત્ર માંહેનો એક.

કુંતા ૧. સ્ત્રી. (પુરાણ) પાંડુ રાજાની સ્ત્રી; પાંચમે તથા કર્ણની માતાનું નામ. જુઓ કુંતી ૩.
૨. સ્ત્રી. કુમકુ.
૩. સ્ત્રી. ભાલાની અણી.

કુંતાગ્ર ન. ભાલાની અણી.

કુંતાપ ૧. ન. એ નામનું એક આંતરદ્વીપ.
૨. ન. એ નામનું એક સૂક્ત.

કુંતાર પું. મહાવત; હાથીને હાંકનાર માણસ.

કુંતારવાડ (કુંતારવાડ) સ્ત્રી. કુંતાર લોકોનો વાસો; માવતોનો વાસો.

કુંતાલી [સં.] સ્ત્રી. પેનારવલી નામની એક વેલ; ત્રિરખોટા; દીર્ઘપત્રા. આ વેલ દક્ષિણ હિંદ, આસામ, બંગાળ અને સિલોનમાં થાય છે. તેનાં ફળમાં કાકડી જેવો સ્વાદ હોય છે. તે દાહક અને રેચક છે. તે ઝેરી પ્રાણીઓનું ઝેર ઉતારે છે. તેનાં પાનને કચરી ઉકાળી સ્નાન કરવાથી શરીરમાંથી સુસ્તી ઊડે છે. આખરુ સાથે જખમો ઉપર ચોપડવાથી તેની અંદરનાં જંતુઓનો નાશ કરે અને જખમો જલદી રૂઝવે છે. તાવ અને આંચકીમાં શરીર લેપ કરવાથી ચેતન આવે છે. ઝાડીમાં ભરાયેલ ઝેર માટે તથા દમ માટે તે ઝાડી ઉપર ચોપડાય છે.

કુંતાં ન. કુંતેલું નામનું ત્રીજું ઘાસ. તેને ત્રીજી કૂટી થાય છે.

કુંતિ ૧. [સં.] પું. મધ્ય હિંદુસ્તાનમાં આવેલ એ નામનો એક પ્રાચીન દેશ.
૨. પું. (પુરાણ) સોમવંશી મહાકુળોત્પન્ન કૃષ્ણનો સગાની ફૂઈ થયેલો પુત્ર.
૩. પું. (પુરાણ) સોમવંશી મધુપુત્ર સહસ્રાજિતના વંશમાંના હૈહયકુળના નેત્ર નામના રાજાનો દીકરો.

કુંતિભોજ જુઓ કુંતીભોજ.

કુંતિરાષ્ટ્ર પું. (પુરાણ) ભારતવર્ષમાં એ નામનો એક દેશ.

કુંતી ૧. [સં.] પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૧૮ ગુરુ અને ૭૬ લઘુ મળી ૯૪ વર્ણ હોય છે.
૨. પું. ભારતવર્ષમાં એ નામનો દેશ.
૩. સ્ત્રી. (પુરાણ) કુંતાક્ષ; પાંડવોની માતા. તે શૂરસેન યાદવની દીકરી અને વસુદેવની બહેન હતી. તેને તેના સગા કુંતિભોજે ગોદ લીધી હતી અને તે તેના આશ્રયમાં ઊછરેલી હતી. તેનાં લગ્ન પાંડુ નામના રાજા સાથે થયાં હતાં. પાંડુ રાજાને બે સ્ત્રી હતીઃ એક કુંતી અને બીજી માદ્રી. કુંતિભોજને ત્યાં એક વખત દુર્વાસા મુનિ આવ્યા હતા. તેમણે કુંતીની પરોણાચાકરીથી ખુશ થઈ પાંચ દેવના પાંચ મંત્રો આપ્યા ને જરૂર પ્રસંગે તેનો ઉપયોગ કરવાનું કહ્યું. પહેલો મંત્ર સૂર્યનો હતો. તેથી તેને એક પુત્ર થયો તેનું નામ કર્ણ. તેને નદીમાં વહેતો મૂક્યો. પાંડુ રાજાને હરણીના શાપને લીધે ઓલાદ થાય નહિ એમ હોવાથી પાંડુ રાજાની આજ્ઞાથી દુર્વાસા મુનિના આપેલા મંત્રોના પ્રભાવ વડે યમના મંત્રથી ધર્મ એટલે યુધિષ્ઠિર, વાયુના મંત્રથી ભીમ અને ઇંદ્રના મંત્રથી અર્જુન એમ ત્રણ પુત્ર વર્ષ વર્ષને આંતરે ઉત્પન્ન કર્યા અને બાકી રહેલો એક મંત્ર માદ્રીને આપ્યો, જેથી અશ્વિનિકુમારના મંત્રથી નકુળ ને સહદેવ એ જોડ પુત્ર થયા. પાંડવો વનમાં ગયા ત્યારે કુંતી પૈર રહ્યાં હતાં. ત્યારે કૌરવો તરફથી ઘણું દુઃખ સહન કરવું પડ્યું હતું. યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે તેણે સુખનો લહાવો દીધો. પછી કેટલેક કાળે વિદુર, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી મહાપ્રસ્થાન માટે હિમાલયમાં દેહત્યાગ કરવા નીકળ્યાં ત્યારે કુંતી એમની સાથે ગઈ અને ત્યાંજ તેનો દેહ પાડ્યો.

૪. સ્ત્રી. ઘાસમાં થતું એક ક્ષુદ્ર જંતુ.
૫ સ્ત્રી. બરછી; ભાલો.
૬. સ્ત્રી. બંગાળ, બહદેશ, આસામ વગેરે દેશોમાં થતું એક ઝાડ. તેનાં ફળ રંગવાના કામમાં આવે છે. તેનાં બીમાંથી તેલ નીકળે છે અને તેનું લાકડું બાળવાના કામમાં આવે છે.
૭. સ્ત્રી. ભારતવર્ષીય એ નામની નદી.
૮. ન. રેણુકબીજ.

કુંતીજાયો વિ. પું. કુંતીથી જન્મેલો.

કુંતીતનય પું. કુંતીનો પુત્ર; યુધિષ્ઠિર, ભીમ, અર્જુન અને કર્ણ માંહેનો કોઈ એક.

કુંતીતનયા સ્ત્રી. કુંતીસુતા; વસુદેવની બહેન. તેને કુંતિભોજ રાજાને તેના પિતાએ દત્તક તરીકે આપી હતી.

કુંતીદેવી જુઓ કુંતી.

કુંતીપુત્ર પું. કર્ણ; કુંતીનો પુત્ર.

કુંતીભોજ ૧. પું. (પુરાણ) કુંતીનો પાલક પિતા. તે કુંતિરાષ્ટ્રનો અધિપતિ વસુદેવના શૂર રાજાનો ખાસ મિત્ર હતો. પોતાને કોઈ સંતતિ ન હોવાથી શૂર રાજાની પ્રથમ સંતતિને ઓળે લેવાનો નિશ્ચય કર્યો હતો. તે ઉપર શૂર રાજાને પ્રથમ થયેલી પૃથા નામની કન્યાને એણે દત્તક લીધી અને એનું નામ કુંતી પાડ્યું. લગ્નબાદ એને ઔરસ પુત્ર જન્મ્યો. ભારતના યુદ્ધમાં પોતાના પુત્ર સહવર્તમાન એ પાંડવના પક્ષમાં હતો.
૨. સ્ત્રી. એ નામની ઉત્તર હિંદની ભોગોની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

કુંતીસુત જુઓ કુંતીપુત્ર.

કુંતીસુતા જુઓ કુંતીતનયા.

કુંતીસ્તુત્ય [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુંતીસ્તુયુક [સં.] પું. વિષ્ણુ.

કુંતું ન. ઘાસમાં થતુ એક જાતનું જંતુ.

કુંતેલું ન. એક જાતનું ઘાસ. તેની કુંડી ટૂંકા, ઝીણા અને કૂણા કાંટાવાળી થાય છે, તેને કૂતરા કહેવાય છે અને તેનો દવા તરીકે ઉપયોગ થાય છે.

કુંથ્ ૧. [સં.] સ. ક્રિ. આલિંગવું; ભેટવું.
૨. સ. ક્રિ. ક્ષીણ કરવી.
૩. સ. ક્રિ. દુઃખ સહન કરવું.
૪. સ. ક્રિ. વળગી રહેવું.

કુંથણ પું. પતિ, ધણી; કંથ.

કુંથવો પું. કંથવો; જંતુ; નાનું જીવડું.

કુંથુ ૧. પું. ચક્ષુ ઇંદ્રિયવાળો એક જીવ; કંથવો.
૨. પું. (જૈન) વર્તમાનકાળના છઠ્ઠા ચક્રવર્તી અને સત્તરમા તીર્થંકર; કુંથુનાથ. તેનો જન્મ હસ્તિનાપુરમાં થયો હતો. તેના પિતાનું નામ સૂરરાજા તથા માતાનું નામ શ્રીરાણી હતું. પ્રભુ ગર્ભે આવ્યા પછી તેમનાં માતાજીએ સ્વપ્નમાં રત્નનો સ્તૂપ દીઠો. તેના દુરમનો કંથવાના જેવા નાના થયા, તેથી તેનું નામ કુંથુનાથ પડેલ છે.

કુંથુનાથ જુઓ કુંથુ ૨.

કુંદ ૧. પું. એક જાતનો મોગરો. આસો અને કાર્તિક માસમાં તેને તારાના આકારનાં, અતિશય ધોળા રંગનાં અને ઉગ્ર વાસવાળાં ફૂલ આવે છે. તેના ઉપર ભમરા આસક્ત હોય છે.
૨. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ૨૮૫૫૭ છપ્પન છંદનો ભેદ છે. તેમાં ૬૬ લઘુ અને ૪૩ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૩. પું. કરવીર વૃક્ષ; કણેરનું ઝાડ.
૪ પું. કુબેરના નવનિધિ માંહેનો એક.
૫. પું. કુંદરુ નામનું ગંધદ્રવ્ય; રાળચુંદર.
૬. પું. જરથોસ્તી ધર્મનો એક દેવ. તે વાદળાંરૂપે વરસાદને હરકત કરે છે, તેથી તેને ધિક્કારાય છે.
૭. પું. ઢોર સહેજ ખાધું પીધું ઝાડે તે રોગ.
૮. પું. દાડમ.
૯. પું. નવની સંખ્યાવાચક શબ્દ.
૧૦. પું. ભારતવર્ષીય એક દેશ.
૧૧. પું. ભમી જેવું.
૧૨. પું. મોગરાનું ફૂલ.
૧૩. પું. વિષ્ણુ; વિષ્ણુના હજાર માંહેનું એક નામ. તે મોગરાનાં ફૂલની જેમ જન્મમરણનું દુઃખ મટાડી આનંદ આપનારા છે. પરમાનંદની પ્રાપ્તિરૂપ ફળ પણ તે છે વળી કુંદ પુષ્પની જેમ તે શુદ્ધ ફળ દે છે અથવા તેને ભજવાથી ભગવાને વરાહરૂપ ધરીને કુ એટલે પૃથ્વીને વિદીર્ણ કરી હતી તેથી ભગવાન કુંદર કહેવાય છે.
૧૪. પું. શાલ્મલિ દ્વીપમાંનો એક પર્વત.
૧૫. પું.; ન. કમળ.
૧૬. વિ. ઓવો ભાવજ કરતું.
૧૭. વિ. ધોળું; સફેદ.
૧૮. વિ. બૂઠું; તેજ વગરનું; પાણી વિનાનું.
૧૯. વિ. ભરાઈ ગયેલું; ફેલાઈ ગયેલું.

કુંદક ૧. પું. ઉંદર.
૨. પું. મોગરાનું ઝાડ.

કુંદગાંધકર ૧. સ્ત્રી. એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુંદડિયા (કુંદડિયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની જાત.
૨. ન. લેઉઆ કણબીની એ નામની જાતનું માણસ.
૩. વિ. લેઉઆ કણબીની એ નામની જાતનું.

કુંદડો (કુંદડો) પું. એક જાતનો છોડ. તેને સફેદ સુગંધીદાર આરીક ફૂલ આવે છે

કુંદન ૧. સ્ત્રી. મેમણની એ નામની એક જાત.
૨. ન. એ જાતનું માણસ.
૩. ન. કંચન; ચોખ્ખું સોનું
કુંદનમાં જડવા જેવું = વિદ્યા, ધન, યશથી શોભે એવું.
૪ ન. જવાહીર જડવાનું ખાનું
૫. વિ. એ નામની જાતનું.
૬. વિ. ચકચકિત; પ્રકાશિત

કુંદનકૂટ પું. એક જાતની કવા

કુંદનપુર ન. અમરાવતીની પૂર્વે આશરે બત્રીસ માઈલ ઉપર આવેલું એ નામનું એક નગર; વિદર્ભ દેશની રાજધાની. ત્યાંનો રાજા ભીમક હતો. તેને રુક્મિણી નામની દીકરી હતી

કુંદપુષ્પ ન. મોગરાનું ફૂલ

કુંદમ [સં.] પું. બિલાડો

કુંદમાળ પું. કરેણનાં ફૂલની માળા.

કુંદમી [સં.] સ્ત્રી. બિલાડી.

કુંદર ૧. પું. ખીલ્લું; ગુદા.
૨. પું. વિષ્ણુ; વિષ્ણુના હજાર માંહેનું એક નામ. તે મોગરાનાં ફૂલની જેમ જન્મમરણનું દુઃખ મટાડી આનંદ આપનારા છે. પરમાનંદની પ્રાપ્તિરૂપ ફળ પણ તે છે વળી કુંદ પુષ્પની જેમ તે શુદ્ધ ફળ દે છે અથવા તેને ભજવાથી ભગવાને વરાહરૂપ ધરીને કુ એટલે પૃથ્વીને વિદીર્ણ કરી હતી તેથી ભગવાન કુંદર કહેવાય છે.
૩. ન. એક જાતનું ઘાસ.
૪. ન. કલિંગ દેશમાં થતું એક જાતનું ઘાસ. તેનું મૂળ ઔષધમાં કામ આવે છે.

કુંદરી ૧. સ્ત્રી. ઈંઢોણી.
૨. સ્ત્રી. એક જાતનું ઘાસ.

કુંદરૂ ૧. ન. એક જાતની વેલ. તેનાં ફળ બાર ભાંગ ખાવાથી જેવાં થાય છે અને તેનું શાક થાય છે. તે ફળ પકે ત્યારે લાલ થાય છે. તે શીતળ, મળસ્તંભક, સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર તથા શ્વાસ, દમ, વાત અને સોજો દૂર કરનાર મનાય છે. તેનું મૂળ પ્રમેહનાશક અને ધાતુવર્ધક મનાય છે.
૨. ન. જંગલી દૂધી.

કુંદલ જુઓ કુંદન.

કુંડલતા [સં.] સ્ત્રી. (પિંગળ) છબ્બીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વસંતવદ. તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ એમ છબ્બીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

કુંડવ વિ. કૃશ; દુર્બળ; નમણું.

કુંડવન ન. મોગરાના લણ્યા છોડવાળી જગ્યા.

કુંડવું ન. બીડ; વાસથી છવાયેલી જગ્યા.

કુંડસવૈયા પું. (પિંગળ) દરેક ચરણમાં સાત જગણ, લઘુ અને ગુરુ મળી ત્રેવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મલ્લિકા.

કુંડસો પું. ઘોડો.

કુંડા ૧. પું. પગરનો ભાગ; પાયો
૨. [સં.] પું. શ્રમણના પાત્રનો ભોય.
૩. પું. કુસ્તીનો એક જાતનો દાવ. તેમાં હરીફ ઘૂંટણભર જમીન ઉપર પડ્યો હોય ત્યારે એક પગથી તેની ગરદનની મજબૂત પકડ લેવી. પછી આપણા શરીરનું બધું વજન તેની ગરદન તથા પીઠ ઉપર મૂકી જમણી બાજુ તરફ ફરી જવું. ત્યારબાદ જમીન ઉપર સૂઈ જઈ ગરદન પગની પકડમાં બરોબર લેવી.
૪. પું. બળો; સ્કંધ.
૫. પું. બચિયું; ગાંઠ.
૬. પું. તોપનો પાછળનો ભાગ.
૭. પું. કહીં.
૮. પું. પક્ષીની આંખ.
૯. પું. બંદૂકનો કુંદો.
૧૦. પું. લાકડાની બંદૂક.
૧૧. પું. લાકડાનો દંડકો; ધોકો.

કુંડાપરાંત [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કુંડાપાક પું. દંડકો કે બંદૂકના કુંદા વતી માર મારવો તે.

કુંડાર પું. રસ્તા ઉપર વપરાતું, પચાસ ફૂટ ઊંચું વપરાતું એક જાતનું ઝાડ. તેને ઝાંખાં પીળાં ફૂલ આવે છે.

કુંડાલ ન. એક જાતનું ઝાડ; પારસપીપળો.

કુંડિનપુર જુઓ કુંડનપુર.

કુંડિની [સં.] સ્ત્રી. કમળનો સમૂહ.

કુંડી ૧. સ્ત્રી. કુંડ કૂવાની વેલ.
૨. સ્ત્રી. ધોયેલાં અને બાર પાથરેલ કપડાંને સફાઈ આપવાનું અને ગડી બેસાડવાનું ધોબીનું એક ઓજાર; ટીપણી; લાકડાની મોગરી.
૩. સ્ત્રી. ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની ક્રિયા.
કુંડી કરવી = (૧) બારવાળાં કપડાંને મોરવાં અને સંકેલી ગડી બેસાડવી; ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાં. (૨) કબરનું; ખૂબ માર મારવો; ચૂંદવું; ટીપવું.
૪. સ્ત્રી. માર મારવો તે.
૫. સ્ત્રી. મૂર્ખાઈ.

કુંડીકર જુઓ કુંડીકાર.

કુંડીકાર પું. રેશમી કપડાંને બાર લગાડી સફાઈ લાવવા તથા ગડી કરવા સારૂ લાકડાની મોગરીથી ટીપનાર માણસ.

કુંડીબાનું ન. ધોબી કરવાનું કારખાનું.

કુંડીગર જુઓ કુંડીકાર.

કુંડીગાર જુઓ કુંડીકાર.

કુંડીપાક પું. ઠોક; માર; લાકડીનો પ્રહાર.

કુંદુ ૧. પું. ઉંદર.
૨. પું. દંડકો; ધોકો.
૩. પું. સુગંધી દ્રવ્ય.
૪. ન. એ નામનું એક નર્ક; કુંભીપાક.

કુંદુર પું. એ નામનું એક સુગંધી દ્રવ્ય.

કુંદુરુ ૧. પું. ઉંદર.
૨. પું. એક જાતનો ગુંદર.

કુંદુરુક જુઓ કુંદુરુ.

કુંદુરુકી સ્ત્રી. સલ્લકી વૃક્ષ; સલ્લનું ઝાડ.

કુંદુસ [સં.] પું. એક જાતનો ઝેરી છોડ.

કુંદું ૧. ન. દંડકો; ધોકો.
૨. ન. બંદૂકનો પછવાડેનો હાથમાં ઝાલવાનો ચપટો અને જાડો ભાગ; બંદૂકનો કુંદો.

કુંદૂર પું. એક જાતનો સુગંધી પીળો ગુંદ. તે એક પ્રકારના બે હાથ ઊંચા કાંટાવાળા ઝાડમાંથી અરબસ્તાન, યમન વગેરે રેતાળ સ્થાનમાં મળે છે. તેનાં ફળ તથા બી દવામાં વપરાય છે. જ્યારે સૂર્ય કર્ક રાશિનો થાય ત્યારે આ ગુંદ ઝેકડો કરવામાં આવે છે. હકીમો તેને પુષ્ટિકારક અને રક્તસ્રાવને રોકનાર માને છે.

કુંદો જુઓ કુંદું.

કુંપેજોર સ્ત્રી. સમતોલની એક જાતની કસરત.

કુંનસ સ્ત્રી. કુરનસ; સલામ.

કુંનીશ (કુંનીઝ) જ. નજરાનું; પાસે.

કુંપ જુઓ કૂપ.

કુંપકુંપા જ. સોળ ચડીને શરીર કૂવો થયું હોય એમ.

કુંપક્ષ પું. કર્ણાટકમાં વપરાતો એક જાતનો કપાસ. તે ઝીણી કપાસને મળતો છે. તેનો તાંતણો બારીક, લાંબો ને સફેદાઈમાં ઉત્તમ ગણાય છે.

કુંપની [અં. કંપનિ] સ્ત્રી. મંડળી.

કુંપળિયું જુઓ કૂંપળિયું.

કુંપી જુઓ કૂપી.

કુંપો ૧. પું. એક જાતનો વેલો. તેનાં પાન ત્રિખૂણિયાં પહોળાં હોય છે. તેમાં લાંબી નળીવાળાં પેરાં આસમાની ફૂલ થાય છે. તેનાં ફળ ગોળાઈ લેતાં અણિવાળાં હોય છે. એમાં ત્રણ બંડ અને છ બીજ હોય છે. વેલા ઉપર ફૂલ્યું હોય છે. એમાંથી દૂધ નીકળે છે.
૨. જુઓ કૂપો.

કુંપોકુંપ જુઓ કુંપકુંપા.

કુંભ ૧. [સં.] પું. વાસણની આસપાસની પાળ.
૨. ન. ઘણા વરસાદવાળા પ્રદેશમાં અને સપાટ જમીનમાં ઊગતું એ નામનું એક સુશોભિત ઝાડ.

કુંભઈ ન. એ નામનું ઝાડ; કેસ્પારી.

કુંભઉ સ્ત્રી. ખેતી સંબંધી મહેનત.

કુંભા પું. કુટુમ્બ જાત.

કુંભી ૧. પું. ખેડૂત.
૨. સ્ત્રી. ઝમરૂખ.
૩. જ. એ નામનું એક ઝાડ. વર્ષાઋતુ પછી તેનાં પાન પીળાં થઈ જાય છે. ઉનાળામાં તેને પીળાં ફૂલ આવે છે. આ ઝાડને પીળો કપાસ પણ કહે છે, કેમકે તેનાં બી આસપાસ રૂ જેવા રેસા હોય છે. તેને કડવો ગુંદ પણ કહે છે.

કુંભીક પું. પક્ષીના આળોચિયામાં તરતો એક જોડ.

કુંભુર ૧. [અ.] જ. પક્ષીના માથા ઉપરની કલગી.
૨. જ. હાવરી; એક જાતનું પક્ષી.

કુંભ ૧. [સં.] પું. અભિમાન; ગર્વ.
૨. પું. એ નામની બાર માંહેની અગિયારમી રાશિ; ક્રાંતિવૃત્તનો ૩૦૦થી ૩૩૦ અંશ સુધીનો વિભાગ; વિષુવાંશ ૩૦૦થી ૩૬૦ અને ક્રાંત્યંશ ઉત્તર પથી દક્ષિણ કપની વચ્ચે આવેલો તારાપુંજ. તેમાં ૧૧૭ તારા હોય છે. તેને મનુષ્ય જેવી આકૃતિ, માથા ઉપર પાણીનું વાસણ, મકર રાશિના બકરાની આકૃતિની પૂછડી, ડાબા હાથમાં લાકડી અને નીલિયાના જેવો રંગ છે. તેને મનુષ્ય, જળચર રાશિ કે સ્થિર રાશિ કહે છે. ધનિષ્ઠાનો અરધો ભાગ, શતભિષા, અને પૂર્વાભાદ્રપદ નક્ષત્રનો પોણો ભાગ કુંભરાશિમાં આવે છે. આ રાશિમાં જન્મનારનું નામ ગ, શ, સ અક્ષરોથી પ્રારંભાતા શબ્દથી પડે છે.
૩. પું. એ નામનું એક ઝાડ. તે બંગાળ,

મદ્રાસ, આસામ અને અયોધ્યાના જંગલોમાં થાય છે. તેનું લાકડું મજબૂત અને ભાલ કાળા રંગની હોય છે. તેનું લાકડું પાણીમાં સડતું નથી. તેની છાલ રેસાદાર હોય છે અને તેમાંથી રસી બને છે. છાલ દવામાં પણ કામ આવે છે.

૪. પું. એ નામનો કુંભકર્ણનો મોટો પુત્ર.

૫. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાલ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૧ વર્ણ અને ૫૬ માત્રા છે.

૬. પું. (શિલ્પ) એક જાતનું ક્ષેત્રફળ. જુઓ અબજ

૭. પું. એક જાતનું જોખનું માપ.

૧૦૧૪ પલ = ૧ કુંભ

૮. પું. એક જાતનું માપ. તે દસ ગુંડા લાંબું અને દસ ગુંડા પહોળું એવું ચોરસ માપ છે.

૯. પું. એક પર્વનું નામ. તે દર બાર વર્ષે આવે છે. આ વખતે હરદ્વારમાં મોટો મેળો ભરાય છે. જ્યારે સૂર્ય કુંભરાશિનો થાય ત્યારે આ પર્વ આવે છે.

૧૦. પું. એક વાનરનું નામ.

૧૧. પું. કટકળ.

૧૨. પું. બજ એટલે હાથીના માથા ઉપરનો મોટો માંસપિંડ.

૧૩. પું. ગૂગળ.

૧૪. પું. ઘડા; ઘડો; સાંકડા મોઢાનું માટલું અથવા માટીનું પાણીનું વાસણ.

કુંભ મૂકનો = નવા ઘરમાં રહેવા જતાં પહેલાં આગળથી એક જણાએ સામિયો પૂરી તે ઉપર કળશ, નાળિયેર અને પાણી ભરેલો ઘડો શુભ શુકન જોઈ મૂકવો.

૧૫. પું. ગૌર શેરનું એક વજન.

૧૬. પું. નસોતર.

૧૭. પું. નેપાળો.

૧૮. પું. પૃશ્નિપર્ણી નામની વનસ્પતિ.

૧૯. પું. પ્રહ્લાદ દૈત્યના પુત્રો માહેનો એ નામનો એક

૨૦. પું. પ્રાણાયામના ત્રણ ભાગ માંહેનો એક; પ્રાણાયામમાં શ્વાસને રોકી રાખવાની ક્રિયા.

૨૧. પું. બુદ્ધદેવના આગલા ચોવીસ જન્મ માંહેનો એક

૨૨. પું. બુદ્ધિ; મગજ.

૨૩. પું. લંકાનો એ નામનો એક રાક્ષસ.

૨૪. પું. (જૈન) વર્તમાન અવસર્પિણીના ઓગણીસમા અર્હતના પિતાનું નામ.

૨૫. પું. વિષ્ણુ. કુંભ એટલે ઘડાની જેમ ભગવાનમાં સર્વ વસ્તુઓ રહેલી છે તેથી કુંભ કહેવાય છે. તે ઘટ કે કુંભરૂપ છે, કુંજના જેવી મોળ આકૃતિવાળા પણ તે છે, વળી ઘટાકાર, મઠાકારની પેઠે એક પિંડ જેવા બાહ્યરૂપ આકૃતિવાળા પણ તે છે તેથી કુંભ કહેવાય છે.

૨૬. પું. વેશ્યાનો પતિ.

૨૭. પું. શ્રી રામના આઠ માંહેનો એક પુત્ર. આ રાજ સંપૂર્ણ જાતિનો છે. તે સંધ્યા સમયે રાતના પહેલા પહોરે ગવાય છે. સંગીત દામોદરમાં આ રાગને સરસ્વતી અને ધનાશ્રી રાગણીઓના યોગથી બનેલો સંકર રાગ માનેલો છે.

૨૮. પું. બીજું સ્તન.

૨૯. પું. હાથનો ગેડ.

૩૦. સ્ત્રી. મિત્રાવરુણને લીધે પુત્રરૂપે અવતરેલા વસિષ્ઠ ઋષિની માતાનું નામ.

૩૧. ન. કમળ.

કુંભક ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, છ રગણ, ગુરુ અને લઘુ મળી છત્રીસ અક્ષર હોય છે.

૨. પું. ત્રણ જાતના પ્રાણાયામ માંહેનો એક: નાકથી ખેંચેલા શ્વાસને ચોસઠ માત્રા સુધી રોકી રાખવો તે. પ્રાણ અને અપાન બંનેનો જેમાં નિરોધ થાય તે પ્રાણાયામ કુંભક કહેવાય છે. આ ક્રિયા પૂરકની પછી થાય છે. તેમાં મોટું બંધ કરી નાકને એક તરફથી અંગુઠા વડે અને બીજી તરફથી વચલી તથા અનામિકા વડે દબાવી બંધ કરવામાં આવે છે. તેના આઠ પ્રકાર છે: સૂર્યભેદન, ઉજ્જયી, સીત્કારી, શીતલી, ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્છા ને પ્લાવિની.

કુંભકપૂરક પું. (યોગ) પ્રાણાયામનો એક પ્રકાર.

કુંભકમળો પું. બબ્બે દિવસનો જૂનો કમળો

કુંભકર [સં. કુંભકાર] પું. કુંભાર.

કુંભકરણ જુઓ કુંભકર્ણ.

કુંભકર્ણ ૧. પું. કુંભોરાણો.

ઉદેપુરની રાજગાદીએ બપ્પારાવળજીની એકતાળીસમી પેઢીએ થયેલા પ્રતાપી મહારાણા કુંભકર્ણ (કુંભોરાણો) આ ભારતખંડમાં પ્રસિદ્ધ છે.

રાજવલ્લભ

૨. પું. મેઘ.

૩. પું. (પુરાણ) રાવણનો નાનો ભાઈ. તે પુલસ્ત્યપુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર હતો. તેની માતાનું નામ કૈકસી હતું. જન્મતી વખતે એ મોટા પર્વત જેવડો અને ભયંકર હતો. જન્મતાં જ પ્રજાભક્ષી એક હજારને ને ખાઈ ગયો હતો. એના કદ માટે એમ કહેવાય છે કે જો તે સમુદ્રના મધ્યમાં જન્મે રહે તો સમુદ્રનું પાણી તેને કેડ સુધી આવતું. જ્યારે તે ઊંઘતો શ્વાસ લેતો ત્યારે બાર જોજન સુધીનાં પ્રાણીઓ તેના નાકમાં ખેંચાઈ જતાં અને જ્યારે નીચો શ્વાસ મૂકે ત્યારે તે સામાં તેટલાં જ દૂર પડતાં. ઇંદ્ર ઐરાવત ઉપર બેસીને એના ઉપર ધસી આવ્યો. એણે ઐરાવતનો એક દાંત ઉખેડી નાખ્યો અને એ દાંતે દાંતે એને એટલો માર્યો કે ઇંદ્રે લાંબી પલાયન કર્યું. પછી ઇંદ્ર બ્રહ્મદેવ પાસે ગયો અને કુંભકર્ણના અદ્‌ભુત કર્મો વર્ણવ્યાં. તેથી બ્રહ્મદેવે એને શાપ આપ્યો કે એ હમેશા ઊંઘેલો જ રહેશે. આ વાતની રાવણને ખબર પડતાં તેણે બ્રહ્મદેવની સ્તુતિ કરી તેથી તેણે કહ્યું કે છ મહિનામાં એક દિવસ તે જાગતો રહેશે. પોતા ઉપર થયેલા ક્રોધનું નિવારણ કરવાને માટે અને અપાર ઐશ્વર્ય મેળવવાને માટે એણે ગોકર્ણક્ષેત્રમાં દસ હજાર વર્ષ ઊગ તપ કર્યું. બ્રહ્મદેવ પ્રત્યક્ષ થયા અને દેવતાઓએ તેને વિચારીને વરદાન આપવા કહ્યું તેથી સરસ્વતીને કુંભકર્ણની જીભ ઉપર બેસવા કહ્યું. બુદ્ધિ ભ્રષ્ટ થવાને લીધે ઇંદ્રાસનને બદલે નિદ્રાસન ભૂલથી માગાઈ ગયું. વરદાન. મળ્યું અને તે સફળ થયું. પાછળથી તેણે મહાદેવની પ્રાર્થના કરી ત્યારે તે વરદાન ફક્ત છ માસ ઊંઘ અને છ માસ જાગૃતિમાં ફેરવવામાં આવ્યું હતું. વિરોચનના પુત્ર બલિએ પોતાની દૌહિત્રી વજ્રજ્વાલા એની સાથે પરણાવી. રાવણે એના માટે એક યોજન પહોળું અને બે યોજન લાંબું એવું એક મંદિર કરાવ્યું. એ મંદિરમાં એ નિરાંતે ઊંઘી આજ્ઞા કરી. આ મંદિરમાં એ છ મહિના ઊંઘતો. છ મહિના પછી જે દિવસે તે જાગે તે દિવસે એને માટે રાખેલી અપરિમિત અન્નની રસોઈ, માંસ વગેરે ખાતો, દારૂ પીતો, તેમ જ વિષય ભોગવતો અને વખતે સભામાં પણ આવતો. રામ લક્ષ્મણ જ્યારે લંકા ઉપર ચઢી આવ્યા ત્યારે રાવણે તેને ઉઠાડવા માટે રાક્ષસોને મોકલ્યા. જ્યારે તેઓએ તેને ઢંઢોળ્યો, શંખ ફૂંક્યા, ભેરી વગાડી અને હાથી આદિ પશુઓને એના ઉપર દોડાવ્યા ત્યારે તે ઊઠ્યો. તેણે મૂત્ર, મદિરા, વરાહ વગેરેને ખાઈને અને હજાર ઘડા દારૂ પીને લડવા જવાની તૈયારી કરી પ્રથમ સીતાને હરી લાવવાની હકીકત સાંભળીને ગુસ્સે થયો પણ પાછળથી રામ સામે યુદ્ધમાં ગયો. વાનરો એને જોઈને નાસવા લાગ્યા. અંગદના પ્રોત્સાહનથી તેઓ પાછા ફર્યા, પણ સાતસો, આઠસો વાનરોને એક સાથે હાથમાં પકડીને કુંભકર્ણ જોમ ઉપર પછાડતો, દસ વીસને પકડીને મોઢામાં નાખીને ચાવીને ખાઈ જતો. કેટલાક વાનરો તો કુંભકર્ણને લાગે કે તે ખાઈ ગયો છે પરંતુ ગળામાં વાગ્યા વગરનાં રહી જતા તે

કાન અને નાકનાં છિદ્રોમાંથી નીકળીને નાસવા મંડી જતા. આમ કેટલાક વખત પછી એક વખત અંજદે આવીને એક પર્વત એના માથા ઉપર નાખ્યો. એ પર્વતને ચુકાવી દઈને એણે અંજદને પકડ્યો અને મૂર્છા પમાડ્યો. પછી સુગ્રીવે એનું નાક કરડી ખાધું તેથી એને જોરથી ભોંય ઉપર પછાડ્યો. પછી તે રામ સામે ગયો. રામે એની સાથે ઘોર સંગ્રામ કરી એના હાથ કાપી ભોંય ઉપર પાડ્યો, તેના પગ ઉડાવી દીધા અને પછી તેનું મસ્તક પણ ઉડાવી દીધું.

૧. કુંભકર્ણ જેવો = અઘોરી; ઊંઘણસી.

૨. કુંભકર્ણની ઊંઘ = ઘોર નિદ્રા; રાક્ષસી ઊંઘ. કુંભકર્ણને વિષે એમ મનાય છે કે તેની ઊંઘ એટલી બધી જબરી હતી કે તેને ઉડાડવાને માટે વાજિંત્રો વગડાવવા પડતાં તથા તેના શરીર ઉપર હાથી દોડાવાતા અને રાક્ષસો પાસે નસકોરાં ફુલાવાતાં ત્યારે તે ઊંઘમાંથી જાગતો.

૩. કુંભકર્ણની નિદ્રા જેવી = ખૂબ ઊંઘવું; લાંબી નિદ્રા જેવી.

૪. ન. તાંજોર જિલ્લામાં આવેલા કુંભકોનમનું પ્રાચીન નામ; કુંભકોણ; કુંભકોણ.

કુંભકર્ણકપાલ ન. તાંજોર જિલ્લામાં આવેલું એ નામનું એક પવિત્ર તળાવ; મધમાગમ. ૬૨ બાર વર્ષે દક્ષિણ હિંદુસ્તાનમાંથી ઘણા યાત્રાળુઓ માઘ મહિનામાં ત્યાં સ્નાન કરવા જાય છે.

કુંભકલ્યાણ પું. એ નામનો એક રાગ.

કુંભકળશ ૧. પું. (જૈન) એક મંગળ ચિહ્ન.

ફૂપ ૧. [સં.] પું. કૂવો. કૂવાની દશ જાત છે અને પહોળાઈ પ્રમાણે તેમનાં જુદાં જુદાં નામ પડ્યાં છે. જે કૂવાની પહોળાઈ ચાર હાથ સૂધી હોય તે શ્રીમુખ કહેવાય તથા જે પાંચ હાથ પહોળો હોય તે વૈજ્ય કહેવાય. એ પ્રમાણે અનુક્રમે છથી તેર હાથ પહોળાઈવાળા પ્રાંત, દુંદુભિ, મનોહર, ચૂડામણિ, દિગ્ભદ્ર, નન્દ, નંદ અને સાગર કહેવાય છે.

૨. પું. આડો; મોટો ખાડો.

૩. પું. ઘી તેલ વગેરે રાખવાનું પાત્ર.

૪ પું. જંગલનાં ઝાડોનો વેચવા કાઢેલ અમુક જથ્થો

૫. પું. વહાણની વચ્ચેનો ભાંખલો

૬. સ્ત્રી. (સંગીત) તાલનાં ૭ આંકેનું બીજું અંગ

કૂપક ૧. પું. કૂવો; તેલ વગેરે રાખવાનું વાસણ.
૨. પું. કૂવાયત્ર; વહાણની વચ્ચનો ખાંભલો.
૩. પું. ચિતા.
૪. પુ નદીની વચ્ચેનું ગ્રાહ.
૫ પું કવાડો.

કૂપકચ્છપ ૧. [સં.] પું. કૂવાના કાચબાની પેઠે સર્વત્ર સંચાર નહિ કરી શકનાર પુરુષ.
૨. પું. કૂવાનો કાચબો.

કૂપકર્ણ પું. (પુરાણ) બાણાસુરનો એ નામનો એક મંત્રી. બળરામ સાથે એણે યુદ્ધ કર્યું હતું.

કૂપકાર [સં.] વિ. કૂવો ખોદનાર; કૂવો બનાવનાર.

કૂપખનન [સં.] ન. કૂવો ખોદવો તે.

કૂપખાનકન્યાય [સં.] પું. જેમ કૂવો ખોદનારના શરીરને ચોટેલ કીચડ તે જ કૂવાના પાણીથી સાફ થાય તેમ રામ કૃષ્ણ વગેરેને જુદાં જુદાં રૂપોમાં સમજવાથી ભેદબુદ્ધિનો દોષ લાગે તે તેની જ ઉપાસના વડે અદ્વૈતબુદ્ધિ થતાં દૂર થાય એવો મત.

કૂપચક્ર ન. રેંટ.

કૂપદંડ પુ. કોસ ટાંગવાની કાઠી.

કૂપની ૧. ન. ચકેલા બાજરી મિશ્રી; બાજુચિરી
૨. ન. જોડાગેલ પત્રક; સાધિયો.
૩. [અં. કૂપોન] ન. પહોંચ.
૪. ન. મનીઓર્ડર ફોર્મનો એક ભાગ. તેના ઉપર રકમ મોકલનાર કોઈ સમાચાર વગેરે લખી શકે છે અને તે પૈસા મેળનાર પાસે રહે છે.

કૂપમંડૂક ૧. [સં.] પું. કૂવાનો દેડકો.
૨. પું. કૂવામાંના દેડકાની પેઠે સંકુચિત દૃષ્ટિવાળો માણસ.

કૂપમંડૂકન્યાય [સં.] પું. કૂવાના દેડકા જેવો સંકુચિત મત. કૂવાનો દેડકો કોઈ ચીજને કૂવાથી મોટી ન માને તેમ થોડા જ્ઞાનને લીધે કોઈ માણસ પોતાના જ્ઞાનની બહારની વાત ન માને.

કૂપમંડૂકવૃત્તિ [સં.] સ્ત્રી. કૂવામાંના દેડકાની જેમ દુનિયા કૂવા જેવડી જ હોય એવું જ્ઞાન.

કૂપયંત્ર [સં] ન. રેંટ.

કૂપલૂહ ન. (પુરાણ) ભારતવર્ષમાં એક તીર્થનું નામ.

કૂપા [હિં.] પું. તેલ સાબવાનું ચામડાનું વાસણ

કૂપાર [સં.] પું. સમુદ્ર.

કૂપિકા ૧. [સં.] સ્ત્રી. ઊર્ધ્વનિપાતનયંત્ર.
૨. સ્ત્રી. ખંજન; આળો.
૩. સ્ત્રી. તેલ વગેરે ભરવાનું પાત્ર.
૪. સ્ત્રી. નદી વચ્ચેનું ગ્રાહ.

કૂપી [સં.] સ્ત્રી. કૂલડી; નાનો કૂવો.

કૂપૈરા [હિં.] વિ. અમાંગલિક; અશુભ.

કૂપો ૧. [સં. કૂપ] પું. કૂલું; કૂલેલા ચેટનું અને સાંકડા મોંનુ ચામડાનું પાત્ર.
૨. પું. કૂલેલા ચેટનો અને સાંકડા મોંનો કાચનો શીશો.

કૂપોદક [સં.] ન. કૂવાનું પાણી.

કૂપ્ય ૧. ન. ધાતુનું તળિયું
૨. [સં.] વિ. કૂવામાં હોનાર; કૂવામાં બનાર
૩. વિ. ધાતુના તળિયાવાળું.

કૂરી સ્ત્રી. ઉર્દૂ ભાષાની એ નામની એક લિપિ.

કૂર્કેલ સ્ત્રી. બરાબ સોબત.

કૂર્ચક (કૂચક) ૧. પું. ખૂંપ.
૨. વિ. ખૂંપવાળું.

કૂર્ચકું (કૂચકું) વિ. કદરૂપું; બદસૂરત.

કૂર્ચર [સં.] પું.; ન. રથની ઢાડી.

કૂર્ચરી પું. ચંદનકાષ્ઠની બરીબાળો રથ.

કૂર્ચાચાળી ૧. સ્ત્રી. કૂચાથી જમીન ટીપનારી સ્ત્રી.
૨. સ્ત્રી. કૂચો નામની વનસ્પતિ વેચનારી સ્ત્રી.

કૂર્ચો ૧. પું. એ નામની એક વનસ્પતિ; દોણપુષ્પી. તેનાં પાંદડાં દવામાં વપરાય છે. તેનો ગુણ પિત્તહ અને ભેદન છે. તેનો ઉપયોગ કમળો, સોજા અને જ્વર ઉપર થાય છે.
૨. પું. ઝંકરેટવાળું ઓળતણિયું; છોડ; રમ્બક.
૩. પુ ઘૂમટવાળું બાસનું કૂપકું.
૪ પું. હાલ ઉપરની પિત્તળની ઝમરી; હાલ ઉપરનો ઊપસેલ ભાગ.
૫. પું. ધૂમસ; લાકડાના કે લોઢાના વજનદાર ડબ્બામાં ઊભી લાકડી ખોસી બનાવેલું ટીપવાનું સાધન.
૬. પું. પક્ષીઓ બાંધેલો માળો.
૭. પું. ભરતકામમાં મરવામાં આવતી કટોરી.

કૂર્મચી સ્ત્રી. ચાળુક.

કૂર્મદા ૧. પું. એક પ્રકારનું ગ્રાહ.
૨. [હિં] પું. ધારવાડ પ્રાંતમાં થતો એક જાતનો કપાસ.

કૂર્મર પું. (જૂ. ગુ.) કુંવર.
રૂપ, વેષ, વય સરીખું બાવિ,
કાન્હ કૂર્મર મુઝનઈ વરણાવિ.
કાન્હડદેપ્રબંધ

કૂર્મલ સ્ત્રી. ઘર ફાડવું તે; ચોરી.

કૂર્મલુલ [હિં.] સ્ત્રી. ધાડ; લૂંટ.

કૂર્મણી સ્ત્રી. ધોળા મૂસળની ભાજી.

કૂર્માંડ [હિં.] પું; સ્ત્રી. એક જાતની રોટલી.

કૂર ૧. પું (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૪ માત્રા હોય છે
૨. પું. ઓદન; ભાત; રાંધેલા ચોખા.
કૂર કપૂર = કપૂરનો પટ દીધેલ સુગંધી ભાત.
૩. [હિં.] પું. ભંગ કરનાર.
૪. પું. સાથરો.
૫. સ્ત્રી. એ નામની એક જાતની ઘણી ઝીણી માછલી.
૬. ન. અનાજ; અનાજની ઝાડી.
૭. [ફા.] વિ. આંધળું.
૮. વિ. ક્રૂર; ઘાતકી.
૯ વિ. દુષ્ટ; બરાબ.
૧૦. વિ. ભયંકર.

કૂરક [ફા.] પું. ચકલો.

કૂરમ [સં. કૂર્મ] પું. કાચબો; કૂર્મ.

કૂરાશાન પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૂરાશના; કરાસના; કૂરાસન. આ છંદ અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, તગણ, નગણ, સગણ અને ૨ ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

કૂરિયો ૧. પું. ચોખા.
૨. પું. જુવારના ડોડા કે ડોબા.
૩. પું. જુવારને બાદી ભરડી બનાવાતી એક વાની.
૪. પું. જુવારનો પોંક.

કૂરી ૧. [ફા.] સ્ત્રી. અંધાપો.
૨. સ્ત્રી. એ નામની એક જાતની માછલી.

કૂરેંડુ ન. દાલચીની; તજની જાતનું એક ઝાડ.

કૂર્મી સ્ત્રી. કૂર્મમાં બોલાતી ભાષા.

કૂર્ચ ૧. [સં.] પું. અંગૂઠા અને તર્જની વચ્ચેનું સ્થાન.
૨. પું. કપટ; છળ; દગો.
૩. પું. ગોદામ.
૪. પુ. ચરણ; પગ.
૫. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ બીજ.
૬. પુ ઢંભ; ઢોંગ.
૭. પું. દાઢી
૮. પુ. બે ભ્રકુટી વચ્ચેનો ભાગ.
૯ પું ભ્રમર વચ્ચે રહેલ રુવાંટાંનો સમૂહ.
૧૦. પુ મસ્તક; માથું.
૧૧. પુ મુષ્ટિપ્રમાણ કુશ; મુઠ્ઠી જેટલો દર્ભ.
૧૨. પુ. મૂછ.

૧૩. પું. મેલ વગેરે સાફ કરવાનો કૂચો; કૂચડો; પીંછી.
૧૪. પું. મોરપીંછ.
૧૫. પું. (પુરાણ) સૂર્યવંશી ન્યરિષ્યત કુળમાં થયેલ એ નામનો રાજા; મીઢ્વાન રાજાનો પુત્ર અને દેવસેનનો બાપ.
૧૬. ન. અસત્ય; જૂઠાણું.
૧૭. ન. એક જાતનું ઘાસ.
૧૮. ન. એક પ્રકારનું આસન.
૧૯. ન. એક બીજમંત્ર.
૨૦. ન. કલમ.
૨૧. ન. કૂંચી.
૨૨. ન. દાંતિયો; વાળ ઓળવાનું સાધન.
૨૩. ન. પક્ષગ્રંથ.
૨૪. ન. વખાણ; સ્તુતિ; બડાઈ.
૨૫. ન. સીસા.પેન; પેન્સલ.
૨૬. વિ. કઠણ
૨૭. વિ. દાઢીમૂછવાળું.

કૂર્ચક ૧. [સં.] પું. દાતણ; દાંત ઘસવાનું સાધન.
૨. પું. મેલ સાફ કરવાનો કૂચો.
૩. સ્ત્રી. નાની પીંછી.
૪. ન. ભ્રમર; મુખમંડળની મધ્ય રેખામાં આવેલું એક મર્મ.

કૂર્ચપાદમર્મ [સં.] ન. ક્ષિપ્રમર્મની બને બાજુએ આવેલું ચાર આંગળ વિસ્તારનું, વૈકલ્યકર સ્નાયુમર્મ. ત્યાં ઈજા થવાથી પગ ઠરે કે ફરી જાય, કંપન કે તેથી પગનાં સાત કૂર્ચાસ્થિઓ તથા પાંચ મૂળ શલાકાઓના સાંધા ઢીલા પડી જાય છે. એ અસ્થિઓની આસપાસ તથા વચ્ચે મજબૂત સ્નાયુઓ આવેલા હોવાથી જ તે સાંધા સુરક્ષિત રહે છે. એ સ્નાયુ તૂટે અગર કમરાય તો આ નાનાં નાનાં હાડકાઓ છૂટાં પડી જાય, પગનું તળિયું સપાટ થઈ જાય, અથવા તો પંજાની બાજુ ઉપર નમી જાય. આ જગ્યાએ સ્નાયુ ઘણા હોવાથી તેને સ્નાયુમર્મ ગણ્યો છે. ત્યાં ઓઢ આવવાનો સંભવ વિશેષ હોવાથી તેને વૈકલ્યકર કહ્યું છે.

કૂર્ચલલિત ૧. પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, ભગણ, લઘુ અને ગુરુ હોય છે.
૨. ન. પોચું હાડકું

કૂર્ચશલાકાસંધિ જુઓ કૂર્ચશલાકાસંધિ.

કૂર્ચશિર જુઓ કૂર્ચશિર.

કૂર્ચશિરપાદમર્મ [સં.] ન. બંને ગુલ્ફસંધિની નીચે અને બાજુએ આવેલું એક આંગળ વિસ્તારનું વૈકલ્યકર સ્નાયુમર્મ. આ મર્મમાં ઈજા થવાથી પીડા તથા સોજો થવાનું કારણ એ છે કે આ સંધિના સ્નાયુકોષની વિચિત્ર સ્થિતિ છે. જ્યારે ઈજા થવાથી આ સંધિની અંદર સોજો આવે ત્યારે ઘૂંટીની પાછળ રહેલા બાકી પાણીથી ભરાઈ જાય અને આજુબાજુના ભાગમાં સહેજ લાલાશ કે સોજા વિના બીજું કંઈ માલૂમ પડતું નથી. આ જગ્યાએથી જ પગનાં તળિયાં તરફ જતી નાડીઓ પસાર થતી હોવાથી તેમને ઇજાતાં અત્યંત વેદના થાય છે.

કૂર્ચશિરસ જુઓ કૂર્ચશિર.

કૂર્ચશિરહસ્તમર્મ [સં.] ન. એ નામનો એક સ્નાયુ. તે મણિબંધસંધિ અથવા કાંડાના સાંધાની પાછળની બાજુએ આવેલ છે. આ સંધિમાં સોજો થતાં તેનો કલાકોષ ફૂલે અને કાંડાની બાજુ ઉપર વધારેમાં વધારે સોજો માલૂમ પડે. એ મર્મમાં થઈને કંડરા, શિરા, ધમની, નાડી વગેરે પસાર થતી હોવાથી પીડા ઘણી થાય છે.

કૂર્ચશીર્ષ જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચશીર્ષક ૧. [સં.] ન. છત્રક નામની વનસ્પતિ. છત્રકના કંદનો શિંગડાંના જેવો આકાર હોય છે, પણ તેની એક બાજુ માયાના આકારની અને બીજી બાજુ ઉંઠાવણી હોય છે. તેમાં માથા ઉપર કૂર્ચા હોય છે, માટે તેને કૂર્ચશીર્ષક કહેવામાં આવે છે.
૨. ન. નાળિયેર.

કૂર્ચશેખર જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચહસ્તમર્મ [સં.] ન. એ નામનો એક સ્નાયુ. ત્યાં ઈજા થતાં હાથનાં કૂર્ચાસ્થિઓ તથા મૂળ શલાકાઓના સ્નાયુ ઢીલા પડી જઈ હથેળીની કાર્યશક્તિ ઓછી થઈ જાય.

કૂર્ચા [સં.] સ્ત્રી. ગોમલાસ્થિ; હાડકાના જેવા ગુણવાળો, કઠણ, સ્થિતિસ્થાપક, ભરડ અને લાંબા રજ્જુના જેવો સફેદ રંગનો પદાર્થ. ગર્ભમાં પ્રથમ હાડકાંને રચાને કૂર્ચા પેદા થાય છે અને તેમાંથી અસ્થિ પાકે છે. કાન, નાક, પાંપણ, સાંધા અને પાંસળીઓના અમુક ભાગ આ પદાર્થનાં બનેલાં હોય છે.

કૂર્ચામુખ પું. (પુરાણ) વિશ્વામિત્રના વંશનો એક ઋષિ.

કૂર્ચાસ્થિ જુઓ કૂર્ચાસ્થિ.

કૂર્ચિ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. હિંદનાં જંગલો અને આસ કરીને હિમાલયના ઉષ્ણકટિબંધવાળા પ્રદેશમાં તે થાય છે.

કૂર્ચિક [સં.] વિ. દાઢી મૂછવાળું.

કૂર્ચિકા ૧. [સં.] સ્ત્રી. કળા.
૨. સ્ત્રી. કૂચી; ચાવી.
૩. સ્ત્રી. ઝાડની માંજર
૪. સ્ત્રી દર્ભ તથા ઘાસની સળી.
૫. સ્ત્રી. પરપોટો.
૬. સ્ત્રી. પીંછી.
૭. સ્ત્રી. ફાટેલું દૂધ
૮. સ્ત્રી. મેલ સાફ કરવાનો કૂચડો.
૯. સ્ત્રી. સોમ.

કૂર્ચેકૂર્ચા અ. ક્રિ.વિ. કટકટકા.

કૂર્દો ૧. પું. એક પ્રકારનું પોચું હાડકું. શરીરમાં જ્યાં જ્યાં પોચાં છતાં મજબૂત પદાર્થોની જરૂર હોય ત્યાં કૂર્દા છે.
૨. પું. ગર્ભની અંદર બાળકનાં હાડકાંની પ્રથમ સ્થિતિ.
૩. પું. હાડકાંના સાંધા ઉપરનો દોરી જેવો ભાગ.

કૂર્દ્ય જુઓ કૂર્દ.

કૂર્દ્યક જુઓ કૂર્ચક.

કૂર્દ્યપાદમર્મ જુઓ કૂર્ચપાદમર્મ.

કૂર્દ્યલલિત જુઓ કૂર્ચલલિત.

કૂર્દ્યશલાકાસંધિ [સં.] પું. હથેળીની અંદરનો મૂળ શલાકાનો સાંધો.

કૂર્દ્યશિર [સં.] ન. પગના આંધાની પાનીની આસપાસ રહેલાં સાત માહેનું છેલ્લું હાડકું. તે પગના નળાને પગના આંપા સાથે જોડે છે. તેનું માથું ગોળ છે. આ હાડકાંની નીચલી બાજુ ઉપર એક ઊંડો ખાડો છે, જેમાં સાંધાનો સ્નાયુરજ્જુ રહેલો છે.

કૂર્દ્યશિરપાદમર્મ જુઓ કૂર્ચશિરપાદમર્મ.

કૂર્દ્યશિરસ જુઓ કૂર્ચશિર.

કૂર્દ્યશિરહસ્તમર્મ જુઓ કૂર્ચશિરહસ્તમર્મ.

કૂર્દ્યશીર્ષ જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્દ્યશીર્ષક જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્દ્યશેખર જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્દ્યહસ્તમર્મ જુઓ કૂર્ચહસ્તમર્મ.

કૂર્દ્યા જુઓ કૂર્ચા.

કૂર્દ્યાસ્થિ [સં.] ન. પગના આંપામાંનાં સાત હાડકાંમાંનું દરેક. તેનાં નામઃ અંતઃકોષ્ઠક, મધ્યકોષ્ઠક, બહિઃકોષ્ઠક, ઘન, નૌનિભ, પાર્ષ્ણિ અને કૂર્ચશિરસ.

કૂર્દ [સં.] અ. ક્રિ. (ધાતુ) કૂદવું; ઠેકવું. તે ઉપરથી બનેલા શબ્દઃ કૂર્દન; કૂર્દનું

કૂર્દન [સં.] ન. કૂદકો; ઠેકડો.

કૂર્દની [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ પૂર્ણિમા. આ તિથિએ કામદેવનો ઉત્સવ ઊજવાય છે.

કૂર્પ ૧. [સં.] પું. એક જાતનો હીરો. તેમાં રેતીનું એક પડ હોય છે.
૨ પું. બે ભ્રમરો વચ્ચેનો ભાગ.

કૂર્પર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વિષ્ણુપ્રિયા. તેના દરેક ચરણમાં બે રગણ, બે જગણ, ભગણ અને રગણ એમ અઢાર અક્ષર હોય છે.
૨. પું. નદીનો કિનારો.
૩. સ્ત્રી. કોણી; પ્રકોષ્ઠ; હાથની વચ્ચે આવેલા કોણીના સાંધાની પાછલી બાજુ.

કૂર્પરકપાલિકા [સં.] સ્ત્રી. એ નામનું એક પ્રવર્દનક; કૂર્પરકૂટ.

કૂર્પરકૂટ [સં.] ન. અંતઃપ્રકોષ્ઠાસ્થિના ઉપલા છેડા ઉપરના બે માંહેનું ઉપલું પ્રવર્દનક. તેનો આકાર સાપની ફેણ જેવો હોય છે.

કૂર્પરખાત [સં.] પું. પ્રગંડાસ્થિના નીચલા છેડાની પાછલી બાજુ ઉપર આવેલો ખાડો. હાથ લાંબો કરવામાં આવે ત્યારે અંતઃપ્રકોષ્ઠાસ્થિના કૂર્પરકૂટનો અણીદાર ભાગ તેમાં સમાઈ જાય છે.

કૂર્પરગાઙ્ગધરાંતરા [સં.] સ્ત્રી. બાજુની ધમનીની એ નામની શાખા. તે બાહ્વી ધમનીની ઉપરના ભાગમાંથી નીકળી નીચે ઊતરી કૂર્પરસંધિ તરફ જાય છે અને તેની પાછલી તેમ જ અંદરની બાજુ ઉપર ફેલાય છે.

કૂર્પરદ્વારિકા [સં.] સ્ત્રી. એ નામની એક માંસપેશી. હાથના ઉપલા ભાગ માંહેની આ પેશી દ્વિશિરસ્કા બાહ્વી પેશીની પાછળ અને તેની અંદરની બાજુએ રહેલી છે અને પ્રગંડાસ્થિના ચક્રપ્રવર્દનને લાગેલી છે. તે કોણીના સાંધાની આગલી બાજુને ઢાંકે છે. તેનું કાર્ય કોણીના સાંધા આગળ હાથ લાંબો ટૂંકો કરવાનું છે.

કૂર્પરપટ્ટિકા [સં.] સ્ત્રી. દ્વિશિરસ્કા બાહ્વીની કરાંગાયી કોણીની આગલી બાજુ ઉપરથી છૂટી પડતી બે આંગળ પહોળી એક પાતળી સ્નાયુમય શાખા. તે બાહ્વી નામની ધમની અને તેની શાખાઓને ઢાંકે છે.

કૂર્પરપૃષ્ઠિકા [સં.] સ્ત્રી. એ નામની એક માંસપેશી. આ નાની અને ત્રિકોણાકાર પેશી પ્રગંડાસ્થિના બાહ્ય અર્બુદ ઉપરથી ઉત્પન્ન થાય છે તેના તંતુ ફેલાઈ જતા હોવાથી તે અંતઃપ્રકોષ્ઠાસ્થિના કૂર્પરકૂટની પીઠને તથા મધ્યનળકની પીઠના ચોથા ભાગને ત્રાંસી રીતે લાગેલા છે. આ પેશી ત્રિશિરસ્કા પેશી સહિત કોણીના સાંધા આગળ હાથ લાંબો કરવામાં ભાગ લે છે.

કૂર્પરપૃષ્ઠિકાપેશી જુઓ કૂર્પરપૃષ્ઠિકા.

કૂર્પરપ્રકોષ્ઠ સ્ત્રી. કોણી.

કૂર્પરભર્મ ન. એ નામનો કોણીનો એક મર્મ ભાગ. ત્યાં ઈજા થવાથી હાથ કોણીએથી વળી જઈ બેડોળ બને છે. એ પૂરો લાંબો થઈ શકતો નથી અને વળી પણ શકતો નથી.

કૂર્પરસંધિ પું. કોણી સંધિ; બને પ્રકોષ્ઠાસ્થિઓના ઉપલા છેડા તથા પ્રગંડાસ્થિના નીચલા છેડા વચ્ચેનો સંધિ. અર્ક જોતાં આ કોણીનો સાંધો ત્રણ સાંધા મળીને બનેલો છે.

કૂર્પરોત્તરિકા [સં.] સ્ત્રી. કોણીથી સહેજ ઊંચે અને અંતર્બાહુમા નામની શિરાની અંદરની બાજુ ઉપર રહેલી એ નામની ગ્રંથિ.

કૂર્પાસ સ્ત્રી. બાલુગિહી.

કૂર્પાસ ૧. [સં.] ન. સંઘનું જખ્તર.
૨. ન. ઓજારોની ઝંઝણ; ચોળા.

કૂર્મ ૧. [સં.] પું. આંખોને ઊઘાડીબંધ કરાવનારો પ્રાણ. તેનું સ્થાન પૃથ્વીચક્રમાં છે.
૨. પું. એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના કેટલાંક સૂત્રોનો વિકાસ કર્યો હતો.
૩. પું. એ નામનો એક રુદ્ર.
૪. પું. એ નામનો યોપન વાયુતત્ત્વદેવતા માંહેનો ભૂખ લગાડનાર વાયુ.
૫. પું. એ નામનો પ્રજાપતિનો એક અવતાર.
૬. પું. એ નામનો વિષ્ણુનો મનેલો એક અવતાર; કચ્છપ; કૂર્માવતાર.
૭. પું. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે ઘટ્પદી જાતિનો એક ભેદ છે. તેમાં ૪૬ લઘુ અને ૫૩ ગુરુ મળી કુલ ૧૫૨ માત્રા હોય છે.
૮. પું. કદ્રુપુત્ર એ નામનો એક નાગ.
૯. પું. કાચબો; હાલકાચબો
૧૦. પું. જુદી જુદી રીતે હાથ જોડવાથી થતા ચોવીસ પ્રકારના અભિનય માંહેનો એક.
૧૧. સ્ત્રી. એ નામની નાભિચક્ર પાસેની એક નાડી.
૧૨. સ્ત્રી. ચોવીસ ગાયત્રીમુદ્રા માંહેની સંધ્યા કરતી વખતે કરવામાં આવતી એ નામની એક જાતની મુદ્રા.
૧૩. ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

કૂર્મક ૧. [સં.] પું. કાચબો.
૨. પું. (સંગીત) સ્વરને કાચબાની ચાલે વાંકો કરવો તે.
૩. ન. કાચબાના આકારનું આખીવાળું એક જાતનું મોતી. આ આકારનું મોતી અશુભ મનાય છે.

કૂર્મકૂંડ પું. જયાસી નરકકુંડ માંહેનો એ નામનો એક. જે બ્રાહ્મણ કાચબાનું માંસ ખાય તે સો વર્ષ સુધી કૂર્મકુંડમાં પડે એમ કહેવાય છે.

કૂર્મક્ષેત્ર [સં.] ન. હિંદુઓનું એ નામનું એક તીર્થ. ત્યાં કૂર્માવતાર ભગવાનનાં દર્શન થાય છે. આ તીર્થ ગંજામ જિલ્લામાં ચિકાકોલથી પૂર્વમાં આઠ માઈલ દૂર દરિયાકિનારે આવેલું છે.

કૂર્મગાર્ત્સમદ ૧. પું. ઋગ્વેદના બીજા મંડળના ૨૮ અને ૨૯મા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.
૨. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

કૂર્મચક્ર ન. (જ્યોતિષ) એક પ્રકારનું ગ્રહયોગના આકારનું ચક્ર. તે તાંત્રિક લોકો બનાવે છે અને તેનાથી શુભાશુભ શુકન તથા ફળ જણાય છે.

કૂર્મજયંતિ [સં.] સ્ત્રી. ચૈત્ર વદિ એકમ. આ દિવસે કૂર્મજયંતિનો ઉત્સવ કરાય છે, કારણ કે ભગવાને આ તિથિએ કચ્છપાવતાર ધારણ કર્યો હતો એમ મનાય છે.

કૂર્મદ્વાદશી [સં.] સ્ત્રી. પોષ સુદિ બારસ. આ તિથિએ કૂર્માવતાર થયાનું કેટલાક માને છે.

કૂર્મપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એક પુરાણ. તેમાં કૂર્મનું ચરિત્ર કહ્યું છે તેથી તે કૂર્મપુરાણ કહેવાય છે. તેમાં સત્તર હજાર શ્લોક છે.

કૂર્મપૃષ્ઠ ૧. ન. એ નામનું વૃક્ષ; બાણપુષ્પ.
૨. ન. એક જાતનું શિવલિંગ, તે અણીવાળું નહિ પણ બેઠેલું હોય છે. આની પૂજા ગૃહસ્થો કરે છે.
૩. ન. કાચબાની પીઠ.
૪. ન. કોડિયું; શકોરું.
૫. વિ. બંને બાજુ અને વચ્ચે ઊપસેલું એવા આકારનું.

કૂર્મપૃષ્ઠક [સં.] પું કરડિયાનું હાડકું.

કૂર્મપૃષ્ઠબહુકોણ [સં.] પું. (ગણિત) જેમાં એક પણ ખૂણો બે કાટકોણથી વધારે ન હોય એવો બહુકોણ.

કૂર્મપૃષ્ઠાકાર [સં.] વિ. બાજઠીળા; બિંબાકાર.

કૂર્મમાતા સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક.

કૂર્મમુદ્રા [સં.] સ્ત્રી. એ નામની ચોવીસ ગાયત્રીમુદ્રા માંહેની એક. કાખા હાથની તર્જની ઉપર જમણી અનિષ્ઠિકા અને જમણી તર્જની

ઉપર ડાબો અંગુષ્ઠ મૂકવો. જમણો અંગુષ્ઠ છૂટો રહે એમ જમણા હાથની મધ્યમા અને અનામિકા ડાબા હાથની પાછળ રાખી, ડાબા હાથની મધ્યમા અને અનામિકા જમણી હથેળીની વચ્ચે નાખી દેવી. આમ કર્યા પછી જમણો હાથ કૂર્મની હાલ જેવો લાગશે અને આજુબાજુ પગનો આકાર આવી રહેશે.

કૂર્મમૂર્તિ [સં.] પું. કાચબાનું રૂપ ધારણ કરેલ ભગવાનનું સ્વરૂપ.

કૂર્મરાજ ૧. [સં.] પું. મોટો કાચબો.
૨. પું. વિષ્ણુનો કૂર્માવતાર.

કૂર્મરૂપ [સં.] વિ. કાચબાનું રૂપ ધારણ કરેલ.

કૂર્મરોમ પું. મૃગજળ; ઝાંઝવાનું જળ.

કૂર્મવત્ જુઓ કૂર્માચલ.

કૂર્મવાયુ [સં.] પું. એ નામનો વાયુ. તે આંખોને ઉઘાડવા તથા બીડવાનું કામ કરે છે, બગાસાં આણે છે તથા ભૂખ લગાડે છે

કૂર્મવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કાચબાની પોતાનાં અંગોને પ્રસંગ જાણીને વર્તન કરવાની વૃત્તિ.
૨. સ્ત્રી. સંકુચિત વૃત્તિ.

કૂર્મશિલા [સં.] સ્ત્રી. મંદિરના ગર્ભગૃહનું વચ્ચે પાયામાં પધરાવવાનો કાચબાના આકારનો પથ્થર.

કૂર્મશિલ્પ ૧. [સં.] ન. કરપત્ર અને શિલ્પશાસ્ત્રના પાડેલા ચૌદ ભાંહેનો એક વિભાગ.
૨. ન. ચૌદ ભાંહેનું એ નામનું એક શિલ્પશાસ્ત્ર. તેના સ્થાપક શ્રીધર ઋષિ હતા.

કૂર્મસ્થલ ન. મંડલાકાર; ગોલ.

કૂર્મા [સં.] સ્ત્રી. એક પ્રકારની વીણા.

કૂર્માચલ ૧. ન. કૂર્મવત્; કુમારપર્વત. આ નામ વિકૃત થઈ કુમાઉન બન્યું છે.
૨. ન. હિમાલયના મધ્ય ભાગનું નામ.

કૂર્માવતાર [સં.] પું. ક્ષીર શ્વેત વારાહકલ્પમાંના ચાક્ષુષ મન્વંતરમાં થયેલો વિષ્ણુનો કાચબારૂપે અવતાર. દિતિના ભગવાન પુત્રો એટલે દાનવ અને અદિતિના ધર્મી પુત્રો એટલે દેવોએ અજરામર બનવા માટે રસ મેળવવાને ક્ષીરસમુદ્રનું મંથન કરવા મદાર પર્વતનો રવૈયો કર્યો. તે પાતાળમાં સહવાઈ ગયો એટલે વિષ્ણુએ કૂર્મના આકારમાં પોતે પોતાની જાતને સમુદ્રને તળિયે મૂકી, પોતાની ઉપર મંદાર પર્વત મૂક્યો. અસુર અને સુરો વાસુકિ નાગનું દોરડું બનાવી મદાર પર્વતને વીંટી સમુદ્ર વલોવવા લાગ્યા. પ્રલયકાળે નાશ પામેલી ચૌદસીક ચીજો તે મંથન કરતાં બહાર આવી તે ચૌદ રત્નો કહેવાયાં: (૧) અપ્સરા, (૨) ધન્વંતરિ, (૩) લક્ષ્મી, (૪) સુરા, (૫) ચંદ્ર, (૬) રંભા, (૭) ઉચ્ચૈશ્રવા, (૮) કૌસ્તુભ, (૯) પારિજાત, (૧૦) સુરભિ, (૧૧) ઐરાવત, (૧૨) શંખ, (૧૩) ધનુ અને (૧૪) વિષ.

કૂર્માસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાસી ભાંહેનું એ નામનું એક આસન. તે બંને પગની એડીઓથી ગુદાને રોકી બંને પગના ટચલાને કાચબાના પાછલા પગની પેઠે રાખી સાવધાન થઈને સ્થિર બેસવાથી કરી શકાય છે. આ આસન અપાન સહિત વીર્યનું ઊર્ધ્વગમન, ઇંદ્રિયોના બહિઃપ્રસારનું સ્તંભન, શાંતતા અને શરીરજાગૃતિ વૃદ્ધિ આદિ આગાસ દૂર કરે છે.

કૂર્માંગન્યાય [સં.] પું. જેમ કાચબો કાર્યે ત્યારે પોતાનાં બધાં અંગ અંદર સમેટી લે અને ગમે ત્યારે બહાર કાઢે તેમ ઈશ્વર સૃષ્ટિ તથા લય કરે છે એવો મત.

કૂર્મિકા [સં.] સ્ત્રી. એક જાતનું બખ્તર વાપરતું. તેમાં બખ્તરવા માટે તાર રહેતા હતા.

કૂર્મી જુઓ કૂર્મિકા.

કૂર્મોન્નતા [સં.] સ્ત્રી. કાચબાની પીઠની જેમ ઉપસેલી ઊનત યોનિ.

કૂર્રા [હિં.] ન. જંગલની વસ્તમાં કામનું ઝાપડું.

કૂલ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, ભગણ અને ગુરુ એમ દસ વર્ણ હોય છે.
૨. પું. કાંઠો; કિનારો; તટ; તીર.
૩. પું. ઢગલો
૪. પું. પોરિયો; મોટું નાહું.
૫. પું. સમીપતા; નજીક હોવાપણું.
૬. પું. સિંહલદ્વીપમાં આવેલી એ નામની નદી. તેની પાસે મયૂર નામનું ગામ આવેલું છે. આ નદીમાંથી ઝાઝી મોતી નીકળતાં.
૭. પું. પૈન્નનો પાછલો ભાગ.
૮. ન. એ નામનું એક ફળાઉ ઝાડ.
૯. ન. એક જાતનું ફૂલઝાડ.
૧૦. ન. તળાવ; સરોવર.

કૂલક ૧. [સં.] પું. ભૂમિનો પર્વત.
૨. પું. ગરમનો ઢગલો.
૩. પું. નદી વગેરેનો કાંઠો.
૪. ન. સ્તૂપ.

કૂલકાષ્ઠી સ્ત્રી. આજ્ઞા; પ્રતિજ્ઞા.

કૂલચર ૧. [સં.] પું. નદી કિનારે વિચરનાર હાથી, ભેંસ વગેરે પ્રાણી.
૨. વિ. નદી વગેરેના કાંઠા ઉપર ફરનાર.

કૂલચારિણી પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; કૂલિકા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કૂલચૂડામણિ (કૂલચૂડામણિ) ન. ચોસઠ ભાંહેનું એ નામનું એક તંત્ર. તેમાં ઉચ્ચાટનાદિ પ્રયોગ બતાવેલા છે

કૂલડી સ્ત્રી. એક ઉકેડે બાળેલી લાકડી.

કૂલડા (કૂલડા) પું. પીવા માટેનું માટીનું વાસણ.

કૂલત્રાયક [સં.] પું. નદીને કાંઠે ઊભા રહી, હાથ ધરી અને રામ શબ્દ બોકારી જમનારો તાપસ.

કૂલપથ [સં.] પું. દરિયાકાંઠે આવેલાં સ્થળો વચ્ચેના વ્યવહાર માટેનો માર્ગ.

કૂલભૂ [સં.] સ્ત્રી. નદીના કાંઠા ઉપરની ભૂમિ.

કૂલવતી સ્ત્રી. નદી.

કૂલવાહિની સ્ત્રી. ગર્ભાશય અને અંડાશયને જોડનારી નળી. આ નળીનો એક છેડો ગર્ભાશયની નીચેની બાજુએ અને બીજો છેડો કૂલ જેવો થઈ અંડાશયની નજીકમાં રહેલો હોય છે. પરિપક્વ થયેલું અંડ તેમાં પડ્યા બાદ ગર્ભાશયમાં જાય છે.

કૂલસતીન ન. પેલેસ્ટાઇન નામનો પ્રાંત.

કૂલંકષ ૧. [સં.] પું. દરિયો; સમુદ્ર.
૨. પું. નદીનો પ્રવાહ.
૩. સ્ત્રી. નદી.

કૂલંકષા [સં.] સ્ત્રી. નદી.

કૂલંચર [સં.] વિ. નદીના કાંઠા ઉપર વિચરનાર.

કૂલંજ પું. આંકડી; ચેટનું જાળ.

કૂલા ૧. પું. નાની નહેર.
૨. પું. બ. વ. કમરનો નીચેનો માંસલ ભાગ.

કૂલિકા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ કૂલચારિણી.
૨. સ્ત્રી. વીણા અથવા સારંગીનો નીચેનો ભાગ.

કૂલિન વિ. નદી કાંઠાનું; નદી કિનારાનું.

કૂલિની [સં.] સ્ત્રી. નદી.

કૂલિર પું. ચોરાક.

કૂલિજ [અ.] પું. આંકડી; ચેટનું જાળ.

કૂલી ૧. પું. ઢેઢ, અસ્પૃશ્ય વર્ગનો માણસ.
૨. પું. ભાર ઉપાડનાર માણસ; મજૂર; વેઠિયો; હેલકરી.

૩. સ્ત્રી. ઊભી ઓરિંગડી.
૪. સ્ત્રી. કુહાડી.
૫. સ્ત્રી. રોજની મજૂરી; મહેનતાણું.

કૂલીઉતાર સ્ત્રી. વેઠ.

કૂસીર [સં.] સ્ત્રી. એક વનસ્પતિ, કાકડાશીંગી.

કૂહુજ [અ.] ન. એ નામનું પિત્તનું એક દર્દ.

કૂલેચર [સં.] વિ. નદી વગેરેના કાંઠા ઉપર ચરનાર.

કૂલો પું. કમરો; ધગ્રો; અપદ્વારની બંને બાજુના ભારે અને માંસલ અવયવ.
૧. કૂલા કૂટવા = બેહદ કરજમાં આવી જવું.
૨. કૂલે કોદરા ભરવા = અતિશય મહેનતથી મહા દુઃખ ભોગવવું.
૩. કૂલે પાની લબાડવી-પગાડવી = (૧) મજૂર ઉપરાંત શ્રમ કરવું. (૨) લાંબા ઠેકડા ભરવા; કૂદી રહેવું. (૩) કદ ઉપરાંત કરજાવું.
૪. કૂલો ગોડવવો-ઠેરવવો = (૧) કોઈ ઠેકાણે સ્થિરતાથી બેસવું. (૨) ગમવું; મન માનવું, પસંદ પડવું.

કૂલોત્તંગ પું. ચોલ દેશના રાજા રાજદેવનો એ નામનો દીકરો.

કૂલોત્તનલિકા સ્ત્રી. ઉત્તર કુરુકુસાંતરાલ પ્રદેશમાં આવેલ એ નામની એક નળી.

કૂલ્ય [સં.] પું. એ નામનો એક રુદ્રદેવ.

કૂલ્હનિ સ્ત્રી. અદમોસ; દુઃખ.

કૂલ્હી [હિં.] સ્ત્રી. પિત્તળ.

કૂવત ન. કૌવત; શક્તિ; જોર.

કૂવર ૧. [સં.] પું. કુબ્જક વૃક્ષ.
૨. પું. રથ, ગાડું વગેરેનો ઊંડાણો. તેના ઉપર હાંકનાર બેસે છે.
૩. પું. વહાણનો મુખભાગ.
૪. વિ. કૂબડું; બેડોળ.
૫. વિ. મનોહર; સુંદર.

કૂવરા પું. ખૂંપરાળો માણસ.

કૂવાથંભ પું. વહાણના વચલા સઢનો થાંભલો.

કૂવારસંભ જુઓ કૂવાયમ.

કૂવેતર ન. કૂવાના પાણીથી વાવેતર માટે તૈયાર કરેલી જમીન.

કૂવો ૧. પું. આંખનું એક જાતનું દરદ.
કૂવો પડવો = આંખનો ડોળો નીકળી પડવો.
૨. પું. કૂવાયમ; ડોળ; વહાણની વચ્ચેનો મોટો થાંભલો.
૩ પું. જમીનમાંથી પાણી મેળવવા માટે ખોદેલો ખાડો; કૂપ.
૧. આવ જાવે ત્યારે કૂવો ખોદવો = ઓપદીની ગીજ કાળ પડે ત્યારે અતિ કે લેવાતી નથી.
૨. કૂવાની છાયા કૂવાયાં સમાય = દુઃખને સમજવા છતાં નિરુપાયે તેને સહન કરવું; મનનું મનમાં જ રાખવું.
૩. કૂવાને મોઢે કંઈ હાંકવું છે ? = જાહેર તે તો જાહેર જ થવાનું જ હોય.
૪. કૂવાને મોઢે કરવું છે ? = કૂવામાંથી તો ગમે તેવું પાણી આવે, આપણને રૂચે કે ન રૂચે.
૫. કૂવામાં ઉતારવું = આડુંઅવળું સમજાવી કે ભોળવી નુકસાનના ખાડામાં નાખવું.
૬. કૂવામાં ઉતારીને વરત કાપવો = દગો દેવો.
૭. કૂવામાં ઊતરવું = પૂરેપૂરા ભોગમમાં ઊતરવું; મુશ્કેલીમાં પડવું.
૮. કૂવામાં નાખવું = નુકસાનના ખાડામાં ઉતારવું; કૂવામાં નાખવા જેવી દુર્દશામાં પહોંચાડવું.
૯. કૂવામાં પડવું = આપત્તિમાં ફસાવું; વિપત્તિમાં પડવું
૧૦. કૂવામાં હોય તો અવાય-હવાડામાં આવે = મુખ્ય સ્થળે વસ્તુની. છત હોય તો પેટા સ્થળે તે પહોંચે.
૧૧. કૂવામાંનો દેડકો = જગત માં જાણે શીખવા સમજવાનું બાકી રહ્યું નથી એમ માનનાર માણસ.
૧૨. કૂવો કરવો = દુઃખનું મોટું કૂવામાં પડી આપઘાત કરવો.
૧૩. કૂવો ખોદવો = (૧) દેવું કાઢવું; ઉધાર લેવું. (૨) બીજાનો નાશ કરવા અથવા તેને હાનિ પહોંચાડવા પ્રયત્ન કરવો.
૧૪. કૂવો પૂરવો-હવાડો કરવો = કૂવામાં પડી કૂબો મરવું.
૧૫. કૂવો ભરવો = ભેગું કરવું; ઘટવું.
૧૬. આપના કૂવામાં કાંઈ કૂબો મરાય ? = પોતાના હકની વસ્તુ હોય તે પણ તેની યોગ્યતા પ્રમાણે રખાય.

૪. ન. એક જાતનું મલબાર પ્રાંતમાં થતું ઝાડ. તે ૫૦ થી ૬૦ હાથ ઊંચું અને ગોળાઈમાં બે થી બ્રહ્મી હાથના ઘેરાવાવાળું થાય છે. એ સીંગ હોવાથી તેની વહાણની ગોળ કે કાઠી બને છે તેનાં લાલ રંગનાં ફૂલમાં અજબ તરેહની વાસ આવે છે

કૂશ ૧. [ફા.] ન. પંખી; પક્ષી.
૨. ન. બાજ પક્ષી.
૩. ન. કૂતરાને હાથમાં રાખવા માટે વપરાતો શબ્દ.

કૂશખાના [ફા.] ન. કબૂતરખાનું; પક્ષીઘર.

કૂશબાઝ [ફા.] પું. બાજરી.

કૂશબેગી [ફા.] પું. બાજ પક્ષી રાખનાર શિકારી.

કૂષ્માંડ ૧. [સં.] પું. એ નામે શિવનો એક પાર્ષદ.
૨. પું. બાણાસુરનો એ નામનો પ્રધાન મંત્રી.
૩. પું. વૈદિક કાળનો એ નામનો એક ઋષિ.
૪. પું. આંતર રૌત્ય-ની એક જાત. તેના પંદર ભેદઃ કૂષ્માંડ, પટક, જ્યેષ્ઠ, આનન્દક, ક્રાથ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અપરસ્તારક, કેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.
૫. પું. હાથમાં તૂંબડું રાખનાર રુદ્ર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૬. ન. સાકરકોળું; પદકાળું.

કૂષ્માંડક ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એ નામનો શિવનો એક પાર્ષદ.
૩. જુઓ કૂષ્માંડ.

કૂષ્માંડકાવલેહ [સં.] પું. (વૈદ્ય) કોળું અને બીજી ઔષધિનું બનાવેલું ચાટણ. તે હેડકી, તાવ, દમ અને ઊલટી ઉપર અપાય છે તથા વીર્ય અને બળવર્ધક છે.

કૂષ્માંડનવમી [સં.] સ્ત્રી. કાર્તિક સુદિ નોમ.

કૂષ્માંડપાક [સં.] પું. (વૈદ્યક).કોળાની છાલ અને અંદરનો ગર્ભ કાઢી નાખી ચીરીઓ કરી તેમાં ઔષધિ નાખી બનાવેલું વસાણું. તે ખાવાથી કોઠામાંની ગરમી અને ધાતુસ્થાનની પીડા બધ થાય છે.

કૂષ્માંડરાજ પું. એ નામનો એક રુદ્ર.

કૂષ્માંડવાટિકા [સં.] સ્ત્રી. કોળું નાખેલ અડદના લોટ વગેરેનું વડું.

કૂષ્માંડા [સં.] સ્ત્રી. આખું જગત જેના ઉદરમાં છે એવી એ નામે એક દેવી.

કૂષ્માંડિકા [સં.] સ્ત્રી. રાતું કોળું.

કૂષ્માંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કોળાનો વેલો.
૨. સ્ત્રી. દુર્ગા દેવી.
૩. સ્ત્રી. કૂબી; નાઈ.
૪. સ્ત્રી. યજુર્વેદની એક ઋચા. તેના દ્રષ્ટા કૂષ્માંડ ઋષિ હતા.

કૂષ્માંડીવ્રત [સં.] ન. વૈશાખ વદિ ચોમને દિવસે કોળું ચાખી ૭ માસ સુધી તેનું ભૂજન કરવાનું એક વ્રત.

કૂચ [ઇ.] પું. ઢોલ.

કૂચણ જ. વાસણ; ડામ.

કૂચરા [સં. કૂર્પક] પું. ઓઢવાનું એક ઓજાર; તીકમ.

કૂછરા [ઇ.] પું. ઝાકળ.

કૂહા ૧. જી. કહુ નામની વનસ્પતિ.

૨. [હિં.] જી. ઝાકળ.

કૂહી [હિં.] પું. ખાજ; ચકરો.

કૂહુ જી. શરીરમાંની તેર મુખ્ય નાડીમાંની એક. આ તેરમાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય છે અને કૂહુ, સરસ્વતી, યશોધરી, હસ્તિજિહ્વા, વારણાવરાસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની તથા અલંબુષા મોખ્ય છે.

કૂહૂ ૧. જ. કૂખ.

૨. જ. ગર્ભાશય.

૩. જ. કમળો; પીલો.

કૂહૂ ૧. પું. કોયલનો ટહુકો.

૨. જી. અમાવાસ્યા.

કૂહૂરવ પું. કોયલનો અવાજ; ટહુકાર.

કૂહેર પું. ઝેર; જુલમ; સીતમ.

કૃત્તિકાનક્ષત્ર જ. (જ્યોતિષ) ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદ, અશ્વિની, કૃત્તિકા, મૃગશર, પુષ્ય, મઘા, ઉત્તરા ફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ અને ઉત્તરાષાઢા એ બાર નક્ષત્ર માંહેનું દરેક.

કૃપણ વિ. કૃમળું; કૂણું.

કૃપોપકૃપણનક્ષત્ર જ. (જ્યોતિષ) અભિજિત, શતભિષા, આર્દ્રા, અને અનુરાધા એ બાર માંહેનું દરેક નક્ષત્ર.

કૃમિ જ. કમળની જાતનું એક ફૂલ.

કૃકડ (કૃકડ) જ. કૂતરું.

કૃકણી વિ. કોંકણનું; કોંકણ પ્રાંત સંબંધી.

કૃકૂ પું. દુઃખનો અવાજ.

કૃકોલ જ. ચક્ષુકપાલ.

કૃગી જી. અનાજના દાણા ઉપર થતી રાતી ગાંઠ.

કૃચ ૧. પું. દાઢી મૂછના વાળ.

૨. જી. બ્રશ અથવા નાળિયેરના રેષાનું બનાવેલ મોટું બ્રશ.

૩. જી. અફોડીઆરનું તોલ.

૪. જી. પગની એડી ઉપરનો ટેચો.

૫. જી. મોટી નસ; મોટ્ય નસ.

૬. જી. સુથારની મોટી સાણસી.

કૃચલી જી. ભોચલો; માથા ઉપર ઓઢવાનું એક જાતનું સાધન.

કૃચી ૧. જી. ઉપાડવા કામાજ.

૨. જી. કડિયાનો પીંછો.

કૂંચી ફરવી-ફેરવવી = ચૂનો ઘંટવો; ધોળ કરવો.

૩. જી. ચાવી.

૪. જી. ચિત્રકારની રંગ ભરવાની પીંછી.

૫. જી. દિશાસૂત્ર.

૬. જી. પગેરું

૭. જી. રહસ્ય જાણવાનું સાધન.

કૃજ [સં. ક્રૌંચ] જ. ક્રૌંચ પક્ષી.

કૃંજડી (કૃંજડી) જી. એક જાતનું પક્ષી; ક્રૌંચ.

કૃંજડું (કૃંજડું) જુઓ કૃંજકું.

કૃંજડો (કૃંજડો) જુઓ કૃંજડો.

કૃંજરાવું જુઓ કૃંજવું.

કૃંજી જી. એક જાતનું તાલ આપવાનું સાધન.

કૃંજડો (કૃંજડો) ૧. પું. બારીકો માણસ.

૨. પું. ગુસ્સે થયેલો પુરુષ.

૩. વિ. ટેવી; બારીકું.

૪. વિ. રિસાયેલું.

કૃંડલા [હિં.] પું. એક જાતનો તંબુ.

કૃંડલી જુઓ કૃંડલી.

કૃંડળિયો પું. એક જાતનો ઘંટ; કૃંડળિયો.

કૃંડળી જુઓ કૃંડળી.

કૃંડા ૧. [હિં.] પું. કમરોટ.

૨. પું. ચોખાની કોતરી.

૩. પું. છીછરું માટીનું વાસણ.

૪. પું. ફકીરને આપેલું દાન.

૫. પું. રોશની કરવા માટેની મોટી હાંડી.

કૃંડાળાદડી (કૃંડાળાદડી) જી. એક દેશી રમત. તેને દાંગકૂંડાળું, ખાડાડો, પટકડી, ઓકરીમૂળા, સાતકૂંડાળી પણ કહે છે. તેમાં દાવ દેનાર સિવાય બાકીનાં છોકરાં એકબીજાંથી અમુક નક્કુ નક્કુ હાથને છેટે કૂંડાળાં કરી તેમાં ઊભાં રહે. દાવ દેનાર હાથમાં દડી લઈ દૂર ઊભે. પછી તે જેને તે કૂંડાળામાં દડી નાખે, એટલે તે કૂંડાળાવાળો રમનાર દડી લઈ દાવ દેનારને મારે. જો તેને દડી વાગે તો પાછી દડી દેનારી પો. પણ જો ન વાગે તો દડી મારનારને માથે દાવ આવે અને દાવ દેનાર તેના કૂંડાળામાં ઊભો રહે.

કૃંડાળિયા ૧. જી. કડવા કબૂતરની એ નામની એક જાત.

૨. જ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કૃંડાળી ૧. [સં. કુણ્ડલી] જી. કૂંડાળું; નાનું કૂંડાળું; વર્તુલ.

૨. જી. કોડીયા રમાતી એક રમત. તેમાં કોડીની ગોળ કૂંડાળામાંથી સહુથેની કોડી મારી જનાર કૂંડાળામાંની બધી કોડી લઈ જઈ શકે.

૩. જી. જન્મમરણ રૂપી ચક્ર.

કૃંડાળીચક્રણ્ડ જી. કૂંડાળું મારી સહુનાઅહુના કોડી પડે તેવી રમત.

કૃંડાળીદા ૧. પું. એ નામની ગેડીદાની રમત. બધાં છોકરાં પગથી કૂંડાળા કરી તેમાં ઊભાં રહે. દાવ દેનાર ગેડીથી દડો ગબડાવી જેની કૂંડાળામાં નાખે તેને માથે દાવ આવે. કૂંડાળાવાળો દડો કૂંડાળામાં ન આવવા દેવા ગેડી મારી ગેડીથી દડો દૂર કાઢે.

૨. પું. કૂંડાળામાં રહી દાવ દેનો તે.

૩. પું. કોડી કૂંડાળામાં નાખી સામો માણસ બતાવે તે અથવા સામો માણસ બતાવે તે સિવાયની કોમે તે કૂંડાળામાંથી હાથ દેકાને બહાર કાઢી દેવી તે.

કૃંડાળું ૧. જ. એક ઉપર બીજું અને બીજા ઉપર ત્રીજું એમ વર્તુલાકાર ગોઠવેલો વીંટલો; ગૂંચળું

૨. જ. વર્તુલ; ગોળ આકૃતિ.

૧. કૂંડાળું કરવું = (૧) મોટાળો કરવો. (૨) ચક્કર બનાવવું. (૩) લોચા વાળવા.

૨. કૂંડાળું કાઢવું = (૧) આજ્ઞા સ્વીકારવાની ના પાડવી. (૨) બરબાદ મોટો કરવો. (૩) ગોળ વર્તુલ કરવું. (૪) બીકું વાળવું.

૩. કૂંડાળું વાળવું = (૧) ઊંધી ખાપડી મૂકવી; ઊંધાળું કરવું. (૨) બીકું વાળવું. (૩) વર્તુલ કરવું. (૪) બસીને ના પાડવી.

૪. કૂંડાળે નાખવું = ગોળ ચક્કર ફેરવવું.

૩. જ. વર્તુલાકાર ટોળે મળીને બેસવું તે.

કૃંડી ૧. જી. ઉંદરોથી.

૨. જી. ગળી.

૩. જી. પાણીના ઓક પાસેનો તેજનું ડામ રાખવાનો આળે.

૪. જી. બી ભરવાનું ખાખરાનું ઊભા મોનું વાસણ.

૫. જી. (જરથોસ્તી) ચક્રનગ્રહમાં પાણી રાખવા માટેનું પહોળા મોનું નાના કૂંડ જેવું વાસણ.

૬. જી. ખામણાં ઠાલવવાનો કૂંડ.

૭. જી. ખામણું મટેલું નગારાનું કૂંડ જેવું ડામ.

૮. જી. ચિમોડામાંના કાળામાંથી સેરડીનો રસ એકઠો કરવાને જમીનમાં ખાડાની નજીક રાખવામાં આવતું લોઢાનું વાસણ.

કૂંડું

૯. [સં. કુંડ] સ્ત્રી. ટાંકો; ઢોરને પાણી પીવા તથા પાણી ભરાઈ નીકે જવા માટે કરેલો ખાડો.

૧૦. સ્ત્રી. ઢોરને દાણા ખવરાવવા જમીનમા ઘરેલ ખાયા ઝોનો બનાવેલ ખાડો.

૧૧. સ્ત્રી. તમાકુ કે ભાંગ ઘૂંટવાનુ વાસણ અથવા સાધન.

૧૨. સ્ત્રી. (વહાણવટું) તાર.

૧૩. સ્ત્રી. તાળાકૂંડી.

૧૪. સ્ત્રી. નાનું કૂંડું; કુંડ જેવો નાનો ખાડો.

૧૫. સ્ત્રી. નાનો હવાડો.

૧૬. સ્ત્રી" પથ્થરની ખાણી.

૧૭ સ્ત્રી. પથ્થરનો આકૃતિયો; બરસ.

૧૮. સ્ત્રી. પાણી સીંચવાની ચોકાની ચોક.

૧૯. [હિં.] સ્ત્રી. બારણાની આકડી.
કૂંડી દેવી = બારણું બંધ કરવુ.

૨૦. સ્ત્રી. લખોટાની રમતમાં લખોટીઓ મૂકવા પગની એડીનો ટેકો દઈ અંગૂઠાની અણીથી ભોય ઉપર કરવામાં આવતું ચોગ્ય ચકરડું.

૨૧. સ્ત્રી. ઝવેર કે સોનીનું પાણી રાખવાનું વાસણ.

૨૨. સ્ત્રી. વીસની સંખ્યાનો સંકેત.

૨૩. સ્ત્રી. સાડા ૭ શેરનું એક માપ.

કૂંડીદા જુઓ કૂંડીદાવ.

કૂંડીદાવ પું. ભમરડાની એક જાતની રમત. આ રમતમાં પ્રથમ જમીન ઉપર એક કૂંડી કાઢીને તેની અંદર ઠીકરું મૂકે છે. પછી બેટલા છોકરા રમનાર હોય તેઓ પોતાના ભમરડા ફેરવી તેને આંટે. જે કૂંડી બહાર ઠીકરું મારે તે દાવ લે અને બાકીના બેકરાઓને બાકી દાવ આવે એટલે તેઓ પોતપોતાના ભમરડા કૂંડીમાં મૂકે. પછી દાવ લેનાર છોકરો પોતાનો ભમરડો ફેરવી તેને આંટિ. બેઓના ભમરડા તાકતાં બહાર નીકળે તેને બાકીથી દાવ ઊતરે અને તેઓ પણ કૂંડીમાંના બીજા ભમરડાને તાકે. એમ કરતાં છેવટે એક ભમરડો કૂંડીમાં રાખે. એ ભમરડો કૂંડી બહાર નીકળે તોપણ કાંઈ કરાતું નથી. પણ તાકતાં કોઈ ચૂકે તો તેનો ફરતો ભમરડો દાવ આપનાર બળી બેઠલે દોરી વતી ઊંચો ઉછાળીને ઝીલી લે. તેને ઝાળો લેવો કહે છે. જે ભમરડો ઝિલાય તે ભમરડાને કૂંડીમાં મૂકે. વળી ફેરવતાં જે ભમરડો ફરે નહિ તે પણ કૂંડીમાં મૂકે. પણ જો કૂંડીમાના ભમરડાને વાગીને પડી ન ફરે તો તે અંદર મુકાય નહિ. વળી જે વાગ્યા વગર સીધો ફરે નહિ તેને ઝાતર કહે છે. એવી રીતે જેની પણ ઝાતર જાય તેનો ભમરડો પણ અંદર મુકાય. એકથી વધારે ભમરડા કૂંડીમાં ભરાય એટલે પ્રથમની પેઠે જેનો ભમરડો તાકતાં બહાર નીકળે તેને માથેથી દાવ ઊતરે. પણ જેનો ભમરડો બધી વખતથી અંદર હોય તેને પ્રથમ ઝટવો પડે છે. "કોલવાતીને કહો, નહિ તો બેટા બાંધી પડો" એમ જેનો ભમરડો કૂંડીમાં સૌની પહેલાં હોય તે બોલ્યા કરે અને જો તેને ન કાઢતાં શરતચૂકથી બીજાને કાઢે તો કાઢનારને પોતાનો ભમરડો કૂંડીમાં મૂકવો પડે અને કોલવાતીને માથેથી દાવ ઊતરે. એમ બાંધ્યાપછી રમવું હોય ત્યારપછી આ રમત રમાય છે.

કૂંડીનો બ્રહ્મા પું. (જરથોસ્તી) અગ્નિમંદિરમાં પાણીનું વાસણ રાખવાનો પથ્થરનો તકતો. આ તકતો નાનો ચોળાકાર હોય છે ઊંચાઈમાં તે આશરે ૧૮ ઇંચ અને વ્યાસમાં ૧૫ ઇંચ હોય છે. આગાતના બ્રહ્માની બાજુએ તે હોય છે.

કૂંડીબંધ જ. કોડીબંધ; વીસ વીસના જથ્થામાં.

કૂંડીસોંદ્ય પું. બાંધણી દસ્તો. બાજ કરીને ભાંગ વાટવાનાં બાંધણી દસ્તા માટે તે વપરાય છે.

કૂંડું ૧. જ. કૂંડ જેવું પહોળા મોંનું નાનું કે ઓછું ઘાટોરું.

૨. જ. કૂંડાળું; વર્તુલ
૧. કૂંડે ઢાંકવું = વાત બહાર ન પડવા દેવી.
૨. કૂંડે ઘાલવું = ખોડાને પલોટવા માટે ગોળ ચક્કર ફેરવવું.
૩. કૂંડે ચાલવું = (૧) ખોટે રસ્તે દોરવું. (૨) ઠેકાણે લાવવું; કેળવીને બંધે લગાડવું.

૩. જ. ઝેર લાવવાનું માટીનું વાસણ.

૪. જ. ઢોરના દાણા ભરી રાખવાનું વાસણ.

કૂંડેલી ૧. સ્ત્રી. ઘરની ટાંકણી.

૨. સ્ત્રી. નાનું કૂંડું.

૩. સ્ત્રી. પથ્થરનો આકૃતિયો.

૪. સ્ત્રી. પાણી સીંચવાની ચોકાની ચોક.

કૂંડેસા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. જ. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

કૂંઢી સ્ત્રી. ભેંસની એક જાત. ભેંસની જાત લોકોક્તિમાં નીચે મુજબ કહી છે:
જાનું નામ કૂંઢી તણાં નામનું, ગોટકનું,
નેત્રનું, નાનકનું, શીંગ નમણ.
ગીણનું, ખૂતાંનું, ભોજ ભોગાણિનું,
બીનનું, હાકલી ગળ બમણાં.
નદિયુ, બાવકનું, ભોમરુ, ભૂરિયુ,
પૂતળુ, ઢીંગલું, નામ પ્રાગ્ય.
ભમરિયુ, વેગડનું, વાસમુ, ભાલમું,
રાણ ખાડુ તણાં બબ્બ રાગ્ય.
દાઢમું, મીણલું, ઘોડકું, દડકલું,
ગેલિયું, મુંગલું, રૂપ બણીએ.
સાંઢિયું, બાપલયુ, ખ્રાખ ને સાકરું,
પાડ ગાડલ તણા કેમ બણીએ.

કૂંડું ૧. વિ. ગૂંછળા જેવા વળાંકવાળું.

૨. વિ. ગોળાકાર.

કૂંણ ૧. કું. (બા. પ્રા.) ખૂણો.

૨. જ. કોણ.

કૂંણપ સ્ત્રી. કૂણાશ.

કૂંણારા સ્ત્રી. કૂણપ; સુંવાળપ.

કૂંણું વિ. કૂણું; કૂંળું; કોમળ; નરમ.

કૂંત પું. ભાલું.

કૂંતુ જ. ભાલું.

કૂંદરૂ સ્ત્રી. એક જાતની ઔષધિ.

કૂંદલી સ્ત્રી. સાંબેલાને છેડે લગાડેલું ગોળ લોઢું.

કૂંદરું ૧. જ. કૂંદવો; વાસની ગંજ.

૨. જ. કિ. કૂંદનથી જડવું.

૩. જ. કિ. કૂંદી કરવી.

કૂંદવો ૧. પું. વાસની ગંજ.

૨. પું. લાકડાનો હમલો.

કૂંદાવવું જ. ક્રિ. કૂંદે એમ કરાવવું.

કૂંદાવું જ. ક્રિ. કૂંદે એમ થવું.

કૂંધવું જ. વાસની ગંજ.

કૂંધવો જુઓ કૂંદવો.

કૂંપળ ૧. સ્ત્રી. કળી.

૨. સ્ત્રી. કુમળું પાન; નવું કૂટવું પાંદડું; નવાંકુર.

કૂંપળકું (કૂંપળકું) ૧. જ. કુમળું પાન.
(જોડે) ઝાઝી પાણી પામ, એને બદે ઘી કૂંપળીએ, (બારા) કૂંપળકાં કરમાય, રીપા રાણ વિના. લોકોક્તિ

૨. વિ. કુમળું

કૂંપળિયું જુઓ કૂંપળ.

કૂંપળો પું કૂળો કણુંનો કે પીલો.

કૂંપી જુઓ કૂપી.

કૂંપો જુઓ કૂપો.

કૂંભલ [સં. મૃદ્ભાંડ] સ્ત્રી. ચોરી; ઘર ફોડવુ તે.

કૂંભલ્યો પું. ચોર.

કૂંભિયો પું. કૂંભિયો; બાંબલા નીચે મુકાતો બકેલો પથ્થર.

કૂંભી જુઓ કૂબી.

કૂંભું જ. લગભગ એકર જેટલું જમીનનું માપ; એક વીઘો, ૧૩ વસા અને ૨૬ વિશ્વાસુ જેટલું માપ.

કૂંરી સ્ત્રી. ઓખી.

કૂંવળ ન. ઘઉંનું પરાળ.

કૂંવાડિયો (કૂંવાડિયો) પું. એક વનસ્પતિ; ચક્ર; અકર્મદ; દકુમ; પ્રચાટ; પુનાટ. તે શાક કરવાના કામમાં આવે છે. એ છોડ શુમારે કમરપૂર ઊંચો થઈ છે. એને પીળા રંગનાં ફૂલ આવી બારીક સિંગો આવે છે. એ સિંગોમાં મેથીનાં જેવાં બિયાં હોય છે. તે મુખે મીઠો, લઘુ, કડવો, શીતળ તથા રૂક્ષ છે અને વાયુ, પિત્ત, દાહ, કૃમિ, કફ, કોઢ, કૃમિ, દમ, અસ્તકરણ, મધુ, મેદરોગ, પ્રમેહ, ત્રિદોષ, અરુચિ, તાવ, અળમૂત્રસ્તંભ, મેહ તથા ઉધરસ મટાડે છે. તેનાં બી મ.કફક, ઉષ્ણ, તીખાં અને કફ, કોઢ, દમ, ઉધરસ, કૃમિ, વિષ, દાહર, સોજો, શુલ્મ અને વાતરક્ત મટાડનાર છે.

કૂંણું વિ. કુમળું; કૂંપળું.

કૂ ૧. સ. ક્રિ. અમલ કરવો; આનવું.

૨. સ. ક્રિ. અવાજ કરવો; ઉચ્ચાર કરવો.

૩. સ. ક્રિ. અસર કરવી.

૪. સ. ક્રિ. આકાર આપવો; તૈયાર કરવું; બનાવવું.

૫. સ. ક્રિ. ધ્વનિ કરવી.

૬. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

૭. સ. ક્રિ. કથવું; કહેવું; વર્ણન કરવું.

૮. સ. ક્રિ. કરવું.

૯. સ. ક્રિ. કાર્ય સોંપવું; નિમણૂક કરવી.

૧૦ સ. ક્રિ. ગણના કરવી; ધારવું; વિચારવું.

૧૧. સ. ક્રિ. ગાળવું; પસાર કરવું

૧૨. સ ક્રિ. બાકવું; સાબવું.

૧૩. સ. ક્રિ. મણાવવું; બનાવવું; બોધવું.

૧૪. સ. ક્રિ. જવા દેવું; છોડી દેવું; ફેંકી દેવું.

૧૫. સ ક્રિ. ધારણ કરવું; પહેરવું.

૧૬ સ. ક્રિ. આન આપવું.

૧૭. સ. ક્રિ. ભાગલા કરવા; વિભક્ત બનાવવું.

૧૮. સ. ક્રિ. મૂકવું.

૧૯. સ. ક્રિ. મોકલી દેવું.

૨૦. સ ક્રિ. રાંધવું.

૨૧. સ. ક્રિ. વપરાશમાં લેવું.

૨૨. સ. ક્રિ. (ધાતુ) હામમાં કામ લેવું. તે ઉપરથી બનેલા શબ્દ: કર્મ, કૃત, કૃત્ય, કૃતિ, કરણ, કરણી, કરતાર, કરતૂક, કરમ, કર્તવ્ય, કર્તા, કારક.

કૂક ૧. [સં.] પું. કોક

૨. સ્ત્રી. કોકનળી; કોકનાલી; કોકનાળ.

કૂકણ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. શરીરમાં રહેલો એ નામનો એક વાયુ.

કૂકપાદિ પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, રગણ, સગણ અને લઘુ એમ દસ અક્ષર હોય છે.

કૂકર ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. કરવીર વૃક્ષ.

૩. પું. ભવક વનસ્પતિ.

૪. પું. શરીર માંહેનો એ નામનો એક વાયુ. તેના વેગથી હીક આવે છે.

૫. પું. શિવ; શંકર.

કૂકરા [સં.] સ્ત્રી. લીંડીપીપર નામની વનસ્પતિ.

કૂકલ જુઓ કૂકર.

કૂકલાનાડુ જુઓ કૂકર ૪.

કૂકલા [સં.] સ્ત્રી. લીંડીપીપર.

કૂકલાશ જુઓ કૂકલાસ.

કૂકલાસ [સં.] પું. કાચંડો; કાકીડો; સરટ; ગરોળીની જાતનું એક પ્રાણી.

કૂકલાસક જુઓ કૂકલાસ.

કૂકલાસમંડલ ન (જ્યોતિષ) વિષુવાંશ ૧૦૫ થી ૨૦૫ અને દક્ષિણ ક્રાંતિમંડલ ૧૭૦ થી ૮૫ વચ્ચેનો તારાપુંજ.

કૂકલાસી [સં.] સ્ત્રી. કાચંડી; કાકીડી.

કૂકવાકુ ૧. [સં.] પું. કાચંડો.

૨. પું. કૂકડો.

૩. પું. મોર.

કૂકવાકુધ્વજ [સં.] પું. કાર્તિક સ્વામી.

કૂકાક [સં.] ન. ગરદનનો પાછળનો ભાગ.

કૂકાકક [સં.] ન. સ્વરયંત્રમાં રહેલું એ નામનું તરુણાસ્થિ. તેને અનુકૂકાટિકા નામની ઉત્તરગ્રીવિકાની શાખા સોડી પડે છે.

કૂકાટકાસ્થાટિકા સ્ત્રી. ગળાનાં હાડકાંની વચ્ચે આવેલી એ નામની એક માંસપેશી

કૂકાટિકા ૧. [સં.] સ્ત્રી. ગરદનનો પાછળનો સીધો ભાગ.

૨. સ્ત્રી. કોકમાં રહેલો ઊભત ભાગ; કાકડો.

કૂકાટિકાગર્ભ [સં.] ન. કોક અને માથાના સંધિમાં આવેલાં આર્ધા આંગળનાં વૈકલ્પકર એ મર્મમાનું દરેક. ત્યાં ઈજા થવાથી દર્દી તરત જ મરણ પામે. માથું અને કોક વચ્ચેના સાંધાને ઈજા થતાં પૃષ્ઠવંશમાં રહેતી સુષુમ્ણા નાડી કપાઈ જઈ દર્દી મરણ પામે. સહેજ જ ઈજા થઈ હોય તો કવચિત્ દર્દી થોડી કલાક જીવી શકે.

કૂકાંતરદર્શક ન. કોકનાળ જોવાનું યંત્ર.

કૂકિ કરવું સ. ક્રિ. ટહુકવું; કૂજવું.

કૂકે ચઢવું સ. ક્રિ. આંતરડાં બોલવાં.

કૂકૃત્યકર ન. પતિ તરફના કર્તવ્યનો ભંગ કરવા માટે સ્ત્રીએ કરવાનું પ્રાયશ્ચિત્ત.

કૃચ્છ્ર ૧. [સં.] પું. મૂત્રકૃચ્છ્રનો રોગ.

૨. ન. કષ્ટ; દુઃખ; પીડા.

૩. ન. કષ્ટ દેનારું પ્રાજાપત્ય વ્રત; ધર્મશાસ્ત્રોમાં કહેલું એ નામનું એક પ્રાયશ્ચિત્ત વ્રત. તે બહુ મુશ્કેલીએ થઈ શકે છે.

૪. ન. પાપ.

૫. ન. પ્રાયશ્ચિત્ત.

૬. ન. મુશ્કેલી; મુસીબત; સંકટ.

૭. વિ. કષ્ટવાળું; દુઃખ આપે એવું.

૮. વિ. ઘાતકી; નિર્દય.

૯. વિ. સખત; મુશ્કેલ.

કૃચ્છ્રગત ૧. [સં.] વિ. દુઃખમાં આવી પડેલ; મુશ્કેલીમાં મૂકેલ.

૨. વિ. મૂત્રકૃચ્છ્રના રોગવાળું.

કૃચ્છ્રચાંદ્રાયણ ન. એક પ્રાયશ્ચિત્ત વ્રત; મહા મુશ્કેલીએ થઈ શકે એવું પ્રાજાપત્ય વ્રત.

કૃચ્છ્રતા [સં] સ્ત્રી. સંકટ; મુશ્કેલી.

કૃચ્છ્રત્વ જુઓ કૃચ્છ્રતા.

કૃચ્છ્રપરાક પું. બાર દિવસ સુધી નિરાહાર રહેવાનું એક વ્રત.

કૃચ્છ્રપ્રસવ [સં.] પું. સુવાવડનો એક ભેદ; મુશ્કેલીથી થતો પ્રસવ. તેમાં બાળકના પ્રસવને ૨૪ કલાક કરતાં વધુ વખત લાગે છે પ્રથમની સુવાવડ હોય તો ગર્ભમાર્ગનો ભાગ સખત હોવાથી, ગર્ભનું મોટું અને કૂદિરનો ભાગ નાનો મોટો હોવાથી, ગર્ભાશય અત્યંત વાંકું વળી જવાથી, સ્ત્રીનું મન ઉદાસ રહેવાથી, ક્રિસ્ટીરિઝમ, તાવ, ઉધરસ, ગાઢની કબજિયાતની ટેવ વગેરે કારણોથી રુક્ષ, લૂખાં, ગાંગડાંકોરાં આવાની ટેવ, છેવટ સુધી દાદર ચડવા, દુઃખ થી ઉપર બેભાનો, ભજિયાં, દાળિયા, વાલવટાણા જેવી વાયુ કરનારી અને લૂખી અરિનગ્ધ વસ્તુ ખાવાની ટેવ વગેરે કારણોથી, ગર્ભાશયનું મુખ, ગ્રીવા કે યોનિ સંકુચિત થવાથી કૃચ્છ્રપ્રસવ થાય છે.

કૃચ્છ્રવ્રત જુઓ કૃચ્છ્ર ૩.

કૃચ્છ્રસાંતપન ન. એ નામનું પ્રાયશ્ચિત્તરૂપ એક વ્રત.

કૃચ્છ્રહર [સં.] પું. પાષાણભેદ નામની વનસ્પતિ.

કૃચ્છ્રાતિકૃચ્છ્ર ૧. [સં.] ન. એ નામે એક વ્રત.

૨. ન. સ્મૃતિ અનુસાર એક પ્રકારનું તપ.

કૃષ્ણકુટિ ૧. [સં.] પું. એક જાતનું ઝીણું ઝાડ.

૨. પું. પાષાણભેદ.

કૃષ્ણાર્દ્ધ [સં.] ન. એ નામનું એક વત.

કૃષ્ણ [સં.] પું. ચિત્રકારઃ ચિતારો.

કૃત્ ૧. [સં.] પું એક જાતનો પ્રત્યય.
૨. વિ. કરનાર.
૩. સ. ક્રિ. ગ્રપવું; ગ્રપી નાખવું; ઘસવું; ચીરવું.
૪. સ. ક્રિ. વીંટવું; ઘેરવું; વીંટાઈ વળવું.
૫. સ. ક્રિ. શબ્દ કરવો; અવાજ કરવો.

કૃત ૧. પું. અહિંસાના ત્રણ ભાંહેનો એક પ્રકાર.
૨. પું. ગુલામ.
૩. પું. બાર ભાંહેનો પહેલો પુત્ર; કૃતબુગ્ન.
૪. પું. (પુરા) વસુદેવના રોહિણીથી થયેલ પુત્રોમાનો સાતમો.
૫. પું. (પુરાણ) સોમવંશી જયરાતનો પુત્ર.
૬. [સં.] ન. કર્મ.
૭. ન. કર્મફળ.
૮. ન. ચારની સંતા; ચાર સ્પષ્ટ સાંકેતિક શબ્દ
૯. ન. પાસાની ચાર ચિહ્નોવાળી બાજુ.
૧૦. ન. ફળ; પરિણામ.
૧૧. વિ. અભ્યાસ કરેલું.
૧૨. વિ. ઉત્પન્ન કરેલું.
૧૩. વિ. ઢંકેલું; ઢાંકેલું.
૧૪. વિ. પક્વ કરેલ.
૧૫. વિ. પૂર્ણ થયેલું; સમાપ્ત.
૧૬. વિ. બનાવેલું; રચેલું; સંપાદન કરેલું.
૧૭. વિ. બસ થયેલું.
૧૮. વિ. વીંટાળેલું.
૧૯. વિ. સાધેલું; કરેલું.
૨૦. વિ. હરકત કરેલું.

કૃતક ૧. પું. બકરો; બિલ્લો.
૨. પું. દત્તક પુત્ર.
૩. પું. વસુદેવને મદિરાની કૂખે થયેલા ચારમાનો ત્રીજો પુત્ર.
૪. ન. સચ્ચળ.
૫. વિ. બનાવટી; ખોટું; અસલ.
૬. વિ. સાંકેતિક.
૭. વિ. સ્વીકારેલું; માની લીધેલું.

કૃતક કલહ [સં.] પું. ખોટો કજિયો; દેખાવનો ઝઘડો.

કૃતકૃતિકા પું. (પિંગળ) ત્રણ નગણ અને સગણ મળી બાર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૃતિકા. તે જગતિ છંદનો એક ભેદ છે.

કૃતકર્તવ્ય [સં.] વિ. કરવા યોગ્ય કર્મ હોય તેવું; કરજ બજાવી હોય એવું.

કૃતકર્મ ૧. [સં.] ન. કુકર્મ; પાપ; દુષ્કર્મ.
૨. વિ. કર્તવ્યપરાયણ; કામમાં મગ્ન.
૩. વિ. ચતુર; હોશિયાર.
૪. વિ. સારાંનરસાં કર્મ કર્યાં હોય એવું.

કૃતકર્મા ૧. પું. ઋષિ, દેવ અને પિતૃ એ ત્રણે ઋણમાંથી મુક્ત પુરુષ.
૨. પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુનાં હજાર ભાંહેનું એક નામ.
૪. પું. સન્યાસી.
૫. વિ. પોતાનું કામ સિદ્ધ કર્યું હોય એવું.
૬. વિ. પ્રવીણ; ચતુર; કુશળ.

કૃતકલિ પું. (પિંગળ) ત્રણ નગણ અને લઘુ મળી ૧૦ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે.

કૃતકામ [સં.] વિ. જેની ઇચ્છા પૂરી થઈ હોય એવું.

કૃતકાર્ય ૧. [સં.] વિ કરવાનાં કામ કરી પરવાર્યું હોય એવું.
૨. વિ. જેનાં મનની ઇચ્છા બર આવી હોય એવું; સફળ; કૃતકૃત્ય.
૩. વિ. વિદ્વાન.
૪. વિ. સંતુષ્ટ; સુખી.

કૃતકાલ ૧. [સં.] પું. નિયમિત કરેલો વખત.
૨. વિ. જેને માટે અમુક સમયની અવધિ નક્કી કરવામા આવી હોય એવું.

કૃતકૃતાર્થ ૧. [સં.] વિ. યશસ્વી; વિજ્ઞ; કૃતોદ્યમ.
૨. વિ. સફળ; કૃતકૃત્ય.

કૃતકૃત્ય ૧. પું. પુરુષોત્તમનાં હજાર ભાંહેનું એક નામ.
૨. [સં. કૃત (કરેલું) + કૃત્ય (કામ)] વિ. જેણે પોતાનું કર્તવ્ય પાર પાડ્યું હોય તેવું; પોતાની કરજ બજાવી ચૂકેલું.
૩. વિ. જેના સર્વ મનોરથ સિદ્ધ થયા હોય એવું; કૃતાર્થ.
૪. વિ. તરી પાર ઊતરેલું
૫. વિ. વિદ્વાન.
૬. વિ. સફળ; ધન્ય.
૭. વિ. સંતુષ્ટ; સુખી.

કૃતકૃત્યતા ૧. સ્ત્રી. કરેલા ઉપકારનો બદલો વાગવાપણું; કૃતાર્થતા.
૨. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
૩. સ્ત્રી. સાર્થકતા; સફળતા.

કૃતકૃત્યત્વ જુઓ કૃતકૃત્યતા.

કૃતકોટી ૧. [સં.] પું. ઉપવર્ષ મુનિ.
૨. પું. ઋષભ મુનિ.

કૃતકોપ ૧. [સં.] પું. ક્રોધ કર્યો હોય એવો માણસ
૨. વિ. કોપાયમાન; ગુસ્સે થયેલું.

કૃતક્રય [સં.] વિ. વેચાતું લેનાર; જેણે વેચાતું લીધું હોય તેવું.

કૃતક્રિય વિ. પોતાનાં નિત્યકર્મ વગેરે કરેલું; જેણે સર્વ ક્રિયા કરી લીધી હોય એવું.

કૃતક્ષણ ૧. પું. (પુરાણ) ચૈદેહ રાજા.
૨. વિ. જેણે ઉત્સવ કર્યો હોય તેવું.
૩. વિ. જેણે સમયની મર્યાદા બાંધી હોય એવું.
૪. વિ. લબ્ધાવકાશ; જેને અવકાશ મળ્યો હોય એવું.

કૃતઘ્ન ૧. [સં. કૃત (કરેલું) + હન્ (હણવું)] વિ. ઉપકારના બદલામાં અપકાર કરનાર; નિમકહરામ; અપકારી.
૨. વિ. કરેલો ઉપકાર ભૂલી જનાર.

કૃતઘ્નતા ૧. [સં. કૃત (કરેલું) + ઘ્ન (હણનાર) + તા (પણું)] સ્ત્રી. ઉપકારના બદલામાં અપકાર કરવો તે; નિમકહરામી; નગુણપણું.
૨. સ્ત્રી. કરેલા ઉપકારને ભૂલી જવાપણું.

કૃતઘ્નતાજન્ય વિ. નિમકહરામીથી થયેલું.

કૃતઘ્નત્વ જુઓ કૃતઘ્નતા.

કૃતઘ્ની જુઓ કૃતઘ્ન.

કૃતચૂડ [સં.] વિ. જેનો ચૌલ સંસ્કાર કરવામાં આવ્યો હોય તેવું.

કૃતચૈત્યા પું. (પુરાણ) પાંચમો દૈતવનમાં રહેતા હતા ત્યારે તેની સાથે વસનાર એ નામનો એક ઋષિ.

કૃતજ્ઞ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં હજાર ભાંહેનું એક નામ. કૃત્ એટલે જગતને અને ત્ર આત્માને કહે છે. ભગવાન કૃત્ પણ છે અને ત્ર પણ છે, તેથી કૃતજ્ઞ કહેવાય છે.
૩. પું. શિવ.
૪. પું. સૂર્યનું એક નામ.
૫. વિ ઉપકારના બદલામાં ઉપકાર કરનાર.
૬. વિ. કરેલા ઉપકારને જાણનાર; નિમકહલાલ; એહસાન માનનાર.

કૃતજ્ઞતા ૧. સ્ત્રી. ઉપકારનો બદલો ઉપકારથી વાળવો તે.
૨. [સં.] સ્ત્રી. એહસાનમંદી; નિમકહલાલી; વફાદારી; કરેલા ઉપકારને જાણવાનો ગુણ.

કૃતજ્ઞત્વ જુઓ કૃતજ્ઞતા.

કૃતજ્ઞબુદ્ધિ સ્ત્રી. કરેલા ઉપકારની કદર કરવાની બુદ્ધિ.

કૃતઘ્ની જુઓ કૃતઘ્ન ૧, ૬.

કૃતતીર્થી ૧. [સં.] વિ. જેણે તીર્થાટન કર્યું હોય તેવું.
૨. વિ. મંત્રી; સલાહકાર.

કૃતત્વ ૧. [સં.] ન. કરવાપણું; કર્તૃત્વ.
૨. ન. કરેલું હોવાપણું.

કૃતદંડ [સં.] પું. યમરાજ.

કૃતદાર [સં. કૃત (કરેલું) + દાર (સ્ત્રી)] વિ. જેણે સ્ત્રી કરેલી હોય તેવું; સ્ત્રીને પરણેલ.

કૃતદાસ ૧. [સં. કૃત (જેણે ખતનો ઇશ) + દાસ (નોકર)] પું. ખરીદેલો દાસ; અમુક રકમ સુધી પગાર લઈ દાસ બનનાર પુરુષ.
૨. [સં. કૃત (કરેલું) + દાસ (નોકર)] વિ. જેણે દાસ કરેલ હોય તેવું; બાકર રાખનાર.

કૃતદ્યુતિ સ્ત્રી. શૂરસેન દેશના રાજા ચિત્રકેતુની એ નામની એક મુખ્ય રાણી.

કૃતધી [સં.] વિ. જેણે શાસ્ત્રના અભ્યાસથી અંતઃકરણને સંસ્કારી કર્યું હોય એવું; જાણું; વિચારશીલ; સ્થિર ચિત્તવાળું.

કૃતધ્વજ ૧. પું. (પુરાણ) અર્જુન રાજાનું બીજું નામ.
૨. પું. (પુરાણ) વિદેહ વંશના ધર્મધ્વજ જનકના બે ભાઈનો પહેલો પુત્ર.

કૃતધ્વસ્ત ૧. [સં.] વિ. ખોદી નાખેલ.
૨. વિ. નાશ કરેલું.

કૃતધ્વંસ ૧. [સં.] વિ. જેનો નાશ કરાયો હોય તેવું.
૨. વિ. હરકત કરેલ.
૩. વિ. કરાવેલ.

કૃતનપુંસક વિ. જન્મથી નહિ પરંતુ ખાળપણે બનેલ નપુંસક.

કૃતનાશ ૧. [સં.] પું. (વેદાંત) પુનર્જન્મ પરત્વે આવતો જન્મ ન આપતાં થતો એક દોષ.
૨. પું. (વેદાંત) વેદવિહિત યાગદાનાદિ ક્રિયા કરીને સંપાદન કરેલો ધર્મ, તથા વેદનિષિદ્ધ હિંસાદિક ક્રિયા કરીને સંપાદન કરેલો અધર્મ, તે ધર્માધર્મનો સુખદુઃખરૂપ ફળ ભોગવ્યા વિના કરાતો નાશ; કૃતકર્મનો નાશ; કરેલાં કર્મનો ફળ ભોગવ્યા વિના જ નાશ.

કૃતનાશી [સં. કૃતનાશિન્] વિ. કૃતઘ્ન; કરેલા ગુણનો નાશ કરનાર.

કૃતનિશ્ચય ૧. [સં.] પું. કરેલો નિશ્ચય.
૨. ન. દૃઢ કરાવ.
૩. વિ. નિશ્ચયી; નિશ્ચય કરેલું; નક્કી કરી જોઈતું.

કૃતનિષ્ઠ [સં.] વિ. કૃતઘ્ન; નિષ્ફળરાગ.

કૃતપુષ્પસંચય [સં. કૃત (કરેલું) + પુષ્પ + સંચય (સંગ્રહ)] વિ. પુષ્પનો સંગ્રહ જેણે કર્યો હોય એવું.

કૃતપૂર્વ [સં.] વિ. પૂર્વે કરેલ અગાઉ બનાવેલ.

કૃતપૂર્વનાશન [સં.] ન. અપકાર; કરેલ ઉપકારને ભૂલી જવાપણું.

કૃતપ્રજ્ઞ પું. (પુરાણ) દુર્યોધનના પક્ષના કાશ્મીર રાજાનો એ નામનો દીકરો. ભારતના યુદ્ધમાં નકુળે તેને માર્યો હતો.

કૃતપ્રજ્ઞાભ [સં.] વિ. જેણે પ્રજ્ઞાભ કરેલ હોય એવું.

કૃતપ્રણાશ [સં.] પું. કરેલાં પુણ્યકાર્યનો ભોગવ્યા વગર નાશ થવો તે; પુણ્યકાર્યની હાનિ.

કૃતફલ [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઝવેરી.

કૃતફુલ્લા [સં.] સ્ત્રી. કોલસીંગિ નામની વનસ્પતિ.

કૃતબુદ્ધિ [સં.] વિ. યથાર્થ બુદ્ધિવાળું.

કૃતબુદ્ધિતા [સં.] સ્ત્રી. સંસ્કાર; સંસ્કૃતિ; સંસ્કારિતા.

કૃતબ્રહ્મિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. દરેક અક્ષરનો બનેલ અક્ષરમેળ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેને બ્રહ્મિતા પણ કહે છે. તેમાં જગણ, બે નગણ અને ગુરુ આવે છે.

કૃતભાક્ષ ૧. પું. એ નામનો એક દેવ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ, યગણ, જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.
૩. ન. કરેણનું ઝાડ.
૪. ન. બ્રહ્મિકારીનું ઝાડ.
૫. ન. ગરમાળાની શીંગ; ગરમાળો.
૬. વિ. જેણે માળા બનાવી હોય એવું.

કૃતભાલક પું. ગરમાળો.

કૃતમાલા ૧. સ્ત્રી. મદુરા પાસેની વૈગા નદીનું પ્રાચીન નામ. એ નદી મલય પર્વતમાંથી નીકળે છે.
૨. ન. એ નામનું એક ઝાડ; ગરમાળો.

કૃતમાળા [સં. કૃતમાલા] સ્ત્રી. એ નામની દ્રવિડ દેશની એક નાની નદી; કૃતમાલા.

કૃતમુખ ૧. [સં.] વિ. પંડિત; વિદ્વાન.
૨. વિ. ચાલું; કુશળ; નિપુણ.

કૃતયત્ન [સં.] વિ. જેણે યત્ન કરેલ હોય તેવું.

કૃતયજ્ઞ પું. ગાન્ધારના નવમા અંશના એકસો અઠ્ઠાવન સૂક્તની ૧૦ તથા ૧૧ ઋચાનો કર્તા એક ઋષિ.

કૃતયજ્ઞાઙ્ગિરસ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કૃતયુ પું. (પિંગળ) બે નગણ તથા બે લઘુ મળી આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને કૃતયુ કે નરસટિ છંદ પણ કહે છે.

કૃતયુગ ૧ [સં.] પું. ધર્મ કરવાનો યુગ.
૨. પું. (પુરાણ) કૃતયુગનો મૂર્તિમાન દેવ.
૩. પું. ચાર મહિને એ નામનો એક યુગ; સત્યયુગ. તેનો આપ સુદિ ૧૫ સોમવારથી આરંભ થયે મનાય છે: આ યુગમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ એમ ચાર અવતાર થાય. મત્સ્યાવતાર પ્રભવ સંવત્સર, દક્ષિણાયન, કાર્તિક કૃષ્ણ બીજ સોમવાર, મૂળ નક્ષત્ર, શોભનયોગ, દિવસના ૬ઠી ૨૦ પળ ૧ સમયે થયાનું, કૂર્માવતાર શુક્લ સંવત્સર, દક્ષિણાયન, શ્રાવણ સુદિ ૧૫ ગુરુવાર, મૂળ નક્ષત્ર, વિષ્કંભયોગ, ૬ઠી ૧૦ પળ ૭ સમયે થયાનું, વરાહાવતાર આંગિરસ નામના સંવત્સરના ઉત્તરાયણ, ભાદ્રપદ સુદિ ૧૨ રવિવાર, સ્વાતિ નક્ષત્ર, વરિયાનયોગ, રાત્રે ૬ઠી ૧૦ પળ ૨ સમયે થયાનું અને નૃસિંહાવતાર આંગિરસ નામના સંવત્સરના ઉત્તરાયણ, વૈશાખ સુદિ ૧૪ શનિવાર, સ્વાતિ નક્ષત્ર, વરિયાનયોગ, સૂર્યાસ્ત થયા પછી ૬ઠી ૦ પળ ૪ સમયે થયાનું મનાય છે. તેનું પ્રમાણ ત્રણ યુગમાં ત્રણગણું એટલે ૧૭,૨૮,૦૦૦ વર્ષ છે. કૃતયુગનો સમય સત્યનો હતો. લોકો કરજ ભાગ્યેજ ભરતા પણ દીલ કરતા નહિ, તેમજ ચોરાય એટે મહેનત કરતા નહિ, પરંતુ માત્ર ઇચ્છાથી સર્વ વસ્તુ પ્રાપ્ત થતી. ધર્મી, દયાળુ, ભદ્રોળ, ભદ્રંકાર, દગોકપટો, તિરસ્કાર, કૂરતા, ભીક, દુઃખ, ઝેરવેર વગેરે અનિષ્ટોનો અભાવ હતો. તે વખતે માત્ર એક જ વેદ હતો. કૃતયુગમાં આયુષ્યની આવરદા ૪૦૦૦ વર્ષની હોવાનું મનાય છે.

કૃતયોની ૧. [સં. કૃતયોનિન્] વિ. જ્ઞાની.
૨. વિ. જોગની સાધના કરેલી હોય એવું.

કૃતરથ ૧. પું. (પુરાણ) નિમિ વંશનો એક રાજા.
૨. [સં.] વિ. રથ બનાવનાર.

કૃતલક્ષણ ૧. [સં.] પું. વિષ્ણુનો હજાર માંહેનું એક નામ. તે નિત્યસિદ્ધ ચૈતન્યસ્વરૂપ હોવાથી કૃતલક્ષણ કહેવાય છે.
૨. વિ. ગુણથી પ્રસિદ્ધ થયેલ.
૩. વિ. જેણે ચિહ્ન કરેલ હોય એવું.

કૃતવત [સ. કૃતવત્] વિ. કરતું; કરનાર.

કૃતવતી ૧. પું (પિંગ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ઉપલિની. તેના દરેક ચરણમા નગણ, રગણ, સગણ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે. આ છંદ અનુષ્ટુપનો એક ભેદ છે.

૨. સ્ત્રી. સાબરમતી નદીનું એક પ્રાચીન નામ.

કૃતવર્મ પું. એ નામનો એક યાદવ.

કૃતવર્મા ૧. પું. (પુરાણ) કૈરવ પક્ષનો એક મોટો; સોમવંશી નહુષપૌત્ર યદુરાજાના સાત્વત કુળના હૃદિક રાજાના પાંચ માંહેનો ત્રીજો પુત્ર. એને હાર્દિક પણ કહે છે. એ મરુદ્ગણનો અંશાવતાર હોવાથી ભારતના યુદ્ધમાં બળરામે એને દુર્યોધનની સહાયે એક અક્ષૌહિણી દળ સહિત યુદ્ધ માટે મોકલ્યો હતો. ભારતનું યુદ્ધ પૂરું થતાં દુર્યોધનની પાસે જે ત્રણ વીર જીવતા રહ્યા હતા તેમાં આ એક હતો. પછીથી એ દ્વારકા ગયો હતો. કેટલાક કાળ પછી યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો ત્યારે અર્જુનની સાથે એ અશ્વની રક્ષા કરવા ગયો હતો. કૃષ્ણ નિજ ધામે ગયા તેની પૂર્વે પિંડારક ક્ષેત્રમાં યાદવોમાં માંહોમાંહે કલહ થયો. તેમાં સાત્યકીને હાથે કૃતવર્મા મરાયો હતો.

૨. પું. જૈન મતાનુસાર વર્તમાન અવસર્પિણીના તેરમા અર્હંતના પિતા.

૩. પું. રાજા કનકનો પુત્ર અને કૃતવીર્યનો ભાઈ.

કૃતવાક પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કૃતવાદ [સં.] પું. અવતારવાદ; ઈશ્વર અમુક અમુક વખતે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લે છે એવો મત.

કૃતવિદ્ય [સં.] વિ. જેણે વિદ્યાભ્યાસ કરેલ હોય એવું; વિદ્વાન; પંડિત.

કૃતવિશ્વ [સં.] પું. સર્પ; સરજ.

કૃતવીર્ય ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી યદુકુલના ધનકરાજાના ચાર માંહેનો મહેલો પુત્ર. એનો પુત્ર કાર્તવીર્ય હતો. તેનું બીજું નામ સહસ્રાર્જુન હતું.

૨. વિ. જેણે પરાક્રમ કર્યું હોય એવું; પરાક્રમી.

કૃતવેગ પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

કૃતવેતન [સં.] પું પગાર ઠરાવ્યો હોય તેવો ચાકર.

કૃતવેદી [સં. કૃતવેદિન્] વિ. ઉપકાર માનવાવાળું; કૃતજ્ઞ.

કૃતવેધ [સ.] પું ખોળી કોષાતકીનો વેલો.

કૃતવેધક જુઓ કૃતવેધ.

કૃતવેધન ૧. [સં.] ન. કાંટી તુંબડી.

૨. ન. કાચું તાંબું.

કૃતવેધના જુઓ કૃતવેધ.

કૃતવેધસ્ [સં.] વિ. કૂબડું; કાંપતું.

કૃતશિલ્પ [સં.] વિ. શિલ્પશાસ્ત્રનો જેણે અભ્યાસ કરેલ હોય તેવું.

કૃતશુદ્ધક [સં.] ન. જાત અપાઈ ગઈ હોય તેવો માલ.

કૃતશોભ [સં.] વિ. શોભાયમાન; સુંદર.

કૃતશૌચ ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષીય એક ક્ષેત્ર.

કૃતશ્રમ ૧. [સં.] પું. ધર્મરાજાનો સભાસદ એક ઋષિ.

૨. વિ. અત્યંત ઉત્સાહવાળું.

૩. વિ. જેણે પરિશ્રમ કર્યો હોય તેવું.

કૃતસંકલ્પ ૧. [સં.] વિ. કંઈ પણ કરવાના નિશ્ચયવાળું.

૨. વિ. જેણે કોઈ પણ જાતનો વિચાર કર્યો હોય એવું.

કૃતસંકેત ૧. [સં.] વિ. જેણે ઇશારો કે નિશાની કરેલ હોય એવું.

૨. વિ. બરાબર મળી કાંઈ વાત નક્કી કરેલ હોય એવું.

કૃતસંજ્ઞ જુઓ કૃતસંકેત.

કૃતસાપત્નિકા [સં.] સ્ત્રી. પહેલી પરણેલી ઓ; જેના ઉપર રોક લાવવામાં આવી હોય તેવી સ્ત્રી.

કૃતસ્થલી સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

કૃતસ્વર [સં.] વિ. જેણે શબ્દ કર્યો હોય એવું.

કૃતહસ્ત ૧. [સં.] વિ. કુશળ; હોશિયાર; ચતુર.

૨. વિ. જેના હાથમાં બાણ ચલાવવાની ચતુરાઈ હોય તેવું; બાણ ફેંકવામાં કુશળ; ધનુર્ધારી.

કૃતહસ્તતા ૧. [સં.] સ્ત્રી. બાણ ફેંકવામા કુશળપણું.

૨. સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કૃતહસ્તત્વ જુઓ કૃતહસ્તતા.

કૃતહાનિ [સં.] સ્ત્રી. કરેલાં કર્મનો નાશ.

કૃતંજય ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુકુળના અહિરાજનો પુત્ર. એના પુત્રનું નામ રણંજય હતું.

કૃતાકૃત ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. ન. અધૂરું કામ.

૪. ન. કાચું અને અપક્વ દ્રવ્ય.

૫. ન. કાર્ય અને કારણ.

૬. ન. સોનું અને ચાંદી.

૭. વિ. કરેલ અને નહિ કરેલ.

કૃતાગમ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કૃતાગ્નિ પું. (પુરાણ) સોમવંશના યદુકુળના ધનક રાજાના ચારમાનો બીજો પુત્ર; કૃતવીર્ય રાજાનો નાનો ભાઈ.

કૃતાત્મ [સં.] પું. કરવાનું સૌ કરી રહેલ પુરુષ.

કૃતાત્મા ૧. [સં. કૃતાત્મન્] પું. મહાત્મા; મહાન સાધુ પુરુષ.

૨. વિ. શુદ્ધ અંતઃકરણવાળું; જેનું મન સાફ હોય એવું.

કૃતાત્યય [સં.] પું. ભોગવ્યા વિનાનાં કર્મનો નાશ.

કૃતાનંદ [સં.] પું. શિવનાં હજાર નામોમાંનું એક નામ.

કૃતાનુકૃત [સં.] ન. કરેલાનું અનુકરણ કરવું તે; નકલ કરવાપણું.

કૃતાનેક [સં.] વિ. અનેક વાર કરેલું.

કૃતાન્ન ૧. [સં.] ન. પકવાન; રાંધેલું અન્ન.

૨. વિ. જેણે અનાજને રાંધીને તૈયાર કર્યું હોય એવું.

કૃતાપરાધ [સં.] વિ. જેણે ગુનો કરેલો છે એવું; ગુનેગાર; દોષિત.

કૃતાભિક્રમ [સં.] વિ. કૃતજ્ઞ; કરેલું જાણનાર.

કૃતાભિષેક [સં.] વિ. જેનો અભિષેક કરવામાં આવ્યો હોય તેવું; પ્રતિજ્ઞા અને સરકાર કરેલ.

કૃતાય ૧. [સં.] પું. કૃતયુગનો ચાર આંકડાવાળો પાસો.

૨. પું. જૂગટામાં પ્રસિદ્ધ એવો ચારની સંખ્યાવાળો એક પાસો.

કૃતારથ જુઓ કૃતાર્થ.

કૃતાર્થ ૧. [સં.] વિ. કોઈની ઇચ્છા પૂરી પાડવાપણું.

૨. વિ. જાર્યું એટલે પ્રયોજન સિદ્ધ થયું હોય એવું; કૃતકૃત્ય; સફળ.

૩. વિ. કુશળ; નિપુણ; હોશિયાર.
૪. વિ. જન્મ સફળ કર્યો હોય તેવું; ભાગ્યશાળી; બહાદાની.
૫. વિ. નિર્મળ; પવિત્ર; ચોખ્ખું.
૬. વિ. ભાગ્યશાળી, નસીબદાર.
૭. વિ. મોક્ષ પ્રાપ્ત કરી લીધો હોય તેવું.
૮. વિ. સંતુષ્ટ; સંતોષ પામેલું.

કૃતાર્થતા [સં.] સ્ત્રી. કૃતાર્થપણું; કૃતકૃત્યતા, સિદ્ધિ; સાફલ્ય.

કૃતાર્થત્વ જુઓ કૃતાર્થતા.

કૃતાર્થપણું જુઓ કૃતાર્થતા.

કૃતાર્થી જુઓ કૃતાર્થ ૨-૮.

કૃતાલક [સં.] પું. શિવનો એ નામનો એક અનુચર.

કૃતાલય ૧. [સં.] પું. દેડકો.
૨. વિ. જેણે વાસ કર્યો હોય એવું; રહેનાર.

કૃતાલયા [સં.] સ્ત્રી. દેડકી.

કૃતાવધાન [સં.] વિ. જેણે પ્રખ્યાત કામ કર્યાં હોય એવું.

કૃતાશન [સં.] વિ. જેણે ભોજન કર્યું હોય એવું.

કૃતાશ્વ પું. (પુરાણ) સર્પયજ્ઞ કરવાનું કુલોત્પન્ન સંકૃતાશ્વ રાજાના બે માંહેનો પહેલો પુત્ર. એને કૃતાશ્વ એવું બીજું નામ પણ હતું. રયેનજિત અથવા પ્રસેન એ નામનો રાજા તેનો પુત્ર હતો.

કૃતાસ્કંદન [સં.] વિ. જેણે હુમલો કે આક્રમણ કરેલ હોય એવું.

કૃતાસ્ત્ર [સં.] વિ. અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરેલ હોય એવું; અસ્ત્રવિદ્યામાં નિપુણ.

કૃતાંક ૧. [સં.] પું. જેમાં ચારનો આંક રહેલો છે તેવો એક પાસો.
૨. વિ. ચિહ્ન કરેલ હોય એવું; આંકેલું પાડેલું.

કૃતાંજલિ ૧. [સં.] સ્ત્રી. પ્રતિજ્ઞા.
૨. ન. શમીવૃક્ષ; સિસમણીનો છોડ.
૩. વિ. બે હાથ જોડીને અંજલિ કરેલ હોય એવું; બદ્ધાંજલિ; જોડેલા હાથવાળું.

કૃતાંત ૧. [સં.] પું. આગમશાસ્ત્ર.
૨. પું. જેમાં ભૂમિતિની કોઈ પણ રચના કરી હોય તથા તે રચનાની ઉત્પત્તિ પણ કહ્યાંથેલી હોય તેવું શાસ્ત્ર.
૩. પું. દેવતા; દેવ.
૪. પું. ધર્મરાજા.
૫. પું. પાપ.
૬. પું. (ગણિત) ભૂમિતિમાં કષ્ટ પ્રકારનું બિંદુ કે રેખા દોરવાની રીત; કૃત્ત સિદ્ધાંત.
૭. પું. યમરાજ; યમ.
૮. પું. શનિગ્રહ.
૯. ન. દૈવ; નસીબ.
૧૦. ન. પૂર્વ જન્મમાં કરેલ શુભાશુભ કર્મનું ફળ.
૧૧. ન. એની સંખ્યા.
૧૨. ન. ભરણી નક્ષત્ર.
૧૩. ન. મૃત્યુ; મરણ.
૧૪ વિ. ભયંકર; દારુણ.
૧૫. વિ. મૂર્ખ, અધમ.
૧૬. વિ. સિદ્ધાંત જાણેલ.

કૃતાંતક જુઓ કૃતાંત.

કૃતાંતકાળ [સં. કૃતાંતકાલ] પું. યમથી બોલાવનાર પ્રભુ

કૃતાંતકૃત [સં.] પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. કૃત એટલે પ્રપંચ જગતનો અંત એટલે સંહાર કરે છે તેથી, કૃતાંત એટલે મૃત્યુને મારે છે તેથી, અથવા કૃતાંત એટલે મૃત્યુની રચના કરનાર હોવાથી પણ વિષ્ણુ કૃતાંતકૃત કહેવાય છે.

કૃતાંતજનક [સં.] પું. સૂર્ય

કૃતાંતજનકા [સં] સ્ત્રી. એક જાતનું ઝાંખરી દ્રવ્ય; રેણુકા; કૃતાંતા.

કૃતાંતપુર [સં.] ન. યમલોક.

કૃતાંતભગિની [સં.] સ્ત્રી. યમુના.

કૃતાંતહૃતક [સં.] પું. કાળ; મૃત્યુ.

કૃતાંતા [સં.] સ્ત્રી. રેણુકા નામનું ગંધદ્રવ્ય.

કૃતિ ૧. [સં.] પું. (પિંગળ) અનુષ્ટુપની જાતિનો પીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
૨. પું. (પુરાણ) પુરુકુલોત્પન્ન હસ્તિના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશમાં જન્મેલા સત્યતિમાન રાજાનો પુત્ર. એણે હિરણ્યનાભ પાસેથી પ્રાચ્ય નામની ૭ સંહિતાઓ સંપાદન કરી હતી.
૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.
૪. પું. (પિંગળ) ભગણ, જે નગણ અને રગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે.
૫. પું. (પુરાણ) વિદેહ વંશના બહુલાશ્વ જનકનો પુત્ર.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પરમાત્મા સર્વાત્મક હોવાથી અથવા સર્વ ક્રિયાનો આધાર હોવાથી કૃતિ શબ્દથી લક્ષિત થાય છે.
૭. પું. વીણની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ.
૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના ૭ પુત્રમાંનો સૌથી નાનો દીકરો.
૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના કુલપુત્ર સુધનુ વંશમાં જન્મેલા ચ્યવન રાજાનો પુત્ર.
૧૦. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના બલાબલકુળમાંના સોમપાદના પુત્ર બભ્રુનો પુત્ર.
૧૧. સ્ત્રી. આઘાત; ક્ષતિ.
૧૨. સ્ત્રી. આચરણ; રીતભાત; આચાર.
૧૩. સ્ત્રી. (ગણિત) આપેલી સંખ્યા કે બૈજિક રાશિને તેનાથી જ ગુણવાથી આવતું પરિણામ; વર્ગસંખ્યા.
૧૪. સ્ત્રી ઉંદરણ; ખાદ.
૧૫. સ્ત્રી. કટારી; જમૈયો.
૧૬. સ્ત્રી. કાતર.
૧૭. સ્ત્રી. કામ; કાર્ય; ક્રિયા.
૧૮. સ્ત્રી. ચાળા; અભિનય.
૧૯. સ્ત્રી. કાંકણી; ઝરણ.
૨૦. સ્ત્રી. પુરુષપ્રયત્ન; બાપકાર
૨૧. સ્ત્રી બનાવ; ઘટના.
૨૨. સ્ત્રી. (ભૂમિતિ) રચના; સર્જન; માગેલી બાબત સાબિત કરવા માટે લીધી, ખૂણા, કોંસ વગેરે દોરવાં પડે તે; 'કન્સ્ટ્રક્શન'.
૨૩ સ્ત્રી. ગલ્લિનું દામ, સપાદન.
૨૪ સ્ત્રી. સિદ્ધિ; કરણ; અનુષ્ઠાન.
૨૫. સ્ત્રી. હિંસા.

કૃતિકા સ્ત્રી. શરીરની ત્વચાના ઉપારતરના કોષમાંથી આવ પામતી ચીકણી અંતરાંસ. તે ચામડીનું રક્ષણ કરે છે.

કૃતિકર [સં.] પું. વીસ હાથવાળો રાવણ.

કૃતિચોરી જુઓ કૃતિચૌર્ય.

કૃતિચૌર્ય [સં.] ન. સાહિત્ય કલાદિની ચોરી કરવી તે; તફડંચી.

કૃતિનિર્દેશ [સં.] પું. શબ્દની ઓળખ; શબ્દાર્થ.

કૃતિનિષ્ઠ [સં.] વિ પોતાના કાર્યમાં ચુસ્ત રહેનાર; કર્તવ્યપરાયણ.

કૃતિપદ ન. (ગણિત) વર્ગમૂળ; 'સ્કવેર રૂટ'.

કૃતિપરંપરા [સં.] સ્ત્રી. કાર્યક્રમ; કાર્યસૂચી; કાર્યવ્યવસ્થા.

કૃતિપુત્ર [સં.] પું. દત્તક લીધેલો દીકરો.

કૃતિપ્રકૃતિ [સં.] સ્ત્રી. કાર્ય અને પ્રતિકાર્ય.

કૃતિપ્રેરક [સં] વિ. રચનાત્મક; કોઈ પણ કરવા પ્રેરે એવું; સંયોજક.

કૃત્ય

કૃતિમાન પું. (પુરાણ) સોમવંશના પુરુકુળના દેવમીઢ અથવા દ્વિમીઢ રાજાના પુત્ર યવીનરનો પુત્ર. એનું બીજું નામ કૃતિમાન પણ હતું.

કૃતિરથ પું. (પુરાણ) વિદેહવંશના પ્રદીપક જનકનો પુત્ર. એનું નામ કીર્તિરથ પણ હતું.

કૃતિરાત પું. (પુરાણ) વિદેહવંશના મહાધૃતિ જનકનો પુત્ર. એનું બીજું નામ કીર્તિમાન હતું.

કૃતિવિરશ્રેષ્ઠક સાહિત્ય [સં.] ન. ચારભવના ગ્રંથ માંહેનો એક પ્રકાર; ઔદ્યોગિક સાહિત્ય; 'ટેક્નિકલ લિટરેચર'.

કૃતિશક્તિનાશ [સં.] પું. પ્રજ્ઞાશક્તિને થતું નુકસાન.

કૃતિશૂન્ય વિ. નકામું.

કૃતિસંગ્રહ [સં.] પું. લખાણનો સંગ્રહ.

કૃતિસાધ્ય વિ. પ્રયત્નથી મળે એવું.

કૃતિસ્વાતંત્ર્ય [સં.] ન. પ્રજ્ઞાસ્વાતંત્ર્ય; સ્વતંત્રકૃતિશક્તિ.

કૃતિહસ્ત [સં. કૃતિ (વીસ) + હસ્ત (હાથ)] પું. રાવણ. તેને વીસ હાથ હોવાનું મનાય છે.

કૃતી ૧. પું. ભવન ઋષિનો એ નામનો પુત્ર અને ઉપરિચર વસુનો પિતા.

૨. પું. બત્રીસ સૂચક સાંકેતિક શબ્દ.

૩. પું. સાધુ.

૪. સ્ત્રી. (પુરાણ) પંચજન દૈત્યની માતાનું નામ.

૫. સ્ત્રી. (પુરાણ) વસુપુત્ર વિશ્વકર્મ્યની પત્ની. ચાક્ષુષ નામનો છઠ્ઠો મનુ એને ઉદરે જન્મ્યો હતો.

૬. વિ. કુશળ; નિપુણ; દક્ષ; પ્રવીણ.

૭. [સં.] વિ. કૃતકૃત્ય; પોતાની ફરજ બજાવી હોય એવું.

૮. વિ. ધાર્મિક; ધર્મને અનુસરનારું.

૯. વિ. ભાગ્યશાળી; નસીબદાર.

૧૦. વિ. વિદ્વાન; પંડિત.

કૃતુ [સં.] પું. યજ્ઞ; હોમ; હવન.

કૃતુરાજ પું. યજ્ઞરાજ.

કૃતે [સં.] અ. અર્થે; માટે; સારુ.

કૃતેયુ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન રૌદાશ્વ રાજાનો ચોથો પુત્ર.

કૃતોદક [સં.] વિ. સ્નાન, તર્પણ વગેરે કરનાર.

કૃતોદ્વાહ ૧. [સં.] વિ. ઊભો રહીને અથવા ઊંચા હાથ રાખીને પ્રાયશ્ચિત્ત કરનાર.

૨. વિ. લગ્ન કરેલું; પરણેલું.

કૃતોપકાર ૧. [સં.] વિ. ઉપકાર કરનાર.

૨. વિ. યજ્ઞોપવીત સંસ્કાર પામેલ.

કૃતોપનયન વિ. ઉપનયન સંસ્કાર પામેલ.

કૃતોપાસ્તિ [સં.] પું. આત્મસાક્ષાત્કાર થતાં પહેલાં જેણે સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં સુધી ઉપાસના કરી હોય એવો જ્ઞાનવાન માણસ.

કૃતૌજા પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર સહસ્રાજિતના વંશના ધનક રાજાના ચાર માંહેનો ચોથો દીકરો.

કૃત્ત ૧. [સં.] વિ. કાપી નાખેલ; છેદી નાખેલ.

૨. વિ. ચોટા કરેલ.

કૃત્તિ ૧. [સં.] ન. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.

૨. ન. ચામડું.

૩. ન. ભોજપત્ર.

૪. ન. મૃગચર્મ.

કૃત્તિકા ૧. [સં.] સ્ત્રી. અગ્નિ.

૨. સ્ત્રી. (પુરાણ) કાર્તિકેયની માતા.

૩. સ્ત્રી. ક્રાંતિવૃત્તનો ૨૬ અંશ ૪૦ કલા અને ૪૦ અંશ વચ્ચેનો વિભાગ.

૪. સ્ત્રી. ચંદ્રનું ત્રીજું ઘર.

૫. સ્ત્રી. ભઠ્ઠો; ભેસગાદી.

૬. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસ માંહેની એ નામની એક કન્યા.

૭. ન. (જ્યોતિષ) એ નામનું બીજું નક્ષત્ર. તેની આકૃતિ દેવી અસ્તરા જેવી કલ્પેલી છે. તેના છઠ્ઠા અને સાતમા તારા મળીને અસ્તરાના હાથાનો છેડો બને છે અને બાકીના તારાનું પાનું થાય છે. રોહિણીની પાસે જ વાયવ્યમાં આ નક્ષત્ર છે. કૃષ્ણપક્ષ માસમાં સંખ્યાકાળે આ નક્ષત્ર મધ્યાહ્ન વૃત્ત ઉપર આવે છે. આ નક્ષત્રના નામ ઉપરથી જ કાર્તિક માસ નામ પડ્યું છે. આ નક્ષત્રમાં પુરુષનો જન્મ થયો હોય તો તે ઘણું ભોજન કરનાર, પરઓ ઉપર પ્રીતિવાળો અને તેજસ્વી થાય. તેમાં છ તારા સ્પષ્ટ અને સાતમો તારો ઝીણો છે. તે તારાનાં નામ: (૧) વર્ષયંતિ, (૨) દુલા, (૩) ચુપુણિકા, (૪) મેઘયંતિ, (૫) અભ્રયંતિ, (૬) તિતરવી, (૭) અભ્રા. આ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ અગ્નિ છે. તેમાં છ તારાને અપ્સરાઓ માનેલી છે. પાયાના અક્ષર અ, ઇ, ઉ, એ છે. આ નક્ષત્રમાં રોગ થાય તો નવરાત્રિ પીડા ભોગવવી પડે. 'કૃત્તિકા કરે કરવર' એટલે કે કૃત્તિકામાં વરસાદ થાય તો વરસ કરવું એટલે કપાસ સારું પાકે તો કપાસ ન પાકે એવું નજરે થાય. બીજો પક્ષ 'કૃત્તિકા કરે કલ્યાણ' એમ કહે છે. એકંદરે વરસાદ કૃત્તિકા પહેલાં સારો જ થાય અને વરસ સારું પાકે એમ કેટલાક માને છે.

કૃત્તિકાતનય [સં.] પું. કાર્તિકેય સ્વામી.

કૃત્તિકાનક્ષત્ર ન. (જ્યોતિષ) એ નામનું સત્તાવીસ માંહેનું એક નક્ષત્ર.

કૃત્તિકાપુત્ર [સં.] પું. કાર્તિકેય સ્વામી.

કૃત્તિકાપુંજ [સં.] ન. (જ્યોતિષ) વૃષભ નક્ષત્રમાં આવેલા સાત તારાનો સમૂહ. દૂરદર્શકયંત્રની મદદથી નિરીક્ષણ કરીએ તો આ તારા ફક્ત સાત નહિ પણ અસંખ્ય દેખાય છે.

કૃત્તિકાભવ [સં.] પું. કાર્તિકેય સ્વામી.

કૃત્તિકારોહિણી સ્ત્રી. ન. વ. (જ્યોતિષ) કૃત્તિકા અને રોહિણી નક્ષત્રો.

કૃત્તિકાવાસેશ્વર [સં.] ન. કાશીમાં આવેલ એ નામનું એક શિવલિંગ.

કૃત્તિકાસુત [સં.] પું. કાર્તિકેય સ્વામી.

કૃત્તિવાસ [સં.] પું. મહાદેવ. શંકરે ગજાસુરને મારી તેની ખાલ ઓઢી લીધી હતી તેથી તે કૃત્તિવાસ કહેવાય છે.

કૃત્તિવાસા ૧. [સં.] પું. શિવ; શંભુ; રુદ્ર; ભૂતેશ; વ્યાઘ્રચર્મ પહેરનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. સ્ત્રી. ઓસડ માંહેની એ નામની એક યોગિની.

કૃત્ન [સં.] વિ. કુશળ; પ્રવીણ.

કૃત્નુભાર્ગવ પું. ઋગ્વેદના આઠમા મંડલના ઓગણપચાસમી સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

કૃત્પ્રત્યય [સં.] પું. (વ્યાકરણ) ધાતુને લાગી નવો શબ્દ બનાવતો પ્રત્યય.

કૃત્ય ૧. [સં.] પું. ગૃહસ્થ.

૨. પું. (વ્યાકરણ) કૃત્ય સંજ્ઞાવાળા પ્રત્યય. તે છ છે: ક્યપ્, ક્યપ્, તવ્ય, અનીયર્, ણ્વુલ્ અને કૃત્રિમ.

૩. ન. આચરણ.

૪. ન. કરેલ, બજેલ કે બનાવેલ સિદ્ધાંત.

૫. ન. ક્રિયા; કાર્ય; કામ; કર્મ.

૬. ન. ચાંદ્રાયણ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૭. ન. પ્રાયશ્ચિત્ત; દુષ્કર્મ થતું તે.

૮. ન (ગણિત) ભૂમિતિમાં ઇષ્ટ પ્રકારનું બિંદુ કે રેખા દોરવાની રીત. કૃતાત.

૯. ન. વેદવિહિત આવશ્યક કર્મ. જૈન મત પ્રમાણે જ્ઞાનાનુસાર કૃત્ય ચૌદ પ્રકારનાં હોય છે: (૧) પ્રતિસંધિ, (૨) અવાંત, (૩) આવર્જન, (૪) દર્શન, (૫) ગ્રહણ, (૬) ધારણ, (૭) સ્મરણ, (૮) સ્પર્શ, (૯) સપ્રતિપત્તિ, (૧૦) સતિર્યું, (૧૧) ઉત્થાન, (૧૨) ગમન, (૧૩) તદાલંબન, (૧૪) સ્મૃતિ. જૈનમતાનુસાર કૃત્ય છ પ્રકારનાં છે:

(૧) દિનકૃત્ય, (૨) રાત્રિકૃત્ય, (૩) પર્વકૃત્ય, (૪) ચાતુર્માસકૃત્ય, (૫) સંવત્સરકૃત્ય અને (૬) જન્મકૃત્ય.

૧૦. ન. સાધ્ય.

૧૧. ન. હેતુ

૧૨. વિ. કરવા જેવું.

કૃત્યક ૧. [સં.] ન. કૃત્ય; કામ.

૨. વિ. પીડા કરનાર; હરકત કરનાર.

કૃત્યકા [સં.] સ્ત્રી. હલ્લા વગેરે મોટાં ભયંકર કાર્ય કરે એવી સ્ત્રી.

કૃત્યજ્ઞ ૧. [સં.] વિ. કરવા જેવું

૨. વિ. ચતુર.

૩. વિ. વિદ્વાન.

કૃત્યપંચક [સં.] ન. પાંચ કૃત્યનો સમૂહ. સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહકરણ એ કૃત્યપંચક છે.

કૃત્યવાદ [સં.] પું. ક્રિયાવાદ; વ્યવહારિકતાવાદ; વ્યવહારદૃષ્ટિવાદ.

કૃત્યવિદ [સં. કૃત્યવિદ્] વિ. કાર્યકુશળ; કુશળ; નિપુણ

કૃત્યવિધિ [સં.] પું. કામ કરવાનો રસ્તો કરવા યોગ્ય ઉપાય.

કૃત્યશાસ્ત્ર [સં.] ન. કર્તવ્યશાસ્ત્ર; આચારવિદ્યા.

કૃત્યસાધકતાવાદ [સં.] પું. અનુભવસિદ્ધવાદ.

કૃત્યસિદ્ધાંત [સં.] પું. (ગણિત) અમુક સાધન કે સાધનોનો ઉપયોગ કરીને બનાવાતી નવી કૃતિ.

કૃત્યૈકૃતે [સં.] અ. (ગણિત) જે રચના કરવાની હતી તે થઈ ચૂકી. ભૂમિતિમાં દરેક કૃત્યને અંતે આ પ્રમાણે લખવાનો રિવાજ છે.

કૃત્યંતર ન. બે સંખ્યાનો વર્ગ વચ્ચેનો તફાવત.

કૃત્યા ૧. [સં.] સ્ત્રી. આભિચારિક પ્રયોગથી ઉત્પન્ન કરવામા આવતી કોઈ દેવ વગેરેની મૂર્તિ.

૨. સ્ત્રી. ક્રિયા; કામ; કૃતિ.

૩. સ્ત્રી. ચુડેલ; ડાકિની.

૪. સ્ત્રી. જાદુ કરનારી સ્ત્રી.

૫. સ્ત્રી. જાદુગરી.

૬. સ્ત્રી. દુષ્ટા; કર્કશા સ્ત્રી; રાંધણી.

૭ સ્ત્રી. મરડી.

૮. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૯. સ્ત્રી મેલી દેવી; મેલડી.

૧૦. સ્ત્રી. મોત.

૧૧. સ્ત્રી. રાક્ષસી; વિકરાળ સ્ત્રી.

કૃત્યાકૃત્ય ૧. [સં.] ન. કાર્ય અને અકાર્ય.

૨. વિ. કરવા તથા નહિ કરવા યોગ્ય; કર્તવ્ય અને અકર્તવ્ય.

કૃત્યાદૂષણ ૧. [સં.] પું. અંગિરસ વંશનો એક ઋષિ.

૨. ન. એક પ્રકારની ઔષધિ. તેનાથી કૃત્યાનું દોષનિવારણ થાય છે.

૩. ન. એક પ્રકારનું કૃત્ય. તે કૃત્યના પ્રતિકાર માટે કરવામાં આવે છે.

કૃત્યાદૂષણી [સં.] સ્ત્રી. કૃત્યાનો નાશ કરે એવી એક ઔષધિ.

કૃત્રિમ ૧. [સં.] પું. બીનીકપૂર; રોસારસ.

૨. પું. દત્તકપુત્ર.

૩. ન. બહાનું.

૪. ન. ઢગો.

૫. ન. મિશ્રલવણ.

૬. ન. રસાંજન.

૭. ન. સંચળ.

૮. વિ. ઉપરચોટિયું.

૯. વિ. કલ્પિત.

૧૦. વિ. કૃતિથી થયેલ.

૧૧. વિ. ક્રિયાથી ઉત્પન્ન થયેલ.

૧૨. વિ. નકલી; બનાવટી.

કૃત્રિમખાર ન. બનાવટી ખાતર.

કૃત્રિમગર્ભપાત [સં.] પું. કૃત્રિમ ઉપાયોથી કરાતો ગર્ભપાત.

કૃત્રિમગર્ભી સ્ત્રી. ગર્ભ ન હોવા છતાં સગર્ભાવસ્થા જણાવી તે; કૃત્રિમ ગર્ભાવસ્થા.

કૃત્રિમચુંબક ન. બનાવટી લોહચુમ્બક.

કૃત્રિમતા [સં.] સ્ત્રી. બનાવટ; ઢોળ.

કૃત્રિમધૂપ [સં.] પું. ઢાંગારાદિ ધૂપ. તે દસ પ્રકારનાં સુગંધી દ્રવ્યો ભેળાં કરીને બનાવામ છે.

કૃત્રિમધૂપક જુઓ કૃત્રિમધૂપ.

કૃત્રિમનિદ્રા [સં.] સ્ત્રી. મોહનિદ્રા; તંદ્રા.

કૃત્રિમનિરોધ [સં.] પું. બનાવટી સાધનોથી કરાતું સંતતિનિયમન.

કૃત્રિમનીલ [સં.] સ્ત્રી. બનાવટી ગળી.

કૃત્રિમનેત્ર [સં.] ન. બનાવટી ડોળો.

કૃત્રિમપણું ૧. ન. કપટ.

૨. ન. બનાવટીપણું.

કૃત્રિમપરિમાણુ [સં.] ન. એકમ તરીકે મરજી મુજબ લીધેલું પરિમાણુ.

કૃત્રિમપુત્ર [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમપુત્રક [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમમણિકર્મ [સં.] ન. બનાવટી મણિ બનાવવાની એક કલા.

કૃત્રિમમધ ન. બનાવટી મધ; ગોળ, આંબા અથવા અજૂરનાં પાણીની ચાસણી કરી તેમાં થોડી કટકડી નાખી બનાવેલું મધ જેવું પ્રવાહી. તે અંદરની કટકડીને લીધે કરી જતું નથી.

કૃત્રિમમિત્ર ૧. [સં.] પું. ઉપકાર વગેરેના કારણથી થયેલ મિત્ર. બધા પ્રકારના મિત્રોમાં આવા મિત્રને શ્રેષ્ઠ માનેલ છે.

૨. પું. બનાવટી મિત્ર; કામ પૂરતો રાખેલો મિત્ર.

કૃત્રિમરસ [સં.] પું. નવ પ્રકારના રસ ઉપરાંતનો એક વધુ રસ.

કૃત્રિમવન [સં.] ન. બાગ; બગીચો.

કૃત્રિમસીમા સ્ત્રી. મનુષ્યકૃત સીમા.

કૃત્રિમસુત [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમી ૧. વિ. બનાવટી; ઉપજાવી કાઢેલું; નવું જોયું કરેલ.

૨. વિ. ભેદભર્યું; વેષધારી.

કૃત્વરી [સં.] સ્ત્રી. કરનારી સ્ત્રી.

કૃત્વા ૧. સ્ત્રી. (પુરાણ) કૃષ્ણદ્વૈપાયનના પુત્ર શુકની એ નામની દીકરી. તેનું બીજું નામ કીર્તિમતી હતું.

૨. [સં.] અ. કરીને.

૩. અ. મારી નાખીને; ઠાર કરીને.

કૃત્વી ૧. [સં.] સ્ત્રી. કર્મ.

૨. સ્ત્રી. કાળ.

૩. સ્ત્રી. શુકદેવજીને પીવરી નામની સ્ત્રીથી થયેલ એક દીકરી; કીર્તિમતી.

કૃત્સ ૧. [સં.] પું. પાપ.

૨. ન. પાણી.

૩. ન. સમુદાય; સમૂહ.

કૃત્સ્ન ૧. [સં.] ન. પાણી; જલ.

૨. ન. ચેહ; ઉદર; .

૩. વિ. સઘળું; આખું; સકલ; બધું.

કૃત્સ્નવિત ૧. [સં. કૃત્સ્ન (સઘળું) + વિદ્ (જાણવું)] પું. વેદમાં વપરાયેલું ઋનું એક નામ.

૨. વિ. આત્માને જાણનાર.

૩. વિ. જ્ઞાની; વિદ્વાન.

૪. વિ. સહારક.

કૃત્સ્નવિદ જુઓ કૃત્સ્નવિત.

કૃદર ૧. [સં.] પું. અનાજનો કોઠાર.

૨. પું. ઘર.

૩. ન. હિયાનો ઉત્તર ભાગ.

કૃદંત [સં.] પું.; ન. ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ; કૃત્ પ્રત્યય લાગેલા હોય તેવું નામ.

કૃદંતવિશેષણ [સં.] ન. ક્રિયાવાચક વિશેષણ.

કૃકુ [સં.] વિ. નાનું; ટૂંકું.

કૃકુક જુઓ કૃકુ.

કૃધ્ધ [સં.] વિ. ગુસ્સે થયેલું; ક્રોધાયમાન થયેલ.

કૃધ્ધતા [સં.] સ્ત્રી. ક્રોધનો આવેશ.

કૃપ ૧. [સ.] પું. (પુરાણ) ઉત્તાનપાદના પુત્ર ધ્રુવનો પૌત્ર; શિષ્ટના ચાર માંહેનો મોટો પુત્ર.

૨. પું. (પુરાણ) દ્રોણનો સાળો કૃપાચાર્ય. જુઓ કૃપાચાર્ય.

૩ ન. એક જાતનું ત્રિશાળ ઘર; જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય અને તે અલિંદો આગળ એક ભદ્ર હોય તથા મધ્યે એક પાટડો હોય તેનું પશ્ચિમ મુખનું ઘર.

૪. ન. કર્મ.

કૃપગૃ [સં.] ન. એક જાતનું ત્રિશાળ ઘર. જુઓ કૃપ ૩.

કૃપજ ૧. પુ. કીડો; કૃમિ.

૨. [સં.] પું. લોભિયો; કંજૂસ માણસ.

૩. વિ. કંજૂસ; લોભી; બખીલ; કસરિયું.

૪. વિ. કાયર.

૫. વિ. દયા આવા જેનું અજ્ઞાન.

૬. વિ. દીન; ગરીબ.

૭. વિ. નિર્ધન; દરિદ્ર.

૮. વિ. બીજાને ન ઓગખનાર.

૯. વિ. મૂર્ખ.

૧૦. વિ. હલકું; ક્ષુદ્ર; નીચ.

કૃપજતા ૧. [સં.] સ્ત્રી. કંજૂસાઈ; કૃપણપણું.

૨. સ્ત્રી. ગરીબાઈ.

૩. સ્ત્રી નીચતા.

૪. સ્ત્રી. મૂર્ખાઈ.

કૃપજત્વ જુઓ કૃપજતા.

કૃપયા ૧. [સં.] સ્ત્રી. અશ્વત્થામાની માતા; કૃપની બહેન; દ્રોણની પત્ની.

૨. [હિ.] અ. કૃપાપૂર્વક; મહેરબાની કરીને.

કૃપા ૧. [સં.] સ્ત્રી. દયા; મહેરબાની; મહેર.

૨. સ્ત્રી. દ્રોણની પત્નીનું નામ.

૩. સ્ત્રી. પ્રસાદ; બક્ષિસ.

૪. [સ.] સ્ત્રી. (વેદાંત) કૃપની અપેક્ષા રાખ્યા સિવાય બીજાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા.

૫. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની નદી.

૬. સ્ત્રી. માફી; ક્ષમા.

કૃપાકટાક્ષ [સં.] પું. કૃપાની નજર; મહેરબાનીની નજર.

કૃપાકણિકા સ્ત્રી. કૃપારૂપી કણ; થોડી પણ કૃપા.

કૃપાકર [સં.] વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાકાંક્ષી [સં.] વિ. કૃપાની ઇચ્છા રાખનાર; મહેરબાનીની ચાહનાવાળું.

કૃપાચાર્ય [સં.] પું. (પુરાણ) દ્રોણનો સાળો. ગૌતમકુળના શારદ્વાન ઋષિ તપ કરતા હતા. તેના તપનો ભંગ કરવા જાનપદી નામની અપ્સરા મોકલી હતી. એને જોઈને એમનું રેત પતન થયું. તેમાંથી ઉત્પન્ન થયેલા જોડકામાંનો પુત્ર તે કૃપાચાર્ય. આ જોડકાનું શાંતનુ રાજાએ કૃપા કરીને પાલન કર્યું હતું, તે ઉપરથી પુત્રનું નામ કૃપ અને કન્યાનું નામ કૃપી પાડ્યું હતું. એ શારદ્વાન ઋષિનો પુત્ર એટલે શારદ્વાન અને ગૌતમકુળનો માટે ગૌતમ કહેવાતો. તેને ચતુર્વિધ ધનુર્વેદ તેના પિતા શારદ્વાને શીખવ્યો. આ ચતુર્વિધ ધનુર્વેદ તે મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત અને મંત્રમુક્ત. આથી કૃપ આચાર્ય બન્યો ને કૃપાચાર્ય કહેવાયો. દ્રોણાચાર્યની પહેલાં કૌરવપાંડવોને ધનુર્વિદ્યા એ જ શીખવતો હતો. મહાભારત વખતે એ દુર્યોધનના પક્ષમાં હતો. બધા કૌરવો મરણ પામ્યા હોવાથી પાંડવોએ એને આશ્રય આપ્યો હતો. એ ચિરંજીવી મનાય છે.

કૃપાણ ૧. પું. પથ્થર; પાષાણ; પાણો.

૨. પું. (પિંગળ) બત્રીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કિરપાણ. આ છંદ વર્ણદંડકનો ભેદ છે. દર આઠ અક્ષરે યતિ આવે છે. તેમાં એકત્રીસમો વર્ણ ગુરુ અને બત્રીસમો લઘુ હોય છે.

૩. ન. કટાર.

૪. [સં.] ન. બકૂત્ર; તરવાર.

કૃપાણક ૧. પું. કટાર.

૨. [સ.] પું. તરવાર.

કૃપાણિકા જુઓ કૃપાણી

કૃપાણી [સં.] સ્ત્રી. છરી; નાની કટારી

કૃપાદૃષ્ટિ [સં.] સ્ત્રી. મહેરબાનીની નજર; અમીદૃષ્ટિ; રહેમનજર.

કૃપાધન વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાન ન. બાલબ્ધી; મિયાનો.

કૃપાનંદ ૧. [સં.] પું. ઈશ્વરની કૃપાનો આનંદ.

૨. પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો મહાન પુરુષ.

કૃપાનાથ ૧. [સં.] પું. દયાનિધિ; પરમેશ્વર, જેમણે કૃપા કરવી જેના હાથમાં છે.

૨. વિ. મોટી કૃપા કરનાર.

કૃપાનિધાન ૧. [સં.] સ્ત્રી. કૃપાનિધિ; કૃપાનો ભંડાર; પરમેશ્વર.

૨. વિ. મહેરબાનીવાળું.

કૃપાનિધિ [સં.] પું. કૃપાનો ભંડાર; પરમેશ્વર; ભગવાન માટે વપરાતું નામ.

કૃપાનુગત [સં.] વિ. મહેરબાનીવાળું; કૃપાળુ.

કૃપાપત્ર [સં.] પું.; ન. મહેરબાનીભર્યો પત્ર.

કૃપાપાત્ર ૧. ન. કૃપાને પાત્ર બનેલ માણસ; કૃપાભાજન.

૨. [સં.] વિ. દયા કરવાને યોગ્ય; મહેરબાની દર્શાવવા લાયક.

કૃપાભાજન જુઓ કૃપાપાત્ર.

કૃપામય [સં.] વિ. મહેરબાનીવાળું; દયાળુ.

કૃપામૃત [સં.] ન. કૃપારૂપી અમૃત; દયારૂપી અમી.

કૃપાયતન પું. દયાનો ભંડાર.

કૃપાયુક્ત [સં.] વિ. કૃપા ભરેલ; દયાવાન.

કૃપારસ પું. દયાની લાગણી.

કૃપારૂપ વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાલ [સં.] વિ. દયાળુ.

કૃપાલય ૧. [સં.] ન. કરુણાધામ; દયાસાગર.

૨. વિ. મહેરબાનીવાળું; દયાળુ.

કૃપાલુ [સં.] વિ. દયાળુ; કૃપાળુ.

કૃપાવંત [સં.] વિ. દયાળુ; મહેરબાન; કરુણાપંત.

કૃપાવાન જુઓ કૃપાવંત.

કૃપાવૃષ્ટિ [સં.] સ્ત્રી. કૃપાનો વરસાદ.

કૃપાસાગર ૧. [સં.] પું. મહેરબાનીનો સમુદ્ર કૃપાસિંધુ.

૨. વિ. અતિ મહેરબાનીવાળું; અત્યંત દયાવાળું.

કૃપાસાધ્ય [સં.] વિ. કૃપાથી મેળવી શકાય એવું.

કૃપાસાર ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુ.

કૃપાસિંધુ જુઓ કૃપાસાગર.

કૃપાહીન [સં.] વિ. દયા વગરનું.

કૃપાળ [સં. કૃપાલ] વિ. દયાળુ; કૃપાથી ભરેલું.

કૃપાળુ જુઓ કૃપાલુ.

કૃપિતાંગ પું. હવામાં રહેલો એક જાતનો વાયુ.

કૃપી ૧. પું. લોભી માણસ; કંજૂસ માણસ.

૨. [સં.] સ્ત્રી. (પુરાણ) દ્રોણની પત્ની અને અશ્વત્થામાની માતા. શરદ્વાનના વીર્યથી શરસ્તંબમાં ઉત્પન્ન થયેલ જોડકા બહેનની પુત્રી.

તે કૃપાચાર્યની બહેન હતી. તેને શાંતનુ રાજાએ ઉછેરી અને કૃપા કરી તેથી તેનું નામ કૃપી પડ્યું.

કૃપીટ ૧. [સં.] ન. જલ; ઉદક; પાણી.

૨. ન. જંગલ; વન

૩. ન. લાકડું.

કૃપીટપાલ ૧. [સં.] પું. વહાણનું સુકાન.

૨. પું. વપુ.

૩. પું. સમુદ્ર.

કૃપીટયોનિ [સં.] પું. અગ્નિ; આગ; વહ્નિ.

કૃમિ ૧. [સં] પું. કીડો; જીવાત.

૨. પું. કેકય દેશના અદલથી રાજા ઉશીનરનો પુત્ર.

૩. પું. અધેડી.

૪. પું. માણસના શરીરમાં થતો જીવડો. આંતરડાંમાં ઊછરતાં જીવડાં ત્રણ પ્રકારનાં છે: (૧) ગોળકરમ, જે ચારથી દસ આર ઇંચ લાંબા તથા ગોળ સ્લેટપેન જેટલા જાડા તથા સફેદ રંગના હોય છે. તે નાના આંતરડામાં રહે છે. માદા નરના કરતાં જરા મોટી હોય છે. (૨) તંતુકરમ, જે ઝીણા તાંતણા જેવા અને પા થી અર્ધા ઇંચ જેટલા લાંબા હોય છે. તેમનાં નર અને માદા જુદાં હોય છે. તે ઘણે ભાગે મોટા આંતરડામાં રહે છે. (૩) ચપટા કરમ, જે ઘણા લાંબા હોય છે. તે કોઈ વાર ૩૦ ફૂટ જેટલા લાંબા હોય છે. તેઓ નાના નાના સેંકડો મોરસ ચપટા કડકાઓના બનેલા હોય છે, મોટા આગળનો ભાગ સાંકડો હોય છે અને મોટા ઉપર આંતરડાંને જળોની માફક મોંટી રહેવાના સાધનને લીધે તે સાધારણ જુલાબથી પણ ખસતા નથી. તેનાં નરમાદા જુદાં જુદાં હોતા નથી, પણ તેના શરીરમાં નરમાદાના અવયવો , સાથે જ હોય છે. તેનું ઓવું જન્માંસુધી આંતરડાંથી છૂટું પડી ગાદા વાટે નીકળી ન જાય ત્યાંસુધી તેના શરીરના બીજા ભાગો નીકળી જવા છતાં પાછા વધે છે. બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારના કૃમિની ૨૧ જાત પણ મનાય છે. તેમાં જૂ અને લીંખ એ બહારના કૃમિ છે. ૧૬ પ્રકારના અભ્યંતર કૃમિમા કફમાં ઉત્પન્ન થનાર સાત છે: હૃદયાદ, અંત્રાદ, ઉદરવિષ્ટ, ચુરવ, મહાગુદ, સુગંધ અને દર્ભકુસુમ. લોહીમાં થનાર ૭ છે: મારર, સૌરસ, લોમવિધ્વંસ, રોમદ્વીપ, ઉદુમ્બર અને કેશાદ. વિષ્ટામાં પાંચ જાત થાય છે: મકેરક, લેલીહ, મકુન, સૌસુરાદ, કકેરુક. કફ રક્તમાં થતો એક છે: સ્નાયુકૃ.

૫. પું. સાપ.

૬. સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી

૭. ન. ક્રિરમજી રંગ.

કૃમિક જુઓ કૃમિ.

કૃમિકર [સં.] પું. એક જાતનો કીડો.

કૃમિકર્દમ [સં.] પું. કાનમાં જીવડાં પડવાનો રોગ.

કૃમિકર્દુક [સં.] પું. એક જાતનો કાનનો રોગ.

કૃમિકંટક ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.

૨. ન. વાવડિંગ.

કૃમિકંતુક પું. એ નામનો ૮૬ માહેનો એક નરકકુંડ; અરંતુકકુંડ; અરંતુદ. તે કુંડમાં પડેલા અને લાંબા પ્રાણીઓએ કરેલા અપાર પાપીઓ હાહાકાર કર્યા કરે છે. જે માણસ સૂર્ય કે ચંદ્રના ગ્રહણમાં જમે છે તે માણસ અગણી કલ્પોનો જેટલાં વર્ષો આ કુંડમાં પડે એમ મનાય છે.

કૃમિકુમારરસ [સં.] પું. (વૈદક) કૃમિ મટાડનાર પારદ મિશ્રિત એક દવા. કપૂર બાર ભાગ, કડાબાલ, ત્રાયમાણ, અજમોદ, વાવડિંગ, હિંગળો, વજનાગ, નાગકેસર, આમરાનાં બીજ, એ એકેક ભાગ લઈ તેને બાંગરાના, ઉંદરકાનીના અને બાહ્મીના રસની એક પછી એક ભાવના આપવાથી આ રસ સિદ્ધ થાય છે. એની વાલ વાલની ગોળી કરી નાગકેસરમાં આપવી. સર્વ પ્રકારના કૃમિનો તે નાશ કરે.

કૃમિકુંડ પું. એ નામનો ૮૬ માહેનો એક નરકકુંડ. તે સર્વ જેવા ભયંકર તીક્ષ્ણ દાંતોવાળા કીડાથી ભરેલ છે. માંસની લાલચવાળો અધમ જાતિનો મનુષ્ય મરણ પછી યમ વિના બોલ્યે આ કુંડમાં પડી પોતાનાં કૃત્યોનાં જેટલાં વર્ષો કીડીઓ ખાધા કરે એમ મનાય છે.

કૃમિકોશ [સં.] પું. રેશમના કીડાનું ઘર; કોશેટો.

કૃમિકોષોદ્ભવ ૧. [સં.] ન. રેશમ; કીર.

૨. ન. રેશમી કાપડ; રેશમી વસ્ત્ર.

કૃમિગણ [સં.] પું. કીડાઓનો સમૂહ.

કૃમિગિરિ [સં.] પું. રાફડો.

કૃમિગ્રંથિ [સં.] પું. એક જાતનો સાંધાનો રોગ.

કૃમિઘાતી ૧. [સં.] ન. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનારું.

કૃમિઘ્ન ૧. [સં.] સ્ત્રી. (વૈદક) કૃમિનો નાશ કરનાર વનસ્પતિ. કુંજણી, કોલકંદ, લીમડો, ભિલામું, ગળિયારી, પારેવો, પલાશ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. કૃમિઘ્ન દવાઓના તેમની અસર પ્રમાણે પાંચ વિભાગ કરવામાં આવ્યા છે: (૧) આસ કૃમિઘ્ન એટલે જે દવાઓ પોતાની આસ અસર વડે આંતરડાંની અંદર રહેલ કૃમિનો નાશ કરે છે. જેમકે, કપીલો, કીરમાણુ. (૨) જે દવાઓ કૃમિને અહીં તેને જન્મી કરી તેમનું યોગ્ય સ્થાન છોડાવે છે તે. જેમકે, કવચાં. (૩) આંતરડાં ઉપર ખસારો કરી મળને બહાર ખેંચી કાઢતાં કૃમિને પણ સાથે ખેંચી કાઢે છે તે. જેમકે, ઇંદ્રવર્ણી. (૪) જે દવાઓ કૃમિની ઉત્પત્તિ થતી અટકાવે છે તે. જેમકે, આંબો, ઇંદ્રજવ. (૫) બહારના ક્ષત ઉપર અગર જખમની અંદર જીવાત પડે છે તે દૂર કરનાર દવા. જેમકે, કપૂર, હીલ, ખેર.

૨. ન. વાવડિંગ.

૩. વિ. કૃમિનાશક; જંતુનો નાશ કરનારું.

કૃમિઘ્નગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) કૃમિનાશક ગોળી; જંતુઘ્ન ગોટી.

કૃમિજા [સં.] સ્ત્રી. હળદર.

કૃમિજી [સં.] સ્ત્રી. વાવડિંગ.

કૃમિજ ૧. ન. અગરુ; અગર; અગરચંદન.

૨. ન. ક્રિરમજી રંગ.

૩. ન. જેમાં કીડા પડે તેવો દરકોઈ પદાર્થ.

૪. ન. રેશમ.

૫. વિ. કીડામાંથી ઉત્પન્ન થતું.

કૃમિજગ્ધ [સં.] ન. અગરુ; અગરચંદન.

કૃમિજલજ [સં.] પું. શંખ અને છીપવર્ગ કીડો.

કૃમિજશિરોરોગ [સં.] પું. એક જાતનો માથાનો રોગ. તેમાં માથામાં ભારે ભારવા જેવી પીડા થાય, માથામાંનું મગજ કીડા ખાય છે એવું જણાય અને નાકમાંથી પરુ, લોહી અને કીડા પડે.

કૃમિજા [સં.] સ્ત્રી. લાખ.

કૃમિજાતિ [સં.] સ્ત્રી. કીડાનો વર્ગ.

કૃમિજ્ઞ [સં.] વિ. કીડાવાળું.

કૃમિતંત્ર [સં.] ન. જંતુશાસ્ત્ર.

કૃમિતાન ન. રેશમી કપડું.

કૃમિદંત [સં.] પું. દાંતના આઠ માંહેનો એક રોગ; જંતુથી દાંતનો સડો. તેમાં દાંતમાં ઝીણાં છિદ્ર પડી કારણ વગર પીડા થાય છે.

કૃમિદંતક જુઓ કૃમિદત.

કૃમિનાશક [સં.] વિ. જીવડાંને મારનાર; જીવાતનો નાશ કરનાર.

કૃમિપર્વત [સં.] પું. રાફડો.

કૃમિપાંડુ [સં.] પું. પાંડુ રોગનો એક પ્રકાર. ગલ, જાનુટિ, પગ, નાભિ અને શિશ્ન ઉપર સોજો, કોઢામાં કૃમિ અને રક્તમિશ્રિત રંગ એ તેનાં લક્ષણો છે.

ભૂમિપીડા (ભૂમેઃપીડા) [સં.] સ્ત્રી. જમીન પડવાથી થતું દુઃખ.

ભૂમિફેલ [સં] પું. ઉંબરાનું ઝાડ.

ભૂમિભક્ષ [સં.] ન. એ નામનું એક નરક.

ભૂમિભોજ જુઓ ભૂમિભક્ષ.

ભૂમિભોજન જુઓ ભૂમિભક્ષ.

ભૂમિમક્ષિકા [સં.] સ્ત્રી. કીડા જેવી એક જાતની માખી.

ભૂમિમદ્ગુ [સં.] પું. મોટો મત્સ્ય; મગરમચ્છ.

ભૂમિમય [સં.] વિ. કીડાવાળું.

ભૂમિમુદ્ગર [સં.] પું. (વૈદ્યક) ભૂમિને પેટમાંથી કાઢી નાખી ફરીથી થતાં અટકાવનાર એક ઔષધ. તેની ૨ થી ૪ ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ભૂમિમુદ્ગરરસ [સં.] પું. (વૈદ્યક) ભૂમિરોગ માટે રસની એક બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ તોલો ૧, શુદ્ધ ગંધક તોલા ૨, અજમોદ તોલા ૩, વાવડિંગ તોલા ૪, ઝેરકોચલાં તોલા ૫ અને ચણાજીર ઓટલે આખરાનાં બીજ કે પિતપાપડો એ બધાં દ્રવ્યોને ઘૂંટી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા ૧ તોલો છે અને તે મધમાં માટી ઉપર ભોયનો ક્વાથ આપવો.

ભૂમિરાગ [સં.] પું. ફિરમજી રંગ.

ભૂમિરાશિ [સં.] પું. એ નામની એક વનસ્પતિ.

ભૂમિરિપુ [સં.] પું. વાવડિંગ.

ભૂમિરોગ [સં.] પું. આમાશયમાં મૂમિ એટલે જીવાં ઉત્પન્ન થવાનો રોગ.

ભૂમિલ [સં.] વિ. કીડા પડેલું.

ભૂમિલતા [સં.] સ્ત્રી. પુષ્પકળ ભાંગરો જમીનવારી ઓ.

ભૂમિલાથિ [સં.] પું. (પુરાણ) હરિવંશ અનુસાર અજમીઢ વંશનો એ નામનો એક રાજા.

ભૂમિલોદર [સં.] વિ. આમાશયમાં મૂમિ હોય એવા રોગવાળું.

ભૂમિવિદ્યા [સં.] સ્ત્રી. જંતુશાસ્ત્ર.

ભૂમિવિરેચનવટી સ્ત્રી. (વૈદ્યક) મૂમિને દૂર કરવાને માટે વપરાતું એક ઔષધ. તેની બે ગોળી પાણી સાથે લેવાથી જુલાબ લાગી મૂમિ નીકળી જાય છે.

ભૂમિવૃક્ષ [સં.] ન. કીડાવાળું ઝાડ.

ભૂમિશાકુ [સં.] પું. વાવડિંગ.

ભૂમિશુક્તિ [સં] સ્ત્રી. કાચલું; મુક્તાસોટ; કીડા જેવી છીપ.

ભૂમિશૈલ [સં.] પું. રાહડો.

ભૂમિશૈલક જુઓ ભૂમિશૈલ.

ભૂમિહર [સં.] વિ. પેટનાં જીવડાંનો નાશ કરનાર.

ભૂમીલક [સં.] પું. જંગલી બદામ.

ભૂમુક ૧. [સં.] પું. ચૂનાનું ઝાડ.

૨. પું. સોપારીનું ઝાડ.

ભૂયિ ૧. સ્ત્રી. ભૂમિ; ખેતી.

૨. ન. વણકરનું વણવાનું સાધન; તાંત; સાળ.

ભૃગુ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે પ્રતિજ્ઞા કરવાનું તજી દઈ પોતાનો કાળ કેવળ તપશ્ચરણમાં ગાળતો. એ અતે બધો જ પાતળો હોવાથી તેનું આ નામ પડ્યું હતું. વીરદ્યુમ્ન રાજાના પુત્ર ભૂરિદ્યુમ્નનો નાશ થયો ત્યારે આ ઋષિએ પોતાના તપોબળથી તેને આણી આપીને રાજાને કટલોક ઉપદેશ અને પ્રતિલાસ કર્યો હતો.

૨. પું. મોતીના દસ માંહેનો એક દોષ. તેવું મોતી લાંબું અને ગોલાકાર હોય છે.

૩. પું. વિષ્ણુનાં હૃદય માંહેનું એક નામ. દ્રવ્યત્વનો પ્રતિષેધ કરેલો હોવાથી તે કૃશ કહેવાય છે. તે અતિ દૂબળા અથવા અતિ પાતળા છે. વળી તે અતિ સૂક્ષ્મ અથવા અતીન્દ્રિય પણ છે અને અલક્તો તેને જોઈ શકતા નથી. તેથી પણ તે કૃશ કહેવાય છે.

૪. પું. (પુરાણ) ભૃગુ ઋષિનો મિત્ર એ નામનો એક ઋષિ.

૫. વિ. અત્યંત પાતળો હોય એવું.

૬. વિ. તજાયેલું; નાજુક; પાતળું.

૭. [સં.] વિ. સૂકું; નબળું; ક્ષીણ; દૂબળું.

ભૃશક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

ભૃશકટિ ૧. [સં.] સ્ત્રી. પાતળી કેડવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. પાતળી કેડવાળી.

ભૃશકાક્ષ્વ પું. ઋગ્વેદના આઠમા મંડલના પંચાવનમા સૂક્તનો કર્તા એક ઋષિ.

ભૃશકાય [સં.] વિ. દૂબળા શરીરવાળું; પાતળી અને સૂકી કાયાવાળું.

ભૃશતનુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. જુઓ કૃશ ૧.

૨. ન. પાતળું શરીર.

૩. વિ. પાતળા શરીરવાળું.

ભૃશતા ૧. [સં.] સ્ત્રી. અલ્પતા; સૂક્ષ્મતા; કૃશપણું.

૨. સ્ત્રી. પાતળાપણું; દૂબળાપણું; નાજુકાઈ.

૩. સ્ત્રી. હ્રાસ.

ભૃશત્વ જુઓ કૃશતા.

ભૃશદેહ ૧. [સં.] પું. પાતળું શરીર.

૨. વિ. નબળા કે દૂબળા શરીરવાળું.

ભૃશધન [સં.] વિ. દરિદ્રી; નિર્ધન.

ભૃશપાર્શ્વ [સં.] પું. મોતીના દસ માંહેનો એક દોષ. આવું મોતી એક બાજુએ ચપટું, ફૂટેલું કે લાંબું હોય છે.

ભૃશમધ્ય પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે ગણ મળી આઠ અક્ષર હોય છે.

ભૃશર [સં.] પું. દૂધ, તલ અને ભાતની એક વાની; તલ, તાંદુલ અને દૂધથી પકાવેલું એક જાતનું પકવાન.

ભૃશરા [સં.] સ્ત્રી. નરમ ખીચડી.

ભૃશરાજ [સં.] ન. ખીચડી.

ભૃશલ્ય [સં.] સ્ત્રી. માથાના વાળ; કેશ.

ભૃશશાખ ૧. [સં.] પું. પિતપાપડો નામની વનસ્પતિ.

૨. વિ. નાની ડાળીવાળું.

ભૃશસ્તની વિ. સ્ત્રી. સુકાઈ ગયેલાં સ્તનવાળી.

ભૃશા ૧. સ્ત્રી. રોહિણી.

૨. વિ. સ્ત્રી. પાતળી; નાજુક.

ભૃશાક્ષ [સં.] પું. કરોળિયો.

ભૃશાન [સં. કૃશાનુ] પું. અગ્નિ.

ભૃશાનુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. મિત્રક વૃક્ષ; સોમપાલક.

૩. પું. નવની સંખ્યા.

ભૃશાનુક [સં.] વિ. અગ્નિવાળું.

ભૃશાનુરેતા ૧. [સં. કૃશાનુરેતસ્] પું. અગ્નિનું તેજ.

૨. પું. મહાદેવ; શિવ.

ભૃશાશ્વ ૧. પું. (પુરાણ) અસ્ત્રવિદ્યાનો એક આચાર્ય; એ નામનો પુરુમાર વંશી એક ઋષિ. તેને ધૂમ્રાક્ષ વગેરે અસ્ત્ર અને નાટ્યકળા સ્વતઃસિદ્ધ હતાં. તે નટસૂત્ર ગ્રંથના રચનાર મનાય છે. તેણે વિશ્વામિત્રને ધૂમ્રાક્ષનો બોધ કર્યો હતો.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ અને પ્રજાપતિ. એમને પ્રાચેતસ દક્ષે પોતાની સાઠ કન્યામાંથી અર્ચિ અને ધિષણા નામની બે કન્યા પરણાવી હતી. તેમાં અર્ચિને ધૂમ્રકેશ અને ધિષણાને વેદશિરા, દેવલ, વયુન અને મનુ એમ પુત્રો હતા.

૩. પું. (પુરાણ) ભાગવત અનુસાર તૃણબિંદુ વંશનો એક રાજર્ષિ. તે સંમતનો પુત્ર અને મહાદેવનો મોટો ભાઈ હતો.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટ કુલોત્પન્ન સહદેવ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સોમદત્ત હતું.

કૃશાશ્વી ૧. [સં. કૃશાશ્વિન્] પું. કૃશાશ્વે કહેલા નટસૂત્રને ભણનાર તથા ભણાવનાર માણસ.

૨. પું. નાટકમંડળમાં કુશળ વ્યક્તિ; નટ.

કૃશાંગ [સં.] વિ. દુબળા અથવા પાતળા શરીરવાળું.

કૃશાંગી ૧. [સં.] સ્ત્રી. નાજુક પાતળા શરીરવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. મેદી. મેદીને જેમ જેમ વાટે તેમ તેમ તેમાંથી રંગ નીકળે છે. ખૂબ વાટીને મેંદી હાથે પગે મૂકે તો બહુદી રંગ આવી બળ છે માટે તેને કૃશાંગી કહે છે.

૩. વિ. સ્ત્રી. પાતળા શરીરવાળી.

કૃશિકા [સં.] સ્ત્રી. ઉંદરની નામની વનસ્પતિ.

કૃશિત [સં.] વિ. સક્રમઃ પાતળું; દુર્બળ; શીર્ણપ્રાય.

કૃશીકરણ [સં.] ન. વિરલીકરણ; પાતળું અથવા હલકું કરવું તે.

કૃશોદર [સં.] ન. પાતળું નાજુક પેટ.

કૃશોદરા ૧. [સં.] સ્ત્રી. પાતળા પેટવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. પાતળા પેટવાળી.

કૃશોદરી ૧. સ્ત્રી. અનંતમૂળ નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. ધોળી ઉપલસરી.

૩. સ્ત્રી. પાતળા એટલે ચરબી વગરના પેટવાળી સ્ત્રી.

૪. સ્ત્રી. પાર્વતી.

૫. વિ. સ્ત્રી. ચરબી વગરના પાતળા પેટવાળી.

૬. વિ.સ્ત્રી. પાતળી કેડવાળી.

કૃષ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ખેડવું; ચાસ પાડવા; હળ હાંકવું. તેના ઉપરથી બનેલ શબ્દઃ કૃષિ, કૃષક.

૨. સ. ક્રિ. ખેંચવું; ઘસડવું; તાણવું.

૩. સ ક્રિ. કાપી લેવું; આચકવું.

૪. સ. ક્રિ. નેતા થવું; દોરવું.

૫. સ. ક્રિ. મેળવવું; મેળવવું; પ્રાપ્ત કરવું.

૬. સ. ક્રિ. વિમુખ કરવું.

કૃષક ૧. [સં.] પું. ખેડૂત; કિસાન.

૨. પું. બળદ.

૩. ન. હળની કોશ.

૪. વિ. ખેડનાર; ખેતી કરનાર.

૫. વિ. ખેંચનાર.

કૃષકઅધિકારનિયમ [સં.] પું. ખેડૂત સંબંધી એક જાતનો કાયદો. તે પ્રાચીન રોમમાં પ્રચલિત હતો. તે કાયદા પ્રમાણે સાર્વજનિક જમીન, રાજાની જમીન અથવા જિતાયેલી જમીન ગરીબ માણસોમાં વહેંચી દેવામાં આવતી.

કૃષકકલા [સં.] સ્ત્રી. કિસાનમંડળ; ખેડૂતસભા.

કૃષકસમાજ [સં.] પું. ખેડૂતવર્ગ; ખેડ કરનાર લોક.

કૃષકસમુદાય જુઓ કૃષકસમાજ.

કૃષકસામ્યવાદ પું. સામ્યવાદ અથવા સમાજવાદનો એક સિદ્ધાંત. આ સિદ્ધાંત અનુસાર ખેતી એક વ્યક્તિનો અધિકાર ન હોવો જોઈએ, પરંતુ આખા રાષ્ટ્રનો અધિકાર રહેવો જોઈએ.

કૃષકસ્વત્વનિયમ જુઓ કૃષકઅધિકારનિયમ.

કૃષાકપુ [સં.] પું. ખેડૂત.

કૃષાન [સં. કૃષાનુ] પું. અગ્નિ.

> અનવદ્ય અગ્નિ હુતાશન નિર્જર જિહ્વ કૃષાન.
> વૈશ્વાનર અક્ષોભ્ય ને કૃષ્ણવર્ત્મ પ્રમાણ.
> પિંગલપ્રબોધ

કૃષિ ૧. [સં. કૃષ્ (ખેડવું); પ્રા. કિસી] સ્ત્રી. ખેતી; ખેડ.

૨. સ્ત્રી. પૃથ્વી; જમીન.

કૃષિક જુઓ કૃષક.

કૃષિકર્મ [સં.] ન. ખેતીનું કામ; ખેતીવાડી; ખેડ.

કૃષિકાર ૧. [સં.] પું. ખેડૂત.

૨. વિ. ખેતી કરનાર.

કૃષિક્ષેત્ર [સં.] ન. ખેડવા લાયક જમીન; કૃષિભૂમિ.

કૃષિજન્ય [સં.] વિ. ખેતીથી ઉત્પન્ન થતું.

કૃષિજીવી ૧. [સં. કૃષિજીવિન્] પું. કૃષિકાર, ખેડૂત.

૨. વિ. ખેતી ઉપર જીવનાર.

કૃષિતીર્થાધ્યક્ષ [સં.] પું. ખેતીવાડી ખાતાનો અધિકારી.

કૃષિદાસ ૧. [સં.] પું. ખેડૂતનો નોકર; સાથી.

૨. પું. જમીનની સાથે જોડાયેલો અને તેની સાથે વેચી શકાય એવો ગુલામ; ખેતીને અંગે રાખેલો ગુલામ.

કૃષિદાસત્વ [સં.] ન. ખેતી અંગેની ગુલામી; ખેડૂતના નોકર હોવાપણું; ખેતરમાં કામ કરવું અને જમીન સાથે વેચાવું એ પ્રકારની સ્થિતિ.

કૃષિધાન્ય [સં.] ન. ખેડથી ઉત્પન્ન કરેલું અનાજ.

કૃષિપ્રણાલી [સં.] સ્ત્રી. ખેતીની રીત.

કૃષિપ્રધાન વિ. ખેતી મુખ્ય ધંધો હોય એવું.

કૃષિભૂમિ [સં.] સ્ત્રી. ખેડવા લાયક જમીન; ખેડવાયુ જમીન.

કૃષિમહાવિદ્યાલય સ્ત્રી. ખેતી સંબંધી શિક્ષણ આપનાર મહાવિદ્યાલય.

કૃષિમંડલ [સં.] ન. ખેડૂતસભા; કૃષિકાર સમૂહ.

કૃષિયંત્ર [સં.] ન. ખેતીનું ઓજાર.

કૃષિયંત્રપ્રવર્તક [સં.] વિ. ખેતીને લગતાં ઓજારોનો ફેલાવો કરનાર.

કૃષિયંત્રશાસ્ત્ર [સં.] ન. ખેતી સંબંધી સંચાનું શાસ્ત્ર.

કૃષિલક્ષ્મી ૧. [સં.] સ્ત્રી. ખેતીરૂપી લક્ષ્મી.

૨. વિ. ખેતી જેનું ધન છે એવું.

કૃષિલેખા [સં.] સ્ત્રી. હળ ખેડવાથી ખેતરમાં પડેલો લીટો; ચાસ.

કૃષિવિજ્ઞાન [સં.] ન. ખેતી સંબંધી વિદ્યા.

કૃષિવિદ્યા જુઓ કૃષિવિજ્ઞાન.

કૃષિવિદ્યાવિશારદ [સં.] પું. ખેતીવાડીશાસ્ત્રી; ખેતીની વિદ્યામાં નિષ્ણાત પુરુષ.

કૃષિવિભાગ [સં.] પું. ખેતીના સુધારા અને ઉન્નતિ સંબંધી વહીવટ કરતું ખાતું.

કૃષિવિભાગાધિકારી [સં.] પું. ખેતીવાડી ખાતાનો અમલદાર.

કૃષિવૃત્તિ [સં.] સ્ત્રી. ખેતીનો ધંધો.

કૃષિશાખ સ્ત્રી. ખેડૂતોને શાખ ઉપર બીરવામાં આવતી નાણાની રકમ.

કૃષિશાસ્ત્ર [સં.] ન. ખેતી સંબંધી જ્ઞાન આપનારું શાસ્ત્ર.

કૃષિશાસ્ત્રકાર [સં.] પું. ખેતી સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર લખનાર પુરુષ.

કૃષિશાસ્ત્રી પું. ખેતીના વિષયનું જ્ઞાન ધરાવનાર માણસ.

કૃષિશાળા સ્ત્રી. ખેતીવાડી સંબંધી શિક્ષણ આપનારી નિશાળ.

કૃષિશિક્ષણ [સં.] ન. ખેતીવાડીનું જ્ઞાન.

કૃષિસભા [સં.] સ્ત્રી. ખેતીવાડી બાબત ચર્ચા ચલાવનારી મંડળી.

કૃષિસમાજ [સં.] પું. ખેડૂતોનું મંડળ.

કૃષિસહાયકમંડળ ૧. ન. ખેડૂત લોકોને મદદ કરવા માટે સ્થાપેલી સભા.

૨. ન. ખેડૂતને મદદ કરવા સ્થપાયેલ કરારની પેઢી.

કૃષિસીમાંત પું. નહીં મળે એવી સાંસુધી જેના ઉપર ખેડૂત શ્રમ અથવા પૂંજીની માત્રા વાપરે તેવી જમીન. જ્યારે નહીં ઓછો થાય ત્યારે તે પોતાની પૂંજી અથવા શ્રમની માત્રા ઓછી કરે છે. જે માત્રા વ.પરવાથી તેને નફો થાય તેને સીમાંતમાત્રા કહે છે અને જે જમીનમાં આ સીમાંતમાત્રા વપરાય છે તેને કૃષિસીમાંત કહે છે.

કૃષીશ્વર પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૃષીવલ ૧. [સં.] પું. કૃષિકાર; ખેડુ.
૨. વિ. ખેતી ઉપર જીવનાર.

કૃષીવલકર્મ ન. ખેડૂતનો ધંધો; ખેતી; ખેડ.

કૃષ્ણ [સં.] પું. શિવ; શંકર.

કૃષ્ટ ૧. [સં.] પું. સામમાં ગવાયેલા સાત સ્વરમાંનો એક.
૨. વિ. ખેડાયેલું; ખેંચાયેલું.
૩. વિ. ખેંચેલું; તાણેલું; ખેંચી કાઢેલું.
૪. વિ. દળીને બેરડું.

કૃષ્ટિ ૧. પું. ખેડૂત; ખેડુ.
૨. પું. મનુષ્યજાતિ.
૩. સ્ત્રી. ખેડાણ; ખેતી.

કૃષ્ણ ૧. પું. અર્જુન.
૨. પું. પૂંઢે મારેલો એક અસુર.
૩. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાની નામની પત્નીથી થયેલા છ માંહેનો ચોથો પુત્ર; પ્રાચીનબર્હિના નાના ભાઈ માંહેનો એક.
૪. પું. ઋગ્વેદના આઠમા મંડલના ૮૫મા સૂક્તનો અને દશમા મંડલના ૪૨–૪૪ સૂક્તોનો કર્તા એક ઋષિ.
૫. પું. (પુરાણ) કપુત્ર એક નાગ.
૬. પું કરમદાનું ઝાડ.
૭. પું. કલિયુગ.
૮. પું. (પુરાણ) કલિયુગમાં કલ્કવંશની પછી થયેલા આંધ્ર વંશના ભણિ રાજાનો ભાઈ. તે આ વંશનો બીજો રાજા હતો.
૯. પું. કાળા ઉમરેડાનું ઝાડ.
૧૦. પું. કાળો રંગ.
૧૧. પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો એક ગોપ મિત્ર.
૧૨. પું. કેતુ.
૧૩. પું. કોયલ.
૧૪. પું. (પિંગળ) ચાર અક્ષરનું એક વૃત્ત. તેના દરેક ચરણમાં તગણ અને લઘુ હોય છે.
૧૫. પું. (પિંગળ) છપ્પઈ છંદનો એક ભેદ. તેમાં ૨૨ ગુરુ અને ૧૦૮ લઘુ મળી ૧૩૦ વર્ણ કે ૧૫૨ માત્રા અથવા ૨૨ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૨૬ વર્ણ કે ૧૪૮ માત્રા હોય છે.
૧૬. પું. ગુગળમાં ભેગવેલ ઘન.
૧૭. પું. જોહ મતાનુસાર એક રાક્ષસ. તે બુદ્ધનો શત્રુ મનાય છે.
૧૮. પું. મોરથૂથુ.
૧૯. પું. યમ.
૨૦. પું. લોઢું.
૨૧. પું. વહિ બહ્મ; અંધારિયું.
૨૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કૃષ્ શબ્દ સત્તાવાચક છે અને ણ શબ્દ આનંદવાચક છે. શ્રીવિષ્ણુમાં બંને ભાવ છે તેથી તે કૃષ્ણ કહેવાય છે.
૨૩. પું. (પુરાણ) વિષ્ણુનો આઠમો અવતાર. સાક્ષાત્ પ્રભુરૂપ મનાયેલા લીલાવતારી શ્રીકૃષ્ણ એ વિષ્ણુનો આઠમો અવતાર મનાય છે. તેમણે દુષ્ટ જનોનો સંહાર કરવા અને સાધુજનોને સુખી કરવા, ધર્મનીતિની સ્થાપના કરવા દ્વાપરયુગમાં મથુરાની દેવકી વસુદેવને ત્યાંરાજકુળમાં પોતાનું અનુપમ સ્વરૂપ બતાવી બાળક રૂપ ધર્યું. દેવકી વસુદેવને તે વાત સ્વપ્નતુલ્ય જણાઈ. એ રીતે કૃષ્ણનો અયોનિસંભવ જન્મ શ્રાવણ વદિ ૮ બુધવારે મધ્ય રાત્રે રોહિણી નક્ષત્રમાં થયો. તે ગોકુળમાં નંદને ઘેર ઊછર્યા. તેમની આકૃતિ મધ્યમ પ્રકારની હતી. નેત્ર કમળ જેવાં, નાસિકા સરળ, અંગકાંતિ શ્યામવર્ણની હતી. તેમને પીળાં વસ્ત્ર પહેરવામાં પ્રીતિ હતી. અધ્યાત્મજ્ઞાનમાં પારંગત હતા. તેમનું કથન કદી મિથ્યા થતું નહિ. સ્નાન સંધ્યાદિક નિત્યકર્મ કરવાની દીક્ષા તેમણે ઉપમન્યુ ઋષિ પાસેથી લીધી હતી. એ શ્યામસુંદર, કમળનયન, રમણીય અવતારમૂર્તિ સાક્ષાત્ વિષ્ણુએ જગદુદ્ધાર અર્થે અવતારદેહ ધારણ કર્યો છે એવું ઋષિમુનિઓએ જાણી લીધું હતું. કૃષ્ણ પૂર્ણ સોળ કળા અવતારી પુરુષ હતા. તેમણે પોતાની યોગમાયાથી જન્મથી માંડીને અગિયાર વર્ષે કંસને મારી સાંસુધી બાળચરિત્રો કર્યાં. મથુરાના ઉમરાવને ગાદીએથી ઉઠાડી મૂકી કંસ ગાદીએ બેઠો અને આજ્ઞા કરી કે કોઈએ રામનામ લેવું નહિ અને યજ્ઞ કરવો નહિ. એણે બ્રાહ્મણ તથા પ્રભુભક્તોને બહુ દુઃખ દીધું. જ્યારે તેના બહેન દેવકે પોતાની કન્યા દેવકીને વસુદેવ સાથે પરણાવી ત્યારે કંસ તેમને ખુશીથી વળાવા જતો હતો. એવામાં આકાશવાણી થઈ કે એનો આઠમો પુત્ર તારો કાળ થશે. કંસે દેવકી વસુદેવ બંનેને કેદમાં રાખ્યાં. દેવકીને થયેલાં સાત સંતાનોનો કંસે નાશ કર્યો. આઠમા સંતાન કૃષ્ણને મારવાને માટે કંસે બહુ યુક્તિ કરી. પોતાની બહેન પૂતનાને તથા બકાસુર, શકટાસુર, તૃણાવર્ત, અઘાસુર, વત્સાસુર, ધેનુક, પ્રલંબ, વૃષભાસુર, કેશી, વ્યોમાસુર વગેરે ઘણા રાક્ષસોને મોકલ્યા, પણ બાળકૃષ્ણે તે સર્વને નાશ કર્યો. છેવટે અક્રૂરને મોકલી કૃષ્ણને મથુરા બોલાવ્યા અને શલ, ઉત્તાલ, ચાણૂર, મુષ્ટિક અને કૂટ એ પાંચ વિકરાળ મલ્લો સાથે યુદ્ધ કરાવી કૃષ્ણને મારી નખાવવાનો વિચાર કર્યો રસ્તામાં કુવલયાપીડ નામના દારૂ પાઈને મસ્ત બનાવેલા હાથીને ઊભો રાખ્યો. અગિયાર વર્ષના સુકુમાર બાળક શ્રીકૃષ્ણે તે હાથીને તથા મલ્લોને મારી નાખ્યા ને કૂદકો મારી કંસને પકડી તેના પ્રાણ લીધા અને માતપિતાને કેદમાંથી છોડાવ્યાં. એક વખત બાળ વયમાં બગાસું આતાં તેણે પોતાના મોઢામાં માતા જશોદાને ત્રણ ભુવન બતાવ્યાં હતાં. તોફાન કરે, ગોરસડાં ફોડે તોપણ સૌ પ્રેમભાવથી તેમને તેડી રમાડતાં. એકવાર કૃષ્ણે માખણ ચોર્યું. ગોકુળમાં ઘેર ઘેર કૃષ્ણરૂપ થઈ ગોરસડાં ફોડી દહીં માખણ તે ખાવા લાગ્યા. ગોપીઓ જશોદા પાસે રાવે આવી. જશોદાએ કહ્યું કે મારો કૃષ્ણ તો પારણામાં જ રમે છે. પછી ગોપીઓએ કૃષ્ણ ઘેરીઓમાં ભાખોડિયાભર ફરે છે એવું દીઠું હતું. કૃષ્ણની માયાનો આવો પ્રભાવ જાણી સૌનો તેમના ઉપર પ્રેમ વધ્યો. એક દિવસે તોફાની કૃષ્ણે ઘરમાં દહીં દૂધનાં મટકાં ફોડી સર્વે ઠેકાણે નાખ્યું અને પોતાના મિત્રોને તે ખવરાવ્યું. માતાએ દામણથી કૃષ્ણને બાંધવા માંડ્યા. બાંધણિયો બસઠતા બસઠતા કૃષ્ણ જ્યાં નલકુબેર અને મણિગ્રીવ નામના કુબેરના બે પુત્ર નારદના શાપથી જમલીના ઝાડરૂપ થયા હતા ત્યાં આવ્યા. બાંધણિયો બટકાતાં તે બંને વૃક્ષ પડી ગયાં અને તેમાંથી બે દિવ્ય પુરુષ નીકળી કૃષ્ણની સ્તુતિ કરી ચાલતા થયા. કૃષ્ણ ગોવાળિયાના છોકરા જેવા વાછરડાં ચારવા લાગ્યા. તે આહીરોની સાથે ખાતાપીતા, તેથી દેવોને શંકા થઈ કે કૃષ્ણ પરમાત્મા આહીરો સાથે ખાય છે માટે યજ્ઞાદિકમાં પવિત્રતા શા માટે જોઈએ ? તેથી પરીક્ષા કરવા બ્રહ્માએ બધાં વાછરાંઓ સંતાડી દીધાં. કૃષ્ણે પોતાની માયાથી તેવા જ રંગનાં બીજાં વાછરડાંઓ બનાવી દીધાં. કાળી નાગને મારી યમુનાનું પાણી વિષમય હતું તે અમૃતતુલ્ય કર્યું. પોતાની મોરલી બજાવી સર્વને તેમણે મોહિત કર્યાં હતાં. ગોકુળની સ્ત્રીઓ વસ્ત્ર રહિત થઈ સ્નાન કરતી હતી તેને લાજમર્યાદા બતાવી. ગોવાળો ઇંદ્રની પૂજા કરતા તેને બદલે ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું કૃષ્ણે કહ્યું. ઇંદ્ર ગુસ્સે થઈ

મૂશળધાર મેઘ વર્ષાવ્યો. કૃષ્ણે ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વત છત્રની પેઠે તોળી રાખ્યો ને તેની નીચે સર્વનું રક્ષણ કર્યું. ઇંદ્ર સર્વે મૂકી કૃષ્ણની સ્તુતિ કરી. આઠ વર્ષની બાળ વયે જશોદા પાસે બેઠાં બેઠાં ૭ માસનાં રાત્રિ દિવસ કર્યાં. મહારાસક્રીડામા સર્વ સ્ત્રીઓની પાસે એક એક કૃષ્ણ ઊભા છે એવી પોતાની યોગમાયા પ્રગટી. રાધા વગેરે સર્વ સ્ત્રીઓને શૃંગારનું પૂર્ણ સુખ આપ્યુ ને સર્વનો ઉદ્ધાર કર્યો. સુદર્શન નામનો વિદ્યાધર અંગિરા ઋષિના શાપથી અજગર થઈને પડ્યો હતો તેનો ઉદ્ધાર કર્યો કૃષ્ણને કૂબડી મટાડી દિવ્ય દેહ આપ્યો. કૃષ્ણ અને તેમના મોટા ભાઈ બળરામ સાંદીપનિ ઋષિને ત્યાં વિદ્યાભ્યાસ માટે ગયા. ત્યાં તેઓએ વેદ, ઉપવેદ, ન્યાય, તત્ત્વજ્ઞાન, ધનુર્વિદ્યા અને નીતિશાસ્ત્રનો અભ્યાસ કર્યો ગુરુદક્ષિણામાં ગુરુનો પુત્ર જે સમુદ્રમાં ડૂબી ગયો હતો તેને પાછો લાવવા પાંચજન્ય દૈત્યને માર્યો, તેનું શંખરૂપ તન પોતે લીધું. એ વધાડી તેણે યમને દર્શન આપી ત્યાંથી ગુરુપુત્રને લઈ આવ્યા. કંસનો સસરો જરાસંધ બળવો દુષ્ટ હતો. તેણે ૨૦૮૦૦ રાજાને કેદ કર્યા હતા. તેનો નાશ કરવા પ્રથમ તેણે મોકલેલા કાળયવનને યુક્તિથી મુચકુંદ પાસે બળાવી નાખ્યો ને પછી ભીમને હાથે તેને મરાવી નાખ્યો અને રાજાઓને છોડાવ્યા. વિશ્વકર્મા પાસે સર્વ યાદવો સમાઈ રહે એવી ઉત્કૃષ્ટ દ્વારકા નગરી વસાવી. યોગમાયાને આજ્ઞા કરી એક રાત્રિમાં સર્વ સંપત્તિ સહિત સર્વને ત્યાં વસાવ્યાં. વૈદર્ભ દેશની રુક્મિણીનું હરણ કર્યું, જાંબુવાનની કન્યા જાંબુવતીને તથા સત્રાજિતની કન્યા સત્યભામાને પરણ્યા. પ્રાગજ્યોતિષપુરના નરકાસુર નામના રાજાએ બળ્યા રાજાઓની કન્યાઓને પકડી કેદ કરી હતી. કૃષ્ણે નરકાસુરને મારી તે સોળ હજાર એકસો કન્યાઓ છોડાવીને તે સાથે પોતે લગ્ન કર્યાં. તેમને મુખ્ય આઠ પટરાણી હતી. તેનાં નામઃ રુક્મિણી, જાંબુવતી, સત્યભામા, ભદ્રા, મિત્રવિંદા, સત્યા, કાલિંદી અને રોહિણી. બાણાસુરના હજાર હાથમાંથી ચાર રાખી બાકીના કાપી નાખી તેનો ગર્વ ઉતાર્યો. પુંડરીક રાજા જુલમ કરતો હતો તેને મારી પ્રજા સુખી કરી પૃથ્વ રાજા સાપથી અંધારા કૂવામાં પડ્યો હતો તેને ચરણ અડાડી દિવ્યદેહી કર્યો. દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવોને સહાય કરી જય અપાવ્યો. યુધિષ્ઠિરે આદરેલા રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણોનું ઝૂઠું ઉપાડવાનું કામ કૃષ્ણે પોતાને હાથે રાખ્યું અને એક બ્રાહ્મણના પ્રેતને તેમણે પોતાના અખંડબ્રહ્મચર્યવ્રતથી સજીવન કર્યું. મદોન્મત્ત શિશુપાળનો નાશ કર્યો તથા પૌંડ્ર, દંતવક્ર, વિદૂરથને મારી નાખ્યા. ગુરુબંધુ સુદામાનું દારિદ્ર્ય ટાળી સુખી કર્યો. કૌરવો પાંડવોને બહુ દુઃખ દેતા. સતી દ્રૌપદીનાં વસ્ત્રો દુઃશાસને ભરસભામાં ખેંચવા પ્રયત્ન કર્યો. એ વખતે ગુપ્તપણે કૃષ્ણે વસ્ત્રો પૂરી સતીની લાજ રાખી. કૌરવોને અનેક વાર કૃષ્ણે સમજાવ્યા છતાં તેમણે પાંડવોને થોડો પણ ભાગ આપવાની ના પાડી, જેથી યુદ્ધનું નક્કી થયું. ત્યારે દુર્યોધન તથા અર્જુન બંને કૃષ્ણની મદદ માગવા ગયા. કૃષ્ણે પોતે યુદ્ધમાં ઊતરવાની ના પાડી, પણ સૈન્ય મોકલવા હા પાડી. દુર્યોધને સૈન્ય માગ્યું. તેથી કૃતવર્મા યાદવને એક અક્ષૌહિણી સૈન્ય લઈ ને મોકલ્યો. તમે યુદ્ધ ન કરશો, પણ અમારી સાથે રહો એવી અર્જુનની માગણીથી કૃષ્ણ અર્જુન સાથે ગયા અને અર્જુનના સારથિ બન્યા. લડાઈની શરૂઆતમાં પોતાનાં આપ્તજનોને સામે ઊભેલાં જોઈ અર્જુને હથિયાર છોડી દીધાં ત્યારે કૃષ્ણે અર્જુનને બોધ આપી લડવા સમજાવ્યો. એ બોધ ગીતામાં કહેલો છે અને તે બુદ્ધિમાન પુરુષોએ મનન કરવા જેવો છે. યુદ્ધમાં શ્રીકૃષ્ણે પાંડવોને યુક્તિઓ બતાવી દુર્યોધનાદિ કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને જય અપાવ્યો. પછી કૃષ્ણ દ્વારકા પાછા આવ્યા. એક સમયે સર્વ યાદવોને લઈ કૃષ્ણ પ્રભાસની યાત્રાએ ગયા, ત્યાં યાદવો મદિરા પીને મસ્ત બન્યા હતા. તેમાં કજિયો થતાં સમુદ્ર કિનારે હથિયારો ખેંચાયાં અને સર્વ મરણ પામ્યા. આ સમણું કૃષ્ણની ઇચ્છાથી જ થયું હતું અને તેમની ઇચ્છાથી જ દુર્વાસા મુનિએ તેવો શાપ આપ્યો હતો. આ સર્વ યાદવો કપાઈ મૂઆ તે વખતે કૃષ્ણ તથા બળરામ દૂર જઈ બેઠા હતા. એ રીતે સર્વનો નાશ કરી પોતે તથા બળરામે વૈકુંઠ જવા વિચાર કર્યો. બળરામે સંતોટી વાળી સમુદ્ર કિનારે જઈ દેહ તજી દીધો. પછી શ્રીકૃષ્ણ પીપળાને ચરે જમણો પગ ડાબા પગના ઘૂંટણ ઉપર મૂકી એકધ્યાનથી બેઠા ત્યાં તેમની જ ઇચ્છાથી જ વાલી નામના વાંદરાનો અવતાર જરા નામનો કોળી નિમિત્ત કારણે મનુષ્ય થઈ આવ્યો. તેણે કૃષ્ણ પરમાત્માના ઝળકતા પગને હરણની આંખ જાણી બાણ માર્યું. પછી પાસે આવી કૃષ્ણને જોઈ પસ્તાવો કરવા લાગ્યો. કૃષ્ણે તેને દિલાસો આપ્યો કે મારી ઇચ્છાથી જ આ થયું છે. એવામાં કૃષ્ણનો સારથિ દારુક આવ્યો. તેને કૃષ્ણે કહ્યું કે મારા સ્વધામ જવાની અને યદુવંશીઓના મરણની વાત તું દ્વારકામાં કહેજે અને કહેજે કે હવે દ્વારકા સમુદ્રમાં ડૂબી જશે. માટે તમો સર્વ સ્ત્રી બાળકો તથા ધનમાલ લઈ અર્જુન સાથે હસ્તિનાપુર જજો. એટલામાં સર્વ દેવતાઓ વિમાનમાં બેસી કૃષ્ણને તેડવા આવ્યા, પણ કૃષ્ણ આંખો મીંચી ધ્યાન કરી વીજળીની પેઠે ચમકારે કરી પોતાના મૂળ સ્વરૂપમાં મળી ગયા. એ રીતે કૃષ્ણે અનેક દુષ્ટોનો સંહાર કરી ભૂમિનો ભાર ઉતાર્યો અને ધર્મ, નીતિ, ન્યાય તથા વિવેકની સ્થાપના કરી તેઓ સ્વધામમાં ગયા. તે મોટા પરોપકારી ને નિર્લોભી હતા રાજવંશી છતાં ગોવાળિયાની સ્થિતિમાં તે ઊછર્યા હતા. તેઓ ચંદ્રવંશી યયાતિ રાજાના પુત્ર યદુના વંશના હતા. દ્વારકા તેમની રાજધાની હતી. તેમના મણિનું નામ કૌસ્તુભ, સારથિનું નામ દારુક, ખડ્ગનું નામ નંદક, શંખનું નામ પાંચજન્ય, મુખ્ય રથનું નામ સુદર્શન ચક્ર, ગદાનું નામ કૌમોદકી હતું. તેઓ શૃંગારમાં વિલાસી હતા. રૂપમાં તેમની બરોબરી કરી શકે એવું કોઈ ન હતું. તેમની મુખમુદ્રા અવલોકન કરનારના મનમાં જુદા જુદા ભાવો પ્રગટ થતા. એમ કૃષ્ણે પોતાની અલૌકિક માયા દેખાડીને પોતાનું પ્રભુત્વ દર્શાવી આપ્યું છે. તેમની ઉત્પત્તિ વિષે એમ કહેવાય છે કે વિષ્ણુએ પોતાના બે વાળ ખેંચી કાઢ્યા. એક ધોળો અને બીજો કાળો. આ બે વાળ રોહિણી અને દેવકીના ઉદરાશયમાં ગયા. ધોળો વાળ બળરામરૂપે અને કાળો વાળ કૃષ્ણ અથવા કેશવરૂપે ઉત્પન્ન થયા. તેમનાં અનેક નામ છે. તેમાં ઉપેંદ્ર, વિષ્ણુ, નારાયણ, વૈકુંઠ, સ્વયંભૂ, દૈત્યારિ, પુંડરીકાક્ષ, ગરુડધ્વજ, પીતાંબર, અચ્યુત, વિશ્વકસેન, જનાર્દન, ચતુર્ભુજ, પદ્મનાભ, મધુરિપુ, ત્રિવિક્રમ, દેવકીનંદન, શૌરી, શ્રીપતિ, પુરુષોત્તમ, અસ્થિધ્વંસી, કંસારાતિ, અધોક્ષજ, વિશ્વંભર, વિધુ, કૈટભજિત્, શ્રીવત્સલાંછન, વનમાળી, વિભુ, કહ્નાન, નંદકિશોર, કનૈયા, શ્યામળિયા, વાસુદેવ, માધવ, નટવર, મદનમોહન, મધુસૂદન, ત્રિવિક્રમ, કેશવ, મુરલીધર, ચક્રપાણિ, સારંગપાણિ, ગરુડગામી, ગોવિંદ, મુરારિ, હૃષીકેશ, ગોપાળ, ગિરિધારી, વ્રજરાજ, દામોદર વગેરે છે. નિજધામ જવા કાળે કૃષ્ણનું વય એકસો પચીસ વર્ષનું હતું

૨૪. પું. વેદવ્યાસ
૨૫. પું. શનિ.
૨૬. પું. શિવ; રુદ્ર.
૨૭. પું. શુકદેવ.
૨૮. પું. (પુરાણ) શુક્રાચાર્યને પીળરીને પેટ થયેલા ચાર માંહેનો એક પુત્ર.
૨૯. પું (સંગીત) સામમાં જણાવેલ સાત માંહેનો એક સ્વર.
૩૦. પું. સૂરજ.
૩૧. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૩૨. ન. (પુરાણ) અથર્વવેદનું એ નામનું ઉપનિષદ.
૩૩. ન. ઊંચી જાતનું કાળું અત્તર.
૩૪. ન. એક જાતનો ક્ષુપ.
૩૫ ન. કદમ્બનું ઝાડ.
૩૬. ન. કાળાં મરી.
૩૭. ન. ખરાબ કર્મ.
૩૮. ન. ચંદનું ઘાણું.
૩૯. ન. દશાવતારી ગંજીફાના પાનાની એક જાત.
૪૦. વિ. અપ્રમાણિકપણે એકઠું કરેલ.
૪૧. વિ. આકર્ષણ કરનાર; ખેંચનાર.
૪૨. વિ. કાળું.
૪૩. વિ. યજુર્વેદની એ નામની એક શાખાનું.
૪૪. વિ. હિંસક; મારી નાખનાર. આટકી, પારધી વગેરે લોકોનો કૃષ્ણ જાતિમાં સમાવેશ થાય છે.

કૃષ્ણક ૧. [સં.] પું. કાળો સરસવ.
૨. ન. કાળા મૃગનું ચામડું.

કૃષ્ણકઠોરો પું. એક જાતનો પ્યાલો; એક જાતનું દાર્શનિક રમકડું. તેમાં કૃષ્ણની મૂર્તિને ૧ મનુષ્યની આકૃતિને પાણી અડે કે તરત પાણી નીકળવા માંડે. આ પ્યાલામાંની આકૃતિમાં એક વકનળી હોય છે. તે નળીનો લાંબો છેડો પ્યાલાના નીચેના ભાગમાંથી પસાર થાય છે. જ્યારે પ્યાલામાં પાણી રેડવામાં આવે ત્યારે આકૃતિના મોઢા સુધી પાણી ચડે. મોઢાની નીચે વકનળીનું મુખ હોય છે, તેથી વધારે પાણી નાખવાથી વકનળીને બીજે છેડેથી પાણી નીકળી જાય છે.

કૃષ્ણકમળ સ્ત્રી. એ નામની એક જાતની કૂલવેલ. ચોમાસામાં વધતી આ વેલનાં ફૂલ મધુર વાસવાળાં કમળ જેવાં અને આકર્ષક હોય છે.

કૃષ્ણકર્કટક [સં.] પું. એક જાતનો કરચલો.

કૃષ્ણકર્ણિયાર [સં.] ન. કાળી કણેરનું ઝાડ.

કૃષ્ણકર્મ ૧. [સં.] ન. પ્રભુને અર્પણ કરવાની બુદ્ધિથી કરેલું કર્મ.
૨. ન. વસ્ત્ર ઉપર કાળાશ લાવનારી એક વૈદક ક્રિયા.
૩ ન. હિંસા વગેરે પાપકારી કામ; શાસ્ત્ર નિષિદ્ધ પાપકર્મ. કર્મના ચાર પ્રકારઃ શુક્લ, કૃષ્ણ, શુક્લકૃષ્ણ તથા અશુક્લાકૃષ્ણ.

કૃષ્ણકલિ [સં.] પું. એક જાતનું ઝાડ. તેમાં લગભગ ફૂલ જ હોય છે.

કૃષ્ણકેત ૧. [સં.] ન. રાતું કમળ.
૨. ન. સાધારણ શરીરવાળા જીવોનો એક પ્રકાર.

કૃષ્ણકોક [સં. કૃષ્ણ (કાળું) + કોક (કાગડો)] પું. એક જાતનો કાળો કાગડો.

કૃષ્ણકોકી [સં.] સ્ત્રી. એક જાતની કાળી કાગડી.

કૃષ્ણકોથ [સં. કૃષ્ણ (કાળું) + કોથ (શરીર)] પું. પાડો.

કૃષ્ણકોયષ્ટિ [સં. કૃષ્ણ (કાળું) + કોયષ્ટિ (શરીર)] સ્ત્રી. ભેંસ.

કૃષ્ણકોરંટી સ્ત્રી. મહારાષ્ટ્રના જંગલમાં ઊગતી એક જાતની વનસ્પતિ. તેમાં પસીનો ઉત્પન્ન કરવાનો ગુણ છે. તેનાં મૂળિયાં લોહી સુધારે છે. વળી તે વાતનાશક, મૂત્રોત્પાદક, અગ્નિકર, રક્તશુદ્ધિકર અને વિષનાશક મનાય છે.

કૃષ્ણકોષ્ઠ [સં.] ન. કાળું અત્તર.

કૃષ્ણકેલી સ્ત્રી. ગુલબાસ.

કૃષ્ણકેશર ન. કાળું કેસર.

કૃષ્ણકોલ્હલ [સં.] પું. ભુંગારી.

કૃષ્ણક્ષતરોગ [સં.] પું. નેત્રની કાળી કીકીમાં થતો એક રોગ.

કૃષ્ણગતિ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચિત્રક વૃક્ષ.
૩. સ્ત્રી. જીવની સ્વર્ગાદિ લોકમાં થતી ગતિ.

કૃષ્ણગતિકા ૧. પું. અગ્નિ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, જગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.
૩. પું. ચિત્રક વૃક્ષ.

કૃષ્ણગર્ભ [સં.] પું. અગરુ.

કૃષ્ણગંગા [સં.] સ્ત્રી. કૃષ્ણા નદી. તે પશ્ચિમ ઘાટમાંથી નીકળી બંગાળાના ઉપસાગરમાં પડે છે.

કૃષ્ણગંધ [સં.] પું. સરગવાનું ઝાડ.

કૃષ્ણગંધા [સં.] સ્ત્રી. સરગવો.

કૃષ્ણગિરિ ૧. પું. કારાકોરમ પર્વત; મસ્તગ.
૨. પું. નીલગિરિ પર્વત.

કૃષ્ણગોધા [સં.] પું. એક જાતનો ઘોરો.

કૃષ્ણગ્રીવ ૧. [સં. કૃષ્ણ (કાળું) + ગ્રીવા (ડોક)] પું. મહાદેવ; શંકર.
૨. વિ. કાળી ડોકવાળું.

કૃષ્ણચકલી સ્ત્રી. કાળી ચકલી.

કૃષ્ણચક્ર [સં.] ન. કૃષ્ણ ભગવાનનું હથિયાર; સુદર્શનચક્ર.

કૃષ્ણચતુર્દશી [સ.] સ્ત્રી. અંધારિયા પક્ષની ચૌદશ; અંધારી ચૌદશ; અમાસ પહેલાંનો દિવસ.

કૃષ્ણચમેલી સ્ત્રી. એક જાતનો વેલો; સુંદરવેલ. તેનાં પાન કાપવાળાં અને સુંદર હોય છે. તેને આસમાની ફૂલ અને રાતા ગોળ ફળ થાય છે.

કૃષ્ણચરણ પું. એક જાતનો છોડ.

કૃષ્ણચરિત ૧. [સં.] ન. કૃષ્ણના જેવું કૃત્ય.
૨. ન. ખરાબ કામ; કાળું કૃત્ય.

કૃષ્ણચરિત્ર ૧. [સં.] ન. કૃષ્ણની હકીકત.
૨. ન. પાપી કામ; કાળું કર્મ.

કૃષ્ણચર્મ [સં. કૃષ્ણ (કાળું) + ચર્મન્ (ચામડું)] ન. કાળિયાર હરણનું ચામડું.

કૃષ્ણચંદ્ર [સં.] પું. ચંદ્ર જેવા શોભાયમાન કૃષ્ણ; શ્રીકૃષ્ણ.

કૃષ્ણચૂડ (કૃષ્ણચૂડ) ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેને કેસરિયા રંગનાં ફૂલ આવે છે.
૨. સ્ત્રી. મજદૂરી.

કૃષ્ણચૂડા (કૃષ્ણચૂડ) ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ
૨. સ્ત્રી. ગુંજા; ચણોઠી.

કૃષ્ણચૂડાર [હિં.] ન. એક જાતનું ફૂલ.

કૃષ્ણચૂડિકા [સં.] સ્ત્રી. ચણોઠી.

કૃષ્ણચૂર ન. એક જાતનું ઝાડ. તેને રાતા રંગનાં પાન થાય છે.

કૃષ્ણચૂર્ણ [સં.] ન. લોહાનો ભેસ.

કૃષ્ણજટા [સં.] સ્ત્રી. જટામાંસીનો છોડ.

કૃષ્ણજયંતિ [સં.] સ્ત્રી. જન્માષ્ટમી; ગોકુળાષ્ટમી; શ્રાવણ વદિ આઠમ.

કૃષ્ણજીર [સં.] ન. કાળું જીરું.

કૃષ્ણજીરક [સં.] ન. કાળજીરું; કાળું જીરું.

કૃષ્ણજીરકાદિલેપ પું. (વૈદક) દાદર, ઉંબર અને વિચર્ચિકા એટલે ખસના રોગ ઉપર વપરાતો એક લેપ. કાળું જીરું, કાસમર્દનાં બીજ, કુવાડિયાનાં બીજ અને કરંજનાં બીજ સમભાગે લઈ તેના બારીક ચૂર્ણને ગોમૂત્રમાં વાટવાથી આ લેપ બને છે.

કૃષ્ણજીરાક જુઓ કૃષ્ણજીરક.

કૃષ્ણતંડુલા ૧. [સં.] સ્ત્રી. કણેરકોટ નામનો વેલો.
૨. સ્ત્રી. પીપર.
૩. સ્ત્રી. વાવડિંગ.

કૃષ્ણતા [સં.] સ્ત્રી. કાળાશ; કાળાપણું.

કૃષ્ણતાક્ષ [સં] પું. એક જાતનું ચંદનવૃક્ષ. તે રાતા ભૂરા રંગનું હોય છે.

કૃષ્ણતાર [સં.] પું. કાળો મૃગ.

કૃષ્ણતારી [સં.] સ્ત્રી. કાળી મનલી.

કૃષ્ણતાલુ [સં. કૃષ્ણ (કાળું) + તાલુ (તાળવું)] પું. તાળવા ઉપર કાળું ચાઠું હોય તેવો ઘોડો.

કૃષ્ણતાળ સ્ત્રી. તાળવું કાળું હોય એવી ઘોડાની એક ખોડ.

કૃષ્ણતાળુ જુઓ કૃષ્ણતાલુ.

કૃષ્ણતિલ [સં.] પું. કાળા તલ.

કૃષ્ણતુળસી સ્ત્રી. શ્યામતુળસી. એનાં પાંદડાં કાળાશ પડતા રતૂમડાં રંગનાં હોય છે અને તે દવામાં વપરાય છે.

કૃષ્ણત્વ [સં.] ન. કાળાશ; કાળાપણું.

કૃષ્ણદેહ ૧. [સં.] પું. કાળા રંગનું શરીર.
૨. પું. ભમરો; ભમર.
૩. વિ. કાળા શરીરવાળું.

કૃષ્ણદોષ [સં. કૃષ્ણ (કાળું) + દોષ (ખામી)] પું. ઘોડાની દ્રષ્ટા માહેની એક ખામી, તેમાં કાળા ડાઘા હોય છે.

કૃષ્ણદ્યુમ્નિક પું. ઋગ્વેદના આઠમા મંડલના ૮૭મા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

કૃષ્ણદ્વૈપાયન [સં.] પું. (પુરાણ) વ્યાસમુનિ; પરાશરના પુત્ર વેદવ્યાસ. ઉપરિચર નામે પ્રસિદ્ધ થયેલા વસુ રાજાની વાસવી નામની ધીવરને ત્યાં મૂકેલી કન્યાને કુમાર દશામાં પરાશર ઋષિથી એ ઉત્પન્ન થયો હતો, માટે તેને પારાશર્ય પણ કહે છે. યમુના નદીનો વર્ણ કાળો છે અને તેમાંના બેટમાં એમનો જન્મ થયો હતો તેથી એને દ્વૈપાયન અથવા કૃષ્ણદ્વૈપાયન કહેલ છે. તેમ જ એણે બદરીવનમાં તપ કર્યું હતું એટલે તેને બાદરાયણ પણ કહેલ છે. એણે વેદની કેટલીક ક્રમ શાખાનું ઉદ્ધરણ કર્યું તેથી એ વ્યાસ પણ કહેવાય છે. જન્મ થયો કે તરત 'મને સ્મરણ કરતાં હું આવીશ' એવું પોતાની માતા સત્યવતીને વરદાન આપી તપ કરવા ચાલ્યો ગયો હતો. આમળ જતાં શાંતનુનો વંશ જવા વખત આવ્યો ત્યારે સ્મરણ કરવાથી તેણે આવીને વંશ રાખ્યો હતો. કલ્પ પર્યંત પોતે ચિરંજીવી મનાય છે.

કૃષ્ણધતૂર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એનાં બિયાંમાંથી ધતૂરણ નામનો રસ નીકળે છે. તેમાં તેલ નાખી દાદર ઉપર ચોપડાય છે.

કૃષ્ણધન [સં.] ન. ખુમાર વગેરેથી મેળવેલ પૈસો.

કૃષ્ણનકુલ [સં.] પું. કાળો નોળિયો.

કૃષ્ણનગર ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન; બગડી. અહીં કૃષ્ણની પાષાણની તથા રાધાજીની ધાતુની મૂર્તિ છે. ૪૦૦ વર્ષ પહેલાં બગડીના રાજાની મદદથી પરમ ભક્ત રાજધર રામજીએ તે મૂર્તિની સ્થાપના કરી હતી.

કૃષ્ણપક્ષ [સં.] ન. અંધારિયું પખવાડિયું; વદિ પક્ષ.

કૃષ્ણપખ જુઓ કૃષ્ણપક્ષ.

કૃષ્ણપખ [સં. કૃષ્ણપક્ષ] પું.; ન. વદિ પક્ષ; અંધારિયું.

કૃષ્ણપટલ ૧. ન. એ નામની એક વનસ્પતિ.
૨. ન. કાળું પડ.

કૃષ્ણપટલિકારોગ પું. આંખનો એક રોગ; તમોદૃષ્ટિ; તમઃપટલિકા. આ રોગમાં આંખની સામે કાળું કૂંડાળું દેખાય છે.

કૃષ્ણપહ્વી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કૃષ્ણપદી [સં.] સ્ત્રી. કાળા પગવાળી સ્ત્રી.

કૃષ્ણપરાશર પું. (પુરાણ) પરાશર કુળમાં થયેલ ઋષિ અને તેમનું કુળ. એ કુળમાં કાષ્ણાયન, કપિમુખ, કાશસ્થ, અજઃપાલિ અને પુષ્કર એ મુખ્ય ઋષિ હતા.

કૃષ્ણપર્ણી [સં.] સ્ત્રી. કાળાં પાંદડાંવાળા તુળસી; શ્યામતુલસી

કૃષ્ણપવિ [સં.] પું. અગ્નિ.

કૃષ્ણપાઠ [સં.] પું. કરમદાનું ઝાડ.

કૃષ્ણપાઠફલ ૧. [સં.] પું. કરમદાનું ઝાડ.
૨. ન. મોટું કરમદું.

કૃષ્ણપિંગલ ૧. પું. દક્ષિણ ભાગમાં મહેશ્વર કૃષ્ણવર્ણ અને વામ ભાગમાં ઉમા પીંગળવર્ણ એવા બંને સ્વરૂપે અર્ધનારીનટેશ્વર રૂપ વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. વિ. કાળા અને પીંગળા રંગવાળું.

કૃષ્ણપુચ્છ ન. માળવું.

કૃષ્ણપુષ્પ [સં.] પું. કાળો ધતૂરો.

કૃષ્ણપુષ્પી ૧. [સં.] સ્ત્રી. ત્રિપત્ર વૃક્ષ.
૨. સ્ત્રી. મેંદી, કેમકે તેનાં બી તથા ફૂલ કાળાં થાય છે
૩. સ્ત્રી. રાઈનો એક.

કૃષ્ણપ્રતિપક્ષ [સં.] પું. અંધારિયું પખવાડિયું; વદિ પક્ષ.

કૃષ્ણફલ [સં.] પું. કરમદાનું ઝાડ.

કૃષ્ણફલા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; સોમરાજી.
૨. સ્ત્રી. કાળી વાલોળ.
૩. સ્ત્રી. નાનાં જંતુની એક જાત.
૪. સ્ત્રી. બાવચી.
૫. સ્ત્રી. મરી.

> વિક્રત વચના કોલકર, કૃષ્ણફલા એ નામ,
> મરચી મોટું મેળની વધુ કહું શું વામ.
> ત્રિમળલધુકોષ

કૃષ્ણફળ જુઓ કૃષ્ણફલ.

કૃષ્ણબલરક્ષ [સં.] પું. કાળો અને ધોળો રંગ.

કૃષ્ણબંધુજીવ પું. કાળાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

કૃષ્ણબીજ ૧. [સં.] પું. તરબૂચ; કાલિંગડું.
૨. પું. સરગવાનું ઝાડ.

કૃષ્ણભક્ત પું. કૃષ્ણનો ભક્ત; કૃષ્ણની ભક્તિ કરનાર.

કૃષ્ણભરમ [સં.] સ્ત્રી. એક જાતની ભરમ.

કૃષ્ણભાગ [સં.] પું. ફોફી.

કૃષ્ણભુજંગ ૧. પું. કાળો કૃષ્ણ.
૨. [સં.] પું. કાળો નાગ.

કૃષ્ણભૂમ પું. કૃષ્ણભૂમિવાળો પ્રદેશ.

કૃષ્ણભૂમિ [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. કાળી જમીન.

કૃષ્ણભૂમિજ [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન) + જ (થયેલું)] વિ. કાળી જમીનમાં ઉત્પન્ન થનાર.

કૃષ્ણભૂમિજા [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન) + જા (થયેલી)] સ્ત્રી. એક જાતનું ઘાસ; ગોમૂત્રિકા તૃણ.

કૃષ્ણભેડા [સં.] સ્ત્રી. કાળા રંગનું કરું. કરુની કાળી અને પીળી બે જાત થાય છે.

કૃષ્ણભોજ સ્ત્રી. મોટા કદવાળી, રેસા વગરની કેરીની એક મીઠી જાત.

કૃષ્ણમણિ [સં.] પું. નીલમ.

કૃષ્ણમત પું. (સંગીત) રાગના પાંચ માંહેનો એક મત. શ્રી કૃષ્ણ સંગીતમાં પારંગત મનાય છે, માટે સંગીતશાસ્ત્ર વિષે તેમનો પણ મત છે. તેમના મતમાં ઠુમરી, દાદરો, કજરી હલ્લાદિ રસિક અને કાનને મિષ્ટ લાગે એવો ગાવાનો ઢંગ છે. તેમનો મત કેટલેક દરજ્જે શિવમતને મળતો છે. મુખ્ય રાગ ૭ અને તેની ઋતુઓ શિવમત પ્રમાણે જ છે. પણ રાગિણી અને પુત્રમાં નીચે મુજબ તફાવત છે:

૧. શ્રી રાગ: ઋતુ શિવમત પ્રમાણે તેના પરિવાર સહિત છે. તેની ૭ રાગણીનાં નામ: (૧) ગૌરી, (૨) કુલાહલ, (૩) ધવલ, (૪) રૌશની, (૫) માલકોશ, (૬) દેવગંધાર. તેના આઠ પુત્રનાં નામ: (૧) સિંધુ, (૨) મ.લવ, (૩) કલ્યાણ, (૪) ગુણસાગર, (૫) કુંભ, (૬) મલીર, (૭) અગ્ર, (૮) અગ્રક.

૨. વસંતઃ ઋતુ એના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની છ રાગિણીનાં નામઃ (૧) અનહોલી, (૨) ગમકી, (૩) પટમંજરી, (૪) ગૌડગિરી, (૫) ધાનકી, (૬) દેશાખ. તેના આઠ પુત્રનાં નામઃ (૧) ચદ્રબિંબ, (૨) મંગલ, (૩) શોભા, (૪) આનંદ, (૫) વિનોદ, (૬) પ્રધાન, (૭) ગૌરા, (૮) હિંડોલ.

૩. પંચમઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે તેની છ રાગિણીનાં નામઃ (૧) ત્રિવેણી, (૨) સર્વતીર્થો, (૩) અનારી, (૪) કુકુભા, (૫) બૈસરી, (૬) આશાવરી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) કુતલ, (૨) કમલ, (૩) કલિંગ, (૪) ચંપક, (૫) કુસુમ, (૬) રામ, (૭) લલિત, (૮) હિમાલ.

૪. ભૈરવઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની છ રાગિણીનાં નામઃ (૧) ભૈરવી, (૨) ગુજરી, (૩) ભિલાવલી, (૪) ભાગા, (૫) કરનાટી, (૬) રક્તહંસા. તેના આઠ પુત્રનાં નામઃ (૧) હરખ, (૨) દેશાખ, (૩) માલકોશ, (૪) માધવ, (૫) ભિલાવલ, (૬) બહુનેહ, (૭) મધુ, (૮) લલિત.

૫. મેઘઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની છ રાગિણીનાં નામઃ (૧) બગાલી, (૨) મધુરા, (૩) ક્રામોદ, (૪) ધનશ્રી, (૫) દેવતીર્થો, (૬) દીવાલી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) જલધર, (૨) સારંગ, (૩) કિદારા, (૪) શંકરાભરણ, (૫) મલ્હારવા, (૬) ગજધર, (૭) ગંધાર, (૮) સહાના.

૬. નટનારાયણઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમણે છે. તેની છ રાગિણીનાં નામઃ (૧) ત્રિવનકી, (૨) તિલકી અથવા તિલગી, (૩) પૂરબી, (૪) ગંધારી, (૫) રામા, (૬) સિંધ મલ્હારી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) દીપક, (૨) મેવડ, (૩) મલ્હાનક, (૪) પ્રબલ, (૫) ચદ્ર, (૬) નંદ, (૭) ભવર, (૮) ખોખર.

કૃષ્ણમત મુજબ રામરાગિણીનો વખત નીચે પ્રમાણે છેઃ (૧) ભૈરવી, (૨) ભૂપાલી, (૩) મદમાધ, (૪) દેશાખ, (૫) મલ્હાર, (૬) ભિલાવલ (૭) ગુજરી, (૮) બગાલ, (૯) શ્યામ, (૧૦) માલશ્રી, (૧૧) ધન્યાશ્રી, (૧૨) મેઘ, (૧૩) પંચમ, (૧૪) દેશકાર, (૧૫) ભૈરવ, (૧૬) લલિત, (૧૭) વસંત પ્રભાદિ રાગ સવારના પહેલા પહોરમાં ગાવા. (૧) માલકોશ, (૨) આશાવરી અથવા સામેરી, (૩) પટમંજરી, (૪) રેવા, (૫) ગુનકલી, (૬) રામકલી, (૭) સોરઠ પ્રભાદિ રાગ દિવસના બીજા પહોરે ગાવા. (૧) બૈરાગી, (૨) રોડી, (૩) કામોદી, (૪) સુઘરાઈ, (૫) ગંધારી, (૬) નાગદહન, (૭) સિંધ, (૮) દેશી, (૯) શંકરાભરણ પ્રભાદિ રાગ દિવસના ત્રીજા પહોરે ગાવા. (૧) શ્રી રાગ, (૨) માલવા, (૩) ગૌરી, (૪) નિરવન, (૫) નટ, (૬) કમાચ, (૭) નદ, (૮) કિદારા, (૯) અહીરી, (૧૦) કરનાટી, (૧૧) બડહસ, (૧૨) બહારી, (૧૩) હમ્મીરનાટ પ્રભાદિ રાગ સંધ્યા વખતે ગાવા. આ મતનો પ્રવર્તક તાનસેન મનાય છે.

કૃષ્ણમત્સ્ય [સં. કૃષ્ણ (કાળું) + મત્સ્ય (માછલું)] પું. એક જાતનું માછલું.

કૃષ્ણમસૂરિકા સ્ત્રી. એક જાતનો શીતળાનો ભયાનક રોગ. ખાસ કરીને યુવાન લોકોને જ આ શીતળા નીકળે છે. જેણે શીતળા ન ટંકાવ્યાં હોય તેને આ રોગ થાય. તેમાં સખ્ત માથાનો દુખાવો, ઊલટી અને બરડો નખાઈ જાય. બીજે દિવસે ચોટલે પહેલા ૨૪ કલાકની અંદર રાતા રંગના દાણા દેખાય. કોઠાક વખતમાં રક્તસ્રાવ થઈ થાય. ચહેરો લાલ થઈ સૂજી જાય. આથિને ત્રીજે દિવસે નાક, મૂત્રમાર્ગ, ગુદા અને આમાશય વગેરેની શ્લેષ્મ કલામાંથી રક્તસ્રાવ થઈ થાય. જો આરામ ન થાય તો રોગી સાતમે દિવસે મૃત્યુ પામે. આ શીતળાના ઉપદ્રવ થાવે બીજા અનેક પ્રકારના ઉપદ્રવ પણ થાય છે.

કૃષ્ણમંડલ ૧. [સં.] ન. આખની કીકીની આજુબાજુનો વર્તુલાકાર કાળો ભાગ.

૨. ન. કૃષ્ણની સભા.

કૃષ્ણમંડળી જુઓ કૃષ્ણમડલ.

કૃષ્ણમંત્ર પું. કૃષ્ણ ભગવાનનો મંત્ર.

કૃષ્ણમિશ્ર પું. એ નામનો કવિ. તેણે ઈ. સ. ૧૧૫૭માં પ્રબોધચદ્રોદય નામનું એક નાટક લખ્યું છે.

કૃષ્ણમુખ ૧. પું. એક દાનવનું નામ.

૨. [સં. કૃષ્ણ (કાળું) + મુખ (મોઢું)] પું. કાળા મોઢાનો વાંદરો.

૩. વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમુખા ૧. પું. એ નામનો એક દાનવ.

૨. પું. કાળા મુખવાળો વાંદરો.

૩. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઉપલસરી.

૪. ન. કાળું મોં.

૫. વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમુખી ૧ [સં.] સ્ત્રી. કાળા મોંવાળી વાંદરી.

૨ વિ સ્ત્રી. કાળા મોંવાળી.

કૃષ્ણમુખું વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમૂગ [સં.] પું. કાળિયાર મૃગ; કાળુ હરણ.

કૃષ્ણમૃત્તિક [સં. કૃષ્ણ (કાળું) + મૃત્તિકા (માટી)]] પું. કાળા માટીવાળો દેશ.

કૃષ્ણમૃત્તિકા [સં કૃષ્ણ (કાળું) + મૃત્તિકા (માટી)] સ્ત્રી. કાળી માટી.

કૃષ્ણમેહ [સં.] પું. કાળો પેશાબ થાય એવો એક રોગ.

કૃષ્ણમેહિત [સં.] વિ. કાળા પેશાબનું દર્દ થયું હોય એવું.

કૃષ્ણયજુર્વેદ પું. યજુર્વેદની બે મોટી અને નામની એક શાખા. વેદવ્યાસે પોતાના પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમંતુ એ નામના ચાર શિષ્ય ઉપર અનુગ્રહ કરી અનુક્રમે ઋક્, યજુષ્, સામ અને અથર્વવેદ એ વેદ ભણાવ્યા. વૈશંપાયને પોતે અધ્યયન કરેલા યજુર્વેદની ૮૬ શાખા કરી તે પોતાના શિષ્યોને શીખવી. યાજ્ઞવલ્ક્યે પ્રથમ પોતાના મામા વૈશંપાયન ઋષિ પાસે વેદવિદ્યાનો અભ્યાસ કર્યો હતો, પણ પાછળથી તે શીખેલી વેદવિદ્યા તેમને પોતાના ગુરુની આજ્ઞાથી વમન કરવી પડી હતી. અંત્યારાઇએ વમન કરેલી એ વિદ્યાને વૈશંપાયન અને બીજા વિદ્યાલોભી શિષ્યો તિત્તિર પક્ષીનું ચોટલે તેતરનું રૂપ ધારણ કરીને ભક્ષણ કરી ગયા. અંત્યારાઇએ વમન કરેલી અને બીજા શિષ્યોએ ભક્ષણ કરેલી તે વેદવિદ્યા ભારથી કૃષ્ણયજુર્વેદને નામે પ્રસિદ્ધ થઈ. તેની અંદર સ્વરભારવાળું ગદ્ય જોવામાં આવે છે. વચ્ચે વચ્ચે પદ્યરૂપે યજ્ઞની સ્તુતિ કરનારા મંત્રો જોવામાં આવે છે, તો કોઈ વાર યજ્ઞ કેમ કરવો તે બતાવનારા તેમ જ યજ્ઞના દેવતાની સ્તુતિ કરનારાં સૂક્તો પણ જોવામાં આવે છે. તેની ભાષા ઋગ્વેદની ભાષા કરતાં આધુનિક લાગે છે, પણ બરોબરી રીતે જોતાં ઋગ્વેદના દશમા મંડળની ભાષામાં ને યજુર્વેદની ભાષામાં મોટો ભેદ નથી. વળી ઋગ્વેદની માફક યજુર્વેદમાં પણ સ્વરભાર જોવામાં આવે છે. તેની તૈત્તિરીય, મૈત્રાયણીય, કઠ વગેરે શાખાઓમા કૃષ્ણાર જોવામાં આવે છે. તૈત્તિરીય શાખામાં સાત ભાગ અને ૪૪ પાઠ છે અને પાઠના અનુપાઠ એવા ચેટા ભાગ પાડ્યા છે. આગ્નિક, માસિક, વાર્ષિક વગેરે વિવિધ પ્રકારના યજ્ઞોનું આમાં વર્ણન કરેલું છે.

કૃષ્ણયંત્ર પું. હળ.

કૃષ્ણયામ [સ.] પું. અગ્નિ.

કૃષ્ણયુગ [સં.] પું. કૃષ્ણયુગ્મ.

કૃષ્ણરંગી ૧. [સં.] વિ. કાળા રંગનું.

૨. વિ. કૃષ્ણ ભગવાનના જેવું.

કૃષ્ણરાજ ૧. [સં.] પું. જુવારનો પક્ષી.

૨. પું. રાષ્ટ્રકૂટ વંશમાં થઈ ગયેલ એ નામનો રાજા.

કૃષ્ણરાજ ૧. સ્ત્રી. અંધારાનો ઢગલો; અંધારી જગ્યા.
૨. સ્ત્રી. ગાઢી.

કૃષ્ણરાજા સ્ત્રી. ભાભરી નામની ઔષધિ.

કૃષ્ણરાજી [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; પનદી. આ વેલની ડાંડલી ઉપર પણ કાળા વાળ જેવાં ફોતરાં થાય છે.

કૃષ્ણરેખા [સં.] સ્ત્રી. કાળી લીટી.

કૃષ્ણલ ૧. પું. એક જાતનો સિક્કો.
૨. [સં.] પું. અણોડીનું ઝાડ.
૩. પું. અણોડીભાર વજન.
૪. પું. રતી; ગુંજારત્ન.
૫. ન. સોનાનો દુકડો.

કૃષ્ણલક ૧. [સં.] પું. અણોડી.
૨. ન. અણોડીભાર વજન.

કૃષ્ણલતા ૧. સ્ત્રી. કાળા ઉપલસરી.
૨. સ્ત્રી. કાળી તુલસી.

કૃષ્ણલવણ [સં.] ન. એક જાતનો ક્ષાર; સંચળ.

કૃષ્ણલા ૧. [સં.] સ્ત્રી. અણોડી.

કાલમ્યામા કૃષ્ણલા ગુંજ કરે અકામ,
મુખ પર છાઈ રહ્યામતા થઈ શ્યામનું નામ.
પિંગલસપ્રકોષ

૨. સ્ત્રી. સીસમનું ઝાડ.

કૃષ્ણલીલા [સં.] સ્ત્રી. કૃષ્ણ ભગવાનની લીલા.

કૃષ્ણલેશ્યા સ્ત્રી. (જૈન) જીવના ૬ પ્રકારના અધ્યવસાય માંહેનો એક જાતનો મલિન અધ્યવસાય.

કૃષ્ણલોહ [સં.] પું. લોહચુંબક.

કૃષ્ણવક્ત્ર ૧. [સં. કૃષ્ણ (કાળું) + વક્ત્ર (મોઢું)] પું. કાળા મુખવાળો વાનર.
૨. વિ. કાળા મુખવાળું.

કૃષ્ણવક્ત્રા ૧. [સં.] સ્ત્રી. કાળા મુખવાળી વાનરી.
૨. વિ. સ્ત્રી. કાળા મોઢાવાળી.

કૃષ્ણવર્ણ ૧. પું. અરીઠો.
૨. [સં.] પું. કાળો રંગ.
૩. પું. (જ્યોતિષ) રાહુ ગ્રહ.
૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૫. પું. ચકમક.
૬. વિ. કાળું; કાળા રંગનું.

કૃષ્ણવર્ણી [સં.] વિ. સ્ત્રી. કાળા રંગની; શ્યામવર્ણી; કાળી.

કૃષ્ણવર્ત્મા ૧. [સં. કૃષ્ણવર્ત્મન્] પું. અગ્નિ.
૨. પું. ચિત્રક. કાળાં ફૂલવાળા ચિત્રકને કૃષ્ણવર્ત્મા કહે છે.
૩. પું. (જ્યોતિષ) રાહુ.
૪. ન. શ્રીકૃષ્ણરૂપ રાજસૂ.
૫. વિ. દુષ્ટ કામ કરનાર.

કૃષ્ણવર્વર [સં.] પું. કાળી તુલસી.

કૃષ્ણવર્વરક [સં.] પું. કાળી તુલસી.

કૃષ્ણવલ્લિકા ૧. [સં.] સ્ત્રી. જતુકા નામનો વેલો.
૨. સ્ત્રી. પનદી; કૃષ્ણમલ્લિકા. આ પનદીની વેલ કાળા રંગની થાય છે.

કૃષ્ણવલ્લી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉપલસરી.
૨. સ્ત્રી. એક જાતની વેલ; નાગદમની. તેનાં મૂળ કાળાં અને બીજ અણો હોય છે. તે પારદબંધન માટે વપરાય છે
૩. સ્ત્રી. કાકડી.
૪. સ્ત્રી. કાળી તુલસી.

કૃષ્ણવંતા સ્ત્રી. વેલ પાટલાનું ઝાડ.

કૃષ્ણવાનર [સં.] પું. એક જાતનો વાંદરો.

કૃષ્ણવાનરી [સં.] સ્ત્રી. એક જાતની વાંદરી.

કૃષ્ણવિલાસ ૧. પું. ઉઘાડ રમત.
૨. [સં.] પું. કૃષ્ણની લીલા.

કૃષ્ણવિષાણ ન. શીંગડું.

કૃષ્ણવિષાણા ૧. [સં.] સ્ત્રી. વજ્રમાનને બનાવવાનું એક સાધન.
૨. સ્ત્રી. શીંગડું.

કૃષ્ણવીજ ૧. [સં.] પું. રાતો સરગવો.
૨. ન. તરબૂચ.

કૃષ્ણવૃંતા ૧. પું. જંગલી અડદ.
૨. સ્ત્રી. કાંકચ.
૩. [સં.] સ્ત્રી. પાઠા વનસ્પતિ.
૪. સ્ત્રી. સીતાફળ

કૃષ્ણવૃંતિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગાંભારી.

કૃષ્ણવેણા [સં.] સ્ત્રી. એ નામની ભરતખંડની પવિત્ર નદી; કૃષ્ણા નદી.

કૃષ્ણવેણી ૧. સ્ત્રી. કૃષ્ણગંગા; કૃષ્ણા નદી. પશ્ચિમઘાટ ઉપરના મહાબળેશ્વર આગળથી તે નીકળી બંગાળના ઉપસાગરને મળે છે. એનું મૂળ મહાદેવના દેવળમાં આવ્યું હોઈ બહુ પવિત્ર ક્ષેત્ર મનાય છે અને કૃષ્ણા યાત્રાળુ તીર્થ છે.
૨. સ્ત્રી. કૃષ્ણા અને વેણી નદી મળીને થતી નદી.

કૃષ્ણવેણીતીર્થ ન. એ નામનું એક તીર્થ.

કૃષ્ણવેલી પું. એક જાતનો બગલ.

કૃષ્ણવૈદ્યિ [સં.] પું. એક જાતના ઓખા.

કૃષ્ણશ [સં.] ન. કાળા કિનારીવાળું વસ્ત્ર.

કૃષ્ણશકુનિ [સં.] પું. કાગડો.

કૃષ્ણશણ [સં.] પું. કાળું શણ.

કૃષ્ણશાર [સં.] પું. કાળિયાર; કાળો મૃગ.

કૃષ્ણશાલિ [સં.] પું. એક જાતના ઓખા.

કૃષ્ણશિંગી સ્ત્રી. શીંગડું.

કૃષ્ણશૃંગ [સં.] પું. પાઠો.

કૃષ્ણશૃંગી ૧. [સં.] સ્ત્રી. ભેંસ; ડોબું; મહિષી.
૨. વિ. કાળાં શીંગડાંવાળું.

કૃષ્ણસખ ૧. [સં.] પું. અર્જુન.
૨. પું. સાદડાનું ઝાડ.

કૃષ્ણસખા [સં.] પું. અર્જુન.

કૃષ્ણસખિ [સં.] સ્ત્રી. કાળું જીરું.

કૃષ્ણસખી [સં.] સ્ત્રી. દ્રૌપદી.

કૃષ્ણસર્પ ૧. [સં.] પું. કાળો સાપ.
૨. પું. રાહુ.

કૃષ્ણસંપ્રદાય [સં.] પું. કૃષ્ણને માનનારો વર્ગ.

કૃષ્ણસાર ૧. [સં.] પું. કાળો મૃગ; કાળિયાર.
૨. પું. ખેરનું ઝાડ.
૩. પું. ચોરનું ઝાડ.
૪. પું. સાબર
૫. પું. સીસમનું ઝાડ.
૬. ન. અઢાર મુખ્ય ધન માંહેનું એક ધન.

કૃષ્ણસારથિ જુઓ કૃષ્ણસખ.

કૃષ્ણસારવા સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા થાય છે. તેનાં મૂળિયાં અર્બુદ્ધિ અને રક્તદોષ ઉપર ઉપયોગી મનાય છે.

કૃષ્ણસારંગ [સં.] પું. કાળો મૃગ; કાળિયાર.

કૃષ્ણસારા જુઓ કૃષ્ણસારી.

કૃષ્ણસારી ૧. [સં.] સ્ત્રી. કાળી મૃગલી.
૨ સ્ત્રી. સીસમનું ઝાડ.

કૃષ્ણસુંદર [સં.] પું. વાસુદેવ; શ્રીકૃષ્ણ.

કૃષ્ણસૈંધ [સં.] પું. તમાલવરણ.

કૃષ્ણસ્વસૃ [સં. કૃષ્ણ + સ્વસૃ (બહેન)] સ્ત્રી. દુર્ગાદેવી.

કૃષ્ણસ્વેદ [સં.] કાળો પરસેવો આવવાનો એક રોગ; કાલા પસીના.

કૃષ્ણા ૧. [સં.] સ્ત્રી. અમર.
૨ સ્ત્રી. અગ્નિની સાત મહિની એક જ્વા.
૩. સ્ત્રી. (સંગીત) આઠ જાત માંહેની એક રાગ.
૪. સ્ત્રી. આંખની કીકી.
૫. સ્ત્રી. એ નામની એક યોગિની.
૬. સ્ત્રી. એ નામનો એક છોડ; અપિંગા; કુર્વેદા; પાકફલા; કર્કંધ્વા.
૭. સ્ત્રી. એક જાતની કેરી જાળો.
૮. સ્ત્રી. એક જાતનું પક્ષી; અબ્ધાશ્લીલ.
૯. સ્ત્રી. કડુ વનસ્પતિ.
૧૦ સ્ત્રી. કસ્તૂરી.
૧૧. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.
૧૨. સ્ત્રી. કાલિકા દેવી.
૧૩. સ્ત્રી. કાળાં પાનવાળી તુળસી; શ્યામતુલસી.
૧૪. સ્ત્રી. કાળી ઉપલસરી.
૧૫ સ્ત્રી. કાળીછડી.
૧૬. સ્ત્રી. કાળી દ્રાક્ષ.
૧૭. સ્ત્રી. કાળી નગોડ.
૧૮ સ્ત્રી. કાળી સાટોડી.
૧૯. સ્ત્રી. કાળો સુરમો.
૨૦. સ્ત્રી. કૃષ્ણગંગા; કૃષ્ણવેણી; દક્ષિણ હિંદની એક નદી, તે પશ્ચિમઘાટમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.
૨૧ સ્ત્રી. ગળી; ગળીનો છોડ.
૨૨. સ્ત્રી. ગાંભારી નામની વનસ્પતિ.
૨૩. સ્ત્રી. ગુલાબ.
૨૪. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.
૨૫. સ્ત્રી. દુર્ગાદેવી.
૨૬. સ્ત્રી. દ્રૌપદી, પાંચાળી.
૨૭ સ્ત્રી. નીલી વૃક્ષ.
૨૮. સ્ત્રી. પ.પડી.
૨૯ સ્ત્રી. પ.વેતી.
૩૦. સ્ત્રી. પીપર નામનું ઝાડ.
૩૧. સ્ત્રી. બાજરી.
૩૨ સ્ત્રી. યમુના નદી.
૩૩ સ્ત્રી. રાત્રિ
૩૪ સ્ત્રી. રાજસરસવ.
૩૫. સ્ત્રી. સીંડીપીપર.
> ક્રોસ કૃષ્ણા માગણી તિખ્યા તુંડિલા કોઈ,
> વેદેની રમામા કણ, સૌતી પીપર સોઈ.
> પિંગલસપ્તકોષ
૩૬. સ્ત્રી. હાથણી.
૩૭. વિ.સ્ત્રી. કાળી; અંધારી. જેમકે, કૃષ્ણા એકાદશી.

કૃષ્ણાકર્ષણી ૧. [સં.] સ્ત્રી. રાધા.
૨. વિ.સ્ત્રી. કૃષ્ણને આકર્ષણ કરનારી.

કૃષ્ણાકુમારી [સં.] સ્ત્રી. દ્રૌપદી.

કૃષ્ણાગર પું; ન. કાળું અગર; કાળું ચંદન.

કૃષ્ણાગરુ જુઓ કૃષ્ણાગુરુ.

કૃષ્ણાગાર જુઓ કૃષ્ણાગુરુ.

કૃષ્ણાગુરુ [સં.] ન. એક જાતનું અગર. કાળું અગર; અગરુ ચંદન; કાળી સુગંધ. તીખું, ગરમ અને કડવું આ અગર વા, કફ, વાયુ અને વમન મટાડનાર, ચામડીનો રંગ સુધારનાર અને પિત્ત હરનાર મનાય છે.

કૃષ્ણાચલ ૧. [સં.] પું. ગિરનાર પર્વત.
૨. પું. નીલગિરિ પર્વત.

કૃષ્ણાચૂર્ણ ન. (વૈદક) એ નામની એક દવા; પીપર, પીપરીમૂળ, સૂંઠ અને મરીનો એ ચાર ચીજ સમભાગે લઈ તેનું કરેલ જારીક ચૂર્ણ.

કૃષ્ણાજિન ૧. [સં.] પું. એક ઋષિનું નામ.
૨. ન. એ નામનું એક ગોત્ર.
૩. ન. કાળિયારનું ચામડું.
૪. ન. કાળું વસ્ત્ર.

કૃષ્ણાજિનસંભવ [સં.] ન. કાળા મૃગના ચર્મરૂપી વસ્ત્ર.

કૃષ્ણાટ્ટન જુઓ કૃષ્ણાજિન.

કૃષ્ણાત્રિ ન. એ નામનું એક ગોત્ર.

કૃષ્ણાદ્રુહા [સં.] સ્ત્રી. પીપર.

કૃષ્ણાનંદ પું. પ્રાકૃત સાહિત્યમાં સહાય આપનાર સ્વામીનારાયણ સંપ્રદાયનો એક કવિ.

કૃષ્ણાત્રિત ન. કૃષ્ણાત્રિ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કૃષ્ણાનુભૌતિક પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કૃષ્ણાપટલિકા પું. આંખનો એક રોગ; તમોદૃષ્ટિ. તેમાં આંખની સામે એક અંધકારનો ગોળો દેખાય છે.

કૃષ્ણાભાઈ સ્ત્રી. એ નામની એક સ્ત્રી લેખિકા. તે વડનગરની નાગર બાઈ હતી. સીતાહરણ કાંઠળી નામના તેમના સંપ્રેક્ષ ગ્રંથમાં સીતા અને લક્ષ્મણ વચ્ચેનો સંવાદ ધરગથ્થુ અને ઝમકદાર ભાષામાં લખાયેલો છે. કૃષ્ણનાં હાલરડાં વગેરે તેનાં કાવ્યો પ્રસિદ્ધ છે.

કૃષ્ણાભિસારિકા [સં.] સ્ત્રી. કાળાં વસ્ત્ર ધારણ કરનારી અંધારે વલ્લભ પાસે જનારી નાયિકા; પરકોયા નાયિકાનો એક ભેદ.

કૃષ્ણાયસ [સં.] ન. કાળું લોઢું.

કૃષ્ણાયસ [સં.] ન. કાળું લોઢું.

કૃષ્ણાર્ચાસ્થાપનકર [સં.] પું. સ્વામીનારાયણ સંપ્રદાય સ્થાપનાર સહજાનંદ સ્વામી. તેમણે બંધાવેલાં મંદિરોમાં શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીરાધારમણ, શ્રીનરનારાયણ વગેરે રૂપે કૃષ્ણની મૂર્તિ સ્થાપન કરેલી છે.

કૃષ્ણાર્પણ ૧. [સં.] ન. ઈશ્વરને બદલે કૃષ્ણ ભગવાનને અર્પણ કરવું તે.
> બળતું ઘર કૃષ્ણાર્પણ = (૧) કોઈની ચીજ પરભારી બીજાને આપી દેવી. (૨) અપર્મા ન આવે તેવી વસ્તુ દાનમાં આપવી.
૨. ન. નિઃસ્વાર્થદાન.

કૃષ્ણાર્પણ બુદ્ધિ [સં.] સ્ત્રી. ફલાસક્તિ રહિત કર્મ કરવાની ભાવના.

કૃષ્ણાવતાર [સં.] પું. પૂર્ણપુરુષોત્તમ; પૂર્ણાવતાર. બીજા અવતાર અંશાવતાર, જ્યારે કૃષ્ણનો અવતાર પૂર્ણાવતાર કહેવાય છે.

કૃષ્ણાવતાર [સં.] પું. વિષ્ણુએ મથુરામાં કૃષ્ણરૂપે લીધેલ આઠમો અવતાર.

કૃષ્ણાવતારી વિ. જેમાં કૃષ્ણનો જન્મ થયો હોય એનું. પવિત્ર પુરુષોત્તમ માસમાં કે શ્રીકૃષ્ણાવતારી શ્રાવણ માસમાં બધાં ઘરમાં અખંડ દીવાનો પ્રચાર હોય છે.

કૃષ્ણાવલ્લા ન. કૃષ્ણ મહિમાનું ગીત.

કૃષ્ણાવલી સ્ત્રી. કૂંપળ; ખાજ; કાંદા.

કૃષ્ણાવાસ [સં.] પું. પીપળાનું પવિત્ર ઝાડ.

કૃષ્ણાવેણી [સં.] સ્ત્રી. કૃષ્ણા નદી.

કૃષ્ણાવેલી પું. એક જાતનો બગલ.

કૃષ્ણાશ્રિત [સં.] વિ. કૃષ્ણને શરણે ગયેલું.

કૃષ્ણાષ્ટમી ૧. [સં.] સ્ત્રી. અંધારી આઠમ.
૨. સ્ત્રી. જન્માષ્ટમી; શ્રાવણ વદિ આઠમ. તે દિવસે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો.

કૃષ્ણાંગ સ્ત્રી. નિર્ઋતિ દેવની રાજધાની. ઉપરના ભાગમાં બ્રહ્માની બ્રહ્મપુરી, પૂર્વ દિશામાં ઇંદ્રની અમરાવતી, અગ્નિ ખૂણામાં અગ્નિની તેજોવતીપુરી, દક્ષિણમાં યમની સંયમિનીપુરી, નૈર્ઋત્ય ખૂણામાં નિર્ઋતિ દેવની કૃષ્ણાંગપુરી, પશ્ચિમમાં વરુણની શ્રદ્ધાવતીપુરી, વાયવ્ય ખૂણામાં વાયુની ગંધવતીપુરી, ઉત્તરમાં કુબેરની મહોદા અથવા મનોહરપુરી અને ઈશાન ખૂણામાં ઈશાન દેવની યશોવતી નામની પુરી છે.

કૃષ્ણાંગના જુઓ કૃષ્ણાંગ.

કૃષ્ણાંજન [સં.] ન. આંખમાં આંજવાની એક દવા.

કૃષ્ણાંબરી [સં. કૃષ્ણાંબરિન્] વિ. કાળાં વસ્ત્રવાળું.

કૃષ્ણાંબિકા [સં.] સ્ત્રી. કૃષ્ણા નદીરૂપી માતા.

કૃષ્ણિકા ૧. [સં.] સ્ત્રી. રાજસરસવ.
૨. સ્ત્રી. શ્યામા પક્ષી.

કૃષ્ણી [સં.] સ્ત્રી. અંધારી રાત.

કૃષ્ણીઓ પું. કનૈયો; કૃષ્ણ.

કૃષ્ણીકરણ [સં.] ન. કાળું કરવું તે.

કૃષ્ણેક્ષણા સ્ત્રી. (પુરાણ) મલયધ્વજ રાજાની બહેન અને અમરસ ઋષિની પત્ની.

કૃષ્ણેશ્વર [સં.] પું. બાવન જ્યોતિર્લિંગ દેવતા માંહેનો એ નામનો એક.

કૃષ્ણોત્પલ [સં.] ન. કાળું કમળ.

કૃષ્ણોદર ૧. [સં.] પું. એક જાતનો સર્પ.
૨. વિ. કાળા પેટવાળું.

કૃષ્ણોપનિષદ [સં કૃષ્ણોપનિષત્] સ્ત્રી.ન. એકસો અઢાર ઉપનિષદમાંનું એ નામનું એક. તેમાં લખ્યા મુજબ નંદ આનંદ, યશોદા મુક્તિ, દેવકી આત્મવિદ્યા, વસુદેવ વેદ, શ્રીકૃષ્ણ ને બલભદ્ર વેદે નિરૂપણ કરેલા અર્થ એટલે બાળ તમા શેષનાગ, ગોપીઓ ને ગાયો ઋચાઓ, વેત્રદંડ યજ્ઞા, વાંસ અથવા વેણુ ૐનું સૌમ્ય સ્વરૂપ, શિંગડું છંદ, સખાઓ દેવો, ગોકુલની સમીપનું વન વૈકુંઠ, તે વનનાં વૃક્ષો તપસ્વીઓ, ચાણૂરમલ્લ દ્વેષ, મુષ્ટિકમલ્લ મત્સર, કુવલયાપીડ હાથી કર્મ, બકાસુર ગર્વ, તૃણાવર્તાદિ અસુરો લોભમોહાદિ, રોહિણી દયા, સત્યભામા અહિંસા, અઘાસુર ક્રોધ, કંસ કપટ, સુદામા નામના પાર્ષદ મનોનિગ્રહ, અક્રૂર સત્ય, ઉદ્ધવ ઇંદ્રિયનિગ્રહ, સંખ લક્ષ્મી, નંદકખડ્ગ રુદ્રનું ઉગ્ર રૂપ, ઉદ્ગૂણ કરસ્પ, રત્નજુ અદિતિ, ચક્ર વેદનો જ્ઞાનભાગ, ભાગ્ય કાલ, પદ્મ જગતનું બીજ, વૈજયન્તી માલા વાયુ, ચામર ધર્મ, છત્ર આકાશ, ગદા કલિકા, શાર્ઙ્ગધનુષ વૈષ્ણવી માયા, ભાંડીરવટ બ્રહ્મ, સુદર્શન આકાશ નારદ, ઠંડામાં રહેલી તુલસીની માલા ભક્તિ ને બાર્યા મુક્તિ છે. બ્રજના નંદાદિ સર્વ શ્રીકૃષ્ણથી ભિન્ન નથી ને સર્વવ્યાપક શ્રીહરિ તેઓથી ભિન્ન નથી.

કૃષ્ણોપાસના [સં.] સ્ત્રી. શ્રીકૃષ્ણની આરાધના.

કૃષ્ણોરા જુઓ કૃષ્ણોરા.

કૃષ્ણોરા ૧. સ્ત્રી. આદિવસ્તુની ગોત્રથી માંહેની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

કૃષ્ય ૧. [સં. કૃષ્ (ખેડવું)] સ્ત્રી. ખેતી કરી શકાય એવી ભૂમિ.
૨. વિ. ખેતી કરવા જેવું.
૩. [સં. કૃષ્ (ખેંચવું)] વિ. ખેંચવા યોગ્ય.

કૃષ્યભૂમિ [સં.] સ્ત્રી. ખેડવા લાયક જમીન; કૃષિભૂમિ.

કૃષ્યા ૧. [સં.] સ્ત્રી. ખેડવા યોગ્ય જમીન.
૨. સ્ત્રી. પૃથ્વી.

કૃસતા [સં. કૃશતા] સ્ત્રી. પાતળાપણું જુઓ કૃશતા.

કૃસર ૧. [સં.] પું. દૂધ, તલ અને ગોળની એક વાની.
૨. સ્ત્રી. ખીચડી.

કૃસરા જુઓ કૃસર.

કૃસરાંશ [સં.] ન. બીજાનું કૃસરા.

કૃસિફિકેશન [અં. ક્રુસિફિકેશન] ન. વધસ્તંભે જડી મારી નાખવું તે.

કૃંખર ન. એક જાતનું પ્રાયશ્ચિત. માતા તરફથી ચાર પેઢી અને પિતા તરફથી ૭ પેઢીની અંદર લગ્ન થઈ શકે નહિ. જ્યાં બે પુરુષ બળવાન્ હોય પોતાના જ ગોત્રની કન્યા સાથે લગ્ન કરે તો પછી એ બેને ભાતા તુલ્ય ગણીને પાળવી. એવા લગ્નથી સંતાન થયું હોય તો તે સંતાનને કૃંખર નામનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

કૃંતન ૧. [સં.] પું. નાસ.
૨. ન. વાઢ; ઘા; કાપણી.

કૃ ૧. [સં.] સ. ક્રિ. કરવું; ભરવું.
૨. સ. ક્રિ. (ધાતુ) વિખેરવું; આમતેમ ફેંકી દેવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: કીર્ણ, સંકીર્ણ.

કૃત્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) કીર્તિવાન બનાવવું. તે ઉપરથી બનેલા શબ્દ: કીર્તન, કીર્તિ, કીર્તિમાન.
૨. સ. ક્રિ. બ્યાલમાં લેવું.
૩. સ. ક્રિ. નામ આપવું; બોલાવવું.
૪. સ. ક્રિ. ફરીથી બોલવું.
૫. સ. ક્રિ. યાદગીરી રાખવી.
૬. સ. ક્રિ. વાત કરવી.

કૃત્ ૧. [સં.] સ. ક્રિ. અનુકૂળ થવું.
૨. સ. ક્રિ. તૈયાર કરવું.
૩. સ. ક્રિ. પ્રસિદ્ધિમાં આવવું; પરિણમવું.
૪. સ. ક્રિ. લાભ લેવો.
૫. સ. ક્રિ. લાયક થવું.
૬. સ. ક્રિ. સારી અવસ્થા કરી.
૭. સ. ક્રિ. દોવું; થવું; બનવું.
૮. સ. ક્રિ. ગણના કરવી.
૯. સ. ક્રિ. તૈયાર કરવું; નક્કી કરવું; યોગ્ય કરવું.
૧૦. સ. ક્રિ. પૂરું પાડવું.
૧૧. સ. ક્રિ. લાભ કરવા.

કે ૧. સ. (બૃ. પ્ર.) કોઈ.
૨. સ. કોણ; કયું.
૩. [સં.] સ. જે.
૪. અ. આકાંક્ષાસૂચક ઉભયાન્વયી અવ્યય. જેમકે, બરાબર કે, કેમ કે.
૫. અ. એટલે; તરત. જેમકે, મને દીઠો કે ચૂપ.
૬. અ. ખાતરી કરવા અને પ્રશ્ન પૂછવામાં વપરાતો અવ્યય. જેમકે, તે જ આ કે ? તમે જવાના કે ?
૭. [હિં.] અ. નો; નીં; નું.
૮. અ. (કચ્છી) બીજી વિભક્તિનો પ્રત્યય.
૯. અ. બે વાક્ય કે શબ્દને જોડનાર અન્વયી અવ્યય; અથવા; વા; વા. જેમકે, તે કે તમે જજો.
૧૦. [સં. કિમ્] અ. વાક્યની આગળના ભાગમાં અમુક ક્રમાગેલું અથવા કહેવાયેલું છે એનું બતાવનારો ઉભયાન્વયી અવ્યય. જેમકે, તે જોયો કે, હું ગયો હું.
૧૧. અ. વિરોધસૂચનો પ્રત્યય.

કેઆ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે વાડ બનાવવા માટે ઉપયોગી છે. તેને સુગંધી ફૂલ આવે છે

કેઆમત ૧. [અ. ક્યામ (તે ઊભો રહ્યો)] પું. ઇન્સાફનો દિવસ.
૨. [અ. કિયામત] પું. ઉલ્કા જ્યાનો દિવસ; અંત દિવસ; પ્રલયનો ઊલ્કો દિવસ. તે દિવસે મુસલમાની ધર્મ પ્રમાણે દરેક પ્રાણીને ખુદા તરફથી ઊલ્કો ઇન્સાફ આપવામાં આવવાનું મનાય છે.
૩. વિ. અજબ જેવું; વિચિત્ર.

કેઈ [સં. કિમ્] સ. કોઈ; કશી.
કેઈ વ્યક્તિ કાળક્રમનો ભંગ થયા વિના જીવવી. નરસિંહરાવ

કેઈન [અં.] સ્ત્રી. નેતરની સોટી.

કેઉડો (કેઉડો) પું. (કચ્છી) અનાસનું ઝાડ. તેમાં સારાં સ્વાદિષ્ટ ફળ થાય છે.

કેઉરા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. જુઓ કેવા.

કેઓ સ. એક સુંદર ઉપડ; ક્રીમોઈટ. તે નદી અથવા તળાવને કાંઠે ઊગે છે. તેને સફેદ પુષ્પ આવે છે. ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ તે ઊગે છે.

કેઉંઆ [સં. કેમુક] સ્ત્રી. (હિંદી) કેળી.

કેઓર ૧. પું. કેરડાનું ઝાડ.
૨. સ. (કચ્છી) કેળ.

કેઓલીન સ્ત્રી. સફેદ માટી.

કેક ૧. [અં.] સ્ત્રી. મેંદામાંથી બનતી એક વાની.

૨. વિ. બાકું; કેટલુંક.
કાકી બળ ચાકળા કરી, કટકે ચારી કેક.
લોકસાહિત્ય

કેકડા (કેક્ડા) ૧. [સં. કર્કટ] પું. (હિંદી) કરચલો.
૨. પું. કર્ક રાશિ.

કેકડામંડલ [કેક્ડામંડલ] ન. કર્કવૃત્ત.

કેકતી સ્ત્રી. એક જાતનું વૃક્ષ; કેકદી. તેનું જન્મસ્થાન અમેરિકામાં છે. ત્યાંથી યુરપમાં થઈ હિંદમાં આવેલ છે. તેનાં પાંદડાંમાંથી તથા મૂળિયાંમાંથી ઊભા તંતુ નીકળે છે તેનું કાપડ વણાય છે, તેને પીત કહે છે. તેના ફૂલનો રંગ લીલો સફેદ હોય છે. પાંદડાંમાંથી ગુંદર નીકળે છે. પાંદડાંનો રસ સાબુની જગ્યાએ વપરાય છે.

કેકની વ્રુ. (પિંગળ) ભાષીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સર્વસામી. તેના દરેક ચરણમાં સાત રગણ અને ગુરુ એમ ભાષીશ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ આકૃતિ છંદનો એક ભેદ છે.

કેકનીશારદા ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં સાત રગણ, એક ગુરુ અને એક લઘુ એમ ત્રેવીશ અક્ષર આવે છે.
૨. સ્ત્રી. મોરની વાણી.

કેકય ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા; કૈકેયીનો બાપ.
૨. પું. સોમવંશી અનુકુમોત્પન્ન શિબ્યી રાજાના પાંચ માંહેનો ચોથો પુત્ર.
૩. પું. હિંદુસ્તાનની ઉત્તરે આવેલ એક પ્રાચીન દેશનું નામ. રામાયણ પ્રમાણે આ દેશ બિયાસ અને સાતલજી નદીની બીચ તરફ હતો. તે વખતે તેની રાજધાની ગિરિવ્રજ અથવા રાજગૃહ હતું. અત્યારે આ દેશ કશ્મીર રાજ્યની અંદર છે અને તેને કક્ષ કહે છે. ત્યાંના હાલ નગર અથવા કક્ષ કહેવાય છે.
૪. સ્ત્રી. એ નામના પ્રાચીન લોકોની એક જાત. તે લોકો બંગાની બીજાના પશ્ચિમ ભાગમાં રહેતા હતા.

કેકયી ૧. સ્ત્રી. કેકય દેશની સ્ત્રી.
૨. સ્ત્રી. કૈકેયી; દશરથ રાજાની રાણી અને ભરતની માતા.

કેકર ૧. [સં.] પું. તંત્રરાજ પ્રસિદ્ધ ચાર વર્ણનો એક મંત્ર.
૨. ન. ગેરુ
૩. વિ. ત્રાંસી આંખવાળું.
૪. વિ. ત્રાંસું; આડું; વાંકું.

કેકરાક્ષી ૧. સ્ત્રી. તીરછું જોનારી સ્ત્રી; કૂંખી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. આડી; ત્રાંસી.

કેકરો ૧. વિ પું. કૂંચો.
૨. વિ. પું. બિલાડીના જેવી આંખવાળો.

કેકલ [સં.] પું. નટ; વેશ કરનાર પુરુષ.

કેકલી સ્ત્રી. પળા.

કેકા [સં.] સ્ત્રી. મોરનો અવાજ; મયૂરવાણી.

કેકાણ ૧. પું. ઘોડો; તોખાર; તુરંગ; અશ્વ.
વાજ વાહ તુરંગ હય સિંધવ અર્વ કેકાણ
વસ્ત્ર તુરંગમ બાજથી અશ્વ કરી અન્વય.
વિચરણવ્યુત્પત્તિ
૨. [સં. કેક] પું. ઘોરબકોર; ધોંધાટ.
૩. સ્ત્રી. મધ્યમ જાતિના ઘોડાની ત્રણ માંહેની એક જાત.

કેકાન ૧. પું. ઘોડો.
૨. સ્ત્રી. એ નામની એક બટક.
૩. ન. એ બટકનું માણસ.
૪. વિ. એ નામની બટકનું.

કેકાયિત ન. મોરનો શબ્દ.

કેકારવ ૧. પું. કલાપીના કાબ્યસંગ્રહનું એ નામનું એક પુસ્તક.
૨. પું. મોરનો અવાજ; કેક; ટહુકાર.

કેકાવલ [સં.] પું. મોર; મયૂર.

કેકાવલિ [સં.] સ્ત્રી. મોરસ્ત્રીઓનો એકીસાથેનો અવાજ; કેકામોરના ટહુકારની પરંપરા.

કેકાવલી ૧. [સં.] સ્ત્રી. મોર બણિણી; કેક.
૨. સ્ત્રી. મોરસ્ત્રીઓનો ટહુકાર.

કેકાવળ જુઓ કેકાવલ.

કેકાવળી જુઓ કેકાવલિ.

કેકાંધ પું. અશ્વ; ઘોડો.

કેકિ ૧. [સં. કેક] પું. અષાઢ મહિનો એક દેશ.
૨. [સં. કેકિન્] પું. મોર; મયૂર; શિખી.
૩. સ્ત્રી. (સંજ્ઞા) મોરની જોડી.

કેકિક [સં.] પું. મોર.

કેકિકા [સં.] સ્ત્રી. કેક.

કેકિનરાવદા જુઓ કેકિનીશારદા ૧.

કેકિની [સં.] સ્ત્રી. મોરબણિણી; કેક.

કેકિનીશારદા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; તેમાં સાત રગણ, એક ગુરુ અને એક લઘુ અથવા ત્રેવીશ અક્ષર હોય અને બારમા અક્ષર ઉપર વિસામો આવે. આ છંદ વિકૃતિ છંદનો એક ભેદ છે.
બાર રહે યતિ, સાત રા અંતમાં,
આ લ ગ છે કેકિનીશારદા પદ. સ્ફુટ્રિત્વ
૨. [સં.] સ્ત્રી. મયૂરવાહિની સરસ્વતી.
૩. સ્ત્રી. મોરની વાણી.

કેકી ૧. [સં. કેકિન્] પું. મોર; મયૂર.
૨. સ્ત્રી. પારિયાની એ નામની બટક.
૩. ન. એ નામની બટકનું માણસ.
૪. વિ. એ નામની બટકનું.

કેકુર પું. એ નામનો એક જાતનો ચુંદર; કાબુલી ચુંદર.

કેકૈ સ્ત્રી. કૈકેયી; દશરથ રાજાની સ્ત્રી.

કેકોડીલ ન. સોમલનું એક રાસાયણિક સંયોજન.

કેગની સ્ત્રી. તલવારની મૂઠનો એક ભાગ.

કેગર ન. એ નામનું ઝાડ. તેનાથી અગ્નિ ઓલાય છે.

કેગલ [કા. કગ (ચામ) + ગિલ (માટી)] ન. ચીપણું; ગાર.

કેજ [અં. કેજ] પું. દોરી અદરથી ઝીણી જોવો તે.

કેજવા ૧. પું. જમીનનો ઢોળો.
૨. પું. પેટનો ઢબ્બો; મૂમિ.

કેજ્યુઅલ્ટિંગ [અં. કેજ્યુઆલ્ટિંગ] સ્ત્રી. વેગન બટકાવવાનો રેલનો ફાંટો.

કેચિત ૧. [સં. કેચિત્] સ. કોઈ એક; કોઈ.
૨. અ. કોઈ વાર; ક્વચિત્.

કેચી ૧. સ્ત્રી. એક પશ્ચિમ તરફના યુનાઇટેડ સ્ટેટ્સના ભાગના જંગલમાં વસતા ઇડિઅનોને અનાજ ભરવાની કોઠી. આ કોઠી ૧ થી ૮ ફૂટ ઊંચી હોય છે.
૨. સ્ત્રી. ટેકો; આડી.
૩. સ્ત્રી. (પદાર્થવું.) પરમાણુનું અખંડિત કોલ સાથે રાખવા માટે રાખેલું દોરડું અગર સળિયો.

કેચ્યૂક પું. ખોરાક તરીકે વાપરી શકાય તેવું બોરનાં મૂળ.

કેજુ પું. કાજુ.

કેજ્યુઅલ [અં. કેજ્યુઅલ] વિ. અચાનકનું; આકસ્મિક.

કેટકેટલું ૧. વિ. કેટલુંક; અસંખ્ય.
૨. વિ. પૂરું; થયું.

કેટકેટે ૧. વિ. બેવડવર.
૨. વિ. પૂરેપૂરા વજનનું.
૩. વિ. કીમતનો ઊભરો આવતું.
૪. વિ. મોંઘું.
૫. વિ. સખત.

કેટફિશ [અં. કૅટફિશ] સ્ત્રી. એક જાતની માછલી. તેની ચામડી સુંવાળી હોય છે. મોટા સરોવરમાં આ માછલી ૬ થી ૩૦ રતલ વજનમાં થાય છે. મોહ્ય આગળ વાળ અથવા મૂછ હોવાને લીધે તે કેટફિશ કહેવાય છે. આ માછલી મોટે ભાગે મીઠા પાણીમાં રહે છે. ગરીબ માણસોનો તે ખોરાક છે.

કેટરપિલર ૧. ન. એક જાતનું હળ.

૨. [અં.] ન. પતંગિયાના આકારનું એક જાતનું વિમાન.

૩. ન. પતંગિયું.

કેટલકેપ્પ [અં. કૅટલકૅપ્પ] પું. પાંજરાપોળ.

કેટલટ્રક [અં. કૅટલટ્રક] ન. ઢોરને લઈ જવાનો રેલવેનો ડબ્બો.

કેટલાએક જુઓ કેટલાક.

કેટલાક ૧. [સં. પ્રતિપય; અપ. કમવય] સ. અમુક; ચોક્કસ; મુકરર.

૨. વિ. અમુક; ચોક્કસ; મુકરર.

કેટલાંએક વિ. છેક થોડાં નહિ તેમ ઘણાં નહિ એટલાં; અમુક.

કેટલાંક જુઓ કેટલાંએક.

કેટલું [સં. ક્વિયત્; પ્રા. કેત્તિઅ; અપ. કેતુલ] સ્ત્રિ. સંખ્યા, માપ કે કદ પૂછતાં વપરાતો શબ્દ. કેટલી વીશે સો થાય ? = (૧) એમ બતાવી આપવું કે અમુક બાબત કેટલી મુશ્કેલ છે. (૨) સહેલું નથી; બહુ મુશ્કેલ છે. (૩) સંસારમાં કેમ અનુભવ થાય છે.

કેટલુંએક જુઓ કેટલુંક.

કેટલુંક વિ. અમુક માપ કે પ્રમાણનું.

કેટલુંબધું વિ. ઘોડું કે સાધારણ નહિ, પણ અનિશ્ચિત છતાં માપ, સંખ્યા કે કદમાં ઘણું.

કેટલોગ [અં. કૅટલૉગ] પું. નોંધ; યાદ; પત્રક.

કેટાણી ૧. સ્ત્રી. કસુંબીની એ નામની બટક.

૨. ન. કસુંબીની એ નામની બટકનું માણસ.

૩. વિ. કસુંબીની એ નામની બટકનું.

કેટિ વિ. (સંગીત) ત્રણે સ્થાનથી મુક્ત એવું શુદ્ધ વિનાનું. જેમકે, કેટિ સ્વર.

કેટેલ્પા ન. એક જાતનું ઝાડ. આ નીચટ લાકડાવાળું ઝાડ દક્ષિણ યુરપ, અમેરિક અને જપેનમાં થાય છે. તે ૩૦ થી ૪૦ ફૂટ વધે છે. તેનું લાકડું નરમ પણ મજબૂત અને અતિશય ટકાઉ હોય છે. તેની છાલનો ઉપયોગ રંગવામાં થાય છે.

કેઠે અ. કયાંક; કોઈ જગ્યાએ.

કેડ (કેડ) ૧. સ્ત્રી. કેડો; પીળો; સગડ.

૧. કેડ ઉપર ડાંકરો મૂકીને કામ કરવું = માથું ઊંચું ન કરવું, સખત કામ કરવું.

૨. કેડ કરવી = પુઠ પકડવી; પીળો લેવો.

૩. કેડ ઘોળવી = કેડ મચકોડવી.

૪. કેડ દુઃખવી = (૧) કમરમાં દુખાવો થવો. (૨) વાને લીધે કેડ ઝલાઈ જવી.

૫. કેડ નમાવવી = ખંત, ઉત્સાહ, મહેનત લઈને કામ કરવું.

૬. કેડ પૂર = કમર સુધી આવે તેટલું; કેડ જેટલું ઊંચું.

૭. કેડ બાંધવી = ઉદ્યમ કરવો.

૮. કેડ ભાંગી જવી = (૧) નબળા થઈ જવું; જીવનસત્ત્વ જતું રહેવું. (૨) નાસીપાસ થઈ જવું.

૯. કેડ મરડવી = (૧) નીચું નમવું; વાંકું વળવું. (૨) મહેનત લઈ કામ કરવાનું બંધ કરવું; જાણસાવું.

૧૦. કેડ મરડીને ઊભું રહેવું = નારાજી બતાવવી; મોં મરડવું; કંઈ કરવા ના પાડવી; દૂર રહેવું.

૧૧. કેડ મૂકવી = પીછો છોડવો.

૧૨. કેડ લેવી = (૧) બંતે પકડવું; પુંઠ પકડવી; પાછળ પડવું. (૨) બાનકથી બંજ્ઞ રહેવું. (૩) હેરાન કરવું; સતાવવું.

૧૩. કેડના કકડા થઈ જવા = સખત મહેનત પડવી.

૧૪. કેડના મકોડા મરડાઈ જવા = કામ કરી થાકી જવું; સખત મહેનત પડવી.

૧૫. કેડના મકોડા રહી જવા = સખત મહેનત પડવી.

૧૬. કેડનું બાંધ્યું = કામકાજ કરવામાં આળસુ, મંદ, શિથિલ; સુસ્ત.

૧૭. કેડમાં લાકડું ઘાલવું = (૧) અભિમાનથી ટટ્ટાર રહેવું. (૨) જરા પણ કામકાજ ન કરવું.

૧૮ કેડિયું કરવું = કમર સુધી નાહવું.

૧૯. કેડે કેડે ફરવું = પાછળ પાછળ બટકવું.

૨૦. કેડે થવું = (૧) પાછળ લાગવું. (૨) સતાવવું.

૨૧. કેડે પડવું = (૧) અર્થ સિદ્ધ ન થાય ત્યાંસુધી આગ્રહથી લાગ્યા રહેવું; બંતે પડવું, મચ્યા રહેવું. (૨) બજબોજ કરવી; પજવણી લાગવું. (૩) ચીડવવું; અકળાવવું; ખીજવવું. (૪) સતાવવું.

૨૨. કેડે લેવું = તોવું; કમરે બેસાડવું.

૨૩ કોઈની કેડ ભાંગવી = આશા ભાંગવી.

૨. સ્ત્રી. દોષવર્તનની તપાસ રાખ્યા કરવી તે; બજબોજ.

૩. [સં. કટિ] સ્ત્રી. શરીરનો વચલો ચેટ નીચેનો અને થાપા ઉપરનો ભાગ; કમર.

૪. સ. પાછળ; પછવાડે; વાંસે.

કેડભાંગલું (કેડ્‌ભાંગલું) ૧. વિ. જેની કેડ ભાંગેલી હોય એવું; ટટ્ટાર બેસી ન શકતું હોય એવું.

૨. વિ. સુસ્ત; આળસુ.

કેડમ (કેડ્‌મ) સ્ત્રી. એ નામની એક ધાતુ. તે સફેદ, ટિનને મળતી, પણ નરમ અને ટિપાય તેવી હોય છે.

કેડમિયમ ૧. સ્ત્રી. એક જાતની ધાતુ.

૨. સ્ત્રી. સંજ્ઞા; ચિહ્ન.

૩. સ્ત્રી. સેમિટિક ભાષાની એ નામની એક લિપિ.

કેડલો (કેડ્‌લો) પું. માર્ગ; રસ્તો.

કેડવંકું (કેડ્‌વંકું) વિ. કેડમાંથી વાંકું વળેલું.

કેડવા (કેડ્‌વા) ૧. પું. કમરના સાંધા જકડાઈ જવાપણું. કમરના વાયુનું એક દરદ.

૨. પું. વંશ; ઓલાદ; પરિવાર.

૩. વિ. કેડ સુધી આવે એવું.

૪. અ. કેડ સુધી.

૫. અ. જાણેકે.

કેડવો (કેડ્‌વો) પું. વંશ; કુળ.

કેડા (કેડ્‌ય) ૧. પું. ખેતરમાંથી કાપેલું ઘાસનું પૂમડું.

૨. પું. નવયુવક; જુવાન માણસ.

૩. પું. પાતળી ડાળ.

કેડાકંબોઈ (કેડાકંબોઈ) સ્ત્રી. નદી કાંઠે કે વહેળામાં ઊગતો એક છોડ. તેનાં પાન એક આંગળ લાંબાં, અખંડ ગોરવાળાં, એક એકને અંતરે સંપમોળ હોય છે. ઉપપાન સૂક્ષ્મ અને અણીદાર હોય છે. તેમાં નર અને માદા ફૂલ જુદાં જુદાં આવે છે. તેમાં ત્રણ બાંધાવાળું રસભર્યું વટાણા જેવડું રાતા રંગનું ફળ થાય છે.

કેડાકેડે (કેડાકેડે) અ. પાછળ પાછળ; પગલે પગલે.

કેડાકેડી (કેડાકેડી) સ્ત્રી. કેડું.

કેડાગોર (કેડાગોર) અ. વારાફરતી; એક પછી એક.

કેડાવેડી (કેડાવેડી) જુઓ કેડાગોર.

કેડિયું (કેડિયું) ન. કમર સુધીનું બદન; બંડી; કુરતું.

કેડી (કેડી) ૧. સ્ત્રી. સાંકડો આડેટ પગરસ્તો; પગથી; પગદંડી.

૨. અ. પાછળ; પછવાડે.

કેરે (કેરૂ) અ. પાછળ; પૂંઠે; પગવારે.

કેરેટ [અં.] પું. વકરી ખાતામાં અમલદારનો દોરો મેળવવાનો ઉમેદવાર.

કેરો (કેરૉ) ૧. પું. અંત; છેડો; પાર.
૨. પું. ઝાંખરો; ઝાડીો.
૩. પું. નિકાલ; ફેસલો; નિવેડો.
૪. પું. પીછો; પૂંઠ; સગડ; ભેપો.
૧. કેરે ન જવું = સામું પણ ન જોવું; અસહકાર કરવો.
૨. કેરો છોડવો–મૂકવો = જવું કરવું; છોડી દેવું.
૩. કેરો પકડવો–ઝાલવો = પૂંઠ પકડવી; પાછળ પડવું.
૫. પું. રસ્તો; માર્ગ; પંથ; ચીલો.
૬. પું. હેરાનગતિ; સતામણી; ઉપદ્રવ.
૭. વિ. પું. કેવો; કયા પ્રકારનો; કઈ જાતનો.

કેરૂ (કેરુ) સ્ત્રી. કટિ; કેડ; કમર.

કેરૂએ (કેરુએ) અ. પાછળ; પગવારે; લગોલગ.

કેલ ૧. ન. કહેણ; વચન.
૨. ન. ખબર; સમાચાર.
૩. ન. ઢાંકરના ખેતરમાં માટી બસડી બંધ બાંધવા માટે વપરાતું એ નામનું ઓજાર.
૪. ન. ફરમાન; આજ્ઞા.
૫. ન. માગું; માગણી; તેડુ.
૬. સ. કોણ.
૭. વિ. કેવું.

કેલિકા [સં.] સ્ત્રી. એક જાતનું તંબૂ.

કેલી ૧. સ્ત્રી. કહેવત; કહાણી.
૨. સ્ત્રી. વાત; કથા.
૩. સ. કઈ; કોણ.
૪. વિ. (સંગીત) દુઃખની લાગણીથી ભરપૂર આવતો મંદ કે તાર સ્વર જેમાં આવે એવું.

કેલૂકોર અ. કઈ બાજુ; કઈ તરફ; કઈ દિશાએ; ક્યાં.

કેલૂગમ જુઓ કેલૂકોર.

કેલૂતરફ જુઓ કેલૂકોર.

કેલૂપા જુઓ કેલૂકોર.

કેલૂમગ જુઓ કેલૂકોર.

કેલૂમગા જુઓ કેલૂકોર.

કેલૂમેર જુઓ કેલૂકોર.

કેલું ૧. સ. કોનું.
૨. વિ. કહેવાનું; બોલવા પૂરતું.

કેત ૧. પું. (જ્યોતિષ) કેતુ ગ્રહ.
૨. પું. (જ્યોતિષ) ધૂમકેતુ.
૩. સ્ત્રી. ઝંડા.
૪. સ્ત્રી ઘર; ભુવન.
૫. [સં. કેતુ] સ્ત્રી. ધજા; ધ્વજ.
૬. સ્ત્રી ખુશી.
૭. સ્ત્રી. કટકાની સળ કરવા માટે વપરાતો પટો.
૮. સ્ત્રી. સંકલ્પ.
૯. સ્ત્રી. સ્થાન; જગ્યા.

કેતક ૧ પું. કેવડાનું ઝાડ.
૨. ન કેવડાનું ફૂલ.
૩. ન. ચિહ્ન; નિશાની.
૪. ન. ઓળખનું ચોટલામાં બાંધવાનું એક ઘરેણું; ચાક.
૫. વિ. કેટલું.
૬. વિ. બહુ.

કેતકકુંત [સં.] પું. કેવડાનો કાંટો.

કેતકકેવડો (કેતકકેવડો) પું. કેવડાના આકારનું ઓળખનું ઘરેણું.

કેતકી ૧. સ્ત્રી. એ નામના છોડનું પાન.
૨. સ્ત્રી. (સંગીત) એક રાગિણીનું નામ.
૩. [સં.] સ્ત્રી. કેવડો; એક જાતનો છોડ. આ છોડ બોળની હથોડા માત્ર બે ઝાડી ફૂટ ઊંચો થાય છે. પાંદડાંના જથ્થાની વચમાંથી એક લાંબી દાંડી ફૂટી નીકળી તેની ઉપર સુગંધીદાર ફૂલ આવે છે. પાંદડાં લાંબાં, અણીદાર, કોમળ અને ચીકણાં હોય છે અને તેની કોર નાના કાંટા હોય છે. વરસાદમાં તેને ફૂલ બેસે છે. તે લાંબાં, સફેદ રંગનાં અને બહુ સુગંધી હોય છે. ફૂલમાંથી અત્તર અને સુગંધી જળ બને છે. આ ફૂલ ઉપર ભમરો બેસતો નથી એવી વાત પ્રસિદ્ધ છે. પુરાણ અનુસાર આ ફૂલ શિવને ચડાવવામાં આવતું નથી. તે કઠોર હોવાથી છાપામાં વપરાય છે. કેતકીના રેસા કાઢી તેનાં દોરડાં પણ બનાવાય છે.
૪. સ્ત્રી. કાનના બાંયામાં નાખવાનું એક ઘરેણું.
૫. ન. કેવડામાંથી બનાવેલું અત્તર.

કેતકીપ્રબંધ [સં.] પું. એક જાતનું ચિત્રકાવ્ય.

કેતકીહાર [સં.] પું. સોનાનો એક જાતનો આરથી વધારે શેરનો હાર.

કેતન ૧. [સં.] ન. ફૂલ; કામ.
૨. ન. ઘર; મકાન; સ્થાન.
૩. ન. ચિહ્ન; પ્રતીક.
૪. ન. ધનુષ્યની કમાન.
૫. ન. ધ્વજા; નિશાન.
૬. ન. નિમંત્રણ; આમંત્રણ.
૭. ન. મત્સ્યબંધન; માછલાં પકડવાની જાળ.

કેતપૂ ૧. પું. અગ્નિનો દેવ.
૨. વિ. અગ્નિ સાથે કરનાર.

કેતલ વિ. કહેનાર; સંભળાવનાર.

કેતવ પું. એક જાતનો દેવ.

કેતા ૧. [હિં.] વિ. કેટલું.
૨. વિ. કેવું.

કેતાઈક વિ. કેટલુંક; અમુક.
કેતાઈક શુભ સાંભલના. ગુજુવિજય

કેતાક જુઓ કેતાઈક.

કેતાનપોત ન. એક જાતનું કાપડ.

કેતારી સ્ત્રી. રોરડી.

કેતિક વિ. ચોક્કું; કેટલુંક.

કેતી ૧. સ્ત્રી. લોકોમાં નિત્ય કામકાજ રહેવાનું હોય તે; કહેવત.
૨. વિ. સ્ત્રી. કેટલી.

કેતુ ૧. [સં.] પું. અતિ પાપી માણસ.
૨. પું. અનિલ; પવન.
૩. પું. (પુરાણ) ઋષભદેવને જયંતીથી થયેલ સો મહિનો એ નામનો એક દીકરો.
૪. પું. એ નામનું ઊડતું વિમાન.
૫. પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ. આંખે જોતાં તે કોઈ ગ્રહ નથી, પણ આકાશમાં એક અટપટું બિંદુ માત્ર છે. તે હમેશ રાહુની સામે જ એટલે તેનાથી સાતમી રાશિએ હોય છે. પુરાણ પ્રમાણે એક રાક્ષસનું માથા વિનાનું ધડ કેતુ કહેવાય છે. આ રાક્ષસ સમુદ્રમંથન વખતે દેવતાઓ સાથે બેસી અમૃત પી ગયો હતો. તેથી વિષ્ણુ ભગવાને તેનું માથું કાપી નાખ્યું. પણ અમૃતના પ્રભાવથી તે મર્યો નહિ અને તેનું માથું રાહુ અને ધડ કેતુ બની ગયાં. કહેવાય છે કે સૂર્ય અને ચંદ્રે તેને ઓળખ્યો હતો. આથી આજ સુધી અકબધ સમયે તે સૂર્ય અને ચંદ્રનો ગ્રાસ કરે છે.
૬. પું. એ નામનો વિશ્વામિત્ર દાનવ અને સિંહિકાનો પુત્ર.
૭. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે નંદ છંદનો ભેદ છે. તેમાં આઠ ગુરુ અને બાવીશ લઘુ મળી આડત્રીસ માત્રા અને ત્રીસ વર્ણ હોય છે.
૮. પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, રગણ, નગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.
૯. પું. કામદેવ.
૧૦. પું. ખરતો તારો.
૧૧. પું. જ્ઞાન.

૧૨. કું. ધ્વજ; વાવટો; નિશાન.
૧૩. [સં. ક્ષિત્ (રહેવું)] કું. પરમેશ્વર, કેમકે તેમાં આખું જગત વસે છે અથવા તે સર્વ રોગથી મુક્ત કરે છે.
૧૪. કું. (જ્યોતિષ) પૂછડિયો તારો; ધૂમકેતુ. ભારતીય જ્યોતિષમાં તેની સંખ્યાના સંબંધમાં મતભેદ છે. કોઈ હજાર, કોઈ એકસો એમ જુદી જુદી સંખ્યા માને છે. નારદજીના મત પ્રમાણે કેતુ એક જ છે અને તે જુદા જુદા રૂપમાં દેખાય છે. હલિત જ્યોતિષમાં જુદા જુદા કેતુના દેખાવાનાં જુદાં જુદાં ફળ માન્યાં છે. ધૂમકેતુ દેખાય સાંસુધી અને તેના ઉદયથી ૫૬૨ દિવસ પછીમાં તે શુભ અથવા અશુભ ફળ દેખાડે છે. હાલના પ્રખ્યાત જ્યોતિષીઓએ દૂરબીન દ્વારા એવો નિશ્ચય કર્યો છે કે કેતુઓની સંખ્યા અનિશ્ચિત છે અને તેઓ જુદી જુદી કક્ષાઓમાં જુદા જુદા વેગથી ફરે છે. પ્રથમ તો દૂરબીનમાં પ્રકાશના ધાબા જેવો દેખાય. જેમ જેમ તે સૂર્યની નજીક આવે તેમ તેમ તેનો મધ્ય ભાગ દેખાવા લાગે અને ધીમે ધીમે સ્પષ્ટ દેખાય. કેતુને પ્રકાશવાનું પૂછડું હોય છે. આ પૂછડામાં સ્વયંપ્રકાશ નથી. તે સ્વચ્છ પારદર્શી અને ધૂમ્રમય હોય છે, જે સૂર્યના સમીપપણાને લીધે પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૬૮૨ પહેલાં જ્યોતિષીઓનો એવો મત હતો કે ધૂમકેતુઓ નિયમ વિના ગમે તેમ ફરે છે. પણ ઈ.સ. ૧૬૮૨માં હેલી નામના માણસે ગણતરી કરીને એક તારાના સંબંધમાં સિદ્ધ કર્યું કે તે જેમ તેમ ફરતો નથી પણ ૭૬ વર્ષે દેખાય છે. આ તારાને હેલીના નામ ઉપરથી હેલીકેતુ કહે છે. આ પછી જ્યોતિષીઓનું ધ્યાન તે તરફ આકર્ષાયું અને કેટલાએક ધૂમકેતુઓની કક્ષા તથા ગતિનો નિર્ણય થયો.
૧૫. કું. પ્રાણહર મર્મ.
૧૬. કું. બુદ્ધિ; પ્રજ્ઞા.
૧૭. કું. (પુરાણ) ભારતવર્ષનો નવ ખંડનો એ નામનો એક ખંડ.
૧૮. કું. મલયકેતુ.
૧૯. કું. મુખ્ય; નેતા.
૨૦. કું. સુતપુત્ર; યમનો દીકરો.
૨૧. કું. રોગ; બીમારી.
૨૨. કું. શત્રુ.
૨૩. કું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨૪. કું. શ્રેષ્ઠ પુરુષ.
૨૫. કું. સૂર્યનું કિરણ.
૨૬. વિ. મુખ્ય.
૨૭. વિ. ઘેરું; સૌથી ચઢિયાતું.

કેતુઆગ્નેય ૧. કું. ઋગ્વેદના દસમા મંડલના ૧૫૧મા સૂક્તનો કર્તા એક ઋષિ.
૨. કું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કેતુઆવરણ વ. માથા ઉપર વાદળ જેવા દેખાતા તારાઓના સમૂહનું ઢાંકણ.

કેતુકુંડલી સ્ત્રી. હલિત જ્યોતિષ પ્રમાણે જ્યર આવનારાનું એક ચક્ર. તે વડે વર્ષનો સ્વામી શોધી શકાય છે.

કેતુક્ષેત્ર [સં.] વ. આકારના પાસ્ટુથી ધાન્ય નિષ્પન્ની શકાય તેવું ખેતર.

કેતુગ્રહ ૧. [સં.] કું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.
૨. કું. વૈદૂર્યમણિ.

કેતુતારો ૧. કું. (જ્યોતિષ) ખરતો તારો.
૨. કું. (જ્યોતિષ) ધૂમકેતુ.

કેતુદંડ [સં.] કું. વાવટો રાખવાનો દાંડો; ધ્વજની લાકડી.

કેતુનાભિ [સં.] વ. ધૂમકેતુની પૂછડી તારા જેવા જે બિંદુમાંથી નીકળતી દેખાય તે બિંદુ.

કેતુપતાકા [સં.] સ્ત્રી. હલિત જ્યોતિષ પ્રમાણે નવ આવનારાનું એક ચક્ર. તે વડે વર્ષનો સ્વામી શોધી શકાય છે.

કેતુપુચ્છ [સં.] વ. ધૂમકેતુનું પૂછડું.

કેતુપ્રદર્શક [સં.] વ. ધૂમકેતુ જોવાનું વ.

કેતુભ [સં.] કું. વરસાદ.

કેતુમતી ૧. [સં.] કું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, જગણ, સગણ અને ગુરુ તથા બીજા અને ચોથા ચરણમાં જગણ, રગણ, જગણ અને બે ગુરુ હોય છે.
૨. સ્ત્રી. સુમાલી રાક્ષસની સ્ત્રી; રાવણની માતામહી.

કેતુમાન ૧. [સં.] કું. (પુરાણ) લઘુપુત્ર એક દાનવ.
૨. કું. પશ્ચિમ દિશાનો દિક્પાળ.
૩. કું. ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.
૪. કું. સૂર્યવંશી નવમ પુલોત્પન્ન અંબરીષ રાજાના ઋણમાંનો વચલો પુત્ર.
૫. કું. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કુળમાં જન્મેલા ધન્વંતરિ રાજાનો પુત્ર; હરિવંશ પ્રમાણે ક્રોષ્ટુરાજ વિદેહસેનના વંશનો એક રાજા. જેના પુત્રનું નામ ભીમરથ અથવા ભીમસેન હતું.
૬. વિ. તેજસ્વી; બુદ્ધિમાન.
૭. વિ. ધ્વજવાળું; જેની પાસે પતાકા હોય તેવું.

કેતુમાલ ૧. [સં.] કું. (પુરાણ) આગ્નિધ્ર રાજાના નવ માંહેનો નાનો પુત્ર.
૨. કું. જંબુદ્વીપના મુખ્ય નવ માંહેનો એક દેશ; મેરુ પર્વતની પૂર્વ પશ્ચિમે આવેલ પ્રાચીન ક્ષેત્ર; રશિઆઈ તુર્કસ્તાન. ઇલાવૃત્તથી પશ્ચિમ ભાગમાં માલ્યવાન નામનો પર્વત આ ખંડના સીમાડા ઉપર છે. દક્ષના વખતમાં ઈ. સ. પૂ. ૬૦૦૦માં ત્યાં ગયેલ શ્રવણ,ઓએ તે વસાવેલ હતો. આકાંઠ પુરાણ અનુસાર આ ખંડમાં સાત પર્વત અને કેટલીક નદીઓ છે. સિદ્ધ અને દેવર્ષિઓ પ્રાયઃ આ નદીઓમાં સ્નાન કરવાનું પસંદ કરે છે. આ ખંડમાં જંગલી જનવર પણ રહે છે.

કેતુમાલવર્ષ જુઓ કેતુમાલ ૨.

કેતુમાલા ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) અનુષ્ટુપ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરાલી છંદ. તેના દરેક ચરણમાં બે તગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. માલાખંડ.
૩. સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં જણાવેલી કામ્યક વનની પશ્ચિમ દિશાએ આવેલી એ નામની એક નદી.

કેતુમાલી ૧. [સં. કેતુમાલિન્] કું. શંબરાસુર દૈત્યનો સેનાધિપતિ.
૨. કું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. સ્ત્રી. ધ્વજાઓની હાર.

કેતુમાળ જુઓ કેતુમાલ.

કેતુમુખ [સં.] વ. ધૂમકેતુના માથાનો ભાગ; ધૂમકેતુનું મોં.

કેતુરત્ન [સં.] વ. વૈદૂર્યમણિ; લસણિયા નામનું રત્ન.

કેતુવર્મા કું. (પુરાણ) ત્રિગર્તાધિપતિ સુશર્મનો ભાઈ. તેને અર્જુને માર્યો હતો.

કેતુવીર્ય કું. (પુરાણ) એક દાનવનું નામ.

કેતુવૃક્ષ [સં.] વ. ન. બ. (પુરાણ) મેરુની ચારે તરફના પર્વતો ઉપરનાં વૃક્ષ. વિષ્ણુપુરાણ પ્રમાણે મેરુની પૂર્વ દિશામાં મંદરાચલ ઉપર કદંબનું ઝાડ, દક્ષિણ તરફ ગંધમાદન ઉપર જંબૂ વૃક્ષ, પશ્ચિમ તરફ વિપુલગિરિ ઉપર પીપળ અને ઉત્તર તરફ સુપાર્શ્વ પર્વત ઉપર વડનું ઝાડ છે. આ ચારે વૃક્ષોને કેતુવૃક્ષ કહે છે.

કેતુશિખા [સં.] સ્ત્રી. ધૂમકેતુનું મોં.

કેતું ૧. કું. ધ્વજ; વાવટો.

૨. પું. (જ્યોતિષ) નવ ભાંખરો એક ભાગ; પૂમકેતુ.
૩. વિ. કેટલું.

કેતો પું. અમેરિકામાં ગરમ દેશોમાં રહેનાર સિયાળના જેવું એક જનાવર.

કેત્તિ સ્ત્રી. કેડની લટ; વાળની લટ.
પ્રહવા મન કરે તાં કેત્તિ પ્રહી. નરસિંહ

કેત્તિઆ અ. કેટલું.

કેત્તું વિ. કેટલું.

કેત્થ ૧. [સં. કુત્ર] અ. કોઈ કેટલેક; કોઈ સ્થળે.
૨. અ. ક્યાંક.

કેત્થ વિ. કેવાતુ ધાતુવાળું.

કેત્વરચ [સં.] પું. જેમાંથી કેવાતુ ધાતુ નીકળે તેવી ખનિજ.

કેત્વાતુ સ્ત્રી. ભરતા તારાના પત્થરમાં લોહની સાથે ભળી આવતી સખત પેલાદના જેવા જૂરા રંગની કરીર જેવી ધાતુ. તેમાંથી રંગ બને છે.
૧. કેત્વાતુ ક્રામ = કેત્વાતુ રંગનો અમ્લવા તે ધાતુમાંથી બનતો ક્રોમ.
૨. કેત્વાતુ ક્રાસ્મ = કેત્વાતુ ધાતુમાંથી બનતો એક જાતનો રંગ.
૩. કેત્વાતુકુસુમ = રુધિરાશ્મ; કેત્વાતુ ધાતુનાં ફૂલ.
૪. કેત્વાતુ જ્રૈલ = કેત્વાતુનૈલ; કેત્વાતુ ધાતુ તથા નૈલ મિશ્રિત એક પદાર્થ.
૫. કેત્વાતુ જ્રૈવ = કેત્વાતુ ધાતુ તથા પ્રાણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.
૬. કેત્વાતુ ટંકોલ = એક ક્ષાર; કેત્વાતુ ધાતુ તથા ટંકણખાર મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કેથલિક ૧. [અં. કૅથલિક] પું. એ નામનો ધાર્મિક સમદાય.
૨. વ. એ નામના ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયનું માણસ.
૩. વિ. એ નામના સંપ્રદાયને અનુસરતું.

કેથાં જુઓ કેથે.

કેથીડ્રલ [અં. કૅથીડ્રલ] વ. ખ્રિસ્તી દેવળ.

કેથુ સ. પું.
કેથક કોજર્ડ ભરથ પુત્ર,
વિદ્યા વિષ્ણુ ન સ્પર્શે પરસૂત્ર. વિમલપ્રબંધ

કેથું વિ. કેટલું.
મંદ્યાત્રે પરડરી છત્રરો કેથો કાજ,
ઓલી મરમ ન જાણે તે વન ભાવિસે ચોર.
ભાલણ

કેધે ૧. પું. પૂર્વ ચીનનું પ્રાચીન નામ.
૨. જુઓ કેથે.

કેધેજ અ. કોઈ રીતે; કોઈ ઉપાયે.

કેધેર [અં.] વ. મૂત્રરાશયમાં; કુક્ષ્યગ્રંથી પેશાબ બહાર કાઢવામાં વપરાતું નળી જેવું પોલું હથિયાર.

કેધોલિક જુઓ કેથલિક.

કેફ (કેપ) ૧. [અ. કયફ] સ્ત્રી. ઘટક; મરજી પ્રમાણે હીલચાલ કરવાની બંધી; બંધનયુક્ત સ્થિતિ; રોક; પ્રતિબંધ.
૨. સ્ત્રી. ખેડૂતના બળામાંથી લેવામાં આવતો ઘણાનો અમુક હિસ્સો.
૩. સ્ત્રી. બંધ રાખવું તે; ચોંધી રાખવું તે.
૪. સ્ત્રી. બંધીખાનું; કેદખાનું; કારાવાસ.
૧. કેદ કરવું–પકડવું = પકડીને કબજે રાખવું; પકડવું; ચોંધવું; બંધનમાં રાખવું.
૨. કેદ થવું–પડવું = પરાધીનતામાં પડવું; કબજે થવું.
૫. સ્ત્રી. મર્યાદા; આબ.
૬. વિ. કબજે પડેલું; કેદ ભોગવતું.

કેદકીદ્વાર જુઓ કેતકીદ્વાર.

કેદખાનું (કેદણાનું) [અ. કયદ + ફા. ખાનહ્ (જગ્યા)] વ. માણસોને ઘટકમાં રાખવામાં આવતા હોય તેવું કેદારેલું; બંદીખાનું; તુરંગ; કારાગૃહ; જેલ. ફોજદારી ગુનેગારોને ન્યાયાધીશ સમક્ષ લાવતાં સુધી અટકાયતમાં રાખી શકાય છે. પહેલા વર્ગનું કેદખાનું ખાસ અટકાયત જેવું છે. તેમાં ગુનેગારો પોતાનું ભરણપોષણ જાતે જ કરે છે, સામાન્ય પોશાક પહેરી શકે છે અને મિત્રોને મળી શકે છે. બીજા વર્ગના કેદીઓ માટે ખાસ કામદા હોય છે તેથી આરોપીઓને ફોજદારી ગુનેગારો સાથે રાખવામાં આવતા નથી. બારે ફોજદારી ગુનેગારોને ત્રીજા વર્ગમાં મૂકવામાં આવે છે, બારે સાધારણ રીતે વધુમાં વધુ સજા બે વર્ષની હોય છે. આ સજા સખત મજૂરીવાળી હોય છે.

કેદાડે (કેદાડે) અ. કયે દિવસે.

કેદાર ૧. પું. એ નામનો એક રાજર્ષિ.
૨. પું. (સંગીત) એક ઓડવષાડ રાગ; મેઘરાગનો ચોથો પુત્ર. તે સંપૂર્ણ જાતિનો રાગ છે. ઓડવ, ષાડવ અને સંપૂર્ણ એમ તેની ત્રણ જાત છે. ષાડવમાં રિષભ વર્જ્ય છે. ઓડવ જાતિમાં રિષભ અને પૈવત વર્જ્ય છે. સંપૂર્ણ જાતિમાં શુદ્ધ અને તીવ્ર બંને મધ્યમ અને બંને નિષાદ સાથે શુદ્ધ સ્વરસંભાષ છે. મતાંતરે કે રિષભ, પૈવત શુદ્ધ લેવાય છે. તેમાં ગ્રહ સ્વર ષડ્જ, વાદી સ્વર મધ્યમ, સંવાદી સ્વર પૈવત અને ન્યાસ સ્વર ષડ્જ છે. આરોહમાં ગાંધાર અને નિષાદ વર્જ્ય છે. આરોહમાં મધ્યમ તીવ્ર અને અવરોહમાં શુદ્ધ બોલાય છે. આરોહમાં રિષભ અલ્પ છે. શાંતરસથી રાતના બીજા ત્રીજા પહોરમાં ગાવો ઉચિત છે. ઈશ્વરની આરાધનામાં આ રાગ પ્રધાન ગણાય છે. તે વીર, અદ્‌ભુત, શાંત અને ભક્તિરસમાં ગવાય છે.
૩. પું. એક જાતના ચોખા.
૪. પું. (ચિત્રણ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ૨ નગણ અને ૨। રગણ મળી ૮૪ વર્ણ હોય છે.
૫. પું. કામરૂપ દેશનું એક તીર્થ.
૬. પું. કચારો; આલવાલ.
૭. પું. ખેતર; આડો.
૮. પું. મંદાકિનીથી માંડીને તમસા નદી સુધીનું એ નામનું એક મોટું તીર્થક્ષેત્ર; કેદારેશ્વર મહાદેવનું જાવાનું એક ધામ; હિમાલય પર્વતનું એક શિખર. આ ધામ હિમાલયમાં આવેલું છે. પાંડવોએ કૌરવો સાથે યુદ્ધ કરી કૌરવોનો સંહાર કરી વિજય પ્રાપ્ત કર્યો, પણ તેમ કરતાં તેમોને બ્રહ્મ તથા ગોહત્યાનું પાતક લાગ્યું. તે પાપમાંથી મુક્ત થવા માટે તેમોએ આ સ્થળે ભગવાન શિવજીની આરાધના કરી. મંદાકિની અને દુધગંગા નદીઓના સંગમ ઉપર દક્ષિણ તટે તે આવેલ છે. એ મહાદેવનાં બાર જ્યોતિર્લિંગ માંહેનું એક છે. કેદારનાથનું દેવાલય રુદ્રહિમાલય પર્વતમાળામાંથી કાટખૂણે નીકળતા પર્વત ઉપર આવેલ છે. કેદારનાથથી બે દિવસની મુસાફરી જેટલે છેટે પવિત્ર મંદાકિની અથવા કાલી ગંગા નદી નીકળે છે. જે સરોવરમાંથી એ નીકળે છે તેમાં ભૂરાં કમળ થાય છે. એ સરોવર રુદ્રપ્રયાગ આગળ અલકનંદાને જોડાયેલું છે. જોકે સીધી લીટીમાં છેટું બહુ ઓછું છે, છતાં કેદારથી બદ્રિનાથ જતાં આઠ દિવસ લાગે છે. કેદારનાથથી હરિદ્વાર આશરે ૧૪૬ માઈલ જેટલે છેટે આવેલું છે. કેદારનાથની પૂજા પાંડવોએ કરાવ્યાનું કહેવાય છે. દેવળની પાસે ભૈરવજપ નામની ટેકરી આવેલી છે. તેના શિખર ઉપરથી યાત્રાળુઓ પડતું મૂકીને આત્મહત્યા કરતા. દેવળની પાસે જ્યાં કાર્તિકનો જન્મ થયો હતો તે રેતકુંડ આવેલો છે.
૯. પું. ગોમાસુ પાક.
૧૦ પું. જાતિસ્વભાવ.
૧૧. પું. પર્વત.
૧૨. પું. પાણીને રોકવા માટે ચોતરફ પાજ બાંધેલું ખેતર; ચારે તરફ સેતુબંધવાળું ખેતર.
૧૩. પું. વીડી.

૧૪. ન. કારીમાં બંધાયેલું શિવલિંગ.

કેદારક [સં.] પું. ખેડેલા ખેતરમાં ઉત્પન્ન થયેલ ડાંગર.

કેદારકંદ જુઓ કેદારકંદક.

કેદારકંદક [સં.] ન. એક જાતની વનસ્પતિનું મૂળ. તે કેદાર પર્વત ઉપર ઊગે છે. તેને જાંબુડા રંગનાં ફૂલ આવે છે.

કેદારકંકણ ન. સાપુતારાનો ડોંગર.

કેદારગંગા [સં.] સ્ત્રી. હિમાલય પ્રાંતની એ નામની એક નદી. તે ગંગાને મળે છે.

કેદારજ ૧. [સં.] ન. પરવાળ.

૨. વિ. ખેડેલા ખેતરમાં ઉત્પન્ન થયેલ.

કેદારતીર્થ [સં.] ન. ગંગાદ્વારથી આંડીને તમસા નદી સુધીના પ્રાચીન તીર્થનું નામ. જુઓ કેદાર ૮.

કેદારનટ [સં.] પું. (સંગીત) ષાડવ જાતિનો એક સંકર રાગ. તે નટ અને કેદાર મેળવવાથી બને છે અને રાતે બીજે પહોરે ગવાય છે. આમાં રિષભ વર્જિત હોય છે. સંગીત પારિજાતમાં આને ઓડવ જાતિનો રાગ માન્યો છે અને તેમાં રિષભ તથા ધૈવત વર્જિત બતાવ્યા છે. કોઈ કોઈના મત પ્રમાણે આ નટનારાયણનો છઠ્ઠો પુત્ર મનાય છે.

કેદારનાટ જુઓ કેદારનટ.

કેદારનાથ ૧. [સં.] પું. એ નામના મહાદેવનું મંદિર. તે કેદાર નામના પર્વત ઉપર છે.

૨. પું. એ નામનું એક શિવલિંગ.

કેદારા ૧. સ્ત્રી. પીંજરાની એ નામની એક બંદિશ.

૨. ન. એ નામની બંદિશનું માપુસ.

૩. વિ. એ નામની બંદિશનું.

કેદારી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન સમગોળ અને દાંતા દાંતાવાળાં હોય અને ફૂલ પીળા રંગનાં હોય છે.

૨. સ્ત્રી. (સંગીત) દીપક રાગની છ ભાંખડી એ નામની પાંચમી રાગિણી. તે રાત્રે બીજા પહોરની પહેલી ઘડીમાં ગવાય છે. આ ઓડવ જાતિની રાગિણી છે અને તેમાં રિષભ તથા ધૈવત વર્જિત છે. પણ સોમેશ્વરના મત પ્રમાણે તે સંપૂર્ણ જાતિની રાગિણી છે અને સભા સમયે ગવાય છે. આનો ઉપયોગ બધે ભાગે વીર અને શૃંગાર રસના વર્ણનમાં થાય છે.

કેદારેશ [સં.] પું. મહાદેવના બાર જ્યોતિર્લિંગમાંનું એ નામનું એક.

કેદારેશ્વર જુઓ કેદારેશ.

કેદારો ૧. [સં. કેદાર] પું. (સંગીત) દીપક રાગની એક રાગિણી. આ રાગ ગાવાનો વખત રાતના ૯ થી ૧૨ સુધીનો છે. તે હેમંત ઋતુમાં ગવાય છે. તેમાં શુદ્ધ અને તીવ્ર મધ્યમ આવે છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. કોઈ કોઈના મતે નિષાદનો વિવાદી રૂપે પ્રયોગ કરે છે. આ રાગનો વાદી સ્વર શુદ્ધ મધ્યમ છે, સંવાદી સ્વર ષડ્જ છે.

કેદારો કરવો = (૧) કોઈ સારું મોટું કામ ન કર્યું હોય સારે બંબામાં આમ નોલાય છે. (૨) મોટું જોર કરવું; પરાક્રમ કરી બતાવવું. નામ કાઢવું. કેદારો રાગ ગાવો બહુ મુશ્કેલ છે તેથી આ રૂઢિપ્રયોગ બનેલ છે.

૨. પું. પર્વત.

૩. પું. પાણીનો આડો.

૪. પું. પીડી.

૫. પું. શિવલિંગ.

કેદિક જ. કોઈક દિવસ; કયારેક; વખતે.

કેદી ૧. પું. ગુનેગાર માણસ.

૨. પું. જેલમાં પુરાયેલ માણસ.

૩. વિ. કેદ કરવામાં આવેલું; બંદીખાને પડેલું.

૪. ન. કયે દિવસે.

કેદીચોકીદાર પું. કેદીઓ ઉપર દેખરેખ રાખનાર કેદી.

કેદુકનું જ. કયારનું; કેટલા વખતનું; કયા દિવસનું.

કેદુનું ૧. જ. કયા દિવસનું; કેટલા સમયનું.

૨. જ. ઘણા સમયથી.

કેન ૧. પું. બ્રાહ્મણથી ઉર્વિને પેટે જન્મતરેલ પહેલો પુત્ર. તેનો જન્મ ઈ.સ. પૂર્વે ૪૦૦૦માં થયો મનાય છે.

૨. [અં.] સ્ત્રી. નેતરનો છોડવો.

૩. સ્ત્રી. બાંદા જિલ્લાની એ નામની એક નદી. તે વિંધ્યાચળમાંથી નીકળી યમુનાને મળે છે.

૪. સ્ત્રી. સોટી; નેતરની સાઠડી.

૫. ન. એકસો બાર મંત્રોનું એક ઉપનિષદ; તલવકારોપનિષદ. તેમાં ગુરુ શિષ્યના સંવાદ આપેલા છે. આ સામવેદિક ઉપનિષદનો પહેલો મંત્ર 'કેન'થી શરૂ થાય છે માટે તે કેન ઉપનિષદ કહેવાય છે. તેના ચાર ખંડ છે અને દરેકમાં ૩૪ મંત્ર છે.

૬. ન. દરજીના સંચામાં કોપરેલ તેલ પૂરવાનું ટાંકણી જેવું સાધન.

કેનન [અં.] સ્ત્રી. તોપ.

કેનનબોલવૃક્ષ ન. એક જાતનું કાંટાળું ઝાડ. બીજનામાં ચપટું ગોળ પણ કદમાં વિશાળ હોય કળો ૩૬ સેન્ટનું થાય છે. તે સ્વાદમાં મીઠું, પુષ્ટિકારક અને મૂત્રકારી છે.

કેનરી ન. એક જાતનું પક્ષી.

કેનવાસ ૧. [અં.] ન. એક જાતનું જાડું સૂતરાઉ કાપડ.

૨. ન. ભરત ભરવાનું જાળીવાળું એક જાતનું કપડું.

કેનવાસચિત્ર ન. કેનવાસ ઉપર દોરવામાં આવેલ ચિત્ર.

કેના ૧. પું. એ નામનો એક ફૂલછોડ. તેને લાલ, ગુલાબી, કેસરી અથવા સફેદ રંગનાં ફૂલ આવે છે.

૨. સ્ત્રી. એક જાતની જંગલી વેલ. તેનાં પાન રાની ઢોરો દુકાળમાં ખાય છે.

૩. સ્ત્રી. એક જાતની ભાજી; એક જાતનું શાક.

કેનારીઝ સ્ત્રી. દક્ષિણ હિંદુસ્તાનમાં બોલાતી એક ભાષા.

કેનાલ ૧. [અં. કનેલ] સ્ત્રી. નહેર; નીક; ખોરિયો.

૨. સ્ત્રી. રસ્તો; ખુલ્લો માર્ગ.

કેનિપાત [સં.] પું. નૌકા ચલાવવાનું બારકાનું એક સાધન; સુકાન.

કેનિપાતક જુઓ કેનિપાત.

કેનિલ્લા ન. વેસ્ટ ઇન્ડીઝમાં ઊગતું એક જાતનું ઝાડ. તે રેચકીના વર્ગનું હોઈને ઔષધિ તરીકે ઉપયોગી મનાય છે. ગરમ મસાલા તરીકે પણ ઉપયોગમાં લેવાય છે.

કેનિસ માઇનર [અં.] પું. એ નામનો એક તારો. રહના બાકી તારા પછી મિથુનના વીસ ઝાંકે બારાને પોતાના તેજથી ઊતરતા મૃગબાણ કે મુષ્યક નામે તારો છે. અંગ્રેજીમાં તેને સીરિયસ એટલે શિકારી કૂતરો કહેલ છે અને ગ્રીક પુરાણોમાં તેને કેનિસ મેજર અને કેનિસ માઇનર એમ બે નાના મોટા કૂતરા કહેલ છે. ઋગ્વેદમાં તેને યમનો ચાર નેત્રવાળો શ્વાન કહેલ છે.

કેનિસ મેજર [અં.] પું. એ નામનો એક તારો. જુઓ કેનિસ માઇનર.

કેની જ. કે નહિ. આ શબ્દ ગુજરાત તરફ વાક્યને છેડે વપરાય છે.

કેનીકોર જ. કઈ બાજુએ; કઈ દિશાએ.

કેનીપણ જ. કઈ બાજુએ; કયે કેકાણે; કઈ તરફ.

કેનીસેર જુઓ કેનીપણ.

કેનું જ. કોનું; કયા માણસનું.

કેને ૧. સ. કોને ?; કયા માણસને ?

૨. અ. કઈ દિશામાં ?; ક્યાં ?

કેનેકીન ન. એક જાતનું કાપડ.

કેનેરિયમ ન. એશિઆમાં ઊગતું એક જાતનું ઝાડ. તે પચાસ ફીટ ઊંચું વધે છે. તેને ગરવાળાં ફળ હોય છે. આ ગરની રોટલી બનાવીને ખવાય છે.

કેનેરી ન. એક જાતનું પક્ષી. તે હિંદુસ્તાનના મેના વર્ગનું છે, પણ રંગ, રૂપ અને ચંચળતામાં એથી હોય છે. એનું મૂળ વતન કેનેરી અને કેપવર્ડ ટાપુ છે. કેનેરીથી પંદરમી સદીમાં તે યુરપમાં આવ્યું. તે બાંડનું સોબીન છે અને ધાન્ય અને બી ઉપર ગુજરાન કરે છે.

કેનેરીઘાસ ન. નાનાં પક્ષીઓના નિર્વાહ માટે ઉગાડવામાં આવતું એક પ્રકારનું નિસ્તેજ ઘાસ.

કેનોપનિષદ [સં.] ન. એ નામનું એક ઉપનિષદ. જુઓ કેન ૫.

કેન્ટર [અં. કૅન્ટર] સ્ત્રી. ઘોડાની એક ચાલ.

કેન્ટીઆ [અં. કૅન્ટીઅ] પું. એક જાતનો ચપો.

કેન્ટોન્મેન્ટ [અં.] ન. લશ્કરી છાવણી.

કેન્ડલ ૧. સ્ત્રી. ફાનસ.

૨. સ્ત્રી. મશાલ.

૩. [અં. કૅન્ડલ] સ્ત્રી. મીણબત્તી.

કેન્ડલનટ [અં. કૅન્ડલનટ] ન. એક જાતનું ફળઝાડ. તે માદાગાસ્કર, મોલ્યુક્સ અને બીજા વગેરેમાં થાય છે. એના કોટલામાં રવાદિષ્ટ માવો હોય છે. તે પકવ્યા સિવાય ખાઈ શકાતો નથી. તેનાં ફૂલ બાજરોટ જેવડાં છે. તેમાંથી બનતું સ્વચ્છ તેલ બાવા તથા બાળવામાં આવે છે.

કેન્ડલપાવર [અં. કૅન્ડલપાવર] પું. એક મીણબત્તીના તેજ જેટલી શક્તિ.

કેન્ડલ્ફિશ [અં. કૅન્ડલફિશ] સ્ત્રી. એક જાતની ખોરાકમાં વપરાતી માછલી. તેનું તેલ બાળવાના ઉપયોગમાં આવે છે.

કેન્ડિડેટ [અં. કૅન્ડિડેટ] પું. ઉમેદવાર.

કેન્ડિયન ૧. ન. લંકામાં આવેલ કેન્ડિ પ્રાંતનું રહીશ.

૨. વિ કેન્ડિ પ્રાંત સંબંધી; કેન્ડિ પ્રાંતનું.

કેન્ડીફ્રૂટ ન. એક જાતનું ફલઝાડ.

કેન્યા ન. પૂર્વ આફ્રિકામાં આવેલું એ નામનું એક બ્રિટિશ સંસ્થાન. તેમાં હિંદીઓ અને અરબોની વસ્તી મોટી છે.

કેન્વાસ ૧. [અં. કૅન્વાસ] ન. કંતાન; જાડું કપડું.

૨. અ. ક્રિ. પ્રવાસ કરવો; કેમ્પિંગ કરવી.

૩. અ. ક્રિ. મત મેળવવા; મત લેવા કરવા.

કેન્વાસર ૧. [અં. કૅન્વાસર] વિ. ગ્રાહક મેળવનાર.

૨. વિ. મત લેવા કરી આપનાર.

કેન્સર ૧. [અં. કૅન્સર] ન. એ નામનો એક ભયંકર રોગ; અર્બુદ; ગ્રંથિ.

૨. ન. (જ્યોતિષ) કર્ક રાશિ.

કેન્સલ [અં. કૅન્સેલ] સ. ક્રિ. કાટી નાખવું; રદ કરવું.

કેપ ૧. [અં. કૅપ] સ્ત્રી. કારતૂસની ટોપી.

૨. સ્ત્રી. કારતૂસ વગરની બંદૂક ઉપર મૂકવાની ટોટી.

૩. સ્ત્રી. ટોપી; માથે ઓઢવાનું એક સાધન.

૪. સ્ત્રી. બદૂકનો ધોડો.

કેપાસ ન. નળકા; પાસે.

કેપિટલ ૧. [અં. કૅપિટલ] પું. બાંધણીની મથોટી; સ્તંભશીર્ષ.

૨. સ્ત્રી. બાપણ; મૂડી; ભંડોળ

૩. સ્ત્રી. રાજધાની; મુખ્ય શહેર.

૪. વિ. મોટું; મુખ્ય.

કેપૂર ન. એક જાતનું ઘરેણું.

કેપેસિટિ ૧. [અં. કૅપસિટિ] સ્ત્રી. ગ્રહણશક્તિ; બળ.

૨. સ્ત્રી. ધનકળ; સમાવવાની શક્તિ.

કેપોક ૧. પું. ધોળો રોમળો. આ બદપાસુની ઝાડ મોટું અને ચોગ્ય કોટાવાળું હોય છે. તેનાં ફૂલ બાજ લીલા રંગનાં હોય છે અને પાંદડાં ખરી ગયા પછી બરબામાં ફૂલ બેસે છે. ફળો બે માસ પછી પાકે છે. તેનાં ફોલાં ઊખડી ગયે તેમાંથી ધોળા રેશમ જેવુ રૂ નીકળે છે.

૨. ન. રોમળાનું રૂ.

કેપ્ટન ૧. [અં. કૅપ્ટિન] પું. આગેવાન; વડો; ઉપરી અમલદાર.

૨. પું. કપ્તાન; વહાણનો કે આગબોટનો મુખ્ય ટંડેલ

૩. પું. ક્રિકેટમાં બગિયાર રમનારાઓનો ઉપરી.

૪ પું. પલટણનો નાયક; લશ્કરી ટુકડીનો ઉપરી.

કેપ્લર પું. એ નામનો એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી ઈ. સ. ૧૫૭૧–૧૬૩૦. આધુનિક ખગોળશાસ્ત્રના સિદ્ધાંતોનો તે સ્થાપક ગણી શકાય. તે ટાયકો બ્રાહેનો શિષ્ય હતો. બ્રાહેની મજબ સંબંધી તથા બીજી અનેક સોધ તેના હાથમાં આવી. વિશેષ નિરીક્ષણથી અને ભૂમિતિની સાબિતીથી આપણી સૂર્યમાળા કેવી નિયમિત રીતે ચાલી રહી છે એ તેણે શોધી કાઢયું. ગ્રહોના પથ સંબંધી એમના ત્રણ નિયમ તેનો ખરો વિજય સૂચવે છે. ન્યૂટને આ ત્રણ નિયમોનો ખરો અર્થ બતાવી આપ્યું કે ગુરુત્વાકર્ષણના નિયમનાં એ જરૂરી પરિણામો છે. તે નિયમો આ પ્રમાણે છે: (૧) સૂર્યની આસપાસ ફરવાનો ગ્રહોનો માર્ગ દીર્ઘવર્તુલાકાર છે. તેના ફરેક કેંદ્રમાં સૂર્ય હોય છે. (૨) ગ્રહ સૂર્યની આસપાસ ફરે છે તે વખતે તેનું બંદકર્ષ એટલે કે ગ્રહ અને સૂર્યને સાંધનારી રેખા સમાન કાલમાં સમાન ક્ષેત્રનું આક્રમણ કરે છે. (૩) સૂર્ય અને ગ્રહો વચ્ચેના અંતરનું ઘન અને પ્રદક્ષિણા કાલનો વર્ગ એ સરખા પ્રમાણમાં હોય છે.

કેફ (કૅફ) ૧. પું. ગરમી; ઉષ્ણતા.

૨. પું. નશાવાળી વસ્તુ લેવાની ક્રિયા.

૩. પું. મદ; અભિમાન; અહંકાર.

૪. પું. મસ્તાની; મસ્તી મજા; આનંદ.

૫. પું. માદક પદાર્થથી મગજને થતી ખુરસાની, આનંદની અને ઊંઘની અસર; નશો; ઘેન; ખુમારી.

કામની કેફમાં કુંજ કહ્યો. નરસિંહ

૬. પું. અવસનાત્મક શક્તિ; ઘેનની અસર કરનાર ગુણ.

૭. ન. એક જાતનું કાપડ.

કેફિયત (કૅફિયત) ૧. [અ.] સ્ત્રી. અધિકારી આગળ રજૂ કરેલું વિગતવાર વર્ણન; હકીકત; વૃત્તાંત.

૨. સ્ત્રી. ખુલાસો.

કેફી (કૅફી) ૧. વિ. કેફ કરનાર; વ્યસની; અમલી; નશો કરવાની ટેવવાળુ.

૨. વિ. દારૂડિયુ.

૩. વિ. માદક; કેફના ગુણવાળું; નશાદાર.

૪. વિ સ્વચ્છંદી; બાકડું; ફુછંદી.

કેફીન ન. કોફીમાં રહેલ ઉત્તેજક દ્રવ્ય.

કેબ [અં. કૅબ] સ્ત્રી. બે અથવા ચાર પૈડાંની ઘોડાગાડી. બગી.

કેબલ ૧. [અં. કૅબલ] પું. દરિયાની અંદરનું તારનું દોરડું; વિદ્યુતસંદેશરજ્જુ.

૨. પું. વહાણ બાંધવાનું દોરડું.

૩. પું. સમુદ્ર પાર તારથી મોકલેલ સંદેશો.

કેબલો પું. હોમનો અગ્નિ.

કેબાલ્લા ન. યહૂદી વિદ્વાનોમાં પ્રચલિત ગુપ્તજ્ઞાન.

કેબિન ૧. [અં. કૅબિન] સ્ત્રી. ઝૂંપડી.

૨. સ્ત્રી. વહાણના ઉતારૂઓને રહેવાની ખોલી; નાની ઓરડી.

કેબિનેટ ૧. [અં. કૅબિનેટ] ન. પ્રધાનમંડળ; મંત્રીસમાજ.

૨. ન. રાજા મહારાજાનો મસલતનો ઓરડો; રાજા, મહારાજા વગેરે પોતાના વિશ્વાસપાત્ર મંત્રીઓ સાથે જ્યાં મસલત કરે તે ઓરડો.

૩. ન. લાકડાની બનાવેલી પેટી જેવી વસ્તુ.

કેબેજ સ્ત્રી.; ન. એક જાતની શાકભાજી; કોબી.

કેમ ૧. [સં. કથમ] અ. કઈ રીતે ? કી રીતે ?
કેમ-કેમે કરતાં-કરીને = કોઈ પણ રીતે, ગમે એ રીતે.

૨. અ. કેવું ? કેવી રીતનું ?

૩. અ. શા માટે ? શા સારૂ ? શાથી ?

૪. અ. શું છે ? કેમ થયું ?

કેમકે [સં. કિમ્] અ. કારણકે; સબબ કે.

કેમજે અ. કારણકે.

કેમબલ્લુ ન. ભારત જિલ્લાના કીમોજ ગામનું પ્રાચીન નામ.

કેમલું અ. કઈ તરફ.

કેમદ્રુમ [સં.] પું. (જ્યોતિષ) ચંદ્રમાનો એક યોગ; અદ્રમાવાળી રાશિથી આગલી કે પાછલી રાશિમાં કોઈ ગ્રહ ન હોય તેવો યોગ. આ યોગમાં કોઈ રાજકુમારનો જન્મ થાય તો તે સદા દુઃખી અને દારિદ્રી રહે એમ મનાય છે.

કેમનાભળતા સ્ત્રી. (જ્યોસ્તી) એ નામની એક બંદગી. તેમાં ખુદાની મદદ માગવામાં આવે છે.

કેમનું ૧. વિ. કઈ તરેહનું ?

૨. વિ. કેવું ?

૩. વિ. કઈ રીતનું ?

૪. અ. કઈ તરફ ?
કેમની કોર = કઈ તરફ.

કેમરિક ન. ખમીસનું ઘીટીવાળું સુતરાઉ કાપડ.

કેમ રે અ. કેમ અલ્યા ? અરે શા માટે ?

કેમ સાહેબ હીક છે કે સ્ત્રી. એ નામની એક રમત. તેમાં સાત આઠ બાળક એકબીજાના હાથ પકડી ગોળાકારમા ઊભાં રહે અને બે બાળકો કૂંડાળાની વચ્ચે ઊભાં રહે. તે બેમાંથી એકની આંખે પાટા બાંધવા. પાટા બાંધેલો રમનાર બીજા રમનારોને પૂછે, "કેમ સાહેબ, હીક છે કે ?" તરત જ એક રમનાર જવાબ આપે, 'હા, હીક છે'. પાટાવાળો રમનાર અવાજ ઉપરથી જો તેને ઓળખી કાઢે તો તે વચ્ચે આવી જાય રહે અને તેની આંખે પાટા બાંધી ફરી રમત શરૂ કરાય.

કેમાંહેં અ. કોઈમાં; કૈમાં.

કેમિકલ ૧. [અં.] ન. રાસાયણિક દ્રવ્ય.

૨. વિ. રસાયણનું બનેલું.

કેમિકલ વૉર્ફેર [અં.] ન. રાસાયણિક પદ્ધતિએ ઝેરવાયુ કે બૉમ્બ બનાવવાનું કારખાનું.

કેમિસ્ટ [અં.] પું. રાસાયણિક પદાર્થો વેચનાર માણસ.

કેમિસ્ટ્રિ [અં.] સ્ત્રી. રસાયણશાસ્ત્ર.

કેમી સ્ત્રી. કાતર.

કેમુક ૧. [સં.] ન. એક જાતનું કંદ. તે દીપક, પાચક, વાયુહર અને કફ મનાય છે.

૨. ન. કોળી.

કેમે અ. કોઈ ઉપાયથી; કોઈ પણ રીતે.
કેમે કર્યો = કોઈ પણ રીતે.

કેમેરા [અં. કૅમેરા] પું. છબી પાડવાનું યંત્ર.

કેમેરામેન [અં. કૅમેરામૅન] પું. છબી પાડનાર માણસ; કેમેરાનું કામ કરનાર વ્યક્તિ.

કેમેલિઆ ન. એક પ્રકારનું ઝાડ. આ ઝાડ જાપાનમાં પુષ્કળ ઊગે છે. તે બહારે ૫૦ ફૂટ ઊંચું થાય છે અને તેના ઉપર એકી વખતે લગભગ ૪૦,૦૦૦ જેટલાં ફૂલ આવે છે.

કેમ્પ ૧. [અં કૅમ્પ] પું. તંબૂવાળા લશ્કરનો નિવાસ; છાવણી. તંબૂ અથવા ઝૂંપડીઓ જેવી છત નીચે ટુકડીઓનો નિવાસ એ કૅમ્પ શબ્દનો આધુનિક અર્થ છે. હાલની યુદ્ધપદ્ધતિમાં જે કોઈ ઘરો મળી આવે તેમાં લશ્કરનો મુકામ સાધારણ રીતે થાય છે, તથા તંબૂની સંખ્યા એકદમ ઓછામાં ઓછી કરાય છે. પોતાના દેશમાં લશ્કરને તાલીમ આપતી વખતે તંબૂવાળા મુકામોનો ઉપયોગ થાય છે.

૨. પું. મુકામ.

કેમ્બ્રૂક ન. એક જાતનું કાપડ.

કેમ્બ્રોડિઅ પું. એ નામનો દ્વીપ.

કેમ્બ્રિઅક [અં.] ન. એક જાતનું સફેદ ઝીણું સુતરાઉ કાપડ.

કેયૂર [સં.] ન. બાવડા ઉપર પહેરવાનું કડું; બાજૂબંધ; બેરખો. પ્રથમ પંક્તિના કેયૂરમાં આઠ પાંખડીનું કમળ હોય છે અને તેમાં કીમતી હીરા જડેલા હોય છે. તેની બાકીની કોર ઉપરના વલય જેવી જ હોય છે. પૂતિવાળા કેયૂરમાં પૂતિ નોખું કાઢી શકે છે અને તેની પહોળાઈ બાવડા જેટલી જ હોય છે. આને પત્રપૂરિત કેયૂર કહે છે. ત્રીજા પ્રકારનું કેયૂર વેલબુટ્ટીવાળા રત્નજડિત પટ્ટાનું જ હોય છે અને તેને હૈરાલ કેયૂર કહે છે. કેયૂરને મોતીની સેરો પણ લટકાવેલી હોય છે. સિદ્ધમાં કેટલાક કેયૂરો બે ત્રણ વળનાં કાં જોવાં હોય છે અને તેના ઉપર પુષ્પમુખી કે નાગફણીવાળા હોય છે.

કેયૂરભદ્ર [સં.] પું. એ નામના એક બૌદ્ધદેવતા.

કેયૂરી [સં. કેયૂરિન્] પું. કેયૂરધારી; કેયૂર પહેરનાર.

કેર ૧. [સં. કર્મ] પું. અપકૃત્ય; અણઘટતો બનાવ.

૨. પું. આવેશ; રહ; ઝનૂન.

૩. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ ગુરુ અને ૭૮ લઘુ મળી ૮૧ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ ભક્તિ છંદનો એક ભેદ છે. તેમાં એક રગણ, બે સગણ અને એક ગુરુ મળી દસ વર્ણ હોય છે.

કેરમાં અમને ૧ સ સ ગ. ઝવેરિલાલ

૫. પું. કમરો; ઉતારો.

૬. પું. ઝપાઝપી; મારામારી.

૭. [સં. કરીર] પું. કેરડાનું ઝાડ.
બેર કેર બાજુરી ખરાં
બાવળ કંઢાલા બોરડી,
અતિ અણીયાળાં આંકડીયાળાં
લાગે કાંટા અરે કઠણડી. નિષ્કુલાનંદ

૮. પું. જુલમ; મહાત્રાસ; જુલમ.

૧. કાળો કેર = જબ્બર જુલમ; હાહાકાર; મહાન દુઃખ.

૨. કાળો કેર વર્તાવવો = બહુ જુલમ ગુજારવો.

૯. પું. દુકાળ; દુષ્કાળ.

૧૦. પું. પુરુષની જનનેંદ્રિય.

૧૧. પું. હિમાલયનું એ નામનું એક શિખર; 'માઉંટ ગૉડ્વિન ઑસ્ટિન.' તે ૨૮,૨૫૦ ફૂટ ઊંચું છે.

૧૨. સ્ત્રી. નિરાંત; શાંતિ.

૧૩. ન. કેરડાનું ફળ; કેર.

૧૪. ન. કોણ.

કેરક [સં.] પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશનું નામ.

કેરકચરો પું. કમરો; ખૂણો; મેલ.

કેરકડિયું (કેરકડિયું) ન. એક જાતનો દાગીનો.

કેરખડી (કેરખડો) સ્ત્રી. સોનાના દાગીનાનો એક ભાગ.

કેરખર પું. મોટી ઇંદ્રિયવાળો પુરુષ.

કેરખરા જુઓ કેરખર.

કેરખી ૧. સ્ત્રી. કાંબરી.

૨. સ્ત્રી. સોનાની ગોળ ટીપકીઓની હાર.

કેરડાં (કેરડાં) ન. બ. વ. કેરડાં, જુઓ કેરડું.

કેરડિયું (કેરડિયું) વ. પ્રથમ ફાલ્યા વગરનું પાંગરું ઢોર.

કેરડી (કેરડી) ૧. [સં. કરીર] સ્ત્રી. એક જાતનું ઝાડ; કેરડો. તે પાંચ છ હાથ ઊંચો વધે છે. તેનો ઉપયોગ દવા અને વાડ કરવાના કામમાં આવે છે. તેનાં ફૂલમાં મકરંદ પુષ્કળ હોવાથી મધમાખો તેનું મધ બનાવે છે. આ ઝાડને કેર, કારવી પણ કહે છે.

૨. સ્ત્રી. ચામડું.

૩. સ્ત્રી. નાની વાઢરડી.

૪. સ્ત્રી. કપાટો; કપાટો.

કેરડું (કેરડું) ૧. ન. કેરડાનું ઝાડ. જુઓ કેરડો.

૨. ન. કેરડાનું ફળ. આ ફળ નાનું ગોળ બોર જેવું હોય છે. તે તૂરું અને કડવું હોય છે. પાકાં ફળનો રંગ રીંગણાના જેવો કાલાશ ઉપર હોય છે તેને આટા પાણીમાં નાખી અથાણું કરવામાં આવે છે.

૩. ન. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય; કેરું. આ પ્રયોગ કાવ્યમાં વપરાય છે.

કેરડો (કેરડો) [સં. કરીર] પું. કેરડાનું ઝાડ; એક જાતની વનસ્પતિ; કકર; અપત્ર; પાંદડાં વગરની ત્રીણી કાંટાવાળી ડાળીઓવાળું ઝાડ. તેની ડાળીઓ લીલા રંગની અને ફૂલ ગુલાબી રાતાં થાય છે. કેરડાં ચૈત્ર વૈશાખમાં પાકે ત્યારે રાતા રંગનાં થાય છે. તેનો રસ કાનમાં નાખવાથી કૃમિ મરી જાય છે. ફૂલનું શાક થાય છે અને તે કઢીમાં નખાય છે. તેનાં મૂળ આવીને ખાવાથી દાંતનું દર્દ મટે છે. તે કફઘ્ન અને વાયુકર મનાય છે. તે ઉષ્ણ, તૂરો, તીખો, આમ્બાનકારક, રુચિકર, ભેદક અને સ્વાદુ છે. તે આમ, વિષ, સોજા, મધુમેહ, કૃમિ, ખરજ, અરુચિ, સર્વરોગ અને શ્વાસ મટાડનાર મનાય છે.

કેરણ સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ; કરેણ.

કેરણી સ્ત્રી. એક જાતનું ઝાડ.

લીંબુડી, કેરણી, કંથારી, કમરખી, બંજુ, બોર. પ્રેમાનંદ

કેરતાર્ક ન. એ નામનું નક્ષત્ર.

કેરબા ૧. પું. નટ.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ.

૩. સ્ત્રી. એક જાતનો તાલ.

૪. સ્ત્રી. નાયકા; ગુણક્રમ.

કેરબો ૧. [ઓ. કેરબ્બા] પું. અંજર; એક જાતનો લાકડાવાલામાંથી બનાવેલો પદાર્થ; તૃણમણિ; તરણમણિ. એ જાહટીથી ભાંગી જાય એવો હલકો હોય છે. તે પારદર્શક, રંગે પીળો અને કોઈક વાર રંગ વગરનો હોય છે. તેને કંઈ સ્વાદ હોતો નથી અને ઘસ્યા વિના તેની વાસ નીકળતી નથી. તેની પેદાશ પ્રસિદ્ધ અને સિસિલિમાં થાય છે. તેની માળા કમળાના દરદીની ડોકમાં પહેરાવાય છે.

૨. પું. એક જાતનો મુંદ.

૩. પું. એક જાતનો નાચ. તેમાં માથાના કેશ ખુલ્લા રાખી માથા ઉપર ટોપી કે ફેંટો નાખી, દુપટ્ટો હાથ ઉપર ઢળતો રાખી અને ચરણ વાંકી રાખી ચૂલ થાય છે.

૪. પું. કસ્ત્રો; એ નામનો એક રાગ.

૫. પું. કેરબાના નાચમાં ગવાતું ગાયન.

૬. પું. ગુલાબનો બાટલો

૭. પું. રુવાંટીવાળા જનાવરનું ચામડું.

૮. પું. વેરી; દુશ્મન.

કેરમ [અં.] ન. એ નામની રમત. આ રમત માટે એક ચોરસ પાટિયું હોય છે. એ પાટિયાના ચારે ખૂણે નાનાં ખાનાંઓ હોય છે. પાટિયાં ઉપર ઘસુ કરીને હાથીદાંતની ગોળ સપાટ અને બે જાતના રંગવાળી નવ નવ કાંકરી તેમ જ એક રાણી અને સ્ટ્રાઇકર હોય છે. તે કાંકરીઓને સ્ટ્રાઇકર વતી અથડાવીને ખૂણાનાં ખાનામાં નાખી દેવાની હોય છે.

કેરમોનિજમ [અં. કેરમોનિઝમ] ન. હારમોનિઝમના સિદ્ધાંત ઉપર રચાયેલ હાથ વતી વગાડવાનું એક વાજું.

કેરલ ૧. [સં.] પું. અડાલું માલેનો એ નામનો એક દેશ; હાલનો મલબાર કાંઠાનો પ્રદેશ. તેમાં મલબાર, ત્રાવણકોર અને કેનેરા એ જિલ્લાનો સમાવેશ થાય છે. કેરલ શબ્દ તે મૈસૂરના જૂના નામનું કેનરી કે કાનડી ભાષાનું રૂપ જ છે. કેરલમાં પૂર્ણા નદીને કિનારે આવેલા કાલડીમાં શંકરાચાર્યનો જન્મ થયો હતો. પરશુરામે આ પ્રદેશમાં બ્રાહ્મણોને વસાવ્યા કહેવાય છે. આ પ્રદેશને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીત્યો હતો.

૨. પું. એક જાતનું કલિત જ્યોતિષ.

૩. પું. એક જાતનો ક્ષત્રિય.

૪. પું. કેરલ દેશનો પુરુષ.

૫. પું. યયાતિના પુત્ર તુર્વસુના વંશમાં થયેલો એ નામનો એક રાજપુત્ર.

૬. ન. કકર; માત્ર.

કેરલપુત્તો પું. કેરલ એટલે મલબાર કાંઠાના પ્રદેશ ઉપર અમલ ચલાવનાર એક માણસ. તે તેનો રાજા ન હતો.

કેરલપુત્ર પું. જૂના વખતનો ચેરા દેશ; હાલના સમયના મૈસૂર, કોઇમ્બતોર, સાલેમ, દક્ષિણ મલબાર, ત્રાવણકોર અને કોચીન મળીને થયેલો પ્રદેશ. અશોકના શિલાલેખોમાં ચેરાને કેરલપુત્ર કહેલ છે.

કેરલી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક જ્યોતિષગ્રંથ.

૨. સ્ત્રી. કેરલ દેશની સ્ત્રી.

કેરવું ન. કેરું; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય; કેરનું કાવ્યમાં વપરાતું રૂપ.

કેરવ [સં.] પું. હંસ.

કેરવડો (કેરવડો) સ્ત્રી. અરધો ૧૮ ઇંચી, ચપટી, સફેદ રંગની અને ભીંગડાવાળી માછલી. તે ખોરાકમાં સાધારણ તાકાતવાળી હોય છે.

કેરવા પું. (સંગીત) એક પ્રકારનો તાલ.

કેરવી [સં.] સ્ત્રી. હંસલી.

કેરવો ૧. પું. એક જાતનો મણિ; તૃણમણિ; કેરબો.

૨. પું. (સંગીત) ચતુરસ્ર જાતિનો અને બાર માત્રાનો એક તાલ. લાવણી તાલને દ્રુત લયે લેવાથી કેરવો તાલ થાય.

કેરસ ન. ક્રોણ. સમગીતમાં વપરાય છે.

કેરળ જુઓ કેરલ.

કેરા ૧. [હિં.] પું. કેળું.

૨. પું. પુરુષની જનનેંદ્રિય.

કેરાકલ ન. એશિઆના ગરમ પ્રદેશમાં અને આફ્રિકામાં થતું શિયાળના જેવડું જ પણ તેથી વધારે જોરાવર એક વિચિત્ર જનવર. તેનું શરીર જોરાવર ભૂરા રંગનું અને પેટ અને પગ ઉપરનો ભાગ સફેદ હોય છે. શરીર ઉપર ઝૂમખાદાર વાળના મુગ્ધ કાન સુધી ફેલાયેલા હોય છે. આ જનવર ગરમ મિજાજી અને ચપળ હોય છે. તેને કેળવવામાં આવે તો તે શિકાર પકડવામાં ઉપયોગી થઈ પડે છે.

કેરાતી સ્ત્રી. એ નામનો એક છોડ; પોપટી.

કેરાની ૧. [હિં.] પું. કારકુન.

૨. [અં. ક્રિસ્ચિઅન] ન. (હિંદી) યુરેશિઅન; જેના બાપમાંથી એક યુરોપિઅન અને બીજું એશિઆવાસી હોય તેવું માણસ.

કેરાનીખાતું વ. અંગ્રેજી લશ્કર.

કેરાર ૧. સ્ત્રી. ઘોડીની એક જાત.
૨. ન. ફૂલ કે દવાના ઉપયોગમાં આવતી વનસ્પતિના તંતુની એક વસ્તુ.
૩. ન. ફૂલની અંદરનો તંતુ.

કેરાવ [હિં.] પું. વટાણો.

કેરાળા પું. ગાવસુહોર અને ચીન તરફનો એક દેશ; કેરલ. મલાયલમ 'કેરળ' શબ્દનો અર્થ નાળિયેર થાય છે. તે પ્રદેશમાં નાળિયેરનાં ઝાડ હોવાથી લોકો તેને કેરાળા દેશ કહે છે.

કેરાં ૧. [સં. કરીર] ન. કેરડાંનું ઝાડ.
૨. ન. બ. વ. કેરડાં. જુઓ કેરડું.
કેરાંબોરાં = કેરાંબોરાંના જેવું હલકું; માલ કે વિસાત વગરનું; શૌર્ય વગરનું; લેખામાં નહિ એવું.

કેરિયન સ્ત્રી. સેમેટિક માંહેની એક લિપિ.

કેરિયા ૧. સ્ત્રી. આઠમ, અવાસ અને દેવની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કેરિયાળી સ્ત્રી. આંખના ડોળામાં ધોળું કે પીળાશ પડતું વર્તુળ હોય એવી કેરીના ચિહ્નવાળી ઘોડી. બંને આંખમાં કેરી હોય તો સારું પણ એકમાં કેરી હોય તો અશુભ ગણાય છે.

કેરિયો પું. એક મજહૂતનું નામ.

કેરિંગોરમ પું. સ્કોટલંડમાં મળી આવતો એક જાતનો કીમતી પથ્થર. તે રંગે પીળો અથવા બદામી હોય છે. ઓર્લોબિન્સ, બોહિમિઅ, બાઝિલ, સાયબિરિઅ વગેરેમાં પણ તે મળે છે.

કેરિંથિઅ સ્ત્રી. સ્લેવોનિક ભાષાનો એક વિભાગ.

કેરી ૧. પું. કાનમાં પહેરવાના ઘરેણાંનો કેરીવાળો ભાગ.
૨. પું. કેર વર્તાવનાર માણસ.
કેરી કરી નાખે રણ માંહે,
સુભટ સેના રહવડે તાહે. ૧૮૯૭
૩. પું. કોળી.
૪. પું. ફૂલહારનો એક ભાગ.
૫. પું. ભમ; મોટો અવાજ.
૬. સ્ત્રી. આંખ માંહેનો ધોળો કેરીના આકારનો ભાગ; હોર અથવા ઘોડાની આખની ધોળી કીકી.
૭. સ્ત્રી. આંબાનું ફળ; આંબા; આમ્રફળ. વસંતમાં આંબાને મોર આવે છે અને ફાગણની આખરે તેનાં ફળ પાકે છે. પાકી કેરી કાપીને તેમજ ચોળાને અવાય છે. પાકતાં પહેલાં કેરીને કાપીને અથવા ચીરીને અથાણાના પ્રકારમાં લેવાય છે. આકાર લંબગોળ હોય છે. તેની છાલ લીલી, પીળા અને લીલા પીળા રંગના મિશ્ર રંગની હોય છે. તેને મોટે કાળું ડીંટ હોય છે. અંદરના ભાગમાં પીળો ગર્ભ અથવા રસ અને વચ્ચે ગોટલું હોય છે.
૧. કાચી કેરી જેવો માલ = બરજુવાન દેખાવડી સ્ત્રી.
૨. કેરી હિંડોળે ચડી છે = વેલણ આવી છે. વસંત ઋતુમાં થયેલી વેલણ વર્ષે છે અને એ ઉપરથી કેરી જેમ હિંડોળે ચડે છે તેમ હિંડોળે ચડેલા મજબૂત બાંધાના ભમેલા જેવા કે ઝમિત માણસને વિષે બોલતાં વપરાય છે.
૮. સ્ત્રી. વસ્તુનું કાચું છોલવું.
૯. ન. બી; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. કાવ્યમાં વપરાય છે.

કેરીઆમા ન. એક જાતનું પક્ષી. તે દક્ષિણ અમેરિકામાં આઝિલ, ગીઆના વગેરે લીસોતરીવાળા પ્રદેશમાં થાય છે. તેની ચાંચ ઉપરથી વળેલી અને કપાળ ઉપર પીંછાંનો ઝૂમખો હોય છે. પૂંછડી લાંબી અને ગોળ હોય છે. એ બગલા કે ક્રૌંચ કરતાં જરા મોટું અને રંગે રાખોડિયું આવતા ભૂરું હોય છે.

કેરીખોડ (કેરીખોડ) પું. એક આંખ ઉત્તમ અને બીજીમાંથી પાણીની ધાર આવે એવી આંખવાળો ઘોડો. આ ખરાબ ગણાય છે.

કેરીગાળો પું. પાકી કેરીની મોસમ; આંબાગાળો.
કેરીગાળો ને પૂંજી ટાળો = પૈસા અર્જવા માટે કેરીની મોસમ યોગ્ય સમય છે.

કેરીદાણું જુઓ કેરીગાળો.

કેરીનો અત્તો પું. કાપવાનું એક સાધન.

કેરું ૧. ન. કેરડાનું ફળ.
૨. ન. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. તે કવિતામાં વપરાય છે

કેરૂલ પું. એક જાતનું પક્ષી.

કેરૂં જુઓ કેરું.

કેરેક્ટર ૧. [અં. કૅરૅક્ટર] સ્ત્રી. ચારિત્ર્ય; વર્તન.
૨. સ્ત્રી. નાટક કે નવલકથાનું પાત્ર.

કેરેજ ૧. [અં. કૅરિજ] પું. ગાડી; રેઢો.
૨. પું. તાણું; કોઈ પણ વસ્તુ ઉપાડી ખેંચી જવાનું મહેનતાણું.
૩. પું. રેલવેનો ડબ્બો.

કેરેટ ૧. [અં. કૅરટ] પું. ચોવીસમો ભાગ. સોનાની શુદ્ધતા કેરેટથી બતાવવામાં આવે છે. સોનું ચાવીસ કેરેટ શુદ્ધ છે એટલે ૨૪ ભાગમાં ચાવીસ ભાગ શુદ્ધ સોનું છે. શુદ્ધ સોનું ૨૪ કેરેટનું ગણાય છે. સિક્કા, વીંટી વગેરેમાં વપરાતા સોનામાં અમુક ટકા મિશ્રણ હોય છે.
૨. ન. હીરાનું વજન કરવામાં આશરે ચાર ગ્રેનનું એક વજન.

કેરેમલ [અં.] ન. દૂધ અને સાકરનું મિશ્રણ.

કેરો ન. નો; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. કવિતામાં વપરાય છે.

કેરોડોન ન. આફ્રિકાના અડકમાં વસતું એક પ્રાણી તે રંગે કાળરંગીતરફ ને ઉપર ફેલાવાળું હોય છે. તેનો પેટ તરફનો ભાગ સફેદ હોય છે. પીઠ ઉપર કોઈ વખતે તેને તપખીરિયા ચાળ હોય છે.

કેરોપંત પું. મહલાબની પંચાંગનો બનાવનાર પુરુષ.

કેરોપંતી વિ. કેરોપંતનું બનાવેલું. કેરોપંતી અથવા મહલાબરી પંચાંગ પ્રમાણે કાળાંતરે બેસતાં ચોમાસું આવશે.

કેરોલીન સ્ત્રી. એક જાતની ચિનાઈ માટી. તેનાં બનાવેલાં વાસણ રંગે સફેદ હોય છે.

કેરોસિન [અ.] ન. બાસલેટ; આસતેલ.

કેલ્ ૧. [સં.] ન. કિ. (ધાતુ) રમતિયાળ થવું; રમવું. તે ઉપરથી બનેલા શબ્દ: કેલિ, કેલિગૃહ; કેલક.
૨. સ. ક્રિ. હલાવવું.

કેલ ૧. પું. અમાસુનો રસો.
૨. પું. ઓકની સધ્યાનો સંકેત.
૩. પું. ચૂનાનો ખૂબ મજબૂત ગોટો જાય એવો કેટલીક ભેળવણીઓથી બનાવેલ ગારો; કળવેલ ચૂનો; છેનો કોલ.
૧. કેલ કરવો = ચૂનાથી દીવાલ કરવી.
૨. કેલ દેવો = ભીંતને ચૂનાનું પડ ચડાવવું.
૩. કેલનો પામો નાખવો = મજબૂત રીતે ક્રમ કરવું; સલામત પાકું ક્રમ કરવું.
૪. પું. ચૂનાબંધ ઓરડું; બાદા દીધેલ મકાન
૫. પું. કરી અથવા જમી જાય એવી કોઈ પણ બનાવટ.
૬. પું. તિબેટનો એક જાતનો ઝાકરો.
૭. પું. મનુષ્યજીવન; માનવ અવતાર.
૮. પું. મોતિયા લાડુને આંગી તેમાં થી નાખી બનાવેલી ખાવાની વસ્તુ.
૯. સ્ત્રી. કેલિ; વિલાસ; ક્રીડા.
૧૦. [સં કૈલક] ન. હિમાલય ઉપર ૬૦૦૦થી ૧૧૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી થતું એક ઝાડ.

કેલક [સં] પું. હાથમાં તલવાર, કટારી વગેરે લઈને નાચનાર માણસ.

કૈલાસ [સં. કૈલિઋ] ન. કીડાસ્થાન.

કૈલાસ્ટ્રોપ ન. લોઢાનું ચારે ય તરફ અણીવાળા દાંતાવાળું હથિયાર. એનો દરેક દાંતો ચાર કે પાંચ ઇંચ લાંબો અને તીક્ષ્ણી ધારવાળો હોય છે. લડાઈમાં દુશ્મનોની ઘોડેસવાર પલટણ સામે આ હથિયાર ફેંકવામાં આવતું.

કૈલડી (કૈલડી) જી. કેલિ; ક્રીડા.

કૈલન [હિં.] જી. દીકરાની વહુ.

કૈલન્સ જી. તિબેટની ન્યાયધિશી. જો મુકદમો ગંભીર પ્રકારનો હોય અને રાજ્યતંત્ર પક્ષકાર હોય તો તો તેને કૈલન્સ આગળ લઈ જવામાં આવે છે.

કૈલપડી (કૈલપડી) જી. અગિયારની સંખ્યાનો સાંકેતિક શબ્દ.

કૈલબંધ વિ. ચૂનાથી ચણેલું.

કૈલરી [અં.] ન. ઉષ્માંકનું એકમ.

કૈલા ૧. [સં. કદલ] પું. કેળું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. જી. કેળનું ઝાડ.
૪. જી. ખોળની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

કૈલાઈ ૧. પું. એક જાતનો મુંદર.
૨. પું. નવસારી પ્રાંતના જંગલમાં ઊગતું એક જાતનું ઝાડ.

કૈલાભરી જી. ભૂમધ્ય સમુદ્રની એક જાતની માછલી.

કૈલામાંડર ન. ઘરબાંધકામ અને સામાન બનાવવા માટેનું એક જાતનું મુંદર લાકડું. એનાં ઝાડ સિલોનમાં થાય છે. આ લાકડા ઉપર અત્યંત ચળકાટ નીકળે છે.

કૈલાસ ૧. પું. પ્રતિષ્ઠાળનો ઢાગ.
૨. પું. પાસાવાળો કોઈ પદાર્થ.
૩. પું. બિલોરી; સ્ફટિક; કાચમણિ.
૪. પું. બિલોરી કાચના જેવી ચીજ.
૫. વિ. સ્વચ્છ; ચોખ્ખું; વિમળ.

કૈલાસીભવન ન. પાસારૂપ થઈ જવાપણું; 'ક્રિસ્ટલિઝેશન'

કૈલિ ૧. [સં.] જી. આનંદ; મોજ.
૨. [સં. કદલી] જી. કેળ; કેળાંનું ઝાડ.
૩. જી. ખેલ; ક્રીડા; રમત.
૪ જી. જમીન; પૃથ્વી
૫. જી. દસ માંહેનો એક હાવ. રતિક્રીડા સ્ત્રી પતિને રીઝવવામા આવે તે કૈલિહાવ કહેવાય છે.
૬. જી. પરિહાસ; મશ્કરી.
૭. જી. રતિક્રીડા; મૈથુન; ઓસમાગમ.

કૈલિક ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ.
૨. વિ. ખેલ કરનાર; રમનાર.

કૈલિકદંબ [સં.] પું. એક જાતનું કદંબનું ઝાડ. આ ઝાડ નીચે રતિક્રીડા થતી હોવાથી તેનું આ નામ પડ્યું હતી.

કૈલિકલહ [સં.] પું. રમતમાં થયેલો ઝઘડો; રમલું; ઝઘડો.

કૈલિકલા ૧. [સં.] જી. ખેલ; ક્રીડા; રમત.
૨. જી. રતિક્રીડા; મૈથુન.
૩. જી. સરસ્વતીની વીણા.

કૈલિકિલ ૧. પું. કોલું.
૨. [સં.] પું. નાટક માંહેનો વિદૂષક.
૩. પું. શિવનો કુષ્માંડ નામનો અનુચર.

કૈલિકિલા [સં.] જી. કામદેવની સ્ત્રી; રતિ.

કૈલિકો [અં. કૅલિકો] ન. જાડું અમદા ધોળું સુતરાઉ કાપડ; છીંટ. સૈકાઓ સુધી દેશ કાપડની બનાવટનું ઘર હિંદુસ્તાન હતું. કાલિકટથી તે કાપડ પરદેશ જુદે જુદે સ્થળે જતું. તે ઉપરથી તેનું નામ કૈલિકો પડ્યું કહેવાય છે.

કૈલિક્રીડા જુઓ કૈલિકલા ૧, ૨.

કૈલિગૃહ [સં.] ન. ક્રીડા કરવાનું ઘર.

કૈલિચર [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, નગણ, નગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.
ન ન ન ગ ગે કૈલિચર કર. ઋષિપિંગળ

કૈલિની [સં.] જી. પૃથ્વી.

કૈલિપર [અં. કૅલિપર] પું. ગોળ પદાર્થનો વ્યાસ માપવાનું એક સાધન.

કૈલિભવન જુઓ કૈલિગૃહ.

કૈલિભદ્રિ જુઓ કૈલિગૃહ.

કૈલિમુખ [સં.] ન. પરિહાસ; મશ્કરી.

કૈલિમૈથુન [સં.] ન. ભોગબુદ્ધિથી બીજાની સાથે ભુત વગેરે ક્રીડા કરવી તે.

કૈલિયો પું. ક્રીડા કરનાર પુરુષ.

કૈલિવન [સં.] ન. બાગ; બગીચો.

કૈલિવર્ણન [સં.] ન. મહાકાવ્યમાં હોવું જોઈએ તેવું ચંદ્રોદય અને સૂર્યોદયનું વર્ણન.

કૈલિવૃક્ષ ૧. [સં.] પું. વિદૂષક.
૨. ન. કદમનું ઝાડ.

કૈલિશયન ૧. [સં.] ન. ખાટલો; પલંગ.
૨. ન. જ્યાં સાથે વિલાસ કરવાની શય્યા.

કૈલિહરા પું. કેળનો મડબ.

કૈલી ૧. પું. (પિંગળ) બાણીસ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વર્ણદંડક. તેમાં નગણ, ગુરુ અને બાર રગણ હોય છે.
૨. લુચ્ચો બ્રૂલિ.

કૈલીઓપ જી. હિંદુ દંતકથા મુજબ શયન દેવતા મધુપતિની માતા; પાર્વતી. ધરખિજન વિદ્વાનો પાર્વતીને કેલીઓપ અને કેટલાક તેને ઓરફિયસ અને થીરીન્સ માતા તરીકે જણાવે છે.

કૈલીક્ષ ન. હાર પહેરવાનું યંત્ર; હારદી.

કૈલીડોસ્કોપ [અં.] ન. પ્રતિબિંબ પડવાના નિયમ પ્રમાણે થતી અનતની મુંદર આકૃતિઓ જોવાનું યંત્ર.

કૈલુહ ન. એક જાતના ઊભરાનું ઝાડ.

કૈલેડિયમ ન. એક જાતનો છોડ. તેનાં પાન ભરડુસા જેવાં થાય છે.

કૈલેમરા જી. એક જાતની માછલી.

કૈલેંડર ૧. ન. કાપડ અથવા કાગળને ઢાંજી પાયા પછી ચૂંટી સફાઈ લાવવાનું યંત્ર; ચૂંટો.
૨. ન. તારીખિયું; પંચાગ; ટીપણું.

કૈલૈ પું. એક જાતનો હીરો.

કૈલો ૧. પું. એકની સંજ્ઞાનો સાંકેતિક શબ્દ.
૨. પું. કપિલો.

કૈલોરી [અં. કૅલરિ] ન. ઉષ્માશક્તિ માપવાનો એકમ; એક ગ્રામ પાણીને એક અંશ ઉપર કે નીચે લાવવા માટે જોઈતી ગરમીનું પ્રમાણ.

કૈલ્કેરીઅસ પું. ચૂનો.

કૈલ્પર ન. મધ્યપ્રાંતમાં વર્ધાથી ઈશાનમાં સત્તર માઈલ ઉપર આવેલ એ નામનું એક ગામ. તેને અગાઉ ઋક્મનગર પણ કહેતા.

કૈલ્પિકે ૧. જી. એ નામની એક સંસ્કૃતિ.
૨. જી. એક જાતની ભાષા.

કૈલ્પ ૧. પું. સાબુ, કાચ તથા કટકરી બનાવવામાં વપરાતો એક જાતનો છોડ. તેને સૂકવી કટકા કરી ભઠ્ઠીમાં બાળવામાં આવે છે
૨. ન. દરિયાઈ વનસ્પતિની ભાખ કે ક્ષાર. તેમાંથી આયોડિન નામનું ઉપયોગી તત્ત્વ મળી આવે છે.

કૈલ્પી પું. પાણીમાં રહેતું મનાતું એક જાતનું ઘોડાના આકારનું ભૂત.

કૈલ્ય [સં. કેલિ] જી. રમત; ખેલ; ક્રીડા.

કૈલ્લા [સં. કૈલ્લકિન્] વિ. કૈલવું.

કૈલ્શિયમ [અં.] પું. છોડની અંદરના છ માંહેનો એક પદાર્થ. તે શુદ્ધ ધાતુ છે. તે સાથે

પ્રાણવાયુના સંબંધથી ક્રમીચૂનો બને છે. કેલ્શિયમનો રંગ ફિક્કો સફેદ હોય છે. તેનો પરમાણ્વ અંક ૨૦ અને આણ્વિક ૪૦·૦૭ છે.

કેવ અ. કેમ કરીને; શી રીતે.

કેવડી સ્ત્રી. જુદી જુદી જાતનાં કઠોળની ભેગી કરેલી દાળ.

કેવડ્ય ૧. [સં.] પું. કૂવો.
૨. [સં. કૈવર્ત] પું. ક્ષત્રિય પિતા અને વૈશ્યા માતાથી થયેલ વર્ણસંકર.
૩. પું. આરબો, વહાણ હાંકવાનું કામ કરનાર પુરુષ; ખલાસી.
૪. પું. માછીમાર
૫. પું. હોડી; મછવો.

કેવડક પું. વહાણનો ઉપરી; નાવિક; 'કૅપ્ટિન'

કેવડિયો જુઓ કેવટક.

કેવડી જુઓ કેવડી.

કેવડીદાળ જુઓ કેવડી.

કેવડીમોથ [સં. ∘કૈવર્તકમુસ્તક] સ્ત્રી. એક જાતની બાળવા તરફ થતી સુગંધી મોથ.

કેવઢ (કૈવઢ) [સં.] પું. બારણું; બંધવાસિયું.

કેવડાઈ (કેવડાઈ) સ્ત્રી. કેવડાના થડ કે કાંડીમાં નીકળેલું મૂળ.

કેવડાજળી (કેવડાજળી) સ્ત્રી. લોઢાની પટીનાં ગૂંચળાં, વેલ વગેરે ગોઠવીને બનાવેલી આરી.

કેવડાત્રીજ (કેવડાત્રીજ) સ્ત્રી. ભાદરવા સુદિ ત્રીજ; તે દિવસે ડાહોરજીને કેવડો ચઢાવવામાં આવે છે.

કેવડાનું પાન (કેવડાનું પાન) ન. એ નામની એક રમત. બે છોકરીએ સામસામે ઊભા રહ્યા પછી બંનેએ પોતાનો એક હાથ માથા ઉપર અને બીજો કમર ઉપર રાખવો. પછી દરેકે પોતાને ફરતી ઘૂમરી આપીને પોતાની જગ્યા બદલી લેવી અને સામેની જગ્યાએ જઈ ઊભા રહેવું. પછી એકે ઊભા રહેવું અને એકે બેસવું. બેઠેલી છોકરીએ ઊભા થવું અને ફરી દરેકે પોતાના ફરતી ઘૂમરી આપી જગ્યા બદલવી અને એકમેકની સામે આવવું. આ રીતે ઘૂમરીઓ ખાતાં અને જગ્યા બદલતાં અને વારાફરતી એકે બેસી જઈને આ રમત રમાય છે.

કેવડાપાઝ (કેવડાપાઝ) પું. એ નામનો તાડની જાતનો રંગબેરંગી પાતરાંવાળો એક છોડ. કેવડામાં ત્રણ ભેદ છે. એનાં ફૂલ કૈવદર્શનમાં ઘણું વપરાય છે

કેવડાવું (કેવડાવું) અ. ક્રિ. રોગ આવવાથી રોટલી પીળી પડી જવી.

કેવડિયા (કેવડિયા) ૧. સ્ત્રી. બેઉબાજ રમવાની એ નામની એક બાજી.
૨. ન. એ નામની બાજીનું બાજુસ.
૩. વિ. એ નામની બાજીનું.

કેવડિયું (કેવડિયું) ૧. વિ. કેવડાની સુગંધવાળું.
૨. વિ. કેવડું; કેના જેવું.

કેવડિયો (કેવડિયો) જુઓ કેવડો.
કેવડિયો ઝાડો = ખેરના લાકડામાંથી બનતો કેવડાની સુગંધવાળો સુંદર ઝાડો.

કેવડી (કેવડી) ૧. સ્ત્રી. કેવડાનું પાન.
૨. સ્ત્રી. રંગ પોલિશ કરવાનું એક સાધન.
૩. વિ. સ્ત્રી. કદમાં કેટલી ? ઉંચાઈમાં કેટલી ?

કેવડીમોથ (કેવડીમોથ) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પાવા; ભોપર; કૈવર્તક; મુસ્તક; મોનર્દ. તેનાં ફૂલ શીતળ, કફઘ્ન અને ત્રિદોષહર હોઈ વિષ અને કોઢમાં વપરાય છે.

કેવડું (કેવડું) ૧. વિ. ક્રમાંકમમાં કેટલું.
૨. [સં. કિયત્] વિ. કેટલા માપનું. વિસ્તાર, લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ અને ઊંડાઈ કેટલી એ જાણવાના પ્રશ્નમાં આ શબ્દ વપરાય છે.

કેવડુંક (કેવડુંક) વિ. આટલું કેવડું.

કેવડુંય (કેવડુંય) વિ. અનિશ્ચિત છતાં પ્રમાણમાં મોટું.

કેવડેલ (કેવડેલ) ન. કેવડાની સુગંધીવાળું તેલ.

કેવડો (કેવડો) ૧. પું. અંજરખામાં ભળા પછવાડે મજબૂતી માટે સીવવામાં આવતું કેરીના આકારનું કપડું.
૨. પું. એક જાતની વનસ્પતિ. કેતકીનાં જેવાં એનાં ઝોથાં થાય છે. તેમાંથી ચોમાસામાં દાંડી ફૂટી પોટા કે ગાભલા જેવી સુગંધીદાર માંજર ફૂટે છે. સુગંધી દ્રવ્ય આપનાર વનસ્પતિમાં કેવડો ખૂબ ખાણીતો છે. તેનાં પાનની કોરે કાંટા હોય છે. કેવડાના વનમાં સર્પ રહેતા હોવાનું મનાય છે. સફેદ પાનનો અને કાંટાવાળો કેવડો સુગંધીદાર થાય છે. આ ઝાડ બે માથોડાં ઊંચું વધે છે. તેનાં પાંદડાં ઘણાં સુકોમળ હોય છે. શ્રાવણ માસ કેવડાની મોસમ કહેવાય છે. આ ઝાડનાં પાંદડાંની છત્રીઓ અને ટોપ બને છે. કેવડાનું ઘણું ખુશબોદાર તેલ નીકળે છે. કેવડાની અંદરનાં માંજરનું શાક થાય છે. તેનું કેસર આમડી ઉપરના કરોળિયાનો નાશ કરે છે ગમેતપ્રકાર ઉપર કેવડાનાં મૂળ પાણીમાં વાટી સાકર નાખી પીવાય છે.
કેવડાનું અત્તર = ગુલ સુખડના તેલમાં સારા સુગંધી કેવડાને ઓળી રાખી તેમાંથી કેવડા જેવી સુગંધી નીકળે ત્યારે કેવડાને ગારી પેઠે નીચોવી તૈયાર થતું તેલ. બરોબર સુગંધ ન આવે તો કેવડો વધારે પલાળી રાખવો.
૩. પું. કેવડાનું ફૂલ.
૪. પું. કેવડાનો ડોડો.
૫. પું. લોઢામાં કરાતી એક જાતની નકશી. તેને કેવડો કહે છે.
૬. પું. લોહાની મોળ રાખવાની કલાનો તળિયા માટેનો પટ્ટો કે સાંધો.
૭. પું. રોરડીના વડમાં આવતો એક રોગ.
૮. વિ. પું. જુઓ કેવડું.

કેવરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કેવલ ૧. [સં.] પું. (યોગ) એક જાતનો કુંભક પ્રાણાયામ.
૨. પું. (સિદ્ધ) કુંભીનો ઉપલેલો ભાગ.
૩. પું. નાગરિબ્રાહ્મણોમાં જણાવેલ એ નામનો એક વર્ણમેળ છંદ.
૪. પું. (જૈન) સમુદ્‌ઘાતના સાત ભાંગાનો એ નામનો એક ભેદ. વેદનીય, કષાય, મરણાંતિય, વૈક્રિય, આહારક, તેજસ અને કેવલ એમ સાત સમુદ્‌ઘાત છે.
૫. ન. (જૈન) સંપૂર્ણ જ્ઞાન; પરિપૂર્ણ જ્ઞાન; પાંચ જ્ઞાનમાં સૌથી ચડિયાતું જ્ઞાન; લોકના સર્વ ભાવને પ્રત્યક્ષ જણાવનાર જ્ઞાન.
૬. ન. (ગણિત) ભૌતિક રાશિનું કોઈ પણ ચિહ્ન ધ્યાનમાં ન લેતાં માત્ર સંખ્યાત્મક મૂલ્ય.
૭. વિ. અર્ધક; સર્વ; સંપૂર્ણ.
૮. વિ. અદ્વિતીય; અપૂર્વ; અનુપમ.
૯. વિ. અનંત; અંત રહિત.
૧૦. વિ. અમૂર્ત; અગોચર.
૧૧. વિ. અસહાય; એકલું.
૧૨. વિ. ઉત્તમ; ઉત્કૃષ્ટ; શ્રેષ્ઠ.
૧૩. વિ. નિરપેક્ષ; નિર્વિકલ્પ.
૧૪. વિ. નિશ્ચયપૂર્વક; અરેઅરું.
૧૫. વિ. માત્ર; ફક્ત.
૧૬. વિ. સાદું; શુદ્ધ; નર્યું; ચોખ્ખું; સ્વચ્છ.
૧૭. વિ. સ્વતંત્ર; અપ્રતિબદ્ધ.
૧૮. ન. ફક્ત; બિલકુલ.
૧૯. ન. સાવ; એક; તદ્દન; બધી વાતે.

કેવલકુંભક [સં.] પું. (યોગ) કુંભક પ્રાણાયામનો એક પ્રકાર. પૂરક અને રેચકથી વર્જિત કુંભક તે કુંભક પ્રાણાયામ કહેવાય છે. કુંભકના બે પ્રકાર: સહિત અને કેવલ. સુષુમ્ણાના મુખનું ભેદન થયા પછી તેમાં પ્રાણનો 'ધડધડ' એવો ધ્વનિ થાય ત્યારે કેવલકુંભક થાય. કેવલકુંભક પ્રાપ્ત થતાં સુધી સહિત કુંભકનો અભ્યાસ કરવો પડે છે.

કેવલજ્ઞાન [સં.] ન. (જૈન) જ્ઞાનિશ્રેષ્ઠ, વિશુદ્ધ, સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ જ્ઞાન; ત્રિકાળવર્તી એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સમસ્ત પદાર્થોને એકી સાથે સ્પષ્ટ જાણે એવું જ્ઞાન. જ્ઞાનના પાંચ પ્રકાર છે: મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યય અને કેવલ.

કેવલજ્ઞાનાવરણ [સ.] ન. (જૈન) કેવલજ્ઞાનને પ્રકટ નહિ થવા દેવાના સ્વભાવવાળું કર્મ; જ્ઞાનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

કેવલજ્ઞાની ૧. પું. (જૈન) કેવળી, તીર્થંકર અને સિદ્ધ ભગવાન.

૨. વિ. કેવળજ્ઞાન ઊપન્યું હોય એવું.

કેવલતર્કવાદ પું. શુદ્ધિવાદ; હેતુવાદ.

કેવલદર્શન [સં.] ન. (જૈન) કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકન; સંપૂર્ણ દર્શન.

કેવલદર્શનાવરણ ન. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ, જેને લીધે જીવ કેવલદર્શન ન પામે.

કેવલદર્શની [સં] પું. (જૈન) કેવળદર્શન પામેલ જીવ.

કેવલદ્રવ્ય ન. મરી; તીખાં.

કેવલધામ [સં.] ન. જ્યાં દ્વૈત નથી પણ માત્ર એક જ બ્રહ્મ છે એવું સ્થાન; મુક્તિપદ; બ્રહ્મપદ.

કેવલપ્રકૃતિ [સં.] સ્ત્રી. (સાંખ્ય) પ્રધાન, જેમાંથી તે કોઈની વિકૃતિ એટલે કાર્ય નથી.

કેવલપ્રત્યક્ષ [સં.] ન. શુદ્ધ પ્રત્યક્ષનું વિચાર કરતાં જેનું આગળ પૃથક્કરણ થઈ શકતું નથી એવું પ્રત્યક્ષ.

કેવલમૂલ્ય [સં.] ન. (ગણિત) વિશુદ્ધમૂલ્ય. કોઈ પણ આકડો એકલો આવેલ હોય ત્યારે તેની જે કીમત થાય તેને તે આકડાનું કેવલમૂલ્ય કહે છે.

કેવલલક્ષણા [સં.] સ્ત્રી. પદના શક્ય અર્થની સાથે લક્ષ્યમાણ અર્થનો સાક્ષાત્ સંબંધ. તેના જહલ્લક્ષણા, અજહલ્લક્ષણા, જહદજહલ્લક્ષણા એવા ત્રણ ભાગ છે.

કેવલવિકૃતિ [સં.] સ્ત્રી. (સાંખ્ય) આકાશાદિ પાંચ મહાભૂત તથા શ્રોત્રાદિ અગિયાર ઇંદ્રિય. આ સોળ તત્ત્વો અનુક્રમે તન્માત્રાઓ તથા અહંકારનું કાર્ય હોવાથી કેવળવિકૃતિ કહેવાય છે. તે કોઈની પ્રકૃતિ એટલે ઉપાદાન નથી.

કેવલવ્યતિરેકી [સં.] વિ. માત્ર વ્યતિરેક વ્યાપ્તિવાળું.

કેવલવ્યતિરેકી અનુમાન [સં.] ન. (ન્યાય) જેમાં હેતુની માત્ર વ્યતિરેક વ્યાપ્તિ હોય એવું અનુમાન; જે અનુમાનના સાધ્યનું તથા હેતુનું કોઈ પણ જગ્યાએ સહચાર દર્શન ન હોય, પણ તે સાધ્ય તથા હેતુના અભાવનું સહચાર દર્શન હોય તેવું અનુમાન; જેમાં કોઈ પણ સપક્ષ ન હોય તેવું અનુમાન. જેમકે, પૃથ્વી બીજાં દ્રવ્યોથી ભિન્ન છે કારણકે તે ગંધવાળી છે; જે દ્રવ્ય ગંધવાળું નથી હોતું તે પૃથ્વી પણ નથી જેમકે, પાણી. આ અનુમાનમાં પૃથ્વી માત્ર પક્ષ છે અને જળ, વાયુ, આકાશ, કાળ, તેજ, દિક્, આત્મા, મન, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય એ તેર પદાર્થોના જે અન્યોન્ય ભાવરૂપ ભેદ છે તે તેર ભેદ સાધ્ય છે. એ તેર ભેદ એકની પૃથ્વીમાં જ એકસા રહે છે. પૃથ્વીરૂપ પક્ષથી ભિન્ન કોઈ પણ પદાર્થ તે તેર ભેદરૂપ સાધ્યવાળો નથી અને નિશ્ચિત સાધ્યવાળાને જ સપક્ષ કહે છે. માટે આ અનુમાન તેવા સપક્ષના અભાવવાળું હોવાથી કેવળવ્યતિરેકી કહેવાય.

કેવલવ્યતિરેકી લિંગ [સં.] ન. (ન્યાય) જે હેતુરૂપ લિંગમાં સાધ્યની કેવળ વ્યતિરેક વ્યાપ્તિ જ રહે છે અને અન્વય વ્યાપ્તિ રહેતી નથી તે લિંગ. જેમકે, પૃથ્વી જગતદ્રિક પદાર્થોના ભેદવાળી છે, કારણકે ગંધવાળી છે. આ અનુમાનમાં ગંધત્વરૂપ હેતુમાં ઇતર ભેદરૂપ સાધ્યની કેવળવ્યતિરેક વ્યાપ્તિ જ છે. માટે એ કેવળવ્યતિરેકી લિંગ છે. એમાં સપક્ષ સત્ત્વ હોતું નથી.

કેવલવ્યતિરેકી વ્યાપ્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) એક પ્રકારની વ્યાપ્તિ. આમાં માત્ર પક્ષ ઉપર જ સાધન અને સાધ્ય હોય છે.

કેવલવ્યતિરેકી હેતુ જુઓ કેવલવ્યતિરેકી લિંગ.

કેવલસમાસ [સં.] પું. એક જાતનો સમાસ; અવ્યય વગેરે છ સમાસથી જુદો એક સમાસ. સુપ્સુપ્સમાસ. જેમકે, ભૂતપૂર્વ.

કેવલસમુદ્ઘાત [સં.] પું. (જૈન) કેવલજ્ઞાની તરફથી કરવામાં આવતો પોતાના આત્મપ્રદેશનો વિસ્તાર. જે વખતે જીવ કેવળી દરજ્જે પહોંચે છે તે વખતે આયુષ્ય, નામ, ગોત્ર અને વેદની એ ચાર કર્મ બાકી રહે છે. તે વખતે જો આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય તો તે જીવ પોતાના આત્માના પ્રદેશ આખા લોકમાં ફેલાવે છે. આમ કરવાથી ચારે કર્મની સ્થિતિ બરાબર થઈ જાય છે. આ ક્રિયાને કેવલસમુદ્ઘાત કહે છે.

કેવલસહયોગ [સં.] પું. બે, ચાર અથવા વધારે માણસોએ એકઠા મળીને એક જ કામ કરવાપણું.

કેવલા પું. નારંગી.

કેવલાત્મા ૧. પું. પાપ અને પુણ્ય રહિત આત્મા; ઈશ્વર.

૨. [સં.] પું. બ્રહ્મા. તે કેવલ આત્મારૂપ જ છે. બ્રહ્માની બ્રહ્મારૂપે સ્તુતિ કરી છે. સૃષ્ટિ પહેલા કેવળ તે આત્મારૂપે હતા અને પછી સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનો ભેદ થયા તે ત્રિમૂર્તિરૂપે થયા.

૩. પું. શુદ્ધ સ્વભાવવાળો મનુષ્ય.

કેવલાદ્વૈત [સં.] ન. જીવનું બ્રહ્મ સાથેનું સંપૂર્ણ અદ્વૈત; જીવ અને બ્રહ્મની નિતાંત એકતા; જગત, જીવ, ઈશ્વર એવો જે કોઈ પદાર્થ અનુભવમાં આવે તે બ્રહ્મ જ છે એવો સિદ્ધાંત.

કેવલાદ્વૈતવાદ જુઓ કેવલાદ્વૈત

કેવલાદ્વૈતવાદી [સં.] પું. કેવલાદ્વૈતના સિદ્ધાંતમાં માનનાર માણસ; શંકરાચાર્યનો અનુયાયી.

કેવલાનંતા [સં.] સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

કેવલાન્વયી [સં] વિ. (ન્યાય) માત્ર અન્વય વ્યાપ્તિવાળું.

કેવલાન્વયી અનુમાન [સં.] ન. (ન્યાય) પૂર્વવત્ અનુમાન; માત્ર અન્વય વ્યાપ્તિવાળું અનુમાન. જે અનુમાનમાં કોઈ વિપક્ષ હોતો નથી તે કેવલાન્વયી અનુમાન કહેવાય છે.

કેવલાન્વયીલિંગ [સં.] ન. (ન્યાય) હેતુના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર. કેવલાન્વયી, કેવલવ્યતિરેકી અને અન્વયવ્યતિરેકી એ હેતુના ત્રણ પ્રકાર છે. જે હેતુમાં માત્ર અન્વય દૃષ્ટાંત હોય તે કેવલાન્વયીલિંગ કહેવાય.

કેવલાન્વયીવ્યાપ્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) ત્રણ માંહેની એક જાતની વ્યાપ્તિ. તેમાં વિપક્ષ દૃષ્ટાંત નથી મળતું, એટલે કે સર્વ પદાર્થોનો પક્ષમાં સમાવેશ થઈ જાય છે.

કેવલાન્વયીહેતુ જુઓ કેવલાન્વયીલિંગ.

કેવલાભાવ [સં.] પું. (ન્યાય) સામાન્ય અભાવ. જેમકે, ઘરમાં ઘડો નથી એમ સામાન્યપણે અભાવ કહેવો તે કેવલાભાવ.

કેવલાયોગવ્યવચ્છેદ [સં.] પું. (વેદાંત) માત્ર કે એવા અર્થવાળા શ થી કરવામા આવતી સ્પષ્ટતા. જેમકે, શબ્દ હોળો જ હોય છે એ વાક્યમાં શબ્દ રાતો કે પીળો નથી હોતો અને કેવળ પોલાપણાનો 'જ' શબ્દથી નિર્દેશ થાય છે માટે એ કેવલાયોગવ્યવચ્છેદ છે.

કેવલાંગિરસ [સં] પું. અંગિરસના વંશની ત્રણ માંહેની એક શાખા.

કેવલી ૧. [સં.] પું. (જૈન) તીર્થંકર.

૨. પું. દેવ.

૩. પું. મુક્તિનો અધિકારી સાધુ.
૪. સ્ત્રી. ચેતન અને અચેતનની ભેદતાનો સિદ્ધાંત.
૫. સ્ત્રી. જન્મકુંડળી.
૬. વિ. એકમાર્ગી.
૭. વિ. કેવલાદ્વૈતમાં માનનારું.
૮. વિ. કેવળી; કેવળજ્ઞાનવાળું; પરમતત્ત્વી.

કેવલી કવલાહાર [સં.] પું. (જૈન) કેવળીએ મોઢેથી ખોરાક લેવો તે.

કેવલીકુંભક [સં.] પું. (યોગ) રેચક અને પૂરક વગરનો કુંભક પ્રાણાયામનો એક પ્રકાર. જુઓ કેવલકુંભક.

કેવલીગત [સં.] વિ. કેવળજ્ઞાનીને લગતું.

કેવલીજ્ઞ [સં.] વિ. કેવળજ્ઞાનથી જાણી શકાય એવું.

કેવલીજ્ઞવલ પું. (કચ્છી) સીંગડીઓ વહાણ. એના છોડ વેલા જેવા થાય છે.

કેવલીવિધિકળા [સં.] સ્ત્રી. બોતેર બહેની એ નામની એક કળા.

કેવલીસમુદ્‌ઘાત જુઓ કેવલસમુદ્‌ઘાત.

કેવલ્ય ૧. [સં. કૈવલ્ય] ન. કેવળજ્ઞાન.
૨. ન. કેવળપણું.
૩. ન. મુક્તિ; આત્મપ્રાપ્તિ.

કેવળ જુઓ કેવલ.

કેવળઈશ્વરવાદી પું. ઈશ્વરનું અસ્તિત્વ છે પણ ધર્મ તેનો કહેલો નથી એવો મત ધરાવનાર માણસ.

કેવળઉપયોગ પું. (જૈન) સામાન્ય અને વિશેષ બંને પ્રકારનો બોધ; સર્વજ્ઞતા; સર્વદર્શિત્વ.

કેવળકલ્પના સ્ત્રી. પુરાણવાર્તા; કલ્પિત કથા; જોડી કાઢેલ વાર્તા.

કેવળકુંભક જુઓ કેવલકુંભક.

કેવળગણિત ન. અમૂર્તગુણગણિત; શુદ્ધ ગણિત.

કેવળજ્ઞાન જુઓ કેવલજ્ઞાન.

કેવળજ્ઞાની જુઓ કેવલજ્ઞાની.

કેવળતર્કવાદ જુઓ કેવલતર્કવાદ.

કેવળદર્શન ૧. [સં. કેવલદર્શન] ન. કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય જ્ઞાનોપયોગ.
૨. ન. (જૈન) નિરાકાર ઉપયોગના ચાર ભાંહેનો એક ભેદ.
૩. ન. પરિપૂર્ણ દર્શન.
૪. ન. શ્રદ્ધા.
૫. ન. સર્વજ્ઞને જોવાની શક્તિ.

કેવળધામ જુઓ કેવલધામ.

કેવળનાણ ન. કેવલજ્ઞાન; તમામ કળા અને સ્વજની દરકોઈ વાત જાણવાની શક્તિ.

કેવળપણું ૧. ન. અસાધારણતા; વિશિષ્ટતા.
૨. ન. એકલતા; એકાકીપણું.
૩. ન. કેવલજ્ઞાનવાળી સ્થિતિ.
૪. ન. કૈવલ્યપદ; મોક્ષ.
૫. ન. શુદ્ધતા; અમિશ્રિતપણું.
૬. ન. સંપૂર્ણતા; અખંડતા.

કેવળપ્રયોગી ૧. વિ. કેવળ ઉદ્‌ગાર દર્શાવતું.
૨. વિ. માત્ર વાપરવામાં આવેલું.

કેવળપ્રયોગી અવ્યય ૧. પું. (વ્યાકરણ) આપમેળે મુખમાંથી બોલાઈ જવાતો આનંદ, આશ્ચર્ય કે શોકના જેવી લાગણી દર્શાવતો એક અવ્યય. જેમકે, અહો, અરરે, હાય હાય, ઓ, ધિક્, છટ્.

કેવળમહોત્સવ પું. (જૈન) મોહનિ કેવળજ્ઞાન થાય ત્યારે દેવતાઓ તરફથી કરવામાં આવતો ઉત્સવ.

કેવળાદ્વૈતવાદ જુઓ કેવલાદ્વૈતવાદ.

કેવળાદ્વૈતવાદી જુઓ કેવલાદ્વૈતવાદી.

કેવળાનંદ પું. મોક્ષપદનો આનંદ; મોક્ષસુખ.

કેવળી જુઓ કેવલી.

કેવળીજ્ઞાત્ર પું. જ્ઞાનથી ઊપજતો વૈરાગ્ય.

કેવા ૧. ન. ખામી; દોષ; કહેવાપણું.
૨. વ. કેવા પ્રકારનું.

કેવાનું ન. થાનું.

કેવાપણું ન. કહેવાપણું; દોષ; ખામી.

કેવામ પું. બાસણીનો તાર.

કેવાર પું. (શિલ્પ) શિખરબંધ મંદિરોમાં કાંકણીના થરની ઉપરનો થર.

કેવારનું વિ. લાંબા સમયનું.

કેવારે ન. કઈ વખતે; કયારે; કયે દિવસે.

કેવાળ ૧. પું. (શિલ્પ) કૂવાના ગળા આગળની રચના.
૨. પું. ચેટીની ઉપરનો ભાગ. તેમાં કણી, ટોકરું, અને પાટી તથા વીંટિયું અથવા પદ્મોચણ જોડવા ભાગ આવે છે.
૩. પું. મકાનની મેડીનો નાનો રવેશ.

કેવાંચ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કેવિકા [સં.] સ્ત્રી. કોંકણમાં થતું એક જાતનું ફૂલ; સદગ્રપા.

કેવિધ વ. કેવી રીતે.

કેવું ૧. વ. કઈ જાતનું; કયા પ્રકારનું.
૨. વ. કિ. સંભળાવવું; કથવું; કહેવું.

કેવુંક વ. કેવું.

કેવુંય વ. અજ્ઞાત અને અનિશ્ચિત પ્રકારનું.

કેશ ૧. પું. એ નામની એક ઉપધાતુ.
૨. પું એ નામનો દૈત્ય; કેશી.
૩. [સં.] પું. કિરણ; રશ્મિ.
૪. પું. ચોટલો; અંબોડો.
૫. પું. પરબ્રહ્મની શક્તિનો એક ભેદ; બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ.
૬. પું. રોકડા પૈસા; રોકડ નાણું.
૭. પું. વરુણ દેવ.
૮. પું. વિષ.
૯. પું. શક્તિ.
૧૦. પું. સુગંધી વાળો; ખસ.
૧૧. પું. સૂર્ય.
૧૨. પું. બ. વ. પ્રાણીઓની ચામડી ઉપર ઊગી નીકળતા પાતળા અને કાળા કે ધોળા તંતુ; વાળ.

કેશ શિરોરુહ ચિકુર કચ કુંતલ અલકની કાલ,
વંક ચામરો મુખરૂપી વાદળી વડ કપાલ. પિંગળમુક્તોષ

૧. કેશ કાપી લેવા = (૧) ઉતરી જવું. (૨) નુકસાન કરવું.
૨. કેશ ધોળા થયા પણ મન ધોળું ન થયું = વૃદ્ધાવસ્થા આવી પણ મન નિષ્કામ ન થયું.

૧૩. પું. બ. વ. મળિયાના ઝીણાં ઝીણાં દરસવાં મૂળ ઉપર આવેલા ઝીણા તંતુ.
૧૪. સ્ત્રી. કસ; અંજરખા વગેરેને બાંધવામાં આવતી કાપડની બનાવેલી દોરી.
૧૫. સ્ત્રી. યુક્તિ.
૧૬. સ્ત્રી. ધર્મ.
૧૭. સ્ત્રી. રીત.

કેશક [સં.] વિ. કેશની રચના કરવામાં તત્પર.

કેશકર્તન [સં.] ન. વાળ કાપવાની ક્રિયા.

કેશકર્તનાલય [સં.] ન. વાળ કાપવાની દુકાન.

કેશકર્મ ૧. [સં.] ન. કેશાંત નામનો સંસ્કાર; ચૌલકર્મ.
૨. ન. વાળ સાફ કરવા અને ગૂંથવાની કળા; કેશવિન્યાસ.

કેશકર્ષક [સં.] ન. વાળને બાંધવાની ક્લિપ.

કેશકલાપ ૧. [સં.] પું. અંબોડો; ચોટલો; વેણી.
૨. પું વાળનો સમૂહ.

કેશકલાપધારી ૧. [સં.] પું જટાધારી સાધુ.
૨. વિ. માથે જટા રાખી હોય એવું.

કેશકલ્પ ન. પોળા વાળને ઝાળા કરવાનુ એક જાતનું ઔષધ.

કેશકાર [સ.] પું. તબેલાનો એક નોકર. તે ઘોડાના વાળ સમારે છે.

કેશકારિણી [સ] સ્ત્રી વાળ ઓળનારી દાસી.

કેશકીટ [સં.] પું. વાળમાં પડતું જંતુ.

કેશકૂટ [સ.] પુ એ નામનો એક નરકકુંડ.

કેશકૃમિવ્યાધિ [સ] પુ મનુષ્ય, ઉંદર અને બીજાં પ્રાણીઓના માંસમાં પરોપજીવી તરીકે રહેતા એક જાતના જંતુથી આંતરડામાં થતો રોગ.

કેશક્ષય [સં.] પું. વાળ ખરી પડવાનો રોગ.

કેશગર્ભ [સં.] પું. અંબોડો, ચોટલો, વેણી.

કેશગુચ્છ જુઓ કેશગર્ભ.

કેશગૃહ [સં.] ન. ઉપલ્લવામાંથી છેક ચરબીના થર સુધી જતો ઉંદરો ખાડો. તેમાંથી વાળ ઊગે છે.

કેશગ્રહ [સં] પું યુધ્ધ લેવા માટે અંબોડો પકડવો તે; એક જાતની રતિક્રીડા.

કેશગ્રહણ [સ] ન બળાત્કારે વાળ પકડવા તે જુઓ કેશગ્રહ.

કેશગ્રાહ ૧. [સ.] પુ એ નામનો એક દેશ.
૨. પું. એક જાતનો રોગ; દાહ.
૩. વિ. વાળનો નાશ કરનાર.

કેશચિત્ર [સં.] ન. વાળનું નિરીક્ષણ કરીને ચિત્ર આલેખવાની કળા; ચિત્રલેખના.

કેશજાળ [સં. કેશજાલ] સ્ત્રી. તંતુઓની જાળ કે ગૂંચળી.

કેશટ ૧. [સ] પું. જૂ; વાળમા પડતુ એક જંતુ.
૨. પું. ભમરો.
૩. પું. ભાર્ગ.
૪. પું. માંકડ.
૫. પું. વિષ્ણુ.
૬. પું. સોનકૂકસ
૭. ન. કામરૂપના પાંચ માહેનું શ્રોણિક નામનું એક ખાણ.

કેશટર ૧. [સ.] પું. એ નામનો એક દેશ.
૨. વિ. વાળ કાપનાર.

કેશનલિકા [સં] સ્ત્રી પ્રાણીઓનાં શરીરમાં શિરાઓને અને નાડીઓને જોડનારી વાળના જેવી સૂક્ષ્મ નળી; ' કેપિલરિ.'

કેશનાળી જુઓ કેશનલિકા.

કેશનાર પું. (જરથોસ્તી) સ્વર્ગ; ઊર્ધ્વલોક.

કેશપક્ષ [સં. , પું. વાળનો સમૂહ.

કેશપર્ણી [સં.] સ્ત્રી. અપામાર્ગ; અઘાડો નામની વનસ્પતિ.

કેશપાશ ૧ [સ.] પું. ચોટલો; અંબોડો, સ્ત્રીના વાળનો ગુચ્છ; વેણી.
૨. પું. વાળને પકડી રાખવું આભૂષણ; અંબોડામાં પહેરાતું ચક્ર નામનું ઘરેણું

કેશપાશી [સં.] સ્ત્રી. સિધ્ધ, વાળની લટ; ચોટલી.

કેશપુર [સં.] પું. એ નામનો એક પ્રાગ્જ્યોતિષ રાજા.

કેશપ્રસાધન [સં] ન. વાળ ઓળવાની ક્રિયા.

કેશબંધ [સ] પુ. મતસાર સિદ્ધપ્રસ્તારમાં જણાવ્યા પ્રમાણે અધિરાજ અને નરેંદ્ર વર્ગના રાજાની રાણીનો મુગટ.

કેશબંધન [સ.] ન ચોસઠ પ્રકારનાં વિધાન માહેનું એક.

કેશબેગ [અં. કેશબૅગ] સ્ત્રી. રોકડ માટેની થેલી કે પ્રેથળી.

કેશભર પું. દોગપુર અંતર્ગત, રેખાભર; અહુ જ ઓછે તફાવત.

કેશભાર [સં.] પું ચોટલો, અંબોડો.

કેશભૂ [સં.] સ્ત્રી. મસ્તક.

કેશભૂમિ ૧. [સં.] સ્ત્રી. ગળપીઠ; ઓબોની નાભિ નીચે પેડુના ભાગમાં ગર્ભસ્થિત અથવા ગર્ભિતની ગર્ભકમાનની ઉપરનો ચરબીથી ભરેલ માંસલ ભાગ. યૌવનની શરૂઆતથી એટલે તેર ચૌદ વર્ષની ઉમરથી ઓબોને એ જગ્યાએ વાળ ઊગવાની શરૂઆત થાય છે. આ વાળ કર્કશ અને કાંઠિક વળેલા હોય છે.
૨. સ્ત્રી. માથાની ચામડી.

કેશભૂષા [સં.] સ્ત્રી. વાળ શણગારવાની ક્રિયા.

કેશભૂષાકાર [સં.] પું. વાળદ; નાવી.

કેશભૂષાગાર [સ.] ન. વાળને શણગારવાનુ સ્થળ; વાળંદની દુકાન.

કેશભૂષાગૃહ જુઓ કેશભૂષાગાર.

કેશમાર્જક [સ.] ન. કાંસકો.

કેશમાર્જન ૧. [સં.] ન. કાંસકો.
૨. ન. વાળ સાફ કરવા તે.

કેશમાર્જનકૌશલ્ય [સં.] ન. વાળ સાફ કરવાની નિપુણતા. ચોસઠ માહેની એક કળા.

કેશમેમો [અં કેશમેમો] પુ. રોકડ રકમનું ટાંચણ

કેશર ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, નગણ, યગણ અને બે રગણ મળી ૧૮ વર્ણ હોય છે.
૨. પું. કેસર. પુનાગ કેસરના ફૂલમાંથી તે બનાવવામાં આવે છે. કેસરના છેડ નાના થાય છે. તેના પાંદા બે બે હાથને અંતરે વવાય છે. પાન સાંકડાં અને લાંસા જેવાં થાય છે. બે વર્ષે માસે તેને ફૂલ આવે છે. તેને જથ્થે કે પાંચ પાંખડીઓ હોય છે. અંદરના તંતુ જેવા ભાગ અને ખૂબ વાસ તેમ કેસર સારું ગણાય છે આ છોડ ઔષધિમાં અને ઘરબમાં થાય છે. તે સુગંધી, કડવું, સ્તંભન, વાજીકર, ઉત્તેજક, તીખું, પૌષ્ટિક, આનંદદાયક, ઉષ્ણ, કાંતિકર, તૂરું, સ્નિગ્ધ, દીપક અને રુચિકારક છે. બાવાની ચીલેમાં કેશરિયો રંગ લાવવા અને ઉષ્ણ ગુણ માટે કેશર નાખવામાં આવે છે. તે કોઢરોગ, વાયુ, જ્વર, ઉપરસ, મસ્તકશૂળ, વિષ, ઊલટી, વણભંગ, મૂર્છા, હેડકી, ત્રિદોષ અને કોઢનો રોગ મટાડે છે.
૩. પું. નાગકેસર.
૪. પું. કૂલની પાંખડીઓની વચમાં આવેલ પાતળો સૂતર જેવો તાંતણો કે રેસો.
૫. પું. ઓરસાલ્લીનું ઝાડ.
૬. પું. વાળ; સિંહ કે ઘોડાની ડોક ઉપરના વાળ
૭. પું. વિષુવાંશ ૧૫૬ અને ઉત્તર પ્રત્યંશ ૨૪માં આવેલો ચોથા મહત્વનો એ નામનો એક તારો.
૮. પું. સોપારીનું ઝાડ.
૯. પું. હિંગનું ઝાડ. જુઓ કેસર.

કેશરચના [સં.] સ્ત્રી. વાળની ગોઠવણ; વાળને ઓળી સરખા રાખવાની કળા.

કેશરપપ્પુ ૧. પું. મદ્રાસી મૂલકખંડી. જુઓ કેસરપપ્પુ
૨. વિ. કરપોક; બીકણ.

કેશરવાનું વિ. કેસરથી અલંકૃત થયેલ; કેસરી રંગનું.

કેશરંજન [સં.] પું. એ નામનું ઝાડ; આંબરો.

કેશરંધ્ર [સં.] ન. માથાની ઉપરનું વાળનું છિદ્ર.

કેશરાજ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. ભાંગરાનું ઝાડ.

કેશરાદિગોળી [સં.] સ્ત્રી. (વૈદક) કેસરની એક જાતની બનાવટ. તેમાં કેસર, રસકપૂર, સાકર, સુખડ, લવિંગ અને જાવંત્રી સરખે ભાગે લઈ મગના કદની ગોળીઓ કરવી. તેની બેથી ત્રણ ગોળીઓ વી કે દૂધ સાથે આપવા જિના

ગળે ઉતારી જવાય છે. તેના સેવનથી ઉપદંશ, પ્રમેહ અને ગરમીનાં દરદો મટી જવાનું કહેવાય છે.

કેશરાશિ [સં.] પું. વાળનો ઝૂમ; લટ.

કેશરિણી ૧. [સં] સ્ત્રી. ઘોડી.

૨. સ્ત્રી. સિંહણ.

કેશરિયાજી પું. મેવાડમાં ધુલેવા ગામમાં આવેલ આદિનાથની મૂર્તિ. આ મૂર્તિને પુષ્કળ કેસર ચડે છે. જૈનોનું તે યાત્રાનું સ્થળ છે.

કેશરિયાં ન. બ. વ. પવિત્ર અને સત્ય હેતુને માટે મરી ફીટવાની તત્પરતા.

કેશરી ૧. [સં. કેશરિન્] પું. એક જાતનો વાંદરો.

૨. પું. ઘોડો.

૩. પું. નાગકેસરનું ઝાડ. તેનું ફળ કેસર જેવા રંગનું હોય છે અને તે ઉપર ઝીણા ઝીણા વાળ જેવા રેસા હોય છે.

૪. પું. પુન્નાગ વૃક્ષ.

૫. પું. (જૈન) પ્રાસાદના પચીસ પ્રકાર માંહેનો એક. ખુલ્લો પ્રાસાદ.

૬. પું. બિલ્વેરાનું ઝાડ.

૭. પું. મહાદ્રુમમાં આવેલ એ નામનો પર્વત; ઉત્તર ક્રૌંચગિરિરાજ.

૮. પું. સિંહનું ઉપનામ; કેસરી.

૯. પું. હનુમાનના બાપનું નામ.

૧૦. વિ. કેસરના રંગનું.

કેશરીવર્કું [સં. કેશરિન્ (સિંહ) + વક્ર (વાંકું)] વિ. સિંહના જેવા મરોડદાર શરીરવાળું. જેમકે, ઘોડો.

કેશર્યા સ્ત્રી. કાઠિયાવાડી ઘોડાની એક જાત.

કેશલુંચ [સં.] પું. જૈન મુનિ.

કેશલુંચન [સં.] ન. (જૈન) માથાના વાળ જેવી રહેવા તે. જૈનોમાં સાધુ થતાં પહેલાં જે કેશલુંચનનો વિધિ છે તે તપ માટેની શક્તિ કેળવવા સારૂ છે.

કેશલોચ જુઓ કેશલુંચન.

કેશલોચન જુઓ કેશલુંચન.

કેશવ ૧. પું. અર્ધ ચક્રવર્તી રાજા.

૨. પું. 'આ' સ્વરનો સંકેત શબ્દ.

૩. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૨૦ લઘુ મળી ૧૩૮ વર્ણ છે.

૪ પું. ખોળ મન્વંતર પ્રમાણે બત્રીસ કલ્પમાં વિષ્ણુના બાર માંહેનો એક અવતાર.

૫. [સં. ક (બ્રહ્મા) + ઈશ (શંકર) + વ (વશ કરનાર)] પું. પરમાત્મા.

૬. પું. પાણીમાં રહેલ મુંડું.

૭. પું પુન્નાગ વૃક્ષ

૮. પું. વિષ્ણુના કુંવર માંહેનું એક નામ; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેને અધીન છે એવા પરમાત્મા. જેના કેશ સુંદર છે, તેને કેશવ કહે છે; વળી કેશીનો વધ કરવાથી ભગવાન કેશવ કહેવાય છે.

૯. [સં.] પું શ્રી કૃષ્ણ.

૧૦. વિ. સુંદર કેશવાળું.

કેશવકૃતિ [સં.] સ્ત્રી. જાદવનું એ નામનું એક પુસ્તક

કેશવચંદ્રસેન [સં.] પું. એ નામનો એક બંગાળી સમાજસુધારક. તેણે ઈ. સ. ૧૮૬૭માં બ્રહ્મસમાજમાં દીક્ષા લીધી. લોકો તેને પોતાનો દેવ, ઉદ્ધારક અને ભગવાન તરીકે પૂજવા લાગ્યા. આથી એમના વિરોધીઓ ઉશ્કેરાયા. તેથી તેમણે આદિ બ્રહ્મોસમાજમાંથી છૂટા થઈ ભારત બ્રહ્મસમાજની સ્થાપના કરી. તેનું સૌથી મહત્ત્વનું કાર્ય ઈ. સ. ૧૮૭૨નો 'સિવિલ મેરેજ એક્ટ' પસાર કરાવ્યો તે છે. તે ઈ. સ. ૧૮૮૪માં મૃત્યુ પામ્યા.

કેશવતા [સં.] સ્ત્રી. કેશવપણું; વિષ્ણુપણું.

કેશવતી ૧. સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ભગણ, અને ગુરુ એમ સાત વર્ણ હોય છે

જુ આ બે કેશવતી. ઉષ્ણિજ

૨. સ્ત્રી. નેપાળની વિષ્ણુમતી નદીનું પ્રાચીન નામ.

કેશવત્વ જુઓ કેશવતા.

કેશવદાસ પું. એ નામનો એક કવિ. ઓરછા નરેશ ઇંદ્રજિતસિંહજીના તે રાજાશ્રિત હતા.

કેશવપન [સં.] ન. માથા ઉપરથી વાળ ઉતરાવી નાખવા તે; ક્ષૌરક્રિયા; મુંડન; સોળ માણેકો એ નામનો એક સંસ્કાર.

કેશવપનીય [સં.] પું. એક જાતનો અતિરાત્ર યજ્ઞ.

કેશવપ્રસાદ [સં.] પું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનાર એક કવિ. તેણે પ્રાકૃત સાહિત્યમાં સદ્દાલ કરી છે.

કેશવરાજ ૧. [સં.] પું. એક પ્રસિદ્ધ ગુજરાતી કવિ. તેનો કેશવકૃતિ નામનો કાવ્યગ્રંથ પ્રખ્યાત છે.

૨. પું. ન. વ. કૃષ્ણ અને બળરામ.

કેશવરાય પું. એક પ્રસિદ્ધ ગુજરાતી સાક્ષર. તેઓ ગુજરાતી ભાષાના સાક્ષર, વિવેચક અને વિદ્વાન હતા. ગીતગોવિંદ, અમરશતક, વિક્રમોર્વશીય, મુદ્રારાક્ષસ વગેરેનાં તેમણે ભાષાંતર કર્યાં છે, તેમજ ભાલણકૃત કાદંબરી, આખ્યાકૃત અનુભવબિંદુ વગેરેનું સંશોધન કરી પ્રગટ કર્યાં છે.

કેશવલ્લિની [સં.] સ્ત્રી. સહદેવી નામની વનસ્પતિ.

કેશવર્ધક [સં.] વિ. વાળને ઊગવામાં મદદ કરે એવું.

કેશવર્ધનચિકિત્સા [સં.] સ્ત્રી. વાળ ઉગાડવા અને વધારવા માટે કરવામાં આવતો ઉપચાર.

કેશવલેખ [સં.] પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સારંગી. આ છંદ અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ જગણ આવે છે.

કેશવસ્વામી પું. એ નામનો એક કોષકાર પંડિત. ભગભગ ઈ. સ. ૧૨૦૦ની આસપાસ તેણે નાનાર્થસંકલ્પ નામનો કોશ લખ્યો. આ અંતરનિષ્ઠ ભગવદ્ભક્ત મહારાષ્ટ્રના ગુલબર્ગા ગામમાં રહી, કાશીરાજ સ્વામી પાસેથી જ્ઞાન મેળવી, હરિકીર્તન કરવામાં મગ્ન રહી ઘણાં પદો બનાવ્યાં છે. પોતે સિદ્ધિવાન પુરુષ છતાં આ નિર્માની અને નિર્મોહી સંતે કદી ગર્વ ક્યો ન હતો.

કેશવાણિજ્ય [સં.] ન. પ્રાણીઓના વાળનો વેપાર.

કેશવામુખ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.

૨. ન. વિષ્ણુનું હથિયાર.

કેશવાલય ૧. [સં.] ન. પીપળાનું ઝાડ.

૨. ન. વિષ્ણુનું મંદિર.

કેશવાહિની [સં.] સ્ત્રી. વાળ જેવી પાતળી રક્તવાહિની; ધમની અને શિરાઓના અત્યંત સૂક્ષ્મ છેડાઓને પરસ્પર જોડનારી બારીક નળી કે સોત. તેઓ અત્યંત પાતળી હોવાને લીધે આ નામે ઓળખાય છે. કેટલીક કેશવાહિનીઓ તો એટલી કોમળ અને પાતળી હોય છે કે તેનું પડ પણ દેખાતું નથી અને તેમાંથી લોહીનો દ્રવ એક એક કણ જ પસાર થઈ શકે. તેઓ શરીરમાં દરેક અવયવમાં ફેલાયેલી છે. તેમની દીવાલ અત્યંત પાતળી અને કોમળ હોઈને દ્રવ રક્તભરા કલાની બનેલી છે. આ પાતળી દીવાલોમાંથી ધીમે ધીમે ટપકતો, લસિકા નામનો પ્રવાહી રસ શરીરના બધા ભાગોને પોષણ આપે છે. લસિકા છૂટી પડ્યા બાદ

કેશવાહિનીઓમાં રહેલું લોહી, શરીરમાંથી કચરો ઓકકો કરતું કરતું નાનામા નાની શિરાઓમાં, અને તે મારફે મોટી શિરામાં અને છેવટે હૃદયમાં પહોંચી જાય છે.

કેશવાણી સ્ત્રી. ઘોડો, સિંહ વગેરે પ્રાણીઓની ગરદન ઉપરના વાળનો ભરાવ; ગાળ.

કેશવિકૃતિ [સં.] સ્ત્રી. વાળ સંબંધી રોગ.

કેશવિચ્છેદ [સ.] પું. બહુ જ ભારીક તફાવત.

કેશવિન્યાસ [સં.] ન. વાળને સરખા કરી શણગારવાની કળા.

કેશવિન્યાસ [સ.] પું. વાળ સમારવા તે.

કેશવૃદ્ધિ [સં.] સ્ત્રી. વાળ વધવાપણું

કેશવૃષ્ટિ [સં.] સ્ત્રી. વાળનો વરસાદ વરસાવવાની વિદ્યા; એક જાતનો તાંત્રિક પ્રયોગ.

કેશવેધ [સં.] પું. વાળ ઓળવાપણું; વેણી ગૂંથવી તે.

કેશવર્ટિફિકેટ [અં. કૅશવર્ટિફિકેટ] ન. લોન માટે કાઢેલા સરકારી મુદ્દતબંધી હુંડી.

કેશસંમાર્જન કૌશલ્ય [સં.] ન. વાળને સારા, સુંવાળા, લાંબા, કાળા, સાફ અને સારાઈદાર રાખવાનું ચાતુર્ય.

કેશસંસ્કાર [સં.] પું. ચૌલકર્મ; કેશવપન.

કેશસાંધના જુઓ કેશવેધ.

કેશહસ્ત [સં.] પું. વેણી; અંબોડો.

કેશહુંત્રી [સં.] સ્ત્રી. ઝીણું ચાકુ; ખીજડો.

કેશા સ્ત્રી. અકાન નામની વનસ્પતિ.

કેશાકર્ષણ ૧. [સં.] ન. કેશવાહિનીઓના પ્રવાહી પદાર્થનું ખેંચાણ; કોઈ પણ પદાર્થના બહુ જ ભારીક છિદ્રોવાટેથી તે પ્રવાહી કુદરતી રીતે ઉપર ચડી શકે છે. કેશાકર્ષણથી પાણી બેથી અઢી ફૂટ ઊંચે ચડી શકે છે.
૨. ન. વાળ કે ચોટલો ખેંચવાપણું.

કેશાકેશિ ૧. સ્ત્રી. બાથંબાથી; મુક્કાબાજી.
૨. અ. એકબીજાના વાળ ખેંચાય એવી રીતે; સામસામી વાળની ખેંચાખેંચ કરીને.

કેશાગ્ર ૧. [સં.] પું. એક જાતનું માપ. આઠ રજનો એક કેશાગ્ર થાય છે.
૨. પું. વાળની અણી

કેશાદ પું. લોહીમાંથી ઉત્પન્ન થતો એક જાતનો કૃમિ

કેશાધ્યમની સ્ત્રી. ઘોરી નસની ઉલ્લી શાખા. તે એટલી બધી બારીક હોય છે કે ખુલ્લી આંખે દેખાતી નથી અને જળની માફક શરીરના દરેક ભાગમાં પમરાયેલી હોય છે.

કેશાભરણ [સં.] ન. વાળમાં પહેરવાનું ઘરેણું.

કેશાભ્યંગ [સં.] પું. માથામાં નાખવાનો ખુશબોદાર પદાર્થ.

કેશાવપન [સં.] ન. માથું મુંડાવવું તે; ક્ષૌરકર્મ.

કેશાવમર્ષણ [સં.] ન. માથું ઓળવું તે.

કેશાવલિ [સં.] સ્ત્રી. માથા ઉપરના વાળ; ચોટલો.

કેશાળ વિ. વાળવાળું.

કેશાંત ૧. [સં.] પું. ક્ષૌર; મુંડન; માથાના વાળ કપાવી નાખવા તે.
૨. પું. બ્રાહ્મણને સોળમે વર્ષે, ક્ષત્રિયને બાવીસમે વર્ષે અને વૈશ્યને ચોવીસમે વર્ષે કરાતું કેશછેદન નામનું કર્મ.
૩. પું. માથાનો વાળથી ઢંકાયેલો ભાગ.
૪. પું. વાળનો ઝૂમ્બો.

કેશાંતકર્મ જુઓ કેશાંત ૨.

કેશાંતસ્નાન [સં.] ન. જટા ઉતારીને નાહવું તે.

કેશાંતિક [સં.] વિ. વાળના ઊંડા સુધીના માપનું.

કેશિ [સં.] પું. એ નામનો એક રાક્ષસ. તેને કૃષ્ણે માર્યો હતો.

કેશિક [સં.] વિ. બહુ વાળવાળું.

કેશિકા સ્ત્રી. શતાવરીનું ઝાડ; સતાવળ.

કેશિકાકર્ષણ જુઓ કેશાકર્ષણ.

કેશિગાર્ગી [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક. તેણે કેશિ નામના રાક્ષસને માર્યો હતો.

કેશિધ્વજ [સં.] પું. (પુરાણ) વિદેહ વંશના કૃતધ્વજ જનકનો પુત્ર; નિમિવંશનો એક રાજા. તેને આંડિક્ય નામનો એક ચિત્રાઈ ભાઈ હતો તે બંને વચ્ચે ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. આંડિક્યને તેના રાજ્યમાંથી કાઢી મૂકવામાં આવ્યો. પાછળથી બંને એક બીજાના મિત્ર બન્યા અને અરસપરસ ઉપયોગી નીવડ્યા. કેશિધ્વજના પુત્રનું નામ ભાનુમાન હતું.

કેશિનિષૂદન [સં.] પું. કેશિ નામના રાક્ષસને હણનાર કૃષ્ણ. ઘોડાની આકૃતિવાળા આ મોટા દૈત્યે પોતાનું મુખ ફાડીને શ્રી કૃષ્ણને ખાઈ જવા ધસ્યું. તેના અતિ ફાડેલા મુખમાં ડાબો હાથ નાખીને તરત જ તે દૈત્યને કૃષ્ણે ચીરી નાખ્યો હતો.

કેશિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અજમીઢ રાજાની રાણી.
૨. સ્ત્રી. અયોધ્યા નગરી.
૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા. તે કશ્યપની સ્ત્રી હતી
૪. સ્ત્રી. એક પ્રાચીન નગરીનું નામ.
૫. સ્ત્રી. (પુરાણ) એક રાજકન્યા. એના સ્વયંવર સમયે પ્રહ્લાદ પુત્ર વિરોચન અને અંગિરા ઋષિનો પુત્ર સુધન્વા એમ એક જ સમયે આવી પહોંચ્યા. એ વખતે બંને વચ્ચે વાદ થયો કે એમાંથી શ્રેષ્ઠ કોણ? બંને પ્રહ્લાદ પાસે આવ્યા. પ્રહ્લાદે વિરોચનનો નિષેધ કરીને અભિપ્રાય આપ્યો કે સુધન્વાનો પક્ષ સબળ છે. પછી કેશિની સુધન્વાને પરણી.
૬. સ્ત્રી. દમયંતીની એ નામની એક દાસી, અયોધ્યાના ઋતુપર્ણ રાજાના સારથિ બાહુક એટલે નળરાજાને જોવા માટે તેને દમયંતીએ મોકલી હતી.
૭. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૮. સ્ત્રી. પાર્વતીની એ નામની એક સહચરી.
૯. સ્ત્રી. ભાગીરથી નદી.
૧૦. સ્ત્રી. (પુરાણ) રાવણ અને કુંભકર્ણની માતા; સુમાલી રાજાની કન્યા અને વિશ્રવા ઋષિની સ્ત્રી; કૈકસી.
૧૧. સ્ત્રી. વનસ્પતિની એક જાત; જટામાંસી; ગોરપુષ્પી.
૧૨. સ્ત્રી. સુંદર વેણીવાળી સ્ત્રી.
૧૩. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશી સગર રાજાની બે સ્ત્રીઓ માંહેની એ નામની એક. વિદર્ભ રાજાની કન્યા હોવાથી એને વૈદર્ભી પણ કહેતા. એનું બીજું નામ ભાનુમતી હતું.

કેશિસૂદન જુઓ કેશિનિષૂદન.

કેશિહા જુઓ કેશિનિષૂદન.

કેશી ૧. [સં. કેશિન્] પું. અઢારમું મન્વંતર માંહેનો એ નામનો એક દેવ.
૨. પું. એ નામનો અસુર રાજા. તે ઉર્વશી અને ચિત્રલેખા અપ્સરાઓને લઈને નાસતો હતો ત્યારે પુરુરવા નામના રાજાએ તેને છોડાવી હતી.
૩. પું. એક યાદવનું નામ.
૪. પું. (પુરાણ) કંસ પક્ષનો એક રાક્ષસ. એ ઘોડાનું રૂપ ધારણ કરીને કૃષ્ણ અને બીજા ગોપ બંધાવનમાં રમતા હતા તેમને મારવાને ગયો અને કૃષ્ણને હાથે માર્યો ગયો.
૫. પું. ઘોડો.
૬. પું. (પુરાણ) પ્રજાપતિની દેવસેના અને દેવસેના નામે કન્યાઓને હરણ કરીને નાસી

જનારો અસુર. તેમાંની દૈવસના એને વશ થઈ, પરંતુ દૈવસેના વશ ન થઈ અને રડવા લાગી. તે ઉપરથી છેવટે એનો પરાભવ કરીને દૈવસનાને ભગાડી.

૭. પું. પ્રાચીન કાળનો એ નામનો એક ગૃહપતિ.

૮. પું. (પુરાણ) વસુદેવને કૌશલ્યાથી થયેલ પુત્ર.

૯. પુ વિષ્ણુ.

૧૦. પુ. સિંહ.

૧૧. પું સૂર્ય

૧૨. સ્ત્રી. કપાળ ઉપર આવેલી વાળની લટ.

૧૩. સ્ત્રી. કન્યા, એક વેલ.

૧૪. સ્ત્રી નાની પીલુડી.

૧૫. સ્ત્રી. ભૂતકેશ નામની ઔષધિ; અજલોમ વૃક્ષ, નીલો.

૧૬. સ્ત્રી. મોટા અને સુંદર વાળવાળી સ્ત્રી.

૧૭. વિ. કિરણવાળું; પ્રકાશમય.

૧૮. વિ. સુંદર વાળવાળું.

કેશીઅર [અં. કૅશીઅર] પું. રોકડ રકમની લેવડદેવડનું કામ કરનાર માણસ; ગલ્લાનો પારેખ.

કેશીઅર્દન જુઓ કેશિનિષૂદન.

કેશીય [સં.] વિ. વાળ જેવું; સૂક્ષ્મ; બારીક.

કેશીયઆકર્ષણ [સં.] ન. વાળ જેવી બારીક નળીમાં થતું લોહીનું ખેંચાણ

કેશીયગતિ [સં] સ્ત્રી. અભિસર્પણ; બારીક કાણાવાળી નળીમાં પ્રવાહી પદાર્થનું પોતાની સપાટીથી તેના અણુઓના આકર્ષણથી ઊંચે ચડવું તે

કેશુ [સં. કિંશુક] ન. કેસૂડો.

કેશુ વન માંહે કેશુ તે ફૂલ્યા કનકસઝાય

કેશુર પું. કેસૂડો.

કેશૌ અ. (ગ્રામ્ય) કયાં; કહીં.

કેશોત્પાટન [સં.] ન. વાળ ખેંચી કાઢવા તે.

કેશ્ય ૧. [સં.] ન. કાળુ અત્તર

૨ ન. ભાજરો

૩. વિ કેશને કાળા કરે કે વધારે એવું.

કેસ ૧. પું આંખનો એક રોગ.

૨. પું. કલગી

૩. [અં.] પું. કિસ્સો; દાખલો.

૪. [અં.] પું. દરદી.

કેસ બગડી-બલાસ થઈ જવો = દરદીનું મરણ થવું

૫. [અં.] પુ. દવાખાનામાં રખાતો માંદગીનો દાખલો જેમાં દરદીનું નામ, ઉમર, જાત, દરદ, ઉપચાર વગેરે હકીકત લખવામાં આવે છે.

૬. પું. નાટકમાં પહેરાતી વિદૂષકની ટોપી.

૭. [હિ.] પું. નાની પેટી.

૮. પું. માટો બનાવ.

૯. [સં. કેશ] પું. માથાના વાળ.

૧૦. [અં.] પું. મુકદમો; કાયદા પ્રમાણે નિયમસર તપાસવાની બાબત.

કેસ ચલાવવો = કાયદેસર પગલાં લેવાં.

૧૧. [અં.] પું. સ્થિતિ.

૧૨. સ્ત્રી. કસ; અંબરખા, કાંચળી વગેરેના બંધની દોરી.

૧૩. સ્ત્રી. વિભક્તિ.

૧૪. ન. કેસડાં.

૧૫. [અં.] ન. પેટી; આનું.

૧૬. ન. બીજાં રાખવાની પોટી.

૧૭. ન. બીજાં રાખવાનું બનાવટી ટેબલ.

કેસતો વ. ચૂમડું; હોલ્લો

કેસર ૧. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન પર્વત.

૨. પુ રાક્ષ; લુચ્ચો માણસ.

૩. સ્ત્રી. ઘોડાની એક જાત.

૪. સ્ત્રી. માળા; સિંહની ડોક ઉપરના વાળ.

૫. સ્ત્રી સોરભ; સુગંધ.

૬. [સં.] સ્ત્રી. હિંગનું ઝાડ; હિંગ વૃક્ષ.

૭. ન. એ નામનો એક છંદ.

૮. ન. એક પ્રકારનું ઘેર.

૯ ન. ઓજસ; તેજ.

૧૦ ન. કેસરના છોડનું ફૂલ. તે ફૂલમાં એક પાતળી ડાંડી હોય છે. ડાંડીમા પાસ પાંખડી હોય છે. પાંખડી અંદરે એક ઉંચ ભાંખી લબતોળ હોય છે. ડાંડીનો રંગ રતાશ પડતો પીળો અને પાંખડીનો રંગ ધૂપેલિયો હોય છે. પાંખડીઓની વચ્ચે કેસરના તંતુઓ હોય છે. જુઓ કેશર.

૧૧. ન. નાગકેસર.

૧૨. ન. બકુલ; બોરસલી.

૧૩. ન. સંતોષ.

૧૪. ન. સર્પ.

૧૫. ન. સ્વર્ગ.

૧૬. ન. કરકોર્ષ ફૂલની અંદર રહતો તંતુ.

કેસરકાચલેહ [સં.] પું. કેસરની બનાવટવાળું એક પ્રકારનું ચાટણ. તે વાતરોગ, ત્રિદોરોગ અને સન્નિપાત ઉપર ફાયદો કરે છે.

કેસરઘાસ ન. એક જાતનું કેસર.

કેસરચંદન ન. કેસર સાથે મળેલું ચંદન.

કેસરજાંટણાં ન. બ. વ. કેસરના ઝાણીના ઝાંટા નાખવાની ક્રિયા. રાજપૂતોમાં લગ્ન વખતે આ વિધિ થાય છે.

કેસરપપ્પુ ૧. પુ. મદ્રાસ તરફનો બીબ માગતો બ્રાહ્મણ

૨. પું. રિસાળ માણસ.

૩. વિ. અણગમતી વસ્તુ જોતાં બીકને નાસી જાય એવું.

૪. વિ. ચટકતું; રખડુ.

૫. વિ. ચેતા વગરનું, ગાંડિયું.

૬. વિ. સહેજમાં વગડાઈ જાય એવું.

કેસરપાટલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કેસરપીળું વિ. કેસરથી પીળું કરેલું; કેસર જેવા પીળા રંગનું.

કેસરભીનું ૧. વિ. કેસરથી તરબોળ થયેલ; કેસરનો લેપ કરેલ.

૨. વિ. કેસરિયાં કરીને નીકળેલું.

મારા કેસરભીના કંથ હો
સીમાડો જી ઝાઘાટ. સુરદાસની માળા

કેસરમાલ ૧. સ્ત્રી. કેસરની માળા.

૨. સ્ત્રી. માળા; કેસરવાળી.

કેસરવટ ૧. [સં.] પું. કુંકુમ; કેસુ.

૨. પુ. કેસર

કેસરવરણું [સં. કેસર + વર્ણ (રંગ)] વિ. કેસરિયું, કેસરના જેવા રંગવાળું.

કેસરવર્ણું જુઓ કેસરવરણું

કેસરસિંહ પું. (કચ્છી) કેસરી સિંહ.

કેસરાકાર વિ. કેસરના તંતુ જેવા આકારનું.

કેસરાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્ય) રસકપૂર, મોકર, સુખડ, ધવિગ અને જાવત્રી સરખે ભાગે લઈ બનાવેલી મગ જેવડી ગોળી. કેટલાક દુષ્ટ જખમમાં આ ગોળી ૧થી ૪ માત્રામાં અપાય છે.

કેસરાદિરસ પું. (વૈદ્ય) એ નામની કેસર જેમાં મુખ્ય હોય એવી દેશી દવા.

કેસરાદિવટી જુઓ કેસરાદિગુટિકા.

કેસરાવર્ત [સં.] ન. ફૂલનાં કેસર જ્યાંથી ફૂટે છે તે બિંદુ.

કેસરિણી ૧. [સં.] સ્ત્રી. ઘોડી

૨. સ્ત્રી. સિંહણ.

કેસરિયા ૧. સ્ત્રી. (જૈન) જમીન કે હાથપગ સાફ કરવાને સંન્યાસીઓ રાખવાનો લાકડીએ બાંધેલ રૂમાલ.

૨. સ્ત્રી. પાત્રાં પૂંજવાનું સાધન; પૂંજણી.

૩. વિ. કેસરી; કેસરના જેવા રંગનું.

કેસરિયાં ૧. સ્ત્રી. ઘોડીની એક જાત.

૨. ન બ વ. કેસરી રંગનાં લૂગડાં.

૩. ન. બ. વ. કેસરી રંગનાં લૂગડાં પહેરી કેસરી મુદ્દલ લડવા જવું તે; મરણિયાં થવું તે.

કેસરિયાં કરવાં = (૧) મરવાનો નિશ્ચય કરીને ઉત્સાહપૂર્વક રણે ચડવું; કેસરી વાઘા પહેરીને અથવા કેસૂડો પીને મરણિયા થઈ લડવા ઊતરી પડવું. (૨) શિર સાટે કાર્ય કરવાના નિશ્ચયે બહાર પડવું. અમારું તખતમાં મરવું કે મારવું એવા નિશ્ચયવાળા રજપૂતો રણે ચડતાં પોતાનો ઉત્સાહ બતાવવાને બાનકાંબેર કેસર છાંટેલ કપડાં પહેરીને મેદાને ઝંપલાવતા. આ ઉપરથી જ્યારે કોઈ પણ ભોગે અમુક નિશ્ચય પાર પાડવા માણસ તૈયાર થાય ત્યારે આ રૂઢિપ્રયોગ વપરાય છે.

૪. ન. ન વ. લડાઈમાં મરવાની હોંશ.

૫. વિ. કેસર છાંટેલ.

કેસરિયું ૧. ન. ઓઢવાને પહેરવાનું કેસરી રંગનું વસ્ત્ર.

૨. વિ. કેસરના રંગનું; કેસર ભેળવેલું; કેસરી.

કેસરિયા બના = કેસરી કપડાં પહેરેલ માણસ.

૩. વિ. રંગીલું; આનંદી; ઉત્સાહથી ભરેલું.

કેસરિયો ૧. પું. એક જાતનો ઘોડો.

૨. પું. ગુજ્જો.

કેસરિવન ૧. [સં.] ન. કેસરી સિંહ રહેતા હોય એવું વન.

૨. ન. નાગકેસર બહુ ઊગતું હોય એવું વન.

કેસરિસુત [સં.] પું. કેસરીનો પુત્ર હનુમાન.

કેસરી ૧. સં. કેસરિન્] પું. એક જાતનો ઘોડો.

મુખ આગળ કેસરી સોળ જોડ્યા,
તાણે તેલિયાં ઝાડો બહુ ઘોડા. પ્રેમાનંદ

૨. પું. એક પ્રકારનો બગલો.

૩. પું. ઓરિસ્સાનો એક પ્રાચીન રાજવંશ.

૪. પું. કેસરી રંગનું એક જાતનું કપડું.

૫. પું. ગરદન ઉપર ગુચ્છાદાર વાળવાળું એક જાતનું હિંસક પ્રાણી; સિંહ.

કેશરિ હરિ કેસરી પુંડરીક હર્યક્ષ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પ્રાણેશ. પિંગળકપુકોષ

૬. પું. પુન્નાગ વૃક્ષ.

૭. પું. રાતું નાગકેસર.

૮. પું. ઘુમ્ર થયેલો કહેવાતો એક જાતનો હાથી. તે હાલના હાથી જેવો જ હતો, પણ તેના દંત વધારે લાંબા અને ઉપરથી વળેલા હતા. તેના આખા શરીર ઉપર લાંબા લાલ વાળનો થર પથરાયેલો હતો.

૯. પું. સરનવો.

૧૦. પું. સિંહ જેવો બળવાન ક્ષત્રિય.

૧૧. પું. (પુરાણ) હનુમાનનો બાપ; મહાન વાનરનો પુત્ર; જાંબુવાનનો નાનો ભાઈ; અંજનાનો પતિ. એ ગોકર્ણ નામના પર્વત ઉપર રહેતો હતો. એક વખત એક રોમશાદન નામના બલાઢ્ય થઈ ગયેલા અસુરે કેટલાક ઋષિઓને બહુ ત્રાસ આપ્યો. ઋષિઓની આજ્ઞાથી કેસરીએ એ અસુર જોડે યુદ્ધ કરીને તેને મારી નાખ્યો. આનંદ પામેલા ઋષિઓએ એને આશીર્વાદ દીધો કે તારે એક સારા સ્વભાવનો ભગવદ્ભક્ત અને બહુ બળવાન પુત્ર થશે. પાછળથી તેને એવો જ પુત્ર મારુતિ કે હનુમાન થયો.

૧૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. આ ઝાડ દક્ષિણ અમેરિકામાં થાય છે. એનાં બિયાં ત્રિકોણાકાર અને બે બાજુએ ચપટાં પણ વચ્ચે આંતરણાં હોય છે. તે મરડા અને ઝાડામાં વપરાય છે. બીજમાંથી લાલ રંગ નીકળે છે. બિયાંની આસપાસનો રંગ ઘેરો લાલ હોય છે.

૧૩. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક સારી વખણાયેલી જાત.

૧૪. સ્ત્રી. લાંબું ઘટાણા જેવું એક કઠોળ.

૧૫. વિ. કેસરના રંગથી રંગાયેલ; કેસરના રંગનું, કેસર ભેળવેલું.

કેસરી ખાઈ = (૧) જેમાં કેસર નાખેલ હોય એવો એક સ્વાદિષ્ટ ખોરાક. (૨) ટાઢો માર મારવો તે; અધમૂઓ કરવું તે.

કેસરીચંપો પું. એક જાતનું ઝાડ; સુવર્ણચંપક. આ ઝાડ બહુ મોટું થાય છે. એનાં ફૂલ દેખાવમાં અને પીળાં હોય છે. તેને રાજચંપો અથવા પીળો ચંપો પણ કહે છે. તે કડવો, તીખો, શીતલ, તૂરો, મધુર, ઘુમ્ર, સુગંધી અને ભમરનો નાશ કરનાર છે અને દાહ, પિત્ત, કફ, રક્તદોષ, મૂત્રકૃચ્છ્ર, વાત, કોઢ, વિષ, કૃમિ, કંઠ અને વ્રણને મટાડતો હોય એમ મનાય છે.

કેસરીચાલ પું. એ નામનો એક પર્વત. ગંગા નદીનો સીતા નામનો ફાંટો આ પર્વત ઉપર થઈને વહે છે.

કેસરીજીવન ન. (વૈદ્ય) દવામાં વપરાતું એક ચાટણ. આ જીવન અભ્રકભસ્મ, પંચભસ્મ, રસસિંદૂર અને કેસર નાખીને બનાવાય છે. તે પૌષ્ટિક, વીર્યવર્ધક અને બળદાયક છે.

કેસરીપ્રાસાદ પું. એક જાતનું દેવમંદિર.

કેસરીબાળ પું. કેસરી બાળસળો સિંહ.

કેસરીલંકી [સં] વિ. સ્ત્રી. સિંહના જેવી પાતળી કેડવાળી.

કેસરીહાથી પું. ઘુમ્ર થયેલો કહેવાતો એક જાતનો હાથી. જુઓ કેસરી ૮.

કેસા [ફા.] પું. થેલી.

કેસિયા ન. એક જાતનું ઝાડ. સુંદર જથ્થાદાર ફૂલો માટે તે પ્રખ્યાત છે. બે માસમાં તેમાં ફૂલ આવે છે. કોઈ જાતને માર્ચમાં તો કોઈ જાતને સેપ્ટેમ્બરમાં પણ ફૂલ આવે છે. બરમા તથા દક્ષિણ હિંદમાં આ ઝાડ ખૂબ થાય છે. તે ઘણી ઝડપથી વધે છે અને ઘટાદાર બને છે. ઝાડને ફૂલ આવે છે ત્યારે બહુ જ રમણીય લાગે છે. કોઈને પીળાં, કોઈને ગુલાબી, સફેદ, એમ જુદા જુદા રંગનાં ફૂલ આવે છે.

કેસિગા ન. લાકડાનું ઢાંકણ.

કેસી ૧. પું. એ નામનો દાનવ.

૨. [સં. કીદૃશી] વિ. સ્ત્રી. (પ્રાકૃત) કેવી; કેવા પ્રકારની.

કે. સી. આઈ. ઈ. [અં.] પું. એક ઇલકાબ: 'નાઇટ કમાન્ડર ઑવ ઇંડિઅન ઍમ્પાયર.

કે. સી. એસ. આઈ. [અં.] પું. એક જાતનો ખિતાબ; 'નાઇટ કમાન્ડર સ્ટાર ઑવ ઇંડિઆ.

કેસીઠ ન. એક જાતનું કોપરું.

કેસીન [અં.] ન. દૂધમાં રહેતો એક પદાર્થ; પનીરમાં રહેલું ખાસ તત્ત્વ. તેમાંથી સફેદ સ્વાદ વગરનો બારીક કીમિનો ક્ષાર બને છે.

કેસુર ૧. સ્ત્રી. રાવળની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કેસુરિયાં ન. એક જાતનું ઝાડ.

કેસુરી સ્ત્રી. કેસૂડાં.

કેસુવાઈ [સં. કિંશુક; પ્રા. કિંસુઅ, કેસુઅ] ન. ન. વ. કેસૂડાં.

કેસૂ ૧. [સં. કિંશુક; પ્રા. કિંસુઅ, કેસુઅ] ન. આખરાનું ઝાડ.

૨. ન. વ. વ. કેસૂડાં; આખરાનાં ફૂલ.

કેસૂડાં (કેસૂડાં) [સં. કિંશુક] ન. વ. વ. કિંશુકનાં ફૂલ; આખરાના ઝાડનાં કેસરી રંગનાં ફૂલ. તેને પાણીમાં ઊકળતાં પાણી લાલ કેસરી રંગનું થાય છે.

કેસૂડી (કેસૂડી) ૧. સ્ત્રી. કેસૂડાં ઊકળીને બનાવેલું પાણી.

૨. સ્ત્રી. કેસૂડાંનું ઝાડ; આખરો.

કેસૂડો (કેસૂડો) પું. કેસૂડાંનું ઝાડ; આખરો. એમાં ત્રણ ત્રણ પાનનાં મોટાં ત્રેખડાં આવે છે. ફૂલની કળી સહાની ચાંચ જેવી વાંકી હોય છે, અને ઊઘડે ત્યારે સુંદર કેસરી રંગનું ફૂલ થાય છે. તેમાં જૂરા રંગની કામણ જેવી લાંબી સીંગો થાય છે. ફૂલ તથા મૂળ દવાના ક્રમમાં વપરાય છે.

કેસૂથા જી. બહૂદીઓમાં લગ્ન પ્રસંગે વરને બોલવાની એક પ્રતિજ્ઞા. બહૂદી લોકોમાં લગ્ન પ્રસંગે હવા નામની એક ક્રિયા કરવામાં આવે છે. તેમાં કન્યાને વરે વીંટી અથવા સોનાનો ટુકડો આપ્યા બાદ ધર્મગુરુ વરને ધીરા, કેસૂથા અને ઓનાથા એ ત્રણ હીબ્રૂ શબ્દમાં સમાયેલી ત્રણ આવશ્યક શરતો તે કબૂલ રાખે છે કે કેમ તે વિષે પૂછે છે. તેનો અર્થ એ થાય છે કે તેણીનાં ખોરાક, કપડાં અને લગ્નની ફરજમાં તે પછાત પડશે નહિ કે?

કેસૂર પું. તળાવને કાંઠે ઊગતો એક જાતનો સુંદર પાનવાળો સુશોભિત છોડ. તે ત્રણ ફૂટ ઊંચો વધે છે અને તેમા ખાવા લાયક ફળ આવે છે. દિંડ અને લકાના બેજવાળા ભાગમાં તે ઊગે છે.

કેસૂરી જુઓ કેસર.

કેસોઊડ પું. ફળ તરીકે ખવાતુ એક જાતનુ કંદ.

કેસાક [અં. કેસોક] પું. ખ્રિસ્તી પાદરીઓને પહેરવાનો એક જાતનો ઝભ્ભો. સામાન્ય રીતે તે કાળો હોય છે. માત્ર પોપને જ સોનેરી ઝભ્ભો પહેરવાનો અધિકાર છે.

કેસોરી [અં. કેસોવરી] જ. ઓસ્ટ્રેલિઅ અને બોર્નિયો ટાપુઓમાં વસતુ એક દોડનારું પક્ષી. તેના માથા ઉપર અસ્થિમય કલગી હોય છે. કદમા તે શાહમૃગથી નાનું હોય છે. ઉમરે પહોંચેલા નરની ઊંચાઈ પાચ ફૂટ જેટલી હોય છે. તેના શરીર ઉપર વાળના જેવું આચ્છાદન હોય છે. માથા ઉપર અસ્થિમય ટોપી જેવું હોય છે. આ પક્ષી કોધી સ્વભાવનુ છે. તેનો ખોરાક ફુમળા છોડ અને ફળફળાદિ છે.

કેસ્ટર ઑઇલ [અં. કેસ્ટર ઑઇલ] જ. એરંડિયું, દિવેલ.

કેસ્ટ્રલ [અં. કેસ્ટ્રલ] જ. શકરાની જાતનું એક ખૂબસૂરત પક્ષી. એ એટલી સહેલાઈથી ઊડે છે કે જાણે હવામાં આરામ લેતુ હોય એવું જણાય છે.

કેસ્ટ્રિલ [અં. કેસ્ટ્રિલ] જ. એક જાતનું પક્ષી. રપેનમાં તેનાં ટોળેટોળાં વસે છે. નર પક્ષી તેર ઇંચ મોટું થાય છે. તેનાં પીછાંનો રંગ ભૂરો, કાળો અને કાબરચીતરો હોય છે. માથું સપાટ અને ચાંચ આસમાની રંગની હોય છે.

કેસ્સો ૧. પું. ખેસ.
૨. પું. નકશીવાળું ભરતું.

કેહ સ. કોણ.

કેહણી જી. કહેવાની ઢબ.

કેહર (કેહર) ૧. પું. કેસરી સિંહ.
૨. પું. ઘોડો.
૩. પું. હાથી.

કેહરી (કેહરી) ૧. પું. એ નામનો એક વાનર.
૨. પું. કેસરી સિંહ.
૩. પું. ઘોડો.
૪. પું. હાથી.
૫. જી. ઓજારની નાની કોથળી.

કેહવું જુઓ કહેવું.

કેહા ૧. પું. નાનું જંગલી પક્ષી.
૨. [સં. કેક્ષ] પું. મોર; મયૂર.

કેહિક સ. કોણ.

કેહી વિ. જી. કઈ; કઈ જાતની.

કેહુક પું. મોરના બોલવાનો અવાજ; ટહુકાર.

કેહુની જી. કોણી; હાથનો એક ભાગ.

કેહૂ વિ. અમુક એક; કોઈક.

કેહેકાણ જી. ધોંધાટ; ઘમરાટ.

કેહેણ ન. તોફું; સારેસો; કહેણ.

કેહેણી ૧. જી. કહેવત; કથન; ઉક્તિ.
૨. જી. બદનામી; કલંક.

કેહેતી જુઓ કેહેણી.

કેહેર ૧. પું. ક્રોધ; ગુસ્સો.
૨. પું. ખૂબ સખ્તાઈ; જબરાઈ; જુલમ.
૩. પું. ગજબ; મોટો નાશ; કેર.

કેહેરલ જ. સીસાની મદદથી સોનું અને રૂપુ શુદ્ધ કરવાની ક્રિયા.

કેહેલિયો પું. ઊંટ; સાંઢિયો.

કેહેવાણ જ. વાત; કહેની.

કેહેવાળ પું. (શિલ્પ) કડેતાળ જડતાં, માંડવીમાં પાટલી ઉપર જે બીજી બે ચિતરેલી પાટલી મૂકવામા આવે છે તેમાની ઉપલી પાટલી.

કેહૈં જ. કેવી રીતે.

કેળ ૧. [સં. કદલી] જી. જેને કેળાં બેસે તે મોટાં લીલાં પાંદડાંવાળું ઝાડ; રંભા; કદલી; વારણ, અંશુમત્ફલા. કેળનું થડ પાણી ભરેલાં પોલાં અને લીસાં પડોનું બનેલું હોવાથી સુંદર દેખાય છે. કેળ વર્ષાયુ વનસ્પતિ છે, અને તે એક જ વાર ફલે છે. તેનાં ફૂલને ડોડો કહે છે. તેની કાંડી ઉપર જે ફળ થાય છે તેને કેળાં કહે છે. સખ્ત જમીનમાં તે થતી નથી. તેને વારંવાર પાણી પાવુ પડે છે. તેને દિવેલીનો ખોળ, વિષ્ટાનું અને હરિયાર્ડ માછલાંનું ખાતર આપવું પડે છે. કેળ વાવવાની જમીન કોદાળીથી ફૂટ ઊંડી ખોદી તેમાં ઉપર બતાવ્યું ખાતર નાખી જમીન સમાન કરી જવી. પછી કયારા બાંધવા અને તેમાં એક બીજાથી આઠ આઠ ફૂટને અંતરે કેળ રોપવી. જેઠ મહિનામાં અથવા શિયાળામાં તેનું વાવેતર કરવું. શિયાળામાં આઠ અને ઉનાળામાં પાંચ દિવસે પાણી પાવું. કેળ વાવ્યા પછી બારેક મહિને ફૂટી તેમાં કેળાં આવે છે. કેળના પ્રકાર: (૧) કાળી કેળ: તે સાધારણ કદની, પાતરાંમાં સૂકી અને લાલ થડ હોય છે. (૨) ચૂસાળી કેળ: તે કદમાં સાધારણ હોય છે અને તેમાં કેળાં પણ સાધારણ થાય છે. (૩) ગુળી કેળ: તેનો વાવલો ૧૭ ફૂટ ઊંચો, થડ જાડુ અને કેળાં ભૂંગળાં જેવાં ગોળ પીળાં પણ સ્વાદે હલકા થાય છે. (૪) ચપા કેળ: તેમાં પીળા રંગનાં પાતળી છાલનાં નાના કેળાં થાય છે. (૫) ટાપરા ખાસડિયા કેળ: આ કેળમાં સો સુધી કેળાં આવે છે. તે આવામાં અને શાકમાં ઉત્તમ છે. (૬) બટકી કેળ: તેનુ થડ બહુ ઊંચું અને મજબૂત થાય છે. કેળાં ત્રણ ખૂણાવાળાં, છાલ પીળી અને જાડી અને ફળ મીઠાં થાય છે. (૭) બસરાઈ કેળ: આ કેળમાં લીલાં છાલનાં દોઢસોથી બસો સુધી કેળાં આવે છે. (૮) મસ કેળ અથવા બોમ્બઈબંદ કેળ: આ કેળમાં લીલી છાલના અને લાંબાં બસોથી બટ્ટાસો સુધી કેળાં આવે છે. (૯) મુઠેરી કેળ: તે બગાળામાં વવાય છે. તેનાં ફળ મૂડી જેવા આકારનાં, પીળી છાલના અને સ્વાદમાં બધાં ઉત્તમ છે. (૧૦) રાજવી કેળ: તે ઊંચી થાય છે અને કેળાં પીળાં અને પાતળાં આવે છે. (૧૧) રાજપુરી કેળ: તે મલબાર કાંદા તરફ વવાય છે. તેનાં પાતરાં વચ્ચેની નસ રાતી હોય છે. કેળાં બહુ મોટાં અને ભૂંગળાં જેવાં ગોળ હોય છે. (૧૨) લાલ કેળ: આ કેળ વસઈ, પાલઘર, થાણા અને પૂના તરફ વવાય છે. કેળાં લાલ છાલનાં, બહુ મીઠાં અને મોટાં થાય છે. અમુક જાતનો ખાર જે જમીનમાં હોય તે જમીનમાં લાલ કેળ થાય છે. પીળા રંગની જમીનમાં તે સારી રીતે ઊગે છે. (૧૩) લુંડી કેળ: તે લાલ રંગની દસ ફૂટ ઊંચી થાય છે. તેનાં પાતરાં તથા કેળાં લાંબગોળ થાય છે. તેનો રંગ પીળો, છાલ જાડી અને આવામાં બહુ જ મીઠાં થાય છે (૧૪) સોટથુ-આર્યના કેળ: ડોંગરા તરફ શિયાળામાં તે વવાય છે. પોચી જમીનમા તે બહુ સારી થાય છે. કેળાં લાલ રંગનાં થાય છે. (૧૫) વેલચી-એલચી કેળ: આ કેળ ઊંચી થાય છે. તેમાં પીળા અને નાનાં ચારસો સુધી કેળાં આવે છે. (૧૬) સોનેરી કેળ: આ જાતની કેળ બધી ઊંચી થાય છે. તેનાં ફળ સોનેરી રંગનાં, પાતળી છાલનાં અને સ્વાદમાં ઉત્તમ છે. બહુ ઊંચી થવાથી તે ભાંગી જાય છે, માટે લોકો તેને વાવતા નથી.

કાચાં કેળાં અને કેળના ડોકાનું શાક થાય છે. છાલની રાખનો સારા રંગનાર રંગરેજ અને ખતરી લોકો રંગકામમાં ઉપયોગ કરે છે. કેળનાં પાંદડાંના દાંડાને સૂકવી બાળવાથી

તેમાંથી ક્ષાર ઉત્પન્ન કરી શકાય છે. ધોબી લોકો તેનો સાબુને બદલે ઉપયોગ કરે છે. ગામડાંના ગરીબ લોકો કેળની અંદરના રસની મલમની પેઠે જખમ ઉપર પટ્ટી મારે છે ને જખમ મટી જાય છે. વનસ્પતિ કેળાં કોઈ ખાતું નથી. પાકેલાં કેળાં માંસ, કાંતિ અને રુચિ વધારનાર છે. કેળનો ડોડો અગ્નિદીપક, વાતનાશક અને થોડો ઉષ્ણવીર્ય છે. કેળાંનો ગાભો રક્તપિત્ત અને વિસ્ફોટકનો નાશ કરે છે. કદલીકંદ સ્નેહદોષ, કૃમિ અને કોઢનો નાશ કરે છે. કેળનું પાણી દાહનો નાશ કરે છે. હડકવા કૂતરાના વિષ ઉપર પાકેલાં વનસ્પતિ કેળાંનાં બી આલા આપવાથી અને દંશ ઉપર તે ચોપડવાથી ફાયદો થાય છે. કેળનાં પાંદડાનો પતરાવળાં તરીકે ઉપયોગ થાય છે. પાકું કેળાં બરાબર છે તથા તેનું રાયતું થાય છે.

કેળના ગર્ભનું શાક બનાવવાની રીતઃ કેળની અંદરનો ગાભો પંચોતેર રૂપિયાભાર લઈ, ઝીણો સમારી રેસા વગેરે કાઢી નાખી, પંચોતેર રૂપિયાભાર પાણીમાં નાખી ચૂલા ઉપર ચઢવા મૂકવું. પછી તેમાં ચાર માસા સૂકાં મરચાં, ચાર માસા મરી, ચાર માસા ધાણા અને બે માસા હળદર એટલી જણસો વીમાં સાંતળી બારીક વાટી તેનો ગોળો કરીને ઉપરના શાકમાં નાખવો. તેમાં સોળ માસા ખીચું નાખી તેને બરાબર ચડવા દઈ તેમાંથી પાણી નિતારી લેવું. પછી બીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી, તે તપે એટલે તેમાં આઠ રૂપિયાભાર મગની દાળ નાખી કડછીથી હલાવ હલાવ કરવી. તે લાલ થાય એટલે તેમાં સવાશેર પાણી નાખી, દાળ બરાબર ચડવા દઈ વાસણ નીચે ઉતારી, તેમાંથી દાળ કાઢી લઈ શાકમાં નાખવી. પછી એક લીલા નાળિયેરનું બખણ કરી તે શાકમાં નાખવું. પછી ત્રીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં સવા છ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ અને બીજા લીંબડાની એક ડાંખળી, એટલી જણસો નાખી વઘાર થાય એટલે તેમાં ઉપરનું શાક વઘારી દઈ આઠ માસા ક્ષોદમીર અને વીસ માસા ભાજણીનો લોટ નાખી ખડછીથી હલાવી શાક નીચે ઉતારવું.

કેળ શીતળ, ગ્રાહી, કફઘ્ન, પિત્તહર, વાતહર, વૃષ્ય, સ્નિગ્ધ તથા મધુર છે. રક્તવિકાર, યોનિદોષ તથા રક્તપિત્તનો તે નાશ કરે છે.

૧. કેળે કેળાં ને શેલડીએ ગોખાં = બાપ તેવા બેટા.

૨. કેળ ને બરસાણી તે એક સરખાં હોય ? = મોટા માણસ ને નાના સાથે સરખાવી ન શકાય.

૨. વિ. નાજુક; સુકોમળ.

કેળના ગર્ભ જેવું = સુકોમળ.

૩. વિ. નિરુપદ્રવી; નિર્દોષ; ઈજા કરે નહિ એવું.

કેળકંદ વિ. બહુ નાજુક; સુકુમાર.

કેળડોડો પું. કેળનાં ફૂલનો ગુચ્છો. તે સ્નિગ્ધ, મધુર, તૂરો, શીતક અને કફનો તથા રક્તપિત્ત, ક્ષય, કૃમિ, પિત્ત અને કફનો નાશ કરે છે.

કેળદોડો જુઓ કેળડોડો.

કેળફૂલ ન. કદલીપુષ્પ; કેળનાં ફૂલનો ડોડો.

કેળભાગડ (કેળભાગડ) પું કેળનો આજુબાજુનો પીલો રાખી મૂળ કેળ કાપી નાખેલી હોય એવું કેળનું ખેતર.

કેળવણી ૧. સ્ત્રી. કેળવવું તે; શિક્ષણ; તાલીમ. વાચન, લેખન અને સાદુ ગણિત એ કેળવણીના વિષયો ઉપરાંત અગાઉ લશ્કરી કૌશલ્યને મૂળભૂત અંગ તરીકે ગણવામાં આવતું. કેટલાક ગાયનવાદનને પણ કેળવણીનું મુખ્ય અંગ માનતા શારીરિક, બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક એમ કેળવણી ચાર પ્રકારની છે.

૨ સ્ત્રી. ખિલવણી.

૩. સ્ત્રી. ગામડું નરમ અને સફાઈદાર બનાવવાપડું.

૪. સ્ત્રી. બહુશ્રુતઃ વિદ્યા

કેળવણીકાર ૧. પું. કેળવણીના સિદ્ધાંતોનો જાણકાર અથવા તેનો અમલ કરનાર પુરુષ.

૨. વિ. કેળવનાર; વિકસાવનાર; શિક્ષણનું કામ કરનાર.

કેળવણીખાતું ન. જાહેર શિક્ષણ ચલાવનારી સંસ્થા.

કેળવણીમંડળ ન. કેળવણીના વિષયોની ચર્ચા કરનારી મંડળી.

કેળવણીશાસ્ત્ર ન. તન અને મનને કેળવવાનું એક શાસ્ત્ર.

કેળવણીશાસ્ત્રી પું. કેળવણી શાસ્ત્ર જાણનાર પુરુષ.

કેળવવું ૧. સ. ક્રિ. ઉછેરવું.

૨. સ. ક્રિ. કસવું.

૩. સ ક્રિ. ખીલવવું.

૪. સ ક્રિ. ગામડાને પખી નરમ અને સફાઈદાર બનાવવું.

૫. સ. ક્રિ. પલોટવું.

૬. સ ક્રિ. પાણી નાખીને ગૂંદીને તૈયાર કરવું.

૭. સ ક્રિ. પાળવું.

૮. સ. ક્રિ. શિક્ષણ આપવું; જ્ઞાન દેવું.

કેળવાવું ૧. અ. ક્રિ. ઊછરવું; કેળવવુંનું કર્મણિ રૂપ.

૨. અ. ક્રિ. ગામડું કેમવું.

૩. અ. ક્રિ. ટેવાવું; પલોટાવું.

૪. અ. ક્રિ. પાવરધા થવું.

૫. અ. ક્રિ. શિક્ષણ પામવું.

૬. અ. ક્રિ. સુધરાવું.

કેળસોપારી સ્ત્રી.; ન. ઊંચી જાતની એક સોપારી.

કેળાસી સ્ત્રી. કેનેરા તરફ વસતી લોકોની એક જાત. તે હજામનો ધંધો કરે છે.

કેળાંપીઠ ૧. સ્ત્રી કેળાંની બજાર.

૨ સ્ત્રી. સુરતની એક બજારનું નામ

કેળાંભાત પુ. બનાવવાની એક વાની. તે બનાવવા ચોખા શેર ૧, કેળાં નંગ ૫, એલચી તોલો ૦॥, ખાંડ શેર ૧, ઘી શેર ૦ા અને બરાસ વાલ ૦ા લેવા ચોખા ગળી જાય તેવા પકવવા. પછી કેળાંની છાલ ઉતારી પતીકાં કરી તેમાં નાખવાં તેમ. ખાંડ ઉમેરી બદબદે ત્યારે તેમાં એલચી ઘી વગેરે નાખવ. મીઠાય. પછી ખાવાના ઉપયોગમાં લેવાય છે.

કેળિયું ૧ ન. કાનનું એક જાતનું ઘરેણું.

૨. ન કેળવેલો ચૂતો ભરવાનું કે ચૌદની જવાનું લોટાનું વાસણ; તગારું.

૩. ન. ત્રાજવાનું ભૂંગળાનું કે રાઘનું પલ્લું.

કેળી [સં. કેલિ] સ્ત્રી. જળક્રીડા; રમત.

કેળું ૧. ન. કંઈ નહિ એવા અર્થમાં તુચ્છકાર બતાવતો શબ્દ.

૨. [સં. કદલીફલ] ન. કેળનું ઝૂંડ; રેલાફળ. એમ કહેવાય છે કે અગાઉ કેળામાં બોટાં બી હતાં. મધ્યકાલમાં હજી આપણને કેળામાં નાનાં બી હોવાના દાખલા મળે છે. કેટલીક ઊંચી જાતનાં કેળામાં બી એટલાં નાનાં થઈ ગયાં છે કે તે નરી આંખે દેખાતાં પણ નથી. કેળાની બધી બરી જાતમાં બી હોતાં નથી.

કેળાંની બધી જાતો થાય છે: (૧) લાલ કેળાં: આ જાતને રામકેળાં, રાજકેળાં, રામકેળ, ચંદનાલે એ નામથી પણ ઓળખવામાં આવે છે. (૨) સોનેરી કેળાં: તેને ચંપા અથવા રાજરંભાલે કહે છે. તે દેખે પીળાં હોય છે. આ ફળ નાનાં, પાતળી છાલવાળાં અને સ્વાદિષ્ટ હોય છે. એક ફળનું વજન ૬૦ શેર થાય છે. (૩) તામડી અથવા કાલી કેળાં: આ ફળની છાલ જાડી હોય છે. દરેક કેળાનું વજન આશરે પડે ઔંસ થાય છે. (૪) રાજની કેળાં: આ જાતનું ફળ સૌથી ત્રિકોણિયું હોય છે. પાકે ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. (૫) ચૂસાની કેળાં. તેનું ફળ પીળું અને પાતળી છાલનું હોય છે. સોનેરી કરતાં તેનું થડ નાનું હોય છે. (૬) બોટાદી કેળાં: જાડી છાલનું ત્રિકોણિયું ફળ થાય છે. તે બહુ સ્વાદિષ્ટ હોતું નથી. (૭) ચીનાઈ કેળાં: તે ઊતરતી જાતનું છે. આ જાતને ચુગી, બસરી અથવા બંગાળા પણ કહે છે. (૮) મોથન કેળાં: આ જાત મદ્રાસ તરફ ઊગે છે. ફળ ખૂણાવાળું હંસુ અને દેખે પીળું થાય છે. તેની છાલ જાડી અને માવો ધોળો હોય છે. (૯) મીઠણી કેળાં: તેનો માવો સફેદ અને મીઠો હોય છે. (૧૦) એલચી કેળાં: આ ફળ માપુસની આગળીના કદનું હોય છે. તેમાં એલચીની સુવાસ આવે છે. (૧૧) લોખંડી કેળાં: આ ફળ એકથી પાંચ શેર સુધીનું હોય છે. (૧૨) કુનેરપટ કેળાં: આ જાત જૂદીર તરફ થાય છે. (૧૩) બંકેલી કેળાં: આ જાતને કુલની પણ કહે છે. આ ઉપરાંત (૧૪) દરજાલી, (૧૫) નખોંગી, (૧૬) મુઘલી, (૧૭) હજારી અને (૧૮) આસડિયા આ જાત પણ જાણીતી છે.

કાચાં કેળાં શાકના અને પાકાં આવાના કામમાં આવે છે. એની અંદરનો માવો મીઠો અને પૌષ્ટિક હોય છે. છાલ ઉખેડી લઈ તેની સુકવણીનો લોટ પણ કરવામાં આવે છે પાકેલાં કેળાં બળવર્ધક, મધુરાં, શીત, તૃપ્ત, શુક્રવર્ધક તથા સંતર્પણ છે. તે તૃષા, ક્ષાનિ, પિત્ત, રક્તવિકાર, ક્ષુધા તથા નેત્રરોગ મટાડે છે.

૧. બી કેળાં = (૧) અકલ્પિતાં. (૨) સારો લાભ.

૨. રાતી છાલનું કેળું = પુરુષની મુખેંદ્રિય; શિશ્ન.

૩. ન. પુરુષની મુખેંદ્રિય; શિશ્ન.

કેંકેડા (કેંકડા) પું. કાચબો.

કેં કેં ૧. સ્ત્રી. ફરિયાદમાં અસંતોષ બતાવતો શબ્દ.

૨. સ્ત્રી. ગીતિમાં પક્ષીનો દુઃખદાયક શબ્દ.

કેંગ ન. ચીનમાં ચુનેગારોને સજા કરવાનું એક જાતનું લાકડાનું હથિયાર. તે ચુનેગારના ગળાની આસપાસ ચીપટાવી બેસાડવામાં આવે છે.

કેંગરવું અ. ક્રિ. ટહુકા કરવા. મોર જે ટહુકા કરીને બોલે છે તેને કેંગરવું કહે છે.

કેંગરૂ જુઓ કેંગ.

કેંચલ સ્ત્રી. સર્પની કાંચળી.

કેંચલી સ્ત્રી. સર્પની કાંચળી.

૧. કેંચલી છોડવી = જૂની આદતો નાખી દેવી.

૨. કેંચલી બદલવી = (૧) નવાં કપડાં પહેરવાં. (૨) નવી કાંચળી પહેરવી.

કેંચવા ૧. [સં. કિંચુક] પું. જમીનનો ઢીંચો.

૨. પું. પેટનો ઝબ્બો; કુમિ.

કેંચી ૧. સ્ત્રી. અરજી વગેરેના કાગળ ઉપર મોહર છાપ વગેરે કરવાનું સાધન.

૨ સ્ત્રી. કાતર.

૩. સ્ત્રી. છાપરાને કેંકરી રાખવા માટેનું લાકડાનું ત્રિકોણ ચોકઠું.

કેંચુલ [હિં.] સ્ત્રી. સર્પની કાંચળી.

કેંચુલી જુઓ કેંચુલ.

કેંજે સ. (કચ્છી) કેનો; કોનો.

કેંજ્યો સ. કોનું.

કેંટોન્મેંટ [અં.] સ. છાવણી.

કેંડલપાવર [અં. કેંડલ પાવર્સ] સ્ત્રી. પ્રકાશના ઉજાસનું માપ.

કેંડા ૧. અ. કે.

૨. અ. કેટલું.

૩. અ. જોઈ.

૪. અ. નહિ.

૫. અ. શું

કેંતુઆ [હિં.] વિ. દુકાળથી પીડાતું.

કેંદકણિકા સ્ત્રી. કર્ણિકા.

કેંદરૂ પું. ઝુંડરની એક જાત; રોઝગુંદર.

કેંદુલિ ન. બંગાળમાં જમના નદીને કાંઠે આવેલ એ નામનું એક ગામ. તેમાં જયદેવ કવિનો જન્મ થયો હતો.

કેંદેકું ન. રોઝગુંદર; ઝસસ

કેંદ્ર ૧. પું. (જ્યોતિષ) એક યોગ. તે પ્રમાણમાં શુભ મનાય છે.

૨. [સં. ક્રિયૂ (ચિહ્ન કરવું)] ન. એક જાતનું કોતરકામ.

૩. ન કેંદ.

૪. ન. (જ્યોતિષ) કુંડલી માંહેનું ૧લું; ૪થું, ૭મું ને ૧૦મું ભુવન.

૫. ન. કોઈ નિશ્ચિત બંદુથી ૯૦ ૧૮૦, ૨૭૦, અને ૩૬૦ અંશને અંતર આવેલું સ્થાન.

૬. [સં.] ન. (જ્યોતિષ) ગ્રહોનું ઉચ્ચ સ્થાનાંતર; ગ્રહ પોતાના ઉચ્ચ સ્થાનેથી જેટલા અંશ આગળ ચાલ્યો હોય તે ગ્રહ કરતાં તે ગ્રહની રાશિનો બાકી રહેલો ભાગ.

૭. ન. બંધિ; ગાંઠ.

૮. ન. છત્ર.

૯. ન. પ્રધાન સ્થાન; મુખ્ય સ્થાન.

૧૦. ન. મુખ્ય સુખસાધન.

૧૧. ન. (ગણિત) સબબોળના મોટા બાસ ઉપરનો બે વિશિષ્ટ બિંદુ માંહેનું કદ.

૧૨. ન. વર્તુલનું મધ્યબિંદુ; વર્તુલમાં આવેલ એક એવું બિંદુ કે જ્યાંથી પરિધ સુધી દોરેલી બધી સીધી લીટીઓ સરખી થાય; ફ્રેંચ; 'સેન્ટર'. કેંદ્ર બધી જાતનાં હોય છે. જેવાં કે, પરિકેંદ્ર, બહિઃકેંદ્ર, જાત કેંદ્ર, પ્રકાશકેંદ્ર, સમરૂપકેંદ્ર, ઉત્પ્લાવનકેંદ્ર, લંબકેંદ્ર, અનુવૃત્ત કે વક્રતાકેંદ્ર, ભારકેંદ્ર કે ગુરુત્વકેંદ્ર કે ગુરુત્વાકર્ષણકેંદ્ર, આવર્તનકેંદ્ર, જડત્વકેંદ્ર, સત્તાકેંદ્ર, દોલનકેંદ્ર, આઘાતકેંદ્ર, આપકેંદ્ર કે દાબકેંદ્ર, સમરૂપતાકેંદ્ર, સીમકેંદ્ર અને અદકેંદ્ર.

૧૩. ન. વાદ કે તકરારમાં મુખ્ય વાત; મુદ્દો.

૧૪. ન. સદા રહેવાનું સ્થાન.

૧૫. ન. સારું સ્થાન.

૧૬. ન. સૂર્ય, અગ્નિ, દીવો વગેરેનાં કિરણો જ્યાં એકઠાં મળે તે બિંદુ; અમાંશુ; 'ફોકસ'.

૧૭. વિ. મધ્યબિંદુમાંથી દૂર બેસેલું.

કેંદ્રઅંતર [સં.] ન. નાભિઅંતર; 'ફોકલ લેન્થ'.

કેંદ્રક વિ. મધ્યમાં જનારું

કેંદ્રકા [સં.] પું. ચોખાની એક જાત.

કેંદ્રકીય [સં.] વિ. મધ્યબિંદુને ધ્યાનમાં રાખતું; મુખ્ય મુદ્દાને લગતું.

કેંદ્રકીયસંયોજન [સં.] ન. મુખ્ય બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી ગોઠવણી.

કેંદ્રકોણ પું. (ગણિત) કોણ બેસલે આકૃતિ મધ્યબિંદુ આગળ થતો ખૂણો

કેંદ્રગામી ૧. સ્ત્રી. ભોપવાહ નાડી.

૨. [સં.] વિ. મધ્યબિંદુ તરફ જનારું; મધ્યકર્ષી; કેંદ્રાભિસારી.

કેંદ્રચ્યુત [સં.] વિ. ઉત્કેંદ્રીય; મધ્યબિંદુમાંથી ખસી ગયેલું; કેંદ્રભ્રષ્ટ.

કેંદ્રચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહોની કક્ષા પૂર્ણ વર્તુલાકાર ન હોવાં સહેજ લંબાતી એટલે દીર્ઘ વર્તુલાકાર હોવાથી, તે કક્ષામાં પૂર્ણ વર્તુલાકાર આકૃતિથી થતો ઘટાડો; પૂર્ણ વર્તુલાકાર આકૃતિથી દીર્ઘ વર્તુલાકાર આકૃતિનું ઓછાપણું.

૨. ન. લંબગોળના બે આડા અને ઊભા વ્યાસોનું પ્રમાણ જાણવા તેનાં બે કેંદ્રોનું અંતર.

૩. ન. સંકુચ્છિજના કોઈ પણ બિંદુનું અમુક એક સ્થિર બિંદુ સુધીનું અંતર, તથા તે જ સ્થિર સીધી લીટી સુધીનું અંતર, એ બે અંતરો વચ્ચેનું ગુણોત્તર.

કેંદ્રજનન ન. કેંદ્રોત્ક્રાંતિ; કોષના અવયવની તેના કેંદ્રની આસપાસ વહેંચાઈ જવાની વૃત્તિ.

કેંદ્રતરંગ [સં.] ન. પ્રકાશનાં કે ગરમીનાં કિરણો એકઠાં થઈને જ્યાં પડે તે ક્ષેત્ર; 'ફોકલ પ્લેન'.

કેંદ્રત્યાગી [સં.] વિ. મધ્યબિંદુથી દૂર જનાર; મધ્યોત્સારી.

કેંદ્રદશા સ્ત્રી. અધવચેની સ્થિતિ; વચગાળાની સ્થિતિ.

કેંદ્રપરાઙ્મુખ ૧. [સં.] ન. ગોળ, લંબગોળ વગેરે મર્યાદામાં ફરતો પદાર્થ તે માર્ગના મધ્યબિંદુથી ઊલટી દિશામાં જવાનો પ્રયત્ન જે બળને લીધે કરે તે બળ અથવા તે પદાર્થ.

૨. વિ. મધ્યબિંદુથી દૂર જનાર.

કેંદ્રપર્યાય પું. સાથે મળનાર કેંદ્ર.

કેંદ્રપિંડ પું. કોષમાંની પ્રાણૂરસ અને કોષેત્ર ઉપરાંતની ત્રીજી એ નામની અમલની વસ્તુ; કોષના ભાગ કરવામાં અગત્યનું કામ કરનાર વસ્તુ. પ્રાણૂરસમાં અને કોષેત્રની બહારની બાજુઓને લગભગ અડકીને રહેલી જ નાની ગોળ મીંડા જેવી વસ્તુ હોય છે તેને કેંદ્રપિંડ કહે છે. આ વસ્તુ કોષમાં બધો અગત્યનો ભાગ ભજવે છે અને સામાન્ય સૂક્ષ્મદર્શક કરતાં તે તાદૃશ જુદી જ હોય છે.

કેંદ્રબિંદુ ન. સૂક્ષ્મબિંદુ.

કેંદ્રભાવ પું. (જ્યોતિષ) લગ્નકુંડલી માંહેનું પહેલું, ચોથું, સાતમું ને દશમું સ્થાન.

કેંદ્રભુવન ન. (જ્યોતિષ) લગ્નકુંડલી માંહેનું પહેલું, ચોથું, સાતમું તથા દશમું ભુવન.

કેંદ્રભૂત [સં.] વિ. મુખ્ય; પ્રસિદ્ધ.

કેંદ્રભ્રષ્ટ જુઓ કેંદ્રચ્યુત.

કેંદ્રમાપક ન. મધ્યબિંદુ માપવાનું યંત્ર.

કેંદ્રયુક્ત [સં.] વિ. જેમાં મધ્યબિંદુ હોય એવું.

કેંદ્રરાશિ સ્ત્રી. (જ્યોતિષ) મેષ, કર્ક, તુલા અને મકર એ ચાર રાશિમાંની દરેક.

કેંદ્રરેખા [સં.] સ્ત્રી. (ગણિત) બે અથવા વધારે વર્તુળો કે ચાપોનાં મધ્યબિંદુઓને જોડનારી સીધી લીટી.

કેંદ્રવર્તી [સં.] વિ. મધ્યવર્તી; મુખ્ય; પ્રધાન.

કેંદ્રવિભાગ [સં.] પું. સત્તાવિભાગ; જુદાં જુદાં સ્થળોમાં સત્તા વહેંચી આપવી તે; 'ડીસેન્ટ્રલિઝેશન.'

કેંદ્રવિષય [સં.] પું. ખેતર મુદ્દાની બાબત.

કેંદ્રવિસ્ફોટિત જુઓ કેંદ્રભ્રષ્ટ.

કેંદ્રસ્થ ૧. [સં] વિ. જે બિંદુમાંથી બધું નીકળે અને જેમાં બધું સમાઈ જાય એવું; કેંદ્રવર્તી; મધ્યવર્તી.

૨. વિ. મધ્યભાગમાં આવેલું.

કેંદ્રસ્થતા [સં.] સ્ત્રી. મધ્યભાગમાં હોવાપણું.

કેંદ્રસ્થાન [સં.] ન. મધ્યસ્થળ; મુખ્ય ઠેકાણું; મધ્યબિંદુ.

કેંદ્રસ્થિત જુઓ કેંદ્રિત.

કેંદ્રાતિગત જુઓ કેંદ્રલાગી.

કેંદ્રાતિકરસારી ૧. [સં.] વિ. બીજેથી ઊલટી દિશા તરફનું.

૨. વિ. મધ્યબિંદુથી દૂર હોય એવું.

કેંદ્રાનુગામી જુઓ કેંદ્રગામી.

કેંદ્રાનુસારી ૧. [સં. કેંદ્રાનુસારિન્] વિ ક્રમિક.

૨. વિ. કેંદ્રગામી; કેંદ્રને અનુસરનારું.

કેંદ્રાનુસારી પદ્ધતિ = કેંદ્રને અનુસરનારી પદ્ધતિ.

કેંદ્રાપગામી જુઓ કેંદ્રપરાઙ્મુખ.

કેંદ્રાપસરણ ન. એક બિંદુમાંથી જુદું વિષયરૂપે નીકળવાનો ગુણ.

કેંદ્રાપસર્પી જુઓ કેંદ્રલાગી.

કેંદ્રાપસારી જુઓ કેંદ્રલાગી.

કેંદ્રાભિમુખ [સં.] વિ. મધ્યબિંદુ તરફ જતું.

કેંદ્રાભિમુખસારી જુઓ કેંદ્રાભિમુખ.

કેંદ્રાભિસારી જુઓ કેંદ્રગામી.

કેંદ્રાયન [સં.] ન. મધ્યબિંદુ તરફ જવું તે.

કેંદ્રિક [સં.] વ. દૂર હોવાપણું.

કેંદ્રિત ૧. વિ. એક મધ્યબિંદુવાળું.

૨. વિ. એકઠ્ઠું થયું સત્તા હોય એવું.

૩. વિ. કેંદ્રમાં સ્થિત કરેલું.

૪. [સં.] વિ. આન્તરતા; એકસૂત્રતા; એકધ્યાન.

૫. વિ. મધ્યમાં આવેલું.

૬. વિ. મુખ્ય; પ્રધાન.

કેંદ્રિતરાજ્યચક્ર [સં.] ન. બધી રાજ્યની સત્તા એક મધ્યસ્થ સત્તાના હાથમાં હોય એવો રાજ્યપ્રકાર; 'યુનિટરિ ગવર્નમેન્ટ.'

કેંદ્રિતસમાજ જુઓ કેંદ્રિતરાજ્યચક્ર.

કેંદ્રિલ [સં.] ન. એક મધ્યબિંદુમાં એકઠાં કરેલાં પ્રકાશનાં કિરણ.

કેંદ્રી [સં. કેંદ્રિત] વિ. કેંદ્રમાં રહેલું; કેંદ્રસ્થિત.

કેંદ્રીકરણ [સં.] ન. સ્થિરતા; ધ્રુવપણું; કેંદ્રમાં સ્થિત થવાપણું.

કેંદ્રીભાવ પું. અંતરની ઉત્પત્તિશક્તિનો ભાવ, તંત્રશાસ્ત્રમાં તેને મધ્યબિંદુ કહે છે.

કેંદ્રીભૂત [સં.] વિ. એક સ્થળે એકઠું થયેલું; એકત્રિત.

કેંદ્રીય ૧. [સં.] વિ. મધ્યબિંદુ સંબંધી.

૨. વિ. મધ્યવર્તી; કેંદ્રિત.

૩. વિ. મૂળ મુદ્દાને લગતું; મુદ્દાસર.

કેંદ્રીયકરણ ૧. [સં.] ન. કેંદ્રમાં સ્થિત થવાપણું; કેંદ્રીકરણ.

૨. ન. બધો અધિકાર એક જ વ્યક્તિમાં એકત્રિત હોય એવી સત્તા.

કેંદ્રીયવિષય પું. મધ્યસ્થ રાજ્યતંત્રને લગતો વિષય.

કેંદ્રીયસરકાર સ્ત્રી. મધ્યસ્થ સત્તાવાળી સરકાર.

કેંદ્રોત્ક્રાંતિ જુઓ કેંદ્રજનન.

કેંદ્રોત્સર્ગી જુઓ કેંદ્રલાગી.

કેંદ્રોત્સારગતિ સ્ત્રી. મધ્યબિંદુથી દૂર જતી ગતિ.

કેંદ્રોત્સારણ જુઓ કેંદ્રપરાઙ્મુખ.

કેંદ્રોત્સારી જુઓ કેંદ્રલાગી.

કેંદ્રોન્મુખ [સં.] વિ. મધ્યાભિગામી; મધ્યબિંદુ તરફ ગતિ જતું.

કેંસ સ્ત્રી. કસ; કાપડું, અંબરખું કે બંડી વગેરેને બાંધવા માટે કોરિયાને બદલે ટાંકવામાં આવતી પાતળી દોરી.

કેંહ ૧. પું. કેસ; વાળ.

૨. સ્ત્રી. પાંપણ.

કૈ ૧. પું. મહાન રાજા.

૨. સ્ત્રી. ઊલટી.

કૈ જુલાબ = કોલેરા.

૩. વિ. કર્કશ.

૪. વિ. કેટલાક.

૫. અ. અથવા.

ક્ર. અ. કેટલા.
ઉ. અ. ક્યારે.

કૈભારો વિ. કાદવકીચડવાળું.

કૈયેક ૧. વિ. બોડાક.
૨. અ. અમથા.

કૈક ૧. પું. આંબડ.
૨. વિ. અનેક.
૩. વિ. કેટલાક.

કૈકટ પું. બીહટ નામનો ગયા પાસેનો પ્રદેશ.

કૈકય ૧. [સં.] પું. કેકય દેશનો રાજા.
૨. બ. એ નામનું એક ગોત્ર.

કૈકયદેશ પું. હાલનો કાશ્મીર પ્રાંત.

કૈકયી [સં.] સ્ત્રી. કેકય રાજાની પુત્રી; દશરથની એક પત્ની; કૈકેયી; ભરતની મા.

કૈકર ન. એ નામનું એક ઝાડ.

કૈકરસવ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

કૈકસ [સં.] પું. રાક્ષસ.

કૈકસી ૧. [સં.] સ્ત્રી. રાક્ષસણી.
૨. સ્ત્રી. (પુરાણ) વિશ્રવા મુનિની પત્ની; રાવણ, કુંભકર્ણ, વિભીષણ અને શૂર્પણખાની માતા. તેના બાપનું નામ સુમાલી અને માતાનું નામ કેતુમાલી હતું.

કૈકાણીસ ૧. પું. ઈરાનના એક રાજાનું નામ.
૨. [ફા.] વિ. બાનદાન.
૩. વિ. ન્યાયી.

કૈકાડી (કૈકાડી) ૧. સ્ત્રી. પૂના, સતારા અને કોલ્હાપુર તરફ રહેતી કોળીની એક જાત. તેઓ વાંસની ટોપલીઓ બનાવે છે. ગુના કરનારી જાતો માંહેની એક જાત તરીકે સરકારે તેને જાહેર કરેલી છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કૈકાવુસ જુઓ કૈકાઉસ.

કૈકેય ૧. પું. એ નામનો એક દેશ.
૨. પું. (પુરાણ) કૃષ્ણનો સસરો; પૃષ્ટશ્રુત. તેના પાંચ દીકરા પાંડવપક્ષમાં હતા.
૩. પું. કૈકય ગોત્રનો માણસ.
૪. પું. કૈકય દેશાધિપતિ એક રાજર્ષિ.
૫. સ્ત્રી. એ નામની કોળીની એક જાત.
૬. ન. એ નામના કોળીની જાતનું માણસ.
૭. વિ. એ નામની જાતનું.

કૈકેયી ૧. સ્ત્રી. (પુરાણ) કૈકય દેશના રાજા અશ્વપતિની કન્યા ને અયોધ્યાના સૂર્યવંશી રાજા દશરથની સ્ત્રી; ભરતની મા; મંથરા નામની દાસીએ ઉશ્કેરવાથી એણે રામને વનવાસ અપાવ્યો હતો.
કૈકેયી માસી = વઢકણી સ્ત્રી.
૨. સ્ત્રી. કૈકયાધિપતિની એક કન્યા અને મત્સ્યપતિ વિરાટ રાજાની સ્ત્રી સુદેષ્ણા.
૩. સ્ત્રી. કૈકય ગોત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.
૪. સ્ત્રી. પ્રકૃતિ.

કૈકેયીમાંધારી સ્ત્રી. પૂરુવંશના અજમીઢ રાજાની સ્ત્રી.

કૈકેયીવાક્યચક્રર્તા પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કૈકેયીસુકુમારી સ્ત્રી. પરીક્ષિતના પુત્ર ભીમસેનની સ્ત્રી.

કૈકેયીસુનંદા સ્ત્રી. પૂરુવંશના સાર્વભૌમ રાજાની સ્ત્રી.

કૈકોટીકલી સ્ત્રી. વલ્લ કરતાં કરતાં અને ગાતાં ગાતાં રમવાની સ્ત્રીઓ માટેની એક રમત. તે ખાસ કરીને તીરૂવાતીરના તહેવાર વખતે રમાય છે.

કૈખુસરૂ [ફા.] પું. ઈરાનનો એક રાજા.

કૈગલ [ફા. કાઠ (પરાળ) + ગિલ (ધૂળ)] સ્ત્રી. ગારા; લીંપવા માટે બનાવેલ કાદુમાટીનો ગારો.

કૈચી ૧. સ્ત્રી. એ નામની બાબતની એક કસરત.
૨. સ્ત્રી. કાતર.

કૈઝર પું. કેસર; જર્મનિના સમ્રાટનો ઇલ્કાબ.

કૈઝરીન સ્ત્રી. જર્મનિના સમ્રાટની સ્ત્રી.

કૈટભ [સં.] પું. એ નામનો એક રાક્ષસ; મધુ દૈત્યનો નાનો. તેને વિષ્ણુએ માર્યો હતો.

કૈટભજિત ૧. [સં. કૈટભજિત] પું. કૃષ્ણ; કેશવ.
૨. પું. વિષ્ણુ; કૈટભ દૈત્યને હણનાર.

કૈટભહા પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૨૨ લઘુ મળી ૧૫૬ માત્રા હોય છે.

કૈટભા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કૈટભારિ જુઓ કૈટભજિત.

કૈટભી [સં.] સ્ત્રી. મહામાલી દેવી.

કૈટભેશ્વરી [સં.] સ્ત્રી. મહામાલી દેવી.

કૈટર્ય ૧. [સં.] પું. કરિયાતાનો છોડ.
૨. પું. પૂતિકરંજનું ઝાડ.
૩. પું. બકાન લીંબડો.
૪. પું. મીંઢળનું ઝાડ.
૫. ન. કાયફળ.

કૈટર્યે ૧. જુઓ કૈટર્ય.

કૈટર્યે જુઓ કૈટર્ય.

કૈડવા (કૈડ્વા) ૧. પું. કૈટભ દેશનો વતની પુરુષ.
૨. સ્ત્રી. કચ્છીની એક જાત.
૩. બ. કચ્છીની એ જાતનું માણસ.
૪. વિ. કચ્છીની એ નામની જાતનું.

કૈડા (કૈડા) ૧. પું. આકૃતિ.
૨. પું. ઓઠું.
૩. પું. ઢિબાવ.
૪ પું. નકશો.
૫. પું. નમૂનો.
૬. પું. ઘાટ.
૭. પું. મુદ્રિકા.
૮. પું. રીત; પ્રકાર.
૯. પું. સ્વરબેંદ.
૧૦. વિ. અવડું.
૧૧. વિ. ઓછું.
૧૨. વિ. કઠક; કઠોર.
૧૩. વિ. કંજૂસ; અતિશય કરકસર કરે એવું.
૧૪. વિ. કેટાળો આપનારું.
૧૫. વિ. ખરાબચાડું.
૧૬. વિ. ગંભીર.
૧૭. વિ. ચુસ્ત.
૧૮. વિ. જોરાવર; બહાદુર.
૧૯. વિ. દુઃખ ઉપજાવે એવું.
૨૦. વિ. દૃઢ; મજબૂત.
૨૧. વિ. નિર્દય.
૨૨. વિ. ભાગ્યહીન.
૨૩. વિ. મજૂરીવાળું.
૨૪. વિ. મોટું.
૨૫. વિ. મોંઘું; બહુ કીમતી.
૨૬. વિ. વજનદાર; વજનવાળું.
૨૭. વિ. સખત.
૨૮. વિ. સહન કરે એવું.
૨૯. વિ. હડીલું; જિદ્દી.

કૈત ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. એક જાતનું ફળ.
૩. પું. કૈત ફળમાંથી બનેલું કેફી પીણું.
૪. [હિં.] સ્ત્રી. જાલસાજોમાં કટકા મારવા માટે વપરાતો એક પટો.
૫. સ્ત્રી. ખાજુ.

કૈતક [સં] ન. કેતકીનું ફૂલ.

કૈતવ ૧. [સં] પું. જુગારી.
૨. પું. ઠગ; લુચ્ચો.
૩ પું ધતૂરો
૪. પું. (પુરાણ) શકુનિનો પુત્ર; ઉલૂક.
૫. ન. છળકપટ; ઠગાઈ; લુચ્ચાઈ.
૬. ન. જુગાર.
૭ ન. વૈદૂર્યમણિ.
૮. ન. શરતમાં મુકાયેલી વસ્તુ.
૯. વિ. કપટી; ધૂર્ત; લુચ્ચું.

કૈતવક [સં.] ન. ભયંકર જુગાર.

કૈતવાપહ્નુતિ [સં.] સ્ત્રી. અપહ્નુતિ અલંકારનો એક ભેદ.

કૈતવેય પું અંશુમાન રાજાનો પુત્ર; ઉલૂક.

કૈતુક ૧. પું. અરાળ કામ.
૨. પું. તર્કશક્તિ.
૩. પું. યુક્તિ.
૪. વિ. પ્રમાણભૂત ગણનાર.

કૈતુન [અ.] સ્ત્રી. એક જાતની ઝોર.

કૈથ [સં. કપિત્થ] ન. કોઠું.

કૈથી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની કાંઠાળ લેખ.
૨. સ્ત્રી. ઓરિસ્સામાં બોલાતી એક ભાષા.
૩. સ્ત્રી. નાગરી લિપિમાંથી નીકળેલી બિહારની એક લિપિ.

કૈફ (કૈફ) ૧. [અ.] સ્ત્રી. અટકમાં રાખવું તે; બંધી; અવરોધ.
૧. કૈફ ભરવી–ભોગવવી = કેદથી પૂરેપૂરી સજા ભોગવવી.
૨. કૈફ લગાવવી = (૧) પારો કરવો. (૨) કરત બાંધવી. (૩) હદ બાંધવી.
૨. સ્ત્રી. બડબણ; નકતર.
૩. સ્ત્રી. ઊલટી.
૪. સ્ત્રી. કાપ.
૫. સ્ત્રી. ખેતરપાંડી.
૬. સ્ત્રી. જંગલી કંઠાનો અવાજ.
૭. સ્ત્રી. કરજ.
૮. સ્ત્રી. બહાર બેઠેલી સ્ત્રી; રજસ્વલા.
૯ સ્ત્રી. મનાઈ.
૧૦. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

કૈફક (કૈફક) [અ.] સ્ત્રી. કામળ રાખવાની એક જાતની પટ્ટી.

કૈફખાના (કૈફખાન) પું. કેદખાનું; જેલ.

કૈફયવતી સ્ત્રી (પુરાણ) એ નામની એક વિદ્યાધર કુમારિકા. તેનું રૂપ જોઈ પુરૂરવા રાજા સંતુષ્ટ થયો હતો.

કૈદાર ૧. ન. ખેતરના કચરાનું ખાણું.
૨. ન. ખેતરનો સમૂહ.
૩. ન. પદ્મરાગ.
૪. વિ. કચરામાં પાકનાર.

કૈદારિક જુઓ કૈદાર.

કૈદારિ [સં.] ન. ખેતરનો સમૂહ.

કૈદી (કૈદી) ૧. પું. કેદી.
૨. પું. ગુનેગાર.
૩. વિ. અટકાયતમાં હોય એવું.

કૈદે ગાતી સ્ત્રી. અંગત કામ.

કૈદે તનહાઈ સ્ત્રી. એકાંતવાસની જેલ.

કૈન ૧. [હિં.] સ્ત્રી. વાંસની કામ.
૨. ન. કોઈ જગ્યાએ.

કૈફ (કૈફ) ૧. પું. નશો; કેફ.
૨. પું. નશો ચડાવનારી દવા.
૩. અ. કઈ રીતે.

કૈફિયત (કૈફિયત) ૧. સ્ત્રી. ઊંચી જાત; ઐક કોટિ.
૨. સ્ત્રી. વર્ણન.
૩. સ્ત્રી. વિવેચન; વિવરણ.
૪. સ્ત્રી. શોરો.
૫. સ્ત્રી. ઐક આનંદ.
૬. સ્ત્રી. સમાચાર; હકીકત.
૭. સ્ત્રી. સંજોગો.
૮. સ્ત્રી. સુંદર દેખાવ.
૯. સ્ત્રી. સ્થિતિ.

કૈફી (કૈફી) ૧. પું. દારૂડિયો; નશાબાજ.
૨. વિ. કેફી; નશો લાવે તેવું.

કૈમાસ પું. એ નામનો પૃથ્વીરાજ ચૌહાણનો એક પ્રધાન.

કૈમુતિકન્યાય પું. એક જાતનો ન્યાય. આવડું મોટું કામ થયું તો આ શું હિસાબમાં ! એવું બતાવવાને માટે તેનો પ્રયોગ થાય છે.

કૈમુત્યન્યાય જુઓ કૈમુતિકન્યાય.

કૈમુર સ્ત્રી. મધ્ય હિંદમાં આવેલી એ નામની પર્વતમાળા.

કૈયટ પું. તેરમા સૈકાનો એ નામનો એક જૂનો કવિ. તેણે પાતંજલ મહાભાષ્ય ઉપર ટીકા કરી છે.

કૈયા [હિં] ન. દિનનું કામ કરનારાઓનું એક હથિયાર.

કૈયિમ ૧. પું. સ્વભાવ; પ્રકૃતિ.
૨. વિ. ઊભું; સીધું.
૩. વિ. સાચું; ખરું.

કૈયી જો કાતર.

કૈયૂમ ૧. પું. દેવ.
૨. વિ. કાયમી; હમેશનું.

કૈર ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૨ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

કૈરલેય પું. કેરલ દેશનો રાજા.

કૈરવ ૧. પું. જુગારી.
૨. [સં.] પું. શત્રુ; દુશ્મન.
૩. ન. કપટ; લુચ્ચાઈ.
૪. ન. ચંદ્રને જોઈ ખીલનારું સફેદ કમળ; કુમુદ; પોયણું.

કૈરવનાથ ૧. [સં.] પું. ચંદ્રમા; શશી.
૨. પું. નાયક.

કૈરવિકા સ્ત્રી. ચંદ્રના અજવાળામાં ખીલતું કમળ.

કૈરવિણી ૧. [સં.] સ્ત્રી. કુમુદિની; પોયણી.
૨. સ્ત્રી. પોયણાં પણાં હોય એવી તળાવડી.

કૈરવિણીકંસ [સં.] ન. પોયણાનું બીજ.

કૈરવી ૧. [સં. કૈરવિન્] શશી; ચંદ્રમા.
૨. સ્ત્રી. ચંદ્રિકા; ચાંદની.
૩. પું. સ્ત્રી. મેથી.

કૈરા ૧. પું. ભૂરો રંગ.
૨. વિ. આસમાની આંખવાળું.

કૈરાટક [સં.] ન. એક જાતનું સ્થાવર ઝેર.

કૈરાત ૧. પું. એ નામના એક ઋષિ.
૨. પું. એક જાતની મછલી.
૩. [સં.] પું. એક જાતનું ચંદન.
૪. પું એક જાતનો શુદ્ધ રાગ.
૫. પું. એક પ્રકારનો ઝેરી સાપ.
૬. પું. કિરાતું.
૭. પું. બળવાન પુરુષ
૮. વિ. ભીલ સંબંધી.

કૈરાતક જુઓ કૈરાત

કૈરાતિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કૈરાબાલી જુઓ કૈમુર.

કૈરાલ [સં.] ન. વાવડિંગ.

કૈરાલી જુઓ કૈરાલ.

કૈરી ૧. [હિં.] સ્ત્રી. અત્તર રાખવા માટેનું કેરીના આકારનું સાધન.
૨ સ્ત્રી નાની કાચી કેરી
૩. સ્ત્રી. બનાવટી ફૂલ.

કૈલ ૧. [હિં.] સ્ત્રી. અનાજ વગેરેનું એક માપ.
૨. સ્ત્રી. અંકુર; કણુકો.
૩. [સં.] સ્ત્રી. રમત; ખેલ.

કૈલ્યા પું. એખરો.

કૈલા ૧. સ્ત્રી. કડવા કણુની એક અટક.
૨. સ્ત્રી. બટાકો રંગની ગાય.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કૈલાર્દ ન. એક જાતનું ઔષધ.

કૈલાસ ૧. પું. એક જાતનું ૭ ખૂણાવાળું દેવમંદિર. તેમાં બાર ભૂમિ અને અનેક શિખર હોય છે. તેનો વિસ્તાર અઢાર હાથ હોય છે.
૨. પું. શિવની નગરી; દેવતાઓનું સ્વર્ગ.
૩. પું. હિમાલયનું એ નામનું શિખર. તે માન સરોવરથી પચીસ માઈલ દૂર ઉત્તરે ગંગો પર્વતમાળાની પેલી તરફ નીતિધાટની પૂર્વે આવેલ છે. તેના ઉપર શંકર ભગવાન અને પાર્વતી રહે છે એમ કહે છે. શ્રીકૃષ્ણે અહીં તપ કર્યું હતું. અદરિકાશ્રમ કૈલાસ ઉપર આવેલ છે. કૈલાસને હેમકૂટ પણ કહે છે. જૈન લોકો કૈલાસને અષ્ટાપદ પર્વત કહે છે. આ પર્વતની પરિક્રમણામાં ત્રણ દિવસ લાગે છે. તેનો પચીસ માઈલનો ઘેરાવો છે. પરિક્રમણ કરનારે ગૌરીકુંડ સરોવરના પાણીનો સ્પર્શ કરવો જ જોઈએ. આ સરોવરનું પાણી બારે માસ બરફ જેવું ઠંડું હોય છે.
૪. પું. હેમકૂટ પર્વત ઉપરનું કુબેરનું સ્થાન.
૫. સ્ત્રી. પ્રભાસની આસપાસની ૧૬મી ગ્રામનું નામ; રૈવતાચલ.
૬. ન. માટીનું એક જાતનું પાત્ર.
૭. વિ. માયા અને માયાનાં કાર્યોથી રહિત.

કૈલાસક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કૈલાસગિરિવાસી [સં. કૈલાસગિરિવાસિન્] પું. શંકર.

કૈલાસનાથ ૧. [સં.] પું. કુબેર.
૨. પું. કૈલાસનો સ્વામી શંકર; મહાદેવ; શિવ.

કૈલાસનિકેતન જુઓ કૈલાસનાથ.

કૈલાસપતિ ૧. [સં.] પું. કુબેર.
૨. પું. મહાદેવ; શંકર.
૩. ન. એક જાતનું કુલફાડ.

કૈલાસભૂપ [સં.] પું. મહાદેવ; શંકર.

કૈલાસમંદિર ન. એક જાતનું ખાસ બાંધણીવાળું મંદિર. જુઓ કૈલાસ ૧.

કૈલાસયાત્રા ૧. [સં] સ્ત્રી કૈલાસ પર્વતની ધાર્મિક ભાવનાથી કરેલી મુસાફરી.
૨. સ્ત્રી. હરિવંશમાં આવતો એક ભાગ.

કૈલાસવાસ ૧. [સં.] પું. મરણ; મૃત્યુ.
૨. પું. મરણ પછી કૈલાસમાં વાસ થયો તે; શિવસ્વરૂપને પ્રાપ્ત થવાપણું.

કૈલાસવાસી ૧. [સં. કૈલાસવાસિન્] પું. મહાદેવ; શિવ.
૨. વિ. મરણ પછી કૈલાસને પ્રાપ્ત થયેલું.
૩. વિ. સદ્ગત; સ્વર્ગવાસી; મૃત્યુ પામેલ. કૈલાસવાસી થવું = મરી જવું.

કૈલાસવૃક્ષ [સં.] ન. એક જાતનું કુલફાડ.

કૈલાસશિખરવાસી [સં. કૈલાસશિખરવાસિન્] પું શિવ; શંકર.

કૈલાસાધિપતિ [સં.] પું. શિવ; મહાદેવ.

કૈલાસી ૧. પું. કુબેર.
૨. પું. મહાદેવ; શંકર.

કૈલો જુઓ કૈલ.

કૈવડ જુઓ કૈવર્ત.

કૈવત જુઓ કૈવર્ત.

કૈવર્ત ૧. [સં.] પું. એ નામની એક વર્ણસંકર જાતિ. તેની ઉત્પત્તિ ક્ષત્રિય પિતા અને વૈશ્યા માતાથી થયેલી મનાય છે.
૨. પું. ખારવો; હોડી હાંકનાર માણસ.
૩. પું. માછીમાર; માછી.

કૈવર્તક જુઓ કૈવર્ત.

કૈવર્તન પું. ચેદિ દેશનો એક ભાગ.

કૈવર્તી [સં.] સ્ત્રી. કેવટીમોથ.

કૈવર્ત્તિકા [સં.] સ્ત્રી. વજ્રવલ્લા નામે બાળવા દેશમાં પ્રસિદ્ધ એક વેલો.

કૈવલ [સં.] ન. વાર્ષ્ણેય.

કૈવલાદ્વૈત [સં.] પું. પરમાત્મા એક જ પરમ સત્ય છે, જીવ તે અપેક્ષિત સત્ય અને જગત તે પ્રાતિભાસિક સત્ય તે અવિદ્યા-અજ્ઞાન-માયાને લઈને આવે છે એવો જે શંકરાચાર્ય મહારાજે ફેલાવેલો મત.

કૈવલિક ૧. [સં.] ન. કેવળજ્ઞાન; સંપૂર્ણ જ્ઞાન.
૨. વિ. કેવળજ્ઞાન સંબંધી

કૈવલી પું. અર્હંત; જિન; કેવળ જ્ઞાન મેળવેલ જૈન સાધુ.

કૈવલ્ય ૧. [સં.] ન. અદ્વિતીય પરમાત્માની પ્રાપ્તિ; મોક્ષ; નિર્વાણ.
૨. ન. અહંકાર દૂર થવાપણું.
૩. ન. આત્યંતિક દુઃખ દૂર થઈ આત્મસુખ મળવું તે.
૪. ન. એક જ હોય એવી વસ્તુ.
૫. ન. એકતા; એકત્વ.
૬. ન. કલ્યાણ; ક્ષેમ.
૭. ન. કૃષ્ણયજુર્વેદનું એ નામનું એક ઉપનિષદ.
૮. ન. ધાતીકર્મનો વિયોગ.
૯. ન. જગન્નાથજીની પૂજામાં અર્પણ થતાં ફળ.
૧૦. ન. શુદ્ધતા; પવિત્રતા.
૧૧. વિ. એકલું; એકાકી.
૧૨. વિ. ત્રણે ગુણનું.

કૈવલ્યગીતા [સં.] સ્ત્રી. પૌરુષેય ઉપનિષદ મહિનું એક.

કૈવલ્યજ્ઞાન [સં.] ન. મોક્ષ મેળવવા માટેનું સંપૂર્ણ જ્ઞાન.

કૈવલ્યદર્શન [સં.] ન. આત્મસાક્ષાત્કાર.

કૈવલ્યપદ ૧. [સં.] ન. એકલાપણું; કેવળપદ.
૨. ન. મોક્ષ; મુક્તિ.

કૈવલ્યપાદ [સં.] પું. કૈવલ્ય અને તેનાં સાધન જેમાં ઉત્તમ રીતે વર્ણવેલાં છે 'એવો યોગશાસ્ત્રનો એક ભાગ

કૈવલ્યભૂમિ [સં.] સ્ત્રી. જેમાં આત્મા પોતાનું કેવળ શુદ્ધ રૂપ અનુભવે છે તેવા પ્રકારનો મોક્ષ.

કૈવલ્યવાદ [સં.] પું. અદ્વૈતવાદ; પરમાર્થસત્તાવાદ; સમષ્ટિસત્તાવાદ.

કૈવલ્યસિદ્ધિ [સં.] સ્ત્રી. મોક્ષ મળવો તે.

કૈવલ્યસ્થિતિ [સં.] સ્ત્રી. નિર્વાણ; મોક્ષ.

કૈવલ્યસ્વામી [સં. કૈવલ્યસ્વામિન્] પું. મોક્ષદાતા ઈશ્વર.

કૈવલ્યાર્થી [સં. કૈવલ્યાર્થિન્] વિ. મોક્ષની ઇચ્છાવાળું; મુમુક્ષુ.

કૈવા ન. અમુક વખત; કેટલીક વાર.

કૈવાન ૧. પું. શનિ ગ્રહ.
૨. ન એક જાતનું આયુધ.

કૈવાની વિ. શનિ સંબંધી.

કૈવાર ન. વર્તુળ દોરવાનું સાધન.

કૈશકી [સં] સ્ત્રી. નાટકપ્રસિદ્ધ ચાર ભાંતની એક વૃત્તિ.

કૈશવ [સં.] વિ. કેશવ સંબંધી; પ્રભુ પરમાત્માનું.

કૈશિક ૧. [સં] પું વૃત્તનો એક ભાવ. તેમાં સુકુમારતાથી કોમળની નકલ કરવામાં આવે છે.
૨. પું. શૃંગાર.
૩. પું. સોમવંશી વિદર્ભ રાજાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.
૪. ન. કેશનો સમૂહ; વાળનો જથ્થો.

૫. વિ. મેમળ, નાજુક.
૬. વિ. મોટા વાળવાળું.
૭. વિ. વાળ જેવું ઝીણું, સૂક્ષ્મ.

કૈશિકતા [સં.] સ્ત્રી. સૂક્ષ્મતા; બહુ બારીક હોવાપણું.

કૈશિકનિષાદ [સં.] પું. (સંગીત) એક જાતનો વિકૃત સ્વર. તે તીવ્રા નામની શ્રુતિથી શરૂ થાય છે અને તેમાં ત્રણ શ્રુતિ આવે છે.

કૈશિકપણું જુઓ કૈશિકતા.

કૈશિકપંચમ [સં.] પું. (સંગીત) એક જાતનો વિકૃત સ્વર. તે સંદીપની નામની શ્રુતિથી શરૂ થાય છે. તેમાં ચાર શ્રુતિ આવે છે.

કૈશિકભેદ ૧. [સં.] પું. નળ્યો તણાવત.
૨. પું. વધુ પડતી ચીકણાશ; વાળ જેવી ઝીણી વસ્તુના પણ ભાગ કરવારૂપી વધારે પડતી ઝીણવટ.

કૈશિકમુખ [સં.] ન. વાળ જેવું સૂક્ષ્મ કાણું.

કૈસરકી ૧. સ્ત્રી. એક જાતની રાગરાગણી.
૨. સ્ત્રી. એક પ્રકારની વૃત્તિ. જુઓ કૈશિકીવૃત્તિ.

કૈશિકીવૃત્તિ [સં.] સ્ત્રી. ચાર ભારતની એક પ્રકારની વૃત્તિ. અત્યંત કોમળ સહજતાથી શૃંગાર અને કરુણરસનું તેમાં વર્ણન કરવામાં આવે છે.

કૈશોર [સં.] ન. કિશોરાવસ્થા; તારુણ્ય; ઉંમર વર્ષ સુધીની વય.

કૈશોરક જુઓ કૈશોર.

કૈશોરગૂગળ પું. (વૈદક) ત્વગ્દોષ અને રક્તદોષ મટાડવા માટેના એક દવા. તે બનાવવા ગૂગળ, ત્રિફળા અને બધો બરોબર ભરીને કાઈ એક મધુ પાણીમા ઉકાળી તેનુ અરધુ પાણી રહેવા દેવું. તેને ગાળીને લોખંડના વાસણમાં ઉકાળી નરમ ગોળ જેવુ થવા દેવુ. પછી તેમાં ત્રિફળા અને બધાનુ સરખ આઠ આઠ તોલા, સહ, મરી અને પીપર બધ્ધે તોલા, દંતીમૂળ અને નસોતર બબ્બે તોલો અને વાવડિંગ ચાર તોલાનુ ચૂર્ણ મિશ્ર કરવુ. ૧ થી ૧ તોલાની માત્રામાં તે મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કૈશ્ય [સં.] પુ. કેશનો સમૂહ; વાળનો જથ્થો.

કૈષો સ્ત્રી. પહાડમૂલ નામની વનસ્પતિ.

કૈસર ૧. પું ઑસ્ત્ર અને તુર્કસ્તાનના શહેનશાહને માટે વપરાતો સામાન્ય શબ્દ.
૨. પુ. જર્મનિના શહેનશાહનો ખિતાબ.
૩. પું. રાજાધિરાજ; શહેનશાહ.

કૈસરેહિંદ ૧. પું. લોકહિતાર્થે જાહેર સેવા બજાવનારાઓને આપવામા આવતો એક જાતનો પુરસ્કાર.
૨. પું. હિંદુસ્તાનના સમ્રાટ. નામદાર મહારાણી વિક્ટોરિઆએ હિંદનાં મહિરાણી તરીકે આ ઇલકાબ ધારણ કર્યો હતો.
૩. ન. માનું ચેટ ચીરીને છત્રનું કાઢી લીધેલું બાળક.

કૈસા ૧. [સં. કીદૃશ] વિ. કેના જેવું.
૨. અ. કઈ રીતે; કેવી રીતે.
૩. અ. શા માટે.

કૈસાહી અ. તેમ છતાં.

કૈસૂમ [અ.] ન. એક જાતનું લાકડું.

કૈસે જુઓ કૈસા.

કૈસો ૧. પું. કાપડાનો કટકો.
૨. અ. કેવી રીતે.

કૈ ૧. વિ. કેટલુંક; થોડું; અમુક.
૨. અ. કોઈ કોઈ વાર.
૩. અ. કોઈ પ્રકારે; કોઈ રીતે.
૪. અ. કોઈ સ્થળે; કોઈ જગ્યાએ.

કૈક જુઓ કૈ.

કૈંકર્યે [સં.] ન. નોકરપણું; સેવા.

કૈંચુલ સ્ત્રી. સાપની કાંચળી.

કૈંદ્રિક ૧. [સં.] વિ. ત્રિજ્યા સંબંધી.
૨. વિ. મધ્યબિંદુ સબંધી.

કૈંદ્રકપૃષ્ઠ ન. કોઈ પણ વક્ર સપાટીની વક્રતાના કેંદ્રનો બિંદુપથ.

કૈંવાર પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ.

કો ૧. પું. અંતરભાની કસ.
૨. પું. એકથી દોઢ માઈલનું અંતર.
૩. પું. ચકચૂમાનો ચોપી રોગ.
૪. પું. ઘર.
૫. પું. બાંયનો વાળેલો ભાગ.
૬. પું. હોલાનો શબ્દ.
૭. વિ. કોઈ; કોઈ પણ.
૮. અ. ઠપકો બિલાંકતનો પ્રત્યય.
૯. અ. તિરસ્કાર બતાવનાર પ્રત્યય.
૧૦. અ. માટે; વાસ્તે.

કોઆ પું. આખનો ખૂણો.

કોઆર્ટાસ ન. અમેરિકામાં થતું એક જાતનું વિચિત્ર પ્રાણી. તેને સૂંઢ હોય છે. તે દિવસે ઊંધી રાત્રે ચપળ બને છે.

કોઈ ૧. સ્ત્રી. કમળ.
૨. [સં. કોટપિ] વિ. અમુક; કલ્પિત; એક પણ; અકારું.

કોઈએક ૧. સ. અમુક ચોક્કસ નહિ પણ ગમે તે એક.
૨. સ. કેટલુંક; કેટલુંક; થોડુંક.

કોઈક સ. ગમે તે એક.

કોઈ કાળે ૧. અ. ક્યારે પણ; ક્વચિત્.
૨. અ. ભવિષ્યમાં એકાદ વખત.

કોઈકોઈ ૧. સ. અમુક; કેટલુંક.
૨. સ. એકાદ; કોક.

કોઈડી (કોઈંડી) ૧. [હિં.] સ્ત્રી. ઉલોચ.
૨. સ્ત્રી. ખેડૂતની એક જાતિ.
૩. વિ. રાકળાકૂ વાવનાર અને વેચનાર.

કોઈનું ન. બાકડાં ફાડવા માટે વપરાતું એક ઓજાર.

કોઈંતો ૧. પું. નાળિયેરનાં છોલાં ઉખેડવાનું અણીદાર હથિયાર.
૨. પું. માંસ કાપવાનો મોટો છરો.
૩. પું. બાકડાં ફાડવામાં વપરાતું એક ઓજાર.

કોઈકન ન. કોમલાણ; ઝિવનાઈન.

કોઈકલ જુઓ કોઈકન.

કોઈકાન જુઓ કોઈકન.

કોઈકી અ. કદી; કોઈ દિવસ.

કોઈકીન જુઓ કોઈકન.

કોઈની સ્ત્રી. કોમલ.

કોઈને કોઈ સ. અમુક ને બીજો.

કોઈ પણ સ. કોઈએક.

કોઈપસ ન. દક્ષિણ આફ્રિકામાં થતું એક જાતનું પ્રાણી. તે નદી કિનારે કોતર કરી તેમાં વસે છે. તેના ચામડાની ટોપી બને છે.

કોઈબી અ. કોઈ પણ.

કોઈલ [સં. કોકિલ] ૧. સ્ત્રી. કોયલ.
૨. ન. ચૂંબળું; ખિલ્લું.

કોઈલાક ન. કોયલાન; ઝિવનાઈન.

કોઈલિ સ્ત્રી. (જૂ. ગુ.) કોમલ.

કોઈલી સ્ત્રી. મંદિરના અંદરના ભાગનું ઓગાન.

કોઈલીન ન. કોયલાન; ઝિવનાઈન.

કોઈલો પું. કોલસો

કોઈવખત અ. કદી કદી; ક્વચિત્.

કોઈવાર અ. કોઈ પ્રસંગે; કોક વખત.

કોઈવારો પું. કરોળિયો.

કોઈ સમે અ. એકાદી વખત; કોઇવાર.

કોઈસા ૧. વિ. અમુક.
૨. વિ. કેટલાક.
૩. વિ. કોઈએક.

કોઈસી વિ. કેટલાક.

કોઉ ૧. સ. અમુક એક.
૨. સ. કોઈ.
૩. સ. ગમે તે એક.

કોઉન જિ. કોઈ.

કોઉમિસ ન. ઘોડી અને ઊંટડીનાં દૂધને જમાવીને તૈયાર કરવામાં આવતું એક જાતનું પીણું.

કોઊ જિ કોઈ.

કોચ્મેડિયો (કોચ્મેડિઓ) ન. એક પ્રકારનો છોડ; મઠિયો ભીંડો. તેનાં પાનનો આકાર માઠ જેવો હોય છે.

કોચ્મેતા પું. એક જાતનું ઓજાર.

કોચ્મેમાઠ ૧. સ્ત્રી. ઈંડાની સફેદી અને બીજાં તજેલી ડુંગળીની બનાવેલી એક જાતની રોટલી.
૨. સ્ત્રી. સોઠ.

કોચ્મેર જુઓ કોચ્મેરી.

કોચ્મેરી ૧. પું. માણી.
૨. સ્ત્રી. બૈરાનો ધંધો કરનાર એક હિંદુ જાત.
૩. સ. એ નામની જાતનું માણસ.
૪. જિ. એ નામની જાતનું.

કોચ્મેલ [સં. કોકિલ; પ્રા. કોઇલ] સ્ત્રી. કોયલ.

કોચ્મો સ. ક્રમ.

કોચ્મોપરેટિવ [અં.] જિ. એકબીજાને મદદ કરનાર; સહકારી.
૧. કોચ્મોપરેટિવ બૅંક = સહકારી બૅંક.
૨. કોચ્મોપરેટિવ સોસાયટિ = સહકારી મંડળ.
૩. કોચ્મોપરેટિવ સ્ટોર્સ = સહકારી ભંડાર.

કોચ્મોપરેશન [અં.] ન. મેળ; સહકાર.

કોચ્મોર ૧. પું. એક જાતનો હંસ.
૨. પું. ભમરડો; ભરિયો.

કોક ૧. પું. ઉલ્કાપાત.
૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૮૨ લઘુ મળી ૮૪ માત્રા હોય છે.
૩ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માધવિકા આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત જગણ અને વગણ એમ ચોવીસ અક્ષરો હોય છે.
૪. પું. કાકીડો.
૫. પું. કામદેવ.
૬. પું. કેલવિદ્યા; રતિશાસ્ત્ર; કોકશાસ્ત્ર; ભોગવિદ્યા.
૭. પું. કોલસો.
૮. પું. ખજૂરનું ઝાડ.
૯. પું. જંગલી ખજૂર.
૧૦. પું. કેકડો.
૧૧. પું. મેઘ.
૧૨. પું. રતિશાસ્ત્ર બનાવનાર એક વિદ્વાન. તેનું નામ કોકદેવ હતું.
૧૩. પું. વરુ; વૃક.
૧૪. પું. સિંધુ.
૧૫. પું. સંગીતનો એક ભેદ. તેમાં નાયક, નાયિકા, રસ, રસાભાસ, અલંકાર, ઉદ્દીપન, આલંબન, સ્મરણ અને સમાન વગેરેનું જ્ઞાન જરૂરી છે.
૧૬. પું. સારસ; ચકવો; ચક્રવાક.
૧૭. પું. હોલો.
૧૮. સ્ત્રી. એ નામની એક જાતની માછલી; "વુલ્ફ ફિશ"
૧૯ સ્ત્રી. ગર્ભાસય.
૨૦. સ્ત્રી. પેટ.
૨૧. સ્ત્રી. સાંભવું તે.
૨૨. સ્ત્રી. હંસની માદા.
૨૩. જિ. અજાણ્યું; અગણનીય.
૨૪. જિ. કેટલુંક; થોડું.
૨૫. જિ. કોઈ; કોકિ.

કોકઈ ૧. સ્ત્રી ખીલી; મેખ.
૨. સ્ત્રી. લંબુડિયો રંગ.

કોકકલા [સં.] સ્ત્રી. રતિવિદ્યા; સંભોગશાસ્ત્ર.

કોકકોક સ. કોઈ કોઈ.

કોકક્ષેત્ર ન. બંગાળાનો એક દેશ.

કોકટી ૧. સ્ત્રી. કની એક જાત.
૨. ન. એક જાતનું કાપડ.
૩. જિ. એ જાતના કનું બનેલું.

કોકડ (કોકડ) ૧. ન. કોયડું; સિવાળ.
૨. ન. ભમરી મૂત્ર.

કોકડાવું (કોકડવું) અ. ક્રિ. ગૂંચળું વળી જવું; ગૂચવાવું.

કોકડી (કોકડી) ૧. સ્ત્રી. કરમણી; વળિયું; એક.
૨. સ્ત્રી. ભમરી મૂત્રની.
૩. સ્ત્રી. નાનું કોકડું; વીંટલો.
૪ સ્ત્રી. પર્વ.
૫. સ્ત્રી. રાજાનાં સૂકાં ફળ; રાજકોકડી.
૬ સ્ત્રી વસ્ત્રાનું ચૂનરું બાંધવું.
૭. સ્ત્રી. સાંધ અથવા સાજરના આકારની દોરાની ગૂંથણી.
૮. સ્ત્રી. ચૂનારની દડી.

કોકડીઓ કુંભાર (કોકડીનો કુંભાર) પું. એક જાતનું પક્ષી; કૃષ્ણ ચકલી.

કોકડું (કોકડું) ૧. ન. ગૂંચવણ; મુશ્કેલીવાળું કામ.
૨. ન. ગૂંચવણ ભરેલો પ્રશ્ન.
૧. કોકડું ઊકલવું = મોટાળો દૂર થવો
૨. કોકડું ગૂંચવાવું-ઘૂંચવાવું = મોટાળો ઊભો થવો; મુશ્કેલી વધવી.
૩. ન. મોટો; પીંડુ.
૪. ન. ચામડીનું વળી જવું કે ચડી જવું તે; સંકોચાઈ જવું તે.
૫. ન. જડતા.
૬. ન દૂધ નહિ પચવાથી થતો વિકાર.
૭. ન. ડોરાની દડી.
૮. ન. પેટમાં કોકડાના આકારનો દુખનો ઠોરો.
૯. ન. મોટી કોકડી.
૧૦. ન. કંકુ આકારમાં એક અથવા બંને બાજુએ વીંટાળેલો તારનો દડો.

કોકણ પું. સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમે પાયરીપટે આવેલો પહાડી દેશ.

કોકણખૂપ પું. એક જાતનો સુગંધી ધૂપ; ગોળાન. બધા જૂના સમયથી તેનો ઉપયોગ ધાર્મિક ક્રિયામાં ધૂપ તરીકે થાય છે. તે રક્તપિત્ત, મૃદુવિરેચક, ધાતુપરિવર્તક અને ગોઠી શુદ્ધ કરનાર છે. છર્દિ બારામાં બહુમ તરીકે વપરાય છે. સોજા મૂત્રદાહમાં રાળ અને ટોપરાનું તેલ અથવા ઘીંજુના રસ સાથે ભેળવીને ગોપદાય છે. બાવળના ગુંદ સાથે ગોળાનને ભેળવીને શ્વાસ બંધાતો હોય ત્યારે અપાય છે. લાંબો વખત મુખી એક ગ્રીંસ ગોળાન લેવાથી ચરબી ઘટી જાય છે. મહાબ્રત, બરાસ પુલ, દીંટડીનો દુખાવો અને દરાજ ઉપર ગોળાન અપાય છે. તે મખ્યદિનના પહાડો ઉપર તથા હિમાલિક પહાડોના ઢાળ ઉપર ભેગે છે.

કોકણપટ્ટી પું. કોકણ દેશ.

કોકણસ્થ ૧. સ્ત્રી. કોકણ તરફથી આવેલા બ્રાહ્મણની એક જાત.
૨. ન. કોકણ તરફની એ નામની જાતનું માણસ
૩. જિ. એ નામની જાતનું.

કોકણા જુઓ કોકણસ્થ.

કોકણી ૧. પું. કોકણ દેશનો રહેવાસી.
૨. સ્ત્રી. એ નામની ભાષા.
૩. જિ. કોકણ દેશનું.

કોકત્રી ન. એક જાતનું પક્ષી.

કોક દી સ. કોઈ દિવસ.

કોકદેવ ૧. [સ.] પું. કામદેવ.
૨. પું. કોકશાસ્ત્રનો લેખક

કોકનદ ૧. પું. ભારતવર્ષનો એક પ્રાચીન દેશનું નામ.

૨. ન. કમળ; પોયણું.

૩. [સં.] ન. લાલ કમળ.

૪. ન. સુવર્ણ; સોનું; હેમ.

કોકનદ રેણુ [સં.] સ્ત્રી. કમળની રજ; કમળની રેણુ.

કોકનાર ૧. [જુ.] પું. બસખસનો છોડ.

૨. સ્ત્રી. બસખસ.

કોકની ૧. ન. એક જાતનું સંતરું. તે સહરાનપુર અને દિલ્હી તરફ થાય છે.

૨. ન. એક પ્રકારનું તેતર.

૩. [હિં.] વિ. નાનું.

૪. વિ. હલકું.

કોકપક્ષ પું. (પિંગળ) સંસ્કૃતિની જાતનો એક છંદ. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ, ભગણ, જગણ નગણ, મગણ અને ગુરુ મળી ચોવીસ અક્ષર હોય છે.

કોકપિટ ૧. [અં.] ન. એરોપ્લેનનો એક ભાગ.

૨. ન. મુરબ્બાની લડાઈનું મેદાન.

૩. ન. લડાઈ વખતે મરાયેલા માણસોને વહાણમાં જે ભાગમાં રાખવામાં આવે તે ભાગ.

કોકફાઇટિંગ [અં. કૉકફાઇટિંગ] સ્ત્રી. એક જાતની પશ્ચિમ તરફની રમત. તેમાં બે કુકડાને એકબીજા સામે ઉશ્કેરી લડાવવામાં આવે છે.

કોકબંધુ [સં.] પું. સૂર્ય.

કોકભા સ્ત્રી. કુકુભ; માલકોષની છ માહેની એ નામની એક રાગણી.

કોકમાયુ ૧. ન. એક જાતનું આયુધ.

૨. ન. એક જાતનું હથિયાર. વાંસની ચાર ઇંચ લાંબી કાતળીમાં નીચે સખત પૂળ ભરી ઉપર દારૂ ભરી પછી તેને બીબ પાડી દારૂ પાઈ છોઈ બાંધી દોરે તો તે ઊંચે ચડીને ફૂટે છે.

૩. ન. કામદેવનું બાણ; ફૂલનું તીર.

કોકમ ન. અમ્લવૃક્ષક; ચુક્રતિંતિડીક. કોકમનાં ઝાડ મોટાં થાય છે. મધ્યવેથી અણીદાર અને નીચે પહોળાં મેરાવાવાળાં ઊભે છે. તેની ડાળી ઝૂલતી હોય છે. તે ઉપર સામસામાં લંબગોળ આકૃતિનાં વિભાગ વગરના પાતરાં આશરે ત્રણ ઇંચ લાંબાં ને દોઢ ઇંચ પહોળાં હોય છે. તે ફુમળાં હોય છે ત્યારે તેનો રંગ તાંબાના જેવો લાલ અથવા નારંગી હોય છે. પાકાં થયા પછી તેનો રંગ લીલો થાય છે. તે ચામડાં જેવાં કઠણ થઈ જાય છે. તેના ફૂલ નાનાં હોય છે. એનાં ફળને કોકમ કહે છે. તેમાં બણ બી હોય છે. બીને કચરી ઊના પાણીમાં ઉકાળી તેલ કાઢે છે. તેને કોકમનું તેલ કે ઘી કહે છે. ગોવા તથા મલબાર કાંઠાના ભાગમાં કોકમનાં ઝાડ બહુ થાય છે. સમુદ્ર પાસેની જમીનમાં આ ઝાડ સારી રીતે ઊગે છે. પહેલા ચોમાસામાં બી વાવીને રોપા કરવામાં આવે છે. એક વરસના રોપા થયા પછી બીજા ચોમાસામાં તેને ફેરવી બીજે ઠેકાણે ત્રીસ ફૂટને અંતરે વાવવા. તેને ઝાઝું પાતર માફક આવે છે. પાંચ વરસે ઝાડ થઈ તેમાં ફળ આવે છે. તેમાંથી બી કાઢીને તેની છાલ સૂકવીને વેચવામાં આવે છે. દાળ શાકમાં ખટાશ માટે તેનો ઉપયોગ થાય છે. તેનાં બધાં ફળ તરસ, રુચિકારક, ખાટાં, ઉષ્ણ, અગ્નિદીપક, પિત્તકર અને ગુરુ છે તથા કફ, વાત અને અતિસાર મટાડે છે. તેનાં પાકાં ફળ મધુર, રેચક તથા અગ્નિદીપક છે. સંગ્રહણી, રક્તદોષ, અર્શ, કૃમિ, બણ, મૂર્છા, હૃદ્રોગ તથા વાતોદર મટાડે છે. કોકમનું ઘી હાથે પગે ચોપડવાથી ચામડીમાં પડેલા ચીરા મટે છે અને તરડી ગયેલી ચામડી મુલાયમ થાય છે.

કોકમડી જુઓ કોકમ.

કોકયતી સ્ત્રી. એ નામની એક વેલ; વિરતરૂક. તે ઝાડની આસપાસ ગાઢ રીતે વીંટાઈ જાય છે. તેનાં પાન હૃદયાકાર અને નીચે રૂંવેરી વાળવાળાં હોય છે.

કોકર ૧. સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી.

૨. ન. તાંબું, ચાંદી તથા જસતના મિશ્રણથી બનેલી એક પીળા ધાતુ; જર્મન સિલ્વર.

કોકરબરાસ જુઓ કોકર ૨.

કોકરલી ન. એક જાતનું પક્ષી.

કોકરવરણું વિ. ચોકું બધું ઊનું; દુરાણું; નવશેકું.

કોકરવાણું જુઓ કોકરવરણું.

કોકરવાણું જુઓ કોકરવરણું.

કોકરવું ૧. ન. કાન અને ગાલ વચ્ચેનો ઊપસેલો ભાગ.

૨. ન. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; ઊલકડી.

૩. વિ. ચોકું બધું ઊનું; નવશેકું.

૪. સ. ક્રિ. બબડવું; બોતરવું.

૫. સ. ક્રિ. ઊતરવું; ઓળખી કાઢી લેવું, ફોસલાવવું.

કોકરું ન. બકરીનું બચ્ચું; લવારું.

કોકરૂડા (કોકરુડા) સ્ત્રી. ગોરખમુંડી નામની વનસ્પતિ.

કોકરૂલાં [સં. કર્કર] સ્ત્રી. એક જાતની પહાડી વનસ્પતિ. તે જ્વર તથા રક્તદોષ મટાડનાર અને કફઘ્ન છે. તેમાંથી તેલ નીકળે છે.

કોકરેલ પું. નાનો મરઘો.

કોકલ ૧. સ્ત્રી. સોપારી.

૨. ન. છીપમાં રહેનારું એક જાતનું પ્રાણી તેને એક પગ હોય છે અને તેને છેડે આંકડી હોય છે. તે વડે તે ચાલી શકે છે.

કોકલવાનું જુઓ કોકરવરણું.

કોકલાલ પું. બાવો; નામર્દ.

કોકલાલી સ્ત્રી. બાવાઈ; નામર્દાઈ.

કોકલિયા પું. (જૌન) ચોરાશી મહિના જે નામના એક સિદ્ધ.

કોકલિયો પું. કાનની અંદર ઊંડો રહેલો કાંચ જેવા આકારનો એક ભાગ.

કોકલી સ્ત્રી. બાકળાની ચોરાશી માહિની જે નામની એક જાતિ.

કોકલ્ય પું. (સંગીત) એક શંકર રાગ. તે પૂર્વી બિલાવલ, કેદારો, મારુ અને કેવગિરિ મેળવવાથી બને છે.

કોકવાઘ પું. ચમરી મૃગ.

કોકવું સ. ક્રિ. બોલવું.

કોકશાસ્ત્ર [સં.] ન. કોક નામના પંડિતે બનાવેલું કામશાસ્ત્ર અથવા રતિશાસ્ત્ર.

કોકસાર ભાષા સ્ત્રી. એ નામનો કામશાસ્ત્ર સંબંધી એક પ્રાચીન ગ્રંથ.

કોકળવું ૧. ન. બરફી કે બટાટાના છોડને થતો એક જાતનો રોગ.

૨. વિ. કોકરવરણું; નવશેકું.

૩. અ. ક્રિ. સંકળાવું.

કોકા ૧. પું. એક જાતની વનસ્પતિ. તેમાંથી કોકેન બને છે.

૨. પું. એક જાતનું કમળ.

૩. પું. ચક્રવાક પક્ષી.

૪. પું. દાર્ઢ અથવા ઘાવનું બાળક.

૫. પું. કૃષ્ણભાઈ.

૬. પું. નાનો ખીલો; મેખ.

૭. પું. ન. બ. બાબા, સારાં અને કીમતી કપડાં

૮. સ્ત્રી. ચુંબન; બચ્ચી; બોકી.

કોકાઈ પું. ફિક્કો જાંબુડો રંગ. કસુંબો, આદું પાણી અને મળી એ ત્રણેના મિશ્રણથી એ રંગ બને છે

કોકાડીમર (કોકાડીમર) ન. સૈરાલ ટાપુમાં ઊગતું તાડની જાતનું એક ઝાડ. તેનાં ફળમાંથી કઠોરોને માંસલાનાં અપ્પર બને છે.

કોકામુખ [સં.] ન. મહાબળવાન અને ભયંકર મોંવાળું પ્રાણી. ગુજરાતમાં જન્મેલું પણ પૂર્વમાં જિલ્લામાં નામપુરથી ઉપરવાસે આવેલું એક પ્રાચીન તીર્થ; વરાહતીર્થ.

કોકાલો પું. મોટી કીડી.

કોકાવાયું વિ. કોકરવરણું; નવશેકું.

કોકાહ્વ પું. સફેદ રંગનો ઘોડો.

કોકિલ ૧. [સં.] પું. અષાઢ મહિનો અગિયારમો વર્ણસંકાર.

૨. પું. અંગારો; તણખો.

૩. પું. એ નામની જુદાજુદા જાતિનો પુરુષ.

૪. પું. એક જાતનો ઉંદર. તેના કરડવાથી તાવ આવે છે અને બહુ બળતરા થાય છે.

૫. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે પદ્મપદી જાતિનો ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને બાવન લઘુ મળી ૧૪૮ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, કોકિલક. તે અત્યષ્ટિ છંદનો ભેદ છે. તેમાં નગણ, જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી સત્તર વર્ણ હોય છે

૭. પું. કોયલ. તે વસંત ઋતુ અને ઉનાળામાં પંચમ રાગે ગાય છે

૮. સ્ત્રી. નીલમની એક જાત.

૯. વિ. કોયલ જેવા કંઠવાળું

કોકિલક જુઓ કોકિલ ૬.

કોકિલકંઠ ૧. પું. મધુર કંઠે ગાઈ શકે એવો માણસ.

૨. વિ. કોયલ જેવા કંઠવાળું.

કોકિલકંઠી વિ. કોયલના જેવા મધુર અવાજવાળું.

કોકિલક્ષક [સં.] પું. તેલકંટક નામની એક વનસ્પતિ

કોકિલનયન [સં.] ન. અત્યંત લાલ કસવાળું એક ઝાડ.

કોકિલપ્રિય પું. (સંગીત) બત્રીસ રાગિણીનો છઠ્ઠો [illegible].

કોકિલવન ન. એ નામનું એક સ્થળ. ત્યાં વલ્લભાચાર્યની બેઠક છે. ત્યાં તેમણે પાંચ શેર દૂધની ખીરથી હજાર મનુષ્યને ભોજન કરાવ્યાનું કહેવાય છે.

કોકિલવર્ણું વિ. કોયલના રંગનું.

કોકિલસંચારી સ્ત્રી. ઘોડાની એક જાતની ગતિ. તેમાં ઘોડો કોયલ માફક કૂદે છે.

કોકિલસ્વન [સં.] પું. કોયલનો ટહુકો.

કોકિલા ૧. પું. (સંગીત) સોળ માત્રાનો એક તાલ. તેમાં ૧, ૫, ૭, ૧૧ અને ૧૪ માત્રા ઉપર તાલ આવે છે.

૨. [સં.] સ્ત્રી. અન્નભૂતા; કોકિલની માદા; કેયલ. તે ઝાઝા કરતાં નાનું પણ તેના જ જેવું કાળું હોય છે. વસંતની શરૂઆતથી તે ચોમાસા સુધી આંબા અને અશોકની ડાળોમાં મધુર પંચમ રાગે તે ગાય છે. કોકિલા કાગડીના માળામાં જઈ ઈંડાં મૂકે છે. કાગડી તેને સેવી બચ્ચાં ઉછેરે છે. બચ્ચાં ઊડવા માંડે છે ત્યારે તે બચ્ચાં પોતાનાં નથી એવું સમજવાથી તેમને મારી કાઢે છે. આ ઉપરથી કોયલ પરભૃતા, અન્નભૃતા કે પરપુષ્ટ કહેવાય છે.

૩. સ્ત્રી. કાકોલી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. છોટાનાગપુરના પ્રદેશમાંથી નીકળતી બિહારમાં શાહબાદ જિલ્લામાં વહેતી એક પ્રાચીન નદી.

કોકિલાક્ષ [સં.] પું. એખરો નામની વનસ્પતિ.

કોકિલાક્ષી ૧. સ્ત્રી. એ નામની દેવી.

૨. વિ. સ્ત્રી. કોયલના જેવી આંખવાળી.

કોકિલાપ્રિય [સં.] પું. (સંગીત) એક તાલ. તેમાં એક પ્લુત, એક લઘુ અને પાછો એક પ્લુત હોય છે.

કોકિલાબાળ ન. કોયલનું બચ્ચું

કોકિલારવ [સં.] પું. (સંગીત) તાલના સાઠ મુખ્ય ભેદ માંહેનો એક.

કોકિલાલાપપંડિતા સ્ત્રી. એ નામની એક અપ્સરા.

કોકિલાવાસ [સં.] પું. આંબાનું ઝાડ.

કોકિલાવ્રત [સં.] ન. અષાઢ સુદિ પૂનમને દિવસે સ્ત્રીઓએ કરવાનું એક વ્રત. તેમાં કોયલના રૂપમાં પાર્વતીનું પૂજન કરાય છે. આ વ્રત શ્રાવણ સુદિ પૂનમ સુધી આવે છે. આખો દિવસ ઉપવાસ કરી દિવસમાં એક વખત કોયલનું દર્શન અગર કોયલના શબ્દનું શ્રવણ થાય તોજ રાત્રે ભોજન કરવું એવો તેમાં નિયમ હોય છે

કોકિલાસન [સં.] ન. એક જાતનું આસન. કાખો ગ્રાવણ ઉપર જમણો પગ રાખીને તથા જમણા ગ્રાવણ ઉપર કાખો પગ રાખી, પછી જમણા પગના અંગૂઠાને જમણા હાથના અંગૂઠા તથા તર્જનીથી અને કાખા પગના અંગૂઠાને કાખા હાથના અંગૂઠા તથા તર્જનીથી પકડી, પકડી કોણી ઉપર શરીરનો કંઠકૂપ આગળ આવે એમ કોણીઓ ભૂમિ ઉપર ટેકવવી, નમેલા શરીર વડે સ્થિત થવું.

કોકિલેક્ષુ [સં.] સ્ત્રી. એક જાતની શેરડી.

કોકિલોત્સવ [સં.] પું. આંબાનું ઝાડ.

કોકિલ્લાવાણી પું. (પિંગળ) એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે ટોપટી છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને સો લઘુ મળી ૧૧૨ માત્રા હોય છે

કોકિંબો ન. ઘરપમાં થતું એક જાતનું ફૂલઝાડ. તે ઝાડમાં બહુ નાનું અને શિકારી હોય છે.

કોકી ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; સુખદા. તેના દરેક ચરણમાં આઠ જગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમો અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે.

૨. પું. બીલી; મેખ.

૩. સ્ત્રી. કાકીડી.

૪. સ્ત્રી. ચકલી; ચકલી; ચકવાકી.

૫. સ્ત્રી દક્ષિણી પાવડી ઉપર કાઠિયામાં આવતી ચકલીના જેવી ચાંચ; દક્ષિણી પાવડીની ટોચ.

૬. સ્ત્રી. દેડકી.

૭. સ્ત્રી. વરુની માદા.

કોકીઆન પું. કોદરવાનું સડેલું પદાર્થ.

કોકી કરડો (કોકી કરડો) પું. અનાભિજ્ઞ આગળીમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

કોકીલું વિ. કોકરવરણું; કાળાશું; નવશેકું.

કોકીલું ૧. ન. કામઠાનો ઊંડો કે ગોળો. તેમાં પણછ ચડાવાય છે.

૨. ન. કિલ્લાના કોટમાંથી રાજુને તોપ, બંદૂક, તીર કે ભાલાં મારવાને માટે રાખેલું સીધું નાળચાકોર ભોકાર; મુંબારિયું; બાકું.

કોકુ પું. (પુરાણ) એ નામનો દક્ષિણનો એક દેશ.

કોકુદક જુઓ કોકુ.

કોકુન ન. ગૂંથણ ક્રમમાં ઉપયોગી એક જાતની ઊન.

કોકુર પું. (પુરાણ) કુકુર વંશમાં જન્મેલા અરસકર રાજાનું બીજું નામ.

કોકુસંડી પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરમાંના સાત ઋષિમાંનો એ નામનો એક.

કોકેન ન. એક જાતનો બંધકીન, સફેદ અને માદક કેફી પદાર્થ. દવા તરીકે અવાતો અને મલમમાં ભેળવાતો આ પદાર્થ કોકો નામના ઝાડનાં પાંદડાંમાંથી તૈયાર થાય છે. આંખ વગેરે કોમળ અંગ ઉપર શસ્ત્રક્રિયા કરતા પહેલાં તેને બહેરું કરવા માટે તે વપરાય છે. હિંદમાં તેનો માદક પદાર્થ તરીકે ઉપયોગ થવા લાગ્યો હતો અને લોકો પાન સાથે તે ખાતા હતા, પણ સરકારે તેનો ઉપયોગ અટકાવ્યો છે. કોકેનનું ઝાડ ૫ થી ૭ ફૂટ ઊંચું વધે છે. પેરુ અને બોલીવીઆમાં આ ઝાડ પષ્કળ થાય છે. ત્યાંનાં

પાતસં સૂકની તેમાંથી કોકેન મેળવામાં આવે છે. જર્મની અને અમેરિકામાં કોકેનનાં પાતરાં મોકલવામાં આવે છે. ચેરુ અને બોલીવીઆના લોકો ક્ષારીયુના સાથે કોકેનનાં પાતસં ચાવે છે. તેની અસરથી તેમને નશો આવે છે, ભાર જણાતો નથી, ઘણું શ્રમ થાય છે તથા ભૂખ બોડી લાગે છે. સિલોનમાં પણ કોકેનનાં ઝાડ વવાય છે. પાણી ભરે નહિ તેવી રેતીવાળી ભુંવાળી જમીનવાળા તથા જ્યાં ૭૦૦ ઉપરથી વધારે વરસાદ પડતો હોય તેવા પ્રદેશમાં આ ઝાડ સારાં થાય છે. ઝાડ મોટાં થતાં સુધી તેમને છાંયો કરવો પડે છે. પાણી જમીનમાં ભરે નહિ તે માટે વાવેતરની આસપાસ નીક કરાય છે. ટોપલામાં બાતર રેતી વગેરે ભરી છાંયામાં રાખી તેમાં તાજ બી વાવવાથી રોપા નીકળે છે. રોપા પાકી ટોચથી અઢી વરસે તેનાં પાકાં પાતરાં વીણવાનું શરૂ થાય છે. તાપમાં સૂકવેલાં પાતરામાંથી કોકેન ચોકું નીકળે છે. આ છોડ કેફી ચીજનો હોવાથી મંજૂરી વિના તેનું વાવેતર થઈ શકતું નથી. કોકેન એટલું બધું ઝેરી છે કે લીંબ ઓફ નેલન્સ તરાપથી તેનું બહોળું વેચાણ કરવાનું અટકાવેલ છે.

કોકેનિયો પું. કોકેન નામના માદક ઝેરી પદાર્થનો બંધાની આણસ.

કોકેર સ્ત્રી. એક જાતની લરિયાઈ માછલી. તેનું વજન ૫૦ થી ૧૦૦ પૌંડ જેટલું હોય છે. તેને પકડવા જતાં તે બેરદાર સામનો કરે છે.

કોકેશીઅન ૧. સ્ત્રી. એ નામની લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કોકો ૧. પું. એ નામના ઝાડનું બીજ.

૨. પું. એ નામનું દક્ષિણ અમેરિકાનું એક ઝાડ. તેનાં સૂકવેલા પાંદડાં ચાવવાથી ભૂખ લાગતી નથી અને ભૂખની અસર પડતી નથી. આથી લાંબા વતની પહાડ ઉપર ચઢવા પહેલા તેનાં થોડાંક સૂકાં પાન ચાવી જાય છે. તેમાં એક પ્રકારનો નશો છે. પશ્ચિમના ટાપુઓ, સિલોન અને પશ્ચિમ અમેરિકામાં કોકોનું વાવેતર થાય છે. કોકોના ઝાડને આંબાવાળાં, અગર૪ થી નવ ઇંચ લાંબાં અને મકે લાલ અથવા પીળા રંગનાં ફળ આવે છે. ફળમાં ૨૫ થી ૪૦ બીજ હોય છે, જે ચીકણા પદાર્થની માફક વળગેલાં હોય છે. આ ઝાડનાં બીને ખાંડવામાં આવે છે અને પછી ગરમી આપી તેનો બારીક તપખીર જેવો ભૂકો કરાય છે. તેને ચોકોલેટ કહે છે. કોકો બનાવવા બાંડ, તપખીર, વસાણાં વગેરે ભેળવાય છે. બીને દબાણમાં મૂકીને કોકોબટર અથવા બીજોલોમા નામનું તેલ કઢવામાં આવે છે. તેનો ઉપયોગ દવામાં થાય છે. આ ઝાડ ગરમ તથા ભીનાશવાળી હવામાં ૫૦૦ થી ૧૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી થાય છે. વળી જ્યાં ૬૦ ઇંચ વરસાદ ને સાધારણ સૂકી હવા હોય ત્યાં પણ થઈ શકે છે. પવન અને તાપથી તેનું રક્ષણ કરવા માટે છાંયાવાળી જમીન પસંદ કરવામાં આવે છે. બીમાંથી કોકોનાં નવાં ઝાડ કરવામા આવે છે. તેમાંથી બે વરસના રોપા થયે આખ ચોમાસે કાયમી કોકોનાં ઝાડ પણ કરાય છે. તાજ બી ટોપલામાં વાવી રોપા કરવા. વાવ્યા પછી ૨૦ દિવસે બી ફૂટી નીકળે છે અને રોપા ત્રણથી ચાર મહિને વાવવા લાયક થાય છે. વચ્ચે બારથી પંદર ફૂટનું અંતર રાખવું. ૧૦ થી ૧૨ વરસનું ઝાડ થાય ત્યારે તેમાં પૂરી ઊપજ મળે એટલાં ફૂલ લાગે છે. કોકોના બે કાલ આવે છે: ૧. ઓકટોબરથી ડિસેમ્બર સુધી, ૨. એપ્રિલથી જૂન સુધી. તેની શીંગો બારીક બાતર કે સાપુથી વીણવી, ખેંચીને તોડવી કે કાપવી નહિ. વીણી એકઠી કરી તેને બાંગલી અને બી જુદાં પાડવાં. બીના ઢગલા કરી ચાર પાંચ દિવસ સુધી તાપમાં સૂકવવાં. વેનેઝુએલા ને વેસ્ટ ઇંડીઝમાં કોકોનાં બીને ઈંટના બારીક ભૂકામાં અગર ખૂબ સાફ સુખી જાતના રંગ પણ દે છે. એક રોપા ઉપરથી સરાસરી ૫૦ શીંગ ઊતરે છે. ઝાડ જાજી જાય તો એક ઝાડ ઉપરથી ૫૦૦ શીંગ પણ ઊતરે.

૩. પું. એક જાતનું પીલું.

૪. પું. ઝગડો.

૫. પું. ચુંબનઃ બચી.

૬. પું. નાના બચ્ચાનું બાંગલું; બચલું.

૭. પું. નાળિયેર.

૮. પું. ભેટવું તેઃ આલિંગન.

કોકોજેમ પું. બી, તેલને બદલે વપરાતો દેશી બનાવટનો એક પદાર્થ

કોકોનાડા (કોકોનાડ) ન. મદ્રાસ ઇલાકાનું એ નામનું એક શહેર.

કોકોર પું. ઝુપડ.

કોકોસ ન. એક જાતનું તાડનું ઝાડ.

કોકોફ પું. એક જાતનો સાપ. તે બહુ કઠણ હોવાથી સંગીતનાં વાજિંત્રો બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

કોખ ૧. [સં. કુક્ષિ] સ્ત્રી. ગર્ભાશય.

૨. સ્ત્રી. બચ્ચાનાં ઓસ્ત્રિપ્રદેશ.

૩. સ્ત્રી. પેટ.

કોખજલી ૧. સ્ત્રી. વાંઝણી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. બાળક મરી જતાં કોર એવી.

કોખબંદ જુઓ કોખજલી.

કોખી જુઓ કોખ.

કોગજાડ્ય વિ. મોંમાં પેસે તેટલું ઊંડું.

કોગળિયું [જુ. કોલેરા] ન. મહામારીઃ વિષૂચિકાઃ ઝાડા અને ઊલટીનો એક રોગ. બેદા પાણીમાં થતાં એક જાતનાં ક્રીણા જંતુ શરીરમાં દાખલ થવાથી આ રોગ થાય છે. આ રોગ સહેલાઈથી પ્રસરતો અને ભયંકર છે. તેમાં ઝાડા અને ઊલટી સાથે શરીરમાં ગોળા ચડે છે; પેસાબ થતો બંધ પડે છે; શરીર ઠંડું પડી જઈ કાળાશ મારે છે અને નાડી મંદ પડી જઈ અને મેચેની ઉત્પન્ન થઈ દરદીનું મૃત્યુ થાય છે. ગાઢો પાતળો ગોખરાના ધોણ જેવો થાય છે અને પેટાળ પણ પાણી જેવો ઊતરે છે. હાથ પગમાં કોઈ વાર ગોટલા ચડી આવે છે અને સ્નાયુના ખેંચાણથી શરીર લાકડા જેવું અક્કડ થઈ જાય છે. એ રોગ થવાનું મૂળ કારણ અજ્ઞાત છે.

કોગળો પું. મોઢામાં પાણી ભરી બબડાવી બહાર કાઢવું તે.

૧. કપૂરનો કોગળા કરવા = સારી હાલતમાં હોવું.

૨. કોગળો કરવો = (૧) કોઈને નાશે રહ્યા જવું; ટૂંકો મૂકવો. (૨) નાહી નાખવું; સંબંધ તજવો. (૩) મોંમાં પાણી ભરી હલાવી પાણી કાઢી નાખવું. (૪) રોતા માણસને પાણી આપી શાંત કરવો.

કોગોભિન્ન સ્ત્રી. બાઠણની એક પેટા જાતિ.

કોઘકો પું. (કચ્છી) કોગળો.

કોચા ૧. સ્ત્રી. એ નામની બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

કોચ ૧. પું. બદેલીને બદબા સારા રહી બેસાય એવું આસન.

૨. પું. સંકોચ.

૩. પું. સુતરાઉ કાપડનો એક રંગ.

કોથમીર [સં. કુસ્તુમ્બરી] સ્ત્રી. ધાણાપાણી; ધાણાભાજી; ધાણાની લીલી ભાજી. તેનાં ફૂલ ઝીણાં ઝીણાં ધોળાં થાય છે. તેનાં પાન નાનાં ઝીણાં પંખાના આકારનાં આંચવાળાં હોય છે, તેને ઝીણાં બોળ બે ફાડનાં બી આવે છે. તેને ધાણા કહે છે. ધાણાને ખોખરા કરી વાવવાથી બોજ દિવસમાં કોથમીર ઊગે છે. આપણા દેશમા તે મસાલા તરીકે વપરાય છે તથા તેનાં લીલાં પાનની ચટણી થાય છે. ધરણ પ તેમાં સુગંધી હોય છે. ધાણા વાવવા વરસાદની મોસમ પાડી રેતીવાળી પોચી જમીનમાં ખૂબ ઊંડી બેડ કરી ખાતર નાખી ક્યારા બાંધવા. તેનાં બીબાં ભીને કાઢ્યાં કરીને વાવવ.થી તુરત ઊગે છે. ધાણા છૂટા છૂટા વાવવાથી તેના રોપા મોટા થઈ તેમાં ધાણા થાય છે. તે સ્વાદિષ્ટ અને પિત્તશામક છે. તે પેટની પીડા મટાડનાર, પેશાબ વધારે લાવનાર, પાચક અને કામોદ્દીપક મનાય છે. તે ઊધ લાવનાર અને છાતીમાંથી કફ કઢનાર પણ મનાય છે. ચરકસંહિતામાં ધાણાને તૃષાનિગ્રહણ અને હરદીને બંધ કરનાર વર્ણવેલ છે. સુશ્રુતમાં એને સર્વજ્વરનાશક,

દીપક, દાહનાશક, અરુચિનાશક અને ઊલટી બંધ કરનાર કહેલ છે.

કોથમીરની ભાજી સ્ત્રી. ભોજનની એક વાની. તે બનાવવા ૭૫ રૂપિયાભાર કોથમીરને ચોખ્ખી કરી ધોઈ નાખી એક વાસણમાં નાખવી. ત્રણ રૂપિયાભાર ઝીણા સમારેલા કાંદા, સોળ માસા ઝીણાં સમારેલાં લીલાં મરચાં તથા સોળ માસા મીઠું એટલી ચીજો ભાજીમાં ચોળી તેમાં સવા શેર પાણી રેડી વાસણ ચૂલા ઉપર મૂકી નીચે તાપ કરવો ભાજી ચડી રહેવા આવે એટલે તેમાં દોઢ રૂપિયાભાર આમલીનું પાણી નાખી થોડી વાર રહેવા દઈને નીચે ઉતારી લઈ બીજું વાસણ ચૂલા ઉપર મૂકવું. પછી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે ઠરે એટલે તેમાં આઠ માસા સમારેલા કાંદા, બીજા લીંબડાની એક ડાંખળી, ચાર માસા રાઈ તથા દોઢ માસો હિંગ નાખી કાંદા લાલ થાય એટલે તેમાં ભાજી વઘારી દેવી તથા તેમાં આઠ માસા ચણાનો લોટ અને આઠ માસા કોથમીર નાખી કડછીથી હલાવી નીચે ઉતારવી.

કોથમીરનો ~ કીડો (કોથમીરનો કીડો) પું. પાંખવાળું માંકડ જેવું એક જાતનું જંતુ.

કોથલા ૧. [હિં.] પું. કોથળો.

૨. પું. ગજવું; ખીસું.

૩. પું. પેટ; જઠર.

કોથલાડવું (કોથલાડવું) સ. ક્રિ. બગાડવું.

કોથલી જુઓ કોથળી.

કોથળી ૧. સ્ત્રી. કાનની બૂટ; કર્ણપાલી.

૨. સ્ત્રી. ચામડું, કપડું, કાગળ કે બીજી કોઈ પટદાર વસ્તુનાં બે પડને બે બાજુઓથી અને તળેથી સીવી લઈ એક બાજુ ખુલ્લી રાખી હોય એવી બનેલી; થેલી; નાની કોથળી.

૩. સ્ત્રી. થેલી; કોષ.

૪. સ્ત્રી. પૈસા રાખવાની થેલી.

૧. કોથળો છોડામણી = નાણાં બાબે લેતી વખતે ધીરનારને અપાતી અમુક રકમ.

૨. કોથળી માંડવી = વેપાર કરવો.

૩. કોથળીએ મેળા = હિસાબ લખ્યા વિના રાખેલ મેળ.

૪. કોથળીનું મોં સાકડું = કંજૂસ

૫. સ્ત્રી. વૃષણ; અંડકોષ; પુરુષની કોથળીમાં રહેલી બે ગોળી જેવી બે ગ્રંથીઓ હોય છે તે.

૬. સ્ત્રી. હજામનાં ઓજારો, નેરણી, કાતર જેવાં સાધનો રાખવાની થેલી.

કોથળા ફેરવવી = હજામનો ધંધો કરવો.

૭. સ્ત્રી. હજામની સંજ્ઞા.

કોથળીવાળી સ્ત્રી. કોથળીવાળાની વહુ. હજામડી.

કોથળીવાળો પું. હજામ.

કોથળીસંધ સ્ત્રી. જમીન ઉપરનો ચટાપ. હાલ જેમ સેકડે અમુક ટકા ચટાવ આપવામાં આવે છે તેમ અગાઉ જમીનદારો પાસેથી મહેસૂલ વસૂલ કરી સરકારમાં ભરતાં દરેક કોથળાએ અથવા દરેક હજારે ભરનારાઓને અમુક રકમ વટાવ તરીકે પાછી આપવામાં આવતી.

કોથળો ૧. [સં. કોષ; હિં. કોથલા; દે. પ્રેથલો] પું. ચામડું અથવા કપડું બે પડે ત્રણ બાજુથી સાંધી લઈને બનાવેલી ખોળ; થેલો; મોટી કોથળી.

૧. કોથળા જેવું = ઢીલું.

૨. કોથળો ઘાલવું = (૧) ચર્ચા બંધ કરવી. (૨) ઠેકાણે મૂકી દેવું. (૩) સંતાડવું; છુપાવવું.

૩. કોથળો સાંધ્યો = કન્યાપક્ષ તરફથી વેવાઈને લગ્ન મરિનાં પોતાનાં સગાંઓને જૂંટવવા માટે આપવામાં આવતી રકમ.

૪ કોથળો જવું-કોથળો કરવો = (૧) કેદ કરવું. (૨) કોથળામાં મસાલો વગેરે ભરી વસ્તીમાં ફરતાં ફરતાં તે વેચવાનો ધંધો કરવો.

૨. પું. પેટ.

૩. પું. બીબનો બંડિયો; અનાજ વગેરે ભરવાની કોઠારની થેલી.

કોધો પું. ગુસ્સો.

કોઢ ૧. સ્ત્રી. ચામડી; કૂથલી.

૨. ન. અનાજ.

કોઢક [કા.] પું. નાનો છોકરો.

કોઢગર [કા.] પું. ખોદનાર.

કોઢડ (કોઢડ) ન. દાણાબાંધના વપારવાળો ઓરવાડ.

કોઢરખના સ્ત્રી. ચોરાસી જ્ઞાતિઓની એ નામની એક જ્ઞાતિ.

કોઢરમસી ન. એક જાતનું ઘાસ.

કોઢરસ પું. કાંદો; કૂજણી.

કોઢરા [સં. કોદ્રવ; પ્રા. કુદ્રવ] પું. ન. બ. એક જાતનું અનાજ; કોદરા. તેની ચાર જાત: રામેશ્વરી, શિવેશ્વરી, હરકોરણી અને માંજર. કોદરાના દાણા રાઈથી મોટા, લાલ અને કોતરીવાળા હોય છે. એ બગડતા કે સડતા નથી દુકાળ માટે અસલ કોદરાની મોટી વખારો ભરી રાખવામાં આવતી. તે સાધારણ રીતે ગરીબ લોકોમાં વપરાય છે. કોદરાને બકરી માફક મૂંગું થઈ અંદરથી સણી નીકળી ઉપર કૂંડી) આવે છે. કોદરાની કંડી કાગી આવે એટલે કોદરા તૈયાર થયા સમજવા.

દુકાળમાં કોદરા મોંઘા–કાળમાં કોદરા વહાલા લાગે = તંગીને વખતે બરાબ અથવા હલકી વસ્તુ પણ સારી લાગે.

કોદરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ.

૨. સ્ત્રી. કોદરાને ભરડતાં તેમાંથી નીકળતા રાઈ જેવા ઝીણા અને ધોળા કણ; કોદરાનો છોડા વિનાનો દાણો

કોદરો ૧. પું. એક જાતનું અડધાન્ન. તે ગરીબ લોકો ખાય છે. તે વાતલ, ગ્રાહી, શીતળ, પિત્તહર અને ગ્રહકારક મનાય છે.

૨. પું. એક જાતનું ઝાડ. તેની છાલ ભરખી રંગની અને અંતરછાલ સફેદ રેસાવાળી હોય છે. તેનાં ફૂલ નારંગી રંગનાં હોય છે અને ફૂલમાં બેથી ત્રણ ઉંચ લાંબી પાતળી શીંગ થાય છે. શીંગમાં કાળાં કરચલીવાળાં ચણા જેવડાં બીજ હોય છે.

૩. પું. એક જાતનો છોડ. એનાં પાન લાંબાં, સાકડાં અને અણીવાળાં હોય છે. કૂલની ચમરી ઘણું કરી બબ્બે સાથે હોય છે. એની ચાર જાત: રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર અથવા મેણા. મેણા કોદરા ખાવાથી કેફ ચડે અને ઊલટી ને ઝાડા થાય.

કોદરીઆ પું. કોવાડા ચોરાસી મચ્છનો એ નામનો એક પેટા મચ્છ.

કોદંડ ૧. પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં.] પું. કામઠું; ધનુષ; ચાપ.

૩. પું. રામાવતાર.

૪ પું. (ગણિત) વર્તુળના પરિઘ ઉપરનાં કોઈ પણ બે બિંદુને સીધી લીટીથી જોડવાથી વર્તુળના ક્ષેત્રના બે ટુકડામાંથી કોઈ પણ એક ટુકડો.

૫. પું. (જૈન) ભવનપતિ દેવતાની સોળ આંહેની એ નામની એક જાતિ.

૬. પું. સાંગ; બરછી જેવું એક હથિયાર.

૭. ન. (જ્યોતિષ) ધન રાશિ.

૮. ન. ભમર.

કોદંડકળા [સં.] સ્ત્રી. ધનુર્વિદ્યા.

કોદંડી પું. શિવનાં હજાર આંહેનું એક નામ.

કોદાર પું. એક જાતનું ધાન્ય.

કોદારો પું. એક પ્રકારનું ઝાડ

કોદાળી ૧. વિ. કદરૂપું; લાંબા હોઠવાળું.

૨. વિ. બાઘિયું; બાઘોડું; બાઘાપુખાર.

૩. વિ. જંગલી; અવિવેકી.

૪. વિ. રોંચું; ગમાર; બહુ બુદ્ધિવગરનું; મૂર્ખ.

કોદાળવું ૧. સ. ક્રિ. ખાવું.

૨. સ. ક્રિ. બોદાવવું.

કોદાળી [સં. કુદાલ] સ્ત્રી. ખોદવાનું લાકડાના હાથા અને લોખંડના ફણાવાળું ઓજાર.

કોદાળો [સં. કુદાલ] પું. મોટી કોદાળી; પાને સાંકડું પણ લાંબા ચપટા ફણાનું ઓજાર.

કોદિયું વિ. બિ. કદરૂપું બોલનાર.
૨. વિ. ખેપો કરનાર; ધર્યા કરનાર.
૩. વિ. ચાડિયું; નિંદા કરનાર.

કોદિલિયા પું. રોવડા ચોરાસી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

કોદી ૧. સ્ત્રી. ઘરડી ભેંસ; ડોબું.
૨. અ. કોઈ દિવસ; કોઈ વાર; ક્વચિત્.

કોદુઆ ૧. પું. પદ્મકાળું; કોળું.
૨. પું. પુરુષની મૂત્રેંદ્રિય.

કોદું ૧. ન. કઠણ નહિ તેમ પ્રવાહી નહિ તેવું નરમ ગોળાકું મિશ્રણ.
૨. ન. ઘરડી ભેંસ; ડોબું; બોદું અથવા નહિ જેવું દૂધ આપનારી ભેંસ.
૩. ન. ઢોર ન ખાય તેવું નકામું ઘાસ.
૪. ન. ભેળાં કરેલ દાળજાતનો જમતાં વધેલો ઓઠવાડ.

કોદો ૧. પું. એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં, સાંકડાં ને અણીવાળાં હોય છે. તેમાં ઝીણા ઝીણા દાણા થાય છે.
૨. પું. કૂચો; કચરો.
૩. [સં. કોદ્રવ] પું. કોદરો; એક જાતનું અનાજ.
૪. પું. કોદાળ બાકળી; રોંચો.
૫. પું. દહીં કે દૂધમાં રોટલો ગોળવો તે.
૬. વિ. બગડેલ; ખરાબ.

કોદ્રો [સં. કોદ્રવ] પું. કોદરો; એક જાતનો દાણો.
કોદ્રોના ભાત = નજીવી વસ્તુ.

કોદ્રવ [સં.] પું. એક જાતનું ધાન્ય; કોદરો.

કોદ્રવક જુઓ કોદ્રવ.

કોદ્રો પું. કોદરો; એક જાતનું હલકું ધાન્ય.

કોધું વિ. કોહેલું; બગડેલું; સડેલું.

કોન ૧. [હિ.] પું. ખૂણો; આંચો; કોણ; બે જુદી જુદી દિશા વચ્ચેનો સંધિ.
૨. પું. ઝૂંસરીને ડાગવા સાથે કબજે રાખવાનું સાધન.
૩. પુ. નવની સંજ્ઞા. દલાલો આ સંકેત વાપરે છે.
૪. પુ. પડખાંની દીવાલ.
૫. [સં. કઃ] સ. કોણ; કયું; કયવું; માણસને ઓળખવા અથવા જાણવાને માટે પ્રશ્નાર્થે વપરાતું સર્વનામ.

કોનકચોલા [હિ.] પું. ખૂણોખાંચરો.

કોનટિઅપાત્ર ન. એ નામનું પામની જાતનું સોનેરી ઝાડ.

કોનટેનબો પું. શેરબજારમાં પતાવટના વખ માંહેનો પહેલો દિવસ. તે દિવસે જે ગ્રાહક વાયદાની પતાવટ કરવા ન ધજતો હોય તે પોતાના દલાલને બદલો કરવાનું કહે છે.

કોનડોર ન. અમેરિકનું ગીધ.

કોનફ્રેણ ન. રતાળુ; સકરકંદ; મીઠા સ્વાદવાળું એક કંદ.

કોનબી સ્ત્રી. એક જાતનું ઘણું નાનું જીવડું.

કોનમ ન. લંગોટી; કચ્છ. ખલાસના લોકો તે પહેરે છે.

કોનમા ૧. સ્ત્રી. બવાસની એ નામની જાત.
૨. ન. એ જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કોનયાક ૧. સ્ત્રી. આસામની એ નામની જંગલી લોકોની એક જાત. વસ્તુમારમાં તેઓ નાકમાં બૂટિયાં અથવા માથાના વાળમાં ચિંથરાં ભરાવે છે અને કંઠ ઉપર હાથીદાંતના કટકા પહેરે છે. તેઓ લંગોટી ઉપરાંત વિશેષ વસ્ત્રો પહેરતા નથી. તેઓ પાતળી વેલ આસપાસ વાંસની પટી વીંટે છે.
૨. ન. એ જાતનું માણસ.
૩. વિ. એ નામની લોકોની જાતનું.

કોનવત વિ. સીધું.

કોનસંધિ પું. ઊભા લાકડાનો એક જાતનો સાંધો.

કોનસેલ જુઓ કોન્સેલ.

કોના ૧. પું. આંચાવાળો કિનારો.
૨. [સં. કોણ] પું. (ગણિત) ખૂણો.
૧. બાહરી કોના = બહારનો ખૂણો.
૨. સકડા કોના = ૯૦ અંશથી ઓછો ખૂણો.
૩. પું. ઘર.
૪. પું. છુપ સ્થાન.
૫. પું. લંબાઈ અને પહોળાઈ જ્યાં ભેગી થતી હોય તે આંચાની જગ્યા.
૬. સ. કેનું.

કોનાકમન પું. કનકે મુનિ.

કોનાચ પું. ખૂણો.

કોનાલક [સં.] પું. એક જાતનું જળચર પક્ષી.

કોનિયા વિ. ખૂણાવાળું.

કોની ૧. પું. આંખનો ખૂણો.
૨. પું. રેશમના કીડાનો કોશેટો.
૩. સ્ત્રી. કોણી.
૪. સ્ત્રી. હથેળીની આંખ.
૫. ન. શિંગોડા.
૬. વિ. વાંકા હાથવાળું.

કોનું ૧. વિ. કોયનું.
૨. વિ. કોણનું; કોને અથવા કોણનું છઠ્ઠી વિભક્તિનું એકવચન; કેનું.
૧. કોના બાપની મુજરાત ? = (૧) કોઈને કાંઈ સંબંધ ન હોય એવું. (૨) દરકાર ન કરવાપણું.
૨. કોના બાપની દીવાળી ? = બીજાના પૈસે ઉજાણી.
૩. કોની માય, કોનું બાપ, કાંકે તેનું નખોદ જાય = બીજાની ખોટ માટે લાગતું વળગતું નહિ.

કોનેદાર વિ. ખૂણાવાળું; બે દિશા કે બાજુ વચ્ચેના ભાગનું.

કોનેરી સ્ત્રી. ખૂણો.

કોનેસી ન. એક જાતનું ફળ.

કોન્કેવ [અં. કોન્કેવ] વિ. અંતર્ગોળ; વર્તુળાકાર બાડાવાળું.

કોન્ક્રીટ ૧. [અં. કોન્ક્રીટ] ન. કાંકરી તથા મગિયાનું મિશ્રણ.
૨. ન. પથ્થરના ભૂકાનું રેતી સાથેનું પાકું બનેલું મિશ્રણ.

કોન્ગ્રેસ [અં. કોન્ગ્રેસ] સ્ત્રી. પ્રતિનિધિ સભા; મહાસભા.

કોન્ગ્રેસમેન [અં. કોન્ગ્રેસમન] પું. મહાસભાનો સભ્ય

કોન્ગ્રેસવાદી વિ. કોન્ગ્રેસપક્ષનું.

કોન્ઝરવેટિવ [અં. કોન્ઝરવેટિવ] વિ. રૂઢિચુસ્ત; જુનવાણી પક્ષનું.

કોન્ટિનેન્ટલ [અં. કોન્ટિનેન્ટલ] વિ. ગ્રેટ બ્રિટન અને આયર્લંડ સિવાયના યુરપનું; ખંડસ્થ.

કોન્ટેક્ટ પ્રેશર [અં. કોન્ટેક્ટ પ્રેશર] ન. બે દબાવવાથી વીજળીનો પ્રવાહ ફેલાતો અટકી જાય તે બટન; સંબંધ તોડનાર ચાંપ.

કોન્ટ્રાસ્ટ [અં. કોન્ટ્રાસ્ટ] પું. વિરોધ; વિરોધદર્શક સરખામણી.

કોન્ટ્રેક્ટ ૧. પું. ઈજારો.
૨. પુ. કરાર; લખત; કરાર.
૩. [અં. કોન્ટ્રેક્ટ] પું. શરતોથી કામ રાખવું તે.

કોન્ટ્રેક્ટ નોટ [અં. કૉન્ટ્રૅક્ટ નોટ] સ્ત્રી. કોન્ટ્રેક્ટ નોંધવાની નોટ; કન્સાલવહી; કબ્લાપોથી.

કોન્ટ્રેક્ટર ૧ [અં. કૉન્ટ્રૅક્ટર] પું. ઇજારો રાખનાર; કંટ્રાટી; ઇજારદાર.

૨. પુ. કર.ર કરન.ર

કોન્ટ્રેક્શન [અં. કૉન્ટ્રૅક્શન] ન. સંકોચ

કોન્ડર ન. એક જાતનું ગીધ; દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પર્વત ઉપર રહેતું એક જાતનું પક્ષી.

કોન્ડલ્સ ન. એક પ્રકારનું ઝાડ.

કોન્ડા ન. કરમદાં.

કોન્ડીલેક પું. એ નામનો એક ફ્રેંચ ફિલસૂફ. વિશ્વના સંપર્કમાં આવતાં ઇંદ્રિયોને થતા અનુભવો એ નામનું પુસ્તક તેણે લખ્યું છે.

કોન્ડૂમ [અં. કૉન્ડૂમ] ન. બીલમાં તાણ્યા ખાતામાં કાંઈ આપવાનું યંત્ર.

કોન્ફરન્સ [અં. કૉન્ફરન્સ] સ્ત્રી. પરિષદ; સભા; સમિતિ.

કોન્ફિડેન્શ્યલ [અં. કૉન્ફિડેન્શ્યલ] વિ. ખાનગી; ગુપ્ત.

કોન્ફીડરેશન [અં. કૉન્ફીડરેશન] ન. મંડળ.

કોન્ફ્યુશિયસ પું. ચીનનો એક મહાન ધર્મ સંસ્થાપક. તે બુદ્ધનો સમકાલીન મનાય છે.

કોન્ધક સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષાનું નામ. નગસંગીઆ, લોરદુરીઆ અને મુતોનીઆ તેની શાખાઓ છે.

કોન્વેક્શન [અં. કૉન્વેક્શન] ન. પ્રવાહી અથવા હવામાં ભીનું મારફત એક ઠેકાણેથી બીજે ઠેકાણે થતો ગરમીનો ફેલાવો

કોન્વેક્સ [અં. કૉન્વેક્સ] વિ. બાહ્યગોળ.

કોન્વોઈ [અં. કૉન્વૉઇ] ન. વહાણવું વહાણ કે વિમાન.

કોન્વોકેશન ૧. [અં. કૉન્વોકેશન] ન. ઉપાધિઓ પ્રદાનમત કરવા માટે વિદ્યાપીઠનું વાર્ષિક સંમેલન.

૨. ન. ખ્રિસ્તી ધર્મગુરુઓનું સંમેલન.

કોન્સર્ટ [અં. કૉન્સર્ટ] પું. જલસો; સંગીત અને વૃંદ વગેરેની મિજલસ.

કોન્સર્ટીના [અં. કૉન્સર્ટીના] ન. અષ્ટકોણ આકૃતિનું એક જાતનું વાદ્ય. તે હાથથી પકડવું બોલી બંને બાજુએ આવેલી ચાવીઓ દબાવવાથી વગાડાય છે. તે સ્પેનમાં વધારે છે.

કોન્સલ ૧. [અં. કૉન્સલ] પું. નાના રાજ્યમાં મોટા રાજ્યનો રહેલો એલચી.

૨. પું. પ્રજાસત્તાક રાજ્યના મુખ્ય બે મેજિસ્ટ્રેટ માહેનો દરેક.

૩. પું. વકીલ; બેરિસ્ટર.

૪. પું. સલાહ.

૫. પું. સલાહકાર.

કોન્સેલ ૧. [અં] પું. બાબત સંબંધી અભિપ્રાય આપનાર.

૨. પું. સલાહ; મસલત; મંત્ર.

કોન્સ્ટેંટિનોપલ ન. તુર્કસ્તાનનું એક મોટું શહેર; કૉન્સ્તાંતુલ.

કોન્સ્ટેબલ ૧. [અં. કૉન્સ્ટેબ્લ] પું. ઇંગ્લંડનો એ નામનો એક મહાન દૃશ્યચિત્રકાર. તેણે તાદૃશ્યવાદનો ચીલો ચલાવ્યો હતો.

૨. પું. પોલીસખાતાનો અમલદાર; જમાદાર; સિપાઈ; કોટવાળ; રક્ષક; દંડધર.

કોપ ૧ [સ] પું. ક્રોધરાજ; ખા.

૨ પું. ક્રોધ; ગુસ્સો

૩. [અં. કપ] પું. પ્યાલો.

૪. પું. બાવકર નારણકારક આહત કોપ થતો = નારણકારક આહત ગુજરવી.

૫. પું. (વૈદક) શરીરની ધાતુઓનો વિકાર.

૬. પું. સૂત્રધરનું એક અંગ.

૭. પું. સંતાપ; ઉદ્વેગ.

કોપક [સં.] પું. મંત્રોના ઉપરેતથી અથવા રાજદ્રોહી મંત્રોના અનાદરથી થતો લાભ

કોપક્રમ ૧. પું. કોપનો ક્રમ.

૨. [સં.] ન. સૃષ્ટિ.

કોપગૃહ [સં] ન. રિસાઈને બેસવાની કોટડી.

કોપચક્ષ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કોપજ્વલિત [સં.] વિ. ગુસ્સામાં આવેલું; ક્રોધથી સળગેલ.

કોપજ્વાલા [સં.] સ્ત્રી. ગુસ્સાની જ્વાળા; ક્રોધનો અગ્નિ.

કોપટી ૧. સ્ત્રી. ચોપડી; અપોટી.

૨. સ્ત્રી. રોટલા ઉપરનું પાતળું પડ.

કોપડું ૧. ન. ચૂલા ઉપરનું સુકાયેલ લાકડીનું ઢાંકણું; બિંયડું.

૨. ન. ચૂરમું ખાંડતાં બાકી રહેતી કાંકરી અને કાચું કટકી.

કોપડી (કોપડી) ૧. સ્ત્રી. કોપટી; ચોપડું; પડ.

૨. સ્ત્રી. લાકડીનું ઉપરનું ઊભડવું પાતળું પડ.

કોપણ ન. ચીકણાપણું; કટકટિયાપણું.

કોપદીપ્ત [સં.] વિ. ગુસ્સામાં આવેલું; કોપજ્વલિત.

કોપન ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. ન. ગુસ્સે થવું તે.

૩. ન. રોષવિકાર.

૪. વિ. ક્રોધી સ્વભાવવાળું.

કોપનક ૧. પું. એ નામનો એક સુગંધી પદાર્થ.

૨. [સં.] સ્ત્રી વિસામણી. બાકવા બાંધેલો તો તે ચિરાઈ જાય માટે તેને કોપનક કહે છે.

૩. વિ. ક્રોધી.

કોપના ૧. પું. રાતી કરેણ.

૨. [સં.] સ્ત્રી. કોપવાળી સ્ત્રી; ક્રોધી સ્ત્રી.

કોપની [સં] સ્ત્રી. કોપવાળી સ્ત્રી.

કોપનીય [સં.] વિ. કોપને યોગ્ય

કોપભવન [સં.] ન. ક્રોધ કરીને અથવા રિસાઈને જે સ્થાનમાં માણસ ભરાઈ રહે તે સ્થાન.

કોપયિષ્ણુ [સં.] વિ. બીજાને ક્રોધ કરાવનાર.

કોપયુક્ત [સં.] વિ. કોપ સહિત.

કોપર ૧. સ્ત્રી. નવો કોટો.

૨. [અં. કૉપર] ન. તાંબું.

કોપર ઓક્સાઇડ [અં. કૉપર ઑક્સાઇડ] ન. તામ્રજારેય; તાંબું તથા પ્રાણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કોપર ક્લોરાઇડ [અં. કૉપર ક્લોરાઇડ] પું. તામ્રજારેય; તાંબું તથા નિર્ગુણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કોપર નાઇટ્રેટ [અં. કૉપર નાઇટ્રેટ] પું. તાંબું તથા યવોક્ષાર મિશ્રિત એક સંયુક્ત ક્ષાર; તામ્રયવીય.

કોપરનિકસ ૧. પું. એ નામનો એક જ્યોતિષશાસ્ત્રી.

૨. પું. ચંદ્રમાની સપાટી ઉપર આવેલો એક જ્વાળામુખી

કોપરબરાસ ૧. ન. તાંબાપિત્તળના મિશ્રણથી બનાવેલી એક મકમકાટવાળી મિશ્ર ધાતુ; જર્મનસિલ્વર જેવી એક મિશ્રધાતુ.

૨. વિ. માલ વગરનું; તકલાદી.

૩. વિ. વર્ણસંકર; ભેળસેળવાળું

કોપર સલ્ફેટ [અં. કૉપર સલ્ફેટ] ન. મોરથૂથુ.

કોપરાટવું સ. ક્રિ. કોણીએ કોણીએ મારવું; કોણીઆટવું.

કોપરાપાક ૧. પું. મારું; ફેંકવું તે; ઘિક્કા.

૨. પું. લીલાં તાજાં કોપરાંના ખમણને બાજુ સાથે ચાસણીમાં નાખી બનાવેલી એક જાતની મીઠાઈ.

કોપરિયું ૧. ન. કોપરી.

૨. ન. ખેતરમાં ખેડ કરતી વખતે રોઢા તરફ વધતી ત્રાંસી જમીન.
૩. વિ. કોણવાળું; ખૂણા પડતું.

કોપરિયો પું. એક જાતનો આંબો.

કોપરી સ્ત્રી. ખોપરી; માથાની તાલકી; માથા ઉપરનો ગોળ ભાગ. તેમાં મગજ રહે છે.

કોપરું ન. કોપરું.

કોપરું ૧. ન. નાળિયેરની અંદરનો ધોલો અથવા સૂકો ગર; ટોપરું. તે પૌષ્ટિક છે. તેની અંદરનું પાણી શીતળ અને મૂત્રલ છે. તેમાંથી નીકળતું તેલ મલમ બનાવવાના કામમાં આવે છે. તેમાં કેશવૃદ્ધિ કરવાનો ગુણ છે. મૂત્રકૃચ્છ્ર અને પલાટ ઉપર નાળિયેરનું પાણી પવાય છે.

૧. કોપરાં લેખવાં = ઊંઝાં આવાં.

૨. કોપરાંનું શાક = એક જાતની આવાની વાની. ત્રણ ધોલાં નાળિયેર ભાંગી તેમાંથી કોપરાંનું ખમણ કાઢી તેમાં સવાછ રૂપિયાભાર કાંદા બારીક સમારી નાખવા. પછી ચાર માસા સાંઠાં મરચાં, બે માસા જીરું, ચાર માસા ધાણા, આઠ માસા કોપરું અને બે માસા હળદર ઝીણી ચીન્ને વીસા સાતળીને ત્રીજી વાટી, તેને સાડીસાડત્રીસ રૂપિયાભાર પાણીમાં ગોળી, તે પાણી તથા આઠ માસા મીઠું ઉપરના શાકમાં નાખી દેવું. પછી તે વાસણ ચૂલા ઉપર મૂકી નીચે સાકું જાળવું કરી શાક ચડે એટલે નીચે ઉતારવું અને બીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે ઠરે એટલે તેમાં ત્રીજા સમારેલા આઠ માસા કાંદા, આઠ માસા જીરું અને બીજા ઘીમકાની એક ડાંખળી નાખવી. કાંદા લાલ થાય એટલે ઉપરનું શાક તેમાં વઘારી દઈ તેમાં આઠ માસા કોથમીર અને આઠ માસા ભાજીનો ઝોટ નાખી ઠડાઈથી હલાવી નીચે ઉતારવું.

૨. ન. બારીબારણાનું ચણતરનું પડખું.

કોપરાં ખાવવાં = મોસકાના પાણીમાં બાંધો મારવો

કોપરેલ ન. કોપરામાંથી કાઢેલું તેલ. ટોપરાનું તેલ. તેમાં વાળ વધારવાનો ગુણ છે. તે મલમ બનાવવાના કામમાં આવે છે. તે કોઢ લીવર તેલને સ્થાને પણ વપરાય છે.

કોપર્નિકસ ૧. પું. એ નામનો એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી. તેણે પૃથ્વી સૂર્ય આસપાસ ફરે છે તે સિદ્ધાંત પ્રચલિત કર્યો. તેની પછી કેપ્લર અને ન્યૂટને આ સિદ્ધાંતને સાબિત કર્યો. તેનો જન્મ ઈ સ. ૧૪૭૩માં પ્રશિયામાં થયો હતો. ગ્રહસ્થિતિનાં ખરાં તત્ત્વનું જ્ઞાન જગતને પ્રથમ કરાવવાનું માન તેને મળે છે. સૂર્યની આસપાસ ગ્રહોને ફરવાનો ક્રમ પદ્ધતિ પ્રમાણે શુક્ર, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ અને શનિ એવો છે. તેણે ગ્રહકક્ષા તદ્દન વર્તુળ કે ગોળ માનેલી હતી અને તેને લીધે ગ્રહગતિ ઓછી વધતી થાય છે. તેની વિશ્વરચના વિવેચન પદ્ધતિનાં મુખ્ય તત્ત્વો બે છે: (૧) આકાશમાં રહેલ બધી જ્યોતિની દૈનંદિન ગતિ કેવળ ભાસમાન છે. પૃથ્વીના અક્ષભ્રમણને લીધે તે ભાસ થાય છે. (૨) પૃથ્વી એ એક ગ્રહ છે. તેની સાથે સર્વ ગ્રહો સૂર્યની આસપાસ વર્તુલ માર્ગે ફરે છે. સૂર્ય એ વિશ્વનું મધ્ય છે. ૨. પું. ચંદ્રમાની સપાટી ઉપર આવેલો એ નામનો એક જ્વાળામુખી પર્વત. તે ૧૧,૩૦૦ ફૂટ ઊંચો છે. તેના જ્વાળા નીકળતા મુખની ખાસ વિશિષ્ટતા એ છે કે તેમાંથી નીકળતી તેજની ઘણી લીટીઓ ચારે દિશામાં ફેલાય છે અને તે પૂનમને દિવસે પૂર્ણ ચંદ્રમા વખતે દેખાય છે. ચંદ્ર ઉપર આવા અનેક પર્વતો છે. પર્વતના મધ્યભાગમાં સપાટ જગ્યા હોવાથી તેની આસપાસ ભીંતનો ઓટ દેખાય છે. તેનો વ્યાસ આશરે ૫૦ માઈલ છે. સુદિ આઠમ પછી આ પર્વત દેખવા માટે છે.

કોપલ ૧. પું. એક જાતનો રંગ.

૨. સ્ત્રી. એક જાતનો વેલો; ચરણી. તે વધારે લાંબો થતો નથી. તેનાં પાન સંયુક્ત, ફૂલ સુશોભિત આસમાની રંગનાં અને શીંગ ચપટી, બંને છેડે અંદર જવાર વાંક લેતી ચારેક ઇંચ લાંબી હોય છે. તેમાંનાં દાણા પીળા મિશ્રિત ચપટા નાના બી દરવાં અને તેલવાળાં હોય છે.

૩. સ્ત્રી. કોંટો; અંકુર; કૂંપળ.

૪. વિ. ગુસ્સામાં આવેલું. કોપે ભરાયેલું.

૫. વિ. વિષણી; કામાતુર.

કોપલતા સ્ત્રી. પ્રસારિણ નામની વેલ.

કોપલી ૧. સ્ત્રી. એક જાતનો રંગ.

૨. વિ. એક જાતના રંગનું.

કોપવાન ૧ વિ ગુસ્સે થયેલું; કોપે ભરાયેલું

૨. વિ. વિષણી, કામાતુર.

કોપવું (સ કુપ્) અ. ક્રિ કોપ.વમાન થવું; ગુસ્સે થવું

કોપવેગ પું. (પુરાણ) એક નામનો એક ઋષિ.

કોપવેજ પું. ગુસ્સો; આવેશ; વેગ.

કોપવેણુ ન. ગુસ્સા ભરેલું વચન.

કોપવૈરિ [સં.] પું. અજથિયાનું ઝાડ.

કોપશીલ વિ. ગુસ્સે થાય તેવું.

કોપસમાન [સં.] ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર.

કોપહારી પું. બંગાળમાં થતો એક જાતનો આંબો.

કોપા પું. પંદર ગુરુ અને બ્યાશી લઘુ મળી સત્તાણું વર્ણનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે.

કોપાકુલ [સં.] વિ. બહુ કોપવાળું; બહુ ગુસ્સે થયેલું.

કોપાક્રાંત જુઓ કોપાકુલ.

કોપાગ્નિ [સં.] પું. ઘણો ગુસ્સો; કોપાગ્નિ; કોપરૂપી જ્વાળા.

કોપાત્મક [સં.] વિ. કોપાયમાન; ગુસ્સે થયેલું.

કોપાનલ જુઓ કોપાગ્નિ.

કોપાનળ જુઓ કોપાગ્નિ.

કોપાન્વિત જુઓ કોપાત્મક.

કોપાયમાન જુઓ કોપાત્મક.

કોપાવિષ્ટ [સં.] વિ. ગુસ્સાના આવેશમાં આવેલું, કોપ પામેલું; કોપે ભરાયેલું; દઝેલું

કોપિ [સં. કः + અપિ] સ. કોઈ; કોઈ પણ.

કોપિત [સં.] વિ. કોપેલું; ગુસ્સે થયેલું; કોપાયમાન.

કોપિની [સં.] સ્ત્રી. ગુસ્સે થયેલી સ્ત્રી.

કોપી ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. એક પ્રકારનો સદીનું રાગ.

૩. [અં.] સ્ત્રી. અક્ષરમાળા.

૪. [અં.] સ્ત્રી. ચોરી.

૫. [અં.] સ્ત્રી. નકલ; ઉતારો; પ્રતિલેખ.

૬. [હિં.] વિ. કોઈ પણ; કોપિ.

૭. વિ. કોપી; કોપ કરનાર.

કોપીન ૧. પું એક જાતનું પક્ષી

૨. પુ. એક પ્રકારનો સદીનું રાગ.

૩. પું. આંધો; સાધુ.

૪. ન. અયોગ્ય કામ.

૫. ન. ગુપ્ત અવયવ

૬. ન. ચીર; વલ્કલ.

૭. ન. પાપ; ગુનો

૮. [સં કૌપીન] ન. સન્યાસી બ્રહ્મચારીને લંગોટી માટેનું ટુકડા જેવું વસ્ત્ર; લંગોટી.

કોપીન નાખવું મુકવું = કોઈને ઘેર વગર આમંત્રણે ભોજનને માટે ધામા નાખવા.

૯ વિ કોપી; કોપી કરનાર.

કોપીબુક [અં. કોપીબુક] સ્ત્રી. અક્ષરપોથી; દોપિસ્તા.

કોપીરાઇટ [અં. કૉપીરાઇટ] પું. મંજૂરસ્વામિત્વ; છપાવવા, પ્રસિદ્ધ કરવા વગેરેનો આસ્વો હક્ક; એકસ્વ્યુ હક્ક.

કોપુ ૧. ન. આંધ્ર દેશની ગ્રામ્ય કોમના માણસનો રાજપુત્કાર.

૨. ન. માથું ઓળવાની રીત.

કોપેક પું. રશિયામાં ચાલતો એક સિક્કો.

કોપેન સ્ત્રી. કાશુલ નદીનું પ્રાચીન નામ.

કોપો પું. કોણી.

કોપોકે ન. ટાંગાનિકામાં થતું એક જાતનું ઝાડ.

કોપ્ટિક સ્ત્રી. સેમિટિક મહિની એક લિપિ.

કોપ્ય [સં.] વિ. ગુસ્સે થાય એવું.

કોપ્રા ન. ટોપરું; કોપરું.

કોફેણી ન. એક જાતનું રાજ્ય.

કોફેરાન [અ.] ન. પ્રપંચ; છળકપટ.

કોફિન સ્ત્રી. શબ રાખવાની પેટી.

કોફિયા સ્ત્રી. પાવડી; માથે બાંધવાનું વસ્ત્ર.

કોફિલા સ્ત્રી. એ નામનું એક ઝાડ; પંજુ; શેરડી.

કોફી ૧. સ્ત્રી. ખુંદણણા; એક જાતનાં ઝાડનાં બીજ.

૨. સ્ત્રી. ખુંદણણાનો ઉકાળો.

૩. સ્ત્રી. શેકેલા ખુંદણણાનો ભૂકો.

૪. ન. એક જાતનું રાવણાં જેવું ફળ.

કોફીખાનું ન. જ્યાં કોફી વગેરે પેટા પદાર્થો મળતા હોય એવી દુકાન; હોટેલ.

કોફીશોપ જુઓ કોફીખાનું.

કોફેત (કોફત) ૧. [ફા.] સ્ત્રી. દુઃખ; અળતરા; પીડા.

૨. સ્ત્રી. હેરાનગતિ.

૩. ન. પોલાદ કે કોઈ બીજી ધાતુ ઉપર સોનું કે રૂપું જડવું તે.

કોફેતા (કોફતા) ૧. ન. એક જાતની બાવાની વાની; કબાબ.

૨. ન. બાફેલું માંસ.

કોફેતેગર (કોફતેગર) પું. સોના કે રૂપાથી ભરવાનું પોલાદનું કામ કરનાર માણસ.

કોફેતેગરી (કોફતેગરી) સ્ત્રી. સોના રૂપાથી ભરેલું પોલાદનું કામ.

કોબ ૧. પું. એક જાતનો બોર.

૨. પું. કૂબો; ઘર.

૩. સ્ત્રી. જમીન અથવા માળ ઉપર છો, ઈંટ, ચૂનો અને બીજી મેળવણી એકઠી કરી તેને કોકીને એસાડી દેવી તે; થાપ.

૪ ન. કોકવાનું મોગરી જેવું લાકડું.

૫. વિ. મારતું; બાંડતું.

કોબકારી સ્ત્રી. થાપ; મારવું તે.

કોબડ ન. બીજું; બે પર્વતની વચ્ચેનો ભાગ; બે પહાડ વચ્ચેનો સાંકડો રસ્તો.

કોબા ૧. પું. કૂબો; ઘર.

૨. પું. સુથારનું એક ઓજાર.

૩. પું. બારણાને જડવાનો કડા સાથેનો લોખંડ કે પિત્તળનો દટો.

૪. પું. લાકડાની મોગરી.

કોબાડ (કોબાડ) ૧. વિ. કડવી વાણીવાળું; આખી બોલીવાળું.

૨. વિ. કુરૂપ; કદરૂપું; બદસૂરત.

૩. વિ. બોલું; નિષ્કપટી; ભોટ.

૪. વિ. સાહસિક; સાહસ કરનારું.

કોબાન ૧. [ફા.] વિ. બાંધનાર. સમાસને છેડે વપરાય છે.

૨. વિ મારનાર.

કોબાર જુઓ કોબાડ.

કોબાલ્ટ [અં. કોબાલ્ટ] સ્ત્રી. કેવાતુ ધાતુ; રૂપા જેવી સફેદ એક ધાતુ. આ ધાતુ નિકલની સાથે મળી આવે છે. આકાશમાંથી ખરતા તારાઓ સાથે આ ધાતુ હોય છે. હવામાં તેને કાટ લાગતો નથી. તે રંગ આપવાના કામમાં આવે છે.

કોબાલ્ટ ઓક્સાઇડ [અં. કોબાલ્ટ ઓક્સાઇડ] પું. કેવાતુ પ્રાણિલ; કેવાતુ ધાતુ અને પ્રાણવાયુનું મિશ્રણ

કોબાવાળી ૧. [ફા.] સ્ત્રી. બાંડણિયો; બાંડણી

૨. સ્ત્રી. મારવું તે.

કોબાવાળી સ્ત્રી. કૂબો કરનારી સ્ત્રી; મજૂરણ.

કોબિયા પું. એક જાતનો વેલો. આ વેલો કેલાવાવાળો હોય છે અને એને જાંબુડા રંગનાં ફૂલ આવે છે

કોબી ૧. સ્ત્રી. એક જાતની જમીન. આ જમીનમાં માટી અને રેતી સરખા પ્રમાણમાં હોય છે. એટલે કોબી ગોરાડુ કે બેસર જમીન કહેવાય છે. કાંપાળ કોબી, ગોરાડુ કોબી, ગોરાંટ કોબી, કાંકરિયાળ કોબી, રેતાળ કોબી, બરોળ કોબી, રેતિયાળ કોબી, પોચાળ કોબી, રેચક કોબી અને ઊસર કોબી વગેરે તેના પેટા ભાગ છે.

૨. [હિં.] ન. એક જાતનું ફૂલ; ગોબીનું ફૂલ.

૩. ન. એક શાકભાજી; કોબીચ કોબીજ; કર્ણબી. પોર્ટુગીઝમાં કોબિ શબ્દ એકવચનનું બહુવચન કોબિચ થાય છે અને તે ઉપરથી કોબીજ શબ્દ થયો છે. કોબી વાવવાની જમીન રેતાળ, જ્યાં પાણી ન ભરાઈ રહેતું હોય તેવી અને ભિલકુલ ક્ષાર વગરની હોવી જોઇએ. તેની બધાં બીમાં ઉત્તમ બી અમેરિકન છે. કોબીને બધાંથી વધારે અને ભરપૂર ખાતર જોઇએ. સાધારણ હલકું ખાતર કોબીના પાકને નિષ્ફળ કરે છે. કોબી વાવવાની મોસમ શ્રાવણ, ભાદરવો અને પોષ, મહા મહીનો છે. એક અંદાજ બીમાંથી લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ છોડ થાય છે. જેના રોપ તૈયાર થાય એટલે તૈયાર કરેલા કયારામાં રોપી દેવા. રોપ્યા પછી બાર દિવસે પાણી પાવું અને પંદર દિવસે ગોડવું. કોબી કાર્તિક તથા માગશરમાં અને વૈશાખ, જેઠમાં પાકી તૈયાર થાય છે કોબીમાં ચરબી અગર તેલ, પાણી, નાઇટ્રોજન, ખનીજ વગેરે તત્ત્વો છે. તેની નવેલી કોબી, ઓપાસી કોબી, લાલ કોબી, ફૂલ કોબી વગેરે ઘણી જાતો છે. નવેલી કોબી સીધી રીતે ઊગે છે તેના રોપ કાઢવા થાય છે અને કારખાનામાં નાના મોટા બેસે છે. ઓપાસી કોબીનો દડો ઘણો કડણ, ચપટો, તોલદાર ને મજબૂત હોય છે. આ કોબી ઉત્તમ જાતની કોબી છે અને આપણા લોકો એને બહુ પસંદ કરે છે. લાલ કોબીનું અથાણું ફ્રાન્સમાં કરે છે. રંગે લાલ અને કદે નાની છે. ફૂલ કોબી કે કોબી કુલાવર બધી કોબીની જાતમાં સૌથી વધુ રે સ્વાદિષ્ટ છે

૪. ન. જર્મનમાં આવેલું એક શહેર.

કોબીકરાળી સ્ત્રી કાળા રંગની અને સપાટીથી ભોંયમાં ઊંડે સુધી ૧૦થી ૧૫ ફૂટ ઘાવાળી પણ ઢારોડા કે ફાટ પડે નહિ તેવી એક જાતની જમીન.

કોબીચ જુઓ કોબી.

કોબીચાકુ ન. નાળિયેરી.

કોબીજ [અં. કેબેજ] સ્ત્રી. એક શાકભાજી. જુઓ કોબી.

કોબીતાડ (કોબીતાડ) ન. સોપારીના જેવું એક જાતનું ઝાડ. તેને દ્રાક્ષ જેવાં ફળ આવે છે. તેના કોટલા મંદિરો ગાળો સ્વાદિષ્ટ હોય છે. ફળ કાચાં અથવા પકવાન બનાવીને ખાઈ શકાય છે

કોબું ૧. ન. કોતુકાગાર; કન્યાદાનવિધિ પૂરો થતાં વરકન્યા જે ઓરડામાં જાય તે ઓરડો.

૨. ન ઘૂઘરો

૩. ન તરેલું.

૪. વિ કોઢ.

કોબો ૧. પુ એક વનસ્પતિ.

૨. પું. કૂબો, ઘુમટવાળું માસનું ખૂંપરું.

૩. પું. જમીન અથવા માળ ઉપર છો, ઈંટ,

ચૂનો અને બીજી મેળવણી ઓડી કરી તેને ઠોકીને બેસાડેલી થાપ; છોવાળી પાકી જમીન.
૪. પું. જમીન ઉપર થાપ બેસાડવાનું કામ.
૫ પું. દીપવતુ મોગરી જેવુ વજનદાર હાકડુ
૬. પું. નદીમાં પાણીનું પૂર આવતાં જોખતળિયે થયેલો ઝીણી ધૂળનો ઢગલો.
૭. પું. પથ્થરે બાંધેલો મઠો.
૮. વિ. ખૂબવાળું.

હોમા પું એક જાતનો સર્પ; ફણીધર સાપ. આ સાપ સહુથી ભયંકર અને મબ્યો ગેરી છે.

હોમી ૧. સ્ત્રી. ઔષધમાં વપરાતો એક છોડ.
૨. [સં.] સ્ત્રી. હોમીઓ.

હોમ ૧. [અ. કવમ (જાત)] સ્ત્રી. અમુક એક જ નામથી ઓળખાતો લોકસમૂહ; જાતિ, ધર્મ, જાતિ કે દેશ પ્રમાણે ઓળખાતો સમાજ; જનસમાજ.
૨. સ્ત્રી. આસામમાં વપરાતી એ નામની એક ભાષા.
૩. સ્ત્રી. જાતિ.
૪. સ્ત્રી. પત્ની.
૫. સ્ત્રી. પંથ.
૬. સ્ત્રી. પ્રજા; સમાજ.
૭. ન. એ નામનું સરણ જેવું ઝેર.

હોમટી સ્ત્રી. એલખાંમ, મારવાડ, બીજાપુર તરફ રહેતી એ નામની એક વેપારી કોમ.

હોમબાડો (હોમબડો) સ્ત્રી. ચોરી; ઘર ફાડવું તે.

હોમર્સ [અં. હોમર્સ] પું. વેપાર.

હોમલ ૧. ન. એક જાતનું ઘરેણું.
૨. ન. પાણી.
૩. ન. (કાવ્ય) રીતિ અને વૃત્તિને ઉપયોગી એવાં ૭ પ્રકારનાં પદ માંહેનું એક.
૪. વિ. અપરિપક્વ; કાચું.
૫. વિ. ઉત્કૃષ્ટ.
૬. વિ. કુમળું; મુલાયમ.
૭. વિ. દયાળુ.
૮. વિ. ધીમું.
૯. વિ. નરમ; મૃદુ.
૧૦. વિ. નાજુક; સુકુમાર.
૧૧. વિ. પ્રિય.
૧૨. વિ. મંગળમય.
૧૩. વિ. મધુર; મીઠું.
૧૪. વિ. લીસું
૧૫. વિ. સુંદર; રમ્ય.
૧૬. વિ. (સંગીત) સ્વરના એક જાતના ભેદનું વિશેષ, ધૈવત તથા નિષાદ સ્વરો કોમલ કહેવાય છે.

હોમલક ૧. [સં.] પું. (પુરાણ) જન્મેજયના સર્પસત્રમાં બળી ગયેલો એ નામનો સર્પ.
૨. ન. કમળનો દાંડલો.
૩. ન. પાણી.

હોમલહંપકલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, રગણ, સગણ, નગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
સ, ર, સ, ન, ગે કોમલકંપકલિકા.
સ્વપ્નિલ

હોમલકાષ્ઠ ન. ઝાડની અંતરછાલ.

હોમલું (હોમલકું) વિ. કોમળ; નાજુક.

હોમલતર વિ. (સંગીત) કોમળ તથા તેની આજુબાજુના શુદ્ધ સ્વરની વચમાની શ્રુતિવાળું. જેમકે, કોમલ રિ અને તેની આજુબાજુના શુદ્ધ સ્વર રિની વચમાં જે સ્વર નાખવામાં આવે તે કોમલતર કહેવાય.

હોમલતા ૧. સ્ત્રી. ઉત્કૃષ્ટતા.
૨. સ્ત્રી. કાચાપણું; અપરિપક્વતા.
૩. સ્ત્રી. કુમળાપણું; કૂણાશ.
૪. સ્ત્રી. દયાળુતા; કોમળપણું.
૫. સ્ત્રી. ધીમાપણું.
૬. સ્ત્રી નાજુકાઈ, મૃદુતા; નરમાશ.
૭. સ્ત્રી. પ્રિયપણું
૮. સ્ત્રી. મધુરતા; લાલિત્ય.
૯. સ્ત્રી. લીસાપણું.
૧૦ સ્ત્રી. સુંદરતા.

હોમલતાર્ય જુઓ કોમલતા.

હોમલતાલુ ન. કોમળતાળું; કઠિન તાલુની પાછલી બાજુ ઉપરથી નીચે ગળામાં લટકતો પડદો. તે કોમળ તંતુઓનો બને છે. આ પડદામાં રુધિરવાહિનીઓ, જ્ઞાનતંતુ, રસાયનીઓ, સૂક્ષ્મગ્રંથિઓ વગેરે રહેલા છે. અનાજનો કોળિયો મોંમા ઉતારતાં તે પાછળ તથા ઊંચે ખેંચાઈ ને ગળાનો ભાગ મોટો કરે છે અને સાથે સાથે અનાજને ઉંચે નાકના પાછલા દ્વારમાં જતુ અટકાવે છે.

હોમલત્વ જુઓ કોમલતા.

હોમલધાતુ જુઓ કોમલતાલુ.

હોમલપર્ણું જુઓ કોમલતા.

હોમલપત્ર પું. બાલવીરના વિશ્વકુમાં અમુક ભાગ સુધી પહોંચેલો બાલવીર.

હોમલપત્રક પું. સરગવાનું ઝાડ.

હોમલપાક પું. વીરબહુટીના વિશ્વકુમાં અમુક ભાગ સુધી આવેલ વર્ધમ બહુટક.

હોમલભૈરવ પું. (સંગીત) એ નામનો એક રાગ તે ભૈરવ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને પ્રાતઃકાળે ગવાય છે.

હોમલવર્ણ પું. કોમળ ઉચ્ચારવાળો અક્ષર.

હોમલવલ્કલા સ્ત્રી. કરમદેડી; એક જાતની વનસ્પતિ.

હોમલવૃત્તિ [સં. કોમલ (કોમળ) + વૃત્તિ (રસવ્યાપારવાળી વર્ણરચના)] સ્ત્રી. પાંચાલી રીતિ; વૈદર્ભી અને ગૌડી એ બંને રીતિનાં લક્ષણવાળી રીતિ.

હોમલસ્વર પું. (સંગીત) શુદ્ધ સ્વર કરતાં નીચો એટલે ઊતરતો હોય એવો વિકૃત સ્વર. રિ, ગ, ધ, નિ કોમલ સ્વર છે

હોમલા ૧. [સં.] સ્ત્રી. એક શબ્દાલંકાર; લાટાનુપ્રાસ.
૨. સ્ત્રી. કોમલ સ્ત્રી
૩. સ્ત્રી. હીરાકસ.

હોમલાસન [સં.] ન. મૃગ વગેરેના ચામડાનું આસન

હોમલાસ્થિ [સં.] ન. કૂણું હાડકું. કાર્ટિલેજ એટલે કૂણા હાડકામાંથી વખત જતાં હાડકું બને છે. શરીરમાં રહેલાં નાજુક હાડકાં, નાકની ઢાંકોનું હાડકું વગેરે પૂર્ણ રીતે વિકસેલા હોતાં નથી તેથી તેમને કોમલાસ્થિ કહેવામાં આવે છે.

હોમલાંગી ૧. [સં. કોમલ (સુવાળું) + અંગિન્ (અવયવવાળું)] સ્ત્રી. સુંવાળી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. કૂણાં માત્રોવાળી; નાજુક અંગવાળી; કોમળ શરીરની.

હોમલાંશ [સં.] પું. સંધિપગી પ્રાણીઓના શરીરનો નરમ ભાગ.

હોમલિકા સ્ત્રી. સુકોમલ સ્ત્રી.

હોમલીભાવ પું. માંસપેશીઓનો અને ખાસ કરીને સ્નાયુમંડલનો કોમલીભાવ અથવા ઢીલિમ.

હોમવાદ પું. કોમનો પક્ષ ખેંચવો તે; કોમીવાદ.

હોમવાદી વિ. કોમનો પક્ષ ખેંચનાર. કોમીવાદી.

હોમળ ૧. ન. (કાવ્ય) ૭ પ્રકાર માંહેનું એક પદ. એક સ્વર જેમાં ગુરુ છે અથવા ગુરુ રહિત વૈદર્ભી, મધુરા અને કૌશકીમાં રહેલ પદ કોમળ કહેવાય છે.
૨ [સં. કોમલ] વિ. કુમળું; કૂણું; કરમાઈ જવા જેવું; નાજુક શરીરનું; મૃદુ
૩ વિ. દયાળુ; અનુકંપાવાળું; સહભાવવાળું; સહાનુભૂતિ. કરુણાર્દ્ર.
૪. વિ પોચું; નરમ, ઢીલું, નમ્ર; સુંવાળું.

૫. વિ. (સંગીત) પોતાની પાછળની ઓછી શ્રુતિમાં બજે તેવું. સંગીતમાં આ સંજ્ઞા સ્વરને માટે વપરાય છે.

૬. વિ. મધુર.

૭. વિ. રેશમની માફક અવાજ વગા થઈતો હોય તેવું.

૮. વિ. વિવેકી.

૯. વિ. સુકુમાર; નાજુક; કોમલ જેવું.

કોમળ ઋષભ પું. (સંગીત) ષડજ અને શુદ્ધ ઋષભની વચ્ચેનો પેટા સ્વર; ષડજથી ચઢતો અને ઋષભથી ઊતરતો સ્વર.

કોમળ ગ પું. (સંગીત) કોમળ ગાંધાર; બાર માંહેનો એ નામનો ચોથો સ્વર.

કોમળ ગાંધાર પું. (સંગીત) ઋષભ અને ગાંધાર સ્વરની વચ્ચેનો વિકૃત સ્વર; શુદ્ધ ઋષભથી ચઢતો અને શુદ્ધ ગાંધારથી ઊતરતો સ્વર.

કોમળચિત્ત વિ. દયાળુ; દયાપૂર્ણ; બજારી દયાથી પીગળે એવું.

કોમળતા જુઓ કોમલતા.

કોમળતાઈ જુઓ કોમલતાઈ

કોમળતાળુ જુઓ કોમલતાળુ

કોમળદ્યુતિમાન વિ. ઓછો પ્રકાશ આપતું.

કોમળ ધ ૧. પું. (સંગીત) કોમળ ધૈવત; બાર માંહેનો એ નામનો નવમો સ્વર.

૨. પું. પ્રાચીન બાવીસ શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળ ધૈવત પું. (સંગીત) પંચમ અને ધૈવત સ્વરો વચ્ચેનો પેટા સ્વર; પંચમ કરતાં ઊંચો અને ધૈવત કરતાં ઊતરતો સ્વર; કોમળ ધ.

કોમળ નિ ૧. પું. (સંગીત) કોમળ નિષાદ; બાર માંહેનો અગિયારમો સ્વર.

૨. પું. પ્રાચીન બાવીસ શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળ નિષાદ પું. (સંગીત) શુદ્ધ ધૈવત અને શુદ્ધ નિષાદની વચ્ચેનો પેટા સ્વર; શુદ્ધ ધૈવતથી ચઢતો અને શુદ્ધ નિષાદથી ઊતરતો સ્વર.

કોમળ મ પું. (સંગીત) કોમળ મધ્યમ; શુદ્ધ મધ્યમ; બાર માંહેનો છઠ્ઠો સ્વર.

કોમળ રિ ૧. પું. (સંગીત) કોમળ ઋષભ; બાર માંહેનો બીજો સ્વર.

૨. પું. જેનો અવાજ રેશમની માફક વગા થઈતો હોય તેવો ગવૈયો.

૩. પું. પ્રાચીન બાર શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળવૃત્તિ સ્ત્રી. પંચાલી રીતિનું મધ્યમાં આવેલું નામ; બાબાસૌલીનો એ નામનો એક પ્રકાર.

કોમળવેલ સ્ત્રી. એક જાતની વેલ; બાલવિલ્વ.

કોમળ સૂર પું. સા અને પ સિવાયના સારીમમાં કોઈ પણ સૂરના પડખાનો નીચો સૂર.

કોમળાંગી વિ. સ્ત્રી. કોમળ અંગવાળી; કૃશ જેવી કુમળી.

કોમળિયું વિ. કોમળ.

કોમા ૧. [મી.] પું. અલ્પવિરામ.

૨. પું. આવરણ

૩. પું. મૂળોનો એક પ્રકાર. જેમાં મજ્જની રચિત મહ પડવાથી ફરતી મદર્ભતિજાળો અને ગાઈલ બને છે.

કોમાની ૧. સ્ત્રી. એ નામના લોકની એક જાત; ખુમાણ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોમારી પું. (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ. આમથી પિંગળ મુજબ આ ક્રોપદી છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૪૪ લઘુ મળી ૧૧૨ માત્રા હોય છે.

કોમારિમતા સ્ત્રી. કોમીવાદ; પોતાની કોમને માટે પક્ષપાત.

કોમિક ૧. [અં. કૉમિક] ન. રમૂજ; વિનોદ; કારસ.

૨. વિ. રમૂજ ભરેલું, હાસ્યરસથી ભરપૂર.

કોમિલ્લા ન. બંગાળાના ટીપરી જિલ્લાની જૂની સદીની રાજધાની; કર્મસાર.

કોમી વિ. કોમને લગતું; કોમ સંબંધીનું.

કોમીકલહ પું. કોમ કોમ વચ્ચેની તકરાર.

કોમીજાત્રાલય ન. અમુક એક કોમના જ વિદ્યાર્થીઓ રહી શકે એવું વિદ્યાર્થીગૃહ.

કોમીતત્ત્વ ન. કોમની ખાસિયત.

કોમીપણું ન. કેવળ કોમના જ સાંકડા હિતાહિતની દૃષ્ટિનો મત; કોમી હોવું તે; કોમનો પક્ષપાત.

કોમીપરિષદ સ્ત્રી. એક જ કોમની પરિષદ.

કોમીભેદ પું. કોમ કોમ વચ્ચેનો ભેદભાવ.

કોમીય વિ. કોમ સંબંધી; કોમને લગતું.

કોમીવાદ ૧. પું. કેવળ કોમના જ સાંકડા હિતાહિતની દૃષ્ટિવાળો વાદ કે મત.

૨. પું. જુદી જુદી કોમ વચ્ચે વાદ કે વિગ્રહ.

કોમીવિખવાદ પું. કોમ કોમ વચ્ચેનો કજિયો; કોમીઝઘડો.

કોમીવૈર ન. કોમ કોમ વચ્ચેનું વેર.

કોમુપોટલા [તે.] સ્ત્રી. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ; પરવળ.

કોમેડિ [અં. કૉમેડિ] ન. હાસ્યરસપ્રધાન નાટક

કોમોરિન સ્ત્રી. એ નામની ભૂશિર; કન્યાકુમારી.

કોમ્ટી ૧. સ્ત્રી. દક્ષિણ હિંદમાં વસતી એક કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કોમ્પાઉંડ ૧. [અં. કૉમ્પાઉંડ] ન. ચક્રવૃદ્ધિ વ્યાજ; મુદ્દલ સાથે વ્યાજનું પણ વ્યાજ ગણાતું હોય તેવું વ્યાજ.

૨. ન. મિશ્રણ; મેળવણીથી થયેલી વસ્તુ.

૩. ન. વાડો; ચોગાન; કૂણી.

કોમ્પાઉંડર [અં. કૉમ્પાઉંડર] પું. દાક્તરે નક્કી કરેલી કે લખેલી દવાઓનું મિશ્રણ કરીને તૈયાર કરનાર માણસ.

કોમ્પાર્ટમેંટ [અં. કૉમ્પાર્ટમંટ] ન. ભાગ; ખંડ; ખાનું; વિભાગ.

કોમ્પેન્સેશન [અં. કૉમ્પેન્સેશન] ન. નુકસાની કે ખોટને માટે આપવો પડતો બદલો

કોમ્પોઝિટર [અં. કૉમ્પૉઝિટર] પું. છાપખાનામાં બીજાં ગોઠવનાર માણસ

કોમ્પ્લિમેન્ટરિ [અં. કૉમ્પ્લિમેન્ટરિ] વિ. બક્ષિસ તરીકે આપેલું કે લીધેલું.

કોમ્બટૂલ [અં. કૉમ્બટૂલ] ન. ઘોડા ઓટલે સવારો ઉપર આંટા મારવાનું એક જાતનું ઓજાર.

કોમ્બુપુડલાઈપટોડ (કોમ્બુપુડલાઈપટોડ) [તા.] સ્ત્રી. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ; કોમુપોટલા; પરવળ.

કોમ્યુનિઝમ [અં. કૉમ્યુનિઝમ] ન. સમાજવાદ; સહિયારાવાદ; સમાજમાં બધાંની સ્થિતિ સામાન્ય રીતે સરખી રહેવી જોઈએ તેવો મત.

કોમ્યુનિસ્ટ [અં. કૉમ્યુનિસ્ટ] પું. સામ્યવાદી; સમાજવાદમાં માનનાર માણસ.

કોય ૧. સ્ત્રી. કાપ્યા જેવું સફેદ વગાડી પછી. એ ઠેકાણે ફરે છે અને બહુ અવાજ કરે છે.

૨. [સં. કોऽપિ] સ. કોઈ; કોઈ પણ; અમુક.

કોયક સ. કોઈક; કોઈ એક.

કોયડ (કોયડ) પું. (કચ્છી) માઠ.

કોયડો (કોયડો) ૧. [સં. કુટ; પ્રા. કોડ્ડો] પું. ઉખાણું; ચૂંથવાનું ભરેલો પ્રશ્ન; સમસ્યા.

કોયડો ઉકેલવો = અઘરા પ્રશ્નોનો ખુલાસો કરવો

૨. પું કોરગ્રે; સાટકો; ચૂસેલો ચાબુક.

૩. પું. દોર; સત્તા.

૪. પું. પુરુષના હાથની તર્જની આંગળીએ પહેરવાનું ધરેણું; અટાપટાવાળી જંગાજબની વીંટી; આમળાની મુદ્રિકા. તેમાં ચાર વીંટીઓ હોય છે. તે જોગી કરી પહેરાય છે. તેના ઉપર આવી રીતે ૦૦૦૦ નવ કૂદડી હોય છે. તે વીંટીઓ જોગી કરી પહેરવામાં ગૂચવણ રહેતી છે, માટે તેને કોયડો કહે છે.

૫. પું. પ્રહેલિકા, ઘણી માથાકૂટ પછી જેને જેનું હોવાપણું; ગૂચ; ઝટ ન ઊકલે એવો દાખલો કે પ્રયોગ; ગૂપ્ત ભેદ.

૬. પું. મહાપ્રશ્ન; કૂટપ્રશ્ન.

કોયજ સ્ત્રી. વંટોળિયો; પવન સાથે ધૂળનું ઊંચે ચડવું તે

કોયતા ૧. [હિં.] પું. છરો; કોણી વગેરે ગુના કરનારી જાતનાં ઓકો રાખે છે તેવો છરો.

૨. પું. તાડનાં ઝાડને ઊંઢ પાડવાનું ઓજાર.

કોયતું ૧. ન. કોર્યું; દાતરડું; વાંકું રાજ.

૨. ન. કોયતા; તાડનાં ઝાડને ઊંઢ પાડવાનું હથિયાર.

કોયદલિન પું. અંગારતત્ત્વવાળો પદાર્થ.

કોયદાન ન. ક્વિનાઇનનાં સિંકોનાનાં ઝાડની છાલમાંથી બનતી તાવ માટેની દવા.

કોયની જી કોયલ.

કોયનેલ જુઓ કોયદાન.

કોયરી ૧. [હિં.] સ્ત્રી. ખેતીનો ધંધો કરનારી એક હિંદુ જાતિ.

૨. ન. એ જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કોયલ ૧. પું. મંદિરનો ઝાંખરો ઘૂમટ.

૨. સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાનનો રસ પીવાથી સર્પનું ઝેર ઊતરે છે.

૩. [સં. કોકિલ; અપ. કોઇલ] સ્ત્રી. કોકિલ; પરભૃતા, ગાનારાં પક્ષીઓની જાતનું કાળા રંગનું વસંત ઋતુમાં આવતું એક સ્થળાંતરી પક્ષી આ પક્ષીની લંબાઈ ૧૭ ઇંચ હોય છે. નર તદ્દન કાળો અને માદા મટમેલી ભૂરી અને લાલ આંખોવાળી હોય છે તે બધા હિંદુસ્તાનમાં માલૂમ પડે છે. આ પક્ષી જમીન ઉપર ઊતરતું નથી. કવિઓએ કોયલને નારી તરીકે કલ્પી છે પણ જે મીઠો ટહુકાર કરે છે તે તો નર જ છે. માદા તો ફક્ત નાનો ટહુકો કે ચિત્કાર જ કરે છે. પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકતી હોવાથી તે અન્યપુષ્ટ કે પરભૃત કહેવાય છે.

૪. [હિં.] સ્ત્રી. ઝરણી.

૫. ન. એક જાતનું ઘંતનું રમકડું.

૬. ન. એક જાતનું ફૂલ.

૭. ન. એક જાતનો ચરિયો.

૮. વિ. કોહી ગયેલું; સડેલું.

૯. વિ. બરાબ સ્વભાવનું

૧૦. વિ. બબુકડું; બપુર બનાવ્યાવાળું.

કોયલડી (કોયલડો) સ્ત્રી. કોકિલા; કોયલ. કવિતામાં વપરાય છે.

કોયલન પું. એક જાતનો છોડ. તેનાં પાન નાનાં જાંબુડા રંગનાં હોય છે.

કોયલાકોઠી સ્ત્રી. આગબોટ, આગગાડી વગેરેને કોલસા લેવાનું મથક.

કોયલાજ ન. ક્વિનાઇન.

કોયલિયા ૧. સ્ત્રી. એક જાતનું ફૂલ.

૨. સ્ત્રી. કોકિલા; કોયલ.

કોયલી ૧. સ્ત્રી. એક જાતની કોયલના જેવા રંગની બકરી.

૨. સ્ત્રી. ગળાનો એક પાક રોગ; 'ડિપ્થેરિઆ'.

૩. સ્ત્રી. તકલીફ; શ્રમ.

૪. સ્ત્રી. નખલીનો એક ભાગ.

૫. સ્ત્રી. પેટમાં આડો પડે તે; પેટ બેસી જવું તે.

૬. સ્ત્રી. મંદવાડ; દુઃખ.

૭. સ્ત્રી. સડેલી સુપારી.

કાળે કોયલી પણ બજાવ = દુકાળ વખતે સડેલી સુપારી પણ બજાવ છે; વખત આવ્યે નકામી વસ્તુ પણ કીમતી બનાય છે.

કોયલીહાર પું. કોકના એક દામીનાનું નામ.

કોયલું ૧. વિ. કામતી; ઓછું.

૨. વિ. કોહવાઈ ગયેલું; સડેલું.

૩. વિ. બળી ગયેલ; દાઝી ગયેલ.

કોયલો [સં. કોક્લિ] ૧. પું. અર્ધા બળીને કરી ગયેલ વસ્તુનો બાકી રહેતો અંગારો. લાકડાનો કોયલો એ બજારૂ બરણનું રૂપ છે અને તેમાં ઓજસમાં ઓછો ૯૩ ટકા કાર્બન હોય છે. બળતણ તરીકે તેને બાળતાં ધુમાડો થતો નથી. તે બંદૂકનો દારૂ બનાવવામાં, ગળણી તરીકે અને ગેસને ચૂસી લેવા માટે વપરાય છે. દંતમંજન તથા ચૂમડાં પકડવા માટે ચોપરી બનાવવામાં તેમ જ રંગ બનાવવા, ગેસ વગેરે અનેક બજાર ઉપયોગી જરૂરી ચીજો કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

૧. કોયલા જેવું = (૧) કાળું; બળી ગયેલું. (૨) બરબાદ દુષ્ટ. (૩) નકામું.

૨. કોયલાની દલાલીમાં હાથ કાળા = બરાબ વસ્તુની સાથે કામ પડતાં બરાબ જ થવાય.

૩. કોયલાને સવા મણ સાબુએ ધુઓ તો ય કાળો ને કાળો = જાત કદી બદલાતી નથી.

૪. કોયલાનો વાયુ = અંગારવાયુ.

૨. પું અંગારો.

૩. પું. નર કોયલ. નર કાળો હોય છે જ્યારે માદા કાબરી હોય છે.

૪. ન. એક ફૂલ.

કોયષ્ટિ [સં.] પું. જળકૂકડો.

કોયષ્ટિક ૧. [સં.] પું જળકૂકડો.

૨. પું. ટિટોડો.

કોયષ્ટિકા ૧. [સં.] સ્ત્રી. જળકૂકડી.

૨. સ્ત્રી. ટિટોડી.

કોયા ૧. [સં. કોષ] પું. આંખનો ખૂણો.

૨. પું. કૂવાની આંખ.

૩. પું. રેશમના કીડાનો કોશેટો.

૪ સ્ત્રી. ઇજારની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

કોયાણી ૧. સ્ત્રી. હલકારી કોમના મનુષ્યની એક અટક.

૨. ન. એ અટકનું એક માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોયાબોલું ૧. વિ. ચાંપી ચાંપીને દોહ્યબોલાપણું કરનારું.

૨. વિ. વાતોડું; બોલકણું; જેના બોલવાથી કંટાળો ઊપજે એવું.

કોયારસમ પું. એક જાતનું કરિયાણું.

કોયાલાડુ પું. કોકું બગલું જી નાખીને કરેલ લાડુ.

કોરી સ્ત્રી. ઓખા પાસે મળી આવતી એ નામની માછલી.

કોરું ૧. ન. કસ; અંગરખાને બાંધવાની દોરી.

૨. ન. કેરી.

૩. વિ. ચીકણું.

૪. વિ. દોઢડાહ્યું; વાચાળ; બહુબોલું.

૫. વિ. બળિયલ; રિસાળ.

૬. વિ સડેલું; કોહ્યું.

કોરેઠ ન. છોકરું.

કોરેલ જુઓ કોયલ.

કોલ્યો પું. મનુષ્ય. સોનીની પારસીમાં મનુષ્યને કોલ્યો કહે છે.

કોર ૧. [સં.] પું. આઠ પ્રકારના સાંધા પૈકીનો એક. તેમાં હાડકાં પરસ્પર છૂટથી ફરી શકે છે આવા સંધિઓમાં ઘણું કરીને એક હાડકાનો છેડો સહેજ ખાડાવાળો હોય છે અને એના સબંધમા આવતો બીજા હાડકાનો છેડો સહેજ ઉપસેલો હોય છે. એટલે બંને છેડાઓ પરસ્પર અનુકૂળ થઈ છૂટથી બોક્સીજ્વ ઉપર ફરે છે. આ સાંધાના ચાર પેટા ભાગ છેઃ બૉલકોર, પરસ્પરકોર, અક્ષકોર, સદેસકોર.

૨. પું. કળી.

૩. સ્ત્રી. અણી.

૪. સ્ત્રી. કિનારા; વસ્તુનો છેડો.

૧. કોર નાખવી = કૂવાને ખપાળથી સંકોરી પગરમાં નાખવાં.

૨. કોર પકડવી-કોરે બસવું = બાજુએ જવું.

૫. સ્ત્રી. કિનારો; કાંઠો.

૬. સ્ત્રી. કોળિયો; કવલ.

૭. સ્ત્રી. ગભોશય

૮. સ્ત્રી. ઘડી.

૯. સ્ત્રી. બાજુનો હરકો.

૧૦. સ્ત્રી. ટોચ.

૧૧. સ્ત્રી. કેડની એક અટક.

૧૨. સ્ત્રી. દિશા.

૧૩. સ્ત્રી. નક્કર ગાગ; ચારડીના વસ્ત્રમાં નીકળતો શિવલિંગ જેવો ગોળ અને લાંબો ગાળ.

૧૪. સ્ત્રી. પક્ષ; બાજુ.

કોર વાળવા = (૧) આરામ લેવો. (૨) પડખું ફેરવવું

૧૫. [અ.] સ્ત્રી. પલટન; સૈન્યદલ.

૧૬. સ્ત્રી. પૂંઠ; આમળ.

૧૭. સ્ત્રી. પ્રાંત; ભાગ.

૧૮. સ્ત્રી. બાજુનો હરકો; બોડો ભાગ.

૧૯. સ્ત્રી. બારીક સૂતરનું નવું દોરડું.

૨૦. સ્ત્રી. વસ્તુને છેડે મૂકવાની ભાત કે પટ્ટી; સૂથાર, રેશમ, જરી, સતારા, મખમલ વગેરેની પટ્ટી; ફીત; તોર્ય. ઓઢણાં, પછેડા, સાડી અને ચામરા ઉપર ચડાવવામાં આવે છે તેને કોર કહે છે.

૨૧. સ્ત્રી. હથિયારની ધાર.

૨૨. સ્ત્રી. હાંસિયો.

૨૩. ન. ચતુષ્કોણ; 'કોર્ણ વેન્દ્રિકલ.'

૨૪. ન. કેડની એ નામની અટકનું માણસ.

૨૫. [ફા.] વિ. અક્ષણ

૨૬. વિ. એ નામની અટકનું.

૨૭. [હિ.] વિ. કરોડ; સો લાખ; ૧૦૦,૦૦,૦૦૦.

૨૮. અ. તરફ; બાજુ.

૨૯. ન. સ્ત્રીઓના નામને છેડે વપરાતો પ્રત્યય. જેમકે, હમળાકોર, જેકોર, માનકોર, શિવકોર.

કોરઅપ્રત ૧. [અ. કરઅ (તેણે વાંચ્યું)] ન. કુરાન; મુસલમાનનું ધર્મપુસ્તક.

૨. ન. ગ્રંથ; પુસ્તક; કિતાબ; ચોપડી.

કોરક ૧. [સં.] પું. કમળનો દાંડલો; કમળતંતુ.

૨. પું. કળી.

૩. પું. ચોરક નામનું ગંધદ્રવ્ય.

૪. પું. કૂવાની કોરી.

૫. પું. શીતળચીની.

૬. સ્ત્રી. રિસામણી.

કોરકસર ૧. સ્ત્રી. આબી.

૨. સ્ત્રી. દોષ; ચુટી.

કોરકાપુલી સ્ત્રી. એ નામનું ઝાડ.

કોરકાયસ્થા સ્ત્રી. કણબામાં રહેલ પાંદડાની રચના.

કોરકિત [સં.] વિ. કળીવાળું.

કોરકિતા પું. (પિંગ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સકોર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, ભગણ, ભગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં નગણ, નગણ, જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

કોરકૃષ્ણ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કોરખાના (કોરખાના) ૧. પું. તોશાખાનું.

૨. પું. દારૂગોળા રાખવાનું સ્થળ

કોરગું. ૧. વિ. નિર્લજ્જ; બેશરમ; નફટ.

૨. વિ. બાગણી વસ્તરનું; નિષ્ફર.

કોરગો ૧ પું. ગુડો; ધુમ્મારી કરનાર માણસ

૨ વિ. પું. લપટ.

કોરચી (કોરચી) [અ.] પું. તોશાખાનાનો ઉપરી.

કોરટ ૧. [અં. કોર્ટ] સ્ત્રી. કચેરી; સરકારી નોકરોને ક્રમ કરવાની જગ્યા.

૨. સ્ત્રી. ચાર સારા ઝૂકરબોનું ક્રમસર બળતુ થાય તે.

૩. સ્ત્રી. ન્યાયમંદિર; અદાલત.

કોરટે ચઢવું = ધન-સાક્ષ મેળવવા અદાલતે જવું.

૪ સ્ત્રી. સદ્ગૃહસ્થો માટે એકઠા બેસવાની જગ્યા.

કોરટબાજી સ્ત્રી. દાવા કરિવાદ કરવાનું કામ; કોર્ટે ચઢવું તે.

કોરટવાળી ૧. સ્ત્રી. વાણિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરડ (કોરડ) ૧. સ્ત્રી. કોરું ખાવાનું; દાળ ભાત શાક વિનાની રસોઈ.

૨. સ્ત્રી. રાખ્યા વગરનું ચવાણું.

૩. સ્ત્રી. શેકેલ મઠ, મગ, કળથી વગેરે કઠોળ.

કોરડન ૧. [અં. કોર્ડન] ન. કૂંડાળું

૨. ન. રોકવું તે; અટકાયત.

કોરડાર્ઈ (કોરડાર્ઈ) સ્ત્રી. મસાલેદાર સોપારી.

કોરડાદાવ (કોરડાદાવ) પું. એક દેશી રમત; દડાગીલા; ચકીબોલડો

કોરડાવાડ (કોરડાવાટ) જુઓ કોરડાદાવ.

કોરડિયા (કોરડિયા) ૧. સ્ત્રી. લેઉઆ તથા કડવા કણબી, વાણિયા અને કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરડિયો (કોરડિયો) પું. એક પ્રકારનો છોડ; મકિયો જોડો.

કોરડો (કોરડી) ૧. સ્ત્રી. કોકરી.

૨. સ્ત્રી મા

૩. વિ. સ્ત્રી. નિરાહાર; ભૂખી; કાંઈ પણ આધા વિનાની.

કોરડુ (કોરડ) ૧. પું. તાપ લગાડતાં પણ પાણીમાં છેવટ સુધી બફાય નહિ તેવો કઠોળનો દાણો.

૨. સ્ત્રી. ઘણી શાળામાં શિક્ષકને માટે કરેલી બેઠક.

૩. વિ. કોરું.

૪. વિ. નહિ બાફેલું; ગાંગડુ.

કોરડું (કોરડું) ૧. વિ. પલાળ્યું પલળે નહિ તથા રાંધ્યું ચડે નહિ તેવું કાચું; ગાંગડુ.

૨. વિ. ભીનું નહિ એવું; કોરું; સૂકું.

૩. વિ. વરસાદ વગરનું.

કોરડું વરસ = વરસાદ વગરનું વરસ; દુકાળનું વરસ.

કોરડો (કોરડો) ૧. પું. ભમલ; દોર; દમામ; સત્તા.

૨. પું. કિલ્લો તોડવા માટે એટલે સાથે કરતો ૧૦૦ તોપનો ભપારજ.

૩. પું. ગૂથેલો ચાબુક; સાટકો.

૪. પું. ઝટ ઉકેલ ન થઈ શકે એવો પ્રશ્ન; સમસ્યા; કૂટપ્રશ્ન; ઉખાણું.

૫. પું. ત્રાસ; જુલમ; સખતાઈ.

૧. કોરડો ચલાવવો = ત્રાસથી કામ લેવું.

૨. કોરડો ફટવો = જુલમ કેલાવવો, કે કાટવો; બીક લાગવી.

કોરડો મુકામણી (કોરડો મુકામણી) સ્ત્રી. એ નામની એક રમત; ઘંટીખાલડો.

કોરણ ૧. સ્ત્રી. ઓખોડાના વાળ વધારવા માટે ચોટલો ચૂંથવાની પદ્ધતિ.

૨. સ્ત્રી. કોતરવું તે.
૩. સ્ત્રી. કોર; બાજુ; કિનારી; ધાર.
૪. સ્ત્રી. કોરડો; રોકેલ વાની.
૫. સ્ત્રી. ધૂળનું વાવાઝોડું; આંધી.
૬. સ્ત્રી. પણી.
૭. સ્ત્રી. રજ; ધૂળ.
૮. સ્ત્રી. સરકર.
૯. સ્ત્રી. સરકરના ચાસવાથી ઊડેલી ધૂળ.
૧૦. સ્ત્રી. વસ્તુનો છેડા ઉપરનો ભાગ.

કોરણકામ ન. કોતરકામ.

કોરણિયો ૧. પું. કોરવાનું કામ કરનાર આદમી.
૨. પું. કોરીને કરેલી ભોજણ; આંચો.
૩. પું. કંડેતાળ વગેરેનાં માટિયાં બેસાડવાને કોરણ્યું સાધન.
૪. પું. હાડનો તાવ; હાડજ્વર; ધમારી; શરીર કોરી ખાય તેવો તાવ.

કોરણી ૧. સ્ત્રી. કોતરકામ; નકશી.
૨. સ્ત્રી. કોતરવાની રીત.
૩. સ્ત્રી. કોરવાની મજૂરી.
૪. સ્ત્રી. કોરવાનું ઓજાર.
૫. સ્ત્રી. કોરવું તે.

કોરણે અ. બાજુએ; એક તરફ.

કોરત પું. બે હજાર કુટની ઊંચાઈએ ઉત્તર હિમાં થતો એ નામનો છોડ.

કોરદાર વિ. જાપેલી કે બાંધેલી કોરવાળું.

કોરદૂષ [સં] પું. એક જાતનું અનાજ; કોદરો.

કોરદૂષક જુઓ કોરદૂષ

કોરદૂષ્ય જુઓ કોરદૂષ.

કોરન્ડમ [અં. કોરન્ડમ] પું. એક જાતનો લીલાશ પડતો પથ્થર. તે ઘસીને કરતાં થોડો કાણ હોય છે. એ હિંદુસ્તાનમાં લોઢું પોલીસ કરવાનાં કામમા આવે છે.

કોરનગરું વિ. કૃતઘ્ન; નિમકહરામ.

કોરનિઅ [અં. કૉરનિઅ] ન. આંખના વચલા ભાગનું બહારનું પડ, કાળો ડોળો; કૃષ્ણમંડળ.

કોરનિશ ૧. [ફા.] સ્ત્રી. પૂજા; ભક્તિ
૨ સ્ત્રી. સલામ. તેમાં હાથ કપાળ સુધી ઊંચો કરાય છે અને માથું અને અભો આજણ ધરાય છે.

કોરનિસ [અં. કોરનિસ] સ્ત્રી. કાનસ; કોર; કિનારી.

કોરનેટ [અં કોરનેટ] ન. સરકરી કવાયત તથા નૃત્યમાં વપરાતું પિત્તળનું એક જાતનું વાજું તેમ. જુદા જુદા સૂર કાઢવા માટે ત્રણ ચાવી હોય છે.

કોરન્ડમ [અં.] સ્ત્રી. પોલાદ કાપી શકે એવી એક સખ્ત ધાતુ; કુરુવિંદ.

કોરપડું (કોરપડુ) વિ. કોર ભાંગી ગયેલ હોય તેવું.

કોરપલન સ્ત્રી. કપડામાં નાખવાની કાંજી; ઓળ.

કોરપારલ [અં. કૉરપોરલ] પું. લશ્કરની ટુકડીમાં સૌથી નીચા દરજ્જાનો સિનસનદી અમલદાર; નાયક.

કોરપોરેટર [અં. કૉરપોરેટર] પું. મંડળનો સભ્ય.સદ

કોરપોરેશન ૧. [અં. કૉરપોરેશન] ન. શહેરસુધરાઈ બાતાની દેખરેખ રાખનાર મંડળ
૨. ન. સભા; સંઘ; સમુદાય.
૩. ન. સરકારે પસાર કરેલ કાયદાથી વિશેષ હક્ક જેને મળ્યા હોય એવું મંડળ; સનદી મંડળી.

કોરબખ્ત ન. કમનસીબ; ભાગ્યહીન.

કોરબખ્તી સ્ત્રી. કમનસીબી; ભાગ્યહીનતા.

કોરબા ૧. પું. દુકાળ.
૨. ન. બહુજ ગરીબ જાતિનું માણસ.

કોરમ ૧. સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી. કુમ.
૨. ન. કન્યાને જુદી જુદી ક્રિયા વખતે અપાતી નાળિયેર, મીઠાઈ અને નાગરવેલની ભેટ.
૩. [અં.] ન. કાર્યસાધક સંખ્યા; કાર્ય નિર્ણય સંખ્યા; સભાનું કામ ચલાવવા માટે જરૂરની ઓછામાં ઓછી સંખ્યા.
૪. ન. ઓળ .
૫. ન. બાળકને ઓળે બેસાડવું તે.

કોરમા ૧. સ્ત્રી. બાવાની એક વાની; માંસનો ભૂકો
૨. સ્ત્રી. દળદર વગરની કઢી.

કોરમું ૧. ન. કઠોળનાં છોડાં; કોતરાં.
૨. ન. ભૂકો કે ચૂરો; ખાંડતાં અથવા ઘસતાં ભાંગી ગયેલી દાળ.

કોરમોર ન. ચમચમ કિનાર ઉપર; કોર.

કોરલ ૧. ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.
૨. ન પરવાળાં. તે દરિયાઈ જીવડાં બનાવે છે. તેના જુદા જુદા રંગ હોય છે.

કોરલા ન. એક જાતનું ઝાડ. તે જંગલમાં આપોઆપ ઊગે છે. તેનાં પાંદડાં ઘાસ અને ભાજી તરીકે વપરાય છે.

કોરલાસિયા પું. નિકનેરના તાબીની ખેડૂતો પાસેથી લેવાતો એક જાતનો કર.

કોરલું વિ. છેડા ઉપરનું; કિનાર ઉપર આવેલું.

કોરવ ૧. સ્ત્રી. મેલગામ, ધારવાડ અને બિજાપુર તરફ વસતા લોકોની એક જાત. તેઓ ગાયા બાળવાનો, ટોપલીઓ બનાવવાનો કે ચોરીનો ધધો કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કોરવંકું વિ. એક બાજુએથી વાંકું; કળતું; ઢળ પડતું.

કોરવા ૧. પું. દાંતનો સડો.
૨. પું. ભૂતપીડા; વળગાડ.
૩. સ્ત્રી. અછત; તંગી.

કોરવાડિયો (કોરવાડિયો) પું. એક જાતની વેલ. તેનાં પાંદડાં લીમડાનાં જેવાં પણ નાનાં હોય છે. તેને ત્રણ ખૂણા.વાળા પોપટામાં કાળા રંગના ત્રણ ત્રણ દાણા હોય છે. કરોળિયાના દરદીને તે દાણાની માળા કરી ગળામાં પહેરાવાય છે.

કોરવાણ ૧. ન. કોરાં કપડાંને અપાતું પહેલું પાણ.
૨. વિ. સૂકું; કોરું; જેમાં બીનાશ ન હોય એવું

કોરવાંક ૧. પું. ફાટખૂણાવાળો વાંકિયો; 'જોઇટ'.
૨. પું. વહાણના અંદરના ભાગમાં કામનો એક ભાગ.

કોરવિયા સ્ત્રી. વજ્જ ગ્રામની સાત મૂર્છનાની એક મૂર્છના.

કોરવું ૧. સ. ક્રિ. અંદરથી ખણી કે ખોતરીને કાઢવું; કોતરવું; કાતરવું; કંડારવું.
૨. સ. ક્રિ. કાણું પાડવું; ચારવું; વીંધવું.
૩. સ ક્રિ. દુઃખ દેવું; ખૂંચવું.
કાળજું કોરવું = હૃદયને વીંધી નાંખવું; બહુ પીડા કરવી.

કોરવ્ય પું. એ નામનો એક નાગ. તે ઉલૂપી નામની નાગકન્યાનો પિતા હતો.

કોરસ [અં.] પું. વૃંદગાન; ગાયક મંડળના દરેક સભ્યે એકી સાથે સૂર પુરાવી ગાવું તે.

કોરસણી સ્ત્રી. કોરવાનું ઓજાર; કોતરણી.

કોરસલીન ન. દાઢનું કપડું.

કોરસ્પોન્ડન્સ [અં. કૉરસપોન્ડન્સ] ન. પત્રવ્યવહાર; લખાપટ્ટી.

કોરંગ ૧. પું. કાંટાશેળિયો.
૨. [સં. કોરંક] પું. મૃગ જેવો એક જાતનો ઘોડો.
૩. [સં. કુરંગ] ન. હરણ; મૃગ.

કોરંગનય સ્ત્રી. મૃગની આંખ.

કોરંગની જી. કુરંગણી; હરણી; મૃગની માદા.

કોરંગી ૧. [સં.] જી. કીણી. એલચી, ઉપકુંચિકા, તુત્યા.

૨. જી. પીપર.

૩. જી. હરણી; મૃગની માદા.

કોરંડ [સ.] પું. અંડવૃદ્ધિનો રોગ; વધરાવળ.

કોરંડક પું. એ નામનો એક સિદ્ધ. તે હઠવિદ્યાનો મહાન યોગી હતો.

કોરંબો પું. કાચું નાળિયેર.

કોરંભવું અ. ક્રિ. પોતાથી થયેલો ચાળી ઉપર ઘણુંખરું દબપલુ

કોરા ૧. પું. એક જાતનું પક્ષી.

૨. જી. કન્યાને જુદી જુદી ક્રિયા વખતે અપાતી નાળિયેર, મીઠાઈ, નાગાઈની વગેરેની ભેટ.

૩. જી. બાજુ; બે કાઠાની વચમા જેટલો લાઈ શકાય તેટલો જથ્થો.

૪. જી. બાળકને ખોળે બેસાડવું તે.

૫. જી. દિકરના મૂળ વતનીઓની એક જાત.

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. વિ. એ નામની જાતનું.

૮. વિ. ગરીબ; નિર્ધન.

કોરાગ જી. અપાની ભાજી.

કોરાજમા પું. મરજમાઈ. ભીલ લોકોમાં આ શબ્દ વપરાય છે

કોરાટી પું. એક જાતનો સાપ.

કોરાડ (કોરાઠ) ૧. પું. જમણવારમાં પીરસો આવો.

૨. જી. સૂકો જગ્યા.

૩. વિ. નિર્ધન; ગરીબ.

૪. વિ. નિષ્ફળ, નકામુ.

૫. વિ. લૂખ્ખુ; કપટી

૬. વિ. લોભિયુ; પૈસા ખરચે નહિ એવું.

૭. વિ. સૂકું; ભીનું નહિ એવુ.

કોરાડું (કોરાડું) ૧. ન. ચાલુ વરસાદથી થયેલ ભેજ સુકાઈ જવો તે.

૨. વિ. કોરું; સૂકું; ભીનું નહિ એવુ.

૩. વિ. વરસાદ વરસ્યા વગરનુ.

૪. વિ. શોષક.

કોરાણ ૧. જી. અંચલ; ચૂંથેલો છેડો.

૨. જી. બાજુ; કોર; કોરણ.

૩. ન. કોરાપણું; સુકવણ; સૂકાપણુ.

૪. વિ. કોરું; સૂકું; ભીનુ નહિ એવું

કોરાણી ૧. જી. ખાદકીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોરાણું વિ. કોરાણુ; કોરાડુ, કોરું, સૂકું

કોરાણે ૧. અ. ક્રોર ઉપર; છેડે.

૨. અ. બાજુએ; એકબાજુ; તરફ; બમ.

કોરાણે મૂકવું = બાજુએ મૂકવુ, મુલતવી રાખવુ.

કોરાન (કોરાન) [અ.] ન. મુસલમાનોનું એક ધાર્મિક પુસ્તક, કુરાન. જુઓ કોરઆન.

કોરાને શરીફ (કોરાને શરીફ) ન. મુસલમાનોનુ એ નામનુ ધર્મપુસ્તક. તમામ કોરાને શરીફના કિતાબ સફેદ રેશમી કપડામાં બાંધેલી રમજાન મહિનામા એક રાત્રે શબેકાર્દ્ર નામનો દિવસ્તો હજરત મહમદને આપી ગયો. આ ગ્રથના ૧૧૪ નાના મોટા બાબ છે જેને સૂરા કહે છે. કોરાનમાં ૬૦૩૬ આયે એટલે કહી છે અને તેમાં ૩૭૬૩૬ શબ્દ છે.

કોરાપણ ૧. ન. છોકરીનું કુંવારાપણું.

૨. ન. નવીનપણું. નવુ હોવાપણુ; વપરાયા વગરનુ હોવુ તે કામમાં નહિ લીધેલુ હોવાપણુ.

૩. ન. શુષ્કતા; સુકવણ.

કોરાપણું જુઓ કોરાપણ

કોરાપો (કોરાપ્પા) પું. કુવારું હોવાપણું.

કોરાબંદી ૧. જી. નવી ચોકવણ.

૨. જી. બાજ પાળા પ્રમાણે ગામ કે ખેતરનુ પત્રક

કોરાબાલ પું. તેલ નાખ્યા વગરના વાળ.

કોરારી પું. સિંધ તરફ થતો એક જાતનો બહુ ઝેરી સાપ. એ લબાઈમાં આઠ ફૂટ હોય છે. એનો ડંખ લાગતા જ ચામડી કાળી પડે છે, માણસ પાગો થાય છે, લોહી વહેવા માંડે છે તથા સોળે ચડી માણસ તરત મરી જાય છે.

કોરાવર્તન ૧. ન. કુંવારી છોકરી.

૨. ન. નવુ વાસણ.

કોરાવવું ૧. સ. ક્રિ. કોતરાવવું.

૨. સ. ક્રિ. ઓકાવવું.

કોરાવું ૧. અ. ક્રિ. કોતરાવુ

૨. અ. ક્રિ. ઓકાવ એમ થવું.

કોરાસ્સિર જુઓ કોરાણસ.

કોરાંખવું અ. ક્રિ. કટાક્ષથી જોવું; ગર્ભભરી ત્રાસી નજર કરવી.

કોરાંખી રહેવુ = કોઈના તરફ ગુસ્સાથી આંખ કાઢવી.

કોરાંટ ૧. પું. કપ ઉપર ઉપયોગી મનાતી જગલમાં થતી એક ઔષધિ. પીળા કોરાંટનો રસ કડવો અને ખાટો હોય છે. બાળકને એનાં પાંદડાંનો રસ ખાંસી ઉપર મધ સાથે અપાય છે.

૨. જી. ગોહિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનુ.

કોરાંટાંબુડો (કોરાંટબુડો) પું. એક જાતનો છોડ. તેનાં મૂળિયાં વચમાં જાડાં અને છેડે બિયાળાં હોય છે અને તે ઉપર કાળી છાલ હોય છે.

કોરાંટો જી. દાંતના દુખાવા ઉપર કામ આવતી એક વનસ્પતિ. કાંટાસળિયો.

કોરિઅન જી. આસવન અર્વાચીન માટેની એ નામની એક લિપિ.

કોરિયા ૧. જી. કુંભારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

કોરી ૧. [હિં.] પું. એક જાતનો ચેરો; દાળ, મૂંડી, ચૂલો અને ઢોર એ ચાર ચીજ ઉપરનો વેરો

૨. પું. વણકર.

૩. જી. બાજરો

૪. જી. આંધળાપણું.

૫. [સં. કુમારી-કુંવરી-કોરી] જી. કચ્છ કાઠિયાવાડમા ચાલતો ચાર પાચ આનાની કીમતનો રૂપાનો નાનો સિક્કો; આશરે ૨ રૂપિયાની કીમતનું એક કચ્છી રૂપાનાણું. અગાઉ પાદશાહને દરેક બડિયો રાજા પોતાની કુવરી પરણાવતો, પણ એક બંડિયા રાજાએ પાદશાહને પોતાની કુંવરી પરણાવવાને બદલે તેને એક એવુ નાણું ભેટ કર્યું કે જેની એક બાજુ તે પાદશાહનું મોરું હતું અને બીજી બાજુ પોતાની કુંવરીનું મોરું હતું. કમે કમે કુવરી શબ્દ અપભ્રષ્ટ થઈને તે રૂપાનાણું કોરી કહેવાણી. કોરીની જાત: (૧) જામશાહી કોરી. તેની કીમત આશરે સાડાચાર આના. (૨) દીવાનશાહી કોરી. તેની કીમત આશરે સાડાચાર આના. (૩) રાણાશાહી કોરી. તેની કીમત આશરે ૭ આના

૧. કોરી ને કન્યા દીધી લેવાય = કરગરવાથી કોઈ ચીજ ન મળે.

૨. કોરી પરખાવવી = (૧) આબરૂ ઉઘાડી પાડવી. (૨) વાત પ્રકાશમાં લાવવી; વાત જાહેરમાં લાવવી

૬. જી. કુંવારી છોકરી.

૭. જી. કોડી.

૮. જી. તળાવ જલદી ભરાય ત્યારે પાણીને જવા દેવા માટે તળાવને એક છેડે બનાવેલી પથ્થરની ઢાળ પડતી જાદી.

૯. સ્ત્રી. માલદીવના ટાપુ તરફ થતાં એક જાતનાં માછલીનાં કોટલાં. આફ્રિકા તરફ એનો મરેલાંમાં ઉપયોગ થાય છે. ગુલામનો વેપાર ચાલતો ત્યારે એનો મોટો જથ્થો હિંદુસ્તાનથી વિલાયત જતો પણ હાલમાં એ વેપાર બંધ છે.

૧૦ સ્ત્રી. મોટા પંથમાં પડતે નમન કરતાં સંધેલા ચોખાનો ભાવાની ખરવાનગીથી લેવાતો કોળિયો. તે વખતે 'દિને આશીર્વાદ' એમ બોલે છે.

૧૧. [અ. રકોર (વીશ)] સ્ત્રી. વીશની સંખ્યા.

૧૨. ન. ભાંકું અને અડબચકું રેશમ. તેના મુગટા બને છે.

૧૩. વિ. સ્ત્રી. કામમાં નહિ લીધેલી.

૧૪. વિ સ્ત્રી. ગરીબ

૧૫. વિ. સ્ત્રી. ખોપા વગરની.

૧૬. વિ. સ્ત્રી. નવી.

૧૭. વિ. સ્ત્રી. ભોળી; મૂર્ખ.

૧૮. વિ સ્ત્રી. રંગ ચઢાવ્યા વગરની.

૧૯. વિ. સ્ત્રી. સાબ્યા વગરની.

૨૦. વિ સ્ત્રી. બ્રહ્મચર્ય કર્યા વિનાની; અક્ષતયોનિ.

૨૧. વિ. સ્ત્રી. શીખવ્યા વગરની.

૨૨. વિ. સ્ત્રી. સાદ.

૨૩. વિ. સ્ત્રી. સૂકી.

કોરીઆ ૧. પું. ઓસિઅની પૂર્વે આવેલો એ નામનો દ્વીપકલ્પ.

૨. સ્ત્રી. કોરીઆ દ્વીપકલ્પમા બોલાતી એ નામની ભાષા.

૩. ન. એ નામનો એક જાતનો રોગ. તેને સ્નાયુઓનું ગાંડપણ કહે છે. તે મણું કરીને બચ્ચાને થાય છે. એ દરદમાં હાથ પગ તથા શરીરના કેટલાક સ્નાયુ દરદીની ઇચ્છા સિવાય સતત હાલ્યા કરે છે. એ દરદ ચારથી પદર વર્ષની વયવાળાંને વિશેષે થાય છે. અવયવો પોતાની મેળે જ હાલ્યા કરે છે. છોકરી જાતને વધારે લાગુ રહે. શરૂઆતમાં મોઢાના સ્નાયુ એમાં. જાણે મોઢાથી કાંઈ ચાળા પાડવું હોય એમ જોનારને લાગે. પછી આસ્તે આસ્તે શરીરના બધા ખરા સ્નાયુ આપોઆપ હાલવા માંડે. એકસરખું સ્થિર રહી ન શકાય. કપડાં ખેંચે, પગથી જમીન ખોતરે, બગા ઉછળે, આંખો મટમટાવે. આપણે દરદીને વારીએ તો થોડીવાર તેના ધ્યાનમાં રહે પણ કાબૂ રહે નહિ અને હાલ્યા જ કરે. દરદી હસે, રડે અને માથું ફેરવે. ચાલવાનું કહીએ તો ચાલે વગેરે કેટલુંક સમજે.

કોરીથોથી વિ. સ્ત્રી. સૂખીસૂકી.

કોરીફા ન. એક જાતનો તાડ.

કોરીફોના સ્ત્રી એક જાતની માછલી. પ્રશાંત મહાસાગર અને બરમની ઉત્તરના સમુદ્રમાં તે થાય છે. મરતી વેળા એના બધા બધા ચમકતા રંગ થાય છે.

કોરીલ ૧. પું. હાથી.

૨. વિ. કોતરેલ.

૩. વિ. ઉંદ પાડેલ

૪. વિ. સુંદર.

કોરીવ વિ. કોતરણીવાળુ.

કોરીશાચ સ્ત્રી ચાલમાં કાંઈ મૂકવા વગર નાણાં મળે એવી આબરૂ; અંગઉધાર પૈસા મળી શકે એવી આબરૂ.

કોરીંગા ન. ગોદાવરી નદી ઉપર આવેલું એ નામનું એક ગામ. એવું કહેવાય છે કે તેની પાસે આવેલી ગોદાવરીની આત્રેયી નામની શાખામાં અત્રિ ઋષિએ નાહવાથી તેને કોપદ પ્રાપ્ત થયું હતું.

કોરુક વિ. નીગ્રોની.

કોરુગેટેડ [અં કોરુગેટેડ] વિ. સળ પાડેલું. વળ પાડેલું; કરચલીવાળું વધુ જોર આપવાને આવાં સળ પાડેલાં લોઢાનાં પતરાં કૅનેડામાં અને દોડી વગેરેમાં વપરાય છે.

કોરુર ૧. પું. મુલતાન જિલ્લામાં આવેલ એ નામનું એક સ્થળ. ત્યાં ઉજ્જયનના સુપ્રસિદ્ધ રાજા વિક્રમાદિત્યે શક લોકોને સદંતર હાર આપવાથી હતી. આ જીતથી વિક્રમનો સંવત ચલાવો શરૂ થયો. આ સ્થળ કરુર પણ કહેવાતું. વિલ્સી ક્રમિતાસકારના અભિપ્રાય પ્રમાણે ગર્દભસેનના બીજા ચંદ્રગુપ્ત રાજાએ વિક્રમાદિત્યનું બિરુદ ગ્રહણ કર્યું હતું અને એ ઉજ્જયનનો રાજા થયો હતો. પણ બીજાઓના મતે ગુપ્ત સેનાપતિ યશોધર્માએ કોરુર આગળ શક લોકો ઉપર વિજય મેળવીને વિક્રમાદિત્યનું બિરુદ ધારણ કર્યું હતું

૨. ન. ચેરા રાજ્યની રાજધાનીનું પ્રાચીન નામ.

કોરું ૧. ન. ઝાડવાની ગાંસડી

૨. ન. ટીપું

૩. વિ. અણખોટ; નહિ વપરાયેલું.

૪. વિ. અક્ષત; બુદ્ધ નિર્લેપ.

૫ વિ. અસલ.

૬. વિ. ઓકલું.

૭. વિ. એકવડું

૮. વિ. કાચું; રાંધેલું નહિ એવું; કાચુંકોરું.

૯. વિ. કેવળ; માત્ર.

૧૦. વિ. ખાલી વગરનું

૩. ન. એક જાતનું ઝાડ.
૪ વિ કોધી.
૫. વિ. પહાડી.

કોહીતુર પું. એક જાતનો બિહારી કસબી આંબો.

કોહુ વિ. હરકોઈ; કોઈ પણ એક; અમુક; ગમે તે.

કોહુકૂચું જુઓ કોહુ.

કોહેઅબાબર (કોહેઅબ્બર) પું. લીલો પર્વત.

કોહેઆતિશખેઝ (કોહેઆતિશખેઝ) પું જ્વાળામુખી.

કોહેઆતિશફિશાં (કોહેઆતિશફિશાં) [ફા.] પું જ્વાળામુખી પર્વત.

કોહેકોહુ વિ. આગસથી ભાગ તેમ રખડતું.

કોહેડો (કોહેડો) પું. અંકગણિતની સાધારણ રીતથી ન થાય તેવો હિસાબ; કોયડો.

કોહેતૂર [ફા.] પું. એ નામનો એક પર્વત.

કોહેબરફાની પું. બરફથી છવાયેલ શિખરવાળો પર્વત.

કોહેબર્ફાની (કોહેબર્ફાની) જુઓ કોહેબરફાની.

કોહેરવંદા જુઓ કોહેરવાન.

કોહેરવાન પું. ચાલતો પર્વત એટલે હાથી.

કોહેલું ૧. વિ. કોહવાયું કરે એવું; ચીકણું.
૨. વિ. ગંધાતું; દુર્ગંધમય, બગડેલું; સડેલું.
૩. વિ. જેને કોઢ થયો હોય એવું.
૪. વિ. બળિયલ.

કોહેલો ૧. સ્ત્રી. ખ્રિસ્તીની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કોહેસ [ફા.] સ્ત્રી. ઓસ; બાકળ.

કોહ્યો ૧. [સં. ક્લેદ; પ્રા. કોહ] પું. કોહોવાયું; સડો; સળો.
૨. પું. ચામડી વગેરે ખેલથી સડે છે તે રોગ; ત્વચારોગ; માંસપાક; લોહીવિકાર. જુઓ કોઢ.
૩. સ. કર્યો.

કોહ્યોદું ૧. ન. કોઈ કામને માટે ધારેલો યોગ.
૨. ન. ઓરિયું ભેરવવાનો નાનો ગાળો.

કોહ્યોઠ (કોહોઠ) પું. એક જાતનો રોગ; કોઢ.

કોહ્યોડિયું (કોહોડિયું) વિ. કોહવાળું; કોહોડવાળું.

કોહ્યોડિયો (કોહોડિયો) ૧. પું. હુકમ વિનાનો સિક્કો.
૨. વિ. પું. કોઢિયો.

કોહ્યોણી સ્ત્રી. હાથનો વચલો સાંધો; જ્યાંથી હાથ કાંડો નીચો વળે છે તે સાંધો.

કોહ્યોનું સ. કર્મ શબ્દનું; કોનું.

કોહ્યોને સ. કર્મ શબ્દનો; કોને.

કોહ્યોળી સ્ત્રી. શિયાળની માદા; શિયાળવી.

કોહ્યોહ્યું ૧. ન. દહેં.
૨. ન. શિયાળ.
૩. ન. શેરડીનો રસ કાઢવાનું યંત્ર; કોલુ.

કોહ્યોવાટ ૧. પું. કોહી જવું તે; સડો; સળો.
૨. પું. પાણી પચી રહ્યાથી જમીન ઉપરનો રોપ કોહી જવો તે.

કોહ્યોવાડો (કોહોવાડો)] પું. કુહાડો; પરશુ; લાકડાં કાપવાનું હથિયાર.

કોહ્યોવાણ જુઓ કોહોવાટ.

કોહ્યોવાલો પું. કલમજૂરો.

કોહ્યોવું સ. ક્રિ. સડવું.

કોહ્યોળાંપાક જુઓ કોળાપાક.

કોહોળું જુઓ કોલણ.
કોહ્યો જુઓ કોહ્યપણ.
કોહ્યલું ૧. વિ. કચાટિયું.
૨. વિ. કોહ્યપણ કરે તેવું, સડેલું.
૩. વિ. ચીડિયું; બળિયલ.
કોહ્યાપણું ન. સડો.
કોહ્યાંબોલું ૧. વિ. કચાટિયું; ચીકણું.
૨. વિ. ચીડિયું, તકરારી
૩. વિ. મહેણાં મારે એવું.
કોહ્યાવેડા (કોહ્યાવેડ્યા) પું. કમરાટિયાવેડા; કોહ્યણપણું વર્તન; પારકી બબુબોડ કરવાની ટેવ.
કોહ્યું ૧. વિ. કોહવાયેલું; બગડેલું; સડેલું.
૨. વિ. કોહ્યાજેવું; ચીડિયું.
કોહ્યુંકૂચ્યું વિ. સડેલું અને કૂચા જેવું
કોળ ૧. પું. એક જાતનું જંગલી પ્રાણી. તેની પૂંછડીમાંનું પ્રવાહી બહુ જ ગંધ મારે છે.
૨. પું. કળ; મૂર્ખો.
૩ પુ કોળિયો; ગ્રાસ.
૪. પું. ઘૂંસ; મોટો ને જાડો ઉંદર. તે રંગે કાળો, ભૂરો અને લાલ હોય છે. એને મોટી મૂછો હોય છે
વર્ષો ઉંદર કોળ થાય ∞ ઘરકોઈને બળ અને મસ્તાની આવે ત્યારે તે કાળ જેવો થઈ જાય છે.
૫. પું. ઝાકળ કે મેઘરત્ના વિના પૃથ્વીમાંથી વનસ્પતિમાં પાણી ઊંચું ચડી પાદડાંમાં બાઝતાં મોતિયાં કે દીપ.
૬. પું તાળી.
૭. પું. નદીકાંઠાની મીઠી જમીન.
૮. પું. નવાં આવેલાં ફૂલ; મોર. આંબલીનાં ફૂલ કોળ કે કોલ કહેવાય છે.
૯. પું. પ્રતિજ્ઞા.
કોળકંઠ [સં. કોલકણ્ઠ] પું. એક જાતનો છોડ, પાણકો. આ છોડ કુંમણીના જેવો જ થાય છે. તેનાં પાન પણ કુંમણીનાં પાન જેવાં હોય છે. જમીનમા કુંમણીના કાંદા જેવા તેને કાંદા થાય છે. વણકર લોકોને તે કામ આવે છે. દવાના કામમાં પણ તે વપરાય છે
કોળકોળામણો પું. ઝાડ કે પીપર ઉપર જલદી ચડી ઊતરવા ને કૂદી પડવાની કસરત મળે એવી એક સોરઠ તરફની રમત.
કોળજ્ઞ ૧. સ્ત્રી. કાળી અથવા દયા વગરની સ્ત્રી.
૨. સ્ત્રી કોળી જાતિની સ્ત્રી, કોળીની સ્ત્રી.
કોળપ જુ. કુમાશ; સુંવાળાપણું.
કોળબડી (કોળબડી) સ્ત્રી. ધનખર ઋતુ પછી સવારે દેખાતી ઝાકળ.
કોળબી ન. એક જાતનું વંદા જેવું જીવડું.
કોળવડી (કોળવડી) સ્ત્રી. ઉંદરવાડી; ઉંદરિયું; કોળવાર્ડ.
કોળવવું ૧. સ. ક્રિ. ઉકેરવું
૨. સ. ક્રિ. બોલવવું.
કોળવાર્ડ ૧. સ્ત્રી ઉંદર પકડવાનું ચીપિયા જેવું એક સાધન; ઉંદરિયું; કોળ પકડવાનું પીંજરું.
૨ સ્ત્રી જાળ.
કોળવું ૧. અ ક્રિ ઉકરવું; ઊકરવું.
૨. અ. ક્રિ. ખીલવું; પ્રફુલ્લ થવું; વિકાસ પામવું.
૩. અ. ક્રિ. દેખાવું આવવું.
૪. અ. ક્રિ. પાંગરવું, ફાલવું, ફૂટવું; ફૂલવું, ઝાડને નવા અંકુર ફૂટવા; નવપલ્લવિત થવું.
કોળસિંગી સ્ત્રી કાળી વાલોળ.
કોળસૂદ ન. એક જાતનો વેલો. તેનાં પાનની ભાજી થાય છે
કોળસૂદા સ્ત્રી. રાની ખિસકોલી.
કોળંબણ ન. કોળાબણ; વાવટોળ સાથે વરસાદનું ચડી આવવું તે.
કોળંબા પું. ઝાડની ડાળી.
કોળંબાબણ જુઓ કોળાંબણ
કોળંબવું ૧. અ. ક્રિ. કોળવું; નવપલ્લવિત થવું.
૨. જુઓ કોળાંબવું.
કોળા વિ. (બીજી) મોટા.
કોળાઉં (કોળાઉં) ન. કોળવાર્ડ.
કોળાપાક પું. એક જાતનો પાક; કોળાનો બનાવેલો પાક.
કોળાભાટા (કોળાભાટો) પુ એક જાતની રમત
કોળામણી (કોળામણી) સ્ત્રી. એક દેશી રમત; ઓળકોળામણી
કોળામણ ૧ સ્ત્રી. કૂપળો ફૂટવી તે; કોળવું તે
૨ સ્ત્રી કોરણ, કોતરણ, પૃષ્ઠના પૃષ્ઠ તરફ જોડનું ચડતું તે
૩. સ્ત્રી ખિલવણી
૪. સ્ત્રી ચૈત્ર માસમાં વનનું ફાલવાપણું.
૫. સ્ત્રી. પ્રસન્નતા.
૬. સ્ત્રી. વસંત ઋતુનો સમય.
કોળાવવું ૧. સ. ક્રિ. ખિલવાવવું.
૨. સ. ક્રિ. ઉકેરાવવું.
કોળાવું ૧. સ. ક્રિ. અભિમાનથી કે હર્ષથી ફુલાવું; પ્રફુલ્લિત થવું; રાજી થવું.
૨. સ. ક્રિ. ઉકેરાવું.
કોળાં સ્ત્રી. પેટલાદ તરફ રમાતી એક દેશી રમત. તેને કોળાંની ગંડ, બરાં કોળાં પણ કહે છે. રમનાર ઓછામાં ઓછાં નવ તો જોઈએ જ. મોટા અને મજબૂત બે રમનાર ચોર થાય અને બીજા બે રખવાળ થાય. રખેવાળ પોતાના હાથમાં અમુક લૂગડાનો વણેલો ગોટીલો એટલે કોગડો રાખે. એક બીજાને રમનાર એક જગ્યાએ પગ પહોળા કરી ઊભો રહે. તેને બને પગે બાકીનાં બીજા છોકરાં વળગીને જોડી જાય. તે કોળાં કહેવાય. પછી રખેવાળ થયેલા બે જણાં હાથમાં લૂગડાના કોરડા લઈ, બેઉલાં છોકરાની આજપાસ ફરી ચોકી કરે. ચોર થાય બેઉ છોકરાંઓને પગેથી છોડાવી જાય એટલે કોરડા મારે. એમ બધાં છોકરાં પગેથી છોડાવી લે એટલે રમત પૂરી થાય.
કોળાંઠ પું. કોળા.
કોળાંની ગાંઠ જુઓ કોળાં.
કોળાંપાક ન. (વૈદક) કુષ્માંડપાક; કોહોળાપાક. પાકેલા, જૂનાં, કડવા, બરાં કોહોળાંના આરસો તોલા મગજને કલાકેબાળા વાસણમાં બાફી, પાની નિચોવા ગાયના ઘીમાં સાંતળવો. પછી વદલોચન, તજ, એલચી, લવિંગ, જાવત્રી અને તમાલપત્ર એ દરેકના બબ્બે તોલાનુ બનાવેલુ વરચમાગ ચૂર્ણ તેની સાથે ભેગવવુ ચારસો તોલા ધોયેલી સાકરની ચાસણી કરી તેમાં બે તોલા કુસ્તરનું પાણી નાખવુ અને પછી તેમાં દવાઓ ભેગવેલો કોહોળાનો મગજ નાખી હલાવી થાળમાં ઢાળી તેની ચોસલાં પાડવાં. આ પાક ધાતુવર્ધક અને વાત, પિત્ત, દાહ, ક્ષય, ઝાડપેશાબ, પ્રદર, પથરીમાં, મૂત્રિદ્રોગ અને રક્તદોષને દૂર કરનારો કહેવાય છે. તે બેથી દશ તોલા સુધી આપી શકાય છે.
કોળાંબડું (કોળાંબડું) ન. નમેલી ડાળી
કોળાંબડો (કોળાંબડો) ૧. પું. એક રમત; ઓળકોળામડો. તે ઝાડની ડાળીઓ ઉપર રમાય છે.
૨. પું. ઝાડની નમેલી ડાળી.
૩. પું. વરસાદ આવતાં પહેલાંનો વખત.
કોળાંબે અ. ઊંચે; આવી ન શકાય તેવે સ્થળે.
કોળાંબો પું. ઝાડની ડાળી.
કોળાંબ ૧. સ્ત્રી. ઊગી નીકળવું તે
૨. સ્ત્રી. ઝાડની વાદળાની કોળાબણ કોળાંબ વધી હોય તે. સાલનું ચોમાસુ વહેલું અને રેલમછેલ નીવડે એવી માન્યતા છે
કોળાંબડું (કોળાંબડું) ન. ઝાડ ઉપર ચડી કે ઊતરી શકાય એવી ડાળી ઉપર રમાતી રમત.

કોળાંભડો (કોળાંબડો) જુઓ કોળાંભડો.

કોળાંભવું અ. ક્રિ. પોતાથી ઘરેલી વાળ્ડી ઉપર ધણુંખૂંટનું ટપવું. તેવી વાળ્ડી ત્રણ ચાર વરસની મોટી થતાં તે જ ધણુંખૂંટ તેના ઉપર ટપવા માંડે એટલે ખૂંટ કોળાંભી ગયો કહેવામ છે. ગામ જેવા પવિત્ર આરીનો ફાલ તેના આપથી ન લેવો તે માટે આમલોકો તે ખૂંટને બીજે ગામ મૂકી આવી સાંનો ખૂટ લઈ આવે છે.

કોળાંભું ન. ઝાડને ઉપર જ્યાં પાંદડાં ફૂટતાં હોય તે ડાળ; નાની ડાળ.

કોળાંભો પું. એક જાતની રમત. તેમાં ઝાડની ડાળીઓ ઉપર ચડવું અને ઊતરવું પડે છે.

કોળાંમી સ્ત્રી. દોઢ ફૂટ લંબાઈની લીલા રંગની બીંડાંવાળી માછલી. તે દરિયાને કાંઠે રહે છે અને ગીલથી તે પકડામ છે. તેને ઈંડાં ઘણાં હોય છે.

કોળિયાર વિ. કોળીનાણીની વસતીવાળું.

કોળિયું ૧. ન. ઉદરિયું.

૨. ન. કોળનું ઘર; કોળને રહેવાનું ઘર.

૩. ન. દોઢ ફૂટ લંબાઈની સામાન્ય પહોળી કાળા રંગની લીસી ચામડીવાળી એક જાતની માછલી. તેની પૂંછડીમાં ઝેરી કાંટા હોય છે. તે ભાગલાથી જન્મમ પામે છે. તે મધદરિયામાં રહે છે અને જાળથી પકડામ છે.

૪. ન. બે હાથની અંજમાં અને ખભા ઉપર લઈ શકામ તેટલું ઘાસ. મગ, અડદ વગેરેને ખેતરમાંથી કાપી લીધા પછી તેની નાની નાની ઢગલી કરેલી હોય છે તેને કોળિયાં કહે છે.

૫. વિ. ઊંડળમાં આમ તેટલું; ઘોડુક.

કોળિયો ૧. [સં. કવલ] પું. આસ; નવાલો; મોંમાં એક વાર લઈ શકામ તેટલો ખોરાક.

૧. કોળિયાનું આવું નીચું જુએ = જેને જમાડો હોય તે માણસ શરમ રાખે.

૨. કોળિયાવાળો હાથ મોં તરફ વળે = સામાન્ય રીતે માણસની પ્રથમ દૃષ્ટિ સ્વાર્થ તરફ હોય.

૩. કોળિયે કોળિયે મિસમિલ્લા = પ્રસંગે પ્રસંગે જુદો લાભો લેવો.

૪. કોળિયો કરવો = (૧) ખાઈ જવું. (૨) પહોંચી વળવું.

૫. કોળિયો કરી જવો = ઉચાપત કરવું; ઓઢ્યાં કરી જવું; પચાવી પાડવું; વગર હકે લઈ લેવું.

૬. કોળિયો ગળી જવો = બોલ્યા ન દેવો; સાભળ્યું ન સાભળ્યું કરવું.

૭. કોળિયો પેટમાં ઊતરી જવો = ખાઈ જવું, પચાવી પાડવું.

૮. પહેલે કોળિયે જ માખી = શરૂઆતમાં જ વિઘ્ન.

૯. મોઢે આવેલો કોળિયો = સગવડ તૈયાર થયેલી સારી સ્થિતિ.

૧૦. ભોઠીનો કોળિયો = (૧) અડ્રિય ભોજન. (૨) નહિ ખાવા જેવો ખોરાક.

૨. વિ. ઘોડુક.

કોળી ૧. પું. માળો અથવા હલકીન માણસ.

૨. પું. ઠાકરડો.

૩. સ્ત્રી. ચોક જાતનો વેલો; કોળાંનો વેલો.

૪. સ્ત્રી. ઓસરી.

૫. સ્ત્રી. કલ્લા; હાથની મુઠ્ઠીમાં સમાય તેટલાં રાડાં, સાંઠી કે ઘાસ.

કોળી કરવી = બહ કે લાકડાની નાની નાની ઢગલી કરવી.

૬. સ્ત્રી બીલની એક જાત. કોળી નામ ક્રોળ એટલે દોડી ઉપરથી પડ્યું છે. તેમનો ધંધો દરિયામાં સાર કરવાનો કે માછલાં મારી તે ઉપર નિર્વાહ કરવાનો છે.

૭. સ્ત્રી. લૂંટારૂ.

૮. સ્ત્રી. શિખરબદ્ધ મંદિરમાં દેવની અને ઘુમટની વચ્ચેનો ભાગની અંદરનો ભાગ.

૯. વિ. ઠાકરડાની જાતનું.

કોળી બાવલો કૂબો, એક મેલ્યો ને બીજો ઊભો = પુનર્લગ્નનો રિવાજ.

કોળીઆંકુકાં ન.બ.વ. કોળી અને તેથી ઊતરતી જાતનાં માણસ.

કોળીકંકાળી ૧. પું. નીચ વર્ણનો માણસ.

૨. સ્ત્રી. તોફાની કોળી.

કોળીકાંદો પું. એ નામની એક વનસ્પતિ; બાલુકંદો.

કોળીખાંટ સ્ત્રી. કોળીની એક જાત. તેનો ધંધો ખેતી કે મજૂરીનો છે.

કોળીગેડિયા (કોળાગેડિયા) સ્ત્રી. કોળીની એક જાત.

કોળીચૂંવાળિયા સ્ત્રી. કોળીની એક જાત. તે કાઠિયાવાડ, અમદાવાદ અને ચૂંવાળ તરફ રહે છે.

કોળીઠાવકર સ્ત્રી. કોળીની એક જાત. તે બાણા તરફ રહે છે અને માછીનો ધંધો કરે છે.

કોળીડું (કોળાડું) ન. બાળકને સૂવાનું ખોયું પહોળું રાખવા સારુ બોડિયાને પાંજરે જડાવેલા લાકડાના હાથેક લાબા બે દંડામાંનો દરેક.

કોળીઢોર સ્ત્રી. કોળીની એક જાત. તે બાણા અને કોલાબા તરફ રહે છે અને વાંસ કાપવાનો કે મજૂરીનો ધંધો કરે છે.

કોળીઢોલકિયા સ્ત્રી. કોળીની એક જાત. તે કાઠિયાવાડમાં રહે છે અને મજૂરી કરે છે.

કોળીતળપદા સ્ત્રી. ગુજરાતમાં વસતી કોળીની એક જાત.

કોળીદલવાડી (કોળીદલવાડી) સ્ત્રી. કોળીની એક જાત. તે ખેડા તરફ રહે છે અને દરિયા તરીકે કામ કરે છે.

કોળીનાણી ૧. [કોળી + નાણી (નિરર્થક શબ્દ)] પું. કોળી અને તેમના જેવી બીજી જાતના લોકો.

૨. પું. ધાડપાડુ; લૂંટારૂ.

૩. વિ. કોળી અને એના જેવું અનાર્ય કે રહ જાતિનું.

કોળીપાટણવાડિયા (કોળાપાટણવાડિયા) સ્ત્રી. કોળીની એક જાત. તે મધ્ય ગુજરાતમાં રહે છે અને ખેતીનો ધંધો કરે છે.

કોળીબારિયા સ્ત્રી. રેવાકાંઠા તરફ રહેતી અને ખેતીનો ધંધો કરતી કોળીની એક જાત.

કોળીમલ્લહાર સ્ત્રી. બાણા તરફ રહેતી કોળીની એક જાત.

કોળીમહાદેવ સ્ત્રી. નાશક પૂના તરફ રહેતી કોળીની એક જાત.

કોળીમંડપ પું. હનુમાન અને ગણેશનો મંડપ.

કોળીમાળેઠિયા સ્ત્રી. કાઠિયાવાડમાં રહેતી અને ખેતીનું કામ કરતી કોળીની એક જાત.

કોળીરાજ સ્ત્રી. કોળીની એક જાત. તે બાણા નાશક તરફ રહે છે અને ખેડૂત કે મજૂર તરીકેનો ધંધો કરે છે.

કોળીવળકિયા સ્ત્રી. કાઠિયાવાડમાં રહેતી કોળીની એક જાત. તે મજૂર તરીકે કામ કરે છે.

કોળીસોન સ્ત્રી. બાણા કોલાબા તરફ રહેતી અને માછીનો ધંધો કરતી કોળીની એક જાત.

કોળીસોલેસી સ્ત્રી. બાણા તરફ રહેતી અને ખેડૂત કે મજૂર તરીકે કામ કરતી કોળીની એક જાત.

કોળીંડા પું.બ.વ. ઘોડિયું છૂટું બાધવા માટેના દોરીથી બાધી શકામ એવી સગવડવાળા લાકડાના દંડિકા; દોરડાથી બાધેલા ઢીચણમાં આવ્યાં પાછીને નાખેલા લાકડાના દંડિકા.

કોળીંકું ૧. ન. અંતરબાનું ઓરિયું.

૨. ન. ઘોડિયાનો પાંજરો; બાળકને સૂવાનું ખોયું પહોળું રાખવા સારુ ઘોડિયાને પાંજરે જડાવેલા લાકડાના હાથ એકના સાંધા બે દંડા માંહેનો દરેક.

કોળું [સં. કુષ્માંડ] ન. કોઠળું; ઓપલું; શાક તરીકે વપરાતું ભોંયેલતું એક મોટું ફળ. તે ઘણાંથી પણ મોટું, લગભગ, કાતળીદાર, વજનમાં અઘમણથી પચીસ શેર, ચપટાં પીળા મિશ્રવર્ણ અને લાલાશ પડતા ગરચાળુ રંગ છે. બૂરે કાળુ દવામાં વપરાય છે. આ વાડવાનું મૂળસ્થાન અમેરિકા છે, પણ હવે તે સર્વ પુષ્કળ ઉગાડાય છે આકાર, કદ અને રંગના તફાવત પ્રમાણે કોળાની ઘણી જાત છે. કેટલાંક જાતનાં કોળા ચપટા, કેટલાક લાંબા, કેટલાક લગભગ અને કેટલાક ગદાકાર હોય છે. ગાયનું સડી ગયેલ છાણ, ઘાડી વાડકાની ભૂકી અને લાકડાની રાખ નાખી તૈયાર કરેલી પાચા રેતાળ જમીનમાં તે વાવી શકાય. જમીનમાં છ છ ફૂટને અંતરે એક ફૂટ ઊંડા અને બે ફૂટ પહોળા ખાડા કરવા. પછી તેમાં ખાતર પૂરવું. જમીન સારી રીતે તૈયાર થાય ત્યારે દરેક ખાડામાં ત્રણ ચાર બી સાથે વાવવાં. કેટલાક જાતનાં કોળાના વેલાને ઊંચે ચડવાનો સ્વભાવ છે. તેવા તેને યોગ્ય વખતે ટેકો આપવો. બી વરસમાં બે વખત વાવી શકાય. એક વખત ઉનાળામાં, અને બીજી વખત ચોમાસાની મોસમમાં. ગરમ ઋતુમાં કરેલ વાવેતરને સારી રીતે પાણી પાવું અને તેના ખેતરમાં નિંદણ વહેલા દેવું જોઈએ. તેનું ફળ પૂરેપૂરું પાકે ત્યારે શાક તરીકે વપરાય છે. કેટલીક જાતનાં કોળાંમાંથી મીઠાઈ પણ બને છે. ફળ આવતાં ત્રણથી ચાર માસ લાગે છે. તેનો પાક બનાવી ઝીના ઉદરરોગનો નાશ કરવા તથા પુષ્ટિ આપવા વૈદ્ય લોકો વાપરે છે. તેનો મુરબ્બો પણ થાય છે. હિંદી તરફ તેનું પાણી કાઢી પાપડ બનાવાય છે. કોળાનું શાક ત્રણ રીતે થાય છે: (૧) કોરું, (૨) ખાડું અને (૩) તંજાવરી રીતનું. કોરું શાક કરવું હોય તો એક નાનું કોળું લઈ તેના ઉપરની છાલ છોલી નાખી તેના એક ઇંચ જેવડા કટકા કરવા. પછી તેમાં ત્રણ રૂપિયાભાર મીઠું ને બાર રૂપિયાભાર પાણી નાખી બાફવા. તે ચડી રહે એટલે તેમાં છ રૂપિયાભાર તુવેરની બાફેલી દાળ ને બે રૂપિયાભાર બાજરીનો લોટ ભેળવવો. પછી ચૂલે એક તપેલી મૂકી તેમાં બે રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં એક રૂપિયાભાર અડદની દાળ ને દસ મૂકા મરચાંના કટકા નાખી તેનો વઘાર થાય એટલે તેમાં તે શાક વઘારી તળે ઉપર હલતી નીચે ઉતારી લેવું. આ શાક વાયુ કરનાર મનાય છે. ખાડું શાક કરવું હોય તો કોળાના કટકા કરી એક બાઘરિયા તપેલામાં નાખવા. પછી સાડા ચાર રૂપિયાભાર આમલી, પચીસ રૂપિયાભાર પાણીમાં ગોળી તે પાણી તેમાં નાખવું. તેમ જ બે રૂપિયાભાર લાલ મરચાંનો ભૂકો ને તેટલું જ મીઠું નાખી ચૂલે મૂકી ચોડવું. પછી દેવતા ઉપર કડાઈ તપારી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં બે માસા મેથી, ત્રણ માસા રાઈ, બે માસા જીરું, દસ સૂકાં મરચાંના કટકા અને મીઠા લીમડાની બે ડાખળીનાં પાદડા નાખી તેનો વઘાર દેવો અને કડાઈથી હલાવી શાક ઉતારી લેવું. આ શાકથી પિત્તનો નાશ થતો કહેવાય છે. તંજાવરી રીતે કોળાનું શાક કરવું હોય તો એકસો પચીસ રૂપિયાભાર કોળાને ચારી તેના ઉપરની છાલ છોલી નાખી અંદરના બી કાઢી નાખવા. પછી તેના નાના કટકા કરી તેમાં અડધી શેર પાણી દેઈ ચોડવવા. ચડે એટલે તેમાંથી પાણી નિતારી નાખી તેમાં ચાર માસા સૂકાં મરચાં, આઠ માસા કોપરું, ચાર માસા ધાણા અને બે માસા હળદર એટલી જણસો બીજાં સાંતળી, ઝીણી વાટી તેને સવાશેર પાણીમાં કાલવી તેમા તે કટકા નાખવા. સોળ માસા આમલી પાણીમાં ગોળી તેનું પાણી તથા સોળ માસા મીઠું શાકમાં નાખી ચૂલે મૂકવું. તે બદલવા માટે એટલે ઉતારી લેવું. પછી બીજુ વાસણ ચૂલે મૂકી તેમાં સવાછ રૂપિયાભાર ઘી નાખી તે કડકે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ, એક માસો જીરું અને મીઠા લીમડાની એક ડાંખળી નાખી વઘાર થાય એટલે તેથી શાક વઘારવું. પછી ચાર માસા બાજરીનો લોટ અને આઠ માસા કોથમીર નાખી હલાવી ઉતારી લેવું.

૧. આખું કોળું કરવું = ઓહિયાં કરી જવું; હજમ કરી જવું.

૨. આખું કોળું શાકમાં ખપવું–જવું = પોલ ચાલવી; ભાવ ન પૂછવો.

કોળેકોળ જ. ઘાસ રોકાઈ જાય તેમ.

કોળેકોળો ૧. જ. ક્રમેક્રમ; ક્રમ ચડે તેવી રીતે.

૨. જ. ખડખડાટ; મોટથી.

કોળો ૧. પું. ઢગલો; ઝૂડો; મોટી કોળા.

૨. પું. કોળાને માટે વપરાતો તુચ્છકારનો શબ્દ.

૩. પું. ખોડો.

૪. પું. તીરનું ભાથું.

કોં સ્ત્રી. અંતરખાની કસ.

કોંક પું. દક્ષિણ કર્ણાટક માંહેનો એક દેશ.

કોંકણ ૧. [સં.] પું. પશ્ચિમઘાટ અને અરબી સમુદ્રના કિનારાની વચ્ચે આવેલો સાંકડી પટ્ટી જેવો પ્રદેશ; પરશુરામક્ષેત્ર.

૨. જ. એ નામના દેશનું રહેવાસી માણસ.

૩. જ. એક જાતનું અનાજ.

કોંકણક જ. કોંકણ દેશનું રહેવાસી માણસ.

કોંકણજ જુઓ કોંકણક

કોંકણપુર ન. તુંગભદ્રાના ઉત્તર કિનારા ઉપર આવેલું એક પ્રાચીન શહેર.

કોંકણસ્થ ૧. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એક જાત.

૨ ન એ નામની જાતિનું માણસ.

૩. વિ. કોંકણનું; કોંકણ પ્રદેશમાં રહેનાર.

૪. વિ. મહારાષ્ટ્રી બ્રાહ્મણની એક જાતિનું.

કોંકણા ૧. સ્ત્રી.. એક જાતની રાનીપરજની કોમ.

૨. સ્ત્રી. પરશુરામની માતા રેણુકા; કોંકણાવતી.

૩. જ. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની એક જાતનું.

કોંકણાવતી જુઓ કોંકણા ૨.

કોંકણાસુત પું. પરશુરામ.

કોંકણી ૧. સ્ત્રી. કોંકણ દેશની ભાષા. તે આર્ય અને દ્રાવિડ ભાષા મળીને થયેલી છે.

૨. વિ. કોંકણનું; કોંકણ દેશને લગતું.

કોંકણેશ [સં.] પું. કોંકણ દેશનો રાજા.

કોંકણું વિ કુબડું, નબળું; આયકાંગલું.

કોંક્રીટ જ. કપચી અને સિમેંટનું બનાવેલ ઢેકું.

કોંખ [સં. કુક્ષિ] સ્ત્રી. કૂખ.

કોંગ જુઓ કોંક.

કોંગમ પું. કોંકણ દેશ.

કોંજુ પું. મદ્રાસ ઇલાકામાં કોઇંબતુર અને સાલમની આસપાસનો પ્રદેશ. તીનેવલ્લી અને ત્રાવણકોરના કેટલાક ભાગનો તેમાં સમાવેશ થતો.

કોંગો ૧. પું. આફ્રિકા માંહેનો એક દેશ.

૨. સ્ત્રી. આફ્રિકામાં આવેલી એક નદી.

૩. સ્ત્રી. એક જાતની કાળી ચા.

કોંગ્રેસ ૧. [અં.] સ્ત્રી. અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસભા.

૨. સ્ત્રી. જુદા જુદા ભાગના પ્રતિનિધિઓની સભા; જુદા જુદા રાજ્યના, એક જ રાજ્યના કે જુદા જુદા દેશના પ્રતિનિધિઓ એકત્ર થઈને રાજદ્વારી હકો માટે વિચાર કરે તે મંડળ; મહાપરિષદ; મહાસભા.

કોંગ્રેસહાઉસ [અં.] ન. મહાસભા કે પરિષદનું મકાન.

કોંચલ ૧. પું. હથિયારનો અવાજ કે ખડખડાટ.

૨. વિ. ગીચોગીચ; ભરચક.

કોંચલી ૧. સ્ત્રી. ભૂંડનું દાતરડું.

૨. સ્ત્રી. સાંબો દાંત.

કોંચું વિ. ચીમળાઈ ગયેલ.

કોંજીવરમ ન. મદ્રાસ ઇલાકામાં આવેલું પુરાતન અને પવિત્ર એક શહેર. તેમાં દક્ષિણ હિંદની પ્રતિષ્ઠાપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતી.

કોંડું વિ. ખરાબ.

કોંઢ ૧. સ્ત્રી. ખૂબ; બળદ અથવા ઊંટની કાંધ પાસેનો ઊંચો ભાગ.

૨. ન. એક જાતનું કળગાડ. એનાં પાન પાંચ જેવા આકારના અને કાળાશ પડતા લીલા રંગના હોય છે. તેના થડની છાલ કાળા રંગની હોય છે. એનાં મૂલ જમીનમાં ખૂબ ઊંડા જાય છે. તેનાં ફળ જેવાં ફળ ઉપર સફેદ કાંટા પડ હોય છે. તેની અંદરનો મગજ કાચો હોય ત્યારે સફેદ અને પાકયા પછી રાતો આબ અને અખાદ્ય છે.

કોંઢાઈ ૧. સ્ત્રી. ઝેર.

૨ સ્ત્રી. મગરૂરી; ગર્વ.

૩. સ્ત્રી. રીસ; ગુસ્સો.

૪. ન. એક જાતનું અફીણ.

કોંઢાનું અ. ક્રિ. કોંટો ફૂટવો.

કોંઢિયાપણું ન. કૂંઢા હોવું તે.

કોંઢિયું વિ. કૂંઢું.

કોંઢી ૧. સ્ત્રી. તરવાર મ્યાનમાંથી સરી ન પડે માટે બંધાતી સાંકળ કે દોરી.

૨. સ્ત્રી. કાચલીની કૂંચી; ગુંચાળો હિસાબ ઊકેલવાની ટૂંકી રીત.

૩. સ્ત્રી. યુક્તિ; તદબીર.

કોંઢીબાજ વિ. કાવાદાવા કરનાર; ખટપટિયું.

કોંઢો ૧. પું. અભિમાન; અહંકાર; ગર્વ.

૨. પું. અંકુર; ફણગો.

૩. પું. આરેકનું આરદાન.

૪. પું. બોર; બળ.

કોંટ્રાક્ટર ૧. [અં.] પું. ઇજારદાર.

૨. પું. કોન્ટ્રેક્ટપણ કામ ઊપાડું રાખી કરી આપનાર માણસ.

કોંઠ ૧. [સં. કપિત્થ] સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનું ફળ તરસ મટાડનાર, વાતહર તથા પિત્તહર છે.

૨. સ્ત્રી બળદની ડોક ઉપરની ખૂંધ.

૩. વિ. ખૂંધવાળું.

કોંઠિયા ૧. સ્ત્રી. રોઝવા કબૂતરની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોંઠિયું વિ ખૂંધવાળું.

કોંઠો પું. ભરોસો; વિશ્વાસ.

કોંડ ૧. સ્ત્રી. બંગાળ તરફના આદિવાસીની એક જાત.

૨. સ્ત્રી. મદ્રાસ તરફ બોલાતી એક ભાષા.

૩ ન. એ નામની આદિવાસીની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કોંડાર ૧. વિ. સાંકડું.

૨. વિ. સીધું.

કોંડવું અ. ક્રિ. અંદર વળવું; વાકી જવું.

કોંડા ન. ચૂલું; ખાડો વચેલો રસાકસ વજરનો પદાર્થ.

કોંડાન્ય પું. કપિલવસ્તુનો એ નામનો એક બ્રાહ્મણ.

કોંડિન્ય પું. (પુરાણ) કુંડિન કુળમાં ઉત્પન્ન થયેલો એક બ્રહ્મર્ષિ. યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ કર્યો તેમાં તે વરણીમાં હતો.

કોંઢ જુઓ કોંટ.

કોંઢા ૧. પું. ભોજનનો વેલો

૨. ન. ભોળું.

કોંઢી ૧. સ્ત્રી. અંગરખાનો એક ભાગ.

૨ સ્ત્રી. કળીચૂનો.

૩ સ્ત્રી. તમાકુ પીવાની નળી.

૪ સ્ત્રી. નવું ફૂટતું બાંદું.

૫ સ્ત્રી. પીપું.

૬ સ્ત્રી. ફૂલની અણખીલી કળા.

કોંત [સં.] સ્ત્રી. ભાલું.

કોંતડાઈ જવું (કોંતડાઈ જવું) અ. ક્રિ. વધારે વરસાદથી કૂવાનું અંદરથી સડી જવું.

કોંતલ ૧. પું. સવારીનો તાલીમબારેલો ઘોડો.

૨. વિ જેના ઉપર સવારી ન થઈ શકે એવું.

૩ વિ. માતેલું; બહુ જોરાવર.

૪. વિ. ભુચ્ચું; પ્રપંચી.

કોંતાર ૧. પું. કાણ; બીક; ભય.

૨. પું. વાંસીને કાબૂમાં રાખવાનું હથિયાર; અંકુશ.

કોંદરગોસુ ન. એ નામનું એક ઝાડ. જુઓ કુંભી.

કોંદરેટ [અં. કવાંડ્રેટ] ન. ખાખાનામાં ગોઠવાતા અક્ષરોની વચમાં જરવાને માટે અક્ષરના કરતાં ઊતરતા કદનું ખીલું.

કોંધ સ્ત્રી. વાસણ ઘડવા માટે કુંભારે કરેલો ખોળાકાર ખાડો.

કોંધા સ્ત્રી. એક જાતની તુંબડી.

કોંબાવવું અ. ક્રિ. વાસણ ઘડીને કારવા માટે રાખમાં ખાડો કરી દાટવું.

કોંપલ [હિં.] પું. નવો કોંટો; ફણગો; અંકુર.

કોંબડા (કોંબડા) ૧. [અ.] પું. એક જાતનું પક્ષી; કૂકડો.

૨. ન. એક જાતનો છોડ. એનાં પાન કાતરાદાર, લાંબાં અને પહોળાં હોય છે. એનાં વેંત એક લાંબાં, કાળાં અને વીછીના આકારનાં મૂળ દવામાં વપરાય છે.

કોંબુ ન. કારણાવની જાતનું એક વાદ્યિત્ર

કોંસલ ૧. [અં. કાઉન્સેલ] સ્ત્રી. છૂપી વાતચીત.

૨. સ્ત્રી. મંડળી.

કોંસિબું ન. કલમાંથી કપાસ કાઢી લેતાં બાકી વધેલું ડાલિયું.

કોંહડા (કોંહડા) [હિં.] ન. સીતાફળ.

કૌ ૧ સ્ત્રી. પૃથ્વી.

૨. વિ. કેટલું.

૩. અ. કયારે.

કૌઆ ૧. પું. કાગડો.

૨. પું. પોપટની જાતનું એક પંખી.

કૌઆકોડી સ્ત્રી. ધોળા પીલુડી.

કૌઆકોઢી જુઓ કૌઆકોડી.

કૌઆપરી સ્ત્રી. કાળી અછબડા સ્ત્રી.

કૌઆલિ પું. (સંગીત) એ નામનો એક તાલ.

કૌકટ પું. કૃષ્ણ; વાસુદેવ.

કૌકટક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કૌકબ [અ.] પું. તારો; ગ્રહ.

કૌકમેહુ ન એક જાતનું ખાદરાણી રાજચિહ્ન.

કૌકવા જુઓ કૌક્વેહ.

કૌકિલાક્ષ [સં.] ન. એખરાનું ઝાડ.

કૌકુટક જુઓ કૌક્ટક.

કૌકુટમ જુઓ કૌક્ટક.

કૌકુર પું. (પુરાણ) કુરવંશના કારસ્કાર રાજાનું બીજું નામ.

કૌકુરુંડિ પું. (પુરાણ) ઉત્તમ મન્વંતર માંહેના સપ્તર્ષિઓમાનો એક.

કૌકુલિક ૧. [સં.] પું. કીડા વગેરે મરવાના ભયથી જગ્યા જોઈ ચાલનાર સંન્યાસી; યતિ.

૨. વિ. કપટી; ઢોંગી; દંભી; પાખંડી.

કૌક્ષ ૧. [સ.] ન ઉદરપ્રદેશ; પેટ.

૨. વિ. ઉદર સબંધી.

કૌક્ષેયક [સં.] પું. કુળે બાંધેલી તલવાર

કૌચ ૧. સ્ત્રી. એક જાતનો વેલો; કપિલતા; કોસવલ્લિકા; નાળી. આ વેલા માગધરમાં ઊગે છે. તેનાં પાનની બાજુએ લાંબું ડીંટ ફૂટી

ફૂલોનો ગુચ્છો આવે છે. તેમાં પાંચથી દસ સુધી નાની સ્ત્રિગ થાય છે. સ્ત્રિગ ઉપર ભારીક કાંટા હોય છે. તે કાંટા શરીરને લાગે તો બળતરા થઈને તે ભાગ સૂજે છે. સ્ત્રિગમાંના બીજને કવચબીજ કહે છે. મોટી કૌચના કાંટા નુકસાનકર્તા નથી. કૌંચ મધુર, ગુરુ, શીત, ધાતુવર્ધક, બલકર, ગુરુ તથા કફની છે. તે વૃષ્ય, વાયુ, શીતપિત્ત, રક્તદોષ, વ્રણ, કૃમિ તથા રક્તપિત્તનો નાશ કરે છે.

૨. ન. કવચ; એ નામની વનસ્પતિનું ફળ.

કૌચહો પું. (પુરાણ) અંગિરા કુલોત્પન્ન એ નામનો એક મહર્ષિ.

કૌચપક્ક પું. ગોખાળિયાઓ વાપરે તેવો ખાખરો.

કૌચપાક પું. કૌંચનાં બિયાંનું અથાણું તથા બીજી ઔષધિ નાખેલો પાક. તેનાથી પ્રમેહ તથા મૂત્રરોગ મટે છે. તે બળ અને પુષ્ટિ આપી કામવાસના વધારે છે.

કૌચબાર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપનો એક ભેદ છે. તેમાં સગણ, તગણ, ગુરુ અને ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

કૌચહસ્તિક પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક મહર્ષિ.

કૌચાપાક જુઓ કૌચપાક.

કૌશુમાર [સં.] પું. કહરપાને સુંદર બનાવવાની વિદ્યા; ચોસઠ માહેની એક કલા.

કૌચું જુઓ કૌંચ ૨.

કૌછી જી. મોટા પાણીની એક જાતની માછલી.

કૌટ ૧. પું. કૂટજ વૃક્ષ.

૨. પું. [સં.] કૂટ પર્વતમાંથી નીકળતું રત્ન.

૩. જી. કટાળાપ.

૪. ન. ખોટી સાક્ષી.

૫. વિ. કપટી; ખોટું.

૬. વિ. સ્વતંત્ર.

કૌટકાર [સં.] પું. સ્વતંત્ર સુતાર; પોતાની જોડમાં રહી કામ કરનાર સુતાર.

કૌટકાપુર ન. કુંતલપુરનું એક પ્રાચીન નામ.

કૌટકીય ૧. ન. એ નામનું એક અર્થશાસ્ત્ર.

૨. વિ. કુટિલ ઋષિનું બનાવેલું.

કૌટકેય ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. ન. કુટિલતા; વક્રતા.

કૌટિક ૧. [સં.] પું. કસાઈ; ખાટકી.

૨. પું. શિકારી.

કૌટિલ ૧. પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

૨. ન. (સિક્કા) એક જાતનું દ્વિકાળ ધન.

કૌટિલિક [સં.] પું. શિકારી.

કૌટિલીય અર્થશાસ્ત્ર ન. ચંદ્રગુપ્ત મૌર્યના વખતની રિયતનું વર્ણન કરતું ચાણક્યે લખેલ એ નામનું અર્થશાસ્ત્ર.

કૌટિલ્ય ૧. [સં.] પું. એ નામના એક ઋષિ; ચાણક્ય.

૨. પું. નંદવંશનો નાશ કરી ચંદ્રગુપ્ત મૌર્યને ગાદી અપાવનાર સમર્થ, કુટિલ, રાજનીતિજ્ઞ અમાત્ય ચાણક્ય. તેનું રચેલું અર્થશાસ્ત્ર સુપ્રસિદ્ધ છે.

૩. ન. કુટિલતા; વક્રતા; વાંકાપણું.

કૌટિલ્યક ૧. ન. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર.

૨. ન. ચાણક્યે રચેલ નીતિશાસ્ત્ર.

કૌટિલ્યવિદ્યા જી. રાજનીતિશાસ્ત્ર.

કૌટી [હિં.] જી. ઉંદરની જાતની.

કૌટીર્ય [સં.] જી. દુર્જનતા.

કૌટુંબ [સં.] વિ. કુટુંબના ભરણપોષણમાં ઉપયોગી.

કૌટુંબિક ૧. [સં.] પું. કુટુંબનો નાયક.

૨. પું. ગામનો નાયક.

૩. પું. સેવક.

૪. પું. હજૂરી.

૫. વિ. કુટુંબનું; કુટુંબને લગતું.

૬. વિ. કુટુંબનું ભરણપોષણ કરવામાં મશગૂલ.

૭. વિ. પરિવારવાળું.

કૌટુંબિકવૈદ્ય પું. ફૂહકોક્ટર; ઘરવૈદ્ય; 'ફેમિલિ ડોક્ટર.'

કૌટુંબિની ૧. [સં.] જી. કુટુંબની સ્ત્રી.

૨. જી. દાસી.

કૌટેજ જી. કટાળાપ.

કૌટ્ટિક પું. મોગરી; લાકડાની હથોડી.

કૌટ્ટી ન. બારિકમાં બારણા ઉપર ઊભું એક જાતનું ઝાડ. સવારમાં તેના થડમાં કાપ મૂકતાં તેમાંથી દૂધ જેવો પદાર્થ નીકળે છે. લાંબા ચોસે તે પીંજે છે. આ પીંજું પદાર્થ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક કહેવાય છે.

કૌઠા (કૌઠ) [સં. કપિત્થ] પું. (હિંદી) મોટી કોડી; મોટી જાતની છોપ; શંખ.

કૌડિન્ય ન. બહાર મુખ્ય ત્રણસત્ર બાંધેનું એક. જુઓ ત્રણસત્ર.

કૌડિયાગુલામ પું. ગુલામીની નિશાની તરીકે કાનમાં અને હાથમાં કોડી પહેરેલો ગુલામ.

કૌડિયાલ ૧. [હિં.] પું. એક જાતનો સર્પ; કોડિયોસાપ.

૨. પું. પૈસાદાર માણસ.

૩. ન. એક જાતનું પક્ષી; કલકલિયો.

કૌડિયાલા ૧. પું. એક જાતનું ઝાડ.

૨. [હિં.] પું. એક જાતનો ટપકાંવાળો સર્પ.

૩. પું. પૈસાદાર માણસ. તે સર્પની માફક રૂપિયા ઉપર બેસે છે.

૪. ન. એક જાતનું પક્ષી; કલકલિયો.

૫. વિ. કોડીના જેવા રંગનું.

૬. વિ. પૈસાદાર.

કૌડિયાલી ૧. [હિં.] જી. એક જાતનું ઘાસ.

૨. જી. એક જાતનું ઝાડ.

કૌડિયાં [હિં.] ન. વ. ન. વૃષણ.

કૌડિયાંનું ઝાડ = પુરુષની જનનેંદ્રિય.

કૌડી ૧. [હિં.] જી. આંખનો ડોળો.

૨. જી. કટારની અણી.

૩. જી. (પ્રા.કૃત) કરોડની સંખ્યા.

૪. જી. કોચળી.

૫. જી. જાતીની નીચે વચ્ચોવચ રહેલું હાડકું.

૬. જી. જંત્ર કે મશીનમાં ચાલતી ગોળ ખાંડ.

૭. [હિં.] જી. તુચ્છ વસ્તુ; કમદી.

૮. જી. ધન; દ્રવ્ય.

૯. [હિં.] જી. ખાડું.

૧૦. જી. વીસની સંખ્યા; વીસી.

૧૧. જી. સમુદ્રનો એક કીડો.

૧૨. [હિં.] જી. સિક્કા તરીકે વપરાતી કોડી.

૧. કાણી કોડી = હલકામાં હલકી કીમતનો સિક્કો.

૨. કોડી કોડી ભેગા કરવી = પાઈએ પાઈ ભરપાઈ કરવી.

૩. કોડી કોડી જોડવી = દરેક પાઈ ભગાવવી.

૪. કોડી પાસ ન હોવી = (૧) બહુ જ કરીબ સ્થિતમાં આવવું. (૨) બિખારી થવું.

૫. કોડીના કામનું નહિ = નકામું.

૬. કોડીનું બે કોડીનું = (૧) બરાબ. (૨) નકામું; તુચ્છ.

૭. કોડીનું તીન તીન થવું = (૧) બહું સસ્તું થવું. (૨) તુચ્છ થવું.

૮. ફૂટી કોડી = બરાબ કે ખોટી પાઈ; હલકામાં હલકી કીમતનો સિક્કો.

કૌડીગુડગુડ પું. છોકરાંની એક રમત.

કૌડીજિંપચાલ [હિં.] જી. છોકરાંની એક રમત.

કૌડીજ્ઞાનમજન જી. છોકરાંની એક રમત.

કૌડીદરા પું. પેટની ચામડીનો ઉપલો ભાગ.

કૌડીપ્રદેશ જુઓ કૌડીદરા.

કૌડીભાર વિ. ચોડું; બહુ જ ઓછું.

કૌડો ૧. [હિં.] પું. આંખનો ખૂણો.
૨. પું. કણસની આંખ.
૩. પું. રેસમના કોડાનો કોશેટો.

કૌણકુત્સ્ય [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. એને કૌણકુત્સ પણ કહે છે.

કૌણપ ૧. [સં. કુણપ (મુડદું)] પું. કર્બુર; મુડદાં ખાનાર રાક્ષસ; રાત્રિચર.
૨. પું. પાતકી.
૩. પું. (પુરાણ) વાસુકીના વંશનો એક સર્પ.

કૌણપદંત [સં.] પું. ભીષ્મ.

કૌણપાસન [સં.] પું. એ નામનો એક સર્પ.

કૌણ્ડિકર્ણિંદુ ન. કોઈપણ આકૃતિના ખૂણા જે બિંદુએ બનતા હોય તે બિંદુ.

કૌણ્ડિન્ય જી. કૌણ્ડિન્ય; પ્રાચીન હિંદના એ નામના લોકની એક જાત.

કૌતક ૧. [સં.] ન. અજાયબી; અદ્‌ભુત દેખાવ; નવાઈ પમાડે તેવું કામ; કુતૂહલ જાગ્રત કરે એવું કામ.
૨. ન. આનંદ; ખુશી; ચેનચાળા; ઠીબળ; મશ્કરી; હાંસી.
૩. ન. આશ્ચર્ય; કુતૂહલ; નવાઈ.
૪. ન. કામ.
૫. ન. ખરાબ કામ; દુષ્ટ કર્મ.
૬. ન. નાચગાન; ગમ્મત.
૭ ન. યુક્તિ.

કૌતકાગાર ન. અજાયબ; નવાઈ પમાડે એવી વિવિધ વસ્તુઓનું સંગ્રહસ્થાન.

કૌતકી ૧. [હિં.] વિ. દુષ્ટ; બદમાશ.
૨. વિ. યુક્તિબાજ.

કૌતગ ૧. [હિં.] પું. કામ.
૨. પું. બદમાશ કામ.
૩. પું. યુક્તિ.

કૌતગી જુઓ કૌતકી.

કૌતલકપુર જુઓ કુંતલકપુર.

કૌતવ ન. ઉંદરના વાળની બનાવેલ દોરી.

કૌતિગ ન. અજાયબી; આશ્ચર્ય; કૌતુક.

કૌતી જી. કૌવત; જોર; બળ; શક્તિ.

કૌતુક ૧. [સં.] ન. અજાયબી; જોવા કે સાંભળવાનું મન થાય તેવી બાબત; તાજુબી; નવાઈ.
૨. ન. અદ્‌ભુત દૃશ્ય.
૩ ન. અભિલાષ; ઇચ્છા.
૪. ન. આનંદ; વિનોદ; હર્ષ.
૫. ન. ઉત્સવ.
૬. ન. ઉત્સાહ.
૭. ન. કપાળે તિલક કરવું તે.
૮. ન. કુતૂહલ જાગ્રત કરે એવી બાબત.
૯. ન. ગમ્મત; નાચગાન.
૧૦. ન. ગર્ભાદિક સંસ્કાર.
૧૧. ન. ગીત વગેરે ભોગ.
૧૨. ન. ચમત્કાર; ચમત્કૃતિ; કુતૂહલ.
૧૩. ન. જિજ્ઞાસા.
૧૪. ન. ટીખળ; મશ્કરી.
૧૫ ન. પરંપરાથી આવેલું મંગલ.
૧૬. ન. ભોગકાળ.
૧૭. ન. માંગલિક હસ્તસૂત્ર.
૧૮. ન. મીંઢળ.
૧૯. ન. રક્ષણ.
૨૦. ન. સુખ.
૨૧. ન. સુખભોગ.

કૌતુકકર્મ [સં] ન. કપાળે તિલક કરવું તે.

કૌતુકકારી વિ. કૌતુક ઉત્પન્ન કરનાર.

કૌતુકખંડ પું. અજાયબી ભરેલ વસ્તુઓ રાખવાનો ઓરડો.

કૌતુકધૂત ન. ગમ્મતની ખાતર રમાતું જૂગટું; દાવ વિનાનો જુગાર.

કૌતુકનાટ્ય ન. નવાઈથી ભરપૂર નાટક.

કૌતુકપ્રિય [સં.] વિ. અદ્‌ભુત રસાત્મક; જેને કૌતુક જાણવાનો શોખ હોય એવું; કૈશપ્રધાન; વીરકલ્પનાત્મક.

કૌતુકપ્રેમ પું. અદ્‌ભુત વસ્તુ પ્રત્યેનો પ્રેમ; કૌતુક રસિનો પ્રેમ; જીવનનો ઉલ્લાસ.

કૌતુકવર્ણન [સં.] ન. દુર્લભ વસ્તુઓ જેવી કરી હોય તેનું વર્ણન; સંગ્રહવર્ણન.

કૌતુકવાન વિ. આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું.

કૌતુકવૃત્તિ [સં] જી કૌતુક જાણવાની ઇચ્છા.

કૌતુકાગાર [સં.] ન. ઓરડો; ભીંત ઉપર સમવસરણનું ચિત્ર ચીતર્યું હોય તેવો ઓરડો. કન્યાદાનનો વિધિ પૂરો થયા પછી વરકન્યા આ ઓરડામાં જાય છે. ત્યાં ચોર અને સ્ત્રીઓ માત્ર જાય છે. ચિત્રની સામે વરકન્યા બેસે છે અને અક્ષત સોપારી વરથી ઢાંકી રાખેલું કન્યાનું મુખ ઉઘાડવામાં આવે છે.

કૌતુકાચાર પું. વિવાહનો એક વિધિ. તેમાં વરકન્યા કૌતુકાગારની ભીંત ઉપર ચીતરેલ ચિત્ર સામે બેસી જાન્યો-વનાં હાથ ઉપર મીંઢળ બાંધે છે. લાલ નાડાછડીમાં મીંઢળ ઉપરાંત સોપારીનો કટકો અક્ષત વીંટી હોય છે. પછી વરકન્યા એકબીજાની આંખો આંજે છે. એકબીજાના વાળ ઓળે છે. અન્યોન્યને પાન ખવડાવે છે અને આરસી બતાવે છે.

કૌતુકાલય [સં.] ન. સંગ્રહસ્થાન; 'મ્યુઝીઅમ'.

કૌતુકાવપદ્ધ વિ. આશ્ચર્ય ઉત્પન્ન થાય એવું.

કૌતુકી ૧. પું. નટ; મલ્લ.
૨. વિ. કુતૂહલવાળું.
૩. વિ કૌતુક કરનાર; વિનોદશીલ.
૪. વિ. એલ કે તમાશા કરનાર.
૫. વિ. વિવાહ સંબંધ કરાવનાર.

કૌતુકીયા ૧. પું. કૌતુક કરનાર.
૨. પું. વિવાહ સંબંધ કરાવનાર પુરોહિત.

કૌતુકોદ્રેક જી. કૌતુક જોવાની ઉત્સુકતા.

કૌતુજાતિ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ

કૌતૂહલ ૧. ન. અજાયબી; આશ્ચર્ય; કુતૂહલ; કૌતુક; નવાઈ.
૨. ન. આતુરતા; ઉત્તેજના; ઉત્કંઠા; ઉત્સુકપણું.

કૌતૂહલિક ૧. વિ. કુતૂહલી.
૨. વિ. ઉત્તેજના; ઉત્કંઠાવાળું.
૩ વિ. મશ્કરું.

કૌત્સ [સં.] પું એ નામનો એક ઋષિ.

કૌત્કલ પું. એકસો બેંતી ક્રિયાવાદીઓના મત માટેનો એક.

કૌત્કુચ્ય ૧. ન. (જૈન) અનર્થદંડ.
૨. ન. કુચેષ્ટા.

કૌત્સ ૧. [સં.] પું. આર્જુનેય.
૨. પું (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ; કુત્સનો પુત્ર. સૂર્યવંશી ભગીરથ રાજાએ પોતાની તંસી નામની કન્યા એને પરણાવી હતી.
૩. પું. એ નામનો એક તત્ત્વજ્ઞાની.
૪. ન. એ નામનું એક ગોત્ર.
૫ ન. એ નામનું એક પ્રવર.
૬. ન કુત્સ ઋષિએ બનાવેલ સામ.

કૌત્સદુર્મિત્ર પું. એક ઋષિ; ઋગ્વેદના દશમા મંડળના એકસો પાંચમા સૂક્તનો કર્તા; કૌત્સસુમિત્ર.

કૌત્સદુર્મિત્ર પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કૌત્સસુમિત્ર જુઓ કૌત્સદુર્મિત્ર.

કૌશુમ ૧. [સં.] જી. (પુરાણ) સામવેદની એક શાખા. તેમાં ભગીરથ રાજાએ ગંગાને પ્રસન્ન કરી હતી નેનું વર્ણન છે.
૨. વિ કૌશુમ નામની વેદશાખાનો અભ્યાસ કરનાર

કૌથુમી [સં.] સ્ત્રી. સામવેદની એક શાખા. તેનો પ્રચાર કુથુમ ઋષિએ કર્યો હતો.

કૌદ [હિં.] પું. ઘા; ઝખમ.

કૌદન ૧. [અ.] પું. ઘર ઉપાડવામાં વપરાતો ઓછી કીમતનો ઘોડો.
૨. વિ. કૌદ.
૩. વિ. ભોળું.

કૌદન ન. એક જાતનું ઘાસ.

કૌદારી ન. એક જાતનું ઝાડ; ચોની; જંગલી ઝળ.

કૌદાલીક [સં.] સ્ત્રી. ધીવર પિતા અને ધોબણ માતાથી ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર જાતિ.

કૌદ્રવિક [સં.] ન. સંચળ.

કૌન ૧. ન. વિશ્વ; દુનિયા.
૨. [અ.] ન. ઉપજતી પેદાવનાર વસ્તુ.
૩. સ. કોણ.
૪. વિ. નવ. આ સંકેત દલાલોની ભાષામાં વપરાય છે.

કૌનખિના સ્ત્રી. અથર્વવેદની શાખાતી નવ માંહેની એક શાખા. જુઓ અથર્વવેદ.

કૌનખ્ય [સં.] ન. ખરાબ નખ થાય એવો એક રોગ.

કૌનપ પું. રાક્ષસ.

કૌનમકાન [અ.] ન. જગત; વિશ્વ.

કૌનસા ૧. [હિં.] સ. કોણ.
૨. વિ. કઈ જાતનું; કેના જેવું.

કૌનિક પું. કુબિર દેશનું એક નામ.

કૌની [અ.] વિ. દુનિયાદારી; દુનિયા સંબંધી.

કૌનૈન [અ.] સ્ત્રી. બંને દુનિયા; વર્તમાન અને ભવિષ્યની દુનિયા.

કૌનોમકાન જુઓ કૌનમકાન.

કૌપ [સં.] વિ. કૂવા સંબંધી.

કૌપજલ [સં] ન કૂવાનું પાણી.

કૌપદાત્ય [સં.] ન. કૂવાનું માછલું.

કૌપીન ૧. [સ.] પું. અયોગ્ય; અનુચિત કાર્ય.
૨. પું ગુદા તથા લિંગ; ગુપ્ત ભાગ.
૩. પુ. ગુનો; પા.પ.
૪. પું. લંગોટીથી ઢંકાતો શરીરનો ભાગ.
૫. ન. ચીર; વલ્કલ.
૬. ન. (વેદાંત) લંગોટ; લંગોટી; પુરુષના ગુહ્યસ્થાનને ઢાંકનાર ચીંદરડો.
૭. વિ. પાપી.

કૌપીનધારી વિ. લંગોટીવાળું; કૌપીન પહેરેલ.

કૌબેર ૧. પું. એક દેવનું નામ.
૨ વિ કુબેરનું; કુબેર સંબંધી.

કૌબેરી ૧. સ્ત્રી. ઉત્તર દિશા.
૨. સ્ત્રી. એક શક્તિ.
૩. સ્ત્રી. કુબેરની પત્ની.

કૌભાંડ ૧. ન. કપટ; કાવતરું; કુટ.
૨. ન. તરકટ; તૂત.
કૌભાંડ કરવાં = (૧) કપટ કરવું. (૨) બનાવટી વાત ઊભી કરવી.

કૌભીષણ ૧. ન. એક ગોત્રનું નામ.
૨. વિ. કૌભીષણ ગોત્રનું; કૌભીષણ ગોત્રમાં થયેલ.

કૌમ (પ્રૌમ) ૧. [અ.] સ્ત્રી. ઉછેર.
૨. સ્ત્રી. જાત; પક્ષ.

કૌમદાર (પ્રૌમદાર) વિ. ઊમદા; સારી ઉછેરનું.

કૌમરી [હિં.] સ્ત્રી. ખાઈનું અનાજ.

કૌમંઠ પું. (પુરાણ) ગૌતમાગિરસ માંહેનો એ નામનો એક ઋષિ.

કૌમાર ૧. [સં.] પું. કુંવારી કન્યાને પરણનાર પુરુષ; કુમાર.
૨. પું. સનત્કુમારે રચેલ સૃષ્ટિ.
૩. ન. પ્રતિજ્ઞાની શક્તિ.
૪. ન. કુંવારાપણું.
૫. ન. નાનપણ; બાલ્યપણ; કુમારતા; કુમારદશા.
૬. વિ. કાર્તિક સ્વામી સંબંધી; કુમાર સંબંધી.
૭. વિ. કુમારદશાને પામેલ; કુમારનું; તરુણ.

કૌમારક [સં] ન. કુમારદશા; કુમારપણું; બાળપણ.

કૌમારજીવન ન. કુમાર તરીકેનું જીવન.

કૌમારતંત્રી [સં. કૌમારતન્ત્રિન્] ન. આયુર્વેદનાં આઠ માંહેનું એક અંગ.

કૌમારદીક્ષા સ્ત્રી. કુંવારા રહેવાનું વ્રત.

કૌમારપૈક સ્ત્રી. કેરેા તરફના ખેડૂતની એક જાત.

કૌમારભાવ પું. કુમાર અવસ્થા.

કૌમારભૃત્ય ૧ન [સં.] પું. આયુર્વેદનો એક ભાગ.
૨. ન. બાળકની શુશ્રૂષા; બાળકની માવજત.
૩. ન. બાળગ્રહનિદાન અને ચિકિત્સાશાસ્ત્ર.

કૌમારવસ્ત્ર ન. કુંવારી અવસ્થામાં પહેરવાનું કપડું.

કૌમારવ્રત ૧. ન. કુમાર દશામાં કરવાનું વ્રત.
૨. ન. કુમારાપણાનું વ્રત; કુમારબ્રહ્મચર્ય, બાલ્યબ્રહ્મચર્યવ્રત.

કૌમારવ્રતી [સં. કૌમારવ્રતિન્] વિ. અપરિણીત રહેવાના વ્રતવાળું.

કૌમારસંઘ [સં] પું. બાલક સમુદાય.

કૌમારાવસ્થા સ્ત્રી. બાલ્યતા; અપરિણીત સ્થિતિ, તરુણાવસ્થા; તારુણ્ય.

કૌમારાશ્રમી [સં. કૌમારાશ્રમિન્] વિ. કુમાર વયનું; યુવાવસ્થાવાળું.

કૌમારિક ૧. [સં.] પું. ઘણી કન્યાઓનો પિતા.
૨. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો અને બધા શુદ્ધ સ્વરવાળો એક રાગ.

કૌમારિકી સ્ત્રી. અષાઢ મહિનાની શુક્લપક્ષની છઠ.

કૌમારિકેય ૧. [સં.] પું. કાનીન; કુંવારી કન્યાનો પુત્ર.
૨. વિ. કુંવારી કન્યાનું

કૌમારી ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી.
૨. સ્ત્રી. કાર્તિક સ્વામીની સ્ત્રી.
૩. સ્ત્રી. કુમાર અવસ્થામાં દીક્ષા લીધેલ સાધ્વી.
૪ સ્ત્રી. કુમાર સંબંધી ચેષ્ટા.
૫. સ્ત્રી. કુમારી; બાળાલક્ષ્મણરિણી.
૬. જુઓ પાર્વતીનું એક નામ.
૭. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની બીજી શ્રુતિ.
૮. સ્ત્રી. બીજી સ્ત્રી જેણે કરી ન હોય તેવા પતિની પત્ની.
૯. સ્ત્રી. વારાંગના.
૧૦. સ્ત્રી સાત માંહેની એક માતૃકા.

કૌમારીતંત્રી ન. આઠ અદ્ભુતપતંત્ર માંહેનું એક. જુઓ અદ્ભુતપાષ્ટક.

કૌમાર્ય [સં.] ન. કુમારપણું; કુંવારાપણું; બાલ્યવય.

કૌમાર્યપટલ [સં.] પું. યોનિપટલ; સતીચ્છદ. કુમારી અવસ્થામા યોનિદ્વારને ઢાંકતું શ્લેષ્મ તત્ત્વનું પાતળું પડ. બાળપણથી આરંભી કન્યાકાળ પૂર્ણ થતાં સુધી ભગદ્વાર આ પડથી ઢંકાયેલું રહે છે.

કૌમાર્યભંગ [સં.] પું. કૌમાર્યનું ખંડન; પ્રથમ સમ્ભોગ.

કૌમાર્યવ્રત ન. કુમારાપણાનું વ્રત.

કૌમાર્યાવસ્થા [સં] સ્ત્રી. અખંડતા; અપરિણીત કન્યા તરીકેની સ્થિતિ; તરુણાવસ્થા; તારુણ્ય

કૌમિયત (પ્રૌમિયત) ૧. [અ.] સ્ત્રી. એક જાતના હોદ્દાપત્ર; જાતીયતા.
૨. સ્ત્રી. જાત; પ્રજા.

કૌમી (પ્રૌમી) [હિં.] વિ. જાતનું.

કૌમી જમ્હુરિયત (પ્રૌમિજમ્હુરિયત) [અ.] સ્ત્રી. પ્રજાની સભા.

કૌમીહુકૂમત (પ્રૌમીહુકૂમત) ૧. [અ.] ન પ્રજાસત્તાક રાજ્ય.
૨. ન. લોકોની સભાથી ચાલતું રાજ્ય.

કૌમુદ [સં.] પું. કાર્તિક મહિનો.

કૌમુદિકભેરી જી. એક વાદ્યવિશેષ.

કૌમુદિકા ૧. [સં.] સ્ત્રી. ચંદની જ્યોત્સ્ના; ચાંદની.
૨. સ્ત્રી. ભેરી કૌમુદિકા; એક ભેરી વાદ્યવિશેષ.

કૌમુદી ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૮૪ લઘુ હોય છે.
૨. સ્ત્રી. અર્થબોધક ટીકા.
૩. સ્ત્રી આશ્વિની પૂર્ણિમા, શરદપૂનમ.
૪. સ્ત્રી. કાર્તિક માસમા થતો ઉત્સવ.
૫. સ્ત્રી. કાર્તિકી પૂર્ણિમા.
૬. સ્ત્રી. ચંદની; ચંદ્રમાનું અજવાળું; ચંદ્રિકા; ચાંદની.
૭. સ્ત્રી. દક્ષિણ દેશની એક નદી.
૮. સ્ત્રી. દીપોત્સવની તિથિ.
૯. ન. એક શાસ્ત્ર. તે સોમનાથે રચેલ છે. તેમાં ૬૨ અંકના ઉપગ્રહો, અંકની અંદર થતા ફેરફારો વગેરે હકીકત આપી છે.
૧૦. ન. વૈદિક શાસ્ત્ર.
૧૧. ન. સંસ્કૃત વ્યાકરણનો એક ગ્રંથ.

કૌમુદીનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કૌમુદીપતિ જુઓ કૌમુદીનાથ.

કૌમુદીપૂર્ણિમા [સં.] સ્ત્રી. આશ્વિનપૂર્ણિમા; શરદપૂનમ.

કૌમુદીમહોત્સવ પું. કાર્તિકી પૂનમનો ઉત્સવ.

કૌમુદીરાજ પું. ચંદ્ર.

કૌમુદીવૃક્ષ [સં.] પું. દીપવૃક્ષ; દીવાઓનો વૃક્ષાકાર.

કૌમુદીશ જુઓ કૌમુદીનાથ.

કૌમોદકી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક ગદા. ખાંડવવન બાળતા અગ્નિએ વરુણ પાસેથી આણીને તે કૃષ્ણને આપી હતી. નરકાસુરને મારવા તેમણે આ ગદા વાપરી હતી.
૨. સ્ત્રી. પૃથ્વીનું પાલન કરનાર વિષ્ણુની ગદાનું નામ.

કૌમોદકીધર ૧. પું. કૃષ્ણ.
૨. પું. વિષ્ણુ.

કૌમોદી જુઓ કૌમોદકી.

કૌર ૧. [અ.] પું. આયુધ; હથિયાર.
૨. પું. એક જાતનું ઝાડ. તે ઉત્તર હિંદની પહાડી ભૂમિમાં થાય છે.
૩. [સં. કવલ] પું. (હિંદી) કોળિયો; ગ્રાસ. કૌર ગ્રાસ ન કરવો = ન ખાવું.
૪. પું. પંદરમાં એક વાર ઓરવામાં આવે એટલું અનાજ.
૫. પું. મૂઠી.

કૌરખાના (કૈરખાના) [અ. કૌર (આયુધ) + ખાના (ગૃહ)] ન. આયુધશાળા.

કૌરપંડ પું. ઘ. વ. કૌરવો અને પાંડવો.

કૌરબેગી પું. અકબરના વખતનો એક અમલદાર.

કૌરવ ૧. પું. આસુરી વૃત્તિ.
૨. પું. કુરુવંશનો રાજા.
૩. પું. કુરુ દેશનો રાજા.
૪. પું. કુરુનો વંશજ; કુરુ રાજાની સંતતિ; કુરુવંશના રાજા; ધૃતરાષ્ટ્રનો દીકરો દુર્યોધન અને એના ભાઈઓ. ગાંધારીને ગર્ભ રહ્યો ને માંસપેશી આવી. એના ઉપર શીતલ જળ રેડ્યું, એટલે એના સો ભાગ પડ્યા અને બીજે ભરેલી કૂંડીમાં તે રાખ્યા. તેથી દુર્યોધન, દુઃશાસન, દુર્ધર્ષિ, સુબાહુ, નંદ, ચિત્રાયુધ, સત્યસંધ, અપરાજિત, સુષેણ, સુહસ્ત, દૃઢધ્વજ આદિ સો પુત્ર તથા દુઃશલા નામે કન્યા જન્મ્યાં. કૌરવનું વંશવૃક્ષ:



૫. પું કુરુવંશ.
૬. પું યુધિષ્ઠિર અને દુર્યોધન.
૭. વિ કુરુવંશ તથા તેના સભ્યો સંબંધી
૮. વિ. કુરુવંશમાં ઉત્પન્ન થયેલું.

કૌરવપતિ [સં] પું. દુર્યોધન.

કૌરવભવન ન. [સં.] કૌરવોને રહેવાનું મકાન.

કૌરવાખ્યગર્વનુત પું. પુરુષોત્તમનાં કન્હર માંહેનું એક નામ.

કૌરવાર ૧. પું. કૌરવોનો દુશ્મન.
૨. વિ કૌરવોનો દુશ્મન હોય તેવું.

કૌરવારિ જુઓ કૌરવાર.

કૌરવિકા સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની એ નામની બીજી મૂર્છના.

કૌરવી ૧. [સં.] સ્ત્રી. કુરુવંશી સ્ત્રી.
૨. વિ. કુરુ સંબંધી.

કૌરવ્ય ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. પું (પુરાણ) ઐરાવત કુલોત્પન્ન એક નાગ; ઉલૂપીનો પિતા. જનમેજયના સર્પસત્રમાં એનાં કૌરવ્ય, ઐરક, કુંડલ, વેણી, વેણિસ્કંધ, કુમારક, બાહુક, શૃંગવેર, ધૂર્તક અને પ્રાતરાતક નામનાં દસ કુળ બળીને નાશ પામ્યાં હતાં.
૩. પું. કુરુરાજાનો રાજા.
૪. પું. કુરુનું સંતાન; કૌરવ.
૫. પું. કુરુવંશમાં ઉત્પન્ન થયેલ ક્ષત્રિય.
૬. પું. મહાભારતમાં વર્ણવેલું એ નામનું એક નગર.
૭. વિ. કુરુવંશી.

કૌરા ૧. ન. એ નામની એક ઔષધિ; કુટકિ. તે સખત કબજિયાતની સાથેના તાવમાં આપાય છે.
૨. [હિં.] વિ. આકરું; તેજ.
૩. વિ. કડવું.
૪. વિ. આકું.
૫. વિ. બેસ્વાદ.

કૌરી પું. એક જાતનો મુંદર.

કૌરુકુત્સ્ય [સં.] પું. કુરુકુત્સ ઋષિનો દીકરો.

કૌરક્ષેત્રી પું. (પુરાણ) એ નામના એક ઋષિ

કૌરુપતિ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કૌરુપથિ પું. અથર્વવેદમાં જણાવેલ એક ઋષિ.

કૌરૂ પું કુરુનો વંશજ.

કૌરૈયા [હિં] પું. એ નામની એક વનસ્પતિ; કડો; ઉંડ્યનું ઝાડ.

કૌર્ય [સં.] પું (જ્યોતિષ) વૃશ્ચિક રાશિ.

કૌર્મ ૧. પું. (પુરાણ) જાન્યના ત્રીજા મહિનો પંદરમો દિવસ; જાન્યની પૂર્ણિમાસી.
૨. ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ. કૂર્મપુરાણ.
૩. વિ. કાચબા સંબંધી.

કૌર્મકલ્પ [સં. કૌર્મ (કાચબા સંબંધી) + કલ્પ (બ્રહ્મદેવના દિવસનું સાધારણ નામ)] પું. (પુરાણ) દિવસના ક્રમે બ્રહ્મદેવની પૂર્ણિમા. એ કલ્પના આરંભમાં કૂર્માવતાર થયો હતો, માટે એનું એવું નામ પડ્યું છે.

કૌર્મપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ; કૂર્મપુરાણ. તેમાં સત્તર હજાર શ્લોક કહેવાય છે.

કૌલાં [હિં.] સ્ત્રી. કોળિયો કરવો તે.

કૌલ ૧. [અ.] પું. બોલવચન.
૨. પું. અવતરણ.
૩. પું. આશ્વાસન.
૪. પું. ઇકરાર.
કૌલ કરવો = ઇકરાર કરવો; સાટું કરવું.
૫. પું. એક જાતની માછલી.
૬. [હિં.] પું. એક જાતનું ગીત.
૭. પું. કબૂલાત; વચન; કોલ; પ્રતિજ્ઞા.
૧. કૌલ તોડવો = વચનભંગ થવું.
૨. કૌલ દેવો = વચન આપવું.
૩. કૌલ લેવો = વચન મેળવવું.
૪. કૌલ હારવો = (૧) કબૂલાત આપવી; વચન આપવું. (૨) વચનભંગ થવું.
૫. કૌલથી ફરવું = વચનભંગ થવું.
૬. કૌલનો કાચો = બે હાથ સાથે જોડેલા હોય એમ બતાવતી વીંટી.
૭. કૌલનો પૂરો = વચન પાળનાર; સાચો.
૮. પું. કમળકંદ.
૯. [હિં.] પું કોળિયો.
૧૦. પું. નિશ્ચય.
૧૧. પું. મહેરબાની.
૧૨. પું. મૂછ.
૧૩. પું. વાણી.
૧૪. પું. વાત; કથન.
૧૫. પું. વામાચારીઓનો મુખ્ય પંથ.
૧૬. પુ. શબ્દ.
૧. કૌલ કેલ = શબ્દ અને કામ.
૨. સિર્ફ કૌલ = ફેરવ્યા શબ્દો.
૧૭ પું. સરોજ.
૧૮. પુ. સિદ્ધાંત
૧૯. પું. સેનાની ટુકડીનો મુખ્ય ભાગ.
૨૦ વિ. કુલીન; ખાનદાન કુળમાં જન્મેલ; કુળવાન.
૨૧. વિ. તાંત્રિક મતના આચારને જાણનાર; તાંત્રિક મતનું; વામમાર્ગી; શાક્ત.

કૌલઅહુદ પું. વચન.

કૌલક ૧. ન. એ નામનું વામશાસ્ત્ર.
૨. વિ. કુળવાન; કુલીન.

કૌલકરારદકિ પું. કોલ; વચન.

કૌલકરાર [હિં.] પું. અરસપરસ કબૂલાત; કરારનામું; લિખિત ઠરાવની શરતો; સંધિ.
કૌલકરાર કરવા = (૧) ઇકરાર કરવો. (૨) સાટું કરવું.

કૌલકેય ૧. [સં.] પું. દુરાચારિણીનો પુત્ર.
૨. વિ. કુળવાનનાં ખાનદાન કુળમાં ઉત્પન્ન થયેલ.

કૌલગટ્ટા સ્ત્રી. કમળકાકડી.

કૌલગિરિ [સં.] પું. અઢાર માંહેનો એ નામનો એક દેશ.

કૌલચૂર્ણ ન. બોરકૂટો; બોરનું ચૂર્ણ.

કૌલટિનેય ૧. [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો દીકરો.
૨. પું. સતી છતાં ભિક્ષા માટે ફરનારી સ્ત્રીનો પુત્ર; ભિક્ષુકી સતી સ્ત્રીનો દીકરો.

કૌલટેય ૧. [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો પુત્ર.
૨. પું. ભિક્ષા માટે ફરનારી સતી કે અસતી સ્ત્રીનો પુત્ર; સતી કે અસતી ભિક્ષુકી સ્ત્રીનો દીકરો.

કૌલટેર [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો દીકરો.

કૌલનામા [અ.] ન. કરારપત્ર.

કૌલપત્ર ન. એક જાતની મિશ્ર ધાતુ. તે જસત સફેદર અથવા કાંસું અને એક શેર તાંબું ભેળવીને બનાવે છે. આ ધણી દેખાવડી અને ઓછાવત્તા ધાતુ અકબરશાહે શોધી કાઢેલી કહેવાય છે

કૌલપ્રકૃતિ [સં.] પું. શબ્દ અને કાર્ય.

કૌલબીડા (કૌલબીડા) પું. કરારનું બીડું કરારની કબૂલાત માટે આ ક્રિયા કરવામાં આવે છે.

કૌલમ ન. ભાવબ્રેરમાં આવેલ એક પ્રાચીન ગામ. અત્યારે તે મલબારકાંઠાનું મોટું બંદર હતું.

કૌલમત પું. શાક્તપંથનો એ નામનો એક પ્રકાર. વૈષ્ણવીય શાક્તોનું એક મુખ્ય મતવ્ય છે. સ્ત્રીના ગુહ્ય ભાગના ચિત્રની પૂજા થાય છે. શાક્તોમાં બે ભેદ છે: પ્રાચીન કૌલિક માનિના ચિત્રની અને બીજા વાસ્તવિક યોનિની પૂજા કરે છે. પૂજા વખતે તેઓ મદ્ય, માંસ, મીન આદિનું ભક્ષણ કરે છે. ભૈરવીચક્રને વખતે

વર્ણભેદ નથી માનતો. નવમી શતાબ્દીની આસપાસ થયેલા કવિ રાજશેખરે કર્પૂરમંજરી નામના નાટકમાં ભૈરવાનંદના મુખથી કૌલમતનું વર્ણન કર્યું છે કે, હું મંત્રતંત્રાદિ કશું નથી માનતો. ગુરુકૃપાથી કોઈ જ્ઞાન પણ નથી થતું. અમે તો મદ્યપાન કરીએ અને ઔરમન કરીએ અને કુલમાર્ગનું પાલન કરતાં મોક્ષ પામીએ છીએ. વળી કુલટાઓને દીક્ષિત કરીને અમે ધર્મપત્ની બનાવીએ છીએ. અમે મદ્ય પીઈએ અને માંસ ખાઈએ છીએ. ભિક્ષાન્ન જ અમારું ભોજન અને ચર્મખંડ શય્યા છે.

કૌલમતાનુયાયી ૧. [સં. કૌલમતાનુયાયિન્] પું. કૌલમત પ્રમાણે ચાલનાર માણસ.

૨. વિ. કૌલમતમાં માનનાર.

કૌલમાર્ગ પું. કૌલધર્મ; કૌલમત; શાક્તપંથ.

કૌલવ ૧. [સં.] પું. (જ્યોતિષ) અગિયાર માંહેનું ત્રીજું કરણ; એ નામનું એક વર કરણ. તેનો દૈવતા મિત્ર છે. આ કરણમાં જન્મનાર વિદ્વાન, ગુણી પણ કૃતઘ્ન થાય એમ મનાય છે.

૨. પું. મહાદેવ; શિવ.

કૌલા ૧. [હિ.] પું. કાપણી કરનાર મજૂરોને અથવા ગામનાં વસવાયાને લણણી ટાણે આપવામાં આવતી અનુસલાની ભારી કે ડોળી.

૨. પું. નારંગી.

૩. પું. બાજ.

૪. પું. બાજમાં સમાય એટલું માપ.

૫. [સં. કમલા] સ્ત્રી. એક પ્રકારનું સંતરું. તે બહુ સ્વાદિષ્ટ હોય છે.

૬. [હિ.] ન. પાકાંની દીવાલ.

કૌલાચાર પું. કૌલમતના રીતરિવાજ.

કૌલાનીમ ન. એ નામનું એક જાતનું ઝાડ.

કૌલાલ ૧. ન. માટીનું વાસણ.

૨. વિ. કુંભાર સંબંધી.

કૌલાલક ૧. [સં.] વિ. કુંભાર સંબંધી.

૨. વિ. કુંભારે કરેલ.

કૌલાલિક પું. કુંભાર.

કૌલાસ્થિક ન. ઓરનો ઠળિયો.

કૌલિક ૧. [સં.] પું. કુલનો આચાર.

૨. પું. કૌલિકમત પ્રવર્તાવનાર શિવ.

૩. પું. ચોપન વાયુતત્ત્વદેવતાઓનો એક.

૪. પું. મનુ.

૫. પું. શક્તિનો ઉપાસક.

૬. પું શાક્તોનો એ નામનો એક ભેદ.

૭. ન. તંત્રશાસ્ત્રોક્ત કુલાચાર.

૮. ન. પાખંડ.

૯. વિ. કુલપરંપરાથી આવેલ.

૧૦. વિ. પાખંડી.

કૌલિતર [સં.] પું. શંબરાસુર દૈત્ય.

કૌલિની ૧. સ્ત્રી. એ નામની રેતી

૨. સ્ત્રી. ચોપન આકાશતત્ત્વદેવતાઓમાંની એક.

કૌલિયા ૧. [હિ.] પું. કાપણી કરનાર મજૂરો અથવા ગામનાં વસવાયાંને લણણી ટાણે આપવામાં આવતી અનુસલાની ભારી કે ડોળી.

૨. સ્ત્રી. ગલી; શેરી.

૩. સ્ત્રી. નાનો ડોળિયો.

કૌલિસ પું. કૌશિક; પ્રાચીન હિંદના એ નામના લોક.

કૌલી ૧. [હિ.] સ્ત્રી. કાર પ્રમાણે રાખેલી જમીન.

૨. સ્ત્રી. ખોળો.

૩. સ્ત્રી. બાજ; બાજ.

૪. સ્ત્રી. બે હાંડાની વચમાં કાઈ સમાય તેટલો અવ્યો; બાજમાં સમાય તેટલો અવ્યો.

કૌલી ભરવી = (૧) બાજ ભરવી. (૨) બે હાથ વચ્ચે પકડી રાખવું. (૩) સાધ્યું થવું; ભોળી થવું.

૫. સ્ત્રી. લશ્કરનાર અને ગામડાના નોકરોને ઇરતરી તરીકે અપાતાં કૂંડાંની ભાંસડી.

૬. [અ.] વિ. કરાર સંબંધી.

કૌલીન ૧. [સં.] પું. દુષ્ટ ક્રમ.

૨. પું. નિંદા; લોકોપવાદ.

૩. પું. પાખંડી.

૪. પું. ભિખ્યારણનો પુત્ર.

૫. પું. વામમાર્ગમાં શક્તિનો ઉપાસક માણસ. વામમાર્ગી.

૬. ન. બરાબ સમાચાર.

૭. ન. ગુપ્તેંદ્રિય.

૮ ન. પશુ, પક્ષી, સર્પ વગેરેનું યુદ્ધ.

૯ વિ. કુલક્રમે આવેલું.

૧૦. વિ. પૃથ્વી ઉપર લીન થયેલ.

૧૧. વિ. સારા કુળમાં ઊપજેલ.

કૌલીન્ય સ્ત્રી. આનદાની.

કૌલીય [સં.] પું. ક્ષત્રિયોની એક પ્રાચીન જાતિ.

કૌલેય ૧. ન. એક જાતનું મોતી. સિંહલદ્વીપનાં મધ્યભાગ પાસેની કુલ નામની નદીમાંથી તે નીકળે છે.

૨. [સં.] વિ. સત્કુળમાં ઉત્પન્ન થયેલ.

કૌલેયક ૧. [સં.] પું. કુળકમથી આવેલ કૂતરો; ઊંચી જાતનો કૂતરો.

૨. વિ. કુળવાન; કુલીન.

કૌલોકરાર [હિ.] પું. કરારનામું.

કૌલોક્યબલ [હિ.] પું. શબ્દ અને અર્થ.

કૌલ્ય [સં.] વિ. સત્કુળમાં ઉત્પન્ન થયેલ

કૌલ્લગ પું. પરશુરામક્ષેત્ર. પરશુરામનો શબ્દ. તિબેલી પ્રાંતમાં કૌલ્લગ શબ્દ ચાલે છે. તેમાં મહિનાનાં નામ મેષ, વૃષભ વગેરે રાશિ ઉપરથી પડેલાં છે. કહ્યો, ત્રિશમ વગેરે નામો કહ્યા, સિંહ રાશિનાં અપભ્રંશ છે. કેરાલ પ્રદેશ સમુદ્ર પાસેથી પરશુરામે મુક્ત કર્યો ત્યારથી આ શબ્દ ચાલુ થયો એમ માન્યતા છે.

કૌવચ ૧. [સં. કપિકચ્છુ] સ્ત્રી. એક જાતની ઔષધિમાં થતી વનસ્પતિ. તેનાં ફૂલ કાળા જાંબુડા રંગનાં, અંધારામાં કેમ્પુંને મળતાં અને ઝૂમખામાં હોય છે. તેનાં ફળ આંબલીના ફાતરાને મળતાં થાય છે. પાન, ફૂલ અને ફળને રુવાંટી હોય છે, જે શરીરને અડતાં ચળ આવે. તેનાં બીજ અડદ્યથી એક તોલાની માત્રામાં ધાતુપુષ્ટિ તરીકે અપાય છે.

૨. સ્ત્રી. એક જાતનું શક્તિ આપનારું વસાણું.

૩. ન. એ નામની વનસ્પતિનો ખંજવાળ ઉત્પન્ન કરનાર ફાલ્લો.

કૌવત (કૂવત) ૧. [અ. કુવ્વત (શક્તિ)] ન. જોર; તાકાત; બળ; સામર્થ્ય.

૨. ન. ટેકો; આધાર; આશ્રય.

૩. ન. મજબૂતી; દૃઢાવસ્થિતિ.

૪. ન. સત્ત્વ, તેજ.

કૌવતદાર (કૂવતદાર) [ફા.] વિ. જોરાવર; કૌવતવાળું; બળવાન; સશક્ત.

કૌવતી જુઓ કૌવતદાર.

કૌવા ૧. [હિ.] પું. કનકૂટકી નામનું ઝાડ.

૨. પું. કાગડો.

૩. પું. બગાનો કાકડો

૪ પું ખુચ્ચો માણસ; હીજ.

૫. સ્ત્રી. એક જાતની માછલી.

કૌવાડો (કૂવાડો) પું. (ગ્રામ્ય) કોસ વડે પાણી કાઢવા માટે કૂવા ઉપર ખોડવામાં આવતાં બે માંહેનું કોઈ એક મોટું લાકડું.

કૌવાદોદી [હિ.] સ્ત્રી. કાકમારી.

કૌવાલ (કૂવાલ) [અ.] પું. એક જાતનો મુસલમાન ગવૈયો તેઓ કૌવાલી ગાય છે.

કૌવાલી (કૂવાલી) ૧ [હિ.] સ્ત્રી. કૌવાલોનો ધંધો.

૨. સ્ત્રી. ગઝલ.

૩. સ્ત્રી. (સંગીત) તિતાલનો એક ભેદ.

૪. સ્ત્રી. પીરની કબર અથવા સૂફીની મજલિસમાં થતુ એક જાતનું માન.

કૌવેર ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. એક પ્રાચીન દેશનું નામ. તે મુક્તિ મોતીનું ઉત્પત્તિસ્થાન મનાય છે.

૩. વિ. કુબેર સંબધી.

કૌવેરક પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કૌવો ૧. પું. એક જાતનું પંખી; કાકાકૌવા.

૨. [સં. કાક; પ્રા. કાઓ; દે. કૌઓ] પું. કાગડો.

૩. પું. લગ્નની એક ક્રિયા. લગ્નમાં ગોરીની ક્રિયા પૂરી થયા બાદ વરવહુ દેવમંદિરમાં આવે ને ઈંટો ઉપર કંકુ અને સિંદૂરના સાથિયા કરેલ કથરોટો ઊંધી ગોઠવી તે ઉપર બેસી કથરોટની નીચે દીવા અને અવળી ધંટીએ દળેલ અડદના લોટના પાંચ પાપડ મૂકે છે.

૪. સ્ત્રી. કાગડાની બોલી દર્શાવતો અનુકરણવાચક અવાજ.

કૌશ ૧. [સં.] પું. કાન્યકુબ્જ; કનોજ.

૨. પું. કુશદ્વીપ.

૩. [સિં.] ન. એ નામનું એક ગોત્ર.

૪. ન. કુશનું વસ્ત્ર; દાભનું ભૂતડું.

૫. ન. રેશમી કપડું.

૬. વિ. દર્ભનું બનાવેલ.

કૌશક ૧. [સં. કૌશિકી] પું. અઢાર્યું માંહેનો એક દેશ; કુશી નદીની આસપાસનો પ્રદેશ.

૨. સ્ત્રી. એક જાતની શેરડી.

કૌશકી ૧. સ્ત્રી. એ નામની એક દેવી.

પાર્વતીએ પોતાના શરીરમાંથી એક બીજું રૂપ પ્રગટ કર્યું. એ બીજું દેવી પાર્વતીના કોશ (શરીર)માંથી નીકળ્યાં માટે સર્વ લોકોમા તેમનું નામ કૌશકી કહેવાય છે.

ભગવતી ભાગવત

૨. સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ.

કૌશલ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. (પિંગળ) કુડલિયાની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૫૫ ગુરુ અને ૪૨ લઘુ મળી ૯૭ વર્ણ અને ૧૫૨ માત્રા આવે છે.

૩. [સિં.] પું. કોશલ દેશનો વતની.

રઘુનંદ આનંદકંદ કૌશલ, ચંદ દશરથનંદન

રામાયણ

૪. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ગુરુ અને ૧૨૬ લઘુ મળી ૧૪૧ વર્ણ અને ૧૫૬ માત્રા આવે છે.

૫. પું. સુખ.

૬. ન. અત્રિ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૭. ન. એક જાતનું ષટ્દ્વારયુક્ત ત્રિશાળ ઘર.

જે ત્રિશાળ ઘરના મુખ આગળ એક ક્રમસ્થ (લઘુ) હોય, તે ક્રમસ્થ આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક અલિંદ કરીએ અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે કૌશલ્ય નામનું ઘર કહેવાય છે. રાજવલ્લભ

૮. ન. કર્મનું પાપ ન લાગે તે રીતે કર્મ કરવાની રીત.

કર્મનું પાપ ન લાગે તેવી રીતે કર્મ કરવાની સમત્વબુદ્ધિરૂપ જે વિશેષ યુક્તિ ઉપર કહી છે તેનું નામ કૌશલ. ગીતારહસ્ય

૯. [સં. કુશલ] ન. કુશળતા; કૌશલ્ય; હોંશિયારી; ચાલાકી; નિપુણતા.

૧૦. ન. ખુશી; મરજી.

૧૧. ન. યુક્તિ.

કૌશલદેશ પું. એ નામનો એક દેશ; હાલનો અયોધ્યા તથા અયોધ્યા પ્રાંત.

કૌશલિકા ૧. [સં.] સ્ત્રી. કુશળતાનો પ્રશ્ન; ખુશીખબર પૂછવા તે.

૨. સ્ત્રી. નજરાણું; ભેટ.

કૌશલી ૧. [સં.] સ્ત્રી. કુશલપ્રશ્ન.

૨. સ્ત્રી. ભેટ; નજરાણું.

૩. સ્ત્રી. સલામ.

કૌશલેય [સં] પું. રામચંદ્ર; કૌશલ્યાનો પુત્ર.

કૌશલ્ય ૧. પું (પુરાણ) આત્રેયાયન ઋષિકુળનો એક ઋષિ. એ પિપ્પલાદ ઋષિનો શિષ્ય હતો.

૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૩. [સં.] ન. કુશળતા; હોંશિયારી; ચતુરાઈ; નિપુણતા.

૪. ન. સારું નસીબ.

૫. ન. સુખ

કૌશલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અયોધ્યાના રાજા દશરથનાં પત્ની અને રામચંદ્રની માતા. કોશલ દેશના રાજા ભાનુમાનની તે પુત્રી હતી. રાવણની ધાકથી તેનાં લગ્ન વહાણમાં દશરથ સાથે કરવામાં આવતાં હતાં, તેટલામાં સાચ્ચે દશરથ રાજાને દરિયામાં ફેંકાવી દીધા, પણ અચાનક એક પાટિયું હાથ આવતાં એક બેટ ઉપર તણાઈ ગયા. કૌશલ્યાને પણ પેટીમા ઘાલી દરિયામાં ફેંકવી દીધાં. અનાયાસે જે બેટ ઉપર દશરથ રાજા તણાઈ આવ્યા હતા, તે જ બેટમાં તે પેટી તણાઈ આવી. નારદે કૌશલ્યાને દશરથ સાથે પરણાવ્યાં. ફરી તેઓ રાવણના હાથમાં પડ્યાં. તે બંનેને મારી નાખવો હતો, પણ બહલએ તેમને બચાવ્યાં અને અયોધ્યામાં મોકલ્યાં.

૨. સ્ત્રી. (પુરાણ) ધૃતરાષ્ટ્રની માતા.

૩. [સિં.] સ્ત્રી. પંચમુખી આરતી; પાંચ દીવાની આરતી.

૪. સ્ત્રી. (પુરાણ) પુરુરાજની સ્ત્રી અને જનમેજયની માતા.

૫. સ્ત્રી. સત્વાનની સ્ત્રી.

કૌશલ્યાતનય [સં.] પું. રામચંદ્ર.

કૌશલ્યાનંદન જુઓ કૌશલ્યાતનય.

કૌશલ્યાસુત જુઓ કૌશલ્યાતનય.

કૌશાળ [સં. કૌશલ] ન. સકળ ઘરનું મુખ દક્ષિણે હોય એવું એક જાતનું ત્રિશાળ ઘર.

કૌશાર્પિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કૌશાંબર [સં.] ન. રેશમી વસ્ત્ર.

કૌશાંબિ જુઓ કૌશાંબી.

કૌશાંબી [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નગરી. ઘટોત્કચપુત્ર કુશ તપસ્વી હતો એને વૈદર્ભીથી ચાર પુત્ર થયા. તેમાંથી કુશાંબે કૌશાંબી નગરી વસાવી. વળી એમ પણ કહેવાય છે કે, વત્સ રાજાની આ નગરી સોમવંસના વિજયપુળના દશાંત અથવા કુશાંબુ રાજાએ વસાવી હતી. વત્સદેશની એ રાજધાની હતી. તેનું બીજું નામ વત્સપટ્ટણ પણ છે. પ્રાચીન કાળમાં આ શહેર યમુનાને કિનારે ઉજ્જયનથી ઉત્તર દિશે જતા ધોરી માર્ગ ઉપર હતું, પણ હાલ યમુનાનો પ્રવાહ ત્યાંથી છેટે ગયેલ છે. ભગવાન બુદ્ધ અહીં રહેલા. ત્યાં એક મંદિરમાં તેની ચંદનની પાંચ ફૂટની એક મૂર્તિ છે, તેથી બૌદ્ધોનું તે એક તીર્થ બન્યું છે. રામચંદ્રનું ચિત્રકૂટ પણ અહીંથી બહુ દૂર નથી. આ નગર પ્રયાગથી પાંચ ગાઉ પશ્ચિમે છે.

કૌશિ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

કૌશિક ૧. પું. (સંગીત) આશાવરી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પ્રહર છે.

૨ પુ. ઇંદ્ર; વાસવ; શક્ર.

૩ [સં] પું. એક જાતનું ઝાડ; અશ્વકર્ણ.

૪. પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેને ગાવાનો સમય મધ્યરાત્ર છે. તે કાનડાનો ભેદ મનાય છે.

૫. પું. (પુરાણ) કુશિકનો પુત્ર; ગાધિ. તે ઇંદ્રના અંશથી ઉત્પન્ન થયો હોવાનું મનાય છે.

૬. પું. કેશવાહિની.

૭. પું. ક્રોધકાર; ક્રોધ બનાવનાર વ્યક્તિ.

૮. પું. અજાનચી.

૯. પું. ગાયત્રીના ચોવીસ માહેનો એ નામનો એક ઋષિ.


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)

કૌશાંડી [સં.] સ્ત્રી. વેદોની પવિત્ર કરનારી ચોત્રીસ માંહેની એક ઋચા.

કૌષરવિ જુઓ કૌષારવ.

કૌષારવ [સં.] પું. (પુરાણ) કુશાક મુનિનો પુત્ર; મૈત્રેય.

કૌષિકી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; કૌશિકી. તેની ઉત્પત્તિ કાલીના શરીરમાંથી થઈ હતી. તેને દશ હાથ અને હમેશા સાથે રહેતી આઠ સખીઓ છે. તેનું વાહન સિંહનું છે.

કૌષીતક ૧. [સં.] પું. (પુરાણ) આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એક આચાર્ય.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; કહોડ ઋષિ.

૩. પું. (પુરાણ) એક ઋષિ. એનો પુત્ર અથવા વંશજ કહોડ ઋષિ હશે.

૪. પું. (પુરાણ) કૌષીતક ઋષિનો પુત્ર અને ઋગ્વેદની એક શાખાનો પ્રવર્તક.

૫. ન. ઋગ્વેદનું અંતર્ગત એક બ્રાહ્મણ.

૬. ન. મુખ્ય આઠ માંહેનું એક ગૃહ્યસૂત્ર.

કૌષીતકિ ૧. [સં.] પું. કૌષીતકિ બ્રાહ્મણનો કર્તા આચાર્ય.

૨. ન. ઋગ્વેદનું એક બ્રાહ્મણ; શાંખાયન બ્રાહ્મણ.

૩. ન. એ નામનું ઋગ્વેદનું એક ઉપનિષદ. આ આખું ઉપનિષદ ગદ્યમાં રચાયેલું છે. તેમાં ચાર લાંબા અધ્યાય અને કુલ ૫૧ મંત્ર છે.

કૌષીતકી ૧. [સં.] સ્ત્રી. અગસ્ત્ય મુનિની સ્ત્રી; લોપામુદ્રા.

૨. સ્ત્રી. ઋગ્વેદની એક ઉપનિષદ.

૩. સ્ત્રી. ઋગ્વેદની એક શાખા.

૪. સ્ત્રી. એ નામનો એક બ્રાહ્મણ ગ્રંથ; શાંખાયન બ્રાહ્મણ.

૫. ન. ચાર માંહેનું એક આરણ્યક.

કૌષીતકીબ્રાહ્મણ ૧. [સં.] ન. એકસો બાર માંહેનું એક ઉપનિષદ

૨. ન. શાંખાયન ઋષિએ બનાવેલ ઋગ્વેદનું એક બ્રાહ્મણ. તેમાં ત્રીસ પ્રકરણ હોઈને અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય અને સોમનું અનુક્રમે વર્ણન કરવામાં આવ્યું છે. તેનો સમય ઈ સ. પૂર્વે ૨૫૦૦ મનાવાથી ઐતરેય બ્રાહ્મણ કરતાં જૂનું છે.

કૌષીતકેય પું (પુરાણ) કહોડ ઋષિ; કુષીતક ઋષિનો પુત્ર.

કૌષીતક્યુપનિષદ સ્ત્રી. એકસો અઢાર માંહેની એક ઉપનિષદ. અગ્નિહોત્રનું અનુષ્ઠાન કરનારા ચન્દ્રલોકમાં જાય છે, ચન્દ્રલોક સ્વર્ગનું દ્વાર છે, જેમને સ્વર્ગલોકની ઇચ્છા નથી એવા શુભકર્મ કરનારા સગુણબ્રહ્મવેત્તા આવૃત્તિરહિત બ્રહ્મલોકમાં જાય છે એમ આ ઉપનિષદનો સાર છે.

કૌષેય પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કૌષ્ટકિ [સં.] ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

કૌષ્ટ્રકિ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કૌષ્ઠેયક પું. તળાવ વગેરેની નીચાણની જમીન ઉપર લેવાતો કર.

કૌસ ૧. [અ.] સ્ત્રી. ધનુ રાશિ.

૨. સ્ત્રી. ધનુષ્ય.

કૌસે કુઝા = મેઘધનુષ્ય.

૩. સ્ત્રી. વર્તુળનો એક ભાગ.

૧. કૌસે અંદરની = (૧) અંતર્ગોળ ભાગ. (૨) વર્તુળખંડનો અંદરનો વાંક.

૨. કૌસે બીરની = (૧) બાહ્યગોળ ભાગ. (૨) વર્તુળખંડનો બહારનો વાંક.

કૌસનુમા [અ. કૌસ (વર્તુળનો એક ભાગ) + નુમા (બતાવનાર)] વિ. વાંક વાળેલું; કમાનના આકારનું

કૌસર ૧. [અ.] પું. સ્વર્ગમાં આવેલ એક કૂવો. તેમાંથી અમૃતની નદી વહે છે.

૨. પું. ભલા રાજા કે સરદાર.

૩. ન. અબી; કૃપા.

૪. ન. અમૃત; સ્વર્ગનું પાણી.

કૌસલ્યા સ્ત્રી. (પુરાણ) કૃષ્ણપત્ની સત્યા.

કૌસલ્યેય [સં.] પું. રામ.

કૌસલ્ય ૧. સ્ત્રી. અયોધ્યા. અહીં શ્રીકૃષ્ણ અને સત્યાનાં લગ્ન થયાં હતાં.

૨. સ્ત્રી. (પુરાણ) કોસલ્ય દેશનો ક્ષેમદર્શી નામનો રાજપુત્ર. તે લક્ષ્મી વગેરે ઐશ્વર્ય રહિત થવાથી કાલકાક્ષી નામના ઋષિને શરણે ગયો. ઋષિ સાથે એને ઐશ્વર્ય નાશવંત અને અનિત્ય છે એ વિષે સંવાદ થયો હતો.

કૌસલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઉત્તરાન્ત કોશલ દેશના રાજા ભાનુમાનની પુત્રી અને અયોધ્યાના રાજા દશરથની રાણી. તેને પેટે વિષ્ણુ ભગવાન રામચંદ્રજીના રૂપમાં અવતર્યા હતા. જ્યારે રાવણને ખબર પડી કે કૌસલ્યાના પુત્ર રામથી હું માર્યો જવાનો છું, ત્યારે તેણે બાલિકા કૌસલ્યાનું હરણ કરી એક પેટીમાં પૂરી. તે પેટી રાવણ નામના ઝાડીમારને આપી દીધી. ભક્તોની રક્ષા માટે બ્રહ્માએ રાવણનું રૂપ ધારણ કરી તેની પાસેથી તે પેટી માગી લીધી અને વનમાં પડતી મૂકી. તે સુમતને મળી અને તેણે અયોધ્યાના દશરથ રાજાને અર્પણ કરી.

૨. સ્ત્રી (પુરાણ) કાશીરાજની અંબા વગેરે ત્રણ કન્યા માંહેની બીજીનું નામ.

૩. સ્ત્રી. (પુરાણ) પાંડુની માતા.

૪. સ્ત્રી. ભક્તિ.

૫. સ્ત્રી. (પુરાણ) શ્રીકૃષ્ણના પિતા વસુદેવની સ્ત્રી.

૬. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુની એ નામની સ્ત્રી. એના પુત્રનું નામ જનમેજય હતું.

કૌસલ્યાજનકયોગ [સં.] પું. ઉત્તરરામચરિતના સાત માંહેનો એ નામનો ચોથો અંક.

કૌસલ્યાતનય [સં.] પું. રામચંદ્ર.

કૌસલ્યાનંદન [સં.] પું. રામચંદ્ર.

કૌસલ્યાનંદવર્ધન [સં.] પું. રામ, કારણકે તેનાં દર્શનથી કૌસલ્યાનો આનંદ વધે છે.

કૌસલ્યાપતિ [સં.] પું. રામચંદ્ર.

કૌસવી સ્ત્રી. (પુરાણ) દ્રુપદ રાજાની એ નામની સ્ત્રી. એનું બીજું નામ સૌત્રામણિ હતું.

કૌસિક ૧. સ્ત્રી. એ નામની જાલંધર, મોરબીપુર, વગેરે સ્થળે વસતી રજપૂતની એક જાત.

૨. ન. એ નામની રજપૂતની જાતનું માણસ.

૩. વિ. રજપૂતની એક જાતનું.

કૌસિકી સ્ત્રી. બિહારમાં આવેલ કોસી નદી. જમદગ્નિની માતા સત્યવતી આ નદીના સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હોય એમ મનાય છે.

કૌસી ૧. [અ.] વિ. કમાનના આકારનું; વાંક વાળેલું

૨. વિ. વચ્ચે ખાડાવાળું.

કૌસીકુઝા [અ.] સ્ત્રી. મેઘધનુષ્ય.

કૌસુભ ૧. [સં.] ન. કુસુંબી બનાવેલ આંજણ.

૨. વિ. કુસુંબ સંબંધી.

કૌસુરુવિદ [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ. તે દસ રાતમાં પૂરો થાય છે.

કૌસુંભ ૧. પું એક પ્રકારનો સાગ; જંગલી કસૂમ્બો. તે બહુ કોમળ હોય છે.

૨. વિ. કસુંબ.થી રંગેલ.

કૌસ્તુભ ૧. [સં.] પું એ નામનો એક મણિ. તે શ્રીકૃષ્ણ તથા વિષ્ણુના હારમાં હોવાનું મનાય છે.

૨. પું. સમુદ્રમંથન સમયે નીકળેલા ચૌદ માંહેનું એક રત્ન.

૩. ન. એક જાતની મુદ્રા.

૪. ન. એક જાતનું તેલ.

૫. ન. કોકમાં પહેરવાનું એક ઘરેણું.

કૌસ્તુભમણિ જુઓ કૌસ્તુભ ૧.

કૌસ્તુભવક્ષ [સં.] પું. વિષ્ણુ.

કૌસ્તુભવક્ષસ્ [સં.] પું. વિષ્ણુ

કૌસ્લી પુ. વકીલ; કામદામાં સલાહકાર માણસ.

કૌહા [ફા.] પું. જગડ કે ઊંટની ખૂંધ.

કૌહાન જુઓ કૌહા.

કૌંચ ૧. [સં.] પું પુરાણોમાં વર્ણવેલ સાત માંહેનો એક દ્વીપ. પ્રાચીનકાળમાં આ પ્રસિદ્ધ દેશ હતો. તેના સાત ભાગ પાડેલા છે: આમ, મધુરૂહ, મેઘપૃષ્ઠિ, સુધામ, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ. તેમાં સાત પર્વત છે: શુકલ, દર્ધમાન, બોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર. તેમાં સાત નદી છે: અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી અને શુક્લા.

૨. પું. હિમાલય માંહેનો એક પર્વત.

૩. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; કપિકચ્છુ. તે બગાળ, સહરાણપુર અને દહેરાદુન જિલ્લાનાં ગરમાંમાં જોવામાં આવે છે. તેનાં બી પુષ્ટિકારક અને વાયુનું જોર બંધ કરનાર મનાય છે.

૪. ન. એ નામની વેલનું ફળ

૫. ન. એક જાતનું પક્ષી; ક્રૌંચ; બગલું.

કૌંચદારણ [સં.] પું. કાર્તિકસ્વામી.

કૌંચદ્વીપ જુઓ કૌંચ ૧.

કૌંચપદા પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ત્રણ નગણ ને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે.

કૌંચા [હિં] પું. અનાજ રોકવાનું લોઢાનું કઠાડું.

કૌંચાદન [સં.] ન. કમળકાકડી.

કૌંજર [સં.] વિ. હાથીનું; હાથી સંબંધી.

કૌંડપાયી સ્ત્રી. એ નામની એક વેદશાખા. આ શાખાનાં સંહિતા તથા બ્રાહ્મણો મળી આવતા નથી.

કૌંડલ ૧. સ્ત્રી. હિમાલય અને સિલોનમાં થતી એક વેલ. તેનાં ફળ નારંગી જેવડાં, ગોળ અને લાલ રંગનાં હોય છે. તેમાં કષાય શુષ્ક સરસ હોવાથી દમ, છાતીમાં ભરાયેલ કફ અને શ્વાસનલિકાના રોગમાં તે સારી દવા મનાય છે. બાકી ૧ ગૂંજની માત્રામાં દિવસમાં ત્રણ વખત અપાય. મોટી માત્રામાં તે તીવ્ર રેચક અને ઝેરી છે. કોપરેલમાં તે ફળનો રસ ઉકાળી તેનાં કાનમાં ટીપાં નાખવાથી પરુ વહેતો અને ચસચસ મારતો કાન સુધરે. આ રસ આંખને હિતકારક, સવળા તાવનો નાશ કરનાર ને લોહી સાફ કરનાર પણ મનાય છે. એ તેલનું શરીરે મર્દન કરવાથી શરદી કે વાયી જકડાયેલું શરીર અને તેમાં થતી કળતર મટે.

૨. [સં.] ન. કાનમાં પહેરવાનાં કુંડલવાળું

કૌંડળ જુઓ કૌંડલ.

કૌંડિન્ય ૧ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે આકરચકર્તા હતો. તેણે શંકરને ગુસ્સે કર્યા હતા, પરંતુ તેના ક્રોધમાથી વિષ્ણુએ તેને બચાવી લીધેલ.

૨. પું. (પુરાણ) કુંડિન કુળના એ નામે શુક્લ યજુર્વેદના એક ઋષિ. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞના તે ઋત્વિજ હતા.

૩. પુ. કુંડિન મુનિના ગોત્રનું માણસ.

૪. પું. (પુરાણ) કુંડિન મુનિનો પુત્ર.

કૌંડિન્યસ ન. પ્રાચીન કાળમાં સતલજ અને બીઆસ નદીની બીજાના પ્રદેશમાં આવેલ એ નામનું એક રાજ્ય.

કૌંડિયન ૧. ન. એ નામનું એક ગોત્ર.

૨. ન. ઋષિ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કૌંડિલ્ય ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. ન. કુંડિનપુર નામનું ગામ.

કૌંડોપરથ [સં.] પું. ત્રિગર્ત-આ નામના આયુધજીવી સંઘમાંનો એ નામનો એક.

કૌંતલ ૧. [સં.] સ્ત્રી. કુંતલ રાજાની નગરી.

૨. વિ. કુંતલ દેશ સબંધી; કુંતલ દેશનું.

કૌંતલકટ [સં.] સ્ત્રી. કુંતલ રાજાની નગરી.

કૌંતિક ૧. પું. ભાલાવાળો માણસ.

૨. ન. એક જાતનું ઘાસ.

કૌંતી ૧. [સં.] સ્ત્રી. ભારદ્વાજિની નામે એક ઔષધિ; રેણુકા નામનું ગંધદ્રવ્ય.

૨. સ્ત્રી. મેદીનાં બી.

કૌંતેય ૧. [સં.] પું. કુંતાનો પુત્ર; યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન માંહેનો કોઈ એક.

ધર્મેતાત અજાતરિપુ કૌંતેય રે કુકરાય,
નૃપતિ યુધિષ્ઠિર સમ કુવરી તારા સમ તુજ બાઈ.
વિજળલપુકોષ

૨. પું. સાદડનું ઝાડ; અર્જુનવૃક્ષ.

કૌંદપસ્થ ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય

કૌંદલ ન. લાલ ઈંદ્રામણ.

કૌંદા જુઓ કૌંધા.

કૌંધ જુઓ કૌંધા.

કૌંધા [હિં.] સ્ત્રી. ધીંગણી.

કૌંલા ૧. પું. એક જાતની નારંગી.

૨. પું. ખૂણો.

૩. વિ. ક.ચુ. અપાવ.

૪. વિ. નાની વયનું.

કૌંલી [હિં.] વિ. કોમળ; નાજુક.

કૌંસ [અ. કૌસ] પું. [ ], ( ), { } આ ત્રણ માંહેનું કોઈ એક ચિહ્ન; 'બ્રેકેટ'.

કૌંસલ ૧. [અં.] પું. બેરિસ્ટર; એડવોકેટ; વકીલ.

૨. સ્ત્રી. સભા; સલાહમંડળી.

કૌંસલ કરવી = (૧) હાવતરું કરવું. (૨) સલાહ કરવી.

કૌંસલી જુઓ કૌંસલ ૧.

કૌંસિલ ૧. [અં.] સ્ત્રી. કોઈ પણ વિષય ઉપર વિચાર કરવા માટેની લોકોની બેઠક.

૨. સ્ત્રી. રાજકારભાર ચલાવનાર મંત્રીસભા; મંત્રીમંડળ.

કૌંસિલર [અં.] પું. મંત્રીસભાનો સભાસદ.

ક્ પું. એક સ્પર્શ સાંકેતિક અક્ષર.

ક્રે અ. કે; એક સંબંધક પ્રત્યય.

ક્ય [સં. ક્ષતિ] સ્ત્રી. ક્ષય.

ક્યડ (ક્યડ્) સ્ત્રી. (પ્રાકૃત) કટિ; કેડ.

ક્યડ સ્ત્રી. કેડ; જોડની સાળ.

ક્યમ ૧. [સં. ક્રિમ્] અ. કેમ; શા માટે; શા સારૂ.

૨. અ. કેમી રીતે; કઈ રીતે.

ક્યમસને પેર રેતાં નત ક્યમ સાધવી વહ્યું મ સધવાય.
ઉત્તરરામચરિત

ક્યહીં અ. ક્યાં; ક્યે કેકાણે.

ક્યહું અ. કહીં; કોઈ કેકાણે; ક્યાંય પણ.

ક્યા ૧. [સં. ક્રિમ્] સ. (હિંદી) શું.

ક્યા કરે નર બહરા થૈલીકા મોં સડા = પૈસા વગર માણસ કોઈ કરી શકતું નથી.

૨. વિ. કેટલું

૩. વિ. કયા પ્રકારનુ.

૪. વિ. ઘણું વધારે.

૫. વિ. ઘણું જ સારું

૬. અ. કે.

૭. અ. ખરે.

૮. અ. નહિ.

૯. અ. શું; પ્રશ્ન પૂછવામાં વપરાતો અવ્યય.

ક્યા ક્યા વિ. અમુક જાતનું.

ક્યાદી સ્ત્રી. બાવન તોલાનું એક વજન.

ક્યાડા (ક્યાડ્ય) ૧. સ્ત્રી. મેઢિયા કબૂતરોની એ નામની એક જાત.

૨. વ. લેઉઆ કણબીની એ અટકનું માણસ.
૩. વિ. લેઉઆ કણબીની એ અટકનું.

કચ્છાડી (કચ્છાડો) જી. આછા રાતા રંગની એક જાતની મરિયાવાળી ધોતી.

કચ્છાડું (કચ્છાડું) ૧. વ. આછા રાતા રંગનું એક જાતનું મરિયાવાળી ધોતું.
૨. વિ. ઘેરા રાતા કચ્ચાર્ટ રંગનું.

કચ્છાડો (કચ્છાડો) ૧. પું. આછો રાતો રંગ.
૨. પું. એક જાતનો ધોતો.
૩. પું. ઘોડાની એક જાત.

કચ્છારો (કચ્છારો) [અ. કચ્છ] પું. સરહદ; મહેરો.

કચ્છાશિરોનાસ (કચ્છાશિરોનાસ) પું. મુખસાર્મુદ્રિક વિદ્યા જાણનાર માણસ.

કચ્છાશિરોનાસી (કચ્છાશિરોનાસી) જી. મુખસામુદ્રિક વિદ્યા.

કચ્છાસુખ જ. કાખાસ.

કચ્છામ (કચ્છામ) ૧. [અ. કચ્છમ (તે ઊભો)] પું. નમાજમાં ઊભેલી સ્થિતિ.
૨. પું. રોકાવું તે; રોકાણ.
૩. પું. સ્થિરતા; ઠરીઠામપણું.
૪. પું. હયાતી; અસ્તિત્વ.
૧. કચ્છામ કરવો = (૧) પડાવ નાખવો. (૨) રહેવું; ઊતરવું. (૩) રાહ જોવી.
૨. કચ્છામે અમન = શાંતિ.

કચ્છામત (કચ્છામત) ૧. જી. અવાજ; ધોંધાટ.
૨. જી આફત; સંકટ.
૩. [અ. કચ્છમ (તે ઊભો રહ્યો)] જી. ઉત્સવ ન્યાયનો દિવસ; કયિર આગળના કબ્રસ્તાનનો દિવસ. મુસલમાન તથા ખ્રિસ્તિમાં એવી માન્યતા છે કે, મરણ પછી અમુક વખતે બધાં મુડાં પ્રભુના હુકમથી ઊઠે છે અને દરેક કરેલ પાપપુણ્યનો જવાબ કયિર આગળ દેવો પડે છે. આ રીતે અંતા ન્યાયના દિવસને કચ્છામત કહે છે.
કચ્છામત આવવી = (૧) છેલ્લો દિવસ આવવો. (૨) મોટી આફત પડવી.
૩. જી. મહાપ્રલય:
૪. જી. રોવું કકળવું તે.
૫. વિ. બહુ મોટું.
૬. વિ. ભારે; સખ્ત.

કચ્છામતવાદ પું. કચ્છામતમાં માનવાનો સિદ્ધાંત. જુઓ કચ્છામત ૩.

કચ્છારણ (કચ્છારણ) ૧. જી. કણબીની એ નામની અટક.
૨. વ. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કચ્છારડી (કચ્છારડી) ૧. જી. કાળી અને ચીકણી જમીન. તેમાં કાંગર થાય છે.
૨. જી. નાનો કચ્છારો.
૩. જી. પાણી રહે એવું નાનું ખેતર; લગભગ ટીંબણ સુધી પાણી રહી શકે એમ ઘોદી કિનારો બાંધીને બનાવેલ જમીનનો ટુકડો.

કચ્છારડો (કચ્છારડો) ૧. પું. આછા રાતા રંગનો ધોતો.
૨. [સં. કેદાર; અપ. કેદાર] પું. કાંગર તથા બીજું પાકવા સારૂ ખેતરમાં કે ઉંચા કાંઠે પાળ બાંધી પાણી ભરી રાખવા માટે જુદો પાડેલ જમીનનો ટુકડો.
૩. પું. પાણી રહી શકે એવું બાગાયત ખેતર.

કચ્છારવું અ. બહુ વખતથી; બહુ સમય થયો.

કચ્છારી ૧. જી. આસામમાં વસતી એ નામની એક કોમ.
૨. જી. ખેડાયું જમીન.
૩. જી. ઘોદી પાળ બાંધીને બનાવેલ પાણી ભરાઈ રહે તેવી જમીન.
૪. જી. ખોદકું
૫. જી. જાળવા બેસવા માટે પગતમાં પાડેલ ખાતું.
૬. જી. કાંગરના પાકને અનુકૂળ મધ્યમ કાળી અને નીચાણવાળી જમીન.
૭. જી. ઢોરને ચરવાની જમીન; ગોચર.
૮. જી. નાનો કચ્છારો.
૯. જી. પાણી પાવું પડે તેવી જમીન.
૧૦. જી. ખજીનાનો કે ખેતરનો પટ.
૧૧. જી. મીઠાનો અગર.
૧૨. વ. એ નામની કોમનું માણસ.
૧૩. વિ. એ નામની કોમનું.
૧૪. વિ. જી. કચ્છરાવાળી; કચ્છરા કર્યા હોય એવી.

કચ્છરૂં જુઓ કચ્છરવું.

કચ્છરે ૧. [સં. કલ] અ. કયે વખતે; કે વાર; કયે સમયે.
૨. અ. કોઈ કોઈ વખત; કોઈ વાર.

કચ્છરેક અ. કોઈક વખત; ક્વચિત્.

કચ્છરેય અ. કોઈ પણ વખતે.

કચ્છરો ૧. પું. ઝાટાપટાની રમતમાં દરેક ખંડનો અર્ધો ભાગ.
૨. પું. ખેળ કરવા માટે ચારે તરફ બાંધી સપાટ કરવામાં આવેલ જમીન.
૩. [સં. કેદાર] પું. પાણી ભરાઈ રહે એવું પાળ બાંધેલું ખેતર.
૪. પું. વનસ્પતિના મૂળની આસપાસ પાણી ભર્યું રહે એટલા માટે જમીનને ખોદી પાળ બાંધી કરવામાં આવતો કુંડ; ક્યારો; આમલું; કચ્છરડો.
ઉલ્લે કચ્છરે પાણી જવું = (૧) કામ ગમગમ પૂરું થવું. (૨) બીજો માર્ગ ન હોવો. (૩) મોત નજીક હોવું.
૫. પું. વિલાયતુ ઉપર આવેલ આયના ફૂલના મૂળ પાસે બંને બાજુએ પડતો ખાડો.

કચ્છરિયર [અં. કેરિયર] પું. પગારનો ચુકાવો કરનાર માણસ.

કચ્છલ (કચ્છલ) ૧. [અ. કેલ (સરખાવવું)] પું. અટકળ; અનુમાન; તુલના.
કચ્છલ આંકવો-કરવો-લગાવવો = (૧) અટકળ કરવી. (૨) કીમત કરવી. (૩) અપાલ બાંધવો.
૨. પું. અંદાજ; આશરો; મજૂરી.
૩. પું. કલ્પના; ધારણા; વિચાર.
૪. પું. કસોટી; પરીક્ષા; પરખ.
૫. પું. કીમત; આંક; આંકણી.

કચ્છલન [અ.] અ. અટકળે; અનુમાનથી.

કચ્છલી ૧. વિ. આનુમાનિક; અટકળ કરેલું; કલ્પનિક; ધારેલું.
૨. [સિં. , વિ. એકચ્છાસી] ૮૧.
૩. વિ. નિર્ણમિત.

કચ્છા ૧. [સં. કત્ર; પ્રા. કચ્છો] અ. કહીં; કયે ઠેકાણે; કઈ જગાએ. બે વસ્તુ વચ્ચેનું મોટું અંતર કે તફાવત બતાવવાને પણ તે વપરાય છે. જેમકે, કચ્છાં રાજા ભોજ ને કચ્છાં ગંગો તેલી; કચ્છાં ધોકું અને કચ્છાં ગયેલું; કચ્છાં ચંદન ને કચ્છાં મલયાગિરિ; કચ્છાં બીબી ફાતમા ને કચ્છાં દાવલશા પીર; કચ્છાં મહોર ને કચ્છાં અબેલી; કચ્છાં સાયર ને કચ્છાં નીર. કરમાત, ઉપરથી કચ્છાં ચર્ચ કચ્છાં ધામ ને છેવટે કો ચર્ચ ઉચ્ચારની સરળતા ખાતર ય ઉમેરાઈ કચ્છાં થયેલ છે.
કચ્છાં જવા'તા તો કચ્છાંય નહિ = મહેનત મેરના ફેર; દળી દળીને ઢાંકણીમાં ઊભરાવવું; મહેનત નકામી જવી.
૨. અ. નજીક; પાસે.

કચ્છાંઈ અ. કોઈ પણ ઠેકાણે; કચ્છાંય; કયે સ્થા.

કચ્છાંક અ. કોઈ ઠેકાણે.

કચ્છાંકલે અ. કયે ઠેકાણે; કચ્છાં.

કચ્છાંકારો પું. કચ્છાં કચ્છાં જેમ પૂછવું તે; અપમૂલ્યવાચક મનાતો શબ્દ.

કચ્છાંડીગુચ્છ જ. એક જાતનું કૂલઝાડ.

કચ્છાંથી અ. કઈ જગાએથી; કયે સ્થળેથી.

કચ્છાંયો જુઓ કચ્છાંથી.

કયાંનું કયાં અ. ઘણે છેટે.

કયાંય અ. કોઈ પણ ઠેકાણે; કહીં પણ.

કયાંયે ૧. અ. કયાંય પણ; કોઈ ઠેકાણે; કહીંક.
૨ અ. ગમે ત્યાં; ગમે તે ઠેકાણે.

કયાંહી ૧ અ. કયાં; કયે સ્થળે
૨. અ. ગમે ત્યાં; કોઈ પણ જગ્યાએ.

કયુપા સ્ત્રી. એક જાતની માછલી. તે સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીમાં સારી સંખ્યામાં જળરમાં વેચાવા આવે છે. તેની લંબાઈ બે ફૂટ ને વજન આશરે આઠ રતલ હોય.

કયુપોલા ૧. [અં.] સ્ત્રી. કારખાનાની મોટી ભઠ્ઠી.
કાચ-કારીમાં એક મોટી ભઠ્ઠી વપરાય છે. તેને કયુપોલા કહે છે. સરીમ એન્જિનિયર
૨. સ્ત્રી. ધૂમટ.
૩. સ્ત્રી. તાજ.

કયુબ [અં.] પું. ઘન.

કયુબિકકન્ટેન્ટ [અં.] ન. ઘનફળ.

કયુબિકરૂટ [અં.] પું. ઘનમૂટ.

કયુબિટ ૧. [અં.] સ્ત્રી. કોણી.
૨. ન. એક જાતનું માપ.

કયુરાઇલની સ્ત્રી. કયુરાઇલ પર્વત તરફ બોલાતી એક જાતની ભાષા.

કયુરેટર ૧. [અં.] પું. રક્ષક અધિકારી.
૨. પું. સમગ્રવ્યવસ્થાનો અવસ્થાપક માણસ.

કયુરેસો ન. દક્ષિણ અમેરિકામાં આમાઝોન નદીના જંગલમાં વસનારું એક પક્ષી. તે મરઘાંની જાતનું છે, પણ જમીન ઉપર ન રહેતાં ઝાડ ઉપર ઊંચે રહે છે. તે ઝાંતીવાળું અને દેખી છે. તેની ચાંચ ઉપર પીછાંનો કલગી જેવો તૂરો હોય છે. ફળફળાદિ તેનો ખોરાક છે.

કયુલેકસ પું. એક જાતનો મચ્છર. તે કરડવાથી ટાઢિયો તાવ આવતો નથી એનોફિલિસ કરતાં તેનો બણબણાટ વધારે હોય છે.

કયુસેક ન. પાણીના વહેનનું માપ.

કર્યું [સિ.] અ. શા માટે; કેમ; શા કારણથી.

કર્યુંનું અ. કયારનું; ઘણા વખત પહેલાં.

કર્યૂપિડ પું કામદેવ. એ બાળકરૂપે હોય છે. તેની પીઠ ઉપર પાંખો, હાથમાં અણીદાર તીર અને આંખે ધનુષ્ય લટકાવેલું હોય એમ કહેવાય છે.

કર્યો [સં. કિમ્] અ. (હિંદી) શા માટે; કેમ
૧. કર્યોકર = (૧) કેવી રીતે. (૨) શા માટે.
૨. કર્યો કિ = કારણકે.
૩. કર્યો નહિ-ન હો = (૧) બેશક. (૨) શા માટે નહિ.

કર્યો ૧. અ. કહીં; કોઈ ઠેકાણે; કયાંઈ.
૨. અ. (વ્રજ) કેમ; શા માટે.

કે પું. (અસ્થિત) આપેલી ભૌમિક પદીના અજ્ઞાતને માટે આપેલ મૂલ્ય મૂકવાથી આવતાં પરિણામોનો ભીન્નસ્થિતની રીતે સરવાળો. આપેલ મૂલ્યમાંથી સૌથી નાનું કની નીચે અને સૌથી મોટું કની ઉપર સમાય છે.

કકચ્ચ ૧. પું. એ નામનો ઉજ્જયિનીનો એક શઠ. તેણે ઉન્મત્તભૈરવમત નામનો સંપ્રદાય ચલાવ્યાનું મનાય છે.
૨. પું. કાપાલિક જતિનો એ નામનો એક આચાર્યવાન. શંકરાચાર્યે તેનો નાશ કર્યો હતો.
૩. પું. (અસ્થિત) જે ઘન આકૃતિનાં બે પાસાં વિપરીતકોણ રહિત બહુભુજ હોવાની સાથે પરસ્પર એકરૂપ અને સમાંતર હોય તથા બાકીનાં પાસાં સમાંતરભુજ ચતુષ્કોણ હોય તેની ઘનાકૃતિ: 'પ્રિઝમ', જે સમાન અને સમાંતર પાસાંને કકચનાં પાસાં કહે છે.
૪. પું. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ. રવિવાર પહેલો, સોમવાર બીજો એ પ્રમાણે ગણતાં વાર અને તિથિનો સરવાળો તેર આવ અને શુક્રવારને સાતમ, ગુરુવારને આઠમ એ પ્રમાણે હોય ત્યારે આ યોગ બનો કહેવાય છે. આ યોગમાં કોઈ શુભ કાર્ય કરવું વર્જિત મનાય છે.
૫. સ્ત્રી. અસ્થિતમાં એક પ્રકારની ક્રિયા.
૬. [સં.] ન. એક જાતનું ઝાડ.
૭. ન. એક જાતનું નરક.
૮. ન. એક પ્રકારનું વાજું; રણવાદ્ય.
૯. ન. કરવત.
૧૦. ન. લડાઈનું એક અસલી હથિયાર તે કરવતના જેવું હતું.
૧૧. વિ. કરાળ; ભયંકર.

કકચકોટી સ્ત્રી. કરવતી.

કકચચ્છદ [સં.] પું. એક જાતનું ઝાડ.

કકચદલ [સં.] ન. એક જાતનું ઝાડ.

કકચપાદ [સં.] પું. ઝાંકોડો; ઝાંખો.

કકચવેધ પું. કકચના બે પાસા વચ્ચેનો સંબંધ.

કકચ્યા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

કકચ્યાવરણ [સં.] ન. સૂર્યબિમ્બને બધી બાજુ વીંટાયેલું વાયુનું આવરણ; કકચનું ઢાંકણ. સૂર્યની આસપાસ આવેલ આ તેજોમય આવરણનો પૃથ્વીવાસી ઊંચો નીચો દેખાવાથી કરવતના દાંતા જેવો જણાય છે. કરવતના દાંતા એકસરખા હોય છે તેવું નિયમિત તે આવરણ નથી હોતું. તેમાં બે થર છે. નીચેનો થર સૂર્યબિમ્બથી આશરે એક બે વિકળા અને ઉપરનો થર આશરે દસ પંદર વિકળા છે. આ આવરણમાંથી નીકળતી લાલ અથવા ગુલાબી રંગની જ્વાળા કોઈ વાર થોડી તો કોઈ વાર વધારે હોય છે. સૂર્ય ઉપર ડાઘ નથી હોતા તે વખતે આ જ્વાળાઓ પણ મુદલ હોતી નથી. હાઇડ્રોજન, સોડિયમ, લોખંડ, મેગ્નેશીઅ, બેરિયમ, તાંબુ, જસત, કેલ્શિઅમ, ક્રોમિયમ, નિકલ, ટીટેનિયમ, કોબોલ્ટ, મેંગેનીઝ આ સર્વ તત્ત્વો તેમાં છે. સોનું પણ તેમાં હશે એમ સંભવ છે. તે ઉપરાંત પૃથ્વી ઉપર જેની માહિતી નથી એવા પણ કેટલાક પદાર્થો છે. આમાં ધાતુઓ મુખ્ય કરીને નીચેના થરમાં અને વાયુ મુખ્ય કરીને ઉપર છે. આ સર્વ અતિ ઉષ્ણ વરાળની સ્થિતિમાં છે. તળિયાથી આ આવરણની ઘનતા બહુ જ છે અને તેજોગોલમાંથી નીકળનાર કિરણોનો ત્યાં લોપ થાય છે, એટલે કે કેટલાક કિરણો તેઓ ગળી જાય છે.

કકચિ [સં.] ન. એક જાતનું પક્ષી.

કકટ ૧. [સં.] પું. એક જાતનું તેતર.
૨. પું. એક જાતનો છત્રાક; કેકડા.
૩. પું. કરવત.
૪. પું. કેરડાનું ઝાડ.
૫. પું. ગરીબ માણસ.

કકુચ્છંદ જુઓ કકુત્સ્છંદ.

કકુત્સ્છંદ જુઓ કકુત્સ્છંદ.

કકુત્સ્છંદ પું. (બૌદ્ધ) કકુચંદ; ભદ્રકલ્પના પાંચ બોધિના એ નામના પહેલા બુદ્ધ. તેની જન્મભૂમિ નેપાલમાં ખેમવતી અથવા ખેમી હતી. કાશ્યાનનું માનવું છે કે, નપેક્ષિયા અથવા નિર્જામાં તેની જન્મભૂમિ હતી. કારમપ, વિપશ્યી, શિખ્યી, વિશ્વભૂ, કકુત્સ્છંદ, કાંચન અને શાક્યસિંહ એ સાત બૌદ્ધ થયા છે.

કક્ષ [અં.] સ્ત્રી. સંગડા માણસને બાલવાની પોટી.

કક્ષક પું. (પુરાણ) વસુદેવનો એક પુત્ર.

કક્ષ ૧. પું. અષાઢ મહિનો. ઘણે ભાગે આ માસમાં વરસ થાય છે.
૨. પું. આધ્યાત્મિક અગ્નિ
૩. પું. ધજા; અભિલાષા; રુચિ.
૪. [સં.] પું ઇંદ્રિય.
૫. પું. (પુરાણ) એ નામનો એક અસુર.
૬ પું એક જાતનો શ્રાદ્ધભોક્તા વૈશ્યદેવ.
૭. પું. (પુરાણ) અક્ષુર્મનુના પૌત્ર ઉલ્મુકને પુષ્કરિણીથી થયેલ ૭ માંહેનો ચોથો પુત્ર.

૮. પું. (પુરાણ) જહ્નુવતીને કુમારથી થયેલ એ નામનો દીકરો.

૯. પું. જ્ઞ.

૧૦. પું. પૂજા, સ્તવન વગેરે કર્મ.

૧૧. પું. (પુરાણ) ફાગણ મહિનામાં પર્જન્ય નામના સૂર્યના સમાગમે સંચાર કરનાર એ નામનો એક યક્ષ.

૧૨. પું. (પુરાણ) બાર સાવર્ણદેવમાંનો એક.

૧૩. પું. બુદ્ધિ; જ્ઞાન.

૧૪. પું. યજ્ઞ, પશુ સહિતનો સોમસાધ્ય યજ્ઞ. પશુ સહિત યજ્ઞ તે ક્રતુ અને પશુ રહિત યજ્ઞ તે યજ્ઞ ગણાય છે. ખાસ કરીને અશ્વમેધ યજ્ઞને ક્રતુ કહેવાય છે.

૧૫. પું. વિષ્ણુ. જે યજ્ઞમાં યજ્ઞરતંભ ઊભો કરવામાં આવે છે એવો ક્રતુ યજ્ઞ પણ તે જ છે, યજ્ઞના કર્તા, યજ્ઞની ક્રિયા, મંત્રો, આહુતિઓ, ઔષધિઓ અને તેના હોતા પણ તે જ છે, વળી બ્રહ્મર્પણું બ્રહ્મ હવિ: એવી બ્રહ્મમય મૂર્તિ પણ તે જ છે, તેથી તે ક્રતુ કહેવાય છે.

૧૬. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંનો બ્રહ્મપુત્ર. તેને કાંઈ સંતતિ જ નહોતી. દર વર્ષે પોષ મહિનામાં આવુ નામનો સૂર્ય સંચાર કરે છે તેની સાથે આ હોય છે.

૧૭. પું. ચક્રિત: અગ્ન.

૧૮. પું. શુક્ર નામનો ગ્રહ.

૧૯. પું. સત્ય.

૨૦. પું. સપ્તર્ષિના જે બે તારાની સીધી લીટીમાં ધ્રુવ છે તે બેમાંથી ધ્રુવની વધારે નજીકનો તારો.

૨૧. પું. સંકલ્પ; વિચાર; નિશ્ચય.

૨૨. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરના બ્રહ્મ માનસ પુત્રોમાંથી એક. એ બ્રહ્મદેવના કરમાંથી ઉત્પન્ન થયો હતો. કર્દમ પ્રજાપતિની ક્રિયા નામની કન્યા એને પરણી હતી. એને વાલખિલ્ય નામના સાઠ હજાર પુત્ર હતા.

૨૩. પું. (પુરાણ) હાલના મન્વંતરના સપ્તર્ષિ મંડલનો એ નામનો ઋષિ.

૨૪. સ્ત્રી. પ્લક્ષદ્વીપની એ નામની એક નદી.

ક્રતુચ્છ ૧. [સં.] પું. જૈન.

૨. વિ. યજ્ઞક્રિયામાં કુશળ.

ક્રતુદક્ષ [સં.] પું. સોમયાગના નાંદિશ્રાદ્ધના વિશ્વેદેવા.

ક્રતુદ્વિષ ૧. [સં. ક્રતુદ્વિષ્] પું. દૈત્ય; દાનવ, કામક તે યજ્ઞનો દુશ્મન મનાય છે.

૨. પું. નાસ્તિક માણસ.

૩. પું. યજ્ઞનો વેરી.

ક્રતુધામન [સં. ક્રતુધામિન્] પું. નારાયણ; વિષ્ણુ.

ક્રતુધ્વંસી [સં. ક્રતુ (એક જાતનો સોમયજ્ઞ) + ધ્વંસિન્ (નાશ કરનાર)] પું. મહાદેવ; શંકર. તેમણે દક્ષના યજ્ઞનો નાશ કર્યો હતો.

ક્રતુપતિ [સં.] પું. વિષ્ણુ.

ક્રતુપશુ [સં.] પું. ઘોડો.

ક્રતુપુરુષ ૧. [સં.] પું. યજ્ઞપુરુષ; વિષ્ણુ.

૨. પું. યજ્ઞવરાહ.

ક્રતુપ્રતિપક્ષ જુઓ ક્રતુદ્વિષ.

ક્રતુપ્રતિપક્ષી જુઓ ક્રતુદ્વિષ.

ક્રતુફલ [સં.] ન. યજ્ઞનું ફળ.

ક્રતુભુક્ ૧. [સં. ક્રતુભુક્] પું. ક્રતુભુજ.

૨. પું. યજ્ઞમાં દેવતાઓને અર્પણ કરવામાં આવતું દ્રવ્ય.

ક્રતુભુજ [સં. ક્રતુભુજ્] પું. યજ્ઞમાં હોમેલ ઘી વગેરે ખાનાર દેવતા.

ક્રતુમત પું. (પુરાણ) એ નામનો વિશ્વામિત્રનો એક પુત્ર

ક્રતુમય [સં.] વિ. શુભાશુભ સંસ્કારથી ભરેલું.

ક્રતુરાજ ૧. [સં. ક્રતુરાજ્] પું. અશ્વમેધયજ્ઞ.

૨. પું. રાજસૂયયજ્ઞ.

ક્રતુરૂપ [સં.] પું. યજ્ઞ નામનો ગ્રહ.

ક્રતુવિક્રયી [સં. ક્રતુવિક્રયિન્] વિ. ધન લઈ યજ્ઞનું ફળ વેચનાર.

ક્રતુવ્રત પું. શાકદ્વીપના ચાર ભાંડેનો એક વર્ષ. સત્યવ્રત, ક્રતુવ્રત, દાનવ્રત અને અનુવ્રત નામના શાકદ્વીપના ચાર વર્ણો પ્રાણાયામથી રજોગુણ મટાડી નાખી પ્રાણાયામરૂપ સર્વોત્તમ ભગવાનને ભજે છે. ભાગવતી ભાગવત

ક્રતુસ્થલા [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા. તેનું નામ ઋગ્વેદમાં આવે છે. પુરાણાનુસાર તે ચૈત્ર માસમાં સૂર્યના રથ ઉપર રહે છે.

ક્રત્વર્થ ૧. [સં.] પું. યજ્ઞનો અર્થવાદ બતાવવા તેનું વિધાન.

૨. વિ. યજ્ઞ માટેનું.

૩. વિ. સ્વતંત્ર રીતે ફળ ન આપનાર.

ક્રથ ૧. [સં.] સ. ક્રિ. ઈજા કરવી.

૨. અ. ક્રિ. (ધાતુ) મારવું; મારી નાખવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્રથન.

ક્રથ ૧. પું. અફાલું ભાંડેનો એક દેશ; વિદર્ભ દેશનો એક ભાગ.

૨. પું. એ નામનો એક અસુર.

૩. પું. કંસનો એક ભાઈ.

૪. પું. જનક રાજાનો એ નામનો દીકરો.

૫. પું. વિદર્ભ નામના યાદવ રાજાનો એક પુત્ર અને કૈશિકનો ભાઈ.

૬. પું. (પુરાણ) શુક્તિમાન પર્વતની પૂર્વ તરફના દેશનો એક રાજા. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં હતો.

ક્રથક પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ક્રથકૈશિક ૧. [સં.] પું. ક્રથ અને કૈશિકનો વંશ.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

૩. પું. (પુરાણ) વિદર્ભ કે વરાડમાં આવેલો એ નામનો એક દેશ. વિદર્ભ રાજાના બે કુમાર ક્રથ અને કૈશિકનાં નામ ઉપરથી આ નામ પડ્યું છે.

ક્રથકૈશિકા સ્ત્રી. વરાડમાં આવેલ પૂર્ણા નદીનું નામ; પયોષ્ણી.

ક્રથન ૧. પું. એ નામનો એક યક્ષ. તે અમૃતનો રખેવાળ મનાતો હતો.

૨. પું. દેવયોનિ.

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

૪. પું. (પુરાણ) રામની સેનાના એ નામના બે વાનર અધિપતિ.

૫. પું. (પુરાણ) વરુણ લોકમાંનો એક અસુર.

૬. ન. ઉદવું તે; કાપવું તે.

૭. ન. મારવું તે; વધ; નાશ.

ક્રમ ૧. [સં.] અ. ક્રિ. ઉત્સાહિત હોવું.

૨. સ. ક્રિ. (ધાતુ) આલવું; જવું. તે ઉપરથી થયેલ શબ્દ: આક્રમણ, પરાક્રમ, અનુક્રમ.

૩. અ ક્રિ. ઠરીને રહેવું

૪. અ. ક્રિ. મહેનત કરવી.

૫. અ. ક્રિ. માથે લેવું.

૬. અ. ક્રિ. વિકાસ થવો.

૭. સ. ક્રિ. ઉલ્લંઘન કરવું; ઓળંગી જવું; પાર ઊતરવું.

૮. સ ક્રિ. કબજે લેવો; આલિંગીમાં રાખવું.

૯. સ. ક્રિ. કૂદવું; ઠેકવું.

૧૦. સ ક્રિ. ચઢવું, ઉપર જવું.

૧૧. સ. ક્રિ. ઢાંકવું

૧૨. સ. ક્રિ. પાસે જવું.

૧૩. સ. ક્રિ. ફરજ અદા કરવી.

૧૪. સ. ક્રિ. ભરવું

૧૫. સ. ક્રિ. રોકવું; ઉપયોગમાં લેવું.

૧૬. સ. ક્રિ. શક્તિમાન હોવું.

૧૭. સ. ક્રિ. સંભોગ કરવો.

ક્રમ ૧. [સં.] પું. (કાવ્ય) અક્ષરવન માંહેનો ઓગણચાળીસમો વર્ણાલંકાર. તેમાં ક્રમથી શબ્દોનું અથવા અર્થોનું કથન હોય છે.
૨. પું. અર્થની નિયતપણે પૂર્વાપર સ્થિતિ.
૩. પું. અતિક્રમણ; ઓળંગવું; હુમલો.
૪. પું. ઇચ્છિત અર્થની પ્રાપ્તિ.
૫. [સં. ક્રમ્ (જવું)] પું એક પછી એક આવે એવી વસ્તુસંકલના; શ્રેણી; હારમાળા; અનુક્રમ; પરિપાટી.
૬. પું કર્મ, કાર્ય; કૃત્ય.
૭. પું. કાલ્પ; પક્ષ.
૮. પું. કૂદકો; ફાળ.
૯. પું. ગોઠવણ; અવસ્થા.
૧૦. પું. ચાલવું તે; ગતિ.
૧૧. પું. ધારો; રિવાજ; ચાલ, નિયમ.
૧૨. પું. પગલું; ડગલું.
૧૩. પું. પ્રસ્થાન; ઊપડવું તે.
૧૪. પું યથાયોગ્ય સ્થાપવું તે.
૧૫. પું. વર્ગ; શ્રેણિ; જાતિ.
૧૬. પું. (પુરાણ) વામનનું એક નામ. તેણે ત્રણ પગલાંમાં પૃથ્વી માપી હતી.
૧૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જગતને ઉત્પન્ન કરતાં રહેવું અને તેમાં ફેરફાર કરતાં રહેવું અથવા જગતપ્રવાહને વહન કરવો એ તેમનો સહજ સ્વભાવ છે. વળી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતાં રહેવું એ તેમનો નિત્યક્રમ છે. તેથી તે ક્રમ કહેવાય છે.
૧૮. પું. વિસ્તાર; ફેલાવો.
૧૯. પું. વેદ ભણવાની એક રીત; વેદની આઠ માંહેની એક વિકૃતિ; વેદની સંહિતાને અનુસરતા પાઠથી વિલોમ પાઠ. ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ધ્વજક્રમ, દંડક્રમ અને ઘન એ આઠ વિકૃતિ છે.
૨૦. પું સત્તા; સામર્થ્ય.
૨૧. પુ. (સંગીત) સંચારી અલંકાર માંહેનો એક આરોહી અલંકાર; મૂર્છનાના આપેલા સ્વરોને એક પછી એક એમ ક્રમથી લઈ આરોહ કરીને પછી તેમાંના બાકી ખૂટતા સ્વરો લઈ કરવામાં આવતો આરોહ.

ક્રમચાર પુ. મલ્લ.

ક્રમજટા [સં.] સ્ત્રી. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમજિત પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

ક્રમણ ૧. [સં. ક્રમ્ (જવું)] પું. પગ.
૨. પું. (વૈદ્યક) પારાના અઢાર માંહેનો એક સંસ્કાર.
૩. પું યદુવંશી એક રાજા.
૪. ન. ઉલ્લંઘન કરવું તે; ઓળંગવાપણું.
૫. ન. જવું તે; ગમન.
૬. ન. ક્રમવું જાગવું તે.
૭. ન. પ્રદક્ષિણા; આસપાસ ફરવું તે; ભ્રમણ
૮. ન. વધવું તે; અભિવૃદ્ધિ; વધારો.

ક્રમતઃ [સં.] અ. અનુક્રમ પ્રમાણે; ધીમે ધીમે.

ક્રમદંડક ૧. પું. વિકૃતિરૂપના આઠ માંહેનો એક ભેદ.
૨. [સં.] પું. વેદનો એક પાઠ.

ક્રમદીશ્વર ૧. પું. એ નામનો એક વૈયાકરણ. તેણે સંક્ષિપ્તસાર નામનું વ્યાકરણનું પુસ્તક લખ્યું છે.
૨. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ જબલી નામના પીઠસ્થાનમાં છે.

ક્રમધર્મી [સં.] વિ. ક્રિકર્ષવાળું; પ્રાપ્તિય; વિકાસવાળું

ક્રમનિગ્રહ [સં.] પું. (વેદાંત)- શાસ્ત્રમાં કહેલ ક્રમે ઇંદ્રિયોને રોકવી તે. બળાત્કારથી રોકવી તે હઠનિગ્રહ અને શાસ્ત્રમાં કહેલા ક્રમે રોકવી તે ક્રમનિગ્રહ કહેવાય છે.

ક્રમનિવેદન ન. પરિપાટી; કાર્યક્રમ; કાર્યાવલિ

ક્રમનિષ્પત્તિ [સં.] સ્ત્રી. (ગણિત) પહેલી ને બીજાનું અન્યોન્ય, બીજા ને ત્રીજાનું, ત્રીજા ને ચોથીનું ઇત્યાદિ સંખ્યાનાં ગુણોત્તરો સરખાં હોય એવી ત્રણ અથવા વધારે સંખ્યા.

ક્રમપદ [સં.] પું. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમપંક્તિ [સં.] સ્ત્રી. સાંકળિયું; અનુક્રમણિકા.

ક્રમપાઠ [સં.] પું. ઋગ્વેદનો એક પાઠ. તેમાં દરેક પદ બે વાર બોલવામાં આવે છે. એક વાર આગલા પદ સાથે ને બીજી વાર પાછલા પદ સાથે. તે ઈ.સ. પૂર્વે ૬૦૦ વર્ષ પહેલાં રચાયો હતો.

ક્રમપાર [સં.] પું. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમપૂર અ. ક્રમ પ્રમાણે; ક્રમાનુસાર.

ક્રમપૂરઃસર અ. ક્રમ પ્રમાણે.

ક્રમપૂર્વક [સં.] અ. અનુક્રમે; ક્રમ પ્રમાણે.

ક્રમપ્રસ્તાર પું. (પિંગળ) જેમાં સંખ્યા, ક્રમ સર્વ મૂલના રૂપથી બતાવવામાં આવે એવો પ્રસ્તાર.

ક્રમપ્રાપ્ત વિ. પરંપરાપ્રાપ્ત; ઉત્તરોત્તર મળેલું.

ક્રમબદ્ધ ૧. સ્ત્રી. એક પછી એક નિયમ પ્રમાણે ગોઠવણી.
૨. [સં.] વિ. ક્રમમાં બંધાયેલ; ક્રમસર; નિયત ક્રમવાળું.

ક્રમબાહ્યાંક પું. ઉડાડ નંબર; એકી એકી સંખ્યા.

ક્રમબાહ્યાનંબર જુઓ ક્રમબાહ્યાંક

ક્રમભંગ ૧. [સં.] પું. અવ્યવસ્થા; અતિક્રમ; ઉલ્લંઘન.
૨. પું. ક્રમનો ભંગ; નિયમભંગ; અવસ્થાનું તૂટી જવું તે.

ક્રમમાણ [સં.] વિ. ગતિ કરતું; આગળ જતું.

ક્રમમુક્તિ [સં.] સ્ત્રી ઉત્તરોત્તર સારી સ્થિતિ પામીને મળેલ મુક્તિ. વિદ્યુલ્લોક તથા બ્રહ્મલોકમાં ગયા પછી આ મુક્તિ મળે છે. ઉપાસક જીવો ક્રમે કરીને વિદ્યુલ્લોકમાં જાય છે. ત્યાં કોઈ દિવ્ય પુરુષ આવી તેમને બ્રહ્મલોકમાં લઈ જાય છે અને ત્યાં હિરણ્યગર્ભના આયુષ્ય પર્યંત રહીને પછી મોક્ષરૂપી પરમપદને પામે તેને ક્રમમુક્તિ કહે છે.

ક્રમમોક્ષ જુઓ ક્રમમુક્તિ.

ક્રમવાદી સ્ત્રી. નોકરોના પગાર અને હાજર તારીખના ધોરણે બનાવેલું નામવાર પત્રક.

ક્રમરચના [સં.] સ્ત્રી. અવસ્થાક્રમ; ક્રમમાં ગોઠવવું તે.

ક્રમરેચિત્ત પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર; ગ્રીવ.

ક્રમરેચિત્તાવરોહ પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી અલંકાર માંહેનો એક ક્રમરેચિત્તનું અવરોહી સ્વરૂપ નીચે મુજબ હોય છે·

સ ધ નિ ધ પ ધ નિ સં | નિ પ ધ પ મેં પ ધ નિ |
ધ મ પ મેં ગ મેં પ ધ | પ ગ મ ગ રિ ગ મેં પ |
મ રિ ગ રિ સ રિ ગ મ | ગ સ રિ સ નિ સ રિ ગ |
રિ નિ સ નિ ધ નિ સ રિ | સ ધ નિ ધ પ ધ નિ સ |

ક્રમવાચક [સં.] વિ. ક્રમ બતાવવું; ક્રમ પ્રમાણેનું.

ક્રમવાદ [સં.] પું. પ્રાણીઓનો વિકાસ ક્રમે ક્રમે થાય છે એવો મત; વિવર્તનવાદ.

> હાલમાં વિજ્ઞાનનો પાયો ક્રમવાદ અથવા વિવર્તનવાદ ઉપર છે. વનસ્પતિતત્ત્વજ્ઞાન

ક્રમવાર [સં.] અ. અનુક્રમ પ્રમાણે; એક પછી એક એમ; ક્રમશઃ

ક્રમવિવશ વિ. ક્રમને આધીન

> અજબ અવરોહ આરોહ સ્વરમ ભરી,
> ક્રમવિવશ ધરણિતલ ચરણ ધરતી.
> રાસતરંગિણી

ક્રમવિસ્તાર [સં.] પું. વિષયવિસ્તાર; ટિપ્પણ; ટાંચણ.

ક્રમવું ૧. [સં. ક્રમ્ (જવું)] અ. ક્રિ. ઉપરે ફરી વળવું; ઢાંકી દેવું

૨. જ. ક્રિ ઓળંગવું; જવું.

ક્રમશઃ ૧. [સં.] અ. એક પછી એક; નિયત ક્રમ પ્રમાણે; સંખ્યાવાર.

૨. અ. ધીમે ધીમે; ધીરે ધીરે કરીને.

૩. અ. રહેતે રહેતે; ક્રમેક્રમે; હદતેથી.

ક્રમસંન્યાસ [સં.] પું. બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમમાં અનુક્રમે રહ્યા બાદ લીધેલ સંન્યાસ.

ક્રમસૃષ્ટિ [સં.] સ્ત્રી. (વેદાંત) પ્રથમ આકાશ પછી વાયુ એમ ક્રમ પ્રમાણે ઉત્પન્ન થયેલ સૃષ્ટિ; સૃષ્ટિદૃષ્ટિવાદ. એ મતમાં આકાશાદિક તેમ માતપિતા આદિક સર્વે પોતપોતાના કારણમાંથી ક્રમે કરીને ઊપજે છે.

ક્રમાત્ અ. એક પછી એક; વારંવરતી; ક્રમ પ્રમાણે.

ક્રમાગત ૧. [સં.] વિ. ક્રમવાર થતું આવેલ.

૨. વિ. પરંપરાગત; કુળપરંપરાથી ઊતરી આવેલ; વંશપરંપરા પ્રમાણે મળેલ.

૩. વિ. લાગલાગટ; સતત; નિત્ય.

ક્રમાગતતા [સં.] સ્ત્રી. ક્રમે આવેલાપણું.

ક્રમાગતહ્રાસ પું. વાવવાથી દર વર્ષે ઓછી અને ઓછી ઊપજ આવવી તે.

ક્રમાનપેક્ષનિયમ ૧. પું (ગણિત) ગુણાકાર ભાગાકારથી જોડાયેલાં પદ ગમે તે ક્રમમાં લખી શકાય એ નિયમ. જેમકે, ૧૫ × ૨૧ ÷ ૩, ૧૫ ÷ ૩ × ૨૧, ૨૧ ÷ ૩ × ૧૫.

૨. પું. (ગણિત) સરવાળા બાદબાકીથી જોડાયેલાં પદ ગમે તે ક્રમમાં લખી શકાય એ નિયમ. જેમકે, ૫ + ૭ − ૪, ૫ − ૪ + ૭, ૭ − ૪ + ૫.

ક્રમાનુકૂલ [સં.] અ. ક્રમાનુસાર.

ક્રમાનુગત [સં.] વિ. પદ્ધતિસર; નિયમસર; ક્રમ પ્રમાણે હોય એવું.

ક્રમાનુસાર [સં.] અ. ક્રમ પ્રમાણે; અનુક્રમે; ઉત્તરોત્તર; એક પછી એક.

ક્રમાનુસારિણી સ્ત્રી. ચાર ભાંડિની એક પ્રકારની ભાષા; પ્રલય વખતની ભાષા; એકસ્વરી ભાષા.

આ ભાષાથી એ પ્રકારની ભાષા પ્રત્યયરહિતા, એકસ્વરી કે ક્રમાનુસારિણી કહેવાય છે.

બૃહદ્ધર્મપુ.

ક્રમાનુસારી વિ. સ્ત્રી. ક્રમ પ્રમાણે ચાલતી આવેલી.

ક્રમાન્વય [સં.] અ. ક્રમવાર; એક પછી એક.

ક્રમાયાત [સં.] વિ. વંશપરંપરાનું.

ક્રમારોહ પું. (સંગીત) સંચારી અલંકાર ભાતેનો એક અવરોહી અલંકાર. તેનું સ્વરૂપ આ મુજબ છેઃ સ નિ નિ ધ ધ પ. નિ ધ ધ પ મેં. ધ પ પ મેં મેં ગ. પ મેં મેં ગ રિ. મેં ગ રિ રિ સ.

ક્રમાંક [સં.] પું. ક્રમનો આંકડો; અનુક્રમ પ્રમાણેનો નંબર; ઉત્તરોત્તર એક એક ઉમેરવાથી કે બાદ કરવાથી બનતી સંખ્યા. જેમકે, ૫, ૬, ૭, ૮ અથવા ૫, ૪, ૩, ૨ વગેરે.

ક્રમિ ૧. [સં.] પું. કૃમિ.

૨. પું. પેટનો એક રોગ. તેમાં આંતરડાંમાં નાના નાના સફેદ કીડા પેદા થાય છે.

ક્રમિક ૧. [સં.] વિ. અનુક્રમે આવતું; એક પછી એક.

૨. વિ. ઊર્ધ્વપંક્તિ; ક્રમે ક્રમે વધતું.

૩. વિ. વંશપરંપરાગત; વંશપરંપરાથી ઊતરી આવેલ.

૪. વિ. સામયિક; મુદતિયું.

ક્રમિકતા સ્ત્રી. ક્રમિકપણું; નિયમિતતા.

ક્રમિકપત્ર [સં.] ન. સમયના અમુક ક્રમ પ્રમાણે પ્રગટ થનારું પત્ર; ઠરાવેલી મુદતે પ્રસિદ્ધ થતું સોપાનિયું.

ક્રમિકપુરસ્કાર [સં.] પું. મુદતી પગાર વધારો.

ક્રમિકવર્ધતી સ્ત્રી. ઉત્તરોત્તર મળતો વધારો.

ક્રમિકહ્રાસ [સં.] પું. ધીમો ધીમો નાશ.

ક્રમિન્ ૧. [સં] વ. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનાર.

ક્રમિજ [સં.] ન. ચંદન.

ક્રમિરાજુ [સં.] ન. વાવડિંગ.

ક્રમુ ૧. સ્ત્રી. એ નામની એક વૈદિક નદી; સિંધુ નદીની પશ્ચિમ તરફની એક શાખા.

૨. સ્ત્રી. મરપી દક્ષિણ રશિયા અને યુરોપનમાં આવેલ એ નામની એક નદી.

૩. ન. (જૂ. પ્રા.) કર્મ.

સહજિ ભઉ નિરભઉ અકંતુ.
આઠ પહર ભઈ ક્રમુ ભાખતુ.

જૈમાસિક

૪. [સં.] ન. સોપારીનું ઝાડ.

ક્રમુક ૧. પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં.] પું. એક જાતની મોથ; નાગરમોથ.

૩. પું. કપાસનું ઝાડ.

૪. પું. બહુવર્ષાયુ વૃક્ષ.

૫. પું. રાતા લોધ્રનું ઝાડ.

૬ પું. સોપારીનું ઝાડ.

૭. ન. કપાસિયો.

૮. ન. રોતૂર.

ક્રમુકફલ [સં.] ન. સોપારી.

ક્રમુકવતી પું. (પિંગળ) જગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નગમહિતા. તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

ક્રમે અ. એક પછી એક.

ક્રમે ક્રમે ૧. અ. એક પછી એક.

૨. અ. ધીમે ધીમે; પર્યાયે પર્યાયે.

ક્રમેરા [સં. કર્મકર] પું. (હિંદી) મજૂર.

ક્રમેલક [સં.] પું. ઊંટ.

ક્રમોનક [સં.] વિ. અવરોધક.

ક્રમોનતિ [સં] સ્ત્રી. અવરુદ્ધ ગતિ.

ક્રમોન્નતિસિદ્ધાંત [સં.] પું. ઉન્નતિ ક્રમ પ્રમાણે થવી જોઈએ એવો સિદ્ધાંત.

ક્રય ૧. [સં. ક્રી (ખરીદવું)] પું. કીમત.

૨. પું. કુદકો

૩. પું. ખરીદ; ખરીદી.

ક્રયક [સં.] પું. ખરીદ કરનાર મનુષ્ય.

ક્રયકૈશિકા સ્ત્રી. એ નામની બિહાર પ્રાંતમાં આવેલ નદી; પયોષ્ણી.

ક્રયક્રીત [સં.] વિ. વેચાતું લીધેલ.

ક્રયનિયમ [સં.] પું. વેચનાર અને વેચાતું લેનારની વચ્ચે થયેલો કરાર

ક્રયપત્ર સ્ત્રી. ખરીદીનો આંકડો; વાઉચર.

ક્રયપત્રાવલિ સ્ત્રી. સાફ્ય લેખાવલિ; વાઉચરનો ક્રમ પ્રમાણેનો સંગ્રહ.

ક્રયવસ્તુ સ્ત્રી. ખરીદી શકાય તેવી ચીજ.

ક્રયવિક્રય [સં] પું. વાણિજ્ય; વેચાતું લેવા આપવાનો વહેવાર; વેચાણખરીદી; આપલે.

ક્રયવિક્રયાનુરાગ ૧. [સં.] પું. મનુ અનુસાર અઢાર માંહેનો એક પ્રકારનો વિવાદ.

૨. પું. વેચવામાં અને ખરીદવામાં પક્ષપાત.

ક્રયવિક્રયિક ૧. [સં.] પું. લેવડદેવડ; વેપાર.

૨. પું. વેપારી; વેચવા ખરીદવાનો ધંધો કરનાર માણસ.

ક્રયશક્તિ [સં.] સ્ત્રી. ખરીદ કરનારની શક્તિ.

ક્રયશાસન [સં.] ન. વેચાણ દસ્તાવેજ.

ક્રયસામર્થ્ય [સં.] ખરીદ કરનારની શક્તિ.

ક્રયારોહ ૧. [સં.] પું. દુકાન.

૨. પું. બજાર.

ક્રયિક ૧. [સં] પું. વેપારી; માલ વેચી અને ખરીદીને ગુજરાન ચલાવનાર માણસ.

૨. વિ. વેચવા ખરીદવાનો ધંધો કરનાર.

ક્રયિમ ૧. પું. માલની ખરીદી કે વેચાણ ઉપર લેવાતો કર.
૨. [સં.] પું. વેપાર.

ક્રયી [સં. ક્રયિન્] વિ. ખરીદનાર.

ક્રયોપાગત ૧. [સં.] પું. તાબેતરમાં ખરીદાયેલ ખોળે.
૨. વિ. તાબેતરમાં ખરીદેલ.

ક્રય્ય [સં.] પું. દુકાનમાં વેચાણ માટે મૂકેલ વસ્તુ; વેચવાનો સામાન.

ક્રવિ ૧. [સં. ક્રવિસ્] પું. કાચું માંસ.
૨. પું. લોહી.

ક્રવ્ય [સં.] ન. કાચું માંસ.

ક્રવ્યપ ન. એક પ્રકારનું અફીણ ખેંચેલ તેલ.

ક્રવ્યપક પું. એક જાતનો જંતુનાશક વાયુ.

ક્રવ્યાદ ૧. પું. એક જાતનો ભ્રમ.
૨. [સં. ક્રવ્ય (કાચું માંસ) + અદ (ખાવું)] પું. ગીધ.
૩. પું. પ્રેતદાહ સમયનો અગ્નિ; ચિતાની આગ.
૪. પું. આજ; સીંચાણો.
૫. પું. મનુષ્યાહારી; નરભક્ષક.
૬. પું. માંસાહારી પ્રાણી.
૭. પું. રાક્ષસ; કૌણપ.
૮. પું. (પુરાણ) સહસ્રક્ષ નામના અગ્નિનો પુત્ર.
૯. પું. સિંહ.
૧૦. ન. (વૈદક) એક જાતનું ઔષધ. તે વાતહર, દીપક, પાચક અને ગ્રાહી મનાય છે. તે બનાવવા શુદ્ધ ગંધક તોલા ૮, પારો, લીંબુ અને ગજવેલ દરેક તોલા ૪ લોઢાના કામમાં એકમેક કરી ચૂલા ઉપર ધીમી આંચે તેનો રસ થતાં સુધી રાખવાં. પછી છાણ ઉપર કેળનું પાન પાથરી તે ઉપર તૈયાર થયેલો રસ રેડી તે ઉપર બીજું પાન પાથરી તે ઉપર છાણ મૂકવું એટલે તેની પર્પટી કરી, પર્પટીનો ભૂકો કરી પંચકોળનો ક્વાથ શેર એક તથા લીંબુનો રસ શેર એકમાં તેને ઘૂંટવો. પછી ટંકણખાર તોલા વીસ, સિંધાલૂણ તોલા દસ અને ફટકડી ભરી તોલા પચાસનું ચૂર્ણ કરી તેમાં ભેળવી અણુના ખારના ચૌદ પુટ દેવા એટલે ક્વાથ કરો. અજમો, જાયો, કોગળિયું, ચૂક, ઊલટી તથા આફરા ઉપર તે ૧૫ થી ૩૦ ગ્રેનની માત્રામાં છાશ, સિંધાલૂણ તથા સાંઠની સાથે અપાય છે.
૧૧. ન. એક જાતનું ઝાડ.
૧૨. વિ. માંસાહારી; માંસભક્ષી; માંસભક્ષણ કરનાર.

ક્રવ્યાદીશ્વર [સં. ક્રવ્યાદ (ગીધ) + ઈશ્વર (જેવું)] પું. બટાવુ.

ક્રશ વિ. કૃશ; દુર્બળ.

ક્રશની સ્ત્રી. કર્કશા; કંકસિણ્ણ ઓ.

ક્રશિત [સં.] વિ. દુર્બળ કરેલ; પાતળું કરેલ.

ક્રષ્ણાવલી ૧. સ્ત્રી. ટીકા.
૨. સ્ત્રી. કુંડળી; ખ્યાજ.
૩. સ્ત્રી. દ્રૌપદી.

ક્રંગડ પું. કાંટાવાળી એક વનસ્પતિ.

ક્રંદ ૧. [સં.] અ. ક્રિ. દયામણક રીતે બોલાવવું.
૨. અ. ક્રિ. ભ્રમ મારીને બોલાવવું.
૩. અ. ક્રિ. (ધાતુ) રડવું; આંસુ સારવાં. તે ઉપરથી બનેલ શબ્દ: આક્રંદ, ક્રંદન, ક્રંદિત.
૪. અ. ક્રિ. રાડ પાડવી; ભ્રમ મારવી.
૫. અ. ક્રિ. રડાવવું; ત્રાસ પમાડવો.

ક્રંદન ૧. [સં.] પું. બિલાડો.
૨. ન. આર્તસ્વરે રડવું તે; કકળાટ; રોકકળ.
૩. ન. યુદ્ધને સમરે વીરોનું આહ્વાન.

ક્રંદનધ્વનિ [સં.] પું. આક્રંદનો અનુગજાટ.

ક્રંદની [સં.] સ્ત્રી. બિલાડી.

ક્રંદિત ૧. પું. (જૈન) વાણવ્યંતર દેવતાની એક જાત.
૨. ન. વિયોગી સ્ત્રીનું રુદન.
૩. [સં.] અ. ક્રિ. શોક વગેરેથી આંસુ આવે એમ રડવું તે; પોક મૂકી રડવું તે.
૪. વિ. ભ્રમ મારી બોલાવેલ.
૫. વિ. રડેલું; રુદન કરેલું.

ક્રાકસ ન. ચામડાંનું એક તકદેર; લાતનું પેચ.
વેપારી વહાણો હવે ક્રાંસ-પહન અથવા કીકાકોલાથી નીકળી ગાંસા બંદરમાંના બજારમાં થઈને, ક્રાકસ અથવા આધુનિક પેરુ જતા.
પુરાતત્ત્વ

ક્રાકસોપા [અં.] પું. જંતુભક્ષક એક જાતનું પ્રાણી.

ક્રાઇસ્ટ [બે.] પું. ઈસુખ્રિસ્ત. ખ્રિસ્તી લોકોમાં તેનો અર્થ 'તેલ ચોપડી પવિત્ર કરેલ' એવો થાય છે. પ્રાચીન કાળમાં એવો રિવાજ હતો કે કોઈને ધર્મ અથવા રાજ્ય સંબંધી મોટો હોદ્દો બક્ષતાં તેને તેના માનને લાયક બનાવવા માટે તેલ ચોપડી પવિત્ર કરવામાં આવતા.

ક્રાઉન ૧. પું. ખારકનું શિરોબિંદુ.
૨. [અં.] પું. લાકડામાં વપરાતો એક જાતનો કાગળ. તેની લંબાઈ વીસ ઇંચ અને પહોળાઈ પંદર ઇંચ હોય છે.
૩. પું. મુગટ; તાજ.
૪. પું. રાજા; બાદશાહ.
૫. પું. રાજ્ય.
૬. પું. રૂપાનો એક અંગ્રેજી સિક્કો. તે પૌંડનો ચોથો ભાગ હોવાથી પાંચ શિલિંગ અથવા બત્રી રૂપિયા તેની કીમત ગણાય છે.
૭. પું. સિપાઈ વગેરે અમલદારને ઓળખવા માટે રાખવામાં આવતી ટોપી ઉપર લગાડેલ ટૂંક અક્ષરમાં કરેલ નિશાની.
૮. વિ. કાગળના એક માપનું.

ક્રાઉનપ્લેટ [અં.] સ્ત્રી. બોઈલરની બહારની ઉપલી પ્લેટ.

ક્રાથ ૧. [સં.] પું. એ નામનો એક નાગ.
૨. પું. (પુરાણ) એક રાજાનું નામ. એના પુત્રને ભારતના યુદ્ધમાં અભિમન્યુએ માર્યો હતો.
૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.
૪. પું. (પુરાણ) રામની સેનાનો એક વાનર. રામ રાવણના યુદ્ધમાં તેણે સેનાપતિનું કામ કર્યું હતું.
૫. ન. મારી નાખવું તે; હિંસા કરવી તે.

ક્રાની [હિં.] પું. કારકુન; લખનાર માણસ.

ક્રામકી પું. (પિંગળ) અષ્ટિ છંદની જાતનો પાંચ ભગણ અને એક ગુરુ મળી સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ક્રામિસસિમોનિસ સ્ત્રી. એક જાતની વિચિત્ર માછલી. તેની આંખો અપંગ હોય છે. નર માછલી પોતાના મોઢામાં ઈંડાં રાખી તેનું સેવન કરી બચ્ચાં પેદા કરે છે અને તેઓ પોતાની સલામતી લેવા શક્તિમાન થાય ત્યાં સુધી મોઢામાં જ સંભાળથી ઉછેરે છે.

ક્રાલ પું. વાડ; વાડો.

ક્રાંચી સ્ત્રી. એક જાતની કાતર. તે પતરું કાપવાના કામમાં વપરાય છે.

ક્રાંત ૧. [સં.] પું. ખોડો.
૨. સ્ત્રી. (ખગોળ) આકાશવૃત્ત; રવિમાર્ગ; આકાશમાં જે માર્ગે સૂર્ય ફરતો દેખાય છે તે માર્ગ.
૩. સ્ત્રી. આકાશી પદાર્થનું નમવું તે.
૪. સ્ત્રી. ચડવું તે.
૫. ન. ગમનક્રમ; જવું તે; ઓળંગવું તે.
૬. ન. પગ; પાદ; ઇંદ્રિય.
૭. વિ. ક્રોધી; ક્રોધાતુર.
૮ વિ. ગમન કરેલ; ઓળંગેલ; દૂર કરેલ; આક્રાંત.
૯. વિ. ગ્રસ્ત; કબાવેલ; જેના ઉપર આક્રમણ થયું હોય તેવું.
૧૦. વિ. ભૂતકાળમાં વીતેલ; અતીત.
૧૧. વિ. વ્યાપ્ત; ફેલાયેલ.

ક્રાંતદર્શન ૧. [સં.] ન. કોઈ પણ બાબતમાં ઊંડું ઊતરવું તે.
૨. ન ભૂતકાળ જોવો તે.
૩. વિ. ક્રાંતદર્શી.

ક્રાંતદર્શિણી વિ. સ્ત્રી. જ્યોતિષી; ભેદ જોનારી.

ક્રાંતદર્શી ૧. [સં. ક્રાંતદર્શિન્] પું. ઈશ્વર; પરમેશ્વર; પરબ્રહ્મ.
૨. પું. કવિ.
૩. પું. પંડિત.
૪. વિ. અતીત, અનાગત તથા સૂક્ષ્મ પદાર્થ જોઈ શકનારું.
૫. વિ. જ્યોતિષ જાણનાર; ભૂત ભવિષ્યના જાનવાળું.
૬. વિ. પાકલી વાત જાણનાર.
૭. વિ. વસ્તુનું રહસ્ય જોઈ શકનારું; ભવિષ્યમાં ગૂઢ રહેલી બીનાઓનું દર્શન કરનાર.
૮. વિ. વિશ્વદૃષ્ટિવાળું.
૯. વિ. સર્વજ્ઞ.

ક્રાંતપ્રજ્ઞ [સં. ક્રાન્ત (અતિશય યુક્ત) + પ્રજ્ઞા (બુદ્ધિ)] વિ. અતિશય બુદ્ધિવાળું, ઉત્તમ પ્રજ્ઞાવાળું.

ક્રાંતા ૧. સ્ત્રી. ઊભી જોંયરીગણી; ભૂકતી નામે વનસ્પતિ.
૨. સ્ત્રી. એલચી.
ક્રાંતા શબ્દ એલચીમાં અને ઊભી જોરીગણીમાં બે અર્થમાં વપરાય છે. આયુર્વેદ રહસ્યમાં
૩. [સં.] સ્ત્રી. પોડી.

ક્રાંતાક્ષી [સં.] સ્ત્રી. ચોસઠ જાદેની એ નામની એક યોગિની.

ક્રાંતિ ૧. સ્ત્રી. આત્મશુદ્ધિ.
૨. [સં. ક્રમ્ (જવું)] સ્ત્રી. એકમાંથી બીજામાં જવું તે, ગોલપાયલ; પરિવર્તન; પલટો.
૩. સ્ત્રી. (ખગોળ) કોઈ પણ આકાશીય પદાર્થમાંથી વિષુવવૃત્ત ઉપર દોરેલ લંબ.
૪. સ્ત્રી. (ખગોળ) ક્રાંતિવૃત્ત; સૂર્યને ફરવાનો માર્ગ; ખગોળમાં એક કલ્પિત વૃત્ત, જેમાં સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે. તેને અપમંડલ, અપવૃત્ત, અપક્રમ, અયન રવિ ક્રાંતિ, ક્રમણ પણ કહે છે.
૫. સ્ત્રી. (ખગોળ) ખગોળીય નાડીમંડલથી કોઈ નક્ષત્રનું અંતર; ખગોળની વિષુવવૃત્ત રેખાથી કોઈ નક્ષત્રનું અંતર; વિષુવવૃત્તથી તારાઓનું ઉત્તર દક્ષિણ અંતર.
૬. સ્ત્રી. ગતિ; માર્ગ; ભ્રમણ; પરિભ્રમણ; ભ્રમન; ગમન; એક સ્થાનેથી બીજે સ્થાને જવું તે; પગલું ભરવું તે.
૭. સ્ત્રી. (ખગોળ) ગ્રહને ફરવાના માર્ગથી વિષુવવૃત્તની સાથે થતો ખૂણો.
૮. સ્ત્રી. ચઢાઈ; આક્રમણ.
૯. સ્ત્રી. વાસુ પ્રથામાં ફેરફાર, સુધારો.
૧૦. સ્ત્રી. સુંપાકવાંક.
૧૧. સ્ત્રી. રાજ્યવિપ્લવ; રાજ્યપરિવર્તન; મહાન ગોલપાયલ; રાજ્યક્રાંતિ.
૧૨. સ્ત્રી. (ખગોળ) ભ્રામોત્તર ગમન; સંક્રમણ; સક્રાંતિ, આકાશીય પદાર્થનું ક્રમણ; આકાશીય પદાર્થનું નમવું તે.
૧૩. સ્ત્રી. રખલન, ઝુકાવ; દિગ્ભ્રાંતિ, વિચલન.

ક્રાંતિકક્ષ [સ.] પું. સૂર્યને ફરવાનો કલ્પિત માર્ગ.

ક્રાંતિકર જુઓ ક્રાંતિકાર.

ક્રાંતિકાર ૧. [સં.] પું. ખગોલખોર; ગોલપાયલ કરનાર માણસ, રાજ્યપલટો કરનાર વ્યક્તિ.
૨ વિ. ક્રાંતિ કરનાર; વિપ્લવકાર; પરિવર્તન કરનાર.
૩. વિ. મોટો ફેરફાર કરનારું વસ્તુસ્થિતિને પલટાવી નાખનાર.

ક્રાંતિકારક જુઓ ક્રાંતિકાર.

ક્રાંતિકારિણી [સં] વિ. સ્ત્રી. ક્રાંતિ કરનારી.

ક્રાંતિકારી ૧. [સં. ક્રાન્તિકારિન્] વિ. ક્રાંતિ કરનારું; વિપ્લવ કરનારું, ખળભાટ.
૨. વિ. પરિવર્તનવાળું, ફેરફારવાળું.

ક્રાંતિકાળ પું. ફેરફાર કરવાનો સમય; ગોલપાયલનો વખત.

ક્રાંતિકાષ્ઠિ સ્ત્રી. (ખગોળ) કોઈ પણ આકાશીય પદાર્થનું આકાશીય ધ્રુવથી અંતર.

ક્રાંતિકોણ [સં.] પું. કિરણનું પરાવર્તન થાય તે બિંદુ આગળ બનતો નાનામાં નાનો ખૂણો.

ક્રાંતિક્ષેત્ર [સ.] ન. જ્યોતિષ પ્રસિદ્ધ ગણિત ક્ષેત્રાકાર પદાર્થ; ગણિતમાં એક ક્ષેત્ર, જે ક્રાંતિ કાઢવા માટે બનાવવામાં આવે છે.

ક્રાંતિજ્યા [સં.] સ્ત્રી. ક્રાંતિક્ષેત્રમાં રહેલ ત્રિજ્યક્ષેત્રનો એક અવયવ.

ક્રાંતિતેજ ૧. ન. ક્ષિતિજ ઉપર દેખાતો તેજનો પટ્ટો; રાશિચક્રનો પ્રકાશ. તે વસંત ઋતુમાં સૂર્યાસ્ત પછી અંધારિયામાં નજરે પડે છે. આ તેજ ક્રાંતિપ્રદેશમાં સૂર્યથી શુમારે દસ કરોડ માઈલ સુધી પ્રસરેલું છે. ક્રાંતિતેજનું સ્વરૂપ હજુ સુધી સમજાયું નથી. પૃથ્વી અને સૂર્ય બેની વચ્ચે પૃથ્વીની કક્ષાની સહેજ બહારના પ્રદેશ સુધી અત્યંત અલ્પાતિનો સમૂહ હોવો જોઈએ અને તેના જ ઉપર સૂર્યનો પ્રકાશ પડીને પરાવર્તન પામ્યા પછી આ તેજ ઉત્પન્ન થતું હોવું જોઈએ.
૨. ન. સંધ્યા.

ક્રાંતિપાત [સં.] પું. (ખગોળ) વિષુવવૃત્ત અને ક્રાંતિવલયનું એકત્ર થતાં એકબીજાને કાપવું તે; અયન; સક્રાંતિ; સંપાતબિંદુ આ બિંદુ ઉપર પૃથ્વી આવે છે ત્યારે દિવસ અને રાત સરખા થાય છે

ક્રાંતિપ્રદેશ પું (ખગોળ) ક્રાંતિવૃત્તની ઉત્તરે ૭½ અને દક્ષિણે ૭½ મળી થતો ૧૫ અંશનો પ્રદેશ. બધા ગ્રહ તેમાં ફરે છે

ક્રાંતિબિંદુ ન. (ખગોળ) વિષુવબિંદુ, સપાતબિંદુ; વિષુવવૃત્ત અને ક્રાંતિવલય એક બીજાને કાપે તે બિંદુ.

ક્રાંતિમંડળ [સ ક્રાંતિમણ્ડલ] ન (ખગોળ) સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે વૃત્ત; અયનવૃત્ત

ક્રાંતિયંત્ર ન ક્રાંતિનો ખૂણો માપવાનું એક યંત્ર. કોઈ પણ આકાશીય પદાર્થ ક્ષિતિજથી કેટલો ઊંચો છે તે આ યંત્રથી માપી શકાય છે.

ક્રાંતિલંબ પું. (ખગોળ) નિરીક્ષણ; કોઈ પણ આકાશીય પદાર્થમાંથી વિષુવવૃત્ત ઉપર દોરેલ લંબ.

ક્રાંતિલંબન ન. (ખગોળ) એક જ આકાશીય પદાર્થને જુદે જુદે સ્થળેથી જોવાથી તેની ક્રાંતિમાં માલૂમ પડતો ફરક.

ક્રાંતિવલય ન. (ખગોળ) અયનવૃત્ત; ક્રાંતિમંડળ; સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે વૃત્ત.

ક્રાંતિવાદ પુ. વિપ્લવવાદ; બળવો જરૂરી છે એવો મત.

ક્રાંતિવાદી ૧. વિ. ક્રાંતિવાદમાં માનનાર' ગોલપાયલમાં માનવાવાળું
૨. વિ રાજપલટો ઇચ્છનાર; રાજપલટાનું હિમાયતી

ક્રાંતિવૃત્ત ૧. [સં.] ન. ક્રાંતિવલયન. આકારનું વૃત્તક્ષેત્ર
૨. ન. (ખગોળ) પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાથી સૂર્ય જે માર્ગમાં પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે માર્ગ; સૂર્યમાર્ગ; અયનવૃત્ત.

ક્રાંતિવૃત્તાંતર્યકત્વ ન. ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત વચ્ચેનો ખૂણો.

ક્રાંતિવૃત્તયંત્ર ન. જયપુરમાં આવેલ ભારતીય જ્યોતિષ યંત્રાલય માહેનું એ નામનું એક યંત્ર. તેની અંદર ધ્રુવની સામે એક વૃત્ત પથ્થરનો

બનાવેલો છે. તેની અંદર સાઠ મણી તથા પળના ભાગ લખેલા છે. તેની મધ્યમાં લોઢાનો એક સોંયુ આવેલ છે. આ સોંયુમાં પિત્તળના બે વૃત્ત ગૂંથના માલૂમ પડે છે. આ યંત્રથી સાધન માલૂમ પડે છે.

ક્રાંતિવૃત્તાંતર્ગત [સં. ક્રાંતિવૃત્ત (ઉપ્યુ કટિબંધ) + અંતર્ગત (અંદરનું)] વિ. ઉપ્યુકટિબંધમાં આવેલું.

ક્રાંતિવૃત્તીયકૂલ ન. (ભગોળ) ક્રાંતિવૃત્તીય સમમીકરણનો બુત્ક્રમ. જેવી રીતે દીર્ઘવૃત્તીય સમમીકરણનો બુત્ક્રમ તે દીર્ઘવૃત્તીય ફલ છે, તેવી જ રીતે ક્રાંતિવૃત્તીય સમમીકરણનો બુત્ક્રમ તે ક્રાંતિવૃત્તીય ફલ કહેવાય છે.

ક્રાંતિવૃત્તીયસ્થાન [સં. ક્રાંતિવૃત્તીય (ક્રાંતિવૃત્તનું) + સ્થાન (જગ્યા)] ન. (ભગોળ) કોઈ પણ આકાશી પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો લંબ ક્રાંતિવૃત્તને છેદે તે બિંદુ.

ક્રાંતિશીલ વિ. ક્રાંતિમય; ક્રાંતિવાળું.

ક્રાંતિસામ્ય [સં.] ન. ગ્રહોની એકસરખી ક્રાંતિ એટલે ગતિ.

ક્રાંતિસૂત્ર ૧. [સં.] ન. (ભગોળ) કોઈ આકાશીય પદાર્થને આકાશીય ધ્રુવ સાથે જોડનારો વર્તુળ.

૨. ન. (ભગોળ) ક્રાંતિઓનો સૂત્રાકાર એક યોગ. તે ધ્રુવનો સ્પર્શ કરનાર હોય છે.

ક્રાંત્યંશ ૧. [સં.] પું. તિર્યફ્ પ્રભાવ; 'ઑબ્લિક ઍસેન્શન'. વૈજ્ઞાનિકો માને છે કે પૃથ્વીનો ક્રાંત્યંશ બદલાતો જાય છે, આથી એક વખત એવો આવશે કે જ્યારે અયન તાદન બદલાઈ જશે એટલે કે શિયાળાને વખતે ઉનાળો અને ઉનાળાને વખતે શિયાળો થઈ જશે.

૨. પું. ભુજાંશ; 'મીલેશ્યલ હૉરિઝૂડ'.

ક્રાંત્યાંશ જુઓ ક્રાંત્યંશ ૧.

ક્રાંવ પું. કાગડાની વાણીનો અવાજ.

ક્રાંસિયો પું. કટારી.

ક્રિકેટ ૧. [અં.] સ્ત્રી.; ન. એક જાતની અંગ્રેજી રમત; ગેડીદડા જેવી બેટબોલની રમત. ખુલ્લા મેદાનમાં રમાતી આ રમતમાં રમનારના બે પક્ષ પાડવામાં આવે છે. સાધારણ રીતે દરેક પક્ષમાં અગિયાર રમનાર હોય. રમવાનાં મુખ્ય સાધિત્યમાં બે બેટ, એક દડો, છ લાકડી, એક લાકડી અને લાકડી ઉપર મૂકવાની ચાર ચરકલી છે. મેદાનની વચ્ચાવચ એક ફેકાણે જરા લાકડીનું વિકેટ ખોડવામાં આવે. ત્યાંથી તેની સામે અને બરાબર સીધામાં બારીક ચારને છેટે બીજું જરા લાકડીનું વિકેટ ખોડવામાં આવે. દાવ દેનાર પક્ષના બેલાડીઓમાંથી એક જણ એક વિકેટ પાસેથી દડો ફેંકે, બીજો એક સામેના વિકેટની પાછળ ઊભો રહે. ત્રીજો તેની પાછળ ઊભો રહે અને બાકીના મેદાનમાં જુદે જુદે સ્થળે ગોઠવાઈ જાય. દાવ લેનાર પક્ષના બે બેલાડી પ્રથમ દાવ લેવા આવે. તેઓ દરેક વિકેટ પાસે અમુક જગ્યા બેટ લઈને ઊભો રહે. એક વિકેટ પાસેથી દડો ફેંકનાર દડો ફેંકે છે એટલે સામેના વિકેટ પાસે બેટ લઈને ઊભેલો દાવ લેનાર તે દડાને હટકો મારે. દાવ દેનાર પક્ષના જે બેલાડી પાસે તે દડો જાય તે તે દડો લઈને દડો ફેંકનારને આપે, પણ તેટલા વખતમાં દાવ લેનારા બે બેલાડી એક વિકેટથી બીજા વિકેટ સુધી દોડે અને જેટલા ફેરા થાય તેટલા રન કર્યા કહેવાય. આ પ્રમાણે રમતાં કોઈ દાવ લેનાર હટકો મારતાં ચૂકી જાય અને દડો વિકેટને લાગે અથવા તેના શરીરનો કોઈ ભાગ દડાને વિકેટ ઉપર જતાં અટકાવે, રમત દરમિયાન તે વિકેટથી ચાર ફૂટ કરતાં વધારે દૂર રહે અને દાવ દેનાર કોઈ વિકેટને દડાથી પાડી નાખે, દાવ લેનાર રમત દરમિયાન પોતાના બેટથી વિકેટને અડે, દાવ લેનાર દડાને હટકો મારતાં તેનો દડો ઝિલાઈ જાય, દોડતી વખતે રનને પહોંચ્યા પહેલાં દડો અથવા પહોંચે અને તે દડાથી વિકેટ પાડી નાખવામાં આવે, આવું બને તો દાવ લેનારને દૂર બેસવું પડે છે અને તેની જગ્યાએ બીજો બેલાડી આવે. આ પ્રમાણે બધા બેલાડીનો વારો આવી રહે ત્યારે સામો પક્ષ દાવ લેવા આવે. છેવટે બે પક્ષના રન વધારે થાય તે પક્ષ જીત્યો કહેવાય. આ રમતની ઉત્પત્તિ ક્યાં કોકોથી થયેલ જણાય છે. સેક્સનોએ રોમન પાસેથી શીખી લાગે ઈ. સ. ૬૦૦માં ઇંગ્લંડમાં દાખલ કરી. તે વખતની રમત હિંદના ગેડીદડા જેવી હતી. નોર્મનોએ ઇંગ્લંડ જીત્યું ત્યારે આ રમત તેઓમાં દાખલ થઈ. તે વખતે અંગ્રેજો બે લાકડી દાટી તે ઉપર ત્રીજી લાકડી મૂકતા અને એક રમનાર દડાને આ લાકડી ઉપર ફેંકતો, જેને બીજો રમનાર ઝાળતો. તે વખતે હાલની પેઠે અગિયાર માણસની જરૂર ન હતી. દૂર પડેલ દડો નોકર લાવતા. આજના ક્રિકેટમાં વપરાતાં બેટની લંબાઈ રમનારના કદ પ્રમાણે રાખવામાં આવતી અને પરોળાઈ ૨ થી ૮ ઇંચ સુધીની હતી. અગાઉના વખતમાં દડો પથ્થરનો કરવામાં આવતો, તે પછી ધાતુનો અને તે પછી લાકડાનો થયો. હાલ ચામડાનો દડો વપરાય છે. પરેલાં વિકેટની લાકડીની જગ્યાએ ઝાડની ડાંખળા રોપતા, હાલ લાકડાની અથવા નેતરની લાકડીઓ વપરાય છે.

૨. ન. તમરૂં નામનું એક છત્યું.

ક્રિકેટક્ષેત્ર [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતને લગતું મંડળ.

ક્રિકેટગ્રાઉન્ડ [અં.] ન. ક્રિકેટ રમવાની જગ્યા; ક્રિકેટનું મેદાન.

ક્રિકેટબૅગ [અં. ક્રિકેટબૅગ] સ્ત્રી. ક્રિકેટનો સામાન રાખવાની ચામડાની અથવા કેનવાસની થેલી.

ક્રિકેટવીર પું. ક્રિકેટ રમવામાં હોશિયાર માણસ.

ક્રિકેટસીઝન [અં.] સ્ત્રી. ક્રિકેટ રમવાની મોસમ ઋતુ.

ક્રિકેટીઅર [અં.] પું. સારું ક્રિકેટ રમનાર અને જાણનાર માણસ.

ક્રિટોન ન. પડદાનું એક જાતનું કાપડ.

ક્રિપા ૧. [સં. કૃપા] સ્ત્રી. કૃપા; દયા.

૨. સ્ત્રી. ફરિયાદ.

ક્રિપાળુ [સં. કૃપાલુ] વિ. દયાવાળું; કૃપાળુ.

ક્રિમિ ૧. [સં.] પું. એ નામનો એક રોગ.

૨. પું. (પુરાણ) એક જાતનો દૈત્ય. એનું નામ અલર્ક હતું. એણે કર્ણની બંને કેરી ખાધી હતી.

૩. પું. કૃમિ.

૪. પું. ક્ષુદ્ર જંતુ; જૂ વગેરે જંતુ.

ક્રિમિકંટક ૧. [સં.] ન. ઉંબરાનું ઝાડ.

૨. ન. એ નામની એક વનસ્પતિ; ચિત્રાંગ.

૩ ન. વાવડિંગ.

ક્રિમિઘ્ન ૧. [સં.] ન. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનાર.

ક્રિમિઘ્ની [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; સોમરાજી.

ક્રિમિજ [સં.] ન. અમરચંદન.

ક્રિમિજા [સં.] સ્ત્રી. લાખ.

ક્રિમિદક્ષ [સં.] ન. એ નામનું એક નરક.

ક્રિમિરિપુ ૧. [સં.] પું. રાતાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

૨. ન. વાવડિંગ, કમીલા તે કૃમિ એટલે પેટનાં જીવડાંનો નાશ કરે છે.

ક્રિમિરાતુ જુઓ ક્રિમિરિપુ.

ક્રિમિશાત્રવ [સં.] પું. એક જાતનો દુર્ગંધી ખેર.

ક્રિમિશૈલ [સં.] પું. રાકડો.

ક્રિય [સં.] પું. (જ્યોતિષ) મેષ રાશિ.

ક્રિયમાણ ૧. [સં.] ન. (વેદાંત) અનારબ્ધકાર્ય; જીવ જે કાંઈ કર્મ કરે છે તે નવાં કર્મ; પાપપુણ્ય; જીવ પોતે પ્રારબ્ધને આધીન થઈ જે કાંઈ કરે તે.

પ્રારબ્ધ અને ક્રિયમાણ એ બે શબ્દ અનુક્રમે વેદાંતસૂત્રમાંના આરબ્ધકાર્ય અને અનારબ્ધકાર્ય એ શબ્દોના સમાનાર્થક રાબ્દો થયો.

ગીતારહસ્ય

૨. ન. ક્રિયાકર્મ; ધર્મક્રિયાનો વિધિ; સંસ્કારવિધિ.

૩. વિ. કરાતું; થતું; બનતું.

ક્રિયમાણકર્મ ૧. [સં.] ન. જન્મ આંહેનું એક પ્રકારનું કર્મ; વર્તમાન જન્મમાં કરવામાં આવે છે તે કર્મ.

૨. [હિં.] ન. વાસના.

ક્રિયા ૧. સ્ત્રી. અનુષ્ઠાન; કામ કરવું તે.

૨. સ્ત્રી. અમલ; કામ કરવાની રીત; કૃતિ.

૩. સ્ત્રી. આચાર; કરણી.

૪. સ્ત્રી. આત્મા તથા પરલોક છે એમ માનવું તે.

૫. સ્ત્રી. આરંભ.

૬. સ્ત્રી. (ન્યાય) ઉક્ષેપણ વગેરે કર્મ.

૭. સ્ત્રી. એ નામની એક દેવી; ચોસઠ માનસતત્ત્વદેવતાઓની એ નામની એક.

૮. સ્ત્રી. (વ્યાકરણ) કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન અને અધિકરણ એ દરેકનો ક્રિયાપદ સાથેનો સંબંધ.

૯. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ આંહેની એક કન્યા અને ક્રતુ ઋષિની સ્ત્રી.

૧૦. સ્ત્રી. (જૈન) કર્મબંધનહેતુ; કાયિકી આદિ પાંચ ક્રિયા; જાવજ્જીવ એટલે પાપકારી વ્યાપાર.

૧૧. સ્ત્રી. કલા.

૧૨. સ્ત્રી. કૃતિ; કાર્ય; કામ; કર્મ, કરવું તે.

૧૩. સ્ત્રી. ક્રિયમાણ; સંસ્કારવિધિ; શાસ્ત્ર પ્રમાણે વિધિ કરવી તે; ધર્માનુષ્ઠાન.

ક્રિયાભંગ કરવી = ધાર્મિક ક્રિયામાં ખલેલ કરવી.

૧૪. સ્ત્રી. (જૈન) ગતિ; એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમન.

૧૫. સ્ત્રી. ગર્ભાધાનનો સંસ્કાર.

૧૬. સ્ત્રી. (વૈદક) ચિકિત્સા; ઉપાય; ઉપચાર.

૧૭. સ્ત્રી. (યોગ) જ આંહેની એક ક્રિયા. જેના કારણમાં મેદ,દિ હોવને લીધે પ્રાણાયામમાં વિઘ્ન આવતું હોય તેને માટે ધૌતિ, નેતિ, નૌલિ, કપાલભાતિ અને ત્રાટક એમ જ ક્રિયા માની છે.

૧૮. સ્ત્રી. (સંગીત) તાલમાં તાળી આપવાની ક્રિયા. તાલમાં તાળી આપવાની ક્રિયા કરવામાં આવે છે તેને સશબ્દ અને ખાલી આપવી વખતે બંને હાથને છૂટા પાડવાની ક્રિયા કરવામાં આવે છે તેને નિઃશબ્દ કહે છે.

૧૯. સ્ત્રી. દાખલો ગણવાની રીત.

૨૦. સ્ત્રી. (વ્યાકરણ) ધાતુનો અર્થ.

૨૧. સ્ત્રી. નિત્યકર્મ; શૌચ, સ્નાન, સંધ્યા, તર્પણ આદિ કૃત્ય.

૨૨. સ્ત્રી પદ્ધતિ; રીતિ; વિધાન; વિધિ.

૨૩. સ્ત્રી પ્રશ્ન.

૨૪. સ્ત્રી. પ્રમાણદર્શન.

૨૫. સ્ત્રી. પ્રયત્ન; ચેષ્ટા.

ક્રિયા ખરાબ કરવી–બગાડવી = કલંક લગાડવું.

૨૬. સ્ત્રી. પ્રયોગ.

૨૭ સ્ત્રી પ્રવૃત્તિ, વ્યાપાર.

૨૮. સ્ત્રી. પ્રાયશ્ચિત્ત.

૨૯. સ્ત્રી. બનાવવાની રીત; પ્રયોગકલા

૩૦. સ્ત્રી. (પુરાણ) બાર આદિત્ય આંહેના અંશમાનની સ્ત્રી

૩૧. સ્ત્રી. મરનારની પાછળ કરાતો વિધિ.

ક્રિયા કરવી = મરણક્રિયા કરવી.

૩૨. સ્ત્રી. વિધાતા નામના આદિત્યની એ નામની સ્ત્રી.

૩૩. સ્ત્રી. વિવાદના વિચારનું અંગ એક સાધન.

૩૪. સ્ત્રી. શિક્ષા.

૩૫. સ્ત્રી. શ્રાદ્ધ આદિ પ્રેત કર્મ.

૩૬. સ્ત્રી. (વેદાંત) સયોગ અને વિભાગનો અસાધારણ હેતુ.

૩૭ સ્ત્રી સામ વગેરે ઉપાય.

૩૮. સ્ત્રી. સોગંદ.

૧ ક્રિયા ખાવી = સોગંદ લેવા.

૨. ક્રિયાલોપ = ખોટા સોગંદ.

૩૯. સ્ત્રી. સ્ત્રી પુરુષનું રેત પડવાની ખટપટ. તેના ત્રણ પ્રકાર: ત્રિરોદય, મધ્યોદય અને લઘુદય. લાભા કાળ પછી રેત પતન થાય તેવી ક્રિયા કરવી તેનું નામ ત્રિરોદયક્રિયા, તરત રેત પડે તેમ કરવું તેને લઘુદય કહે છે અને મધ્યોદય એટલે સામાન્ય સમયમાં રેત પડે તે

૪૦. સ્ત્રી. (વ્યાકરણ) સ્થિતિ અથવા કર્મ એ સંબંધી અર્થવાળું ક્રિયાપદ.

૪૧. સ્ત્રી. સ્વયંવલન; સ્વયંકૃતિ

૪૨. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતર આંહેના દક્ષની સોળ આંહેની એક કન્યા અને ધર્મ ઋષિની તેર આંહેની એક સ્ત્રી.

૪૩ સ્ત્રી. સ્વાહાનું એક નામ.

સ્વાહા, વહ્નિપ્રિયા, વહ્નિજાયા, સંતોષકારિણી, શક્તિ, ક્રિયા, ફલદાત્રી, પરિપાકકરી, ક્રૂરા, સર્વદાનરતા, દાહિકા, દહનક્ષમા, સંસારસારરૂપા, ઘોરસંસારતારિણી, દેવપોષણકારિણી એવા સોળ નામવાળા સ્વાહાને હું નમન કરું છું. ભાગવતી ભાગવત

૪૪. સ્ત્રી હરતાક્રિયા; દાસ્તકારી

ક્રિયાકર ૧ [સં] પું. અભ્યાસ કરનાર નવો શિષ્ય.

૨. વિ. ક્રિયા કરનાર; કામ કરનાર.

ક્રિયાકર્મ [સં.] ન. મરણક્રિયા કરવી તે.

ક્રિયાકર્માંતર સ્ત્રી મરણક્રિયા; ઉત્તરક્રિયા.

ક્રિયાકલાપ [સં.] પું. ક્રિયાનો જથ્થો.

ક્રિયાકલ્પ ૧. [સં.] પું. ચિકિત્સાના અંગરૂપ ક્રિયા

૨. પું. ચોસઠ આંહેનું એક વિજ્ઞાન.

ક્રિયાકાર ૧. [સં.] પું. અભ્યાસ કરનાર નવો શિષ્ય.

૨. વિ. ક્રિયા કરનાર; કામ કરનાર.

૩. વિ. પ્રવર્તક; ચલાવનાર; 'ઓપરેટર'.

ક્રિયાકાંડ ૧. [સં] પું. કર્મકાંડ; ધર્મ સંબંધી ક્રિયા.

૨. પું. જેમાં યજ્ઞાદિનું વિધાન હોય તે શાસ્ત્ર; ધર્મવિધિને લગતો વેદશાસ્ત્રનો ભ.ગ.

ક્રિયાકાંડી ૧. [સં] વિ ક્રિયાકાંડમાં માનનારું.

૨. વિ. ધાર્મિક ક્રિયા કરનારું.

ક્રિયાકુશળ વિ. ક્રિયા કરવામાં ચતુર; કામમાં હોશિયાર.

ક્રિયાક્ષેત્ર [સં.] ન કામ કરવાનું ક્ષેત્ર; કર્મભૂમિ.

ક્રિયાગત [સં.] વિ ક્રિયામાં મુકાયેલ; પળાતું; આચારમાં મૂકેલું.

ક્રિયાગોપા [સં] પું વિષ્ણુ ભગવાનનું એક નામ.

ક્રિયાચતુર ૧. [સં.] પું. (કાવ્ય) ઉપપત્તિના બે આંહેનો એક પ્રકાર.

૨. પું. શૃંગારરસમાં નાયકનો એક ભેદ. તેમાં નાયક ક્રિયામાં ચતુરાઈ બતાવીને નાયિકાને મળે છે.

ક્રિયાજ્ઞ ન. (પ્રાકૃત) કરિયાણું; વસાણું.

ક્રિયાતંતુ [સં.] પું. શરીરના અવયવોને અમુક કામ કરવા માટે મગજમાંથી હુકમ પહોંચાડનાર તંતુ; ઉદ્‌વાહતંતુ; જ્ઞાનતંતુ.

ક્રિયાતિપત્તિ ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) એક જાતનો કાવ્યાલંકાર કેટલાક અને અતિશયોક્તિનો ભેદ અને કેટલાક સ્વભાવના અલંકારનો ભેદ માને છે.

૨. સ્ત્રી. (વ્યાકરણ) કૃદંતનું ક્રિયાપદ તરીકે વપરાવું તે.

ક્રિયાતિપત્ત્યર્થ ૧. [સં] પું. (કાવ્ય) એક અલંકાર. તેમાં પ્રકૃતિથી ભિન્ન કલ્પનાર કરીને વિષયનું વર્ણન કરવામાં આવે છે.

૨. પું. (વ્યાકરણ) ક્રિયાપદનું સૌતિક ભવિષ્યકાળનું રૂપ. જેમકે, જો વૃષ્ટિ થઈ હોત તો સુકાળ થાત.

ક્રિયાત્મક ૧. [સં.] વિ. પ્રભુનું કર્મ પરત્વેનું સ્વરૂપ.
૨. વિ. ઉપયોગમાં આવે તેવું; કરી શકાય તેવું.
૩. વિ. ક્રિયાવાળું; સક્રિય; પ્રાયોગિક.
૪. વિ. ગતિવિષયક.

ક્રિયાત્મકગર્ભવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાણીનાં ગર્ભોદ્ગમનાં બંધારણ અને વિકાસ સંબંધી વિદ્યા.

ક્રિયાત્મકવિજ્ઞાન [સં.] ન. મજબૂતાઈથી, ઠારણોથી અથવા કામદાયી અમુક બનાવો કે દેખાવો વિષેનું શાસ્ત્ર.

ક્રિયાત્મકશક્તિ [સં.] સ્ત્રી. આપમેળે કામ કરવાનું બળ.

ક્રિયાદક્ષ [સં.] વિ. કાર્યકુશળ; કામ કરવામાં ચતુર.

ક્રિયાદૃષ્ટિ [સં.] સ્ત્રી. (જૈન) શ્રોધાગેલ સત્યને જીવનમાં મૂર્તિમંત કરવાની તરકીબ કરનાર દૃષ્ટિ; ક્રિયાનય.

ક્રિયાદ્વેષી [સં. ક્રિયાદ્વેષિન્] પું. ધર્મશાસ્ત્રમાં સાક્ષી અને પ્રમાણ આદિને નહિ માનનાર પ્રતિવાદી.

ક્રિયાદ્વૈત [સં.] ન. (વેદાંત) મન, વચન અને કર્મથી કરાતાં સર્વ કર્મનું પરબ્રહ્મમાં અર્પણ

ક્રિયાનય જુઓ ક્રિયાદૃષ્ટિ.

ક્રિયાનષ્ટ ૧. વિ. કૃતઘ્ન.
૨. [સં.] વિ. પોતાનાં કૃત્યોથી નાશ પામેલું.

ક્રિયાનાથ [સં.] પું. (વ્યાકરણ) ક્રિયાપદનાં લિંગ, વચન વગેરે જેના ઉપર આધાર રાખે તે શબ્દ.

ક્રિયાનિર્દેશ [સં.] પું. સાક્ષી.

ક્રિયાનિષ્ઠ ૧. [સં.] વિ. ક્રિયા કરવામાં ચુસ્ત.
૨. વિ. સ્નાન, સંધ્યા, તર્પણ આદિ નિત્યકર્મ કરનાર.

ક્રિયાનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કામવિકારની ઉત્પત્તિ.

ક્રિયાનુસારી [સં. ક્રિયાનુસારિન્] વિ. રીતિ પ્રમાણે ચાલનાર.

ક્રિયાનૈપુણ્ય [સં.] ન. પોતાના કામમાં નિપુણતા.

ક્રિયાપત્તિ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં દસ્તર મહિનું એક નામ.
૨. પું. વિષ્ણુનું એક નામ.

ક્રિયાપદ [સં.] ન. (વ્યાકરણ) ક્રિયા બતાવનારું પદ કે શબ્દ. જેમકે, લીખ, બેસ, ખેલ વગેરે ધાતુ ઉપરથી બનતાં લીખવું, બેસવું, ખેલવું વગેરે ક્રિયાપદ બને છે.

ક્રિયાપર વિ. ક્રિયા જેમાં પ્રધાન હોય એવું.

ક્રિયાપરા સ્ત્રી. ષોડશ માનસતત્ત્વદેવતા માંહેની એક.

ક્રિયાપરાયણ [સં.] વિ. ક્રિયા કરવામાં તલ્લીન; ક્રિયામાં રત.

ક્રિયાપંથ [સં.] પું. કર્મકાંડ.

ક્રિયાપાદ ૧. પું. ચતુષ્પાદ વ્યવહારમાં સાધ્ય અર્થના સાધનરૂપ ત્રીજો પાદ; મુકદ્દમાના ચાર માંહેનો એક વિભાગ. તેમાં વાદીનું કથન અને પ્રતિવાદીનો જવાબ સાંભળવા ઉપરાંત વાદી પોતાનું કથન ભણવા દાવાનું પ્રમાણ વગેરે રજૂ કરે છે.
૨. પું. ચાર માંહેનો એક પાદ. કોઈ દર્શનાનુસાર ચાર પાદ છેઃ વિદ્યાપાદ, ક્રિયાપાદ, યોગપાદ અને ચર્યાપાદ.

ક્રિયાપૂરક ૧. [સં.] પું. (વ્યાકરણ) વાક્યનો એક ભાગ.
૨. વિ. ક્રિયાનો અર્થ પૂરો કરનાર (પદ કે પદો).

ક્રિયાપ્રક્રિયા ૧. [સં.] સ્ત્રી. અસર.
૨. સ્ત્રી. કાર્યપ્રણાલી; કામ કરવાની રીત.
૩. સ્ત્રી. ક્રિયા અને તેથી ઊલટી ક્રિયા.

ક્રિયાફલ [સં.] ન. ઉત્પત્તિ વગેરે કર્મોનાં; ક્રિયાજન્ય ફળ; ક્રિયાનું કે કર્મનું પરિણામ. ક્રિયાનું ફળ ચાર પ્રકારનું છેઃ ઉત્પાદ્ય, આપ્ય, વિકાર્ય અને સંસ્કાર્ય. કુંભાર ઘડો કરે છે તે ઉત્પાદ્ય ક્રિયાફળ છે. તે નેત્ર વડે રૂપ જુએ છે એ આપ્ય ક્રિયાફળ છે. સોમરસ પીનારો સોમરસ કાઢે છે એ વિકાર્ય ક્રિયાફળ છે અને ધર્મિષ્ઠ રાજાને પામે છે એ સંસ્કાર્ય ક્રિયાફળ છે.

ક્રિયાફેળ જુઓ ક્રિયાફલ.

ક્રિયાભ્યાવૃત્તિ [સં.] સ્ત્રી. વારંવાર ક્રિયા કરવી તે.

ક્રિયાભ્યુપગમ [સં.] પું. કોઈ ખેતરમાં જે ઉત્પન્ન થાય તેમાંથી આપવા બનેનો ભાગ એવો નિયમ કરી બેઠવા માટે બીજાના ખેતરનો સ્વીકાર.

ક્રિયાભ્રષ્ટ ૧. [સં.] વિ. કરવાનું ચૂકેલું; પતિત
૨. વિ. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ક્રિયા ન કરતું.

ક્રિયામય જુઓ ક્રિયાત્મક.

ક્રિયામાતૃકાદોષ [સં.] પું. બાળકોનો એક રોગ. તેમાં બાળકને જન્મથી ક્રમશઃ દિવસે, મહિને કે વર્ષે તાવ, કંપ અને અધિક મળમૂત્ર થાય છે.

ક્રિયાયોગ ૧. [સં.] પું. અમુક વસ્તુ સિદ્ધ કરવા યોગ્ય સાધનોની યોજના.
૨. પું. ઉપાયો યોજવાપણું.
૩. પું. એક પ્રકારનો યોગ.
૪. પું. (વ્યાકરણ) ક્રિયાપદ સાથેનો સંબંધ.
૫. પું (યોગ) દેવતાનું આરાધનઃ પુરુષ અનુસાર દેવતાની પૂજા કરવી તથા મંદિર વગેરે બનાવવાનું પુણ્યકર્મ.
૬. પું. યોગના અભ્યાસ માટે કરવાનાં સાધનરૂપ કર્મ.

ક્રિયારુચિ સ્ત્રી. ક્રિયા કરવાની ઇચ્છા.

ક્રિયારોધ [સં.] પું. ક્રિયાને અટકાવવી તે.

ક્રિયાર્થ ૧. [સં.] ન. કર્તવ્યવિધિને સમજવનારું શાસ્ત્રનું વાક્ય.
૨. વિ. ક્રિયા જેનું પ્રયોજન હોય એવું.

ક્રિયાર્થક [સં.] વિ. ક્રિયા જેનું પ્રયોજન હોય એવું.

ક્રિયાલક્ષણયોગ [સં.] પું. જપ, ધ્યાન આદિ દ્વારા આત્મા અને ઈશ્વરનો સંબંધ સ્થાપિત કરવાપણું.

ક્રિયાલભ્ય [સં.] વિ. ક્રિયા કરવાથી મળી શકે એવું.

ક્રિયાલીન વિ. ક્રિયામાં લીનઃ ક્રિયામાં મગ્ન.

ક્રિયાલોપ [સં.] પું. ક્રિયાનો નાશ.

ક્રિયાવસન્ન [સં.] પું. સાક્ષી વગેરેના પ્રમાણથી પરાજય પામેલો વાદી કે પ્રતિવાદી.

ક્રિયાવસ્થ [સ.] પું. શિવનાં દસ્તર મહિનું એક નામ.

ક્રિયાવંત વિ. ક્રિયાવાળું; ક્રિયા કરતું હોય એવું.

ક્રિયાવાચક ૧. [સં] ન. (વ્યાકરણ) એક જાતનું પદ. પદ ચાર પ્રકારનાં છેઃ (૧) જાતિવાચક. જેમકે, ગામ. (૨) ગુણવાચક. જેમકે, લાલ, (૩) ક્રિયાવાચક. જેમકે, જાય છે; (૪) સંજ્ઞાવાચક. જેમકે, ગંગા.
૨. વિ. ક્રિયા બતાવનાર; જેનાથી ક્રિયાનો બોધ થાય એવું

ક્રિયાવાદ [સં.] પું. વ્યવહારિકતાવાદ; વ્યવહારદૃષ્ટિવાદ.

ક્રિયાવાદી ૧. [સં ક્રિયાવાદિન્] પું. ક્રિયાવાદી વાદી.
૨. વિ. ક્રિયાને જ મોક્ષસાધન માનનાર.

૩. વિ. ક્રિયામાં માનનાર; ક્રિયા કરનાર.
૪. વિ. જીવાત્મા આદિ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારનાર.
૫. વિ. સમજ્યા વિના માત્ર ક્રિયા કરનાર.

ક્રિયાવાન ૧. વિ. અમલમાં મૂકનાર.
૨ વિ. ક્રિયા કરનાર; ક્રિયામાં મચ્યા રહેનાર.
૩. [સં ક્રિયાવત્] વિ. ક્રિયાપ્રવૃત્ત; કર્મનિષ્ઠ; યજ્ઞયાગાદિ વિધિપૂર્વક કર્મો કરનારું.

ક્રિયાવિકલ્પ સ્ત્રી. મોસાળ બાંધેની એક કળા. જુઓ કળા.

ક્રિયાવિકલ્પકળા સ્ત્રી. મોસાળ બાંધેની એક કળા. જુઓ કળા.

ક્રિયાવિદગ્ધા [સં.] સ્ત્રી. કોઈ ક્રિયા દ્વારા પોતાનો ભાવ પ્રગટ કરે એવી નાયિકા

ક્રિયાવિધિ ૧. [સં.] સ્ત્રી. ધાર્મિક ક્રિયાની વિધિ.
૨. સ્ત્રી. મંત્રરચના.

ક્રિયાવિધિશાસ્ત્ર [સં.] ન. વેદનો છ અંગિનું એક અંગ; કલ્પ.

ક્રિયાવિભાગ [સં] પું. ક્રમની વહેંચણી.

ક્રિયાવિશેષણ [સં.] ન. (વ્યાકરણ) ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ; ક્રિયાનો ગુણ બતાવનાર શબ્દ.

ક્રિયાવિશેષણઅવ્યય [સં.] ન. (વ્યાકરણ) ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ. ક્રિયાપદની સાથે સંબંધ રાખે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. જેમકે, જલદી, અચાનક વગેરે.

ક્રિયાવિશેષણવાક્યાંશ ન. ક્રિયાવિશેષણનું કામ કરતું ઉપવાક્ય.

ક્રિયાવૃત્તિ ૧. સ્ત્રી. ક્રિયા કરવાની વૃત્તિ.
૨. સ્ત્રી. (બૌદ્ધ) ચિત્તની ચાર બાંધેની એક પ્રકારની વૃત્તિ.

ક્રિયાશક્તિ ૧. [સં] પું. પુરુષોત્તમનાં કળવર બાંધેનું એક ન.મ.
૨. પું. વિષ્ણુનું એક નામ.
૩. સ્ત્રી. ઈશ્વરની એક શક્તિ. તેથી બ્રહ્માંડની ઉત્પત્તિ થયેલી મનાય છે સાંખ્યમાં આ શક્તિને પ્રકૃતિ અને વેદાંતમાં માયા કહે છે.
૪. સ્ત્રી. કામ કરવાની શક્તિ; બળ; તાકાત; પ્રભાવ
૫. સ્ત્રી. ચપળતા; ચાલાકી.
૬. સ્ત્રી. ધર્માનુષ્ઠાનરૂપી શક્તિ. તે સાત પ્રકારની છે: (૧) ઈષ્ટિ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ, (૫) પુણ્ય, (૬) તપ અને (૭) દાન.
૭. સ્ત્રી. પ્રાણ.

ક્રિયાશબ્દ [સં.] પું. (વ્યાકરણ) આર પ્રકારની શબ્દપ્રવૃત્તિ બાંધેની એક પ્રવૃત્તિ.

ક્રિયાશીલ ૧. વિ. કામ કરવું હોય એવું; કામ કરનારું.
ક્રિયાશીલ સોદાગર = પૈસા આપવા બદલ મહેનતથી કામ આપનાર ભાગીદાર.
૨. વિ. કોઈ કામ કરવાના સ્વભાવવાળું.

ક્રિયાશૂન્ય ૧. [સં.] વિ. કર્મહીન.
૨. વિ. કોઈ કરે નહિ પણ જે બધા તે પોતાના ઉપર બધા લેનાર.

ક્રિયાશ્રય [સં.] પું. (વ્યાકરણ) કર્તા.

ક્રિયાસક્ત [સં.] વિ. ક્રિયામાં મચ્યું રહેલું; પ્રવૃત્તિવાળું; ઉદ્યોગી

ક્રિયાસંક્રાંતિ [સં.] સ્ત્રી. વિષ્ણુ બાપનું તે.

ક્રિયાસાધ્ય [સં.] વિ. જપ, તપ આદિ ક્રિયાથી મેળવી શકાય એવું.

ક્રિયાસાર ન. એ નામનું એક પુસ્તક.

ક્રિયાસિદ્ધિ [સં.] સ્ત્રી. કામની સફળતા.

ક્રિયાસૂચક વિ. કામ કરવાનું સૂચવનાર.

ક્રિયાસૌકર્ય [સં.] ન. કામ કરવું સહેલું હોવું તે.

ક્રિયાસ્થાન [સં.] ન. (જૈન) કર્મનો વિષય; કર્મબંધનનું કારણ.

ક્રિયાસ્નાન [સં.] ન. ધર્મશાસ્ત્ર અનુસાર સ્નાનની એક વિધિ. તે પ્રમાણે સ્નાન કરવાથી તીર્થસ્નાનનું ફળ મળે છે.

ક્રિયાંગ પું. (સંગીત) રાગના દસ બાંધેનો એક વર્ગ.

ક્રિયેંદ્રિય [સં.] સ્ત્રી કર્મેંદ્રિય; ક્રિયાની સાધનરૂપ ઇંદ્રિય. જેમકે હાથ, પગ, વાણી વગેરે.

ક્રિયોન્મુખ ૧. વિ કામ કરવામાં તત્પર.
૨. [સં.] વિ. ક્રિયા રહિત; ક્રિયા કરવામાં નારાજ

ક્રિશિ ૧ પું. એ નામનો એક અસુર.
૨. [સ] પું. કૂવો.
૩. પું પાંચાલ દેશનું જૂનું નામ.

ક્રિશ્ચન ૧. ન ખ્રિસ્તે સ્થાપેલ ખ્રિસ્તી ધર્મ પાળનાર મનુષ્ય.
૨. વિ. ખ્રિસ્તી ધર્મનું.

ક્રિશ્ચનધર્મ પું. ૧૬૫ અમેરિકામાં પળાતો એક એક ધર્મ; ખ્રિસ્તી ધર્મ.

ક્રિશ્ચિયન જુઓ ક્રિશ્ચન.

ક્રિશ્ચિએનિટિ જુઓ ક્રિશ્ચનધર્મ.

ક્રિશ્ચાન જુઓ ક્રિશ્ચન.

ક્રિશ્ચાની સ્ત્રી. ખ્રિસ્તી ધર્મ.

ક્રિસમસ ન. નાતાલ; ઈસુ ખ્રિસ્તના જન્મદિવસે ઊજવવામાં આવતો ઉત્સવ. તે દર ડિસેંબરની ૨૫મી તારીખે ઊજવાય છે. આ દિવસ ભેટ આપવાનો, ભોજન કરાવવાનો અને બધા પ્રત્યે સદ્‌ભાવ બતાવવાનો છે.

ક્રિસ્ટલ ૧. [અં.] પું. ક્ષારનો રવાદાર ટુકડો.
૨. પું. સ્ફટિક.

ક્રી ૧. વિ. ખરીદનાર; વેચાતું લેનાર.
૨. [સં.] સ. ક્રિ. અદલોબદલો કરવો; વિનિમય કરવો.
૩. સ. ક્રિ. ખરીદવું; વેચાતું લેવું.
૪. સ. ક્રિ. પાળવું પાળવું.
૫. સ. ક્રિ. ભાડે લેવું.

ક્રીચ સ્ત્રી. વિલાયતી તરવાર.

ક્રીઝ [અં.] સ્ત્રી. વિકેટથી ફોક ભેટને અંતરે ફોરવામાં આવતી લીટી; ક્રિકેટની રમતમાં દાવ લેનારને રહેવા માટેની હદ. ક્રિકેટની રમતમાં દડા ફેંકનાર અને દાવ લેનાર માટે લીટીઓ દોરાય છે અને તેની અંદર રમનારે રમવું પડે છે. આ લીટીઓ ચાક, ચૂનો કે એવા કોઈ ધોળા પદાર્થથી દોરવામાં આવે છે.
૧. ક્રીઝ આઉટ = રમનાર રમતાં રમતાં ફોક ભેટની બહાર નીકળી જાય અને વિકેટ ફોપર દડો વિકેટમાં લગાવે ત્યારે રમનાર ક્રીઝ આઉટ કહેવાય છે.
૨ પેવિલિયન ક્રીઝ = દાવ લેતી વખતે દાવ લેનારને ઊભા રહેવાની હદ બતાવનાર લીટી. દરેક વિકેટથી ચાર ફૂટને અંતરે અને બોલિંગ ક્રીઝને સમાંતર દોરાતી આ લીટીની લંબાઈની હદ નથી.
૩. બોલિંગ ક્રીઝ = દડા ફેંકનાર માટે નક્કી કરેલ હદ બતાવનાર લીટી. વિકેટ મધ્યમાં રાખીને તેની બને બાજુએ વિકેટની સીધી લીટીમાં આઠ ફૂટ ને આઠ ઇંચ લાંબી લીટી.
૪. રિટર્ન ક્રીઝ = બોલિંગ ક્રીઝને બને છેડે દડા ફેંકનાર તરફ કાટખૂણે દોરેલ નાની સીધી લીટી.

ક્રીડ્ (ક્રીડ) ૧. [સં] સ ક્રિ. આનંદ રમવો; પાસા ખેલવા.
૨. સ ક્રિ. મશ્કરી કરવી; ઉડાડવું.
૩. સ ક્રિ. (ધાતુ) રમવું; ખેલવું; ક્રીડા કરવી. તે ઉપરથી બનેલ શબ્દ: ક્રીડ, ક્રીડા, ક્રીડન.

ક્રીડ ૧. [અં] સ્ત્રી. પક્ષ; સંપ્રદાય.
૨. (ક્રીડ) સ્ત્રી. મશ્કરી; મજાક.

ક્રીડક (ક્રીડક) ૧. [સં.] પું. દ્વાર ઉપર બેઠો રહેનાર માણસ; સેવક.

૨. ન. રમકડું

૩. ન. રમવું તે; ક્રીડા.

૪. વિ. ક્રીડા રમનાર; ખેલનાર; રમનાર.

ક્રીડંગા (ક્રીડંગા) પું. (પિંગળ) પ્રકૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રીડાચ્છંદ. તેના દરેક ચરણમાં છ યમણ મળી અઢાર અક્ષર આવે છે

ક્રીડચ્છંદ (ક્રીડચ્છંદ) જુઓ ક્રીડંગા.

ક્રીડચ્છંદ (ક્રીડચ્છંદ) જુઓ ક્રીડંગા.

ક્રીડન (ક્રીડન) ૧. [સં.] ન. ક્રીડા; રમત; ખેલ.

૨. ન. બસો ચોરાણું માંહેનાં એક જાતનું ઘર; ઉત્તરમાં વહાણવાળી ઓરડી અને પશ્ચિમે પરસાળવાળું ઘર.

ઘર નામના પદના અન્યપર્કમાં વહાણ આવે તો તે ક્રીડન નામે ઘર થાય. રાજવલ્લભ

૩. ન. રમવાનું સાધન.

ક્રીડનક (ક્રીડનક) [સં.] ન. રમવાનું સાધન.

ક્રીડનખેત (ક્રીડનખેત) જુઓ ક્રીડાક્ષેત્ર.

ક્રીડનધાત્રી (ક્રીડનધાત્રી) [સં.] સ્ત્રી. બાળકોને રમાડનાર ધાઈ; ધાવ.

ક્રીડનીય (ક્રીડનીય) ૧. [સં.] ન. રમવાનું સાધન.

૨. વિ. રમવા યોગ્ય.

ક્રીડનીયક (ક્રીડનીયક) [સં.] ન. ક્રીડા કરવાનું સાધન; રમકડું.

ક્રીડવું (ક્રીડવું) જા. ક્રિ. ક્રીડા કરવી; ખેલવું.

ક્રીડા (ક્રીડા) ૧. [સં.] પું. (પિંગળ) એક યમણ અને એક ગુરુ મળી ચાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રતિષ્ઠા જાતનો એક ભેદ છે.

મ ના ક્રીડા. ઋગ્વિધાનળ

૨. સ્ત્રી. (સંગીત) તાલના મુખ્ય સાત માંહેનો એક ભેદ; જેમાં ત્રણ એક પ્લુત હોય તેવો તાલ.

૩. સ્ત્રી. બાલ્યાવસ્થા.

૪. સ્ત્રી. ભોગવિલાસ; ઐશઆરામ; ચેનબાજી.

૫. સ્ત્રી. મશ્કરી; હાંસી.

૬. સ્ત્રી. મૈથુનના આઠ માંહેનો એક પ્રકાર. જોતું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય.

૭. સ્ત્રી રમત; ગમત; ખેલ.

ક્રીડાકથા (ક્રીડાકથા) [સં.] સ્ત્રી. વિલાસની વાર્તા.

ક્રીડાકલહ (ક્રીડાકલહ) પું. રમતનો ઝઘડો.

ક્રીડાકાલ (ક્રીડાકાલ) [સં.] પું. સંભોગ માટેનો વખત.

ક્રીડાક્ષેત્ર (ક્રીડાક્ષેત્ર) [સં.] ન. વિહારસ્થાન; ક્રીડા કરવાનું ઠેકાણું.

ક્રીડાગાર (ક્રીડાગાર) [સં.] ન. રમતનું ઠેકાણું; આનંદ કરવાનું સ્થળ; વિલાસભવન.

ક્રીડાગૃહ (ક્રીડાગૃહ) [સં.] ન. વિલાસગૃહ.

ક્રીડાચંદ્ર (ક્રીડાચંદ્ર) જુઓ ક્રીડાંગ.

ક્રીડાતાલ (ક્રીડાતાલ) [સં.] પું. સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ છ માત્રાનો એક તાલ; ઢાદરાતાલ.

ક્રીડાત્મક (ક્રીડાત્મક) ૧. વિ. આનંદી; ખુશીવાળું.

૨. વિ. ખેલતું; ક્રીડા કરતું; રમતું.

ક્રીડાનખેત (ક્રીડાનખેત) ન. ક્રીડા કરવાનું સ્થાન.

ક્રીડાનારી (ક્રીડાનારી) [સં.] સ્ત્રી. રમત માટે રાખેલ બેરખારૂપ સ્ત્રી.

ક્રીડાનૌકા (ક્રીડાનૌકા) [સં.] સ્ત્રી. સહેલ કરવાની હોડી. તેમાં બેસીને પ્રેમીયુગલ ક્રીડાવૈભવ ભોગવે છે.

ક્રીડાભવન (ક્રીડાભવન) જુઓ ક્રીડાભુવન.

ક્રીડાભાણું (ક્રીડાભાણું) [સં. ક્રીડાભાંડ] ન. ક્રીડાનું સ્થાન.

જાનવરમાં પણ આ વિષયને ક્રીડાભાણું કહ્યું છે. આણુભાષ્ય

ક્રીડાભાંડ (ક્રીડાભાંડ) [સં.] ન. ક્રીડા કરવાનું ઠેકાણું.

જગત્ બ્રહ્મનું ક્રીડાભાંડ હોવાથી સ્વક્રીડાને માટે-સ્વલીલાને માટે બ્રહ્મ જીવોને ઉચ્ચ નીચ સ્થિતિમાં મૂકે છે. જેઠાલાલ શાહ

ક્રીડાભુવન (ક્રીડાભુવન) ન. આનંદ કરવાની જગ્યા.

ક્રીડાભૂમિ (ક્રીડાભૂમિ) ૧. [સં.] સ્ત્રી. ક્રીડા કરવાનું સ્થળ.

૨. સ્ત્રી. રમતગમતનું મેદાન.

ક્રીડાભૂમી (ક્રીડાભૂમી) જુઓ ક્રીડાભૂમિ.

ક્રીડામયૂર (ક્રીડામયૂર) [સં.] પું. રમકડું.

ક્રીડામિશ્રિત (ક્રીડામિશ્રિત) [સં.] વિ. રમત સાથે ગાન ભળે તેવું.

ક્રીડામૃગ (ક્રીડામૃગ) ૧. [સં.] પું. વિલાસ માટે ઉપયોગી વસ્તુ.

એ ઉદ્દે બીજાઓનો એક ક્રીડામૃગ જ છે. બીજાનાં રમકડાં જેવો છે. જેમ બીજો નચાવે તેમ જ નાચનારો છે. જગજ્જી આત્મારામ

૨. પું. શિકાર ખેલવાનો મૃગ.

ક્રીડાયતન (ક્રીડાયતન) પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રીડાવસથ. તે વર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, તગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ક્રીડાયાન (ક્રીડાયાન) [સં.] ન. પુષ્પરથ; નાની ગાડી; બેલગાડી.

ક્રીડાયુદ્ધ (ક્રીડાયુદ્ધ) [સં.] ન. યુદ્ધવિહાર; 'ટૂર્નામન્ટ'.

ક્રીડારત્ન (ક્રીડારત્ન) [સં.] ન. મૈથુન; વિષયસેવા; સંભોગ.

ક્રીડારથ (ક્રીડારથ) જુઓ ક્રીડાયાન.

ક્રીડારસિક (ક્રીડારસિક) [સં.] વિ. ક્રીડામાં આનંદ માનનારું; ભોગવિલાસી.

ક્રીડાવન (ક્રીડાવન) [સં.] ન. ભોગવિલાસ માટેનું જંગલ.

ક્રીડાવસથ (ક્રીડાવસથ) જુઓ ક્રીડાયતન.

ક્રીડાવસ્થા (ક્રીડાવસ્થા) ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર માંહેની એક અવસ્થા.

૨. સ્ત્રી. ભોગવિલાસની સ્થિતિ.

ક્રીડાવાનર (ક્રીડાવાનર) [સં.] પું. સંસારમાં ક્રીડા કરતાં વાનરની માફક ચેષ્ટા કરનાર સંસારી.

ક્રીડાવિનોદ (ક્રીડાવિનોદ) [સં.] પું. મોજશોખ; ભોગવિલાસ.

ક્રીડાશાસ્ત્ર (ક્રીડાશાસ્ત્ર) [સં.] ન. ભોગવિલાસ ભોગવવાની વિદ્યા.

ક્રીડાશીલ (ક્રીડાશીલ) [સં.] વિ. રમતિયાળ.

ક્રીડાશૈલ (ક્રીડાશૈલ) [સં.] પું. બાગની અંદરનો નકલી કુંગર; બનાવટી પર્વત.

ક્રીડાસર (ક્રીડાસર) જુઓ ક્રીડાસરોવર.

ક્રીડાસરોવર (ક્રીડાસરોવર) ન. ક્રીડા માટેનું તળાવ.

ક્રીડાસંમેલન (ક્રીડાસંમેલન) ન. રમતગમતનો મેળાવડો; 'ટૂર્નામન્ટ'.

ક્રીડાસ્થાન (ક્રીડાસ્થાન) [સં.] વિહારસ્થાન; રમવાનું ઠેકાણું.

ક્રીડાંગણ (ક્રીડાંગણ) ન. રમવાનું મેદાન; રમતગમતનું સ્થળ; 'પ્લેગ્રાઉન્ડ'.

કીડાંગણું (કીડાંગણું) જુઓ કીડાંગણ.

કીડિ (કીડિ) [સં.] વિ. કીડા કરનાર; રમનાર.

કીડિતકદ્રકા (કીડિતકદ્રકા) પું. (પિંગળ) અતિશર્કરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, બે સગણ અને બે ભગણ મળી પંદર અક્ષર આવે. અગિયારમા અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે.

કીડોદ્યાન [સં.] ન. રમતગમત માટેનો બગીચો.

કીત ૧. [સં.] પું. ખરીદેલ ગુલામ.
૨. પું. ભાર માંહેના એક પ્રકારનો પુત્ર; ખરીદેલ પુત્ર; વેચાતો લીધેલ દીકરો.
૩. પું. (જૈન) સાધુને માટે આહારાદિ વેચાતાં લઈને આપવાથી લાગતો એક દોષ.
૪. ન. ખરીદી; ક્રય.
૫. વિ. ખરીદેલું; વેચાતું લીધેલું.

કીતક [સં.] પું. એક જાતનો દત્તક પુત્ર; વેચાતો લીધેલ દીકરો.

કીતકૃત વિ. (જૈન) સાધુને માટે બજારેથી વેચાતું લઈ રાખેલ.

કીતતરદોષ પું. (જૈન) વેચાતી કે અદલાબદલીથી કોઈ ચીજ મેળવીને સાધુને તે આપવાથી થતો અપરાધ.

કીતદાસ [સં.] પું. વેચાતું લીધેલ માણસ; ગુલામ.

કીતદાસી [સં.] સ્ત્રી. વેચાતું લીધેલ સ્ત્રી; ગુલામડી

કીતદોષ પું. (જૈન) ઉદ્ગમદોષના સોળ ભેદ માંહેનો એક દોષ; સાધુને આહાર વગેરે વેચાતાં લઈ આપવાથી થતો દોષ.

કીતપુત્ર [સં.] પું. વેચાતું લીધેલો દીકરો.

કીતપૂત જુઓ કીતપુત્ર.

કીતાનુશય ૧. [સં.] પું. ભાડાર માંહેના એક પ્રકારનો વિવાદ.
૨. પું. ખરીદ કરીને પસ્તાવું તે; ખરીદ કર્યા પછી કીમત બહુ આપી છે એમ માનવાપણું.
૩. પું. વેચાતુંખરીદના કાયદા સંબંધી એક નિયમ.

કીનગ પું. ખુરશીવાળો એક જાતનો ફૂલછોડ. તેમાં સફેદ ફૂલ આવે છે.

કીનખ પું. સફેદ ફૂલવાળું એક ફૂલઝાડ.

કીપર ૧. [અં.] સ્ત્રી. વેલ; લતા.
૨. ન. ઘરનું એક નાનું કબજીદાર પક્ષી. તે રંગે ચિમુ, કાળાશ ઉપર અને પીઠ ઉપર પીળા છાંટ હોય છે. તે ખૂબ ઝાડના પોલાણમાં પોતાના માળા કરે છે. કંદ, મૂળ અને ફળ તેનો ખોરાક છે.

કીપા [સં. કૃપા] સ્ત્રી. દયા; મહેરબાની.
જો સબે કરને કીપા ચ. પ્રેમાનંદ

કીપિંગ સ્ત્રી. એક જાતનો આંબો. તેનું ફળ આશરે અરધો શેરનું હોય છે. તે વેલાની માફક માંડવા ઉપર ચડે છે.

કીમ ૧. [અં.] સ્ત્રી. તત્ત્વ.
૨. સ્ત્રી. તર; મલાઈ.
૩. સ્ત્રી. મોઢા ઉપર લગાડવાની એક સુગંધી બનાવટ.

કીમિજ પું. અત્તરચંદન.

કીયાણું ન. [બા. મુ.] કરિયાણું.
વિવિધ વસ્તુ હાટિ ખામઈ,
ભરીસઈ કીયાણાં લીઈ. મન્દડદેપ્રબંધ

કીયાસોદ [અં.] ન. કીલ કે હાડમરમાંથી નીકળતો એક પ્રવાહી પદાર્થ. તે જંતુઘ્ન, ઊલટી લાંત પમાડનાર અને દુર્ગંધનાશક તરીકે દવામાં વપરાય છે.

કીલ ૧. [અં.] પું. મોલમાં તાણાના સંચા પાછળ મૂકવામાં આવતું લાકડાનું ચોકઠું.
૨. સ્ત્રી. વાર્પિંગના સંચા પાછળ ઊભી કરેલી લાકડાની દંડી. તેમાં સળિયાના આધારે ભોમીન મુકાય છે.

કીલપિન્ડ [અં.] સ્ત્રી. ન. દ. V આકારની વાર્પિંગના સંચા પાછળ ઊભી કરેલ દંડીમાંની ખૂંટીઓ.

કીલ્ઝપૂર ન. ચારથી પાંચ ફૂટ ઊંચો વધતો એક જાતનો સુંદર પાંદડાંવાળો છોડ. તેનાં પાંદડાં વરસાદમાં લીલા રંગના અને ઠંડી ઋતુમાં એકદમ લાલ રંગનાં બને છે.

કુઓર પું. (જૈનક) રાતા રક્તકણની સૂક્ષ્મ શ્વેતકણી માંહેનો રસ.

કુઝર [અં.] સ્ત્રી. મુદ્દનૌકા; લશ્કરી વહાણ.

કુત્રેડ ૧. [અં.] સ્ત્રી. ક્રોસ બાતનું ધર્મયુદ્ધ.
૨. સ્ત્રી. ખંત અને ભોખમથી એક વાત પાછળ લાગ્યા રહેવું તે.
૩. સ્ત્રી. ધર્મયુદ્ધ; ધર્મ માટેની લડાઈ.

કુત્રેડર [અં.] પું. ધર્મસંગ્રામનો સૈનિક; ધર્મ માટે યુદ્ધે ચડનાર વ્યક્તિ.

કુદઆઈલ [અં.] ન. સાબુ કર્યા વગરનું બજારમાં વપરાતું તેલ.

કુધ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ક્રોધ કરવો; ગુસ્સે થવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્રોધી, ક્રુદ્ધ, ક્રોધ, ક્રોધાયમાન, કુપિત.

કુધ્ર [સં.] સ્ત્રી. ક્રોધ; કોપ; ગુસ્સો.

કુધ્રાંત વિ. ગુસ્સાવાળું.

કુધિત [સં.] વિ. ક્રોધે ભરાયેલ; ગુસ્સે થયેલ.

કુધ્ધ [સં.] વિ. ક્રોધિત; ક્રોધે ભરાયેલ; ગુસ્સે થયેલું.

કુધ્ધા ૧. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની એક શ્રુતિ. તે આમતાનો એક પ્રકાર છે.
૨. વિ. સ્ત્રી. ક્રોધે ભરાયેલ સ્ત્રી.

કુધ્ધિત [સં.] વિ ક્રોધાયમાન; ક્રોધે ભરાયેલું.

કુભ [અં.] સ્ત્રી. ચામડાની એક જાત.

કુમુ ૧. સ્ત્રી. જલાલાબાદથી થોડે છેટે કાબુલને મળનારી કુનર નદીનું એક પ્રાચીન નામ; કુમા; ક્રોમ; કુરમ.
૨. [સં.] વિ. સર્વત્ર ગમન કરવાના સ્વભાવવાળું.

કુર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપનો ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

કુર્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ચીસ પાડવી; બરાડા પાડવા; ગુમરાણ મચાવવું. તે ઉપરથી બનેલ શબ્દ: કુદ્ધ, આક્રોશ.
૨. અ. ક્રિ. દિલગીર થવું; અફસોસ કરવો.
૩. અ. ક્રિ. રડવું.

કુસિફિક્સ [અં.] ન. ક્રૂસ ખ્રિસ્તને શૂળીએ ચડાવેલ મૂર્તિ.

કુક્ષ ૧. [સં.] પું. ક્રીમ પક્ષી.
૨. પું. ક્રીમ પર્વત.

કુંચા [સં.] સ્ત્રી. એક જાતની વીણા.

કૂન પું. એક ઓસ્ટ્રિચના સિક્કો.

કૂપ [અં.] ન. છાતીમાં થતું એક દર્દ, તેમાં તાવ હોય છે અને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડે છે. નાનાં બાળકોને વિશેષ થાય છે.

કૂર્ ૧. [સં.] અ ક્રિ. કલ્પાંત અવાજ કરવો.
૨. અ. ક્રિ. દુઃખી જવું.
૩. અ. ક્રિ. બીનું થવું

કૂર ૧. [સં.] પું. કંક પક્ષી; સફેદ ચીલ.
૨. પું કાળો ધતૂરો.
૩. પું. (જ્યોતિષ) ક્રૂર ગ્રહ; સૂર્ય, મંગળ, શનિ, રાહુ અને કેતુ તેને પાપગ્રહો પણ કહે છે. જે ગતિમાં કોઈ પાપગ્રહ હોય અને તે રાશિમાં કોઈ શુભ ગ્રહ આવે તો તે પણ ક્રૂર ગ્રહ કહેવાય છે. ક્ષીણ ચંદ્રમાને પણ ક્રૂર ગ્રહ મનાય છે. પારાશરના મત પ્રમાણે લગ્નથી ત્રીજા, છઠ્ઠા

અથવા અગિયારમા ઘરનો સ્વામી ગમે તે ગ્રહ હોય તે ફૂર અથવા પાપગ્રહ કહેવાય છે. ફૂર ગ્રહવાળી તિથિ અથવા નક્ષત્રમાં યાત્રા અથવા વિવાહ જેવાં શુભ કર્મ વર્જિત છે.

૪. પું. પાકેલા ભાત.
૫. પું. બાજ પક્ષી.
૬. પું. ઘાતાંકુશ.
૭. પું. ચાતી કરેણ.
૮. પું. (જ્યોતિષ) વિષમ રાશિ.
૯. પું. વિષ્ણુ.
૧૦. ન. અશુભ ઘરનો એક પ્રકાર.

કરાળ ઘરના મુખ આગળ જો અસ્થિરો અને વચ્ચે મૃદુસ્થ આવે ને તે ઘરના મુખ આગળ મંદ આવે તો તે ફૂર નામનું ઘર કહેવાય.

રાજવલ્લભ

૧૧. ન. પૂર્વાફાલ્ગુની, મઘા અને ભરણી નક્ષત્ર.
૧૨. વિ. ઉગ્ર; તીક્ષ્ણ; તીખું.
૧૩. વિ. કઠોર; સખત.
૧૪. વિ. ગરમ.
૧૫. વિ. ભોગમાં કે આવેશમાં આવેલું.
૧૬. વિ. નિર્દય; હિંસક; ઘાતકી; ખુલમી.
૧૭. વિ. પાપી; અધર્મી.
૧૮. વિ. બિહામણું.

ફૂરકર્મા ૧. પું. એક વનસ્પતિ; અર્કપુષ્પી.
૨. પું. તિતમોહીનું ઝાડ.
૩. [સં. ફૂરકર્મન્] વિ. ઘાતકી; નિર્દય.

ફૂરકોષ્ઠ [સં.] ન. મળાવરોધવાળું આંતરડું.

ફૂરગંધ ૧. [સં.] પું. ગંધક.
૨. વિ. આકરી વાસવાળું.

ફૂરગ્રહ [સં.] પું. રવિ, મંગળ, શનિ, રાહુ અને કેતુ મંડલનો કોષ્ઠ એક ગ્રહ; પાપગ્રહ.

ફૂરતા ૧. [સં.] સ્ત્રી. કઠોરતા; ક્રૂરપણું; ફૂરપણું.
૨. સ્ત્રી. ગરમ હોવું તે; ગરમ હોવાપણું.
૩. સ્ત્રી. ભોગ કે આવેશમાં આવવાપણું.
૪. સ્ત્રી. નિર્દયતા; ઘાતકીપણું.
૫. સ્ત્રી. પાપીપણું; અધર્મીપણું.
૬. સ્ત્રી. ભયંકરતા.

ફૂરત્વ જુઓ ફૂરતા.

ફૂરદંતી [સં.] સ્ત્રી દુર્ગાનું એક નામ.

ફૂરદૃશ્ ૧. [સં.] પું. મંગળગ્રહ.
૨. પું. શનૈશ્વર ગ્રહ.
૩. સ્ત્રી. ફૂર ગ્રહ વગેરેની દૃષ્ટિ.
૪. વિ. ખરાબ નજરવાળું.
૫. વિ. ખળ; ક્ષુદ્ર.

ફૂરદૃષ્ટિ [સં.] સ્ત્રી. ક્રૂર પાત્રની નજર.

ફૂરદૈત્યવિનાશક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ફૂરધ્રી પું. શનિ.

ફૂરપણું જુઓ ફૂરતા.

ફૂરપાત પું. (ગણિત) જે ત્રિકોણ બિંદુમાં કોઈ વક્ર પોતાને જ સ્પર્શે અને તેથી જ્યાં બે વાસ્તવિક સ્પર્શરેખાઓ દોરી શકાય એ બિંદુ.

ફૂરપુર ન. જયપુરીના રસ્તામાંનું જૂનું શહેર.

ફૂરપ્રેક્ષણ ૧. [સં.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.
૩. વિ. નિર્દય આંખવાળું

ફૂરફોષ્ટ [સં.] સ્ત્રી. અનિસ્વાર માંહેની એક જાતની છૂંટ.

ફૂરબ્ધ ૧. [સં.] પું. ભગો.
૨. પું. શિયાળ.

ફૂરવાર પું. રવિ, મંગળ અથવા શનિવાર. આ ત્રણ વાર ફૂરવાર ગણાય છે.

ફૂરસત્ત્વ ૧. [સં.] ન. ફૂર પ્રાણી.
૨. ન. ફૂર સ્વભાવ.

ફૂરસ્વર [સં.] વિ. કઠોર સ્વરવાળું; કર્કશ અવાજવાળું.

ફૂરાકૃતિ ૧. [સં.] પું. રાવણ.
૨. સ્ત્રી. ભયંકર આકૃતિ.
૩. વિ. ભયંકર આકારવાળું.

ફૂરાત્મા [સં. ફૂરાત્મન્] પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

ફૂરાશન પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, નગણ, તગણ, નગણ, સગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય.

ફૂરાસન જુઓ ફૂરાશન.

ફૂસ ૧. [અં. ક્રોસ] પું. ખ્રિસ્તી ધર્મની નિશાની. એક લીટી ઉપર બીજી ઊભી લીટી કાટખૂણે પડેલી હોય એની આકૃતિ;
૨. પું. ચોકડી ઘાટનો પથરતંભ.

ફેક ૧. [અં. ફેક] સ્ત્રી. ઘાટ; તાલ.
૨. વિ. ફરેલ મગજનું; તરંગેલ.

ફેટન પું. એ નામની એક પ્રજા. તેઓને ત્યાં ઉપર વરસોળા હોય છે. યુદ્ધમાં તેઓ એટલા બધા જડ હોય છે કે ખાવાપીવાનું પણ તેમને ભાન હોતું નથી.

ફેર્યાં જુઓ ફેટોન.

ફેટોન [અં.] ન. ઘોડા અને બીજાના તાણવાવાપરવાનું એક જાતનું ગાડું.

ફેડ [સં. ફોટિ] વિ. સો લાખ કરોડ.

ફેડિ ૧. [અં.] સ્ત્રી. આબરૂ; માન; પ્રતિષ્ઠા.
૨. સ્ત્રી. જપ્તી કરવું તે; જપ્તીખાતું.
૩. સ્ત્રી. મુદત; વાયદો; નાણાં ભરવા માટે આપેલ વધારાના દિવસ.
૪. સ્ત્રી. વજન; ભાર; બોજ.
૫. સ્ત્રી. વિશ્વાસ; ભરોસો.
૬. સ્ત્રી. શાખ; નોક; આટ.

ફેડિ નોટ ૧. [અં.] સ્ત્રી. શાખ ઉપર નર દેવાની ચિઠ્ઠી
૨. સ્ત્રી. છાહ ચિઠ્ઠી.

ફેત સ્ત્રી. ચાસ; ક્યારો.

ફેતા ૧. [સં.] પું. ગ્રાહક; ખરાક; ખરીદ કરનાર માણસ.
૨. વિ. ખરીદ કરનાર.

ફેન [અં.] પું.; સ્ત્રી.; ન. વજન ચઢાવવા ઉતારવાનું કે બેસેડવાનું એક પ્રકારનું યંત્ર; ઊંટડો.

ફેનઅરિ પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાં નાનાં ને અણીવાળાં હોય. ફળ અથાણદાર ચીજો બનાવવામાં ઉપયોગમાં આવે છે. સૈનિસિઅમાં એમાંથી દારૂ બનાવે છે. તેનું સરબત પણ બને છે.

ફેપ ન. એક જાતનું રેશમી કપડું.

ફેર [સ.] વિ. ખરીદવા જેવું; ખરીદી શકાય એવું.

ફેર્યોન [ફ્રાં.] સ્ત્રી. ચિત્ર કાઢવા માટેની રંગીત ચાક અથવા બીજા પદાર્થની લાકડી કે સીસપેન.

ફેરેંડો [અં.] પું. (સંગીત) એક જ સ્વરને અથવા એથી વધારે સ્વરોના સમૂહને અતિમંદથી અટકતાં અટકતાં કર્કશ કે અતિકર્કશ સુધી ચાલ્યા જવું તે.

ફેરેસ પું. એક જાતનો મસાલો

ફેરેટલ [અં.] ન. યુરપ અને અમેરિકામાં નજરે પડતું શકરાની જાતનું સુંદર પક્ષી; 'ફિ હોવર'. તે ઉંદરનો નાશ કરે છે.

ફેરેટોમાટર [અં.] ન. એક જાતનું યંત્ર. તેના શોધક સર જે. સી. બોઝ હતા. આ યંત્રથી છોડની પીજણીક શક્તિ તેમ જ જીવન કેટલું છે તે માપવામાં આવે છે. છોડ કેટલો વધ્યો છે તે પણ જાણી શકાય છે.

ફેર્ક [અં.] સ્ત્રી. અકાકારમાં સંખો બતાવવાને .કરેલ વાંક, પેન કે ગાપ.

કૅહ ચૅમ્બર [ઑ.] સ્ત્રી. ચક્રાકારમાં સંખો ચલાવવાને કરેલ ચૅમ, વાંક કે ચાંપવું હાંકવા જે પેટીની અંદર કૅક હોય છે તે ભાગ.

કૅહારવ પું. હંસનો શબ્દ.

કૅચ્યીન સ્ત્રી. વાલોળની જાતની એક શાકભાજી.

કોઠલ ન. સિંધમાં આવેલ કરાંચીનું પ્રાચીન નામ. તેને કરાહલ્લા પણ કહેતા. મેગેસ્થિનીસે એને કોકલ કહેલ છે.

કોકે [ઑ.] સ્ત્રી ક્રિકેટ અને હૉન બિલિયર્ડને મળતી આવતી એક અંગ્રેજી રમત. બે અથવા વધુ જણથી રમાતી આ રમત હથોડી, દડા, ખૂંટી વગેરેથી રમાય છે. તેમાં હથોડી વડે લાકડાના દડાને કઠણ કરી જમીનમાં ઊભા કરેલા ખૂંટા, કમાન વગેરેમાંથી દડાને હાંકવાનો પ્રયાસ કરવાનો હોય છે. તેમાં થોડો શ્રમ હોવાથી બીજાએ પણ તે રમી શકે છે. તેમાં નેમ હાંકવી, દડાની સીધી અને વાંકી ગતિ જાણવી, અમુક અંતર સુધી દડો જવા દેવા માટે તાકીને મારવો વગેરે ક્રિયા કરવાની હોય છે. તેથી કસરત મળે છે અને શરીરમાં ચપળતા આવી રહે છે.

કોકો પું. પશ્ચિમ આફ્રિકના હરિયાકાંઠાવાળા ભાગમાં થતો એક જાતનો રોગ.

કોચ પું. એક જાતની લશ્કરી બોડવણ; બૂહનો એક પ્રકાર.

કોચિક [ઑ.] પું. (સંગીત) મુક્તકાળ; બે માત્રાનો સમય.

કોચન [સં. કોચન] ન. બેથી ૭ હાથ ઊંચું થતું એક જાતનું ઝાડ. તેની સાગવાન વગેરે જાત છે. તેમાં જુદા જુદા રંગનાં અને જુદા જુદા આકારનાં પાન આવવાથી તે બધાં સોભાવાળાં લાગે છે. ઘણી વાર તો એક જ પાનમાં જુદા જુદા રંગ અને છાંટણાં હોય છે.

કોઠ (કોઠ) ૧. પું. બંક; મોઢ.
૨. પું. ખોખો.
૩. પું. ઘન થયેલ જાતીનો મધ્યભાગ.
૪. પું. ધોડાની જાતી.
૫. પું. ઝાડની બખોલ.
૬ પું. ભૂંડ; વરાહ; સૂઅર.
૭. પું. રાક્ષસ.
૮. પું. વારાહીકંદ નામની વનસ્પતિ.
૯. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.
૧૦. પું. કોઠા; કમ્બા.
૧૧. ન. બે ભુજાની વચ્ચેનો ભાગ.
૧૨. [સં. કોટિ] વિ. કરોડ; સો લાખ.

કોઠકન્યા (કોઠકન્યા) [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વારાહી કંદ.

કોઠકાંતા (કોઠકાંતા) [સં.] સ્ત્રી. પૃથ્વી.

કોઠકોઠ (કોઠકોઠ) પું. (પિંગળ) પૃતિ જાતની એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, બે નગણ અને બે રગણ મળી અઢાર અક્ષર હોય છે.

કોઠગરણ (કોઠગરણ) [સં.] પું. કાગળો.

કોઠદેશ (કોઠદેશ) પું. કૂર્મ પ્રાંતનું બીજું નામ.

કોઠપત્ર (કોઠપત્ર) ૧. [સં.] ન. તૂટેલ ગ્રંથને પૂરો કરવા માટે અમુક ચિહ્ન કરીને ગ્રંથનાં બે પાનાંની વચ્ચે રાખેલ કાગળ; વચમાં મૂકેલું પાનું.
૨. ન. (ન્યાય) ન્યાય વગેરે શાસ્ત્રનાં લક્ષણ ગ્રંથોની સંજ્ઞા અને ઉત્તરરૂપ ખંડન કે મંડન કરનાર ગ્રન્થાકા. ન્યાયશાસ્ત્રમાં ખંડનકારોમાંથી, દુલાલી, દાસી, શાંકરીપત્ર એ કોઠપત્ર છે.
૩. ન. પરિશિષ્ટ; પૂર્તિ; ગ્રંથ કે વર્તમાનપત્રનો વધારો
૪. ન. વસિયતનામામાં કરેલ ઉમેરો; વસિયતનામાની પુરવણી.

કોઠપાઠ (કોઠપાઠ) [સં.] પું. કાગળો.

કોઠપાયન (કોઠપાયન) ન. (સંગીત) વાદનું એક તાનઃ મધ્યમ ગ્રામમાં ષડ્જ સ્વર વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

કોઠપુષ્પી (કોઠપુષ્પી) [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કોઠવરણું (કોઠવરણું) વિ. કરોડ રંગવાળું.
કરસત હજી કોઠવરણી છે. ભગવદાર

કોઠવસા (કોઠવસા) ન. લક્ષણસાર; બરાર.

કોઠા (કોઠા) [સં.] સ્ત્રી. બે ભુજાની વચ્ચેનો ભાગ.

કોઠાંતિક (કોઠાંતિક) પું. (પિંગળ) ઉષ્ણિક છંદની જાતનો તગણ, ભગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
કોઠાંતિકે ત ભ લ. ન્યાયનિબંધ

કોઠિકા (કોઠિકા) સ્ત્રી. વામ મહામાત્રિકા ધમની.

કોઠિકાવામા (કોઠિકાવામા) સ્ત્રી. અર્ધોદરિક નામની ધમનીની એ નામની એક શાખા; 'સેક્ટ ગેન્ટ્રોઅપિપ્લોઇક આર્ટરિ'.

કોડી (કોડી) ૧.-[સં.] સ્ત્રી. ભૂંડણી; ભૂંડ્યા.
૨ સ્ત્રી. વારાહી કંદ નામની વનસ્પતિ.
૩. વિ. અનેક; કરોડની સંખ્યામાં.

કોડીકરણ (કોડીકરણ) [સં.] ન. આલિંગન; ભેટવું તે.

કોડીકૃતિ (કોડીકૃતિ) જુઓ કોડીકરણ.

કોઠીમુખ (કોઠીમુખ) [સં.] પું. ગ્રંથો

કોઠીમુખી (કોઠીમુખી) [સં.] સ્ત્રી ગેડી.

કોઠોદરાયણ (કોઠોદરાયણ) પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

કોઢ પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

કોધ ૧. પું. અગ્નિના અગિયાર માંહેનો એક પ્રકાર
૨. [સં.] પું. આઠ માંહેનો એ નામનો એક ભૈરવ.
૩. પું. (કામ્ય) આઠ માંહેનો એક સ્થાયીભાવઃ રૌદ્રરસ. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ આઠ સ્થાયીભાવ છે.
૪ પું. એ નામનું એક વર્ષ.
૫. પું. (પુરાણ) કશ્યપની એ કાલાના બાર માંહેનો એક પુત્ર.
૫. [સં.] પું. મુસ્સોઃ ક્રોપઃ રીસઃ પ્રતિકૂળ વસ્તુ જાણવાથી અથવા ધારેલ અર્થનો નાશ થવાથી મનમાં ઉત્પન્ન થતી તીક્ષ્ણતા.
૬. પું. બીજાનું અનિષ્ટ કરવાની મનોવૃત્તિ.
૭. પું. (પુરાણ) બ્રહ્મદેવની ભૃકુટિમાંથી ઉત્પન્ન થયેલ એક પુત્ર. એક વખત તેણે જ્યારે બ્રહ્મદેવે પોતાના પિતરો માટે આઠ સાત સિદ્ધ કરેલ પાયસ એટલે દૂધપાક સર્પનું રૂપ ધારણ કરીને પોતાના વિષથી દૂષિત કર્યો, તોપણ ઋષિને ક્રોધ ઉત્પન્ન થયો નહિ. પરંતુ પિતરોના શાપને લીધે તેને કેટલોક કાળ નકુળયોનિ પ્રાપ્ત થઈ અને પછી તેનો ઉદ્ધાર થયો.
૮. પું. વેર લેવાનો જુસ્સો
૯. પું. શિવ; શંકર.
૧૦. સ્ત્રી (પુરાણ) દક્ષની એ નામની એક દીકરી. તે તીક્ષ્ણ દાંતવાળા રાક્ષસોની માતા મનાય છે

કોધઆકોશ [સં.] પું. ગુસ્સાની ગર્જના.
અંબિકા એ સુણી, અરિ ઉપર અતિ ક્રોધ,
કોધઆકોશ કે વર્ણ ઘણટ્યો. પ્રેમાનંદ

કોધકારિત [સં] વિ. ગુસ્સાને લીધે બીજા પાસે કરાવેલ

કોધકૃત ૧. [સં. ક્રોધકૃત] પું. પરમેશ્વર.
૨. વિ. ગુસ્સાથી કરેલું.
૩. વિ. રોષ કરનાર; ગુસ્સે થનાર.

કોધકૃતકર્તા [સ ક્રોધકૃતકર્તૃ] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ ક્રોધ કરનારા એવા દુર્જનો અને દૈત્યોનો નાશ કરનારા અને જગતમાં ધર્મની અવસ્થા કે પુનઃસ્થાપના કરનારા તે છે. ક્રોધ કરનારા એવા દૈત્યોના સ્રષ્ટા પણ તે છે આથી તે ક્રોધકૃતકર્તા કહેવાય છે.

ક્રોધજ ૧. [સં.] પું. ગુસ્સાનું ભોજ.

૨. પું. અર્થદ્રવ્ય.

૩. પું. ગાળાગાળી.

૪. પું. સગ્ગાઈ; કહિનતા.

૫. વિ. ક્રોધથી ઉત્પન્ન થનાર.

ક્રોધન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. (પુરાણ) કૌશિક ઋષિના જ્ઞાત માંહેનો એક પુત્ર. તે ગર્ગનો શિષ્ય હતો.

૩. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ભૈરવ.

૪. પું. ભાદ્રપદ સંવત્સરનાં સાઠ માંહેનું ઓગણપચાસમું વર્ષ.

૫. પું. ૬૦ની વીશીમાં ઓગણીસમો સંવત્સર.

૬. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના અજમીઢના ઋક્ષ નામના પુત્રના વંશના જહ્નુ કુળમાં થયેલ અયુત રાજાનો પુત્ર.

૭. વિ. ક્રોધી સ્વભાવવાળું.

ક્રોધના [સં.] સ્ત્રી. ક્રોધી નાયિકા; ક્રોધી સ્ત્રી.

ક્રોધનાયન પું. (પુરાણ) પારાશર ઋષિ.

ક્રોધનીય ૧. [સં.] ન. દુઃખ; પીડા.

૨. ન. હરકત; ખલેલ.

૩. વિ. ક્રોધ કરવાને યોગ્ય; ગુસ્સો લાવવાને જે કારણભૂત હોય તે.

ક્રોધપ્રત્યાખ્યાન ન. (જૈન) ગુસ્સાનો ત્યાગ.

સત્યવ્રતની અનુપેક્ષિતાપણું, ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન, નિર્ભયતા અને હાસ્યપ્રત્યાખ્યાન એવી પાંચ ભાવનાઓ છે. તત્ત્વાર્થસૂત્ર

ક્રોધભય વિ. ગુસ્સે થયેલું; ક્રોધથી ભરેલું.

ક્રોધમુખી વિ. સ્ત્રી. હમેશ ગુસ્સામાં રહેનારી.

ક્રોધમૂર્ચ્છિત ૧. [સં.] પું. ચોર નામે સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. સ્ત્રિસામણીનો છોડ. તેની પાસે જઈએ કે તરત જ તેને ક્રોધ આવવાથી ભરાઈ જાય છે, માટે તેને ક્રોધમૂર્ચ્છિત કહે છે.

૩. વિ. ક્રોધથી ધમધમી ઊઠેલ; અત્યંત ક્રોધાવિષ્ટ; ગુસ્સાથી ભરાઈ ગયેલ.

ક્રોધયુક્ત જુઓ ક્રોધમય.

ક્રોધવર્જિત [સં.] વિ. નમ્ર; ગુસ્સા વગરનું.

ક્રોધવર્દ્ધન ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. વિ. ગુસ્સો વધારનાર.

ક્રોધવશ ૧. [સં.] પું. (પુરાણ) કશ્યપની ક્રોધા અથવા ક્રોધવશા નામની સ્ત્રીને થયેલો એ નામનો પુત્ર અને તેના વંશજ. તેને ભીમસેને માર્યા હતો.

૨. પું. (પુરાણ) કદ્રુવેધ નામના સર્પો માંહેનો એક; અહતલાતલ માંહેનો એ નામનો એક સર્પ.

૩. પું. (પુરાણ) રાજા પક્ષનો એક રાક્ષસ.

૪. વિ. ગુસ્સે થયેલું.

૫. અ. ક્રોધવશાત્; ગુસ્સામાં.

ક્રોધવશા ૧. પું. બ. વ. (પુરાણ) ક્રોધાના પુત્રો. તેઓ રાક્ષસ હોઈ સૌગંધિક વનનું રક્ષણ કરતા હતા.

૨. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની તેર માંહેની એક સ્ત્રી અને દક્ષની એક દીકરી. તે તીક્ષ્ણ દાંતવાળા રાક્ષસોની માતા મનાય છે.

ક્રોધવંત [સં. ક્રોધ (ગુસ્સો) + વત્ (વાળું)] વિ. કુપિત; ગુસ્સાથી ભરેલું.

ક્રોધવંશ પું. એ નામના એક જાતના સર્પ.

ક્રોધવાચક [સં. ક્રોધ (ગુસ્સો) + વાચક (જણાવનાર)] વિ. ગુસ્સો બતાવતું.

ક્રોધવાન [સં. ક્રોધ (કોપ) + વત્ (વાળું)] વિ. ગુસ્સે થયેલું.

ક્રોધવું [સં. ક્રુધ્ (ગુસ્સે થવું)] અ. ક્રિ. ગુસ્સે થવું; ક્રોધ કરવો.

ક્રોધશત્રુ પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી કાળાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

ક્રોધસંજ્ઞા [સં.] સ્ત્રી. ક્રોધથી અંગનો મુખરો.

ક્રોધસંભવ ૧. [સં.] પું. ક્રોધની ઉત્પત્તિ.

૨. વિ. ગુસ્સો આવે તેનું.

ક્રોધહંતા ૧. [સં. ક્રોધહંતૃ] પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી ક્રૂરાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

૨. વિ. ગુસ્સાનો નાશ કરનાર.

ક્રોધહા ૧. [સં. ક્રોધહન્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ક્રોધના આવેશનો નાશ કરનારા છે. તેની પ્રકૃતિ એટલે સ્વભાવ પણ સત્ત્વગુણરૂપ છે. વળી તે સહનશીલ છે. દયા અને ક્ષમા કરનારા દયાસાગર અને ક્ષમાસાગર પણ તે છે. તેથી તે ક્રોધહા કહેવાય છે.

૨. વિ. ક્રોધનો નાશ કરનાર.

ક્રોધા ૧. સ્ત્રી. (સંગીત) આઠમા શ્રુતિનો એક પ્રકાર.

૨. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની તેર માંહેની એક સ્ત્રી. એનું બીજું નામ ક્રોધવશા પણ હતું. એને ક્રોધવશ નામના સાત પુત્ર હતા, તેમજ મૃગી, મૃગમંદા, હરિ, ભદ્રમના, માતંગી, ચાદૂલી, ચેતા, સુરભિ અને સુરસા નામે નવ કન્યા હતી.

૩. સ્ત્રી. (સંગીત) આવીશ મૂર્છનાની એક કૂટિ; ગાંધાર સ્વરની બે માંહેની એક શ્રુતિ.

ક્રોધાક્રાંત [સં. ક્રોધ (ગુસ્સો) + આક્રાંત (વ્યાપ્ત)] વિ. રીસે ભરાયેલ; ગુસ્સામાં આવી ગયેલ.

ક્રોધાગાર [સં. ક્રોધ (કોપ) + આગાર (ઘર)] પુ.; ન. ક્રોધે ભરાઈને બેસવાનું સ્થળ; ક્રોધી માણસને ભરાઈ બેસવાનો ઓરડો.

ક્રોધાગ્નિ [સં.] પું. ક્રોધરૂપી અગ્નિ; રોષ.નલ; ક્રોધનો ગુસ્સો.

ક્રોધાચરણ [સં. ક્રોધ (ગુસ્સો) + આચરણ (વર્તન)] ન. ક્રોધવાળું આચરણ.

ક્રોધાત્મા ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

ક્રોધાનલ [સં. ક્રોધ (ગુસ્સો) + અનલ (અગ્નિ)] પું. ક્રોધાગ્નિ.

ક્રોધાન્વિત જુઓ ક્રોધાન્વીત.

ક્રોધાન્વીત [સં. ક્રોધ (ગુસ્સો) + અન્વીત (વાળું)] વિ. ક્રોધયુક્ત; ગુસ્સાવાળું.

ક્રોધાવમાન [સં.] વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું; ખફા; કુપિત.

ક્રોધારિ પું. વિષ્ણુનું એક નામ.

ક્રોધાલુ [સં. ક્રોધ (ગુસ્સો) + આલુ (વાળું)] વિ. ક્રોધી.

ક્રોધાવિષ્ટ [સં. ક્રોધ (ગુસ્સો) + આવિષ્ટ (આવેશવાળું)] વિ. ક્રોધથી ઘેરાયેલું; ક્રોધવાળું; ક્રોધી; ક્રોધના આવેશવાળું.

ક્રોધાવેશ [સં. ક્રોધ (ગુસ્સો) + આવેશ (ઊભરો)] પું. ક્રોધનો ઉભરો; ગુસ્સાનો વેગ; રોષનો ગુસ્સો.

ક્રોધાશ્રુ [સં. ક્રોધ (ગુસ્સો) + અશ્રુ (આંસુ)] ન. ક્રોધના આંસુ; ગુસ્સાથી આવતાં આંસુ.

ક્રોધાળ [સં. ક્રોધ (કોપ) + આલુ (વાળું)] વિ. ક્રોધવાળું; ગુસ્સે થયેલું; કુપિત

ક્રોધાળુ જુઓ ક્રોધાલ.

ક્રોધાંત વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

ક્રોધાંધ [સ ક્રોધ (ગુસ્સો) + અંધ (આંધળું)] વિ ક્રોધથી આંધળું; બહુ ક્રોધવાળું.

ક્રોધિત [હિં.] વિ. ક્રોધયુક્ત; કુપિત; ક્રુદ્ધ.

ક્રોધિષ્ઠ ૧. [સં] વિ. ખૂબ ગુસ્સે થયેલું; અત્યંત રોષે ભરાયેલું; બહુ ક્રુદ્ધ.

૨. વિ. ક્રોધની; આકરું, ભયંકર, કડક.

૩. વિ. રજમાં મુકરસે થઈ બનેલ તેવું; ગોડિયું; તામસી; ક્રોધી.

ક્રોધી ૧. [સં.] પું. (પુરાણ) એ નામના ઋષિ.

૨. પું. પ્રજાપતિ આઠત્રીશમો ક્રોધ નામનો સંવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ માંહેનું આઠત્રીશમું વર્ષ

૩. પું. વિષ્ણુની વીશીનો અઢારમો સંવત્સર.

૪. સ્ત્રી. (સંગીત) ત્રાંબાર સ્વરની બે માંહેની અંતિમ શ્રુતિ.

૫. [સં. ક્રોધ (ગુસ્સો) + ઇન્ (વાળું)] વિ. ક્રોધવાળું; ક્રોધ કરનારું; ગુસ્સાખોર; તમોગુણી; તામસી.

ક્રોધી પ્રકૃતિ સ્ત્રી. રજપ્રધાન પ્રકૃતિ.

ક્રોધીશ પું. એ નામનો એક ભૈરવ. તેની મૂર્તિ શંકેરા અથવા કરવીપુર નામના પીઠસ્થાનમાં છે.

ક્રોધોન્મત્ત [સં. ક્રોધ (ગુસ્સો) + ઉન્મત્ત (ગાંડું)] વિ. ક્રોધ વડે ગાંડું બનેલું; બહુ જ ક્રોધી, ક્રોધથી છકી ગયેલ.

ક્રોન પું. નોર્વે ડેન્માર્કમાં ચાલતો એ નામનો એક સિક્કો.

ક્રોનિક [અં.] વિ. જનુકનું; જાનો વખત ઠી એવું

ક્રોનોગ્રાફ [અં.] ન. એક પ્રકારનું ક્ષણદર્શકયંત્ર; સમયમાપકયંત્ર.

ક્રોનોમીટર ૧. [અં.] ન. એક જાતનું ઘડિયાળ. જોન હેરિસને પહેલું ક્રોનોમીટર ઈ સ. ૧૭૨૯ અને ૧૭૬૦ વચ્ચે બનાવ્યું. હાલનું ક્રોનોમીટર મોટી ઘડિયાળ જેવું અને વહાણની આડીઅવળી ગતિ દરમિયાન પણ સીધું રહે એવું હોય છે. તે બને તેવા વાતાવરણમાં અચાનક વખત આપે છે.

૨. ન. રેખાંશ નક્કી કરવા માટે વપરાતું યંત્ર.

ક્રોબાર [અં., પું. પરાઈ; ક્રોટા; સાંગડી.

ક્રોમ ૧. ન. એક જાતનું ક્ષપક.

૨. ન. નરમ અને કમાવેલું ચામડું.

ક્રોમડિયા (ક્રોમડિ્યા) ન. ક્રોધમાંથી છૂટું પાડેલ એક સત્ત્વ

ક્રોમસોમ ન. ક્રોપમાથી છૂટુ પાડેલ એક સત્ત્વ.

ક્રોમિયમ [અં.] સ્ત્રી. એક જાતની ધાતુ. તે સ્વીડન અને અમેરિકામાં જડે છે. આ સખત લોઢા જેવી અને ભૂરી ધાતુ ઉપર સામાન્ય વાતાવરણથી કાટ કરવાની અસર જરા પણ થતી ન હોવાથી બીજી ધાતુ સાથે તે જોડવામાં આવે છે. લોઢા સાથે તેને જોડવાથી લોઢું વધારે સખત, મજબૂત અને ન કટાય તેવું બને છે.

ક્રોરી પું. તહેસીલદાર; તાલુકાનું મહેસૂલ વસૂલ કરનાર અધિકારી.

ક્રોરો ૧. [સં.] પુ. ક્રોશ; બાઉ; દોટ આકાશનું અંતર.

૨. પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક પટલ.

૩. પું. ભોંકાવવું તે.

૪. પું. મુહૂર્ત.

૫. પું. રડવું તે.

ક્રોશવું સ. ક્રિ. કહેવું.

કો બન એહને દીન કોશે. પ્રેમાનંદ

ક્રોશિતકુશલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બગણ, બે સગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

ક્રોશિતકુશલા ૫ સ સ ગા ગે. અધિપિંગળ

ક્રોષ્ટશીર્ષક [સં.] પું. એક જાતનો વાયુરોગ. વાયુ રક્તાશ્રિત થઈ કુલામાં ફેલાઈ સોજો ઉત્પન્ન કરે છે. તે સોજાથી કુલા શિયાળના મસ્તક જેવા મોટા થાય છે અને અંદર બળી વેદના થાય છે.

ક્રોષ્ટા ૧. પું. (પુરાણ) એક ઋષિનું નામ.

૨. પું. (પુરાણ) સોમવંશી અમૃપુત્રના બહુ રાજાના ચાર માંહેનો બીજો પુત્ર. એને ક્રોષ્ટુ પુરાણમાં ક્રોષ્ટુ કહ્યો છે.

ક્રોષ્ટ્રવક્ષિ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ક્રોષ્ટુ ૧. [સં.] પું. ક્રબોડો.

૨. પું. (પુરાણ) બહુ રાજાના ચાર માંહેનો બીજો પુત્ર.

૩. પું. શિયાળ.

ક્રોષ્ટુક ૧. [સં.] પું. ક્રબોડો.

૨. પું. શિયાળ.

ક્રોષ્ટુકર્ણી [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ક્રોષ્ટુશીર્ષ જુઓ ક્રોષ્ટશીર્ષક.

ક્રોષ્ટ્રી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ક્ષુપી વિદારી.

૨. સ્ત્રી. ક્રબોડી.

૩. સ્ત્રી. ધોળું ઝોકકોળું.

૪. સ્ત્રી. શિયાળની માદા.

ક્રોસ ૧. [અં. ક્રોસ] પું. ઈસાઈ ધર્મનું સાંકેતિક પવિત્ર ચિહ્ન.

૨. પું. એક આડી લીટી ઉપર બીજી ઊભી લીટી કાટખૂણે પડેલ હોય એવી આકૃતિ; કાટખૂણાકૃતિ.

૩. પું. ચોકડી જાતનો વખરતંભ; બે આડાં લાકડાંનો બનાવેલ વખરતંભ. આવી બનાવટના લાકડાના વખરતંભ ઉપર ઈસ્રાએલ ક્રાઈસ્ટને મારી નાખવામાં આવેલ હતા. આ ક્રોસ તાડ, દેવદાર, જિતગ્રક્ષ અને રાતા એમ ચાર જુદી જાતના લાકડાના બનાવેલ મનાય છે.

૪. પું. દુડિયામણનો દર.

બજારની વખત અમેરિકાના ક્રોસ ઉપર રહે છે. મુબઈનો વ્યાપારી વર્ગ

ક્રોસઅપીલ [અં. ક્રોસઅપીલ] સ્ત્રી. અપીલ સામી અપીલ કરવી તે.

ક્રોસએક્ઝામિનેશન [અં. ક્રોસએક્ઝામિનેશન] સ્ત્રી. ઊલટ તપાસ; સાક્ષીને ફરી તપાસવો તે.

ક્રોસએક્શન [અં. ક્રોસએક્શન] ન. સામો દાવો; ઊલટદાવો.

ક્રોસઓવર [અં. ક્રોસઓવર] પું. એક રેલ ઉપર થઈ બીજી ઉપર જવાનો રસ્તો.

ક્રોસરેડ [અં. ક્રોસરેટ] પું. બીજા દેશની હૂંડીનો સાંના ચલણનો ભાવ.

ક્રોસવર્ડ [અં. ક્રોસવર્ડ] પું. શબ્દોની આડી ઊભી હારની રચના.

ક્રોસિંગ ૧. [અં. ક્રોસિંગ] ન. પત્થરસ્તામાં વચ્ચે આવતા રેલમાર્ગને ઓળંગવા રખાતો રસ્તો.

૨. ન. બે ગાડીનું ભેગું થવું તે.

૩. ન. સામસામી દિશાએ જનારનું એકબીજાને મળવું તે.

ક્રૌંચ ૧. પું. એક અસુરનું નામ.

૨. [સં.] પું. એક જાતનો પોળો હંસ.

૩. પું. એક પંખી; કેક; બગલું.

૪. પું. કૈલાસ પર્વતનો એક ભાગ. ત્યાં માનસરોવર છે. તેમાં ક્રૌંચદ્વીપનો પણ સમાવેશ થાય છે.

૫. પું. ક્રૌંચ પર્વત; હાલનો સોલગ્રલ પર્વત.

૬. પું. ટિટોડો.

૭. પું. (જૈન) તીર્થંકરોનો એક ધ્વજ.

૮. પું. (પુરાણ) સાત માંહેનો એ નામનો એક દ્વીપ.

ક્રૌંચદ્વીપ [સં.] પું. પૃથ્વીના સાત મહાદ્વીપ માંહેનો પાંચમો દ્વીપ. તેમાં ક્રૌંચ નામે પર્વત છે તેથી આ નામ પડેલું છે. ક્ષીરસાગર એની આસપાસ ફરી વળેલ છે.

ક્રૌંચપુર ન. કર્નાટકમાં તુંગભદ્રા નદીની શાખા વરદા નદીને કિનારે આવેલ એક પ્રાચીન શહેર. સારસ રાજાએ આ શહેર વસાવ્યું હતું.

ક્રૌંચરંધ્ર પું. ટપુમાઉન જિલ્લામાં આવેલ એક ઘાટનું નામ. એમાં થઈને હિંદુસ્તાનમાંથી તિબેટમાં જવાય છે. ક્રૌંચ પર્વતમાં તીર મારીને પરશુરામે આ ઘાટ ઉઘાડ્યાનું કહેવાય છે. એને ક્રૌંચની બારી પણ કહે છે.

ક્રૌર્ય [સં.] ન. ક્રૂરતા; નિર્દયતા; ઘાતકીપણું.

ક્રૌંચ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે મમદાનવનો પુત્ર હતો. સ્કંદ જગ્યાને તેને માર્યો હતો.

૨. પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, મગણ, સગણ, જગણ, બાર નગણ અને છેલ્લે ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.

૩ [સં.] પું. એક જાતનું પક્ષી; ક્રૌંચ; બગલું. વરપનો મોટો ભાગ, ગ્રીવાભાગ અને આદ્રિકમાં આ પક્ષી જોવામાં આવે છે. ખાસ કરીને મેદાનો અને ટેકરીઓમાં લગભગ પાંચ હજાર ફૂટની ઊંચાઈએ રહેતા આ પક્ષીની લંબાઈ ૪૦ ઇંચ હોય છે. નર અને માદા દેખાવે ને કદમાં સરખાં હોય. માથાનું તાળવું, કલગી અને આંખની માળાની પટી અદામી કાળાં અને બાકીનો માથાનો ભાગ સફેદ હોય છે. ઉપરના ભાગનાં પીછાં રાખોડી બૂરાં હોય છે. છાતીની બેઉ બાજુએ લાંબાં પીછાંનું કાળું ચાકું હોય છે. શરીરના બાકીના નીચલા ભાગનાં પીછાં સફેદ હોય છે. ચાંચ લાંબી અને અણીદાર હોય છે. ડોક અને પગ લાંબાં અને પુચ્છ ટૂંકું હોય છે. માળો બાંધતી વખતે યુથચારી આ પક્ષી મુખ્યત્વે કરીને એકલું વધારે રહે છે. ક્રૌંચ પર્વત પાસેનાં સરોવર, બળબળ વહેતો ઝરો, મેદાનોની વિશાળ નદી અથવા ગામડાનાં તંદા બાબોચિયાં પાસે માછલાંઓનો શિકાર કરતું આ પક્ષી માલૂમ પડે છે. કેટલીક વખત છીછરા પાણીમાં ડોક લંબાવીને ધીમે પગલે ચાલે છે; વળી કેટલીક વખત પાણીને કિનારે બગા વચ્ચે માથું ઢબાવી શાંત ઊભું રહે છે, પણ જો કેડક કે માછલું નજીકમાં આવે તો તેની લાંબી ડોક અને ભાલા જેવી અણીદાર ચાંચના એક ઝટકાથી ઉપાડી લે છે. તેની ઊડવાની રીત ભવ્ય અને લાક્ષણિક છે. તે હવામાં ઘણે ઊંચે ઊડી શકે છે અને દૂરથી પણ આળખી શકાય છે. તે એકી વારે ઝાઝાં ઈંડાં મૂકે છે.

૪. પું એક જાતનો પોળો હંસ.

૫. પું ક્રૌંચ પર્વત; હાલનો લોહાચલ પર્વત.

૬. પું. ચક્રવાક.

૭. પું ટિટોડો

૮. પું. (જૈન) તીર્થંકરોનો એક વર્ણ.

૯. પું. પુરાણમાં વર્ણવેલ સાત માંહેનો પાંચમો દ્વીપ. તે દધિસમુદ્રથી વીંટાયેલો ને સોળ લાખ જોજન વિસ્તારમાં છે. પૃથ્વી વિષે જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક તથા પુષ્કર એમ સાત દ્વીપ છે અને તેમાં ઉત્તરોત્તર એક કરતાં બીજો દ્વીપ બમણો મોટો છે.

૧૦. પું. (પુરાણ) હિમવાન પર્વતને મેનાની કૂખે થયેલ પુત્ર.

૧૧. પું. હિમાલય પર્વતમાં આવેલ એ નામનો એક ઘાટ. કૈલાસથી દક્ષિણમાં રસ્તો કરવા માટે પરશુરામે પોતાના બાણ વતી આ રસ્તો બનાવ્યો કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે, ઇંદ્ર અને કાર્તિકેય વચ્ચે એક વખત પોતાના બળ સંબંધે વાદ ઉત્પન્ન થયો. હિમાલય પર્વતની આસપાસ જે પહેલો ફરી રહે તે વધારે બળવાન એમ નક્કી કર્યું. બનેએ તેમ કર્યું, પણ પરિણામ અપેક્ષિત આવ્યું એટલે હિમાલયને પૂછતાં હિમાલયે અસલપણે ઇંદ્રની તરફેણમાં ચુકાદો આપ્યો. આથી કાર્તિકેય ગુસ્સે થયા અને પોતાનું ભાલું પર્વતને માર્યું અને આ ઘાટ કરી નાખ્યો કહેવાય છે.

૧૨. પું. હિમાલય માંહેનો એક પર્વત.

૧૩. ન. એક પ્રકારનું અસ્ત્ર.

ક્રૌંચક પું. (પુરાણ) એ નામનો રાજા.

ક્રૌંચકપુર ન. યમુના તીરે આવેલ એ નામની નગરી.

ક્રૌંચડી (ક્રૌંચડો) સ્ત્રી. ક્રૌંચ પક્ષીની માદા.

કન્યા બોલી પ્રિય વિરહિણી ક્રૌંચડી આપની રે!
અદ્યારાણી તું વધુ દુઃખી નકી કોઈ આશા વિના છે.
કલાપી

ક્રૌંચદારક ૧. [સં.] પું. કાર્તિકેય; કાર્તિક સ્વામી.

૨. પું. પરશુરામ.

ક્રૌંચદારણ જુઓ ક્રૌંચદારક.

ક્રૌંચદ્વીપ ૧. [સં.] પું. ઓસ્ટ્રેલિયા.

ઓસ્ટ્રેલીઆને આપણા પૂર્વજોએ કદાચ ક્રૌંચદ્વીપ નામથી ઓળખાવ્યો હશે એમ કહી શકાય.
બૃહદ્વિચાર

૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંથી બનેલ પૃથ્વીના સાત મહાદ્વીપમાંનો પાંચમો દ્વીપ એનો વિસ્તાર સોળ લાખ જોજનનો છે અને પોતાના જેવડા દૂધના સમુદ્રથી વીંટાયેલો છે આ દ્વીપમાં ક્રૌંચ નામનો એક મોટો પર્વત છે. તે ઉપરથી એ દ્વીપનું નામ ક્રૌંચદ્વીપ પડ્યું છે પ્રિયવ્રત રાજાનો પુત્ર ઘૃતપૃષ્ઠ આ દ્વીપનો અધિપતિ હતો. તેણે એ દ્વીપના સાત ખંડ કરીને પોતાના પુત્રોના જ નામના તે ખંડ વહેંચી આપ્યા હતા. તે ઘૃતપૃષ્ઠ રાજાના આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ તથા વનસ્પતિ નામના પુત્ર હતા. અહીં પણ સાત પર્વત ને સાત નદી પ્રસિદ્ધ છે. તેમાં પર્વતો શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન તથા સર્વતોભદ્ર નામના છે. અને નદીઓ અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી તથા શુક્લા નામની છે.

ક્રૌંચપદા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, મગણ, સગણ, જગણ, બાર નગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે. પાંચમા અક્ષર પછી, દશમા પછી અને અઢારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

ક્રૌંચપદી [સં.] સ્ત્રી. એ નામનું એક તીર્થ.

ક્રૌંચપુર [સં.] ન. જગન્નાથપુરીના રસ્તામાંનું સાતમું શહેર.

ક્રૌંચબર પું. એ નામનો દ્વીપ.

ક્રૌંચબારયોગ ૧. [સં.] પું. મોસા માંહેની એ નામની એક કળા.

૨. પું. બીજાને ફસાવવાની વિદ્યા.

ક્રૌંચરન્ધ્રા સ્ત્રી. રામાયણમાં વર્ણવેલ એક નદી; કૃષ્ણા નદીનું પ્રાચીન નામ. વનવાસ દરમિયાન રામચંદ્રજી અહીં એક પર્ણકુટી બાંધી ચાતુર્માસ રહ્યા હતા.

ક્રૌંચરંધ્ર [સં.] પું. હિમાલય પર્વતનો એક ઘાટ. પરશુરામે ક્રૌંચ પર્વતને એક પર્વતથી ઉંદી આ બીજુ બનાવી હતી એમ મનાય છે. માન્યતા પ્રમાણે હંસ આ માર્ગે થઈને માન સરોવર જાય આવે છે.

ક્રૌંચરિપુ ૧. [સં.] પું. કાર્તિકેસ્વામી.

૨. પું. પરશુરામ.

ક્રૌંચસૂદન [સં.] પું કાર્તિકસ્વામી.

ક્રૌંચા [સં.] સ્ત્રી એક જાતની બગલી.

ક્રૌંચાદન ૧. [સં] ન. એક જાતનું કેદ

૨. ન. કમલગ્રીવ

૩. ન. કમળતંતુ

૪. ન. પીપળામૂળ

ક્રૌંચાદની [સં.] સ્ત્રી કમળગ્રીવ.

ક્રૌંચારણ્ય [સં.] ન. દંડકારણ્યની દક્ષિણે આવેલું રામાયણમાં વર્ણવેલું એક વન.

ક્રૌંચારાતિ જુઓ ક્રૌંચરિપુ.

ક્રૌંચારિ જુઓ ક્રૌંચરિપુ.

ક્લીંચરુક [સં] પું. એક પ્રકારની ખૂદરચના.

ક્લીંચાવટ જુઓ ક્લીંચારપ.

ક્લીંચાસન [સં.] ન. એક જાતનું આસન.

ક્લીંચી ૧. [સં.] સ્ત્રી. કશ્યપ ઋષિની તામ્રા નામની પત્નીથી ઉત્પન્ન થયેલ પાંચ મંદેની એક કન્યા.

૨. જી. ક્રૌંચ પક્ષીની માદા.

૩. ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.

ક્લીંચાપદા જુઓ ક્લીંચપદા.

ક્લીબ ૧. [અં.] સ્ત્રી. મજ્જામાં કુલેરનું પાનું.

૨. જી. ઘોડો.

૩. જી. મંડળી; સમિતિ.

૪. જી. અગાઉ.

૫. જી. મોજશોખ અને રમતગમત કરવાનું ઠેકાણું.

૬. જી. રમતગમત માટે અને બેઝ બેસવા ઊઠવા અને વિશ્રાંતિ માટે બનેલ મંડળ; આનંદ પ્રમોદ માટે સ્થપાયેલ સમિતિ.

ક્લમ્ [સં.] અ° ક્રિ. (ધાતુ) થાકી જવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્લાંત, ક્લાંતિ.

ક્લમ ૧. [સં.] પું. ક્લાંતિ; શ્રમ.

૨. પું. થાક; શ્રમ; મહેનત.

૩. પું. પીડા; દુઃખ.

ક્લર્ક [અં.] પું. કારકુન; મહેતો; મુનીમ.

ક્લંદ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ભૂમ મારવી; મોટેથી બોલાવવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્લાંદિત.

૨. સ. ક્રિ. વિલાપ કરવો.

ક્લાઇમેટ [અં.] સ્ત્રી. હવાપાણી; આબોહવા.

ક્લાર્પંટ [અં.] પું. અસ્ત્રીલ; કુલ.

ક્લારન્સ [અં.] સ્ત્રી. ચાર પૈડાંવાળી બંધ ગાડી. તેમાં અંદર એક બેઠક હોય અને હાંકનાર માટે બીજી એક બેઠક હોય છે.

ક્લારેટ [અં.] પું. એક જાતનો વિલાયતી દારૂ. બહુ અયોગ્ય જણાય તો તે અપાય છે

ક્લાસ ૧. [અં.] પું. વર્ગ; શ્રેણિ; દરજ્જો.

૨. પું. શાળાની અંદરનો ખંડ.

ક્લાસિકલ ૧ [અં.] વિ. પૌરાણિક.

૨. વિ. પ્રાચીન; જૂના સમયનું.

૩. વિ. પ્રાચીન સાહિત્યમાંથી લેવાયેલું.

૪. વિ. રૂઢિપ્રયોગ.

ક્લાસિફિકેશન [અં.] ન. વર્ગીકરણ.

ક્લાંગ ન. (સંગીત) બહુ જ ત્વરાથી એક કહેતાંની સાથે એક ટહોરો વગાડવો તે.

ક્લાંત ૧. [સં.] વિ. તેજહીન; કરમાયેલું.

૨. વિ. થાકેલું; શ્રમિત; શ્રાંત.

૩. વિ. દુઃખથી પીડિત.

૪. વિ. દુબળું; પાતળું; નમ્રું.

૫. વિ. ધીરજ વગરનું.

ક્લાંતમના ૧. [સં. ક્લાંતમનસ્] વિ. ગુસ્સા વગરનું; ધીમું.

૨. વિ. દુઃખથી પીડિત.

૩. વિ. ધીરજ વગરનું.

ક્લાંતિ ૧. [સં.] સ્ત્રી. ગ્લાનિ; શોક.

૨. સ્ત્રી. થાક; શ્રમ; મહેનત.

૩. સ્ત્રી. દુઃખ; પીડા.

ક્લાંતિચ્છેદ [સં.] પું. થાક ઊતરવો તે; પરિશ્રમ દૂર થવાપણું.

ક્લાંતિહર વિ. થાક ઉતારનાર.

ક્લિદ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ભેજવાળું થવું; ભીનું થવું; હવાવાળું થવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્લિન્ન.

ક્લિન્ન [સં.] વિ. ભીંજે; ભેજવાળું; ભીનું.

ક્લિપ [અં.] સ્ત્રી. કાગળો, ચિઠ્ઠીઓ વગેરે એકઠાં રાખવા માટે વપરાતી કમાનદાર પકડ: ચાંપ.

ક્લિમ ન. કચ; ભેરો.

ક્લિશ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ક્લેશ પામવો; દુઃખી થવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્લિષ્ટ, ક્લેશ.

૨. સ. ક્રિ. દુઃખ દેવું.

૩. સ. ક્રિ. ભગાડવું.

૪. સ. ક્રિ. સહન કરવું.

ક્લિશિત જુઓ ક્લિષ્ટ ૬–૧૫.

ક્લિષ્ટ ૧. [સં.] પું. (અલં) પદદોષનો એક ભેદ. જ્યાં તરત અર્થપ્રતીતિ ન થાય ત્યાં ક્લિષ્ટ અવધાનથી અર્થપ્રાપ્તિ આ દોષનું કારણ છે. આ દોષ અનિત્ય છે.

૨. સ્ત્રી. ઘોડાની એક ધીમી ચાલ. તેમાં ઘોડો પોતાનાં પ્રાણ અને આયું સીધાં રાખે છે અને ઘોડેસવાર વિના સીધો ચાલ્યો જાય છે.

૩. વિ. અર્થની ખેંચતાણ કરવી પડે એવું.

૪. વિ. અશુભ; અપશુકનિયાળ.

૫. વિ. કષ્ટ; મુશ્કેલ; અઘરું.

૬. વિ. મૂંઝવણ; ગભરાટ.

૭. વિ. ક્લેશયુક્ત; દુઃખી; દુઃખથી પીડિત.

૮. વિ. બરાબર; દુષ્ટ.

૯. વિ. મૂંઝવણવાળું; અસ્પષ્ટ; અવ્યવસ્થિત.

૧૦. વિ. દુઃખ ઉત્પન્ન કરનાર; મનને રુચે નહિ એવું.

૧૧. વિ. પૂર્વાપર વિરુદ્ધ હોય એવું.

૧૨. વિ. બરડી કચડીને બેસાડેલું.

૧૩. વિ. મુશ્કેલીથી સિદ્ધ થાય એવું.

૧૪. વિ. રાગદ્વેષના પરિણામવાળું.

૧૫. વિ. સમજતાં મુશ્કેલી પડે એવું; દુર્બોધ.

ક્લિષ્ટકર્મા [સં.] ન. (જૈન) સંસારમાં જ નિત્યસંસરણ કારણ બની પડે તેવું કૃત્ય.

ક્લિષ્ટકોટિ [સં.] સ્ત્રી. શુષ્ક તર્ક; તરેહની વિચાર

ક્લિષ્ટતા ૧. [સં.] સ્ત્રી. ખામી; દોષ; ચૂક.

૨. સ્ત્રી. મુશ્કેલી; કઠિનતા; ક્લિષ્ટપણું.

૩. સ્ત્રી. વાક્યરચનાનો એક દોષ; વાક્ય સમજવું મુશ્કેલ પડે એવી રચના; અગમ્યતા.

ક્લિષ્ટત્વ ૧. [સં.] ન. અલંકારશાસ્ત્ર અનુસાર કાવ્યનો એક દોષ. તેને લીધે તેનો ભાવ સમજવામાં મુશ્કેલી પડે છે.

૨. જુઓ ક્લિષ્ટતા.

ક્લિષ્ટવક્ત્રા [સં. ક્લિષ્ટવક્ત્ર] પું. વિષ્ણુનું એક નામ

ક્લિષ્ટા [સં.] સ્ત્રી. યોગશાસ્ત્રો પતંજલિએ કહેલ એક ચિત્તવૃત્તિ.

ક્લિષ્ટાર્થ ૧. [સં.] પું. કવિતાનો એક દોષ. તેમાં અર્થ કઠણ ન હોય, પણ મુશ્કેલીથી બેસાડવામાં આવતો હોય.

૨. વિ. મુશ્કેલ અર્થવાળું.

ક્લીઅર [અં.] સ્ત્રી. સાફ; સ્વચ્છ; ચોખ્ખું.

ક્લીઅરિંગ [અં.] ન. હિસાબની ચોખવટ; નાણાંની પતાવટ.

ક્લીઓપેટ્રા સ્ત્રી. એ નામની મિસરની પ્રસિદ્ધ રાણી.

ક્લીટોરિયા પું. એક જાતનો વર્ષાયુ છોડ. તેનાં બી ઔષધ રજકણ જેવાં હોય છે.

ક્લીત [સં] પું. સુશ્રુત અનુસાર એક જાતનો કોઢ. તેની ઉત્પત્તિ મળમૂત્ર અથવા સડેલા શબ વગેરેમાંથી થાય છે. તેના કરડવાથી પિત્તદોષ થવાનું મનાય છે.

ક્લીતક [સં.] ન. જેઠીમધ.

ક્લીતકા [સં] સ્ત્રી. જેઠીમધનો છોડ.

ક્લીતનીયક જુઓ ક્લીતકા.

ક્લીનર [અં.] પું. સાફ કરનાર માણસ.

ક્લીબ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) બીકવું થવું; બીવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્લીબ.

ક્લીબ ૧. [સં] પું. નપુંસક; ખંદ: ખવૈયો; નામર્દ.

૨. વિ આળસુ; સુસ્ત; મંદ.

૩. વિ. ધર્મકાર્યમાં નિરુત્સાહી.

૪. વિ. નિષ્ફળ; નકામું.

૫. વિ. બાયલું; કાયર; બીકણ.

ક્લીબતા ૧. સ્ત્રી. આળસ.

૨. સ્ત્રી. કાયરપણું; બાયલાપણું; બીકણ હોવું તે.

૩. સ્ત્રી. ધર્મકાર્યમાં નિરુત્સાહીપણું.

૪. [સં.] સ્ત્રી. નપુંસકપણું; નામર્દાઈ.

૫. સ્ત્રી નિષ્ફળતા; અર્થ ન સરવાપણું.

ક્લીબત્વ જુઓ ક્લીબતા.

ક્લીમ્ [સં.] અ. કામદેવના મંત્રનું બીજ. ક્રૌમ્, ક્રીમ્ અને ક્લીમ્ એ ત્રણ બીજ ક્લેશવાચક છે. તેમાં ક્લીમ્ એ કામદેવના મંત્રનું બીજ છે.

ક્લીમેટિસ સ્ત્રી. એ નામની એક ફૂલવેલ. તેનાં ફૂલ અનહદ વાસવાળાં અને ઝૂમખાંવાળાં થાય છે.

ક્લીવ જુઓ ક્લીબ.

ક્લીવતા જુઓ ક્લીબતા.

ક્લીવત્વ જુઓ ક્લીબતા.

ક્લૂપ્ત ૧. [સં.] અ. ગાઢી કરેલ વેરો; કર.

૨. વિ. કાપેલું; ચારેલું.

૩. વિ. કાપેલું; છેદેલું.

૪. વિ. રચેલું; બનાવેલું.

૫. વિ. વમન કરાવેલું.

ક્લેદ ૧. [સં.] પું. બીકવાપણું; બીકણપણું.

૨. પું. તકલીફ; ઉપદ્રવ; પીડા; દુઃખ.

૩. પું. દુર્ગંધ.

૪. પું. પસીનો; પરસેવો.

૫. પું. બીનાશ; ભેજ; આર્દ્રતા.

૬. પું. કફ.

૭. પું. શ્લેષ્મા; કફ. જુઓ ક્લેદન ૨.

ક્લેદક ૧. [સં.] પું. શરીરમાં રહેલ દસ માંહેનો એક અગ્નિ.

૨. પું. શરીરમાં એક પ્રકારનો કફ. તેથી પરસેવો ઉત્પન્ન થાય છે.

૩. વિ. પરસેવો લાવનાર.

૪. વિ. બીનું કરનાર.

ક્લેદન ૧. [સં.] પું. ચંદ.

૨. પું. જઠરમાં રહેતો કફ. તે ચારે જાતના ખોરાક જેટલે ખાવું, પીવું, ચાટવું અને ચૂસવું તેને પચવામાં મદદ કરે છે અને શરીરને જળવાન બનાવે છે.

૩. પું. પરસેવો લાવવાનું કર્મ.

૪ પું. બીનાશજળો ભાગ.

૫. વિ. બીનું કરવું તે.

૬. વિ. બીનું કરનાર.

ક્લેદનકફ જુઓ ક્લેદન ૨.

ક્લેદમય ૧. [સં.] વિ. બીકણું.

૨. વિ. પરસેવાથી ભરેલું.

૩. વિ. શ્લેષ્મવાળું; કફવાળું.

ક્લેદમાપક ૧. [સં.] વિ. હવામાં રહેલી બીનાશ માપવાનું યંત્ર 'હાઇગ્રોમીટર'.

૨. વિ. ભેજ માપનારું.

ક્લેદરસ જુઓ ક્લેદન ૨.

ક્લેદિન પું. શ્લેષ્મ; એક જાતનો કફ.

ક્લેદુ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ.

૩. પું. સન્નિપાત.

ક્લેદ્ય [સં.] વિ. બીજાની લાગણી જેવું.

ક્લેશ ૧. [સં.] પું. દાવો; હકની માગણી.

૨. પું. હક.

ક્લેશવોજ્ઞ [સં.] સ્ત્રી. અવિદ્યા અજ્ઞાનની વિદ્યા; સામાન્ય દૃષ્ટિથી જોઈ કે જાણી શકાય નહિ એવી વસ્તુ અથવા પદાર્થના જોવા જાણવાની શક્તિ.

ક્લેશિનેહ [સં.] અ. વિષ્ણુ જેવું એક વાદળું; કરણકર્મના સિદ્ધાંત ઉપર રચાયેલું એક પાતાલ વાદ

ક્લેશિયોનેહ જુઓ ક્લેશિનેહ.

ક્લેશ્ય [સં. ક્લેશ] પું. ભોળાં અને ગેરોનનો મેગ રંગનો લાલ હાર.

ક્લેષ્ટર [સં.] વિ. હોશિયાર; ચતુર; દક્ષ.

ક્લેશ ૧. [સં.] પું. કજિયો; ઝંઝાસ; ઝઘડો.

ક્લેશો ગોળાનાં ખણી સુક્ષ્મ = કજિયાનું પરિણામ બહુ ખરાબ આવે છે.

૨. પું. દુઃખ; પીડા.

૩. પું. દુઃખનું કારણ.

૪. પું. યોગશાસ્ત્રપ્રસિદ્ધ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ માંહેનો દરેક દોષ.

૫. પું. (જૈન) વમનના દસ માંહેનો એક દોષ.

૬. પું. વ્યવસાય; પ્રવૃત્તિ.

૭. પું. શુભાશુભ કર્મ.

ક્લેશક જુઓ ક્લેશકર.

ક્લેશકર ૧. [સં.] વિ. તકરાર કરનાર; કજિયાખોર.

૨. વિ. ત્રાસજનક; સંતાપ આપનારું; દુઃખકર.

ક્લેશકૂહ સ્ત્રી. કજિયોકંકાસ.

ક્લેશદ જુઓ ક્લેશકર.

ક્લેશદાયક જુઓ ક્લેશકર.

ક્લેશદાયી જુઓ ક્લેશકર.

ક્લેશદોષ જુઓ ક્લેશ ૫.

ક્લેશનાશન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ક્લેશપંચક [સં.] પું. (વેદાંત) યોગદર્શનમાં કહેલ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચનો સમૂહ.

ક્લેશપ્રદ જુઓ ક્લેશકર.

ક્લેશમય વિ. દુઃખથી ભરેલું.

ક્લેશાગ્નિ [સં. ક્લેશ (સંતાપ) + અગ્નિ (આગ)] પું. ક્લેશરૂપી અગ્નિ.

ક્લેશાનંદકર [સં. ક્લેશ (દુઃખ) + આનંદ (હર્ષ) + કર (કરનાર)] વિ. ક્લેશ અને આનંદ કરનાર.

ક્લેશાપહ ૧. [સં. ક્લેશ (દુઃખ) + અપહ (નાશ કરનાર)] પું. પુત્ર.

૨. વિ. શોકહારક; ક્લેશનો નાશ કરનાર.

ક્લેશાવહ [સં. ક્લેશ (દુઃખ) + આવહ (પમાડનાર)] વિ. ક્લેશકર; દુઃખ આપનાર.

ક્લેશિત [સં.] વિ. ક્લેશ પામેલ; દુઃખ પામેલ; દુઃખી.

ક્લેશી ૧. [સં. ક્લેશિન્] વિ. ક્લેશ કરનાર; ક્લહ કરે એવું; કંકાસિયું; કજિયાખોર.

૨. વિ. દુઃખવાળું; દુઃખી; પીડિત.

ક્લેસહાઈ સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

ક્લૈબ્ય ૧. [સં. ક્લીબ (નપુંસક) + ય (પણું)] અ. નપુંસકતા; નામરદાઈ; હીજડાપણું; અશક્તપણું.

૨. અ. નમાલાપણું; અબરતા; બાયલાપણું.

૩. વિ. નામર્દ.

ક્લૈબ્ય ૧. અ. દુર્બળપણું.

૨. [સં.] અ. નપુંસકતા; નામરદાઈ.

૩. અ. નાન્યતરજાતિ.

૪ અ. બીકણપણું

ક્લોક [અં. ક્લોક] સ્ત્રી. વખત બતાવવાનું યંત્ર; ઘડિયાળ.

ક્લોટ [અં. ક્લોટ] અ. અર્ધસ્પૃણ દળનો પદાર્થ. એમાં રક્ત જેવો પ્રવાહી પદાર્થ ધીમે ધીમે રહી રહીને પસાર થાય છે. એને જામવું કહે છે.

ક્લોથ ઑફ ગોલ્ડ [અં. ક્લૉથ ઑવ ગોલ્ડ] ન. એક જાતનું સુવાળું મીઠી વાસવાળું સોનેરી રંગનું ફૂલ.

ક્લોથ માર્કેટ [અં. ક્લૉથ માર્કેટ] સ્ત્રી. કાપડ બજાર.

ક્લોમ ૧. પું. અગ્ન્યાશય; 'પૅંક્રિયાસ'.

૨. સ્ત્રી. ખાસળી.

૩. [સં.] ન. જમણી તરફનું ફેફસું

ક્લોમકંડાનુગ્રા સ્ત્રી. ફેફસાને ઢોહી પૂરું પાડનાર ધમની.

ક્લોમમંથિ સ્ત્રી. અગ્ન્યાશયવાળો ભાગ. તે છબી આઠ ઇંચ લાંબી હોય છે. તેનો રસ નળી મારફત પક્વાશયમાં જાય છે અને ભોજન પચાવે છે. તેનું વજન ૧૬ ઔંસ હોય છે.

ક્લોમનલિકા સ્ત્રી. દમ જેવાની નળી; શ્વાસમાર્ગ; શ્વાસોચ્છ્વાસ જેવા હવાને ફેફસામાં જવાનો માર્ગ. તે ઢોર પાસે તથા ઉત્તર કુરુકુલાંતરાલ પ્રદેશમાં આવેલ છે.

ક્લોમપ્રણાલી સ્ત્રી. સ્વાદુપિંડવાહક ભગ અગ્ન્યાશયનલિકા.

ક્લોમરસ પું. અગ્ન્યાશયમાંથી નીકળતો રસ; 'પૅંક્રિયેટિક જ્યૂસ'

ક્લોમશાખા સ્ત્રી. શ્વાસનલિકાની બે નામની શાખા; વાયુમણ્યાણી. તે બે છે: જમણી ક્લોમશાખા અને ડાબી ક્લોમશાખા. જમણી શાખા વધારે જાડી અને ટૂંકી છે. તે બે ઇંચ લાંબી છે અને હૃદય તેમ જ ઉત્તરામહાધિરાની પાછળ તથા જમણી બાજુએ રહેલી છે. સ્વાયુસૂત્રો તેમ જ સ્વતંત્ર માંસપેશીઓના તંતુ વડે પરસ્પર જોડાયેલ છ થી આઠ મોળાકાર તરણપુચ્છ મળીને આ શાખા બનેલી છે. તે બે ક્લોમકંડિકાઓમાં વહેંચાઈ જાય છે, જેમાંની એક કુરકુસાભિમા ધમનીની જમણી શાખા ઉપર જ્યારે બીજી તેની નીચે થઈને પસાર થાય છે. આમાની ઉપરની શાખા જમણા ફેફસાના ઉપલા પિંડમાં જાય છે, જ્યારે નીચેની શાખા બે નાની શાખાઓમા વહેંચાઈને તે જ ફેફસાના વચલા તેમ જ નીચલા પિંડોમાં જાય છે. ડાબી ક્લોમશાખા પાતળી તેમ જ બે ઇંચ લાંબી હોઈ આકારે દશથી બાર મોળાકાર તરણપુચ્છિય મળીને બનેલી છે. તે મહાધમનીના તોરણભાગ નીચે થઈ પસાર થાય છે અને ડાબા ફેફસા તરફ જતા અન્નનલિકા તથા ડાબી રસકુલ્યાની આગળ, જ્યારે ડાબી કુરકુસાભિમા ધમનીની પાછળ રહેલી છે. આ તે ત્રણ શાખામાં વહેંચાઈ ડાબા ફેફસાના બંને પિંડમાં દાખલ થાય છે.

ક્લોમશિરા સ્ત્રી. એ નામની એક રક્તવાહિની.

ક્લોમસ્રોત પું. પૅંક્રિયાસ એટલે અગ્ન્યાશયની નળી.

ક્લોરાઇડ [અં. ક્લોરાઇડ] પું. મીઠાના તેજાબનો ક્ષાર.

ક્લોરિન [અં. ક્લોરિન] ન. મીઠાની અંદરનું એ નામનું વાયુરૂપ તત્ત્વ. તે ખોરાક પચાવવામાં ઓકરીને તથા આંતરડાને લગી મદદ આપે છે. ઈ. સ. ૧૭૭૪માં શીલ નામના વિદ્વાને આ તત્ત્વની પ્રથમ શોધ કરી હતી. આ પદાર્થ વાયુરૂપી હોય છે. તેનો રંગ લીલાશ પર પીળો હોય છે.

ક્લોરેટ [અં. ક્લોરેટ] પું. નાઇટ્રેટ અને સલ્ફેટના વર્ગનો એક ક્ષાર. આમ ઉપર ક્લોરેટ નાખવાથી તે સળગી તણખા ઊડે છે. તે ગરમ કરવાથી તેમાંથી ઑક્સિજન નીકળે છે અને પાછળ ક્લોરાઇડ રહે છે.

ક્લોરાફૉર્મ [અં. ક્લોરોફૉર્મ] ન. બેભાન કરનારું એક ઔષધ, એક જાતનો મારક વાયુ આ ક્ષારે રંગ વગરનો પ્રવાહી પદાર્થ ક્લોરિન અને હોરમિલ નામના બે પદાર્થના સંયોગથી બને છે. દેખાવમાં તે સ્વચ્છ પાણીના જેવું હોય છે અને ખુલ્લું મૂકવામાં આવે તો જલદી ઊડી જાય છે. ક્લોરાફૉર્મ આલ્કોહોલ, ઈથર અને તેલમાં તેમ જ અમુક અંશે પાણીમા ઓગળી શકે છે. રબ્બર, રેઝિન વગેરે તેમાં ઓગળી શકે છે. શસ્ત્રક્રિયા કરતાં પહેલાં જરૂર જણાય તો દરદીને તે સુંઘાડવામાં આવે છે તેથી દરદી અચેત જેવો જતો હોવાથી પીડા જણાતી નથી. વધુ માત્રામાં અપાય તો મરણ પણ નીપજે છે.

ક્વ [સં.] અ. ક્યાં.

ક્વચિત્ ૧. [સં.] અ. ક્વાગ; કદાપિ; કોઈક પ્રસંગે.

૨. અ. કોઈ કોઈ વાર.

૩. અ. કોઈ ઠેકાણે; ક્યાંક.

ક્વજૂ ૧. [સં.] સ. ક્રિ. અવાજ કરવો.

૨. સ. ક્રિ. (ધાતુ) ન સમજાય તેમ ગાવું. તે ઉપરથી બનેલ શબ્દ; કવિતા; કવજૂ.

કવજૂ ૧. [સં.] પું. એક અવાજ; અણગણાટ.

૨. પું. પીણાનો અવાજ.

કવજૂન ૧. [સં.] ન. અણગણાટ.

૨. ન. નાનું માટીનું વાસણ.

૩. ન. પીણાનો શબ્દ.

૪. ન. હરકોઈ શબ્દ.

કવચિત ૧. [સં.] વિ. અવાજ કરતું; બોલતું.

૨. વિ. બબડબડતું.

કવચ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઉકાળવું. તે ઉપરથી બનેલ શબ્દ; કાઢો, કવાઈ, કઢવું

૨. સ. ક્રિ. (ધાતુ) પચાવવું. તે ઉપરથી બનેલ શબ્દ: કવાથ, કવથિત.

કવથન [સં.] ન. ઉકાળવું તે.

કવથનબિંદુ ન. કવથનાંક; જેટલી ગરમીએ પાણી ઊકળે તે ગરમી બતાવનાર આંક.

કવથનમાપક ન. સ્ફોટનમાપક; પ્રવાહી પદાર્થના ઉકાળાની ગરમીનું બિંદુ માપવાનું સાધન.

કવથનાંક [સં.] પું. જેટલી ગરમીએ પાણી ઊકળે તે ગરમી બતાવનાર આંક; ઉત્સ્રવનબિંદુ; પાણીમાં પરપોટા થાય તે વખતનો ઉષ્ણતામાપક યંત્રનો આંકડો. કવથનાંક હવાના દબાણ ઉપર આધાર રાખે છે જો આપણે પર્વત ઉપર ઊંચે જઈએ તો માલૂમ પડશે કે ત્યાં હવાનું દબાણ ઓછું છે ને તેથી ત્યા પાણી જલદીથી ઊકળશે.

કવથિકા [સં.] સ્ત્રી. કઢી; ઉકાળો.

કવથિત [સં.] વિ. ઉકાળો કરેલા દ્રવ્ય બનાવેલું; બહુ જ પકાવેલું

કવથિતા જુઓ કવથિકા.

કવથિતાંબુ [સં.] ન. ઉકાળેલું પાણી.

કવધરેય [સં. કુ (પૃથ્વી) + અધસ (નીચે) + રય (રહેનાર)] વિ. ન.એ પૃથ્વી લોકમાં રહેનાર.

કવલ [સં.] પું. મોટું બોર.

કવલિકા સ્ત્રી. સોમડી.

કવાગા ન. જિરાફને મળતું એક પ્રાણી. દક્ષિણ આફ્રિકામાં રહેતું આ પ્રાણી ટોળામા જ રહે છે. એના પાછલા પગ લાંબા અને કાન ટૂંકા હોય છે.

કવાઢ ૧. પું. જૂનામદનો પ્રાચીન સમયનો એક રાજા

૨. ન. નૃત્યભેદ; નાચનો એક ભેદ.

કવાડ્રેટ [અં. ક્વૉડ્રેટ] પું. સીસાનો એક ટુકડો. તે છાપવાના ફોરમમાં ખાલી જગ્યા ભરવાના ક્રમમાં આવે છે. તે સ્પેસથી મોટો અને કોરેજનથી નાનો હોય. તેની પહોળાઈ ઠાઠપ જેટલી અને લંબાઈ ૧ થી ૪ એમ્ સુધી હોય છે.

કવાણ ૧. પું. અઢારે માહેનો એક રેઢ.

૨. [સં.] પું. શબ્દ; અવાજ.

૩. વિ. શબ્દ કરનાર; અવાજ કરનાર.

ક્વાથ ૧. [સં.] પું. (વૈદક) ઉકાળો; અર્ક; કાઢો. કૂટેલાં દ્રવ્યને તેના કરતાં સોળગણા પાણીમાં માટીના કોરા વાસણમાં ઢાંકવા સિવાય ધીમે તાપે ઉકાળી આઠમો ભાગ બાકી રહે એટલે ઉતારી ગળી લેવું તે ક્વાથ કહેવાય છે. સાધારણ રીતે એક વખતને માટે ક્વાથ કરવાના ઓસડનું વજન ચાર તોલા લેવામાં આવે છે; તોપણ કેટલાક ક્વાથની અંદર દ્રવ્ય બે તોલા ઓસડ લે છે અને સોળગણા પાણીને બદલે આઠગણું પાણી મૂકીને ઉકાળવામાં આવે છે, તેમ જ આઠમો ભાગ પાણી રહે સાંસુધી બાળવાને બદલે ચોથો ભાગ રહે ત્યારે ઉતારી લેવામાં છે ક્વાથની માત્રા ચાર તોલાની છે. કેટલીક વખતે સવારે કાઢો કર્યા પછી જે ઉકાળેલું ઔષધ બાકી રહે છે તેમાં નવું પાણી નાખી સાંજે પાછું ઉકાળવામાં આવે છે. તેને પરકાઢો કહે છે. તેની માત્રા પણ કાઢાના જેટલી જ છે, તોપણ કાઢાના જેટલો ગુણ તેમાં રહેલો નથી ષડ્રસમાંથી લવણ સિવાયના પાંચે રસના ક્વાથ કરી શકાય છે

૨. પું. દુઃખ; બહુ વધારે દુઃખ.

૩. પું. બંધન.

ક્વાથાધ્યાય પું. ક્વાથ સંબંધી સમજેલ હોય તે પ્રકરણ.

ક્વાથિ [સં.] પું. (પુરાણ) અગસ્ત્ય ઋષિ.

ક્વાર્ટર માસ્ટર ૧. [અં. ક્વૉર્ટર માસ્ટર] પું. નાખુદાના હાથ નીચેનો એક નાનો અમલદાર.

૨. પું. સિપાઈઓના મુકામ અને ખાવાપીવાનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

ક્વાર્ટર્સ ૧. [અં. ક્વૉર્ટર્સ] ન.બ.વ. ઘરો; રહેઠાણ; નિવાસસ્થાન; મુખ્ય સંસ્થાને અંગે નોકરોને રહેવાનાં બાંધેલ મકાન.

૨. ન.બ.વ. ચોથિયાં; ચોથા ભાગો.

ક્વાસિયા ન. એક જાતનું ફૂલઝાડ. તેનાં ઝાડ ૭ થી ૮ ફૂટ ઊંચાં વધે છે. તેનાં પાદડાં ૪થી ૫ ઇંચ લાંબાં હોય છે.

ક્વિકમાર્ચ [અં] સ્ત્રી. જલદીથી કૂચ કરવી તે.

ક્વિનાઇન જુઓ ક્વિનીન.

ક્વિનીન [અં.] ન. ક્વિનાઇન; કોયદાન; કોયલાન; સિંકોનાના ઝાડની છાલમાંથી કાઢેલ સત્ત્વ. તે ટાઢિયા તાવ ઉપર વપરાય છે. તેનાં ઝાડની ખેતી પેરુ, સિક્કિમ, હિમાલય, દાર્જીલિંગ, નીલગિરિ, મદ્રાસ, બંગાળા વગેરે સ્થળે થાય છે. રોપ્યા પછી સાત વર્ષે તેમાં ઔષધિતત્ત્વો આવે છે. તે સ્વાદે અતિતિક્ત કડવું અને ગુણે જ્વરઘ્ન, પૌષ્ટિક અને પાચક છે. તાવ ઉપર ૧ થી ૧૦ ગ્રેનની માત્રામાં અપાય છે.

ક્વિલ ૧. [અં.] ન. શાહુડીના પીંછામાંથી બનાવેલી કલમ

૨. ન. શાહુડીનું પીંછું

ક્વિલપેન [અં.] ન. પીંછામાંથી બનાવેલ કલમ.

ક્વીન ૧. સ્ત્રી. ચેસની રમતમાંની સાથ કાંકરી.

૨. સ્ત્રી. ચેસની રમતમાં વજીરનું રમકડું.

૩. સ્ત્રી. રાણી; મહારાણી; રાજપત્ની

ક્વેકર [અં.] પું. શાંતિપ્રિયતાને માટે પ્રખ્યાત એક ખ્રિસ્તી સંપ્રદાય.

ક્વેત પું. કૂવાના પાણીથી કરવામાં આવતો પાક.

ક્વેનસૂન પું. ઔત્રિઅ ખંડનો એ નામનો એક પર્વત, વિષ્ણુપુરાણમાં જણાવેલ ગંધમાદન પર્વત.

ક્વોટેશન [અં.] ન. ટાંચણ; ઉતારો.

૨. જ. ભાવ. દર.

ક્વોરંટીન ૧. [અં.] ચાળીસ દિવસની મુદત.

૨. ન. ચેપી રોગવાળા પ્રદેશમાંથી આવનાર માણસને અમુક વખત જુદા રાખવાનો હુકમ. જે દેશમાં ભરકો ઝાડી નીકળે છે તેના દેશના લોકને અમુક દિવસો સુધી દૂર રખાવ્યા બાદ દરેકમાં પેસવા દેવામાં આવે છે તે એમ અટકાવવા સત્તાવાર કાયદો કરાય છે. પ્રથમ વેનીસમાં ૧૧૨૭માં ચાળીસ દિવસ સુધીનો તે કાયદો થયો અને પાછી ૮થી ૨૦ દિવસ સુધીનો થયો. પહેલાં તે પ્લેગના અટકાવ માટે સૂચવવામાં આવ્યો હતો. હવે તો તે પ્લેગ, કોલેરા, પીળો તાવ વગેરે રોગ અટકાવવામાં વપરાય છે.

૩. ન. રોગવાળાને અલગ રાખવાની જગ્યા. દૂર દેશથી આવેલ વહાણમાં પેસી રોગ દરો એવા વહેમથી વહાણવાળાને ચાળીસ દિવસ સુધી કિનારાની સાથે કાંઈ પણ વહેવાર રાખ્યા વિના અલગ રહેવું પડે છે.

૪. ન. રોગવાળાને અલગ રાખવું તે.

૫. ન. સ્પર્શક; સંસર્ગનિષેધ.

ક્વોરી [અં.] સ્ત્રી. પથ્થરની ખાણ.

ક્વોર્ટ [અં.] ન. ગેલનનો ચોથો ભાગ.

ક્વોર્ટો ૧. [અં.] પું. કાગળના એક તાવનાં ચાર પાનાં કપાયેલ ચોપડી.

૨. વિ. એક કાગળના તાવના ચાર પાનાંવાળું.

ક્વોલિટિ [અં. ક્વૉલિટિ] સ્ત્રી. એક જાતની ખજૂરી. આ જાતની સિંગ ઝાડી વધે છે. બધે જગ્યાએ શેર દાણાનો ઉતાર થાય છે. દાણો મોટો હોય છે. આ જાતને વરસાદ વધારે જોઈએ તેથી પાક મોડો થાય. આ ખજૂરી વાવ્યા પછી ઘઉંનું વાવેતર થઈ શકતું નથી. આનો પાલો પુષ્ટિકારક છે.

ક્ષ ૧. [સં.] પું. ક્ + ષ્નો જોડાક્ષર; એક સાધિત વ્યંજન. તેનું સંકેત નામ મેરુ છે. ક્ષ ક્ષય કરે એવી માન્યતાથી લહીઆઓ ક્ષ અક્ષરથી લખવું અટકાવતા નહિ.

૨. પું. ખેતર.

૩. પું. ખેતરનો રખવાળ.

૪. પું. નરસિંહ ભગવાન.

૫. પું. નાશ.

૬. પું. પ્રલય.

૭. પું. રાક્ષસ.

૮. પું. વીજળી.

ક્ષકાર પું. ક્ષ અક્ષર.

ક્ષકિરણ ન. ઇંદરનીલ કિરણ; 'એક્સ રે'. રોન્ટ્જને તેનો પ્રથમ અભ્યાસ કર્યો હતો, તેથી તેને રોન્ટ્જનનાં કિરણ પણ કહે છે.

ક્ષણ્ ૧. [સં.] સ. ક્રિ. ઘાત કરવો; દુઃખ દેવું.

૨. સ. ક્રિ. (ધાતુ) ધારણ કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્ષણ, ક્ષત, ક્ષત્રિય, અક્ષત.

૩. સ. ક્રિ. ભાગવું; કટકા કરવા.

૪. સ. ક્રિ. હણવું; વધ કરવો.

ક્ષણ ૧. [સં.] પું. અવસર; સમય; તક.

૨. પું. આનંદ.

૩. પું. ઉત્સવ; મેળો.

૪. પું. ઘર.

૫. પું. પરાધીનતા; પરવશતા.

૬. પું. કુરસદ; નવરાશ; નિરાંત.

૭. પું. મધ્ય ભાગ.

૮. પું. રાળ.

૯. પું. નગર; શહેર.

૧૦. પું. સૂર્ય.

૧૧. સ્ત્રી. કાળનું એક પરિમાણ; પળથી પણ ટૂંકો વખત; સેકંડનો ૧ૂ ભાગ. ક્ષણના માપ સબંધી ઘણો મતભેદ છે મહાભાષ્યકાર પતંજલિના મત પ્રમાણે કાળનો એવો નાનો ભાગ જેનો વિભાગ ન થઈ શકે તે ક્ષણ. તેમના મત પ્રમાણે ક્ષણ અને કાલ વચ્ચે પરમાણુ અને દ્રવ્યના જેવો સંબંધ છે. કોઈના મત પ્રમાણે પળ અથવા નિમિષનો ચોથો ભાગ તે ક્ષણ. કોઈના મત પ્રમાણે બે દંડ અથવા મુહૂર્ત એક ક્ષણ બરાબર છે અમરના મત પ્રમાણે ત્રીસ કળા અથવા મુહૂર્તનો બારમો ભાગ એક ક્ષણ થાય છે. પણ ન્યાયમત પ્રમાણે મહાકાળ એ

નિલ દ્રવ્ય છે અને તેના ભાગ કે અંશ ન થઈ શકે, એથી ક્ષણ કોઈ અવયવ પદાર્થ નથી. બૌદ્ધમતે જેટલો સમય પોતાના ઉપર આધાર રાખતા પદાર્થના પ્રાગભાવનો આધાર ન હોય તેટલો સમય તે ક્ષણ, અર્થાત્ જે સમય પદાર્થના પ્રાગભાવ વખતે હોતો નથી, પણ પ્રાગભાવનો નાશ થતાં તરત જ હોય છે તે ક્ષણ કહેવાય. કમળની ૧૦૦ પાંદડીઓ એક ઉપર એક ગોઠવી તેમાં સોય ઉપરથી નીચે સુધી એવી રીતે ભોંકવી કે બધી પાંખડીઓ ભોંકાઈ જાય. એમ કરવાથી દરેક પાંદડીને વીંધાતાં-ભોંકાતાં જે સૂક્ષ્મ વખત લાગે તેને પણ ક્ષણ કહેવામાં આવે છે. તેનાં પ્રમાણ:

(૧) ૧૮ નિમિષ = કાષ્ઠા, ૩૦ કાષ્ઠા = કલા, ૩૦ કલા = ક્ષણ, ૧૨ ક્ષણ = મુહૂર્ત. (૨) ૨ માત્રા = અક્ષર, ૨ અક્ષર = લઘ, ૨ લઘ = ક્ષણ, ૩૦ ક્ષણ = વિપલ. (૩) ૩ લવ = નિમિષ, ૩ નિમેષ = ક્ષણ, ૫ ક્ષણ = કાષ્ઠા.

૧૨. સ્ત્રી. ઘેાડ જેટલ સમય.

૧૩. સ્ત્રી. (બૌદ્ધ) નિર્વાણ પામવાનો સમય.

ક્ષણકાલ [સં.] પું. એક ક્ષણ જેટલો વખત.

ક્ષણક્ષણ [સં.] અ. ક્ષણમાત્ર.

ક્ષણક્ષેત્ર [સં.] ન. ક્ષણપરથી ઊંધેલી જમીન.

ક્ષણજીવી [સં. ક્ષણજીવિન્] વિ. ક્ષણપલટુ; ક્ષણભંગુર; ક્ષણ સુધી ટકે એવું; થોડા વખતમાં નાશ પામે એવું.

ક્ષણજ્ઞ [સં.] વિ. અવસર જાણનાર; તક જોનાર.

ક્ષણદ ૧. [સં.] પું. જોશી; ભવિષ્ય કહેનાર માણસ

૨. ન. પંચાંગ; જંત્ર.

ક્ષણદર્શન [સં.] ન. ઝાંખી; આભાસ; દર્શનમાત્ર.

ક્ષણદા ૧. [સં. ક્ષણ (નિરંત) + દા (આપવું)] સ્ત્રી. રાત્રિ; રાત.

ક્ષણદા ક્ષપા તમસ્વિની તમી તમિસા હોઈ,
નિશા. શર્વરી વિભાવરી, રાત્રી ત્રિયામા સોઈ.
પિંગલપ્રકાશ

૨. સ્ત્રી. હળદર.

ક્ષણદાકર [સં.] પું. ચંદ્રમા.

ક્ષણદાચર ૧. [સં.] પું. ભૂત; પિશાચ.

૨. પું. રાક્ષસ.

૩. વિ. રાત્રિએ ફરનાર.

ક્ષણદ્યુતિ [સં.] સ્ત્રી. વિદ્યુત; વીજળી.

ક્ષણનષ્ટ [સં.] વિ. ક્ષણમાં નાશ પામે એવું.

ક્ષણનષ્ટત્વ [સં.] ન. વિનાશીપણું; ક્ષણભંગુરતા.

ક્ષણપ્રભા [સં.] સ્ત્રી. વિદ્યુત; વીજળી; સૌદામિની; ચપલા; ઐરાવતી.

ક્ષણબુદ્ધિ [સં.] વિ. ક્ષણે ક્ષણે જેના વિચાર ફરે એવું; ચલિત બુદ્ધિવાળું; વાયલ; તરંગી.

ક્ષણભર ૧. પું. એક ક્ષણનો સમય.

૨. અ. થોડીવાર; બહુ વખત સુધી; ક્ષણને માટે

ક્ષણભંગ ૧. [સં.] પું. એક પ્રકારનો બૌદ્ધ સિદ્ધાંત. તેમાં વસ્તુઓની સ્થિતિ એક ક્ષણની માની છે. આને ક્ષણિકવાદ પણ કહે છે.

૨. ન. ક્ષણમાં નાશ પામવાપણું.

૩. વિ. ક્ષણમાં ભાગી જાય એવું; નાશવંત; અનિત્ય; ક્ષણભંગુર.

ક્ષણભંગવાદ [સં.] પું. એ નામનો એક મત; ક્ષણિકવિજ્ઞાનવાદ; ક્ષણમાં નાશ થઈ જાય એવી માન્યતા.

ક્ષણભંગુર [સં. ક્ષણ + ભગ્ (ભાગવું)] વિ. ક્ષણમાં ભાંગી જાય એવું; ફાની; નાશવંત; અથિર.

ક્ષણભંગુરતા સ્ત્રી ફાનીપણું; નશ્વરતા; થોડી વારમાં નાશ પામવાની સ્થિતિ.

ક્ષણભંગુરપણું જુઓ ક્ષણભંગુરતા.

ક્ષણભક્ષ [સં.] વિ. જેનો ક્રોધ જોતજોતામાં ઊતરી જતો હોય એવું.

ક્ષણમાત્ર [સં.] અ. એક ક્ષણ સુધી; પળવાર.

ક્ષણયોગી જુઓ ક્ષણભંગુર.

ક્ષણરુચિ [સં. ક્ષણ + રુચિ (પ્રભા)] સ્ત્રી. વીજળી.

ક્ષણરુચિ જ્યા ઝકાવિપ્ત વલિત ચંચલા બીજ,
દામિની વીજ વર્ષા નહિ વર્ષા વિના ન વીજ
પિંગલપ્રકાશ

ક્ષણલવ પું. (જૈન) તીર્થંકરનું ક્ષણમાત્ર કે લવમાત્ર વૈરાગ્ય ભાવથી ધ્યાન.

ક્ષણવાદ [સં.] પું. ક્ષણે ક્ષણે વસ્તુ ફરે છે એવો બૌદ્ધવાદ.

ક્ષણવાદી [સં. ક્ષણવાદિન્] વિ. પું. ક્ષણવાદમાં માનનાર.

ક્ષણવાર જુઓ ક્ષણમાત્ર.

ક્ષણશઃ [સં.] અ. ક્ષણ ક્ષણ કરીને; પળ કરીને.

ક્ષણસ્થાયી જુઓ ક્ષણભંગુર.

ક્ષણેક્ષણે [સં.] અ. દરેક પળે; પળે પળે.

ક્ષણાંતર અ. એક ક્ષણ પછી.

ક્ષણિક ૧. [સં.] પું. એક પ્રકારનો બૌદ્ધવાદ; ક્ષણવાદ.

૨. વિ. નાશવંત; અસ્થાયી; અનિત્ય; ક્ષણભંગુર.

૩. વિ. પહેલી ક્ષણમાં ઉત્પત્તિ, બીજી ક્ષણમાં સ્થિતિ અને ત્રીજી ક્ષણમાં નાશ થાય તેવું.

ક્ષણિકતા [સં.] સ્ત્રી. ક્ષણિક ભાવ; ક્ષણભંગુરતા.

ક્ષણિકત્વ જુઓ ક્ષણભંગુરતા.

ક્ષણિકત્વવાદ જુઓ ક્ષણિકવાદ.

ક્ષણિકનક્ષત્ર [સં.] ન. થોડો વખત દેખાઈ તરત જ અદશ્ય થઈ જતો તારો.

ક્ષણિકબુદ્ધિ [સં.] વિ. ઘડીમાં વિચાર ફરી જાય તેવું. જુઓ ક્ષણબુદ્ધિ.

ક્ષણિકમત પું. ક્ષણિકવાદનો સિદ્ધાંત. જુઓ ક્ષણિકવાદ

ક્ષણિકવાદ [સં] પું. દરેક વસ્તુ એક ક્ષણ જ હયાત હોય છે અને બીજી ક્ષણે તેનો નાશ થાય છે એવો બૌદ્ધદર્શનનો એક સિદ્ધાંત.

ક્ષણિકવારસી વિ. ક્ષણવાર જેનું ક્ષત્તર છે એવું; થોડો વખત ટકનારું.

ક્ષણિકવિજ્ઞાનવાદ [સં.] પું. બૌદ્ધનો એ નામનો એક વાદ; ક્ષણિકવાદ.

ક્ષણિકા [સં.] સ્ત્રી. વીજળી; વિદ્યુત.

ક્ષણિની ૧. [સં.] સ્ત્રી. રાત્રિ.

૨. સ્ત્રી. હળદર.

ક્ષણી જુઓ ક્ષણિક

ક્ષણુ સ્ત્રી. વખતનું એક માપ. જુઓ ક્ષણ.

ના ક્ષણુ અણના હોય. નાનાભાઈ

ક્ષણું સ્ત્રી ક્ષણ; નિમિષ; પળ.

તેના ક્ષણું ન લાગી વાર. કાલિદાસ

ક્ષણુક્ષણું અ. ક્ષણેક્ષણે; દરઘડીએ; પળેપળે.

અલ્યે ને દલ્યે નહિ તેનો ક્ષણુંક્ષણું જો રોક. બાલાશ

ક્ષણેક અ. જરાવાર સુધી; પલવાર.

ક્ષણેક્ષણે અ પળે પળે; વારંવાર.

ક્ષત ૧. સ્ત્રી. દુનિયાનાં મનુષ્યો; પ્રજા.

૨. ન. આઘાત; સખત ફટકો.

૩. ન. કલંક, ડાઘ.

૪ ન. વસ્ત્રનું તે.

૫. [સં] ન. ઘા; જખમ; ઉઝરડા.

૬. ન. ચોરી નાખવું તે.

૭. ન જેમાંથી લોહી પરુ વહેતું હોય એવું ચાંદું, ઘારૂ

૮. ન. દુઃખ; પીડા.

૯. ન. નખોરિયું; ઉઝરડો.

૧૦. ન. નાશ.
૧૧. ન. ભયંકર નામનો રોગ.
૧૨. વિ. ઈજા પામેલું; ઘવાયેલું; જખમી; ઘાયલ.
૧૩. વિ. ઓછું થયેલું.
૧૪. વિ. ઘસી નાખેલ.
૧૫. વિ. ચીરી નાખેલ; ફાડી નાખેલું.
૧૬. વિ. નાશ પમાડેલ.
૧૭. વિ. પીડેલ; દુઃખ આપેલ.

ક્ષતકાસ [સં.] પું. (વૈદ્યક) એક જાતનો રોગ; ઉપરસના પાંચ માંહેનો એક પ્રકાર. શ્વાસ ચડે એવાં કામ વારંવાર કરવાથી અને લૂખું ખાવાથી વાયુ હૃદયમાં જઈને ઉપરસ ઉત્પન્ન કરે છે. તેનાથી પ્રથમ સૂકો ઠાંસો ને પછી લોહીવાળું થૂંક આવે, કેડ વગો દુઃખે, શ્વાસ નીકળે, સાંધે સાંધે પીડા થાય, તાવ અને તરસ હોય, તેમજ સ્વર ખોખરો થવાથી કબૂતરની માફક બોલ્યા કરે. આ રોગ મટાડવા ઘેબરાનું ચૂર્ણ મધ અને તાજા ઘીમાં લેવું.

ક્ષતઘ્ન [સં.] વિ. જખમ મટાડનાર.

ક્ષતઘ્રી [સં.] સ્ત્રી. રજા; લાખ.

ક્ષતચિહ્ન [સં.] ન. ધાનું ચિહ્ન.

ક્ષતજ ૧. [સં.] પું. એક જાતનો ઉપરસનો રોગ.
૨. સ્ત્રી. સાત જાતની તરસ માંહેની એક. આ તરસ શરીરમાં ઘા લાગવાથી અથવા ઘણું લોહી નીકળવાથી લાગે છે. તે શરીર ઉપર બીનાં કપડાં લપેટવાથી શાંત પડે છે.
૩. ન. પરુ.
૪. ન. લોહી.
૫. વિ. લોહીમાંથી ઉત્પન્ન થનાર.
૬. વિ. લાલ; રાતા રંગનું.

ક્ષતજ્વર [સં.] પું. ઘાના દુઃખથી આવેલો તાવ.

ક્ષતધર [સં.] વિ. ઘાયલ; ઘા કરેલું.

ક્ષતપુત્ર પું. શૂદ્રથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલ દીકરો.

ક્ષતમુખ [સં.] ન. ઘાનું મોઢું.

ક્ષતયોનિ [સં.] સ્ત્રી. જેનો પુરુષ સાથે સમાગમ થયો હોય તેવી સ્ત્રી; લગ્નના હક્ક ભોગવેલ સ્ત્રી

ક્ષતરક્ષક [સં.] વિ. ઘવાયાનું રક્ષણ કરનાર.

ક્ષતવિક્ષત ૧. [સં.] વિ. ઘાયલ; ઘા લાગેલું.
૨. વિ. જખમને લીધે છૂટુછવાયું થયેલું.
૩. વિ. બહુ જ આઘાત પહોંચેલું.

ક્ષતવૈદ્ય [સં.] પું. ઘા રૂઝાવવાની દવા જાણનાર વૈદ્ય.

ક્ષતશસ્ત્રુ [સં.] ન. ધારું; ચપ્પુ.

ક્ષતવ્રત [સં.] વિ. લીધેલ વ્રતનો ભંગ કરનાર; વ્રતભ્રષ્ટ.

ક્ષતહર ૧. [સં.] ન. અગરચંદન.
૨. ન. અગરચંદનનું ઝાડ.
૩. વિ. ક્ષતનો નાશ કરનાર.

ક્ષત્તા ૧. [સં. ક્ષદ્] પું. શૂદ્ર પુરુષથી ક્ષત્રિય સ્ત્રીને થયેલ દીકરો.
૨. પું. સારથિ.
૩. સ્ત્રી. પરપતિ પડેલાં કોઈ પુરુષ સાથે સંબંધ થઈ ચૂકો હોય તેવી કન્યા.

ક્ષતારિ [સં.] વિ. શત્રુઓનો નાશ કરનાર.

ક્ષતિ ૧. [સં.] સ્ત્રી. ક્ષય; લોપ; નાશ; ભય.
૨. સ્ત્રી. ખોડ; ઊણપ; ન્યૂનતા.
૩. સ્ત્રી. ઈજા; ક્ષત; ઘાય; ઘા
૪. સ્ત્રી. તોટો; ખોટ; ધક્કો.
૫. સ્ત્રી. નુકસાન; હાનિ.
૬. સ્ત્રી. મરણ; મૃત્યુ.
૭. સ્ત્રી. કુદરતેલી; અવ્યવસ્થા.
૮. સ્ત્રી. લાંછન; કલંક.

ક્ષતિકર ૧. [સં.] વિ. અવ્યવસ્થા કરે એવું.
૨. વિ. ઊણપ કરનાર.
૩. વિ. ક્ષય કરનારું; વિનાશકારી.
૪. વિ. છેદ કરનારું; ઘા કરનાર.
૫. વિ. નુકસાનકારક; ખોટકારક.
૬. વિ. લાંછન લગાડનાર; કલંક કરે તેવું.

ક્ષતિકારક જુઓ ક્ષતિકર.

ક્ષતિજનક જુઓ ક્ષતિકર.

ક્ષતિપૂરકપત્ર [સં.] ન. નુકસાની ભરપાઈનું જવાબદારીપત્ર; હાનિપૂરણપત્ર.

ક્ષતિપૂરકલેખ જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષતિપૂરણ ૧. [સં.] ન. અવેજ; પ્રતિફળ; બદલો.
૨. ન. નુકસાન ભરપાઈ કરવાની ક્રિયા.
૩. ન. પૂરું કરતો ભાગ.
૪. ન. સુધારણા; શુદ્ધિ.

ક્ષતિપૂરણપત્ર જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષતિપૂર્તિ પું. બદલો; નુકસાની ભરપાઈ કરવાપણું.

ક્ષતિપૂર્ત્તિતા [સં.] સ્ત્રી. જોખમેમ; નુકસાન ન થવાની હામી.

ક્ષતિપૂર્તિ ૧. [સં.] સ્ત્રી. નુકસાન ભરપાઈ કરવાની ક્રિયા; હામી.
૨. સ્ત્રી. પુરસ્કાર; બદલો.

ક્ષતિપૂર્તિપત્ર જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષત્તૃ ૧. [સં.] પું. દ્વારપાળ.
૨. પું. સારથિ.
૩. વિ. રથ ચલાવતાં શીખવનાર.

ક્ષતોદર [સં.] પું. એક જાતનો ઉદરરોગ; ક્ષતથી થયેલ પેટનો વ્યાધિ. તેમાં અજની સાથે પેટની, ધમનુ નગારું, લાકડું, કાટો વગેરે જવાથી આવતું ઉદ્દામ છે અને તેમાંથી રસ ગુદા વાટે ઝરે છે

ક્ષત્ત્રા ૧. [સં. ક્ષત્ર] પું. ક્ષત્રિય.
૨. પું. અર્જુનસખી.
૩ પું દાસીપુત્ર વિદુર.
૪. પું. દ્વારપાળ.
૫. પું. બ્રહ્મા.
૬ પું. શૂદ્રથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર દીકરો
૭. સ્ત્રી. માખણી
૮. વિ. રથ ચલાવનાર

ક્ષત્તા ૧. પું. દરવાન.
૨. પું. દાસીપુત્ર.
૩. પું (પુરાણ) વિદુરનું એક નામ.
૪. સ્ત્રી. એક જાતની વર્ણસંકર પ્રજા. બ્રાહ્મણ સ્ત્રી વણિક પુરુષ સાથે યોગતાં ક્ષત્તા નામની પ્રજા ઉત્પન્ન થાય છે.
૫. સ્ત્રી. માખણી

ક્ષત્ર ૧. પું. અમલ.
૨ પું (પુરાણ) એ નામનો એક યાદવ.
૩. [સં.] પું. ક્ષત્રિય.
૪. પું. દાસીપુત્ર.
૫ પું. વર્ણસંકર.
૬. પું. ત્રિપાર્ષિ; ગોહો.
૭. પું. હિંસા.
૮. સ્ત્રી. ક્ષત્રિય સ્ત્રી; ક્ષત્રિય જાતિ.
૯. ન. તમરનું ઝાડ.
૧૦ ન. તાકાત; શક્તિ; બળ.
૧૧. ન. ધન; દોલત
૧૨. ન. પાણી
૧૩ ન. રાષ્ટ્ર; રાજ્ય.
૧૪ ન શરીર

ક્ષત્રકર્મ [સં.] ન. ક્ષત્રિયને યોગ્ય કર્મ. અધ્યયન, દાન, યજ્ઞ, પ્રજાપાલન અને વિષયવાસનાથી દૂર રહેવું તે ક્ષત્રિયનાં કર્મ છે.

ક્ષત્રગણ્ય [સં] પું. ક્ષત્રિય સુભટોનું જૂથ.

ક્ષત્રતા [સં.] સ્ત્રી. ક્ષત્રિયપણું; રજપૂતત્વ.

ક્ષત્રદેવ ૧. પું. (પુરાણ) પૃષ્ટકુમ્નના પુત્રોમાંનો એ નામનો એક. તે ભીષ્મ પાસે શસ્ત્રવિદ્યા શીખ્યો હતો. મહાભારતના યુદ્ધમાં તે પાંડવ પક્ષમાં લડી મરણ પામ્યો હતો.

૨. પું. (પુરાણ) શિખંડીનો પુત્ર. મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષમાં લડી તે દુર્યોધનના પુત્ર લક્ષ્મણને હાથે મરાયો હતો

ક્ષત્રધર્મ [સં.] પું. ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ક્ષત્રિયનો ધર્મ.

ક્ષત્રધર્મા ૧. પું. (પુરાણ) પૃષ્ણુમ્નના પુત્ર માંહેનો એ નામનો એક. એને દ્રોણાચાર્યે માર્યો હતો.

૨. વિ. ક્ષત્રિય ધર્મનું પાલન કરનાર.

૩. વિ. વીર; પરાક્રમી.

ક્ષત્રધૃતિ [સં.] પું. એ નામનો એક વસુ. તે શ્રાવણની પૂર્ણિમાને દિવસે કરવામાં આવે છે.

ક્ષત્રપ ૧. પું. એક પ્રાચીન રાજવંશ. ઈરાનના પ્રાચીન માંડલિક રાજાઓ પણ ક્ષત્રપ કહેવાતા. આગળ જતાં ભારતના શક તથા ગુજરાતના એક પ્રાચીન વંશના રાજાઓએ પણ આ નામ ધારણ કર્યું હતું.

૨. સ્ત્રી. શક લોકોની એક જાત.

ક્ષત્રપતિ [સં.] પું. રાજા.

ક્ષત્રપ્રકોપ ૧. [સં.] પું. સખત જુલમ.

૨. પું. વધારે પડતી ક્ષત્રિયતા.

ક્ષત્રબંધુ ૧. પું. ક્ષત્રિય.

૨. [સં.] પું. નિંદાને લાયક ક્ષત્રિય; પતિત ક્ષત્રિય.

૩. વિ. ક્ષત્રિયનું કામ ન કરી શકનાર.

ક્ષત્રવટ સ્ત્રી. ક્ષત્રિયવટ; રજપૂતવટ.

ક્ષત્રવર્મા જુઓ ક્ષત્રધર્મા.

ક્ષત્રવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ધનુર્વિદ્યા; ક્ષત્રિયોની વિદ્યા.

૨. સ્ત્રી. ધનુર્વેદ.

૩. સ્ત્રી. યુદ્ધવિદ્યા.

ક્ષત્રવૃક્ષ [સં.] ન. એ નામનું એક ઝાડ; સુમકુંદ.

ક્ષત્રવૃદ્ધ ૧. [સં.] પું. (પુરાણ) તેરમા રંચિ નામના મનુના પુત્ર.

૨. પું. શ્રેષ્ઠ ક્ષત્રિય.

૩. પું. (પુરાણ) સોમવંશી આયુરાજાના પાંચ માંહેનો બીજો પુત્ર; નહુષ રાજાનો નાનો ભાઈ.

ક્ષત્રવૃદ્ધિ જુઓ ક્ષત્રવૃદ્ધ.

ક્ષત્રવેદ [સં.] પું. ધનુર્વેદ.

ક્ષત્રશ્રી [સં.] વિ. વીરતાના પ્રભાવવાળું.

ક્ષત્રંજય પું. (પુરાણ) ધૃષ્ટદ્યુમ્નના પુત્રમાંનો એ નામનો એક. મહાભારતના યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરાયો હતો.

ક્ષત્રાણી સ્ત્રી. ક્ષત્રિયાણી; ક્ષત્રિય જાતની સ્ત્રી; રજપૂતાણી.

ક્ષત્રાવણી જુઓ ક્ષત્રીવટ.

ક્ષત્રાંગના [સં.] સ્ત્રી. ક્ષત્રિયની સ્ત્રી.

ક્ષત્રાંતક [સં.] પું. પરશુરામ.

ક્ષત્રિ ૧. પું. કંચુકી.

૨. પું. મનુના મત પ્રમાણે શૂદ્ર પિતા અને બ્રાહ્મણ માતાનો પુત્ર.

૩. પું. વિદુર. તેનો બાપ બ્રાહ્મણ અને મા દાસી હતાં.

ક્ષત્રિની [સં.] સ્ત્રી. મજીઠ.

ક્ષત્રિય ૧. [સં.] પું. એ નામની જાતિનો પુરુષ

૨. પું. એક જાતનો રાતા રંગનો હીરો.

૩. પું. ક્ષણ; શક્તિ.

૪. પું. રાજકર્તા

એ જ પ્રમાણે **ક્ષત્રિય** (રાજકર્તા) માટે વિજય અને એવી બીજી રીતિ યોગ્ય છે.

હિંદુરાજ્યવ્યવસ્થા

૫. સ્ત્રી. એ નામની એક જાતિ; પ્રજાનું રક્ષણ કરનારી એક વીર રાજવંશી જાત; રજપૂત. આર્યોએ વર્ણના ચાર વિભાગ કર્યા હતા; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. સંસ્કૃતના મહાકવિ કાલિદાસ રઘુવંશમાં ક્ષત્રિયની વ્યાખ્યા એમ કરે છે કે, જુનાદ એટલે પ્રાણીઓને મારવા જવામાંથી જાતે એટલે બચાવે કે રક્ષણ કરે તે ક્ષત્રિય. વેદમાં કહ્યા પ્રમાણે ક્ષત્રિયો વિરાટ પુરુષના બાહુમાંથી ઉત્પન્ન થયા છે. તે વિષ્ણુના અંશરૂપ મનાય છે. આ વર્ણના લોકોનું કામ દેશનું શાસન અને શત્રુઓથી તેની રક્ષા કરવી તે છે. મનુ પ્રમાણે આ વર્ણના લોકોનું કર્તવ્ય વેદનો અભ્યાસ, પ્રજાપાલન, દાન અને યજ્ઞ કરવા તથા વિષયવાસનાથી દૂર રહેવું તે છે. વસિષ્ઠે આ વર્ણના લોકોનો મુખ્ય ધર્મ અધ્યયન, શાસ્ત્રનો અભ્યાસ અને પ્રજાપાલન બતાવેલ છે. આગળ રાજાના શાસક, સેનાપતિ અને યોદ્ધા બનીને ક્ષત્રિય જ બનતા. બ્રાહ્મણોની સાથે વધારે રહેવાથી ક્ષત્રિયોમાં બાસ કરીને રાજકીય વર્ગમાં શિક્ષણનો પ્રચાર સારો હતો. ક્ષત્રિય લોકો શરૂઆતમાં મદ્ય ન પીતા. જો કોઈ ક્ષત્રિય શરાબ પીતો તો તે શાસન કરવાને અયોગ્ય મનાતો. મહાભારત અને રામાયણમાં સૂર્ય અને ચંદ્રવંશીઓનાં વર્ણનો આવે છે અને આ વંશભેદ સમયની સાથે વધતો ગયો.

૬. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય; કયરોઈ.

૭. ન. એક જાતનું મોતી. તે ઝરણ જેવું તેવી અને મોટું હોય છે.

૮. વિ. એ નામની જાતનું.

ક્ષત્રિયકર્મ [સં.] ન. શાસ્ત્રમાં કહેલ ક્ષત્રિયને લાયક કર્મ. શૌર્ય, તેજ, ધૃતિ, દક્ષતા, યુદ્ધમાં પાછા ન હઠવું, દાન અને રાજ્યકર્તાપણું એ ક્ષત્રિયનાં કર્મ મનાય છે.

ક્ષત્રિયકા સ્ત્રી. ક્ષત્રિય જાતિની સ્ત્રી.

ક્ષત્રિયકુમાર પું. રાજકુમાર; રાજપુત્ર.

ક્ષત્રિયકુલ [સં.] ન. એ નામનું વૃષભદેવે સ્થાપેલ એક ક્ષત્રિય કુળ.

વૃષભદેવે રાજન્યકુળ, ક્ષત્રિયકુળ, ઉગ્રકુળ અને ભોગકુળ એવા ચાર કુળો સ્થાપ્યા હતાં

ગુ. સા. પરિષદ

ક્ષત્રિયકુલકિરીટ [સં.], વિ. ક્ષત્રિયકુળમાં મુગટરૂપ; ક્ષત્રિયમાં ઉત્તમ.

ક્ષત્રિયકુળ જુઓ ક્ષત્રિયકુલ.

ક્ષત્રિયકુંડ [સં.] ન. એ નામનું એક પ્રાચીન શહેર; કુંડપુર. ત્યાં મહાવીરનો જન્મ થયો હતો.

ક્ષત્રિયકુંડપુર ન. મહાવીર સ્વામીની જન્મભૂમિનું ગામ; સિદ્ધાર્થ રાજાની રાજધાનીનું ગામ.

ક્ષત્રિયતા [સં.] સ્ત્રી. ક્ષત્રિયપણું.

ક્ષત્રિયત્વ જુઓ ક્ષત્રિયતા.

ક્ષત્રિયધર્મ [સં.] પું. ક્ષત્રિયનો ધર્મ. અધ્યયન કરવું, યજ્ઞ કરવા, દાન કરવું, શત્રુથી આત્મરક્ષા કરવી અને પ્રાણીઓનું રક્ષણ કરવું એ ક્ષત્રિયના ધર્મ છે

ક્ષત્રિયપણું ન. ક્ષત્રિયમાં રહેલ ગુણ.

ક્ષત્રિયરત્ન [સં.] પું. ક્ષત્રિયમાં ઉત્તમ પુરુષ.

ક્ષત્રિયવટ સ્ત્રી. ક્ષત્રિયની જેમ; ક્ષત્રિયપણું; ક્ષાત્રત્વ.

ક્ષત્રિયવિદ્યા [સં.] સ્ત્રી. ક્ષત્રિયની ધર્મવિદ્યા આદિ વિદ્યા; બાણીસ માંહેની એક વિદ્યા.

ક્ષત્રિયવ્રણ [સં.] પું. પરશુરામ.

ક્ષત્રિયા [સં.] સ્ત્રી. ક્ષત્રિયાણી; ક્ષત્રિય જાતિની સ્ત્રી.

ક્ષત્રિયાત્યાર્યા સ્ત્રી. (પિંગળ) એક આર્યા માત્રામેળ છંદ

ક્ષત્રિયાણી ૧. સ્ત્રી. ક્ષત્રિયા; ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલ સ્ત્રી.

૨. સ્ત્રી. બહાદુર સ્ત્રી.

ક્ષત્રિયાધ્ય [સં.] વિ. ક્ષત્રિયમાં મુખ્ય.

ક્ષત્રિયાધમ [સં.] પું. અધમ ક્ષત્રિય; નીચ ક્ષત્રિય

ક્ષત્રિયિકા જુઓ ક્ષત્રિયા.

ક્ષત્રિયી જુઓ ક્ષત્રિયા.

ક્ષત્રિયોચિત [સં.] વિ. ક્ષત્રિયને યોગ્ય; ક્ષત્રિયને શોભે તેવું.

ક્ષત્રિયોત્તમ [સં.] વિ. ક્ષત્રિયમાં શ્રેષ્ઠ.

ક્ષત્રી ૧. પું. કયૈદી લોકોનો દેશ. એ લોકો રાવી અને બિયાસ નદીની વચ્ચેના પ્રદેશમાં રહેતા હતા. એમની રાજધાની સંગલમાં હતી.
૨. પું. ક્ષત્રિય.
૩. સ્ત્રી. એ નામની એક જાતિ.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. વિ. એ નામની જાતિનું.

ક્ષત્રીકુંડ સ્ત્રી. એ નામની નગરી. તે મહાવીર સ્વામીના પિતા સિદ્ધાર્થની રાજધાનીનું શહેર હતું.

ક્ષત્રીજાયો પું. ક્ષત્રિય.

ક્ષત્રીધર્મ પું. રજપૂતની ફરજ. અધ્યયન કરવું, યજ્ઞ કરવા, દાન કરવું, શસ્ત્રથી આજીવિકા ચલાવવી અને ભૂતરક્ષણ એ ક્ષત્રિયના ધર્મ છે.

ક્ષત્રીપઠ સ્ત્રી. ક્ષત્રિય જાતનું ગિરદ; ક્ષત્રિય જાતનું અભિમાન.

ક્ષત્રીવૃત્તિ સ્ત્રી. લડાયક વૃત્તિ; ક્ષત્રિયનો જુસ્સો.

ક્ષત્રોપેક્ષ પું. (પુરાણ) અઠ્ઠાવન માદવના તેર મહિનો એક પુત્ર.

ક્ષથોઈ જુઓ ક્ષત્રિય.

ક્ષદન [સં.] ન. હળવે હાથે ચપ્પુથી શરીરના ભાગને કાપ્યા વગર ખોતરીને છોલી કાઢવું તે.

ક્ષપ્ ૧. [સં.] અ. ક્રિ. ઉપવાસ કરવો.
૨. અ. ક્રિ. ગેરહાજર રહેવું.
૩. સ. ક્રિ. ચૂકો જવું.
૪. સ. ક્રિ. ફેંકવું.
૫. સ. ક્રિ. મોકલવું.
૬. સ. ક્રિ. (ધાતુ) સહન કરવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષપિત.

ક્ષપક ૧. પું. જૈન અથવા બૌદ્ધ સાધુ.
૨. વિ. કર્મોનો ક્ષય કરનાર.

ક્ષપકશ્રેણિ જુઓ ક્ષપકશ્રેણી.

ક્ષપકશ્રેણી સ્ત્રી. (જૈન) કર્મનો નાશ કરવાની પરિપાટી; આત્મગુણ પ્રગટ કરી ગુણસ્થાનકે ચડવાના બે માર્ગમાંનો એ નામનો એક રસ્તો. આ રસ્તે ચડેલ માણસ કદી ગુણસ્થાનકમાં પડતો નથી, પણ ઊંચે જ ચડતો રહે છે. છેવટે તે પરમ પદને પામ કરે છે.

ક્ષપણ ૧. [સં.] પું. જૈન અથવા બૌદ્ધ સાધુ; રાગદ્વેષનો ત્યાગ કરેલ શ્રમણ.
૨. પું દિગંબર સાધુ.
૩. પું. શિવ.
૪. ન ઉપવાસ.
૫. ન. કર્મનો ક્ષય; નિર્જરા.
૬. ન. ગાળવું તે.
૭. ન. પ્રકરણ; અધ્યાય.
૮. ન. ફેંકવું તે; દૂર કરવાપણું.
૯. વિ. દૂર કરનાર.
૧૦. વિ. નિર્લજ્જ; બેશરમ.

ક્ષપણક ૧. [સં.] પું. એ નામનો એક કવિ. તે વિક્રમાદિત્યના નવ રત્ન માંહેનો એક હતો. તેણે અનેકાર્થધ્વનિમંજરી નામનો કોશ બનાવ્યો હતો.
૨. પું. એ નામનો એક નાસ્તિકવાદી. મહાભારતના યુદ્ધ પછી અવ્યવસ્થા અને ગોટાળો થઈ જતાં સૌ કોઈ પોતપોતાની મરજી પ્રમાણે વર્તતા હતા. એ વખતે નાસ્તિકવાદી ક્ષપણક થયો હતો. ઈશ્વર નથી, પુનર્જન્મ નથી, પાપપુણ્ય નથી અને શરીરને ગમે તેવાં કાર્યથી પુષ્ટ અને સુખી રાખવું એ જ સાચો ધર્મ છે એમ તેણે બતાવ્યું. આ ઉપદેશ નાથ પામ્યો તોપણ તેની અસર ઝાઝી નહિ અને એમાંથી જ બૌદ્ધ મત થયો એમ કહેવાય છે.
૩. પું. દિગંબર સાધુ
૪. પું. બૌદ્ધ સંન્યાસી; મૂંડિયો સાધુ; ભિક્ષુ.
૫. વિ. નિર્લજ્જ; બેશરમ.

ક્ષપણા સ્ત્રી. અભ્યાસ; અભ્યાસ.

ક્ષપણી ૧. [સં.] સ્ત્રી. ઝોળી.
૨. સ્ત્રી. માબાપ વગરની બાળા.
૩. સ્ત્રી. હોળીનું બળેલું.

ક્ષપા ૧. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૨. [સં.] સ્ત્રી. રાત્રિ; રાત.
ક્ષપણા ક્ષપા તપસ્વિની તમી તમિસ્રા હોઈ;
નિશા શર્વરી વિભાવરી સખી ત્રિયામા સોઈ.
પિંગળપ્રકાશ
૩. સ્ત્રી. હળદર

ક્ષપાઅંધ વિ. રતાંધળું; રાત્રિએ ન દેખનાર.

ક્ષપાકર ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ.

ક્ષપાચર ૧. [સં.] પું. ચંદ.
૨. પું. ચોર.
૩. પું. નિશાચર; રાક્ષસ.
૪. વિ. રાત્રિમાં ફરનાર.

ક્ષપાચરી [સં.] સ્ત્રી. રાક્ષસી; નિશાચરી.

ક્ષપાજલ [સં.] ન. હિમ.

ક્ષપાટ ૧. [સં.] પું. ગણિત.
૨. વિ. રાત્રિમાં ભટકનાર.

ક્ષપાદિવા [સં.] ન. બ. વ. રાતદિવસ; રાત્રિ અને દિવસ.

ક્ષપાધર જુઓ ક્ષપાનાથ

ક્ષપાનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્રમા.

ક્ષપાપતિ ૧. [સં.] પું. કપૂર. પાંદડાના આકારનો આ કપૂર તૃપાને મટાડનારો હોવાથી તે ક્ષપાપતિ કહેવાય છે.
૨. પું. ચંદ્રમા; ચાંદો.

ક્ષપાવિચ્છેદ પું. (પુરાણ) ઝાંખી સંતાવાળો અંગિરા કુળનો એક ઋષિ.

ક્ષપાંત [સં.] પું. સવાર; પ્રભાત; ભોર.

ક્ષપિત ૧ [સં.] વિ. ક્ષીણ, નબળું, પાતળું.
૨. વિ. ઘટેલું; ઓછું થયેલું.
૩. વિ. નાશ પામેલ.
૪. વિ. સહન કરેલું.

ક્ષપ્ર અ. તરત; એકદમ.

ક્ષમ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ક્ષમા કરવી; સહન કરવું; ખમવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ક્ષમા, ક્ષંતા, ક્ષંતવ્ય, ખમા, ખમતુ.
૨. સ. ક્રિ. રજા દેવી; પરવાનગી આપવી.
૩. સ. ક્રિ. રાહ જોવી; ખોળવું
૪. સ. ક્રિ. શક્તિમાન થવું.
૫. સ. ક્રિ. સામું થવું; વિરુદ્ધ પડવું.

ક્ષમ ૧. [સં.] પું. યથાર્થતા; વાજબીપણું.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વશક્તિમાન હોવા છતાં ક્ષમા કરનારા છે. વળી સહન કરનારા તથા નિર્વૈર પણ તે જ છે. તેથી ક્ષમ કહેવાય છે.
૩. પુ. શક્તિ; બળ.
૪. ન. પુલ
૫. વિ ક્ષમાવાળું; સહનશીલ; સહન કરી શકે એવું.
૬. વિ. ધીરજવાળું.
૭. વિ યથાર્થ; યોગ્ય; વાજબી.
૮. વિ શુભ; હિતકર.
૯ વિ. સમર્થ; શક્તિમાન; સાધી શકે એવું.

ક્ષમક્ષણી સ્ત્રી. રુક્મિણી; કૃષ્ણની પત્ની.
એક મને હુ સ્તવી શાનકે,
સિધર કરીયા વર ક્ષમક્ષણી. નાકર

ક્ષમજ્ઞ ૧. પું તપ; વ્રત.
૨. પું. સહનશીલતા રાખનાર સાધુ.
૩. ન. ક્ષમા; માફી
૪. ન. ક્ષાંતિ; સહનશીલતા.

ક્ષમણીય [સં.] વિ. માફ કરવા યોગ્ય; ક્ષમા કરવા લાયક.

ક્ષમતા ૧. [સં.] સ્ત્રી. ક્ષમાભાવ; સહનશક્તિ; સહનશીલતા.
૨. સ્ત્રી. ગ્રહણશક્તિ; ધારણશક્તિ.
૩. સ્ત્રી. યોગ્યતા; લાયકી.
૪. સ્ત્રી. શક્તિ; બળ; સામર્થ્ય.
૫. સ્ત્રી. શબ્દમાં રહેલ અર્થપ્રકાશન સામર્થ્ય.
૬. સ્ત્રી. સત્તા; અધિકાર; અખત્યાર.

ક્ષમત્વ જુઓ ક્ષમતા.

ક્ષમવું સ. ક્રિ. ક્ષમા આપવી; ખમી લેવું.

ક્ષમા ૧. પું. (પિંગળ) અર્ધસમમાત્રિક એક માત્રામેળ છંદ. તે વર્ણવાળી આર્યા છંદનો ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૧૬ લઘુ મળી ૩૫ વર્ણ અને ૫૭ માત્રા હોય.
૨. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં ભગણ, ભગણ, સગણ, ભગણ, ત્રણ નગણ અને ગુરુ મળી બત્રીસ અક્ષર હોય છે.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રિકા; ઉત્પલિની. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, તગણ, તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
૪. પું. વિષ્ણુવંશ ૧૬ અને ઉત્તર ફાલ્ગુનિ ૨૪માં આવેલો ચોથા મહત્ત્વનો તારો.
૫. સ્ત્રી. અળસી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. એ નામની બાર માંહેની સૂર્યની એક કલા. તપિની, તાપિની, ધૂમ્રા, મરીચિ, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી ને ક્ષમા એ સૂર્યની બાર કલાનાં નામ છે.
૭. સ્ત્રી. એકની સંખ્યા.
૮. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની એક કન્યા.
૯. સ્ત્રી. દુર્ગાદેવીની એક શક્તિ.
૧૦. સ્ત્રી. પૃથ્વી.
પૃથ્વી સ્થિતિ ક્ષોણિ ક્ષમા ધરણી ધાત્રી ગાય; ઉર્વી જગતી વસુમતી વસુધા સર્વે સ્તનય. પિંગળસારસંગ્રહ
૧૧. સ્ત્રી. માન અપમાનમાં ચિત્તની અવિકારતા.
૧૨. સ્ત્રી. રાત્રિ.
૧૩ સ્ત્રી. રાધિકાની એ નામની એક બહેનપણી.
૧૪. સ્ત્રી. વેત્રવતી નદીનું બીજું નામ
૧૫. સ્ત્રી. સહિષ્ણુતા; સહનશીલતા; દરગુજર કરવું તે; આમોશી; માફી.
૧૬. ન. ખેરનું ઝાડ.

ક્ષમાકર વિ. ક્ષમા કરનાર; માફી આપનાર.

ક્ષમાક્ષમણ ૧. પું. (જૈન) ક્ષમાવાળો સાધુ.
૨. ન. ક્ષમાપૂર્વક સહન કરવું તે; સહિષ્ણુતા.

ક્ષમાક્ષેત્ર પું. શિવ; હર.

ક્ષમાગાર જુઓ ક્ષમાક્ષેત્ર.

ક્ષમાદૃષ્ટિ [સં.] સ્ત્રી. માફીભાવ; ક્ષમાની નજર.

ક્ષમાધર ૧. [સં.] પું. ક્ષમા ધારણ કરનાર પુરુષ.
૨. પું પર્વત; પહાડ; ગિરિ.
૩. પું. પૃથ્વી ધારણ કરનાર શેષનાગ; ધરાધર.
૪. પું. વિષ્ણુ; બાહુબળ.
૫ વિ. ક્ષમાશીલ; દરગુજર કરનાર.
૬. વિ. આમોશી રાખનાર; સહન કરનાર.

ક્ષમાનિધિ [સં.] પું. ક્ષમાનો ભંડાર.

ક્ષમાપઠ (ક્ષમાપઢ) ન. પૃથ્વીની સપાટી.

ક્ષમાપતિ ૧. [સં.] પું. રાજા.
૨. વિ. અતિશય ક્ષમાના ગુણવાળું.

ક્ષમાપત્ર [સં.] ન. રાજદ્રોહી ગુનેગારને માફી આપવાનું જાહેરનામું; માફીપત્રિકા

ક્ષમાપત્રિકા જુઓ ક્ષમાપત્ર.

ક્ષમાપના ૧. [સં.] ન. ક્ષમા કરવાનું કામ; માફી.
૨. ન. માફી માગવાપણું; ખમાવવું તે; ક્ષમાપના.

ક્ષમાપના ૧. [સં.] સ્ત્રી. (જૈન) દોષનો પશ્ચાત્તાપ; અપરાધની માફી માગવી તે; ખમાવવું તે; ખમતખામણાં.
૨. સ્ત્રી. માફી.

ક્ષમાપાત્ર [સં.] વિ. માફ કરવા યોગ્ય; માફી આપવા જેવું.

ક્ષમાપાલિ પું. (પિંગળ) ગાયત્રી છંદની જાતનો એક વર્ણમેળ છંદ. તેમાં જગણ અને તગણ મળી છ અક્ષર હોય છે
૦ ક્ષમાપાલિકા. સંજ્ઞા પિંગળ

ક્ષમાપ્રાર્થી [સં. ક્ષમાપ્રાર્થિન્] વિ. માફી માગનાર.

ક્ષમાભુજ [સ.] પું. રાજા.

ક્ષમાભૂષણ [સં.] વિ. ક્ષમારૂપી અલંકારવાળું.

ક્ષમામય જુઓ ક્ષમાવાન

ક્ષમામૂર્તિ [સં.] વિ. અતિશય ક્ષમા દર્શાવનારું.

ક્ષમાયાતના સ્ત્રી. ક્ષમા માગતાં થતું દુઃખ.

ક્ષમાયુક્ત જુઓ ક્ષમાવાન.

ક્ષમાર્હ વિ. માફી આપવા યોગ્ય.

ક્ષમાવવું ૧. સ. ક્રિ. ખમાવવું; કરેલ દોષ માટે માફી માગવી.
૨. સ. ક્રિ. માફ કરવું.

ક્ષમાવંત ૧. પું. (પુરાણ) રૈવત ઋષિના બે માંહેનો એક પુત્ર.
૨. પું (પુરાણ) પ્રત્યૂષ નામના વસુનો પુત્ર.
૩. જુઓ ક્ષમાવાન.

ક્ષમાવાદી ૧. [સં. ક્ષમાવાદિન્] વિ. ક્ષમા આપનાર; માફ કરે એવું.
૨. વિ. ક્ષમા માગનારું; માફી માગનારું.

ક્ષમાવાન ૧. વિ. ક્ષમાવાળું; દયાળુ.
૨. વિ. સાંખી રહેનાર; સહનશીલ; સહિષ્ણુ.

ક્ષમાવ્રત [સં.] ન. ગુરુ પાસે દોષની કબૂલતથી કરાતું પ્રાયશ્ચિત્ત; પાપ ધોવા માટે લેવાતું વ્રત; આળોવણ.

ક્ષમાશીલ ૧. [સં.] વિ. ક્ષમાવાન; માફ કરનારું.
૨. વિ. શાંત પ્રકૃતિવાળું.
૩. વિ. સહનશીલ; સહિષ્ણુ.

ક્ષમાશીલતા ૧. [સં.] સ્ત્રી. ક્ષમા કરે એવો સ્વભાવ
૨. સ્ત્રી. રહેમિયત; દયા.
૩. સ્ત્રી. સહનશીલપણું.

ક્ષમાશ્રમણ [સં.] પું. ક્ષમાના ગુણવાળો સાધુ.

ક્ષમાષ્ટ પું. (સંગીત) સોળ પ્રકારના તાલ માંહેનો એક તાલ.

ક્ષમાળુ [સં. ક્ષમાલુ] વિ. માફી આપનારું; દયાળુ.

ક્ષમિણાંવર ૧. [સં. ક્ષમિન્ (ક્ષમાવાળું) + વર (શ્રેષ્ઠ)] પું. ક્ષમાવંતોમાં ઉત્તમ પુરુષ.
૨. પુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સહનશક્તિ ધરનારાઓમાં ઉત્તમ, ક્ષમા કરનારાઓમાં શ્રેષ્ઠ, અનંત કોટિ જન્મોનાં કરેલાં પાપ અને પુણ્યરૂપ કર્મોને ભસ્મ કરી ફરી સ્વરૂપજ્ઞાન કરાવનારા, શરણે આવેલાને અભયદાન કરનારા, અશરણના શરણ અને સર્વશક્તિમાન હોવાથી ક્ષમિણાંવર કહેવાય છે.

ક્ષમિત [સં] વિ. ક્ષમા કરેલ; માફી આપેલું.

ક્ષમિતવ્ય [સ.] વિ ક્ષમા કરવા યોગ્ય; માફ કરી શકાય એવું

ક્ષમી ૧. [સં. ક્ષમિન્] વિ. આમોશીવાળું; માફ કરવાના સ્વભાવવાળું.

૨. વિ. શાંત પ્રકૃતિવાળું.
૩. વિ. સમર્થ; શક્તિમાન.

ક્ષમોપાધિ [સં] સ્ત્રી. માફીની શરત.

ક્ષમ્ય [સં.] વિ. માફ કરવા જેવું; ક્ષમા આપી શકાય એવું.

ક્ષય ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક યોગ. જુઓ યોગ.
૨. પું. અવનતિ; દુર્દશા.
૩. પું. અંત; સમાપ્તિ; છેડો.
૪. પું. એ નામે એક વૈદિક સ્તોત્રસમૂહ; ઋક્સંહ.
૫. પું. એક જાતનો મહિનો; ક્ષયમાસ.
૬. પું. ઘસારો; જવાબદારી; ક્ષીણ થવું તે; ઘટાડો.
૭. પું. ચંદ્રની કળા ઓછી થતી જતી તે.
૮. પું. જમીનનો ધસારો.
૯. પું. નાશ; લય; ઉચ્છેદ.
૧૦. પું. નિરોધ; અટકાવ.
૧૧. પું. પ્રભવથી સાઠમો સંવત્સર; સાઠ માંહેનો છેલ્લો સંવત્સર. તે બહુ અમાનક અને ઉપદ્રવકારી કહેવાય છે.
૧૨. પું. પ્રલય; કયાંત.
૧૩. પું. ફેફસાંનો એક રોગ; રાજરોગ; રાજક્ષમા; ધાતુક્ષય; એન. આ ચેપી રોગ પ્રાણીઓના શ્વાસોચ્છ્વાસ મારફત ફેલાય છે. માણસો ઉપરાંત બધી જાતનાં જાનવરોને તેમ જ પક્ષીઓને પણ તે લાગુ પડે છે. તેનું મારણ અમુક જાતનાં જંતુ છે. આ જંતુ પ્રાણીઓનાં શરીરમાં દાખી શકે છે. બંધ હવાવાળાં મકાનોમાં તે જલદી ફેલાય છે. ખુલ્લી હવામાં તે જલદી ફેલાતાં નથી. સૂર્યના તડકામાં તરત મરી જાય છે. ક્ષયવાળાં ફેફસાંવાળાં પશુઓનાં દૂધ મારફત પણ તે ફેલાતો હોવાથી માણસોને આ રોગ ઘણો જ લાગ જરૂરનો છે. ઘણાં કુટુંબમાં આ રોગ વારસા તરીકે પણ ઊતરે છે. બરાબ ખોરાકથી, તમાકુ અને દારૂ વગેરે કેફી વસ્તુઓ બનતાં પીવાનો બહારનો રાખવાથી અથવા ઘરની ઉમરે સંસારમાં પડવાથી તેમ જ બનતાં જ ચિંતા રાખવાથી શરીરમાં નબળાઈ પેદા થઈ આ રોગ લાગુ થાય. ક્ષયની શરૂઆત જોવી તો અનાડી રીતે થાય છે કે ઘણી વેળા તેનું મૂળ મજબૂત રોપાય છે. તેથી સાધારણ જોનારને તે વિષે કશો વિચાર આવતો નથી. કેટલીક વખત શરૂઆતમાં જરા ખાંસી બહુ દિવસો સુધી મટ્યા કરે, અને આખર જતાં તે સવારના બળખા. તેમાં વધારો થઈ ખાંસીનું જોર વધે અને તે કાયમ રહે. તેની સાથે થોડો ચીકણો, પાતળો બલગમ પડે. આ ખાંસી થતી વેળા ગળામાં ખરાટી લાગે છે અને રોગીનો અવાજ બેરો થઈ જાય છે. ખાંસી ઘણા દિવસ રહેવાથી રોગીનો શ્વાસ બાકાઈ આવે છે અને થોડી મહેનત કર્યાથી પણ તેને હાંફણ થઈ આવે છે. શરીરમાં નબળાઈ વધવા લાગે અને રોગી ધીમે ધીમે સુકાતો જાય. આ રોગ નાની ઉમરે બહુ થાય છે. વૈદિક સમયના આર્યો પણ આ પ્રાણઘાતક રોગથી બીતા અને તેને હઠી કાઢવા માટેનાં બે સૂક્તો વેદમાં જોવામાં આવે છે. શરીરના સ્વાભાવિક વેગો રોકવાથી, ઉપવાસથી, ચિંતાથી કે ભયથી આ રોગ થાય છે. તેની ત્રણ સ્થિતિ છે: (૧) પહેલી સ્થિતિ: ખાંસી, દમ, શ્વાસ, નબળાઈ, ઉતાવળા નાડી, કરડી બેચાતો જાય, જખમ પડી નાડી વધુ ઉતાવળી અને, સાંજે હાથ પગમાં દાહ અને તાવ. (૨) બીજી સ્થિતિ: ફેફસાં સડી આવે, કફ પડે, ગાયા થાય, છાતી પોલી થાય, હાંસડી બેઠેલી અને તાવ જબરાઈ. આ અવસ્થામાં ઠીક ચિકિત્સા થાય તો રોગી બચી શકે છે. (૩) ત્રીજી સ્થિતિ: પાંસળી વચ્ચે ખાડા અને દરદવાળી જગ્યા બેઠેલી માલૂમ પડે, રોગી નિસત્ત્વ થઈ જાય અને મોઢેથી વધારે લોહી પડે. આ સ્થિતિ તદ્દન અસાધ્ય છે. આ રોગ બહુખરું ફેફસામાં થાય છે. શ્વાસોચ્છ્વાસ બરાબર આવતા નથી. ઉધરસ થાય છે. પ્રાણી દૂબળું પડતું જાય. દૂધાળાં ઢોરને આ રોગ આબરૂમાં થાય છે. આખું કઠણ અને ઓછું થતું જાય, દૂધ ઓછું, પાતળું અને પીળું થતું જાય અને આખરે બંધ થાય. આ દૂધ જેના પીવામાં આવે તેને પણ તે રોગ લાગુ પડે. આતરડાં બગડ્યાં હોય ત્યારે પેટમાં દુખવાનાં ચિહ્ન માલૂમ પડે. પેટની છૂટવાની શરૂઆત થાય તે લાંબો વખત જારી રહે અને પ્રાણી ક્ષીણ થતું જાય. સ્વચ્છ હવાવાળાં વિશાળ મકાનોમાં પ્રાણીઓને પૂર્ણ આરામમાં રાખવાથી આ રોગ અટકે છે. ક્ષયનાં જંતુ ઘણાં જ ઝીણાં હોય છે અને તે ફક્ત સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય છે. આ જંતુ શ્વાસમાં જવાથી ક્ષય ઉત્પન્ન થાય છે. ક્ષયના રોગીના થૂકમાં તે અગણિત હોય છે. રોગી જમીન ઉપર, દીવાલ ઉપર, જાહેર જગ્યા બાનગી જગ્યામાં થૂંકે અને આ થૂંક સુકાય ત્યારે તેનાં રજકણો જે બીજાના દમ વાટે તેના શરીરમાં પ્રવેશ થાય તો તેને ક્ષયનો રોગ લાગુ પડવાનો સંભવ છે. ક્ષયના દરદીએ પોતાની પાસે એક થૂંકદાની રાખવી અને તેમાં થોડુંક કારબોલિકનું દ્રાવણ રાખવું અને જ્યારે થૂકવું હોય ત્યારે તેમાં જ થૂંકવું. બાકી થૂંકદાની એવે સ્થળે બાળી કરવી જોઈએ કે જ્યાંથી તેનો ફેલાવો ન થાય. વળી તેને ગરમ પાણીથી ધોઈ સાફ કરવી જોઈએ જે ક્ષયનો દરદી રૂમાલમાં બળખા કાગળમાં થૂંકવાનું પસંદ કરે તો તે કપડું બળખા કાગળ પણ બાળી નાખવો જોઈએ. ક્ષયના દરદીએ એકલાએ જ સૂવું અને સૂવાના ઓરડાનાં બારીબારણાં ખુલ્લાં રાખવાં. બિછાનાની ચાદર અને પહેરવાનાં કપડાં ગરમ પાણીમાં બોળી પછી ધોવાં જોઈએ અને બીજાં કપડાંઓથી તેને જુદાં રાખવાં જોઈએ. ક્ષયનાં જંતુ ફેફસામાં જવા ઉપરાંત આંતરડાંમાં તેમ જ શરીરના બીજા ભાગમાં પણ જઈ શકે છે અને આંતરડાંનો ક્ષય વગેરે થાય છે. માતાને ક્ષય રોગ હોય તો તેણે પોતાનું દૂધ બચ્ચાંને પાવું નહિ. ગાય વગેરેનું દૂધ પણ ગરમ કર્યા વગર લેવું નહિ. સૂર્યનો તડકો અને ખુલ્લી હવા એ ક્ષયનાં જંતુઓના ખાસ દુશ્મન છે, માટે દરદીને તડકાનો ને ખુલ્લી હવાનો લાભ મળે તેમ રાખવો. દારૂ ક્ષયના રોગીને ઝેર સમાન છે. ક્ષયના દરદીએ થૂંક ગળી જવું નહિ. આવા રોગીને દૂધનો ખોરાક અને કોડલીવર ઓઇલ આપવું અને ડાક્ટર તબીબની સલાહ લેવી. આ ભયંકર રોગ હોવાથી બાબુ મારી બેસી રહેવું ન જોઈએ. સિતોપલાદિ ચૂર્ણ સવાર સાંજ ૫ તોલો મધ અને ઘી સાથે ચાટવું. મધ અને ઘી સરખા વજને લેવાં નહિ. ઉપર બકરીનું દૂધ લેવું. સોનાનો વરખ આ રોગમાં ફાયદો કરે છે. અરડૂસીનો રસ પણ ફાયદાકારક મનાય છે.
૧૪. પું. રહેઠાણ; નિવાસ.
૧૫. પું. વિરામ; શાંતિ.
૧૬. પું. ક્રમોર્ઝ રોગ
૧૭. પું. હાનિ; ખોટ.
૧૮. સ્ત્રી. ક્ષયતિથિ; મહિનાનો ક્ષય પામેલો દિવસ.
૧૯. ન. બસો ચોરાણું જાતનાં ઘરોમાંનું એક જાતનું ઘર. તેની પશ્ચિમે અને ઉત્તરે એક એક ત્રિકોણ હોય છે.
૨૦. વિ. ઓછાની નિશાનીવાળું; — આવી નિશાની હોય એવું.
૨૧. વિ. ઓછું થતું; ઘટતું.

ક્ષયકારિણી [સં.] વિ. સ્ત્રી. નાશ કરનારી.

ક્ષયકારી [સં. ક્ષયકારિન્] વિ. ધીમે ધીમે આવી જનારું; નાશકારી.

ક્ષયકાલ [સં.] પું. દુનિયાનો નાશ; પ્રલય.

ક્ષયકાસ [સં] પું. ઉધરસના પાંચ માંહેનો એક પ્રકાર; ક્ષયની ઉધરસ. કુપથ્ય અને વિષમાશન કરવાથી, બહુ મૈથુન કરવાથી,

મળમૂત્ર રોકવાથી, વધુ શોક કરવાથી, વધુ સ્ત્રીથી માણસને બંદામિ થઈ વાત, પિત્ત અને કફ એ ત્રણેના કોપથી ક્ષયરોગની આસી પેદા થાય છે. એનાથી શરીર ક્ષીણ થઈ તાવ, દાહ અને મોહ થાય ત્યારે કેહ ટકતો નથી. એ રોગી સફો આંસે છે, દુબળો થતો જાય છે અને માસ અને લોહી સુકાય છે. તે પક્ક થૂકે ત્યારે તેનો રોગ અસાધ્ય જાણવો.

ક્ષયકુઠાર [સં.] પું. ક્ષય રોગનો નાશ કરનાર એ નામનું એક ઔષધ.

ક્ષયગ્રસ્ત ૧. [સં.] વિ. ક્ષયના રોગથી ઘેરાયેલું.

૨. વિ. નાશને પંથે પડેલું.

ક્ષયગ્રંથિ સ્ત્રી. ક્ષયરોગની ત્રીજી ત્રીજી ગાંઠ.

ક્ષયજ ૧. [સં.] પું. ક્ષયથી થયેલ ઉધરસ.

૨. વિ. ક્ષયથી ઉત્પન્ન થનાર.

ક્ષયજશિરોરોગ [સં.] પું. એક જાતનો માથાનો રોગ. તેમાં માથામાં સખ્ત દુઃખ થાય છે.

ક્ષયજ્ઞાની પું. (જૈન) કેવળી; આવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવળ જ્ઞાનવાળો મનુષ્ય.

ક્ષયજ્વર [સં.] પું. ક્ષયના રોગથી આવતો તાવ; ક્ષયોજ્વર.

ક્ષયણ ૧. પું. ઘંડેર; ઝાડ.

૨. વિ. વસવા યોગ્ય દેશમાં રહેનાર.

ક્ષયતરુ [સં.] ન. એક જાતનું ઝાડ; સ્થાલીદ્રુમ; પીપળ.

ક્ષયતાપ [સં.] પું. (વેદાંત) પુણ્યકર્મનો ક્ષય થવાથી સ્વર્ગાદિ લોકમાંથી નીચે પડવાના ક્ષયથી ઉત્પન્ન થયેલ દુઃખ.

ક્ષયતિથિ ૧. [સં.] સ્ત્રી. જેનો લોપ થતો હોય તેવી તિથિ. જે બે પાસે પાસેના દિવસોની સૂર્યોદયની વચમાં એક આખી તિથિ સમાઈ જતી હોય તો તે ક્ષયતિથિ થાય છે, એટલે તે દિનગણનામાં આવતી નથી.

૨. સ્ત્રી. માસિક શ્રાદ્ધતિથિ; માસીસો.

૩. સ્ત્રી. સંવત્સરી; વરસી.

ક્ષયથુ [સં.] પું. ઉધરસનો રોગ; ખાંસી.

ક્ષયદિવસ જુઓ ક્ષયતિથિ.

ક્ષયદ્વીર ૧. પું. ઘંડેર; ઝાડ.

૨. વિ. બળવાન દુશ્મનનો નાશ કરનાર; વીરોને હણનાર.

ક્ષયનારાન [સં.] વિ. ક્ષય રોગ મટાડનાર.

ક્ષયનાશિની [સં.] સ્ત્રી. જીવંતી વૃક્ષ.

ક્ષયપક્ષ ૧. [સં.] પું. કૃષ્ણપક્ષ; અંધારિયું.

૨. પું. તેર દિવસનું પખવાડિયું.

ક્ષયપક્ષ [હિં.] પું. કૃષ્ણપક્ષ; અંધારિયું.

ક્ષયપ્રાપ્ત [સં.] વ. ક્ષીણતા; નબળાઈ.

ક્ષયમાસ પું. (જ્યોતિષ) આઠ માસનો ક્ષય હોવો તે.

ક્ષયમાષ ૧. સ્ત્રી. ખાંસી; ઉધરસ.

૨. વિ. દમિયલ; દમના રોગવાળું.

ક્ષયમાસ પું. ચંદ્રમાસમાં સૂર્ય બે સંક્રાંતિમાં એટલે એક રાશિનો પૂર્ણ ભોગ કરી બીજી રાશિમાં પ્રવેશ કરતો હોય તેવો ચંદ્રમાસ. બે એક સૌર ચંદ્રમાસમાં સૂર્યની બે સંક્રાંતિ આવે તો પહેલી સંક્રાંતિ ઉપરથી આવતો માસ ક્ષયમાસ થાય છે એટલે તે માસ ગણનામાં આવતો નથી. હાલમાં સૂર્યની ગતિ કર્કાંક, માર્ગશીર્ષ અને પોષ મહિનામાં ઉતાવળી હોય છે. તેને વૃશ્ચિક, ધન અને મકર એ રાશિઓમાં રહેતા દિવસથી ઓછા દિવસ લાગે છે એટલે તે વખતે એકાદ્ય ચંદ્રમાસમાં બે સંક્રાંતિ જવાની સંધિ કોઈ કોઈ વાર આવે છે. આવે વખતે ક્ષયમાસ થાય છે. તે એક વાર આવ્યા પછી ૧૪૧ અથવા ૧૯ વર્ષે ફરીથી આવે છે. જ્યારે આવે ત્યારે તેનું સાટું વળવા અધિક મહિનો તેની પાછળ કે આગળ જરૂર ત્રણ મહિનામાં આવે છે. સને ૧૭૪૪માં માર્ગશીર્ષનો ક્ષય થયો હતો. હવે પછી સને ૧૮૮૫માં એટલે સંવત ૨૦૨૦માં તે માર્ગશીર્ષનો જ ક્ષય થશે.

ક્ષયરાશિ સ્ત્રી. ક્ષયરાશિ; જે ચરિમાબુની આગળ ઓછાનું ચિહ્ન હોય તે.

ક્ષયરોગ જુઓ ક્ષય ૧૭.

ક્ષયરોગિતા [સં.] સ્ત્રી. ક્ષયનો રોગ હોવાપણું.

ક્ષયરોગિત્વ જુઓ ક્ષયરોગિતા.

ક્ષયરોગી વિ. ક્ષયના રોગવાળું.

ક્ષયવત [સં. ક્ષયવત્] વિ. નાશવાન; નાશ પામનાર.

ક્ષયવાન જુઓ ક્ષયવત.

ક્ષયવાયુ [સં.] પું. સૃષ્ટિને અંતે વાતો પ્રલયકાળનો પવન.

ક્ષયવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. (ગણિત) ઓછવધતાની સંખ્યા.

૨. સ્ત્રી. વધઘટ; ઓછું થવું ને વધવું તે.

ક્ષયશીલ [સં.] વિ. નાશવંત; નશ્વર.

ક્ષયશીલસંપત્તિ [સં.] સ્ત્રી. નાશ પામે તેવી દોલત.

ક્ષયસંવત્સર [સં.] પું. એક આખા વર્ષનો બેટાઢો. જૂના કાળમાં આસરતા બૃહસ્પતિના દર ૮૫ સંવત્સરે ૧ સંવત્સરનો લોપ થતો હતો, કારણકે ૮૬ બૃહસ્પતિ સંવત્સર ૮૫ સૌર સંવત્સરની લગભગ હોય છે. પ્રભવ વગેરે સાઠસરો બાર્હસ્પત્યમાનના છે. બૃહસ્પતિને એક રાશિના ક્રમણ માટે મધ્યમાન પ્રમાણે ૩૬૧ દિવસ લાગે છે, એટલા કાળમાં એક બાર્હસ્પત્ય સંવત્સર થાય છે. આને લીધે ૬૦ સૌર વર્ષમાં ૬૧ બાર્હસ્પત્ય સંવત્સર થાય છે, એટલે ૬ એક સંવત્સરનો ક્ષય થાય છે. આ પદ્ધતિ નર્મદાની ઉત્તરે હજી પણ ચલે છે. આ તરફ પણ શક ૭૨૬ સુધી તે ચાલતી હતી.

ક્ષયંકર [સં.] વિ. નાશ કરનાર.

ક્ષયંકારી સ્ત્રી. ભમિદ્રીપની અંદર આવેલ ચોસઠ માહેની એક કલા. જુઓ કલા.

ક્ષયાત્મક [સં.] વિ. જેની પહેલાં ઓછની નિશાની હોય તેવું; બાદ કરવાનું.

ક્ષયાહ ન. એક પ્રકારનું વાર્ષિક શ્રાદ્ધ. હાલ ક્ષયાહ અને કન્નાગત એ બે જ પ્રકારનાં શ્રાદ્ધનો વિશેષ પ્રચાર જોવામાં આવે છે.

ક્ષયિત્વ [સં.] ન. નાશ પામવાપણું.

ક્ષયિષ્ણુ [સં.] વિ. નાશ પામવાના સ્વભાવવાળું; નશ્વર.

ક્ષયી ૧. [સં. ક્ષયિન્] પું. કપૂર.

૨. પું. ચંદ્રમા; ચંદ્ર. પુરાણાનુસાર દક્ષના શાપથી ચંદ્રમાને ક્ષય રોગ થયો હતો, તેથી તેને ક્ષયી કહે છે.

૩. વિ. ક્ષયરોગવાળું; ક્ષય થયો હોય તેવું.

૪. વિ. નાશવંત; નશ્વર.

ક્ષયેશ [સં.] પું. ચંદ્ર

ક્ષયોપશમ ૧ [સં] પું (જૈન) ઉદયમાં આવેલ કર્મનો ક્ષય અને ઉદયમાં ન આવેલ કર્મની શાંતિ.

૨. પું ક્ષમાએ કરીને મનાતી શાંતિ.

૩. પું. નાશ.

ક્ષય્ય [સં.] વિ. ક્ષય થવા જેવું; જેનો ક્ષય થઈ શકે એવું.

ક્ષર્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ઝરવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઝરવું.

૨. અ. ક્રિ. (ધાતુ) ગળવું; ટપકવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઝરવું, ઝરણું; ક્ષરકે.

૩. અ ક્રિ. નકામું થવું.

૪. અ. ક્રિ. (ધાતુ) નાશ કરવો. તે ઉપરથી બનેલ શબ્દ: ક્ષર, ક્ષરણ.
૫. અ. ક્રિ. પડવું.
૬. અ. ક્રિ. વહેવું.
૭. અ. ક્રિ. ઢાલવું; ગાલવું.
૮. અ. ક્રિ. પાકવું.
૯. અ. ક્રિ. મૂકવું.
૧૦. અ. ક્રિ. રેડવું.
૧૧. અ. ક્રિ. ઢબાવવું.

ક્ષર ૧. [સં.] પું. અવ્યક્તમાંથી ઉત્પન્ન થનાર સર્વ નાશવંત પદાર્થ કે પ્રાણી.
આ અવ્યક્ત પ્રકૃતિને જ અક્ષર અને તે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થનાર સર્વ પદાર્થોને ક્ષર એવી બીજી સંજ્ઞા સાંખ્યશાસ્ત્રીઓએ આપેલી છે. ગીતારહસ્ય
૨. પું. (પિંગળ) એ નામનો અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્ષુર. તેના દરેક ચરણમાં જગણ, નગણ અને બે લઘુ મળી ૮ અક્ષર આવે છે.
જ નાગણ ક્ષર ધર. સુદર્શિતા
૩. પું. જીવાત્મા.
૪. પું. પરમેશ્વર; પ્રભુ.
૫. પું. મેઘ; વાદળ.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેમના અધિકારીપદમાં જીવપણાની અને ઈશ્વરપણાની પ્રતીતિ આવિદ્ય છે. આવિદ્ય પ્રતીતિઓ સર્વ મિથ્યા અને વિનાશી હોવાથી તે ક્ષર કહેવાય છે.
૭. પું. શરીર; દેહ.
૮. ન. અજ્ઞાન.
૯. ન. ક્ષરણ
૧૦. ન. હાર્દ.
૧૧. ન. પાણી.
૧૨. વિ. ધીમેધીમે ગળીને જતું રહે તેવું.
૧૩. વિ. નાશ પામે એવું; નાશવંત; નશ્વર.
૧૪. વિ. ખોટું; ખરેલું.

ક્ષરક [સં. ક્ષર્ (ટપકવું)] વિ. ઝરનાર; ટપકનાર; સ્રવનાર.

ક્ષરણ ૧. પું. ઝપટો.
૨ પું. નાશ થવો તે; ક્ષય.
૩. પું. વિકાર થવો તે.
૪. [સં.] ક્રિ. ઝરવું તે; સ્રવવું તે; ટપકવું તે.
૫. ન. મૂકવું તે; છોડવું તે.
૬. વિ. ઝરવાના કે સ્રવવાના સ્વભાવવાળું.

ક્ષરદેહ [સં. ક્ષર (નાશવંત) + દેહ (શરીર)] પું. નાશવંત શરીર; હાડમાંસનું બનેલ શરીર.

ક્ષરવું અ. ક્રિ. નાશ પામવું.

ક્ષરાક્ષર [સં. ક્ષર (નાશવંત) + અક્ષર (નાશ ન પામે એવું)] પું. ક્ષર અને અક્ષર; નાશ પામે એવું તથા નાશ ન પામે એવું.

ક્ષરાક્ષરવિચાર પું. ક્ષર અને અક્ષર સંબંધી વિચાર. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એનો વિચાર કર્યા વિના બ્રહ્માંડનો એટલે જ્ઞાન સૃષ્ટિનો વિચાર કરવો તથા એક જ નિત્ય પરમેશ્વરથી વિવિધ નાશવંત પદાર્થ કઈ રીતે થાય છે તે સમજવું, એને ક્ષરાક્ષરવિચાર કહે છે.

ક્ષરિતકરણ [સં.] ન. પાણીનું ઝરવું તે.

ક્ષરી ૧. [સં. ક્ષરિન્] પું. વર્ષાઋતુ.
૨. વિ. ક્ષરક; ઝરનાર; ટપકનાર; સ્રવનાર.

ક્ષાર ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ધોવું. તે ઉપરથી બનેલ શબ્દ: ક્ષાલિત, ક્ષાલન, પ્રક્ષાલન, પખાળવું
૨. સ. ક્રિ. ધોઈ નાખવું.
૩. સ. ક્રિ. સાફસૂફ કરવું; સ્વચ્છ કરવું.

ક્ષારક ૧. [સં.] પું. એ નામની એક વનસ્પતિ; અપોટો; અપામાર્ગ.
૨. પું. નાઇટ્રીફાયણી.
૩. પું. ભૂતાકાશ.
૪. પું. રાઈ.
૫. પું. રાત.

ક્ષારકૃત [સં. ક્ષારકૃત] પું. ઈંટણી, નાઇટ્રીફાયણી નામની વનસ્પતિ.

ક્ષારજ ૧. [સં.] પું. ઉખરડ
૨. પું. નાકનો એક પ્રકારનો રોગ; છીંકનું દરદ; વારંવાર છીંક આવવું તે

ક્ષારપત્રા [સં.] સ્ત્રી. ટોબુપુષ્પી નામની વનસ્પતિ. તેનાં પાન સૂંઘવાથી છીંક આવે છે તેથી તેને ક્ષારપત્રા કહે છે

ક્ષારપત્રી જુઓ ક્ષારપત્રા.

ક્ષારવિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતના ચોખા.
૨. સ્ત્રી એક જાતની ઔષધીઓ.

ક્ષારંતપ [સં. ક્ષાર્ (ખાક કરવું)] વિ. ખાક કરવા જેવું; ક્ષમાને લાયક.

ક્ષારંતપતા [સં.] સ્ત્રી. ક્ષમા આપવાનો ગુણ; સહિષ્ણુતા.

ક્ષારંતા [સં. ક્ષંત] વિ. માફી આપનાર.

ક્ષારા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષારાત સ્ત્રી. આબરૂ; કીર્તિ; ખ્યાતિ.

ક્ષારાતિ ૧. સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ.
૨. સ્ત્રી. તુમ્બાની.

ક્ષારાત્ર ૧. [સં.] ન. ક્ષત્રિયનું કર્મ.
૨. ન. ક્ષત્રિયનો સમૂહ; ક્ષત્રિય કોમ.
૩. ન. ક્ષત્રીપણું, ક્ષત્રીવટ.
૪. ન. બાનર; ચોરી.
૫. વિ. ક્ષત્રિયને લગતું; ક્ષત્રી સંબંધી.

ક્ષારાત્રકન્યા સ્ત્રી. ક્ષત્રિયની કન્યા.

ક્ષારાત્રકર્મ [સં.] ન ક્ષત્રિયનું કામ.

ક્ષારાત્રકુલભૂષણ [સં.] વિ. ક્ષત્રિય કુળમાં અલંકારરૂપ.

ક્ષારાત્રતેજ [સં. ક્ષારાત્રતેજસ્] ન. ક્ષત્રિયોનું પરાક્રમ; રજપૂતાઈનું પાણી.

ક્ષારાત્રધર્મ [સં.] પું. ક્ષત્રિયોનો ધર્મ; ક્ષત્રિયોની ફરજ.

ક્ષારાત્રનીતિ [સં.] સ્ત્રી. રણસંગ્રામમાં ક્ષત્રિયે પાળવાની નીતિ.

ક્ષારાત્રપ્રકોપ [સં.] પું. રજપૂતપણાનો ઊભરો.

ક્ષારાત્રબળ [સં. ક્ષાત્ર (ક્ષત્રિયનું) + બલ (શક્તિ)] ન. ક્ષત્રિયને લાયક બળ; વીરતા.

ક્ષારાત્રવટ સ્ત્રી. ક્ષત્રિયપણું; ક્ષત્રીવટ.

ક્ષારાત્રવિદ્યા [સં.] સ્ત્રી. ક્ષત્રિયોએ જાણવાની વિદ્યા; ક્ષત્રિયોને ઉપયોગી વિદ્યા.

ક્ષારાત્રવિવાહ [સં.] પું. રાક્ષસવિવાહ; લગ્નના આઠ માંહેનો એક પ્રકાર.

ક્ષારાત્રવીરત્વ [સં.] ન. ક્ષત્રિયોની વીરતા.

ક્ષારાત્રવૃત્તિ [સં.] સ્ત્રી. સેન્ય સેવક ભાવ.

ક્ષારાત્રસેવા [સં.] સ્ત્રી. ક્ષત્રિયનો ધર્મો.

ક્ષારાત્રિ [સં.] વિ. ક્ષત્રીય સંબંધી.

ક્ષારાત્રોચિત [સં. ક્ષાત્ર (ક્ષત્રિયપણું) + ઉચિત (યોગ્ય)] વિ. ક્ષત્રિયોને યોગ્ય; ક્ષત્રીને લાયક.

ક્ષારાત્રોદ્રેક [સં. ક્ષાત્ર (ક્ષત્રિયપણું) + ઉદ્રેક (અતિશયતા)] ન. ક્ષાત્રપ્રકોપ.

ક્ષારન ન. બકરાંની અદલો બદલો કરવાની ક્રિયા.

ક્ષારામ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૪ ન. ક્ષય; નાશ
૫. ન. બકરાં.
૬ વિ. અક્ષય.
૭. વિ. અચ્યુત.
૮ વિ. કૃશ; દુર્બળ.
૯. વિ. ક્ષીણ.
૧૦. વિ. નાશવંત.
૧૧. વિ. પાતળું.

ક્ષામણ ન. (જૈન) ખમાવવું તે.

ક્ષામણા સ્ત્રી. (જૈન) અપરાધની માફી માગવી તે; ખમાવવું તે.

ક્ષામતા ૧. [સં.] સ્ત્રી. કૃશતાપણું.

૨. સ્ત્રી. કૃશતા; દુર્બળતા.

૩. સ્ત્રી. ક્ષીણપણું.

૪. સ્ત્રી. નાજુકપણું.

૫. સ્ત્રી. પાતળાપણું.

ક્ષામત્વ જુઓ ક્ષામતા.

ક્ષામવતી [સં.] સ્ત્રી. એ નામની એક કૃષ્ટિ.

ક્ષામવાન [સં. ક્ષામવત્] પું. એ નામનો એક અગ્નિ.

ક્ષામા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષામોદર [સં. ક્ષામ (પાતળું) + ઉદર (પેટ)] ન. પાતળું પેટ.

ક્ષામોદરી વિ. સ્ત્રી. પાતળા કમરવાળી.

ક્ષામ્ય [સં. ક્ષમ્ (માફ કરવું)] વિ. ક્ષમા કરવા જેવું.

ક્ષાયિક ૧. પું. (જૈન) પંચ મહિનો એક ભાવ; કર્મપ્રકૃતિનો ક્ષય કરવાથી ઉત્પન્ન થતો ભાવ.

૨. પું. (જૈન) સમ્યક્ત્વનો એક પ્રકાર.

૩. વિ. કર્મના ક્ષયથી ઉત્પન્ન થતું.

૪. વિ. (જૈન) મોહનીય કર્મના ક્ષયને લીધે થતું.

ક્ષાયિકચારિત્ર ન. (જૈન) કેવળચારિત્ર.

ક્ષાયિકજ્ઞાન ન. (જૈન) કેવળજ્ઞાન. જ્ઞાનાવર્ણી કર્મનો સર્વથા ક્ષય એટલે નાશ થાય ત્યારે આ જ્ઞાન થાય છે.

ક્ષાયિકદર્શન ન. (જૈન) કેવળદર્શન. દર્શનાવર્ણી કર્મનો સંપૂર્ણ નાશ થવાથી આ જ્ઞાન થાય છે.

ક્ષાયિકદાન ન. (જૈન) અભયદાન. દાનાંતરાય કર્મનો સર્વથા નાશ થવાથી કેવળીનું અભયદાન અનંત જીવોને ઉપકાર કરવાવાળું છે.

ક્ષાયિકભાવ પું. (જૈન) કર્મનો નાશ થતાં પેદા થતા મનના નવ ભાવ. જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ક્ષાયિક ભાવ છે.

ક્ષાયિકવીર્ય ન. (જૈન) બધાં કર્મોનો નાશ થાય તેની રીતે આત્મશક્તિનો ઉપભોગ.

ક્ષાયોપશમિક [સં.] વિ. (જૈન) ક્ષય અને ઉપશમવાળું; મોહનીય કર્મનો કાંઈક ક્ષય અને કાંઈક ઉપશમ કર્યો હોય એવું.

ક્ષાયોપશમિકભાવ પું. (જૈન) ક્ષય અને ઉપશમથી પેદા થતો ભાવ. ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે. કર્મના ઉદયમાં નહિ આવેલ અંતરના ક્ષયથી તે પ્રગટ થાય છે.

ક્ષાર ૧. [સં.] પું. ક્ષય.

૨. પું. મેઈ ધાતુની સાથે તેજાબની અસરથી બનતો પદાર્થ. સોડા આંસ વગેરેને બાળીને ખેરની નાખે માટે તે ક્ષાર કહેવાય છે. દેશી વૈદકમાં મુખ્ય અઢાર ક્ષાર કહ્યા છે: હરતાળ, ગળાર, મનઃશિલ, ગેરિક, અંજન, કાસીસ, હિંગળો, પલાશક્ષાર, સિંદૂર, તુત્થાંજન, રસાંજન, કુસુમાંજન, વડક્ષાર, સર્જિક્ષ, તિલક્ષાર, ખિપુક્ષાર, માષક્ષાર અને કદલીક્ષાર.

૩. પું. (જૈન) ક્ષરણ; સંક્રમણ.

૪. પું. ક્ષાર.

૫. પું. ખારાપણું.

૬. પું. ખારો પદાર્થ.

૭. પું. ખારો રસ.

૮. પું. અંડ; કંકરો.

૯. પું. ગોળ.

૧૦. પું. ચક્રદત્ત પ્રમાણે એક પ્રકારની ઔષધિ. તે બોબા નામના ઝાડની પેશીના ક્ષારથી બને છે.

૧૧. પું. ટંકણખાર.

૧૨. પું. ધૂર્ત; ધુતારો.

૧૩. પું. ભસ્મ; ખાખ.

૧૪. પું. મીઠું; ખાવું મીઠું.

૧૫. પું. રાખ.

૧૬. પું. (વૈદક) એક જાતનો સિદ્ધ ખાર. વનસ્પતિને સર્વાંગ બાળી તેની રાખ ચોગ્ય પાણીમાં માટીના વાસણમાં એક દિવસ સુધી પલાળી રાખી પછી તે પાણી ગાળી લઈ તેની વાસણી કરી નાખીને સિદ્ધ કરવાથી આ ખાર થાય છે.

૧૭. પું. (જૈન) વેર.

૧૮. પું. સાજીખાર.

૧૯ પું. સામુદ્રક લવણ.

૨૦. સ્ત્રી. ખારવાળી ભૂમિ.

૨૧. ન. જવખાર

૨૨. ન. સંચળ.

૨૩. વિ ક્ષારવાળું

૨૪. વિ. ખારું.

૨૫. વિ. મરવાના સ્વભાવવાળું; મરનારું.

ક્ષારક ૧. [સં.] પું. તાલુ ઉત્પન્ન થયેલ રોગ.

૨. પું બોબો.

૩. પું. પક્ષી, બાળકો વગેરેનો કરંડિયો.

૪. પું. પક્ષીઓને સપ્રલાપજ્વરની બળ.

૫. પું. સાર.

ક્ષારકર્દમ ન. (પુરાણ) એ નામનું એક નરક. જે માણસ પોતાની વિદ્યા, તપ, ધન, કુળ વગેરેને લીધે બીજાનો તિરસ્કાર કરે તેને આ નરક મળતું મનાય છે.

ક્ષારકર્મ ન. તેજાબ લગાડવાપણું.

ક્ષારકૂપ પું. એ નામનો નરકકૂપ.

ક્ષારગુહ (ક્ષારગૃહ) ૧. [સં.] પું. બારમાં પકવેલો ગોળ.

૨. પું. ચક્રદત્ત પ્રમાણે એ નામની એક ઔષધિ.

ક્ષારગુણક ૧. વિ. ક્ષારગુણી; ખારના ગુણવાળું.

૨. વિ. ક્ષારવર્ધક.

ક્ષારગુણી જુઓ ક્ષારગુણક.

ક્ષારજનક [સં.] વિ. ખાર ઉત્પન્ન કરનારું.

ક્ષારજલ [સં.] ન. ક્ષારોદક; રાસાયનિક ક્રિયા પછી બાકી રહેતો ક્ષારવાળો પદાર્થ.

ક્ષારણ ૧. [સં.] ન. આરોપ.

૨ ન. કપડો.

૩. ન. ધાતુની ભસ્મ કરવી તે.

૪. ન. મંત્રથી સત્ત્વ ખેંચવો તે.

ક્ષારતેલ જુઓ ક્ષારતૈલ.

ક્ષારતૈલ ૧. [સં.] ન. ઔષધરૂપે પકવેલ તેલ

૨. ન. (જૈન) બાર તેલ.

૩. ન. વાળ કાઢવાનું એક જાતનું તેલ.

ક્ષારત્રપુષી સ્ત્રી. કડવી તુંબડી.

ક્ષારત્રય [સં.] ન જવખાર, સાજીખાર અને ટંકણખાર એ ત્રણ જાતના ક્ષારનું મિશ્રણ.

ક્ષારદ્રવક [સં.] પું સરગવો, મૂળા, બાવરો, આમલી, ત્રિફલા, બાદુ, શેરડી, અબેડી, મોચરસ અને જવ એ દસ ઔષધિનો ક્ષાર.

ક્ષારદેશ [સં.] પું. બારી દેશ.

ક્ષારદ્રવ્ય ન. ઔષધિના ક્ષારને સોગણા પાણીમાં ભેળવવો તે

ક્ષારદ્રુ પું. બોબા નામનું ઝાડ.

ક્ષારદ્વય [સં.] પું જવખાર અને સાજીખાર એ બે ક્ષારનો સમૂહ

ક્ષારનિષ્કાસન [સં.] ન. શિલપસહિતમા વધેલ ચોસઠ માહેની એક કલા.

ક્ષારપત્ર [સં] પુ. એક જાતનું ઝાડ.

ક્ષારપરિમાપક [સં] ન. પદાર્થમાં રહેલી બારાશ દર્શાવનારું યંત્ર

ક્ષારપરીક્ષા [સં.] સ્ત્રી. શિલ્પસંહિતામા વર્ણવેલ ચોસઠ મંડેળની એક કળા.

ક્ષારપંચક [સં.] પું. ખારો, કમળ, જવ અને તલસરાનો ખાર તથા સાજીખારનું મિશ્રણ.

ક્ષારપાક [સં.] પું. ક્ષાર દ્રવ્યનો પાક.

ક્ષારપાણિ પું. એ નામનો એક ઋષિ.

ક્ષારપાલ પું. એક ઋષિનું નામ.

ક્ષારપ્રકૃતિ [સં.] વિ. ખાર જેવા સ્વભાવનું.

ક્ષારપ્રમેહ [સં.] પું. પિત્તથી બનાર એક જાતનો પ્રમેહ.

ક્ષારભૂમિ [સં.] સ્ત્રી. ખારી જમીન; દરિયા કાઠાની જમીન.

ક્ષારભ્રષ્ટ [સં.] પું. અધેડો. જેનાં પાંદડાંમાં ક્ષાર વધારે હોવાથી તેને ક્ષારભ્રષ્ટ કહે છે.

ક્ષારમય ૧. વિ. કઠોર.
૨. [સં.] વિ. ક્ષારાળું; ખારું.

ક્ષારમાપક ૧. [સં.] ન. વસ્તુમાં રહેલ ક્ષાર માપવાનું યંત્ર.
૨. વિ. ક્ષાર માપનારું.

ક્ષારમિતિ [સં.] સ્ત્રી. ક્ષાર માપવાનું યંત્ર; ક્ષારમાપક.

ક્ષારમૃત્તિકા [સં.] સ્ત્રી. ક્ષારવાળી માટી; ખારી માટી.

ક્ષારમેષ પું. (જૈન) ક્ષારદ્રવ્યના રસ જેવા જળવાળો વરસાદ.

ક્ષારમેલક ૧. [સં.] પું. ખારનો સમૂહ.
૨. પું. સાબુ.

ક્ષારમેહ [સં.] પું. ક્ષારના જેવો પેશાબ આવે તે રોગ

ક્ષારયુક્ત [સં.] વિ. ક્ષારમય; ખારું.

ક્ષારરસ ૧. [સં.] પું. ખારો રસ.
૨. પું. નાના આંતરડામાંથી સ્રવતો એ નામનો રસ. અન્નપાચનની ક્રિયામાં આ રસ મુખ્ય ભાગ ભજવે છે.
૩ પું. મીઠું.

ક્ષારવર્ગ [સં.] પું. જવખાર, સાજીખાર અને ટંકણખારનો સમૂહ; ક્ષારત્રય.

ક્ષારવૃક્ષ [સં.] ન. ક્ષાર આપનાર દરેક ઝાડ. જેમકે, ખાખરો, અધેડો

ક્ષારશ્રેષ્ઠ ૧. [સં.] ન. ખાખરો.
૨. ન. જવખાર

ક્ષારષટ્ક [સં] ન (વૈદ્યક) તલસરાં, સાંગલી, અડદ, અધેડો, મરડો અને કદાનો એમ ૬ જાતના ખાર.

ક્ષારસિંધુ ૧. [સં.] પું. ખારો સમુદ્ર.
૨. પું. હિંદી મહાસાગર.

ક્ષારાગ્રજ [સં.] ન. સમુદ્રનું મીઠું.

ક્ષારાતુ સ્ત્રી. રબ્બના જેવી સફેદ એક ધાતુ; 'સોડિયમ'.

ક્ષારાત્મક [સં.] વિ. જેમાં ક્ષાર હોય એવું.

ક્ષારાબ્ધિ [સં.] પું. ખારો દરિયો; લવણ સમુદ્ર.

ક્ષારાષ્ટક [સં.] ન. આઠ પ્રકારના ખારનો સમૂહ.

ક્ષારાળુ જુઓ ક્ષારાત્મક.

ક્ષારાંબુધિ જુઓ ક્ષારાબ્ધિ.

ક્ષારિક ૧. [સં.] ન. મૂળા વગેરેનાં પાંદડાંમાં મીઠું ભભરાવી બનાવેલું અથાણું.
૨. વિ. ક્ષારને લગતું.
૩. વિ. ક્ષારમાંથી ઉત્પન્ન થતું.

ક્ષારિકા [સં.] સ્ત્રી. ક્ષુધા; ભૂખ.

ક્ષારિણી [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.

ક્ષારિત ૧. [સં.] વિ. અપવાદરૂપ.
૨. વિ. ક્ષારવાળું; ખારેલું; ખારેલું.
૩. વિ. જેને માથે દોષ આવેલ હોય એવું, દોષિત.

ક્ષારિન પું. અપ્સનવપુ.

ક્ષારીય ૧. ન. એક જાતનું ધાતુમય ક્ષારવાળું તત્ત્વ.
૨. ન. ખારો.
૩. વિ. ક્ષાર સંબંધી.

ક્ષારોદ ૧. [સં.] પું. (પુરાણ) જંબુદ્વીપની આજુબાજુ વલયાકારે આવેલો ખારો સમુદ્ર. મહાસાગરોમાં એ પહેલો હોઈ એની પહોળાઈ એક લાખ યોજનની છે.
૨. ન. કેટલાંક ઝેરી દ્રવ્યોનું સત્ત્વ.

ક્ષારોદક ૧. [સં.] ન. ખારું પાણી.
૨. જુઓ ક્ષારોદ ૧.

ક્ષારોદધિ જુઓ ક્ષારોદ ૧.

ક્ષાલક [સં.] વિ. ધોનાર; શુદ્ધ કરનાર; સ્વચ્છ કરનાર

ક્ષાલન ન. ધોવું તે; સાફ કરવાપણું.

ક્ષાલન જુઓ ક્ષાલણ.

ક્ષાલવું સ. ક્રિ. ધોવું.

ક્ષાલિત [સં.] ભ. ધોયેલ; પખાળેલ; સાફ કરેલ

ક્ષાંત ૧. પું. એ નામે એક ઋષિ.
૨. વિ. ક્ષમા કરાયેલ; માફી આપેલું.
૩. વિ. ક્ષમાવાળું; સહનશીલ; શાંત.

ક્ષાંતા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષાંતિ ૧. સ્ત્રી. એ નામની એક નદી.
૨. [સં.] સ્ત્રી. ક્ષમા; માફી.
૩. સ્ત્રી. સહનશીલતા.

ક્ષાંતિકા સ્ત્રી. જનની; માતા.

ક્ષાંતિધર્મ [સ.] પું. ક્ષમાધર્મ; દોષ માફ કરવાનો સિદ્ધાંત.

ક્ષાંતિધર્મી વિ. ક્ષમાધર્મમાં માનનાર; દોષ માફ કરવામાં માનવાવાળું.

ક્ષાંતુ ૧. [સં.] પું. પિતા; બાપ.
૨. વિ. ક્ષમાશીલ; માફ કરે એવું; સહનશીલતાવાળું.

ક્ષિ ૧. [સં.] ક્ર. ક્રિ. ક્ષય થવો; ઘસાવું.
૨. સ. ક્રિ. ક્ષીણ કરવી.
૩. સ. ક્રિ. ઓછું કરવું.
૪. સ ક્રિ. નાશ કરવો.
૫. ક્ર. ક્રિ. બગડવું.

ક્ષિતિ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક સૂર્યવંશી રાજકીય શબ્દ.
૩. પું ક્ષય; નાશ.
૪. પું. પ્રલયકાળ
૫. સ્ત્રી. ઘટ; ઓછું થવું તે; હાનિ.
૬. સ્ત્રી. પૃથ્વી.
૭. સ્ત્રી (સંગીત) ત્રાવીસ મંડેળની એ નામની એક શ્રુતિ.
૮. ન. ગોરોચના; એક જાતનું ખંધદ્રવ્ય.
૯. ન. નિવાસ; રહેઠાણ.

ક્ષિતિકક્ષ [સં.] પું. ધૂળ; રજ.

ક્ષિતિકંપ [સં.] પું. ધરતીકંપ; પૃથ્વીનો ધ્રુજારો.

ક્ષિતિખંડ [સં.] પું. માટીનું ઢેકું.

ક્ષિતિગર્ભ [સં.] પું. ઔષધિસત્ત્વનું એક સ્વરૂપ.

ક્ષિતિજ ૧. પું. નરકાસુર નામનો અસુર.
૨ પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૩. [સ.] સ્ત્રી. આખને પૃથ્વી આકાશ સાથે મળતી દેખાય છે એ કલ્પિત રેખા; દૃષ્ટિમર્યાદા.
૪. સ્ત્રી. પૃથ્વી.
૫. ન. ઝાડ. વૃક્ષ.
૬. ન. ભૂનાગ નામે એક ઉપરસ.
૭. વિ. પૃથ્વીથી પેદા થયેલ.

ક્ષિતિજક્ષેત્ર [સં.] ન. ક્ષિતિજની સાથે સરખી સપાટીએ રહેલી ભૂમિ; સમતલ જમીન.

ક્ષિતિજધરાતલ જુઓ ક્ષિતિજક્ષેત્ર.

ક્ષિતિજરેખા જુઓ ક્ષિતિજ ૩.

ક્ષિતિજલંબન [સં.] ન. કોઈ પણ આકાશી પદાર્થ પૃથ્વીની સપાટી ઉપરથી જોતાં ક્ષિતિજમા દેખાતો હોય તે વખતે તેને પૃથ્વીના ગર્ભમાં રહેલા પૃથ્વીના મધ્યબિંદુમાંથી જોતાં તેની દિશામા માલૂમ પડતો ફરક.

ક્ષિતિજવૃત્ત જુઓ ક્ષિતિજ ૩.

ક્ષિતિજસમાંતર વિ. સપાટ; 'હોરિઝોન્ટલ'.

ક્ષિતિતનય ૧. [સં.] પું. નરકાસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષિતિતલ ૧. [સં.] ન. પાતાળ.
૨. ન. પૃથ્વીની સપાટી.

ક્ષિતિદેવ [સં.] પું. બ્રાહ્મણ; ભૂદેવ.

ક્ષિતિદેવતા જુઓ ક્ષિતિદેવ.

ક્ષિતિધર ૧. [સં.] પું. પર્વત.
૨. પું. રાજા.
૩. પું. શેષનાગ.
૪. વિ. પૃથ્વીને ધારણ કરનાર.

ક્ષિતિનાગ પું. ભૂનાગ નામે ઉપરસ.

ક્ષિતિનાથ [સં.] પું. રાજા; નૃપ; ભૂપ.

ક્ષિતિપ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપતિ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપાલ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપાળ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપુત્ર જુઓ ક્ષિતિતનય.

ક્ષિતિબાલા પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે મંગળ વસ્તુનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૮૪ લઘુ મળી ૮૬ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

ક્ષિતિભૂષણ [સં.] ન. (સ્થાપ) ઘરનું મુખ પૂર્વ તરફ હોય એવું એક જાતનું ત્રિશાળ ઘર.

ક્ષિતિભૃત ૧. [સં. ક્ષિતિભૃત્] પું. પર્વત.
૨. પું. રાજા.

ક્ષિતિમંડળ [સં. ક્ષિતિમણ્ડલ] ન. પૃથ્વીનો ગોળો.

ક્ષિતિરંભ [સં.] ન. આડો; ભોંવરું.

ક્ષિતિરુહ [સં.] પું. ઝાડ; વૃક્ષ.

ક્ષિતિવર્ધન [સં.] પું. મુગટ; કળશ.

ક્ષિતિસુત ૧. [સં.] પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૬૮ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. પું. નરકાસુર.
૩. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષિતીશ ૧. [સં.] પું. પૃથ્વીનો રાજા.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

ક્ષિતીશ્વર [સં.] પું. રાજા.

ક્ષિદ્ ૧. [સં.] પું. આકાશનો છેડ.
૨. પું. રોમ.
૩. પું. શ્રીગ્રહ.
૪. પું. સૂર્ય.

ક્ષિન ન. ક્ષય.

ક્ષિપ્ ૧. [સં.) સ. ક્રિ. બહારથી અંદર નાખવું.
૨. સ. ક્રિ. અપમાન કરવું.
૩. સ. ક્રિ. આરોપવું કરવું.
૪. સ. ક્રિ. ઉડાડવું.
૫. સ. ક્રિ. કાઢી નાખવું.
૬. સ. ક્રિ. ગાળો દેવી.
૭. સ. ક્રિ. છોડી દેવું.
૮. સ. ક્રિ. ત્યજી દેવું.
૯. સ. ક્રિ. ઠપકો દેવો.
૧૦. સ. ક્રિ. નાશ કરવું.
૧૧. સ. ક્રિ. પ્રેરવું.
૧૨. સ. ક્રિ. (ધાતુ) ફેંકવું. તે ઉપરથી બનેલ શબ્દ: અપક્ષેપ, આક્ષેપ, વિક્ષેપ, સંક્ષેપ, ક્ષિપ્ર, સક્ષિપ્ત, ક્ષેપક, ક્ષિપ્તા.
૧૩. સ. ક્રિ. મોકલવું.
૧૪. સ. ક્રિ. ઓકવું.
૧૫. સ ક્રિ. ઘાલી દેવું.

ક્ષિપ ૧. [સં.] વિ. નાખી દીધેલું.
૨. વિ. નિંદા કરનાર.
૩. વિ. પ્રેરણા કરનાર.
૪. વિ. ફેંકનાર.

ક્ષિપક [સં.] પું. ચોકો.

ક્ષિપકા [સં.] સ્ત્રી. ફેંકવું તે.

ક્ષિપણ ૧. [સં.] ન. પ્રેરણા.
૨. ન. ફેંકવું તે.

ક્ષિપણી ૧. [સં.] સ્ત્રી. અપ્સરા.
૨. સ્ત્રી. એક જાતની ભાજી.
૩. સ્ત્રી. માછલાંને પકડવાનો સોયો.
૪. સ્ત્રી. સાવરણો.
૫. સ્ત્રી. હલેસું.

ક્ષિપતિ [સં.] પું. ખાડો; હાડ.

ક્ષિપા ૧. [સં.] સ્ત્રી. પ્રેરણા.
૨. સ્ત્રી. ફેંકવું તે.
૩. સ્ત્રી. રાત્રિ.

ક્ષિપ્ર ૧. [સં.] સ્ત્રી. (યોગ) ચિત્તની પાંચ માંહેની એક વૃત્તિ
૨. વિ. અપમાન કરેલ.
૩. વિ. અવજ્ઞા કરેલ.
૪ વિ. આકર્ષેલ; ખેંચાયેલ.
૫. વિ. ઉડાવેલું.
૬. વિ. ઉમેરેલું.
૭. વિ ઉસેટેલું.
૮ વિ. ત્યાગ કરેલ.
૯. વિ. બાજુ તરફ મૂકેલ.
૧૦. વિ. નાખી દીધેલ.
૧૧. વિ. પતિત.
૧૨. વિ. પ્રેરેલ.
૧૩. વિ. ફેંકેલ.
૧૪. વિ. રાગદ્વેષથી વિષયાસક્ત.
૧૫ વિ. વધારેલું.
૧૬. વિ. વાયુના રોગવાળું.
૧૭. વિ. ભ્રમ થયેલ.
૧૮. વિ. સ્થાપેલ.

ક્ષિપ્રચિત્ત ૧. [સં.] ન. ભ્રમ ચિત્ત.
૨. વિ. અકળામેલ ચિત્તવાળુ.

ક્ષિપ્રચિત્તતા [સં.] સ્ત્રી. ભ્રમચિત્તપણું.

ક્ષિપ્રપ્રસવિની [સં.] વિ. જેની માતા પોતાના ધણીમાં આસક્ત ન હોય તેનું.

ક્ષિપ્રા [સં.] સ્ત્રી. રાત્રિ.

ક્ષિપ્રાવસ્થા [સં.] સ્ત્રી. ચિત્તની પાંચ માંહેની એક અવસ્થા. આ અવસ્થામાં ચિત્તની વૃત્તિઓ અનેક સાંસારિક વિષયોમાં ભમ્યા કરે છે.

ક્ષિપ્રેક ૧. પું. મુહૂર્તનો પંદરમો ભાગ.
૨. [સં.] પું. શરીરનાં ૧૦૭ મર્મસ્થાનો માંહેનું એક. તે અંગૂઠા અને બીજી આંગળીની વચ્ચે હોય છે.
૩. ન. અશ્વિની નક્ષત્ર.
૪. ન. પુષ્ય નક્ષત્ર.
૫. ન. વખતનું એક માપ.
૬. વિ. ઉતાવળું, ઝડપદાર.
૭. વિ. ચપળ; તેજ.
૮. અ. જલદી; ઝટ.

ક્ષિપ્રકારી ૧. વિ. (વૈદક) એકદમ મરણ ઉપજાવે એવું.
૨. [સં.] વિ. ચાલાક.
૩. વિ. જલદી ભ્રમ કરનારું; ઉતાવળું.

ક્ષિપ્રગામી [સં. ક્ષિપ્રગામિન્] વિ. ઝડપથી જનારું.

ક્ષિપ્રગ્રાહી [સં. ક્ષિપ્રગ્રાહિન્] વિ. ઝડપથી ગ્રહણ કરનાર.

ક્ષિપ્રચટિકા [સં] સ્ત્રી. ખીચડી.

ક્ષિપ્રપાકી [સં. ક્ષિપ્રપાકિન્] પું. એક જાતનું ઝાડ; ચઈભાંડ.

ક્ષિપ્રપાતી [સં. ક્ષિપ્રપાતિન્] વિ. ઉતાવળથી પડનાર.

ક્ષિપ્રપાદમર્મ [સં.] ન. પગના અંગૂઠા તથા આંગળી વચ્ચે આવેલું અર્ધા આંગળના વિસ્તારવાળું ગલાંતર પ્રાણહર સ્નાયુમર્મ.

ક્ષિપ્રમર્મ જુઓ ક્ષિપ્રપાદમર્મ.

ક્ષિપ્રમૂત્રતા [સં.] સ્ત્રી. એક જાતનો વાયુરોગ. આ રોગમાં પેશાબ વધુ અને વારંવાર થાય છે.

ક્ષિપ્રમૂત્રત્વ જુઓ ક્ષિપ્રમૂત્રતા.

ક્ષિપ્રહસ્ત ૧. [સં.] પું. અગ્નિનું એક નામ.

૨. પું. એક રાક્ષસનું નામ.

૩. વિ. જલદીથી કામ કરનાર.

ક્ષિપ્રહસ્તમર્મ [સં] ન. હાથના અંગૂઠા તથા આંગળીઓ વચ્ચે આવેલું ગલાંતર પ્રાણહર તથા વૈકલ્યકર મર્મ. અહીં ઈજા થવાથી ખૂબ પીડા થાય છે, તેમ જ લોહી અટકાવવું બહુ જ મુશ્કેલ પડે છે.

ક્ષિપ્રહોમ [સં.] પું. સવાર અથવા સાંજનો જલદીથી થતો હોમ.

ક્ષિપ્રા ૧. [સં.] સ્ત્રી. ઉજ્જૈન આગળથી વહેતી નદી.

૨. સ્ત્રી. ખીચડી.

૩. સ્ત્રી. ખીર; દુધપાક.

૪. ન. એ નામનું એક સરોવર.

ક્ષિપ્રોત્તર [સં. ક્ષિપ્ર (જલદી) + ઉત્તર (જવાબ)] પું જલદજવાબ.

ક્ષિપ્રૂ ૧. [સં.] અ. ક્રિ. ઓકવું; થૂંકવું.

૨. સ. ક્રિ. ફેંકવું; દૂર કરવું.

ક્ષીજન [સં.] ન. સાંસણીનો અવાજ.

ક્ષીણ ૧. [સં.] વિ. અશક્ત; દુર્બળ.

૨. વિ. ઓછું થયેલું; કમી થયેલું.

૩. વિ. ક્ષય પામેલું.

૪. વિ. ખોખલું.

૫. વિ. ગરીબ.

૬. વિ. તાબે કરેલું.

૭. વિ. તોડેલું; ભાંગેલું.

૮ વિ. દબાયેલું.

૯. વિ નાજુક; પાતળું.

૧૦. વિ સૂક્ષ્મ.

ક્ષીણકષાય ન. (જૈન) બારમું ગુણસ્થાન. તેમાં કષાયનો સર્વથા ક્ષય કરવામાં આવે છે.

ક્ષીણક્રામી [સં. ક્ષીણક્રમિન્] વિ. બધા ઓછા પ્રમાણમાં ક્રમવાસના હોય એવું.

ક્ષીણકાય [સં.] વિ દુર્બળ શરીરવાળું; નમતા બાંધાનું.

ક્ષીણચંદ્ર [સં.] પું. ચાદમનો ચંદ્ર.

ક્ષીણતા ૧. [સં.] સ્ત્રી. અશક્તિ; ક્ષીણપણું; દુર્બળતા.

૨. સ્ત્રી. ઓછપ; ઓછું હોવું તે.

૩. સ્ત્રી. ક્ષય પામવાપણું.

૪. સ્ત્રી. ગરીબાઈ.

૫. સ્ત્રી. તબિયતમાં નાબુકપણું.

૬. સ્ત્રી. સૂક્ષ્મતા.

ક્ષીણત્વ જુઓ ક્ષીણતા.

ક્ષીણદુઃખ વિ. (જૈન) દુઃખ વગરનું

ક્ષીણપાપ [સં.] વિ. જેનાં પાપ નાશ પામ્યાં હોય એવું.

ક્ષીણપુણ્ય [સં.] વિ. ગરીબી; જેનાં પુણ્ય નાશ થયાં હોય એવું.

ક્ષીણબલ [સં.] વિ. અશક્ત.

ક્ષીણમધ્ય [સં.] વિ. પાતળી કેડવાળું.

ક્ષીણમોહ ૧. [સં.] વિ. મોહ વગરનું.

૨. વિ. (જૈન) મોહનીની પ્રકૃતિઓનો ક્ષય પૂરેપૂરો થયો હોય તેવું.

ક્ષીણરજા [સં.] વિ. ઓછા ઓદીવાળું.

ક્ષીણરાગ ૧. [સં.] પું. (જૈન) તીર્થંકર દેવ.

૨. વિ. રાગ વગરનું.

ક્ષીણવીર્ય [સં.] વિ. જેનું બળ ખૂટી ગયું હોય તેવું; નબાદું.

ક્ષીણવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. નાશ પામેલી આજીવિકા.

૨. વિ. આજીવિકા નાશ પામી હોય એવું.

ક્ષીણશક્તિ ૧. [સં.] સ્ત્રી. નાશ પામેલી શક્તિ.

૨. વિ. અશક્ત; નબળું.

ક્ષીણસત્ત્વ [સં.] વિ. નિર્બળ; તાકાત વગરનું.

ક્ષીણાષ્ટક [સં.] પું. તીર્થંકર. તેણે આઠમાંથી ચાર કર્મનો ક્ષય કરેલ છે.

ક્ષીણાષ્ટકર્મા ૧. [સં. ક્ષીણાષ્ટકર્મન્] પું. એ નામનો એક બૌદ્ધ સાધુ.

૨. પું (જૈન) ચોવીસ તીર્થંકર માંહેના જેણે તે એક; અર્હંત; જિન; તીર્થંકર. તેણે ચાર કર્મ ક્ષય કર્યાં હોય છે.

ક્ષીણાસત્ત્વ વિ. વાસના વગરનું; તૃષ્ણા ક્ષીણ થઈ હોય તેવું.

ક્ષીણાંગી [સં. ક્ષીણાંગિન્] વિ. પાતળા શરીરવાળું.

ક્ષીણ્ [સં.] અ. ક્રિ. મદ કરવો.

ક્ષીણ [સં.] વિ. મદોન્મત્ત; છકી ગયેલ.

ક્ષીણતા [સં.] સ્ત્રી. ઘેન; નશો; મદ.

ક્ષીયમાણ ૧. [સં.] વિ. ઓછું થતું; કમી થતું; ઘટતું.

૨. વિ. નાશવાન.

ક્ષીર ૧. પું (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨ [સં.] પું. (જૈન) એ નામનો પાંચમો દ્વીપ.

૩. પું. (જૈન) એ નામનો પાંચમો સમુદ્ર.

૪. ન. ઓગણી જાય એવો પદાર્થ.

૫. ન. ખીર.

૬. ન. આકડો દૂધ જેવો રસ.

૭. ન. દૂધ.

ક્ષીર નીર જુદાં કરવાં = માણસના ગુણ દુર્ગુણ શોધવા.

૮. ન. દુધપાક.

૯. ન. પાણી.

૧૦. ન. સરસ નામના ઘાસનો ગુંદ

ક્ષીરક [સં.] પું. એક જાતનો વેલો.

ક્ષીરકંઠ [સં.] પું. ધાવણું બાળક

ક્ષીરકકંઠ જુઓ ક્ષીરકંઠ.

ક્ષીરકાકોલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. આ કંદમાંથી દૂધ ઝરે છે. તેમાંથી વાસ આવે છે. તે શીત, વીર્યવર્ધક, મધુર, ગુરુ અને શરીરમાં ધાતુની વૃદ્ધિ કરનાર અને વાયુ, દાહ, રક્તપિત્ત, શોષ અને જ્વરનો નાશ કરનાર છે. તે ખાવાથી ઓખોને દુઃખ પડે છે.

ક્ષીરકીટ [સં.] પું. દૂધનો કીડો.

ક્ષીરકુંડ [સં.] ન. એ નામનું પ્રાચીન તીર્થ.

ક્ષીરક્ષત્ર [સં.] પું. દૂધિયો પથ્થર.

ક્ષીરખંડક પું. ભૈરવનું એક નામ.

ક્ષીરગંધિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ક્ષીરકાકોલી.

ક્ષીરગ્રામ ન. બંગાળમાં આવેલ એક તીર્થસ્થાન. ત્યાં શક્તિની પીઠ છે.

ક્ષીરઘૃત ૧. [સં.] ન. પીપર અને બીજી બનાવટનું ઘી. સુશ્રુત અનુસાર તે મગજવરોધક, મૂર્છા દૂર કરનાર અને આંખોને હિતકારી છે.

૨. ન. બકરીના દૂધમાંથી ઉત્પન્ન થયેલ ઘી.

ક્ષીરચંપો પું. એક જાતનું વૃક્ષ. તેનાં પાન લાંબાં અને ફૂલ પોળાં હોય છે. આ ચંપાનો રસ બહુ ઉષ્ણ હોય છે. તે શરીરને અડે તો ફોલ્લા પડે છે.

ક્ષીરજ ૧. [સં.] પું. ચંદ્રમા.

૨ પું. શંખ.
૩. ન. કમળ.
૪ ન. દહીં.
૫. વિ. દૂધમાંથી ઉત્પન્ન થયેલ.

ક્ષીરજલન્યાય [સં.] પું. દૂધને પાણી ભરેલાં હોય તેમાંથી દૂધ મહત્વ કરી પાણી તજી દેવાય, તેમ સાર જેવી નકામી વસ્તુ દૂર કરી દેવાય છે.

ક્ષીરજા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરણી સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન પીપળાનાં પાન જેવાં હોય છે. તેમાં રાતાં ફૂલ છૂટક છૂટક મંજરી ઉપર આવે છે. તે રંગના કામમા તથા દવામાં વપરાય છે.

ક્ષીરતરુ ૧. [સં.] પું. ઊમરાનું ઝાડ.
૨. પું. પીપળો.
૩. પું. મહુડાનું ઝાડ.
૪. પું. વડનું ઝાડ.

ક્ષીરતૈલ [સં.] ન. સુશ્રુત અનુસાર એક જાતનું ઔષધસિદ્ધ તેલ.

ક્ષીરદ [સં.] ન. મેઘ; વાદળું.

ક્ષીરદલ [સં.] પું. આકડાનો છોડ.

ક્ષીરધવની સ્ત્રી. (પુરાણ) એ નામની એક ભારતવર્ષિય નદી.

ક્ષીરકુંભ જુઓ ક્ષીરતરુ.

ક્ષીરદ્વીપ [સં.] પું. વારુણી સમુદ્રની પછી આવેલા એ નામનો એક દ્વીપ. તે બે કરોડ છપ્પન લાખ જોજન લાંબો પહોળો મનાય છે.

ક્ષીરધાત્રી સ્ત્રી. ધાવમાતા; ધાઈ.

ક્ષીરાબ્ધિ [સં.] પું. દૂધરિયો; સમુદ્ર.

ક્ષીરધેનુ [સં.] સ્ત્રી. દાન માટે દૂધરૂપ ગાય.

ક્ષીરનારાચ [સં.] ન. ધૂમસ; પાણી વિનાનાં વાદળાનો સમૂહ. તેનાથી ગાયો તથા ભેંસોના દૂધનો નાશ થતાનું મનાય છે.

ક્ષીરનિધિ [સં.] પું. ક્ષીરસાગર; દૂધનો સમુદ્ર.

ક્ષીરનીર ૧. [સં.] ન. આલિંગન; ભેટવું તે.
૨. ન. દૂધ અને પાણી.
૩ ન. દૂધ જેવું પાણી

ક્ષીરનીરક જુઓ ક્ષીરનીર.

ક્ષીરપ ૧. [સં.] ન. ધાવવું બાળક.
૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરપક પું. એક જાતનો હીરો.

ક્ષીરપર્ણી [સં.] સ્ત્રી. આકડાનો છોડ. તેનાં પાનમાં ચીર હોય છે.

ક્ષીરપલાંડુ [સં.] સ્ત્રી. સફેદ ડુંગળી.

ક્ષીરપાક ૧. [સં.] પું. ખાંડમાં પકાવેલું દૂધ. દૂધથી આઠગણું દૂધ અને દૂધથી ચારગણું પાણી નાખી, ઉકાળી માત્ર દૂધ બાકી રહે એટલે ઉતારી બળ લેવું.
૨. વિ. દૂધમાં પકાવેલું.

ક્ષીરપાન [સં.] ન. દૂધ પીવું તે.

ક્ષીરભવાની ન. કશ્મીરમાં શ્રીનગરથી બાર માઈલ દૂર આવેલ એક યાત્રાનું ધામ. તે જે તળાવમાં આવેલું છે તેનું પાણી જુદા જુદા વખતમાં જુદા જુદા રંગનું થઈ જાય છે.

ક્ષીરભૃત ૧. [સં.] પું. માત્ર દૂધના આધારથી રાખેલો ગોવાળ.
૨. વિ. દૂધ વડે પોષેલું.

ક્ષીરભોગી ૧. [સં. ક્ષીરભોગિન્] પું. રાજદંસ.
૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરમકુરા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ. આયમાં તે મીઠી અને બહુમધુરી હોય છે

ક્ષીરમેઘ પું. (જૈન) ભરત ક્ષેત્રમાં ઉત્સર્પિણીનો બાજો આરો બેસતાં સાત દિવસ પુષ્કરસંવર્ત નામનો મેઘ વરસ્યા પછી બીજો મેઘ સાત દિવસ સુધી વરસે તે; દૂધનો વરસાદ.

ક્ષીરમાત્યક [સં.] પું. સરગવાનું ઝાડ.

ક્ષીરરાજ જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરવતી ૧. સ્ત્રી. એ નામે એક નદી.
૨. વિ સ્ત્રી. ઘણું દૂધ આપનારી.

ક્ષીરવલ્લિકા જુઓ ક્ષીરવલ્લી.

ક્ષીરવલ્લી [સં. સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ. તેના વેલાનાં પાંદડાં તોડીએ તો દૂધ નીકળે છે.

ક્ષીરવારિધિ જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરવિકૃતિ [સં.] સ્ત્રી. દૂધનો વિકાર; મલાઈ.

ક્ષીરવિદારી [સં.] સ્ત્રી. ધોળુ ભોંકોળુ. વિદારીકંદને મળતી એક જાતની વનસ્પતિ. તેમાંથી દૂધ નીકળે છે. તે વૃષ્ય અને પ્રમેહ રોગમાં ફાયદાકારક મનાય છે.

ક્ષીરવિદારિકા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલીનો કંદ. તે આવથી વિષવાસના ઉત્પન્ન થાય છે.

ક્ષીરવૃક્ષ જુઓ ક્ષીરતરુ

ક્ષીરવ્રત [સં.] ન. માત્ર દૂધ પીને રહેવાનું વ્રત.

ક્ષીરશર [સં.] પું. તપાવેલા દૂધમાં દર્ભ નાખવાથી થયેલ વિકૃત પદાર્થ.

ક્ષીરશાક [સં.] ન. મોળું કાઢેલું દૂધ. વૈદકમાં તે બહુ બળકારક મનાય છે.

ક્ષીરશાલા સ્ત્રી. દૂધની દુકાન.

ક્ષીરશોર્ષ ૧. પું. ખેરજીના ઝાડમાંથી નીકળતો ધોળો દૂધ જેવો માટો રસ.
૨. પું. શ્રીવાસ નામે ચંદન.

ક્ષીરશુક્લ ૧. [સં.] ન. રાવણનું ઝાડ.
૨. ન. કીંમોડું; ગૃંજાટક.

ક્ષીરશુક્લા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.

ક્ષીરશ્રી ૧. [સં.] સ્ત્રી. દૂધ બેળવેલો સોમરસ.
૨. સ્ત્રી. દૂધની શોભા.
૩. વિ. દૂધના જેવી શોભાવાળું.

ક્ષીરષષ્ટિક [સં.] ન. દૂધમાં પકાવેલ સાઠી ભાત. તે મહત્વમાં શુધ્ધ મહને અર્પણ કરવામાં આવે છે.

ક્ષીરસમુદ્ર [સં.] પું. દૂધનો સાગર.

ક્ષીરસાગર જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરસાગરકન્યા [સં.] સ્ત્રી. લક્ષ્મી. તે દરિયામાંથી નીકળેલ મનાય છે.

ક્ષીરસાગરસુત ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

ક્ષીરસાગરસુતા જુઓ ક્ષીરસાગરકન્યા.

ક્ષીરસાર ૧. [સં.] પું. ઘી.
૨. પું. માખણ.
૩. ન. એક જાતનું કાપડ.

ક્ષીરસ્થાન [સં.] ન. દૂધ બળવાનું ઠેકાણું.

ક્ષીરસ્ફટિક ૧. [સં.] પું એક જાતનો ઉત્તમ મણિ.
૨. પું. દૂધ જેવો આરસ.

ક્ષીરસ્રાવ [સં.] પું. દૂધ જેવો ઝરતો રસ.

ક્ષીરા ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક ભારતવર્ષિય નદી.
૨. [સં.] સ્ત્રી. કાકોલી કંદ.

ક્ષીરાદ ૨. [સં.] ન. ધાવણું બાળક.
૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરાન્ન [સં.] ન. દૂધપાક.

ક્ષીરાબ્ધિ [સં.] પું. ક્ષીરસમુદ્ર.

ક્ષીરાબ્ધિજ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. ન. ઘીકુંવાર.
૪. ન. મોતી.

ક્ષીરાબ્ધિજા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરાબ્ધિતનય ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

ક્ષીરાબ્ધિતનયા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરાબ્ધિસુત જુઓ ક્ષીરાબ્ધિતનય.

ક્ષીરાબ્ધિસુતા જુઓ ક્ષીરાબ્ધિતનયા.

ક્ષીરાશન [સં.] ન. બાળકને દૂધ પાવાનો એક સંસ્કાર.

ક્ષીરાષ્ટક [સં.] પું. કેવડારનો રસ. તે ધૂપના કામમાં આવે છે.

ક્ષીરિક [સં.] ન. એક જાતની ડાંગર.

ક્ષીરિકા ૧. [સં.] સ્ત્રી. ખીર.
૨. સ્ત્રી. બળેલો ખજૂર.
૩. સ્ત્રી. દૂધપાક.
૪. સ્ત્રી. પીપળીનું ઝાડ.
૫. સ્ત્રી. રાયણનું ઝાડ.
૬. સ્ત્રી. વાંસકપૂર. વાંસના દૂધને જમાવી તે બનાવવાનું કહેવાય છે.

ક્ષીરિણી ૧. [સં.] સ્ત્રી. ભાકરો.
૨. સ્ત્રી. એક જાતનું કૂલ.
૩. સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. ચમારદૂધલી.
૫. સ્ત્રી. દૂધી; એક જાતનું શાક.
૬. સ્ત્રી. પુષ્કળ દૂધ આપનારી ગાય.
૭. સ્ત્રી. રાયણોકડી.
૮. સ્ત્રી. રેવચી.
૯. વિ. સ્ત્રી. દૂધવાળી; દૂધ આપતી હોય એવી.

ક્ષીરી ૧. [સં. ક્ષીરિન્] ન. જેમાંથી દૂધ નીકળે એવું ઝાડ. જેમકે, આકડો, ઉમરો, થોર, પીપર, વડ.
૨. વિ. દૂધ આપતું હોય એવું; દૂધાળું.

ક્ષીરીવૃક્ષ [સં.] ન. જેમાંથી દૂધ નીકળે તેવું ઝાડ.

ક્ષીરોદ [સં.] પું. ક્ષીરસાગર; દૂધનો સમુદ્ર. અમૃત મેળવવા માટે તેનું મંથન કરવામાં આવ્યું હતું.

ક્ષીરોદક ૧. [સં.] ન. એક જાતનું ધોળું રેશમી વસ્ત્ર.
૨. ન. દૂધ જેવા પાણીનો સમુદ્ર; ક્ષીરસાગર.
૩. ન. દૂધ જેવું સફેદ પાણી.
૪. ન. દૂધનો મહાસાગર.

ક્ષીરોદતનય ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

ક્ષીરોદતનયા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરોદધિ જુઓ ક્ષીરસાગર.

ક્ષીરોદનંદના [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરૌદન [સં.] પું. દૂધમાં રાંધેલા ચોખા.

ક્ષીવ્ [સં.] અ. ક્રિ. ઠરૂ પી પિત્ત થવું; નશો કરવો.

ક્ષીવ ૧. [સં.] વિ. અધમ; દુષ્ટ.
૨. વિ. પામર; ઉન્મત્ત; ઘાંડું.

ક્ષુ ૧. [સં.] પું. અન્ન; અનાજ.
૨. પું. સિંહ.
૩. પું. સ્તોત્ર વગેરેનો શબ્દ.
૪. અ. ક્રિ. ઉધરસ ખાવી.
૫. અ. ક્રિ. છીંક આવી.

ક્ષુકા સ્ત્રી. ભૂખ; ક્ષુધા.

ક્ષુણ્ણ ૧. [સં.] વિ. અભ્યસ્ત; વારંવાર વિચારેલું; જેનો અભ્યાસ કર્યો હોય એવું.
૨. વિ. કચરાયેલું; મસળાયેલું; પગના પ્રહારથી બેસી ગયેલું.
૩. વિ. ખંડિત; જેનું કોઈ અંગ તૂટી ગયું હોય તેવું; ભાંગેલું.
૪. વિ. ખાંડેલું; દળેલું.

ક્ષુણ્ણકર [સં.] ન. ભરવું વગાડવાનું એક વાદ્ય.

ક્ષુત ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિષ્ણુ; પંચ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. [સં. क्षुत्] સ્ત્રી. (હિંદી) ભૂખ; ક્ષુધા.
૩. ન. ઉદાનવાયુ અને પ્રાણવાયુનો મસ્તકમાં મેળાપ થવાથી આવતી છીંક.
૪. ન. ઉધરસ.
૫. વિ. છોલેલું.

ક્ષુતા ૧. સ્ત્રી. ઉધરસ.
૨. [સં.] સ્ત્રી. છીંક.

ક્ષુતિ ૧. સ્ત્રી. (જૈન) છીંક.
૨. સ્ત્રી. છીંકનું નિશાન.

ક્ષુત્ક્ષામ [સં.] વિ. ભૂખથી દુબળું થયેલું.

ક્ષુત્પિપાસા [સં.] સ્ત્રી. ભૂખ અને તરસ.

ક્ષુત્પ્રતિકાર [સં.] પું. ભૂખ દૂર કરવાનો પ્રયાસ; ભોજન; ખાવું તે.

ક્ષુદ્ ૧. [સં.] અ. ક્રિ. ક્ષોભ પામવો.
૨. અ. ક્રિ. ખાવું; જમવું.
૩. સ. ક્રિ. ઠારવું.
૪. સ. ક્રિ. ખૂંદવું.
૫. સ. ક્રિ. દળવું; પીસવું.

ક્ષુદંબર વિ. કસુંબલ રંગનું.

ક્ષુદ ૧. [સં.] પું. એક જાતની ભાંભરી.
૨. પું. ચોખાનો ભાંગેલો દાણો.
૩. પું. તાંદળજાનું શાક.
૪. પું. પતરો.
૫. પું. નાનો શિષ્ય.
૬. પું. મગ્ગર.
૭. પું. માખી.
૮. પું. શંખલું.
૯. ન. સોનીનું બસૂલ કરવાનું કામ.
૧૦. વિ. અધમ; તુચ્છ; નીચ; હલકું.
૧૧. વિ. આકાર કે યોગ્યતામાં ઊતરતું.
૧૨. વિ. ઓછું; ઓછું.
૧૩. વિ. કૃપણ; દરિદ્ર; નિર્ધન.
૧૪. વિ. ક્રૂર; નિર્દય.
૧૫. વિ. દુબળું; નબળું.
૧૬. વિ. બિનઅગત્યનું; નકામું; નજીવું.

ક્ષુદક ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.
૨. પું. એ નામનો એક સપ્તર્ષિ. તેણે ધનુર્વેદ, ચોરશાસ્ત્ર વિષે ગ્રંથો લખ્યા છે.
૩. પું. (પુરાણ) સર્યવંશી પ્રસેનજિત કુળના અંતરિક્ષ રાજાના વંશમાં થયેલા પ્રસેનજિત રાજાનો એક દીકરો. એનો પુત્ર રણક અથવા રણક રાજા હતો.
૪. સ્ત્રી. ચોમાસામાં નદીમાં કરતી નાની હોડી.
૫. ન. અડતાલીસ રતીભારનું વજન; કોલ; વટક.
૬. ન. એક જાતનું પ્રજાતંત્ર.
૭. ન. એક તોલાનું વજન.
૮. વિ. અધમ; નીચ.
૯. વિ. ઘણું નાનું.
૧૦. વિ. ઓછું; ઓલું.

ક્ષુદકલ્પસૂત્ર ન. (જૈન) એ નામનું એક ઉત્તરાધિક સૂત્ર.

ક્ષુદક્ષુદક વિ. નાનામાં નાનું.

ક્ષુદક્ષુર પું. ઝીણો ચોખટ.

ક્ષુદગોધા સ્ત્રી. એક જાતનું પ્રાણી.

ક્ષુદચંચા [સં.] સ્ત્રી. ચૂપરી.

ક્ષુદચંચાળી સ્ત્રી. કટિમેખલા; કંદોરો.

ક્ષુદઘંટિકા ૧. [સં] સ્ત્રી. ચૂપરી.
૨. સ્ત્રી. નાની ઘટડી.
૩. સ્ત્રી. નાની ઝીણી ઘૂપરીઓવાળો કંદોરો.

ક્ષુદઘંટિકાધાર પું. (યોગ) યોગશાસ્ત્ર પ્રમાણે સોળ આધાર મંડલનો નવમો આધાર.

ક્ષુદઘંટી સ્ત્રી. ચૂપરી.

ક્ષુદચંદન ૧. [સં.] ન. રતાંજળીનું ઝાડ.
૨. ન. રાતું ચંદન.

ક્ષુદ્રચંપક [સં.] પું. એક જાતનો ચંપો.

ક્ષુદ્રચૂડ [સં.] પું. એક જાતનું પક્ષી.

ક્ષુદ્રછત્ર ન. જંગલી ઝાડવરનો પુષ્પનો ગુચ્છો.

ક્ષુદ્રજંતુ [સ.] પું. હાડકાં વિનાનું પ્રાણી; કૃમિ, કીડો વગેરે.

ક્ષુદ્રજંતુપણું ન. અધમતા; હલકાપણું.

ક્ષુદ્રજા સ્ત્રી. કેડકી.

ક્ષુદ્રજાંબુ [સં. જલજમ્બુકા] ન. એક જાતનું ઝાડ. તેનું ફળ દાહ અને રક્તદોષમાં ઉપયોગી છે. તે ખાવાના કામમાં આવે છે. તેમાં પથરી ગાળી નાખવાનો ગુણ છે.

ક્ષુદ્રતમ ૧. [સં. ક્ષુદ્ર (અલ્પ) + તમ (શ્રેષ્ઠતાવાચક પ્રત્યય)] વિ. અતિ અલ્પ.
૨. વિ. અત્યંત ક્ષુદ્ર.
૩. વિ. અધમમાં અધમ.
૪. વિ. બહું દૂર.
૫. વિ. બહુ કૃપણ.
૬. વિ. બહુ નીચ.

ક્ષુદ્રતા ૧. [સં.] સ્ત્રી. અધમતા; તુચ્છતા; નીચતા; હલકાઈ.
૨. સ્ત્રી. નાનાપણું.

ક્ષુદ્રત્વ જુઓ ક્ષુદ્રતા.

ક્ષુદ્રદર્શી [સં. ક્ષુદ્રદર્શિન્] વિ. હલકું જોનાર.

ક્ષુદ્રદંતી [સં. ક્ષુદ્રદન્તિન્] સ્ત્રી. નાના નેપાળાનું ફળ.

ક્ષુદ્રદંશિકા [સં.] સ્ત્રી. નાનો મચ્છર.

ક્ષુદ્રદર્શી જુઓ ક્ષુદ્રદર્શિન.

ક્ષુદ્રદુરાલભા [સં.] સ્ત્રી. ત્રીજો ધમાસો.

ક્ષુદ્રધાત્રી [સં.] સ્ત્રી. ગાડરશીંગનો એક.

ક્ષુદ્રધાન્ય [સં.] ન. એક જાતનું તૃણધાન્ય જેમકે, સામો.

ક્ષુદ્રનલ [સ.] પું. ભારીક નળી.

ક્ષુદ્રનાશી સ્ત્રી. કેવડી; દારમરૂપ.

ક્ષુદ્રનાસિક ૧. વિ. નકટું.
૨. [સં.] વિ. નાના નાકવાળું.

ક્ષુદ્રનિકાય પું. (બૌદ્ધ) ખુદ્દક નિકાય; સુત્તપિટકના પાંચ માંહેનો એ નામનો એક મોટા વિભાગ.

ક્ષુદ્રપટલ ન. એક જાતનું ભારીક કાપડ.

ક્ષુદ્રપતિ [સં.] પું. કુબેર.

ક્ષુદ્રપત્ર ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; સાટોડી.
૨. પું. જંગલી તુલસી.
૩. વિ. નાનાં પાંદડાંવાળું.

ક્ષુદ્રપત્રા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ચાંગેરી.
૨. સ્ત્રી. સાટોડી.

ક્ષુદ્રપત્રી [સં.] સ્ત્રી. વજ્ર નામની વનસ્પતિ; મધીલો વજ્ર.

ક્ષુદ્રપદ ન. દશ અંગુલનું એક પ્રાચીન માપ.

ક્ષુદ્રપનસ [સં.] પું. એક જાતના ફણસનું ઝાડ.

ક્ષુદ્રપર્ણી ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ, અર્જક.
૨. વિ. નાનાં પાંદડાંવાળું.

ક્ષુદ્રપશુ [સ.] ન. બાપડું હલકું જનવર.

ક્ષુદ્રપશુપથ [સં.] પું. નાનાં જનવરોની આવજા માટેનો માર્ગ કે પહોળો રસ્તો.

ક્ષુદ્રપાષાણભેદા [સં.] સ્ત્રી. પહાડમાં થતી ક્ષુપ જાતિની એક વનસ્પતિ.

ક્ષુદ્રપિપ્પલી [સં.] સ્ત્રી. જંગલી પીપર.

ક્ષુદ્રપુષ્પતી [સં.] સ્ત્રી. એક જાતની ખમલી.

ક્ષુદ્રપોતિકા [સં.] સ્ત્રી. મૂલપોતિકા વનસ્પતિ.

ક્ષુદ્રફણસ [સં. ક્ષુદ્રપનસ] ન. એક જાતનું જંગલી ફણસ. તે ઉષ્ણ, ગ્રાહી, પીત્તહર અને અગ્નિહર મનાય છે.

ક્ષુદ્રફલ ૧. [સં.] પું. એક જાતનું લાંબુ વૃક્ષ
૨. પું. જીવનવૃક્ષ નામે એક ઝાડ.

ક્ષુદ્રફલક જુઓ ક્ષુદ્રફલ.

ક્ષુદ્રફળ જુઓ ક્ષુદ્રફલ.

ક્ષુદ્રફલા ૧. [સ.] સ્ત્રી. અંગિયાની નામનું વૃક્ષ
૨. સ્ત્રી. ઉંદરવરણી.
૩. સ્ત્રી. એક જાતની કાકડી.

ક્ષુદ્રફોડા (ક્ષુદ્રફોડ) પું. અર્બુદ.

ક્ષુદ્રબહુકોષ્ઠ વિ. (ગણિત) નાના બહુ ખૂણાવાળું.

ક્ષુદ્રબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. તુચ્છ બુદ્ધિ; હલકો બુદ્ધિ.
૨. વિ. તુચ્છ બુદ્ધિવાળું.
૩. વિ મૂર્ખ.

ક્ષુદ્રબોર ૧. ન. કાચું બોર.
૨. ન. સૂકું બોર.

ક્ષુદ્રબૃહતી [સં.] સ્ત્રી. નાની ભોરિંગણી.

ક્ષુદ્રભગોષ્ઠ પું. ભગોષ્ઠની નીચે યોનિના અંદરના ભાગમાં રહેલા બે નાના ચામડીના ભનેલા હોઠ; બૃહદ્ ભગોષ્ઠને આંગળથી હડાની જોવાથી અંદર દેખાતા બીજા પાતળા ભગોષ્ઠ.

ક્ષુદ્રભંડાકી સ્ત્રી. ભોરિંગણી.

ક્ષુદ્રભાવ પું. હલકો મનોરથ; હલકી ભાવના.

ક્ષુદ્રભૂત પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ભરિચિ ઋષિના છ માંહેનો એ નામનો એક દીકરો. કૃષ્ણાવતાર વખતે તે કૃષ્ણના તેમની પૂર્વે જન્મેલા છ ભાઈઓમાં એક તરીકે જન્મી કંસને હાથે મરણ પામ્યો હતો.

ક્ષુદ્રમ પું. છ માસાનું એક તોલું; છ દામ.

ક્ષુદ્રમતિ ૧. [સં.] સ્ત્રી. હલકી બુદ્ધિ.
૨. વિ. તુચ્છ બુદ્ધિવાળું.
૩. વિ. મૂર્ખ.

ક્ષુદ્રમત્સ્ય ન. નાનું માછલું.

ક્ષુદ્રમુસ્તા [સં.] સ્ત્રી. એક જાતની બીજી મોથ.

ક્ષુદ્રમૂલ [સં.] ન. મૂળાકુરા; બીના જે ભાગનું મૂળ બને છે તે ભાગ.

ક્ષુદ્રમોથ સ્ત્રી. એક જાતની મોથ.

ક્ષુદ્રયુથતી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વજ્ર.

ક્ષુદ્રરૂપ ન. નરમ રૂપ.

ક્ષુદ્રરોગ [સં.] પું. ખસ, ખુજલી, ક્ષુદ્રકુષ્ઠ જેવા નાના રોગ; એક જાતનો હલકો રોગ.

ક્ષુદ્રલ [સં.] વિ. ક્ષુદ્ર રોગવાળું.

ક્ષુદ્રલસિકાકૃ પું. લસિકાનો નાનો અણુ.

ક્ષુદ્રલા સ્ત્રી. ખાળાવજ્ર; પોળો વજ્ર.

ક્ષુદ્રવર્ચેરા [સં.] સ્ત્રી. હંસણી.

ક્ષુદ્રવર્ષાભૂ સ્ત્રી. રાતી સોગઠી.

ક્ષુદ્રવલ્લી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; મૂલપોની.

ક્ષુદ્રવંશા [સં.] સ્ત્રી. રિસામણીનો વેલો.

ક્ષુદ્રવાર્તાકિની [સં.] સ્ત્રી. પોળા ભોંયરીંગણી.

ક્ષુદ્રવાર્તાકી [સ.] સ્ત્રી. ભોંયરીંગણી.

ક્ષુદ્રવિરાટ પું. પરમાત્માનું નાનામાં નાનું સ્વરૂપ.

ક્ષુદ્રશલ્ય પું. વગાડ્યા વગરનો ઝોડવો.

ક્ષુદ્રશર્કરા [સં.] સ્ત્રી. એક જાતની સાકર.

ક્ષુદ્રશંખ [સં.] પું નાનું શંખલું.

ક્ષુદ્રશાર્દૂલ [સં.] પું. ચિત્રો; દીપડો; નાનો વાઘ.

ક્ષુદ્રશીર્ષ ૧. [સં.] પું. મયૂરશિખા નામનું વૃક્ષ
૨. વિ. નાના માથાવાળું.

ક્ષુદ્રશુક્તિ [સં.] સ્ત્રી. નાની છીપ.

ક્ષુદ્રશુક્તિકા જુઓ ક્ષુદ્રશુક્તિ.

ક્ષુદ્રશ્યામા [સં.] સ્ત્રી. કટકી નામનું વૃક્ષ.

ક્ષુદ્રશ્વાસ [સં.] પું. એક જાતનો શ્વાસનો રોગ. સુશ્રુત અનુસાર અધિક ભોજનથી, ઓછો પરિશ્રમ કરવાથી અને દિવસે સૂવાથી આ રોગ થતો મનાય છે.

ક્ષુદ્રષેતા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

ક્ષુદ્રસર્વતોભદ્ર [સં] પું. (જૈન) તપનો એ નામનો એક પ્રકાર.

ક્ષુદ્રસહા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મારગંધા.
૨. સ્ત્રી. મુદ્ગપર્ણી નામની વનસ્પતિ.

ક્ષુદ્રસુવર્ચલ [સં.] ન. પિત્તળ.

ક્ષુદ્રસૂક્ત પું. ઋગ્વેદના દશમા મંડલનાં ૧૨૯થી ૧૩૮ સુધીનાં નાનાં સૂક્ત બનાવનાર એ નામનો એક ઋષિ.

ક્ષુદ્રહા [સં ક્ષુદ્રહન્] પું. શિવ; મહાદેવ.

ક્ષુદ્રહિંગુલિકા [સં.] સ્ત્રી. ભોંયરીંગણી.

ક્ષુદ્રહિંગુલી જુઓ ક્ષુદ્રહિંગુલિકા.

ક્ષુદ્રા ૧. [સં.] સ્ત્રી. અધમ સ્ત્રી; ખોડવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામનું એક ક્ષુપપ્રકાર.
૩. સ્ત્રી. કૃપણ; વેશ્યા.
૪. સ્ત્રી. કટકારી; ભોંયરીંગણી.
૫. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ
૬. સ્ત્રી. ભળ.
૭. સ્ત્રી. નદી; નાચનારી સ્ત્રી.
૮. સ્ત્રી. નીચ સ્ત્રી.
૯. સ્ત્રી. પાતળી રોરડી.
૧૦ સ્ત્રી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં જનતી એક જાતની નાની ઘોડી.
૧૧. સ્ત્રી. મધમાખી.
૧૨. સ્ત્રી. માખી.
૧૩. સ્ત્રી. રાતી સાટોડી.
૧૪. સ્ત્રી. હિસક સ્ત્રી.

ક્ષુદ્રાતુ [સં. ક્ષુદ્ર (અલ્પ) + આતુ (ધાતુ)] સ્ત્રી. એક જાતની અમેરિકના વજિનિયા પ્રાંતમાંથી નીકળતી હલકી ધાતુ.

ક્ષુદ્રાદિ કષાય પું. (વૈદક) ભોંયરીંગણી અને બીજી વનસ્પતિનો ઉકાળો.

ક્ષુદ્રાણુક્ષુદ્ર વિ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ; અતિ સૂક્ષ્મ.

ક્ષુદ્રાપામાર્ગ [સં.] પું. રાતો અમેરો.

ક્ષુદ્રામલક [સં.] ન. એક જાતનું આંબળું.

ક્ષુદ્રાલય પું. થોડાં ઝૂંપડાંવાળું ગામ; નાનું ગામ.

ક્ષુદ્રાલેપન [સં. ક્ષુદ્ર (હલકું) + આલેપન (ચિત્રકામ)] ન. હલકી જાતની વસ્તુઓ ચીતરવી તે.

ક્ષુદ્રાશય [સં.] વિ. હલકા વિચારવાળું; નીચ પ્રકૃતિવાળું.

ક્ષુદ્રાસ્થિ [સં.] ન. નાનું હાડકું.

ક્ષુદ્રાંજન [સં.] ન. એક જાતનું અંજન.

ક્ષુદ્રાંત્ર ન. નાનું આંતરડું; પાતળા માંસમય દીવાલવાળી એક લાંબી નળી. તે નાભિની આસપાસ ગૂંચળું વળીને રહેલી છે. તેનો ઉપલો છેડો ઓજરી સાથે અને નીચલો છેડો ઉંડુક નામથી ઓળખાતા મોટા આંતરડાના શરૂઆતના ભાગ સાથે જોડાયેલ છે. આ આંતરડાની લમ્બાઈ સામાન્ય રીતે ત્રેવીસ ફુટ હોય છે. તેનો શરૂઆતનો ભાગ આશરે દોઢ ઇંચ પહોળો અને તેના નીચલા છેડાની પહોળાઈ પ્રકૃત એક ઇંચ હોય છે, એટલે કે આંતરડાનો વ્યાસ ધીમે ધીમે ઘટતો જાય છે. ઓજરીએ અરધા પચેલા ખોરાકની પાચનક્રિયા અહીં પૂરી થાય છે. નાનું આંતરડું પૃષ્ઠવંશની આગલી બાજુ સાથે અંત્રબંધનોથી જોડાયેલું છે. મોટું આંતરડું નાના આંતરડાની આસપાસ રહેલું છે. નાના આંતરડાના પ્રાણી, મધ્યાંત્ર તથા રોધાંત્ર એવા ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે, પરંતુ આ એક સળંગ નળી છે.

ક્ષુદ્રાંત્રબંધની સ્ત્રી. નાના આંતરડાની પ્રજા વડે રચાયેલી બંધની. તે નાના આંતરડાને પેટની પાછલી દીવાલ સાથે જોડે છે.

ક્ષુદ્રાંત્રીયરસ [સં.] પું. નાના આંતરડા માંહેનો પાચક રસ.

ક્ષુદ્રિકા ૧. સ્ત્રી. એક જાતની ઢેફડી.
૨. સ્ત્રી. ગોમાસામાં ઝલાતી નાની અને છીછરી નદી.
૩. સ્ત્રી. નદિ ખોદેલું નાનું તળાવ.
૪. સ્ત્રી. નાની સાખી
૫. [સં.] સ્ત્રી. મચ્છર; ડાંસ.
૬. સ્ત્રી. ખોડી; વહાણ.

ક્ષુદ્રિમા સ્ત્રી. સાંધાર ગ્રામની બીજી મૂર્ચ્છના.

ક્ષુદ્રીય [સં.] વિ. નીચ મનુષ્યે કરેલું.

ક્ષુદ્રોદ્યક [સં] ન. નાનું ચૂપડ.

ક્ષુદ્રૌષ્ઠ [સં.] પું. મોનિના ઉપલા મોટા હોઠની નીચે આવેલા બે નાના હોઠ માંહેનો દરેક.

ક્ષુદ્વાન વિ. ભૂખ્યું.

ક્ષુધ્ [સં.] સ. ક્રિ. ભૂખ લાગવી.

ક્ષુધા ૧. [સં.] સ્ત્રી. ભૂખ.
૨. સ્ત્રી. લાલસા; તીવ્ર ઇચ્છા.

ક્ષુધાક્રાંત [સં.] વિ. ભૂખથી પીડાયેલું.

ક્ષુધાતુર ૧. વિ. બહુ જ આતુર; ઉત્સુક.
૨. [સં.] વિ ભૂખથી બેબાકળું થઈ ગયેલું; ભૂખ્યું.
૩ વિ. લાલસાવાળું.
૪. વિ. લોભી.

ક્ષુધાધિક્ય [સં.] ન. બહુ ભૂખ લાગવાપણું.

ક્ષુધાધ્વંસ [સં.] પુ. ભૂખનો નાશ; ભૂખ ન લાગવાપણું.

ક્ષુધાનલ [સં] પ ભૂખ; ભૂખરૂપી અગ્નિ.

ક્ષુધાપરીષહ [સં] પુ (જૈન) ગમે તેવી ભૂખની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુદ્ધ આહારપાણી ન લેતાં સમભાવપૂર્વક દુઃખ સહન કરવાપણું.

ક્ષુધાપીડિત ૧. ન. ભૂખને લીધે થતી અશાંતિ.
૨. વિ. ભૂખથી પીડાતું; ભૂખ્યું.

ક્ષુધાભિજનન ૧. [સં.] ન. ચાઈ.
૨. વિ. ભૂખ લગાડે તેવું.

ક્ષુધામાંદ્ય [સં.] ન. ભૂખ ન લાગવાપણું.

ક્ષુધાયુક્ત [સં.] વિ. ભૂખ્યું; ભૂખવાળું.

ક્ષુધાર્ત [સં.] વિ. ભૂખથી પીડાતું.

ક્ષુધાર્તી જુઓ ક્ષુધાર્ત.

ક્ષુધાર્થી જુઓ ક્ષુધાર્ત.

ક્ષુધાલુ જુઓ ક્ષુધાયુક્ત.

ક્ષુધાવતી [સં.] સ્ત્રી. એક જાતનું ઔષધ. તેના સેવનથી ભૂખ વધે છે.

ક્ષુધાવંત [સં.] વિ. ક્ષુધાથી પીડાતું; ભૂખ્યું.

ક્ષુધિ પું. (પુરાણ) ભિન્નવિદાને કૃષ્ણથી થયેલ દશ માંહેનો એ નામનો એક દીકરો.

ક્ષુધિત જુઓ ક્ષુધાતુર.

ક્ષુધોત્પાદક [સં] વિ ભૂખ ઉત્પન્ન કરે એવું.

ક્ષુપ ૧ [સં] પું. છોડ; મૂળ અને શાખા નાનાં હોય તેવું ઝાડ.
૨. પું. ઝાડી; ઝીંક જંગલ.
૩. પું. હારકાની પશ્ચિમે આવેલો એ નામનો એક પર્વત
૪. પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; જેમ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં જગણ અને બે લઘુ મળી પાંચ વર્ણ હોય છે.
૫. પું. (પુરાણ) વસ્તદેવની ઔરસમાંથી ઉત્પન્ન થયેલ એક પ્રજાપતિ.

૬. પું. મહાભારત અનુસાર પ્રસંધિનો દીકરો અને ક્ષત્રવાકુનો બાપ.
૭. પું. શ્રીકૃષ્ણનો સત્યભામાને પેટે થયેલો એક દીકરો.
૮. સ્ત્રી. રજપૂતની એક જાતિ.
૯. ન. રજપૂતની એ નામની જાતિનું માણસ.
૧૦. વિ. રજપૂતની એ નામની જાતિનું.

ક્ષુબ્ધ ૧. [સં.] પું. એક જાતનો રતિબંધ.
૨. પું. મયનદંડ; રવૈયો.
૩. વિ. અધીરું; બહુ આતુર.
૪. વિ. અસ્થિર; ચંચળ.
૫. વિ. કુપિત; ગુસ્સે થયેલું.
૬. વિ. ક્ષોભ પામેલું; વ્યાકુળ; ગભરાયેલું.
૭. વિ. ઠરેલું; ભયભીત.
૮. વિ. ઠોળું, મેલું; ડહોળાયેલું.
૯. વિ. હલાવેલું, ઠોલાવેલું.

ક્ષુબ્ધચિત્ત [સ.] ન. વ્યાકુળ મન.

ક્ષુભ્ ૧. [સ.] અ. ક્રિ. કંપવું; ડોલવું.
૨. અ ક્રિ. (ધાતુ) ખળભળવું; ગભરાવું; સંકોચ પામવો. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષુભ.

ક્ષુભ ૧. [સ.] વિ. ક્ષોભ પમાડનાર; ગભરાનાર; ખળભળાનાર.
૨. વિ. પ્રવર્તક, ફેલાવો કરનાર.

ક્ષુભા ૧. પું. એ નામે સૂર્યનો એક પાર્ષદ.
૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

ક્ષુભિત ૧. [સ.] ન. ક્ષોભ, ખળભળાટ.
૨. ન. ઝઘડો; કલેશ.
૩. જુઓ ક્ષુબ્ધ ૩-૯.

ક્ષુલ્લાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

ક્ષુલ્લક ૧. પું. (પુરાણ) ભૃગુ કુળમાં જન્મેલ એ નામનો એક ઋષિ.
૨. વિ. ગભરાઈ જાય એવું; ડરપોક.

ક્ષુલ્લતા ૧. સ્ત્રી. ચંચળતા; અસ્થિરતા.
૨. સ્ત્રી. વ્યાકુળતા, વિહ્વળપણું.

ક્ષુમા ૧. [સ.] સ્ત્રી. અળસી.
૨. સ્ત્રી. ગળી.
૩. સ્ત્રી. જવાસો નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. બાણ.
૫. સ્ત્રી. ચણ.
૬. વિ. શત્રુને કંપાવનાર.

ક્ષુર્ ૧. [સ.] અ ક્રિ. ક્યારા કરવા.
૨. અ. ક્રિ. રેખા કાઢવી; લીટી દોરવી.
૩. સ. ક્રિ. (ધાતુ) કાપવું; છેદવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષુરિત, ક્ષૌર, ક્ષૌરકર્મ.

ક્ષુર ૧. [સં.] પું. અસ્ત્રો; સજ્જો.
૨. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ક્ષર. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, નગણ અને બે લઘુ એમ આઠ અક્ષર હોય છે.
૩. પું. એક જાતની વનસ્પતિ; ગોખરો.
૪. પું. ગોખરુ.
૫. પું. તીર; બાણ.
૬. પું. પશુઓની ખરી.
૭. પું. માથાનો મૂંડો; ટકો.

ક્ષુરક ૧. [સ.] પું. અઢાર મુખ્ય કર્મસ્થ માંહેનો એ નામનો એક.
૨. પું એખરો.
૩. પું. તલસાવળી નામની વનસ્પતિ.
૪. પું. મોટું ગોખરુ.

ક્ષુરકર્મ [સ] ન. હજામત, નખ તથા વાળ કાપવા તે.

ક્ષુરક્રિયા જુઓ ક્ષુરકર્મ.

ક્ષુરધાન [સ.] સ્ત્રી. હજામની પેટી, હજામની કોથળી.

ક્ષુરધાર ૧. ન એ નામનું એક નરક.
૨. [સં.] ન. એક જાતનું બાણ.
૩ વિ. છરાની માફક તેજ ધારવાળું.

ક્ષુરધારકુંડ પું. એ નામનો ૮૬ નરકકુંડ માંહેનો એક

ક્ષુરધારા ૧. [સ] સ્ત્રી. અસ્ત્રાની ધાર.
૨ સ્ત્રી. એક જાતનું બાણ.

ક્ષુરપત્ર ૧. [સં.] ન. અસ્ત્રા જેવાં પાંદડાંવાળું ઝાડ.
૨. ન. અસ્ત્રા જેવી ધારવાળું બાણ.
૩. ન. અસ્ત્રાની ધાર.
૪. ન. અસ્ત્રો; સજ્જો.
૫. ન. ડાભડો; દર્ભ નામનું ઘાસ.
૬ વિ. ધારવાળા પાંદડાંવાળું.

ક્ષુરપ્ર ૧. [સં.] પું. અસ્ત્રો, સજ્જો.
૨. પું ઘાસ કાપવાનું ઓજાર; દાતરડું
૩. પું. ચપટા માથાવાળું બાણ.

ક્ષુરપ્રમાલ પું. હાથીને પહેરાવવાનો એક જાતનો હાર.

ક્ષુરપ્રાસ્ત્ર [સં.] ન. દાતરડાવાળું એક જાતનું બાણ.

ક્ષુરમર્દી [સં. ક્ષુરમર્દિન્] પું વાળંદ; હજામ; નાવી.

ક્ષુરમુંડક જુઓ ક્ષુરમર્દી.

ક્ષુરમુંડો જુઓ ક્ષુરમર્દી.

ક્ષુરા [સં.] સ્ત્રી. ગોખરો નામની વનસ્પતિ.

ક્ષુરાગ્ર [સં.] પું. અસ્ત્રાનો ધારવાળો ભાગ.

ક્ષુરિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું હાડ.
૨. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ. જુઓ ક્ષુરિકોપનિષદ.
૩. સ્ત્રી. ચપ્પુ; ચાકુ.
૪. સ્ત્રી. છરી.
૫. સ્ત્રી. નાનો અસ્ત્રો.

ક્ષુરિકોપનિષદ [સં. ક્ષુરિકોપનિષત્] સ્ત્રી.;ન એકસો અઢાર ઉપનિષદોમાંનું એ નામનું એક. તેનો સાર નીચે પ્રમાણે છે: કોલાહલરહિત પવિત્ર દેશમાં સ્થિતિ કરીને કોમલ આસન ઉપર પદ્માદિક આસને બેસવું. પછી પ્રાણનો જેમ પોતાના અંગો સંકોચી લે છે તેમ સાધક ઇંદ્રિયો તથા મનની વૃત્તિઓને હૃદયાકાશમાં સંકોચી લે અને ૐ પ્રણવનું ઉચ્ચારણ કરતાં સુધી ધીમે ધીમે બહારના વાયુનું કોઈ પણ નાસાપુટ દ્વારા હૃદયબળી આકર્ષણ કરે. તે વખતે શરીરનાં મુખ્ય છિદ્રોનો નિરોધ કરે અને કેડ, હૃદય, કંઠ તથા મુખને ચોડાં ઊંચાં રાખે. શરીરમાં પૂરેલા વાયુને અઠતાલીસ માત્રા પર્યંત અચલ રાખે ને પછી ભીન્ન નાસાપુટ દ્વારા ધીમેધીમે શરીરમાંના તે વાયુને બહાર કાઢે. પ્રાણાયામનો અભ્યાસ પાકો થયા પછી ધારણા વડે પ્રાણના પ્રત્યાહારનો અભ્યાસ કરે. અંગુઠાથી ઘૂંટી, ત્યાંથી નીચલો ભાગ, ત્યાંથી ઢીંચણનો ઉપલો ભાગ, ત્યાંથી ઊરુ, ત્યાંથી ગુદા, ત્યાંથી શિશ્ન, ને ત્યાંથી નાભિ એમ ક્રમથી નીચેના વાયુને મન વડે ઉપરના સ્થાનમાં ધારણ કરે. ત્યાંથી વાયુ, મન તથા અગ્નિનો સુષુમ્ણામાં પ્રવેશ કરાવે. ત્યાંથી હૃદય તથા અનાહતચક્રનું ભેદન કરી તે કંઠમાં વિશુદ્ધચક્રમાં જાય. આવા અભ્યાસથી એટલે કે અગ્નિમાનીની સુષુમ્ણામાં સ્થિતિ થવાથી તે સમયમા શરીરમાંની બીજી નાડીઓ અશક્ત થઈ જાય છે. કંઠમાંથી તે આજ્ઞાચક્રમાં જઈ ત્યાંથી બ્રહ્મરંધ્રમાં જાય છે. જેમ બળવાન હંસ પાત્ર છોડીને જાય રહિત થઈ આકાશમાં ઊડી જાય છે તેમ નિઃસ્પૃહ યોગવેત્તા ધીમેધીમે અવિદ્યાદિ પાશોને તોડી નાખી સંસારના અવધિને પામે છે. પ્રાણનો આરોહ અવરોહ જે હઠયોગમા ઉપયોગી છે તેનું સંક્ષેપમાં આ ઉપનિષદમાં નિરૂપણ કર્યું છે.

ક્ષુરિણી ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ, વરાહક્રાંતા.
૨. સ્ત્રી. વાળંદની સ્ત્રી.

ક્ષુરી ૧. [સં. ક્ષુરિન્] પું. ખરીવાળું પશુ.
૨. પું. હજામ.

૩. સ્ત્રી. ઝરી.

ક્ષુલ્લ ૧. [સં.] વિ. અલ્પ; થોડું.
૨. વિ. ક્ષુદ્ર; નીચ.
૩. વિ. નાનું; કનિષ્ઠ.

ક્ષુલ્લક ૧. પું. નાનું તબલું; કોડી.
૨ [સં.] પું. રુદ્રનું એક નામ.
૩ વિ. અલ્પ; જરા; થોડું.
૪. વિ. તુચ્છ; નજીવું.

ક્ષુલ્લકતા ૧. [સં.] સ્ત્રી. અસારતા; તુચ્છતા.
૨. સ્ત્રી. નાનપ.

ક્ષુલ્લકપુર ન. મુંબઈ પ્રાંતમાં આવેલ એ નામનું એક શહેર; કોલ્હાપુર.

ક્ષે ૧. પું. નાશ.
૨. વિ. ક્ષય કરનાર; ઘાતક.

ક્ષેડિત [સં.] ન સિંહનો શબ્દ.

ક્ષેત્ર ૧. ન. અવકાશ; પ્રસંગ.
૨. [સં.] ન અંતઃકરણ; મન.
૩. ન. (જૈન) આર્ય અનાર્ય પ્રદેશ.
૪. ન. ઉત્પત્તિસ્થાન.
૫. ન. એક રાગિણી; હનુમંત મત પ્રમાણે શ્રી રાગની આઠ પુત્રવધૂ પૈકીની એક; ક્ષેમ. આ રાગિણી કન્નડ, સરસ્વતી અને કલ્યાણથી મિશ્ર છે.
૬. ન. ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ દ્વિકોણ, ત્રિકોણ વગેરે પદાર્થો.
૭. ન. જે સપાટીમાંના ગમે તે બે બિંદુને જોડનારી સીધી લીટી આખી તે સપાટી ઉપર પડી રહે તે ભાગ.
૮. ન. જેમાં વસ્તુ ઉત્પન્ન કરાતી હોય તે.
૯. ન. ડાંગર વગેરેનો ક્યારો.
૧૦. ન. દેશ.
૧૧. ન. (જૈન) દ્વીપનો એક ભાગ; ખંડ.
૧૨. ન. ઘરનો અવકાશ; ઓકળાશ.
૧૩. ન. ધંધો; આજીવિકાનું સાધન.
૧૪. ન. અન્ન, વાવટા, નિશાન વગેરે કરવાનું વસ્ત્ર.
૧૫. ન. પવિત્ર સ્થળ; તીર્થ.
૧૬. ન. પંચ જ્ઞાનેંદ્રિયોનો સમૂહ.
૧૭. ન. મંદર.
૧૮. ન ભૂમિ; ખેતર; જમીન; ખુલ્લી કે ઊઘાડી જમીન
૧૯. ન. ભૂમિતિ.
૨૦. ન. મેષ વગેરે બાર રાશિ.
૨૧. ન. રાહુ
૨૨. ન. શરીરનું સ્થળ; સ્નાયુજાલ.
૨૩. ન સંસાર્ગ પ્રયોગાર્હવાળી વસ્તુ.
૨૪. ન. (જૈન) લોકાકાશ; આકાશપ્રદેશ.
૨૫. ન. શરીર; દેહ.
૨૬. ન. સિંહની જગ્યા; સિંહસ્થાન.
૨૭. ન. ઓ; પત્ની.
૨૮. ન. સ્થાન; જગા; પ્રદેશ.

ક્ષેત્રજાર્ય પું. (જૈન) કાશી, કોસલ વગેરે આર્યદેશોમાં ઉત્પન્ન થયેલ માણસ.

ક્ષેત્રકર [સં.] વિ. ખેતી કરનાર; ખેતર ખેડનાર.

ક્ષેત્રકરીષ ન. ખાડામું ખાતું; ઉપલક.

ક્ષેત્રકલ્પ પું. (જૈન) દેશનો રિવાજ.

ક્ષેત્રકાર જુઓ ક્ષેત્રકર.

ક્ષેત્રકૃત [સં.] વિ. ક્ષેત્રને લીધે થયેલું.

ક્ષેત્રકોષ્ણ [સં.] પું. એક બિંદુમાં મળનારી બે સીધી લીટીઓની વચ્ચેનો ખૂણો.

ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ [સં.] પું. ગીતાનો તેરમો અધ્યાય. ક્ષેત્ર એટલે શરીર અને ક્ષેત્રજ્ઞ એટલે શરીરમાં રહેનાર અથવા શરીરને જાણનાર આત્મા. એના વેદાંતશાસ્ત્રમાં અનુક્રમે પિંડ અને બ્રહ્માંડ એવાં નામો છે. એ બંનેનો વિચાર આ અધ્યાયમાં કર્યો છે.

ક્ષેત્રગણના [સં.] સ્ત્રી. ક્ષેત્રફળની ગણતરી. તેનું કોષ્ટક

૧	મોરસ હાથ	= આસન
૧૬	આસન	= જોયર્મ
૬૪	જોયર્મ	= ખારણી
૪	ખારણી	= બાય
૪	બાય	= વર્તનિકા
૪	વર્તનિકા	= વાટિ
૪	વાટિ	= કુટુંબ
૧૦૦	કુટુંબ	= ગ્રામ
૧૦૦	ગ્રામ	= જનપદ
૧૦૦	જનપદ	= દેશ

ક્ષેત્રગણિત [સં.] ન. ક્ષેત્રનું માપ કાઢવાની વિદ્યા.

ક્ષેત્રગૃહ [સં.] ન. ખેતરમાં બાંધેલ મકાન.

ક્ષેત્રચંચુ [સં.] પું. ઊભી ખેડણીનો ઓક.

ક્ષેત્રજ ૧. [સં.] પું. પતિ મરી ગયો હોય, નપુંસક હોય અથવા રોગી હોય તેની સ્ત્રી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિયુક્ત થવાથી ઉત્પન્ન થયેલ પુત્ર.
૨. વિ. ખેતરમાં ઉત્પન્ન થનાર.
૩. વિ. શરીરમાંથી જન્મેલ.
૪. વિ. સ્ત્રીથી ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રજપુત્ર જુઓ ક્ષેત્રજ ૧.

ક્ષેત્રજ્ઞ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ; ગોમૂત્ર તૃણ.
૨. સ્ત્રી એક પ્રકારની કાકડી.
૩. સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ક્ષેત્રજ્ઞ ૧. [સં] પું. આત્મા.
૨. પું આત્મારૂપે દેહ વગેરે ઉપર અભિમાન કરનારો જીવ.
૩. પું. બેડૂત.
૪. પું. પરમાત્મા; સર્વત્ર પરમેશ્વર; અંતર્યામી.
૫. પું. બહુક ભૈરવ.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે દેહરૂપી ક્ષેત્રની સર્વ ચેષ્ટાઓના જાણનાર છે. વળી સર્વ દેહરૂપી ક્ષેત્રોના જાણનાર પણ તે છે. તેથી તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે.
૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૮. પું. સાક્ષી.
૯. પું. સ્વચ્છંદી માણસ; કાબરીંછટો પુરુષ; લપટ.
૧૦. વિ. ક્ષેત્રને જાણનારું; જ્ઞાની.
૧૧. વિ. ચતુર; હોશિયાર; ડાહ્યું.
૧૨. વિ. જાણનાર; જ્ઞાતા.
૧૩. વિ. માણ અને તેના અર્થને જાણનાર; આત્મજ્ઞાની.
૧૪. વિ. વિવેકી

ક્ષેત્રજ્ઞા [સં.] સ્ત્રી. સીતાના હજાર મહિનું એક નામ

ક્ષેત્રજ્ઞાધિષ્ઠાન [સં.] ન. ક્ષેત્રજ્ઞના એટલે આત્માના સ્થાનરૂપ જે હોય તે.

ક્ષેત્રજ્ઞાની [સં. ક્ષેત્રજ્ઞ+ઇન્] વિ. ક્ષેત્રનું જ્ઞાન કરાવનાર; આત્મજ્ઞાન મેળવતાં પ્રથમ શરીરરૂપી ક્ષેત્ર સમજનાર.

ક્ષેત્રત્રિકોણમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) સમતલત્રિકોણમિતિ; સીધી સપાટી ઉપર દોરેલા ત્રિકોણનું ગણિત; 'ટ્રિગોનોમેટ્રિ'.

ક્ષેત્રદ ૧. [સં.] પું. બહુક ભૈરવ.
૨. વિ. ખેતર આપનાર.

ક્ષેત્રદર્શક વિ. મોરસ માપ બતાવતું. જેમકે, ક્ષેત્રદર્શક કોષ્ટક

ક્ષેત્રદર્શન ન. ગણિત કે જ્યોતિષમાં ક્ષેત્ર દેખાડવા પૂરતી કરેલી આકૃતિ.

ક્ષેત્રદૂતી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; ધોળા ભોંયરીંગણી.

ક્ષેત્રદેવતા [સં.] સ્ત્રી. ક્ષેત્રની અધિષ્ઠાયક દેવતા

ક્ષેત્રનલિકા સ્ત્રી. વિદ્યુતજનક યંત્રમાં સમાઢવામાં આવતી એક નલિકા. 'ફીલ્ડ ટ્યૂબ'.

ક્ષેત્રપ ૧. [સં.] પું. પરમાત્મા.
૨. પું. બહુક ભૈરવ.

૩. વિ. ક્ષેત્રનો રક્ષક.

ક્ષેત્રપતિ ૧. [સં.] પું. ખેડૂત; જમીનનો માલિક; ખેતરનો ધણી.

૨. પું. જીવાત્મા.

૩. પું. પરમાત્મા.

૪. વિ. ખેતરનું રક્ષણ કરનાર.

ક્ષેત્રપરમાણુ પું. (જૈન) આકાશ પ્રદેશને અવગાહી રહેલ પુદ્ગલ પરમાણુ.

ક્ષેત્રપરિગતવૃત્ત ન. (ગણિત) આપેલ આકૃતિના શિરોબિંદુઓમાંથી પરિમ પસાર થાય એવી રીતે દોરેલું વર્તુલ.

ક્ષેત્રપર્પટો [સં.] પું. ચિત્રપાપડો નામની વનસ્પતિ.

ક્ષેત્રપાલ ૧. [સં.] પું. એક જાતનો અદ્ભુત ભૈરવ દેવ.

૨. પું. કોઈ પણ સ્થળનો મુખ્ય પ્રબંધકર્તા.

૩. પું. ક્ષેત્રનું રક્ષણ કરનાર; ખેડૂત.

૪. પું. ખેતરપાળ દેવ; ખેતરનું રક્ષણ કરનાર દેવ.

૫. પું. દ્વારપાલ.

૬. પું. (તાંત્રિક) પશ્ચિમ દ્વારપાળ ભૈરવ.

૭. પું. પૂર્વ બંગાળમાં પૂજાતો એક દેવ.

૮. પું. ભેટલોજની રમતમાં દાવ દેનાર વ્યક્તિ; 'હીલ્ડર'.

૯. પું. રાજા; સ્વામી.

ક્ષેત્રપાલક ૧. [સં.] પું. ક્ષેત્રનો રક્ષક; ખેતરનો રખેવાળ.

૨. પું. શિવ.

ક્ષેત્રપાલરસ [સં.] પું. (વૈદ્ય) સંઘરણી સહિતના સોલમાં ગણાતું એક ઔષધ.

ક્ષેત્રપાલિકા [સં.] સ્ત્રી. ખેતરનું રક્ષણ કરનાર સ્ત્રી.

ક્ષેત્રપાળ જુઓ ક્ષેત્રપાલ.

ક્ષેત્રપ્રસાર પું. ક્ષેત્રમાં વિસ્તાર થવો તે.

ક્ષેત્રફણિકા સ્ત્રી. પોગી જોંયરીમણી.

ક્ષેત્રફલ ૧. ન. (ગણિત) ક્ષેત્રનો વિસ્તાર કોઈ પણ આકૃતિમાં જેટલી સપાટીનો સમાવેશ થાય અથવા કોઈ પણ આકૃતિની હદ બાંધનારી લીટીઓથી સપાટીનો જેટલો ભાગ ઘેરાય તેને તે આકૃતિનું ક્ષેત્રફળ કહે છે.

૨. ન. ખેતરની પેદાશ.

૩. ન. જમીનની લંબાઈ પહોળાઈનું માપ; 'એરિયા'.

૪. ન. પરિણામ.

૫. ન. સોદામાં ચોખ્ખો નફો કે ખોટ.

ક્ષેત્રફલપત્રક [સં.] ન. જરીબકરો; માપણીનું પત્રક; શક.

ક્ષેત્રફલપુસ્તક [સં.] ન. મુખ્તયારવહી.

ક્ષેત્રફલીયપુષ્ટિ સ્ત્રી. કોઈ પણ ફરતા બિંદુને આપેલા બિંદુની સાથે જોડનારી સીધી લીટીના ફરવાથી જે ક્ષેત્રફળ ઉત્પન્ન થાય તેમાં આપેલા પરમતમાં થતો ફેરફાર; 'ઍરિયલ ઍડવાન્સ'

ક્ષેત્રફલીયવૃદ્ધિ સ્ત્રી. ક્ષેત્રફલીયવેગમાં થતા ફેરફારનો દર, એટલે સમયના એક એકમમાં ક્ષેત્રફલીયવેગમાં થતો ફેરફાર; 'ઍરિયલ ઍક્સેલરેશન'.

ક્ષેત્રફલીયવેગ પું. ક્ષેત્રફલીયપુષ્ટિનો દર, એટલે સમયના એક એકમમાં થતી ક્ષેત્રફલીય પુષ્ટિ; 'ઍરિયલ વેલોસિટિ.'

ક્ષેત્રફળ જુઓ ક્ષેત્રફલ.

ક્ષેત્રભૂમિ [સં.] સ્ત્રી. ખેતરની જમીન.

ક્ષેત્રભૂમિતિ સ્ત્રી. (ગણિત) સીધી સપાટી ઉપર દોરેલી લીટીઓ અને આકૃતિનું ગણિત; સમતલભૂમિતિ; 'પ્લેન જ્યોમેટ્રિ.'

ક્ષેત્રમર્યાદા ૧. [સં.] સ્ત્રી. અધિકારની હદ આંકવી તે.

૨. સ્ત્રી. ક્ષેત્રની હદ.

ક્ષેત્રમર્યાદાચિહ્ન [સં.] ન. ક્ષેત્રની હદનું ચિહ્ન; સીમાચિહ્ન.

ક્ષેત્રમાપ ન. ચોરસ માપ.

ક્ષેત્રમાપન ન. ક્ષેત્રને માપવું તે.

ક્ષેત્રમાલિકા [સં.] સ્ત્રી. વજ્ર નામની વનસ્પતિ.

ક્ષેત્રમિતિ ૧. સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિની કે પદાર્થની સપાટીનું માપ કાઢવાનું ગણિત.

૨. સ્ત્રી. ક્ષેત્રને માપવું તે.

ક્ષેત્રયમાનિકા [સં.] સ્ત્રી. (ગણિત) એક જાતની ભૂમિતિની કલા.

ક્ષેત્રયમાનિકા [સં.] પું. અજમા. અજમાના છોડ ખેતરમાં જ્યાં જોઈએ ત્યાં ઊગી નીકળે છે માટે તેને ક્ષેત્રયમાનિકા કહે છે.

ક્ષેત્રરુહ [સં.] વિ. ખેતરમાં ઊગનાર.

ક્ષેત્રરેખા [સં.] સ્ત્રી. એક જાતની ઝાકડી

ક્ષેત્રરેખા [સં] સ્ત્રી કોઈ પણ સીધી સપાટીમાં પરેપૂરી સમાઈ જતી આખી રેખા; 'પ્લેન લાઇન'.

ક્ષેત્રલિપા [સં.] સ્ત્રી. એક જાતની નેલ.

ક્ષેત્રલુના સ્ત્રી. ખેતરાઉ કરોળિયો. જે જંતુ જળ આપતું નથી પણ જમીનમાં દર કરી રહે છે.

ક્ષેત્રલોક પું. (જૈન) ક્ષેત્રરૂપ લોક; લોકાકાશ.

ક્ષેત્રવસ્તુપ્રમાણાતિક્રમ પું. (જૈન) જે જમીન ખેતીવાડી લાયક હોય તે ક્ષેત્ર અને રહેવા લાયક હોય તે વસ્તુ, એ બંનેનું પ્રમાણ નક્કી કર્યા પછી લોભ વશ થઈ તેની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી થતો દોષ.

ક્ષેત્રવહી સ્ત્રી. ખેડૂતોની જમીન સંબંધીની ચોપડી. ખેતરની વહી.

ક્ષેત્રવિદ જુઓ ક્ષેત્રજ્ઞ.

ક્ષેત્રવિભાગ પું. અભ્યાસક્રમમાં કલાક, મિનિટ, વગેરે; કલાવિભાગથી જુદા પડી આવતાં અંગ, કલા વગેરે માપ.

ક્ષેત્રવૃત્તાંતપત્રક [સં.] ન. જરીબપત્રક; ખેતરના જૂના નવા નવા માલિક તેમ જ ખેતરના જૂના અને નવા આંક બતાવનારું પત્રક.

ક્ષેત્રવૃદ્ધિ [સં.] સ્ત્રી. (જૈન) જુદી જુદી દિશાનું જુદું જુદું પ્રમાણ નક્કી કર્યા પછી વધારે પ્રમાણવાળી દિશામાં વધારો કરી ઓછા પ્રમાણવાળી દિશામાં વધારો કરવો તે.

ક્ષેત્રવ્યવહાર [સં] પું. (ગણિત) ત્રિકોણ વગેરેના ક્ષેત્રફળ વગેરે જણાવવાં તે; કોઈ પણ ક્ષેત્રનું વર્ણન કાઢવું તે.

ક્ષેત્રશુદ્ધિ ૧. સ્ત્રી. આત્મશુદ્ધિ.

૨. સ્ત્રી. જગ્યાની શુદ્ધિ.

ક્ષેત્રસંન્યાસ પું. બીજાં બધાં ક્ષેત્ર છોડી એક જ સ્થાનને વળગી બેસવું તે. ઘરબાર છોડીને કોઈ તીર્થમાં પ્રતિજ્ઞાપૂર્વક રહેવું તેને ક્ષેત્રસંન્યાસ કહે છે.

ક્ષેત્રસંભૂત [સં.] વિ. ખેતરમાં ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રસંશોધન ન. જમીનની જાત ભાળવા ખોદખોદ કરવી તે

ક્ષેત્રસીમા [સં.] સ્ત્રી ખેતરની હદ.

ક્ષેત્રસીમાચિહ્ન જુઓ ક્ષેત્રમર્યાદાચિહ્ન.

ક્ષેત્રસ્થ ૧. [સં.] પું. શરીરમાં રહેલો આત્મા

૨. વિ. પુણ્યક્ષેત્રમાં રહેનારું

૩. વિ શરીરમાં રહેલું.

ક્ષેત્રહિંસા ૧ [સં] સ્ત્રી ખેતરને નુકસાન પહોંચાડવું તે.

૨. સ્ત્રી. પોતાની માલિકી વગરની જમીનનું કરેલ દબાણ

ક્ષેત્રહિંસાનિવેદન ન દબાવેલી જમીનનું પત્રક; અસ્વામિભોગ નિવેદનપત્રક.

ક્ષેત્રાકૃતિ સ્ત્રી. (ગણિત) કોઈ પણ સીધી

સપાટીમાં પૂરેપૂરી સમાઈ જતી હોય તેવી આકૃતિ; સરલ સપાટી ઉપર દોરેલી આકૃતિ.

ક્ષેત્રાજીવ [સં.] પું. ખેતર ખેડી કે ખેડાવી ગુજરાન ચલાવનાર ખેડૂત.

ક્ષેત્રાણાંપતિ ૧. [સં.] પું વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. પું. શરીરનો પાલક.

ક્ષેત્રાદીપિક [સં.] પું. ખેતરમાં આગ લગાડનાર માણસ.

ક્ષેત્રાધિકાર [સં] પું ખેડાણ; જમીન ખેડવાનો અધિકાર.

ક્ષેત્રાધિષ્ઠાત્રી [સં.] પું.; સ્ત્રી. ખેતરનાં અધિષ્ઠાતા દેવદેવી.

ક્ષેત્રાધિપ ૧. [સં.] પું. ક્ષેત્રિક; ખેતરનો માલિક.

૨. પું. (જ્યોતિષ) મેષ વગેરે બાર રાશિના સ્વામી મંગળ વગેરે ગ્રહ.

ક્ષેત્રાંતર્ગતવૃત્ત ન. (ગણિત) આપેલી આકૃતિની બધી બાજુ વર્તુલની સ્પર્શરેખાઓ અને એવી રીતે આકૃતિની અંદર દોરેલું વર્તુલ.

ક્ષેત્રાંશ ૧. [સં.] પું. અંશમાં આપેલો ક્રાંતિવૃત્તનો કોઈ પણ ભાગ.

૨. પું. ભૂમિભાગ; ભાળો.

ક્ષેત્રિક ૧. [સં.] પું. ખેડૂત; ખેતરનો માલિક.

૨. વિ. ખેતરનું; ખેતર સંબંધી.

ક્ષેત્રિકાયત્ત [સં.] વિ. જમીનદારના અધિકારનું.

ક્ષેત્રિકાયત્તગ્રામ [સં.] ન. જમીનદારના અધિકારનું ગામ.

ક્ષેત્રિણી [સં.] સ્ત્રી. બળદ વનસ્પતિ.

ક્ષેત્રિય ૧. [સં.] પું. અસાધ્ય રોગ; જલદી ન જાય એવો રોગ.

૨. પું. આત્મા.

૩. પું ઔષધ.

૪. પું. ક્ષેત્રજ પુત્ર.

૫. પું. ખેડૂત; ક્ષેત્રનો ધણી.

૬. પું. પતિ.

૭. પું. પરસ્ત્રીલંપટ પુરુષ; રંડીબાજ.

૮. ન. ઔષધોપચાર.

૯. ન. અરાજીનું મડદું, તૃણ, છોડ વગેરે.

૧૦. વિ. ખેતરમાં ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રી ૧. [સં. ક્ષેત્રિન્] પું. આત્મા.

૨. પું. ક્ષેત્રનો સ્વામી.

૩. પું. ખેડૂત.

૪. પું. કવિ.

૫. પું. નિપુત્રતા બીનો વિવાહિત પતિ.

૬. પું. પતિ; ધણી.

૭. પું. માલિક; સ્વામી.

૮. સ્ત્રી. એક પ્રકારની વેલ. તે જ્વરહર અને મૂળમાં એક જ કંદવાળી હોય છે અને ઘરો બાંધવા માટે વપરાય છે.

ક્ષેત્રીકૃત [સં.] વિ. બીજને સોંપાયેલ.

ક્ષેત્રેક્ષુ પું. એક જાતનું ધાન્ય; જુવાર.

ક્ષેત્રોદ્ધરણ [સં.] ન. ભૂમિ શુદ્ધિકરણ; ક્ષેત્ર શુદ્ધ કરવું તે.

ક્ષેદ [સ] પું. અફસોસ; ખેદ.

ક્ષેપ ૧. [સં] પું. અક્ષાંશ.

૨. પું. (ગણિત) અનિશ્ચિત સમીકરણમાં આવતી સ્થિર સંખ્યા.

૩. પું. ઉમેરવાની સંખ્યા.

૪. પું. ઓળંગવું તે.

૫. પું. એપ; મોકલવું તે.

૬ પું. ગર્વ

૭ પું. ગાળવું તે; સમય ગુમાવવો તે; વિલંબ.

૮. પુ ગુચ્છો.

૯. પું. ઘેકર, ઘાત.

૧૦. પું. તિરસ્કાર કરવો તે.

૧૧. પું નાખી દેવું તે; ફેંકવું તે.

૧૨. પુ. નિંદા; વિક્ષેપ; બાંધ.

૧૩. પું. પ્રેરણા કરવી તે.

૧૪. પું. ભૂલ.

૧૫. પું. બાકવું તે.

૧૬. પુ. લેપવું તે; લેપન.

૧૭. પું. (ભમોળ) ઘર; અણાંદા; કોઈ પણ આકારથી પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો વંશ.

ક્ષેપક ૧. [સં.] પું. ઉમેરવાની રકમ.

૨. પું. ઉમેરો; બાજીથી ઉમેરેલી વસ્તુ.

૩. પું. કોઈના કરેલા ગ્રંથમાં પોતા તરફથી પાઠ ઘુસાડી દેનાર કે નાખનાર પુરુષ.

૪. પું. ઔષધો.

૫. પું. ગ્રહ વગેરેથી સિદ્ધ થયેલા ગણિતને સ્પષ્ટ થવા તેમાં ઉમેરવાનો અથવા તેમાંથી બાદ કરવાનો અંકરાશિ.

૬. પું. ગ્રંથ વગેરેના પ્રવર્તક સિવાય બીજાએ નાખેલો પાઠ.

૭. પું. હોડી ચલાવનાર; નાવિક.

૮. ન. (શિલ્પ) ઉત્તર તથા પૂર્વમાં જાળીએ અસિદો અને અંદર બે બારણાંવાળું ઘર.

૯. ન. હૃદયની નીચલી જબોલ ગાદીની કોઈ પણ એક જબોલ.

૧૦. વિ. ગર્વ કરનાર

૧૧. વિ. ગાળો દેનાર; બાંધનાર.

૧૨. વિ. ઘુસાડેલું; પાછળથી ઉમેરેલું.

૧૩. વિ. જલદીથી જનાર.

૧૪. વિ. નિંદા કરનાર; તિરસ્કાર કરનાર.

૧૫. વિ. પ્રેરનાર.

૧૬. વિ. ફેંકનાર.

૧૭. વિ. મિશ્રિત.

૧૮. વિ મોકલનાર.

૧૯. વિ. લાંબણ કરનાર.

૨૦. વિ. લેપનાર.

૨૧. વિ. વિલંબ કરનાર.

ક્ષેપણ ૧. [સં.] ન. અપવાદ.

૨. ન. (શિલ્પ) એક જાતનું ક્ષેત્રફળ.

૩. ન સેપ કરવો તે.

૪ ન. ગાળો દેવી તે; બાંડવું તે.

૫. ન. નિંદા.

૬. ન. પ્રેરવું તે.

૭. ન. ફેંકવું તે.

૮. ન. બંધન.

૯. ન. મલ્લનો એક જાતનો વ્યાપાર.

૧૦ ન. વિલબ કરવો તે; વખત ગાળવો તે.

૧૧ ન સોનાના દાગીનામાં હીરા જડવાનું કામ.

ક્ષેપણિ જુઓ ક્ષેપણી.

ક્ષેપણિક [સં.] પું. વહાણ ચલાવનાર.

ક્ષેપણિકા [સં.] સ્ત્રી. હલેસું.

ક્ષેપણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું અસ્ત્ર.

૨. સ્ત્રી. કુસ્તીનો એક દાવ.

૩. સ્ત્રી. ગોફણ

૪ સ્ત્રી. ભાજીમાં મારવાની જગા.

૫. સ્ત્રી. મુશ્કેલી દૂર કરવાપણું.

૬. સ્ત્રી. હલેસું.

ક્ષેપણીપદી [સં. ક્ષેપણીપદિન્] ન. જળપગવાળું પ્રાણી

ક્ષેપણીય ૧. [સ.] ન એક જાતનું અસ્ત્ર; ફિંદિપાલ.

૨. સ્ત્રી. ગોફણ

૩. વિ. નિંદા કરવા જેવું

૪. વિ. ફેંકવા યોગ્ય.

૫. વિ વિલબ કરવા જેવું

ક્ષેપન જુઓ ક્ષેપણ

ક્ષેપપાત [સં.] પું. કોઈ પણ ગ્રહનો સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ ક્રાંતિવૃત્તને જે બે બિંદુમાં છેદે તે બેમાંથી કોઈ પણ એક બિંદુ; ગ્રહકક્ષા અને ક્રાંતિમંડળનો યોગ.

ક્ષેપવવું [સં. ક્ષિપ્] સ વિ. ઉમેરવું; વધારવું.

ક્ષેપવૃત્ત ન. જે માર્ગમાં ચાલીને કોઈ પણ ગ્રહ સૂર્યની આસપાસ ફરે તે માર્ગ; ગ્રહની ક્રાંતિ.

ક્ષેમા ૧. [સં. ક્ષેપ્] વિ. પ્રેરણા કરનાર.
૨. વિ. ફેંકનાર.

ક્ષેમ ૧. [સં.] પું. કલ્યાણ; ક્ષેમ.
૨. પું. એક જાતનો સુગંધી પદાર્થ.
૩. પું. (પુરાણ) ધર્મનો એ નામનો એક પુત્ર. તે શાંતિના અર્ણથી ઉત્પન્ન થયો હતો.
૪. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ધ્મજિહ્વના સાત પૈકીનો એ નામનો એક પુત્ર.
૫. પું. પ્લક્ષદ્વીપના સાત દેશો પૈકીનો પાંચમો દેશ.
૬. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષના એક રાજાનું નામ.
૭. પું. (પુરાણ) સોમવંશી પુરુ કુલોત્પન્ન જનમેજય વંશના સુચિ નામના રાજાનો દીકરો.
૮. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં ધર્મ ઋષિને તિતિક્ષાને કુખે થયેલો પુત્ર.
૯. ન. આરોગ્ય.
૧૦. ન. આલિંગન.
૧૧. ન. ઉત્તર તરફ બે ભીંતો તથા અંદર બે પાટડાવાળું ઘર.
૧૨. ન. કલ્યાણ; કુશળ.
૧૩. ન. (જ્યોતિષ) જન્મના નક્ષત્રથી ગોયું, તેરમું તથા ત્રાપીશમું નક્ષત્ર.
૧૪. ન. મેળવેલી વસ્તુનું રક્ષણ.
૧૫. ન. મોક્ષ; મુક્તિ.
૧૬. ન. સુખશાંતિ.
૧૭. વિ. સુખશાંતિ આપનારું.
૧૮. વિ. સુખશાંતિવાળું; આબાદ.

ક્ષેમક ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
૨. પું. એક નાગનું નામ.
૩. પું. મોર નામે સુગંધી દ્રવ્ય.
૪. પું. પ્લક્ષદ્વીપના એક પર્વતનું નામ.
૫. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો રાજા.
૬. પું. ઘરપી રહિત્ર.
૭. પું. શિવના એક ગણનું નામ.

ક્ષેમકર ૧ [સં.] વિ. કલ્યાણકારક.
૨. વિ. માંગલિક.

ક્ષેમકરણ [સં.] ન. વીમો.

ક્ષેમકર્ણ [સં. પું. અર્જુનના એક પૌત્રનું નામ. તે જનમેજયનો મિત્ર હતો.

ક્ષેમકર્તા ૧. [સં. ક્ષેમકર્તૃ] પું. વિષ્ણુનું એક નામ.
૨. વિ પું. વીમો ઉતારનાર.

ક્ષેમકલ્યાણ ૧. (સંગીત) પું. હમીર અને કલ્યાણના સમોગથી બનેલો એક સંકર રાગ.
૨. ન. સુખશાંતિ અને ક્ષેમ.

ક્ષેમકાર જુઓ ક્ષેમકર.

ક્ષેમકારક [સં.] વિ. કલ્યાણકારી

ક્ષેમકુશલી ૧. ન. સમાધાન.
૨. [સં.] વિ. સુખશાંતિવાળું.

ક્ષેમકુશળ જુઓ ક્ષેમકુશલ.

ક્ષેમકૃત ૧. [સં. ક્ષેમકૃત] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.
૩. વિ કલ્યાણકારક.

ક્ષેમકારી પું. એક જાતનો વેલો; શિરકસિયો.

ક્ષેમદર્શી ૧. [સં. ક્ષેમદર્શિન્] પું. (પુરાણ) ઉત્તર કોશલ દેશના એક રાજાનું નામ.
૨. વિ. (જૈન) નિર્વાણદર્શી.
૩. વિ. મંગલનું દર્શન કરનાર; મંગલદ્રષ્ટા.

ક્ષેમધન્વા પું. (પુરાણ) સૂર્યવંશી પંદરમા કુલોત્પન્ન કુશની પહેલાં જન્મેલા પુંડરીક રાજાનો દીકરો

ક્ષેમધી પું. (પુરાણ) વિદેહવંશી ચિત્રરથ જનકનો પુત્ર.

ક્ષેમધૂર્તિ પું. (પુરાણ) ભીમસેને મારેલ દુર્યોધન પક્ષના એક રાજાનું નામ.

ક્ષેમપત્ર [સં.] ન. વીમાખત; વીમાપત્ર; 'પૉલિસિ'.

ક્ષેમફેલા [સં.] સ્ત્રી. ઉંબરાનું ઝાડ.

ક્ષેમભૂર્તિ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર. તેને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો

ક્ષેમમૂલ્ય [સં.] ન. વીમાનો હપતો.

ક્ષેમરાત્રિ [સં.] સ્ત્રી. ચોરી વગેરે ન થઈ હોય તેવી રાત.

ક્ષેમરૂપ વિ. કલ્યાણકારક.

ક્ષેમવતી સ્ત્રી. એક પ્રાચીન નગરીનું નામ. તે હાલના ગોરખપુર જિલ્લાનું ક્ષેમરાજપુર હોવાનું મનાય છે.

ક્ષેમવાન [સં. ક્ષેમવત્] વિ. આબાદ; સુખી.

ક્ષેમવૃત્તિ ૧. સ્ત્રી કટિબુસ્તબંધ; પુરાણપ્રસિદ્ધતા; 'ક્રો-પ્રસ્વટિઝમ'.
૨. સ્ત્રી. વસ્તુનું ક્ષેમ સાચવવા તરફ હોતી પ્રવૃત્તિ.

ક્ષેમવૃદ્ધિ ૧. પું. (પુરાણ) એ નામનો શાલ્વ રાજાનો સેનાપતિ. તે કૃષ્ણના પુત્ર શાંબથી હાર્યો હતો.
૨. વિ. કલ્યાણવર્ધક.
૩ વિ. નીતિવાળું.

ક્ષેમશૂર [સં.] પું. નિર્ભય સ્થાને આગ બતાવનાર માણસ.

ક્ષેમંકર ૧. [સં.] પું. (જ્યોતિષ) અદ્યતામી મહિનો એ નામનો એક યોગ.
૨. પું. (પુરાણ) પશ્ચિમ ત્રિગર્ત દેશનો રાજા.
૩. વિ. કલ્યાણકારક; સુખકારી.

ક્ષેમંકરી ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન રજપુતાનામાં છે.
૨. સ્ત્રી. ક્ષેમ કરવાવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. સફેદ ગળાવાળી શુભ સૂચવનાર સમળી.

ક્ષેમા ૧. [સં.] સ્ત્રી. ઉંબરાનું ઝાડ.
૨. સ્ત્રી. એ નામની એક દેવી; કાત્યાયની
૩ સ્ત્રી. એક અપ્સરાનું નામ.
૪. સ્ત્રી. (સંગીત) કનુમત મત પ્રમાણે શ્રી રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી. તે કલ્યાણ, સરસ્વતી અને કલ્યાણથી મિશ્ર છે.
૫. વિ. (બ્રહ્મ. ગુ.) ક્ષેમકુશળ; સુખી.

ક્ષેમાસન [સં.] ન. (તાંત્રિક) જમણા હાથ ઉપર જમણો પગ રાખીને બેસવામાં આવે એવું આસન. આવા આસને ઉપાસના કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય એમ મનાય છે

ક્ષેત્રિકા [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ક્ષેમી ૧. [સં. ક્ષેમિન્] વિ. કુશળ ચાહનાર; ભલું ઇચ્છનાર.
૨. વિ. ક્ષેમકુશળ કરનાર; મંગલકારક.
૩. વિ. ક્ષેમવાળું; કુશળ.

ક્ષેમેંદ્ર [સં.] પું. કાશ્મીરનો એક સંસ્કૃત કવિ, ગ્રંથકાર તથા ઇતિહાસકાર. તેને બૌદ્ધ ધર્મ ઉપર બહુ અનુરાગ હતો. તેણે રામાયણમંજરી તથા સુવૃત્તતિલક નામના ગ્રંથ લખ્યા છે.

ક્ષેમ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું ઋતનું એક નામ.
૨. પું. (પુરાણ) સોમવંશી નહુષ કુલમાં થયેલ પુરુ રાજાના વંશનો એ નામનો એક રાજા
૩. વિ. કલ્યાણને માટે યોગ્ય.
૪. વિ નીરોગી
૫. વિ સૌભાગ્યવાળું

ક્ષૈ ૧. [સં.] અ. ક્રિ. કમ થવું. ક્ષય પામવો, ઘસાવું.
૨. અ. ક્રિ. અર્થાર્ક જવું; જીર્ણ થવું.
૩. અ. ક્રિ નાશ થવું; નાશ પામવું
૪. અ ક્રિ. પડતી દશામાં આવવું
૫. અ. ક્રિ. ક્ષય થવું.

ક્ષૈણ્ય [સં.] ન. ક્ષીણપણું.

ક્ષૈત ૧. [સં.] વિ. ક્ષોણતા સંબંધી.
૨. વિ. પૃથ્વી સંબંધી.

ક્ષૈતયત [સં.] પું. (પુરાણ) ક્ષોણતા માટે પ્રયત્ન કરતો એ નામનો એક ઋષિ.

ક્ષૈતિજ વિ. અનુભૂમિક; ક્ષિતિને સમાંતર.

ક્ષૈતિજલંબન ન. જે વખતે કોઈ આકાશી પદાર્થ પૃથ્વીની સપાટી ઉપરથી જોતાં ક્ષિતિજમાં દેખાતો હોય તે વખતે તેને પૃથ્વીના કેન્દ્રમાં રહેલા પૃથ્વીના મધ્યબિંદુમાંથી જોતાં તેની દિશામાં માલૂમ પડતો ફરક.

ક્ષૈત્ર ૧. [સં.] ન. ખેતર.
૨. ન. ખેતરનો સમૂહ.

ક્ષૈત્રજ્ઞ ૧. [સં.] ન. ક્ષેત્રજ્ઞપણું; આત્મત્વ; જીવપણું.
૨. ન. પરમેશ્વરત્વ; પરમાત્મપણું.

ક્ષૈત્રપત્ય [સં.] ન. ક્ષેત્રપતિપણું; ખેતરનું સ્વામિત્વ.

ક્ષૈત્રિક [સં.] વિ. ખેતીવાડીના રક્ષણ માટે ઉપયોગી.

ક્ષૈરેય [સં.] વિ. દૂધમાં રાંધેલું.

ક્ષૈરેયી ૧. [સં.] સ્ત્રી. ખીર.
૨. સ્ત્રી. દૂધપાક.
૩. સ્ત્રી. રાબડી.

ક્ષોઅશ્વભોજન ન. અઠ્ઠાવીશ માંહેનું એ નામનું એક નરક.

ક્ષોજન [સં.] ન. બંસીનો અવાજ; વાંસળીનો શબ્દ.

ક્ષોડ [સં.] પું. હાથી બાંધવાનો ખીલો. આસ.ન.

ક્ષોણિ જુઓ ક્ષોણી.

ક્ષોણિત ન. લોહી; શોણિત.

ક્ષોણિપ [સં.] પું. રાજા.

ક્ષોણી ૧. સ્ત્રી. અક્ષૌહિણી
૨. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૩. સ્ત્રી. જવાસો.
૪. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ક્ષોણીપતિ [સં.] પું. રાજા; પૃથ્વીપતિ.

ક્ષોદ ૧. [સં.] ન. ચૂર્ણ; લોટ; ભૂકો.
૨. ન. ચૂર્ણ કરવાનું કે પીસવાનું કામ.
૩. ન. જેના ઉપર વટાય તે; પથ્થર; ખરલ.
૪. ન (નાટ્ય) તેત્રીસ અક્ષરનો એ નામનો એક અલંકાર.
૫ [સ ક્ષોદસ] ન. પાણી; જળ.
૬. ન રજ; ધૂળ.
૭. ન. શેરડીનો રસ.

ક્ષોદિત ૧. [સં.] ન. ચૂર્ણ; લોટ; ભૂકો.
૨. વિ. ચૂર્ણ કરેલ; દળેલ; પીસેલ.

ક્ષોદિષ્ઠ [સં.] વિ. અત્યંત ક્ષુદ્ર.

ક્ષોદોદ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક સમુદ્ર.
૨. પું. (જૈન) મધુર પાણીવાળી વાવ.
૩. ન. (જૈન) શેરડીના રસ જેવું મીઠું પાણી.

ક્ષોદોદક ૧. પું. (જૈન) શેરડીના રસ જેવા પાણીવાળો એક સમુદ્ર.
૨. ન. શેરડીના રસ જેવું પાણી.

ક્ષોધુક [સં.] વિ. ક્ષુધાવાળું; ભૂખવાળું.

ક્ષોભ ૧. [સં.] પું. ત્રાસવશ; ઝટકો; આંચકો; દુઃખ.
૨. પું. કોપ; ગુસ્સો.
૩. પું. ખળભળાટ.
૪. પું. ગુપ્તની વિષમતા.
૫. પું. દબાઈ જવું તે; હણી જવું તે.
૬. પું. ભય; ડર.
૭. પું. મનનો ગભરાટ; અસ્વસ્થતા; રંજ; શોક.
૮. પું. મોહ.
૯. પું. વિકાર.
૧૦. પું. વ્યાકુળપણું; વિચળપણું.
૧૧. પું. ચારમાનું તે; ઓસારો આવો તે.

ક્ષોભક ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.
૨. વિ. ગભરાટ ઉત્પન્ન કરનારું; ક્ષોભ કરે એવું; ગભરાવનાર; ક્ષોભકારક.

ક્ષોભકર [સં.] વિ. ક્ષોભ ઉત્પન્ન કરે એવું.

ક્ષોભકવિષ ન. એક જાતનું ઉશ્કેરનારું ઝેર.

ક્ષોભકારક [સં.] વિ. ક્ષોભ ઉત્પન્ન કરે એવું; વ્યગ્રતા ઉત્પન્નવનારું; ગભરાવનાર.

ક્ષોભકૃત [સં.] પું. સાઠ માંહેનો ઓગણત્રીસમો સંવત્સર.

ક્ષોભજ્ઞ ૧. [સં] પું. એ નામનું કામદેવનું બાણ.
૨. પું. વિષ્ણુનું એક નામ.
૩. પું. શિવ.
૪ પું. સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિને પ્રેરણા કરાવનાર પુરુષ; ઈશ્વર.
૫. ન. ક્ષોભ પામવાપણું; ગભરાવું તે.
૬. વિ. ક્ષોભકારક; ગભરાવનાર; ક્ષોભક.

ક્ષોભદા [સં.] વિ સ્ત્રી. ક્ષોભ આપનારી.

ક્ષોભના ૧. [સં.] સ્ત્રી. ભેદ; દિલગીરી; પસ્તાવો.
૨. સ્ત્રી. પ્રેરણા; સ્ફુરણા.

ક્ષોભવું ૧. અ. ક્રિ. ક્રોધ કરવો; ગુસ્સે થવું.
૨. અ. ક્રિ. ક્ષોભ પામવો; ચરમાવું.
૩. સ. ક્રિ. સતાવવું.

ક્ષોભશીલ [સં.] વિ. ક્ષોભ પામે એવું.

ક્ષોભશીલતા [સં.] સ્ત્રી. ક્ષોભ પામે એવું હોવાપણું.

ક્ષોભિણી સ્ત્રી. (સંગીત) ભારવીશ માંહેની એ નામની એક શ્રુતિ.

ક્ષોભિત ૧. [સં.] વિ. દુઃખ; ગુસ્સે થયેલું.
૨. વિ. ક્ષોભ પામેલું; ભયભીત.
૩. વિ. વિચલિત; ચલાયમાન.
૪. વિ. ચરમાયેલું.

ક્ષોભિની સ્ત્રી. (સંગીત) મધ્યશ્રુતિનો એક અવાંતર ભેદ.

ક્ષોભી [સં. ક્ષોભિન્] વિ. ઉદ્વેગક્ષોભ; ચંચળ; અસ્થિર.

ક્ષોભોન્માદ [સં.] પું. ચિત્તભ્રમ; વાતોન્માદ; ભૂતવાયુ; મૂર્છાભિન્માદ.

ક્ષોભ્ય [સં.] વિ. ક્ષોભિત થાય કે કરી શકાય તેવું.

ક્ષોમ ૧. [સં.] પું. ખળભળાટ; વિચલતા.
૨. ન. ઉપરનો માળ; અટારી.
૩. જુઓ ક્ષૌમ.

ક્ષૌહિણી [સં. અક્ષૌહિણી] સ્ત્રી. લશ્કરનો એક મોટો સમુદાય. તેમાં ૨૧,૮૭૦ હાથી, ૨૧,૮૭૦ રથ, ૬૫,૬૧૦ ઘોડા અને ૧,૦૯,૩૫૦ પાયદળ હોય છે.

ક્ષૌણિ ૧. [સં.] સ્ત્રી. એક સંખ્યા.
૨. સ્ત્રી. પૃથ્વી.

ક્ષૌણી ૧. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૨. સ્ત્રી. જેમા ૨૧,૮૭૦ હાથી, ૨૧,૮૭૦ રથ, ૬૫,૬૧૦ ઘોડા અને ૧,૦૯,૩૫૦ પાયદળ હોય એવું સૈન્ય; અક્ષૌહિણી.
૩. સ્ત્રી. પૃથ્વી.

ક્ષૌણીપ્રાચીર [સં.] પું. સમુદ્ર.

ક્ષૌણીભુજ [સં. ક્ષૌણીભુજ્] પું. રાજા.

ક્ષૌદ્ર ૧. [સં.] પું. એક જાતનો વર્ણસંકર.
૨. પું. ચંપાનું ફૂલ.
૩. પું. ચંપાનો છોડ.
૪ ન. ક્ષુદ્રપણું; ક્ષુદ્રતા.
૫. ન. પાણી, જળ.
૬. ન. મધ.
૭. ન. રજ; ધૂળ; પૃથ્વીકણ.

ક્ષૌદ્રજ ૧. [સં.] ન. મધપૂડામાંથી થતું મીણ.
૨. વિ. મધમાંથી થયેલ.

ક્ષૌદ્રધાતુ ૧. [સં.] પું. મધમાખીઓએ બનાવેલું મધ.
૨. પું. સોનામુખી; માક્ષિક નામની ઉપધાતુ.

ક્ષૌદ્રપ્રિય ૧. [સં.] પું. પાણીમાં બનારો એક જાતનો મહુડો.
૨. વિ. મધ જેને પ્રિય હોય તેવું.

ક્ષૌદ્રમક્ષ ન. એક જાતનું મધ. પીંગળા રંગવાળી કીણી માખીઓ ક્ષુદ્રા કહેવાય છે અને એ માખીઓએ કરેલા મધને ક્ષૌદ્રમક્ષ કહે છે. ક્ષૌદ્રમક્ષ પીંગળા વર્ણવાળું હોય છે અને પ્રમેહનો નાશ કરનાર મનાય છે.

ક્ષૌદ્રમેહ પું. મીઠો પ્રમેહ રોગ.

ક્ષૌદ્રેય ૧. [સં.] ન. મધ.
૨. ન. મીણ.

ક્ષૌમ ૧. [સં.] પું. ભાંડીનો છોડ.
૨. સ્ત્રી. અળશી.
૩. ન. કુમારતનો પાતળો ભાગ.
૪. ન. એક જાતનું કાપડ; એક જાતના અરબસ્તાન કાપડની જાત. તે પાંચ દેશમાં બનતું.
૫. ન. ઓરડા ઉપરનો મેડો.
૬. ન. ઘર ઉપરની હવાવાળી મેડી; ઉપરના ભાગની બેઠલી.
૭. ન. રેશમી વસ્ત્ર; દુકૂલ.
૮. ન. શણના વસ્ત્રથી વીંટેલો રથ.
૯. ન. શણનું બનાવેલું વસ્ત્ર.
૧૦. ન. સુતરાઉ કાપડ.

ક્ષૌમવસ્ત્ર ૧. ન. રેશમનું વસ્ત્ર.
૨. ન. શણનું બનાવેલું વસ્ત્ર.

ક્ષૌમિ પું. (પુરાણ) શ્યામ પરાશર કુળમાં થયેલો એક ઋષિ.

ક્ષૌમિક ૧. [સં.] ન. એક જાતનું સુરંગી દ્રવ્ય; ચોર.
૨. ન. રેશમી વસ્ત્ર.
૩. ન. શણની બનાવેલ ગોદડી.
૪. ન. શણનું કપડું.
૫. ન. સુતરાઉ વસ્ત્ર.
૬. વિ. શણ સંબંધી.

ક્ષૌમી ૧. [સં.] સ્ત્રી. અતસી; શણ.
૨. સ્ત્રી. શણમાંથી કરેલી ક્રમણા.

ક્ષૌર [સં.] ન. માથું મુંડાવવું તે; મુંડન; હજામત.

ક્ષૌરકર્મ [સં.] ન. હજામત કરાવવી તે; હજામત; મુંડન.

ક્ષૌરકાર્ય જુઓ ક્ષૌરકર્મ.

ક્ષૌરક્રિયા સ્ત્રી. હજામત.

ક્ષૌરિક [સં.] પું. હજામ; વાળંદ.

ક્ષૌરી [સં.] પું. અસ્ત્રો; છરા.

ક્ષ્ણુ [સં.] અ ક્રિ. ધાર કાઢવી; તીક્ષ્ણ કરવું; તેજ કરવું.

ક્ષ્ણોત્ર [સં.] ન. સરાણ; અસ્ત્રા વગેરે સજવાનું યંત્ર.

ક્ષ્મા ૧. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૨. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ક્ષ્માજ ૧. [સં.] પું. નરક્ષત્તર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષ્માતલ [સં.] ન. પૃથ્વીની સપાટી; પૃથ્વી; ભૂતલ.

ક્ષ્માત્મજ પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ તથા ૩૪ લઘુ મળી ૬૧ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

ક્ષ્માનાથ ૧. [સં.] પું. ઈશ્વર.
૨. પું. રાજા; હમાનો પતિ.

ક્ષ્માપ [સં.] પું. રાજા.

ક્ષ્માપતિ જુઓ ક્ષ્માનાથ.

ક્ષ્માપાલ [સં.] પું. રાજા.

ક્ષ્માભુજ [સં. ક્ષ્માભુજ્] પું. રાજા.

ક્ષ્માભૃત ૧. [સં. ક્ષ્માભૃત] પું. પર્વત; કુંજર.
૨. પું. રાજા.

ક્ષ્વેડ ૧. [સં. ક્ષ્વિડ્ (અસ્પષ્ટ અવાજ કરવો)] પું. અસ્પષ્ટ જેવો દાંતનો અવાજ.
૨. પું. એક જાતનો કાનનો રોગ. તેમાં વાંસ ફાટવા જેવા કાનમાં ધડાકા થાય.
૩. પું. ચીકણું કરવું તે.
૪. પું. મૂકવું તે; છોડવું તે.
૫. પું. વજનાગ.
૬. પું. શબ્દ; ધ્વનિ.
૭. અ. ક્રિવ. ક્ષ્વેડનું કંઈ ખાવાથી શરીરનો નાશ થતો નથી અને જરાપણ આવતું નથી માટે તેને ક્ષ્વેડ કહે છે.
૮. ન. ઝેર; વિષ.
૯. ન. રાતા આકડાનું પાંદડું.
૧૦. ન. રાતા આકડાનું ફળ.

ક્ષ્વેડન [સં.] ન. અસ્પષ્ટ શબ્દ કરવો તે.

ક્ષ્વેડા ૧. [સં.] સ્ત્રી. કોષાતકી વૃક્ષ.
૨. સ્ત્રી. વાંસની સળી.
૩. સ્ત્રી. સિંહનો નાદ; સિંહની ગર્જના.

ક્ષ્વેડિત ન. સિંહની ગર્જના; સિંહનો નાદ.

ક્ષ્વેલ્લા [સં.] સ્ત્રી. ક્રીડા; રમત.

ક્ષ્વેલ્લિકા જુઓ ક્ષ્વેલ્લા.

ક્ષ્વેલ્લી જુઓ ક્ષ્વેલ્લા.

અ

અ

અ ૧. [સં.] પું. ઇંદ્રિય.
૨. પું. કૂવો.
૩. પું. આડો.
૪. પું. ગળાની જે નળીમાંથી વાયુ આવે જાય છે તે નળી; શ્વાસનળી.
૫. પું. ગુજરાતી લિપિના મૂળાક્ષરો બારાખડીનો તેરમો અને વ્યંજનો બારાખડીનો કંઠસ્થાની બીજો વર્ણ કે અક્ષર. લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊંઘવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે, 'અ આ જાવે.' એના અપભ્રંશ તરીકે ગુજરાતીમાં અ વપરાય છે. જેમકે, ક્ષમા = ખમા, ક્ષેમ = ખેમ, ક્ષાર = ખાર, ક્ષેત્ર = ખેતર, કુક્ષિ = કૂખ, વક્ષ = વખ. યજુર્વેદી બ્રાહ્મણો વધુ ખ બોલતા હોવાથી ગુજરાતીમાં પણ કેટલાકે ખ અને અને કેટલાકે ષ બોલાય છે. જૂનાં લખાણોમાં એ પ્રમાણે લખાતું પણ હતું. જેમકે, અભિલાષ = અભિલાખ, વિષે = વિખે, લઘીને = લઘીને, ષટ્રાત્રિંશ = ખટ્રાત્રિંશ.
૬. પું. ખંડ.
૭. પું. છિદ્ર; કાંકરા; બિલ.
૮. પું. ઠેકડા; કાપ.
૯. પું. દેવલોક; સ્વર્ગ.
૧૦. પું. પરબ્રહ્મ; પરમાત્મા; ઈશ્વર.
૧૧. પું. બ્રહ્મા.
૧૨ પું. મનુષ્યના શરીરનાં નવ દ્વાર: મોઢું, બે આંખ, બે કાન, બે નાક, ગુદા અને ઇંદ્રિય.
૧૩. પું. વિષ્ણુ.
૧૪. પું સૂર્ય
૧૫. પું. હાથી.
૧૬. સ્ત્રી. પૃથ્વી.
૧૭. ન. અનુસ્વાર.
૧૮. ન અભ્રક; અબરખ.
૧૯. ન. આકાશ
૨૦ ન. આત્મજ્ઞાની; પ્રકૃતિ.
૨૧. ન આલુ. બટેકું.
૨૨. ન. કથા; વાર્તા.
૨૩ ન. કર્મ; ક્રિયા.
૨૪. ન. કલ્યાણ
૨૫. ન. ક્ષત; ઘા; ચાંદુ.
૨૬. ન. ક્ષેત્ર; ખેતર.
૨૭. ન. ક્ષય.
૨૮. ન. તીરનો ઘા.
૨૯. ન. પોકળ; ખાલી જગ્યા.
૩૦. ન. મગજ કે.મ.
૩૧ ન મંગલપણું; શુભ હોવું તે.
૩૨. ન. મીંડું; શૂન્ય; કવિતામાં સંખ્યા આપવા મીંડાના સંકેત તરીકે વપરાતી અર્થવગરની સત્તા.
૩૩. ન. વર્તન; આચરણ.
૩૪. ન. શહેર; નગર.
૩૫ ન. સુખ.
૩૬. ન. હસ્તથી ચિત્રા નક્ષત્રથી દસમું નક્ષત્ર.
૩૭. ન. હર્ષ; આનંદ
૩૮. વિ. ઇંદ્રિય સંબંધી.

અઈ ૧. [સં. ક્ષય] પું. એક જાતનો રોગ; ક્ષયરોગ. આ રોગમાં ધાતુઓ ઘટી જઈ શરીર પોચું પડી જાય છે. છાતીમાંથી કફ અને લોહી પડે તથા આખરે મરણ નીપજે. આ રોગ વંશપરંપરા ઊતરે છે. ક્યારેક ભોગવિલાસમાંથી પણ તેની ઉત્પત્તિ થાય છે. તેને રાજયક્ષ્મા કે રાજરોગ પણ કહે છે.
૨. પું. નાશ.
૩. સ્ત્રી. ખાર; ખોદીને બનાવેલી ઊંડી નીક અથવા ખાડો; ચર.
૪. સ્ત્રી. આંક.
અઈ આજૂબાજુને = સામટું; એકીસાથે.
૫. સ્ત્રી. તકરાર; ઝઘડો.
૬. સ્ત્રી. નાશ ઉત્પન્ન કરે એવું કોઈ પણ કામ.
અઈનો આટલો = પૂરું થતાં ઘણો કાળ લાગે અને ઘણી માથાકૂટ કરવી પડે એવું કામ; મહેનત કરીએ અને કંટાળો ઊપજે એવું લાંબા વખત સુધી પહોંચે તેવું જબ્બર કામ.
૭. સ્ત્રી. લડાઈ; યુદ્ધ.
૮. વિ. ક્ષયરોગવાળું.

અઈગઈ ન. એક જાતનું રત્ન.

અઈડિયું (અઈડિયું) વિ. દુકાળના વખતનું.

અઈથ વિ. અપાવેલું; ક્ષય કરેલું.

અઈધિક્ષ વિ. ક્ષયરોગ થયો હોય એવું.

અઈયો સ્ત્રી. કોદાળી.

અઈર ૧. પું. જૈનમત પ્રમાણે એક ઉત્તમ વંશ.
૨. ન. ખેતરનું ઝાડ.

અઈરોગ જુઓ અઈ ૧.

અઉ વિ. આવા લાયક.

અઉકોઉ વિ. આઉઘડું; અકરાતિયું.

અઉરીય વિ. બહું મેલું; ગોબું.

અઉ વિ. નિષ્ણાત; કુશળ; હોશિયાર.

અકક્ષા [સં.] સ્ત્રી. સૂર્યનાં કિરણોના પ્રસાર સુધીનું વેષ્ટનાકાર ઘાડાંરૂપ વિસ્તરેલું ગગનમંડળ; હિંદુ ખગોળશાસ્ત્ર પ્રમાણે આકાશનો પરિધિ દરેક મળ એક કલ્પમાં આટલું ચાલે છે.

અકડમિની ૧. [સં.] સ્ત્રી. કુમારી દેવી.
ખુદ્દકપાઠ પું. (બૌદ્ધ) ખુદ્દકનિકાયના પંદર પેટા વિભાગ માંહેનો એક વિભાગ. આ નાનું પુસ્તક નવીન શિખાઉ લોકો માટે છે. તેમાં મનુષ્યદેહની રચના, અસ્થિ, મજ્જા, સ્નાયુ વગેરે ત્રોત્રીય વિષયો સંબંધી માહિતી આપેલી છે.

ખુદ્દકર્દા (ખુદ્દકર્દા) ૧. [ફા.] સ. પોતાનાથી થયેલું કાર્ય.
૨. વિ. પોતે કરેલું.

ખુદકામ (ખુદકામ) ૧. [ફા.] પું. પોતાની મરજી પ્રમાણે કરનાર સ્વતંત્ર માણસ.
૨. વિ. સ્વાર્થી.

ખુદકાશ્ત (ખુદકાશ્ત) ૧. [ફા.] પું. પોતાનું ખેતર ખેડનાર માણસ.
૨. સ્ત્રી. મરખેડ; માલિકે પોતે વાવેલી જમીન.

ખુદકાશ્તા (ખુદકાશ્તા) ૧. [ફા.] સ્ત્રી. મરખેડવાળી જમીન.
૨. વિ. જાતે ખેડેલું.

ખુદકાસ્તા (ખુદકાસ્તા) જુઓ ખુદકાશ્તા.

ખુદકુશી (ખુદકુશી) [ફા. ખુદ (પોતે) + કુશીદન (મારવું)] સ્ત્રી. આત્મહત્યા; આપઘાત; પોતાને હાથે પોતાનો જીવ આપવો તે.

ખુદખાસ્તા (ખુદખાસ્તા) [ફા.] સ્ત્રી. પડાવતી જમીન; બહારખલી.

ખુદખુદ સ્ત્રી. ખોડાની એક જાતની ચાલ.

ખુદગજ વિ. આપમતલબી; આપસ્વાર્થી.

ખુદગરજ વિ. મતલબ સાધનાર; સ્વાર્થી

ખુદગરજી ૧. [ફા. ખુદગરઝી] સ્ત્રી. આપમતલબીપણું; આપગરજીપણું; સ્વાર્થ.
૨. વિ. સ્વાર્થી; આપમતલબી.

ખુદગરઝ વિ. સ્વાર્થી.

ખુદગરઝી જુઓ ખુદગરજી.

ખુદદાર (ખુદદાર) [ફા.] વિ. સ્વાર્થી.

ખુદનથા [હિ.] પું. જોળી કાઢનાર માણસ.

ખુદની ૧. સ્ત્રી. મેદાણી.
૨. સ્ત્રી. ખોદવું તે.
૩. સ્ત્રી. તપાસ.

ખુદનુમા (ખુદનુમા) [ફા.] વિ. અભિમાની; અહંકારી; ગર્વિષ્ઠ.

ખુદનુમાઈ (ખુદનુમાઈ) ૧. [ફા.] સ્ત્રી. અહંકાર; અભિમાન.
૨. સ્ત્રી. દેખાવ; આપદેખો.

ખુદપરસ્ત (ખુદપરસ્ત) ૧. [ફા.] વિ. અહંકારી; અભિમાની.
૨. વિ. દંભી; ડોળાલુ.
૩. વિ. સ્વાર્થી; આપમતલબી.

ખુદપરસ્તી (ખુદપરસ્તી) ૧. [ફા.] સ્ત્રી. અહંકાર; અભિમાન.
૨. સ્ત્રી. દંભ; ડોળ.
૩. સ્ત્રી. સ્વાર્થ; મતલબ.

ખુદપસંદ (ખુદપસંદ) [ફા.] વિ. અભિમાની; ગર્વિષ્ઠ.

ખુદપસંદગી (ખુદપસંદગી) [ફા.] સ્ત્રી. અભિમાન; પોતે જ સારા એવો ભાવ.

ખુદપસંદી (ખુદપસંદી) ૧. [ફા.] સ્ત્રી. અભિમાન.
૨. સ્ત્રી. દંભ.

ખુદફરોશ (ખુદફરોશ) [ફા.] વિ. અભિમાની; બડાઈ કરનાર.

ખુદબખુદ (ખુદબખુદ) ૧. વિ. આપોઆપ; ભૂત.
૨. [ફા.] અ. આપોઆપ રાજીખુશીથી; પોતાની મેળે.

ખુદબાસ્તા (ખુદબાસ્તા) [ફા.] સ્ત્રી. સરકારી ચાકરી બદલ મળેલી જમીન; દેવાઈ.

ખુદબીન (ખુદબીન) [ફા.] વિ. અભિમાની; અહંકારી.

ખુદબીની (ખુદબીની) [ફા.] સ્ત્રી. અહંકાર; ગર્વ.

ખુદબો સ્ત્રી. ઈશ્વરની સ્તુતિ, પેગંબર સાહેબનાં વખાણ અને શિખામણ હોય તેવું દર શુક્રવારે અને ઈદના તહેવારમાં મસ્જિદમાં વંચાતું ભાષણ.

ખુદમતલબ (ખુદમતલબ) [ફા.] વિ. સ્વાર્થી.

ખુદમસ્ત (ખુદમસ્ત) [ફા.] વિ. નિજાનંદી; આત્માનંદવાળું.

ખુદમુખ્તાર (ખુદમુખ્તાર) [ફા.] વિ. સ્વચ્છંદી; સ્વતંત્ર.

ખુદમુખ્તારી (ખુદમુખ્તારી) [ફા.] સ્ત્રી. સ્વચ્છંદ; સ્વતંત્રતા.

ખુદમુખ્તાર (ખુદમુખ્તાર) જુઓ ખુદમુખતાર.

ખુદમુખ્તારી (ખુદમુખ્તારી) જુઓ ખુદમુખતારી.

ખુદરાઈ (ખુદરાઈ) ૧. [ફા.] સ્ત્રી. ટાપટીપ; ટાપટીપિયાપણું; વરણાગી.
૨. સ્ત્રી. પોતાનો મત.
૩. સ્ત્રી. સ્વેચ્છાચાર; સ્વચ્છંદ.
૪. સ્ત્રી હઠીલાઈ; મમત.
૫. વિ. આપમતીલું; સ્વચ્છંદી.
૬. વિ. હઠીલું; જક્કી.

ખુદરસ્તા (ખુદરસ્તા) [ફા.] વિ. પોતાની મેળે ઊગતું; જંગલી.

ખુદરૂ ૧. ન. ગેબ; આંખ્યું; ખોડ; દોષ; દૂષણ.
૨. ન. ખાઈ; ઊંડું.
૩. વિ. ટાપટીપ કરનારું; ટાપટીપિયું; વરણાગિયું.
૪. વિ. પોતાની મેળે ઊગતું; જંગલી; ઝાડપાડ.

ખુદવાઈ ૧. સ્ત્રી. ખોદવાની ક્રિયા.
૨ સ્ત્રી. ખોદવાની મજૂરી.

ખુદસર (ખુદસર) ૧. [ફા.] વિ. ઉદ્ધત.
૨. વિ. સ્વેચ્છાચારી; મરજી મુજબ વર્તનારું.
૩. વિ. હઠીલું; મમતી.

ખુદસરી (ખુદસરી) ૧. [ફા.] સ્ત્રી. ઉદ્ધતાઈ.
૨. સ્ત્રી. સ્વચ્છંદ.
૩. સ્ત્રી. હઠીલાઈ; મમત.

ખુદસિતાઈ (ખુદસિતાઈ) [ફા.] સ્ત્રી. આપવખાણ; પોતાની જાતનાં વખાણ કરવાં તે.

ખુદા (ખુદા) ૧. [ફા.] પું. ઈશ્વર; પરમેશ્વર; સ્વયંભૂ ભગવાન.
૧. ખુદા કરે = ઈશ્વર ભલે; ઈશ્વરેચ્છા હશે તો.
૨. ખુદા કરે ને = ખુદાની મરજીથી.
૩. ખુદા ખુદા કરવું = ઘણું દુઃખ થતું હોય ત્યારે ઈશ્વર ઈશ્વર જેમ બોલવું.
૪. ખુદા ખુદા કરીને = મુશ્કેલીથી.
૫. ખુદા માલૂમ = મનુષ્ય નહિ પણ ઈશ્વર જ જાણે તેમ.
૬. ખુદાના ઘરથી ડરવું = સખત માંદગીમાંથી સાજા થવું.
૭. ખુદાનું નામ = ઈશ્વરની આકલિત કળા.
૮. ખુદાનું ઘર = (૧) મસ્જિદ. (૨) સ્વર્ગ.
૯. ખુદાને જાતું બોલવું = ગાલ બોલવું.
૧૦. ખુદાનો માર = દૈવી કોપ.
૧૧. ખુદાનો લાલ = ઉદાર અને પરોપકારી માણસ.
૨. સ્ત્રી. બોબિલસ નામની દેશી રમત.
૩. વિ. પવિત્ર; પાક.

ખુદાઈ (ખુદાઈ) ૧. [ફા.] સ્ત્રી. ઈશ્વરતા; ઈશ્વરપણું; ઐશ્વર્ય.
૨. સ્ત્રી. ઈશ્વરી શક્તિ; દૈવી શક્તિ.
૩. સ્ત્રી. બોદવું તે.
૪. સ્ત્રી. જગત; સૃષ્ટિ; દુનિયા.
૫. સ્ત્રી. સ્વતંત્ર સત્તા.
૬. વિ. ઈશ્વરી; ખુદાનું; ખુદા સંબંધી.
૭. વિ. કુદરતી; દૈવી.
૮. વિ. પવિત્ર; પાક.
૯. વિ. ભોગું; સાદું; ભભકપટ વિનાનું.

ખુદાઈખિદમતગાર (ખુદાઈખિદમતગાર) [ફા.] પું. ઈશ્વરનો સેવક.

ખુદાઈરાત સ્ત્રી. મુસલમાન સ્ત્રીઓનું આખી રાત જાગીને ખુદાનાં ગીત ગાવાનું એક ધાર્મિક વ્રત.

ખુદાએકરીમ (ખુદાએકરીમ) [ફા.] પું. ઉદાર ઈશ્વર.

ખુદાએતઆલા (ખુદાએતઆલા) જુઓ ખુદાએકરીમ.

ખુદાગ [હિં.] સ્ત્રી. ભૂખ.

ખુદાતર્સ (ખુદાતર્સ) [ફા.] વિ. ઈશ્વરથી ડરીને ચાલનાર.

ખુદાતર્સી (ખુદાતર્સી) [ફા.] સ્ત્રી. ઈશ્વરથી ડરીને ચાલવું તે; ઈશ્વરભીરુતા.

ખુદાતાલા (ખુદાતાલા) પું. પરમેશ્વર; પરવરદિગાર; મહાન પ્રભુ; સર્વશક્તિમાન ઈશ્વર.

ખુદાદાદ ૧. પું. એક જાતનો કલમી આંબો. આ આંબાની કેરી નામ જેવા મુખવાળી છે. તે વજનમાં દોઢ શેર હોય છે અને દર સાલ આવે છે.

૨. પું. ટીપુ સુલતાનના વખતમાં મૈસુર રાજ્યના એક જાતને અપાયેલું નામ.

૩. વિ. ઈશ્વરદત્ત; કુદરતી.

ખુદાનકર્દા (ખુદાનકર્દા) [ફા.] જ. ન કરે નારાયણ.

ખુદાનખાસ્તા (ખુદાનખાસ્તા) જુઓ ખુદાનકર્દા.

ખુદાપરસ્ત (ખુદાપરસ્ત) [ફા.] વિ. ઈશ્વરવાદી; આસ્તિક; ખુદાને માનનાર કે પૂજનાર; પ્રભુપરાયણ; હરિશ્વરણ.

ખુદાપરસ્તી (ખુદાપરસ્તી) [ફા.] સ્ત્રી. ઈશ્વરભક્તિ; પ્રભુપૂજા.

ખુદાપાક (ખુદાપાક) [અ. ખુદા (પ્રભુ) + પાક (પવિત્ર)] પું. પવિત્ર પ્રભુ.

ખુદાબક્ષ (ખુદાબક્ષ) ૧. વિ. જેના પિતાનો પત્તો ન હોય એવું.

૨. વિ. પરમેશ્વરે આપેલું.

૩. વિ. પૈસા વગરનું; મફતિયું.

ખુદામહા (ખુદામહા) [ફા.] પું. ઈશ્વર; પ્રભુ.

ખુદાલ પું. એક જાતનો ઘૂઘરો.

ખુદાલશ્મ (ખુદાલશ્મ) [ફા.] પું. જબરો ધણી; ઈશ્વર.

ખુદાવટ સ્ત્રી. ખોદવું તે; ખોદવાની ક્રિયા.

ખુદાવંત ૧. પું. અન્નદાતા.

૨. પું. ઈશ્વર.

૩. પું. જનાબ; સાહેબ; શ્રીમાન; હજૂર.

૪. પું. ધણી; પતિ.

૫. પું. માલિક; શેઠ.

૬. વિ. ઈશ્વરતુલ્ય; ખુદાના જેવું.

૭. વિ. મોટી ઉપમાવાળું; મોટાપણું દેખાડનાર વિશેષણ. રાજા, રાણી કે માલિકને બોલાવતાં કે અરજ કરતાં વપરાય છે.

ખુદાવંદ (ખુદાવંદ) જુઓ ખુદાવંત.

ખુદાવંદી (ખુદાવંદી) ૧. [ફા.] સ્ત્રી. દિવ્યતા; સ્વર્ગીયપણું. જુઓ ખુદાઈ.

૨. સ્ત્રી. ધણીપણું; માલિકી.

ખુદાવંદેતઆલા (ખુદાવંદેતઆલા) [ફા.] પું. મહાન ઈશ્વર.

ખુદાવિંદ (ખુદાવિંદ) જુઓ ખુદાવંત.

ખુદાહાફેઝ (ખુદાહાફેઝ) [ફા. ખુદા + હાફિઝ (રક્ષણકર્તા)] અ. અલ્લાએલી; ઈશ્વર તમારું રક્ષણ કરે; રામ રામ.

ખુદી (ખુદી) ૧. [ફા.] સ્ત્રી. જબ્બરાઈ; સત્તા.

૨. સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ; શેખી. ફુંપણું.

૩. વિ. દેહાભિમાની; ભમતી; ફુંપણાવાળું.

ખુદામ (ખુદામ) [અ. અદમ (તેણે સેવા કરી)] પું. બ. વ. નોકર; સેવક; ચાકર.

ખુદ્દે સ્ત્રી. જ્યાંથી દાંત પડી ગયો હોય અથવા ખેંચી લીધો હોય તે જગ્યા.

ખુધા [સં. ક્ષુધા] સ્ત્રી. ભૂખ.

ખુધરાં ફાડવાં ૧. અ. ક્રિ. ભૂખે શોષી ખાવું; દોષ જોવા.

૨. અ. ક્રિ. વારંવાર નજરી ભૂલો માટે ખિજાવું કે ગુસ્સે થવું.

ખુધા [સં. ક્ષુધા] સ્ત્રી. ભૂખ.

ખુધાર્ત [સં. ક્ષુધાર્ત] વિ. ભૂખ્યું.

ખુધી સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

ખુનકી ૧. [હિ. ખુનક (ટાઢ)] સ્ત્રી. મીઠી લહેર; ચેન; તંદા.

૨. સ્ત્રી. ઠંડક; ગરદી.

ખુનપરિયા ૧. સ્ત્રી. એ નામની જમીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ખુનથા (ખુનથા) [ફા.] ન. ખૂનું તે.

ખુનથાગર (ખુનથાગર) [ફા.] પું. ખૂનેવો; ખૂનાર માણસ.

ખુનથાગરી (ખુનથાગરી) [ફા.] સ્ત્રી. સંગીત.

ખુનસ ૧. સ્ત્રી. અદેખાઈ; તિરસ્કાર; ધિક્કાર.

૨. સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

૩. સ્ત્રી. ઓટસ; ઠીનો; હાડવેર.

૪. [સં. ખલમનસ્] સ્ત્રી. દ્વેષ; ગુસ્સો; ઝેર; રીસ

ખુનસદાર ૧. વિ. ઈર્ષાળુ; અદેખું.

૨. વિ. કીનાખોર; અંટસવાળું.

૩. વિ. ક્રોધી; ઝેરીલું.

ખુનસી જુઓ ખુનસદાર.

ખુનાક (ખુનાક) ૧. [અ.] પું. ઠંડમાળ.

૨. પું ગૂંગળાવવું તે.

૩. પું. ફાંસી.

ખુનામરકી સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખુંનક (ખુનક) ૧. [ફા.] વિ. ઠંડું.

૨. વિ. નસીબદાર; ભાગ્યશાળી.

ખુનકી (ખુનકી) ૧. [ફા.] સ્ત્રી. આબાદી; ઉન્નતિ.

૨. સ્ત્રી. ઠંડાપણું.

ખુનસ જુઓ ખુનસ.

ખુનસી (ખુનસી) [ફા.] વિ. કિનાવાળું; ખારીલું; ખુનસવાળું; ઝેરી; ઠંસીલું; દ્વેષી.

ખુન્સ (ખુન્સ) ૧. [અ.] પું. પાવૈયો.

૨. [ફા.] ન. અદાવત; વેર.

ખુન્સા (ખુન્સા) ૧. [અ.] પું. (ચારરસ) નાન્યતર જાતિ.

૨. પું. પાવૈયો.

ખુપખુપાટ સ્ત્રી. અદેખાઈ.

ખુપણી સ્ત્રી. માદાનો એક જાત.

ખુપરું ૧. ન. કોપરું.

૨. ન. દાઢીના વાળના ઠૌંસા.

૩. ન. મોલ કપાઈ ગયા પછીનો જમીનમાં રહેલો ભાગ; ઠૂંઠું.

ખુપરો પું. આંખમાં થતો ખીલ.

ખુપરવું સ. ક્રિ. ઠરાવવું; સોદો કરવો. જુઓ ખૂપવું.

ખુપાવવું સ. ક્રિ. ઠરાવવું; સોદો કરવો.

ખુફિયા (ખુફિયા) ૧. [ફા. અ. ખુફ્યહ] વિ. છાનું; છૂપું.

૨. અ. ખાનગી રીતે.

ખુફિયાનવીસ (ખુફિયાનવીસ) [ફા. ખુફ્યહ (છાનું) + નવીસ (લખનાર)] પું. ખાનગી રીતે ખબર આપનાર માણસ.

ખુફિયાવિભાગ (ખુફિયાવિભાગ) [હિં.] પું છૂપો પોલીસ ખાતું.

ખુફ્રત (ખુફ્રત) [ફા.] સ્ત્રી. ઉષ્ણ; ઊનવાની ક્રિયા.

ખુરતગાન (ખુરતગાન) ૧. [ફા.] પું. ૧. બ.વ. મરી ગયેલ માણસો. ૨. પું. બ.વ. સ્વજન માણસો.

ખુરતા (ખુરતા) [ફા.] વિ. ઊંધતું.

ખુરપત (ખુરપત) [ફા.] વિ. છપું.

ખુરપતન (ખુરપતન) [અ.] અ. છાની રીતે.

ખુરપા (ખુરપા) [ફા.] વિ. છપું.

ખુરબખુરા ૧. ન. સાપના જેવુ એક પ્રાણ. તેની નાની ને મોટી એવી બે જાત છે. તે પાંચથી ૭ ફૂટ ઊંચું વધે છે. તેનું ફણ સુકાયા પછી અંદરના ફૂંગિયા ફૂટા પડે છે. ૨. વિ. બહું; પુષ્કળ.

ખુબઝી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને આછા બદામી રંગનાં ફળ આવે છે.

ખુબાલ્ઝા સ્ત્રી. સાલમલ્યાદિ વર્ગની એ નામની વનસ્પતિ. કૂલ માટે તે બાગમાં બહુ વવાય છે. તેનાં બી ઔષધિ તરીકે વપરાય છે.

ખુબાની [હિં.] અ. જરદાલુ.

ખુબાફોડ (ખુબાફોડ) અ. એક જાતનું પક્ષી. તે કાણુ અને બીજી છીપો ઉખાડીને અંદરના જંતુ ઉપર પોતાનો નિર્વાહ કરે છે. તેને મોટી ચાંચ જેવી ચાંચ હોય છે.

ખુબાસત (ખુબાસત) [અ.] સ્ત્રી. દુષ્ટતા.

ખુબાસી પું. એક જાતનો રંગ; ચામવતી રંગ.

ખુબ્દ (ખુબ્દ) [અ.] પું. સ્વર્ગ.

ખુબ્સ (ખુબ્સ) [અ.] સ્ત્રી. દુષ્ટતા.

ખુમ (ખુમ) ૧. [ફા.] પું. ઋણ રમનારાઓને બંદૂકનાં ગાર પાનાંની આટણી. ૨. પું. બટ્ટી.
ખુમ મારવો = ખોવા પહેલાં લખમાં ઉકાળવાં.
૩. પું. મોટો ઘડો.

ખુમકદા (ખુમકદા) [ફા.] અ. દારૂનું પીઠું.

ખુમખાના (ખુમખાના) [ફા.] અ. દારૂ પીઠું.

ખુમડી [સં. કુબ્જી] સ્ત્રી. (હિંદી) બિલાડીનો ટોપ.

ખુમરા (ખુમરા) ૧. [અ. કુનબુર (બલી પ્રમાણનો એક ગુલામ)] પું. એક જાતનો ભીખ માગનાર મુસલમાન ફકીર. ૨. પું. ખાંડ જેવાં તૈયાર કરવામાં અને રાખવામાં આવે તે માટીનું નાનું વાસણ. ૩. પું. નમાજ પઢવા માટેની તાડનાં પાનની નાની સાદડી. ૪. પું. ભિખારીનો નાનો ટોપ.

ખુમરિયાં (ખુમરિયા) [અ.] સ્ત્રી. મુસલમાન ઓલિયાતોની એક જાત.

ખુમલુ અ. ચાળો; લટકો.

ખુમવારી સ્ત્રી. ખેડૂત પાસેથી વેરો લેવાની પદ્ધતિ.

ખુમાણ ૧. [સં. કક્ષુમન્] સ્ત્રી. કાઠી લોકોની એ નામની એક જાત. ૨. અ. એ નામની કાઠીની જાતનું માણસ. ૩. વિ. કાઠીની એ નામની જાતનું.

ખુમાની સ્ત્રી. એક જાતની ખારેક.

ખુમાર ૧. [અ.] પું. ઘેન; નશો; માદક પદાર્થ લીધા પછીની અસર. ૨. પું. ગર્વ; અક્કડી. ૩. પું. પ્રેમ, મસ્તી કે નશાની અસરથી થતો આંખનો નબળો દેખાવ. ૪. પું. માંદગી; બીમારી.

ખુમારખાના [અ.] અ. પીઠું; શરાબખાનું.

ખુમારશિકની [અ.] સ્ત્રી. નશાથી થતી માંદગી ઓછી કરનાર વસ્તુ.

ખુમારી ૧. [અ. ખમર (તે ગરમ ગર્ભ ચર્યો)] પું. પીધેલ માણસ. ૨. સ્ત્રી. અહંકાર; અહંતા; મદ; પોતાનાં ધન, વૈભવ અને હોદ્દા વગેરેનો ગર્વ. ૩. સ્ત્રી. આખી રાત જાગવાથી થતી શરીરની શિથિલ દશા. ૪. સ્ત્રી. આંખમાં દેખાતો નશો; દારૂ વગેરે માદક પદાર્થ પીધા પછીની અસર. ૫. સ્ત્રી. ઘેનથી આંખમાં ઢુંપડનો દેખાતો ને તરતો ગુસ્સો; ઘેનની લહેર; ઘેન. ૬. સ્ત્રી. તેજ. ૭. સ્ત્રી. બીમારી; માંદગી. ૮. સ્ત્રી. મસ્તી; તોફાન.

ખુમારવતી સ્ત્રિ. અપમાન સહી લેનારી; ક્ષમાવંત; બોલું ન લગાડનારી; સહનશીલ.

ખુમારિયા ૧. સ્ત્રી. ખુમારી. ૨. સ્ત્રી. બંદૂકનાં બાનાં જે રંગનાં હોય તેમાંના એકાદ રંગની જાળ; પોત; રંગની ભભક.
૩. સ્ત્રી. મુખ; જાત; પ્રકાર. ૪. સ્ત્રી. નશો; ઘેન. ૫. સ્ત્રી. રંગ. ૬. સ્ત્રી. સુંવાળાપણું; કુમાશ.

ખુમારી ૧. [અ.] પું. પાંચ અક્ષરનો શબ્દ. ૨. સ્ત્રી. એક જાતની પાંચ ખાનાવાળી ભાતીગર આકૃતિ. ૩. વિ. પાંચનું બનેલું; પાંચ સબંધી.

ખુમ્મસ વિ. રિસાયેલું; માઠું લાગ્યું હોય એવું.

ખુર ૧. [સં. ક્ષુર] પું. અણો; સન્યો. ૨. પું. ભરી. ઢોરના પગનો નખ; ડાબલો. ૩. પું. ખાટલાનો પાયો. ૪. પું. ખોરાસાન દેશ. ૫. પું. (જરથોસ્તી) મોક્ષ મુખ્ય ફિરસ્તા શેહેરીવરના ચાર માલેનો એ નામનો એક ફમકાર. ૬. સ્ત્રી. એક જાતની કલાઈ. તે પોચી, મુવાળી અને સફેદ હોય છે. ૭. સ્ત્રી. બોં બોં કરવું તે; ઉધરસ. ૮. અ. એક જાતનું સુગંધી દ્રવ્ય; નખ; નખલો. ૯. સ્ત્રી. મુડન; વાળ ઉતરાવવાપણું. ૧૦. [ફા.] વિ. બાનાર.

ખુરઠ ૧. પું. એક જાતનું ઝાડ. ૨. સ્ત્રી. એક જાતની કલાઈ.

ખુરક્ષેપ [સં.] પું. ખરીવાળા પશુના પગની લાત.

ખુરખુર પું. બબુબબુદાદ; એક જાતનો અવાજ; ગળામાં કફ વગેરે રહેવાથી શ્વાસ લેતાં થતો ઘરઘર અવાજ.
ખુરખુર કરવું = ઉધરસ ખાવી.

ખુરખુરા વિ. કરકરા; ખરબચડું.

ખુરખુરાટ જુઓ ખુરખુર.

ખુરચણ જુઓ ખુરચન.

ખુરચન ૧. અ. ઉખાડી કે ઉઝરડીને એકઠું કરેલું બારા જેવું જે કાંઈ તે; બપોટી; દાઝ ભૂકો. ૨. અ. કચૂંબર; કચુકોરું બાવાનું તે; બચણું. ૩. અ. દૂધની એક જાતની મીઠાઈ. ૪. અ. બાવાનો દાઝેલો ભૂકો.

ખુરચની ૧. સ્ત્રી. અક્ષર ભૂંસી નાખવાનું સાધન. ૨. [હિં.] સ્ત્રી. એક જાતની છીણી; ઝોબણી; તાબણી. ૩. સ્ત્રી. કડછી. ૪. સ્ત્રી. બોલીનું આમકું ઉઝરડવાનું એક ઓજાર.

ખુરચવું સ.ક્રિ. છોલવું; ઉપર ઉપરથી ઉખેડવું.

ખુરચા અ. (જૈન) શ્રાદ્ધોક રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્તસૂરિજીએ સંવત ૧૧૭૭માં સ્થાપેલું ઓશવાળ વંશનું એ નામનું ગોત્ર.

ખુરચીન [ફા.] અ. બિસ્તરો; સાદડી.

ખુરજી [ફા.] સ્ત્રી. ઘોડેસવારને તેનો જરૂરી સામાન રાખવાની મોટી થેલણ.

ખુરજસ [સં. ખુરજસ્] વિ. ચપટા નાકવાળું; ચીબું.

ખુરતલ જી. ખરી; કાબલો.

ખુરદમ ન. સીસાના માંઢાવાળું ઘોરડા જેવું ગોઠવું એક જાતનું હથિયાર.

ખુરદરા ૧. [હિં.] વિ. કરચલીવાળું.

૨. વિ. અરબચરું.

૩. વિ. રૂક્ષ; લૂખું.

ખુરદો (ખુરદ્ય) ૧. [સં. ખુર્દ (ઝીણું)] પું. ખુરદો; નાનું નાણું; પરચૂરણ.

ખુરદા કરવા = (૧) કાટી નાખવું. (૨) વેચી નાખવું; વેચીને નાણાં કરવાં.

૨. પું. ઝીણી નાની વસ્તુ.

ખુરદાદ (ખુરદાદ) પું. જરથોસ્તી વર્ષનો ત્રીજો મહિનો.

ખુરદાબીન (ખરદાબીન) ન. ઝીણી વસ્તુ જોવાનું યંત્ર; સૂક્ષ્મદર્શક યંત્ર.

ખુરદિયો (ખુરદિયો) ૧. [સં.] પું. આખું નાણું લઈને છૂટું નાણું આપવાનો ધંધો કરનાર માણસ; પરચૂરણ વેચનાર આદમી; ખુરદાનો ધંધાદારી.

૨. પું. નાણું વટાવી આપનારો વેપારી; નાણાવટી; સરાફ.

ખુરદો ૧. [સં. ખુર્દ (નાનું)] પું. કટકા; ભંગાર; ટુકડા.

ખુરદો કરવો = (૧) કટકે કટકા કરી નાખવા. (૨) નાણું વટાવવું. (૩) વેચવું; વેચી નાખવું.

૨. પું. કીમતી સિક્કાને વટાવવાથી આવતું નાનું અને ઊતરતી કીમતનું છૂટું નાણું; પરચૂરણ.

૩. પું. તોડી ઉઘાડી પૂરું કરવું તે.

૪. પું. દોલત; ધન.

૫. પું. નાશ.

ખુરપક્ષા [હિં.] ન. પગ અને મોઢાનું એક જાતનું દર્દ.

ખુરપકવી ૧. [સં.] સ્ત્રી. ખરીની નિશાનીવાળો માર્ગ.

૨. સ્ત્રી. ઘોડાનાં પગલાંનું ચિહ્ન.

ખુરપલી સ્ત્રી. ખરપલો; ખરપો; ઘાસ ઉખેડવાનું એક સાધન.

ખુરપલ્યા [હિં.] પું. એક જાતના લોઢ. તેઓ ખરડાં અને નબળાં ઢોરને મજબૂત અને જુવાન દેખાય એવાં કરીને તેનો વેપાર કરે છે.

ખુરપા ૧. [હિં.] પું. ઘાસ ઉખેડવાનું તાવેથા જેવું એક હથિયાર. તે લાકડાના હાથામાં નાખેલું હોય છે.

૨. ન. એક જાતનું વહાણ.

૩. વિ. મૂર્ખ.

ખુરપુટ સ્ત્રી. ઢોરની ખરી.

ખુરપ્ર [સં.] પું. ખરીના આકારનું અર્ધ ગોળાકાર માથાવાળું બાણ.

ખુરબહો (ખુરબ્હો) [સં. કુબ્જ (ખૂંધું)] પું. એક જાતની છીપ; દરિયાઈ ગોકળગાયનું કાખલું.

ખુરબંદી સ્ત્રી. ઢોરની ખરીમાં નાલ જડવી તે.

ખુરબાન (ખરબાન) ૧. [અ.] ન. મહેરબાની.

૨. વિ. કુરબાન; બલિદાન તરીકે અર્પેલું.

ખુરમાહ (ખુરમાહ) પું. જરથોસ્તી દશમા મહિના દેઇનું બીજું નામ; દેહમાસ.

ખુરમી (ખુરમી) ૧. સ્ત્રી. આનંદ.

૨. સ્ત્રી. બરફી જેવી એક જાતની મીઠાઈ.

ખુરમું ન. એક જાતની મીઠાઈ.

ખુરમો (ખુરમો) ૧. [સં.] પું. ખજૂર.

૨. પું. દૂધની સાથે રાખેલ સેવનું જમણ.

૩. પું. બાજરીનો બાજરા પોરનો અથવા બાજરા છાડાનો રોટલો.

ખુરલી ૧. સ્ત્રી. ઘોડા બાજઠ પાસ નાખવાની પાઠી બાંધેલી જગ્યા.

૨. સ્ત્રી. ધનુર્વિદ્યા અથવા તીર ફેંકવાનો અભ્યાસ.

૩. સ્ત્રી. લાકડી કવાયત.

ખુરવા પું. ઢોરને પગમાં થતો એક જાતનો રોગ. તેમાં પગની ફાટમાં સડો થઈ છાતમાં થાય અને મોંમાં ચાંદાં પડે.

ખુરશાબ્દ પું. ખરીનો અવાજ.

ખુરશીદ (ખુરશીદ) જુઓ ખુરશેદ.

ખુરશેદ (ખરશેદ) ૧. [સં.] પું. આદિત્ય; દિનકર; રવિ; સૂર્ય.

૨. પું. કાઝી સનના મહિનાનો તેમ જ પરિશીઓના મહિનાનો અગિયારમો દિવસ.

૩. પું. (જરથોસ્તી) ગોવા મુખ્ય હિરસ્તા રહેરીયરના ચાર મહિનો એ નામનો એક હમદર.

૪. પું. તેજ; પ્રકાશ.

ખુરસંદ (ખરસંદ) [સં.] વિ. રાજી થયેલું; સંતોષ પામેલું.

ખુરસંદગી (ખુરસંદગી) [સં.] સ્ત્રી. આનંદ; સંતોષ.

ખુરસંદી (ખુરસંદી) જુઓ ખુરસંદગી.

ખુરસાની પું. ખુરાસાની જાનવર.

ખુરસી ૧. [અ. કુર્સી] સ્ત્રી. બાંઠ; મજબૂત લોખંડિયા નીચેનો જમીન ઉપરનો ઘમલો; બેસણી.

૨. સ્ત્રી. એક જાતનું આસન; ઢીંચણ બેસતી ઊંચી, ચાર પગવાળી, લાકડાની, નેતરથી ભરેલી, બરલીને બેસાય એવી બેઠક કે બાંધી.

૩. સ્ત્રી. માનનું સ્થાન.

ખુરસી બાંડી સ્ત્રી. નાનાં બાળકોને બેસાડીને ફેરવવાની એક જાતની બાંડી.

ખુરસીનામું ન. બંદોબસ્ત; બાંધો.

ખુરસું ૧. [અ. કુર્સી] ન. બંગડીની ગોટલી; માટીનું બેસણું.

૨. ન. એક જાતનું સોની લોકોને ઝેરણ નાખવાનું લાકડાનું બેસણું; ઝેરણની બેઠક.

૩. ન. નાની ખુરસી.

ખુરસેદ પું. સૂર્યનારાયણ; સૂરજ; આફતાબ.

ખુરંડ ન. ચામડા ઉપર વળેલી કપોટી; ભીંગડું.

ખુરા ૧. સ્ત્રી. ઢોરના પગની ખરી.

૨. સ્ત્રી. પશુની ખરી પાકવાનો રોગ.

ખુરાક (ખુરાક) ૧. પું. ડોલિયો.

૨. પું. બાર્લ્યું; ખોરાક.

૩. સ્ત્રી. રોજ; મજૂરી.

૪. ન. પશુ; પ્રાણી.

ખુરાકી (ખુરાકી) ૧. [ફા.] સ્ત્રી. બાવનું ખરીદવાનો પૈસો.

૨. સ્ત્રી. બાર્લ્યું બાવું તે.

૩. સ્ત્રી. ખરચુપેપણ માટે રૈયામાં આવતી રોકડ રકમ.

૪. વિ. ભૂખ્યું.

ખુરાગીન (ખુરાગીન) ન. ઈરાન તરફનું લાંબા લોકોનું એક માનીતું પક્ષી.

ખુરાઘાત પું. ખરીનો પ્રહાર; પાટુ; લાત.

ખુરાફાત (ખુરાફાત) ૧. [અ. ખરફ] સ્ત્રી. અર્થ વગરની વાત કરવી તે.

૨. સ્ત્રી. ઠંડકવા; વાર્તા.

ખુરાલક [સં.] ન. લોઢાનું તીર.

ખુરાલિક ૧. [સં.] ન. બખ્તર પર.

૨. ન. ભોંકણું; તકિયો.

૩. ન. નારાચ નામનું અસ્ત્ર.

૪. ન. લોખંડી બાણ; લોઢાનું તીર.

૫. ન. વાળંદની કોથળી.

ખુરાસાન (ખુરાસાન) [ફા.] પું. એ નામનો એક દેશ. તે ઈરાનની પૂર્વે અને અફઘાનિસ્તાનની પશ્ચિમે આવેલો છે. હેરાત અને મશહદ શહેર તેમાં આવેલાં છે. આ પ્રદેશ ઊંચી જાતિના ઘોડાની પેદાશને લીધે પ્રસિદ્ધ હતો.

ખુરાસાનિ પું. એક જાતનો કીમતી ક્ષારનો ભેદ: પર્સિક. હિમાલય ઉપર ૩૦૦૦ થી ૧૦૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીમાં તે ઊગે છે. ખુરાસાનિનો ઉપક્ષાર દરદ હલકું કરનાર, આક્ષેપ નિવારક, ઉત્તેજક, ઊંઘ લાવનાર, આંખની કીકી પહોળી કરનાર અને વેદના હરનાર મનાય છે.

ખુરાસાની (ખુરાસાની) ૧. [ફા.] સ્ત્રી. એક જાતની તરવાર.

૨. વિ. ખુરાસાનથી આવેલું; ખુરાસાનમાં બનતું.

૩. વિ. ખુરાસાનનું; ઈરાન દેશમાં આવેલા ખુરાસાન નામના પ્રદેશનું.

ખુરાસાની અજમો પું. એક જાતની ઔષધિ; કરમાણી અજમો; છુવારી અજમો. તે ઈરાન દેશ આદિના ખુરાસાન અને મકરાન પ્રાંતમાં પાકે છે. તેનું ઝાડ બતૂરો, તંબાકુ વગેરે જાતનું હોઈ તીવ્ર વિષારિ છે. તેનાં પાંદડાં કરતા બિયાંમા ઔષધની તીવ્રતા વધારે છે. ખુરાસાની અજમાને ગાયના મૂત્રમાં ત્રણ દિવસ પલાળી રાખવો. મૂત્ર હમેશા બદલતા રહેવું. પછી શુદ્ધ પાણીથી ધોઈ, સૂકવી દરેક પ્રયોગમાં લેવો. તેનાં બિયાં ઝીણાં, ચપટાં, ભૂરા રંગનાં, સ્વાદ વગરનાં અને કેફી છે. દમ, ખાંસી, હૃદયરોગ, ઉન્માદ, મૂત્રપિંડના વ્યાધિ, ઊલટા અને ચસકા ઉપર ઔષધ તરીકે તે વપરાય છે. વાતોન્માદ, ખંજવાયુ, કેપવાયુ અને અપસ્મારથી થયેલા વાયુ ઉપર આ અજમાનાં બિયાંનું સત્ત્વ ઘણું સારું કામ આપે છે. ખુરાસાની અજમાનાં પાંદડાંમાંથી કાઢેલ મદ્યાર પેશાબની બળતરા કમી કરવામાં ઉપયોગી છે. ઊંઘ ન આવતી હોય તો તે લાવવાને માટે અને માનસિક ભ્રમ થયેલ હોય તો ખુરાસાની અજમાનાં પાંદડાંનો અર્ક કામદાયકારક મનાય છે. વાતોન્માદ થયેલા મનુષ્યને રાત્રિને વખતે આ સત્ત્વનો દ્રાવ તૈયાર કરી તેની પિચકારી આપવી. આ અર્કનું ટીપું આંખનાં પોપચાંને ચોપડવાથી આખો દુખતી બંધ થાય આ ઉપરાંત બીજા ઘણા રોગમાં આ અર્કનો ઉપયોગ કરવામાં આવે છે.

ખુરાસાની અજમોદ સ્ત્રી. મોટી અજમોદ.

ખુરાસાની અજમાયન જુઓ ખુરાસાની અજમો.

ખુરાસાની ઓર ન. ઉનાબ: એક જાતનું બોર.

ખુરાસાની વજ પું. ખાગાવજ; શુકલા; હૈમવતી.

ખુરાંઠ ૧. સ્ત્રી. ઢોરની ખરીઓથી ઉખરાયેલી જમીન.

૨. સ્ત્રી. જાડુ ઘરડું.

ખુરિયા સ્ત્રી. કાચલી કે બીજી વસ્તુમાંથી બનાવેલું પ્યાલા જેવું ઓજાર. તેનાથી કપડાં ઉપર પટા પાડવામાં આવે છે.

ખુરિશ (ખુરિશ) [ફા.] સ્ત્રી. ખોરાક.

ખુરી ૧. સ્ત્રી. ખરી; ખુર: ઢોરના પગનું તળિયું.

૨. સ્ત્રી. નાલ.

૩. સ્ત્રી. ઝાટી.

ખુરીત્રાંસ ન. એક જાતનું ઝાડ. તેની શાખાઓ અને પાનનો રંગ બોળાશ પડતો કિસ્સો લીલો હોય છે.

ખુરીશબ્દ જુઓ ખુરશબ્દ.

ખુરૂજ (ખુરૂજ) ૧. [અ.] પું. કાઢવું તે.

૨. પું. બજાર નીકળવું તે.

૩. પું. બગ: વિષ્ટા.

ખુરૂસ (ખુરૂસ) [ફા.] પું. ડુક્કર.

ખુરેશી ૧. સ્ત્રી. મુસલમાન, સપી, સિપાઈ, શેખ, મતવા અને કમાનગરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખુરૈંચ ૧. પું. ઊઝરડો.

૨. પું. દુશ્મનાવટ: વૈર.

ખુરો ૧. પું. અરેરો; ઘોડાને સાફ કરવાનું સાધન.

૨. પું. ખરી.

ખુરોપમ પું. પદ્મક નામે એક હથિયાર.

ખુરોપોશ (ખુરોપોશ) [ફા.] પું. ખોરાક અને પોષાક.

ખુરોસ (ખુરોસ) પું. ડુક્કો.

ખુર્જી [હિ.] ન. ઘોડા ઉપર જરૂરીઓનો સામાન રાખવાનો કોથળો.

ખુર્જીન જુઓ ખુર્જી.

ખુર્દી [હિ.] સ્ત્રી. ગાય મારવાનું પાપ.

ખુર્દ (ખુર્દ) ૧. [ફા.] ન. નવજોતની ક્રિયા થયા પહેલાં કોઈ વારસી બાળક મુજરી બન્યા તો તેની ઉત્તરક્રિયામાં તેને અપાતું નામ.

૨. વિ. નાની ઉમરનું; નાનું.

ખુર્દખમ (ખુર્દખમ) [ફા.] વિ. ઝીણું કાપેલું; વાટેલું.

ખુર્દન (ખુર્દન) [ફા.] ન. વિ. ખાવું.

ખુર્દબીન (ખુર્દબીન) [ફા.] ન. સૂક્ષ્મદર્શક યંત્ર.

ખુર્દસાલ (ખુર્દસાલ) [ફા.] વિ. નાની વયનું.

ખુર્દસાલી (ખુર્દસાલી) [ફા.] સ્ત્રી. બાલ્યપણ.

ખુર્દા (ખુર્દા) ૧. [ફા. ખુર્દ (નાનું)] પું. ખુરદો, ટુકડા; પરચૂરણ; મોટો સિક્કો વટાવી તેના બદલામાં નાના સિક્કા લેવા તે.

ખુર્દા કરવા = (૧) નાના નાણામાં વટાવવું. (૨) વેચવું.

૨. પું. ફેરીવાળાનો પરચૂરણ સામાન; નાની મોટી ચીજ.

૩. પું. ભાગ.

૪. પું. સહેજ મૂલ.

૫. સ્ત્રી. સાકરટેટીની એ નામની એક જાત.

ખુર્દાગીરી (ખુર્દાગીરી) [ફા.] સ્ત્રી. ટીક.; લાંચ; વિવાદ.

ખુર્દાફેરોશ (ખુર્દાફરોશ) [ફા.] પું. પરચૂરણ વસ્તુઓની ફેરી કરી ગુજરાન ચલાવનાર માણસ: ફેરિયો.

ખુર્દાફેરોશી (ખુર્દાફરોશી) [ફા.] સ્ત્રી. ફેરી.

ખુર્દિયા (ખુર્દિયા) [ફા.] પું. નાણાવટી; બજારવટાલ કરનાર માણસ.

ખુર્દી (ખુર્દી) ૧. [ફા.] સ્ત્રી. નાની સંખ્યા.

૨. સ્ત્રી. બાલ્યપણ; નાનપણ; બાળપણ.

ખુર્નિસા (ખુર્નિસા) [ફા.] સ્ત્રી. નમ્રતાપૂર્વક વદન. જુઓ કુર્નીસ.

ખુર્નીસાત (ખુર્નિસાત) જુઓ ખુર્નિસા.

ખુર્નીસ (ખુર્નીસ) જુઓ ખુર્નિસા.

ખુર્મ (ખુર્મ) ૧. [અ.] પું. એક જાતનો ફરવેરો.

૨. પું. એક પંચમાંશ ભાગ.

ખુર્મા (ખુર્મા) ૧. [ફા.] પું. બજૂર; બજૂરીનો રસ.

૨. સ્ત્રી. બાલઠાઢી; ઘોટ, બાઢ અને ઘીની બનાવેલી બજૂર જેવી મીઠાઈ.

ખુર્રમ (ખુર્રમ) ૧. [ફા.] પું. આનંદી સ્વભાવનો.

૨. પું. મુઘલ બાદશાહ શાહજહાનનું બીજું નામ.

૩. વિ. આનંદદાયક.

૪. વિ. આનંદી; ખુશી.

ખુર્રમદિલ (ખુર્રમદિલ) [ફા.] વિ. આનંદી સ્વભાવનું.

ખુર્રમરોઝ (ખુર્રમરોઝ) પું. (જરથોસ્તી) દેવ માસનો પહેલો દિવસ.

ખુર્રમી (ખુર્રમી) [ફા.] સ્ત્રી. આનંદ; મજા.

ખુરી ૧. [હિં.] વિ. ઠરચલીવાળું.
૨. વિ. ખરબચડું.

ખુલકે ૧. અ. આરામથી; સંતોષપૂર્વક.
૨. અ. જાહેર રીતે.

ખુલતું ૧. વિ. ઊપડતું; ખીલતું.
૨. વિ. ખુલ્લું અથવા પહોળું રહેતું હોય એવું; બહાર પડતું; શરીરને ભીડાઈને ન રહે એવું.
૩. વિ. શોભતું; સારું લાગતું.

ખુલબંદી [હિં.] સ્ત્રી. ઘોડાને નવી નાલ નાખવાપણું.

ખુલમખુલા [હિં.] અ. જાહેર રીતે; છડેચોક.

ખુલલ ૧. [હિં.] વિ. ઉઘાડું.
૨. વિ. ખુલ્લું.
૩. વિ. મોકળું; સ્પષ્ટ.
૪. વિ. જાણીતું; જાહેર.
૫. વિ. ઢીલું.
૬. વિ. પહોળું કરેલ; વિસ્તારેલ.

ખુલવું ૧. અ. ક્રિ. આકાશ સ્વચ્છ થવું.
૨. અ. ક્રિ. ઉત્તેજન અપાવું.
૩. અ. ક્રિ. ઊપડવું; ખસી જવું; ઉઘાડું થવું; ખીલવું; ખુલ્લું થઈ જવું.
૪. અ. ક્રિ. ઊપડવું.
૫. અ. ક્રિ. કોઈ કાર્યક્રમનું હમેશનું કામ આરંભ થવું.
૬. અ. ક્રિ. ગભરાટમાંથી મુક્ત થવું.
૭. અ. ક્રિ. ગાઢ મિત્રાચારી હોવી.
૮. અ. ક્રિ. ગાંઠ છૂટવી.
૯. અ. ક્રિ. છૂટાછેડા કરવા.
૧૦. અ. ક્રિ. ભુગારમાં ઓવાવું.
૧૧. અ. ક્રિ. ટેવા ઉખેડવા.
૧૨. અ. ક્રિ. દીપવું; સોહવું; સારું દેખાવું.
૧૩. અ. ક્રિ. નિકાલ થવો.
૧૪. અ. ક્રિ. પાકું તાળું કરવું.
૧૫. અ. ક્રિ. બહાર આવવો; સુગંધ ફેલાવી.
૧૬. અ. ક્રિ. મુશ્કેલી દૂર થવી.
૧૭. અ. ક્રિ. મોકળું થવું; છૂટા પડવું.
૧૮. અ. ક્રિ. રસ્તો કાઢવો.
૧૯. અ. ક્રિ. રોતરંજની રમતમાં હલવું.
૨૦. અ. ક્રિ. સ્થાપવું.
૨૧. અ. ક્રિ. સ્પષ્ટ થવું.

ખુલંગ (ખુલંસ) [કા.] પું. બગલો.

ખુલા જુઓ ખુલલ.

ખુલાડુ ન. હવા ભરવાળાની છૂટવાળી ખુલ્લી જગ્યા.

ખુલાવવું અ. ક્રિ. આનંદ કરાવવો; ખૂલે એમ કરવું.

ખુલાસ (ખુલાસ) ૧. પું. મૂંઝવણમાંથી મુક્ત થવું તે.
૨. પું. નિશ્ચિતપણું; ફિકર ન હોવી તે.
૩. પું. મતલબ; સમજણ; સ્પષ્ટીકરણ.
૪. પું. શુદ્ધભાવ; સ્નેહ.
૫. પું. સ્વતંત્રતા.

ખુલાસત (ખુલાસત) ૧. [અ.] પું. અર્ક; કોઈ પણ વસ્તુનું સત્ત્વ.
૨. પું. ખુલાસ.
૩. પું. તત્ત્વ; સાર.
૪. પું. વિદ્વાન જગ્યા.
૫. વિ. ખુલ્લું; ઉઘાડું.
૬. વિ. ઢીલું; પોચું.
૭. વિ. દેખીતું; સ્પષ્ટ.
૮. વિ. મુક્ત; સ્વતંત્ર.
૯. અ. ખુલ્લી રીતે.
૧૦. અ. જુદી જુદી રીતે.
૧૧. અ. સંપૂર્ણતાથી.

ખુલાસા (ખુલાસા) જુઓ ખુલાસત.

ખુલાસાબંધ (ખુલાસાબંધ) [અ.] અ. સમજ સાથે; સ્પષ્ટપણે; સવિસ્તર.

ખુલાસાવાર (ખુલાસાવાર) જુઓ ખુલાસાબંધ.

ખુલાસો ૧. પું. અનુમાન; અટકળ.
૨. પું. ઇતિભાગ; અધિકાર.
૩. પું. કોઈ પણ બાબત અંધારામાં એટલે અજ્ઞાનમાં નહિ રહેતાં જરૂ સ્પષ્ટ ઉઘાડું પડી જવું અને સમજાઈ જવું તે; ખુલ્લું કે સ્પષ્ટ થઈ જવાપણું; ભેદ જણાવો તે; સ્પષ્ટ સમજણ; ગડમથ્થો, શંકા કે વહેમ કાઢી નાખવો તે.
૧. ખુલાસેથી = સ્પષ્ટ રીતે; જ્ઞાન પૂર્વક; વિગતવાર; સમજ પડે તેમ.
૨. ખુલાસો આપવો-કરવો = (૧) કારણ બતાવવું; સમજણ પાડવી. (૨) જવાબ દેવો. (૩) રજા કે હા આપવી. (૪) હિસાબ આપવો.
૩. ખુલાસો માગવો = સમજણ માટે પૂછવું.
૪. પું. સ્પષ્ટતા; સ્પષ્ટીકરણ.
૫. પું. ટીકા; સમજૂતી.
૬. પું. નિકાલ; નિર્ણય.
૭. પું. નીતિ; ભાવાર્થ; શિક્ષામણ.
૮. પું. ફારગતીપણું; મોકળાશ; છૂટું હોવું તે.
૯. પું. બંધી કે મૂંઝવણમાંથી બહાર નીકળવું તે; છૂટું થવું તે.
૧૦. પું. રસ્તો.
૧૧. પું. સાદ કાઢો આવવો તે.
૧૨. પું. સાર; સત્ત્વ.

ખુલૂ (ખુલ્) ૧. [અ.] પું. ખાલી જગ્યા.
૨. વિ. છૂટું; બંધનમુક્ત.

ખુલૂસ (ખુલૂસ) ૧. [અ.] પું. પવિત્રતા; સચ્ચાઈ.
૨. પું. પ્રેમ; મિત્રતા; સહૃદયતા.
૩. પું. વિશ્વાસ; ભરોંસો.

ખુલ્લે મેદાન ૧. [હિં.] અ. જાહેર રીતે; છડેચોક.
૨. અ. સ્પષ્ટતાથી.

ખુલ્ક (ખુલ્ક) ૧. [અ.] પું. ગુણ; સ્વભાવ.
૨. પું. રીત; રિવાજ.
૩. પું. સભ્યતા; સારી રીતભાત.

ખુલ્કાન (ખુલ્કાન) [અ.] અ. ક્ર. વ. કાઢેલાં લગાડ્યાં.

ખુલ્કાવું અ. ક્રિ. બકબકાવું; બણબણવું; અવાજ થવો.

ખુલ્ગા જી. બૅસ.

ખુલ્તા (ખુલ્તા) [અ.] સ્ત્રી. ભાગીદારી.

ખુલ્તીન (ખુલ્તીન) [અ.] અ. બબ્બર ભોળા રાખ્યો હોય તે પાણી.

ખુલ્દ (ખુલ્દ) [અ.] પું. સ્વર્ગ.

ખુલ્ફ (ખુલ્ફ) [અ.] પું. વસ્ત્રનો છેડો.

ખુલ્લ ૧. [સં.] વ. એક જાતનું સુગંધી દ્રવ્ય નખલો.
૨. વિ. બોડું; બરડ.
૩. વિ. નાનું.
૪. વિ. હલકું; કનિષ્ઠ; ક્ષુદ્ર.

ખુલ્લત સ્ત્રી. મિત્રાચારી.

ખુલ્લતાત [સં.] પું. કાકો; બાપનો નાનો ભાઈ.

ખુલ્લમ [સં.] પું. રસ્તો.

ખુલ્લંખુલ્લાં અ. છડેચોક; જાહેર રીતે; પ્રકટપણે; ખુલ્લે ખુલ્લી રીતે.

ખુલ્લાડુ સ્ત્રી. ખુલ્લી જગ્યા.

ખુલ્લાસ (ખુલ્લાસ) [કા.] પું. છૂટ; મોકળાશ.

ખુલ્લી હવા સ્ત્રી. બહારની હવા; મેદાનની હવા; બંધિયેર નહિ તેવી હવા.

ખુલ્લું ૧. [કા.] વિ. અસભ્ય; અવિનયી.
૨. વિ. આખું; ઊઘડું; ઊંધું નહિ એવું.
૩. વિ. ઉઘાડું; ખુલ્લી આંખે દેખાતું; બંધ એટલે ઢાંકેલું નહિ એવું; મોકળું.
ખુલ્લું-કરવું-મૂકવું = (૧) ઉઘાડું પાડવું; છપું બહાર લાવવું. (૨) કોઈ વાત કહી દેવી.
૪. વિ. ઉદાર; ગડમથ્થ વગરનું; નિખાલસ; નિષ્કપટી; ભોળું.
ખુલ્લા દિલથી = નિષ્કપટપણે; મળ કે મેલ સિવાય.

૫. વિ. બાતરીપૂર્વકનું; નિઃસંશય; નિશ્ચયાત્મક.
૬. વિ. ગોખ્યું; નિર્ભેળ.
ખુલ્લી આંખે = નરી આંખે; કશાં જે એવાં કંઈ સાધન વિના.
૭. વિ. છૂપું નહિ એવું; જાહેર; પ્રકટ.
૧. ખુલ્લી રીતે = છડેચોક; સ્પષ્ટ રીતે.
૨. ખુલ્લે ચોક = ઉઘાડે છોકે; છડેચોક.
૮. વિ. જેમાં સર્વને આવવા જવાની છૂટ હોય એવું; પડદો ન હોય એવું; પ્રતિબંધ રહિત.
૯. વિ. નહિ ઘેરાયેલું.
૧૦. વિ. નાગું; ઊઘું.
૧૧. વિ. મોકળું; છૂટું, સ્વતંત્ર.
૧૨. વિ. વાદળ વરસાદ ન હોય એવું; સાફ.
૧૩. વિ. વિસ્તૃત.
૧૪. વિ. સાદ સમજણ અને સહજતામ તેવું; સ્પષ્ટ.

ખુલ્લેખુલ્લું ૧. વિ. ગોખ્યુંચોખ્યું; સ્પષ્ટ.
૨. વિ. સાવ ખુલ્લું; ઉઘાડુંછટાક; પહોળુંકક.

ખુલ્લો ફાગળ પું. છાનો નહિ તેવો બીજા વગરનો કાગળ.

ખુલ્લો પીળો પું. ખૂલતો પીળો રંગ.

ખુલ્લો હિસાબ પું. ગોખ્યો હિસાબ.

ખુવાદી સ્ત્રી. એક જાતની બાવાની બીડાઈ.

ખુવાબ ૧. [સ. ખાબ (સ્વપ્નું)] પું. ઊંઘ.
૨. પું. સમાધિ; સોણું; સ્વપ્નું.

ખુવાર ૧. ન. ઢેકે પિટાયું તે; હડહડ થયું તે.
૨. [સ. આર (કનિષ્ઠ)] વિ. અત્યંત દુઃખી.
૩. વિ. પાયમાલ; બેબ્બર; હેરાન હેરાન.
ખુવારના ખાટલા = ખુવારી; ખૂબ મુસીબતોમાં ઊતરી પડવું તે; પુષ્કળ હેરાનગતિ થવી તે.

ખુવારી ૧. [સ. આરી (પામમાલી)] સ્ત્રી. અતિ દુઃખી થવું તે.
૨. સ્ત્રી. સમૂળ નાશ; વિનાશ; હાણ.
૩. સ્ત્રી. પામમાલી; બેબ્બરી; હાનિ.

ખુવાસી પું. આનીલીન નામના પદાર્થમાંથી બનતો એક રંગ.

ખુવો ૧. પું. બળેલા કૂવાના પોલાણ; ભાવો.
૨. પું. (વહાણવટું) વહાણનું ઊંચું મોટું સઢકડું.

ખુશ (ખુશ) ૧. [સ.] વિ. આનંદિત; ઉલ્લાસિત; ખુશી; પ્રસન્ન; હર્ષિત.
૧. ખુશ કરવું = આનંદ પમાડવો; રાજી કરવું.
૨. ખુશ રહેવું = (૧) આનંદમાં રહેવું. (૨) તંદુરસ્ત રહેવું; આરોગ્ય રહેવું.
૨. વિ. આબાદ; ઉમદા; સારું.
૩. વિ. આરોગ્ય; તંદુરસ્ત.
૪. વિ. પ્રસન્નમુખ; રમણીય.
૫. ન. ઉત્તમ જેવો અર્થ બતાવનાર ફારસી પૂર્વપ્ર.

ખુશાઅકીદા (ખુશઅકીદ) [અ.] વિ. વહાદાર.

ખુશાઅતવાર (ખુશઅતવાર) [સ.] વિ. સારી રીતભાતવાળું.

ખુશાઅદા (ખુશઅદા) [અ.] વિ. સારા સરઅસ્તવાળું; સુધરેલું.

ખુશાઅસ્લૂબ (ખુશઅસ્લૂબ) વિ. ઠીક; સારું.

ખુશાઆબ (ખુશઆબ) [સ.] ન. શુદ્ધ સફેદ રંગનું મોતી.

ખુશાઆમદીદ (ખુશઆમદીદ) [સ. ખુશ + આમદન (આવવું)] ન. ભલે પધાર્યા.

ખુશાઆવાઝ (ખુશઆવાઝ) વિ. મધુર કંઠવાળું.

ખુશાઇલ્હાન (ખુશઇલ્હાન) જુઓ ખુશાઆવાઝ.

ખુશાઇંતિઝામી (ખુશાઇંતિઝામી) સ્ત્રી. સારી વ્યવસ્થા.

ખુશાકબાલા (ખુશાકબાલા) પું. કરાર વગરનું વેચાણ.

ખુશાકાર (ખુશઅકર) [સ.] વિ. આનંદદાયક.

ખુશાકારપણું (ખુશઅકરપણું) ન. માધુર્ય; મીઠાશ.

ખુશાકિસ્મત (ખુશકિસ્મત) [સ.] વિ. નસીબદાર; ભાગ્યવાન; સારા નસીબવાળું.

ખુશાકિસ્મતી (ખુશકિસ્મતી) [સ.] સ્ત્રી. સારું નસીબ; સૌભાગ્ય.

ખુશાકી (ખુશકી) ૧. [સ. ખુશ્ક (સૂકું)] સ્ત્રી. જમીન ઉપરનો રસ્તો; પગવાટ; જમીન માર્ગ.
૨. સ્ત્રી. જમીન રસ્તાનું; જલ રસ્તાનું.

ખુશાકીનાકું (ખુશકીનાકું) ન. જમીનરસ્તે જતા આવતા માલ ઉપરની જકાત લેવાનું થાણું.

ખુશાકુલું વિ. કેમળું; ગળગીલું; કુમળી શરીરનું; સુકલકડી.

ખુશાકું જુઓ ખુશકું.

ખુશાખત (ખુશઅખત) ૧. [સ.] પું. સારા અક્ષર.
૨. વિ. જેની લખાવટ સારી હોય તેવું.
૩. વિ. સુંદર અક્ષર લખનાર.

ખુશાખતી (ખુશઅખતી) [સ.] સ્ત્રી. સુંદર લખાણ.

ખુશાખબર (ખુશઅખબર) ૧. [સ. ખુશ (સારું) + અ. અખ્બર (સમાચાર)] પું. સારા સમાચાર લાવનાર માણસ.
૨. સ્ત્રી. આનંદ ઉપજાવે તેવી અખબર; મંગળ સમાચાર; શુભ વર્તમાન.

ખુશાખબરી (ખુશઅખબરી) ૧. [સ.] સ્ત્રી. પ્રસન્ન કરે તેવા સમાચાર; સારા અખબર.
૨. સ્ત્રી. શુભ સમાચાર લાવનાર સ્ત્રી.

ખુશાખરીદ (ખુશઅખરીદ) ૧. [સ.] ન. આનંદી વેચાણ.
૨. ન. બદલો; સોદો.

ખુશાખરેદી (ખુશઅખરેદી) અ. ચોગ્ય કીમત આપીને; વેપારીને પ્રસન્ન રાખીને.

ખુશાખ્વાન (ખુશઅખ્વાન) ૧. [સ.] પું. સવાજમ ભરીને ભણનાર વિદ્યાર્થી.
૨. પું. સારી રીતે વાંચી શકનાર માણસ.

ખુશાખિરામ (ખુશઅખિરામ) [સ.] સ્ત્રી. છટાવાળી ચાલ.

ખુશાખુરમી (ખુશઅખુરમી) ૧. [સ.] સ્ત્રી. આનંદ.
૨. સ્ત્રી. સમાધાન.

ખુશાખુલક (ખુશઅખુલક) [સ.] વિ. વિવેકશીલ; સભ્ય.

ખુશાખુલકી (ખુશઅખુલકી) [સ.] સ્ત્રી. સારી રીતભાત; સુધારો.

ખુશાખુશ (ખુશઅખુશ) ૧. [સ.] અ. રાજીખુશીથી.
૨. અ. સગવડતા મુજબ.

ખુશાખુશાલ (ખુશઅખુશાલ) ૧. [સ.] વિ. તંદુરસ્ત તેમ જ ખુશાં તનમનની સારી સ્થિતિમાં હોય એવું.
૨. અ. ઘણી ખુશીથી.

ખુશાખુશાલી (ખુશઅખુશાલી) [સ.] સ્ત્રી. તનમનની સારી સ્થિતિ; તંદુરસ્તી તેમ જ ખુશી; સુખ અને તંદુરસ્તી.

ખુશાખૂરાક (ખુશઅખૂરાક) [સ.] પું. સારી રીતે જીવન ગુજારનાર માણસ.

ખુશાગપ (ખુશઅગપ) પું. આનંદ આપે એવી ગપ મારનાર માણસ.

ખુશાગબાર (ખુશઅગબાર) [સ.] વિ. પ્રિય; મનોહર.

ખુશાગવાર (ખુશઅગવાર) ૧. [સ.] વિ. આનંદ પમાડે એવું; મુખ બનાવનાર; મોહ પમાડે એવું; સુંદર.
૨. વિ. પચી શકે એવું; માફક આવે એવું.

ખુશગુજરાન (ખુશગુજરાન) [ફા.] પું. હરીફાઈમાં ઊતરી થકે એવું.

ખુશઠાએકા (ખુશઠાએકા) વિ. સ્વાદિષ્ટ.

ખુશટૂશ પું. બંગાળી એક ઊંચી જાતનો આંબો.

ખુશતકરીર (ખુશતકરીર) પું. સારી રીતે દલીલ કરનાર માણસ.

ખુશતદબીરી (ખુશતદબીરી) સ્ત્રી. સારી યુક્તિ.

ખુશતબાઈ (ખુશતબાઈ) સ્ત્રી. આનંદ; મજા.

ખુશતબે (ખુશતબે) ૧. [ફા. ખુશ (સારું) + તબે (સ્વભાવ] વિ. આનંદી; આનંદી સ્વભાવનું.
૨. વિ. રમૂજી.

ખુશતરીક (ખુશતરીક) જુઓ ખુશખતવાર.

ખુશતહરીર (ખુશતહરીર) પું. સારો લખનાર.

ખુશતાલે (ખુશતાલે) વિ. નસીબદાર.

ખુશદામન (ખુશદામન) [ફા.] સ્ત્રી. સાસુ.

ખુશદિલ (ખુશદિલ) ૧. [ફા.] વિ. આનંદી; હસમુખું; હમેશા પ્રસન્ન રહેનાર.
૨. વિ. મરદ.

ખુશદિલી (ખુશદિલી) [ફા.] સ્ત્રી. આનંદીપણું.

ખુશનવીસ (ખુશનવીસ) ૧. [ફા. ખુશ (સારું) + નવીસ (લખવું તે)] પું. સારા અક્ષર લખનાર માણસ; સારો લહિયો.
૨. પું. સારું લખાણ કરનાર માણસ.
૩. વિ. સુંદર હરફત લખનારું.

ખુશનવીસી (ખુશનવીસી) ૧. [ફા.] સ્ત્રી. સુંદર અક્ષર લખવાની કળા.
૨. સ્ત્રી. સુંદર લખાણ.

ખુશનસીબ (ખુશનસીબ) ૧. [ફા.] ન. સદ્ભાગ્ય; સારું નસીબ.
૨. વિ નસીબદાર; ભાગ્યવાન; ભાગ્યશાળી.

ખુશનસીબી (ખુશનસીબી) [ફા.] સ્ત્રી. સદ્ભાગ્ય; સારું નસીબ; સૌભાગ્ય.

ખુશનિયત (ખુશનિયત) ૧. [ફા.] વિ. પ્રામાણિક.
૨. વિ. સારા હેતુવાળું.

ખુશનિયતી (ખુશનિયતી) ૧. [ફા.] સ્ત્રી. સારી દાનત.
૨. સ્ત્રી. સારું વલણ.
ખુશનિયતીસે = વિશ્વાસમાં.

ખુશનુમન (ખુશનુમન) ૨. (અરબોસ્તી) માન.

ખુશનુમા (ખુશનુમા) ૧. [ફા. ખુશ (સારું) + નુમા (દેખાડો)] વિ. આનંદદાયક; મનને રાજી કરે એવું; મનોરંજક; મનોહર; રમણીય; જોતાં મનને ખુશ કરે એવું.
૨. વિ. સુંદર; દેખવામાં સારું લાગે તેવું; હસમુખું.

ખુશનૂદ (ખુશનૂદ) [ફા.] વિ. ખુશી; પ્રસન્ન; સંતુષ્ટ.

ખુશનૂદી (ખુશનૂદી) [ફા.] સ્ત્રી. આનંદ; મોજ; રાજીપો.
ખુશનૂદીનો પરવાનો = સારું પ્રમાણપત્ર.

ખુશપુશ (ખુશપુશ) [ફા.] અ. કોઈ ન સાંભળે એવી રીતે; છાની રીતે.

ખુશપોશાક (ખુશપોશાક) ૧. વિ. સારા લૂગડાનું શોખીન.
૨. વિ. સારાં લૂગડાં પહેરવાવાળું; સુસજ્જ.

ખુશબખતી (ખુશબખ્તી) જુઓ ખુશબખ્તી.

ખુશબખ્તી (ખુશબખ્તી) ૧. [ફા. ખુશ (સારું) + બખ્ત (નસીબ) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. આનંદ; ખુશમિજાજ; ખુશાલી; ઉલ્લાસ; ખુશીની સામે ખુશી બતાવવી તે; હાસ્યવિનોદ વર્ગ.
૨. સ્ત્રી. ઉત્સવ; ખેલ; ઠઠ્ઠામશ્કરી; વિનોદ.
૩. સ્ત્રી. ખુશીખબરનું ઇનામ; ખુશીની ભેટ; વધાઈ ભેટ; ખુશાલીની બક્ષિસ.
૪. સ્ત્રી. સદ્ભાગ્ય.

ખુશબયાન (ખુશબયાન) [ફા.] વિ. છટાથી બોલી કે તેવું; સારી રીતે બોલવાવાળું.

ખુશબયાની (ખુશબયાની) [ફા.] સ્ત્રી છટાવાળી ભાષા.

ખુશબાશ (ખુશબાશ) ૧. [ફા. ખુશ (સારું) + બાશ (હોવું તે)] વિ. આરામથી રહેનાર.
૨. વિ. મોજ વખત માટે રહેનાર.

ખુશબાશીજમે (ખુશબાશીજમે) [ફા.] ન. હલકું ભાડું.

ખુશબૂ (ખુશબૂ) ૧. [ફા. ખુશ (સારું) + બૂ (ગંધ)] સ્ત્રી. અત્તરની વાસ; સુગંધ; સોરમ.
૨. જુઓ ખુશમિજાજ.

ખુશબૂદાર (ખુશબૂદાર) [ફા. ખુશ (સારું) + બૂ (ગંધ) + દાર (વાળું)] વિ. ઉત્તમ ગંધવાળું; સુગંધીવાળું.

ખુશબ્યો (ખુશબ્યો) [ફા. ખુશ + બ્યૂદન (સૂંઘવું)] સ્ત્રી. ગંધ; પરિમલ; સુગંધ; સુવાસ.

ખુશબોઈ (ખુશબોઈ) ૧. [ફા.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાં સફેદ કાળરંગીતરા રંગનાં અને દેખાવમાં ઊનનાં જેવાં હોય છે. સુગંધી તેલ બનાવવામાં તે વપરાય છે.
૨. સ્ત્રી. ખુશબો આપતી ભાજી.
૩. સ્ત્રી. સરૈયાને લાં બળતી એક સુગંધીદાર ભૂકી.
૪. સ્ત્રી. સુગંધી; સુવાસ.

ખુશબોદાર (ખુશબોદાર) [ફા.] વિ. ખુશબોવાળું; સુગંધવાળું; સુગંધીદાર; સુવાસિત.

ખુશબખ્તાયશ (ખુશબખ્તાયશ) અ. સારી રીતે.

ખુશબનેબહાર (ખુશબનેબહાર) [ફા.] પું; સ્ત્રી. વસંત ઋતુનો બહાર.

ખુશબરજી (ખુશબરજી) [ફા.] સ્ત્રી. સંતોષ.

ખુશબરકરિયો (ખુશબરકરિયો) ૧. [ફા.] પું. આનંદ; મજાક મશ્કરી.
૨. પું. વિદૂષક; મશ્કરો.

ખુશબરકરી (ખુશબરકરી) [અ. મસ્ખર (હાસી)] સ્ત્રી. ગમ્મત; હાસ્યવિનોદ.

ખુશબરકરૂં (ખુશબરકરૂં) ૧. [ફા.] પું. રાજાઓની હજૂરમાં રહેનારો એક જાતનો નોકર.
૨. વિ. મશ્કરી કરીને ખુશ રાખનાર.

ખુશબરકરો (ખુશબરકરો) ૧. [ફા.] પું. આનંદ; મશ્કરી.
૨. પું. વિદૂષક; રમૂજો.

ખુશમિજાજ (ખુશમિજાજ) ૧. [ફા.] પું. આનંદી સ્વભાવ.
૨. પું. સ્વભાવે આનંદી માણસ; હમેશા આનંદમાં રહેતો માણસ.
૩. વિ. આનંદી સ્વભાવનું; હસમુખું; ખુશમિજાજી.
૪. વિ. રમૂજી; મશ્કરું.

ખુશમિજાજી (ખુશમિજાજી) ૧. [ફા. ખુશ + મિજાજ (સ્વભાવ)] સ્ત્રી. આનંદી હોવું તે.
૨. વિ. આનંદી સ્વભાવનું; ખુશમિજાજવાળું; રંગીલું; હસમુખ.
૩. વિ. ગમ્મતી; રમૂજી.

ખુશરે અ. નાનું ધ્રુવડ.

ખુશરંગ (ખુશરંગ) ૧. [ફા.] પું. ચટકીલો રંગ; સુંદર રંગ.
૨. વિ. ચટકીલા રંગનું; સારા રંગવાળું.

ખુશરી (ખુશરી) વિ. સ્ત્રી. ટૂંકો.

ખુશરૂ (ખુશરૂ) [ફા. ખુશ (સારું) + રૂ (ચહેરો)] વ. સારું મોં.

ખુશરોઝ (ખુશરોઝ) [ફા.] પું. અકબરના વખતમાં ભરાતો એ નામનો મેળો; નવરોઝ; મીનાબજાર.

ખુશવક્ત (ખુશવક્ત) [ફા.] વિ. સંતુષ્ટ; સુખી.

ખુશવક્તી (ખુશવક્તી) ૧. [ફા.] આનંદ; ખુશાલી.
૨. સ્ત્રી. આબાદી; સમૃદ્ધિ; સુખનો વખત.

ખુશ વ ખુર્રમ (ખુશ વ ખુર્રમ) [ફા.] વિ. આનંદમગ્ન.

ખુશસલીકા (ખુશસલીકા) [ફા.] વિ. સારા વર્તનવાળું.

ખુશહાલ (ખુશહાલ) ૧. [ફા.] પું. આનંદ વિહાર; લહેર.
૨. પું. આરોગ્ય.
૩. વિ. આનંદી; ખુશી; આનંદમાં હોય તેવું.
૪. વિ. કુશળ; તંદુરસ્ત.
૫. વિ. સુખી; ખુશ હાલતમાં હોય તેવું.

ખુશહાલી (ખુશહાલી) ૧. [ફા.] સ્ત્રી. આબાદી; સુખી હાલત; ઉત્તમ દશા.
૨. સ્ત્રી. ખુશી.
૩. સ્ત્રી. ખુશીખબર.
૪. સ્ત્રી. તંદુરસ્તી.
૫. વિ. આનંદી; સુખી; ખુશ હાલતમાં હોય એવું.
૬. વિ. કુશળ; તંદુરસ્ત.

ખુશહૂ (ખુશહૂ) [ફા.] વિ. ખોબ્બું. જુઓ કુબ્બડ.

ખુશામત (ખુશામત) ૧. [ફા. ખુશ + આમદન (આવવું)] સ્ત્રી. ઠકામણા.
૨. સ્ત્રી. ખોટાં વખાણ કરવાં તે; મુખસ્તુતિ; સામાને પ્રિય લાગે તેમ બોલવું તે.
૩. સ્ત્રી. સ્વાર્થ માટે કરેલાં હદ બહારનાં વખાણ; ઠાગ્ઠા; કેવળ બીજાને પ્રસન્ન કરવા માટે કરવામાં આવતી ખોટી પ્રશંસા; કોઈને વહાલા થવા અથવા મતલબ સાધવાને માટે વધારે પડતું વખાણવું તે; ચાપલૂસી.

ખુશામતખોર (ખુશામતખોર) [ફા.] વિ. ખુશામત કરનાર; ખુશામતિયું; ખુશામતની ટેવવાળું; પ્રિયવાદી; ઠાગ્ઠા કરનાર.

ખુશામતખોરી (ખુશામતખોરી) ૧. સ્ત્રી. ખુશામતની ટેવ.
૨. વિ. ખુશામત કરનાર.

ખુશામતતલબ (ખુશામતતલબ) [ફા. ખુશામત (સ્તુતિ) + તલબ (શોધ)] વિ. ખુશામતનું શોખીન.

ખુશામતતલબી (ખુશામતતલબી) [ફા.] સ્ત્રી. સ્તુતિપ્રિયતા; વખાણની ઇચ્છા.

ખુશામતિયું વિ. ખુશામત કરનાર; ખુશામતખોર; તારીફ કરીને કામ કઢી લેનાર; ખુશામતવાળું; ઠાગ્ઠા કરનાર.

ખુશામતિયો પું. ખુશામત કરનાર આદમી.

ખુશામતી (ખુશામતી) જુઓ ખુશામદી.

ખુશામદ (ખુશામદ) [ફા.] સ્ત્રી. ખુશી; ખુશામત. ખુશામદ શબ્દ શુદ્ધ છે. ખુશામત અશુદ્ધ રૂપ છે.
ખુશામદ કરવી = (૧) ખુશામત કરવી; માગ્યા લેવું; ઠાગ્ઠા કરવી. (૨) સાકર પીરસવી.

ખુશામદખોર (ખુશામદખોર) જુઓ ખુશામતખોર.

ખુશામદખોરી (ખુશામદખોરી) જુઓ ખુશામતખોરી.

ખુશામદતલબ (ખુશામદતલબ) જુઓ ખુશામતતલબ.

ખુશામદતલબી (ખુશામદતલબી) જુઓ ખુશામતતલબી.

ખુશામદદોસ્ત (ખુશામદદોસ્ત) [ફા.] વિ. સ્તુતિપ્રિય; વખાણ ગમતાં હોય એવું.

ખુશામદિયું જુઓ ખુશામતિયું.

ખુશામદી (ખુશામદી) ૧. [ફા. ખુશામદ + ઈ (પ્રત્યય)] સ્ત્રી. ખુશામદ કરવાપણું.
૨. વિ. ખુશામદ કરનાર; ચાપલૂસ; માગણિયું.
૩. વિ. બધા પ્રકારનું કામ કરનાર; ઊંચી નીચી બધી જાતની સેવા કરનાર.

ખુશામદીટટ્ટુ (ખુશામદીટટ્ટુ) [ફા.] પું. ખુશામત કરનાર; જેની દરેક ઇચ્છા કેવળ ખુશામદથી જાણતી હોય તેવો માણસ.

ખુશામદરકરિયો (ખુશામદરકરિયો) [ફા. ખુશ + મરકરી (મજાક)] પું. આનંદ કરાવનારો; વિદૂષક.

ખુશાલ (ખુશાલ) ૧. [ફા. ખુશ + હાલ (સ્થિતિ)] ન. આરોગ્ય; તંદુરસ્તી.
૨. વિ. આનંદવાળી હાલતમાં હોય તેવું; સુખી.
૩. વિ. કુશળ; તંદુરસ્ત.

ખુશાલચંદ ૧. પું. એ નામનો એક કવિ; કવિ વલ્લભનો બાપ. તેની કરણીનો બહુ રસમય બનાવ છે. તેણે શૃંગાર રસને મુખ્ય ગણ્યો છે.
૨. પું. વિલાસી પણ પ્રામાણિક વણકર માણસ.

ખુશાલી (ખુશાલી) ૧. સ્ત્રી. આનંદ; ખુશી.
૨. સ્ત્રી. આનંદથી ભરેલી હાલત; ખુશી; ખુશી ભરેલી સ્થિતિ.
૩. સ્ત્રી. આરોગ્ય; કુશળતા; તંદુરસ્તી.

ખુશાલી ય ખુશાલી (ખુશાલી ય ખુશાલી) [ફા.] સ્ત્રી. ખુશાલી ઉપર ખુશાલી, વિશેષ આનંદ.

ખુશિયાલી ૧. સ્ત્રી. આનંદ; ખુશી; પ્રસન્નતા.
૨. સ્ત્રી. કુશળક્ષેમ.

ખુશિયાં [હિં.] સ્ત્રી. ખુશી.

ખુશિલું વિ. ઠીંગણું; નાનું કદનું.

ખુશિયો (ખુશિયો) પું. બંદા; ટપ્પુ.

ખુશી (ખુશી) ૧. [ફા.] સ્ત્રી. આનંદમગ્નતા; હર્ષ; પ્રસન્નતા; આનંદભરી હાલત. ખુશી એ ભાવવાચક નામ છે તેથી ખુશી થવું તેને ઠેકાણે ખુશ થવું ને ખુશી થઈ તેને ઠેકાણે ખુશી ઉત્પન્ન થઈ એમ બોલવું શુદ્ધ છે.
૧. ખુશી કરવું = (૧) આનંદ પામે તેમ કરવું. (૨) મનાવવું. (૩) રાજી કરવું; હર્ષ પામે તેવી રીતે રીઝવવું.
૨. ખુશીકો હોજ = નામનારીઓ.
૩. ખુશી ખુશી = (૧) કોઈની સમવયતા મુજબ. (૨) રાજીખુશીથી.
૪. ખુશીનો ઇવલ્લે = આનંદી માણસ.
૫. ખુશીમા આવવું = રાજી થવું.
૨. સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.
૩. સ્ત્રી. ઇચ્છા, ભાવ; મરજી; રુચિ
અપની ખુશીસે = પોતાની ઇચ્છાથી; મરજિયાત.
૪. સ્ત્રી. ક્ષોભ.
૫. સ્ત્રી. સંતોષ.
૬. સ્ત્રી. સુખ.
૭. સ્ત્રી. સ્વીકાર.
૮. વિ. તંદુરસ્ત, સુખરૂપ; આનંદમાં હોય તેવી હાલતવાળું.

ખુશીખબર (ખુશીખબર) ૧. [ફા.]
પું. બ. વ. ખુશાલીના સમાચાર.
૨. બ. વિજાપુરસી; તબિયતના સમાચાર.

ખુશીખાન (ખુશીખાન) ૧. [ફા.] પું. ઈ કરીને બજાવનાર વિદ્યાર્થી.
૨. પું. સારી રીતે વાગી શકનાર માણસ.

ખુશીખુરમી (ખુશીખુરમી) [ફા.] સ્ત્રી. આનંદ; ઉત્સવ.

ખુશીરજવંતી (ખુશીરજવતી) [ફા. ખુશીરિઝામંદી] સ્ત્રી. સાનંદ સંમતિ; હર્ષ સાથે આપેલ અનુમતિ.

ખુશ્રૂ (ખુશ્રૂ) [અ.] સ્ત્રી. શરબત.

ખુશ્રૂનત (ખુશ્રૂનત) [અ.] સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.

ખુશોખુર્રમ (ખુશોખુર્રમ) [ફા.]
વિ. આનંદી.
૨. વિ. સુખી.

ખુશ્ક (ખુશ્ક) ૧. [ફા.] વિ. કોરું; સૂકું.
૨. વિ. ખારી; ફિક્કું.
૩. વિ. નીરસ; રસિકતા વગરનું.
૪. અ. ફક્ત.

ખુશ્કમઘજ (ખુશ્કમઘજ) [ફા.] વિ. ભોળું; મૂર્ખ.

ખુશ્કસાલી (ખુશ્કસાલી) સ્ત્રી. અનાવૃષ્ટિ; દુકાળ.

ખુશ્કા (ખુશ્કા) [ફા.] પું. ચોખા અને ભીનું નાખીને બનાવેલ એક વાની.

ખુશ્કી (ખુશ્કી) ૧. [ફા.] સ્ત્રી. અનાવૃષ્ટિ; દુકાળ.
૨. સ્ત્રી. ઊંચાણમાં આવેલી જમીન; જેનું પાણી જેના ઉપર ફરી વળતું નથી અને જેના ઉપર બાજરી અને એવાં બીજ હલકાં ધાન્ય ઊગાડવામાં આવે તેવી જમીન.
૩. સ્ત્રી. જમીન માર્ગ; જમીન રસ્તો; સ્થળ માર્ગ.
૪. સ્ત્રી. જમીન રસ્તાની બક્ષાત.
૫. સ્ત્રી. નીરસતા; શુષ્કતા.
૬. સ્ત્રી. મેલ.
૭. સ્ત્રી. સૂકાપણું.
૮. વિ. જમીન રસ્તાનું; પગરસ્તાનું.
૯. અ. જમીન રસ્તે.

ખુશ્નમત (ખુશ્નમત) [ફા.] વિ. આનંદદાયક.

ખુસપુસ ૧. પું. બોલવાની રીત બતાવનારો શબ્દ.
૨. સ્ત્રી કાનમાં થતી છાની છાની વાતો.

ખુસકુસ જુઓ ખુસપુસ.

ખુસયા (ખુસયા) [અ.] પું. વંધ્યત્વ.

ખુસર (ખુસર) [ફા.] પું. સાસરો.

ખુસરપુસર સ્ત્રી. કાનમાં વાત કરવી તે; ખુસપુસ.

ખુસરફુસર જુઓ ખુસરપુસર.

ખુસરવી (ખુસરવી) [ફા.] વિ. બાદશાહી; રાજનું.

ખુસરૂ (ખુસરૂ) ૧. [ફા.] પું. દિલ્હીમાં થઈ ગયેલ એ નામનો ફારસી કવિ.
૨. પું. રાજા; સુલતાન.

ખુસરો (ખુસરો) ૧. પું. ઈરાનનો એ નામનો એક બાદશાહ.
૨. પું. મૂળ વતરનો પુરુષ; બાપદાદો; નાજર.

ખુસરૌ (ખુસરૌ) ૧. [ફા.] પું. એક પ્રખ્યાત રાજાનું નામ.
૨. પું. દિલ્હીમાં થઈ ગયેલ એ નામનો એક ફારસી કવિ.
૩. પું. રાજા; સુલતાન.

ખુસાલ [ફા. ખુશ્હાલ] વિ. આનંદિત; ખુશ; મુદિત.

ખુસિયો (ખુસિયો) ૧. [અ. ખુસ્યહ (ખસ્યહ)] પું. આખો; ચેળિયો; ખસ્યહ; અંડ.
૨. વિ. પું. બસ્સી કરેલો; ખસ્યહ વગરનો.

ખુસીટાં ન. બ. વ. પશુના પગ અને ગોટનો એક રોગ; ખુરપકર.

ખુસ્રૂ (ખુસ્રૂ) [અ.] પું. ચંદ્રમલ્લ.

ખુસ્રૂમત (ખુસ્રૂમત) [અ.] સ્ત્રી. દુરમનાવટ.

ખુસ્રૂમાત (ખુસ્રૂમાત) [અ.] સ્ત્રી. હાર્યું.

ખુસ્સ્ર (ખુસ્સ્ર) [અ.] વ. ખોકલા; નકી.

ખુસ્સસ (ખુસ્સસ) ૧. [અ.] પું. ભ્રમ; ધખો.
૨. અ. ખાસ કરીને; વધું કરીને; વિશેષતઃ.

ખુસૂસન (ખુસૂસન) [અ.] અ. ખાસ કરીને.

ખુસૂસિયત (ખુસૂસિયત) [અ.] સ્ત્રી. ખાસ સંબંધ; મિત્રતા.

ખુસ્રે જુઓ ખુસ્રૂ.

ખુસ્રૌ (ખુસ્રૌ) જુઓ ખુસરૌ.

ખુસ્સ્થાલ [ફા. ખુશ્હાલ] વિ. આનંદિત; ખુશ; મુદિત.

ખુહા [સં. ક્ષુધા] સ્ત્રી. (પ્રાકૃત) ક્ષુધા; ભૂખ.

ખુહાર (ખુહાર) [ફા.] વિ. ખુવાર; પાયમાલ હેરાન.

ખુહારી (ખુહારી) [ફા.] સ્ત્રી. ખુવારી; પાયમાલી.

ખુળખુળા અ. એક જાતની વનસ્પતિ. તેનાં પાનનો રસ નાકમાં નાખવાથી હિસ્ટીરિયા માટે એમ મનાય છે.

ખુંગાર્હ [સં.] પું. ઝાળો, પોલો, પીલો એમ મિશ્ર રંગનો ઘોડો.

ખુંચા (ખુંચા) [ફા.] પું. નાની અણી.

ખુંચી સ્ત્રી. ખિસ્સી.

ખુંજડાં (ખુંજડાં) ન. બ. વ. નાનાં છોકરાંનાં પગરખાં.

ખુંટ ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખુંટર [હિં.] વ. બોંગું.

ખુંડલા ૧. [હિં.] પું. અટેરું; પડી ગયેલું મકાન.
૨. પું. ઘર.
૩. પું. ઝાડનો પોલો ભાગ.

ખુંદા [હિં.] વિ. શુષ્ક.

ખુંદલવું [હિં.] સ. ક્રિ. પગથી ક્રમ કરવું; કચરવું.

ખુંદલું ૧. વ. ગૂંજ્યું.
૨. વિ. બરડાની કરોડમાં ટેકરાના રોગવાળું.

ખુંખારેડ (ખુંખારોડ) વ. એક જાતનું પક્ષી. તે દરિયા કિનારે કાદુ વગેરે માછલીના કોટલામાં પોતાની તીણી ચાંચથી બોચકા કોચવું કરે છે અને તે માંહેનાં જીણાં જંતુ ખાઈ તે ઉપર નિર્વાહ કરે છે.

ખુંભાલા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખુંલીકચારો પું. ગાય કે બેસના પૂછ્યાના મૂળ પાસેની જગ્યા. ઢોર વિયાવાનું થાય ત્યારે ત્યાં ભાર પડે. તે સ્થિતિને ખુંલીકચારા થયા કે નમ્યા એમ કહેવામાં આવે છે.

ખુંરેજી સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખુંસ [પ્રા.] સ્ત્રી. બોજડી.

ખૂ (ખૂ) ૧. [ફા.] સ્ત્રી. ટેવ; સ્વભાવ.
૨. સ્ત્રી. રીતભાત.

ખૂક (ખૂક) [ફા.] વ. કૂકર; ભૂંડ; સૂવર.

ખૂખવો પું. કુસકો; પોક; મરનારની પાછળ હિંદુ રિવાજ મુજબ બોલે પાડી રોવું તે; કૂકવો.

ખૂખી ૧. [હિં.] સ્ત્રી. નાની ખોડી.
૨. [હિં.] સ્ત્રી. સખત વરસાદ થયા પછી ધરું તથા બાજરામાં થતી ઈયળ.

ખૂગ (ખૂગ) [ફા.] વ. કૂકર; ભૂંડ; સૂવર.

ખૂજલી ૧. સ્ત્રી. એક જાતનો ચામડીનો રોગ; ખસવજ; ખંજવાળ; ખંજેળ; ખણ; વલૂર. આ રોગ ખોડીનો ભગાડ અથવા ચામડીની કનજિવતથી થાય છે. તેમાં શરીર ઉપર અરજ આવે અને પછી ફોલ્લા થાય. પશુને પણ આ રોગ થાય છે. તેના વાળના મૂળમાં કીડ થાય, ચામડી સુકાઈ જાય, ઝીણી ફોલ્લીઓ ઊપડે અને ચામડી જાણી થાય. આ રોગવાળા પશુને બીજાં પશુથી દૂર રાખવું.

૨. સ્ત્રી. જેથી અણવું પડે અથવા જેનાથી ખંજવાળ થઈ આવે એવી રજોટી કે બજૂરી.
૩. સ્ત્રી. સંજોગ કરવાની ક્રિયા.

ખૂજણી જુઓ ખૂજણી.

ખૂડા [હિં.] પું. નીચે મોલ કરનારો.

ખૂડાદાદા (ખૂડાદા) વિ. [ઘ.] પું.; સ્ત્રી. ઘોરાક; અળ.
૨. વિ. સુંદર; રૂપાળું.

ખૂડાદી (ખૂડાદી) વિ. [ઘ.] સ્ત્રી. ઘોરાક; અળ.
૨. વિ. સુંદર; રૂપાળું.

ખૂટ વિ. સ્ત્રી. અપૂર્ણતા; ઓછપ; કમી; કસર; ખોટ; ઘટ.
૨. સ્ત્રી. દિશા; બાજુ.
૩. વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.

ખૂટકો વિ. પું. અપૂર્ણતા; ઓછપ; કમી; કસર; ખોટ; ઘટ.
૨. પું. સુખ; નાસ; બચાવ.

ખૂટકું (ખૂટકું) વિ. ન. ખોખલું; બળતા લાકડાનો ઠટકો.
૨. ન. ધગધગતો અંગારો; ણાળો.

ખૂટડો (ખૂટડો) જુઓ ખૂટકું.

ખૂટણ ન. ખોટ આવવાપણું; ઘટી પડવું તે.

ખૂટબહેરું વિ. તદ્દન બહેરું; જરા પણ સાંભળી શકે નહિ એવું.

ખૂટબંડોળ વિ. ખોળી સિલકવાળું.

ખૂટલ વિ. અપ્રમાણિક; કપટીને સામા પક્ષમાં બનાવે; વિશ્વાસઘાતી.
૨. વિ. ખોટાબોલું; જૂઠું બોલનારું.
૩. વિ. બોલેલું ન પાળે તેવું; વચનભ્રષ્ટ.

ખૂટલાઈ જુઓ ખૂટાઈ.

ખૂટવું ૧. અ. ક્રિ. બાકી રહેવું; બાપી જવું; પૂરું થઈ જવું.
૨. અ. ક્રિ. ખોવું થવું; કમી થવું; ઘટવું; ઘટી પડવું; ટાંચ કે તંગી આવવી.
૩. અ. ક્રિ. કંટાળવું; થાકી જવું.
૪. અ. ક્રિ. કાવત વગેરેમાં ખૂંચવું.
૫. અ. ક્રિ. તકરારમાં બોલવાનું ન સૂઝવું; હારવું.
૬. અ. ક્રિ. દગો કરી બીજાને મળી જવું; કૂટવું.
૭. અ. ક્રિ. બંધ થવું.
૮. અ. ક્રિ. બોલીને ફરી જવું; વચન આપી ફરી જવું; ખૂટલ થવું.
૯. અ. ક્રિ. વિશ્વાસઘાતી બનવું.

ખૂટાઈ ૧. સ્ત્રી. અપ્રમાણિકપણું; વિશ્વાસઘાત.
૨. સ્ત્રી. અછતણ; ખોટખાંપણ.
૩. સ્ત્રી. બરાબી; નાશ; પાયમાલી.
૪. સ્ત્રી. ઊતરપિતી; દગો; પ્રપંચ.
૫. સ્ત્રી. જૂઠું બોલવું તે.
૬. સ્ત્રી. દુષ્ટતા; અધમતા.
૭. સ્ત્રી. બેસરમપણું.
૮. સ્ત્રી. બોલ્યું નહિ પાળવાપણું.

ખૂટાખૂટ અ. ખૂટી જાય કે તરત; ખૂટેખૂટું.

ખૂટાડવું (ખૂટાડવું) ૧. સ. ક્રિ. બોલું થાય તેમ કરવું; ખૂટે તેમ કરવું; ઘટાડવું; ઘટે એમ કરવું.
૨. સ. ક્રિ. પૂરું કરવું.
૩. સ. ક્રિ. ઠીટાડવું; કોડવું; વિશ્વાસઘાત કરાવવો.

ખૂટામણ ૧. ન. કસર; ખૂટ; ખૂટી જવું તે; ખોટ; ન્યૂનતા.
૨. ન. છળ; ઊતરપિતી; કેક; દગો; બેઇમાની; વિશ્વાસઘાત.
૩. ન. વાત બહાર પાડવી તે.

ખૂટી ૧. સ્ત્રી. અંતકાળ; મરણ.
૨. સ્ત્રી. ખીલી; મેખ; સળ.

ખૂટેલ ૧. વિ. કંગાલ; ખાલી થયેલ; જેની પાસેથી ધન ખૂટી ગયું હોય એવું.
૨. વિ. ઇમાનદાર કરનાર; દગાખોર; કૂટેલ; બેવડા; વિશ્વાસઘાતી.
૩. વિ. દિવાળિયું; નાદાર.

ખૂટેલું જુઓ ખૂટેલ.

ખૂડી સ્ત્રી. ખીંટણું.

ખૂડ (ખૂડ) ૧. ન. ભંગારેડ ઘાસું.
૨. ન. ભેંસોને હાંકી મોકલવામાં વપરાતો શબ્દ.
૩. ન. ચાસ; કયારો.
૪. ન. મૂતરની પાછળ ઘાટીપુગ મૂંડાવવાં તે.

ખૂણ ૧. સ્ત્રી. ઠોણ; ખૂણો.
૨. સ્ત્રી. ચિહ્ન; નિશાની.
૩. સ્ત્રી. દબાવીને ઉઠાડેલી છાપ.
૪. સ્ત્રી. દિશા.

ખૂણખૂણિયોડા પું. એ નામની એક રમત; આર્યભાર્યા ચાલણી.

ખૂણાકાવ પું. એક રમત. તેમાં ચાર ખૂણે ચાર રમનાર અને પાંચમો વચમાં ઊભો રહે. પછી ખૂણાવાળા ચોકરા બરબર ખૂણા બદલે ત્યારે તેમાંનો ખાલી પડેલ ખૂણો ચાર માંહેનો રમનારો બદલતા પહેલાં વચમાંનો પાંચમો પૂરી દે તો એ પાંચમાનો દાવ જીતમાં કહેવાય.

ખૂણાળું વિ. જેને ખૂણા હોય એવું; ખૂણાવાળું.

ખૂણિયાળું વિ. ખૂણાવાળું; ખૂણેદાર; જેને ખૂણા હોય એવું.

ખૂણિયું ૧. ન. ઝાટખૂણાના આકારનો નળનો નાનો કટકો.
૨. ન. ખૂણે બરવામાં આવતું ઘાતનું બરોયું.
૩. વિ. ખૂણાવાળું.

ખૂણિયો કૌંસ પું. ખૂણાવાળો કૌંસ: [ ]

ખૂણી પું. સાંકડો ખૂણો.

ખૂણેખચકે ૧. અ. જાની બજાએ; એકાંતમાં; અપરિચિત સ્થળે.
૨. અ. દરેક સ્થળે; આરેગમ; સર્વત્ર.

ખૂણેખંચકે જુઓ ખૂણેખચકે.

ખૂણેખટોળે જુઓ ખૂણેખચકે.

ખૂણેખાંકરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખાંચે જુઓ ખૂણેખચકે.

ખૂણેખૂણે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોચરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોચલે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોતરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોંકરે જુઓ ખૂણેખચકે.

ખૂણો ૧. [સં. કોણ] પું. બણી; ઠોણ; આંગો; બે બાજુ કે દિશાની લીટીઓ જ્યાં મળતી હોય તે જગા; 'એંગલ'.
૧. ઝાટખૂણો = ૯૦°નો ખૂણો.
૨. ખૂણા કાવવા = બહેરો કાવવો; હબામત કરાવવી
૩. પહોળો ખૂણો = ૯૦°થી મોટો ખૂણો.
૪. સાંકડો ખૂણો = ૯૦°થી નાનો ખૂણો.
૨. પું. આંગરો; એકાંત; ગુપ્ત જાગ; છૂપી જગ્યા.
૧. ખૂણામાં નાખવું = ગુણ પ્રકાશ ન થાય એવી જગ્યાએ મૂકવું; બેદરકારીથી નાખી મૂકવું.
૨. ખૂણામાં રહેવું = રાંકા પછી વિધવાએ એકાંતમાં રહેવું
૩. ખૂણે પડી રહેવું = અંધારામાં રહેવું; ગુણ પ્રકાશ ન થાય એવી સ્થિતિમાં રહેવું.
૪. ખૂણે બેસવું = (૧) ઘરમાં ભરાઈ રહેવું. (૨) વિધવાએ એકાંતમાં રહેવું; ખૂણો પાળવો.
૫. ખૂણે હોવું = ધણીના મરણથી બીજે ઘરમાં રહી શોક પાળવો.
૬. ખૂણો કહેવરાવવો કોવવાવવો = છૂપી જગ્યાએ બહિષ્કાર કરવો.

૭. ખૂણો પાડ્યો = (૧) કાગળ ઉપર ખૂણો થાય તેમ ચીતરવું. (૨) બે ઘરની વચ્ચમાં વાંકી જગા પાડવી.

૮. ખૂણો પાળવો = (૧) ગુપ્ત રહેવું. (૨) ઘરની બહાર ન નીકળવું; ઘરમાં ભરાઈ રહેવું. (૩) હિંદુ સ્ત્રીએ પતિનો દેહાંત થતાં ઘરમાં જ રહી અમુક સમય શોક પાળવો.

૯. ખૂણો ભાંગવો = ખૂણો ભાંગી ફાંસ અથવા ગોળાઈ કરવી.

૧૦. ખૂણો મૂકવો = પતિ મરણના શોકની મુદત પૂરી થયે સ્ત્રીએ ઘર બહાર નીકળવું.

૧૧. ખૂણો સોડવવો = વિધવાએ મર્દભાત કરાવવો.

૩. પું. આડો; આખૂ.

ખૂણોખચકો પું. એકાંત જગ્યા; અપરિચિત સ્થળ; છાની જગ્યા.

ખૂણોખાંચાળો જુઓ ખૂણોખાંચરો.

ખૂણોખાંચરો પું. ખૂણોખાંચાળો; છેક ખૂણે સંતાવાની છાની જગ્યા.

ખૂત ૧. પું. જમીનદાર.

૨. [સં. કૂ્ (ખોદવું)] સ્ત્રી. ખાડચણ; વાંધો; હરકત.

૩. વિ. ખૂંચી જાય એવું.

૪. વિ. પૂરેપૂરું.

ખૂત ઘા પું. બેસી જાય તેવો ઘા; જમરાને બીજા જમરાથી બેસી જાય તેવો મારવામાં આવતો ઘા.

ખૂતવું ૧. અ. ક્રિ. ઠળવું; ખૂંપવું.

૨. અ. ક્રિ. કાદવમાં ઊતરી જવું; ખૂંચવું; અંદર જઈ ચોંટી જવું.

ખૂથી [હિં.] સ્ત્રી. ખીંખું.

ખૂદ (ખૂદ) ૧. [હિં] પું. કચરો.

૨. સ્ત્રી. ઢોરના ચારા માટે વપરાતા ભચા વગેરે તથા ભકાર.

૩. [ફા.] અ. પોતે.

ખૂદકું ૧. ન. ખોતરવું; વાંધોવચકો.

૨. ન. દ્વેષ ખાતર કરેલી ભૂલ.

ખૂદ્ર [સં. ક્ષુદ્ર] વિ. નાનું; હલકું.

ખૂધકું જુઓ ખૂદકું.

ખૂન (ખૂન) ૧. [ફા.] ન. કતલ; ઘાત; જનથી મારી નાખવું તે; પ્રાણ લેવો તે; વધ; હત્યા; હિંસા

૨. ન. કોઈનો જાન લેવા જેવો ગુનો.

૩. ન. રક્ત; લોહી.

૧. ખૂન આંખમાં ઉતારવું = ક્રોધથી આંખમાં લોહી તરી આવવું.

૨. ખૂન કરવું = કતલ કરવી; મારી નાખવું; હત્યા કરવી.

૩. ખૂન ચાટવું = હથિયાર ઉપર લોહીના ડાઘ પાડવા.

૪. ખૂન ચાલવું–નીકળવું = લોહી વહેવું.

૫. ખૂન પીવું = કોઈનું લોહી ચૂસવું.

૬. ખૂન બગડવું = (૧) કોઢવાળું હોવું. (૨) લોહી બગડવું કરવું.

૭. ખૂન શિર ચઢવું = કોઈની જિંદગી લેવાના ક્રમ ઉપર હોવું.

૮. ખૂને જિગર ચાલું–પીવું = (૧) લાગણીઓ ઉપર કાબૂ મેળવવો. (૨) સખત મજૂરી કરવી.

૪. સ્ત્રી. વેરની તરસ; ખૂનસ; ખુરસો; ઝેર; વેર લેવાની તરસ.

ખૂનઆકરાણની (ખૂનઆકરાની) [ફા. ખૂન (લોહી) + આકરાની (પાયરવું તે)] સ્ત્રી. ખૂનઃ ખુનામરકી.

ખૂનઆબ (ખૂનઆબ) [ફા. ખૂન (લોહી) + આબ (પાણી)] ન. લોહીનાં આંસુ.

ખૂનઆલૂડા (ખૂનઆલૂડા) [ફા. ખૂન (લોહી) + આલૂડા (બગોડેલું)] વિ. લોહીથી ખરડાયેલ; લોહીના ડાઘવાળું.

ખૂનઆશામ (ખૂનઆશામ) [ફા.] વિ. ઘાતકી; નિર્દય.

ખૂનઉકાર (ખૂનઉકાર) [ફા.] વિ. જોનાથી બધા ત્રાસે એવું; લોહીતરસ્યું.

ખૂનકી (ખૂનકી) [ફા.] સ્ત્રી. ઊધ.

ખૂનખચ્ચર વિ. લોહીલોહાણ.

ખૂનખરાબા (ખૂનખરાબા) ૧. પું. એક જાતનો રોગચાળ.

૨. [ફા.] પું. ખુનામરકી.

૩. વિ. લોહીલોહાણ.

ખૂનખરાબી (ખૂનખરાબી) જુઓ ખૂનખરાબો.

ખૂનખરાબો (ખૂનખરાબો) ૧. [ફા.] પું. ખૂન અને એવાં બીજાં તોફાનઃ ખુનામરકી.

૨. પું. મારફાડ; મારામારી.

ખૂનખાર (ખૂનખાર) ૧. [ફા] પું. શિકાર કરનારું પ્રાણી.

૨. વિ. ઘાતકી; ક્રૂર; ખૂની.

૩. વિ. જીવલેણ; પ્રાણઘાતક.

૪. વિ. રક્તસ્રાવી; રુધિરપ્રવાહક; લોહીની ઊલટી થાય એવું.

ખૂનખાહ (ખૂનખાહ) જુઓ ખૂનખાર.

ખૂનખુવારી (ખૂનખુવારી) [ફા.] સ્ત્રી. જનમાલનો નાશ.

ખૂનખ્વાર (ખૂનખ્વાર) જુઓ ખૂનખાર.

ખૂનખ્વારગી (ખૂનખ્વારગી) [ફા.] સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું.

ખૂનખ્વારી (ખૂનખ્વારી) [ફા.] સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું.

ખૂનખ્વાહ (ખૂનખ્વાહ) [ફા.] વિ. લોહીનું તરસ્યું.

ખૂનચકાન (ખૂનચકાન) [ફા. ખૂન (લોહી) + ચકાન (તરસ્યું)] વિ. લોહી ઢપકતું.

ખૂનતરસ્યું વિ. ખૂન કરવાની તીવ્ર ઇચ્છાવાળું; લોહીતરસ્યું.

ખૂનના (ખૂનત) [ફા.] પું. ખૂન કરનાર માણસ.

ખૂનાફેશાન (ખૂનફિશાન) [ફા.] પું. ખૂની.

ખૂનબહા (ખૂનબહા) [ફા.] પું. ખૂન માટે આપવો પડતો દંડ.

ખૂનબાર (ખૂનબાર) [ફા.] વિ. લોહી વરસાવતું.

ખૂનભર્યું વિ. લોહિયાળું.

ખૂનરેજ (ખૂનરેજ) ૧. [ફા. ખૂન (લોહી) + રેજ (રેડનાર)] વિ. ખૂની; દ્રવ્ય લેનાર.

૨. વિ. ભયંકર.

૩. વિ. રક્ત વહેવડાવનાર.

ખૂનરેજી (ખૂનરેજી) ૧. [ફા. ખૂન + રીખ્તન (રેડવું)] સ્ત્રી. કતલ; કાપાકાપી; ખુનામરકી.

૨. વિ. લોહી વહેવડાવેલું હોય તેવું.

ખૂનરેઝ (ખૂનરેજ) જુઓ ખૂનરેજ.

ખૂનરેઝી (ખૂનરેઝી) જુઓ ખૂનરેજી.

ખૂનસ સ્ત્રી. ખુનસ; વેરની તરસ.

ખૂનસી વિ. ઝિલાવાળું; આરીવું; ખુનસવાળું; વેર લે એવી લાગણીવાળું.

ખૂનામરકી સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખૂનારેજી સ્ત્રી. કાપાકાપી; ખુનામરકી; મારફાડ.

ખૂની (ખૂની) ૧. [ફા.] પું. ખૂન કરનાર માણસ.

૨. વિ. ઝનૂનવારી; જાલિમ.

૩. વિ. ખૂન કરે એવું; ઘાતકી; ક્રૂર.

ખૂનીદસ્ત (ખૂનીદસ્ત) [ફા.] પું. મરડો.

ખૂનીન (ખૂનીન) [ફા.] વિ. લોહીના રંગનું; લોહીવાળું.

ખૂનસ જુઓ ખૂનસ.

ખૂબસી જુઓ ખૂબસી.

ખૂબ ન. મુગટ.

ખૂબરવું સ. ક્રિ. દરાવવું; ઠેરવવું; નક્કી કરવું.

ખૂબવું ૧. અ. ક્રિ. અંદર ઊતરી ચોટી જવું; ઠણી જવું; ખૂંતવું.
૨. અ. ક્રિ. અંદર જવું; ઊંડું ઊતરવું; પેસવું.
૩. અ. ક્રિ. જમાવવું; ઠેરવવું; નક્કી કરવું.

ખૂબીઆ (ખૂબીઆ) [ફા.] વિ. ઢપું; આનગી; ગુમ.

ખૂબ (ખૂબ) ૧. સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક ક્રિયા. તેમાં વસ્ત્ર બોલવામાં આવે છે અને કેટલીક ક્રિયા પાળવામાં આવે છે.
૨. [ફા.] વિ. અતિશય; બહુ; જોઈએ તેથી વધારે; પુષ્કળ.
૩. વિ. ઉત્તમ; ઉમદા; મજાનું.
૪. વિ. ભલું.
૫. અ. બહુ સારું; ભલે.
૬. અ. શાબાશ.

ખૂબકલ્લાન (ખૂબકલ્લાન) [ફા.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; આકસી; આકસીર.

ખૂબખૂબા અ. બહુ; પુષ્કળ.

ખૂબતરાંસે અ. અચ્છી રીતે; સારી રીતે.

ખૂબતરીન (ખૂબતરીન) [ફા.] વિ. સૌથી સુંદર.

ખૂબનિરંગ પું. (જરથોસ્તી) ધાર્મિક સંતો સારી રીતે જાણનાર માણસ.

ખૂબમિલ્તી (ખૂબમિલ્તી) [ફા.] વિ. બરાબર લાગુ થાય તેવું.

ખૂબરૂ (ખૂબરૂ) ૧. [ફા.] પું. આકર્ષક પદાર્થ; દેખાવડી વસ્તુ.
૨. પું. સુંદર ચહેરો.
૩. વિ. નાજુક.
૪. વિ. બહુ સુંદર; દેખાવડું; રળિયામણું.

ખૂબરૂઈ (ખૂબરૂ) [ફા.] સ્ત્રી. સૌંદર્ય.

ખૂબવજ્જા (ખૂબવજ્જ) [ફા.] અ. ઉત્તમ રીતથી.

ખૂબસા (ખૂબસા) [ફા.] અ. બહુ જ.

ખૂબસૂરત (ખૂબસૂરત) ૧. [ફા.] પું. સુંદર ચહેરો; મનોહર આકૃતિ; સુંદર સિમો.
૨. વિ. આવકું; નાજુક.
૩. વિ. બહુ સુંદર; દેખાવડું; કટકું; રળિયામણું; રૂપાળું.

ખૂબસૂરતી (ખૂબસૂરતી) [ફા.] સ્ત્રી. કાંતિ; રૂપસંપત્તિ; લાવણ્યતા; શોભા; કટકાપણું; સૌંદર્ય; રૂપ; સુંદરતા.

ખૂબાખૂબ અ. પુષ્કળ; બહુ.

ખૂબાન (ખૂબાન) [ફા.] સ્ત્રી. આશક; પ્રિયા.

ખૂબાની (ખૂબાની) [ફા.] સ્ત્રી. જરદાલુ.

ખૂબી (ખૂબી) ૧. [ફા.] સ્ત્રી. ખાસિયત; નવાઈ.
૨. સ્ત્રી. ખાસ ગુણ; ગુણ વિશેષતા.
૩. સ્ત્રી. ચતુરાઈ.
૪. સ્ત્રી. ચાલાકી; કળાપણું.
૫. સ્ત્રી. ચુંબન; બચી.
૬. સ્ત્રી. નેકી; ભલાઈ; સારાપણું.
૭. સ્ત્રી. મજા; રસ; લહેજત.
૮. સ્ત્રી. મૃદુતા.
૯. સ્ત્રી. યુક્તિ.
૧૦. સ્ત્રી. રહસ્ય; ભેદ.
૧૧. સ્ત્રી. વિલક્ષણતા; વિચિત્રતા.
૧૨. સ્ત્રી. શ્રેષ્ઠતા.
૧૩. સ્ત્રી. સદ્ગુણ.
૧૪. સ્ત્રી. સુંદરતા; સૌંદર્ય; કટકાપણું.
૧૫. સ્ત્રી. સ્વચ્છતા.

ખૂબીદાર (ખૂબીદાર) ૧. [ફા.] વિ. આશ્ચર્યવાળું; ખૂબીવાળું; ચમત્કારિક.
૨. વિ. ઊંડું; ઉમદા; ઊંચું.
૩. વિ. લાવણ્યવાળું; સોબીતું.

ખૂબ્બ (ખૂબ્બ) ૧. [અ.] પું. ઝઘેબાઈ.
૨. પું. દુકાન.

ખૂબ્બાવાળો પું. ખૂબચામાં ભરેલી વસ્તુઓ વેચનારો.

ખૂબ્બો ૧. [ફા. ખુમચહ] પું. એક જાતનો મોટો થાળ; ટાટ; ઢળતા ઢાંકાની જાજર થાળી; તાસક.
૨. પું. એક જાતનો સાડલો.
૩. પું. ખૂબચામાં ભરીને અપાતી ભેટ.
૪. પું. વેચવાની વસ્તુઓથી ભરેલો થાળ.

ખૂમાર (ખુમાર) [અ.] પું. ખુમારી; મૌન.

ખૂર (ખૂર) ૧. પું. ઓરાક.
૨. પું. સરજ; સૂર્ય.
૩. સ્ત્રી. ઢોરના પગની ખરી.
૪. વિ. લાયક; યોગ્ય.
૫. અ. આતું. આ અર્થમાં તે સમાસમાં વપરાય છે.

ખૂરચીન (ખૂરચીન) [ફા.] પું. ઘોડા ઉપર સામાન રાખવાનો ગોદડો.

ખૂરણ જુઓ ખૂરચીન.

ખૂરપી ૧. સ્ત્રી. ખરપડી; નાનો ખરપો; ઘાસ ઉખેડવાનું તાવેથા જેવું એક હથિયાર.
ખોળીરૂ જી. એ નામની એક દેશી રમત. જુઓ ખોબિરમુ.

ખોળો ૧. પું. ખોબો; પોશ.
૨. પું. ખાંબલો.

ખોખાંદા પું. સળેખમ.

ખોખ ૧. [સં.] જી. આદત; સ્વભાવ; ટેવ.
૨. જી. ઊંડો ખાડો; ક્ષેતર; ખો; ગુફા.
૩. જી. કર્ણક; ખોબો; કાન.
માલેસ ! મ રોય, મ કર ખાંખો ઘણીઓ;
મુખમાં લાગે ખોખ, ભરતાં મા ન સંભારીએ.
ગંગાસતી
૪. જી. ખાડી.

ખોખણ જુઓ ખોખણું.

ખોખણી ૧. જી. રાઈ જેવીનો વઘાર.
૨. જી. વાડમાં થતી મકાના જેવી એક જાતની જંગલી વનસ્પતિ. એનું અથાણું કરવામાં આવે છે.

ખોખણું ૧. ન. અગ્નિપક્વ; ઉખાડિયું; એક જાતથી સળગેલું લાકડું; સૂકેખડ.
૨. ન. ખોરડું; ખોરણું.
૩. ન. ખાંદવું; ખાટકવાળું.
૪. ન. ભમરી.

ખોખલ ન. ખોબાનું એક જાતનું લાકડાનું હથિયાર.

ખોખા ૧. [હિં.] પું. કચરો.
૨. પું. જાડી મૂળ.
૩. પું. છાલ.
૪. પું. નાખી દીધેલી વસ્તુ.
૫. પું. માવો.

ખોખાણ ૧. ન. ઊંડો ખાડો; ઊંડી ખો; મોટું પોલાણ.
૨. વિ. ગુફા જેવું; પોલું.
૩. વિ. બાંધકામમાં ઘણી જગ્યા રોકાઈ હોય તેવું.
૪. વિ. ભયંકર.
૫. વિ. વસતી વગરનું; ખાલી.

ખોખાણી ૧. જી. એ નામની લેઉઆ કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. ઉડાઉ; વેડફી નાખનાર.
૪. વિ. એ નામની લેઉઆ કણબીની અટકનું.
૫. વિ. નમાલું.
૬. વિ. બેદરકાર; બાલકનું.

ખોખું જુઓ ખોકું.

ખોર (ખોર) ૧. [સં.] પું. નામ ઉપરથી વિશેષણ બનાવનાર એક કારસી પ્રત્યય; ખેવાળું, ખોરવનું, મળ લેતું, મદ વગેરે ભાવ દર્શાવનારો પ્રત્યય. જેમકે, શરાબખોર, મસ્તીખોર બળવાખોર.
૨. પું. બાવળની જાતનું એક ઊંચું સુંદર ઝાડ.
૩. [હિં.] જી. ઠોકર; માટીની પરાત.
૪. જી. ખોટ.
૫. જી. ચંદનની ભાત; લેપ; લેપન.
૬. જી. ઢાંકણ.
૭. જી. ઢેબની એ નામની એક અટક.
૮. જી. દેવી કોપ.
૯. જી. નહાવાની ક્રિયા.
૧૦. જી. રબારી.
૧૧. જી. રોગ.
૧૨. જી. સાંકડી ગલી.
૧૩. જી. સુવાવડી સ્ત્રીઓને બાવળ બાવવાને માટે બનાવવામાં આવતી ગાય કે બેટાની તાંત.
૧૪. ન. એ નામની અટકનું માણસ.
૧૫. વિ. એ નામની અટકનું.
૧૬. વિ. બદ કરનાર; બાનાર.
૧૭. વિ. રમત રમવાવાળું.
૧૮. [સં.] વિ. લંબું; લાંબું.
ખોર કાઢવો = અરિયાણ બાસ વગેરે મૂળ સહિત જમીનમાંથી મૂરપી કાઢવું.

ખોરઠ [સં.] પું. ઘોડાનો રોગ.

ખોરડા ૧. જી. ચાળણીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોરડું (ખોરડું) ન. ખોરડું; નાનું ઘર.

ખોરડાંખાખડાં (ખોરડાંખાખડાં) ન. સ્થાવર મિલકત.

ખોરડું (ખોરડું) ૧. ન. એ નામનો એક જાતનો છોડ. તેનાં પાન લંબગોળ અને સાંકડાં હોય છે. તેમાં ઝાંખા બોળા રંગનાં ફૂલ થાય છે. તેની કાળી શિંગોમાં બર હોય છે. આ બર પાકયા પછી રાતા રંગનો થાય છે. તેમાં રાઈ જેવડાં કાળાં બિયાં હોય છે. છોડના મૂળમાં તેલનો અંશ હોય છે. છોડને કાળો કટકિયો પણ કહે છે અને મૂળને તેલિયો કંદ કહે છે. તેનાં પાન બાળકને લોહીના ઝાડા ઉપર વાટીને અપાય છે.
૨. ન. ઝૂંપડું; નાનું ઘર.

ખોરણ ૧. ન. ખોરવાનું સાધન.
૨. ન. ખોરાઈ ગયેલું હોય તે; ફોલવાઈ ગયેલું એવું જે હોય તે.

ખોરણી ૧. જી. ઉકરણી.
૨. જી. ખોબણી
૩. જી. ખોરવું તે.

ખોરણું જુઓ ખોબણું.

ખોરદાદ (ખોરદાદ) ૧. [સં. ખોર (ખોરદાદ) + દાદ (આપનાર)] પું. જરથોસ્તી બાર મહિનો ત્રીજો માસ. એ મહિનામાં માણસને નવો ખોરાક મળે છે, તેથી આ માસનું નામ ખોરદાદ પડયું છે.
૨. પું. જરથોસ્તી માસનો છઠ્ઠો દિવસ.
૩. પું. (જરથોસ્તી) વનસ્પતિના અધિષ્ઠાતા દેવ; સાત અમશાસ્પંદો મહિનો છઠ્ઠો મુખ્ય ફિરસ્તો.

ખોરદાદસાલ (ખોરદાદસાલ) પું. જરથોસ્તી પહેલા કરવરદીન માસના છઠ્ઠા ખોરદાદ રોજને દિવસે આવતો એ નામનો એક જરથોસ્તી તહેવાર. તે ધર્મનાં કેટલાંક જૂનાં પુસ્તકોમાં આ તહેવારને નવોરોઝ-બાસ એ નામે ઓળખાવે છે, કારણ કે તે તહેવાર વાલ્ય અને તેના ઉમરાવ બાસ ઊજવતા. પ્રાચીન ઈરાનના બધા ઐતિહાસિક બનાવો આ દિવસે બનેલા મનાય છે.

ખોરવણી જી. ઈર્ષા; ખોદણી; નિંદા.

ખોરવાવું ૧. અ. ક્રિ. અદેખાઈ કરવી; ઈર્ષા કરવી; કોઈનું સારું દેખીને મનમાં બળવું.
૨. અ. ક્રિ. બેરાઈ જવું; વિખેરાઈ જવું; વેરણછેરણ થવું.
૩. અ. ક્રિ. ગુસ્સાથી કરડી નજરે જોવું.

ખોરવું ૧. જી. એ નામની એક દેશી રમત. જુઓ ખોબિરમુ.

૨. સ. ક્રિ. ફેલવાને સતેજ કરવા ખંખેરવું; ખણીને ઝાડવા જેવાં થયેલાં બે લાકડાને એકબીજા સાથે અફાળી તેની રાખ ઉડાડી મૂકવી; વસ્તુ જલદી બળી જાય તે માટે તેના ભાગોને એકબીજાથી જુદા પાડવા.

ખોરી બાળવું = (૧) બહુ સારી રીતે બાળી મૂકવું. (૨) સમાધાન કરી નાખવું; સોગ વાળવું.

૩. સ. ક્રિ. પહોળું કરવું.

ખોરસું ૧. જ. ખુરશી.

૨. જ. ઝાડ પકાવવાળી ચોડી; ત્રિપાઈ.

૩. જ. નાનું ટેબલ.

ખોરંચે ૧. અ. અજોરાઈએ; ખૂણેખોરે; નિકાલ ન થાય એવી રીતે કે અંતે ઠેકાણે.

૨. જ. ઢીલમાં; વિલંબથી

ખોરંચો પું. અંતરાય; અલચ; નડતર; વિઘ્ન.

ખોરંજે જુઓ ખોરંચે.

ખોરંભો જુઓ ખોણભો.

ખોરા (ખોરા) ૧. [સા. ખુર્દન (ખાવું)] પું. કટોરો; પાણી પીવાનું વાસણ; પ્યાલો.

૨. જ્યો. દેઢ અને ઝરવાઢની એ નામની અટક.

૩. જ. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. લંગડું; લૂલું

ખોરાક (ખોરાક) ૧. [સા. ખુર્દન (ખાવું)] પું. આહાર; ખાવાનો પદાર્થ; જેના ઉપર પ્રાણીઓનું જીવન ટકે એવો તેમની ખાવાની વસ્તુ; ભોજનસામગ્રી. હવા અને પાણીની પેઠે ખોરાક પણ જિંદગીનો આધારભૂત પદાર્થ છે. ખોરાકના મુખ્ય બે ઉપયોગ છે: એક તો શરીરને હમેશ ગરમ રાખવું અને બીજું શરીર બંધાતું અટકાવવું. ખોરાક નહિ મળવાથી શરીર જલદીથી નબળું પડી જઈ રોગ અને મૃત્યુને આધીન બને. ઘણા વૈજ્ઞાનિકોના મત પ્રમાણે ખોરાકમાં ૨૦ ટકા ક્ષોભદ, ૩૦ ટકા ચીકટ ચરબીવાળા પદાર્થો અને ૬૦ ટકા મેદાવાળા પદાર્થો હોવા જોઈએ. પરંતુ કેટલાકનો મત વધારે પ્રમાણમાં ક્ષોભદ પદાર્થો લેવાની તરફેણમાં હોય છે, કારણ કે ક્ષોભદ પદાર્થો શરીર બાંધવામાં અને શરીરને ગરમી આપવામાં એમ બને કામમાં ઉપયોગી થાય છે. આની વિરુદ્ધમાં એમ કહેવામાં આવે છે કે ગરમી મેળવવા માટે મેદા અને સ્ટાર્ચવાળા પદાર્થો વાપરવા, કારણ કે શરીરમાં બચ્યા વગરના ક્ષોભદ પદાર્થો રહી જાય તો વિકૃતિ થાય છે અને તેને શરીરમાંથી બહાર કાઢવાને માટે ખાસ મહેનત કરવી પડે છે. આપણા દેશની વસ્તુસ્થિતિ અને સાધારણ વર્ગના રીતરિવાજો જોતાં સામાન્ય મનુષ્યને ૨૭૦૦ કલોરિ જેટલા ખોરાકની જરૂર છે. તેટલો ખોરાક કેમાંથી મળી શકે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય:

વસ્તુ	વજન તોલા	ચરબીવાળા ભાગની કલોરિ	મદારવાળા ભાગની કલોરિ	ક્ષોભદ ભાગની કલોરિ	કુલ કલોરિ
ઘી	૧	૫૪૦	...	...	૫૪૦
દૂધ (ભેંસનું)	૨૦	૨૬૩	૩૬	૫૮	૨૬૦
ઈંડાં	૩	...	૧૪૮	...	૧૪૨
ઘઉં–લોટ	૨૦	૪૩	૬૭૫	૧૦૪	૮૨૨
ચોખા–સફેદ	૧૫	૧૩	૫૭૦	૪૭	૬૩૦
દાળ–મગની	૭	૧૪	૧૮૬	૮૦	૨૮૦
મસાલો અને રોટલો	...	...	...	૨૬	૨૬
કુલ	૭૦	૭૭૩	૧૬૧૨	૩૧૫	૨૭૦૦
ટકા	...	૩૦	૬૦	૧૦	...

ખોરાક રાંધવાથી પદાર્થોની ગંધ અને કઠિનતા રસના સુંવાળી અને નરમ પડે છે. રાંધવાની ક્રિયાથી એક બીજો ફાયદો એ થાય છે કે કોઈ પણ રીતે ખોરાકને દસ પંદર મિનિટ સુધી ગરમ રાખવામાં આવે તો તેમાં રહેલાં નુકસાનકારક જંતુઓનો નાશ થાય છે. સ્વાદ તો સુધરે છે, પરંતુ આ જંતુઓનો નાશ થવાથી ખોરાકમાંથી રોગ થવાનો સંભવ ઓછો થાય છે. તેલ અને ઘીવાળા પદાર્થોમાં રાંધવાથી બહુ ફેરફાર થતો નથી. ખોરાકને પાણીમાં, તેલમાં કે ઘીમાં ગરમ કરવાથી, બાફવા કે તળવાથી એક દૃષ્ટિએ તો સરખી જ ક્રિયા થાય છે. બંને ક્રિયામાં ખોરાકના કણો ગરમ થવાથી ફૂલી જાય છે. આ ફૂલેલા કણો નરમ અને દ્રાવ્ય થાય છે તેથી પાચનક્રિયામાં સહેલ પડે છે. બાફેલા અને તળેલા ખોરાકમાં મોટો ફેર એ રહે છે કે બાફેલો ખોરાક વધારે દ્રાવ્ય છે. તે જલદીથી પાણીમાં ઓગળી જાય છે, પણ તળેલા ખોરાકના કણોની આગળ પાછળ તેલ કે ચરબીનું એક પડ બંધાઈ જવાથી તેની ઉપર જઠરના પાણીવાળા રસો જલદીથી અસર કરી શકતા નથી અને લોહીમાં રૂપાંતર થવા માટે જોઈતા દ્રવરૂપ રૂપમાં આવતાં ઘણી વાર લાગે છે. તેથી મંદ પાચનશક્તિવાળાને આવા ખોરાકથી નુકસાન થાય છે. રાંધવામાં ખોરાકનાં અગત્યનાં તત્ત્વોનો નાશ ન થાય તે સંભાળવાની જરૂર છે. તાજા દૂધમાં, તાજા શાકમાં, ફળોમાં, ઘઉંમાં અને ઈંડાં માંસ વગેરે પદાર્થોમાં આ તત્ત્વો સારા પ્રમાણમાં મળી આવે છે. આ બધા પદાર્થોને ધીરે તાપે થોડા જ સમય સુધી ગરમ કરવાથી આ તત્ત્વોનો નાશ થતો નથી. આપણા શરીરથી આ તત્ત્વોનો નાશ થતો નથી આપણું શરીર એકદમ ગરમી અને ઠંડીનો અનુભવ ખમી શકતો નથી; તેવી રીતે આપણે ખોરાકને રાંધવામાં એકદમ જલદ તાપના કરતાં ધીરા તાપે રસોઈ કરવામાં આ તત્ત્વો સારી રીતે જળવી શકાય છે. આ દૃષ્ટિથી તળવા કરતાં બાફવાની અને આસ કરીને વરાળથી બાફવાની પદ્ધતિ વધારે ઉત્તમ ગણાય છે. ખોરાક પ્રકૃતિને માફક આવે તેવો, યોગ્ય પોષણ આપે તેવો અને યોગ્ય પોષણ આપે તેટલો હોવો જોઈએ. મનુષ્યદેહમાં ત્રણ જુદી જુદી પ્રકૃતિ રહી છે: વાત, પિત્ત અને કફ. આ ત્રણે પ્રકૃતિને માફક આવે એવો ખોરાક હોવો જોઈએ. દરેક મનુષ્યના ખોરાકમાં પોષક પરમાણુ, અગ્નિપ્રદીપ્ત કરનાર પરમાણુ તથા ક્ષાર અને પાણી રહેલા છે. પોષક પરમાણુ કઠોળમાં બહુ છે અને અગ્નિપ્રદીપ્ત કરનારા પરમાણુ ઘી, તેલ, સાકર, ગોળ વગેરેમાં મળી આવે છે. થોડો ઝાઝો ખોરાક ખાવો એ મનુષ્યની જઠરાગ્નિ ઉપર આધાર રાખે છે. દરેક મનુષ્યને ચોવીસ કલાકની અંદર સવા રતલ ખોરાકની જરૂર છે. ખોરાકના ચાર પ્રકાર છે: ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય. જે દાંત વડે ચૂરેચૂરો કરીને ખવાય છે તે પૂરી આદિ ભક્ષ્ય કહેવાય છે જે કેવળ જીભ વડે હલાવી ચગળીને ઉતારાય છે તે દૂધપાક આદિ ભોજ્ય કહેવાય છે. જે જીભ વડે ચાટીને રસ-સ્વાદથી કેવળ દ્રવીભૂત કરી ઉતારાય છે તે ગોળ વગેરે લેહ્ય કહેવાય છે અને જે દાંત વડે ચૂસીને રસનો અંશ ઉતારી બાકીના ફોતરાં વગેરે કાઢી નખાય છે તે ચોષ્ય કહેવાય છે.

૨. પું. ખાવાનું પ્રમાણ.

૩. પું. જેનાથી કોઈ વાતનો નિર્વાહ થાય તે.

૪. પું. દવાનો એક ભાગ; ડોઝ.

ખોરાકમાર્ગ પું. અન્નનળી; ખોરાકથી જઠર સુધી જવાનો ખોરાકનો રસ્તો.

ખોરાકી ૧. જ્યો. અન્ન; ખોરાક; ગુજરાતની વસ્તુ.

૨. સ્ત્રી. ખોરાકનું ખર્ચ; ભરણપોષણ માટે આપવાની રકમ; ભરણપોષણ.
૩. સ્ત્રી. ગુજરાન કરવાનું સાધન.
૪. વિ. ખૂબ ખાવાવાળું.

ખોરાકીખર્ચ ન. નિર્વાહખર્ચ; ભરણપોષણનું ખર્ચ.

ખોરાકીપોશાકી (ખોરાકીપોશાકી) ૧. સ્ત્રી. અનાજ; ખાવાનું અને પહેરવાનું.
૨. સ્ત્રી. આજીવિકા; ભરણપોષણ અથવા ગુજરાનનું સાધન.
૩. સ્ત્રી ખાવાખર્ચ અને કપડાંખર્ચ.

ખોરાણી ૧. સ્ત્રી. ખાટકીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોરાબાઠી સ્ત્રી. ચૂનો પકવવાની ભઠ્ઠી.

ખોરામ ૧. પું. વહાણ હંકારવાની સાંઠા.
૨. પું. વહાણનું લશ્કર.

ખોરાવું ૧. અ. ક્રિ. કથળી જવું; બગડવું.
ખોરાઈ જવું = (૧) બગડી જવું. (૨) વેરણછેરણ થઈ જવું.
૨. અ. ક્રિ. નિંદા કરવી.
૩. અ. ક્રિ. મનમાં બળવું.

ખોરાશ સ્ત્રી. અન્ન જેવી વસ્તુ ઘણા દિવસ રહેવાથી તેમાં થયેલો સ્વાદવિકાર; ખોરપણું.

ખોરાસાન પું. એ નામનો મધ્ય એશિઆનો એક મુલક; ખુરાસાન.

ખોરાસાની ૧. પું. કાળા તલનો છોડ.
૨. ન. એ નામનું બંગાળ તથા દક્ષિણ હિંદમાં ઊગતું એક ઝાડ. તેનું તેલ ખાવાના ઉપયોગમાં વપરાય છે. ઇંગ્લંડમાં આ તેલમાંથી રોગાન બનાવાય છે.
૩. ન. ખોરાસાનનું વતની માણસ.
૪. વિ. ખોરાસાનનું; ખોરાસાન પ્રાંતમાં તૈયાર થયેલ

ખોરાસાની અજમો પું. ખોરાસાન પ્રાંતમાં થતાં એક જાતના છોડનાં બિયાં. તે બારીક અને ચપટાં હોય છે. તેની અસર તથા ગુણ અફીણ જેવાં છે. તે દર્દશામક અને માદક છે તથા રુતાપ ઢીલા કરે છે. દમ, ખાંસી, હૃદયરોગ, ઉન્માદ, મૂત્રપિંડના વ્યાધિ, ઊલટી અને ચસકા ઉપર ઔષધિ તરીકે તે વપરાય છે

ખોરાસાની અજમોયન જુઓ ખોરાસાની અજમો.

ખોરાસાની તલવાર સ્ત્રી. ખોરાસાન પ્રાંતમાં બનાવટમાં આવતી એક જાતની તલવાર. તેનું પોલાદ ચંદરવા આતેદાર જાતનું હોઈ તેના ઉપર થોડા થોડા અંતર ઉપર આડી લીટીઓ હોય છે. તેનું પાણી બહુ જ સરસ છે. આ તલવારને ચમનબંદી તલવાર પણ કહેવામાં આવે છે. તેનું પાનું મોટું અને વાંકદાર હોય છે, તેથી તેના ઉપર જોષપુરી મૂઠ સારી દેખાય છે.

ખોરિયું ન. ઉંચાડિયું; ખોવણું; જાળવું લાકડું.

ખોરી ૧. સ્ત્રી. એ નામની ચૂનાની એક જાત.
૨. સ્ત્રી. કુંડલી; લાકડી ઉપર ધાતુની ચડાવેલ ખોળ.
૩. [હિં.] સ્ત્રી. ગુનો; દોષ.
૪. સ્ત્રી. પડ.
૫. સ્ત્રી. બાગ માંહેનો રસ્તો.

ખોરીક ૧. વિ. ખાવાનું શોખીન.
૨. વિ. ખાવામાં જબરું.

ખોરું વિ. બગડી જવાથી બેસ્વાદ થયેલ; બગડવાના વિકાર એટલે સ્વાદ કે ગંધવાળું; બગડેલું; બટાર્ઈ ગયેલું.
૧. ખોરા ટોપરા જેવી દાનત = ખોટી દાનત.
૨. ખોરા ટોપરા જેવી પકડાવવી = બાળ દેવી.
૩. ખોરું તે કાંઈ દીવેલમાંથી જાય ? = દરેક વસ્તુનો કાંઈ નહિ અને કાંઈ ઉપયોગ હોય છે જ.

ખોરૂડી (ખોરૂડી) વિ. સ્ત્રી. ખોરી; બટાર્ઈ ગયેલી; વાસ મારતી.

ખોરેતી સ્ત્રી. એ નામનું એક જાતનું ઝાડ. તેનાં પાનમાં ઉપરના ભાગમાં કરવત જેવા અરખરા કાંટા હોય છે. સુતાર તે પાનનો લાકડું સાફ કરવાના કામમાં ઉપયોગ કરે છે. તેમાં કાળા ઉમરડાનાં જેવાં ફળ થાય છે તે ફળમાં વપરાય છે. દંતશૂળ અને દાંત હાલતા હોય તો તે ઉપર ખોરેતીના દાંતણ વડે દાંત ઘસવા એટલે નથ્થ દિવસમાં દાંત મજબૂત થાય છે અને દુખતા બંધ થાય છે. સોજોદર, મરોડ, બાળકોના પેટ મહિના બાર ઉપર, કલેજામાં બળેલા બાર ઉપર અને ચરકન ઉપરના ભાગમાં વધુ થયું હોય તે ઉપર, કલેજામાં બારનો ઉપદ્રવ ન થવા માટે અને ગુલમરોગ ઉપર ખોરેતીનો ઉપયોગ કરવામાં આવે છે.

ખોરેલ જુઓ ખોરેતી.

ખોરેશી ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોરેહ (ખોરેહ) [ફા.] સ્ત્રી. ઓજસ; તેજ પુંજ; પદાર્થમાંથી નીકળતી મનાતી તેજ જેવી વસ્તુ.

ખોરો ૧. પું. અંગારો; ટાંડો; લાકડાનો પડેલો અગ્નિ.
૨. પું. કપચી ગોઠવી નીચેથી તાપ આપી ચૂના માટે કાંકરી પકવવામાં આવે છે તેવી એક જાતની ભઠ્ઠી.
૩. પું. ખોળો.
૪. પું. ચૂલમાંથી કાઢી નાખેલી રાખ.
૫. પું. સોનું રૂપું ગાળવાની ભઠ્ઠી.

ખોલ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને બાકીના લઘુ મળી ૭૧ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.
૨. પું. ખોળ; તલ વગેરેનો કૂચો.
૩. પું. ગુમમરો; બનાસ.
૪. સ્ત્રી. એ નામનું એક વાદ્યિત્ર.
૫. સ્ત્રી. ઉપરની ચામડી; છાલ્યું કે ઊતરી ગયેલી ત્વચા.
૬. સ્ત્રી. ઉપરનો ઓપ; ઓળાઓ; કવર; માટિ તકિયા વગેરેનું ખોળિયું; પડ.
૧. ખોલ ચડાવવી = આચ્છાદન ચડાવવું; ચાદર પાથરવી; પડ ચડાવવું; પૂંઠું ચડાવવું.
૨. ખોલ મઢવી = પડ ચડાવી સીવી લેવું.
૭. સ્ત્રી. કપડાના સીવણમાં જે નહિ બેસતાપણું રહે છે તે; કરચલી; બરાબર બેસતું ન આવવાથી ઉપાડું રહે તે.
ખોલ ભરવી = બેટસો ભાગ ઢીલો પડતો હોય તે સીવી લેવો કે વાળી લેવો.
૮. સ્ત્રી. કપડાનું અથવા ધાતુનું ઢાંકણ; ખોખું; પડું; 'કેસ'.
૯. સ્ત્રી. કુંડલી; ખોલી; ઢોલી.
૧૦. સ્ત્રી. ખાડો; ખોડ.
૧૧. સ્ત્રી. બાલ; ચામડી.
૧૨. સ્ત્રી. ચૂનાના ઉપર વળેલી કપોટી; ભીંતું.
૧૩. સ્ત્રી. છીણી.
૧૪. સ્ત્રી. તલવારનું મ્યાન.
૧૫. સ્ત્રી. પેટી.
૧૬. સ્ત્રી. પોલાણ.
૧૭. સ્ત્રી. રજાઈ; મોટી ચાદર.
૧૮. સ્ત્રી. સાપની કાંચળી.
૧૯. સ્ત્રી. સુવાવડી સ્ત્રીને ઘાવણ લાવવા માટે બનાવવામાં આવતી ગાય કે ભેંસના આંતરડાની તાંત.
૨૦. ન. કાલબૂત સાથે જોડામાં બાલવાની ચીપ; ખોવલ; જોડાના તળિયા ઉપરની પટી સીવી કરવાનું મોચીનું રીગણાનું ઓજાર.

૨૧. ન. ખોલકું; ગધેડું.
૨૨. ન. કૂડ.
૨૩. ન. મસ્તકનો ટોપ.
૨૪. ન. વહાણનું ખોખું.
૨૫. વિ. ખાલી; પોલું.
૨૬. વિ. ખોડું; લગડું
૨૭. વિ. મરીબા; પૈસા વગરનું.

ખોલક ૧. [સં.] પું. ટોપ; મસ્તકનો અમુક ભાગ.
૨. પું. રસોઈ કરવાનું પાત્ર.
૩. પું. રાહડો
૪. પું. સોપારીનું વલ્કલ વગ.

ખોલકી જી. એકથી દસ દહાડા કે દોઢ માસ સુધીની નાની ગધેડી; ખોલકુનું ઓલિમ.

ખોલકું ૧. ન. ગધેડાનું નાનું બચ્ચું.
૨. ન. ઘાટ વગરનું મકાન.

ખોલકો ૧. પું. અણસમજુ ને શરીરે કે વયે મોટો માણસ; મૂર્ખ માણસ.
૨. પું. ખોલો; ગધેડો.

ખોલડ (ખોલડ) પું. ઝાડ વગેરેનું પોલાણ.

ખોલડા (ખોલડા) જુઓ ખોલડ.

ખોલડું (ખોલડું) ન. કોટડી; ખોલી; નાનું ઘર.

ખોલણહાર ૧. વિ. ઉઘાડનાર; ખોલનાર.
૨. વિ. ખોળનાર; શોધનાર.

ખોલણહારું જુઓ ખોલણહાર.

ખોલબંદી [હિં.] જી. ઘોડાની નાલ બાંધવી તે.

ખોલબંધી જુઓ ખોલબંદી.

ખોલલ ૧. [હિં.] વિ. ઉઘાડું; ખુલ્લું.
૨. વિ. ચોખ્ખું.
૩. વિ. જાહેર.
૪. વિ. ઢીલું.
૫. વિ. પહોળું કરેલ; વિસ્તારેલ.
૬. વિ. બાંધ્યા વગરનું.

ખોલવડું (ખોલવડું) ન. ઘ. ઘ. એ નામનું એક જાતનું કપૂમીનું પરેણું.

ખોલવણ જી. નહેરનું કામ.

ખોલવણું ૧. ન. કંસારાનું એ નામનું એક ઓજાર.
૨. ન. પેચિયું; સૂ ફેરવવાનું ઓજાર.
૩. ન. સ્ત્રીઓને હાથમાં પહેરવાનું એ નામનું અર્ધગોળાકાર પરેણું.

ખોલવવું જુઓ ખોલવું.

ખોલવિયો પું. નહેરમાં કામ કરનાર પુરુષ.

ખોલવું ૧. સ. ક્રિ. બલત કરવું; બંધન તોડવું.
૨. સ. ક્રિ. આરંભ કરવો; શરૂ કરવું.
૩. સ. ક્રિ. આવરણ દૂર કરવું; દેખાય તેમ કરવું, પડદો બસેડવો.
૪. સ. ક્રિ. ઉઘાડવું.
૫. સ. ક્રિ. કાઢવું.
૬. સ. ક્રિ. બસેડવું; હટાવવું.
૭. સ ક્રિ. મુખ વાત જાહેર પાડવી.
૮. સ. ક્રિ. ગોળ ઘાટ કરવા માટે અંદરથી પોરવું; પોલું કરવું.
૯. સ. ક્રિ. ચીરવું; ઊંદ કરવો.
૧૦. સ. ક્રિ. છોડવું; મૂકવું.
જલડા બોલ્યા તી બી બાબી માત પંચ. નિમલપ્રબંધ
૧૧. સ. ક્રિ. પહોળું કરવું
૧૨. સ. ક્રિ. પ્રવર્તાવવું; ફેલાવું જવું.
૧૩. સ. ક્રિ. મન મોકળું કરવું; પેટની વાત કરવી.
૧૪. સ. ક્રિ. સમજાવવું.

ખોલંજન ૧. પું. એ નામનો એક છોડ.
૨. પું. કાજળ.

ખોલંબો પું. અટકાવ; અવરોધ; અંતરાય.

ખોલંભો જુઓ ખોલમ્બો.

ખોલા ૧. [હિં.] પું. ડોરડીનું અટકણું.
૨. જી. આહીરની એ નામની અટક.
૩. જી. ધરડી ભેંસ.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

ખોલાવવું સ. ક્રિ. ઉઘડાવવું; ખોલે એમ કરવું.

ખોલાસ પું. એક જાતનો અબ્બર.

ખોલાસો જુઓ ખુલાસો.

ખોલિ [સં.] જી. બાવું.

ખોલિયા ૧. જી. કડિયાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોલિયો પું. કબાટ ઉપરની પ્રાતસ બનાવવાનું લોઢાનું એક સાધન; બલતો કરવાનું સુતારનું એક જાતનું પાનાવાળું ઓજાર.

ખોલિબાન જુઓ ખોલબન.

ખોલી ૧. જી. ઓરડી; નાની કોટડી.
૨. જી. કાજળની કે પતરાની ભૂંબળી.
૩. જી. ચરેડી
૪. જી. બલતો કરવાનું એક ઓજાર.
૫. જી. દરવાજો.
૬. જી. ધાતુનું પોલું અને ચૂડી જેવું લાકડી કે છત્રીના ઉપરનું ઢાંકણ.
૭. જી. પોક પાડવા દોરાની બનાવેલી ઝોળી.
૮. જી. લાકડાની પોડી.

ખોલું ૧. ન. ખીચડી વગેરેનો દાઝેલો પોપડો.
૨. વિ. ઉઘાડું; ખુલ્લું રહેતું હોય એવું.
૩. વિ. ઢીલું; બંધબેસતું ન હોય એવું

ખોલો ૧. પું કપડું સિલાઈમાં બરાબર બંધબેસતું ન આવતાં તેનો ઉપસેલ રહેતો ભાગ.
૨. [સં. ખર] પું. ખર; ગધેડો.
૩. પું. ગમાર; મૂર્ખ.
૪. પું. બે જુદાં જુદાં કપડાં સાથે જોડતાં તેમાંનું એકાદું માપમાં ઓછું વધતું થતાં કપડામાં પડતો સળ.

ખોલ્ક ૧. પું. ખરતો તારો.
૨. પું. મહ.

ખોલ્લુક ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૮ ગુરુ અને ૧૨ લઘુ મળી ૫૦ વર્ણની ૮૮ માત્રા હોય છે.
૨. પું. મંગળ નામનો ગ્રહ.

ખોવડાવવું (ખોવડાવવુ) સ. ક્રિ. ખુલ્લે એમ કરવું; ગુમાવરાવવુ.
રોટલો ખોવડાવવો = (૧) આજીવિકા બંધ થાય એમ કરવું. (૨) નોકરીમાંથી રજા આપવી.

ખોવણ જી. અક્ષૌહિણી.

ખોવર જી. કશ્મીર અને વાયવ્ય પ્રાંત તરફ બોલાતી એ નામની એક ભાષા.

ખોવરાવવું જુઓ ખોવડાવવું.

ખોવરાવું સ. ક્રિ. ખોવાય તેમ કરવું; જતું રહે તેમ કરવું.

ખોવસી ન. પંક્તિમેળાટમાં થતું એ નામનું ગાન. તેને ૧લી ૬ ઠ્ઠી માંત્રા અને પછી ૧૨ ઠ્ઠી પહોળી પાન થાય છે. આણીને છેડે પાંદડાનો ઝૂમખો હોય છે.

ખોવાખારો ૧. પું. ખોટ; તોટો; નુકસાન.
૨. પું. ખોવાનો પ્રસંગ; નુકસાન અભવાનો સમય.

ખોવાવું અ. ક્રિ. અબર ન રહે એવી રીતે વસ્તુનું પોતાની પાસેથી જતું રહેવું; ગુમ થવું; ગુમાવું

ખોવું ૧. અ. ક્રિ. મુક્ત થવું.
૨. [સં. ક્ષય્] સ. ક્રિ. ખોવે જવું; ફોગટ કે મિથ્યા બનવ તેમ કરવું.
૩. સ. ક્રિ. કુમાર્ગે ખરચવું; ગુમાવવું.
૪. સ. ક્રિ. અબર ન રહે એવી રીતે વસ્તુનું પોતાની પાસેથી જતું રહેવું; ગુમ થવું.

૫ સ ક્રિ. ગેરસાલ થવો
૬ સ ક્રિ. ચૂકવું; ભૂલવું, ચૂકી જવું.
૭. સ ક્રિ. વેપારમા ખોટ, નુકસાન કે તોટો આવવા.
૮. સ. ક્રિ. હારવું; હારી જવું.

ખોશા (ખોશા) ૧. [ફા.] પું અનાજનું કોથળું.
૨. પું અંગૂરનું ગુચ્છ
૩. પુ. એરિસ.
૪ પુ. ગરોળો; ઝાડો.

ખોશાચીન (ખોશાચીન) ૧. [ફા.] પું. કોથળા એકઠાં કરનાર માણસ.
૨. પું પડેલા દાણા વીણી લેનાર પુરુષ.

ખોશાચીની (ખોશાચીની) સ્ત્રી. વીણીવીણીને એકઠું કરવું તે

ખોશિયો પું દંતકળની અંદર કાણા વિનાનો જમીનમાં લીટી પાડવા રખાતો નકામો દાંતો.

ખોસ સ્ત્રી (જૂ. ગુ.) લૂંટ.
તેહને શીશ ચડાવે શેષ,
પોત કે સમણો ધન ખોસ
આનંદકાવ્યમહોદધિ

ખોસવું ૧. સ. ક્રિ. ઘાસવું; ભોંચવું; જોરથી અંદર ધકેલવું.
ખોસી ઘાલવું = (૧) જોરથી અંદર ઘાલવું. (૨) પહેરવું.
૨. સ. ક્રિ. ચૂંટી લેવું.

ખોસા (ખોસા) ૧. [હિં.] પું. ઘાસ.
૨. [ફા.] પું. હલકી વરનો માણસ.
૩. સ્ત્રી. સિપની સરહદ ઉપરની એ નામની એક જાતવાખોર જાત.

ખોસાવું સ. ક્રિ. અંદર ઘરાવું; એની મેળે દાખલ થવું; ધસાવું.

ખોસો વિ. પું. અમરકારી; જંગલી; જડસો.

ખોહ ૧. [સં. ક્ષોભ] પું. બીક; ભય.
૨. [સં. ગુહા] સ્ત્રી. કોતર; ખો; ગુફા.
૩. ન. એ નામનું એક નરક.
૪. ન. કૂપકું.

ખોહાઉ સ્ત્રી. અકળામણ.
આવત દેખત આધિયા, પોઢા ઝટ ઝિલનાર;
સાવી રાજે સેવક મળી, ખોહાઉ દળ ખેંચનાર.
દુહો

ખોહાણ પું. નદીના કિનારાનો ઢોળાવ; નદીની ઉંચી ઢળતી કિનાર; નદીની ભેખડ.

ખોહારી સ્ત્રી. નારા; પાયમાલી, બરબાદી; ખુવારી.

ખોહો ૧. પું. ખોસનારો.
૨. પું. ઠઠ્ઠારે ઊભો રહેનારો.
૩. પું. મોટો મૂરખો.
૪. પું. લાંગિયો; શરીરે લઢ વધુ આછાસુ માણસ
૫. સ્ત્રી. નખોલ; ગુફા.
૬. વિ પું. અમરકારી; જંગલી

ખોળ ૧. પું. ગુમચર; જાસુસ.
૨. પું. ઢોરનો ખોરાક; તેલીબિયાંને માણીમાં પીલી તેલ કાઢી લેતાં બાકી રહેતો કૂચો.
૧. ખોળનું બરાક ઘાંચી = રંગીને રંગી, ભંગીને ભંગી; સરખા સ્વભાવના માણસો એકઠા થાય તે.
૨. ગોળ અને ખોળ એક ભાવે = ટકે શેર ભાજી ટકે શેર ખાજા; સારા નરસાની એક જ કીમત.
૩. સ્ત્રી. અસ્તર; ખોળિયું; ગલેફ.
૪. સ્ત્રી. એક જાતનું મદ્રાસી હસ્તવાદ્ય.
૫. સ્ત્રી. ખોજ; ગોત; તપાસ; તલાશ.
૬. સ્ત્રી. ચામડીનું ઉપલું લાલ પડ.
ખોળ ઊતરવી = (૧) ઉપલી ચામડી ઊતરી જવી. (૨) ચિરાઈ જવું. (૩) બહુ વધારે કીમત આપવી.
૭. સ્ત્રી. ખલરી; ખાણના મોઢા ઉપર કે મરીન લોસેના કૂવા ઉપર પતરી કે પાનનું ઢાંકણ.
૮. સ્ત્રી. પથ્થર ખોદવાનું મોટી લોઢાની વપરાતું એક ઓજાર.
૯. સ્ત્રી. પોલાદનું; કરચલી.
૧૦. સ્ત્રી. ભેંસનાં શીંગડાંનો અણીવાળો નાનો ભાગ.

ખોળકહાર વિ. શોધક; શોધી કાઢનાર.

ખોળખંખી સ્ત્રી. ખૂની નાળ ખોલીને પાછી જડવાની ક્રિયા.

ખોળજો પું. ખોળો; ખોળા માટે કવિતામાં વપરાતું રૂપ.

ખોળવું ૧. સ. ક્રિ. અગ્નિસંસ્કાર કર્યા પછી કોઈ અસ્થિ બાકી વગર રહી જતું નથી તે જોવા બળેલ શબના ભાગ છૂટા પાડવા.
ખોળી ખોળીને આણ્યો,
જેમ લોટુ ગાને લુહાર રે. જોને ભગત
૨. સ. ક્રિ. તપાસ કરવી; તપાસવું; શોધવું; જે વસ્તુ હયાતીમાં હોય છતાં જડતી ન હોય તે મેળવવા માટે પ્રયાસ કરવો. ખોળવામાં ચતુરાઈ, ઝીણવટ અને યુક્તિની જરૂર પડે છે.

ખોળંખોળા સ્ત્રી. ખોળાખોળા; શોધાશોધ.

ખોળંબવું સ. ક્રિ. ઢીલ કરવી; વિલંબ કરવો.

ખોળંબે ૧. અ. ઊંચે.
૨. અ. આંબરે; ખૂણેખાંચરે.
૩. અ. ઢીલમાં.
૧. ખોળંબે ચડાવવું = મુલતવી રાખવું.
૨. ખોળંબે પડવું = અટકી પડવું; ઢીલ થવી.
૪. અ. મુશ્કેલીમાં.
૫. અ. લબાણે.
૬. અ. વાંધામાં.

ખોળંબો ૧. પું અટકાવ; અંતરો; ઠાળસેપ; ઢીલ; વિલંબ.
૨. પું. વાંધો.

ખોળંબે જુઓ ખોળંબે.

ખોળંબો જુઓ ખોળંબો.

ખોળાકાંકરી સ્ત્રી. એ નામની એક દેશી રમત; બેડી કૂકરી.

ખોળાખંખોળા જુઓ ખોળાંખંખોળાં.

ખોળાખૂંદણ જુઓ ખોળાખુંદણ.

ખોળાખુંદણ ૧. ન. બાળક.
૨ વિ. ખોળામાં બેસી રમનાર.

ખોળાખોસી જુઓ ખોળાખોળા.

ખોળાખોળ સ્ત્રી. ગોતાગોત; તપાસ; તલાશ; શોધાશોધ.

ખોળાખોળી જુઓ ખોળાખોળ.

ખોળાડિયા (ખોળાડિયા) ૧. સ્ત્રી. વનસ્પતિની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોળાઠીકરી સ્ત્રી ખોળામાં ઠીકરી સંતાડી તે શોધી આપવાની એક રમત.

ખોળાઢંઢોળા પું. બ. વ. ખૂણેખાંચરે શોધાશોધ; બારીક તપાસ.

ખોળાદાન ૧. ન. વામમાર્ગીઓની એક નિર્લજ્જ ક્રિયા.
૨. ન. વિષયસુખ; સંભોગ.

ખોળાધર પું. જમીન; હાથી; ખોળાધરી આપનાર ખોળાધરીનું માણસ.

ખોળાધરી સ્ત્રી જમાનગરું; જમીનગીરી; બાહેધરી; હામી

ખોળાભરણું ન. અધરણી; અધરણીનો ખોળો ભરવાની ક્રિયા; સીમંત.

ખોળામૂળા પું બ વ. મેમણ કોમમાં સગપણ વગેરે શુભ પ્રસંગે સગાં સ્નેહીને સાકર વગેરેની અપાતી લાણ

ખોળાવરાવવું સ ક્રિ. શોધવામાં મદદ કરવી; તપાસ કરાવવી; શોધાવવું.

ખોળાવવું સ. ક્રિ. ખોળવાનું કહેવું; ખોળે એમ કરવું.

ખોળાવું ૧. અ. ક્રિ. તપાસાવું; ફેંદાવું; શોધાવું.
૨. અ. ક્રિ. બગડી જવું.

ખોળાસુખડી (ખોળાસુખડો) સ્ત્રી. ગામના પટેલ કે બીજા હકદારને ખોળામાં બેસતો લાગા તરીકેનો હાલો.

ખોળાંખંખોળાં સ. વ. ન. ખૂણેખાંચરે જાની રીતે જોવું તે; ખૂબ બારીક તપાસ; ફાંફાં.

ખોળાંખાંખાં જુઓ ખોળાખંખોળાં.

ખોળિયું ૧. ન. ઉપરનું ઢાંકણ; ખોળ; ખોપ; તગાર, ગોદડાં વગેરે ભરવાનું ખેરવું કપડું.
૨. ન. કલેવર; કાયા; દેહ; શરીર.
૧. ખોળિયામાં જીવ આવવો = (૧) ચેન વળવું; જીવ ઠેકે બેસવો; જીવને શાંતિ થવી; નિરાંત થવી. (૨) ફાગ કે ગભરાટથી ઊડી ગયેલ જીવ પાછો આવવો; ભાનમાં આવવું
૨. ખોળિયામાંથી જીવ ઊડી જવો = (૧) ઉચાટ થવો; ગભરાટ થવો; ગભરામણ થવી. (૨) બેસુધ થવું.
૩. હરામખોરનું ખોળિયું = ધુત્કાર.
૩. ન. બોર્ડાઢિમાની રમતમાં વપરાતો એક શબ્દ. ખોળિયાવાળો બે દાવ લે છે.

ખોળી ૧. સ્ત્રી. ઓરડી; ખોલી.
૨. સ્ત્રી. કાગળની કે પતરાંની ભૂંગળી.
૩. સ્ત્રી. ગપેડી.
૪. સ્ત્રી. ગલતો કરવાનું એક ઓજાર.
૫. સ્ત્રી. હરવાળે.
૬. સ્ત્રી. ધાતુની કૂકશી; ધાતુનું પોલું અને મૂઠી જેવું વસ્તુના ઊભા ઉપર રક્ષણ માટે ચોડવેલું ઢાંકણ.
૭. સ્ત્રી. પોંક પાડવા દોરાની બનાવેલી ઝોળી.
૮. સ્ત્રી. લાકડાની બોડી.

ખોળું સ. સાંગડાં ઉપર લપેટાતી ખોળ.

ખોળો ૧. પું. અધરણી; પહેલી વારનો ગર્ભાધાન સંસ્કાર; સીમંત.
૧. ખોળે બેસવું = અપુત્ર પિતાના વારસ થવું; દત્તક લેવાવું.
૨. ખોળે બેસાડવું = દત્તક કરી લેવું; પુત્રીકૃત કરવું, સંતાન તરીકે સ્વીકારવું.
૩ ખોળો ફાટલો-ભરાવો = આંતરા રહેવી; ગર્ભ રહેવો; સીમંત આવવું.
૪. ખોળો ભરવો = (૧) અધરણી કરવી; પહેલી વારનો ગર્ભાધાન સંસ્કાર કરવો. પ્રથમ ગર્ભાવસ્થામાં આઠે, છઠ્ઠે કે આઠમે મહિને ઓને આ સીમંતોન્નયન સંસ્કાર કરાય છે.
(૨) નાગરી જ્ઞાતમાં જો પ્રથમ ઋતુમતી થાય ત્યારે ચોથે દિવસે તેના ખોળામાં સાત પ્રકારનાં ફળ નાખવામાં આવે છે તે વિધિ કરવી.
૫. ખોળો વીસમરો = બાળક મરી ગયા પછી બીનાં બિજર તરફનાં માણસોએ બોડો વખત તેને બિજર તેડી જવું.
૬. છેલ્લા ખોળાનું = સૌથી નાનું.
૭. પહેલા ખોળાનું = (૧) બેજ; સૌથી મોટું. (૨) ઘાડકું; અક્કેરબાનીવાળું.
૨. પું. અંક, ઉત્સંગ; પલાંઠીએ બેસતાં અથવા ઊભે પગે બેસતાં પેટથી બંને બંધ ઉપરનો ઘૂંટણ સુધીનો બનતો ભાગ.
૩. પું. અંજરખાની, પછેડીની કે પાલવની બે હાથ અથવા પગની વચ્ચે કોઈ લેવાને બનાવવામાં આવતી ઝોળી; ખોળાના ભાગ ઉપર રાખેલ કપડું કે ઝોળી.
૧. ખોળામાં આવું પણ મૂખ વિના આવે નહિ અને જગામાં આવું પણ ઊઘટ વિના આવે નહિ = મન વગરનું બધું નકામું.
૨. ખોળે બાળવું બોડું = અયોકસ; અનિશ્ચિત.
૩. ખોળે બેસાડવું = (૧) કન્યાને સાસુ કે સસરાના ખોળામાં બેસાડવાની એક વૈવાહિક રીત. (૨) સંતાન કરી લેવું; દત્તક કરવું.
૪. ખોળો ખૂંદવો = ખોળામાં રમવું.
૫. ખોળે પાથરવો = આજીજી કરવી; કલાવાલા કરવા; કરગરવું. દીનતાથી પ્રાર્થના કરવી; માફી માગવી.
૬. ખોળો વાળવો = (૧) કપડાંની ઘડી વાળવી. (૨) ખોળામાં લેવું.
૪. પું. આશરો; આશ્રય.
૧. ખોળે બેસવું = આશરે જવું; આશ્રય લેવો.
૨. ખોળે માથું મૂકવું = તાબે થવું; શરણે જવું; સંકટમાંથી મુક્ત થવા કોઈ સમર્થની સહાય કે ઓથમા જઈ રહેવું.
૩ ખોળે લેવું = (૧) રાખવું. સ્વીકારવું. (૨) સંતાન કરી લેવું; દત્તક લેવું.
૪ ખોળે સોંપવું = આધ.ન કે આશ્રય સમજી કાળજી કરવા; કોઈની સંભાળ નીચે આપવું
૫. ખોળે હોવું = કોઈના આશ્રય કે આધાર નીચે હોવું
૫. પુ. જન્મ.
૬. પું. ભાગબટાઈ ખેડમાં ખેડ પાસેથી લેવાની એક જાતની સેતરી.
૭ પું. યોનિ; ઓની જનનેન્દ્રિય.

ખોંખલી સ્ત્રી. સોડી.

ખોંખલો પું. ઉધરસ; ઠસ; ખાંસી; ઠાંસો.

ખોંખાર પું. ખોંખારો; મોઢું બંધ રાખી ગળામાંથી અવાજ કરવો તે.

ખોંખારવું ૧. અ ક્રિ. ઉધરસ ખાવી, ખૂંખારવું; ખોંખારો થાય એમ ઠાંસવું; ગળામાંથી બલાતો સાદ કાઢવો.
ખોંખારીને કહેવું-બોલવું = ખુલાસાથી સ્પષ્ટ રીતે જે તે કહી દેવું; ખુલાસો કરવો; ચોખ્ખું જણાવી દેવું.
૨. અ ક્રિ. તોરમાં કે અહંકારમાં ધાંટો પાડીને બોલવું.
૩. અ ક્રિ. પોતે છે એમ અસ્તિત્વ બતાવવાને ગળામાંથી અવાજ કરવો.
૪. જુઓ ખૂંખારવું.

ખોંખારિયું વિ. મગરૂર; ગર્વિષ્ઠ; અભિમાની.

ખોંખારો ૧. પું. ખૂંખારો; ધાટો; ગળામાંથી કઢાતો અવાજ.
ખોંખારો કરવો-ખાવો-મારવો = (૧) ઉધરસ ખાવી. (૨) કોઈ પણ કાર્ય પરત્વે દિમતપૂર્વક નિશ્ચય કરવો. (૩) કોઈનું ધ્યાન ખેંચાય તેમ અવાજ કરવો. (૪) પડકાર કરવો. (૫) મગરૂર થવું. (૬) મરદાઈ બતાવવી. (૭) સંતા કરવી.
૨. પું. પુરુષાતનની નિશાની; મરદાનગી.

ખોંખી સ્ત્રી. ઉધરસ.

ખોંખોં પું ઉધરસનો અવાજ.
ખોંખોં કરવું = ઉધરસ ખાવી.

ખોંગાહ પું. ધોળો અને બદામી ઘોડો.

ખોંચ ૧. પું. એક જાતનો બગલો.
૨. સ્ત્રી. અડચણ; વાંધો; હરકત.
૩. સ્ત્રી. કમીનો, કસર; ખોટ.
૪. સ્ત્રી. કાણું; છિદ્ર.
ખોંચ મારવી = ઊંધા કુહાડેથી ઘડવું; પાછો કુહાડો ઠોકવો.
૫. સ્ત્રી. કપડાનો કાપ કે ચીરો, ફાડ.
ખોંચ લાગવી = નખથી ફાડી નાખવું.
૬. સ્ત્રી. આડો; આણ; આંચો; ખોભણ.
૭. સ્ત્રી. મૂંઝવણ; મુશ્કેલી.
૮ સ્ત્રી. ભૂલ, ચૂક.
૯. સ્ત્રી મૂઠી
૧૦ સ્ત્રી મૂઠીમા સમાય તેટલું અન.
૧૧. સ્ત્રી. રસ્તો.

ખોંચદાર વિ ખાંચાવાળું. ખોંચવાળું.

ખોંચરી સ્ત્રી. ખંડોળી.

ખોંચાખાંચી સ્ત્રી. અરસપરસ ફજેતો.

ખોંચાખોંચ સ્ત્રી. ભૂલચૂક, ઠોભ.

ખ્યાતવ્ય

ખોંચી ૧. [હિં.] સ્ત્રી. કૂવા પાસે ખાલડી લઈને આવનાર સિસ્તીને પાણી ભરનારે આપવું પડતું મહેનતાણું.
૨. સ્ત્રી. ખોંચો.
૩. સ્ત્રી. નજીવી ખરીદી.
૪. સ્ત્રી. રોકવાના દાણાનો અમુક ભાગ જે રોકવાની મજૂરી માટે રોકનાર લે છે તે.

ખોંચ ૧. પું. ખામી, તંગી.
૨. પું. ઉપરચિંતી; પ્રપંચ.

ખોંટો ૧. પું. ખીલો.
ખોંટાના બળ પર કૂદવું = રક્ષણને લઈને ઉદ્ધત થવું.
૨. પું. પક્ષીનો માળો.
૩. પું. રક્ષણ; બચાવ.

ખોંડ પું. ઓરિસામાં વસતા એક જાતના લોક. તેઓ પૃથ્વમાં પૃથ્વી દેવીની પૂજાને અગ્રસ્થાન આપે છે.

ખોંડકલ પું. પોલાણ; ગુહા.

ખોંડર ૧. પું. અનાજ અસેલા પછી અગાવાડામાં પડી રહેલા દાણા.
૨. પું. ઝાડનો પોલો ભાગ.

ખોંડલું વિ. દાંત વગરનું; બોખું.

ખોંડો પું. પક્ષીનો માળો.

ખોંધાખોંધ સ્ત્રી. કુસંપ; અટપટ; તકરાર.

ખોંપ ૧. સ્ત્રી. તક; કાટ.
૨. સ્ત્રી. લાંબો અભિપ્રાય.

ખોંપો ૧. પું. ઝાડ રાખવાનો ખેડો.
૨. પું. ખાજનો ખૂણો.
૩. પું. મચાળાની માંદ.
૪. પું. માચાનો ઓટલો.
૫. પું. લાંબો અભિપ્રાય.
૬. પું. ઢોલની લાકડી. તેમાં ચામડું રાખવામાં આવે છે.

ખોંભાલી સ્ત્રી. સિંધમાં વણકર તરીકે કામ કરતી એ નામની એક જાત.

ખોંખી સ્ત્રી. મેમણ બોલીમાં સગપણની. ચૂંદડી ઓઢાડવાની ક્રિયા.

ખોંબલો પું. કસુંબા રંગનો પટોળો.

ખોંબાત્રી પું. કસુંબગર; રંગરેજ.

ખોંભાનાડું (ખોંભાનાડું) ન. નાડાપટ્ટી, સૂતરના જુદા જુદા રંગના દોરા.

ખોંભો જુઓ ખોંબલો.

ખોંસવું ૧. [હિં.] સ. ક્રિ. કોઈ વસ્તુ સ્થિર રાખવા માટે તેનો અમુક ભાગ કોઈ બીજી વસ્તુમાં ભરાવો; જોરથી દાખલ કરવું.
૨. સ. ક્રિ. ઘુસાડવું.
૩. સ. ક્રિ. ખોંચવું.
૪. સ. ક્રિ. ચૂંટી લેવું.
૫. સ. ક્રિ. ભરવું
૬. સ. ક્રિ. સાથે બાંધવું.

ખોંસા ૧. સ્ત્રી. કસુંબીની એ નામની બટક.
૨. સ. એ નામની બટકનું માપસૂત્ર.
૩. વિ. એ નામની બટકનું.

ખો [પ્ર.] ન. અનાજ રાખવાનું ખોંપરું.

ખો ખો અ. ક્ષુધાનો અતિ આતુરતાદર્શક ઉદ્‌ગાર.
ખો ખો કરવું = ક્ષુધાનું બેભાનપણું બતાવવું.

ખોઈ (ખોઇ) ૧. [અ.] પું. ગાઢ વિચાર; મનન
ખોઈ કરવું = ગાઢ વિચારમાં પડવું.
૨. પું. નિશ્ચય કરવો તે.
૩. પું. શોધ.
૪. પું. સલાહ લેવી તે.

ખોઈ (ખોંઇ) [હિં.] સ્ત્રી.; ન. ત્રિપુંડ; મસ્તક ઉપર ચંદનનું આડું અથવા ધનુષાકાર તિલક, સ્ત્રિયના ભાલનો કપાળ ઉપર ચંદન કેસરથી કરે છે તેવું તિલક.

ખોઈ [પ્ર.] સ્ત્રી. તપાસણી.

ખોપ (ખોપ) [અ.] પું. બીક.

ખોફ (ખૌફ) ૧. [અ.] પું. ક્રોધ; ગુસ્સો.
૨. પું. બીક; ભય.

ખોફનાક (ખૌફનાક) વિ. બીકાળું; ભયાનક.

ખોફરબ્બ (ખૌફરબ્બ) [અ.] પું. રામ.

ખોર ૧. પું. લેપ.
૨. સ્ત્રી. ત્રિપુંડ.
૩. સ્ત્રી. માળી પહેરવાની એક જાતની ટોપી.
૪. સ્ત્રી. ઓજારનું માથાનું એક પરોણું.
૫. [હિં.] ન. સુકાઈ ગયેલું ઝાડ.

ખોરરેખા સ્ત્રી. કાજળની લીટી.

ખોરાસ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ચંચિત છંદનો એક ભેદ છે. તેના નગણ, યગણ, તગણ અને લઘુ મળી દસ વર્ણ હોય છે.

ખોરો ૧. પું. એક જાતની ખરાબ પુંજણી.
૨. [ફા. ખોરા] પું. ઘેટાના બચ્ચા ઉતારવા તે.
૩. પું. સડો
૪ વિ ખોરું

ખોરી ૧. સ્ત્રી. ખોપરી; કપાલ.
૨. સ્ત્રી. સાધ. સોનીઓની ભોંસીમાં રાખ માટે આ શબ્દ વપરાય છે.

ખોરૂ ૧. પું. ખરીથી જમીન ખોદવી તે.
૨. પું. ટંટો; ઝિસાદ.
૩. [હિં.] પું. બળદનું ભારભરવું તે.

ખોલ [હિં] ન. માપ.

ખોલતા વિ. ઊકળતું; બાળી નાખે એવું.

ખોલન સ્ત્રી. ઊકળવું તે.

ખોલવું ૧. સ. ક્રિ. ઊકળવું.
૨. સ. ક્રિ. મનમાં બળવું.

ખોલા જુઓ ખોલ.

ખોલાખમ વિ. ગંદુ.

ખોલાવવું ૧. સ. ક્રિ. બાળવું; ઉકાળવું.
૨. સ. ક્રિ. મનમાં બાળવું

ખોળા ન. એ નામનું એક જનવર.

ખૌખી [હિં.] પું. ઉખરસનો અવાજ.

ખૌખૌ [હિં.] પું. ઉખરસનો અવાજ.
ખૌખૌ કરવું = ઉખરસ આવી.

ખૌચ [હિં.] સ્ત્રી. બંને હાથની હથેળા જોગી કરીને અનાજ કે પાણી રાખવા માટે બનાવેલ ખોબો.

ખૌચા ૧. પું. એક જાતની પેટી.
૨. પું. સાદાજનો માળો.

ખૌરા [હિં.] સ્ત્રી. ભુજામાં ચીરો.

ખૌસમ (ખૌસમ) [હિં.] પું. ખૂનો ખોડો.

ખ્યંગ સ્ત્રી. બજારમાં વપરાતી એક ભાષા.

ખ્યા ૧. સ્ત્રી. ખ્યાતિ.
૨. [સં. ખ્યા (કહેવું)] સ. ક્રિ. કહેવું; જાહેર કરવું.
૩. સ. ક્રિ. (ધાતુ) વખાણ કરવાં; વખાણવું. તે ઉપરથી ખ્યાત, પ્રખ્યાત, વિખ્યાત, ખ્યાતિ, પ્રખ્યાતિ વગેરે શબ્દ થયેલા છે.

ખ્યાત ૧. [સં. ખ્યા (કહેવું)] સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ, પ્રસરતા; વખાણ.
૨. સ્ત્રી વાણી.
૩. ન. કથન; કથા; કહેવું તે.
૪. ન. ઘોષણા. જાહેરાત.
૫. વિ. કહેલું.
૬. વિ. જાણીતું; પ્રખ્યાત; પંકાયેલ.

ખ્યાતગર્હણ [સં.] વિ. નિંદેલ; નિંદા કરાયેલું.

ખ્યાતગર્હિત જુઓ ખ્યાતગર્હણ.

ખ્યાતવ્ય ૧. [સં.] વિ. જાણવા જેવું.
૨. વિ. વખાણવા જેવું.

ખ્યાતિ ૧. [સં.] પું. (પુરાણ) ઉલ્મુકના ૭ માંહેનો એ નામનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) તામસ મનુના પુત્રો માંહેનો એ નામનો એક.
૩. સ્ત્રી. આબરૂ; નામાંકિતપણું; પ્રશંસા, શાખ.
૪. સ્ત્રી. ઓળખ; ઓળખાણ; જાણીતાપણું; પ્રસિદ્ધિ.
૫. સ્ત્રી. કથન; વાદ.
૬. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંની એક અને ભૃગુ ઋષિની સ્ત્રી.
૭. સ્ત્રી. ઘરાકી
૮. સ્ત્રી. જ્ઞાન; સમજ.
૯. સ્ત્રી. પ્રકાશ; તેજ.
૧૦. સ્ત્રી. મહત્તત્ત્વ.

ખ્યાતિકર [સં.] વિ. વખાણ કરાવે એવું.

ખ્યાતિજનક જુઓ ખ્યાતિકર.

ખ્યાતિપંચક ન. (વેદાંત) મિથ્યા જ્ઞાન; ભ્રમ. તેનું પ્રતિપાદન જુદા જુદા શાસ્ત્રકારો જુદી જુદી રીતે કરે છે. તેને ખ્યાતિ પંચક કહે છે. એ પાંચ ખ્યાતિ આ પ્રમાણે છે: (૧) (શૂન્યવાદી) અસત્ખ્યાતિ, (૨) (ક્ષણિક વાદી) આત્મખ્યાતિ, (૩) (ન્યાય) અન્યથાખ્યાતિ, (૪) (મીમાંસક) અખ્યાતિ, (૫) (વેદાંત) અનિર્વચનીય ખ્યાતિ અથવા વિવર્તવાદ. ૧. અસત્ખ્યાતિ–દોરડીમાં અત્યંત મિથ્યા સર્પનું જણાવું તે બીજાને કહેવું તે. આ ખ્યાતિવાળા સર્વ જગત્ શૂન્યમાંથી ઉત્પન્ન થયું એમ કહે છે. આ કહેવું શૂન્યવાદી બાખ્યમિકનું છે. આ મત બૌદ્ધધર્મનો એક પેટા વિભાગ છે. ૨. આત્મખ્યાતિ–છીપની બહાર કયાંય પણ સાચો સર્પ નથી. દોરડીમાં પ્રતીત થનાર સર્પ ક્ષણે ક્ષણે પરિણામ પામનારી બુદ્ધિરૂપ છે. આમ બુદ્ધિરૂપ આત્મા સર્વરૂપે પ્રતીત થાય છે. આ ખ્યાતિ ક્ષણિક વિજ્ઞાનવાદીની છે. આ ક્ષણિક વિજ્ઞાનવાદ પણ બૌદ્ધ ધર્મનોજ એક પેટા વિભાગ છે. આ મતે પ્રતીત થતું સર્વ જગત્ બુદ્ધિરૂપ છે ૩. અન્યથાખ્યાતિ–રાકડા આદિ અન્ય સ્થળમાં જોયેલો સાચો સર્પ નેત્રના દોષથી છીપમાં દેખાય છે એમ કહેવું તે. આ નૈયાયિકો અને વૈશેષિકોનું કહેવું છે. તેમને મતે એક દેશમાં રહેલ સર્પનું અન્ય સ્થાનમાં એટલે દોરડી દેશમાં જણાવું થાય છે. આ ખ્યાતિનું અન્ય સ્વરૂપ આ પ્રમાણે છે: દોરડીનું મંદ અંધકારને લઈ દોરડીરૂપે જ્ઞાન નહિ થતાં બીજે રૂપે જ્ઞાન થાય છે તેમ એક પ્રકારના પદાર્થનું અન્ય પ્રકારે જણાવું તે અન્યથાખ્યાતિ. ૪ અખ્યાતિ–જ્યાં છીપમાં સર્પનું જ્ઞાન થાય છે ત્યાં બે અંશ હોય છે. એક દોરડીનું સામાન્ય પ્રત્યક્ષ જ્ઞાન અને બીજું સર્પની સ્મૃતિ. જોનારને ભય દોષને લીધે મને બે પ્રકારનું જ્ઞાન થયું છે એવું ભાન રહેતું નથી, પણ આ સર્પ છે એવું જ્ઞાન થયાનું જણાય છે. આ અખ્યાતિ છે અને તેને સાંખ્ય અને પ્રભાકર મતવાળા માને છે. ૫. અનિર્વચનીય ખ્યાતિ–આ ખ્યાતિ વેદાંતીઓ માને છે. નેત્રાદિક દ્વારા બહાર નીકળેલી અંતઃકરણની વૃત્તિ પદાર્થ સમીપ જાય છે અને પદાર્થને આકારે થાય છે. તેમાં પ્રકાશાદિ સહાય થાય છે. તેથી પદાર્થના આવરણનો ભંગ થાય છે. જ્યાં મહ અંધકારમાં પડેલી દોરડીમાં સર્પની ભ્રાંતિ થાય છે, ત્યાં અંતઃકરણની વૃત્તિ નેત્ર દ્વારા નીકળી અને પદાર્થ પર્યંત ગઈ પણ ખરી, પરંતુ પ્રકાશની સહાય વિના દોરડીનું આવરણ દૂર થયું નહિ, તેથી રજસ્ તથા તમોગુણથી ઉપહિત ચેતનને આકારે રહેલી અવિદ્યામાં ક્ષોભ થઈને તેના તમોગુણનું સર્પરૂપ પરિણામ થયું અને વૃત્તિ ઉપહિત ચેતનને આકારે રહેલા અવિદ્યામાં ક્ષોભ થઈને તેના સત્ત્વગુણનું સર્પના જ્ઞાનરૂપ પરિણામ થયું. એ સર્પનું જ્ઞાન અને સર્પ વસ્તુ સત્ નથી, કેમકે ઉત્તર કાળે તેનો બોધ થાય છે, તેમ અસત્ પણ નથી, કેમકે વર્તમાનકાળમાં તે દેખાય છે. એવી રીતે સત્ અસત્થી વિલક્ષણ સર્પનું અને તેના જ્ઞાનનું જણાવું અને કહેવું એ અનિર્વચનીય ખ્યાતિ છે

ખ્યાતેય પું. (પુરાણ) નીલ પરાશર કુળના ઉત્પન્ન થયેલો એ નામનો એક ઋષિ.

ખ્યાપક ૧. [સં. ખ્યા (કહેવું)] વિ. કબૂલ કરનાર
૨ વિ. કહેનાર; જણાવનાર; પ્રકાશ કરનાર; પ્રસિદ્ધ કરનાર
૩. વિ પ્રાપ્ત કરનાર; મેળવનાર.
૪. વિ સમજનારું; સૂચક; સૂચના કરનાર.
૫. વિ. સ્થાપક; સ્થાપના કરનાર.

ખ્યાપન ૧. [સં.] ન. ઉદ્ગાર; શબ્દ; બોલ.
૨. ન. એકરાર; કબૂલાત.
૩. ન. ખબર; સમાચાર.
૪. ન. ખ્યાતિ વધારવી તે; પ્રખ્યાત કરવું તે; વખાણ
૫. ન. જાહેરાત; નિર્દેશ; પ્રસિદ્ધ કરવું તે; પ્રસિદ્ધિ.
૬ ન ઠરાવ.
૭. ન બયાન; વર્ણન.
૮ ન નામ બોલાવાપણું; સોગન લેવા તે.
૯. ન. સમજવવું તે.
૧૦ ન. સૂચના; સૂચવવું તે.
૧૧. ન. સ્થાપના; સ્થાપના.

ખ્યાપના જુઓ ખ્યાપન.

ખ્યાપિત ૧. [સં.] વિ. જાહેર; પ્રસિદ્ધ.
૨. વિ. પ્રશંસા કરેલું; વખાણેલું.

ખ્યાર વ. એ નામનું એક ઝાડ; ગરમાળો

ખ્યાલ (ખ્યાલ) ૧. [ફા.] પું. અટકળ; આડસ્કો.
૨. પું. અભિપ્રાય; મત.
૩. પું. એક જાતનું ગાયન; ગાયનની એક જાત; સંગીતની એક પદ્ધતિ, લાવણી. ખ્યાલના ગાનારોમાં તાનબાજી વધારે હોવાથી લોકોને તે વધારે પ્રિય હોય છે. મુહમ્મદ આદિલશાહ મહમ્મદશાહના આશ્રય નીચે અદારંગ અને સદારંગ નામના બે મુખ્ય ગાયકોએ હજારો ખ્યાલો રચી આ પદ્ધતિને માર્ગ પાડ્યા ઉપર મૂકી પોતાના ઘણા શિષ્યોને શીખવ્યા.
૪. પું. એક જાતનો તાલ. તેની માત્રા, તેનું અંગ અને સ્વરૂપ ત્રિતાલ પ્રમાણે છે. તે ત્રિતાલનું જ જુદું સ્વરૂપ છે. તેની માત્રા સોળ છે.
૫. પું. કલ્પના; તર્ક
૬. પું. ઢેકો; પૂંઠ.
૭. પું. ક્રીડા; ખેલ; રમત.
૮. પું. ધ્યાન; વિચાર.
૧. ખ્યાલ કરવો = (૧) કલ્પના કરવી. (૨) યાદ કરવું. (૩) વિચાર કરવો.
૨. ખ્યાલ છોડવો = (૧) બરાબર ટેવ છોડી દેવી. (૨) પાછળ જવું.
૩. ખ્યાલ બહાર = મગજ ન ઊતરે એવું; ધ્યાનમાં ન આવે એવું
૪. ખ્યાલ બાંધવો = વિચાર કરવો.
૫. ખ્યાલ રહેવો = યાદ રહેવું.
૬. ખ્યાલ રાખવો = (૧) આદર રાખવો. (૨) કૃપાદૃષ્ટિ રાખવી. (૩) ધ્યાનમાં રાખવું.
૭. ખ્યાલથી ઊતરી જવું = ભૂલી જવું
૮. ખ્યાલમાં આવવું = સમજમાં આવવું.
૯. પું. સલૂકાઈથી વાતચીત કરવી તે; આદર.
૧૦. પું. સ્વપ્ન.

ખ્યાલટપ્પો પું. ખ્યાલ અને ટપ્પો; ગાયનનો એક પ્રકાર. કવિતામાં સામસામા આનંદને બાતર વાદવિવાદરૂપે હાથમાં ઠપ્પ લઈ લાવણી છપ્પા વગેરે બોલવા તેને ખ્યાલટપ્પો કહે છે.

ખ્યાલત જુઓ ખ્યાલ.

ખ્યાલતબાજી પું. ગાવું, નાચવું વગેરે પ્રકારના સુખોપભોગ.

ખ્યાલિયો પું. (સંગીત) ખ્યાલટપ્પા ગાનારો; ખ્યાલ પદ્ધતિથી ગાનારો.

ખ્યાલી (ખ્યાલી) ૧. [ફા. ખિયાલી (તાર્કિક)] વિ કલ્પિત; અનુમિત
૨. વિ. ખયાલ કે લાવણી જોડનારું.

૩. વિ. ખયાલ બનાવનાર.

૪ વિ. ખયાલ રાગ ગાનાર.

૫. વિ. ખેલ કરનાર.

૬. વિ. તરંગી; તર્કબાજ; તાર્કિક; હવાઈ.

૧. ખ્યાલી ખુશી = માની લીધેલ ખુશી.

૨. ખ્યાલી પુલાવ પકવવો = કૈખયાલી બનવું; હવાઈ કિલ્લા બાંધવા.

૭. વિ. મનસ્વી.

૮. વિ. વહેમી.

ખ્યાલીખુશાલી (ખ્યાલીખુશાલી) ૧. [ફા.] સ્ત્રી. આનંદ; મોજમજા; વિનોદ; વિલાસ.

૨. સ્ત્રી. જાનતાનમાં ખુશી રહેવું તે; નાચરંગ; રાગરંગ.

૩. સ્ત્રી. ઠઠ્ઠામશ્કરી; રમજ.

ખ્યાલો જ. પાળ; ધૂંધ.

ખ્યાલેશારીફ (ખ્યાલેશરીફ) [અ.] પું. ઉત્તમ વિચાર.

ખિજર વિ. ભૂલ્યાને રસ્તો બતાવનાર.

ખિષ્ટ [અં. ક્રાઇસ્ટ] પું. ઈસા મસીહ; ઈસુ.

ખિસ્તાન [હિં.] પું. ખ્રિસ્તી.

ખિસ્તીય ૧. [હિં.] વિ. ઈસા સંબંધી; ખ્રિસ્ત સંબંધી.

૨. વિ. ખ્રિસ્તી ધર્મ સંબંધી.

ખ્રિસ્ત [અં. ક્રાઇસ્ટ] પું. ખ્રિસ્તી ધર્મના પ્રવર્તક ઈસુ. ખ્રિસ્તનો અર્થ અભિષિક્ત એટલે દેવથી અભિષિક્ત થયેલો થાય છે. મૂળ હીબ્રૂ શબ્દનો આ ગ્રીક તરજુમો છે. તેનો અર્થ માણસોના તારનાર તરીકે મનુષ્યદેહમાં મોકલેલો પરમેશ્વરનો પુત્ર થાય છે. ખ્રિસ્ત એ ઈસુનું પદવીસૂચક નામ છે. તેનો મૂળ અર્થ તૈલાભિષેક અથવા તેલવાટી કરેલો એવો થાય છે. આગળ પડતી શોક રાજાઓને તથા મુકરર કરાવનારાઓને તેલવાટી કરતા, માટે એ બોલ ઈસુને લગાડવામાં આવે છે.

ખ્રિસ્તજયંતી સ્ત્રી. ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ.

ખ્રિસ્તધર્મી વિ. ખ્રિસ્તી ધર્મનો અનુયાયી; ખ્રિસ્તી ધર્મને માનનાર.

ખ્રિસ્તપૂર્વ જ. ઈસવી સન પૂર્વે.

ખ્રિસ્તાપૂર્વી જ. ઈસવી સન પૂર્વે.

ખ્રિસ્તાબ્દ જ. ઈસવી સન; ખ્રિસ્તી સન.

ખ્રિસ્તી ૧ પું. ઈસુ ખ્રિસ્તના ધર્મને માનનારો માણસ; 'ક્રિશ્ચિયન'. આ નામ પ્રથમ અંતોખ શહેરમાં ઈસુના અનુયાયીઓને આપવામાં આવ્યું હતું.

૨. વિ. ઈસુ ખ્રિસ્ત સંબંધી.

૩. વિ. ઈસુના ધર્મનું.

ખ્રિસ્તીકરણ ન. ખ્રિસ્તી નામ આપવાનો સંસ્કાર.

ખ્રિસ્તી સન પું. જે નામનો એક સન. ખ્રિસ્તી ધર્મસંસ્થાપક ઈસુ ખ્રિસ્તના જન્મકાલનો આ શક છે. આ સનનું વર્ષ સૌર છે. આ સનનો પ્રારંભ જાન્યુઆરીની પહેલી તારીખે થાય છે.

ખ્રિસ્તી સંવત જુઓ ખ્રિસ્તી સન.

ખ્રિસ્તીસ્થાન ન. ખ્રિસ્તી ધર્મના અનુયાયીના વસવાટવાળું સ્થળ.

ખ્રિસ્તેતર વિ. ખ્રિસ્તી સિવાય બીજા ધર્મવાળું; પરધર્મી.

ખ્વાઇશ [ફા. ખ્વાહિશ] સ્ત્રી. ઇચ્છા; મરજી.

ખ્વાજેગ જુઓ ખ્વાજગિ.

ખ્વાજા (ખ્વાજ) ૧. [ફા.] પું. ઊંચા દરજ્જાનો મુસલમાન ફકીર.

૨. પું. બોલો; રાણીવાસનો નપુંસક નોકર.

૩. પું. પ્રસિદ્ધ પુરુષ.

૪. પું. માલિક

૫. પું. મોટો વેપારી.

૬. પું. સદ્‌ગૃહસ્થ.

૭. પું સરદાર.

૮. પું. હાકેમ; 'ગવર્નર'.

૯. સ્ત્રી. બોલની એ નામની જાત.

૧૦. જ. એ નામની જાતનું માણસ.

૧૧. વિ એ નામની જાતનું.

ખ્વાજાખિજિર (ખ્વાજાખિજિર) પું. જે નામનો મુસલમાની મહંત. સિંધમાં હિંદુઓના જિંદા પીર જે જ મુસલમાનોના ખ્વાજાખિજિર છે.

ખ્વાજાખિજીર (ખ્વાજાખિજીર) [ફા.] પું. એ નામના એક પેગંબર. તે દૈવી જ્ઞાનમાં પ્રવીણ હતા. તેણે અમૃત શોધી પાડ્યું હોય એમ મનાય છે અને તેથી તે પાણીના દેવ મનાય છે. મુસલમાનો વાદરવા મહિનાના શુક્લપક્ષની સાંજે તેના માનમાં નાના તરાપા ઉપર ફાનસ ફૂલ વગેરે મૂકી તેને નદીમાં વહેતાં મૂકે છે.

ખ્વાજાખિજૂ (ખ્વાજાખિજૂ) જુઓ ખ્વાજા-ખિજર.

ખ્વાજાઝાદા (ખ્વાજાઝાદા) [ફા.] પું. નાના શેઠ.

ખ્વાજાતારા (ખ્વાજાતારા) [ફા.] પું. શુક્રગ્રહ.

ખ્વાજાનૂરઅલ્લમદ (ખ્વાજાનૂરઅલ્લમદ) પું. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરનાર એ નામનો મુસલમાની સંત. તેણે પોતાના પંથનો ફેલાવો સિંધ અને પંજાબમાં કર્યો. તેનું મરણ ઈ. સ. ૧૭૬૧માં થયું હતું.

ખ્વાજામુઈનઅલદીન (ખ્વાજામુઈનઅલદીન) પું એ નામનો એક પીર. ઈ.સ. ૧૧૪૨માં સિસ્તાનમાં તેનો જન્મ થયો હતો. તે વખતના લગભગ બધા મોટા ગુરુઓની મુલાકાત લેવાના હેતુથી તે મુસાફરીથી બગદાદ ગયો હતો અને ઈ. સ. ૧૧૯૩માં દિલ્હી આવ્યો હતો. પરંતુ ત્યાં રહેવું તેને ન ગમ્યું. છેવટે અજમેરમાં હિંદુઓના પવિત્ર તીર્થ પુષ્કરજી આગળ ત્યાં તેણે અડ્ડો જમાવ્યો. ઈ. સ. ૧૨૩૬માં તેનું મરણ થયું હતું. તે પવિત્ર હોઈને ખ્વાજા એટલે પવિત્ર કહેવાયો. હિંદી મુસ્લીમો તેને હિંદના પીરોના શહેનશાહ અગર સમ્રાટ માને છે.

ખ્વાજાસરા (ખ્વાજસરા) [ફા.] પું. પાવૈયો; હીજડો.

ખ્વાજગાં (ખ્વાજગાં) પું. જ. જ. બોલબો.

ખ્વાન (ખ્વાન) ૧. [ફા. ખ્વાન (મેજ)] પું. (જરમોસ્તી) પથ્થરનો ચોરસ તકતો; બકરનગાઢમાં વપરાતો પથ્થરનો તકતો. આ પથ્થરને ખ્વાન કહેવામાં આવે છે, કેમકે તેને મેજની માફક ચાર પાયા હોય છે.

૨. પું. મોટી રકાબી.

૩. પું. વાંચનાર.

ખ્વાનપોશ (ખ્વાનપોશ) [ફા. ખ્વાન (મેજ) + પોશીદન (ઢાંકવું)] પું. મોટી રકાબી ઢાંકવાનું લૂગડું.

ખ્વાનસામાન (ખ્વાનસામાન) [ફા.] પું. આનસામાન; ઘરનો નોકર.

ખ્વાનસાલાર (ખ્વાનસાલાર) જુઓ ખ્વાનસામાન.

ખ્વાની (ખ્વાની) [ફા.] સ્ત્રી. મોટે બોલવું તે.

ખ્વાન્ચા (ખ્વાન્ચા) [ફા.] પું. નાની રકાબી.

ખ્વાબ (ખ્વાબ) ૧. [ફા.] પું. નિદ્રા; ઊંઘ.

૨. પું. મખમલ.

૩. પું. સોણું; સ્વપ્નું.

ખ્વાબગાહ (ખ્વાબગાહ) [ફા. ખ્વાબ (નિદ્રા) + ગાહ (સ્થળ બતાવનાર શબ્દ)] પું. સૂવાનો ઓરડો.

ખ્વાબી (ખ્વાબી) ૧. વિ. સ્વપ્ન અવસ્થાવાળું; સ્વપ્નનું; સ્વપ્ન સંબંધી.

૨. વિ. સ્વપ્ન રચ્યા કરનારું.

ખ્વાબીદા (ખ્વાબીદા) [ફા.] વિ. ઊંઘણશી; સુસ્ત.

ખ્વાર (ખ્વાર) ૧. વિ. અનાદર પામેલ; તિરસ્કૃત.
૨. વિ. કલંકિત; દોષિત.
૩. વિ. ખરાબ.
૪. વિ. આર્થિ જનાર.
૫. વિ. ઘણું દુઃખી.
૬. વિ. લાગ્યેલું; મિત્ર વગરનું.
૭. વિ. પાયમાલ થયેલ; સત્યાનાશ પામેલ.

ખ્વારખ્વાર (ખ્વારખ્વાર) ૧. [ફા.] વિ. ઠંગલ; બરીબ.
૨. વિ. ખાનાર.
૩. વિ. ઘારડિયું.
૪. વિ. દુઃખી.
૫. વિ. બેહાલ; પાયમાલ.
૬. વિ. માણસને આર્થિ જનાર.

ખ્વારી (ખ્વારી) ૧. [ફા.] સ્ત્રી. અનાદર; અપમાન; તિરસ્કાર.
૨. સ્ત્રી. ખરાબી; પાયમાલી; બરબાદી.
૩. સ્ત્રી. બદલો; હલકાઈ.

ખ્વાસ્ત (ખ્વાસ્ત) [ફા.] સ્ત્રી. ઇચ્છા.

ખ્વાસ્તગાર (ખ્વાસ્તગાર) ૧. પું. ઉમેદવાર.
૨. વિ. ચાહનાર.

ખ્વાસ્તગારી (ખ્વાસ્તગારી) ૧. [ફા.] સ્ત્રી. બરજી.
૨. સ્ત્રી. ઉમેદવારી.

ખ્વાસ્તાર (ખ્વાસ્તાર) જુઓ ખ્વાસ્તગાર.

ખ્વાહ (ખ્વાહ) ૧. [ફા.] પું. ઇચ્છનાર માણસ.
૨. સ્ત્રી. ઇચ્છા; મરજી.
૩. અ. અથવા; કે.

ખ્વાહર (ખ્વાહર) [ફા.] સ્ત્રી. બહેન.

ખ્વાહાં (ખ્વાહાં) ૧. [ફા.] વિ. અનુરાગી; પ્રેમ કરેલું.
૨. વિ. ઇચ્છનારું.

ખ્વાહિર જુઓ ખ્વાહર.

ખ્વાહિશ (ખ્વાહિશ) ૧. [ફા.] સ્ત્રી. અભિલાષા; આકાંક્ષા; ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. અરજ; વિનતિ.
૩. સ્ત્રી. દરખાસ્ત; સલાહ.

ખ્વાહિશમંદ (ખ્વાહિશમંદ) [ફા.] વિ. આકાંક્ષી; ઇચ્છા રાખનાર; ઇચ્છાવાળું.

ખ્વાંદ (ખ્વાંદ) [ફા.] વિ. વાંચનું.

ખ્વાંદકાર (ખ્વાંદકાર) પું. મહેતાજી; વાચન શિખવાડનાર.

ખ્વાંદા (ખ્વાંદા) ૧. [ફા.] વિ. વાંચવા લખવાનું જાણનાર.
૨. વિ. વાંચેલું.

ખ્વેશ (ખ્વેશ) ૧. [ફા.] પું. કુટુંબ.
૨. પું. ભાઈ.
૩. પું. સગો.
૪. સ. પોતે.
૫. સ. પોતાનું; અંગત; પોતીકું.

ખ્વેશી (ખ્વેશી) [ફા.] સ્ત્રી. સગાઈ; સગપણ.

૧

અ

અ ૧. [સં.] પું. એક અલ્પપ્રાણ ઘોષ વ્યંજન; ગુજરાતી લિપિના મૂળાક્ષરમાંનો પહેલો અને વ્યંજનોમાંનો કંઠ્યવર્ગની ત્રીજો વર્ણ; એક સિદ્ધ વ્યંજન. દેવનાગરી અને અરબી લિપિના 'અ'માં બહુ ફેર નથી. તેથી ગુજરાતી અ તે બંનેમાંથી કઈ લિપિમાંથી આવ્યો હશે, તે વિષે કંઈ નક્કી કહી શકાય તેમ નથી. દેવનાગરી અ, આવો જ છે, જ્યારે અરબી અ આવો ઊ છે. આ બંનેનાં રૂપ જોતાં ગુજરાતી અ અરબી ઉપરથી થવાનો વધારે સંભવ જણાય છે. 'અ'ને કોઈ વ્યંજન જોડવો હોય તો 'ઁ' લખાય છે, એટલે કે 'અ'નો કાનો અલોપ થાય છે. અક્ષરનો મહાપ્રાણ ધ છે. લહિયાઓને પુસ્તક લખતાં સહેજ ઓડું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર તેઓ અટકતા નથી, કારણકે તેઓ માને છે કે 'અ અરધ હોવે'.

૨. પું. અશ્વ.

૩. પું. ગંધર્વ.

૪. પું. આનંદ.

૫. પું. (પિંગ) મુખ વર્ણ; ગુરુ માત્રા. લઘુનો ગુરુ.

૬. પું. (સંગીત) તાલનાં મુખ્ય છ અંગોનું પહેલું અંગ; મુખ્યાંગ; વાક; દીર્ઘ; દ્વિમાત્રિક; પ્રબળ; ગમુ; મુખલ; કલા; વાકો; ત્રિતાલવાળી; આઠ માત્રાનું અંગ; આઠ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

૭. પું. ત્રણ સૂચક સાંકેતિક અક્ષર.

૮. પું. (પિંગ) શુભ વર્ણ અંહેનો એક વર્ણ.

૯. પું. (સંગીત) સા, રી, ગ, મ, પ, ધ, ની એ સાત સૂરમાંનો ત્રીજો આધાર સૂર; આધાર રાગની સંજ્ઞા. તે દ્વિસ્વરી ઉત્પન્ન કરનાર તથા રહેવાનો ગ્રામ છે.

૧. ગ અંતર = કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વરો માંહેનો સાતમો સ્વર.

૨. ગ તીવ્ર = ચડી આંધાર; તીવ્ર આધાર; શુદ્ધ આંધાર; બાર સ્વર માંહેનો પાંચમો સ્વર.

૩. ગ શુદ્ધ = (૧) ઊતરી આંધાર; કોમળ આંધાર; બાર માંહેનો ચોથો સ્વર. (૨) કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વર માંહેનો પાંચમો સ્વર.

૪. ગ સાધારણ = કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વર માંહેનો છઠ્ઠો સ્વર.

૧૦. પું. સિદ્ધ.

૧૧. ન. ગીત; ગાયન.

૧૨. [સં. અગ્ (જવું)] વિ. ગતિ કરનાર; જનાર; હિલચાલ કરનાર. જેમકે, ખગ; ઊરગ.

૧૩. વિ. પ્રાપ્ત થનાર.

૧૪. અ. સમાસને છેડે 'ની સાથે સંબંધિત કરતું' એવો અર્થ જતાવનાર પ્રત્યય.

૧૫. [ગ] અ. સંબોધનમાં એલી, ઐલી, એઈ એવા અર્થમાં વપરાતો અવ્યય. આસ કરીને ઓખો વાતચીત કરવામાં, સંભારણ બોલવા બોલવામાં પણ 'અ' શબ્દ યોજે છે. તેનો ખાસ કોઈ હેતુ હોતો નથી. જેમકે, અ ઘરમાઁ = આઈ ઘર. એમાં 'અ'નો અર્થ થતો નથી.

અઅનમ પું. આકાશ; આસમાન.

અઈ ૧. સ્ત્રી. આશ્ચર્યસૂચન.

૨. સ્ત્રી. એક અવસ્થામાંથી બીજી અવસ્થાં જવું તે.

૩. [પ્રા.] સ્ત્રી. (જૈન) ગતિ; મૃત્યુ પછીની હાલત. ચાર ગતિનાં નામ: (૧) નરક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવતા.

૪. સ્ત્રી. ચાલ; ગમન.

૫. વિ.સ્ત્રી. ગયેલી; અતીત; વીતેલી; ભૂતકાળની.

૧. અઈ આગરૂ પાછી આવે પણ અઈ પલ પાછી ન આવે = ગયો વખત પાછો આવતો નથી.

૨. અઈ ઘડી-વાત જેવી રે વાંચતો નથી-અઈ તિથિ પાછલ પણ વાંચતો નથી = ભૂતકાળને ભૂલી જવો જોઈએ; થયું અણથયું થવાનું નથી; અઈ ગુજરી વિસારી મૂકવી; અઈ વાતનો શોક ન કરવો.

૩. અઈ ભુવાની અને આબો ભુટાપો તે પાંતીનો કેવો કુદાપો = અઈ પળ પાછી ન આવે; અઈ ગુજરી વિસારી મૂકો.

૪. અઈ પરમ દિને = અઈ કાલને આગલે દિવસે.

૫. અઈ રાતરે-રાતે-રાત્રે = આજના દિવસની પહેલી રાતે

૬. અઈ વાતનો શોક ન કરવો = કોઈ વસ્તુ અઈ ગયા પછી તેને માટે બળાપો કરવાથી અઈ ગયું તેમાં સુધરવાનું નથી.

૬. અ. ક્રિ. 'અવું'નું ભૂતકાળનું સ્ત્રીલિંગનું રૂપ.

અઈકાલે ૧. સ્ત્રી. તરતનો અગેલો દિવસ; આજના દિવસનો આગલો દહાડો.

૨. અ. હમણાં જ; ઘણો વખત થયો નથી એમ

અઈકાલે ૧. અ. આજનાથી આગલા દિવસે.

૨. અ. હમણાં જ; ઘણો વખત થયો નથી એમ.

અઈગુજરી સ્ત્રી. ગયેલી હકીકત; ભૂતકાળની બાબત. બનવાનું બની ગયું એમ દિલાસો લેતાં કે આપતાં આ શબ્દ વપરાય છે.

અઈણ સ્ત્રી. જંગલી ઢાંગર; અઢળાઉ ઢાંગર.

અઉઢોઅ [પ્રા.] વિ. મૂર્ખ.

અઉનાહી [હિં.] સ્ત્રી. ટાલ; બાજુમારી.

અઉ ૧. [સં. અન્તર] પું. આઉ; ગોસ; ગોઠ કે પોણાને આઈવનું અંતર.

૨. [સં. ગો] સ્ત્રી. (પ્રાકૃત) ગાય; ગૌ; ધેનુ; ગાવડી.

અઉચર [સં. ગો (ગાય) + ચર્ (ચરવું)] ન. ઢોરને ચરવાની જગ્યા; ચરો; ગોચર.

અઉત પું. એક જાતનો ઘોડો.

અઉદંતો પું. એક જાતનું ઝવેરાત. તે અકીક જેવો ચૂનળો પણ સહેજ લીલી ઝાંયનો હોય અને અકીક કરતાં અંદર સહેજ ચોખ્ખો હોય.

ગઉદાન [સં. ગો (ગાય) + દાન (આપવું તે)] ન. ગાયનું દાન; ગોદાન.

ગઉરિયા જી. ભગા; ઢોર કે કૂતરાં ઉપર બેસતી એક જાતની માખ.

ગઉમૂત્ર [સં. ગોમૂત્ર] ન. ગાયનું મૂતર.

ગઉરી [સં. ગૌરી] જી. (પ્રાકૃત) ગૌરી.

ગઉંટ પું. એ નામનો એક સાહિત્યકાર; અમર સાહિત્યસ્વામીઓ માંહેનો એક.

ગઉંડી પું. (કચ્છી) આસમાની ફૂલતાળો એક જાતનો વેલો; ગોકોણી; ગરણી. તેનાં બી કબજિયાત ઉપર અપાય છે.

ગઉમોસ્ટાઇઝર પું. (જરથોસ્તી) શુદ્ધિ કરાવનાર પુરુષ.

ગઉમોસ ન. (જરથોસ્તી) ગોમૂત્ર.

ગઉમોસાચરી જી. (જરથોસ્તી) કાનની વાળ; પારસીઓનાં લગ્નમાં કન્યાના બાપ તરફથી કન્યાને અપાતી વાળ.

ગઉર ૧. [સં.] પું. ન 'અસુર; અંજનો માંહેનો ત્રીજો અંજન.

૨. પું. ગ ઉચ્ચાર.

ગઉરાંત વિ. જેને છેડે ગકાર હોય એવું.

ગઉર ૧. [સં. ગૌડ] જી. પંજાબની વાયવ્યે રહેતી એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગગડિ જી. એક જાતની માછલી; 'હલેક'. તે સાંધી મુસાફરી કરી શકતી નથી.

ગગડ (ગગડ) પું. ગગડ એવો અવાજ.

ગગડવું (ગગડવું) ૧. અ. ક્રિ. ઊતરી જવું; ઓલું થવું; બેસી જવું. જેમકે, લાલ અમુક બીજના ભાવ ગગડી ગયા છે.

૨. [સં. ગર્જ્ (ગર્જના કરવી)] અ. ક્રિ ગગડ અવાજ કરવો; ઘોંઘાટ કરવો; નાદ કરવો.

૩. અ. ક્રિ. ગગડવું; ગોઠીમાં આવવું; તબે ઉપર બતાં ટાળને લીધે નીચાણ તરફ પડવું.

૪. અ. ક્રિ. ગાજવું; ગગડ એવો મોટો અવાજ થવો.

૫. અ. ક્રિ. નરમ પડવું; શક્તિહીન થવું.

ઢાંબા ગગડવા–ગગડી જવા = (૧) ગભરાઈ જવું (૨) શરીરના સાંધા નરમ પડવા. (૩) હિમ્મત હારવી.

૬. અ. ક્રિ. હિંમત ખોવી.

ગગડાટ (ગગડાટ) ૧. પું. ગગડાટ; ગગડ એવો અવાજ

૨. પું. બાકરો; પડાકો; ગર્જના.

૩. પું. મેઘનાદ; મેઘધ્વનિ; કડાકો.

૪. પું. હજી બાળ જેવો છોકરો; લાડ.

૫. ન. સપાટાબંધ; વગર વરસતે.

ગગડાવવું (ગગડાવવું) ૧. સ. ક્રિ. અવાજ કરવો.

૨. સ. ક્રિ. ગડગડે તેમ કરવું; ગગડાવવું.

૩. સ. ક્રિ. ગબડાવવું; કોઈ પણ આકારનું સિલાય કોઈ પણ ક્રમ કે પંથે ચલાવવા કરવો; કપાટાબંધ અને બટકણા વગર ક્રમ ચલાવવું.

મોળો ગગડાવવો = વખત બરબાદ કરવો.

૪. સ. ક્રિ. મુખ મુદ્રા એવી અવાજ થાય એવી રીતે મોંથી ચૂસવું; હુક્કો પીવો.

હુક્કો ગગડાવવો = હુક્કો પીવો.

૫ સ. ક્રિ. ગોળ બાંટા ફેરવવા.

ગગડી (ગગડી) જી. ગગો; છોકરી.

ગગડો (ગગડો) પું. ગગો; છોકરો.

ગગન ૧. [સં. ગગન] ન. આકાશ; આસમાન; આભ; અંબર

પતંગનું ગગન થવું = પતંગનું આકાશ જેટલું ઊંચું જવું.

૨. ન. વાદળ.

૩. ન. સ્વર્ગ; પરલોક.

ગગનચુંબી ૧. [સં.] વિ. આકાશને અડકે એવું; ઘણું ઊંચું.

૨. પું. ગગનચુંબી મકાન.

ગગનચુંબું ૧. અ. ક્રિ. ગગનચુંબી થવું; આભ, અમર વગેરેની પંક્તિએ આવી જવું.

૨. સ ક્રિ. ગગનચુંબી કરવું; અસંતોષ બતાવવો, બાનાકાની કરવી.

૩. અ. ક્રિ. નાકમાં બોલવું.

૪. અ. ક્રિ. મનમાં બબડવું.

ગગનચુંબી પું. ગગનચુંબવું તે

ગગન ૧. પું. (પિંગળ) એક પ્રકૃતિગીતિ માત્રામેળ છંદ. તે રાંપક ગીતિનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૩૬ લઘુ મળી ૫૦ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એક વિષમપ્રતિ માત્રામેળ છંદ. તે ૮૮મી છપ્પનનો એક ભેદ છે. તેમાં ૧૩૨ લઘુ અને ૧૦ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) છપ્પની જાતનો એક છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૧૨૮ લઘુ મળી ૧૪૦ વર્ણની ૧૫૨ માત્રા અથવા તો ૧૨ ગુરુ અને ૧૨૪ લઘુ મળી ૧૩૬ વર્ણની ૧૪૮ માત્રા હોય છે.

૪ પું. પરસ્ત્રીનું વાસનામાં કરેલું પકવાન; દગા; ચંદ્રકળા; કીર્તિકળા; મેઘનો એક જાતનો તળેલો પદાર્થ.

૫. પું. (પિંગળ) સવૈયાની જાતનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૪૭ ગુરુ અને ૩૦ લઘુ મળી ૭૭ અક્ષરની ૧૨૪ માત્રા હોય છે.

૬. ન. અભ્રરખ; અબરક.

૭. ન. આકાશ; અનંત; અંતરિક્ષ; અંબર; આભ; આભલું; આસમાન; ખ; નભ.

૧. ગગન ખેલવો = મોજનું ઊંચે ઊડવું.

૨. ગગન ગાજવું = વાદળાં અથડાવાથી અવાજ કરો.

૩. ગગન સાથે વાત કરવી = (૧) અસંબદ્ધિત વાતો કરવી; ફુલાવું; બડાઈ મારવી; મોટી મોટી વાતો કરવી; હવાઈ કિલ્લા બાંધવા. (૨) બહુ ઊંચું હોવું. મકાન બગલા વૃક્ષ વગેરે ઊંચું હોય ત્યારે તે માટે વાતો કરે છે તેમ અતિશયોક્તિ તરીકે વપરાય છે.

૪. ગગનનાં પક્ષી ગણવાં = અસંબદ્ધિત ક્રમ કરી અસ્તવ્યસ્ત ઉપસ્થવવી; આકાશનાં પક્ષી ગણવાં; મહાભારત ક્રમ પાર પાડવું; હાથમાં આવે નહિ એવી વસ્તુને હાથમાં લઈ લેવાની હોંસિયારી બતાવવી.

૫. ગગનનાં અજવાળાં મુજબી = તોરસ નામના સાત તારાનું ઝૂમખું.

૬. ગગનમાં ઊડવું = (૧) અદશ્ય થવું; અલોપ થઈ જવું; ગુમ થઈ જવું; જતું રહેવું. (૨) આકાશમાં ઊડવું; ફુલાવું; ફૂલીને ફાળકો થવું. (૩) નિષ્ફળ જવું; વ્યર્થ જવું.

૭. ગગનમાં ગાજવું = (૧) કોઈ પણ બાબત ન ગોપવી. (૨) કોઈ પણ બાબતમાં ન ઢોલું. (૩) પણ ઊંચે અર્જના થવી. (૪) બહુ ઊંચું હોવું. (૫) મોટાઈમાં રહેવું.

૮. ગગનમાં ચડાવવું = ફુલાવવું; વખાણ કરી ઊંચે ચડાવવું

૮. ન. પરલોક; સ્વર્ગ.

૯. ન. (પિંગળ) મીંડું; શૂન્યની સંજ્ઞા બતાવતો સાંકેતિક શબ્દ; શૂન્યાંક.

૧૦. ન. વાદળ

૧૧. ન. ઊર્ધ્વ સ્થાન.

ગગનકમલિની જી. ગગનરૂપી કમલથી ભરેલું સરોવર.

ગગનકુસુમ [સં] ન. આકાશકુસુમ; અપુષ્પ; અસંભવિત બાબત; અસંભવ વસ્તુ.

ગગનકુસુમવત્ અ. આકાશકુસુમ પ્રમાણે; અસંભવ હોય તેમ. આકાશમાં ફૂલ થાય નહિ તેમ કોઈ વાત નિષ્ફળ નીવડવાની હોય ત્યારે આ પ્રમાણે કહેવાય છે.

ગગનકુંડાળા પું. ચિતરાં ઢગર માંહેનું એક નામ

ગગનગઢ પું. ગગનસ્પર્શી પ્રાસાદ.

ગગનગતિ ૧. પું. આકાશનો છોડ.
૨. [સં.] સ્ત્રી. આકાશમાં થતી ગતિ.
૩. સ્ત્રી. દેવ; દેવતા
૪. સ્ત્રી. સૂર્ય વગેરે ગ્રહ.
૫. વિ. આકાશચારી; આકાશમાં ગતિ કરનાર.

ગગનગતિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, સગણ, જગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ગગનગામી [સ. ગગનગામિન્] વિ. આકાશગામી; આકાશમા ચાલનાર; ખેચર, ગગનમાં જનારું.

ગગનગાંઠિયા પું.બ.વ. એક મીઠાઈ; ગગન; ગળ્યા ગાંઠિયા; અડદના લોટના તળીને કરેલા ચાસણી પાયેલા ગાંઠિયા.

ગગનગોલ પું. આકાશના ગોળો; ખગોળ.

ગગનચર ૧. પું. આકાશનો છોડ.
૨. [સં.] ન. આકાશમાં ફરનાર પંખી, દેવ, ભૂત, પિશાચ, નક્ષત્ર, સૂર્ય, ગ્રહ, તારા અથવા રાક્ષિચક્ર.
૩. વિ. આકાશગામી; આકાશમાં ગતિ કરનાર; ખેચર; ગગનમાં ફરનારું.

ગગનચુંબન વિ. આકાશને અડતું; આકાશને ચુંબતું; બહુ ઊંચું.

ગગનચુંબી જુઓ ગગનચુંબિત.

ગગનચૂળ ૧. [હિં.] સ્ત્રી. કુકુરમુત્તા વનસ્પતિની એક જાત. તેના તાજા ફૂલનું શાક બને છે.
૨. સ્ત્રી. કેતકીની ધૂળ.

ગગનધ્વજ ૧. પું. આકાશનો છોડ.
૨. [સં.] પું. મેઘ.
૩. પું. સૂર્ય

ગગનનદી [સં.] સ્ત્રી. ગંગા નદી.

ગગનપટ પું. આકાશનો વિસ્તાર.

ગગનપતિ ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. પું. દેવ.

ગગનપંથ પું. આકાશપથ

ગગનપુષ્પ જુઓ ગગનકુસુમ.

ગગનફૂલ જુઓ ગગનકુસુમ.

ગગનભેદ (ગગનભેદ) પું. એ નામનું એક જળચર પક્ષી

ગગનભેદી [સં. ગગનભેદિન્] વિ. આકાશને ભેદી નાંખે તેવું; બહુ જ મોટું.

ગગનભેર જુઓ ગગનભેદ.

ગગનમંડળ ન. આકાશમંડળ.

ગગનમૂર્દ્ધા પું. (પુરાણ) એ નામનો [illegible] દાનવ.

ગગનયંત્ર ન. એક પ્રકારનું યંત્ર; સોમાનલયંત્ર; ઉપરના ભાગમાં અગ્નિ, નીચે પાણી અને વચમાં પકાવવાની વસ્તુ હોય કે ચારદ રાખ્યો હોય એવું યંત્ર.

ગગનરેખા [સં.] સ્ત્રી. એ નામની રાગિણી.

ગગનવાણી [સં.] સ્ત્રી. આકાશવાણી.

ગગનવિહાર ૧. [સં.] પું. આકાશમાં વિહાર; આકાશમાં ફરવું તે; વ્યોમવિહાર.
૨. પું. ઊંચા આકર્ષવાદમાં મગ્ન રહેવું તે; બહુ ઊંચા ઊંચા બણાલો કરવા તે.

ગગનવિહારી ૧. [સ. ગગનવિહારિન્] પું. આકાશનો છોડ.
૨. પું. આકાશપ્રદીપ; આકાશી દીવડો.
૩. પું. દેવતા.
૪. પું. પ્રકાશ આપતો આકાશીય પદાર્થ.
૫. પું. સૂર્ય.
૬. વિ. આકાશમાં વિહાર કરનાર; ગગનવિહાર કરનારું.
૭. વિ. ઉચ્ચ કોટિનું; ઘણું ઊંચું.

ગગનવેગા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક રાગિણી.
૨. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એક કલા. જુઓ કલા.

ગગનશ્રી [સં.] સ્ત્રી. આકાશની શોભા; ગગનની શોભા.

ગગનસદૃશ ૧. [સ.] પું. વિષ્ણુ.
૨. વિ. આકાશ જેવું.

ગગનસિંધુ [સં.] સ્ત્રી. ગંગા.

ગગનસુંદરી [સં.] સ્ત્રી. સંધ્યા.

ગગનસ્થ [સં.] વિ. આકાશમાં રહેનાર.

ગગનસ્થિત જુઓ ગગનસ્થ.

ગગનસ્પર્શન [સં.] પું. ભવન; વાડુ; હવા.

ગગનસ્પર્શી વિ. આકાશને અડે એવું; ગગનચુંબિત; બહુ ઊંચું.

ગગના ૧. સ્ત્રી. એ નામની રાગિણી.
૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.
૩. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેની એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

ગગનાકાર વિ. અંતરભેદ; ગગનના આકાર જેવું.

ગગનાગન પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; આંગ; ગગનાગ. તેમાં ૨૫ માત્રા હોય છે.

ગગનાગ્ર [સં.] પું. સૌથી ઊંચું સ્વર્ગ.

ગગનાદ્ધ્વગ ૧. [સં.] પું. આકાશનો છોડ.
૨. પું. ગ્રહ.
૩. પું. દેવ.
૪. પું. સૂર્ય.

ગગનાપગા સ્ત્રી. આકાશગંગા.

ગગનારવિંદ [સં.] ન. આકાશનું કમળ.

ગગનાંગ જુઓ ગગનાગન.

ગગનાંગણ ન. આકાશનું આંગણું.

ગગનાંગના [સં.] સ્ત્રી. અપ્સરા.

ગગનાંબુ ૧. [સં.] ન. આકાશમાંથી વરસાદ વખતે ઝીલેલું પાણી; વરસાદનું પાણી.
૨. ન. દિવ્ય જળ.

ગગનેચર જુઓ ગગનચર.

ગગનેશ્વર ૧. [સં.] ન. ક્ષારકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક ઔષધ.
૨. પું. ગરુડ.

ગગનોદ્ગતા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ગગનોલ્લુક ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ, આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ ગુરુ અને ૧૬ લઘુ મળી બાવન વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. [સં.] પું. મંગળગ્રહ.

ગગર [સં. ગર્ગરી] સ્ત્રી. ગાગર; પાણીનો ઘડો.

ગગરા જુઓ ગગર.

ગગરિયાં સ્ત્રી. ગાગર.

ગગરી સ્ત્રી. ગગરિયાં; ગાગર; ઘડો.

ગગરું [સં. કર્કર] વિ. કકરું; ભભરું; ગરગર થઈને ખરી પડે એવું; દાણાદાર.

ગગરો પું. ધાતુનો ઘડો; પહોળા પેટાળનું પણ સાંકડા મોંનું નાનું પિત્તળનું વાસણ.
ગગરો ફેરવવો = (૧) ઉપરઘારે બી પીરસાય એવો વરો કરવો. (૨) ભીખ માગવી.

ગગલાણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગગલી ૧. સ્ત્રી. અગરની એક જાતિ.
૨. સ્ત્રી. ગગી; નાની છોકરી.

ગગલો પું. નાનો છોકરો; ગગો.

ગગવાણી ૧. સ્ત્રી. ગાટિયાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગગળવું ૧. [સં. ગદ્ગદ] અ. ક્રિ. ગદ્ગદ થઈ જવું; ગળગળું થવું; નરમ થઈ જવું. ખારથી, ધમકીથી કે કોઈ લાગણીથી ઢીલા થઈ જવા માટે આ શબ્દ વપરાય છે.
૨. અ. ક્રિ. નબળું પડવું.
૩. અ. ક્રિ. ક્ષિણ પડી જવું.

ગગળું ૧. વિ. ગદ્ગદ; ઢીલું; ગળગળું.
ગગળા થઈ જવું = (૧) ક્ષિણવીર થવું. (૨) રોવાઈ જવું.
૨. વિ. ગળી ગયેલું, પાકવા ઉપર આવેલું.
૩. વિ. દીન.
૪. વિ. નરમ.

ગગા ઓઝા પું. ભાવનગરમાં થઈ ગયેલ એક મુત્સદ્દી દીવાન; ગૌરીશંકર ઓઝા.

ગગી ૧. સ્ત્રી. ઝોંદી; ગગડી; નાની છોકરી.
૨. સ્ત્રી. દીકરી; દુહિતા; પુત્રી.

ગગેડી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ગગો ૧. પું. છોકરો; પોરિયો.
૨. પું. દીકરો; પુત્ર.

ગગોરી પું. જમીનની અંદર રહેનાર એક નાનો કીડો.

ગગ્ગુ ૧. પું. ગ અક્ષર; ગ મૂળાક્ષર.
૨. પું. ગનો અવાજ.

ગગ્ગો જુઓ ગગ્ગુ.

ગગ્ગુ [સં.] સ્ત્રી. વાણી.

ગગ્લેમૂ [હિ.] પું. કીજુની જાતનું એક ફળ.

ગગ્ગું પું. ઉંદર.

ગચ ૧. [હિ.] પું. ચૂનો લગાડેલી ભોં; ભોં; ધાબો.
૨. સ્ત્રી. ચૂનો.
૩. સ્ત્રી. રેતી અને ચૂનાની મેળવણીનું કરેલ મિશ્રણ; કોલ.
૪. ન. એક જાતની ધોળી ભૂકો; 'પ્લાસ્ટર ઑવ પેરિસ'.
૫. વિ. ગચ્ચ જેવો અવાજ કરતું.
૬. વિ. ગીચ; ધાટું.
૭. વિ. ઝાઝું; બહુ; વધારે.
૮. વિ. ભારે; મુશ્કેલ.
૯. ન. પ્લાસ્ટ; માર્ક.
ગચ આવવું = માર્ક આવવું.

૧૦. ન. સબબ; તો છૂટે નહિ એવું.

ગચકડિયું (ગચકડિયું) ૧. ન. ઓડકાર.
૨. ન. ઘચરકો.
૩. ન. ઘચરકો.
૪. ન. ડૂબતાં માણસને થતી ગભરામણ; ડૂબતાં તરફડિયાં મારવાં તે.
૫. ન. પુષ્કળ મહેનત.
૬. ન. બેચારી.

ગચકડી (ગચકડી) વિ. સ્ત્રી. ગાંડેરી; બબૂચી.

ગચકડું (ગચકડું) ૧. ન. ઊલટીનો ઉભરો; ઉદ્વમન; ઓક.
૨. ન. ઓડકાર.
૩. ન. ઘચરકો.
૪. ન. ડૂબતાં માણસને થતી ગભરામણ.

ગચકરણી સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ. તેને પરસ્પર સામસામાં, બીજાં, નીચે નમતાં અણીદાર પાન હોય છે. તે પાન ચાવવાથી તજના જેવો સ્વાદ આવે છે. તેના પાનની ચટણી, ચૂનાની આછ તથા મંજન વગેરે બેગની દવાઓ તથા અસ ઉપર લગાડવામાં આવે છે.

ગચકારી સ્ત્રી. ચૂનો અને સિમેંટ બેગની બનાવેલો કોટ.

ગચકિયું જુઓ ગચકું.

ગચકું ન. ગચકિયું.

ગચગચ અ. ક્રોધમાં આવતાં અથવા કોઈને ભાલું કે તરવાર ધોંસતાં થતો અવાજ.

ગચગર પું. ધાબો નાખનાર માણસ.

ગચગીરો સ્ત્રી. ભોં; છે; ધાબો.

ગચઘારી સ્ત્રી. ભણિ જરેલું નકશીકામ.

ગચન ૧. વિ. ઢંકાઈ રહેલું; ભરાઈ ગયેલું.
૨. વિ. ગ્રસ્ત; ગ્રસ્ત.

ગચપચ વિ. ગોટાળાવાળું; ગૂંચવણ ભરેલું.

ગચપંચ અ. ગીચોગીચ; પાસે પાસે.

ગચરકાવિકાર- પું. બરાબ ગચરકો આવવાને લીધે શરીરમાં થયેલો ભગાડ; ગચરકુ ભગાઈ જવાથી થતો ચામડીનો એક રોગ.

ગચરકું ૧. ન. ખાટો કે તીખો ઓડકાર.
૨. ન. ચામડી ઉપર ફૂટી નીકળતો એક જાતનો રોગ.

ગચરકો જુઓ ગચરકું.

ગચરગંઠ વિ. અક્કલ વિનાનું; મૂર્ખ.

ગચરાવવું સ. ક્રિ. ગભરાવવું; મૂંઝવવું.

ગચરાસચ્યું વિ. સાબુંબાંધું.

ગચાકા ૧. સ્ત્રી. ઉમરે પહોંચેલી જુવાન છોકરી.
૨. વિ. ભરપૂર; ગીચોગીચ.

ગચાગચ ૧. વિ. ખીચોખીચ; ગીચ; પાસે પાસે આવી રહેલું; સંકડાઈ રહેલું.
૨. વિ. ભરચક; ભરપૂર.

ગચિયું ૧. ન. આડ; નખરાં; ઢરકત; અડપલું.
વચમાં ગચિયું નાખવું = આડખીલી કરવી; નડતર કરવી.
૨. ન. ઘંટીનો પડવાસો.
૩. ન. પથ્થરની છટ; શિલા.
૪. ન. માટી, ચૂનો, ઈંટ અને પથ્થરનો બાંધી બનેલો ઓટો; ઠેકું; ચોસલું.

ગચી ૧. સ્ત્રી. પેશી; ભોંદો.
૨. વિ. ચૂનાના કેલનું બનેલું.
૩. વિ. મજબૂત બનેલું.

ગચુંબ વિ. ગુચવાયેલું; ભેગું થઈ ગયેલું.

ગચુંબડું (ગચુંબડું) ન. ભોળાકારમાં ઓઢું મળેલું ટોળું.

ગચેટો પું. કોઈ પણ વસ્તુનું બીજી કોઈ વસ્તુ સાથે અથવા પોતાના વિભાગો સ.થે ભાંધી જવું તે; ગઠો; ભાંધી બનેલો ભોચો.

ગચેડો જુઓ ગચેટો.

ગચ્ચ અ. સબબ; સબબ; તો છૂટે નહિ એવું.

ગચ્ચિયું જુઓ ગચિયું.

ગચ્ચી ૧. સ્ત્રી. બગાસી; બાકું.
૨. સ્ત્રી. ગચ્છ; જથ્થો; સમુદાય.
૩. સ્ત્રી. ચૂનાની ભાર; છે.
૪. સ્ત્રી. પ્રકાર; વર્ગ; કેટેગરી.
૫. સ્ત્રી. માટી, ઈંટ, કાંકરા અને ચૂનો વગેરેનું એક સાથે સબબ ભાંધી જવું તે.
ચૂના ગચ્ચી = કાંકરેટ; ચૂનામાં ભંચિયાવાળું જે કોઈ હોય તે.

ગચ્ચું જુઓ ગચિયું.

ગચ્ચો પું. બાકો.

ગચ્છ ૧. પું. (જૈન) એક આચાર્યનો શિષ્યાદિક પરિવાર.
૨. પું. જથ્થો; સમુદાય; સમૂહ; સંઘ.
૩. પું. ઝાડ; વૃક્ષ.
૪. પું. તબ તંબુ; નાનો કાંટો; બાગ.
૫. પું. પ્રદર્શનવાળું સ્થાન.
૬. પું. પ્રકાર; વર્ગ.
૭. પું. (ગણિત) પ્રમાણ અને કોટીમાં કહેલા અંકોની સમુદાય સંખ્યા; કોટીનાં પદની સંખ્યા.
૮. પું. કેશનું કોઈ પણ પદ.

૯. પું સાધુઓનો મઠ.

ગચ્છપતિકા સ્ત્રી. પતિને વિદેશ જતો જોઈ દુ:ખી થનારી નાયિકા.

ગચ્છનાયક જુઓ ગચ્છપતિ.

ગચ્છપતિ પું. એક જ સમ્પ્રદાયનાં માણસોનો ઉપરી.

ગચ્છવાસ પું. સાધુ સમુદાયમાં રહેવું તે.

ગચ્છવું અ ક્રિ. જવું.

ગચ્છંતી [સં] સ્ત્રી. આધાપાછા થઈ જવું તે; જતા રહેવું તે; નાસી જવાપણું

મચ્છંતી કરવી-કરી જવી-જાવું-માપવી = અગિયારા ગણવા; ખસી જવું; નાસી જવું.

ગચ્છી જુઓ ગચ્ચી.

ગછી ૧. સ્ત્રી. ઈંટ.

૨. જુઓ એક જાતનું ઝાડ.

ગજ [સં.] ૧. અ. ક્રિ. ગર્જના કરવી; અવાજ કરવો.

૨. અ. ક્રિ. ગૂંચવાવું; મુંઝાવું.

૩. અ. ક્રિ. ઘરે પીને ઝાકટા થવું.

૪. અ. ક્રિ. બેસુધ થવું.

ગજ ૧. પું. આઠની સંખ્યા.

૨. પું. (પુરાણ) એ નામે મહિષાસુરનો પુત્ર; ગજાસુર નામનો રાક્ષસ.

૩. પું. એક જાતના આઠ ભેટલે ધરતું રક્ષણ કરનાર દેવ.

૪. પું. એક જાતનું તીર.

૫. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સરૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને ૨૮ લઘુ મળી ૭૬ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.

૬. પું. ઔષધ પકવવા માટે જમીનમાં રાખવાનો આડો.

૭. પું કોરો; રવેશ.

૮. પું. ઘાણીમાંથી તેલ કાઢવા માટે અથવા ખોળ કે દૂધો વગેરે ભરાઈ ગયું હોય તે કાઢવા માટે વપરાતું લોઢાનું સાધન.

૯. પું. ઘોડાગાડી કે મોટરના ઉપલા ઢાંકણને ટેકો આપનાર લોઢા કે લાકડાનો સળિયો. તેને વચમાં મજબૂત હોવાથી ઢાંકણ ચડાવી કે ઉતારી શકાય છે.

૧૦. પું. ચોવીસ તસુનું લંબાઈ ભરવાનું માપ; ૬ ફુટ, ઉંચ અથવા મીટરના વિભાગ પાડેલ એક સાધન; કોઈ પણ અંતરનાં બે બિંદુ વચ્ચેનું છેટું ભરવાનું એક માપ. ગજ ઉપરનાં ચોવીસ આંગળાનાં જુદાં જુદાં નામ છે: માત્રા=એક આંગળ, કલા=બે આંગળ, પર્વ=ત્રણ આંગળ, મુષ્ટિ=ચાર આંગળ, તલ= પાંચ આંગળ, કરપદ=છ આંગળ, દૃષ્ટિ=સાત આંગળ, તૂણી=આઠ આંગળ, પ્રદેશ=નવ આંગળ, ગોકર્ણી=અગિયાર આંગળ, વિતસ્તી=બાર આંગળ, અનાહપદ=તેર આંગળ, રત્નિ= ચૌદ આંગળ, અરત્નિ=પંદર આંગળ. ચોવીસ ઈંચ લાંબી ધાતુ અથવા લાકડાની પટ્ટીનો ગજ બનાવવામાં આવે છે. દર આઠ ઈંચને અંતરે કુલ બેત્રે આકાર કરવામાં આવે છે. તેમાં પહેલા કુલ સુધી આઠ, બીજા કુલ સુધી વિષ્કુ અને ત્રીજા કુલ સુધી ૨૪ની ઘટ છે એક ગજના ચોવીસ તસુની ત્રેવીસ રેખા થાય છે. તે દરેક રેખા અથવા આંકા ઉપર એક એક હેવતા અથવા ત્રેવીસ હેવતાઓ થાય છે. માટે એ ત્રેવીસ રેખાઓ ઉપર ત્રેવીસ દેવોનું સ્થાપન થાય છે. પહેલી રેખા ઉપર મહાદેવનું, બીજી રેખા ઉપર વાયુનું, ત્રીજી ઉપર વિશ્વદેવનું, ચોથી ઉપર અગ્નિનું, પાંચમી ઉપર અદિતિનું, છઠ્ઠી ઉપર સૂર્યનું, સાતમી ઉપર દક્ષનું, આઠમી ઉપર યમનું, નવમી ઉપર વિશ્વકર્માનું, દશમી ઉપર આઠે વસુનું, અગિયારમી ઉપર મરુતપતિનું. બારમી ઉપર વરુણનું, તેરમી ઉપર અદિતિ સ્વામીનું, ચૌદમી ઉપર પૃથ્વી દેવીનું, પંદરમી ઉપર ત્રિણ દેવીનું, સોળમી ઉપર ગાનનું, સત્તરમી ઉપર કુબેરનું, અઢારમી ઉપર ચદ્રમાનું, ઓગણીસમી ઉપર અજનું, વીસમી ઉપર વાસુદેવનું, એકવીસમી ઉપર અહિબુધ્નનું, બાવીસમી ઉપર પ્રભાદેવનું અને ત્રેવીસમી ઉપર વિષ્ણુનું સ્થાપન કરી એ સર્વેનું પૂજન કરાય છે.

૧. ગજ ગજ ફૂલ્યું = (૧) ખૂબ રાજી રાજી થઈ જવું; અતિ આનંદથી ઊભરાઈ જવું; મલકાઈ જવું. (૨) મુરબ્બાથી ઊંચા નીચા થઈ કંઈ પણ બોલવું. (૩) ઘમંડથી બોલવું. (૪) મસ્તીમાં આવવું; તોરમાં રહેવું.

૨. ગજ ગજ છાતી ફૂલવી = અતિ હર્ષ થવો

૩. ગજ વાગવો = (૧) કામ વગર વાત કરવી. (૨) કશી શક્તિ નહિ જેવું હોવું. (૩) મજબૂત હોવું.

૪. ગજ જેવું = સંગીન; મજબૂત.

૫. ગજ માપે પણ તસુ ન કાપે–વેતરે નહિ = મોટી મોટી વાતો કરે પણ કરવાનું આવે ત્યારે કંઈ કરે નહિ; વચન આપે પણ પાળે નહિ.

૬. ગજ વાગ્યો = (૧) અજમાવેલું જોર ફાવ્યાકારક નીવડ્યું; ધોબ ઠેકાણે ધોબ શક્તિ કામે લાગવી. (૨) પગ જામવો; સ્થિર થવું.

૭. ગજની ધોડી અને સવા ગજનું ભાથું = કામ સ્વરૂપ; ટકાની ડોશીને દશ મુંડામણ; સોના કરતાં ઘડામણ ભોંઘું.

૮. ગજનો આંકો ન સૂઝવો = કાંઈ ન આવડવું.

૯. ગજે તસુ માપ–ગજનો તસુ = ઘણા સદ્‌ગુણ આગળ એક દુર્ગુણનો હિસાબ ન હોય.

૧૦. નવસો ગજના નમસ્કાર = દૂરથી જ નમન.

૧૧. પોતાને ગજે માપવું = પોતાના સ્વતંત્ર મત પ્રમાણે અભિપ્રાય બાંધવો.

૧૨. ગજનું ગજ કરવું = પીંજનું પારેવું કરવું; વધારી દેવું; વધારીને વાત કરવી

૧૧. પું. સિતારના, સારંગી વગેરે ઉપર ફેરવી બજાવવાની વાળ ભરેલી લાકડી; તંતુવાદ્ય વગાડવાની કમઠી.

૧૨. પું. (પુરાણ) દુર્યોધનના મામા શકુનીના ૭ નાના ભાઈઓ મહિનો એક; શકુનીના ૭ નાના ભાઈઓ મહિનો ઉલ્લો. ભારતના યુદ્ધમાં એ અર્જુનના પુત્ર ઇરાવતના હાથે મરાયો હતો.

૧૩. પું. ધાતુનો નક્કર સળિયો.

૧૪. પું. (જ્યોતિષ) નક્ષત્રમાંનો એક રસ્તો.

૧૫. પું. નાગકેસરનું ઝાડ.

૧૬. પું. બંદૂકની નાળમાં દારૂ ઠાંસવા માટે વપરાતો સળિયો.

૧૭. પું. બારણાની ભૂંગળ; બારીબારણામાં આડો મૂકવાનો લોઢાનો સળિયો.

૧૮. પું. (યોગ) યોગની અષ્ટાવીસ ઉપક્રિયા માંહેની કાયાદિ દૂર કરવાની અષ્ટદાતણ જેવી એક ક્રિયા; દંતધૌતિ. કેળના પાતળા દંડથી, નેતરની લીલી સાંઠી મતળાથી, તથા તાંબા કે લોઢાની પાતળી સળાઈ ઉપર મલમલ વીંટાળી તેને ઝીણા દોરાથી સારી રીતે સીવી બંને કિનારે કાપી લે છે. તેનાથી હૃદયના રોગ દૂર થવાનું મનાય છે.

૧૯. પું. રામની સેનાનો એ નામનો એક વાનર.

૨૦. [સં.] પું. શિવથી હણાયેલ એક રાક્ષસ.

૨૧. પું. શેકવા માટે કાપી કાઢેલો મોસ્ત કે માંસનો ટુકડો; બોટી.

૨૨. પું. હાથી; હસ્તી; કુંજર; વારણ.

૨૩. પું. હાથીને અંકુશમાં રાખવાનો સળિયો; અંકુશ.

૨૪. ન. (શિલ્પ) એક જાતનું ત્રિકાળ ઘર.

જે ત્રિકાળ ઘરના મુખ આગળ બે ભિંતો હોય અને તે ભિંતો આગળ એક ઓટો હોય તથા આગે એક ખાટલો હોય તેવું ઘર દક્ષિણ મુખવાળું હોય તો તે ગજ નામે ઘર કહેવાય છે.

રાજવલ્લભ

૨૫. ન. (પુરાણ) ગજપુર; હસ્તિનાપુર

૨૬. ન. ઘરની પાસે બે તરફ ચૂના વગેરેથી બાંધેલો ઓળાવ. તેના ઉપર ઘર બંધાય છે.

૨૭. ન ચોપાટ વગેરે રમતમાં હાર થવી તે. ૫૬

ગજ લાગવું = ચોપાટ બેલવામાં હારી જવું.

ગજગમરાન ૧. પું કોઠાનું ઝાડ.

૨. [સં ગજ (હાથી) + અશન (ખોરાક)] પું. પીપળાનું ઝાડ.

ગજગલાહ્વી પું. એકતાલીસ આંગળાનો અક્ષરી ગજ.

ગજગોડા ૧. સ્ત્રી. ચોરાશી માંહેની એ નામની એક જાતિ.

૨. ન. ચોરાસી જાતિમાંનું એ નામની જાતિનું માણસ.

૩. સિ. ચોરાસી માંહેની એ નામની જાતિનું.

ગજઘંટ ૧. સ્ત્રી. એકદમ ખાવાની ચીજ.

૨. [સા. કજ્જ] સ્ત્રી. ભોજન. પાણીની ચાસણી કરીને તેની તિલરોટી જેવી વણેલી રોટી

૩. સ્ત્રી તલ અને ખાડની બનાવેલી એક મીઠાઈ, તલકરી, તલસાકળી.

૪. ન. જલપાન.

૫. ન. નવો કર્યા પછી ખવાની તીખી કે મીઠી ચીજ; કુંગો.

૬. ન. નાસ્તો.

ગજઘણ્ટ ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. એક જાતનું રેશમી કાપડ.

૪. સિ. એ નામની અટકનું.

ગજઘિત્યજાતિ [સ. ગજ (હાથી) + ઘૃષિત્ય (કોદુ) + ગતિ (ચરિત્રમ)] સ્ત્રી. હાથી કોદુ આખુ અને આખુ ગળી જાય અને ગાય વાટે બહાર નીકળે ત્યારે આખુ ને આખું હોય પણ તે માંહેનો ગર્ભ નાશ પામેલો જોવામાં આવે તેવી રીત.

ગજઘોળ [સ. ગજ (હાથી) + કપોલ (લમણું)] ન. હાથીના લમણાવાળો ભાગ; ગંડસ્થળ.

ગજચરણ ૧. પું. (પુરાણ) એ નામનું એક તીર્થ.

૨. પું. એ નામનો એક વૃક્ષ.

૩. પું. એક જાતનો લવાયોગ; દરાજ; દાદર.

૪. [સં. ગજ (હાથી) + કર્ણ (કાન)] પું. ગણપતિ; ગણેશ. તેના કાન હાથી જેવા હોય છે.

૫. પુ. જબરદસ્તીથી કામ કરાવનાર બળિયો કે સત્તાધીશ.

૬. પું. હાથીનો કાન; ગજકર્ણ.

૭. ન. એ નામની વાસ્તુદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ, દાદરનું ઝાડ.

૮. ન. એક જાતનું સોળીના ઉપયોગમાં આવતું કાણું કાપડું; ગજકપડું.

૯. ન. એક ગહનું હથિયાર.

૧૦. જુઓ ગજકરણી.

ગજકરણી ૧ સ્ત્રી. બલા અને કાંચુ મૂળવાળી એ નામની એક વનસ્પતિ. પહોળાં અને લાંબાં પાનવાળો આ છોડ પાનથી સાત ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન અને મૂળ ઔષધમાં વપરાય છે. તેનાં ફૂલ પીળા અને ફળ રાખોડી રંગની હોય છે. ફળનો સ્વાદ તલના જેવો લાગે છે કડવાશ ત્વક્કોષ ઉપર તે અકસીર મનાય છે.

૨. સ્ત્રી (યોગ) યોગીઓની એક ક્રિયા, મળનિવારક ક્રિયા; નોળીકર્મ માંહેની એક ક્રિયા. જમ્યા પછી થોડી વારે અપાનવાયુને કડમાળમાં ચડાવી પોચાં મળરૂપ રહેલ અન્ન જઠરાદિને મુખ વાટે વમન કરી કાઢી નાખવા તેને ગજકરણી કહે છે. આ ક્રિયા સિદ્ધ કરવાને માટે પ્રથમ ઊભડક બેસી પાચ કે છ શેર નવશેકું પાણી પીવું. ત્યારપછી પલાંઠી વાળી સ્વસ્થ બેસીને નૌલિ કરવી. પછી ઊભડક બેસી દૃષ્ટિ ઊર્ધ્વ કરી મધ્યમા આંગળી જરા માંહેની ઉપર્યુક્તિને બહારથી જોરથી પાણી બહાર તુરત બહાર નીકળશે. પૂરેપૂરું પાણી બહાર ન નીકળે તો પાછળદાતણ અથવા વરુવાતિ કરીને તે બહાર કાઢવું

ગજકરણીમુદ્રા જુઓ ગજકરણી.

ગજકરની ન. એક જાતની વનસ્પતિ. તેનું મૂળ દાદર ઉપર વપરાય છે.

ગજકર્ણ જુઓ ગજકરણ.

ગજકર્ણક [સં. ગજ (હાથી) + કર્ણ (કાન) + ક (વાળું)] પું. ગણપતિ; ગણેશ. તેના કાન હાથી જેવા હોય છે.

ગજકર્ણિકા [સં.] સ્ત્રી. કાકડીનો વેલો.

ગજકર્ણી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગમોલી. તેનાં પાન હાંડલાનાં પાન જેવાં લાંબાં હોય છે. તેના ઉપર નાનાં નાનાં લાલ રંગનાં ફૂલ આવે છે. તેનાં મૂળ ને ફળનો રસ દરાજ ઉપર અકસીર ફાયદાકારક છે. ગજકર્ણી પાક કડવો સ્વાદુ, કફની તથા ઉષ્ણ છે અને કફ, શીતજ્વર, અને વાયુનો નાશ કરનાર મનાય છે. એનો ક્ષય પાંડુરોગ, સોજો, અર્શ, કૃમિ, ગુલ્મ, ઉદર, આનાહવાયુ, પ્લીહા અને સંગ્રહણી ઉપર વપરાય છે.

ગજકંઠ [સં. ગજ (હાથી) + કંઠ (ગ્રેવ)] પું. હાથીની ગ્રેવ.

ગજકંદ [સં.] પું. હસ્તિકંદ નામે વનસ્પતિ.

ગજકુસુમ [સં.] ન. નાગકેસર.

ગજકુંભ [સં.] પું. હાથીના માથા ઉપર રહેલા બે માંસપિંડ માંહેનો કરેક; હાથીના માથા ઉપર બને તરફ ઊપસેલો ભાગ.

ગજકૂર્માશી [સં. ગજકૂર્માસિન્] પું. ગરુડ.

ગજકૃષ્ણા [સં. ગજ (હાથી) + કૃષ્ણ (કાળું) + ત્વચ (નારીબ્રાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગજપીપર. તે હાથીના કાન જેવાં પાંદડાંવાળી અને કૃષ્ણા એટલે કાળી હોવાથી તેને ગજકૃષ્ણા કહે છે.

ગજકેસરીરસ પું. (વૈદક) એ નામનો રસ. શુદ્ધ પારો એક ભાગ અને ગંધક બે ભાગ લઈ બંનેને એકઠાં કરી એક પ્રહર ખલ કરવાં. તેની કજલી જેટલાં તાંબાનાં પતરાં લઈ તેની સપુટ જેવી આકૃતિ કરી તેની અંદર તે કજલી ભરવી. ત્યારપછી એક માટીનું કામ લાવી અર્ધું મીઠાથી ભરી વચમાં તાંબાનો સપુટ મૂકી બાકીનું વાસણ મીઠાથી ભરી દેવું. તે માથે બીજું કામ મૂકી કપકઠોર કરી ગજપુટ દેવો. પછી પોતાની મેળે ઠંડું થાય ત્યારે તાંબાના સંપુટનું બારીક ચૂર્ણ કરવું. આનું નામ ગજકેસરી રસ છે. એક રતી બાર આ રસ નાગરવેલનાં પાન સાથે આપવાથી શ્વા જેવી જાય.

ગજકોઠું ન. હાથીના પેટમા ગયેલ કોઠું; હાથીએ ગળેલ કોઠું.

ગજકોંતા ન. (સંગીત) પાઠવનું એક તાન; ષડ્જગ્રામમાં પંચમ કોડવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગજકોડા (ગજકોડા) [સં. ગજ (હાથી) + ક્રીડા (રમત)] સ્ત્રી. હાથી ખેલવવા તે; હાથીની સાઠમારી.

ગજકીડિત પું. નાચમાં એક પ્રકારનો ભાવ.

ગજગજનું વિ. લાંબું.

ગજગત પું. (પિંગળ) એ નામનો એક છંદ.

ગજગતિ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હાથીની ચાલે પગલાં માંડતો છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. ચોથા અક્ષરે યતિ કે વિસામો આવે છે.

૨. સ્ત્રી. (જ્યોતિષ) રોહિણી, મૃગશિર અને આર્દ્રામાં ચંદ્રની સ્થિતિ અથવા ગતિ.

૩. [સં. ગજ (હાથી) + ગતિ (ચાલ)] સ્ત્રી. હાથણીના જેવી ચાલવાળી સ્ત્રી.

૪. સ્ત્રી. હાથીના જેવી ઠોલની અને મજબૂત ચાલ; ભપકાદાર ચાલ, ધીમી ચાલ

૫. સ્ત્રી. હાથીની ચાલ.

ગજગમન [સં. ગજ (હાથી) + ગમન (ચાલવું તે)] ન. હાથીની માફક મદભર ઠોલતાં ઠોલતાં ચાલવું તે; ઠોલતી અને મજબૂરી ભરેલી ચાલ; ગજગતિ.

ગજગમના [સં. ગજ (હાથી) + ગમન (જવું તે) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. હાથણીના જેવી ચાલવાળી સ્ત્રી.

ગજગમની [સં. ગજ (હાથી) + ગમન (જવું તે)] વિ. સ્ત્રી. હાથીના જેવી ચાલવાળી; હાથીના જેવી ગતિવાળી.

ગજગારો સ્ત્રી. ઢીંચણાખોર સ્ત્રી; ઢંકણા.

ગજગા ૧. [હિં.] પું. ઘૂંટે સાંધરબોનાનું મૂળ.

૨. ન. એ નામનું એક ઝાડ. એને ગર્ભપાત થાય નહિ તે માટે તેનાં બીની માળા ચાલ રેવામમાં સીવી ગળામાં પહેરવામાં આવે છે.

ગજગાહ ૧. પું. મહાવત; હાથી હાંકનાર.

૨. વિ. હાથી ઉપર સવાર થયેલું; હાથી ઉપર સવારી કરનારું.

ગજગામની જુઓ ગજગામા.

ગજગામા ૧. [સં. ગજ (હાથી) + ગમ્ (જવું)] સ્ત્રી. ગંભીર, મૂલતી, મદભરી, જોનારને ભય અને અસરકારક છાપ પાડે એવી ચાલ.

૨. સ્ત્રી. હાથીના જેવી ઢળતી ઢળતી કે લટકાળી સુંદર ચાલવાળી સ્ત્રી; ગજગતિથી ચાલનારી સ્ત્રી; ગજગામિની.

૩. વિ. સ્ત્રી. ગજગતિથી ચાલનારી; હાથીના જેવી ઢળતી ઢળતી કે લટકાળી સુંદર ચાલવાળી.

ગજગામિની જુઓ ગજગામા.

ગજગામી ૧. સ્ત્રી. હાથીના જેવી સુંદર ચાલવાળી સ્ત્રી.

૨. [સં. ગજ (હાથી) + ગામિન્ (જનાર)] વિ. ગજગતિથી ચાલનારું; હાથીના જેવી સુંદર ચાલવાળું; હાથી જેવી મંદ ગતિથી ચાલનાર.

ગજગાહ ૧. પું. હાથીની ઠોકમાં ધરેલા તરીકે વપરાતો એક જાતના બળદના વાળનો બનેલો ઝબરીનો ગુચ્છો.

૨. ન. ઘોડાનું ધરેલું.

૩. ન. ઝૂલ; પલાણ.

૪. ન. હાથીની પીઠ ઉપરનો ઓછાડ; હાથીની ઝૂલ.

ગજગોટો પું. એક જાતની વનસ્પતિ. તેનું લાકડું બહુ અને વજ ઉપર ક્રમ લાગે છે.

ગજગૌની જુઓ ગજગામિની.

ગજગૌરી [સં. ગજ (હાથી) + ગૌરી (પાર્વતી)] સ્ત્રી. હાથીના ઉપર બેસાડેલી પાર્વતીની મૂર્તિ.

ગજગૌરીવ્રત [સં.] ન. ભાદરવા માસમાં સૌભાગ્યે કરવાનું એ નામનું એક વ્રત.

ગજગૌહર [ગજ (હાથી) + ગૌહર (મોતી)] ન. ગજમુક્તા; હાથીના મસ્તકમાં થતું મોતી.

ગજગ્રાહ ૧. પું. ચૂડ; મોટો મગર.

૨. પું. પશુ પકડીને દોરડું બેસવાની એ નામની રમતોમાંની એક રમત; 'ટગ ઑવ વૉર.' હાથી અને મગરની પુરાણપ્રસિદ્ધ ખેંચાખેંચ જેમ બે પક્ષો સામસામે ઊભા રહી દોરડાની ખેંચાખેંચી કરીને આ રમત રમે છે.

૩. ન. યુદ્ધ.

ગજઘટા [સં. ગજ (હાથી) + ઘટા (સમૂહ)] સ્ત્રી. હાથીનો સમૂહ.

ગજઘંટ [સં.] પું. હાથીને બાંધેલો લટકતો ઘંટ. હાથીના ચાલવાનો અવાજ થતો નથી તેથી તે આવતો જણાવવા માટે તેની ગળે બાંધવામાં આવે છે.

ગજઘંટા જુઓ ગજઘંટ.

ગજઘ્ન [સં. ગજ (એક અસુર) + હન (હણવું)] પું. શિવનાં હજાર બાંહેનું એક નામ. તેમણે ગજ નામના અસુરને માર્યો હતો.

ગજચર્મ ૧. [સં. ગજ (હાથી) + ચર્મન્ (ચામડું)] પું. ત્વકકાઠિન્ય જેટલે ચામડી કઠણ થઈ જવાનો રોગ. તેમાં શરીરની ચામડી હાથીની ચામડીના જેવી કઠણ થાય છે. આ રોગ જન્મની સાથોસાથ અથવા થોડા દિવસ પછી થાય છે. પહેલાં ચામડી આછી પીળી પડી કઠણ બની સજ્જડ બની જાય, બાળક હાલી ચાલી શકે નહિ, ગ્રાસ થાય, મંદાગ્નિ નાડી ન દેખાય, શ્વાસ લેવામાં દુઃખ થાય, અંગમાં સંધિવાના જેવી પીડા થાય, શરીર ઉપર કીડીઓ ચટકા ભરતી હોય એમ લાગે અને ચામડી ઉપર સોજો આવે.

૨. ન. હાથીનું ચામડું.

ગજચર્મધારી [સં. ગજ (એ નામનો અસુર) + ચર્મન્ (ચામડું) + ધારિન્ (ધારણ કરનાર)] પું. શિવ; શંકર; મહાદેવ; ગજાસુરનું ચામડું ધારણ કરનાર.

ગજચિર્ભટા [સં.] સ્ત્રી. ઇંદ્રવારુણી; ગોરક્ષકર્કટી.

ગજચિર્ભિટ [સં] પું. એ નામની એક વનસ્પતિ; ગોકુંભા.

ગજચિર્ભિટી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; માહેંદ્રવારુણી.

ગજચીરક પું. ચામડી જાડી અને તેજ વિનાની થઈ જવા જેવો ઘોડાનો એક રોગ.

ગજચ્છાયા જુઓ ગજછાયા.

ગજજંઝ પું. (પિંગળ) દ્રુત વિલંબિતને મળતો એ નામનો એક છંદ.

ગજજાય ન. ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત વર્જવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગજજાયા ૧. [સં. ગજચ્છાયા] સ્ત્રી. (જ્યોતિષ) એ નામે એક તિથિયોગ; અમાસના દિવસનો પાછળનો ભાગ. જ્યારે અંધારી તેરશને દિવસ મંદ મંઘા નક્ષત્રમાં અને સૂર્ય હસ્ત નક્ષત્રમાં હોય ત્યારે પણ આ યોગ થાય છે. જુઓ કુંજર છાયા.

૨. સ્ત્રી. હાથીનો પડછાયો.

ગજજાયાપર્વ ૧. ન. આસો વદિ અમાસ.

૨. ન. હસ્ત નક્ષત્રના સૂર્યમાં અમાવાસ્યાને દિવસ હસ્ત નક્ષત્ર હોય તે યોગ. આ પર્વમાં સ્નાન, શ્રાદ્ધ, દાન વગેરે કરવાનું માહાત્મ્ય મનાય છે.

ગજજંપ સ્ત્રી. મજબૂત પકડવાળી હાથીની ઝૂલ.

ગજજ ૧. સ્ત્રી. ગર્જના.

૨. ન. ગરજવું; મોટી ચાંચવાળું એક પક્ષી.

ગજજા ૧. [સં.] સ્ત્રી. હાથીઓનો સમૂહ.

૨. સ્ત્રી. હાથીનું ઝમ.

૩. સ્ત્રી. હાથીપણું.

ગજતાલ પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; ૧૪ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫ અને ૯ માત્રા ઉપર છે

ગજતાસા સ્ત્રી. હાથીની સૂંઢ.

ગજતુરગવિલસિત પું. (પિંગળ) સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અપભ્રંશ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, નગણ, નગણ, નગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો હોય છે.

ગજતુંડ [સં.] ન. હાથીનું માથું

ગજત્વ જુઓ ગર્જતા ૨, ૩.

ગજથર ૧. પુ. ચાલતા કે ઊભા હાથીઓની હરોળ.

૨. [સં ગજસ્તર] પું. હાથીની આકૃતિઓ કોતરેલી હોય એવું સિહાસન.

ગજદળ ૧. ન. હાથી ઉપર બેસી લડનારાઓનું સૈન્ય.

૨. ન. હાથીનું લશ્કર; હાથીનું સૈન્ય.

ગજદંડ [સં.] પું. એ નામનું એક ઝાડ; ખરસાપીપળો.

ગજદંત ૧. [સં.] પું. એક જાતનો ખોડો. તેના દાંત હાથીના દાતની માફક મોઢા બહાર ઉપરની તરફ નીકળેલ રહેતા હોય છે.

૨. પું. ખીંટી; કપડાં વગેરે લટકાવવા માટે ભીંતમા નાખેલી ખૂંટી.

૩. પું. ગજપતિ; ગજરાજ; ગજનન.

૪. પું. દાંત ઉપર નીકળેલ દાત.

૫. પું. નાચમા એક પ્રકારનો ભાવ.

૬. પું. હાથીનો દાંત; દલૂડાળ; હાથીદાત.

૭. વિ. હાથીના જેવા દાંતવાળુ.

ગજદંતી વિ. હાથીના દાંતનું; હાથીદાંતનું બનેલું.

ગજદંદશ [સં.] પું. એ નામનો ચોસઠમો નરકકુંડ. તે સો ધનુષ્યના પ્રમાણમાં છે. જે માણસ ગાયોનો, બળદોનો, ઘોડાઓનો અને વૃક્ષોનો નાશ કરે છે તે મહાપાપી માણસ ત્યાં મુગ્ર મુખી બની કુંડમાં વસવાનું કહેવામા છે.

ગજદાન ૧. [સં.] ન. શણગારેલા હાથીનું દાન.

૨. ન. હાથીનો મદ; હાથીના ગંડસ્થળમાંથી ઝરતું પાણી.

ગજદાંત પું. હાથીદાંત; દંતૂશળ.

ગજદેહ [સં.] પું. હાથીનું શરીર.

ગજધર ૧. પું. ગજ પાસે રાખનાર કરજી.

૨. પું. ઘર બાધતાં પહેલાં તેનો નકશો વગેરે બનાવનાર સિલ્પી.

૩. પું. મકાન બનાવનાર મિસ્ત્રી.

૪. પું. સુતાર.

૫ પું (સંગીત) કનુમત મત પ્રમાણે મેઘ રાગના આઠ માહેનો એક અમસિદ્ધ પુત્રરાગ.

ગજધ્વજ પું. દશમા સૈકામાં હિંદુસ્તાનમા પ્રવર્તતો એક ધર્મ કે મત.

ગજન [સં.] ન. એક જાતનું મિશ્રાળ ઘર.

ગજનાદ ન. એક જાતનુ મંદારયુક્ત ત્રિશાળ ઘર; પૂર્વનાં મુખવાળું ભવનાદ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ હોય. તેની આગળ એક મડપ હોય, જમણી અને ડાબી તરફ એક એક અલિંદ હોય અને તે ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે ગજનાદ ઘર કહેવાય છે.

ગજનાલ જી. હાથીથી ખેંચી શકાય એવી ભારે તોપ.

ગજનાસા જી. હાથીની સૂંઢ.

ગજનિબૂ ન. એક જાતનું લીંબુ; મધુકર્કટી.

ગજની ૧. [હિ.] જી. ધૂળ; માટી.

૨. ન. અફઘાનિસ્તાનના એક શહેરનું નામ. ત્યાં મહમ્મદની રાજધાની હતી.

ગજપત પું. શ્રીકૃષ્ણથી ૮૨મી પેઢીએ વિક્રમ સવતના સાતમા સૈકામાં થયેલ દેવેંદ્ર નામના સુવિખ્યાત રાજાના ચાર માહેનો એ નામનો એક દીકરો.

ગજપતિ ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા નગણ, ભગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. પું. કલિંગ દેશના રાજાઓનો એક ઇતિહાસ.

૩. પું. ગંજીફાની જૂની રમત માહેના ૧૨ રાજા માહેનો એક.

૪. પું. મોટા હાથી હોય તેવો રાજા.

૫. પું. દેવેન્દ્ર રાજાના ચાર માહેનો એ નામે એક પુત્ર; ગજપત.

૬. પું. મોટો હાથી; શ્રેષ્ઠ હાથી.

૭. પું વિજયનગરના મહારાજાનો એ નામે એક ઇતિહાસ.

૮. પું. હાથી પાળનાર માણસ; રખેવાળ; મહાવત.

૯. પું. હાથીના સૈન્યનો નાયક.

૧૦. પું. હાથીનો ધણી.

ગજપદપાઠ પું. એ નામે એક બ્રાહ્મણગ્રંથ.

ગજપાટલા [સં.] ન. આંબળી.

ગજપાદપ ન. પીપળો, એક જાતનું ઝાડ.

ગજપાલ [સં.] પું. હાથીને પાળનારો માણસ; હાથીની માવજત કરનારો આદમી; મહાવત

ગજપાળ જુઓ ગજપાલ.

ગજપાંઉ ન. ઝાડ ઝાંખીનો શિકાર કરનાર એક જાતનું પક્ષી.

ગજપિપ્પલી જુઓ ગજપીપર.

ગજપિપ્પર જુઓ ગજપીપર.

ગજપીપર ૧. [સં. ગજપિપ્પલી] જી. એ નામનો એક મોટો વેલ જેનો છોડ. આ છોડ મિદનાપુર જિલ્લામાં, દહેરાદુન અને હિંદુસ્તાનના ઉષ્ણ કટિબંધ પ્રદેશમાં ઊગે છે.

૨. જી. પીપરની એક જાત; એક જાતની ગરમ ઔષધિ; અવકનાં મૂળ; ગજપ્પિયુ; ગજપિપ્પલી; કપિવલ્લી; કોલવલ્લી, કૈવલ્લી, પટ્ટિર. તેનાં પાન હાથીના કાન જેવા થાય છે, માટે તેને ગજપીપર કહે છે. તે ઉષ્ણ છે અને તાવ, ઊલટી, ઉધરસ વગેરે અમ્દ્યોનાં દરદમાં ઔષધના રૂપમાં વપરાય છે.

ગજપીપળી જુઓ ગજપીપર.

ગજપીંપળી જુઓ ગજપીપર.

ગજપુટ ૧. [સં.] પું. (વૈદક) ઔષધને ભાવના આપવાની એક રીત; ખાડો ગાળી તેમાં ઔષધિની બનાવટ કરવી તે; ધાતુઓની ભસ્મ બનાવવા તેમને આગ આપવા કરવામાં આવતી એક પ્રકારની ભઠ્ઠી. એક ગજ પહોળો અને એક ગજ લાંબો ખાડો કરી તેમાં છાણાં ભરી તે છાણાની વચમાં શરાવ સપુટ અથવા તપાવવાની ધાતુ માટીના વાસણમાં મૂકવી અને મોં સુધી તે ખાડો છાણાથી ભરી દેવો અને તે સળગાવી તાપ કરવો.

૨. ન. અગ્નિને માટે જમીનમાં રાખવામાં આવતું ખાડુ.

ગજપુર [સં.] ન. હસ્તિનાપુર; દિલ્હીનું પ્રાચીન નામ.

ગજપુષ્પ [સં.] ન. નાગપુષ્પી.

ગજપુષ્પી [સં.] જી. એક વેલ; એક જાતની વનસ્પતિ; હાથીના કાન જેવાં પહોળાં ફૂલ થતાં હોય તે વેલી

ગજપુંગવ [સં.] પું. શ્રેષ્ઠ હાથી

ગજપ્રિયા જી. એક જાતનું ઝાડ; ચક્રમર્દી.

ગજબ ૧. [અ. ઘજબ (જુલમ)] પું. અંધેર; અન્યાય.

૨. પું. આશ્ચર્ય; તાજુબી; વિલક્ષણ વાત.

૩. પું કેર; મોજ; જુલમ.

૪ પું. ગુસ્સો; અતિશય રોષ.

૫. પું. મદ્ય બનાવનાર અને વિસ્મયકારક બનાવ; જેનાથી વિસ્મય અને ત્રાસ છૂટે એવું જે કંઈ તે.

૬. પુ. મોટું દુઃખ; મોટી આપત્તિ; વિપત્તિ; અનર્થ.

૭. વિ. આશ્ચર્યકારક; નવાઈ પમાડે એવું.

૮ વિ. પુષ્કળ, ઘણું, અત્યંત.

૯. વિ. મોટું.

ગજબદન [સં.] પુ. ગણપતિ.

ગજબન જી. જુલમ કરનાર સ્ત્રી.

ગજબનાક ૧. વિ. ગજબ કરનારું; ઘેર વર્તાવનારું

૨. [અ. મઝબ (ક્રોધ) + નાક (વાળું)] વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

૩ વિ. ભયંકર; બીક લાગે એવું.

૪. વિ. રાક્ષસો; અદ્‌ભુત

ગજબંધ [સં.] પું. એક પ્રકારનું ચિત્રકાવ્ય. તેમાં હાથીનું ચિત્ર કરી તેનાં અંગોપાંગમાં કોઈ કવિતાના અક્ષર ભરી દેવામાં આવે છે.

ગજબંધની [સં.] સ્ત્રી. હાથીખાનું; હાથી બાંધવાનું સ્થાન; હાથીશાળા.

ગજબંધિની જુઓ ગજબંધની.

ગજબાગ પું. હાથીને અંકુશમાં રાખવાનું કડીવાળું સાધન.

ગજબાહુ ૧. વિ. અતિ શક્તિવાળું; બળવાન.

૨. વિ. બેપાનું; બુચ્ચું.

ગજબ્રી ૧. સ્ત્રી. બુલબુલ; માસ.

૨. વિ. ગજબવાળું; બુલબુલી; માસદારક.

ગજભક્ષક [સં.] પું. પીપળાનું ઝાડ.

ગજભક્ષ્યા સ્ત્રી. એક જાતનું ઝાડ; થરુ ગજભિક્ષા.

ગજભુક્તકપિત્થન્યાય [સં.] પું. હાથીએ ખાધેલ કોઠાની જેમ ઉપરથી દેખાવમાં સારી પણ અંદર સત્ત્વ વગરની વસ્તુ.

ગજભુક્તિ [સં.] પું. ગજમુક્તા; હાથીના મંડસ્થળમાંથી નીકળતું બનાવટી મોતી મોતી.

ગજભક્ષ્ય ન. હાથીનું માંસ.

ગજભૈરવ [સં.] ન. હાથીના માથા ઉપર હોરેલી રંગીન લીટી.

ગજમંડલિકા [સં.] સ્ત્રી. હાથીઓનું મંડળ; હાથીનો સમૂહ.

ગજમંડલી જુઓ ગજમંડલિકા.

ગજમાચલ [સં.] પું. સિંહ.

ગજમાચલી [સં.] સ્ત્રી. સિંહણ.

ગજમાત્ર [સં.] વિ. હાથી જેવડું; બહુ મોટું.

ગજમાર ૧. પું. ટેટ વનસ્પતિ.

૨. પું. હાથીને મારનાર શૂરવીર માણસ.

ગજમાળ [સં. ગજ (હાથી) + માલા (હાર)] સ્ત્રી. હાથીની હાર; હારબંધ ઊભેલ અનેક હાથી.

ગજમાળા જુઓ ગજમાળ.

ગજમુક્તા [સં. ગજમૌક્તિક] ન. સાચું અને મોટું મોતી. સંસ્કૃત સાહિત્ય પ્રમાણે હાથીના મંડસ્થળમાંથી એક જાતનું મોતી નીકળતું મનાય છે અને તે મોતી ગજમુક્તા કહેવાય છે.

ગજમુક્તાફળ ન. હાથીના કુંભસ્થળમાંથી નીકળતું અણમૂલું મોતી.

ગજમુખ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૩૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૭૮ વર્ણ અને ૧૦૮ માત્રા હોય છે.

૨. [સં. ગજ (હાથી) + મુખ (મોં)] પું. ગણેશ; ગજપતિ.

૩. ન. હાથીનું મોઢું.

૪. વિ. હાથીને મોખરે સાધનાર.

ગજમુખું વિ. હાથીના મોઢા જેવું.

ગજમેધ પું. એ નામે એક યજ્ઞ.

ગજમોક્ષણ ન. ગજમોક્ષ; ભગવાને કરેલો ગ્રાહ હાથીનો મોક્ષ.

ગજમોચન [સં.] પું. વિષ્ણુનું એક રૂપ. આ રૂપ ધારણ કરી તેમણે ગ્રાહથી હાથીની રક્ષા કરી હતી.

ગજમોટન પું. સિંહ.

ગજમોટની સ્ત્રી. સિંહણ.

ગજમોતી જુઓ ગજમુક્તા.

ગજમૌક્તિક જુઓ ગજમુક્તા.

ગજમુદ્રાકળા સ્ત્રી. હાથીઓની સાદમારી કરાવવાની કળા.

ગજમુરતી સ્ત્રી. હાથણી.

જેમ ગજમુરતી માતેમ મદ ગલિયા. નરસિંહ

ગજયૂથ [સં.] ન. હાથીઓનું ટોળું; હસ્તિસમૂહ.

ગજયોધી [સં. ગજયોધિન્] પું. હાથી ઉપર સવારી કરી લડનાર લડવૈયો.

ગજર ૧. પું. એક, બાર, બારા અને બાર વાગ્યે અથવા બારા કરીને સવારના બાર વાગ્યે થતો ટોકરાનો અવાજ.

૨. પું. ઓહાર્મ; ઊપમાંથી બનાવવા માટેનો ધડિયાળનો અવાજ.

૩. પું. ગજર૩ પહોર પહોરને અંતરે ઘડિયાળ વગાડવામાં આવે છે તે; રાજદ્વાર ઉપર પહોર પહોરને અંતરે ચોકી બદલાતાં જે ઘડિયાળ વગાડવામાં આવે છે તે; ઘંટનાદ.

૪. પું. ચોઘડિયાં.

૫. પું. ગાજરનો અવાજ.

૬. પું. પહોર; પ્રહર.

૭. પું. ગજર પંખી-ની એક જાત.

૮. પું. સમય; વખત.

ગજર બાંધવો = વખત થવો.

૯. પું. સંધ્યાકાળ, રાત્રી સાંજનો વખત; રાત્રિનો પ્રારંભ.

૧૦. સ્ત્રી. રાતા અને ધોળા ગળનું મિશ્રણ.

૧૧. ન. ગાજર.

૧૨. ન. સારંગીનો ગજ.

૧૩. ન. સવારમાં વહેલું.

ગજરત્ન પું. ઉત્તમ હાથી; ઐરાવત; સાત અંગ વડે પ્રતિષ્ઠિત, ઐરાવત જેવો પવિત્ર, સુલક્ષણ, મદ્ય પરાક્રમી, અજેય, જિલ્લા વગેરેને તોડી નાખનાર હાથી.

ગજરથ [સં.] પું. હાથીથી ખેંચાતો મોટો રથ.

ગજરદમ ન. પરોઢિયું; મળસકું.

ગજરપ્રબંધ પું. ગાયન કે વૃત્ત વગેરેની શરૂઆતમાં શ્રોતાઓ સમજી જાનાર અને બોલનારાનાં સ્વર અને સાજ મેળવવાં તે.

ગજરબજર ૧. પું. ઘાલમેલ; ગોટાળો.

૨. પું. ભક્ષ્યાભક્ષ્ય; ખાવાની અને નહિ ખાવાની વસ્તુ.

ગજરભર્યું પું. ખાધેલા ગાજરનું ખાડું.

ગજરભાત પું. ગાજરના કટકા મેળવી રંધિલા ચોખા.

ગજરવું ન. ક્રિ. રહેવું; ટકવું; ના ઉપર જીવવું.

ગજરા ૧. પું. ટેટલાંક સુગંધી તત્ત્વોની બનેલ પીળા રંગની એક સુગંધી.

૨. પું. ગાજરનું પાંદડું અથવા ફળ.

૩. પું. ફૂલો વગેરેને ગૂંથીને બનાવેલ તોરો.

૪. પું. મસ્તક ઉપર બોલ જેવી લીટી.

૫. પું. બજર નામનું રેશમી વસ્ત્ર.

૬. પું. સારંગીનો ગજ.

૭. પું. સોનાનું કોકડું અથવા હાથનું એક જાતનું ઘરેણું. તે ગાજરના આકારનું હોય છે.

ગજરાકાંપ પું. કાનનું એક ઘરેણું.

ગજરાજ [સં.] પું. મોટો હાથી.

ગજરાજા ૧. પું. એ નામની વાર્તાનો નાયક.

૨. પું. મારવાડ દેશનો વતની.

૩. પું. ગણિક સ્વામી; સ્નેહાળ ધણી.

ગજરાવાળી સ્ત્રી. કાનનું એક ઘરેણું.

ગજરાહાર ૧. પું. ફૂલની માળા.

૨. પું. સોનાનું એક જાતનું ગળામાં પહેરવાનું ઘરેણું.

ગજરિયો પું. ગુજરાત પ્રાંતનો એક જાતનો ઘોડો.

ગજરી ૧. સ્ત્રી. કાંડામાં પહેરવાનું ઓળાનું એક ઘરેણું.

૨. જી. નાનું ગજર.

ગજકું ૧. ન. કાંડે કે આંબોડે લાલચનો ફૂલનો હાર; ફૂલનો ભેરખો.
૨. ન. સોના મોતીનું કાંડે પહેરવાનું ઓનું એક જાતનું ઘરેણું; ગુજરી.

ગજરો ૧. પું. એક જાતનું ઘરેણું
૨. પું. ગજકું; ફૂલનો હાર કે તોરો; ખૂબ ફૂલ ભરેલો હારડો.
૩. પું. ધોકાના બે કાનની વચ્ચેનો વાળનો ભર્યો.

ગજરોટ ન. ગજરની પત્તી.

ગજલ જુઓ ગઝલ.

ગજલીલ જુઓ ગજલીલા.

ગજલીલા પું. (સંગીત) એક તાલપ્રકૃતિ ૧૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, અને ૧૭ માત્રા ઉપર છે.

ગજવક્ત્ર જુઓ ગજવદન.

ગજવડી (ગજવડો) જી. જૂના વખતનું એક જાતનું ઘરેણું.

ગજવદન ૧. [સં. ગજ (હાથી) + વદન (મોઢું)] પું. ગણેશ; ગણપતિ; ગજાનન; ગજવક્ત્ર.

દ્વૈમાતુર હેરંબ અને લંબોદર એકદંત,
મૂષકવાહન ગજવદન ગણપતિ ત્રિનેત્રતનય.
પિંગળસપ્તકોષ

૨. ન. હાથીનું મોઢું; હાથીના જેવું મોં.
૩. વિ. હાથીના જેવા મુખવાળું

ગજવલ્લભા જી. જંગલી કેળ.

ગજવવું ૧. [સં. ગર્જ્] સ. ક્રિ. ગાજે એમ કરવું; શોરબકોર કે બોબાટ કરવો; ડંકો વગાડવો.
૨. સ. ક્રિ. ખમ પાડીને કહેવું; જાહેર કરવું; ઢંઢેરો પીટવો.

ગજવાકાતરૂ પું. ગજવાં કાતરી લેનાર માણસ; ખિસાકાતરૂ; ખિસાચોર.

ગજવાડ (ગજવાડ) જી. હાથીવાડો; હાથીખાનું.

ગજવાન પું. મહાવત; હાથીવાન.

ગજવિદ્યા જી. હાથી સંબંધી શાસ્ત્ર.

ગજવિમોચક પું. પુરુષોત્તમ ભગવાન. તેણે ગજેંદ્ર હાથીનો મોક્ષ કર્યો હતો.

ગજવિલસિત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગજાગજર. તે અષ્ટિ છંદનો એક ભેદ છે

ગજવીથી ૧. જી. આર્દ્રા નક્ષત્ર.
૨. [સં.] જી. ગ્રહ વગેરેને ચાલવાનો રસ્તો.
૩. જી. (જ્યોતિષ) મૃગશીર્ષ નક્ષત્ર.
૪. જી. રોહિણી નક્ષત્ર.
૫. જી. રોહિણી વગેરે નક્ષત્રમાં શુક્રની ગતિ.
૬. જી. હાથીઓની હાર.

ગજવું ન. ખીસું; ગૂંજ.
૧. ગજવાનો વર = પહેરામણી આપવી પડે અથવા પૈસા ખીસે ઘાલવા પડે એવો વર.
૨. ગજવામાં-ગજવે ઘાલવું = (૧) નહિ ગણકારવું; લેખામાં નહિ લેવું; તુચ્છકારી કાઢવું. (૨) પહેરામણી કે ભેટ આપવી. (૩) લાંચ આપવી.
૩. ગજવામાં નહિ કોડી ને ઊભે બજાર દોડી-ગજવાં હોય ખાલી તો રોજ બજારે વાડી = જેવા પાસે પૈસા તેવી મોજ.
૪. ગજવું કાતરવું = ખીસું કાપી લેવું.
૫. ગજવું ભેદ્યે ને વાત કરવી = (૧) ગજા પ્રમાણે ક્રમ કરવું; શક્તિને અનુસરીને વર્તવું. (૨) પૈસા પાસે હોય તેમ ગજા પ્રમાણે ખર્ચ કરવું.
૬. ગજવું ભરવું = (૧) લાંચ આપવી; મોં ભરવું. (૨) લાંચ લેવી; લાંચ ખાઈ ગજવાં તર કરવાં.

ગજવૃંદ [સં.] ન. હાથીઓનું ટોળું.

ગજવેલ ૧. પું. એક જાતનો કાંટાવાળો વેલો. તેનાં પાન સુવાનાં પાન જેવાં હોય છે. તેમાં સુવાસિત ધોળાં ફૂલ થાય છે અને રાતા રંગનાં નાનાં ફળ થાય છે.
૨. જી. એક જાતના ઊંચા ચોખા.
૩. જી. ખરું લોટું.
૪. જી. ભાંગે તૂટે કે વળે નહિ એવી વસ્તુ.
૫. જી. સતાવરી નામની વનસ્પતિ.

ગજવેલિયો પું. પુરુષની જનનેંદ્રિય.

ગજવ્રજ ૧. [સં.] ન. હાથીઓની ગતિ.
૨. ન. હાથીઓનું ટોળું.
૩. વિ. હાથીની પેઠે ચાલવાળું.

ગજશાલા જી. હાથીખાનું; હાથીઓનો તબેલો.

ગજશાળા જુઓ ગજશાલા.

ગજશાસ્ત્ર ન. નીપુરુષ નામે જૈન સાંગ ગ્રંથકારે હાથી સંબંધી લખેલું પુસ્તક.

ગજશિક્ષા ૧. [સં.] જી. ગજવિદ્યા; હાથી સંબંધી શાસ્ત્ર; હસ્તિવિજ્ઞાન.
૨. જી. હાથીઓને ચલાવવાનો અભ્યાસ.

ગજશિર ન. હાથીનું માથું.

ગજશુંડી ન. એ નામનું એક ઔષધ; પારસપીપળો.

ગજસાહ્વય ન. પુરાતન હસ્તિનાપુર; હાલનું દિલ્હી શહેર; કુરુવંશની રાજધાની.

ગજસુકુમાર [સં.] પું. દેવકીજીનો નાનો પુત્ર; શ્રીકૃષ્ણનો એ નામનો નાનો ભાઈ.

ગજસ્કંધ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. વિ. હાથીની ખાંધ જેવી ખાંધવાળું.

ગજસ્નાન ૧. [સં.] ન. દેખાવ પૂરતું નાહવું તે.
૨. ન. વ્યર્થ પ્રયત્ન; નિષ્ફળ કાર્ય.

ગજહસ્ત ૧. [સં.] પું. હથેળી અને પાંચે ય આંગળી એકઠી કરવાથી બનતો હાથીની સૂંઢ જેવો આકાર.
૨. જી. એક જાતની મુદ્રા, સંકરની પૂજા કરતી મૂર્તિઓનું આસન આ લક્ષણ છે. આ મુદ્રા કાખો હાથ શરીરની આસપાસ જમણી તરફ વીંટાળીને કાંડામાંથી મૂકતો નીચે રાખીને કરવામાં આવે છે.

ગજહૃદયમ્ [સં.] ન. કુમારસ્વામીએ લખેલું એ નામનું એક શાસ્ત્ર. તેમાં હાથીઓને કેમ પાળવા, કેમ કેળવવા વગેરે સંબંધી હકીકત આપેલી છે.

ગજળ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ.

ગજંદર પું. હાથી.

ગજાગ્રણી ૧. [સં.] પું. ઇંદ્રનો ઐરાવત હાથી.
૨. પું. શ્રેષ્ઠ હાથી.

ગજાજિન [સં.] ન. હાથીનું ચામડું.

ગજાજીવ [સં.] પું. હાથીનો મહાવત; હાથી ઉપર મુજરાન ચલાવનાર પુરુષ.

ગજાદાર વિ. કદાવર; મજબૂત બાંધાનું; ગજવાળું; તાકાતદાર; પડછંદ.

ગજાધિપતિ પું. શ્રેષ્ઠ હાથી.

ગજાધીશ્વર પું. બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

ગજાધ્યક્ષ [સં.] પું. હાથીના સૈન્યનો ઉપરી.

ગજાનન ૧. [સં. ગજ (હાથી) + આનન (મોઢું)] પું. ગણપતિ; ગણેશ; હેરંબ; લંબોદર; વિનાયક; એકદંત. એક વખત પાર્વતીએ શરીર તેલ અને સુગંધી દ્રવ્ય ચોળીને મેલ કાઢ્યો. તેનું એક પૂતળું બનાવ્યું અને તેને હાથીના જેવી સૂંઢ કરી હતી. પછી રમત કરીને એ પૂતળાને પાણીમાં નાખ્યું. તે જ ક્ષણે પાણીમાંથી એક પુરુષ નીકળ્યો. તેને પાર્વતીએ "પુત્ર અહીં આવ" કહીને હાક મારી. એ પાર્વતી પાસે ગયો એટલે એમણે એને વિનાયક નામના રુદ્રનું આધિપત્ય આપ્યું. એ ઉપરથી એનું નામ ગણપતિ પડ્યું. વળી એને હાથીના

જેવી સૂંઢ હોવાથી એનું નામ ગજાનન પડ્યું. એને શિવપુત્ર કહેવાનું કારણ પણ આ જ છે. વ્યાસ મુનિ મહાભારત બોલતા ગયા અને ગણપતિએ તે બધું લખી લીધું હોય એમ મનાય છે. તે ટૂંકા, જાડા, પીળી ચામડીવાળા, ફૂંદાળા, ચાર હાથવાળા અને હાથીના મોંવાળા દેખાય છે. તેને એક જ દંતૂશળ છે. એક હાથમાં તેણે તપ, બીજામાં ચક્ર, ત્રીજામાં ગદા અને ચોથામાં કમળ ધારણ કરેલ છે. કોઈ કોઈ ચાર તે ઉંદર ઉપર સવારી કરતા માલૂમ પડે છે, તેટલા માટે તેને આખુરથ કહેવાય છે. દક્ષિણમાં તેનાં ઘણાં મંદિરો માલૂમ પડે છે. તેના હાથીના માથા વિષે અનેક જાતોઓ જુદા જુદા રૂપમાં છે. મૂળ રુદ્રદેવતા જંગલમાં રહેનાર, તેમાં હાથીનો સંબંધ બહુ તેથી તેના હાથમાં મજબૂત લોઢો આપવા લાગ્યા. પછી તેના ગણપતિને પણ ગજનું મોઢું લોટોએ આપ્યું; અથવા હાથીની ફોલ્લીનો પ્રાચીન કાળમાં યુદ્ધમાં બહુ મોટો ઉપયોગ થતો તેથી અભયને મજબૂત એટલે ગજ એ જ જેનું મુખ છે એમ કહેતા રૂપક ઊડી જઈને સાચી રીતે જ લોકો તેને ગજાનન કહેવા લાગ્યા.

૨. ન. હાથીનું મોઢું.

ગજાનંદ જુઓ ગજાનન.

ગજાનીક ન. હાથીનું સૈન્ય.

ગજાપક્ષક [સં.] પું. હલકા પ્રકારનો સાધારણ હાથી.

ગજાયુર્વેદ [સં.] પું. હાથીની માવજત તથા સારવાર સંબંધીનું શાસ્ત્ર.

ગજાર ૧. જી અંધારી અસી.

૨. [સં. ગુહાગાર] જી. ઓરડાના જોઈતા માપમાંથી વધેલા ભાગનો પાડેલો જુદો ખંડ; અમુક ભાગનો ઓરડો. આ ખંડ વચ્ચે કેદખાને રસોડા તરીકે અથવા જમવા બેસવા માટે વપરાય છે.

૩. જી. પરસાળ; ઓસરી.

૪. જી. ભોંયરું

ગજારકોટ પું. લાકડાનો બનાવેલો કોટ.

ગજારથ [સં. ગુહાગાર] જી. ગજાર.

ગજારિ ૧. પું. એક જાતનું ઝાડ; શાલવૃક્ષ

૨. [સં] પું. મહાદેવ; શંકર. ગજરાક્ષસનો શંકરે સંહાર કર્યો હતો માટે તે ગજારિ કહેવાય છે.

૩. પું. મહાનટ.

૪. પું. હાથીનો શત્રુ; સિંહ.

ગજારૂઢ ૧. પું. સૈન્યનો એક પ્રકાર.

૨. પું. હાથી ઉપર બેસીને લડનાર પુરુષ.

૩. વિ. હાથી ઉપર બેસેલ.

ગજારો ૧. પું. મોટો ઉહાપોહ.

૨. પું. પરસેવો.

ગજારોહ ૧. [સં.] પું. મદાવત.

૨. વિ. હાથી ઉપર સવાર થયેલ.

ગજારોહક જુઓ ગજારોહ.

ગજારોહણ ૧ [સ] જી. ભોંયર માંહેની એક કોટડી. જુઓ કોટડી.

૨. ન. હાથી ઉપર બેસવું તે.

ગજાલ ૧. [દિ.] જી. એક જાતની માછલી.

૨. જી. ખૂંટી.

ગજાવણહાર વિ. ગજાવનાર; ગજાવવાવાળું.

ગજાવવું ૧. સ. ક્રિ. ગાજે એમ કરવું; ઘૂમ પાડીને કહેવું; બાજી રહે એમ કરવું; ગજવવું.

૨. સ. ક્રિ. ધોંપાટ કરવો.

ગજાશન ૧. [સં.] પું. પીપળો; અશ્વત્થ વૃક્ષ.

૨. ન. કમળનું મૂળ.

ગજાશના ૧. જી. કમળનું મૂળ.

૨. જી. આંબળાનો બેડ.

૩. જી. લોબાનનું ઝાડ.

ગજાષ્ટનિરીક્ષણ [સં.] ન. જ્યોસ પ્રકાર માંહેનું એ નામનું એક વિજ્ઞાન.

ગજાષ્ટક [સં.] ન. હાથી સંબંધી પ્રબંધ.

ગજાસંપત જુઓ ગજાસંપત.

ગજાસંપત ન. ગજ પ્રમાણે; માપસર; તાકાત પ્રમાણે.

ગજાસુર ૧. પું. (પુરાણ) તારકાસુરના સૈન્યના એ નામના એક અસુરનું નામ. એ તારકાસુર સંગ્રામમાં કપાસી નામના રુદ્રને હાથે મરણ પામ્યો હતો.

૨. પું. સિંહ.

ગજાસુરસંહાર પું. શિવનું એક નામ.

ગજાસ્ય ૧. પું. ગજાસુર દૈત્ય.

૨. [સં.] પું. ગણેશ.

૩. ન. હાથીનું મુખ.

ગજાહીણ વિ. ગજ વગરનું; કમતાકાત.

ગજાહીણું જુઓ ગજાહીણ.

ગજાહ્વ ન. (પુરાણ) ગજપુર; હસ્તિનાપુર; હાલનું દિલ્હી.

ગજાહ્વય જુઓ ગજાહ્વ.

ગજાહ્વા ૧. [સં.] જી. ગજપીપર. તેનાં પાંદડાંનો આકાર હાથીના કાન જેવો હોય છે.

૨. જી. હસ્તિનાપુર.

ગજાંબર [સં.] ન. હાથીના ચામડાનું વસ્ત્ર.

ગજિયા ૧. જી. તાર વીંટવાનું એક ઓજાર.

૨. વિ. જેનો પનો એક ગજ હોય એનું.

ગજિયાણી જી. ગજ પનાનું એક જાતનું રેશમી કાપડ.

ગજિયું ૧. ન. ગજ પનાનું જાડા સૂતરનું કપડું.

૨. ન. ગજ માપનું બેસું; બે ફૂટ લંબાઈનો પથ્થર.

૩. વિ. ગજ પનાનું; માપમાં બે ફૂટ હોય એવું.

ગજિયો ૧. પું. આશરે ગજ જેટલો લાંબો ધાતુનો અથવા લોઢાનો સળિયો.

૨. પું ટોર; ટાંગરો.

૩. પું. ગજિયું; ગજ; ચોળિયું.

૪. પું. પુરુષનું લિંગ; શિશ્ન.

ગજિરા ન. એ નામનું એક ઔષધ; તાવ, પિત્તજ્વર, પેટનો દુખાવો, ખાંસી અને હૃદયના દુખાવામાં તાકાત આપનાર અને તરસ છિપાવનાર તરીકે આપવામાં આવતી એક દવા. આસ્ત કરીને તાવમાં પાણીને બદલે ગજિરાનો અર્ક અપાય છે. તેની માત્રા ચાર ડ્રામથી એક ઔંસ સુધીની હોય છે.

ગજી ૧. [જા. ગજ] જી. એક જાતનું ગજ પનાનું જાડા સૂતરનું કાપડ.

૨. જી. ગજ જેટલા પનાનું બીજા વણાટનું એક જાતનું રેશમી કાપડ; અતલસ; ગજિયાણી.

૩. [સં. ગજ] જી. હાથણી; કરિણી; હસ્તિની.

૪. વિ. ગજના માપનું; ગજિયું.

ગજીપનો પું. બે ફૂટની પહોળાઈ.

ગજું ૧. ન. બાકું; ઉંમર લાયક શરીરનો બાંધો.

ગજું કરવું = ઉંમર લાયક થઈ જવું; બાલ્યાવસ્થા મોકું થઈ જવું.

૨. ન. પરિમાણ; માપ.

૩. ન. પાત્રતા; યોગ્યતા.

૪. ન. શક્તિ; પહોંચ; ત્રેવડ; સામર્થ્ય.

૧. ગજ પ્રમાણે ખરચવું = પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરવો.

૨. ગજ વિનાની ગધેડી ને અમદાવાદ સુધી ભદેડી = બાંધા સાથે ટૂંકો હોય, પરે નહિ, ને માઠો સ્વભાવ; શક્તિ વિનાના માણસ પાસેથી વધારે પડતું કામ લેવું.

૩. ગજ વિનાનું ગોતર = જોઈએ તે કરતાં વધારે હોવાપણું.

૪. ગજું તપાસવું = શક્તિ જોવી

૫. ન. હિસાબ; લેખું.

ગજેરા ૧. સ્ત્રી. એ નામની લેરિયા કસુંબીની એક અટક.
૨. પ્ર. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગજેષ્ટા [સં.] પું. જોંયગોળાનો વેલો; ઘોડવેલ. આ વેલો હાથીના દાંતની માફક વધે છે.

ગજોંટી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગાંગી. તેનું મૂળ પૌષ્ટિક તથા રક્તસ્રાવ બંધ કરનાર મનાય છે.

ગજેંદ્ર ૧. [સં.] પું. ઇંદ્રનો હાથી; ઐરાવત.
૨. પું. (પિંગળ) એ નામનો ૪૫ માત્રાનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૮, ૮, ૮, ૧૧ માત્રાએ યતિ આવે છે અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧, ૩૫, ૩૯, ૪૩ માત્રા ઉપર તાલ આવે છે.
૩. પું. મોટો હાથી; એક હાથી.

ગજેંદ્રગુરુ [સં.] પું. (સંગીત) ૨૬ તાલનો એક ભેદ.

ગજેંદ્રમોક્ષ ૧. [સં.] પું. એ નામનું એક સ્તોત્ર.
૨. પું. (પુરાણ) ગજેંદ્રનો મગરના મોંમાંથી વિષ્ણુએ કરેલો છુટકારો.
૩. ન. ગંગા અને જંઝના સંગમ આગળ આવેલ એ નામનું એક સ્થળ. આ સ્થળે હસ્તિ અને ગ્રાહ એટલે મગર વચ્ચે લડાઈ થઈ હતી અને વિષ્ણુએ આવી હાથીને છોડાવ્યો હતો. તે સ્થળને સોનપુર પણ કહેતા.

ગજેંદ્રલક્ષ્મા પું. (પિંગળ) અઢાર અક્ષરનો એ નામનો એક વર્ણમેળ છંદ; સતા. આ છંદ પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, રગણ, ભગણ, રગણ અને રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં દશમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ગજેંદ્રવદન [સં.] પું. ગણપતિ; ગણેશ.

ગજેંદ્રસ્મૃતિકારણ [સં.] ન. પુરુષોત્તમનાં હલ્લર મહિનું એક નામ.

ગજોપવીત [સં] સ્ત્રી. ગજજનોઈ. તે મરદ્ગ ગુણવાળા હોવાથી તેને ગજોપવીત કહે છે.

ગજ્જર ૧. પું. અભુક વખત સુધી એનું દર્શાવનારો ઝંકાર નાદ.
૨. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક માત્રામેળ છંદ. આ ગજ્જરવાળા રહેમક છંદનો ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૫ વર્ણ હોય છે.
૩. પું. એ નામનો એક રસાયનશાસ્ત્રી અને ચોપડા.
૪. પું. બાંધનારા; બાંધનાર.
૫. પું. વહો મુકાદમ.
૬. પું. વહો સુતાર; સુતારોનો ઉપરી; મિસ્ત્રી. સુતારની પાંચ જાત કહેવાય છે: ગુજ્જર, મેવાડા, પંચોળી, વાઘેરા ને વૈશ્ય. માત્ર ગુજ્જર સુતાર જનોઈ રાખે છે. શહેરના સુતારમાં જે બહુ ગણોતો હોય તે ગુજ્જર કહેવાય છે.
૭. પું. સમય; કાળ; વખત.
૮. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૯. સ્ત્રી. પરોઢિયું; પ્રભાત; મળસકું.
૧૦. [હિં.] સ્ત્રી. બેજવાળી જમીન; કીચડવાળી જમીન.
૧૧. ન. ગજ્જર; ગોદર.
૧૨. ન. સુતારની એ નામની અટકનું માણસ.
૧૩. વિ. સુતારની એ નામની અટકનું.

ગજ્જરણ જુઓ ગજ્જન.

ગજ્જવિજ્જ ન. ગર્જના.

ગજ ૧. [સં.] પું. એક વારનું માપ જમ.
૧. દેશી ગજ = દેશનો વાર. તે ૩૬ ઇંચ લાંબો હોય છે.
૨. સંભરી ગજ = ૩૬ ઇંચનો સરકારી વાર.
૨. પું. કૂટપટ્ટી.
૩. પું. સળિયો.
૪. પું. સારંગીની કમાન.

ગજક જુઓ ગજક.

ગજકુ [સં.] સ્ત્રી. ભાજ્ત.

ગજગર ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.
૨. ન. પારસીની એ નામની અટકનું માણસ.
૩. વિ. પારસીની એ નામની અટકનું.

ગજગનવી ૧. [સં. ગજનવી (ગિજનીનો રહેનાર)] વિ. એ નામના મુસલમાની વંશનું.
૨. વિ. ગિજની નામના શહેરનું; ગિજની નામના શહેરને લગતું.

ગજગીબીન ન. વાંસના ગાંઠ ઉપર બાજતો મધ્ય કે સાકર જેવો પદાર્થ.

ગજગ (ગજ્જ) જુઓ ગજ્જ.

ગજગનાક (ગજ્જનાક) ૧. [અ.] વિ. ધ્રુજ્જ કરનારું.
૨. વિ. ગુસ્સા ભરેલું.
૩. વિ. ઘણું સારું; અનોખું.
૪ વિ. ઘણું સુંદર.
૫. વિ. નાખુશ.
૬. વિ. નાશ કરનારું.
૭. વિ. ભવ્ય; મનોહર.
૮. વિ. હદ કરતાં વધારે; અતિ.

ગજગી (ગજ્જી) ૧. પું. તોફાની માણસ.
૨. પું. દુષ્ટ માણસ.

ગજગર વિ. વાર જેટલું.

ગજર ૧. [સં.] પું. એક જાતનો કંદ.
૨. પું. સારંગીનો ગજ.

ગજલ ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૧૪ માત્રા હોય છે. તેમાં ૭, ૭ માત્રાએ યતિ અને ૧, ૫, ૮ અને ૧૨ માત્રા ઉપર તાલ આવે છે.

રાતિ રાર આઠ બારે તાલ,
પુના કલ ચૌદ ચરણે ચાલ,
ગજલ જ યતિ સારસ ગણાય. — ઘનશ્યામ પિંગળ

૨. પું. (સંગીત) તિસ્રજાતિ સાત માત્રાનો એક તાલ; પરતો. પહેલી, ચોથી, છઠ્ઠી અને સાતમી માત્રા ઉપર તાલ આવે છે. આ તાલમાં માતી વખતે કેટલાક અક્ષરો લાંબા પાછા મજકૂર તાલમાં આવી મળે છે. ચલતી લેતી વખત પ્રથમ નીચે લખેલા બોલ જેવા પડે છે: ધાંત્ર ધાંની નાક ધાં ધિન. આ તાલમાં ખાલી ઉપર સમ રહે છે. જો સમ ઉપર તાલનો ટેકો દઈએ તો તિસ્રજાતિ તીવરાનું રૂપ ધારી લઇ, માટે ખાલી ઉપર સમ રાખેલો છે. સાધારણ વ્યવહારમાં ગજલનો ટેકો નીચે પ્રમાણે બતાડવામાં આવે છે: ધૂરૂ ધી ન્ધા ધા તીં. આમાં બરૂ જોતાં તીં ઉપર સમ છે, પણ ગાનાર અને વગાડનાર તીં અક્ષર ઉપર ખાલી આપીને ગાયનની સમ લીં જ લાવે છે કોટડીના બોલ: સમ તિં તક ધિન્ ધાધા. ગજલના તાલમાં ગવાતાં ગાયનને પણ ગજલ કહેવાય છે.
૩. સ્ત્રી. એ નામના રાગનું કાવ્ય: સ્ત્રીઓનાં પ્રેમ, મૈત્રી અને જવાનીની લહેરીતની કવિતા; પ્રેમના કિસ્સાની ફારસી કવિતા. આ રાગ ફારસી સાહિત્યમાંથી આવેલ છે. ગજલનો મૂળ અર્થ પ્રિય સાથે રમવું કે સ્ત્રીઓ સાથે વાતચીત કરવી અથવા તેમની સાથે વિલાસ કરવો એવો થાય છે. તેથી આ રાગમાં શૃંગાર રસ મુખ્ય હોય છે અને તેમાં પ્રેમીઓનું રૂપ કથન અથવા પ્રેમીના હૃદયના ઉદ્ગાર કે રમ્ય દૃશ્યોનાં, પંખી, ફૂલ, કુંજ નિકુંજ આદિનાં વર્ણન હોય છે તેને કવાલી પણ કહે છે. એનો કોઈ નક્કી ઠરાવેલ છંદ હોતો નથી અને તે ગમે ત્યારે ગવાય છે. ગ્રીક અને રોમનોના ઓડ અને હૃદલિઅનોના સોનેટ કાવ્યને મળતુ આ કાવ્ય હોય છે. ગુજરાતીમા ગજલની શરૂઆત કરનાર દયારામ છે. નર્મદ તે પછી આવે છે.
ગજલ કહેવી = કવિતા રચવી
૪. સ્ત્રી. એ નામની એક પદ્ધતિ.

ગઝલખ્યાન

પ. [ફા.] સ્ત્રી. એક ફારસી છંદ. તેમાં પંક્તિ વચ્ચે એતો હોય છે. એક અસ્તાઈ અને બીજી અંતરા તરીકે આવે છે. ઉદૂમાં એને રેખતો પણ કહે છે. અસ્તાઈની બેતના બે મિસરા–લિટિના કાફિયા–અનુપ્રાસ મળવા જોઈએ અને પછી અંતરાની દરેક બેતોની બીજી ત્રીજી લીટીના કાફિયાઓ અસ્તાઈના બેતના કાફિયાને મળતા આવતા જોઈએ.

ગઝલખ્વાન (ગઝલખ્વાન) પું. કવિતા બોલનાર માણસ.

ગઝલખ્વાની (ગઝલખ્વાની) ન. કવિતા બોલી તે.

ગઝલગોફ જી. ચતરંગીત, બેખાં; ટાલા પહોરના બપોરા.

ગઝલપહવાઈ જી. બ્રોકેડકાર્ડ; છાપ કરેલાની કવિતાની કડીઓ બોલવા બદલ વરરાજાને કન્યા પક્ષની બાજુથી બપોરી ભેટ.

ગઝલિસ્તાન ૧. [ફા. ગઝલ (એક જાતનું કાવ્ય) + સ્તાન (જગ્યા)] ન. ગઝલોનો સંગ્રહ.

૨. ન. જેમાં ગઝલો હોય એવું પુસ્તક.

ગઝળો ન. ધાર્મિક યુદ્ધ.

ગાજા (ગજા) ૧. [ફા.] પું. ખોરાક; બાવાનું.

૨. [હિ.] પું. મેળવવું તે.

૩. જી. તુક્કાની.

૪. ન. ધાર્મિક યુદ્ધ.

૫. વિ. કરડું.

ગાજાક (ગજાક) ૧. [ફા.] પું. રાક્ષસ.

૨. જી. દાઢ સાથે બાવાની વસ્તુનો સ્વાદ.

ગાજાન [ફા.] વિ. કરડું.

ગાજિન [હિ.] વિ. બાકું; બહુ પાંદડાં, કાણી વગેરેવાળું.

ગાઝી [ફા.] જી. સુતરાઉ જાડું કપડું; બાફી; પાણકોરું.

ગાઝીગાલા જી. ઢલકી જાતનું કપડું.

ગાઝીગાલા પહેરવું = ગરીબ માણસ તરીકે રહેવું.

ગાઝીના જુઓ ગાઝી.

ગાઝેટ (ગેઝેટ) [અં.] ન. વર્તમાનપત્ર; બાદેસ; દરબારી પત્ર; રાજસ્થાન પંત્રમ; દરબારી વર્તમાન; પ્રસિદ્ધિપત્ર.

ગાઝેલ ન. હરણની જાતનું એક પ્રાણી. તે કુમળાઈ પ્રાણી હોવા છતાં લડી શકે છે. અરબસ્તાન અને સિરિઅમાં તે બાસ કરીને દેખાય છે. એશિઅમાં તે ખૂબસૂરતી માટે પ્રખ્યાત છે.

ગટ ૧. [હિ. ઘટ] પું. કાયા; શરીર.

૨. પું. ગજામાં વસ્તુ ઊતરતાં થતો અવાજ.

ગટ કરી જવું = (૧) અકસ્માતિકપણે બાર્ડ જવું; ઉચાપત કરી જવું; ચોરીમાં કરી જવું. (૨) બાર્ડ જવું; પચાવી જવું; ઉઘરી જવું. (૩) ગળી જવું; પી જવું.

૩. પું. બૈતાં અને બીજાં પ્રાણીનાં આંતરડાંમાંથી થતી અર્ધપારદર્શક અને મજબૂત વસ્તુ. તેમાંથી વીણાના તાર, ટેનિસના રૅકેટની દોરી વગેરે બને છે.

૪. પું. બચ્ચો; સમુદાય ટોળું.

૫. ન. ગટગટ અવાજ થાય એમ.

૬. ન. ગટ; જલદી; તરત; એકદમ; ગડપથી.

ગટક ૧. પું. કોઈ બીજ ગળતાં થતો અવાજ.

૨. પું. (કચ્છી) બારેકનો ઢળિયો.

૩. ન. ગટક ગટક અવાજ થાય એમ પીવું તે.

૪. ન. ગટ લાઈનિ; ગટ; તરત; એકદમ; ગટક ગટક અવાજ થાય એમ.

ગટકગટક ૧. ન. એક પછી એક; ઉપરાઉપરી.

૨. ન. સપાટાબંધ; તરત; ગટક ગટક અવાજ થાય એમ; ગટગટ.

ગટકગટક જુઓ ગટકગટક.

ગટકલ ૧. [મ.] જી. એ નામની એક મરાઠી બટક.

૨. ન. એ નામની બટકનું બાણસ.

૩. વિ. એ નામની મરાઠી બટકનું.

ગટકવું ૧. ન. ઉબાડવું.

૨. ન. રમૂજી ટૂંકી વાર્તા.

ગટકવું ૧. સ. ક્રિ. બાવું.

૨. સ. ક્રિ. કબાવી લેવું.

ગટકા ૧. [સં. गदा] પું. જૂની બાકાની તરવાર.

૨. પું. બાકડી.

ગટકાવવું ૧. સ. ક્રિ. ગળી જવું; ઓહિયાં કરી જવું, ગટગટ પી બાસવા બાર્ડ જવું.

૨. સ. ક્રિ. નિરાંતે બાવું પીવું.

ગટકિયા ૧. જી. કચ્છણીની એ નામની એક બટક.

૨. ન. એ બટકનું બાણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગટકું (ગટકું) ન. પાણી બાસવાનું માટીનું નાનું બાસણ; નાનું ગટલું; નાની ગાગલી. ગોળીને બાયે ઢાંકવાનું નાનું માટીનું બાસણ.

ગટકેડ પું. ઘૂંટડો

ગટગટ ૧. પું. ગટગટ કરવાનો અવાજ; પાણી પીવાનો અવાજ.

૨. ન. બટકબ્ધ વમન.

૩. ન. ગટગટ અવાજ થાય એમ.

૪. ન. ત્વરાથી; સપાટાબંધ; ગટ; એકદમ ગળી જવાય તેમ.

ગટગટક જુઓ ગટગટ

ગટગટાવવું સ. ક્રિ. ગટગટ પી જવું; ગળી જવું.

ગટગટાવી જવું = ગટગટ અવાજ થાય તેમ તમામ સપાટાબંધ પી જવું; એકદમ ગડપથી પી જવું; ગળી જવું.

ગટગટો પું. એક જાતનું ઘાક.

ગટપટ ૧. જી. ગડબડસડબડ; બાલમેલ.

૨. જી. છાની છાની વાત; ગુંજ; ગોઠ.

૩. જી. મિલાવટ, મેળ.

૪. જી. સહવાસ; સંયોગ.

૫. વિ. અસ્તબ્યસ્ત; અબ્યવસ્થિત.

ગટપટવું ૧. સ. ક્રિ. છાની છાની વાત કરવી; ગુપ્ત મંત્રણા કરવી.

૨. સ. ક્રિ. સંપી જવું; સુલેહ કરવી.

ગટબોર ન. જંગલનું એક જાતનું ઘાક. તેનાં ફળનો રંગ બામળાને કાળો રંગ બનાવવા માટે વપરાય છે.

ગટર ૧. [બં.] જી. ગંદુ પાણી જવાની નીક; મોરી; બાળ.

૨. જી. ઢાંકણિયું નાનું.

૩. ન. પત્રનાં બોબાં બાંધવાની રબર કે સૂતરની દોરી બથવા પટો

ગટરપટર ૧. જી. પરિચિત બવહાર.

૨. ન. ઊપરીયતી સમજાવટ.

૩. ન. બામતેમ; ઊધુચત્તું; ગમેતેમ.

ગટરગલ [હિ.] પું. વાંદરો.

ગટરભાપુ પું. દાઢિયો; ઘાકટો

ગટરિયાં ન. બ. ક. નાની ગટરો.

ગટચાર ૧. જી. એ નામની બટ લોકોની એક જાત.

૨. ન. એ નામની બટ લોકોની એક જાતનું બાણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગટચારા જુઓ ગટચાર.

ગટસૅપ સ્ત્રી. ઢલકા લોબાની એક જાત.

ગટંપટં ૧. ન. ગરબડગોટો.

૨. ન. છળ; કુટિલ.

ગટાકારબૂચ પું. બોગીનું ઢાંકણાનું એક બોજાર.

ગટાંટાપ ૧. પું. ઘોર બંધારું.

૨ બં. ઘટાટોપ; બીજોબીજ.

ગદાપટી સ્ત્રી. ગરજગોટો.

ગદાપરચ્છ ૧. પું. એ નામના ઝાડમાંથી નીકળતો ગુંદર જેવો રસ. તે ઠેખાવમાં દૂધ જેવો હોય છે. મોટે ભાગે તે વીજળીના તારો ઉપર રહ્યા અર્થે લગાડવામાં આવે છે. તેના વૉટર પ્રૂફ એટલે પાણીની અસર સામે ટકી રહે એવા ફોટ બને છે.

૨. [મલાયમ ગટા (ગુંદ) + પરચા (રસ)] ન. મલાયમાં થતું એક જાતનું ઝાડ. આ વૃક્ષ વિશાળ હોય છે. લાકડું કમજોર હોવાથી ઉપયોગી નથી. તેના ફળમાંથી તેલ નીકળે છે. આ ઝાડમાંથી નીકળતો દૂધ જેવો સફેદ પદાર્થ રબરની માફક કામ આવે છે પણ તેના જેટલો તે નરમ હોતો નથી.

ગદાલામે સ્ત્રી. એ નામની મંજ એટલે દગલાની એક અધિષ્ઠાત્રી દેવી. બસ્તારથી જતા રસ્તાની એક બાજુ ઉપર આ દેવીના માનમાં પથ્થરના મોટા મોટા દગલા કરવામાં આવેલા છે. ત્યાંથી પસાર થતો દરેક માણસ તેના ઉપર એક પથ્થર મૂકવાને અને તે દગલાને સલામ કરવાને બંધાયેલો છે.

ગદાવનું જ. ક્રિ. પીવું.

ગદિ પું. નાનો ભોગિયો.

ગદિયા [હિં.] સ્ત્રી. નાની ગાંસડી.

ગદિયું ૧. વિ. જાડું; ઠીંગણું.

૨. વિ. બટકું અને ભાડું.

ગદિયો પું. નીચા બાંધાનો ઠીંગણો માણસ.

ગદી ૧. સ્ત્રી. ગાંઠ; ગૂંચ; આંટી.

૨. સ્ત્રી. સળોટી.

ગદુકડું (ગદુકડું) ન. મલકો; ગમ્મત.

ગદુકો પું. ઘૂંટડો.

ગદૂચી ૧. [સં. કટુકી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કડુ. એના વેલા અને પાંદડાં ગળોનાં જેવાં હોય છે. વેલા જરા રતાશ પડતા હોય છે.

૨. સ્ત્રી. ગળો.

ગદો ૧. પું. લાકડાનો સળોટો; મન.

૨. પું. સીવની વેળાએ પગરખામાં રખાતો લાકડાનો કટકો.

ગદ્દ ૧. પું. જગામાં વસ્તુ ભીતરનાં થતો અવાજ; ગટક.

૨. વિ. ઠીંગણું; નીચું.

૩. અ. ગટ લાગ્યું; ઝટ; તરત; એકદમ.

ગદ્દા ૧. પું. એ નામની એક ભીડાઈ.

૨. [હિં.] પું. ઢાંકણનો સાંધો.

૩. પું. ધૂળી.

૪. પું. બ. વ. (કચ્છી) કોજિયા.

૫. પું. બ. વ. ગાલના ઊપસેલ ભાગ.

૬. પું. બ. વ. બકા ઘર.

૭ પું. બ. વ. ઝાંઝ પકડવાના લુહારના ગોટા.

૮. પું. બ. વ. તબલામાં નખાતા લાકડાના કટકા.

૯ પું. બ. વ. પગના ઝાંઝણાનાં ઝાંઝરું.

૧૦. પું. બ. વ. પૈડાં નીકળી ન જાય તે માટે આડાં કેસીને માટે વપરાતાં સાધન.

૧૧. પું. બ. વ. બીડ; ભીંજ.

૧૨. પું. બ. વ. ખૂબ; કટ્ટા.

૧૩. પું. બ. વ. સ્ત્રીઓનાં સ્તન.

૧૪. પું. બ. વ. ઘીરાઓની હાર.

૧૫. પું. બ. વ. કુસ્તાની નળીનો એક ભાગ.

ગદ્દી ૧. સ્ત્રી. બેસવા અથવા નાવમાં બેસાની નીચેની ચૂસ.

૨. સ્ત્રી. ઠેરા અથવા તાર લપેટવાનું સાધન; 'બોબિન'.

૩. સ્ત્રી. નદીનો કિનારો.

૪. વિ. ઠીંગણું; નીચું.

૫. વિ. બટકું અને ભાડું.

ગદ્દુ વિ. ઠીંગણું; નીચું.

ગદ્દુલલ્લભ પું. વૈષ્ણવ સંપ્રદાયનો એ નામનો એક સમર્થ આચાર્ય. તેની ભારતભૂતિ નામની પત્ની મનોજ્ઞ હતી. તેનો જન્મ સૌરાષ્ટ્રમાં થયાનું મનાય છે. તેણે શ્રીમદ્ ભગવદ્ગીતાની ટીકા લખેલ છે.

ગદ્દૂ જુઓ ગદ્દી ૪, ૫.

ગદ્દો ૧. પું. કાપડના ભારણામાં નાખવામાં આવતો કપડાનો કટ્ટો.

૨. પું. (કચ્છી) ભોગિયો.

૩. પું. મોગરો.

ગધ ૧. પું. ઢાંકો; કિનારો.

૨. [હિં.] પું. ગાંઠ.

૩. સ્ત્રી. ધાતુની લગડી.

ગધકરા ૧. પું. ભીક્ષા કાતરનાર; ખીસાકાતરૂ.

૨. વિ. ખેડામાની અગર ઉતારપીઠીથી નાણું કઢાવનાર.

ગધકરાઈ સ્ત્રી. ભીમાં કાતરવાં તે.

ગધકરી જુઓ ગધકરાઈ.

ગધખેડા (ગાધખેડા) ૧. પું. આખે બાંધવું તે.

૨. પું. હિંદુ લગ્નની એક ક્રિયા; ઉઘાડેડી બાંધવી તે.

૩. વિ. ખોડેલું; સાંધેલું.

ગધડ (ગધડ) [હિં.] પું. મોટું ઘેટું.

ગધડયા (ગધડ્યા) [હિં.] સ્ત્રી. કોયળો; પોટલું.

ગધડી (ગધડી) [સં. ગ્રંથિ] સ્ત્રી. (હિંદી) કોયળો; પોટલી; ગાંસડી; બચકી.

૧. ગધડી કરવી = (૧) એકઠું કરવું. (૨) કુસ્તીમાં સામાવાળાને હરાવવું.

૨. ગધડી બાંધવી = (૧) પોટલું બાંધવું. (૨) વસ્તુ એકઠી કરવી.

૩. ગધડી મારવી = સૂંઘવું.

ગધડીકર (ગધડીકર) [હિં.] પું. ગાંસડી ઉપરનો કર.

ગધત ૧. સ્ત્રી. ગાવતરું.

૨. સ્ત્રી. ખેડાણ.

૩. સ્ત્રી. બનાવટ; રચના.

ગધન ૧. [સં. ગ્રથન] ન. એકત્રિત કરવું તે.

૨. ન. બનાવટ.

૩. ન. બાંધવું તે.

ગધબંધ વિ. ગાંઠ વાળેલ.

ગધબંધન ૧. પું. ગાંઠ બાંધવી તે.

૨. પું. ઉઘાડેડી બાંધવી તે; લગ્નવિધામાં વરકન્યાના ઉઘાડબંધન.

ગધમાંદાણુવા ન. (કચ્છી) એક પ્રકારનું ઘાસ; મોથો.

ગધર [સં.] પું. મોટી ગાંસડી.

ગધરી ૧. સ્ત્રી. ઠોબળી.

૨. સ્ત્રી. ગાંસડી; પોટલી.

૩. સ્ત્રી. ટોળું.

૪. સ્ત્રી. તરવાનો એક પ્રકાર.

૫. સ્ત્રી. સંચિત ધન.

ગધવાંસી સ્ત્રી. ગધાનો વીસમો ભાગ.

ગધાની સ્ત્રી. ખેડૂતો ઉપરનો એક જાતનો કર.

ગધારા ૧. પું. ખેડાણ.

૨. પું. બનાવટ.

ગધિયણ વિ સ્ત્રી. ચુગ્ગી; ધાકી.

ગધિયા ૧. [હિં.] પું. એક જાતનો વાનો રોગ; સંધિવા. તેમાં ગોઠણમાં દુઃખ થાય છે.

૨. પું. ઢોરોને ગાઠ નીકળવાનો રોગ.

૩. પું બ. વ. હાથ કે પગમાં ચાલતાં ગોકળાં.

૪. સ્ત્રી કોયળો.

૫. [સં. ગ્રથીલ] સ્ત્રી. ગાંસડી; પોટલી.

૬. સ્ત્રી. ટોપલી

૭. સ્ત્રી. રોઢો.

ગધિયારોગ પું. સંધિવા.

ગધિયાવેડા (ગધિયાવેડા) પું. હરામીપણું; લુચ્ચાઈ.

ગધિયું વિ. લુચ્ચું; ધાકુ.

ઝઠિયો ૧. પું. ખીસાકાતરૂ.
૨. પું. ઠીંગણો અને લઠ્ઠ માણસ; મજબૂત બાંધાનો માણસ.
૩. વિ. પું. ગાંડ; છોડનાર.
૪. વિ. પું. ઠીંગણો; નીચા કદનો.
૫. વિ પું. લુચ્ચો; પહોંચેલો.

ગઠિયન ૧. ન. એક જાતનું ગાડ; મંચિક.
૨. ન. તગરની ગાડ.

ગઠી ૧. [હિં.] સ્ત્રી. દડો.
૨. સ્ત્રી. ભારવાહી જનવરના વાંસા ઉપર મૂકવામાં આવતું ઓશીકું

ગઠીલું ૧. વિ. ગાંઠવાળું.
૨. વિ. મજબૂત.
૩. વિ. સારા બાંધાનું.

ગઠેસી જો જરેસી જેની એક જાતની મીઠાઈ.

ગઠેવાળિયા પું. બ. વ. ઘરમથ્યુ દવાઓની ગાંઠો વાળી બાંધેલી પોટલીઓ.

ગાઠો ૧. પું. કટકો.
૨. ભુક્કો મરો.

ઝઠોરગમ્ભ પું. કઠાવર અને મજબૂત માણસ.

ગઠૌંહ ૧. [હિં.] સ્ત્રી. કોથળામાં બાંધેલી અનામત.
૨. સ્ત્રી. ગાંઠની બંધાઈ.

ગઢુહ (ગઢહ) પું. મોટું પોટકું.

ગઢો ૧. [હિં.] પું. જમીન માપવાની સાંકળનો ૨૦મો ભાગ. દરેક ગઢો ગજ ઇંચાદી ગજનો હોય છે.
૨. પું પાંચ શેર દાણાનું માપિયું.
૩. પું. બંગાળના વીઘાનો વીસમો ભાગ; ૭૨૦ ચોરસ ફૂટ.
૪. પું. ભાર.
૫. પું. લશ્કર, ટુંપણી અથવા હળદરનો ગાંઠિયો.

ગઢ્ઢી ૧. [હિં.] પું. કબો.
૨. પું. ગાંઠ.
૩. સ્ત્રી. પોટલી.
ગઢ્ઢી કરવું = ચોરી જવું.

ગઢ્ઢીછેદ (ગઢ્ઢીછેઠ) પું. ચોર; લુચ્ચો; ખીસાકાતરૂ.

ગઢ્ઢો ૧. પું. ગાંઠ; વેઢો.
૨. પું. ગાંસડી; પોટલી; બચકું.
૩. પું. ધૂંટણની ઉપરનું જોગ હાડકું.
૪. [સં. ગ્રંથિ] પું. છૂટાં લચ્છો એકઠાં કરીને બનાવી મેલેલ ગાંઠ; રસનો જોગ ગાંગડો; લાડો, મચિયું; બાઝી ગયેલો જથ્થો.
૫. પું. જમીન માપવાની સાંકળનો ૨૦ મો ભાગ.
૬. પું. ટેકું.
૭. પું. દબાવીને બાંધેલી ગાંસડી.
૮. પું. શરીરમાં ઠેકઠેકાણે લોહી બંધાઈ જવાથી થતી કઠણ ગાંઠ.

ગઢ્ઢી ૧. સ્ત્રી. રક્ષક; સરવાળો.
૨. સ્ત્રી. સચય; સંગ્રહ.
૩. વિ. એકંદર; મજબૂત.

ગઢ્ઢ ૧. [સં.] અ. ક્રિ. રેલો ચાલવો; પ્રવાહી પદાર્થની પેઠે વહેવું.
૨. સ. ક્રિ. સીંચવું; ઝાંટવું.

ગઢ (ગઢ્ઢ) ૧. પું. આચ્છાદન.
૨. પું. એ નામનો એક રેક.
૩. પું. એક જાતનું માછલું.
૪. પું. એક જાતનું હથિયાર.
૫. પું. ગ્રહેટ.
૬. [સં.] પું., બાઈ; અર્ધ આઠો.
૭. પું. ગિરિદુર્ગ; પર્વત ઉપર બાંધેલો કિલ્લો.
૮. પું. બીબ; ટોળું; જૂથ.
૯. પું. ઘેરો.
૧૦. પું. પડદો.
૧૧. પું. પ્રતિરોધ.
૧૨. પું. ફરક; તફાવત.
૧૩. પું. ફોડલો.
૧૪. પું. બખર; પીઠ.
૧૫. પું. માળવા પ્રાંતનો એક ભાગ.
૧૬. પું. મોટો પથ્થર.
૧૭. પું. વાડ.
૧૮. પું. વિઘ્ન.
૧૯. પું. સુવર્ણમત્સ્ય; એક જાતનું માછલું.
૨૦. પું. હદની નિશાની; સીમાની નિશાની.
૨૧. સ્ત્રી. આવડત; હથોટી.
૨૨. સ્ત્રી. ગડી, ઘડી.
૨૩. સ્ત્રી. ગાંઠ.
૨૪. ન. ચૂમડું.
૨૫. ન. પાકતાં અને મોં જતાં થયેલી વાર લાગે એવો બિકારી ફોડલાનો સોજો.

ગઢક [સં.] પું. એક જાતનું માછલું.

ગઢકબારણી (ગઢકબારણી) સ્ત્રી. બાયપટોળા નામની એક દેશી રમત.

ગઢકબારી (ગઢકબારી) ૧. સ્ત્રી. એક જાતની દમની રમત.
૨. સ્ત્રી. નાની બારી.

ગઢકરી (ગઢકરી) [મ.] પું. કિલ્લામાં નોકરી કરનાર સિપાઈ.

ગઢકવું (ગઢકવું) અ. ક્રિ. નીચેથી નીકળવું; ભળતો જવું; નીચે ઊતરી ચાલ્યા જવું.

ગઢકું (ગઢકું) ન. ટોકું; ભળ.

ગઢખિયું (ગઢખિયું) ન. ગોખલો.

ગઢખી (ગઢખી) જો. (કચ્છી) ગોખલો.

ગઢગચ્ચો (ગઢગચ્ચો) ૧. પું. ઘણી વસ્તુ આમતેમ અડકેલી અથવા પડેલી હોય એવી સ્થિતિ; ખીચડો; ગડબડગોટો
૨. પું. ઘણું ખાવાથી શરીરનું અકળાઈ જવું તે.
૩. પું. ભીડ; સકડાશ.

ગઢગજ (ગઢગજ) પું. કિલ્લાની મોખરે ઠગા આવેલો માટીનો ટેકરો.

ગઢગઢ (ગઢગઢ) ૧. પું. ગગડાટ; કકડાટ; ગડગડાટ.
૨. સ્ત્રી. આકાશમાં વીજળીથી થતો અવાજ.
૩. સ્ત્રી. ગડબડની વસ્તુને લીધે થતો અવાજ.
૪. સ્ત્રી. ગોળ નાનું ટોકું.
૫. સ્ત્રી. તોપ ફૂટવાથી થતો અવાજ.
૬. સ્ત્રી. પર્વતિયા ઉપરથી પડી જતાં થતો અવાજ.
૭. સ્ત્રી. પાણીના નાના કટકાઓનો જથ્થો.
૮. સ્ત્રી. પેટમાં થતો ગડગડ અવાજ.
૯. સ્ત્રી. પૈડાંનો અવાજ.

૧૦. [હિં.] સ્ત્રી. કુદરતના પાણીથી થતો અવાજ.

૧૧. અ. ઉતાવળથી; ઝડપથી.

ગઢગડતી (ગઢગડતી) ૧. સ્ત્રી. દોટ; દડી.
ગડગડતી મૂકવી = દોટ કાઢવી; દડી મૂકવી.
૨. વિ. સ્ત્રી. ગડગડ એવો અવાજ કરતી.

ગઢગઢદાસ (ગઢગઢદાસ) પું. દાઢિયો; ભાટડો.

ગઢગઢભાઢ (ગઢગઢભાટ) પું. સાધારણ સ્થિતિ.
અતિ ઢાઢો અળખામણો, અતિ ઘેરો ઉપાઢ,
આનંદ કરે પરમાનંદા, ભલો ગઢગઢભાઢ.
દેવતસગઢ

ગઢગઢવું (ગઢગઢવું) ૧. અ. ક્રિ. કોઈ વસ્તુ ગડગડતી હોય એવો અવાજ થવો; પૈડાંની જેમ બબડતો બબડતો અવાજ થવો.
૨. અ. ક્રિ. ગડબડવું; જોડીઓમાં ખાતાં તળેઉપર થતાં ઢાળને લીધે નીચાણ તરફ પડવું.
૩. અ. ક્રિ. ગાજવું; વાગવું.
૪. અ. ક્રિ. જોગ ખાંટા કરવા.
૫. અ. ક્રિ. હક્ક ન હોય ત્યાં દાખલ થઈ જવું.

ગઢગઢા (ગઢગઢા) [હિં.] પું. મોટો હુક્કો.

ગઢગડાટ (ગઢગડાટ) ૧. પું. ગડગડ એવો અવાજ; ગગડાટ; ગર્જના.
૨. પું ગડગ અને જોર જતાવતો અવાજ.
૩. અ. સડસડાટ; ઝપાટાબંધ.

ગડગડાવવું (ગડગડાવવું) ૧. સ. ક્રિ. ગડગડાવું; અવાજ કરાવવું.
૨. સ. ક્રિ. ગડગડે એમ કરવું; ગડગડ અવાજ એમ કરવું; ગડગડાવવું.
૩. સ. ક્રિ. ગુડગુડ અવાજ એવી રીતે ખેંચવું.
૪. સ. ક્રિ. સપાટાબંધ કામ કરવું.
૫. સ. ક્રિ. હુક્કો પીવો.

ગડગડાહટ (ગડગડાહટ) ૧. [હિં.] સ્ત્રી. ગડગડ એવો અવાજ.
૨. સ્ત્રી. હુક્કો પીવાથી નીકળતો શબ્દ.

ગડગડિયા (ગડગડિયા) પું બ.વ. લોઢા વીંટાળવા બાકુ.

ગડગડિયાળું (ગડગડિયાળું) વિ. ગડગડિયા પથ્થરથી ચણેલ
ઠાંકરીઆળા ઠોઠ, પીઢા ? તેં કેક ચણટપા, ગડગડિયાળા ગઢ, વસમા છે વેરી તણા. દુહો

ગડગડિયું (ગડગડિયું) ૧. ન. મોટો કાચલીથી જુદો પડી ગડગડ અવાજ થતો હોય તેવું નાળિયેર; સૂકું નાળિયેર.
૨. ન. ભરતરવી.
ગડગડિયું આપવું = કાઢી મૂકવું; ભરતરવ કરવું.
૩. ન. રજા; વિદાય.
૪. ન. રવાઈના ઉપલા ભાગમાં રાખવાનું ગોળ કાણાવાળું આખરાના લાકડાનું સાધન.

ગડગડી (ગડગડી) ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય.
૩. [સં.] પું. ગણપતિ; ઉમાપુત્ર; પાર્વતીપુત્ર; ગજાનન; ગજવદન; હેરિમુખ; લંબોદર; દ્વિરદ; વિઘ્નેશ; દૈમાતુર; વિનાયક; અખુરથ; એકદંત; એકદૃષ્ટા; મૂષકવાહન; ગિરિજાસુત; શિવ અને પાર્વતીના પુત્ર. બધા શુભકાર્યના આરંભમાં એ પ્રથમ પૂજાય છે, કારણકે કારણરૂપે એ ઈશ્વર મનાય છે. ભૂત ભૌતિક સર્વ ગણોના અધિપતિ હોઈ તે ગણેશ કહેવાય છે. જ્યોતિશાસ્ત્રમાં જ્યાં જ્યાં અક્ષરના આંક ગણ્યા છે, તેના ઈશ પણ ગણેશ કહેવાય છે. રિદ્ધિ સિદ્ધિ એ બે શક્તિ એની પડખે સદા ખડી છે, એટલે એ દેવની ઉપાસનાથી એ બંને સુલભ થાય છે. અધિદૈવરૂપે એ જગતનું બીજ મનાય છે, અધિભૂતરૂપે અવતાર છે, તે અધ્યાત્મરૂપે એ બંને અવસ્થાના નિયંતા એટલે બ્રહ્મરૂપ સ્વીકારાયા છે. અધ્યાત્મની ઉપાસનાથી જગતબીજ ઉપાસક પોતે જ છે એમ અનુભવાય છે. એનું મુખ હાથીનું છે. તે ૐકારરૂપ ગણાય છે. પેટ મોટું છે તે આનંદસૂચક છે. એક વાર શિવપાર્વતી અંત:પુરમાં હોવાથી ગણેશને દ્વારની ચોકી કરવા રાખ્યા હતા. એટલામાં પરશુરામ ત્યાં આવી ચઢ્યા. અંદર જતાં ગણેશે તેમને અટકાવ્યા તેથી બે વચ્ચે લડાઈ થઈ, તેમાં ગણેશના બે દાંતમાંથી એક તૂટી ગયો તેથી, એ એકદંત કહેવાય છે. પુરાણોમાં લખ્યું છે કે પહેલાં ગણેશને મનુષ્યનું માથું હતું, પણ શનૈશ્વરની દૃષ્ટિ પડવાથી તેમનું માથું કપાઈ ગયું. આ ઉપરથી વિષ્ણુએ એક હાથીનું શિર કાપી તેમના ધડ ઉપર જોડી દીધું. વળી એમ પણ કહેવાય છે કે એક વખતે વિષ્ણુ અને ગણપતિ લડતા હતા એટલામાં શિવે વચમાં પડી ગણપતિનું ડોકું કાપી નાખ્યું. એ વાત પાર્વતીએ જાણી એટલે શિવને શાપ દેવા માંડ્યો. પછી શિવે એક દાંતના હાથીનું ડોકું કાપી લાવી ગણપતિના ધડને ચોટાડી જીવતા કર્યા. મારા પુત્રને વરવો કર્યો, તેથી હવે કોઈ તેને બોલાવશે નહિ, એમ કહી પાર્વતીએ ક્રોધ કર્યો ત્યારે શિવે કહ્યું કે સર્વ દેવમાં એ પહેલો પૂજાશે ને સર્વ શુભ કાર્યમાં તેનું આરાધન થશે. એથી હરકોઈ શુભ પ્રસંગે પ્રથમ એમની સ્થાપના કરવામાં

આવે છે. અમુક પુરાણમાં લખ્યું છે કે તેનો દાંત રાવણે ઉપેડી નાખ્યો હતો. કેટલાકના મત પ્રમાણે વીરભદ્ર અથવા કાર્તિકેયે દાંત તોડી નાખ્યો હતો. આ પ્રમાણે આયુ ગ્રાપવાના સંબંધમાં પણ મતભેદ છે. વળી કોઈ પુરાણમાં તેનું આખું શરીર મનુષ્યનું અને માથું હાથીના જેવું તથા ચાર હાથ અને એક દાંત, માથામાં ત્રણ આંખ અને લલાટ ઉપર અર્ધચંદ્ર એમ વર્ણન કરવામાં આવેલ છે. યુગ પ્રમાણે એમને દશ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હતા એવો ઉલ્લેખ છે. દશભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ભુજ ગણેશનું મયૂર, ચાર ભુજ ગણેશનું ઉંદર અને બે ભુજ ગણેશનું અશ્વ કહેવાય છે. એમના ચાર હાથમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ તે ધારણ કરે છે. એમને માટે ગણેશપુરાણ અને મુદ્ગલપુરાણ એવા સ્વતંત્ર ગ્રંથો છે. ત્રણે ગુણના સ્વામી હોવાથી એમને ત્રિગુણેશ પણ કહે છે. એને લાડુ બહુ પ્રિય છે. અષ્ટસિદ્ધિ એમની આઠ પટરાણી મનાય છે. તે પાર્વતીજીના શરીરના મલમાંથી ઉત્પન્ન થયાનું પણ મનાય છે. શ્રીમદ્ ભાગવતમાં ગણેશ કે ગણપતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વ્યાસજીએ મહાભારત રચ્યું તે વેળા ગણેશને વ્યાસ પાસેથી લહિયા તરીકે આવી લીધા હતા. વ્યાસ શ્લોક બોલતા જાય અને ગણેશ લખતા જાય એવી હકીકત પુરાણમાં છે. એ વિઘ્નહર કહેવાય છે. એક વખત ઉંદર ઉપર સવારી કરીને તેઓ જતા હતા, ત્યારે પડી ગયા. એ જોઈને ચંદ્ર મશ્કરીમાં હાસ્ય કર્યું. આથી ગુસ્સે થઈ એમણે ચંદ્રને શાપવાથી બોજને દિવસે ચંદ્ર દર્શન કરાતું નથી. ગણેશના બે વિવાની કથાનાં નામ પ્રમોદ અને આમોદ છે સિંદૂર હોવાને આરવથી તેને સિંદૂરવદન કહે છે. ગણેશ આરંભના દેવતા છે. તેની ઉત્પત્તિ કથી થઈ છે. આમાં 'અ'કાર શિર અને શરીર છે. 'ઓં' (ॐ) નો 'ઁ' ભાગ સૂંઢ છે, ઓં નો '◌ ◌' ભાગ એક દંત છે અને ઓં નો '◌◌' ભાગ મોદક છે પ્લુતનું '૩' ચિહ્ન મૂષક વાહન છે. આ પ્રમાણે મોદકભોજી, મૂષકારોહી અને એકદંતધારી ગજાનનની ઉત્પત્તિ થયાનું મનાય છે. દરેક હિંદુ મકાનના બારણાની સાખ ઉપર આ દેવની મૂર્તિ કોતરવામાં આવે છે.

૧. ગણેશ બેસવા = સારા માઠા કોઈ કામનો આરંભ થવો.

૨. ગણેશ બેસાડવા = સારા કામનો આરંભ કરવો.

૩. ગણેશ માંડવા = (૧) કોઈ પણ શુભ કામનો આરંભ કરવો; શરૂઆત કરવી; આરંભ કરવો; પહેલ કરવી. (૨) દેવળમાં બેસાડવાની ગણપતિની મૂર્તિ પધરાવવી.

૪. ગોબર ગણેશ = અભિમાની; મૂર્ખ માણસ.

૫. શ્રીગણેશાય નમઃ = (૧) ગણેશને નમસ્કાર. (૨) શ્રીગણેશને પ્રથમ નમસ્કાર કરી દરેક કામ હિંદુ કરે છે તે શુભ નિશાની. (૩) હરકોઈ કામનો પ્રારંભ; આરંભ; શરૂઆત.

૬. સેવનો ગણેશ = સેવ બનાવતાં બેરાંઓ બોચકા ભરવાનો સોંઘો ગણેશ તરીકે સેવ સૂકવવાના વાંસડા ઉપર મૂકે તે. વિઘ્ન ન આવે એવા હેતુથી તેઓ આમ કરે છે પણ તેનો અર્થ કોઈ નથી.

૪. પું. ચાવડીના ચોવીસ માંહેનો એ નામનો એક દેવતા.

૫. પું. તેતર પંખી. તેતર પક્ષીને ગ્રામ્ય શકુનોની પરિભાષામાં ગણેશ કહે છે.

ચીનાભાઈ હાલી નીકળ્યો. ચોતીડા પલાટ્યે; ઢળ્યો વાને ગણેશ ! (લો) ચીનાભાઈ પાછો વળ્યે. દુહો

૬. પું. મહાદેવ.

૭. વ. એ નામનું એક ઉપપુરાણ.

ગણેશઉત્સવ પું. ગણેશના માનમાં ઊજવાતો ઉત્સવ.

ગણેશકુસુમ ૧. [સં.] ન. રાતું ફૂલ.

૨. ન. લાલ કરેણનું ઝાડ.

ગણેશક્રિયા [સં.] સ્ત્રી. એક પ્રકારની પૌતિ. તેમાં આંગળી આદિની સહાયતાથી મુદ્રાનો મળ સાફ કરવામાં આવે છે. મલમલનું ગોલ વજ્ર બીવાટે મળી જાય તો ગુદા વાટે આહાર કારવામાં આવે છે, તેથી પણ મળ સારી રીતે દૂર થાય છે. આ ક્રિયાને ગણેશક્રિયા કહેવાય છે.

ગણેશગજ પું. હાથીનું નામ.

ગણેશગીતા સ્ત્રી. એ નામનું ગીતાનું એક પુસ્તક. તે ભગવદ્ગીતા છે, પરંતુ તેમાં કૃષ્ણને બદલે ગણેશનું નામ મૂકેલું છે. ગણેશગીતા એ ગણેશપુરાણના અંતમાં ક્રીડાખંડમાં ૧૩૮ થી ૧૪૮ સુધીના અધ્યાયમાં છે.

ગણેશગોળી સ્ત્રી. લાડુ.

ગણેશચતુર્થી જુઓ ગણેશચોથ.

ગણેશચોથ સ્ત્રી. ભાદરવા સુદિ ૪. તેમના મહિમા સંબંધી એવી હકીકત છે કે એક વાર પ્રદોષ સમયે શિવદર્શન કરવા સર્વ દેવતા આવ્યા. પછી બીજામાં ગણપતિ ઉંદર ઉપરથી પડી ગયા. તે જોઈ ચંદ્ર હસ્યો, તેથી ગણપતિએ શાપ આપ્યો પણ પછી ચંદ્ર આવીને પગે લાગ્યો, ત્યારે ગણપતિએ ચંદ્રને શાપથી વિમોચન કર્યો. પણ એટલું કહ્યું કે એ દિવસે કોઈ ચંદ્રદર્શન ન કરે. કેટલાકની માન્યતા પ્રમાણે એ દિવસે પાર્વતી ગણપતિ દેવનું પાર્થિવ પૂજન કરતાં મૃન્મય ગણપતિ સચેતન થયા અને એમણે સિંધુ નામના દૈત્યને માર્યો. એ ઉપરથી એ ચતુર્થીનો મહિમા ગાયો છે. ગુજરાત કાઠિયાવાડમાં વૈશાખ સુદિ ૪ને ગણેશચોથ કહેવામાં આવે છે. આ દિવસે ગણપતિનું પૂજન કરવામાં આવે છે.

ગણેશચોથ જુઓ ગણેશચોથ.

ગણેશજનની [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; પાર્વતી.

ગણેશતાલ પું. (સંગીત) એ નામનો એક ગતપ્રકૃતિ ૨૯ માત્રાનો તાલ. તેનાં ત.સ્થાન ૧–૫–૭–૯–૧૩–૧૭–૧૮–૧૯–૨૯ માત્રા ઉપર છે.

ગણેશદંતો પું. એક દાંતવાળો હાથી

ગણેશદૈવજ્ઞ પું. નસીબને જાણનાર જોશી.

ગણેશપંચાયતન ન. ગણપતિ આદિ પાંચ દેવતાઓનો સમૂહ તેમાં વચ્ચે ગણપતિ, ઈશાન કોણમાં વિષ્ણુ, અગ્નિકોણમાં મહાદેવ, નૈઋર્ત્ય કોણમાં સૂર્ય અને વાયવ્યમાં પાર્વતી દોય છે.

ગણેશપુરાણ [સં] ન. અઢાર માંહેનું એક ઉપપુરાણ. જુઓ ઉપપુરાણ.

ગણેશપૂજા સ્ત્રી. શંકરના પુત્ર ગણેશનું પૂજન. ગણેશ અથવા વિનાયક રુદ્રના ગણોના નેતા હતા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં ગણેશ અને તેમની માતા અંબિકાની પૂજાનું વર્ણન મળે છે. ઓછી ચતાબ્દિની પૂર્વની કોઈ ગણપતિની મૂર્તિ નથી મળી અને તે સમયના શિલાલેખોમાં તેમનો ઉલ્લેખ પણ મળતો નથી. બૌદ્ધોની ગુફાઓમાં કેટલીક દેવીઓની મૂર્તિની સાથે ગણપતિની મૂર્તિ પણ છે. ઈ. સ. ૮૬૩ના ખટિયાલાના સ્તંભમાં જી ગણેશની ચાર મૂર્તિઓ બની છે ગણેશના મુખની સૂંઢની કલ્પના કયારે થઈ તે માલૂમ નથી.

ગણેશપૂજન કરવી = વિશેષ મહત્વ આપવું.

ગણેશપ્રસાદ પું. એ નામનો એક કવિ. તે ગદ્યનો કવિ હતો. તે ૧૮૮૬થી ૧૯૨૫ સુધીમાં થયો

ગણેશભૂષણ [સં.] ન. સિંદૂર.

ગણેશસ્થાપના [સં.] સ્ત્રી. ગણપતિનું આવાહન

ગણેશાન ૧. [સં.] પું. ગણેશ

૨. પું. વિષ્ણુ.

૩. પું. શિવ.

ગણેશિયાં ન. ૧ ૧. ગણપતિનાં ગીત.

ગણેરિયું ન. ખાતર પાડવાનું જોરનું લોટાનું એક હથિયાર; ખાતરિયું; ઘર તોડવાનું એક હથિયાર.

ગણેરિયો ૧. પું. ઘર તોડવાનું એક હથિયાર. જુઓ ગણેરિયું.

૨. પું. ઢેઢને અપાતું ઉપનામ.

ગણેશ્વર જુઓ ગણેશ્વરતીર્થ.

ગણેસણે ૧. અ. ગનોકાન.

૨. અ. ગનેસને; સણસણાટીપૂર્વક.

ગણો ૧. પું. મકાઈના લોટમાં ગોળનું પાણી નાખી બનાવાતી મીઠી તળેલી પૂરી.

૨. પું. સંન્યાસ ગ્રહણને તથા કપડામાં ઓળખ માટે મૂકવામાં આવતો લીલા અથવા પીળા રંગનો પટ્ટો; ગોઠ.

ગણો મૂકનો = કપડાને ગોઠ મૂકવી; સંન્યાસ ગ્રહણ કરવો.

૩. સ્ત્રી. હજામની આઠી, ઊભી અને ત્રાંસી લપ. ગણો વાળવો = પાણીઆનો છેવટનો કચારો સરખો કરવો.

ગણોત ૧. [સં. ગણપત્ર] ન. જમીનદાર અને ખેડૂત વચ્ચેનું સાંથનું લખત; સાયણો; જમીન સંબંધી બેખ; ગણોતપટ્ટો; ગણોતનામું.

૨. ન. ભાડું; વિખોટી; મહેસૂલ.

૩. ન. ભાડે આપેલી જમીન.

ગણોતખાતું ન. બીજાને ખેડવા આપેલ ખેતરનાં ઊપજ અને અર્થનું ખાતું.

ગણોતનામું ન. જમીનદાર અને ખેડૂત વચ્ચેનો સાંથનો દસ્તાવેજ; ગણોતપટ્ટો; સાંથનો કરાર; જમીનની હદ્દાચિઠ્ઠી.

ગણોતપટ્ટો જુઓ ગણોતનામું.

ગણોતિયું વિ. ગણોતે આપેલું.

ગણોતિયો પું. જમીન ગણોતે રાખનાર ખેડૂત; ગણોત ભરવું પડતું હોય તેવો ખેડુ; સાંથીડો; ખાતાદાર.

ગણોતી વિ. બીજાની જમીન ખેડનાર.

ગણોત્સાહ [સં.] પું. ગેડો.

ગણોત્સાહી [સં.] સ્ત્રી. ગેડી.

ગણોદવાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગણોદિયા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગણ્ઠી ૧. સ્ત્રી. એ નામની એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. પાણી, દૂધ વગેરે પ્રવાહી ગળવાનું ઝીણું કાણાવાળું પાત્ર; ગળણી.

ગણ્ઠું ન. પાણી વગેરે પ્રવાહી ગાળવાનું સાધન; ગળણું; ગળણ.

ગણ્ય ૧. [સં.] વિ. ગણવા યોગ્ય; ગણનામાં લેવા જેવું; ગણનીય.

૨. વિ. પ્રતિષ્ઠિત.

ગણ્યું ૧. વિ. અનુભવી; કાબેલ.

૨. વિ. ચોકું; બૂજ.

ગણ્યુંગાંઠ્યું વિ. ચોકું; બૂજ; અલ્પ.

ગત ૧. પું. શુકનું એક નામ.

૨. પું. બૌદ્ધ ધર્મનો યતિ; ભિક્ષુ.

૩. સ્ત્રી. અંતિમ ક્રિયા.

૧. ગત કરવું = (૧) અંતિમ ક્રિયા કરવી. (૨) મારવું; મેથીપાક ચખાડવો. (૩) વાપરવું. (૪) અવસ્થા કરી નાખવી; ઠેકાણે પાડવું.

૨. ગત આવી = હારવું.

૩. ગતે પાડવું = ઠેકાણે પાડવું.

૪. સ્ત્રી. કર્મનો પરિપાક.

૫. સ્ત્રી. કળા; ખૂબી; ચતુરાઈ; યુક્તિ.

૬. સ્ત્રી. આસિયત; આદત; ટેવ.

વાણિયાની ગત = વાણિયાનો વિશેષ કરીને પકડતો સ્વભાવ; વાણિયાગત.

૭. સ્ત્રી. ગતિ; ગમન.

૮. સ્ત્રી. દશા; વેગ.

૯. સ્ત્રી. દુર્ગતિ; દુર્દશા.

૧૦. [હિં.] સ્ત્રી. ખનિ.

૧૧. સ્ત્રી. (સંગીત) નરવાં પ્રકૃત્ય સતાર વગેરે વગાડવા સબંધી નિયત કરેલી રીત; વાદ્ય ઉપર વગાડવાની ચીજ; અમુક આજને અમુક તાલમાં જોડવાને જે ગતિ ઉત્પન્ન થાય તે. તે આજના બોલને અમુક રાગના નિયમથી આવતા સ્વરોમાં સંબંધ કરાવવાથી અમુક રાગની ગત થાય છે. તે ગતને તીન તથા ફકરા લગાડવામાં આવે છે.

૧. ગત બજવી = (૧) જોરથી માર લાગવો. (૨) સર વગાડવો.

૨. ગત બનાવવી = (૧) અપમાન કરવું. (૨) દુર્દશા કરવી. (૩) મૂર્ખ બનાવવું.

૧૨. સ્ત્રી. નાચની એક રીત; નાચનો ઠાઠ.

૧. ગત નાચવી-ભરવી = અમુક તાલના નિયમથી પરમાણુઓ સાથે વર્તન કરવું. ગત ભરવાના પ્રકાર ઘણા છે. પ્રથમ ધીમી ગતિમાં વાદ્યો તથા તબલાનો ઠેકો શરૂ કરાવવો. જે તાલમાં ઠેકો શરૂ થાય તેમાં ગત ભરવી. બધા આગળ જઈ ઊભા રહેવું. પછી ત્યાંથી તીરછા ચાર પગલાં પગથી હટતાં હટતાં પોતાની અસલ જગ્યાએ આવી ચોભવું. એમ કરતાં મુખ પાછું ફેરવવું નહિ.

૨. ગત ભૂલવી = ચાલવાની રીત ભૂલવી.

૧૩. સ્ત્રી. નાશ; પાયમાલી.

૧૪. સ્ત્રી. પ્રવેશ; પ્રવેશ કરવાની શુદ્ધિ.

૧૫. સ્ત્રી. ખાટ્ટ; રમત; ચાલ.

ગત રમવી = કાવાદાવા કરવા; પ્રપંચ ખેલવો.

૧૬. સ્ત્રી. બુદ્ધિ; મતિ.

૧૭. સ્ત્રી. ભેદ; રહસ્ય.

૧૮. સ્ત્રી. મંડળ; મંડળી.

૧૯. સ્ત્રી. મુખ્ય પછીની જીવની સારી યા નઠારી સ્થિતિ.

૧. ગત થવું = મુક્તિ મળવી; સ્વર્ગમાં જવું.

૨. ગતે પાલવું = (૧) કામે લગાડવું. (૨) ઠેકાણે પડવું. (૩) મરી ગયેલની પાછળ આદ વગેરે કરી તેને સદ્ગતિએ પહોંચાડવું.

૩. ગતે જવું = (૧) મુક્ત થવું; મોક્ષ મેળવવો. (૨) સદ્ગતિ પામવી.

૨૦. સ્ત્રી. ખૂબી; સિલક.

૨૧. સ્ત્રી. મોક્ષ; મુક્તિ; સદ્ગતિ.

૨૨. સ્ત્રી. ઢંગ; વેષ.

૨૩. સ્ત્રી. રાગ; ઢાળ; ચાલ.

૨૪. સ્ત્રી. રીત; પદ્ધતિ.

૨૫. સ્ત્રી. વાદ્યની ચાલ.

૨૬. સ્ત્રી. વારો. જોકરાં કોઠીએ રમે ત્યારે કહે છે કે હવે મારી ગત છે.

૨૭. સ્ત્રી. શક્તિ; તાકાત.

૨૮. સ્ત્રી. સ્થિતિ; હાલત; અવસ્થા; દશા.

૨૯. ન. ગીડુ; પડ; હાર.

ગત હારવું = હારવું; પડ આવું.

૩૦. વિ. અદશ્ય થયેલ.

૩૧. વિ. આશ્રમ કરેલ.

૩૨. વિ. ખાલી; રહિત; વગરનું.

૩૩. વિ. ખોવાઈ ગયેલું.

૩૪. [સં.] વિ. ગયેલું; ગતિ કરેલ.

૩૫. વિ. ભાગેલ.

૩૬. વિ. ઊલ્લું.

૩૭. વિ. જુનું પડેલ.

૩૮. વિ. ને લગતું; સંબંધી. સમાસને અંતે આ અર્થમાં તે વપરાય છે. જેમકે, વ્યક્તિગત.

૩૯. વિ. પાર ગયેલું.

૪૦. વિ. પ્રવિષ્ટ; દાખલ થયેલ.

૪૧. વિ. પ્રાપ્ત થયેલ; મેળવેલું.

૪૨. વિ. મરી ગયેલું.

ગત થવું = (૧) મજાર થવું. (૨) મરી જવું; મરણ પામવું; જતું રહેવું.

૪૩. વિ. ગયું આવેલું. સમાસને અંતે આ અર્થમાં તે વપરાય છે. જેમકે, મંથગત.
૪૪. વિ. સમાપ્ત થયેલ.
૪૫. વિ. અવસ્થિત.
૪૬. અ. સુધી; લગી; લગ.

ગતકડું (ગતકડું) ૧. ન. નવાઈની વાત; નવાઈનો બનાવ.
૨. ન. હસવું આવે અથવા અસ્વસ્થ થઈ જવાય એવી બોલી અથવા ટોળ; મશ્કરી; મરકરી.

ગતકર્કુલોષ્ઠ સ્ત્રી. ઊંટની અગિયાર જાતોમાંની એક જાત. જુઓ ઊંટ.

ગતકલ્મષ [સં.] વિ. પાપ અથવા મલથી મુક્ત.

ગતકહ સ્ત્રી. લાકડી; ડાંગ; મુગદળ.

ગતકાલ [સં.] પું. ગયેલો સમય; વીતેલો વખત.

ગતકાલીન વિ. ભૂતકાળનું; વીતેલા જમાનાનું; કાલાતીત.

ગતકાળ જુઓ ગતકાલ.

ગતકુલ પું. કોઈના તરફથી હક્ક ન ધરાવાતો હોય એવો વારસો.

ગતક્લમ [સં.] વિ. તાવ ઊતરી ગયો હોય એવું.

ગતચેતન [સં.] વિ. જેનું ચેતન જતું રહ્યું છે એવું; બેભાન.

ગતજન્મ [સં.] પું. આગલો જન્મ; ગયેલો જન્મારો.

ગતજ્વર [સં.] વિ. તાવ ઊતરી ગયો હોય એવું.

ગતદિન [સં.] ન. વીતી ગયેલો દિવસ.

ગતદિવસ જુઓ ગતદિન.

ગતદેહ [સં.] વિ. સ્વર્ગવાસી; મરી ગયેલું.

ગતધન [સં.] ન. નષ્ટધન; ડૂબતું લેહું.

ગતધૃતિ સ્ત્રી. ગયેલી ધીરજ.

ગતપતિ [સં.] સ્ત્રી. વિધવા સ્ત્રી.

ગતપત્નીક [સં.] પું. વિધુર; જેની સ્ત્રી મરી ગઈ હોય એવો પુરુષ.

ગતપાક પું. ભોજનના જઠરાંતર્ગત પાચનમાંની એક ધાર્મિક વિધિ. તેમાં લાકડાના ચોરસ બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરીને તે ઉપર માટીનાં વાસણો શુદ્ધ પાણી ભરીને રાખવામાં આવે છે. તે ઉપર મોક્ષ મંત્રો ભણીને તેને પવિત્ર કરવામાં આવે છે.

ગતપ્રત્યાગત ૧. [સં.] પું. (સંગીત) તાલના સાઠ ભાંહેનો એ નામનો એક ભેદ.
૨. વિ. જવા પછી પાછું આવેલું.

ગતપ્રત્યાગતા [સં.] સ્ત્રી. પોતાના પતિના ઘરથી તેની આજ્ઞા વિના નીકળીને ચાલી ગઈ હોય અને પછી કેટલાક દિવસ મરજી પ્રમાણે બહાર રહીને પોતાના પતિને ઘેર પાછી આવી હોય તે સ્ત્રી. આવી સ્ત્રી સાથે પૂર્વ પતિનો શાસ્ત્રાનુસાર પુનર્વિવાહ સંસ્કાર થઈ શકે.

ગતપ્રભ [સં.] વિ. ઝાંખું; તેજ વગરનું.

ગતપ્રાણ [સં.] વિ. પ્રાણરહિત; મરી ગયેલું; મુડદું થયેલ.

ગતબળ ૧. વિ. નબળું; શક્તિ વગરનું.
૨. વિ. નિરાશ; નાહિંમત.

ગતબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. બગડેલી સમજ; મૂર્ખતા.
૨. વિ. જ્ઞાન રહિત; બુદ્ધિ વગરનું.

ગતભર્તૃકા ૧. [સં.] સ્ત્રી. પતિ પરલોક ગયો હોય એવી સ્ત્રી.
૨. સ્ત્રી. પતિ મરી ગયો હોય એવી સ્ત્રી; વિધવા; રાંડીરાંડ.

ગતભાર્ય [સં.] પું. વિધુર; પત્ની મરી ગઈ હોય એવો પુરુષ.

ગતમતિ ૧. સ્ત્રી. સમજ ન હોવાપણું; બુદ્ધિહીનતા.
૨. વિ. મૂર્ખ; સમજ વિનાનું.

ગતર ૧. [સં. ગાત્ર] સ્ત્રી. મુખ સિવાયનું.
૨. સ્ત્રી. શરીર.
૩. સ્ત્રી. કમરનો ભાગ; કમરની ઉપરનો શરીરનો આખો ભાગ.
૪. સ્ત્રી. હાલત; સારી સ્થિતિ.

ગતરસ વિ. સ્વાદ ઊડી ગયો હોય એવું; નાશ પામેલા રસવાળું.

ગતલક્ષ્મીક ૧. [સં.] વિ. ધનહીન; ગરીબ.
૨. વિ. શોભાસ્પદ દેખાવ સારો ન હોય એવું.

ગતવય [સં. ગતવયસ્] વિ. પ્રૌઢ; આધેડ ઉમરનું; પાકટ વયનું.

ગતવયસ્ક જુઓ ગતવય.

ગતવિભવ ૧. [સં.] વિ. જેની શોભા ચાલી ગઈ હોય એવું.
૨. વિ. દિવાળિયું; નાદાર.
૩. વિ. નિર્ધન; ગરીબ.

ગતવિહોણું વિ. અજ્ઞાન; જ્ઞાન વગરનું.

ગતશોક (ગતશોક) વિ. શરમ વિનાનું; લાજ જોડી દીધી હોય એવું.

ગતશોચ જુઓ ગતશોક.

ગતવૈભવ જુઓ ગતવિભવ.

ગતવ્યથ જુઓ ગતવ્યથા.

ગતવ્યથા [સં.] વિ. દુઃખમાંથી છૂટું થયેલું.

ગતશેષવ ૧. [સં.] ન. બચેલું અવશેષ.
૨. વિ. અવશેષ જેનું પૂરું થયું હોય એવું.

ગતશોક વિ. શોક રહિત; જેનો શોક ચાલ્યો ગયો હોય એવું.

ગતસત્ત્વક પું. મદ ઊતરી ગયેલો હાથી.

ગતસત્ત્વ ૧. વિ. બળ વિનાનું; શક્તિ વગરનું.
૨. [સં.] વિ. મૃત; મરેલ.

ગતસંગ ૧. [સં.] વિ. રાગથી મુક્ત; ફળકામના રહિત.
૨. વિ. વિરહ; ઊણપ.

ગતસંગીત ન. પતિ મુજબનું ગાયન.

ગતસંદેહ [સં.] વિ. સંશય વગરનું; નિશ્ચિત; નક્કી; શંકા વિનાનું.

ગતસ્પૃહ [સં.] વિ. ઇચ્છા વગરનું; તૃષ્ણા દૂર થઈ હોય એવું.

ગતસ્મય ૧. [સં.] વિ. અહંકાર રહિત; ગર્વ વગરનું.
૨. વિ. આશ્ચર્ય નહિ પામનાર.

ગતાક્ષ [સં.] વિ. આંખ વગરનું; આંધળું.

ગતાખોળ વિ. પત્તો ન લાગે એવું.

ગતાગત ૧. [સં.] સ્ત્રી. એક જાતની કવિતા.
૨. સ્ત્રી. ગતિ ચિત્રના બાર ભેદ પાંહેનો એક. તેમાં પાદાનુપાદ ગતાગત, અર્ધ ગતાગત, તદ્ગુર તદ્ગર્ભગતાગત, વિલમપદાર્ધ ગતાગત, પ્રતિલોમ ગતાગત, અનુલોમ ગતાગત, બાહ્યાંતર ગતાગત, અસ્ત ગતાગત, સમસ્ત ગતાગત, સ્વસ્તિક ગતિ, ક્રમ ગતિ, સર્વતોભદ્રગતિ, રથગતિ અને અબ્જગતિ વગેરે ભેદ છે.
૩. અ. અવરજવર; આવવું અને જવું તે.
૪. અ. આગળપાછળનો વૃત્તાંત.
૫. અ. એક જાતનું પક્ષી.
૬. અ. જન્મમરણ.
૭. વિ. આવ્યું ગયું; ગયેલું આવેલું; પહેલાં થયેલ અને ફરીથી આવું આવેલ.

ગતાગતદ્વિરૂપ [સં.] ન. કોઈ પણ શબ્દના અક્ષર ઊલટાવીને આદ્યાક્ષરથી અને તેમ અન્યથી બનેલો શબ્દ. જેમકે, તવારીખ–ખરીતાવ, ખવાર–રવાલ, રમત–તમર, નમન–મનન.

ગતાગતભેદ પું. ઊલટસૂલટ બંને રીતે વાંચવાથી એક જ શબ્દ બનવા જેવો રચનાભેદ. જેમકે, નવીન–વીન, નમન–નમન, નવજીવન–નવજીવન.

ગતાગતસ્થિતિ સ્ત્રી. આંદોલન; કંપન; આસ્પંદ; ડોલન; ઝૂલણ; 'ઑસ્સિલેશન'.

ગતાગતસ્વસ્તિકક્રમબંધ પું. એક ભાતનું ચિત્રકામ.

ગતાગતિ પું. શિવ; હર; મહાદેવ.

ગતાગમ ૧. સ્ત્રી. કર્મનું ફળ.
૨. સ્ત્રી. કળાકળ; સૂઝ; વિજ્ઞાન; જાણપણું.
૩. સ્ત્રી. ગયેલું પાછું મેળવવું તે.
૪. સ્ત્રી. ભૂતકાળ ઉપરથી ભવિષ્યનો વિચાર.
૫. સ્ત્રી. સમજ; સમજણ; જ્ઞાન.

ગતાગાળો ૧. વિ. ચકરડી લેતું; ચોગ કૂંઠાળામાં ફરતું.
૨. અ. ભેતાભેતામાં; ધડીચારમાં; એકદમ.

ગતાત સ્ત્રી. બાવાપીવાનો વ્યવહાર.

ગતાધિ [સં.] વિ. ઉપાધિમુક્ત; સુખી.

ગતાધ્વન ૧. [સં. ગતાધ્વન્] સ્ત્રી. ચૌદશ અને અમાસ સાથે હોય એવો દિવસ.
૨. વિ. જાણીતું; માહિતગાર.
૩. વિ મુસાફરી પૂરી કરી હોય એવું; માર્ગને ઓળંગેલું.

ગતાનુગત [સં.] વ. અનુકરણ; ગાડરિયો પ્રવાહ; ગયેલાંને અનુસરવું તે; ગયેલાની પાછળ જવું તે.

ગતાનુગતિ જુઓ ગતાનુગત.

ગતાનુગતિક ૧. [સં.] વ. આંખો મીંચીને પાછળ જવું તે; ગાડરિયો પ્રવાહ.
૨. વિ. એકની પાછળ ગાડરિયા પ્રવાહની માફક ચાલનાર; ચીલે ચાલનાર; પરંપરાથી ચાલનારું; ગાડરિયું; ભેદની નકલ કરનાર.
૩. અ. ગાડરિયા પ્રવાહની માફક; રૂઢિ જેમ.

ગતાયુ ૧. [સં. ગતાયુસ્] વ. ગયેલ આયુષ્ય; ગયા વખત.
૨. વિ. મરેલું નબળું.
૩. વિ. મરેલું જેવું

ગતાર્તવા ૧. [સં.] સ્ત્રી. પચાસ વર્ષ ઉપરની સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. જેને ઋતુ અથવા રજોદર્શન ન થતું હોય એવી
૩. વિ. સ્ત્રી. વાંઝણી
૪. વિ. સ્ત્રી. વૃદ્ધા; ઘરડી.

ગતાર્ધ ૧. [સં.] વિ. અર્ધેકીન.
૨. વિ. મરીજ; દીન; નિર્ધન
૩. વિ ભૂતકાળ ઉપરથી ઊતરેલું.

ગતાવલોકન [સં.] વ. સિંહાવલોકન; મુજરી વાતનો વિચાર.

ગતાસુ [સં.] વિ. મૃત; પ્રાણ રહિત; મુજરી ગયેલ; મરી ગયેલ.

ગતાંક [સં.] પું. છેલ્લો, પાછલો અથવા આગલા અંકનો આંક; નવો આંક. માસિક, પખવાડિક વગેરે માટે આ શબ્દ વપરાય છે.

ગતાંત [સં.] વિ. જેનો અંત પાસે આવ્યો હોય એવું; છેવાને પામેલ.

ગતિ ૧. [સં.] પું. શિવનાં હજાર આંહેનું એક નામ.
૨. સ્ત્રી. અનાજરસ્તુ; પદાર્થરસ્તુ.
૩. સ્ત્રી. અવસ્થા; દશા.
૪. સ્ત્રી. અંત; છેવો.
૫. સ્ત્રી. અંતિમ ઉપાય.
૬. સ્ત્રી. આચાર.
૭. સ્ત્રી. આજીવિકાની જોગવાઈ.
૮. સ્ત્રી. આશ્રયસ્થાન; શરણ; આશ્રય.
૯. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ માંહેની એ નામની એક કન્યા. તે સ્વાયંભુ મન્વંતરમાંના પુલહ ઋષિની સ્ત્રી હતી.
૧૦. સ્ત્રી. કર્મફળ.
૧૧. સ્ત્રી. કુસ્તીની એક ચાલ; પેતરો.
૧૨. સ્ત્રી. ક્ષેમ.
૧૩. સ્ત્રી. ગ્રહની માર્ગ ઉપર જવાની ક્રિયા; ગ્રહોની ચાલ.
૧૪. સ્ત્રી. ચાલ; વેગ.
૧૫. સ્ત્રી. જન્મમરણથી નીકળતું હોવું.
૧૬. સ્ત્રી. જવું તે; ગમન; ચાલ; એક સ્થાનેથી બીજા સ્થાન ઉપર જવાની ક્રિયા.
૧૭. સ્ત્રી. જ્ઞાન; જાણ; માહિતી.
૧૮. સ્ત્રી. જીવાત્માનું એક શરીરમાંથી બીજા શરીરમાં ગમન.
૧૯. સ્ત્રી. ઢબ; ઘાટ; વેગ.
૨૦. સ્ત્રી. (સંગીત) તાલના દસ પ્રાણમાંનો એ નામનો એક. જુઓ તાલ.
૨૧. સ્ત્રી. દાખલ થવા દેવાની ક્રિયા; પ્રવેશ.
૨૨. સ્ત્રી. દેહ.
૨૩. સ્ત્રી. નસીબ; પ્રારબ્ધ.
૨૪ સ્ત્રી. નામની એક રીત.
૨૫. સ્ત્રી નાડીવિશેષ.
૨૬ સ્ત્રી. (વ્યાકરણ) નિપાત; અવ્યય.
૨૭. સ્ત્રી. પરિણામ.
૨૮ સ્ત્રી. પ્રકોપ.
૨૯. સ્ત્રી પ્રમાણ.
૩૦ સ્ત્રી પ્રશ્નની સીમા.
૩૧ સ્ત્રી પ્રકૃતિ.
૩૨ સ્ત્રી. ભાગ; શક્તિ.
૩૩ સ્ત્રી. ભેદ; રહસ્ય.
૩૪. સ્ત્રી. મતિ; બુદ્ધિ.
૩૫. સ્ત્રી. મરવા પછીની અવસ્થા; જીવની મૃત્યુ પછીની હાલત.
૩૬. સ્ત્રી. માર્ગ; રીત.
૩૭. સ્ત્રી. મુક્તિ; મોક્ષ
ગતિ થવી = મુક્તિ મેળવવી.
૩૮. સ્ત્રી. મૂળ.
૩૯. સ્ત્રી. યાત્રા; સફર.
૪૦. સ્ત્રી. યુદ્ધકુશળતા.
૪૧. સ્ત્રી. યોનિ.
૪૨. સ્ત્રી. રીતિ; ઢંગ.
૪૩. સ્ત્રી. રૂપ; રંગ; વેષ.
૪૪. સ્ત્રી. લીલા; માયા.
૪૫. સ્ત્રી. વિકાર; ફેરફાર.
૪૬. સ્ત્રી. વિષય.
૪૭. સ્ત્રી. શરણ; અવલંબન.
૪૮. સ્ત્રી. સંસ્કાર.
૪૯. સ્ત્રી. સાધન.
૫૦. સ્ત્રી. સિતાર આદિ વગાડવામાં કામમાં લેવાતા મિજરાબ.
૫૧. સ્ત્રી. સ્થાનક; સ્થાન.
૫૨. સ્ત્રી. સ્થિતિ; હાલત.
૫૩. સ્ત્રી. સ્વરૂપ.
ગહન છે કર્મની ગતિ.

ગતિઆગતિ સ્ત્રી. જવુંઆવવું.

ગતિઆત્મક વિ. જેમાં ગતિ છે એવું; ગતિવાળું.

ગતિક ૧. સ્ત્રી. મોટર.
૨. વ. આશ્રય; આધાર.
૩. વ. ગતિ; ચાલવાપણું; ગમન.
૪. [સં.] વ. માર્ગ.
૫. વ. શરત.
૬. વ. સ્થિતિ; દશા.

ગતિકેંદ્ર [સં.] વ. ગતિદશામાંનું અચલ મધ્યબિંદુ.

ગતિક્રમ [સં.] વ. ચાલ; ચાલવાનો ક્રમ.

ગતિક્ષમ [સં.] વિ. ગતિશીલ; ચંચળ; ચપલ.

ગતિક્ષમતા [સં.] સ્ત્રી. ચંચલતા; અસ્થિરતા.

ગતિચક્ર ૧. વ. ઘટપટું કામ; ઘટપટી વાત.
૨. [સં.] વ. વેગ આપનારું અથવા વેગનું નિયમન કરનારું યંત્રનું પૈડું; યંત્રની ગતિ સમતોલ રાખનારું ચક્કર; શક્તિચક્ર; 'ફ્લાયવ્હીલ'.

ગતિચિત્ર વ. (કાવ્ય) ચિત્રકાવ્યના ૭ માંહેનો એક ભેદ. તેમાં ભ્રાન્ત, સમસ્ત, ગતાગત અને અર્ધગતિ એ ચાર ભેદ મુખ્ય છે.

ગતિચિત્રક વ. ગતિમાન દશ્યની જાળી પાડી તેને ફરી પ્રકાશની મદદ વડે પડદા ઉપર દશ્યમાન કરનારું યંત્ર; ચલચિત્ર; 'સિનેમા.'

ગતિજનક ૧. પું. મોટર; ગતિદ.

૨. [સં.] વિ. સંચાલક; ચલાવનાર.

ગતિજવિદ્યુતયંત્ર [સં.] ન. ગતિમાંથી વીજળી ઉત્પન્ન કરનાર યંત્ર. આ યંત્રને ગતિ આપતાં જ એ ગતિનું શક્તિમાં રૂપાંતર થઈ વિદ્યુત બને છે.

ગતિતતિ સ્ત્રી. ચાલવાનું જોર; વેગ.

ગતિતંતુ પું. શરીરમાંની નાડીતંતુ; જ્ઞાનતંતુ; શરીરની અંદર મગજને બહારની વસ્તુઓનું જ્ઞાન પહોંચાડનાર ઝીણો તાંતણો.

ગતિદ ૧. સ્ત્રી. મોટર; ગતિ આપનાર યંત્ર.

૨. [સં.] વિ. ગતિ આપનાર; ચલાવનાર; પ્રેરક.

ગતિદા [સં.] સ્ત્રી. બાલબંધણી. વાંધો પગ ઝલાયો હોય અને માણસ ચાલી શકતો ન હોય તો તેને બાલબંધણી બંધરાવવાથી તે ચાલી શકે છે, માટે તેને ગતિદા કહે છે.

ગતિનાડી (ગતિનાલી) સ્ત્રી. બાલક સ્નાયુ.

ગતિનિયંત્રણ [સં.] ન. ગતિ બરાબર રાખવાપણું.

ગતિનિયામક [સં.] વિ. ગતિને નિયમમાં રાખનારું.

ગતિપરિમાણ [સં.] ન. વેગ. તે શોધવા કોઈ પણ પદાર્થનું દ્રવ્ય અને તેની ગતિ એ બેનો ગુણાકાર કરવો.

ગતિપંડિત [સં.] પું. ચલનશાસ્ત્રમાં પારંગત માણસ.

ગતિપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં ઢબ્બર મહિનું એક નામ.

ગતિપ્રેરક [સં.] વિ. બલનશક્તિનું ઉત્પાદક; વેગ આપનાર.

ગતિફલ [સં.] ન. (જ્યોતિષ) ગ્રહોની સ્પષ્ટ ગતિ કાઢવા તેમની સરાસરી ગતિને કરવા જોઈતા સંસ્કાર.

ગતિબદ્ધ જુઓ ગતિપરિમાણ.

ગતિબંધ ૧. [સં.] પું. ગતિનું બંધ પડવું તે; અટકાવ રોકાણ; ગતિનો ભંગ.

૨. વિ. નિશ્ચેષ્ટ; સ્થિર.

૩. વિ. બંધાયું; સ્તબ્ધ; થંભેલું.

૪ વિ. શક્તિહીનતું; અશક્ત.

ગતિબોધ [સં.] પું. ગતિનું રોકાણ; ગતિ અટકી જવી તે.

ગતિમત [સં. ગતિમત્] વિ. ગતિવાળું; ચાલતું.

ગતિમદ જુઓ ગતિમત.

ગતિમંડલ ન. તૂતમાં બેઠક બનાવનો આધાર.

ગતિમંત વિ. ગતિવાળું; ગતિમાં હોય એવું; ચાલતું; ગતિમાન.

ગતિમેહ વિ. ધીમી ગતિવાળું; જેની ચાલ ઓછી હોય એવું.

ગતિમાન ૧. [સં. ગતિમત્] ન. ગતિનું માપ; વેગનું પ્રમાણ.

૨. વિ. ગતિવાળું; ગતિમાં હોય એવું; ગતિમંત; ચાલતું.

ગતિમાનસમતા સ્ત્રી. એક તરફ લગાડેલું બળ અને બીજી બાજુ પ્રતિરોધક બળ સામસામાં અને સરખાં થવાથી વેગવૃદ્ધિ થવાને બદલે સમાન ગતિ રહેવી તે.

ગતિમાર્ગ ૧. [સં.] પું. ગબડીને દૂરજાની દક્ષા.

૨. પું. જવાનો રસ્તો; ગમન કરવાનો રસ્તો.

ગતિમૂલક [સં.] વિ. ગતિમાન; બલનયુક્ત; ચાલતું.

ગતિયું ૧. વિ. ગતે ગયેલું; સાધ્યત.

૨. વિ. પ્રયોજવાળું; વાત રમી જાય એવું; યુક્તિથી કામ કાઢી લેનારું.

ગતિયોગ્યતા [સં] સ્ત્રી ચાલવાની શક્તિ આપે એવો ગુણ.

ગતિરાશિ [સં.] પું. વેગનો જથ્થો.

ગતિરોધ [સં.] પું. વેગનો અટકાવ; વેગગતિ; વેગપ્રેરકતા; નિરોધ.

ગતિરોધક ૧. [સં.] ન. પર્વત વગેરેની આડથી ગોળની ગતિ રોકવાનું સાધન; 'બ્રેક.'

૨. ન. વરાળયંત્રની ગતિ આપવાનું સાધન.

૩. વિ. ગતિને અટકાવનાર; આગળ ચાલતાને રોકનાર.

ગતિલા ૧. સ્ત્રી. એક જાતનો ચેપો; નેતર.

૨. સ્ત્રી. નદી.

૩. સ્ત્રી કેડી; પરંપરા.

ગતિલેખક ન. ગતિની નોંધ રાખનારું યંત્ર.

ગતિવર્ધક [સં] વિ. વેગ વધારનાર.

ગતિવર્ધન [સં.] ન. વેગવૃદ્ધિ; વેગનો વધારો.

ગતિવંત ૧. પું. ચરણ; પગ.

> ચલ ચલન ગતિવંત તે, અંગ્રિ પાદ પદ ચરણ;
> પદવંદન કરી કુંવરીના, ઊભા સન્મુખ જઈ.
> વિજયવસંતપ્રબોધ

૨ વિ. ચાલતું; ગતિમાં હોય એવું.

ગતિવાહક [સં.] વિ. સ્થિર પદાર્થને ચલનશક્તિ આપનારું.

ગતિવિજ્ઞાન જુઓ ગતિવિદ્યા

ગતિવિદ્યા [સં.] સ્ત્રી ગતિના ગુણધર્મોનું શાસ્ત્ર; ચલનશાસ્ત્ર; ગતિશાસ્ત્ર. તેની અંદર ગતિયુક્ત પદાર્થોના તથા તેની ગતિનાં કારણ વિશે વર્ણન આપવામાં આવેલું હોય છે.

ગતિવિશિષ્ટ ૧. [સં.] વિ ચક્રવર્તી; ગોળ ફરતું

૨. વિ. ચાલતું; જંગમ; સવારી.

ગતિવિષયક વિ. ગતિ સંબંધી.

ગતિવૃદ્ધિ [સં.] સ્ત્રી વેગમાં વધારો થવો તે.

ગતિવેગ [સં.] પું. ચાલવાનું જોર; ચાલવાનો વેગ.

ગતિશત્રુ પું. ખાડો; ચાંદું.

ગતિશક્તિ [સં.] સ્ત્રી. ઢાલવા ચાલવાની શક્તિ; ચાલવાનું જોર.

ગતિશાસ્ત્ર ૧. [સં.] ન. ગતિવિદ્યા; ચલનયુક્ત જગોની પરીક્ષા કરનારું શાસ્ત્ર; ગતિવિજ્ઞાન; વેગવિજ્ઞાન; બલશાસ્ત્ર; ચલનશાસ્ત્ર.

૨. ન. સૂર્યાદિ સ્થિર નહિ પણ હંમેશ ગતિમાન હોય છે એમ માનીને રચાયેલું શાસ્ત્ર.

ગતિશીલ [સં.] વિ. ગતિ કરવાના સ્વભાવવાળું; જંગમ; અસ્થિર; હાલે ચાલે તેવું; ચર.

ગતિશીલતા [સં.] સ્ત્રી. ગતિ કરવાનો સ્વભાવ.

ગતિશૂન્ય વિ. ચાલી શકે નહિ એવું; હલનચલન વિનાનું.

ગતિસત્તમ ૧. [સં.] પું. પરમેશ્વર. તે ગતિમાન અને સર્વશ્રેષ્ઠ હોવાથી ગતિસત્તમ કહેવાય છે.

૨. પું. વિષ્ણુનાં ઢબ્બર મહિનું એક નામ.

૩. સ્ત્રી. શ્રેષ્ઠગતિ; મોક્ષ; નિર્વાણ.

ગતિસમુચ્ચય [સં.] પું. વેગનો જથ્થો

ગતિસહકારી વિ. ચાલવામાં મદદ કરનાર

ગતિહીન ૧. [સં.] વિ. જેનું કોઈ ચાલી શકે નહિ એવું; અચલાયમાન; અચલન; લાચાર.

૨. વિ. મૂર્ખ; અબુધ્ધમાણસ.

૩. વિ. સ્થિર; હાલતું ચાલતું ન હોય એવું.

ગતિહીનતા ૧. [સં] સ્ત્રી. ચાલી શકે નહિ એવી સ્થિતિ.

૨. સ્ત્રી મૂર્ખતા; અબુધ્ધમાલ.

૩ સ્ત્રી. લાચારી; અશક્તિ; અસક્ષમતા

ગતીત વિ. ગતિવાળું; ચાલતું. ગતિમાન.

ગતીલું વિ. ચાલવા શ્રમણ કરનાર; ચાલાક; પહોંચેલ, ચતુર.

ગતેગતું ૧. ન. વાપર્યું હોય તે પાછું પ્રાપ્ત કરવું તે; ખરચ થયું હોય તેટલું પાછું મેળવવું તે. ગતેગતું થવું = જેટલું વાપર્યું હોય કે ગયું હોય તેટલું પાછું આવવું; ખોટ પૂરી પડવી.
૨. વિ. બરબરનું; સુવાંગ.

ગતે ચાલવું સ. ક્રિ. ઠેકાણે પાડવું; ઠારી કે ખાળી દેવું; વ્યવસ્થા કરી નાખવી.

ગતેંગતેં અ. ધીમેથી; આસ્તે; હળવે.

ગતોજસ્ક [સં. ગત (ગયેલું) + ઓજસ્ક (તેજ)] વિ. શક્તિ અને સામર્થ્ય વિનાનું.

ગતોત્સાહ [સં.] વિ. ખિન્ન; ઉત્સાહ વગરનું; ઉદાસ મનનું.

ગત્ત [સં. ગાત્ર] ન. શરીર; દેહ.

ગત્ય ૧. [સં. ગતિ] સ્ત્રી. ગતિ; જવાની શક્તિ.
૨. સ્ત્રી. ખબર; શક્તિ.
૩. સ્ત્રી. ગંઠણ; મરણી; સમૂહ.
૪. સ્ત્રી. રીત; યુક્તિ; તદબીર.
૫. સ્ત્રી. સદ્‌ગતિ; મોક્ષ; મુક્તિ.
૬. સ્ત્રી. હકીકત; વાત.

ગત્યર્થક ૧. [સં.] વિ. ગતિ બતાવનાર.
૨. વિ. ગતિના અર્થવાળું.

ગત્યંતર ૧. [સં.] ન. ગતિમાં થતો ફેરફાર.
૨. ન. વેગનો વધારો.
૩. ન. હવે પછીનો ભવ; જન્માંતર.

ગત્યાગતિ [સં.] સ્ત્રી. આવવા જવાપણું; જવું અને આવવું તે.

ગત્યાત્મક જુઓ ગતિમાન.

ગત્યાત્મકશક્તિ [સં.] સ્ત્રી. ગતિશક્તિ; ગતિનું સામર્થ્ય.

ગત્યૂન ૧. [સં.] વિ. જરા ન ખમાય એવું; ઉતાવળ.
૨. વિ. નિરાશ્રિત.

ગત્રા ૧. સ્ત્રી. દોરડીની કાતળી.
૨. સ્ત્રી. વહાણમાં માલ ચઢાવવા ઉતારવા માટેનો સંચો; 'ક્રેન'.

ગત્વર ૧. [સં.] વિ. ગમન કરવાના સ્વભાવવાળું; ચલનશીલ.
૨. વિ. જવું; ચાલતું.
૩. વિ. નાશવંત; ક્ષણભંગુર.

ગત્રી સ્ત્રી. ચાલી જતી ઓ.

ગથલમથલ જુઓ. ગડમથલ; ધમાલ; ધાંધલ.

ગથોલિયું ૧. ન. ઊભાગુંબાંડ; ઝાળોટિયું.
૨. ન. પૂનકો; ભૂસકો; ઊંચેથી પડવું તે.

ગદ ૧. [સં.] સ. કિ. ઝપવું.
૨. અ. કિ. ગાજવું.
૩. અ. કિ. બકરાનો શબ્દ કરવો; બેં બેં કરવું.
૪. અ. કિ. બીમાર થવું.
૫. અ. કિ. બોલવું; સ્પષ્ટ બોલવું.

ગદ ૧. પું. એ નામનો એક અસુર.
૨. પું. એ નામનો એક યાદવ; રોહિણીને પેટ જન્મેલ વસુદેવનો એક પુત્ર; શ્રીકૃષ્ણનો નાનો ભાઈ.
૩ પું. છડીદાર; ચોપદાર.
૪. પું. ટોળું; સમૂહ
૫. પું. પાઠ, ગ્રન્થ.
૬. પું. પીડા; દુઃખ.
૭ પું. ભયંકર.
૮. પું. મુક્કો; ઠોસો.
૯. પું. મેઘનો શબ્દ; વરસાદનો અવાજ.
૧૦. પું. રામચંદ્રની સેનાનો એક વાનર સેનાપતિ.
૧૧. પું. રોગ; બીમારી; માંદગી; દરદ.
૧૨. પું. સંજ્ઞા.
૧૩. સ્ત્રી. રમતમાં હાર થવાપણું.
૧૪. ન. એક જાતનું ઝેર; વિષ.
૧૫. ન. એક જાતનો કોદ.
૧૬. ન. ફેરવી શકાય એવું એક હથિયાર.
૧૭. ન. મર્મ; ભેદ; છાની વાત.
૧૮. વિ. ગદાધારી; ગદા ધારણ કરનાર.
૧૯. વિ. ગળગળું; જરા અમથા કંઈને લીધે પૂરતા અવાજથી બોલી ન શકાય એવું.
૨૦. વિ. મૂર્ખ; બાનમી; ભાનું.

ગદઈ પું. ભાટ; ચારણ.

ગદકા ૧. પું. છડી, લાઠી; લાકડી
૨. પું. લાકડાની જૂની તલવાર.

ગદકું ન. નિમિત્ત; કારણ; મિષ; બહાનું.

ગદકો પું. લાકડી, પટ્ટા કે એવાથી થતી મારામારીની રમતમાં વપરાતી લાકડી. આ લાકડીના મથાળે એક વેંતને છેડે બે ટોપકાં હોય છે અને તેના ઉપર એક બાજુ ચામડાની પટ્ટી બેસી પોંચાના ચામડાની અથવા નાળની ફણીના ચામડાની ચામડાની એક ગાદી હોય છે. આ ગાદી ગદકા પકડનારના હાથના પોંચાનું રક્ષણ કરે છે. વળી વખત આ લાકડાની આસપાસ ચામડું મઢી લીધેલું હોય છે.

ગદગદા (ગદગ્દા) ૧. વિ. અંધારામાં હોય એવું; અપ્રસિદ્ધ.
૨. વિ. ચંદું; મેલું.

ગદગદ જુઓ ગદ્‌ગદ.

ગદગદવું ૧. સ. ક્રિ. બટકાવવું; કોચાકોચા કાઈ જવું.
૨. અ. ક્રિ. પડ પાક ભરાવાથી ફળનું નરમ થવું.
૩. અ. ક્રિ. દળકળાદિનું સડીને નરમ થઈ જવું.
૪. સ. ક્રિ. મસળવું; ચોળી નાખવું; ઢંઢોળવું.

ગદગદા ૧. પું. ચણોઠીનો છોડ.
૨. પું. દાણો.

ગદગદિત વિ. પોચું; નરમ; મળી ગયેલ.

ગદગદિયાં ૧. ન. બ. વ. ગલીપચી થતી તે; બગલમાં, કંઠમાં, પગને તળિયે, પેટમાં અને એવી બીજી કોમળ જગ્યાએ આંગળીઓ ફેરવતાં હસવું આવે એવો સળવળાટ
૨. બ.વ.ન. નાનાં, બોજ્જળ અને બાનપાનની રેસલેસ; બદબદિયાં; બદબદિયા; બદિયાં.

ગદગદી સ્ત્રી. એકજેસ્થ દીવાજેસ્થ નામની એક રેતી રમત. સુખો એકજેસ્થ દીવાજેસ્થ.

ગદગદું ૧. વિ. અંદરથી બધું કાચું પોચું; પાણીપોચું; ઢીલું; નરમ થયેલું.
૨. વિ. સડેલું; કોહી ગયેલું.

ગદગરૂ ૧. [હિં.] પું. અનાજ.
૨. પું. અનાજ વગેરેના રોકેલા દાણા.

ગદગરૂ ૧. [હિં.] પું. બરબચડી જમીન.
૨. વિ. બેજવાળું.

ગદગોલ પું. બાકું અને ગોળું પાણી.

ગદચામ જ. હડકીનો એક રોગ. તેમાં તેની પીઠ ઉપર બાકું પડે છે.

ગદડમદડ (ગદ્‌મદ્‌) વિ. હૃષ્ટપુષ્ટ; જાડું અને મજબૂત.

ગદડવું (ગદ્‌વું) ૧. સ. ક્રિ. પ્રમ વતી દબાવવું; મસળવું; કચરવું; ચોળી નાખવું; દાબવું અને મૂકી દેવું એમ વારાફરતી કર્યા કરવું.
૨. સ. ક્રિ. રમવું; હેરાન કરવું; દુઃખ દેવું.
૩. સ. ક્રિ. હથિયારથી રબરજ જેટલા કટકા કરવા.

ગદડાંગદડ્યાં ન. બ. વ. ઢોંગ; બહાનાં.

ગદધોઈ [હિં.] સ્ત્રી. હદ બતાવનારી નિશાની.

ગદપ જુઓ ગદબ.

ગદપદ ન. હાથોહાથ આવી જવું તે; બબાબથી.

ગદબ ૧. પું. એક પ્રકારનો શિંગોવાળો કોળની જાતનો છોડ
૨. સ્ત્રી. એક જાતની ઝરાઉ વનસ્પતિ. રજકો; ઢોરને ખાવાનું એક જાતનું ઘાસ. તેનાં પાન મેથીનાં પાનના ઘાટનાં હોય છે
૩. [સં. સ્વર્ણપુષ્પી] સ્ત્રી. જંગલી મેથી. તે ઘોડાની દવામાં વપરાય છે. તેનાં બી વાતહર અને કફહર ગણાય છે.

ગદ્ધડિયા (ગદ્ધડ્યા) [હિં.] વિ. ગધેડા પર લાદવાનું.

ગદ્ધડ્ય ૧. વિ. બેવકૂફ; જેમાં ઉપરાઉપરી ક્રીડા હાલ્યા કરતા હોય એવું.
૨. અ. અનિયમિત રીતે; આમતેમ.
૩. અ. એક ઉપર બીજું; અનુક્રમે.
૪. અ. નીડરપણે.
૫. અ. બેદરકારપણે

ગદ્ધડા [હિં.] વિ. જાડું.

ગદ્ધડિયાં ૧. સ. જ. ન. અંતઃકરણનો આનંદ; અંતરનો હર્ષ.
૨. સ. જ ન. નાણાંની કે આનંદની અને આનપાનની રેલચેલ હોવી તે; પૈસા ટકાની પૂરતી; આર્થિક સારવાળી સ્થિતિ; દીકરાં.
૧. આવે સારે ગદ્ધડિયાં ને જાય સારે સાંસાં = લાભમાં આનંદ અને ખોટમાં ખેદ થવો.
૨. ગદ્ધડિયાં વર્યાં = પુષ્કળ નાણાનું ઊભરાવું; ઘણા પૈસા એકઠા થવા.
૩. સ જ. ન. પગને તળે, મજે, હાથમાં પીસે હાથ ફેરવવાથી થતી હાગણી; ટાપીપચી થવી તે.

ગદ્ધપંચ્છ [સં.] વું. કૂષ્માંડ.

ગદ્ધય જુઓ ગદ્ય.

ગદ્ધય ૧. વું. પુસ્તોઃ આડ.
૨. [સં ગર્દમ] વું. (હિંદી) ભેજવાળી જમીન.

ગદ્ધમડવું અ. ક્રિ. ગેમ્યા કરવું; ન રેઢાવું.

ગદ્ધમુકતેશ્વર જુઓ ગણમુક્તેશ્વર.

ગદ્ધયિન્તુ ૧. [સં.] વું. ગ્રામરોય; ગદન.
૨. વું. શબ્દ.
૩. વિ. ગ્રામ્ય; વિષયી.
૪. વિ. બહુ બોલનારઃ વાચાળ.

ગદ્ધર ૧. વું. અવ્યવસ્થા.
૨. વું ઉપદ્રવ; પીડા.
૩. વું. ગાડી હાંકનારને બેસવાની જગ્યા.
૪. વું. ઠંડીના વખતમાં ડાકોરજીને પહેરાવવામાં આવતી રૂ ભરેલી બગલબંડી.
૫. [સં.] વું. હમલો; જબ્બો.
૬. વું. વિદ્રોહ; બેવફાઈ.
૭. સ્ત્રી. અંડ; બળતો.
૮. [અ. મદ] સ્ત્રી. વેર; ઈર્ષા; દ્વેષ.
૯. ન. અર્ધું પાકું ફળ કે અનાજ.

ગદ્ધરવું ૧. અ. ક્રિ. દુઃખની સ્થિતિમાં ચેટ પૂરતી ખોરાકીથી અગર થોડી મજૂરીથી દિવસો કાઢવા.
૨. સ. ક્રિ ગદ્ધવું.
૩. સ ક્રિ. નિભાવવું; પોષવું; ચેટ ભરવું.
ગદ્ધરી ખાવું = (૧) ક્રમવું; પોતાનું ભરણ પોષણ કરવું. (૨) રમવું.

ગદ્ધરા ૧. વિ. જાડું.
૨. વિ. લગભગ પાકું.

ગદ્ધરાવો ૧. [સં. ગર્દભ] વું. એક જંગલી ઉપાડે એટલો ભાર.
૨. વું. જંગલી.
૩. વું. મૂર્ખ માણસ.

ગદ્ધરાવું અ. ક્રિ. નિભાવ થવો.

ગદ્ધરાવસ્થા [હિં] સ્ત્રી. લગભગ પાકું હોવાની સ્થિતિ.

ગદ્ધલ ૧. વું. મોટી જાતની વડવાઝગ.
૨. વું. લાલ રંગ.
૩. સ્ત્રી. ખોટી વાત.
૪. સ્ત્રી. રૂપેલ ખડી.

ગદ્ધલા ૧. [હિં.] વું. ગધેડું.
૨. વું. ગાડી.
૩. વું. ગોદડીવાળું લૂગડું.
૪. વિ. ગદ્ધવાળું; ડોળું; મેલું, ડાંખું.
ગદ્ધા કરવું = (૧) ગદ્ધર હલાવતો અને ચોખા વાવતા પહેલાં ખેતરમાં પાણીની સાથે ભેળવવો. (૨) ગદ્ધવાનું કરવું.

ગદ્ધાઈ [હિં.] સ્ત્રી. જાડું હોવું તે; ડોળું હોવાપણું.

ગદ્ધાપન સ્ત્રી. ગદ્ધવાળું હોવું તે.

ગદ્ધી વિ. ભોવાયેલું; જાડું; મેલું; અસ્વચ્છ.

ગદ્ધવાર્તા [સં. ગદ્ય (બોલવું)] સ્ત્રી. ઢાંકી પીટનારે કહેલી અથવા લોકોના મુખથી બોલાતી વાત.

ગદ્ધવું ૧. અ. ક્રિ. જમીનમાં લગોટો કે બોર નાખવી
૨. અ. ક્રિ. જવું; ચાલવું.
૩. અ. ક્રિ. દૂર ઊભા રહેવું; દૂરથી ઊભવું.
૪. અ. ક્રિ. દોડવું.
૫. અ ક્રિ. નિર્વાહ ચલાવો; પૂરું થવું; રહેવું. ચાલવું.
૬. અ. ક્રિ. પડી રહેવું.
૭. અ. ક્રિ. પસંદ પડવું; ફાવવું; પરવડવું.
૮. અ. ક્રિ. રહી જવું; ગોવું બાકી જવું.
૯. સ. ક્રિ. ખૂટવું.
૧૦. સ. ક્રિ. પૂરણવાળું કરવું.

ગદ્ધવૃત્ત ન. તાજા સમાચાર; તાજા સમાચારની જાહેરખબર; 'બુલેટિન.'

ગદ્ધવાહી વિ. સ્ત્રી. રોગને મજબૂતાવાળી; રોગ દૂર કરે એવી.

ગદ્ધહપૂરેણા [હિં.] સ્ત્રી એક જાતની ઔષધિ; સાટોડી; પુનર્નવા.

ગદ્ધહપૂર્યું જુઓ ગદ્ધપૂરેણા.

ગદ્ધા [હિં.] વું. વેદ.

ગદ્ધા ૧. સ્ત્રી. ખોટી વાત; ગપ.
૨. સ્ત્રી. છાટવાનો ગાતો રંગ.

ગદ્ધાઈ સ્ત્રી. મૂર્ખાઈ.

ગદ્ધું વિ. ગંદું; ડહોળું

ગદ્ધેગ સ્ત્રી ખાલ ભરવાની વખાર.

ગદ્ધા ૧. [સં.] વું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે આનંદ-વરતુ છંદનો એક ભેદ છે. તેમાં દસ ગુરુ અને સિત્તેર લઘુ મળી એંસી વર્ણની જેવું માત્રા હોય છે.
૨. [હિ.] વું. ભિક્ષુક; ભિખારી.
૩. સ્ત્રી. (જૈન) ઉદ્દક નામનું વિમાન.
૪. સ્ત્રી. એક જાતનું હથિયાર; મુદ્ગર; એક જાતનું આયુધ કે જેને ઉપરથી નાળિયેરના જેવો ગોળો અને એ ગોળાની આસપાસ કમરખના જેવા કાંગરા હોય છે; લોખંડના ગોખરાદાર મજબૂતાવાળું ટૂંકી લાકડી.
૫. [સં] સ્ત્રી. એક વનસ્પતિ; દુર્વા.
૬. સ્ત્રી. જ્વાળામુખી પર્વતમાંથી ઊડતા પથ્થર.
૭. સ્ત્રી. પાડલ વૃક્ષ; પાટલ.
૮. સ્ત્રી. શુદ્ધિતત્ત્વ.
૯. સ્ત્રી. મોટું ગોસલું.
૧૦. સ્ત્રી. વિષ્ણુનું એક હથિયાર. વિષ્ણુએ ગદાસુર નામના રાક્ષસનાં હાડકાંમાંથી એક ગદા બનાવી ધારણ કરી હતી
૧૧. સ્ત્રી. શિલા.

ગદ્ધાઈ ૧. [હિ. ગદ્ધા (ભિખારી)] વું. કંગાલ માણસ; ભિખારી.
૨. સ્ત્રી. ગરીબાઈ; ગરીબી; દરીદ્રી.
૩. સ્ત્રી. જૂના વખતનો ઉપરી સત્તાનો એક જાતનો હક્ક, આ હક્ક રોકડ રકમ રૂપે લેવામાં આવતો.
૪. સ્ત્રી. ભિક્ષા; ભીખ માગવી તે.
૫. વિ. મોટા, ધાંધી વગેરે વર્ણનું.
૬. વિ. તુચ્છ; નીચ; ક્ષુદ્ર
૭. વિ. રદી; નકામું.

ગદ્ધાક્ષેત્ર ન. ભીરુલક્ષેત્રનું પ્રાચીન નામ.

ગદ્ધાખ્ય ૧. [સં.] ન. એક જાતનું ઝેર.
૨. ન. દ્રુમ નામની વનસ્પતિ.

ગદ્ધાગદ ૧. [સં.] વું. અશ્વિની કુમાર; સ્વર્ગના વૈદ્ય.
૨. અ. અનિયમિત રીતે; આમતેમ.
૩ અ. એક ઉપર બીજું; અનુક્રમે.
૪. અ. નીડરપણે.

અદ્‌ગદ

૫. જ. બેદરકારપણે

ગદાગદો જુઓ ગદાગદ.

ગદાગરી [ફા.] સ્ત્રી બીબ માગવી તે.

ગદાગ્રજ ૧. [સં] પું બળરામ.

૨. પું વિષ્ણુના હજાર માંહેનું એક નામ.

૩. [સ. ગદ (કુષ્ણનો નાનો ભાઈ) + અગ્ર (પહેલાં) + જ (જન્મેલ)] પું. શ્રીકૃષ્ણ; વાસુદેવ. ગદના મોટાભાઈ હોવાથી કૃષ્ણ ગદાગ્રજ કહેવાય છે. તેમ જ ગદ એટલે રોગ, અગ્ર એટલે પહેલાં અને જ એટલે જન્મેલ એ રીતે પણ પુનઃ સંસાર રૂપી રોગના પડલાં પ્રગટ થયેલા ઈશ્વર પણ કૃષ્ણ જ છે. નિગદ એટલે મનથી પડેલા. પ્રગટ થાય છે એ રીતે નિ શબ્દનો લોપ કરીને નગદાગ્રજ કહેવાય છે.

ગદાગ્રહણી [સં.] પું. ક્ષયરોગ.

ગદાઘાત [સ. ગદા + આઘાત (માર)] પું. ગદા મારવી તે; ગદાનો ઘા કરવો તે.

ગદાચણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગદાતીર્થ ન. ગ્રેસુરના બાબા બદન પર્વત ઉપર આવેલ એ નામનો એક કૂવો. એનું મનાય છે કે ભીમે પોતાની ગદા કુંતાની તૃષા મટાડવા પોતાની ગદાથી આ કૂવો ઉત્પન્ન કર્યા હતો.

ગદાધર ૧. પું. કૃષ્ણ; વાસુદેવ.

૨. પું. ગદા નામના આયુધને ધારણ કરનાર માણસ.

૩. પું. ભીમ

૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. અધર્મી, પાપી, અન્યાયી, અને દૈત્યોનો સંહાર કરવાને ગદા નામનું આયુધ ધારણ કરનાર વિષ્ણુ ભગવાન ગદાધર કહેવાય છે. અથવા બુદ્ધિતત્ત્વાભિમાની કૌમોદકી નામની ગદા ધારણ કરે છે તેથી ભગવાન ગદાધર કહેવાય છે. વળી વિષ્ણુએ ગદાસુર નામના રાક્ષસનાં હાડકાંમાંથી એક ગદા બનાવી ધારણ કરી હતી તેથી તેનું નામ ગદાધર પડ્યું કહેવાય છે.

૫. ન એ નામનું ગંડકી નદીમા થતુ એક.

ગદાધરજી પું. વિષ્ણુ.

ગદાધરી પું. ન્યાયનો એ નામનો એક ગ્રંથ.

ગદાધારી [સં.] વિ. ગદા ધારણ કરનાર.

ગદાનિગ્રહ પું. એ નામનું આયુર્વેદ ઉપરનું એક પુસ્તક.

ગદાપટ્ટી સ્ત્રી. પગરખી પહેરવા માટેની તે.

ગદાબદ જુઓ ગદાગદ.

ગદાબણી સ્ત્રી. એક જાતની રમત. જેમાં લાકડાના દડાથી એકબીજાને નિશાન તાકવાનું હોય છે.

ગદામુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રમા બતાવેલ એક મુદ્રા.

ગદાયન પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ગદાયુદ્ધ [સં.] ન. એકલી ગદા વડે થતું યુદ્ધ. મહાભારતમાં છેલ્લે દિવસે દુર્યોધન અને ભીમ વચ્ચે આવું યુદ્ધ થયું હતું.

ગદારવું ૧. સ. ક્રિ. ટેકો આપવો; ગેબુ રાખવું.

૨. સ. ક્રિ. ચકરવું.

૩. સ ક્રિ. દોડાવવું.

૪. સ. ક્રિ. મદદ કરવી.

ગદારા ન. એક જાતનું હથિયાર. તે આશરે બાવી ૫૮ આંગળ હોય છે. મૂઠ પાસે તેની પહોળાઈ પોણાત્રે ઇંચ, વચમાં દોઢ ઇંચ અને છેવટે તે બારીક થતી જઈને અણી જેટલી રહે છે. પાનાની ધાર બહુ જ તીક્ષ્ણ હોય છે. પાનાના પડખાંઓના આગમાં પણ છેવટે થોડી ધાર હોય છે. પાના ઉપર જાણ લીટી હોય છે.

ગદારા ૧. [હિ.] પું. ક્ષેત્ર.

૨. પું. મુગટણ.

૩. પું. હાથી ઉપર નાખવાની ગાદી.

ગદારવું ૧. સ. ક્રિ. ઊંડા કુવારી લાકડીનો દડો નાખવાની એક જાતની રમત રમવી.

૨. સ. ક્રિ. ચકરવું; દડા કે રેતીમાં દોડાવવું.

ગદાવારણ ન. જૂના સમયનું એક પ્રકારનું વાજું.

ગદાવીર પું. ગદાથી યુદ્ધ કરનાર બહાદુર પુરુષ.

ગદાસન [સં.] ન. તંત્રશાસ્ત્રમાં બતાવેલ એક આસન.

ગદાહનદાહ જુઓ ગદાહમદાહ.

ગદાહ્યદાહ વિ. અલમસ્ત; હટ્ટાકટ્ટા; ખાઈ પીને મસ્ત થયેલ; શરીરે મજબૂત.

ગદાંમદાં જુઓ ગદાહમદાહ.

ગદિ ૧. સ્ત્રી. ગાદી.

૨. સ્ત્રી. તખ્ત; સિંહાસન.

ગદિત [સં.] વિ. કહેલ.

ગદિની સ્ત્રી દુર્ગા દેવી.

ગદિયાળી સ્ત્રી એક વનસ્પતિ; પીળાં ફૂલનો એક છોડ; કાંસકી.

ગદિયાણો ૧. પું. અડધા રૂપિયાભારનું એક વજન; સોળ વાલભારનું એક વજન.

૨. [સં. સ્થાન] પું. જૂના વખતનું અર્ધા તોલાભાર સોનાનું એક નાણું.

ગદિયું ન. બકરીનું બચ્ચું.

ગદિયો પું. ખાડો.

ગદિલો [હિ.] વિ. કાદવવાળુ.

ગદી ૧. સ્ત્રી. ગદિયાણો.

૨. [હિ.] સ્ત્રી. ગાદી.

૩. સ્ત્રી. છોડની એક જાત.

૪. સ્ત્રી. નાનો ખાડો; ભદી; ભગણ; કુંડ; બોદલો.

૫. ન. બકરીનું બચ્ચું.

૬. વિ. જેની પાસે ગદા હોય તેવું.

૭. વિ. રોગી.

ગદીગદી ૧. સ્ત્રી. એ નામની સોરઠ તરફ રમાતી એક રમત.

૨. સ્ત્રી. ગદગદિયાં.

૩. ન. બકરીને બોલાવવામાં વપરાતો એક શબ્દ.

ગદીગદીગરૂ ન. ભરવાડ સ્ત્રીઓ વગેરેનો એક અપશબ્દ.

ગદીચત [હિ.] ન. એક જાતનું ઘાસ.

ગદીડું (ગદીડું) ન. ઘેટાનું નાનું બચ્ચું.

ગદુર પું. ખરજ; ખજવાળ.

ગદું ન. રાતું કમળ.

ગદૂક ન. હાડકા માંહેનો નરમ ભાગ; મજ્જા.

ગદૂક જુઓ ગદૂક.

ગદેગદે ક્રિ. બકરાંના બચ્ચાંને હાંકતી વખતે ભરવાડથી થતો ઉચ્ચાર.

ગદેડું (ગદેડું) ન. ભાંડીનું બોઠું ઠેકું.

ગદેલ [હિ.] પું. બાળક.

ગદેલવા જુઓ ગદેલ.

ગદેલા [હિ.] પું. ગાદી; ગાદલું.

ગદેલું ૧. ન. ગાદલું; તળાઈ.

૨. ન. જાડી ગાદી.

૩. ન. પથ્થરનું બેસવું.

ગદૈલ જુઓ ગદેલ.

ગદ્‌ગદ ૧. પું. એક જાતનો રોગ. તેમાં રોગી સ્પષ્ટ શબ્દ બોલી શકતો નથી.

૨. પું. (પુરાણ) એક રીંછનું નામ. જાંબુવાન અને કેસરીનો તે બાપ હતો.

૩. [સં.] પું. ગળગળો શબ્દ; કંઠ રૂંધાતાં થતો અવાજ; શ્વાસ રૂંધાતાં બોલવું તે.

૪. [હિ.] પું. મુક્કો; ઘોંસો.
૫. વિ. દુ.ખથી કે આનંદથી ઘેરું અથવા કંઠ ભરાઈ જવાની સ્થિતિવાળું; ગળગળું.
૬. વિ. પાણી જેવું; ઢીલું. પોચું.
મઢવી જવું = પચકો જવું; નરમ થઈ જવું.
૭. વિ. પ્રસન્ન; આનંદિત.
૮ અ. ગળગળા કંઠે; કંઠ ભરાઈ ગયેલો હોય તેમ.

ગદ્‌ગદિત ૧. [સં.] વિ. ગદ્‌ગદ થયેલું, ગળગળું; કંઠ ભરાઈ ગયો હોય એવું; ગળગળો સ્વર નીકળતો હોય એવું.
૨. વિ. ગભરાયેલ.
૩. વિ. પોચું; નરમ.

ગદ્‌ગા પું. ગદા.

ગદ્દર ૧. [હિ.] વિ. જડ.
૨. વિ. પાકું; પકવ.

ગદ્દા ૧. [હિ.] પું. ઘાસની ભારી.
૨. પું. નરમ પથારી.
૩. પું. હાથીની અંબાડી નીચેની ગાદી.

ગદ્દાઢ [હિ.] સ્ત્રી. ખારાખબ્બાવાળી જમીન.

ગદ્દી ૧. [હિ.] પું. દુખવાળો.
૨. પું. રજસ્વલા સ્ત્રીથી વપરાતું લૂગડું.
૩. સ્ત્રી. આચાર્યની શિષ્યપરંપરા.
૪. સ્ત્રી. મર્જાવરોધ થેલા.
૫. સ્ત્રી. ગાદી.
૬. સ્ત્રી. તકિયો.
૭. સ્ત્રી. તખ્ત; સિંહાસન.
૮. સ્ત્રી. પાટો.
૯. સ્ત્રી. માટીની એક જાત. તે સાંધવાના કામમાં આવે છે.
૧૦. સ્ત્રી. રાજ્યગાદી પેઢી.
૧૧. સ્ત્રી. હથેલી.

ગદ્દીનશીન ૧. [હિ.] પું. ગાદી ઉપર બેસનાર માણસ.
૨. પું. ગાદીએ બેસાડવાની ક્રિયા; રાજ્યારોહણ.
૩. પું. ગાદીનો વારસ; ઉત્તરાધિકારી.
૪. પું. પ્રમુખ.
૫. વિ. રાજગાદીએ બેઠેલ; તખ્તનશીન.

ગદ્દીશ્વર પું. રાજા.

ગદ્ય ૧. [સં.] ન. જેમાં પદ્ય નહિ એવું, પદ્યથી ઊલટું સાદું લખાણ; જેમાં પદ્ય અને લેખ; શ્લોક વગરનું વાક્યાત્મક લખાણ. અગ્નિપુરાણમાં ગદ્ય ત્રણ પ્રકારનું માન્યું છે: ચૂર્ણક, ઉત્કલિકા અને વૃત્તગંધિ. જેમાં નાના નાના સમાસ હોય તે ચૂર્ણક, મોટા મોટા સમાસવાળા શબ્દ હોય તે ઉત્કલિકા અને જેમાં કયાંક કયાંક પદ્યના જેવો આભાસ હોય તે વૃત્તગંધિ. સાહિત્યદર્પણ અનુસાર ગદ્ય બે પ્રકારનું છે: કથા અને આખ્યાયિકા. જેમાં સરસ પ્રસંગ હોય, સજ્જનો તથા દુષ્ટોના આચાર વગેરેનું વર્ણન હોય, આરંભમાં પદ્યાત્મક નમસ્કાર હોય તે કથા. આખ્યાયિકામાં એટલું વિશેષ હોય છે કે તેમાં કવિના વંશ વગેરેનું પણ વર્ણન હોય છે. જે શબ્દરચના રામ કે છંદ વડે બાંધી શકાય તે પદ્ય, બાંધી ન શકાય તે ગદ્ય અને જેમાં ગદ્ય ને પદ્ય બંને હોય તે મિશ્ર અથવા ચંપૂકાવ્ય. સંવત ૧૪૫૫માં મુનિસુંદર સૂરિએ રાતરાસ નામનો રાસો ગદ્યપદ્યાત્મક લખ્યો છે. સામાન્ય રીતે સર્વ ભાષામાં શ્લોકસાહિત્ય જ પહેલવહેલું ખેડાય છે, તે પ્રમાણે ગુજરાતી ભાષામાં પ્રથમ કવિતા લખાયેલી મળી આવે છે. સં. ૧૫૮૭માં જૈનનાં કેટલાંક સૂત્રોના ગુજરાતીમાં અનુવાદ થઈ ચૂક્યા હતા જૈનો ગુજરાતી સાહિત્ય ખેડવામાં આગળ વધી ગયા છે. ૧૪૫૦માં તેઓના હાથે લખાયેલું ગદ્ય મળે છે. ચૌદમા શતકમાં જૈનો એકલાએ જ સાહિત્યધારા ટકાવી રાખી હતી. દશમા શતકમાં ગુજરાતમાં તેજસિંહના એક ગ્રંથ સિવાય સર્વ ગ્રંથો જૈન સાધુઓના રચેલા છે. અગાઉ જે આડંબરી સંસ્કૃત ગુજરાતી ચાલતી હતી તે કાઢી નાખી રૂહ, રમતી, ઝમાળી વાણી ગુજરાતી ગદ્યમાં લખવા કરવાનું માન નર્મદાશંકરને છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામીએ શુદ્ધ ગુજરાતીના નમૂનારૂપ વચનામૃત તથા નિર્ણયબંધ ગદ્યમાં જ લખેલ છે. તે પહેલાં ગદ્ય સંવત ૧૪૯૧થી સંવત ૧૬૪૬ સુધીમાં છૂટક છૂટક છે, પરંતુ આ સર્વ નમૂના ગદ્યસાહિત્યનું નામ આપવા યોગ્ય નથી. નરસિંહ મહેતાના સમયનું ગદ્ય રામાયણ તે પણ કથાત્મક તરીકે અપવાદમાં મુકાશે. બાણભટ્ટની કાદંબરી ગદ્યમાં જ છે.
૨. પું. સંગીતમાં શુદ્ધ રાગનો એક ભેદ.
૩. વિ. કહેવા યોગ્ય; બોલવા જેવું.

ગદ્યકવિતા સ્ત્રી. ગદ્યરૂપે લખાયેલ કવિતા; ગદ્યકાવ્ય.

ગદ્યકાર [સં.] પું. ગદ્યનો લેખક; ગદ્ય લખનાર પુરુષ

ગદ્યકાદમ્બ [સં.] ન. કવિતાના ગુણવાળી ગદ્ય રચના; પ્રાસની શૈલીમાં લખેલું ગદ્ય. અલંકાર, શબ્દચમત્કૃતિ તથા અનુપ્રાસાદિનું આમાં વિશેષપણું હોય છે. સમાસ અને શ્લેષાદિ હોવાથી તેની ભાષા ઘણી વાર ક્લિષ્ટ બનતું માલૂમ પડે છે. તેનાથી તત્કાલીન સભ્યતા તથા રહેણીકરણી ઉપર સારો પ્રકાશ પડે છે. દંડી કવિનું સ્વપ્ન દશકુમાર ચરિત ગદ્યકાદમ્બમાં જ લખાયેલું છે.

ગદ્યકૃતિ [સં.] સ્ત્રી. ગદ્યમાં લખેલું સાહિત્ય.

ગદ્યખંડ [સં.] પું. ટૂંકું ગદ્ય લખાણ.

ગદ્યગ્રંથ જુઓ ગદ્યકૃતિ.

ગદ્યતા ૧. સ્ત્રી. અરસિકતા.
૨. સ્ત્રી. ગદ્યનો ગુણ.

ગદ્યપદ્ય [સં.] ન. ગદ્ય અને પદ્ય; સાદું તેમજ કવિતાબદ્ધ લખાણ; ગદ્ય તેમજ પદ્યવાળું લખાણ.

ગદ્યપદ્યાત્મક [સં.] વિ. જેમાં ગદ્ય અને પદ્ય બંને હોય એવું; ગદ્ય અને પદ્યના મિશ્રણવાળું.

ગદ્યબંધ ૧. [સં.] પું. ગદ્યમાં ગૂંથેલ સાહિત્ય
૨. વિ. ગદ્ય રૂપે લખાયું હોય એવું; ગદ્યમાં રચેલું.

ગદ્યમય [સં.] વિ. ગદ્યરૂપે લખાયું હોય એવું.

ગદ્યયુગ [સં.] પું. કવિતા સિવાયનું ગદ્ય સાહિત્ય લખવાનો જમાનો.

ગદ્યરીતી [સં.] સ્ત્રી. ગદ્ય લખવાની રીત.

ગદ્યસાહિત્ય [સં.] ન. ગદ્યરૂપે લખાયેલું લખાણ.

ગદ્યહીરા ન. (જૈન) સંવત ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્ત સૂરિએ સ્થાપેલું ઓસવાળ વંશનું એક ગોત્ર.

ગદ્યાણ [સં.] પું.; સ્ત્રી. ચઉદિયાણું; ૪૮ ચણોઠીભારનું એક વજન; ૪૮ ગુંજનું એક વજન; ૬ માસાનું એક વજન.

ગદ્યાણક જુઓ ગદ્યાણ.

ગદ્યાણું જુઓ ગદ્યાણ.

ગદ્યાત્મક [સં.] વિ. ગદ્યમાં રચાયેલું; ગદ્યવાળું; ગદ્યમાં લખેલું; કવિતા વિનાના લખાણવાળું.

ગદ્યાનક જુઓ ગદ્યાણ.

ગદ્યાલક જુઓ ગદ્યાણ.

ગદ્યાંતર ન. નાટકમાં ઘડી ઘડીમાં પદ્ય અને વચ્ચે વચ્ચે આવતું ગદ્ય લખાણ.

ગદ્ર ન. અર્ધું પાકું ફળ.

ગદ્રી સ્ત્રી. ઠોકું; મેલ.

ગધડ (ગધડ) સ્ત્રી. લીંબોળીની જાતનું એક ઝાડ. તેમાં નારંગીથી મોટાં ફળ થાય છે. તેની છાલ બરછટ હોય છે પાકયા પછી ફળ પીળા રંગનું થાય છે અને તેનું અથાણું બને છે

ગધડલીંબુ (મધડલીંબુ) ન. એક જાતનું લીંબુ. તેની છાલ બરછટ હોય છે.

પાકયા પછી ફળનો રંગ સ્વચ્છ પીળો થાય છે. તેની વાસ પણ ઉત્તમ આવે છે. એની નાની અને મોટી એવી બે જાત છે. નાની જાતના ફળની છાલ બારીક પાતળી અને મોટી જાતના ફળની છાલ જાડી હોય છે. એનું ઉત્તમ તરેહનું અથાણું અને મુરબ્બત થાય છે આ સીવ્યુ ખાટું, તૂરું, કડવું, સારક અને ઉષ્ણ છે તે કફ અને પિત્તનો નાશ કરે છે.

ગધરાઈ સ્ત્રી ગળામાં થતી જાતરા.

ગધરે ૧. પું. અધેડો.

૨. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગધા ૧. પું. એક અધેડો ઉપાડે તેટલો ભાર.

૨. [સં. ગર્દભ] પું. અધેડો

ગધા ઉપર બેસાડવું-સવારી કરાવવી = અધેડા ઉપર બેસાડવું. અગાઉ આ એક શિક્ષાની રીત મનાતી. ગુનેગારનું મોઢું કાળું કરી તે પૂંછડી તરફ રહે એવી રીતે ગળામા જૂના જોડા અને ચીંથરાં વગેરે બાંધીને તેને ગધેડા ઉપર બેસાડવામાં આવતો. આ રીતે તેને ગામમાં ફેરવી કલંકિત કરવામાં આવતો.

૩. પું. મૂર્ખ માણસ.

૪. વિ મૂર્ખ; અક્કલ વિનાનું.

ગધાઈબાઈ પું. મૂર્ખ માણસ; બેવકૂફ

ગધાક ન. અધેડાંનું ટોળું.

ગધાગધી ૧ સ્ત્રી. એ નામની એક રમત.'

૨. ન. અધેડો અધેડી.

ગધાગધીના વિવાહ = (૧) અધેડાનાં લગ્ન. (૨) તડકો હોય ત્યારે પડતો વરસાદ.

ગધાચંદ પું. મૂર્ખ માણસ.

ગધાડાસાર (ગધાડાસાર) સ્ત્રી. (વહાણવટું) પરમણને ખૂટા સાથે સાંકળી રાખવાનું લાકડી શકે તેવું ગાળિયું.

ગધાડિયું (ગધાડિયું) ૧. ન. ગાડીના પૈડાના સળ. અથવા ઘરી બાલવાનું અણકું અને મોટું લાકડું.

૨. ન. રેલવેમાં માલગાડીનો નાનો ડબ્બો.

૩. વિ. ગધેડા જેવું; મૂર્ખ; અક્કલ વગરનું.

ગધાડી (ગધાડી) જુઓ અધેડી.

ગધાડું (ગધાડું) જુઓ અધેડું.

ગધાડો (ગધાડો) જુઓ અધેડો.

ગધાપચીસી જુઓ ગધાપચીસો.

ગધાપણ ન. મૂર્ખાઈ; બેવકૂફી.

ગધારજભરી સ્ત્રી. ઘોડાના કપાળમાં અને આંખોથી નીચેના ભાગમાં આવેલી ભમરી; આંસુદાણ.

ગધારમજૂરી જુઓ ગધ્યામજૂરી.

ગધામસ્તી જુઓ ગધ્યામસ્તી.

ગધારલોટન ન. અધેડાં આળોટે તે જગ્યા. ત્યાં બીક હોય એવો વહેમ મનાય છે.

ગધાવલ પું. એક જાતનો વેલો. તેનાં ફૂલ ગુલાબી રંગનાં અને ફળ અણિયાળાં હોય છે. તેનાં પાન ગરમૂમડ ઉપર ઉપયોગી છે.

ગધાવહીતરું જુઓ ગધ્યાવૈતરું.

ગધાવૈતરું જુઓ ગધ્યાવૈતરું.

ગધાહીંચૂ સ્ત્રી. છોકરાની એ નામની એક રમત.

ગધી ૧. સ્ત્રી. અધેડી.

૨. સ્ત્રી. ધાંચી તથા સુથારની એ નામની અટક.

૩. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગધીગધી વિ. હેરાન; દુઃખી થયેલું; ત્રાસ પામેલું.

ગધીલા સ્ત્રી એ નામની એક જંગલી જાત.

ગધીસમેરચો પું. એક જાતની ઔષધિ; પૃશ્નપર્ણી; ત્રિપર્ણી; અહિપર્ણી; ક્રોષ્ટુવિભા; સિંહપુચ્છી; કલશી; ધાવનિ; ગુહા.

ગધૂલ ન. એક જાતનું ફૂલ.

ગધેડ઼ું ન. મ્હાર કાંડાનું એક જાતનું ઝાડ છતકું. એને પાંચ ઈંદ્રિયોમાંની કોઈ, બીજ ને નાક એ નથી હોય છે.

ગધેડા (ગધેડ઼ા) ૧. સ્ત્રી. એ નામની દશા શ્રીમાળી વાણિયાની તથા લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગધેડાગાંઠ (ગધેડ઼ાગાંઠ) સ્ત્રી. (વહાણવટું) બહુ જ કડી મજબૂત ગાંઠ.

ગધેડાવૈતરું જુઓ ગધ્યાવૈતરું.

ગધેડિયા (ગધેડિયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. સ્ત્રી. ભોઈની એક પેટા જાતિ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગધેડિયું (ગધેડિયું) ૧. ન. ગાડાનાં પૈડાંની ધરી જેમાં ભેરવવામાં આવે છે તે લાકડું.

૨. ન. રેલવેમાં માલગાડીનો નાનો ડબ્બો

૩. વિ. અક્કલ વગરનું; અધેડા જેવું; મૂર્ખ.

ગધેડી (ગધેડ઼ી) ૧. [સં. ગર્દની] સ્ત્રી. અધેડાની માદા; ગધ્યી; ગર્દની. તેનું દૂધ બહુ ગુણકારી અને હલકું મનાય છે

૧. ગધેડી ગંગામાં નહાય તો ય ગાય ન થાય = ગધેડો ગાય ન થાય; સો મણ સાબુથી રહીરહીને નહાય તોપણ ગોરા ન થાય; સ્વભાવ બદલી શકાતો નથી

૨. ગધેડી ગાલની-પકડની = (૧) અધેડીને પકડવી. (૨) દોષમાં આવવું; ગુનો કરવો.

૩. ગધેડી મારવી = બગાડવું; નુકસાન કરવું.

૪. ગધેડીનાં પૂછ્યાં આમળે એવું = મૂર્ખ; બિનબાવડતવાળું.

૫. ગધેડીનો = ગધેડીનો બચ્ચો. આ શબ્દ અપમાનસૂચક છે.

૬. શું ગધેડી મૂતરી છે? = કયું ભારે કામ કરવું છે? શું પરાક્રમ કરવું છે? કઈ મોટ મારવી છે?

૨. સ્ત્રી. કૂવક, અભિન માર્દવાળી તથા નિર્લજ્જ અને દુષ્ટ સ્વભાવની સ્ત્રી.

૩. સ્ત્રી. ગલણી; વરાધ; બાળક બરાબર જવાનો રોગ.

ગધેડ઼ું (ગધેડ઼ું) ન. ખર; રાસભ; એક જાતનું લાંબા કાનવું, ટૂંકો પૂછડીનું અને રાખોડિયા રંગનું ચોપગું પ્રાણી. તે પોતાની પીઠ ઉપર બહુ ભાર લઈ ધીમે ધીમે ચાલે છે. એનું પગલું સરસ નથી અને બહુ ભાર ખમે તોપણ પોતાની હદ ને સુસ્તી મૂકતું નથી. તેનો આહાર ઘોડાના જેવો છે. તેનાં કાન તથા પેટ પ્રમાણમાં મોટાં હોય છે અને પગ નાના પણ મજબૂત હોય છે. તે ૨૦થી ૨૫ વર્ષ જીવે છે.

૧. અધેડા ઉપર અંબાડી = કોઈ નજીવી અથવા હલકી ચીજને વધારે શોભાવવી; સારી વસ્તુનો નકામી જગ્યાએ ઉપયોગ કરવો.

૨. અધેડા જનવું = બેવકૂફ કરવું; મૂર્ખ બનાવું.

૩. અધેડાવૈતરું કરવું = લાભ સિવાય મહેનત કરવી.

૪. અધેડાના પાછલા પગના જેવું-અધેડાનો પાછલો પગ = (૧) દોઢડાહ્યું; મૂર્ખ; બેવકૂફ; સારાનરસાની કીમત સમજે નહિ એવું. (૨) બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર બીજાને નુકસાન કરે એવું.

૫. અધેડાનાં ડીંડાએ ઘાપટ્ય થાય તો બકરાનો ભાવ કોણ પૂછે?-અધેડાથી મુલક લેવાય તો ઘોડાને કોણ રાખે?-અધેડાને કીડી ચાપટ ન થાય = જેની જેની વપરાશ તેવી તેની કીમત.

૬. ગધેડાની જેરે ધોકું–ગામ આંધે તો આખરે ૭ મહિને બૂંકવા લીધે = સોબત તેવી અસર.
૭. ગધેડાનું પૂછડું આમળે એવું = મૂર્ખ; એવકૂફ. ક્રમઅક્કલ.
૮. ગધેડાનું પૂછડું પકડવું–પકડી રાખવું–ગધેડાનું પૂછડું સાલું તે સાલું = (૧) ગધેડાનું પૂછડું પકડયું હોય તો હાત વાગે, હોહી નીકળે પણ છોડવું નહિ. (૨) ગમે તેવું નુકસાન થાય પણ લીધેલી હઠ છોડવી નહિ; એક જ વાતને વળગી રહેવું.
૯. ગધેડાનું મોં કૂતરે ચાટવું = (૧) નઠારાપણામાં એક કરતાં બીજું ચડી જવું. (૨) સમાન ગુણના માણસોએ ભેગા રહેવું.
૧૦. ગધેડાને કૂસે ભઠો = ગધેડાને કૂસે ભઠો જોતાં તે વહાલની કદર કરવાને બદલે લાત જ મારે, તેમ કે દુર્જનની સાથે સારી રીતે રહેવા જતાં તે ઊલટો અવગુણ કરે.
૧૧. ગધેડાને કહ્યાં ને તેજીને ધક્કારત–ગધેડાને ડીહાં ને તેજીને ટકોરો = સમજુ માણસ ટકોરામાં સમજી જાય પણ મૂર્ખને વારંવાર કહેવું પડે અથવા શીખવવું પડે.
૧૨. ગધેડાને પણ તાવ આવે એવું = (૧) કેટાળા ભરેલું. (૨) બહું જ બરાબ.
૧૩. ગધેડાને પેટ બાંધવો = ઝાટકણી કાઢવી; ખૂબ ધમકાવવુ.
૧૪. ગધેડાને માથે શીંગડાં–ગધેડાને માથે શું શીંગડાં હોય ? = નાદાનનાં કાંઈ ગામ જુદા વસતાં હશે ?
૧૫. ગધેડાનો વિવાહ ને બાદુઓ રળિયાત = મૂર્ખની દોસ્તી, દુશ્મનો ભલા.
૧૬. ગધેડાં ચારવાં–ટેવાં = બરાબત ન હોવી; મૂર્ખ હોવુ.
૧૭. ગધેડી કૂદીને ઝાડવી = અભિમાની થવું; ગર્વ આવવો.
૧૮. ગધેડે ગવાવું = (૧) ગધેડાં પણ લાભ લઈ શકે એટલી ઓછી કીમતે વેચાવું; છત મણી હોવાથી સસ્તો ભાવ થયો. (૨) કજેત થવું; બેબાજરૂ થવી; રેવડી ઊડવી.
૧૯. ગધેડે ચડવું = કજેત થવું; રેવડી થવી; બેબાજરૂ થવી; વગોવાવું. બસલના વખતમાં કોઈ ગુનેગારની કજેતી કરવી હોય તો તેને ઊંધે મોઢે ગોબલા અને દિવેલ ચોપડી ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવવામાં આવતો.
૨૦. ગધેડે ચડી ઘેર ઊતરવું = હાથે કરીને પોતાની કજેતી કરવી ને કરાવવી; મૂર્ખ બનવું.
૨૧. ગધેડે બેસાડવું = કજેતી કરવી.
૨૨. ગધેડો ઊકરડે દેખીને મૂકે = બત બેવી જાત.
૨૩. માથે ગધેડાનાં હળ હાંકવાં = બરાબ દશા કરવી; બેદરકારે કરવુ.

ગધેડો ૧. [સં. ગર્દભ] પું. ગધ્યો; રાસભ; ખર.
ગધેડો ચરો = ઠોઠ બલી; બાબરે ભૂત!.
૨. પું. મૂર્ખ; અક્કલબન્ધ માણસ; વૈતરું કરી જાણે એવો માણસ; સુસ્ત, હડાલો અને અક્કલ વિનાનો માણસ.
૩. વિ. ઠોઠ; બેવકૂફ.

ગધેયળિયા ૧. સ્ત્રી. એ નામની કઠણીની એક બટક.
૨. વ. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ગધેરાર સ્ત્રી. એક બતની કેરી.

ગધેલું ૧. ન. પાણીની બાટલીમાંથી ખોરાક સુધી બચેલું બહુ બાર હાલ બગાડનું લાકડું.
૨. ન. બેસવાડીના પાકા ઉપરનું કોડેગે રાખવાનું લાકડું.

ગધેવાન ૧. પું. કુંભાર.
૨. પું. ગામડિયો.
૩. પું. મૂર્ખ માણસ.
૪. વિ. બેસાં હાંકનાર.
૫. વિ. ગમાર; મૂર્ખ.

ગધૈયું ૧. ન. એક બતનું દાણામાં પડતું બણું દુશ્મનું. તેને શરીર, મોં અને નાક હોય છે.
૨. ન. બહી અને બેડોળ વસ્તુ.
૩. ન. જૂના વખતનો એક બહો સિક્કો. સાસાનિયન વશના એક રાજાને શિકારનો અને બાસ કરીને બેસાના શિકારનો બહુ શોખ હતો તેથી અથવા બે વખત તેણે દુષ્ય પ્રજાને સખત હાર આપી તેથી ધર્પામાં અથવા મશ્કરીમાં આ સાસાનિયન સિક્કાને બેસાયુ કહેવાનું મનાય છે.

ગધૈયો ૧. પું. ગધેડાની જાપવાળો જૂના વખતનો એક સિક્કો.
૨. પું. ગધેડો.

ગધ્યો ૧. પું. ગધેડો.
૨. વિ. મૂર્ખ.
૧. ગધ્યા શું બણે બાદશાહની વાત = મૂર્ખ સદ્ગુણની કીમત આંકી શકતો નથી.
૨. ગધ્યાને બાપા ચેત, નહિ પણ કે પુત્ર = બવબુદ્ધિમાને ગુણ કરે તે બટાદગુણમાં બાય.

ગધ્યરી સ્ત્રી. બચ્ચાના ગોદનો કાચો પોપટો.

ગધ્યાઈ સ્ત્રી. મૂર્બાઈ; ગધ્યાપણું; નાદાની; બેવકૂફી.
ગધ્યાડિયું (ગધ્યાડિયું) જુઓ બધાડિયું.
ગધ્યાપચીશી સ્ત્રી. માણસના જીવનનાં પહેલાં પચીસ વર્ષનો કાળ; કુટુમ્બાતના પચીસ વર્ષનો સમય. તેમાં પુખ્ત વિચાર થયેલા હોતા નથી અને મૂર્બાઈ તથા ઉદ્ધતાઈ ભરેલાં હર્ષ બહુ બાય છે.
ગધ્યાપણું ન. મૂર્બતા; બેવકૂફી.
ગધ્યાપાટુ ન. ગધ્યામસ્તી; લાતો મારવી તે તોફાન કરવું તે; લાતબાતા.
ગધ્યાપૂછ ૧. ન. ગધેડાનું પૂછડું.
૨. વિ. બીકણ; બાવલું.
ગધ્યામજૂરી ૧. સ્ત્રી. નકામી મહેનત; ફોગટ વૈતરું; અક્કલનો ઉપયોગ કર્યા વિનાની મહેનત; ગધ્યાવૈતરું.
૨. સ્ત્રી. સખત કામ.
ગધ્યામસ્તી સ્ત્રી. બહુ વધિક બાય જોરી મસ્તી; મૂર્બાઈભર્યું બતિશય તોફાન; ગધ્યાપાટુ; લાતબાતા.
ગધ્યાવહીતરું જુઓ ગધ્યાવૈતરું.
ગધ્યાવૈતરું ૧. ન. બેઠ; બોડા લાભવાળી કે લાભ વગરની નકામી મહેનત; ગધ્યામજૂરી.
૨. વ. સખત કામ.
ગધિયું ન. એક બતનો બસલના વખતનો બહો સિક્કો. જુઓ ગધૈયું.
ગધ્યો ૧. સ્ત્રી. ગધેડી; ગધેડાની માદા.
૨. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.
ગધ્યોરાલી સ્ત્રી. સોરઠ તરફ રમાતી એ નામની એક દેશી રમત. જુઓ વેતમૂડામણી.
ગધ્યું વિ. ગધેડા જેવું; મૂર્ખ; દેવાનું ગમાર; અક્કલશૂન્ય.
ગધ્યેરાર સ્ત્રી. એક બતની કેરી.
ગધ્યેવાન ૧. પું. ગધેડાંવાળો માણસ; કુંભાર.
૨. પું. ગમાર બાદમી; મૂર્ખ.
ગધ્યૈયું ૧. ન. બહી અને બેડોળ વસ્તુ.
૨. ન. જૂના વખતનો એક બહો સિક્કો; ગધૈયુ.
૩. ન. દાણામાં પડતું એક દુશ્મનું.
ગધ્યો ૧. [સં. ગર્દભ] પું. ગધેડો; બર.
૨. પું. મૂર્ખ માણસ.
૩. વિ. મૂર્ખ; બેવકૂફ.
ગનકાવવું સ. ક્રિ. બીજાનું કહ્યું માનવું; બીજાને કોઈ કહે તેમ કરવું.

અનકોટન [અં.] ન. એક જાતનો બંદૂકના દારૂની જેમ જલદી સળગી ઊઠે એવો પદાર્થ. તે આઠ ટકા પાણીવાળા સલ્ફ્યુરિક અને નાઇટ્રિક ઍસિડના મિશ્રણમાં રૂને ભીંજવીને બનાવાય છે. પાછળથી તે રૂને ધોઈને સૂકવી નાખવામાં આવે છે.

અનપત જી. અરજ; જરિયાત; પરત્ત.

અનપાકિંડર [અં.] પું. બંદૂકનો દારૂ.

અનબોટ [અં.] સ્ત્રી. મોટી તોપવાળી નાની લોટી છીછરા દરિયાકિનારાવાળી જગ્યામાં અથવા નદીમાં લડાઈ કરવામાં તે ઉપયોગી છે.

અનમ [હિં.] સ્ત્રી. મોઢામાંથી નીકળતી અટાગ ગંધ

અનમેટલ [અં.] સ્ત્રી. લોઢું તથા પિત્તળ વગેરેનું મિશ્રણ કરી તોપને માટે બનાવવામાં આવતી ધાતુ.

અનશૂર પું. એક જાતનો મૂંઝર.

અનસન ૧. સ્ત્રી. અટવા; ખોટી વાત.
૨. સ્ત્રી. ખૂબ ધીમે અવાજે થતી વાત.
૩. સ્ત્રી. બાના; સુધ.

અનસને ૧. અ. મશ્કરીથી; ઠઠ્ઠોકરત.
૨. અ. ભારોભાર્થી; પરબારું.

અનસુર ન. એક જાતનું ઔષધ તરીકે વપરાતું મૂળિયું. તેની છાલ જાડી, ટંકણખોરંગી લીટાવાળી તેમ જ મોટી લીસી હોય છે. તેની રાખ ખારથી રંગીન દેખાય છે પણ અંદરથી તે પીળાશ પડતી તેમ જ બદામી હોય છે. આ ઔષધ રેચક છે અને મૂદતિયો તાવ તથા પિત્તાશયની વૃદ્ધિ અટકાવવા ઉપયોગમાં લેવાય છે. આનું અને વાના સોજા ઉપર પણ તે લેપવામાં છે.

અનાજત ન. આકારા.

અનારવું સ. ક્રિ. માનવું; સારવું; કશું કરવું.

અનિકા જી. સુણકા; મારી; નાચગાન કરનારી બી.

અનિમત જુઓ અનીમત.

અનિયાર ન. એ નામની એક વનસ્પતિ; અરણી; જયંત; જયંતિક. અનિયારનાં મૂળિયાને પાણીમાં વાટી વીંછીના ડંખ ઉપર લેપ કરવાથી સોજો ઊતરી જાય.

અનિયારી [હિં.] સ્ત્રી. નાની અરણી.

અની [અ. ધની] વિ. માલદાર; શ્રીમંત; ધનાઢ્ય.

અનીઅ ૧. [અ. અનમ (લૂંટમાં લઈ જવાયેલું)] પું ધણ; લૂંટારો.
૨. પું. દુશ્મન; શત્રુ; વેરી.
૩. પું. મુસલમાન.

અનીઅત જુઓ અનીમત.

અનીમત ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરકૃપા; સુભાગ્ય.
૨. સ્ત્રી. મહત્ત્વ ગણતી વસ્તુ.
૩. સ્ત્રી. લૂંટનો માલ.
૪. સ્ત્રી. સંતોષની વાત.
૫. વિ. ઉપકારક; હાથલકારક.
૬. અ. બસ થયું.

અનીમી વિ. અનીમને લગતું.

અનુ પું. (કચ્છી) સાંઢો.

અનેગારી સ્ત્રી. અપરાધ; વાંક.

અનેજ [હિં.] ન. અપરાના ક્રમમાં વપરાતું એક જાતનું ઝાંખું ધાસ.

અનેસને ૧. અ. મશ્કરમાં.
૨. અ. મશ્કરાશથી; મશ્કારે.
૩. અ. તર્કથી.
૪. અ. દેવયોગે; કમનસીબે; અકરમાતથી.
૫. અ. ભારોભાર્થી.

અનેહને જુઓ અનેસને.

અનો ૧. પું. વાંક; અપરાધ.
૨. પું. (કચ્છી) સાંઢો.

અનોરીઆ [અં.] પું. પ્રમેહ; પરમિયો.

અનૌરી [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગરમોથ.

અન્ના [હિં.] સ્ત્રી. ઊંટડી.

અન્ની ૧. [હિં.] સ્ત્રી. રાબ.
૨. ન. ગુણપાટ.

અપ ૧. [સં. અપ્ (આપવું)] સ્ત્રી. અટવા; પાયા વિનાની લોકમાં ચાલતી વાત; લોકવાયકા; ઊડતી વાત.
અપ ઝીંપવી-ફોકવી-મારવી-હાંકવી = અટવા ચલાવવી; વાત વહેતી મૂકવી.
ગરમીવાહક વિ. ગરમી લઈ જનારું.

ગરમું ન. છીછરી તપેલી જેવું વાસણ; પડવી વિનાનો કાંસાનો મોટો વાટકો; કાંસિયું.

ગરમેલ સ્ત્રી. એક જાતનો ફંવાટીવાળો છોડ; ગરમર. એનાં મૂળનું તથા એની ઉપરના ભાગનું ઔષધ કામ છે.

ગરમો પું. ઉષ્ણતા; ગરમાવો; ઉષ્ણ.

ગરમોડી સ્ત્રી. ગોરમટી; દીપવાની માટી.

ગરર અ. એકદમ; જલદી.

ગરરરગડ્ડ ૧. ન. એકદમ ઓહિયાં કરવું તે; જલદી ગળી જવાપણું.

૨. ન. નાસી છૂટવું તે.

ગરલ ૧. સ્ત્રી. ઘરાળી.

૨. ન. એક જાતનું ઝાંપ.

૩. ન. ઘાસનો પૂળો; ખડની થોકડી.

૪. [સં.] ન. ઝેર; વિષ.

૫. ન. રહસ્ય; ભેદ.

ગરલકંઠ પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકૂટ. જે મૂઢ માણસ બધમાબાપોને મારીને મધ ખાય છે તે માણસ તે મા.બાપો જેટલા વર્ષ સુધી આ કૂંડમાં વસે એમ મનાય છે.

ગરલગર્વ પું. અહંકારરૂપી ઝેર.

ગરલધર ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. પું. સર્પ; સાપ.

ગરલધારી [સં. ગરલધારિન્] વિ. ઝેરવાળું.

ગરલમણિ [સં.] પું. મસ્તકમણિ; એક જાતનું રત્ન.

ગરલો વિ. ઝેરી; ઝેરવાળું.

ગરલ્લિ પું. ગળામાંથી નીકળતો ઘોઘરો અવાજ.

ગરવ પું. અભિમાન; અહંકાર.

ગરવડુ (ગરવડૂ) પું. ગરબો; રાસ.

ગરવર ૧. પું. ગિરનાર પર્વત.

૨. પું. પહાડ.

ગરવરવું અ.ક્રિ. ઊંચું નીચું થઈ રહેવું; અધીરા થવું; ઉત્સુક બનવું.

ગરવાઈ સ્ત્રી. મોટપ; મોટાઈ.

ગરવાવું અ.ક્રિ. ક્રમ કહી લેવા કરવું સ્વરે બોલવું; ગણગણવું થવું.

ગરવાળ પું. એ નામનો હિમાલયની તળેટીનો એક પ્રાચીન પ્રદેશ.

ગરવી સ્ત્રી. નાળેર તરફ ખેતી કરનારા લોકોની એક જાત.

ગરવું ૧. ન. રોટલા કે ખાવાની વસ્તુ રાખવાનો પિત્તળનો દાબડો.

૨. વિ. ગંભીર; ચોરસ્વાળું; મોટું; મહાન.

૩. વિ. ખારે બગડાવાળું.

૪. વિ. મગરૂર; અભિમાની; ગર્વિષ્ઠ.

૫. અ.ક્રિ. અંદર પેસવું; ધીરે રહીને અંદર દાખલ થવું.

૬. અ.ક્રિ. ભરવું; ભરી પડવું.

૭. સ.ક્રિ. ખેંચવું; આકર્ષણ કરવું.

ગરવેલ ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન કમરાનાં પાન જેવાં અને મૂળ કડવાં હોય છે અને દવામાં વપરાય છે.

૨. સ્ત્રી. સોનાની એક સારી જાત.

ગરવૈયા સ્ત્રી. ચકલી.

ગરવો પું. ગિરનાર પર્વત.

ગરશ્રુત પું. મોર.

ગરશ્રુતી સ્ત્રી. કેળ; મજૂરી.

ગરસારપ પું. પહેલવાન; મલ્લ.

ગરશ્રી સ્ત્રી. એક જાતની ભાળવી.

ગરસરા ૧. સ્ત્રી. રબારીની એ નામની બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગરહણ સ્ત્રી. ગૃહિણી; ઘરની સ્ત્રી.

ગરંઠ પું. મકીનું ગારાનું વાળુ.

ગરા ૧. પું. એક જાતનું ઝાડ; કેવતાકી વૃક્ષ.

૨. પું. મણું; ભોક.

૩. સ્ત્રી. કૂકડવેલ.

૪. સ્ત્રી. ઘાસ કાપવાની કાતર.

૫. સ્ત્રી. ઘાસના પૂળાની ભારી.

ગરાઠ પું. ઘેરો; ચારે બાજૂથી ઘેરી લેવાપણું.

ગરાઠ (ગરાઠ) ૧. પું.; સ્ત્રી. ખાડો; ચીલો; ઢાળ; બીબું.

૨. વિ. બોદું.

ગરાડી (ગરાડી) ૧. પું. બાસની; બંધાણી.

૨. સ્ત્રી. મરેડી; લાકડા અથવા લોઢાનું ગોળ ચક્કર.

૩. સ્ત્રી. ગાડામાર્ગ; ચીલો.

૪. ન. એક જાતનું ઘાસ.

૫. વિ. ચકચૂર; મસ્ત; બસનમાં કે બસનમાં જ પડ્યું રહેનાર.

ગરાઉ (ગરાઊ) સ્ત્રી. એક જાતની ગ્રાહકગાછ.

ગરાઠો (ગરાઢો) ૧. પું. છમારતની દીવાલનો પાયો નાખવા ખોદેલો સાંગો ઊંડો ખાડો

૨. પું. વાળ્યું પાકાને ઢાંકવા પાવાની વાસની નાળ.

ગરાક્ષ ૧. સ્ત્રી. મુલ્લાંની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગરાજું ન. રાવ; ફરિયાદ.

ગરાજો પું. ફંગારો; ફંગરેજ.

ગરાઠ ૧. સ્ત્રી. ઠેરો.

૨. સ્ત્રી. ગજ; માપવાનું એક સાધન.

૩. સ્ત્રી. ઘરના રવેશના ઠેરામાં અથવા કબાટમાં નાખવામાં આવતી જમરી.

૪. સ્ત્રી. ઓળિયો.

૫. સ્ત્રી. સમડે ઉતારેલી અથવા સિમેંટની થાપણી.

ગરાદી ન. (જ્યોતિષ) જૈનસૂત્ર પ્રમાણે ૧૧ માહેનું એ નામનું એક કરણ.

ગરાધિકા ૧. સ્ત્રી. રાતો રંગ.

૨. સ્ત્રી. લાખ.

ગરાન [ફા.] વિ. વજનદાર; ભારે.

ગરાનખાતિર (ગરાનખાતિર) વિ. ધમડી; ખોટો ડોળ કરનારું.

ગરાની ૧. સ્ત્રી. અધતા; ઉણપ; ખોટ.

૨. સ્ત્રી. અપમો; અદેખજમી.

૩. સ્ત્રી. ઉદાસીનતા.

૪. સ્ત્રી. મોંઘાઈ; વધારે ભાવ હોવાપણું.

૫. સ્ત્રી. સુવાવડમાં કોને થતો એક રોગ.

ગરાજ ન. વહાણ; નાની હોડી.

ગરાયું ન. એક જાતનું ઘરેણું.

ગરાયો ૧. પું. ભોરડીનાં સૂકાં ભળાંનો જથ્થો.

૨. પું. સોનીનું એક જાતનું ઓજાર.

ગરારિ પું. નીલમ; એક જાતનું રત્ન.

ગરારી ૧. સ્ત્રી. કૂવાના મડાણ ઉપર પાણી ખેંચવા માટે નાખેલ ગરેડી.

૨. સ્ત્રી. દોરો વીંટવાની કાળકી.

ગરાવ ૧. [હિં.] પું. ઘાસ કાપવાની કાતર.

૨. પું. ઘાસના પૂળાની ભારી.

ગરાવા ૧. [હિં.] પું. પ્રકાશ; તેજ.

૨. પું. કલકો જમીન.

ગરાસિયણ જુઓ ગરાસણી.

ગરાસિયો ૧. પું કોઈ પણ રજપૂત; એ જાતનો માણસ.
૨. [સં. ગ્રાસ] પું. ગરાસ ખાનારો રજપૂત; જમીનદાર; રાજવંશી ભાયાત; રજપૂતોને હિસ્સે આવેલી જમીનની ઊપજ ખાનાર.
૩. પુ ભીલ.

ગરાસ ૧. [સં. ગ્રાસ] પું. કોળિયો.
૨. પું. ખોરાક
૩. પું ગુજરાનને માટે મળેલો જમીનનો ઇનામી કકડો. અમલ્ઉ ગામમાં થતી લૂંટફાટ અટકાવવા માટે ભીલ, રજપૂત કે એવા મારફાડિયા માણસોને શાંત રાખવા ગામમાંથી જમીનનો અમુક ભાગ કાઢી આપવામાં આવતો. એ જમીન તે રખેવાળીના બદલામાં ભોગવતો હોવાથી ગરાસ કહેવાય છે. ગરાસ શબ્દ કોળિયાના અર્થમાં વપરાય છે અને તે શબ્દ ગુજરાન એવું બતાવે છે. તે રાજકુટુંબના મૂળ પુરુષના વંશજોને ગુજરાનને માટે જે જમીન મળેલી હોય તેવી જમીનને માટે વપરાય છે.
ગરાસ જવો = ગરાસ જવા જેવું થવું; નુકસાન થવું.
૪. પું. ભાટ ભોકના ચોપડા પ્રમાણે રાજકર્તાના કુટુંબીઓને ગુજરાન માટે અપાતી રોકડ રકમ.
૫. સ્ત્રી. એ નામની અત્રીની અટક.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. વિ. એ નામની અત્રીની અટકનું.

ગરાસખાતું ન. ગરાસનો વહીવટ ચલાવનાર ખાતું.

ગરાસણ ૧. સ્ત્રી. ગરાસિયા જાતની સ્ત્રી.
૨. સ્ત્રી. ગરાસિયાની સ્ત્રી.

ગરાસણી ૧. સ્ત્રી. ગરાસિયા જાતની સ્ત્રી.
૨. સ્ત્રી. ગરાસિયાની સ્ત્રી.

ગરાસદાર વિ. ગરાસવાળું; જાગીરદાર; ગરાસ ધરાવનારું.

ગરાસદારી ૧. સ્ત્રી. ગરાસદારપણું.
૨. સ્ત્રી. રાજાને જરૂર પડે ત્યારે ગરાસદાર મદદ કરે અને તેના બદલામાં જમીનની ઊપજનો ઉપભોગ કરે એવી પદ્ધતિ; ઊમરાવશાહી પદ્ધતિ.
૩. વિ. ગરાસદારને લગતું; જાગીરદાર સંબંધી.

ગરાસિયણ જુઓ ગરાસણ.

ગરાસિયો ૧. પું. ગરાસ ભોગવનાર માણસ.
૨. પું. જાનવરો. બેપારીમાં આ શબ્દ સંજ્ઞા તરીકે વપરાય છે.

ગરાસી [હિં.] સ્ત્રી. કૂવા આપવાનું હથિયાર.

ગરાળ ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની કણબીની અટકનું.

ગરાળો પું. ગોળ રાંધનાર માણસ.

ગરાં ૧. વિ. કેટાળો આપે એવું.
૨. [ફા.] વિ. કીમતી; ભોંઘું.
ગરાં કરવું = કીમત વધારવી.
૩. વિ. ભારરૂપ; સખ્ત.
૨. ગરાં ગુજરવું = કોઈના ઉપર ભારરૂપે પડવું.
૨. ગરાં થવું = (૧) ભારરૂપ થવું. (૨) ભાવ વધવો.
૪. વિ. વજનદાર; ભારે.
૫. વિ. સહન ન થઈ શકે એવું.

ગરાંખાતિર (ગરાંખ્રતિર) [ફા.] વિ. ભારરૂપ; નાખુશ.

ગરાંજ ૧. ન. (બા. મુ.) અર્વ.
આવ આપના હવાં અરાંજ,
દલીનું પુત્ર લાવ્યું ઉમાંજુ. લાવણ્યસમય
૨. ન. માન; આદર.

ગરાંભહા ૧. વિ. ભારે.
૨. વિ. કીમતી; ભોંઘું.

ગરાંસ [સં. ગ્રાસ] પું. કોળિયો.

ગરિ પું. દસ જાતના ગોસાંઈઓની એકની ઓળખ; ગિરિનો અપભ્રંશ. જેમકે, ચંદનગરિ.

ગરિકું (ગરિકું) ન. ભાથુનો ગોળો.

ગરિત વિ. ગેરી.

ગરિબાન [ફા.] પું. કોલર.

ગરિમતા [સં. ગરિમન્] સ્ત્રી. ગરિમા; આઠ માહેની એક સિદ્ધિ; અનંત ભારે થવાની શક્તિ. અણિમા, લઘિમા, ગરિમતા, મહિમા, પ્રાપ્તિ, પ્રકામ્ય, વશીકરણ અને ઈશિતા એ આઠ સિદ્ધિનાં નામ છે.

ગરિમા ૧. [સં. ગરિમન્] સ્ત્રી. આઠ માંહેની એક પ્રકારની સિદ્ધિ; ભારે સ્વરૂપ ધારણ કરવાની શક્તિ; ઇચ્છાનુસાર વજનમાં અથવા દેખાવમાં ભારે થવાની શક્તિ.
૨. સ્ત્રી. આત્મશ્લાઘા; શેખી.
૩. સ્ત્રી. આભાર; ઔચિત્ય.
૪. સ્ત્રી. મહત્તા; મહત્ત્વ; મોટાઈ; પ્રૌઢતા; ગુરુત્વ.

ગરિયલ પું. એક જાતનું પક્ષી.

ગરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.
૨. સ્ત્રી. એક જાતની માછલી; 'દરિયો'. આ જાતની માછલી એક ઋતુમાં ઈંડાં મૂકવાનું કહેવાય છે.
૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા થાય છે અને તેનાં ફળ ગરિયા જેવાં થાય છે.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

ગરિયાવેલ સ્ત્રી. એક જાતની જંગલી વેલ. તેનાં ફળ નાનાં અને ગરિયાના આકારનાં હોય છે. ચોમાસામાં તેને ગુલાબી રંગનાં ફૂલ આવે છે.

ગરિયાળા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. સ્ત્રી. મુસલમાનની એ નામની એક જાત.
૩. ન. એ નામની કણબીની અટકનું માણસ.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની કણબીની અટકનું.
૬. વિ. એ નામની જાતનું.

ગરિયો ૧. પું. અરલેળાનો એક ભાગ. તેમાં છેડે લોઢાની આણો હોય છે.
૨. પું. કંપાસ જેવું એક સાધન. તેમાં પેન્સિલ પકડવાની પટીને બંધવવા એક બીજી નાની પટી મરિયામાં નાખેલી હોય છે. આથી નાનો મોટો કંપાસ થઈ શકે.
૩. પું. ખુલ્લી કે બંધ જગ્યામાં ભમરડા વડે રમવાની એક દેશી રમત. પ્રથમ દાવ દેનાર તરીકે એક છોકરાને નક્કી કરવામાં આવે છે. તે છોકરો જમીન ઉપર નાનું કૂંડાળું કાઢી પોતાનો ગરિયો તેમાં મૂકે. બીજા છોકરાઓ પોતપોતાના ગરિયાને જળ એટલે કે સુતરની દોરી વીંટી કૂંડાળાથી ખુલ્લી પડે તેટલે છેટ લીલી પોતાનો ગરિયો કૂંડાળામાંના ગરિયા ઉપર જોરથી દેઈ એક પછી એક ફેરવે. જો કૂંડાળામાંનો ગરિયો બહાર નીકળી જાય તો દાવ દેનારને બાકી દાવ કાયમ રહે અને ગરિયો કાઢી નાખનારો પોતાનો ગરિયો ફરી પાછો રમે. પણ જો ગરિયો કૂંડાળામાંથી બહાર ન નીકળે તો તેને બહાર કાઢવામાં નિષ્ફળ ગયેલા બેલાડીનો ગરિયો ફરતો હોય તેને દાવ દેનારો પોતાની જળનો આંટો નાખી તે વડે હવામાં ઉછાળી પોતે ઝીલી લે તો પોતાનો ગરિયો કૂંડાળામાંથી લઈ તેની જગ્યાએ તે ઝીલેલો ગરિયો મૂકે અને પોતે દાવ લે. પણ જો તે ગરિયો ઝીલી ન શકે તો તેને બાકી દાવ કાયમ રહે.
૪. પું. ગરિયાના જેવો ઘાટ કે આકાર.
૫. પું. ધૂરી.
૬. પું. બન્ને છેડેથી જેળાં કરીને બાંધેલું બે ચકરડું બનાવવા વચ્ચે બાણ ઘાંસવાનું વપરાતું લાકડું.
૭. પું. પગમાંને ચૂંચવાની સાંકળને છેડે જોડેલું લાકડું.

૭. પું. પામાનો વચલો ભાગ. તેનો આકાર હરિકેર્યન દ્વીપસમૂહના ઊંધા પોટા જેવો હોય છે.
૮. પું. ભમરડો
૯. પું. રેંગણેજ.
૧૦ પું. શિખર.

ગરિષ્ઠ ૧. પુ. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨ પુ. એક તીર્થનું નામ.
૩ પુ. એક દાનવનું નામ.
૪. પુ. એક રાક્ષસનું નામ.
૫. [સં.] વિ. ઝટ ન પચી શકે એવું; ભારે.
૬ વિ. સૌથી ભારે.
૭ વિ સૌથી મોટું.
૮. વિ. સૌથી વધુ ભયંકર.
૯. વિ. સૌથી શ્રેષ્ઠ; સગીન.

ગરિષ્ઠા ૧. સ્ત્રી. દુર્ગાનું એક નામ.
૨. વિ સ્ત્રી. અત્યંત ભારે.
૩. વિ. સ્ત્રી અત્યંત શ્રેષ્ઠ.
૪. વિ. સ્ત્રી. સૌથી મોટી.

ગરિષ્ઠાઉર.પ્રચ્છદા સ્ત્રી, પ્રસ્તાવિયના મહાપિંડક તથા લઘુપિંડક નામના બે ઉત્સેધ વચ્ચેની આકૃતિના ભ્રમરના કિનારા ઉપર લાગેલી એ નામની પેશી; 'પેક્ટોરેલિસ મેજર.'

ગરિષ્ઠાઉરઃસંબ્યૂહની સ્ત્રી. એ નામની એક પેશી, 'ઍડક્ટર મેગ્નસ.'

ગરી ૧. [સં. ગુલિકા] સ્ત્રી. કુકડરેસ.
૨. સ્ત્રી. દેવતાઈ.
૩. સ્ત્રી. નાળિયેરનો મગજ; ટોપરું.
૪. અ. ધર્યો બતાવનાર પ્રત્યય. જેમકે, જળગરી.

ગરીઉલસમક [મ્યૂ.] સ્ત્રી. સરેરા માછલી.

ગરીકેરહુમત અ. મરનારના આત્માને ઈશ્વર શાંતિ બક્ષે

ગરીડું (ગરીડુ) ન. બાજુનો નાનો ઓરડો કે ઓળો.

ગરીઢ પું. ઉપર સાંઢડો અને નીચે પહોળો હોય એવો થાભલો.

ગરીનાભી ૧. સ્ત્રી. એ નામની બાવાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગરીબ ૧. પું. (સંગીત) એક આધુનિક રાગ. તે મુકામ રાગનો પુત્ર માનવામાં આવે છે.
૨. પું. મુસાફર; પરદેશી.
૩. વિ. અકિંચન; અકિંચન; નિર્ધન; દીન; કંગાલ. ગરીબનો મૂળ અર્થ અજાણ્યો થાય છે. અજાણ્યા માણસને કાંઈ રસ્તો સૂઝે નહિ તેથી તે ગૂંચવાય અને હાંફળોફાંફળો થઈ જાય, તેમ પૈસા વિનાનો પણ થાય, તેથી એ અર્થમાં વપરાય છે.
૧. અજાણ્યો ગરીબ = વિચિત્ર; અદ્ભુતરસ.
૨. ગરીબની વહુને સૌ ભાભી કહે = નિર્ધન ઉપર સૌ હુકમ ચલાવે; શાંત પ્રાણી ઉપર સૌ ભાર ભરનાર મળે, પણ ના કહેનાર ન મળે
૩. ગરીબને ગાંડમાં દાંત હોય છે = ગરીબ વધારે લુચ્ચા હોય એમ મનાય છે.
૪. ગરીબનો બેલી રામ = પ્રભુ હમેશા ગરીબોનું રક્ષણ કરે છે, ગરીબનો બેલી ઈશ્વર
૫. ગરીબનો આળસો = ગરીબને માટે સુખનું સ્વપ્ન.
૪. વિ. દુઃખી; બાપડું.
૫. વિ. નમ્ર; સરલ; ઠંડા સ્વભાવનું; ભલું; સાલસ; સહનશીલ.

ગરીબઅમરારાપ ૧. વિ. અતિ નમ્ર; બહુ જ ઠંડા સ્વભાવનું.
૨. વિ. બહુ જ ગરીબ; કેક જ ગરીબ.

ગરીબખાનું ૧. ન. દરિદ્રાલય.
૨. ન. પોતાનું ઘર.

ગરીબગરબું ૧. [અ. ગરીબ + ગુરબા (ગરીબો)] ન. ગરીબ અને કંગાલ માણસ.
૨. ન. ભિખારું.
૩. વિ. કંગાલ; નિર્ધન.

ગરીબગુરબું જુઓ ગરીબગરબું.

ગરીબગોબરું વિ. દેખીતું શાંત પણ ખાતરી હોય એવું.

ગરીબગોલું વિ. દેખાવ રાંક પણ હોય લુચ્ચું એવું.

ગરીબડું (ગરીબડ) ૧. વિ. ગરીબ, રાંક; નમ્ર.
૨. વિ. નિર્ધન; કંગાલ.
૩. વિ. બાપડું; દુ:ખી.

ગરીબનવાજ [અ. ગરીબ + ફા નવાઝ્તન (કૃપા કરવી)] વિ ગરીબો ઉપર દયા કરનાર, ગરીબનું પોષણ કરે એવું; ગરીબોને મદદ કરનાર; ગરીબના બેલી જેવું.

ગરીબનાથ પું. એ નામનો યોગી પુરુષ. પટ્ટણ સત્ર દૂષણ કરનાર ગુરુ ધુંધલીમલનો તે ચેલો હતો.

ગરીબનિવાજ જુઓ ગરીબનવાજ.

ગરીબપરવર ૧. [અ. ગરીબ + ફા. પરવર (પાળનાર)] પું. ગરીબનો બેલી ઈશ્વર; ગરીબનું ધ્યાન રાખનાર પ્રભુ.
૨. વિ. ગરીબની પરવરી કરનાર કે સંભાળ લેનાર; ગરીબને પાળનારું; દીનપ્રતિપાલક. મોટા માણસને સંતોષવા વાસ્તે ગરીબપરવર શબ્દ વપરાય છે.

ગરીબમીરજા પું. ઇમામી ધર્મના ત્રીજા ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૧૪૬૪થી ૧૪૯૭ સુધી ૩૩ વરસ ચાલી

ગરીબશાળા સ્ત્રી. ગરીબોવાળી શાળા.

ગરીબહુરાબી વિ. સ્વભાવે ગરીબ પણ ભીલ સાથેના વર્તનમાં લુચ્ચાઈ કરનારું.

ગરીબાઈ ૧ સ્ત્રી ગરીબી. નિર્ધનતા; કંગાલિયત; ફળદ્રુપ: ગરીબપણું
૨. સ્ત્રી. નમ્રતા; અધીનતા; ભલાઈ; સાલસાઈ.

ગરીબાનૌજ વિ. હલકું. પોશાક તથા ખોરાકના સબંધમાં આ શબ્દ વપરાય છે.

ગરીબી ૧. [અ. ગરીબી] સ્ત્રી. કંગાલિયત; ફળદ્રુપ; નિર્ધનતા; ગરીબપણું
૨. સ્ત્રી. નમ્રતા; અધીનતા; ભલાઈ; સાલસાઈ.

ગરીબુનનવાઝ ૧. પું. પરમેશ્વર.
૨. વિ. ગરીબોનો પાલક; ગરીબોનો બેલી.

ગરીયસ [સં.] વિ. વધારે વજનદાર; વધારે મહત્ત્વ ધરાવનાર.

ગરીયસી ૧. સ્ત્રી. લોહી અને વિકારની નાડી.
૨. [સં.] વિ. સ્ત્રી. ગૌરવશાળી; મહાન.
૩. વિ. સ્ત્રી. વધારે વજનદાર; વધારે મહત્ત્વ ધરાવનાર.

ગરીશ વિ. હલકા કુળનું.

ગરુ ૧. [સં. ગુરુ] પું. અધ્યાપક; શિક્ષક.
૨. પું. મુરબ્બી; વડીલ.
૩. વિ. ભારે વજનદાર.
૪. વિ. મોટું.

ગરુડ (ગરડ) ૧. પું. (પુરાણ) અર્ધો પક્ષી અને અર્ધો મનુષ્ય એવો એક કલ્પનિક દેવતા. તે જ્યારે જન્મ્યો ત્યારે એટલો બધો તેજસ્વી હતો કે દેવોએ તેને અગ્નિ માની પૂજવા માંડ્યું. તેનું માથું, પાંખ અને ચાંચ પક્ષી જેવાં અને શરીરના બીજા ભાગ માણસ જેવા હોય છે. તેનું મુખ ધોળું, પાંખો રાતી અને શરીર સોનેરી હોય છે. તેના પુત્રનું નામ સંપાતિ અને બીજાનું નામ ઉત્પતિ અથવા વિનાયક છે. પોતાની માતાનું દાસીત્વ દૂર કરવા તેણે અમૃતની ચોરી કરી, પરંતુ ઇંદ્ર તે ભાળી ગયો. તેથી અને વચ્ચે ઘોર યુદ્ધ થયું. ઇંદ્ર અમૃત પાછું મેળવ્યું પણ લડાઈમાં તે બહુ ઘાયલ થયો. અને તેનું વજ્ર તોડી નખાયું. એ શાલ્મલિદ્વીપમાં રહેતો. વિષ્ણુની સાથે એણે બોલી કરી હતી કે હું તમારા ઉપર હોઉં, વિષ્ણુએ માગ્યું કે હું તારા ઉપર હોઉં. આથી એ વિષ્ણુનું વાહન થયો અને વિષ્ણુએ તેને પોતાની ધ્વજા ઉપર રાખ્યો. એની માતાનું

નામ વિનતા, પિતાનું નામ કશ્યપ અને તેના મોટા ભાઈનું નામ અરુણ હતું તેની પાંખો સફેદ છે. તે પક્ષીનો રાજા મનાય છે. તેની માતી શોક કદુ સર્પની માતા હતી. તેણીએ ચરુડની માતાને દુઃખ દીધું હતું તેનું વેર લેવા મ.ટે ગરુડે સર્પનો નાશ કરવા વરદાન મેળવ્યું હતું. તેનાં કાશ્યપી, વૈનતેય, સુપર્ણ ગરુત્મા દક્ષ.ય, રા.કમલી, તાર્ક્ષ્ય, વિનાય, ખિતાનન, રક્તપક્ષ, શ્વેતશીર્ષિત, સુપર્ણકેતુ, ગંગનેશ્વર, અગ્રેસર, નાગાંતક, પન્નાગનાશન, સર્પારાતિ, તરસ્વી, રાસાયન, ક્રમચારી, ક્રમાયુ, ખિરાદ, વિષ્ણુરથ, અમૃતહરણ, સુધાહર, સુરેંદ્રાજિત, વજ્રજિત વગેરે બીજાં નામ છે

૨ [સં] પું. એક જાતનો મોખ; પંદર માંહેનો એક જાતનો ગણક્ષ. તેને બે તરફ દ્વાર અને તે દ્વારને જાળી હોય છે.

૩. પું. એક જાતનો મહેલ

૪. પું. એક પક્ષી તેની અનેક જાતો થાય છે. ધરપમાં સોનેરી ગરુડ થાય છે તેને 'ગોલ્ડન ઇગલ' કહે છે. તેનાથી ઊતરતું એક કાળી ગરુડ છે. ગુજરાતના વતની અને બાપડા ગરુડને ધોળવો કહે છે. શરીરે બરાબર મજબૂત બાંધો, પાંખો પહોળી કરે તો પથી ૬ ફૂટ થાય એવડો તે હોય છે. માદા તો એથી પણ મોટી હોય છે. જાતેના દેહનો રંગ ઘેરાશ પડતો બદામી કપિલા ગાય જેવો હોય છે. માથું અને ગળું કાળાશ પડતાં. છાતી ઉપર સફેદ આછાં છાંટણાં, પાંખોમાં બે આડા પટા, ચાંચ કઠોર અને છેડે અણીદાર આંકડા જેવી વળેલી, રંગે ભૂરી, અણી કાળાશ પડતી તથા પગનાં આંગળાં પીળાં અને છેડે કાળા નખ હોય છે. દેખાવે તે મોટી રામળી જેવો લાગે, પણ રામળીથી જુદો પડે. રામળીનું માથું ગોળાકાર પડતું પણ ગરુડનું ચપટું અને બેઠા ઘાટનું હોય છે. રામળીના પગ ઢીંચણ સુધી પીંજણવાળા અને નીચે ઉઘાડા હોય છે. ગરુડના આખા પગ સોચ્યથી ટો પગનાં આંગળાં સુધી પીછાથી ઢંકાયેલા હોય છે. રામળીની પૂછડી છેડે શંકુ આકારની અને વચ્ચેથી કપાયેલી હોય છે, ગરુડની ગોળાશ પડતી હોય છે. તે ક્વચિત ટોળામાં ફરતો દેખાય છે. બહુધા વખત ઝાડની ટોચે નિરાંતે બેસી આસપાસના પ્રદેશનું નિરીક્ષણ કરતો દેખાય છે. તેનો દેખાવ બીક લાગે એવો પણ સ્વભાવે બહુ ખુશમિજાજી હોય છે. બેસે સારે ઢગલો થઈ પડે પણ ઊડે સારે અત્યંત ગૌરવભર્યો ઊડે. નાનાં પંખી, દેડકાં, સાપ, સસલાં, કાચબા, તીડ એ તેનો ખોરાક છે. શિયાળો એની પ્રજોત્પત્તિનો સમય છે. એમના માળા કાંટાળાં ઝાડ અને ઘાસ ભરીને બાવળની ઊંચી ટોચે જ એ બાંધે છે મોટી પાંખોને કાંટા ન નડે એ હેતુથી તે ટોચ પસંદ કરે છે. એના માળા ઝાડની વચ્ચે ક્વચી જોવામાં આવતા નથી. ૫. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ પદ્મપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૦ લઘુ અને ૧૬ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૭૬ લઘુ હોય છે.

૭. પું. ચૌદમા કલ્પનું નામ.

૮ પું. જોડેલા હાથના ચોવીસ પ્રકારના અભિનયમાંનો વીસમો અભિનય.

૯. પું. શ્રીકૃષ્ણના એક પુત્રનું નામ.

૧૦ પું. સૈન્યમાં રહેતો એક સરકારી અધિ.

૧૧ પું. (જૈન) સોળમા તીર્થંકરના એક ગણધર.

૧૨. ન. અથર્વવેદની એક ઉપનિષદ; એકસો આઠ માંહેની એક ઉપનિષદ. જુઓ ઉપનિષદ.

૧૩. ન. ધનુર્વેદ વિદ્યાનું એક નામ.

૧૪. ન. તારાનો એક સમૂહ. તે ઉત્તર ગોળાર્ધમાં આવેલ છે. તેને અંગ્રેજીમાં 'અકવીલા' કહે છે. તે વિષુવાંશ ૨૭૦થી ૩૧૦ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૧૫થી ઉત્તર ક્રાંતિવૃત્ત ૧૫ વચ્ચે આવેલો છે. તેનો આકાર ગરુડ પક્ષી જેવો છે.

૧૫. ન. મુખ્ય અઢાર માંહેનું એક પુરાણ.

૧૬. ન. વિષ્ણુનું વાહન.

ગરુડકલ્પ (ગરુડકલ્પ) [સં.] પું. (પુરાણ) માગશર વદમાસનો ચૌદમો કલ્પ એટલે દિવસ: અજાના ત્રીજ માંહેનો એક દિવસ. જુઓ કલ્પ. આ કલ્પમાં પ્રથમ ગરુડાવતાર થયો હોવાથી આ નામ પડયું કહેવાય છે

ગરુડકૃત (ગરુડકૃત) પું. (પિંગળ) એક જાતનો ચાર ચરણવાળો છંદ. તેના દરેક ચરણમાં સોળ અક્ષર હોય છે.

ગરુડકેતુ (ગરુડકેતુ) જુઓ ગરુડધ્વજ.

ગરુડગામી (ગરુડગામી) ૧. [સં. ગરુડગામિન્] પું. ગરુડ ઉપર સવારી કરનાર વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

૩. વિ. ગરુડ ઉપર બેસી જનાર.

ગરુડચંચ્ય (ગરુડચંચ્ય) [સં.] સ્ત્રી. કલેરજની પૂજામાં વપરાયેલાં આવતી ટોકરી. તે ઉપર ગરુડની મૂર્તિ હોય છે.

ગરુડચિહ્નાંકિત (ગરુડચિહ્નાંકિત) [સં.] પું. એક જાતનું રત્ન.

ગરુડધૃત (ગરુડધૃત) પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગરુડવ્રત. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, તગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

ગરુડધ્વજ (ગરુડધ્વજ) ૧. [સં.] પું. એક પ્રકારનો થાંભલો. તેના ઉપર ગરુડની આકૃતિ હોય છે.

૨. પું. કૃષ્ણ; વાસુદેવ.

૩. પું. ગરુડ પક્ષીના ચિત્રવાળી ધ્વજા.

૪. પું. વિષ્ણુ. તેમની ધ્વજામાં ગરુડનું ચિહ્ન હોય છે.

૫. પું. સુવર્ણકુમાર જાતિના દેવ.

ગરુડધ્વનિ (ગરુડધ્વનિ) [સં.] પું. એક જાતનો સાપ.

ગરુડપંખણી (ગરુડપંખણી) સ્ત્રી. ગરુડ પંખીની માદા

ગરુડપાચ્ય (ગરુડપાચ્ય) [સં. ગરુડ + પાચ્ય (લીલમ)] ન. એક જાતનું લીલમ; પન્નું; લીલો મણિ; મરકત.

ગરુડપાચ્યનાં પાટિયાં જડ્યાં. ચિત્રમય

ગરુડપાશ (ગરુડપાશ) [સં.] પું. એક પ્રકારનો ફાંસો. તે પ્રાચીન કાળમાં શત્રુને પકડવા અથવા બાંધવા માટે તેના ઉપર ફેંકાતો.

ગરુડપુરાણ (ગરુડપુરાણ) [સં.] ન. અઢાર માંહેનું વિષ્ણુ સંબંધી એક પુરાણ. આ પુરાણ મૂએલા માણસની પાછળ વાંચવામાં આવે છે. તેમાં તાંત્રિક કર્મો, જ્યોતિષ, સામુદ્રિક, રત્નપરીક્ષા, આયુર્વેદ, પ્રેતકલ્પ વગેરે કહ્યા છે. આ પુરાણની સંખ્યા ૭૦૦૦ની છે. તેમાં વિશેષે કરીને યમપુર તથા અનેક પ્રકારનાં નરકોનું વર્ણન છે. પ્રેતકર્મનું વિધાન પણ છે.

> સત્તરમા પુરાણમાં પોતે ગરુડ વક્તા છે તેથી ગરુડપુરાણ કહેવાય છે. ભગવતી ભાગવત

ગરુડબાદશાહી (ગરુડબાદશાહી) પું. એક જાતનો મોટો ગરુડ. એ અમેરિકનું વસનાર અને સર્વે ગરુડમાં મોટામાં મોટો છે. એ એકાંતમાં રહે છે.

ગરુડભક્ત (ગરુડભક્ત) [સં.] પું. ગરુડની ઉપાસના કરનાર એક સંપ્રદાય. તે ભારતવર્ષમાં ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાં પ્રચલિત હતો.

ગરુડમંડલ (ગરુડમંડલ) [સ.] ન. (જ્યોતિષ) વિષુવાંશ ૨૭૦ થી ૩૧૦ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત

૧૫ થી ઉત્તર ક્રાન્તિ ૧૫ વચ્ચે આવેલો એ નામનો નાનો પુંજ.

ગરુડમંત્ર (ગરુડમંત્ર) [સં.] પું. તંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક મંત્ર. તેનાથી સર્પનું ઝેર ઊતરે છે એમ મનાય છે

ગરુડમુદ્રા (ગરુડમુદ્રા) [સં.] સ્ત્રી. એ નામની એક મુદ્રા

ગરુડયાન (ગરુડયાન) વિ. [સ.] પું. વિષ્ણુ ૨. પું. શ્રીકૃષ્ણ

ગરુડરાજ (ગરુડરાજ) [સં. ગરુડરાજન્] પું. ગરુડનો રાજા

ગરુડવૃત્ત (ગરુડવૃત્ત) જુઓ ગરુડધૃત.

ગરુડલિપિ (ગરુડલિપિ) પું. ચોસઠ માહેની એક પ્રકારની લિપિ જુઓ લિપિ

ગરુડવર્ણ (ગરુડવર્ણ) પું. અ, ઈ, ઉ, એ થી શરૂ થતા નામના વર્ણ

ગરુડવાદ (ગરુડવાદ) પું. અનેક જાતના પક્ષીની જાણી જોવાની વિદ્યા.

ગરુડવાહન (ગરુડવાહન) [સ.] પું. વિષ્ણુ.

ગરુડવેગા (ગરુડવેગા) [સં.] સ્ત્રી. કોકડમ વર્ગની એક જાતની વેલ

ગરુડવ્યૂહ (ગરુડવ્યૂહ) [સં.] પું. યજ્ઞનો ભાગ પધારે વિસ્તૃત અને આગળ તથા પાછળનો ભાગ પાતળો. એવા આકારે રચાયેલામાં લશ્કરની એક રચના; ગરુડને આકારે લશ્કરની રચના કરવાની કળા.

ગરુડસોનેરો (ગરુડસોનેરી) પું. સોનેરી ગરુડ. આ માંસાહારી પક્ષી વરસીદ પક્ષીઓમાં સૌથી મોટું છે.

ગરુડાકૃત (ગરુડાકૃત) પું. સોમની ચોરીસ માહેનો એક જાત.

ગરુડાગ્રજ (ગરુડાગ્રજ) [સં.] પું. સર્પનો સાર્વત્ય અરુણ; ગરુડનો મોટો ભાઈ.

ગરુડારૂઢ (ગરુડારૂઢ) વિ. [સ.] પું. ગરુડ ઉપર સવારી કરનાર વિષ્ણુ.

૨. વિ. ગરુડ ઉપર બેઠેલું.

ગરુડારમન (ગરુડારમન) [સ. ગરુડારમન્] પું. એક જાતનો હીરો; મરકતમણિ.

ગરુડાસન (ગરુડાસન) વિ. પું. ગરુડ ઉપર સવાર થયેલા વિષ્ણુ

૨. પું. (યોગ) ગરુડના જેવા આકારનું એક આસન. ઊભા રહી જમણા પગના ઢીંચણ ઉપર ડાબા પગનો ઢીંચણ રાખી તે પગનો પંજો જમણા પગની ઘૂંટીના ઉપરના ભાગમાં ભરાવવો ને ડાબા હાથના મધ્ય ભાગ ઉપર જમણા હાથની કોણીની ઉપરનો ભાગ રાખી બંને કરતલ મેળવવા. આવી રીતે સ્થિત રહેવાથી ગરુડાસન થાય છે. અંતરંગ અભ્યાસ કૃષ્ણકુંડલિનો વ્યાધિ આ આસન સાધવાથી દૂર થાય ને માણસ ગમનશીલ બને.

ગરુડાક્ષ (ગરુડાક્ષ) [સં.] ન. ગરુડનું અંતર, એ નામનું એક દિવ્ય અસ્ત્ર.

ગરુડાંક (ગરુડાંક) વિ. [સ.] પું. વિષ્ણુ ૨. ન. મરકતમણિ

ગરુડાંકિત (ગરુડાંકિત) જુઓ ગરુડાંક.

ગરુડાંઘ્રિપ (ગરુડાંઘ્રિપ) ન. એક જાતનું ઘૂડ. તેના માથા ઉપર સિંહની પેઠે પીંછાની બે ફલ્લી હોય છે. પેટ બાંધનારા પ્રાણીઓ તેનો ખોરાક છે. તે મધ્ય યુરપના પહાડી પ્રદેશમાં તથા અમેરિકામાં બિલ્યામાં આવે છે

ગરુડેશ્વર (ગરુડેશ્વર) પું. ગરુડના ઈશ્વર; વિષ્ણુ

ગરુડો (ગરુડો) પું. આલજ ગોત્ર દક્ષનો ગુરુ. ગરોડ

ગરુડોત્તમાદ્રિ (ગરુડોત્તમાદ્રિ) [સં.] ન. એક જાતનું રેતાં; મરકતમણિ

ગરુડોપનિષદ [સં. ગરુડોપનિષદ્] સ્ત્રી. અથર્વવેદમાં આવતી એક ઉપનિષદ.

ગરુડોપપાત (ગરુડોપપાત) ન (કૌત) જોતેજ માહેનું એ નામનું એક સૂત્ર; કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

ગરુત વિ. [સં. ગરુત્] પું. પાંખ; પક્ષ.

૨. ન. પાંખ તે.

૩. ન. ગણ જથ્થો તે

ગરુત્મા વિ. [સ. ગરુત્મન્] પું. અગ્નિ.

૨. પું. અથર્વવેદના સર્પના વિષને દૂર કરવાના મંત્રોચ્ચાર સૂક્તોના કર્તા એક ઋષિ.

૩. પું. ગરુડ.

૪. પું. પરમેશ્વર.

૫. પું. ઘરચોરી પક્ષી

ગરુત્મતોષધિ પું. ગાજરી.

ગરુત્મચારિતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ, બે જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

ગરુત્મોચિની [સં.] સ્ત્રી. ગાજરી પક્ષિણી.

ગરુત્મોચી [સં. ગરુત્મોચિન્] પું. ગાજર પક્ષી.

ગરુલ [સં.] પું. ગરુડ પક્ષી.

ગરુલો [સં. ગરુડ] પું. એક પક્ષી. ગરુડ.

ગરૂ વિ. પું. ભોળો.

૨. વિ. ભારે; વજનદાર.

ગરૂઅ વિ. પું. કાયમી.

૨. પું. ભારે વજન.

ગરૂઆ વિ. [સ. ગુરુ પું. ષ. વ. મોટા જુહિયાન માણસો.

૨. વિ. ગરવું; ગાતું; નમ્ર

ગરૂણી સ્ત્રી. ગૃહિણી; ધણિયાણી.

ગરૂતરૂ ન. મુસારના દાણા કાઢયા પછી વધેલાં ફોતરાં.

ગરૂતા [સં. ગુરુત્વ.] સ્ત્રી. મોટાઈ; મહત્તા.

ગીતા ગરૂતા કાંઈ વખાણી જ. દયારામ

ગરૂર વિ. [અ.] સ્ત્રી. અભિમાન.

૨. સ્ત્રી. જરૂર.

૩. વિ. અહંકારી; મગરૂર; મિજાજી.

ગરૂરત [હિ.] સ્ત્રી. અભિમાન; ગર્વ.

ગરૂરી વિ. [અ.] સ્ત્રી. અહંકાર; ગર્વ; મગરૂરી.

ગરૂરીનું ઘર ખાલી = અભિમાનીની પડતી થાય છે.

૨. વિ. અભિમાની.

ગરૂવર વિ. મોટું; શ્રેષ્ઠ.

ગરૂવલ્લી સ્ત્રી. એક પ્રકારની પ્રેરી વેલ.

ગરૂવું વિ. મોટું; સમર્થ; ગરવું.

ગરૂવા ગુરુ મળ્યા રે એવા સાધુ ત્રિભુવન દેવ. અખો

ગરૂવો [સં. ગુરુ] પું. ઉપદેશ દેનાર; ગુરુ.

ગરૂહ વિ. શ્રેષ્ઠ; મોટું.

ગરૂ વિ. પું. નામ ઉપરથી વિશેષણ બનાવનાર પ્રત્યય. જેમકે, ઠકુરાઈ, કામગરૂ.

૨. ન. રોટલા રાખવાનો પિત્તળનો ગોકળિયો; ગરવું.

ગરે પું. મલ.

અરે નાગરિકા, મારા ગરે ઉિયે ગામ ગયા હરો. પ્રેમાનંદ

ગરેઉ પું. ગુરુવાર; બૃહસ્પતિ વાર. વેપારી લોકો નામામાં ગુરુવારને બદલે ગરેઉ લખે છે.

ગરેકુન સ્ત્રી. એક જાતની ઔષધિ.

ગરેહ સ્ત્રી. (વહાણવટું) આરસામાં બાંધેલી લાકડાની કટકી; ડૂતી.

ગરેડવું (ગરેડવું) અ. ક્રિ. ગર્જવું; ગાજવું.

ગરેડ્યું (ગરેડ્યું) ન. ષ. વ. રાજસ્થિથી કોર્ટ વસ્તુમાં પકડતાં સામસામા હાંકાં.

ગરેડી (ગરેડો) ૧. સ્ત્રી. કૂવામાંથી પાણી ખેંચવાનું પૈડું.
૨. સ્ત્રી. કોસ બદલે કાદવા વગેરે ગામવાનું લાકડાનું સાધન; કોસની ગરગડી જેના ઉપર ફરે તે પૈડું
૩ સ્ત્રી. છોકરાને રમવા માટે ફરે એવું નાનું પૈડું.
ગરેડી આર મૂકે છે = છોકરો કે છોકરી પુખ્ત ઉમરનાં થયાં છે.
૪. સ્ત્રી. ગાડવા કે બોલ્યા સિવાય ઉપરાઉપરી માણ પહ્યા નાખે તેવી વાતચીત.
૫. સ્ત્રી. લાકડા અગર લોઢાનું બોજો ઉપાડવાનું ચીપિયાવાળું પૈડું, ગરગડી.
ગરેડી જ્યુ = ઊભા થવાની તાકાત ન રહેવી.
૬. સ્ત્રી. સૂતરનાં કીમવાના દોરાની રીલનું ગાડી બોબું.
૭. સ્ત્રી. વસ્ત્રવાની સાણમાં ઉપરના ભાગમાં દોરા પરોવેલા હોય તે ગોળ ભાગ.
૮. સ્ત્રી. સાબુસી.

ગરેડું (ગરેડું) ૧. ન. ઊંટનું બીડું.
૨. ન. ગાય કે ભાદરનું વગડામાં સહાર્ય ગયેલું છાણ; બાકપુ.

ગરેડો (ગરેડો) ૧. પું. ધમારતનો પાયો નાંખવા માટે ખોદેલો ખાડો.
૨. પું કૂવામાંથી પાણી ખેંચવા માટે વપરાતું પૈડું.
૩. પું. ખેંચતાણ.
૪. પું ગાડામાં ગોઠવ્યા રહી રેતું તે; નાનાં બેકરાને બોદામાં પરાણે દવા કે દૂધ રેડવું તે.
૫. પું. ઢેઢનો ગોર.
૬. પું અને બાજુ બાંધવા કાંટાળાની વાડ.
૭ પું. (વહાણવટું) વહાણના બદારના ભાગમાં આવેલો લાકડાનો એક ભાગ.

ગરેણાંગાંગાં ન. બ વ. બાજુબાજુ; ગરેણાં તેમ જ બીજી કીમતી વસ્તુઓ.

ગરેણું ન. ગરેણું

ગરેણુંગાંડું ન. ગરેણું અને બીજો ગાંઠેલો બાલકર; ગરેણુમાડુ.

ગરેબંદરી સ્ત્રી અમદાવાદી દીનબાનની એક જાત.

ગરેબાન ન. કોટ અને અરબન ઢંકાય એવો પોશાકનો બલપટો.

ગરેબિયા [હિં.] પું. ગરેણે મૂકેલી ચીજ.

ગરેરો ૧. પું. ખોટ; તાણ.
૨. પું. ભૂખરા રંગનું કામર જેવું એક પક્ષી.

ગરૈચલ સ્ત્રી. એક જાતનો બોડ. તે કોલેરા ઉપર કાયદો કરનાર મનાય છે.

ગરોળો પું. જરૂરિયાત.

ગરોંડે ન. એક જાતનું ઝાડ.

ગરો ૧. પું. ગરોડો; ઢેઢનો ગોર.
૨. પું. ગોમાસાના ચામડીથી પરોવો બાડો.
૩. પું. (વહાણવટું) વહાણમાં પાછળ મોરા પાસે જરૂરમાં આવતું ઊંચું બાંધું લાકડું: 'રડર પોસ્ટ'.

ગરોડી (ગરોડી) ૧. સ્ત્રી. ઢેઢના ગોરની સ્ત્રી.
૨. સ્ત્રી. મોઢેના આકારનો દોરડાને છેડે રાખવામાં આવતો લાકડાનો કટકો.

ગરોડો (ગરોડો) ૧. પું. જુવારનાં છોડનાં પાંદડાં ઉપર જામતો મીઠો રસ.
૨. પું. કોકમાં કંઈ ન હોય એવો માણસ.
૩. પું. ઢેઢનો ગોર.

ગરોઢ ૧. સ્ત્રી. ગાયને દોરડું બાંધવાની જાવણી જેવી લાકડાની ખીલી; ગરખોડ
૨. સ્ત્રી. ઢોર ફેરવવાના નેતરાને બંને છેડે નાખવામાં આવતી લાકડાની બાંધવાળી કટકી.

ગરોઢર ૧. [સં. ગર્ભ + ઉદર] સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી; બારેવાળી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ગર્ભવતી; ગર્ભિણી; બારેવાઈ. સગર્ભા.

ગરોઢરપણું ન. ગર્ભ ધારણ કરવો તે.

ગરોપૂજ્ય [સં. ગુરુપૂજ્ય] સ્ત્રી. ગુરુપૂજા.

ગરોભ્ય [જા.] સ્ત્રી. ગરેણે મૂકેલી વસ્તુ.

ગરોરી સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ.

ગરોરું ન. વોંકળાને કાંઠે થતું એક જાતનું ઘાસ.

ગરોચ જુઓ ગરોચ.

ગરોચ્ય ન. એક જાતના પાત્રનું નામ.

ગરોળી [સં. ગરુડોપિકા; પ્રા. ગરુડોલી; દે. ગરોલી] સ્ત્રી. એક ઝેરી જનાવર; મગરની જાતનું વેત જેવું કે તેથી ગરેજ નાનું ઘરની દીવાલો ઉપર ફરતું પ્રાણી; ગરોલા; ગલોડી; ગિલોડી; ચીચી; ગંધોળ; ગદકી; ટેટગરોળા; સરટ. ગપસ્ત્રી. ગીપકલી. તે પ્રાણી કોઈને ઈજા કરતું નથી. ઓસ્ટ્રેલિયા અને પૌરસ્ત્યિક મહાસાગરમાંના દ્વીપો સિવાય દુનિયાના તમામ ગરમ ભાગમાં તે થાય છે.

ગરોળું ન. એક જાતનું ઘાસ. તે સાંઠે ભાંગું અને બહુ પોંચાંવાળું થાય છે. તે મોળું હોવાથી ઢોર બહુ ખાતાં નથી. તેને થોડો ભાગ ઉપર પાનમાં લાલ હોય છે. તેના ઉપર ભોર આવે છે. તેનું બી પોળું ઘઉં જેવું હોય છે.

ગર્ક ૧. [સં.] વિ. અંદર ગયેલું; ડૂબેલું.
૨. વિ. અંદર રચી ગયેલું; ગરકાવ; મગ્ન; લીન.

ગર્કચીવા પું. બાજીના માથાના બારથી જોવી ઠોક નથી ગર્ક હોય એવા ગણપતિ.
ગર્કચીવા તમો સિવનંદા તમો પ્રેમાનંદ

ગર્કનું વ. ક્રિ. એકદૃષ્ટિથી જોવું.

ગર્કાવ્ય જુઓ ગર્કાવ.

ગર્કાચ વિ. ગર્ક; ડૂબેલું, મગ્ન.

ગર્ગ ૧. પું. બહાર બાકીનો એક જ્યોતિષી.
૨. પું. (પુરાણ) બહાર મુખ્ય શિલ્પી બાકીનો એ નામનો એક. તેને વિષે મત્સ્યપુરાણમાં વિશેષ માહિતી આપેલી છે.
૩. પું. બાબલો; બળદ.
૪. પું. એ નામનો એક મુનિ. તેનાથી ગર્ગર જાતિ ઉત્પન્ન થઈ છે.
૫. પું. એક પર્વતનું નામ.
૬ પું. (પુરાણ) એક પૌરાણિક ઋષિ. તે સોથી વધેલા બાકરણકર્તાઓ બાકીનો એક મનાય છે.
૭. પું. જાનીનનો એક કીડો.
૮. પું. ધર્મરાજ પ્રર્વતક એક ઋષિનું નામ.
૯. પું. બારવાડ જિલ્લાનો એક તાલુકો.
૧૦. પું. વસુદાનો એ નામનો એક માનસ પુત્ર.
૧૧. પું. બરદ્વાજગિરસ વંશપ્રાવિણ બાંકીનો એક પ્રખ્યાત ઋષિ.
૧૨. પું. યાદવોનો પુરોહિત.
૧૩. પું. વિનશ્વ રાજાનો એ નામનો પુત્ર.
૧૪. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૬ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૬માં આવેલો ચોથા મહત્ત્વનો તારો.
૧૫. પું. વીંછી.
૧૬ પું. કૃષ્ણિપ્રધાના ગુરુ; ગર્ગાચાર્ય; શ્રીકૃષ્ણને ચૂડાકિરણવપન બાદિ સરકાર કરાવનાર બાહાણ. એમણે એક ગર્ગસંહિતા નામે પુસ્તક રચ્યું છે.
બાજ્યા શુક જનમના મોની,
ગર્ગ ગૌતમ બક્ષરસ જોની, નિષ્કુળાનંદ
૧૭. પું. સંગીતપ્રસિદ્ધ એક તાલ.
૧૮. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના બાતેયુ વસના મન્યુ રાજાનો દીકરો.
૧૯. ન. એ નામનું એક ગોત્ર.
૨૦. ન. એ નામનું એક પ્રવર.

ગર્ગજ ૧. [હિં.] પું. ઘોડેસવાર.
૨. પું. ફાંસી.
૩. પું. બિનારો.

ગર્ગજેશી ૧ પું. દેવજ્ઞેશી; દૈવોનો જોશી.
ગર્ગજેશી જરા નાથ જોવે સદા. નરસિંહ
૨. પું. બહુરાજ્યનો ચોર.

અર્જુનવિષાદ [સં.] પું. ભારે વિપત્તિમાં પડી થતો ખેદ અથવા પસ્તા.

અર્જેય [હિં.] સ્ત્રી. ચાલી.

અર્જોર ૧. પું. ઈંધર.
૨. [સં.] પું. કળશ; ગાગર.
૩. પું. દહીં વલોવવાની મોરી.
૪. પું. પાણીમાં થતી લીલરી; વજા.
૫. ન. (સંગીત) એક અંતનું તંતુવાદ્ય; સાર્ઝ વગાડે વગાડવાનું એક વાદ્યવિશેષ.
આ ભારે પ્રકારનાં અર્જોર, જેમાં અને ત્રિશ તો વાળો ઉપયોગ થતો. પુરુષોત્તમ
૬. ન. એક અંતનું માણસું.
૭. ન. તરબૂચ પ્રકારનું.

અર્જોરક [સં.] સ્ત્રી. એક અંતની વનસ્પતિ. તે ઔષધી ગણાય છે.

અર્જોરી ૧. [સં.] સ્ત્રી. એક અંતની ચાલી.
૨. સ્ત્રી. ગાગર.
૩. સ્ત્રી. દહીં વલોવવાની મોગા.
૪. સ્ત્રી. વજરી; નાનો ઘોડો.

અર્જ્ય વિ. ગોપવવામાં નીતિ અનીતિનાં ઊંચું એક અંતનું પદ.

અર્જ્યશ [પ્રા. અર્જ્યસ] પું. ઇંધો; પોપટ કરતાં કિંચાનો કદિયો.

અર્જ્યશિરસ [સં. અર્જ્યશિરસ] પું. એ નામનો એક દૈત્ય.

અર્જ્યસંહિતા ૧. સ્ત્રી. એ નામનો એક ગ્રંથ. તેમાં ઉપાસકોને કરેલ અપાયેલું માર્ગદર્શન આવેલ છે. તેના ૧૦ ખંડ: (૧) ચોલોકખંડ, (૨) ઇંદ્રાક્ષખંડ, (૩) મિરિજાખંડ, (૪) આયુર્વેખંડ, (૫) અમૃતખંડ, (૬) કામાખંડ, (૭) વિષ્ણુજિતખંડ, (૮) બ્રહ્મકાખંડ, (૯) વિદ્યાનખંડ અને (૧૦) અપાયોપખંડ.
૨. સ્ત્રી. જ્યોતિષનો એક ગ્રંથ.

અર્જ્યસોત [સં. અર્જ્યસોત્ય] ન. ગંગાકાંઠાનાં આવેલું એક પ્રાચીન તીર્થ; સરસ્વતી તીર્થનાં આવેલું એક તીર્થ.

અર્જ્યા સ્ત્રી. અર્જ્ય ઋષિની પત્ની.

અર્જ્યાચાર્ય પું. એક પુરુષનું નામ; અર્જ્યસંહિતા નામે જ્યોતિષના એક ગ્રંથના કર્તા.
પુત્ર પ્રસવ થયો સાંભળી અને મુહૂર્ત અર્જ્યાચાર્ય. રેવાકાંત

અર્જ્યાર્જ્ય ૧. પું. એક પ્રાચીન ઋષિનું નામ.
૨. [સં.] પું. અર્જ્યસંહિ કુષ્ણિકુળના શૂર; શીનેયુને યદુવંશ કેકયકન્યાથી સંસાર કરનાર વસુદેવ. તેમથી રહ અને દેવકીદેવ અર્જિની ઉત્પત્તિ થઈ છે. અર્જ્યાર્જ્ય વિશિષ્ટપુરીમાં જન્મ્યા હતા. તે યંત્રી ઉપર તપવર્ષ કરતા. એ વાદવન્ત ચોર હતા.
અર્જ્યાર્જ્યનું મુહૂર્ત = સૂર્યોદય પહેલાં પાંચ ઘડીથી ત્રીજી ઘડી સુધીનો વખત. આ વખત મુસાફરીમાં નીકળવાને શુભ મનાય છે.

અર્જ્યાંક [સં.] પું. એક અંતનું માણસું.

અર્જ્યાંગી [સં.] સ્ત્રી. એક અંતની ચાલી.

અર્જ્યાંગમ પું. અર્જ્ય ઋષિનો આશ્રમ. કપુમાલિનમાં લોપમુદ્રા આસપાસમાં અર્જ્યસંહિનો આશ્રમ હતો એમ કહેવાય છે. ગંગા નદી આ આસપાસમાંથી નીકળે છે.

અર્જ્યી [સં.] સ્ત્રી. અર્જ્યાંગમની સ્ત્રી.

અર્જ્યીય [સં.] પું. અર્જ્યનો વંશજ.

અર્જુનાયુ સ્ત્રી. સુકોમળ કુમળી અંતની એક વેલ; સિંદિયા; ગરોળી.

અર્જ્યોમિત્ર પું. એ નામનો એક કોમનિધિ.

અર્જ્ય ૧. [સં.] ન. કિ. (ધાતુ) અર્જ્યા કરવી. તે ઉપરથી નીકળેલ શબ્દ: અર્જ્યું, અર્જ્યા; અર્જિત; અર્જ્ય.
૨. ન. કિ. જેવું અર્જ્યું.

અર્જ્ય ૧. પું. અર્જ્યો હાથી.
૨. પું. જેમ ઘોડાની અર્જ્યા.
૩. [સં.] પું. હાથીની અર્જ્યા.
૪. સ્ત્રી. નજર.

અર્જ્યક [સં.] પું. એક અંતનું માણસું.

અર્જ્યન ૧. ન. વસ્ત્રાભરણ.
૨. [સં. અર્જ્યું] ન. અર્જ્યું તે; અર્જ્યા; અર્જ્યથી થતો અવાજ.
૩. ન. ગુસ્સો; રોષ.
૪. ન. ઠપકો.
૫. ન. ક્રોધ.
૬. ન. ધમકીનો અવાજ.
૭. ન. યુદ્ધ.
૮. ન. રાજ્ય અંતનું એક શહેર. અર્જ્યા, હિંમતપુર ને કોલીન વગેરેનાં તે ગણ છે. અમદાની ચોરસ પૂરી કરવા આ શહેરમાં ખાડો પાડી તેમાં અગ્નિ મૂકી છે એટલે આસપાસનું લાકડું બળી તેમાંથી કોલ કરે છે. આ કોલ વાસણ ઉપર ચકાસવાના કામમાં આવે છે. તે કોલસ તથા મૂલ્ય તરીકે ઓછે, ઘાસ, કોલ અને પેટ ઉપર ૧૦થી ૩૦ ટકાની વસ્તુમાં પીણ લાવે આવક છે. ખૂબ પાણી વાળી જેની સોબતના ગામમાં પણ [illegible] છે. પરનો તથા ખૂણી ખાંડી ઉપર પણ તે વપરાય છે.

અર્જ્યતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષનું એક નામનું તીર્થ. આ જગ્યાએ ઉત્તરે તપ કર્યું હતું.

અર્જ્યના ૧. [સં. અર્જ્યું] સ્ત્રી. અવાજ; ધ્વનિ.
૨. સ્ત્રી. ગડગડાટ; નાદ.
૩. સ્ત્રી. અર્જ્યુ તે; અર્જ્યાથી થતો અવાજ.
૪. સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.
૫. સ્ત્રી. ઠપકો.
૬. [illegible] ભરાડો; વાદ્ય સિંહનો તાડૂકો; હાક.
સિંહગર્જના = મોટેથી કરાતો તાડૂકો.
૭. સ્ત્રી. યુદ્ધ.

અર્જ્યનીય [સં.] વિ. ગાવવા જેવું.

અર્જ્યર ૧. સ્ત્રી. કસિયાની એ નામની એક ભાત.
૨. ન. એ ભાતનું માણસ.
૩. ન. એક અંતનું વસ્ત્ર.
૪. [સં.] ન. ગાગર.
૫. વિ. એ નામની ભાતનું.

અર્જ્યરી [સં.] સ્ત્રી. એક અંતનું વસ્ત્ર.

અર્જ્યું ન. કિ. અર્જ્યા કરવી. ગુસ્સે થવવું.

અર્જ્યત વિ. ગાવવું.

અર્જ્યા [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ; ગાવવું તે.

અર્જ્યરવ પું. આકાશમાં થતી અર્જ્યાથી થતો અવાજ; મેઘનાદ.
અમમ અર્જ્યરવ સાંભળી, હાથના આમ ઉપરે.
[illegible]

અર્જ્યિ [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ.

અર્જ્યિત ૧. [સં.] પું. મોટેથી થયો.
૨. ન. અર્જ્યા; અર્જ્યના; ગડગડાટ.
૩. વિ. અર્જ્યા કરનાર.
૪. વિ. તાડૂકેલું; મોટેથી કહેલું.

અર્જ્યુન એક અંતનું ઝાડ.

અર્જ્યે ૧. ન. એક અંતનું ધાણી.
૨. ન. એક અંતનું કસિયાર.
હાં આ અર્જ્યે એક સાથ,
પુરવા જોવાનું છે હાથ. નિરાંતકવિ
૩. [સં.] વિ. ગાવવા જેવું.

અર્જ્યે ૧. પું. મોટો; ઠંડો; ગાઢ.
૨. [બ.] સ્ત્રી. અર્જ્યે.
૩. સ્ત્રી. ઠપકા.
૪. સ્ત્રી. ઠપકો; ઠપકો.
૫. સ્ત્રી. નજર; હેતુ.
૬. સ્ત્રી. અરજિયાત; ઢાક.
૭. સ્ત્રી. ધારણ.
૮. સ્ત્રી. ધમકીનું.
૯. સ્ત્રી. જોખ.

અર્ધી ૧. વિ. અડધિયાતવાળું.
૨. વિ. સ્વાર્થી.
ગર્દર [અં.] પું. લોઢાનો પીઢડો; લોખંડનો ખાટડો.
ગર્ની ૧ [સં] પું. એ નામનો એક રેશ; ત્રિગર્ત.
૨. પું. એક જાતનો રોગ.
૩. પું. ખાડો; ખાણ; ખાઈ.
૪. પું. રથ.
૫. પું. સજાનો સ્તંભ.
૬. પું. ઘીના કૂવા ઉપરનો ખાડો.
૭. સ્ત્રી. ધૂળ; રજ.
૮. ન. આકાશ.
૯. ન. કબર; ઘોર.
૧૦. ન. ઘર.
૧૧. ન. જળાશય.
૧૨. ન. પાસા રમવાનું મેજ.
૧૩. ન. સ્મશાન.
ગર્ત્ત જુઓ ગર્ત.
ગર્ત્તા જુઓ ગર્ત.
ગર્ત્તિક [સં.] વિ. ખાડાવાળું.
ગર્ત્તિકા જુઓ ગર્તિકા.
ગર્ધ પું. ગરજ; નાણું; પૂંજી; પૈસો.
ગર્ધ્ ૧. [સં.] ભ. ક્રિ. અભિલાષ કરવો.
૨. ભ. ક્રિ. માગવું.
ગર્ધ ૧. સ્ત્રી. ગોળો.
૨. સ્ત્રી. ધમાલ; ધાંધલ.
૩. સ્ત્રી. ધૂળ; રજ.
૪. સ્ત્રી. નસીબ; ભાગ્ય.
૫. સ્ત્રી. મુસાફરી.
૬. વિ. નિસ્તેજ; પીળું; ફિક્કું.
૭. વિ. મમ; તલ્લીન.
૮. વિ. રાજી થયેલું; ખુશ.
ગર્ધઉઘાર્ય પું. અમાલ મુસાફરો પાસેથી લેવાતો એક જાતનો કર.
ગર્ધતોય પું. (જૈન) જ્યોતિષ કેરોનો નવ મહિનો એ નામનો એક પ્રકાર. આ જાતના દેવો તીર્થંકરને દીક્ષા લેવાની સ્વપ્ના કરવા આવે છે.
સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ લોકાન્તિક છે. તત્ત્વાર્થસૂત્ર
ગર્દન જુઓ ગરદન.
ગર્દના પું. ઘોડા ઉપર મારેલ તમાચો.
ગર્દની ૧. સ્ત્રી. કુસ્તીનો એક દાવ.
૨. સ્ત્રી. કોટનો કાલો.
૩. જુ ખૂણો.
૪. સ્ત્રી. ગળા ઉપરનો ઘા.
૫. સ્ત્રી. ગળામાં પહેરાતું એક ઘરેણું.
૬. સ્ત્રી. પોડાનું છત્ર.
ગર્દનેઝમીન સ્ત્રી. સંવોગીભૂમિ.
ગર્દબાદ પું. વંટોળિયો.
ગર્દભ ૧. પું. એક જાતના આપ ગોટલે ઘરનું રક્ષણ કરનાર દેવ.
૨. [સં.] પું. એક જાતની વનસ્પતિ; વાવડિંગ.
૩. પું ગધેડો.
૪. પું. ગંધ; વાસ.
૫. પું. વિષુવાંશ ૧૨૫ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૯માં આવેલ છઠ્ઠા મહત્ત્વનો તારો.
૬. ન. સફેદ કમળ; પોયણું.
ગર્દભક ૧. પું. એક જાતનું છત્રું.
૨. [સં.] પું. ગધેડો.
ગર્દભગ્રહ [સં.] પું. ગધેડાને થતો એક રોગ.
ગર્દભયામ [સં.] પું. એક જાતનો યજ્ઞ.
ગર્દભરાજ પું. ગધેડો.
ગર્દભંગ પું. એક જાતનો ગાંજો.
ગર્દભાસુર [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
ગર્દભાક્ષ [સં.] ન. સફેદ કમળ; પોયણું.
ગર્દભાંડ [સં.] પું. પારસપીપળો; લાખી પીપળો.
ગર્દભાંડક જુઓ ગર્દભાંડ.
ગર્દલિ [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.
ગર્દલિકા ૧. [સં] સ્ત્રી. ગધેડી.
૨. સ્ત્રી. પોળા જોરિંગડી.
૩. સ્ત્રી. શરીરે નીકળતું ગુલાબી ઝાંટવાળું રોગિયા એક જાતનો રોગ.
ગર્દવિલ્લ પું. (જૈન) ઉજ્જયિની નગરીનો એક રાજા.
ગર્દાલી ૧. [સં.] સ્ત્રી. ગધેડી; રાસભી.
૨. સ્ત્રી. ગામના બહારમાં ઉત્પન્ન થતું એક છત્રું; એક જાતનો કીડો.
૩. સ્ત્રી. પોળા જોકણી; અપરાજિતા નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. જોરિંગડી.
ગર્દાલીમુખ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
ગર્દિભ [સં. ગર્દભ] પું. ગધેડો; રાસભ; ગર્દભ.
ગર્દિવું સ. ક્રિ. મારવું.
ગર્દી ૧. [સ.] સ્ત્રી. ધૂળ; રજ.
૨. ન. એક જાતનું ચૂર્ણ.
ગર્દીન ૧. [ફા.] સ્ત્રી. પાછલું પણ.
૨. સ્ત્રી. પુનરાવર્તન.
૩. સ્ત્રી. ફરવું તે; ફેરો.
૪. સ્ત્રી. રૂપ ફરવાં તે; રૂપાખ્યાન.
૫. વિ. પાછલું.
ગર્દીબાદ ૧. [ફા.] ન. જ્યાં પુષ્કળ ધૂળ હોય એવું સ્થળ.
૨. વિ. ધૂળવાળું.
૩. વિ. નકામું; બરબાદ.
૪. વિ. બાન વગરનું; બેસુધ.
ગર્દીશ ૧. સ્ત્રી. આપત્તિ; વિપત્તિ; દુઃખ.
૨. સ્ત્રી. ગતિ; ફરવું તે; ભમણ; 'રેવોલ્યુશન.'
ગર્દી ૧. સ્ત્રી. અવ્યવસ્થિત સ્થિતિ; ગોટાળો.
૨. સ્ત્રી. આફત; દુઃખ.
૩. સ્ત્રી. ભુદાઈ.
૪. સ્ત્રી. દુર્ભાગ્ય; કમનસીબ.
ગર્દુન ૧. [ફા.] ન. આકાશ.
૨. ન. ઝાડને મૂળમાંથી ખેંચી કાઢવાનું યંત્ર.
૩. ન. કેળખાડી.
૪. ન. નસીબ.
૫. ન. ચેકું.
ગર્દોડા (ગર્દોડ) પું. નાનો ખાડો.
ગર્દ્ધિત [સં.] વિ. મુગ્ધ; લોભી; લાલચુ.
ગર્દ્ધી જુઓ ગર્દ્ધિત.
ગર્ધ ૧. પું. આકાંક્ષા; ઇચ્છા; ઉત્કંઠા.
૨. પું. લાલસા; લોભ.
ગર્ધપ ૧. પું. ગધેડો.
૨. [સં. ગૃધ્ર] પું. ગીધ.
ગર્ધવી ૧. સ્ત્રી. ગધેડી.
૨. સ્ત્રી. ગીધની માદા.
ગર્ધા જુઓ ગર્ધ.
ગર્ધ્ય ૧. [સં.] પું. અહંકાર; મગરૂરી; અભિમાન.
૨. [સં. ગર્ધ] પું. ગર્વાશય.
૩. પું. ગર્ભાવસ્થા.
ગર્ધ્રી સ્ત્રી. ગરણી; ગોળીમાં ગવાતી એક જાતની દેશી રાગણી.

ગર્ભ ૧ [સં. ગર્વ] પું. અભિમાન.

૨. [સં.] પુ ઉત્પત્તિસ્થાન; જન્મસ્થાન; ગર્ભાશય

૩. પું એકસો સાઠ મંત્રોનું એ નામનું એક યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

૪ પું કોઈ પણ વસ્તુની અંદરનો પોલો ભાગ; ૨૨

૫. પું ક્ષેત્ર

૬. પું. ઘરની અંદરનો ઓરડો; અંતર્ગૃહ.

૭ પુ ચોમાસામાં વરસાદ પડે વરસનારી આઠ મ.ત્ર મુખી આકાશમા ઓઢી રહેલી પૃથ્વી ઉપરની વરાળ પ્રાચીન જ્યોતિષીઓએ અવલોકન કરીને શિયાળામાં અને ઉનાળામાં કરી અને તાપથી ઊંચે ચડતી વરાળનો 'ગર્ભગિલ' ગણ્યો છે કયારે કયારે ચાતુર્માસમાં વરસશે તે અનુમાનેલ છે. શિયાળુ માવઠાં અને મૈત્રી વાદળાં થાય તો 'ગર્ભગર્ભ ગણી જાય' એમ કહેવાય છે

પૈસે દશ નક્ષત્ર જો, વાદળ ત્રીજની દોય;
બારણી તો એમ જ બહે કે **ગર્ભ** ગયા સહ જોય.
બારણી

ગર્ભ ગણાવો = વરસાદ થવો.

૮ પું. (જૈન) જન્મનો એક પ્રકાર.
સંમૂર્છિત, **ગર્ભ** અને ઉપપાત એવા જન્મના ત્રણ ભેદ છે. તત્ત્વાર્થસૂત્ર

૯ પું. દેવમંદિરની અંદરનો ઓરડો; ગાભારો

૧૦. પું. નાટકમાની સંધિના પાંચ માંહેનો એક પ્રકાર. નાટકનો અમુક અંક કે ભાગ.

૧૧. પુ પેટ

૧૨ પુ કપાસનો કાલો.

૧૩ પું રેડ.મનો કારેટો.

૧૪ પું. ચિરાડ; નાનું બાળક.

૧૫ પુ સત્ત્વ

૧૬ પું. સ.૨. મૃગ.

૧૭ પુ. સ્ત્રીપુરુષ અથવા નરમાદાના સંયોગથી સ્ત્રી કે માદાના ઉદરમાં જીવરૂપે બંધાતો જન્મનાર પિંડ; ગાભ; ઢમેલ. સ્ત્રીની રજ અને પુરુષના વીર્યના સંયોગથી ગર્ભની સ્થિતિ થાય છે. હારીતના મત પ્રમાણે પહેલે દિવસ શુક્ર અને શોણિતના સંયોગથી જે સૂક્ષ્મ પિંડની સૃષ્ટિ થાય તેને કલલ કહે છે. ઋતુકાલે આ પ્રમાણે નિર્દોષ શુક્ર હોય તે યોનિમાં જતાં વાયુ વડે અત્યંતક સ્ત્રીના રક્ત સાથે એકતાને પામે છે. એ પ્રમાણે થયેલું મિશ્રણ ગર્ભ રૂપને ધારણ કરે છે. તે મિશ્રણ ધીરે ધીરે વિકાસ પામીને જ્યારે પરપોટા જેવું સ્વરૂપ બંધાય. તે પછી પિંડના લોચા જેવું અને અને તે પછી દડ મોળો અને. તેમાથી માથુ, બે પગ, આંગળીઓ, કેડ, કૂખ, વાંસાનું હાડકું, સાંધા, આંખો, નાક અને કાન નીકળી આવે તે પછી તેમાં જીવનપ્રક્રિયા પ્રદીપ્ત થાય. આ પ્રક્રિયાની વૃદ્ધિમાં ક્રમકમ આ પ્રમાણે છે: એક રાત્રિએ ગર્ભનું કલારસ થાય છે. સાત રાત્રિએ પરપોટારૂપ બને છે. એક પખવાડિયે પિંડ બને છે. એક માસ પૂર્ણ થતાં કઠિન ગોલક બને છે બે માસ પૂર્ણ થતાં માથું રચાઈ રહે છે. ત્રીજા મહિનામાં પગનો પ્રદેશ ઘડાય છે. ચોથે મ.સે આંગળીઓ, જઠર પ્રદેશ તથા કેડના ભાગ બને છે પાંચમે મ.સે ૧૫ નો દડ તૈયાર થાય છે. છઠ્ઠા મહિને મુખ, નાક, આંખ તથા કાન નીકળી આવે છે. સાતમા મહિનાથી ઉદરવર્તી ગર્ભ બને છે સર્વ પ્રકારે એ ગર્ભ આઠમા માસમાં સંપૂર્ણ થાય છે ગર્ભ નવમે માસે સર્વ લક્ષણથી સંપૂર્ણ બને છે. તે સમયે પૂર્વજન્મો તમામ તેને સ્મરણમાં આવે છે તથા તે તે જન્મોમાં કરાયેલાં તમામ શુભ તથા અશુભ કર્મ તેને યાદ આવે છે દશમે અને બારમે મહિને અજિતરમે મહિને બચ્ચાનો જન્મ થાય છે. પુત્ર પુત્રીના સંબંધમાં આયુર્વેદશાસ્ત્રમાં લખ્યું છે કે, જો ગર્ભમાં શુક્રની પ્રબળતા હોય તો પુત્ર અને જો રજની પ્રબળતા હોય તો કન્યા થાય છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોના મત મુજબ રજ અને શુક્રના સંયોગથી ગર્ભ બને છે. પણ તેઓના મત પ્રમાણે અંડકોશના ડાબા ભાગમાં પુરુષની ઉત્પત્તિ કરનારી ચિનગારી પદાર્થ રહે છે અને જમણા ભાગ સ્ત્રી કન્યા ઉત્પન્ન કરવાની શક્તિવાળો પદાર્થ રહે છે. ગર્ભાધાન વખતે ગર્ભાશયમાં જે પદાર્થની અધિકતા હોય તે અનુસાર પુત્ર કે પુત્રીની ઉત્પત્તિ થાય છે. આ સિદ્ધાંતના બળે તેઓ કહે છે કે મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરી શકે. રજસ્વલા થયા પછી ૬, ૮, ૧૦, ૧૨, ૧૪ અને ૧૬મી રાત્રિના સમાગમે ગર્ભ રહી જાય તો પુત્ર થાય એટલે બેકી રાત્રિમાં પુત્ર અને રજસ્વલા થયા પછી ૫, ૭, ૯, ૧૧, ૧૩ અને ૧૫મી રાત્રિએ ગર્ભ રહી જાય તો કન્યા ઉત્પન્ન થાય એવી માન્યતા છે રજસ્વલા પછીના ૭ કે ૮ દિવસોમાં જ ગર્ભ રહેવાનો સંભવ વધારે છે એમ વિદ્વાનોનો મોટો ભાગ માને છે. સ્ત્રીબીજ ૭ કે ૮ દિવસ સુધી જ ગર્ભાશયમાં રહે છે તે પછી પોષણના અભાવે તે મૃતપ્રાય થઈને શરીરની બહાર ફેંકાઈ જાય છે.

ગર્ભ આપવું – કહેવું ચડવું; પ્રાપ્તિની તૈયારીમા હોવું

ગર્ભક ૧. [સં] પું કેશમાં નાખેલી પુષ્પમાળા.

૨. પું. માથામાં પહેરવાનું એક ઘરેણું.

૩ ન વર્ષા દિવસની આજુબાજુની બે રાત્રિનો સમય.

ગર્ભકણ ૧ [સં] પું મધ્ય ભાગ, મધ્યસ્થ કણ; જેની આસપાસ દ્રવ્ય બંધાય તે ભાગ.

૨. ન. જ્યોતિષીઓ; ગર્ભરંદીર

ગર્ભકમલ [સં.] ન. આંબનાલ; ગર્ભમાં રહેલ ભાગકની ડૂંડી સાથે જોડાયેલ રગ; નાળ

ગર્ભકર ૧. [સ.] પુ પુત્રજીવ નામે એક વૃક્ષ.

૨. વિ. પેદા કરનું

ગર્ભકરી સ્ત્રી. ગર્ભ ઉત્પન્ન કરવાની વિદ્યા; ૪૦ માંહેની એક વિદ્યા.

ગર્ભકંટક [સં] પું. કપાસનો કાટો

ગર્ભકાર ૧ [સ] પું ગર્ભાધાન કરાવનાર પતિ વગેરે; ગર્ભ ધારણ કરાવનાર પુરુષ.

૨. ન સામવેદનો અમુક ભાગ.

૩ વિ. પેદા કરનું.

ગર્ભકાલ ૧ [સ] પુ ગર્ભ ધારણ કરવાનો સમય.

૨. પું. ગર્ભ રહે ત્યારથી જન્મ થાય ત્યાંસુધીનો સમય.

૩ પું નાટકની પાંચ માંહેની એ નામની પહેલી સંધિ

૪ પું. બરાબર પકવતાં ચોકસ સમય.

ગર્ભકાળ જુઓ ગર્ભકાલ.

ગર્ભકેશ [સ] પુ ફૂલમાં રહેલો ગર્ભ ઉત્પન્ન કરનાર પદાર્થ

ગર્ભકેશર પું. ગર્ભ ધારણ કરનાર કેસરિકા. કેટલાંક ફૂલોમાં કેવળ પરાગકેસર રહે છે અને બીજાં કેટલાંક ફૂલોમાં કેવળ ગર્ભકેસર રહે છે. એક ફૂલ માંહેના પરાગકેસરના રેણુ બીજા ફૂલના ગર્ભકેસરમાં પડીને ફળ ઉત્પન્ન થાય છે. આ ફૂલના રેણુ જેવા તો ભારીક હોય છે કે હવાના યોગે વધુ દૂરથી એક ફૂલમાંથી બીજા ફૂલમાં જાય છે તે સિવાય પરમેશ્વરે આ વિષયમાં બીજું એક જબરું આશ્ચર્ય કરી રાખ્યું છે. ફૂલમાં મધ હોવાથી મધમાખીઓ તે લેવા આવે છે. જ્યારે તેઓ પરાગકેસરવાળા ફૂલમાં બેસે ત્યારે તે ફૂલના રેણુ તેઓના શરીર ઉપર લાગે છે. ત્યારપછી તે જો ફૂલમાં કેવળ ગર્ભકેસર છે તેમાં મધ લેવા જાય, ત્યારે તેના શરીરમાં વળગેલા રેણુ તે ફૂલના ગર્ભકેસરમાં પડીને ફળ પેદા થાય છે.

ગર્ભકેસર જુઓ ગર્ભકેશર.

ગર્ભકોશ [સં.] પું. ગર્ભ રહેવાની જગ્યા; ગર્ભાશય

ગર્ભકોશારોહન ન ગર્ભાશયમાં કાષ્ઠરૂપ કરવી તે.

ગર્ભકોષ જુઓ ગર્ભકોશ.

ગર્ભકોષચ્છેદન જુઓ ગર્ભગ્રીવાચ્છેદન.

ગર્ભકોશ [સં] પું. ભ્રાતૃકનો જન્મ થતાં ઉત્પન્ન થતી પીડા.

ગર્ભક્ષય પું. કસુવાવડ.

ગર્ભક્ષિતિજ ન. આપણા માથા ઉપર આકાશમાં આવેલા બિંદુથી ૯૦ અંશને અંતરે આવેલું ખરું ક્ષિતિજ. તે દરય ક્ષિતિજથી સહેજ જુદું છે.

ગર્ભગલિત વિ. બગી ગયેલ ગર્ભવાળું.

ગર્ભગીતા ૧. સ્ત્રી. ચોદ અનુગીતાની ગીતાઓની એ નામની એક ગીતા.

૨. ન. એ નામનું એક વૈરાગ્યપ્રધાન ઉપનિષદ.

ગર્ભગૃહ ૧. [સં.] ન. ઘરનો મધ્ય ભાગ; મકાનની અંદરનો ઓરડો.

૨. ન. ભિક્ષુગૃહ.

૩. ન. બાંધેલું; ઢાંકેલો ઓરડો.

૪. ન. મંદિરની અંદરનો ઓરડો; ગભાર.

૫. ન. સૂવાનો ઓરડો

ગર્ભગ્રહ જુઓ ગર્ભગૃહ

ગર્ભગ્રહણ [સં.] ન. ગર્ભ ધારણ કરવો તે.

ગર્ભઘર ન. મકાનની અંદરનું ઘર.

ગર્ભઘાતિની ૧. [સં] સ્ત્રી. નાળિયેરનું ઝાડ.

૨. સ્ત્રી. લાંગલિકા વૃક્ષ.

૩. સ્ત્રી. વજ્રનાગ.

ગર્ભઘાતી [સં. ગર્ભઘાતિન્] વિ. ગર્ભપાત કરનાર; બાળનો નાશ કરનાર; ગર્ભપાતી.

ગર્ભછી સ્ત્રી. લાંગુલી; એ નામની વનસ્પતિ. જુઓ લાંગુલી.

ગર્ભચ્યવન [સં.] ન. ગર્ભનું ઠરવું તે.

ગર્ભચિંતામણિપૃચ્છત [સં. ગર્ભચિંતામણિપૃચ્છત] પું. એ નામનું એક ગ્રંથરત્ન. તે મધ, દૂધ કે પાણી સાથે બે રતીભાર અપામ છે. સગર્ભા સ્ત્રી તેનું સેવન કરે તો કસુવાવડ વગેરે થવાનો ભય મટી સુખપૂર્વક બાળકનો પ્રસવ થતો હોવાનું મનાય છે.

ગર્ભચોર પું. જન્મથી જ ચોરીની ટેવ. હોય એવો માણસ.

ગર્ભચ્યુત [સં.] વિ. ગર્ભ પડનાર; કસુવાવડ કરનાર; ગર્ભપાતી.

ગર્ભચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. ગર્ભસ્રાવ; ગર્ભ પડી જવો તે.

૨. સ્ત્રી. જન્મ આપવો તે.

ગર્ભછંટ પું. એક જાતનો દારૂ સાથે ખાવાનો ખોળો.

ગર્ભછેદ પું. ગર્ભનું ટાપટુપ કરી તે.

ગર્ભજ ૧. [સં.] વ. ગર્ભથી જન્મનાર પ્રાણી; ગર્ભોત્પન્ન.

૨. વિ. ગર્ભના સમયથી સાથે હોય એવું.

૩. વિ. માતાપિતાના સયોગથી ઉત્પન્ન થનાર.

ગર્ભજન્મ પું. માતાપિતાના રજવીર્યથી બનેલું શરીર અને તેનો જન્મ.

ગર્ભજલ [સં.] ન. ગર્ભ અને ઓર વચ્ચેનું પાણી; ગર્ભપટલની અંદર આવેલું પ્રવાહી.

ગર્ભજળ જુઓ ગર્ભજલ.

ગર્ભજંતુકોશ પું. બીજાંકુરની પ્રેષણા; 'જર્મ સેલ'.

ગર્ભજંતુકોષ જુઓ ગર્ભજંતુકોશ.

ગર્ભજાલ [સં.] સ્ત્રી. ઓર. ગર્ભજાલી વર્ગનાં પ્રાણીઓનાં ગર્ભાશયના વિકાસ વખતે ગર્ભના અમુક ભાગની રચના હોય એવી થાય છે, જે તે ગર્ભાશયમાંના રસને ઢાંકી દે છે. એ કોષને ગર્ભજાલ અથવા ઓર કહે છે.

ગર્ભજાલી [સં. ગર્ભજાલિન્] વિ. ગર્ભજાલમાં ઉત્પન્ન થનારું.

ગર્ભજાળ જુઓ ગર્ભજાલ.

ગર્ભજોગી પું. શુક્રરોગ.

ગર્ભતુંબી સ્ત્રી. ગર્ભાશયનો સૌથી ઉપલો ભાગ. તેનો આકાર તુંબડી જેવો હોય છે.

ગર્ભતુષ્ટ ૧. વિ. આગતુ.

૨. વિ. ખરું તેતરો.

ગર્ભદ ૧. [સં.] પું. ધોળા ભોંયરીંગણી; પુત્રજીવ નામે વૃક્ષ.

૨. વિ. ગર્ભ રાખી શકે એવું; ગર્ભ દેનાર; જેનાથી ગર્ભ રહે તેવું.

ગર્ભદા [સં.] સ્ત્રી. ધોળી ભોંયરીંગણી; ગદ્યમણ્ય નામની ઔષધિ.

ગર્ભદાતા જુઓ ગર્ભદ.

ગર્ભદાત્રી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; સફેદ ભોંયરીંગણી; ગર્ભદા.

૨. સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ગર્ભદાસ ૧. [સં.] પું. જન્મથી જ દાસ કર્મ ચૂકતે કરનાર.

૨. પું. દાસીપુત્ર.

ગર્ભદાસી સ્ત્રી. જન્મથી જ દાસીપણાને પામેલી સ્ત્રી.

ગર્ભદિવસ ૧. [સં.] પું. ગર્ભ રહ્યો હોય તે દિવસ.

૨. પું. બૃહત્સંહિતા અનુસાર ૧૬૫ દિવસનો કાળ.

ગર્ભદેશીય વિ. ગર્ભાશયનો લગતું; ગર્ભાશય સબંધી.

ગર્ભદોહદ પું. ગર્ભિણી સ્ત્રીને થતી જુદી જુદી ઇચ્છા.

ગર્ભદ્રુહ ૧. [સં.] વિ. ગર્ભપાત કરનાર.

૨. વિ. ગર્ભધાન ન રહેનાર.

ગર્ભદ્રુહા ૧. [સં.] વિ. સ્ત્રી. ગર્ભ ધારણ નહિ રહેનારી.

૨. વિ. ગર્ભપાત કરનારી.

ગર્ભદ્વાર ૧. ન. દરવાજો.

૨. ન. મંદિરનો છેક અંદરનો ભાગ; ગભાર.

ગર્ભધ ન. ગર્ભ ધારણ કરાવનાર વીર્ય.

ગર્ભધરા વિ. સ્ત્રી. ગર્ભિણી; ગર્ભવાળી.

ગર્ભધારણ [સં.] ન. ગર્ભ ધારણ કરવો તે; ગર્ભ રહેવાપણું; ફલેલ રહેવો તે.

ગર્ભધારણા ૧. [સં.] સ્ત્રી. ગર્ભ રહેલો છે કે નહિ તે સબંધી વિચાર.

૨. જુઓ ગર્ભધારણ.

ગર્ભધારિણીચર્યા સ્ત્રી. (વૈદ્ય) ગર્ભ રહે તે માટે વપરાતી યોગ.

ગર્ભધિ ૧. સ્ત્રી. બાળો.

૨. સ્ત્રી. મૈથુન.

ગર્ભધ્વંસ [સં.] પું. ગર્ભપાત; ગર્ભનો નાશ કરવાપણું.

ગર્ભનાડી (ગર્ભનાડી) સ્ત્રી. ગર્ભાશયની એક નાડી; ગર્ભની નાડી; ગર્ભનું નાળચું કે નાળ. તે દૂરીની સાથે રહેલી હોય છે. જુઓ ગર્ભનાલિ.

ગર્ભનારાયણપૂર્વકરીર્ષ ન. એ નામનું એક ઉપનિષદ.

ગર્ભનાલ [સં.] સ્ત્રી. કૂલોની અંદરની પાતળી નાળ. તેના શિર ઉપર ગર્ભકેસર હોય છે. આ ગર્ભકેસર અને પરાગકેસરના સંમિશ્રણથી ફળ તથા બીજની પુષ્ટિ અને વૃદ્ધિ થાય છે.

ગર્ભનાલિ સ્ત્રી. ગર્ભ અને બહારા એ બેને જોડનારી નળી; નાભિરજ્જુ. તેમાં ગર્ભ અને બહાર વચ્ચે લોહીનું ફરતું રાખનારી નાડીઓ અને શિરાઓ રહેલી છે.

ગર્ભનિગ્રહચૂર્ણ ન. (વૈદ્યક) ગર્ભ રહેતો અટકાવવા માટે બનાવાતી એક જાતની દવા.

ગર્ભનિગ્રહભસ્મ પું. (વૈદ્યક) ગર્ભ રહેતો અટકાવનાર એક દેશી ઔષધ.

ગર્ભનિર્યંત્રણ જુઓ ગર્ભનિરોધ.

ગર્ભનિરોધ [સં.] પું. જન્મનિરોધ; સંતાનનિષેધ; પ્રજોત્પત્તિ બંધ કરવી તે; સંતતિનિયમન; 'બર્થકંટ્રોલ'.

ગર્ભનિરોધિનીવટી [સં.] સ્ત્રી. (વૈદક) ગર્ભ રહેતો અટકાવનાર એક દેસી ઔષધ.

ગર્ભનુદ [સં. ગર્ભનુદ્] વિ. ગર્ભ પાડનાર.

ગર્ભપટલ [સં.] ન. ગર્ભમાં બાળકની આજુબાજુ આવેલ ચામડીનું પડ.

ગર્ભપતન [સં.] ન. ગર્ભપાત; ગર્ભસ્રાવ; ગર્ભનું પડી જવાપડવું.

ગર્ભપત્ર ૧. [સં.] ન. કુમળું પાન; કૂંપળ.
૨. ન. ફૂલની અંદરનું પડ; ગર્ભનાલ. તેમાં ગર્ભકેસર રહે છે.

ગર્ભપરિક્ષય [સં.] પું. ગર્ભાશય.

ગર્ભપરિસ્રવ ૧. [સં.] પું. ગર્ભવેષ્ટન; ઓર; ગર્ભના ઉપરની પાતળી ચામડી.
૨. પું. ગર્ભાશય; પેટની અંદર ગર્ભને રહેવાનું ઠેકાણું.

ગર્ભપાકી પું. સાત દિવસમાં પાકતા એક જાતના ચોખા.

ગર્ભપાત [સં.] પું. ગર્ભનું પડવું કે પાડવું તે; ગર્ભનું અધી પડવું તે; ગર્ભસ્રાવ. ચાર મહિના પહેલાં કોઈ કારણે ગર્ભ નષ્ટ થઈ જાય તો તેને ગર્ભસ્રાવ કહે છે અને છ મહિના સુધીમાં નષ્ટ થઈ જાય તો તેને ગર્ભપાત કહે છે. જો પહેલા બે મહિનામાં ગર્ભસ્રાવ થાય તો એક માંસપિંડાકારની બહક ગર્ભ એક જ વખતે બહાર આવી જાય છે. પરંતુ સાધારણ રીતે માલૂમ પડયું છે કે ગર્ભસ્રાવ નીજા મહિનાના અંતમાં જ થાય છે. તે વખતે ક્રમસ પૂર્ણરૂપ બનેલું હોય છે, એટલે ગર્ભસ્રાવ થયા પછી કમલના નાના ટુકડા બહાર નીકળે છે. વળી જો દિવસોમાં ગર્ભિણીને અધિક ધર્મ આવ્યા કરતું હોય તે દિવસોમાં ગર્ભસ્રાવ વહ્યા કરીને થાય છે, કેમકે તે દિવસોમાં ગર્ભાશય કોટરમાં લોહીની અધિકતાથી ગર્ભાશયની સ્થિતિસ્થાપકતા પ્રકુલ્લિત થાય છે, ને તેથી ગર્ભાશયને તે દિવસોમાં વધારે ઉત્તેજના મળે છે. ગર્ભસ્રાવ તથા ગર્ભપાત થવાનાં કારણ: (૧) ગર્ભાશયની સ્નૈષ્મિક કલાથી ગર્ભ સારી રીતે ન બાંધ્યો. (૨) ચોટ લાગવાથી કે ગર્ભકોશમાં રક્તસ્રાવ થવાથી ગર્ભનું મૃત્યુ થયું. (૩) તીવ્ર વિરેચન, ગર્ભનાશક ઔષધિઓ, શસ્ત્રકર્મ અથવા બહુ ક્ષોભથી વાત નાડીસંસ્થાનની ઉત્તેજનાને લીધે ગર્ભાશયને પડવું જોર અને તેથી ગર્ભનું મૃત્યુ. મૃત્યુ પછી ગર્ભને ગર્ભાશય બહાર ફેંકી દે છે.

ગર્ભપાતક ૧. [સં.] પું. ગાંતો સરગવો.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલમી.
૩. વિ. ગર્ભ પાડી નાખે એવું; ગર્ભપાત કરનાર.

ગર્ભપાતની સ્ત્રી. ગર્ભપાત કરનાર સ્ત્રી.

ગર્ભપાલન ૧. [સં.] સ્ત્રી. બરોડું.
૨. ન. ગર્ભપાત; કસુવાવડ; ગર્ભસ્રાવ.

ગર્ભપાતિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલિયારી.
૨. સ્ત્રી. વિદારી નામની ઔષધિ.

ગર્ભપાતી [સં. ગર્ભપાતિન્] વિ. ગર્ભપાત કરનાર કે કરાવનાર.

ગર્ભપાયી [સં. ગર્ભપાયિન્] વિ. જન્મથી જ પાપ કરવાના સ્વભાવવાળું.

ગર્ભપાલ ૧. [સં.] પું. ગર્ભપાલરસ.
૨. વિ. ગર્ભનું રક્ષણ કરનાર.

ગર્ભપાલરસ [સં.] પું. ગર્ભના રક્ષણ માટે અને સુખપૂર્વક પ્રસવ થવા માટે વપરાતું એક ઔષધ.

ગર્ભપાંડુર [સં.] વિ. વચમાં પોલું હોય એવું; મધ્ય ભાગમાં શ્વેત.

ગર્ભપૂરી [સં.] સ્ત્રી. ગર્ભાશય; ઉદર.

ગર્ભપોષણ ૧. [સં.] ન. ગર્ભ પુષ્ટિ પામે તેવી કોઈ વિધિ.
૨. ન. ગર્ભનું પાલન કરવું તે.

ગર્ભપ્રદા ૧. [સં.] સ્ત્રી. ગર્ભપ્રસવટી.
૨. વિ. સ્ત્રી. ગર્ભ રહે તેમ કરનારી.

ગર્ભપ્રદાવટી [સં.] સ્ત્રી. ગર્ભાશયનાં દરદ મટાડી ગર્ભ રહે તે માટે વપરાતું એક ઔષધ. તેની માત્રા બે ગોળી છે અને તે દૂધ કે પાણી સાથે લેવાય છે.

ગર્ભપ્રસવ [સં.] પું. ગર્ભજન્મ; ગર્ભનું ગર્ભાશયમાંથી બહાર પડવું તે.

ગર્ભપ્રસૂતિ જુઓ ગર્ભપ્રસવ.

ગર્ભબિંદુ [સં.] ન. શુક્ર તથા શોણિતના યોગથી, પુરુષના વીર્યના અણુ વડે યુક્ત થયેલ જીવનું બીજ; 'ઓવમ્સેલ'.

ગર્ભભરાલ વિ. સ્ત્રી. ગર્ભ ધારણ કરેલી.

ગર્ભભવન ૧. [સં.] ન. પ્રસૂતિગૃહ; સુવાવડનો ઓરડો.
૨. ન. મંદિરનો વચ્ચેનો મુખ્ય ખંડ; બજાર.
૩. ન. વચલું ઘર; મધ્યભાગનો ઓરડો.

ગર્ભમંડપ [સં.] પું. દેવાલયનો મૂર્તિવાળો અંદરનો ભાગ; બજાર.

ગર્ભમંદિર જુઓ ગર્ભમંડપ.

ગર્ભમાસ [સં.] પું. ગર્ભ રહ્યો હોય તે મહિનો.

ગર્ભમોક્ષ [સં.] પું. ગર્ભાશયમાંથી ગર્ભનો છુટકારો; જન્મ લેવાપડવું.

ગર્ભમોચન જુઓ ગર્ભમોક્ષ.

ગર્ભયંત્ર [સં.] ન. પારદ અને કોઈ પણ ધાતુના યોગવાળી ચિટ્ટીને અગ્નિસ્થાપી કરવાના કામમાં ઉપયોગી એક યંત્ર. ૪ ઇંચ લાંબી અને ૩ ઇંચ પૈરાવાની મૂસ કરાવી તેનું મોઢું બોબાકાર કરવું. તેમાં સંસ્કાર કરવાનો પારો નાખવો. લોઢાનો બૂચ ૨૰ લાગ અને મૂસના એક લાગ બંનેને પાણીથી બારીક વાટીવૂંટી મૂસને તેનો લેપ કરવો. પછી મોઢું અને બારીને પણીમાં બારીક વાટી તેનો લેપ કરી એક બાજામાં કમોદના ફોતરાં ભરી વચમાં એ મૂસ મૂકી ફોતરાં સળગાવવાં. ૧ થી ૩ દિવસ સુધી તેને અગ્નિ આપવો. પારાની ભસ્મ કરવામાં આનો ઉપયોગ થાય છે.

ગર્ભયાતના [સં.] સ્ત્રી. ગર્ભને સહન કરવું પડતું દુઃખ; ગર્ભવાસનું દુઃખ; જીવને ગર્ભદશામાં પડતું દુઃખ.

ગર્ભયોગી [સં. ગર્ભયોગિન્] પું. શુકદેવજી.

ગર્ભયોષા ૧. [સં.] સ્ત્રી. ગર્ભધાન કરેલી સ્ત્રી; સગર્ભા સ્ત્રી.
૨. સ્ત્રી. પૂરથી છલકાતી ગંગા નદી.

ગર્ભરક્ષક [સં.] વિ. ગર્ભને પોષણ આપનાર.

ગર્ભરક્ષણ જુઓ ગર્ભરક્ષા.

ગર્ભરક્ષા [સં.] સ્ત્રી. ગર્ભનું રક્ષણ કરવું તે.

ગર્ભરા [હિં.] સ્ત્રી. પ્રાચીન કાળનું એક જાતનું નદીમાં ચાલતું વહાણ. તે ૧૧૨ હાથ લાંબું, ૫૬ હાથ પહોળું અને ૫૬ હાથ ઊંચું હતું.

ગર્ભરૂપ ૧. [સં.] ન. બાળક; શિશુ; બચ્ચું.
૨. વિ. બાળકબુદ્ધિનું.

ગર્ભરૂપક જુઓ ગર્ભરૂપ.

ગર્ભરૂપી જુઓ ગર્ભરૂપ.

ગર્ભરોગ [સં.] પું. સ્ત્રીઓનો એક જાતનો રોગ; 'હિસ્ટીરિયા'. તેનું મૂળ ગર્ભાશયમાંથી બહાર પડતી ધ્વનિપ્રેરક નાડી હોવાથી એનું નામ ગર્ભરોગ પડયું છે.

ગર્ભરોધ [સં.] પું. ગર્ભનો અટકાવ.

ગર્ભલક્ષણ ૧. [સં.] ન. ગર્ભધારણનું ચિહ્ન; ગર્ભ રહ્યો તે સૂચવનાર નિશાની.
૨. વિ. વર્ષાઋતુનાં ચિહ્ન જોનાર.

ગર્ભલંબન [સં.] ન. યોનિમાં નાખેલું વીર્ય ગર્ભ ઉત્પન્ન કરે તે માટેની કોઈ ક્રિયા; ગર્ભની વૃદ્ધિ અને સરળતા માટે થતી વિધિ.

ગર્ભવચન ૧. [સં] ન. ગર્ભપાતનામાંથી છૂટવા માટે છત્રે ઈશ્વરને આપેલું વચન. જેમકે, 'હું તારી ભક્તિ કરીશ'.
૨ ન. મુદ્રાલેખ, મુખસૂત્ર, જીવનસૂત્ર.

ગર્ભવતી [સં.] સ્ત્રી. ભારેવાઈ; ગર્ભ જેને રહ્યો હોય તે સ્ત્રી; સગર્ભા, ગર્ભિણી; પેટમાં બાળકવાળી સ્ત્રી. ગર્ભ રહ્યાનાં ચિહ્નઃ ગર્ભના પહેલા મહિનામાં મોમા પાણી છૂટે અને પ્રાતઃકાલીન બીમારી જેમકે માથામા ચક્કર આવે અને ઉબકાને ખાલતી થાય તો વમન વગરે થાય. સ્વભાવમાં પરિવર્તન એટલે કે ચીડિયાપણુ, અરુચિ થાય, થાક લાગે અને અપર્યાપ્ત પદાર્થ તરફ રુચિ હોવાથી વાતનાડીસંસ્થાનમા પરિવર્તન થાય. વળી રજોદર્શન ન થાય, સ્તનોમાં પરિવર્તન થાય, ગર્ભ ફરક, મૂત્રાશયની ઉત્તેજનાને લીધે પેશાબ વધારે વખત લાગે, ગર્ભાશયના પરિમાણમા ફેરફાર થાય જેવાં ચિહ્ન થાય. પાંચમા મહિનાના અંતમા હૃદયની ગતિ સાભળી શકાય છે. જેમ ઘડિયાળને તકિયા નીચે રાખીને સૂનારને તેનો અવાજ કાનમાં પડે તેમ ગર્ભવતીના ઉદર ઉપર કાન રાખવાથી ગર્ભના હૃદયની ગતિ સાભળી શકાય. બાળક કરીને તે ગતિ એક મિનિટમાં ૧૨૦ થી ૧૪૦ સુધી સાભળાય છે. ગર્ભની હૃદયગતિ બાળક કરીને ગર્ભની અંગવક્રતાને લીધે વધે છે અને રક્તભાર વધારે થવાથી ઓછી થાય છે. જો ગતિ ૧૦૦ થી ઓછી થાય અને ૧૬૦ થી વધી જાય તો માનવું કે ગર્ભની દશા શોચનીય છે. સાધારણ રીતે ગર્ભનો પૂરો સમય ૨૮૨ દિવસનો હોય છે. પ્રસવતિથિ જાણવાને માટે અંતિમ માસિક ધર્મના પહેલા દિવસથી ૨૮૨ દિવસ ગણવા. કોઈ કોઈ સ્ત્રીને ૧૧ કે ૧૨ માસ પછી પ્રસવ થાય છે ત્યારે બાળકનો ભાર વધી જાય છે અને પ્રસવ પણ કષ્ટ દુઃખદાયક રીતે થાય છે.

ગર્ભવસતિ ૧. [સં.] પું. ગર્ભાશય; ગર્ભને રહેવાનું સ્થાન.
૨. પું. ગર્ભાશયમાં ગર્ભનું રહેવું તે.

ગર્ભવંતી ૧. સ્ત્રી. અભિમાની સ્ત્રી.
૨. સ્ત્રી. ગર્ભવતી; ભારેવાઈ; સગર્ભા સ્ત્રી.

ગર્ભવંતું ૧. વિ. ગર્ભવાળું; કલેજવાળું.
૨. વિ. મગરૂર.

ગર્ભવાક્ય [સં.] ન. નાટ્ય સંવાદની વચ્ચે આવતું વર્ણનાત્મક વાક્ય.

ગર્ભવાલોળ સ્ત્રી. એક જાતની વાલોળ.

ગર્ભવાસ ૧. [સં.] પું. ગર્ભનું ઉદરમાં રહેવું તે; ગર્ભમા વાસ.
૨. પું. ગર્ભાશય.

ગર્ભવાસી [સં. ગર્ભવસિન્] વિ. ગર્ભમાં વાસ કરનાર.

ગર્ભવિકાસપ્રકરણ [સં] ન. ગર્ભબિંદુ તરીકે વિકસ પામી દેહાકાર બને છે તે જણાવનાર વૈદકશાસ્ત્રનો ભાગ.

ગર્ભવિચ્યુતિ [સં.] સ્ત્રી. ગર્ભપાત; કસુવાવડ; ગર્ભસ્રાવ.

ગર્ભવિજ્ઞાન [સં.] ન ગર્ભવિદ્યા.

ગર્ભવિદ્યા [સં.] સ્ત્રી. ગર્ભ સબંધી જ્ઞાન; પ્રસૂતિશાસ્ત્ર
પ્રજાતંતુઓ પોતાની વૃદ્ધિ દરમ્યાન અંકુરમાંથી પુષ્પ બનતા થાય ત્યાસુધીમા કેટલીએ પરિસ્થિતિમાંથી પસાર થાય છે અને એ પરિસ્થિતિના અભ્યાસને **ગર્ભવિદ્યા** કહે છે.
પ્રજા.વધાનુ રેખાદર્શન

ગર્ભવિનોદરસ પું. (વૈદક) એ નામનું સુવર્ણ-માક્ષિકમાથી બનતું ઔષધ. તે બનાવવા સુવર્ણ-માક્ષિક ભસ્મ ૪ તોલા, હિંગળો ૪ તોલા, સોંઠ ૪ તોલા, મરી ૪ તોલા, પિપર ૪ તોલા, જાયત્રી ૪ તોલા એ સર્વને પાણી સાથે મેળવી બબ્બે રતીની એક ગોળી કરવી. વખતોવખત ગર્ભપાત તથા કસુવાવડ ઉપર આ ઔષધ ઉપયોગી મનાય છે. તેની માત્રા ૧ થી ૨ રતોલાર છે. આ રસ ચાલતો હોય ત્યાંસુધી તેલ, મરચું, ખટાશ ખાવાં નહિ તે વી, સાકર જેવો પૌષ્ટિક ખોરાક આપો.

ગર્ભવિપત્તિ [સં.] સ્ત્રી. ગર્ભનો નાશ.

ગર્ભવિમોચન [સં] ન. ગર્ભનું છૂટું પડવું તે.

ગર્ભવિલાસરસ પું. (વૈદક) એ નામનું એક ઔષધ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ મોરપૂચ્છ દરેક સમ ભાગે લઈ સર્વ કરતા ચોથા ભાગે સુખી લીંબુના રસમાં ખલ કરી તેમા એકેક ભાગ જીરું, કાળીજીરી, લીંડીપીપર, મરી અને સૂકું ધતૂરું નાખી તે બધાને બરાબર મિલાવી તેની વાલ વાલની ગોળી કરવી. ગર્ભિણી સ્ત્રીના તેમ જ સુવાવડી સ્ત્રીના ઉદરવ્યાધિમાં આ રસ બહુ ઉપયોગી મનાય છે.

ગર્ભવૃદ્ધિ [સં.] સ્ત્રી. ગર્ભનો વિકાસ.

ગર્ભવેત્તા [સં. ગર્ભવેત્તૃ] પું. ગર્ભ સબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

ગર્ભવેદના [સં.] સ્ત્રી. બાળજન્મથી થતી પીડા.

ગર્ભવ્યાકરણ [સં.] ન. ચિકિત્સાશાસ્ત્રનું એક અંગ. તેમાં ગર્ભની ઉત્પત્તિ તથા વૃદ્ધિ વગેરેનું વર્ણન છે.

ગર્ભવ્યાધિ [સં.] સ્ત્રી. ગર્ભને લાગતો રોગ.

ગવાભ્રજ સ્ત્રી. ગાયો બકલનું બહેનતાણું.

ગવાભ્યયન [સં.] પું. સંતતિ, સમૃદ્ધિ અને સ્વર્ગ મેળવવા માટે પ્રાચીન કાળમાં કરવામાં આવતો એક જાતનો યજ્ઞ.

ગવામૃત [સં.] ન. ગાયનું દૂધ

ગવાયન ન. (સંગીત) ગાવવું એક તાન; મધ્યમ ગ્રામમાં ષડ્જ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગવાર ૧. પું. એ નામના છોડની શીંગ તથા તેનાં બી.
૨. પું. એક જાતનો દ્વિદલ ધાન્યનો છોડ; ગવાર. તે બે કે બહુ હાથ ઊંચો વધે છે. તેના કુમળાં પાનની ભાજી થાય છે.
૩. પું. ખેતીના ઉત્સવમાં બળદનો પાક બજવતા પુરુષને બાવા સારુ અપાતી બલિથી બાજરી.
૪. વિ. બહારનાં; વરવું; બેહૂદ.
૫. વિ. મૂર્ખ; અજ્ઞાન.

ગવારની સ્ત્રી. ગાયોની પવિત્રતા; શુભ વચન.

ગવારફળી સ્ત્રી. ગુવારની શીંગ.

ગવારશિંગ જુઓ ગવારફળી.

ગવારશીંગ જુઓ ગવારફળી.

ગવારસિંગ જુઓ ગવારફળી.

ગવારસીંગ જુઓ ગવારફળી.

ગવારા ૧. પું ન વ. રહી ગયાં; બચ્યા.
૨. વિ. પચે એવું; હજમ થઈ જાય એવું.
૩. વિ ભાવવું; મનગમવું; ફાવવું.

ગવારી ૧. સ્ત્રી. ગાય બાંધવાનું એકઠાળિયું
૨. સ્ત્રી. ગોવાલણ; ગોપી.

ગવાર્દ્ધ વિ. ગાયની કીમતનું.

ગવાલકકરી સ્ત્રી. એક જાતનો ગોમાંસમાં ઊગતો વેલો. તેનાં પાન ચીભડીનાં પાન જેવાં, ફૂલ નાનાં પીળાં અને ફળ ચણા જેવડાં થાય. ફળ પાકે ત્યારે રાતા રંગનાં થઈ જાય.

ગવાલન ૧. પું. ગોવાળ; ગાયો ચારનાર માણસ.
૨. સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગવાલંભ પું. ગોમેધ; ગાયનું બલિદાન; યજ્ઞ નિમિત્તે ગોવધ.

ગવાલા ૧. પું. ગોવાળ; ગાયો ચારનાર અને સંભાળનાર માણસ; ભરવાડ.
૨. સ્ત્રી. નપલિવતી જમીન.

ગવાલી પું. ભરવાડ; ગોવાળ.

ગવાલીક [સં.] ન. ગાય વગેરે ચોપગાં જનાવર સંબંધી ખોટું બોલવું તે.

ગવાલૂક [સં.] ન. રોઝ; એ નામનું જનવર.

ગવાવિક [સં.] ન. વ. વ. ગાય બકરે ઘેટાં.

ગવાવું ૧. અ. ક્રિ. ગવાય તેમ થવું.
૨. સ. ક્રિ. ફજેત થવું; બેઆબરૂ થવું; નિંદાવું; વગોવાવુ.

ગવાશન ૧. [સં.] પું. ગાયનું માંસ આપેલ હોવાથી શાંતિ બહાર મૂકાયેલ માણસ.
૨. પું. ચમાર.
૩. પું. ભોગી.

ગવાશ્વ [સં.] પું ન. વ. ગાયો અને ઘોડા.

ગવાષ્ટિકા [સં.] સ્ત્રી. લાખ.

ગવાસા પું. ઢસાઈ; ખાટકી.

ગવાહ [ફા.] પું. સાક્ષી; સાખ પૂરનાર; શાહેદ.

ગવાહી [ફા.] સ્ત્રી. સાક્ષી; પુરાવો; શાહેદી.

ગવાહ્નિક ૧. [સં.] ન. ગાયને રોજ આપવાનો ખોરાક; ગાયને એક દિવસ પૂરતું ઘાસ વગેરે.
૨. જુઓ ગવાનિક ૨.

ગવાળવું ન. વ. વ. ગાયોનાં માણસ.

ગવાળો ૧. પું. કપડાં તથા પરચૂરણ સામાન રાખવાનો કોથળો; બગચો.
૨. પું. ઢાંકણ; આચ્છાદન.
૩. પું. પરચૂરણ સરસામાન વગેરેનો ઢગલો; લબાડો

ગવ્ય સ્ત્રી. ગાય.

ગવ્યપતિ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચંદ્ર.
૩. પુ. ગોવાળ; ગાયોનો સ્વામી.
૪ પું. બળદ; આખલો.
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ; રુદ્ર દેવ.
૬. પું. સૂર્ય.

ગવ્યાર વિ. ચમાર; મૂર્ખ.

ગવ્યિ ૧. સ્ત્રી. ગાય.
૨. સ્ત્રી. વાણી; બોલી.

ગવ્યિષ્ઠ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ગવ્યિની [સં.] સ્ત્રી. ગાયો કે બળદોનો સમૂહ

ગવિષ્ટ ૧. પું. (પુરાણ) એ નામનો એક દાનવ.
૨. પું. (પુરાણ) એ નામનો એક દેવ.
૩. પું. સૂર્ય.

ગવિષ્ટિ સ્ત્રી. ગાય મેળવવાની ઇચ્છા.

ગવિષ્ઠિર પું. (પુરાણ) અત્રિ કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના પાંચમા મંડલનું પહેલું સૂક્ત રચ્યું છે.

ગવી ૧. સ્ત્રી. ક્રિયા.
૨. સ્ત્રી. ગાય.
૩. સ્ત્રી. વાણી; બોલી.
૪. સ્ત્રી. આજ્ઞાપાલન; સંભાષણ.

ગવીની સ્ત્રી. મૂત્રવાહક નળી. આ નલિકાઓ મૂત્રપિંડોમાંથી ઝરતા મૂત્રને નીચે બસ્તિ તરફ લઈ જાય છે અને મૂત્રપિંડોમાં તૈયાર થયેલું મૂત્ર ત્યાં સાર્યા જાય છે. દરેક મૂત્રપિંડની ગવીની બસ્તિની પાછલી બાજુ ઉપર આવેલા ગવીનીદ્વાર નામથી ઓળખાતા છિદ્ર દ્વારા બસ્તિમાં દાખલ થાય છે. ગવીનીઓ સ્વતંત્ર પેશીતંતુઓની બનેલી છે. આ તંતુઓનાં બે પડ છે. અંદરના આંસમય પડના તંતુઓ ઊભા છે, જ્યારે બહારના આંસમય પડના તંતુઓ ગવીનીની આસપાસ ગોળાકારે વિંટળાયેલા છે. ગવીનીઓનો અંદરનો દાબ સાહજ કળા વડે જળવાયેલો છે. બાહ્ય કે મોટર નીચે મૂત્રાર્શ્વ જવાને પરિણામે બહાર ઊભેલા પડતાં કે બહારથી કામ પડવાને લીધે ગવીનીઓને પણ ઈજા થાય છે. જો ગવીની કપાઈ જાય અથવા સાંકડી થઈ જાય તો મૂત્રપિંડોમાં પેશાબ એકઠો થઈને તે બહુ મોટો થાય અને સૂજી આવે. કોઈ વાર તેમાં પરુ પણ થાય. તેને અંતર્વિદ્રધિનો એક પ્રકાર કહી શકાય. બસ્તિ અથવા મૂત્રાશય ઉપરની શસ્ત્રક્રિયાઓ દરમિયાન પણ ગવીનીઓને ઈજા થવાનો સંભવ રહે છે.

ગવીશ ૧. [સં.] પું. ગાયનો ધણી; ગાયનો માલિક.
૨. પું. વિષ્ણુ.
૩. પું. સાંઢ.

ગવીશપત્ર પું. શક્કર; શંભુ.

ગવીશ્વર [સં.] પું. ગાયનો માલિક; ગાયનો ધણી.

ગવીં ૧. પું. પરદેશ; બીજો દેશ.
૨ [સં. ગ્રામ] ન. ગામડું.

ગવેષવું સ. ક્રિ. જોવું.

ગવેષા સ્ત્રી. શોધખોળ; તપાસ.

ગવેહુ (ગવેહ) સ્ત્રી. એક જાતનું ધાન્ય.

ગવેહુક (ગવેહક) જુઓ ગવેહુ.

ગવેહુ ૧. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.
૨. ન. એક જાતનું તૃણધાન્ય; બેગી. તે ચરબી ઓછી કરનાર અને મૂત્રરોગમાં ઔષધિ તરીકે વપરાય છે.

ગવેહુક જુઓ ગવેહુ.

ગવેહુકા જુઓ ગવેહુ.

ગવૈક્ષક [હિં.] પું. જોષ.

ગવૈરો પું. કપડાં રાખવાનો ખમચો.

ગવૈશ ૧. પું. ગાયનો માલિક.
૨. પું. બહ દેવ.

ગવૈશકા સ્ત્રી એક જાતનો વેલો.

ગવૈશકી સ્ત્રી. એક જાતનો વેલો.

ગવૈશ્વર જુઓ ગવૈશ.

ગવેષ્ ૧. [સં.] સ. ક્રિ. શોધિત કરવી; યત્ન કરવો.
૨. સ. ક્રિ. (ધાતુ) શોધવું; તપાસવું; ખોળવું. તે ઉપરથી બનેલ શબ્દ: ગવેષ, ગવેષણ, ગવેષિત.

ગવેષ [સં. ગવેષ્ (શોધવું)] વિ. શોધનાર; તપાસ કરનાર.

ગવેષક વિ. શોધક; ખોળ કરનાર; અન્વેષક.

ગવેષણ ૧. પું. (પુરાણ) અક્રૂર યાદવનો એ નામનો એક પુત્ર.
૨. સ્ત્રી. તપાસ; અન્વેષણ; ખોજ; શોધવું તે; તપાસવું તે; ખોળ.
૩. વિ. શોધનાર.

ગવેષણા ૧. સ્ત્રી. અન્વેષણ; શોધ; તપાસ.
૨. સ્ત્રી. (જૈન) આહાર ગ્રહણ કરવો તે.
૩. સ્ત્રી. ઇચ્છા.
૪. સ્ત્રી. તંદ્રા; સુસ્તી.
૫. સ્ત્રી. (જૈન) શુદ્ધ આહારની યાચના.
૬. સ્ત્રી. સત્ય.

ગવેષણાગૃહ ન. શોધખોળ કરવાનું ઠેકાણું.

ગવેષિત ૧. [સં.] વિ. શોધીને આણેલું; તપાસીને આણેલું.
૨. વિ. શોધેલ; તપાસેલ.

ગવેષી [સં. ગવેષિન્] વિ. શોધક; શોધનાર.

ગવેસ વિ. નહિ જેવું ખાસ.

ગવેહુ ૧. સ્ત્રી. ખાર; વેર; દ્વેષ; કીનો.
૨. પું. ઝઘડો; વહેમ; શંકા.

ગવૈદ્ર ૧. પું. ગોવાળ.
૨. પું. વિષ્ણુ.
૩. પું એક જાતનો ઘોડો; મોટો જાતવંત.

ગવૈયણ સ્ત્રી. ગાનારી સ્ત્રી; ગાયિકા.

ગવૈયો ૧. [સં. ગાયક] પું. ગાયન કરનારો; ગાવા બજાવવાનો ધંધો કરનારો; ગાયક.
૨. પું. પ્રશંસક.

ગવો પું. આંખનો ડોળો.

ગવોઢ [સં.] પું. બેલ બળદો.

ગવ્ય ૧. ન. એક જાતનું રંજકદ્રવ્ય.
૨. ન. ગાયથી ઉત્પન્ન થતી વસ્તુ; દૂધ, દહીં, ઘી, છાણ, મૂત્ર વગેરે.
૩. ન. ગાયનું છાણ.
૪. [સં.] ન. ગાયનું ટોળું.
૫. ન. ગોચર; ચરણની જગા.
૬. ન. ધનુર્માસ; ધનુષ્યની પ્રત્યંચા; ધનુષ્યની દોરી.
૭. વિ. ગાયનું; ગાય સંબંધી.
૮. વિ. બળદનું; બળદ સંબંધી.
૯. વિ. બળદને હિતકારક.

ગવ્યક્ષીર [સં.] ન. ગાયનું દૂધ.

ગવ્યગૃહ ન. ગોરસશાળા; દુગ્ધાલય.

ગવ્યદહ [સં.] વિ. ગાયની રસીવાળું.

ગવ્યપૂરક પું. રોટલા ઘાટનાર માણસ.

ગવ્યયી [સં.] સ્ત્રી. ગાયનો અવયવ.

ગવ્યયુ [સં.] વિ. ગાયની ઇચ્છાવાળું.

ગવ્યવૈદ્ય પું ગાયનો વૈદ્ય

ગવ્યષા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા.
૨. સ્ત્રી. ગાયની ઇચ્છા.
૩. સ્ત્રી. ગાયનું ટોળું.
૪. સ્ત્રી. ગાયમાંથી મળતાં દૂધ વગેરેની ઇચ્છા.
૫. સ્ત્રી. ધનુષની દોરી.
૬. સ્ત્રી. યુદ્ધની ઇચ્છા.

ગવ્યાધાન ન. રોટલા ટેકાવવા તે.

ગવ્યુ ૧. [સં.] વિ. આતુર.
૨. વિ. ગાયના દૂધની ઇચ્છાવાળું.
૩. વિ. ગાયની ઇચ્છાવાળું.
૪. વિ. ગાયમાં આનંદ લેનાર.
૫. વિ. યુદ્ધની ઇચ્છાવાળું.

ગવ્યૂત જુઓ ગવ્યૂતિ.

ગવ્યૂતિ ૧. [સં.] સ્ત્રી. કોસ; ગાઉ; બે માઈલનું અંતર.
૨. સ્ત્રી. ગોચર.
૩. સ્ત્રી. બે માઈલનું માપ.

ગવ્વી સ્ત્રી. ગુફા.

ગવ્હરી સ્ત્રી. ગાય.

ગવ્હાર વિ. ગમાર; મૂર્ખ.

અરા ૧. પું. ચક્કર; તમરી; ફેર.
૨. પું. મૂર્ખ.

અરાશી જી. ઘેલોસો; મૂર્ખ.

અરત ૧. [ફા.] જી. ગોળ ફરવું તે.
૨. જી. ચોકોબાળાની રોન.
૩. જી. ફરવું તે; ફેરી.
૪. જી. ફેર; ચક્કરી.
૫. જી. બીજ આવની તે.
૬. જી. મુક્તિ.

અરતઅહાલ [ફા.] પું. અગાઉના વખતમાં ઠોડી ઉપર નખાતો કર.

અરતચરગરત [ફા.] જી. ગેરફ બતની ફણી; મરોર ફણી.

અરતસલામી [ફા.] જી. જૂના વખતમાં ફરનારા ઉપર નખાતો કર.

અરતા ૧. [ફા.] વિ. પાકું આવેલું.
૨. વિ. બનાવેલું.

અરિતયા ૧. [ફા.] પું. કર ઉઘરાવનાર.
૨. પું. ચોકીદાર.

આરતી ૧. જી. કુહાડા; અગ્નિશામિની જી.
૨. [ફા.] જી. ચોકો; રોન.
૩. જી. વસ્ત્રાતી અમલદારને ફેરવી વખતે આપવામાં આવતી ભેટ.
૪. વિ. ઘૂમનાર; ફરનાર.

આરતીચિડી જી. બધે ઠેકાણે ફરતો સ્ત્રીજા.

આરતીખાન [ફા.] પું. ચોકીદાર.

અર્ધપર્ધું ન. અધારો; અર્ધ વિનાનું બાજણ.

અરસપરસ અ. પરસપર.

અરસપરી (અરસપરો) જી. ઉતાવળે કરાતું કામ.

અરસત ૧. જી. ગંજણ; ટોળી.
૨. અ. અર્ધ; કોકડ.

અરસાંગર ૧. [હિં.] પું. ગાંજણિનો; રોંગો.
૨. વિ. અનાડી; અકુશળ.

અરસરિયા ૧. જી. એ નામની ધાંગીની જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

અરસવું અ. ક્રિ. પરસવું; બજવાળવું.

અરિયો પું. બાજરીના લોટ સાથે ઘી ગોળ મેળવીને કરેલી કાઠવાની એક વાની.

અરી [હિં.] પું. મુદ્રામાંથી છૂટતો વાયુ; પાદ.

અરેડવું (અરેડવુ) સ. ક્રિ. પસરવું; જમીન ઉપર કંઈ પણ વસ્તુ પસારવી.

અરેદરોતંતુ પું. સ્વાદ બજાવની શક્તિ બાપનાર જીભની અંદરના બે ભાગોનો એક તંતુ.

અરેત જુઓ અરત.

અરેતાન [હિં.] જી. ઊર્ણ ઓ.

અરેતાનભર ૧. [હિં.] પું. વિદૂષક.
૨. વિ. મૂર્ખ.

અરેસા ૧. [સં. આરક્ત] પું. પેળિયો.
૨. [હિં.] પું. હાથનાં અને પગનાં આંગળાં વચ્ચેનો ખૂણો.

અર્હ ૧. [સં.] અ. ક્રિ. ઊંડું ઊતરવું.
૨. અ. ક્રિ. (ધાતુ) બહુ થવું; ગાઢ થવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ગહન.

અહ ૧. જી. ગોરાની ઉંચાઈ.
૨. જી. ઝાડ.
૩. જી. ઘરનો માળ.
૪. જી. હાથો.
૫. [સં.] ન. અરણ્ય; વન.
૬. ન. મુદ્રા.
૭. [હિં.] ન. જગા.

અહક ૧. પું. આનંદદાયક મનોભાવ.
૨. પું. ખંત; ઉમંગ.
૩. પું. ટહુકાર.

અહકવું ૧. [સં. ચહક] અ. ક્રિ. (હિંદી) ઉમંગથી કરવું.
૨. અ. ક્રિ. ગાજવું.

અહકી ૧. પું. ખરીદનાર માણસ.
૨. જી. ખરીદી.

અહગહ પું. (બા. મુ.) આનંદ; મજા.

અહગાહ (અહગાહ) [હિં.] વિ. ઊંડું.

અહગાહવું ૧. અ. ક્રિ. (બા. મુ.) આનંદિત થવું; ખુશ થવું.
૨. અ. ક્રિ. ગરજવું; ગવાવું.

અહગીર ૧. [હિં.] પું. અણપલોટેલો ખોડો.
૨. વિ. અણપલોટેલ.

અહણ ૧. [સં. ગ્રહણ] પું. પકડવું તે.
૨. પું. સૂર્ય અથવા ચંદ્રનું ગ્રહણ.

અહણો જી. અતિસાર; સંગ્રહણી.

અહન ૧. પું. (જૈન) જીવને ઊતરવા માટે કરાતું કષ્ટ.
૨. પું. કૂવાની અંદરનો ભાગ.
૩. પું. નિર્જન પ્રદેશ; રણ.
૪. પું. ઘરમેળવ.
૫. પું. લાંબો અને ચાલતાં આંચકો ન આવે એવો બળદ.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. એમનાં સ્વરૂપ, ગાવર્ણ અને કુલ જાણી શકાતાં નથી, તેથી તે અહન-અહેવન છે.
૭. પું. શિવ.
૮. જી. હઠ; જીદ.
૯. ન. ગ્રહ.
૧૦. ન. મહણ.
૧૧. ન. (વજ) ઘરેણું.
અહન ચાવવાં = કન્યાને ઘરેણાં આપવાં.
૧૨. ન. દુઃખ.
૧૩. ન. પાણી.
૧૪. ન. વન; જંગલ.
૧૫. વિ. અજાણ; મૂઢ.
અહન ગતિ = ઊંડી ચોખ; અઘાગ બુદ્ધિ.
૧૬. વિ. અઘરું; સમજવું આકરું.
૧૭. વિ. ઊજ્જડ; વેરાન.
૧૮. વિ. ગૂંચવણ ભરેલું.
૧૯. વિ. દુષ્ટ.
૨૦. વિ. ઝાડીવાળું.
૨૧. વિ. દુર્ગમ; દુર્લેજ.
૨૨. વિ. (જૈન) પાર પાડી ન શકાય એવું.
૨૩. અ. અવાજ.

અહનક વિ. મુશ્કેલ.

અહનતા જી. ગંભીરતા; અગમચપણું.

અહનનાથરસ પું. (વૈદક) મોટો ગણો હોય તે ઉપર અપાતું એક રેચક ઔષધ.

અહનમાર્ગ જી. ચંદ્રગ્રહણમાં જન્મેલી કન્યા માટે.

અહનવાસી વિ. એકાંતમાં રહેનારું.

અહના ૧. પું. ઢાંકવા વગરનું ઘેરું ભાંગવાનું એક ઓજાર.
૨. પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. આ ન જ ન ગ એ છે અહના. ઉદાહરણ
૩. [સં.] જી. અલંકાર; ઘરેણું.
૪. જી. ગિરિમાળા; પર્વતની હાર.
૫. જી. ઘરેણે મૂકવું તે.

અહનાપત્ર [હિં.] પું. ગીરો દસ્તાવેજ.

અહનાપત્ર જુઓ અહનાપત્ર.

અહની જી. ચંદ્રગ્રહણમાં જન્મેલી કન્યા માટે.

અહનીઆ [હિં.] પું. અમુક મુદત માટે ઘરેણે મૂકેલી જમીન.

અહનોઅતિ વિ. ન બનવું કામ એવું.

અહબહવું (અહબહવુ) અ. ક્રિ. (બા. મુ.) ગભરાવું.

અહમાગહમ ૧. જી. ગભરાટ; બબાલ.
૨. વિ. ગીચ; ધાડું. બીબોબીચ.

ગહ્વર પું. અંગૂર અથવા કેળાંનો ઝૂમખો.

ગહ્વરવાર પું. એ નામનો એક ક્ષત્રિય વંશ. આ વંશના લોક ગોરખપુર અને ગાઝીપુરથી માંડી કનોજ સુધી જોવામાં આવે છે. તેઓ પોતાનું પ્રાચીન સ્થાન કાશી બતાવે છે. જયચંદથી બાર પાંચ પેઢી પહેલાં થયેલ ચંદ્રદેવ અને મહીપાલ વગેરે કનોજના રાજા ગહરવાર હતા એમ શિલાલેખો ઉપરથી જણાય છે. ભુદેલખંડના ક્ષત્રિયો પણ કાશીના ગહરવર વંશથી ઉત્પન્ન થયાનું કહેવાય છે.

ગહ્વરા ૧. પું. કૂંપળનું પોટકું.

૨. પું. મોસમમાં મજૂરને અપાતા દાણા.

૩. સ્ત્રી. મજૂર; ગુલા.

૪. ન. વાવડિમ.

૫. વિ. ઊંડું; ગંભીર

૬. વિ. કડક.

૭. વિ. પાકું; ગાઢ; દૃઢ; મજબૂત.

ગહ્વરાઈ ૧. સ્ત્રી. ઊંડાઈ.

૨. સ્ત્રી. ગંભીરતા.

૩. સ્ત્રી. ગુફા; ખાડો.

ગહ્વરાપન ૧. પું. ઊંડાઈ.

૨. પું. ગંભીરતા.

ગહ્વરાપા જુઓ ગહ્વરાપન.

ગહ્વરી ૧. [હિં.] સ્ત્રી. ચોખા વાવવા માટે યોગ્ય બેજવાળી નીચી જમીન.

૨. વિ. સ્ત્રી. ઊંડી; ગંભીર.

૩. વિ. સ્ત્રી. કડક.

૪. વિ સ્ત્રી. ગાઢ.

ગહ્વરીગિનતી [હિં] સ્ત્રી. બીજગણિત.

ગહ્વરું ૧. વિ. ઊંડું.

૨. વિ. ઘણું.

૩. વિ. દૃઢ; મજબૂત

૪. વિ. પ્રચંડ; ઘોર

૫. વિ. વધારે.

ગહ્વલ સ્ત્રી. દરજીનું ઝૂમખું.

ગહ્વલોટ સ્ત્રી. રજપૂત લોકોની એક જાત; ગુહલોત. આ નામ સંબંધે જુદી જુદી વાતો ચાલે છે. કોઈ તેને ગોહિલ અથવા ગોમિલમાંથી નીકળ્યાનું જણાવે છે. કોઈ એમ કહે છે કે જ્યારે મેવાડના મહારાણાના પૂર્વ પુરુષ ભાગ્યા ત્યારે રાજમહિષીને એક બાહ્મણે શરણ આપ્યું હતું. તેને ત્યાં ગુફામાં એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ ગુહલોત રાખ્યું હતું.

ગહ્વલોત જુઓ ગહ્વલોટ.

ગહ્વવડવું (ગહવાવું) અ. ક્રિ. બધિત થવું; ગળાઈ જવું.

ગહ્વા પું. સાબુસી; ચીપિયો.

ગહ્વાર પું. પારણું; ઘોડિયું.

ગહ્વું અ. ક્રિ. ગહન કરવું.

ગહાઈ ૧. [હિં.] સ્ત્રી. ડુંગરોમાંથી દાણા જુદા કરવા માટે બાજરી ખૂબ ખૂંદવાની રીત; પગર.

૨. સ્ત્રી. પકડ; ગ્રાહ્યતા તે.

ગહાન ૧. પું. ગીરો; ચાલ.

૨. પું. બંધણ; લેવું તે.

ગહિર (ગહિર) ૧. [સં. ગભીર] વિ. ઊંડું.

૨. વિ. કડક; સખત.

૩. વિ. ગંભીર.

૪. વિ. ઘણું, અધિક.

૫. વિ. પાકું; મજબૂત; દૃઢ.

ગહિના [હિં.] ન. ખેડેલ ખેતરમાં જમીન સપાટ કરવા બાજરીથી બંધાતું એક માણસ ઊભો રહી શકે એવું એક સપાટ ચારે ચડિયું.

ગહિનીનાથ પું. નાથ સંપ્રદાયનો એ નામનો એક મહાન યોગી.

ગહિર જુઓ ગહિર.

ગહિરગંભીર વિ. ગહન અને ગંભીર ઊંડાણ અને ગંભીરતાવાળું.

ગહિરદેવ પું. કાશીનો એક રાજપુત્ર. તેને ગહરવાર લોકો પોતાનો આદિ પુરુષ માને છે.

ગહિલું ૧. વિ. બેદરકાર; અપૂર્ણતા; ઠોબાવાળું.

૨. વિ. ભેંતું; બાંકું.

ગહિલોત જુઓ ગહ્લોટ.

ગહિરવવું અ. ક્રિ. ગહરાવું, પૂરાવું

ગહુડ પું. ઘાસકાંના પોલાણ માટેનો ગર.

ગહુલા પું. ઉત્તર હિંદમાં થતી એક જાતની વનસ્પતિ. તે સ્ત્રીઓના સૌંદર્યભાવ ઉપર અસર છે. તેનાં બિયાં ઔષધિ તરીકે ઉપયોગી છે.

ગહું પું. ઘઉં; મોસમ; એક જાતનું ધાન્ય જેની જાતનાં અનાજમાં ઘણી જેજ છે. તે દુનિયામાં બધે થાય છે. ઘણી જમીનમાં તેનો પાક સારો થાય છે. રાતડા, વાલિયા, કાઠા, ભંગી, પૂનમિયા, ઢાઉકાની જેવી તેની ઘણી જાત છે. તેમાં ભંગી ઉત્તમ ગણાય છે.

ગહુંડો ૧. પું. ઝાંખની જાતનો એક છોડ. તેનાં મૂળ તથા બાલ તાવ, ગોટો, તરસ અને વિષ ઉપર ઉપયોગી ગણાય છે.

૨. પું. ઘઉંલો; ઘઉંના બારદાનનો એક સુગંધી પદાર્થ.

૩. વિ. ઘઉંના રંગ જેવું; ઘઉંવર્ણું

ગહે ૧. અ. ઝોકદમ; જલદી.

૨. અ. ઠોઈક વેળા; કોઈ વખત.

ગહેક પું. મોરનો અવાજ; ટહુકાર; કેકા.

ગહેકવું ૧. અ. ક્રિ. આનંદ થવો; હરખાવું.

૨. અ. ક્રિ. મરજવું; માજલું; ગર્જના કરવી.

૩. અ. ક્રિ. મહેકવું; સુગંધ ફેલાવી

૪. અ. ક્રિ. મોરે અવાજ કરવો; ટહુકાર કરવો.

ગહેકાટ જુઓ ગહેક.

ગહ્વર ૧. પું. (પિંગળ) ત્રણ રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

ગહ્વરે આપવા રા ૨ ત્ત ૪ ગી. ઇન્દ્રવિજય

૨. ન. ઊંડી ખો; ગુફા; પહાડની અંદરની બખોલ.

૩. ન. ગંભીર વિષય.

૪. ન. ગુપ્ત સ્થાન.

૫. ન. જમીન બાંધેલું ઝીલ્યું કાણું.

૬. ન. જળ; પાણી.

૭. ન. દંભ; પાખંડ.

૮. ન. નિકુંજ; લતાઓનું ગૃહ.

૯. ન. ઋતુ તે.

૧૦. ન. વન; જંગલ.

૧૧. ન. વિષમ રચના

૧૨. વિ. ઊંડું, વિષમ.

૧૩. વિ. અનેકાર્થી; અનેક અર્થવાળું.

૧૪ વિ. ગંભીરતાવાળું.

૧૫. વિ. ગુપ્ત; છાનું.

ગહ્વરદુર્ગ [સં.] પું. પર્વતોની વચ્ચે આવેલો કિલ્લો.

ગહ્વરવું અ. ક્રિ. ગહરાવું; મંડાવું.

ગહ્વરા સ્ત્રી. વાવડિમ.

ગહ્વરિત ૧. [સં.] વિ. ગુફાવાળું

૨. વિ. ઝાડીવાળું.

૩. વિ. ઘેરાવાળું; પાખંડી.

૪. વિ. દુષ્પ્રવેશ; મુશ્કેલીથી દાખલ થવાય એવું.

ગહ્વરી સ્ત્રી. ગુફા; ખો

ગહ્વરું વિ. ઊંડું, અગાધ.

ગહ્વરેષ્ઠ પું. વિષમ પર્વતની ગુફામાં રહેનારા શિવ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

ગાં ૧. પું. ખાતું ઊપસેલું ઢાકડું; નરઢિયો

૨. પું. ગોળ.

ગળ ખાયો = (૧) ગોળ ખાયો. (૨) સમાધિ કરી.

૩. પું. બાજરી, છૂપી હડીકત.

૪. સ્ત્રી. ચલ; માળખાં પકડવાની આંકડી. આકડ.

ગળકહ્લો પું. ગળું કાપનાર માણસ; હલાલિયો.

ગળકડી (ગળકડી) સ્ત્રી. કોક ધોળા અને કરીરે બીજો રંગ હોય એવી ગાય.

ગળકબોળિયું વિ. ગળા સુધીનું ઊંડું.

ગળકવું ૧. અ. ક્રિ. મોરનું ગળામાંથી બોલવું; ટહુકવું.

૨. અ. ક્રિ. સંકોચાઈને જવું આવવા આવવું.

૩. સ. ક્રિ. ગળવું; સત્ત્વ ખેંચી કાઢવું.

ગળકવું અ. ક્રિ. ઝપાપી; જલદી.

ગળકો સ્ત્રી. ગળું; ગળચી; ડોક; ગરદન.

ગળકૂડું (ગળકૂડું) સ્ત્રી. મીઠું મીઠું બોલાઈ; ચટકું.

ગળકું ૧. ન. પાણીમાં ડૂબકું ખાવું તે.

૨. ન. મોરનો અવાજ; ટહુકાર.

ગળકેરો સ્ત્રી. જેમાં ગળપણ નાખેલું હોય એવું કેરીનું અથાણું; ગોળકેરી.

ગળકો ૧. પું. એક વાર ચાખેલી વસ્તુનો રહી ગયેલો સ્વાદ.

૨. પું. કેસારાનો એક જાતનો હથોડો.

૩. પું. ઘૂંટડો.

૪. પું. ભાવ; રુચિ; ચસકો; સ્વાદની લોલુપતાને લઈ ખાવાનું વ્યસન.

૫. જે. પું. સારખાવો; મીઠું મીઠું બોલવાની ટેવવાળો.

ગળખાડ (ગળખોડ) ૧. પું. કોક તરફ રહેતા વરતના ઉકાના નાકમાં બાંધેલું નાનું લાકડું; વરતન તરેલા સાથે બાંધવાનો ઝકાવાળો લાકડાનો ટુકડો.

૨. જા. ઠક પીલવાની પાવડી કે ખોડી.

ગળગળતો પું. એ નામનો એક વમહુત.

ગળગળવું ૧. અ. ક્રિ. ગળગળું થવું; ગદગદ થઈ જવું; ઢીલા થવું.

૨. અ. ક્રિ. ગળવું; દ્રવવું; રેલા ગાલવા.

ગળગળાટ પું. ગળગળ અવાજ થવો.

ગળગળિત ૧. વિ. દિલગીરીવાળું; ગળગળું થઈ ગયેલું.

૨. વિ. દીન; ગરીબ.

૩. વિ. નરમ; પાણી જેવું.

ગળગળિયું વિ. ગળગળતું; જેમાંથી પ્રવાહી ટપકતું હોય એવું.

ગળગળું ૧. [સં. ગલ્લઃ; અપ. ગલ્લાર–ગુજ્જિષ્ટ] વિ. ગરીબ; દીન.

૨. વિ. દુઃખથી કે લાગણીથી હૈયું કે કંઠ ભરાઈ જવાથી બાન જેવું; દિલગીરીવાળું.

૩. વિ. નરમ; પાણી જેવું; પોચું; ઢીલું.

ગળગળું થવું = આંખમાં આંસુ આવે તેમ શોકને લીધે બોલવું.

ગળગંડ પું. ગળા ઉપર થતું ચૂમડું; કંઠમાળ.

ગળગંડહરરોપ પું. કંઠમાળ મટાડવા માટે વપરાતો એક દેશી ભલમ.

ગળગોટલો (ગળગોટલો) વિ. પું. ગોળ, ગોળમટોળ.

ગળગોટિયો જુઓ ગળગોટલો.

ગળગોટો જુઓ ગળગોટલો.

ગળગ્રહ પું. ગળું ગ્રહાઈ જવું તે; ગળું પકડાવાનો રોગ.

ગળચકું ૧. ન. ઘસરકો; ઝરકું; ઘાટો કે તીખો ઓડકાર.

૨. વિ. મીઠું; સ્વાદમાં ઝમ્યું.

ગળચટું વિ. સહેજ ગળપણવાળું; મીઠું; સ્વાદમાં જરા ઝમ્યું.

ગળચવું ૧. સ. ક. ક્રિ. ગળવું; ગમવું; બોલતાં બોલતાં ગળી જવું તે; મૂંઝવાઈને બોલ જેવા ઊભા રહેવું કે બોલતાં અચકાવું તે; પૂછેલા પ્રશ્નનો ઉત્તર નહિ સૂઝવાથી જરા વિચારમાં પડવું કે દિગ્મૂઢ થઈ રહેવું તે.

ગળચવાં ગળવાં = (૧) આપેલું વચન નહિ પાળવાની વૃત્તિ થતાં ખોટા વાળવા. (૨) કરેલા પુરુષાર્થનું ફળ જોતજોતામાં નાદાર બની રસ્તા શોધવા. (૩) બોટું બોલવું. (૪) મુનો કરીને પકડાઈ ગયા પછી બહાનાં કાઢવાં; બોટા રદિયા આપી બચાવ કરવા પ્રયત્ન કરવો. (૫) મુખાવેલું ગાન બોટી રીતે ટકાવી રાખવા મહેનત કરવી. (૬) પોતાનું કર્યું પણ સામાને આપવાની ઇચ્છા ન હોય છતાં ના પાડી શકાતી ન હોય ત્યારે ગોળમટોળ જવાબ આપવો. (૭) ફાંફાં મારવાં.

૨. સ. ક. ક્રિ. તોતડાતું બોલવાપણું.

ગળચવું ૧. ન. ગળામાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૨. ન. ડૂબતા માણસનું પાણી ઉપર આવી અંદર જવું તે; ડૂબકું.

૩. સ. ક્રિ. ખૂબ ખાવું; અકરાંતિયા થઈને જમવું; ગળા લગી ચેટ ભરવું; ગળા સુધી ઠુંસવું.

૪. સ. ક્રિ. ગળે ઉતારવું; બોલિયું કરી જવું.

ગળચવો પું. પુરુષને ગળે પહેરવાનો સોનાના તારનો ગૂંથેલો હોરો; એક જાતનું ઘરેણું.

ગળચાવવું સ. ક્રિ. દાબીને પરાણે ગળવવું.

ગળચિયું ૧. ન. ગળચી; ગળાનો ભાગ; બોચી.

ગળચિયું દેવું = (૧) ગળું દાબી મારી નાખવું. (૨) ધક્કો મારવો. (૩) ધમકાવવું; ઠપકો આપવો.

૨. ન. ગળેથી પકડી ડોકીને ધક્કો મારવો તે.

૩. ન. ડૂબતા માણસના ગળાનું બહાર નીકળતું ને અંદર જવું તે; ડૂબકું.

૪. ન. ધમકી; ઠપકો

૫. વિ. ગળા સુધી આવે એટલું.

ગળચી ૧. સ્ત્રી. ગળાનો એક જાતનો રોગ; ઠાકમ.ણ

૨. સ્ત્રી. ગળાનો ભાગ; ગરદન; ડોકી; ગળું; બોચી.

ગળચી દાબવી = (૧) ગળાને બેવા જોરથી પકડવું કે શ્વાસ ન લઈ શકાવો. (૨) ગળું દબાવી મારી નાખવું. (૩) જબરજસ્તી કરવી.

ગળચું ૧. ન. ગળું; ડોક; બોચી.

૨. ન. ડૂબકું; ડૂબતા માણસનું ઉપર નીચે થવું તે.

ગળચેપી સ્ત્રી. ગળાચીપ; ગળું દાબવું તે.

ગળચોપડી (ગળચોપડી) સ્ત્રી. પટ્ટાનું; ગોળપાપડી.

ગળજીભી ૧. [સં. ગોજિહ્વા] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોપાયરી; ગોજિહ્વા; ગોભી. તેનાં લાંબાં અને ખરસટ પાનનો આકાર ટાબા જેવો હોય છે. બકરા ઉપર ઊગતા આ છોડનું શાક થાય છે. બૈસને બવરાવવાથી તેનું દૂધ વધે છે. તે શોધક, શીતલ, મૂત્રલ અને પિત્તશામક હોવાથી વાતવિકાર, ઉપદંશ, વિસ્ફોટક, સંધિવા, ઊનવા તથા પથરી ઉપર ઔષધ તરીકે અપાય છે.

૨. સ્ત્રી. પશુને થતો એક જાતનો રોગ.

૩. સ્ત્રી. સ્વાર્થની ઇચ્છાથી સામા માણસને સ્પષ્ટ વાત ન કહેવી તે.

ગળજૂપો ૧. પું. ગળે બાંધવાનું કપડું.

૨. પું. ફાંસો.

૩. પું. ડૂંડિયો.

ગળજ્ઞ પું. મદ; અભિમાન; છકી જવાપણું

ગળતી ૧. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

૨. સ્ત્રી. ગળવાનું કામ આવવાળું સાધન.

૩. સ્ત્રી. છીપવાળાં પ્રાણીઓનો પાલખાનો નળાનો બનેલો મૂલનો સ્નાયુમય ભાગ. તેમાંથી પ્રાણીની જમરી ધાર પાછળ બાજુ તરફ મંદી નાખવામાં આવે છે એટલે તેના વમળથી પ્રાણી આગળ ચાલી શકે છે.

ગળણીપેક (ગળણીપક) ન. પાણી ટપકીને જેવું થાય તે જવાનું ઉટ, પત્થર વગેરે જરી તૈયાર કરેલું તળિયું; 'ફિલ્ટર બેડ.'

ગળણું ૧. ન. ગોળ્યો.

૨. ન. ઝોકરાને નિશાળે બેસાડવાનો નિધિ.

૩. ન. ઢાંકણ.

૪. ન. પાણી વગેરે પ્રવાહી ગળવાનું કપડું; ગાળવાનું સાધન.

૧. ગામને મોઢે ગળણું બંધાય નહિ = દુનિયા દેખે તેવું આપે; લોકોને દીક્ષ કરતાં અટકાવી શકાય નહિ.

૨. સાત ગળણે ગળીને પાણી પીવું-સો ગળણે ગળીને ગાત કરવી = બહુ સંભાળપૂર્વક જોવું.

ગળત ૧. વિ. ખોવાયેલું.

ગળત કરવું = હજમ કરી જવું; ખાઈ જવું; ઓળવી દેવું.

૨. વિ. ગળતું; ગળ્યા કરે એવું.

૩. વિ. નાખાવાદાર; ખોટું; બસલ.

૪. વિ. ખૂબ ભરેલું.

ગળતકઢોહ (ગળતકોઢ) જુઓ ગળતકોઢ.

ગળતકોઢ જુઓ ગળતકોઢ.

ગળતકોઢ [સં. ગલિત + કુષ્ઠ] પું. હાથ પગનાં આંગળાં સડીસડીને ખરી પડતાં જેવો ગોઢ ભયંકર ચેપીરોગ; પિત્ત, શરીર અને અવયવોને સડાવી ગાળી નાખનારો કુષ્ઠ રોગ.

ગળતકોઢિયું વિ. ગળત કોઢવાળું; જેના કોઢનાં ચાઠાંમાંથી રસી નીકળ્યા કરતી હોય એવું; રક્તપિત્તવાળું.

ગળતર ન. તેલ વગેરેના ડબામાંથી તેલ ગળી જતાં આવતી ખોટ.

ગળતરાત્ર સ્ત્રી. મધ્યરાત્રી અને પ્રભાત વચ્ચેનો સમય.

ગળતરિયું જુઓ ગળતિયું.

ગળતળ ન. ઘસવું તે; ઘસારો.

ગળતા ન. એ નામનું ગામ. ત્યાં રામાનુજાચાર્યની ગાદી છે.

ગળતિયું ૧. ન. ઢોર કે માણસ ખોરાક પૂરતો લે છતાં નબળું પડતું જાય અને છેવટ તદ્દન અશક્ત બની જાય તેવું એક દરદ.

૨. ન. પાણી કે બીનાશથી જમીનમાં જેનો રસ ઊતરે એવું ગળી ગયેલું મોઝેલ ખાતર.

૩. વિ. અશક્ત; નિર્માલ્ય; જોર વિનાનું.

ગળતી ૧. [સં. ગલિત્ર] પું. ખોરાક લેવા જતાં શરીર શુક્રનું જાય જેવો ક્રોધ રોગ; સુજરોગનો એક ભેદ.

૨. સ્ત્રી. જેમાંથી ધીરે ધીરે ઝીણી ધારે પાણી ટપક્યા કરે એવા છિદ્રવાળી ઝારી; અહાદેવ ઉપર પાણી ગળતું રાખવા લટકાવાતું પાત્ર.

૩. સ્ત્રી. ચૂસચૂક; ક્ષોષ.

ગળતું ૧. વિ. નબળું પડ્યું; શરીરમાં કુબ્બું જતું.

ગળતી ગોદડીએ = બીજે ખોટ; બીજે તોરણે; ક્રમ કે અર્થની સિદ્ધિ થવા સિવાય; આવ્યા તેમના તેમ.

૨. વિ. પડતું.

૩. વિ. પીગળતું; ગળી જતું.

ગળતી પીઠ = ભાવમાં ચડતી જતી સોંઘારત.

૪. વિ. ચટકતું; ઝરતું.

ગળતેશ્વર ન. મહી નદીને કાંઠે આવેલું એ નામનું જાહરેલું એક પ્રાચીન મંદિર.

ગળથૂથી સ્ત્રી. તરત જન્મેલા બાળકને ટોચા માટે ગોળ, ઘી અને પાણી વગેરે ભેગાં કરીને બનાવેલું પેય; બાળઘૂટી. ક્રોધનો મર્મ, અજમોદ, વાવડિંગ, વાપુડા, મરઘટિમી, સરસવ, રાઈ, વરિયાળી, બાવળ, સૂંઠ, સંચળ, સૂવા, અજમા, કાચો, કટકી, હરિત્ર, હીરાબોળ, એલચી, નાગકેસર, કસ્તૂરી અને તજ સમભાગે વાટી કપડે ગાળી રાખવું. તેમાંથી ચપટી જેટલું ગોળના પાણીમાં નાખી તેમાં માખણ ઘી જરા નાખી ગરમ કરી જન્મેલા બાળકને ચાર દિવસ પાવું. બાળક એક મહિનાનું થયા પછી આમાંથી ચપટી જેટલું ચૂર્ણ ગાયના ઘીમાં ચટાડવું. તેથી બાળક નીરોગી રહે, પુષ્ટ થાય અને કાંતિ વધે એમ મનાય છે

ગળદાર્ઢ સ્ત્રી. વાયુની છબ્બે ઋતિથી થતી જેજેની.

ગળધરી સ્ત્રી. અજીર્ણને લીધે અથવા પિત્તવિકારથી ગળામાં થતી ગળતરા; પિત્તવિકારની તીવ્રાવસ્થા ગળામાં થતી અસર.

ગળધાર્ઢ જુઓ ગળધરી.

ગળધાણી સ્ત્રી. ઘી ગોળનો પાક કરી અથવા ગોળની ચાસણી કરી તેમાં ગોકેલા જુવાર અથવા મકાઈ નાખી કામમાં પાથરીને પડાતાં ચોસલાં.

ગળધી જુઓ ગળધરી.

ગળનકોઢ પું. એક જાતનો રોગ; ગલકુષ્ઠ.

ગળપ સ્ત્રી. ગળી જાય એમ.

ગળપટો ૧. પું. ગળે વીંટવાનો પટો.

૨. પું. ગોળાનો એક જાતનો દાગીનો.

ગળપટ્ટો જુઓ ગળપટો.

ગળપણ ૧. ન. ગોળ અથવા ખાંડ જેવો મીઠો સ્વાદ; ગળ્યો સ્વાદ; મીઠાશ.

૨. ન. ગોળ કે ખાંડ જેવી ગળી વસ્તુ.

ગળપાપડી (ગળપપડી) સ્ત્રી. ગળપોપડી; ઘઉંનો પકવાન.

ગળપાપડો પું. (બા. રૂ.) ગળપાપડી.

ગળફો ૧. પું. ગોકણરખા તારમાં આવતો નાનો ડૂચો.

૨. પું. ખોંખારવાથી કે ઊધરસથી છાતી અને ગળામાંથી છૂટું પડતું શ્લેષ્મ; બલગમ; ગળખો; કફનો લોંદો.

ગળબંધ પું. ગળપટો.

ગળબંધિન ૧. ન. ગોબમદારી; ગોબમ.

૨. ન. ફિકર; પરવા.

૩. ન. બેચાકેચા.

ગળભાણું ૧. ન. ઘઉંના લોટને શેકી તેમાં ગળ્યું પાણી નાખી ઉકાળીને બનાવેલું પેય; ગળવાણું.

૨. ન. દરદનું એક બીજવણું.

ગળભીંડું ન. એ નામની એક રમત. તેમાં સામાવાળાને પોતાના કૂંડાળામાં રોકી રાખવાનો હોય છે.

ગળવણ ન. સમપણ કર્યા પછી જેવાઈઓના પ્રથમ મેળાપ વખતે લેવાતું ગોળનું પાણી અથવા જમણ.

ગળવાઈ સ્ત્રી. ઘીરડીના વાડમાં તૈયાર કરેલાં ગોળનાં માટલાં રાખવાનું બનાવાય જેવું સ્થાન.

ગળવાણ ૧. ન. ગળપણ; મીઠાશ.

૨. ન. ગળ્યો પદાર્થ.

૩. ન. ઘઉંનો લોટ ઘીમાં શેકી તેમાં દૂધ રેડી ખાંડ નાખી રોટલી સાથે ખાવાનો પાતળો પદાર્થ.

ગળવાણું જુઓ ગળભાણું.

ગળવાવ સ્ત્રી. ચિચોડો ગાળતો હોય ત્યારે માંડવાની અંદર ગોળનાં ભીલાં તથા માટલાં રાખવા ચોરસ ખોદેલો ખાડો; ગોળનાં ભીલાં ભરવાનો બનાવ્યા પાસે ગાળેલો ખાડો.

ગળવાનું ન. વિ. ગળ્યું મોઢું થઈ જવું.

ગળવું ૧. અ ક્રિ. પ્રવાહુ; અંદર ઊતરી જવું.

૧. કાદવમાં ગળી જવું = માટીમાં ઊતરી જવું.

૨ ગળતી ગોદડીએ = પરવામાં પહેલાં અંતરાય.

૨. અ. ક્રિ. કૂવામાં ડૂબવું

૩. અ. ક્રિ. ઓવાનું.

૪. અ. ક્રિ. બનવું જવું.

૫. અ ક્રિ. ટીપું ચવું.

૬. અ. ક્રિ. નકામું થવું.
૭. અ. ક્રિ. નાસ પામવું; દૂર થવું.
૮. અ. ક્રિ. પાકવું; દાળનું પાકવાની તૈયારી પર આવવું.
૯. [સં. ગલ્] અ. ક્રિ. પ્રવાહીનું કોઈ પાત્ર કે વસ્તુમાંથી છિદ્રદ્વારા બહાર નીકળવું; ચૂવું; ટપકવું; ઝમવું; ઝરવું.
નાક ગળવું = નાકમાંથી લીટ વહેવું.
૧૦. અ. ક્રિ. પાકવું; ચડી જવું; એકરસ થવું.
૧૧. અ. ક્રિ. ઓગળવું.
૧૨. અ. ક્રિ. મોટા જથ્થામાં વેચાવું.
૧૩. અ. ક્રિ. મૌન રહેવું; ચૂપ રહેવું; ઉત્તર નહિ આપવો.
૧૪. અ. ક્રિ. રસકસ જતો રહેવો; તવાઈ જવું.
હાડ ગળવું = (૧) શરીર નબળું થઈ જવું. (૨) હાડકું દુઃખવું.
૧૫. અ. ક્રિ. વરસવું.
૧૬. અ. ક્રિ. વિકારનું અંદરને અંદર વિખરાઈ જવું.
માંદ ગળવી = માંદ ઓગળવી.
૧૭. અ. ક્રિ. સાકર, ગોળ વગેરે પદાર્થનું હવા પાણી અથવા તાપથી એકરસ થઈ જવું; ઓગળવું; પીગળવું.
૧૮. અ. ક્રિ. આખું ને આખું ગળે ઉતારવું; ચાવ્યા વિના ગળી જવું.
ગળી જવું = (૧) ગળે ઉતારવું. (૨) લીન થવું; એકતાન થઈ જવું.
૧૯. સ. ક્રિ. ચાળણીથી ચાળવું.
૨૦. સ. ક્રિ. શુદ્ધ કરવું; મેળ અથવા કચરા રહિત કરવું.

ગળશુંડી સ્ત્રી. કફ અને લોહીના પ્રકોપથી ગળામાં થતો સોજો.

ગળશુંડું જુઓ ગળશુંડી.

ગળસ પું. એકતા; એક મન થવું તે.

ગળસવું સ. ક્રિ. ખાવું; ગળવું.

ગળસુખડી (ગળસુખડો) સ્ત્રી. ગળચોપડી; ઘડેનો પકવાન.

ગળસુડા (ગળસુડ) ન. ગળાણ; ગળું સૂજી આવવું તે.

ગળસુતી જુઓ ગળપૂતી.

ગળસુદી જુઓ ગળપૂતી.

ગળસુનાં ન. બ. વ. ગાલપચોળાં.

ગળસુનો જુઓ ગળસુળો.

ગળસુબ્બો પું. ઢોરને થતો એક જાતનો રોગ.

ગળસુરિયા ન. બાળકનો એક રોગ.

ગળસુળો પું. (વૈદ્ય) . નબિનો સોજો. ગાલપચોળિયાં.

ગળસુહો પું. ઢોરને લાગુ થતો એક રોગ. તેમાં મોંમાંથી લાળ પડે છે અને જીભ મોંની બહાર દેખાય છે. ગળસુહો ચેપી રોગ છે. ઉંમર અને નાનાં પાડાને આ રોગ લાગુ પડે છે. પાણીના ભરણવાળા નીચાણ જમીનમાં આ રોગ થાય છે. એકાએક કેટલાંક જનાવર માંદાં થાય છે અને મરી જાય છે. તેમાં મરણનું પ્રમાણ છ૫ થી ૮૦ ટકા હોય છે. તેમાં સખત તાવ આવે. આંખો, નાક અને મોઢું લાલચોળ થાય. ગળા અને તેની આજુબાજુમાં દુઃખદાયક સોજો સોજો ચડે. આ સોજો કેટલીક વખત ગળે, માથે અને આગલા પગે પ્રસરે છે. જીભ ઘણી જ સૂજેલી હોય છે. કેટલીક વખત એક અથવા બે કલાકમાં પશુનું મરણ નીપજે છે. આ રોગના બીજા પ્રકારમાં આંતરડામાં સોજો આવે છે. પછી ચૂંક, ઝાડો અને મરડો થાય છે. આ રોગના ઉપચારમાં ગળે ગમવાનો રિવાજ છે. પણ ગમવું એ બિનજરૂરનું અને ખાતરી છે. શ્વાસ રૂંધાઈ ગયો હોય અને દાક્તરની મદદ મળી શકે તો શ્વાસનળી ખોલવાની શસ્ત્રક્રિયા કરવાથી કોઈ વાર ફાયદો થાય છે. દરદ ચોકું હોય અને દવા ગળે ઊતરી શકે તેમ હોય તો પાકેર મીઠું, અરધો શેર મોળ, અબોળ સુરોખાર એક શેર ગરમ પાણીમાં ભેળવી પાઈ દેવું. રોગ કેવાતો અટકાવવા માટે ઢોરને સાજાં ઢોરથી જુદાં રાખવાં. માંદા ઢોરનું ખાણ, મૂતર અને લોહી દાટવું અગર બાળવું. મૂકવાં બાળવાં અગર દાટવાં. પાણી અને ખોરાક સ્વચ્છ આપવાં. જે જગ્યાએ પાણી ભરાઈ રહેતું હોય અને જ્યાંથી રોગ થતો હોય તેવી જગ્યાએ ઢોર ચરવા કાઈ જવાં નહિ અને બની શકે તો તેવી જમીનને વાડ કરવી.

ગળસુંદી સ્ત્રી. ગળપૂથી.

ગળસુંદું ન. ગળશુંડી; ગળું સૂજી આવવું તે; ગડમાળ.

ગળસૂથી જુઓ ગળસુદી.

ગળસો પું. રમજાનમાં દાઢી કરવાનો ધંધો.

ગળસોડા (ગળસોડ) પું. કાનની જડથી ગાલ સુધી સોજો આવે એવો ઘોડાનો એક રોગ.

ગળહરણ ૧. ન. ગળાનો ભાગ.
૨. ન. ગાલ સુધીનો ચહેરાનો એક ભાગનો ભાગ.

ગળહૂતી જુઓ ગળપૂથી.

ગળા સ્ત્રી. દીપ પ્રગટાવવાની દાંડી.

ગળાઈ ૧. સ્ત્રી. ગળવા અથવા ગાળવા બદલ કે ગાળવાના બદલા આપવું મહેનતાણું.
૨. સ્ત્રી. ગળાવવાનું કામ.

ગળાઉ ૧. વિ. ઓગળી જનારું; સેળભેળ બનાવું; ગળી જનાર.
૨. વિ. ગળી ગયેલું; ગળતિયું; રસવાળું; સાવ સડી ગયેલું.

ગળાકંદ જુઓ ગળાકાપુ.

ગળાકાપુ ૧. પું. કસાઈ.
૨. વિ. ખૂની; ગળું કાપનાર.
૩. વિ. દગાખોર; વિશ્વાસઘાતક.

ગળાગળ અ. ગળા સુધી; ગળા સુધી પહોંચે એમ.

ગળાચીપ સ્ત્રી. ગળે આવેલી ભીંસ; ગળાનો દુઃખો; ગળું દબાવવું તે.

ગળાછંક વિ. ગળા સુધી ભરપૂર; છલોછલ.

ગળાજોળી સ્ત્રી. ભાંગેલા હાથને આધાર આપવા ગળામાં નાખેલી ઝોળી.

ગળાદૂંપો ૧. પું. ગળા ઉપર હાથ વડે મારેલો તે.
૨. પું. ગળું દાબી મારી નાખવું તે.
૩. પું. ગળે ઢોરડું બાંધી લટકીને મરી જવું તે.

ગળાદ્રવ્ય ૧. ન. ગાળેલી વસ્તુ.
૨. ન. ટપકેલું પ્રવાહી.

ગળાત પું. સામાને ગળે હાથ મૂકી સોગન ખાવા તે; ગળું કાપવાનું પાપ થાય તેવા સોગન.

ગળાફાંસ પું. ફાંસીએ લટકાવવાનો દોરડાનો ગાળો.

ગળાફાંસું વિ. વિશ્વાસઘાત કરનાર; દગાખોર.

ગળાફાંસો પું. ગળે ફાંસો આપી મરી જવું તે.

ગળાફૂલો પું. ગળસુંઢો; ઢોરના ગળાની અંદર સોજો ચડી ફોલ્લા ઉપડવાનો એક રોગ.

ગળાબંધણ ૧. ન. ગળે વળગેલું હોય તેનો ભાર.
૨. ન. પાલનપોષણ.

ગળાબૂડ ૧. વિ. ગળું બૂડી જાય એટલું ઊંડું.
૨. ન. હદ ઉપરાંત; પારું જ.

ગળાબોળ જુઓ ગળાબૂડ.

ગળામણ ૧. ન. કૂવા તળાવ વગેરે ખોદી આપવાનું મહેનતાણું.
૨. ન. માંડ, સાકર, ગોળ વગેરે ગળી વસ્તુ; ગળ્યો પદાર્થ; ગળપણ.
૩. ન. ગળ્યાનો કચરો; ગળતાં જે કાંઈ નીકળ્યું હોય તે; નીચે ઠરેલો મેલ.

૪. સ્ત્ર. ગળવાની રીત.
૫. ન. ધાતુ વગેરે ગાળી આપવાની મજૂરી.

ગળામણી જી. ગાળવાની મજૂરી; ગાળવાનું સવાજબ; ગળામણ.

ગળાયો પું. સુકાઈ ગયેલી બોરડીનું બળું; બોરડીનાં બળાંનો જથ્થો; પાલરૂ.

ગળારા ૧. જી. લેઉઆ તથા કડવા કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગળાવવું ૧. સ. ક્રિ. ગળે ઉતારે એમ કરવું.
૨. સ. ક્રિ. ગાળે તેમ કરવું; ગાળવાનું કહેવું.
૩. સ. ક્રિ. સાફ કરાવવું.

ગળાવું ૧. અ. ક્રિ. ગાળ્યું હોય અથવા ગાળો રાખ્યો એવું થવું.
૨. અ. ક્રિ. ધાતુનું તાપ લાગવાથી રસરૂપ થવું.
૩. અ. ક્રિ. સુકાઈ નિર્માલ્ય થઈ જવું; ઘસાવું; ઓછું થઈ જવું.

ગળાવો પું. ગાળનાર માણસ.

ગળાહ પું. પ્રેમભાવ; સ્નેહ.

ગળિયળો પું. શેરડીના રસનો ગોળ બનાવનારો માણસ.

ગળિત વિ. નીકળી ગયેલું; ગળાયેલું.

ગળિયલ ૧. જી. એ નામની ભંગીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. ગળાયેલું; ગળિત.

ગળિયાગોટી જી. છોકરાંઓની એ નામની એક રમત.

ગળિયારહાટ ન. ગળિયારાની દુકાન કે બજાર; ગળાનો રંગ ચડાવનાર કે તે રંગનું કાપડ વેચનારની દુકાન કે બજાર.

ગળિયારા ૧. જી. એ નામની એક હિંદુ જાતિ. તે ભાવસારનો એક પેટા વર્ગ છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ગળિયારાવાડ (ગળિયારાવાડ) જી. શહેરના ભાગમાં કપડાં રંગનાર લોકો વસતા હોય તે લત્તો. ચોરાશી આહેરનું એ નામનું એક ચોટું.

ગળિયારી ૧. જી. ગળિયારાની સ્ત્રી.
૨. ન. ગળીવાળું લૂગડું.

ગળિયારો ૧. પું. ગળી પકવનાર માણસ.
૨. પું. ગળીથી કપડાં, સૂતર વગેરે રંગનારો માણસ; રંગારો. સિદપરાજ મુજબ આ જાતિને નગરના પ્રસિદ્ધ કોલુમાં વસાવવી જોઈએ.

ગળિયું ૧. [સં. ગલિત] વિ. ગળી ગયેલું; ટીલું; એવું ઊંચે નહિ એવું નિર્માલ્ય જેના પગમાં શક્તિ ન હોય એવું.
૨. વિ. નાખુશ; બેદિલ.
૩. વિ. હઠીલું; જક્કી.

ગળિયેર જુઓ ગળિયેલ.

ગળિયેલ ૧. વિ. શ્રમ કરતાં થાકીને બેસી જાય એવું.
૨. વિ. ગળી પડે તેવું.
૩. વિ. ગળીના રંગનું; નીલું; ભૂરું; ગળીવાળું.
૪. વિ. ગ્રસવાળું.

ગળિયો ૧. પું. ગાડીનો ગોળો.
૨. પું. કણબાની ગારનો લોચો કે પિંડ; માટીનો પિંડો.
૩. પું. કાંટાનો જથ્થો; ઉપાડો; ભારો.
૪. વિ. અડિયલ; હઠીલું; જક્કી.
૫. વિ પું. થાકી જતો; બેસી જતો; પંક્ચર. ગળિયો બળદ = બરાબર કામ ન કરી શકે અથવા કામ કરતાં કરતાં અટકી જાય એવો બંદ માણસ.

ગળી ૧. જી. અવાજ; સૂર; કંઠ.
૨. જી. એ નામની વનસ્પતિના પાંદડાંમાંથી નીકળતું સત્ત્વ; નીલો રંગ.
૩. [સં. નીલી] જી. એક જાતની વનસ્પતિ. તેના છોડ બેથી ત્રણ ફૂટ ઊંચા થાય છે. તેને કાપી એક મોટા કુંડમાં ખુબડી મૂકવાથી સડીને તેનો રસ પાણીમાં ઊતરે. છોડનાં કાંબળાં પાણીમાંથી કાઢી નાખી રસવાળા જેવા પાણીને ખૂબ વલોવી કરવા કરતાં નીચે બેસતા આસમાની રંગનાં બારીક આજે છે. કુંડમાંથી નીતરેલું પાણી કાઢી નાખી રંગની ગોળીઓ વગાય છે. તે રંગાટીના કામમાં આવે છે. આ છોડનાં પાન અળસી જેવાં ચોળચક પડતાં હોય છે. તેનાં ફાનની નળક્ક ગોલ બીના લોચા હોય છે. તે ચૂમડાં, ચાંદાં ઉપર લગાડાય છે. કાળા વાળ કરવામાં પણ તે મેંદીનાં પાનના અનુપાન સાથે વાળને લગાડાય છે. ગળીની જડમાં ઝેર નાશ કરવાનો અને પાંદડામાં નિર્બળતા નષ્ટ કરવાનો ગુણ છે. કાગળના સોજા ઉપર ગળીનાં પાંદડાં મધની સાથે વાટીને લગાય. મગજે પાણીમાં ઉકાળી પથરી ઉપર લગાવ છે. પાંદડાંને વાટી ચેપુ ઉપર ચોપડવાથી પેશાબનો બંધ છૂટે. કોલેરાની બીમારીમાં ગળીનું ચૂર્ણ અપાય છે. તેની કુમળી ડાળીઓનો રસ મધની સાથે મેળવી નાનાં બાળકોના મોઢામાં થતી ગરમી દૂર કરવા અપાય. આ છોડ ખાંસી, કૃમિઓ અને ગુરદામાં થનાર વ્યાધિ, હૃદયનો ધબકારો તથા ઝેરોના રોગમાં ઉપયોગી મનાય છે. ગળી શોધક, તીખી, કડવી, વાળને હિતાવહ, ઉષ્ણ તથા સારક છે અને શ્લેષ્મ, ઉદરરોગ, મોહ, હૃદયરોગ, ભ્રમ, વાતરક્ત, ઉદાવર્ત, આમવાત, કૃમિ, ઉપરસ, વિષ, ગુલ્મ, તાવ, કોઢ, કૃમિ અને પ્લીહાના રોગનો નાશ કરે છે. તેમાં કાર્બનના ૧૬, હાઇડ્રોજનના ૧૦, નાઇટ્રોજનના ૨ અને ઑક્સિજનના ૨ ભાગ હોય છે. ગાઢનાં પાંદડાંઓમાંથી પણ ગળી બનાવવામાં આવે છે. સને ૧૮૭૦ની સાલથી કૃત્રિમ ગળી બનાવવા ઘણા પ્રયાસ થયા છે. તેથી મોટા પ્રમાણમાં ક્રોસ અને બ્લેમર ડિંટમાંથી બનતી અને તેની વપરાશ એ દેશો ડિંટ પાસેથી લીધ્યા. ડિંટમાં તેનું નામ નીલ છે, તે ઉપરથી ફિરંગીઓ તેને અનીલ કહેતા અને બારનો નીલ કહેતા.

ગળી આપી—નાખવી = બદીસ વગેરેના સહારામાં તેણે મંદી ઉપર અમુક રકમ લેવાની અમુક રીતની શરત મારવી.

૪. વિ સ્ત્રી. સ્વાદમાં મીઠી.

ગળીચળી જી. અકળામણ; ગલીપચી.

ગળીવિંછી (ગળીવેંછી) જી. પૂરણપોળી.

ગળું ૧. [સં. गल] ન. ગરદન; ધડ અને મસ્તકની વચ્ચેનો અવયવ; જે બખાની વચમાં આવેલો અને જેની ઉપર અથવા જેને આધારે મસ્તક રહેલું છે તે શરીરનો એક ભાગ; કંઠ.

૧. ગળકટો—ગળાકાપુ = (૧) કસાઈ; જલાદ. (૨) ગળાં કાપનાર; ઠગ; વિશ્વાસઘાતી.

૨. ગળાકાંસુ = ખૂની; ગળે ફાંસો ભેરવી મારી નાખે એવું.

૩. ગળા સુધી = (૧) ઘણું; પુષ્કળ; ફાંસી ફાંસીને. (૨) પૂરેપૂરું; મનમાન્યું; સંપૂર્ણ.

૪. ગળા સુધી આવી જવું = બહુ કંટાળી જવું; કંટ થઈ જવી.

૫. ગળાનો હાર = અત્યંત પ્રિય; ઘણું વહાલું.

૬. ગળામાં ઘાલવું = એકબીજા ઉપર મરી પડવું

૭. ગળામાં ડાબ ઘાલવી = મૌન રહેવું; બોલબોલ ન કરવું.

૮. ગળામાં જોતરું આવ્યું = (૧) બંધનના ભ્રમમાં પકડાયેલું બોલવું; પીડા વળગવી. (૨) પોતાના ભ્રમમાં નડે એવું કોઈ બીજાનું ભ્રમ માથે આવવું.

૯. મગજમાં–મગે ટાંટિયા આવવા = મગે ટાંટિયા ભરાવા હોય એવી સાહ્યમાં આવી પડવું; ઘણી જ મુસીબતમાં આવી પડવું; કષ્ટ ભોગવવા એવા સ્થિતિમાં આવી પડવું; મુશ્કેલીમાં આવી પડવું.

૧૦. ગળામાં લેવું = (૧) માથે લેવું. (૨) સ્વીકારવું, કબૂલી લેવું.

૧૧. ગળું આવવું–આવી જવું = ગળામાં સોજો થવો, ગળામા ચાંદાં પડવાં.

૧૨. ગળું કરવું = (૧) ગળે છરી ફેરવવી; મારી નાખવું, કષ્ટ દેવો. (૨) ગોકરાંના ગળામાં થયેલા દુ:ખને દૂર કરવું. (૩) દગો કરવો; ઊતરવું.

૧૩. ગળું કાપવું = (૧) મરદન કાપવી. (૨) દગો દેવો. (૩) હાનિ પહોંચાડવી, નુકસાન કરવું.

૧૪. ગળું ઝાલવું = (૧) જબરીથી ગળામા બળતરા થવી. (૨) બોલી ન શકવું.

૧૫. ગળું દબાવવું = (૧) ગળાને એવા જોરથી પકડવું કે શ્વાસ ન લઈ શકાય; રૂંધવી નાખવું. (૨) ગળું દબાવી મારી નાખવું. (૩) બળજબરી કરવા.

૧૬. ગળું પકડવું = (૧) ખાતાં અથવા બોલતાં અટકાવવું. (૨) ઝાલવી પકડવી. (૩) લાંચ ખાતાં પકડવું.

૧૭. ગળું પડવું = (૧) ભાંગવાથી, ખેંચાવાથી કે પછાડથી છોકરાંને ગળાનો કાકડો બસી જવો. તેમાં તાળવામાં ખાડો પડવાથી બાળક ધાવી શકતું નથી. આ દરદમાં ઝાડો પાતળો હોય, પાણીનો શોષ પડે, હોઠ તથા મોમાં દરદ થાય અને ધાવણ અથવા દૂધ બાળક ઓકી કાઢે. (૨) મોળ ચીજનું એક જ ભાગમાં પસાઈ જવું.

૧૮. ગળું બેસી જવું = ગાવાથી, રોવાથી અથવા શોષથી અવાજ નહિ નીકળવો; ભાડા ખોખરા અવાજ્યનું થવું.

૧૯. ગળું ભરાઈ આવવું–ભરાવું = (૧) દુ:ખને લીધે ન બોલી શકાવું. (૨) રોવું.

૨૦. ગળું રેસવું = (૧) મરદન મારવું. (૨) દગો કરવો; દગો દેવો.

૨૧. ગળે આણવું – કટાળે એમ કરવું.

૨૨. ગળે આવવું = (૧) કટાળી જવું. (૨) ગજરાઈ જવું (૩) મુસીબત પડવી

૨૩. ગળે ઉતારવું = (૧) ગળા વાટે પેટમાં જાય એમ કરવું. (૨) ગળે ઊતરે એમ કરવું; ખાતરી કરાવવી.

૨૪. ગળે ઊતરવું = (૧) ગળાને રસ્તે પેટમાં જવું. (૨) પસંદ પડવું. (૩) મગજમાં ઠસવું; ખાતરી થવી.

૨૫. ગળે પડવું = બહુ સતાવવું; બહુ દુ:ખ દેવું.

૨૬. ગળે બાંધું મણી જવું = તરસને લીધે ગળું સુકાઈ જવું.

૨૭. ગળે ઘાલવું–નાખવું = (૧) ગળામાં મારવું; ધોંચવું. (૨) બીજાને માથે નાખી દેવું; ઓઢાડી દેવું; ઠોળી પાડવું; જવાબદારી કોઈને માથે નાખવી. (૩) માથે ચોરી લેવું. (૪) સોંપવું.

૨૮. ગળે છરી મૂકવી = (૧) કોઈ માર્યું જાય તેમ કરવું. (૨) કોઈને નુકસાનમાં ઉતારવું, પાયમાલ કરવું. (૩) ધમકી બતાવવી. (૪) મુશ્કેલીમા કે હાનિમાં ઉતારી દેવું. (૫) વિશ્વાસઘાત કરવો

૨૯. ગળે જોતરું ઘાલવું = જોખમદારી આપવી; કોઈ નવા કામમાં કે જંજાળમાં પડેલાવકેલું નાખવું.

૩૦. ગળે ઝાલવું = (૧) પરાણે કામ કરાવવું, કામમાં ઉતારવા કરાવવી. (૨) બોલી ન શકવું. (૩) મુશ્કેલીમાં આવી પડવું; આફત કે સંકટમાં આવી પડવું.

૩૧. ગળે દાટિયા ભરવા = (૧) જોખમદારી નાખવી. (૨) સામાને બાઝી પડવું.

૩૨. ગળે દોરી આવવી = પ્રાણ ઈધાણ અને આકાશમાંથી યમ જેવી સાહ્યમાં આવી જવું; કોઈ પ્રાણ આવવા; કષ્ટ ઉપર આવવું; કષ્ટ ભોગવવા એવી સ્થિતિમાં આવી પડવું.

૩૩. ગળે નખ આવવા = મુશ્કેલીમાં આવવું.

૩૪. ગળે નખ મારવો = ગુંગળાવીને મારી નાખવું.

૩૫. ગળે નાખવું = માથે ઠોળી પાડવું; જવાબદારી અથવા જોખમ કોઈને માથે નાખવું.

૩૬. ગળે પડવું = (૧) આગ્રહ કરાવવું; તહોમત મૂકવું; દોષ દેવો. (૨) કબૂલ કરવાની ફરજ પાડવી; સામા માણસને કરવાની જરૂર પડે એવા અતિશય કાલાવાલા કરવા. (૩) બહુ વાંસે લાગીને કામ કરાવવું. (૪) વગર હકે જબરદસ્તીથી આગળ પારકું છતાં પોતાનું છે એમ કરી દાવો કરવો. (૫) વળગવું.

૩૭. ગળે પાણી આવવું = બહુ દુ:ખી થવું.

૩૮. ગળે પાણી ન પડવા દેવું = અતિશય સંતાપવું; ક્રોધ વાળીને બેસવા ન દેવું; ઘણી ઘણી રીતે દુ:ખ દેવું.

૩૯. ગળે ફાંસો આવવો = મુશ્કેલીમાં આવી પડવું; કષ્ટના જોખમમાં આવી પડવું, સપડાવું; ફસાવું.

૪૦. ગળે બંધાવું = પોતાને માથે આવી પડવું; જોખમદારી વહોરાવી.

૪૧. ગળે બાંધવું = (૧) આરોપ મૂકવો. (૨) કબૂલાત આપવી. (૩) જોખમદારી લેવી. (૪) જોરજુલમ કરવો. (૫) પાલણપોષણ કે દેખરેખ કરવા અર્થે કોઈનો હવાલો લેવો.

૪૨. ગળે બેસવું = (૧) પરાણે વળગવું. (૨) પૈસા સંબંધી ધસારો આપવો. (૩) મનમાં ઠસવું; ખાતરી થવી.

૪૩. ગળે લાગવું = (૧) ચોંટવું રહેવું; વળગી રહેવું. (૨) સ્વાદમાં ખૂબ યાદ રહેવું.

૪૪. ગળે વળગાડવું = કોઈની ઉપર નાખી દેવું.

૪૫. ગળે વાત = હદ નિશ્ચય; ન ભુલાય એવું કામ.

૪૬. ગળે હાથ = ગળાના સોગન.

૪૭. ગળે હાથ નાખવો = પ્રેમના આવેશમાં આલિંગન કરવા જવું.

૪૮. ગળે હાથ ફેરવવો = સોગન ખાવા.

૪૯. ગળે હાથ મૂકવો = ગળાના સોગન ખાવા; સમ ખાવા.

૫૦. ગળે હોવું = ચીવટ હોવી; અંત હોવી.

૫૧. ગળેથી છૂટવું = આપી દેવાની ઇચ્છા થવી.

૨. સ. ઘાટનો સાંકડો ભાગ.

૩. સ. મુખ અને નાસિકા દ્વારા અન્ન, પાણી અને પવનને શરીરની અંદર જવા આવવાનો નળ; મુખની અંદરની બારીનો નળ.

૪. સ. વિદ્યુધિ; ચૂમકું.

૫. સ. સાદ; અવાજ; સ્વર.

ગળૂંબંધ જુ. ગળે અપોઆપ થાય એવું એક ઘરેણું.

ગળેચી સ્ત્રી. ઢોરનો એક જાતનો રોગ. તેમાં ઢોરને ગળા નીચે ગાંઠ થાય અને તેમાંથી લાળ જેવો ચીકણો પદાર્થ ઝરે.

ગળેચીપ સ્ત્રી. ગળું દાબી નાખવું તે.

ગળેટૂંપો જુ. ગળેફાંસો; ગળાટૂંપો.

ગળેપડુ (ગળેપડ) ૧. વિ. આક્ષેપ મૂકનાર; આગ ચડાવનાર.

૨. વિ. ગળે પડે એવું; પૂછ્યા જતાં પૂછનારને જ બાધી પડે એવું.

૩. વિ. પારકી વસ્તુ બચાવી પાડનાર.

ગળેફાંસો જુઓ ગળેટૂંપો.

ગળેબંધ ૧. જુ. ગલપટો; ગળે વીંટવાનો પટો.

૨. જુ. ઢોરનો એક જાતનો દાગીનો.

૩. જુ. મણકા તથા કડીઓ ઘડીને ગૂંથેલી છે. વીંટીઆવાળી જળી.

ગળેબંધણી સ્ત્રી. ફળોજણ; ઉપધિ.

ગળેહું ૧. વિ. ઍકરસ થયેલું; ગલિત.
૨. વિ. ગળ્યું હોય એવું; સ્વચ્છ; ચોખ્ખું; જેમાંથી કચરો કાઢી નાખ્યો હોય એવું.
૩. વિ. થાકી ગયેલું.
૪. વિ. નાસીપાસ થયેલું; નાહિંમત.
૫. વિ. પોકલું; ઢીલું થયેલું; પોચું પડેલું.
૬. વિ. સાંકડું બનું હોય એવું.
૭. વિ. હડીકું; જક્કી.

ગળેવાન ૧. પું. અંગરખામાં ગળા આગળનો ભાગ.
૨. પું. બળદ કે ઘોડાને ગળે બાંધવાનું ઝોંટિયું.

ગળેળો પું. ગોળ રાંધનાર માણસ; ગળાળો.

ગળો ૧. પું. આસક્તિ; મોહ.
૨. પું. ટેવ; લત; આદત.
૩. પું. વહેમ; શંકા.
૪. સ્ત્રી. ઍક જાતની કડવા સ્વાદની વેલ; ગળવી લતા. દેસી વૈદ્યકમાં ગળો બહુ જ જાણીતી વનસ્પતિ છે. તેને મધી તેમાંથી ક્રિસ્ટલિન જેવું કડવું સત્ત્વ કાઢવામાં આવે છે હીમડાની ગળો ઉત્તમ ગણાય છે. ગળોનો રસ તીખો, કડવો અને તૂરો છે. ગળો બલકારક, મધુર, અગ્નિપ્રદીપક, હલકો, હૃદયને હિત કરનારી, આયુષ્યને આપનારી તથા જ્વર, દાહ, તૃષા, રક્તદોષ, વમન, ભ્રમ, પાંડુરોગ, પ્રમેહ, ત્રિદોષ, કમળો, આમ, ઊધરસ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતરક્ત, કંડુ, મેદ, વિસર્પ, પિત્ત અને કફને દૂર કરે છે. ગળો બીની સાથે આવાથી વાતનો, ગોળની સાથે આવાથી મળબદ્ધતાનો, આંકની સાથે આવાથી પિત્તનો, મધની સાથે આવાથી કફનો, ઍરંડિયા તેલની સાથે આવાથી વાયુનો અને સૂંઠની સાથે આવાથી આમવાતનો નાશ કરે છે. ગળોનાં પાદડાંનું શાક ગરમ, હલકું, ગરપડું, કડવું, પચવાને સમયે મીઠું, અગ્નિને દીપન કરનારું, બલકારક, મલરોધક, ત્રિદોષનાશક તથા વાતરક્ત, તૃષા, દાહ, પ્રમેહ, અને પાંડુ રોગનો નાશ કરનાર મનાય છે. ગળોનું સત્ત્વ સ્વાદિષ્ટ, પથ્ય, હલકું, દીપન, આખને હિતકારી, ધાતુવર્ધક, મેધાજનક તથા વાતરક્ત, ત્રિદોષ, પાંડુરોગ, તીવ્રજ્વર, વમન, જીર્ણજ્વર, પિત્ત, કમળો, પ્રમેહ, અરુચિ, શ્વાસ, ઊધરસ, હરસ, ક્ષય, દાહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર, સોમરોગ, પિત્ત, પ્રમેહ અને શર્કરાના રોગ દૂર કરનાર મનાય છે. રોગ અથવા બીજા કોઈ પણ કારણને લીધે આવેલી નબળાઈમાં જ્યારે માણસ ચરબીવાળા ખોરાકનાં દ્રવ્યોમાંથી પૂરતું પોષણ મેળવવાની ક્રિયા કમજોર બની હોય તેવા સંજોગોમાં પોષણ તરીકે ગળોમાંનું ગ્લુકોસાઇડ બહુ ઉપયોગી નીવડે છે, અને શરીરમાં સર્વ રમણે થતો બગાડો અટકાવે છે. ગળોમાંનું સ્ટાર્ચનું સત્ત્વ સ્થાનિક અસર કરે છે અને તેના વડે હોજરી તથા આંતરડાની ત્વચાને સ્નેહન મળે છે. આ કારણે ગળોને આકરી ગણવામાં આવી છે. ગળોનાં મૂળ, ડાળી અને પાદડાં દવા તરીકે વપરાશમાં આવે છે. ગળોનો સ્વરસ બનાવવાની જુદી જુદી ઘણી વિધિ છે. દ્રવ્યગુણજ્ઞોએ ન ડહોળી, અગ્નિતાપ વડે ન સાંકેલી, અરાસ ઢવાયી ન બગડેલી, બહુ પાણીના જોરથી વિકૃત ન બનેલી અને સ્મશાન, કબ્રસ્તાન અને બરાબ જમીનમાં સ્પર્શ વડે ગુણથી ભ્રષ્ટ ન થયેલી ગળોને નક્કી કરેલે દિવસે તોતરી, વિધિ પ્રમાણે બીજે દિવસે લાવી, રોગનો નાશ કરવાની સબળ ભાવનાપૂર્વક તે જ વખતે કચરી કપડામાં ઘાલી તેનો રસ નીચોવી લેવો. તેને અંગરસ કે સ્વરસ કહેવામાં આવે છે. ઍક શેર લીલી ગળોમાંથી ૭ થી ૯ રૂપિયાભાર સ્વરસ નીકળે છે. સોળ તોલાભાર સૂકી ગળોને આડી, ભમણ્યા પાણીમાં પલાળી, આઠ પહોર પછી મસળી, કપડા વડે તેનું પાણી ગાળી લેવામા આવે તેને પણ સ્વરસ કહે છે. કદાચ લીલા વનસ્પતિ ન મળી શકે તો સુકાયેલી વનસ્પતિને કૂટી તેને તેનાથી આઠ ગણા પાણીમાં નાખી ઉકાળવી. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લેવું. તેને પણ સ્વરસ કહે છે. ગળોની ફંટ બનાવવા તાજી લીમડાની ગળો ૬૪ તોલા લઈ તેના નાના નાના ટુકડા કરવા અને તેને છૂંદીને ઍક વાસણમાં નાખવા. તેની ઉપર ખૂબ ઊકળતું પાણી અઢી શેર નાખી વાસણનું મોં બંધ કરી બે કલાક તેમ રાખવું. પછી પાણીને ખૂબ હલાવી તેને ગાળી લેવું. ગળોનું ચૂર્ણ બનાવવા શુદ્ધ સુકાયેલી ગળોને બારીક ખાંડી કપડાથી ગાળી લેવી. ગળોનું સત્ત્વ બનાવવા માટે તેના બહુ ઝીણા નહિ તેમ બહુ જાડા નહિ તેવા મધ્યમ કદના વેલા લઈ તેના બારીક ટુકડા કરી સારી પેઠે ખાંડી છૂંદો કરી પાણીમાં પલાળવા. પાણી સાથે બરે હાથે સારી પેઠે મસળવા. ખૂબ મસળ્યા પછી તે કૂચો કાઢી નાખવો. તે પાણીને ચાર પાંચ કલાક રહેવા દેવું. તે પછી આછરી જાય એટલે ઉપરનું પાણી કાઢી નાખવું અને વાસણને તળે બેસી ગયેલો સફેદ પદાર્થ લઈ લેવો. તે પાણીવાળો હરો તો દવામાં સાખવાથી સુકાઈ જશે. આ પદાર્થને ગળોનું સત્ત્વ કહેવામાં આવે છે. ઍક બહુ સારી જાતની ગળોમાંથી અર્ધોથી પોણે રતલ સત્ત્વ નીકળે છે. સત્ત્વ કાઢવા માટે માહ, ફાગણ અને ચૈત્ર માસ વધારે અનુકૂળ છે. ગળોનું ઘન બનાવવું હોય તો ઉપર પ્રમાણે સત્ત્વ કાઢતી વખતે ઉપરની જે આઠ બીજા વાસણમાં રાખી હોય તેને ખૂબ ઉકાળવી. ઉકાળતાં તે ઘટ્ટ થઈ જાય ત્યારે તેને ઉતારી લઈ થાળીમાં ઠલવી સૂકવવી. તડકે સુકાતાં કાળા રંગનો જે પદાર્થ થાય તેને ઘન કહેવામાં આવે છે. હિંદની ઔષધિમાં આ ઍક દિવ્ય ઔષધિ ગણાય છે. આબાલવૃદ્ધ નરનારીઓ લાંબા સમય સુધી આ ઔષધિનું સેવન કરે તોપણ શરીરમાં કોઈ જાતની વિકૃતિ થતી નથી. નાની કરિયાદો માટે વૈદ્ય પાસે જઈ દવા લાવવાનું મન ન થાય તેવે પ્રસંગે આ ઔષધિની બનાવટ કષ્ટ છે. ઋતુનાં અથાણાં તથા મુરબ્બાઓ જેમ પ્રતિવર્ષ દરેક કુટુંબ બનાવી સાચવી પ્રસંગે વાપરે છે, તેવી રીતે ગળો ઘરમાં રાખવી એ હિતાવહ છે. વર્ષાઋતુ, શરદઋતુ અને જ્યારે લીલી ગળો મળી શકે તેમ હોય ત્યારે લીલી મંગાવી વાપરવી, પણ જ્યારે લીલી ન મળે ત્યારે સૂકી ગળો વાપરવી. બધી ગળોમાંથી અર્ધો મણનો ઘન કરી તેની ગોળી વાળી રાખી મૂકવી. આ ગોળી સત્ત્વગુની કહેવાય છે. બીજા અર્ધા મણ ગળોનું ચૂર્ણ જ્યારે જરૂરિયાત હોય ત્યારે કરી લેવું. આ ચૂર્ણ ચૂર્ણ તરીકે અથવા હિમ અને ક્વાથ કરીને ઉપયોગમાં લેવું. ગળોને ગુચ્છદાર લીલા રંગનાં ચણા જેવડાં ફળ આવે છે. તે પાકે છે ત્યારે તેનો રંગ રાતો હોય છે. અંદર બીજ હોય છે, તે દિદલ હોય છે. તેનું મૂળ જાડું અને કંઈ જેવું હોય છે. ફૂલ ચોમાસાની મોસમમાં આવે છે. શિયાળા ઉનાળામાં પાંદડાં કે ફળ હોતાં નથી. ગળોની ઉત્પત્તિ હિંદુસ્તાનના બધાખરા પ્રાંતમાં સર્વત્ર થાય છે. એ બીજા ઝાડ ઉપર ચડનારી વેલ છે. કેટલેક ઠેકાણે એ ખડકના આશ્રયે પણ થાય છે. તેને ખડકી ગળો કહે છે. એ ઘણી મોટી હોઈ એનાં લાકડાં ઘણાં જાડાં હોય છે. જૂની ગળોના વેલા બહુ જાડા હોય છે. કુમળા વેલાની છાલ કોમળ અને લીલા રંગની હોય છે. આ વેલાને પાદડાં ઍક ઍક અંતરે આવે છે. પાંદડાની લંબાઈ પહોળાઈ ૬ થી ૯॥ આંગળ હોય છે. ફૂલોની નર અને માદા એવી બે જાતિ હોય છે. નરજાતિનાં ફૂલનો સમૂહ હોય છે અને માદા જાતિનાં ફૂલ હંમેશા ઍક ઍક જ હોય છે.

ગળોગળ ૧. અ. અંત સુધી
૨. અ. ગળાગળ; ખૂબ.

ગળોટિયું ન. માથું જમીન ઉપર રાખીને અવાતું ગડથોલું; ગોથું; ગલોટિયું.

ગળોટી જી. ગળે બાંધવાની ચૂડાની પટ્ટી; 'નેકલેસ.'

ગળોહ ૧. પું. કોશની રાસડીને બંને છેડે ગાંઠ વાળવાને બદલે રખાતો લાકડાનો કટકો.
૨. પું. સળાડિયાના સંચકામાંની દોરી જેના ઉપર અધર રહે તે ચક્કર.
૩. પું સીંચણિયા વગેરેમાં રહેલો બાંધવાળો લાકડાનો કટકો
૪. જી. ઢોરની મોરીમાં લાકડાની ઢાંચ.

ગળોતાં ન. બ. વ. ગેરુનું પાણી બનાવી માટીના કાચા ઘડા ઉપર કરતા ગોળાકાર લીટા.

ગળોસત જુઓ ગળોસત્ત્વ.

ગળોસત્ત્વ [સં. ગુડૂચીસત્ત્વ] ન. ગળોનું સત્ત્વ.

ગળ્યાં ચીરિયાં ન. બ. વ. અથાણાની ગળી કેરી.

ગળ્યું વિ. જેમાં મળપદાર્થ હોય એવું; મીઠું; મીઠાવાળું.
ગળ્યું મોઢું કરવું = સગાઈ કરવી કે થવી.

ગળ્યું અધ વિ. અધ, સાકર જેવું બહુ ગળ્યું.

ગળ્યું સાકર વિ. અધ, સાકર જેવું બહુ ગળ્યું.

ગંગ ૧. પું. (પિંગળ) નવ માત્રાનો એક માત્રામેળ છંદ, તેને છેડે બે ગુરુ હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ આવે છે.
નવ મત્ત આણો, તે ગંગ જાણો;
ગુરુ બે જ છેલ્લા, કવિએ કહેલા. ઇન્દુપિંગળ
૨. પું. હિંદી ભાષાનો એ નામનો એક કવિ. પ્રાયઃ બાદશાહ આ પ્રખ્યાત કવિ પાદશાહનો બંદીજન હતો. કવિતાની લહેરમાં ઉરમત ભાવ સ્પષ્ટ કહેવામાં તે કોઈની દરકાર કરતો નહિ. અકબર પાદશાહની એના ઉપર અત્યંત પ્રીતિ હતી.
૩. જી. ગંગા નદી.
ગંગ નાહવું = (૧) ગંગાજીમાં નાહવું. (૨) ન્યાલ થવું.
૪ જી. દેવી.
૫. જી. નદી.

ગંગચીલ ૧. ન. એક જાતનું પક્ષી; મોટી પાખવાળી દરિયાઈ મરઘી.
૨. ન. ગંગા નદીના પ્રદેશની સમઢી.

ગંગજટાધર પું જટામાં ગંગાને ધારણ કરનાર શંકર

ગંગજલ ન. ગંગાજીનું પાણી; ગંગાજળ.

ગંગડી જી. એક જાતનું ઝાડ.

ગંગડી (ગંગડો) જી. કશ્મીરમાં બળે લટકાવવાની ન.ની સગડી.

ગંગણપટ પું. ગણગણપટ.

ગંગતિરિયા જી. એક જાતનું ઝાડ; હોલેલિયો. તે પાણીવાળી જમીનમાં થાય છે.

ગંગતોય ન. ગંગાજળ.

ગંગત્યરામદ જી. ગંગા નદીના કાંપથી બનેલી જમીન

ગંગત્યરાર જુઓ ગંગત્યરામદ.

ગંગત્યર પું. ગંગાનો કિનારો.

ગંગમેના જી. એક જાતનું પક્ષી; જળાશયના કિનારે ફરતી એક જાતની મેના.

ગંગરી ૧. જી. એક જાતનો કપાસ.
૨. જી. કશ્મીરમાં ઠંડીમાં બળામાં રાખવાની સગડી; ગંગડી.

ગંગલ ન. એક જાતનું ઝાડ; ગલગોલ; ગગડી.

ગંગલા પું. ગંગકમાં આવેલ એ નામનો એક નાનો ચોરસ કુંડ. શ્રાદ્ધ કરાવવા આવેલ યાત્રાળુઓ પોતાના બાપાના ઊતરાવેલ વાળ આ કુંડમાં નાખે છે.

ગંગલી ચાંચરુ ૧. જી. ગંદી અને કુવડ જી.
૨. જી. ઢંકરવા માટેની એક જાતની ચી.

ગંગવંશ પું. અત્યારના વખતમાં તુંગભદ્રાની આસપાસના કર્ણાટક પ્રદેશમાં રાજ્ય કરતો એક વંશ.

ગંગવે ન. ગંગાજીનું જળ; ગંગાજળ.

ગંગશિકસ્ત ૧. પું. નદી તૂટવાથી બનેલ જમીન.
૨. પું. નદીનું પાણી ઉપયોગમાં લેવા માટે નદી આડો બંધાતો બંધ.

ગંગસલિક જુઓ ગંગમેના.

ગંગા ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે પંચા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૨ લઘુ મળી ૨૯ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.
૨. જી. ઇડા નાડી.
૩. જી. એ નામનું તીર્થસ્થાન. ત્યાં અર્જુને પોતાની વનવાસદીક્ષા દરમિયાન યાત્રા કરી હતી.
૪. જી. ગંગાજળ.
૫. જી. નદી; સરિતા.
૬. જી. ભાવન જળરશ્મિ વેલતામાંની એક.
૭. [સં. गम् (જવું)] જી. હિંદુસ્તાનની એ નામની મોટી પવિત્ર નદી; જાહ્નવી; ભાગીરથી. ગંગા હિમાલયમાંથી નીકળે છે. આ નદી બધી પવિત્ર મનાય છે. કહેવાય છે કે તેનું એક જ ટીપું પીવાથી મનુષ્ય દુર જતા રહે છે. મેગેસ્થનિસ, પ્લીની વગેરે મુસાફરોએ તેનાં ગુણ વખાણ્યા છે. તેમના મત પ્રમાણે આ નદીમાંથી કીમતી ધાતિજ મળી આવતી. હિમાલય પર્વતમાંથી નીકળતી હોઈ તેનું પાણી અમૃતની પેઠે મનુષ્યનાં દુઃખ મટાડનાર મનાય છે. અત્યારે પણ યાંગત્સેક્યાંગ નદી પછી બીજે નંબરે ગંગા નદી સોલેપયોગી મનાય છે. તે સ્વર્ગથી ભૂમિ ઉપર આવી હતી. તેણે શાંતનુ સાથે વિવાહ કર્યા પછી શાંતનુને તજીને શિશુ ભીષ્મને લઈને સ્વર્ગલોકમાં ગમન કર્યું હતું. પછી તે નદીરૂપે ભૂમિ ઉપર અવતરી હતી. તે ભીષ્મની માતા મનાય છે. ગંગાનો પુરુવંશમાં બ્રહ્મજ્ઞાતમાં સ્વર્ગવાસી હતો. ભાગવત પ્રમાણે તે પ્રથમ આદિપુરુષ મરિચિની દીકરી છે. બીજા જન્મમાં વિષ્ણુના પાદમાંથી નીકળી. વામન અવતારી વિષ્ણુએ બલિરાજા પાસેથી ત્રણ ડગલાં ભૂમિ માગી. બલિરાજાએ વરદાન આપ્યું. પહેલે ડગલે પૃથ્વી, બીજે સ્વર્ગ અને ત્રીજે ડગલે વામને બલિરાજાનું મસ્તક કમરી નાખ્યું. સ્વર્ગમાં જ્યારે બીજું પગલું મૂક્યું ત્યારે દેવો ભયભીત થઈ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ પવિત્ર પાણીથી વામનનું પાદપ્રક્ષાલન કર્યું તેથી વામન સંતુષ્ટ થઈ ગયા અને સાથી જતા રહ્યા. પરંતુ તે પવિત્ર પાણીમાંથી ગંગાજી ઉત્પન્ન થયાં. જેમ જેમ તે મોટાં થયાં તેમ આખા સ્વર્ગમાં તે ફરી વળ્યાં અને તેનો પુરુષપ્રતાપ સ્વર્ગલોકમાં ચોતરફ ફેલાઈ ગયો. ચૌદ લોકના કર્તાહર્તા પ્રલયકાળ વખતે ગંગાજીને બિલકુલ અસર ન કરી. તેથી તેને બહુ અભિમાન આવ્યું અને મદાંધ બની તેણે પાણી ઉછાળવા માંડ્યું. આ પાણીના ઊંચાઊંચા છાંટા કૈલાસ પર્વત ઉપર પડ્યા. શિવ બહુ ગુસ્સે થયા અને ગંગાને પોતાની પાસે બોલાવી તેના અહંકાર માટે મનુષ્યની દીકરી થવાનો શાપ આપ્યો. એ શાપ સાંભળી ગંગા અનુતાપ કરવા લાગી. પશ્ચાત્તાપ સાથે શિવને દયાની પ્રાર્થના કરી. શિવે પ્રસન્ન થઈ જણાવ્યું કે પોતે પણ મનુષ્યનો અવતાર ધારણ કરશે, તેણીને પરણશે અને બંને પાછાં સ્વર્ગમાં જશે. ઠરીકત શાપ પ્રમાણે બની. શ્રુતદેવ રાજાની દીકરી તરીકે ગંગાનો પૃથ્વી ઉપર જન્મ થયો. ખટપટી નારદે આ સુંદર રાજકન્યાનું લગ્ન એક અરણ્યવાસી સાથે કરાવ્યું. આ અરણ્યવાસી શિવ પોતે જ હતા. ત્યારપછી શિવ તેને કૈલાસ ઉપર લઈ ગયા. પાર્વતીની બીકથી શિવે ગંગાને પોતાની જટામાં સંતાડી હતી. એક દિવસ પાર્વતી તેને જોઈ ગયાં. તેથી તેણીએ શિવ અને ગંગા બંનેને શાપ આપ્યો. ગંગા સ્વભાવે ભોટ હોઈ પોતાના પિતા શ્રુતદેવ રાજાને ત્યાં સંતાઈ ગઈ. પરિણામે પૃથ્વી ઉપર પાણીની આફત થઈ. પાર્વતીને એક દિવસ ધાર્મિક ક્રિયા માટે

પાણીની જરૂર પડી પણ તે મળ્યું નહિ. તેથી તેણે ગંગાને બોલાવવા શિવને આગ્રહ કર્યો. શિવે ગંગા પાસે વિદ્યેશ્વરને મોકલી માફી માગી. માફી મળી ગઈ અને ત્યારપછી ગંગા પાછી આવી અને બંને સપત્નીઓ સુખેથી સાથે રહી. ઉપરનો બનાવ તેનો ઉદાર અને ક્ષમાવાન સ્વભાવ સિદ્ધ કરે છે. નીચેના બીજા પ્રસંગમાં પણ તે જ સ્વભાવ દર્શાવેલ છે. તેના એક માનવી જન્મમાં તે શ્રીકૃષ્ણને વરી. રાધાને તેની ઈર્ષા થઈ અને તેણે ગંગાને ગાળો દીધી. ગંગા શ્રીકૃષ્ણ હતી તેથી તે શ્રીકૃષ્ણના પગમાં સમાઈ ગઈ. તેથીની ગેરહાજરીથી સ્વર્ગમાં પાણીની તંગી થઈ. દેવતાઓ વિષ્ણુ પાસે મદદ માગવા ગયા અને ગંગાને છોડવા પ્રાર્થના કરી. પ્રાર્થના પ્રમાણે કરવામાં આવ્યું અને બદલામાં પોતાના વાસણમાં ગંગાનું પાણી લઈ તેને સ્વર્ગમાં આણ્યું. આમ ગંગા પાછી સ્વર્ગમાં આવી અને વિષ્ણુની પત્ની તરીકે રહી. એક સમયે વિષ્ણુ ભગવાન આદિ શેષનાગની શૈય્ય ઉપર તેમની બે પત્ની લક્ષ્મી અને સરસ્વતી સાથે બિરાજમાન હતા. બે સુંદર દેખાવ જોઈ ગંગા લીન થઈ ગઈ. વિષ્ણુ તરફ દૃષ્ટિ રાખી તે તન્મય થઈ ગયાં. બે જોઈને વિષ્ણુએ હાસ્યથી તેને ચુંબન કર્યું. તરત જ ઈર્ષાળુ સરસ્વતીએ કોપાયમાન થઈ ગંગાને ગાળો દીધી. બંનેએ સામસામા નદીરૂપે જન્મ લેવાના શાપ આપ્યા. લક્ષ્મી તિરસ્કારની નજરથી આ દૃશ્ય હાસ્યથી જોઈ રહેલ. તેથી તેને વિષ્ણુએ શાપ આપ્યો. વિપદગંગાના સ્વરૂપમાં તેણી સ્વર્ગમાં ચોમેર ફરી વળી અને પાણીની મુશ્કેલી દૂર કરી. એક સમયે તેણી અગ્નિદેવને મદદ કરવા ગઈ. પાર્વતીએ પોતાના નહિ જન્મેલા પુત્રના ગર્ભનો ભાર અગ્નિ ધારણ કરે એવો અગ્નિદેવને શાપ આપ્યો હતો. અગ્નિદેવ આ સહન ન કરી શકવાથી ગંગા પાસે ગયો અને તે ભાર ઊપડી લેવા તેણીને પ્રાર્થના કરી. પરોપકારી ગંગાએ તરત જ હા પાડી અને તેણીએ કાર્તિકેય અથવા કુમારનો જન્મ આપ્યો. આથી તેણી કુમારસ પણ કહેવાય છે. અયોધ્યાના સૂર્યવંશી રાજા ભગીરથ ઉપર તેણે ઘણી કૃપા કરી હતી. સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રો અશ્વમેધનો ઘોડો સાચવતા હતા. આ ઘોડો પાતાળમાં લઈ જવામાં આવ્યો. પૃથ્વી ખોદી બધા દીકરાઓ ઘોડાની શોધમાં પાતાળમાં પેઠા. ત્યાં તેઓએ ધ્યાનમગ્ન બેઠેલ કપિલ મુનિનું અપમાન કર્યું. કપિલ મુનિના ક્રોધથી સર્વે પુત્રો ભસ્મીભૂત થઈ ગયા. ઘણાં વર્ષો પછી સગરના પૌત્ર અંશુમાન રાજા તેના કાકાઓની શોધમાં નીકળ્યા. તેણે કપિલ મુનિને પ્રાર્થના કરી કે કૃપા કરીને તે ૬૦,૦૦૦ને માફી આપો. ત્યારે કપિલે ખુશ થઈને કહ્યું કે અંશુમાનના દીકરાના દીકરાનો દીકરો ભગીરથ ગંગાની સહાયથી તે ભસ્મીભૂત થયેલ પુત્રોનો ઉદ્ધાર કરશે. ભગીરથે જન્મ્યા પછી ગંગાને પ્રાર્થના કરી અને તેમના તપથી પ્રસન્ન થઈ નીચે પૃથ્વી ઉપર આવવાનું ગંગાએ કબૂલ કર્યું. પરંતુ તેના નીચે આવવાથી થતા પ્રપાતનો ભાર કોણ ઝીલી શકશે તે માટે તેને ચિંતા થઈ, કારણકે પૃથ્વી ઉપર સીધી રીતે પડે તો પૃથ્વીને ચીરી નાખે. શિવ પાસે જઈ ભગીરથે તેમને ગંગાનો પ્રપાત ઝીલવાને વિનંતિ કરી. શિવે હા પાડી, અને તે શિવગિરિ શિખર ઉપર ગંગાને ઝીલવા માટે ઊભા રહ્યા. છેવટે ગંગા આકાશમાંથી નીચે પડી. શિવે ભગીરથ જ્યાં તપ કરતા હતા તે જગ્યાએ કેટલાંક પાણીનાં ટીપાંઓ પડવા દીધાં. આ પાણીનાં ટીપાંનું બિંદુસાર નામનું પાણીથી સરોવર થઈ ગયું અને તેમાં ગંગાજી પુરાઈ ગયાં. સગરના પુત્રોનો ઉદ્ધાર થયો અને તે સ્વર્ગે પહોંચ્યા. વિષ્ણુના પગના અંગૂઠા આગળથી ગંગા વહે છે એવી માન્યતા છે. ગંગા પૃથ્વી ઉપર પડી તેથી પૃથ્વી ગુસ્સે થઈ. આ ગુસ્સાથી પૃથ્વીને બચાવવા શિવે ગંગાને જટામાં ઉપાડી અને તેમાંથી સાત ફાંટા (સપ્ત સિંધવ) થયા. ગંગા એ સાત ફાંટા મહિની એક છે. ઓચિંતી પૃથ્વી ઉપર પડવાથી જહ્નુ ઋષિના તપમાં ભંગ થયો અને ગુસ્સામાં ઋષિ ગંગાજી પી ગયા, પણ પાછળથી દયા લાવી ઋષિએ પોતાના કાનમાંથી વહેવા દીધી. તેથી ગંગાને જાહ્નવી કહે છે. ૧૨૬૦૦ કીટની ઊંચાઈએથી ગંગા નદી નીકળે છે. તિબેટ તરફના હિમાલયમાંથી પહાડો ઉપર મોટા ધોધમાં પસાર થઈ તે નીચે આવે છે. તે જગ્યાએ તેને ગોમુખી નામ આપવામાં આવ્યું છે. ગોમુખી પવિત્ર સ્થાન મનાય છે. ગંગાના મૂળ તરફના ભાગને ભાગીરથી ગંગા કહે છે. આ શાખા તિબેટ તરફથી આવતી જાહ્નવીને મળે છે. અલકનંદાની બીજુમાંથી ગંગાનો મુખ્ય પ્રવાહ અલકનંદાને મળે છે. આગળ ચાલતાં બીજુ અને નાના ટેકરામાંથી થઈ તે હરદ્વાર આગળ હિંદના મેદાનના પ્રદેશમાં આવે છે. હરદ્વારનો અર્થ શિવ અથવા વિષ્ણુનું દ્વાર એવો થાય છે. ઉપરના ભાગ નજીક રામગંગા નામની શાખા તેને મળે છે. અહીં આદમોરા, રાણીખેટ અને નૈનીતાલ આવેલાં છે. નદીના પાણીનો પૂ ભાગ ખેતીવાડીની નહેરમાં વાળવામાં આવ્યો છે. આ પ્રવાહ ૭૦૦૦ ચોરસ માઈલ જગીનને પાણી પાઈ કાનપુર આગળ ગંગાને મળી જાય છે. અલ્લાહાબાદ આગળ ગંગા જમનાનો સંયોગ થાય છે. ત્યારપછી તેને ગોગા નદી મળે છે. આગળ જતાં કર્નાલી, ગંડકના સાત પ્રવાહ, ઘોસી અને શોણ તેને મળે છે. ગૌડથી સોડ દક્ષિણે અને સાગરથી ૨૦૦ કે ૩૦૦ માઈલ દૂર ગંગાના ફાંટા પડે છે. તે ફાંટાઓમાં ૩૨૦૦૦ ચોરસ માઈલ ત્રિકોણાકાર પ્રદેશ આવેલ છે. મુખ્ય ફાંટો પદ્મા કહેવાય છે. તે બ્રહ્મપુત્રાને મળે છે. બંનેનાં એકત્ર પાણી રાજમહાલ અને ગારો પર્વત વચ્ચેથી અનેક શાખાઓમાં બંગાળના ઉપસાગરમાં પડે છે. ગંગાનું મુખ મેઘના નદી છે. મેઘના એ પદ્માનો ફાંટો છે. આ જગ્યાએ પાણી તોપની માફક ધૂમવાટ કરતું ઝડપથી વહે છે.

૧. ગંગા અસનાન = (૧) ગંગા નદીમાં નાહવું તે. (૨) કાર્તિક મહિનાને છેલ્લે દિવસે ગંગા નદીને કાંઠે ભરાતો મેળો.

૨. ગંગા ઉઠાવવી = ગંગા નદીના સોગદ ખાવા.

૩ ગંગા કરવી = નાહવું.

૪. ગંગા નાહવું = મુક્ત થવું; પાપ અને દુઃખમાંથી છૂટવું.

૫. ગંગા ભાગીરથી = ગંગા અને ભાગીરથી જેવી પવિત્ર. વિધવા સ્ત્રીઓ માટે આમ લગ્નાય બોલાય છે.

૬. ગંગા સ્વરૂપ = ગંગાના જેવી પવિત્ર, વડીલ અને આદર કરી વિધવા સ્ત્રીને માટે વપરાય છે.

૭. ગંગાના હસ્તમ આવા = ગંગાનું પાણી લઈ સોગંદ આવા.

૮. ગંગાના પ્રવાહ જેવી ધારા = અસ્ખલિત બોલવાની છટા.

૯. ગંગાને કિનારે કૂતો ખોદવો = મૂર્ખનું કર્તવ્ય.

૧૦. ગંગાનો પ્રવાહ = જેને દોષ લાગે નહિ એટલું જ નહિ પરંતુ જે દોષનું પણ નિવારણ કરે એવું; પવિત્ર.

૧૧. ઘેર બેઠાં ગંગાજી આવે ત્યારે મોઢું ધોવા જવું = આવતો લાભ જતો કરવો.

૧૨. નાત તો ગંગાનો પ્રવાહ છે = નાતને દોષ લાગતો નથી; નાતમાં જે કાંઈ થાય તે પવિત્ર ગણાય. એ તો ઊલટું દોષને ટાળે છે.

ગંગાઅવતરણ ન. ગંગાજીનું નીચે આવવું તે.

ગંગાઈ ન. એક જાતનું કામરચીતરેલ વાઘાળ પછી.

ગંગાકા [સં.] જુઓ. ગંગા નદી.

ગંગાકુંડ પું. હિમવંત પર્વત ઉપર રહેલ એક કુંડ. તેમાંથી ગંગા નીકળે છે.

ગંગાકૂટ પું હિમવત પર્વતનું એક શિખર. તેમાંથી ગંગા નદી નીકળે છે.

ગંગાક્ષેત્ર [સં.] ન ગંગા નદીના બંને કાંઠા ઉપર આવેલી જમીન.

ગંગાગતિ જી. મોક્ષ; મુક્તિ.

ગંગાગોળી ૧. જી. એક જ ઉલેચણે જેમાંથી સો કોઈ પાણી પીવું હોય એવો ચોળા, ગંગા જેવી સદા પવિત્ર ગોળી. તે ગોળામાંથી બોલે વાસણો જ પાણી કાઢીને પીવાય છે. તેથી મરકરીમાં તે ગંગાગોળી કહેવાય છે.

૨. જી. સર્વના ઉપયોગમાં આવતી હોય એવી વસ્તુ

ગંગાચાંદરડું (ગંગાચાંદરડું) ન. આકાશગંગા.

ગંગાચાંદરણું જુઓ ગંગાચાદરડું.

ગંગાજ ૧. [સં.] પું. કાર્તિકેય સ્વામી.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાજન્મ ૧. પું ગંગાનો જન્મ.

૨. પું. જેઠ સુદિ ૧૦નો દિવસ. તે દિવસે ગંગાનો જન્મ થયો હોવાનું મનાય છે.

ગંગાજમના ૧. જી. ૧. ૧. બે નામની બે નદી

૨. જી. કોઈ ચીજનું મિશ્રણ.

૩. જી. પુષ્કળ આંસુ; બંને આંખમાંથી ખૂબ આંસુ સારવાં તે.

૪. જી. વ્યાજ ગણવાની એક રીત. તેમાં દેણદારે ભરેલા રકમનું વ્યાજ તેના જમે લેવામા આવે છે, અને આખી રકમનું વ્યાજ તેને ખાતે માંડવામાં આવે છે.

ગંગાજમની ૧. જી. એક જાતની તલવાર. તે ઊંચા પ્રકારના પોલાદની બનેલી મનાય છે. "હરહર મહાદેવ" એ અક્ષર તેના ઉપર કોતરેલ હોય છે.

૨. જી. એક જાતની દાળ. તેમાં અડદની દાળનું મિશ્રણ હોય છે.

૩. જી એક જાતનો હીરો.

૪. [હિ.] જી. કાનની એક જાતની વાળી.

૫. જી સોના અને રૂપાના બંને તાર હોય તેનું જરીનું કામ.

૬. વિ. ગંગા અને જમનાના પ્રવાહની માફક બેઉ બાજુ જુદા જુદા રંગનું હોય એવું; એક તરફ એક અને બીજી તરફ બીજો રંગ હોય એવું. બે રંગનું. ગંગાનું પાણી સફેદ અને જમનાનું પાણી કાળું હોય છે એનો સંગમ થયા પછી પણ કહે છે કે એકત્ર વહેતા પ્રવાહમા કાળો અને ધોળો રંગ દેખાઈ આવે છે. તે ઉપરથી બે જાતનું જુદા જુદા રંગ હોય એવી કોરને જાયલા કાપડને ગંગાજમની કહેવામાં આવે છે.

૭. વિ. જુદી જુદી ધાતુઓનું બનેલું.

૮. વિ. સફેદ અને કાળું.

૯. વિ. સેળભેળ કરેલ.

ગંગાજમની જાય = વચમાં મૂળ લખાણ અને તળેઉપર ટીકા હોય એવી અપલીની રીત.

ગંગાજળ ૧. [સં. ગંગાજલ] ન. ગંગાનું પાણી.

૨. ન. પ્રમાણમાં વધારે પાણી હોય એવી દાળ.

૩. ન. બારીક સફેદ કપડું.

૪. ન. ખોટેલું સેળભેળ પાણી. મોટા પંથમાં ગોગાસ્નરમાં બેસી બંને બાજુથી બે ખોટા પાણીના ભરેલ હોય તે સૌ થોડું થોડું વસ્ત્રગિત ભેદ રાખ્યા વિના પીએ છે. અર્થાત્ બે ખોટા ભેગા થાય ત્યાં એકબીજા ખોટાનું પાણી સેળભેળ કરી દેવાય છે. તેને ગંગાજળ કહે છે.

૫. ન. સ્વચ્છ પવિત્ર પાણી.

૬. વિ. પવિત્ર.

૭. વિ. શુદ્ધ; સ્વચ્છ; નિર્મળ.

ગંગાજળિયા ૧. જી. કણબી, સુતાર અને ખારવાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગંગાજળિયું ૧. ન. પાણી ભરવાનું ઉપરથી સાંકડા મોઢાનું અને નીચેથી પહોળા પાટનું વાસણ.

૨. વિ. ગંગાજળ જેવું.

ગંગાજળિયો ૧. પું. પ્રવાસમાં ગંગાજળ લઈ જનાર માણસ.

૨. પું ઘોડાની એક જાત.

૩. વિ. પું. મંદિરમાં પાણી ભરનારો.

ગંગાજળી ૧. જી. કાપડની એક જાત.

૨. જી ગંગાજળ ભરી રાખવાનું પાત્ર; ગંગાજળનો કંમ્બુ.

ગંગાજળી ઉડાવવી = ગંગાજળ હાથમાં લઈને સોગંદ ખાવા.

૩. જી. ઘઉંની એક જાત.

૪. જી. ઘોડાની એક જાત.

૫. જી. તાળાકુંડી.

ગંગાજળું ૧. વિ. ગંગાના પાણીના રંગનું.

૨. વિ. ઘોડાની એક જાતનું.

ગંગાજાત ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાજાત્રા જી ગંગા નદીની યાત્રા.

ગંગાજી જુઓ ગંગા.

ગંગાટી [સં.] જ. એક પ્રકારનું ઝાડ; ગગેટી.

ગંગાટીકરી જી. લાલ પથ્થર; સ્લેટ ઉપર લખવાને એક જાતનો પોચો પથ્થર.

ગંગાતટ [સં.] પું. ગંગાનો કિનારો.

ગંગાતીર જુઓ ગંગાતટ.

ગંગાતનય ૧. [સં.] પું. કાર્તિકેય.

૨. પું. ગંગાનો પુત્ર; ભીષ્મ.

ગંગાદત્ત જુઓ ગંગાતનય.

ગંગાદશરાહરા પું. હસ્ત નક્ષત્રમાં જેઠ સુદિ ૧૦ ને સોમવારની તિથિ. આ તિથિ સર્વ પાપોનું હરણ કરવાવાળી મનાય છે. આ દિવસે ગંગાજી પૃથ્વી ઉપર ઊતર્યાં હતાં તેથી તે દિવસે ગંગાસ્નાન કરવાથી સર્વ પાપનો નાશ થતો હોવાનું કહેવાય છે.

ગંગાદીવ પું. ગંગાદેવીના ભવનવાળો એ નામનો બેટ.

ગંગાદુહાઈ [હિ.] જી. ગંગાજીના સોગંદ.

ગંગાદ્વાર [સં.] ન. હરદ્વાર; માયાપુરી. આ પવિત્ર તીર્થસ્થાનમાં પ્રતીયે તપ કર્યું હતું.

ગંગાધર ૧. [સં.] પું. ગંગાને ધારણ કરનાર શિવ; શંકર; મહાદેવ.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ રગણ મળી ચોવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મંગોહક; સ્વૈરિણીક્રીડન.

૩. પું. લીલાવતી નામના ગ્રંથ ઉપર અમૃતસાગર નામની ટીકા લખનાર એ નામનો વિદ્વાન.

૪. પું. સમુદ્ર; દરિયો.

૫. ન. એક ઔષધનું નામ; ગંગાધરરસ.

ગંગાધરચૂર્ણ ન. ઝાડા ઉપર અપાતું એક દેશી ઔષધ. તેમાં મુસ્તા, સ્પોનક, સૂંઠ, લોદર, પતંગપુષ્પ, મોચરસ, પાઠા, કૂટજત્વક્, ઉદુમ્બર, બિલ્વ વગેરે હોય છે. આ ચૂર્ણ કફજિત કરનાર અને શક્તિવર્ધક છે. તેનાથી મરડો મટે, આંતરડાં મજબૂત બને, ભૂખ લાગે અને પાચનશક્તિ વધે. પાણી જેવા દસ્તમાં તે બહુ ઉપયોગી જણાય છે. છાસની સાથે આપવાથી મરડો, આંતરડાનું ચૂમડું, હરસ અને અરોળનું વધવું વગેરે મટે છે. છાસમાં દિવસમાં ત્રણ વખત આ ચૂર્ણ આપતી વખતે તેની સાથે તીખાં, ચિત્રક અને સચલ દરેક ચાર રત્તોન નાખવાં.

ગંગાધરરસ પું. સંગ્રહણી માટે વૈદ્યકપ્રસિદ્ધ એ નામનું ઔષધ.

ગંગાપત્રી સ્ત્રી. એ નામે એક સુગંધી વેલો, ગગવલી. તેની વાસથી આંખ દુઃ ખવાનું મનાય છે

ગંગાપથ [સ.] પું. આકાશ.

ગંગાપાટી સ્ત્રી. ઘોડાના પેટ ઉપર તળની જગ્યાની આસપાસ આવેલી ભમરી. તે ચોક્કસ મનાતી નથી.

ગંગાપાર પું. ગંગા નદીનો સામો કાંઠો.

ગંગાપુત્ર વિ. પું. એક વર્ણસંકર જાતિ. તેનું કામ મુડદા બાળી જવાનું છે.

૨. [સં.] પું. કાર્તિકસ્વામી.

૩. પું. ગંગા નદીને કિનારે બેસી યાત્રાળુના ગોર તરીકે કામ કરતો બાહ્મણ.

૪. પું. ભીષ્મ.

ગંગાપુરાણ ન. અઢાર મહાપુરાણોનું એ નામનું એક પુરાણ.

ગંગાપૂજન [સં.] સ્ત્રી. ગંગાયાત્રા કરી પોતે ગગાજળ લાવે ત્યારે કરાતો પૂજનવિધિ અથવા વરો.

ગંગાપૂજા [સં.] સ્ત્રી. વિવાહ પછી કરવામા આવતો એક વિધિ. તેમાં વરના તથા કુટુબની સ્ત્રીઓ વરને સાથે લઈને ગાતી બજવતી ગામની બહાર નદી કે તળાવ ઉપર જાય. ત્યા ગામના દેવતા વગેરેની પૂજા કરી પોતે આવે. આ દિવસે વરવહુના હાથનું કકણ તથા ચોરાછેડી છોડી નાખવામાં આવે છે.

ગંગાપ્લવોદક [સં.] પું. શિવનાં કાજર માટેનું એક નામ.

ગંગાબળ ન. કાશ્મીરમાં હરમુક પર્વતની તળેટીમાં આવેલ એ નામનું એક સરોવર. તેનું જૂનું નામ ઉત્તરગંગા હતુ.

ગંગાભાગીરથી [સં.] વિ. ગંગાના જેવી પવિત્ર, હિંદુ વિધવા સ્ત્રીઓને આ વિશેષણ લગાડાય છે.

ગંગાભૃત વિ. [સં.] પુ. શિવ; શકર; મહાદેવ.

૨. પું. સમુદ્ર

ગંગામધ્ય વિ. [સં.] ન. ગંગા નદીનો મધ્ય ભાગ

૨. ન. ગંગાનું તળિયું.

ગંગામહાત્મ્યહેતુ [સ.] પું. પુરુષોત્તમનાં કાજર માટેનું એક નામ.

ગંગામાતા સ્ત્રી. પવિત્ર ગગા નદી.

ગંગામુખ [સં.] ન. ગગા નદીનુ મુખ.

ગંગામૈના સ્ત્રી. એક જાતની મેના. તે ગંગાના કાઠા ઉપર રહે છે.

ગંગામૈયા ઉ. સ્ત્રી. ગગા નદી.

૨. સ્ત્રી. ગંગા નદીનું દેવી રૂપ.

ગંગાયાત્રા વિ. [સં.] સ્ત્રી. ગગા નદીની યાત્રા.

૨. સ્ત્રી. માંદા માણસને મરવા માટે ગંગા કાંઠે લઈ જવું તે.

૩. સ્ત્રી. મૃત્યુ.

ગંગારજ સ્ત્રી. ગંગા નદીની રેતી.

ગંગારામ વિ. પું. દેડકો.

૨. [હિં.] પું. પોપટને બોલતો શીખવવાનું નામ

ગંગારાય ન. એ નામનું એક સુશોભિત કાઠ. તેને ઊજળા પીળા રંગના ફુલ આવે છે. તેનું લાકડું પેટીના આસ બનાવવામાં ઉપયોગી છે.

ગંગારૂપ [સં.] પું. પુરુષોત્તમનાં કાજર માટેનું એક નામ.

ગંગાલ પું. પાણી રાખવાનું માટીનું વાસણ.

ગંગાલહરી [સં.] સ્ત્રી. જગન્નાથ પંડિતનું ગંગાને સબોધીને રચાયેલું એક કાવ્ય.

ગંગાલા પું. ગંગા નદીના કાંપથી થયેલી જમીન.

ગંગાલાભ વિ. [સં.] પું. ગંગાની પ્રાપ્તિ.

૨. પું. મૃત્યુ.

ગંગા લાભ થયો = (૧) ગંગા કિનારે મરણ થયું. (૨) દુબી મરવું. (૩) મરવું.

ગંગાલોઢી સ્ત્રી. ગંગા નદીના પાણીથી ભરેલ પાત્ર.

ગંગાવતરણ વિ. ન. એ નામનું એક પુસ્તક.

૨. ન. ગગાનો પૃથ્વી ઉપરનો અવતાર. દિલીપ પછી ભગીરથ રાજા થયો. એ અપુત્ર હતો. એણે મંત્રીઓને રાજ્ય સોંપીને ગંગાવતરણના વિચારમાં મગ્ન થઈ ગોકર્ણમાં તપ કરવા માંડ્યું. ઘણાં વર્ષે બ્રહ્મા પ્રસન્ન થયા અને કહ્યું, 'વર માગ'. ભગીરથે કહ્યું, 'સગરપુત્રોને મારે હાથે ગગાજળ મળે ને મને સંતાન થાય.' બ્રહ્માએ કહ્યું, 'તથાસ્તુ ! પણ ગંગાનો પ્રવાહ પૃથ્વી નહિ ઝીલી શકે એટલે એને શંકર પાસે ઝિલાવજે.' ભગીરથે તપ કરી શંકરને પ્રસન્ન કર્યા ને શકરે ગગાને ઝીલવાનું વચન આપ્યું. ગગા શંકરની જટા ઉપર પડવા માંડી. તેથીએ ધાર્યું કે શંકરને તાણીને પાતાળમા લઈ જાઉં. એના ગર્વથી શંકરને ક્રોધ ચઢ્યો, એટલે ગંગા એની હિમવત સમી જટામાં જ ભૂલી પડી ગઈ. અનેક વર્ષ એ શંકરની જટામાં જ રહી. ગંગાને ન દેખવાથી ભગીરથે ફરીથી તપ વડે શકરને પ્રસન્ન કર્યા એટલે એણે ગગાને બિંદુસરોવર પ્રત્યે સાત ધારામાં છોડી. એમાથી હલાદિની, પાવની ને નલિની પૂર્વમાં તથા સુચક્ષુ, સીતા ને સિંધુ પશ્ચિમમાં ગઈ અને સાતમી ભગીરથની પાછળ ચાલી.

૩. ન. નાટ્યકળામાં થતું એક જાતનું કરણ.

ગંગાવતાર ૧. પું. એ નામનું તીર્થ; હરિદ્વાર.

૨. [સં.] પું. ગંગાનું પૃથ્વી ઉપર અવતરણ.

ગંગાવતી [સં. ગંગાપત્રી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વન બાવરી. એની નાની અને મોટી બે જાત છે. તેની વાસથી માથા ભાર તથા આધાશીશી મટે. એનાં છોડ હાથ બે હાથ ઊચા થાય છે. એના ફૂલ પીળા રંગનાં ઝીણાં થાય છે.

ગંગાવરો ન. ગંગાનો પૃથ્વી ઉપર અવતાર.

ગંગાવળી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન ચાકવતનાં પાન જેવાં હોય છે. તેની બે જાત છે: રાતી ને ધોળી.

૨. સ્ત્રી. મગળનો વેલો

ગંગાવાસી વિ. ગંગા નજીક રહેનાર.

ગંગાષ્ટક [સં.] ન. ગંગાને સબોધીને રચાયેલ આઠ શ્લોકનો સમૂહ.

ગંગાસપ્તમી [સં.] સ્ત્રી. વૈશાખ સુદિ ૭. તે દિવસે ગંગાજી પ્રગટ થયેલાં મનાય છે, તેથી તેનું પૂજન કરાય છે.

ગંગાસાગર ૧. પું. કળશો.

૨. [સં.] પું. ગગા અને સમુદ્રનો જ્યાં સંગમ થાય છે તે તીર્થ. માન્યતા પ્રમાણે અહીં કપિલમુનિનો આશ્રમ હતો અને અહીં તેણે સગરના પુત્રોને ભસ્મ કર્યા હતા. આ સ્થાન કલકત્તાથી અગ્નિખૂણા તરફ સુંદરવનમાં છે અને ત્યાં મકરસક્રાંતિને દિવસ મોટો મેળો ભરાય છે.

૩. [હિં.] પું. ગગાજીના મુખ આગળની ખાડી.

૪. પું. સમુદ્ર.

૫. પું. મોટા કાપડની છાપેલી જનાની ધોતી. તે સત્તર અઢાર હાથ લાંબી હોય છે.

ગંગાસિંધુ સ્ત્રી. આકાશગગાની સાત માંહેની એ નામની એક ધાર..

ગંગાસુત ૨. [સં.] પું. કાર્તિકેય.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાસ્નાન [સં.] ન. ગગાજીમાં નહાવું તે.

ગંગાસ્રોત પું. ગંગાનો પ્રવાહ.

ગંગાસ્વરૂપ [સં.] વિ. ગંગાના જેવું પવિત્ર. હિંદુ વિધવા બીજાને માટે માનાર્થે આ વિશેષણ વપરાય છે.

ગંગાહ્રદ ન ગંગાનો ધરો; મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

ગંગાંબુ ૧. [સં] ન. ગંગા નદીનું પાણી.
૨. ન. ચોખ્ખું વરસાદનું પાણી.

ગંગિકા [સં.] જી. ગંગા નદી.

ગંગિત ૧ પું ઢાંકરો.
૨ પું. હિંદુસ્તાનની જમીનમાંથી નીકળતો ખટમધુરો પત્થર. તે મડક અને ચૂનો બનાવવામાં વપરાય છે

ગંગુક [સં] ન. એક જાતનું અનાજ; ઢાંગ.

ગંગુરડે ૧. જી. મરાઠાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગંગેટાવું અ. ક્રિ. ગભરાવું; ડરવું

ગંગેટી [સં. गगाटी] જી. એ નામની એક વનસ્પતિ; છત્રોલી તે મૂળકાં, ગાંઠ, ત્વચા,રોગ વગેરે ઉપર વપરાય છે. આ છોડ ત્રણથી દસ ફૂટ ઉંચો થાય છે. તેનાં પાન પહોળાં, નાનાં અને ખરબચડાં થાય છે. એમાં ભારીક ગોળ ફૂલો થાય છે. ફૂલો ધોળા રંગનાં જરા સુવાસિત હોય છે. શરૂઆતો થા પડ્યો હોય તો તરત રસ ચોપડવાથી જખમ રૂઝાય છે. તે કડવી, મધુર, બલકર, વીર્યપ્રદ, રૂક્ષ, શીતળ તથા સ્નિગ્ધ છે અને પિત્ત, કફ, અતિસાર, ક્ષત, તાવ, રક્તપિત્ત તથા ત્રિદોષ મટાડનાર મનાય છે. એનાં મૂળિયાંની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે લેવાથી મૂત્રાતિસારનો નાશ થાય.

ગંગેડું ન. ગંગેટીનું ફળ.

ગંગેહી જુઓ ગંગેટી

ગંગેડું (ગગેડું) [સં. गगाटी] ન. એક જાતની વનસ્પતિ. તેમાંથી શાખા કે પાનનો વિસ્તાર ઝાઝો હોતો નથી. તેનાં પાન લીસાં ને મીંઢોળના પાન કરતાં મોટાં હોય છે તેમાં સફેદ રંગનાં અને મધુરી વાસવાળાં ફૂલ અને જામફળ જેવાં પીળા રંગનાં ફળ થાય છે.

ગંગેય ૧. પું. પાર્શ્વનાથનો એ નામનો એક શિષ્ય.
૨. [સ. ગાંગેય] પું ભીષ્મ પિતામહ; શાંતનુ અને ગંગાનો પુત્ર.

ગંગેરીપાન [સં. ગંગા + પર્ણ (પાંદડું)] ન. ધોળાશ પડતું નાગરવેલનું પાન.

ગંગેય ૨ પું. ભીષ્મ પિતામહ.
૨. પું વિષ્ણુ.
૩ વિ ભોળું, પવિત્ર.

ગંગેરા ૧. [સં. ગંગા + ઈરિ] પું. મધ્યયુગમાં ભારતમાં થઈ ગયેલો એક તત્ત્વવેત્તા પંડિત. તેણે તત્ત્વચિંતામણિ નામે ગ્રંથ લખ્યો છે.
૨. પું. શહેર

ગંગેસડી જી. ગુલાબકરી; ગંજેરી

ગંગોટી જી. ગંગા નદીની રેતી.

ગંગોતરી [સં. ગંગાવતાર] જી હિમાલયમાંથી જ્યાં મેદાનમાં ઊતરે તે ગંગાનો પ્રવાહ; પર્વતમાંથી ઊતરી આવતી ગંગા. આ જગ્યાનું યાત્રાના સ્થળ તરીકે મોટું મહાત્મ્ય છે. લોકો ત્યાંથી ગંગાજળ લાવે છે.

ગંગોડી ૧. ન એક જાતની વનસ્પતિ.
૨. ન. હિમાલયમાં આવેલ ગંગા નદીનું મૂળ. પ્રવાહોમાં ગંગા દેવીનું દેવળ છે. ત્યાંથી એક કોસ ઉપર પટનચિરિ નામે પવિત્ર સ્થળ છે. ત્યાં વનવાસ દરમિયાન પાંડવોએ બાર વરસ રહીને મહાદેવની પૂજા કરી હતી. દ્રૌપદી અને પાંડવોમાંના ચારનું મૃત્યુ આ સ્થળે થયું હતું. એમનાં મૃત્યુ પછી હયાત રહેલા યુધિષ્ઠિર ત્યાંથી નીકળી હિમાલયના સ્વર્ગારોહિણી નામે શિખર ઉપર ચઢ્યા હતા. હિમાલયનાં પાંચ મુખ્ય શિખર વચ્ચે એક અર્ધચંદ્રાકાર આડો બની રહે છે. આ આડે મબ્બો વિશાળ ઢોર્ય તેમાં નિરંતર બરફ રહે છે. આ બરફના ધીમે ધીમે પીગળવાથી જે એક પ્રવાહ ઉત્પન્ન થાય છે એ જ ગંગા નદીનું મુખ્ય વહેણ છે.

ગંગોત્સવ [સં.] પું. એક સુદિ દશમીએ થતો ઉત્સવ; દશેરાં. જેઠ સુદિ ૧૦ને બંગળવારે હસ્ત નક્ષત્ર વખતે ગંગા ભૂલોકમાં આવી, માટે આ દિવસ ગંગોત્સવ કહ્યો

ગંગોદક ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્વૈરિણીવિદ્યોતન. આ છંદ સંસ્કૃત છંદનો એક ભેદ છે. તેમાં આઠ રગણ મળી ચોવીસ વર્ણ હોય છે.
૨. ન. એક જાતનું રત્ન.
૩. ન. ગંગાનું પાણી; ગંગાજળ.
૪. ન. પવિત્ર જળ

ગંગોદ્ભેદ ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.
૨. ન. ગંગા નદીનું મૂળ.

ગંગોલ [સં.] પું. એ નામનો એક મચ્છિ; ગોમેદક.

ગંગોલી જી. રંગ તૈયાર કરવામાં વપરાતી એક વસ્તુ.

ગંગૌઘ ન. ગંગા નદીનું મૂળ.

ગંજી ૧. પું. એ નામનો એક પર્વત
૨. ન. એક સરોવરનું નામ. આ ગંગોત્રી પર્વત ઉપર સરોવરમાંથી ચાર નદી સિંધુ, સતદ્રુ, કરનાળી અને બ્રહ્મપુત્રા નીકળતી મનાય છે.

ગંઝ પું. ગાંડ; બંધ.

ગંજ્ [સં.] સ. ક્રિ. અનાજ કરવો.

ગંજ ૧. પું અનાજ વેચવાની બજાર; ગુજરી.
૨. પું. અપમાન; તિરસ્કાર.
૩. પું. આવલિ; માળા; એકબીજામાં બેસાડી વસ્તુઓની ઉતરડ.
૪. પું. એક જ તરેહનો જથ્થો.
૫. પું. એક જાતની ખાવાની વસ્તુ.
૬. પું. કણ; દાણા.
૭ પું. ખોખું.
૮. પું. ગાયને સાચવવાની જગા.
૯. પું. ગાંલો.
૧૦. પું. ઢગલો; રાશિ.
૧૧. પું. દરબારી વગે ભાગ.
૧૨. પું. ઘરનું વાસણ.
૧૩. પું. દોલત; મિલ્કત.
૧૪. પું. નાનું ગામડું; પરું.
૧૫. પું. પાણીમાં ઊગતો એક જાતનો છોડ; કમળજ. તેને લાંબાં, સાંકડાં અને જેવાં પાન હોય છે. તેનાં ફૂલ પાણી ઉપર તરે છે.
૧૬. પું. બજાર.
૧૭. પુ. બોડકું માથું; ટાલવાળું માથું.
૧૮ પુ. ભંડાર; ભોંડાર; ખાણ.
૧૯. પું યુદ્ધ; લડાઈ.
૨૦. પું. વાડો; નેસ.
૨૧ પું વાળ ખરી પડવાનો એક જાતનો રોગ ટાલ
૨૨. પું. શ્લેષ્મિક કલાનો પ્રદાહ.
૨૩. પું. સત્તાવીસ માહેનો એ નામનો દસમો યોગ.
૨૪. વિ. પુષ્કળ; બહુ.

ગંજખરાજાત (ગંજખરાજાત) જી. ગંજમાંથી વસ્ત્રોમાં, મંદિર વગેરેને આપવામાં આવતાં મંપલાં.

ગંજખાનું ન. ભંડાર; ખજાનો.

ગંજગોળો પું. અંદર મણી નાની નાની ગોળીઓ ભરી હોય એવો તોપનો ગોળો.

ગંજડી (ગંજડી) જી. તાંબા કે પિત્તળની નાની તપેલી.

ગંજદલિકા [સં.] જી. નેપાળો.

ગંજદાર [ફા.] પું. ખજાનચી

ગંજન ૧. પું. સંગીતના આઠ મહેનો એક તાલ.

૨. ન અનાદર; તુચ્છકાર; અવજ્ઞા; તિરસ્કાર.
૩. ન. ગળવવું તે; ગળવી મૂકવાપણું.
૪. ન ચડિયાતાપણું.
૫. ન. ઉતરપિઢી; શેઢમાં ચાપ મારી ક્રમ કાઢી લેવું તે
૬. ન. જબરદસ્તી, જબરાઈ.
૭. ન. જુલમ, ત્રાસ, પીડન.
૮. ન દુઃખ, કષ્ટ; તકલીફ.
૯ ન શરમ, લાજ.
૧૦. ન. હરાવવું તે.
૧૧ વિ. અપમાન કરનાર, તિરસ્કાર કરનાર.
૧૨ વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; ચડિયાતું.
૧૩. વિ. જુલમી; ત્રાસદાયક
૧૪ વિ. તુચ્છકાર ભરેલું; નાલાયક; અસભ્ય; અમર્યાદ.
૧૫. વિ સન્માનવા; શરમાવા જેવું.
૧૬. વિ. ડસાવનાર.

ગંજનવું સ. ક્રિ. ટાળવું; નાશ કરવો.

ગંજની સ્ત્રી. ઉગ્ર ગંધવાળું એક જાતનું ઘાસ.

ગંજબરેડો (ગંજબરેડે) પું. ઉપાય, કલાજ.

ગંજબરોડો (ગંજબરોડે) પું. વિશેષ સમાચાર; ખબરઅંતર

ગંજમેંઢારો પું. જેમાથી લાકરી વગેરે બાબત આપવાની હોય તે રાજભાગનો હલકો.

ગંજવધારો પું. શરાબાતની આસામીવાર બાકીની ભરતરી અને છેવટની એકદર બાકીની ભરતરી થતાં બાકીલ વધારો.

ગંજવર પું. બાજનગરી; ભઠારી.

ગંજવું ૧. અ. ક્રિ. પરાભવ પામવો; હારવું
૨ સ. ક્રિ. અવજ્ઞા કરવી; અનાદર કરવો.
૩. સ. ક્રિ. ઉતરવું; ઓળવવું; ધૂતવું.
૪. સ ક્રિ. નાશ કરવો.
૫ સ. ક્રિ. પીડવું; દુઃખ દેવું; જુલમ કરવો; ત્રાસ વર્તાવવો.

ગંજ ૧. [હિ.] પું. ટાલિયો માણસ.
૨. સ્ત્રી. ગ્રહ.
૩. સ્ત્રી. ગાળો.
૪ સ્ત્રી. ઝૂંપડી.
૫. સ્ત્રી. હાર પીવાનું વાસણ.
૬. સ્ત્રી. હારનુ પોડુ.
૭. સ્ત્રી. ભાગ.
૮. સ્ત્રી રત્નની ખાણ.
૯. વિ. માથે વાળ વગરનું; ટાલિયુ.

ગંજાકિની સ્ત્રી. ભાગ.

ગંજામ ન. મદ્રાસ ઇલાકામાં આવેલ એ નામનું એક સ્થળ. લ. અહીંથી ધર્મસ્તાજ ઝિલો કરેલ છે.

ગંજાર ક્રિ. મોટું; વિશાળ.

ગંજાવર ૧. પું. બાજરા; બળતો
૨. ન. (વહાણવટું) એક જાતનું ઝડપી, મોટા સઢવાળું, મરકતમાં બધાતુ અરબી વહાણ.
૩. વિ. ઉંચાઈમાં તેમ જ વિસ્તારમાં બહુ જ મોટું; અતિ વિશાળ; જબ્બર; વિસ્તીર્ણ.

ગંજાવું અ. ક્રિ. ગાઢ જવું; શરીરમા સંક્રિતાન થઈ જવું.

ગંજાસિર ન. માથા ઉપરના વાળ ખરી પડવાનો એક જાતનો રોગ.

ગંજિકા ૧. પું. (ચિત્રણ) દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મંદાક્ર. તે યુતિ છંદનો ભેદ છે.
૨. [સં.] સ્ત્રી. હારનુ પીઠું; કાચની દુકાન.

ગંજિયાણી સ્ત્રી. સજ પનાનુ એક જાતનું ઊંચું હીરાગળ કાપડ.

ગંજિયું ૧. ન. બહુ વાવનારાઓને પોતાનું ધાતરકું રાખવાનો કોથળો.
૨. ન ગંજવાનું એકાદ પાત્ર; ગજવાની વાટકી; ભરિયું; ગાયોને વાટનો પિત્તળ અગર કાંસાનો વાટકો.
૩. વિ. એકબીજાને મળતું; સમતા કે મળતાપણાવાળું.
૪. વિ. સદનું; બજારનુ એક; એક એકમાં પડે એવી વસ્તુઓમાનું.

ગંજી ૧. સ્ત્રી. ઘાસનો મોટો ઢગ; ઘાસનું મોટલું; ઓથલો; ઘાસના પૂળાનો મોટો ઢગલો.
૧. ગંજીનો કૂતરો = નિરર્થક બીજાને રોકનાર અથવા પીડનાર માણસ. કૂતરો પોતે ઘાસ ખાતો નથી, તેમ છતાં કોને તે આવતા રાસ્તામાં આવે છે એવાં ઢોરને ભસીને તે ખાતાં અટકાવે છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.
૨. ગંજીનો સાપ = છુપો દુશ્મન; ગુપ્ત શત્રુ; જોવામાં કે જાણવામાં ન આવે એવો અને ઉપરથી મીઠું બોલનાર પણ અંદરખાનેથી વેર રાખનાર દુશ્મન.
૨. સ્ત્રી. નાની બકરી.
૩. સ્ત્રી. સંચય; જથ્થો; સંગ્રહ.

ગંજીખાનું ૧. ન. ખાનો વાટો
૨. ન. પરચૂરણ સામાન ભરવાનું સ્થળ

ગંજીગણ ૧. પું. ગંજીઓનો સમૂહ.
૨. વિ. ખાની ગંજી જેવુ.

ગંજીફરાક [અં. જોકર્ફોક] ન. ગંજીની પહેરવાનું ઊન અથવા સૂતરનું બદન; શરીર ચપટ બની રહે એવું બૂચણીનું કૂડતું.

ગંજીફો (ગંજીફે) ૧. [કા. ગંજીફા] પું. એક તરેહનાં પાનાની રમત; પત્તાંની રમતનું એક નામ. આમાં ચાર રંગનાં તેર તેર મળીને બાવન પાનાં હોય છે. દરેક રંગનાં તેર પાનામાં એકથી દશ સુધી તે તે રંગનાં ટપકાંવાળો એક્કો, દક્કો, દસ્સો વગેરે નામથી ઓળખાતાં દશ અંકપત્ર, એક રાજા, એક રાણી અને એક ગુલામ મળીને તેર પાનાં હોય છે. દશાવતારના ગંજીફામાં ૧૨૦ પાનાં હોય છે. બિન્દ્રિક વગેરે તેની જુદી જુદી રમતો છે. ગંજીફાના ઘણા પ્રકાર છે. એક જાતનો ગંજીફો આઠ રંગનાં ગોળાકાર ૬૪ પાનાથી રમાય છે. તેમાં રંગોનાં નામ ચંગ, બરાત, ક્રિમાસ, સમશેર, રૂપૈયો, તાજ, અશરફી અને ગુલામ છે. દરેક રંગનાં બાર પાનાં હોય છે. આ રમત ગંજી જાણીથી રમાય છે. કેટલાક સુભગ, કુમકે, બરાત, ચંગ, સફેદ, તાજ, સમશેર અને ગુલામ એમ આઠ રંગ હોવાનું કહે છે. આઠ રંગનાં પાનાંના બનેલા ગંજીફામાં દરેક રંગમા એક રાજા અથવા મીર, વઝીર અને એકથી દશ દાણાનાં દશ પત્તાં મળી કુલ બાર બોળ પાનાં હોય છે. દરેક રંગમાં મીરનું પાનું સૌથી ઊંચું ગણાય છે. બીજે નંબરે વઝીર છે. બધા રંગોના બે વિભાગ પાડવામાં આવ્યા છે: બેરાબાર અને કેબર. પહેલા વિભાગમાં મીર અને વઝીર પછી દશાથી એક સુધીનો સૌથી ચડિયાતો નંબર વધારે ઊંચો ગણાય છે. બીજા વિભાગનાં એકથી દશ સુધીમાં નાનામાં નાની સંખ્યા સૌથી ઊંચી ગણાય છે. દરેક રંગમાં મીર મંડપ નીચે સિંહાસન ઉપર અને વઝીર ઘોડા ઉપર બેઠેલો હોય છે. ગંજીફાનો ઇતિહાસ મનુષ્યજાતિના ઇતિહાસ જેટલો જૂનો છે. ગંજીફાની રમત પહેલવહેલી કયા દેશમાથી નીકળી તેનો બરાબર પત્તો લાગ્યો નથી. કોઈ મિસર દેશને, કોઈ ચાણુઓને, કોઈ અરબસ્તાનને અને કોઈ ભારતવર્ષને તેના આદિસ્થાન તરીકે જણાવે છે. ઈરાન અને અરબસ્તાનમાં ગંજીફાની રમત લાંબા કાળ થયાં પ્રચલિત છે. ભારતવર્ષમાં આ રમત રાજાઓના મહેલમાં, ગામડાંના લોકોની ઝૂપડીઓમાં અને ધર્મસ્થાનમાં પણ રમાતી હતી. અજન્ટાનાં ભીંત ઉપર ચીતરેલ ચિત્રોમાં જુદી જુદી રમતોનાં ઘણાં ચિત્રો બતાવવામાં આવેલ છે. અત્યારે પણ હિંદુસ્તાનના ઘણા ભાગમાં ગંજીફાની જુદી જુદી રમતો રમાય છે દશાવતાર ગંજીફા પદ્ધતિ વિષ્ણુના દશ અવતાર ઉપરથી બોલાયેલી છે. દરેક પાનામાં ઈશ્વરનો એક અવતાર અને તેનુ ચિહ્ન હોય

છે. સાથ, કાણી વગેરે શબ્દોને બદલે આ પદ્ધતિ પ્રમાણે મત્સ્ય, કચ્છ, વરાહ એમ અવતારનાં નામ બોલાય છે. દરેક જાતનાં બાર પાનાં હોય છે. તેમાંનાં દશ સાદાં એકથી દશ આંકવાળાં હોય છે. તે દશ પાનાં મહેનાના દરેક ઉપર અવતારનું ચિહ્ન તથા એકથી દશ સુધીના દાણા હોય છે દરેક જાતનાં બાકીનાં બે પાનાં ચિત્રવાળાં હોય છે. એક ચિત્ર પ્રધાનનું હોય છે, જેમાં એક કે બે ઘોડેસવાર સાથે અવતારનું ચિત્ર હોય છે અને બીજું પાનું અવતારનું પોતાનું જ હોય છે. પાનાની દશ જાતનાં નામ, નિશાન અને રંગ: ૧. મત્સ્ય. તેની નિશાની માછલી અને રંગ રાતો. ૨. કચ્છ. તેની નિશાની કાચબો અને રંગ રાતો. ૩. વરાહ. તેની નિશાની ભૂંડ અને રંગ પીળો. ૪. નૃસિંહ. તેની નિશાની સિંહ અને રંગ લીલો. ૫. વામન. તેની નિશાની ઝોળો અને રંગ લીલો. ૬. પરશુરામ. તેની નિશાની ફરસી અને રંગ ભૂરો. ૭. રામ. તેની નિશાની ધનુષ્યબાણ અથવા હનુમાન અને રંગ પીળો. ૮. કૃષ્ણ. તેની નિશાની ચક્ર અથવા ગાય અને રંગ ભૂરો. ૯. બુદ્ધ. તેની નિશાની શંખ અને રંગ કાળો. ૧૦ કલ્કી. તેની નિશાની તલવાર અથવા સફેદ ઘોડો અને રંગ કાળો. આ પ્રમાણે આખો ગંજીફો ૧૨૬ પાનાંનો બને છે પહેલી પાંચ જાતમાં એકથી દશ દાણામાં ઊંચામાં ઊંચી કીમત દશની હોય છે અને બીજાં પાનાં ઊતરતી કીમતનાં છે. બીજી પાંચ જાતમાં સૌથી ઊંચી કીમત એકાની છે અને તે પછીનાં ઊતરતી કીમતમાં આવે છે. ચિત્રમાં રામ સૌથી કીમતી મનાય છે. જેની પાસે ૨૦મું પત્તું હોય તે રમત શરૂ કરે. રામનું પાનું એટલું બધું શક્તિવાન છે કે બીજાં ગમે તે પાનાં સાથે રમતાં તે દરેક રમનારા પાસેથી બે પાનાં જીતે છે.

૨. પું. રમવાના પાનાનો જથ્થો અથવા બોક.

ગંજીરોટી સ્ત્રી. જોખમાં સાધન તરીકે વપરાતી મીણ ન.ખેલી રોટલી.

ગંજૂર ૧. પું. ખજાનચી; ભંડારી.

૨. પું. ખજાનો; ભંડાર.

ગંજેરી ૧. પું. ભાંગ ગાંજાનો બંધાણી; ચલમમાં કેફી વસ્તુ પીનાર માણસ; ગંજેરીભંગેરી.

૨. સ્ત્રી. એક જાતનો પહોળાં અને નાનાં પાનવાળો અને ખોળા રંગનાં ફૂલવાળો ત્રણથી દશ ફૂટ વધતો છોડ; મગેરી.

૩. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.

ગંજેરું ન. ગંજેરીનું ફળ.

ગંજેરી વિ. ભાંગ ગાંજાનો બંધાણી; ચલમમાં કેફી વસ્તુ પીનાર.

ગંજેલી [વિ.] સ્ત્રી. ગાદીવાળાઓ અને ઘાસ કાપનારાઓનો કોથળો.

ગંજો ૧. પું. માથામાં ખોડો થવાથી વાળ જતા રહ્યા હોય તેવો માણસ.

૨. પું. મોટું કચ્છી વહાણ. આ વહાણ ૪૫૦ ખાડી સુધીનું હોય છે.

૩. પું. વહાણમાં ખરેલું માખું.

૪ પું. ઘણ; ઝાડ.

૫. પું. સ્થળ

૬. સ્ત્રી. (કચ્છી) ગાય.

ગંટભ ન. તાડપત્ર ઉપર લખવાની ઝોટાની કલમ.

ગાંઠ ૧. સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. પોટલું.

૩. સ્ત્રી. સાંધો.

ગાંઠકટો પું. ગાંઠે બાંધેલ પૈસા કાપી લઈ જનાર માણસ; લૂંટારો.

ગાંઠગોડા (ગાંઠગોડ) પું. જોડવું તે; જોડાણ.

ગાંઠગોડા બાંધવા = વરકન્યાના છેડા બાંધવા; છેડાછેડી બાંધવી.

ગાંઠણ ૧. ન. ગાંઠવાનો દોરો; ગૂંથવાનો દોરો.

૨. ન. ગાંઠાર્યું બનેલ વસ્તુ; ગાઠના રેસા, બાંસ અને અવયવ વગેરેનું વધવાપણું રોકાઈ જવાથી બંધાઈ જતી ગાંઠ.

૩. ન. ગાંઠામણ; ગાંઠવાનો અર્થ.

૪. [સં. ગુમ્ફ] ન. ગૂંથણી; ગૂંથવાની આવડત.

૫. ન. ગમભાળાનો ગૂંથેલો ભાગ.

ગાંઠણી જુઓ ગાંઠણ.

ગાંઠન ન. ગુંથાવું તે; એકબીજા સાથે જોડાવાપણું.

ગાંઠબંધન ન. છેડાછેડી બાંધવી તે.

ગાંઠવું ૧. [સં. ગ્રથ્ (બાંધવું)] સ. ક્રિ. ગૂંથવું.

૨. સ. ક્રિ. ઉતરી લેવું.

૩. સ. ક્રિ. બાંધવું; ગાંઠવું; જોડવું.

ગાંઠા ૧. [હિં.] પું. ગાંઠો.

૨. પું. ન. ન. ખંડકમાં ભરવાના કારતૂસ.

ગાંઠાર્ઈ ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. ગાંઠવાની ક્રિયા.

૨. સ્ત્રી. ગાંઠામણ; ગાંઠામણી; ગાંઠવાનું મહેનતાણું.

ગાંઠામણ ૧. [સં. ગ્રંથિ] ન. ગાંઠ ગૂંથવાની આવડત; ગૂંથણકળા.

૨. ન. ગાંઠવા કે ગૂંથવાનું મહેનતાણું.

૩. ન. ગાંઠેલ વસ્તુ.

ગાંઠામણી જુઓ ગાંઠામણ.

ગાંઠાળું વિ. ગાંઠોવાળું; ગાંઠાળું.

ગાંઠાવવું ૧. સ ક્રિ. ગાંઠો મારી મારીને ગુંથાવવું; કોડિયાં, મોતી, મણકા વગેરેને દોરાથી ગુંથાવવા.

૨. સ. ક્રિ. જોડાવવું; બંધાવવું

ગાંઠાવું ૧. અ. ક્રિ. કઠણ અથવા મજબૂત થવું.

૨. અ. ક્રિ. ગાંઠાઈ જવું; ગાંઠા જેવું થવું.

૩. અ. ક્રિ. જોડાઈ જવું; ગુંથાવું.

૪. અ. ક્રિ. બંધાઈ જવું; સજ્જડ થઈ જવું.

૫. અ ક્રિ. વૃદ્ધિ થતી અટકવી.

ગાંઠાળ વિ. ગાંઠવાળું.

ગાંઠિ ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. (જૈન) રાગદ્વેષરૂપી ગાંઠ.

ગાંઠિય વિ. ગાંઠેલું; ગૂંથેલું.

ગાંઠિયું ૧. ન. ગાંઠ વાળવામાં વપરાતું એક સાધન.

૨. વિ. ખીસાકાતરુ.

૩. વિ. ગ્રંથિવાળું; ગાંઠવાળું.

૪. વિ. ઠગ; ધુતારું.

૫. વિ. બાંધી દઈનું.

ગાંઠિયો ૧. પું. એક જાતનું ઓસડ.

૨. પું. ગાંડવાળો કટકો.

૩. પું. ચોર.

૪ પુ. નાની ઉમરનો પહેલવાન.

૫. પું. મોઈદાંડાની રમતમાં મોઈ તરીકે વપરાતો લાકડાનો કટકો.

૬. વિ.પું. કામ કાઢી લેનારો; પાકલ.

૭. વિ પું. ખીસાકાતરુ; ચોર.

૮. વિ પું. ગાંઠવાળો

૯. વિ. પું. ગાંઠો કાપનાર.

૧૦. વિ. પું. ઠગારો; ધુતારો.

૧૧. વિ. પું. ઠીંગણો.

૧૨. વિ. પું. ધુતારો.

ગાંઠિયોપત્ત પું. (વૈદ્ય) વાતરક્તનો એક પ્રકાર.

ગાંઠિયો વા પું. ગંઠીવા; જેમાં ગાંઠા ગાંઠા જેવો એક જાતનો વાનો રોગ.

ગાંઠી ૧. સ્ત્રી. કંકનું બરેલું. ગાંઠી શબ્દ કાંઠીનું રૂપાંતર છે.

૨. સ્ત્રી. કુંજરી; ટોકરી

૩. સ્ત્રી. દોરાની કોકડી.

૪. સ્ત્રી. નાની ગાંઠ; આંટી.

ગાંઠીચોર વિ. લોભી; કંજૂસ.

ગાંઠીછોડ (ગાંઠીછોડ) ૧. પું. ખીલે બાંધેલું ઢોરનું મુખ વડે છોડી નાખે એવો ગોળો.

૨ વિ. ખીસાચોર; ગાંઠે બાંધેલું છેડી લેનાર; ખીસાકાતરુ.

૩. વિ. પાકલ; અનુભવી.

૪. વિ. લોભી; કંજૂસ.

ગાંઠીબેડો (ગંઠીબેડો) જિ. પું. ચોરી બાંધેલું ભોંયરું કરી ભેનારો; બીસાખાતરુ

ગાંઠીવા પું. ગાંઠિયો વા.

ગાંઠિર પું. એક જાતનો છોડ. એનાં પાન લંબગોળ, અરસટ, ખૂંધાં ટેરવાવાળાં સામસામાં હોય છે. પાનના ખૂણામાં ડાંડી કે શાખા ઉપર પુષ્પ પત્રો અને તેમાં ફૂલો પાસે પાસે આવવાથી દડી કે ફૂલા જેવું દેખાય છે. ફૂલ આસમાની રંગનાં અને ફળ કાકડી જેવાં થાય છે.

ગાંઠો ૧. [સં. ગ્રંથિ] પું. કેડે પહેરવાનું ગાંઠેલું એક આભૂષણ, કંઠો

૨. પું ગાંઠિયો; હજાર અથવા આદુનો કટકો.

૩. [અ.] પું. ગૂણો; જમીન જરવાનું એક માપ; આઠ ફૂટ લંબાઈનું માપ.

૪. પું. ગોળ વાળીને કરેલો વીંટો.

૫. પું. આપડો.

૬. પું. દાબીને બાંધેલી ગાંસડી.

૭. પું. રથની ઉપિ.

૮. સ્ત્રી. અબરખ કામ.

૯. સ્ત્રી. કપડાં દાગો.

૧૦. સ્ત્રી. આનગી વાત.

૧૧. સ્ત્રી. ખીસું; થેલી.

૧૨. સ્ત્રી. ગઠો; પિંડ.

૧૩. સ્ત્રી ગેરસમજ.

૧૪ સ્ત્રી. ઠરાવ.

૧૫. સ્ત્રી. ધોતિયાની ગાંઠ.

૧૬. સ્ત્રી. નાભિ; ડુંટી.

૧૭. સ્ત્રી. પોટકું.

૧૮ સ્ત્રી. ફાંસો.

૧૯. સ્ત્રી બંધ.

૨૦ સ્ત્રી. મુકેલી

૨૧ સ્ત્રી લાંબી થયેલી ફોચળી.

૨૨. સ્ત્રી. સાંધો.

૨૩ સ્ત્રી. હોજરી અંદરની અવયવ.

ગાંઠોડાં (ગાંઠોમું) ન. ક. ન. પુરુષને કેડે પહેરવાનું વાળી જેવું ઘરેણું. તેમાં સોનાનો ગોળ મોટો મણકો હોય છે.

ગાંઠોડો (ગાંઠોળો) ૧. પું. અંકોડો; આંકડો.

૨. પું. એક જાતની મીઠાઈ

૩. પું. તોડો; માંકણ; અંકોડા ગૂંથીને બનાવેલું બીના પગે પહેરવાનું ઘરેણું.

૪. પું. ચેર; ગાંઠો.

૫. પું. કેડે પહેરવાનું સોનાનું આંકણું.

ગાંઠ્ય સ્ત્રી. ગાંઠ

ગાંડ ૧ પું. અમળા ચાલતા સિપાઈ.

૨ [સ] પું ઉકાળો

૩. પું. (જૈન) એક ઋષિનું નામ.

૪. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. આ ૭૯ પ્રકાર છંદનો એક ભેદ છે. તેમાં ૬૦ લઘુ અને ૩ ગુરુ મળી ૬૬ માત્રા હોય છે.

૫. પું. ગાલ અને લમણા સહિત કહેરાની એક બાજુ.

૬. પું. ગાંઠ; ગ્રંથિ

૭. [સ. ગુદા] પું. ગુદા.

૮. પું. ગેડો.

૯. પું. ઘોડા ઉપરના કાન ઉપર રખાતું ખોરિયા જેવું ઘરેણું.

૧૦. પું. જગ્યા.

૧૧. પું. ટોળું.

૧૨. પું. લમણો.

૧૩. પું. વીંધીનું એક અંગ.

૧૪ પું. વીંટી; ચક્કર.

૧૫. પું હલ્લમ.

૧૬. પું. હલકો દેવ.

૧૭ પું. સંખ્યા.

૧૮. સ્ત્રી. કાપ.

૧૯. સ્ત્રી. તળિયું.

૨૦. સ્ત્રી. દોરડી.

૨૧. ન. આંધ આગળનો ભારે માંસલ અવયવ; ખૂંધ.

૨૨. ન. કોક કે જગાની ઊતરતી સપાટી.

૨૩. ન. ઘડો; બારણાનો ઉંબાળો.

૨૪. ન. (જૈન) દહો.

૨૫. ન. નાટકનું એક અંગ. તેમાં સહસા પ્રશ્નોત્તર થાય છે.

૨૬. ન. ફોલ્લો; ગૂમડું; રસોળી.

૨૭. ન. મજ્જાતંતુનું ગૂઢ સ્વરૂપ.

૨૮. ન. (જ્યોતિષ) સત્તાવીસ મહિનો દશમો યોગ. આ યોગ દુઃખદાયક મનાય છે.

૨૯. ન. (જૈન) સ્તવ.

૩૦. ન. હાથીનું કુંભસ્થળ

૩૧. વિ. ગાંઠું.

૩૨ વિ. ગૂંચવણ ભરેલું.

ગાંડક ૧. [સં.] પું. અંતરાય; પ્રતિરોધ.

૨ પું. એક જાતનું અત્સ્ય.

૩ પું. ઝાડ.

૪. પું. ગુદા.

૫ પું ગેડો.

૬. પું. ચારની સંખ્યાથી ગણવાની એક રીત.

૭. પું ઘોડાનું એક જાતનું ઘરેણું.

૮ પું. ભુદાઈ.

૯. પું. જ્યાં ગંડકો નદી વહે છે તે પ્રદેશ.

૧૦. પું. ઢંઢેરો પીટનાર માણસ.

૧૧. પું. નિશાન

૧૨. પું. પિંડ.

૧૩. પું. કોલ્લા થવાનો રોગ.

૧૪. પું. ભરતખંડનો એક દેશ. પાંડવોના સમયમાં આ દેશ પૂર્વે પાંચાલની પૂર્વે આવેલો હતો.

૧૫. સ્ત્રી. ગંગાને મળનારી એ નામની નદી.

૧૬. વિ. ગાંડું; ઘેલું; દીવાનું; મળી ગયેલું.

૧૭. વિ જ્યોતિર્વિદ્યાના એક ભાગ સંબંધી.

૧૮. વિ. મસ્ત; અંધ

૧૯. વિ. મૂર્ખ; અજ્ઞાન.

ગંડકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગાડી; ગંજિકા; છંદસ; ગાડસા; દંડિકા; વૃત્ત; સ્રગ્ધરા. આ છંદ કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી વીસ વર્ણ હોય છે.

ગંડકારી ૧. [સં.] સ્ત્રી. ખેરનું ઝાડ.

૨. સ્ત્રી. રિસામણી નામની વનસ્પતિ.

ગંડકી ૧. પું. (પિંગળ) દરેક ,ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ વીસ અક્ષર હોય એવો એક અક્ષરમેળ છંદ; ગંડકા.

૨. [સં.] ન. એ નામની નદીની અધિષ્ઠાત્રી દેવી.

૩. સ્ત્રી. ગેડો

૪. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૫. સ્ત્રી. પટણા પાસે ગંગાને મળતી એ નામની નદી. હિમાલયમાં વિષ્ણુ ભગવાન તપ કરતા હતા. તે વખતે તેમના ગાલ ઉપરનો પરસેવાની બહુ નદી બનેલી હોવાથી એનું નામ ગંડકી પડ્યું. આ નદીનું મૂળ જ્યાં ભરત અને પુલહનો આશ્રમ હતો, તે શાલિગ્રામથી ઝાઝું દૂર નથી. શાલિગ્રામની દક્ષિણે નારાયણ મુક્તિનાથનું દેવળ આવેલું છે. આમ હોવાને લીધે આ નદીને શાલિગ્રામી અથવા નારાયણી પણ કહે છે. બિહારમાં કાનપુર પાસે આ નદી ગંગાને મળે છે. એ જગ્યાએ મેળો ભરાય છે. તેના સાત જુદા જુદા પ્રવાહોને સમગંડકી કહે છે. એમાંના મોટા પ્રવાહનું નામ ત્રિશુલ ગંગા છે. બધા પ્રવાહ ત્રિવેણીમાં ભેગા થાય છે. તેના કાંઠા ઉપર હરિહરક્ષેત્ર આવેલું છે. આ નદીમાંથી શાલિગ્રામ મળે છે.

૬. સ્ત્રી (સંગીત) સત્તર માત્રાનો એક તાલ. તેમાં તેર આઘાત અને ચાર ખાલી હોય છે.

૭. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. ત્યાં સતીનો જમણો ગાલ પડ્યો હતો.

ગંડકીપુત્ર [સં.] પું. શાલિગ્રામ.

ગંડકીશિલા [સં] સ્ત્રી. ગંડકીમાં ઉત્પન્ન થયેલ શાલિગ્રામનો પત્થર.

ગંડકુસુમ [સં.] ન. હાથીનો મદ.

ગંડકૂટ પું. ગંડસ્થિની બહારની બહિર્ગોળ બાજુ.

ગંડકૂપ [સં.] પું. પર્વતના ઉચ્ચ પ્રદેશમાં રહેલો કૂવો.

ગંડકા પું. ગેંડો.

ગંડગાત્ર ૧. ન. કોહિયું શરીર.
૨. [સં.] ન. બહુ કૂણવાળું ગાત્ર.
૩. ન. સીતાફળ.

ગંડચ્છિદ્ [સં.] ન. ગંડસ્થિની બહારની બાજુ ઉપર આવેલું બે નામનું એક કીલું કાણું. તેમાં થઈને નાડી, શિરાઓ તથા ધમનીઓ પસાર થાય છે.

ગંડજૂર્યા [સં.] સ્ત્રી. ગાંઠવાળી ફોગ; એક જાતનું ઝાડીદાર ઘાસ; અતિતીવ્રા.

ગંડઘરહ્રદ પું. હનુપિંડની આસપાસનાં ચાર માંસનું બે નામનું એક પ્રવર્હન.

ગંડઘેરી સ્ત્રી. મજ્જની અને પૃષ્ઠવંશની રક્તવહિનીઓ તથા મજ્જાદ્રવ્યને અવલંબન આપનાર પાતળું સંયોજક પેશીતંત્ર.

ગંડચ્છેદક ૧. [સં.] ન. વિશાળ ગાલ; પહોળું લમણું.
૨. વિ. વિશાળ ગાલવાળું.

ગંડજાગ્બોલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; બરમેદ. તેનાં મૂળકાંનાં ચાલ કૃમિમાંથી અત્તર બનાવવામાં આવે છે. આ વનસ્પતિ કોઢ, બરસ, ખૂજલી અને ઝેરના વારણ માટે અપાય છે.

ગંડઝક સ્ત્રી. કાબુલ નદીની બીજાનું એક પ્રાચીન નામ.

ગંડઝાર પું. ધાર્મિક ક્રિયામાં વપરાતો એક જાતનો છોડ.

ગંડઝાડ્યા [સં.] સ્ત્રી. કંઠમાળ; ગંડમાળ નામનો રોગ. તેમાં બગલમાં, બન્નામાં, કોઠમાં, ગળામાં અથવા સાથળના મૂળમાં મેદને અને કફને લીધે નાના ઓર જેવા કે આમળા જેવડા ઘણા ગાંઠા થાય છે.

ગંડઝાલિકા [સં.] સ્ત્રી. ત્રિસામણીનો છોડ.

ગંડઝાળ સ્ત્રી. ઝાનની નષ્ટક થતો એક જાતનો ગાંઠિયો રોગ; કંઠમાળ. તેમાં લોહી દૂષિત થયેલ હોઈ શરીરને પૂરું પોષણ મળતું નથી. તે કોઈ વાર વારસામાં પણ ઊતરે છે. શરીરમાં બાજે સ્થળે પણ આ રોગનાં જંતુ પેદા થઈ તે તે સ્થાનમાં વરમ થઈ આવે છે. પછી તે પાકીને પરૂ થાય છે. આ રોગનાં સ્થાનિક અને શારીરિક એમ બે પ્રકારનાં ચિહ્ન થાય છે. પહેલા પ્રકારના ચિહ્નમાં ત્વચા, ઉદર, મજ્જા, ફેફસાં, રસપિંડ, સાંધા, અસ્થિ, આંખ વગેરે આ રોગના જંતુની અસરવાળાં થાય છે. બીજા પ્રકારના ચિહ્નમાં શરીર નાનુક અને નબળું, પાચનશક્તિ બહુ જ મંદ, નાડી તીવ્ર અને હાથ બોકું ગરમ હોય છે. મુખ, હાથ, છાતી, પીઠ, કોઠ વગેરે જાગની ત્વચા ઉપર મોટાં અને બધાતાં ગાંઠા પડે છે. તે બહુ કાળ સુધી નહિ રઝાતાં ફેલાતાં જાય છે. તેની કોર વાંકોચૂકો ગાંઠોવાળા અને અનિયમિત હોય છે. ઉદરમાં આ વ્યાધિ થાય ત્યારે બાળકનું પેટ મોકું બહાર જેવું થાય અને પેટમાં ગોળા જેવું લાગે છે. વખતે ગાંઠો થાય છે, પણ બધે જાગે કઠણાઈ રહે છે અને પેટમાં બળોદર થઈ આવે છે. નાનાં, નરમ અને પોચાં હાડકાંમાં આ રોગ વિશેષ થાય છે. આંખને આ જંતુ લાગુ પડે ત્યારે તેના પોત અને કૃષ્ણ ભાગમાં કૂલ્લા પડે છે. કોઈ વાર આ વ્યાધિ તીવ્ર રૂપમાં લાગુ પડે છે ત્યારે મહાજ્વર આવી શરીર જલદીથી કૃશ થાય છે અને બાંસી, ગાંઠો અસ્થિ, માંસનો કુખાવો વગેરે થઈ ગોડા વખતમાં દેહ પડી જાય છે.

ગંડઝાળકંઠનરસ પું. કંઠમાળ ઉપર અપાતું એક દેશી ઔષધ. તેની માત્રા બહુ રતી છે. તે મધ કે દૂધ સાથે લેવાય છે.

ગંડઝાળાહરસવ્યાઘ્ર પું. કંઠમાળ ઉપર અપાતો એક જાતનો ઉકાળો.

ગંડઝૂર્ખો [હિં.] વિ. બોર મૂર્ખ; ભારે બેવકૂફ.

ગંડઝંત [સં.] પું. મેઘ; વરસાદ.

ગંડરારા સ્ત્રી. પીવા માટે ગોઠડી કરેલી કાચેલી શેરડી.

ગંડરી [હિં.] સ્ત્રી. શેરડીનું બાકળિયું.

ગંડલ વિ. ગાંઠવાળું.

ગંડલી પું. શિવનાં હજાર બાંહેનું એક નામ.

ગંડવી વિ. સ્ત્રી. ગાંઠી; બાજુલ વજરની.

ગંડચો ૧. પું. ખરજુ જતાં સાથે થઈ જવાનો કર્ણાશયો; રૌચિયો
૨. પું. ગાડો બાબુસ.
૩. પું. બૈરાંઓમાં ભેગનાર પુરુષ.
૪. પું. બાચો.
૫. પું. ઓનો તાબેદાર માણસ.
૬. વિ. ગાંઠા જેવું; બાજુલ વજરનું; મૂર્ખ.
૭. વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ ક્રિયા કરાવનાર.

ગંડશિલા [સં.] સ્ત્રી. મોટો પથ્થર.

ગંડશૈલ ૧. [સં.] પું. કપાળ.
૨. પું. ગાલ.
૩. પું. પર્વત ઉપરથી બગડી પડેલો મોટો પથ્થર.

ગંડસ્થલ ૧. [સં.] ન. ગાલ; લમણું.
૨. ન. કેરું.
૩. ન. હાથીના કાનની ઉપરનો ને આસપાસનો ભાગ; કુંભસ્થળ.

ગંડસ્થલી [સં.] સ્ત્રી. ગાલ.

ગંડસ્થળ જુઓ ગંડસ્થલ.

ગંડા ૧. પું. આધાર; ભરોસો.
૨. પું. કલ્પતરુના ગળાની આસપાસની વીંટી.
૩. પું. કોઢીઓની માળા.
૪. પું. બાળ રંગના દોરાની બત્રીસી દોરી. તે સ્ત્રીઓ અને બાળકો બરાબ નજરથી બચવા માટે કોક પહેરે છે.
૫. પું. દમડીનો ચોથો ભાગ; બાર પૈસા.
૬. પું. કાંસાના આકારની સોનારૂપાની પતરી. તે ઘોડા અને ઘોરની કોકની આસપાસ ઘરેણા તરીકે પહેરાવાય છે.
૭. સ્ત્રી. (પુરાણ) એ નામની એક બાંડાળણી; પદ્મસખાની સ્ત્રી.

ગંડાકાર વિ. ચૂમડાના આકારનું.

ગંડારિ ૧. પું. બંબનાર; કમળનાર નામે વનસ્પતિ.
૨. [સં.] પું. કોવિદાર વૃક્ષ.

ગંડાલી ૧. સ્ત્રી. એ નામની એક ઔષધિ; સર્વાહ્લો.
૨. [હિં.] સ્ત્રી. બાંડાવાળી ખો.
૩. [સં.] સ્ત્રી. ધોળા પ્રોબડ.
૪. સ્ત્રી. બજાર.

ગંડાસી ૧. [હિં.] સ્ત્રી. ઘાતરડું.
૨. સ્ત્રી. નાની કુહાડી.

ગંડાસ્થિ [સં.] ન. ગાલનું હાડકું; કપોલાસ્થિ. દરેક ગાલમાં એક એક ગંડાસ્થિ આવેલું છે. એમને લીધે એ ભાગ ઊંચો લાગે છે.

ગંડાં [સં. ગુડદક] પું. શેરડી.

ગંડાંગ [સં.] પું ગેંડો.

ગંડાંત [સં.] ન. (જ્યોતિષ) તિથિ, નક્ષત્ર વગેરેનો એક સમય. પૂર્ણિમા, પંચમી અને દશમીની છેલ્લી અડધી અને પડવો, છઠ્ઠ ને એકાદશીની પ્રથમની બાજીની એક એક ઘડી ગંડાંત કહેવાય છે. તે યાત્રા અને વિવાહમાં વર્જ્ય ગણાય છે. વળી રેવતી અને અશ્વિનીની

સંધિની બે ઘડી તેમ જ અશ્લેષા, મઘા, જ્યેષ્ઠા, મૂળ એમની સંધિની ચાર ઘડી વર્જ્ય છે. એ ત્રણ પ્રકારના ગંડાંત યાત્રા અને જન્મકાળમાં વર્જિત છે ગંડાંતમાં જન્મેલા બાળકનું છ માસ સુધી પિતાએ દર્શન ન કરવું અને રેવતીના ગંડાંતમાં જન્મેલો બાળક પિતાને કુળભંગ થાય એમ મનાય છે

ગંડાંતરસ્થાન [સં] ન. જન્મકુંડલી માંહેનું આઠમું ભુવન. મૃત્યુસ્થાન

ગંડિ ૧. પું. (જૈન) એક જાતનો જંતુ.
૨. [સં] પું ગાંઠનું થડ; શરીરના મૂળથી શાખા સુધીનો ભાગ.
૩. પું. ટાપશિયાઈ નાવમાં થતો સોલ્લે.
૪. વિ. કંઠમાળાના રોગવાળું.

ગંડિકા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ગડકા. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી વીશ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. ગેરસ.
૩. [સં.] સ્ત્રી. ક્ષુદ્ર ગંડપાષાણ.
૪. સ્ત્રી. ગંડેરી; શેરડીના છોલેલ કટકા.
૫. સ્ત્રી. ગેંડાના ચામડાની બનેલી ઢોડી.

ગંડિની [સં.] સ્ત્રી. દુર્ગા.

ગંડિયલ ૧. [સં.] વિ. હરપોકરું; ડરપોક.
૨. વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ કામ કરાવનાર.

ગંડિયા ૧. [સં] પું ગુદામૈથુન કરાવનારું; ભોંડો.
૨. પું. નપુંસક; હીજડો.
૩. પું. બીકણ માણસ.
૪. સ્ત્રી. ગેરસ.
૫. સ્ત્રી. ગંડેરી; શેરડીના છોલેલ કટકા.

ગંડિયું ૧. ન. માથાનો મૂડો.
૨. વિ. ગાંડું; ઘેલું; દીવાનું.

ગંડી ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય.
૨. સ્ત્રી. કમળની કર્ણિકા.
૩. [સં.] સ્ત્રી ગેંડી; ગેંડાની માદા.
૪. સ્ત્રી. કુંજળીનો દડો.
૫. સ્ત્રી. નપુંસક; હીજડો.
૬. સ્ત્રી. પુસ્તકના પાંચ માંહેનો એક પ્રકાર; પહોળાઈ અને લંબાઈમાં સરખું હોય એવું પુસ્તક
૭. સ્ત્રી. બીકણ માણસ.
૮. સ્ત્રી. રામચંદ્રજીએ રાવણથી સીતાનું રક્ષણ કરવા કોરેલું વર્તુલ.
૯ સ્ત્રી. ભોંડો; ગુદામૈથુન કરાવનાર.
૧૦. સ્ત્રી. સોનીની ગેરણ ગોઠવવાનું લાકડું.
૧૧. વિ. ગાંડુ

ગંડીપદ ૧. પું. ગેરણ.
૨. પું. સોનીની ગેરણ કે કમળની કર્ણિકા જેવા પગવાળુ જનાવર. જેમકે, હાથી, ગેંડો.
૩. વિ. કમળની કર્ણિકા જેવા પગવાળું.

ગંડીપદા જુઓ ગંડીપદ.

ગંડીપય [પ્રા.] પું. ગંડીપદ.

ગંડીપુસ્તક ન. લંબાઈ અને પહોળાઈમાં સરખું હોય એવું પુસ્તક.

ગંડીર ૧ [સં.] પું એક જાતનું ઝાડ.
૨. પું. જંગલી મૂરણ.

ગંડીરી [હિં.] સ્ત્રી. મજાક.

ગંડુ ૧. [સં.] પું. ઓશીકું.
૨ પું ગાંડ
૩ વિ ગાંડું, મૂર્ખ
૪ વિ અલ્પ.

ગંડુડી (ગંડૂડી) ૧. [હિં.] સ્ત્રી. ઈંદોણી.
૨. વિ. સ્ત્રી. ગાંડા જેવી
૩. વિ. સ્ત્રી. ઘાંઘાળણી; ઘાંઘારેતી
૪. વિ. સ્ત્રી. ઘેલા વગરની.

ગંડુલું (ગંડૂલું) વિ. ગાંડું; અક્કલ વગરનું.

ગંડુપાદ ન. દડુકુમિના વર્ગનું પ્રાણી; દિલિમ્બી અને ઈંડાં મૂકનાર એક જાતનું પ્રાણી. તેનું શરીર નળાકાર અને એક છેડે અણીવાળું હોય છે. તેમાં અસંખ્ય વિભાગ પડેલા હોય અને તે વિભાગોને ઉપાંગો હોતા નથી. તેમને નાના અણ્ડક વાળ હોય છે. તે માટીમાં રહે છે, માટી ખાઈને જીવે છે, તેમાંના પોષક પદાર્થ પચાવી નાખે છે અને બાકીના ભાગને પોતાના દરના મુખ આગળ જમીન ઉપર નાખે છે.

ગંડુર વિ. ગાંડું.

ગંડુરાજ ન. એક જાતનો ભમરીઓનો છોડ. સામાન્ય રીતે તે બેલ્જમના પ્રદેશમાં ઊગે છે. તેનાં પોળાં ફૂલ સુવાસ આપે છે.

ગંડુલિ ૧. [સં.] સ્ત્રી. ગાંઠ.
૨. વિ. ગાંઠવાળું

ગંડુસ વિ. ગાંડું; આવડત વગરનું.

ગાંડું વિ. ગાંડું; ઘેલું.

ગાંડુ ૧. [સં.] પું ઓશીકું.
૨. પું. ગાંઠ.

ગંડૂપદ [સં.] પું. એક જાતનો જંતુ.

ગંડપદભક્ષ [સં.] ન. સીસું.

ગંડૂપદી [સં.] સ્ત્રી. એક જાતનો સૂક્ષ્મ જીવ.

ગંડૂપાદ ૧. [સં.] પું. અળસિયું; સજંતુ.
૨. પું એક જાતનું દરિયાઈ પ્રાણી.
૩. વિ. કંચુસ; મખ્ખીચૂસ.

ગંડૂશ સ્ત્રી. કોગળા કરવાની દવા.

ગંડૂષ ૧. [સં.] પું. એક ચાંગળું માપ.
૨. પું. કોગળો.
૩. પું કોગળો કરવો તે.
૪. પું. પરિમાણ.
૫. પું. હાથીની સૂંઢનો અગ્રભાગ.
૬. સ્ત્રી. કોગળા કરવાની દવા.

ગંડેદાર ૧. વિ. અનિયમિત.
૨. વિ. ટાંકાવાળું.

ગંડોરિયા ન. એક જાતનું ભરત ભરેલું કાપડ.

ગંડોરી ૧. [સં. કાંડ (કાતળી)] સ્ત્રી. છોલેલી શેરડીના કટકા; આદળિયાં.
૨. સ્ત્રી. લાકડાના થડના ટૂંકા ગોળ કટકા.
૩. વિ. સ્ત્રી. ગાંડી

ગંડોરો પું. ખોડો; અડચો.

ગંડો ૧. પું. અંબોડો.
૨. પું. નેપાલી તાંબાનો પૈસો. હિંદના પંચ પૈસા જેટલી તેની કીમત છે.
૩. પું. સાગરીતની નિશાની તરીકે બંધાતો દોરો. ગંડો બાંધવો = પોતાના મતનો બનાવવો.

ગંડોત્તરખાત [સં.] પું. કરોડિ પદ્મના અગ્રભાગમાં આવેલ એક ખાડો. આ ખાડો ગંડપદની નીચે રહેલો છે અને તેમાં કનૂકૂટ, આંતરજાનવ્યા ધમની તથા શિરા વગેરે આવેલ છે.

ગંડોત્તરતલ [સં.] ન. હનુપિંડની એક બાજુ. આ બાજુ ગંડમૂલખાતની આગલી દીવાલ બનાવે છે. તે સંખ્યબંધ ચેરી વડે ઢંકાયેલી છે.

ગંડોપધાન [સં.] ન. ઓશીકું.

ગંડોપધાનિકા સ્ત્રી. આલમગૂરિયું.

ગંડોલ ૧. [સં.] પું. ગોળ.
૨. પું. પેટમાં થતાં કૃમિ.

ગંડોલપાદ [સં.] વિ. ગોળાકાર પગવાળું.

ગંડોળા પું. બે છિદ્રિવાળા એક જાતના જીવ.

ગાંડ સ્ત્રી. (જૂ. ગુ) ગાંઠ; ગ્રંથિ.

ગંઢા ૧. પું બ.વ. (કચ્છી) ગાંગડા; ગાઠા.
૨. સ્ત્રી. એ નામની મુસલમાનની અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું

ગંઢારો પું. (કચ્છી) ચોમાસામાં ઊગતો એક છોડ. તેનાં ફૂલ આસમાની રંગનાં અને ફળ કાકડી કે ચીભડાનાં બીજ જેવાં હોય છે. એનાં મૂળનો ઉકાળો સંધિવામાં મધ સાથે અપાય છે.

ગંઠારોકૂબો પું. (કચ્છી) વેતથી હાથ બેટકો ઊંચો થતો એક જાતનો છોડ.

ગંઠારોગુજ્જુ જુઓ ગઠારોકૂબો.

ગંઠી સ્ત્રી. (કચ્છી) ગાંઠ.

ગંઠો ૧. પું. (કચ્છી) કાંઈ વાસવાથી સોજો ચડી આવીને બંધાતી ગાંઠ.
૨. પું. (કચ્છી) ગાંગડો; ગાંઠો.

ગંતવ્ય ૧. [સં.] વિ. જવા જેવું; ગમન કરવા યોગ્ય.
૨. વિ. જાણવા યોગ્ય.
૩. વિ. પ્રાપ્ત કરવા જેવું.

ગંતાર [સં. ગન્તૃ] વિ. જનાર; ગામનાર.

ગંતુ ૧. [સં.] પું. મુસાફર.
૨. પું. રસ્તો.

ગંત્રી ૧. [સં.] સ્ત્રી. ગમન કરનારી સ્ત્રી.
૨. સ્ત્રી. બેસવાની; બળદ જોડવાની ગાડી.

ગંત્રીરથ [સં.] પું. બેસવાની ગાડી.

ગંધિકછેદક પું. ગજવાકાતરૂ.

ગંધો ૧. સ્ત્રી. ગાંઠ.
૨. સ્ત્રી. પૈસો.

ગંધ ૧. સ્ત્રી. ગંધ.
૨. વિ. દુર્ગંધ મારતું; બરાબ વાસવાળું.

ગંધક ૧. [હિં.] સ્ત્રી. ગંધક.
૨. સ્ત્રી. ક્ષાર.

ગંધકો ૧. [જા. ગંધક (અપવિત્ર)] સ્ત્રી. અસ્વચ્છતા.
૨. સ્ત્રી. કચરોપૂળો અને વાસ મારે એવી બરાબ વસ્તુ પડેલી હોય એવી હાલત.
૩. સ્ત્રી. ગંદવાડિયાવાળી જગ્યા; બરાબ વાસ આવે એવી જગ્યા.
૪. સ્ત્રી. ગંદવાડ; વાસ મારતો કચરોપૂળો અથવા મળમૂત્ર.
૫. સ્ત્રી. નઠારી ગંધ; બદબો

ગંધકોદંડ પું. બદકો કર્યા બદલનો દંડ.

ગંધગી જુઓ ગંદકી.

ગંધગ્રહન પું. દુર્ગંધ મારતો શ્વાસ.

ગંધન ૧. [સં. ગાન્ધિક] પું. (હિંદી) અત્તરિયો.
૨. [હિં.] સ્ત્રી. અત્તર વેચનારી સ્ત્રી.

ગંધના ૧. પું. કુંભણીમાં નાખેલા અને વાવેલા જવ.
૨. [હિં.] સ્ત્રી. એક જાતનો છોડ.
૩. [મ.] ન. કુંભણીના આકાર જેવું એક ઘાસ.

ગંધફિરોજ ૧. પું. એક જાતનું ઔષધ.
૨. પું. એક જાતનું નખતેલ.

ગંધબહાર [જા.] સ્ત્રી. કડી ઋતુમાં પડતો વરસાદ.

ગંધબા સ્ત્રી. ગણદેવીનું પ્રાચીન નામ.

ગંધબિરોઝ જુઓ ગંધફિરોઝ.

ગંધબિરોજા ૧. પું. એ નામનો એક જાતનો ઘૂંસ.
૨. પું. એક જાતની રાળ.
૩. પું. ધૂપ તરીકે વપરાતો એક પદાર્થ.

ગંધમેલ [હિં.] ન. ઉગ્ર ગંધવાળું ઘાસ.

ગંધલ ૧. [હિં.] ન. ખોટી વાત.
૨. ન. છાપું છાપવામાં વપરાતુ એક જાતનું ઘાસ. તે પાણી ભરેલી જગ્યામાં ઊગે છે.

ગંધલા વિ. મેલું.

ગંધલાપન ન. મેલાપણું.

ગંધલી સ્ત્રી. લસણ.

ગંધવાહ (ગંધવાઢ) ૧. [જા. બદક (અપવિત્ર)] પું.; સ્ત્રી. અસ્વચ્છતા.
૨. પું.; સ્ત્રી. એવું પાત્ર વેરાયેલું પડયું હોય તે જગ્યા; ગંદી જગ્યા.
૩. પું.; સ્ત્રી. વાસ મારતો કચરોપૂળો અથવા મળમૂત્ર.

ગંધવાડો (ગંધવાઢો) જુઓ ગંધવાહ.

ગંધળ ન. ગપાટો.

ગંધા ૧. [હિં.] પું. ગામઠાની નજીક આવેલી જમીન.
૨. પું. અંતરેલું આદળિયું.
૩. [જા.] વિ. અસભ્ય; બીજાત.
૪. વિ. બરાબ સ્વભાવવાળુ
૫. વિ. ગંધાતુ
૬. વિ. મેલું; ગોબરું.
૧. ગંધા કામ = (૧) ગોબરું કામ. (૨) સફાઈ.
૨. ગંધા દહન = બરાબ શ્વાસવાળુ.
૩. ગંધા દહની = ગંધાતો શ્વાસ.
૪. ગંધા પાણી = (૧) અસ્વચ્છ પાણી. (૨) દારૂ. (૩) પેશાબ. (૪) વીર્ય.

ગંધાઈ સ્ત્રી. બદકી, અસ્વચ્છતા.

ગંધિકા ૧. [સં.] પું. વૈદિક સમયનો એક પ્રાચીન દેશ.
૨. સ્ત્રી. એ નામની એક નગરી.

ગંધી ૧. [સં. ગાન્ધિક] પું. અત્તરિયો.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. એનાં પાન બાવળનાં પાન જેવાં પણ મોટાં થાય છે. એને નારંગી રંગનાં નાનાં ચણોઠી જેવડાં ચીકણા અને મીઠાં ફળ થાય છે. તે માણસો ખાય છે. તેનું લાકડું ચીકણું હોય છે.
૩. [જા.] વિ. અસભ્ય; જૂઠું.
૧. ગંદી ગંદી વાતો કરવી = જૂઠું બોલવું.
૨. ગંદી વાત = બીભત્સ ભાષા; અપશબ્દ.
૪. વિ. બરાબ સ્વભાવવાળુ.
૫. વિ. ગંદકીવાળું.
૬. વિ. ગંદું; ગોબરું

ગંધીગલીચી સ્ત્રી. ગંદકી.

ગંધીલું વિ. ગંદું; ગોબરું; અસ્વચ્છ.

ગંદક પું. દ્વો.

ગંદુઅ [મ.] પું. ધઉં.

ગંદુઅગૂન [જા.] વિ. ધઉંના રંગનું.

ગંદુઅરંગ [જા.] વિ. ધઉંવર્ણું; ભાનેવાન.

ગંદુઅવસ્તા [મ.] પું. જંજલી ધઉં.

ગંદુઆ વિ. બદામી; પીળચટું; ચિમળ.

ગંદું ૧. [જા. બંદ (અપવિત્ર)] વિ. અસ્વચ્છ; મેલું; ગોબરું.
ગંદું કરવું = (૧) અસ્વચ્છ બનાવવું; અપવિત્ર કરવુ. (૨) કલંકિત બનાવવું.
૨. વિ. ગંદકીવાળું.
૩. વિ. દુર્ગંધવાળું; ગંધાતું.
૪. વિ. જૂઠું; અસભ્ય.
ક્રિયાન–જૂઠું ગંદું કરવું = જૂઠું બોલવું.

ગંદુંગોબ્બું વિ. ગોબરું; અસ્વચ્છ; ગંદું.

ગંદુંગોબ્બું જુઓ ગદુંગોબ્બું.

ગંદેર સ્ત્રી. એક જાતની લીલી ભાજી.

ગંદોરી [હિં.] સ્ત્રી. રોરડીના છોલેલ કકડા.

ગંદૈલા [હિં.] પું. ઝાડને નુકસાન કરતું એક જાતનું જતુ.

ગંદોબેરજો પું. એક જાતનું કરિયાણું.

ગંદ્રક પું. ગંધક; એક જાતનો અનિજ પદાર્થ.

ગંદ્રાઝિ પું. એક જાતનું બદામ તરફનું વાંદરું. તેની પીઠ રાખોડિયા રંગની, માથું લાલાશ પડતું, લમણા, હડપચી અને પેટ પીળાશ ઉપર અને મોઢું, દડેળા અને આંગળી કાળાં હોય છે.

ગંધ્ ૧. [સં.] સ. ક્રિ. ગમન કરવું; જવું; જતુ.
૨. સ. ક્રિ. ઈજા કરવી; પીડા કરવી.
૩. સ. ક્રિ. પૂછવું; માગવું.
૪. સ. ક્રિ. મારી નાખવું.
૫. સ. ક્રિ. રાજીમારવુ.

ગંધ ૧. [સં] પું. ગર્વ; મિથ્યાભિમાન.
૨. પું. ગંધક; એક ખનિજ પદાર્થ.
૩. પું. પાડોશી.
૪. પું. શિવ; શંકર.
૫. પું. શોભાજનક; સજ્જન; સરખાનું ઝાડ.
૬. પું. સંબંધ; નિસ્બત.
ગંધ લેવી = (૧) ખબર પાડવી; વાત જાણવી. (૨) છેવટ સુધી વાંસે લાગવું; કેડો ન મૂકવો.
૭. પું. હર્ષ; આનંદ
૮. સ્ત્રી. અણગમો; કંટાળો.
૯. સ્ત્રી. પ્રાણ ઉદ્રિય વડે ગ્રહણ કરાતો ગુણ; સોડ; વાસ. તેના દસ પ્રકાર છે: (૧) ઇષ્ટ, કસ્તૂરીમાં, (૨) અનિષ્ટ, વિષ્ટામાં. (૩) મધુર, ફૂલમાં. (૪) ખાટો, આમલીમાં. (૫) કડવો, મરચામાં. (૬) તિક્ષ્ણ, હિંગમાં. (૭) સંહત ઝીટલે મિશ્રિત, જુદા જુદા કદમાં. (૮) રૂક્ષ, સરસવના તેલમાં, (૯) સ્નિગ્ધ, તાજા ગરમ કરેલા ઘીમાં અને (૧૦) વિશદ, ઓખામાં. ન્યાયમત પ્રમાણે ગંધ ચોવીસ ગુણ માંહેનો એક છે. ચોવીસ ગુણ: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ અને અધર્મ.
૧૦. સ્ત્રી. તિલક; ટીલું; ચાંલ્લો.
૧૧. સ્ત્રી. દુર્ગંધ; ખરાબ વાસ.
૧૨. સ્ત્રી. લવલેશ; થોડું હોવાપણું; સહેજ પણ અસ્તિત્વ.
૧૩. સ્ત્રી. સુગંધી પદાર્થ; અત્તર.
૧૪. ન. અમુરચંદન.
૧૫. વિ. વાસવાળું; જેમાં સોડ આવતી હોય એવું.

ગંધક ૧. પું. ગંધકની મેળવણીવાળું ઔષધ; એક જાતનું રસાયન
૨. પું. નીચ યોનિનું ક્રૂર પ્રાણી.
૩. પું. પીળા રંગનો અત્યંત ભરડ અને ગરમીથી ઓગળી જઈ બળે એવો એક ખનિજ પદાર્થ. તે નેપાળ, કાશ્મીર, બર્મા અને હિંદના કોઈ કોઈ ભાગમાં મળે છે. તેની જ્વાળા આસમાની અને વાસ આકરી હોય છે. તેની ચાર જાત છે: લાકડિયો, આમળસારો, કચ્છી તથા દાલ. આમળસારો ગંધક સૌથી ચોખ્ખો અને ઝકચકિત હોય છે. તેના પીળા રંગના કટકા આવે છે. તેનો રંગ પાકેલાં આમળાંના રંગને મળતો હોવાથી તેને આમળસારો ગંધક નામ આપવામાં આવ્યું છે. લાકડિયો ગંધક લાકડીના આકારનો હોય છે. તેના પાંચ પાંચ સાત સાત ઇંચના કટકા આવે છે. આ બે જાતનાં ગંધક ઔષધમાં વપરાય છે. આમળસારો ગંધક આવા માટે તેમ જ અત્તર સજાવવા માટે વપરાય છે. લાકડિયો ગંધક મુખ્યત્વે કરીને અત્તર સજાવવાના કામમાં આવે છે. છતાં બે આમળસારા ગંધકના અભાવમાં તે આવાને બદલામાં આવે તો કોઈ પણ જાતની કરજત આવતી નથી. કચ્છી અને દાલગંધક બહુ વપરાતા નથી. ગંધકનું શોધન કરવા લોઢાની કડાઈની અંદરના ભાગમાં જરા ઘી ચોપડી ગંધકનો ભારીક ભૂકો કરી તે કડાઈની અંદર નાખવો. નીચે બહુ ધીમે અંગારાનો તાપ કરવો. કડાઈને તાપની આંચ લાગતાં જ તે ઓગળવા માંડે અને બે ત્રણ મિનિટની અંદર સાવ ઓગળી જાય. ગંધકનો રસ થાય ત્યાંસુધી ચૂલા ઉપર રાખવો. રસને દૂધની અંદર નાખવો. એક શેર ગંધકના રસને અડધી શેર દૂધની અંદર નાખવો. દૂધમાં ગંધક તળે બળી જશે. બળેલા ગંધકનું પોકું ઉઘેડી લઈ તેને બારીક વાટી કપડે ચાળી લેવું. તેનો રંગ શુદ્ધ પીળો થાય છે. આ સિવાય શુદ્ધ કરવાના બીજા ઉપાય પણ છે. ઔષધમાં શુદ્ધ ગંધક વપરાય છે. ગંધક શોધક, સારક અને કૃમિઘ્ન છે. તે ખાવાથી પિત્તના પ્રકોપને શાંત કરે અને ઝાડો સાફ ઊતરે. અર્શ માટે ગંધક બધાં જ ઉપયોગી બનાવ છે. આ સિવાય અતિસાર, ખસ, ઉદરી, રક્તપિત્ત, આંતરડાના કૃમિ અને ચેટલા બહારનું રોગ ઉપર પણ ગંધક વપરાય છે. ગંધક, રાઈ, હસલ્ય, અજમાનાં ફૂલ એ બધાંને કાંદાના રસમાં વાટી ચટણી પાર્શ્વ કેવાથી ચટણીના શરીરમાં સારું ચૈતન્ય આવે અને ઠંડું પડતું શરીર ઉષ્ણ થાય. વાતવ્યાધિમાં ગંધક બપોર છે. સાંધા ઝલાઈ ગયા હોય અને શ્લેષ્મ રસનો અભાવ તે ઠેકાણે થવાથી તેમની ગતિ કેટલેક દરજ્જે બંધ પડી ગઈ હોય ત્યારે ગંધક ઉપયોગી બનાવ છે. વાતવ્યાધિનું તીક્ષ્ણ રૂપ શાંત થયા પછી તેના જીર્ણ રૂપમાં ગંધક બપોર છે. ત્વક્દોષમાં ગંધક સૌથી સારો ઉપાય લેખાય છે અને તે ખાવાને અને ચોપડવાને માટે બપોર છે. ખેરાલેરાની ઝેરી હવા દૂર કરવા માટે જે ઘરમાં કોલેરાવાળો દરદી મુબઈ ગયો હોય તે ઘરમાં ગંધક બાળવામાં આવે છે. શુદ્ધ ગંધકની માત્રા ૨ થી ૪ વાલની છે. ગંધક રાતો, પીળો, ધોળો અને કાળો એમ ચાર પ્રકારનો છે. રાતો સ્વર્ણ ક્રિયામાં, પીળો રસાયનમાં અને ધોળો લેપમાં ઉત્તમ મનાય છે. કાળો ગંધક દુર્લભ છે.
૪. પું. સરગવાનું ઝાડ.
૫. વિ. ગંધકના મુખ્ય ધરાવવાવાળું.

ગંધકચૂર્ણ [સં.] ન. ખંજવાળ વગેરેમાં ભરવાનો દારૂ.

ગંધકતેલાભ્ર પું. ગંધકનું તેલ. એ રંગ વિનાનો, તેલ જેવો લઈ તેમ જ અત્યંત ખાટો હોય છે અને દવામાં વપરાય છે.

ગંધકદ્વિપ્રાક્ષિક પું. ગંધકનો પ્રાણવાયુ સાથે સંબંધ થવાથી ઉત્પન્ન થતો એક જાતનો વાયુ.

ગંધકપલાસી સ્ત્રી. એક સુગંધીદાર મૂળિયું; કપૂરકાચલી.

ગંધક રસાયન ૧. ન. ગંધકનાં ઔષધોપયોગી દ્રવ્ય સિદ્ધ કરવાનો એ નામનો એક ગ્રંથ.
૨. ન. (વૈદક) લોહી શુદ્ધ કરવાનું એક દેશી ઔષધ. ગંધક બે ભાગ અને પારો એક ભાગ લઈ તેને કુંવારના રસમાં વાટી તેની ગુજાદી કરીને શીશીમાં ભરી. પ્રથમ અને બીજા દિવસે તેના ઉપર આગ આપવા. ખૂજલી વગેરે ચામડીના દરદને મટાડવા આ ઔષધ ઉપયોગી છે. અજીર્ણદોષ અને કબજિયાત ઉપર પણ તે અપાય છે. તેની માત્રા ચણા રતી છે

ગંધકવટી સ્ત્રી. (વૈદક) ગંધક મિશ્રિત ગોળી. શુદ્ધ ગંધક બાર ભાગ અને સિંધવ, સજીખાર, સૂંઠ, મરી, પીપર, ભરડસી ત્રિફળ અને છએ જાતનું અધું અધું ભાગ લાવી બેળવી આ ગોળી બનાવાય છે. કબજિયાત, મંદાગ્નિ, કોલેરાના ઝાડા, કબજિયાત અને મોટાં ઉપર તે અપાય છે. તેની માત્રા બે ગોળી છે. તે મધ કે દૂધ સાથે અપાય છે.

ગંધકાદિ તૈલ ન. (વૈદક) ગંધક મિશ્રિત એક નામનું તેલ. તે ચામડીના રોગ ઉપર બોપકારક છે. તે બનાવવા ધતૂરાનાં ઠોઠવા બારીક તેની અંદર ગંધક, મોરથૂથુ ને મનઃશિલ ભારી તેના ઉપર કપડછણ કરી તેને અગ્નિમાં પકવવાં. જ્યારે તે પાકી રહે ત્યારે ઉપરથી છાણ વગેરે ઉઘેડી નાખી તે ઠોઠવાંને એમ ને એમ ધુપેલ તેલમાં વાટી નાખવાં.

ગંધકાદિ લેપ પું. (વૈદક) ગંધકની એક ઔષધોપયોગી બનાવટ. તે બનાવવા ગંધક ૧૦ તોલા, મનઃશિલ ૧૨ તોલા, પારો ૧૨ તોલા અને બાવળનાળ, મોરથૂથુ, કઠ, છએ તથા મરી દરેક બોકે તોલો અને ઘી ૨૦ તોલા લેવાં. ગંધક અને મનઃશિલ એ બેને લોમાં બાંડી તેમાં પારો બરાબર મેળવી રેવો. પાછળથી તેમાં બીજી બીજીનું ચૂર્ણ નાખવું. તે બધાં બરાબર મેળવી તેમાં ૨૦ તોલા ઘી પાછળથી મેળવવું. આ લેપથી ચામડીના રોગ દૂર થતા મનાય છે.

ગંધકાચલ પું. ગંધકનો તેજાબ; એ બંધ આર્દ્રજનક વાયુ, એક બંધ ગંધક અને ચાર બંધ પ્રાણવાયુ મળીને બનતો તેજાબ.

ગંધકાયિત પું. ગંધકના અમુક જાતના તેજાબમાંથી બનેલો ક્ષાર, ધાતુ, ગંધક અને પ્રાણવાયુના રસાયન સંયોગથી બનેલો પદાર્થ; 'સલ્ફાઇટ.' આ પદાર્થમાં ગંધકિત કરતાં પ્રાણવાયુનું એક અણુ ઓછું હોય છે.

ગંધકાલિકા [સં.] સ્ત્રી. બાસની માતા સલબની; પોજનગંધા.

ગંધકાલી જુઓ ગંધકાલિકા.

ગંધકાષ્ઠ [સં.] ન. સુગંધવાળું લાકડું; ચંદનનું લાકડું; અગરચંદન.

ગંધકિ પું. ગંધક.

ગંધકિત પું. ગંધકના અને કોઈ મૂળ ધાતુના મિશ્રણથી બનેલો ક્ષાર; ધાતુ, ગંધક અને પ્રાણવાયુના સંયોગથી બનેલો પદાર્થ; 'સલ્ફેટ.'

ગંધકિયું વિ. ગંધક જેવા પીળા રંગનું.

ગંધકિલ્લ પું. એક જાતનો ક્ષાર; ધાતુ અને ગંધકના રસાયન મિશ્રણથી બનેલ પદાર્થ; 'સલ્ફાઇડ.'

ગંધકી ૧. પું. ઊડતો માંકડ.

૨. [હિં.] પું. એક જાતનો રોગ.

૩. વિ. ગંધકના રંગનું; હલકું પીળું.

ગંધકીકરણ ન. ગંધક મેળવી રબ્બરને કઠણ કરવાની ક્રિયા.

ગંધકુટી ૧. સ્ત્રી. તળાજા પાસે આવેલ એક પ્રાચીન ગુફા; ધનકોઠી.

૨. [સં.] સ્ત્રી. તાલીસપત્ર નામની વનસ્પતિ.

૩. [હિં.] સ્ત્રી. દેવાલયના અંદરનો ઓરડો અથવા ઓસરી.

૪. સ્ત્રી. ધૂપિયું.

૫. સ્ત્રી. મુરા નામે એક સુગંધી દ્રવ્ય.

ગંધકેલિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી; એક જાતનું સુગંધી દ્રવ્ય.

ગંધકોકિલ જુઓ ગંધકોકિલા.

ગંધકોકિલા [સં.] સ્ત્રી. એક જાતની ઉષ્ણ અને કટુ વનસ્પતિ; મધમાલતી.

ગંધગજ [સં.] પું. ગંધહસ્તી; જેના મદની ગંધ આવતાં સામા પક્ષના હાથી નાસી જાય એવો શ્રેષ્ઠ હાથી

ગંધગાત્ર [હિ.] ન. ચંદન; સુગંધી દ્રવ્ય.

ગંધગ્રાહક [સં.] વિ. ગંધને જોરદાર પારખી શકે એવું

ગંધઘાણ સ્ત્રી. નાકની વાસનું ચારે બાજુ ફેલાતું તે, ચારે પાસ બદબોનો ફેલાવો.

ગંધઘાત [સં.] ન. ગંધ લેવાપણું.

ગંધચેલિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

ગંધજટિલા [સં.] સ્ત્રી. વજ્ર; એક જાતની ઔષધિ.

ગંધજલ [સં.] ન. સુગંધી પાણી; સુવાસિત પાણી.

ગંધજાત ૧. [સં.] ન. તજના ઝાડનું પાંદડું.

૨. ન. સુગંધી પદાર્થોનો સમૂહ.

ગંધજ્ઞા [સં.] સ્ત્રી. નાસિકા; નાક.

ગંધતન્માત્ર [સં.] ન. સાંખ્યમત પ્રસિદ્ધ પચત-માત્રાઓમાંની એક.

ગંધતરુ ન. હમેશ લીલું રહેતું દેવદારની જાતનું એક ઝાડ. એનું લાકડું ટકાઉ અને ખુશબોદાર હોય છે.

ગંધતંડુલ [સં.] પું. એક જાતની સુગંધી ડાંગર

ગંધતાકુલી સ્ત્રી. એક વનસ્પતિ; નોળવેલ.

ગંધતુલસી સ્ત્રી. એક જાતની તુલસી.

ગંધતૃર્ય [સં.] ન. એક જાતનું સ્વરવાદિત્ર.

ગંધતૃણ ન. એક જાતનું સુગંધી ઘાસ; રોહિષ ઘાસ.

ગંધતૈલ ૧. [સં.] ન. અત્તર વગેરે સુગંધી તેલ.

૨. ન. (વૈદક) ગંધકમાંથી બનાવેલું એક જાતનું ઔષધ. એ બહુ જોતાં ગંધકનું બી છે. શુદ્ધ ગંધકને દૂધમાં ઊકાળી તે દૂધનું દહીં જમાવી તેને વલોવી તેમાંથી નીકળતા માખણને તાવવાથી જે ઘી તૈયાર થાય છે તે ગંધતૈલ કહેવાય છે. આ તેલ બધા શુદ્ધ ગંધકને ઠેકાણે આવવાના ક્રમમાં અગરે છે. તે અરધી રતીબારની માત્રામાં પાન સાથે અપાય છે.

ગંધત્રિકોણ પું. ત્રાણત્રિકોણ; મસ્તિષ્ક.

ગંધત્રિણા સ્ત્રી. ખસ નામની એક વનસ્પતિ. હિંદુસ્તાનમાં આ વનસ્પતિ ખસીઓમાં ઘાસની પેઠે ઊગે છે. તેનો ઉકાળો બે પ્રમાણે એક ઔંસની માત્રામાં ઊલટી, અતિસાર અને કોલેરામાં આપવામાં આવે છે. તે તૃષ્ણા છિપાવે અને ઊલટી બંધ કરે. તેનાં બીનું તેલ ઉત્તેજક, પેટનો દુખાવો મટાડનાર અને જ્વરનાશક મનાય છે. કોલેરામાં સાકરના ગાંગડા ઉપર તે તેલનાં બેથી પાંચ ટીપાં નાખી આપવામાં આવે છે.

ગંધત્વચ ૧. [સં. ગન્ધત્વચ્] સ્ત્રી. એલચી.

૨. ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; એલવાલુક.

ગંધદ પું. ચંદન.

ગંધદલ [સં.] સ્ત્રી. અજમોદ.

ગંધદારુ [સં.] પું. ચંદન; સુખડ.

ગંધદાપશલાકા સ્ત્રી. ગંધકની દીવાસળી.

ગંધદેવી સ્ત્રી. સૌધર્મ દેવલોકની એ નામની એક દેવી.

ગંધદ્રવ્ય ૧. [સં.] ન. નાગકેસર.

૨. ન. સુગંધિત વસ્તુ; સુવાસિત દ્રવ્ય; સુગંધવાળી હરકોઈ ચીજ.

ગંધદ્વિપ [સં.] પું. શ્રેષ્ઠ હાથી; મદની ગંધવાળો હાથી.

ગંધધારી ૧. [સં. ગન્ધધારિન્] પું. શિવ; મહાદેવ.

૨. વિ. સુગંધી દ્રવ્ય ધારણ કરનાર.

ગંધધૂલિ [સં.] સ્ત્રી. કસ્તૂરી.

ગંધન ૧. પું. એક જાતનો સર્પ. મનાય છે કે તે મંત્રપ્રયોગથી પોતાનું ઝેર પાછું ચૂસી લે છે.

૨. [સં.] ન. ઉત્સાહ.

૩. ન. એક જાતનું ઘાસ.

૪. ન. ઝાઝુ પ્રયાસ; ખંત; ભારી મહેનત.

૫. ન. દર્શન.

૬. ન. પ્રકાશ.

૭. ન. સૂચના; સૂચવવું તે.

૮. ન. સ્પષ્ટ કરવું તે; ખુલ્લું કરવું તે.

૯. ન. હિંસા; વધ.

ગંધનકુલ સ્ત્રી. એક જાતની છછુંદર.

ગંધનસમંથી સ્ત્રી. ત્રાણગ્રંથિ.

ગંધના ૧. સ્ત્રી. એક જાતના મોખા.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. છતાની જેમ ઝાડને તે વીંટાયેલી હોય છે. તે. સુકાય ત્યારે બદામી રંગની દેખાય છે. તેની ડાંખળી ચોરસ, પાદડાં લંબગોળ અને ગંધ આકરી હોય છે. સ્વાદે તે બહુ કડવી છે. સંધિવા માટે તે રામબાણ ઇલાજ ગણાય છે.

ગંધનાકુલી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સારના. સારનાના કંદની ઉત્પત્તિ નાગફળમાંથી છે. તે કંદ ઉપર નાગ જેવા આકાર હોય છે. સર્પ તેની ગંધ લે છે. તે કંદમાં સર્પના જેવી ગંધ આવે છે માટે તેને ગંધનાકુલી કહે છે.

ગંધનાગ્ન ન. (જૈન) નામકર્મની ચૌદ માંહેની એક પિંડપ્રકૃતિ.

ગંધનાલિકા [સં.] સ્ત્રી. નાક; નાસિકા.

ગંધનાલી જુઓ ગંધનાલિકા.

ગંધનિલયા [સં.] સ્ત્રી. બદમોગરાનો છોડ.

ગંધનિરય ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.
૨. સ્ત્રી. કટીકચૂરો.
ગંધની ન. ઉગ્ર ગંધવાળું ઘાસ.
ગંધપ [સં.] પું. પિતૃઓનો એક વર્ગ.
ગંધપતંગ ન. એક જાતનું પક્ષી.
ગંધપત્ર ૧. [સં.] ન. નારંગી.
૨. ન. બીલીનું ઝાડ.
૩. ન. મરવો.
૪. ન. સફેદ તુલસી.
ગંધપત્રા [સં.] સ્ત્રી. સુગંધી પાનવાળું એક ઝાડ; કપૂરકાચલી; કચૂરો.
ગંધપત્રી ૧. [સં.] સ્ત્રી. જાયપત્રી.
૨. સ્ત્રી. ગાંસંધ નામની વનસ્પતિ.
ગંધપથ પું. નાક; નાસિકા.
ગંધપલાશ [સં.] પું. તમાલપત્ર.
ગંધપલાશિકા [સં.] સ્ત્રી. હળદર.
ગંધપલાશી ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.
૨. સ્ત્રી. કપૂરકાચલી; કટીકચૂરો.
ગંધપવિત્ર પું. નવા સૂતરનો બાર આંટાનો અથવા બાર આંઠનો બનાવવામાં આવતો એક દોરો.
ગંધપસાર જુઓ ગંધપ્રસારિણી.
ગંધપસારી જુઓ ગંધપ્રસારિણી.
ગંધપાલી પું. શિવ; શંકર.
ગંધપાષાણ [સં.] પું. ગંધક.
ગંધપિશાચિકા [સં.] સ્ત્રી. સુગંધી રાળનો ધુમાડો; ધૂપ.
ગંધપુષ્પ ૧. [સં.] ન. આસોપાલવનું ઝાડ.
૨. ન. અગિયારીનું ઝાડ.
૩. ન. ઘસેલું ચંદન અને ફૂલ.
૪. ન. નેતરનું ઝાડ; અણોટ વૃક્ષ.
૫. ન. વેતસ.
૬. ન. સુગંધી ફૂલ.
૭. ન. હરકોઈ સુગંધી ફૂલઝાડ.
ગંધપુષ્પા ૧. [સં.] સ્ત્રી. કેતકીનું ઝાડ.
૨. સ્ત્રી. અગિયારીનું ઝાડ.
૩. સ્ત્રી. ગળોનો છોડ.
ગંધપૂતના સ્ત્રી. એક જાતનું ભૂત; પિશાચિની.
ગંધપ્રતાન [સં.] પું. નાક; ઘ્રાણેંદ્રિય.
ગંધપ્રદ વિ. સુગંધવાળું; સુગંધિત.
ગંધપ્રસારિણી [સં.] સ્ત્રી. એક જાતની પ્રસારણ વેલ; રાજબલા; બદપર્ણી; ભદ્રા; બલા; કટંભરા.
ગંધપ્રિયંગુ જુઓ ગંધપ્રી.
ગંધફલ ૧. [સં.] ન. બોરનું ઝાડ.
૨. ન. તેજબળનું ઝાડ.
૩. ન. બીલીનું ઝાડ.
ગંધફલા ૧. [સં.] સ્ત્રી. મેથી.
૨. સ્ત્રી. તાલસી વૃક્ષ; પ્રિયંગુ.
ગંધફલી ૧. [સં.] સ્ત્રી. ધવેલા નામનું ઘાસ.
૨. સ્ત્રી. ચંપાની કળી.
૩. સ્ત્રી. પ્રિયંગુ; તાલસી વૃક્ષ.
૪. સ્ત્રી. સોનાચંપાનું ઝાડ.
ગંધબરેડો (ગંધબરેડો) પું. પત્તો; અરબાબર; વાવડ; સમાચાર.
ગંધબંધુ [સં.] પું. આંબાનું ઝાડ.
ગંધબિરોબ્બ પું. શ્રીવેષ્ટક; દેવતારના ઝાડમાંથી નીકળતો રસ. તેનો ગુગળ ટર્પેન્ટાઇન તેલ જેવો છે. મેલા રંગનો આ સુગંધી રસ ઝાડની છાલમાં કાપ પાડી નિતારી લેવામાં આવે છે. તેમાંથી વરાળના સાધન વડે ઝાંખા પીળા રંગનું તેલ નીકળે છે. તેને દક્ષિણમાં નખતેલ કહે છે.
ગંધબિરોઝો પું. એક જાતની વનસ્પતિ.
ગંધબોજ [સં.] સ્ત્રી. મેથી.
ગંધબોલ સ્ત્રી. એક જાતનું ઔષધ. તે અરુચિ, પંડુરોગ, રજોરોધ અને ગર્ભાશયના રોગોમાં અપાય છે. ધૂપ તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.
ગંધબોળ જુઓ ગંધબોલ.
ગંધભદ્રા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.
ગંધમાતા જુઓ ગંધમાદ.
ગંધમાદ [સં.] સ્ત્રી. પૃથ્વી.
ગંધમાદ ૧. [સં.] પું. અત્તરનો ભઠ્ઠો.
૨. પું. એ નામનો એક વાદળ.
૩. પું. ભમરો.
૪. પું. રામના સૈન્યમાંનો એ નામનો એક વાનર.
ગંધમાદન ૧. [સં.] પું. એ નામના પર્વતનું એક શિખર.
૨. પું. (પુરાણ) એ નામનો એક વાનર.
૩. પું. એ નામને રામાયણમાં બતાવેલો એક પર્વત.
૪. પું. એક સુગંધિત દ્રવ્ય.
૫. પું. ગંધક.
૬. પું. ગિરનાર પર્વતનું બીજું નામ.
૭. પું. પંડુએ વૈરાગ્ય અવસ્થામાં વટાવેલો પ્રદેશ.
૮ પું. ભમરો.
૯. પું. મંદરાચલ પર્વતનું બીજું નામ.
૧૦. પું. વાંદરો.
૧૧. પું. (પુરાણ) સોમવંશી મધુપુત્રોદ્ભવ પાંચાલના તેર માંહેનો એક પુત્ર.
૧૨. ન. એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન. ત્યાં શ્રીરામચંદ્રજી પધાર્યા હતા અને ત્યાં તેમણે સ્નાન કર્યું હતું. રાવણના વધથી લાગેલ બ્રહ્મહત્યા ત્યાં સ્નાન વડે નિવૃત્ત થઈ હતી. રામેશ્વર મહાદેવની ત્યાં તેમણે પ્રતિષ્ઠા કરી છે.
૧૩. ન. ગંધમાદન પર્વતમાં આવેલું એક વન.
૧૪. વિ. ગંધથી મદવાળું.
ગંધમાદનગિરિ [સં.] પું. હિંદુસ્તાનના અઢાર મુખ્ય માંહેનો એક પર્વત; હિમાલયમાં બદરિકાશ્રમ પાસેનો એક પુરાણપ્રસિદ્ધ પર્વત. હિમાલયના એક ભાગ તરીકે ગંધમાદન પર્વત ઓળખીતો છે. બાણભટ્ટની કાદંબરીમાં તારાપીડના રાજ્યના વિસ્તારની ચારે દિશામાં મર્યાદા બતાવી છે, ત્યાં ઉત્તરની હદ ગંધમાદનથી આંકી છે અને તેને બદરિકાશ્રમ વડે રમણીય બનેલો કહ્યો છે. આથી હિમાલયની હારનો કેદારનાથ આગળનો ભાગ તે જ ગંધમાદન પર્વત કહેવાય છે. તે મેરુ પર્વતની પશ્ચિમે આવેલો છે. આ પર્વત ઉત્તર દક્ષિણ વચ્ચેનો લાંબો ક્રમે કરીને નીલ અને નિષધ નામના બે પર્વતને સ્પર્શે છે. કિંવદંતી ભૌગોલિકોના મત પ્રમાણે આ પર્વત કૈલાસ પર્વતની હારનો જ છે. તે કૈલાસ પર્વતની દક્ષિણે આવેલો છે. આ પર્વતના કલ્પીવનમાં હનુમાન રહેતા હતા. બદરિકાશ્રમ આ પર્વત ઉપર આવેલ છે. ગંધમાદન પર્વત ઉપર મંદાકિની વહે છે એમ પણ કહ્યું છે. આ ગંધમાદન પર્વતનો કોઈ ભાગ હનુમાને આપ્યો હતો, તે દક્ષિણ હિંદમાં રામેશ્વર પાસેનો પર્વત એમ કહેવાય છે. પુરાણાનુસાર આ પર્વત ઇલાવૃત્ત અને ભદ્રાશ્વ ખંડની વચમાં આવેલો છે.
ગંધમાદનવન [સં.] ન. એ નામનું એક વન.
ગંધમાદની ૧. [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.
૨. સ્ત્રી. લાખ.
ગંધમાદિની ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; મોરમાંસી.
૨. સ્ત્રી. મદ્ય; દારૂ.
૩. સ્ત્રી. લાખ.
ગંધમાધન ન. એ નામનું એક વન.
ગંધમાર્જાર [સં.] પું. એક જાતનો બિલાડો; કસ્તૂરી બિલાડો. તેના શરીરના અમુક ભાગમાંથી કસ્તૂરી નીકળે છે. આ પ્રાણીનો શરીરનો બાંધો મજબૂત, પૂછડી નાની, શરીર ઉપર ઊન જેવા નરમ અને પોળા નાના વાળ અને મોઢું કાળું ને ચળકતું હોય છે.

ગંધરેનગર

ગંધમાલતી ૧. [સં] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; મુરા.

૨. સ્ત્રી. એક જાતનો સુગંધી વેલો; ગંધપ્રિયા.

ગંધમાલ્ય પું. સુગંધી ફૂલની માળા.

ગંધમાસી જુઓ ગધમાંસી.

ગંધમાંસી [સ.] સ્ત્રી. જટામાંસી, એક જાતની વનસ્પતિ.

ગંધમુખા જુઓ ગંધમુખી.

ગંધમુખી ૧. [સં.] સ્ત્રી. છછુંદરી; છછુંદર.

૨. સ્ત્રી સુગંધી મુખવાળી સ્ત્રી.

ગંધમૂલક [સ.] પું. આમાહળદર.

ગંધમૂલા ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.

૨. સ્ત્રી શરના નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. સોમાનનું ઝાડ.

ગંધમૂલી [સં.] સ્ત્રી. કપૂરકાચલી.

ગંધમૂષક પું. કસ્તૂરીવાળો ઉંદર.

ગંધમૂષિકા [સ.] સ્ત્રી. છછુંદર.

ગંધમૃગ [સ] પું. કસ્તૂરી મૃગ.

ગંધમૈથુન [સ.] પું. જળદ.

ગંધમોદન [સં.] પું. ગંધક

ગંધયુક્તિ ૧. સ્ત્રી. કુશેલ તેલ, અત્તર વગેરે સુગંધી પદાર્થ બનાવવાની કળા.

૨. સ્ત્રી. સુગંધી બનાવટ.

ગંધરકા સ્ત્રી. કપૂરકાચલી.

ગંધરપ ૧. [સં. ગંધર્વ] પું. કિન્નર; દેવોનો ગવૈયો.

૨. પું. ગવૈયાનો ધધો કરનાર માણસ.

૩. પું. ગધક.

ગંધરવાડો (ગધરવાડો) પું. જાતભો; વાતની ગધ.

ગંધરસ ૧. [સં.] પું. એક જાતની ઉપધાતુ; સુગધીસાર

૨ પું. દેવદારના ઝાડનો રસ.

૩. પું. સુગંધી ધૂપ.

૪. પું. હીરાબોળ; બાબોળ.

ગંધરાજ ૧. [સં] પું. એક જાતનું ફૂલઝાડ. એનાં પાન આશરે દોઢ ઇંચ લાબાં હોય છે. તેને ઉનાળામા સુદર ધોળા રંગનાં ફૂલ આવે છે.

૨ પું. જવાદિ નામનું એક ગંધદ્રવ્ય; મલયાચિરિ ચદન. તે બધા સુગધવાળા દ્રવ્યો મા મુખ્ય છે, માટે તેને ગધરાજ કહે છે.

૩. પું. નખલા નામનું સુગંધી દ્રવ્ય.

૪. પું સુખડ, ચદન.

૫. સ્ત્રી. એક વનસ્પતિ. એનાં ફૂલ નારંગી રંગનાં હોય છે. પાંદડાના અંકુર ઉપર આવતા રસને ટીકામાંથી કહેવાય છે.

ગંધરાજગુગળ [સં. ગંધરાજગુગ્ગુલ] પું. એક પ્રકારનો ધૂપ

ગંધરાજ [સં.] સ્ત્રી. એક સુગંધી દ્રવ્ય; નખલો

ગંધર્વ ૧. [સં.] પું. આકાશનો એક.

૨. પું. એ નામનો એક જેટ.

૩. પું. એક પ્રકારનો વિવાહ.

૪. પું. કસ્તૂરી મૃગ.

૫. પું. કાળી કોયલ.

૬. પું. (પુરાણ) કિન્નર; એક જાતનો દેવ; સ્વર્ગનો ગવૈયો; ગાતુ પુલક. તે સ્વર્ગમાં રહી ગવાનું કામ કરે છે. વિષ્ણુપુરાણ પ્રમાણે તેઓ બ્રહ્માજીના ઉત્પન્ન થયા હતા. તેમાં બીજે ઠેકાણે એમ જણાવેલ છે કે તેઓ કશ્યપ અને અરિષ્ટાના પુત્ર હતા. હરિવંશ પ્રમાણે તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હતા. અગ્નિપુરાણમાં ગધર્વોના અગિયાર ગણ માન્યા છે: અશ્વાલય, અશ્વારિ, વંશારિ, ગ્રામવર્ચા, કપુ, હસ્તી, સુહસ્ત, સ્વન, મૂર્ધન્યા, વિશ્વાવસુ અને કૃશાનુ. ગધર્વોમા હાહા, હૂહૂ, ચિત્રરથ, હંસ, વિશ્વાવસુ, તોમાયુ, તુબુરુ અને નારદ પ્રધાન મનાય છે. વેદોમાં ગધર્વ બે પ્રકારના માન્યા છે: એક દ્યુસ્થાનના અને બીજા અંતરીક્ષસ્થાનના. દ્યુસ્થાનના ગધર્વોને દિવ્ય ગંધર્વ પણ કહે છે. તેઓને સોમના રક્ષક, રોગોના મિટાવનાર, સૂર્યના અશ્વોના વાહક તથા સ્વર્ગીય જ્ઞાનના પ્રકાશક માનવામાં આવે છે. અન્તરિક્ષસ્થાનના ગધર્વોને નક્ષત્રચક્રના પ્રવર્તક અને સોમના રક્ષક માનવામા આવે છે. તેનો સ્વામી વરુણ છે. દ્યુસ્થાનના ગધર્વોથી સૂર્ય, સૂર્યનાં રશ્મિ, તેજ, પ્રકાશ વગેરે અને અન્તરિક્ષસ્થાનના ગધર્વોથી મેઘ, ચંદ્રમા, વિદ્યુત વગેરે નિરુક્ત શાસ્ત્રના આધાર ઉપરથી માનવામા આવેલ છે. પ્રારબ્ધે 'ગ' અથવા 'ગો' ને ધારણ કરનાર તે ગંધર્વ કહેવાય છે, અને 'ગા' અથવા 'ગો' થી પૃથ્વી, વાણી, કિરણ વગેરે અર્થ ગ્રહણ થાય છે. ગંધર્વોનુ શરીર સુગન્ધિત હોય છે તેથી ગંધર્વ એવું જાતનું નામ નીકળ્યું છે. વળી સંગીતરૂપ વાણીને ધારણ કરનાર તે ગંધર્વ કહેવાય છે. ઉપનિષદ અને બ્રાહ્મણ ગ્રથોમાં પણ ગંધર્વના બે ભેદ મળે છે: દેવ ગંધર્વ અને મનુષ્ય ગંધર્વ. અથર્વવેદમાં ૬,૩૩૩ ગધર્વા હોવાનુ જણાવ્યું છે.

૭. પું. ગંધક.

૮. પું. ગાયન

૯. પું. ઘોડો.

૧૦. પું. ગ્રહ.

૧૧. પું. જ્ઞાની મનુષ્ય.

૧૨. પું. ધોળી કરેણનું ઝાડ.

૧૩. પું. પ્રેત.

૧૪. પું. બીજો જન્મ ન લીધો હોય એવો મૃત્યુ પછીનો આત્મા.

૧૫. પું. મંદિરમાં ગાયન કરનાર માણસ.

૧૬. પું. મૃગ કરણ

૧૭. પું. રક્ષણ કરવાવાળી એક દેવ.

૧૮. પું. વિધવા સ્ત્રીનો બીજો પતિ.

૧૯. પું. (સગીત) સાડ માંહેનો એ નામનો એક તાલ.

૨૦. પું. સારો ગવૈયો.

૨૧. પું. સૂર્ય.

૨૨. સ્ત્રી. ઉત્તર હિંદમાં વસતી ભોજકોની એક જાતિ. તે જાતિની કન્યા નાચે છે, ગાય છે અને વેશ્યાવૃત્તિ કરે છે. આ લોક કુમાઉ વગેરે પહાડો તથા કાશી આદિ નગરોમાં જોવામાં આવે છે.

૨૩. સ્ત્રી. (જૈન) એક જાતની લિપિ.

૨૪. ન. (જૈન) એક અહોરાત્રના ત્રીશ મહેનું ભાવીશમુ મુહૂર્ત.

૨૫. ન. એક જાતનુ ત્રિકાળ ઘર. જે ત્રિકાળ ઘરની બધે બે બારણાં હોય, ઘરના મુખ આગળ સાત અલિંદો હોય, અલિંદો આગળ એક ભદ્ર હોય તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય, એવા ઘરનું ઉત્તર મુખ હોય તો તે ગંધર્વ ઘર કહેવાય છે.

૨૬. વિ. ગાનાર; ગાતું.

ગંધર્વકંઠ ન. (જૈન) એક જાતનું રત્ન.

ગંધર્વકુમાર પું. સ્વરોત્પિ.

ગંધર્વકુમારિકા સ્ત્રી. ગંધર્વની કુમારિકા.

ગંધર્વગીત [સં.] ન. ગધર્વનું ગાયન.

ગંધર્વગૃહ [સં.] ન. સગીતશાળા.

ગંધર્વગોર ૧. સ્ત્રી. આકાશની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું

ગંધર્વતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

ગંધર્વદેશ પું. કુનાર તથા સિધુ નદીની વચ્ચે કાબુલ નદીના કિનારા ઉપરનો પ્રદેશ. ગાધાર.

ગંધર્વનગર ૧. [સં.] ન. આકાશમાં ઘડીમા દેખાય અને ઘડીમાં અદશ્ય થાય, વળી પાછુ બીજે ઠેકાણે દેખાય અને જાણે રહે એવું એક

અનિષ્ટસૂચક નગર જાડી પાતળી હવાની લહરીઓ ઉપર સૂર્યકિરણના આડતેડા પ્રસરણને લીધે કોઈ કોઈ વાર પૃથ્વી ઉપરના ચિતારો ઊલટાસૂલટા આકાશમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે અને તેથી મેઘધનુષ્યની માફક કોઈ કોઈ વાર આકાશપટ ઉપર નગર અને વાડીઓ વગેરે હોય એવું દેખાય છે. એ જાયા અને આલી દેખાવો તે ગંધર્વનગર કહેવાય છે.

૨. ન. માન સરોવરની નજીકનું એક નગર. અર્જુને આ નગરને જીતી ચિત્તિર, કલ્માષ અને મદ્રક નામના ઘોડા મેળવ્યા હતા.

૩. ન. મિથ્યા ભ્રમ.

૪. ન. સંધ્યા સમયે પશ્ચિમ દિશામાં રંગબેરંગી વાદળાંમાં રેલાયેલી દેખાતી લાલ.શ.

૫. વિ. મૃગજળ જેવું.

ગંધર્વપતિ ૧. પું. (પુરાણ) ચાલુ મન્વન્તરમાંનો ગંધર્વોનો અધિપતિ; ચિત્રરથ.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

ગંધર્વપુર જુઓ ગંધર્વનગર.

ગંધર્વપુરુષ પું. સત્ત્વ અને રજોગુણવાળો, શ્યામ વર્ણના રંગનો, કૃપાળુ, શીલવાળો, પવિત્ર અને ગાયનવિદ્યામાં કુશળ એવો પુરુષ.

ગંધર્વરાજ પું. ગંધર્વોનો મુખ્ય ચિત્રરથ.

ગંધર્વલગ્ન જુઓ ગંધર્વવિવાહ.

ગંધર્વલિપિ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલી ચોસઠ પ્રકારની લિપિ માહેની એક લિપિ.

ગંધર્વલોક [સં.] પું. વિદ્યાધરોના લોકની નીચે આવેલો એક લોક.

ગંધર્વવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ગાન, વાદિત્ર, નૃત્ય વગેરેની વિદ્યા; સંગીતશાસ્ત્ર.

૨. સ્ત્રી. પ્રતિમા બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

ગંધર્વવિધિ [સં.] પું. સ્ત્રીપુરુષે એકબીજાના પ્રેમમાં પડવાથી પોતાની મેળે કરેલ લગ્નવિધિ.

ગંધર્વવિવાહ [સં.] પું. પ્રીતિલગ્ન; વરકન્યા અન્યોન્યમાં સમજી પરણી લે તેનું લગ્ન; શાસ્ત્રમાં કહેલા આઠ જાતના વિવાહ માંહેનો એક; વરકન્યાએ પરસ્પર સ્નેહથી જાની રીતે પરણી ઘર માંડવું તે.

ગંધર્વવેદ [સં.] પું. ગંધર્વોનો વેદ; ગાયનશાસ્ત્ર; સંગીતનો મૂળ ગ્રંથ. સંગીતશાસ્ત્ર; ગાવા અને બજવવાની કળાનું શાસ્ત્ર. તે સામવેદનો ઉપવેદ છે. તેમાં સ્વર, તાલ, રાગ, રાગિણી વગેરેનું વર્ણન છે.

ગંધર્વસત્ત્વા [સં.] સ્ત્રી. સંગીત, વાદ્ય, વાદન, નૃત્ય તથા રમતગમતમાં રસિક અને શાંત, સુવાસિક પદાર્થો તેમજ ફૂલો માટે પ્રેમ રાખતી, સ્વરૂપવાળી, સંતોષને વખતે વિવિધ વિલાસ કરતી અને સ્વચ્છ તેમજ સારા પોષાકવાળી સ્ત્રી.

ગંધર્વસેન ૧. પું. (પુરાણ) ઇંદ્રનો પુત્ર. તે અપ્સરાની કાંતિથી મોહ પામી નિર્લજ્જ રીતે વર્ત્યો તેથી તેના પિતાએ શાપ આપ્યો કે તું પૃથ્વી ઉપર અધેડ ઘર્ધને અવતર. પછી દેવોની પ્રાર્થનાથી ઇંદ્રે કૃપા કરી કહ્યું કે તું દિવસે અધેડનું ને રાત્રે આયુસનું રૂપ ધારણ કરીશ.

૨. પું. માલવપતિ ભર્તૃહરિ રાજાના પિતા. તેને ત્રણ દીકરા હતા: ભર્તૃહરિ, વિક્રમ, ભટ્ટી અને વરરુચી.

ગંધર્વહરિત [સં.] પું. એરંડાનું ઝાડ.

ગંધર્વહરિતક પું. એરંડાનું ઝાડ; ભાલપુષ્પ.

ગંધર્વહરિતતૈલ ન. એરંડાના તેલમાં એરંડમૂળ, ત્રિફળા અને અડદ વાટીને નાખી પકવેલ તેલ. તે અંડવૃદ્ધિ મટાડવું મનાય છે.

ગંધર્વા ૧. [સં.] સ્ત્રી. કોકિલા.

૨. સ્ત્રી. દુર્વાનું એક નામ.

ગંધર્વાસ્ત્ર [સં.] ન. એક જાતનું અસ્ત્ર.

ગંધર્વાસ્ત્રવિદ્યા [સં.] સ્ત્રી. ગંધર્વાસ્ત્ર સંબંધી વિદ્યા.

ગંધર્વી ૧. [સં.] સ્ત્રી. ગંધર્વની સ્ત્રી.

૨. સ્ત્રી. સુરભિની પુત્રી.

૩. વિ. ગંધર્વ સંબંધી.

ગંધલતા સ્ત્રી. પ્રિયંગુ વેલ.

ગંધલા [સં.] પું. એક જાતના ચોખા.

ગંધલોલુપ [સં.] વિ. ગંધમાં લુબ્ધ બનેલું.

ગંધલોલુપા ૧. સ્ત્રી. ભમરી.

૨. [સં.] સ્ત્રી. મધમાખી.

ગંધવટી સ્ત્રી. સુગંધની વાટ; અગરબત્તી.

ગંધવતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી. તેના ઉપર ઉજ્જયનમાં મહાકાળીનું મંદિર છે. તે સિપ્રા નદીનો એક ફાંટો છે.

૨. સ્ત્રી. નવમાલિકા; એક જાતની વેલ.

૩. સ્ત્રી. નેપાળની દક્ષિણે ઉત્તર વિદેહ નામના પ્રદેશમાં આવેલ એક મોટું શહેર.

૪ સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. (પુરાણ) મેરુ પર્વત ઉપર આવેલી વાયુ અને વરુણની એ નામની નગરી. તે અઢાર હજાર યોજન વિસ્તારવાળી કહેવાય છે.

૬. સ્ત્રી. ભાસની માતા સાલવતી; મત્સ્યગંધા.

૭. સ્ત્રી. શરાબ; મદિરા; દારૂ.

૮. વિ. સ્ત્રી. સુગંધવાળી

ગંધવધૂ [સં.] સ્ત્રી. કપૂરકાચલી. તેને જેમ જેમ કૂટીએ તેમ તેમ તેની ગંધ વધુ આવે છે.

ગંધવર્ધૂ [સં.] સ્ત્રી. વસંતઋતુથી શરીરને સણગારી રૂપ યૌવન બતાવવાની ઇચ્છાવાળી, નાચ અને ગાયન ગાવામાં તથા સુગંધિત પુષ્પમાં પ્રીતિવાળી સ્ત્રી.

ગંધવર્તી [સં.] સ્ત્રી. ગંધવટી; અગરબત્તી.

ગંધવલી ૧. સ્ત્રી. પૃથ્વી.

૨. વિ. સ્ત્રી. ગંધવાળી; ગંધનો ગુણ હોય એવી.

ગંધવલ્કલ [સં.] ન. તજનું ઝાડ. તેનાં પાંદડાં સુગંધવાળાં અને વજની પેઠે વાપરવામાં આવે છે.

ગંધવહ ૧. [સં.] પું. કસ્તૂરી મૃગ.

૨. પું. ગંધવાળો કોઈ નાચક.

૩. પું. નાસિકા; નાક.

૪. પું. પવન; વાયુ; સમીર. તે ગંધને વહી જાય છે.

૫. વિ. ગંધ ધારણ કરનાર; ગંધગ્રાહક.

૬. વિ. ગંધને વહેનારું.

ગંધવહગોલક પું. પૃષ્ઠવંશી પ્રાણીઓને માથાના આગલા ભાગમાં આવેલ, કોયળીના આકારનો ગંધવહ અવયવ.

ગંધવલ્લભ ૧. [સં.] પું. ધોળી તુલસી.

૨. પું. સિતાર્જક વૃક્ષ.

ગંધવહા [સં.] સ્ત્રી. નાક; ઘ્રાણેંદ્રિય.

ગંધવા ૧. પું. બહુ દૂરની વાસ આવે એટલી ઝડપથી; નજીકપણું.

૨. પું. સહવાસ; સોબત; સંગ; સાથે રહેવાપણું.

ગંધવાડ (ગધવાડ) સ્ત્રી. ગંદકી.

ગંધવાન વિ. જેમાં ગંધ હોય એવું.

ગંધવારિ [સં.] ન. સુગંધી દ્રવ્યથી વાસિત કરેલું પાણી.

ગંધવાહ ૧. [સં.] પું. કસ્તૂરી મૃગ.

૨. પું. નાસિકા; નાક.

૩. પું. વાયુ; પવન.

૪. વિ. ગંધ ધારણ કરનારું.

ગંધવાહા [સં.] સ્ત્રી. નાક.

ગંધવાહી જુઓ ગંધવહ.

ગંધવિરોધ [સં.] પું. વિરુદ્ધ ગંધવાળું હોવાપણું.

ગંધવિલ્વલ [સં.] પું. બહુ

ગંધવીજા [સં.] સ્ત્રી. મેથી.

ગંધવૃક્ષ [સં.] પું. સાગનું ઝાડ.

ગંધવૃક્ષક [સં.] પું. સાપનું ઝાડ.

ગંધવૃષભ પું. વેટા અને બાદલના ગુણવાળું અને કસ્તૂરી જેવી વાસવાળું ઉત્તર કેનેડામાં થતું એક પ્રાણી.

ગંધવ્યાકુલ પું. ચમરબાજ; કાકોલ. તે બાજથી શરીરને આકુળવ્યાકુળ કરે, રોમાંચ થાય, ઊલટી આવે અને ઓડકારમાં તેની વાસ આવે અને જેથી ઘણાં ઊંચાં થઈ જાય.

ગંધર્વ પું. (જૂ. પુ.) ગંધર્વ.

ગંધશાટી [સં.] સ્ત્રી. સુગંધી કચૂરો; કપૂરકાચલી.

ગંધશાલાકા [સં.] સ્ત્રી. અત્તરદાની.

ગંધશાલિ [સં.] પું. એક જાતના સુવાસિત ચોખા.

ગંધકુટિની [સં.] સ્ત્રી. છછૂંદરી.

ગંધકોખર [સં.] પું. કસ્તૂરી.

ગંધસાર ૧. [સં.] પું. ગંધક.
૨. પું. મોગરો.
૩. પું. સુખડ; ચંદન.
૪. પું. સુગંધીદાર વસ્તુ; અત્તર
૫. પું. સુગંધીવાળો લેપ.

ગંધસૂચી [સં.] સ્ત્રી. છછૂંદરી.

ગંધસામ [સ.] ન. રાત્રિવિકાસી કમળ; ગંધવિકાસી ચોપણ.

ગંધહર [સં.] ન. નાક; નાસિકા.

ગંધહસ્તી ૧. પું. એ નામનો શુદ્ધ જાત પાસેનો એક પર્વત. તેના ઉપર શુદ્ધ જાતવાન ઘોડો વખત રહ્યા હતા.
૨. [સં.] પું. કૃષ્ણનો વિજય નામનો હાથી.
૩. પું. મદોન્મત્ત હાથી; જેના કુંભમાંથી સુગંધી મદ વહેતો હોય તેવો હાથી.
૪. વિ. (જૈન) તીર્થંકરને થાપ્યુ પડતું એક વિશેષણ.

ગંધહસ્તીસ્તાપ ન. શુદ્ધ જાતની સામે હસ્તુ ઉપર આવેલ ભઠ્ઠારનું એક પ્રાચીન નામ; માતંગલિંગ ઉપરથી વિકૃત થઈને બનેલું હાલનું મલવગી કે માતંગી. હિંદુઓ તેને માતંગાશ્રમ કહે છે. તેમાં મડાદેવનું લિંગ અને માતંગ વાવ છે.

ગંધહારિકા [સં] સ્ત્રી. સુગંધી પદાર્થ તૈયાર કરનાર દાસી

ગંધણું ન. બંધ; રેલનું પાણી ગામમાં દાખલ ન થઈ શકે તે માટે બાંધવામાં આવતી પથ્થરની દીવાલ.

ગંધા ૧. સ્ત્રી. એ નામની લોઢાલ્હની એક બહક.
૨. [સ.] સ્ત્રી. ગંધની કણી.
૩. સ્ત્રી. ગાલપર્ણી નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. પટ્કચૂરો.
૫. સ્ત્રી. સુગંધીવાળી સ્ત્રી.
૬. ન. એ નામની લોઢાલ્હની બહકનું માપસ.
૭. વિ. એ નામની લોઢાલ્હની બહકનું.

ગંધાકર્પિણી સ્ત્રી. એ નામની એક દેવી.

ગંધાક્ષત ૧. [સં.] પું. ન. ચંદન અને અખંડિત ચોખા.
૨. પું. ન. તિલક કરીને અક્ષત ચોખ્ખા તે; વરણ કરવું તે.
ગંધાક્ષત કરવા = વરણ કરવું; બાધાઓની પૂજા કરવી.

ગંધાખુ સ્ત્રી. છછૂંદર.

ગંધાખ્યા સ્ત્રી. મુલતાનનો ગોડ.

ગંધાગ્ય પું. ગાંધી; સુગંધી પદાર્થ વેચનારો માણસ.

ગંધાજીવ [સં] પું. વાસુરોગના ચૌદ મહિનો એક પ્રકાર. તેથી સુગંધ કે દુર્ગંધનું જ્ઞાન થતું નથી.

ગંધાઢ્ય ૧. [સં.] પું. ચંદનવૃક્ષ. મલયાગિરિ ચંદનનું આખું ઝાડ ગંધથી જ ભરેલું છે. તે આજુબાજુનાં ઝાડને પોતાની સુગંધ જેવાડી ચંદન જેવાં કરી દે છે, માટે તેને ગંધાઢ્ય કહે છે.
૨. પું. નારંગીનું ઝાડ.
૩. ન. ચંદન.
૪. ન. જ્યાદિ નામનું ગંધદ્રવ્ય.
૫. વિ. ગંધપૂર્ણ; સુગંધથી ભરપૂર.

ગંધાઢ્ય ન. ગંધાતું હોય તે.

ગંધાઢ્યું વિ. વાસ મારતું; ગંધ મારતું.

ગંધાતક્ષ વિ. ગંદું; નોખરું

ગંધાતા સ્ત્રી. આંસોપ નામની વનસ્પતિ.

ગંધાતી ન. ઘાસનું.

ગંધાતું ૧. વિ. રોંદી ગયેલું; સડી ગયેલું.
૨. વિ. ગંધ મારતું હોય એવું મેલું; બદબોવાળું; દુર્ગંધયુક્ત; નઠારી વાસ આપતું.
૩. વિ. ચીડિયા સ્વભાવનું.

ગંધાદક વિ. ગંધવાળું

ગંધાદિ મુદ્રા સ્ત્રી દેવને ગંધ વગેરે અર્પણ કરવા માટે હાથનો એક અભિનય; એક જાતની મુદ્રા. ગંધ આપવામાં મધ્યમા અનામિકા અને અંગુષ્ઠના અગ્ર ભાગનો ઉપયોગ કરાય છે.

ગંધાધિક ૧. [સં.] ન. એક જાતની સુગંધી
૨. ન. એક જાતનું કેસર

ગંધાધિકા સ્ત્રી. વરિયાળી.

ગંધાનક પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પદમાં બીસ માત્રા અને સત્તર અક્ષર તથા બીજા અને ચોથા પદમાં ચોત્રીસ માત્રા અને અઢાર અક્ષર હોય છે. દરેક પદમાં દશમા અક્ષર ઉપર યતિ આવે છે.

ગંધાના જુઓ ગંધાનક.

ગંધાપકર્ષણ [સં.] ન. ગંધ દૂર કરવાપણું.

ગંધાબ્લા ૧. [સં.] સ્ત્રી. જંગલી બિલ્લેડી.
૨. સ્ત્રી. જંગલી ઘીંગુ.

ગંધાયતન [સં.] ન. બૌદ્ધ જ્ઞાનના સંચારનાં ચાર મોટેનું એક સ્થાન.

ગંધાયલું જુઓ ગંધાતું.

ગંધાર ૧. [સં.] પું. એક જાતની વિદ્યા.
૨. પું. (સંગીત) ગાયનના સાત મહિનો ગણતો ત્રીજો સૂર. એ 'ગ'ની નિશાનીથી ઓળખાય છે.
૩. પું. (પિંગળ) ચોત્રીસ ગુરુ અને ચોસઠી લઘુ મળી ૧૧૮ વર્ણનો એક વિષમગતિ માત્રામેળ છંદ. તે કુલિયા છંદનો ભેદ છે.
૪. પું. મનમાંનું મનમાં ન રહેતાં તેની કોઈક વાત બહાર નીકળવાપણું.
૫. પું. (સંગીત) મેઘ રાગના આઠ પુત્રો મહિનો એક પુત્રરાગ. તે ગાવાનો વખત દિવસના દશ વાગ્યાનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં ઋષભ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર અને મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર છે. ઋષ સ્વર ઋષભ અથવા મધ્યમ છે, ન્યાસ સ્વર ગંધાર છે અને વાદી સ્વર પંચમ છે. તે ગૌરી, સિંધુકો, આશાવરી, દેવગિરી, ભૈરવ અને હિંડોલથી મિશ્ર છે.
૬. પું. સિંદૂર.
૭. પું. હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે આવેલ એક દેશ. તેની રાજધાની તક્ષશિલા હતી.
૮. પું. હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે આવેલા દેશનો રાજા.

ગંધારગ્રામ જુઓ ગંધારગ્રામમૂર્છના.

ગંધારગ્રામમૂર્છના સ્ત્રી. (સંગીત) ગંધારગ્રામની સાત મૂર્છનાઓમાંની દરેક. તેનાં નામ: (૧) નંદી, (૨) ઋદ્ધિમા, (૩) પૂર્ણિમા, (૪) સુદર્શનતારા, (૫) ઉત્તરગંધારા, (૬) ઉત્તરમાયામા અને (૭) ઉત્તરાયતા કોટિમા.

ગંધારનાથ પું. એક જાતનો ઘોડો.

ગંધારિ [સં.] પું. ગંધાર દેશ. જુઓ ગંધાર ૭.

ગંધારિકા સ્ત્રી. કપૂરકાચલી.

ગંધારી ૧ સ્ત્રી. એ નામની એક વિદ્યા.
૨. સ્ત્રી. કોઢકારી નામની વનસ્પતિ
૩. સ્ત્રી. પૃથ્વીની એ નામની એક પટરાણી.
૪. સ્ત્રી. કૌરવોની માતાનું નામ.
૫. સ્ત્રી. ગંધાર દેશની સ્ત્રી
૬. સ્ત્રી. તળાવના ખોરિયાને કાંઠે થતું એક જાતનું ઘાસ.
૭. સ્ત્રી. (સંગીત) માલશ્રેષ રાગની આઠ પુત્રવધૂ પૈકીની એક રાગિણી. તે ખટ, આસાવરી અને દેશીયા મિશ્ર છે. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેનો મધ્યમ ગ્રહ સ્વર છે અને રિષભ ન્યાસ સ્વર છે. તે ગાવાનો વખત દિવસના પહેલા પહોરનો છે.

ગંધારીઢોડી (ગંધારીટોડી) સ્ત્રી. (સંગીત) એક રાગિણી; ઢોડી રાગિણીની એક જાત. તે ગાવાનો વખત સવારનો પહેલો પહોર છે. જાતિ સંપૂર્ણ છે.

ગંધારીતલવણી સ્ત્રી. આડિયા કરહણ; એક જાતનું ઘાસ.

ગંધારીતા ૧. સ્ત્રી. ગંધનો અભાવ.
૨. સ્ત્રી. અલ્પેષ્મ.

ગંધારીશેઢરડી (ગંધારીશેઢરડી) પું. એક પ્રકારનો છોડવો; અજગંધા; આકડમારી.

ગંધારું ૧. ન. એક જાતનું ઘાસ; અશ્વખર. એના પૂમડામા લીલી ચાની વાસ હોય છે. તેને ફૂલની ચમરીઓ આવે છે. ફૂલ જાંબલી રંગનાં હોય છે.
૨. ન. પહાડ કોરીને કરેલો રસ્તો.
૩. વિ. ખરાબ.
૪. વિ. ગોબરું; અસ્વચ્છ.
૫. વિ. દુર્ગંધવાળું; ખરાબ વાસવાળું.

ગંધારોવજ પું. એક જાતનો વજ; ઘોડાવજ.

ગંધાલીગર્ભા [સ.] સ્ત્રી. એલચી. એલચીની ઉપરના જાડા ફોતરામા વાસ નથી, પરંતુ તેના ગર્ભમાં એટલે તેનાં બીમાં સુગંધ છે માટે તેને ગંધાલીગર્ભા કહે છે.

ગંધાલુ વિ. સુગંધવાળુ.

ગંધાવું ૧. અ. ક્રિ. અપશબ્દ બોલવો.
૨. અ. ક્રિ. કોહવાવું, બગડવું, સડવું.
૩. અ. ક્રિ. મનમાં ને મનમાં બળવું.
૪. અ. ક્રિ. વાસ મારવી; બદનો નીકળવી.

ગંધાશન [સં.] પું. પવન; વાયુ.

ગંધાશ્મન [સં.] પું. ગંધક.

ગંધાષ્ટક [સં.] ન. જુદા જુદા આઠ સુગંધી પદાર્થનો સમૂહ. તે દેવતાઓને ધરવામાં આવે છે. દેવતાના પ્રકાર પ્રમાણે આ સમૂહ હોય છે. ચંદન વગેરે આઠ સુગંધી પદાર્થો: (૧) ચંદન, (૨) અગર, (૩) કપૂર, કે સુગંધી વાળો. (૪) ગોરોચન, (૫) કસ્તૂરી, (૬) રતાંજળી, (૭) કેસર અને (૮) નાગરમોથ.

ગંધાહ્વા [સં.] સ્ત્રી. રતી તુલસી.

ગંધાંબુ [સં.] ન. સુગંધી પાણી.

ગંધિ [સં.] ન. એક જાતનું કેસર.

ગંધિક ૧. [સં.] પું. ગંધક.
૨. પું. સુગંધી દ્રવ્યોનો વેપારી.

ગંધિતાક્ષ [સં.] પું. કેસરની સુગંધવાળું ઘાસ.

ગંધિની [સં.] સ્ત્રી. સુરા; દારૂનો મદિરા.

ગંધિપર્ણ જુઓ ગંધિતાક્ષ.

ગંધિય ૧. ન. ગંધિયાણું; કરિયાણું.
૨. વિ. સુવાસિત; સુગંધી.

ગંધિયાણું ૧. ન. ગંધિયાણું.
૨. ન. સેંગલેળ; ગુંદપાઠો

ગંધી ૧. [હિં.] પું. અત્તરિયો; સુગંધી પદાર્થ વેચનાર માણસ
૨. પું. ગાડ.
૩. ન. ઊધઈ.
૪. ન. પઠેડી.
૫. [સં. ગંધિન્] વિ. ગંધવાળું.

ગંધીકાચળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાં દવામાં કામ આવે છે. એની બે જાત: ગંધીકાચળ અને કૃષ્ણકાચળ. એના વેલા થાય છે. તેનાં મૂળિયાં ગર્ભશુદ્ધિ તથા રક્તદોષ ઉપર ઉપયોગી છે. મૂળિયાં સુગંધી હોય છે.

ગંધીગેરાંડી પું. (કચ્છી) એક વનસ્પતિ. એના ફોડ ધોળા રંગના હોય છે. ફૂલ જાંબુડા રંગના અને ફળબીજ સુંવાળા વાળની રુંવાટીવાળાં હોય છે. તેને મોટી શેરડી પણ કહે છે.

ગંધીલું ૧. ન. એક જાતનું ઘાસ.
૨. વિ. કંજિયાખોર; લડાકુ.
૩. વિ. ખરાબ વાસ મારતું.
૪. વિ. ગંધવાળું; વાસવાળું.
૫. વિ. ચીકણું.
૬. વિ. ચીડિયું.
૭ વિ. ઝેરીલું; અરેખું.

ગંધીલોવજ પું. એક જાતનો વજ; ઘોડાવજ. તેની વાસ ઉગ્ર હોય છે.

ગંધેજ [સં.] પું. ઊંટ જાતિનો હાથી.

ગંધેરિયા ૧. સ્ત્રી. કાઠિયાવાડમાં વસતા લોકની એક જાત. તેઓનો ધંધો ઝાપરાં ચાળવાનો છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગંધેલ પું. સુગંધીવાળું એક જાતનું ઘાસ.

ગંધેંદ્રિય [સં.] ન. ગંધ લેનારી ઇન્દ્રિય; નાક.

ગંધોકારિકા ૧. સ્ત્રી. સુગંધી બનાવનાર દાસી.
૨. સ્ત્રી. એ કારીગર.

ગંધોક્ષ [સં.] પું. ગંધપલાશ.

ગંધોત પું. બિલાડી જેવું એક જાતનું પ્રાણી; વણિયર.

ગંધોદકડા [સં.] ન. કમરો; દમનક વૃક્ષ.

ગંધોત્તમા [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.

ગંધોદ [સં.] ન. સુગંધી પાણી.

ગંધોદક [સં.] ન. સુગંધી જળ.

ગંધોપજીવી [સં. ગંધોપજીવિન્] પું. અત્તરનો વેપારી.

ગંધોરી [સં.] સ્ત્રી. કપૂરકાચલી.

ગંધોલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધ.
૨. સ્ત્રી. કચૂરો.
૩. સ્ત્રી. કપૂરકાચલી.
૪. સ્ત્રી. ભમરી; ડંખ મારતી માખીની એક જાત. આ એકાંતવાસી માખીનું ઘર રસ્તા ઉપર કે ખેતરમાં હોય છે.
૫. સ્ત્રી. હંસલી.

ગંધ્ય [સં.] પું. સુગંધી; સારી ગંધવાળો પદાર્થ.

ગંધર્વ ૧. પું. અમદાવાદ, ખેડા અને સુરત તરફ વસતી અને ગાવા વગાડવાનો ધંધો કરતી લોકની એક જાત.
૨. પું. ગાંધર્વ.
૩. [સં. ગંધર્વ] પું. ગંધર્વ, ગાનારો; ભોજક.

ગંભાર ન. એ નામનું એક ઝાડ; ગમાર; શેવન.

ગંભ પું. દમ; શ્વાસ.

ગંભરું ન. વિ. ઘૂસવું; મારવું; કબજો કરવો.

ગંભાર ૧. પું. ગંભાર; મંદિરનો અંદરનો ભાગ.
૨. પું. વારસીઓના ગાઢમાર.
૩. [સં. ગંભીર] વિ. ઊંડું.

ગંભારા સ્ત્રી. માળવામાં શિપ્રા નદીને મળતી એ નામની નદી. મેઘદૂતમાં કાલિદાસે તેના વિષે ઉલ્લેખ કર્યો છે.

ગંભારિકા [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; ગમારી.

ગંભારિયું ન. ઘર નીચેનો અંધારિયો ભાગ, બકરિયું; અંધારો ઓરડો.

ગંભારી ૧. પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ રગણ, ગુરુ અને લઘુ મળી ૧૧ વર્ણ હોય છે.

૨. [સં.] સ્ત્રી. પીળાં ફૂલવાળો એક જાતનો છોડ. તેનાં પાન પહોળાં હોય છે.

૩. સ્ત્રી. ગોપબ્રૂી; ગોવિન્દુનું ઝાડ. તેની છાલ મોટે રંગની હોય છે અને તેમાંથી દૂધ નીકળે છે. તેની છાલ તથા મૂળ દવામાં કામ આવે છે. હિમાલયના નીચાણના પ્રદેશમાં અને નીલગિરિ પર્વતમાં ૪૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી આ ઝાડ થાય છે. ગંભારીના ફળ પેટમાં કૃમિઓ મટાડનાર, પાચનશક્તિ વધારનાર, પૌષ્ટિક, વાળ વધારનાર છે. તે ઝેરનું ઝેરણ કરનાર છે. ઉરસ, શરીરની બળતરા વગેરેમાં અપાય છે.

ગંભારો [સં. ગર્ભાગાર] પું. ગર્ભાગાર; વચલો ઓરડો.

ગંભીર ૧. પું. ઋગ્વેદનો એક મંત્ર.

૨. પું. એક જાતનો ઘોડો. તેના પગ અને કેડ ધોળા હોય, આંખ રાતી હોય અને પૂછડી પણ રાતી હોય છે.

૩. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૬ ગુરુ અને ૩૨ લઘુ મળી ૭૮ વર્ણ હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રાકરણિક. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ તગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૫. પું. કમળ.

૬ પું. ફોગટની જમીન.

૭ પું. ગહન સ્થાન; ગહન પ્રદેશ.

૮ પું. ગંભીર શબ્દ.

૯. પું. બિલ્લેરૂ

૧૦. પું. શિવનાં બીજાં નામોમાંનું એક નામ.

૧૧. પું. (સંગીત) શ્રી રાગના આઠ પુત્રોમાંનો એક પુત્ર. આ રાગ પ્રસિદ્ધ નથી. હનુમત મત પ્રમાણે તે હિંડોલ રાગનો પુત્ર મનાય છે.

૧૨. પું. (પુરાણ) સોમવંશી આયુકુલમાં ઉત્પન્ન થયેલ રત્નસાનો પુત્ર. એના પુત્રનું નામ અક્રિય હતું.

૧૩. પું. હાથીની બાર જાતોમાંની એક ઊંચા જાત.

૧૪. વિ. અહોભાવ કે માન ઉપજાવે તેવું.

૧૫. વિ. આશ્ચર્ય તેમ જ ભય ઉપજાવે તેવું મોટું; વિશાળ.

૧૬. વિ. ઊંડું, નીચે કે ઊંડાણમાં રહેલ.

૧૭. વિ. ગૂઢ, ગહન.

૧૮. વિ. ઘોર; ભારે.

૧૯. વિ. ઠરેલ; પુખ્ત.

૨૦ વિ. ધીર, સહનશીલ.

૨૧. વિ. પ્રકાશ વગરનું; અંધારાવાળું.

૨૨. વિ. ભારખમ; વજનદાર

૨૩. વિ. મહત્ત્વવાળું.

૨૪. વિ. મદ

૨૫. વિ. મોટા દિલવાળું; ઉદાર; સાગરપેઠ.

૨૬. વિ. વિચારવંત.

૨૭. વિ. વિવેકવાળું.

૨૮ વિ. શાંત; સ્થિર સ્વભાવનું.

ગંભીરક વિ. ઊંડું.

ગંભીરમીચિકા [સં.] સ્ત્રી. ગોકર્ણમાં ઊંડી રહેલી એ નામની ગ્રંથિ. આવી લગભગ પીસ્તીસ પચ્ચીસ ગ્રંથિઓ છે. ગોકર્ણી દરેક બાજુએ તેઓ અંતર્મુખ ધમની તથા અનુમન્યા શિરા સાથે એક નીચે બીજાના મૂળ ભાગ સુધી પથરાયેલી છે.

ગંભીરઘોષ [સં.] પું. શિવનાં બીજાં નામોમાંનું એક નામ.

ગંભીરજઘનિકા [સં.] સ્ત્રી. ઔદરી મહાધમનીની એ નામની એક શાખા. તે ત્રાંસી રીતે જઘનચૂડા તરફ જાય છે તથા ઉદરચ્છદા ચરબી નામની પેશીને ભેદીને તેની પાછળ ફેલાય છે. તેની નાની શાખાઓ, ગ્રંથિ, નિતંબ, ઉદરનો નીચલો ભાગ વગેરે પ્રદેશોમાં ફેલાયેલી અન્ય ધમનીઓની શાખાઓ સાથે મળી જઈને ધમનીચક્રો રચે છે.

ગંભીરજ્વર [સં.] પું. અપાર તાવ. આ તાવમાં કોષ્ઠમાં દાહ એટલો બળતરા થાય, ખૂબ તરસ લાગે, બકબકાટ, શ્વાસ, ચકરી વગેરે થાય, સાંધા અને હાડકાં દુખે, પરસેવો ન આવે અને ઝાડો તથા પવન બંધ થાય.

ગંભીરતા ૧. [સં.] સ્ત્રી. અગાધતા; મહિમા.

૨. સ્ત્રી. ઊંડાઈ.

૩. સ્ત્રી. ઊંડો વિચાર.

૪. સ્ત્રી. ગંભીરપણું; પ્રૌઢતા.

૫. સ્ત્રી. ધીરતા; સહનશીલતા.

ગંભીરતાઈ જુઓ ગંભીરતા.

ગંભીરત્વ જુઓ ગંભીરતા.

ગંભીરનાદ ૧. [સં.] પું. ઊંડો અવાજ.

૨. વિ. ગંભીર અવાજવાળું.

ગંભીરપણું જુઓ ગંભીરતા.

ગંભીરપ્રગંડિકા સ્ત્રી. બહુવી ધમનીની એ નામની પહેલી લાંબી શાખા. તે બહિ:પ્રગંડિકા નામની નાડી સાથે પ્રગંડાસ્થિની પાછલી બાજુ ઉપર થઈને ત્રાંસી રીતે નીચે ઊતરી આવે છે અને તેની આસપાસ ચકામો બાંધે તે અસ્થિની બહારની બાજુ ઉપર ફેલાવ દે છે. ત્યાં તેની બે શાખાઓ પડી જાય છે. તેઓ આગોદિણી બહિ:કૂર્પરા નામની ધમની સાથે મળી જઈને કૂર્પરસંધિની આસપાસ ધમનીચક્રો રચે છે. તેની બે નાની શાખા ચિરિરરકા પેશી તેમ જ પ્રગંડાસ્થિના નલકને લોહી પૂરું પાડે છે.

ગંભીરપ્રજ્ઞ [સં.] વિ. અસાધારણ બુદ્ધિશાળી.

ગંભીરબલવાહન [સં.] પું. શિવનાં બીજાં નામોમાંનું એક નામ.

ગંભીરબુદ્ધિ પું. (પુરાણ) હવે પછી થનારા ઇંદ્રસાવર્ણિ મનુના પુત્રો માંહેનો એ નામનો એક પુત્ર.

ગંભીરભાષિની વિ. સ્ત્રી. ગંભીરપણે બોલનારી.

ગંભીરવેદી [સં. ગભીરવેદિન્] પું. મત્ત હાથી. તે અંકુશ વગેરેની શિક્ષાને પણ ભેદકારીથી ઘણે ભાગે વખતે ધ્યાનમાં લે છે.

ગંભીરશ્રમ પું. બહુ જ ઊંડો અને સાધારણ રીતે જલદીથી દૂર ન થાય એવો જબરો શ્રમ.

ગંભીરા ૧. સ્ત્રી. એ નામની નદી.

૨. સ્ત્રી. કીમતી જમીન.

૩. સ્ત્રી. (જૈન) બાર ઇંદ્રિયવાળા જીવની એક જાત.

૪. સ્ત્રી. નાભિમાંથી ઉત્પન્ન થતી ઘોર અવાજવાળી હેડકી.

૫. વિ. સ્ત્રી. ઊંડી.

૬. વિ. અપંકર; બિહામણી.

૭. વિ. વિચારશીલ હોય એવી.

ગંભીરાઈ ૧. સ્ત્રી. ગંભીરતા; ગંભીરપણું.

૨. સ્ત્રી. ઠરેલપણું.

૩. સ્ત્રી. પ્રૌઢપણું.

૪. સ્ત્રી. સહનશીલતા.

ગંભીરિકા ૧. સ્ત્રી. ઊંડી જમીન.

૨. સ્ત્રી. એ નામની નદી.

૩. સ્ત્રી. એક જાતની નાડી.

૪. સ્ત્રી. એક જાતનો આંખનો રોગ.

૫. સ્ત્રી. મોટો દોષ

ગંભીરું જુઓ ગંભીર.

ગંભીરો પું. ખોટી વાત; ગપ.

ગંભીરોરુકા [સં.] સ્ત્રી. પગ માંહેની એ નામની એક ધમની. ઔર્વી ધમની સાથળમાં બે ત્રણ આંગળ નીચે ઊતર્યા પછી તેમાંથી આ જાડી શાખા ઉત્પન્ન થાય છે અને એ જ ધમનીની પાછળ પાછળ

સાથળની અંદરની સીમા ઉપર નીચે ઊતરી આવે છે. વળી એ જ ધમનીની આડક તે ઉરુસંધિની અરીકા નામની પેશીની આરપાર જાય છે. આ ધમનીની બે નાની શાખા ઉરુવેષ્ટની નામે ઓળખાય છે. તેમાંની એક સાથળની અંદરની બાજુ ઉપર, જ્યારે બીજી તેની બહારની બાજુ તરફ ફેલાય છે. દરેક ઉરુવેષ્ટનીની વળી બહુ નાની શાખા પડી જાય છે. તેઓ અનુક્રમે ઊંચે, નીચે તથા આડી જાય છે. આ ત્રણેય શાખાઓ બીજી શાખાઓ સાથે મળી જઈને જઘન, નિતંબ તથા વક્ષણસંધિની આસપાસ ધમનીઓ રચે છે તથા સાથળની માંસપેશીઓને પણ લોહી પૂરું પાડે છે.

ગંજૂતા ન. હાલના પટણ પાસેનું ગંજુ ગામ.

ગંજો પું. ટીલિ; ધૂંધો.

ગંજત ૧. સ્ત્રી. ખેલ; રમત; ગમ્મત.
૨. સ્ત્રી. મજા; આનંદ.

ગંજાર ૧. પું. નીચ માણસ; દુષ્ટ પુરુષ.
૨. વિ. ઉજ્જડ; વેરાન; જંગલી.
૩. વિ. ગામડિયું; રોંચું; અસભ્ય.
૪. વિ. બેવકૂફ; અક્કલમઠ્ઠુ; મૂર્ખ; અનાડી.

ગંજારી ૧. સ્ત્રી. અક્કલમઠ્ઠુ મૂર્ખ સ્ત્રી.
૨. સ્ત્રી. ગામડાની સ્ત્રી.
૩. સ્ત્રી. મૂર્ખતા; બેવકૂફી; અજ્ઞાનતા.

ગંજારુ જુઓ ગંજાર.

ગંજી ૧. વિ. ગામડા સંબંધી.
૨. વિ. ગ્રામ્ય; જંગલી.

ગંજી સ્ત્રી. તીરની લોઢાની અણી.

ગં. સ્વ. વિ. ગંજાવરૂપનું દૂકું રૂપ. આ રૂપ પત્રવ્યવહારમાં બાઈ વિધવા બાઈને ઉદ્દેશીને લખાય છે.

ગંહકી [સં. ગ્રાહક] પું. ખરીદનાર માણસ; ગ્રાહક.

ગંહુલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વનિતાવલ્લભ.

ગા ૧. [સં. ગૌ] સ્ત્રી. ગાય.
૧. ગા ઉપર પલાણ = અપટિત કામ; બરાબ્ર ફૂલ.
૨. ગા હાલવી = ગાયને ગર્ભ રહેવો.
૨. સ્ત્રી. ગાયન; ગીત; કવિતા; ગાથા.
ગા ગા કરવું = વારે ઘડીએ એક જ વાત કર્યા કરવી.

ગાઈ ૧. સ્ત્રી. ગાય.
૨. સ્ત્રી. રજપૂતની એક શાખાનું નામ.

ગાઈડ ૧. [અં.] પું. ભોમિયો; માર્ગદર્શક; પથદર્શક.
૨. પું. વિદેશીઓની સાથે રહી તેને પ્રસિદ્ધ સ્થળો તથા વસ્તુઓ બતાવનાર પુરુષ.
૩. સ્ત્રી. માર્ગદર્શિકા; નવી સમજણ પડે, રીતો બતાવે તેવી ચોપડી.

ગાઈદ [ફા.] સ્ત્રી. કોમારવૃત્તનો નાશ થયો હોય એવી સ્ત્રી.

ગાઈની પું. એક જાતનો બેઠા ઘાટનો નાનો બગદ.

ગાઈબ [અ.] વિ. જેનાં નામઠામ ગૂમ.

ગાઈરોજ પું. બળદના ગુરદામાંથી બની આવતો પથ્થર. તે દવામાં વપરાય છે.

ગાઈલો ૧. પું. ગોટા વાળવા દોરું પૂંછ નહિ બોલતાં બાઈ જવું તે.
૨. પું. પ્રપંચ; દગો.

ગાઉ ૧. [સં. ક્રોશ] પું. અમુક અંતરનું માપ; કોસ; દોઢ કે બે માઈલનું અંતર.
૧. ગાઉ ચાલવા = (૧) અંતર કાપવું. (૨) લાડુ ખાવા.
૨. ગાઉ વેરે = ગાઉને અંતરે.
૨. સ્ત્રી. ગામ.
૩. ન. ગામ; ગામડું.

ગાઉટ [અં.] પું. એક જાતનો સંધિવા; ગાંઠિયો વા. તીક્ષ્ણ, ખૂનો અને અનિયમિત એમ તેના ત્રણ પ્રકાર છે. પાછલી રાતે કરડી ખમના કે હાથના અંગૂઠા કે પગના તળિયામાં કે પાનીમાં એકાએક અસહ્ય વેદના થવાથી જાગી ઊઠે છે. રોગગ્રસ્ત ભાગમાં જાણે અગ્નિ મૂક્યો હોય તેવું દરદ થાય છે અને દરદની કંપારી આવી તાવ ચઢી આવે છે. સવારને વખતે દરદ ઓછું થાય છે, પણ રાત્રીએ વધુ થઈ આવે છે. પછી ધીમે ધીમે દરદ કંપી જઈ તાવ તેમ જ દરદવાળા ભાગમાં આવેલો સોજો ઊતરી જાય છે અને દરદી સાવ મુક્ત થઈ રોગ થયા અગાઉની સ્થિતિ કરતાં પણ સારી સ્થિતિમાં આવી પાછો એકાએક બીમાર પડે છે. પણ દરદનાં મૂળ તો ઊંડાં હોય છે. અઠવાડિયે અથવા વરસે પછી તે ફરી ઊથલો મારે છે અને બીમેબીમે બે હુમલાઓ વચ્ચેનું અંતર ઘટતું જઈ છેવટે તે તેનો હમેશનો મુકામ બને છે. તીક્ષ્ણ ગાઉટ દીર્ઘ ગાઉટમાં પરિણમે છે. દીર્ઘ ગાઉટમાં તાવ અને સોજો હોતા નથી, પણ હાથ, પગ અને આંગળા ઉપર નાનાં મોટાં ટીમડાં જેવા ટેરવા થાય છે અને સાંધાઓ સખ્ત અને આંગળાંઓ વળેલાં રહે છે. કોઈ વાર ચાંદી પણ થઈ મોટાં ચાંદાં પડે છે. તે ઘણો વખત સુધી રૂઝાતાં નથી. અનિયમિત ગાઉટ હોજરી, રક્તાશય અને મગજને પણ અસર કરે છે. આ દરદ પારસામાં ઊતરે છે અને સ્ત્રી કરતાં પુરુષને ૪૦ વરસની ઉમર પછી વિશેષ થાય પડે છે. દારૂનું વ્યસન, બેદરકારી, કસરતનો અભાવ, શરીર કરતાં મનનો વધારે શ્રમ વગેરેને લીધે તેનો ઉદ્ભવ થાય છે અને મરીજ કરતાં તબદીર તેનો વધુ ભોગ બને છે. તેના કારણમાં પ્રજનનિન્દ્રિયના વિકોપને લીધે લોહીમાં યુરિક એસિડ નામનો ક્ષાર થાય છે. તેનો જમાવ સાંધાઓમાં ચાકના જેવા ભૂંગળા બંધાઈ સાંધા તરફ પહોંચાય છે. આ વ્યાધિ મુદ્દતને પણ લાગુ પડે છે. તેને લીધે તે સંકુચિત થઈ કે અથવા કે જેટલો થાય છે અને જલોદરનું દરદ પણ થાય છે.

ગાઉન ૧. [અં.] પું. ઝભ્ભો. તેના આકાર તથા પ્રકાર ઉપરથી તે પહેરનાર ખિરતી ધર્મગુરુ, બૅરિસ્ટર, ન્યાયાધીશ અથવા કોઈ બીજો વિશિષ્ટ હોદ્દો હોય તે ઓળખાય છે.
૨. પું. વરપ, અમેરિકની સ્ત્રીઓને પહેરવાનો એક જાતનો લાંબો પોશાક.

ગાઉનિશાન ન. ગાઉનો આકાર દર્શાવનારો નિશાનનો પત્થર.

ગાઉલિપ પું. હરામખોરી; દુષ્ટતા.

ગાઝે [અર.] સ્ત્રી. (જરથોસ્તી) ગામ.
ગાઝે ભણાવવી = બંદગીમાં ગાયની બ્રહ્મિરો બહેર કરવી. પારસીઓમાં અગાઉ ઊજમણાની ક્રિયા પછી પુરોહિતને પૈસા તથા દાણા ઉપરાંત ગાય આપવામાં આવતી. હવે ગાયને બદલે અમુક રકમ આપવામાં આવે છે. તે ગાઝે ભણાવવાનું ક્રિયાપદ કહેવાય છે.

ગામ્મો ન. ગામ; ગ્રામ; ગામડું.

ગામ્મોખર્ચ ન. ગામની સુધરાઈ બાબતમાં થયેલું ખર્ચ.

ગામ્મોઝમ્માન ન. રક્તપિત્ત, ભમણા અને ઉપદંશમાં વપરાતી એક ઔષધિ. તેની ડાંડલી અને પાંદડાનો ભૂકો બજારમાં વેચાય છે.

ગામ્મોટી સ્ત્રી. ગામ સંબંધી.

ગામ્મોળ્ય પું. ગામડાના સમૂહનો બનેલો પ્રાંતનો પેટા ભાગ.

ગામ્મોલી પું. ગોવાળ.

ગાકર સ્ત્રી. ઘઉંની રોટલી.

ગાગની ન. એક જાતનું કોમળ પણ હલકા પ્રકારનું મોતી.

ગાગર ૧. પું. કૂવેથી પાણી પહેરવાનો માટીનો.

૨. [સં. ગર્ગરી] સ્ત્રી. ઘડો; સાંકડા મોંનું અને પમતા પેટાળનું માટી કે તાંબા પિત્તળનું પાણી ભરવાનું વાસણ.

૧ એવી કોળી કે મૂકી ગઈ ગાગર ને લઈ ગઈ ગોળી = બહુ જ પકડું માણસ.

૨. ગાગર જેવડું પેટ = (૧) કોઈના શબ્દ સહન કરી જવાપણું. (૨) ગુપ્ત વાત જાની રાખની તે. (૩) મોટું પેટ

૩. ગાગર નવરાવ્વું = કન્યાને પગલાંવાળી હોય તે વરસમાં મકરસંક્રાંતિને રોજ સવારમાં બાર ઠંડા પાણીના ઘડાથી તેને નવરાવવાની વિધિ કરવી.

૪. ગાગર ફૂટે ને રણકો વાગે = ખરાબ કામ કરે તેનું ખરાબ પરિણામ આવે.

૫. ગાગરમાં સાગર સમાવવો = થોડામાં ઘણું સમાવવું.

૩. સ્ત્રી. દાણા વચ્ચેનો જાડો ભાગ.

૪. ન. એક જંતુનું માણ્યું. તેનું કદ એકથી બાર ફૂટ જેટલું, આકાર ગાગર જેવો અને રંગ લીલો, કાળો કે કાબરચીતરો હોય છે. શરીર ચટાપટા હોય છે.

ગાગરડી (ગાગરડો) સ્ત્રી. નાની ગાગર.

૧. ગાગરડી જેવું જે ઉપસેલું; ફૂલેલું.

૨. હાથ પગ દોરડી જે. પેટ ગાગરડી = પાતળા હાથ પગ અને ઉપસેલ પેટ હોય એવું રોગી માણસ

ગાગરડીકથા (ગાગરડીકથા) સ્ત્રી. જેમાં મૂલકને બદલે ગાગર વગાડવામાં આવતી હોય એવી કથા.

ગાગરખેડિયું (ગાગરખેડિયું) ન. ઉપરાઉપરી ચડાવેલી કોઈ પણ વસ્તુની ભીતરનું; શિઢી.

ગાગરખેડિયાની માનતા = માતાને વધામણું દેવાની એક રીત.

ગાગરા [હિ.] સ્ત્રી. ભંગીની એક જાત.

ગાગરિયા સ્ત્રી. ગાગર; પાણીનો ઘડો.

ગાગરિયોભટ પું. ભાણભટ.

ગાગરી [સં. ગર્ગરી] સ્ત્રી. પાણીનો ઘડો; ગાગર.

ભરાય ગાગરી સારે આવે નાગરી = ગાગર ભરાય એટલા રૂપિયા હોય ત્યારે નાગરની કન્યા મળે પણ્યાની કીમતે વડનગરા નાગરની જાતિ જેટલી ગુજરાતની બીજી કોઈ જાતિમાં નથી એમ કહેવાય છે તેથી જ આ કહેવત પડી હોય એમ લાગે છે.

ગાગલી સ્ત્રી. ગણતરીની ગાંઠ.

ગાગાણી ૧ સ્ત્રી. કડિયાની એ નામની અટક

૨. ન એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાગાં પું. સાંઠિયો.

ગાગેર [સં. ગર્ગરી] સ્ત્રી. ગાગર; સાંકડા મોંનું માટી કે ધાતુનું વાસણ.

ગાગેરડી (ગાગેરડો) સ્ત્રી. નાની ગાગર. જુઓ ગાગરડી.

ગાગોડારો ૧. પું. ગિરો.

૨. વિ પું ગાવને મારનારો; ગામની હત્યા કરનારો.

ગાગોલી સ્ત્રી. એક જાતની માછલી.

ગાગ્રા [હિં.] સ્ત્રી. કાચું કાઠનારાઓની એક હલકી જાત

ગાચ્ચ સ્ત્રી. તીખાંની એક જાત.

ગાચ્ચવું જ. ક્રિ. પસાદ પડવું.

ગાચ્છ [હિં.] પું. ગાય.

ગાચ્છમિર્ચ [હિં.] સ્ત્રી. લાલ તીખાં.

ગાછવું જ. ક્રિ. તપાસવું; તપાસ કરવી.

ગાછા સ્ત્રી. મધ્યહિંદમાં વસતી અસ્પૃશ્ય લોકોની એક જાત.

ગાછી ૧. [હિં.] સ્ત્રી. બાસિયો; ગાદી.

૨. સ્ત્રી. બગીચો; વાડી

૩. સ્ત્રી. રોપવું તે.

ગાજ ૧. [સં. ગર્દ; પ્રા. ગદ્દર] પું. ગબડાટ; ગાજવીજ; કડાકો.

૨. પું. ભોરિયું વાસણનું કિનારીએ ઓટેલું બાંકું; ચૂથીને બનાવેલું ચુડાનનું નાકું.

૩. [અં. ગૉજ] પું; ન. રેશમી ભરવા સુતરાઉ કાપડ અને ઝીણા કપડાની એક જાત

૪. [હિં.] સ્ત્રી. ગાયની બંગડી.

૫. સ્ત્રી. ચૂંક.

૬. સ્ત્રી. ફીણ.

૭. ન. એક જાતની મોટી બતક.

ગાજચોકડો (ગાજચોકડો) ન. ચોકડીવાળું એક જાતનું કાપડ.

ગાજજ [સં. ગર્દન] પું. ગર્જના; ગાજવીજ.

ગાજબાન સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભોંપાયરી; ગળજબી. તેના છોડ જમીન ઉપર પથરાય છે. તેનાં પાન લાંબાં અને સફેદ પટ્ટાવાળાં થાય છે. જેની કોર આરા અને દાંતાવાળી હોય છે. તેનાં ફૂલનો આકાર ઘાવડીનાં ફૂલ જેવો હોય છે. ભોંપાયરી મૂત્રલ તરીકે જીનવા તથા અરમરી ઉપર ઔષધ તરીકે અપાય છે.

ગાજબારદ ૧. વિ. વીજળીથી છિન્ન પામેલ.

૨. વિ. સભ્યતા; ભયંકર

ગાજર ૧. [ફા. ગાજર] પું; ન. એક જાતનો છોડ તેનાં પાન લાંબાં, સાંકડાં અને અણીવાળા હોય છે. તેની નીચે મૂળાના કાંદા જેવો લાલ રંગનો કાંદો હોય છે. ગાજરનાં બી ગર્ભપાત માટે વપરાય છે તેનો ઉકાળો પીવાથી કમળો મટે છે ઑગસ્ટથી ડિસેમ્બર સુધીમાં તે વાવવા મોટી જાત ૧૨ ઇંચ છેટે તથા નાની જાત ૬ ઇંચ છેટે વાવવી. જ્યારે છોડ ૩થી ૪ ઇંચ ઊંચા થાય ત્યારે તેમને દરેક છોડની વચ્ચે ૭ ઇંચનું અંતર રહે તેમ પારવી નાખવા. વખમાં કોઈ પણ જાતનું ખાસ કે એવું કોઈ રહેવા દેવું નહિ તથા મૂળિયાની આસપાસ જમીન ઓરવી નાખતા રહેવું. તેમની ઊગવાની આખી મોસમમાં પાણી ખૂબ પાતા રહેવું. તેને ઊંડી, ફળદ્રુપ અને રેતીવાળી જમીન કે જેમાં આગલી મોસમમાં ખૂબ ખાતર નાખેલું હોય તેવી માફક આવે છે. આ ઉપરાંત પહેલી ફરીને ખાતર નાખવાની જરૂર નથી. ગાજર કિરમજી રંગ જેવાં રાતાં, ભગવા રાતાં તથા પીળાશ ઉપર રાતા રંગનાં થાય છે. ગાજરના વાવેતર માટે રેતીવાળી પોચી જમીન માફક આવે છે. છાણનું મળતિયું ખાતર તેને અનુકૂળ છે. ગાજર ત્રણ માસમાં તૈયાર થાય છે.

૨. ન. એક જાતનું કંદ. તેનું શાક કે અથાણું થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં તેનો હલવો થાય છે તથા ઢોરને ખવરાવાય છે. તેનાં બી બસ્ત ઉપર કામ આવે છે. ઔષધ તરીકે તેની પોટીસ ગૂમડાં, ચાંદા તથા સડેલા જખમ ઉપર ઉત્તમ ગણાય છે. તેમાં ટમેટાના જેવા ગુણ છે. વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કર્યા પછી એમ પુરવાર થયું છે કે ‘એ’ વિટામિનની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગાજર કોડલિવર ઑઇલ, દૂધ કે આખણની હરીફાઈ કરી શકે છે. ગાજરમાં કેરોટિન નામનો જે પદાર્થ છે તે શરીરને ઘણો ઉપયોગી છે. નાળિયેર, ઘઉં અને મગફળી આદિના કેરોટિન કરતાં ગાજરમાં તેનો જથ્થો સત્ત્વાંશ હોય છે. કોડલિવર ઑઇલ, માખણ કે દૂધ જે ગરીબ પ્રજાને મોંઘાં પડે તેમને માટે ગાજર ઉત્તમ ગણાય. તે મધુર, રુચ્ય, પાચક, કડવું, તીખું, રક્તપિત્તકારક, ઉષ્ણ, હૃદ્ય, અગ્નિદીપન, નેત્રને વિકાર કરનાર, વિદાહી, રક્ષ તથા પિત્તકર છે. આધ્માન, શૂળ, મૂળવ્યાધિ, કૃમિ, સંગ્રહણી, વાત, કફ, તૃષા તથા શુક્રનો નાશ કરે છે. અતિસાર કે ઝાડાના રોગમાં ગાજરનો રસ ઉપયોગી છે. ગાજરનાં બી જ્ઞાનતંતુપોષક અને કામેચ્છાકારક છે. તેનું તેલ પણ તે જ ગુણ ધરાવે છે. વધારે પ્રમાણમાં લેવાથી તે અદ્રવ્યજન્ય વધારે છે. મંદ પાચનશક્તિવાળાને

ગાજરનાં બી આપવાં નહિ. ગાજરનો મુરબ્બો હૃદયને શક્તિ આપે છે. એ અસલ મુસલમાન લોકોનો ખોરાક હોવો જોઈએ. ઉચ્ચ હિંદુ વર્ગમાં ખવાતાં નહિ હોય, કારણ ગુજરાતમાં કહેવત છે કે, ગાજર ગરિયા, ગાજર બાપ તરાનાં છૈયાં.

૧. કંચકના બાર્યા ગાજર ખાવાં = ભૂખ્યો માણસ કંઈ ખાવાનું ન મળે તો ગાજર પણ ખાઈ જાય તેમ પ્રેમમાં આંધળું માણસ જગે તેની પાછળ વિચાર કર્યા વિના પ્રેમ કરે છે.

૨. ગાજર ખેંચવું–તાણવું = બોટું ઊભું ટીલું કરવું; ગાજરના જેવા આકારનું કપાળે ટીલું કરવું.

૩. ગાજરપારખું = હોંશિયાર; હોંશિયું.

૪. ગાજરમૂલી = માલ વગરની વસ્તુ.

૫. ગાજર મૂળા રળવા–વેચવા = કીમત વગરનું ગણવું; તુચ્છ ગણવું.

૬. ગાજરની પપૂડી-પીપૂડી = સમય પ્રમાણેનો ફેર; અસ્થિર સ્થિતિ.

૭. ગાજરની પપૂડી-પીપૂડી વાગી તો વાગી, નહિ તો ફરી આપી = સમજ પડ્યું કિંવા નિષ્ફળ ગયું તોપણ પ્રયત્નકારક હોય પણ નુકસાન ન હોય એવું કામ ગાજરની પીપૂડી કરી અને વાગી તો બચ્ચે પીપૂડી થઈ અને ન વાગી તો બાળાના ઉપયોગમાં આવી જાય એટલે કે તે બેઉ રીતે નકામી ન થાય

૩. ન. ગાજરની જાતનું એક કંદ; ગાજરક; રતાળુ.

ગાજરગહ્વા પું. ઝેબરનિ રમણની નાની જાહક.

ગાજરમોથો પું. એક જાતની વનસ્પતિ; કૂતરાની દોબ.

ગાજરવેલ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગાજરવડ પું. ગાજર અને ચોખાની જાતની એક વાની.

ગાજરવહ્વા જુઓ ગાજરવટ.

ગાજરવેટ પું. ગ્રેન્યુએટ; સ્નાતક. તે તિરસ્કારમાં વપરાય છે.

ગાજરિયા ૧. સ્ત્રી. એ નામની મેમજાતની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગાજરિયું ૧. ન. કપાસમાં કરવામાં આવતું ગાજર જેવું લાંબુ ટીલું; બોટું ઊભું ટીલું.

૨. ન. બોરબોટું; દાંતેલાં મુખવાં ઊપડી આવું એક પ્રાણી.

૩. ન. નાનું માણસ; ઠીંગણું માણસ.

૪. ન. સ્ત્રિમ; પુરુષની ગુપ્તેંદ્રિય.

ગાજરિયો ૧. પું. કપાસમાં ગાજર જેવું કરવામાં આવતું ટીલું; બોટું ઊભું ટીલું.

૨. પું. ઠીંગણો માણસ.

૩. સ્ત્રી. એક જાતની કેરી.

ગાજરો પું. એક જાતનું લાંબું અનાજ.

ગાજલ પું. ગામની બજારોનો વેચનાર માણસ.

ગાજવીજ ૧. સ્ત્રી. ખૂબ ધામધુમ.

૨. [સં. ગર્જ્ (ગાજવું) + વિદ્યુત] સ્ત્રી. ગર્જના અને વીજળી; વરસાદનું ગાજવું અને આકાશમાં વીજળી થવી તે.

ગાજવું ૧. [સં. गर्ज्] અ. ક્રિ. અવાજ થવો; વાગવું

૧. ગાજવું વાગવું = ગજુંમાનું નહિ એવું, સહજમાં ગર્જના કરવું અને નાગિરોં વગાડવું; આબરૂ જાહેર.

૨. ગાજવું વાજવું સૌ ઘાંટને આવશે = ડૂબી વાત એની મેળે જાહેર થશે

૨. અ. ક્રિ. આકાશમાં વાદળોનો ગડગડાટ થવો. ગાજતા–ગાજ્યા મેઘ વરસે નહિ અને ભસતા કુત્તા–કૂતરા કરે–કરડે નહિ = બોલનારો કરતો નથી પણ નહિ બોલનારો કરી બતાવે છે.

૩. અ. ક્રિ. ખુશ થવું.

૪. અ. ક્રિ. ગર્જના કરવી; મોટી ધૂમ મચવી; ગરજવું.

૧. ગાજે તેનું વાજે = બોલતાનાં બોર વેચાય.

૨. ગાજવું નહિ ને વાજવું = કરગળવું કામ કરવા જતાં બકબક કરવું.

૫. અ. ક્રિ. તુમાખીમાં રહેવું.

૬. અ. ક્રિ. ધામધૂમ કરવી; ઠોલા બતાવવી; કુલાવું; વૈભવ દેખાડવો.

૭. અ. ક્રિ. બાર ઇંચ ને પડવું.

૮. અ. ક્રિ. મોટું નામ કરવું; જાહેર થવું; નામના મેળવવી.

૯. અ. ક્રિ. મોટેથી બોલવું; ઠપકો આપવો; ધમકાવવું.

૧૦. અ. ક્રિ. કિંમત ધરવી.

ગાજા પું. ૧. ૨. ટેકરીની તળેટીના ભાગમાં પહેલી વાર વવાતા બોજા.

ગાજાવી ૧. સ્ત્રી. કચ્છીની એ નામની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગાજિયા ન. એક જાતનું કાપડ.

ગાજિર જુઓ ગાજર.

ગાજિયાલુ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગાઝી ૧. [અ.] પું. ધર્મને માટે વિધર્મી સાથે યુદ્ધ કરનાર મુસલમાન વીર.

૨. પું. બહાદુર લડવૈયો; મરણિયો સૈનિક; વીર; શૂરો.

૩. સ્ત્રી. એ નામની મેમજાતિ અને બારજાની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. ન. એક જાતનું કાપડ.

૬. વિ. એ નામની જાતનું.

ગાઝીપરા ૧. સ્ત્રી. ખેડિયા કચ્છીની એ નામની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગાઝીપૂરા ૧. સ્ત્રી. એ નામની પીંજરા અને પટણીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગાઝીમરદ ૧. પું. યોદ્ધો.

૨. પું. બહાદુર પુરુષ; વીર નર.

ગાઝીમર્દ જુઓ ગાઝીમરદ.

ગાઝુસ પું. (વાયુપદું) નૈર્ઋત્ય ખૂણાનો પવન

ગાડો ૧. પું. પથ્થરપાટી ઉપર લખવાની બારખી પેન.

૨. સ્ત્રી. ગર્જના; નાદ.

ગાડ ન. રેશમ, સૂતર કે તારની બળીદાર કે બાતળા પોતની એક જનાવટ; 'ગૉઝ.'

ગાડર [ફા.] પું. પોળી.

ગાડિરમહાલ પું. બંગાળમાં પોળી ઉપર બગાડી લેવાતો એક વેરો.

ગાડી જુઓ ગાજી.

ગાડીમરદ જુઓ ગાજીમરદ.

ગાડીમર્દ જુઓ ગાજીમરદ.

ગાડુર જુઓ ગાડર.

ગાઢ પું. હર્ષ; આનંદ.

ગાઢલી સ્ત્રી. કેરડીની જાતની.

ગાડા ૧. [હિં.] પું. અનાજ ભરવા માટે બળદને ખોસરીએ જોડવા તે.

૨. પું. ખેતરનો નાનો કાલો.

૩. વિ. બરાબ મજબૂતવાળું.

ગાડાખેડી [હિં.] સ્ત્રી. ગાડાથી ખાસની જમીનના બાગ પાડવા તે.

ગાડેધાર જુઓ ગાડાખેડી.

ગાઠનું ૧. અ ક્રિ. ઘસાવું; ઘસાઈ જવું.
૨. અ ક્રિ. ઠસવું; ઊતરવું.
૩. અ ક્રિ. પરઠવું.
૪. અ ક્રિ. પૈસો વપરાવો, ખર્ચમાં આવવું.
૫. સ. ક્રિ. ગણકારવું
૬. અ ક્રિ. ઊતરવું, ઠસવું.

ગાઠાપટ્ટી ૧ સ્ત્રી. દસ્તાવેજમાંની વસ્તિમાની એ નામની અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

ગાઠી ૧ સ્ત્રી ગાંઠ; ગ્રંથિ.

૨ સ્ત્રી ગાંઠડી, પોટલું.

ગાઠ્યો ૧ [સં. ગ્રંથિ] પું. ગાંઠ છોડનાર માણસ.

૨. પું લુચ્ચો માણસ; ધૂર્ત, શઠ, ગઠિયો.

ગાડું ૧. વિ. ઓછું; અલ્પ.
૨. વિ. ઓછું, ઊતરતાપણું હીન થયેલું.
૩ વિ. વપરાયેલું, નબળું પડી ગયેલું.
૪ ન જૂનો પુરાતન કરનાર
૫ વિ. ઠાગાઠું. નકામા ઠઠારાવાળાના બોલ બોલનાર.
૬ વિ. હારેલું; પરાજિત.

ગાડેલું વિ વપરાયેલું; નબળું પડી ગયેલું.

ગાઢો વિ પું વપરાયેલું; જ્યાં કોઈ રહેતું હોય એવું

ગાડ (ગાડ) ૧. પું એક જાતનું ઝાપડ

૨ પું પાણી પીવા આવતા પશુને ઝાલી બોદી અથવા બંદૂકથી મારી નાખવાનો શિકાર.

૩ સ્ત્રી. જેના ઉપર પાણી ઝાઝો વખત રહે નહિ એવી નીચી જમીન.

૪ ન ૬ ખ. પીડા.

ગાડ (ગાડ) પુ મદારી, જાદુગર.

ગાડચાપ (ગાડચાપ) સ્ત્રી. ઝાટવું તે; ઝપાટાબંધ.

ગાડઢ (ગાડઢ) સ્ત્રી એક જાતની જેમ.

ગાડની (ગાડની) [અં. ગાર્ડ] પું. સિપાઈ, કે કિલ્લાની રક્ષા, કમાનરો પહેરેગીર.

ગાડમૂગયા જુઓ ગાડ ૨

ગાડર ૧. [સ. ગદુર] સ્ત્રી. ઉપજ.

૨ સ્ત્રી. એક જાતની વનસ્પતિ અને તેનાં બી તેના બોર તુલસીના છોડ જેવો અને બી ગોખરુ જેવા અને લાલ રંગ છે. બીને વઢેમી હોળે મટીને ઝાખરાંરોગો મટવા ઝાનની દવામાં વાપરે છે

૩ ન. ઘેટું. મેંઢ

ગાડરઝાંસરી સ્ત્રી. એક જાતનો છોડ. જેનાં પાન બોળનાં પાન જેવાં પણ હોવાથી જોવા મોટાં થાય છે. તેનાં નાનાં પાન ઝાંસરીના દાતા જેવા દાંતાવાળા હોય છે.

ગાડરઝીપટો પું. એક જાતનો છોડ. તેનાં પાન કાટ મંજિષ્ઠાનાં પાન જેવાં અને ફૂલ ચિકણા લીલા રંગનાં હોય છે. તેમાં બીજાં ઝટપટ્યા કરે થાય છે.

ગાડરું (ગાડરું) ન. ઘેટું, મેંઢ.

ગાડરસમેરવો પું. એક જાતનો છોડવો. તે જમીન ઉપર પથરાય છે. તેનાં ફૂલ ગુલાબી રંગનાં, બીજ ઊભા સાધારણ ને ઝરબચીવાળા સપાટીની હોય છે.

ગાડરિયાવૃત્તિ સ્ત્રી. વિચાર્યા વિના અંધ અનુકરણ કરવાનો સ્વભાવ.

ગાડરિયું ૧ ન. એક જાતનો બે થી ચાર ફૂટ મંચો ઊભરો છોડ.
૨ [સ ગાડરિકા] ન. મરી ગયેલ ગાડર ઉપરથી ઉતારેલું ચામડું
૩. વિ. ગાડરના જેવું; ગરીબ; બીકણ.
૪. વિ. ગાડરને લગતું.
૫. વિ. ગાડરની જેમ આંધળી રીતે અનુકરણ; ગાડરની માફક એકબીજાને પગલે પગલ વિચાર વાણી જતુ

ગાડરિયો ૧. પું. ભરવાડ; રબારી
૨ પું. અઢિયા કપાસની જાત બાંદેલી એક જાતનો કપાસ. તેનો પાક અને ભાવ સારો આવે છે.

ગાડરિયો પ્રવાહ ૧. પું. એક ઘેટાની પાછળ બીજાં ઘેટાંનું જવું તે.
૨. પું. વિચાર વગરનું અંધ અનુકરણ.

ગાડરી ૧. પું. મારવાડી; મદારી.
૨. સ્ત્રી. ઘેટી
૩. વિ. ગાડરના જેવું; ગાડરને લગતું

ગાડરું ૧. પુ મદારી; જાદુગર; મારવાડી
૨ ન ઘેટું, મેંઢ

ગાડરું ન ગાડર, ઘેટું મેંઢ

ગાડરું પુ. ઢોરનું વાગ્યું કરવાનો મંત્ર

ગાડર્યો પુ પાણિનિ પહેલાં થઈ ગયેલ એ નામના એક વૈયાકરણી

ગાડલ્લ ન. ગાડું

ગાડલિયા ૧ સ્ત્રી. સેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગાડલિયું ન રખડતું માણસ

ગાડલી ૧. સ્ત્રી. આકાશમાં ગાડીના આકારે દેખાતો ૭ તારાનો સમૂહ. રોહિણી નક્ષત્ર. ચૈત્ર સુદિ પાંચમની રાતે પશ્ચિમ તરફ મોં રાખીને તેને જોતાં જો ચંદ્રમા રોહિણીની પાછળ હોય તો સુકાળ થાય, આગળ હોય તો અનાજ મોંઘાં થાય, ૩ મોંવું થાય, ડાબી કોર હોય તો દાણ પડે, જમણી કોર હોય તો સુકાળ થાય વળી સપ્તર્ષિ ગાડલીની વાંકે હોય તો અનાજ મોંઘાં અને જમણી કોર હોય તો સોંઘાં થાય એમ માનતા છે.
૨. સ્ત્રી. નાની ગાડી; નાનું ગાડું.
૩. સ્ત્રી. (વહાણવટું) રોમ; ગલ્લી.

ગાડલું ન. ગાડું; ગાડ

ગાડવ ૧. પું. એક જાતનું ધાન્ય.
૨. ન. કૂબડાપણું; કઠરપતા.

ગાડવું ૧. સ. ક્રિ. જમીનની અંદર ખાડો કરી તેમાં મૂકવું; દાટવું.
૨. સ. ક્રિ. ઠોકવું; મારવું
૩. સ. ક્રિ. રોપવું; ખોસવું.

ગાડવો ૧. [સં. ઘટ] પું. ગર્ભવતી સ્ત્રીને પહેલી વખત પિયર સુવાવડે જતી વખતે બાપાતો ખોબાથી ભરેલો કુંભ.
૨. પું. માટીનું નાના મોંનું ઘડા જેવું પણ કે તેલ ભરવાનું મોળ વાસણ.
ગાડવો ઠોળવો = જન્માષ્ટમી નાખવી.

ગાડા ૧. પું. ઝૂપ વરસાદ.
૨. સ્ત્રી. ખાઈ
૩. સ્ત્રી. જ્યાં વખત પાણી રહે નહિ એવી નીચી જમીન.

ગાડાખેડુ (ગાડાખેડુ) ૧. પું. ગાડાવાળો ખેડૂત.
૨. પું. ગાડું ચલાવનાર અથવા હાંકનાર માણસ.

ગાડાગર વિ ગાડું બનાવનાર.

ગાડાગાડી સ્ત્રી. એ નામની એક રેસી રમત. તેમાં એક છોકરો બોલે થાય અને બીજો પાછળથી તેનો સદરો પકડીને ગાડીવાળો થાય. ગાડીવાળો સદરાના છેડાવડે અથવા બાજુકથી બોડાને ચલાવે અને વાળે તથા "ઓ બનેવડા, બાજુ, બાજુ" વગેરે બોલીને બીજા ગાડીવાળાની નકલ કરે. પછી તે બંને જણપણ બનાવીને રમે આ બેલથી દોડવાનો સારો અભ્યાસ થાય છે.

ગાડાચિકણી સ્ત્રી ગેરુ માટે ગાડું તૈયાર કરવાની ચિકણી

ગાડાચોલો જુઓ ગાડામોલ.

ગાડામારગ જુઓ ગાડામાર્ગ.

ગાડામાર્ગ પું. ગાડાંઓને જાણવાનો રસ્તો; ગાડપથ; ગાડાંનો માર્ગ.

ગાડાલોંડા પું. ગાડે જોડતાં આવે નહિ એવો બળદ

ગાડાપથ જુઓ ગાડામાર્ગ

ગાડાવાટ ૧. પું. ગાડાનો રસ્તો; ગાડું આવી શકે એવા મોટાવાળો રસ્તો.

૨. પું. ખોટી રસ્તો, સરિયામ માર્ગ; રાજમાર્ગ.

ગાડાંમોઢે અ. ઘણું જ; ખૂબ.

ગાડિ સ્ત્રી. એક પ્રકારનો શિકાર. તેમાં શિકારી કરતો ગઢ બાંધી ગઢની અંદર રહી શિકાર કરે છે.

ગાડિયા ૧. જ્ઞા. એ નામની કેદની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

ગાડિયું ન. નાનું જેવલની નાની ગાડી. નાનું ગાડું.

ગાડી ૧. સ્ત્રી. ગુદા

૨. સ્ત્રી. ગારદા બગી, સગરામ.

૩. સ્ત્રી. ડમણી, રેકડો; નાનું ગાડું.

૪ સ્ત્રી. બે અથવા ચાર પૈડાંનું જમીન ઉપર ચાલનું યાન; પૈડાંની કરવાથી ચાલનું વાહન.

૧. ગાડી જોડવી = ગાડીમાં ઘોડાને જોડવો; ચલાવવા માટે ગાડી તૈયાર કરવી

૨. ગાડી, વાડી ને વાડી જ્યાં હોવાં = બધી જાતનો વૈભવ હોવો

૩. ગાડી સરાણે ચડવી = ગાડું બરાબર ગસડવું; બરાબર ચાલવું.

૫. સ્ત્રી. રેલવેગાડી; આગગાડી.

૧. ગાડી છૂટવી = (૧) આજ્ઞાના સ્ટેશનેથી આગગાડી ઊપડવી. (૨) રોજ નિયમિત વખત પ્રમાણે આવવા કરતી ગાડીનું તે દિવસે ટાઇમ કરતાં બાદ પડવ

૨. ડાકગાડી = ટપાલ લઈ જનારી ગાડી.

૩. માલગાડી = માલખાનું

૪ મુસાફર ગાડી = ઉતારૂ માટેની ગાડી

ગાડીખાનું ન. સુથાર કોતરવાનું યંત્ર.

ગાડીખાનું ન. બગીખાનું. ગાડી રાખવાનું સ્થળ.

ગાડીગાડી સ્ત્રી. આગગાડીનું અનુકરણ કરી રમવાની બાળકોની એક રમત.

ગાડીઘોડો (ગાડીઘોડો) પું. ગાડો અને ઘોડો; વાહન.

ગાડીત પું. ગાડી હાંકનારો માણસ. ગાડીવાન

ગાડીભર ન. ગાડું ગાડામાં ભરાય તેટલું.

ગાડીભાડું (ગાડીભાડું) ન. ગાડીનું ભાડું. વાહનખર્ચ

ગાડીવાન ૧. પું. ગાડી ભાડે ફેરવનાર માણસ.

૨. પું. ગાડીવાળો; ગાડી હાંકનાર માણસ; 'કોચમન'.

ગાડીવાળો જુઓ ગાડીવાન.

ગાડુલ ન. કપડાપાત્ર; કદરપતા.

ગાડું ન. માણસોને બેસવા માટે, ખેતીના કામ માટે અને સરસામાન ભરવા માટે ઉપયોગમાં આવતી જુદી જુદી જાતની લાકડી બાંધણીની ગાડી

૧. ગાડાના પૈડા જેવું = બહુ જ જરૂરી, અગત્યનું

૨. ગાડું અટકવું-અટકી પડવું = કામમાં વિઘ્ન આવવું, કામ બંધ પડવું.

૩ ગાડું ઉતારવું = કામ કે વાત અધવચ્ચ બંધ કરવી

૪. ગાડું ગબડાવવું-ચલાવવું = કામ બંધ ન પડવા દેતાં ધીમે ધીમે જેમતેમ ચલાવવું; ચલાવ ચાલ રાખવો; મુશ્કેલીમાં પણ કામ કર્યે જવું

૫. ગાડું ચાલવા દેવું = કામ આગળ ચલવા દેવું; ધીમે ધીમે આગળ વધવું પણ બોજવું કે અટકવું નહિ

૬. ગાડું ચાલવું = કામ રહ્યું; અર્થ સરવો.

૭. ગાડું રોડવવું = (૧) કામકાજ આગળ ચલાવવું. (૨) પૂરું કરવું; ભરણપોષણ કરવું.

૮. ગાડું સરેડે ચડવું = કામ રસ્તે પડવું, કામ આગળ ચાલવું.

૯ ગાડું હાંકવું = (૧) કોઈ પણ વિચાર કે પ્રણાલી વગર બંધો ચલાવવો. (૨) ગાડે જોડેલા બળદને ચલાવવા

૧૦. ગાડે ચડીને મોત આવવું = ઓચિંતું આવી બનવું.

૧૧. ગાડે જોડાવું-જોતરાવું = (૧) કોઈ પણ કામમાં નવુંમવું ગુંથાવું. (૨) નકરી બાબતમાં દેખાદેખી કરવી. (૩) બળદ ગાડે જોતરાવા જોય એવી સ્થિતિમાં આવવું; પીઢમાં પડવું; મુશ્કેલીમાં મુકાવું; દુઃખ થવું

૧૨. ગાડે બેસવું = પણ પરણ્યો; બાજમાં બળી જવું

૧૩ ગાડે બેસીને આવવું = બદેર કે ખોટકી રીતે આવવ.

૧૪. ગાડેગાડાં = પુષ્કળ; બહુ જ; ઘણું

૧૫. જેને ગાડે બેસે તેનાં ગીત ગવાં = જ્યાં સ્વાર્થ દેખે ત્યાં લોકો વખાણ કરવા.

૧૬. ભાંગ્યું ગાડે ધક્કાનું = હાલ રોકવવું, પછી બોજો લેવાનું

ગાડુંગરેડું ન. ગાડું અથવા એવું કોઈ વાહન.

ગાડુંગરીડું જુઓ ગાડુંગરેડું

ગાઢ ૧. જ્ઞા. કામ કરતી વખતે બહાદુર પોતાના પગ રાખે છે તે ખાડો

૨ સ્ત્રી. ધીરજ; ધૈર્ય.

૩. [હિ.] સ્ત્રી. મુશ્કેલી.

૪. સ્ત્રી. વસ્ત્રકરની શાળા.

૫ વિ. ઘટ; ગાઢું; જાડું, ઘન.

૬ વિ. બહુ, અધિક.

૭. વિ. ઘોર; ભારે.

૮ વિ. ચીકણું.

૯. [સં.] વિ. નીચે પ્રવેશ કરેલ.

૧૦. વિ. મજબૂત; અતિશય દૃઢતાવાળું.

૧૧. વિ. વિકટ; કઠણ; દુર્ગમ.

૧૨. વિ. ગ્રહેલું

ગાઢતા ૧. જ્ઞા. અત્યંતપણું; વધારે હોવું તે.

૨. જ્ઞા. ઘટતા; ગાઢું હોવું તે.

૩ જ્ઞા. ચીકણપણું.

૪. જ્ઞા. ઘનતા.

૫. જ્ઞા. દૃઢતા; મજબૂતી.

૬. જ્ઞા ભારેપણું.

૭. જ્ઞા. વિકટતા, કઠણ હોવું તે.

ગાઢત્વ જુઓ ગાઢતા.

ગાઢમુષ્ટિ ૧. સ્ત્રી. છરી.

૨. [સં.] સ્ત્રી. તલવાર.

૩. વિ. બીબી; કંજૂસ.

ગાઢવાઢ (ગાઢવાઢ) વિ. જાડું અને મજબૂતાઈવાળું.

ગાઢસુષુપ્તિ જ્ઞા. પ્રાણવિનિમયના પ્રયોગથી તંદ્રાભાજનની અનુકૂળે થતી ૭ માત્રેની એ નામની ગાઢ સ્થિતિ. આ સ્થિતિમાં આવેલ તંદ્રાભાજનને બહારની કોઈ અસર થતી નથી. તેના શરીરનો કોઈ પણ ભાગ કાપવામાં આવે તોપણ તેનું તેને ભાન હોતું નથી. આંખોનાં પોપચાં ઉઘડાવી જોતાં તેની આંખો કરી ગયેલી જણાય છે ને તેમાં આગળી ફેરવતાં છતાં, કિંવા પ્રકાશ દેખાડવા છતાં કીકી કે પોપચાં હાલતાં નથી. બહાર મોટા મોટા અવાજ કરવામાં આવે તે પણ સાંભળાતા નથી.

ગાઢા ૧. [હિ.] પું. એક જાતનું જાડું ને મજબૂત કાપડ વણાય

૨. વિ. કઠણ; પણ નહિ એવું

૩ વિ. કાઢવાળું

૪ વિ. ગાઢ, જાડું, દૃઢ

૫. વિ. હિંમતબાજ; બહાદુર; શૂર.

ગાત્રમલકું:
૬. વિ. ખરું.
૭. વિ. લુચ્ચું.
૮. વિ. વિકટ, કઠણ, મુશ્કેલ

ગાહાઈ જી. ગાહતા; ઘહપણ.

ગાહાગાહણ વિ. ઘાટો ઘાટો રહસ્ય કરવું.

ગાહાનુરાગદર્શક વિ. ઘણો પ્રેમ દર્શાવનાર.

ગાહાનુરાગી વિ. ખૂબ પ્રીતિવાળું.

ગાહાલિંગન ન. અતિશય ભેટવું તે; સ્નેહથી ખૂબ ભેટવું તે

ગાહાષ્ટી [સ.] સ્ત્રી. ચૌતરંજ જેવી એક રમત.

ગાહાસ્વેદ [સં.] પું. ખૂબ ભેટવું તે.

ગાહિ ૧. વિ (જૂ. ગુ.) ગાઢ.
૨. વિ. ઘણું; ગાઢ

ગાહીકરણ ન. ઘટ્ટ થવું તે; ગાઢ કરવું તે.

ગાઢું ૧. [સ. ગાઢ] વિ. ઘટ્ટ; ઘાટું.
૨ વિ ઘણું, વધારે.
૩. વિ. ચીકણું.
૪. વિ ભારે; ઘોર.
૫ વિ, મજબૂત; અતિશય દૃઢતાવાળું.
૬. વિ. વિકટ, પ્રબળ.

ગાઢે ૧. [વિ.] અ. જોરથી.
૨. અ. તાણીને; સાફ પાડીને; મોટા અવાજથી.
૩. અ. સારી રીતે

ગાઢેરું ૧. વિ. ઘાટું; ઘટ્ટ.
૨. વિ. મજબૂત, અતિશય દૃઢતાવાળું
૩. વિ. વિકટ, પ્રબળ.

ગાણ્ડિવકાર [સ] પું. હિસાબ લેવાનો દાવો.

ગાણપત ૧. [સં.] પું. ગણેશની ઉપાસના કરનારો એક સમુદાય.
૨. વિ. ગણપતિ સંબંધી; ગણેશનું.

ગાણપતમત [સં.] પું. એ નામનો એક સંપ્રદાય. તે ગણેશની ઉપાસના કરે છે

ગાણપત્ય ૧ [સં.] પું. ગણપતિનો પૂજારી.
૨. ન. ગણપતિપણું.
૩. ન. ગણેશપૂજા.
૪. ન. સરદારી
૫. વિ. ગણપતિને માનનાર; ગણપતિનો ઉપાસક.

ગાણપત્યપંથ પું. ગણપતિની ઉપાસના કરનાર એક પંથ. તેના ૭ વિભાગ છે. ૧. મહાગણપતિપંથ, ૨. હરિદ્રા ગણપતિપંથ, ૩. ઉચ્છિષ્ટ ગણપતિપંથ, ૪. નવનીત ગણપતિપંથ, ૫. સ્વર્ણ ગણપતિપંથ અને ૬ સંતાન ગણપતિપંથ.

ગાણ્ય ૧ ન. (સિક્કા) સિક્કાની એક જાત.
તેના ચાર વર્ગ છે: દૈનિક, માનુષ, ગાણ્ય અને આર્ષ.
૨. વિ. ગણ્ય લોકોનું.

ગાણ્વિક [સ.] વિ. ગણસૂત્ર જાણનાર; ગણસૂત્ર ભણનાર.

ગાણ્વિકત્વ [સં.] ન. ગણિકાનું ટોળું; વેશ્યાઓનો સમૂહ.

ગાણ્વિતિક ૧. [સં.] પું. ગણિતશાસ્ત્રી.
૨. વિ. ગણિત સંબંધી; ગણિતને લગતું.
૩. વિ. જ્યોતિષ

ગાણ્વિન પું. ગણીનો પુત્ર એક ઋષિ.

ગાતું ૧. [સ. ગાન] ન. ગાન; સંગીત; ગીત.
ગાતાં ગાયા = દુઃખ સહ્યું.
૨. ન. ગાયું તે.
૩. ન. ઘુઘરો.

ગાતુંરડ્યાતું ન. લગ્નગીત અને મરશિયા ગીત.

ગાત ૧. [સં. ગાત્ર] સ્ત્રી. ગાત્ર; શરીરનો અવયવ.
૨. સ્ત્રી. સમર્થ સ્થિતિ.
૩. સ્ત્રી. ઓળો કે ઉપરનો અર્ધો ભાગ.
૪. ન. અંગ; શરીર.
૫. ન. ગર્ભ.
૬. ન. સ્તન.
ગાત ઊભરી = ગોની ગતીનો વિકાસ થયો.

ગાતડી (ગાતડું) ૧. સ્ત્રી. ચટણી; ઓઢણ.
૨. સ્ત્રી. ગાદી અને ભરડો ઢંકાય એમ ઓઢવાડીએ શરીર ઉપર ઢંકાતું ભરેલું તે.
૩. સ્ત્રી. વસ્ત્ર સીવેલું ઢંકાતું ઓઢીને બને બાજુની ગાદ.

ગાતર ૧. [સં. ગાત્ર] ન. અંગ; શરીર; ગાત.
૧. ગાતર ભાગવાં = ગાત્ર છોડવાં ભાંગ્યાં.
૨. ગાતર નમાવીને કામ કરવું-ગાતર ભાંગવાં = શ્રમ કરીને કામ કરવું; મહેનત કરવી.
૨. ન. શરીરનો સાંધો
૩. ન. સહેજ ગોળાકાર ઘાસનું ફેંકવાનું એક હથિયાર. આ હથિયાર ફેંકવા પછી ફેંકનારની પાસે આવીને પડે છે.

ગાતરિયું ન. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓથી ઘડી ઉપર વીંટાતું ઢંકાતું.

ગાતા [સ. ગાત્ર] પું. ગાનાર; ગવૈયો.

ગાતાનુગતિક [સં.] વિ. ગાડરિયા પ્રવાહથી થયેલ

ગાતી ૧. પું. ઝભ્ભો
૨. સ્ત્રી. તાર્તર દુપટ્ટાના જેવો અબાની આસામમ પહેરાતો દુપટ્ટો.
ગાતા બાંધવી-મારવી = તાર્તર દુપટ્ટાના જેવું પહેરવું.

ગાતુ ૧. [સ.] પું. ઉપાય.
૨. પુ. કોયલ.
૩. પુ. ગંધર્વ.
૪ પું. ગાન.
૫. પું. ગાનાર માણસ.
૬. પુ. પંખિક.
૭. પું. ભમરો.
૮. પું. માર્ગ.
૯. સ્ત્રી. પૃથ્વી.
૧૦. ન. સ્તોત્ર.
૧૧. વિ. ગ્રહણ.
૧૨. વિ. ગમન કરવા જેવું.

ગાતુઆત્રેય પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે પાત્રમાં મંડલનું કર મું સૂક્ત રચ્યું છે

ગાતુંગાતું ૧. ન. ગીની મેળે.
૨. ન. ગાજવુંવાજવું.

ગાત્ર ૧. [સં.] ન. અંગ; શરીર; દેહ.
૨. ન. ઇંદ્રિય.
૩. ન. મુખથી ઉત્પન્ન થતું ગીત. આવા ગીતના નિબંધ અને અનિબંધ એવા બે ભેદ છે: તાલ, સ્વર, પદ વગેરે વાળું ગીત નિબંધ અને અક્ષરના નિયમ વગરનું જે સાંભળવાથી આનંદ આવે તે અનિબંધ.
૪. ન. શરીરનો અવયવ; શરીરનો ભાગ.
૫. ન. શરીરનો આસપાસ ભાગ; રુંવાડું.
૬. ન. સાંધો.
૭. ન. હાથીની પીઠ.
૮. વિ. ગાનારું; ગાનાર સંબંધી.

ગાત્રગુપ્ત [સ.] પું. શ્રીકૃષ્ણને સહણાથી ઉત્પન્ન થયેલ એ નામનો એક પુત્ર.

ગાત્રજડતા (ગાત્રજડતા) જુઓ ગાત્રજડત્વ.

ગાત્રજડત્વ (ગાત્રજડત્વ) ન. સાંધો; શરીરના કોઈ અંગનું રહી જવું તે.

ગાત્રભંગ ૧. પું. પોતાને અજાણે બીજા અવયવ ખોટો પડી જવો તે; ગાત્રસ્ખલન.
૨. [સં.] પું. શરીરના અવયવો ભાંગવા તે; ગાત્ર ઢીલાં પડી જવાં તે.
૩. વિ. હિંમત હારી ગયેલ; ભાંગી ગયેલું.

ગાત્રમલકું [સં] પું. એ નામનો ઔષધનો નરક પું. તે પછી ચોરાશી લાખ જોનિમાં માણસ પોતાના કર્મો ઉપર નિરંતર ભમતા

રાખે તે માણસ સો વર્ષ સુધી આ દુઃખમાં રહે એમ મનાય છે.

આત્મામાંની [સં.] સ્ત્રી. શરીર વગરનો નાનો દુષ્ટાત્મા.

આત્મરક્ષ [સં.] ન. રક્ષાકવચ.

આત્મવત ૧. [સં. આત્મવત્] પું. (પુરાણ) શ્રીકૃષ્ણને વસુદેવથી થયેલ એ નામનો એક પુત્ર.

૨. વિ. સુંદર શરીરવાળું.

આત્મવર્ણ ૧. પું. (સંગીત) સિતાર વગેરેમાં ઉપયોગી આરોહી અવરોહ અલંકાર માટેનો એક. તેના સ્વરો:

સ સ સ | રિ રિ રિ | ગ ગ ગ | મ મ મ | પ પ પ | ધ ધ ધ | નિ નિ નિ | સ સ સ | અથવા

સ સ સ સ | રિ રિ રિ રિ | ગ ગ ગ ગ | મ મ મ મ | પ પ પ પ | ધ ધ ધ ધ | નિ નિ નિ નિ | સં સં સં સં |

અવરોહમાં ઉપરોક્ત ઉપર મુજબ સ્વરો લેવાય છે.

૨. પું. (સંગીત) સ્વરસાધનની એક પ્રણાલી. તેમાં સાત સ્વર અહિના ક્રમથી એકની બાદ બાદ વાર ઉચ્ચાર કરાય છે.

આત્મવાન જુઓ આત્મવત.

આત્મવિદ જુઓ આત્મવત ૧.

આત્મશોષક [સં.] ન. પોતાને બીજાને અવશ્ય મુશ્કેલી આપે તે.

આત્મસંદોહ [સં.] પું. શરીરનો સંકોચ.

આત્મસંપ્લવ [સં.] પું. એક જાતનું પક્ષી

આત્મસૌષ્ઠવ [સં.] ન. શરીરની સુંદરતા; દેખાવડું શરીર હોવું તે.

આત્મસ્તંભ પું. હઠવો; અંગનું ખોટું અક્કડ રહેવું તે.

આત્માઇ (આત્માઈ) સ્ત્રી. એ નામની એક દેવી.

આત્માવરણ [સં.] ન. શરીર ઢંકાય તેવું બખ્તર.

આત્રી ૧. સ્ત્રી. ખાતી આગળ ઘૂસાડવાની વાંકાવાળી સાંઠ.

૨. સ્ત્રી તજની જાતનું એક ઝાડ; તીખી તજ; દાલચીની.

આત્રોઇ (આત્રોઈ) સ્ત્રી. કાઠિયાવાડની એ નામની એક પુરાણી દેવી.

આથ ૧. પું. (પિંગળ) આર્યા નામનો છંદ.

૨. [સં.] પું. સ્રોત.

૩. [સં. ગાથા] સ્ત્રી કથા; વાર્તા; વાત.

૪. સ્ત્રી. યશ; પ્રશસ્તિ.

૫. ન. કવિતાનું ચરણ.

૬. ન. ગાન; ગાયન.

આંધર્વલિપિ [સં.] સ્ત્રી. અઢાર મોહેની એ નામની ઘેક લિપિ.

આંધર્વવિધિ સ્ત્રી. વરકન્યાએ પોતાની મેળે જાનની રીતે લગ્ન કરી લેવાની રીત.

આંધર્વવિવાહ [સં.] પું. આઠ મોહેનું ઘેક પ્રકારનું લગ્ન. તેમાં સ્ત્રીપુરુષ પરસ્પર પ્રેમ ભાતર સ્વેચ્છાથી સંબંધ બાંધે છે. સ્મૃતિ આંધર્વવિવાહની છૂટ આપે છે, પણ તેનું સ્થાન આઠ કે આર્ષ વિવાહથી ઊતરતું છે.

આંધર્વવેદ [સં.] પું. સંગીતશાસ્ત્ર. બ્રહ્માએ પોતાનાં પૂર્વ વગેરે મુખથી અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ઉત્પન્ન કર્યા અને તે જ પ્રમાણે પૂર્વાદિ મુખથી અનુક્રમે આયુર્વેદ, ગાંધર્વવેદ, સ્થાપત્યકલા, અર્થશાસ્ત્ર એ સર્વને ઉત્પન્ન કર્યાનું મનાય છે. એ સામવેદનો ઉપવેદ ગણાય છે.

આંધર્વશહેર જુઓ ગાંધર્વનગર.

આંધર્વશિલ્પ [સં.] ન. ઘેક પ્રકારનું શિલ્પશાસ્ત્ર.

આંધર્વસ્વર [સં.] પું. સંગીતનો ઘેક સ્વર.

આંધર્વિક [સં.] વિ. સંગીતશાસ્ત્રમાં કુશળ.

આંધર્વી ૧. સ્ત્રી એ નામની ઘેક વનસ્પતિ; વિકળો.
૨. સ્ત્રી. ગાંધર્વ સ્ત્રી
૩. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૪. સ્ત્રી. વાણી.

૫. વિ. ગંધર્વને લગતું, ગંધર્વ સંબંધી.
૬. વિ. માયાવી, ચમત્કારવાળું

ગાંધાર ૧. [સં.] પુ. એક દેશનું નામ, કંધાર; હજારા; કુનાર અને સિંધુ નદી વચ્ચે કાબુલ નદી સુધીનો પ્રાચીન દેશ. તેનું પ્રથમ પાટનગર તક્ષશિલા અને પછી પુરુષપુર એટલે હાલનું પેશાવર હતું. કેટલાક કહે છે કે ગાંધારમાં માત્ર હાલના પેશાવર અને રાવલપિંડી જિલ્લાઓ જ નહિ પણ સ્વાટ, કોટીમર્દાન અસર જેને યુસફઝાઈ પ્રદેશ કહે છે તે બધાનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં ઔદિચ્ય સમયના ઉત્કૃષ્ટ બાંધકામ અને કોતરણીના અવશેષ મળી આવ્યા છે. અહીંથી ગાંધારમાં મન્વન્તરિક નામના ઉપદેશકને ઈ સ પૂર્વે ૨૪૫મા બોધ કરવા મોકલ્યા હતો.
૨. પું. ગંધરસ નામનું સુગંધી દ્રવ્ય
૩. પું. (પુરાણ) ગાંધાર દેશના રાજાઓનું સામાન્ય નામ. આ નામમ મહાભારતમ. મુખ્યત્વ ગાંધારીના ભાઈ શકુનિને લગાડવામા આવ્યું છે.
૪. પું. ગાંધાર દેશનો વતની.
૫. પું. સંગીતના ગ્રંથો માહેનો એક સ્વરગ્રામ. તેમા નંદા, વિશિષ્ટા, સુમુખી, વિચિત્રા, રોહિણી, સુખા અને આલાપિની એવી સાત મૂર્ચ્છના છે અને તેનો અધિકાર સ્વર્ગલોકમ. નારદ દ્વારા થયમ છે તેન. અધિકારતા દેવ શિવ કહેવામ છે. કુકુભીઓ જેમ સપીને એક ઘરમા રહે છે તેમ સ્વરો અને શ્રુતિઓને પણ સમૂહોમાં ગોઠવવામા આવે છે. આ સમૂહને ગ્રામ કહે છે આવા ગ્રામ ત્રણ છે: ષડજ, મધ્યમ અને ગાંધાર. ગાંધારને સુભદ્ર પણ કહેવાય છે.
૬. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તે પ્રાતઃકાળમા ૧ દંડથી ૫ દંડ સુધી ગવાય છે. હનુમત મત પ્રમાણે તે ભૈરવ રાગનો અને સોમેશ્વર મત પ્રમાણે તે દીપક રાગનો પુત્ર છે.
૭. પું (સંગીત) સાત માહેના ત્રીજો સ્વર. તેનું સ્વરસ્થાન ઋષભ-સ્થાન એટલે છાતી છે. ગ્રંથ તેનો અધિષ્ઠાતા દેવ છે અને હાસ્યરસ પ્રધાન છે. આ સ્વર શાંત અને રસયુક્ત ગણાય છે તેની બે શ્રુતિ છે: રૌદ્રી અને ક્રોધા. તેની જાતિ વૈશ્ય, વર્ણ સોના જેવો, દેવતા સરસ્વતી, ઋષિ અત્રિ, છંદ ત્રિષ્ટુપ્, વાર મંગળ, ઋતુ વસંત અને સ્થાન નાભિ અને હૃદય છે. જેની આકૃતિ અગ્નિની અને સંતાન હિંડોલ રાગ છે તેનો અધિકાર શાલ્મલી દ્વીપમા છે તેનો પ્રયોગ કરુણરસમા થાય છે નાક્ષિમાંથી ઉત્પન્ન થયું કહે અને દીર્ઘમ. ગર્ભ ધરાવે ગર્ભ જનાર વસુર્ય. જેની ઉત્પત્તિ થાય છે. આ. સ્વર બકરાની બોલીમાંથી લીધો છે. તેના શુદ્ધ અને કોમળ એવા બે ભેદ છે. આ સ્વર સાડ ત્રણની ઉમરે બરાબર કરીને પૂર્ણ રીતે નીકળે છે. હંસ ગાંધાર સ્વરમાં બોલે છે. કબૂતરમાંથી પણ ગાંધાર સ્વર નીકળે છે.
૮. પું. સિંદૂર.
૯. પું. (પુરાણ) સોમવંશી દુષ્યંતના આરબ્ધ રાજાનો એ નામનો પુત્ર. એને ધર્મ નામે પુત્ર હતો
૧૦. સ્ત્રી. એ નામના એક જાતના વૈરાગ્ય.
૧૧ સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. એ ગાવે ગાઈ શકાય છે અને તે કરુણરસમાં ગવાય છે, કેમકે તેનો રંગ કોકારુ છે.
૧૨. સ્ત્રી. એક જાતના વિદ્યાધર.
૧૩ સ્ત્રી. ગાંધાર દેશની પ્રજા; વાયવ્ય પ્રાંતના લોકો.

ગાંધારકાયણિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ

ગાંધારગ્રામ [સં.] ન. ગાંધાર સ્વરથી બનતી સ્વરરચના.

ગાંધાર પંચમ પું. (સંગીત) એક ષાડવ રાગ. આ આમાંથી રાગનો આરોહ, ઔડવ તથા કરુણ રસમાં પ્રયોગ થાય છે. તેમાં ઋષભ લાગતો નથી.

ગાંધાર ભૈરવ પુ. (સંગીત) એ નામનો એક રાગ. તે દેવગાંધારના મેળથી બને છે. તેમા સાતે સ્વર લાગે છે અને તે પ્રાતઃકાળમાં ગવાય છે.

ગાંધારરાજ ૧. [સં.] પું ગાંધાર દેશનો રાજા
૨ પું. દુર્યોધનની માતાનો બાપ સુબલ.
૩. પું દુર્યોધનનો મામો શકુનિ.

ગાંધારિકા સ્ત્રી. એક જાતનું ગાયક રીંગણાં.

ગાંધારી ૧. પુ. કંદહારનો રાજા.
૨. પું. દુર્યોધનનો મામો શકુનિ.
૩. પું. (જ્યોતિષ) ચિત્રપાંચ ૩૨૨ અને દક્ષિણ કાંતિવૃત્ત ૭ માં આવેલો ત્રીજા વર્ગનો તારો
૪. સ્ત્રી. અજમોદની ત્રીજી જો.
૫. સ્ત્રી. અશોકના વૃક્ષની એક જિપિ.
૬. સ્ત્રી. એ નામની એક દેવી.
૭. સ્ત્રી. કંદહાર દેશની પ્રજા.
૮. સ્ત્રી. ગાંધાર દેશના સુબલ રાજાની દીકરી, ધૃતરાષ્ટ્રની પત્ની; કૌરવોની માતા. ધૃતરાષ્ટ્રને પરણ્યા પછી પોતાના પતિને અંધ જોઈ પોતે પણ પોતાની આંખો ઉપર પાટો બાંધ્યો હતો. આથી તેની પરોક્ષસેવાકરીથી સંતુષ્ટ થઈ તેણીને વરદાન માગવાનું કહ્યું. તેણીએ સો પુત્ર માગ્યા. સમયથી તેણી ગર્ભવતી થઈ. બે વર્ષ સુધી તેમ રહી. પછી તેણે ગર્ભમાંથી પરાણે ગર્ભ બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. આખરે એક માંસનો લોચો ગર્ભમાંથી નીકળ્યો. આથી તેના ઉપર ઠંડુ પાણી રેડવું એટલે તેના ૧૦૧ ભાગ પડ્યા. તે બધાને નોખા નોખા ઘી ભરેલ વાસણમા મૂક્યા. સૌથી પહેલો દુર્યોધન અને એક માસ પછી બીજા દુઃશાસન, દુર્ધર્ષ, યુયુત્સુ, નંદ, ચિત્રાયુધ, સત્યસમ, અપરાજિત, સુલેખ, સુહસ્ત, કનકધ્વજ વગેરે પુત્ર થયા અને દુઃશલા નામે કન્યા ઉત્પન્ન થઈ. દુર્યોધન મોટો થતાં પાંડવોનો બધ્યો જ દ્વેષ કરવા લાગ્યો. આ જોઈને ગાંધારીએ એને ઘણી વાર એમ ન કરવા સમજાવ્યો, છતાં દુર્યોધનને એની કંઈ અસર થઈ નહિ. પરિણામે યુદ્ધમાં કૌરવોનો નાશ થયો. ગાંધારીએ ક્રોધે ભરાઈને કૃષ્ણને તેઓનો તેને શાપ આપ્યો હતો કે તે પાંડવોને સલાહ કરીને મારા પુત્રોને મરાવ્યા, માટે આજથી છત્રીસમે વર્ષે તારો કુલક્ષય પણ એ રીતે થશે., કૌરવોનો નાશ થયા પછી તે પાંડવો પાસે રહેતી હતી. જ્યારે ધૃતરાષ્ટ્ર વનમાં ગયો ત્યારે તે તેની સાથે ગઈ હતી અને ધૃતરાષ્ટ્ર મરણ પામતાં એની સાથે બળી જઈ સતી થઈ હતી.
૯. સ્ત્રી. જવાસો
૧૦. સ્ત્રી. જેર માહેની એ નામની એક નાડી. તેનું સ્થાન ડાબા નેત્રમાં છે. શરીરમાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય નાડી છે અને કુહુ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, પયસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વની તથા અલંબુષા ગૌણ છે.
૧૧. સ્ત્રી. ધમાસો નામની એક વનસ્પતિ
૧૨. સ્ત્રી. પાર્વતીની એ નામની એક સખી.
૧૩. સ્ત્રી. (સંગીત) મેઘ રાગની ૭ મ.હેની પાંચમી રાગણી. તે સંપૂર્ણ જાતિની છે અને દિવસના પહેલા પહોરે ગવાય છે. કોઈ તેને હિંડોલ રાગની રાગણી માને છે. કેટલાક લોકોનો મત છે કે તે ધનાશ્રી અને સ્વરાષ્ટક મેળવવાથી બનેલ છે. કોઈ તેને સારસ્વત અને ધનાશ્રી મેળવવાથી બનાવાનું બતાવે છે.

ગાંધિ પું. કાન્યકુબ્જ રાજાના વડવા અને વિશ્વામિત્રના પિતા; ગાધિ.

ગાંધિક ૧. [સં.] પું. એક જાતનો કીડો.
૨. પુ. એક જાતનો ઘાસકર.
૩. પું. સુગંધી પદાર્થ વેચનાર માણી
૪ પું. હરકોઈ બજારુ

ગાંધિયા સ્ત્રી. એક જાતની નાની માછલી, બોઈ.

ગાંધિયાટું ૧ ન. ગાંધીવટું, ગાંધિયાણ

૨. ન. બાલમેલ; ગૂંચવાડો.
૩. ન. બોજ બોડા પ્રમાણમાં સસ્તી જરૂરિયાતની વસ્તુઓ રાખી વેચવાનો ધંધો; કરિયાણાનો વેપાર.
૪. ન. ચિત્રાણ; ઢસાર્ડ
૫. ન. બેનસ્રેબ; મેળવણી.

આંધિયાનું જુઓ આંધિયાડું.

આંધો ૧. પું. અત્તરિયો; અત્તર વેચનાર માણસ.
૨. પું. કરિયાણું, વસાણું, મસાલો અને દવા વગેરે પરચૂરણ સરસામાન વેચનારો વેપારી.
૧. આંધી સાચે વેર તેથી સાકરને કંઈ કડવી કહેવાય? = વસ્તુ જેવી હોય તેવી કહેવાય.
૨. આંધીના આંધી ને પોડીના પોડી = શેઠનો શેઠ ને નોકરનો નોકર.
૩. પું. ખેતની જાતનું ખેતરને શેઢે ઝાણ જમીનમાં થતું એક ઘાસ
૪. પું. કરિયાણાનો વેપાર
આંધીના ગણપતિને ગોળનું નૈવેદ્ય = જેનો મળતાન જેવી ભક્તિ
૫. સ્ત્રી. એ નામની દસાશ્રીમાળી વણિક્યા અને મેમણની એક અટક.
૬. સ્ત્રી. એક જાતનો ઢોડો.
૭. સ્ત્રી. હિંમ; વમારણી
૮. ન. એ નામની અટકનું માણસ.
૯. વિ. એ નામની અટકનું.

આંધીઆમ ન. મદ્રાસ પ્રાંતમાં આવેલું વિજાણપટ્ટમ નામનું ગામ.

આંધીજી પું. ગુજરાતી ભાષામાં નવચેતન રેડી તેનો ઉદ્ધારક કરનાર સાકર ખંત; મોહનદાસ કરમચંદ આંધી. તે મહાત્મા નામે જાણીતા છે. તેમણે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય આદિના સિદ્ધાંત દ્વારા બનાવી અહિંસાવાદનો આદર્શ રજૂ કર્યો છે.

આંધીટોપી સ્ત્રી. ખાદીની સાંધી ખોળી ટોપી.

આંધોવગો પું. ચોરાસી મારેલું એક ચોકું; શહેરના જે ભાગમાં આંધીની દુકાનો હોય તે ભાગે.

આંધોવટું ૧. ન આંધીનો ધંધો.
૨. ન. બધા વિષયનું ચોકુપણ જ્ઞાન હોવાપણું.

આંધોવટો ૨. પું. આંધીનો ધંધો
૨. પું. બધા વિષયનું ચોકુપણું જ્ઞાન.

આંનું ન. રોગથી સંડાઈ ગયેલો તુવેરનો દાણો.

આંફણ વિ. આફ્રિક; બેદરકાર.

આંબારી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

આંબીરા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

આંબીર્ય ૧. [સં.] ન. ગંભીરપણું; ગાંભીર્યતા; ઊંડાઈ; અધિકારપણું; ગાંભીર્યતા.
૨. ન. સ્થિરતા; શાંતિનો ભાવ; ધીરતા; હર્ષ, શોક, ક્રોધ વગેરે મનોવેગથી ચંચળ ન થવાપણું.

આંબુ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી અટકની એક જાત.
૨. જુઓ આંબો.

આંબો પું. દરજી; સેવાઈ; કપડાં સીવવાનો ધંધો કરનાર માણસ. આ શબ્દ તિરસ્કારમાં વપરાય છે.

આંયજણ જુઓ આંયજી.

આંયજી ૧. સ્ત્રી. આંયજણ; આંયજની સ્ત્રી; વાળદણ.
૨. સ્ત્રી. આંયજ જાતિની સ્ત્રી.

આંયજો પું વાળંદ; નાપિત; હજામ
આંયજા જેવો = ઊંચા; મેલરમ; અવિનિત. આંયજાને બહુ વાચાળ, મેલરમો અને ઠોઠકાળો કહેવાય છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે

આંરૂંઢ સ્ત્રી. એક જાતનું ઘાસ. તેનાં મૂળિયાંની દડી બનાવાય છે.

આંચ [હિં.] ન. આમળું; આમ
આંચ કરવું = મોઢું બગાડવું.

આંચકાસ્થાન ન. ગામતળિયાટની જમીન.

આંચખર્ચ ન. વસેરસુધરાઈનું ખર્ચ.

આંચવજન ન. બ. વ. ગામનાં લોકો.

આંચવદેવતા પું. ગામડાનો દેવ; ગ્રામદેવતા.

આંચવભલણ ન. વસેરસુધરાઈનું ખર્ચ.

આંશિયો પું. એક જાતનો બળદાવાદી ક્રિનખાલ.

આંસડાંપોટલાં (આંસડાંપોટલાં) જુઓ આંસડીપોટલી
આંસડાંપોટલાં બાંધવાં = (૧) ઉપાળો ભરવો. (૨) ઊંતરી કરવી. (૩) સ્થાન બદલવું.

આંસડી (આંસડો) ૧. [સં. અસ્થિ; પ્રા. અટ્ઠિઆ] સ્ત્રી. એક સાથે બાંધેલો વસ્તુનો જથ્થો; પોટલી; બકડો; બસ્તો.
૨. સ્ત્રી. દલ્લો; પૂંજી.
આંસડી મૂકી બની = મોટી પૂંજી આપી બની
૩. સ્ત્રી. ભારી.
૪. સ્ત્રી. કેની આંસડી; તાબાનું કે કંતાન વગેરેથી બનાવેલ કેનો બટ્ટો.
૫. સ્ત્રી. વૃષણ.

આંસડીપોટલી (આંસડીપોટલી) ૧. સ્ત્રી. બાંધેલ વસ્તુસમૂહ.
૨. સ્ત્રી સરસામાન.

આંસડો (આંસડો) ૧. પું. ઠોબલો.
૨. પું. પૂંજી; દલ્લો.
૩. પું. ભાર; બોજો.
૪. પું. મોટી આંસડી; પોટલો; બકડો.
૫. પું. સમુદાય.

આંસણ ન. ઘાસનો પૂળો. તે ઘણાં કાર્યોમાં વપરાય છે.

આંસા [હિં.] પું. હાથ અને પગનાં આંગળાં વચ્ચેનો ખૂણો.

આંસી [સં. અંકુશ (હાથીને પ્રાણુમાં રાખવાનું અણીદાર હથિયાર)] સ્ત્રી. તીક્ષ્ણ લોહાની અણી

આંસ [અં] સ્ત્રી. બે ચેકાવાળા એક ચોપાની ગંજી; બગી.

આંસડું (આંસડું) ન. એક જાતનું વાજિંત્ર.

આંસળાવું ન. કિ. મજારવું; બકાવું.

આંસળું ૧. ન. નાનું છાપરું.
૨. વિ. નાનું; અલ્પ ઊમરવાળું.

આંસોડો (આંસોડો) પું. ઢોર અને કૂતરાંના ફાંસિ ઉપર પેરા થતો એક છાપ; બંસોડો.

આંચપિંચ [હિં.] વિ. અસ્પષ્ટ.

આંચપિંચિયા ૧. [હિં.] પું. (જ્યોતિષ) જાત તારાનું એક ઝૂમખું; સપ્તર્ષિ.
૨. પું. જાતનો સમૂહ.

આંચ ૧. વિ ખાસે ખાસે ભરી રહેલું; સંપૂર્ણ રહેલું.
૨. વિ. ભરપૂર; સંપૂર્ણ
૩. ન. સરબત; પટ.

આંજણ [હિં.] સ્ત્રી. વર્ષાઋતુમાં ઊપજ થતું એક છાપું.

આંજણિયા [હિં.] વિ. ચીકણી માટીવાળું; ચીકટ.

આંજણો [સં. ગૃધ્ર] પું. એક પક્ષી; ગીધ.

આંજારૂ (આંજાર) ૧. [ફા.] ન. અભિમાન.
૨. વિ. બાજારૂ
૩. વિ મૂર્ખ

આંજીર (આંજોર) [ફા.] પું. સંચાલક; 'મેનેજર'.

આંટકડી (આંટકડો) ૧. સ્ત્રી. (સંગીત) ગમકના દસ ભેદોનો એક ભેદ; બધા બધા સ્વરની ત્વરાથી તાનનું ગાવું બજાવવા ઊતરવું તે.
૨. સ્ત્રી. (સંગીત) ગાયનમાં સૂરને બજાવીને કે વાજિંત્રમાંથી જુદી જુદી ગતિએ કાઢવાની એક પ્રકારની ક્રિયા.

ગિટકરી [હિ] જી પ્રજાતો સાપ.
ગિટકારી જુઓ ગિટકરી.
ગિટકિરી જુઓ ગિટકરી.
ગિટકોડો (ગિટકોડું) જી સ્વરોને જલદી જલદી ઊચ્ચારતા ઊપજતો એક અલંકાર.
ગિટકો પું. વામન.
ગિટપિટ ૧. [હિ.] જી. નિરર્થક બોલ; નકામો શબ્દ.
૨. જી. પરભાષામાં ન સમજાય તેવી વાત.
ગિટાર ન. એક તંતુવાદ્ય. તેની આકૃતિ અને રચના સારંગીના જેવી હોય છે.
ગિટ્ટક ૧. [હિ.] પું. પ્રજાતો સાપ.
૨. જી. ચણામાનું ઝાડ ખરવાનો કાંકરો.
૩. જી. ચુનો; ઢાંકો.
ગિટ્ટા [હિ.] જી. ચણામાં નખાતી કાંકરી.
ગિટ્ટી ૧. [હિ.] પું. વામન.
૨. જી. ચરખો.
૩. જી. ચણામની કાંકરી.
૪. વિ. હોશિયાર; પ્રવીણ.
ગિટ્ટમ (ગિટમ) [હિ.] પું. ધક્કા માટેનું ટેકણ.
ગિટ્ટુરી (ગિટુરી) [હિ.] જી. નાની ઈંદોણી.
ગિણ જી. સમજ.
ગિતાર જુઓ ગિટાર.
ગિતિલ્લ ૧. [હિ.] પુ. રેતી.
૨. પું. ઘોડાની રજ.
ગિદ [સ.] પું. રક્ષપાલક એક દેવ.
ગિદડ્ડ (ગિદમ) [હિ.] પું શિયાળ.
ગિદરડું (ગિદરડું) ન. બેટાનું બચ્ચું. ગીદડું.
ગિદ્દ (ગિદ્ધ) ૧ ન. શિયાળ
૨ વિ. ધારું બાબતથી સુરત થયેલ.
૩ વિ બારે
ગિદ્દા [હિ] પું. એક જાતનું પંજાબી ગીત.
ગિદ્ધો ૧. પું. એકના ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે.
૨. પું. ધા, ચોટ; પ્રહાર.
૩ પુ. ધક્કો, ઠોકરેલો
ગિધ ૧. [સં ગૃધ્ર] પુ. ગીધ પક્ષી.
૨ પું ધા; ચોટ, પ્રહાર
૩. પુ ધક્કો, ઠોકરેલો
૪ પુ ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે.
ગિધર જી નસની બ્યાધી.
ગિધાડ (ગિધાડ) ન. ગીધ; ગૃધ્ર.
ગિધિ જી (કન્યા) બાજરી.
ગિધ્ધ ૧. [હિ.] પું. એક જાતનો મોટો પતંગ.
૨. પું. (પિંગળ) છપ્પય છંદનો એક ભેદ.
૩. [સં. ગૃધ્ર] ન. (હિંદી) એક જાતનું પક્ષી; ગીધ.
૪. વિ. લાલચુ.
ગિધ્ધરાજ [હિ.] પું. જટાયુ; ગીધરાજ.
ગિધ્ર [સં] વિ. પર્વતને ધારણ કરનાર.
ગિધ્રકૂટ પું. પટણા જિલ્લામાં આવેલ એ નામનો એક ડુંગર. તેમાંથી પથ્થર નીકળે છે.
ગિનતી ૧ [સં. ગણ્ (ગણન)] જી. ગણતરી; ગણવું તે.
૨. જી. સંખ્યા.
૩. જી. હાજરી લેવી તે.
ગિની ૧. [હિ.] જી. એક પ્રકારનું બારમાસી પરદેશી ઘાસ.
૨. [અં.] જી. સોનાનો એ નામનો એક સિક્કો. જુઓ ગીની. આ સિક્કો પ્રથમ આફ્રિકાના ગિની નામના દેશમાંથી આવતા સોનામાંથી બનાવ્યો હતો તેથી તેનું નામ ગિની રાખ્યું હોય એમ મનાય છે.
ગિનીપિત્ત ન. એક જાતનું પ્રાણી.
ગિનીપિગ [અં.] ન. એક જાતનું સસલા જેવું દૂધ આપવાળું પ્રાણી. બીજા કોઈ પણ જાત પ્રાણીઓ કરતાં તે જલ્દીથી પ્રૌઢ અવસ્થા પામે છે.
ગિન્નસી [હિ.] જી. ઘૂંઘવું.
ગિન્ની ૧. [સં. ગણ્ (ગણવું)] જી. ગણતરી; ગણવું તે.
૨. જી. નમૂનો.
૩. જી. મહિનાનો પહેલો દિવસ.
૪. જી. હાજરીપત્રક.
ગિન્નાવું ૧. વિ. એક બાજુ નમવું.
૨. વિ. ગભરાવું.
૩. વિ. રિસાયેલ.
ગિન્નાવું ૧. અ. ક્રિ. પતંગનું એક બાજુ નમી જવું; પતંગનું કતરાવું.
૨. અ ક્રિ. રિસાવું.
ગિન્ની ૧. [હિ.] જા. એક જાતનો સોનાનો સિક્કો; ગીની.
૨. જી. ચાકર બાલુ કે બનવાવવું તે.
ગિબ્બન જુઓ ગિબ્બન.
ગિબ્બન [અં.] ન. એક જાતનું નાનું વાંદરું એને લાંબા હાથવાળું માકડું પણ કહે છે. તે ચીન, સિયામ, સુમાત્રા, જાવા તથા બોર્નિયો ટાપુમાં મોટાં જંગલોમાં રહે છે.
ગિબ્બો પું. ગડદો; ધક્કો; મુક્કો.
ગિમતી [અં.] જી. એક જાતનું મજબૂત બોળું સુતરાઉ કપડું
ગિયા જુઓ ગિયામાલતી.
ગિયામાલતી પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ, ગિયા; ગીતા; ગીતક; ચેતાલ. તેમાં છે ગુરુ દોષ છે અને ૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪ અને ૨૭ માત્રાએ તાલ આવે છે
અથ ચાર ચોકલ, બાર તે પર ત્રણ ને ગુરુ રાખજો, નવ સાત દ્વાદશ, ચિરતિ જોખા, તાલ હરિગીતની સખે; ચેતાલ, ગિયા, હરિગીતા વળી, ગિયામાલતી આખજો, ગીતક કહે મહ દેશમાં એ, વાત મોખી રાખજો
ગિરપિગળ
ગિયાહ [ફા.] જી. ઘાસ.
ગિર ૧. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે કવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૧૦૧ લઘુ મળી ૧૧૫ વર્ણની ૧૨૪ માત્રા હોય છે
૨. [સં. ગિરિ] પું. પર્વત; પહાડ
૩. પું. સંન્યાસીઓના દસ ભાંહેનો એક ભેદ.
૪. જી. કાઠિયાવાડી ભેંસ.
૫. જી. ગાડી; જંગલ.
૬. જી. વાણી.
૭. ન. વારતુના ગામમાં ગુજ ગણાતું એક કરવેરા.
૮. વિ. પુલ્લ.
ગિરગિટ [હિ.] પું. કાચોંડો; કાચલો.
ગિરગિટાનો [હિ.] પું. કાચોંડો; કાચલો
ગિરગીરી [હિ.] જી. પ્રજાતો સાપ; ગિટકરી.
ગિરજા ૧. [સં. ગિરિજા] જી. પાર્વતી, હિમાલયની પુત્રી.
૨. [પોર્ટુ.] ન ઈસાઈ લોકોનું પ્રાર્થના મંદિર; ખ્રિસ્તીનું દેવળ.
૩. ન. કોઈ પ્રકારનું એક પ્રકારનું પક્ષી. પંજાબ અને રજપૂતસ્તાન સિવાય આખા હિંદમાં તે જોવામાં આવે છે. તેના સ્વાદિષ્ટ માંસ માટે લોકો તેનો શિકાર કરે છે
ગિરજાઘર ન. પ્રાર્થનામંદિર; ખ્રિસ્તીનું દેવળ
ગિરજાપતિ પું. શંકર; શિવ; મહાદેવ
ગિરજાબાલ પું. ગજરાજ
ગિરજાવું ૧. અ. ક્રિ. અટકવું.
૨. [હિ. ગિરના] અ. ક્રિ. ઊતરવું.
૩. અ. ક્રિ. બોજો થવું; ખસી જવું.

૪. અ. ક્રિ. કસુવાવડ થવી.
૫. અ. ક્રિ. કીમતમાં ઘટવું.
૬. અ. ક્રિ. મળવું.
૭ અ ક્રિ. દુઃખ પડવું.
૮. અ ક્રિ નાહિંમત થવું.
૯. અ ક્રિ. નીચે જવું.
૧૦. અ. ક્રિ. પધરાવું
૧૧ અ ક્રિ. લડાઈમાં અપી જવું.
૧૨. અ ક્રિ વચ્ચે પડવું.
૧૩. અ ક્રિ. વળગવું.
૧૪. અ ક્રિ. હામું પડવું.

ગિરજેશ પું. પાર્વતીના સ્વામી; મહાદેવ.

ગિરત ૧. સ્ત્રી. કરિયાઈ કુમળો.
૨. સ્ત્રી. પગ; પદ્ધી.

ગિરદા ૧. [ફા.] પું ટૂંકળું; ગઠ્ઠ
૨. પું. ઢાલ
૩ પું રાજાઓના મુકુટ નીચે રખાતુ સોનેરી કપડું.
૪. પું. લાકડાની ઘાણી.

ગિરદી ૧. [ફા. ગિર્દી] સ્ત્રી. માણસ વગેરેનો ખૂબ જમાવ થયો હોય એની હાલત; ભીડ; ગરદી
૨. સ્ત્રી. સમુદાય; ટોળું; સમૂહ.

ગિરદેશી ૧. [ફા. ગર્દિશ (ફરવું)] સ્ત્રી ગ્રહોની ગતિ.
૨. સ્ત્રી. ભમિહારી; ખૂમરી.
૩. સ્ત્રી. ભમ; ફર.
૪. સ્ત્રી મુસીબતો; મુસીબત.

ગિરદો ૧. [ફા. ગર્દ] પું. ધૂળ.
૨. પું. નીચે ફરેલો કે રહેલો કચરો; ગાળ.

ગિરધર ૧. [સં. ગિરિધર] પું. પર્વત ઉપાડનાર શ્રીકૃષ્ણ.
૨ પું. વૈષ્ણવ સંપ્રદાયનો પ્રતીષ્ઠ નામનો ગ્રંથ લખનાર એ નામનો એક કવિ. તે ઈ. સ. ૧૭૫૦ થી ૧૮૫૦ સુધીમાં થયો હતો

ગિરધારી [સં ગિરિધારિન્] પું. ગિરધર, શ્રીકૃષ્ણ, ગોવર્ધન પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

ગિરનાર પુ કાઠિયાવાડમાં જૂનાગઢ સંસ્થાનમા આવેલ એ નામનો એક પર્વત. અશોક અને તે પહેલાંના સમયમાં ગિરનાર પર્વત પ્રખ્યાત હતો. મહારાજા અશોકે ત્યાં સુદર્શન તળાવ સમરાવ્યું અને લેખ કોતરાવ્યો ત્યારે એની તળેટીમાં ગિરિનગર વસ્યું હતું તે પર્વત ઉપર બૌદ્ધ ભિક્ષુઓ રહેતા. કાઠિયાવાડમાં કેટલેક સ્થળે આ બૌદ્ધ સમયની ગુફાઓ મળે છે, પણ આ તરફ બૌદ્ધ ધર્મ ઝાઝું ટક્યો નહિ અને જૈન ધર્મનું જોર વધતું ગયું. જૈનો ત્યાં ઘણા જે પહેલાં ગુપ્ત સમયમાં ઈ. સ. પાંચમા સૈકામાં સુદર્શનને કાંઠે વિષ્ણુનું મંદિર બંધાયું હતું. એટલે ગિરનાર એ વખત પછી વૈષ્ણવનું તીર્થ બન્યો હશે. પુરાણોમાં તેને રૈવતક પર્વત કહે છે. મુક્તાનંદ અને પ્રાણવલ્લભની તે નિવાસભૂમિ છે. ગુરુ દત્તાત્રય, મત્સ્યેંદ્ર, અને ગોરખનાથ જેવા યોગીઓ ત્યાં રહેતા.

ગિરનારા ૧. સ્ત્રી. વાસણ અને રજપૂતોની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. ક્રિ. એ નામની અટકનું.

ગિરનારી ૧. પું. ગિરનારની દિશા તરફથી વાતો પવન.
૨. ક્રિ. ગિરનારનું; ગિરનારમાં થતું.

ગિરનારી કાગડો (ગિરનારી કાગડો) પું. એક જાતનો નાનો કાગડો કાગડો.

ગિરનારો પું. ગિરનારની આસપાસ રહેનારો વાઘરાવું.

ગિરનુર ન. પશ્ચિમ ઘાટમાં પાંચથી છ હજાર ફીટનો ઘનો એક ડુંગર. લાવાનાં થાનેતરમાં તે પ્લાતરરૂપ બનાવ છે.

ગિરપુત્રી [સં. ગિરિપુત્રી] સ્ત્રી. પાર્વતી.

ગિરફત (ગિરફ્ત) ૧. [ફા. ગિરિફ્તન] સ્ત્રી. પકડવાની ક્રિયા.
૨. સ્ત્રી. પકડ.

ગિરફતાર (ગિરફ્તાર) ૧. પું. કેદી.
૨. [ફા. ગિરિફ્તન] ક્રિ. કેદ થયેલું; પકડાયેલું.
૩. ક્રિ. મુશ્કેલ; મુશ્કેલ; તલ્લીન; ગર્ક થયેલું.
૪. ક્રિ ચોંટી રહે તેવું; વળગી રહે તેવું.
૫. ક્રિ મોહ પામેલું
૬. ક્રિ. સપડાયેલું; મુશ્કેલીમાં આવેલું.

ગિરફતારી (ગિરફ્તારી) ૧. [ફા. ગિરિફ્તારી] સ્ત્રી. કેદ પકડવું તે; બંધન.
૨. સ્ત્રી ગિરફતાર જેની હાલત.
૩ સ્ત્રી તલ્લીનતા; એકતાનપણું.
૪. સ્ત્રી મુસીબત; કષ્ટ.
૫. સ્ત્રી. મોહવશતા.
૬ સ્ત્રી સપડાવવું તે

ગિરફદાર જુઓ ગિરફતાર.

ગિરફદારી જુઓ ગિરફતારી.

ગિરબાહ્ય [ફા.] પું. ગરબાળો.

ગિરમીટ ૧. સ્ત્રી. કોઈ કામ કરવાની પ્રતિજ્ઞા; કરાર; કબુલાત.
૨. સ્ત્રી ગેરી.
૩ સ્ત્રી. વેઠ; મફતની મજૂરી.
૪. સ્ત્રી. હિંદ બહાર સંસ્થાનોમાં મજૂરી માટે લઈ જવાતા મજૂરો પાસે કરાવી લેવાનું કરારપત્ર; ' એગ્રીમન્ટ '.
૫ ન. ઊંટ પાસવાનું એક ઓજાર; સારણી.

ગિરમીટિયું વિ. ગિરમીટને લગતું; ગિરમીટનું.

ગિરમીટિયો પું. મજૂરીના કરારનામામાં સહી કરીને હિંદુસ્તાનની બહાર મજૂરી કરવા ગયેલો મજૂર; ગિરમીટથી બંધાયેલો મજૂર.

ગિરવાન ૧. પું. રોનાર માણસ.
૨. સ્ત્રી રોવું તે.

ગિરવાની જુઓ ગિરવાન.

ગિરવર ન. એક જાતનું જંગલી પ્રાણી; તરસ જરખ.

ગિરવ ૧. [ફા.] પું. કરાર; ઠરત.
૨ પું. બાકમાં મૂકવું તે.

ગિરવર ૧. પું. ગોવર્ધન પર્વત.
૨. પું. શ્રેષ્ઠ પર્વત; મોટો પર્વત.

ગિરવાવવું સ. ક્રિ. ગીરો મૂકે એમ કરાવવું.

ગિરવી ૧. સ્ત્રી. ઊંચા અનાજને નુકશાન કરનાર એક જંતુ.
૨. વિ. ગીરેનું; ગીરેને લગતું.
૩. વિ. ગીરવે આપેલું કે લીધેલું હોય એવું.
૪. વિ. ગાલ; ગાલવું; ગીરો; ગીરવેલું.
૫. અ. ગીરવે; ગીરવેલું હોય એમ.

ગિરવીખત [ફા.] ન. ગીરોખત; બંધાલેખ, ગીરો દસ્તાવેજ.

ગિરવીદગી ૧. [ફા.] સ્ત્રી. બાનબંધ.
૨. સ્ત્રી. વખાણ કરવાં તે.

ગિરવીદા ૧. [ફા.] પું. બંદુકવાળી.
૨. વિ. બાનબેલું.
૩. વિ. મોહ પામેલું

ગિરવી [ફા.] સ્ત્રી. ગીરવે મૂકેલી વસ્તુ.

ગિરવીમાંડ [ફા.] સ્ત્રી. ગીરવે મૂકેલી વસ્તુ.

ગિરવું અ. ક્રિ. પડવું; પછી જવું.
ગિરતે પડતે = (૧) પડતાં આખડતાં. (૨) મોટી મુશ્કેલીથી.

ગિરસ્ત ૧. પું. સાંસારિક ક્રમો
૨. ન. ખેડ; ખેતી.
૩. ન. ઘર સંભાળવું તે.
૪. ન. દુનિયાદારીપણું.
૫. ન. વિષયસુખની ઇચ્છા.
૬. ન. સ્ત્રી અને બાળકો.

ગિરસ્તન જી. પરણેલી સ્ત્રી.

ગિરસ્તી ૧ [સ. ગૃહસ્થ] પું. ખેડૂત.
૨. પું. પરણીને રહેનાર માણસ; ગૃહસ્થ.

ગિરહ ૧. જી. ગિલટી.
૨. જી. કુસ્તીનો એ નામનો એક દાવ.
૩. જી. ખરીતો.
૪. જી. ગાંઠ.
૫. [અ.] જી. નસીબ.
૬ જી. સવાને ઘેર, વારનો સોળમો ભાગ.

ગિરહક ૧. [સં. ગ્રહક] પું. પકડવું તે; ગ્રહણ.
૨. પું. સૂર્ય અથવા ચંદ્રનું ગ્રહણ.

ગિરહસ્તી ૧. [સ. ગૃહસ્થ] પું. ખેડૂત.
૨ પું. પરણીને રહેનાર માણસ; ગૃહસ્થ.

ગિરહિસ્તી વિ. વ્યાવહારિક.

ગિરહોલી જી. મરોળી.

ગિરા ૧. પું. (પિંગળ) નગણ અને રગણ મળી ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને નિરસિંહ પણ કહે છે
૨. જી. કપટ; કાચાદાચા.
૩. જી. કવિતા; વાણી.
૪. જી ક્ષ, ૨.જુ
૫. જી ગાંડ
૧. ગિરા ખાવી = (૧) કોર્ટના રૂબરૂમાં ગાંડ ચાળવી. (૨) ઘાટ રાખવું.
૨. ગિરામા રાખવુ = બીજામાં ગૂંથવું.
૬. જી. જેરસમજ.
ગિરા ખોવાવી = (૧) જેરસમજ કે ખરાબ વાસણથી દૂર કરવી (૨) ઠોકવું. (૩) વાપરવું.
૭. જી. ચારે આંગળનું માપ.
૮. જી. ટેવ.
૯. જી. બોલવાની તાકાત; જેની મદદથી માણસ બોલી શકે છે તે શક્તિ.
૧૦. જી. બોલી, વાણી; ભાષા.
૧૧. જી વચન; બોલ.
૧૨. જી. વપેલી ભૂમિ.
૧૩ જી. સરસ્વતી દેવી.
૧૪. જી સાંબેલું
૧૫. જી. હળદરનો ગાંઠિયો
૧૬ ન. અટકાવવું તે.
૧૭ સ. ક્રિ. પકડ; ગિરનારું ભૂતકાળનું રૂપ.

ગિરાઈ જી. દબાવું.

ગિરાઈલ વિ. પકવાને તૈયાર થયેલું.

ગિરાણી ૧. જી દુષ્કાળ.
૨. [સ્ત્રી ગિરાની] જી. દુઃખ.
૩ જી ભોમકારી.
૪ જી. રહેતા.
૫ વિ. ગેરી.

ગિરાત ન. ખતવું.

ગિરાદ જી. ચરાદ; સંધાડે ઉતારેલી ભાર સિમેંટની જમાવેલી ચાંબલી.

ગિરાદાર વિ. ચાકવાળું; ગિરવાળું.

ગિરાન ૧. [ફા.] વિ. ભારેલું; વજનદાર.
૨. વિ કીમતી.
૩. વિ. વહાલું.

ગિરાનખાતિર વિ. મનમાં દુઃખ પામેલું.

ગિરાનજાન જુઓ ગિરાનખાતિર

ગિરાનપાય વિ. ગતિમાં ધીમું.

ગિરાનપુરત ૧. પું. મજૂર.
૨. વિ. મજબૂત.

ગિરાનબાર ૧. વિ. પૈસાદાર.
૨. વિ. ભારે બોજો ઘાલેલું.

ગિરાનમાયા વિ. ઉમદા.

ગિરાની ૧. [ફા.] પું. ધનવંત માણસ
૨. જી. મોંઘવારી; ચેટનું ભારે થઈ જવું તે.
૩ જી. ઉદાસીનતા.
૪ જી કમીપણું; અભાવ; તોટો
૫ જી. દિલગીરી
૬. જી. દુષ્કાળ
૭. જી મોંઘવારી
૮ જી વજનદાર હોવાપણું
૯ જી સુધારામાં આવેલ ચાલો એક રોગ; એક જાતનો સુધારોગ

ગિરાપતિ [સ. ગિરા (સરસ્વતી) + પતિ (બ્રહ્મા)] પું. બ્રહ્મા.

ગિરાપિતુ [સ. ગિરા (સરસ્વતી) + પિતૃ (બાપ)] પું. સરસ્વતીના પિતા બ્રહ્મા.

ગિરામી ૧. [ફા.] વિ. પ્રિય; વહાલું
૨. વિ. માનવર.
૩. વિ. મૂલ્યવાન; કીમતી.

ગિરાયર ૧. જી. પતન.
૨. જી. મહી.

ગિરાયવું જી. ક્રિ. પાડી નાખવુ

ગિરાસ ૧. [હિં] પું. ઢેફાંવો; ભટકું; ટુકડો.
૨. [સં. ગ્રાસ] પું. ચરાણ; ગુજરાતને માટે મળેલો જમીનનો ઈનામી કટકો; જાગીર. કોઈ રાજવી જે જમીન પોતાના સગાંવહાલાને આપે તે કરમુક્તિસરનો ઠરેલાય. પોતાના રક્ષણાર્થે જે ગિરાસિયાઓએ પોતાની પડોશની જમીન બીજા રાજાને આપી દીધી તેનો મુળ ગિરાસિયા કહેવાયા અને તેમની પાસે જે જમીન રહી તે તેમનો વાંટો કહેવાનો.
૩. પું. ઢોરનું ચરિયાણ.

ગિરાસદાર પું. ગરાસવાળો માણસ; જાગીરદાર.

ગિરાસિયણ જી. ગિરાસિયાની સ્ત્રી.

ગિરાસિયો [સ ગ્રાસ] પું. ગરાસધારી માણસ; જાગીરદાર; સામંત.

ગિરાસી જી. ગુજરાતમાં વસતી એ નામની એક પ્રાચીન જાતિ

ગિરાહ [હિં] પું. મગર.

ગિરાં ૧ [ફા.] વિ. કટાળો આપે એવું
૨ વિ કીમતી; મોંઘુ
૩. વિ ભારરૂપ.
૪. વિ. વજનમાં ભારે.
૫. વિ સુષ્ક.
૬. વિ. સહન ન થઈ શકે તેવુ

ગિરિ ૧. [હિં] પું. આમનો એક રોગ. તેમાં ઠોળો નીકળી જાય ને આખ ફાટી જાય.
૨. પું. એ નામના સાધુઓનો એક પંથ.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૬ લઘુ મળી ૮૪ વર્ણની ૧૫૨ માત્રા હોય છે
૪. પું (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાવણસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૨ લઘુ મળી ૪૮ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૫. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૨૮ લઘુ મળી ૩૮ વર્ણની ૪૮ માત્રા હોય છે.
૬. પું. ગેંડુક વૃક્ષ
૭. પું. દશ જાતના ઔજારોમાં આંકેલા એકની ઓળખ; પરિવ્રાજકની એક ઉપાધિ.
૮. [સં.] પું. પર્વત; પહાડ. ગિરિ મુખ્ય આઠ મનાય છે. હિમ, અરત, કનક, શ્વેત, નારાયણ, હિમ, પ્રસ્થાન અને મેરુ.
૯. પું. પારાનો એક દોષ
૧૦. પું. મેઘ
૧૧. પું. (પુરાણ) અક્રૂર યાદવના તેર ભાઈનો એ નામનો એક પુત્ર
૧૨. પું. સાતની સંજ્ઞા; વાસ્તવિક રીતે પર્વત સાત હોવાથી સાતસૂચક શબ્દ.
૧૩. પું. કોરાની એ નામની એક જાત
૧૪. જી. ગણી જવું તે.
૧૫. જી નાની ઉંદરડી.

૧૬. સ્ત્રી. સોનભદ્ર નદી. એના કિનારા ઉપર પુષ્પાવતી નગરી હતી.
૧૭. સ્ત્રી. હિમાલયમાંથી નીકળતી એક નદી. તે રાજઘાટ આગળ યમુનાને મળે છે.
૧૮ વિ. પુલ્લ.

ગિરિઅવતરણિકા સ્ત્રી. ગિરિમાંથી ઊતરવાની સીડી કે પગથી.

ગિરિઅંક પું. પર્વતની તળેટી.

ગિરિઉતરચ્છ ન. પર્વત ઉપરથી ઊતરવું તે.

ગિરિઉત્તાર ૧ પું. પર્વત ઉપરથી ઊતરવાનો માર્ગ
૨. પું પર્વતનો ઉતાર; ઢાળ્યાં વગેરે કરવો.

ગિરિક ૧. [સં.] પું. શિવ.
૨. વિ. પર્વતમાં રહેનાર કે થનાર.

ગિરિકચ્છ [સં.] પું પર્વતની ગુફામાં રહેનાર ક્રૂરકર્મો

ગિરિકજ ન. રાજગૃહ: કેકય દેશની રાજધાની. તેને ગિરિવ્રજ પણ કહે છે.

ગિરિકટકી [સં] સ્ત્રી. જંગલી ફળ; પહાડી બેર.

ગિરિકદંબ [સં] ન. પહાડી કદંબનું ઝાડ.

ગિરિકન્યા સ્ત્રી. (બૃ. ગુ.) એ નામની વનસ્પતિ; ગરમર.

ગિરિકન્યા ૧. પું. (પિંગળ) અંકોર્દ્ધ વર્ણનો એક વિષમમાત્રિક અર્ધસમવૃત્ત છંદ. તેના પહેલા પાદમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ વર્ણ, બીજામાં સગણ, જગણ, રગણ અને યગણ મળી ૧૨ વર્ણ, ત્રીજામાં બે સગણ, જગણ, યગણ, બે સગણ, જગણ, સગણ અને ગુરુ મળી ૨૫ વર્ણ અને ચોથામાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે.
૨. સ્ત્રી. પાર્વતી

ગિરિકરાઇ (ગિરિકરાઈ) સ્ત્રી. પર્વતની ભેખડ.

ગિરિકર્ણિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અપરાજિતા.
૨ સ્ત્રી. ગરણીનો વેલો.
૩. સ્ત્રી જવાસાનો છોડ.
૪. સ્ત્રી. પૃશ્નિ.
૫. સ્ત્રી. (પુરાણ) સાબરમતી નદીનું પ્રાચીન નામ.

ગિરિકર્ણી ૧. [સં.] સ્ત્રી. અપરાજિતા વનસ્પતિ.
૨. સ્ત્રી. જવાસાનો છોડ.
૩ સ્ત્રી. પોપટી મોગરી.
૪ સ્ત્રી. વિષ્ણુક્રાંતા નામની વનસ્પતિ.

ગિરિકલ્પ [સં.] વિ. પર્વત જેવું.

ગિરિકંદક [સં.] પું. ઊંટનું વજ્ર.

ગિરિકંદર જુઓ ગિરિકન્દરા.

ગિરિકંદરા [સં. ગિરિ (પર્વત) + કંદરા (ગુફા)] સ્ત્રી. પર્વતની ગુફા.

ગિરિકા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઉપરિચર વસુ રાજાની એ નામની સ્ત્રી. એને બૃહદ્રથ વગેરે છ પુત્ર થયા હતા અને કાલી અમવા મત્સ્યગંધિની નામની કન્યા થઈ હતી. આ ગિરિકા શુક્તિમતી નદીને કોલાહલ પર્વતથી થયેલા બ્રહ્મકામાંની કન્યા હતી.
૨. સ્ત્રી. નાની ઉંદરડી.

ગિરિકાક્ષ ૧. [સં.] વિ. આંખના રોગથી એક આંખે કાણું થયેલ.
૨. વિ. એક આંખવાળું.
૩. વિ. રોગથી આંખિયું થયેલ.

ગિરિકાગાર [સં. ગિરિ (પર્વત) + કાસાર (સરોવર)] ન. પર્વત ઉપર આવેલું તળાવ.

ગિરિકુંજ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ગિરિકુંડ પું. પર્વત ઉપર આવેલો કુંડ.

ગિરિકૂપ [સં ગિરિ (પર્વત) + કૂપ (કૂવો)] પું. પર્વત ઉપર આવેલો કૂવો.

ગિરિકોરી સ્ત્રી. પર્વતના ઢાળ ઉપર ઉગાડેલ ખુદ.

ગિરિક્રિમ ૧. [સં.] પું. (પુરાણ) ભારતના એક ભાગનું નામ.
૨. વિ. પર્વતને પણ ઊંચો કરી શકે એવા સામર્થ્યવાળું

ગિરિખોદ [મા.] સ્ત્રી. પહાડની કાણ.

ગિરિગજાતિ [સં. ગિરિ (પર્વત) + ગજાતિ (કીર્તિ)] સ્ત્રી. પર્વતનો મહિમા.

ગિરિગહ્વર ૧. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.
૨. [સં. ગિરિ (પર્વત) + ગહ્વર (ગુફા)] સ્ત્રી. ગિરિ અને ગહ્વર; પર્વત અને ગુફા.
૩. સ્ત્રી. પર્વતની ગુફા.

ગિરિગુડ [સં] પું. રક્તાનો દડો.

ગિરિગ્રામ ૧. [સં. ગિરિ (પર્વત) + ગ્રામ (ગામડું)] પું. પર્વત ઉપરનું ગામડું.
૨. પું. પર્વત ઉપરનું વિશ્રામનું સ્થાન.

ગિરિગ્રહણ જુઓ ગિરિગ્રાહ.

ગિરિગ્રાહ પું. ગિરિ ઉપર ચઢવાનો ઢાળ; પર્વત ઉપર જવાનું ચઢાણ.

ગિરિચર ૧. [સં.] પું. ચોર.
૨ પું. પહાડી ચોર.
૩. પું. મેઘ દેવ.
૪. વિ. પર્વતમા વિચરનાર.

ગિરિજ ૧. [સં.] પું. મેઘ.
૨. પું. ગોરુ ગાય
૩. પું. મધુક વૃક્ષ; મહુડાનું ઝાડ.
૪. ન અભ્રક.
૫. ન. લોઢું; લોખંડ.
૬. ન. હીરા વૃક્ષ.
૭. ન લોબાન.
૮ ન. શિલાજિત.
૯. વિ. પર્વતમાં પેદા થનાર.

ગિરિજક ન. જયપુરનું જૂનું નામ.

ગિરિજજાસ્નાન [સં. ગિરિ (પર્વત) + જલ (પાણી) + સ્નાન (નાહવું તે)] ન. પર્વત ઉપરના જળમાં નાહવું તે.

ગિરિજા ૧. સ્ત્રી. એક વનસ્પતિ; કારુણ.
૨. સ્ત્રી. ગંગા નદી.
૩. સ્ત્રી. ચકોતરા; મોટું લીંબુ.
૪. સ્ત્રી. ચમેલી; માલતી.
૫. સ્ત્રી. જંગલી કેળ; ગિરિકદલી.
૬. સ્ત્રી. હરડે.
૭. [સં. ગિરિ (પર્વત) + જા (જન્મેલી)] સ્ત્રી. હિમાલયની પુત્રી પાર્વતી; ગૌરી.
ઉમા અપર્ણા ઈશ્વરી ગૌરી ગિરિજા ચંડિ,
મૃડા ચંડિકા અંબિકા, કાલા જગની કોડિ.
પિંગળશાસ્ત્રોક્ત
૮. ન. કેવળ.

ગિરિજાકુમાર જુઓ ગિરિજાતનય.

ગિરિજાતનય ૧. [સં. ગિરિજા (પાર્વતી) + તનય (દીકરો)] પું. કાર્તિકસ્વામી.
૨. પું. ગણપતિ.

ગિરિજાતંત પું. ગણેશ.
ઢૈમાતુર હેરંબ અને લંબોદર ગિરિદંત,
મૂષકવાહન ગજવદન ગણપતિ ગિરિજાતંત.
પિંગળશાસ્ત્રોક્ત

ગિરિજાધર પું. શંકર, શિવ.

ગિરિજાનંદ જુઓ ગિરિજાનંદન.

ગિરિજાનંદન ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.
૨. પું. ગણપતિ.

ગિરિજાનાથ જુઓ ગિરિજાપતિ.

ગિરિજાપતિ [સં. ગિરિજા (પાર્વતી) + પતિ (પત્ની)] પું. શંકર; શિવ; મહાદેવ.

ગિરિજાપુત્ર ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.
૨. પું. ગણપતિ.

ગિરિજામલ્લ [સં] ન. અબરક.

ગિરિજાવર પું. ગિરિજાપતિ; પાર્વતીના પતિ શંકર; મહાદેવ.

ગિરિજાવીજ [હિં.] પું. અબરક.

ગિરિજાસુત ૧. [સ ગિરિજા (પાર્વતી) + સુત (દીકરો)] પું. કાર્તિકસ્વામી.

૨ પું. ગણપતિ.

ગિરિજેરા [સં.] પું. શંકર.

ગિરિજ્વર [સં] પું વજ્ર; ઊતરું વજ્ર.

ગિરિજ્વાળા [સં. ગિરિ (પર્વત) + જ્વાલા (અગ્નિની જ્વાળ)] સ્ત્રી ભભૂકતા કુંવરમાંથી નીકળતી જ્વાલ.

ગિરિટોચ જુઓ પર્વતનું શિખર.

ગિરિઢાળ પું કુંવરનો ઢાળ

ગિરિત ૧. [સં. ગૃ (ખાવું) + ત (ભૂત કૃદંતનો પ્રત્યય)] વિ. ખાધેલું; ભક્ષણ કરેલું.

૨. [સં. ગૃ (ગળવું) + ત (એલું)] વિ. ગળેલું; ગળી ગયેલું.

ગિરિતનયા [સં. ગિરિ (પર્વત) + તનયા (દીકરી)] સ્ત્રી. પાર્વતી; ગિરિજા.

ગિરિત્ર ૧ [સં.] પું. મહાદેવ; શિવ; રુદ્ર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. પું. સમુદ્ર. જ્યારે ઇંદ્ર પર્વતની પાંખો કાપતો હતો ત્યારે મૈનાક પર્વત સમુદ્રમાં ભરાઈને સંતાયો હતો. તે ઉપરથી સમુદ્રનું આ નામ પડ્યું કહેવાય છે.

ગિરિદર્શન [સં.] ન. પર્વતનું છેટેથી દેખાવું તે.

ગિરિદહ પું. પર્વત ઉપર વાંસના ઘસારાને લાગેલી આગ.

ગિરિદુર્ગ [સં.] પું. પર્વતને આશ્રયે આવેલો કિલ્લો. દુર્ગ ચાર પ્રકારના છે: ભૂમિદુર્ગ, જલદુર્ગ, ગિરિદુર્ગ અને મનુષ્યદુર્ગ.

ગિરિદેવસ્થાન ન. પર્વત ઉપરનું દેવસ્થાન.

ગિરિદેશ ૧. [સં.] પું. પહાડી પ્રદેશ.

૨. પું. હિમાલયની આસપાસનો પ્રદેશ.

ગિરિદ્રુમ [સં.] ન. પર્વત ઉપર ઊગેલું ઝાડ.

ગિરિદ્રુમારૂઢ [સં. ગિરિદ્રુમારૂઢ] ન. પર્વત ઉપરનો ઝાડનો જથ્થો.

ગિરિધર ૧. પું. એ નામનો અઢારમી સદીની આખરમાં થઈ ગયેલો એક કવિ.

૨ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે રોલાવત્સ છંદનો એક ભેદ છે તેમાં ૨૭ મુ૬ અને ૨૨ લઘુ મળી ૫૬ માત્રાની ૯૬ માત્રા હોય છે.

૩. પું. શ્રીકૃષ્ણ.

૪. વિ. પર્વતને ધારણ કરનાર; પર્વતને ઊંચકનાર.

ગિરિધરણ ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.

૨. વિ. ગિરિધારી; પર્વતને ધારણ કરનાર.

ગિરિધાતુ ૧. [સં.] સ્ત્રી. ગેરુ.

૨. સ્ત્રી. પર્વતમાંથી નીકળતી ધાતુ.

ગિરિધાર ૧. પું. પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

૨. સ્ત્રી. પર્વતની ટેકરી.

ગિરિધારક જુઓ ગિરિધરણ

ગિરિધારી ૧ [સં. ગિરિધારિન્] પું. શ્રીકૃષ્ણ ભગવાન. તેણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો

૨. વિ. પર્વતને ધારણ કરનાર.

ગિરિધ્વજ [સં.] પું. ઊતરું વજ્ર.

ગિરિનગર ૧. [સં.] પું. દક્ષિણ વિદ્યામાં આવેલો એક પ્રાચીન દેશ.

૨. ન. ગિરનાર પર્વતની તળેટીમાં આવેલું એક શહેર; હાલનું જૂનાગઢનું પ્રાચીન નામ. ઘણા વખતથી તે તીર્થસ્થાન, મુખ્ય શહેર, કોટ અને મેળાને માટે પ્રખ્યાત હતું, તેથી અશોકે ત્યાં ગિરનારનો ક્ષેત્રગઝો. આ શહેરની પવિત્રતા માટે કહેવાય છે કે શંકરે ત્યાં સખ્ત તપ કર્યું હતું. જ્યારે તપ પૂરું થયા પછી તે કૈલાસ જવા લાગે ત્યારે ગિરનાર ઉપર પોતાનું વજ્ર મૂકતા ગયા હતા. તેથી તે જગ્યાને વજ્રાપથ પણ કહેવાય છે. અશોકના સમયમાં સુદર્શન તળાવના ઉપરાજ્યનું તે મુખ્ય નગર હતું. જ્યારે ગ્રીક રાજા સાથે સૌરાષ્ટ્રને જોડી દેવામાં આવ્યું ત્યારે પણ જૂનાગઢ સૌરાષ્ટ્રની રાજધાનીનું શહેર હતું. વલભી વંશના રાજા ભટાર્ક ગિરિનગરથી વલભી શહેર પોતાની રાજધાની ફેરવી અને ગિરિનગરમાં એક સૂબો નીમ્યો. વલભી વંશની પડતી પછી તે સૂબો સ્વતંત્ર થયો અને તેણે ચૂડાસમા વંશ સ્થાપ્યો. નવમી સદીમાં ચૂડાસમા રાજાઓએ પોતાની રાજધાની વામનસ્થળીએ ફેરવી. અશોકના અને તે પહેલાંના સમયમાં ઉર્જયત કે ગિરનાર પર્વત પ્રખ્યાત હતો. મહારાજા અશોકે ત્યાં સુદર્શન તળાવ સમરાવ્યું-અને બૌદ્ધ ક્ષેત્રરાજો ત્યારે તેની તળેટીમાં ગિરિનગર કે હાલનું જૂનાગઢ વસેલું હતું. હાલનું જૂનાગઢ ૨૪૦૦ વર્ષ ઉપરના ગિરિનગરનું રૂપાંતર છે. આ શહેરને આદિકાળમાં મણિપુર, સ્મૃતિકાળમાં ચક્રેતુપુર, પછી રૈવતનગર અને ઐતિહાસિકમાં પુરાતનપુર પણ કહેતા હતા. આ ગિરિનગર બૌદ્ધો, જૈનો અને હિંદુઓ એમ બધા માટે તીર્થસ્થાન ગણાતું.

ગિરિનદી [સં.] સ્ત્રી. પર્વત ઉપરથી વહેતી નદી.

ગિરિનંદિની ૧. [સં] સ્ત્રી. ગંગા નદી.

૨. સ્ત્રી. પર્વત ઉપરથી વહેતી કોઈ નદી.

૩. સ્ત્રી. પાર્વતી.

ગિરિનંદી [સં.] પું. શિવના ગણના બધ માંહેનો એક પ્રકાર.

ગિરિનાથ [સં.] પું. મહાદેવ; શિવ.

ગિરિનાર પું. ગિરનાર પર્વત. જૈનોએ આ પર્વતને પવિત્ર ગણી તેને નેમિનાથને અર્પણ કર્યો છે. શેત્રુંજ કરતાં ગિરિનાર તેના ઉપરના જૈનો બની આબાદીથી જૂનો ઇતિહાસ બતાવી આપે છે. ગિરિનાર બાબત એક મોટું ઐતિહાસિક રહસ્ય હશે એમ અનુમાન થઈ શકે છે. વળી આ પર્વતની તળેટીમાં ઈ. સ. ૧૮૮૯માં એક સ્તૂપ જડી આવ્યો છે. જ્યારે યુઆનચ્વાંગે ઈ. સ. ૬૪૦માં આ જગાની મુલાકાત લીધી ત્યારે તેના કહેવા પ્રમાણે ત્યાં લગભગ પચાસ તો મઠો હતા

ગિરિનિવાસ [સં.] પું. પર્વત ઉપરનું રહેઠાણ; 'એરેનેટોરિયમ'.

ગિરિનિંબ [સં.] પું. પહાડી લીંબડો.

ગિરિપગથાર પું. પર્વત ઉપર આવવા બનાવેલાં પગથિયાં; પગથિયાંની હારો

ગિરિપતન ૧. [સં.] ન. એક જાતનું પ્રાણીમરણ.

૨. ન. પર્વત ઉપરથી પડીને મરણ નિપજાવવું તે.

ગિરિપતિ ૧. [સં.] પું. કોઈ મોટો પર્વત.

૨. પું. હિમાલય.

ગિરિપથ જુઓ ગિરિપગથાર.

ગિરિપાત [સં.] પું. પર્વત ઉપરથી પડીને મરી જવું તે.

ગિરિપુષ્પક ૧. [સં.] ન. પર્વત ઉપરે પણ માથે થતું એક જાતનું ઝાડ.

૨. ન. શિલાજિત.

ગિરિપ્રવચન ન. કુંવર ઉપરનું બોધવચન; ઈસુ ખ્રિસ્તે પર્વત ઉપરથી આપેલું પ્રવચન.

ગિરિપ્રિયા ૧. [સં.] સ્ત્રી. ચમરી મૃગ.

૨. સ્ત્રી સુરા નામ.

ગિરિફૂત (ગિરિફૂલ) ૧. [સ. ગિરિફુલ્લ] સ્ત્રી. કાયો

૨. સ્ત્રી. પટડા; પડવું તે.

૩. જી. વાંધો.
ગિરિફત કરવું = અપવાદ કરવો.

ગિરિફૂતગી (ગિરિફતગી) [ફા.] જી. પકડ; પકડવું તે

ગિરિફૂતા (ગિરિફતા) [ફા.] વિ. પકડેલું.

ગિરિફૂતાર (ગિરિફતાર) ૧. [ફા. ગિરિફતન (પકડવું)] પું. કેદી
૨. પું જેરી.
૩. વિ. દુઃખમાં સપડાયેલું.
૪ વિ. પકડેલું.
૧. ગિરિફતાર કરવું = પકડવું; કેદ કરવું.
૨. ગિરિફતાર થવું = કેદ પકડવું; ફસાવું.

ગિરિફૂતારી (ગિરિફતારી) ૧. [ફા.] જી. કેદ; અટકાયત; બંધન.
૨. જી. ધુવાંપી.
૩. જી. જળ.
૪. જી. મુશ્કેલી; મુસીબત.

ગિરિભવન [સં.] ન. પર્વત ઉપરનું રહેઠાણ.

ગિરિભિદ ૧. [સં. ગિરિભિદ્] પું. ઇંદ્ર.
૨. પું. એ નામની એક વનસ્પતિ; પાષાણભેદ.
૩. ન. પત્થરને તોડી નાખે તેવું ઝાડ.

ગિરિભૂ ૧. [સ.] જી. ગંગા.
૨. જી. પર્વતની ભૂમિ.
૩. જી. પાર્વતી
૪. વિ. પર્વતમાં ઉત્પન્ન થનાર કે હોનાર.

ગિરિભોમ્યરક્ષક [સં.] ન. કલા ભાવાની ટેકરી

ગિરિમલ્લિકા [સં. ગિરિ (પર્વત) + મલ્લિકા (મોગરો)] જી. કલાબલા; કુટજ.

ગિરિમંદિર [સં. ગિરિ (પર્વત) + મંદિર (ઘર)] ન. પર્વત ઉપરનું મંદિર.

ગિરિમાન [સં.] પું. હાથી.

ગિરિમાલ [સં.] પું. જેમાંથી ધાતુનો રસાંશ કરાય છે તે એક પહાડી ઝાડ.

ગિરિમાળ જુઓ ગિરિમાળા.

ગિરિમાળા [સં. ગિરિ (પર્વત) + માલા (હાર)] જી. પર્વતની હાર.

ગિરિમૃત્તિકા [સં. ગિરિ (પહાડ) + મૃત્તિકા (માટી)] જી. ગેરુ; પહાડી માટી.

ગિરિમૃદ [સં. ગિરિમૃદ્] જી. ગેરુ; પહાડી માટી

ગિરિમેદ [સ.] પું. એક જાતનો દુર્ગંધી ગેરુ.

ગિરિયક ૧. [સં.] પું. મેંઢક જાતિ.
૨ પું બાળકને રમવાનું એક સામનું; ગેડી.

ગિરિયજ્ઞ પું. કોઈપણ રોગમાં ગોમાસામાં થતો એક જાતનો ઉત્સવ

ગિરિયા [સ.] વિ. રડવું; રુદન કરવું.

ગિરિયાન ૧. [સં. ગિરિ (પર્વત) + યાન (જવું તે)] ન. પર્વત ઉપર જવું તે; ગિરિયાત્રા.
૨. [ફા.] વિ. રડવું; રુદન કરવું

ગિરિયાવલ પું. (કચ્છી) એક જાતનો વેલો. તેના ઉપર પીળાશ લેતા વાળની લાંબી ઝીણી ફળ હોય છે. તેનાં ફૂલ પોળાં અને ફળ ગોળાકાર લેતાં અણીદાર હોય છે. તેનાં ફળ પાણીમાં વાટીને ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડાય છે

ગિરિયેક ૧. પું. પાંચાળ નદીને કિનારે આવેલ એ નામનો કુંવર; ગિરિકૂટ.
૨. ન. પટણા જિલ્લાની દક્ષિણ સીમા ઉપર આવેલું એક ગૌહ ગામડું.

ગિરિયો પું. રક્ષિત નામનો રોગ

ગિરિર [હિં.] પું. જરખ; તરસ; કૂતરાની જાતનું ચટાપટાવાળું જનાવી પ્રાણી.

ગિરિરત પું. શિવ; મહાદેવ.

ગિરિરથ [સં. ગિરિ (પર્વત) + રથ (અવાજ)] પું. પર્વતમાંથી આવતો અવાજ, પર્વતમાં ઝાડોના અથડાવાથી અથવા પરાપખીના બોલવાથી આવતો અવાજ.

ગિરિરાજ ૧. [સં. ગિરિ (પર્વત) + રાજન્ (રાજા)] પું. ગોવર્ધન પર્વત. આ પર્વતને શ્રીકૃષ્ણચંદ્રે સાત દિવસ કનકુવી ઉપર ધારણ કર્યાનું કહેવાય છે. તેની પત્થર રાતો કાળો છે. પર્વત ઉપર જે સિંદૂરી શિલા છે તેની પાસેના પત્થરોમાથી શિલાજિત જેવો રસ નીકળે છે. આ પર્વતની ધાર સાંકડી છે. એ પર્વતનો સામાન્ય આકાર ઊંટના ઝાડા જેવો લાંબો છે.
૨. પું. પર્વતનો રાજા; હિમાલય.
૩. પું. મેરુ પર્વત.
૪. પું. મોટો પર્વત; શ્રેષ્ઠ પર્વત.
૫. ન. તાડના વર્ગનું એક સુંદર ઝાડ.

ગિરિરાજકન્યકા [સં. ગિરિરાજ (હિમાલય પર્વત) + કન્યકા (દીકરી)] જી. પાર્વતી; ડુંગરની જો.

ગિરિરાજશોભા પું. એક જાતનું વૃક્ષ. તેનાં પાન દોઢ ફૂટ લાબાં, એક ઇંચ પહોળાં અને છેડે અણીદાર હોય છે. એ પાન એકબીજાની સામસામાં અને થડ લીસું હોય છે

ગિરિરાય જુઓ ગિરિરાજ.

ગિરિરુહ પું. શિવનો કલગર ગાંઠનું એક નામ.

ગિરિલેખ [સં. ગિરિ (પર્વત) + લેખ (લખેલું તે)] પું. લખેલ લેખ; ગિરિમા લખેલ રાજઆજ્ઞા.

ગિરિવર જુઓ ગિરિરાજ.

ગિરિવરધર ૧. [સં.] પું. ગિરધારી; શ્રીકૃષ્ણ. તેમણે ગોવર્ધન પર્વત ટચલી આંગળી ઉપર સાત દિવસ ધરી રાખ્યાનું કહેવાય છે.
૨. વિ. પર્વતને ધારણ કરનાર.

ગિરિવરધરરાય પું. શ્રીકૃષ્ણ.

ગિરિવરધારી જુઓ ગિરિવરધર.

ગિરિવરસુતા [સં. ગિરિવર (હિમાલય પર્વત) + સુતા (દીકરી)] જી. પાર્વતી.

ગિરિવાક્ય ન. હિમાદ્રિનું વચન; હિમાલયની વાત.

ગિરિવાટ જી. પર્વતની ઉપરની કેડી.

ગિરિવાસી ૧. પું. એક જાતનું સુગંધી કલમૂળ.
૨. [સં. ગિરિ (પર્વત) + વાસિન્ (રહેનાર)] વિ પર્વતમાં વસનાર.

ગિરિવાહ [સં. ગિરિ (પર્વત) + વહ્ (વહેવું)] પું. પર્વતમાથી નીકળતો જળનો પ્રવાહ; ગિરિઝરણ.

ગિરિવ્રજ ૧. પું. પર્વતનો સમુદાય.
૨. પું. બે પર્વતની વચ્ચેનો પ્રદેશ.
૩. પું. રાજગૃહ પાસેના પાંચ પહાડ.
૪. ન. (પુરાણ) કેકય દેશની રાજધાનીનું કહેવું; જેલમ નદીથી વાયવ્યે ત્રીસ માઈલ ઉપર આવેલું ગિરિઝક અથવા જલાલપુર. આ નગરી રામચંદ્રજીના સ્વર્ગારોહણ પછી ઊજડ પડી હતી. તે ઉપરિચર વસુ રાજાએ ફરી વસાવી હતી, તેથી એને વસુમતી પણ કહેતા. પાંડવોના સમયમાં અહીં જરાસંધ રાજા અને એની પછી એનો પુત્ર સહદેવ રાજ કરતો હતો.
૫. [સં. ગિરિ (પર્વત) + વ્રજ (ગોવાળોનું ગામ)] ન. મગધ દેશનું રાજનગર; રાજગૃહ. પહાડોની વચમાં આવેલું ગોવાળોનું ગામ એવો તેનો શબ્દાર્થ થાય છે. મગધની રાજધાની રાજગૃહને તેની આસપાસના વિપારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને રત્નગિરિ એમ પાંચ પહાડોના કારણે ગિરિવ્રજ પણ કહે છે. મહાભારતમાં પ્રત્યેક પહાડોનો ઉલ્લેખ આવે છે, પણ તેમાં તેનાં નામ આ પ્રમાણે આપેલ છે: વૈહાર કે વૈભાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક. વળી વૈભાર, વિપુલ, રત્નકૂટ, ગિરિવ્રજ અને રત્નાગ્રહ એ રીતે પાંચ પર્વતનો ઉલ્લેખ વાયુપુરાણના રાજગૃહ મહાત્મ્યમાં છે.

ગિરિવ્રજપુર ૧ ન. પંજાબમાં બિયાસ નદીની કુતરે આવેલ રાજગિરિ. તે ૬૯૫ ઈસવી રાજધાની હતું.
૨. ન બિહારમાં આવેલું રાજગિર નામનું નગર; બૌદ્ધ ગ્રંથનું કુસુમપુર; રાજગૃહ. મહાભારતના સમયમાં તે મગધની રાજધાની હતું. વળી વસુ નામના રાજાએ વસાવેલું હોવાથી તેને વસુમતી પણ કહેતા. આ શહેરની આજુબાજુ પર્વતોની ખીણમાં જરાસંધનો મહેલ હતો. મદારીર સ્વામીની નિર્વાણભૂમિ પાવાપુરી આ શહેરથી નૈર્ઋત્યમાં ૬૫ માઈલ ઉપર આવેલ છે.

ગિરિરાજ [સં.] પું. શિવ; શંકર.

ગિરિરાંત [સં.] પું મહાદેવ; શંકર. કૈલાસ પર્વત ઉપર રહીને સુખ દેતા હોવાથી તે ગિરિરાંત કહેવાય છે.

ગિરિરાજ [સં.] પું. એક જાતનું બાજ પક્ષી.

ગિરિરાજિની [સં.] સ્ત્રી. અપરાજિતા વેલ.

ગિરિરિશ્વર [સં.] ન. પર્વતની ટોચ.

ગિરિરીશ જુઓ ગિરિરિશ્વર.

ગિરિરૂંગ ૧. [સં.] પું. અધુપતિ; ગજાનન.
૨. ન. પર્વતનું શિખર; પર્વતની ટોચ.

ગિરિશ ૧. [સં.] પું. મહાદેવ; શંકર.
૨. વિ. પર્વતમાં સ્થિતિ કરનાર; પર્વતમાં રહેનાર.

ગિરિસર્પ [સં.] પું. એક જાતનો પહાડી સાપ.

ગિરિસાધન [સં.] પું. શિવનાં હાથમાં રહેતું એક નામ.

ગિરિસાર ૧. [સં.] પું. કસાર.
૨. પું દક્ષિણ હિંદુસ્તાનનો મલબારમાં પર્વત.
૩. પું લોઢું
૪ પું. શિલાજિત.

ગિરિસિંદૂર [સં] પું. પર્વત ઉપર નાના પત્થરમાં સુકાઈ લાલ બનો પારો.

ગિરિસુત [સં. ગિરિ (પર્વત) + સુત (દીકરો)] પું. મૈનાક પર્વત.

ગિરિસુતા [સં. ગિરિ (પર્વત) + સુતા (દીકરી)] સ્ત્રી. પાર્વતી.

ગિરિસ્રવા [સં. ગિરિ (પર્વત) + સ્રવ્ (ઝરવું)] સ્ત્રી. પર્વતમાંથી નીકળતી નદી.

ગિરિસ્રોત ન. પર્વતમાંથી ઉત્પન્ન થતું ઝરણું. નગઝરણ

ગિરિસ્વેદ [સં] પું શિલાજિત.

ગિરિહ ૧ સ્ત્રી. મજાનો એક ભાગ.
૨. સ્ત્રી. ગાંઠ; ગ્રંથિ.
૩. સ્ત્રી. ગેરસલજ.
૪. સ્ત્રી. વહેમ.
૫. સ્ત્રી. સાંધો.

ગિરી ૧. [હિં.] પું. ૬૪ માંહેના એક પ્રકારનો સંન્યાસી
૨. પું. શંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય. ગુરુકૃપાથી તેને સર્વજ્ઞપણાની જ્ઞાન વિદ્યા મળી. તોટક વૃત્તથી તેણે ગુરુની સ્તુતિ કરી, તેથી તેનું નામ તોટકાચાર્ય પડ્યું હતું.
૩. [સં.] સ્ત્રી. નાની ઉંદરડી.
૪. સ્ત્રી. મગજ; ગર્વ, ગર.
૫. સ્ત્રી. મૂર્છા; બેભાન થવું તે.

ગિરીંદ્ર પું. શંકર; શિવ.

ગિરીરોહી પું. દશમી શતાબ્દિમાં અપભ્રંશમાં પ્રવર્તતો એક ધર્મ.

ગિરીશ ૧. [સં] પું. અગિયારની સંખ્યા.
૨. પું. એ નામનો એક કવિ. વીરહદ, શંભુ, ગિરીસ, અજ, એકપાદ, અહિબુધ્ન, પિનાકી, ધ્રુવી, ત્રિશંપતિ, સ્થાણુ અને હર એ અગિયાર રુદ્ર છે.
૩ પું. કૈલાસ પર્વત.
૪ પું. મેરુ
૫ પું. મોરવણ પર્વત.
૬ પું. પર્વતનો રાજા; હિમાલય.
૭ પું. બૃહસ્પતિ
૮ પું. મહાદેવ; શિવ; શંભુ
૯ પું. મોટો પર્વત.
૧૦ પું. વાણીના દેવ; બ્રહ્મા.
૧૧ પું. સુમેરુ પર્વત.

ગિરીશજા [સં. ગિરીશ (હિમાલય પર્વત) + જા (જન્મેલી)] સ્ત્રી. હિમાલય પર્વતની પુત્રી; પાર્વતી.

ગિરીશ્વર [સં] પું. શિવ; શંકર.

ગિરીંદ્ર ૧. [સં. ગિરિ (પર્વત) + ઇંદ્ર (રાજા)] પું. મોટો પર્વત.
૨. પું શિવ.
૩. પું. હિમાલય.

ગિરેયમ પું. ગરમીની ઋતુ; ઉનાળો.

ગિરેબંધ ૧. પું. ગજપટો; કોસર.
૨. પું. ગળેબંધ; ઘોડિયાના માથેનો તથા કડી મારીને પરોવેલી ઝાળીનો પાટ; ઇવીટિયાવાળી ટાલ
૩ પું. કોકનો એક ઘાઘરીનો.

ગિરેબાજ ન ઊડતાં ઊડતાં ગુલાંટ ખાનારું એક જાતનું કબૂતર.

ગિરેબાન ૧. પું. બીબું.
૨. પું. ટોપી.
૩. પું. કોક અને ગરદન ઢંકાય એવો પોષાક; ગળેબંધ; ગળપટો.

ગિરેવા ૧. પું. ચઢાવવાળો રસ્તો
૨. સ્ત્રી નીચી ટેકરી.

ગિરેશ ૧. [સં.] પું. પર્વતનો રાજા.
૨. પું. વાણીનો ઈશ; બ્રહ્મા; વાચસ્પતિ.
૩. પું. વિષ્ણુ.

ગિરોઢ ન. પંજાબમાંના શાહપુર જિલ્લાનું એ નામનું એક તીર્થ. આ ગામ હિંદુ મુસલમાન બંનેને માટે પવિત્ર તીર્થ ગણાય છે. મુસલમાનો જમાલી સુલતાનના નામથી અને હિંદુઓ દયાળ ભગતના નામથી ત્યાં એકત્ર થાય છે.

ગિરોલી સ્ત્રી. ગરોળી; ટેટગરોળી.

ગિરોહ ૧. પું. નાત; જ્ઞાતિ. તેમાં વંશપરંપરાથી ઊતરી આવેલો આચરેવાન હોય છે. તે પંથની સાથે રહી નાતના પ્રતિષ્ઠા વગેરે જતાવે છે.
૨. પું. માણસોનું ટોળું.
૩. પું. વર્ગ; સમૂહ.
૪. પું. સભા; મંડળ

ગિર્ગિટ ૧. પું. કાકીડો.
૨. સ્ત્રી. ટેટગરોળી.

ગિર્ગુટ જુઓ ગિર્ગિટ.

ગિર્જ [પોર્તુ.] પું. ખ્રિસ્તી દેવળ.

ગિર્થાપન ન. કરગસર.

ગિર્દ ૧. પું. આતું; વિભાગ.
૨. પું. ચક્ર; ગોળ.
૩. પું. દીવાલ.
૪. પું. વાડો.
૫. ન. આસપાસ; ચોતરફ.
૬. ન. નજીક.

ગિર્દાબ [ફા.] ન. એક જાતનું ફૂલ; અબરોટ.

ગિર્દાર [ફા.] પું ઘેરનાર; ઘેરિયો.

ગિર્દાવરા ૧. પું. નવો જીવનસાથી માણસ.
૨. પું પૈસા વિનાનો દેવીદાસ.
૩. વિ. રખડુ; રઝળુ.

ગિર્દનવાઈ ૧. સ્ત્રી. કિલ્લો તથા તેની આસપાસના પ્રદેશનું રક્ષણ કરવાનું કામ.
૨. [ફા.] સ્ત્રી. શહેરને ફરતો કોટ તથા તેની આસપાસનો પ્રદેશ.

ગિર્દનવાહ ૧. પું. પાડોશ.
૨. ન. શહેરનું પરું.

ગિર્દનવાહી જુઓ ગિર્દનવાઈ.

ગિર્દ અ ગિર્દ [ફા.] અ. ચોતરફ; બધી બાજુએ.

ગિર્દાબ [ફા.] પું ચંટોળિયો; વાવાઝોડું.

ગિર્દાબાલિશ [ફા.] પું. ગાલમસૂરિયું; ગાલ નીચે રાખવાનું નાનું ઓશીકું.

ગિર્દાવર ૧. [ફા.] પું. ચોકી; પહેરો.
૨. પું. પોલીસનો ઉપરી.

ગિર્દી ૧. પું. ગોળ; ચક્કર.
૨. પું. ગોળ આકારમાં કપાયેલા વાળ.
૩. પું. ગોળ તકિયો; ગોળ ઓશીકું.
૪. પું. ગોળ પણ પાતળી નહિ એવી એક જાતની પૂરી.
૫. પું. ગોળ રકાબી.
૬. પું. ઢોલનો પોલો ભાગ.
૭ પું. જે પૈસાની કીમતનો રૂપાનો એક સિક્કો.
૮. પું. ગોપેલું માપુ.
૯. પું. ગર્દનું બિલ.
૧૦. પું. હુક્કા નીચે પધરાવી ગોળ સાકડી.
૧૧. સ્ત્રી. ઢાલ.
૧૨. વિ. ગોળ.
૧૩ અ. આસપાસ; ચોતરફ.

ગિર્દાગિર્દ [ફા.] અ. ચોતરફ; આસપાસ.

ગિર્દાબ ૧. [ફા.] પું. ચકરાવો.
૨. પું. પાણીનું વમળ; ઘૂમરી.
૩. પું. પાણીનો ધૂનો; ધરો.

ગિર્દાવર ૧. [ફા.] પું. ચોકીદાર.
૨. પું. ઢાલ માટે બનાવેલ ચર્મપિંજરી.
૩. પું.-વ્યોન, ચોકી.
૪. અ. ચોતરફ; આસપાસ.

ગિર્દાવરી ૧. [ફા. ગર્દન (કરવું) + વારી (નામ બનાવનાર પ્રત્યય)] પું. ચોકો; રોન; પહેરો.
૨. સ્ત્રી. એકનું કરવું તે.
૩. સ્ત્રી. જકાતની વસૂલાત.
૪. સ્ત્રી. બિનજકાતી માલ ઉપર દેખરેખ રાખવી તે.

ગિર્દોચા [ફા.] સ્ત્રી. ચોકો; પહેરો

ગિર્દોઆર [ફા.] પું. સરજનહાર; ઈશ્વર.

ગિર્દી સ્ત્રી. ગોળાકાર નાનું ઓશીકું.

ગિર્વાહ્વા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગરણી.

ગિર્વીદગી ૧. સ્ત્રી નવાજિશ; બક્ષિસ.
૨ સ્ત્રી. નિષ્ઠા, ભક્તિ.

ગિર્હસ્ત પું ગૃહસ્થ.

ગિર્હસ્તી વિ. ગૃહસ્થને લગતું.

ગિલ્ [સ] સ. ક્રિ. ગળવું; ગળી જવું.

ગિલ ૧. [હિં.] સ્ત્રી. માટી; જમીન.
૨. સ્ત્રી. રસ્તો.
૩. [સં.] ન. ગળી જનાર એક જાતનું જળચર પ્રાણી.
૪. સ. ભીનેજ.
૫. વિ. ગળી જનાર; ખાનાર.

ગિલકાર [ફા.] પું. ગારો અથવા પ્લાસ્ટર કરનાર માણસ.

ગિલગિલ [સં.] પું. મગર; ગિલ જાતિના જળચરને પણ ગળી જનાર એક જળચર પ્રાણી.

ગિલગિલા વિ. ચીકણી માટીવાળું; ચીકટ.

ગિલગિલિયાં બહુવ સ્ત્રીલિંગ.

ગિલગિલિયું ૧. ન. કોમળ કરવાને બરાબર.
૨. ન. બેલાડું નામનું પક્ષી.

ગિલગ્રાહ [સં.] પું. એક જાતનું જળચર પ્રાણી; મગર.

ગિલજઈ ૧. [હિં.] સ્ત્રી. અફઘાનિસ્તાનમાં રહેતી એક જાતિ. આ જાતિના લોક બહુ બહાદુર ગણાય છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું

ગિલટ ૧. પું. કાચ ગાંઠનો સોનેરી.
૨. પું. સોનું, રૂપું કે બીજી ધાતુનો પીગળીને પ્રયોગથી ધાતુ ઉપર ઓપ આવ્યો તે.
૩. ન. ઝૂમખું

ગિલટી ૧. [સં. ગિલ્ટ] સ્ત્રી. ગિલટ; સોનું, રૂપું કે બીજી ધાતુનો પીગળીને પ્રયોગથી ધાતુ ઉપર ઓપ આવ્યો તે.
૨. [હિં.] સ્ત્રી. ઝૂમખું.

ગિલટ (ગિલ્ટ) પું. બનાવટી અથવા સોનેરી

ગિલતાલ ૧. પું. ફરેતાલ જડતાં બારીમાં પાટલી ઉપર જે બીજી જે ચીતરેલી પાટલી મૂકવામાં આવે છે તેમાંની પહેલી; ચીકણપટ.
૨. પું.; સ્ત્રી. મોલ વગેરેનો ત્રિકોણના આકારનો ટેકો, ધોડિયાટ.

ગિલતો ૧. પું. ગોળ ખૂણિયા જ્યાં આવે ત્યાં જરૂરિયાત મુજબના માપની નાખવામાં આવતી તકતી
૨. પું. સુતારનું એક ઓજાર.

ગિલમાન પું. નાની ઉમરનો સુંદર છોકરો.

ગિલવો પું. ચૂનો તથા કાકરાનું બનાવેલું પ્લાસ્ટર; છોવાનું જે.

ગિલસરેઠ સ્ત્રી. ખડી; માટ.

ગિલહરી સ્ત્રી. ખિસકોલી.

ગિલહરીબાર વ. નાનું મકાન.

ગિલંદાજી સ્ત્રી. માટીની પાળ.

ગિલા ૧. સ્ત્રી. ચાડ; ખેદ.
૨. સ્ત્રી. નિંદા.
૩. સ્ત્રી. ફરિયાદ.
૪ સ્ત્રી બીમારી; માંદગી.
૫. સ્ત્રી. મશ્કરી, ઠેકડી; હાંસી.

ગિલાખોર વિ. ચાડીચૂગલી કરનાર; નિંદક.

ગિલાગુજાર વિ. ફરિયાદ કરનાર.

ગિલાગુજારી [ફા.] સ્ત્રી ફરિયાદ કરવાપણું.

ગિલાજ ૧. વિ ઉદાસ; ખિન્ન.
૨. વિ. દુર્બળ; નબળું.
૩. વિ. રોગી; બીમાર.

ગિલાણી ૧. સ્ત્રી. ખેદ; ચોક
૨. સ્ત્રી. ચાડ.
૩. સ્ત્રી. બીમારી

ગિલાન ૧ સ્ત્રી. ધિક્કાર; તિરસ્કાર.
૨. સ્ત્રી. નદીના કાંઠા ઉપરની નીચી બેજવાબ જમીન
૩. સ્ત્રી બેજ; બીનાઆ.

ગિલાફ (ગિલાફ) ૧. [અ.] પું. કપડાનું બનાવેલું તકિયા વગેરેને ચઢાવવાનું ખોળિયું; બોઢ, ખોળ.
૨. પું. હાંડ્યા ઉપરનું પડ.
૩. પું. મયાન; તલવાર રાખવાનું સાધન.
૪. પું. મોટી રજાઈ.

ગિલાસુ [સં.] પું. ગળાનો મસ; ગળાના સત્તર માઠેનો એક રોગ

ગિલાવા [ગિલ (માટી) + આબ (પાણી)] પું. ગારો.

ગિલાવો પું. લીંપણ; માટ

ગિલાસ [અં. ગ્લાસ] ૧. પું. કાચ.
૨. પું. પ્યાલો.

ગિલ્લિ ૧. સ્ત્રી, ગડગૂમડ કે બીજા દરદને લીધે આવતો સોજો; વેળ.
૨. સ્ત્રી. વેત અથવા વેતથી ઓછા એવો લાકડીનો કટકો; ગોપી.
૩. સ્ત્રી. શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો રનેહાળ હાથ કે અવયવ અડતાં ઉત્પન્ન થતી આનંદની લાગણી અથવા સળવળ; શરીરની કુમળી ચામડી ઉપર ધીરે ધીરે પણ ઉતાવળી આંગળીઓ ફેરવ્યા કરવાથી થતો ગલગલાટ; મલકાટ.
૪. સ્ત્રી. લાકડી જેવી.

ગિલિગિલી જી. કરીરની કુમળી ગાભડી ઉપર ઝીણે ઝીણે પણ ઉતાવળી આંગળીઓ ફેરવવાથી થતો ગલગલાટ; સલીપચી; સલીસલી.

ગિલિત [સં.] જિ. ગળી ગયેલ; ગળે ઊતરી ગયેલ; ખાઈ ગયેલ.

ગિલિપચી જી. સલીપચી; કરીરના કમુક ભાગમાં રહેલાંથી થતી ગલગલાટની મજેદાર અસર; ગિલિગિલી

ગિલિમ ૧. પું. ગાલીચો.
૨ [કા.] પું. ઘાબળો; કામળી; કામળો.
૩. પું શેતરંજ.

ગિલિયર [હિં.] જિ. ગાળસુ.

ગિલી ૧. [સં. ગેલી] જી. આનંદ.
૨. જી. ગાંઠ; સોન્લે; વેળ.
૩. જી જોડાથી દાણા લઈ લેવામાં આવેલ હોય તેનું કૂંડ
૪. જી. મોર્ય; મોર્યદ્વાની રમતમાં વપરાતો નાનો લાકડાનો ટકડો
૫. [હિં] જી વેત.
૬. જી શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્પર્શવાળા હાથ કે અવયવ અડતાં થતી આનંદની લાગણી; સલીપચી
લુ. જિ. મ.ીનુ

ગિલીદંડો જુઓ ગિલ્લીદડો.

ગિલીમ ૧. [કા.] જી. ગાલીચો; શેતરંજ
૨ જી ઘાબળો.
૩ જી. બરફના ગળનું કપડું ગિલીમ પ્રથમ ઢાન અને તુરાન દેશમાંથી આયાત થતી, પણ અત્યારે પરદેશી કારીગરો રાખી એ ઉદ્યોગ આગ્રા, કનેજપુર અને લાહોરમાં ચાલુ કર્યો હતો

ગિલેબુલ્બર ૧ [કા. ગિલાબુલ્બાર] જિ.તકદીરી.
૨. , કષ્ટ; ગુસ્સે થયેલુ.

ગિલેબુલ્બારી ૧ [કા. ગિલાબુલ્બારી] જી ૧કરાર
૨. , કષ્ટતા; ગુસ્સે હોવાપણુ.

ગિલેમું ગળેલ.

ગિલેસ્પમિશ્રી [પ્રા] જી. ગેરુ.

ગિલ્ટેરિમત જી. અક્ષરમાં વપરાતો એક પદાર્થ.સિમેંટ

ગિલો સ ગુડચી] પુ (હિંદી) એક ઔષધિગણો નામની વનસ્પતિ. જુઓ ગળો.

ગિલોટિન૧. ન. કાગળ એકસરખા કાપવામાં તથા પુસ્તકની કોર એકસરખી કરવા માટે વપરાતુ ૧
૨. ન. ફ્રાન્સમાં ગુનેગારોની કતલ માટે વપરાતું એક યંત્ર. તેમાં તીક્ષ્ણ ધારવાળું એક વજનદાર પાનું હોય છે. તે આંટાવાળા બે ઊભા થાભલાની વચ્ચે નીચે ખાંચિયા ગુનેગારની ગરદન ઉપર તેના વજનથી જ પડી શકાય છે. ઈ સ. ૧૭૯૨માં ડોક્ટર ગિલોટિને આ યંત્રની શોધ કરી તે ઉપરથી તેને ગિલોટિન નામ આપવામાં આવ્યું છે.

ગિલોડી (ગિલોય) ૧. જી. ગરોળા; એક ગેરી જત.
૨ જી. પોલી; ગિલોડીનો વેલો. આ બારમાસી વેલો આઠ કે દસ વર્ષ સુધી રહે છે. તેનાં કળ એ જાડી આંગળ લાંબાં અને અંગૂઠા જેટલાં જાડાં હોય છે. કડવી અને મીઠી એવા ગિલોડીના બે પ્રકાર છે. કડવી ગિલોડી કોઈ ખાતું નથી મીઠી ગિલોડી અપર તથા શીતળ છે અને દાહ, શ્વાસ, કમળો, પિત્તરોગ, રક્તવિકાર, વિષરોગ, ઉપરસ, રક્તપિત્ત તથા તાવનો નાશ કરે. તેનું ફળ મૂત્ર, સ્વાદ, શીતળ, મલરતંભક, સ્તન્યકારક, પેટમાં વાત સંચય કરનાર તથા રુચિપ્રદ છે અને પિત્ત, રક્તદોષ, વાયુ, કફ, મોળે, દાહ તથા ઉપરસનો નાશ કરે છે. તેનાં ફળ ખરજ, પિત્ત તથા કમળાનો નાશ કરનાર મનાય છે. તેનાં મૂળ ધાતુવર્ધક છે અને દાહ પ્રમેહ દાહ, ભ્રાંતિ તથા ઊલટીનો નાશ કરે છે. તેની ત્વચા શીતળ, અપૂર, મારક, તૂરી, પાક કાળે તીખી તથા વાતુલ છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે. કડવી ગિલોડી વાંતિકારક છે અને રક્તવિકાર, કફ તથા પાંડુનો નાશ કરે છે. કડવી ગિલોડીનાં ફળ ગુરુ, કફજ, વાંતિકર તથા વાયુને કોપાવનાર છે અને મોળે, વિષ, પિત્ત, રક્તવિકાર તથા કફનો નાશ કરનાર મનાય છે

ગિલોય [હિં.] જી. એ નામની વનસ્પતિ; મડુચી; ગળો

ગિલોરી જી. એક જાતનું ઝાડ.

ગિલૌરી ૧. જી. તરવારની મૂઠ.
૨. [હિં.] જી. ત્રિકોણાકાર પાનનું બીડું.
૩. જી. બીડી

ગિલૌંદા [હિં.] ન. મહુડાનુ ફૂલ.

ગિલ્દી [હિં.] જી. વિવાહ વખતે સગાઓ વરેજાની એક જાતની ગળી પૂરી.

ગિલ્હર પું હોલડ કે નેપરબડમાં આવતો એક સિક્કો.

ગિલ્ડિંગ [અં.] ન સોનેથી રસવું તે, સોનાનો ઓપ આપવાપણું.

ગિલ્લા જુઓ ગિલા.

ગિલ્લાખોર જિ. બદબોલું કરનાર; નિંદક; નિંદાખોર; ચાડીચૂગલી કરનાર.

ગિલ્લાખોરું જુઓ ગિલ્લાખોર.

ગિલ્લિ ૧. જી. ઊંટનું બચ્ચું
૨. જી. બે બાજુએ ઉપરોલી ડોળી; પાલખી.
૩. જી. હાથીની અંબાડી.

ગિલ્લિયાન જી. બદામ.

ગિલ્લી ૧. જી. ખિસકોલી.
૨. જી ગલી; પોલ; સાંકડી શેરી.
૩. જી. મોર્ય; મોર્યદ્વાની રમતમાં વપરાતો લાકડાનો નાનો ટકડો.
૪. જી. વેળ; ગાયભેંસ કે બીજા કરડને બાંધે આવતો સોન્લે.
૫. જી. શરીરની કુમળી ગાભડી ઉપર ઉતાવળી આંગળીઓ ફેરવવાથી થતો ગલગલાટ; સલીપચી; ગલગલિયાં.

ગિલ્લીદંડો ૧. પું. મોર્ય અને દંડો.
૨. પું. મોર્યદ્વાની રમત. તેના બધા પ્રકાર છે. તેમાં ભગુ, વાઘ, બેન, ખો, નાર, ખાંખ અને વેદ જેવા શબ્દો બાજુતરી માટે વપરાય છે. તે તેલુગુ ભાષાના બોકટી એટલે એક, રેંડુ એટલે બે, મુંડ એટલે ત્રણ, નાલકુ એટલે ચાર, આસે એટલે પાંચ અને વૈદુ એટલે છ એ શબ્દોની જોડે મળતા આવે છે. ખુલ્લા મેદાનમાં તે રમાય છે. રમવાનાં સાધનમાં એક ગિલ્લી અને એક દંડો જોઈએ. ગિલ્લી જેથી બહી ઉંચ જાંબી લાકડાની હોય. કેટલેક ઠેકાણે તેને બદલે ડિંબાકૃતિ નાળના ફળનો ઉપયોગ કરાય છે. દંડો લાકડાનો આશરે એકથી દોઢ ઉંચ જાડો અને એક હાથ લાંબો હોવો જોઈએ. બહી અમર ગળી જમીનમાં ખોદવી. પૈસો વગેરે ઉછાળીને કોણે દાવ આપવો અને કોણે લેવો તે પહેલાં નક્કી કરવું. દાવ લેનારે પહેલાં ગિલ્લીને એવી ઉડાડવી કે સામા પક્ષનો કોઈ તેને અદ્ધરથી ઝીલી ન લે, તેમ એક નકશાની હદમાં પણ ન પડે. આ રીતે ઉડાડેલી ગિલ્લી જો ઝિલાઈ જાય તો રમનારનો વારો પૂરો થાય અને બીજો રમનાર આવે. ન ઝિલાય તો દાવ આપનારે તે ગિલ્લીને બહી તરફ જેવી રીતે ફેંકવી કે તે બહીમાં પડે અથવા દંડાને અડે. જો એમ થાય તો રમનારનો દાવ જાય. તેમ ન થાય તો રમનાર તે લઈને બાજી મારે જો તેનો ટોચ્યો ખાલી જાય તો તેનો વારો પૂરો થાય જો કોઈ ગિલ્લી અદ્ધરથી

કરીને તોપણ ચારો ભાગ જો કિલાવ નહિ અગર ટોલ્લો વાગતાં નીચે પડે તો ભદીથી જોઇએ દૂર પડી હોય તેટલી જગ્યાની બાજુથી એ દડા વળી કરે અને વાટ, સેન, મૂઠ, નાર, આંખ, વૈદ અને જમુ એમ મોટેથી બોલે. એ રીતે સાત દંડા થયા કે એક જમુ થયો ગણાય. જેટલા જમુ થાય તેટલા સામા પક્ષ ઉપર લેખું થાય. વાટ અને સેન થઈ ગયા પછી ગિલ્લી ઉપર જો ટોલ્લો વાગે તો જમુ દડા મારવાનો હક પ્રાપ્ત થાય છે અને જેટલા અંક થાય તેટલા આખા જમુ પ્રતિપક્ષ ઉપર મરે. તે પછી જો ટોલ્લા વાગે તો જેટલા જમુ ચડી ગયા છે. વળી તે પછી ટોલ્લા વાગે તો તેટલા કે ચોવીસ જમુ પણ ચડાવી શકાય અને એ પછી મરણ પ્રમાણે રમી શકાય. દાવ આપનાર ગિલ્લી ગીલી લે, ભદી ઉપર ગિલ્લી પડે, ભદીથી એક દંડાની અંદર ગિલ્લી પડે, ભદી ઉપર રાખેલા દંડાને ગિલ્લી આંટે અથવા હરબાતમાં ભાગ્ય મારતાં અગર પછી કોઈ પણ ટોલ્લો ન વાગે તો દાવ લેનારનો દાવ પૂરો થાય અને બીજો બેકરો દાવ લે. આમ એક પક્ષનો વારો પૂરો થતાં બીજા પક્ષનો વારો આવે. જે પક્ષના જમુ વધારે થાય તે પક્ષ છતો ગણાય. હારનાર પક્ષને દરેક રમનાર દક્ષણીસ ઊઠબેસ કરે અથવા તે દરેકના હાથ ઉપર દંડો મરાવ એવો પણ કેટલેક ઠેકાણે રિવાજ છે. દાવ લેનારનો દાવ બીજી પણ કેટલીક રીતે પૂરો થાય છે. (૧) ગિલ્લી ભદીની નજદીક પડે અને સામા પક્ષનો બેકરો જો 'દશમ મારી' એમ બોલે તથા તે ગિલ્લી ને ભદી વચ્ચેનું અંતર એક જ દશમ મારી ઠેકો ભાગ તો તે રમનાર બાદ થાય. (૨) ટોલ્લો મારતાં દંડો છૂટી જાય અને જો સામા પક્ષનો કોઈ તેને હાથ-ચુંબન કરી લે તો તે રમનાર બાદ થાય. (૩) રમતાં રમતાં ગિલ્લી ખોવાઈ જાય અને રમનારો 'હનરિયા, દુસરી ગિલ્લી મેરા દાવ' એમ બોલે તો બીજી ગિલ્લી લઈને તે રમી શકે, પણ તેવું બોલતાં પહેલાં જો સામા પક્ષનો કોઈ 'દાવ નહિ આપુ' એવું બોલી દે તો રમનાર બાદ થાય. દાવ ગિલ્લીદંડો: આ પ્રકારમાં જમુ રમનારના બે પક્ષ પડે છે. પ્રથમ દાવ લેનાર છોકરો ગિલ્લીને ભદીમા ઊભી મૂકે. તેના ઉપરના છેડા ઉપર જરા દંડો મારીને તેને જરા ઊછાળે અને પછી ટોલ્લો મારી ઊડાડે. પછી ગિલ્લી જ્યાં પડી હોય ત્યાંથી ભદી સુધીનું અંતર કેટલા દંડા થશે તે તેણે મોટેથી અદાજે કહેવું. તે અંતર સામો પક્ષ કબૂલ ન રાખે તો માપી લેવું જોઈએ. એ કહેલા જેટલા અથવા વધારે દંડા થાય તો વારો ચાલુ રહે, પણ જો ઓછા દંડા થાય તો રમનાર બાદ થાય. તેના કહેલા જેટલા અથવા વધારે દંડા થયા હોય તો કહેલા દંડા તેણે કર્યા એમ ગણાય અને બીજો તેમાં વધારો કરે. એમ બધાનો વારો આવે અને દંડા ગણાતા જાય. પછી સામો પક્ષ દાવ લે અને તેના જમુ દંડા ગણાય. જે પક્ષના વધારે દંડા થાય તે પક્ષ છતો ગણાય. આગડૂમકઃ એક તરફ રમનાર એકલો અને બીજી તરફ દાવ આપનાર બધાં એ રીતે આ રમત રમાય છે. પ્રથમ રમનાર છોકરો ભદી પાસે ઊભો રહે. બાકીના ગિલ્લી ગીલવા મારે ચોગ્ય છેટા ઊભા રહે. રમનારને પ્રથમ ગિલ્લી ફોલે છે. જો ગિલ્લાવ તો લેનો વારો પૂરો થાય અને બીજાનો વારો આવે. જો ગિલ્લાવ નહિ તો રમનાર દંડો ગિલ્લીમાં ઊભો રાખે અને દાવ આપનાર ત્યાં ઊભા રહીને દડાને અડે. જો અડે તો રમનારનો વારો ખલ્લ. જો ન અડે તો જ્યાં ગિલ્લી હોય ત્યાં રમનાર કાઈ તેના છેડા ઉપર ટપ્પો મારી ઊંચે ઊછળી તેના ઉપર ટોલ્લો મારે અને ભદીથી એક દડા જેટલે અંતરે દંડો આડો મૂકે. દાવ આપનાર તે ગિલ્લીને કાઈ દંડાને બરાબર અડે. જો અડે તો રમનારનો વારો ખલ્લ. જો ન અડે તો ફરીને ટોલ્લો મારે અને એ રીતે રમત ચાલુ રહે. રમનારો વધારે હોય તો બે પક્ષ પાડીને પણ આ રમત રમાય. આ રમતમાં ગિલ્લી ગીલનારને કોટિયું આપવામાં આવે છે. કોટિયું લેવાની રીત એવી છે કે છોકરો જમણો પગ ઊંચો કરી જમણો હાથ તેની નીચે પૂંઠના ભાગમાં વાળે અને એ હાથમાં દંડો પકડી ગિલ્લીને ઊછાળે. બાકીનું બધું પહેલાની પેઠે જ રમાય.

ગિલ્લેબાર ન. એક જાતનું પક્ષી: નાનું બાજ પક્ષી.

ગિલ્લો ૧. પું. કલંક; અપમાન; નામોશી
૨. પું. કોઈની આબરૂ ખલ્લ એવી વાત ફેલાવવી તે, નિંદા
૩. પું. તહોમત; આળ; આક્ષેપ.
૪. પું. ચુમાટો; રોડ.
૫. સ્ત્રી. ખિસકોલી

ગિલ્લ ૧. [સં.] પું. ગામનેદનું ગાન કરનાર બ્રાહ્મણ
૨. વિ. ગાનાર; ગાન કરનાર.

ગિલ્લાં ન. ઘૂંસર; જોકણ.

ગિલ્લોડાં (ગિલોડાં) ન. બ. વ. તુરિયા.

ગિલ્લ ૧. સ્ત્રી. ચોકી; પહેરો.
૨. સ્ત્રી. લુંટારાઓને પકડવા જનાર હોજ.
૩. [સં.] વિ. નમ્રતા; હોશટ; નિષ્ઠા.

ગિલ્લું વિ. પેલું; ગાંડું; બેવકૂફ.

ગિલ્લાઈ [હિં.] સ્ત્રી. એક જાતનું જંતુ.

ગિલ્લરી [હિં.] સ્ત્રી. ઉંદરોની

ગિલ્લર પું. ઊભતા અનાજને નાશકારક એક જંતુ.

ગિલ્લુ પું. મોદ; કુલનો દડો.

ગિલ્લોલ (ગિલોલ) [હિં.] પું. વિવાહ વખતે સગાંમાં વહેંચાતી સાકરની પૂરી.

ગી [હિં.] ૧. સ્ત્રી. વાણી; સિરા; બોલવાની શક્તિ.
૨. સ્ત્રી. સરસ્વતી; વાણીની અધિષ્ઠાતા દેવી.
૩. ન. કારસી ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય, જેમકે, બંદગી, માફગી, તાબેગી, બાનગી.

ગીઅર [અં.] ન. દાંતવાળું પૈડું; દાંતાચક્ર. આ એક યાંત્રિક યુક્તિ છે. તેની જોડ બરાબર ગતિમાપી બળ મેળવી શકાય છે અથવા તો બળમાપી જોડ બરાબર ગતિ મેળવી શકાય છે.

ગીગલાવવું ૧. સ. ક્રિ. ખુશ કરવું.
૨. સ. ક્રિ. ગલગલિયાં કરવાં.
૩. સ. ક્રિ. બાળકને હાથ ચલાવવું.
૪. સ. ક્રિ. મૂંઝવવું; અકળાવવું.

ગીગલાવું ૧. સ. ક્રિ. કિલકારી કરીને કિલકવું; ખુશ થવું.
૨. સ. ક્રિ. મલકવું; મલકાવું.

ગીગલી ૧. સ્ત્રી. દીકરી.
૨. સ્ત્રી. નાની છોકરી.

ગીગલું ૧. ન. છોકરું.
૨. વિ. નાનું; અલ્પપ્રમાણ.

ગીગલો ૧. પું. દીકરો.
૨. પું. નાનો છોકરો.

ગીગળા ૧. સ્ત્રી. એ નામની રબારીની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગીગિયા ૧. સ્ત્રી. એ નામની દેવની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગીગી ૧ સ્ત્રી. અલ્પપ્રમાણ બી
૨. સ્ત્રી. દીકરી.
૩. સ્ત્રી. નાની બાળકી; છોકરી; બચી; દીકરી.

ગીગો ૧. પું. દીકરો.

૨. પું. નાનો ઝોકારો; ઠીકો; ગમો.

ગીચ વિ. પાસે પાસે આવી રહેલું; સંકડાઈ રહેલું; ભીડવાળું; ગરીવાળું; ભરચક; ભરપૂર.

ગીચી ૧. સ્ત્રી. બહુડી; રમતમાં કરાતી ખોટી મુક્તિ અથવા ખૂટાડવું.

૨. સ્ત્રી. ખોચી, ઉડપચી.

ગીચોગીચ વિ. ખીચોખીચ; ભરચક; સજાસજ્જ; ખૂબ ભરાયેલું; છેક પાસે આવી રહેલું.

ગીજરો પું. મકાનમાં મોતિયા કે પાનપટી નીચે રાખવાનું લાકડાનું ચોસલું

ગીટચ સ્ત્રી. રેશમ વગરની એક જાતની જાડી કિનારપટ્ટ.

ગીટર ન. એક જાતનું વાયોલિનને મળતું ૭ તારવાળું તતુવાદ્ય; સરોદ. તે કચ્છપી વીણા ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે.

ગીડી [હિં.] સ્ત્રી. સગડી.

ગીત (ગીઃ) ૧. સ્ત્રી. એ નામની રબારીની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગીતગીતતાન (ગીતગીતતાન) ન. નશાની પૂરી પડી રહી હોય તેવી સ્થિતિ; આનંદમગ્ન.

ગીતડ (ગીડ) વિ. ઘાટું; ગાઢ.

ગીતડી (ગીડી) ૧. સ્ત્રી. પાસા વડે રમાતી જુગારની એક જાતની રમત.

૨. સ્ત્રી. સાંકડ; ગિરદી; ભીડ; વધારે પડતો માણસોનો ભરાવ.

ગીતડો (ગીડો) પું. બળિયામાં ખાંસાના ભાગમાં આવતી પટ્ટી.

ગીતડોકડી (ગીડોકડી) ન. એક જાતનું ચામડિયું.

ગીતણી સ્ત્રી. એક જાતની ઘેંસ.

ગીતગોપા ૧ સ્ત્રી કેળિયા કચ્છીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગીત ૧. [સં. ગૈ (ગાનુ)] ન. ગાયન; કવિતા; ધોળ; ગરબી; ગાયું. સંસ્કૃત કે પ્રાકૃત જે કાર્ય સ્વર, તાલ, ગ્રામભેદ, રાગ અને રાગનાં અંગોવાળું હોય તેને ગીત કહે છે. ગીત એટલે સાહિત્યની પૂર્ણ અર્થભાવનાવાળી શબ્દમય રચનાને સુમધુર નાદ દ્વારા વ્યક્ત કરી વિસ્તાર કરી બતાવવું તે. ધર્મ અથવા કોઈ ખુશાલીના પ્રસંગે જેનાં જે ગાન છે તે ગીત કહેવાય છે. નવરાત્રિમાં અથવા માતા તરે તે પ્રસંગે અથવા બીજે પ્રસંગે તાળી પાડીને જોળ ફરતાં જે ગાન છે તે ગરબો કહેવાય છે. ગરબામાં તાળી પાડીને ફરવાનું હોય છે, પણ ગીતમાં હોતું નથી. ગરબાને ગીત કહી શકાય, પણ ગીતને ગરબો ન કહેવાય. ગીતના બે ભેદ છે: વંશ અને ગાત્ર. વેણુ અને વીણાથી ઉત્પન્ન થતું ગીત વંશ અને મુખથી ઉત્પન્ન થતું ગીત તે ગાત્ર. દેશનું સાહિત્ય, તેમાં પ્રચલિત ગીત, તેની લોકોક્તિઓ તથા વાતો એ દેશમાં વસતા લોકોની તે સમયની સામાજિક, માનસિક અને આચારવિષયક સ્થિતિનું દિગ્દર્શન કરાવે છે. ગીતના અનેક પ્રકાર છે. જેમકે, ધ્રુપદ, ખ્યાલ, ટપ્પો, હોરી, ઠુમરી, તરાના, પ્રબંધ, છંદ.

૨. ન. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

૩. વિ. ગાયેલું; સ્તુતિ કરેલું

ગીતક ૧. પું. (પિંગળ) દસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સકુતા. તેના દરેક ચરણમાં ગણ, બે જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે

૨. પું (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મુનિશેખર. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ એમ બાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અને બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૩. ન. ગીત; નાનું ગીત; ગાયન

ગીતકથા સ્ત્રી. ગીતમાં ગવાયેલી લોકવાર્તા; ગેયકથા

ગીતકવિ [સં.] પું. ગાયનનો શોખીન કે ગાનાર કવિ.

ગીતકવિતા [સં.] સ્ત્રી. સંગીત કાવ્ય; ગાયન કવિતા; કવિતાની ગદ્ય જાત અંદેની એક; ' લિરિક.' આવી કવિતાઓ અદ્વિક, સાદિક કે બ્રહ્મીઓ દ્વારા સીમાં, જયદેવે સંસ્કૃતમાં, કબીર કે સુરદાસે વ્રજ ભાષામાં, નરસિંહ, મીરાંબાઈ, શામળ, દયારામ અને નર્મદાશંકરે ગુજરાતીમાં લખી છે

ગીતકવિતાનું સ્વરૂપકાવ્ય જુઓ ગીતકવિતા.

ગીતકા પું. (પિંગળ) ચોગણીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ભૈરવી. તેના દરેક ચરણમાં નગણ, યગણ, ત્રણ રગણ, યગણ અને ગુરુ મળી ચોગણીસ અક્ષર હોય છે. દરમે અક્ષરે વિસામો આવે છે.

ગીતકાર [સં.] પું. ગાનારો માણસ.

ગીતકાવ્ય [સં.] ન. કાવ્યના ગુણવાળું ગીત; ગીતકવિતા.

ગીતગાન [સં.] ન. ગાયનની કળા; ચોસઠ કાંઠેનું એક વિજ્ઞાન.

ગીતગોવિંદ [સં.] ન. જયદેવ કવિનું બનાવેલું રાધાકૃષ્ણના વિહાર વગેરેના વર્ણનનું એક સંસ્કૃત સંગીતકાવ્ય. તે બારમી અથવા તેરમી સદીમાં લખાયેલું મનાય છે. કવિએ આમાં કોમળ છંદમાં ઉત્તમ શબ્દવિન્યાસની પૂર્ણતા બતાવી છે. પોતાની અનુપમ કાવ્યશક્તિથી અનુપ્રાસ અને લયોના ઉપયોગથી તેમણે કવિતાને વધુ જ મધુર અને ભાવોત્તેજક બનાવી છે. આને ભિન્ન ભિન્ન રાગમાં ગાવું શક્ય છે.

ગીતગોવિંદકાર પું. એક દેશનો કવિરાજ જયદેવ. તેણે ગીતગોવિંદ નામનું જેય કાવ્ય બનાવ્યું છે.

ગીતજ્ઞા સ્ત્રી. એ નામની એક અપ્સરા.

ગીતટહુકો પું. ગાવાનો ટૂંકો મધુર અવાજ.

ગીતડું (ગીતડું) ન. ગીત; ગાયન; ગાવું; ગવાય એવી કવિતા.

ગીતધ્વનિ [સં.] પું. ગાયનનો અવાજ.

ગીતનૃત્ય [સં.] ન. ગાવું અને નાચવું તે.

ગીતપ્રિય ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. વિ. ગીત જેને વહાલું હોય એવું.

ગીતપ્રિયા [સં] સ્ત્રી. એ નામે પ્રતિભાની એક માતૃકા દેવી

ગીતભર્યું વિ. શબ્દરસથી ભરપૂર.

ગીતમાળા સ્ત્રી. ગીતનો સમૂહ.

ગીતમૂર્છા [સં. ગીતમૂર્ચ્છા] પું. ગાંધર્વ નામના અંતર દેવના બાર કાંઠેનો એક પ્રકાર. ગાંધર્વના બાર પ્રકાર: હાહા, હૂહૂ, તુમ્બરવ, નારદ, અધિવાહિક, જનવાદિક, ભદ્રક, મહાભદ્રક, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ

ગીતયશેંદ્ર પું. ગાંધર્વ નિકાયની ઉત્તર દિશાના ઇંદ્રનું નામ.

ગીતરતિ ૧. પું. ગાંધર્વસેનાનો અધિપતિ દેવ.

૨. પું. ગાંધર્વ નામના અંતર દેવના બાર કાંઠેનો એક પ્રકાર.

૩. પું. દક્ષિણ તરફના ગંધર્વ દેવતાનો ઇંદ્ર.

૪. સ્ત્રી. સંગીત અને ક્રીડા.

ગીતરતીંદ્ર પું. ગાંધર્વ નિકાયની દક્ષિણ દિશાના ઇંદ્રનું નામ.

ગીતલહરી સ્ત્રી. કાવ્ય; કવિતા.

ગીતવાદ્ય ન. ગાયન સાથે વગાડવાનું.

ગીતવિદ્યા સ્ત્રી. ગાયન સંબંધી કલા. ગીતનું બંધારણ નાદ ઉપર છે તે નાદના આહત અને

અનાહત એવા બે ભેદ છે. મૂળ સ્વર, તેના ચેહા સ્વર, શ્રુતિની ઉત્પત્તિ, સ્વરોનો પરસ્પર સંબંધ, ગ્રામ, મૂર્છના, ક્રમ, જાતિ, તાન, મેળ, રાગ, વર્ણાલંકાર, ગમકાલંકાર, સ્થાનાલંકાર, રાગ, આલાપ અને ગાયન તેમનાં સ્વરૂપ અને સંબંધનો વિચાર ગીતવિદ્યામાં કરવામાં આવે છે.

ગીતસ્મૃતિ સ્ત્રી. ગાયનવિદ્યાના ત્રણેય ખંડ સ્વર.

ગીતસંગ્રહ ૧. પું. ગાયનનો સંગ્રહ.

૨. પું. જેમાં ગાયનનો સંગ્રહ હોય એવું પુસ્તક.

ગીતા ૧. પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ; સિંહ.

૨. પું. (પિંગળ) બીસ અક્ષરનો એક વૃત્તાક્ષરમેળ છંદ; ગીતિકા. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, જગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી બીસ અક્ષર હોય છે.

૩. સ્ત્રી. ગુરુશિષ્યની કલ્પનાથી રચેલ, જેમાં જ્ઞાનબોધ હોય એવું સંવાદરૂપ કવિતાનું પુસ્તક.

૪. સ્ત્રી. જ્ઞાનમય ઉપદેશ.

૫. સ્ત્રી. તત્ત્વજ્ઞાન સંબંધી હરકોઈ ગ્રંથ. ગીતા એ શબ્દ સાતસો શ્લોકવાળી ભગવદ્ગીતાને લાગુ પાડવા ઉપરાંત કેટલાક અર્થમાં તત્ત્વજ્ઞાન ઉપરના અનેક ગ્રંથોને લાગુ પાડવામાં આવેલો જોવામાં આવે છે. દાખલા તરીકે, મહાભારતમાં શાંતિપર્વમાં આવેલા મોક્ષપર્વમાં કેટલાક પરચૂરણ પ્રકરણ પિંગલગીતા, કપોતગીતા, મંકિગીતા, મોક્ષગીતા, વિષ્ણુગીતા, હારિતગીતા, વૃત્રગીતા, પરાશરગીતા અને હંસગીતા એવાં નામથી ઓળખાય છે. અશ્વમેધ પર્વમાં અનુગીતાના એક ભાગને બ્રાહ્મણગીતા એવી નિરાળી સંજ્ઞા આપવામાં આવી છે. આ સિવાય અવધૂતગીતા, અષ્ટાવક્રગીતા, ઈશ્વરગીતા, ઉત્તરગીતા, કપિલગીતા, ગણેશગીતા, દેવીગીતા, પાંડવગીતા, બ્રહ્મગીતા, ભિક્ષુગીતા, યમગીતા, રામગીતા, વ્યાસગીતા, શિવગીતા, સૂતગીતા, સૂર્યગીતા વગેરે એવી બીજી પણ અનેક ગીતા પ્રસિદ્ધ છે. આમાંની કેટલીક સ્વતંત્ર નિરૂપણરૂપ છે અને બહોળી નિર્ણનિરાળાં પુરાણોમાં આવેલી છે. આમ અનેક ગીતા હોવા છતાં નીચેની ચોદ ગીતા પ્રસિદ્ધ મનાય છે: ગણેશગીતા, શિવગીતા, રામગીતા, અવધૂતગીતા, ભગવદ્ગીતા, પાંડવગીતા, ગુરુગીતા, સૂર્યગીતા, ઉત્તરગીતા, બ્રહ્મગીતા, હંસગીતા, યમગીતા, નિરંજનગીતા અને કપિલગીતા.

૬. સ્ત્રી. નાનું ગીત.

૭. સ્ત્રી. વૃત્તાંત; કથા; હેવાલ.

૮. સ્ત્રી. શ્રીમદ્ ભગવદ્ગીતા. ભગવદ્ગીતા ઉપનિષદનું ગીતા સંક્ષિપ્ત નામ છે. ઉપનિષદ શબ્દ સંસ્કૃતમાં સ્ત્રીલિંગી છે, જ્યારે ગુજરાતી અને મરાઠી ભાષામાં એ શબ્દ નપુંસકલિંગમાં વપરાય છે. એ શબ્દ સ્ત્રીલિંગનો હોવાથી શ્રી ભગવાને ગાયેલી એટલે ઉપરોક્ત, કહેલી ઉપનિષદ એ અર્થમાં સંસ્કૃત ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષત્ એવો વિશેષણ વિશેષ્યરૂપ સ્ત્રીલિંગમાં પ્રયોગ થાય છે. આ ગ્રંથ જોકે એક જ છે તોપણ સન્માનના અર્થમાં બહુવચનમાં તે ગ્રંથનો નિર્દેશ કરવાની પદ્ધતિ હોવાથી દરેક અધ્યાયના અંતમાં શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ એવો સપ્તમી વિભક્તિમાં બહુવચનમાં પ્રયોગ થયેલો છે. આચાર્યોના ભાષ્યોમાં પણ જે જ પ્રમાણે પ્રતિ ગીતાનું એવો આ ગ્રંથને ઉદ્દેશીને બહુવચનમાં જ પ્રયોગ જોવામાં આવે છે. પછી આ ગ્રંથનું ટૂંકું નામ આપવાને વખતે કેન, કઠ, છાંદોગ્ય વગેરે નામમાં જેમ ઉપનિષદ શબ્દ કાઢી નાખીને એકલાં નામ રહેલાં જોવામાં આવે છે, તેમ 'શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષત્' એ ઓળખાણમાં તે પદના પ્રથમાન્તનો લોપ કરી પહેલે 'ભગવદ્ગીતા' અને છેવટે માત્ર 'ગીતા' એવો સ્ત્રીલિંગી વાક્યાવયરૂપ અતિ ટૂંકો પ્રયોગ થયેલો છે. ગીતા શબ્દ મૈ એટલે ગાવું ધાતુ ઉપરથી કર્મણિ ભૂતકૃદંતનું સ્ત્રીલિંગ રૂપ છે. તેનો અર્થ ગવાયેલી એવો થાય છે. વિશેષ્ય અને વિશેષ્ય વચ્ચે સમાન લિંગ, વિભક્તિ અને વચન હોવાં જોઈએ તેથી ગીતા ઉપનિષદ એ પ્રયોગ શુદ્ધ છે. ઉપનિષત્ શબ્દ મૂળથી જ ન હોત તો ભાગવતમ્, ભારતમ્, ગોપીગીતમ્, આ શબ્દો પ્રમાણે આ ગ્રંથનું નામ પણ ભગવદ્ગીતમ્ અથવા માત્ર ગીતમ્ એવું નપુંસકલિંગી જ હોત; તેમ ન થતાં ભગવદ્ગીતા અથવા ગીતા એવું સ્ત્રીલિંગ નામ જે પ્રચલિત થયું છે તે ઉપરથી ગીતા એ શબ્દ પછી ઉપનિષત્ શબ્દ હમેશા અધ્યાહાર રહે છે. લગભગ ૭૦૦ શ્લોક પૂરતો અઢારાત્મક ગ્રંથ છે, જેમાં ૧૮ મુખ્ય પર્વ છે; તેમાંના બધા લઘુ પર્વના ૨૫ થી ૪૨ શ્લોકના ૧૮ અધ્યાય એટલે ૭૪૫ શ્લોકનું આ નાનકડું પ્રકરણ છે. તેમાં શ્રીકૃષ્ણ અથવા કેશવના કહેલા ૬૨૦, અર્જુનના ૫૭, સંજયના ૬૭ અને ધૃતરાષ્ટ્રનો ૧ શ્લોક મળી કુલ ૭૪૫ ગીતાનું ગાન કે માપ કહ્યું છે. તેમાંથી હાલ માત્ર ૭૦૦ શ્લોક જ મળે છે. પાંડવકૌરવ વચ્ચેના યુદ્ધની શરૂઆત પહેલાં અર્જુનને મોહ આવ્યો, ત્યારે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવી, સર્વે ઉપનિષદયુક્ત વેદશાસ્ત્રના સારરૂપ આ ગીતાશાસ્ત્ર કહી સમજાવ્યું હતું. અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાન વચ્ચેની આ સંવાદાત્મક આખ્યાયિકા છે એના ૭૦ અધ્યાયના મુખ્યાને ષટ્ક કહે છે. ગીતામાં એવા ત્રણ ષટ્ક છે. પ્રથમ છ અધ્યાયના ષટ્કમાં કર્મકાંડનું, બીજામાં ભગવદ્ભક્તિનું અને ત્રીજામાં જ્ઞાનનું વર્ણન કરવામાં આવ્યું છે. આખા આર્યધર્મનું મૂળ વેદ છે અને તે વેદના કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણ વિભાગમાનો જે જ્ઞાનકાંડ તે અંતિમ દશારૂપ હોઈ ત્રીજો જે કાંડનો નિષ્કામ છે. એ જ્ઞાનનો જેમાં સંગ્રહ છે તેવા ઉપનિષદ્ગત જ્ઞાનને શ્રીવ્યાસજીએ ગીતામાં સર્વાંશે સમજી રૂપટ કરેલ છે. એક એ શબ્દબ્રહ્મમાંથી બધી અપરા વિદ્યા વિસ્તરી છે. જેમકે, ઋક્ આથી ઋગ્વેદ, તેમાંથી ઋગ્વેદી, તેમાંથી વેદ, તેમાંથી ઉપનિષદ અને તેમાંથી ગીતા બ્રહ્મસૂત્ર આદિ. ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતા એ પ્રસ્થાનત્રયનો સમન્વય સાધીને તેમાંથી જ શંકર, રામાનુજ, વલ્લભ, મધ્વ આદિ આચાર્યોએ પોતપોતાના મત પ્રવર્તાવ્યા છે. ગીતા એ આખા ધર્મગ્રંથોમાં એક અત્યંત તેજસ્વી અને નિર્મળ રત્ન છે. હિંદુસ્તાનના ભોળપૂર્ણ આત્મવિદ્યાનાં ગૂઢ અને પવિત્ર તત્ત્વોને, બોજામાં પણ સહેજ ન રહે તેવી રીતે કહી, તેના આધારથી મનુષ્યમાત્રને પોતાની આધ્યાત્મિક પૂર્ણ અવસ્થા એટલે પરમ પુરુષાર્થનું જ્ઞાન કરાવી આપનાર અને તેની સાથે જ શક્તિનો જ્ઞાન જોડે અને આખરે તે બંનેનો સહજથી પ્રાપ્ત થતા અવતાર લેવા સુંદર અને સાદી રીતે સાંકળેલો યોગ કરાવી સંસારથી ભમી ગયેલ મનને શાંત અને વિશેષે કરીને નિષ્કામ કર્તવ્યના આચરણમાં પ્રવૃત્ત કરનાર છતાં આકાશથી પણ સમજી શકાય તેવો, એના જેવો બીજો ગ્રંથ માત્ર સંસ્કૃતમાં જ શું, પણ જગતના કોઈ પણ વાઙ્મયમાં જણવો મુશ્કેલ છે. વેદ પણ બ્રહ્મને પ્રેરણા અર્થ તે મુજબ તેના મુખમાંથી નીકળ્યા, જ્યારે સ્મૃતિઓ તો તેના અર્થ સ્મરણ કરી ઋષિઓએ કહી જેવાં લાગે છે, પણ ગીતાજી તો જેની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ્યા તે પદ્મનાભના સાક્ષાત્ શ્રીમુખથી નીકળેલ છે એટલે તેની પ્રેરકતા તે રીતે પણ અતિ વિશેષ છે. શ્રીભગવાન પોતે પણ ગીતાનું માહાત્મ્ય દર્શાવતાં કહે છે કે, ગીતા તો મારું હૃદય છે, હું ગીતાને આધારે રહ્યો છું, ગીતા એ મારું ઉત્તમ મંદિર છે અને ગીતાના જ્ઞાનનો આશ્રય કરીને જગતનું હું પાલન કરું છું. ગીતા એ ચારી પ્રકરણ વિદ્યા છે, બ્રહ્મસ્વરૂપ છે, ૐકારના ૩ એટલે ત્રણ પ્રકારરૂપ અર્ધમાત્રાવાળી છે, અવિનાશી છે અને ગૂઢ અર્થથી ભરેલાં પદોવાળી છે એમાં સંશય નથી. તત્ત્વજ્ઞાનમાં મસ્ત બની સન્યાસી થવું સારું કે કર્મમયવાળી અવધૂતી રાજયોગ ધર્મોમાં

પડીને રાજનીતિમાં તરીકે પંકાવું તે સારું, તેનો ઑરિસ્ટોટલે કરેલો નિર્ણય પણ ગીતામાં છે. મનુષ્ય જે કાંઈ પાપ કરે છે તે અજ્ઞાનને જ આભારી છે એવો જે સૉક્રેટીસનો મત છે, તેનો પણ ગીતામાં સમાવેશ થયેલ છે. પરમ જ્ઞાનીની દશાએ પહોંચેલા પુરુષનું વર્તન સર્વને માટે પ્રમાણભૂત હોય છે એવો ઍપીક્યુરિયન અને સ્ટોઇક પંથોના ગ્રીક પંડિતોનો મત પણ ગીતાને માન્ય છે. દરેક મનુષ્યે આત્મજ્યોતિના ક્ષેમ માટે મમ લેવો જ જોઇએ, એવી મિલ, સ્પેન્સર વગરે આધિભૌતિકવાદીઓની જે નીતિ છે, તેનો યે ગીતામાં યોગ્ય રીતે સમાવેશ થયો છે. કેન્ટ ને ગ્રીન જેવા નીતિજ્ઞોના ઇચ્છાસ્વાતંત્ર્યના સિદ્ધાંતો પણ ગીતામાં આવેલા છે. વાસનાનો ક્ષય કરવો એ જ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે એવો શોપનહૉરનો સિદ્ધાંત પણ ગીતાને માન્ય છે અને વાસનાની નિષ્ક્રિયતા તેમ જ સદાચાર કે નીતિનું મૂળ છે એવી ગ્રીકસનની માન્યતાનું યે ગીતામાં પ્રતિપાદન થયલું છે. ગીતામાં કર્મયોગીને કર્મ, જ્ઞાનમાર્ગીને જ્ઞાન, ભક્તને ભક્તિ, અદ્વૈતવાદીને અદ્વૈતભાવ, દ્વૈતવાદીને દ્વૈતભાવ, પ્રવૃત્તિપરાયણને પ્રવૃત્તિ, નિવૃત્તપરાયણને નિવૃત્તિ, સંસારીને આચાર, રાજનીતિજ્ઞને રાજનીતિ અને દેશભક્તને દેશભક્તિ દૃષ્ટિગોચર થાય છે, પણ વાસ્તવિક રીતે તો ગીતાની રસેરસમાં સમત્વ સિદ્ધાંત ભાનુ અતુ પ્રધાન તત્ત્વ જાગ્યે જ જાય છે. જેમકે, (૧) સુખદુઃખે સમ માણસ પાત્ર છે. (૨) લાભાલાભે, જયાજયે સમાન ભાવ નથી. (૩) સિદ્ધઅસિદ્ધમાં સમ જોઈએ જ ખરા. (૪) શુભાશુભમાં સમને સ્થિતપ્રજ્ઞ કહે છે. (૫) સિદ્ધઅસિદ્ધમાં સમને ભજન નથી. (૬) જ્ઞાન ને યોગ જેને સમ છે એ જ દ્રષ્ટા છે. (૭) સર્વને સમ જનારા જેવાતા નથી. (૮) પંડિતો બ્રાહ્મણ ગાય હાથ આદિમાં સમદર્શી છે. (૯) પ્રિયઅપ્રિયમાં સમ ભક્તમન થાય છે. (૧૦) સમલોષ્ટાશ્મકાંચન યોગી કહેવાય છે. (૧૧) સુહૃદ, અરિ, સજ્જન ને પાપીમાં સમબુદ્ધિ રાખનાર શ્રેષ્ઠ છે. (૧૨) સમદર્શી પરમ યોગી છે. (૧૩) સમબુદ્ધિ પ્રભુને પામે છે. (૧૪) સુખદુઃખે, હર્ષશોકે, શુભાશુભ અને માનાપમાન સમ એ જ પ્રિય ભક્ત છે. (૧૫) ૪૬ અધ્યાયમાં સમચિત્ત એ જ્ઞાન છે. (૧૬) ઈશ્વરને સમજનાર પરમ શુદ્ધિને પામે છે. (૧૭) પ્રકૃતિભાવે જે સમજાતા તે બધા પામે છે. (૧૮) સમલોષ્ટાશ્મકાંચન ગુણાતીત છે. (૧૯) પ્રિયઅપ્રિયે, માનાપમાને અને મિત્રઅરિમા સમ તે ગુણાતીત છે. (૨૦) સર્વભૂતે સમભાવ એ જ સાત્ત્વિક જ્ઞાન છે. (૨૧) સિદ્ધિઅસિદ્ધિમાં સમને સાત્ત્વિક કર્તા કહે છે. (૨૨) પ્રકૃતિનિવૃત્તિમાં સમ એ જ સાત્ત્વિક બુદ્ધિ છે. (૨૩) સર્વભૂતે સમ પરમ ગતિ પામે છે. તાત્પર્ય કે ગીતામાં મોક્ષ, યોગ, સ્થિતપ્રજ્ઞ, મુક્ત, દ્રષ્ટા, નિર્લેપ, સમદર્શી, ભક્તમન, યોગી, ભક્ત, પરમ યોગી, ત્રિગુણ ભક્ત, જ્ઞાન, પરમબુદ્ધિ, બ્રહ્મપ્રાપ્તિ, શુભાતીત, સાત્ત્વિક જ્ઞાન, સાત્ત્વિક કર્તા, સાત્ત્વિક બુદ્ધિ અને પરમ ભક્તિ આદિની વિવિધ વ્યાખ્યાઓ અલગ અલગ જુદેજુદે પ્રસંગે તેનું લક્ષણ તરીકે માત્ર એક સમત્વને જ પ્રધાનપદ આપવામાં આવ્યું છે, તે ગીતાકારના જ શબ્દોનું પ્રત્યક્ષ પ્રમાણ છે. વિક્ષિપ્ત ચિત્તનું સમાધિકરણ કરીને તેમની અંદર જે અભેદ છે, તે પ્રતિ અભ્યાસકોનું આકર્ષણ કરાવવા માટે ગીતાસાહિત્ય ઉત્પન્ન થયેલું છે. બાકી તો ગીતાના ઉપદેશ અનુસાર આચરણ કરીને જ 'ગીતા સુગીતા' પરિણમે. ગીતા એ એક શાશ્વત આત્મશિક્ષા છે. તેનો ઉદ્દેશ તો આપણા હૃદયના અંદર દીવો કરીને તે હૃદય આપણી પાસે તપાસાવવાનો છે.

સૌ ઉપનિષદો ગાયો દોહનારા નંદનંદન,
પાર્થ વત્સ, સુધી ભોક્તા, દુગ્ધ ગીતા અમી સમ
ગીતા માહાત્મ્ય

હિંદુસ્તાનની સર્વ પ્રાકૃત ભાષા ઉપરાંત અરબી પારસીમાં આ ગ્રંથના અનેક ભાષાંતર, તેના ઉપર અનેક ટીકા અને તેનાં અનેક નિરૂપણ થયાં છે. જ્યારે સરકૃતિનો ઉદય થયો તે પછી ગ્રીક, લૅટિન, જર્મન, ફ્રેંચ, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ ગીતાનાં અનેક ભાષાંતર થયાં છે. ભારતીય યુદ્ધને આરંભે શ્રીકૃષ્ણે અર્જુનને જે ગીતા ઉપદેશેલી છે તેનો પછી લોકમાં કેવી રીતે ફેલાવો થયો તેની પરંપરા હાલના મહાભારતમાં જેવી રીતે વર્ણવેલી છે કે, યુદ્ધને આરંભે વ્યાસ ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને તેને કહ્યું કે યુદ્ધ જોવાની તારી ઇચ્છા હોય તો હું તને દિવ્યચક્ષુ આપું. પરંતુ મારા કુળનો ક્ષય થતો જોવાની મારી ઇચ્છા નથી એવો ધૃતરાષ્ટ્રે જવાબ આપ્યો ત્યારે વ્યાસે સંજય નામના સૂત જે ત્યાં હતા તેને ત્યાં ને ત્યાં જ બેઠાં બેઠાં જ બધું પ્રત્યક્ષ જ્ઞાન થાય એવી દિવ્યદૃષ્ટિ આપી અને તેણે ધૃતરાષ્ટ્રને બધી યુદ્ધની હકીકત કહેવી એવી વ્યવસ્થા કરી વ્યાસજી ત્યાંથી ચાલ્યા ગયા. પછી આ વ્યવસ્થા પ્રમાણે યુદ્ધમાં ભીષ્મ પડ્યા ત્યારે તેની ખબર આપવા પહેલાં સંજય તેમની પાસે ગયા. ત્યારે ભીષ્મ માટે શોક કરી યુદ્ધની સર્વ હકીકત કહેવાને ધૃતરાષ્ટ્રે સંજયને આજ્ઞા કરી. સંજયે પહેલા બધા પક્ષના સૈન્યનું વર્ણન કર્યું અને પછી ધૃતરાષ્ટ્રના પ્રશ્ન ઉપરથી ગીતા કહેવાની શરૂઆત કરી. તે જ હકીકત પછીથી વ્યાસે પોતાના શિષ્યોને, તે શિષ્યો સંહેના વૈશંપાયને જનમેજયને અને ઉગ્રશ્રવા સૂતે શૌનકને કહેવી છે. ગીતા અનુષ્ટુપ અને આર્યવૃત્તિક છંદમાંનું સાધન છે. મનુષ્યમાત્ર એનો અધિકારી છે. કર્મયોગ એનો પ્રતિપાદ્ય વિષય છે. ગીતા એટલે આત્મજ્ઞાનપૂર્વક અનાસક્તભાવે નિષ્કામ કરવા પ્રેરનારું દૈવી ગીત. પરમકામાના અમૃતરસ વાચકોની એ સંહિતા છે. મનન વાચકોનો એ સમૂહ છે. એ પરમ કવિનું પરમ જીવનકાવ્ય છે. આ ગ્રંથ ભગવાનના મુખકમળમાંથી સરેલાં વાક્યોનો સમૂહ છે. ગીતાની અંદર સાંખ્ય અને વેદાંતનો સંન્યાસ, પાંચ રાત્રનો કર્મયોગ, દિવી સંતોનો ભક્તિયોગ અને પતંજલિનો જ્ઞાનયોગ એ બધાનો સમાવેશ થયેલો જોવામાં આવે છે. શંકર આખી ગીતાને સંન્યાસ પ્રતિપાદન કરતી બતાવે છે, જ્યારે તિલક કર્મયોગ પ્રતિપાદન કરતી બતાવે છે, શંકર ભાષ્યપૂર્વક કહે છે કે કર્મ ચિત્તશુદ્ધિ માટે જ ઉપયોગનું છે. માત્ર સંન્યાસથી મેળવી શકાતા મોક્ષ અલ્પ પછી જ તે છોડી દેવા યોગ્ય છે. વિશિષ્ટાદ્વૈત અને ભક્તિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે રામાનુજ ગીતાનો જુદી જ રીતે અર્થ કરે છે. પોતાના દ્વૈત સિદ્ધાંત પ્રમાણે માધ્વ વળી બીજી જ રીતે સમજાવે છે. વલ્લભ કૃષ્ણે યે અર્જુન જેવું જીવકૃષ્ણની ભક્તિરૂપે દુનિયાના સુખનો ઉપદેશ કરે છે. પણ ગીતા એ બધાનો મધ્યમ માર્ગ સૂચવે છે. નૈતિક તત્ત્વવિદ્યા એનું પ્રતિપાદન કરે છે કે નૈતિક કર્તવ્યનો પાયો એવો હોવો જોઈએ કે જેથી મોટામાં મોટી સંખ્યાનું વધારેમાં વધારે ભલું થાય. તિલક એમ દલીલ કરે છે કે ગીતાના કહેવા પ્રમાણે આખી દુનિયામાં પ્રસરી રહેલા પાપના સિદ્ધાંત ઉપર જ નીતિનો આધાર રહેલો છે. અત્યંતોપમ અથવા ભીન્ન તરફથી જેવી વર્તણૂક તમે ઇચ્છો તેવી જ રીતે તમારે બીજાઓ તરફ વર્તવું જોઇએ.

ગી. સ્ત્રી. (સંગીત) સકીર્ણ રાગનો એક ભેદ.

ગી૦ સ્ત્રી. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

ગીતાકર પું. ગીતાના રચનાર શ્રીકૃષ્ણ.

ગીતાકાર જુઓ ગીતાકર.

ગીતાકાળ પું. ગીતનો સુર.

ગીતાગુંજન ન. ગીતાનો ગુંજાર; ગીતાનું ગાયન.

ગીતાપ્રેમી વિ. ગીતા માટે મનો મોહ ધરાવનાર.

ગીતાજયંતી [સં] સ્ત્રી. ગીતાની ઉત્પત્તિનો દિવસ; માગશર સુદ અગિયારસ.

ગીતાજી જી. ગીતા; શ્રીમદ્ ભગવદ્ગીતા.

ગીતાજીવન વ. ગીતામાં ઉપદેશેલું આદર્શ જીવન.

ગીતાધર્મ પું. ગીતામાં કહ્યાનેલ ધર્મ.

ગીતાપંચામૃત ન. એ નામનું ગીતાનું વિહારીકૃત એક પુસ્તક. તેમાં (૧) શ્રીમદ્ ભગવદ્ગીતા મૂળ, (૨) પદ્યાન્વય, (૩) ગુજરાતી ભાષાંતર, (૪) હિંદી ભાષાંતર અને (૫) મરાઠી કોઈ એવા પ્રત્યેમાં ભાષાંતર એમ પાંચ ભાગનો આપેલ હોઈને તે ગીતાપંચામૃત કહેવાય છે.

ગીતાપાઠ પું. ગીતાનું અધ્યયન; ગીતાના શ્લોકનું ઉચ્ચારણ.

ગીતાભાષ્ય ન. રામાનુજાચાર્યે રચેલ એ નામનો એક ગ્રંથ.

ગીતાભ્યાસી પું. ગીતાનો અભ્યાસ કરનાર.

ગીતામર્મ ૧. પું. ગીતાનો મર્મ; ગીતાનું રહસ્ય.

૨. ન. એ નામનું એક પુસ્તક.

ગીતામંદિર ન. વિદ્યાનંદજી સ્વામીએ બંધાવેલ ગીતા માતાનું મંદિર. અમદાવાદ, કરનાળી વગેરે સ્થળે ગીતામંદિર આવેલાં છે.

ગીતાયન [સં.] ન. ગવાનું સાધન.

ગીતારામ પું. ગીતાનો જમાનો; ગીતાકાળ.

ગીતારી જિ. જી. ગીત ગાનારી.

ગીતાર્થ ૧. [સં.] પું. ગીતાનો અર્થ.

૨. પું. ગીતામાંનું તત્ત્વજ્ઞાન.

૩. જિ. (જૈન) બહુશ્રુતી; ઘણાં શાસ્ત્રોને જાણનાર.

ગીતાર્થભાવ [સં.] પું. ગાવા અને નાચવાથી બતાવાતો હૃદયનો જે નામે એક ભાવ.

ગીતાવલી ૧. જી. તુલસીદાસજીએ રચેલ એ નામનો એક ગ્રંથ.

૨. [સં.] જી. પદ્યપાદની દૂંકી કડી.

ગીતાવળી જુઓ ગીતાવલી.

ગીતાશાસ્ત્ર ૧. ન. તત્ત્વજ્ઞાન.

૨. ન. શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી શાસ્ત્ર.

ગીતાહૃદય ૧. [સં.] પું. ગીતા જેનું હૃદય છે એવા શ્રીકૃષ્ણ.

૨. જિ. જેના હૃદયમાં ગીતા હોય એવું.

ગીતાંજલિ જી રવીંદ્રનાથ ટાગોરનું એ નામનું પ્રખ્યાત કાવ્ય.

ગીતિ ૧. જી. (પિંગળ) એક માત્રામેળ છંદ; ગીતિ; ઉદ્‌ગાથા; ઉદ્‌ગાહા. તે આર્યા છંદનો એક ભેદ છે. એમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ આર્યાના પૂર્વાર્ધ પ્રમાણે હોય છે.

આર્યાના જે'લા દલ સમાન નિયમો, રચો દલો બે જો; જો પછી અક્ષર અહો, ઉદ્‌ગાથા ગીતિ છે ભરે એ લો.
રણછોડ

ગીતિકા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૬ માત્રા હોય છે અને ૧૪ તથા ૧૨ માત્રાએ યતિ કે વિશ્રામો અને ૧, ૪, ૮, ૧૧, ૧૫, ૧૮, ૨૨ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

રત્ન રવિ કલ ધારિને યતિ, અંત લ ગ રચના કરો, સકળ કલ ઉત્તરીય ચરણે, ચરણ પ્રથમે જો ધરો; પ્રથમ પર પછી ચાર ચગારે, તાલ આઠ જ આપજો, અતિ મધુર ગીતિકાની, ભૂષિત કવિજન આપજો.
રણછોડ

૨ પું. (પિંગળ) બાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે.

મુનિરોગરે રસ ગીતિકા સ જ ભે ર સ ત રે કરી.
રણછોડ

૩. જી. ગીત; નાનું ગાવું.

૪. જી. ચૌદ બીટીનું કાવ્ય; ગાવગીત; 'સોનેટ.'

ગીતિકુંડલિની પું. (પિંગળ) ગીતિ અને રોલાવલ્લરીના મિશ્રણથી બનેલ એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૧૫૬ માત્રા હોય છે.

ગીતિરૂપક [સં.] પું. જેમાં ગદ્ય ઓછું અને પદ્ય વધારે હોય એવું એક રૂપક.

ગીતી ૧. પું. ગાતાં ગાતાં વેદનો પાઠ કરનાર.

૨. [સં.] જી. દુનિયા; વિશ્વ.

ગીતીનર્ત પું. સિદ્ધ.

ગીતીફરોજ પું. સર્પ.

ગીતીસિતાન પું. ગંધર્વલોક.

ગીતોપનિષદ જી. ગીતા; શ્રીમદ્ ભગવદ્ગીતા. તે ઉપનિષદના નીચોડરૂપ હોઈને ગીતોપનિષદ પણ કહેવાય છે. તેમાં શ્રીકૃષ્ણે કર્તવ્ય કર્મ સંબંધી અમૂલ્ય ઉપદેશ કરી અર્જુનનો મોહ દૂર કર્યો એ ઉપદેશ આપેલ છે.

ગીતોલું ન. પેશવાઈનું દ્રવ્ય.

ગીત્યાર્યા ૧. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; આર્યાપ્રકૃતિ. તેના દરેક ચરણમાં પાંચ ગણ અને એક લઘુ મળી સોળ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) સોળ માત્રાનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ અને આઠ એમ સોળ માત્રા હોય છે.

ગીધ [સં. ગૃધ્ર] ન. મૂએલાં પ્રાણીનું માંસ ખાનાર સમળીથી મોટું એક પંખી; ગીધ.

ગીધડ (ગીધડ) ૧. જી. એક જાતની દારૂ.

૨. [હિં.] ન. સિવાળ.

૩. જિ. આળસુ; ઓદી.

૪. જિ. બીકણ; ડરપોક; બાયલવેડી.

ગીધડભક્તિ (ગીધડભક્તિ) [હિં.] જી. કરામણી; સતાવણી.

ગીધડી (ગીધડી) ૧. જી. દૂધ અને મેંદાની બનતી બાવાની એક ચીજ.

૨. જી. સિવાળ.

ગીધડું (ગીધડું) ન. મૈદાનું બનાવું.

ગીધડો (ગીધડો) પું. નાનો બકરો.

ગીધર ૧. [હિં.] ન. કુક્કર; સુવર.

૨. જુઓ ગીધડ.

ગીધી ૧. [હિં.] પું. મૂર્ખ માણસ.

૨. જી. બકરીનું બચ્ચું.

૩. જિ. બીકણ; ડરપોક; ડાપર.

૪. જિ. મૂર્ખ.

ગીધીડું (ગીધીડું) ન. બકરીનું બચ્ચું.

ગીધુર ન. સિવાળ.

ગીધ ૧. ન. દીર્ઘદૃષ્ટિ.

૨. [સં. ગૃધ્ર; પ્રા. ગિધ્ધ] ન. મૂએલાં પ્રાણીનું માંસ ખાનારું સમળીથી મોટું એક પંખી; ગરુડન. તે એક્સિપ્ટ્રિડ્સ અને અસેરિડ્સમાં આવે છે. તેને મોટી જબરી ચાંચ, ચપટાં નસકોરાં, પીંછાં વગરનું માથું અને ગરદનની નીચે લાંબાં પોલાંનો કોથળો હોય છે.

ગીધડો (ગીધડો) ૧. [સં. ગૃધ્ર] પું. ગીધ પક્ષી; ગરુડન.

૨. પું. લાલચુ અને આઉધરાવૃત્તિનો માણસ.

ગીધરાજ ૧. પું. એક જાતનું મોટું ગીધ. તેની લંબાઈ આશરે ૪૨ ઇંચ અને દેખ ચળકતો કાળો અને ભૂખા અને નીચલી પીઠનો આછો ભૂરો હોય છે. માથું અને ડોક ઉપર પીંછાં હોતાં નથી. આ સુંદર ગીધ સિલોન સિવાય હિંદુસ્તાન, બલોચિસ્તાન, સિયામ અને ચીનના ચીન મુખીમાં જોવામાં આવે છે. હિમાલય ઉપર તે ૧૮૦૦ ફૂટ સુધી ઉડતાં મૂકે છે અને ખોરાક માટે લગભગ ૮૦૦૦ ફૂટ સુધી જાય છે. આ જાતનાં ગીધ મોટી સંખ્યામાં જોવામાં આવતાં નથી. કોઈ મકાં પાસે બીજી પક્ષી કરતાં સંખ્યાબંધ હોય ત્યારે આ એક જ હોય છે.

આનું નામ ગીધરાજ હોવાનું કારણ એ છે કે તે દેખાવમાં ભવ્ય છે અને બીજાં પક્ષી તેને જોઈ ખસી જાય છે.

૨. [સં. ગૃધ્રરાજ] પું. ગીધનો રાજા; જટાયુ.

ગીપરો પું. મોતિયા કે પાનપટ્ટી નીચે રાખવાનું લાકડાનું ચોકઠું

ગીપરિગ્રહ ન. ગંધમૂદન પર્વત.

ગીન [સં.] ન. વાળું એવો અર્થ દેખાડનાર પ્રત્યય. જેમકે, ગમગીન.

ગીનકા જી. મુશ્કરા; બેસમા

ગીનજુ ન. (કચ્છી) લેવું તે; ગ્રહણ.

ગીનવું [સં. ગ્રહ્] સ ક્રિ. ગ્રહવું

ગીનસ જી. ગાદી

ગીનાન ૧. [સં. જ્ઞાન] ન. (માત્ર) જ્ઞાન, સમજ.

૨. ન બ.વ. ખોજા ધર્મના નિયમો અને નીતિરીતિ બતાવતા ગુજરાતી ભાષામાં લખેલ પદ્યગ્રન્થ.

ગીની ૧. [અં.] જી. સોનાનો એક સિક્કો પ્રથમ જ્યૉર્જના જુબર્લીકાલના સોનામાંથી સને ૧૮૧૩માં આ સિક્કો બનાવવામાં આવ્યો અને તે વખતે તેની કીમત ૨૦ શિલિંગ હતી. ૧૭૧૭માં તેની કીમત ૨૧ શિલિંગ નક્કી કરવામાં આવી. ૧૮૧૭માં ગીનીના સિક્કા પાડવાનું બંધ થયું, પણ બજારની મહેનતાણું હજુ સામાન્ય રીતે ગીનીના સિક્કામાં ગણવામાં આવે છે

૨. ન. એક જાતનું ઘાસ.

ગીનીકૂકડો (ગીનીકૂકડો) પું. આફ્રિકામાં થતો એક જાતનો કૂકડો.

ગીનીગ્રાસ [અં. ગીનીગ્રાસ] ન. એક પ્રકારનું ઘાસ. દુધાળ જનાવરો માટે તે ઉપયોગી મનાય છે. આફ્રિકાનું આ ઘાસ હિંદમાં લાવ્યે વાવીમાં વધારે છે. એ ઘાસ બે રજકાની પેઠે બહિનામાં એક બે વાર વધારે છે. આ ઘાસ ઢોર બહુ ખાય છે. ઠંડીમાં તે બહુ જોર કરતું નથી. તેના બે બહિનામાંથી અનેક બહિનાં ઘાસ છે.

ગીનીપિગ [અં.] ન. સસલા જેવું દૂધ કાનવાળું એક પ્રાણી. છ આઠવાડિયામાં તો તે સંપૂર્ણ મોટું થઈ જાય છે. કોઈ પણ ચાર પગવાળાં પ્રાણી કરતાં તે ઝપપથી પ્રૌઢ થઈ જાય છે

ગીનીસ જી. નિંદા; બદબોઈ

ગીબાવું સ. ક્રિ. પતંગનું વાંકું થવું.

ગીપિયો પું. એક જાતનું કાપડ.

ગીબત ૧. [ફા.] જી. ચાડી, નિંદા; ગીબી.

૨. જી તહોમત; આળ.

ગીબતખોર ૧. [ફા.] વિ. ગીબત કરનાર; નિંદા; ચાડીખોર.

૨. વિ. તહોમત મૂકનાર; આળ મૂકનાર.

ગીબવું સ. ક્રિ. ગડદા મારવા; મુક્કીથી માર મારવો; ધીબવું; પીટવું.

ગીબાગીબ સ. ઉપરાઉપરી; ધબોધબ.

ગીબોગીબ સ. ઉપરાઉપરી; ધબોધબ.

ગીબ્બો પું. ગડદો; ગબ્બો; મુક્કો.

ગીમ ન. ગંજીફાની એક રમતમાં પૂરી હાર.

ગીમકૈટ [અં.] જી. ચારણી; ગરમીટ.

ગીમી ૧. જી. ચારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીય ન. ગીત; ગાયન.

ગીયઉ પું. (પિંગલ) એક માત્રામેળ છંદ; જેમાં તેમાં ૨૮ માત્રા હોય છે અને ૬, ૭ અને ૧૨ માત્રાએ યતિ કે વિસામો આવે છે.

ગીયમાન [સં.] વિ. ગવાતું.

ગીર ૧. પું. ગોવાઈની એક જાતના નામને અંતે આવતો પ્રત્યય.

૨. જી. ખાતા; પોટિયો

૩. [સં. ગિર્] જી. વાણી.

૪. ન. ગિરનારને લગતો ડાંગીવાળો ભૂભાગ; ગીરનું જંગલ; જૂનાગઢ પાસેનું ગિરનારને લગતું જંગલ.

૫. ન. ઢેકરીવાળો પ્રદેશ

૬. વિ. ગુજરાતનાં ઢોરની એક જાતનું ગુજરાતનાં ઢોર એકંદર રીતે ચાર વર્ગમાં વહેંચી શકાય: (૧) કાંકરેજ, (૨) ચરિયાળ, (૩) ગીર અને (૪) માળવી.

૭. [સં. ગૃહિતૃ (પકડનું)] વિ. લેનાર, લેનાર, રાખનાર, ઝાલનાર, પકડનાર, વાળું વગેરે અર્થ બતાવનારો ફારસી પ્રત્યય. જેમકે, તમાસગીર, આલમગીર, મુલકગીર, દિલગીર, જહાંગીર, હસ્તગીર

ગીર બનવું = પકડી જવું.

૮. ન. સાધુઓનો અમુક વર્ગ દેખાડનાર પ્રત્યય. ગિરિનું ગીર અને ગર બરાબર થયેલ છે.

ગીરગીટ ન. એક જાતનું પક્ષી. તે બહુ રૂપ બદલી શકે છે. ચોકી વાર પીળા રંગનું દેખાય તો ચોકી વાર પછી તે લાલ રંગનું દેખાય છે.

ગીરગોંડિયા ન. પોલા કલગીવાળું એક જાતનું વાગાળા પક્ષી.

ગીરજા ૧. ન. ગિરજાની દેવી.

૨. ન. જંગલની ગાદીમાં દેખાતું લાલરી જાતનું એક પક્ષી.

ગીરણી જી. વંજણી વાગ્યા કરવાનું; 'ગિર'.

ગીરથ ૧. [સં.] પું. ઇન્દ્રલોક.

૨. પું. ભૂકરપતિ; દેવપુર.

ગીરધ ૧. જી. જન્મો.

૨. [સં. ગિરિક] જી. ગીણી ધૂળ; રજ; રજોટી; રજબાજુ.

ગીરધરા જી. ગાદલ.

ગીરધાર ૧. [સં.] પું. ગોવાળોનો પોષાટ.

૨. પું. ગધાર.

૩. પું. સર્વોપરી સત્તા.

ગીરનારી ૧. જી. એ નામની જાતિ બાવાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીરની જી. વંજણી વાગ્યા કરવાનું; ગીરણી; 'ગિર'.

ગીરબાઢ પું. પોલનો એક જાતનો રોગ.

ગીરબાઢ ન. અમદાવાદ પાસે આવેલું એ નામનું ગામ. ત્યાં પીરાણા પાસની ગાદી છે.

ગીરબર જી. એક પ્રકારની વનસ્પતિ. તેનું અથાણું થાય છે.

ગીરવવું સ. ક્રિ. ગીરો મૂકવું; ધરેણે મૂકવું.

ગીરવાવું સ ક્રિ. ગીરો મુકાવું.

ગીરવી ૧. વિ. ગીરોનું; ગીરોને લગતું.

૨. વિ. ગીરો મૂકેલું.

૩. વિ. ધરેણે આપેલું કે લીધેલું હોય એવું. ગીરવેલું.

૪. ન. ધરેણે.

ગીરવી મૂકવું = ધરેણે મૂકવું.

ગીરવીખત ન. ગીરોખત; ગીરો દસ્તાવેજ.

ગીરવીખાતું ન. ગીરોને લગતો હિસાબ.

ગીરવીદાર વિ. ગીરો રાખનાર.

ગીરવીનામા [સં.] પું. ધરેણાંખત; ગીરવી દસ્તાવેજ; ગીરોખત.

ગીરવીનામું ન. ગીરો દસ્તાવેજ.

ગીરવીપત્ર પું.; ન. ગીરવી દસ્તાવેજ.

ગીરેદા [સં.] વિ. લેનાર.

ગીરોગ ૧. જી. એ નામની ભતરીની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીરોગ ન. ગામડું.

ગીરિયા જી. ગીધ પક્ષીની એક જાતની માદણી.

ગીરી ૧. પું ખાંચો.
૨. પું. ગિરિ નામનો એક વિભાગ.
૩. [ફા.] જી. પકડવું તે.
૪ ન. (જ્યોતિષ) અગિયાર માંહેનું પાંચમું કરણ
૫. વિ. ગિનતી પંક્તિના હીરાની ચાર મ.હેની એક જાતનું.
૬ [ફા.] જ. પાકું એવા અર્થનો એક ફારસી પ્રત્યય. જેમકે, દીવાનગીરી.

ગીરીગટ [અ.] પું. અજગર.

ગીરીફતાર [ફા. ગિરિફ્તન (પકડવું)] વિ. પકડાયેલું; કેદી.

ગીરેબાજારી [અ.] જી. રોકડમાં; રડાયોજ

ગીરીસાનુજ જી. એ નામની એક વનસ્પતિ; ત્રાયમાણ

ગીર્દ્રમોહિની જી. એ નામની એક બંગાળી કવયિત્રી. અમૃતમય એ એની બહેનીની કૃતિ છે.

ગીરેચા વિ. જળની એક ઓલાદનું.

ગીરેસો પું. ગીરના જંગલનો બળદ.

ગીરો ૧. [ફા] પું. ગીરવું તે; દેવા પેટે આડમાં મૂકવું તે; આબમાં મૂકવું તે
૨. વિ. ધરેલું આપેલું અથવા લીધેલું; ગીરવેલું.
૩. અ. પાસે રાખેલું હોય એમ; ધરેલું; હવાલામાં.
ગીરો મૂકવું = ધરેલું મૂકવું.

ગીરોખત [ફા.] ન. ધરેલિખત લખત; સાનખત; ધરેલું મૂકવાનો દસ્તાવેજ ગીરનીખત.

ગીરોગીર પું. ગીરોનું કામ કરનાર માણસ; દલાલ.

ગીરોદાર [ફા.] પું. ગીરો રાખનાર; ધરેલું લેનાર માણસ.

ગીરોનું ૧ વિ ધરેલિખત.
૨. વિ. પોતાનું; માંહ્યું; પોતીકું; પોતાની જાતનું.

ગીરોમંડાણ ન સ્થાવર મિલકત કાયદે લેવા સબંધી લખાણ

ગીરોહક્ક પું. મિલકત ઉપર પૈસા આપેલ હોય તે સબંધીનો હક.

ગીર્હ ૧. [સં.] વિ. ગળેલું; ભણી ગયેલ.
૨. વિ. વર્ણવેલું; કહેલું.
૩. વિ. સ્તુતિ કરાયેલ; વખાણેલું.

ગીર્દ પું. અકબર બાદશાહના સમયનો સોનાનો એક સિક્કો. તેનું બે સોનામહોર જેટલું વજન હતું. તેની એક બાજુ ઉપર અલ્લાહુઅકબર અને બીજી બાજુ ઉપર બાબુગાઝિ સાહેબ કોતરેલા હતા.

ગીર્દોપેચ [હિં.] જી. મુકામપાક.

ગીર્વેલી [સં.] જી. સરસ્વતી; ભારતી; બોલેની

ગીર્પતિ ૧. પું. બુધ; બૃહસ્પતિ; સુરાચાર્ય
૨. પું ઇંદ્ર.
૩. [સં.] પું. પંડિત; વિદ્વાન.

ગીર્બાણ [સં.] પું. દેવ.

ગીર્બાણકુસુમ જુઓ ગીર્વાણકુસુમ.

ગીર્લતા [સં.] જી. એ નામનો એક વેલો, મહાજ્યોતિષ્મતી.

ગીર્વૈતા [સં.] જી. બોલકણી

ગીર્વાણ ૧. [સં.] પું. દેવ; સુર.
૨. જી. કલ્પના માંહેની એ નામની એક જાતની ભાષા
૩. વિ. દેવ સંબંધી; દેવતાઈ.
૪ વિ. સંસ્કૃત; સંસ્કારી.

ગીર્વાણકુસુમ ૧. [સં.] ન. સર્વિત્ર.
૨. ન સર્વિત્રનું ફૂલ.

ગીર્વાણગિરા જુઓ ગીર્વાણભાષા.

ગીર્વાણભાષા જી. દેવતાઓની ભાષા; સંસ્કૃત.

ગીર્વાણલક્ષ્મણ [સં.] ન. સંસ્કૃત સાહિત્ય.

ગીલ ૧. પું. ગોલકટક; માબ્બાં પકડવાની કડી.
૨. [હિં.] જી. ભેજ; ભીનાશ.
૩. વિ. ભીનું; ભેજવાળું.

ગીલગીચ્ય ૧. જી. ગંદવાડ.
૨. જી. ગોટાળો.
૩. જી. ગંદાતા; ખટપટ.

ગીલગીલ્યાં ન. બ. ક. ગલગલિયાં; ગલીપચી.

ગીલગોઈ ૧. જી. આદમાન લોકોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગીલતાન ૧. [ફા.] પું. ચોકિયટ; ગિલતાન; મોજ વગેરેનો ત્રિજાના આકારનો ટેકો
૨. પું. કેકતાડ જડતાં ભાંડીમાં પાટડી ઉપર જે બીજા બે ચીતરેલી પાટડી મૂકવામાં આવે છે તેમાંની પરેલી; ચીકસપટ.

ગીલતા સાપણ જી. વહાણમાં લાવ ખેંચ ઉપરનું પડતું પાટિયું.

ગીલતી ઝીલી જી. ભળીનું ચોકું કરવાનું લોઢાનું સાધન.

ગીલનો પું. કપાટમાં જડવાની લાકડાની કાલસ.

ગીલસીલ [હિં.] જી. ભેજ; ભીનાશ.

ગીલા ૧. જી. એક પ્રકારની જંગલી લતા.
૨. જી. બદબોઈ; નિંદા.
૩. જી. મશ્કરી; ઠેકડી.
૪. [હિં.] વિ. ભીનાશવાળું; ભીનું.

ગીલાડી ૧ જી. એ નામની સીપીની બદક.
૨. ન. એ નામની બદકનું માંસ.
૩. વિ. એ નામની બદકનું.

ગીલાન પું. કરિપવન સમુદની દક્ષિણે આવેલ એ નામનો એક દેશ.

ગીલાની પું. ગીલાનનો વતની.

ગીલાવો પું. ચૂનો, રેતી અને પાણીનું મિશ્રણ.

ગીલાસ પું. ઘૂંટ.

ગીલી ૧. જી. મકમૂમક કે બીજા કારણે લીધે આવતો સોજો; વેળ; ગાંઠ
૨. જી. બાળકોની એક રમત. રમતમાં બાળકની બરાબર બચાવવા કરતાં નીચે મુજબ બોલાય છે: ગીલીનું ઘર કયાં છે? કહેનાર કહે છે.
૩. જી. મોર્ટ; ગિલ્લી.
૪. જી. શરીરના નાજુક અને કોમળ ભાગને ભીનનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં ઉત્પન્ન થતી આનંદની લાગણી અથવા સંવેદના.
૫. [હિં.] વિ. ભીનું; ભેજવાળું.

ગીલીગીલી જુઓ ગલી.

ગીલીટ [અં. ગિલ્ટ] પું. ઢોળ; ઓપ.

ગીલીદંડો પું. મોર્દિંડાની રમત; ગિલ્લીદંડો

ગીલીપચી જી. ગીલી; શરીરના નાજુક અને કોમળ ભાગને ભીનનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં થતી આનંદની લાગણી અથવા સંવેદના.

ગીલેરી ૧. [અં. ગેલેરિ] જી. એક પહોળી એક હાર ઊભીઊભી ગોઠવી હોય એવી બેઠક; ગાડીઓતરની બેઠક. આવી રચના સભાગૃહ તથા નાટકશાળામાં હોય છે.
૨. જી. છજું.

ગીલેંડર [ફા. કલંદર] વિ. ચુગ્યું.

ગીલોડું (ગીલોડું) ન. એક જાતનું ઘાસ દીલોડું.

ગીલ્લાક્ષ જી. કાકરી ફેંકવા માટે વપરાતી બે પાંખિયાવાળી લાકડાની દાંડી. બે પાંખિયાં વચ્ચે રબરની પટી બાંધવામાં આવે છે.

ગીલ્લોટિન જુઓ ગિલોટિન.

ગીવા જી જપાનની એક નર્તિકા. આ શબ્દ નબળાં નૈતિક બંધનવાળી સ્ત્રી માટે પણ વપરાય છે. તેને બાંધા વખત સુધી ઉમેદવારી કરવી પડે છે. સાત વર્ષની ઉમરથી તેની ઉમેદવારી શરૂ થાય છે. જે ઘરમાં ગીવાને નોકરીમાં રાખે તેઓએ દર મહિને અમુક કર આપવો પડે છે.

ગીષ્પતિ ૧. પું. અગ્નિ.
૨. [સં.] પું. બૃહસ્પતિ.
૩. પું. વિદ્વાન; પંડિત.
ગીસ જી. ગોરી.
ગીસત જ. ટોળું.
ગીસરૂ જ. એક જાતી જમીન; પીયરી નીચ ઓકર જમીન.
ગીસવું ૧. જ. એક જાતી વડે બીજી સમાન તેટલી જમીન; પીયરી નીચ ઓકર જમીન.
૨. જ. પૂસવું.
૩. જ. પૈસાં વગરનું બળદ પલોટવાનું વાહન; જોસલો.
ગીસોડું (ગીસોડું) જ. ઘરિસુ; બિસોડું; એક જાતની ઘાસ વનસ્પતિ.
ગીસ્ત ૧. જી. ફોજ.
૨. જ. લોપ થયો તે.
૩. જિ. નિષ્ફળ; નકામું; ફોગટ.
ગીહ્વારણા જી. (જરથોસ્તી) આશા જોવરાવી ક્રિયા.
ગીંગ [સં. ગેંગ] જી. ટોળું; સમૂ; જથ્થ.
ગીંગણી જી. એક જાતની જાર.
ગીંગમ જ. એક જાતનું કપડું.
ગીંગલો પું. (કચ્છી) નાનો રોઢલો; બાનકો; ગીંગો.
ગીંગો જુઓ ગીંગલો.
ગીંગોડો (ગીંગોળો) [સં. ગોકોટ] પું. ગામ, કૂતરા કે ઢોરને ચોરી રહેતો એક જાતનો છાપરો; ગોંગોડો.
ગીંજ [હિં] જી. બાવાની એક જાની.
ગીંડવું જ. વજનું ભાર છાંડવું.
ગીંડું જ. રમતની અંદર વાગી હાર; પાટ.
ગીંધેલ જી. એક જાતની માખ, જે મધ જેવાનો મધપૂડો બનાવે છે. એનો ડંખ બહુ તીક્ષ્ણ હોવાથી પીડા આપે છે.
ગીંજ પું. પરણેલ વરપોકિમાને તથા નવા જન્મેલ છોકરાને પ્રથમ હોળીના તહેવારે આપવાનો ગોર તથા ચોરો બજરાવવાનો વિધિ.
ગુ ૧. પું. (પિંગળ) ગુરુ અક્ષરની સંજ્ઞા.
૨. જ. વિષ્ટા; મળ; નરક; ગૂ.
ગુઆ ૧. [હિં] જી. એક પ્રકારની સોપારી.
૨. [મા. ગોવા] જ. ગવો.
ગુઆળ જ. મધ્ય આફ્રિકામાં થતું એ નામનું એક ઘટાદાર વૃક્ષ.
ગુઆર ૧. પું. એ નામની વનસ્પતિની શીંગ.
૨. પું. ગુવાર; એક વનસ્પતિ.
ગુઆલો જુઓ ગોપાલ.
ગુઆહ જિ. ગમાડવું.
ગુઆહી જિ. સાક્ષી.
ગુઈ ૧. જી. અવગુણ; ગૂઈ.
૨. જી. કૃતઘ્નતા.
૩. જી. ગળી; બદી; રમતમાં પથરીઓ ઉંચવાનો ખાડો.
૪. જી. (કચ્છી) ગુદા; મળદ્વાર.
ગુઈતલ જુઓ ગુઈપટ.
ગુઈંદી જી. બકાસા તરફ થતાં એક જાતનાં ફેણાં. એની વિશિષ્ટતા એ છે કે જેમ સાદરજનને કાપીને સામી બકાલ છે તેમ આ ફેણાને સામીને કે વેરીને બરાબર વિના ચીપટપણે રાખી શકાય છે.
ગુઈપટ્ટ જ. એ નામની એક વનસ્પતિ. બાજ કરવા માટે તે ઉપયોગી છે. તેનાં લાંબાં પાંદડા ઓકળીબ્ધ સાથે બાંધી લેવાથી બાજ સારી થાય છે, પરંતુ તેનાં મૂળિયાં આસપાસની બધી જમીનમાંથી સત્વ ખેંચી લઈ જમીન બગાડે છે.
ગુઈયાં ૧. [હિં.] જી. રમતનો સાથી.
૨. જી. સખી.
ગુખ [સં. ગવાક્ષ] પું. ગોખ.
ગુખાડી જી. નરક પડવું રહેવું હોય તેવું અથવા બહુ પાણી બળવાનું ઠેકાણું; ગૂખાડી.
ગુગદવું જ. કિ. દોડવું.
ગુગર જુઓ ગૂગળ.
ગુગુડુપુ ૧. જ. બરાબ થયેલું કામ.
૨. જિ. નકામું.
ગુગુલિયા [હિં.] પું. મદારી.
ગુગ્ગુલ ૧. પું. એક જાતનો સુંદર; સુગળ. ધૂપ કરવામાં અને ઔષધિ તરીકે તેનો ઉપયોગ થાય છે.
૨. [સં.] પું. ગૂગળનું ઝાડ. આ ઝાડ સિંધ, રજપૂતાના, પૂર્વ બંગાળ અને આસામમાં થાય છે. ગુગ્ગુલનાં ઝાડમાં ચિરાળામાં કાપ મૂકીને ગૂગળ ભેગો કરવામાં આવે છે. તે સામક, બહુ વિરેચક અને પેટનો બળરો મટાડનાર હોવાથી સંધિવા, જ્ઞાનતંતુનાં દરદ, મૂત્રાશય રોગ, ચામડીનાં દરદ અને કંઠમાળમાં ઉપયોગી છે. ઢોરાંઓને બદલે બધી વખત તેનો ઉપયોગ થાય છે. ચૂનાનું પાણી બળવા ટોપરાંના તેલ સાથે ગૂગળ ભેળવીને ગૂમડાં અને ચાંદાં ઉપર લેપ કરવામાં આવે છે.
૩. પું. રાતો સરગવો.
ગુગ્ગુલુ જુઓ ગુગ્ગુલ.
ગુગ્ગુલુક [સં.] પું. ગૂગળ વેચનાર વાણિયા.
ગુગ્ગલાવણ જિ (ચારણી) મેલું; અસ્વચ્છ.
ગુગ્ગરી ૧. [હિં.] જી. પાણીની અંદર બાકું કે; ડુબકી.
૨. જી. પાણીમાં બૂડવાથી થતો અવાજ.
ગુચપુચ ૧. [સં. ગુપ્ (બાકું રાખવું)] જી. કાનમાં થતી બની વાત.
૨. જી. બાનગી વાત.
૩. જિ. ગુપ્ત; છાનુંમાનું.
૪. જિ. સહેલાઈ નહિ એવું; બીકે બીકે.
૫. જ. ચૂપચાપ છાનામાના; છૂપી રીતે.
ગુચપુપ જુઓ ગુચપુચ.
ગુચવણ જુઓ ગૂંચવણ.
ગુચવાડો (ગુચવાળો) પું. ગૂંચવણ.
ગુચવાવું જુઓ ગૂંચવાવું.
ગુચી ૧. [સં. ગુચ્છ] જી. (હિંદી) એકસો નાગરવેલનાં પાનનું પડીકું.
૨. [હિં.] જી. બિલાડીનો ટોપ.
ગુચ્ચો ૧. [હિં.] જી. બાંધો.
૨. જિ. મુસ્તક; બાળકુ.
ગુચ્છ ૧. [સં.] પું. ગુચ્છો; જથ્થો; ગુબ્બકુ.
૨. પું. ગોટો; પુષ્પમંજરી.
૩. પું. પાંદડાંનો સમૂહ.
૪. પું. પુસ્તકનો ભાગ.
૫. પું. ભત્રીસ શેરનો એક હાર.
૬. જિ. ભારી; ભારો.
૭. જિ. મોરનું પીંછું.
૮. પું. (જૈન) રજ કે જંતુને પૂંજને દૂર કરવાનું સાધન.
ગુચ્છક ૧. [સં.] પું. ઊનનો ગુચ્છો.
૨. પું. તમ્બરની ગાંઠ.
ગુચ્છદંતિકા [સં.] જી. કેળ.
ગુચ્છપત્ર [સં.] પું. તાડનું ઝાડ.
ગુચ્છપુષ્પ ૧. [સં.] પું. અરીઠાનું ઝાડ.
૨. પું. અશોકનું વૃક્ષ.
૩. પું. ખાવડીનું ઝાડ.
૪. પું. ચાતપુષ્પાનું ઝાડ.
૫. જ. કુલોનું ગુચ્છપુ.
ગુચ્છપ્રવાલ જ. એક જાતનું પરવાળું.
ગુચ્છફલ ૧. [સં.] પું. અરીઠાનું ઝાડ.
૨. પું. અંગૂર; લીલી દ્રાક્ષ.
૩. પું. કળો; કેળ.

ગુજરાતમ્

૪. પું. કાકમાચીનું ઝાડ.

૫. પું. રાયણનું ઝાડ

૬. ન. દૂંપી.

ગુજ્ઝેલ્લા જુઓ ગુજ્ઝલ્લ.

ગુજ્ઝેળી જુઓ ગુજ્ઝલ્લ.

ગુજ્ઝો ૧. [સં. ગુચ્છ] પું. (હિંદી) અંબોડો.

૨. પું. ચમરી.

૩. પું. ઝૂમ્બો; ગુચ્છો; જથ્થો.

૪. પું. ઝમતું, ટોપી ઉપરનું ઝમતું.

૫. પું. ન. વ. ચોત્રિપા.

૬ પું. ન. વ. વાળની બાજરી.

ગુજ્ઝોદાર ૧. વિ. ગુચ્છાવાળું; ઝરાઉ; ગુચ્છા હોય તેવું.

૨. વિ. ચૂથના પગેરું; ઝુલ્ફાવાળું

ગુજ્ઝોર્દ્ધ [સં.] પું. ગોરીસ સરનો હાર.

ગુજ્ઝોળો સમેરવો પું. એક જાતનો ઓઢ, આ ઓઢ ઘાલું કરીને ઓરમાંથી એક કૂટ ઊંચો વધે છે. એની સાખા ઉપર વાળની ઝવાટી હોય છે પુષ્પ બાલ્ય કોષનાં પત્ર વિશેષ અણીવાળાં અને તેની કોર ઉપર લાંબા ધોળા ઝીણા વાળની પાપણ જેવી હાર હોય છે.

ગુચ્છિત [સં.] વિ. ગુચ્છાવાળું.

ગુચ્છિયાર ૧. [હિં.] વિ. ગુચ્છો હોય એવું; ગુચ્છાવાળું.

૨. વિ. ચમરીવાળું.

ગુચ્છો ૧. પું. ઊન કે સારના રંગબેરંગી તાંતણાનો ઝૂમખો.

૨. [સં. ગુચ્છ] પું. ગોટો; ગુચ્છ.

૩. પું. ઊભા પાસે પાસે ઊગીને ખીલેલી ફૂલની ડાળી.

૪. પું. ઝાડના મોર અથવા માંજરનો જથ્થો.

૫. પું. વાળનો જથ્થો.

૬. પું. સાવરણી; રજ વાળવાનું સાધન.

૭. ન. વ. વ. તંતુનો સમૂહ.

ગુજ્ઝ્યું જુઓ ગૂંજ્યું.

ગુજ્ઝ [સ.] સ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો; ગુંજારવ કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દો: ગુંજન, ગુંજારવ, ગુંજિત.

ગુજ્જ ૧. [સં. ગુહ્ય] સ્ત્રી. ખાનગી વાતચીત.

૨. સ્ત્રી. બે તરફ અણીવાળો પાટિયાં સાંધવાનો ખીલો.

ગુજ્જગોષ્ઠી સ્ત્રી. ગુહ્યભેગો; છાની વાત.

ગુજ્જી [સં. ગુહ્ય] વિ. (હિંદી) ગુપ્ત; ખાનગી.

ગુજ્જરાં ગોરમટી (ગુજ્જરાં ગોરમટી)

૧. સ્ત્રી. ગુજ્જરું અને ગોરમટી.

૨. સ્ત્રી. ગુજ્જરું અને ગોરમટી લાવવાનો લગ્નનો એક વિધિ.

૩. સ્ત્રી. વેદીની આસપાસ મૂકવામાં આવતી માટી; પ્રદક્ષિણા ફરતી વખતે લાવવામાં આવતી માટી.

ગુજ્જરું (ગુજ્જરું) ૧. ન ઉલેચણો; ગોળામાંથી પાણી ભરવાની અંકોડિયાવાળી ડોલ

૨. ન. અગ્નિપતિ આસન મૂકવાનું માટીનું વાસણ.

૩. ન. ગુજ્જર; પ્રદક્ષિણા માટે વેદી કરવાને લીલી માટીનો બનાવેલો આકાર.

૪. ન. લીલી માટી એટલે ગારાની ગાજર જેવી આકૃતિ. તે માંગલિક પ્રસંગે વેદીની આસપાસ મૂકવામાં આવે છે.

ગુજ્જરવું ૧. સ. ક્રિ. ગુપ્ત કરવું.

૨. સ. ક્રિ. જવું; વહી જવું; વીતી જવું; વટી જવું, વટવું

૩. સ. ક્રિ. મરી જવું; નાશ પામવું; ક્ષય જવો.

૪. સ. ક્રિ. આવી આવી પડવું; વીતવું; કંઈક વાનાં વીતવાં

૫. સ. ક્રિ. જવું કરવું; ઉપગુજ્જર કરવું.

ગુજ્જરાષ્ટ્ર જુઓ ગુજરાત.

ગુજરાત ૧. [સં. ગુર્જરત્રા–ગુર્જરત્રા–ગુજરાત] પું; સ્ત્રી.; ન. હિંદની પશ્ચિમ દિશાએ આવેલો ગુર્જરોનો દેશ; ઉત્તરમાં આબુ, દક્ષિણમાં દમણ, પશ્ચિમે દ્વારકા અને પૂર્વમાં દાહોદ એની વચમાનો પ્રદેશ; ગુર્જર લોકોએ આબાદ કરેલી ભૂમિ. ગુજરાત એટલે ગુર્જર લોકોનો પ્રદેશ. ગુર્જર, આહીર અને ભીલ લોકોની પેઠે ગુર્જર લોકો પણ વાયવ્ય કોણમાંના કુંજરી પ્રદેશમાંથી હિંદુસ્તાનમાં દાખલ થયા. પ્રથમ તેઓ પંજાબ અને સંયુક્ત પ્રાંતોમાં વસ્યા. ગુજરાત અને ગુજરાતવાસા એ બે જિલ્લા પંજાબમાં છે તેનાં નામ એ લોકો ઉપરથી પડ્યાં છે. મથુરાથી તેઓ રજપૂતાના અને માળવામાં પ્રસર્યા. માળવામાંથી દક્ષિણ તરફ ખાનદેશમાં અને પશ્ચિમ તરફ ગુજરાતમાં ફેલાયા. ત્રિકાળા અને ધટિયાળામાં વિક્રમ સંવત ૯ માં લખેલ એક તામ્રપત્ર અને એક શિલાપત્ર મળી આવ્યાં છે તેમાં ગુજરાત પ્રાંતને ગુર્જરત્રા એટલે ગુર્જરોને આશ્રય દેનારી ભૂમિ કહી છે ગુર્જરત્રાનું પ્રાકૃત રૂપ ગુજરત્રા અને ગુજરાત નામ પડ્યું છે. પ્રાચીન ગુજરાતમાં મહી નદીના ઉત્તર કાંઠાનો જ એટલે પાલનપુર, કચ્છ, અમદાવાદ, મહીકાંઠા અને ખેડાનો જ સમાવેશ થતો હતો. અણહિલવાડમાં સોલંકી રાજ્ય હતું તે દરમિયાન એટલે ઈ. સ. ૭૪૨થી ૧૨૪૧ સુધીમાં એ પ્રદેશનું ગુજરાત નામ પડ્યું. મહીના દક્ષિણ પ્રદેશને લાટ કહેતા હતા. લાટ શબ્દ ઘણો પ્રાચીન છે. સંસ્કૃત અલંકારગ્રંથોમાં અમુક પ્રકારના અનુપ્રાસને લાટાનુપ્રાસ કહે છે, કેમકે તે લાટ લોકોને પ્રિય છે. ઈ. સ. ૮૮૮ના રાષ્ટ્રકૂટના શિલાલેખમાં તાપી નદી ઉપર સુરત પાસેના વરિયાવ ગામ સુધીના પ્રદેશને લૌટ્ટ્ય નામ આપ્યું છે. મમલખાન રાજ્ય દરમિયાન સુરત જિલ્લાની દક્ષિણ હદ સુપીના મહીના દક્ષિણ પ્રદેશને ગુજરાત નામ આપવામાં આવ્યું. ગુર્જર લોકોએ રજપૂતાનામાં મોટું રાજ્ય સ્થાપ્યું હતું અને તેની રાજધાની ભીનમાલ કે શ્રીમાલ હતી. એ રાજવંશમાં ૯ રાજા થઈ ગયા. તેમાંના ભોજરાજાના વખતમાં તેમની સત્તા કનોજમાં પ્રવર્તાઈ. ભોજરાજાની પછી મહેંદ્રપાલે અને મહિપાલે કનોજમાં રાજ્ય કર્યું. મારવાડ અને કનોજના ગુર્જર રાજાઓને મહારાષ્ટ્રના રાષ્ટ્રકૂટ રાજાઓ સાથે વારંવાર લડાઈ થતી એમ શિલાલેખ ઉપરથી જણાય છે કે કનોજના ગુર્જર પ્રતિહારી વંશના હતા. પડિહાર, પરમાર, ચૌહાણ અને સોલંકી એ ચાર રજપૂત રાજવંશોમાંના પડિહાર વંશને જ પ્રતિહારી વંશ તરીકે શિલાલેખમાં કહ્યો છે. ઈ. સ. ૯૬૧માં અણહિલપત્તનમાં સોલંકી વંશની સ્થાપના થઈ એ પ્રદેશનું નામ ગુજરાત તરીકે સ્થાપિત થયું. શ્રીમાલ, ચંદ્રાવતી, પંચાસર, પાટણ અને અમદાવાદ ગુજરાતની રાજધાનીઓ થઈ છે. વઢિયાર, ચુંવાળ, કાંઠા, ચરોતર, મેવાસ, કનમ જેવા ગુજરાતના જૂના વિભાગો હતા. સંવત ૧૩૫૦ પછી અને આસ કરીને ગુજરાતમાં મુસલમાની રાજ્યઅમલ થઈ રહ્યા પછી ગુજરાત શબ્દની વ્યાપ્તિ વધીને લાટ, સોરઠ તથા કચ્છ દેશ પણ ગુજરાતમાં ગણાવા લાગ્યા.

૧. કોના બાપની ગુજરાત ?–કોના બાપની દીવાળી ?–ગુજરાતની ગાંઠ અને માળવાનું ચોટું = કંઈ લેવાદેવા નહિ.

૨. ગુજરાત તેની સી વાત ! = ગુજરાત દેશ સર્વ રીતે ચડિયાતો અને સમૃદ્ધ છે.

૨. ન. એ નામનું હિંદુસ્તાનનું એક શહેર. તે વાઢોરથી ૭૫ માઈલ ઉપર પંજાબમાં આવેલું છે અને ગુજરાત પ્રાંતનું મુખ્ય શહેર છે. વળી તે ઝરીગીરીનું સ્થળ છે.

ગુજરાતણ ૧. સ્ત્રી. ગુજરાતમાં જન્મેલી સ્ત્રી; ગુજરાતી સ્ત્રી.

૨. સ્ત્રી. ગુજરાતમાં રહેનારી સ્ત્રી.

ગુજરાતનો નાથ કું. કનૈયાલાલ માણેકલાલ મુનશી વિરચિત એ નામની ઐતિહાસિક નવલકથા.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ સ્ત્રી. ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવા માટે સ્થાપવામાં આવેલ એક મંડળ. અમદાવાદના આસિસ્ટન્ટ જજ હાર્કસ સાહેબ જેવી ઈ. સ. ૧૮૪૮માં સ્થાપના કરી. આ મંડળે જ્ઞાનપ્રકાશ નામનું પખવાડિક, પાળાથી માસિક, પછી ત્રિમાસિક કરૂ કર્યું. હરિ દામોદર દેસાઈ અને પાળાથી રમણભાઈ નીલકંઠ વગેરે તેના સંચાલક હતા. આમ ગુજરાતની તે એક મહાન સાહિત્ય સંસ્થા છે.

ગુજરાતી ૧. કું. ગુજરાતનો રહેવાસી, ગુજરાતમાં વસનારો પુરુષ. ગુજરાતી લોકો ધણા સાહસિક છે અને વેપાર કરવામાં કુશળ છે. હિંદુસ્તાનના દરેક પ્રાંત અને રાજ્યમાં તેમના વેપારને અર્થે વસેલા છે ને ત્યાં ગુજરાતી ભાષા બોલે છે. હિંદુસ્તાનની બહાર આફ્રિકામાં, ઝાંઝીબાર વગેરે ઠેકાણે પણ ગુજરાતીઓની મોટી સંખ્યા માલૂમ પડે છે. મદ્રાસમાં પણ રેશમ વણનારા ઘણા ગુજરાતીઓ લાવી વખત વસ્યા વર્ત્યા છે. પ્રાગ્વાટ, સમુક્ત પ્રાંત, ભગાણે, અજમેર-મેરવાડા, મધ્યદેશ, રજપૂત સંસ્થાન, હૈદરાબાદ, મહેસૂર ને કાશ્મીરનાં રાજ્યો, કચ્છ, ઝાંઝીબાર, કુર્ગ, બંદામાન વગેરે પ્રદેશોમા ગુજરાતીઓ વસેલા છે. સ્વદેશમાં ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ એક કરોડ અને ગુજરાત બહાર હિંદુસ્તાનના જુદા જુદા ભાગમા ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ પંદર લાખ છે.

૨. સ્ત્રી. અદ્યતન અર્વાચીન લિપિમાંની એક.

૩. સ્ત્રી. એ નામની દરજી અને ખાટની એક જાત.

૪. સ્ત્રી. એક પ્રકારની તરવારની મૂઠ.

૫. સ્ત્રી. ગુજરાતમાં બોલાતી લગભગ ભાષા. સ્વરૂપમાં હિંદી કરતાં ગુજરાતી જૂની છે અને તે ભાષાનું જૂનું પ્રાતિક સ્વરૂપ છે. ચાલુક્ય રજપૂતો એને કાઠિયાવાડના દ્વીપકલ્પમાં ગઈ ગયા અને ત્યાં બીજી હિંદી બોલીઓથી છૂટી પડવાથી એ ધીમે ધીમે સ્વતંત્ર ભાષા બની. આ રીતે હિંદીમાંથી જે રૂપો જૂનાં થઈ જતાં રહ્યાં છે તે એમાં કાયમ રહ્યાં છે. ગુજરાત અને કાઠિયાવાડ ઉપરાંત ગુજરાતી ભાષા કચ્છમાં બોલાય છે. ઉત્તર તરફ ગુજરાતી ભાષા ઉદેપુરની ઉત્તર સીમા સુધી ફેલાયેલી છે. એની બહાર સિરોહી અને મારવાડમાં મારવાડી ભાષા બોલાય છે. સિંધમાં કચ્છ અને પાલનપુર જિલ્લાના દક્ષિણ કિનારા પાસે ગુજરાતી ભાષા બોલાય છે. દક્ષિણમાં સુરત જિલ્લાની દક્ષિણ હદ સુધી એ ભાષા પ્રસરેલી છે. એ દક્ષિણ સીમાના અને આજુના પ્રદેશોમા ગુજરાતી અને મરાઠી બને બોલાય છે. પૂર્વ તરફ પરમપુરના રાજ્યમાં એ ભાષા ચલે છે. વળી એ દિશાએ પર્વતની હાર આવતી છે તે ગુજરાતની પૂર્વ સીમા બની છે. એ ડુંગરોના તળેટીના ભાગમા ઉત્તર તરફ ઉદેપુરની પૂર્વ સીમા આવે એ ડુંગરો અરવલ્લિની પર્વતમાળા તરીકે પ્રસિદ્ધ છે, ત્યાંસુધી ગુજરાતી ભાષા પ્રચલિત છે. આ ડુંગરોમાં ભીલ લોકોની વસતી છે. એ ડુંગરોના પેલી તરફ પૂર્વ અને દક્ષિણમા રજપૂતાનાનો મુલક આવ્યો છે ત્યાની પ્રાંતિક બોલીઓ જયપુરી અને માળવી છે. એ બને ભાષાઓને ગુજરાતી ભાષા સાથે ઘણો ગાઢ સંબંધ છે. મારવાડી ભાષાને ગુજરાતી સાથે વધુ સંબંધ છે. અર્વાચીન ગુજરાતી ભાષા જ્યાં બોલાય છે તે બધા પ્રદેશોમાં અને અર્વાચીન મારવાડી જ્યા બોલાય છે તેના બધાખરા ભાગમાં કંઈ નહિ તો પંદરમા સૈકા સુધી તો એક જ ભાષા બોલાતી હતી, જેને આપણે જૂની ગુજરાતી ભાષા કહીએ છીએ તે હતી. આ પ્રમાણે તે સમય મારવાડી ગુજરાતીથી જુદી ન હતી. ગુજરાતી ભાષા મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવેલ છે. જૂની ગુજરાતી: (૧) પ્રાકૃતમાં સંસ્કૃત શબ્દના અપભ્રંશ થવાથી ને દેશ્ય શબ્દના મિશ્રણથી સંસ્કૃત ભાષા પલટાઈ ને પ્રાકૃત ભાષા થઈ. (૨) પ્રાકૃત ભાષાના ઘણા શબ્દો અધિક અપભ્રંશ પામીને જૂની ગુજરાતી થઈ. (૩) અલ્લાઉદ્દીન ખિલજીએ ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીત્યું, ત્યારપછી જૂની ગુજરાતીમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થયો. તે પહેલાં પણ પશ્ચિમનાં બંદરોના અરબસ્તાન સાથેના વ્યાપાર સંબંધને લીધે અને ઈ. સ. આઠમા સૈકામાં પારસીઓના ગુજરાતમાં આવાગમન અને વસવાટને લીધે અરબી અને ફારસી શબ્દો અપભ્રંશ ભાષામાં દાખલ થયેલ. ચર્ચાત અને પ્રારંભિક રૂપ: આજ ગુજરાતી: (૧) તમામ વંશના અંતથી ઈ. સ. ૧૪૧૪ કે જે નરસિંહ મહેતાના જન્મનું વર્ષ છે, ત્યારથી ગુજરાતી ભાષા કંઈક નિશ્ચિત અને સામાન્ય સ્વરૂપ ધારણ કરે છે. (૨) નરસિંહ મહેતા પછી થોડે સમયે હિંદુસ્તાનમાં ઘરપી પ્રજાઓ આપણે આવી. ગુજરાતમાં પણ તેમનો વસવાટ થયો. ફ્રેંચ, ડચ, પોર્ટુગીઝ પ્રજાઓ પણ થોડેઘણે અંશે આપણી શબ્દભંડોળ વધારતી ગઈ. અંગ્રેજી ભાષાના શબ્દો દાખલ થવા માંડ્યા. (૩) ત્યારપછી ગુજરાત મરાઠાઓના હાથમાં પડ્યું અને થોડા મરાઠી શબ્દો પણ પ્રવેશ કરી ગયા. સ્થાયી ને નિશ્ચિત રૂપ: નવી ગુજરાતી: (૧) અંગ્રેજી પછી ગુજરાતી ભાષા અને સાહિત્યનો નવો યુગ બેઠો. અંગ્રેજી શબ્દ અને અંગ્રેજી વાક્યરચના પણ ઘણાં સામાન્ય થઈ પડ્યાં છે. (૨) શિક્ષણના પ્રચારને લીધે સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધવા માંડ્યો અને તે સાથે શુદ્ધ સંસ્કૃત શબ્દોનો પ્રચાર પણ ઘણો વધી ગયો. (૩) આમ ગુજરાતી ભાષાના નવા યુગની શરૂઆત નર્મદાશંકરથી થાય છે. તે સમયે પ્રજાને પોતાના નવા વિચારો, નવી ભાવનાઓ પ્રગટ કરવી હતી. કવિતા તે માટે યોગ્ય વાહન ન હતું. સમયની આ જરૂરિયાતે ગુજરાતી ભાષાને સ્થાયી અને નિશ્ચિત રૂપ આપ્યું, જેમાંથી નવી ગુજરાતીનો જન્મ થયો. આદિકાળ ઈ. સ. ૧૪૧૧થી ૧૫૨૬: (૧) ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે પાટણને બદલે અમદાવાદને ગુજરાતનું પાટનગર બનાવ્યું. (૨) ઈ. સ. ૧૪૭૮માં મહમદ બેગડાએ જૂનાગઢ રાજ્ય જીતી લીધું. (૩) આવા અશાંતિના સમયમાં પ્રજાનું મન ધર્મ અને ચરણોટ તરફ વળ્યું. (૪) પંદરમા સૈકાની શરૂઆતમાં ભક્તિના નવા માર્ગની કવિતાથી નરસિંહ મહેતાએ ગુજરાતને ગજવ્યું. સામાન્ય રીતે નરસિંહ મહેતાએ ગુજરાતી કવિતાની શરૂઆત કરી. નરસિંહ પૂર્વે જૈન દેવાલયોમાં કવિતા લખાતી, પણ તે ત્યાં જ દટાઈ પડી રહેતી. પ્રત્યેક દેશના સાહિત્યનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડશે કે કવિતાથી જ સાહિત્યની શરૂઆત થાય છે. (૫) ભારતવર્ષમાં પંદરમી સદીમાં ભક્તિનું એક પ્રચંડ મોજું આવ્યું: ગુજરાતમાં નરસિંહ અને મીરાં, બંગાળમાં ચૈતન્ય, ઉત્તર હિંદમાં સુરદાસ અને તુલસીદાસ અને દક્ષિણમાં એકનાથ અને તુકારામ. (૬) આ જ સદીમાં ભાલણ નામે ગુજરાતી કવિતા લખનાર એક બીજો ભક્ત કવિ પણ થયો છે. મુગ્ધકાળ ઈ. સ. ૧૫૨૬થી ૧૬૦૫: (૧) દિલ્હીના પઠાણ સુલતાનોની સત્તા ધીમે ધીમે પડી ભાંગવાથી ગુજરાતના સૂબા સ્વતંત્ર થઈ ગયા. સોળમા સૈકામાં ગુજરાતમાં અંધેર ચાલ્યું. (૨) આ કાળમાં ત્રણ ઉપકવિઓ થયા છે: વસ્તો, વલ્લરાજ અને તુલસી. એ ત્રણેની કવિતાઓ એના પછીના યુગના મહાકવિઓને આંજનારી છે. સુવર્ણયુગ ઈ. સ. ૧૬૦૫થી ૧૭૪૮: (૧) અકબર બાદશાહના મૃત્યુવર્ષ ૧૬૦૫થી એણે સત્તાવનના અંતના વર્ષ ૧૭૪૮ સુધી ગુજરાતમાં શાંતિ ફેલાઈ હતી. (૨) ગુજરાતના ભાષિક કવનનો પણ

આ સુવર્ણકાળ હતો. (૩) આ સુવર્ણયુગમાં ગુજરાતે ત્રણ મહાકવિઓ આપ્યા: અખો, પ્રેમાનંદ અને શામળ. (૪) સામાજિક જીવનને અખાએ પહેલી વાર કવિતાનો વિષય બનાવ્યો. (૫) પ્રેમાનંદ પૌરાણિક કથાનો મહાકવિ છે શૈલીપ્રિય માણક તેણે બીજાના કાર્યને સુધારી આપ્યું છે. (૬) પ્રેમાનંદના અનુગામી શામળના સમયમાં ઊર્દૂ રાજ્યભાષા હતી. આથી શામળનાં કાવ્યની ભાષામાં ફારસી અને અરબીમાંથી ઊતરેલા શબ્દોનું પ્રમાણ વધુ છે. તેનામાં વાર્તાકાર તરીકેની શક્તિ દેખાઈ આવે છે. તેની કવિતા વિશેષ મૌલિક છે. ગુજરાતી ભાષાના ઘડતરમાં શામળનો હાળો બધો ફોજની છે. આજે યે શામળનાં કેટલાંક વાક્યો આપણી ભાષામાં કહેવતરૂપે વપરાય છે. (૭) આ સમયમાં નાકર, મુકુંદ, વિષ્ણુદાસ, વીરજી, રત્નેશ્વર અને દેવીદાસ જેવા કવિ થઈ ગયા. (૮) જોરે ગદ્યના વિકાસ વિના ભાષા સ્થાયી સ્વરૂપ ધરી શકતી નથી, તોપણ પદ્ય દ્વારા વિચારોનું વહન કરી શકે એટલું સામર્થ્ય ગુજરાતી ભાષાને તો આ સમયમાં જ પ્રથમ પ્રાપ્ત થયું, એટલે જ આ સુવર્ણયુગ કહેવાયો. સ્વામીનારાયણ યુગ ઈ. સ. ૧૭૪૮થી ૧૮૫૨: (૧) ઈ. સ. ૧૭૪૮ પછી ગુજરાતમાં મરાઠી રાજ્ય સ્થપાયું. અઢારમી સદીમાં ગુજરાતમાં સર્વત્ર અશાંતિનો સમય હતો. મુસલમાન રાજ્યો અંદરોઅંદર લડવા લાગ્યા અને પરિણામે ગુજરાત અંગ્રેજોના હાથમાં આવ્યું. (૨) અશાંતિના દુઃખના દિવસોમાં વળી પાછો આધ્યાત્મિક કવિતાનો પુનર્જન્મ થયો. (૩) આ સમયમાં વૈષ્ણવોનું જોર ઓછું થયું ને સ્વામીનારાયણ સંપ્રદાય થયો. આ યુગમાં ઘણા સોથ કવિઓ થયા છે, પણ તેમાં દયારામ, પ્રીતમ, દેવાનંદ, ભોજાનંદ અને નિષ્કુળાનંદ જેવા પદ્ય રચયિતા છે. આ સમયમાં બીજા ત્રણ કવિઓ પણ થયા હતા: ત્રિકમસાહેબ, કૃષ્ણસાહેબ. ઉદયકાળ ઈ. સ. ૧૮૫૨થી ૧૮૮૭: (૧) ઈ. સ. ૧૮૫૨માં દયારામનું મૃત્યુ થયું અને તેની સાથે ગુજરાતમાં સમયની જરૂરિયાતે જન્મ જમાવ્યું. જ્યાંસુધી પ્રજામાં વિચારશીલતા ન આવે ત્યાંસુધી સાહિત્યરૂપે ગદ્ય ઉત્પન્ન થઈ શકતું નથી. સમસ્ત જગતનું ગદ્ય સાહિત્ય આ વિધાનની સાક્ષી પૂરે છે. (૨) નર્મદ અને તેની સમકાલીન જાગનારાણી અભિનવ્યોએ ગદ્યને પોષ્યું. અમદાવાદમાં દલપતરામ ને મહીપતરામ, મુંબઈમાં નર્મદાશંકર ને કરસનદાસ મૂળજી ગુજરાતી ગદ્ય સાહિત્યને ખપાવી રહ્યા હતા. તે અરસામાં રણછોડભાઈ ઉદયરામ, મનઃસુખરામ સૂર્યરામ અને કવેરીલાલ યાજ્ઞિકનું ત્રીબું મંડળ ઉદ્ભવ પામ્યું. અંગ્રેજી સંસ્કાર અને નવા વિચારો ને ભાવનાનો સારો પ્રચાર થવા માંડ્યો. (૩) નર્મદ પહેલાં ગદ્યનું અસ્તિત્વ ન હતું એમ તો ન જ કહી શકાય: પત્ર, લેખ આદિ. (૪) ગુજરાતી ગદ્ય સાહિત્યની ખરી શરૂઆત દયારામના મૃત્યુ પછી થઈ. એમાં સમયની જરૂરિયાત જ કારણભૂત હતી. જેમકે, ૧૯મી સદીની શરૂઆતમાં ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત: મોટા ભાગના: ઈ. સ. ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી; ઈ.સ. ૧૮૫૮માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના અને નર્મદ જેવા પ્રતિભાશાળી યુગપુરુષનો જન્મ. નવીન યુગ ઈ. સ. ૧૮૮૭થી આશુ: ઈ.સ ૧૮૮૭થી ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરૂ થયો છે. જેનાં મૂળ નર્મદ–દલપતના સમયમાં જ નખાયેલ છે. ગુજરાતી ભાષા પરદેશાગેલી નથી. જો ગુજરાતી ભાષામાં પ્રેમાનંદ જેવા કવિના સર્વ રસના સમન વિસારે સમાઈ શકયા, શામળ જેવી પોતાના સમયને ચીતરવી તથા સંસારને અવલોકતી પ્રબોધતી કલમને ગુજરાતી ભાષાથી કંઈ આંચકો પહોંચ્યો નહિ, દયારામની અતિ સૂક્ષ્મ વાક્યરીતિએ સ્વચ્છંદપણે પોતાનો પ્રકાશ કરી લીધો, મુક્તાનંદ ભોજાનંદ વગેરે નવા ધર્મનો ગંભીર તથા ઊંડાણનો ચુસ્કો તાલાવેલી સાથે ખીલને ઠર્કાવી શક્યા, નિષ્કુળાનંદનો તીવ્ર વૈરાગ્ય તેની કડક લીટીમાં સંપૂર્ણ સમાઈ રહ્યો છે તથા પીરો, દેવાનંદ, ભોજો વગેરે કેટલેક સ્થળે અણઘડ હતા તોપણ તેમણે તપીને ઘણામાં અજાણતા જગતને જે જેવું સંભળાવ્યું' તે તેના સમય રજૂ વાતાવરણને માટે અત્યંત મહત્વનું છે.

૬. સી. નાની જોડણી.

૭. ર. એ નામની અટકનું આદ્યાક્ષર.

૮. શિ. એ નામની અટકનું.

૯. શિ. ગુજરાત સંબંધી; ગુજરાતનું; ગુજરાતને લગતું.

૧૦. શિ. ગુજરાતમાં બનેલું.



ગુજરાતીકાર જુ. ગુજરાતી ભાષાકાર.

ગુજરાતી કાવ્ય જુ. ગુજરાતી ભાષાની કવિતા. ગુજરાતી કાવ્યના વિકાસક્રમનાં પાંચ પગથિયાં છે: (૧) પ્રાચીન યુગ, (૨) બીજો યુગ, (૩) ત્રીજો યુગ, (૪) ચોથો યુગ અને (૫) અર્વાચીન યુગ. (૧) પ્રાચીન યુગ: તેમાં ઈ. સ.ના આઠમા–નવમા સૈકાથી અઢારમી ચૌદમા સૈકા સુધીના કાળનો સમાવેશ થાય છે. આને અપભ્રંશ અને જૂની ગુજરાતીનો કાળ કહી શકાય. આ કાળમાં કવિતાના ક્ષેત્રમાં મુખ્ય ફાળો લેનાર જૈન કવિઓ છે. (૨) બીજો યુગ: આ યુગમાં પંદરમા તથા સોળમા સૈકાનો સમાવેશ થાય છે. આ યુગનો મુખ્ય કવિ નરસિંહ મહેતો છે. તે અર્વાચીન ગુજરાતીનો પિતા ગણાય છે, તેને આદિકવિ પણ કહેવાય છે. નરસિંહ મહેતા

ઉપરાંત અકબરકવિ વિષ્ણુદાસ, ભાલણ, પદ્મનાભ, ધરતો વગેરે કેટલાક કવિઓ આ યુગમાં થઈ ગયા છે. પ્રસિદ્ધ અલંકારગ્રંથકર્તા વીરાભાઈ પણ આ યુગમાં થઈ ગયા છે. (૩) બીજો યુગ: આ યુગમાં સંચરમાં તથા અક્ષરમાં સૈકાનો સમાવેશ થાય છે. આ યુગમાં લક્ષણપ્રેમી કવિ પ્રેમાનંદ પ્રથમ પંક્તિના કવિઓમાં અગ્રગણ્ય છે તેથી તેને પ્રેમાનંદ યુગ કહી શકાય. આ યુગમાં પ્રથમ પંક્તિના બીજા કવિઓમાં તત્ત્વજ્ઞ મેહતો અને કથનનિપુણ શામળ છે. એ સિવાય અસાઇત, નાકર, વીરજી, રત્નેશ્વર આદિ દ્વિતીય પંક્તિના બીજા કવિઓ આ યુગને શોભાવે છે. (૪) ચોથો યુગ: આમાં ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધનો સમાવેશ થાય છે. આ યુગના પ્રથમ પંક્તિના કવિઓમાં શૃંગારરસિક દયારામ પૂર્ણપ્રજ્ઞાથી પ્રકાશે છે તેથી તેને દયારામનો યુગ કહી શકાય. તે સિવાય ભોજો, ધીરો, પ્રીતમ, અનંત, ગિરધર, નિષ્કુળાનંદ વગેરે વલ્લભોળ પ્રસિદ્ધ કવિઓ આ યુગમાં થઈ ગયા છે. (૫) અર્વાચીન યુગ: આ યુગનો આરંભ કવિ દલપતરામથી થાય છે. આ કાળમાં યુગમાં પ્રધાન સંસ્કૃતિની છાયા ગુજરાતી સાહિત્ય ઉપર પડેલી જોવામાં આવે છે. તેની સાથે આપણી ભાષાના સંસ્કૃત સાહિત્યના અભ્યાસના પરિણામરૂપે વાણી વિશદ બની છે. આ સમયમાં નર્મદાશંકર પણ ગણી શકાય.

ગુજરાતી કોશ પું. ગુજરાતી ભાષાનો શબ્દ કોષ; ગુજરાતી શબ્દકોળ.

ગુજરાતી કોષ જુઓ ગુજરાતી કોશ.

ગુણીભૂતવ્યંગ્ય [સં.] ન. (અલં) અભિધારૂપ વ્યાપારથી પ્રતીત અર્થ; અર્થના ત્રણ પ્રકારો એક પ્રકાર; કાવ્યમાં પ્રધાન નહિ પણ વાચ્યાર્થની સાથે ગૌણરૂપે આવેલ અર્થ; જેમા વ્યંગ્ય ગુણરૂપે હોય એવું કાવ્ય. સામાન્ય રીતે કાવ્યના ત્રણ પ્રકાર છે: (૧) ઉત્તમ કે ધ્વનિ, (૨) મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય અને (૩) અધમ કે ચિત્ર.
જો વ્યંગ્ય અર્થ વાચ્યના કરતાં ચમત્કૃત ન હોય તો કાવ્યને મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય કહે છે.
કાવ્યપ્રકાશ

ગુણેગુણકોળી સ્ત્રી. એક જાતની સાડલાઝાત, તે કોળીની એક જાત છે.

ગુણેશ ૧. [સં.] પું. ઈશ્વર; પરમેશ્વર.
૨. પું. ગણપતિ; ગણેશ.

ગુણેશ્વર ૧. પું. ચિત્રકૂટ પર્વત.
૨. [સં.] પું. પરમેશ્વર. તે ત્રણે ગુણો ઉપર પ્રભુત્વ રાખે છે.

ગુણો પું. વેલો; કોથળો; ગુણી
ગુણા ભરી જવા = સરસામાન સાથે જવું રહેવું; પોબારા ગણવા.

ગુણોજ્જવલ વિ. ગુણ વડે ઊજળું.

ગુણોત્કર્ષ [સં.] પું. ગુણોનું અતિશયપણું.

ગુણોત્કીર્તન [સં.] ન. ગુણગાન; ગુણવર્ણન.

ગુણોત્કૃષ્ટ [સં.] વિ. ગુણમાં અધિકાતુ.

ગુણોત્તમ ૧. [સં.] પું. શિવનાં હજાર મ.હેનુ એક નામ
૨. વિ. ગુણમાં મેખ; મેખ ગુણવાળું.

ગુણોત્તર ૧. પું.; ન. ભાગાકાર; અવયવ.
૨. [સં.] (ગણિત) પું; ન. સરેરાશ; એક જાતની બે સંખ્યાને પરસ્પર ભાગાકારથી ભાગાકારની બે સંખ્યા આવે તે; 'રેશિયો'. એક જ જાતની બે સંખ્યાઓની સરખામણી કરતાં એક સંખ્યા બીજી સંખ્યાથી કેટલા ગણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે તે સંબંધ બતાવનારી બીજી સંખ્યાને તે બે સંખ્યાનું ગુણોત્તર કહે છે. આ સબંધ પહેલી સંખ્યાને બીજીમાં ભાગવાથી નીકળે છે. જેમકે, ૮ એ ૨ થી ૪ ગણા છે અને ૨ એ ૮નું ગુણોત્તર કહે છે. માટે ગુણોત્તર શોધી કાઢવાને પહેલી સંખ્યાને બીજી સંખ્યાએ ભાગવી. એ પ્રમાણે ૮ અને ૨ નું ગુણોત્તર ૮ ÷ ૨ = ૮/૨ = ૪ : ૧ થાય એટલે કે ગુણોત્તરનાં બે પદો વચ્ચે ÷ ની નિશાની કરવી જોઇએ, પણ એ ÷ ની નિશાની કરવાને બદલે વચ્ચેની આડી લીટી કાઢીને માત્ર ' : ' આવી નિશાની કરવામાં આવે છે.
૩. વિ. ગુણમાં અધિકતું; ઉચ્ચ.

ગુણોત્તરવર્ગ પું. (ગણિત) બે અથવા તેથી વધારે ગુણોત્તરોનાં પ્રથમ પદના ગુણાકાર અને દ્વિતીય પદના ગુણાકારનું ગુણોત્તર; આપેલાં ગુણોત્તરોને અપૂર્ણાંકના રૂપમાં લખી તે બધાં અપૂર્ણાંકનો

ગુણાકાર કરવાથી જે અપૂર્ણાંક આવે તેને ગુણોત્તરના રૂપમાં લખવું તે.

ગુણોત્તરશ્રેઢી જી (અન્વિત) પહેલાંનાં બે પદો વચ્ચેના અમુક નિશ્ચિત ગુણોત્તરમાં હોય એવી શ્રેઢી

ગુણોત્તરશ્રેણી જુઓ ગુણોત્તરશ્રેઢી.

ગુણોપેત ૧. વિ. કલામાં હોશિયાર.
૨ [સં.] વિ ગુણી; ગુણવાળું; ગુણસંપન્ન.

ગુણૌઘ [સં. ગુણ + ઓઘ (જથ્થો)] પું. ગુણનો જથ્થો, ગુણનો સમૂહ.

ગુણૌઘપ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુણ્યું ૧. ન. ઘણું તેલ પીધેલ એવા લુહારના એક પાતળા પાપડ વધતાં તૂટી ગયેલા તેલ ભર્યા કટકા માંહેનો દરેક. તે કાચને કડવા મૈરા છોકરા ખાય છે
૨ ન. પાપડની કણકનો લૂઓ; કણક કે લૂઆનું વણવા માટે તૈયાર કરેલ ગઠ્ઠાકાર પિંડું; ગૂજ્યું; ગુલ્લું.

ગુણ્ય ૧. [સં.] પું. (અન્વિત) ગુણ્ય સંખ્યા; ગુણ્યાંક; જેને ગુણવામાં આવે તે રકમ. જેમકે, ૫ને ૭ થી ગુણો, તેમાં ૫ ગુણ્ય છે
૨. સ્ત્રી. ગુણ; ભેલો; ફોબળી.
૩. વિ. ગુણવાને યોગ્ય; ગુણાય એવું.
૪. વિ. ભૂર્ખ કરવા યોગ્ય.
૫. વિ. વખાણવા લાયક.
૬. વિ. સદ્‌ગુણી; ભેદ ગુણવાળું.

ગુણ્યગુણકાવયવ પું. (અન્વિત) અંકપદ; અવયવ; 'ફેક્ટર'. જેમકે, ૭૭ ના ગુણ્યગુણકાવયવ ૭ અને ૧૧ છે.

ગુણ્યસંખ્યા જુઓ ગુણ્યાંક.

ગુણ્યાંક [સં.] પું. ગુણ્ય સંખ્યા જેને ગુણવાની હોય તે રકમ.

ગુત્કા પું. વખાણ.

ગુત્તો પું. એકાક્ષ્યુ વેપાર; ધંધો.

ગુત્રું ન. નાનું ઘરણ. એની બે જાત છે: એક આર સિંગડાંવાળી અને બીજી બે સિંગડાંવાળી. તે ગિરનાર પર્વત તરફ માલૂમ પડે છે.

ગુત્સ ૧. પુ. ખીલવા આવેલી કળી.
૨. [સં.] પું. મોટો ગુચ્છો; ઝૂમો.

ગુદ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) રમવું; ખેલવું. તે ઉપરથી બનેલ શબ્દો: ગુદ, ગુદદ્વાર, ગુદા.

ગુદ ૧. પું. દરવાજાની અંદરનો ઓરડો.
૨. [અ.] સ્ત્રી., ન. ગુદા; મળત્યાગ કરવાનું દ્વાર.
૩. ન. એ નામનું એક તત્ત્વ.
૪. ન. નિતંબ; કમરો; કૂલો.

ગુદકાંદ [સં.] પું. ગુદામાર્ગ; મળાશય.

ગુદકીલ [સં.] પું. આર્શ; હરસ.

ગુદકોકુંદર ન. ગુદદ્વારની આસપાસ રહેલો ચરબીથી ભરેલો ખાડો. આ ત્રિકોણાકાર ખાડો ગુદાની દરેક બાજુ ઉપર આવેલો છે. તેની દીવાલોની અંદરની બાજુ પ્રાવરણી વડે છવાયલી છે.

ગુદગુદા [હિં.] વિ. નરમ; પોચું.
ગુદગુદા બિસ્તર = નરમ પથારી.

ગુદગુદાવવું ૧. [હિં.] સ. ક્રિ. ગદગદિયાં કરવા.
૨. સ ક્રિ. હસાવવું.

ગુદગુદાહટ ૧. [હિં.] સ્ત્રી. ઉત્તેજના; તીવ્ર ઇચ્છા
૨. સ્ત્રી. ખૂજલી; ચળ.

ગુદગુદી ૧. [હિં.] સ્ત્રી. ગદગદિયાં; મશ્કરિયાં.
૨. સ્ત્રી. સંક્રોચની ક્રિયા.

ગુદભ્રંશ [સં.] પું. ઉતરતો રોગ; આમવાયુ; મળમૂત્ર અને વાયુ રોકાઈ જવા જેવો પેટનો એક રોગ.

ગુદ્ધ (ગુદ્ધ) ૧. સ્ત્રી. જોર; શક્તિ.
૨. [હિં.] સ્ત્રી. ફાટેલ ગોદડું.
૩. [ફા. ગુદ્રી] સ્ત્રી. ભભર.

ગુદ્ધડિયા (ગુદ્ધડિયો) ૧. [હિં.] ન. ગોદડી, તંબૂ વગેરે બનાવનાર અને સાંધે બનાવનાર માણસ.
૨. ન. ગોબરું માણસ; ગંદુ માણસ.
૩. ન. કાટેલ કુરબ પહેરેલું માણસ.

ગુદ્ધડી (ગુદ્ધડો) જુઓ ગુદ્ધ.

ગુદદર્શકયંત્ર ન. ગુદાની અંદરના ભાગની ચિકિત્સા કરી શકાય એવું એક જાતનું યંત્ર.

ગુદદ્વાર [સં.] ન. ગુદા. આ દ્વારની આસપાસ રહેલી પાતળી ચામડી ગુદાની અંદર રહેલી શ્લેષ્મકલા સાથે મળી જાય. બહારની ચામડી તથા અંદર રહેલી શ્લેષ્મકલાનું સંયોજકસ્થાન ગુદદ્વારની આસપાસ રહેલી એક સફેદ વાદળી તથા ધોળા રંગની રેખા વડે જણાઈ આવે છે. ગુદદ્વારની આસપાસની ચામડીમાં ઠેકઠેકાણે કરચલીઓ પડેલી માલૂમ પડે છે. તે બધી ગુદદ્વારની અંદર દાખલ થઈ જાય શ્લેષ્મકલામાં પણ દાખલ થયેલી માલૂમ પડે છે. આ શ્લેષ્મકલામાંની કરચલી વચ્ચેના ખાડા વધારે ઊંડા છે.

ગુદનલિકા જી. ગુદાની નળી. આ નલિકા આશરે ૬ થી ૮ ઇંચ લાંબી છે તે શરૂઆતમાં સાંકડી પણ તેના નીચલા ભેગા અરધા કે વધારે પહોળી થાય છે. તેની દીવાલમાં મોટા આંતરડાની બાકીની બધી પટ્ટા ન હોવાથી તે વર્તિનાંવળણી ન દેખાતાં સરળ જણાય છે. પુરુષના શરીરમાં ગુદનલિકાની આગળની બાજુ ઉપર મૂત્રાસય હોય છે ત્યારે એના શરીરમાં ગર્ભાશય રહેલું છે

ગુદપાક પું. મળદ્વારમાં થતો પાક; પિત્તના પ્રકોપથી અથવા બાહ્ય વગેરેના રોગથી ગુદાનું પાકી જવું તે.

ગુદભ્રંશ [સં.] પું. ગુદાનો ભ્રંશ; આમવાતનો રોગ; ગુદનો ભાગ બહાર નીકળી આવે એવો રોગ.

ગુદમ ૧. [અ. ગુદા] સ્ત્રી. ગુદા; મળદ્વાર.
૨. ન. તળિયું.

ગુદમર્મ [સં.] ન. અપોવાયુ અને મળને બહાર કાઢનાર મોટા આંતરડા સાથે જોડાયેલું ગાર અંજળનું માંસમર્મ. જ્યાં ઈજા થતાં ભયંકર થાય છે, કારણકે ગુદભાગમાં ઈજા થતાં તેની દીવાલ તૂટી જોડી, વિષ્ટા વગેરે પદાર્થો શ્રોણીગુહા તથા પેટની અંદર ફરી વળે એટલે આંતરડા ઉપરની કલાનો સોજો અર્થાત્ હર્નીની સ્થિતિ ગંભીર બને છે.

ગુદમા [હિં.] પું. નરમ બાજો વાજબો.

ગુદમાર્ગ પું. ગુદા; મળનો માર્ગ.

ગુદમૈથુન [સં.] ન. કૃત્રિમ વિકૃત મૈથુન.

ગુદર ૧. પું. ઘૂંટણ.
૨. પું. દરવાજા માંહેનો ઓરડો; ખંડ.

ગુદરજલસેચન [સં.] પું. ગલગાંઠ; ગુદામાંથી લોહી નીકળવું તે.

ગુદરવું ૧. સ. ક્રિ. ઉદ્યમ કરવો; પ્રયત્ન કરવું.
૨. સ. ક્રિ. દરગુજર કરવું; જોડી દેવું.
૩. સ. ક્રિ. નિવેદન કરવું.
૪. સ. ક્રિ. મારવું; ઝપાટવું.
૫. સ ક્રિ. તાગે પડવું.

ગુદરી [હિં.] સ્ત્રી. ગુજરી.

ગુદરોગ [સં.] પું. ગુદાનો રોગ.

ગુદવલિ [સં.] સ્ત્રી. ગુદાની અંદરની અર્ધચંદ્રાકાર કરચલી.

ગુદસંકોચનીત્વચાદાહ સ્ત્રી. મલદ્વારસંકોચની બહિસ્ત્વચાદાહ.

ગુદસંકોચનીત્વચાદાહપેસી જુઓ ગુદસંકોચનીત્વચાદાહ.

ગુદસ્ત ૧. ન. જર્જા સાલ.
૨. [ફા. ગુજસ્ત (ગયેલું)] વિ. ગયેલું; ગયેલું; ગત.
ગુજસ્ત બાકી = હિસાબ કરતાં બાકી રહેતી રકમ.

ગુદસ્તંભ [સ.] પું. ગુદા મળત્યાગનું કામ ન કરી શકે તેવો એક જાતનો રોગ.

ગુદા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૨. [સં.] સ્ત્રી. ગાંડ; મળદ્વાર; ઓટા આંતરડાનો છેડો; શરીરમાંથી વિષ્ટા નીકળવાનું દ્વાર.

૩. સ્ત્રી. ભમરી.

૪. ન. એ નામની મેમણની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગુદાખ્તગી [હિ.] સ્ત્રી. ગાળવાની ક્રિયા; પીગાળવું તે.

ગુદાગમન [સં.] ન. સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ; ગુદામૈથુન.

ગુદાજકર [હિ.] પું. દરજીકામમાં ધાતુ મઢનારો માણસ.

ગુદાઝ ૧. [ફા.] વિ. ગલનું.

૨. વિ નરમ; કોમળ.

ગુદાદર્શકયંત્ર જુઓ ગુદદર્શકયંત્ર.

ગુદાદ્વાર જુઓ ગુદદ્વાર.

ગુદાનંદરા જુઓ ગુદભ્રંશ.

ગુદામ ૧. પું. હબસો.

૨. [હિ.] પું. વખાર; કોઠી; ગોદામ; કોઠાર.

ગુદામાર્ગ જુઓ ગુદમાર્ગ.

ગુદામૈથુન ન. ગુદાગમન; સૃષ્ટિ વિરુદ્ધ મૈથુન; ગુદાના ભાગમાં ભોગ ભોગવવાની ક્રિયા.

ગુદાર પું. શિવધર્મી સાધુઓનો એક પંથ. તેઓ ધાતુનું એક વાસણ રાખે છે ને તેમાં સુગંધી લાકડું વગેરે સળગાવે છે.

ગુદાર્તિ [સં.] પું. મળદ્વારમાં થતું દર્દ.

ગુદાવર્ત [સં.] પું. ગુદાનો એક પ્રકારનો રોગ; ગુદાનો બંધ.

ગુદાસંયોગ પું. ગુદાગમન; ગુદામૈથુન.

ગુદાસ્થિ [સં.] ન. પૂંછનું હાડકું; પુચ્છાસ્થિ; માણસના શરીરમાં કરોડને છેડે આવેલું ત્રિકોણાકાર હાડકું. ત્રિકાસ્થિની નીચે આવેલ આ હાડકું ત્રિકોણાકાર હોઈ કાગડાની ચાંચ જેવું લાગે છે. તે અત્યંત ત્રીજાં હાડકાંઓનું બનેલું છે. આ હાડકું ગુદાની પાછળ આવેલું હોવાથી પ્રાચીન શરીરવિદોએ તેને ગુદાસ્થિ તરીકે ઓળખાવ્યું છે. પ્રાણીઓમાં આ હાડકું મોટું તથા લાંબું ગોળાકાર અસ્થિઓનું બનેલું હોય છે અને તે અસ્થિસમુદાય વધુ જ પહોળું બને છે. આ હાડકાને પેશીઓની ચાર જોડી તથા એક એકલી પેશી લાગેલી છે.

ગુદાંકુર [સં.] પું. હરસનો રોગ.

ગુદો પું. હાડકામાંનો માવો; મજ્જા.

ગુદોપસ્થિકા [સં.] સ્ત્રી એ નામની એક ધમની. તે કુકુંદરદ્વાર આસપાસ મૂલાધારપીઠમાં બનેલ છે અને ગુદા, ઉપસ્થ વગેરેને પોષણ આપે છે.

ગુદૌષ્ઠ [સં.] પું. ગુદાનો એક અવયવ.

ગુદ્રી [હિં.] સ્ત્રી. ખોચી; ગળચી.

ગુધ્ ૧. [સં.] અ. ક્રિ. મુસ્સે થવું.

૨. અ. ક્રિ. રમવું. રમત કરવી.

૩. ઉ. ક્રિ. વીંટાળવું; કપડાં પહેરાવવાં.

ગુધ પું. ગૂમડું કે બા રુઝાવા પછી રહી ગયેલો ઊપસેલો ભાગ.

ગુધલો સ્ત્રી. કૂવા માટે ખેતરમાં પાસે પાસે ખવાતી ખાડ.

ગુધાઈ [સં. ગ્રંથ (ગૂંથવું)] સ્ત્રી. (હિંદી) કોર ચળવી તે.

ગુધ્રિત ૧. [સં.] વિ. કોપાયમાન થયેલ.

૨ વિ ઘેરેલું.

૩ વિ રમેલ.

૪. વિ. વીંટી લીધેલું.

ગુન ૧. [હિ.] પું. કૃપા.

૨. પું. ગુણાકાર.

૩. પું. ગૂંથણ્યું. કલાનું; સાધ.

૪. પું. પરિણામ.

૫. પું. ઘણું; લાભ.

૬. પું. બુદ્ધિ.

૭. [સં. ગુણ] પું. સારગુણ; સારું લક્ષણ.

૮. ન. વહાણની પાછળ લટકતું દોરડું.

ગુનઢ પું. ગુનેગાર; ગુનો કરનાર.

ખરી વાતનો પડદો ખોલ,
અમો ગુનઢ તું સાચુ બોલ. શામળ

ગુનકલી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; માલકોષ રાગની સ્ત્રી. તે રાત્રીનો વધુમાં વધુ દિવસના પહેલા પહોર સુધીનો છે. તેની જાતિ સંપૂર્ણ અને આરોહ શુદ્ધ, રિષભ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ વૈવત કોમળ, નિષાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. કોઈ ઓડવ જાતિ પણ લેખે છે. તેમાં રિષભ અને વૈવત વર્જ્ય છે. ગ્રહ સ્વર આરોહ અથવા નિષાદ છે. આ રાગિણીનો ખરું જોતાં હાલમાં લોપ થઈ ગયેલો છે. તેનું વર્ણન નીચે મુજબ છે: વિરહાગ્નિથી જેનું શરીર કૃશ થયેલું છે, જેનાં વસ્ત્ર પહેર્યાં છે, કંચુકી ઢીલી થઈ ગયેલી છે અને પોતાના કેશ છૂટા રાખીને કદમના અથવા આમાના વૃક્ષની તળે તે ગાઢના ચડથી આયુ ટેકાની બેઠી છે. આ રાગિણીની પ્રકૃતિનાં અક્ષર નિષાદ વર્જ્ય કરી ઓડવ જાતિ કહી છે પણ કરી ગાંધાર ષાડવ જાતિ ગણી છે. સંગીતાર્ણવમાં ઓડવ જાતિ ગણી ગાંધાર અને પંચમ છોડી દીધો છે. રિષભ વૈવત કોમળ, ગાંધાર મધ્યમ શુદ્ધ છે. શરદ ઋતુમા દિવસના પહેલા પહોરમાં તે ગવાય છે. કોઈ ત્રીજે પહોર માને છે. આ રાગનો વાદી સ્વર વૈવત અને સંવાદી સ્વર રિષભ છે. આ રાગમાં કેટલેક સ્થળે સામંતો અને ભૈરવ રાગનો ભાસ થાય છે.

ગુનકા સ્ત્રી. નાયકા; વેશ્યા.

ગુનકોમળો વિ. પું. લોભપોષ.

ગુનકિ જુઓ ગુનકલી.

ગુનગુન અ. મધુમધ્યુ; નાકમાંથી બોલે તો ઉચ્ચાર.

ગુનગુના ૧. [હિં.] વિ. નવશેકું; અલ્પોષ્ણ.

૨. વિ નાકમાંથી બોલનાર.

ગુનગુનાટ [હિં.] પું. ગણગણાટ; બોબાટ.

ગુનગ્રિયા ૧. સ્ત્રી. એ નામની કચ્છીની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ગુનફૂલ [હિં.] ન. બે કે વધારે અવયવોનો ગુણાકાર.

ગુનરખ [હિ!] પું. વહાણની પહોળાઈ.

ગુનસાર સ્ત્રી. (સંગીત) કેદારા રાગિણીની ચાર ભાર્યામાંની એક જાત.

ગુનહગાર ૧. [ફા.] વિ. અપરાધી; દોષી.

૨. વિ. પાપી.

ગુનહગારી ૧. [ફા.] સ્ત્રી. ગુનો; ભાંડ; દોષ; અપરાધ.

નથી તકસીર તારી એ, ગુનહગારી હમારી છે.
કલાપી

૨. સ્ત્રી. પાપ.

ગુનાહ ૧. [ફા.] પું. દોષ; કસૂર; અપરાધ.

૨. પું. પાપ.

ગુનાહગાર જુઓ ગુનેગાર.

ગુનાહગારી ૧. સ્ત્રી. ખાલસા થવું તે.

૨. [હિં.] સ્ત્રી. ખોટ; નુકસાન.

૩. સ્ત્રી. ગુનો કરેલો હોય એની હાલત; ગુનેગારપણું.

૪. સ્ત્રી. તકસીર; ગુનો; કસૂર.

૫. સ્ત્રી. ન્યાય બાતમી થયેલ દંડની ઊપજ.

૬. સ્ત્રી. પાપ.

૭. સ્ત્રી. બદલો.

૮. સ્ત્રી. સજા; દંડ; શિક્ષા.

ગુનાહત જી ગુનેગારી; દોષિતપણું.

ગુનાહગખ્શ (ગુનાહબખ્શ) [ફા.] પું. પાપ માફ કરનાર; ઈશ્વર.

ગુનાહિત ૧ વિ. ગુના સંબંધી.
૨. વિ ગુનો કરેનારું; અપરાધી.

ગુનાહી ૧. [ફા.] પું. અપરાધ કરનાર માણસ; દોષી; કસૂરદાર.
૨. પું. પાપ કરનાર મનુષ્ય.

ગુનિયા ૧ [હિં] પું. ગુણવાન માણસ.
૨. પું ભલું કરી જાણનાર માણસ.
૩. પું. સુતારનો હાટપૂજો.
૪. ન. ઘરની સપાટી જોવાનું એક સાધન.

ગુની ૧ [હિં] વિ. ગુણવાળું; ગુણી.
૨. વિ અંતરમતર જાણનાર

ગુનીજન ૧. પું. ગુણવાન પુરુષ; ગુણીજન.
૨. પું. ભાટ; ચારણ.

ગુનેગાર ૧. [ફા.] પું. અપરાધી; ગુનો કરનાર માણસ.
૨. પું. પાપી.
૩ વિ. ગુનો કરનાર.

ગુનેગારી ૧. [ફા.] સ્ત્રી. અપરાધ; દોષ.
૨. સ્ત્રી. ગુનો કરેલો દોષ એવી હાલત; ગુનેહગારપણું.
૩. સ્ત્રી. ન્યાય આતાના દંડની ઊપજ.
૪. સ્ત્રી. પાપ
૫. સ્ત્રી. સજા; દંડ; શિક્ષા.

ગુનેહગાર જુઓ ગુનેગાર.

ગુનેહગારી જુઓ ગુનેગારી.

ગુનો ૧. [ફા. ગુનહ] પું. અપરાધ; દોષ; પાપ; તકસીર.
૨. પું અમલમાં હોય તેવા કોઈ પણ કાયદાથી શિક્ષા કરવા લાયક કરેલું કૃત્ય.
૩. પું. નાનું તળાવ.
૪. પું. પાપ.

ગુનોહ પું. ગુનો; અપરાધ.

ગુન્ચાલીસ [હિં] વિ. ઓગણપચાસ; ૪૯.

ગુન્તાલીસ [હિ.] વિ. ઓગણચાલીસ; ૩૯.

ગુન્ત્રી [હિં] સ્ત્રી વાળેલ કપડાની પટો. તે હિંદુ સ્ત્રીઓ હોળીના તહેવારમાં એકબીજાને મારે છે

ગુન્યાસી [હિં] વિ. ઓગણ્યાએંસી; ૮૯.

ગુન્હાખ્ત ૧. વિ. અપરાધી; ગુનો કરનારું.
૨. વિ. ગુના સંબંધી

ગુન્હાખોરી સ્ત્રી ગુનેગારપણું.

ગુન્હામત ૧. પું. ગુનેગાર.
૨. સ્ત્રી. દંડ.

પન્હા દિવસની ગુન્હામત ભોગવું રે,
જો મારા ચિતડાના ચોર. ઝવેરચંદ

ગુન્હારોપક વિ. ગુના રોપનાર; ગુનેગાર.

ગુન્હાવ્રિત વિ. તકસીરવાર; ગુનેગાર.

ગુન્હેગાર ૧. વિ. અપરાધી; ગુનો કરનાર.
૨. વિ. પાપી.

ગુન્હેગારી જુઓ ગુનાખોરી

ગુન્હો જુઓ ગુનો.

ગુપ ૧. [સં.] અ. ક્રિ. ગૂંચવાવું.
૨. અ. ક્રિ. દીપવું; પ્રકાશવું.
૩. અ. ક્રિ. બ્યાકુળ થવું; ગભરાવું.
૪. અ. ક્રિ. કૂપવો આપવો.
૫. અ ક્રિ. ખિજાવવું.
૬. [સં] સ ક્રિ. (ધાતુ) બચાવવું; રક્ષવું; રક્ષણ કરવું. તે ઉપર નીકળેલા શબ્દો: ગોપન, ગોપાલ, ગોપિત, ગુપ્ત, ગુપ્તિ.
૭. સ. ક્રિ. બોલવું.
૮. સ ક્રિ. સંતાડવું; જાનું રાખવું.

ગુપ ૧. [હિં.] પું. મૂર્છાવસ્થામાં કાનમાં થતો અવાજ.
૨. વિ. ગુપ્ત; છૂપું.
૩. વિ. રક્ષણ કરનાર.

ગુપચુપવ્યલ સ્ત્રી. છોકરાંઓની એક રમત.

ગુપચુપ ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી બટક.
૨. સ્ત્રી. એક જાતની મીઠાઈ.
૩. સ્ત્રી. એક જાતની રમત.
૪. સ્ત્રી. ચૂપકી.
૫. ન. એ નામની બટકનું માણસ.
૬. વિ. એ નામની બટકનું.
૭. અ. ચુપચાપ; નજર બોલવે આમને; કોઈ જાણે નહિ તેમ; જાનુમાનું; બહુ ગુપ્ત રીતે.

ગુપચુપકોરડો (ગુપ્તુપકોરડો) પું. બાળકોની એક રમત. દસ પંદર બાળકો આ રમત રમી શકે છે. પહેલાં બધાં ગોળાકાર બેસી જાય. એના ઉપર દાવ હોય તે રમનાર સૂત્રધારનો નાનો કોરડો રાખી બધાની આસપાસ ફરે અને કોઈ એક રમનારની પછવાડે મૂકી દે. તેને અબર ન પડે તો દાવવાળો છોકરો તેની પીઠ ઉપર કોરડો મારે. તે છોકરો વર્તુલની આસપાસ ફરી પાછો પોતાની જગ્યાએ આવે ત્યાંસુધી દાવવાળો તેને માર્યા જ કરે. જો કોઈ છોકરો સમજી જાય કે મારે પછવાડે કોરડો મુકાયો છે તો તે ઊંચકી દાવવાળાની પાછળ દોડે અને તે જગ્યાએ બેસી જાય ત્યાંસુધી માર્યા કરે અને પોતે દાવવાળો બની બધાની આસપાસ ફરે. કોઈ વખત કોઈ રમનાર કોરડો જોવા માટે પાછું વાળીને જુએ છે. જો તે ખોટો હોય તો દાવવાળો તેને મારી શકે. કોઈ વખત કોરડાને બદલે ટોપી મૂકે ત્યારે આ રમતને ટોપીદાવ કહે છે.

ગુપત ૧. વિ. (બ્યાકરણ) અભ્યાહાર.
૨. [સં ગુપ્ત] વિ. જાનું; છાનું; કોઈ જુએ જાણે નહિ એવું.
૩. વિ. રક્ષણ કરેલ.
૪. વિ. બ્યાકુળ; ક્ષબ્ધ; ગભરામેલ.
૫. વિ. સંતાડેલું; ઢાંકેલ.
૬. અ. બાનગી રીતે; અદશ્ય.

ગુપતી ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ આનંદવસ્તુ છંદની એક ભેદ છે તેમાં ૭ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૩ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.
૨ [સં. ગુપ્ત] સ્ત્રી લાકડીની અંદર છૂપું રહેનું હોદાનું હથિયાર એક કબિયાર. તે બહારથી લાકડી જેવું દેખાય પણ અંદર નાની જેવારી તરવાર જેવું હોય છે.

ગુપિલ ૧. [સં.] પું. રાજા.
૨. વિ. કુટિલ; ગહન.
૩. વિ. રક્ષણ કરનાર.
૪. વિ. બ્યાપ્ત.

ગુપી પું. ભરવાડ.

ગુપ્ત ૧. પું. (પિંગળ) ચોવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૬, ૧૩, ૧૫, ૧૬, ૨૩ માત્રાએ તાલ આવે છે.
પ્રથમ નગણ પર પ્રતિ પદમાં, આવે પછી નગણ,
યતિ પર ચૌદ અને દશમાં, પુન ત્રણ ચૌદીસ ભણ;
રાતિ રાતવ્ય જગણ તિથિ ચોવીસીસ,તાલ જ તેવીસ પર,
અરસજ ચુમ્બ અને અતિ, ગોપ રસે કવિવર.
અપિંગળ

૨. પું. નહોનો નાશ કરી ચાણક્યની મદદથી રાજ્ય પ્રાપ્ત કરનાર મૌર્ય વંશનો પહેલો રાજા: ચંદ્રગુપ્ત.

૩. [સં.] પું. પરમેશ્વર.

૪. પું. મગધ ઉપર રાજ્ય કરનાર એ નામનો એક વંશ. તે ઈ. સ. ના પાંચમા તબક્કા સુધી સત્તામાં રહ્યો હતો. તેનું રાજ્ય પ્રથમ મગધ દેશમાં હતું. પછી આખા ઉત્તર હિંદમાં તે ફેલાયું હતું. તેમાં સમુદ્રગુપ્ત નામે મહાપ્રતાપી રાજા થયો. ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત અને સ્કંદગુપ્ત આ વંશમાં થયા. ગુપ્ત વંશના ચંદ્રગુપ્તનું બીજું નામ વિક્રમાદિત્ય પણ હતું. કેટલાકની માન્યતા પ્રમાણે પ્રસિદ્ધ વિક્રમાદિત્ય તે ચંદ્રગુપ્ત જ હતો.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે વાણી અને મનનો અવિષય હોવાથી ગુપ્ત કહેવાય છે.
૬. પું. વૈદ્યનું એક ઉપનામ.
૭. ન. જાની વાત; જાનું ભ્રમ.
૮. વિ. અદશ્ય; દેખાય નહિ એવું.
૯. વિ. (આકરણ) અભ્યાહાર.
૧૦. વિ. અલૌકિક.
૧૧. વિ. જાનું; છપું.
૧૨. વિ. (જૈન) મન, વચન અને કાયાને પાપમાં ન જવા દેનાર.
૧૩. [સં.] વિ. રક્ષણ કરાયેલું; સંભાળ લેવાયેલું; રક્ષિત; બચાવેલ.
૧૪. વિ. આબરૂ; કુળ્ય.
૧૫. વિ. સંતાડેલું; ઢાંકેલ.
૧૬. વિ. સ્તબ્ધ; દિગ્મૂઢ બનેલ.
૧૭. અ. જાનમી રીતે.

ગુપ્ત અવયવ પું. (ગણિત) સમચોરસ ખાતર એક જાનુ રાખી મૂકેલો અવયવ.

ગુપ્ત અંગ ન. ગુહ્ય અંગ; ગુપ્ત ભાગ; જનનેંદ્રિય.

ગુપ્ત આકર્ષણ ન. જાનું આકર્ષણ; અદશ્ય ખેંચાણ. કાચની લાકડી ઉપર રેશમનું કપડું ઘસતાં તેમાં જેમ કાગળની કાપલીઓને પોતા તરફ ખેંચવાની શક્તિ આવે છે તેવી જ આકર્ષણ શક્તિ દરેક પ્રાણીમાં તેમ જ ચીજમાં ગુપ્તપણે રહેલી છે.

ગુપ્ત આગહનો સ્ત્રી. અદશ્ય જગ્યાએથી આવતી આવક; જાનમી આવક.

ગુપ્ત ઉષ્મા સ્ત્રી. પદાર્થમાં છુપાયેલ ગરમી; અંતર્હિત ગરમી.

ગુપ્તક ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા.
૨. પું જયદ્રથ રાજાના એક સેનાપતિનું નામ.

ગુપ્તકામ ન. અપ્રસિદ્ધ કામ; કોઈ ન જાણે તેવી રીતે કરેલું કામ.

ગુપ્તકાલીન વિ. ગુપ્ત વંશના સમયનું; ગુપ્ત રાજાના વખતનું.

ગુપ્તકાશી ૧. ન. ઓરિસામાં આવેલ ભુવનેશ્વરનું પ્રાચીન નામ.
૨. ન. હરિદ્વાર અને બદરીનાથ વચ્ચે આવેલું એ નામનું એક તીર્થ.

ગુપ્તકાળ ૧. પું. ગુપ્ત રાજાઓનો વખત.
૨ પું. (વૈદક) રોગના જંતુ શરીરમાં દાખલ થયા બાદ તેની પરિપૂર્ણ વૃદ્ધિ થતાં તેમ જ તેનો પૂર્ણ અમલ બેસતાં-સુધીમાં ગત થતો વખત. હડકાયેલું કૂતરું કરડ્યા પછી અને હડકવા દેખાય એ વચ્ચેનો કાળ ગુપ્તકાળ કહેવાય છે.

ગુપ્તખાતું ન. છુપી પોલીસ; ગુપ્તચરખાતું.

ગુપ્તગતિ ૧. [સં.] પું. ગુપ્તચર; ગૂઢચાર; છુપી પોલીસનું ખાતું.
૨. સ્ત્રી. છુપી ગતિ.

ગુપ્તગંગા ૧. સ્ત્રી. એ નામની નદી.
૨. સ્ત્રી. મનનો મર્મ ન જણાય એવી સ્ત્રી.

ગુપ્તગૃહ [સં.] ન. છુપું ઘર; ભોંયરું.

ગુપ્તઘાત [સં] પું. છાનગી મારી નાખવું તે; છુપું ખૂન.

ગુપ્તઘાતક [સં.] પું. છાનગી મારો; છુપી રીતે ખૂન કરનાર માણસ.

ગુપ્તઘાતી જુઓ ગુપ્તઘાતક.

ગુપ્તચર ૧. [સં.] પું. છુપી પોલીસ; જાસૂસ; છુપો દૂત.
૨. પું. બળભદ્ર; બલરામ.
૩. પું. બાતમીદાર; બાતમી આપનાર માણસ.

ગુપ્તચર્યા [સં.] સ્ત્રી. કોઈ જાણે નહિ એવી રીતે કરવું તે; અજ્ઞાતચર્યા.

ગુપ્તચાર જુઓ ગુપ્તચર.

ગુપ્તછંદ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. જુઓ ગુપ્ત ૧.

ગુપ્તજ્ઞાન ૧. [સં.] ન. જાદુ.
૨. ન. યોગ વગેરેનું જ્ઞાન.

ગુપ્તતા [સં.] સ્ત્રી. ગુપ્તપણું; ભેદ; મર્મ.

ગુપ્તતાપ [સં.] પું. અંતર્હિત તાપ; ગુપ્ત ઉષ્મા.

ગુપ્તદરદ ન. જાની વ્યાધિ; છુપું દરદ; કોઈને દર્શાવી ન શકાય એવો રોગ.

ગુપ્તદળ ન. એકાએક હુમલો કરવા માટે જરાક જેટલી લશ્કરની ટુકડી; સંતાઈ રહેલું સૈન્ય; છુપું સૈન્ય.

ગુપ્તદાન [સં.] ન. જાનું દાન; છુપું દાન; પ્રસિદ્ધિમાં લાવ્યા વગર જાની રીતે આપેલ બક્ષિસ.

ગુપ્તદૂત [સં.] પું. જાસૂસ.

ગુપ્તદ્વાર [સં.] ન. છુપુ દ્વાર.

ગુપ્તધન [સં.] ન. જાનું ધન; દાટેલું ધન.

ગુપ્તપોલીસ સ્ત્રી. છુપી પોલીસ.

ગુપ્તભાગ પું. જનનેંદ્રિય; ગુપ્ત અવયવ.

ગુપ્તભાવ ૧. પું. અંતરનો ભાવ.
૨. પું. ભેદ; રહસ્ય; મર્મ.

ગુપ્તભેદ પું. મર્મ; રહસ્ય.

ગુપ્તમંત્રી [સં.] પું. જાનમી મંત્રણા ચલાવનાર માણસ; રહસ્યમંત્રી.

ગુપ્તમાર ૧. પું. મેલું; કટુ વચન.
૨. પું. શરીર ઉપર કંઈ ચિહ્ન ન રહે તેવો માર; જાનો માર; મૂઢ માર.

ગુપ્તમુખ [સં] ન. ગોદાનું ઢાંક્યું; 'આરક'.

ગુપ્તલિપિ ૧. સ્ત્રી. વિંધ્ય પર્વતની ઉત્તરમાં ચાલતી પાંચ જાતની એક પ્રકારની લિપિ. તેનો પ્રચાર ઈ સ. ની ચોથી સદીમાં થયો છે. ગુપ્તવંશી રાજાઓના સમયમાં જોધપોમાં આવ્યા ઉત્તર હિંદુસ્તાનમાં આ લિપિનો પ્રચાર હોવાથી તેનું નામ ગુપ્તલિપિ પડ્યું છે.
૨. સ્ત્રી. સંતાડવાની કળા.

ગુપ્તવચન ન. સંકેત; કોડ.

ગુપ્તવસ્તુ સ્ત્રી. રહસ્ય; મર્મ.

ગુપ્તવંશ પું. ઈ. સ. ના પાંચમા તથા છઠ્ઠા સૈકામાં મગધમાં રાજ્ય કરતો એક રાજવંશ. આ વંશનો મુખ્ય રાજા ચંદ્રગુપ્ત હતો. તેનું રાજ્ય પ્રયાગ મગધ દેશમાં હતું. પછી આખા ઉત્તર હિંદમાં તે ફેલાયું હતું. ગુપ્તવંશના ચંદ્રગુપ્તનું બીજું નામ વિક્રમાદિત્ય પણ હતું. કેટલાકના મત પ્રમાણે પ્રસિદ્ધ વિક્રમાદિત્ય તે ચંદ્રગુપ્ત જ હતો.

ગુપ્તવાર્તા [સં.] સ્ત્રી. રહસ્ય; ભેદ; મર્મ.

ગુપ્તવાસ [સં.] પું. જાનું રહેઠાણ; છુપી રીતનો વસવાટ.

ગુપ્તવિદ્યા [સં.] સ્ત્રી. અંતરમંતર જેવી છુપી વિદ્યા.

ગુપ્તશક્તિ [સં.] સ્ત્રી. પદાર્થમાં રહેલ અદશ્ય શક્તિ; ગુપ્ત શક્તિ.

ગુપ્તશોધક [સં.] પું. છુપી રીતે ખોદી પ્રકટનાર માણસ; ગુપ્તચર.

ગુપ્તસંધિ [સં.] સ્ત્રી. જાની સુલેહ.

ગુપ્તસંવત પું. ગુપ્તવંશના પ્રતાપી રાજા ચંદ્રગુપ્તે ચલાવેલ સંવત; વલભી સંવત. તે ઈ. સ. ૪૨૦થી શરૂ થવાનું મનાય છે. ગુપ્તવંશને બદલે કાઠિયાવાડમાં જ્યારે વલભી રાજ્યનો ઉદય થયો ત્યારે ગુપ્ત સંવત મટીને વલભી સંવત કહેવાયો. પહેલાં આ સંવત નેપાલથી કાઠિયાવાડ સુધી ચાલતો હતો. ઈ. સ. ૧૨૬૪ પછી તેનો પ્રચાર બંધ થયો. આ સંવતની શરૂઆત ચૈત્ર સુદિ ૧ થી થાય છે.

ગુપ્તસાડી પું. અદ્રિશ બાંધીદર; વેપારમાં મદદી આપે પણ તેમાં કાંઈ સક્રિય ભાગ ન લે-એવો ડિસ્સેદાર.

ગુપ્તસાદી સ્ત્રી. જેની સફાવટ સાધારણ રીતે દેખાય નહિ પણ કામળ ગરમ કરવાથી જેવણ

રક્ષાર્થનિમ્ન પદાર્થમાં કુખ્યાતપણે અક્ષર માત્રમ પડે એવી એક જાતની સાદી.

ગુપ્તસિક્કો પું. મુમવહના રાજ્યોનો સિક્કો.

ગુપ્તસ્થાન ૧. [સં.] ન. છુપું રહેઠાણ.
૨. નિર્ગમસ્થાન; વિશ્રામસ્થાન.

ગુપ્તા ૧. [સં.] સ્ત્રી. (જ્યો) ૭ પ્રકારની પરકીયા નાયિકા માંહેની એક. પરપુરુષ સાથે રતિક્રિયાને છુપાવવાવાળી સ્ત્રીને ગુપ્તા કહે છે. એના ત્રણ ભેદ છે: (૧) ભૂત સુરત ગોપના, (૨) ભવિષ્ય સુરત ગોપના અને (૩) વર્તમાન સુરત ગોપના.
૨. સ્ત્રી. રાખેલી સ્ત્રી; રખાત.

ગુપ્તાઈ ૧. સ્ત્રી. ગુપ્તપણું.
૨. સ્ત્રી. ભેદ; મર્મ.

ગુપ્તાફલ ન. કોચું.

ગુપ્તાર ન. અયોધ્યામાં સરયૂને કાંઠે આવેલ એ નામનું એક યાત્રાનું સ્થળ.

ગુપ્તાર્થચિન્તા પું. પુરુષોત્તમનાં ઉનર માસેનું એક નામ.

ગુપ્તાવસ્થા [સં.] સ્ત્રી. શરીરમાં દરદ છુપી રીતે વધે પાકી અમુક મુદત પછી બહાર દેખાય આંસુપીનો સમય.

ગુપ્તાસન [સં.] ન. (યોગ) ચોરાકો માંહેનું એ નામનું એક યોગાસન. જે સાધકનું ઉપસ્થસ્થાન દોષયુક્ત હોય, જેને મરિવાત કે બગંદર રોગ હોય અને તેથી જે સિદ્ધાસન ન કરી શકતો હોય તેઓને માટે ગુપ્તાસન બહું જ ઉપયોગી છે. તેના મુખ્ય સિદ્ધાસન જેવા જ છે. આ આસનમા બિંબની ઉપર ડાબા પગની ઢૂંટી રાખવી અને તેની ઉપર જમણા પગની ઢૂંટી રાખીને સ્થિર બેસવું. બંને પગના અગ્રભાગ જંઘ અને પિંડીની વચ્ચે રાખવા, દાઢી કંઠના નીચેના ભાગમાં દબાવવી, દૃષ્ટિ ભ્રૂસ્થાનમાં રાખવી, હાથ સીધા કરી ગોઠણ ઉપર રાખી તર્જનીને અંગૂઠાના મૂળ સાથે મેળવવી અને બાકીની બધે આંગળીઓને પણ સહેજ વળેલી રાખવી.

ગુપ્તાંગાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી ગુપ્ત રોગ મટે છે.

ગુપ્તિ ૧. [સં.] સ્ત્રી. અહિંસા વગેરે યોગનાં અંગ.
૨. સ્ત્રી. એક પ્રકારનું ગુપ્ત હથિયાર કાકડીમાં રહે તેવું બેધારી તરવાર જેવું એક છુપું હથિયાર.
૩. સ્ત્રી. કેદખાનું; જેલ.
૪. સ્ત્રી. ખાડો કરવા માટે જમીનનું ખોદાણ.
૫. સ્ત્રી. ગુફા.
૬. સ્ત્રી. ચુપકીદી; મૌન; શાંતિ.
૭. સ્ત્રી. જાનું રાખવું તે; હાંસુ તે.
૮. સ્ત્રી. યંત્ર અનુસાર મંત્રનો એક સંસ્કાર.
૯. સ્ત્રી. નૌકામાંનું છિદ્ર.
૧૦. સ્ત્રી. ઘૂંસ્યે, ગંદકી વગેરે નાખવાનું સ્થાન; ઉકરડો; કચરાપેટી.
૧૧. સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકી રાખવાં તે.
ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર એ સંવર થાય છે. તત્ત્વાર્થસૂત્ર
૧૨. સ્ત્રી. રક્ષા કરવાની ક્રિયા; રક્ષણ.
૧૩. સ્ત્રી. હોડીનું નીચલું તળિયું.

ગુપ્તી જુઓ ગુપ્તિ.

ગુપ્તીકરણ [સં.] ન. છુપું કરવાપણું, ગુપ્તીભવન.

ગુપ્તીભવન જુઓ ગુપ્તીકરણ.

ગુપ્તેશ્વર ન. સુરત પાસે તાપી નદીને કિનારે આવેલું ગામ, કામરેજ.

ગુપ્તેંદ્રિય [સં.] વિ. ઇંદ્રિયનિગ્રહ કરનાર; સંયમી

ગુપ્તોત્તર [સં.] પું. ગર્ભિત જવાબ; પ્રતિક્ષિપ્ત જવાબ

ગુપ્તોષ્મા [સં.] સ્ત્રી. પદાર્થની અંદર રહેલી છુપી ગરમી; અપ્રકટ ઉષ્મા; પદાર્થ ઘન અવસ્થામાંથી પ્રવાહી અવસ્થા તો દ્રવ અવસ્થામાંથી વાયુ અવસ્થામાં પરિણમે ત્યારે પદાર્થથી શોષાતો ગરમીનો જથ્થો.

ગુપ્પૂ ૧. [સં. ગો (ગાય) + પા (રક્ષણ કરવું)] પું. ભરવાડ.
૨. પું. ગોકળનો રાખો.
૩. ન. ગોકળું એક ધરણું.

ગુપ્ [સં.] ન. કિ. (ધાતુ) ગોપવું; વણવું; ગૂંથવું. તે ઉપરથી નીકળેલા શબ્દ: ગોપ; ગોપણ.

ગુફા સ્ત્રી. એક જાતની રમત. તેમાં રમવાની જગ્યા માટે ૬૦ ફૂટ લાંબો અને તેટલો જ પહોળો એક સમભુજ ચોખૂણ કાઢવો. તેના દરેક ખૂણા ઉપર ત્રણ ફૂટ ત્રિજ્યાનાં વર્તુળ કાઢવાં. એ વર્તુળ તે ગુફા. તેને ક, ખ, ગ, ઘ એવાં નામ આપવાં. એ ગુફામાંથી ૧૦ ફૂટ છોડે એ ચોખૂણની લાઇન ઉપર જ બીજાં ત્રણ નાનાં વર્તુળ ચ, છ, જ, ઝ કાઢવાં. તે રમવા એક રબરનો દડો વપરાય છે. આ રમત બે પક્ષથી રમાય છે. પ્રથમ કયા પક્ષે રમવું એટલે દાવ લેવો તે નક્કી કરવું. પછી દાવ લેનાર પક્ષના એક ખેલાડીએ પહેલી ક ગુફા ઉપર ઊભા રહેવું અને તે પક્ષના બીજા ખેલાડીએ જરા દૂર જેસવું. દાવ આપનાર એક ખેલાડીએ બ ગુફાએ ઊભા રહેવું અને તે પક્ષના બીજા ખેલાડીએ આજુબાજુ થોડે થોડે છેટે ઊભા રહેવું. આ પછી ખેલાડીએ ક ની ઉપર આવીને ન બન્ને જેટલો ઊંચા અને તેની સાથે ત્રણ ફૂટની અંદર પડે એવી રીતે દડો મીમેથી તેના તરફ ફેંકવો. કએ દડાને જોરથી પોતાની હથેળી મારવી. જો હથેળી દડાને ન વાગે તો આ હરી દડો આપે. એ રીતે ત્રણ વખત આપે. ત્રણ વખત જો ક ચૂકે તો તે મરે અને બીજો આવીને ઊભો રહે. કની હથેળી વાગતાં તે દડો જો સાચા પક્ષવાળો કોઈ ખેલાડી અહરથી જ ઝીલી લે તો ક મરે. ન ઝિલાય તો ક હોડીને બ સુધી અથવા તો ગ કે ઘ સુધી હોડી બને. જેટલી ગુફા સુધી તે હોડી બને તેટલા તેના ફેરા બને ગણાય. જે હોડતો હોય અને કોઈ પણ ખેલાડીને પહોંચો ન હોય તે પહેલાં જો બ તેને દડો મારે તો તે મરે. બ એ જેટલા જોરથી દડો ન આપવો કે તે જો ક ના હાથમા ન આવે તો બાકી સુધી બને અને ક ને ફેરા કરવાનો વધારે વખત મળે. ક એ ત્રણ હથેળી મારીને બાકીનું કોયડું નહિ. દડો ન ઝિલાતાં નીચે વધારે દૂર પડે તો જ તેણે બ સુધી કે આગળ જવું. કાળો જેમ બ, ગ, ઘમાં ઊભો રહી શકે તેમ બાકીનો આ, ઇ, ઈમાં ઊભો રહી શકે. એવા બે પક્ષના બે બે વારા પૂરા થતાં જેના ફેરા વધારે થયા હોય તે પક્ષ જીતનો ગણાય.
૨. સ્ત્રી. ગાડી.
૩. સ્ત્રી. પર્વત કે ખડકમાંનો ઊંડો અંધારો ખાડો; બાકોરું; પોલાણ; મનુષ્ય કે પશુ વગેરે પડી રહે એવો ભયોભય; ભોંયરું
ગુફામાં બેસવું = દુનિયાનો સાથ છોડી; સાધુ જીવન ગાળવું.
૪. [હિં.] સ્ત્રી. બખ

ગુફામંદિર ન. ગુફામાં કોતરી કાઢેલ મંદિર.

ગુફેતગૂ જુઓ ગુફ્તગો.

ગુફ્તગો [ફા.] સ્ત્રી. મસલત; આનગી વાતચીત; ગૂઢ; છાનીછપની વાત.

ગુફ્તાર ૧. [ફા. ગુફ્તન (બોલવું)] સ્ત્રી. વાણી; બોલી; ભાષા.
૨. સ્ત્રી. વાતચીત; ભાષણ.

ગુફ્તેગૂ જુઓ ગુફ્તગો.

ગુફ્તેગો જુઓ ગુફ્તગો.

ગુફ્તોશનીદ [ફા.] સ્ત્રી. વાતચીત; સંવાદ.

ગુફેરા ૧. [હિં.] પું. ચામડી; કુમતું.
૨. પું. કૂવાનો ગળણો.

ગુજરા [હિં.] વિ. ગર્યું; ગંજાવ.

ગુજરકલ્લારી સ્ત્રી. (સંગીત) સંગીતની એક જાતીનો પ્રકાર. ગાયનમાં ચાર પ્રકારના ઢંગ છે તેને જાતી કહે છે. તેમાંના એક પ્રકારની જાતીને ગુજરકલ્લારી કહે છે. આ જાતી પંડિત મહરેદના પુત્ર તાનસેનના ઘરથી નીકળેલ મનાય છે.

ગુજરૌઠા [સં. ગોમયોત્થ] પું. (હિંદી) ઉકરડામાં કે જૂના ગારામાં થતો એક જાતનો વટો.

ગુજરૌતા જુઓ ગુજરૌઠા.

ગુજારા [હિં.] પું. ભજન.

ગુજારો ૧. પું. નભ; ટિંગ.

૨. [સ. ગુજારહ] પું. ભોજારો, હવામાં ઊડે એવું એક જાતનું દારૂખાનું. તે ફૂટતાં તેમાંથી રંગબેરંગી ચિત્રવિચિત્ર તારા ખરે છે.

૩. પું. ભજન; ભજારો; હવાયન. ગુજારો હવાથી હલકો હોવાથી આકાશમાં ઊડે છે. તેને નીચે લાવવા માટે તેમાંની ગરમ હવા ઠંડી નાખવામાં આવે છે.

ગુજ્જારો જુઓ ગુજારો.

ગુજ્રૌલા પું. ગામના બાજુનો કીલો.

ગુજ્વાલુ પું. બોકડામાંથી બનાવ્યું.

ગુજ્રીલા [હિં.] પું. ગામ ગાયો.

ગુઝ ૧. [સ.] વિ. ઓથારેલ.

૧. ગુઝ કરવું = (૧) ઓઝલમાં. (૨) ઓથું; ગુમાવવું. (૩) મારી નાખવું. (૪) સંતાડી દેવું.

૨. ગુઝ થવું = ઓથાઈ જવું; ઓઝલ; એકદમ દૃષ્ટિની બહાર જવું; જાણે ન હોય એમ અદૃશ્ય થવું.

૨. વિ. ગાંડું; ઘેલું

૩. વિ. ગુપ્ત; છૂપું.

૪. વિ. ચકચૂર; મસ; ભોભાન.

૫. વિ. મદમસ્ત; અહંકારી.

૬. ન. ઓથારેલું હોય તેમ; ગયેલું હોય એમ.

૭. ન. દૂર.

૮. ન. મૂક; સ્તબ્ધ; ચૂપ.

ગુઝક ૧. [હિં.] સ્ત્રી. દુઃખ.

૨. સ્ત્રી. ચીસ.

૩. સ્ત્રી. કમરનું મટકા વગરનું ખોખું.

ગુઝજ [સ. ગુજ્ઝ] પું. ગળાના બાકાની કમાનદાર બાંધણી; ઘુંમટ.

ગુઝડા ૧. [હિં.] પું. ગૂમડું.

૨. પું. ફોલ્લો.

ગુઝરી [હિં.] સ્ત્રી. પોલીસ ચોકી; ચૂકી.

ગુઝડી (ગુમડી) સ્ત્રી. નાનું ગૂમડું.

ગુઝડું (ગુમડું) જુઓ ગૂમડું.

ગુઝતો પું. વહાણમાંથી પાણી કાઢનાર માણસ.

ગુઝદિલ વિ. ઢોંગાયેલું.

ગુઝનામ ૧. [સ.] વિ. અપ્રસિદ્ધ; નનામું; નામ વગરનું.

૨. વિ. કીર્તિ વિનાનું.

ગુઝનામા ન. ખોવાયેલી વસ્તુનું નોંધપત્રક.

ગુઝપ્રોહા (ગુમપ્રોહ) પું. અર્જુન; સાદ. આ ગૂમડું એકદમ પાકે અને તેમાંથી પરુ પડે અને લોહી નીકળે. શરીરમાં ગમે તે જગ્યાએ તે થાય છે.

ગુઝબદ [સ. ગુંબદ] પું. ઘુંમટ.

ગુઝર [હિં.] પું. અભિમાન.

ગુઝરાહ ૧. [સ.] વિ. કુપથગામી; માર્ગ ભૂલેલ; બગડે માર્ગે ચડી ગયેલ.

૨. વિ. નાસ્તિક.

૩. વિ. રખડતું.

ગુઝરાહી ૧. [સ.] સ્ત્રી. કુમાર્ગ; આડો માર્ગ; કુપથ; બરાબર રસ્તો.

૨. સ્ત્રી. નાસ્તિકતા.

૩. સ્ત્રી. ભૂલ; ભ્રમ.

૪. સ્ત્રી. મદતા; મૂર્ખાઈ.

૫. સ્ત્રી. સ્વચ્છંદીપણું.

ગુઝરૂદ વિ. ઓથારેલ.

ગુઝરૂમ વિ. ગુપ્તપુષ્પ છાંત; ગુમસામ.

ગુઝલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોમા; કૂમો; દોણપુષ્પી.

ગુઝાઝ સ્ત્રી. ગમાણ; ગભાણ.

ગુઝાન ૧. [સ.] ન. અભિમાન; અહંકાર; ગર્વ.

ગુઝાન કરવું-રાખવું = (૧) અભિમાન બતાવવું. (૨) કલ્પના કરવી. (૩) લક્ષ રાખવું; વહેમ આણવો.

૨. ન. તોર; પતરાજ્ક ઠાઠો.

૩. ન. મોટાઈ; ગૌરવ.

૪. ન. વિચાર; ખ્યાલ; કલ્પના.

૫. ન. શક; વહેમ.

ગુઝાનપંથ પું. શિવમૂર્તિએ દિગંબર મતનો સ્થાપેલ એ નામનો એક કાંટો.

ગુઝાની ૧. પું. ગમાર માણસ; અભિમાની પુરુષ.

૨. [સ.] સ્ત્રી. મદતા; અભિમાન; ગર્વ.

૩. વિ. અભિમાની; અહંકારી; ગર્વિષ્ઠ.

૪. વિ. તોરી; ઠાંસે રાખનાર; આકર્ષિરેટ; પતરાજિયું.

ગુઝાર ૧. વિ. અણકહ્યાની; અજાણ્યા; અવળા વગરનું.

૨. વિ. અણકલ્પ્યાનું; મૂર્ખ.

૩. વિ. અસલ્ય; બેંગાની; ઉદ્ધત.

૪. વિ. કૃત્ય; મલીન; ગંદું.

૫. વિ. સુસ્ત.

ગુઝારવું (ગુમારવું) સ. ક્રિ. ખોવાવું.

ગુઝારવું જુઓ ગુમારવું.

ગુઝારવું ૧. સ. ક્રિ. ઉપરી રેખું; ખરખી નાખવું; ધૂળધાણી કરવું.

૨ [સ. ગુમાર્દન્ (ખોવું)] સ. ક્રિ. ખોવું; પાસેથી જતું રહે તેમ કરવું.

૩. સ ક્રિ. નકામું કાઢવું; અર્થ વગર રેખું.

ગુઝારતગરી ૧. સ્ત્રી. બદમતિનું કામ.

૨. સ્ત્રી. કુરખાલ; કુકર્મ.

૩. સ્ત્રી. વકીલાત.

ગુઝારતગરી જુઓ ગુમારતગરી.

ગુઝારતો ૧. [સ. ગુમારતન (ખોવવું)] પું. કામ કરનાર માણસ; પ્રતિનિધિ.

ગુમારતા એટલી બધાદ છે, ગુમારતા કામ શબ્દ છે. કાન્તાલાલ[ગુમારતા]

૨. પું. કારકુન; મહેતો.

ગુઝારશ્ક ૧. સ્ત્રી. કાકા બાપાની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ગુઝારતગી [સ.] સ્ત્રી. દલાલી; મારફત; દસ્તૂરી; કમિશન.

ગુઝારતાગીરી સ્ત્રી. ગુમારતી; મહેતાગીરી; કારકુની; મુનીમ તરીકેનું કામ.

ગુઝારતી ૧ સ્ત્રી. ગુમારતા તરીકેનું મહેનતાણું.

૨. સ્ત્રી. ગુમારતાનો ધંધો; ગુમારતાનું કામ.

ગુઝારતો ૧. પું. કમદાર; મુનીમ.

૨. પું. મારફતિયો; પ્રતિનિધિ; આડતિયો.

૩. [સ. ગુમારતન્] પું. સહકારને સાં લખનાર નોકર; મહેતો; કારકુન.

ગુમારતાને ખીટીએ પોતિયું = બોટ હોસલ તાણે ગુમારતાને ક્રાંઈ લાવેલગમે નહિ.

ગુઝુ પું. (કચ્છી) આકરે બે હાથ ઊંચો થતો એક જાતનો છોડ. તેનાં અરણીનાં પાન જેવાં પહોળાં, કાંટાવાળાં, બરછટ પાન આવે છે. બોળાં ફૂલ ફૂલ્યા વે દડા જેવી શીંગો આવે છે. દૂધ આકર ઔષધમાંવાપરાય છે.

ગુમેરા સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; પુષ્પ; કામલતા. આ વેલ ૭ ફૂટ ઊંચી ચડી શકે છે. વેલને રાતાં, પીળાં અથવા પીળાં ફૂલ આવે છે.

ગુમ્બો પું. ગાડો; મુકી; ઘમ્મો.

ગુયાવેડા (ગુયાવેડ્ય) ૧. પું. બ.વ. નિર્બળ રીતભાત.
૨. પું. બ.વ. રમતમાં કરાતી ગબડચી; ગુર્યા.
૩. પું. બ.વ. સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરાવવું તે.
૪. પું. બ.વ. સ્વભાવની નીકણાઈ; દીર્ઘસૂત્રીપણું.

ગુરો ૧. પું. સૃષ્ટિવિરુદ્ધ કામ કરનાર પુરુષ.
૨. વિ પું. ખોટી રમત રમનાર.
૩. વિ. પું. ચીકણા સ્વભાવનો; દીર્ઘસૂત્રી.
૪. વિ. પું. માલ વગરનો; નિર્બળ.

ગુર્ ૧. અ. ક્રિ. ઠોસિયા કરવી.
૨. અ. ક્રિ. ગમન કરવું; જવું.
૩. સ. ક્રિ. ઉઘાડવું.
૪. સ. ક્રિ. મારી નાખવું.

ગુર ૧. પું. નર; ઢાંકણની અંદરનો ભાગો; ગૂર.
૨. [હિ.] પું. ગોળની ચંબ્બા.
૩. [સં. ગુરુ] પું. ધર્મોપદેશક.
ગુર મુખ થવું = ચેલા થવું.
૪. પું. પૂજ્ય અને માન આપવા લાયક માણસ.
૫. પું. શિક્ષક.
૬. પું. સામાન્ય ખારો.
૭. વિ. ભારે, વજનદાર.
૮. વિ. સાંકું.

ગુરખર પું. જંગલી બળદો.

ગુરખી ૧. પું. ગામનો રક્ષક; ગોવાળ.
૨. સ્ત્રી. ગુરખા લોકોની ભાષા.

ગુરખો ૧. પું. એ જાતનો સૈનિક.
૨. પું. નેપાળ-અને ભૂતાન તરફનો વતની. તેઓની બે મુખ્ય પેટા જાત છે: મુરંગ અને માગર.

ગુરગાંજો સ્ત્રી. એક જાતની ઘાસ જેવી, ભિનકાવાળી ભાજી. તે એક ફૂટ લાંબી થાય છે અને ફરિયાને કારે રહે છે.

ગુરગા ૧. પું. ગોઠણનો સાંધો.
૨. [હિ.] પુ હલકો નોકર.

ગુરગાબી ૧. [હિ.] પું. એક જાતના ચામડીવાળા બૂટ.
૨. ન. ગોદા ઉપરનું ખાસ.

ગુરગાંચ ન. એક જાતનું લોખંડી હથ.

ગુરગુનડ્ડ સ્ત્રી. ગોમ.સામાં વાડ ઉપર થતી એક વેલ. ચિબલિગી; કરગી

ગુરગુરવું અ. ક્રિ. મુસ્સર જેવો અવાજ કરવો; ઘૂરકવું.

ગુરચ ૧. [હિ.] સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૨. [સં. ગુડૂચી] સ્ત્રી. ગળો.

ગુરચરણ [મ.] ન. ગોચર; સીમમાં ઢોરને ચરવા માટે રાખેલી જમીન.

ગુરજ ૧. [ફા. ગુર્ઝ] પું. એક જાતનું હથિયાર; ગદા; મુદ્દગર.
ગામ ફરતી ખાઈ જેવા, ગદા મુગરની ઢાર.
કલાપ
ગુરજ મારવી = જરી લોકની; કૂવા ખાણી.
૨. પું. એક જાતનો ચેલો.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવરધ છંદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૭૨ લઘુ મળી ૮૧ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

ગુરજન ૧. [સં. ગુરુજન] પું. માન આપવા લાયક પુરુષ; મોટો માણસ; ગુરુજન.
૨. ન. પૂજ્ય વર્ગ; વડીલ વર્ગ.

ગુરજી ૧. પું. એક જાતનો ઊંચપો કૂતરો; ગૂરજી. તેને પુષ્કળ વાળ હોય છે.
૨. પું. નાનો નોકર.
૩. ન. ઝૂંપડું.

ગુરડબ્બૂહ (ગુરડબ્બૂહ) પું. (ભૂ. શા.) યુદ્ધનો એક જાતનો બ્યૂહ; એક જાતની લશ્કરી રચના; ગરુડબ્યૂહ.
ગરુડ સાડતિ ગુરડબ્બૂહ,
અંબુધ રચી રમાપતિ. નિષ્કામપ્રબંધ

ગુરણી સ્ત્રી. (ભૂ. શા.) આર્યા; આરજા; જૈન સાધ્વી.
જિનવર ગુરુ ગુરણી પ્રિય લણી,
ભગતિ કરણ સુરતિ ભણી. નિષ્કામપ્રબંધ

ગુરબાની વિ. મૃત; સ્વર્ગવાસી; કૈલાસવાસી; મરહૂમ.

ગુરદા જુઓ ગુરદો.

ગુરદાસ પું. જેની મરકરી ઘાસ જેવો માણસ.

ગુરદો ૧. પું. ગદા; મુદ્દગર.
૨. [ફા. ગુરદા] પું. મૂત્રપિંડ; બજાર શ્વેત તતુમય પડવાળો, કરોડની બાજુએ કમરના ભાગમાં પેટની પાછળની દીવાલ ઉપર આવેલ પિંડ. તે બે છે. તેમની લંબાઈ ચારથી પાંચ ઇંચ અને પહોળાઈ બે ઇંચ હોય છે. બગલ્યો ગુરદો ખાવા ગુરદા કરતાં કલેજાના દબાણથી જરા નીચો રહે છે. મૂત્રપિંડ સૂક્ષ્મ રક્ત નળીઓનો બનેલ હોય છે. તેઓનો એકત્ર સૂત્રો વર્ણ ગુરદાની બસ્તિમાં બાંધણની આફર હોય છે. ઓદીમાથી મૂત્રનું ઝેર તે કૂદ પડે છે.

ગુરદ્વારા પું. શીખ મંદિર.

ગુરબ ૧. સ્ત્રી. ઊંડું નીલું તે.
૨. સ્ત્રી. જમીન બાદલની તે.
૩. સ્ત્રી. રજપૂતની એક જાત.

ગુરબત [અ. ગુર્બત] સ્ત્રી. નમ્રતા; આજીજી.

ગુરબા ૧. સ્ત્રી. બિલાડી.
૨. વિ. ગરીબ; કંગાલ.

ગુરબાહ પું. એક જાતનો ઝોક; ગરમર. તે બેલજવાળા ડેકરાળ પ્રદેશમાં જોવે છે. તેનાં બાવડાં મૂળિયાં બનાવવા માટે વપરાય છે.

ગુરમાર સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મધુનાશી. તે હિંદુસ્તાનમાં ડેકરાઓમાં જોવે છે. આ વેલનાં પાતરાં ચાવવાથી જીભની અંદર બીજાને પારખનાર જ્ઞાનતંતુ ગોડે વખત લાગણીહીન થઈ જાય છે.

ગુરમૂળા જુઓ ગુરમૂણી.

ગુરમૂણી પું. જો હાથ લાંબો થતો એક જાતનો વેલો. આ વેલો ૨૦ થી ૨૫ વર્ષ સુધી રહે છે. એમાં ચતાં લસણનાં જેવાં બીડાં કુલ માણસો ખાય છે.

ગુરલ ન. હિમાલયમાં થતું એક જાતનું હરણ.

ગુરવ સ્ત્રી. ડુંગર તરફ વસતા લોકોની એક જાત. તેનો ધર્મો સામાન્ય રીતે દેવતાને પૂજારી તથા વગાડનારા તરીકેનો હોય છે.

ગુરવી ૧. [હિં.] વિ. અહંકારી.
૨. વિ. સ્ત્રી. સભ્યતા; ભદ્રતા.
બોલે જે બળ ગર્વ ગાઢ ગુરવી,
બોલે હવે આ રસી. પ્રેમાનંદ

ગુરવું ૧. અ. ક્રિ. ગબડવું.
૨. અ. ક્રિ. ઘૂરકવું; ઘૂઘૂ કરવું.

ગુરસલ સ્ત્રી. પીઠી ચાંચવાનું એક નાનું પક્ષી.

ગુરસી ૧. સ્ત્રી. ચૂલો.
૨. સ્ત્રી. દેવતા રાખવાનું પાત્ર; ગોરસી.

ગુરંગ સ્ત્રી. ગુરખાની એ નામની જાત.

ગુરૈજ ન. એક જાતનું હથિયાર; ગદા; ગુરજ.

ગુરા પું. પગ; ચરણ.

ગુરાઈ [સં. ગૌર (Guarana)] (હિંદી) સ્ત્રી. સુંદરતા.

ગુરાગ્ય ૧. સ્ત્રી. તોપ ચલાવવાની ગાદી.
૨. [ફા. ગુરાબ્] ન. એક પ્રકારનું વસ્ત્ર.

ગુરાહ સ્ત્રી. ઇસ્લામી મહિનાની પહેલી તારીખ.

ગુરિ ન. ગળ્યું ગાળ.

ગુરિયા ૧. સ્ત્રી. કરોડરજ્જુનો સાંધો.
૨. [સં. गुटिका (ગોળી)] સ્ત્રી. (હિંદી) મણકો
૩. ન. પૂર્વ દિશામાં રહતું એક ઝાડ. તેની છાલમાંથી રાતો રંગ બનાવવામાં આવે છે.

ગુરી ૧. સ્ત્રી. ગામડું.
૨. સ્ત્રી. ગોકળા જવ
૩. સ્ત્રી. સ્થાન; ઠેકાણું.

ગુરીલા સ્ત્રી. છાપામાર લશ્કર.

ગુરુ ૧. પું. આકાશિયાના સાત તારેનો એ નામનો એક તારા; બૃહસ્પતિ.
૨. [સં. गृ (ઉપદેશવું)] પું. આચાર્ય; શિક્ષક; વિદ્યા આપનાર માણસ; બોધ આપનાર વ્યક્તિ.
૧. ગુરુ આદેશ = (૧) કોઈએ બીજાને આપેલો હુકમ. (૨) નાયબપણા આવા બેજવાબદાર માણસને મળતાં કરાતો ઉદ્ગાર.
૨. ગુરુ મળવો = (૧) કામને પણ કરી જનારો મળવો: હોશિયારને પણ હંફાવનારો મળવો (૨) પોતાને જ બોધ આપનારો બીજો કોઈ અધિક શક્તિવાળો મળવો.
૩. પું. ઇંદ્રાદિ દેવતાનો માનીતો પંડિત.
૪. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ. તેનું તેજ માત્ર શુક્ર કરતાં ઊતરતું છે. સર્યના વાતાવરણ સાથે તેનો સંબંધ વિશેષ જણાય છે. તેના ઉપર વસતી હોય એવું દેખાતું નથી છતાં ત્યાં પ્રાણી હોય તો તેઓ અગ્નિમાં રહી શકે એવાં હોવાં જોઈએ. તેના ઉપર જો કમળાં વસતી નહિ હોય તો કાળાંતરે તેની ઉપસ્થતા ઘટી જશે ત્યારે તે વસતીબોગ્ય થશે એમ અનુમાન કરાય છે. તેનો મધ્ય વ્યાસ ૮૬,૦૦૦ માઈલ, અક્ષપ્રદક્ષિણા કાળ ૯ કે. ૫૫ મિ. ૨૦ સે., અને સૂર્યપ્રદક્ષિણા કાળ ૧૧ વર્ષ ૩૧૫ દિવસ છે. પૃથ્વીથી તેનું લઘુતમ અંતર ૩,૬૩૨ લાખ માઈલ, સૂર્યથી તેનું મધ્યમ અંતર ૪,૮૦૨ લાખ માઈલ અને પૃથ્વીથી તેનું મહત્તમ અંતર ૫,૯૭૨ લાખ માઈલ છે. ગુરુ અને સૂર્ય એ બેના નિરીક્ષણસ્થાનમાં ૧૧૦ કળાનું અંતર પડે એટલે ગુરુનો ઉદયાસ્ત થાય છે. રવિ ગુરુ વચ્ચે ૧૧ કલાંશ અંતર થયું એટલે ગુરુનો અસ્તોદય થાય. લગભગ ૩૯૯ દિવસમાં ગુરુનો એક ઉદય અને એક અસ્ત થાય છે. તેનો ૨૫ થી ૩૦ દિવસ સુધી અસ્ત અને બાકીના લગભગ ૩૭૦ દિવસ ઉદય રહે છે. ગુરુની કેરનો વ્યાસ જેટલો ચક્રાકર્ષિત દેખાય છે તે કરતાં તેનો મધ્ય વ્યાસ લગભગ ત્રણગણો ચક્રાકર્ષિત દેખાય છે. વળી તેના પોતાનામાં થોડોક પ્રકાશ છે. તેના પૃષ્ઠ ભાગ ઉપર અનેક ઊંચલપાથલ ઝપાટાબંધ ચાલતી જણાય છે. ત્યાં પવન દર કલાકે લગભગ ૨૦૦ માઈલના વેગથી વહેતા રહે છે. એમ દેખાય છે કે ગુરુનો ગોળો જે આપણને દેખાય છે તે વાસ્તવિક નથી. દરેક ગોળામાં ઊપલા ભાગની ગતિ ઉષ્ણતાને લીધે વાયુરૂપ થયેલાં દ્રવ્યો તદ્દન છૂટાં છૂટાં ત્યાં પથરાયેલાં છે અને તેની નીચે બહુ જ વિસ્તૃત ભારે વાતાવરણ છે. તેમાં ભારી વરાળ અથવા વાદળાં છે. ગુરુનો અંતર્ભાગ અતિ ઉષ્ણ છે. મોટા મહાસાગરમાંના સપાટ પાણી-ની વરાળ વર્ષો રહે એટલી ઉષ્ણતા ગુરુના અંતર્ભાગ છે. આપણી પૃથ્વી જેવું પવન દ્રવ્ય તેના ઉપર હજી સુધી થયું નથી. તેમાંની ગરમીથી ઉત્પન્ન થનારી વરાળ પૃષ્ઠભાગ ઉપર સપાટે પથરાયેલી છે. તેમાંની વરાળ જ્યારે તેના ચોટા ભાગમાંથી ઓછી જ બહાર નીકળે છે ત્યારે તે સ્વયંપ્રકાશ થાય છે. અને લીધે ગુરુ સદૈવ સ્વયંપ્રકાશ દેખાય છે. ગુરુને પાંચ ચંદ્ર છે. આપણા ચંદ્રને સૂર્ય પાસેથી જેટલો પ્રકાશ મળે છે તેના પચીસમા હિસ્સા જેટલો પ્રકાશ ગુરુના ચંદ્રને મળે છે. ગુરુના ચંદ્રોનું વારંવાર ગ્રહણ થાય છે. ગુરુની ૧૭ રાતમાં પહેલા ચંદ્રને ચાર વાર, બીજાને બે વાર અને ત્રીજાને એક વાર ગ્રહણ લાગે છે અને ગુરુની બહુ વિસ્તરેલી છાયાને લીધે આ ગ્રહણો કોઈ કોઈ વાર ગુરુની અર્ધી અથવા પોણી રાત સુધી પહોંચે છે. ગુરુના ચંદ્ર ઉપર વસતી હોવી જોઈએ એનું અનુમાન થાય છે. આ ગ્રહનો રંગ ચક્રાકર્ષિત પીળો છે. તે ગ્રહપણાને ગુણ બતાવે છે. તે ઈશાન ખૂણે બતાવે છે. જ્યારે તે ધન અને મીન રાશિમાં હોય ત્યારે તેનો પ્રભાવ સામાન્ય હોય છે. આપણી પૃથ્વી જેવા ૧,૨૪૦ ગોળા એકઠા કરીએ ત્યારે ગુરુના જેવડો એક ગોળો થાય. તેનું દ્રવ્ય લગભગ પૃથ્વીના દ્રવ્યનું ૩૦૦ ગણું જેટલું છે તેની ઘનતા સરાસરી પૃથ્વીની ઘનતાનો ચતુર્થાંશ છે. તેનો દક્ષિણોત્તર વ્યાસ પૂર્વપશ્ચિમ વ્યાસ કરતાં લગભગ ૫,૦૦૦ માઈલ ઓછો છે. અને લીધે તેનો આકાર ખૂબ બાજુથી સહેજ ચપટો છે. તેનો વિષુવવૃત્ત ઉપરનો વ્યાસ જેટલો ઝપાટાબંધ ફરે છે તે કરતાં ધ્રુવ તરફનો વ્યાસ ઓછા વેગથી ફરે છે. તેના ઉપર વિષુવવૃત્તથી સમાંતરે કાંઈ પટ્ટા દેખાય છે. વિષુવવૃત્ત ઉપર જ એક ચક્રાકર્ષિત પટ્ટો દેખાય છે. તેનો રંગ બહુ કરીને ભૂરો જેવો દેખાય છે. આના ઉત્તર દક્ષિણ ભાગે બે તેજોહીન પટ્ટા દેખાય છે. તેમના રંગ લાલ દેખાય છે. તેમાં કોઈ કોઈ જગાએ જાંબુડા રંગનો ઝાંખટ જણાય છે. આ પ્રમાણે ધ્રુવ સુધી કરી ચક્રાકર્ષિત તેજોહીન પટ્ટા દેખાય છે. ચક્રાકર્ષિત પટ્ટા વિષુવવૃત્ત ઉપર પીળાશ પડતા સફેદ જણાય છે અને ઉત્તરોત્તર ઝાંખાશ પડતા જતા જણાય છે. તેજોહીન પટ્ટા લાલ દેખાય છે. આ પટ્ટાઓમાં વાદળાં જેવી અને બહુ જ ચિત્રવિચિત્ર જેવી અસંખ્ય આકૃતિ દેખાય છે અને તેના પર વમેલા હોય છે. પટ્ટાઓની કોરોના અને ગુરુ ઉપરના કટકાઓ આમના રંગ વારંવાર બદલાયા કરે છે. આ ગ્રહ સૂર્ય, મંગળ ને ચંદ્રનો મિત્ર, શનિ રાહુ સમ અને બુધ ને શુક્રનો શત્રુ મનાય છે.
૫. પું. (પિંગળ) એક અર્ધસમવૃત્તિ માત્રામેળ છંદ તે નંદ છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૧૪ લઘુ મળી ૨૬ વર્ણ અને ૩૮ માત્રા હોય છે.
૬ પું. (પિંગળ) એક અર્ધસમવૃત્તિ માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૩ વર્ણ અને ૪૮ માત્રા હોય છે
૭. પું. (પુરાણ) એક ઋષિ
૮. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ રોલાવર્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩ ગુરુ અને ૯૦ લઘુ મળી ૯૩ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.
૯. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિછંદનો એક ભેદ છે. તેમાં તગણ, મગણ, રગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.
૧૦. પું. (વૈદક) ઔષધિનો એક ગુણ. જે દ્રવ્ય અગ્નિ કરે, મળની વૃદ્ધિ કરે, બલ વધારે, તૃપ્તિ કરે અને શરીરને પુષ્ટ કરે તે ગુરુ દ્રવ્ય કહેવાય છે.
૧૧. પું. (સંગીત) કલાનું એક પરિમાણ; વખતનો એક ભાગ.
૧૦ ગુરુ = ૧ પ્રાણ
૬ પ્રાણ = ૧ વિનાડી
૧૨. પું. ગાયત્રી મંત્રનો ઉપદેશ આપનાર માણસ.
૧૩. પું. (સંગીત) તાલના અંગનો એક પ્રકાર; મીનીમ; તાલનું એક માપ; બે માત્રા.
૧૪. પું. દેવના ગુરુ; આંગિરસ; બૃહસ્પતિ; આંગિરા; દેવગુરુ; વાચાપતિ; ધીષણ; ત્રિદિવેશ; સુરગુરુ; સૂરિ, સુરાચાર્ય.
૧૫. પું. દ્રોણાચાર્ય.
૧૬. પું. ધર્મ નીતિનો ઉપદેશ કરનાર માણસ
૧૭. પું. ધર્મેશ્વર, કેમકે તે વેદોના ઉપદેશકર્તા અને બધા વર્ણોના ગુરુના પણ ગુરુ છે.
૧૮. પું. પ્રભાકર નામનો એક મીમાંસક.
૧૯. પું. બાપુ.

૨૦. પું. બૃહસ્પતિ નામનું નક્ષત્ર.
૨૧. પું. (જૈન) મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાથે અહિંસા, સત્યવ્રત, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવાં પંચ મહાવ્રત તથા ક્ષમા, નિરભિમાનતા, તૃષ્ણાત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન, બ્રહ્મચર્ય વગેરે ધર્મનો પ્રચાર કરનાર માણસ.
૨૨. પું. મોહનો મર્મ દબાવનાર માણસ.
૨૩. પું. યજમાનને યજ્ઞ કરાવવું કરતો બ્રાહ્મણ; પુરોહિત; ગોર.
૨૪. પું. યજ્ઞોપવીત જેવા સંસ્કાર કરાવનાર માણસ.
૨૫. પું. વિદ્યા આપનાર માણસ; મંત્ર આપનાર પુરુષ.
૨૬. પું. વિષ્ણુનાં હજાર મહેનું એક નામ. સર્વ વિદ્યાઓના ઉપદેશક હોવાથી તથા સર્વના જન્મદાતા હોવાથી તે ગુરુ કહેવાય છે.
૨૭. પું. દાદા; પૂર્વ માણસ.
૨૮. પું. શિવનાં હજાર મહેનું એક નામ.
૨૯. પું. શુક્રગ્રહ.
૩૦. પું. સંપ્રદાય પ્રવર્તક; નવો પંથ ચલાવનારો માણસ.
૩૧. પું. સૂર્ય.
૩૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન મન્યુના પુત્ર નરનો પૌત્ર; મુકવિ.
૩૩. પું. રૂપકના આઠ મહિનો એક પ્રકાર.
રૂપકો આઠ પ્રકારનો માનવામાં આવે છે. જેમકે, કવિત, દોહા, સોરઠા, છપ્પય, રોલા, ઉલ્લાલા અને કુંડલિયા. કવિતાકૌમુદી
૩૪. ન. કપાળનું હાડ.
૩૫. ન. કૃપાદૃષ્ટિ.
૩૬. ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.
૩૭. ન. વીરશૈવ ધર્મમાં જણાવેલ આઠ મહેનું એક આવરણ. જુઓ અષ્ટાવરણ.
૩૮. વિ. અઘરું; મહેનતથી પ્રાપ્ત થાય તેવું.
૩૯. વિ. ગંભીર અર્થવાળું.
૪૦. વિ. જડ.
૪૧. વિ. દીર્ઘ; લાંબું.
૪૨. વિ. પૂજ્ય; વડીલ.
૪૩. વિ. ભણેલ.
૪૪. વિ. ભારે; મોટું; વજનદાર.
૪૫. વિ. માન આપવા લાયક.
૪૬. વિ. મુખ્ય; પ્રધાન.

ગુરુઅસ્ત પું. એક અશુભ યોગ. ગુરુ આકાશમાં નવો હોય ત્યારે તે થાય છે.

ગુરુઆશ્રમ પું. ગુરુજીનો આશ્રમ; ગુરુજીનું નિવાસસ્થાન

ગુરુઉપદેશ પું. ગુરુનો સદુપદેશ.

ગુરુકક્ષ પું. (જ્યોતિષ) સપ્તર્ષિનો તારાપુંજ.

ગુરુકલત્ર [સં.] ન. ગુરુની સ્ત્રી; ગુરુપત્ની.

ગુરુકંઠક ન. મનુષ્યના હાથમાં હોતું જે નામનું એક ચિહ્ન. આ ચિહ્ન યોગસિદ્ધિનું સૂચક છે.

ગુરુકંસ પું. મોટો કૌંસ: [ ].

ગુરુકિલ્લી જુઓ ગુરુકૂંચી.

ગુરુકુલ ૧. ન. આર્યસમાજીઓએ સ્થાપેલી કેળવણીની સંસ્થા.
૨. ન. કલાભવન.
૩. [સં.] ન. ગુરુનું રહેઠાણ; શિષ્યને રહેવાનું સ્થાન.
૪. ન. ગુરુને ઘેર કુટુંબી તરીકે રહીને વિદ્યાભ્યાસ કરવાની પ્રાચીન પદ્ધતિ પ્રમાણે ચલાવાતું શિક્ષણ આપવાનું હોય એવી શિક્ષણસંસ્થા.
૫. ન. બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીઓને શિક્ષણ આપવા માટેની સંસ્થા.
૬. ન. વિદ્યાધામ.
૭. ન. વિદ્યાર્થીઓનું વિશ્વવિદ્યાલય.

ગુરુકુલીય વિ. ગુરુકુલનું; ગુરુકુલને લગતું.

ગુરુકુળ જુઓ ગુરુકુલ.

ગુરુકુંડલી [સં.] સ્ત્રી. ફલિત જ્યોતિષમાં એક ચક્ર. તે દ્વારા જન્મનક્ષત્ર અનુસાર એક એક વર્ષના અધિપતિ ગ્રહનો નિશ્ચય થાય છે. આ ચક્રના મધ્યમાં ગુરુ હોવાથી કે બૃહસ્પતિને રાખવામાં આવે છે. તેની આઠ બાજુએ આઠ ગ્રહો રાખવામાં આવે છે. આથી તે ચક્રને ગુરુકુંડલી કહે છે.

ગુરુકૂંચી ૧. સ્ત્રી. અનેક તાળાંને લાગુ પડે એવી કૂંચી: 'માસ્ટર કી'.
૨. સ્ત્રી. બધે જેવા સંજોગોમાં કામ દે એવી યુક્તિ કે ઉપાય
૩. સ્ત્રી. વેપારની યુક્તિ અથવા કળ.

ગુરુકોદ્રક [સં.] વિ. ગુરુ નામના ગ્રહને મધ્યમાં રાખીને કરવું.

ગુરુકોષ્ઠ [સં.] પું. (ગણિત) આઠખૂણાથી પહોળો ખૂણો; અધિકકોણ; ૯૦ અંશથી મોટો અને ૧૮૦ અંશ કરતાં નાનો ખૂણો.

ગુરુકોષ્ઠત્રિકોષ્ઠ પું. (ગણિત) જેનો એક ખૂણો આઠખૂણાથી મોટો હોય તેવો ત્રિકોણ: પહોળાકોણત્રિકોણ.

ગુરુક્રમ [સં.] પું. ગુરુથી ચાલતો આવતો પરંપરાનો ઉપદેશ.

ગુરુગમ ૧. [સં.] પું. ગુરુનો સહવાસ.
પાસે તે ગાણી જોજો, જેને ગુરુગમ હોય.
પ્રીતમ
૨. સ્ત્રી. ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન.
૩. વિ. ગુરુ દ્વારા પ્રાપ્ત થાય એવું.
૪. ન. ગુરુ તરફ.

ગુરુગમ્ય [સં.] વિ. ગુરુ પાસેથી સમજી શકાય એવું.

ગુરુગંધર્વ પું. (સંગીત) ઉદ્ર તાલના ૭ માંહેનો એક નામનો એક ભેદ.

ગુરુગાત્રતા સ્ત્રી. કરીર ભારે થવાપણું.

ગુરુગીતા [સં.] સ્ત્રી. ગુરુની સ્તુતિરૂપ એ નામનો એક ગીતાગ્રંથ.

ગુરુગોવડિયા (ગુરુગોવડિયો) પું. ગોવડી ધારણ કરવાવાળા ગુરુ.

ગુરુ ગોવિંદ પું. ગુરુનાનકની ગાદીએ આવનાર દસમો મહાપુરુષ. આ મહાપુરુષે શીખ ધર્મમાં સુધારો કર્યો. ગ્રંથમાં સુધારો કર્યો તેને ગ્રંથસાહેબ કહે છે. શીખ પ્રજાને બળવાન કરવા માટે હથિયાર ધારણ કરવાં, વાળી રંગનાં કપડાં પહેરવાં, ઢાડી ગુરુ રાખવાં વગેરે નવીન આજ્ઞા તે પ્રજાને શીખ લોકોને ફરમાવ્યા. એની સમાધિ નાદેડમાં છે.

ગુરુ ગોવિંદસિંહ જુઓ ગુરુગોવિંદ.

ગુરુગ્રાવીય સ્ત્રી. એક જાતની ધાતુ, આ ધાતુ રાખોડી રંગની હોય છે અને તેનો ઉપયોગ બીજી ધાતુ સાથે મેળવવા માટે થાય છે.

ગુરુ ઘંટાલ ૧. પું. બાજની આસપાસ ઘંટડીઓ લટકાવેલ ગુરુ.
૨. પું. બહારવટા ગુરુ.
૩. પું. પાકો ઘાટ.

ગુરુઘ્ન ૧. [સં.] પું. જેણે પોતાના કોઈ મુરબ્બીને મારી નાખેલ હોય એવો પાપી: ગુરુને મારી નાખનાર વ્યક્તિ.
૨. પું. ધોળા ધતૂરા.

ગુરુચક્ર [સં.] ન. બહારમાં બતાવેલું એ નામનું એક ચક્ર.

ગુરુચર્યા [સં.] સ્ત્રી. ગુરુની સેવા.

ગુરુચાંડકો [સં.] પું. (જ્યોતિષ) એક યોગ. ગુરુ અને ચંદ્ર કર્ક રાશિમાં હોવા જતાં આ યોગ થાય છે. જેની જન્મકુંડળીમાં આ યોગ કર્ક અથવા દસમા સ્થાનમાં પડતો હોય તે દીર્ઘજીવી અને ભાગ્યવાન મનાય છે.

ગુરુજ ૧. [સં.] પું. ગુરુપુત્ર: ગુરુનો દીકરો.
૨. વિ. ભારે; વજનદાર.

ગુરુજન ૧. [સં.] પું. મોટી અવસ્થા માન આપવા યોગ્ય માણસ.
૨. પું. વડીલ વર્ગ: મુખ્ય વર્ગ.

૩. જિ. પુષ્કળ; મુરબ્બી.

ગુરુજનગીતા [સં.] સ્ત્રી. અઢારમા પરકીયા નાયકાનો પાંચ માંહેનો એક ભેદ. કોઈ પ્રકારના વશથી કે મદદગાર નહિ મળવાથી બળાત્કાર કરતાં અટકનારી કોને અઢારમા કહેવાય છે. તેના પાંચ ભેદ છે: (૧) ગુરુજનગીતા, (૨) ધર્મગહીતા, (૩) કૃતીવ્રિતા, (૪) અતિકાંતા, (૫) અવધિગિતા.

ગુરુજી પું. ગુરુ માટે માનપૂર્વક વપરાતો શબ્દ.

ગુરુજ્ઞાન [સં.] ન. ગુરુ પાસેથી મેળવેલ વિદ્યા.

ગુરુડદાસ (ગુરુડદાસ) જિ. ભેરવરૂપ; ભયંકર.

ગુરુડમ પું. ગુરુનો આડંબર.

ગુરુડી સ્ત્રી. જૈન સાધ્વી

ગુરુણીજી સ્ત્રી. (જૈન) સાધ્વી; મરણીજ; આરજા.

ગુરુતમ ૧. પું. (ગણિત) એક સમાપ્ત થયેલ ક્રમ. આ છ પંક્તિક્રમનો ભેદ છે. તેમાં સગણ, ભગણ, રગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે

૨. [સં.] પું. પરમેશ્વર.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૪. ન. (ગણિત) આપેલા પરિમાણની બની શકે તેટલી મોટામાં મોટી કીમત.

૫. જિ. સર્વમાં વધારે મોટું; મહત્તમ.

ગુરુતમ ભરતી = મોટો જુવાળ.

ગુરુતમસાધારણઅવયવ પું. (ગણિત) બે અથવા વધારે રકમને શેષ વધ્યા વગર જાગી શકે એવી મોટામાં મોટી રકમ; લઘુતમ.

ગુરુતર ૧. [સં.] જિ. ભેમાં મોટું.

૨. જિ. વધારે પડતું ભારે.

ગુરુતલ્પ ૧. પું. ઓરમાન માતા સાથે ગમન કરનાર પુરુષ. જુઓ ગુરુતલ્પગ.

૨. [સં.] સ્ત્રી. ઓરમાન માતા.

૩. સ્ત્રી. ગુરુપત્ની.

ગુરુતલ્પગ ૧. જિ. ઓરમાન માતા સાથે વ્યભિચાર કરનાર. મનુએ આવા પુરુષને મહાપાતકી લેખેલ છે અને તેને માટે પ્રાયશ્ચિત્ત અથવા દંડની જોગવાઈ લેખેલ છે કે, આવા માણસે પોતાના ગોદાના ચામડામાં સડી ને આવતી ઓને ખાઈને મરી મરી જવું.

૨. જિ. ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનાર.

ગુરુતલ્પગમન [સં.] ન. ગુરુપત્ની અથવા ઓરમાન માતા સાથે વ્યભિચાર.

સુરાપાન અને ગુરુતલ્પગમન એ પ્રત્યેક મહાપાપને વાસ્તે પણ જોયું જોયું એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધિ મળે છે.

અમરની ભાગવત

ગુરુતલ્પાગ્નિ જુઓ ગુરુતલ્પ.

ગુરુતલ્પાવસિત [સં.] ન. ગુરુપત્ની સાથે અથવા ઓરમાન માતા સાથે વ્યભિચાર કરનારે કરવાનું પ્રાયશ્ચિત્ત.

ગુરુતલ્પી જુઓ ગુરુતલ્પ.

ગુરુતા ૧. સ્ત્રી. અતિશયપણું; પુષ્કળતા.

૨. [સં.] સ્ત્રી. ગુરુપણું; વડીલપણું.

૩. સ્ત્રી તત્ત્વ; અંતઃસાર.

૪. સ્ત્રી. તોલ.

૫. સ્ત્રી. પદાર્થના જે ગુણને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે તે ધર્મ; ગુરુત્વાકર્ષણ.

૬. સ્ત્રી. પ્રભાવ.

૭. સ્ત્રી. બળવાનપણું.

૮. સ્ત્રી. ભારેપણું.

૯. સ્ત્રી. મોટાપણું; મહત્તા; ગૌરવ.

૧૦. સ્ત્રી, વિશિષ્ટતા.

૧૧. સ્ત્રી. વિસ્તાર; પરિમાણ.

૧૨. સ્ત્રી. વૈભવ.

૧૩. સ્ત્રી. જિગ્યામણ.

૧૪. સ્ત્રી શોભા.

૧૫ સ્ત્રી. ગૌરવપણું

ગુરુતાઈ જુઓ ગુરુતા.

ગુરુતાકર્ષણ ન. પદાર્થના જે ગુણને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે છે તે બળ.

ગુરુતામય [સં.] જિ. ભારે; ગુરુતાવાળું

ગુરુતાલ [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

ગુરુત્વ ૧. [સં.] ન. અતિશયપણું; પુષ્કળતા; દીર્ઘપણું.

૨. ન. ઈ. સ. ૧૬૫૭માં ન્યૂટને સ્થાપેલા સિદ્ધાંતાનુસાર બનદ્રવ્યોનું પૃથ્વીના મધ્યબિંદુ તરફ ખેંચાવું તે; જે બળને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે છે તે ધર્મ.

૩. ન. મોટાઈ; ગૌરવ; પ્રતિષ્ઠા.

૪. ન. મોટાપણું; લાંબપણું; ભારેપણું; વજન; ભાર.

૫. ન. વડીલપણું; ગુરુપણું.

૬. ન. શ્રેષ્ઠતા; સૌથી ચડિયાતા હોવાપણું.

ગુરુત્વકેંદ્ર ૧. [સં.] ન. જ્યાં સઘળો ભાર ત્રિકાર્ય રહેતો હોય તેવું કરકોર્ડ બારનું બનાવું બિંદુ; જેનાથી વજનનું સમતોલપણું થયું હોય તે બિંદુ; વજની રેખા અથવા લંબતર ભાગ: 'સેન્ટર ઑવ ગ્રેવિટેશન.'

૨. ન. સિકોણની મધ્યગાઓનું છેદનબિંદુ.

ગુરુત્વબલ [સં.] ન. જેનાથી મોટી વસ્તુ નાની વસ્તુને પોતાની તરફ ખેંચે છે તે બળ.

ગુરુત્વબિંદુ જુઓ ગુરુત્વકેંદ્ર.

ગુરુત્વમધ્યબિંદુ જુઓ ગુરુત્વકેંદ્ર.

ગુરુત્વમાપક [સં.] ન. પૃથ્વીના મધ્યબિંદુ તરફનું ખેંચાણ માપવાનું યંત્ર.

ગુરુત્વરિતિ [સં.] સ્ત્રી. પૃથ્વીના મધ્યબિંદુ તરફ થતું ખેંચાણ માપવું તે.

ગુરુત્વરેખા જુઓ ગુરુત્વરેખ.

ગુરુત્વરેષા [સં.] સ્ત્રી. ગુરુત્વકેંદ્રના આકર્ષણની દીઠી કે દિશા.

ગુરુત્વલંબ [સં.] પું. ગુરુત્વકેંદ્રથી સીધી નીચે દોરવામાં આવતી રેખા.

ગુરુત્વવાદ [સં.] પું. મોટી વસ્તુ નાની વસ્તુને પોતાની તરફ ખેંચે છે એવો સિદ્ધાંત.

ગુરુત્વશક્તિ [સં.] સ્ત્રી. સમતોલપણું જાળવવાનું બળ.

ગુરુત્વસામાન્યગુણક [સં.] પું. દળસાંજક.

ગુરુત્વાકર્ષણ ૧. [સં.] ન. જેને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે છે તે બળ. ન્યૂટને શોધી કાઢેલો ગુરુત્વાકર્ષણનો નિયમ એ છે કે વસ્તુઓને જે આકર્ષણ એકબીજા પ્રત્યે થાય છે તે વસ્તુઓના દળોના પ્રમાણમાં હોય છે, તેઓ એકબીજાના અંતરના વર્ગ ઉપર વિપમપણે આધાર રાખે છે. જો કોઈ પણ વસ્તુને હવામાં ઉછાળવામાં આવે તો જે બળ તેને હવામાં ઊંચવામાં મદદ કરે છે તે બળ જ્યારે બંધ થાય છે ત્યારે તે વસ્તુ પાછી પૃથ્વી ઉપર પડે છે. ગુરુત્વાકર્ષણ એક સેકંડમાં ૩૨.૨ ફૂટ જેટલું છે. તેમાં પદાર્થના ગુણ ઉપર આધાર રહેતો નથી. વિકૃતવૃત્ત પાસે ખેંચાણ કુંઠ પ્રદેશ કરતાં ઓછું હોય છે, પણ સાધારણ ગણતરી માટે આમ ફેર પડતો નથી. ઓછા પ્રયોગોથી ગુરુત્વાકર્ષણ શોધી શકાય છે. ગુરુત્વાકર્ષણના બળથી ચંદ્ર અને વિવિધ ગ્રહો પૃથ્વીને અસર કરે છે. પૃથ્વી ચંદ્ર ઉપર અસર કરે છે. પૃથ્વી અને કોઈ બીજી વસ્તુ પ્રત્યેનું આકર્ષણ તે વસ્તુના વજન ઉપરથી નક્કી થાય છે. પણ જેવી મહાન વસ્તુઓ વજનમાં કોઈ પણ ફેરફાર કરતી નથી. વજન હમેશાં ગુરુત્વાકર્ષણના મધ્યબિંદુને અનુસરીને રહે છે. જો મધ્યબિંદુમાંથી તે વસ્તુને આકર્ષતું દરેક બળ પસાર થાય છે. જ્યારે કોઈ પણ વસ્તુને ઊંચકવામાં આવે ત્યારે અમુક ખેંચાણ થાય છે. જે ખેંચાણ થાય છે તે જ ખેંચાણ પૃથ્વીનું હોય છે ને તેટલા જ પ્રમાણમાં પૃથ્વી તે વસ્તુને આકર્ષે છે બીજા સમાનર પાણીના બરાબર

જ્યારે પાણીમાં ઉપરથી મગનું બળ બંધ થાય ત્યારે તે પાણી નીચે ઠળવાનો પ્રયત્ન કરે છે એટલે તેમાં ગુરુત્વાકર્ષણ દેખાઈ આવે છે. પાણીનું ટીપું જ્યારે જમીન ઉપર પડે ત્યારે તેનું ગોળ રૂપ બદલી બટ્ટ અને અણી આકાર ધારણ કરે. આ પ્રમાણે પૃથ્વીના આકર્ષણથી થાય છે. પ્રસિદ્ધ ખગોળવેત્તા કેપ્લર અને ન્યૂટને ગુરુત્વાકર્ષણના નિયમો બતાવ્યા અને તેથી જ્યોતીષોટ થાય છે તેનું સમાજને જ્ઞાન આપ્યું. ન્યૂટન પહેલા વરસ અગાઉ ઠક્કમા પણ આ બોલાતેના થઈ ગયા હતા, પરંતુ તેમાંથી કોઈને એ વાત સૂઝી ન હતી. તેથી ગુરુત્વાકર્ષણની શોધનું માન તેને જ આપવું ઘટે છે. આર્યાવર્તના ખગોળશાસ્ત્રીઓનું એ બાબત ઉપર ધ્યાન ખેંચાયેલું હતું અને તેમણે પરસ્પર આકર્ષણશક્તિના સિદ્ધાંત આપેલા જ હતા. જોકે, ગ્રહસૃષ્ટિરચનાના સહોતવાદ, સ્વયં ગુરુ સ્વામિગુરુ ઇત્યાદિ પૂરતા આકર્ષણ શક્તિવાળી છે ને તે બધાઓમાં રહેલા ભારે પદાર્થને પોતાની તરફ ખેંચે છે. આ સૂચન છે કે આપણા પ્રાચીન ઋષિઓના ધ્યાનમાંથી આકર્ષણશક્તિ બીકળી નહોતી. એ સિવાય જ્યોતીષોટ વિષે પણ ઘણો ઉલ્લેખ છે. ટૂંકમાં મહો, ઉપમહોને પોતાનું તેજ નથી, પરંતુ તે સૂર્યના તેજથી પ્રકાશે છે. તેનાં તથા ચંદ્ર, બુધ, શુક્રની ક્રમા, વગેરેનાં પ્રમાણ સંસ્કૃત ગ્રંથોમાંથી મળી આવે છે. આ શક્તિનો ચોક્કસપણો પત્તો ન્યૂટનરાજાને સવત ૧૨૦૦માં લાગ્યો હતો. તેમણે પોતાના સિદ્ધાંતશિરોમણિમાં સ્પષ્ટ લખ્યું છે કે, પૃથ્વીમા આકર્ષણશક્તિ છે, તેથી તે આકાશસ્થ નિરાધાર ભારે પદાર્થોને પોતાની તરફ ખેંચે છે. જે પદાર્થ પડે છે તે પૃથ્વીના આકર્ષણથી પડે છે. ગુરુત્વાકર્ષણ સમજવા માટે એક સાદો દાખલો લઈએ. બે પૃથ્વીની એક બાજુ ઉપરથી બીજી બાજુ સુધી પૃથ્વીના કેંદ્રમાંથી પસાર થતું એક કાણું પાડવામાં આવે અને બે એક પથ્થરનો કટકો આપણે તે કાણામા નાખીને તો પ્રથમ પથ્થર વધારે અને વધારે ગતિ પામતો પૃથ્વીના કેંદ્ર સુધી આવી પહોંચશે. દરમિયાન પથ્થર જેટલોબધો વેગ મેળવ્યો હશે કે તે કેંદ્ર સાથ જઈ બીજી બાજુ તરફ અમુક અંતર સુધી નીચે જશે પણ પછી તેની ગતિ ધીમી પડી જશે અને પાછો કેંદ્ર તરફ ખેંચાશે. પૃથ્વીમા એક બાજુથી બીજી બાજુ સુધી કાણું પણ કાણું પડે નહિ અને ધારો કે કાણું પાડ્યું હોય તો નીચ નાખેલ પથ્થર પૃથ્વીની અંદરની ગરમીથી પ્રચંડ વાયુ જઈ બિનરસ થઈ જશે.

૨ ન પૃથ્વીના મધ્યબિંદુ તરફનું આકર્ષણ, નાના વજનનુ મોટા તરફ ખેંચાવુ તે; આકર્ષણ શક્તિ, 'ગ્રેવિટેશન'.

૩ ન. સમાજ ભાર અને પદાર્થનું તેના મધ્યબિંદુ તરફ ખેંચાવુ તે.

ગુરુત્વાકર્ષણકેંદ્ર જુઓ ગુરુત્વકેંદ્ર

ગુરુત્વાકર્ષિણી [સં] સ્ત્રિ. જ્ઞો. ગુરુત્વાકર્ષણના ગુણવાળી.

ગુરુત્વાવલંબીચંક્રમ પું. ગુરુત્વાકર્ષણ ઉપર આધાર રાખનાર ક્રમ; 'ગ્રેવિટેશનલ યુનિટ.'

ગુરુવ પું. શિવનાં હજાર સહેલું એક નામ.

ગુરુદક્ષિણા [સ.] સ્ત્રી. અભ્યાસ પૂરો થતાં શિષ્ય તરફથી ગુરુને આપવામાં આવતી બક્ષિસ; આચાર્યદક્ષિણા; આચાર્યને આપેલું ધન.

ગુરુ દત્તાત્રેય પું. અત્રિ ઋષિ અને અનસૂયાના પુત્ર. અત્રિ ઋષિને સતી અનસૂયાને પેટે દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્ર ત્રણ પુત્ર થયા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવોએ મળી દત્તાત્રેયનો અવતાર લીધો હતો. વિષ્ણુના ચોવીસ અવતારમાં એ એક ગણાય છે. વેદનું જ્ઞાન આપવાને આ અવતાર ત્રેતાયુગમાં થયો હતો. જ્ઞ શાસ્ત્રનું અધ્યયન કરી તેમના સિદ્ધાંતોનું તેમણે જ્ઞાન તપાસ્યું. તેમાં વેદાંતશાસ્ત્રને તેમણે પ્રાધાન્ય આપેલ છે. આ અનપૂત યોગી ત્રિકાળજ્ઞાની અને સમર્થ જ્ઞાની હતા. વિદ્વાન છતાં બાલોન્મત્ત, જડ અને પિશાચ પ્રમાણે અવધૂતમાં મસ્ત રહી ભૂમિ ઉપર ફરતા હતા. વિષયભોગ તથા સ્ત્રીપુત્રાદિકથી રહિત હતા. યોગક્રિયામાં તેમણે અનેક શોધો કરી છે. વળી તેમણે પોતાની યોગવિદ્યાથી અનેક ઋષભરિક પ્રતિ કરી અંધોને આંખ, પાંગળાને પગ અને મરણ પામેલાને સજીવન કર્યા કહેવાય છે. તેણે પોતાની બુદ્ધિથી સ્વીકારેલા ચોવીસ ગુરુ પાસેથી જુદા જુદા ગુણ ગ્રહણ કર્યા હતા. પશુપંખી અને જડ પદાર્થ પણ તેમના ગુરુ હતા. પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, કોળો, અજગર, સમુદ્ર, પતંગિયું, મધમાખી, હાથી, મધપી, હરણ, માછલું, પિંગળા નામની વેશ્યા, કમડી, બાળક, કુમારી કન્યા, બાણ બનાવનારો, સર્પ, કરોળિયો અને ભમરી એમ ચોવીસ ગુરુ પાસેથી તેમણે શિક્ષણ લીધું. તે સિવાય તેણે પોતાના દેહને પણ ગુરુ કર્યો હતો. દત્તાત્રેય અવતારી હોવાથી તમામ હિંદુ વર્ગ તેને પ્રેમથી માને છે. વળી દત્તાત્રેય નામનો ધર્મ પણ ચાલે છે. તે બારે વર્ણના લોકો પાળે છે. તેમનો પોતાના આત્માને ઈશ્વરરૂપ સર્વત્ર માને છે તેને મૂર્તિમાન સમાધિ અખંડ સમાધિમાં રહેવા અહોરાત્રોની સર્વ ક્રિયા કરે છે. અહિંસક, દયાવંત પાળતી એ તેમનું મુખ્ય વલણ છે. તે લોકો ગુરુમહિમા ગાને છે અને મોક્ષસાધનમાં ભળપ્રેમ કરે છે. દત્તાત્રેય ધર્મની આજ્ઞા છે કે ઈશ્વર નિરાકાર છે, સૃષ્ટિ આત્મામાંથી ઉત્પત્તિ પ્રલિપ્ત આને જ્ઞ છે. નિષ્ટત્ત રહેવું, સત્ય, તપ, અપરિગ્રહ, દયા, ક્ષમા, ધર્મ, ત્યાગ, મોક્ષ અને વૈરાગ્ય એ સર્વે સંપાદન કરવાં અને માદક પદાર્થોથી દૂર રહેવું તે પણ આ ધર્મનો ઉપદેશ છે. આ ધર્મની ઉત્પત્તિ પ્રભાસ પાટણમાં થઈ એવું જણાયમાં આવે છે, એટલે કેટલે આજે ૧૪૦૦ વર્ષ થયા જાણવાં છે.

ગુરુદાસ બનવું જ ક્રિ. ગાંડા થઈ ગાંડપણથી દારૂ પીવો.

ગુરુદેવ [સ.] પું. દેવરૂપી ગુરુ.

ગુરુદેવતા જુઓ ગુરુદેવ.

ગુરુદૈવત ૧. [સં.] ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.
૨. વિ. ગુરુને દેવ તરીકે માનનાર.

ગુરુદ્રુતત્રિતરાગ ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેના આઠ માત્રાવાળા ગુરુ, બે માત્રાવાળા દ્રુત અને એક માત્રાવાળા વિરામ એ ત્રણ અંગના મિશ્રણથી બનાવેલું ૧૧ માત્રાવાળું એક મિશ્ર અંગ.

ગુરુદ્રુતાંગ ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેના આઠ માત્રાવાળા ગુરુ અને બે માત્રાવાળા દ્રુત અંગના મિશ્રણથી બનાવેલું દસ માત્રાવાળું એક મિશ્ર અંગ.

ગુરુદ્રોહ [સં] પું. ગુરુભક્તિનો અંત; ગુરુની અવજ્ઞા કે અનાદર; શિષ્ય કે અભ્યાસનો અસ્વીકાર.

ગુરુદ્રોહી [સં. ગુરુદ્રોહિન્] વિ. ગુરુનો દ્રોહ કરનાર.

ગુરુદ્વાદશી [સં.] સ્ત્રી. અષાડ વદિ બારસ.

ગુરુદ્વાર ૧. [સ.] ન. ગુરુનું ઘર; ગુરુનો આશ્રમ.
૨. ન. ધર્મશાળા.
૩. ન. શીખ લોકોનું પ્રાર્થનામંદિર; ધર્મસ્થાન.
૪. ન. શીખનું એ નામે એક ગામ.

ગુરુદ્વારા જુઓ ગુરુદ્વાર.

ગુરુધિ પું. (પુરાણ) સોમવંશી પુરુકુળમાં થયેલ મનુના પુત્ર નરનો પૌત્ર અને સંપ્રતિ રાજાનો પુત્ર. તેનું બીજું નામ ગુરુ હતું.

ગુરુનિષ્ઠા [સં.] સ્ત્રી. ગુરુ પ્રત્યેની અનન્ય ભાવ ગુરુભક્તિ.

ગુરુનિંદા ૧. [સં.] સ્ત્રી. (જૈન) ગુરુની નિંદા કરવાથી લાગતો દર્શનનો એ નામે એક અતિચાર.


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)

ગુર્જરવાઙ્મય સ્ત્રી. ગુજરાતી સાહિત્ય.

ગુર્જરસ્તાન ન. ગુર્જર લોકોનું મૂળ સ્થાન; ગુર્જરિસ્તાન; ન્યોજિજ્ય પ્રાંત.

ગુર્જરાષ્ટ્ર સ્ત્રી. ગુજરાત દેશ.

ગુર્જરિસ્તાન ન. ગુર્જરસ્તાન; એરિઆ માઇનોરની ઉત્તરે કૉકેસસ પર્વતની આજુબાજુ આવેલો એ નામનો એક પ્રાંત; ન્યોજિજ્ય પ્રાંત.

ગુર્જરી ૧. પું. એક જૂનો ગુજરાતી રાસ.

૨. પું. ગુજરાત પ્રાંત.

૩. સ્ત્રી. ગુજરાતણ; ગુજરાત દેશની સ્ત્રી.

૪. સ્ત્રી. ગુજરાતી ભાષા.

૫. સ્ત્રી. ગોવાળણી; રબારણ.

૬. સ્ત્રી. (જૈન) નદી સૂત્રમાં જણાવેલ લિપિના એક પ્રકાર.

૭. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની છ માંહેની એક રાગણી. તે સંપૂર્ણ જાતિની છે. તે ગાવાનો સમય દિવસના ૬ઠ્ઠીથી સોળ દંડ સુધીનો છે. તે ગાવાથી શરીર અને મન દીપ્તિમાન થાય છે. રિષભ, ધૈવત કોમળ છે, નિષાદ કમતી લાગે છે. અવરોહમાં કોડીની મારફ ઝંખાર કોમળ અને રિષભ શુદ્ધ કોઈ વખત બેવાદ છે. ધાડુ કરીને મધ્યમથી રિષભનો લાગ આવે છે. અવરોહમા ગાંધાર શુદ્ધ છે. મધ્યમથી શરૂ કરીને ધૈવત ઉપર રોકાવું. અવરોહમાં મ, નિ ન્યાસ છે. વર્ષા ઋતુમાં પહેલા પહોર પછી તે સૂપકાર રસથી ગવાય છે.

૮. સ્ત્રી. રાગની એક કલા.

૯. વિ. ગુજરાતી; ગુજરાત દેશને લગતું.

ગુર્જરી તોડી પું. (સંગીત) તોડી થાટનો તાંડવ પ્રકારનો એક રાગ. તેમાં રિષભ, ગાંધાર, મધ્યમ તથા ધૈવત વિકૃત છે, પંચમ વર્જ્ય છે, બાકીના શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર રિષભ છે. દિવસે બીજે પહોરે તે ગવાય છે. તેમાં તોડીનો ભાસ થાય છે.

ગુર્જરીય વિ. ગુજરાતી; ગુજરાતનું.

ગુર્જરેશ્વર પું. ગુર્જર પ્રજાનો રાજા; ગુજરાતનો ધણી.

ગુર્જીસ્તાન જુઓ ગુર્જરસ્તાન.

ગુર્જ્જર જુઓ ગુર્જર.

ગુર્ઝ ૧. સ્ત્રી. ભાલા; લોઢાનો સોટો.

૨. સ્ત્રી. છડી.

ગુર્ઝબરદાર ૧. [ફા.] પું. છડીદાર; ચોબદાર.

૨. પું. મુદ્દલ ઉપાડનાર માણસ.

ગુર્ઝમાર જુઓ ગુર્જમાર.

ગુર્દ ૧. [ફા.] પું. ગુર્દિસ્તાનનો રહેવાસી.

૨. પું. મૂત્રપિંડ; ગુરદો.

ગુર્દક પું. નાનો મૂત્રપિંડ.

ગુર્દકૃમિ ન. મૂત્રપિંડમાં થતું જીવડું.

ગુર્દચ્છેદન ન. મૂત્રપિંડમાં શસ્ત્રપ્રયોગ કરવો તે.

ગુર્દદાહ પું. મૂત્રપિંડમાં થતી બળતરા.

ગુર્દવિદ્યા સ્ત્રી. મૂત્રને લગતું જ્ઞાન.

ગુર્દવૃદ્ધિ સ્ત્રી. મૂત્રપિંડનું વધી જવું તે.

ગુર્દશૂલ ન. મૂત્રપિંડનું એક જાતનું દરદ.

ગુર્દા ૧. પું. હિંમત; બહાદુરી.

૨. સ્ત્રી. બાંડના કારખાનાની છીણી. તે બાંડને તળિયે બેસી જતી અટકાવે છે.

૩. સ્ત્રી. ગદા; લોખંડી દંડ; કબ.

૪. સ્ત્રી. મૂત્રપિંડ.

ગુર્દાકાર વિ. મૂત્રપિંડના આકાર જેવું; વૃક્કાકાર.

ગુર્દિસ્તાન [ફા.] ન. કૅસ્પિયનની ઉત્તરનો પ્રદેશ; કુર્દિસ્તાન.

ગુર્દો પું. મૂત્રપિંડ.

ગુર્ન [મ.] ન. એક જંગલી માંસાહારી પ્રાણી.

ગુર્મેના ન. એક જાતનું બાકડું.

ગુર્મી [ફા. ગર્મી] સ્ત્રી. ગરમી; ગર્મી.

ગુર્યા સ્ત્રી. શુદ્ધ ચણાવા સો ગાર્ડલ દૂર આવેલ એક ડુંગરી; ગુરુપાદગિરિ.

ગુર્રા ૧. સ્ત્રી. બીજ; દ્વિતીયા તિથિ.

૨. [ગ.] સ્ત્રી. બોદરમ મહિનાની બીજનો ચંદ્ર.

ગુર્રાલ ન. (વહાણવટું) ભારે ખૂણાવાળું વહાણ.

ગુર્રી [હિ.] સ્ત્રી. ગોકળ ગાય.

ગુર્વેક્ષ પું. (પુરાણ) ભવિ દૈત્યના સો માંહેનો એક પુત્ર.

ગુર્વાંતુ સ્ત્રી. એક ધાતુ. તેનો રંગ ધોળાશ પડતો આસમાની છે. સ્ફટિક રૂપમાં તેનું તેજ ઝાંખું લાગે છે. ક્ષારના કરતાં તે સખત છે. વીજળીના ગોળાની અંદરના તાર બનાવવામાં તથા વજનનાં તોલાં બનાવવામાં પણ વપરાય છે. હવામાં બાળવાથી તેની વાયુ નીકળે છે. તેજાબમાં ઓગળે છે.

ગુર્વાદિત્ય [સં.] પું. ગુરુ અને સૂર્યનું એક રાશિ ઉપર આવવું તે. વિવાહ આદિ શુભ કાર્યમાં આ યોગ વર્જિત છે.

ગુર્વન્ન [સં.] ન. પચવામાં ભારે અને ભારે ખોરાક.

ગુર્વાસ્વલ પું. (જ્યોતિષ) સાર્પિનો તારપુંજ.

ગુર્વિણી [સં.] સ્ત્રી. સગર્ભા સ્ત્રી; ગર્ભવતી સ્ત્રી.

ગુર્વિંદુ પું. (પિંગળ) શક્વરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અનિંદ્યગુર્વિંદુ; પૂર્વેંદુ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, તગણ, રગણ અને બે ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

ગુર્વી ૧. [સં.] સ્ત્રી. ગર્ભવતી; ગર્ભિણી.

૨. સ્ત્રી. મોટી અથવા શ્રેષ્ઠ સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. મોટી; ભારે.

ગુલ ૧. પું. આંખનો મોતિયો.

૨. [ફા.] પું. ગુલાબનું ફૂલ.

૩. [સં. ગુડ] પું. (જૂ. ગુ.) ગોળ; ગુડ.

૪. પું. ફૂલ; પુષ્પ.

૫. પું. વાદનો મોગરો; શિખાંત.

૧. ગુલ કરવું = (૧) સંતાડી દેવું. (૨) હોવાપણું નાબૂદ કરવું; ભગાવવું; ઠારી નાખવું.

૨. ગુલ-બુલ કરવો = શોરબકોર કરવો; અવાજ કરવો

૩. ગુલ આવું-દેવું = ગમ દઈને નિશાની કરવી.

૪. ગુલ ખિલાવવું = (૧) કુસંપનાં બીજ વાવવાં. (૨) ખીલવું; વિકાસ પામવો. (૩) બીજાના ભોગમે મશ્કરી કરવી.

૫. ગુલ ખીલવું-ફૂલવું = (૧) ફૂલ ઊઘડવું. (૨) બહાર પડી જવું. (૩) વિસ્મિત બનાવ બનવો.

૬. ગુલ થવું-જવું = (૧) અસ્ત થવું; આથમી જવું; અદૃશ્ય થવું. (૨) જતા રહેવું. (૩) હોલાવું; ઘુમાવું.

૭. ગુલ બાંધવું = બંદૂકના કાનનો છેડો થોડોક બળવો

૬. પું. હુક્કાવાટી ચલમમાં પડતો ખાડો.

૭. પું. હુક્કાની બળી ગયેલ તમાકુ.

૮. ન. હલકા પ્રકારનું એક રેશમ.

ગુલઅચિન ન. એ નામનું એક ઝાડ; સોનચંપો.

ગુલઅબ્બાસ પું. બાગસીની જાતનો એક છોડ. તેને પીળાં ફૂલ આવે છે. ઠંડી મોસમમાં તે સુંદર દેખાય છે.

ગુલઅંદામ ૧. [ફા.] વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

૨. વિ. નાજુક; કોમળ.

ગુલઆબ્બાસ પું. એક ઔષધોપયોગી ભારમાસી છોડ. તેનાં પાન જાડાં, લંબગોળ, લીસાં અને ઘેરા લીલા રંગનાં હોય છે. ફૂલ લાલ, સફેદ કે પીળાં થાય છે. તેનો રસ ઘા રૂઝવવા માટે લગાડવામાં આવે છે અને પાનની પોટીસ કરીને ગૂમડા ઉપર મુકાય છે

ગુલકંદ (ગુલકર) [ફા.] ન ગુલાબના ફૂલનો અર્ક; ગુલાબનો મુરબ્બો; ગુલાબનાં ફૂલની પાંખડીઓ અને ખાંડની મેળવણીથી બનાવવામાં આવતો મુરબ્બો. તે બનાવવા ગુલાબની પાંખડીઓનો એક થર કરવો, પાછો બીજો થર સાકરનો દેવો, પાછો ગુલાબની પાંખડીઓનો ને પાછો સાકરનો એમ ઉપરાઉપર થર દીધે જવા. પછી બનણીનું મોઢું બંધ કરવું. ગુલાબની પાંખડીઓ અંદર બળી જાય ત્યારે ગુલકંદ થયો કહેવાય.

ગુલકાકેસ્સા [લ.] ન. એક જાતનું ફૂલ

ગુલકાર [ફા.] પું. વેલબુટ્ટા બનાવનાર કારીગર

ગુલકારી [ફા.] પું. વેલ, બુટ્ટા, ફૂલ, પાન વગેરેનું ભરતકામ.

ગુલકેસ ૧. [હિં.] પું. એક જાતનું ફૂલ.
૨. પું. એક જાતનો છોડ. તેની અંધારામાં ખાદ્યાં હોય છે.

ગુલખાર ૧. પું. એક જાતનો રંગ; કીરમજી; ઘેરો લાલ રંગ.
૨. ન. એક જાતનું કપડું.

ગુલખારી [હિં] વિ. ઘેરા લાલ રંગનું; કીરમજી; ગુલબેરી.

ગુલખીરૂ પું. એ નામનો એક છોડ.

ગુલબેરી (ગુલબેરી) [ફા.] વિ. રતાશ પડતા આસમાની રંગનું; આસમાની લાલ રંગનું; ગુલખાર રંગનું.

ગુલબેરૂ (ગુલબેરો) ૧. [ફા.] પું. એક જાતનો છોડ. તેમાં સુવાની ફૂલ આવ છે.
૨. ન એક જાતનું ફૂલ

ગુલબધાહા (ગુલબદ્દા) પું ઝોરબોરદાર બનાવટ; ભોકોરો.

ગુલબાબરી (ગુલબાબડી) સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં પીળાં ફૂલ થાય છે.

ગુલબીર [હિં.] સ્ત્રી. દીવાનો મોભરો બાંધવાની કાતર.

ગુલબુલ ૧. [સ.] ન. લાંબીનો ગુલબુલ જેવો પક્ષિન.
૨. વિ. નરમ; મુલાયમ; કોમળ.

ગુલબુલાહ પું. રમાતુકારી એક શબ્દ; ગુલબુલ બબાજ.

ગુલબુલાટિયું ન. એક દેશી રમત. બીજો ગુલાટ

ગુલબુલાબલી સ્ત્રી. એ નામની એક રમત.

ગુલબુલારિયું સ્ત્રી. એ નામની એક રમત.

ગુલબુલ્યું ૧. ન એક પ્રકારનું ઘાસ
૨. [હિં] ન. તેલ કે ઘીમાં તળેલી મીઠી પૂરી. બીજો ગુલગલે
૩ વિ નરમ; કોમળ.

ગુલબુલાંટિયો પું. ઉપરાઉપરી ગુલાંટો મારવાની એક રમત.

ગુલબુલિયા ૧. પું. મદારી
૨. [હિં.] સ્ત્રી. બજવણી ચાગડો; ઢોલ

ગુલબુલી ૧. સ્ત્રી. એક જાતની માછલી.
૨. [હિં.] સ્ત્રી. બોડો આનંદ.
૩. સ્ત્રી. સમારોહ કરવાની ઇચ્છા.

ગુલબુલ્યું વિ. કોમળ.

ગુલબુલ્યું ન. એક પ્રકારની મીઠાઈ; ગુલબુલાં. એક શેર મેંદામાં પાંચ રૂપિયાભાર ઘીનું મોવણ નાખી તેમાં પોણો શેર ખોયેલ આંક અને ખોયાનું પાણી રેડી લોટ પ્રલવવો. તેને પરપોટા આવે ત્યાંસુધી રહેવા દેવો. ચૂલા ઉપર પેરણી ચડાવી તેમાં બીજા રૂપિયાભાર ઘી નાખી, તે તપે એટલે તેમાં ઉપરના લોટના કમશ: મૂકી તળાય એટલે કાઢી લેવા. આ જ પ્રમાણે દહીંતા અને દૂધના માપાના પણ ગુલબુલે થાય.

ગુલબુલ વિ. ગુલાબના જેવું.

ગુલબૂલા [હિં.] પું. કારીનું સૌંદર્ય અને સુગંધી વધારનાર એક જાતનો લેપ.

ગુલબોમ્બા [હિં.] સ્ત્રી. ભાંડું.

ગુલબ્બુ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગુલબ્બમાન પું. આનંદ; મોજમજા.

ગુલબ્બરમ ૧. ન. પીળી આંખોવાળું એક જાતનું વાઘાળ પક્ષી.
૨. [ફા.] વિ. પુષ્પ જેવી આંખોવાળું.

ગુલબ્બહેર પું. કમલાસન.

ગુલબંડી સ્ત્રી. પાંદ અને બચ્ચા જેવા વાનેલું ખેતર.

ગુલબાંદની સ્ત્રી. એક પ્રકારનો ફૂલછોડ. તેનું ફૂલ કેસરી સફેદ હોય છે અને તે સામાન્ય રીતે રાતનું ખીલે છે.

ગુલબ્બા ૧. [હિં] પું. ઝાલ ઉપર ઝૈમપૂર્વક ખીમેથી મારતી લપાટ.
૨. પું. તમાચો; લપાટ.

ગુલબીન ૧. પું. ફૂલ વીણનાર માણસ.
૨. ન. એ નામનો એક છોડ; ખેરખપો.

ગુલબ્બી (ગુલબ્બી) ૧. સ્ત્રી. એ નામના ફૂલવાળું ફૂલ.
૨ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને કંદ થાય છે અને તેમાંથી એની ઉત્પત્તિ થાય છે. આ ઝાડને ડુંગળી જેવાં પાદડા આવે છે. તેમાંથી એક દાંડો બે અઢી હાથ લંબાઈનો ઉત્પન્ન થઈ તેને તોરા આવે છે તે તોરામાંથી ફૂલ આવે છે. એ ફૂલ લાંબી કળીનાં અને લાંબાં હોય છે. એની વાસ મધુર અને સુવાસિક હોય છે. છોડ ઝાડી જેવો હોય છે. એનાં ફૂલ લાંબાં પોપાં રંગનાં હોય છે. તેનું સુમણી જેવા છે. તે ગોટ અને મલમંદ ઉપર વપરાય છે
ગુલબ્બીની જેવા = એ નામની એક ફૂલવેલ. તેનાં ફૂલ ગુલબ્બીના આકારનાં અને પીળી વાસવાળાં હોય છે.
૩. સ્ત્રી. ગુલાબનો જોટો.
૪. સ્ત્રી. મોભરો
૫. સ્ત્રી. સોનાની સામળી ઉપર સોનાનાં ફૂલ જડેલ અને નીચે ઝળકાવવાનું ઘોકનું ઘરેણું.

ગુલબ્બ્યું ૧. ન. એક ફૂલઝાડ. બીજો ગુલબ્બી ૨.
૨. ન. રાતે ખીલનાર એક જાતનું પોળું ફૂલ.

ગુલબ્બ્યૂ બીજો ગુલબ્બી.

ગુલબ્બરા [હિં.] પું. મોજશોખ; આનંદ.

ગુલબ્બાસ ન. એક જાતની વનસ્પતિ.

ગુલબ્બી ન. એ નામની એક વનસ્પતિ.

ગુલબ્બો પું. વાળનો ગુચ્છો

ગુલબ્બન [ફા.] વિ. સુંદર; દેખાવડું; મોહક.

ગુલબ્બકેરી [હિં.] પું. ગલગોટો.

ગુલબ્બર ૧. [ફા.] પું. બાગ બગીચો; ઉપવન; ગુલાબની વાડી; ફૂલવાડી; ગુલિસ્તાન.
૨. ન. વિશાળ મેદાન.
૩ વિ સુંદર; બનેલું; બનોહર; શોભીતું; રહિયાદુ.

ગુલબ્બરી ૧. [હિં.] સ્ત્રી. બાંડ.
ગુલબ્બરી પડવી = મુંઝવણ બનવું.
૨. સ્ત્રી. ભમર ચડાવવી તે.
૩. સ્ત્રી. લક્ષ્ય; નિશાન.

ગુલબ્બરી (ગુલબ્બરી) બીજો ગુલબ્બરી.

ગુલબ્બરૂ બીજો ગુલબ્બર.

ગુલબ્બિયાં (ગુલબ્બિયા) [હિં.] ન બ.વ. નાનાં બચ્ચા.

ગુલબ્બરાશ ૧. [હિં.] પું. ઝાડનાં પાન વગેરે ઝાડનાર માણસ.
૨ [ફા.] સ્ત્રી. દીવાનો મોભરો ઝાડવાની કાતર.
૩. સ્ત્રી. માટીની કાતર.
૪. વિ. દીવાનો મોભરો ઝાડનાર.

ગુલતાન [ફા. ગુલ્તાન] વિ. લીન; મસ્ત; મશગૂલ; બેહતાન; ગમ.

ગુલતાની સ્ત્રી. આનંદ.

ગુલતુમડી (ગુલતુમડો) સ્ત્રી. ગુલાબના જેવા ફૂલનો છોડ.

ગુલતુર્રો [જુ] પું. ફલાંગ નામના છોડનાં ફૂલ; મુર્રો. તે બેરંગ લાલ રંગના હોય છે.

ગુલતોર પું. એક ફૂલઝોડ.

ગુલતોરો ૧ પું. એક જાતનો ફૂલઝોડ; ગુલતોર.

૨ પું. ગજરો.

૩. પું. ગુલાબનો ગોટો.

૪. પું. ગુલાબનો હાર.

ગુલથી જુઓ ગુલથી

ગુલથી [હિ.] સ્ત્રી. એક પ્રકારની ઓખાની વાની. તે બનાવવા એક શેર ઉત્તમ ચોખાને પખાળી સાફ પોર્શ નાખી, તેમાં શેકું પાણી રેડી ચૂલા ઉપર ચઢવા મૂકવા. ચોખા અરધા સીઝી પાણી બળી જઈને જરા ઢાલ્ય હોય તે વખતે ત્રણ શેર દૂધમાં દશ રૂપિયાભાર ઓગેલી બદામ વાટીને નાખવી. તે દૂધ કપડાંથી ગાળી ઉપરના ચોખામાં નાખી ઢાંકી અડધા રેવા. બાત ઠીલા થઈ જેટલે તેમાં દશ રૂપિયાભાર ઘી રેડી વાસણ નીચે ઉતારવું. પછી ત્રીસ રૂપિયાભાર બાકર અગર ખાંડનો પાક કરી તેમાં મેળવવો.

ગુલદલ ન. ગુલાબની પાખડી.

ગુલદસ્ત ૧. [ફા. ગુલદસ્તહ] પું. ફૂલોનો ગોટો

૨. સ્ત્રી. પાનાની એક રમત.

ગુલદસ્તો જુઓ ગુલદસ્ત.

ગુલદાઉદી ૧. [હિ.] પું. એ નામનો એક ફૂલઝોડ; સેવતી; ચામુતી. તેને પીળાં સુગંધી સુંદર ફૂલ આવે છે.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ. તે પ્રમેહના રોગમાં દવા તરીકે આપવામાં આવે છે.

૩. ન. ગુલદાવદીના જેવડું ફૂલ

ગુલદાન [ફા.] ન. ઘરમાં ફૂલ મૂકી શણગારવાનું પાત્ર; દીવાનખાનામાં તાજાં ફૂલ મૂકવાનું કાચનું અથવા ધાતુનું વાસણ; ફૂલદાની.

ગુલદાના [ફા.] પું. ભણા જુદી

ગુલદાની જુઓ ગુલદાન.

ગુલદાબ્બરી જુઓ ગુલદાવરી.

ગુલદાર [ફા.] પું. એક પ્રકારનું સફેદ રંગનું કપાસ તેના શરીર ઉપર કાળા અથવા લાલ રંગના નાના નાના ટપકાં હોય છે.

ગુલદાવદી જુઓ ગુલદાવરી.

ગુલદાવરી ૧. સ્ત્રી. એ નામના છોડનું ફૂલ.

૨. [ફા.] સ્ત્રી. એક ફૂલઝોડ; સેવતી. તેનું પાન ચાર અણીવાળું નકશીદાર આવે છે. ધોળા ફૂલની વચમાં ઉંડા નીકળી ઉપર ઝુમખા આવે છે. આ છોડ વેંત દોઢ વેંત ઊંચો વધે છે. એની ધોળી અને પીળી જેવી બે જાત છે. અને જાતના ફૂલ રાખોડી જેવાં હોય છે અને કમોસમે ખાલે છે.

ગુલદુમ [ફા.] સ્ત્રી. ગુલબુલ.

ગુલધાય સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. પ્રાંતિ. હિંદુસ્તાનના પહાડ્યા ભાગમાં આ છોડ થાય છે. તેને સુંદર ફૂલ આવે છે. તેના સૂકાં ફૂલ દહીં સાથે મરડામાં અને મધ સાથે વધારે પડતા રક્તસ્રાવમાં આપવામાં આવે છે.

ગુલનરગિસ [ફા.] સ્ત્રી. એક જાતની વેલ.

ગુલનાર ૧. [હિ.] પું. એક પ્રકારનું અનારનું ઝાડ

૨. પું. દાડમના ફૂલના રંગ જેવો રંગ; કિરમજી રંગ; બેરંગ લાલ રંગ.

૩. ન. દાડમ.

૪. [ફા.] ન. દાડમનું ફૂલ; દાડમડીનું જે ફાગરાવાળું કડવું ગોટા જેવું ફૂલ. તેમાં લાલ હિંગળા સરખી અને સુંવાળી મખમલ જેવી પાખડી આવે છે. તેમાં અસંખ્ય પુંકેસર અને એક સ્ત્રીકેસર હોય છે.

ગુલનારી [ફા.] વિ. દાડમના ફૂલના રંગનું.

ગુલનુર્ગસ પું. એક જાતનો કમળ જેવો છોડ.

ગુલપિચાદા [હિ.] ન. ગંધ વગરનું એક જાતનું ગુલાબનું ફૂલ.

ગુલફેનૂસ જુઓ ગુલકાનસ.

ગુલફેરાનૂસ [હિ.] ન. ધૂપરાનું ઝાડ. તેમાં ફીકા જાંબુડી ફૂલ થાય છે.

ગુલફોમ (ગુલકામ) ૧. વિ. ગુલાબ જેવું; કોમળ.

૨. વિ. ગુલાબી.

૩. [ફા.] વિ. ફૂલ જેવા રંગનું.

ગુલફિરકી [હિ.] સ્ત્રી. એક પ્રકારનું ઘોડું ઝાડ. તેને ગુલાબી રંગનાં ફૂલ આવે છે.

ગુલબકું ન. ગુચ્છો.

ગુલબકાવલી જુઓ ગુલબકાવલી.

ગુલબગલી સ્ત્રી. એક જાતનો છોડ; ચમારકંદ. તેનાં પાતરાંનો રસ દરાજ ઉપર ચોપડવાથી ફાયદો થતો મનાય છે.

ગુલબદન ૧ [ફા.] ન એક પ્રકારનું પટોળાંનું કીમતી રેશમી કપડું. પહેલાં તે મોટા લાલ વા ગુલાબી રંગનું થતું અને અત્રીમાં જાતનું પણ જુદા જુદા રંગનું થાય છે અને પાનબના કેટલાક શહેરમાં પણ બને છે

૨. વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

૩. વિ. નાજુક; કોમળ

ગુલબંડાવલી ૧. સ્ત્રી. એ નામની એક જાતી.

૨. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. તેને સુગંધી ફૂલ આવે છે.

૩. [હિ.] સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તે અમરેલીના વનમાં થાય છે.

૪. ન. એ નામની વનસ્પતિનું ફૂલ. તે રંગમાં સફેદ અને જરા સુગંધી હોય છે. અત્યંત ઊંડી હોય ત્યારે આ ફૂલનો રસ ઠંડાઈમાં છે કહેવાય છે કે આ ફૂલ આખાના કેટલા યે રોગ ઉપર બહુ જ ઉત્તમ હોય છે. ગુલબંડાવલીના ફૂલના ગળપમાં લોકોમાં અનેક પ્રકારની કલ્પના આવે છે.

ગુલબંકી ૧. પું. (પિંગળ) ગુરુ બધું અક્ષર બધું ગુરુ એમ બે અક્ષરના બધાનો એક છંદ.

૨. વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

ગુલબંડ પું. ગલપટો

ગુલબાન ૧. [ફા. ગુલબાન] સ્ત્રી. બાનદની કે કાપ મરકરીની જાત.

૨. ન. ગામગપાટો; ગડાકો

૩. ન. કોરબકોર; ધોબાટ; ગુમરાહ.

ગુલબાબરી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. આ ફૂલઝોડની અનેક જાતોમાં સફેદ, ગુલાબી, પીળા અને કાળી એ મુખ્ય છે. ઔષધમાં ધોળી બાબરી ગુણકારી મનાય છે. તેનાં બીજ ઠાળાં હોય છે. મધુપ્રમેહ, અતિસાર અને સફેદ ગુલાબડીના મદ્ય બાવળ દૂધમાં બારી બીજાથી કાઢો બનાવે છે. તે વાતજ્વર શીત અને ગ્રહણની બીમારી તથા અપચા અજીર્ણને ઠામાવનારી છે.

ગુલબાસ ૧. પું. અમેરિકનો એક છોડ. તેનાં ફૂલ ધોળાં, રાતાં અને પીળાં હોય છે.

૨. પું. એ નામનો એક સુશોભિત ફૂલઝોડ.

૩ સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

૪. ન. એ નામના છોડનું ફૂલ.

ગુલબાસરી જુઓ ગુલબાસી.

ગુલબાંગ જુઓ ગુલબાન.

ગુલબું જુઓ ગુલબાવ.

ગુલબૂટા [હિ.] પું. ભેળબૂટા.

ગુલબેલ પું. એક જાતની વેલ.

ગુલમકમલ પું. એક જાતનો છોડ. તેને રાતા રંગનાં ફૂલ આવે છે. સફેદ રંગના ફૂલની એક બીજી જાત પણ છે.

ગુલમખમલ જુઓ ગુલમકમલ.

ગુલમશ ન. એક જાતનું અનાજ.

ગુલમહેરી સ્ત્રી. એક જાતનું જાનવર પક્ષી.

ગુલમહોર ૧. ન. એ નામનું એક ઝાડ. ૪૦ થી ૫૦ ફૂટ ઊંચા થતા આ ઝાડની ડાળીઓ ચારે દિશામાં વિસ્તાર પામે છે. તેને સુંવાળાં સુંદર ફૂલ આવે છે. ઝાડ નાનું હોય ત્યારે પાનનો દેખાવ ઘણો સુંદર લાગે છે. પાન ૨ ફૂટ લાંબું હોય છે. દરેક પાન ૧૧ થી ૧૮ પક્ષ એટલે ઝીણાં પાનનું બનેલ હોય છે. આવા પક્ષ મોટા પાનની બંને બાજુએ હોય છે. દરેક પક્ષમાં નાનાં અંડાકાર પાનની ૨૦ થી ૩૦ જોડી સામસામી આવેલી હોય છે. ફેબ્રુઆરીથી માર્ચ મહિના દરમિયાન તેનાં પાન ખરી પડે છે. દરમિયાન તેને ફૂલની કળીઓ આવી જાય છે. મેની આખર અને જૂનની શરૂઆતમાં નવાં પાન આવે છે. ગરમ ઋતુની શરૂઆત પછી તરત જ ફૂલ આવવા મંડે છે. મે માસની અંતરયમાં આખું ઝાડ આકર્ષક રાતા રંગનું દૂરથી દેખાય છે. દરેક ફૂલને ચાર રાતી પાંખડી હોય છે. બારે પાંદડી અને મુખ્ય પાંખડી બીજી કરતાં મોટી અને વિવિધરંગી હોય છે. સામાન્ય રીતે તે પીળી અથવા ધોળી હોય છે અને તેમાં રાતા રંગની લીટી હોય છે. જુદી જુદી જાતમાં જુદા જુદા રંગ માલૂમ પડે છે. ઘેરા રાતા રંગની જાત સૌથી સુંદર બનાવ છે. દરેક પાંખડી ગોળ, લંબચાના આકારના પાના જેવી અને છેડે સહેજ કરચલીવાળી હોય છે. ફૂલનું પુંકેસર ૧૦ રાતા તાંતણાનું હોય છે કે જે બહાર પડતા દેખાય છે. ફૂલ લગભગ ચાર ઇંચ લાંબું હોય છે. તેની શીંગ નાની હોય ત્યારે કુમળી અને લીલી હોય છે, સમય જતાં તે કાંઇક કાળી ઘેરી બદામી રંગ ધારણ કરે છે. શીંગ પાકયા પછી બહુ વખત સુધી ઝાડ ઉપર રહી શકે છે. શીંગ ૧ થી ૨ ફૂટ લાંબી અને બિયાં લંબગોળ હોય છે. આ ઝાડનું અસલ વતન આફ્રિકાસરકર છે. છેલ્લા સો વર્ષમાં તે બહુ દેશમાં ફેલાતો પામેલ છે. ઉષ્ણકટિબંધમાં સામાન્ય રીતે આ ઝાડ ઊગી શકે છે. દરિયા નજીક સારી માટીમાં તે સુંદર રીતે ઊગી શકે છે. આ ઝાડ જલ્દી ઊગે છે, પણ તેનાં મૂળ બહુ ઊંડાં જતાં નથી તેથી તોફાનમાં તે પડી જાય છે. તેના ઝાડમાંથી એક જાતનો ગુંદર નીકળે છે.

૨. ન. ગુલમહોરનું ફૂલ.

ગુલમા [હિં.] પું. એક જાતનો મુસલમાની ખોરાક.

ગુલમાર સ્ત્રી. મરણ; ખોટાળો; ધાલમેલ.

ગુલમિશકીન [ફા.] ન. સેવતીનું ફૂલ.

ગુલમિંદી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; તેરડા; દુપટી.

ગુલમેખ [હિં.] સ્ત્રી. મોટા ટોપકાવાળો ખીલો.

ગુલમેહરી સ્ત્રી. એક જાતનું જાનવર પંખી.

ગુલમેંદી ૧. પું. એક પ્રકારનો છોડ. તેમાં ચોમાસામાં રંગબેરંગી ફૂલ આવે છે.

૨. ન. એ નામના છોડનું ફૂલ.

ગુલમેંહદી જુઓ ગુલમેંદી.

ગુલમોર જુઓ ગુલમહોર.

ગુલમોહોર જુઓ ગુલમહોર.

ગુલર ૧. ન. ઉમરડો; ઉમરો.

૨. ન. એક જાતનું ફળઝાડ; ગુલ્લર. તેના ઉપર અંજીર જેવાં ફળ આવે છે.

૩. ન. એક જાતનું કાનનું ઘરેણું.

ગુલરંગ વિ. ગુલાબના રંગનું; ગુલાબી.

ગુલરુખ વિ. ગુલાબી ગાલવાળું.

ગુલરું ૧. ન. ઉમરડું; ઉમરડાનું ફળ.

૨. ન. ચાપડનો ઘૂઘો.

૩. ન. બાળકને ધરણે લટકાવેલું લાકડાનું બખડો જેવું રમકડું.

૪. વિ. ગુમડા મુજબાદાર હોય એવું.

ગુલરૂ ૧. [ફા.] વિ. ગુલાબી ગાલવાળું.

૨. વિ. ગુલાબી ચહેરાવાળું.

ગુલરેખ વિ. ગુલાબી રેખાવાળું; સુંદર.

ગુલરેજ જુઓ ગુલરેઝ.

ગુલરેઝ [હિં.] સ્ત્રી. આતશબાજી.

ગુલરો પું. ઉમરડો; ઉમરો; ઉમેડો.

ગુલરોગન ન. એક જાતનું તેલ.

ગુલલાલા ૧. પું. એ નામના ઝાડનું ફૂલ.

૨. પું. એ નામનું એક ઝાડ.

૩. [હિં.] ન. અબરખ; રાતાં અબરખ.

ગુલલાવણ્યિયા [સં. ગુલાવણ્યિકા] સ્ત્રી. ગોળાબાડી.

ગુલવાડી (ગુલવાડી) સ્ત્રી. એ નામની એક દેશી રમત; તલકબંદો.

ગુલવાડી કે ફૂલવાડી (ગુલવાડી કે ફૂલવાડી) સ્ત્રી. એ નામની એક દેશી રમત; તલકબંદો.

ગુલવેલ સ્ત્રી. એક જાતની ઔષધિ; ગળો.

ગુલશકર સ્ત્રી. ગુલાબનાં ફૂલનો મુરબ્બો.

ગુલશકરી ૧. [હિં.] સ્ત્રી. 'આંડ અને ગુલાબનાં ફૂલની બનેલી એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. ગુલાબનાં ફૂલનો મુરબ્બો.

ગુલશન ૧. સ્ત્રી. ફૂલવાળી જળા.

૨. [ફા.] સ્ત્રી. બગીચો; ઉપવન; બાગ; ઉદ્યાન; ફૂલવાડી; ગુલિસ્તાન.

૩. સ્ત્રી. સ્વર્ગનો બગીચો.

૪. ન. સારી રીતે વસેલું શહેર.

ગુલશબ્બો [ફા.] સ્ત્રી. એક જાતનું ફૂલ.

ગુલશમ્બુ પું. એક જાતનો છોડ; ગુલછડી. તેમાં સુગંધી લાંબી નળીવાળાં ફૂલ આવે છે.

ગુલશાસ્ત્ર ન. એક જાતની વનસ્પતિ.

ગુલસકપર્ણી [સં.] ન. એનું ફૂલ.

ગુલસુનેરી વિ. ગુલાબના જેવા સોનેરી રંગનું.

ગુલસુભ [હિં.] પું. સોનીનું નકશી કરવાનું એક ઓજાર.

ગુલસુર્ખ [ફા.] ન. ગુલાબનું ફૂલ.

ગુલસૌંદર્ય ન. ફૂલનું સૌંદર્ય; ફૂલનું સુંદરપણું.

ગુલસ્તા ન. મુસલમાનોનું પવિત્ર સ્થળ.

ગુલસ્તાન ૧. સ્ત્રી. એ નામની એક હિતાસ; ગદ્યપદ્યમાં શિરાજના પ્રખ્યાત કવિ શેખ સહદીએ ફારસીમાં લખેલું એ નામનું પુસ્તક.

૨. સ્ત્રી. ગુલાબનાં ફૂલની વાડી.

૩. [ફા. ગુલ (ફૂલ) + સ્તાન (સ્થળ)] સ્ત્રી. ફૂલવાડી; બાગ; ચમન.

ગુલહજરો [ફા. ગુલ્હજરા] ન. એક જાતનો ફૂલછોડ. એમાં રાતાં પીળાં સુગંધિત ફૂલને હજારીનાં ફૂલ કહે છે.

ગુલહજારા જુઓ ગુલહજરો.

ગુલહાર ૧. પું. ગુલાબનો હાર; ગુલાબનાં ફૂલનો હાર.

૨. પું. ઢોકમાં પહેરવાનો એ નામનો એક જાતનો દાગીનો.

ગુલહિના ન. એ નામનું એક જાતનું અત્તર.

ગુલહૈમન [ફા.] ન. મહુડાનું ફૂલ.

ગુલંચ સ્ત્રી. એ નામની એક વેલ; અમૃતવલ્લિ.

ગુલંચકંદ [સં.] પું. એક જાતનું કંદ.

ગુલંઠ ૧. વિ. અનિશ્ચિત.

૨. [હિં.] વિ. ગોળ; ચક્રાકાર; પૈડાના આકારનું.

ગુલંદાઝ પું. ગોલંદાજ; તોપચી.

ગુલંબી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગુલ ૧. [હિં.] પું. એક આનો. આટલીની પરિભાષામાં આ શબ્દ વપરાય છે.

૨. [સં.] સ્ત્રી. ચોરનું ગાડું.

ગુલાઈ સ્ત્રી ગોળાઈ; ગોળ હોવાપણું.

ગુલાચોઠ સ્ત્રી. ગજકાની એક જાતની રમત

ગુલાદાવરી સ્ત્રી. એક પ્રકારનો ઘોડ. આ ઘોડ વેત દોઢ વેત ઊંચો વધે છે. એની નાકશોદાર પાન બહુ સુગંધી હોય છે.

ગુલાબ ૧. પું. એક જાતનો કાંટાવાળો ફૂલઝાડ. તેનાં ફૂલના જુદા જુદા રંગ ઉપરથી તેની જુદી જુદી જાત ગણાય છે. ગુલાબી રંગનો સુગંધી ગુલાબ ઔષધિમાં વપરાય છે અને તેનાં ગુલકંદ, ગુલાબજળ અને ગરમત બનાવાય છે. ઔષધિમાં ખારાસી કરતાં ઝાડુમાં થતો ગુલાબ ગ્રેઠ ગણાય છે. ગુલાબ રેચક અને પિત્તઘ્ન છે. ગુલાબનાં ફૂલ જુલાબ આપવામાં વપરાય છે. એક બે તોલા ફૂલનો ઝાડ બનાવી તેમાં સાકર અને સૂંઠ ભેળવી પીવાથી કરત આવે છે. અંધ તથા માથાના વ્યાધિમાં ગુલાબજળના પોતાં મુકાય છે. ગુલાબના સેકડો ભેદો છે, પણ મુખ્ય ત્રીસ બનાવ છે. પૃથ્વીના ઉત્તરાર્ધમાં ૧૯થી ૭૦ અક્ષાંશ સુધીના બધા ભાગમાં ગુલાબ થાય છે. ભારતવર્ષમાં આ ઝાડ બધા વખતથી ઉગાડવામાં આવે છે અને કેટલેક સ્થળે જંગલી ગુલાબ પણ થાય છે. કશ્મીર અને ઝુલાનમાં પીળા રંગનો જંગલી ગુલાબ બહુ થાય છે. કલમ વગેરે દ્વારા સેકડો પ્રકારનાં ફૂલવાળા ગુલાબ ભિન્ન ભિન્ન જાતિને જોડીને ઉત્પન્ન કરાય છે. સફેદ રંગના ગુલાબને સેવતી કહે છે. ઋતુ અનુસાર હિંદમાં ગુલાબના બે ભેદ માન્યા છે: એક જાતનો ગુલાબ દરેક ઋતુમાં ખીલે છે અને બીજો વસંત ઋતુમાં જ ખીલે છે. વસંત ઋતુમાં ખીલતા ગુલાબમાં સુગંધ વધારે હોય છે તે બસરા કે દમાસ્કસની જાતિનો છે. ગાઝીપુરમાં અત્તર તથા ગુલાબજળ માટે આ જાતના ગુલાબની બહુ ખેતી થાય છે. એવું કહેવાય છે કે ગુલાબનું અત્તર નૂરજહાંએ ઈ. સ. ૧૬૧૨માં પોતાના લગ્ન પ્રસંગે સૌથી પ્રથમ બનાવ્યું હતું. ભારતવર્ષમાં ગુલાબ જંગલી રૂપમાં ઊગે છે, પણ ભગીચામાં તે કલમથી ઉગાડવામાં આવ્યા વગર બીજથી ઉગાડવું નથી. કેટલાક લોકો જાતપત્રો, પાટલિ વગેરે શબ્દોને ગુલાબના પર્યાય માને છે. રશીદુદ્દીન નામનો એક મુસલમાન લેખક લખે છે કે ચૌદમા સૈકામાં ગુજરાતમાં સત્તર પ્રકારના ગુલાબ ઉગાડવામાં આવતા હતા. બાબરે પણ ગુલાબ ઉગાડવાની વાત લખી છે. બાબાંગીરે તો લખ્યું છે કે હિંદુસ્તાનમાં સર્વ પ્રકારના ગુલાબ થાય છે. ગુલાબ તેની કોમળતા તથા સુંદરતા માટે પ્રસિદ્ધ છે, તેથી લોકો નાનાં બચ્ચાંઓને ગુલાબના ફૂલની ઉપમા આપે છે. ગુલાબના ઝાડની ડાળી ઉપર કાંટા હોય છે. પાંદડાં કાંગરાવાળાં અને ફૂલ લાલ, ગુલાબી કે પીળા રંગનાં થાય છે. ગુલાબની લાલ ગુલાબ, લતપત્ર બસરા બહુ પાંખડીનો ગુલાબ, કસ્તૂરિયો ગુલાબ, કાંટા-વગરનો ગુલાબ, પોળો ગુલાબ, પીળો ગુલાબ વગેરે જાત છે. સંકરથી આ ઉપરાંત અનેક જાત થઈ છે. પોળો ગુલાબ તેને કર્ણિકા કહે છે. તે બાગમાં થાય છે. તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. તે શીતળ, ગ્રાહી અને વૃષ્ય છે. રક્તદોષ અને ત્રિદોષ રોગમાં તે વપરાય છે. રાતો ગુલાબ: તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. તે મોસમે થાય છે. ગુલ્મદોષ પોળા ગુલાબ પ્રમાણે છે. પીળો ગુલાબ દેવી: તેને અતિમલ્લુલા કહે છે. તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. ગુલ્મદોષ પોળા ગુલાબ પ્રમાણે છે. રાતળ ગુલ્મને માટે ફૂલની પાખડીઓ તે રેચક ગુલ્મને માટે બસર બીલેલી કળીઓ વપરાય છે. ગુલાબને ફૂલોની રાણી કહે છે. બાજની નીચલી રજમાં બીજા કાંટા હોય છે. ગુલાબ પેટનો દુખાવો મટાડનાર, ઉલેજક અને મૃદુ વિરેચક છે. એનું સત્ત્વ અને તેલ સુગંધીદાર પદાર્થ તરીકે વપરાય છે.

ગુલાબની પત્તી = (૧) ગુલાબના ઝાડનું પાન. (૨) ગુલાબની પાંખડી. (૩) જાતળા હોઠ.

૨. ન. એક જાતનું સુગંધીદાર ફૂલ; ગુલાબના ઝાડનું ફૂલ. તે આછે રોરવી કાંટાથી વીંટાયેલ છે અને સોથી ઉત્તમ ફૂલ ગણાય છે

૪. ન. ગુલાબના ફૂલનું અત્તર. તે બનાવવાની રીત: એક કાચની બરણીમાં ગુલાબનાં સારા અને મોટાં ઝેકળો ફૂલ નાખી તેમાં તે ફૂલ ઢંકાઈ રહે તેટલું પાણી નાખી તે બરણીને એક અઠવાડિયા સુધી તડકામાં મૂકવી. ત્યારબાદ પાણીની ઉપર તેલ તરી આવે તે રૂના પૂમડાથી એક શીશીમાં નિચોવી લેવું. આ રીતે ગુલાબનું સરસ અત્તર બનાવાય છે.

૫. [સ. ગુલ (ફૂલ) + જલ (પાણી)] ન. ગુલાબની સુગંધવાળું પાણી; ગુલાબજળ.

૬. ન. ગુલાબની સુગંધવાળું.

ગુલાબકાંડિયાસ પું. એક નામનો એક જાતનો ભિખારી કરમી આખો.

ગુલાબકંદ પુ. ગુલકંદ.

ગુલાબકેવડી સ્ત્રી. કાતર.

ગુલાબગોરડી સ્ત્રી. ગુલાબના ફૂલની પાંખડીઓ ખટલાં ખોબેલી ગોરડીનાં પત્રીઓ.

ગુલાબગોટોસાયલો પું. એક જાતનો સાયલો.

ગુલાબચરકરી સ્ત્રી. બાજની એકથી ખટમીઠી 'પીપરમટ.'

ગુલાબચરમ ન. બાજની જાતનું એક પક્ષી.

ગુલાબજાંબુ [સ. ગુલ (ફૂલ) + જાંબુ (પાણી)] ન. ગુલાબની સુગંધવાળું પાણી. આ શબ્દમાં બળ ક્રિયાપદ છે, ફેરબદલ તે સંસ્કૃત ઉપરથી ઢોર્યું ને ચલાવ્યું પ્રયોગ થયો છે.

ગુલાબજાંબુ ૧. ન. એ નામનું એક જાતનું ઝાડ. આ ઝાડ ચીનમાં વધારે છે. નવાં ઝાડ તાજાં બાજીમાં થાય છે. [સપ્ટેમ્બરમાં ફાલ આવે છે અને ચૈત્ર વૈશાખમાં પાકી જાય છે. તે પાકતે તેના બીજ કપાસમાં રોપવાં અને પછી પંદરીએ પાતું. એક વખતના રોપ થઈ ત્રણચાર હેરની કામચલાની જમીનમાં વાવવા. તેની પોચી જમીન બહુ માફક છે. માટીવાળી જમીનમાં થતા નથી. ચોમાસામાં તથા શિયાળામાં એમ બે વખત ઢીંચણીના ઓળ મેળવી ઝાડવું બાતર બે ટોપલા નાખવું.

૨. ન. એક જાતનું ફળ. તેનો રંગ લીલાશ પડતો પીળો અને સ્વાદ ખાંટો હોય છે. તે બાવાથી ગુલાબના જેવી વાસ આવે છે. વિરમજી રંગના ગુલાબજાંબુ બાબામાં સ્વાદિષ્ટ નથી

ગુલાબજામન ૧. સ્ત્રી. એક જાતની માવો અને તપખીર મેળવીને બનાવાતી મીઠાઈ; ગુલાબજાંબુ.

૨. જુઓ ગુલાબજાંબુ.

ગુલાબજાસુસ સ્ત્રી. એક જાતનો ઊંડ; ગુલે અબબ્બસ. તેમાં પ્રથમ સફેદ ફૂલ થાય અને પછી તેનો રંગ ફરી જઈ ગુલાબી થઈ જાય છે.

ગુલાબજાંબુ જુઓ ગુલાબજાંબુ.

ગુલાબજાંબુ ૧. ન. એ નામનું એક જાતનું ઝાડ. તેને લાંબાં પાન આવે છે. તેનાં ફૂલ લીલાં અને ફળ સારાં હોય છે.

૨. ન. એ નામનું એક જાતનું ફળ; ગુલાબજામન. તેમાં ગુલાબની વાસ આવે છે.

૩. ન. ગૂલીનું ફળ.

૪. ન. માવો ખાંડ. તપખીરની બનાવેલી લાંબુના આકારની એક મીઠાઈ.

૫. ન. એક બાજના પક્ષિનો ઝોટને બીજાં તથા ચરબીથી પાઈ બનાવાતી મીઠાઈ.

ગુલાબતાલૂ [હિં.] પું. ગુલાબી રંગના તાલકાવાળો હાથી. આ જાતનો હાથી બહુ સરસ મનાય છે.

ગુલાબદાન ૧. [ફા.] ન. ગુલાબ રાખવાનું પાત્ર.

૨. ન ગુલાબનું પાણી ભરવાની એક જાતની શીશી જેવી લાંબી ઝારી; ગુલાબદાની.

ગુલાબદાની [ફા.] સ્ત્રી. ગુલાબજળ ભરી તે છાંટવાની શિગેર્ડ જેવી ઝીણાં કાણાંવાળી નાકસોંઘર ઝારી; ગુલાબદાન.

ગુલાબપાઠ પું. ખાંડની ચાસણીમાં ગુલાબનાં ફૂલ નાખી બનાવેલો પાક.

ગુલાબપાશ [હિં.] સ્ત્રી. ગુલાબજળ છાંટવાનું ઝારીના આકારનું એક પ્રકારનું વાસણ; ગુલાબદાની

ગુલાબપાશી [હિં.] સ્ત્રી. ગુલાબજળ છાંટવું તે
ગુલાબપાશી કરવી = ગુલાબજળ છાંટવું.

ગુલાબબંધ પું. ગુલાબનો બાંધો.

ગુલાબબાળા ૧. સ્ત્રી. (ખ્રિસ્તી) કુમારી મરિયમ પ્રત્યે એક જાતની ભક્તિ.

૨. સ્ત્રી. કુમારી મરિયમ પ્રત્યે ભક્તિ કરવાની માળા.

ગુલાબબાવડિયું (ગુલાબબાવડિયું) ન. ગુલાબના ફુવારા; ગુલાબના છોડ ઉગાડવાની જગ્યા.

ગુલાબબહાર પું. ઓઢણીની કોરમાં પહેરવાનું એક જાતનું સોનાનું ઘરેણું.

ગુલાબબાસી સ્ત્રી. એક જાતનું ફૂલ.

ગુલાબી ૧. પું. રાતો દારૂ

૨. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૩. સ્ત્રી. ગુલાબના જેવો રાતો રંગ.

૪ સ્ત્રી દારૂની શીશી.

૫. ન. એક જાતનું ફૂલ.

૬. વિ. આનંદી

૭ વિ ગુલાબના જેવા રંગનું; લાલાશના ઓછા અંશવાળું, ધોળાશ ઉપર હોય એવું.
ગુલાબી આંખ = દારૂ પીવાથી રાતી થયેલી આંખ

૮. વિ ગુલાબની સુગંધવાળું.

૯. વિ. મીઠું; ખુશનુમા; મજેદાર; આહ્લાદક
૧. ગુલાબી ઊંઘ = ઘણી મીઠી ઊંઘ; ગાઢ નિદ્રા; પરોઢિયાની ઊંઘ. ગુલાબના ફૂલમાં મીઠાશ અને આહ્લાદકતા મુખ્ય છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે
૨. ગુલાબી ભાષા = સભ્યતાની ટોચ; ગુલાબી ઠંડી. ખુશનુમા ઠંડી.
૩. ગુલાબી ઠંડી = સખત ઠંડી; મીઠીમધુરી ઠંડી

ગુલાબી ઓરિયો પું. એક જાતની ઝીણી ઝટાજાળી વેલ. તેમાં ચોમાસે આવતાં ગુલાબી ફૂલને ઓરિયા કે કૂદડી કહે છે. તેમાં દૂધ જેવો રસ હોય છે. તેનાં પાન વાળાના દરદ ઉપર બંધાય છે

ગુલાબી ચા સ્ત્રી. એક પ્રકારની ચાની બનાવટ. બીજા રૂપિયાભર દૂધ ખૂબ ઊનું થાય ત્યારે તેમાં રકતરોહિડાની છાલનો ઝૂડો અરધો તોલો, તથા સાકર, મસાલો વગેરે નાખી ઉતારી લેવું. આવી રીતે કરેલો ઉકાળો ચાને ઠેકાણે વપરાય છે.

ગુલાબી તૂરી સ્ત્રી. ગુલાબી રંગનું, વાંસે ચટાપટાવાળું એક પક્ષી. 'રોઝ ફિંચ'

ગુલાબી મૈના સ્ત્રી. એક જાતનું પક્ષી. તેને ગુલાબી મૈના, તિલયર, લાલ મૈના, દૈવા, વૈયા વગેરે કહે છે. તે ઠંડી ઋતુમાં પજાબથી સિલોન તરફ દક્ષિણ દિશામાં જાય છે અનાજના પાકને મહાન ઉપદ્રવ કરનારૂં આ પંખી કેમાંથે ઝાડ જેવું અને જેવડું પણ માથા ઉપરના કુલાબેમાં પગના જખ્મોને લીધે ઝટ ઓળખાય એવું છે. એનું માથું, ગરદન, છાતી, પાંખો અને પૂછડી વાદળી ઝાંયવાળા શ્યામ રંગના, ચાંચ ગુલાબી કે લાલ, પગ મેલા બદામી અને શરીરનો બાકીનો ભાગ ગુલાબી રંગનો હોય છે. અનાજ અને જતુ એમનો આહાર હોવાથી એમને ખેતીનાં અપકારક અને ઉપકારક પક્ષ ગણાવ, પણ જ્યારે તીડ પડે છે ત્યારે એનો વિનાશ કરવામાં આ પક્ષી મોખરે હોય છે. એ ઋતુ પ્રમાણે રંગ બદલે છે. ગરમીના દિવસોમાં તે પહાડમાં ચાલી જાય છે. તે મધ્ય એશિયા અને યુરપમાં પણ જાય છે અને મોટા જથ્થામાં સાથે રહે છે. તે માળો બાંધતી નથી, પણ મોટું ઘાસ બિછાવીને તે ઉપર રહે છે અને એકીવખત ૪ થી ૫ ઈંડાં મૂકે છે.

ગુલામ ૧. પું. કામ કરનારો માણસ.

૨. [અ.] પું. ખરીદ કરેલો ચાકર; ગુંડો; હલકો વેચાતો લીધેલો નોકર; દાસ; જબતથી બચાવેલો વગર પગારનો નોકર. જૂના સમયમાં જ્યારે માણસોને વેચવાનો ધંધો ચાલતો ત્યારે મોટા અને પૈસાદાર લોકો જાહેરમાંથી કે ગરીબ માણસને ખરીદ કરતા. આવા ગુલામો મરતાં સુધી તેનું વૈતરું કરતા તથા જુલમ સહેતા. આફ્રિકના લોકોને ગુલામ બનાવવાનું અઢારે સૈકાથી શરૂ થયું. ફ્રેરની એકલી અમેરિકામાં દર વરસે ૧૦,૦૦૦ ગુલામ ખરીદ જતા, જ્યાં મજબૂતમાં મજબૂત ગુલામ માત્ર સાત વર્ષ જ જીવી શકતો
૧. ગુલામ કરવું-બનાવવું = (૧) ગુલામની અવસ્થામાં લાવવું. ગુલામી કરાવવી. (૨) વશ કરવું
૨. ગુલામ માલ = (૧) મહા ઉપયોગમાં આવતી સસ્તી વસ્તુ. (૨) માલખોરો
૩. ગુલામનો તિલામ = નોકરનો નોકર
૪. ગુલામે ઝર ખરીદ = વેચાતો લીધેલ નોકર
૫. ગુલામોની ખરીદ ફરોખ્ત = નોકરનો વેપાર કરવો તે.
૬. ગુલામોનો ઝરોબાર = નોકરનો વેપાર કરવો તે

૩. પું ગજરાતના આઠ માઠેનો એક રૅગ.

૪. પું. ગજરાતનું અગિયારમું પાનું. તે હસ્તાથી ચઢિયાતું અને રાજગીથી ઊતરતું ગણાય છે

૫. પું. નીચ માણસ; અધમ માણસ

૬. પું. પરવશ કે પરતંત્ર માણસ.

૭. પું. ચેટવૃત્તિમાં રહેનારો નોકર; કોઈ પણ પગાર ચેરે ન મળતું હોય તેવો ચાકર; ગુલદાસ.

૮. પું. વેશ્યાપુત્ર.

૯. પું. સાધારણ સેવક અથવા નોકર.

ગુલામખત ૧. ન. ગુલામ તરીકેના વેચાણનું લખત; જીવનપર્યંત મુજરો કરવાની કબૂલતનો દસ્તાવેજ.

૨. ન. પરતંત્ર બનાવે એવું લખાણ કે કરાર.

ગુલામખાનું ન. ગુલામને રાખવા માટેની જાહેર કરેલી કે ચોરી લીધેલી જગ્યા

ગુલામગર્દિશ ૧. સ્ત્રી. ચોરી લીધેલી તંબૂની ઓસરી.

૨. સ્ત્રી. જનાનખાનાની અંદર અને મુખ્ય દરવાજાની સામે બનાવેલ દીવાલ કે પડદો. આ પડદાથી જનાનખાનાની ઓઓ અલગજુદાં કરીકરી હોય પણ બહારનાં લોકોની તેઓના ઉપર નજર ન પડે. જનાનખાના કે દીવાનખાનાની વચમાં પણ નાની પડદી બનાવી હોય તેને પણ ગુલામગર્દિશ કહે છે.

૩. સ્ત્રી. મહેલ વગેરેની ઓસરી. ત્યાં બપરાશી, નોકર વગેરે રહે છે

ગુલામગીરી ૧. સ્ત્રી. ખુશામત

૨. સ્ત્રી. ગુલામી; દાસપણું; ગુલામપણું; હલકપણું; ગુલામની હાલત.

૩ સ્ત્રી ઘણી હલકી તાબેદારી.

૪ સ્ત્રી. પરવશતા, પરાધીનપણું.

ગુલામજાદું વિ. ગુલામથી જન્મેલું.

ગુલામડી (ગુલામડી) ૧ સ્ત્રી. ખરીદ કરેલી દાસી
૨ સ્ત્રી દાસી; ચાકરડી, ઓનોકર, બાનડી, બૂડી
૩. સ્ત્રી નીચ સ્ત્રી, હલકી સ્ત્રી.
૪ સ્ત્રી પરતંત્ર સ્ત્રી
૫. સ્ત્રી બેસ્વાની પુત્રી

ગુલામડું (ગુલામડ) ૧ ન. ખરીદ કરેલ ચાકર; હલકો ચપરાસી, હીંચેલો નોકર.
૨. ન. દાસ
૩. ન. નીચ માણસ.
૪ ન. પરતંત્ર માણસ
૫. ન. બેસ્વાનું બચ્ચું

ગુલામડો (ગુલામડો) ૧ પું ખરીદ કરેલો ચાકર
૨ પું દાસ
૩ પું નીચ માણસ હલકો માણસ
૪. પુ. પરતંત્ર માણસ.
૫ પું. બેસ્વાપુત્ર

ગુલામતંત્ર ન. ગુલામીની અવસ્થા; ગુલામ બનાવવાની પદ્ધતિ

ગુલામદાર પુ ગુલામનો ધણિયામો.

ગુલામદાંડિયો પું. એ નામની એક જૂની રમત.

ગુલામબચ્ચો ૧. પું. ગુલામડો; ગુલામ; અધમ પુરુષ
૨. [અ. ગુલામ + હા. બચ્ચહ (દીકરો)] પું ગુલામથી જન્મેલો છોકરો; ગુલામનો છોકરો.
૩. પું. નાનપણથી જ ગુલામ તરીકે રહેલો માણસ.

ગુલામબજાર સ્ત્રી. બંટકાની રમતનો એક પ્રકાર. તે બે, ત્રણ કે ચાર જણ રમી શકે છે. આ રમતમાં રમનારાઓમાં સરખે હિસ્સે પાનાં વહેંચવામાં આવ્યા પછી બાકીનાં પાનાંના સરખા ઢગલા કરવામાં કે સરખા ઝોરાંઓમાં પાનાં ભરે જણ પોતાનાં પાનમાંથી ઠાડી ખાકીનાં પાનાં વચમાં રાખે. તે પછી દરેક જણ વારાફરતી પોતાની પાસેના રમનારા પાસેથી એક પાનું ખેંચે અને ખેંચેલ પાનાને મળતું બીજું પાનું પોતાની પાસે હોય તો તે બને પાના ઠાડી નાખે આમ કરતાં જેની પાસે છેલ્લું ગુલામનું પાનું રહે તે હાર્યો કહેવાય.

ગુલામબજારગીરી સ્ત્રી. સૃષ્ટિક્રમવિરુદ્ધ મૈથુન.

ગુલામમાલ [અ.] પું ઓછી કીમતવાળી પણ ઘણી વખત ખપે એવી ચીજ. જેમકે, ઝમળો, ઘુઘરી.

ગુલામરજ્જ સ્ત્રી. (સંગીત) સિતારના ત્રણ જોડોને લઘુ, ગુરુ, પ્લુત, કુત, અનુકુત ઇત્યાદિ પ્રમાણમાં આઘાતજન્ય ત્વરાથી ઝમુક તાલના નિયમમાં લાવવાથી થતી બાજ આ બાજમાં સતત રાખવી પડે છે, તેથી હાથની તૈયારી હોય તો જ આ બાજ વાગી શકે છે. તેના બોલ દા દાદ્દ દાદા દદ દાદા દાદા દદ્દદદ દાદ દાદા આને પુરબી બાજ કે ફિરોજખાની બાજ પણ કહે છે

ગુલામસંસ્થા સ્ત્રી ગુલામ રાખવાની પદ્ધતિ.

ગુલામિયત સ્ત્રી. ગુલામગીરી

ગુલામી ૧ સ્ત્રી. ગુલામગીરી.
૨. [અ.] સ્ત્રી. ગુલામગીરી; દાસપણું. [illegible] પણ જૂના ક્રમમાં હતી [illegible] ગુલામી કરી નાખી છે [illegible] ૧૮૬૫ [illegible] અને ૧૮૭૦ [illegible] નાબૂદ કરીને લશ્કરના કેદી હતા. કેદખાનું, બંદોબસ્ત અને માણસો પોલીસના [illegible] વધતા ત્યા બધા ગુલામો કહેવાતા. [illegible] કરેલ્ટમના સીદી ગુલામને બેઓના દેશમાંથી પકડીને વેચવામાં આવતા. પોલીસ અને સૈન્યમાં ગુલામોનો મોટો વર્ગ હતો અને તેઓ પ્રત્યે મરી જવાદાર રાખવામાં આવતી. ગુલામો પોતાના માલિક સુધી કામ કરીને અથવા પૈસા આપીને પોતાની મુક્તિ મેળવતા.
૧. ગુલામી કબૂલ્યાર કરવી = ગુલામ તરીકે રહેવાનું પસંદ કરવું.
૨. ગુલામીમા દેવી = ગુલામમાં દેવી.
૩. સ્ત્રી. ઉંચા હલકી તાબેદારી.
૪. સ્ત્રી. પરવશતા; પરાધીનપણું; પરતંત્રતા.
૫. સ્ત્રી. સેવા; નોકરી.
૬. વિ. ગુલામના જેવું.

ગુલામીખત ન. ગુલામગીરીનો દસ્તાવેજ.
ગુલામીખત લખવા = ગુલામીનો કરાર કરી આપવો.

ગુલાર [હિ.] પું. આસપાસ ફરતાં ગુલાબ હોય એવો પુષ્પગુચ્છ; ગજરો.

ગુલાલ ૧. પું.; ન. પતંગ અને ફટકડીના ઉકાળાને ચોખાના લોટનો પટ દઈ બનાવેલો ઘેરા ગુલાબી રંગનો ભૂકો, અબીલ
૨. પું.; ન. સિમ્બોડાના લોટને કપૂરના રંગથી રંગી કરેલો પદાર્થ.
૩. પું.; ન. એક રાતા રંગનો સહેજ સુગંધીદાર ભૂકો; હજીર અને ચૂનાના મિશ્રણનો બનાવેલ લાલ ભૂકો. આનંદોત્સવ વખતે બાલ કરીને હોળીના દિવસોમા એ ખૂબ ઉપયોગ છે.

ગુલાલજંડી (ગુલાલજંડી) સ્ત્રી એકીઓને ઠોકમાં પહેરવાનું બાદલીયાળું એક ઘરેણું.

ગુલાલતુલસી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગુલાલબાર પું. બારકાનાં પાટિયાની કનાત. એ બરગાહ જેવી જ બારકની કનાત હોય છે. તેને ચામડાના પટા જડી મજબૂત બનાવે છે અને તેની ઘડી વાળે છે

ગુલાલબાંગરા પું. એ નામનો ગળાવર કેનાતનો આવાસ. તેની રચના અકબર બાદશાહે કરી હતી. તેને ચાંદલા, તારાં બગાડવા બારકનાં બાજુમાં, પૂર્વ તરફ ૨૪ ગજ લાંબી અને ૧૪ ગજ પહોળી એવી ૫૪ ઓરડીનું એક દીવાનખાનું રહે અને મધ્ય ભાગમાં એક બારકનો બંગલો હોય તેની નજદીક બીજું દીવાન અને તે દીવાનની નજદીક એક બેમજલી બારકો રહે. બાદશાહ નિમાજ પઢે અને તેના બીજા મજલા ઉપરથી દરબારમાં બાકીના મુલ્કના બે. પણ તે જગ્યાએ ઓરતો રજા વગર જઈ શકે નહિ તેની પાછળ દશ ગજ લાંબા અને ૭ ગજ પહોળા એવા ચોરીસ એક રહેવાવાળા ડેરા રહે તેમની વચમાં પરદા રહે. તેમાં ઉંટવાહ પટલણીઓ માટે તીબી કસબ અને મખમલ જડેલા જુદા તબૂ અને દીવાન હોય. તેની પડોશમાં એક સાદ ગજ સમચોરસ કરીનો મંડપ હોય છે, તેની અંદર બબ્બાર નાના નાના ડેરા હોય છે. આ મંડપ નજદીક દીવાનખાના બાજ સુધી ૧૫૦ ગજ લાંબું અને ૧૦૦ ગજ પહોળું એવું મેદાન હોય છે, તેને અહાતાની કહે છે. તેની બંને બાજુએ ઉપર કહ્યા પ્રમાણે સુંદર અને કલ્પ તંબૂ બાંધેલા હોય છે. તેમાં બબ્બે ગજ ઉપર એક ૭ ગજ ઊંચો અને એક એક ગજ જમીનમાં ઘાલેલો એવા થાભલા હોય છે. તેની ઉપર એક ચિત્તાનો ધ્વજા અને ઝૂલો હોય છે અને જેની બે બાજુએ બે ગમી બંધી બાંધેલી હોય છે. તેની નજદીક પહેરેગીર ઊભા રહે છે આ મેદાનના મધ્ય ભાગમા એક ઊંચો બારકાનો મજબૂતનો બનાવેલો હોય છે. તેની ઉપર એક ચાર મહેલાની મંડપ રચેલો હોય છે, જેને નવતિરા કહે છે. તે ઠેકાણે બાજને વખતે બાદશાહ બેસે. આ એકંદ અતલસ અને મહેરબાની બાકીના ઝોટો સિવાય બીજાને જરતી રજા મળતી નથી

ગુલાલવાડી (ગુલાલવાડી) સ્ત્રી મહેલની નજીકનો બગીચો.

ગુલાલા [હા.] ન. એક જાતનું ફળ; બલ્લોટોડ; ગુલ્લા.

ગુલાલાદુ પું. ફુલ્લીનો એક દાબ. તેમાં હરીફની પકડ ઢીલી પડી તેને બરાબરનો પેચ લેતા આવડ્યો. ત્યારે તે લેવા મહેનત કરે ત્યારે એકદમ જરદન કરનારી તેના પેચ વચ્ચે તેનો હાથ પકડી જોર કરવું એટલે જરદન નીચી નમી જરી અને બરાબર ચીત પડી.

ગુલાલી વિ. ગુલાલથી રંગેલું.

ગુલાંટ ૧ સ્ત્રી ઊલટું ફરી જવું તે.
૨. સ્ત્રી એ નામની એક રમત; છોકરાઓ એકબીજાના વાંસા અડાડી એકબીજાનાં બાવડા જરાતરા ઝોટીલ. ખાય છે તે રમત. તેને ઊંટપગલી, ઊલટગુલાટ, ગુલગુલાટિયું, ગોટમડા, ગોડીમડા, ગોટામણી પણ કહે છે. આ રમત બેઠા બેઠા તેમજ ઊભા ઊભા રમાય છે. આ રમત નીચે પ્રમાણે પણ રમાય છે. બે છોકરા પોતાના બન્ને હાથના પંજા જમીન ઉપર મૂકી સામસામે મોઢા કરીને ઊભે પગે બેસે. તેમાંથી એક જરા માથું નમાવી રાખે એટલે બીજા તેના ઉપર થઈ ને ગુલાટ ખાય. પછી તે છોકરો પહેલાની જેમ બેસે અને બેઠેલો હતો તે તેના ઉપર થઈ ને ગુલાટ ખાય.
૩. સ્ત્રી. બેઠા બજારની ખાતરડીનો એક ભાગ. તેના ઉપર ચરબી ઘણી હોય છે.
૪. સ્ત્રી. જમીન ઉપર માથું ટેકવી પગ ઊંચા કરી જરા તરફ ઊલટાઈ જવું તે; ગોટીમડું; ગોટીલું.
ગુલાટ મારવી = (૧) ગડથોલિયું ખાવું. ઊલટું ફરી જવું. (૨) ફરેબ દેવો.
૫. સ્ત્રી. ફરમટી; ચોંચું.
૧. ગુલાટ બજરાવવી = ચોંચું બજરાવવું.
૨. ગુલાટ ખાવી = (૧) ફરેમટી ખાવી; ફરી જવું. (૨) વિચાર ફેરવવા; ફરી જોવું.
૬. સ્ત્રી. ખૂબ, બહુ.

ગુલાટબાજ વિ. ગુલાટ ખાવામાં કુશળ.

ગુલાંટિયું ૧. ન. ગડથોલું; ગુલાંટ.
૨. ન. ચોંચું; ફરેમટી.

ગુલાંબચી સ્ત્રી. એક જાતનું ઝાડ; ગોલોબચો.

ગુલિક ન. મોતી.
રાજા મોતી મોતી, ગુલિક જલજ કોપીસુત નામ,
મુક્તા લોકપ્રમાણથી, રાખે સુંદર પામ.
પિંગલપ્રકાશ

ગુલિકા ૧. સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય.
૨. સ્ત્રી. એક જાતનો રોગ.
૩. સ્ત્રી. ગોળાકારમાં ઊભી રેખાકૃતિ.
૪. સ્ત્રી. ગોળી; ગુટિકા.
૫. સ્ત્રી. ગ્રહકારે ઊભું કરે; ગોળ કરે તેવી મતિ.
૬. સ્ત્રી. જળપ્રાકારીરની એટલે જળપ્રસ્થિના વચ્ચલા પનાકાર ભાગની ઉપરની બાજુએ મેખીના ઘણા જેવો ઝીણો ઊપસેલો ભાગ.
૭. સ્ત્રી. પાકું કોળું.

ગુલિપિસ્તેહ ન. પિસ્તાનું ઝાડ. તે બે હાથ ઊંચું પૂરતી ઊંચાઈએ થાય છે.

ગુલિયા ૧. સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય
૨. [સં. ગુલિકા] સ્ત્રી. (પ્રાકૃત) ગોળી; ગુટિકા.

ગુલિયું ૧. ન. કાપણ
૨. ન. દલાણના દાતામાં ઓરણીનું કાપણ રહેવાનું કાણું.
૩. ન. દુપ

ગુલિસ્તાન ૧. [ફા.] પું. બગીચો; બાગ; ફુલવાડી.
૨. ન. રેશમ સાટીનું બનાવેલું એ નામનું એક કારસી પુસ્તક.

ગુલિસ્તાં પું. બગીચો; ગુલિસ્તાન.

ગુલિકક ન. મોતી; છીપસુત; જલજ.

ગુલિચ્ચ પું. એક ઔષધિ.

ગુલી ૧. પું. પ્રભાત; પરબાળું.
૨. સ્ત્રી. બારણ
૩. [સં.] સ્ત્રી. એક જાતનો રોગ.
૪. સ્ત્રી. મણી.
૫. સ્ત્રી. ગોફણી.
૬. સ્ત્રી. ગાળ નાનું બાણ.
૭. સ્ત્રી. ગોળી
૮. સ્ત્રી. છીપવાનું ગોટલું.
૯. સ્ત્રી ઘડો
૧૦. સ્ત્રી નાની ગોળી
૧૧. સ્ત્રી. પાણીનું ઝરણું; કૂવો.
૧૨. સ્ત્રી. બંદૂકની ગોળી.
૧૩. વિ. (બોલી) ભલું

ગુલીક પું. (જ્યોતિષ) એ નામનો એક ઉપગ્રહ.

ગુલીકા ન. એ નામનું એક ઘરેણું.

ગુલી ગાય સ્ત્રી. ગુજરીમાં રહેતું છૂટવું.

ગુલુ ૧. ન. એક જાતનું પક્ષી.
૨. [ફા.] ન. ગળું; ગોફણ; બરદન.
૩. ન. (બોલી) તરતનું દોહેલું દૂધ.

ગુલુગિર વિ. તદ્દોમત ચૂકનાર.

ગુલુબંદ પું. ગલપટ્ટો; ગળે બાંધવાનું લૂગડું, 'નેકટાઈ'.

ગુલૂ ૧. [સિં.] પું. ગળું.
ખુશગુલૂ = મારા બબાચા મીઠા અવાજવાળું
૨. ન. એક જાતનું ઝાડ.

ગુલૂમા [સિં.] પું. ચંદરવો બચ્ચાં રાખવાની કોથળી

ગુલુબંદ જુઓ ગુલુબંદ.

ગુલે અનાર ૧. પું. એ નામનો એક ફૂલઝાડ. તે દાડમના ઝાડ જેવો હોય છે. તેનાં ફૂલ લાલ રંગનાં થાય છે
૨. પું. દાડમડીનાં ફૂલ
૩. પું લાલ રંગ.

ગુલે અરબાની પું. મોટી જેવો એક પદાર્થ. તે ઔષધિ તરીકે કામ આવે છે. કામળો ઓઢો આ માટી બાય છે

ગુલે અરારકી પું. ગલગોટાનું ફૂલ.

ગુલે આફતાબ પું. સૂરજમુખી ફૂલ

ગુલે કૈરા પું. એક જાતનો છોડ. એનાં ફૂલનો અર્ક તો બહાર આવે છે કે ગાલીચા પાથરેલા હોય તેની ફરથી જગ્યાનો દેખાવ થાય છે.

ગુલે ખત્મી પું. બારમાસીનું ફૂલ.

ગુલે ગાઝેસ પું. એક જાતનું કરિયાણું.

ગુલે ગાવજબાં ન. એક જાતનું કરિયાણું.

ગુલે ગોજબાં જુઓ ગુલે ગાવજબાં.

ગુલે ચાંદની પું. એક જાતનું ફૂલ; ફુલેકિની.

ગુલે ચીની પું. એ નામનો એક છોડ; અમેરી વર્ષા ઋતુમા અને ઉનાળામાં તેને સુગંધવાળા સફેદ ફૂલ આવે છે.

ગુલે જબાની પું. ગુલેદિમમાં થતો ગામડીનો રંગ.

ગુલે નાર ૧. પું. એક જાતનો રંગ.
૨. પું. એક જાતનો ફૂલઝાડ; ગુલનાર

ગુલે નિશાત ૧. પું. આનંદનું ફૂલ.
૨. પું. દાડમનો દારૂ.

ગુલે બાબુના પું. એક જાતનું કરિયાણું.

ગુલેર ૧. ન. એ નામનું એક ઝાડ; ગૂલર.
૨. ન. એક જાતનું ઝાડ; ઉમરડો; ઉમરો.
૩. ન. ઓલિયાને ગળાની ફરતમાં પહેરવાનું એક ઘરેણું.

ગુલેલ સ્ત્રી. ગલોલ; ગોફણ જેવું ગલોલો ફેંકવાનું સાધન.
ગુલેલ ચલાવવી–છોડવી–મારવી–ફગાવવી = ગલોલથી નિશાન તાકવું.

ગુલેલચી [ફા.] પું. ગુલેલથી નિશાન મારનાર માણસ.

ગુલેલબાજ જુઓ ગુલેલચી

ગુલે સદબર્ગ ૧. પું. સૂર્ય
૨. પું. સો પાખડીવાળું ગુલાબનું ફૂલ.

ગુલૈસદવર્ગ ન. સો જાખડીનું ગુલાબનું કુલ.

ગુલો હુમાઝ જુઓ એક જાતની વનસ્પતિ તેનાં ફળ ઋતુમાં બદામી રંગનાં હોય છે. તે કડુ આકરનાં હોય છે. દરેક ફળ ત્રિકોણાકાર, તીણી અણિદારવાળાં, બીજાં, ઘેરા કાળા રંગનાં બી ધારણ કરે છે તે જલદ અને ગ્રામક છે. તે ઊલટી બટકાવનાર તથા મુખ વધારવા અરબ પદાર્થની કબજાને દબાવનાર છે

ગુલો હુરબાઝી જુઓ એક જાતનું કરિયાતું.

ગુલોંદા [હિં] પું. એક જાતનું ફળઃ કોલંદા.

ગુલ્લો પું. બંદૂકની રમતમાં ગુલામના ચિત્રવાળું પાત્ર

ગુલ્લોરા ૧. [હિં.] પું તેલ કે ઘીમાં તળેલી મીઠી પૂરી

૨. પું. વાદળની અચ્ચાં રૂપાઝરી કોરણી

ગુલ્વેસ્ત્ર ન. ગુલબખ્તર

ગુલ્વેરૂ ન. ગુલબખ્તર

ગુલ્વાહુ ન ગૂમડું

ગુલ્વારી ન. સમૂહઃ ટોળું.

ગુલ્વાન [પ્રા. ગલ્લાન (ખગવેલું)] વિ. મહેનતુ; નિયમઃ કુશલ

ગુલ્વુમડી (ગુલ્વુમડો) ૧ જુઓ એક જાતનું સુરોખિત અને રંગબેરંગી ફૂલ

૨. જુઓ. તુમડી જેવા આકારના એક છોડ.

ગુલ્હાન ન. કાગળ લેખનું બાસણ.

ગુલ્હપરી જુઓ પુષ્પાંગના.

ગુલ્હે ૧. [પ્રા.] પું. ખરી; ખૂર

૨. પું ખાદ તથા જખ્મ વચ્ચે આવેલું એ આંગળા વિસ્તારનું પૈદલસવાર સંધિમર્મ. જાં ઈજા થતાં પીડા થાય, પગનાં તળિયાને ઊંચું નીચું કરી ન શકાય અથવા તો મનુષ્ય લાચાર થાય. કારણ કે આ જગાએ ઈજા થતાં એકાદ બાકડુ જાગે અગર ખસી જાય અથવા તો અને બાજુના સ્નાયુ વધારે પડતા ખેંચાઈ પગ મચકોડાઈ જાય એથી વધારે ઈજાથી મનુષ્ય લંગડો થાય અને એથી પણ વધારે ઈજા થઈ બાકડુ જાગે કે સોળે આવે તો લાકડા કરીથી પરસ્પર એની અનિયમિત રીતે જોડાઈ જાય કે મનુષ્ય પગનું તળિયું લગારીએ ન ટકે

૩. પું મહા અબુંદ

૪. [સં.] પું., સ્ત્રી. ઘૂંટણ; પગની ઘૂંટી

૫. પું ; સ્ત્રી ઢીંચણ

૬ ન. ગાલ

ગુલ્હેંમધિ [સં.] સ્ત્રી. ઘૂંટણ ઉપર સોળે આવી બધતી ગાંઠ.

ગુલ્હેજાહ [સં] ન. ઘૂંટીનું મૂળ.

ગુલ્હેત્રિકોણિક પું. એ નામનો ઘૂંટી પાસેનો એક સ્નાયુઃ અંતઃપાર્શ્વિક. તે સ્નાયુ ઉપર અંદરની ઘૂંટીને અને નીચેને ભાગ કુર્ચાસ્થિ તથા પાર્શ્વિક નામનાં બધુ કુર્ચાસ્થિઓની અંદરની બાજુને લાગેલો છે.

ગુલ્હેત્રિકોણિકસ્નાયુ જુઓ ગુલ્હેત્રિકોણિક.

ગુલ્હેસંધિ [સં.] પું. પાદસંધિઃ ઘૂંટીનો સાંધો; પાદ તથા જંઘા વચ્ચેનો સાંધો.

ગુલ્હેસ્વસ્તિક ૧. પું એ નામનો એક સ્નાયુ, જંઘાપૃષ્ઠીય નામની પેશીઓનો બનાયુ. આ સ્નાયુ ગુલ્હસંધિની બાજુની તેમજ બહારની બાજુ ઉપર રહેલો છે. તેનો આકાર ચેટલેક અંશે સ્વસ્તિક કે સાંડસી જેવો હોય છે.

૨. પું. જિઓ.

ગુલ્હેસ્વસ્તિકસ્નાયુ જુઓ ગુલ્હેસ્વસ્તિક

ગુલ્હેરા (મુલ્હરા) [અ ખુર્રા] પું. એક જાતનો છોડ. તેનું થડ જાડું અને રતાશ પડતું લીલું અને પાંદડાં પણ રતાશ પડતાં લીલાં હોય છે. તેનાં ફૂલ નાનાં અને પીળાં હોય છે.

ગુલ્હૌ ૧. સ્ત્રી. આસ્વાદીય જેવી દૂધની બનતી એક ચીજ

૨. સ્ત્રી. પાટલૂનમાં બટન નાખવાનો ભાગ.

ગુલ્બદન [ફા.] ન. એક પ્રકારનું રેશમી કાપડ.

ગુલ્બર્ગ ન. એ નામનું દક્ષિણ હિંદનું એક શહેર. ત્યાં એક વખત મોટું મુસલમાની રાજ્ય હતું.

ગુલ્બાન ન. નિંદા લાયકની ખોટી હકીકત.

ગુલ્બાંગ ન. ડંકાવાદ્ય બડાઈ ખોબાં બખાણ

ગુલ્બો સ્ત્રી. કાનની કુલેપ.

ગુલ્મ ૧. [સં] પું. અછબડાનો એક પ્રકાર. તેમાં અછબડાંનાં ચિહ્ન સાથે ચેટમાં દુખાવો અને વાયુનો ગોળો થઈ છે.

૨. પું આંટી; ગાંઠ.

૩. પું. એક જાતનાં ઝેરીલાથી ઉત્પન્ન થયેલાં કામડો વગેરે સાત

૪ પું કિલ્લો.

૫. પું ખર્પ

૬. પું. જૂથ

૭. પું. ગૂઢ; ગાઢી; વેલા વગેરેનો સમૂહ.

૮. પું. ત્રણ બિનાનું ઝાડ.

૯. પું. ટીમણું; ગૂમડું.

૧૦ પું. તાવી ઉપર સોળે આવવો તે; ભરોળનો એક રોગ

૧૧. પું. ગૂમડું; ભોયુ.

૧૨. પું. નવ હાથી, નવ રથ, સત્તરીય જોધ અને ચિત્તાળીસ પાળાવાળી સેના.

૧૩. પું. જખમની સ્થિતિમાં રહે એવી રીતે લશ્કરને કવાયત કરાવવી તે.

૧૪ પું. મુખ્ય પુરુષની આજેવાનીઓ રક્ષક; પુરુષ સમૂહ.

૧૫ પું. લશ્કરની એક રીતની ગોઠવણ, લડાઈની રચના.

૧૬. પું સ્થાન; જગા

ગુલ્મકાલાનલરસ [સં] પું. (વૈદક) એ નામનો રસ તે ઢીમજ સાથે બે વાલ માત્રામાં આપવાથી પેટના ગોળાને બેસાડે. અગર પેટના ગુલ્મ રોગને લીધે પેટ સ્તબ્ધપણ જેવું દુખ્યા કરે, વખતોવખત આફરો ચઢી આવે, માપાપણ જેવું પેટ ગોટું અને કઠણ લાગે અથવા વાયુનો ગોળો ચાર જખમને લીધે કાચા કોકડાથી બનાયા જેવું લાગે અગર પણ આ રસ અપાય છે. તે બનાવવા શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, લાખરસ, હરતાલભસ્મ, ટંકણ, નવસાર એ દરેક બધાં તોલા અને મરી, સૂંઠ, પીપર, અજમોદ, હરડે, વજ અને કુષ્ઠ એ દરેક તોલો તોલો લેવાં. પછી જે બધાંને ભારીક ખાંડી માંથે મેળવવાં અને કોરે અબામાર્ગ, પટોળ અને પીતપાપડાની ભાવના દેવી અને સૂકવવું. આ રસની માત્રા ૧થી ૨ વાલ છે.

ગુલ્મકાળાનળો જુઓ ગુલ્મકાલાનલરસ.

ગુલ્મકુઠારરસ [સં.] પું. (વૈદક) પેટમાં ગયલો વાયુનો ગોળો મટાડવાની એક દવા. તે બનાવવા પારો, ગંધક, ટંકણખાર, સિંગોડા, ત્રિકટુ, હરતાલ, વછનાગ, તામ્રભસ્મ, નેપાળો એ બધાં સરખાનાં રસમાં બરાબર ઘૂંટી ગોળી કરવી. તે બધાના વજન બરાબર અફીણ આ ગોળી મધ, બ્રહ્મદંડી અથવા લાકડાબારમાં આપવાથી અકરું અને અમ્લપિત્ત , પણ મટવાનું મનાય છે.

ગુલ્મકેય ૧. પું. લશ્કરી મથક ઉપર બેસાતો કર.

૨. ન. લશ્કરી માણું.

ગુલ્મની સ્ત્રી. વાયુની ગાંઠ.

ગુલ્મમૂલ [સં.] ન. આદુ.

ગુલ્મમૂળ જુઓ ગુલ્મમૂલ.

ગુલ્મવલ્લી [સં.] સ્ત્રી. સોમલતા.

ગુલ્મવાયુ પું એક જાતનો વાયુરોગ.

ગુલ્મશૂલ [સં.] ન. એક જાતનો પેટનો રોગ.

ગુલ્મા ૧. પું. ગૂમડું.

૨. પું. સોળે.

ગુલ્માસ

ગુલ્માસ સ્ત્રી. ચૈતરીય પાંચ મહિનો એક પ્રકાર. રેતીના પાંચ પ્રકારઃ કરમા, ગુલ્મી, ગુલ્માસ, કરક અને ચિરાયુ

ગુલ્મી ૧. [સં.] સ્ત્રી. ગાભણી.
૨. સ્ત્રી એક જાતનું ઝાડ.
૩. સ્ત્રી. ગેલગ્રંથી
૪. સ્ત્રી. ગણ્ડીનોરનો છોડ.
૫. સ્ત્રી. તંબૂ
૬. સ્ત્રી. વાવવી બતા
૭. ન. ગામ ઉદિવાળો એક પ્રકારનો જ્વર; માનખમૂરો.

ગુલ્મોદર ન. બરોળનો એક રોગ.

ગુલ્લક [સં.] સ્ત્રી. પૈસા રાખવા માટે ચીતળનું નાનું પાત્ર.

ગુલ્લર ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૨. ન. ઉમરાનું ફળ. એનું અનંત બાબતોમાં દૃષ્ટાંત આપવામાં આવે છે.
૩. ન. ઉમરડો; ગૂલર; ગૂલરડું; એક જાતનું અંજીરના જેવું ફળ.
૪. ન. કાનનું એક ઘરેણું.

ગુલ્લા ૧. [સં.] પું. નાનો ઢગો.
૨. પું. ઝાડનું ફૂલ.
૩. સ્ત્રી. ચિનાઈ માટી.

ગુલ્લાલા ૧. ન. અસબસ.
૨. ન. મહા અને ફાગણ માસમાં થતું એક જાતનું નાનું ફોતરીનું ફૂલ; ગલગોટો; ગુલાલા.

ગુલ્લિ સ્ત્રી. ઠોબાઠબ; ફોરબકોર.

ગુલ્લી ૧. સ્ત્રી. અનાજનો ડોડો.
૨. [હિં.] સ્ત્રી. કેળાનું ફૂલ.
૩. સ્ત્રી. છોકરાંઓની એક જાતની રમત. તેમાં એક લાકડીને બીજી લાકડીથી મારીને દોડીની બહાર ઉછાળવાની હોય છે.
૪. સ્ત્રી. બંધપૂરો.
૫. સ્ત્રી. ઓર્ડ.

ગુલ્લીદંડા સ્ત્રી. ગોઈદાડિયાની રમત.

ગુલ્લીદંડા જુઓ ગુલ્લીદંડા.

ગુલ્લું ૧. ન. એક જાતનું પક્ષી.
૨. ન. પાપડને માટે બાંધેલા બાજરા કે મકાની બાજરા વાટતાં નાનો ગોળ કટકો; પાપડ વણવા બાંધેલા લોટનો લૂમ્બો; પાપડની કણકનો લૂમ્બો; ગૂલડું.
૩. ન. ગોઈદાડિયાની રમતમાં ડોલ્લો મારવો તે.

ગુલ્લો પું. પતંગના પૂછડાના ભાગમાં ગોઠવાતો લટકતો કાગળ.

ગુલ્વાન પું. કૂવાવાડી; બગીચો.

ગુવરહારી સ્ત્રી. (સંગીત) ગાવાની ચાર જાતોની એક પાર્શ્વી. તાનસેનની બાની ગુવરહારી, ગોસ્વારી કે ગોનરહારી એ નામથી ઓળખાય છે. હાલ બધે આ પાર્શ્વીનાંજ પ્રચાર જોવામાં આવે છે.

ગુવાક ૧. [સં.] સ્ત્રી. સોપારી.
૨. સ્ત્રી. સોપારીનું ઝાડ.

ગુવાત્રી સ્ત્રી. ગુજરતી સ્ત્રિનું સૂકું ગોતરું.

ગુવાહ પું. પારસી મહિનાનો એ નામનો ચાલીસમો દિવસ.

ગુવારનો સ્ત્રી. ઘરિવાઈ પખીની હજાર કે ચારસ. તેનું ખાતર ફળઝાડને બહુ માફક આવે છે.

ગુવાર પું. એક જાતનું દ્વિદલ કઠોળ. તેની શિંગ શાકમાં તથા ઢોરને ખવરાવવામાં વપરાય છે તેલિયો અને ખરસટ એમ ગુવારની બે જાત છે. ગુવાર રેચ, વાતકર, મધુર, ગુરુ, ક્ષારક, ક્રમકર, અગ્નિદીપક અને પિત્તનાશક છે.

ગુવારફળી સ્ત્રી. ગુવારની શિંગ.

ગુવારસિંગ જુઓ ગુવારફળી.

ગુવારશીંગ જુઓ ગુવારફળી.

ગુવારસીંગ જુઓ ગુવારફળી.

ગુવારસીંગ જુઓ ગુવારફળી.

ગુવારી ૧. સ્ત્રી. એ નામનું એક ઝાડ.
૨. સ્ત્રી. ઓરી; બાળકનો એક જાતનો રોગ.

ગુવાલેરી પું. આફ્રિકન રાજ્યનો એક આગ રાજ.

ગુવાવા સ્ત્રી. એક જાતની ઔષધિ. તેના પેલા પેરટ ઉષ્ણકટિબંધના દ્વીપોમાં થાય છે. તેનાં પાકાં અતિસારના રોગ ઉપર બહુગુણ મનાય છે.

ગુવેબાડર ન. એક જાતનું કરિયાણું

ગુવેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અમલતાસ.

ગુશતાસ્પ પું. બાપો જરથોસ્તનો આશ્રયદાતા; ઈરાનનો એ નામે એક રાજા.

ગુષ ૧. પું. ગોબા; ખાડો.
૨. ન. બાકું.

ગુસપુસ ૧. સ્ત્રી. છાની વાતચીત; મસલત.
૨. ન. બાજુ; કોઈ ન સાંભળે તેમ.

ગુસબરી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનો છોડ બેથી ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન ગોળ અણીવાળાં અને ફૂલ ગુલાબ પડતાં પીળાં થાય છે. તેની ફળમાં પોપટા થાય છે.. તેમાં ટમેટા જેવું નાનું ગોળ ફળ થાય છે.

ગુસબી પું. એક જાતનો બગલેરો.

ગુસમાલ સ્ત્રી. ઠોબિયા ઠોબની એ નામની એક જેવી. ગતિભ્રષ્ટ થયેલાને ગતિમાં લેવા માટે અથવા તો કોઈને ગતિભ્રષ્ટ કરવા માટે આ દેવીને હુકમ ફેલવવામાં આવે છે. કૂવો ગાળતાં કાંઠો ઢસી જતો હોય તો કોઈ આ દેવીનો હુકમ લે છે તો બહોર કરે છે.

ગુસરણું ન. ચૂ વાળી લીંપ્યા પછી લાલ જમાવવા સાધન; ચૂ ઉસરણું

ગુસલ ન. સ્નાન; નાહવું તે.

ગુસલખાનું ન. નાહવાની ઓરડી; સ્નાનાગાર; નાવાધોવા.

ગુસાઈની સ્ત્રી. એક જાતની કેળ. તેનું ફળ સાધારણ, કેળાં મોટાં, છાલ પીળી ને પાતળી અને સ્વાદ ઉત્તમ હોય છે.

ગુસાંઈ ૧. પું. ધર્મગુરુ; સાંઈ; ગોસ્વામી.
૨. પું. પવિત્ર માણસ.
૩. સ્ત્રી. વાઘણ અને વાઘની એક જાત.
૪. ન. એ નામની વાઘણ અને વાઘની એક જાતનું માણસ.
૫. વિ. એ નામની વાઘણ અને વાઘની એક જાતનું.

ગુસી ૧. પું. (વહાણવટું) મુકીબૂવા ઉપર વહાણનો ગઢ.
૨. પું. (વહાણવટું) દોરી ઉપર રખાતો નીચે ખૂણો.

ગુસીખૂણો જુઓ મુકી ૨.

ગુસુલ ન. સ્નાન; નાહવું તે.

ગુસુલખાનું ન. નાહવાની ઓરડી.

ગુસ્તાખ ૧. [હિં.] વિ. ઉદ્ધત; બેબાકળું અસભ્ય.
૨. વિ. અવિનય; બેવકૂફાઈ.

ગુસ્તાખાના વિ. બેબાકળીપણું; અસભ્ય.

ગુસ્તાખી ૧. સ્ત્રી. અદબવતનો તિરસ્કાર.
૨. [ઘ.] સ્ત્રી. બેઅદબી; અસભ્યતા; બેહરમી.
૩. સ્ત્રી. બગરમી; ગર્વ

ગુસ્તાર વિ. ચઢેલણી કરનાર; ચઢેલણા.

ગુસ્તારપ જુઓ ગુસ્તારપ.

ગુસ્લ [અ.] ન. સ્નાન; નાહવું તે.

ગુસ્લખાનું ન. સ્નાનાગાર; નાહવાની ઓરડી.

ગુસ્સૈલ વિ. વાતવાતમાં ગુસ્સો થાય એવું ગુસ્સાળું.

ગુસ્સો [અ. ગુસ્સા] પું. ક્રોધ; રીસ.
૧. ગુસ્સો ઊતરવો = (૧) ક્રોધના ઉપર કોપ કોપ તે બહેન ઉપર પ્રગટ કરવો. (૨) કોપ પ્રગટ કરવો; ક્રોધનું ફળ ચખાડવું.
૨. ગુસ્સો ઊતરવો = ક્રોધ શાંત થવો.

૩. ગુસ્સો કરવો = ક્રોધે ભરાવું
૪ ગુસ્સો પીવો = ક્રોધને દાબી દેવો.
૫. ગુસ્સો મારવો = ક્રોધને રોકવો.

ગુહ [સં.] જ ક્રિ. હાકવું; સંતાડવું. છાનું રાખવું.

ગુહ ૧. [સં.] પું ઈશ્વર; ભગવાન.
૨. પું. ક્રમિક દેશની નવકતા બીજ સોકો.
૩. પું. કાર્તિકેય સ્વામી; કાર્તિકેય.
૪. પું. ખોડો.
૫. પું. જમીનમાંનો સ્વાભાવિક આડો.
૬. પું. ગુહ.
૭. પું. વિષ્ણુ.
૮. પું. શિવ; શંકર.
૯. પું. (પુરાણ) શૃંગવેર નામની નગરીનો હિરાલ રાજા. તે દશરથ રાજાનો પરમ મિત્ર હતો વનવાસ વખતે રામ અયોધ્યાથી નીકળી દક્ષકારણ્યમાં જતાં એક રાત એને ત્યાં રહ્યા હતા. તે વખતે એણે રામનું કળ, મૂળ વગેરેથી આતિથ્ય કરીને બહુ સેવા ઉઠાવી હતી અને રામને રાત રોકવા હતા. બીજે દિવસે સવારે તેણે રામને ગંગાને દક્ષિણ તીરે ગંગાપાર ઉતાર્યા હતા. રામ ચિત્રકૂટ પર્વત ઉપર જઈને રહ્યા પછી બીજે દિવસે ભરત મોટું સૈન્ય લઈ રામને પાછા અયોધ્યા લઈ જવા ત્યાં આવ્યો. ગુહરાજને શંકા ઉત્પન્ન થઈ કે ભરત રામનો નાશ કરવા માટે આવ્યો છે. તેથી તેણે પોતાની સેના તૈયાર કરી, પરંતુ એને ખબર પડી કે ભરત એવા હેતુથી નહિ પણ રામને ફરી અયોધ્યા પાછા લાવવા આવ્યો છે, તેથી અને ભરતે પ્રાર્થના કર્યા ઉપરથી તેણે એને પણ ગંગાને દક્ષિણ પાર ઉતાર્યા અને ગુહરાજા ભરતની સાથે ચિત્રકૂટ ગયો.
૧૦. સ્ત્રી. ગુફા.
૧૧. સ્ત્રી. બંગાળી કાયસ્થની એક જાતિ.
૧૨. સ્ત્રી. બિલાડી; મૃગ.
૧૩. સ્ત્રી. કાલપર્ણી નામની વનસ્પતિ.
૧૪. ન. બંગાળી કાયસ્થની એ નામની જાતિનું માણસ.
૧૫ ન. હૃદય
૧૬. વિ. ઢાંકેલું; છાનું; ગૂઢ.
૧૭. વિ હાકનાર; છુપાવનાર.
૧૮. વિ. બંગાળી કાયસ્થની એ નામની જાતિનું.

ગુહક ૧. [સં.] પું. નિષાદનો રાજા; શૃંગવેરપુરનો અનાર્ય રાજા. દશરથ રાજાને તેની સાથે મિત્રતા હતી. તે રામનો ભક્ત હતો. વનવાસમાં રામની તેણે બહુ સેવા કરી હતી. જુઓ ગુહ ૯.
૨. સ્ત્રી. એક હલકી જાતિ. બાહ્યણ સ્ત્રી ચંડાલ સાથે સંગ કરતાં જેપણને ઉત્પન્ન કરે અને જેપણથી ગુહક જેવા થાય છે.

ગુહકાલય ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન.

ગુહજ વિ. ગુપ્ત રીતે જન્મેલ.

ગુહડ (ગુહડ) ન. (જૂ. ગુ.) ઘુવડ; ઘૂક.
દુજ્જન સજ્જન દેખી દુઃખ વહે,
જિમ ગુહડ ને સૂર. દેવરાજમુનિ

ગુહનિગાર વિ. (જૂ ગુ.) ગુનેગાર.
ગુહનિગાર હું બંધ છોડાવ્યા,
પણસામા બહુ દામો. ભાલણદાસ

ગુહમુખ ન. જની સંજ્ઞા બતાવનારી સંજ્ઞા; જ. પ્રાચીકે ગુહ એટલે કાર્તિક સ્વામીને જ મોઢાં દોવાનું બતાવ છે

ગુહર [સં.] વિ. ઢાંકણવાળું.

ગુહરાજ ૧. [સં.] પું. એક જાતનો મહેલ. તેનો વિસ્તાર સોળ હાથનો હોય છે.
૨. પું. રામનો એ નામનો એક મિત્ર. જુઓ ગુહ ૯.

ગુહપક્ષી [સં] સ્ત્રી. ભાગવત સૃષ્ટિ ૧. તે કાર્તિક સ્વામીની જન્મતિથિ માનવામાં આવે છે

ગુહસેન પું. એ નામનો પ્રખ્યાત વલભી રાજકર્તા.

ગુહસ્વામી ૧. પું. પુરુષોત્તમનાં બદ્રીનાથ આવેલું એક નામ.
૨. પું. શિવનાં બદ્રીનાથ આવેલું એક નામ.

ગુહા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ચોખો.
૨. સ્ત્રી. એક પ્રકારનું મકાન. તે જમીન નીચે બાંધવામાં આવે છે.
૩. સ્ત્રી. ખાડો.
૪. સ્ત્રી. અંધી ભમેરવો.
૫. સ્ત્રી. ગુફા; બિલ
૬ સ્ત્રી. ગુફાની અધિષ્ઠાત્રી દેવી.
૭. સ્ત્રી. ગાઢ અથવા બહુ બાંહેલી ભમોલ; ગોટું ઘર.
૮ સ્ત્રી ઢાંકવું તે.
૯. સ્ત્રી. બુદ્ધિ.
૧૦ સ્ત્રી બદનમાં રહેલી એક શક્તિ.
૧૧. સ્ત્રી. માયા.
૧૨. સ્ત્રી કાલપર્ણી વૃક્ષ.
૧૩. સ્ત્રી. હૃદય.
અહંપ્રત્યય હૃદયરૂપ ગુહામાં સ્થિતી બુદ્ધિ મણિવિદ્યા સમજવામાં સાધનભૂત ગણાય છે.
કઠોપનિષદભાષ્ય

ગુહાઈ પું. સાકરી.

રામ કહે સાંભળ રે ભાઈ,
એ વાતનો મેં ભાવ ગુહાઈ. રા.ભમ

ગુહાકાર પું. ગુહાના જેવો આકાર.

ગુહાકુલ ન. ગોહિલ રજપૂતનું કુળ.

ગુહાગૃહ [સં.] ન. ગુફા.

ગુહાચર ૧. [સં.] ન. આત્મા; પરમ ચૈતન્ય.
૨. વિ. હૃદયમાં ફરતું.

ગુહાચાર [સં.] ન. બદ્ધ

ગુહાનિષ્ઠ [સં.] વિ. ગુહામાં રહેલ.
આત્મા, હૃદયં, ગૃહ, અનુપ્રવિષ્ટ, ગુહાનિષ્ઠ અર્થાત્ હૃદયરૂપી ગુફામાં રહેલ અને બ્રાહ્મનિષ્ઠ તથા પુરાણ છે. કઠોપનિષદભાષ્ય

ગુહાહિત [સં.] વિ. ગુફામાં રહેલ.
૨. સ્ત્રી. સધ્યા; સાંજીસાંજ. ઋતુ અનુસાર ગોધૂલિના સમયમાં કાંઈક તફાવત માનવામાં આવે છે. હેમંત અને શિશિર ઋતુમાં સૂર્યનું તેજ જરા મંદ પડી જાય અને ક્ષિતિજમાં લાલાશ ફેલાઈ જાય ત્યારે, વસંત અને ગ્રીષ્મ ઋતુમાં જ્યારે સૂર્ય અર્ધો અસ્ત થાય ત્યારે અને વર્ષા તથા શરદ ઋતુમાં સૂર્ય બિલકુલ અસ્ત થઈ જાય ત્યારે ગોધૂલિ થાય છે. કૃત્રિત જ્યોતિષ અનુસાર ગોધૂલિનો સમય સર્વ કાર્યો માટે બહુ શુભ છે અને તેના ઉપર નક્ષત્ર, તિથિ, કરણ, લગ્ન, વાર અને યોગ આદિના દોષનો બિલકુલ પ્રભાવ પડતો નથી.

ગોધૂલિક [સં.] વિ. ગોરજ; સાંજીસાજનું.

ગોધૂલિકલગ્ન [સં.] ન. વગડામાંથી આવતી ગાયોના પગથી સંધ્યાકાળે રજ ઊડે તે વખતે થતું લગ્ન. શુક્ર અથવા બૃહસ્પતિ અસ્ત હોય, વિષ્ટિએ ક્ષીણ કર્યું હોય, સૂર્ય ધનનો અથવા મીનનો હોય, ભદ્ર હોય, ગ્રહયુદ્ધ હોય, મૃત્યુયોગ હોય, વેધ હોય ઇત્યાદિમાંથી કોઈ પણ કારણ હોય તેવા વખતમાં ગોધૂલિક લગ્ન કરવું નહિ એમ કહેલું છે.

ગોધૂલી જુઓ ગોધૂલિ.

ગોધૂલિક જુઓ ગોધૂલિક.

ગોધૂલિકલગ્ન જુઓ ગોધૂલિકલગ્ન.

ગોધેનુ [સં.] સ્ત્રી. વાછરડાવાળી દૂઝણી ગાય.

ગોધો ૧. પું. ગાયનો નર; આખલો; સાંઢ; બસી નહિ કરેલો બળદ
ગોધે આવવું = ગાયનું આખાને આવવું; આવે સુવાણે આવવું.
૨. વિ. પું. નફકરો; ઉદામખાઉ; બાયલા કે રજવાની મળજી વગરનું.

ગોધ્યક્ષ પું. ગાય વગેરે ઢોરઢાંખર અને ગોચર ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

ગોધ્યારું ૧. ન. અણગમતો દેખાવ.
૨. ન. ધાપલ.

ગોધ્રક [સં.] પું. પર્વત; પહાડ.

ગોન ૧. પું. (બીલી) દીઠોરું.
૨. [હિં.] સ્ત્રી. કોથળો; ગુણ.

ગોનર્દ ૧. [સં.] પું. એ નામનો એક દેશ. જ્યાં પતંજલિનો જન્મ થયો મનાય છે.
૨. પું. મહાદેવ.
૩. પું. સારસ પક્ષી.
૪. ન. એક જાતની મોથ; નાગરમોથ.
૫. ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ગોનર્દીય ૧. [સં.] પું. પતંજલિ મુનિ. તે મહાભાષ્યના કર્તા હતા.
૨. વિ. ગોનર્દ દેશમાં થતું.

ગોનસ ૧. [સં.] પું. એક જાતનો સર્પ.
૨. પું. વૈકાંત મણિ.

ગોનસપત્ર ન. એ નામની એક વનસ્પતિ. તે વિષનાશક મનાય છે.

ગોનસી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એના વેલાની જમાઈ પમના અંગૂઠા જેટલી હોય છે. તેનો રંગ લીલો, પાદડાં પીપળાનાં પાંદડાં જેવાં પણ મોટાં અને એકેક ઇંચ પહોળાઈના ખાંચાવાળાં હોય છે.

ગોનંદ ૧. પું. એ નામનો એક દેશ.
૨. [સં.] પું. જાતિક સ્વામીનો એ નામનો ગ્રન્થ.

ગોનંદી [સં.] સ્ત્રી. સારસ પક્ષીની માદા.

ગોનાથ ૧. [સં.] પું. આખલો; બળદ.
૨. પું. રાજા.

ગોનાથ ૧. [સં.] પું ગોવાળ; ગોપાલ.
૨. વિ. ગાયોને લઈ જનાર.

ગોનાસ ૧. [સં.] પું. એક જાતનો અજગર.
૨. પું. એક જાતનો સાપ.

ગોનિષદ્યા સ્ત્રી. ગાયની જેમ બેસવાથી થતું એક આસન.

ગોની [હિ.] સ્ત્રી જુઓ ગોણી.

ગોનું ન. દાણનો ભાગ ખવાઈ ગયો હોય તેવો તુવેરનો દાણો.

ગોનો પું. ખેતરની આસપાસ પહેરાતો દુપટ્ટા જેવો ઝૂલાડાનો કટકો.

ગોનૌર ૧. પું. કન્યાને ગામ જાન આવે ત્યારે અપાતું દાન.
૨. પું. માલારસ્તો.
૩. પું. ગામ.

ગોપ ૧. [સં] પું. ઉંદર.
૨ [સં. ગો (ઇંદ્રિય) + પ (પાનાર)] પું. ઇંદ્રિયોને રક્ષ પાનાર ભગવાનનો વિભાગ.
૩. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો.
૪ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ: કુરંગ. તે શક્કરી છંદનો એક ભેદ છે. તેમા રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ વર્ણ હોય છે.
૫ પું. ગંધર્વ.
૬. પું. ગામડાનો હિસાબી.
૭. પું. ગોવાળિયો; ગામની રક્ષા કરનાર માણસ.
૮. પું. ગૌશાળાનો અધ્યક્ષ.
૯. પું. ઘડો.
૧૦. પું. જન્મમરણ તથા વસતીગણતરીનું કામ કરનાર અમલદાના વખતનો એક અમલદાર.
૧૧. પું. જમીનમાપણીને લગતું કામકાજ કરનાર એક પ્રાચીન અમલદાર.
૧૨ પું. કરવાળો; બારણું.
૧૩. પું. દૂધ વેચનાર માણસ.
૧૪ પું. પૃથ્વીનું રક્ષણ કરનાર રાજા.
૧૫. પું. વૈદ્ય.
૧૬. પું. સાંઢણનો સાંધો.
૧૭. પું. સિપાઈ, સૈનિક.
૧૮. પું. સોનાનું ઝોકનું એક ઘરેણું; દોરો; સોનાની કંઠી; ગળચવો.
૧૯. વિ. અલોપ.
૨૦. વિ. ઉપદ્રવ કરનાર.
૨૧. વિ. છાનું; ગુપ્ત.
૨૨ વિ. રક્ષણ કરનાર.

ગોપઅષ્ટમ સ્ત્રી. કાર્તિક સુદિ આઠમ; ગોપીએ કરેલા ગાયોના ઉત્સવનો તહેવાર; ગોપાષ્ટમી.

ગોપક ૧. પું. ગોવાળિયો.
૨. પું. વર્ષા ગામનો અધ્યક્ષ.
૩. વિ. ઉપકાર કરનાર.
૪. વિ. રક્ષણ કરનાર.

ગોપકન્યા ૧. સ્ત્રી. ઉપલસરી વનસ્પતિ; સારિવા.
૨. [સં.] સ્ત્રી. ગોવાળિયાની છોકરી; ગોપી; ગોપિકા; ગોપપુત્રી.

ગોપકપટ્ટન ન. ગોવાનું પ્રાચીન નામ; ગોપકપત્તન. આ પ્રદેશ પરના રાજાઓનું રાજ્ય હતું.

ગોપકપત્તન જુઓ ગોપકપટ્ટન.

ગોપકાવ્ય ન. ગામડાંના વર્ણવતું કાવ્ય; વનકવિતા.

ગોપકુલ [સં.] ન. ગોવાળનો સમૂહ.

ગોપકુળ જુઓ ગોપકુલ.

ગોપગીત ન. ગામડાંના વર્ણવતું કાવ્ય; વનકવિતા.

ગોપગોપી ૧. ન. બ. વ. કૃષ્ણ અને ગોપી.
૨ ન. બ. વ. ગોપ અને ગોપી; ગોકુળનો ગોવાળિયો અને ગોવાલણ.

ગોપચંદન ન. ગોપીચંદન; દ્વારકા નજીક નીકળતી પવિત્ર મનાતી એક જાતની ધોળી માટી.

ગોપજન [સં.] પું. ગાયોને પાળનાર માણસ, ભરવાડ.

ગોપજા [સં.] સ્ત્રી. ગોપકન્યા; ગોપી.

ગોપજાતિ સ્ત્રી. ગાયનું રક્ષણ તથા પાલન કરનાર અને તે ઉપર ગુજરાન ચલાવનાર લોકોની જાતિ; આહીર.

ગોપજેષ્ઠી પું. ચાર આંઠેનો એક પ્રકારનો માપ.

ગોપટો ૧. પું. એક જાતનો ઝાડની આંબો.
૨. પું. ચણ ચાર હાથનો ઊભરતો છોડ.

ગોપડો પું. ગામને પાળનાર ગોવાળિયો.

ગોપત પું. આશ્રય; આધાર.

ગોપતિ ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. ઇંદ્રિયોના સ્વામી કૃષ્ણ.
૩. પું. ગરણ નામે વનસ્પતિ.
૪. પું. એ નામનો એક અસુર.
૫. પું. (પુરાણ) એ નામનો એક પંચાળ; સિંદસેન રાજાનો પિતા. તે પાંડવના પક્ષમાં હતો.
૬. પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી મુનીથી જન્મેલા ગંધર્વ માંહેનો એક.
૭. પું. (પુરાણ) ગાયોએ અરણ્યમાં રક્ષેલો શિબિપુત્ર.
૮. પું. ગાયોનો રક્ષક અને પાલક ગોવાળ; ગોપાલ.
૯. પું. નવ માંહેનો એક ઉપનંદ.
૧૦. પુ. પૃથ્વીપતિ; રાજા.
૧૧. પું. પ્રાણ; જીવ.
૧૨. પું. બળદ; આખલો; સાંઢ.
૧૩. પું. મહાદેવ; શિવ.
૧૪. પું. યજમાન.
૧૫. પું. વિષ્ણુ.
૧૬ પું. સૂર્ય.
૧૭. પું. સેનાનો નાયક.

ગોપતિઋષભ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે કૃષ્ણને હાથે મરાયો હતો.
૨. પું. શિવ; શંકર.

ગોપથ ૧. [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ, તે બધે આગે કશ્મીરનો વતની હતો.
૨. પું. ઢોરને ચરવાની જગ્યા; ગોચર.
૩. ન. અથર્વવેદનું એક બ્રાહ્મણ.

ગોપથબ્રાહ્મણ ન. અથર્વવેદનું એક બ્રાહ્મણ. તેના બે ભાગ છે: પૂર્વગોપથ અને ઉત્તરગોપથ. પહેલા ભાગમાં પાંચ અને ઉત્તર ભાગમાં છ પ્રપાઠક છે. અથર્વવેદ જ્યારે લોકપ્રિય થયો હતો અને જ્યારે તેની કીર્તિ વધી હતી ત્યારે આ બ્રાહ્મણ રચાયું હતું. તે ગોપથ નામના ઋષિએ બનાવ્યું હતું. બધાં બ્રાહ્મણોમાં તે ઉતરતું છે અને તેનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૦૦૦ સુધીનો મનાય છે.

ગોપદ ૧. [સં.] ન. ગામનું પગલું; કાદવમાં ગાયની ખરીથી પડેલો ખાડો; ગોખપદ.
૨. ન. ગાયને રહેવાનું સ્થાન.
૩. ન. વિષ્ણુના નામનો તારો.
૪. વિ. ગાયના પગલા જેવું.
૫. વિ. સહજમાં તરી શકાય એવું.

ગોપદરજ [સં.] સ્ત્રી. ગામના પગથી ઊડેલી ધૂળ.

ગોપદલ [સં.] ન. સોપારીનું ઝાડ.

ગોપદ્વાદશક [સં.] પું. ગોવાળિયાનો પુત્ર.

ગોપદ્વાદશવ્રત [સં.] ન. અષાઢ સુદિ બારશથી બાર દિવસે ઉદ્યાપન કરવાનું એક વ્રત. તેમાં વિષ્ણુ પરમાત્માનું પૂજન કરાય છે.

ગોપન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. પું. ગોવાળિયો; ભરવાડ.
૩. પું રાધાપતિ શ્રીકૃષ્ણ.
૪ ન. ઈર્ષા; અદેખાઈ.
૫. ન. ગુપ્ત રાખવું તે; છુપાવવાપણું.
૬. ન દીપ્તિ; કાંતિ.
૭. ન. બ્રાહ્મણપણું, બ્રાહ્મતા.
૮ ન. સંરક્ષણ; આશ્રય; બચાવ.
૯. વિ. ગુપ્ત; છાનું.

ગોપનવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. ગુપ્ત રાખવાની વૃત્તિ; છુપુ રાખવાનું વલણ.
૨. સ્ત્રી દંભ
૩. સ્ત્રી. ધુર્તાઈ, ધૂર્તતા.
૪. સ્ત્રી. સંયમ.
૫. સ્ત્રી ઢોંગિવારી. ચાતુર્ય.

ગોપના ૧. [સં.] સ્ત્રી. ગુપ્ત રાખ્યું તે; છાનું રાખવાપણું.
૨. સ્ત્રી. ગોપન; સંરક્ષણ; બચાવ.
૩. સ્ત્રી. દીક્ષિ; ક્ષાંતિ.

ગોપનાથ ન. જાવનગર રાજ્યની હદમાં આવેલું એ નામનું એક તીર્થસ્થાન. અહીં દરિયા કાંઠે શિવનું મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે, નરસિંહ મહેતાએ અહીં ભક્તિ કરતાં શંકરે તેને રાસલીલા બતાવી હતી.

ગોપનીય ૧. [સં.] વિ. છાનું રાખવા જેવું; નહિ જાહેર કરવા યોગ્ય.
૨. વિ. રક્ષણીય; રક્ષણ કરવા યોગ્ય.

ગોપબંધુ [સં.] પું. અધમ ગોવાળિયો. વર્ણ અથવા જાતિવાચક શબ્દને બંધુ શબ્દ લાગે ત્યારે તેમાં અધમતાનો અર્થ આવે છે.

ગોપબ્રાહ્મણકભાવજ્ઞ પું. પુરુષોત્તમનાં હલકા મહેતુ એક નામ.

ગોપમલ્લ પું. અંતરજોગી મલ્લથી ઊતરતી પંક્તિનો મલ્લ.

ગોપમહાલ ૧. ન. અરિયાણ જમીન; ગોચર.
૨. ન. ભરવાડનું રહેઠાણ.

ગોપમાટી જુઓ ગોપચંદન.

ગોપમાસ [સં.] પું. કાર્તિક મહિનો.

ગોપયુવતિ [સ.] સ્ત્રી. ગોવાલણ; ભરવાડણ.

ગોપયુવતી જુઓ ગોપયુવતિ.

ગોપરસ પું. ઢોર.ઢોળ; એક જાતનો ગુંદ.

ગોપરાજ ૧. [સ. ગોપરાજન્] પું. ગોવાળોનો રાજા.
૨. પું. નંદરાજા.

ગોપરાષ્ટ્ર ૧. પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.
૨. [સ.] પું. જ્યાં ગોવાળ કે ભરવાડોની વસતી પુષ્કળ હોય તેવો દેશ.
૩. પું. મહાભારતમા જણાવેલો એક પ્રાચીન દેશ.

ગોપરિચર્યા [સ.] સ્ત્રી. ગાયની સેવા.

ગોપલી સ્ત્રી. એક જાતનો જંગલી છોડ. તેનાં ફળ દુકાળના વખતમાં જંગલી લોકો ખાય છે.

ગોપવધૂ ૧ [સ.] સ્ત્રી. ઉપલસરી નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. ગોવાલણ; ભરવાડણ.

ગોપવન ૧. [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.
૨. ન. જ્યાં પુષ્કળ ગોવાળિયા હોય તેવું જંગલ.

ગોપવનઆત્રેય ૧. પું. એ નામનો ઋગ્વેદનો એક ઋષિ. તેણે આઠમા મંડલનું ૭૩ અને ૭૪મું સૂક્ત રચ્યું છે.
૨. પું. એ નામનો સામવેદનો એક ઋષિ.

ગોપવલ્લી [સં.] સ્ત્રી. સારિવા; ધોળી ઉપલસરી.

ગોપવવું ૧. સ. ક્રિ. ગોઠવવું.
૨. સ. ક્રિ. પગનો કુર્તો ભાગ બહાર ન દેખાય એવી રીતે સંકેલવું.
૩. સ. ક્રિ. સંતાડવું; છુપાવવું.

ગોપવું ૧. સ. ક્રિ. ગૂંથણી માફક ગોઠવવું.
૨. સ. ક્રિ. છુપાવવું; સંતાડવું; ગોપવવું.
૩. સ. ક્રિ. રક્ષણ કરવું; રક્ષવું

ગોપવૃંદ [સં.] ન. ગોવાળિયાનું ટોળું.

ગોપસંધ્યા ૧. [સં.] પું. કૃષ્ણ.
૨. પું. ગોકુળનો ગોવાળ.
૩. પું. ગોવાળિયો મિત્ર.

ગોપસાંકળી સ્ત્રી. ઢોરમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું.

ગોપસુતા ૧. [સં.] સ્ત્રી. ગોવાળની છોકરી; ગોપી.
૨. સ્ત્રી. સારિવા; ઉપલસરી નામની વનસ્પતિ.

ગોપહાર પું. ઓને કોરે પહેરવાનું એક જાતનું ઘરેણું.

ગોપા ૧. [સ.] સ્ત્રી. ગામ પાળનારી; આહીરણ; ગોવાલણ.
૨. સ્ત્રી. ધનુષનો છેડો.
૩. સ્ત્રી. મહાભા જુહની બો બહોચરા; દક્ષપ્રજા રાજાની એ નામની દીકરી.
૪. સ્ત્રી. રમા નામની લતા; સારિવા; ઉપલસરી વનસ્પતિ.
૫. વિ. છુપાવનાર.
૬ વિ. નાશક; નાશ કરનાર.

ગોપાચલ ૧. [સં.] પું. ગ્વાલિયર નજીકનો એક પહાડ.
૨. પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.

ગોપાચળ જુઓ ગોપાચલ.

ગોપાઠ ૧. [સં.] ન. ગાયનું પગલું.
૨. ન. શ્રીહરિના ડાબા ચરણારવિંદમાં ગોમ નામના ચિહ્નથી નીચેના ભાગમાં ગાયના પગલાને આકારે રહેલું ચિહ્ન.

ગોપાદ્રિ પું. તખ્ત ઈ સુલેમાન પર્વત. તે કશ્મીરમાં શ્રીનગરની પાસે આવેલો છે.

ગોપાધ્યક્ષ [સં.] પું. ગોવાળિયાનો ઉપરી, મુખ્ય ગોવાળિયો.

ગોપાયક [સં.] વિ. રક્ષણ કરનાર.

ગોપાયન [સં.] ૧. ન. રક્ષણ; રક્ષા.
૨. વિ. રક્ષણ કરનાર.

ગોપાર વિ. ઇંદ્રિયોથી પર; અગોચર

ગોપાલ ૧. પું. ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર મન.
૨. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મુગ્ધ. તે પ્રતિષ્ઠા છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.
૩. પું. એક જાતનો આંબો.
૪. [સં.] પું. ગાયોના પાળનાર કૃષ્ણ.
૫. પું. ગોવાળિયો; ગોપ; ભરવાડ.
૬. પુ. રાજા; નૃપ.
૭. પું. શિવ; શંકર.
૮. વિ. ગાયોનું રક્ષણ કરનાર.

ગોપાલક જુઓ ગોપાલ ૧, ૪-૮

ગોપાલકક્ષેત્ર [સં.] પું. મહાભારત અનુસાર પશ્ચિમ ભારતનો એક દેશ. તેને ભીમસેને જીત્યો હતો

ગોપાલકક્ષ પું. (પુરાણ) આગ્નેયકોણ અને ઈશાનકોણની વચ્ચે આવેલો ભરતખંડનો એક દેશ.

ગોપાલકા ૧. સ્ત્રી. સગરની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગોપાલ કૃષ્ણ ગોખલે પું. એ નામના મહારાષ્ટ્રના એક દેશભક્ત પુરુષ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૬માં રત્નાગિરિ જિલ્લાના કોતલુક ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ કૃષ્ણરાવ અને માતાનું નામ સત્યભામા હતું. તેઓ ઘણા ગરીબ હોવાથી સુધરાઈને દીવે વાચી ભણેલા અને અસાધારણ મહેનતને બળે અઢારમે વર્ષે બી. એ. થયા. પછી દક્ષિણ ફેળવણી મંડળમાં સ્વયંસેવક બની લગભગ સોળ વર્ષ પર્યંત તેમાં કામ કરેલું ભારત સેવાશ્રમ.જની સ્થાપના એ હિસ. એમણે કરેલી ચિરંજીવી સેવા છે. તેઓ પ્રખર લોકસેવક, વિદ્વાન અર્થશાસ્ત્રી, મહાન સત્યવક્તા., નીડર રાજનીતિજ્ઞ અને કરકસરિયા હતા. પૂનામાં દક્ષિણ ફેળવણી મંડળ તરફથી ચાલતી ફર્ગ્યુસન કોલેજ નામની સંસ્થાના તેઓ વડા અધ્યાપક હતા. સરકારી ઊંચા પગારની

નોકરીની દરકાર ન કરતાં તેમણે ટૂંકા પગારથી તે રાજાની સેવા સ્વીકારી. ત્યાંથી રાજીનામું આપી માતૃભૂમિની સેવાર્થે જીવન વ્યતીત કર્યું. તેમનું અવસાન સને ૧૯૨૫માં થયું હતું.

ગોપાલતાપ [સં.] ન્ત્રી.; ન. એ નામે એક ઉપનિષદ. શંકરાચાર્યે તેના ઉપર ટીકા લખેલી છે.

ગોપાલતાપન જુઓ ગોપાલતાપ.

ગોપાલતાપની જુઓ ગોપાલતાપ.

ગોપાલતાપનીય જુઓ ગોપાલતાપ.

ગોપાલદારક [સં.] પું. જૈનના એ નામના એક આચાર્ય.

ગોપાલદાસ પું. સુરતનો એ નામનો એક ભક્તકવિ. તે અખાનો ગુરુભાઈ હતો. તેની રચેલી ગરબીઓ પણ મળી આવે છે. તે ઈ. સ.ની સત્તરમી સદીમાં થઈ ગયેલ છે. તેણે ગોપાગીતા સવત ૧૭૦૧માં રચી હતી.

ગોપાલધોપા જી. જરી મોટી અને પાતળા ગોટલાવાળી એક જાતની કેરી.

ગોપાલધોવા જુઓ ગોપાલધોપા.

ગોપાલધૃત [સં.] વિ. ગાયોનું પાલન કરનાર શ્રીકૃષ્ણે ધારણ કરી રાખેલું.

ગોપાલન [સં.] ન. ગાયની સેવા; ગાયનું પોષણ અને રક્ષણ.

ગોપાલનંદન [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોપાલપૂર્વતાપિની જુઓ ગોપાલતાપ.

ગોપાલ ભટ્ટ પું. ચૈતન્ય મહાપ્રભુના એક અનુયાયી ભક્ત.

ગોપાલભોગ પું. બંગાળનો એક ઊંચી જાતનો આંબો.

ગોપાલરૂ ન. પ્રાચીન કાળમાં સતલજ અને વિપાસ નદીની ખીણના પ્રદેશમાં આવેલું એ નામનું એક રાજ્ય.

ગોપાલશૈલ [સં.] પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.

ગોપાલસેવિતપદ્ધ [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ગોપાલાનંદ પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક કવિ. તેનો સંસ્કૃત સાહિત્યમાં ઘણો ફાળો છે.

ગોપાલિ ૧. પું. (પુરાણ) એક પ્રાચીન ઋષિમાં થયેલ એ નામનો એક ઋષિ.

૨. પું. ઊકરડો; કચરો.

ગોપાલિકા ૧. [સં.] સ્ત્રી. ઉપલસરી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. ગોપી; ગોવાલણ; ભરવાડણ; ગાયનું પાલન કરનાર સ્ત્રી.

ગોપાલી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. એક જાતની વેલ.

૩. [સં.] સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

૪. સ્ત્રી. ગોવાલણ; ગોપી.

ગોપાલોત્તરતાપિની [સં.] સ્ત્રી.; ન. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

ગોપાવવું સ. ક્રિ. છુપાવવું.

ગોપાવું સ. ક્રિ. વાગેલ કાંટાનો થોડોક ભાગ અંદર રહી જવો.

ગોપાવેદો પું. (પિંગળ) એક સમવૃત્ત બનેલ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

ન ભ ગ ગે ગોપાવેદો. ઉદાહરણ

ગોપાષ્ટમી [સં.] સ્ત્રી. વૈષ્ણવ લોકોનો કાર્તિક સુદિ આઠમનો મોટો તહેવાર. તે દિવસે વૈષ્ણવો સવારમાં વહેલા ઊઠીને દૂધની ધારાવાડીથી ગાયની પ્રદક્ષિણા કરે છે. શ્રીકૃષ્ણે ગોવાળનો વેષ લઈ ગાયો ચરાવવાની શરૂઆત આ દિવસે કરી હતી. આ દિવસે ગોપૂજન, ગોગ્રાસ, ગોપ્રદક્ષિણા, ગાયો પાછળ ગાવાનું વગેરે કર્મ કરવાનું બહુ માહાત્મ્ય છે. જે દિવસે આપના ગળામાં હાર પહેરાવી તેનાં શિંગડાં, ખરી વગેરે સજાવવામાં આવે છે.

ગોપાહાર પું. ઝીનું ઠોકનું એક ધરેણું.

ગોપાળ જુઓ ગોપાલ.

ગોપાંગના ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અનંતમૂલ.

૨. સ્ત્રી. ગોપી; ગોવાળણ; ગોપ જાતની સ્ત્રી.

૩. સ્ત્રી. સારિવા; ઉપલસરી વનસ્પતિ.

ગોપિકા [સં.] સ્ત્રી. ગોપી; ગોવાળણ; ગાયનું રક્ષણ કરનારી સ્ત્રી.

ગોપિકાગીત ૧. [સં.] ન. ગોપીએ ગાયેલું ગીત.

૨. ન. ભાગવતના દશમસ્કંધમાં આવેલ એ નામનું એક ગીત. તેમાં ગોપીઓએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલ છે.

ગોપિકામોહનારાક પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ગોપિકાવિરહવ્યાજમનોગતિરતિપદ્ધ પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ગોપિકાવ્યાજસર્વાંગ પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ગોપિત ૧. [સં.] વિ. ગુપ્ત; છુપાવેલ.

૨. વિ. રક્ષિત; રક્ષણ કરાયેલ.

ગોપિત્ત [સં.] ન. ગોરોચન. તે ગાયના માથામાંથી નીકળે છે.

ગોપિત્તજ [સં.] પું. ગોપિત્તમાંથી બનતો એક પદાર્થ. ગોપિત્તનું વિઘટન થવાથી તે ઉત્પન્ન થાય છે. તે અવિકાર્ય, સ્વાદે ઠંડો અને પાણીમાં દ્રાવ્ય છે.

ગોપિત્તસંભવા જી. ગોરોચન. ગાયના માથામાંથી તે નીકળે છે.

ગોપિત્તાશ્મ પું. બળદના ચામડામાંથી બનાવાતા એક ચીકણા પદાર્થનો તેજાબ 'ટોરોકોલિક એસિડ'.

ગોપિત્તાશ્મજસર્વક્ષાર પું. ગોપિત્ત અને સર્વક્ષાર એ બંનેના રાસાયનિક મિશ્રણથી બનતો ક્ષાર.

ગોપિત્તાશ્મિત પું. ગોપિત્તાશ્મનો ક્ષાર.

ગોપિની ૧. સ્ત્રી. (તાંત્રિક) એક જાતની નાયિકા.

૨. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉપલસરી.

૩. સ્ત્રી. રક્ષણ કરનારી સ્ત્રી.

ગોપિયા [સં. ગોપ્ય] પું. (હિંદી) ગોપ્ય.

ગોપી ૧. [સં.] સ્ત્રી. કાળી ઉપલસરી.

૨. સ્ત્રી. ગોકળગાય; ગોકોરો; કાગડાટ; ચુમરાળુ.

૩. સ્ત્રી. ગોપી ઓ; ગોવાલણી; ગોપપત્ની; ભરવાડણ.

૪. સ્ત્રી. પ્રભુમાં તન્મય થયેલ ભાગ્યશાલી.

૫. સ્ત્રી. રક્ષણ કરનાર સ્ત્રી.
ગોપી રાખવું = સંતાડી રાખવું.

૬. સ્ત્રી. રસ પીનાર વૃત્તિ.

૭. સ્ત્રી. લપ્પો.
ગોપી કરવી = ઠગેતી કરવી.

૮. સ્ત્રી. વ્રજની સ્ત્રી; વૃંદાવનની કૃષ્ણભક્ત ગોપિકા.

૯. સ્ત્રી. સારિવા; ધોળી ઉપલસરી.

૧૦. સ્ત્રી. સુખડ.

૧૧. વિ. ગુપ્ત; છાનું.

ગોપીકાંત [સં.] પું. ગોપીઓને પ્રિય તે; શ્રીકૃષ્ણ.

ગોપીગર્ભમણ્યશ્વર્યતિરોધાનસુખપ્રદ પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ગોપીબેલડો (ગોપીબેનડો) વિ. પું. ગોપીને પોતા બનાવનારો.

ગોપીચંદ પું. ભંગાણમાં આવેલ રંગપુરનો એક પ્રાચીન રાજા. તે ભર્તૃહરિની બહેન મૈનાવતીનો અને રાજા વિક્રમાદિત્યનો પુત્ર થાય. તેણે પોતાની માતાના ઉપદેશથી રાજ્ય છોડી વૈરાગ્ય લીધો હતો. કહેવાય છે કે તે જલંધરનાથનો શિષ્ય થયો હતો અને ત્યાગી થઈ તેણે પોતાની પત્ની પાટમદેવી પાસે બહેલમાં ભર્યાં ભિક્ષા માગી હતી.

ગોપીચંદન ૧. ન. ગોકુળ મથુરા તરફની માટીની બનાવાતી ટીકડી કે ગળી.

૨. ન. દ્વારકાના સરોવરમાંથી નીકળતી એક જાતની પીળી માટી; ટીલું કરવાની પીળાશ પડતી સફેદ અને ચીકણી માટી; સોરઠી માટી; સૌરાષ્ટ્રી; તુવરી; કાંક્ષી; મૃત્તાકા; સુરાષ્ટ્રજા; ભાટકી. કહેવાય છે કે શ્રીકૃષ્ણ પરલોક પામતાં તેમના વિરહથી અનેક ગોપીઓએ આ સરોવરને કિનારે પોતાના પ્રાણ તજ્યા હતા. ત્યાંથી તેની માટીનું બહુ માહાત્મ્ય મનાય છે. આ માટી દવા તરીકે વપરાય છે અને થારાં, ચૂમડાં વગેરે ઉપર ચોપડાય છે.

૧. કોઈનું ગોપીચંદન કરવું = હાલ લેવા જતાં નુકસાન કરવું. એક ઊભરતા રજપૂતવાડામાં એક ઝાડના પોલાણ પાસે માટલી હતી. તે માટલી કૂણ અને ઘરેણાંથી ભરેલી હતી. તે જોઈ સૌ કોઈને કળજાવસ્યા થતી તે ત્યાં લેવા હાથ લંબાવે તે માટલીમાં હાથ નાખે ત્યાં માટલી સાથે હાથ ચોંટી જતો. ઘણી મહેનત કરે પણ માટલી વહુટે જ નહિ, બળોની બાહ્ય ચોંટી જ રહે. બળો તો મુઠ્ઠાય ચોંટી ચૂકી છે એટલે પણ નીચે ખરી પડે પણ માટલી તો વહુટે જ નહિ. અંદરના ચૂમર્ણમાંથી અવાજ આવે કે કાંકડિ નાખ, કાંકડિ નાખ. મુસાફર ખરે ખિસ્સામાંથી કાંઈ પણ કાઢીને કે હરકોઈ ધાતુની વસ્તુ નાખે કાં૨ જ હાથ છૂટે. હાથ છૂટતાં તો ઉંદર બિલાડીને દેખીને નાસે તેમ મુસાફર ભાગે અને પાછું વાળીને જોવાની પણ હિંમત કરે નહિ. એક દિવસ તે જ રસ્તે એક ફકડ સાધુ નીકળ્યો; તેણે પણ માટલી જોઈ કળ લેવાની લાલચે હાથ લાંબો કર્યો. ત્યાં માટલીમાં હાથ નાખ્યો ત્યાં તો તેનો હાથ પણ ચોંટ્યો. અવાજ થયો કે કાંકડિ નાખ. સાધુએ જવાબ આપ્યો, મારી પાસે રાતી પાઈ પણ નથી. શું નાખું ? માત્ર ગોપીચંદન છે. અવાજ થયો કે, પૂં તો પૂ. સાધુએ જ્યારે પોતાની ઝોળીમાં હતું તેટલું ગોપીચંદન નાખ્યું ત્યારે હાથ છૂટો થયો. પછી સાધુ તો પાપુ જોયા વગર એકદમ નાસી છૂટ્યો, કારણ પૈસા મેળવવાના લોભમાં આનું ગોપીચંદન પણ થયું.

૨. ગોપીચંદન કરવું = (૧) નુકસાન કરવું. બગાડ કરવો. (૨) વસ્તુને ભાંગી તોડી તેનું નામ ન રહે એમ કરવું; સંહાર કરવો.

૩. ન. પૈસો; વિત્ત.

૪. જુઓ ગોપીચંદ.

ગોપીચંદ્રનાથ પું. નાથ સંપ્રદાયનો એ નામનો એક મહાન યોગી. જુઓ ગોપીચંદ.

ગોપીજન સ્ત્રી. ન. જુ. ગોપીલોક.

ગોપીજનપ્રિય [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોપીજનવલ્લભ [સં.] પું. ગોપીઓને વહાલા એવા શ્રીકૃષ્ણ.

ગોપીત ૧. [હિં.] પું. ખંજન પક્ષી.

૨. સ્ત્રી. ગોળ કે ખાલના આસવને ટીપી ટીપીને બનાવાતી સાકરવાકરી.

ગોપીતળાવ ન. એ નામનું સુરતનું એક પ્રસિદ્ધ તળાવ. ઈ. સ. ૧૫૧૧માં ગોપી નામના નાગર બાહ્મણ એ તળાવ બંધાવ્યું હતું. સુરત શહેરને સુધારવા ગોપીએ જે મહેનત કરી તેના બદલામાં મુજરાતના સુલતાને એને આખિનો ઇલકાબ આપ્યો હતો. એની પત્નીને રાણી તરીકે સઘળાં ઓળખતાં હતાં. ગોપીપરા અને રાણીમહાલ એ સુરતનાં બે પરાંનાં નામ તેઓનાં નામ ઉપરથી પડેલાં છે. ગોપીની ઓલ્ડે રાણીતળાવ બંધાવ્યું હતું.

ગોપીદ્વ ૧. પું. રાજા.

૨. [સં.] ન. એક પ્રાચીન તીર્થ.

૩. ન. રસ્સા; રજ્જુ.

૪. ન. સોમવલ્લી રસનું પાન.

ગોપીન ન. (સિલ્પ) એક જાતનું કોતરકામ.

ગોપીનાથ ૧. [સં.] પું. ગોપીઓનો સ્વામી; શ્રીકૃષ્ણ.

૨. પું. વલ્લભાચાર્યને લક્ષ્મી નામની ઓરડી થયેલ બે માંહેનો જે નામનો એક દીકરો.

ગોપીનાથજી પું. અલવાના સ્વામીનારાયણના મંદિરમાં બિરાજતા જે નામના મુખ્ય દેવ.

ગોપીનાથદાસજી પું. સ્વામીનારાયણ સંપ્રદાયમાં થઈ ગયેલ એ નામનો એક પ્રખર પંડિત.

ગોપીપ્યાસ [હિં.] સ્ત્રી. ગોપીઓની તૃષા; ગોપીલાલસા.

ગોપીપ્રાણવિશ્વતિપ્રદ પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીમંત્રાક્ષિમંત્રિત પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીમાનસંહારક પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીમોહસંસારનારાક પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીયંત્ર ન. કિનારીની જાતનું એક તંતુવાદ્ય.

ગોપીરત્નસ્તુત્યાદ્યોપવેણુવાદ્યવિશારદ પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીવલ્લભ [સં.] પું. ગોપીઓને વહાલા એવા શ્રીકૃષ્ણ.

ગોપીસંસારવિસ્મૃતિ પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીસ્નેહૈકનિલય પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપુચ્છ ૧. [સં.] પું. એક જાતનો હાર.

૨. પું. ગાયના પૂછડા જેવા પૂછડાવાળો એક જાતનો વાનર.

૩. પું. પક્ષિનિના સમવમાં વપરાતો એક સિક્કો.

૪. પું. (સંગીત) યતિ એટલે વિસામાનો એક પ્રકાર. જુઓ ગોચ્યુચ્છયતિ.

૫ ન. ગાયનું પૂછડું.

૬. ન. ધોળા અથવા મિશ્ર રંગવાળા પત્નીય રદ્રાક્ષમાં છિદ્રો કરી પરોવીને કંઠમાં ધારણ કરતી માળા.

ગોપુચ્છક ન. એક જાતનું ઘરેણું.

ગોપુચ્છયતિ સ્ત્રી. (સંગીત) યતિ કે વિશ્રામના પ્રકાર માંહેનો એક પ્રકાર. જે તાલના ઠેકા દેવામાં પ્રથમ મધ્યભાગ, ત્યારબાદ કુતલય અને છેવટે પ્લુતલય હોય તે ગોપુચ્છના આકાર પ્રમાણે ગોપુચ્છયતિ કહેવી.

ગોપુચ્છા સ્ત્રી. (સંગીત) એક પ્રકારની યતિ. સંગીત પરિભાષામાં કહ્યું છે કે, મધ્યથી આરંભ અને અંતે વિસર્જિત લય હોય તો ગોપુચ્છા થાય.

ગોપુચ્છાકાર [સં.] વિ. શંકુ આકારનું.

ગોપુચ્છાકૃતિ [સં.] સ્ત્રી. શંકુ.

ગોપુચ્છાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી પાચ અંગે એમ મનાય છે.

ગોપુટા [સં.] સ્ત્રી. મોટી એલચી.

ગોપુટિક [સં.] ન. કાંકરના પોટિયાનું મસ્તક.

ગોપુત્ર ૧. [સં.] પું. બળદ.

૨. પું. સૂર્યનો પુત્ર; કર્ણ.

ગોપુર [સં.] ૧. પું. સુશ્રુત અનુસાર વૈદ્યકશાસ્ત્રનો પ્રવર્તક એક પ્રાચીન ઋષિ.

૨. ન. એક જાતની મોથ; કેવડી મોથ.

૩. ન. ગાયનું ટોળું. વેદકાળના લોકો ખેતી

અને વસુદ્ધ તો ભણતા જ, પણ મણા ગોપે ગામનાં ટોળાં થઈને ફરતા હતા એમ ભણાય છે. ગોત્ર, ગોપુર વગેરે શબ્દો એ જ વખતના ભાગે છે.

૪. ન. છત્રું; બલિપું; રવેશ.

૫. ન. દરવાજા ઉપરનો ખુલ્લો ભાગ.

૬. ન. નગરનો કે મંદિરનો દરવાજો; પુરદ્વાર.

૭. ન. મુખ્ય દ્વાર; મોટું દ્વાર.

૮. ન. એ નામની એક વનસ્પતિ; બળમુસ્તા.

૯. ન. સ્વર્ગલોક; દેવલોક.

૧૦. ન. છાયનું એક ઘરેણું.

ગોપુરક ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. શહેરનો દરવાજો.

ગોપુરવિધાન [સં] ન. શહેરના દરવાજા મૂકવાની રીત; નગરસ્થાપનની વિધિનું એક પ્રકરણ; નવું શહેર બાંધવા માટે દરવાજા અને બારી નક્કી કરવા.પણું.

ગોપુરીય [સં.] ન. ગામ કે બજારનું ઝાડ.

ગોપૂજક [સં.] વિ. ગામની પૂજા કરનાર.

ગોપૂજા [સં.] સ્ત્રી. ગામની પૂજા.

ગોપેક્ષ જુઓ ગોપેક્ષ.

ગોપેક્ષર જુઓ ગોપેક્ષ.

ગોપેક્ષ ૧. [સં.] પું. ગોવાળિયાનો રાજા નંદ.

૨. પું. શ્રીકૃષ્ણ.

ગોપ્તવ્ય ૧. [સં.] વિ. ગુપ્ત રાખવા જેવું.

૨. વિ. રક્ષણ કરવા જોગ.

ગોપ્તા ૧. [સં. ગોપ્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ. સર્વ ભૂતોનું પાલન કરનાર ભગવાન જગતના રક્ષક છે તેથી, અથવા પોતાની માયાથી પોતાને ઢાંકે છે છે તેથી પણ તે ગોપ્તા કહેવાય છે.

૨. પું. વિષ્ણુ.

૩. પું. શિવ.

૪. સ્ત્રી. ગંગા.

૫. વિ. ઢાંકનાર.

૬. વિ. રક્ષણ કરનાર; રક્ષક; વાલી.

ગોપ્પોત્તર પું. (અશ્વ) એક શબ્દાલંકાર.

ગોપ્ય ૧. પું. ગોપીનો સમૂહ.

૨. પું. ગોવાળિયો; ગાય ચારનાર.

૩. [સં] પું. દાસ; નોકર.

૪. પું. દાસીનો પુત્ર.

૫. ન. એકાંત.

૬. વિ. ગુપ્ત રાખવા જેવું; છાનગી રાખવા લાયક; ગોપનીય.

૭. વિ. રક્ષણ કરવા જેવું.

ગોપ્યાદિત્ય [સં.] પું. પ્રભાસ તીર્થમાં આવેલી સૂર્યની એક મૂર્તિ.

ગોપ્યાધિ ૧ [સં.] પું. એક જાતનો જાનો રોગ; મુખ મનોભવા.

૨. પું. ગાયમાં મૂકેલી વસ્તુ.

ગોપ્રચાર ૧. [સં.] પું. એ નામનું એક તીર્થ.

૨. પું. ગાયને ચરવાનું સ્થળ.

ગોપ્રતાર ન. અયોધ્યામાં ફૈજાબાદ આગળ સરયૂને કિનારે આવેલ ગુપ્તાર નામનું યાત્રાનું સ્થળ. રામ વૈકુંઠ જતા હતા ત્યારે તેમના ભક્તોની પાળજ અહીં ઝિલી ભળી હતી.

ગોપ્રતારઘાટ જુઓ ગોપ્રતાર.

ગોપ્રતિપાળ વિ. ગાયોનું રક્ષણ કરનાર; ગાયોને પાળનાર.

ગોપ્રદેશ પું. વિષ્ણુપુરીનો એક દેશ, જ્યાં શ્રીકૃષ્ણ રહે છે.

ગોપ્રવેશ ૧. [સં.] પું. જંગલ વગેરેથી આવીને ગાયનો ઘરમાં પ્રવેશ.

૨. પું. સંધ્યાસમય; ગોધૂલિ; સાંજ; ગાયોને ચરીને આવવાનો સમય.

ગોપ્રિય [સં.] પું. આખલો; સાંઢ; ખૂંટ.

ગોપ્રેમી [સં. ગોપ્રેમિન્] વિ. ગાય તરફ લાગણીવાળું.

ગોફે ૧. [સં. ગ્રંથ્ (ગૂંથવું)] પું. એક જાતની રાસક્રીડા; આંબો. દાંડીઓ-વડ એકની પીઠે એક ગૂંથીને દાંડીઓથી રમવાનો પ્રકાર દ્વાપર યુગથી ચાલુ છે. ભગવાન શ્રીકૃષ્ણ મોરલી બજાવતા અને ગોપ તથા ગોપીઓ એક ગૂંથતાં હતાં. રાસક્રીડા એ શબ્દ રાસ અને ક્રીડા એવા બે શબ્દનો બનેલો છે. રાસ એટલે હેરી અને ક્રીડા એટલે ખેલ એટલે દોરીથી રમવાનો ખેલ એવો તેનો અર્થ થાય છે. દોરીને બદલે જુદા જુદા રંગના કપડાના લાંબા ચીરા લઈને પણ લડી રમતાં રમતાં તેનો એક ગૂંથાય છે. એક પણ પ્રકારે ગૂંથાય છે. ગૂંથતી વખતે જેની ક્રિયા કરેલ હોય તેનાથી ઊલટી ક્રિયા કરતાં ગૂંથેલો એક ઉખેળી શકાય છે. એક તૈયાર કરવાની રીત: છ ઇંચ પહોળા અને દસ ફૂટ લાંબા એવા કપડાના કટકા બત્રીસ ચીરા રમનારની સંખ્યા જેટલા તૈયાર કરાવવા. સંખ્યાના પ્રમાણમાં બે પણ કે ચાર રંગનું કાપડ તે માટે લેવું. જુદા જુદા રંગના કટકા લેવાથી એક રંગબેરંગી થાય છે અને રમનારને પોતાની જોડી સમજવામાં તથા જુદી જુદી ક્રિયાઓ કરવામાં અનુકૂળતા થાય છે. જે રમનાર હોય તો બે રંગનું કાપડ લેવું. પણ કટકા લાલ રંગના અને પણ ધોળા રંગના બનાવવા. આઠ હોય તો ચાર રંગનું કાપડ લેવું. છ ઇંચ પરિઘનું અને એક ઇંચ જાડાઈનું એક લાકડાનું ગોળ પાટિયું લેવું. તે પાટિયાને એક ઇંચ જાડાની રમનારની સંખ્યા જેટલાં કાણાં પાડવાં. ને કાણાંમાંથી પરોવીને કપડાનો એક એક કટકો તે પાટિયાની ઉપરના ભાગમાં લઈ તેની ગાંઠ બાંધી લેવી, જેથી રમતી વખતે તે નીચે સરી આવે નહિ. પાટિયાના ઉપરના ભાગમાં એક સોયંડી આંકડિયો લગાડવો અને અંગ્રેજી S એકના આકારનો એક બીજો આંકડિયો લઈ તે આંકડિયામાંથી બજારની એક પાટડીને ભેરવેલા કપડાની સાથે તે પાટિયાને લટકાવી દેવું. એક જ રંગના કટકા બે પાટિયામાં એકમેકની સામે રખાશે તો ચૂંથેલો એક રંગબેરંગી દેખાશે નહિ. પછી એક ચૂંથનારના ડાબા હાથમાં એક એક કટકો આપવો અને તેની સામે એક એક દોરી રખાવવી. એ રીતે એક એક કટકો હાથમાં રાખીને ઊભા રહ્યા પછી તેમણે દાંડીઓ ઠોકતાં ઠોકતાં એક ગૂંથવાની હોય છે. રમનારે એક વર્તુલમાં ઊભા રહેવું. દરેક પોતાના ડાબા હાથમાં દોરી અને જમણા હાથમાં એકલી દાંડી પકડીને ઊભા રહેવું. પછી જમણો પગ જરા ઊંચો લઈને આગળ મૂકવો અને ડાબો પગ ઊંચો લઈને જ. સ્થિતિમાં જમણા પગ ઉપર તોળા રાખીને ડાબા હાથની દાંડી ઉપર જમણી દાંડીથી ઠેકો મારવો. પછી ડાબો પગ જમીન ઉપર ટેકવીને જમણો પગ ઊંચો કરવો. પછી વળી જમણો પગ ટેકવીને ડાબો પગ ઊંચો લેવો અને જમણા પગ ઉપર ઊભા રહીને પ્રથમ જણાવ્યા પ્રમાણે ડાબી દાંડી ઉપર જમણી દાંડી મારવી. પછી ડાબો પગ જમણી તરફ આગળ લાંબો મૂકીને જમણી દાંડીથી જમણા હાથ તરફના બેઉના જમણા હાથની દાંડી ઉપર ઠેકો મારવો. પછી ઊંચો લીધેલો જમણો પગ જમીન ઉપર મૂકીને ડાબો પગ જરા ઊંચો લેવો અને પોતાની ડાબી દાંડી ઉપર જમણી દાંડી મારવી. પછી ફરીને ડાબો પગ જમીન ઉપર ટેકવીને અને જમણો પગ ઊંચો લઈને બીજા નંબરના બેઉની જમણી દાંડી ઉપર ફરી દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે જમણા પગ ઉપર ઊભા રહીને પોતાની દાંડી ઉપર ફરીને દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે જમણા પગ ઉપર ઊભા રહીને પોતાની દાંડી ઉપર ફરીને દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે ડાબો પગ ઊંચો લઈને જરા લાંબો મૂકવો અને ત્રીજા બેઉની સામે જઈને તેની જમણી દાંડી ઉપર

દાંડી મારવી. પછી બધા પોતાની દાંડી ઉપર દાંડી મારવી. તે પછી ચોથા ભેરુની જમણી દાંડી ઉપર દાંડી મારીને ફરી પોતાની દાંડી ઉપર દાંડી મારવી. આ દાંડીઓ મારતાં ઉપર બતાવ્યા પ્રમાણે દાવો જમણો પગ વારાફરતી ઊંચો લેવો પડે છે. તે પછી ચોથા ભેરુની સામે જઈ તેની દાંડી ઉપર, ઉપર બતાવ્યા પ્રમાણે બે વખત દાંડી મારવી અને તે વખતે પોતાની દાંડી ઉપર બે દાંડી મારી પાંચમા ભેરુની સામે જવું. પછી પ્રથમ બતાવ્યા પ્રમાણે બે દાંડીઓ છઠ્ઠા ભેરુને મારવી અને તે પછી છઠ્ઠા ભેરુએ વર્તુલની અંદર જવું. તેણે બે દાંડીઓ પોતાના પ્રથમ દાવની દાંડી ઉપર મારવી. પછી છઠ્ઠો ભેરુ જે અંદર ગયેલો હોય તેણે પહેલાની જમણી દાંડી ઉપર, ઉપર બતાવેલી રીતે બે વખત દાંડીઓ મારવી. ઉપર બતાવેલ રીત પ્રમાણે બધાએ રમવું. આ રીતે રમવાથી ગોફ ગૂંથાઈ જાય છે. પછી એથી ઊલટી રીતે રમવાથી તે ગૂંથેલો ગોફ છોડાઈ જાય. બીજા ભેરુએ ગોફ છોડવાની શરૂઆત કરવી જોઈએ. ગોફ ગૂંથવામાં જેમ રમવામાં આવ્યું હોય તેથી ઊલટી દિશાએ વર્તુલમાં ફરીને ગોફ છોડવા માટે રમવું જોઈએ.

૨. પું. ગળાનું એક ઘરેણું.

૩. [હિં.] પું. ગીરવીનો એક પ્રકાર; દસ્તબંધક.

૪. પું. ગૂંથેલું દોરડું.

૫. [સં. ગુચ્છ] પું. ઘૂંટી; પગની એડી.

૬. પું. હાથનું એક ઘરેણું.

ગોફૂંથણી સ્ત્રી. ગોફ ગૂંથવો તે.

ગોફૂંથન ન. બઠગો. જુઓ ગોફ ૧.

ગોફણ [સં. સ્રેપણી; દે. ગુંદણ] સ્ત્રી. પથ્થર ભરવા દોરા ફેંકવાનું જોતરે જેવું સાધન. ગોફણનો ઉપયોગ પ્રાચીન કાળથી લડાઈ વખતે કરવામાં આવતો. ઈ. સ. પૂ. ૨૦૦૦ વર્ષ ઉપર એનો ઉપયોગ પ્રથમ થયો હતો. સિકંદર લડાઈ પ્રસંગે ગોફણ વડે પથ્થરને ફેંકાવતો હતો એમ મનાય છે.

ગોફણગોળો પું. એક જાતની રમત. રમનાર જેટલા મેદાનમાં ગોફણ ફેરવી શકાય એટલે છેટે હારબંધ ઊભા રહી પોતાના હાથમાં ગોફણના બંને છેડા ઝાલી તેની વચ્ચેના ભાગમાં એક નાનો કાંકરો કે કાકરનો સૂકો ગોળો મૂકી તેના માથા ઉપર ફેરવી તેનો એક છેડો છોડી દે છે એટલે અંદરનો કાંકરો અથવા ગોળો દૂર જઈ પડે છે. જેનો કાંકરો બધે દૂર જાય તે હોંશિયાર ગણાય.

ગોફણદોડ (ગોફણદો) પું. ગોફણી; બંનેડે લટકાવવાનું ઓળનું એક ઘરેણું.

ગોફણવીર પું. ગોફણ ફેંકવામાં હોંશિયાર માણસ.

ગોફણા ૧. સ્ત્રી. ગોફણ.

૨. [સં.] સ્ત્રી. વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનું વસ્ત્રબંધન.

ગોફણાદેવ પું. ગોધરા નામના રાજીપરજ લોકોના એ નામના એક દેવ.

ગોફણિયાલાડુ પું. ન. બ. નાના અને ગોળ થીના લાડુ.

ગોફણિયું ૧. ન. ગોફણ નીચે ટેકા માટે રાખવામાં આવતું લાકડાનું ત્રીંચણિયું.

૨. વિ. ગોફણના આકારનું.

ગોફણિયો ૧. પું. ગોફણમાં ફેંકવાનો ગોળો; ગોફણમાં ઘાલીને મારવાનો માટીનો ગોળો.

૨. પું. લાડુ; મોદક.

ગોફણી ૧. સ્ત્રી. વિવાહ કરતી વખતે કન્યાને પૈસા ઘરેણાં આપવાની રીત.

૨. સ્ત્રી. કાનને કાનોડે લટકતું રહે એવું સોનારૂપાનું એક ઘરેણું.

ગોફણું જુઓ ગોફણી.

ગોફણો ૧. પું. ચોટલાને છેડે ગૂંથવાનું એક જાતનું ઘૂમરિયાળું ઘરેણું.

૨. પું. તુમડી ઉપર જડેલો લાકડાનો એક ભાગ; ગોબલો.

૩. પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૪. પું. વાળનો ગૂંથેલ ચોટલો.

ગોફતેઓ [ફા. ગુફ્તેગો] પું. ખાનગી વાતચીત; એકાંતની વાતચીત; મસલત.

ગોફન ૧. પું. (પિંગ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે અનંતવસતુ છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૭૪ લઘુ મળી ૮૨ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૨. [હિં] જુ. ગોફણ.

ગોફલાં ન. બ. ક. ધાતુનાં ફૂમકાં.

ગોફળગોળો પું. ગપ; ખોટી વાત; ડિંગ.

ગોફિયા [હિં] સ્ત્રી. ગોફણ.

ગોફેણ જુઓ ગોફણ.

ગોબ ૧. ન. (કચ્છી) બખોલવાળું.

૨. ન. ખોટ.

૩. ન. ખોળો; વાસણના પગાડવાથી થતો ખાડો.

૪. ન. ઢોરના બચ્ચાનું પેટમાં હોવું તે.

ગોબચી સ્ત્રી. (કચ્છી) ખલેચી; કોથળી.

ગોબડા (ગોબડા) સ્ત્રી. એક જાતની માછલી.

ગોબર ૧. સ્ત્રી. બેઉઆ કણબીની એ નામની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. ન. ગંદવાડ; કચરો; પૂંજો.

૪. [સં. ગોમય; દે. ગોવર-ગોહર] ન. ગાયનું છાણ.

૫. ન. છાણાનો ઘાસો.

૬. ન. છાણું.

૭. વિ. એ નામની જાતનું.

૮. વિ. ભદ્દું; મૂર્ખ.

૯. વિ. બેડોળ; બદસૂરત.

ગોબરગણેરા ૧. [હિં.] વિ. બેડોળ; બદસૂરત.

૨. વિ. મૂર્ખ; જડ; અક્કલ વિનાનું.

ગોબરગંદું વિ. ગંદું; અપવિત્ર.

ગોબરગંદા જુઓ ગોબરગંદું.

ગોબરચંપો પું. એ નામનું એક ઝાડ; ચમેલી; ગોલોચપો. તે પ્રથમ ફૂલ આપે છે.

ગોબરદારા [હિં.] પું. છાણ ઉપાડનાર નોકર.

ગોબરવાડો (ગોબરવાડે) પું. ગંદવાડ; ગંદકી.

ગોબરવેડો (ગોબરવેડો) પું. ગંદવાડ; કચરો; ગંદકી.

ગોબરસ્નાન ન. છાણથી કરાતું સ્નાન.

ગોબરહારી સ્ત્રી. (સંગીત) રાગની બાર ભાંતિમાંની એક વાણી; ગુવરહારી; ગોરહારી.

ગોબરાઈ સ્ત્રી. અસ્વચ્છતા; ગંદકી.

ગોબરી [હિં] સ્ત્રી. ગાયનું છાણ અને માટીનો બનાવેલ ચાર.

ગોબલ્લે ન. એક જાતની ગીતળા; ગોદડિયું; ખીચોખીચ સૈપક.

ગોબલ્લે ૧. ન. છાણું; ગોબર.

૨. વિ. અસ્વચ્છ; મેલું; ગંદું.

ગોબરો ૧. પું. હવામાં ઊડે એવું એક જાતનું ઘરજ્યાનું; ગબારો.

૨. પું. હળની બાજી; પૂસરી બાંધવાની હળની દાંડી.

૩. વિ. પું. ગંધારો; ગદો.

ગોબાચારી સ્ત્રી. દગલબાજી; વચમાં પડવું તે.

ગોબારું ૧. ન. ચાળું.

૨. ન. પાણી જવાથી પડેલી ભખોલ.

ગોબારો ૧. પું. જીભ પવનથી ફૂલીને ઊડે એવી ઝાડની કોથળી; નાનું બલૂન; ગબારો

૨. પું. દમેતી; હાંસી.

૩. પું. હવાઈ; ઊંચે ઊડે એવું એક જાતનું ઘરજ્યાનું.

ગોત્રાલ [સં.] ન. ગામનો કેદ; ગામનું કેદખું.
ગોત્રાલી [સં.] સ્ત્રી. તે નામે એક ઔષધિ.
ગોત્રાવવું સ. ક્રિ. ગામ, ભેગ, જગ્યા વગેરેને લાકડીથી ખોતરી હાંકવું; હોરને લાકડી મારતા જવુ ને હાંકતા જવું.
ગોત્રાવું ૧. અ. ક્રિ. ધાતુના વાસણમાં આઘે પડવો; ગોબો પડવો.
૨. અ. ક્રિ. મનમાં દુઃખ થવું.
૩ અ. ક્રિ. રીંગણાના ડાળ પડવા.
ગોત્રિક [સં.] પું. ગોવિંદ.
ગોત્રો ૧. સ્ત્રી. હોળી.
૨. ન. મીનની ઉત્તરે આવેલ એ નામનું રાશિ.
૩ વિ. સ્ત્રી. બાળક વગરની; અપુત્રવાળુ; બાંઝ વગરની.
ગોત્રું ૧. ન. એક છેડે મોટા મૂઠાવાળી લાકડી; ડાંગ
૨. વિ. જ્ઞાન વગરનું; મૂર્ખ; અક્કલહીનું.
ગોત્રો ૧. પું. ખાડો; ખાંચો.
૨. પું. પ્રણાલી.
૩. પું. ખણિયા અથવા શીંગડાનું ચાકુ.
૪. પું. મથાળે મૂઠાવાળી લાકડી; ડાંગ.
૫. પું. વાસણ વગેરેને જોરમાં અથડાવાથી પડતો ખાડો.
ગોત્રા [સં.] સ્ત્રી મુંબઈના હરિયા કિનારે થતી એક જાતની માછલી. તે બારની પોલમાં ભરાઈ જાય છે તેથી તેનો પત્તો લાગવો મુશ્કેલ છે.
ગોત્રાહ્મણપ્રતિપાલ ૧. [સં.] પું. ગાય અને બ્રાહ્મણનો રક્ષક રાજા.
૨. વિ. ગાય અને બ્રાહ્મણની રક્ષા કરનાર.
ગોભક્ત ૧. [સં] પું. ગાયની સેવા કરનાર માણસ.
૨. વિ. ગાયની ભક્તિ કરનાર.
ગોભક્તિક વિ. ગાયની પેઠે આહાર કરનાર.
ગોભાનુ પું. (પુરાણ) સ્વર્ભાનુના પુત્ર દુર્વસુનો પૌત્ર; ભાનુમાન.
ગોભાવું ૧. અ. ક્રિ. ગોબો પડ્યો હોય ,તેવું થવું; ખાડો પડવો.
૨. અ. ક્રિ. રીંગણાના ડાળ પડવા.
ગોભિલ ૧. [સં.] પું. (પુરાણ) સામવેદીય ગૃહ્યસૂત્રનો રચનાર એ નામનો એક ઋષિ.
૨. ન એ નામના ગોત્રનું એક પ્રવર.
૩. ન. એ નામનું એક ગોત્ર.
ગોભિલસૂત્ર ન. સામવેદનું એ નામનું એક સૂત્ર.
ગોભી ૧. સ્ત્રી. એ નામનું એક ઘાસ; ગોમીત્રિ.
૨ સ્ત્રી. એક જાતનું ઘાસ.
૩. સ્ત્રી. ગોડનો એક રોગ.
૪. [સં. ગોજિહ્વા] સ્ત્રી. વેલોપતરીની વનસ્પતિ.
ગોભુજ ૧. [હિં.] પું. રાજા.
૨. સ્ત્રી. વાણિયાની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪ વિ. એ નામની જાતનું.
ગોભો ૧. પું. નુકસાન.
૨. પું. વાસણ અથડાવાથી પડતો ખાડો; ગોબો.
ગોભૃત [સં. गोभृत्] પું. પર્વત; પહાડ.
ગોમ ૧. સ્ત્રી. અપશકુન; અશુભ રેખા; દુષણ.
૨. સ્ત્રી. આનાકાની.
૩. સ્ત્રી. ચૂંક; મૂરચ્છા.
૪. સ્ત્રી. ઘોડાની ખોડ.
૫. સ્ત્રી. ઠપકો.
૬. સ્ત્રી. તંત્ર નીચે તંત્રમાં ફસાતી અમરી; ઘોડાનો પટો બાંધવાના પેટવાળા ભાગ ઉપરની એક નિશાની.
૭. [હિં.] સ્ત્રી. પૂરી.
ગોમક્ષિકા [સં.] સ્ત્રી. ડાંસ; મચ્છર.
ગોમગી ૧. [ઇ.] વિ. અપશકુન.
૨. વિ. સેગમેળ કરેલું.
ગોમજ ૧. ન. કચેરાતનું એક જાતનું બનાવટી નંગ.
૨. [સં.] વિ. ગાયનું દાન કરનાર.
ગોમઢ ૧. સ્ત્રી. ઉત્તર હિંદના લોકોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
ગોમડા ૧. સ્ત્રી. સુરત જિલ્લાની એક અનાર્ય જાતિ.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
ગોમડી ૧. સ્ત્રી. (બા. ક્ર.) ચૂનાવાળી કેરડી.
૨. વિ. સ્ત્રી. સારી; કૃપાળી.
ગોમડીપાત્ર ન. એક જાતનું તાડનું ઝાડ; સીધો વધનારો મોટા થડનો તાડ. તેનાં પાતરાં લાંબાં અને થડ કાળુ અને મજબૂત લાકડાનું હોય છે. ભરવામાં ખાંડ બનાવવા માટે આ તાડ વાવવામાં આવે છે. આ તાડમાં ફૂલ આવ છે ત્યારે તેનો મોટો કાંડો હોય છે. તેના ઉપર ઠેકા કરી મટકાં બાંધી તેમાં રસ ઝરવા દે છે. તેને ઉકાળી ગોળ બનાવાય છે.
ગોમઠો પું. ગાળના તારેતાર જુદા જુદા રહે તે માટે દોરાને ચૂંથીને બનાવેલી ગળી; રાજા વણાટમાં એવા ચાકળા કરાતી રચના.
ગોમત ૧. પું. એ નામનો પર્વત; ગોમંત.
૨. [સં. गोमत्] પું. કિરણવાળો સૂર્ય.
૩. પું. ગાયનો માલિક.
૪. વિ. પું. ગાયવાળો.
ગોમતરિષ્ય ૧. સ્ત્રી. સમવાયની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
ગોમતી ૧. પું. (પિંગળ) અગિયાર માત્રાનો એક છંદ.
૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું મુખ્ય સ્થાન ગોમંત પર્વત ઉપર છે.
૩. સ્ત્રી. અંબોજવર આગળ ગોદાવરી નદીનું નામ. ગૌતમ ઋષિનો આશ્રમ અહીં હતો, તેથી તેને ગૌતમી પણ કહે છે.
૪. સ્ત્રી. દ્વારકા પાસેની એ નામની નદી.
૫. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી ગંગાને મળનારી એક પ્રાચીન નદી. તેના ઉપર ગામનું શહેર છે.
૬. સ્ત્રી. માળવામાં આવેલી ચંબલ નદીની એક શાખા. તેના કિનારા ઉપર રણથંભોર વસ્યું છે.
ગોમતીગંગા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.
ગોમતીગોમુ ન. દ્વારકા પાસેના ગોમતી તળાવમાંથી નીકળતો ખાડાવાળો નાનો શંખગોળ પત્થર.
ગોમતીચાળ ૧. સ્ત્રી. ખાડાવાળી એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
ગોમતીશિલા [સં.] સ્ત્રી. હિમાલય ઉપરનું એક તીર્થસ્થાન. ત્યાં અર્જુનનું શરીર મળી આવ્યું હતું એમ મનાય છે.
ગોમત્સ્ય ન. પાણીમાં કે નદી કિનારે ઊગતો એક જાતનો વેલો.
ગોમતેશ્વર પું. શિવ; શંકર.
ગોમત્સ્ય [સં.] પું. ગોટું માછલું; મગર.
ગોમથ [સં.] વિ. ગાય દોહનાર.
ગોમય ૧. [સં.] ન. ગાયનું છાણ.
૨. વિ. ગાયમાંથી બનેલું.
૩. વિ. ગાયોથી ભરેલું.
ગોમયચ્છત્ર [સં.] ન. ગોમયમાં થતી છત્રાકાર ફાચડાટોપી.
ગોમયચ્છત્રિકા જુઓ ગોમયચ્છત્ર.
ગોમયપાયસીયન્યાય પું. એ નામનો એક ન્યાય. જેમકે, કોઈએ સાંભળ્યું હોય કે ગાયથી ખીર થાય છે અને તેણે દૂધની બનેલી ખીર ખાધી પણ હોય. તેમ છતાં તે ગાયનું છાણ લઈને તેની ખીર બનાવવા તેમાં ગોબર નાખી

અગ્નિ ઉપર મૂકીને પછી ખાવા યોગ્ય કરે. અને ગોમયપાયસીય-ન્યાય કહે છે.

ગોમયપ્રિય જુઓ ગોમયપ્રિય.

ગોમયરસ [સં.] પું. ગોમૂત્ર.

ગોમયસ્નાન [સં.] ન. આખું શરીર ગોબર નાખવું તે.

ગોમયાન પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ગોમયોદ્ભવ ૧. [સં.] પું. નરમાળાનું ઝાડ.

૨. વિ. છાણમાંથી ઉત્પન્ન થનાર.

ગોમર [હિં.] પું. ઝમારી; ખાટલી.

ગોમલ [સં.] ન. ગળ; ગોબર.

ગોમવોમ વિ. કંઈ પણ નહિ એવું.

ગોમહિષદા [સં.] સ્ત્રી. અતિથિ સ્વામીની સેવક એક માતૃકા.

ગોમળ જુઓ ગોમલ.

ગોમંડલ ૧. [સં.] ન. ઇંદ્રિયોનો સમૂહ.

૨. ન. કિરણોનો સમૂહ.

૩. ન. ગાયોનો સમૂહ; ગાયોનું જથ્થુ.

૪. ન. ગોઝલ ગામનું સંસ્કૃત નામ.

૫. ન. પૃથ્વીનો ગોળાકાર; પૃથ્વિપિંડ.

૬. ન. ભૂમંડલ; પૃથ્વીમંડલ.

૭. ન. શબ્દસંગ્રહ.

ગોમંડલપરિક્રમણ [સં. ગોમંડલ (પૃથ્વીમંડળ) + પરિક્રમણ (પ્રદક્ષિણા)] ન. ગોંડલનાં સાગત મહારાણી શ્રીનંદકુંવરબા સાહેબ વિરચિત પૃથ્વીના પ્રવાસનું બયાન કરનારું એ નામનું એક પુસ્તક.

ગોમંત ૧. [સં.] પું. કોંકણ દ્વીપમાંનો એક પ્રાચીન પર્વત.

૨. પું. ભૂતાગ્રહ પાસે આવેલો ગિરનાર પર્વત.

૩. પું. દ્વારકા પાસે પ્રાચીન કાળમાં આવેલો એક પર્વત. તેના ઉપર રહેલા શ્રીકૃષ્ણ અને બળરામને મારી નાખવા માટે જરાસંધે આગ લગાડી હતી.

૪. પું. સહ્યાદ્રિ પર્વત ઉપરનું એક પ્રાચીન સ્થળ. જ્યાં ગોમતીદેવીનું સ્થાન છે. તેને સિદ્ધપીઠ માનવામાં આવે છે.

ગોમંતક જુઓ ગોમંત.

ગોમંતગિરિ જુઓ ગોમંત.

ગોમા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; દ્રોણપુષ્પી.

૨. [હિં.] સ્ત્રી. ગોમતી નદી.

ગોમાતા [સં. ગોમાત્] સ્ત્રી. ગાયોની જાતા; પ્રમથેતુ ગાય.

ગોમાન પું. શિવ; રુદ્ર.

ગોમાનસિકા ૧. સ્ત્રી. લાંબો ખાટલો.

૨. સ્ત્રી. શય્યા; પથારી.

ગોમાનસી જુઓ ગોમાનસિકા.

ગોમાયુ ૧. [સં.] પું. એક જાતનો ગંધર્વ.

૨. પું; ન. શિયાળ; કોલુ.

૩. સ્ત્રી. શિયાળણી; શિયાળની માદા.

ગોમારી સ્ત્રી. એક જાતની મારકણખોર માટે ઉપયોગી વેલ. તેનાં પાંદડાં તલવાર જેવાં અને રસવાળાં હોય છે.

ગોમારુ પું. હંસ; મોટો ચક્કર.

ગોમાસી જુઓ ગોમાસ.

ગોમાંતક ન. ગોવા શહેર.

ગોમાંસ [સં] ન. ગાયનું આખલા બળદનું માંસ.

ગોમિત્ર [સં.] પું. એ નામનો એક ઋષિ.

ગોમિત્રા ૧. સ્ત્રી. ગાયકવાડી એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગોમિથુન ૧. [સં.] ન. ગાયનું જોડલું.

૨. ન. બળદ અને ગાય.

ગોમિની ૧. [સં.] સ્ત્રી. ગાયવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. શિયાળણી; શિયાળની માદા.

ગોમી ૧. પું. ઇંદ્રિયોનો સમૂહ.

૨. [સં. ગોમિન્] પું. ગાયોનો સ્વામી.

૩. પું. પૃથ્વી.

૪. પું. પૃથ્વીનો ગોળાકાર.

૫. પું. શિયાળ.

ગોમીન [સં.] ન. એક જાતનું માછલું.

ગોમુખ ૧. [સં.] પું. ઉદ્રના પુત્ર જંબકના સારથિનું નામ; ખાતલિનો પુત્ર.

૨. પું. એ નામનો એક વાદ્ય.

૩. પું. એક જાતનો યમ.

૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

૫. પું. મગર.

૬. સ્ત્રી. એક જાતની સ્વાદિષ્ટ કાકડી.

૭. ન. (યોગ) એ નામનું એક આસન.

૮. ન. એક જાતનું નગારું.

૯. ન. એક જાતનું શંખવાદ્ય. તે શંખમાંથી બને છે. તેનો આકાર ગાયના મુખ જેવો હોવાથી તેને ધર્મવાદ્ય તરીકે હિંદુઓ માને છે.

૧૦. ન. ગાયના મુખના આકારની જમીનમાં ખોદેલી સુરંગ.

૧૧. ન. ગાયનું મોઢું.

૧૨. ન. બાજા વગેરે સાચવાની મોમુખી.

૧૩. ન. લેપ્ય લેપન.

ગોમુખાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન. તેમાં બંને પગની એડીથી ગુદાને રોકી બંને પગના ઢીંચણને કાનખજૂરા પાઠવા પગની પેઠે રાખી સાવધાન થઈને સ્થિર બેસવું. જમણી જાનુની કેડના નીચલા ભાગમાં જમણા પગની એડી રાખવી અને જમણી જાનુની કેડના નીચલા ભાગમાં ડાબા પગની એડી રાખવી. આ રીતે ગોમુખના જેવો આકાર કરી બેસવું. આ આસનમાં બંને ઢીંચણના ઢેકા ગોફણીના ઉપર જેવી રીતે ગોઠવાય છે કે, ગાયના મુખના ઉપર તથા નીચેના હોઠ હોય એવો તેનો દેખાવ થાય છે. આ આસનથી કરીરબળની વૃદ્ધિ થઈ બવાસ દૂર થાય અને મોઢાના રોગ પણ મટે એમ મનાય છે.

ગોમુખિત વિ. ગાયના મોઢાના આકારવાળું કરેલ.

ગોમુખી ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક વાદ્ય. તેમાંથી ત્રિખણ સ્વર નીકળે છે.

૨. સ્ત્રી. ગાયના મુખ જેવી કટપૂણ્ય કોથળી. તેમાં માળા રાખીને જપ કરવામાં આવે છે.

૩. સ્ત્રી. ઘોડાના ઉપલા હોઠ ઉપરની શુભસૂચક ભમરી.

૪. સ્ત્રી. જ્યોતિષમાં જેની જમા ઉપરથી વખત નક્કી કરવામાં આવે છે તે રાશિ.

૫. સ્ત્રી. હિમાલય ઉપરની એક ગુફા. જ્યાંથી ગંગા જમીન ઉપર પડે છે.

ગોમુખું ૧. વિ. ગાયના મુખના આકારનું.

૨. વિ. બહુ જ ચરીબ; નમ્ર; સાલસ.

ગોમુદ્રી [સં.] સ્ત્રી. પ્રાચીન કાળનું એક જાતનું વાદ્ય.

ગોમૂઢ [સં.] વિ. બળદ જેવું મૂર્ખ; જડ; ગમાર.

ગોમૂત્ર ૧. ન. એક જાતનું રત્ન.

૨. [સં.] ન. ગાયનો પેશાબ. તે સારક અને મૂત્રલ છે. નીલ ઔષધની સાથે કામળે, જલોદર, યકૃતોદર, પ્લીહોદર ને બળાવરોધ ઉપર તે પિવાય છે. ત્વચારોગમાં અને કેટલીક ધાતુના શોધનમાં પણ તેનો ઉપયોગ થાય છે.

ગોમૂત્રક પું. એક જાતનો હીરો.

ગોમૂત્રિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું મુતરણી થાય. વૈદકમાં તે વીર્યવર્ધક અને થાકનું દૂધ વધારનાર મનાય છે.

૨. સ્ત્રી. ગાયના મૂતરવાથી જમીન ઉપર થતા આકારમાં રચેલી કવિતા; એક પ્રકારનું ચિત્રકાવ્ય; ગોમૂત્રિકાબંધ.

૩. સ્ત્રી. ગોમૂત્રમાં થયેલ વેલ.

૪. સ્ત્રી. વક્રગતિનો એક પ્રકાર; ગાયના મૂતરની ધાર માફક સાંકડી અને ખોળી લહેરિયા આકૃતિ; ગાયના મૂતરવાથી જમીન ઉપર થતો આકાર.

ગોમૂત્ર [સં.] પું. ગૌ જાતનું ઢોરનું; રોઝ.
ગોમૃગી [સં.] સ્ત્રી. રોઝની માદા.
ગોમૂત્ર ન. ગાયનું કલેવર.
ગોમેદ ન. ગાયનું માંસ.
ગોમેદી સ્ત્રી. ગૌ જાતની વનસ્પતિ. કૂવા અને વાડ ઉપર તેના વેલા આપોઆપ થાય છે. તેનાં પાંદડાં ચોડાં લાંબાં અને સફેદ જાયાં હોય છે. તેનાં ફળો જોવાં ગળચટાં જાયાં ફળ કોઈપણમાં દાદ તરીકે વપરાય છે.
ગોમેદ ૧. [સં.] પું. ગૌ નામનો ગૌ દ્વીપ.
૨. પું. પીળા રંગનો હીરો; પોખરાજ; ગૌ જાતનો મણિ.
ગોમેદક ૧. [સં.] પું. ગૌ નામે ગૌ ભેદ.
૨. પું. ગૌ જાતનો મણિ; પોખરાજ. તેનો રંગ સુરખીવાળો પીળો હોય છે અને તે હિમાલય પર્વત તથા સિંધુ નદીમાંથી મળે છે. સુશ્રુતના મત પ્રમાણે આ મણિથી કંઈ પાણી બહુ સાફ થઈ જાય છે. તેને રાહુ ગ્રહનો મણિ માનવામાં આવે છે. તેથી તેને રાહુગ્રહ જાયક રાહુરત્ન પણ કહે છે.
૩. પું. કાબેલ નામનું ઝાળા રંગનું ઢોર.
૪. પું. સુગંધી દ્રવ્યનું શરીર ઉપર લેપન.
ગોમેદગંધિક પું. (પુરાણ) ગૌ નામના ગૌ ઋષિ.
ગોમેધ [સં.] પું. જેમાં ગાયનો હોમ આવતો હોય એવો યજ્ઞ. કલિયુગમાં આ યજ્ઞનું અનુષ્ઠાન વર્જિત છે. અશ્વના અશ્વમેધ મુજબ આલંભનના પ્રાયશ્ચિત્ત તરીકે અને ગોબિલ ગૃહ્યસૂત્ર અનુસાર પુષ્ટિ પ્રાપ્તાને માટે આ યજ્ઞનું અનુષ્ઠાન છે.
ગોમેધ લુપ્તો ગોમેધ.
ગોયણી ૧. સ્ત્રી. ગુરુની સ્ત્રી.
૨. સ્ત્રી. ગોરાણી; બાઠણી.
૩. સ્ત્રી. વ્રત નિમિત્તે જમવા બોલાવેલી સુવાસણ સ્ત્રી.
૪. સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી.
ગોયણું ન. વસ્ત્રના માટે ઝોટનું બારદાનનું બટકું.
ગોયમ ૧. પું. ગૌતમ ઋષિ.
૨. ન. ઇંદ્રિયોનું નિયમન કરનાર મન.
ગોયર ૧. ન. ગાયો ચરવા ઢોરને ચરવા માટે જાયમ રાખેલો જમીનનો ભાગ; ગોચર.
૨. ન. મહનું ગૌ રાશિથી બીજી રાશિમાં જવું તે.
૩. [સં. ગોચર] વિ. ઇંદ્રિયગમ્ય; ઇંદ્રિયોથી જણાય કે સમજાય એવું.
ગોયરો પું. ગોરમાનું વ્રત
ગોર્યંડ સ્ત્રી. ગાયની બારદાનની ચરિયણ જમીન; ગોચર.
ગોર્યંદ્ર ૧. પું. દૂધી બાતની બાજનાર બાજુસ; બસદ્ધ.
૨. પું. ગોરાપી.
૩. વિ. બોલનાર; કહેનાર.
ગોર્યા ૧. સ્ત્રી. ગાંધી બાસર.
૨. [હિં.] ન. ગોટવે કે ગોબરે.
૩. ન. ખરેખર; બરાર.
ગોર્યાણી ૧. સ્ત્રી. ગૌ નામની લેઉચ્ય બાજુની ગૌ બટક.
૨. ન. ગૌ નામની બટકનું બાજુસ.
૩. વિ. ગૌ નામની બટકનું.
ગોર્યાન [સં.] ન. ગાડું; શકટ.
ગોર્યુગ્ર ૧. [સં.] ન. ગાયનું ખોડું.
૨. ન. બે બળદ.
ગોર ૧. પું. ઈરાન દેશનો ગૌ નામનો ગૌ પ્રાંત.
૨. પું. ગુરુ; પુરોહિત; ગોરપદું કરનાર બાહ્મણ.
૩. પું. તીર્થસ્થાનનો બાહ્મણ; તીર્થનો ગોર; પંડો.
૪. પું. ધૂણો; ધૂણું.
૫. પું. બકરાપક્ષ.
૬. પું. મનન; વિચાર; મીમાંસા; ચિંતન.
૭. સ્ત્રી. કબર.
૮. [સં. ગૌરી] સ્ત્રી. ગૌરી; પાર્વતી.
૯. ન. કુમારિકાનું ગૌરીપૂજનનું ગૌ વ્રત.
૧૦. ન. ઢોરનો સમૂહ; પશુ.
૧૧. વિ. સફેદ; ગોરું; ઊજળું.
ગોરક પું. ગૌ નામનો ગૌ પર્વત. તેનું પ્રાચીન નામ ગોધનગિરિ હતું.
ગોરકઈમલ્લી સ્ત્રી. ગોરખ આંબલી.
ગોરકખંડા ૧. [હિં.] પું. બાવરું ઝાડ.
૨. પું. ગૂંચવણવાળો ઝેબડો.
૩. પું. ગોરાણીનો ફેરો.
ગોરકન પું. કબર બોદનાર બાજુસ.
ગોરકરૂન [સં. ગોર્-કરૂન] ન. ઉત્તરક્રિયા; બંતિમક્રિયા.
ગોરક્ષ ૧. [સં.] પું. બાવળ નામે ઝાડ.
૨. પું. ગૌ નામે ગૌ વેલ.
૩. પું. ગાયનું રક્ષણ; ગાયનું રખવાળું.
૪. પું. ગોરખ મુનિ.
૫. પું. નારંગીનું ઝાડ.
૬. પું. ગોવાળ; ગાયનું રક્ષણ કરનાર; ગોવાળ.
૭. પું. મહાદેવ; શિવ.
૮. વિ. ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર.
૯. વિ. ગાયની રક્ષા કરનાર.
૧૦. વિ. ગાયથી રક્ષાયેલું.
૧૧. વિ. બળદનું રક્ષણ કરનાર.
ગોરક્ષક લુપ્તો ગોરક્ષ.
ગોરક્ષકર્કટી સ્ત્રી. કાંકડું; ગૌ જાતની કાકડી.
ગોરક્ષકલ્પ [સં.] પું. ગોરક્ષનાથે રચેલો ગૌ નામનો સંસ્કૃત ગ્રંથ.
ગોરક્ષગીતા સ્ત્રી. ગોરખનાથનો રચેલો ગૌ નામનો ગ્રંથ.
ગોરક્ષજ્ઞ [સં.] વ. ગાયોનું રક્ષણ; ગોરક્ષા.
ગોરક્ષણી ૧. વિ. ગોરક્ષણને લગતું.
૨. વિ. સ્ત્રી. ગાયનું રક્ષણ કરનારી.
ગોરક્ષતુળી [સં.] સ્ત્રી. બકા જેવા બાકારનું તુળક.
ગોરક્ષદુગ્ધા [સં.] સ્ત્રી. હિમાલયના પ્રદેશમાં થતી ગૌ નામની ગૌ વનસ્પતિ. .
ગોરક્ષનાથ પું. નાથ ધર્મનો ગૌ નામનો ગૌ સિદ્ધ પુરુષ; ગોરખનાથ.
ગોરક્ષપર્વતબાલ પું. મુરબ્બા ગૌ.
ગોરક્ષબા પું. (ગૌઢ) ગૌ નામનો ગૌ સિદ્ધ.
ગોરક્ષમંડલ [સં.] વ. ગાયની રક્ષા માટે ઊભી કરેલી સંસ્થા.
ગોરક્ષમંડળ લુપ્તો ગોરક્ષમંડલ.
ગોરક્ષરહસ્તક [સં.] પું. ગોરક્ષવિદ્યાનો ગોરખનાથે રચેલ ગૌ નામનો ગૌ સંસ્કૃત ગ્રંથ.
ગોરક્ષસહસ્રનામ પું. ગોરખનાથે રચેલો તે નામે ગૌ સંસ્કૃત ગ્રંથ.
ગોરક્ષા [સં.] સ્ત્રી. ગોરક્ષણ; ગાયનું રખવાળું; ગાયનું બાલનપોષણ; ગૌરક્ષા. ગોવંશવૃદ્ધિ, ગોજાતિસુધાર, ગૌની પાસેથી મર્યાદાસર કામ લેવું તથા ગૌરાળાને બાદર્શ દુગ્ધાલય બનાવવું ગૌ બધાં ગોરક્ષાને લગતાં કાર્ય છે.
ગોરક્ષાસન [સં.] ન. (યોગ) ગૌ જાતનું બાસન. વજ્રબૂની નીચે સીવનીના કાબ્બ ભાગમાં કાબ્બ પગની એડી પગને ઉઘાડીને રાખવી, બંને હાથનાં બાંગળાં તથા બંગૂઠા વડે બંને પગનાં તળાં તથા બાંગળાં મજબૂત બાબી રાખવાં તથા બાંખોને બંધ કરી નાકાગ્ર ઉપર દૃષ્ટિ રાખવી. તેને ગોરક્ષાસન પણ કહેવામ છે. બંને પાદતલ વજ્રણ નજીક જોડી રાખી તેના ઉપર ગાંઠે હાથ ઊંધો રાખી તે ઉપર જમણો હાથ ઊલટો રાખવો તે પણ ગોરક્ષાસન કે ગોરક્ષાસન કહેવામ છે. બાં બાસનનો સારી રીતે બભ્યાસ કરી રાખ્યા કરવાથી વીર્ય સ્ખલિત થતું નથી, બધા રોગ નાશ પામે છે, ને કઠિન બાસનો સાધતાં જે શ્રમ થયો હોય તે દૂર થામ છે. પ્રસિદ્ધ હઠયોગી ગોરખનાથે બાં બાસનનો બધું

અભ્યાસ કર્યો હતો, તેથી સિદ્ધ યોગીમાં તેનું ગોરક્ષાસન એવું નામ પડ્યું છે.

ગોરક્ષિણી [સં.] સ્ત્રી જી. ગાયનું રક્ષણ કરનારી.

ગોરક્ષિત [સં.] વિ. ગાય માટે રક્ષાયેલું.

ગોરક્ષી [સં.] સ્ત્રી. ગોરખ આંબલીનું ઝાડ.

ગોરક્ષ્ય [સં.] ન. ગાય કે બળદનું રક્ષણ.

ગોરખ ૧. પું. કાનફટા જોગીનો અટકી.

ગોરખનો આઠ = પરદેશ જવા માટે ગોરક્ષનાથે નિર્માણ કરેલાં શુભાશુભ મુહૂર્તનો કોઠો.

૨. પું. ગાયનું રક્ષણ કરનાર ગોવાળ.

૩. સ્ત્રી. શિવમાર્ગી સાધુની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. ઇંદ્રિયોને સ્વાધીન રાખનાર; સંયમી.

૬. વિ. એ નામની જાતનું.

ગોરખઆમલી ૧. સ્ત્રી. એ નામના ઝાડનું ફળ.

૨. [સં. ગોરક્ષી] સ્ત્રી. એ નામનું ઝાડ; રખડો તેનાં પાનનું ચૂર્ણ પણ પડતો પરસેવો બળતો હોય ત્યાં લગાડાય છે.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૪. સ્ત્રી. ગાંઠું ઝાડ. તેનું થડ સંકુ આકારનું તથા થડની જડાઈ ઉંચાઈના પ્રમાણમાં વધારે હોય છે. આ ઝાડ સૌથી વધારે જાડા થડવાળું અને વધારે વર્ષ જીવનારું ગણાય છે. તેને પાંચ પાંચ પાન જેવાં આવે છે. વસંતમાં ધોળા રંગનાં મોટાં ફૂલ આવે છે. મૂળ, છાલ અને ફળ ઉપયોગી છે. તે ઉપસેપક, મારી અને પિત્તહર મનાય છે. આ ઝાડ મધ્ય તથા દક્ષિણ હિંદમાં વિશેષ થાય છે. તેની ડાળી બહુ લાંબી હોય છે. શ્રાવણ ભાદરવામાં તેને કમળના આકારનાં આવતાં ફૂલમાં પારા સંતરાં જેવી સુગંધ આવે છે. આફ્રિકાના નિવાસી તેના પાનનું ચૂર્ણ કરી ભોજન સાથે તે ખાય છે. તે ખાવાથી પરસેવો વળતો નથી અને ગરમી ઓછી જણાય છે. તેને વેંત જેટલાં લાંબાં દૂધીના જેવાં ફળ આવે છે. ફળની બહારની છાલ કાચ્ચ હોય છે. ફળમાં લોટના જેવા હોય છે. તેનો લોટ ઘણો ખાટો હોવાથી તેનો અજમલીને બદલે ઉપયોગ કરાય છે. તેનાં બીજ તાવ ઉપર દવા તરીકે કામ આવે છે. આ ઝાડ વિષે એવી દંતકથા છે કે પ્રાચીન કાળમાં ગોરખ નામના મહામુનિએ આ ઝાડ નીચે પોતાના શિષ્યોને શિક્ષણ આપ્યું હતું, તેથી તે ઝાડને ગોરખઆમલી કહેવામાં આવે છે.

ગોરખઆમલો પું. એ નામની એક વનસ્પતિ. તેની છાલ જવરમાં અને તેના ફળનો ગર્ભ મરડા ઉપર ઉપયોગી મનાય છે.

ગોરખઆંબલી જુઓ ગોરખઆમલી.

ગોરખઆંબલો જુઓ ગોરખઆમલો.

ગોરખઇમલી [હિં.] સ્ત્રી. ગોરખઆમલી; ચોર આમલી.

ગોરખકકડી (ગોરખકકડો) [હિં.] સ્ત્રી. ચીભડું.

ગોરખમાંજો પું. એક વનસ્પતિ; ગોરખમુંડી. તેના એક એક ફૂટના ઘેરા પાસા હોય છે. પાન પાર્શ્વ જેવડા ગોળ થાય છે. છેડે ધોળા ડૂંડી નીકળે છે. એમાં ધોળા રંગની ઝીણી બે નાની ફૂલની ડાળી નીકળે છે

ગોરખચિંચ ન. ગોરખઆમલી. આ ઝાડનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.

ગોરખડી (ગોરખડો) પું. (સ્ત્રી) એક જાતનો છોડવો. તે વેંત બે વેંત ઊંચો અને તેના ઉપર ધોળા, ફિક્કા હોય છે. મૂળનો ઉપયોગ સર્પિવા બે પ્રમેહ ઉપર થાય છે.

ગોરખતરોળ પું. એક જાતનો છોડ.

ગોરખધંધો ૧. પું. એકના એક કામનું નિરર્થક પુનરાવર્તન; નવરાનો ઉદ્યમ; ખૂટે નહિ તેવો ગૂંચવણ ભરેલો અવકાશ; સતત ચાલી રહેલી પ્રવૃત્તિની ધમાલ; જેમાંથી નિવૃત્તિ કે આનંદનો પણ અવકાશ ન મળે તેવું કાર્ય.

૨. પું. ગોરખપંથી રાખે છે એવું એક વેત્ર; લોહાની કઠીઓવાળો મૂંજવાળા ભરેલો કોયડો.

ગોરખનાથ પું. એ નામનો વિખ્યાત યોગેંદ્ર; કાનફટા જોગીનો અટકી; એક સમર્થ સિદ્ધ પુરુષ. એક વાર ગુરુ મત્સ્યેંદ્રનાથ ફરતા ફરતા અયોધ્યાની પાસેના જયશ્રી નામના નગરમાં ગયા. ત્યાં ભિક્ષા માગતાં માગતાં એક બ્રાહ્મણને ઘેર પહોંચ્યા. બ્રાહ્મણીએ આદરપૂર્વક ભિક્ષા આપી. તેના મુખ ઉપર પતિવ્રતાનું અપૂર્વ તેજ હતું. તે જોઈ મત્સ્યેંદ્રનાથ પ્રસન્ન થયા. પરંતુ તે બ્રાહ્મણના ચહેરા ઉપર ઉદાસીનતાની એક ક્ષીણ રેખા જોઈ મત્સ્યેંદ્રનાથે પ્રશ્ન પૂછ્યો. સંતાન ન હોવાનો ઉત્તર મળતાં મત્સ્યેંદ્રનાથે જોળીમાંથી ભસ્મ આપીને તે બ્રાહ્મણી જવાનું કહી જતા રહ્યા. પેલી બ્રાહ્મણીની પડોશણે આ વાત સાંભળી ત્યારે કેટલોક ડર બતાવી તે ખાવાની મના કરી ને ભસ્મ એક ખાડામાં ફેંકી દીધી. બાર વર્ષ પછી ગુરુ મત્સ્યેંદ્રનાથે ફરતાં ફરતાં એ જ સ્થળે આવીને બ્રાહ્મણીને પૂછ્યું કે હવે તો તારો દીકરો બાર વર્ષનો થયો હશે. બતાવ તો ખરી કે તે ક્યાં છે? આ સાંભળી પેલી બ્રાહ્મણી ગભરાઈ ગઈ અને સર્વ હકીકત જણાવી દીધી. મત્સ્યેંદ્રનાથે પેલા રાખ નાખેલા ખાડા પાસે જઈ અલક્ષ શબ્દનો પોકાર કર્યો તો તેમાંથી બાર વર્ષનો એક તેજઃપુંજ બાળક પ્રગટ થયો. આ બાળક આગળ જતાં ગોરખનાથના નામથી પ્રસિદ્ધ થયો. મત્સ્યેંદ્રનાથે તે સમયથી બાળકને સાથે રાખીને યોગની પૂરી શિક્ષા દીધી. ગોરખનાથે ગુરુએ ઉપદેશેલા માર્ગની પૂરી સાધના કરી તથા સ્વાનુભવથી યોગમાર્ગમાં પણ સારી ઉન્નતિ કરી. યોગસાધન તથા વૈરાગ્યમાં તે ગુરુથી પણ આગળ વધી ગયા તથા યોગબળથી તેણે ચિરંજીવ સ્થિતિ પ્રાપ્ત કરી. ગોરખનાથ મહાન યોગી હોવા ઉપરાંત પ્રસિદ્ધ વિદ્વાન અને કવિ પણ હતા. તેમના બનાવેલા ગોરક્ષકલ્પ, ગોરક્ષગીતા, ગોરક્ષસંહિતા, ગોરક્ષસહસ્રનામ, ગોરક્ષશતક, ગોરક્ષપદ્ધતિ, વિવેકમાર્તંડ વગેરે અનેક ગ્રંથ સંસ્કૃત ભાષામાં મળે છે. હિંદીમાં પણ એમની ઘણી કવિતા મળે છે. મત્સ્યેંદ્રનાથની માફક ગોરક્ષનાથને પણ નેપાળના લોકો આદરથી જુએ છે અને એને પશુપતિનાથનો અવતાર માને છે. ગોરખટી, ભાતગામ, મૃગસ્થળી, ચૌબરા, સ્વારીકોટ, પિડ્ડાન વગેરે સ્થળે તેમના યોગાશ્રમો છે. આજ પણ નેપાળ રાજ્યની મુદ્રા ઉપર એક બાજુ શ્રીશ્રીગોરખનાથ લખેલ છે. ગોરખનાથના શિષ્યો હોવાથી નેપાળીઓ ગોરખા કહેવાય છે. ગોરખપુરમાં તેમણે તપસ્યા કરી હતી તેથી ત્યાં તેનું બહુ મોટું મંદિર બનેલું છે. ત્યાં દૂર દૂરથી ઘણા નેપાળીઓ યાત્રા કરવા આવે છે. મૌખ્ય જિજ્ઞાસાના પાઠેશ્વરી નામના સ્થાનમાં પણ તેમનો યોગાશ્રમ છે અને મહારાષ્ટ્રમાં ઔંઢ્યા નાગનાથની પાસે એમની તપસ્થળી છે. તે ઈ. સ. ૧૨૯૦માં થઈ ગયા. તેણે ગોરખપુરમાં મઠ સ્થાપ્યો હતો અને ત્યાં જ તેનું અવસાન થયું હતું. કોઈ તેમને પંદરમા સૈકામાં થઈ ગયા હોવાનું પણ માને છે

૨. પું. શિવમાર્ગી બાવાના પંથનો સ્થાપક ઋષિ.

ગોરખનાથી પું. શિવધર્મનો એક પંથ. તેનો સ્થાપક ગોરખનાથ હતો. આ પંથમાં હઠયોગને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ પંથના મત પ્રમાણે શરીરને સ્વચ્છ કરવાની કેટલીક વિધિ તેમ જ સમાધિની જરૂર છે. આ પંથના અનુયાયીઓને કાનફટા યોગી કહેવાય છે, કેમકે તેના બંને કાનમાં મોટાં કાણાં પડી ગયાં હોય છે. તેઓ ગળામાં ઘણી માળા પહેરે છે અને શિવ તેમ જ ગોરખનાથ બંનેને પૂજે છે. આ વર્ગમાં આકાશમુખી,

ગોરખી

ઊર્ધ્વમુખી, નખી, પહાડચરી, મુદ્રા વગેરેનો સમાવેશ થઈ જાય છે.

ગોરખપંથ પું. શિવમાર્ગી ભાવનો એક સંપ્રદાય; ગોરખ સાધુનો પંથ.

ગોરખપંથી વિ. ગોરખનાથે સ્થાપેલા સંપ્રદાયને અનુસરનાર; ગોરખપંથનો અનુયાયી; ગોરખનાથનો અનુયાયી.

ગોરખપુર ન. ગોરખે વસાવેલું શહેર.

ગોરખપુરીશાઓ પું. એક જાતનું પક્ષી. તે ઉત્તર હિંદુસ્તાનમાં બહુ હોય છે, પણ લાંબા પક્ષીથી જુદું છે.

ગોરખમુંડો જુઓ ગોરખમુન્ડો.

ગોરખમઢી સ્ત્રી. સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણથી આઠ માઈલ દૂર આવેલું એ નામનું ગામ. ત્યાં ગોરખનાથ અને મત્સ્યેંદ્રનાથનો આશ્રમ હતો. ભર્તૃહરિ ત્યાં ગોરખનાથ પાસે યોગ શીખેલ એમ મનાય છે.

ગોરખમૂંડી પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાંની આસપાસ કરવતી જેવા દાંતા હોય છે. ફૂલ નાનાં અને આસમાની રંગનાં થાય છે. આ છોડ ખાસ કરીને દક્ષિણ હિંદમાં ખેતરો અને નકામી જમીનમાં ઊગે છે. દહેરાદુન અને કાંગ ખીણમાં પણ તે થાય છે. એનાં મૂળિયાં કડવાં ને રેચક છે. ગંડમાળ તથા કમળી ઉપર તેનો રસ અપાય છે. તેની મોટી અને નાની બે જાત થાય છે. મોટીને મહાશ્રાવણિકા, ભૂકર્કોટિકા, કાંબપુષ્પિકા, અન્યના બાલ્યા અતિતપસ્વિની કહેવામાં આવે છે અને નાનીને ક્ષીરશ્રવો, ગંધી, ક્ષિપ્રુ, શ્રાવણ, તપોધના, અલ્પાહ્વયા, કુંડલિકા અથવા અલ્પશ્રાવણિકા કહેવાય છે. તેનાં મૂળિયાંની બાહ્યની ભૂરી પેટના કુબાવામાં કરરોજ દરા ગ્રેન અપાય છે. તેનાં ફૂલ મામલીનાં કરડ, મંદિયલ, કમળો અને મોનિરોગમાં વપરાય છે

ગોરખર (ગોરખ્ખર) [ફા.] પું. ઘોડાની જાતનું એક જંગલી પશુ; ગોરખર. તે ઘોડાથી મોટું અને ખોડાથી નાનું હોય છે. તેનું પેટ -પોળું અને પાકોનો ભાગ કથ્થાના રંગનો હોય છે. તેના પગ મોટા હોય છે અને પૂછડે રૂંવાં હોય છે. તેના ટોળામાં એક સરદાર હોય છે. તે મોટે ભાગે લીલું ઘાસ અને પાંદડાં ખાય છે.

ગોરખવાણી સ્ત્રી. ગરબાવાણી; મનમાં હોય તેવી ઊલટ બોલવું તે.

ગોરખવેલ સ્ત્રી. એક જાતની વેલ. તે જમીન ઉપર પથરાયેલી હોય છે. એનાં પાનની જોડ દડી હોય છે. તેનાં ફૂલ નાનાં અને લીલા રંગના થાય છે.

ગોરખા [હિં.] પું. બ. વ. મુરબ્બા, નેપાળના હિંદુ રાજ્યમાં પ્રાચીન પરંપરા અનુસાર ક્ષત્રિય રાજા દ્વારા શાસન થાય છે. તેઓનો ગોરક્ષા કરવાનો ધર્મ છે તેથી તેઓ ગોરખા કહેવાતા હોય એમ મનાય છે.

ગોરખાસન ન. (યોગ) પ્રાણાયામ માટેનું ગોરક્ષકે બતાવેલું એ નામનું એક આસન.

ગોરખુલ ૧. [સં. ગોક્ષુર] પું. એક જાતની વનસ્પતિ; ગોખરુ.

૨. પું. જમીન ઉપર પોથાતા છોડના બીજા. તેની બોડેસવર બરકર આકાર આવતું બટકી છે.

૩. પું. ફળના આકારની ગાનની વાળી.

૪. પું. સાંકડી પટ્ટીની ઝેર.

ગોરખોડ ૧. સ્ત્રી. કચ્છી લોકોની એ નામની પેટા જાતિ.

૨. બ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગોરખોદું ૧. બ. નાની આંખવાળું માણસ.

૨. બ. મુદ્દાં બાવાર પ્રાણી; ગોરખોદિયું.

ગોરજના સ્ત્રી. ગાયના બાવામાંથી ઝરતી કે તેના પિત્ત વા મૂત્રમાંથી બનાવાતી એક ઔષધિ; ગોરોચન.

ગોરજ ૧. [સં.] સ્ત્રી. ગાયના પગની રજ; ગાયના ડોબાથી ઊડતી ધૂળ; ચરીને પાછા આવતાં ગોધનને લીધે ઊડતી ધૂળ.

૨. સ્ત્રી. સંધ્યાકાળ; ગામો પશુઓમાંથી ચરીને ઘર તરફ પાછી ફરે તે સમય.

૩. બ. સંધ્યાકાળનું મુહૂર્ત.

૪. વિ. ધૂસરવાળું રજાયુક્ત; ધૂરું.

૫. વિ. સંધ્યાકાળના મુહૂર્તનું.

ગોરજમુહૂર્ત [સં.] બ. સંધ્યાકાળનું મુહૂર્ત. લગ્ન સમયે તથા શારદાપૂજનમાં આ મુહૂર્ત પસંદ કરવામાં આવે છે.

ગોરજલગ્ન ૧. [સં.] ન. ગોધૂલિક લગ્ન; સંધ્યાકાળનું લગ્ન.

૨. ન. રાત્રિના બાર વાગ્યા પહેલાં સપળ લગ્નવિધિ પૂરી થવી જોઈએ તેવું લગ્ન.

ગોરજસમય [સં.] પું. સંધ્યાકાળનો સમય; સંધ્યાકાળ.

ગોરજી પું. (જૈન) એક જાતનો સાધુ; શ્રાવકને ધર્મબોધ કરનાર વિરક્ત જૈન. કેટલાક ગોરજી વાળ અને મૂછ રાખનાર તથા જંતરમંતર, ભૂત અને વૈદકનું કામ કરનાર હોય છે.

ગોરટ ૧. [સં.] પું. દુર્ગંધી ઘેરનું ઝાડ.

૨. પું. રેતીવાળી જમીન.

૩. વિ. ગોરું અને રેતાળ.

૪. વિ. ધૂમરું; કિંચિત્ ગોરું.

ગોરડિયું ૧. વિ. ગોરું; ગોરાટ.

૨. વિ. બઉવર્ણું.

ગોરડી વિ. સ્ત્રી. ગોરી; બઉવર્ણી.

ગોરડું વિ. ગોરું; ગોરવર્ણું.

ગોરડો વિ. પું. ગોરા રંગવાળો. આ શબ્દ ઘોડા માટે વપરાય છે.

ગોરડ (ગોરડ) ૧. પું.; ન. એક જાતનું ઝાડ. આ ઝાડ બીજા ૮૮ ઊંચું વધે છે. તેની છાલ કિંચિત્ ધોળા રંગની હોય છે. તે ઉપરથી પાતળી કોતરી જેવરે છે. તે ખેરના ઝાડ જેવું બાંકું હોય છે. તેમાં બહુ બહુ કાંટા હોય છે અને તેનાં પાન વગેરેનો સાધારણ દેખાવ ખેર જેવો જ હોય છે. તેનું કચ્છી નામ અમ્બોખેર છે. કચ્છમાં ભિન્નારમાં તથા જંબરિયા કુંભરમાં આ ઝાડ બહુ થાય છે.

૨. ન. સુંદરનું ઝાડ.

૩. ન. લાખ બનાવવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

૪. ન. સેળભેળ કરવું તે.

૫. વિ. ગોરું; સફેદ; ધોળું.

ગોરડિયા (ગોરડિયા) ૧. પું. બ. વ. એક જાતના ઘાસ.

૨. સ્ત્રી. એ નામની એક બટક.

૩. સ્ત્રી. એક જાતની નાઈગી. આગળી કરતાં તેની છાલ વધારે બડી હોય છે.

ગોરડિયું (ગોરડિયું) વિ. ગોરું; બઉવર્ણું; સફેદ.

ગોરડિયો (ગોરડિયો) ૧. પું. એક જાતનો બાવળ.

૨. જુઓ ગોરડ.

ગોરડિયો બાવળ (ગોરડિયો બાવળ) પું. એક વનસ્પતિ.

૨. પું. ગાયોનો સ્વામી કે અધિકારી.
૩. પું ગોસ્વામી વલ્લભાચાર્ય.
૪. પું. જિતેંદ્રિય સાધુ.
૫. [સં. ગોસ્વામિન્] પું. જેમણે ઇંદ્રિયોને વશ કરેલી હોય તેવો સાધુ; વૈરાગી; ત્યાગી; ધાર્મિક ભિક્ષુ. ગોસાંઈની મઠવાર દસ જાત છે: જેવી કે, ૧. બદરીનારાયણનો જોશી મઠ: (૧) ગિરિ. જેમકે, ચંદનગિરિ. (૨) પર્વત. (૩) સાગર. જેમકે, વિદ્યાસાગર. ૨ દક્ષિણમાં આવેલ શૃંગેરી મઠ: (૧) પુરી. જેમકે, અમરપુરી. (૨) ભારતી. જેમકે, કૃષ્ણભારતી. (૩) સરસ્વતી. જેમકે, કૃષ્ણાનંદસરસ્વતી. ૩. જગન્નાથપુરીનો ગોવર્ધન મઠ: (૧) વન કે વન. જેમકે, બ્રહ્મવન. (૨) આરણ્ય. જેમકે, વિદ્યારણ્ય. ૪. દ્વારકાપુરીનો

શારદા મઠ: (૧) તીર્થ. જોશી, સચ્ચિદાનંદતીર્થ. (૨) આશ્રમ. જોશી, રાજરાજેશ્વરાશ્રમ.
૬. પું દશનામી નામથી ઓળખાતો સંન્યાસીનો એક સમ્પ્રદાય.
૭. પું. ધર્મગુરુ.
૮. પું. પવિત્ર માણસ; ભક્ત.
૯. પું. બ્રાહ્મણની એક જાત.
૧૦. પું. માલિક; પ્રભુ; સ્વામી.
૧૧. પું ખૂબ ગોસ્વામી પણ હાલ ગૃહસ્થીમાં રહેતી એક જાત.
૧૨. પું. વિરક્ત સાધુ; અતીત.
૧૩. પું. વૈષ્ણવ ધર્મના આચાર્ય; વલ્લભાચાર્યના વંશનો પુરુષ.
૧૪. પું સ્વર્ગનો માલિક; ઈશ્વર.
૧૫. ન. એ નામની જાતનું માણસ.
૧૬. વિ. એ નામની જાતનું.

ગોસાંઈજી પું. ગોસ્વામી.

ગોસાંઈસ્થાન ન. હિમાલયનું એ નામનું એક શિખર.

ગોસી સ્ત્રી. પરસ્પર સંબંધ; સાંકળ.

ગોસુત [સં.] પું. વાછરો.

ગોસૂક્ત [સં.] ન. અથર્વવેદનો એક ભાગ. તેમાં બ્રહ્માંડની રચનાનું ગાયના રૂપમાં વર્ણન કર્યું છે. ગોદાનને વખતે તેનો પાઠ કરવામાં આવે છે.

ગોસૂર પું. એક જાતની વનસ્પતિ; ઊભો ગોખરુ.

ગોસેવક [સં.] પું. ગાય માતાની સેવા કરનાર માણસ; ગાય માતાનો ભક્ત; ગૌસેવક.

ગોસેવા [સં.] સ્ત્રી. ગાયની અને તેના વંશની સેવા.

ગોસેવાસંઘ [સં.] પું. ગાયની સેવા કરનાર મંડળ.

ગોસોંઘોસો પું. ધૂંધળો દિવસ; વાદળાંથી ઢંકાયેલ દિવસ

ગોસ્ત વિ. (વહાણવટું) જમણી બાજુનું.

ગોસ્તન ૧. [સં.] પું. ગાયનો આંચળ.
૨. પું. ગોત્રીસ સરનો એક હાર.
૩. પું. ફૂલનો ગુચ્છો.
૪. ન. એ નામનું એક પ્રવર્હન. જુઓ ગોસ્તનપ્રવર્હન.

ગોસ્તનછિદ્ર ન. કર્ણમૂલપિંડમાં આવેલું એ નામનું એક સૂક્ષ્મ છિદ્ર; પુરુષબિલ.

ગોસ્તનપ્રવર્હન ન કરોટિતલની બખરેખાની દરેક બાજુ ઉપર આવેલો એક ભાગ; કર્ણમૂલપ્રવર્હન; પુરુષપ્રસર.

ગોસ્તના [સં.] સ્ત્રી. દ્રાક્ષનો વેલો.

ગોસ્તની ૧. [સં.] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એ નામની એક માતૃકા.
૨. સ્ત્રી. દ્રાક્ષ.

ગોસ્નીમૂત્રા સ્ત્રી. ગાયના આંચળના આકારની શિખાના આકારના ઢાંકણવાળી અભ્રક વગેરેના સત્ત્વને પિગાળવા તથા શુદ્ધ કરવામાં વપરાતી મૂસા

ગોસ્થાન [સં.] ન. ગાયોનો વાડો; ગૌશાળા.

ગોસ્થાનક [સં.] ન ગૌશાળા; ગોઠ

ગોસ્પંદ ૧. [ફા.] ન. ઘેટું.
૨. ન બકરું

ગોસ્પુ પું. ખોરાક. વાંદરાની ભાષાના અભ્યાસી પ્રોફેસર ગાર્નરે વાંદરાના મનોભાવદર્શક જેટલો શબ્દનો સંગ્રહ કર્યો હતો તેમાંનો આ એક શબ્દ છે.

ગોસ્પૂંદ ૧. [ફા.] સ્ત્રી. ઘેટી.
૨. સ્ત્રી. બકરી.

ગોસ્વામિની [સં] સ્ત્રી. ગોસ્વામીની સ્ત્રી.

ગોસ્વામી ૧. [સં. ગોસ્વામિન્] પું. ઇંદ્રિયોને જીતનાર પુરુષ; જિતેંદ્રિય
૨. પું. એક જાતનો ભિક્ષુક; બાવો; વૈરાગી; ગોસાઈ.
૩. પું. ગાયોનો માલિક.
૪. પું. પૃથ્વીપતિ; રાજા.
૫. પું. વૈષ્ણવ સંપ્રદાયમાં આચાર્યનો વંશધર અથવા તેની ગાદીનો અધિકારી.
૬. સ્ત્રી. એ નામની જાતની એક અટક.
૭. ન એ નામની અટકનું માણસ.
૮ વિ. એ નામની અટકનું.

ગોસ્સામર [અં.] પુ. ઘરપમાં થતો એક જાતનો કરોળિયો. તેનાં રૂંવેરી જાળાં હવામાં લાંબે લટકે છે.

ગોહ ૧. પું. ઉદેપુરના રાજવંશનો એક પૂર્વ પુરુષ. તે બાપા રાવળની પહેલાં થયેલ છે.
૨. [સં. ગુહા] પું. ખાડો; ઊંડો ખાડો; ગુફા.
૩. પું. ઘર.
૪. પું. ભરવાડવાડો.
૫. સ્ત્રી. ઘો; મરોળીના આકારનું એક જેરી પ્રાણી. એમ કહેવાય છે કે, અમાસે ચોર લોકો લોની કરે તોરડું બાંધી તેને મકાન ઉપર ફેંકતા. જ્યારે તે ત્યાં પહોંચી વળગી રહેતી ત્યારે ચોર તે દોરડાની મદદથી ઉપર ચડી જતો. ઘો બે પ્રકારની હોય છે ચંદનઘો અને પાટલાઘો. ચંદનઘો નાની અને પાટલાઘો મોટી તેમજ ચપટી હોય છે. તેની ફૂંકમાં ઝેર બહુ હોય છે. તે કરડે છે ત્યારે પહેલાં માંસ બળવા લાગે છે અને પછી આખા શરીરમાં વિષ ફેલાવાથી માણસ મરી જાય છે.
૬. સ્ત્રી. (વહાણવટું) ડોઠી કે વહાણને જમણી બાજુએ સર્વ જવા સુકાનને ડાબું ફેરવવામાં આવે તે ક્રિયા.

ગોહત્યા [સં.] સ્ત્રી. ગાય કે બળદને મારી નાખવાં તે; ગાય કે બળદનો વધ; ધર્મશાસ્ત્રમાં જણાવેલાં પાંચ મોટાં પાપ

ગોહત્યારું ૧. વિ. ગોઝારું.
૨. વિ. જેને ગોહત્યા લાગેલી હોય તેનું; ગોહત્યા કરનારું.

ગોહત્યારો વિ. પું. ગાયની હત્યા કરનાર મહાપાપી.

ગોહન ૧. ન. જેના ઉપર ચાલીને બળદ કૂવામાંથી પાણી કાઢે તે ચામડું; પખું.
૨. [સં. ગુહ્ (ઢાંકવું)] વિ. ઢાંકનાર; ગુપ્ત રાખનાર.
૩. ન. પાળ્યા પાળ્યા.

ગોહર ૧. પું ધર્મગુરુ; પીર.
૨. [સં. ગહ્વર] સ્ત્રી. ગુફા; ગહ્વર.
૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.
૪ ન. એ નામની અટકનું માણસ.
૫ ન ગળ.
૬ ન. દોરનો રસ્તો
૭ ન. યૌવન.
૮. ન. હથિયાર ઉપાડવાં તે.
૯. વિ. એ નામની અટકનું

ગોહરિ સ્ત્રી. (જૂ. પ્ર.) ધોર; કજર.

ગોહરી ન. એક જાતનું ઝવેરાત.

ગોહલું ન. (જૂ. પ્ર.) ખિલોડું.

ગોહલોત ૧. સ્ત્રી. ક્ષત્રિયની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ગોહા ૧. [હિં.; સં ગોવિદ્] પું. ભાખું.
૨. સ્ત્રી ગુફા.
૩. સ્ત્રી. ઘો, ચંદનઘો.

ગોહાર્ઈ [હિં] સ્ત્રી. બળદથી અનાજ ક્યરવાની ક્રિયા

ગોહાન ૧. પું. ગામનાં ઢોર ઓકાં થતાં હોય તે જગ્યા; ઓદરો.
૨ [હિ] સ્ત્રી. ગામડાની નજીકની જમીન.

ગોહાર ૧. [હિ] પું અનાજ.
૨. પુ. ગાય.

૩. પું. મદદ માટે પાડવામાં આવતી બૂમ.

ગોહારિયો પું. મિત્ર.

ગોહારી જુઓ ગોહાર.

ગોહાવું ૧. અ. ક્રિ. અંધારે અથડાવું; અંધારે અટવાવું.

૨. અ. ક્રિ. ખાડામાં પડવું.

૩. અ. ક્રિ. ગૂંજળાવું.

૪. અ. ક્રિ. ગૂંચવું; ગૂંજાવું.

ગોહિત ૧. [સં.] પું. બીલીનું ઝાડ.

૨. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. ગાયોના હિત કે વૃદ્ધિ માટે ગોવર્ધનપર્વત ધારણ કરેલ હોવાથી તે ગોહિત કહેવાય છે.

૩. વિ. ગાય કે બળદનું હિત કરનાર.

ગોહિયા ન. એ નામનું એક વાનિત્ર.

ગોહિર ૧. [સં.] ન. જમીનું ઊંડું; જમીની ઊંડી.

૨. વિ. ગંભીર.

ગોહિલ ૧. જ્ઞા. ક્ષત્રિય, ભાવસાર, સુથાર, કડિયા, દરજી, કંસારા, મોચી, રબારી, વાળંદ, ખાટ, કોળી, ભરોડા, ભંગી અને વાંચીની એ નામની અટક. મારવાડમાં ગણી નદી ઉપર ખેરગઢ છે ત્યાં પહેલાં ગોહિલ રજપૂતો હતા, પણ ત્યાંથી બપ્પા રાવોડે તેમને કાઢવા સારે તેઓ ગુજરાતમાં આવ્યા અને ભાવનગર, પાલીતાણા, લાઠી અને વળામાં વસ્યા.

૨. જ્ઞા. વજનના સાધન તરીકે વપરાતી વાંસની એક સોટી.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગોહિલવાડ (ગોહિલવાડ) પું.; ન. કાઠિયાવાડનો એક ભાગ; ગોહિલ રજપૂતોનો પ્રદેશ.

ગોહિલવાડી (ગોહિલવાડી) ૧. પું. ગોહિલવાડ પ્રાંતમાં રહેનાર માણસ.

૨. વિ. ગોહિલવાડમાં વસનાર.

ગોહી જ્ઞા. સાખ; સાહેદ; સાક્ષી.

ગોહીદાર ૧. પું. સાક્ષીદાર; સાહેદ; સાખ પૂરનાર માણસ.

૨. વિ. સાક્ષી આપનાર.

ગોહુઆ પું. ચાબિનો.

ગોહુચન [હિં.] પું. એક જાતનો ઝેરી સર્પ.

ગોહૂમ [સં. ગોધૂમ] પું. (હિંદી) ઘઉં.

ગોહૂં જુઓ ગોહૂમ.

ગોહેલ જુઓ ગોહિલ.

ગોહેલવાડ (ગોહેલવાડ) જુઓ ગોહિલવાડ.

ગોહેલવાડી (ગોહેલવાડી) જુઓ ગોહિલવાડી.

ગોહો ૧. પું. જખ્મ.

૨. પું. ખણી; ખત.

૩. પું. પાણા; વાદળાંનો જમાવ.

૪. વિ. પું. જ્ઞાન વિનાનો.

ગોહોર ૧. [અ. ગેર્] પું. ઊંધો વિચાર; મનન.

૨. પું. કબર; મડદું દાટવાનો ખાડો.

૩. પું. હલકો જાતનો ધોબો; હલકી જાતિનો અબ.

૪. ન. રત્ન.

ગોહોલું ન. બિલોકું.

ગોહોવાઈ પું. સાક્ષી.

ગોળ ૧. પું. એક જાતનું મોટું વૃક્ષ. તેની જાત ખાટી હોય છે. વાસ લેવી તેને વાવવાથી ફૂટે છે. તેનાં પાંદડાં જાંબુડીનાં પાંદડાં જેવાં હોય છે અને તે દવામાં ઉપયોગી છે.

૨. પું. ગ્રહની ખાંડ.

૩. પું. ગોળ આકાર.

૪. પું. નક્કર ચોકાકાર પદાર્થ.

૫. પું. કાયદેસર સાબ.

૬. પું. ખંડણ; સમૂહ; ટોળું.

૭. પું. વર્તુળ; સપાટી ઉપર એ આકૃતિનું મધ્યબિંદુ તેની હદ, લીટી કે પરિધિથી સરખા અંતરે હોય તેવું કુંડાળું.

૮. [સં. ગુડ] પું. શેરડીના રસને ઉકાળીને બનાવેલો કાળુ કે લોચા જેવો આકાર પદાર્થ.

૧. કોપરાનો ગોળ = મુરબ્બા આકાર.

૨. ગોળ બંધારે પણ ગળો સાકરે = વસ્તુનું મૂળ સ્વરૂપ ભલે તે સ્વરૂપ કે સ્વભાવે બદલાતું નથી.

૩. ગોળ ખાધા સારે કામ = બીજી પંચાતમાં ન પડતાં ફાયદો મેળવવા સારે કે અર્થસિદ્ધિ સારેનું કામ; આડી બાબતી વાતને બાજુએ મૂકી પોતાનું કામ કાઢી લેવું તે.

૪. ગોળ ખાય એ ગોકાં ખમે = જેવું જ્ઞાન લે તેને તેવાં સાધન પણ કરવું પડે; સુખ ભોગવે તેને કંઈ દુઃખ પણ ભોગવવું પડે.

૫. ગોળ ખાવો = (૧) માંગલિક પ્રસંગના સમાચાર વખતે મીઠાં મોઢાં કરવાં. (૨) સગાઈ કરવી.

૬. ગોળ નાખો તેવું ગળ્યું થાય = કામ તેવું ફળ.

૭. જેનથી મરે તેને વિષથી ન મારવું = બીજાથી પડે તેમ કરવાથી ન વહોરવી.

૮. ગોળનો ધણ = એક જાતની ગોળની મીઠાઈ.

૯. ગોળના ધાણીએ નવરાવવું = (૧) ખોટ કે નુકસાની આપવી. (૨) કંઈ લેવું; હોસલાવવું; ઉતરવું.

૧૦. ગોળની કાંકરી ખાવી = વેવિહાળ કરવું.

૧૧. ગોળનું ગાડું ગળવું = (૧) ખુશાલી ઊપજે અને ગળ્યા મોઢાં થાય તેવો લાભ થવો. (૨) મનભાવતી ઇચ્છેલી વસ્તુ મળવી. (૩) મોટો લાભ મળવો; જેનાથી કંઈ અર્થ સરે એવો બબ્બો વહાલો કે સગો મળવો.

૧૨. ગોળવાળી છાશ = મીઠા મધુર શબ્દો બોલનારી સ્ત્રી.

૧૩. માટલી ગોળ ખાઈ રહેવી = તદ્દન નિર્ધનતા આવવી.

૧૪. હથેળીનો ગોળ = સહેલું કામ.

૯. પું. હદ; મર્યાદા.

૧૦. જ્ઞા. એક જાતની માછલી. તે ઓખા પાસે થાય છે.

૧૧. જ્ઞા. લેહેરિયા કણબીની એ નામની એક અટક.

૧૨. ન. એ નામની અટકનું માણસ.

૧૩. ન. ગામોનું રક્ષણ; ચોકીદારો.

૧૪. ન. પરસ્પર કજિયાની બેચકદેવડ માટે નક્કી કરેલું હાનિનું બૂજ.

૧૫. વિ. એ નામની અટકનું.

૧૬. વિ. વર્તુલાકાર; ગોળાકાર; કાચ જેવું.

ગોળક ૧. ન. બબ્બસો સાઠ અંક.

૨. ન. મદી; ભભરી.

ગોળકહૂ ન. ખતમણું; સકરટેટી.

ગોળકરમ ન. બતુબ્બના આંતરડામાં થતા ગોળ કૃમિ.

ગોળકૃમિ જુઓ ગોળકરમ.

ગોળકેરી જ્ઞા. કેરીમાં ગોળનો કરેલો મુરબ્બો; ગોળવાળું કેરીનું અથાણું.

ગોળખંડ પું. વર્તુળનો વિભાગ.

ગોળખાંભ પું. ગોળ થાંભલો.

ગોળખોળ ન. સાકરસરું બબ્બું ગોકરખું બબ્બું તે.

ગોળગાબડું ન. બબકબરું કામ; પાકું નહિ એવું કામ.

ગોળગોળ ૧. ન. બાનમાં ઊતરે એવાં વચનોથી પોતાને અનુકૂળ કરી નાખવું તે

૨. ન. લલચાવવાને મીઠું મીઠું લાગે તેવું બોલવું તે.

૩. વિ. અસ્પષ્ટ; મતલબ ન સમજાય તેવું અવધુપરધુ; અરબડિયું; મોબમ; મોમાયું ન સમજાય એવું.

ગોળગોળ કહેવું = સ્પષ્ટ ન કહેવું.

૪ વિ. ઉડાઉ.
૫. વિ. ગુલ; ગરમલ્લું; બેદમ.
૬. વિ. જેનું મન પીગળી ગયું હોય એટલે પૂર્ણ રીતે અનુકૂળ થઈ ગયું હોય એવું.
ગોળગોળ કરી. નાખવું = મીઠું બોલી સામાનું મન પીગળાવી દેવું; બોળ જેવું નરમ કરી દેવું; મન પલાળવું; પોતાના મતમાં લાવવું; અસર કરીને ખૂબ રીઝવવું.
૭. વિ. નરમ; પોચું; ઢીલું.
૮. વિ. પૂર્ણ રીતે ચડી ગયેલું.
૯. વિ. વર્તુલાકાર; ઘડા જેવું.

ગોળચન વિ. સંપૂર્ણ રીતે ગોળ આકારનું.

ગોળચકરડી (ગોળચકરડી) સ્ત્રી. બાળકોની એક રમત. નાનાં બાળકો ગોળગોળ ફરતાં આ રમત રમે છે. ફરતાં સમતોલ રહેવાય માટે હાથ બાજુઓ લાંબા કરી રાખે છે. ચકરડી ફરતાં ફરતાં 'ગોળગોળ ચકરડો, ફરતો જાય ચકરડો' એવું તેઓ બોલે છે.

ગોળચાં ન. ન. બ. બોળ નાખેલ અથાણું.

ગોળચી સ્ત્રી. બાંધકામ તથા ક્ષેતરકામમાં ઘડા જેવી બોળ ક્ષેતરેલી નકશી.
ગોળચી કરવી = બહિ સરખા ક્રમમાં પાડવા.

ગોળચું ન. જેમાં બોળનું પ્રમાણ વધારે હોય તેવું અથાણું; બોળ નાખેલ અથાણું; બોળના અધિકાંશવાળા અથાણામાંનું દરેક. આ શબ્દ બહુવચને વપરાય છે.

ગોળછું ન. રોટલી, પાપડ વગેરે વણવા બાંધેલ લોટનો એક રોટલી કે પાપડ વણાય એટલો લૂઓ.

ગોળતંતુ પું. રજ્જ્વોમાંથી બનતા નાજુક, ગોતરફ પ્રસરતા તંતુ.

ગોળદંડ પું. કસરતનો એક પ્રકારનો દંડ. તેમાં એક પગ કૂલ્લા ઉપર અને બીજો પગ પાછળ ટટ્ટાર લાંબો રાખવો. પછી બે હાથ ઉપર શરીર ટેકવેલ હોય તે બે હાથ અને લાંબો પગ બોળ ફેરવવા અને ટાળો પગ કે જેના ઉપર બેઠક લીધી હોય તે પગ પણ લાંબો કરી જમણો પગ મૂળ સ્થિતિમાં આવતાં દંડ કાઢવો. આવી જ રીતે બીજા પગ ઉપર બેઠક લઈ સામા અવયવ ઊલટા પગથી કરવું. આ દંડથી પગ અને છાતી મજબૂત બને છે.

ગોળદાળ સ્ત્રી. તુવેર અગર અન્યની દાળ વાટી લીધા પછી તેમાં બોળ અગર આંડ નાખી ઉકાળી ઘાટો કરેલો પદાર્થ. ઘઉંની વણેલ પૂરીમાં તે મૂકી તેની ઘારી અથવા ઝીણી રોટલી કે પૂરણપોળી બનાવાય છે.

ગોળધાણા પું. ન. બ. બોળ કરેલા બોળ અને ધાણા; બોળ સાથે ભેળવેલા ધાણા. માંગલિક પ્રસંગમાં અને ખાસ કરીને પુત્રવિવાહના પ્રસંગે બોળધાણા પહોંચવાનો રિવાજ છે.
ગોળધાણા પહોંચવા = (૧) આનંદ દર્શાવવો. (૨) પુત્રજન્મની જાણ થવી. (૩) ઋણ ચૂકવાઈ જવું. (૪) અન્ત આવવો; કજોદ જવી. (૫) સગાઈ કરવી.

ગોળધાણી સ્ત્રી. બોળ અને ધાણાનો કરેલો ખાર; ખારને શેકી બનાવેલી ધાણીને બોળની ચાસણીમાં નાખી બનાવેલ વાની.
ગોળધાણી કરવી = સારો માલ ન કરતાં બોદું વી વાપરીને હલકો માલ બનાવવો.

ગોળનળાકાર પું. નળના આકાર જેવી બોળ આકૃતિ.

ગોળપત્રનાળિયેરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ ઉપયોગી છે.

ગોળપાકયો સ્ત્રી. ધંટીખીલ્લે નામની રેતી રમત.

ગોળપાપડી (ગોળપાપડી) સ્ત્રી. બોળ, ઘી અને ઘઉંના લોટને સાથે શેકીને બનાવેલો એક બાલ પદાર્થ; સુખડી.
ગોળપાપડીનો દાડો = સુખનો દિવસ.

ગોળપાસા પું. એક પ્રકારની આર્જવ ક્રિયા; વિષેયને ખુરશી ઉપર બેસાડી તેના મસ્તક ઉપરથી ઊંચાં આંગળાં રાખી બંને હાથનાં આંગળાં બોળબોળ ફેરવવામાં આવે તે ક્રિયા.

ગોળપોલાણ ન. ઉપનળી.

ગોળફૂલ ન. ઓના બાણનું એક જાતનું ધરેણું.

ગોળબંધન ન. ઘાસ ઉપરનું બોળાકાર બંધન.

ગોળબાહુ [બોળ (બોળ) + બાહુ (સીમાની નિશાની)] ન. વર્તુલસીમાસેતુ.

ગોળભમરડો (ગોળભમરડો) ૧. પું. બાલુસમલ્લ માણસ; ફેરવીએ તેમ ફેરવાય એવો માણસ.
૨. વિ. ન સમજણ તેવું.
૩. વિ. બાતલ.
૪. વિ. બોદું બીંડું; મૂર્ખ.

ગોળમટોળ ૧. વિ. અસ્પષ્ટ; આંટીઘૂંટીવાળું.
૨. વિ. કોઈ નદિ; સુન્દ.
૩. વિ. બોળ અને સુંદર; યથાપ્રમાણ; ઘાટવાળું.
૪. વિ. ન સમજી શકાય તેવું; ગમવાળું; ભેદવાળું
૫. વિ. ભરેલું; હૃષ્ટપુષ્ટ; જાડું.
૬. વિ. સંપૂર્ણ બોળ; ચારેબાજુ બોળ હોય એવું.
૭. વિ. સંપૂર્ણ બોળ નહિ એવું.

ગોળમાથું ન. એક પ્રકારનું માથું. પોતાના શરીરમાં વા ભરીને વિમાનની પેઠે ફુલવાની આ માથામાં શક્તિ હોય છે. તે ઊભુકટિબંધમાં થાય છે. તેને ફુલનારાં માથાં, ફાફડી માથાં કે બતૂન માથાં પણ કહે છે.

ગોળમાથું ૧. ન. બોળ અને ઘઉંના લોટની બનાવેલી આછી રાબ; એક જાતનું જાડું પેય.
૨. ન. દરજીનું ધબ્બાવાળું.

ગોળમાપણી સ્ત્રી. કૂંડાળામાં માપવું તે.

ગોળમાળ સ્ત્રી. ગોટાળો; ગરબડ.

ગોળમિશ્ર ૧. સ્ત્રી. સાંસ્થાનિક સ્વરાત્મક એ હિંદનું બાવિ છે અને તે તરફ કૂચ કરવા રાષ્ટ્ર રાષ્ટ્ર ઉપાયો લેવા તે માટે સર્વ પક્ષોની ઉચ્ચકક્ષમાં ભરાયેલી એક પરિષદ.
૨. વિ. સ્ત્રી. બોળ મેળને ફરતા મેસીને ભરાતી.

ગોળમોળ જુઓ બોળમટોળ.

ગોળયોગ પું. (જ્યોતિષ) સૂર્ય, ચંદ્ર અને બીજા બાર ગ્રહ અમુક સ્થાનમાં આવવાથી થતો યોગ.

ગોળરેખો પું. સુતારનું એક ઓજાર; વાંક રોકવાના કામમાં આવતો રેખો.

ગોળલાકડી (ગોળલાકડી) સ્ત્રી. ગૂડાલાકડી; એક પ્રકારની જૂની સજા.

ગોળલો પું. નાનો બોળો.

ગોળવચન ન. ગુજરાતમાં લગ્ન પ્રસંગે કેટલીક જાતિમાં ધંટીમાં અનાજ દળવાની કરવામાં આવતી ક્રિયા; બોગવેસણ. નાની સરખી ધંટીને ખડીથી ધોળી, કંકુના ચાંલ્લા કરી, ચોકમાં કે માંડવામાં મૂકી તેમાં મગ અને ઘઉંકરના ચાંદિયા નાખી સમાંવહાલાંની બીબો બોડીવાર ધંટી ફેરવે છે. દરેક બીબે ધંટીને હાથ લગાડવો જ જોઈએ. બોડીવાર એ પ્રમાણે ગીત ગાતાં ગાતાં ધંટી ફેરવે છે. પછી તેમાં નાખેલી વસ્તુઓ બહાર કાઢી, જેમાં કંકુના વાંકસાથિયા કાઢેલા હોય એવાં ચાર નાનાં સૂપડાંમાં મૂકી કુટુંબની ચાર મુખ્ય બીબો તે બાદ છે. લગ્નનાં જમણ માટે અનાજ દળવા માટે બીબો મૂળ બોકડી બતી કરી અને તેની બાબારૂપ આ રીત રહી હશે.

ગોળવાં ન બ. ન. બીબોના હાથનાં સોનાનાં કડાં

ગોળવિભાગ પું. વર્તુળનો બોળ ભાગ.

ગોળવી સ્ત્રી. ઝાળા ફૂલડીની એક જાત. તેને વસંત ઋતુમાં ફૂલ બાવે છે.

ગોળવું ન. બોળો.

ગોળવો ૧. પું. બોકસમાં ફેંકવાનો બોળો.

૨. પું. ગોળો; ગોળાકૃતિ.
૩. પું. નાની, સીંધી અને ગોળ વળીનો ટુકડો.
૪. પું. મોતીનો ગોળ દાણો.
૫. પું. ખોબિયાનો ટૂંકો અને ગોળ કટકો.
૬. પું. લાડુ, માખણ વગેરેનો ગોળ આકૃતિનો લોંદો.
૭. પું. સોડાના પાણીનો ગોળ બાટલો.
૮. વિ. પુ. ચંચળ વૃત્તિનો; ઘડીમાં ફરી જાય એવો.

ગોળસાંબર જી ગોળ હોકું સીધું કરવાનું એક સાધન.

ગોળસટરા વિ. ગોળ આકૃતિ જેવું; ગોળા જેવું

ગોળસંભારી જી. ગોળ અને મસાલાથી આથેલી કેરી; રાઈ મેથીનાં કુરિયાને તેલમાં શેકી, તેમાં હાલ્યા, વરિયાળી, તીખાં, ગોળ અને મરચાંનો ભૂકો ભેળવી આથેલી કેરી.

ગોળસાકર જી. એ નામની એક રેશો રંગત.

ગોળહડ જી. ગોળબાણ, વર્તુલસીમાસેતુ.

ગોળહિસાબ પું. અડસટ્ટો; અંદાજ; શુમાર.

ગોળા ૧. પું. કૂવો.
૨. પું. બ. ક. ગોફણમાં ફેંકવાના નાના ગોળ પથર.

ગોળાઈ ૧. જી. ગોળપણું; ગોળાકૃતિ.
૨. જી. મધ્યબિંદુથી નિયમિત અંતરે રહેલો વાંક.
નજર ગોળાઈ = સાધન વિના નજરથી સારી લાગે તેવી ગોળાઈ.

ગોળાકાર ૧. પું. ગોળ આકાર; વર્તુલના જેવી આકૃતિ.
૨. વિ. ગોળ; વર્તુલના જેવું; ગોળ આકારવાળું, જેનો આકાર ગોળ હોય તેવું.

ગોળાકારકૌંસ પું. ગોળ હોય તેવો કૌંસ.

ગોળાકૃતિ ૧. [સં. गोलाकृति] જી. વર્તુળના જેવી આકૃતિ; ગોળ આકાર.
૨. વિ. ગોળાકાર; વર્તુળના જેવું; જેનો આકાર ગોળ હોય તેવું.

ગોળાઘાંકણું ૧. ન. તરત સાંપડે તેવી ચીજ; ઓછી કીમતની વસ્તુ.
૨. ન. મોર કે ટોપકાવાળું પિત્તળનું ગોળા ઉપર ઢાકવાનું વાસણ.

ગોળાધરીલાકડું ન. એ નામનું એક કરિયાણું. આ ચીજ ઔરંગઝેબખાના વર્ગની છે, પણ તે બિલકુલ ઝેરી નથી. તે કડવું અને પૌષ્ટિક છે. આ લાકડાનો કટકો ઘસીને આપવાથી પેટમાં થતી ચૂંક બંધ થાય અને કૃમિનો નાશ થાય. વિષમજ્વર ઉપર પણ તે બહુ ગુણકારી મનાય છે.

ગોળાધ્યાય પું. ભાસ્કરાચાર્યે રચેલ સિદ્ધાંત શિરોમણિ નામના ગ્રંથનો એ નામનો એક વિભાગ. તેમાં ભૂગોળ અને ખગોળનું વર્ણન તથા મહત્વ વગેરે હકીકત આપવામાં આવેલી છે

ગોળાકરી જિ. જેમાં ગોળગોળ ફરવામાં આવે તેવું.

ગોળાબારી જી. કમાનદાર ગોળાકારની બારી; ગોળ ફરવાજો.

ગોળાયંત્ર ન. ખગોળવિદ્યા જાણવાનું એક યંત્ર.

ગોળાર્ધ ૧. [સં. गोलार्ध] પું. અર્ધો ગોળ; ગોળનો અર્ધો ભાગ; અર્ધગોળ.
૨. પું. પૃથ્વીનો અર્ધો ગોળો; પૃથ્વીને એક ધ્રુવથી બીજા ધ્રુવ સુધી વચ્ચોવચ્ચ કાપવાથી થતી આકૃતિ.

ગોળાવડા (ગોળાવડા) પું. વેચવું વસ્તુનું સરાહીની આંટી ઉપાડવાના કામમાં આવતું લાકડાનું એક સાધન.

ગોળિયાકેરી જી. એક જાતનું કેરીનું અથાણું; ગોળમાં આથેલી કેરી; ગોળમિશ્રિત સંભાર ભરેલી કેરી.

ગોળિયું ૧. ન. કેરીનું ગોળ નાખેલું અથાણું.
૨. ન. ખોળી માટીનું ગોળ બનાવેલ ગોળીકું.
૩. વિ. ગોળવાળું; ગોળચું.
૪. વિ. વર્તુલાકારનું; ફરતા ચક્કર જેવું.

ગોળિયો ૧. પું. એક જાતનું ઘાસ. તેને વચ્ચે જેવડા દાણા આવે છે. તેનો છોડ પણ ચણાના છોડ જેવડો હોય છે.
૨. પું. ગોળ વપરાયા પહેલી ખાલી પડેલો ઘડો.
૩. પું. ચાકડો.
૪. પું. ખૂબ પલાળીને તેનો વાટેલો ગોળ પિંડો. તે ગાર કરવાના કામમાં આવે છે.

ગોળી ૧. જી. અંડગ્રંથિ; વૃષણ; આંડ.
૨. જી. (વૈદક) ઔષધના ચૂર્ણને ગોળ, મધ કે પાણીની અંદર મેળવી વાળવામાં આવતી ગુટિકા. કેટલીક વખત ચૂર્ણની અંદર કોઈ ઔષધનો ક્વાથ કરી તેમાંથી ઘન બનાવી તે તૈયાર થયેલા ઘનની ગોળી વાળવામાં આવે છે. તે સિવાય જે ચીજ પોતાના ગુણને માટે ગોળીમાં આવતી હોય તે ચીજ તેની માત્રાના વજનથી લેવાય છે, પણ જે ચીજ ફક્ત ગોળી વળે એટલા જ માટે લેવાય તેની માત્રાની કંઈ જરૂર નથી. કદાપિ તે ચીજ વધારે હોય તો પણ હરકત નથી, કારણકે સાધારણ રીતે ગોળી બનાવવા માટે જેવા પદાર્થો લેવામાં આવે છે કે તેમાં કોઈ પણ જાતની ઝેરી અસર હોતી નથી. ગોળી સાધારણ રીતે એક વાલની અંદર હોવી જોઈએ. તેની જુદી જુદી આકૃતિ તથા કદને લઈને તેને મોદક એટલે લાડુ, વટી એટલે વડી, વર્તિ એટલે વાટ, પિંડી એટલે મડિયાં અને ગુટિકા એટલે ગોળી એવાં જુદાં જુદાં નામ આપવામાં આવે છે.
૩. જી. કોઈ ચીજનો ગોળાકાર પિંડ; નાનો ગોળો; નાની ગોળાકાર વસ્તુ; દડી.
૪. જી. દાંત વલોવવાનું મોટા બોટલનું ગોળ વાસણ.
૫. જી. ધક્કો; નુકસાન.
૬. જી. નાનો લાડુ; લાડુડી.
૭. જી. પાણી ભરવાનું માટીનું કે તાંબા પિત્તળનું મોટું ગોળ પાત્ર.
ગોળાનું પાણી સુકાવું = (૧) કુટુંબનાં સાધનો ઓછાં થઈ જવાં. (૨) માણસ કે પૈસાનું મોટું નુકસાન થવું.
૮. જી. બંદૂક કે પિસ્તોલમાં ભરીને મારવાની સીસાની દેરી.
૧. ગોળી ખાવી = બંદૂકથી આપઘાત કરવો.
૨. ગોળી ચમચવવી = શિકારની પાછળ જવા માટે ચિત્તાની ગુદામાં મરચાની ગોળી ભરાવવી.
૩. ગોળી ચાલવી = ગોળીબાર થવો.
૪. ગોળી બેસવી = ધક્કો પહોંચવો; માણસ કે પૈસા સંબંધી મોટું નુકસાન થવું; માણસ અથવા પૈસેટકે ભાગી જવું.
૫. ગોળી મારવી = બંદૂકથી સીસાની મરઘોડી છોડી ઘાયલ કરવું.
૬. ગોળી વાગવી = (૧) એકાએક અડચણ આવી પડવાથી કામ ન થઈ શકવું. (૨) કામ કરતાં મહેનત પડવી. (૩) ખૂબ જામવાથી જડ જેવું થઈ જવું. (૪) ગોળીનો ઘા થવો. (૫) ધક્કો લાગવો; માર્યું જવું.
૭. ગોળીએ પડવું = ધક્કા કે નુકસાનને લીધે મરવું જવું
૯. જી. લખોટી.
૧૦. જી. સ્વામીનારાયણ સંપ્રદાયમાં તિલક કરવાને માટે ચંદન ઉતારીને બનાવેલ પાસો.

ગોળીઢો ૧. પું. જાણું થાપતાં પહેલાં બનાવાતો ઢાંકણાનો ગોળો.
૨. પું. તાંત ગુંજવવાનો પીંજારાનો ધોકો.

ગોળીકું (ગોળીકું) ૧. ન. ગબલી; ગોવાળ.
૨. ન. ગોળી; દાંત વલોવવાનું વાસણ.

ગોળીબાર પું. બંદૂકમાંથી કે પિસ્તોલમાંથી ગોળી છોડવી તે.

ગોળીલો પું. ગોળ આકારવાળો લોઢાનો ખીલો

ગોળીવાંસ જી. છાલ કાઢી રહ્યા પછી ગોળી, ફૂલ વગેરેને ગરમ પાણીમાં સાફ કરવાની ક્રિયા.

ગોળીદું ૧. વ. ૩. ન. ગોળ.
૨. ન. ઉ. ન. હીંડાનું; સૂવર કે કીંદરીનું બચ્ચું.

ગોળો ૧. પું. ચવાસનું બીજવાળું ગોબો.
૨. પું. ગપ; ગપાટો; તડાકો.
ગોળો ગબડાવવો = (૧) બડબડ નાખવી; વગમાં હરજત કરવી. (૨) ગપ હાંકવી.
૩. પું. ગુદામ; પેટમાં થતો વાયુનો એક રોગ. તે વાત, પિત્ત, કફ, સન્નિપાત તેમજ રક્ત એમ પાંચ પ્રકારનો થાય છે. વધારે પડતું ખાટકું ખવાથી ગોળો થાય છે.
૪. પું. ગેબી અવાજ.
૫. પું. બોરણથી મારવાનો પિંડો; ગલોલી.
ગોળો અને બોરણ સાથે બધાં = બધાંબધા ભેગી સામટી દળી ગઈ; તમામ નકતર ફર થઈ.
૬. પું. બોલ.
૭. [સં. ગોલક] પું. ગોળ વસ્તુ; પિંડો; બધી બાજુએથી ગોળ હોય એવી ચીજ.
ગોળી ઉપાડવો = પ્રાચીન સમયની એક પ્રથા. જેમાં માણસ પોતાની સત્યતા સાબીત કરવા લોઢાનો ધગધગતો ગોળો ઉપાડતો.
૮. પું. ગઢ; કૂંડાળું.
૯. પું. તોપથી મારવાનો સીસાનો પિંડો.
૧૦. પું. પાણી ભરવાનું અથવા બનાવ ભરવાનું કે દહીં વલોવવાનું મોટું અને ગોળ પાત્ર; મોટી ગોળી.
૧. ગોળાને તળિયે તાવ આવવો = તાવ આવ્યો ન હોય અને શરીર ગોળાના તળિયા જેવું ઠંડું હોય તેમ જતાં કોઈ કહે કે અને તાવ આવ્યો છે તો તેને આમ મશ્કરીમાં કહેવામાં આવે છે.
૨. ગોળો ઊતરે કે ગજર = આવિના મનમાં શું સમાયેલ છે તે કળી શકાતું નથી; ભવિષ્યમાં શું થશે તે જાણી શકાય નહિ.
૧૧. પું. પહરો.
૧૨. પું. પુષ્પનો કૃત્રિમ ગોળો.
૧૩. પું. પોટો; વીજળીના દીવાનો ગોળો.
૧૪. પું. બિલ્લા; બંડળ.
૧૫. પું. બોલીને અવગ કરીને ઊધું વસ્તું કરી મૂકવાપણું.
ગોળો વાળવો = ઊધું વસ્તું કરી બેસવું; ન સમજવા જેવું સમરપ્પાર કરી નાખવું.
૧૬. પું. લાડુ જેવી ગોળ આકૃતિ.
૧૭ પું. સુતારનું એ નામનું એક ઓજાર.

ગોળોચોળો પું. ધાતુના વાસણમાં ખોટ આવે; ગોબો.

ગોળોપિંડાળો ૧. પું. ઊધું વસ્તું કરી નાખવું તે; સમરપ્પાર કરી નાખવું તે.
૨. પું. ગોટાળો; લેણલેણ.

ગોં જી. (કચ્છી) ગામ.

ગોંગડીકર (ગોંગડીકર) ૧. જી. ભેડૂતનો બધો કસ્તી ધારવાર તરફ રહેતા લોકોની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. બિ. એ નામની જાતનું.

ગોંગડો (ગોંગડો) પું. ગોગડો; ચૂરમાનો બંધાયેલો પણ ચણણીમાંથી નહિ પધાર થયેલો કણ.

ગોંગણો ૧. પું. બાજીમાં કૂલ વિનાનો બરનો દાણો.
૨. પું. નહિ ફાટેલું કાલું.

ગોંગવાલ ૧. [હિં.] જી. વૈશ્યોની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. બિ. એ નામની જાતિનું.

ગોંગહા ૧. [હિં.] પું. બાજીવાનું તંબાકું.
૨. પું. એક જાતની બે છીપવાળી માછલી.

ગોંજ [હિં.] પું. કુવાના જેવો ઘણાનો કટકો.

ગોંજાવાડી વ. રેવાકાંઠામાં આવેલ એ નામનું એક સ્થળ. હજારો અસ્તરા બસવામાં વાપરે છે તે જાતના, બીજા લોકોએ શોધેલા કરતાં અને સારું કેમના ખચ્ચર આ જગ્યાએ મળે છે.

ગોંજું બિ. ગંદું; કુવાકચરાવાળું; મેલું; મલિન.

ગોંજો ૧. પું. ગંદું કરનાર માણસ; કૂવા.
૨. પું. હજામ.
૩. બિ. પું. ગંદુ કરનાર.

ગોંટિયા પું. ગામડાનો મુખી.

ગોંઠ ૧. પું. ઉત્તર હોલ્લનો એક ચેટા વિભાગ; બંગાળ અને ગુજરાતમાંથી વધેલા વસ્તી અલ્પાધિક હતુ પણ આ વિભાગમાં પ્રચલિત છે.
૨. [હિં.] પું. એ નામની એક જાતીયસ્ત્ર ક્રોમ. તે સિંદમાં અબ્બાસ્ત, અબ્બાસિંદ, બિહાર અને ઓરિસ્સામાં વસે છે. આ ક્રોમ અસલ્ય અને જંગલી મનાય છે.
૩. પું. એક જાતનો રાગ. તે વર્ષાઋતુમાં ગવાય છે. તેને કોઈ એમ રાગનો પુત્ર અને કોઈ પત્નાગી, મલ્હાર અને બિલાવલના મેળથી થયેલ સંકર રાગ માને છે.
૪. [સં. ગોષ્ઠ] પું. ગાયોને રહેવાનું સ્થાન.
૫. [સં.] પું. બાલિ નીકળેલી હોય તેવો માણસ.

ગોંડમલ્હાર પું. એક જાતનો રાગ.

ગોંડલ ૧. વ. એ નામના રાજ્યનું રાજધાનીનું શહેર.
૨. વ. એ નામનું કાઠિયાવાડમાં બરાબર મધ્યમાં આવેલ એક દેશી રાજ્ય. તેનું ક્ષેત્રફળ ૧૦૨૪ ચોરસ માઈલ છે. તેમાં ૪ મોટાં શહેર અને ૧૩૧ ગામડાં છે. હાલના રાજવીનું બિરુદ રજપૂત છે. ગોંડલ નામ ગોમડલ એટલે ગાયોનું ટોળું એ ઉપરથી પડેલ લાગે છે. ગોંડલમાં એક પુરાણું ગોંડલા નામનું સ્થાનક છે, તે ઉપરથી પણ ગોંડલ નામ પડ્યું હોય એવી માન્યતા છે. તે ઉત્તર અક્ષાંશ ૨૧°-૫૭'-૩૦" અને પૂર્વ રેખાંશ ૭૦°-૫૦' ઉપર આવેલ છે. સને ૧૮૮૪માં રાજ્યની વસતી ૧,૩૫,૦૦૪ હતી તે વધીને સને ૧૯૪૧માં ૨,૪૪,૫૧૪ થઈ છે. તેમાં ૪૩,૦૨૧ પુરુષો અને ૨૫,૦૧૬ સ્ત્રીઓ એમ ૬૮,૦૩૭ અક્ષરજ્ઞાન ધરાવનારાં છે, એટલે શિક્ષિતવર્ગ ૨૮ ટકા છે. આખા રાજ્યમાં ગામડે ગામડે બાલ શારદામંદિરો છે અને કન્યાકેળવણી મફત અને ફરજિયાત છે. કુમારો માટે પણ પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત અપાય છે. ગૌરક્ષા ને કાંસીબંધી, કાયદાઓ ને અસ્પૃશ્યતાનિવારણ, બાલાટ હક્ક ને કરમુક્તિ, સુંદર સડકો ને મોટા પુલો, ગ્રામસુધારણા ને નગરપુનર્રચના, ન્યાયરક્ષણ ને શાળાઓ એ સમગ્ર ગોંડલ રાજ્યના અમર્યાદિત કીર્તિસ્તંભો છે. એમનું રાજગીત એમ છે કે:

ગોંડળિયું ગોકુળ અમારું, ગોંડળિયું ગોકુળ,
નંદનવન અણમૂલ અમારું ગોંડળિયું ગોકુળ.
વૃંદાવન જ્યાં ગામડાં ગૂંજે, સંસ્કારે સોહામ,
ગોંદરે ગોંદરે શારદામંદિર બાલવૃંદ વિલસાય.—અ.
સારા યે સૌરાષ્ટ્રનું અંતર ધ્રબરે આ નિર્મેલ,
નીર નિરંતર વહે અખંડિત ગોરસ રસની રેલ.—અ.
કૃષ્ણકૃપા છે કણ કણસાલે મધુવન બીજાં વક્ષ,
કુંજ નિકુંજ જ્યાં બેતર વાડી સુંવાળાં સુરક્ષ.—અ.
રિદ્ધિસિદ્ધિ જ્યાં ભગવતની સુખશાંતિનાં રાજ્ય,
પશુ પંખી જન જાડને પણ ત્યાં અભયનાં સાક્ષાત્કાર.—અ.

ગોંડલા જુઓ ગોંડલો.

ગોંડલિયા ૧. જી. લેઉઆ કણબી, કુંભાર, ભાવસાર, વાળંદ, દરજી અને મેમણની એ નામની અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. બિ. એ નામની અટકનું.

ગોંડલિયું ૧. વ. એક જાતનું અરજું. આ અરજની વિશેષતા એ છે કે, તેનામાં દરેક દરેક જાતનાં અરજનાં તત્ત્વો હોવા છતાં તે બધામાં તીખું લાગતું નથી. આ અરજું

સામાન્યતઃ ખોબરિયું હોય છે. સવિગિયાં મરચાં તીખાં હોય છે, તે રીતે ગોંડલિયાં મરચાં મોળાં હોય છે. તે દેશાવરમાં પણ વપરાય છે.

૨. લિ. ગોંડલનું.

ગોંડલો ૧. પું. ગોંડલમાં આવેલું એ નામના નાગનું પુરાણું સ્થાન. તે ગોંડલી નદીના કાંઠા નજીક આવેલું છે. અહીં જૂના કાળમાં ગારુડો પોતાના ગૌધન સાથે નેસ નાખીને રહેતા. કાળે કરીને અહીં એક ગામ વસ્યું તેનું નામ ગોંડલા ઉપરથી ગોંડલ પડ્યું. આજે તે સારા યે ભારતવર્ષમાં તદ્દન કરવેરાથી મુક્ત ગોંડલ સંસ્થાનની રાજધાનીનું શહેર છે.

૨. પું. જેના ઉપરથી ગોંડલ નામ પડ્યું મનાય છે તે એક નાગ.

ગોંડવાન જુઓ ગોંડવાના.

ગોંડવાના પું. અમરકંટક પાસે આવેલો એક પ્રદેશ; દક્ષિણ કોશલનું પ્રાચીન નામ.

ગોંડળી ૧. સ્ત્રી. એક જાતની વેલ. તે પાણીવાળા સ્થળ ઉપર થાય છે અને પાણી સાફ કરે છે.

૨. જુઓ ગોંડલ.

ગોંડળિયું જુઓ ગોંડલિયું.

ગોંડા સ્ત્રી. એક જાતની મોટી વેલ. તેની ડાળીમાંથી રેસા નીકળે છે.

ગોંડાળ સ્ત્રી. પાણીમાં થતી એક જાતની વનસ્પતિ. તેને ચાર પાંચ પૂંખડી હોય છે. આ છોડ બહુ જલ્દી વધે છે. વાવ કે કૂવામાં તે પાણી સ્વચ્છ રાખે છે. મૂત્રાશય ઉપર તે વાટી ડુંટી ઉપર લેપ કરવામાં આવે છે. બાળકને ઊધરસ ઉપર તેનાં પાન વાટી રસ કાઢી આપવામાં આવે છે.

ગોંડી સ્ત્રી. મધ્ય પ્રાંત, વરાડ અને મધ્ય હિંદમાં વપરાતી એક ભાષા.

ગોંડો પું. ગૂંથણીથી બનાવેલ ટોપી ઉપરનું ફૂમતું.

ગોંડોલા સ્ત્રી. પટલિના વેનિસ શહેરની એક જાતની નાની હોડી.

ગોંદ ૧. [હિં.] પું. ગુંદર.

૨. ન. એક જાતનું ઘાસ. તેની સાદડી બને છે.

ગોંદડાની સ્ત્રી. ગુંદરનું પાણી રાખવાનું ઢાંકણ; ગુંદિયુ.

ગોંદન ન. એક જાતનું ફૂલઝાડ.

ગોંદની સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ.

ગોંદપંજરી સ્ત્રી. સુવાવડી સ્ત્રીને અપાતી, તાકાત આપનારી ગુંદ, મસાલો વગેરે મેળવેલી મીઠાઈ.

ગોંદરિયું વિ. ઉદ્ધત; અસભ્ય; અવિનયી.

ગોંદરી ૧. સ્ત્રી. નદીના ભેખડામાં થતી એક જાતની ટૂંકી અને જાડી પાનવાળી પ્રોપ્ય.

૨. સ્ત્રી. મકાનનો આગળનો ભાગ; ફળિયું.

ગોંદરું જુઓ ગોંદરો.

ગોંદરો પું. ગામોને ગામ બહાર ભેગા થવાનું ઠેકાણું; બજાર; બજોળ; ગામઝાપ નજીકની જમીન.

ગોંદલી સ્ત્રી. ગોળ જાડું લાકડું.

ગોંદવું સ. ક્રિ. કાપવું; દાબવું.

ગોંદળી જુઓ ગોંદલી.

ગોંદા ૧. [હિં.] પું. ગુલબુલને અવાજવામાં આવતી જણાના બોટની નરમ ફલેક.

૨. પું. બીડાઈ.

ગોંદો ૧. પું. જખમના પોપડીની સેળભેળ; રસોળીની અંદરની વાનીઓનો ખીચડો.

ગોંદો કરવો-વાળવો = દાળભાત ચોળી એકઠું કરવું.

૨. પું. સોનારનો પટ્ટો.

ગોંધણ ૧. પું. બળદની ગાડાના પાછળની ભારે વાંસની ફ્રેમ. તેમાં પાંચ જણ બેસી શકે છે. તેમાનો મુખ્ય પોઢે તેવિયે ઝભ્ભો પહેરે છે, બળદમાં કોડીની માળા અને પગમાં ઝાંઝર પણ પહેરે છે. તે મૂર્તિની સામે સૌની બાજણ ઊભો રહે છે.

૨. ન. ખાંધણ; ચોટાળો; ખોટી ધમાલ.

ગોંધલી પું. દક્ષિણ હિંદમાં ગોંધલ નામનો નાચ કરનાર એક જાતનો ભિખારી. તે જગવાનના પૂજન કરે છે અને ઘેર ઘેર ભીખ માગે છે.

ગોંધવવું સ. ક્રિ. જાનું રાખવું.

ગોંધવી ૧. સ્ત્રી. કોંકણ, કર્ણાટક અને દખ્ખણમાં રહેનારી એક જાત. તેનો ધંધો ધાર્મિક ગીતો ગાવાનો હોય છે.

૨. સ્ત્રી. ખાંધણ; ગાયકોડ.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

ગોંધવું ૧. સ. ક્રિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ન જવાય તેમ કરવું; કબજે કરવું; કેદ કરવું, બંધિયાર જગ્યામાં રોકી રાખવું.

૨. સ. ક્રિ. કોઈ પણ પ્રાણીનો જીવ રૂંધાય તેમ કરવું; મુસીબતમાં આણવું.

૩. સ ક્રિ. બાંધવું; અટકાવવું; રોકવું.

ગોંધળ ૧. પું. ગોટાળો; ધાંધલ.

૨. પું. સેળભેળ; ખીચડો.

૩. સ્ત્રી. ગૂંચવણ; મૂંઝવણ.

ગોંધાલમ ન. એક જાતનું હરતવજિત. તેના ઉપર તાર જડેલા હોય છે.

ગોંધાવું ૧. અ. ક્રિ. એક સ્થળેથી બીજે સ્થળે હરામ હરામ નહિ તેમ થવું; પુરાઈ રહેવું; રોકાવું; પુરાવું.

૨. અ. ક્રિ. જીવ રૂંધાય તેમ રહેવું; મુસીબતમાં આવી પડવું.

ગોંધિયારું ૧. ન. બોલકું; નાનું બંધારિયું ઘર.

૨. વિ. ગોંધાઈ મરાય એવું બંધિયાર.

ગોંફ [સં. ગુલ્ફ] પું. એડી; પગની નીચેની ગાંઠ.

ગોંબો પું. એક જાતનો ભીંડો. તે બધે તે વખતે વવાય છે અને પુષ્કળ થાય છે.

ગોંયજો પું. ચાળંદ; નાઈ; હજામ.

ગોંવર પું. (વૈદક) એક જાતનો પુટ. જમીન ઉપર અબ્રખનો અઢળો ચૂરો નાખી તેના ઉપર સરાવ ઢાંકણાદિ રાખી, ઉપર બાકીનો ગુવર એટલો ચૂરો નાખી ઢાંકીને ઉપર અગ્નિ આપવો તે.

ગોંસાઢ્યપક્ષ જુઓ ગોસાંઢપક્ષ

ગોંસાઈ જુઓ ગોસાંઈ.

ગોંસાઈજી જુઓ ગોસાંઈજી.

ગોંસાઈસ્થાન જુઓ ગોસાંઈસ્થાન.

ગોંસાવી જુઓ ગોસાવી.

ગૌ ૧. પું. જનાવર માણસ.

૨. પું. ગાઉ; કોસ.

૩. પું. ચંદ્ર.

૪. પું. ગુલોહ; લો.

૫. પું. (પુરાણ) વસ્વનો પુત્ર અને ગોનાયતિ.

૬. પું. સૂર્ય.

૭. પું. સૂર્યરશ્મિ.

૮. [સં. ગો] સ્ત્રી. ગાય; ધેનુ; ગૌમાતા.

૯. સ્ત્રી. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાંના પુલસ્ત્ય ઋષિની ઓ; સૂર્યવંશી નિરમિત્ર રાજાના પૌત્ર તૃણબિંદુ રાજર્ષિની કન્યા.

૧૦. સ્ત્રી. ભૂમિનાં ૪૩ માંહેનું એક નામ.

પ્રત્યેક જણમાં જમણ કરે છે માટે પૃથ્વીને ગૌ કહે છે. પૃથ્વી આકાશથી દૂર દૂર થાય છે, સૂર્યને પણ ગૌ કહે છે, કારણકે તે પોતે જમણ કરે છે અને તેથી સર્વ રસોમાં ગતિ ઉત્પન્ન થાય છે. ગૌ એટલે ચુલોક એને પણ ગૌ કહે છે, કારણકે એમાંના સર્વ ચળકતા ગોળ ફરે છે. સૂર્યરશ્મિ અને ચંદ્ર એમને પણ ગૌ કહે છે કારણકે તે પણ ફરે છે. તે ગતિમાન છે. સૂર્યને સ્વઃ એટલે સ્વર્ પણ કહે છે. ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકા

૧૧. સ્ત્રી. (પુરાણ) માનસ નામના પિતરની કન્યા.

૧૨. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની સ્ત્રી અને ગૃત્સી ઋષિની માતા

૧૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ક્ષત્રવૃદ્ધ રાજાની સ્ત્રી. જેનાં સરસ્વતી અથવા સન્નતિ એવાં બીજાં નામ હતાં.

૧૪. ન. અઢાર મહિનાનું એક મુખ્ય ધાન.

૧૫. વિ. ગામ જેનું; ગરીબ; દીન.

૧૬. વિ. નમ્ર; વિવેકી.

૧૭. વિ. ભોળું.

૧૮. વિ. રાજ્યે આપેલું; રક્ષણીય; રક્ષણ કરવા યોગ્ય

ગૌઆ સ્ત્રી. ગામ.

ગૌકર્ણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગૌકંટક ૧. પું. એક જાતનો છોડ; ગોકંટક. તે જમીન ઉપર પથરાયેલ હોય છે. તેનાં પાન ચણા કે આંબલીનાં પાન જેવાં ઝીણાં અને ફૂલ પીળાં હોય છે. ફળ જોતાં રવાઈવાં જેવાં પાંચ પાખાવાળાં થાય છે. તેના દરેક પાંખામાં કાંટા હોય છે.

૨. પું. ગોક્ષુર; એખરુ.

ગૌક્રોસ પું. ગાયનો અવાજ સંભળાય તેટલા અંતરનું જમીનનું માપ.

ગૌક્રીડા (ગૌક્રોડા) સ્ત્રી. પુષ્ટિ સંપ્રદાયના મંદિરોમાં સંધ્યાકાળે ભોગાનમાં ભગવાનને પધરાવી કરવામાં આવતી એક ક્રિયા.

ગૌક્ષુર જુઓ ગોકંટક.

ગૌખ ૧. [સિં.] પું. ઉખરો.

૨. પું. દરવાજા આગળનો ભાગ; રવેશ.

ગૌખરી [સિં.] સ્ત્રી. ગાયના ગળામાં પહેરાવેલ ઘૂઘરો.

ગૌગોદો પું. ગાયના ગોદામાંથી નીકળતો એક પદાર્થ; ગોરોચના.

ગૌગ્રાસ પું. જમતા પહેલાં ગાયને માટે જુદો રખેલો ભાગ; ગોગ્રાસ.

ગૌઘાટ ૧. પું. એ નામનો એક ઘાટ. તે પુષ્કરના કિનારા ઉપર છે.

૨ પું. ગાયોને પાણી પીવાની જગ્યા.

ગૌચના સ્ત્રી. ખડ તથા ચણાનું વાવેતર કરેલી જમીન.

ગૌચર ૧. [સં. ગોચર] ન. ગામને સીમાડે ગાયો અને ઢોરને ચરવા માટે અલગ રાખેલી જગ્યા.

૨. વિ. ઇંદ્રિયથી પહોંચાય તેવું.

ગૌચરભૂમિ [સં. ગોચરભૂમિ] સ્ત્રી. ગાયોને ચરવાની જગ્યા.

ગૌચરી ૧. સ્ત્રી. ગામોને ચરવાનો કર. તે જમીનદાર પોતાની પ્રજા પાસેથી લે છે અને તેના બદલામાં ગામો ચરાવવા માટે તે અમુક જમીન રાખે છે.

૨. સ્ત્રી. (જૈન) સાધુની ભિક્ષા. ચરવા માટે નીકળેલી ગાય જેમ એક જ સ્થળેથી સઘળો ચારો નથી ચરતી પણ થોડું થોડું કરીને અનેક સ્થળેથી ચરે છે અને ચારો સારો છે કે નરસો તે જોતી નથી; તેમ લોકસેવક, સંતપુરુષો કે ઋષિમુનિઓ પોતાના દેહનિર્વાહ માટે લેવામાં આવતા આહારનો ભાર એક જ કોઈ સ્થળ કે વ્યક્તિ ઉપર ન નાખતાં થોડું થોડું માગી નિર્વાહ કરે છે, તેમ જ દેનારની હોલત તરફ નજર ન કરતાં ભિક્ષા લે છે.

ગૌચંદન [સં. ગોચંદન] ન. ગાયના માથામાંથી નીકળતું ચંદન; ગોરોચના.

ગૌચારણ ૧. પું. ગાયોને ચરનાર માણસ; ગોવાળિયો

૨. પું. શ્રીકૃષ્ણ.

૩. ન. ગાયોને ચરવાની લીલા.

૪. વિ. ગાયો ચારનાર.

ગૌચારી વિ. ગાયોને ચારનાર.

ગૌચી સ્ત્રી. આડો.

ગૌછી ૧. સ્ત્રી. આડો.

૨. સ્ત્રી. ઘાસનું પૂળિયું.

ગૌઝ ૧. [ફા.] પું. અખરોટ.

૨. પું. ઘરણ.

ગૌઝબાન સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઝરમંજરી. તેનાં પાંદડાં ઓહી સુધારવા માટે ઔષધિ તરીકે અકસીર મનાય છે.

ગૌટિકા પું. ગામનો મુખ્ય અધિકારી.

ગૌઠાણ ન. ગૌસ્થાન; ગોંદરું; ગાયોને ઊભા રહેવાનું સ્થળ.

ગૌડ (ગૌડ) ૧. [સં.] પું. અગાઉનું માંડેનો એ નામનો એક દેશ; હાલના બંગાળથી માંડીને ભુવનેશ્વર સુધીનો પ્રદેશ

૨. પું. એ નામનો એક પર્વત. તેમાંથી નીકળતુ રપુ ગૌડિક કહેવાય છે.

૩. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૪૦ લઘુ મળી ૬૬ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. રજપૂત અને કાયસ્થ લોકોની એક જ્ઞાતિ

૫ પું. (સંગીત) સારંગ રાગનો એક પ્રકાર. તે ત્રીજે પહોરે ગવાય છે. સંગીત રત્નાકરમાં ટક્કરાજ રાજાથી ગૌડ રાગ ઉત્પન્ન થયાનું લખ્યું છે. કોઈ શ્રી રાગમાંથી તેની ઉત્પત્તિ માને છે.

૬. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રી રાગના ત્રણ પુત્રોનો એક પુત્ર. તેની જાતિ સંપૂર્ણ છે. મધ્યમ સિવાય સર્વ સ્વર તીવ્ર છે, ઋષભ, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાત સ્વર આવે છે. તેમાં ગ્રહસ્વર ષડજ તથા વંશમ છે. કોઈ ગંધાર પણ કોમળ લે છે. વાદી સ્વર પંચમ છે, ષડજ સ્વર સંવાદી છે. આ રાગ પન્યાસી, મલ્હાર અને ભિલાવલથી મિશ્ર છે

૭. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત. સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, ઉત્કલ અને મૈથિલ એમ પાંચ જાતના બ્રાહ્મણ છે.

૮. સ્ત્રી. હિંદુ લગ્નની એક વિધિ. તેમાં કન્યાને તેના નજીકનાં સગાં પૂજે છે.

૯. ન. એ નામની જાતનું માણસ

૧૦. વિ એ નામની જાતનું

૧૧. વિ ગૌડ દેશમાં રહેનાર; વિંધ્યાચળની ઉત્તરે રહેનાર.

૧૨. વિ. બંગાળને લગતું; ગૌડનું; બંગાળી.

૧૩. વિ. મધુર; મીઠું.

ગૌડકૃતિ (ગૌડકૃતિ) સ્ત્રી. એ નામની એક રાગિણી. આ રાગિણી સમયસારમાં આપેલ ગૌડકૃતિને મળતી આવે છે. ફક્ત ગૌડકૃતિની વ્યાપ્તિ તારમ સુધી છે અને ગૌડકૃતિની વ્યાપ્તિ તારમ સુધી છે.

ગૌડતાલ (ગૌડતાલ) પું. (સંગીત) એક ચતુસ્સન્નતિ ૨૪ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩ અને ૧૭ માત્રા ઉપર છે.

ગૌડનટ (ગૌડનટ) પું. (સંગીત) ગૌડ અને નટ રાગના યોગથી થતો એક સંકર રાગ.

ગૌડપર્વત (ગૌડપર્વત) પું. ગંગોત્રી પર્વતનું પ્રાચીન નામ.

ગૌડપાદ (ગૌડપાદ) પું સ્વામી શ્રી શંકરાચાર્યના ગુરુ જેમણે માંડૂક્યોપનિષદ ઉપર કારિકા લખી હતી અને સાથળ કારિકાનું ભાષ્ય પણ લખ્યું હતું.

ગૌડપાદાચાર્ય (ગૌડપાદાચાર્ય) જુઓ ગૌડપાદ.

ગૌડપાદીયકારિકા (ગૌડપાદીયકારિકા) જુઓ માંડૂક્યોપનિષદ ઉપર ગૌડપાદે લખેલ શ્લોકબદ્ધ ટીકારૂપ ચાર પ્રકરણ.

ગૌડપુર (ગૌડપુર) ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ગૌડબ્રહ્મક્ષત્રિયા (ગૌડબ્રહ્મક્ષત્રિય) પું.બ.વ. ઢોલ શરણાઈ સાથે અંગકસરતના જાહેર તમાશા કરી આજીવિકા ચલાવનાર મનુષ્યો.

ગૌડમંગાલ (ગૌડમંગલ) ૧. પું. એક પ્રાચીન પ્રદેશનું નામ, હાલના મધ્ય બંગાલની આસપાસનો પ્રદેશ.

૨. સ્ત્રી. યુક્તિ ભરેલી વાતચીત; એક વિષય અને બીજી મળતી વાત કરી મૂળ મુદ્દાને ઉડાડી દેવાની યુક્તિ.

ગૌડમંગાલી (ગૌડમાલી) પું. જાદુગર; જાદુમંત્ર જાણનારો માણસ; મારુડી; બાજીગર. ગૌડ અને બંગાળ એ દેશના લોકો જાદુઈ કળાને માટે વિખ્યાત મનાતા.

ગૌડમલ્હાર (ગૌડમલ્હાર) જુઓ ગૌડમલ્હાર.

ગૌડમલ્હાર (ગૌડમલ્હાર) જુઓ ગૌડમલ્હાર.

ગૌડમલ્હાર (ગૌડમલ્હાર) પું. (સંગીત) મલ્હાર રાગનો એક પ્રકાર; બમાન થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ; ગૌડ અને મલ્હારના યોગથી થતો એક સંકર રાગ. તેની જાતિ સંપૂર્ણ છે. એટલે બરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બે, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર કોમળ બે એ પ્રમાણે સાત સ્વર આવે છે. ગંધાર ગ્રહ સ્વર છે, કોમળ નિષાદ ન્યાસ છે. તેનું આરોહ અવરોહ સ્વરૂપ આ પ્રમાણે છે: સ, રિગરિ, મગરિ સ, રિપમપ, ધસ। ધપ, મપમગ રિરિ, મમ, પપ, મપ, ધસ ।ધપ, મપમગ, રિગરિમ, ગરિસ। તેનો વાદી અને સંવાદી સ્વર મ અને સ છે. ગાવાનો સમય વર્ષા ઋતુ છે.

ગૌડમલ્હારકુત (ગૌડમલ્હારકુત) પું. એ નામનો એક રાગ.

ગૌડવધકાવ્ય (ગૌડવધકાવ્ય) ન. વાક્પતિરાજે રચેલ એ નામનું કાવ્ય.

ગૌડવાસ્તુક (ગૌડવાસ્તુક) [સં.] જુઓ. એક જાતનું શાક; પત્રશાક.

ગૌડશ્યામ (ગૌડશ્યામ) પું. (સંગીત) શ્યામ રાગની બાર ભાંહેની એક જાતનો રાગ.

ગૌડસારસ્વત (ગૌડસારસ્વત) ૧. પું. એ નામની બ્રાહ્મણની એક જાત.

૨. ન એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગૌડસારંગ (ગૌડસારંગ) પું. (સંગીત) ગૌડ અને સારંગના મિશ્રણથી બનતો એ નામનો એક રાગ; સારંગની તેર જાત ભાંહેનો રાગ. આ રાગ ગાવાનો વખત બીજો પ્રહર છે. જાતિ સંપૂર્ણ એટલે બરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, નિષાદ તીવ્ર, કોમળ બંને પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર કોમળ બે એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર નિષાદ તીવ્ર છે. ન્યાસ સ્વર ગંધાર છે. ગ્રીષ્મ ઋતુમાં બપોર પહેલાં તે ગાવાનો સમય મનાય છે. ઋષભ વાદી અને મધ્યમ સંવાદી હોય છે અને તે વીર અને શાંત રસના વર્ણનમાં સામાન્ય રીતે વપરાય છે. તેમાં ક્વચિત્ ચાટના શુદ્ધ અને તીવ્ર મધ્યમ પ્રયોગ થાય છે. આ રાગનું સારંગ ગૌડ એવું પ્રાચીન નામ પ્રસિદ્ધ છે. તેમાં સર્વ શુદ્ધ સ્વર ઉપરાંત તીવ્ર મધ્યમ પણ છે. કેટલાક આ રાગનો વાદી સ્વર ગંધાર અને સંવાદી સ્વર નિષાદ માને છે.

ગૌડા (ગૌંડા) પું બ.વ. ઓરિસામાં પાલખી ઉપાડનારા એક જાતના લોક.

ગૌડિક (ગૌડિક) ૧. વ. ગૌડ દેશમાંથી નીકળતું એક જાતનું રૂપું

૨. [સં.] સ્ત્રી. રોટલી.

૩. વિ. ગોળનું; ગોળ સંબંધી.

ગૌડિનિ (ગૌડિનિ) પું (પુરાણ) એ નામના એક ઋષિ.

ગૌડિયા (ગૌડિયા) પું બ.વ. ગૌડ દેશના રહેવાસી.

ગૌડિયાસંપ્રદાય (ગૌડિયાસંપ્રદાય) પું. ચૈતન્ય મહાપ્રભુએ ચલાવેલો એક વૈષ્ણવ સંપ્રદાય.

ગૌડિયો (ગૌડિયો) પું. જાદુગર; બાજીગર; મારુડી; મદારી.

ગૌડી (ગૌડી) ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની કાવ્યની રીતિ. બધા સમાસવાળી, કર્કશ, અનિષ્ટ, શબ્દાડંબરી અને ઉદ્ધતપદથી વિરાજિત આ રચના હોય છે. જયદેવ કવિએ ગીતગોવિંદમાં અને દંડી કવિએ કાવ્યાદર્શમાં આ રીતિનો ઉપયોગ કર્યો છે. વૈદર્ભી, પાંચાલી અને ગૌડી એમ ત્રણપક્ષ સમજવાની ત્રણ રીતિ છે અને તે વિદર્ભ, પાંચાલ અને ગૌડ દેશના કવિઓને પ્રિય હોવાથી આ નામ પડેલાં મનાય છે.

૨. સ્ત્રી. ગૌડ દેશની સ્ત્રી.

૩. સ્ત્રી. મદિરા; ગોળમાંથી બનાવેલ દારૂ.

૪. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એ નામની એક રાગિણી. તે રાત્રે પહેલે પહોરે ગવાય છે. કેટલાક લોકો તેને કલ્યાણ રાગનો ભેદ માને છે. વીર અને કરુણ રસના વર્ણનમાં તેનો ઉપયોગ થાય છે.

ગૌડીય (ગૌડીય) વિ. ગૌડ દેશને લગતું.

ગૌડીયમાધ્વમત (ગૌડીયમાધ્વમત) પું મહાપ્રભુ ચૈતન્યે સ્થાપેલો એ નામનો સંપ્રદાય; ચૈતન્યમત. આ મતમાં હિંદુ મુસલમાનનો ભેદ રાખવામાં આવ્યો ન હતો. સ્ત્રીઓના અધિકાર તેમાં સાવચેતીપૂર્વક આપવામાં આવ્યા હતા.

ગૌડીયમાર્ગ (ગૌડીયમાર્ગ) પું. ચૈતન્ય મહાપ્રભુનો સંપ્રદાય.

ગૌડીવૃત્તિ જુઓ ગૌડી ૧.

ગૌડેશ્વર (ગૌડેશ્વર) પું. કૃષ્ણચૈતન્ય સ્વામી; ગૌરાંગપ્રભુ.

ગૌઢી સ્ત્રી. ખરિયાણ જમીન.

ગૌણ ૧. [સં.] વિ. અમુખ્ય; પ્રધાન ન હોય એવું.

૨. વિ. મુખ્યનિષ્પન્ન; મુખ્યથી બનેલું.

૩. વિ. ગુણ સંબંધી.

૪ વિ. બીજા નંબરનું; ઊતરતું.

૫. વિ. હલકું; નજીવું.

ગૌણઅધિકરણ ન. અધિકરણનો એક પ્રકાર. અભિવ્યાપકઅધિકરણ. તેના બે પ્રકાર છે: ઔપશ્લેષિક અને વૈષયિક.

ગૌણઅંગ ન. ઉપાંગ; નાનું અંગ.

ગૌણકર્મ [સં.] ન. (વ્યાકરણ) કર્મનો એક પ્રકાર. ધાતુ દ્વિકર્મક હોય ત્યારે એક પ્રધાન કર્મ અને બીજું હોય તે ગૌણ કર્મ.

ગૌણકાર્ય [સં.] ન. ઉપક્રિયા.

ગૌણગ્રહ પું. પ્રધાન નહિ તેવો ગ્રહ; ઊતરતા પ્રકારનો ગ્રહ.

ગૌણચાંદ્ર [સં.] પું. અંધારિયા પડવેથી શરૂ થઈ પૂનમ સુધીનો ચાંદ્રમાસ.

ગૌણતા [સં.] સ્ત્રી. અપ્રધાનપણું; ગૌણપણું.

ગૌણત્વ જુઓ ગૌણતા.

ગૌણધાતુ સ્ત્રી. મુખ્ય ધાતુના સંયોગથી પદાર્થવાળી વસ્તુ.

ગૌણપક્ષ પું. ઊતરતો પક્ષ; મુખ્ય નહિ પણ નછૂટકે લેવો પડે એવો પક્ષ.

ગૌણપત્રકારોદ્યોગ [સં.] પું. નોંધણી કામદાર; નોંધણી કર્મચારી.

ગૌણપાંડુરોગ [સં.] પું. લોહી ઝિણું પડી જવાનો એક રોગ; રક્તન્યૂનતા. આમ કરીને આ રોગ રક્તસ્રાવથી થાય છે. દાદરો તાવ, ઉપદંશ અથવા કાલા આજારથી રક્તાણુઓ નાશ પામે છે. તેને અંગે આ રોગ લાગુ પડે છે.

ગૌણપાંસળી સ્ત્રી. નાની પાંસળી.

ગૌણપ્રયોજન [સં.] ન. (વેદાંત) બીજાની મુખ્યને અધીન હોવાપણું.

ગૌણભસ્મ [સં.] સ્ત્રી વિવાહના અગ્નિથી ઉત્પન્ન થયેલી, સમિધના અગ્નિથી ઉત્પન્ન થયેલી કે દાવાનલથી ઉત્પન્ન થયેલી ભસ્મ.

ગૌણરેખા [સં.] સ્ત્રી. હાથમાં આવેલી નાની રેખા.

ગૌણસ્વામી પું. ચેટા માલિક.

ગૌણાક્ષ [સં.] સ્ત્રી. નાની ઘરી.

ગૌણાત્મા પું. (વેદાંત) સ્ત્રી, પુત્ર વગેરે.

ગૌણાનુચારી પું. (સંગીત) બાર સ્વર માહેનો એક સ્વર લઈ તેને વાદી કરી તેનાથી ચોથો આરોહમાં આવતો સ્વર.

ગૌણાર્થ [સં.] પું. લાક્ષણિક અર્થ.

ગૌણિક ૧. [સં] પું. ગુણ.

૨. વિ. ગુણ જાણનાર.

૩. સ્ત્રી. ગુણી.

૪. વિ. નાનું.

૫. સ્ત્રી. સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણવાળું.

ગૌણી ૧. [સ.] સ્ત્રી. લક્ષણાનો એક પ્રકાર. તેના બે ભેદ છે: સારોપા અને સાધ્યવસાના કે ઉપચારસહિતા અને ઉપચારરહિતા.

૨. વિ. ગૌણ; અપ્રધાન; સાધારણ.

ગૌણીવૃત્તિ ૧. સ્ત્રી. (વેદાંત) પદના શક્ય અર્થના સાદૃશ્ય રૂપથી અશક્ય અર્થના બોધના હેતુની વૃત્તિ. જેમકે, દેવદત્ત સિંહ છે એ વાક્યમાં સિંહનો અને દેવદત્ત નામે પુરુષનો અભેદ રૂપ થાય છે. તે સંભવતો નથી, માટે સિંહ પદની ગૌણીવૃત્તિથી શ્રોતા પુરુષને સિંહના જેવો દેવદત્ત છે એવો બોધ થાય છે. એમાં સિંહ પદનો શક્ય અર્થ જે મૃગરાજ નામે પશુ છે, તેનામાં રહેલા જે શૂરતા, ક્રૂરતા વગેરે ધર્મ છે, તે ધર્મ દેવદત્તમાં પણ છે, એ જ દેવદત્ત અને સિંહનું સાદૃશ્ય છે. એ સાદૃશ્ય વડે તે દેવદત્ત પુરુષનો બોધ સિંહ શબ્દની ગૌણીવૃત્તિથી થાય છે.

૨. સ્ત્રી. શબ્દનો લક્ષ્યાર્થ.

ગૌણીસાધ્યવસાના સ્ત્રી. લક્ષણાનો એક પ્રકાર; ગુણ નહિ જણાયા છતાં જણાઈ આવે તેવી લક્ષણા.

ગૌત [હિં.] પું. હિંદુસ્તાનની ઉત્તર તરફના પહાડી મુલકમાં થતી મજબૂત પહાડી જાતનો બોડો.

ગૌતન પું. ગામનો પુત્ર; નંદી.

ગૌતમ ૧. પું. અહલ્યાનો પુત્ર શતાનંદ.

૨. પું. ઉદ્ગાતૃ ઋત્વિજનું એ નામનું ગોત્ર.

૩. પું. એ નામનો એક ઋષિ. ઋગ્વેદના ચોથા મંડલનાં સૂક્તો તેણે રચ્યાં છે.

૪. પું. એ નામનો એક પર્વત. તે નાસિક પાસે છે અને તેમાંથી ગોદાવરી નદી નીકળે છે.

૫. પું. એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ ઋષિઓના પિતા.

૬. પું. (પુરાણ) કૃપાચાર્ય.

૭. પું. (પુરાણ) કૌશિક ઋષિનો એક શિષ્ય; રામની સભાના ધર્મશાસ્ત્રીઓમાનો એ નામનો એક.

૮. પું. ગૌતમ ઋષિના વંશનો માણસ.

૯. પું. ચાલુ મન્વંતરના સપ્તર્ષિ માહેનો એક.

૧૦. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામનો એક મત.

૧૧. પું. નચિકેતા, કેમો તે ગૌતમવંશી હતો.

ઘૃત જ્યાં નખાયેલું તાદશ બનતું જળ,
તેમ સહજવિદ પામે જ્ઞાને નિત્ય ગૌતમ!
એમ નિર્મળ પાણી નિર્મળ પાણીમાં નંખાતાં
તેવું જ નિર્મળ થઈ જાય છે એમ હે ગૌતમ
અર્થાત્ ગૌતમવંશી નચિકેતા! જ્ઞાનને ઝંખતા
મુનિનો આત્મા પણ હમેશને માટે તેનો જ
અર્થાત્ સદાને માટે જ્ઞાની જ થઈ જાય છે.

કઠોપનિષદ

૧૨. પું. ન્યાયશાસ્ત્રના એક આચાર્ય અને પ્રણેતા. તે ઈસુથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં થયા હતા. આ સમર્થ ઋષિનો જન્મ બ્રહ્મમાનસપુત્ર અંગિરા ઋષિના દીર્ઘતમાને ત્યાં ત્રેતાયુગના આરંભમાં હિમાલય પ્રદેશમાં થયો હતો. તે મહાન તેજસ્વી, તત્ત્વજ્ઞ અને તીવ્ર બુદ્ધિના હતા. ન્યાય, તર્ક, રસાયણ, પદાર્થ, પ્રમાકરણ અને તત્ત્વ વગેરેની શોધ તેમણે કરેલી છે. લાંબો કાળ તપશ્ચર્યા કરી તેમણે તપસમૃદ્ધિ મેળવી હતી. પોતાની પ્રબળ શક્તિથી સર્વમાં માન પામી સપ્તર્ષિના મંડલમાં તેમની નિમણૂક થઈ. તેને અહલ્યા નામે બ્રહ્મ તેજસ્વી અને રૂપસુંદર સ્ત્રી હતી. ઇંદ્ર વગેરે દેવો અહલ્યાને વરવા ઇચ્છતા હતા, પણ સ્વયંવરમાં તે ગૌતમને વરણી લાવ્યો ઇંદ્ર તેમના ઉપર દ્વેષ રાખતો. અહલ્યા મહા સતી હતી અને દંપતી વચ્ચે ગાઢ સ્નેહ હતો. ગૌતમને ત્યાં સાખી કોઈ ધર્મોપદેશ, ધર્મનીતિનાં સૂત્રો અને શ્લોકોમાં ઘણી સહાયતા આપી હતી. એક વાર ગૌતમની ગેરહાજરીનો લાભ લઈ ઇંદ્ર દ્વેષબુદ્ધિથી ગૌતમના વેશે કપટથી ઊતરવા આવ્યો અને સતીને પોતાના પ્રપંચ જાળમાં સપડાવવા લાગ્યો, તેટલામાં ઋષિ આવ્યા. તેમણે ઇંદ્રને ઓળખી લાવ આપ્યો વેથી ઇંદ્રના શરીરમાં સહસ્ર છિદ્ર પડ્યાં અને તે નપુંસક થયો. સતી ઇંદ્રના પ્રપંચને પારખી શકી નહિ તેથી તેને પણ ઋષિએ શાપ આપી દંડ્યારૂપ કરી. પત્નીવિયોગથી ઉદાસ થઈ તે હિમાલય તરફ ગયા ને પત્નીનો ઉદ્ધાર થતાં સુધી નિરંતર તપશ્ચર્યા જ કર્યા કરી. જ્યારે રામચંદ્રની કૃપાથી અહલ્યાનો ઉદ્ધાર થયો ત્યારે તેમને બહુ આનંદ પામ્યા હતા. ગૌતમનો આશ્રમ પ્રથમ પ્રયાગ પાસે હતો, પછી મિથિલાના અરણ્યમાં, પછી હિમાલયમાં ને પછી ચેદીને પામ્યા પછી વસ્ત્યાયનમાં આવી ત્યાં આશ્રમ બાંધી રહ્યા હતા. ત્યારથી એ આશ્રમ ગૌતમાશ્રમ નામથી પ્રસિદ્ધ છે. ત્યાં તેમણે લાંબો કાળ તપશ્ચર્યા કરી હતી. તેમની પાસે ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરતા હતા, તેમાં કનાયન અને નિપાણી એ બે મુખ્ય શિષ્ય હતા. ગૌતમ ઋષિને શતાનંદ નામે પુત્ર થયો, તે વિદેહવંશી જનકનો પુરોહિત થયો હતો. તે પુરાણોના નામથી પણ પ્રસિદ્ધ છે. એના પછી અંજની નામે પુત્રી થઈ, જે હનુમાનની માતા થાય. બીજો પુત્ર ચિરકારી નામનો હતો. તે ઋષિમંડળમાં પ્રસિદ્ધ થયેલ છે. પ્રત્યેક મન્વંતરના દ્વાપરયુગમાં પુરાણોના વક્તા વ્યાસો થયેલા છે. આજ સુધી ૨૮ વ્યાસ થયા, તેમાં ગૌતમ ૨૦મા વ્યાસ ગણાય છે. એણે રચેલી સ્મૃતિને ગૌતમ સ્મૃતિ કહે છે. તેમ જ ન્યાયશાસ્ત્રાર્હ થયો પણ તેમણે રચ્યા છે. ન્યાયશાસ્ત્રને ન્યાયદર્શન અથવા ગૌતમદર્શન પણ કહે છે. તે ન્યાયશાસ્ત્ર સર્વમાન્ય છે. ન્યાયસૂત્ર ઉપર વાત્સ્યાયનનું ભાષ્ય છે. તેના બીજા પણ ઘણા ગ્રંથો છે. આ મહાત્માના તપના પ્રભાવથી ગોદાવરી ગૌતમગંગા કહેવાય છે. ત્યાં ભારતના આસમાં સિંહના બૃહસ્પતિ આવે ત્યારે મોટી યાત્રા ભરાય છે. આ ઋષિએ નિમિ રાજાનો એક હજાર વર્ષનો યજ્ઞ કરાવ્યો હતો. ગૌતમાશ્રમમાં અહલ્યાહ્રદ નામનું તીર્થ છે. ગૌતમાશ્રમ પાસે આજે ત્રિલમાળ નામનું નગર છે. એ પ્રાચીન શ્રીમાળ નગર નામથી પ્રસિદ્ધ હતું. સઘળા શ્રીમાળી બ્રાહ્મણ, વાણિયા કે સોની એ શ્રીમાળ નગરના મૂળ વતની છે. પાછળથી ગૌતમ ઋષિને બ્રાહ્મણો વચ્ચે અંટસ પડવાથી તેમણે જૈન ધર્મ પ્રવર્તાવ્યો કહેવાય છે. ગૌતમ ઋષિને બ્રાહ્મણ માહાત્મ્ય સબંધી અત્રિની જોડે, નદીના માહાત્મ્ય સબંધી અંગિરસ સાથે અને માબાપના ઋણમાંથી કઈ રીતે છુટાય એ સંબંધી યમની સાથે સંવાદ થયો હતો. તે ઉત્તંક કે ઉદંક ઋષિના સસરા થાય એક વખત પંદર વર્ષ સુધી અનાવૃષ્ટિ થઈ. આથી દુકાળ પડતાં સંખ્યાબંધ બ્રાહ્મણો

મરવા લાગ્યાં. ભૂખથી પીડાતાં માણસો પશુઓને, બાળકોને અને મુડદાંઓને પણ ખાતાં. આ વખતે બ્રાહ્મણોએ વિચાર કર્યો કે, ગૌતમમુનિ મહાતપસ્વી છે, આપણને તે મદદ કરશે. વળી તેમના આશ્રમમાં સુકાળ છે એમ સંભળાય છે. આમ વિચાર કરીને બ્રાહ્મણો અગ્નિહોત્ર, કુટુંબ, ગાયો અને દાસદાસીઓને લઈ ગૌતમના આશ્રમમાં ગયા. આ બધા બ્રાહ્મણોને આવતા જોઈ ગૌતમે તેમોને પ્રણામ કર્યા અને તેમને આશ્રમ આપ્યું. ગૌતમે પછી સાવત્રીની પ્રાર્થના કરતાં સાવત્રી દેવીએ ગૌતમને પ્રત્યક્ષ દર્શન દઈને એક પૂર્ણપાત્ર આપ્યું. તે પાત્રમાંથી અન્ન, ખાંડ, વસ્ત્ર, યજ્ઞના સાધનરૂપ પદાર્થો વગેરે કામધેનુ વસ્તુઓ અને ગાયો, ભેંસો વગેરે પશુઓ પણ નીકળ્યાં. ગૌતમે બધા બ્રાહ્મણોને બોલાવી આ ભેટો આપ્યું. બ્રાહ્મણો ગૌતમના વખાણ કરવા લાગ્યા. આ પ્રમાણે ગૌતમે બાર વર્ષ સુધી બ્રાહ્મણોનું પાલન કર્યું. તેમણે જે સ્થળમાં સાવત્રીનું ઉત્તમ સ્થાન કર્યું હતું, ત્યાં જેટા જેટા બ્રાહ્મણો પુરશ્ચરણો કરતા. સાવત્રી દેવી પણ ત્યાં સવારે બ્રાહ્મણ, બપોરે યુવાન અને સાંજકાળે વૃદ્ધારૂપે દર્શન આપતાં. એક વખતે ઇંદ્રે સ્વર્ગમાં મુનિઓના ગોષ્ઠિ સંબંધી વાતો કરતાં ગૌતમની સર્વોત્તમ કીર્તિ ગાઈ. તે સાંભળી નારદ ગૌતમ ઋષિના આશ્રમે તેમનાં દર્શન કરવા આવ્યા અને ઇંદ્રે કરેલી પ્રશંસા પણ સંભળાવી. પછી આશ્રમ જોઈ સાવત્રીનાં દર્શન કરી ત્યાંથી વિદાય થયા. આશ્રમમાં રહેલા બ્રાહ્મણોએ ગૌતમની કીર્તિ સાંભળી. આથી તેમને દ્વેષ આવ્યો અને તેમણે વિચાર કર્યો કે, દુકાળ મટે અને સુભિક્ષ થાય ત્યારે આપણે ગૌતમની કીર્તિ સર્વથા ન રહે તેમ કરવું. આમ કરીને વૃષ્ટિ થઈ અને સઘળા દેશોમાં સુભિક્ષ થયો. એ વખતે બ્રાહ્મણોએ એક મરડી અને તરત મરી જાય એવી ગાય બનાવી. ગૌતમ મુનિ જપ કરતા હતા તે વખતે ગાય અગ્નિશાળામાં જતાં ગૌતમે હું હું એમ કહી એને અટકાવી. પેલી ગાય ત્યાં જ પડી મરી ગઈ. બ્રાહ્મણોએ કોલાહલ મચાવ્યો કે ગૌતમે ગાય મારી. ગૌતમે મંત્ર કરી રક્ષા પછી નેત્ર મીંચીને જોતાં બ્રાહ્મણોનું આ સઘળું કપટ જણ્યું. તેમને બહુ ગુસ્સો આવ્યો અને બ્રાહ્મણોને શાપ આપ્યો. આ શાપથી બ્રાહ્મણો પોતાની વિદ્યા ભૂલી ગયા અને અધમ સ્થિતિમાં આવી પડ્યા. તેમણે ગૌતમને કરગરી ભારે ક્ષમા માગવા લાગ્યા. ગૌતમે તેમને સાવત્રી દેવીનું સેવન કરવાનું કહ્યું. વળી તેમણે શાપનો અનુગ્રહ કર્યો કે, કલિયુગમાં તમે નરકમાંથી નીકળી પુનર્જન્મ લેશો. શિવપુરાણ પ્રમાણે ગૌતમના આશ્રમમાં રહેતા બ્રાહ્મણોએ અહલ્યાપતિને પ્રસન્ન કરી તેમની પાસે વરદાન માગ્યું કે, તમે ગાય બની ગૌતમને માથે ચોહત્યા દોષ આવે તેમ મરી જાઓ. પછી જ્ઞાનાગ્નિ કર્યા બાદ વસ્ત્રને બંધાયેલા અહલ્યાપતિ ગાય બન્યા અને ગૌતમે બ્રાહ્મણોને અવરાવ્યા જ્વ, નીવાર વગેરે પવિત્ર ધાન્ય વાવ્યાં હતાં ત્યાં પેઠા. ગૌતમ સંધ્યા કરતા હતા. તેમણે ધાસના તણખલાથી ગાય હાંકતાં ગાય પડીને મરી ગઈ. કૃતઘ્ની બ્રાહ્મણોએ ગૌતમને અપવિત્ર ઠેરવી આશ્રમમાંથી જતા રહેવાનું કહ્યું. છેવટે શિવે દર્શન આપી ગૌતમ પવિત્ર છે એમ કહ્યું.

૧૩. પું. ભરદ્વાજ ઋષિ.
૧૪. પું. ભૂમિહારોનો એક ભેદ.
૧૫. પું. મહાવીર સ્વામીનો મુખ્ય શિષ્ય.
૧૬. પું. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં ઋત્વિજનું કામ કરનાર સોળ બ્રાહ્મણો એક ઋષિ.
૧૭. પું. વિવિધ જગાએ ફરનારી તેની મારફત ભિક્ષા ઉઘરાવનાર ભિક્ષુક.
૧૮. પું. સિંધુવાંક ૯ અને ઉત્તર ક્રાંતિવૃ ૧૬માં આવેલો એ નામનો એક તારો.
૧૯. પું. જાદવ વંશો એ નામનો એક રાજકુમાર; જૈન ધર્મનો સ્થાપક રાજકુમાર સિદ્ધાર્થ. તેમનો સમય ઈ. સ. પૂર્વે ૫૬૦થી ૪૮૦ ગણાય છે. તેમના રાજ્યની રાજધાની કપિલવસ્તુ ગ્રામોથી ૧૦૦ માઈલ દૂર હિમાલય પહાડમાં આવેલ છે. કિશોરાવસ્થાનાં અને યુવાવસ્થાનાં તેમનાં કાર્યો અને ભક્તિની અનેક કથાઓ પ્રચલિત છે. ૨૯ વર્ષની ઉમરે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારબાદ તેમણે ધર્મમય જીવન ગાળ્યું. પોતાને ત્યાં પુત્રજન્મ થયા પછી બીજા સમય બાદ પોતાની સ્ત્રી તથા બાળકને મૂકીને ગયા, રાજપાટ અને સુખવિલાસ ત્યારે આપણે ગૌતમની કીર્તિ સર્વથા ન રહે તેમ કરવું. આમ કરીને વૃષ્ટિ થઈ અને સઘળા દેશોમાં સુભિક્ષ થયો. એ વખતે બ્રાહ્મણોએ એક મરડી અને તરત મરી જાય એવી ગાય બનાવી. ગૌતમ મુનિ જપ કરતા હતા તે વખતે ગાય અગ્નિશાળામાં જતાં ગૌતમે હું હું એમ કહી એને અટકાવી. પેલી ગાય ત્યાં જ પડી મરી ગઈ. બ્રાહ્મણોએ કોલાહલ મચાવ્યો કે ગૌતમે ગાય મારી. ગૌતમે મંત્ર કરી રક્ષા પછી નેત્ર મીંચીને જોતાં બ્રાહ્મણોનું આ સઘળું કપટ જણ્યું. તેમને બહુ ગુસ્સો આવ્યો અને બ્રાહ્મણોને શાપ આપ્યો. આ શાપથી બ્રાહ્મણો પોતાની વિદ્યા ભૂલી ગયા અને અધમ સ્થિતિમાં આવી પડ્યા. તેમણે ગૌતમને કરગરી ભારે ક્ષમા માગવા લાગ્યા. ગૌતમે તેમને સાવત્રી દેવીનું સેવન કરવાનું કહ્યું. વળી તેમણે શાપનો અનુગ્રહ કર્યો કે, કલિયુગમાં તમે નરકમાંથી નીકળી પુનર્જન્મ લેશો. શિવપુરાણ પ્રમાણે ગૌતમના આશ્રમમાં રહેતા બ્રાહ્મણોએ અહલ્યાપતિને પ્રસન્ન કરી તેમની પાસે વરદાન માગ્યું કે, તમે ગાય બની ગૌતમને માથે ચોહત્યા દોષ આવે તેમ મરી જાઓ. પછી જ્ઞાનાગ્નિ કર્યા બાદ વસ્ત્રને બંધાયેલા અહલ્યાપતિ ગાય બન્યા અને ગૌતમે બ્રાહ્મણોને અવરાવ્યા જવ, નીવાર વગેરે પવિત્ર ધાન્ય વાવ્યાં હતાં ત્યાં પેઠા. ગૌતમ સંધ્યા કરતા હતા. તેમણે ઘાસના તણખલાથી ગાય હાંકતાં ગાય પડીને મરી ગઈ. કૃતઘ્ની બ્રાહ્મણોએ ગૌતમને અપવિત્ર ઠેરવી આશ્રમમાંથી જતા રહેવાનું કહ્યું. છેવટે શિવે દર્શન આપી ગૌતમ પવિત્ર છે એમ કહ્યું.

૨૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.
૨૨. ન. આયાસ્ય ગોત્રનું એ નામનું એક પ્રવર.
૨૩. ન. એ નામની અટકનું માણસ.
૨૪. ન. ગૌતમના કુળમાં પેઢ થયેલ માણસ.
૨૫. ન. ભારદ્વાજ ગોત્રનું એ નામનું એક પ્રવર.
૨૬. વિ. એ નામની અટકનું.

ગૌતમદ્વાર [સં.] ન. પાટલિપુત્રનું એ નામનું એક પ્રવેશદ્વાર.

ગૌતમદ્વીપ [સં.] પું. લવણ સમુદ્રમાં આવેલો એ નામનો એક બેટ.

ગૌતમપર્ણ [સં.] પું. સામવેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

ગૌતમરાહુગણ [સં.] પું. એક વૈદિક ઋષિ, તેણે કુલ ૨૦૪ ઋચાવાળાં બીજ સૂક્ત રચ્યાં છે.

ગૌતમરાજેન્દ્ર [સં.] ન. ન્યાયરાજ.

ગૌતમસ્મૃતિ [સં.] સ્ત્રી. બીજ મહિનો ગૌતમઋષિએ બનાવેલી એ નામની એક સ્મૃતિ.

ગૌતમસ્વામી પું. મહાવીર સ્વામીનો એ નામનો મુખ્ય શિષ્ય.

ગૌતમાશ્રમ ૧. [સં.] પું. ગોદાવરીના મૂળ પાસે ત્र્યંબકમાં આવેલ એ નામનો આશ્રમ. રામાયણમાં ગૌતમ ઋષિનો આશ્રમ જનકપુરની પાસે આવ્યાનું કહેવામાં આવેલ છે.

૨. પું. તિરહુતમાં જનકપુરથી નૈર્ઋતમાં ગોવીસ માઈલ ઉપર અહિયારી ગામમાં આવેલ એક આશ્રમ; અહલ્યાસ્થાન.

૩. પું. સરયૂને કિનારે ગોંડામાં આવેલ એ નામનો એક આશ્રમ.

ગૌતમાંગિરસ [સં.] સ્ત્રી. અંગિરસના વંશની સાત માંહેની એક મુખ્ય શાખા.

ગૌતમી ૧. પું. અશ્વત્થામા.

૨. પું. ગરુડની સભામાંનો એ નામનો એક દેવતા.

૩. સ્ત્રી. એ નામની એક રાક્ષસી.

૪. સ્ત્રી. એ નામની સુતારની અટક.

૫. સ્ત્રી. એક પવિત્ર પરમાર્થી વૃદ્ધ બ્રાહ્મણની એ નામની સ્ત્રી.

૬. સ્ત્રી. કશ્યપ ઋષિની એ નામની બહેન.

૭. સ્ત્રી. કૃપાચાર્યની સ્ત્રી. તે પ્રસિદ્ધ તપસ્વિની હતી.

૮. સ્ત્રી. ગોદાવરી નદી. તે ગૌતમ નામના પર્વતમાંથી નીકળે છે.

૯. સ્ત્રી. ગોદાવરીની ઉત્તર તરફની શાખાનું નામ; ગોદાવરી નદીનો એક ફાંટો. તે ત્र્યંબકના બ્રહ્મતટને મળે છે. આ નદીનું નામ ગૌતમ ઋષિ ઉપરથી પડ્યું છે. ગૌતમ ઋષિએ પોતાની પત્નીને ઉદ્ધાર કર્યો અહલ્યા શુદ્ધ નહીં જતી બ્રહ્મનો શાપ આપ્યો. તેણીએ કૃપા માટે યાચના કરતાં ઋષિએ જણાવ્યું કે જો તેણી ગોદાવરી નદીને મળશે તો પ્રથમનું સ્વરૂપ પુનઃ પ્રાપ્ત કરશે.

૧૦. સ્ત્રી. ગોરોચનાનું ગોચંદન.

૧૧. સ્ત્રી. ગૌતમ ઋષિની બનાવેલી સ્મૃતિ.
૧૨. સ્ત્રી. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યા.
૧૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ.
૧૪. સ્ત્રી. દ્રોણાચાર્યની સ્ત્રી; કૃપી.
૧૫. સ્ત્રી. પાર્વતી.
૧૬. સ્ત્રી. શાકટાયન મુનિએ બનાવેલ વિદ્યા.
૧૭. ન. ઉદ્યારન ગોત્રનું એ નામનું એક પ્રવર.
૧૮. ન. એ નામની અટકનું માણસ.
૧૯. વિ. એ નામની અટકનું.

ગૌતમીગંગા [સં.] સ્ત્રી. ગોદાવરી નદીની ઉત્તર તરફની શાખાનું નામ. તેને કાંઠે ગૌતમ ઋષિએ તપ કરેલ હોવાથી તેને ગૌતમીગંગા કહે છે. માં ભારતમાં સિંહના પૃષ્ઠપતિ આવે ત્યારે સ્નાન કરવા લાખો માણસોની યાત્રા ભરાય છે.

ગૌતમીય [સં.] વિ. ગૌતમે બનાવેલ.

ગૌતમીસ્મૃતિ [સં.] સ્ત્રી. અઢાર સ્મૃતિમાં એ નામની એક સ્મૃતિ.

ગૌતમેશ પું.; ન. શિવનાં બાર જ્યોતિર્લિંગમાં એક જ્યોતિર્લિંગ.

ગૌતરાત્ર [સં. ગૌ (ગાય) + ત્રિ (ત્રણ) + રાત્રિ] પું. ત્રણ રાત પાળવાનું ગાયનું એક વ્રત. ભાદરવા સુદિ ૧૩થી ૧૫ સુધીમાં કોઈએ આ વ્રત કરે છે.

ગૌતિકમાત્રા સ્ત્રી. સંગીતની એ નામની એક માત્રા.

ગૌત્રાદ જુઓ ગૌતરાદ.

ગૌત્રાદવ્રત જુઓ ગૌતરાદ.

ગૌત્રિયા સ્ત્રી. ગાય.

ગૌદંતેય [સં.] વિ. ગોદંત નામે ઋષિ સંબંધી.

ગૌદાન [સં.] ન. ગાયનું દાન; ધર્માદામાં ગાય આપવી તે.

ગૌદાનિક [સં.] વિ. કેવાંત સંસારમાં કરવામાં આવતું.

ગૌદો [ફા.] પું. મૂર્ખ.

ગૌધન ન. ગાયનું ધણ; ગાયનું ટોળું.

ગૌધન ૧. [સં.] ન. ગાયો રૂપી ખિલકત.
૨. વિ. ઇંદ્રિયોથી સુખી હોય એવું.

ગૌધામ ન. ગાયોને રહેવાનું સ્થળ.

ગૌધાર [સં.] પું. કાળો સર્પ અને સ્ત્રીઓથી ઉત્પન્ન થયેલ એક જાતનું પ્રાણી; ગોધિકાપુત્ર.

ગૌધૂમીન [સં] ન. ઘઉં જેમાં પાકી હોય તેવું ખેતર.

ગૌધેય જુઓ ગૌધાર.

ગૌધેર જુઓ ગૌધાર.

ગૌન ૧. [હિં.] પું. ખાસ બાંધવામાં આવે એવી બાંધણીની જગા.
૨. વિ. ગૌણ; સાધારણ.

ગૌનહાર [હિં.] સ્ત્રી. કન્યા સાથે સાસરે જતી સ્ત્રી.

ગૌના [સં. ગમન (જવું તે)] સ્ત્રી. (હિંદી) સગપણ કરેલી દીકરીને સાસરે વળાવવાપણું.

ગૌપતા [સં.] ન. ગોવાળપણું; ગાયોનું માલિકપણું.

ગૌપદ [સં.] ન. ગાયનું પગલું.

ગૌપદવજ્જસંસાર પું. ગાયથી જન્મેલા વાછરડાના પગની ખરીથી જમીનમાં પડેલ ખાડા જેટલું પાણી સમાય તેની બરાબર તુચ્છ સંસાર.

ગૌપાયન ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. વિ. ગોપના વંશનું. તેમાં ખાસ કરીને ચાર વિદ્વાન ઋષિ થઈ ગયા. તેમાંનો એક મુખેથી મરી ગયા પછી ફરી ચાર જીવતો થયો-કહેતો.

ગૌપાલન [સં.] ન. ગાયો પાળવી તે.

ગૌપિક [સં.] પું. ગોવાળનો દીકરો.

ગૌપુચ્છ ૧. [સં.] ન. ગાયનું પૂછડું.
૨. વિ. ગાય કે બળદના પૂછડા જેવું.

ગૌપુચ્છિક ૧. [સં.] વિ. ગાય કે બળદના પૂછડાથી તરનાર.
૨. વિ. ગાયના પૂછડાં સંબંધી.

ગૌપુત્રી [સં.] સ્ત્રી. ગાભણી.

ગૌમિક ૧. પું. ગોટવાળ.
૨. વિ. રક્ષક; રક્ષણ કરનાર.

ગૌષ્મ પું. અષાઢ મહિનો એક રેલ.

ગૌપ્રતિપાલક [સં.] વિ. ગાયોનું પાલન કરનાર.

ગૌબ્રાહ્મણ [સં.] પું. ગાય અને બ્રાહ્મણ.

ગૌબ્રાહ્મણપ્રતિપાલ ૧. [સં.] પું. રાજા; હકૂમતનો બ્રાહ્મણના વળતનો એક ઇલકાબ.
૨. વિ. ગાયો અને બ્રાહ્મણોનું પાલન કરનાર.

ગૌબ્રાહ્મણપ્રતિપાળ જુઓ ગૌબ્રાહ્મણપ્રતિપાલ.

ગૌભિલ પું. એ નામનો એક ઋષિ.

ગૌમઉંજ ન. (જરમોસ્તી) ગાયનું મૂત્ર.

ગૌમયિક [સં.] વિ. ગાયના છાણથી બનેલ.

ગૌમંડલ [સં.] ન. ગાયનો સમૂહ.

ગૌમંડળ જુઓ ગૌમંડલ.

ગૌમાતા સ્ત્રી. ગાય.

ગૌમાર પું. સિંહ.

ગૌમુખ ૧. સ્ત્રી. ગૌમુખી; ગાયના મોઢાના આકારની માળા ફેરવવાની કોથળી.
૨. ન. ગાયના મોંનો આકાર.
૩. [સં.] ન. ગાયનું મોઢું.
૪. વિ. મોં ઉપરથી ગરીબ દેખાતું.

ગૌમુખવ્યાઘ્ર [સં.] પું. મુખમાં રામ પણ બગલમાં છરી હોય એવો માણસ; કપટી માણસ; જેને મળે પણ હૃદયમાં ઠગાઠગ કે દોષ હોય તેવો માણસ; ભયંકર માણસ.

ગૌમુખાસન [સં.] ન. યોગનું એ નામનું આસન. તે કરવાની રીત: જમણા ઢીંચણ ઉપર ડાબું ઢીંચણ રાખીને બેસવું ને ડાબા હાથને બરડાની પાછળ લાવી જવું, ઊંચો કરી, જમણો હાથ માથાને પાછળ કાન પાસે કોણી રહે એમ ઊંચો રાખી, તે હાથે કોણીની નીચેનો ભાગ નીચો નમાવી પકડવો.

ગૌમુખિયું જુઓ ગૌમુખું.

ગૌમુખી ૧. સ્ત્રી. ગાયના મોઢાના આકારની માળા ફેરવવાની કોથળી; ગોમુખી.
૨. સ્ત્રી. નાગરી પૂજાવિધિ.
૩. ન. એ નામનું એક સ્થળ. આ સ્થળ ગંગોત્રીથી બે માઈલ દૂર આવેલ છે. એ મોટા ખડકરૂપે હોઈ હિંદુઓ એને ગોમુખ કહે છે, બરફને એનો આકાર ગાયના પેટ અને મુખને મળતો આવે છે.
૪. વિ. ગાયના મોઢાવાળું.

ગૌમુખીગંગા સ્ત્રી. ખપ્પરમાંથી કોરેલ ગાયના મુખમાંથી નીકળતા પાણીનો પ્રવાહ. ગિરનાર ઉપર ગૌમુખીગંગા છે. ત્યાં ગાયના મુખમાંથી પાણી નીકળ્યા કરતું જોવામાં આવે છે.

ગૌમુખું ૧. વિ. ગાયના મોઢાવાળું.
૨. વિ. રાંક; ગરીબ.
ગૌમુખો વાઘ = (૧) ઉપરથી ગરીબ દેખાતું પણ અંદરથી વાઘ જેવું ક્રૂર. (૨) દેખીતું ગાયના મોં જેવું; દીન મુખવાળું.
૩. વિ. શરમાળ.

ગૌમૂત્ર [સં.] ન. ગાયનું મૂત્ર. તે પવિત્ર મનાય છે. તેની અંદર ક્ષારનો ભાગ રહેલ છે અને તેથી તે મૂત્રલ તથા સારક તરીકે વપરાય છે. શરીરે ચોળ આવતી હોય ત્યારે ગૌમૂત્રથી સ્નાન કરવામાં આવે છે.

ગૌમૂત્રપ્રાશન [સં.] ન. (વૈદક) ઔષધ તરીકે ગૌમૂત્ર પીવું તે.

ગૌમેદ ૧. ન. ગાયનું માંસ
૨. વિ. ગાયની માટી બરબર; હરામ; અભાવ.

ગૌમેદ [સં.] પું. એક પ્રકારનું રત્ન. તે ગોમૂત્રના રંગનું હોય છે.

ગૌમેધ ૧. [સં.] પું. એ નામનો એક યજ્ઞ.
૨. જ્યો. ગાયોનું બલિદાન.

ગૌમેધક ન. એક પ્રકારનું કવેરાત.

ગૌમોદક ન. એ નામનું એક કવેરાત.

ગૌર ૧. [સં.] પું. એક જાતનો મૃગ. તેની ખરીમાં ફાટ હોતી નથી.
૨. પું. એક પર્વત. તે ભાગવત પુરાણ અનુસાર કૈલાસની ઉત્તરમાં છે.
૩. પું. કપૂર.
૪. પું. કેસર.
૫. [બં.] પું. બંગાલ.
૬. પું. ચંદ્ર
૭. પું. ચિંતન; વિચાર.
૮. પું. ચૈતન્ય મહાપ્રભુનું એક નામ.
૯. પું. ધોળા સરસવ; સફેદ સરસવ.
૧૦. પું. ધોળો રંગ; સફેદ રંગ.
૧૧. [ઇ.] પું. નાસ્તિક માણસ.
૧૨. પું. પીળો રંગ.
૧૩. પું. (પુરાણ) મત્સ્ય પુરાણ પ્રમાણે મોરી એટલે અદિતિનો કશ્યપનો પુત્ર. તે વેદ ભણનાર અને સોમ પીનાર બાળક જેવો પંક્તિપાવન ગણાય છે.
૧૪. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.
૧૫. પું. લાલ રંગ.
૧૬. સ્ત્રી. પાર્વતી.
૧૭. સ્ત્રી. સાઠી ચોખા.
૧૮. સ્ત્રી. હિંદુ લગ્નની એક વિધિ. તેમાં કન્યાને તેનાં નણંદનાં સગાં પૂજે છે.
૧૯. ન. એક જાતનું માપ.
૨૦. ન. કમળ.
૨૧. ન. સોનું.
૨૨. વિ. ગોરું; સફેદ; ધોળું; ઉજ્જ્વળ.
૨૩. વિ. પીળું; હોકું.
૨૪. વિ. લાલ રંગનું.
૨૫. વિ. શુદ્ધ.
૨૬. વિ. સુંદર.

ગૌરક ૧ પું. ગૌર દેશનો વતની.
૨. ન. એ નામે એક જાતનું પ્રાણી

ગૌરક્ષણ [સં.] ન. ગાયોનું રક્ષણ; ગૌરક્ષા.

ગૌરક્ષા [સં.] સ્ત્રી. ગાયની રક્ષા; ગાયોનું રખવાળું; ગાયોનું પાલનપોષણ.

ગૌરક્ષામંડળી સ્ત્રી ગાયોની રક્ષા કરનાર મંડળ.

ગૌરક્ષ્ય [સં.] ન. ગાયનું રક્ષણ કરવારૂપ એક વૈશ્ય કર્મ; પશુપાલન કર્મ.

ગૌરખર પું. એક જાતનો ગધેડો.

ગૌરગ્રીવ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.
૩. વિ. એ નામના દેશમાં રહેનાર.

ગૌરચંદ્ર ૧. [સં.] પું. કૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુ.
૨. પું. સફેદ ચંદ.

ગૌરજ [સં.] સ્ત્રી. ગાયોથી ઊડતી રજ.

ગૌરજિન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરજીરક [સં.] ન. ધોળું જીરું.

ગૌરતા [સં.] સ્ત્રી. ગોરાપણું; સફેદાઈ.

ગૌરથ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરપરાશર પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેના કુળમાં કાંડુપ, વાહનપ, હોત્રપ, ભૌમતાપન અને ગોપાલિ નામના પ્રખ્યાત ઋષિ થઈ ગયા.

ગૌરપૃષ્ઠ [સં.] પું. (પુરાણ) એ નામનો યમની સભામાંનો એક ક્ષત્રિય.

ગૌરપ્રભ પું. (પુરાણ) સુમાલવંને પીનરીથી થયેલા પાંચ ભાઈનો એ નામનો એક પુત્ર.

ગૌરભલ્લાર પું. એ નામનો એક રાગ.

ગૌરમંડળ પું. બંગાળમાં વસતો એક ઊંચી જાતનો બ્રાહ્મણ.

ગૌરમુખ [સં.] પું. (પુરાણ) ક્રતીક ઋષિનો એ નામનો શિષ્ય. તેણે ગુરુની આજ્ઞાથી પરીક્ષિતને સાં ભણીને તેના મરણની ખબર કરી હતી.

ગૌરમૃગ ૧. [સં.] પું. એક જાતનો ધોળો મૃગ.
૨. ન. સફેદ કપડાના ચામડાનું બનાવેલું વસ્ત્ર.

ગૌરવ ૧. પું. ઉત્કર્ષ; મહત્તા.
૨. પું. (ન્યાય) એક પ્રકારનો દોષ. બુદ્ધિ બધા નિયમોને અને ભાષાની એક નિયમ નીચે લાવવા મથે છે. આ ઉપરથી એમ કલ્પિત થાય કે જ્યાં એક વસ્તુનો તર્ક કરવાથી ચાલતું હોય ત્યાં એનો ન કરવો અને જ્યાં સરલ પદ્ધતિથી ખુલાસો થતો હોય ત્યાં વધારે અટપટી પદ્ધતિથી ન કરવો. આ નિયમનો ભંગ કરવો એ ગૌરવદોષ કહેવાય છે.
૩. ન. ગમત.
૪. ન. અભિમાન; ગર્વ.
૫. [સં.] ન. આદર; સન્માન.
૬. ન. આગ્રહ; ઇચ્છા.
૭. ન. આસક્તિ; લાગણી.
૮. ન. ગમન; ગતિ
૯. ન. ગુરુપણું, ગુરુનું કર્મ.
૧૦. ન. ઘણો અર્થ સમાયેલો હોય તેવું કાવ્ય.
૧૧. ન. ચક્ષુ; વજ.
૧૨. ન. ભક્તિ.
૧૩. ન. મહત્તા; મોટાઈ; પ્રતિષ્ઠા; મોભો.
૧૪. ન. લાલિત્ય; છટા.
૧૫. ન. વજન; ભાર.
૧૬. ન. શોભા; ઝાકઝમાળ.
૧૭. ન. સાંકૃત્યન ગોત્રનું એ નામનું એક પ્રવર.
૧૮. વિ. ગુરુ સંબંધી.

ગૌરવકાર [સં.] ન. મોટાઈ; મહત્તા.

ગૌરવકૃત [સં.] ન. સુંદર મોટું.

ગૌરવગાન [સં.] ન. વસ્તુની મહત્તા અથવા ઉપયોગિતાનું પ્રમાણ કરાવવું તે. તે નકી કરવામાં વસ્તુનો ખપ, તેના વેપારનું પ્રમાણ, સરવૈયાનું પ્રમાણ અને તેની ઉપયોગિતા ધ્યાનમાં લેવાય છે.

ગૌરવપૂર્ણ [સં.] વિ. ગૌરવથી ભરેલું.

ગૌરવપ્રદ [સં.] વિ. ગૌરવ આપનારું.

ગૌરવર્ણ ૧. [સં.] પું. ઊજળો રંગ; સફેદ વર્ણ.
૨. વિ. ગોરા રંગનું; ઊજળા વાનવાળું.

ગૌરવલ્લી [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ગૌરવવંતું વિ. ગૌરવવાળું

ગૌરવવાન જુઓ ગૌરવવંતું.

ગૌરવશાલી [સં. ગૌરવશાલિન્] વિ. ગૌરવવાળું.

ગૌરવશાળી જુઓ ગૌરવશાલી.

ગૌરવશીલ [સં.] વિ. પ્રભાવશાળી; ગૌરવ ભરેલું.

ગૌરવહાનિ [સં.] સ્ત્રી. ગૌરવમાં નુકસાન; માનહાનિ.

ગૌરવાન્વિત [સં.] વિ. ગૌરવવાળું; પ્રતિષ્ઠિત.

ગૌરવાહ્વ [સં.] પું (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

ગૌરવાંકિત [સં.] વિ. ગૌરવથી અંકાયેલું.

ગૌરવિત ૧. વિ. ગર્વિષ્ઠ; ગર્વવાળું.
૨. [સં.] વિ. પૂજ્ય; માનનીય.

ગૌરવી વિ. સ્ત્રી. ગૌરવવાળી.

ગૌરવીતિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરશાલિ [સં.] ન. એક પ્રકારનું શાલિ ધાન્ય.

ગૌરશિરા પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ગૌરશી સ્ત્રી. પરીક્ષા; ચિકિત્સા.

ગૌરસ ન. છાશ.

ગૌરસર્ષપ ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.
૨. પું. બધુ સરસવનુ એક ઝાપ.
૩. પું. સફેદ સરસવ.

ગૌરસુવર્ણ ૧. [સં.] ન. એક જાતની વનસ્પતિ. તે ચિત્રકૂટમાં બીનાશવાળી જગ્યાએ બહુ થાય છે. તેનાં પાંદડાં નાનાં અને સોનેરી રંગનાં હોય. તેના નાના નાના ટપકા થર્ જાય છે અને તેમાંથી બહુ સરસ સુગંધી નીકળે છે. તે ત્રિદોષ તાવ તથા પાક દૂર કરનાર મનાય છે.
૨. ન. પીળું સોનુ.

ગૌરસ્વરૂપ [સં.] વિ. ધોળવર્ણું.

ગૌરહારી સ્ત્રી. (સંગીત) ધ્રુપદ ગાવાની તાનસેનની એક જાની.

ગૌરા ૧. પું. ચકલો.
૨. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંદોલ રાગના આઠ ભાર્યાનો એક પુત્ર. તે ગાવાનો સમય સાંજનો છે. તેની જાતિ સંપૂર્ણ એટલે ઋષભ શુદ્ધ, રિખભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેમાં પંચમ વાદી સ્વર, ઋષભ સંવાદી સ્વર અને ધૈવત અનુ સ્વર છે.
૩. [હિં.] સ્ત્રી. ગોરા રંગની સ્ત્રી.
૪. સ્ત્રી. પાર્વતી; ગિરિજા.
૫. [સં.] સ્ત્રી. વિશુદ્ધ સ્ત્રી.
૬. સ્ત્રી. હળદર.
૭. ન. ગોરોચન નામનું સુગંધી દ્રવ્ય.

ગૌરાજાજી [સં.] ન. ધોળું જીરું.

ગૌરાણો સ્ત્રી. એક જાતનો બે ઋણ ફૂટ ઊંચો ઊગતો ચિત્રવાળો છોડ. ચિત્રમાંથી નીકળતાં બિયાં ઢોરને ખવરાવાય છે. ચામડીના રોગ ઉપર તે દવાનો કરનાર મનાય છે.

ગૌરાર્દ્ધ જુઓ ગૌરર્દ્ધક.

ગૌરાર્દ્ધક [સં.] ન. અફીણ, કપૂર વગેરે સ્થાવર ઝેર.

ગૌરાર્ય ૧. [સં.] પું. અર્જુન.
૨. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.
૩. પું. યમની સભાનો એ નામનો સભાસદ.

ગૌરાસ્ય [સં.] પું. ધોળા મોઢવાળો એક જાતનો વાનર.

ગૌરાહ્વ ૧. સ્ત્રી. રજપૂતોની એક જાતિ.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગૌરાહ્વક [સં.] પું. એક જાતનો ઝેર વિનાનો સાપ.

ગૌરાંગ ૧. [સં.] પું. ગોરા અંગવાળો માણસ.
૨. પું. બંગાળમાં નવદ્વીપ અથવા નદિયામાં પ્રાચીન સમયમાં થઈ ગયેલા એક મહાન ભક્ત; ચૈતન્ય મહાપ્રભુ; એક ધર્માચાર્ય.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શ્રીકૃષ્ણ.
૫. વિ. ગોરા અંગવાળું; સફેદ અંગવાળું; સુંદર; રૂપાળુ
૬. વિ. કરમિનને લગાડવામાં આવતું એક વિરોધક.

ગૌરાંગદેવ ૧. પું. ગોરા અંગવાળો પશ્ચિમનો વતની.
૨. [સં.] પું. ચૈતન્ય મહાપ્રભુ.

ગૌરાંગના સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરાંગિની ૧. સ્ત્રી. ગોરી સ્ત્રી; કરમિન સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ગૌર અંગવાળી.

ગૌરાંગિરસ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ગૌરાંગી સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરિ ૧. [સં.] પું. આંગિરસ ઋષિ.
૨. સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરિકા [સં] સ્ત્રી. આઠ વર્ષની કુંવારી કન્યા.

ગૌરિયા ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ગોદું કપડું
૨. સ્ત્રી. મેના રંગનું એક જાતનું જળપક્ષી. તેનું માથું ભૂરા રંગનું અને ડોક સફેદ હોય છે. ઋતુના ફેરફાર પ્રમાણે તેની પાંખનો રંગ બદલાતો જાય છે.
૩. સ્ત્રી. માટીનો બનાવેલો નાનો ચૂલો.

ગૌરિવીતિ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના નવમા મંડલનું ૧૦૮મું અને દશમા મંડલનાં ૩૭ અને ૩૮માં સૂક્ત રચ્યાં છે.
૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ગૌરી ૧. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૧૭ લઘુ મળી ૩૭ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.
૨. પું. (સંગીત) એક ચતુસ્જાતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રા ઉપર છે.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પંક્તિ છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૨૮ લઘુ મળી ૩૭ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.
૪. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને ૧૬ લઘુ મળી ૬૪ વર્ણ અને ૧૧૨ માત્રા હોય છે.
૫. પું. ગુવાર.
૬. પું. (પિંગળ) જગતીની જાતનો બે નગણ અને બે રગણ મળી બાર અક્ષરનો એક છંદ; પ્રભદ્રા; મંદાકિની; પ્રમુદિતમદના; પ્રમુદિતવદના.
૭. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ મગણ અને બે ગુરુ મળી છવ્વીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; જીમૂતવાહન. તે ઉત્કૃતિ છંદનો ભેદ છે.
૮. પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, બે જગણ અને યગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માયા. તે જગતીનો છંદનો ભેદ છે. તેમાં સાતમા અક્ષરે યતિ આવે છે.
૯. પું. (સંગીત) પૂર્વરાગમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે ગાવાનો સમય દિવસનો ત્રીજો પહોર છે. તેમાં રિખભ, ધૈવત કોમળ છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર રિખભ અને સંવાદી સ્વર ધૈવત છે.
૧૦. સ્ત્રી. આકાશમાંસી નામની વનસ્પતિ.
૧૧. સ્ત્રી. આઠ વર્ષની બાળા.
૧૨. સ્ત્રી. એ નામની એક નદી. બીજા લોકોએ તેને ગૌરાઇઓસ અથવા ગૌરીલ કહી છે.
૧૩. સ્ત્રી. એ નામની દેવી. તેનુ સ્થાન કનોજમાં છે.
૧૪. સ્ત્રી. એ નામની પીંજરાની એક જાત.
૧૫. સ્ત્રી. એક જાતની વિદ્યા; જાદુની તે નામે એક શક્તિ.
૧૬. સ્ત્રી. ક્ષીરપીર.
૧૭. સ્ત્રી. ગંગા નદી
૧૮. સ્ત્રી. ગોરા રંગની સ્ત્રી; સુંદરી.
૧૯. સ્ત્રી. ગોરોચન.
૨૦. સ્ત્રી. ગોળમાંથી બનાવેલ દારૂ.
૨૧. સ્ત્રી. ચમેલી.
૨૨. સ્ત્રી. તુલસી.
૨૩. સ્ત્રી. દારૂહળદર
૨૪ સ્ત્રી. ધોળા ફોબડ.
૨૫. સ્ત્રી. ધોળું નસોતર.
૨૬. સ્ત્રી. પાર્વતી; ઉમા; મહાપત્ની.
૨૭. સ્ત્રી. પુરાણાનુસાર ભાદરવા ત્રીજ માહેનો અક્ષયતૃતીયાનો દિવસ.
૨૮. સ્ત્રી. પૃથ્વી.
૨૯. સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ.
૩૦. સ્ત્રી. મજીઠ.
૩૧. સ્ત્રી. માનાર્થે સ્ત્રીઓનાં નામ આગળ લગાડાતો શબ્દ. જેમકે, જયાગૌરી; જાતાગૌરી.

૩૨. સ્ત્રી. રજોદર્શન જોને ન થયું હોય તેવી કન્યા.
૩૩. સ્ત્રી. વાણી; બોલી.
૩૪. સ્ત્રી. શરીરની એક નાડી.
૩૫. સ્ત્રી. સફેદ રંગની ગાય.
૩૬. સ્ત્રી. સર્યવંશી પ્રસેનજિત રાજાની એ નામની સ્ત્રી.
૩૭. સ્ત્રી સોનેરી રંગ.
૩૮. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના પશ્ચિમ દિક્પાળ વરુણની સ્ત્રી.
૩૯. સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે માલકોષ રાગની પાંચ સાંઠેની એક રાગિણી. તે ગાવાનો સમય સંધ્યાકાળનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં ઋષભ શુદ્ધ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ વૈવત કોમળ, નિષાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. આરોહમાં ગાંધાર ખાદ છે. આ રાગિણી શ્રીરાગની સાંઠે બળની આવે છે. તે જેજૈવતી, આશાવરી, ગુર્જરી અને સોરઠથી મિશ્ર છે. તેની ત્રણ જાત છેઃ ૧. શુદ્ધ ગૌરી, ૨. જૈતી કે જયતી ગૌરી અને ૩. લલિતા ગૌરી.
૪૦. સ્ત્રી. ડાંગર.
૪૧. ન. એ નામની અટકનું માણસ.
૪૨. વિ. એ નામની અટકનું.
૪૩. વિ. સ્ત્રી. ગોરી; સફેદ; રૂપાળી.

ગૌરીઉત્સવ પું. પાર્વતીના માનમાં ચૈત્ર સુદિ ૩ થી વૈશાખ સુદિ ૩ સુધી ઉજવાતો એ નામનો ઉત્સવ. આ દિવસોમાં સ્ત્રીઓ બહુ ઉલ્લાસમાં હોય છે. આ દિવસોમાં હળદર કંકુ, ખોળો ભરવો વગેરે ક્રમ થાય છે. ગૌરીને શણગાર પહેરાવીને સૌભાગ્યવતી સ્ત્રીઓ તેની પૂજા કરે છે. આ ઉત્સવ હોળગૌરી નામથી પણ ઓળખાય છે.

ગૌરીકલ્પ [સં.] પું. (પુરાણ) ભાદ્રપદ માસમાં હવે પછી થનારો બહોતેરમો દિવસ. આ કલ્પમાં ગૌરીનો અવતાર પ્રથમ થનાર છે.

ગૌરીકાંત [સં.] પું. મહાદેવ; શંકર.

ગૌરીકુંડ ૧. [સં.] પું. કેદારનાથની દક્ષિણે બારાર માઇલ ઉપર આવેલું એક નાનું તળાવ. તેમાં ઝીણા પાણીનું ઝરણું છે.
૨. પું. કૈલાસ પર્વત ઉપર આવેલ એક સરોવર. તેમાંથી સિંધુ અને સરયૂ નદી નીકળે છે.

ગૌરીગુરુ [સ.] પું. હિમાલય.

ગૌરીચતુર્થીવ્રત [સં.] ન. માઘ સુદિ ૪ને દિવસે કરવામા આવતું એક વ્રત. તે દિવસે ગૌરીપૂજન કર્યા પછી ભોજન કરવામાં આવે છે.

ગૌરીચરણમક્ષિ [સં.] પું. પાર્વતીના પગથી ઉત્પન્ન થયેલો મક્ષિ.

ગૌરીચંદન [સં.] ન. લાલ ચંદન.

ગૌરીચોથ સ્ત્રી. માઘ સુદિ ચોથ.

ગૌરીજ ૧. [સં.] પું. કાર્તિકેય.
૨. પું. ગણેશ.
૩. ન. અભરખ.
૪. વિ. ગૌરીથી જન્મેલું.

ગૌરીતટ [સં.] ન. વૈદ્યકપ્રસિદ્ધ એક લવણ.

ગૌરીતનય ૧. [સં.] પું. કાર્તિકેય સ્વામી.
૨. પું. ગણેશ.

ગૌરીતપોવ્રત [સં.] ન. કાર્તિક માસની અમાવાસ્યાને દિવસે કરવામાં આવતું એક વ્રત. તે દિવસે પાર્વતીનું પૂજન કરાય છે.

ગૌરીતાંડવ [સં.] ન. શિવનું ગૌરી સાથેનું એક જાતનું તાંડવ નૃત્ય.

ગૌરીતૃતીયા ૧. [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ ત્રીજ; મત્સ્યજયંતી
૨. સ્ત્રી. ભાદ્રપદ સુદિ ત્રીજ. તે દિવસે શક્તિ માતાએ ભક્તોના રક્ષણને માટે હિમાલયની કન્યા પાર્વતીરૂપે અવતાર લઈ શિવશક્તિને પ્રસન્ન કર્યાં હતાં.

ગૌરીત્રીજ જુઓ ગૌરીતૃતીયા.

ગૌરીદોલોત્સવ પું. ચૈત્ર સુદિ ત્રીજને દિવસે ઉજવાતો ઉત્સવ. તે દિવસે શંકરપાર્વતીને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે અને તે રાતે જાગરણ કરવામાં આવે છે.

ગૌરીનંદન ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.
૨. પું. ગૌરીનો પુત્રઃ ગણપતિઃ ગણેશ.

ગૌરીનાથ [સં.] પું. મહાદેવ.

ગૌરીનો કૂબો પું. એક જાતનો વેલો. તે ઝાડ ઉપર ફાયદો કરનાર મનાય છે. આ વેલા પાણીમાં થાય છે. એનાં પાન હાથતળિયાની આકૃતિ જેવાં અને ડાંડી કાળી હોય છે.

ગૌરીપતિ [સં.] પું. શંકરઃ શિવ.

ગૌરીપાષાણ પું. સોમલ.

ગૌરીપુત્ર ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.
૨. પું. ગણપતિ; ગણેશ; વિનાયક.

ગૌરીપુષ્પ [સં.] ન. પ્રિયંગુ વૃક્ષ.

ગૌરીપૂજન ૧. [સં.] ન. એક જાતનું સ્ત્રીઓનું વ્રત.આ વ્રતમાં કન્યાઓ સારા વરની યાચના માતાજી પાસે કરે છે.
૨. ન. પાર્વતી દેવીનું પૂજન.

ગૌરીપૂજા જુઓ ગૌરીપૂજન.

ગૌરીપ્રિય [સં.] પું. શિવ.

ગૌરીફલ ન. એક જાતનું ફળ. હિમાલયની પશ્ચિમ બાજુએ સમરીતોષ્ણ હવામાં થયી ૭ હજાર ફૂટની ઊંચાઈએ તેનો છોડ થાય છે. તેનાં ફૂલ નાનાં, આછા ગુલાબી રંગનાં અને ફળ નાનાં, કાળાં અને ખાવામાં વાપરી શકાય તેવાં હોય છે.

ગૌરીફળ જુઓ ગૌરીફલ.

ગૌરીબનોહરી પું. (સંગીત) બત્રીસ સાંઠેનો ત્રોજે થાટ. તેમાં ગંધાર કોમળ આવે છે, બીજા સ્વરો શુદ્ધ હોય છે.

ગૌરીમય વિ. ગૌરીથી વ્યાપ્ત.

ગૌરીમંત્ર [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

ગૌરીય સ્ત્રી. એક જાતની ધાતુ; 'ગોરીઅમ'. આ ધાતુનો પ્રાણવાયુના સંયોગથી બનેલો પદાર્થ પેટ્રોમેક્સ વગેરે બત્તીમાં વપરાતા મેન્ટલ બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

ગૌરીરમણ [સં.] પું. શિવ.

ગૌરીરોચન ન ગોરોચન.

ગૌરીલલિત [સં.] ન. હરતાલ.

ગૌરીવ્રત ન. એ નામનું એક વ્રત. જુઓ ગૌરીપૂજન.

ગૌરીશ [સં] પું. શંકરઃ શિવ.

ગૌરીશંકર ૧. [સં.] પું. મહાદેવઃ શિવ.
૨. ન. આખી દુનિયાનું ઊંચામાં ઊંચું હિમાચ્છાદિત પર્વતનું એ નામનુ શિખર.
૩. ન. એક જાતનો રુદ્રાક્ષઃ જોડિયા રુદ્રાક્ષ.
૪. ન. પાર્વતીનું તપશ્ચર્યા કરવાનું સ્થાન. તેના ઉપર સ્નાનકુંડ નામનું તીર્થ છે.

ગૌરીશિખર જુઓ ગૌરીશંકર ૨, ૩.

ગૌરીશ્વર [સં.] પું. શિવ.

ગૌરીસપ્તમી [સં.] સ્ત્રી. ભાદ્રપદ સુદિ સાતમને દિવસે કરાતું એક વ્રત.

ગૌરીસર [હિં.] પું. ઉપલસરી; કપૂરીમધુરી; દક્ષરાજ નામની ખૂટી

ગૌરીસુત ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.
૨. પું. ગૌરીપુત્ર ગણેશ.

ગૌરીસ્ટાન્ડર્ડ સ્ત્રી. એ નામની ઉત્તમ ગણાતી ખાંડ.

ગૌરુવા ૧. [હિં.] સ્ત્રી આગ્રા અને મથુરામાં રહેતા રજપૂતોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગૌરૂક ન. એક જાતનું ચકવાનું ઝાડ; બેલુખાળ.

ગૌરેય પું. એક જાતનો વિદ્યાધર.

ગૌરૈયા ૧. [હિં.] સ્ત્રી. કૂકડી.
૨. [સં. ગૃહપુલાક] સ્ત્રી. (હિંદી) ચકલી.
૩. સ્ત્રી. માટીનો બનાવેલો કુકડો.

ગૌરૌચીનાથ પું. નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

ગૌર્જર સ્ત્રી. એક જાતની લિપિ.

ગૌર્જરી સ્ત્રી. ગુજરાતી ભાષા.

ગૌલક્ષણિક [સં.] વિ. ગાય કે બળદનાં લક્ષણ જાણનાર.

ગૌલજ્જ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનાં પાન નાનાં હોય છે. વાસની જેમ તે જમીન ઉપર પથરાય છે. તેનું થડ સાત આઠ આંગળ લાંબું થાય છે. કોકસર્પ ઉપર તે વપરાય છે.

ગૌલસારંગ પું. (સંગીત) એક રાગ; ગૌડસારંગ.

ગૌલ્લા ૧. [હિં.] સ્ત્રી. ગૌરી; પાર્વતી.
૨. પું. ઢોર ચારનાર માણસ; ગોવાળ.

ગૌલ્લિ ૧. સ્ત્રી. ગૌર રંગની સ્ત્રી.
૨. સ્ત્રી. સફેદ ગાય.
૩. વિ સ્ત્રી. ગૌર રંગની.

ગૌલોક ૧. [સં.] પું. ગોલોક; વિષ્ણુનું રહેઠાણ.
૨. ન. મોક્ષ; સ્વર્ગ.

ગૌલોકવાસી વિ. સ્વર્ગવાસી; મરણ પામેલ.

ગૌલોચન ન. ગૌમૂત્રમાંથી નીકળતો પદાર્થ; ગોરોચન.

ગૌલોમન [સં.] વિ. ગાયનાં રુવાંટાં જેવું.

ગૌલ્લો પું. એક જાતનો આખલો.

ગૌલ્વિક [સં.] પું. કોટવાળ; નગરરક્ષક.

ગૌવન્ધ ન. વાછરડું.

ગૌવધ પું. ગાયની હત્યા.

ગૌવર ન. ગાયનું છાણ.

ગૌવિલાપ પું. ગાયોનું કકલાણ.

ગૌશાલા [સં.] સ્ત્રી. ગાયોને રાખવાનું મકાન; વાડો; ગાલો બાંધવાની જગ્યા.

ગૌશાળા જુઓ ગૌશાલા.

ગૌશીતળા પું. ગાયની રસી મૂકીને કાઢેલા ભણિયા; ગાયના આંચળ ઉપરથી ચેપ લઈ કાઢેલ શીળી. ડોક્ટર જેનર નામના એક અંગ્રેજે ગાયના પેટ ઉપરથી શીતળાની રસી લઈ માણસના શરીર ઉપર ચાંભ વડે મૂકી સ્વાભાવિક શીતળા અટકાવી શકાય તેવી શોધ સને ૧૭૯૬માં કરી.

ગૌશૃંગ [સં.] ન. એક પ્રકારનું સામવાન.

ગૌષ્ઠીન [સં.] ન. પ્રથમ જ્યાં ગાયનો વાડો હોય એવું સ્થળ.

ગૌસ ન. છાણ.

ગૌસહસ્રિક [સં.] વિ. જેની પાસે હજાર ગાય હોય તેવું.

ગૌસાલા જુઓ ગૌશાલા.

ગૌસેવક [સં.] પું. ગાયોની સેવા કરનાર પુરુષ.

ગૌસ્વામી ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગૌહુ ૧. સ્ત્રી. ઉદ્યમ.
૨. સ્ત્રી. રક્ષણ.

ગૌહત્યા [સં.] સ્ત્રી. ગાયની હત્યા; ગાયને મારવાનું પાપ.

ગૌહની ૧. સ્ત્રી. ગામ.
૨. સ્ત્રી. ગામ નજીકની જમીન.

ગૌહર ૧. [ફા.] પું. મૂળ; વંશ.
૨. પું. હીરાપન્ના.
૩. પું. મણિ; રત્ન.
૪. પું. [હિં.] મોતી.
૫. પું. સત્ત્વ.
૬. પું. સંતતિ.
૭. પું. સ્વભાવ.

ગૌહરસંજ ૧. વિ. ટીકા કરનાર.
૨. વિ. હીરા જોખનાર.

ગૌહરા [હિં.] પું. ગાયને રહેવાનું સ્થાન; વાડો

ગૌહરી [ફા.] પું. ઝવેરી.

ગૌં ૧. [હિં.] સ્ત્રી. જરૂર.
૨. સ્ત્રી. તક; પ્રસંગ.

ગૌંખાં પું. ગામડાનો મુખી.

ગૌંખ પું. (ચારણી) ડિંગળ માંહેનો એક રાગ.

ગૌંઘાટ ૧. સ્ત્રી. તક.
૨. સ્ત્રી. સંકેત.

ગૌંઠા ૧. [હિં.] પું. ગામડામાં થતું ખર્ચ.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મેંદી.
૩. ન. નાનું ગામડું.

ગૌંડા ૧. પું. કન્યાને ગામ બહાર આવે ત્યારે અપાતું દાન.
૨. પું. ગામડારસ્તો.
૩. પું. ગામ.

ગૌંડી પું. ગીત ઉપર શિરપદામ કરનાર માણસ.

ગૌંતિયા સ્ત્રી. નાનું ગામડું.

ગૌંન ન. નિવાસ; રહેઠાણ.

ગૌંસ ન. એક જાતનું ઝાડ. તે ૫૦ ફૂટ જેવું વધે છે. ટાઢના દહાડામાં તેનાં પાતરાં ખરી પડે છે અને ઉનાળામાં નવાં આવે છે. હિમાલય અને શિવાલિકમાં તે પુષ્કળ પ્રમાણમાં થાય છે.

ગૌંહજા ૧. [હિં.] પું. આમડિયો.
૨. પું. મૂર્ખ માણસ.
૩. પું. મસરો.

ગ્યાઠ ૧. સ્ત્રી. ચોકી; પહેરો.
૨. સ્ત્રી. પોલીસના માણસોને રહેવા, બેસવા, હથિયાર રાખવા વગેરેનું મકાન.

ગ્યાડોલિનાઇટ સ્ત્રી. એક જાતનો ખનિજ પદાર્થ.

ગ્યાન ૧. પું. ધ્યાન
૨. [હિં.] પું. આત્મ ધાર્મિક જ્ઞાન.
૩. પું. ઘર ઠારવાનું એક જાતનું હથિયાર; કડબો
૪. પું. ગદમા.
૫. ન. જ્ઞાન; બુદ્ધિ.

ગ્યાનચર્ચા [હિં.] સ્ત્રી. ધાર્મિક વાદવિવાદ.

ગ્યાનવાન ૧. [હિં.] વિ. ચતુર; હોશિયાર.
૨. વિ. જ્ઞાની; વિદ્વાન.
૩. વિ. ડાહ્યું.

ગ્યાની જુઓ જ્ઞાનવાન.

ગ્યામાગ્નેરાદીજ પું. (જ્યોતિષ) અશ્વિનીના ત્રણ માંહેનો એક તારો.

ગ્યામાગ્નોરાયન પું. મૃગ નક્ષત્રનો બીજો તારો.

ગ્યામામાયનોર પું. (જ્યોતિષ) ધ્રુવમત્સ્યમાંના સાત માંહેનો બીજો તારો.

ગ્યારસ [હિં.] સ્ત્રી. ચાંદ્રમાસનો અગિયારમો દિવસ; અગિયારસ. આ દિવસે હિંદુઓ ઉપવાસ કરે છે.

ગ્યારહ [હિં.] વિ. અગિયાર.

ગ્યાલન [અં. ગેલન] ન. પ્રવાહી માપવાનું એક માપ; આઠ શેરનું માપ.

ગ્યાલરી [અં. ગેલરિ] સ્ત્રી. છજું; રવેશ; રાવટી.

ગ્યાલિયમ સ્ત્રી. જસતના પથ્થરમાંથી નીકળતી એક ધાતુ. તે ચળકતી અને ચાંદી જેવી સફેદ હોય છે. તે પીગળાવી શકાય છે, ઢાંકી શકાય છે અને વાળી પણ શકાય છે.

ગ્યાલિંગ ન. તિબેટના જંગલી લોકોનું રણશિંગાના આકારનું એ નામનું એક વાદ્ય. તે બહુ નાનું, મૂકી બજાડી શકાય તેવું, બનાવેલી

લાકડાની બૂંદગીનું બનેલું હોય છે અને વૈદૂર્યથી જડેલી સોનાની અથવા નીલમની કડીઓ તેમાં બેસાડેલી હોય છે.

વ્યાસ [અં. ગેસ] પું. સ્થિતિસ્થાપક ગુણનો એક વાયુરૂપી પદાર્થ.

વ્યાસડાર્ક સ્ત્રી. સોદાના ચેચના આંક પાડવા કામ લાગતું એક હથિયાર.

વ્યાસનેફ્થ ન. કેરોસીન; વાસલેદ; વાસતેલ.

વ્યાસમાન ન. વાયુ માપવાનું એક યંત્ર.

વ્યાળ ન. નિકંદન; નાશ.

વ્યાંન [હિં.] ન. જ્ઞાન.

વ્યેય ૧. [હિં.] ન. જાણવાની વસ્તુ.

૨. વિ. જાણવા લાયક; જ્ઞેય.

વ્રા પું. તાડપત્રોય પુસ્તકનાં પાનાંની બજુતરી માટે કરેલા એકમ આંકો માંહેનો એક.

વ્રજ્ ૧. [સં.] સ. ક્રિ. બરાબર ચલું.

૨. અ. ક્રિ. વળવું.

૩. સ. ક્રિ. (ધાતુ) ગૂંથવું. તે ઉપરથી બનેલ શબ્દ: વ્રયન; વ્રન્થ; ગ્રથિત.

વ્રથ પું. નાણું; પૈસો.

વ્રથન ૧. ન. ગૂંથવું તે; ગૂંથણ.

૨. ન. બાંધું થઈ જવું તે; ગાંઠ પડી જવા તે.

૩. ન. પુસ્તક રચવું કે લખવું તે.

૪. ન. બનાવટ; રચના; ઓઢવણી.

વ્રથત્વ ૧. ન. બાંઠપણ.

૨. વિ. દિગ્મૂઢ; ચકિત; બાવું.

વ્રથલતા ૧. સ્ત્રી. ઉન્માદ.

૨. સ્ત્રી. ચકિતપણું; બાવા બનાપણું; બાવા બની જવું તે.

વ્રથવું ૧. [સં. વ્રથ્] સ. ક્રિ. ગૂંથવું; બાંધવું.

૨. સ. ક્રિ. ગોઠવવું.

૩. સ. ક્રિ. બનાવવું; રચવું; લખવું.

વ્રથાવું ૧. સ. ક્રિ. ગુંથાવું; બંધાવું.

૨. સ. ક્રિ. ગોઠવાવું.

૩. સ. ક્રિ. રચાવું; લખાવું.

વ્રથિત ૧. સ્ત્રી. એ નામની ગ્રામણીની ગોવીય માંહેની એક મુદ્રા.

૨. વિ. બેકઠું કરેલું.

૩. [સં.] વિ. બોળગેલું.

૪. વિ. ગૂંથેલું.

૫. વિ. રચેલું; બનાવેલું; પ્રણીત.

૬. વિ. હિંસા કરી મારી નાખેલું.

વ્રથિતમુદ્રાપત્ર [સં.] ન. મુદ્રાપાટ; ગોઠવેલ બીજાં મૂલ્યનો તકતો; જેલી.

વ્રસ્ ૧. [સં.] સ. ક્રિ. બરાબર શબ્દોચ્ચાર કરવો.

૨. સ. ક્રિ. બાઈ બવું; ચાડી બાવું; બસવું.

૩. સ. ક્રિ. (ધાતુ) ગળવું; ગળી બવું. તે ઉપરથી બનેલા શબ્દ: બ્રસન; બ્રસ્ત; બ્રસ્તોદય; બ્રસ્તાસ્ત.

૪. સ. ક્રિ. બહણ કરવું; લેવું.

૫. સ. ક્રિ. નાશ કરવું.

બ્રસન ૧. પું. (પુરાણ) એ નામનો એક બસુર. તે તારકાસુરનો એક સેનાપતિ હતો. તારકામય સંગ્રામમાં તેનું રામની સાથે બબ્બે યુદ્ધ થયું હતું. છેવટે તેને વિષ્ણુએ મારી હતો.

૨. [સં.] ન. કોળિયો; બાસ.

૩. ન. ગળી બવું તે; બહણ કરવું તે; બસવાની ક્રિયા.

૪. ન. બહણ; પકડવું તે; ઝાલવું તે.

૫. ન. સૂર્ય કે ચંદ્રનું બમુક બાગનું બહણ.

બ્રસનિકા [સં.] સ્ત્રી. ગળું; સમાધ; બન્નનલિકાનો ઉપલો પહોળો ભાગ. બાને બણનારા આ ભાગમાં બન્નનલિકા પહોળી થાય છે. તેની દીવાલો બાંસ પેશીઓ અને કલા વડે બનેલી હોઈ તે ચારથી પાંચ ઇંચ લાંબી અને બતૂરાના ફૂલની બાકાર ઉપર પહોળી અને નીચે સાંકડી છે. તે ગ્રીવાકશેરુકાઓની બાગળ અને નાસાગુહા, મુખગુહા તેમજ સ્વરયંત્રની પાછળ રહેલી છે. આ બાગની દીવાલો ફ્રારસંકોચ નામની ત્રણ પેશીઓ તથા બીજી નાની પેશીઓ મળીને બનેલી છે. આ દીવાલોની બંદરની બાજુ કલા વડે ઢંકાયેલી છે. બ્રસનિકાના ત્રણ વિભાગ પાડવામા બાવ્યા છે: (૧) નાસાગુહા પશ્ચિમ, (૨) મહદ્વાર પશ્ચિમ અને (૩) સ્વરયંત્ર પશ્ચિમ. બ્રસનિકાની દીવાલો દસ પેશીઓ મળીને બનેલી છે. બ્રસનિકાની દરેક બાજુ ઉપર પાંચ પાંચ પેશીઓ રહેલી છે: ત્રણ ફ્રારસંકોચની, સિરાબ્રાંતરીય તથા સુનિસુરંગદ્વારિકા. બામાંની ત્રણ ફ્રારસંકોચની પેશીઓ એમનાં નામ પ્રમાણે એકબીજાની ઉપર બ્રસનિકાને વીંટળાય છે અને સામી બાજુની ત્રણ પેશીઓ સાથે મળીને બ્રસનિકાની દીવાલ મજબૂત કરે છે. બ્રસનિક સમાહારવાળો પ્રદેશ છે. જે નાક સાથે સંબંધ રાખનારાં, જે કાન સાથે સંબંધ રાખનારાં, એક મુખ સાથે સંબંધ રાખનારાં, એક બન્નનલિકા સાથે સંબંધ રાખનારાં, બબારે એક શ્વાસનલિકા સાથે સંબંધ રાખનારાં એમ સાત દ્વારો કે છિદ્રો આ ભાગમાં છે. બ્રસનિકાની દીવાલ બનાવનારી માંસપેશીઓ પરતંત્ર પ્રકારની છે. તેઓ કોળિયો ગળે ઉતારતી વખતે બ્રસનિકા અથવા ગળાના આ ઉપલા ભાગને પહોળો કરી ઊંચો લાવે છે. ત્યારબાદ બ્રસનિકાની પેશીઓ કોળિયાની બાસપાસ સંકોચાય છે, બ્રસનિકા નીચે બાવે છે અને જોરાક નીચે બન્નનલિકામાં બઈ છે. આ ક્રિયા દરમિયાન શ્વાસનળીનું દ્વાર બધવા સ્વરયંત્રનું દ્વાર તથા નાકનું પાછલું દ્વાર બનુક્રમે બધિજિહ્વિકા તથા કોમળ તાલુ વડે બંધ થઈ બય છે. છોકરાંઓમાં બ્રસનિકાગ્રંથિ વધે છે, તેને પરિણામે તેના શરીર ઉપર બણી માઠી બસર થાય છે. આ કારણે છોકરાંઓ બહેરાં થાય છે, તેમની છાતી બેડોળ બની બય છે અને નાકની બાકૃતિ પણ બગડે છે. તેથી કરીને છોકરાંની માનસિક સ્થિતિ પણ નબળી બની બય છે.

બ્રસનિકાગ્રંથિ [સં.] સ્ત્રી. એક બને બોપરીના સાપાની બાગળ ફૂલા હોવા જેવી ગાંઠ. તેનું બધારણ બણના કાકડા જેવું છે.

બ્રસવું ૧. સ. ક્રિ. બાવરવું; ઢાંકવું.

૨. સ. ક્રિ. કબજે લેવું; કબજે કરવું; પકડવું; ઝાલવું.

૩. સ. ક્રિ. ભેળિયો કરવો; બાવું; બહ કરી બવું; બાઈ બવું.

૪. સ. ક્રિ. ગળવું; મોંમાં લેવું.

૫. સ. ક્રિ. સૂર્યચંદ્રને કેતુ બથવા રાહુએ ઘેરવું.

બ્રસિત ૧. [સં.] વિ. બાવરેલું; ઢાંકેલું.

૨. વિ. બાઈ બવાયેલું.

૩. વિ. ગળેલું; મોંમાં લીધેલું.

૪. વિ. બહણમાં કરપાયેલું.

૫. વિ. પકડાયેલ; બસ્ત.

બ્રસિષ્ણુ [સં.] વિ. ગળનારું; બાનારું; બાઈ બનારું.

બ્રસ્ત ૧. [સં.] પું. બોલવાના બઢાર મહિનો એક પ્રકારનો રોગ; છાતીના મૂળમાં ઉચ્ચારેલો વર્ણ બસ્પષ્ટ જેવો સંભળાવો તે.

૨. ન. વર્ણપદ જેમાં લોપ પામે છે એવું એક બતનું વાકય.

૩. વિ. ઉદ્યોગી; પરોવાયેલ; પ્રવૃત્ત.

૪. વિ. ગ્રાસ કરેલું; બાંધેલું; ગળેલું.

૫. વિ. ઘેરાયેલું.

૬. વિ. ડૂબેલું; બરકાવ.

૭. વિ. પકડાયેલું; સપડાયેલું.

૮. વિ. વર્ણપદ જેમાંથી લોપ પામ્યું હોય તેવું; બસંપૂર્ણ ઉચ્ચરેલ શબ્દ જેવું.

૯. વિ. બાધિથી પીડાતું; રોગથી દુ:ખી બતું; રોગથી સપડાયેલું.

બ્રસ્તાસ્ત [સં.] પુ. બહણ છૂટયા પહેલાં સૂર્યચંદ્રનું બાથમી બવું તે; બહણવાળા ગ્રહનો વજર મુક્ત થયે જેમ ને જેમ બસ્ત થઈ જવો તે.

અસ્તોદય [સં] પું. અસ્તાયેલા સૂર્યચંદ્રનો ઉદય થયો તે; ઉદય થયા પહેલાં જેમને અલ્પ લાગી ગયું હોય એવા સૂર્યચંદ્રનું ઊગવું તે; અલ્પ અવસ્થામાં જ સૂર્ય કે ચંદ્રનો ઉદય.

અસ્થ [સં.] વિ. ત્રાસ કરવા જેવું; ભાવા યોગ્ય.

અહ્ ૧. [સં.] સ. ક્રિ. અટકાવવું; અટકાયતમાં રાખવું; ખોળાવવું.

૨. સ. ક્રિ. અશુદ્ધ શબ્દોચ્ચાર કરવો.

૩. સ. ક્રિ. ઠેઠ કરવું; કપટે કરવું.

૪. સ. ક્રિ. ખરીદવું; વેચાતું લેવું.

૫. સ. ક્રિ. ખુશ કરવું; સંતોષવું.

૬. સ. ક્રિ. ખોવવું; ગુમાવવું.

૭. સ. ક્રિ. ગ્રહવું; માનવું; સમજવું.

૮. સ. ક્રિ. જુદું પાડવું; વિમુખ કરવું; સર્ઈ જવું.

૯. સ. ક્રિ. ધારવું; કલ્પના કરવી.

૧૦. સ. ક્રિ. નાશ કરવું.

૧૧. સ. ક્રિ. (ધાતુ) પકડવું; લેવું; ગ્રાસવું. તે ઉપરથી બનેલ શબ્દ: અનુગ્રહ, ગ્રહ, પરિગ્રહ, અપરિગ્રહ, ગ્રહણ, પાણિગ્રહણ, આગ્રહ, સંગ્રહ.

૧૨. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.

૧૩. સ. ક્રિ. પારંગત થવું; જાણ મેળવવો, નિષ્ણાત થવું.

૧૪. સ. ક્રિ. પૂર્વગ્રહ હોવો.

૧૫. સ. ક્રિ. મેળવવું; લેવું; સ્વીકારવું.

૧૬. સ. ક્રિ. સંયમ રાખવો.

અહ ૧. [સં.] પું. અનુગ્રહ; કૃપા.

૨. પું. આકાશમાં સૂર્યની આસપાસ ફરતા તેજસ્વી ગોળામાંનો દરેક; સૂર્યમંડળનો ગોળો; આકાશમાં સૂર્યની આસપાસ ફરતો તારો. રવિ, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ મુખ્ય ગ્રહો છે. ગ્રહોની પાછળ ફરનારા જે ગોળા છે તે ઉપગ્રહ કહેવાય છે. જ્યોતિષ પ્રમાણે ઉપર કહ્યા મુજબ ગ્રહ નવ છે. તે મનુષ્યની ઉપર વહેતા જતા કાળની સાથે સારી ખરાબ અસર કરતા મનાય છે. જન્મ વખતની ગ્રહસ્થિતિ ઉપરથી જન્મનારના જીવનમાં ગ્રહોની જે ફેરફારી અને ગતિ રહેવાની તેની જાણકારી થાય છે અને તે ગ્રહો જેવા તેની જન્મકુંડલીમાં હોય તેવી અસરો ઉપજાવતા ચાલ્યા જાય છે. ફલિત જ્યોતિષમાં પ્રત્યેક ગ્રહને અમુક દેશ, જાતિ, જીવ અને પદાર્થનો સ્વામી માનેલ છે અને તેના વર્ણવિભાગ કરેલા છે. ગુરુ અને શુક્રને બ્રાહ્મણ, મંગળ અને રવિને ક્ષત્રિય, બુધ અને ચંદ્રને વૈશ્ય તથા શનિ અને રાહુ તેમ જ કેતુને શૂદ્ર કહેલ છે. મંગળ અને સૂર્યનો રંગ લાલ, ચંદ્રમા અને શુક્રનો રંગ સફેદ, બુધ અને ગુરુનો રંગ પીળો અને શનિ, રાહુ તથા કેતુનો રંગ કાળો બતાવ્યો છે. વળી ફલિત જ્યોતિષમાં જે કુંડલી બનાવવામાં આવે છે તેમાં પ્રત્યેક ગ્રહની બીજા ગ્રહો ઉપર દૃષ્ટિ પડતી બતાવવામાં આવે છે. શુભ ગ્રહની દૃષ્ટિનું ફળ શુભ અને અશુભ ગ્રહની દૃષ્ટિનું ફળ અશુભ મનાય છે. આ દૃષ્ટિના ચાર પ્રકાર: પૂર્ણ, ત્રિપાદ, અર્ધ અને એકપાદ. પૂર્ણ દૃષ્ટિનું ફળ પૂર્ણ, ત્રિપાદનું ફળ પોણું, અર્ધનું અર્ધું અને એકપાદનું પા હોય છે. દરેક ગ્રહ પોતાના સ્થાનથી બીજા અને ચોથા ઘરના ગ્રહોને એકપાદ, પાંચમા અને નવમા ઘરના ગ્રહોને અર્ધ, દસમા અને આઠમા ઘરના ગ્રહોને પોણી અને સાતમા ઘરના ગ્રહને પૂર્ણ દૃષ્ટિથી દેખે છે. ગ્રહોની કક્ષા સાધારણ માન્યતા પ્રમાણે ગોળ એટલે વર્તુલાકાર નથી પરંતુ લગ્નવર્તુલાકાર હોય છે. ગ્રહો સૂર્યની સમીપ હોય ત્યારે તેમની ગતિ વધારે ઉતાવળી અને સૂર્યથી દૂર હોય ત્યારે ગતિ ધીરી હોય છે. ગ્રહની ગતિનો વેગ તેમની અને સૂર્યની વચ્ચેના અંતરની ઉપર આધાર રાખે છે. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એવાં નવ મંડળ અને તેના ઉપર અધિકરણવાળા તે તે નામના અધિપતિ તે ગ્રહો એમ પુરાણ કહે છે. દરેક નક્ષત્રની બબ્બેની જોડે ગ્રહમાં ગતી નથી, પરંતુ તેઓ પણ આ મંડળોમાં જ છે પોતપોતાના પુણ્યપ્રભાવ વડે તે તે સ્થાનના અભિમાની દેવતા ત્યાં ત્યાં વાસ કરે છે. જેમકે, સૌરમંડળ ઉપર સૂર્ય, સૌમ્યમંડળ ઉપર સોમ, રાહુ મંડળ ઉપર શુક્ર. આ પ્રમાણે નક્ષત્રોનાં સ્થાનમાં ફેરફાર સમાપ્તિ પર્યંત કદી ફેરફાર થતો નહિ. ફેરફાર થાય તે માત્ર અધિપતિનો થાય. રાહુ અને કેતુ એ બે ગ્રહનાં મંડળની અવસ્થા એવી છે કે રાહુમંડળ ચંદ્ર અને સૂર્યની અને કેતુમંડળ પૃથિવી અને સૂર્યની વચ્ચે છે તેથી એ મંડળો અનુક્રમે ચંદ્ર સૂર્ય મંડળોના ગ્રહણનાં કારણ થાય છે. પાશ્ચાત્ય વિદ્વાન પ્રમાણે સૂર્યગ્રહણનું કારણ ચંદ્ર અને ચંદ્રગ્રહણનું કારણ પૃથિવી છે. પ્રાચીન આર્ય્યા પ્રમાણે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એમાંનો પ્રત્યેક ગ્રહ મનાય છે. અર્વાચીન આર્ય્યા પ્રમાણે સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો તે ગ્રહ કહેવાય છે. ગ્રહની નવ અવસ્થા: દીપ્ત અવસ્થા, સ્વસ્થ અવસ્થા, મુદિત અવસ્થા, શાંત અવસ્થા, સુપ્ત અવસ્થા, પ્રપીડિત અવસ્થા, દીન અવસ્થા, વિકલ અવસ્થા અને ખલ અવસ્થા. કેટલાકની માન્યતા પ્રમાણે નવ ગ્રહ, સૂર્યથી તેમનું અંતર વગેરે નીચે પ્રમાણે છે:

ગ્રહ	સૂર્યથી અંતર (માઈલ)	વર્ષની સંખ્યા (સંખ્યા)
બુધ	૩,૫૦,૦૦,૦૦૦	૮૮ દિવસ નથી
શુક્ર	૬,૬૦,૦૦,૦૦૦	૨૨૪ દિવસ નથી
પૃથ્વી	૯,૩૦,૦૦,૦૦૦	૩૬૫¼ દિવસ ૧
મંગળ	૧૪,૦૦,૦૦,૦૦૦	૬૮૧ દિવસ ૨
બૃહસ્પતિ	૪૮,૩૦,૦૦,૦૦૦	૧૨ વરસ ૬
શનિ	૮૭,૦૦,૦૦,૦૦૦	૨૯½ વરસ ૧૦
વારુણી	૧,૭૫,૪૦,૦૦,૦૦૦	૮૪ વરસ ૪
વરુણ	૨,૭૫,૦૦,૦૦,૦૦૦	૧૬૫ વરસ ૧

નવ ગ્રહનાં વાહન અનુક્રમે નીચે પ્રમાણે છે: ૧. ખર, ૨. ઘોડો, ૩. હાથી, ૪ બોકડો, ૫. સિંહ, ૬. સિંહ, ૭. કાચબો, ૮. મોર, ૯ હંસ. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં નીચે પ્રમાણે અઠ્ઠાસી ગ્રહોનાં નામ મળે છે: (૧) અંગારક, (૨) વિકાલિક, (૩) લોહિતાંક, (૪) શનૈશ્ચર, (૫) આધુનિક, (૬) પ્રાધુનિક, (૭) કણ, (૮) કણકણક, (૯) કણક, (૧૦) ચિતળીક, (૧૧) કણસંતાનક, (૧૨) સોણ, (૧૩) સહિત, (૧૪) અશ્વાસન, (૧૫) કલ, (૧૬) કાર્યોપક, (૧૭) કર્બુરક, (૧૮) અજકારક, (૧૯) દુંદુભક, (૨૦) શંખ, (૨૧) શંખનાભ, (૨૨) શંખવર્ણાભ, (૨૩) કંસ, (૨૪) કંસનાભ, (૨૫) કંસવર્ણાભ, (૨૬) નીલ, (૨૭) નીલાવભાસ, (૨૮) રુપ્ય, (૨૯) રુપ્યાવભાસ, (૩૦) ભસ્મક, (૩૧) ભસ્મરાશિ, (૩૨) તિલ, (૩૩) નિલપુષ્પવર્ણ, (૩૪) ઘંટ, (૩૫) દકવર્ણ, (૩૬) કાય, (૩૭) બંધ્ય, (૩૮) ઉદગ્નિ, (૩૯) ધૂમકેતુ, (૪૦) હરિ, (૪૧) પિંગલ, (૪૨) બુધ, (૪૩) બૃહસ્પતિ, (૪૪) શુક્ર, (૪૫) રાહુ, (૪૬) અગસ્તિ, (૪૭) માણપ, (૪૮) કામરપર્ણ, (૪૯) ધુર, (૫૦) પ્રમુખ, (૫૧) વિકટ, (૫૨) વિરુધિકલ્પ, (૫૩) પ્રકલ્પ, (૫૪) જટાલ, (૫૫) અરુણ, (૫૬) અગ્નિ, (૫૭) કાલ, (૫૮) મહાકાલ, (૫૯) સ્વસ્તિક, (૬૦) સૌવસ્તિ, (૬૧) વર્ધમાન, (૬૨) પ્રલંબ, (૬૩) નિત્યાલોક, (૬૪) નિત્યોદ્યોત, (૬૫) સ્વયંપ્રભુ, (૬૬) અવભાસ, (૬૭) શ્રેયસ્કર, (૬૮) ક્ષેમંકર, (૬૯) આરોગ્યકર, (૭૦) પ્રભાકર, (૭૧) અરજા, (૭૨) વિરજા, (૭૩) અશોક, (૭૪) વીતશોક, (૭૫) વિતમ, (૭૬) વિવસ્વમ, (૭૭) વિશાલ, (૭૮) શાલ, (૭૯) સુવ્રત, (૮૦) અનિવૃત્તિ, (૮૧) એકજટી, (૮૨) દ્વિજટી, (૮૩) કર, (૮૪) કરિક, (૮૫) રાજા, (૮૬) અર્ગલ, (૮૭) પુષ્પ અને (૮૮) ભાવકેતુ.

૧. અવળા ઘર ગ્રહ-ગ્રે હોવા = ગ્રહોની પ્રતિકૂળતા હોવી; દુર્ભાગ્યની દશા હોવી. અભણ લોકો ગ્રહને બદલે કે ગ્રે કહે છે.

૨. ગ્રહ બગડ્યો = બરાબર ગ્રહની અસર નીચે આવવું.
૩. ગ્રહ કફણ થવા = દિવસ વાંકા થવા; દૈવ પ્રતિકૂળ થવું; ધારેલું કામ પાર ન પડવું.
૪. ગ્રહ ગામ જવા = (૧) અકકલ કે બુદ્ધિ જતી રહેવી. (૨) દહાડા વાંકા હોવા; નસીબ પ્રતિકૂળ હોવું; સારા ગ્રહ ટેકાણે ન હોવા, બિકદર પખરો ન હોવો.
૫. ગ્રહ ધરણે મૂક્યા = (૧) અકકલ કે બુદ્ધિ મુમારવી. (૨ દૈવ પ્રતિકૂળ હોવું
૬. ગ્રહ ઘેર હોવા = સુબાગ્ય હોવું; ગ્રહોની અનુકૂળતા હોવી.
૭. ગ્રહ જોવા = જન્માક્ષર જોવા.
૮. ગ્રહ મળવા = મેળ મળવો.
૯. ગ્રહ વાંકા હોવા = સિતારો પાખરો ન હોવો; દહાડા નબળા હોવા; નસીબ અનુકૂળ ન હોવું

૩. પું. આગ્રહ.
૪. પું. આસક્તિ.
૫. પું. કર્મનો બંધ.
૬. પું. ગાયનના આલાપનો આરંભ; જે સ્વર ઉપરથી રાગના આલાપની કે ગાયનની શરૂઆત કરવામા આવે છે તે; ગ્રહસ્વરનો સ્વર; પકડનો સ્વર.
૭. પું. ગ્રહરથાન.
૮. પું. (જ્યોતિષ) ચંદ્ર સૂર્યનું ગ્રહણ.
૯. પું. ચાર આગળનું એક માપ.
૪ આગળ = ગ્રહ
૨ ગ્રહ = મુષ્ટિ
૧૦. પુ. જ્ઞાન. જાણવું તે.
૧૧. પું. નવની સંખ્યા; નવ જતાવનારી સંજ્ઞા. વાસ્તવિક રીતે ગ્રહ નવ હોવાથી નવની સંજ્ઞા તરીકે તે વપરાય છે.
૧૨. પું. પૂર્વગ્રહ; પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય.
૧૩. પું. બાળકોને પીડનાર બાલગ્રહ. બાળકોને પીડકારક ગ્રહ નવ છે: (૧) સ્કંદ, (૨) સ્કંદાપસ્મર, (૩) શકુની, (૪) રેવતી, (૫) પૂતના, (૬) અંધપૂતના, (૭) શીતપૂતના, (૮) મુખમંડિકા અને (૯) નૈગમેય.
૧૪. પું. મળબંધ.
૧૫. પું. યજ્ઞમાં દેવતાઓને સોમરસનું હવિષ્ય આપવાનું પાત્ર
૧૬. પું. યુદ્ધ કરવા તૈયાર થવું તે; રણમાં ઉદ્યમ.
૧૭. પું. (જ્યોતિષ) રાહુ.
૧૮. પું લેવું તે; ગ્રહણ કરવું તે
૧૯. પુ. શિવના હજાર માહેનું એક નામ.
૨૦. પું. સ્વીકાર.
૨૧. ન. (સંગીત) તાલના દશ ભેદનો એક પ્રકાર; રાગનું દશ ભેદનું એક લક્ષણ. તાલ કે તાળીના સ્થાનને પકડવું તે. કોઈ પણ તાલમાં તાલી મારવાનાં અમુક અમુક અંગો હોય છે. તે અંગોમાં જેટલી માત્રા આવતી હોય તેમાંની જે માત્રા ઉપર તાલી કે ઠેકોરો મારવો પડે છે તે માત્રાને કે તે સ્થાનને પકડવું તેને ગ્રહ કહે છે. સમ, અતીત અને અનાગત એ ગ્રહના ત્રણ પ્રકાર છે. કોઈ વિષમગ્રહ એમ ચોથો પ્રકાર પણ માને છે.
૨૨. ન. મમર; મત્સ્ય.

ગ્રહક [હિં.] પું. ગ્રહણ કરનાર; ગ્રાહક.

ગ્રહકક્ષા [સં.] સ્ત્રી. ગ્રહોનો સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ.

ગ્રહકલ્લોલ [સં.] પું. (જ્યોતિષ) રાહુ.

ગ્રહકુષ્માંડ ૧. [સં.] પું. પુરાણાનુસાર એક પ્રકારની દેવયોનિ.
૨. ન. ભેગાના આકારનું પ્રાણી.

ગ્રહકુંડલી સ્ત્રી. જન્માક્ષર.

ગ્રહગ્રાહ્યતા [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાની શક્તિ કે ગુણ.

ગ્રહગણિત [સં.] ન. ગ્રહોના ભ્રમણ ઇત્યાદિનું ગણિત.

ગ્રહગતિ [સં.] સ્ત્રી. ગ્રહોની ગતિ.

ગ્રહગતિદર્શક [સં.] ન. ગ્રહોની ગતિ બતાવનાર યંત્ર.

ગ્રહગંધ [સં.] પું. સૂર્ય વગેરે ગ્રહોને ઉદ્દેશી અપાતું ચંદન.

ગ્રહગોચર [સં.] પું. એ નામનો એક જ્યોતિષગ્રંથ.

ગ્રહગોળો પું. ગ્રહનો ગોળો.

ગ્રહગ્રહિત [સં.] વિ. દુષ્ટ ગ્રહથી પીડાતું.

ગ્રહચિંતક [સં.] પું. જ્યોતિષી; જોશી.

ગ્રહણ ૧. [સં.] ન. અવાજ; શબ્દ.
૨. ન. અંગીકાર; સ્વીકાર.
ગ્રહણ કરવું = (૧) કબૂલ કરવું. (૨) સમજવું. (૩) સ્વીકારવું.
૩. ન. આદર; સત્કાર.
૪. ન. ઇંદ્રિય.
૫. ન. કર; હાથ.
૬. ન. કળા; વિદ્યા.
૭. ન. ગણી જવું તે.
૮. ન. જાણ પોલી હોય એમ અવાજ.
૯ ન. જ્ઞાન.
૧૦ ન. તાત્પર્ય; અર્થ; મતલબ.
૧૧. ન. ધારણશક્તિ.
૧૨. ન. પકડવું તે.
૧૩. ન. પાણિગ્રહણ; લગ્ન.
૧૪. ન. (વેદાંત) પ્રત્યક્ષ જ્ઞાન.
૧૫. ન પ્રલય; ઉપસંહાર.
૧૬. ન. શિક્ષા.
૧૭. ન. સમજ.
૧૮. ન. સમજવું તે.
૧૯. ન. સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્રના આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વીના આવવાથી સૂર્ય કે ચંદ્રનું ઘેરાવું અથવા પ્રસારવું તે. ૧૮ સૌર વર્ષ અને ૧૧ દિવસ જેટલા વખતમા જે જે ગ્રહણ જે ક્રમે થાય તે જ ગ્રહ ફરીને તે જ ક્રમથી તેટલા કાળમાં થાય છે. ચંદ્ર સૌરમાનને હિસાબે કોઈ વાર આ કાળમાં ૧૮ વર્ષ થાય છે તો કોઈ વાર ૧૮ વર્ષ અને એક ચાંદ્રમાસ થાય છે. સૂર્ય ચંદ્ર રાહુ બિંદુમાં એક વાર આવે ત્યારપછી પાછા ત્યાં ફરીને ગુમારે ઉપર જણાવેલ સમયમાં એક જ વખતે બહુ થોડે અંતરે તે સ્થળે આવે છે. એક ચક્રમાં બહુ કરી ૭૦ ગ્રહણ હોય છે. તેમાં ૪૨ સૂર્યનાં અને ૨૮ ચંદ્રનાં ગ્રહણ અર્થાત્ ચંદ્રનાં ગ્રહણથી સૂર્યનાં ગ્રહણ દોઢાં થાય છે. કોઈ વાર એક ચક્રમાં ૭૧ ગ્રહણ હોય છે ત્યારે ચંદ્રનાં ૨૯ થાય છે. ચક્રમાં સૂર્યનાં ગ્રહણ પુષ્કળ થાય છે પરંતુ એક જ સ્થળે તેમાંનાં બેતાંડે જ દેખાય છે. તે એકદર જેટલાં થાય છે તેનો છઠ્ઠો ભાગ એટલે ગુમારે ૭ ગ્રહણ એક ટેકાણે દેખાય છે. ચક્રમાંનાં ૨૮ ચંદ્રગ્રહણમાં સરાસરી ૧૮ એક ટેકાણે દેખાય છે, એટલે ૧૮ વર્ષમાં પૃથ્વી ઉપર બનાર એકંદર ૭૦ ગ્રહણ માંહેનાં ૭ સૂર્યગ્રહણ અને ૧૮ ચંદ્રગ્રહણ એક ટેકાણે દેખાય છે અને બાકીનાં ૪૫ તે ટેકાણે દેખાતાં નથી. કોઈ વાર પૂર્ણિમાએ કે અમાવાસ્યાએ ગ્રહણ થયા પછી પાછું એક કે બે પર્વે ગ્રહણ થાય છે અર્થાત્ લાગલાગટ બે કે ત્રણ ગ્રહણ થાય છે. કોઈ વાર એક જ થાય છે, અને ત્યારપછી પાંચ સાડાપાંચ કે છ ચાંદ્રમાસને અંતરે ફરીથી ગ્રહણ થાય છે. ચંદ્રગ્રહણ હમેશા પૂનમે અને સૂર્યગ્રહણ હમેશા અમાસે જ થાય છે. સૂર્યગ્રહણ લાગવા માંડે છે તે પહેલાં ચંદ્ર સૂર્યની પશ્ચિમે હોય છે, પરંતુ તે ઉતાવળો ચાલનાર હોવાથી સૂર્યના બિમ્બને ઓળંગીને કેટલીક વારે સૂર્યની પૂર્વે આવે છે. પશ્ચિમ તરફથી આવતા આવતાં ચંદ્ર સૂર્યની પશ્ચિમ કોરની આડે આવે છે અને તેમ થતાં સૂર્યનું તે દિશામાં ગ્રહણ થવા માંડે છે. તે વખતે ગ્રહણનો સ્પર્શ થયો એમ કહે છે. સૂર્યગ્રહણનો સ્પર્શ સૂર્યબિમ્બની પશ્ચિમ તરફથી

થાય છે અને સૂર્યની પૂર્વે ખાલુએ ચંદ્ર સૂર્યને મોકળો કરે છે, એટલે ગ્રહણ છૂટે છે. તે વખતે ગ્રહણનો મોક્ષ થયો એમ કહેવાય છે. આ પ્રમાણે જ ભૂછમાની પશ્ચિમ તરફથી આવીને ચંદ્ર પૂર્વ તરફ જાય છે. આને લીધે ચંદ્રનો પૂર્વભાગ પહેલો ઢંકાય છે અને પશ્ચિમભાગ છેવટે છાયામાંથી બહાર નીકળે છે. એથી ચંદ્રગ્રહણનો સ્પર્શ બિંબની પૂર્વ તરફથી થાય છે ને મોક્ષ પશ્ચિમ તરફથી થાય છે. બિંબનો જેટલો ભાગ આચ્છાદિત થાય તેટલો ગ્રાસ થયો તેમ કહે છે. સ્પર્શથી મોક્ષ સુધીમાં જેટલો કાળ જાય તેટલા સમયને પૂર્વકાળ કહે છે. આ કાળના મધ્યને શુમારે સૌથી મોટો ગ્રાસ થાય છે. તે વખતે ગ્રહણનું મધ્ય થયું એમ કહે છે. રાહુ સૂર્યને ખાઈ જાય છે એવી મૂળ કલ્પના હતી તે ઉપરથી ગ્રાસ એ સંજ્ઞા પ્રચારમાં આવી હોવી જોઈએ. ચંદ્ર નીચમાં અને સૂર્ય ઉચ્ચમાં હોતાં સૂર્યબિંબથી ચંદ્રબિંબ બહુ જ મોટું દેખાય છે. આવે વખતે ગ્રહણ થાય તારે તે ખગ્રાસ થાય છે. સૂર્યબિંબથી ચંદ્રબિંબ નાનું હોય છે ત્યારે કંકણ ગ્રહણ થાય છે. ખગ્રાસ વખતે ચંદ્રની છાયાનો વ્યાસ બહુ તો ૧૮૦ આર્કલિ હોય છે. આથી જેટલી પહોળાઈ જેટલો પૃથ્વીનો પૂર્વપશ્ચિમ પટ્ટો છાયામાં આવે છે, માત્ર તેટલી જ જગ્યામાં ખગ્રાસ ગ્રહણ થાય છે. કંકણ ગ્રહણમાં તે કંકણ દેખાતા ભાગનો પટ્ટો શુમારે ૧૦૦ આર્કલિ પહોળો હોય છે. આ પટ્ટાની ઉત્તરે અને દક્ષિણે તે જ ગ્રહણ ખંડિત ભાગ દેખાય છે. કોઈ એક મોક્ષના સમયમાં ખગ્રાસ અથવા કંકણ સૂર્યગ્રહણ ઘણે વર્ષે દેખાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણમાં સૂર્ય પૂરેપૂરો ઢંકાયેલો બહુ તો આઠ મિનિટ હોય છે અને કંકણ ગ્રહણ બહુ તો માત્ર ૩૧ પળ દેખાય છે. અવસ્થા અથવા સ્થિતિભેદ પ્રમાણે ગ્રહણના દસ પ્રકાર માનેલા છે: સ્પર્શ, અપસ્પર્શ, ભેદ, ગ્રસન, નિરોધ, અવમર્દ, આરોહ, આઘાત, મધ્યતમ અને તમોન્ત. આ પ્રમાણે ગ્રહણના મોક્ષના પણ દસ પ્રકાર માનેલા છે: ઘ્રાણભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, કુક્ષિભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, પાણિભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, સંમર્દન, જરણ, મધ્યવિદારણ અને અંતવિદારણ

૧. ગ્રહણ કાઢવું = (૧) ઘર ધોળી કરી સાફ કરવું. (૨) ઘર લીંપવું, વાળવું, ઝાડવું વગેરે; કલેજું, કોડિયાં વગેરે કાઢી નાખવાં, તમામ વપરાતાં કપડાં ધોવાં વગેરે.

૨. ગ્રહણ વેળાએ સાપ કાઢવો = જે વખતે જે કામ થઈ શકે નહિ તે વખતે તે કામને લીધું કરવું.

ગ્રહણક ૧. [સં.] ન. ગ્રહણ કરાવનારે ગ્રાહક; ગ્રાહકરાજા.

૨. ન. (બૃ. સુ.) ધરેલું; ગીરો.

ગ્રહણકપત્ર [સં.] ન. ધરેણાખત.

ગ્રહણકાલ [સં.] પું. ગ્રહણ સમય; ગ્રહણનો વખત

ગ્રહણચેષ્ટું વિ. સગર્ભા સ્ત્રી ઉપર ગ્રહણનો ઓળો પડતાં જન્મેલું. આવું બાળક અવતરતાં માઠી દશા થાય એમ મનાય છે.

ગ્રહણચક્ર [સં.] ન. જે ક્રમમાં એનાં એ જ ગ્રહણ ફરી ફરીને આવે તે ક્રમ; ૬૫૮૬ દિવસનો ગુણ.

ગ્રહણધારણશક્તિ [સં.] સ્ત્રી. સાંભળેલું મનમાં ધારણ કરવાનું બળ.

ગ્રહણપર્વકાળ પું. ગ્રહણના સ્પર્શ અને મોક્ષ વચ્ચેનો સમય.

ગ્રહણપાત્ર [સં.] ન. કોઈ વસ્તુ સાચવવાનું વાસણ

ગ્રહણમધ્ય [સં.] ન. ગ્રહણમાં જે સમયે સૂર્ય અથવા ચંદ્રનો વધારેમાં વધારે ભાગ ઘેરાયેલો હોય તે સમયની સ્થિતિ.

ગ્રહણમર્યાદા [સં.] સ્ત્રી. સૂર્ય કે ચંદ્ર જો બે વચ્ચેના વધારેમાં વધારે જેટલા અંતરની અંદર ગ્રહણ થઈ શકે તેટલું અંતર.

ગ્રહણમોક્ષ [સં.] પું. સૂર્ય કે ચંદ્રનું ગ્રહણમાંથી છૂટી જવું તે.

ગ્રહણયુગ [સં.] પું. ગ્રહણની પુનરાવૃત્તિનો સમય. લગભગ ૧૮ સૌર વર્ષ જેટલા સમયમાં અર્થાત્ ૨૨૩ ચંદ્રમાસ જેટલા કાળમાં સૂર્ય તેમ જ ચંદ્રનાં ગ્રહણ એક વાર જે ક્રમાંતરે બનેલ હોય તેટલા જ અંતરે તેની પુનરાવૃત્તિ થાય છે.

ગ્રહણશક્તિ ૧. [સં.] સ્ત્રી. ધારણશક્તિ.

૨. સ્ત્રી. સમજવાની શક્તિ.

ગ્રહણશીલ [સં.] વિ. ગ્રહણ કરી શકે તેવું; ગ્રહણ કરવાની ટેવવાળું; સ્વીકાર કરે એવું; અપનાવે એવું.

ગ્રહણશીલતા [સં.] સ્ત્રી. ગ્રહણ કરી શકે તેવું હોવાપણું; સ્વીકારવાનો સ્વભાવ.

ગ્રહણસાધન ન. ઇંદ્રિય.

ગ્રહણસ્પર્શ પું. સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ શરૂ થવું તે; જ્યા લાગવા માંડવી તે; સૂર્ય કે ચંદ્રની કોર કાળી દેખાવા માંડવી તે.

ગ્રહણાજ્ઞા [સં] સ્ત્રી. પકડવાનો હુકમ; 'વૉરંટ'.

ગ્રહણાજ્ઞાપત્ર જુઓ ગ્રહણાજ્ઞા.

ગ્રહણાવૃત્તિ જુઓ ગ્રહણચક્ર

ગ્રહણાશક્યતા ૧. સ્ત્રી. પકડી ન શકાય એવું હોવાપણું.

૨. જો સમજમાં ન આવી શકે એવું હોવાપણું.

ગ્રહણાંત ૧. [સં] પું. ગ્રહણની સમાપ્તિ; ચંદ્ર કે સૂર્યનો ગ્રહણથી મોક્ષ.

૨. પું. વિદ્યાકળાના અભ્યાસનો અંત.

ગ્રહણિ જુઓ ગ્રહણી.

ગ્રહણિકા [સં.] સ્ત્રી. ઉદરગુહાના પાચનિક પ્રદેશમાં આવેલ શરીરનો એ નામનો અવયવ.

ગ્રહણી ૧. સ્ત્રી. અન્નનળીનો એક ભાગ; નાના આંતરડાનો શરૂઆતનો બાર આંગળ લાંબો ભાગ. તેમાં પિત્તકોષમાંથી આવેલું પાચક પિત્ત તથા અગ્નાશયમાંથી આવેલો અગ્ન્યાશયરસ જુદા જુદા સ્રોત વડે આવીને બંને સ્રોતનાં એક સામાન્ય મુખ વડે દાખલ થાય છે. તેથી અધૂરી રહેલી પાચનક્રિયા સંપૂર્ણ થાય છે. આમાશય તથા અન્નનળીના મુખ વચ્ચે મુદ્રિકાદ્વાર રહેલું છે. આ ગ્રહણીભાગ ચાંકાથૂકો થઈ અગ્ન્યાશયના શીર્ષભાગને વીંટળાઈ નીચે આવે છે અને મોટા આંતરડાના આદ્ય ભાગની પાછળ જાય છે. ત્યાંથી ડાબી બાજુ તરફ જતાં તે પૃષ્ઠવંશને ઓળંગે છે અને બીજા કટિકશેરુકાના ડાબા પડખા સુધી જાય છે. ત્યાંથી તે પાછો ઝટકાવો ખાઈ નાભિ તરફ વળે છે અને મધ્યાંત્રક સાથે જોડાય છે. આ પ્રમાણે તેની આકૃતિ ઘણી વિચિત્ર છે. તેને ચીરીને જોતાં તેના અંદરના પડમાં ઉપર કહેલા બંને સ્રોતનું સામાન્ય મુખ જણાય છે. તે સલાઈ જઈ શકે તેવડું મોટું છે. રસાંકુ કરાવણી વલીરાજિ પણ ત્યાં નજરે પડે છે.

૨. સં. આગ વખતે ભંડાર વગેરેમાંથી ચીજો સારવા માટે વપરાતી ટોપલી.

૩. [સં.] સ્ત્રી. એ નામનો એક રોગ; સંગ્રહણીનો રોગ; અતિસાર.

૪. સ્ત્રી. ગુદાદ્વાર; ગુહ્યસ્થાન.

૫. સ્ત્રી. પિત્તધરા નામની કલા; પિત્તને રહેવાનું સ્થાન; સુશ્રુત અનુસાર ઉદરમાં પક્વાશય અને આમાશય વચ્ચેની એક નાડી જે અગ્નિ અથવા પિત્તનો પ્રધાન આધાર છે.

૬. સ્ત્રી. શરીરમાં ગરમી ફેલાવનારી નાડી. તે ઉદરગુહાના હૃદયાધરિક પ્રદેશમાં આવેલી છે.

ગ્રહણીકપાટરસ પું. (વૈદક) સગ્રહણી તથા મરડા ઉપર વપરાતું એક દેશી ઔષધ. તે બે પ્રકારનો હોય છે: કાળો અને લાલ. તેની બનાવટ: શુદ્ધ મોરથૂથુ, શુદ્ધ હરતાલ, શુદ્ધ

પારદ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધ ટંકણ અને શુદ્ધ ગંધક એ દરેકનો અડધો ભાગ અને સર્વભસ્મ ત્રણ ભાગ એ બધાંને લીંબુના રસમાં બાલ કરી તેના લોંદાને જરા શેકવાથી આ રસ બને છે. વાયુને લઈને થતા આમને પણ તે મટાડે એમ મનાય છે.

મહણીગજકેશરી જી. (વૈદ્ય) સંગ્રહણી, આંતરડાની નબળાઈ, મરડો અને જૂના અજીર્ણના રોગ ઉપર વપરાતું એક ઔષધ. બે રતીની માત્રામાં મધ, દૂધ કે પાણી સાથે તે લેવાય છે.

મહણીય ૧. [સં.] વિ. મહણ કરવા યોગ્ય; પકડવા જેવું.

૨. વિ. સ્વીકારવા જેવું; લેવા યોગ્ય.

મહણીહર ૧. [સ.] ન. લવિંગ. લવિંગ ઝાડાને તથા વમનને મટાડનાર મનાય છે. ચબિસ્ણી ખાઈને થતું વમન મટાડે છે માટે તેને મહણીહર કહેવામાં આવે છે.

૨. વિ. સંગ્રહણીના રોગને દૂર કરનાર.

મહતાલ પું. (સંગીત) એક ઋતાલગતિ પચીસ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૨૦ અને ૨૩ માત્રા ઉપર છે. તેના કોટડીના બોલ:—ધા ધિન નક તક ધા ધિન્ નક તક ધિનનક ધિનનક ધિનનક ધિનનક ધા ધિનકિટ ધા ધિનકિટ ધા ધિનકિટ.

મહદશા ૧. [સં.] જી. ગ્રહોની સ્થિતિ.

૨. જી. ગ્રહોની સ્થિતિ અનુસાર માણસની સારી કે માઠી અવસ્થા; ગ્રહની અસરથી થતી હાલત.

૩. જી. દુર્દશા; કમબખ્તી અને અભાગ્ય.

મહદાન ન. ગ્રહની નઠારી અસર મટાડવા માટે આપવામાં આવતું દાન; ગ્રહોને ઉદ્દેશીને કરાતું દાન; ગ્રહની માઠી અસર ન થવાને અર્થે કરવામાં આવતું પુણ્ય.

મહદિક્પાલપૂજન [સં.] ન. ગ્રહ અને દિશાઓના દેવની પૂજા કરવી તે.

મહદિન [સં.] પું. કોઈ ગ્રહ એક દિવસે ઊગે સારથી તે બીજે દિવસે ફરીને ઊગે ત્યાંસુધીનો સમય.

મહદિશા ૧. જી. ખરાબ ગ્રહની અસર.

૨. જી માઠા દિવસ.

મહદીર્ઘિકા [સં.] જી. ગ્રહની મોટી ધરી; ગ્રહનો દીર્ઘ વ્યાસ; ગ્રહના વિષુવવૃત્તનો વ્યાસ.

મહદૃષ્ટિ [સં.] જી. (જ્યોતિષ) ગ્રહોની દૃષ્ટિ.

મહદેવતા [સં.] પું. સૂર્ય વગેરે ગ્રહોના અધિષ્ઠાયક દેવ વગેરે દેવ.

મહદ્રુમ [સં.] ન. અકલવીંગી.

મહદ્રુપ [સં.] પું. ગ્રહોને ઉદ્દેશીને અપાતો ધૂપ.

મહનાયક ૧. [સં.] પું. ગ્રહોનો સ્વામી.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૩. પું. સૂર્ય.

મહનારા ૧. [સં.] પું. એક પ્રકારની ઝાડ વનસ્પતિ.

૨. ન. એક જાતનું ઝાડ; સ્તિવન.

મહનિરીક્ષક [સં.] ન. ગ્રહમંડળની તપાસ; ગ્રહની ગતિ વગેરે જોવાં તે.

મહનિરીક્ષણશાળા જી. વેધશાળા; ગ્રહોની ગતિ વગેરે જોવાનું સ્થાન.

મહનિરીક્ષા [સં.] જી. ગ્રહની બારીક તપાસ; ગ્રહવલોકન; ગ્રહનું નિરીક્ષણ.

મહનેમિ ૧. [સં.] પું. ગ્રહરાજ.

૨. પું. કપૂર.

૩. પું. ચક્ર.

૪. જી. ચંદ્રમાનો મૂળ અને મૂત્રશીર્ષ નક્ષત્ર વચ્ચેનો માર્ગ.

મહપતિ ૧. [સં.] પું. ગ્રહરાજનો એક.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૩. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૪. પું. સૂર્ય.

મહપત્ર [સં.] પું. ગ્રહકુંડલી; જન્મોત્રી; જન્માક્ષર.

મહપથ ૧. પું. ક્રાંતિ.

૨. પું. ગ્રહમાર્ગ.

મહપરિવૃત્તસંવત્સર પું. ભારતીય જ્યોતિષ માહેનો એક સંવત. તે ઈ. સ. પૂર્વે ૨૪થી શરૂ થાય છે. આ સંવતનું ૬૦ વર્ષનું ચક્ર છે. ૬૦ વર્ષ પૂરાં થયા પછી ફરી પાછું એકથી શરૂ થાય છે.

મહપાત ન. ક્રાંતિ.

મહપિટક ન. બે ગ્રહનું જોડકું.

મહપીઠમાલા [સં.] જી. એ નામનું જ્યોતિષ સંબંધી એક પુસ્તક.

મહપીડન (ગ્રહપીડન) [સં.] ન. ગ્રહની અસરથી થતું દુઃખ; જેમાં સ્વકૃત્યોની અસર ન હોય તેવું દુઃખ દુષ્ટ ગ્રહ સંબંધી પીડા.

મહપીડા (ગ્રહપીડા) જુઓ ગ્રહપીડન.

મહપૂજન [સં.] ન. ગ્રહોનું પૂજન; ખરાબ થયેલા ગ્રહોની શાંતિને અર્થે તેમનું પૂજન કરવું તે; સૂર્ય વગેરે નવ ગ્રહોની પૂજા.

મહપૂજા જુઓ ગ્રહપૂજન.

મહબલ [સં.] ન. ગ્રહની પ્રબળ અસર; ગ્રહનું જોર; ગ્રહની સારી માઠી અસર.

મહબલિર્ગત [સં.] પું. (જ્યોતિષ) રાશિચક્રની બહાર ફરનારો ગ્રહ.

મહબળ જુઓ ગ્રહબલ.

મહભગણ પું. (જ્યોતિષ) એક કલ્પમાં અથવા બીજા કોઈ નિશ્ચિત સમયમાં કોઈ ગ્રહ આકાશની જેટલી પ્રદક્ષિણા કરે તે સંખ્યા.

મહભાવ [સં.] પું. ગ્રહથી થતી અસર; ગ્રહનું ફળ.

મહભિન્ન ન. (જ્યોતિષ) જેની વચ્ચે થઈ ગ્રહ પસાર થાય તે નક્ષત્ર. તેમાં દીક્ષા આદિ કર્મ કરવાથી હાનિ થાય, માટે વર્જ્યા કહેલ છે.

મહભેદ પું. એક ગ્રહનું બિંબ બીજા ગ્રહના બિંબને થોડું અથવા પૂરેપૂરું ઢાંકતું દેખાય એવી સ્થિતિ.

મહભોજન [સં.] ન. ગ્રહોને આપવામાં આવતું બલિદાનરૂપ ભોજન.

મહમખ [સં.] પું. ગ્રહની શાંતિને અર્થે કરવાનો યજ્ઞ; ગ્રહયજ્ઞ.

મહમધ્યાહ્ન [સં.] ન. ગ્રહનું યામ્યોત્તરવૃત્ત ઉપર આવવું તે.

મહમંડલ ૧. [સં.] ન. ગ્રહનો સમુદાય; ગ્રહચક્ર; ગ્રહમાળા; સૂર્ય વગેરે ગ્રહોનું કુંડાળું.

૨. ન. ગ્રહોની પૂજાર્થે કરવામાં આવતું અષ્ટ પદ્માકાર સ્થાન.

મહમેડળ જુઓ ગ્રહમડલ.

મહમંડલપરિધિ [સં.] પું. ગ્રહના પરમ મંદ ફળના જેવડી ત્રિજ્યાથી ગ્રહેલા વર્તુળનો પરિધિ.

મહમંડલ્ય ન. ગ્રહોના દીર્ઘવર્તુલાકાર માર્ગને લીધે તેમની ગતિના ભેદસરખાપણામાં પડતો તફાવત.

મહમાન [સં.] ન. ગ્રહ પ્રમાણેની ગણતરી.

મહમાર્ગ પું. ગ્રહપંથ; ગ્રહફેરી; ગ્રહોને જવાનો માર્ગ જે માર્ગમાં જઈને ગ્રહ સૂર્યની આસપાસ ફરે છે તે માર્ગ; ગ્રહકક્ષા.

મહમાલા [સં.] જી. સૂર્ય અને તેની આસપાસ ફરતા ગ્રહોનો સમુદાય.

મહમુરાલ [સં.] ન. મુહૂર્તને આશરે ગ્રહોની ઊંચી કેસૂડી.

ગ્રહમૈત્ર [સં.] ન. વિવાહમાં લેવા યોગ્ય વરકન્યાની રાશિ અને ગ્રહોની મિત્રતા; વર અને કન્યાના ગ્રહોના સ્વામીઓની મિત્રતા અથવા અનુકૂળતા. વિવાહ વખતે આ બાબતનો વિચાર કરવામાં આવે છે.

ગ્રહમૈત્રી જુઓ ગ્રહમૈત્ર.

ગ્રહયજ્ઞ [સં.] પું. શાંતિ અને પુષ્ટિ વગેરે માટે ગ્રહોને ઉદ્દેશીને કરાતો યજ્ઞ. તેમાં દૂધ, ઘી, ધાન્ય વગેરે દ્રવ્યોની જરૂર પડે છે. ગ્રહોની ઉગ્રતા અથવા કોપ સંબંધી દોષો દૂર થવા માટે આ પ્રકારનું પૂજન અથવા યજ્ઞ કરવામાં આવે છે.

ગ્રહયંત્ર [સં.] ન. ગ્રહોની ગતિ બતાવનારું યંત્ર. આ યંત્રમાં સૂર્ય અને ગ્રહોને દર્શાવનારા ગોળા રાખવામાં આવેલા હોય છે અને ગ્રહોની ગતિની ગણતરીરૂપ નક્ષત્ર કરવામાં આવે છે.

ગ્રહયાગ જુઓ ગ્રહયજ્ઞ.

ગ્રહયુતિ ૧. [સં.] પું. (જ્યોતિષ) ગ્રહોની એક રાશિ વગેરેમાં સ્થિતિભેદથી કલ્પવા યોગ્ય એક યોગ; એક રાશિના એક જ અંશ ઉપર ગ્રહોનું એકત્ર થવું તે.

૨. પું. બે ગ્રહોના ક્રાંતિવૃત્તીય ભોગ સરખા હોય તેવી સ્થિતિ.

ગ્રહયુદ્ધ ૧. [સં.] ન. ઉપર ઉપર રહેલા ગ્રહોનું ક્રિરણરૂપથી વગેરેથી થતું યુદ્ધ.

૨. ન. બે ગ્રહ વચ્ચેનું અંતર એક અંશ કરતાં ઓછું હોય તેવી સ્થિતિ.

૩. ન. બે ગ્રહોનું નક્ષત્રની દક્ષિણ ઉત્તરે સમશ્રેણીમાં રહેવું તે.

૪. ન. સૂર્યસિદ્ધાંત અનુસાર બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ અથવા મંગળમાંથી કોઈ એક ગ્રહનું ચંદ્રમા સાથે અથવા તે ગ્રહોમાંથી કોઈ બે ગ્રહોનું એકસાથે એક રાશિના એક અંશ ઉપર એવી રીતે એકત્ર હોવું કે તે ગ્રહ ઉપર ગ્રહણ લાગેલું જણાય.

ગ્રહયુદ્ધભ [સં.] ન. જેમાં ગ્રહોનું યુદ્ધ થયું હોય તે નક્ષત્ર જેની ઉપર કોઈ બે ગ્રહ એક સાથે એકત્ર થાય તે નક્ષત્ર.

ગ્રહયોગ ૧. [સં.] પું. ગ્રહયુતિ; ગ્રહનો યોગ.

૨. પું. સયોગ.

ગ્રહરત્ન [સં.] ન. હિંદુ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે નવ ગ્રહ માટે યોજેલાં નવ રત્ન. તે આ પ્રમાણે: રવિ માટે માણેક, ચંદ્ર માટે મોતી, મંગળ માટે પરવાળું, બુધ માટે પાનું, ગુરુ માટે પુખરાજ, શુક્ર માટે હીરો, શનિ માટે નીલ, રાહુ માટે ગોમેદ અને કેતુ માટે વૈદૂર્ય.

ગ્રહરાજ ૧. [સં.] પું. ગ્રહમાનો એક.

૨ પું. કપૂર.

૩. પું. ચંદ્ર.

૪. પું બૃહસ્પતિ.

૫. પું. મોટો ગ્રહ.

૬. પું. સૂર્ય; ગ્રહનો રાજા.

ગ્રહલઘુવ્યાસ પું. ગ્રહની નાની ધરી; ગ્રહના ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવને જોડનારી સીધી લીટી.

ગ્રહલઘ્વક્ષ જુઓ ગ્રહલઘુવ્યાસ.

ગ્રહલાઘવી વિ. ગ્રહલાઘવાદિ ગ્રંથો ઉપરથી કરેલું.

ગ્રહલાઘવીપંચાંગ ન. એક જાતનું પંચાંગ. ગ્રહલાઘવી પંચાંગમાં કોઈ એક સૂર્યસંક્રાંતિ જે દિવસે થાય તેનાથી ગુમારે ચાર દિવસ પહેલાં કેતકીપતી પંચાંગમાં થાય અને તેનાથી પણ અઢાર દિવસ પહેલાં એટલે કે ગ્રહલાઘવી સંક્રાંતિથી બાવીસ દિવસ પહેલાં સાગર પંચાંગમાં થાય.

ગ્રહવર્ષાધિપ્રવેશ [સં.] ન. સૂર્ય વગેરે ગ્રહો જેના સ્વામી હોય તેવા વર્ષ કે આખું અમુક ફળ.

ગ્રહવહ્નિ [સં.] પું. ગ્રહમાનમાં ગ્રહોને ઉદ્દીપ્ત કરનાર હોય તે અગ્નિ.

ગ્રહવાલું વ. વિ. ગ્રહવું.

ગ્રહવિક્ષેપ પું. (જ્યોતિષ) ગ્રહની ક્રાંતિ અને ક્રાંતિવૃત્ત વચ્ચેનો ખૂણો.

ગ્રહવિપ્ર ૧. [સં.] પું. જોષી; ગ્રહોને ઉદ્દીપ્ત કરનાર ગર્ગ વગેરે ચલિત થયેલ બ્રાહ્મણ.

૨. પું. બંગાળ અને દક્ષિણ હિંદના એક પ્રકારના બ્રાહ્મણ. તે કોઈ બ્રાહ્મણ ક્રિયા વડે ગ્રહોનું શુભાશુભ ફળ બતાવે છે.

ગ્રહવું ૧. સ. ક્રિ. પકડવું; ગ્રહણ કરવું; ધરવું; લેવું.

૨. સ. ક્રિ. સમજવું.

૩. સ. ક્રિ. સ્વીકારવું; અંગીકાર કરવો.

ગ્રહવેધ ૧. [સં.] પું. ગ્રહની સ્થિતિ વગેરે જાણવું તે.

૨. પું. સૂર્યચંદ્રાદિ સાથે ગ્રહનો વેધ.

ગ્રહશાંતક જુઓ ગ્રહશાંતિ.

ગ્રહશાંતિ [સં.] સ્ત્રી. ગ્રહોની અસર પ્રશમન અર્થે કરાતી દાન આપવા વગેરેની ક્રિયા; કોઈ પણ મંગળ ક્રિયા કરતી વખતે ગ્રહોની શાંતિને માટે અથવા તેની માઠી અસર નિવારવા માટે કરાતી ધાર્મિક ક્રિયા.

ગ્રહશાંતિક ૧. [સં.] ન. મંગળપ્રસંગની શરૂઆતમાં ગ્રહોની માઠી અસર નિવારવા માટે કરાતી ધાર્મિક ક્રિયા. વિશાખા નક્ષત્રોમાં તેમ જ પુષ્ય, અશ્વિની, હસ્ત અને અશ્વિની એ ત્રણ નક્ષત્રોમાં તથા શુક્રવાર, બુધવાર અને ગુરુવાર એ ત્રણ દિવસે શાંતિક અથવા પૌષ્ટિક કર્મ કરવાથી ફળદાયક થાય એવું મનાય છે.

૨. વિ. ગ્રહશાંતિ કરનારું.

ગ્રહશાંતેક જુઓ ગ્રહશાંતિક.

ગ્રહશીઘ્રપરિધિ [સં.] પું. ગ્રહના પરમ શીઘ્ર ફલના જેવડી ત્રિજ્યાથી દોરેલા વર્તુલનો પરિધિ.

ગ્રહશીઘ્રફલ [સં.] ન. ગ્રહની સર્વોદ્રક સ્થિતિને એટલે સૂર્યમાંથી જોતાં જે સ્થાને દેખાય તે સ્થાનવર્તક સ્થિતિને ભૂકેંદ્ર સ્થિતિ એટલે પૃથ્વીમાંથી જોતાં જે સ્થાને દેખાય તે સ્થાનવર્તક સ્થિતિ ઉપર લાવવા કરવો જોઈતો સંસ્કાર.

ગ્રહશીલતા સ્ત્રી. ગ્રાહકતા; સમાવી શકવાની કે ગ્રહણ કરવાની શક્તિ કે ગુણ.

ગ્રહશૃંગાટક ૧. [સં.] પું. એ નામનો એક ગ્રહગત.

૨. પું ગ્રહયુગ્મ; ગ્રહનું જોડકું.

૩. પું. બૃહત્સંહિતા અનુસાર ગ્રહોનો એક પ્રકારનો યોગ. તેની અવસ્થા અનુસાર શુભ અને અશુભ ફળ બતાવ્યું બતાવ્યું છે.

૪. ન. ત્રીજોક્ષના ફળની પેઠે ગ્રહોનું રહેવું તે.

ગ્રહષડ્ભાંતર પું. બે ગ્રહો એકબીજાની બરાબર સામે હોય એટલે તેમની વચ્ચે ૬ રાશિનું એટલે ૧૮૦ અંશનું અંતર હોય એવી સ્થિતિ.

ગ્રહસમાગમ ૧. [સં.] પું. ચંદ્રની સાથે મંગળ વગેરે પાંચ ગ્રહોનો એક યોગ.

૨. પું. બે ગ્રહોના ક્રાંતિવૃત્તીય ભોગ સરખા હોય અને તેમની વચ્ચેનું અંતર એક અંશ કરતાં વધારે હોય એવી સ્થિતિ.

ગ્રહસંગમ [સં.] પું. ગ્રહનો સંયોગ; ગ્રહોનું એકઠા થવું તે.

ગ્રહસંયમ [સં.] પું. ગ્રહોનું નિયમન.

ગ્રહસાધન [સં.] ન. ગ્રહોનું આકાશમાં દેખાતું સ્થાન નક્કી કરવા માટેનું ગણિત.

ગ્રહસિદ્ધિ [સં.] સ્ત્રી. ગ્રહોનું આકાશમાં દેખાતું સ્થાન પ્રાપ્ત કરવું તે.

ગ્રહસ્તી ૧. પું. ભેજૂત.

૨. [સં. ગૃહસ્થ] પું. ગ્રહસ્થી માણસ.

ગ્રહસ્થ [સં.] વિ. ગ્રહમાં રહેલ.

ગ્રહસ્થિતિપત્ર [સં.] ન. જ્યોતિષવિદ્યા સંબંધીનું પંચાંગ; ટીપણું.

ગ્રહસ્થિતિપત્રક જુઓ ગ્રહસ્થિતિપત્ર.

ગ્રહસ્વર પું. (સંગીત) રાગનો જેનાથી આરંભ થાય તે સ્વર.

અહા પુ. એક જાતનું જળચર પ્રાણી; આહા; મગર.

અહાડ [સ] સ્ત્રી. અહની ઘરી.

અહાધાર [સ.] પું. (જ્યોતિષ) ધ્રુવ નક્ષત્ર. તે સર્વ ગ્રહોનો આધાર મનાય છે.

અહાધિકરણ [સં] ન. તે નામે નૈયાયિકોનું એક અધિકરણ.

અહાધીન [સં.] વિ. ગ્રહોને સ્વાધીન.

અહાધીશ ૧. [સં.] પું આકડાનો છોડ.
૨ પું. સૂર્ય.

અહાધ્યક્ષ જુઓ ગ્રહાધીશ.

અહાપહા [સં] સ્ત્રી. ગોરોચન.

અહામય ૧. [સં.] પું. ગ્રહોને લીધે થતો રોગ.
૨. પું. ગ્રહોનો આવેશ

અહાવવું સ. ક્રિ. ગ્રહણ કરાવવું.

અહાવું અ ક્રિ. પકડાવું.

અહાશ્રય જુઓ ગ્રહાધાર.

અહીત વિ. ગૃહીત; ગ્રહણ કરેલ; પકડાયેલ.

અહીતવ્ય [સ.] વિ. ગ્રહણ કરવા યોગ્ય; સ્વીકારવા યોગ્ય; લેવા જેવું.

અહીતા [સં. ગ્રહીતૃ] વિ. ગ્રહણ કરનાર; લેનાર.

અહેવાવું સ. ક્રિ. ગ્રસાવું; પકડાવું.

અહેવું સ. ક્રિ. લેવું. પકડવું; ઝાલવું; ગ્રહણ કરવું.

અહેશ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. ગ્રહોનો ઈશ; રવિ; સૂર્ય.
૩. પું. ચંદ્ર.

અહેશ્વર જુઓ ગ્રહેશ.

અહોપરાગ [સ.] પું. એક જાતનું ચક્રપાત્ર.

અહોલ્લેખ [સં.] પું. બે ગ્રહનાં બિંબ એકબીજાને સ્પર્શ કરતાં દેખાય એવી સ્થિતિ.

અઘ [સં.] ન. એક જાતનું ચક્રપાત્ર.

અંથ્ ૧. [સ.] સ. ક્રિ. (ધાતુ) ઉત્પન્ન કરવું; બનાવવું.
૨. સ. ક્રિ. ગોઠવવું; રચવું; સાંધવું; ગ્રથવું.
૩. સ ક્રિ. ઓળ વીંટાળવું.
૪ સ ક્રિ (ધાતુ) જોડવું; ગૂંથવું; ગાંઠવું. તે ઉપરથી નીકળેલ શબ્દોઃ ગ્રંથ, ગ્રંથન, ગ્રંથિ, ગ્રથિત, ગ્રથિક, ગાંઠ, ગાંઠડી
૫. સ. ક્રિ. બાંધવું; લટકાવવું.

ગ્રંથ ૧. [સ.] પું. એકબીજાની સાથે સંબંધવાળાં વાક્યોનો સમૂહ. વિચારોની એકબીજા સાથે કરેલી ગૂંથણીથી બનેલો મોટો સમુદાય.
૨. પું. ગાંઠ.
૩. પું. ગૂંથવું તે; ગૂંથણી; ગાંઠો.
૪ પું ૩૮; શ્લોક; અનીશ્વર અક્ષરના અનુષ્ટુપ છંદવાળો શ્લોક.
૫. પું. ધન; સંપત્તિ.
૬. પું. ધર્મગ્રંથ.
૭. પું. પુસ્તક. આ શબ્દ ગ્રંથિ ઉપરથી બનો છે. અગાઉ તાડપત્રો ઉપર લખાણ લખી એ બધાંની વચ્ચે કાણું પાડી તેમને દોરીમાં પરોવી બે બાજુ ચાંદ વાળવામાં આવતી. જેથી તાડપત્રો વેરણછેરણ થઈ ન જાય. આમ ગ્રંથિ વડે બંધાયેલ પુસ્તકની ગ્રંથ સંજ્ઞા પડી.
૮. પું. પ્રકરણ; ખંડ; પુસ્તકનો એક ભાગ.
૯. પું. ત્રણ અક્ષરની અક્ષતરી.
૧૦. પું. બંધન.
૧૧. પું. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ તથા સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યક એ દસનો સમૂહ.
૧૨. પું. જૈન લોકોનું ધર્મપુસ્તક. પ્રભાસોક્ત. તેના લેખક મુખ્ય અર્જુન મનાય છે.
૧૩. પું. સમૂહ.
૧૪. પું. સત્તાર્થે; રાજ્યની મતલબ.
૧૫. પું. સ્વજન; સગપણ સોડ.
૧૬. સ્ત્રી. અક્ષરવન આંકેની એક અર્વાચીન લિપિ.

ગ્રંથકર્તા [સં. ગ્રંથકર્તૃ] પું. પુસ્તક બનાવનાર માણસ

ગ્રંથકર્તૃત્વ [સં.] ન. ગ્રંથ લખવો, રચવો કે તૈયાર કરવો તે.

ગ્રંથકર્ત્રી [સં.] સ્ત્રી. લેખિકા; પુસ્તક રચનાર સ્ત્રી

ગ્રંથકાર ૧. [સં.] પું. પુસ્તક બનાવનાર માણસ; ગ્રંથકર્તા; લેખક.
૨. પું. ગ્રાસકાર.

ગ્રંથકાલ ૧. [સં.] પું. ગ્રહગણિતના પુસ્તકમાં જે સમય સુધીનું ગણિત તૈયાર આપ્યું હોય અને જેનાથી આગળ ગણિત કરવાની રીત આપી હોય તે સમય.
૨. પું. ગ્રંથ લખાવાનો વખત.

ગ્રંથકુટિ [સં.] સ્ત્રી. પુસ્તકાલય.

ગ્રંથકોશ [સ.] પું. ગ્રંથોનું સૂચિપત્રક

ગ્રંથખંડ [સં.] પુ. પુસ્તકો રાખવાનો ઓરડો.

ગ્રંથગત [સં.] વિ. પુસ્તકમાં આવેલું.

ગ્રંથગૂંથણ ન. પુસ્તક લખવું તે.

ગ્રંથગૃહ [સ.] ન. પુસ્તકાલય; પુસ્તકશાળા.

ગ્રંથચોર વિ. પુસ્તક વાંચવામાં મગ્ન રહેતું.

ગ્રંથચોરી (ગ્રંથચોરી) સ્ત્રી. પુસ્તકો મૂકવાની લાકડાની કે લોઢાની બોડી.

ગ્રંથજ્ઞાન [સં.] ન. પુસ્તકો વાંચીને પ્રાપ્ત કરેલ અનુભવ વગરનું જ્ઞાન.

ગ્રંથતાત્પર્ય [સં.] ન. પુસ્તકનો સાર.

ગ્રંથતીર્થ [સં.] ન. ઉત્તમ પુસ્તક; ઉત્તમ ગ્રંથ.

ગ્રંથન ૧. [સં.] ન. દોરાથી જેમ સાંધવું તેઃ ગૂંથવું તેઃ ગાંઠણ; ગૂંથણ.
૨. ન. પુસ્તક રચવું કે લખવું તે.

ગ્રંથના જુઓ ગ્રંથન.

ગ્રંથનિર્વચન [સં.] ન. પુસ્તક પ્રસિદ્ધ કરવું તે.

ગ્રંથપઠન [સં.] ન. પુસ્તક વાંચવું તે.

ગ્રંથપરીક્ષક [સ.] પું. તૈયાર થયેલ. પુસ્તકમાંથી અસંગ કે વિરોધદર્શક હકીકતની તપાસ કરી તેમાં ફેરફાર કરનાર અમલદાર; 'સેન્સર'.

ગ્રંથપરીક્ષણ [સં.] ન. સિંહાવલોકન; પુસ્તકની વસ્તુનું બારીક નિરીક્ષણ કે વિવેચન.

ગ્રંથપરીક્ષા જુઓ ગ્રંથપરીક્ષણ.

ગ્રંથપદ્ધતિ પુ. પુસ્તક લખવાની રીત.

ગ્રંથપાઠ [સં.] પું. પુસ્તકનો ભાગ.

ગ્રંથપાલ [સં.] પું. પુસ્તકાલયમાં પુસ્તકોની રક્ષા અને આપવા લેવાની વ્યવસ્થા કરનારો માણસ. 'લાઇબ્રેરિયન'.

ગ્રંથપાળી જુઓ ગ્રંથપાલ.

ગ્રંથપ્રકારક [સં.] પું. પુસ્તક છપાવી બજાર પાડનાર માણસ.

ગ્રંથપ્રકારન [સં.] ન. પુસ્તક છપાવી બજાર પાડવું તે.

ગ્રંથપ્રચાર [સં.] પું. પુસ્તકનો ફેલાવો થાય એવી જાહેરાત કરવાપણું.

ગ્રંથપ્રવર્તક [સં.] પું. ગ્રંથનો પ્રચાર કરનાર માણસ.

ગ્રંથપ્રશસ્તિ ૧. [સં] સ્ત્રી. પુસ્તકનાં વખાણ.
૨. સ્ત્રી. પુસ્તકનાં વખાણની કવિતા કે લેખ.

ગ્રંથપ્રસિદ્ધક [સં.] પું. પુસ્તક પ્રસિદ્ધ કરનાર માણસ

ગ્રંથપ્રસિદ્ધિ જુઓ ગ્રંથપ્રકાશન.

ગ્રંથપ્રામાણ્ય [સં.] ન. પુસ્તકનું આધારરૂપ હોવાપણું.

ગ્રંથભંડાર [સં.] પું. પુસ્તકાલય; પુસ્તકશાળા.

ગ્રંથભાષા [સં.] સ્ત્રી. પુસ્તકમાં વપરાયેલી ભાષા.

ગ્રંથભક્તિ [સં.] પું. જૈન પુસ્તક.

ગ્રંથમાળા સ્ત્રી. એક જ સ્થળથી એક પછી એક પ્રસિદ્ધ થતા ગ્રંથોની હારમાળા.

ગ્રંથમુદ્રણ [સં.] ન. પુસ્તક છાપવું તે.

ગ્રંથરક્ષક [સં.] પું. પુસ્તકમાળાનો અવસ્થાપક; ગ્રંથપાલ; 'લાઇબ્રેરિયન'.

ગ્રંથરચના [સં.] સ્ત્રી. પુસ્તકનું સંધાણ.

ગ્રંથરત્ન [સં.] ન. જૈન પુસ્તક.

ગ્રંથરાજ જુઓ ગ્રંથરત્ન.

ગ્રંથરાશિ [સં.] સ્ત્રી. સાહિત્ય; મનનનાં સ્તાન, વિચાર, ભાવના વગેરેની ભાષામાં સંગ્રહાયેલી મૂડી.

ગ્રંથલિપિ [સં.] સ્ત્રી. દક્ષિણી કૈથીની જ આંહેની એક જાતની લિપિ. તે મદ્રાસ પ્રદેશની ઉત્તરે અને દક્ષિણે આર્કોટ, સાલેમ, ત્રિચિનાપલ્લિ, મદુરા અને તિનેવેલ્લિ જિલ્લામાં વપરાયેલી છે. ઈ. સ.ની પૂર્વે સાતમી સદીથી પંદરમી સદી સુધી એમાં કંઈ કંઈ ફેરફાર થઈને વર્તમાન ગ્રંથલિપિ બની. તેમાંથી અર્વાચીન મલયાલમ અને તુળુ લિપિઓ ઉત્પન્ન થઈ. મદ્રાસ પ્રદેશમાં જે ભાગમાં તામિલ લિપિના અક્ષરોની અપૂર્ણતાને લીધે સંસ્કૃત ગ્રંથ લખી શકાતા ન હતા ત્યાં સંસ્કૃત ગ્રંથ આ લિપિમાં લખાયા, તેથી તેનું નામ ગ્રંથલિપિ એટલે સંસ્કૃત ગ્રંથોની લિપિ પડ્યું.

ગ્રંથલેખન [સં.] ન. પુસ્તક લખવું તે.

ગ્રંથવસ્તુ [સં.] ન. પુસ્તકની મુખ્ય બીના; પુસ્તકની સારભૂત હકીકત.

ગ્રંથવિક્રેતા [સં. ગ્રંથવિક્રેતૃ] પું. પુસ્તક વેચનાર માણસ.

ગ્રંથવિવેચન [સં.] ન. પુસ્તકો સંબંધી ટીકા.

ગ્રંથવિશારદ [સં.] પું. વિદ્વાન; પંડિત.

ગ્રંથવિશારદતા [સં.] સ્ત્રી. વિદ્વત્તા; પાંડિત્ય.

ગ્રંથશાલાધિકારી [ગ્રંથશાલાધિકારિન્] પું. વાચનાલયનો અધિકારી; પુસ્તકશાલાધ્યક્ષ.

ગ્રંથસંકલના [સં.] સ્ત્રી. પુસ્તક રચવું તે.

ગ્રંથસંકળના જુઓ ગ્રંથસંકલના.

ગ્રંથસંગ્રહ [સં.] પું. પુસ્તકભંડાર; ગ્રંથાલય; પુસ્તકાલય.

ગ્રંથસંગ્રહાલય [સં.] પું.; ન. પુસ્તકભંડાર; પુસ્તકો એકઠાં કરવાનું સ્થળ.

ગ્રંથસંભાળક [સં.] પું. પુસ્તકો સંગ્રહી રાખનાર માણસ.

ગ્રંથસંધિ [સં.] પું. ગ્રંથનો સંધિવિભાગ; પરિચ્છેદ.

ગ્રંથસાહેબ પું. શીખ લોકોનું એ નામનું પવિત્ર ધર્મપુસ્તક. તેમાં નવ ગુરુઓનો ઉપદેશ એકઠો કરવામાં આવેલ છે. શીખ લોકો ગ્રંથસાહેબની પૂજા કરે છે. એમનો છેલ્લા ગુરુએ ગુરુ કે આચાર્યની પ્રથા બંધ કરી ગ્રંથસાહેબને જ સદાના ગુરુ માનવાનું ઠરાવ્યું છે.

ગ્રંથસૂચિ સ્ત્રી. પુસ્તકોની યાદી.

ગ્રંથસ્થ [સં.] વિ. પુસ્તકમાં આવેલું; ચોપડીમાં મુકાયેલું કે સંગ્રહાયેલું.

ગ્રંથસ્વામિત્વ [સં.] ન. ગ્રંથકારને પોતાના ગ્રંથ છપાવવાનો હક; નકલહક. 'કૉપિરાઇટ'.

ગ્રંથા સ્ત્રી. ચોપડી.

ગ્રંથાતીત ૧. [સં.] પું. (જૈન) પરિગ્રહ વગરનો મુનિ.

૨. વિ. પરિગ્રહ વગરનું.

ગ્રંથાર્પણ [સં.] ન. પ્રથમ છપાયેલું પુસ્તક કોઈને અર્પણ કરવાપણું.

ગ્રંથાલય [સં.] પું.; ન. પુસ્તકાલય.

ગ્રંથાવલિ [સં.] સ્ત્રી. પુસ્તકમાળા; પુસ્તકોની હારમાળા; પુસ્તકોની પરંપરા.

ગ્રંથાવલી જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાવલોકન [સં.] ન. પુસ્તકની સમાલોચના; ગ્રંથ સંબંધી અભિપ્રાય; પુસ્તકના મુખ્યોપર્યુ અવલોકન.

ગ્રંથાવળિ જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાવળી જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાંતર ૧. [સં.] પું. એક સિવાય બીજો ગ્રંથ.

૨. ન. એક પુસ્તકને બીજી ભાષામાં ઉતારવું તે.

૩. ન. ભાષાંતર.

ગ્રંથિ ૧. પું.; સ્ત્રી. ગાંઠ; ગૂંચવણ.

૨. પું.; સ્ત્રી. એ નામનું ગ્રામ; ગંધિપર્ણ.

૩. [સં.] પું; સ્ત્રી. એક જાતની ભોંય.

૪. પું.; સ્ત્રી. મુશ્કેલી; વાંકા.

૫. પું.; સ્ત્રી. ખામી; અપૂર્ણતા.

૬ પું.; સ્ત્રી. ગૂમડું.

૭. પું.; સ્ત્રી. ગૂંથવું તે; ગૂંથણી.

૮. પું.; સ્ત્રી. ટેકો; કકળ; પિંડ; મહો; ગોળો.

૯. પું.; સ્ત્રી. ગેલી.

૧૦. પું; સ્ત્રી. ધન.

૧૧. પું; સ્ત્રી. પીપરીમૂળ.

૧૨. પું; સ્ત્રી. પોશાક.

૧૩. પું; સ્ત્રી. બંધન; બાંધવું તે.

૧૪. પું , સ્ત્રી. મૂત્રકોષ.

૧૫ પું.; સ્ત્રી. મંત્રણાસૂત્ર.

૧૬. પું.; સ્ત્રી. માયા રૂપી પાશ; અહંતામમતા રૂપી ગાંઠ. બૌદ્ધ સંપ્રદાયમાં ગ્રંથિઓ ચાર છે: ૧. અભિજ્ઞા કે અભિધ્યા એટલે પારકા ધનની ઇચ્છા, ૨. વ્યાપાદ એટલે પરદ્વેષ, ૩. શીલવ્રતપરામાર્શ એટલે શીલ અને વ્રતથી અને ઉપવાસ વગેરેથી મોક્ષ મળે છે એમ માનવું તે, અને ૪. ઇદં સત્યાભિનિવેશ એટલે હું કહું છું એ જ સાચું છે એવો દુરાગ્રહ.

જ્યારે સર્વે તૂટી જાયે ગ્રંથિ હૃદય સ્થિત,
ત્યારે અમૃત લાયે જ આટલો ઉપદેશ છે.

કઠોપનિષદ

૧૭. પું.; સ્ત્રી. ગાંઠી ભગવાથી થતો એક જાતનો રોગ; અર્બુદ; ગ્રંથીરોગ.

૧૮. પું; સ્ત્રી. વજ્ર.

૧૯. પું.; સ્ત્રી. વજ્રની ગાંઠ.

૨૦. પું.; સ્ત્રી. વીજ વગેરેની ગાંઠ.

૨૧. પું.; સ્ત્રી. વિઘ્ન; અંતરાય.

૨૨. પું.; સ્ત્રી. શરીરમાંની રસની નાની કોથળી; શરીરમાં વપરાનારા કે શરીરમાંથી બહાર કાઢી નાખવાના પદાર્થનો સ્રાવ કરનારું અંગ; ગ્રંથિ. શરીરમાં ગ્રંથિઓ ઘણી હોય છે. દરેક ગ્રંથિનું કામ સ્રાવ કરવાનું હોય છે. યકૃતની ગ્રંથિ પૂરનું સ્રવણ કરે છે. લસિકાગ્રંથિનું કામ લસિકા સ્રાવ કરવાનું છે. જઠરગ્રંથિ જઠરરસનું સ્રવણ કરે છે. આવી દરેક ગ્રંથિનું કર્તવ્ય શરીરને બહુ ઉપયોગી છે. ગ્રંથિઓ એકસરખા માપની હોતી નથી. નાનામાં નાની વટાણાના દાણા જેવડી હોય છે, જ્યારે મોટી નાળિયેર જેવડી હોય છે. કેટલીક ગ્રંથિમાં પ્રવાહી, કેટલીકમાં નક્કર, કેટલીકમાં ઘણની બહેક જેવો બીકણો પદાર્થ માલૂમ પડે છે. કેટલીક ગ્રંથિમાં લાલ રાય છે, કેટલીકમાં ઓછી ઘણી પીળા રાય છે ને કેટલીકમાં બિલકુલ પીળા રાતી નથી. કેટલીક ગાંઠો પકાવીને મટી જાય છે, કેટલીકને કાપીને કાઢવાની જરૂર પડે છે, કેટલીક ગાંઠો કાપ્યા પછી પણ ફરી પાછી ઊપડે છે. આ પ્રત્યેક ગ્રંથિ જ્ઞાનતંતુનું મધ્યબિંદુ મનાય છે. એક રીતે તે દરેક ગ્રંથિ કરોડવાળાં પ્રાણીઓના મગજ સાથે સરખાવી શકાય એવું મગજ હોય છે.

૨૩. પું.; સ્ત્રી. સમૂહ; ટોળું; સંઘ.

૨૪. પું.; સ્ત્રી. સાંધો; જોડાણ.

ગ્રંથિક ૧. [સં.] પું. (પુરાણ) અજ્ઞાતવાસ વખતે વિરાટને ત્યાં પાંડવ સહદેવે ધારણ કરેલું નામ.

૨. પું. એ નામની વનસ્પતિ; ગિરામણી. તેનાં ફૂલની એક પાંખડી દોઢે વળેલી હોય છે. તેના થડમાં ગાંઠો હોય છે અને પાન પણ ચૂસવાળાં હોય છે તેથી તેને ગ્રંથિક કહે છે.

૩. પું ગ્રંથિમય અવયવોમાંથી ખેંચી કાઢવામાં આવતો એક મૂળ પદાર્થ.
૪. પું. ગ્લેન્ડ્સ.
૫. પુ. પુસ્તકનો કોઈ એક ભાગ.
૬ ન. એક જાતનું ઝાડ; ગ્રંથિપર્ણ.
૭. ન. કેરડાનું ઝાડ.
૮. ન. ગૂમડું.
૯. ન. પીપરીમૂળનો ઝીણો.
૧૦. ન. વાસ.

ગ્રંથિકસન્નિપાત [સં.] પું. ગ્રંથિજ્વર; મહામારી; મરકી; પ્લેગ, ગાંઠિયો તાવ.

ગ્રંથિકા ૧. સ્ત્રી. ગાંઠ.
૨. [સં.] સ્ત્રી. ચોપડી; નાનો ગ્રંથ.
૩. સ્ત્રી. વજ્ર.

ગ્રંથિકાકિંકવાક્ષ પું. (વૈદક) બગલ તાવ ઉપર બતાવેલો એક જાતનો ઉકાળો.

ગ્રંથિકાપત્ર ન. તાલીસપત્ર. તેનાં પાનને વાળી ચોપડી બંધાય એવી રીતે ગૂંથાય છે.

ગ્રંથિકાવલિ સ્ત્રી. નાની ચોપડીઓની માળા.

ગ્રંથિકી [સં.] સ્ત્રી. વજ્ર.

ગ્રંથિકોષ [સં.] પું. નિસ્સારણ કરનાર કોષ. તે ગ્રંથિના ઉપાસ્તરથી જુદો હોય અથવા તો તેમાં રહેલો હોય છે. આ કોષ માત્ર લોપ્યનું કામ કરે છે.
આવા કોષો નિસ્સારણ ઉત્પન્ન કરનારા છે, તેમને ગ્રંથિકોષ (ગ્લેન્ડ્યુલર સેલ)ના નામથી ઓળખવામાં આવે છે.
પ્રાણીવિદ્યાનું જ્ઞાનદર્પણ

ગ્રંથિજ્વર ૧. [સં.] પું. ગાંઠના કુપ્રભાવથી ચઢતો તાવ.
૨. પું ગાંઠિયો તાવ; મરકી; મહામારી; પ્લેગ.

ગ્રંથિત ૧. [સં.] વિ. ગૂંથેલું; ગૂંથેલું.
૨. વિ. ગ્રથિત; સંકળાયેલું.

ગ્રંથિતગ્રંથ [સં.] સ્ત્રી. ગાંઠ.

ગ્રંથિતૃણ ન. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

ગ્રંથિપત્ર [સં.] ન. એરંડ નામનું ગંધદ્રવ્ય.

ગ્રંથિપર્ણ ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. તગરની ગાંઠ.

ગ્રંથિપર્ણક [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગ્રંથિપર્ણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પનડી.

ગ્રંથિપર્ણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઘો.
૨. સ્ત્રી. એક જાતનો વેલો.

ગ્રંથિપીડા [સં.] સ્ત્રી. ગ્રંથિ સબંધી વ્યાધિ.

ગ્રંથિફલ ૧. [સં.] ન. કોઠાનું ઝાડ.
૨. ન. બીંટાનું ઝાડ.

ગ્રંથિબંધન ૧. [સં.] ન. ગાંઠ બાંધવી તે.
૨. ન. ઉકાળેલી બાંધવાપણ.
૩. ન. જન્મતિથિએ ગોરોએ બાંધવું હાર બાંધવું તે.

ગ્રંથિભેદ ૧. [સં.] પું. બીજાક્ષરાર.
૨. પું. ગાંઠ કાપનાર માણસ.
૩. પું. ગાંઠ છોડવી અથવા કાપવી તે.
૪. પું. વજ્ર વગેરેની ગાંઠ છોડનાર માણસ.

ગ્રંથિભેદક [સં.] વિ. ગાંઠ છોડી ચોરી કરનાર.

ગ્રંથિભેદન ૧. [સં.] ન. ગાંઠ છોડવી અથવા કાપવી તે.
૨. ન. યોગનું એક આસન.

ગ્રંથિભેદનાસન [સં.] ન. યોગનું એ નામનું એક આસન. કાળા સાપળના મૂળમાં જમણો પગ રાખી તથા જમણા સાપળના મૂળમાં કાળો પગ રાખી પછી બંને ઢીંચણને ભરતી બરણી જેવા લાવવા અને બંને હાથના પંજા પરસ્પર પકડી બંને હાથના મધ્યભાગના આધારથી ઊંચા કરેલા ઢીંચણોને આધાર આપી સ્વસ્થ બેસવાથી આ આસન થાય છે. આ આસનથી હાથપગ મોટાની નાડીઓની ગ્રંથિઓનો ભેદ થાય છે.

ગ્રંથિમાન વિ. એ નામની એક વેલ; હાડસાંકળ.

ગ્રંથિમૂલ ૧. [સં.] ન. ગાજર.
૨. ન. મૂળો.
૩. ન. શતમૂ.

ગ્રંથિમૂલા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધ.

ગ્રંથિમોચક ૧. [સં.] પું. બીજાક્ષરાર.
૨. વિ. ગાંઠ છોડનાર.

ગ્રંથિરોગ [સં.] પું. ગાંઠનો રોગ; અર્બુદ રોગ.

ગ્રંથિલ ૧. [સં.] ન. બાદુ.
૨. ન. બાલ.
૩. ન. ગોર નામનું ગંધદ્રવ્ય.
૪. ન. કેરડાનું ઝાડ.
૫. ન. ગાંઠ.
૬. ન ગોખરુ.
૭. ન. પીપરીમૂળ.
૮. ન. બીલીનું ઝાડ.
૯. ન. વિકળો.
૧૦. વિ. ગાંઠવાળું; ગ્રંથિવાળું.

ગ્રંથિલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધ; ધોળા પ્રો.
૨. સ્ત્રી. એક જાતની ગોચ; ભદ્રમોચ.
૩. સ્ત્રી. કેરડાનું ઝાડ.
૪. સ્ત્રી. ચોર નામનું ગંધદ્રવ્ય.
૫. સ્ત્રી. કોદીનો.

ગ્રંથિવાત [સં.] પું. એક જાતનો સાંધાનો રોગ; સંધિવા.

ગ્રંથિવિસર્પ [સં.] પું. વિસર્પ રોગના સાત ભાદેનો એક પ્રકાર. આ રોગમાં લાંબી, નાની, ગોળ, રાતી ગાંઠની માળા થાય છે. ગાંઠમાં સણસણ થાય અને તાવ આવે છે.

ગ્રંથિશામક [સં.] વિ. ગાંઠની પીડા શાંત કરનારું.

ગ્રંથિસન્નિપાત [સં.] પું. ગ્રંથિજ્વર; મહામારી; મરકી; પ્લેગ.

ગ્રંથિસંવેદન [સં.] ન. ગ્રંથિમાં લાગણી થઈ આવવાપણું.

ગ્રંથી ૧. પું શીખનું ધર્મપુસ્તક વાંચનાર માણસ.
૨. સ્ત્રી. ગ્રંથિ; ગાંઠ.
૩. સ્ત્રી. ભંજન; ચૂરણ.
૪. સ્ત્રી. સમૂહ; ટોળું.
૫. સ્ત્રી. સબબ.

ગ્રંથીક [સં.] ન. પીપરીમૂળ.

ગ્રંથોત્તમ [સં.] પું. ઉત્તમ ગ્રંથ; બાદર્હ પુસ્તક.

ગ્રંથોત્સર્ગ [સં.] પું. અર્પણપત્રિકા; ગ્રંથનું અર્પણ.

ગ્રંથોપાસના [સં.] સ્ત્રી. ગ્રંથપૂજા; પુસ્તકની ઉપાસના.

ગ્રા પું. તાડપત્રના પુસ્તકના પાનાંની મજબૂતી માટે કરેલા એકમ અંગે માંહેનો સાતમો; ૭.

ગ્રાઉંડ ૧. [અં.] ન. ચોગાન; મેદાન.
૨. ન. જમીન; ભોંયતળિયું.
૩. ન. મુદ્દો; બારણું.

ગ્રાઉંડગ્લાસ [અં.] પું. ઝાંખળો કાચ; બસેલો કાચ.

ગ્રાઉંડનીટસ [અં.] ન. દાલપક્ષવર્ગનું ખોળાં ટપકાવાળું એક મોટું કીટક. તે જંગલમાં જતી પ્રજાનો અને ઇવાંનો નાશ કરે છે.

ગ્રાઉંડબોલ [અં. ગ્રાઉન્ડ બૉલ] પું. ક્રિકેટની રમતમાં જમીન સાથે ઘસાઈને ફેંકાઈ આવતો દડો. ગ્રાઉંડબોલ ફેંકનાર રમનારાને બરાબર ફાવતા નથી.

ગ્રાનચોટી [અં. ગ્રેન્યુઇટિ] સ્ત્રી. નોકરને નોકરી છોડી વખતે સારી નોકરી કર્યા બદલ આપવામાં આવતી ઇનામી રકમ.

ગ્રાનિટ [અં. ગ્રેનિટ] પું. એક જાતનો કાળો, કઠણ અને બરડ પથ્થર.

ગ્રાફ [અં.] પું. રેખાલેખન; રેખાંકન.

ગ્રામ ૧. પું. સિવનાં હળવર માંહેનું એક નામ.

૨. [સં.] પું.; ન. અમુક વસ્તીવાળા બાહ્મણ વગેરેનું નિવાસસ્થાન.

૩. પું.; ન. (સંગીત) આર્ચિક ગાયનના બે માંહેનો એક ભેદ.

૪. પું.; ન. ઇંદ્રિયોનો સમૂહ.

૫. પું.; ન. એક પ્રકારની ક્ષેત્રમર્યાદા.

૧૦૦ કુટુંબ = ૧ ગ્રામ.

૧૦૦ ગ્રામ = ૧ જનપદ.

૬. પું.; ન. ગામ; ગામડું. અર્થશાસ્ત્રના પ્રમાણે ગામડાના પ્રથમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ વર્ગ પડતા. એ દરેકના પરિહારક, અપુરોધિ, કુપ્ય અને વિષ્ટિ એવા ચાર પેટા વિભાગ પડતા.

૭. પું.; ન. ગામની વસ્તુતા બતાવવા હેડે વપરાતો શબ્દ.

૮. પું.; ન. જેમાં બાહ્મણો અને ભેડૂતો વિશેષ હોય એવો દેશ.

૯ [સં.] પું.; ન. તોલનું એક જાતનું અંગ્રેજી માપ; શુદ્ધ પાણીના ૧ કયુબિક સેંટિમિટર જેટલું વજન.

૧૦. પું.; ન. પ્રાણીઓનો સમૂહ.

૧૧. પું.; ન. લંબાઈનું એક અંગ્રેજી માપ; ૧ મિટરનો ૧૦૦મો ભાગ.

૧૨. પું.; ન. વસ્તી.

૧૩. પું.; ન. (સંગીત) ષડ્જ, મધ્યમ, ગંધાર કે પંચમથી શરૂ થતું સાત સ્વરોનું સમૂહ; સ્વરસંકલના; સ્વરસમૂહ; સ્વરોના માટા કે ઝીણા સ્વર પ્રમાણે પાડેલ ભાગ; સાત સ્વરમાં જે મુખ્ય ત્રણ અવધિ હોય છે તેમાંનો અકેક. મૂર્ચ્છના માટેના આશ્રયરૂપ સ્વરસમૂહ ષડ્જ, મધ્યમ અને ગંધાર એ ત્રણ ગ્રામ કહેવાય છે. ક્રોધ તેને આદિ, મધ્ય અને અવસાન ગ્રામ પણ કહે છે. સંગીતમાં ષડ્જ, મધ્યમ અને પંચમ તથા કોહલના મત પ્રમાણે ષડ્જ, મધ્યમ અને ગંધાર એ નામે ત્રણ ગ્રામ નક્કી કરેલા છે, જેને અનુક્રમે નંદાવર્ત, સુબદ્ધ અને કૂટભૂત પણ કહે છે, અને જેના દેવતા અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. દરેક ગ્રામમાં સાત સાત મૂર્ચ્છના છે. સા થી ષડ્જથી આરંભ કરીને સા રી ગ મ પ ધ નિ એ સાત સ્વર જ્યાં તેના સમૂહને ષડ્જગ્રામ, મ મધ્યમથી આરંભ કરીને મ પ ધ નિ સા રી ગ એ સાત સ્વર જ્યાં તેના સમૂહને મધ્યમગ્રામ અને એ પ્રકારે ગ ગંધારથી આરંભ પ પંચમથી શરૂ કરતાં જે સાત સ્વર જ્યાં તેના સમૂહને ગંધાર અથવા પંચમગ્રામ કહે છે. પહેલા બે ગ્રામનો અવતાર આ લોકમાં મનુષ્યો દ્વારા થયો છે, પણ ત્રીજા ગ્રામનો અવતાર સ્વર્ગલોકમાં નારદ કરે છે. પારંપરિક રીતે ત્રીજો ગ્રામ બહુ જ ઊંચો છે અને તેનો સ્વર કેવળ સિતાર, સારંગી, હારમોનિયમ વગેરે વાદ્યોમાંથી નીકળી શકે છે, મનુષ્યના ગળામાંથી નીકળી શકતો નથી. નાસિકા, કંઠ, હૃદય, તાલુ, જીભ અને દંતને સ્પર્શ કરી જે સ્થાનમાંથી ઉત્પન્ન થતા પદાર્થના અધિષ્ઠાન નીચે રહેલા સ્વરોના સમૂહને ગ્રામ કહે છે.

૧૪. પું.; ન. સમુદાય; સમૂહ; સમહ. આ અર્થમાં આ શબ્દ સમાસને છેડે આવે છે. જેમકે, ગુણગ્રામ.

વિસર નિવહ સંદોહ ઉહ, યૂથ જાત વ્રજ વ્રાત,
ચક્ર અનંત સમાજ બહુ સ્તોમ ગ્રામ સંઘાત.

પિંગલપ્રકાશ

૧૫. વિ. નિપુણ; હોંશિયાર.

ગ્રામ અધિકારી પું. ગામનો મુખી.

ગ્રામકંટક ૧. [સં.] પું. ગામના ગામને દુઃખ આપનાર માણસ; ગામનું પાપ; ગામનો ઉતાર; ગુંડો.

રાજા વેશ્યા યમો વહ્નિ ત્રાતિત્રિ ભાત ગામકો,
પરદુઃખો ન ગણે તે ગામનો ગ્રામકંટક.

સુભાષિત

૨. પું. ઇંદ્રિયસમૂહરૂપ કાંટો.

૩. પું. નઠારો શબ્દ; ગાળ.

ગ્રામકુક્કુટ [સં.] પું. ગામેડો મુરઘો; ગામમાં રહેતો કૂકડો.

ગ્રામકુમાર [સં.] વિ. ગામના ગામમાં સૌથી સુંદર.

ગ્રામકૂટ ૧. પું. મુખી.

૨. [સં.] પું. ચક્ર.

ગ્રામકૂટો [સં.] સ્ત્રી. ચક્ર જાતિની સ્ત્રી.

ગ્રામકેળવણી સ્ત્રી. ગામડાના લોકોને આપવાનું શિક્ષણ.

ગ્રામકોષ [સં.] ન. ગામમાં રહેતું ધૂંધ.

ગ્રામગ [સં.] વિ. ગામ જનાર.

ગ્રામગુરુ પું. ગામોટ; ગામગોર.

ગ્રામગેય [સં.] પું. ગામમાં ગાવા યોગ્ય એક સામવિશેષ.

ગ્રામગોર પું. ગામની ચક્ર જાતિઓનું ગોરપદું કરનાર બાહ્મણ; ગામોટ.

ગ્રામગોષ્ઠ પું. ગામનો ચોરો.

ગ્રામઘાત ૧. [સં.] પું. ગામનો નાશ.

૨. ન. ગામમાં રહેતાં માણસોને મારી નાખવાં તે.

ગ્રામચર્યા ૧. [સં] સ્ત્રી. ગ્રામ્ય ધર્મ.

૨. સ્ત્રી. સ્ત્રીસંભોગ; મૈથુન.

ગ્રામજ [સં.] વિ. ગામમાં ઉત્પન્ન થનાર.

ગ્રામજન પું. ગામડાનો માણસ.

ગ્રામજીવન ન. ગામડામાં રહીને ગળાતું જીવન.

ગ્રામણ્ય [સં.] વિ. ગામના મુખી સંબંધી; ગામેતી સંબંધી.

ગ્રામણિ પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

ગ્રામણી ૧. [સં.] પું. ગામનું ગોરપદું કરનાર બાહ્મણ; ગામોટ.

૨. પું. ગામનો માલિક.

૩. પું. ગામનો મુખી; પટેલ; ગામેતી; ગ્રામાધ્યક્ષ.

૪. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૫. પું. નેતા; આગેવાન.

૬. પું. પતિ.

૭. પું. બહુ સ્ત્રીસંભોગ કરનાર માણસ.

૮. પું. યક્ષ.

૯. પું. વિષ્ણુનાં હળવર માંહેનું એક નામ. ભૂતગ્રામનું નેતૃત્વ કરનાર હોવાથી તે ગ્રામણી કહેવાય છે.

૧૦. પું. જન્મ; વર્ણાંદ.

ભક્ષિકા મહકો વેશ્યા મૂષકો યાચકો તથા,
ગ્રામણી ગણને સાતે પરલક્ષ્ય જેમાય છે.

સુભાષિત

૧૧. સ્ત્રી. મણિનો જોડ.

૧૨. સ્ત્રી. ગામના મુખીની સ્ત્રી; પટલાણી.

૧૩. સ્ત્રી. વેશ્યા; કસબણ.

૧૪. વિ. ગામનું; ગામડાનું.

૧૫. વિ. પ્રધાન; મુખ્ય; ઉત્તમ.

૧૬. વિ. શ્રેષ્ઠ; ઉમદા.

ગ્રામણીતા [સં.] સ્ત્રી. ગ્રામેતીપણું; મુખીપણું; ગ્રામાધ્યક્ષપણું.

ગ્રામણીત્વ જુઓ ગ્રામણીતા.

ગ્રામણીપુત્ર ૧. [સં.] પું. ગ્રામાધ્યક્ષનો દીકરો.

૨. પું. વેશ્યાનો પુત્ર.

ગ્રામણીસવ [સં.] પું. એક દિવસમાં થતો એક પ્રકારનો યજ્ઞ.

ગ્રામતંત્ર [સં.] ન. ગામડામાં ચાલતું ગામલોકોનું તંત્ર.

ગ્રામતા [સં.] સ્ત્રી. ગામનો સમુદાય.

આગડ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આગર્દંડપાલ [સં.] પું. આગરક્ષક; પસાયતો; ચોકીદાર.

આગર્દાહ [સં.] પું. ગામનું સળગવું તે.

આગર્દેવતા ૧. પું. ગામનું રક્ષણ કરનાર દેવતા; ખેતરપાળ.

૨. સ્ત્રી. ગામની ઇષ્ટ દેવતા; ગામદેવી.

આગર્દેવી સ્ત્રી. ગામડાંની દેવી.

આગર્દ્વાર [સં.] ન. ગામનો ઝાંપો.

આગર્ધર્મ ૧. [સં.] પું. ગ્રામધર્મ; ગામડાનો આચારવિચાર.

૨. પું. મૈથુન; વિષયપ્રવૃત્તિ.

૩. પું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ઇંદ્રિયોના પાંચ વિષય.

આગર્પતિ [સં.] પું. ગામનો મુખી; ગામાધ્યક્ષ.

આગર્પથ ૧. [સં.] પું. ગામડામાં જઈને જતો રસ્તો.

૨. પું. ગામડે જતો રસ્તો.

આગર્પદ્ધતિ સ્ત્રી. (સંગીત) ઝાળબેઠથી ચવેલી બે ઝાંઝની એક પદ્ધતિ; પ્રાચીન સંગીતપદ્ધતિ.

આગર્પંચ ન. ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું પંચ.

આગર્પંચાયત સ્ત્રી. ગામનો વહીવટ ચલાવનાર પંચાયત.

આગર્પાલ ૧. પું. ગામનું રક્ષણ કરનાર માણસ; રાબ.

૨. પું. ગામનો ભાલિક.

૩. [સં.] પું. ચોકીદાર; ગામની રક્ષા કરનાર સૈનિક.

૪. પું. પટેલ; મુખી.

આગર્પુનર્રચના [સં.] સ્ત્રી. ગામનું નવું બંધારણ; ગામનો નવો વસવાટ.

આગર્પુસ્તકાલય [સં.] ન. ગામડાનું પુસ્તકાલય.

આગર્પૂંજ પું. ગામડાંઓનો સમૂહ.

આગર્પોલીસ પું. આગરક્ષક; પસાયતો; ચોકિયાત.

આગર્પ્રેષ્ય [સં.] પું. ગામનોકર.

આગર્ભૃત ૧. [સં.] પું. ગામડાનો ગરીબ માણસ.

૨. પું. ગામડે સંદેશો લઈ જવા માટે રાખેલ નોકર.

આગર્ભૃતક [સં.] પું. ગામડિયો મજૂર.

આગર્ભોજક ૧. પું. ન્યાય અને વસૂલી કામદાર.

૨. પું. મુખી; પટેલ.

આગર્મંડળ ન. ગામનો વહીવટ ચલાવનાર પંચાયત; ગ્રામપંચાયત.

આગર્માર્ગ ૧. પું. ગામડા તરફ જતો રસ્તો.

૨. પું. ગામડામાંનો રસ્તો.

આગર્મુખ [સં.] ન. હાટ; દુકાન; બજાર

આગર્મૂગ [સં.] પું. ફૂતરો.

આગર્યાચક [સં.] પું. ગામડાનો પુરોહિત બ્રાહ્મણ.

આગર્યાજક [સં.] પું. ગામડામાં ચાલતા ધર્મનો અધ્વર્યુ.

આગર્યાળ પું. ગામોટ; ગામગોર.

આગર્રક્ષ જુઓ આગરક્ષક.

આગર્રક્ષક [સં.] પું. કોટવાળ; ગામનો રક્ષક; ગામેતી.

આગર્રચના સ્ત્રી. ગામનું બંધારણ.

આગર્રાગ પું. (સંગીત) રાગના ૬ઠ્ઠા ભેદનો એક વર્ગ.

આગર્વાસ ૧. [સં.] પું. ગામમાં રહેનાર ગામડિયો.

૨. પું. ગામમાં રહેવું તે; જંગલ છોડી ગામમાં વસવું તે.

આગર્વાસી ૧. [સં. આગર્વાસિન્] પું. ગામડિયો.

૨. વિ. ગામડામાં રહેતું.

આગર્વિધાન [સં.] ન. ગામડાની રચના.

આગર્વિન્યાસ [સં.] પું. નવું શહેર બાંધવા માટે વિસ્તારની રચના.

આગર્વૃત્તિ સ્ત્રી. ગ્રામસંગઠનના ક્રમમાં પડવા ને ઘડવામાં અનુકૂળ વૃત્તિ.

આગર્વૃદ્ધ [સં.] પું. ગામડા બહિનો ઘરડો પુરુષ.

આગર્શાળા સ્ત્રી. ગામડાની નિશાળ; ગામડી નિશાળ.

આગર્શિક્ષક પું. ગામડાની નિશાળનો શિક્ષક.

આગર્શિક્ષણ ન. ગામડાની નિશાળમાં અપાતું શિક્ષણ.

આગર્ષંઢ [સં.] પું. નપુંસક.

આગર્ષંઢક [સં.] ન. નપુંસકપણું.

આગર્સભા સ્ત્રી. ગામ સાથે સંબંધ ધરાવતી સભા; નગરસભા; નગરવ્યવસ્થામંડળ; શહેરસુધરાઈખાતું; ગામલોકોની સભા; મ્યુનિસિપાલિટિ.

આગર્સમૃદ્ધ પું. ગામડાના લોકો.

આગર્સમૃદ્ધ પું. ગામડાનો જથ્થો.

આગર્સહસ્રસંશ્રય પું. ગામનો બજારનો ભાગ; 'મિલિટરી'.

આગર્સંકટ ન. આખા ગામ ઉપર આવી પડેલું દુઃખ.

આગર્સંગઠન ૧. ન. ગામડાના આખા જીવનનું સંગઠન કામ.

૨. ન. ગામડાઓનું એકત્ર કરવું તે.

આગર્સંસ્થા સ્ત્રી. ગ્રામમંડળ; ગ્રામપંચાયત; ગામનો વહીવટ ચલાવનાર મંડળ.

આગર્સાધારણ ૧. ન. (સંગીત) મધ્યમ સાધારણ.

૨. ન. ષડ્જ સાધારણ.

આગર્સિંહ [સં.] પું. ફૂતરો. ગામમાં ઓટલે વસતીમાં તે સિંહ જેવો છે.

આગર્સુધાર પું. ગામડાના આખા જીવનને સુધારવું તે.

આગર્સુધારણા સ્ત્રી. ગામડાને સુધારવું તે.

આગર્સેવક [સં. આગ્ર (આગ્રહું) + સેવક (સેવા કરનાર)] પું. ગામડાની સેવા કરનાર; ગામનો નોકર; ગ્રામસેવા કરનાર.

આગર્સેવા સ્ત્રી. ગામડાંઓની સેવા.

આગર્સ્થ [સં.] વિ. ગામમાં રહેનાર; ગામડિયું.

આગર્સ્થાન [સં.] ન. ગામડાણ; ગામતળ.

આગર્હાસક [સં.] પું. બહેવો; બહેનનો પતિ.

આગાચાર [સં.] પું. ગામનો આચાર; ગામનો વહીવટ; ગામની રૂઢિ; ગામના રીતરિવાજ.

આગાખેટ [સં.] ન. મૃગયા; શિકાર.

આગાધિકારી [સં. ગ્રામ (ગામ) + અધિકારિન્ (અમલદાર)] પું. ગ્રામ અમલદાર; ગ્રામ કામગાર.

આગાધિકૃત [સં.] પું. ગામનો મુખી; ગામનો પટેલ; ગામનો અધિકારી.

આગાધિપ પું. ગામનો મુખી; ગામણી; પટેલ.

આગાધિપતિ [સં.] પું. ગામનો મુખી; ગામનો પટેલ; ગામનો અધિકારી.

આગાધ્યક્ષ [સં.] પું. ગામનો મુખી; પટેલ; ગામનો વડો; ઉપરી.

આગાનુગ્રામ ન. (જૈન) એક ગામથી બીજે ગામ.

પન્નરસણ પડિકમીનઈ રહિસ હુઈ તુહવ પસિ;
ગ્રામાનુગ્રામ પ્રતિ વિહાર કરિસ્યા હરખ.
પુણ્યસાર સં. ૧૨૦૪

આગાફોનિયું વિ. આગોફોનને લગતું. જેમકે, આગાફોનિયું સંગીત.

આગારાગ [સં.] પું. ગામબગીચો.

આગાર્ધ [સં.] પું. ગામનો અરધો ભાગ.

ગ્રામાંત ૧. [સં. ગ્રામ (ગ્રામ) + અંત (છેડો)] પું. ગામની પાસેની જગ્યા.
૨. પું. સીમાડો.
૩. વિ. ગામની પાસેનું; ગામની સમીપનું.

ગ્રામાંતર [સં.] ન. બીજું ગામ.

ગ્રામાંતરવાસી [સં. ગ્રામાંતર (બીજું ગામ) + વાસિન્ (વસનાર)] વિ. ઉપરવાડિયું; બીજા ગામમાં રહેનારું.

ગ્રામિક ૧. [સં.] પું. ગ્રામાધ્યક્ષ; ગામનો મુખી; પટેલ.
૨. વિ. ગામનું; ગામ સંબંધી; ગામડાને લગતું.
૩. વિ. વિષયાભિલાષી.

ગ્રામિત્વ [સં.] ન. ગામપણું.

ગ્રામિણી [સં.] સ્ત્રી. ગળીનો છોડ.

ગ્રામી ૧. [સં. ગ્રામિન્] પું. ગામડિયો.
૨. પું. પટેલ; ગામનો મુખી.
૩. વિ. ગામને લગતું.
૪. વિ. ગામમાં રહેનારું.
૫. વિ. ગ્રામ્યધર્મવાળું; મૈથુનવાળું.
૬. વિ. સમૂહવાળું. તે પદને અંતે વપરાય છે. જેમકે, મુનુગ્રામી.

ગ્રામીણ ૧. [સં.] પું. ભગંદર.
૨. પું. દુકાળ.
૩. પું. કૂતરો.
૪. પું. ગામડિયો.
૫. પું. ભૂંડ; સસર.
૬. વિ. ગામડાનું; ગામને લગતું.
૭. વિ. ગામમાં ઉત્પન્ન થનાર.

ગ્રામીણા ૧. [સં.] સ્ત્રી. એક ઘાસ.
૨. સ્ત્રી. ગળીનો છોડ.

ગ્રામીણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઔષધ.
૨. સ્ત્રી. ગામડાની સ્ત્રી.

ગ્રામેય [સં.] વિ. ગામમાં હોનાર કે થનાર.

ગ્રામેયા [સં.] સ્ત્રી. વેશ્યા.

ગ્રામેરૂક ન. રાતા અથવા રતાશ પડતા ઝાળા રંગનું એક જાતનું ચંદન. અકરાના મૂળ જેવી તેની વાસ હોય છે.

ગ્રામેવાસ ૧. [સં.] પું. ગામડામાં રહેવું તે; ગામમાં વસવાટ.
૨. વિ. ગામમાં રહેનાર.

ગ્રામેવાસી [સં. ગ્રામેવાસિન્] વિ. ગામમાં રહેનાર; ગામડામાં રહેનાર.

ગ્રામેશ [સં.] પું. ગામધણી.

ગ્રામેશ્વર [સં.] પું. ગામધણી.

ગ્રામોદ્ધાર [સં.] પું. ગામડાનો ઉદ્ધાર; ગ્રામોદ્ધાર.

ગ્રામોદ્યોગ [સં.] પું. ગામડાનો ઉદ્યોગ.

ગ્રામોપાધ્યાય [સં.] પું. ગામડાનો શિક્ષક.

ગ્રામોફોન [અં.] ન. ચાવી કે તાવડી ચલાવીને વગાડાતું એક જાતનું વાજું; 'ફોનોગ્રાફ'. આ વાજામાં એક ખાસ ઢબની બનાવેલી તાવડી જેને ચૂડી કહે છે તેના ઉપર સોઈ લગાડીને કમાનથી ચાલતા એક યંત્રની મદદથી જાત જાતના બોલેલાં વાક્ય અથવા ગાયેલાં ગીત વગેરે ખાસ રીતે અંકિત થઈ જાય છે અને તે અંકિત વાક્યો અથવા ગીતો ફેરવ્યા હોય ત્યારે વિદ્યુત ઉત્પન્ન કરનાર એક બીજા યંત્રની મદદથી સાંભળી શકાય છે. ગ્રામોફોન રમણાનું એક કીમતી સાધન છે અને કેળવણીના બધા તબક્કામાં તે બાળકનો બાગ ભજવે છે. સંગીતના શિક્ષણમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. ગ્રામોફોનથી તો જે મહાન પુરુષો અદૃષ્યપણાને જોડીને ગયા છે અને જેમના પ્રવચન સાચવી રાખવામાં આવ્યા છે તેમને પણ સાંભળી શકાય છે. ગ્રામોફોનનો એક ખાસ લાભ છે કે કોઈ વાણી આપણે ધારીએ તેટલી વખત ફરી ફરીને સાંભળી શકીએ છીએ.

ગ્રામ્ય ૧. [સં.] પું. (અલં) એક જાતનો અર્થદોષ; લોકોને જે અર્થ અપ્રિય લાગે તે જાતનો દોષ. જુઓ અર્થદોષ.
૨. પું. (અલં) પદદોષનો એક ભેદ; ગ્રામ્ય વચનથી રસનો અપકર્ષ થાય તેથી આનો દોષ. શ્રોતાઓની વિમુખતા આ દોષનું કારણ છે. આ દોષ અનિત્ય છે.
૩. પું. પાળવામાં આવતું અને ગામમાં રહેતું પશુ. જેમકે, બળદ, ભેંસ, બકરી.
૪. પું. (જ્યોતિષ) મેષ અને વૃષભ રાશિ.
૫. પું. રાત્રિ.
૬. પું. સ્વીકાર.
૭. ન. એ નામનો એક રતિબંધ.
૮. ન. એક જાતનું ગ્રામ્ય ગોપ.
૯. ન. ગામડી બોલી.
૧૦. ન. (જ્યોતિષ) મિથુન રાશિ.
૧૧. ન. મૈથુન; ઓરસંગ.
૧૨. ન. (અલં) રીતિ અને વૃત્તિને ઉપયોગી એવાં જે માર્દવ એક પ્રકારનું પદ.
૧૩. ન. સંસ્કૃત વિનાની સર્વે પ્રાકૃત ભાષા માટેની દરેક.
૧૪. વિ. હલકું વાક્ય; અશ્લીલ ભાષણ.
૧૫. વિ. અસભ્ય; અનાગરિક; ગામડિયું; અણઘડ; નહિ સુધરેલું; પ્રાકૃત; ગામડાની રીતભાતનું; રોગ્ય જેવું.
૧૬. વિ. ગ્રામ સંબંધી; ગામનું.
૧૭. વિ. ગામડી; ગામડાનું; ગામડાને લગતું.
૧૮. વિ. ગામમાં હોનાર કે થનાર.
૧૯. વિ. પ્રાકૃત; અસલી.
૨૦. વિ. મૂઢ; મૂર્ખ; અજ્ઞાની; ગેવકૂફ.

ગ્રામ્યઉદ્યોગ પું. ગામડાના ઉદ્યોગ. જેવા કે, ખેતી, ગોપાલન, ગોરસવિદ્યા.

ગ્રામ્યકથા ૧. [સં.] સ્ત્રી. કપટ, યુક્તિ અને પ્રયુક્તિવાળી વાતચીત.
૨. સ્ત્રી. ગામ મહેના ખબર સંબંધી વાતચીત.

ગ્રામ્યકર્મ [સં.] ન. મૈથુન.

ગ્રામ્યગાથા સ્ત્રી. એક જાતનું ટૂંકું ગરબુ.

ગ્રામ્યગૌરી ૧. [સં.] સ્ત્રી. ગામડાની સુંદરી.
૨. સ્ત્રી. વેશ્યા.

ગ્રામ્યજન [સં.] પું. ગામડિયો માણસ; ગામડામાં રહેનાર પુરુષ.

ગ્રામ્યજીવન [સં.] ન. ગામડાની જિંદગી; ગામડાનું જીવન.

ગ્રામ્યતા [સં.] સ્ત્રી. અશિષ્ટતા; અનાગરિકતા; ગામડિયાપણું; જંગલીપણું.

ગ્રામ્યદેવતા [સં.] પું. ગ્રામદેવતા; ગામના મુખ્ય દેવ; ગામનું રક્ષણ કરનાર દેવ.

ગ્રામ્યદેવળ ન. ગામડાનું મંદિર.

ગ્રામ્યધર્મ [સં.] પું. મૈથુન; વિષયાંધ થવું તે; હલકાર વિષય ભોગવવાપણું.

ગ્રામ્યધર્મી [સં. ગ્રામ્યધર્મિન્] વિ. મૈથુનમાં આસક્ત.

ગ્રામ્યપશુ [સં.] પું. ગામમાં રહેનાર પશુ.

ગ્રામ્યપંચાયત સ્ત્રી. ગ્રામપંચાયત; ગામનો વ્યવહાર ચલાવનાર મંડળ.

ગ્રામ્યબંધારણ ન. ગામડાનું બંધારણ.

ગ્રામ્યબાળા સ્ત્રી. ગામડાની છોકરી.

ગ્રામ્યભાષા [સં.] સ્ત્રી. અશિષ્ટ બોલી; અપભાષા; ગામડી બોલી.

ગ્રામ્યમૂગ [સં.] પું. કૂતરો.

ગ્રામ્યમૃગી [સં.] સ્ત્રી. કૂતરી.

ગ્રામ્યરચનાત્મકપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. ગામડાંની કરીથી ગોઠવણી કરવાની હિલચાલ.

ગ્રામ્યરાશિ [સં.] પું. (જ્યોતિષ) મિથુન વગેરે રાશિ.

ગ્રામ્યવલ્લભા [સં.] સ્ત્રી. વેશ્યા.

ગ્રામ્યવાણી [સં.] સ્ત્રી. ગામડિયા લોકોમાં વપરાતી બોલી.

આમ્યવાદી ૧. [સં. આમ્યવાદિન્] વિ. આમ્ય શબ્દ બોલનાર. જેમકે, ગેડુત.
૨. વિ. હલકી ભાષા બોલનાર.

આમ્યવાર્તા ૧. [સં.] સ્ત્રી. ગામ સંબંધી વાત.
૨. સ્ત્રી. હલકી વાત.

આમ્યવિપર્યય [સં.] પું. ગામડાનું પરાવર્તન; ગામડાનું ફરી ગયેલું દશ્ય.

આમ્યશૂકર [સં.] ન. ગામડામાં રહેતું ભૂંડ

આમ્યશૂકરી [સં.] સ્ત્રી. ગામડામાં રહેતી ભૂણ્ડી.

આમ્યશ્રી [સ.] સ્ત્રી. ગામડાની શોભા; ગામડાનો વૈભવ.

આમ્યસંજ્ઞા [સં.] સ્ત્રી. ગામડાનું ગંજન.

આમ્યસાહિત્ય [સં.] ન. ગામડાનાં રસિક ગીત કે વાતો.

આમ્યસુધાર પું ગામડાંની શાસનપદ્ધતિનો પુનરુદ્ધાર.

આમ્યસેવક પું. ગામડાની સેવા કરનાર માણસ.

આમ્રા ૧. [સં] સ્ત્રી. મણીનો છોડ.
૨. સ્ત્રી. તુળસી.

આમ્રાયનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

આમ્રાર્ચ [સં.] પું. બપોર.

આમ્રાર્ધા [સં.] સ્ત્રી. બપોરી.

આમ્રોદ્ધાર [સં.] પું. આમ્રોદ્ધાર; ગામડાનો ઉદ્ધાર.

આય ૧. [સં. આયન્] પું. પત્થર.

આય અરમ પ્રસ્તર ઉપલ શિલ પાન અતિયાર,
પાણી પાણી પા તણે, જેના નામ આકાર.
પિંગળલઘુકોષ

૨. [હિં.] પું. પર્વત; પહાડ.

આયઆજ્ઞ [સં.] પું. યજ્ઞ કરાવનાર એક જાતનો ઋત્વિજ; સોળ માંહેનો તેરમો ઋત્વિજ. તેને અચ્છાવાક પણ કહે છે. યજ્ઞમાં જ્યારે અપ્રથમ સોમરસ કાઢે છે ત્યારે આ ઋત્વિજનું કામ પાવમાન્ય ઋચાઓ ગાવાનું હોય છે અને તેના હાથમાં સોમરસ કાઢવાના પાત્રો હોય છે.

આયરોહક [સં.] પું. એ નામની વનસ્પતિ; આસંધ.

આયસ્તુત [સં. આયસ્તુત્] પું. આયઆજ્ઞ.

આયહસ્ત જુઓ આયઆજ્ઞ.

આયા ૧ [સં. આયન્] પું. પત્થર; ખડક.
૨. પું. પર્વત; પહાડ.
૩. પું. મેઘ.

આયાજ્ઞ પું. સોમરસ કાઢવાનો પત્થર.

આયાસ્તારજ્ઞ પું. (પિંગળ) ઋતિપૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ, ભગણ, ભગણ, ભગણ અને ગુરુ મળી બોત્તેરીશ અક્ષર હોય. તેમાં દશમા અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે

આરીય ન. એ નામની એક ધાતુ; 'લક્ષિયમ'.

આરીલિયા ન. સોથી દોઢસો ફૂટ ઊંચું થતું રાતાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

આરુ ૧. [સં. અરુ (ભાલું) + અ (ક્રિયાવાચક પ્રત્યય)] પું. ઠોલિયો; કવલ.
૧. આરુ કરવું = ઠોલિયે ભરવો; ભાલું.
૨. પ્રથમ આરુસે અક્ષિપ્ર = પ્રારંભમાં જ વિઘ્ન; પહેલે ઠોલિયે માખી આવવી.
૨. પું. ભાલું તે; અણઘડપણ.
૩. પું. ગરાસ; નોકરીને ચોટે ભળતી જમીન.
૪. પું. ગ્રહણ કરવાપણું.
૫. પું. ગ્રહણને લીધે સૂર્ય કે ચંદ્રના બેટલા ભાગ ઉપર ભંવો પડેલો હોય તેટલો ભાગ; સૂર્ય તથા ચંદ્રના બિમ્બનું ઢંકાઈ જવું તે; જ્યોતિર્બિંબના અમુક ભાગનું આચ્છાદિત થવું તે. બિમ્બનો જેટલો ભાગ ઢંકાય તેટલો આરુ થયો એમ કહેવાય છે.
૬. પું. ઢાંકવા યોગ્ય અને ઢાંકનારનો સ્પર્શ.
૭. પું. ભાગ.

આરુક ૧. [સં.] વિ. ખણી જનાર.
૨. વિ. છુપાવનાર.
૩. વિ. પકડનાર.

આરુચારી [સં. આરુ (ગરાસ) + ચારિન્ (ચારણ કરનાર)] પું. ગરાસિયો; સામંત; જાગીરદાર.

આરુપટ્ટી ૧. સ્ત્રી. કણીની ઉપરથી ગર્ભ જતો પહેલો [illegible] ક્રોતરણીવાળો ભાગ.
૨. સ્ત્રી. (સ્થાપ) સિંહાસનના ઉદયના છપ્પાકી માંહેના 'સાત ભાગનો બનેલો એક ભાગ; સિંહાસનના ઉદયનો નીચેથી ગણાતો સાતમો એ નામનો ભાગ અથવા ઘાટ.

આરુમુદ્રા સ્ત્રી. (તાંત્રિક) જમણા હાથની આંગળીઓ ટેરવાંને અલગ અલગ રાખીને વાંકો કરી એને ડાબા હાથમાં મૂકવાથી થતી મુદ્રા.

આરુવું ૧. સ. ક્રિ. ખાઈ જવું.
૨. સ. ક્રિ. ઘેરી લેવું.

આરુશલ્ય [સં.] ન. ગોળિયામાં રહેલો માથાનો વગેરેનો કાંટો.

આરોગ્યાચ્છાદન [સં.] ન. ખોરાક અને કપડાં; અનાજ અને વસ્ત્ર.

આરોગ્યાચ્છાદનાધિકાર [સં.] પું. અન્નવસ્ત્રનો હક; ભરણપોષણાધિકાર.

આરોપિ [સં.] પું. મધ્યે વખતે સૂર્ય કે ચંદ્રના બિમ્બ ઉપર રપર્શ અથવા મોક્ષનું સ્થાન બતાવનાર પરિશ્રમ.

આર્ચિયો પું. વંશપરંપરાથી વારસામાં મળેલી જમીન ભોગવનાર પુરુષ; ગરાસિયો.

આર્ચી વિ. ખણી જનાર.

આર્ચ ૧. પું. અભિપ્રાય; નિશ્ચય; ભાવના.
૨. [સં.] પું. આગ્રહ; હઠ; જીદ.
૩. પું. (પુરાણ) એ નામનો એક અસુર. તેણે દેવોપાસનાને પાઠવા હતા. અર્જુને તેને મારીને ગુરુને છોડાવ્યા હતા.
૪. પું. ગ્રહણ; સ્વીકાર; કબૂલ કરવું તે.
૫ પું. આરુ; ઠોલિયો.
૬. પું. આગ્રહક; ગ્રહણ કરનાર' આણસ.
૭. પું. તાન; બળવું તે.
૮. પું નિરોધ; પ્રતિરોધ; અટકાવ.
૯. પું. પકડ; પકડવું તે.
૧૦ પું. મગર; મગરમચ્છ; ગ્રાહ નામે જળચર પ્રાણી.
૧૧. વિ. ગ્રહણ કરનાર; લેનાર.
૧૨. વિ. સ્વીકારનાર; કબૂલ કરનાર.

આર્ચક ૧. પું. એક જાતનું ભૂત. તે ખાલી ઘરમાં અથવા સુકાઈ ગયેલા કૂવામાં રહે છે. જેને તે વળગ્યું હોય તે ખાવાપીવાની અથવા કોઈનું સાંભળવાની દરકાર રાખતું નથી.
૨. પું. ગુરુ; વિદ્યા આપનાર શિક્ષક.
૩. [સં.] પું. બાજ પક્ષી.
૪. પું. વસ્તુ ખરીદનાર માણસ; ઘરાક.
૫. પું. વિષવૈદ્ય; શરીરમાં દાખલ થયેલું ઝેર ચિકિત્સા દ્વારા દૂર કરનાર વૈદ્ય.
૬. પું. સર્પ પકડનાર વાદી.
૭. પું સિતાવર નામની ઔષધમાં ઉપયોગી વનસ્પતિ.
૮. પું. હૃદયના ડાબા અને જમણા ખાનાનો ઉપલો ભાગ.
૯. ન. વરાળને ઠંડી કરી એકઠી કરવામાં આવે તે વાસણ; 'રીસીવર'
૧૦. વિ. કદર કરનાર, ખૂબ બનાવનાર
૧૧. વિ. ગ્રહણ કરનારું; સમજનારું
૧૨. વિ. બાધા મટાડનાર; ઝાડો બંધ કરનાર.
૧૩. વિ. પકડનાર; ગ્રહણ કરનાર.
૧૪. વિ. લેનાર; ખરીદ કરનાર.
૧૫ વિ. સ્વીકારનાર; કબૂલ કરનાર.

આહકકોષ જુઓ આહક ૮.

આહકતા ૧. [સં.] સ્ત્રી. ગ્રહણશક્તિ; ગ્રહણ કરવાનો ગુણ.

૨. સ્ત્રી. દક્ષતા.

આહકત્વ જુઓ આહકતા.

આહકપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણની એક શૈલી; બુદ્ધિથી સમજવાની રીત.

આહકપુટ જુઓ આહક ૮.

આહકમાર્ગી [સં. આહકમાર્ગિન્] પું. દલાલ; આહક-વેપારી.

આહકવૃત્તિ [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાનો ગુણ.

આહકશક્તિ [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાની શક્તિ; ધારણાશક્તિ; સ.મો માણસ કહે તે બધ સમજી લેવાની શક્તિ.

આહકસંબંધ પું. ધંધાની બરાબરી; વેપારીની સારી છાપ.

આહકાન્વેષી [સં. આહકાન્વેષિન્] પું. દલાલ; આહકમાર્ગી.

આહકી ૧. સ્ત્રી. આહક હોવું તે.

૨. સ્ત્રી. બરાકી; વેગણ.

આહણ [સં.] ન. બોધવચન; ઉપદેશ.

આહા [સં.] સ્ત્રી. ભમરી.

આહિકા સ્ત્રી. ગુદાદ્વાર.

આહિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો જવાસો.

૨. સ્ત્રી. ગ્રહણ કરનારી સ્ત્રી.

૩. સ્ત્રી. ધમાસો નામે વનસ્પતિ.

૪. સ્ત્રી. રિસામણી નામે વનસ્પતિ.

આહિત [સં.] વિ. શીખવેલ; ગ્રહણ કરાવેલ.

આહી ૧. [સં. આહિન્] પું. કોતનું બાળ.

૨. પું. બરાક; ગ્રાહક; વસ્તુ ખરીદનાર માણસ.

૩. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક છંદ; આહારભધ. તેના દરેક ચરણમાં નભ તજભ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૪. પું. શરીરના પ્રવાહી પદાર્થોનું શોષણ કરનાર, દીપન, પાચન અને ઉષ્ણ ગુણવાળું દ્રવ્ય. જેમકે, સૂંઠ, છાશ, અજમોપર.

૫. વિ. કબર કરનાર; બળ બતાવનાર.

૬. વિ. બાકાને સરી પડતો બટકાવે એવું; દસ્ત રોકનારું; પેટના મળનું બંધન કરનાર.

૭. વિ. પકડે એવું; ધરી રાખે એવું; પકડનાર.

૮. વિ. લેનાર; બરીદનાર.

૯. વિ. સમજનાર; ગ્રહણ કરનાર.

આહુક [સં.] વિ. ગ્રહણ કરવાના સ્વભાવવાળું; લેનાર; લેવાવાળું.

આહી ૧. [સં.] ન. ગ્રહણનો વિષય. જેમકે, રૂપ એ ચક્ષુથી ગ્રાહ્ય ગુણ છે.

૨. વિ. બાકારમિને પ્રકીર્ણ કરનાર, કચરા બળને પકડનાર અને શરીરના પ્રવાહી પદાર્થોનું શોષણ કરી બંધ કરનારી દ્રવ્યનો ગુણ.

૩. ન. સ્વીકારવા યોગ્ય વસ્તુ.

૪. વિ. કબૂલ કરવા લાયક; માનવા જેવું

૫. વિ. ગ્રહણ કરવાને યોગ્ય; લેવા લાયક; સ્વીકારવા જેવું.

૬. વિ. સમજી શકાય એવું.

આહીતા [સં.] ન. લેવા જોગ હોવું તે; સ્વીકાર્યતા; ગ્રહણપણું.

આહીત્વ જુઓ આહીતા.

આહીપણું જુઓ આહીતા.

આહીશક્તિ જુઓ આહકશક્તિ.

આહીસમાપત્તિ [સં.] સ્ત્રી. (યોગ) ગ્રાહ્યના અરીય વિશેષનો સાક્ષાત્કાર. ચિત્તવૃત્તિ વડે ગ્રહણ કરી શકાય એવા સ્થૂલ કે સૂક્ષ્મ પદાર્થો ગ્રાહ્ય કહેવાય છે. જગતમાંના જડ પદાર્થોનો એટલે પૃથ્વી આદિ સ્થૂલ ભૂતોને અને પંચાવિ તન્માત્રાઓ, અહંકાર, મહત્તત્વ પ્રકૃતિરૂપ સૂક્ષ્મનો ગ્રાહ્ય વિષયોમાં સમાસ થાય છે. તે ગ્રાહ્યમાંના કોઈ એક ગ્રાહ્યમાં ચિત્તને ધારણ કરવામાં આવતાં તેનો રજોગુણ તમોગુણ દૂર થઈ તે યોગીને યોગ જ પ્રત્યક્ષ દ્વારા તે ગ્રાહ્યના અરીય વિશેષનો સાક્ષાત્કાર થાય છે તે ગ્રાહ્યસમાપત્તિ કહેવાય છે. સ્થૂલ ગ્રાહ્યના સાક્ષાત્કારને વિતર્કાનુગતસંપ્રજ્ઞાતયોગ અને સૂક્ષ્મ ગ્રાહ્યના સાક્ષાત્કારને વિચારાનુગતસંપ્રજ્ઞાતયોગ કહેવામાં આવે છે.

આહ્યાગ્રાહી [સં.] વિ. ગ્રહણ કરવા યોગ્ય અને ગ્રહણ નહિ કરવા યોગ્ય.

આંક [અં.] સ્ત્રી. બક્ષિસ તરીકે આપેલી મદદ.

આંક ૧. [અં. ગ્રેઇ] વિ. રાખ.

૨. વિ. મોટું; મહાન.

આંક ઓફ ગેન [અં. ગ્રેઇ ઓફ્ ગેન] પું. બહુ વૃદ્ધ માણસ; વડીલ.

આંકમોગલ પું. એ નામનો એક જાતનો ગુલાબનો છોડ. તેનું લાલ ચળકતું ફૂલ ભમરાને દીપાવે છે.

આંકીજ ન. એક જાતનું તાડનું ઝાડ.

આંકિલ્લ ન. અમેરિકામાં થતું એક જાતનું મોટું રીંછ. તે રોકી પર્વતમાં બ્રહ્મારક્ષથી મેક્સિકો સુધીમાં જોવામાં આવે છે. તેને પીળાશ પડતાં ભૂરા રંગનાં રૂવાં હોય છે. બારે તેના ઉપર હલ્લો કરવામાં આવે બચવા તો તે ભૂખ્યું હોય ત્યારે બહુ ભયંકર બને છે.

આંકેન [અં.] પું. પક્ષીઓના શિકાર માટે વપરાતો એક જાતનો કૂતરો. બસેન્સમિકન એ તેની એક પેટા જાત છે. તે પાંચથી દસ રતલ વજનનો હોય છે.

આંક્ર ૧. પું. ગ્રીસ દેશનો વતની. રાજ્યતંત્રની પ્રાચીન ગ્રીક ટોળીઓ અને જાતો વચ્ચે રાજકીય ભેદભાવ ન હતું, પણ ધાર્મિક અને સામાજિક એકતા બધી હતી. આ જાતોએ બધી જાતની રાજકીય સંસ્થાઓ અને રાજ્યો સ્થાપ્યાં છે. ગ્રીક લોકો સાહસિક અને દરિયાઈ સફરમાં રસ લેનાર હોવાથી અનેક જાતના લોકોના સંસર્ગમાં આવ્યા, તેમનાં રીતરિવાજો જાણ્યાં, તેમના સંસ્કારો શીખ્યા અને પોતાની બુદ્ધિમત્તા વિશાળ કરી, તેમની ધાર્મિક અને સામાજિક રૂઢિઓ અને બારાબોરણ બધું ઠકાપણ કરેલાં હતાં. પારસીઓ અને ગ્રીકો ઈ.સ. પૂર્વે ૪૦૦૦ થી ૨૫૦૦ સુધીના સમયમાં હિંદના આર્ય લોકોમાંથી જુદા પડ્યા મનાય છે.

૨. સ્ત્રી. અક્ષરવત ગ્રીકની એક અર્વાચીન લિપિ.

૩. સ્ત્રી. ગ્રીસ દેશની ભાષા.

૪. વિ. ગ્રીક લોક કે ભાષા સંબંધી.

૫. વિ. ગ્રીસ દેશનું; યૂનાન દેશનું; યૂનાન દેશ સંબંધી.

ગ્રીકઅગ્નિ પું. એક જાતની આગ; દેવતા. તે નબતેલ, ગંધક અને રાળની મેળવણીનો ઘાટો પુમાડો થઈ બબંકર બવાજ કરતો, પાણી લાગવાથી વધારે ભડકો કરતો, રેતી કે મૂત્ર કે સરકો એથી જ હોલવાતો, વાસણમાંથી રેડાતો, તાંબાની નળીઓમાંથી હંકાતો વગેરે બણી રીતે વપરાતો. એની જાણ પહેલાં ગ્રીક લોકોને જ હતી. પછી મુસલમાનોએ તેને જનાવવાની, ઉડાડવાની અને વરસાવવાની ગ્રીક કરતાં વધારે સારી યુક્તિ ખોળી કાઢી. એ અગ્નિ ચૌદમા સૈકાના અર્ધકાળ સુધી લડાઈમાં વપરાતો. પછી સુરોખાર, ગંધક ને કોલસો એ ત્રણની મેળવણીનો અગ્નિ વપરાતો થયો.

ગ્રીડ ૧. [અં.] સ્ત્રી. પ્રાણીઓની ચરબી.

૨. સ્ત્રી. તંત્ર વગેરે ઊંચવા માટેનો ગોળ જેવો ચીકણો પદાર્થ.

ગ્રીન ૧. [અં.] ન. વન; જંગલ.

૨. વિ. લીલા રંગનું.

ગ્રીનલંડ [અં.] ન. શીત કટિબંધમાં આવેલો એ નામનો એક મોટો બેટ.

ગ્રીનિચ [અં.] ન. વેધશાળા અને ગ્રહાવલોકન વગેરે માટે પ્રસિદ્ધિ પામેલું ઉજ્જૈનનું બંદરથી એક ગાઉ દૂર આવેલું શહેર. લાંબો ભાગ અને ક્ષિતિજવૃત્ત વખાણવા લાયક છે. પરિભ્રમણમાં આપેલ ખગોલીની ગોઠવણ સારી થાય છે તેને લગતી શાળામાં તૌજ્ઞાનનું જ્ઞાન આપવામાં આવે છે. ભાગ ઘણો ખૂનો છે. તેના મધ્ય ભાગમાં ખગોળજ્ઞાન સંબંધી એક મોટું અવલોકનસ્થાન છે. અહીંની ઘડિયાળનો વખત આખા દેશમાં પ્રમાણરૂપ છે. જેમ હિંદુસ્તાનમાં ઉજ્જયિનીથી રેખાંશ ગણાય છે, તેમ વિલાયતમાં ગ્રીનિચથી ગણવામાં આવે છે.

ગ્રીવ ૧. પું. (કાવ્ય) સિતાર બજાવવામાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર; ક્રમરેચિત; જેમાં સ્વરો બોલતાં બે લઘુ જેટલો વખત જાય તે અલંકાર. તેના સ્વરો આ રીતે છે: સ ગ રિ ગ મ રિ સ; રિ મ ગ મ પ મ ગ રિ; ગ પ મ પ ધ પ મ ગ; મ ધ પ ધ નિ ધ પ મ; પ નિ ધ નિ સ નિ ધ પ; ધ સ નિ સ રિ સ નિ ધ; નિ રિ સ નિ ગ રિ સ નિ; સ ગ રિ ગ મ ગ રિ સ.

૨. [સં. ગ્રીવા] સ્ત્રી. ડોક; ગરદન; ગળાનો પાછલો ભાગ; ઓગી.

ગ્રીવગરલ ૧. પું. શંકર; શિવ; મહાદેવ.

૨. વિ. કંઠે ઝેરવાળું.

ગ્રીવા ૧. [સં.] સ્ત્રી. ગરદન; ગળું; ડોક; ગળાનો પાછલો ભાગ; ઓગી.

૨. સ્ત્રી. ચાલ; બોસરી; પરસાળ.

૩. સ્ત્રી. દાંતના મૂળ ભાગ તથા શિખર ભાગ વચ્ચે રહેલો સાંકડો ભાગ; દાંતની ડોક. તે ચેપ લાડે વીંટાયેલો હોઈ નજરે પડતો નથી. જ્યારે ચેપાનો રોગ થઈને સંકોચાવા માંડે ત્યારે આ ભાગ નજરે પડે છે.

૪. સ્ત્રી. સાંબા હાડકાના સોળ કળા જેવા ઉંડાની નીચેનો ભાગ; હાડકાના માથાને તેના મુખ્ય શરીર સાથે જોડનાર સાંકડો ભાગ.

૫. સ્ત્રી સ્ત્રીની જનનેંદ્રિયના અંડકોષ, અંડવાહકનલિકા, ગર્ભાશય, ગ્રીવા જનનેંદ્રિય અને ઉપસ્થ એવા ૭ ભાગ માંહેનો એક.

ગ્રીવા કશેરુકા ૧. [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગનું દંડ જેવું હાડકું

૨. સ્ત્રી. ડોકમાં પૃષ્ઠવંશના ભાગમાં આવેલ સાત માંહેનો એક મણકો.

ગ્રીવાઘંટા [સં.] સ્ત્રી. ડોકે બાંધેલી ઘંટડી.

ગ્રીવાચ્છદા [સં.] સ્ત્રી. ડોકના ભાગમાં રહેલી માંસપેરા કલા.

ગ્રીવાધર [સં.] પું. એ નામનો એક મોટો સ્નાયુરજ્જુ. તે ડોકની સાતમી કરોડરજ્જુના પૃષ્ઠકંટક ઉપર લાગેલો છે અને શિરોગ્રીવ સંધિને મજબૂત ટેકો આપે છે. પશ્ચિમાર્ધુદથી ઊતરી આવી મહાવિવર સુધી પહોંચતી મધ્યાસ્થિકા નામની રેખાને તે લાગેલો છે.

ગ્રીવાપર્શુકા [સં.] સ્ત્રી. ડોકની દરેક બાજુએ તેના મૂળ ભાગમાં સાતમી ગ્રીવાકશેરુકા ઉપરથી ફૂટતી પાંસળી.

ગ્રીવાપૃષ્ઠ [સં.] પું. ગરદનનો પાછલો ભાગ.

ગ્રીવાપ્રચ્છદા [સં.] સ્ત્રી. એ નામની એક આવરણી.

ગ્રીવાપ્રદેશ ૧. [સં.] પું. ગર્ભાશયનો એક ભાગ. ગર્ભાશયનો આકાર ત્રિકોણ છે. આ ત્રિકોણનો નીચલો છેડો ગ્રીવાપ્રદેશ સાથે મળેલો છે.

૨. પું. ડોક; ગરદન.

ગ્રીવાભંગ [સં.] પું. પાછળ નજર કરીને જોવું તે.

ગ્રીવાભ્યર્ધકંપુક [સં.] પું. ગ્રીવાપ્રચ્છદા પ્રાવરણીની બે શાખા પરસ્પર મળીને બનતી એ નામની એક પ્રેષણી. તે મણકાની આગલી બાજુ ઉપર બરાબર મધ્ય રેખામાં છે. તેમાં ગ્રાસનલિકા, અન્નનલિકા, શ્વેતમંથિ, ગ્રસનિકા તથા સ્વરયંત્ર રહેલાં છે.

ગ્રીવામૂલા [સં.] સ્ત્રી. ડોકના મૂળ ભાગમાં આવેલી એ નામની રસાની.

ગ્રીવાર્ધપૃષ્ઠિકર [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગની એ નામની પેશી. તે ઉપલી પાંચ પૃષ્ઠકશેરુકાનાં આડુપ્રવર્ધનો ઉપરથી ઉત્પન્ન થઈને નીચેથી પાંચમી સુધીની ગ્રીવાકશેરુકાના કટકામાં લાગેલી છે. આ પ્રમાણે ચાર મૂલ અને પાંચ મોવાળી આ પેશી કેદખના પગ જેવી દેખાય છે. ડોકના પાછલા ભાગમાં, મધ્ય રેખાની બાજુ ઉપર સૌથી ઊંડાણમાં આ પેશી રહેલી છે. તે ગ્રીવાદંડને પાછળ ખેંચે છે તથા બાજુ ઉપર મરડે છે.

ગ્રીવાવંશ [સં.] પું. ડોકમાં રહેલી કરોડરજ્જુની આગલી બાજુ.

ગ્રીવાસરણિ [સં.] સ્ત્રી. ગર્ભાશયની અંદરનો એક ભાગ. ગર્ભાશયગ્રીવા પછીના ત્રિકોણાકાર ભાગનો નીચેનો છેડો ગર્ભાશયની ગ્રીવાસરણિને મળેલો છે.

ગ્રીવાસ્તંભન [સં.] ન. ડોકનું અક્કડાઈ જવું તે; ડોકનો એક જાતનો રોગ.

ગ્રીવાસ્થાનીય [સં.] વિ. ડોકને ટેકાણે આવેલું; ગ્રૈવેયક.

ગ્રીવી ૧. [સં. ગ્રીવિન્] પું. ઊંટ.

૨. વિ. લાંબી ડોકવાળું.

ગ્રીવીલિયા ન. એક જાતનું ઊંચું ઝાડ. તેને સુંદર રાતાં ફૂલ અને રૂપેરી રંગનાં પાન થાય. આ ઝાડ ૧૦૦થી ૧૨૫ ફૂટ ઊંચું થાય છે.

ગ્રીષ્મ ૧. પું. (બિબળ) એક વિરમબ્રાંતિ માત્રામેળ છંદ. તે ૬૮પદી ૭૫૫૦નો એક ભેદ છે. તેમાં ૧૧૮ લઘુ અને ૧૭ ગુરુ મળી કુલ ૧૫૨ માત્રા હોય છે.

૨. પું શિવ; શંકર; મહાદેવ.

૩. પું.; સ્ત્રી. ઉનાળો; નિદાઘ; ગરમીની મોસમ. આ ઋતુ વૃષભ રાશિનો સૂર્ય થાય ત્યારે બેસે અને કર્ક રાશિનો સૂર્ય થાય ત્યારે ઊતરે છે.

૪. પું.; સ્ત્રી. તાપ; ગરમી; ઉષ્ણતા.

૫. વિ. ગરમીવાળું; ગરમ; ઊનું

ગ્રીષ્મગૃહ [સં.] ન. ઉનાળાની ઋતુમાં આરામ લેવાનું સગવડવાળું ઘર.

ગ્રીષ્મજ [સં.] વિ. ગરમીમાં ઉત્પન્ન થનાર; ગ્રીષ્મ ઋતુમાં થનાર.

ગ્રીષ્મજા ૧. [સં.] સ્ત્રી. નવમાલી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. સીતાફળી.

ગ્રીષ્મનિદ્રા [સં.] ન. ગ્રીષ્મ ઋતુમાં કરવું પડતું ઘેન.

ગ્રીષ્મપાનક [સં.] ન. ઉનાળામાં પીવાનું પીણું.

ગ્રીષ્મપુષ્પી [સં.] સ્ત્રી. ગ્રીષ્મ ઋતુમાં ફૂલ આવે એવો ફૂલ છોડ.

ગ્રીષ્મભવ [સં.] વિ. ગ્રીષ્મ ઋતુમાં થનાર.

ગ્રીષ્મભવન જુઓ ગ્રીષ્મગૃહ.

ગ્રીષ્મમુંડર ૧. [સં.] ન. એ નામની એક ઔષધિ.

૨. ન. એક જાતનું ઘાસ.

ગ્રીષ્મહાસ [સં.] પું. ગ્રીષ્મ ઋતુમાં થતો એક જાતનો કપાસ.

ગ્રીષ્માંત પું. બેસતી વરસાદની મોસમ; વર્ષા; ચોમાસું.

ગ્રીષ્મી [સં.] સ્ત્રી. બટમોગરો.

ગ્રીષ્મોત્સવ [સં.] પું. ગ્રીષ્મ ઋતુમાં ઊજવાતો એ નામનો ઉત્સવ.

ગ્રીષ્મોદ્ભવા [સં.] સ્ત્રી. બટમોગરો.

ગ્રીસ ૧. [અં.] પું. યુરપનો એ નામનો એક દેશ; યૂનાન દેશ. ઈ. સ. પૂર્વે આઠમી સદીમાં ગ્રીસના ગામોમાં જે પ્રજા વસતી હતી તેમાંથી ગામદીઠ રાજ્યો થયાં. આ રાજ્યો નગરરાજ્ય અથવા સીટી સ્ટેટ્સ કહેવામાં આવે છે.

૨. સ્ત્રી. વંશ વગેરેમાં ઊભવા માટે વપરાતો મીણ જેવો એક પદાર્થ.

ગ્રુપ [અં.] ન. ભંડળ; ટોળું; સમૂહ; સમુદાય.

ગ્રુપકેપ્ટન [અં. ગ્રુપ કૅપ્ટન] પું. હવાઈ લશ્કરમાંનો એક દરજ્જો; એર કોમોડોરથી ઊતરતો અને વિંગ કમાન્ડરથી ચડિયાતો એક દરજ્જો; લશ્કરમાં કર્નલને મળતો અને હવાઈ લશ્કરમાં કૅપ્ટનને મળતો એક દરજ્જો.

ગ્રૂપ ૧. [અં.] પું. આંબો; બીસી.

૨. [અં. ગ્રોવ:] ન. ઝાડનું ઝુંડ.

ગ્રૂસ [અં.] ન. બાર ડઝન; એકસો સુડાતાલીસ નંગ.

ગ્રે [અં.] વિ. ભૂરું; ભૂરા રંગનું.

ગ્રેજ્યુઇટિ [અં.] સ્ત્રી. નોકરી કર્યા બદલ એકસામટી મળતી બદલાની અક્ષિશ તરીકેની રકમ.

ગ્રેજ્યુએટ [અં.] પું. વિશ્વવિદ્યાલયનો પદવીધર; સ્નાતક; કોઈ પણ માન્ય કરેલ વિદ્યાપીઠની ડોક્ટર માટેની, સ્નાતક અથવા પારંગત માટેની પરીક્ષા પસાર કરી હોય તેવો પદવીધર.

ગ્રેઇ ૧. [અં.] પું. ચૂલો.

૨. વિ. ભોંકું.

ગ્રેટગ્રીબેર્ડ ન. કાચબાના પરિવારનું એક પ્રાણી. તે આર્દ્રક ખંડમાં નાળિયેરીના ઝાડમાં વસે છે. ઘણી વાર નાળિયેરી ઉપર ચઢી તે નાળિયેરી કરડી ખાય છે. તેના પેટ આગળનો ભાગ નરમ ચામડીનો હોવાથી તેમાં તાંણી ત્રીજ ભોંકાતાં તે મરણ પામે છે.

ગ્રેટમાઇમર [અં.] પું. એક જાતના જાપવાનાં બીબાં.

ગ્રેટબ્રિટન [અં.] ન. યરપની પશ્ચિમે અને ફ્રાન્સની ઉત્તરે આવેલો બ્રિટન એટલે અંગ્રેજ લોકોનો દેશ.

ગ્રેટમોગલ પું. એ નામનો એક પ્રખ્યાત હીરો. કહેવાય છે કે આશરે ચાર હજાર વર્ષ પૂર્વે મહાભારતના સમયમાં આ હીરો કોલ્લૂરી ખાણની પાસે હતો. ત્યારપછી સને ૧૩૦૪ના માળવામાંથી અલાઉદ્દીને તે હાથ કર્યો હતો.

ગ્રેડ ૧. [અં.] પું. અનુક્રમ.

૨. પું. દરજ્જો; હોદ્દો; દરજ્જો.

૩. પું. પાવરી; ઝવી; દરજ્જો.

ગ્રેન ૧. [અં.] પું. અનાજ; દાણો.

૨. પું. એક ચલિત વજન; આશરે એક જવનું અથવા અરધી રતીનું અંગ્રેજી વજન; એક ચેનિવેટનો ચોથીયમો ભાગ.

ગ્રેનાઇટ [અં. ગ્રેનિટ] પું. એક જાતનો કાળો અને લીલો પથ્થર; આર્દ્રગ્રો પથ્થર. તે ચિરોડી, અભરખ, વગેરેનો બનેલો હોય છે. ખૂબ ઘસારાથી આવો આરસ્પેસ પથ્થર બને છે.

ગ્રેપફ્રૂટ ૧. [અં.] ન. એ નામના ઝાડનું ઝાંખા પીળા રંગનું મોટું લીંબુ. તેની અંદરનો ગર ને રસ ખોળે ખાટો હોવાથી બહુ ઉપયોગમાં લેવાય છે.

૨. ન. એક જાતનું ગરમ પ્રદેશમાં થતું ફળઝાડ. પપનસ ઝાડનાં તેનાં ફળ પૌષ્ટિક અને લોહીસુધારક છે.

ગ્રેફાઇટ [અં.] પું. સીસાપેન્સિલ બનાવવાનો કોલસો; કાળું સીસું; 'બ્લૅકલેડ.' તે એક બહુ નરમ ખનિજ છે અને જૂના પાસાદાર બંડલેમાંથી મળી આવે છે. કોલસાને વધારે સમય અને વધારે દબાણ મળવાથી અંદરનાં વાયુમય દ્રવ્યો ઊડી જવાથી તેમાંથી ગ્રાર્ફાઇટનું ગ્રેફાઇટ નામનું સ્ફટિક રૂપ પ્રાપ્ત થાય છે. તેની સપાટી બહુ જ લીસી હોય છે. તે સીસાપેન બનાવવાના કામમાં આવે છે. બીજા બનાવવા માટે પણ વપરાય છે. એટલે તાપ અને દબાણની અસરથી આ ગ્રેફાઇટનું પણ રૂપાંતર થવાથી શુદ્ધ પારદર્શક સ્ફટિકરૂપમાં હીરા બને છે. ગોલકુંડાની રાજ્યમાં તેની ખાણો છે. વળી સિલોન, માડાગાસ્કર, બ્રાઝિલમાં વગેરે જગ્યાએથી પણ તે મળી આવે છે. નીજામના ધોળ પાસે બનાવટી ગ્રેફાઇટ બનાવાય છે, તેનો રંગ લોઢાના જેવો અને ચળકતો હોય છે.

ગ્રેફોલોજી [અં. ગ્રેફોલોજિ] સ્ત્રી. હસ્તાક્ષર ઉપરથી આદમીની માનસિકતા, સ્વભાવ અને લક્ષણ વગેરે પારખવાની વિદ્યા.

ગ્રેરી સ્ત્રી. એક જાતની નાની ચપટી માછલી.

ગ્રેવલ ૧. [અં.] પું. કાંકરો.

૨. પું. રેતી.

ગ્રેવિટિ [અં.] સ્ત્રી. ગુરુત્વાકર્ષણ.

ગ્રેવું ૧. સ. ક્રિ. ગ્રહવું; પકડવું; લેવું; ગ્રાસવું.

૨. સ. ક્રિ. જાણવું; સમજવું.

૩. સ. ક્રિ. જોવું

૪. સ. ક્રિ. સાંભળવું.

૫. સ. ક્રિ. સ્વીકારવું; કબૂલ કરવું.

ગ્રેસ [અં.] સ્ત્રી. મહેરબાની; કૃપા.

ગ્રેસમાર્લિંગ [અં.] ન. એ નામનું એક જાતનું ખોળી કાંબળાનું ચિરમટ રંગનું ગુલાબનું ફૂલ.

ગ્રેહ [સં.] ન. ગૃહ; ઘર.

ગ્રેહવું ભુજો શ્રેવું.

ગ્રેહાઉંડ [અં.] પું. તીવ્રદૃષ્ટિવાળો એક જાતનો શિકારી કૂતરો. તે ઊંચો, પાતળા બાંધાનો અને લાંબા પગવાળો હોય છે. તેના મુંવાળા વાળ જૂરા હોય છે. તે બહુ ઝડપી હોવાથી શિકારને શોધી કાઢવામાં વપરાય છે. તેની ઘણી જાત છે.

ગ્રૈવ ૧. [સં.] ન. ડોકનું ઘરેણું.

૨. વિ. ડોક સંબંધી.

૩. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેય ૧. [સં.] ન. (જૈન) એ નામનું વિમાન; ગ્રૈવેયક.

૨. [સં. ગ્રીવા (ડોક)] ન. બોડા, હાથી વગેરેની ડોકમાં નખાતી સાંકળ વગેરે.

૩. ન. ડોકમાં પહેરવાનો દાગીનો.

૪. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેયક ૧. [સં.] ન. ગળાના મૂળમાં આવેલો ઉરઃસ્થલકનો સૌથી ઉપરનો ભાગ, ઉરઃસ્થલના ત્રણ ભાંહેનો એ નામનો ઉપલો વિભાગ.

૨. ન. ડોકમાં પહેરવાનું ઘરેણું.

૩. ન. (જૈન) નવ ગ્રૈવેયકવાસી દેવ.

૪. ન. (જૈન) બાર દેવલોકની ઉપર આવેલ એ નામના નવ દેવલોક. તેની બધુ ત્રિકે છે. દરેક ત્રિકમાં બધુ બધુ દેવલોક છે. તે પુરુષાકૃતિ લોકના ગ્રીવાસ્થાનીય ભાગમાં હોવાથી, ગ્રૈવેયક કહેવાય છે. તે ગ્રૈવેયક નામના દેવતાનું નિવાસસ્થાન છે.

૫. વિ. ગ્રીવા સંબંધી; ડોકના ભાગમાં આવેલું.

૬. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેયકકર્મ ન. હાથીના ગળામાં પટો પહેરાવવાનું કામ.

ગ્રૈવેયકકશેરુક પું. કંઠમણક.

ગ્રૈવેયકચર્મ ન. કંઠચર્મ.

ગ્રૈવેયકનાડી (ગ્રૈવેયકનાડી) સ્ત્રી. કંઠનાડી.

ગ્રૈવેયકર્મ [સં.] ન. હાથીને ગળે પટો બાંધી તેને હેળવવાની ક્રિયા.

ગ્રૈવેયકવિસ્તાર પું. કંઠ વિસ્તાર.

ગ્રૈવેયગ્રંથિ [સં.] સ્ત્રી. ગળાની આગલી બાજુ ઉપર બરાબર મધ્ય રેખામાં રહેલી ગ્રીવામધ્યકંઠ્યક નામની કોથળીમાંની એક ગાંઠ.

ગ્રૈવેયી જુઓ ગ્રૈવેયક.

ગ્રૈવેયીધમની સ્ત્રી. ડોકમાંની એ નામની શુદ્ધ લોહી વહી જનારી એક નળી.

ગ્રૈવેયીસંજ્ઞા સ્ત્રી. અનુગ્રીવિય નાડી.

ગ્રૈવ્ય [સં ગ્રીવા (ડોક) + ય (સંબંધી)] વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈષ્મ ૧. [સં.] વિ. ગરમી સંબંધી.
૨. વિ. ગ્રીષ્મ સંબંધી; ઉનાળાને લગતું.

ગ્રૈષ્મક [સં] વિ ગ્રીષ્મ ઋતુમાં હોનાર.

ગ્રૈષ્મિક ૧ [સં. ગ્રીષ્મ (ઉનાળો) + ઇક (લગતુ)] પું. ઉનાળાનો પાક.
૨. વિ. ગ્રીષ્મ ઋતુના ધર્મને જણાવનાર; ગ્રીષ્મ ઋતુના ધર્મને જણાવનાર ગ્રંથનું અધ્યયન કરનાર.

ગ્રૈષ્મી [સં] સ્ત્રી. બટમોગરો; નવમલ્લિકા.

ગ્રોઢો પું. ગુફા; ભોંયરું.

ગ્રોબાડીપંચવીરા ન એક જાતનું ઝાપડ.

ગ્રોસ ૧. [અં] ન. બાર ડઝનનો ગુચ્છ.
૨. વિ. સ.મટું; એકદર.

ગ્રોસઆવક સ્ત્રી. એકંદર આવક; કુલ આવક; સામટી આવક.

ગ્રોસન પું. રૂપાનો સિક્કો.

ગ્લયન ૧. [સં.] ન. થાક; પરિશ્રમ.
૨. વિ. ગ્લાનિકારક.
૩. વિ. થકવનાર; પરિશ્રમકારક.

ગ્લવ્સ [અં.] ન. ઠ. ન. ક્રિકેટ રમતાં હાથમાં પહેરવાનાં ચામડાનાં અથવા રબરનાં મોજાં.

ગ્લહ્ ૧. [સં] સ. ક્રિ. (ધાતુ) જુગાર રમવો. તે ઉપરથી થયેલ શબ્દ: ગ્લહ.
૨. સ. ક્રિ. ભક્ષણ કરવું; લેવું.

ગ્લહ ૧. [સં.] પું. પાસા ખેલવા તે; જુગાર; દ્યૂત.
૨. પું. જુગારમાં હોડમાં મૂકેલ વસ્તુ; પણ; જુગારમાં પણરૂપ મૂકાતી વસ્તુ; હોડ.

ગ્લાઇડર [અં.] ન. એંજિન વગરનું હવામાં તરતું વિમાન; મોટર વગરનું વિમાન; સરતું વિમાન.

ગ્લાન ૧. [સં.] ન. ગ્લાનિ; ખિન્નતા.
૨. ન. થાક; પરિશ્રમ.
૩. ન. દીનતા.
૪. ન. ફિકર; ચિંતા.
૫. વિ. ઉત્સાહ વિનાનું; ખિન્ન.
૬. વિ. ઉદાસીન.
૭. વિ. ગ્લાનિ પામેલ; દીન થયેલ.
૮. વિ થકિત.
૯. વિ. દુર્બલ; રોગ વગેરેથી ક્ષીણ થયેલ.
૧૦. વિ. ફિક્કું; વિવર્ણ.
૧૧ વિ રોગી.

ગ્લાનિ ૧ સ્ત્રી. ગ્લાનતા; અંધકાર.
૨. સ્ત્રી. કરમાવું તે; ફિક્કાશ; નિસ્તેજપણું, ચહેરો ઊતરી જવાપણું; દુઃખ, રોગ, શોક વગેરે કારણથી મોઢાની કાંતિમાં ફેરફાર થવો તે.
૩. [સં. ગ્લૈ (કરમાવું)] સ્ત્રી. ખિન્નતા; અનુત્સાહ; સુસ્તી.
૪. સ્ત્રી. ધૃણા; ક્રમકમી; અણગમો.
૫. સ્ત્રી. થાક; ખેદ; શ્રમ.
૬. સ્ત્રી. ફિલગીરી; શોક; અફસોસ; જેમાં પોતાનું કોઈ કાર્ય, જરાઈ અથવા દોષ વગેરે દેખીને અનુત્સાહ, અરુચિ અને ખિન્નતા ઉત્પન્ન થાય એવી મનની વૃત્તિ.
૭. સ્ત્રી. દુર્બળતા; દુર્બળપણું; માંદા; શારીરિક અથવા માનસિક શિથિલતા. વ્યાધિ, મનસ્તાપ, ઉપવાસ, ક્ષુધા, અતિપાન, તપ, અભ્યાસ, વમન વગેરે વિકારથી બલહીન થવું તેને ગ્લાનિ કહે છે.
૮. સ્ત્રી. (કાવ્ય) બીભત્સ રસનો એક સ્થાયી ભાવ. સાહિત્યદર્પણ અનુસાર તે એક વ્યભિચારી ભાવ છે. નિર્બળતાથી શિથિલતા અથવા અસહનશીલતાના ખેદને ગ્લાનિસંચારી કહે છે.
૯. સ્ત્રી. બીમારી; રોગ.
૧૦. સ્ત્રી. હાનિ; વર્ણાશ્રમ આદિ ધર્મરૂપ પ્રાણીઓના અભ્યુદય તથા નિઃશ્રેયસના સાધનરૂપ ધર્મની હાનિ.
'જ્યારે જ્યારે પૌરવીર ! થતી ધર્મની ગ્લાનિ ક્યારે, અમે કરીએ અવતરણ જન્મું પોતે હું ત્યારે
ગીતાપદ્યામૃત

ગ્લાનિકર [સં.] વિ. ફિલગીરી ઉપજાવે એવું; ફિલગીરી ભરેલું.

ગ્લાનિકારક ૧. [સં.] વિ. અણગમતું; સૂગ ચડે એવું.
૨. વિ. દુઃખદ.

ગ્લાબ્રાણ્ણ પું. ટ્રિએટન લોકોમાં પ્રધાન અને ઇલાર્ધ્લામા વચ્ચેનો અમલદાર; 'રીજન્ટ'.

ગ્લાસ ૧. [અં.] પું. ઊભો અને લાંબો પ્યાલો.
૨. પું. કાચ.
૩. પું. કાચનો પ્યાલો.

ગ્લાસવેર [અં.] પું. કાચનો સામાન; કાચસામ.

ગ્લાસવોટરમેજ [અં. ગ્લાસવૉટરમેજ] સ્ત્રી. બોઇલરનું પાણી માપવા માટે રાખેલ કાચનું માપ.

ગ્લાસી વ. એક જાતનું ચામડું.

ગ્લાંડ [અં. ગ્લૅંડ] સ્ત્રી. શરીરમાંનો રસોત્પાદક પિંડ; ગ્લૅંડ.

ગ્લીસરિન [અં.] ન. તેલમાંથી કે ચરબીમાંથી નીકળતું એક જાતનું રંગ વિનાનું જાડું પ્રવાહી દ્રવ્ય.

ગ્લુ [અં.] પું. સરેશ અથવા કુંદર જેવો એક જાતનો ચીકણો પદાર્થ; ગામગ્સ. પેટોલમાં ફાડકું સહિત ચરબી ઓગાળવાથી સરેશ જેવો ચીકણો પદાર્થ મળી આવે છે. માછલીઓની ચરબી ઉકાળીને પણ તેમાંથી સરેશ તૈયાર કરવામાં આવે છે. તેની બંધ બરાબર હોય છે. ઠંડું પાણી નાખવાથી તે નરમ બને અને ઘૂલે તથા ગરમ પાણી નાખવાથી ઓગળી જાય.

ગ્લુકોઝ ૧. [અં. ગ્લૂકોસ] સ્ત્રી. દ્રાક્ષશર્કરા; મીઠાં ફળોમાંથી અગર મધ વગેરે મધુર પદાર્થોમાંથી બનાવાતી એક જાતની સાકર. પાણીમાં તે સહેલાઈથી ઓગળી જાય પણ દારૂમાં ઓગળતી નથી. નરમ તેજાબમાં સ્ટાર્ચ ઉકાળવાથી આ સાકર મેળવી શકાય.
૨. સ્ત્રી. શરીરમાં રહેલી એક પ્રકારની સાકર; કલેજામાં લોહીમાંથી ઉત્પન્ન થતો સાકરને મળતો જ બનતો એક પદાર્થ. કલેજું પોતે સાકર અથવા ગ્લુકોઝ નામનો પદાર્થ પેદા કરે છે. માંસપેશીઓ લોહીમાંથી ગ્લુકોઝ નામની સાકરને પોષણ તરીકે વાપરે છે.

ગ્લુક્ ૧. [સં.] સ. ક્રિ. ગળવું કે ગળવું.
૨. સ. ક્રિ. ચોરવું; હંફવું.
૩. સ. ક્રિ. હરણ કરવું; હર્ષ જવું.

ગ્લુટન [અં.] ન. ઘઉંની અંદરનું પૌષ્ટિક તત્ત્વ; ઘઉંનો ચિકાશવાળો પદાર્થ.

ગ્લુટેન જુઓ ગ્લુટન.

ગ્લેડિઅસ [અં. ગ્લૅડિઅસ] વિ. ગળાકાર આરતું અને લીસું.

ગ્લૅગોલિટિક સ્ત્રી. અક્ષરવન બાંધેની એ નામની એક અર્વાચીન લિપિ.

ગ્લેઝ [અં. ગ્લેઝ] સ. ક્રિ. ઓપ ચડાવવો; ચળકાટ આપવો.

ગ્લેઝિંગ [અં. ગ્લેઝિંગ] ન. ચકચકિત કરવું તે.

ગ્લેડર [અં. ગ્લાડર] ન. મોટર વગરનું વિમાન.

ગ્લૌષ્યક્ષ પું. પ્રાચીન સમયનો એક અમલદાર. તેને માત્ર ગાયોનું જ નહિ પણ, બૈલ, પાડા, ઘેટાં, બકરાં, ગધેડાં, ઊંટ, કુકર, અશ્વર અને કૂતરાઓનું પણ ધ્યાન રાખવાનું હતું. તેની એક મુખ્ય ફરજ દોહનારાઓ, ભાર કરનારાઓ અને સિકારીઓ નીમવાની હતી. ગોવાળો નીમવાનું કામ પણ તે જ કરતો. દરેકને ૧૦૦ જનવર સોંપવામાં આવતાં. વળી તે નાનાં ઢોર, મોટાં

ઢોર, કૂકણું ગાભણું કે વસોલ ઢોર, વંધ્ય ઢોર વગેરેનું પત્રક રાખતો અને તેમાં તેઓનાં રંગ, બે શિંગડાં વચ્ચેનું અંતર વગેરેની નોંધ પણ રાખતો.

ગ્લેશિયર [અં.] પું. બરફનો ખસતો પ્રવાહ.

ગ્લોડ [અં. ગ્લેડ] સ્ત્રી. લોહીમાંથી ચોક્કસ પદાર્થ જુદો કરવાની શક્તિ ધરાવતી ગાંઠ; ગ્રંથિ.

ગ્લૌ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) દિલગીર થવું; શોક કરવો. તે ઉપરથી ગયેલ કાળ; ગ્લાનિ.

૨. અ. ક્રિ. થાકી જવું.

૩. અ. ક્રિ. દુબળા થવું.

૪. અ. ક્રિ. નાપસંદ થવું; કામકાજમાં ઉદાસીનતા રાખવી.

૫. અ. ક્રિ. રંગ ઊડી જવો.

ગ્લોકનિકોઈ જુઓ ગ્લૌકનિકોઈ.

ગ્લોટિસ [અં. ગ્લોટિસ] ન. જેમાંથી હવા આવે જાય છે તે વાયુનળીનો ઉપલો ભાગ; કંઠદ્વાર.

ગ્લોબ ૧. [અં] પું. કાચનો પોટો.

૨. પું. પૃથ્વીનો ગોળો.

ગ્લોસૈ પું. પ્રાચીન હિંદના એ નામના લોક.

આના જેવું બીજું રાજ્ય ગ્લોસૈ અથવા ગ્લૌકનિકોઈ લોકોનું હતું. હિંદુરાજ્યવ્યવસ્થા

ગ્લોસોપ્ટરીસ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

એ બધાંમાં ગ્લોસોપ્ટેરીસની પુષ્કળ વનસ્પતિઓ દટાઈ હોવાથી બની ગયેલ છે. ભૂસ્તરવિદ્યા

ગ્લોસોફેરીંજિયલનંતુ પું. જીભને સ્વાદ જાણવાની શક્તિ આપનારા બે મંડેનો એક તંતુ. તેના વડે જીભના પાછળના ભાગને સ્વાદ સમજવાની શક્તિ મળે છે.

ગ્લૌ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

કપુરવર્ણ ગ્રીવાવું અને સોહિણીપ્રિય સુરપેય;
ઉદુરાજ દ્વિજરાજ હરિ ગ્લૌ મૃગાંક આત્રેય.
પિંગલલઘુકોષ

ગ્લૌકનિકોઈ ૧. પુ એ નામના લોક; ગ્લોસૈ.

૨. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

ગ્લૌચુકાયનક ૧. પું. પ્રાચીન હિંદના એ નામના એક જાતના લોક.

૨. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

ગ્લૌસર્પ જુઓ ગ્લોસૈ.

ગ્વંચુ પું. ચામરસ; એક જાતનો સરેસ; 'ગ્લૂ'.

ગ્વંચુકોશ જુઓ ગ્વંચુકોત્ર.

ગ્વાકો પુ. દક્ષિણ અમેરિકામાં થતો એ નામનો છોડ. તે ખાનારને સર્પદંશની ઈજા થતી નથી એમ મનાય છે.

ગ્વાનાકો જુઓ ગ્વાનેકો.

ગ્વાનેકો ન દક્ષિણ અમેરિકનું એક પ્રાણી તે ઘરેખરી રીતે જંગલી લામા છે અને પર્વતોમાં ટોળાબંધ રહે છે. તે ખભા સુધી ચાર ફૂટ ઊંચું હોય છે. આ પ્રાણી ઊંટને મળતું છે પણ એને ટેકો હોતો નથી, તેથી નાના ટટ્ટુ જેવું લાગે છે.

ગ્વાનો ન. દરિયાઈ પક્ષીઓની હગારનું એક જાતનું ખાતર. તેમાં એમોનિઆ અને ફોસ્ફરસ હોવાથી તે કીમતી ગણાય છે.

ગ્વાલ ૧. [હિં.] પું. આહીર.

૨. [સં. ગોપાલ] પું. ગોપ; ગોવાળિયો.

૩. પું. (પિંગળ) જેના દરેક ચરણમાં પહેલો ગુરુ અને બીજો લઘુ એમ બે અક્ષર આવે એવો છંદ; સાર; સાતુ.

૪. પું. વૈષ્ણવ સંપ્રદાયમાં એક દિવસમાં ઠાકોરજીના આઠ વખત દર્શન થાય છે તે માંહેનું એક. તેમાં ઠાકોરજીનાં ગોવાળરૂપે દર્શન કરાવવામાં આવે છે.

ગ્વાલકરી સ્ત્રી. પંજાબ અને ઉત્તર હિંદમાં થતી એક જાતની વેલ. જંગલનાં લોકો તેનાં ફળ ખાય છે. સતલજ નદીના કિનારાનાં લોકો તેનાં મૂળ ધાતુસ્રાવ અટકાવવામાં વાપરે છે

ગ્વાલન ૧. [હિં.] પું. ગોવાળ; ગાયો ચારનાર માણસ

૨. સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગ્વાલપાળ પું. ગોવાળ; ગોવાળિયો.

ગ્વાલભોગ પું. હવેલીમાં ગ્વાલ દર્શન વખતે ઠાકોરજી આગળ ધરાતો પ્રસાદ.

ગ્વાલમંડળી સ્ત્રી. શ્રીકૃષ્ણના સખાની ટોળી.

ગ્વાલિન જુઓ ગ્વાલિની.

ગ્વાલિની [હિં.] સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગ્વાલિયર ૧. સ્ત્રી. જંપન માંહેની એક જાતની ભાષા.

૨. [સં. ગોપાલશૈલ] ન. મધ્ય હિંદુસ્તાનમાં આવેલું મોટી કિલ્લેબંધીવાળું સિંધિયાની રાજધાનીનું શહેર.

ગ્વાલેરી ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.

સંસ્કૃત ભાષા સરસ, આગધી મોટ મુલ્યે,
ગ્વાલેરી ગુજરાતિમ, અપભ્રંશી તે દુહ્યે,
દેશી ભાષા રાખ ચિતારી પઢને પ્રીતે.
રાસમાળા

૨. વિ. ગ્વાલિયરનું.

ગ્વાહી પું સાક્ષી; પુરાવો.

ગ્વાળ જુઓ ગ્વાલ.

ઘ

ઘ

ઘ ૧. પું. ગુજરાતી લિપિના મૂળાક્ષરો માંહેનો પંદરમો અને વ્યંજનો માંહેનો ઠેકરથાની ચોથો મહાપ્રાણ વર્ણ. તેમાં કંઠ્ય ગ અને કંઠ્ય હનો જોડસેળ ઉચ્ચાર છે. વાંચવાઓ પુસ્તક વાંચતાં વાંચતાં સહેજ ઊડતું હોય અથવા વાંચવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપરથી અટકે છે, કારણકે તેઓ માને છે કે ઘ બરડી લાવે. રૂપકપે તેનું ધ્યાન ધરાય ત્યારે વાહન ઊંટનું, હથિયાર સાંબેલું, ગદા ને વજ્ર, બે મુખ અને ત્રણ ચોર હોય એમ કલ્પાય છે. તેનું સંકેત નામ મેધા કહેવાય છે.

૨. [સં.] પું. ઘંટ.

૩. પું. ઘંટનો શબ્દ.

૪. પું. ચારસૂચક સાંકેતિક અક્ષર.

૫. પું. નાશકારક એવો અર્થ બતાવતો અક્ષર, શબ્દને છેડે ઘ અને ઘ્ન નાશ કરનારનો અર્થ લે છે. જેમકે, રાજઘ એટલે રાજાને મારનાર.

૬. વિ. ઠોઠ.

ઘઇ ૧. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.

૨. [હિં.] સ્ત્રી. ટેક.

૩. સ્ત્રી. ધાંધલ; ધમાલ.

૪. સ્ત્રી. પાણીની ભમરી; વમળ.

૫. સ્ત્રી. બીક; ભરાવો.

૬. વિ. અત્યંત; ગંભીર.

ઘઉંમ જુઓ ઘઉંલ.

ઘઉંલ સ્ત્રી. એક જાતની શેરડી. તેનો રંગ ઝાંખો પીળો હોય ને તેમાં કાંઈક ટપકાં હોય છે. આવી શેરડી કાનપુર ને બરેલી તરફ વવાય છે.

ઘણું૬ વિ. ઘણુથી કંઈક ઓછું; ઝાઝાથી કંઈક થોડું. 'ઘણું'થી જરા ઓછું એવો અર્થ બતાવે છે.

ઘણુંકરીને ક્ર. બનતાં લગી; વિશેષે કરીને; ખાસકરી; જરૂર; સંપૂર્ણ નહિ પરંતુ લગભગ બાતરી બતાવતું હોય તેમ; મુખ્યત્વે કરીને; ઘણે ભાગે; મુખ્યતયા; વિશેષતઃ, બહુધા; બહુ રીતે; સાધારણ રીતે જોતાં; ઘણી વખત.

ઘણુંખરું ક્ર. બહુધા; મોટે ભાગે; અવારનવાર; ઘણું કરીને; સાધારણ રીતે જોતાં; ઘણી વખત.

ઘણુંતો ક્ર. બહુ બહુ તો.

ઘણુંય વિ. ઘણુથી વધારે.

ઘણેભાગે જુઓ ઘણુંકરીને.

ઘણેરું [સં. ઘનતર; પ્રા. ઘણુયરઉં–ઘણુઅરઉં–ઘણેરું] વિ. ઘણું; બહુ; અતિશય.

ઘણોવણો પું. ઘરમાં રહી બની શકે તેવો ધંધો.

ઘત ૧. પું. આત્મા.
૨. પું. વિચાર.
૩. [સં. ઘૃત] ક્ર. વી.
૪. ન. મન; હૃદય.

ઘતન [સં.] વિ. મારનાર.

ઘતર [હિં.] ન. સવાર; પરોઢિયું.

ઘતિયું વિ. ખૂની; હિંસા કરનારું.

ઘત્તા પું. (પિંગ) અપભ્રંશમાં વપરાયેલો એક છંદ.

ઘદ પું. ઘટકો; પ્રહાર.

ઘદર [અ.] પું. બગલો; અજગરચ્યા; અંધેર.

ઘદાર પું. આડો.

ઘદીપરા ૧. સ્ત્રી. એ નામની અવાસની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘદીર ૧. [અ.] પું. સિયા લોકોનો એક તહેવાર.
૨. વિ. ઊતરે એવું; ઊતરનાર.

ઘદ્દાર ૧. [અ.] વિ. ઊતરે એવું; ઊતરનાર.
૨. વિ. લુચ્ચું.

ઘદ્ધ ૧. પું. અવાજ; ગરબડ.
૨. પું. ઘરટ; બગલો
૩. પું. ઊતરપિંડી; લુચ્ચાઈ.

ઘધડિયો (ઘધડિયો) પું. બાર દાંત સાથે જન્મેલો વાછરો.

ઘન ૧. પું. (જૈન) અતિશય મુખ.
૨. [સં.] પું. એ નામની એક ઉપધાતુ; અભ્રક.
૩. પું (પિંગ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે મોહનવરતુ નામના છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૩૦ લઘુ મળી ૪૭ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.
૪. પું. ઓરસ.
૫. પું. કાચપર્ણ; મજીઠાઈ.
૬. પું. મેઘ.
૭. [હિં.] પું. કપૂર.
૮. પુ. ક્ષઃ ક્ષરીરની એક ધાતુ.
૯. પું. ઝાંઝિયાં, ઝાલર, ઘંટ વગેરે વાદ્યોનો શબ્દ.
૧૦. પું. (ગણિત) કોઈ સંખ્યાને તેનાથી જ ત્રણ વાર ગુણવાથી આવતો ગુણાકાર; બધા સરખાં પરિમાણોનો ગુણાકાર; ત્રિઘાત; 'ક્યૂબ'. જેમકે, ૫ × ૫ × ૫ = ૧૨૫. તેથી આવેલો ગુણાકાર ૧૨૫ એ ૫ નો ઘન કહેવાય અને મૂળ સંખ્યા ૫ એ તે ગુણાકાર ૧૨૫ નું ઘનમૂળ કહેવાય છે.
૧૧. પું. ૭ ખૂણાવાળી આકૃતિ; ષટ્કોણાકૃતિ.
૧૨. પું. જેની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ બધા ખૂણા કાટખૂણા હોય એવો સરખી બાજુવાળો નક્કર પદાર્થ.
૧૩. પું. તેલ માપવા માટેનો ઘણો મોટો પથરો.
૧૪. પું. દર્દીનું બનેલું પોડું.
૧૫. પું. મોટો હથોડો; ઘણ.
ઘનની ચોટ = મોટો ઘા.
૧૬. પું. મોથ; નાગરમોથ નામની વનસ્પતિ.
૧૭. પું (પુરાણ) લંકાનો એક નામાંકિત રાક્ષસ.
૧૮. પું. (ગણિત) લંબાઈ, પહોળાઈ અને જાડાઈનો ગુણાકાર.
૧૯. પું. લોઢાનો મગદળ; લોખંડી મુદ્ગર.
૨૦. પું. વરસાદ.
૨૧. પું. વિસ્તાર; ફેલાવ.
૨૨. પુ. વેદમંત્રોનો પાઠ કરવાની એક રીત. વેદમંત્રોનાં જે જુદાં પાડી તેનો પાઠ ઓકડી, ભેવડી, રેવડી એમ આઠ રીતે થાય છે. તેથી વેદની ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ધ્વજક્રમ, દંડક્રમ અને ઘન એમ આઠ વિકૃતિ કહેવાય છે. 'નમઃ રુદ્રેભ્યઃ યે' એ પદો ઘન રીતે બોલીએ તો નીચે પ્રમાણે બોલાયઃ નમો રુદ્રેભ્યો રુદ્રેભ્યો નમો નમો રુદ્રેભ્યો યે યે રુદ્રેભ્યો નમો નમો રુદ્રેભ્યો યે.
૨૩. પું. શરીર; પિંડ.
૨૪. પું. સમૂહ.
૨૫. પું.; ન. મેઘ; વાદળું; જલધર.
ઘારાધર જલધર જલદ, જગદ્ભવન ભૂભૃત;
અબ્ભ અભ્રાહ્વ મુદિર હરિ કામુકિ ભૂમભૂપ્રત.
નીરદ ક્ષીરદ અંબુજ વારિદ જલમુચ નાહ;
ઘન વિયોગ વીજળી સખી જોતાં વારી જઈ.
વિજયવલ્લભકોષ
૨૬. ન. આકાશ; વાદળ.
૨૭. ન. (જૈન) એ નામનું એક દેવવિમાન.
૨૮. ન. (વૈદ્યક) ઔષધિનું સત્ત્વ; કોઈ પણ વસ્તુના ચૂર્ણને ૧૬ગણા પાણીમાં ભારી આગરે આઠમા ભાગનું પાણી રહે ત્યારે ગાળી ધીમા તાપથી ઉકાળતાં છેવટે માવા જેવો બનતો ઘાટો પદાર્થ.
૨૯. ન. ઝાંઝિયાં, ઝાંઝ, તાલ, કરતાલ વગેરે વાદ્યોનાં કાંસાનું વાદ્ય; જેના ઉપર તાર ચડ્યા ન હોય, તેમ ચામડું પણ મ�ढેલ ન હોય અને બે હાથનો આઘાત થવાથી અથવા કરકોઈ પ્રકારે તેના ઉપર આઘાત કરવાથી વાગે તે વાદ્ય. જેવા કે, ઝાંઝપતાલ, જલતરંગ, ઝાંઝ, મંજીરા, કરતાલ, ઘંટ, ઘટિકા, ઝાલર વગેરે.
૩૦. ન. ચામડું; ચર્મ.
૩૧. ન. ધાન.
૩૨. ન. પગના આપાર્શ્વનાં સાત કુર્પાસ્થિ

માંહેનું ચોથું હાડકું; 'ક્યુબોઇડ બોન'. આ હાડકું પગની બહારની સીમા ઉપર આવેલું હોઈ સહેલાઈથી ઓળખી શકાય તેવું છે. તે ચોથી અને પાંચમી મૂલસલાકાઓને ટેકો આપે છે.

૩૩. ન. પગની એડી; પાર્ષ્ણિ.

૩૪. ન. મધ્યમ ફૂલ.

૩૫. ન. લોહું; લોખંડ.

૩૬. ન. વિદ્યુતનો બે માંહેનો એક અંત; 'પોઝિટિવ'. વીજળીમાં ધન અને ઋણ એ બે અંગ હોય છે.

૩૭. વિ. ઉભતોદર; બહિર્ગોળ; 'કોન્વેક્સ'.

૩૮. વિ. કઠણ; મજબૂત; દૃઢ.

૩૯. વિ. ગંભીર; ગહન; અગાધ.

૪૦. વિ. ઘટ્ટ; ઘાટું; ગાઢ; ગીચ.

૪૧. વિ. ઘણી ઝાડીવાળું.

૪૨. વિ. ઘણું, બહુ, પુષ્કળ.

૪૩. વિ. નક્કર; નિરંતર ભરેલું.

૪૪. વિ. પીંજેલું.

૪૫. વિ. પૂર્ણ; પૂરું.

૪૬. વિ. લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ એ ત્રણેનો જેમાં સમાવેશ થયો હોય એવું; 'ક્યૂબિક'.

ઘન અખાડો પું. અષાઢ મહિનાનો વરસાદ.
ગાજ્યો અનિરાદ ઘન અખાડો. પ્રેમાનંદ

ઘનકંઠ [સં.] પું. વરસાદમાં પકડતા કરા.

ઘનકવચ [સં.] ન. જાડું પડ; જાડું આવરણ.

ઘનકાલ [સં.] પું. વર્ષાઋતુ.

ઘનકોણ [સં.] પું. (ગણિત) ત્રણ સપાટી એક બિંદુમાં મળે તો તે બિંદુ આગળ થતો કોણ; શિરોબિંદુ એક જ હોય, પણ જુદા જુદા તલમાં આવેલા હોય એવા ત્રણ અથવા વધારે કોણનો બનેલ ખૂણો; 'સોલિડ એંગલ'.

ઘનકોષ્ઠક [સં.] પું. ઘનચતુષ્ક.

ઘનક્ષેત્ર [સં.] ન. લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એવાં ત્રણ પરિમાણવાળી આકૃતિ.

ઘનગત [સં.] વિ. વાદળની વચમાં આવેલું.

ઘનગતિવિદ્યા [સં.] સ્ત્રી. એક જાતનું શાસ્ત્ર. જે ઘન પદાર્થ ઉપર બળ જેવી રીતે ક્રમ કરે કે જેથી તે બળની અસર નીચે તે પદાર્થનો આકાર જરા પણ ન બદલે તો તે બળની તે પદાર્થ ઉપર થતી અસરના અધ્યયનને ઘનગતિવિદ્યા કહે છે.

ઘનગતિશાસ્ત્ર જુઓ ઘનગતિવિદ્યા.

ઘનગરજ [હિં.] ૧. સ્ત્રી. એક જાતની તોપ. ૨ સ્ત્રી. વીજળી અને ગાજવીજનો અવાજ.

૩. વિ. મોટો અવાજ કરતું.

ઘનગર્જના [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ.

ઘનગર્જિત [સં.] વિ. મેઘની ગર્જનાવાળું.

ઘનગોલ ૧. સ્ત્રી. એ નામની વોરાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘનગોલક [સં.] પું. એકસું ગણેલ ગોનું તથા રપુ.

ઘનઘટા ૧. સ્ત્રી. ઘણી ઘણીઓનો જમાવ; ગીચપણું.
૨. સ્ત્રી. મેઘાડંબર; વરસાદનું જબરું રહેવું તે; ઘોરંબો; વાદળાંનો ઘેરાવો; વાદળાંની ઘટા.

ઘનઘન ન. એક જાતનું ઘોર.

ઘનઘનૌઘ [સં.] પું. ભળી ગયેલા મેઘનો સમૂહ.

ઘનઘાતી ૧. ન. (જૈન) કર્મનો એક પ્રકાર; જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ.
૨. વિ. (જૈન) અતિક્રમ ગુણનો નાશ કરે એવું.

ઘનઘોર ૧. [હિં.] પું. વાદળાંની જબરદસ્ત ગર્જના.
૨. પું. વાદળાંનું એકઠું થવું તે; બહુ વાદળાં ભેગાં થવાં તે.
૩. વિ. ગાઢ; ગીચ.
૪. વિ. ઘટાટોપ; ઘેઘૂર.
૫. વિ. ભીષણ; ભયાનક; ભયંકર.
૬. વિ. મેઘથી જબરું રહેલું હોય એવું; ઘનથી ઘેરાયેલું; અંધારાયેલું; વરસાદ ચડી આવવાથી અંધકાર થઈ રહ્યો હોય એવું.

ઘનઘોષ [સં.] પું. વરસાદનો અવાજ.

ઘનચક્કર ૧. [હિં.] પું. ચંચળ બુદ્ધિવાળો માણસ.
૨. ન. એક પ્રકારની આતશબાજી; ચકરી; ભરખી.
૩. ન. ભમરડો; ચકરો.
૪. ન. સૂર્યમુખી ફૂલ.
૫. વિ. ઉધાન ખાવાનું; મગજનું ચસકેલું; વલવલતું.
૬. વિ. મૂર્ખ; બેવકૂફ; અક્કલ વિનાનું; મૂઢ.

ઘનચય [સં.] પું. વાદળાંનો સમૂહ.

ઘનચિડી (ઘનચિરી) સ્ત્રી. એ નામનું એક પક્ષી.

ઘનચિત્રક જુઓ ઘનચિત્રદર્શક.

ઘનચિત્રદર્શક [સં.] ન. ચિત્રને આભેહૂબ જોવાનું એક યંત્ર. તેમાં બે સપાટ ચિત્ર ઉપરથી એક ઘનચિત્ર ઉદ્ભવે છે. તેમાં વસ્તુઓ ભીંત ઉપર ચીતરેલાં ચિત્રો જેવી દેખાતી નથી પણ શિલ્પીએ કોતરેલા પૂતળા જેવા આભેહૂબ અસલ રૂપમાં દેખાય છે.

ઘનચિત્રદર્શન [સં.] ન લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણે પરિમાણોનું ભાન કરાવે એવો દેખાવ.

ઘનચિહ્ન ન. (ગણિત) ઉમેરો કરવાનું નિશાન; વત્તાની નિશાની; + આવું ચિહ્ન.

ઘનચૂરી ન. મલબાર તરફનું, માંચ ઉપર શીંગડા જેવા આકારનું ઝુંટાદાર એક જાતનું પંખી.

ઘનચ્છદ [સં.] પું. સરગવાનું ઝાડ.

ઘનચ્છત્ર [સં.] ન. આકાશરૂપી છત્રી.

ઘનછાય સ્ત્રી. વાદળની છાયા; વાદળથી પડતો છાયડો.

ઘનજ્વાલા [સં.] સ્ત્રી. વીજળી.

ઘનતનવરણ ૧. પું. કૃષ્ણ.
૨. વિ. વાદળાના રંગ જેવા શરીરવાળું.

ઘનતા ૧. [સં.] સ્ત્રી. ગાઢપણું; મજબૂતાઈ; ઘાટાપણું.
૨. સ્ત્રી. ગુરુત્વ; ઘટતાં ઘન હોવું તે; ઘનીભાવ; રચૂલપણું.
૩. સ્ત્રી. તુલનાત્મક વજન. પાણીનું વજન એકમ ગણીને તેના કરતાં બીજા વસ્તુઓ કેટલી ભારે કે હલકી છે તેની ગણના.

ઘનતાલ ૧. [હિં.] પું. કરતાલ.
૨. [સં.] પું. ચાતક પક્ષી.
૩. પું. વાદ્ય વગેરેનો અમુક તાલ.

ઘનતિમિર ૧. [સં.] ન. ગાઢ અંધકાર; ગાઢ અંધારું.
૨. ન. મેઘથી થયેલું અંધારું.

ઘનતોલ [સં.] પું. ચાતક પક્ષી.

ઘનત્વ જુઓ ઘનતા.

ઘનદ ન. એક જાતનું ઘર.

ઘનદળ ન. વાદળાંનો સમૂહ.

ઘનદાર વિ. જાડું; ઘાટું.

ઘનદ્રુચ પું. વીજળીમાં ઋણ ધ્રુવથી ઊલટા ગુણવાળો ધ્રુવ; ધનાગ્ર; 'ઍનોડ'.

ઘનધ્વનિ ૧. [સં.] પું. વાદળાનો અવાજ.
૨. વિ. મેઘના જેવા શબ્દવાળું.

ઘનનાદ ૧. [સં] પું. (પુરાણ) રાવણનો જે નામનો એક દીકરો; મેઘનાદ.

૨. પું. વાદળાની ગર્જના

ઘનનીલકંઠ ૧. [સં.] પું. ત્રિપુરાસુરને મારવા માટે શંકરે ફેંકેલાં બાણનો માર્ગ.
૨. પું શંકર.

ઘનપટ ૧. [સં.] ન. આકાશ.
૨. ન. વાદળાંનું પડ.

ઘનપટલ જુઓ ઘનપટ.

ઘનપડ (ઘનપટ) જુઓ ઘનપટ.

ઘનપણું જુઓ ઘનતા.

ઘનપતિ [સં] પું. ઇંદ્ર.

ઘનપત્ર ૧. [સં.] પું. સરગવો.
૨. પું. સાટોડી.

ઘનપદ જુઓ ઘનમૂળ.

ઘનપદવી [સં.] સ્ત્રી. આકાશ.

ઘનપદી સ્ત્રી. (ગણિત) એક જાતની સંખ્યા; 'કયૂબિક એક્સપ્રેશન'. જે પદીનું દરેક પદ અજ્ઞ જાતનું હોય અથવા જે પદીનું કોઈ એક પદ અજ્ઞ જાતનું હોય અને બાકીના બાકીનું કોઈ પણ અજ્ઞથી વધારે જાતનું ન હોય તેને ઘનપદી કહે છે. જેમકે, $ક^3 + ખ^3$; $ક^3 + ક\ ક^2ખ + ક\ કખ^2 + ખ^3$; $ક^3 + ક^2 + ક + ૧$.

ઘનપરવલય [સં.] પું. (ગણિત) પરવલય પોતાની ધરી ઉપર ફરતાં ઊપજી રહતો ઘન આકાર; 'પેરેબોલોઇડ'.

ઘનપરિમંડલ [સં.] ન. નક્કર રીતે વર્તુલ આકાર.

ઘનપંક્તિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રગુણ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે

ઘનપાઠ ૧. પું. ગણિતની એક જાતની રીતણી.
૨. પું. વેદ ભણવાની એક રીત.

ઘનપાઠી વિ. ઘનપાઠ પ્રમાણે વેદ ભણનારું.

ઘનપાદ જુઓ ઘનકૂટ.

ઘનપાર્ષદ [સં.] પું. મોર પક્ષી.

ઘનપિંડ [સં.] પું. નક્કર ગઠ્ઠો.

ઘનપિંડપિંડ [સં.] પું. મોન્ટેસોરિ પદ્ધતિનું એક સાધન. આ સાધનમાં અજ્ઞ લાકડાની જાડી પટ્ટી હોય છે અને તેમાં પિંડ કે લાકડાની સોગઠીઓ બાનાં પાડી બેસાડવામાં આવે છે. આ સાધન વડે રપર્શેંદ્રિય કેળવાય છે.

ઘનપ્રસરણ જુઓ ઘનપ્રસાર.

ઘનપ્રસાર [સં.] પું. કોઈ પણ પદાર્થનો ઘનમાપમાં વિસ્તાર થવો તે.

ઘનપ્રિય [સં.] પું. મોર; મયૂર.

ઘનફલ [સં.] ન. (ગણિત) નક્કર વસ્તુની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ વગેરેનું કુલ પરિમાણ; ઘનમાપ; વસ્તુના કદનું માપ.

ઘનફલદર્શક જુઓ ઘનફલમાપક.

ઘનફલમાપક [સં.] ન. ઘનફલ માપવાનું યંત્ર; કોઈ પણ વસ્તુનું અને તેમાં આસ કરીને નક્કર વસ્તુનું કદ માપવાનું યંત્ર.

ઘનફલમિતિ [સં.] સ્ત્રી. ઘનફલમાપક યંત્રથી વસ્તુનું કદ માપવાની ક્રિયા.

ઘનફળ જુઓ ઘનફલ.

ઘનફૂટ પું. (ગણિત) એક ફૂટ લાંબું, એક ફૂટ પહોળું અને એક ફૂટ જાડું એવું માપ.

ઘનબહેડા (ઘનબહેડ) [હિં.] પું. અમલતાસ; ગરમાળો.

ઘનબંધન ન. વાદળાંનો વિરાવો.

ઘનભૂમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણ પરિમાણની ભૂમિતિ; 'સોલિડ જ્યોમેટ્રિ'.

ઘનમ [અ.] પું. લૂંટ તરીકે લઈ જવું તે.

ઘનમઠ ૧. [સં.] પું. મઠો મઠ.
૨. પું. વર્ષાકાળનો મઠ.

ઘનમધુરદુગ્ધ [સં.] ન. જમાવેલું ગીડું દૂધ; 'અાઇસ્ક્રીમ'.

ઘનમયૂર પું. (પિંગળ) સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, ભગણ, સગણ, રગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય અને સાતમા અને તેરમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ઘનમાન જુઓ ઘનમાપ.

ઘનમાપ ન. કદ તથા જથ્થો બતાવનારું માપ; કોઈ પણ વસ્તુ કેટલી જગ્યા રોકે છે તે બતાવનારું માપ; લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈનું પરિમાણ; ઘનમાન; ઘનફળ; 'કયૂબિક મેઝર'

ઘનમાળા સ્ત્રી. ઘનઘટા; વરસાદનો ઘોરંબો; વાદળાંની હાર કે ઘટા.

ઘનમૂલ [સં.] ન. (ગણિત) કોઈ પણ એક સંખ્યાને એકની એક સંખ્યાએ એક પછી એક બે વાર ગણતાં આવતી સંખ્યા; તૃતીયમૂળ; ત્રિઘાત વડે કાઢેલું સંખ્યાનું મૂળ; ઘનનું મૂળ; આપેલી સંખ્યા જેનો ઘન હોય તે સંખ્યા. કોઈ સંખ્યાને તેની તે સંખ્યાએ ગુણી આવેલા ગુણાકારને પાછા તે જ સંખ્યાએ ગુણતાં આવતા ગુણાકારને તે સંખ્યાનો ઘન કહે છે અને એ મૂળ સંખ્યાને તે ગુણાકારનું ઘનમૂલ કહે છે. જે એકની એક સંખ્યા ત્રણ વાર લઈ તેનો ક્રમિક ગુણાકાર કરતાં છેવટનો ગુણાકાર આપેલી સંખ્યાની બરાબર થઈ રહે તે સંખ્યાને આપેલી સંખ્યાનું ઘનમૂલ કહે છે. જેમકે, ૫ × ૫ × ૫ = ૧૨૫. એમાં ૧૨૫ એ ૫ નો ઘન છે અને ૫ એ ૧૨૫નું ઘનમૂલ છે.

ઘનમૂલકસ્સમીકરણ ન. (ગણિત) ઘનીય સમીકરણ; 'કયૂબિક ઇક્વેશન'.

ઘનમૂલિકગુણોત્તર ન. (ગણિત) આપેલા ગુણોત્તરનાં બંને પદોનાં ઘનમૂલ વચ્ચેનું ગુણોત્તર; ત્રિગુણ ગુણોત્તર. જેમકે, ૮ : ૨૭નું ૨ : ૩ એ ઘનમૂલિક ગુણોત્તર છે.

ઘનમૂળ ન. ત્રિઘાત વડે કાઢેલું સંખ્યાનું મૂળ; ઘનમૂલ.

ઘનમૃદંગ [સં] પું. મોટું નગારું.

ઘનયાર્ડ પું. ઘનવાર; સત્તાવીસ ઘનફૂટ જેટલું માપ.

ઘનરવ ૧. [સં.] પું. મેઘનો અવાજ; વરસાદની ગર્જના.
૧. પું. મોર; મયૂર.

ઘનરવી [સં.] સ્ત્રી. મયૂરી; ઢેલ.

ઘનરસ ૧. [સં.] પું. ઊકાળીને કાઢેલું સત્ત્વ; જાડું સત્ત્વ; કાઢો; ગાઢ રસ.
૨. પું. કપૂર.
૩. પું. જળ; પાણી; નીર; ઉદક.

> અંધુ કમલ કીલાલ જલ પય પુષ્કર ઘન વારિ;
> અંબ અમ્બુ દ્રવન જીવન ઘનરસ કુલ પાપારિ.
> પિંગળપ્રકાશ

૪. પું. હાથીનો એક રોગ. તેમાં તેનું લોહી બગડી જાય, પગના નખ ગળવા લાગે અને તે લંગડાતો ચાલે છે. આ રોગ હાથીનો જોઈ જાય છે.

ઘનરાજી સ્ત્રી. વાદળાંની હારની હાર; ઘનઘટા.

ઘનરૂપ ન. નક્કર આકાર; સ્થૂલ રૂપ.

ઘનલવ [સં.] પું. નાનું વાદળું.

ઘનવર્જનીય વિ. જથ્થા વડે વાળી શકાય એવું.

> તેનાં હથિયાર બતાવવા જહાંગીરે તે અસલિ એક કારીગરને આપ્યો; તેણે કહ્યું કે તેનું લોખંડ ઘનવર્જનીય એટલે નથી રાક એવું નથી.
> નર્મદાશિવાજી

ઘનવર્તુલ ન. ગોળો.

ઘનવર્મ [સં. ઘનવર્મન્] ન. બખ્તર.

ઘનવર્ધનીય વિ. ઘણુંથી ટીપીને વધારી શકાય એવું.

અરાનિમાં ૨૫ ભાગ **ઘનવર્ધનીય** લોખંડ, ૪૦ ભાગ સિલિકા, ૬ થી ૮ ભાગ નિકલ અને થોડું રાખ અશુદ્ધ લોખંડ હોય છે.

જ્યોતિર્વિલાસ

ઘનવલ્લિકા જુઓ ઘનવલ્લી.

ઘનવલ્લી ૧. [સં.] સ્ત્રી. અમૃતસવા નામની વેલ.

૨. સ્ત્રી. વીજળી; વિદ્યુત.

ઘનવસ્તુ સ્ત્રી. જેને લંબાઈ, પહોળાઈ અને જાડાઈ હોય તેવો પદાર્થ.

ઘનવા ૧. [સં. ઘનવન્] પું. ઉંદર.

૨. જુઓ ઘનવાત.

ઘનવાત ૧. પું. એ નામનું એક નરક.

૨. [સં.] પું. (જૈન) ઘનોદધિ તથા વિમાન આદિના આધારભૂત જામેલા બરફ જેવો અથવા ઘીજેવા ઘી જેવો એક પ્રકારનો કઠિન વાયુ.

પહેલી નરકભૂમિની નીચે ઘનોદધિ છે, ઘનોદધિની નીચે **ઘનવાત** છે, ઘનવાતની નીચે તનુવાત અને તનુવાતની નીચે આકાશ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું. મેઘનો વાયુ.

ઘનવાતવલય ન. ઘનવાત નામની કઠિન વાયુનું વલય; વલયાકારે રહેલ ઘનવાયુ.

ઘનવાદ્ય ન. ધાતુના રસને ઠારીને બનાવેલ નક્કર વાદ્ય. જેમકે, ઘંટ, મઝીરા, કાંસ્યતાલ, ઝાંઝ, કરતાલ, ઝાલર. આ વાદ્યમાંથી માત્ર એક જ સ્વર ધ્વનિત થતો હોવાથી તેને અર્ધવાદ્ય પણ કહેવામાં આવે છે. મુખ્યત્વે કરીને પિત્તળ, કાંસુ વગેરે ધાતુનો રસ બીબામાં નાખી જુદી જુદી આકૃતિઓ બનાવવામાં આવે છે. આ વાદ્યો મંદિર દેવમંદિર વગેરે સ્થળોમાં કીર્તન પ્રસંગે વપરાય છે.

ઘનવાધ જુઓ ઘનવાત ૨.

ઘનવાયુ જુઓ ઘનવાત ૨.

ઘનવાર પું. ઘનઘાર.

ઘનવાસ ૧. [સં. ઘન (વાદળું) + વાસ (રહેઠાણ)] પું. આકાશ.

અંબર પુષ્કર નભ વિયત અંતરીક્ષ **ઘનવાસ**,
વ્યોમ અનંત વિહાયસ અદ્ર સુરભ્ર અંભ્રવાસ.

ત્રિભુવનદીપક

૨. [સં. ઘન + વાસ (ગંધ)] પું. કોંણનો વેલો.

ઘનવાહન ૧. [સં.] પું. ઉંદર. તેનું વાહન મેઘ કહેવાય છે.

૨. પું. શિવ; શંકર; મહાદેવ.

ઘનવાહી ૧. [હિં.] સ્ત્રી. લોટાના ધણ વડે ટીપવાનું કામ કરનારને ઊભા રહેવાનો ખાડો.

૨. સ્ત્રી. લોટાના ધણ વડે ટીપવાનું કામ.

ઘનવિદ્યુત સ્ત્રી. ઋણવિદ્યુતથી વિરુદ્ધ ગુણવાળી વિદ્યુત. વિદ્યુતના પોઝિટિવ અને નેગેટિવ એમ બે પ્રકાર છે. પહેલાને ઘનવિદ્યુત અને બીજાને ઋણવિદ્યુત કહે છે. કાચ ઉપર રેશમ ઘસવાથી જે વીજળી થાય છે તે ઘનવિદ્યુત કહેવાય છે.

ઘનવિભવ પું. આકાશ.

ઘનવીજ સ્ત્રી. વાદળાં અને વીજળી.

ઘનવીથિ [સં.] સ્ત્રી. આકાશ.

ઘનવીંટયું વિ. વાદળાંથી ઘેરાયેલું.

ઘનવૃત્ત [સં.] ન. નક્કર; ગોળાકાર.

ઘનવૃષ્ટિ [સં.] સ્ત્રી. વાદળાંઓનું વરસવું તે; વરસાદ.

ઘનવૈદ્યુત વિ. ઘનવિદ્યુતવાળું.

ઘનશાકલ [સં. ઘન (વાદળું) + શકલ (અંશ)] ન. વરસાદની છાંટ; નાનું ઝાપટું.

ઘનશ્યામળું વિ. વાદળા જેવું કાળું; બહુ કાળું.

ઘનશીલ [સં.] વિ. ઘન થવાના સ્વભાવવાળું; જામી જાય એવું.

ઘનશીલરસ [સં.] પું. આપોઆપ ઘીજી જતો રસ; આપોઆપ બહુ વાર જામ જાય એવો રસ; જામી જાય એવો રસ.

ઘનશોણિત [સં.] પું. લોહીનો જામી ગયેલો ગઠ્ઠો; 'ક્લોટ'.

ઘનશોથ પું. (વૈદક) એક જાતનો રોગ; ચર્મોપબંધન રોગ; ચર્મસ્તબ્ધતા; ચર્મવર્મ; મૂર્તસ્તબ્ધતા; સિલિકાય. આ રોગ શીત તથા આર્દતાને લીધે થાય છે. તેમાં સંધિવાતના જેવી પીડા થાય, ચામડી ઉપર ઠીકરીઓ ચોટતી હોય તેવી અસર જણાય અને ચામડી સુજી જાય તથા કરડે.

ઘનશ્યામ ૧. [સં.] પું. અત્યંત કાળો રંગ.

૨. પું. રામ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શ્રીકૃષ્ણ.

૫. પું. સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીનું ગાર્હસ્થાવસ્થાનું નામ.

૬. ન. કાળું વાદળ.

૭. વિ. મેઘ જેવું કાળું; કાળા રંગનું; પાણી ભરેલા વાદળાના રંગનું; ગાઢ જેવું કાળું.

૮. વિ. મેઘ વડે કાળું થયેલું.

ઘનશ્યામલ વિ. મેઘના જેવું શ્યામ; ઘનશ્યામ.

ઘનશ્યામળો પું. શ્રીકૃષ્ણ.

કાલ્યા છે પ્રણામ તમને,
પણ કરી **ઘનશ્યામળો** ઘનશ્યામ

ઘનશ્રેણી [સં.] સ્ત્રી. પૃથ્વી.

ઘનસમય [સં.] પું. મેઘનો સમય; વરસાદનો વખત; વરસાદની મોસમ.

ઘનસમીકરણ ૧. ન. (ગણિત) જે સમીકરણમાં મોટામાં મોટા ઘાતવાળું પદ ત્રીજા એટલે ઘન ઘાતનું હોય તેવું સમીકરણ. જેમકે, $૨x^3 - ૩x^2 + ૫x = ૨૦૦$,

૨. ન. (ગણિત) જેમાં એક જ અથવા વધારે અજ્ઞાત રાશિ હોય અને તે દરેક ત્રીજા ઘાતના હોય તેવું સમીકરણ. જેમકે, $x^3 = ૮$; $x^3 + x^3 = ૨૭$.

ઘનસમુત્સાર જુઓ ઘનપરવલય.

ઘનસમોત્સાર પું. (ગણિત) પરવલય પોતાની ધરી ઉપર ફરતાં થતી ઘન આકૃતિ; ઘનપરવલય.

ઘનસંતાનક પું. કરોળિયાનું જાળ.

ઘનસંભૂ પું. મઘ તથા નક્ષત્રની વચમાં આવે તે ચંદ્ર અને સૂર્ય આવે તે યોગ.

ઘનસાગર ૧. [સં.] પું. કપૂર.

૨. પું. પાણી; જળ.

૩. પું. પારો.

ઘનસાર ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદન.

૩. પું. પાણી; જળ.

૪. પું. પારો.

૫. પું. (જ્યોતિષ) શુક્ર નામનો ગ્રહ.

૬. પું. મેઘ મેઘ.

ઘનસુશિર ૧. ન. ઘન ધાતુનું પોલું કામ. જેમકે, સોનાનો ખાલો.

૨. ન. વસ્તુનો પોલો કટકો.

ઘનસ્પર્શ [સં.] પું. આંબલીનું ઝાડ.

ઘનસ્વન ૧. [સં.] પું. એક વનસ્પતિ; તાંદળજો.

૨. પું. ગંભીર અવાજ.

૩. પું મેઘનો અવાજ; મેઘગર્જના.

૪. વિ. મેઘના જેવા અવાજવાળું.

ઘનહસ્ત ૧. [સં.] પું. અમુક એક જાતનું હસ્તમાન; જમીન વગેરે માપવાનું એક માપ; ખારી; આરિક્ષ. તે એક હાથ લાંબું, એક હાથ પહોળું અને એક હાથ ઊંડું હોય છે.

૨. પું. એક હાથ લાંબું, એક હાથ પહોળું અને એક હાથ ઊંડું એવું ક્ષેત્ર અથવા એવો પિંડ.

ઘનક્ષેત્રફળ ન. જે ઘન આકૃતિની સામસામેની સપાટી એક બીજાને સમાંતર હોય એવી ૭ સરહ પૂલની આકૃતિ.

ઘના ૧. [ફા.] સ્ત્રી. પૈસો; દોલત.
૨. [સં.] સ્ત્રી. માંસપર્ણી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. સ્પૂસ સ્ત્રી.
૪. વિ. ભરાયેલું.
૫. વિ. ઘાટું.
૬. વિ. જાડું.
૭. વિ. સંખ્યાનંબ.

ઘનાઈ ૧. [અ.] પું. ૪. ૪. દુશ્મનો; લૂંટારા.
૨. પું. ૪. ૪. શિકાર; લૂંટ.

ઘનાકર [સં.] પું. વર્ષાકાળ; વરસાદની મોસમ.

ઘનાકૃતિ સ્ત્રી. ઘન જેવા આકારની આકૃતિ; ૬ કે સમતલ ભાગ વડે જેની હદ બંધાયેલી હોય એવા અવકાશનો કોઈ પણ ભાગ.

ઘનાક્ષર જુઓ ઘનાક્ષરી.

ઘનાક્ષરી પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. ૩૨ટલાક લોકો તેને કવિત કે મનહર કહે છે. તેમાં લઘુ ગુરુનો નિયમ નથી પણ અંતે ગુરુ આવે એમ એકત્રીસ અક્ષર હોય છે. તેમાં સોળમા અક્ષરે યતિ આવે છે.

એકત્રીસ વર્ણ જેમાં ગુરુ લઘુ નિ'મ નહિ;
અંતે ગુરુ એક યતિ સોળે ઘનાક્ષરીમાં.
રણછોડ

ઘનાગમ [સં.] પું. વર્ષાકાળ; મેઘનું આવવું તે.

ઘનાઘ પું. ઘનમુખ; વિદ્યુતમાં ઋણધ્રુવથી ઊલટા ગુણવાળો ધ્રુવ; 'એનોડ'.

ઘનાઘન ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. પરસ્પર અથડાવાપણું; અન્યોન્યનું સમઘર્ષણ.
૩. પું. મદવાળો હાથી; માતેલો હાથી; મારી નાખે એવો હાથી.
૪. પું. વરસતો મેઘ; વૃષ્ટિ કરનારું વાદળું.
૫. વિ. નિરંતર ઘાત કરનાર.
૬. વિ. દયા વગરનું.
૭. વિ. દુષ્ટ.
૮. વિ. ક્રૂર.
૯. વિ. સાંધા વગરનું.

ઘનાઘના [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાકમાચી.

ઘનાતિપરવલય પું. (ગણિત) ઘનાધિક્યોત્સાર; અતિપરવલય પોતાની ધરી ઉપર ફરતાં થતી ઘન આકૃતિ.

ઘનાત્મક ૧. [સં.] વિ. જેની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ કે જાડાઈ બરાબર હોય એવું
૨. વિ. લંબાઈ, પહોળાઈ તથા ઊંડાઈના ગુણાકારથી મળેલું.

ઘનાત્મકવિદ્યુત જુઓ ઘનાત્મકવીજળી.

ઘનાત્મકવીજળી સ્ત્રી. ઘનવિદ્યુત; કાચ જેવા પદાર્થથી ઉત્પન્ન થતી વીજળી.

ઘનાત્યય ૧. પું. મેઘનું દૂર થવું તે.
૨. પું. શરત્કાલ; શરદ ઋતુ.

ઘનાધિક્યોત્સાર પું. (ગણિત) ઘનાતિપરવલય.

ઘનાધેયમાપક [સં.] ન. કોઈ પણ વસ્તુનું ઘનપણું એટલે ઘનફળ માપવાનું યંત્ર.

ઘનાનંદ ૧. પું. બ્રજ ભાષાનો એક ભેદ.
૨. પું. હિંદી ભાષાનો એક સુપ્રસિદ્ધ કવિ. તેને આનંદઘન પણ કહે છે.

ઘનાભ્રક [સં.] પું. અબરી.

ઘનામલ [સં.] પું. એક જાતનું ક્ષાર.

ઘનાયત વ. નક્કર વસ્તુની લંબાઈ.

ઘનારાવ ૧. [સં.] પું. મેઘનો શબ્દ; મેઘની ગર્જના.
૨. વિ. મેઘના જેવા અવાજવાળું.

ઘનારુઢ [સં.] વિ. અતિશય ચાલાક.

ઘનાવયવક વિ. ઘણા વજનનું; નિરેખ; નક્કર.

ઘનાશ્રય ૧. [સં.] પું. આકાશ.
૨. પું. વાતાવરણ.

ઘનાસ્થિ ન. હાથના પંજા કે પગની ઘૂંટીનું બનેલું હાડકું.

ઘનાંક પું. (ગણિત) ઘન સંખ્યા; જે સંખ્યા બીજી કોઈ સંખ્યાના ઘનની બરાબર હોય તેવી સંખ્યા. જેમકે, ૨૭, ૬૪.

ઘનાંગાર પું. એક જાતનો ક્ષણ કોલસો; નિર્ધૂમ કોલસો.

ઘનાંબુ [સં.] ન. વરસાદનું પાણી; આકાશમાંથી પડતું પાણી.

ઘનિકા ન. (જ્યોતિષ) પોપટના પાંજરાના આકારનું એ નામનું એક નક્ષત્ર. તેમાં પાંચ તારા છે.

ઘનિત્વ ન. કઠણપણું.

ઘનિમ જુઓ ઘનીમ.

ઘનિષ્ઠ ૧. [સં.] વિ. અતિશય નક્કર.
૨. વિ. ઘણું જ ગાઢ; બહુ જ ઘાટું; સૌથી ઘન; સૌથી ગાઢ.
૩. વિ. નિકટનું; ખૂબ પાસેનું; નજીકનું.

ઘનિષ્ઠતા ૧. [સં.] સ્ત્રી. ઘનિષ્ઠ હોવાની સ્થિતિ; ઘણું નક્કર હોવાપણું.
૨. સ્ત્રી. નજીક હોવું તે.
૩. સ્ત્રી. બહુ ઘાટું હોવાપણું.

ઘની ૧. [અ.] પું. અલ્લાહનું એક નામ.
૨. પું. ધનાઢ્ય પુરુષ.
૩. પું. સ્વતંત્ર માણસ.
૪. વિ. ધનવાન; પૈસાદાર; સમૃદ્ધ; શ્રીમંત.
૫. વિ. સ્વાધીન.

ઘનીકરણ ૧. [સં.] ન. બહુ આકારમાં ફેરવવાપણું.
૨. ન. ઘન થાય એમ કરવાની ક્રિયા; નક્કરરૂપ કરવું તે; ઘનરૂપ કરવાપણું.

ઘનીકારક [સં.] વિ. એકીકારક; બહુ બનાવનાર.

ઘનીકૃત ૧. [સં.] વિ. બહુ કરેલ; ઘાટું કરેલ.
૨. વિ. ઘન કરેલું.
૩. વિ. જાડું કરેલું.
૪. વિ. નક્કી કરેલું.
૫. વિ. મજબૂત કરેલ; દૃઢ કરેલું.

ઘનીકૃત દુગ્ધ [સં.] ન. પાણી ઉડાડી દઈને ઘાટું બનાવેલું દૂધ; જમાવેલું દૂધ.

ઘનીભવન [સં.] ન. ઘન થવું તે; બહુ બનવાની ક્રિયા; ઘનરૂપ થવું તે.

ઘનીભાવ પું. ઘન બનેલું હોવાપણું.

એમ તેજની ઘનીભાવ મૂર્તિ સૂર્ય છે, પરિમલની ઘનીભાવ મૂર્તિ જેમ કપૂર છે, તેમ હું ચિન્માત્ર બ્રહ્મની ઘનીભૂત પ્રતિમા છું. ગીતાપંચામૃત

ઘનીભૂત ૧. [સં.] વિ. ઘન બનેલું; નક્કર થયેલું.

પરમબ્રહ્મની જ ઘનીભૂત સ્વરૂપાવસ્થા આ સમસ્ત જગત છે. પ્રબોધનિધિ

૨. વિ. ઘાટું બનેલું; જાડું; બહુ બનેલું.
૩. વિ. જબરદસ્ત; દળદાર.

ઘનીભૂતત્વ ૧. ન. ઘન થયેલું હોવાપણું.
૨. ન. ઘાટું બનેલું હોવું તે.
૩. ન. દળદાર હોવાપણું.

ઘનીમ ૧. [અ.] પું. દુશ્મન.
૨. પું. લૂંટારો.

ઘનીમત ૧. [અ.] સ્ત્રી. આશીર્વાદ.
૨. સ્ત્રી. ઈશ્વરકૃપા.
૩. સ્ત્રી. પુષ્કળતા.
૪. સ્ત્રી. લૂંટ.
૫. ન. સદ્‌ભાગ્ય

ઘનીય [સં.] વિ. (ગણિત) ઘન સંબંધી.

ઘનીયમાન ન. ઘનમાપ.

ઘનીય સમીકરણ જુઓ ઘનમૂલકસમીકરણ.

ઘનુદા વિ. ઊંઘી ગયેલ; નિદ્રા પામેલ.

ઘનેતરું ન. નેતરું; વલોણું કરવાનું દોરડું.
ધૂમે વલોણું ચોર, ઘનેતરું તાણી ગ્રહ્યું વળાવે.
પ્રેમાનંદ

ઘનેરા [હિં.] વિ. ઘણું.

ઘનેરો પું. એક જાતનું ભૂરા રંગનું પક્ષી. તેની પૂંછડી તથા ચાંચ લાંબી હોય છે. તે એપ્રિલ, મે કે જૂન માસમાં નાશ પામેલ ઝાડના પોલાણમાં ઈંડાં સેવે છે.

ઘનોદ ૧. પું. ઘનપુણ; ઘનરાશ.
૨. પું. સમુદ્ર.

ઘનોદધિ ૧. [સં.] પું. એ નામનું એક નરક
૨. પું. (જૈન) ખરફની પેઠે જામેલા બરફ પાણીનો સમૂહ.
પહેલી નરકભૂમિની નીચે ઘનોદધિ છે, ઘનોદધિની નીચે ઘનવાત છે, ઘનવાતની નીચે તનુવાત અને તનુવાતની નીચે આકાશ છે. તત્ત્વાર્થસૂત્ર
૩. પું. વરસાદનું પાણી; ઘનાંબુ.

ઘનોદધિવલય [સં.] પું. (જૈન) પ્રત્યેક નરકની પૃથ્વી નીચે બરફની પેઠે જામેલા ઘનરૂપ પાણીનું વલય. તે વીસ હજાર યોજન જેટલું હોય છે.

ઘનોપલ [સં.] પું. વરસાદમાં પડતો કરો.

ઘનોચી [હિં.] સ્ત્રી. ઘડમાંચી.

ઘપ ૧. [અ.] પું. ઘટકાનો અવાજ.
૨. પું. બડાઈ કરવાપણું.

ઘપચી [હિં.] સ્ત્રી. બખ.

ઘપચૂપ [અ.] વિ. શાંત; ચૂપ.

ઘપટવું સ ક્રિ. ઘર કરવું.

ઘપલા ૧. [હિં] પું. ગોઠાળો.
૨. પું. ઊતરપિંડી.

ઘપશપ [અ.] ન. ગપસપ; ગોટાળો.

ઘપાઘપ ૧. પું. ઉતાવળે આવાથી થતો અવાજ.
૨. ક્રિ. મોટા જથ્થામાં.

ઘફ (ઘફ્) [ફા.] વિ. માઠું વહેલું.

ઘફર (ઘફ્ફર) [અ.] પું. માફી; ક્ષમા.

ઘફલ (ઘફ્લ) ૧. [અ.] પું. બેદરકારી.
૨. પું. ભૂલ; ક્ષમા.

ઘફલત (ઘફ્લત) ૧. [અ.] સ્ત્રી. બેદરકારી; પ્રમાદ; ગફલત.
૨. સ્ત્રી. મૂર્છા.

ઘફલતી (ઘફ્લતી) [અ.] વિ. બેદરકાર.

ઘફો પું. આંખમાં આંજવા માટેનું આંજણ.

ઘફ્ફાર (ઘફ્ફાર) [અ.] વિ. માફી આપે એવું.

ઘફ્ફીર (ઘફ્ફીર) [અ.] વિ. ઘણું; પુષ્કળ.

ઘફ્ફુર જુઓ ઘફ્ફાર.

ઘફ્ફૂર (ઘફ્ફાર) ૧. [અ. ઘફર (તેણે માફ કર્યું)] પું. ક્ષમા કરનાર.
૨. પું. પરમેશ્વર.
૩. વિ. ક્ષમાશીલ; દયાળુ.

ઘફ્ય (ઘફ્ય) ૧. [અ.] વિ. ઉપયોગી.
૨. વિ. પોતમાં ભાડું; ઘટ.
૩. વિ. બાંધેલ.

ઘબ ૧. પું. જોરથી ઝોંકાય તેમ મારવું તે.
ઘબ ગોદો ને આપું ચબ્બા = ઘબ મહેનતનું પણ મહેનતાણું ઓછું.
૨. અ. ઝોસવા કે ઝોંકવાથી થતા અવાજની જેમ.

ઘબકા પું. વ. ઘ. ગપાટા.

ઘબઘબ (ઘબ્બઘબ) ૧. [રા.] પું. ઘઘરી નીચે લટકતો ચરબીનો લોચો.
૨. અ. પોલાણમાં ઠોકીઠોકી ખોસતાં અથવા ઠોકતાં થતો અવાજ.

ઘબન (ઘબ્બન) ૧. પું. ઓછી બાદશક્તિ.
૨. [સં] પું. પૈસાની ઉચાપત.
૩. વિ. બાદ ઓછું રહેતું હોય એવું.

ઘબરાટ પું. ગભરાટ; ધૂંધવણ; ગભરામણ.

ઘબરાવું અ. ક્રિ. ગભરાવું; મૂંઝાવું.

ઘબરાહટ [હિં.] સ્ત્રી. ગભરાટ.

ઘબરી જુઓ ઘબરાહટ.

ઘબાવત (ઘબ્બાવત) [અ.] સ્ત્રી. મૂર્ખાઈ.

ઘબી (ઘબ્બી) ૧. સ્ત્રી. રમતને માટે છોકરાઓએ જમીનમાં ખોદેલો ખાડો; ગબ્બી.
૨ (ઘબ્બી) [અ.] વિ. ઠોઠ; ભૂલકણું; બાદશક્તિ ઓછી હોય એવું.
૩. વિ. બેદરકાર.

ઘબૂચલું વિ. સાંકડું.

ઘબૂચલો પું. ગોળ કૂંડાળાનો ગેસનું તે.

ઘબોડવું (ઘબ્બોડવું) સ. ક્રિ. ઓળવું; નાખવું.

ઘબ્બ (ઘબ્બ) ૧. [અ.] પું. ઊતરપિંડી.
૨. પું. નુકસાન.

ઘબ્બરાટ જુઓ ઘબરાટ.

ઘભરાયેલું વિ. ભય ચિંતવાળું; ગભરાયેલ.

ઘભરાવવું ૧. સ. ક્રિ. મૂંઝવણમાં નાખવું.
૨. સ. ક્રિ. બેદોશ કરવું.

ઘભરાવું ૧. અ. ક્રિ. આકુળવ્યાકુળ થવું; ગભરાવું.
૨. અ. ક્રિ. મૂંઝવણમાં પડવું.

ઘભાણ્ય સ્ત્રી. ગભાણ; ગમ.

ઘમ્ભુસ વિ. ગભરુ; બોળુ.

ઘમ ૧. પું. (બીલી) ઘઉં; ગોધૂમ.
૨. પું. ચિંતા.
૩. (ઘમ) [અ.] પું. દુઃખ; બેદ; શોક.
૪. પું. હરિવાદ.
૫. સ્ત્રી. ઘઉંની જમીન.
૬. અ. કોમળ વસ્તુ ઉપર આઘાત કરવાથી થતો અવાજ.

ઘમક સ્ત્રી. ધમકારો; ધમધમ અવાજ

ઘમકવું અ. ક્રિ. ધમધમ અવાજ થવો; ઘૂઘરાનું વાગવું.

ઘમકરા (ઘમ્મકરા) [અ.] વિ. દિલગીરી સહન કરનાર.

ઘમકાટ [હિં.] પું. ગરમી; અંધારો.

ઘમકાર ૧. પું. ધમકવાનો અવાજ; ધમકો; ધમકારો.
૨. વિ. ધમધોર.

ઘમકારિયું ૧. ન. ખેતરમાંથી જનાવર નસાડવા માટે ઢાંસલાને મોટે ગામડું બાંધી તેમાં એક પીંછી આરપાર પરોવી કરેલું વાજું.
૨. ન. ખોખરું નગારું.
૩. ન. જેમાંથી ધમધમ અવાજ નીકળે તેવી વસ્તુ

ઘમકારો જુઓ ધમકાર ૧.

ઘમકાવવું ૧. સ. ક્રિ. ધમધમ થાય એમ કરવું; ધમકાવવું.
૨. સ. ક્રિ. ચોરીને ઘર્ષ જવું; ચોરી કરવી.
૩. સ. ક્રિ. ઠપકો આપવો.
૪. સ. ક્રિ. દબડાવવું.
૫. સ. ક્રિ. મારવું; ઠોકવું.

ઘમકો ૧. પું. ધમકવાનો અવાજ; ઘૂઘરાનો અવાજ.
૨. પું. બાજ ફેરવતાં થતો ધમધમ એવો અવાજ
૩. પું. માર મારવાથી થતો અવાજ.

ઘમખાર (ઘમ્મખાર) ૧. [અ.] પું. લાગણી દર્શાવનાર પુરુષ.
૨. વિ. દયાજનક; બેદકારક.
૩. વિ લાગણીવાળું.

ઘમખારી (ઘમ્મખારી) ૧. [અ.] પું. દિલાસો; હમદર્દી.
૨. સ્ત્રી. લાગણી.

ઘમખોર (ઘમ્મખોર) વિ. શાંત; ધીરજવાળું; નમ્ર.

ઘમખ્વાર (ઘમ્મખ્વાર) ૧. વિ. અફસોસ કરતું; દુઃખી.
૨. વિ. ગાઢ મિત્ર હોય એવું.
૩. વિ. દયા લાવતું.
૪. વિ. દિલાસો દેનાર.

ઘમખ્વારગી જુઓ ઘમખ્વારી.

ઘમખ્વારી (ઘમ્મખ્વારી) ૧. સ્ત્રી. ગાઢ મિત્રતા.
૨. સ્ત્રી. દિલાસો.
૩. સ્ત્રી. દુઃખ.
૪. સ્ત્રી. લાગણી.

ઘમગલત ૧. પું. આનંદ; વિનોદ.
૨. પું. ઘાટ.

ઘમગીન (ઘમ્મગીન) [ફા.] વિ. દિલગીર; ગમગીન; શોકાતુર.

ઘમગીની (ઘમ્મગીની) [અ.] સ્ત્રી. દિલગીરી; ખેદ.

ઘમઘમ ૧. [રે. ગુમગુમંત-ઘમઘિમ] અ. ઘમકાર.નો પ્રતિધ્વનિ; ઘમકારની રણઝણ.
૨. અ. જલદી; ઉતાવળે.
ન બણતાં બાજે સોદી ઘમ,
જેથી વિદ્યા દીજે ચટે ઘમઘમ. પ્રેમાનંદ

ઘમઘમઘમ જુઓ ઘમઘમ.

ઘમઘમવું અ. ક્રિ. ઘમઘમ થવું; ઘમઘમ અવાજ થાય એમ વાગવું; ઝણઝણવું.

ઘમઘમાટ ૧. પું. કડી અને સારી એવી મિશ્ર સુગંધ થઈને આવતી વાસ.
૨. પું. ઘમકારાવાળો અવાજ; ઘમઘમ.
૩. પું. ઘમઘમ થઈ રહેવું તે.

ઘમઘમાવવું ૧. સ. ક્રિ. ઘમઘમ અવાજ થાય તેમ જોરથી નાખવું.
૨. સ. ક્રિ. ઘમઘમ થાય એમ કરવું.
૩. સ. ક્રિ. ધમકી આપવી.

ઘમઘાસ ન નદીનાળાને કાંઠે કે ભારવ પાણી ભરાઈ રહેતું હોય એવી જગામાં ઊગી નીકળતું એક પ્રકારનું ઘાસ. એના છોડ ૨ થી ૪ હાથ ઊંચા થાય છે.

ઘમઘોર ૧. પું. ધટાટોપ; ઘોરંભો; મેઘનાં વાદળોનો જમાવ; આકાશમાં વાદળાં ચડી આવવાથી થયેલ અંધારું.
૨. વિ. ઘનઘોર; મેઘથી છવાઈ રહેલું; અંધારાયેલું.

ઘમઘોરવું અ. ક્રિ. વાદળાંનું ખૂબ ચડી આવવું.

ઘમઘકડી (ઘમઘક્કડી) સ્ત્રી. એ નામની રમત; ફેરફુદડી.

ઘમચકરડી (ઘમચક્કરડી) જુઓ ઘમરડીચકરડી.

ઘમઝટગી (ઘમઝટગી) ૧. [અ.] સ્ત્રી. દિલગીરી.
૨. સ્ત્રી. દુઃખ.

ઘમઝટા (ઘમઝટા) ૧. [અ.] વિ. દિલગીર થયેલું.
૨. વિ. દુઃખી.

ઘમઝા (ઘમઝા) ૧. [દે.] પું. ધંધારો; આખર્મોચામણાં.
૨. પું. ન.ક. નખરાં.

ઘમઠ (ઘમઠ) ૧. સ્ત્રી. એ નામની ઠેઠની અટક.
૨. અ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘમડઘમડ (ઘમઠઘમઠ) અ. ભારે ફેરવતાં થતા અવાજની જેમ.

ઘમડીચકડી (ઘમડીમકડી) સ્ત્રી. છોકરાંની એક રમત. તેમાં બે હાથ લાંબા કરીને ફેર ફરવા કે ચક્કરભમર કરવાનું હોય છે.

ઘમતળિયું ૧. ન. ઊંડાણ.
૨. ન. જીવ મૂંઝાઈને ઊંડે ઊતરી જવાપણું.
૩. અ. હૃદયમાં થતી ઊંડી મૂંઝવણ

ઘમદીદા (ઘમદીદા) ૧. [અ.] વિ. દિલગીર.
૨. વિ. દુઃખી.

ઘમનાક (ઘમનાક) વિ. દિલગીર; ઉદાસ.

ઘમપ્લાસ્ટર અ. એક જાતની આગળી.

ઘમર ૧. પું. ગંભીર ધ્વનિ.
૨. પું. નગારાં, ઢોલ વગેરેનો મોટો અવાજ.
૩. પું. વલોણાનો મોટો અવાજ.

ઘમરઘટા સ્ત્રી. ખીચોખીચ ઝાડીઓ અને પાંદડાવાળાં ઝાડનો જથ્થો; ઝાડી.

ઘમરઘમર ૧. પું. ચક્કર; વમળ.
૨. પું. બાળકને ખોડિયામાં સુવાડી ખૂબ ઊંચકા નાખ્યા તે.
૩. અ. ગોળગોળ ગતિના અવાજ જેમ.
ઘમરઘમર કરવું = ફેર આવા; ફૂદડી ફરવી.

ઘમરડી (ઘમરડી) સ્ત્રી. ફેરફુદડી.

ઘમરડીચકરડી (ઘમરડીચક્કરડી) ૧. સ્ત્રી ઘુમાવીને ચક્કર ચગરાવવું તે.
૨. સ્ત્રી. ફૂદડી ફરવાની છોકરાની એક રમત.

ઘમરસીદા (ઘમરસીદા) ૧. [અ.] વિ. દિલગીર થયેલું.
૨. વિ. દુઃખી

ઘમવલોણું ૧. ન. ઠબલગીરી.
૨. ન. મોટું ફુગ્ગાવું.

ઘમવું ૧. સ. ક્રિ. ગોખવું.
૨. સ. ક્રિ. ધમધમાવવું; મારવું; ઠીબવું.

ઘમસાણ જુઓ ઘમસાણ.

ઘમસ ૧. [હિં.] સ્ત્રી. મરજી; અણારો.
૨. સ્ત્રી. ભીડ; ગિરદી.

ઘમસઘમ્મા સ્ત્રી. ભીડાભીડ.

ઘમસાણ ૧. ન. અસ્તવ્યસ્ત કરી મૂકવું તે; ઊથલપાથલ કરી મનને બગાડી નાખવું તે; ધૂળધાણી કરી મૂકવું તે.
૨. ન. ઉન્માદભર્યો આનંદ.
૩. ન. કતલ; કાપાકાપી; નાશ.
ઘમસાણ વળવું = નખોદ નીકળી જવું; બધો નાશ થઈ જવો.
૪. ન. ધમચકડી; ઘોરખોર; ધોંધાટ.
૫. ન. ભયંકર યુદ્ધ; ધિંગાણું.
૬. ન. ભીડ; લોકોનું ટોળું.
૭. ન. રમણભમણ; તોફાન.
૮. ન. ઘુસ્સડ.

ઘમસાન જુઓ ઘમસાણ.

ઘમંડ ૧. [હિં.] પું. અભિમાન; અહંકાર; ગર્વ.
૨. પું. ખોટો ઠોળ કે દેખાવ; ઠંજ; દેખાડો; આડંબર.
૩. પું. પતરાજી; શેખી.
૪. પું. બળ; જોર; વીરતા.
૫. પું. ઝારોસો.
૬. પું. મદદ.
૭. પું. વાદળાં એકઠાં થવાં તે.

ઘમંડી ૧. સ્ત્રી. અહંકાર; ગર્વ; પતરાજી.
૨. સ્ત્રી. મોજશોખ.
૩. વિ. અભિમાની; ગર્વી; અહંકારી.
૪. વિ. ઠંબી; આડંબરી; ઠોળી; ખોટો દેખાવ કરનાર.
૫. વિ. બડાઈખોર; શેખી કરનાર

ઘમંડીખોર વિ. અવિવેકી; અભિમાની; ઘમંડી.

ઘમાકો પું. ધમ એવો અવાજ; ભારે આઘાતનો અવાજ.

ઘમાઘમ ૧. સ્ત્રી. ઉપરાઉપરી મુક્કાનો માર મારવો તે.
૨. સ્ત્રી. ધમાલ; ધાંધલ; દોડાદોડ.
૩. અ. ઉપરાઉપરી ધમધમ થતું હોય તેમ.
૪. અ. ઝડપવડે; આમતેમ.

ઘમાચકડી (ઘમાચક્કડી) સ્ત્રી. ધમાધમ થઈ રહે એવી મસ્તી.

ઘમાણ સ્ત્રી. ઢોર માટેની ગમાણ.

ઘમાર ૧. પું. એક જાતનો નાચ.

૨. પું (સંગીત) તિસ્રજાતના ત્રિપુટતાલનો એક પર્યાય.

ઘમાસાણ [હિં.] પું. લડાઈ.

ઘમાસાન જુઓ ઘમાસાણ.

ઘમીક સ્ત્રી મરણ.

૨. (ઘમી) [અ. ધમ (જહસોસ)] સ્ત્રી. શોક; ખેદ.

૩. વિ. દિલગીર.

ઘમીન [અ.] વિ. દિલગીર.

ઘમૂર [હિં.] સ્ત્રી. એ જાતનો ઝેડ.

ઘમૂચલો પું. જથ્થો; સંગ્રહ.

ઘમોર [હિં.] સ્ત્રી. પીળાં ફૂલવાળો એક જાતનો છોડ; ડોરેસ.

ઘમોડવું (ઘમોડવું) ૧. ન. ક્રિ. ઝડપથી કરવું; ત્વરાથી કરવું.

૨. સ. ક્રિ. હલાવવું.

ઘરમ [સં. ધર્મ] પું. (બા. રૂ.) ઘામ; બફારો.

ઘરમર પું ઝડપ કરતાં રવાઈ ફરવાનો અવાજ.

ઘરમરગોળી સ્ત્રી. ઝડપ કરવાની ગોળા.

ઘરમરઘરમર પું. ઘંટી ફરવાનો અવાજ.

ઘરમરઘંટી [સં. ઘૂર્ણિત; પ્રા. ઘુમ્મિર] સ્ત્રી. ઘમઘમ અવાજ કરતી ફરે એવી ઘંટી; મોટી ને ભારે ચક્કી.

ઘરમરઘાઘરો પું. મોટો અને ઘૂણ ઘેરવાળો ઘાઘરો.

ઘરમરવલોણું ૧. ન. ઝડપ ફેરવવાની મોટી રવાઈ.

૨. ન. મોટું ભારે વલોણું.

ઘરમસઘરમા ૧. સ્ત્રી. ઉપરાઉપરી ધાંધમેલ કરવી તે; ઉપરાઉપરી ધેસનીકળ કે નોધંભોલા થતી હોય એવી હુંસાતુંસી.

૨. સ્ત્રી. ધાંધલ; ગડબડ.

ઘરમા [સં. ધર્મા] સ્ત્રી. (પ્રાકૃત) એ નામનું પહેલું નરક.

ઘરમાજ (ઘરમાજ) ૧. [અ.] પું. ભમર આપનાર માણસ.

૨. પું. ગાડી કરનાર પુરુષ.

ઘરમાજી (ઘરમાજી) ૧. [અ.] સ્ત્રી. વાત કરવી તે.

૨. સ્ત્રી ગાડી.

ઘરવડિયા (ઘરવડિયા) પું. બ. ન. ઘરડાઓ; પૂર્વજો.

ઘરવું (ઘરવું) [સં. ગ્રહણ; પ્રા. ગરહઉ–ગરહઉ–ગરહો–ઘરહો] સિ. કૃ. ધરવું.

ઘરસૂર (ઘરસૂર) ૧. [અ.] વિ. કેસનું એક વિશેષણ.

૨. વિ. માન કે પ્રેમની બાબતમાં બેદરકારી.

ઘરસૂરી (ઘરસૂરી) [અ.] સ્ત્રી. બેદરકારી.

ઘરેબ (ઘરેબ) ૧. [અ.] વિ. બદરંગ ગુમ.

૨. વિ. ખોવાયેલું.

૩. વિ. છૂપું.

૪. વિ. સંતાડેલું.

ઘરેબત (ઘરેબત) ૧. [અ.] સ્ત્રી. ગુમતા.

૨. સ્ત્રી. બેરહાજરી.

ઘરેબદાન (ઘરેબદાન) [અ.] પું. ગુપ્ત વાત જાણનાર માણસ; સર્વજ્ઞ.

ઘરેબી (ઘરેબી) ૧. [અ.] વિ. બદરંગ.

૨. વિ. ઈશ્વરદત્ત; આસમાની.

૩ વિ. બેરહાજર.

ઘરેર (ઘરેર) ૧. [અ.] પું. અજાણ્યો માણસ.

૨. વિ. જુદું; બીજું; અન્ય.

૩. વિ. સિવાયનું બહારનું.

ઘર ૧. [સં. ગૃહ] ન. આવાસ; હવા, પાણી, ટાઢ, તડકો અને દુશ્મનથી બચાવ થાય એવું રહેવાનું ઠેકાણું; વાસસ્થાન; મકાન; ગૃહ; ઓક. રાજ્યવહીવટમાં ઘરની જમીનની પરીક્ષા કરવા માટે કહ્યું છે કે, ઘર કરવાની જમીનમાં એક હાથ ઊંડો ખાડો ખોદવો. તે ખાડો ખોદતાં નીકળેલી માટી તે જ ખોદેલા ખાડામાં પાછી પૂરતાં ઘટે તો હીન ફળ જાણવું. ખોદેલી માટી ખાડામાં પૂરતાં તે ખાડો જમીનની સપાટી બરાબર પુરાઈ રહે તો તેનું સાધારણ ફળ જાણવું અને ખોદેલા ખાડામાંથી નીકળેલી માટી પાછી તે જ ખાડામાં પૂરતાં વધે તો લાભ થાય એમ સમજવું. પ્રાચીન સાહિત્યમાં જુદી જુદી જાતનાં ઘરનાં નામ આપવામાં આવેલાં છે. જેમકે, (અ) એક રાજવાળાં ઘર: (૧) ધ્રુવ, (૨) ધાન્ય, (૩) જય, (૪) નંદ, (૫) ખર, (૬) કાંત, (૭) મનોરમ, (૮) સુમુખ, (૯) દુર્મુખ, (૧૦) ક્રૂર, (૧૧) વિપુલ, (૧૨) ધનદ, (૧૩) ક્ષય, (૧૪) આક્રંદ, (૧૫) વૈપુલ, (૧૬) વિજય, (૧૭) રમ્ય, (૧૮) શ્રીધર, (૧૯) મુદ્દિત, (૨૦) વર્ધમાન, (૨૧) કરાલ, (૨૨) સુનાભ, (૨૩) ધ્વાંક્ષ, (૨૪) સમૃદ્ધ, (૨૫) સુંદર, (૨૬) જરદ, (૨૭) ભદ્ર, (૨૮) પ્રમુખ, (૨૯) વિમુખ, (૩૦) શિવ, (૩૧) સર્વલાભ, (૩૨) વિશાળ, (૩૩) વિલક્ષ, (૩૪) અશુભ, (૩૫) ધ્વજ, (૩૬) ઉદ્યોત, (૩૭) ભીષણ, (૩૮) સૌમ્ય, (૩૯) અજિત, (૪૦) કુળનંદન, (૪૧) હંસ, (૪૨) સુલક્ષણ, (૪૩) સૌમ્ય, (૪૪) હલ, (૪૫) ભાલુક, (૪૬) ઉત્તમ, (૪૭) રુચિર, (૪૮) સનત, (૪૯) ક્ષેમ, (૫૦) ક્ષેપક, (૫૧) ઉદ્ધૃત, (૫૨) વૃષ, (૫૩) ઉચ્ચિષ્ટ, (૫૪) અય, (૫૫) આનંદ, (૫૬) સુનંદ, (૫૭) અલંકૃત, (૫૮) અલંકર, (૫૯) રમણ, (૬૦) પૂર્ણ, (૬૧) ઈશ્વર, (૬૨) પુરુષ, (૬૩) સુગર્ભ, (૬૪) કળશ, (૬૫) દુર્ગત, (૬૬) રિક્ત, (૬૭) પુષ્પિત, (૬૮) ભદ્રક, (૬૯) વંચિત, (૭૦) દીન, (૭૧) વિભવ, (૭૨) ક્રમદ, (૭૩) પ્રભાવ, (૭૪) ભાવિત, (૭૫) રુકમ, (૭૬) તિલક, (૭૭) કીર્તન, (૭૮) મૌખ્ય, (૭૯) વશોદ, (૮૦) કુમુદ, (૮૧) ભાસુર, (૮૨) ભૂષણ, (૮૩) વસુધર, (૮૪) ધાન્યનાથ, (૮૫) પુષ્પિત, (૮૬) વિત્તવૃદ્ધિ, (૮૭) કુલસમૃદ્ધ, (૮૮) કાળ, (૮૯) ચૂડામણિ. (૯૦) પ્રભદ્ર, (૯૧) ક્ષેમ, (૯૨) શેખર, (૯૩) ઉચ્ચિષ્ટ, (૯૪) વિશાળ, (૯૫) ઋતાદિ, (૯૬) હૃષ્ટ, (૯૭) વિશેષ, (૯૮) પ્રાગપ્રાસ, (૯૯) નિરામય, (૧૦૦) સુશાળ, (૧૦૧) રૌદ્ર, (૧૦૨) મેધ, (૧૦૩) મનોજ્ઞ, (૧૦૪) સુભદ્ર. (આ) બે શાળવાળાં ઘર: (૧૦૫) સિદ્ધાર્થ, (૧૦૬) ધામસ્પર્શ, (૧૦૭) દંડ, (૧૦૮) કાચ, (૧૦૯) ચુલ્લી, (૧૧૦) સંતત, (૧૧૧) શાંતિદ, (૧૧૨) વર્ધમાન, (૧૧૩) કુર્કુટ, (૧૧૪) સ્વસ્તિક, (૧૧૫) હંસ, (૧૧૬) વર્ધમાન, (૧૧૭) કીર્તિવિતાન, (૧૧૮) શાંત, (૧૧૯) દર્પણ, (૧૨૦) વિમુખ, (૧૨૧) કરાળ, (૧૨૨) વિત્ત, (૧૨૩) ચિત્ત, (૧૨૪) ધન, (૧૨૫) કાળદંડ, (૧૨૬) બંધુદ, (૧૨૭) પુત્રદ, (૧૨૮) સર્વ, (૧૨૯) કાળચક્ર, (૧૩૦) ત્રિપુર, (૧૩૧) સુંદર, (૧૩૨) નીલ, (૧૩૩) કોટિલ, (૧૩૪) શારદ, (૧૩૫) શાસ્ત્રદ, (૧૩૬) સ્ત્રીળ, (૧૩૭) ક્રોટર, (૧૩૮) સૌમ્ય, (૧૩૯) સુભદ્ર, (૧૪૦) વર્ધમાન, (૧૪૧) ક્રૂર, (૧૪૨) શ્રીધર, (૧૪૩) ક્રમદ, (૧૪૪) પુષ્ટિદ, (૧૪૫) કીર્તિવિનાશ, (૧૪૬) શ્રીભૂષણ, (૧૪૭) શ્રીવસન, (૧૪૮) શ્રીગોળ, (૧૪૯) કૈર્તિક્ષય, (૧૫૦) શ્રીધરસુખ્ય, (૧૫૧) સર્વાર્થદ, (૧૫૨) લક્ષ્મીનિવાસ, (૧૫૩) કુપિત, (૧૫૪) ઉદ્યોતક, (૧૫૫) બાહુનેજ, (૧૫૬) સુતેજ, (૧૫૭) કાળવલ્લ, (૧૫૮) વિશાળ, (૧૫૯) બહુનિવાસ, (૧૬૦) સુષ્ટિદ, (૧૬૧) કોપસમાન, (૧૬૨) મહાત, (૧૬૩) મક્ષિત, (૧૬૪) ક્ષય, (૧૬૫) કુળક્ષય, (૧૬૬) પ્રતાપવર્ધન, (૧૬૭) દિવ્ય, (૧૬૮) સુખાધિક, (૧૬૯) સૌખ્યદ, (૧૭૦) અજગત, (૧૭૧) સિદ્ધયાન,

(૧૭૨) હસ્તિમાન, (૧૭૩) કંદર્પ, (૧૭૪) સૂર્ય, (૧૭૫) વાસવ, (૧૭૬) પ્રસાદ, (૧૭૭) વિમલ, (૧૭૮) વીર્યવંત, (૧૭૯) ભારકર, (૧૮૦) દુંદુભ, (૧૮૧) સુતેજ, (૧૮૨) હયજ, (૧૮૩) મહાંત, (૧૮૪) ત્રૈલોક્યાડંબર, (૧૮૫) વરદ, (૧૮૬) માલીન, (૧૮૭) વિલાસ, (૧૮૮) કમળ, (૧૮૯) સુંદર, (૧૯૦) ત્રિદશ, (૧૯૧) ત્રિદશાવાસ, (૧૯૨) સુપ્રપ, (૧૯૩) કુમુદ, (૧૯૪) છત્ર, (૧૯૫) પુષ્કર, (૧૯૬) કામ, (૧૯૭) હરસ્વલક્ષ, (૧૯૮) સ્વધન, (૧૯૯) કુબેર, (૨૦૦) પક્ષ, (૨૦૧) કામદ, (૨૦૨) જલજ, (૨૦૩) જેપજ, (૨૦૪) ગજ, (૨૦૫) કૃપ, (૨૦૬) વિજય, (૨૦૭) જય, (૨૦૮) નિનાદ, (૨૦૯) કીર્તિજ, (૨૧૦) સકળ, (૨૧૧) નિર્લોભ, (૨૧૨) વાસદ, (૨૧૩) કૌશલ, (૨૧૪) ઈશ્વર, (૨૧૫) વરદ, (૨૧૬) ભીમ, (૨૧૭) કુશળ, (૨૧૮) વેદબુદ્ધિ, (૨૧૯) સ્વજન, (૨૨૦) પ્રેયદ, (૨૨૧) નીલ, (૨૨૨) વરદ, (૨૨૩) સરદ, (૨૨૪) દક્ષ, (૨૨૫) દાક્ષપક્ષ, (૨૨૬) હનનાદ, (૨૨૭) ગજનાદ, (૨૨૮) બાહુલ, (૨૨૯) કીર્તિજ, (૨૩૦) સિદ્ધ, (૨૩૧) દૃપ, (૨૩૨) ગજ, (૨૩૩) કોશ, (૨૩૪) સુબદ્ધ, (૨૩૫) માણિબદ્ધ, (૨૩૬) રત્નજ, (૨૩૭) કંચન, (૨૩૮) ભૈરવ, (૨૩૯) ભરત, (૨૪૦) નરજ, (૨૪૧) કુબેર, (૨૪૨) હસ્તિમાન, (૨૪૩) વિમાન, (૨૪૪) હયજ, (૨૪૫) કૃપજ, (૨૪૬) સાગર, (૨૪૭) ક્ષીરદ, (૨૪૮) રત્નકાયક, (૨૪૯) કોલાહલ, (૨૫૦) ગોપતિ, (૨૫૧) ક્ષિતિભૂષણ, (૨૫૨) સર્વજ્ઞ, (૨૫૩) દર્પક, (૨૫૪) ધાન્ય, (૨૫૫) સુસેન, (૨૫૬) ચુલ્લી, (૨૫૭) પદ્મા, (૨૫૮) સોમ, (૨૫૯) શંકર, (૨૬૦) વિશ્વ, (૨૬૧) રુદ્ર, (૨૬૨) સાગર, (૨૬૩) નૃપશોણિત, (૨૬૪) સૌખ્યદ, (૨૬૫) રાજસ, (૨૬૬) અસંભૃત, (૨૬૭) સર્વશાંત, (૨૬૮) કુલનંદન, (૨૬૯) કલ્યાણ, (૨૭૦) સૌભાગ્યવર્ધન, (૨૭૧) આનંદ, (૨૭૨) જનહોલન, (૨૭૩) ગોવર્ધન, (૨૭૪) ત્રૈલોક્યસુંદર, (૨૭૫) શ્રીપતિસદ, (૨૭૬) વિષ્વક્સેન, (૨૭૭) શ્રીત્રિદશ, (૨૭૮) શ્રીનિવાસ, (૨૭૯) શ્રીવત્સ, (૨૮૦) શ્રીધર, (૨૮૧) શ્રીભૂપતિ, (૨૮૨) શ્રીજન્ય, (૨૮૩) શ્રીપતિસદ, (૨૮૪) શ્રીવિલાસ, (૨૮૫) શ્રીતેજોદય. (૬) ચાર ખાણવાળાં ઘરઃ (૨૮૬) ચંદ, (૨૮૭) મલય, (૨૮૮) શોભન, (૨૮૯) સુકર્ણ, (૨૯૦) નાગેંદ, (૨૯૧) ચક્ર, (૨૯૨) જયાવહ, (૨૯૩) મકરધ્વજ અને (૨૯૪) કામદ.

૧. ઘર કરતાં ઓસરી મોટી–વધે = બંધબેસતું ન હોવું તે.

૨. ઘર કહે તોડી જો ને વિવાહ કહે માંડી જો = ઘર માંડવું અને વિવાહ વરો કરવો એ કામ જેવાં છે કે તેમાં અંતરાય રહે નહિ.

૩. ઘર ફોચવું = (૧) ગોત્રસમન કરવું. (૨) ઘરની ભીંત ખણીને બાતર પાડવું.

૪. ઘર ખોદીને તમાશો જોવો = પોતાનો નાશ કરવો અને મોજશોખમાં વખત ગુમાવવો.

૫. ઘર જવું = આજીવિકાનું સાધન જવું; સર્વસ્વ જવું; બહુ નુકસાન થવું; મોટી ખોટ આવવી.

૬. ઘર જવું ને ઓસરી રહેવી = હાથી જવો ને અંકુશ રહેવો; મુખ્ય વસ્તુ ચાલી જવી અને નકામી વસ્તુ બાકી રહેવી.

૭. ઘર દીકરી ને ખેતર દીકરો = ઘરની ડોબા વગેરેમાં દીકરીના કરિયાવરની પેઠે માત્ર ખર્ચ જ થાય છે, જ્યારે ખેતર ઉત્પન્ન આપે છે એટલે કે દીકરાની પેઠે કમાણી કરે છે. એ ઉપરથી ઘરને દીકરી અને ખેતરને દીકરાની ઉપમા અપાય છે.

૮. ઘર ધોવું = ઘરને જામમાલ કરવું; ઘરનો પૈસો ઉડાવી દેવો; બાપદાદાની મિલકતા ઉડાવી દઈ બિચારો થઈ જવું.

૯. ઘર પ્રમાણે બારસાખ = જેવી તેવી પૂજા; ક્યરાના દેવને કપાસિયાની આંખો.

૧૦. ઘર ફાડવું = કોઈ રીતે ઘરમાં દાખલ થવું; બાતર પાડવું; ચોરી કરવા ઘરમાં પેસવું.

૧૧. ઘર ફૂકીને તમાશો જોવો–દેખવો = ઘર બાળીને તીર્થ કરવું.

૧૨. ઘર બનાવવું = (૧) ઘર બાંધવું. (૨) ઘર સારી રીતે બનાવવું. (૩) માળો બાંધવો.

૧૩. ઘર બાળીને–ભાળીને–વેચીને તીરથ કરવું = (૧) ઘરની બરાબરી થાય એવું પુણ્ય કે ધર્મકાજ કે બાપાર કરવો. (૨) કૃતકૃત્ય બનવું.

૧૪. ઘર ભરવું = (૧) ઘરની અંદર ચીજ વસ્તુ વગેરે લાવીને દાખલ કરવી. (૨) ઝોકરું ઊંચાંથી કૂદંનનો વિસ્તાર વધારવો. (૩) જેના ઉપર હક્ક નથી તેવી મિલકતા એટલે પૈસોટકો લાવી પોતાના ઘરને સમૃદ્ધ કરવું; બીજાને નુકસાન કરી પોતે લાભ લેવું; સામાને નુકસાન કરી પૈસોટકો, મિલકતા વગેરે લાવી પોતાના ઘરને સધન કરવું. (૪) લાંચ લેવી. (૫) સ્થિતિ જમાવવી; મૂળ કમાવું.

૧૫. ઘર ભાંગ્યું ને આપણે ભલા = (૧) કોઈની આડીઅવળી કલ્પનાઓમાં ન કરતાં પોતે ભલા ને પોતાનું કામ ભલું એવી રીતે વર્તવું. બેરથી કામ ઉપર ને કામ કરીને ખાવા વળતાં રસ્તા ઘર તરફ જનાર માણસ પોતે પોતાને વિષે વાપરે છે. (૨) બીજા કોઈના કામકાજમાં માથું ન ઘાલવું; તટસ્થ રહેવું.

૧૬. ઘર ભેગું કરવું = ઘેર પહોંચાડવું.

૧૭. ઘર ભેગું થવું = ઘેર પહોંચવું.

૧૮. ઘર માથે કરવું = ખોવાયેલી વસ્તુ મેળવવાને માટે આખું ઘર ફોધી વળવું.

૧૯. ઘર માથે લેવું = (૧) કલેશ કંકાસ કરવો. (૨) મોટેથી અવાજ કરવો.

૨૦. ઘર શિર ઉપર ઉઠાવવું = (૧) ઘરની બરબાદી કરવી. (૨) ભયંકર અવાજ કરવો.

૨૧. ઘર હોડવું = ઘર ઉપર દીધેલું તાળું તોડવું.

૨૨. ઘરથી નીકળી વનમાં ગયાં ને વનમાં લાગી લાય–ઘરનાં દાઝ્યાં વનમાં ગયાં ને વનમાં લાગ્યો દા = કર્મ બે કનડ્યાં આગળનું આગળ; ચૂલામાંથી ભોલામાં પડવું.

૨૩. ઘરથી બેઘર કરવું = ઘર બહાર કાઢી મૂકવું.

૨૪. ઘરની ફૂમ = ઘરમાંથી બહાર ન નીકળતું હોય તેવું માણસ.

૨૫. ઘરનું બજાણું = જનીનનો જે ભાગ કુમારતી કામ માટે ધારણ કરવામાં આવ્યો હોય તે.

૨૬. ઘરનું ધંધોલિયું કરવું = ઘર ઉજાડવું; ઘરની પાયમાલી કરવી.

૨૭. ઘરનું ધંધોલિયું થવું = પૈસેટકે પાયમાલ થવું; સારી આબરૂવાળા ઘરની ચોકમાં વાત થવી. ધંધોલિયું એટલે નમૂનાનું કે ભોકરાંને રમવાની રમતનું નાનું ઘર. જે ઘરની બ્યવસ્થા બરાબર જળવાતી ન હોય અથવા બ્યવસ્થા જાળવનાર પૂરતાં માણસ પાળ્યા ન હોય એવા માટે નામના કહેવાતા ઘરને વિષે બોલતાં તે વપરાય છે.

૨૮. ઘરનો ખોરડો–ખૂણો તપાસવો = (૧) ઘરમાં દ્રબ્ય સંબંધી તપાસ કરવી. (૨) દ્રબ્ય સંબંધી પોતાની શક્તિ જોવી.

૨૯. ઘરનો રસ્તો લેવો = ચાલ્યું જવું.

૩૦. ઘરમાં બાઝો વાંસ કરવો = ઘરમાં કોઈ બાવાપીવાનું અને સરસામાન ન હોવો; ઘરમાં મિલકતા ન હોવી.

૩૧. ઘરમાં બાઝો વાંસ કરે તો હાલ્યું ચે નકે નહિ = ઘરમાં બાળ ભરવાનું કે કરવાનું પાસલું પણ મળે નહિ એવી કંગાલિયત હોવી.

૩૨. ઘરમાં આવવું = (૧) ઘરમાં દાખલ થવું. (૨) મેળવવું.

૩૩. ઘરમાં ભૂત ભૂરકા મારવા = બાવાપીવાનું કાંઈ ન હોવું; બાલીબમ હોવું.

૩૪. ઘરમાં ભૂત ભરાઈ બેસે અને હતુમાનજી હઠીનો કાઢે = ઘરમાં કાંઈ સરસામાન કે આછવિછનું સાધન ન હોવું. ખાલીખમ હોવું.

૩૫. ઘરમાં રેમાવું = પ્રવેશ થવો; ક્રમ સિદ્ધ થવું; હાજરો થવો.

૩૬. ઘરમાં કાંય ચામવો = ઘરમાં કાંઈ ખાલમતા ન હોવી; સરસામાન કાંઈ ન હોવો; ખાવાપીવાનું કાંઈ ન હોવું.

૩૭. ઘરમાં હાલ્લાં બચાવ્યાં-બટકબચ્યાં = ઘરમાં ખાવાપીવાનું કાંઈ ન હોવું.

૩૮. ઘરે બેસવું = નોકરીમાંથી રુખસત મળવી.

૩૯. ઘરે બેસાડવું = નોકરીમાંથી રુખસત આપવી.

૪૦. નહિ ઘરનું કે નહિ બહારનું = ઠામઠેકાણા વગરનું; રખડાઉ.

૪૧. ઝણી પીને ઘર પૂજવું = બાજીથી બજર વિચારે કામ કરવું અને પછી પસ્તાવું.

૨. ન. ઠેકાણું; કાર્યાલય; ઑફિસ.

૧. કાચું ઘર = કપાસ ઑફિસ.

૨. તાર ઘર = તાર ઑફિસ.

૩. મોટું ઘર = જેલ; કેદખાનું.

૪. રેલ ઘર = રેલવે સ્ટેશન.

૩. ન. કોઈ વસ્તુને સાચવવી રાખવાનું ખોખા કે લાકડી જેવું સાધન; પટ્ટો; બાજટ ખોખું.

૪. ન. બાકું સ્થાન; અમુક આકારવાળો ઓરડાનો વિભાગ. જેમકે, રોટલા બનવા પેલાનું ઘર.

ઘરમાં જવું = કાંકરી ખૂટી જવી.

૫. ન. (જ્યોતિષ) જન્મ કે રાશિમાં સ્થાન હોય તે; ભુવન. નવ કે બાર માંહેનો અમુક કે જે અમુક રાશિ સાથે સંબંધ ધરાવતો હોય તે કહ્યું ઘર કહેવાય છે.

ચંદ્રમાનું ઘર સાધવું = શુકન જોવાં.

૬. ન. ઘરનાં માણસો; કુટુંબ; ગોત્ર; કુળ; વંશાન્વય; વંશ.

૧. ઊંચું ઘર = ખાનદાન કુટુંબ.

૨. ઘર બગડવાનું = કુટુંબને રોળવાનું; જેથી આખા કુટુંબની કીર્તિ વધે એવું નીકળવું.

૩. ઘર ઉજેડી નાખવું = (૧) કુટુંબનો નાશ થાય તેમ કરવું; બાળ કોઈ રહેવા ન પામે એવી દશા કરવી; ઘર પાયમાલ કરવું (૨) મોટું નુકસાન પહોંચે એમ કરવું.

૪. ઘર ઊઘાડું પડવું = ઘરની જોખ ઊઘાડી થવી; બળવાર રહેતો બરખ ઊઘાડો પડી જવો.

૫. ઘર ઊઘાડું રહેવું = વંશનું ચાલુ રહેવું; પુત્ર થવો.

૬. ઘર ઊઘાડું રાખવું = પરણેલા થઈ ઓ સાથે રહેવું; કુટુંબ ચાલુ રહે તેમ કરવું.

૭. ઘર ઊજળવું = (૧) કુટુંબની કીર્તિ વધારવી. (૨) ઘરનું ધોળોલિયું કરવું; ઘરનો નાશ કરવો.

૮. ઘર ઊઠતી-ઊપાડી લેવું = નવી ઓળે ઘરનો બાર ઊપાડી લેવો; આખા ઘરનું કામકાજ તેમજ વહેવારનું જોખમ આવે લેવું.

૯. ઘર ઊભડી જવું = (૧) કુટુંબનો નાશ થવો; નખોદ જવું; જેમનુંએ સંતાન ગુજરી જવું; નિઃસંતાન થવું; વંશમાં પાછળ કોઈ વસનાર ન હોવું. (૨) મોટું નુકસાન થવું.

૧૦. ઘર ઊભવું = (૧) ઘરમાં હાજરો થવો; કબાણ થવું. (૨) પરણવું. (૩) મોટાનું થવું; ઘડ મળવી. (૪) સંતાન થવું.

૧૧. ઘર ઊજળું કરવું = ઘરને શોભાવવું; કુટુંબની કીર્તિ વધે એમ કરવું.

૧૨. ઘર ઊજળું થવું = ઘરની આબરૂ વધવી.

૧૩. ઘર ઊભું રહેવું = (૧) કુટુંબનો વહેવાર ચાલુ રહેવો. (૨) ઘરનો મોભો જળવાઈ રહેવો. (૩) વંશનું નામ રહેવું. જેથી ઊલટું ઘર ભાંગવું કે વંશનું કહેવાય છે. (૪) નુકસાનમાંથી બચી જવું. (૫) પરણવું; ઓ મળવી.

૧૪. ઘર ઊભું રાખવું = (૧) કુટુંબ ચાલુ રહે એમ કરવું. (૨) વહેવારને તૂટી પડતાં બચાવી લેવો.

૧૫. ઘર ખોળું-બારણાં કરવું = ઘર બગવા કુટુંબનો વહેવાર કરવું; કુટુંબનો નાશ કરવો.

૧૬. ઘર ઘરની જોખી ટોચકી = કપાળે કપાળે જુદી મતિ.

૧૭. ઘર ઘાલવું = (૧) ગોત્રજન કરવું. (૨) ઘરમાં કબજો કરવો. (૩) ચોરી કરી નુકસાન કરવું. (૪) બેસવું; જમાવટ થવી; સ્થિર થવું. (૫) જ્યાં હક નથી ત્યાં મહિલો જમાવવી. (૬) પ્રવેશ કરી ઘરની ખરાબી કરવી. (૭) પ્રવેશ થવો; પ્રવેશ કરી તબિયત બગડવી. (૮) વિશ્વાસઘાત કરવો.

૧૮. ઘર ચલાવવું = સંસાર વહેવાર ચલાવી લઈ જરૂરિયાતોનાં વસ્તુઓનું પોષણ કરી રૂડી રીતે દહાડા કાઢવા; નિભાવ કરવો; આછવિછ ચલાવવી.

૧૯. ઘર જાણે પાણીનો તે કુળ જાણે વેપારી = અનુભવ વગર કોઈ કામ જે જે ભરી બાબત બનવું.

૨૦. ઘર જોડવું = કોઈ કુટુંબની સાથે સંપસલાહ કરી વહેવાર ચલાવવો અને શાંતિ ભોગવવી.

૨૧. ઘર ડુબાવવું = પોતાનો અને કુટુંબનો નાશ કરવો.

૨૨. ઘર ડૂબવું = નાશ થવો.

૨૩. ઘર તરફ પહોંચવું = કુટુંબીઓને ભાળો કાઢવો.

૨૪. ઘર તરવું રાખવું = ઘરનો વહેવાર રૂડી રીતે ચલાવતા રહેવું; ઘરનો મોભો જાળવી રાખવો.

૨૫. ઘર તૂટવું = કુટુંબમાંથી સંપ જતો રહેવો; અણબનાવ થવો; ઘરનાં માણસોના સંબંધમાં વાંધો પડવો.

૨૬. ઘર તેવી ગોત્રજ = રેવ તેવી પૂજા.

૨૭. ઘર ત્યાં વર નહિ અને વર ત્યાં ઘર નહિ = (૧) દેવની જે પૂજી જ ઊ કે એક સારું હોય ત્યાં બીજું ન હોય. જેમકે, ચંદનને પુષ્પ હોતાં નથી. (૨) સારું કુટુંબ ખોળતાં વરમાં કાંઈક કહેવાપલું મળી આવે અને વર બરોબરોબરોબરો ખોળતાં કુટુંબ મરીજ હોય.

૨૮. ઘર ફૂટવું = ઘરના માણસે સામાવાળાના પક્ષમાં જતા રહેવું અને તેને છાની માહિતી આપવી; ઘરની ગુપ્ત વાત ઘરના જ માણસે બહાર પાડવી; ઘરમાં જ ફૂટ જેટલે કુસંપ થવો; કરેલા સંપમાંથી છૂટા થવું કે છૂટા પડી સામે થવું.

૨૯. ઘર ફૂટ્યું તેનું કર્મ ફૂટ્યું = જેના ઘરમાં કુસંપ થવો તેનું ભાગ્ય ફરી વળ્યું.

૩૦. ઘર ફૂટ્યે ઘર જાય = જ્યારે ઘરનું જ માણસ ઘરની વાત કે માહિતી સામા પક્ષવાળાને આપે ત્યારે જ ઘર નાશ પામે.

૩૧. ઘર ફૂટ્યે રાજુ હાવે = ઘરમાં કુસંપ થાય ત્યારે દુશ્મનનો જય થાય.

૩૨. ઘર ભેદવું = (૧) કુટુંબના કોઈ માણસને લાલચ આપી ઘરની છૂપી વાત જાણી લેવી; સામાવાળાંના કુટુંબના બેઠક માણસને લાલચ આપી પોતાની તરફ કરી તેનું જોર તોડવું. (૨) કોઈ પણ માણસ આવે જાય નહિ તેવો બંધ કરેલ મારું ખુલ્લો કરીને ઘરમાં દાખલ થવું અથવા ઘર બહાર નીકળવું. (૩) મતલબ પાર પાડવાને શત્રુના ઘરમાં કુસંપ કરાવવો; કોઈના ઘરમાં યુક્તિથી પ્રવેશ પામવો.

૩૩. ઘર બગડવું-વંસવું = (૧) કુટુંબનાં માણસ નીતિભ્રષ્ટ થવાં. (૨) ઘરની કીર્તિ ઓછી થવી; ઘર પણસવું; ઘરની ખરાબી થવી. (૩) ઘરનો નાશ થવો. (૪) વણીનું અથવા કોઈનું મરણ થવું.

૩૪. ઘર ભાડવું–બેસવું–બેસી જવું = (૧) આજીવિકાનાં સાધન બંધ પડવાં. (૨) ખોટ આવવી; નુકસાન જવું. (૩) ઘેરે આરામ કરવો. (૪) નાશ થવો; પાયમાલી થવી. (૫) નોકરીચાકરી જતી રહેવી; નિરુદ્યમી થઈ પડવું. (૬) વંશની સમાપ્તિ થવી; કુળનું નિકંદન જવું; નિઃસંતાન જવું. (૭) કોનું મૃત્યુ થવું.

૩૫. ઘર મારવું = (૧) ઘરની ખરાબી કરવી. (૨) ઘરમાં દાખલ થઈ તે જ ઘર માલેતુ ધન ઠરી જેવું અથવા તે જ ઘરનાં માણસ સાથે અનીતિ કરવી; વિશ્વાસઘાત કરવો. (૩) ઘસારો કરી ઘર લૂટવું અથવા ઘણી કીમતનું ચોરવું. (૪) પરાઈ સ્ત્રી સાથે નઠારો સંબંધ રાખવો. (૫) સલાહાદા વાળવો, ઊધુમ્બુ કરી નાખવું.

૩૬. ઘર લાગવું = (૧) એકનો એક દીકરો મરણ પામવો. (૨) પાયમાલ થવું; નિકંદન જવું.

૩૭. ઘર વસાવવું = (૧) કુટુમ્બને ઉછેરવું. (૨) ઘરને સધન કરવું. (૩) પરણીને ઘરસંસાર માંડવો. (૪) મકાન ખરીદવું.

૩૮. ઘર વંઠે ત્યારે જગતકું પેસે = જ્યારે ભક્તિનો અત્યંત છંદ લાગે ત્યારે જાણવું કે સંસારનો વ્યવહાર ભાંગી પડશે, કારણકે ભક્તિ, વૈરાગ્ય અને સંસારપ્રપંચ એ એકબીજાથી વિરુદ્ધનાં છે.

૩૯. ઘર સંભાળવું–સાચવવું = પોતાને ગેરલાભ થાય નહિ એવી રીતે કામ કરવું; પોતાને નુકસાન લાગે નહિ એવી ખબરદારી રાખવી.

૪૦. ઘર સુધરે તો ગામ સુધરે = વ્યક્તિનો સુધારો તે સમષ્ટિનો સુધારો; આપ ભલા તો જગ ભલા; એક ઘર સુધરે તો પછી તેના શિક્ષણથી અને અનુકરણથી બીજાઓ પણ સુધરે, માટે પ્રથમ ઘર સુધારવું જોઈએ.

૪૧. ઘરના દૂધ બેલ બરાબર–ઘરકો મુરઘી દાળ બરાબર = ઘરની વસ્તુની કીમત વધારે આંકવી.

૪૨. ઘરકે લોગ = સ્ત્રી; પત્ની.

૪૩. ઘરના પીરને તેલનો મલીદો = ઘરનાં માણસોનું કાંઈ માન નહિ; અતિ પરિચયે અનાદર.

૪૪. ઘરનાં છોકરાં ધરી ઘાટે ને ઉપાધ્યાયને આટો = ઘરનાં માણસોને સૌથી પહેલો લાભ ન આપવો ને ઉદાર થવું; પોતે નુકસાન સહન કરી બીજાને લાભ આપવો.

૪૫. ઘરની અક્કલ = પોતાનું ડહાપણ.

૪૬. ઘરની કસર ને વહાણની સફર = કરકસરથી ધન વધે છે; કરકસર કરવાથી પૈસા થાય અથવા વહાણથી વેપાર કરવાથી પૈસા થાય.

૪૭. ઘરની વાત પરને કહેવી નહિ = ખાનગીમાં જે કાંઈ કરતાં હોઈએ તે બહાર જણાવવું નહિ.

૪૮. ઘરની વાત = સહેલું કામ.

૪૯. ઘરનું ખોઈ ને બહારનું ધોઈ = પોતાનું સારું ન લાગે પણ પારકાનું સારું એટલે કીમતી લાગે; અતિ પરિચયવાળું કીમતી ન જણાય; ઘરકી કુશકી અને પરાઈ ચાપડી.

૫૦. ઘરનું ખાતાં = ઘરમાં જ નુકસાન કરે એવું; સ્વજનને જ હાનિ કરે એવું, કુળદ્રોહી.

૫૧. ઘરનું ઢાંકણ નાર = ઘરમાં શું છે, શું આવ છે, અને કેમ ખર્ચ છે તે બે જણી હોય તો જ કોઈના જાણવામાં આવતું નથી; એથી ઘરનું સંરક્ષણ કે સંગોપન થાય છે.

૫૨. ઘરનું નાક = (૧) કુટુંબની આબરૂ; શાખ; નોક. (૨) જેના વડે ઘરની આબરૂ જળવાઈ રહે તે માણસ; ઘર કે કુટુંબની શોભા કે ભૂષણરૂપ માણસ.

૫૩. ઘરનું નામ કુબાવવું = કુટુમ્બને બદો લગાડવો.

૫૪. ઘરનું માણસ = (૧) વર. (૨) વહુ. (૩) વિશ્વાસુ; ખાનગી.

૫૫. ઘરનું સુખી = સારી સ્થિતિનું; ગૃહસ્થ

૫૬. ઘરનો આદમી = (૧) કુટુંબી જન; ઘરનો માણસ. (૨) જવાબદાર વ્યક્તિ. (૩) દિલોજાન દોસ્ત

૫૭. ઘરનો–ઘરઘરનો ઉંદર = ઘરની ખાનગી વાત જાણનાર; ભોમિયો; ઘરનો જાણીતો માણસ; ઘરના મનુષ્ય જેવો ઘરની બધી હકીકત જાણનાર માણસ.

૫૮. ઘરનો ધાતુ વગાડવો = પાયમાલ થઈ જવું.

૫૯. ઘરનો બંદા = (૧) ઘર કે કુટુમ્બનો જેની ઉપર આધાર હોય એવો માણસ; જેને આધારે ઘર ચાલતું હોય તે પુરુષ; ઘરનો મુખ્ય આધાર; ઘર કે કુટુંબમાં સૌનું ભરણપોષણ કરતો હોય તે પુરુષ. (૨) ઘરનો ધણી.

૬૦. ઘરનો દીવો = જેના વડે ઘર નભતું હોય અથવા ઘરની આબરૂ સોળી રહેતી હોય તે પુરુષ; સુપુત્ર.

૬૧. ઘરનો ખોડો = હદ ભરેલી વાત.

૬૨. ઘરનો ભોજા = (૧) ઘરસૂત્ર ચલાવનારી સ્ત્રી. (૨) જેના ઉપર ઘરના વ્યવહારનો આધાર હોય તે માણસ.

૬૩. ઘરનો રોટલો બહાર આવો = (૧) પોતાને ઘેર જે બીજાને બતાવે તેની બહાર તેટલી જ સરભરા થાય. (૨) બહાર જઈને રહેવું અને ઘરમાં આડો પાડવો એવી મૂર્ખાઈને માટે એમ કહેવાય છે.

૬૪. ઘરમાં અંધારું ને બારણે દીવો = બારણાં ઉઘાડાં ને બાળે દૂધા; જ્યાં દીવો કરવો જોઈએ ત્યાં નહિ અને જ્યાં ન જોઈએ ત્યાં દીવો કરવો એવો અવિવેક.

૬૫. ઘરમાં એહાં ને બારણે એહાં = ભ્રમ મૂકીને તદ્દાત્મ થવાપણું.

૬૬. ઘરમાં ઓસડ ને આંખ જવાની = આબરૂ કે બેપરવાઈની પરિસીમા.

૬૭. ઘરમાં ઓપી–ધો બારણે = ઘરમાં ઠંજિયાકકાસ કરવવા.

૬૮. ઘરમાં ધોડો બારણે = નુકસાન કરવું; પસારો અપવો

૬૯. ઘરમાં ધોડો ફેરવવો = (૧) ઘરમાં પણ ધોડે બેસીને ફરવું એવી આજ્ઞાભાર્યા; અવિવેકની પરિસીમા. (૨) પોતાની જાતને નુકસાન કરવું.

૭૦. ઘરમાં બોલે ઠોકરાં ને બહાર બોલે છોકરાં = બોદા માણસ જેવું કરે છે અને બોલે છે તેવું જ છોકરાં શીખે છે અને બહાર જઈ તેવું જ બોલે છે.

૭૧. ઘેર ઘેર માટીના ચૂલા = કેટલીક નરસી રીતભાતમાં કે ચાલચલણમાં સઘળા લોક એકસરખા હોય છે અથવા બધુ.ખરા લોક ભૂલમાં જ હોય છે.

૭૨. નીચું ઘર = હલકું કુળ.

૭૩. ભર્યું પૂર્યું ઘર = (૧) સરસામાનથી ભરપૂર ઘર. (૨) સુખી કુટુંબ.

ઘ. ચ. ગામડીના સૌથી ઉપરના ભાગમાં દેખાતું છિદ્ર.

૮. ન. જમીનમાં ખોદેલો આડો; બોડ; ફર; માળો; પશુ અથવા પંખીઓને રહેવાનું સ્થાન.

૯. ન. ઘરો.

૧૦. ન. તાબો; કબજો; મલિકી.

૧. ઘર સાચવવું = પોતાનું સંભાળવું; પોતાને ગેરલાભ ન થાય તેમ જોવું કે કાર્ય કરવું.

૨. ઘરની ધોરાજી = પોતે ઉપજાવી કાઢેલ વાત.

૩. ઘરનું = (૧) પોતાના ઘર જેવું; ખાનગી. (૨) પોતાનું; આમ; અંગત.

૪. ઘરનું ઘર = પોતાનું.

૧૧. ન. દેશ; સ્વદેશ; માતૃભૂમિ; જન્મભૂમિ.

૧૨. ન. પુરુષ. જે પોતાના પતિ માટે બાપરે છે.

૧૩. ન. ભાવ; નીકળી જવાનું આવું. જેમકે, તે પોતાનું ઘર રાખીને કામ કરે છે.

૧૪ ન. મનની હાલત. જેમકે, તે ઉદાસીના ઘરમાં છે.

૧૫. ન. મૂળ; કારણ; ઉત્પત્તિસ્થાન. જેમકે, ખાંડ કીડી અને આખોનું ઘર છે.

૧૬. ન. રાત્ર જાયવા સૂરની ખાત. જેમકે, તે બધા રાત્રનાં ઘર જાણે છે.

૧૭. ન. વાજાના સૂરનાં ખાનાં માહેનું ખોકડ.

૧૮. ન. શરીરમાં ગેમૂળ થાલનુ તે. જેમકે, તાવ ઘર કરી રહ્યો છે, રોગે શરીરમાં ઘર કર્યું છે.

ઘર કરી જવું-બેસવું-રહેવું = કાયમનું થઈ જવું; મજબૂત થઈ જવુ.

૧૯. ન. સસાર; સ્ત્રીપુરુષે સાથે જોડાઈને જીવનવ્યવહાર ચલાવવો તે.

૧. ઘર ખાંડવું = પરણવુ.

૨. ઘર ચલાવવું-ઘરખટલો ચલાવવો = (૧) કરકસરથી અને વ્યાવહારિક નીતિરીતિથી સંસારનું ગાડું ગબડાવવું, નિભાવ કરવો; આજીવિકા ચલાવવી; ઘરનો વહીવટ કરવો. (૨) કોઈના ઘરનું અર્થ પૂરું પાડવુ.

૩. ઘર માંડવુ = (૧) જુદું ઘર થઈને રહેવું. (૨) પરણીને ઘરસંસાર ચલાવવો; સ્ત્રીપુરુષનો વ્યવહાર ચાલુ કરવો; સ્ત્રીપુરુષે મળીને સસાર ચલાવવો.

૪. ઘર થઈ બેસવુ = સસારવ્યવહાર રૂડી રીતે ચલાવવો; ઘર ઉપાડી લેવા શક્તિમાન થવુ

૨૦. ન. સ્ત્રી. પુરુષ પોતાની પત્ની માટે વાપરે છે.

૧. ઘર કરવું = (૧) અનુકૂળ થઈ રહેવું; ગોઠવાઈ જવું. (૨) કાયમના ધામા નાખવા; સ્થાયી રહી તબિયત જગાડવી; રહેઠાણ કરવુ; નિવાસ કરવો; જળનો પ્રવેશ કરવો; જોર જમાવવું. (૩) ઘર બાધવુ; ઘર બનાવવુ. (૪) ઘર ભરવુ. (૫) રહેવાને માટે વસ કરવી. (૬) કામ કરવું; પરણવું; સસારસંબધમાં જોડાવુ; સ્ત્રીએ પુરુષ અને પુરુષે સ્ત્રી કરવી. (૭) સારો સબધ એટલે કે ઘર જેવો સંબધ થવો.

૨. ઘર ફાટવુ = (૧) ખોટ આવવી. (૨) બાળક જન્મવુ.

૩. ઘર બાંધવું = (૧) પરણવું; સંસાર ચલાવવો. (૨) મકાન ચણવુ.

૪. ઘર ભાંગવું = (૧) કુટુંબમાં કલેશ કરાવવો; સ્ત્રીપુરુષ વચ્ચે અણબનાવ થાય એમ કરવું. (૨) ઘરની બરબાદી કરવી. (૩) નિ.સતાન થવું. (૪) પતિપત્નીમાંથી એકાદનું મરી જવું. મુખ્યત્વે સ્ત્રી મરી જાય ત્યારે વપરાય છે, કેમકે ઘર તે ઘર નથી પણ ઘરના ક્રમમાજ્યો જોડે ઉપાડી લેનારી સ્ત્રી જ ઘર કહેવાય છે.

૫. ઘર સાંદવું = સ્ત્રી . એ પતિ સાથે રહી વ્યવહાર ચલાવવો

૬. ઘર હોવુ = પતિપત્ની વચ્ચે પ્રેમ અને સુમેળ હોવો.

૭. ઘરનું ઢાંકણું ભાંગવું = ઘરભંગ થવું; સ્ત્રી મરણ પામવી.

૮. ઘરમાં પડવુ = રખાત તરીકે રહેવું.

૯. ઘરમાં પૂછી જોવું = ઘરના કોઈ માણસને અથવા જોડનારની સ્ત્રીને પૂછવુ.

૧૦. ઘરમાં બેસવું = પરણવુ.

૧૧. ઘરમાં બેસાડવું = (૧) પરણવું. (૨) વિધવા અથવા ત્યક્તા જોડનારીને પત્ની તરીકે સ્વીકારવી.

૧૨. બીજું ઘર કરવું = ફરીને પરણવું.

૨૧. ન. સ્થિતિ; હાલત; શક્તિ; બલાબલ.

૧. ઘર જોઈને કામ કરવું = સ્થિતિ પ્રમાણે વર્તવુ.

૨. ઘર જોવું = (૧) કન્યા આપતાં કે લેતાં ઘરની તપાસ કરવી; સારાનરસા કુટુંબ સંબધી તપાસ કરવી. (૨) જાસો લેવી.

૩. ઘર તપાસવું = (૧) ઘર જોવુ. (૨) પોતાની ખૂબીનો વિચાર કરવો. (૩) બલાબલનો વિચાર કરવો; શક્તિ જોવી.

૪. ઘર પહોંચવુ = અર્થ કરવાની શક્તિ હોવી.

ઘરઆંગણું ૧. ન. અતિ પરિચયવાળું પાસેનુ સ્થાન.

૨. ન. ઘર અને આગણું

૩. ન. ઘરનું આગણું.

ઘરઆંગણું કરવું-કર્યા કરવું = વારંવાર ઘરમાંથી આગણે આવીને એટલે બહાર નીકળીને માર્ગપ્રતિક્ષા કરવી; આતુર અને રાહ જોયા કરવી; પ્રિય જન કામથી આવશે, એવી આતુરતાથી વારંવાર તેના માર્ગ તરફ જોયા કરવું.

૪. વિ. ઘર અને આંગણા જેવું; બહુ નિકટના સબંધનું.

૫. ન. નજદીકપણું; ઘર અને આંગણું જેમ જોડાં છે દૂર નથી તેમ જુદું છે દૂર નહિ તેમ.

ઘરઉદ્યોગ પું. ગૃહઉદ્યોગ.

ઘરઉંબરિયું વિ. ઘરઘરનું; દરેક ઘરનું.

ઘરઉંબરે ક્રિ. વિ. ઘર નજીક; બહુ નજીક; ઉંબર પાસે હોય એમ; ઘર આગળ જ.

ઘરઊજડી (ઘરઊજડી) સ્ત્રી. ઘરનો નાશ કરનાર સ્ત્રી.

ઘરઊડી ૧. સ્ત્રી. ગૃહકંકાસ; ઘરઝિયો.

ઘરઊડી થવી = ઘરમાંથી જ વિપરીતપણું થવું.

૨. ક્રિ. વિ. અંદરોઅંદર; માહોમાહે.

ઘરકજિયો પું. અંદરઅંદરનો કલેશ.

ઘરકરી [અ.] પું. કુટુંબનો વડીલ; ઘરધણી.

ઘરકરું સ. ક્રિ. ઘૂરકવું; ખીજવું; મોટા ધાંટાથી ઠપકો આપવો.

ઘરકાજ જુઓ ઘરકામ.

ઘરકાણું ૧. ન. ઘરનું છિદ્ર.

૧. ઘર કાણું કરવું = (૧) ઘરમાં ને ઘરમાં બખિયાર કરવો. (૨) ઘરમાં ફૂટ પાડવી, ઘરના માણસને હોડવુ.

૨. ઘર કાણું થાય ત્યારે ઘરમાંનો પૂંજો રહેવો મુશ્કેલ = ઘરમાંનુ એક માણસ ભગડે ત્યારે આખું ઘર વણસે.

૩. ઘર કાણું હોવું = ઘરની ગુપ્ત વાત ઘરના જ કોઈ માણસે જાહેર કરવી.

૨. ન. ઘરમાં એકમત ન હોવો તે.

૩. ન. જેમાથી આનગી વાતચીત બહાર જતી હોય એવુ ઘર.

ઘરકામ ૧. ન. કુટુંબનું કામકાજ.

૨. ન. આનગી કામ.

૩. ન. ઘરનુ સાધારણ કામકાજ; પૂજો વાળવો, વાસણ માજવાં, રસોઈ કરવી વગેરે ઘરને લગતું કામકાજ.

ઘરકારજ ન. ઘરકામ; ગૃહકાર્ય.

ઘરકિમું ન. ઘરકીને ઠપકો દેવો તે; તાડૂકીને વારવુ તે; ધૂરકિયું; ખીજિયું.

ઘરકૂકડ (ઘરકૂક્ક) જુઓ ઘરકૂકડી.

ઘરકૂકડિયું (ઘરકૂકડિયું) ૧. વિ. આખો દિવસ ઘરમાં જ રહેનાર; ઘરમાં ને ઘરમા ભરાઈ રહેનારું.

૨. વિ ઘરમાળુ.

ઘરકૂકડી (ઘરકૂકડી) ૧. સ્ત્રી. ઘરમાં ભરાઈ બેસનાર માણસ.

૨. સ્ત્રી ઘરમાં ભરાઈ રહેતી મરઘી.

૩. વિ. ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેનારું; ઘરકૂકડિયુ.

૪. વિ. ઘરમાળુ.

ઘરકૂકડીપણું (ઘરકૂકડીપણું) ન. ઘરને ખૂણે ભરાઈ રહેવાનો સ્વભાવ; કૂપમંડૂકતા.

ઘરકૂકડો (ઘરકૂકડો) ૧. પું. ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેવાની આદતવાળો માણસ; કૂપમંડૂક; ઘરનું બિલોડું.
૨. વિ. પું. બાયલો.

ઘરકેડ્ય (ઘરકેડ્ય) [પ્રા.] અ. (વહાણવટું) કઠાં.

ઘરકેળવણી સ્ત્રી. ઘરમાંથી મળતું શિક્ષણ; ગૃહકેળવણી.

ઘરખટલો ૧. પું. ઘરને લગતો સરસામાન; ઘરવખરી.
૨. પું. ઘરનો કજિયો.
૩. પું. સંસારનો ભાર; સંસારચલાવનારનું કામકાજ; ઘરનો કારભાર.
૪. પું. બીજી છોકરાં વગેરેનો સમૂહ; કુટુંબકબીલો.

ઘરખપ પું. ઘરવપરાશ ઉપયોગ.

ઘરખપૂત વિ. ઘરનોળું.

અણાખાર પું. અણાના છોડ ઉપરથી બળતો ક્ષાર; અણાના બીજા છોડ ઉપરના ઓસમાંથી બનાવેલો ખાર. બધા મહિનામાં અણાના છોડ ઉપર ઝીણું ઘાસ પાથરી અધ ચાર ઘડી રાત રહે ત્યારે ફેરવવું. એવી રીતે ૧૫ દિવસ સુધી ફેરવવી તે ઘાસને સેજ સુકવવું. પછી તેને પાણીમાં બોળી નાખી, એ પાણીને બાજે ઘાસ બળી, કઢાઈમા રાખી, બાળી, ઘાસથી જેવું બનું કરી બીજા ઘાસમાં ભરી રાખવાથી ચોખ્ખો અણાખાર થાય છે. તે સ્વાદે બહુ ખાટો હોય છે. તે કેટલીક દવાઓ બનાવવાના કામમાં આવે છે. ગુણમાં અમ્લ, દીપક અને પિત્તશામક હર્ષ મરોળની ગાંઠ, અજીર્ણ, પેટનું દુખ કે ચૂંક ઉપર ૫ થી ૨૦ ટીપાની માત્રામાં તે અપાય છે. અણાનો ક્ષાર પાણીમાં મેળવી પીવાથી તૃષા શાંત થાય અને શરીરનો દાહ મટે. પિત્તજ્વરની અંદર બારે આખું શરીર તપ્યા કરે, આખો બળ્યા કરે, પેટમાં બળાજ કે પાણી કાંઈ પણ ટકે નહિ ત્યારે તે અણાના ક્ષારને ઠરબત સા.વે મેળવી પીવ.થી પીડા એકદમ બંધ થાય.

અણાદાળ ૧. સ્ત્રી. એકનો એક થઈ ગયેલો બનાવ.
૨. સ્ત્રી. અણાનાં બે જુદાં જુદાં પડ; અણાને ભરડી તેનાં બે પડને છૂટાં પાડેલા હોય એવા દાણા
દુખી અણાદાળ = અણાની દાળ અને દુખીની વાની
૩. સ્ત્રી. સર્વસામાન્ય હેતુ.

અણાપણી ૧. સ્ત્રી. અણાના છોડની ચૂડી.
૨. સ્ત્રી. અણાના છોડનો ઝાડ
૩. સ્ત્રી. અણાનો પોપડાવાળો છોડ.

અણાપાપડી (અણાપાપડી) સ્ત્રી. અણાની દાળમાં ગાંસણી મેળવીને બનાવેલી મીઠાઈ.

અણામમરા પું. ન. વ. દાળિયા મમરા; અણાવું.

અણાવવું સ. ક્રિ. ક્રમિક ક્રમ કરાવવું; બંધાવવું.

અણાવું અ. ક્રિ. ક્રમિકક્રમ થવું; બંધાવું.

અણારણી સ્ત્રી. અણાના પાનની ભાજી.

અણિકા [સં.] સ્ત્રી. એક જાતનું ધાસ.

અણિયાર સ્ત્રી. કુમરાણ જમીનમાં થતું એક પ્રકારનું ઘાસ.

ચણિયારાસાંધા પું. ય. વ. એક પ્રકારના ઢાઢાનાં સાંધા; મળતરનાં જેવા સાંધા.

ચણિયાકું ૧. ન. આંખનો ગોખલો; નાક પાસેના આંખના ખૂણાનો અંદરનો ભાગ.

૧. ગુસ્સામાં ચણિયાકું ખસી જવું – ગુસ્સામાં આંખ આમતેમ ફેરવવી.

૨. ચણિયારાં ઠેકાણે રાખવાં = (૧) શુદ્ધ વશ રાખવી; સભાળીને બોલવું; વિચારીને ઉચ્ચારવું. જેમ બારણાનાં ચણિયારા સારાં હોય તો બરાબર બંધ થઈ જાય તેમ શુદ્ધના ચણિયારાં ઠેકાણે હોય તો શુદ્ધિથી હદમાં રહી બોલાય છે. (૨) નજર સીધી રાખવી; આડીઅવળી ન ફરવી. (૩) હદમાંથી, મર્યાદામાંથી કે કેન્દ્રમાંથી બહાર ન જવાય તેમ રહેવું; મન કાબૂમાં રાખવું.

૩. ચણિયારાં નમવાં = ભાન ભૂલી આંખોએ જોવું; ઠઠારા કરવા; આબ મારવી.

૨. ન. કેન્દ્ર; મધ્યબિંદુ.

ચણિયાકું બસી જવું = (૧) બાંધ થવું; ઠપ્પો બસી જવો. (૨) મુદ્દામે થવું; બીજાનું બળજ ઉપરનો કાબૂ જતો રહેવો. (૩) સમતોલપણામાં નહિ રહેવું.

૩. ન. ઢોરની બાંધા વિનાનાં પડેલાં તેના મોનિદ્વારમાંથી નીકળેલો માંસનો લોચો. બળદના તાંતણા.

૪. ન. ફેર; પેચની પકડ.

૫. ન. બારણું ઉઘાડબીડ કરવા તેમાં બેસાડેલા ખીલાને ફેરવવા કરેલો ઉભરામાંનો આડો; ઉભરામાંનું બાણ આખણું. તેને આધારે રહી બારણું ફરે છે.

૬. ન. ઢાકણની ગોળ બાધવાળી બાજી.

ચણિયાંબોર [સં. ચક્ષુ (ચણો) + બદર (બોર)] ન. ય. વ. સિયાળાની મોસમમાં થતા રાતાં, બદા જેવાં નાનાં બોર. તેનાં ફૂલ સફેદ રંગમાં ઝીણાશ લેતાં સફેદ રંગનાં બાય છે અને રાતા રંગના બદા જેવડાં ફળ પાકે છે. આ ફળ બારે કાચાં હોય ત્યારે લીલા રંગનાં અને સ્વાદે તૂરાં હોય છે. પછી તેમાંથી પીળાં બથવા કેસરી રંગનાં સ્વાદે ખાટાં બાય છે. તદ્દન પાકે ત્યારે લાલ રંગનાં બાય છે અને સ્વાદે મીઠા બાય છે. તેને ચણિયાં બોર કહે છે. તે શીતળ, ભેદક, કૃમ, પિત્તહર અને ગ્રાહી છે. તેનો ઉપયોગ ક્ષય તથા તૃષ્ણના બ્યાધિ ઉપર કરવામાં આવે છે.

ચણિયો ૧. પું. બખ્તરીબો.

૨. [સં. ચક્ષુ; બપ. ચરણિયક] પું. પગ ઢંકાય તેમ કમરથી પહેરવાનું ઝીબોનું સીવેલું વસ્ત્ર; ચરણિયો; ઘાઘરો; બદ્ધ ઘરેણું ઝીબાનું કટિવસ્ત્ર.

ચણી ૧. સ્ત્રી. ચાનક; ટોબો.

૨. સ્ત્રી. નાની ઝેરડી.

૩. સ્ત્રી. નાની બોરડી

૪. [સં. ચક્ષુષ્કિકા; પ્રા. ચક્ષુષ્ઠિ] સ્ત્રી. નાનો ચણો; બદ્ધા જાતનો નાનો ચણો.

ચણીકબલા જુબો ચક્ષુકબાબ.

ચણીકબાબ જુબો ચક્ષુકબાબ.

ચણીકબાલા જુબો ચક્ષુકબાબ.

ચણીબોર જુબો ચણિયાંબોર.

ચણેચી સ્ત્રી. ચણાના છોડના પાનની ભાજી.

ચણેઠ [હિં.] સ્ત્રી. ઢોરને બાપવામાં બાવતું બાણ.

ચણો ૧. પું. બાજ પીળા અને બત્યંત લીબા છોડવાળું જડી જેવું એક દ્વદળી જાતનું બનાજ. આ બનાજ ઉનાળામાં બાય છે. તે એવું લીલું અને મરકતું હોય છે કે તેનાથી ભરેલ ઠોડીમાં એક પૈસો નાબ્યો હોય તો તે નીચે ઊતરી પડે.

૨. [સં. ચણક] પું. કઠોળની એક જાત; દ્વિદલ બનાજ; બદ્વાર મુખ્ય પાન્ન માંહેનું એક પાન્ન. ચણાની ઉત્પત્તિ બદ્વા કરીને એશિબ્ય ખંડમાં થવાનું મનાય છે. ચણાનો પાક ગુજરાત, દક્ષિબ હિંદ, સિંધ, કાશ્મીર, પંજાબ અને બફઘાનસ્તાનમાં બાય છે. તેનું વાવેતર બાસો માસમાં થાય છે અને મદ્ય માસની બાબરે બત્તર ફાગબ માસની શરૂબાતમાં તે તૈયાર થાય છે. તેના લીલા છોડને છબરા કહે છે. તેના છોડની ઊંચાઈ દોઢ વેંત જેટલી હોય છે. તેને ૪૦ થી ૫૦ જેટલા પોપટા બાવે છે અને દરેક પોપટામાં સામાબ્ય રીતે બે બદ્વા હોય છે. બારે પોપટા કાચા હોય ત્યારે છબરાને શેકી ખાવા બનાવી માણસો બાય છે. બીજા કોળા કરતાં ચણા બધારે વપરાય છે. ચણાને જરા બારાની બાસમાં પલાળી કપડે દાબી રાખવાથી તેનાં છોડાં ફોતરાં ઊતરી બાય છે તેને દાળિયા કહે છે. બાવા શેકેલા ચણા કે દાળિયા ગરીબને બદ્વા જ મિતબ્યે છે. એ પૌષ્ટિક છે. બા ઉપરાંત ચણાના બન્બ પદાર્થો બને છે. ઘબીબરી મીઠાઈ જેમકે, મોહનથાળ, મેસૂર, મોતિચા લાડુ વગેરે તથા ચણાનો ફરસાબ જેમકે, ગાંઠિયા, શેવ, દાણા વગેરે પબ્ બદ્વામાંથી બને છે ચણાની બાકીની દાળ પૌષ્ટિક છે. ચણા ઘોડાને ખોરાક તરીકે બબરાબ્યામાં બાવે છે. ચણાના કૂમળા છોડની જે ભાજી બનાવવામાં બાવે છે તેને ચણેચી કોડી કહેવામાં બાવે છે. ચણાના છોડ ઉપરથી સવારમાં ઝાકળ હોય ત્યારે બાર લેવામાં બાવે છે. તે ચણો ઉપરોગી છે. તે બગ્નિ દીપક, રુચ્ય, બાગે, બતિખાટો અને દાંતને બંબાવનાર છે તથા કફ અને બગ્નિમાંદ્યનો નાશ કરનાર છે. ચણાના બારમાં પલાળી જે બી રોપવામાં બાવે તે બાયું જલદી ઊગી નીકળે છે. ચણા વાતજ, શીત, લઘુ, રક્ષ, તૂરા, વિષ્ટબ્ભકારક, મધુર, કબિકર, વર્ણકર, બલકર, જ્વરનાશક તથા બાધ્માનનાશક છે અને રક્તપિત્ત, કફ, રક્તદોષ, તથા પિત્તનો નાશ કરે છે. તાજા છોડને પાણીમાં ઉકાળીને દરદીને નાસ બાપવામાં બાવે છે. બાફેલા પાદડાં સબિબંત્ર અને ઊકરડાના સોબ્યમાં બાંધવામાં બાવે છે. બાનો રસ ઊલટી અને તરસ મટાડે છે. કેમના નગ્નકોની રાબ્દીમાં ભૂંજેલા ચણા રાત્રે બાપ્યાથી અને ઉપર ગરમ દૂધ પાવાથી ફાયદો થાય છે. જેમાં પક્ષ થતું હોય બથવા પાકવાની દહેશત હોય તેવા દરદવાળા માણસોને ચણા બાવાથી નુકસાન થાય છે. શેકેલા ચણા ઉષ્ણ, રુચિકર, રક્તકોપન, લઘુ, બલકર, સુદ્રસ તથા શરીરને તેજ બાપનાર છે

૧. ખોખરા ચણા = શેકેલા ચણા; દાળિયા; શેકતાં ફૂલીને જેનાં છોડાં નીકળી ગયાં હોય બેવા ચણા.

૨. ચણા કરવા = જેમ બાવે તેમ ઉઘાડી દેવું; બોટો બબ કરવો.

૩. ચણા ચવરાવવા = (૧) ઊતરવું; ઠગવું. (૨) સંતાપવું; ધાકવું, દુઃખ દેવું; હેરાન કરવું

૪. ચણા દરદ્રિયા–મરિયા ચણા = ભીંજવીને તલેલ મસાલાદાર ચણા.

૫. ચણા મમરા = દાળિયા મમરા; બવાલું; ધોકું બાવાનું.

૬. ચણા લોઢે બાવા = (૧) બવમબ્યના કરવી; જોરદાર રહેવું; જલ્દી કરવું; જબા દેવું. (૨) જોડી દેવું.

૭. ચણા લબને હાથ શા માટના ? = નકામા પ્રબ્ન ન કરવા.

૮. ચણાના ઝાડ ઉપરથી કૂદી પડવું = (૧) ચણાનો છોડ બહુ નાનો હોવાથી તેને કૂદી જવું કાંઈ મુશ્કેલીનું કામ નથી તે ઉપરથી સહેલા કામને બપરું કહેવું બથવા મોટી મહેનતે મોટું પરાક્રમ કીધું સમજવવું. બાધારણ બાબતને બહુ મોટા રૂપે વર્ણવવી. (૨) નષ્ટબી બાબત કહેવાને પ્રસ્તાવના મોટી કરવી.

૯. ચણાની ચામ કરવી = (૧) ચણા ખરીદીને

ચતુર

તેની દાળ બનાવવી. (૨) સમજ્યા વિના ન બોલવાનું બોલી નાખવું કે ન કરવાનું કરી નાખવું.

૧૦. ચણો દમારી જેવો = પારખું જેવું.

૧૧. પાણીમાં ચણો સુકાય તેમ સુકાઈ જવું = તાળુમાળું બને બડા થવું. પાણીમાં ચણો સુકાય નહિ પણ બડો થયો એમ કહેવા માટે વક્રોક્તિથી આમ કહેવાય છે.

૧૨. ઘોડાના ચણા = ઘોડાના ચણા હોય તો તે ચાવવા એ જેટલું મુશ્કેલ તેટલું મુશ્કેલ કોઈ કામ; બહુ કઠણ કે મુશ્કેલ કામ.

૧૩. બેચીને ચણા કરવા = (૧) ઉડાવી દેવું; બેવકૂફી નાખવું. (૨) જેતરી જવું.

૧૪. બેચીને ચણા કરે એવું = (૧) લુચ્ચાઈમાં ચડિયાતું. (૨) બેચીને ઉડાવી દે એવું.

ચણોખડી (ચણોખડો) જુઓ ચણોઠી.

ચણોટ જિ. રેઢિયાળ; રખડેલ.

ચણોઠડી (ચણોઠડો) જુઓ ચણોઠી.

ચણોઠી ૧. સ્ત્રી. બદી જીનનું વજન.

૨. સ્ત્રી. કાળા મોંનું અને રાતા, પીળા કે સફેદ અંગનું તુવેર જેવું એક વેલાનું બી; ગુંજ. ચણોઠી ચાર જાતની થાય છે: લાલ, ધોળી, કાળી અને પીળી. તેમાં લાલ અને કાળી બધી સાધારણ છે. તેનો પાતળો વેલો થાય છે અને તેનાં પાન આંબલીનાં પુષ્પાં પાનને મળતાં હોય છે. પાનનો રસ ચિત્રમૂળ સાથે સફેદ કોઢ ઉપર લગાડવાથી ફાયદો કરે છે. મોઢું આવ્યું હોય ત્યારે ચણોઠીનાં પાન મોઢામાં રખાય છે. તેનાં ફૂલ સફેદ જૂરા રંગનાં થાય છે. તેનાં મૂળ બળ્યાં અને જેઠીમધને મળતાં હોય છે. તે ઘસીને સુંઘાડવાથી આધાશીશી મટે છે. તેને શીંગનાં ગુમખાં થાય છે. જ્યારે ચણોઠી પાકે ત્યારે તે ગુમખાં ફાટી જાય અને તેમાંથી ચણોઠી નીકળે. ધોળી ચણોઠી ઔષધમાં ખાસ કરીને વપરાય છે. ધોળી ચણોઠીને સિતગુંજા, કાળી ચણોઠીને કૃષ્ણા અને લાલ ચણોઠીને રક્તચિત્રી, રક્તાન્તરી, રક્તાવલી, રક્તપીલુ અને રક્તવલ્લરી કહેવામાં આવે છે. લાલ ચણોઠી બે જાતની થાય છે: એક મોટી અને ચપટી, બીજી લગભગ અને નાની. બીજી જાતને રતી કહેવામાં આવે છે. તેનું વજન વજનના ત્રીજા ભાગનું, બદી જીનનું અથવા એક માસાના આઠમા ભાગનું હોવાનું મનાય છે. તેનો ઉપયોગ સોનારૂપાના જોખમાં થાય છે. જેમકે,

૬ ચોખાભાર = ૧ રતી

૩ રતી = ૧ વાલ

૧૬ વાલ = ૧ મરિયાદો

૨ મરિયાદા = ૧ તોલો

ચણોઠી પૌષ્ટિક, શીતવર્ધક, વાતહર, શ્લેષ્મલ, સારક, સર્વદોષહર, સ્વાદુ, કડવી, બલકર, ઉષ્ણ, તૂરી, ગ્રામદોષ તથા કૃમિ છે. તે નેત્રરોગ, વિષ, પિત્ત, મધુ, કૃમિ, કફ, કોઢ, કફ, તાવ, મુખરોગ, શીતવાત, વાયુ, શ્રમ, દમ, તૃષા, મોહ તથા મદનો નાશ કરે છે. તે પૌષ્ટિક દવા પાકમાં વપરાય છે. તેનાં મૂળિયાં તથા પાન વાસી અને તલ્લીબળામાં અપાય છે. ચણોઠીમાંથી નીકળતું તેલ વાયુ ઉપર ચોપડાય છે. ચણોઠીને વાટીને પા, ત્વચારોગ અને માથાની ટાલ ઉપર લગાડવામાં આવે છે. તેની મૂળના ઉપવિષમાં છે. ચણોઠી બચારે ખવાય તો તેથી ઊલટી થાય છે. ચણોઠીને દેશી વૈદકશાસ્ત્રમાં સાત મોટાં ઝેર માંહેનું એક ઝેર મનાયું છે. ચણોઠીનાં પાન ચાવવાથી સાદ ઊપડે છે. ઉકરડામાં, રાજમાં તેમ જ ટેકરીઓની અંદર ચણોઠી વધુ ઊપજતી છે. રવિવારે પુષ્ય નક્ષત્ર હોય તે દિવસે ધોળા ચણોઠીનું મૂળ ઉખડી લાવી તેને હાથે બાંધવાથી સંગ્રામમાં રાજાનો ભય રહેતો નથી એમ મનાય છે.

ચણોઠીનાં ચીર = ચણોઠીના જેવા લાલ સુરેખ રંગના વસ્ત્ર.

ચણોઠિયું જિ. કસુંબલ; કસુંબી; લાલ રંગનું.

ચણોઠીપાક પું. (વૈદક) ચણોઠીનું બનતું એક પૌષ્ટિક વસાણું. સફેદ ચણોઠીને ભરડીને દાળ કરવી અને તેની દોઢગી ઘાટી નાખવી, દાળને દળીને તેનો લોટ કરવો. પાકેર ખોટને પાયશેર દૂધમાં નાખી તેનો માવો કરવો. સાકરની ચાસણીમાં આ માવો તથા એલચી, જાયફળ અને જાવંત્રી વગેરે તેજાના મેળવવાથી આ પાક તૈયાર થાય છે.

ચત ૧. વ. ચિત્ત; મન.

૨. જિ. ચણું; ચિનું.

ચતન પું. અથર્વવેદનો એ નામનો એક ઋષિ.

ચતપટ ૧. વ. કોડીની રમતમાં રમનારાઓમાંથી સૌથી પહેલો કોયડુ દાવ આપે તે જણવા બીજા પક્ષને પહેલાં ' ચત કે પટ ' એમ પૂછી ઊંચે કોડીને ઉછાળી અને નીચે પડ્યા દર્શ નક્કી કરવું તે.

૨. જિ. ચતું કે પટ.

ચતર જિ. ચતુર; હોશિયાર.

ચતરબાર પું. ખિલાડીનો ટોપ.

ચતરભંગ પું. બજાનો એક ઢોપ.

ચતરસ્ર પું. (સંગીત) એકતાલની અભિમાર મહેની એક જાતિ. તેમાં ચાર માત્રા આવે છે. પહેલી માત્રા ઉપર તાલ અને બીજી ઉપર ખાલી આવે છે.

ચતરંગ ૧. પું. એક જાતની બુદ્ધિ બળની રમત; ચોતરંજ.

૨ પું એક જાતનું વાજું.

૩. પું. ચાર બાજુથી બાંધેલું મકાન.

૪. સ્ત્રી. હાથી, ઘોડેસવાર, રથ અને પાયદળ મળિતની મોટી લશ્કરની ટુકડી; ચતુરંગ સૈન્ય.

૫. વિ. ચાર બાજુનું

૬ વિ ચાર રંગવાળું

૭. વિ. સાંભળીને રાજી થવાય તેવું.

ચતરંગી વિ. વિવિધ પ્રકારનું; જુદી જુદી જાતનું.

ચતરંગૂલ પું. ગરમાળો.

ચતરાઈ જુઓ ચતુરાઈ.

ચતરાવવું ૧. સ. ક્રિ. ભગાવવું; ડગાવવું; મક્કમ ન રહેવા દેવું.

૨. સ. ક્રિ. ખોટે રાડ્યવું; ખોટા લાડ લડાવવા.

ચતરાવું ૧. અ. ક્રિ. ચળવું; ડગવું.

૨. અ ક્રિ. ચાતરી જવું; ફાટી જવું; મિથ્યાભિમાની થવું

ચતરો પું. વહાણની દિશાનો એક ભાગ.

ચતસ્રે સ્ત્રી. ચાર કે ચતુર્યોગ્ર માત્રાના બહવાળા તાલની જાતિ.

ચતસ્રોગંગા સ્ત્રી. ભદ્રા, સીતા, અલકનંદા, અને ચક્ષુ નામની ચાર મુખ્ય શાખાવાળી ગંગા નદી.

ચતાલીસા ૧. [સં. ચત્વારિંશત્] જિ. ચાલીસ.

૨. વિ. બરફનું.

૩. વિ વજનદાર.

ચતી જ છાપકું.

ચતીખાટલી સ્ત્રી. પાણીમાં તરવાની એક જાતની રીત; ચતાં ચતાં તરવું તે.

ચતીબઠી સ્ત્રી. કોડીની એ નામની એક રમત.

ચતુઅસ્રમ ૧. પું. ખેડેલી અને રખી પાક માટે ચોમાસામાં પડતર રાખેલી જમીન.

૨. પું. વરસાદ બબતે તે ઋતુનું વર્ણન કરતું એક જાતનું ગીત.

૩. પું વર્ષાઋતુના ચાર મહીનાનો સમૂહ.

ચતુર્ ૧. [સં.] જિ. ચાર.

૨. બ. ચારની સંખ્યા બતાવનાર પૂર્વપ્ર. .

ચતુર ૧. પું. (સંગીત) એક જાતનો તાલ; ચોતાલ; ચોતાલો; ચઉતાલ; ચદતાલ; ધ્રુપક; વર્ધમતિ; ધ્રુવપદ. તેમાં ચાર માત્રા હોય છે. તેમાં પહેલી, પાંચમી, નવમી અને અગિયારમી માત્રા ઉપર તાલ આવે છે.

૨. પું. એક હાથથી થતા ૨૮ જાતના અભિનય મહેનો એક.
૩. પું. ગાલમસૂરિયું; ઓશીકું.
૪. પું. ભૂકુટિ હલાવવાના ૭ પ્રકાર મહેનો ચોથો પ્રકાર.
૫. પું. વાંકું જવું તે; વક્ર ગતિ.
૬. પું. સાહિત્યપ્રસિદ્ધ એક નાયક. નાયકના બે ભેદ છે: (૧) ક્રિયા ચતુર અને (૨) વચન ચતુર.
૭. પું. હાથીશાળા.
૮. વિ. હાથેલ; હોશિયાર; પ્રવીણ; કુશળ; નિપુણ.
૯. વિ. ચારની સંખ્યાવાળું.
૧૦. વિ. ચાલાક; પટુ; ચતુરાઈ પારખનારું; ઉતરાય નહિ એવું
૧૧. વિ. ધૂર્ત; લુચ્ચું; શઠ.
કૃતિકુરાળ કોવિદ નિપુણ, ચતુર પ્રવીણ નિષ્ણાત; પટુ વિદગ્ધ નાગર ચતુર, આવે રસની વાત. પ્રિયજનપ્રમોદ
૧૨. વિ. રસિક; ખૂબી સમજે એવું.
૧૩. વિ. વક્રગામી; વાંકું જનારું

ચતુરક જુઓ ચતુર.

ચતુરકોણાસન [સં.] ન. (યોગ) ચોરાસી આસનો પૈકીનું એક યોગાસન. આ આસન કરતી વખતે જમણા પગને ડીંચણમાંથી વાળીને બેસવું પછી ડાબા હાથને ડોબીમાંથી વાળીને, તેમાં ડાબા હાથને ઢીંચણમાંથી જરાવળે ઊંચો ઉપાડી રાખવો. પછી જમણા હાથને માથા પાછળથી ડાબા બાજા તરફ લાવી બંને હાથની આંગળીઓ સામસામી ભરાવીને માથાના બરાબર ઉપર હાથો પગ તોળાઈ રહે તેમ કરવું. આ આસન પણ જમણું ડાબું ફેરફારથી થઈ શકશે. આ આસનથી હાથ અને બરાબર સ્નાયુઓનો રોગ દૂર થાય છે.

ચતુરક્ષ ૧. [સં.] પું. એ નામનો એક રૂપક.
૨. પું. (સંગીત) એક પ્રકારનો તાલ. તેમાં બે ગુરુ, બે પ્લુત અને એક ગુરુ હોય. તેનો ઉપયોગ કૃષ્ણાર રસમાં થાય છે.

ચતુરક્ષર [સં.] વિ. ચાર અક્ષરવાળું.

ચતુરક્ષરી [સં.] વિ. ચાર અક્ષરનું.

ચતુરગુલ પું. બરમાળો. બરમાળાના મણકને ૧૫ ચાર પાંખડીવાળું હોવાથી તેને ચતુરગુલ કહે છે.

ચતુરચ્યક [સં.] પું. (જૈન) ચાર પરમાણુઓનો બનેલો સ્કંધ.

ચતુરતા [સં.] સ્ત્રી. ચતુરાઈ; ચતુરી; ચતુરપણું; હોશિયારી.

ચતુરત્વ [સં.] ન. ચતુરાઈ.

ચતુરનીક [સં.] પું. ચતુરાનન; બ્રહ્મા.

ચતુરપણું ન. ચતુરાઈ; હોશિયારી; ચતુરતા.

ચતુરપદ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; ચોપૈયા છંદ

ચતુરપ્રિયા [સં.] સ્ત્રી. (સંગીત) રૂપ અને યૌવનથી શોભતી, મધુર સ્વરવાળી, ચતુર તથા ગવૈયાની જેમ ગાનારી સ્ત્રી.

ચતુરભુજ ૧. [સં. ચતુર્ (ચાર) + ભુજ (હાથ)] પું. ચાર હાથવાળા વિષ્ણુ. જુઓ ચતુર્ભુજ.
૨. વિ. ચાર હાથવાળું.

ચતુરમાસ પું. ચાતુર્માસ.

ચતુરમુખ ૧. [સં. ચતુર્મુખ] પું. બ્રહ્માનું ઉપનામ. તેને ચાર મોઢાં હોવાનું મનાય છે
૨. વિ. ચાર મુખવાળું.

ચતુરશ્ર [સં. ચતુર્ (ચાર) + અશ્ર (ખૂણા)] ન. ચારખૂણાવાળું, ચોરસ ચતુષ્કોણ, ચોક, ચોકોણ અને ચિત્રોક્ષ એ ચાર ખાસી જાતનું ચતુરશ્ર વસ્તુ.

ચતુરશિરોમણિ ૧. [સં.] પું. ચતુરોમાં પણ જેથી ચડિયાતો માણસ; ખૂબ ડહાપણવાળો માણસ
૨. પું. પક્કો માણસ.
૩. પું. મૂર્ખ માણસ. અર્થમાં આ શબ્દ વપરાય છે.
૪. વિ. સૌથી વધારે હોશિયાર

ચતુરશીતિ [સં.] વિ. ચોરાસી.

ચતુરશ્રીચતુરશ્રપ્રિય [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ચતુરસુજાણ ૧. [સં. ચતુર + સુજ્ઞ] વિ. ચતુર અને સુજ્ઞ, ચતુર તેમજ જાણી જાણતાં સારી રીતે જાણનાર; વિચક્ષણ
૨. વિ. ડહ્યું, સમજુ.

ચતુરસ્ર ૧. [સં.] પું. એક જાતનો તાલ. ચાર માત્રાને અંતરે પડતા તાલને ચતુરસ્ર તાલ કહે છે. તેમાં ચાર માત્રા આવે છે. પહેલી માત્રા ઉપર તાલ અને ત્રીજી માત્રા ઉપર ખાલી આવે છે.
૨. પું. નાટકમાં એક પ્રકારનો હસ્તક.
૩. પું. બ્રહ્મસંતાન એક હેતુ.
૪. પું. (જ્યોતિષ) લગ્નથી ચોથું અને આઠમું ભુવન; ચોથી અથવા આઠમી રાશિ.
૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૬. ન. એક જાતનું નાટ્યગૃહ.
૭. ન. ચોરસ આકૃતિ; ચોરસ.
૮. વિ. ચોખૂણું; ચાર ખૂણાવાળું.
૯. વિ. ચોખાડું; ચાર હાંસવાળું.
૧૦. વિ. નહિ વધારે ને નહિ ઓછું.

ચતુરસ્રજઘનેષ્ટ [સ] ન. એક જાતનું નાટ્યગૃહ. તેનું માપ ૧૦૮ હાથ × ૧૦૮ હાથ હોય છે.

ચતુરસ્રનગર [સં.] ન. ચોખ્ખું નગર; બરાબર નગર.

ચતુરસ્રપિંડિકા [સ.] સ્ત્રી. એ નામની મૃદંગના નીચલા તળિયા ઉપર આવેલી પિંડિકા. આ પીઠ ઉપર ગણી પ્રતિષ્ઠાયિની શિરાની એક શાખા દાખલ થાય છે

ચતુરસ્રભાવ [સં.] પું. (જ્યોતિષ) જ્યોતિષ કુંડલીમાં ૮–૧૨ તે દરેક ભાવ

ચતુરસ્રમધ્ય [સ.] ન. એક જાતનું નાટ્યગૃહ. તેનું માપ ૬૪ હાથ × ૬૪ હાથ હોય છે.

ચતુરસ્રરંગમંડપ [સ.] પું એક જાતનો રંગમંડપ. ચારાંગના, અમાત્ય, વૈદ્ય, સેનાપતિ, મિત્ર અને પુત્રો સાથે જ્યાં રાજાઓ સંગીત કરાવે તે ચતુરસ્રરંગમંડપ કહેવાય .

ચતુરસ્રસંસ્થાન [સં.] પું ચોરસ કે લંબચોરસ શરીરનો બાંધો

ચતુરસ્રાવર [સ.] ન એક જાતનું નાટ્યગૃહ. તેનું માપ ૩૨ હાથ × ૩૨ હાથ હોય છે.

ચતુરસ્રાસ્થિ [સં.] ન. સામસામેની બાજુઓ સમાંતર હોય એવી ચાર બાજુની આકૃતિવાળું હાડકું.

ચતુરસ્રિક પું. જંગલી પ્રાણીની ચેતનો બનેલો એક જાતનો કામળો. તે લંબચોરસ હોય છે. તેનું માપ ૯ આંગુલ હોય છે

ચતુરસ્રિકરસ્નાયુ [સં.] પું. અક્ષકરિયના મધ્ય નળકના તળિયા ઉપર આવેલા એક અણુદ ઉપરથી નીકળતી એક ત્રાંસી રેખાને સાંકળતો એ નામનો સ્નાયુ

ચતુરસ્રોષ્ઠ [સં.] વિ. ચાર ધારવાળું.

ચતુરંગ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી સોમપાદ રાજાનો એ નામનો પુત્ર.
૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક ગાયનપદ્ધતિ. ચતુરંગ પદ્ધતિનાં (૧) ખ્યાલ, (૨) તરાના, (૩) સરગમ અને (૪) ત્રિવટ એવાં ચાર અંગો હોય છે. પહેલા ભાગમાં ગીતના શબ્દો બોલાય છે, બીજામાં તરાનાના શબ્દો, ત્રીજામાં જે રાગનો ચતરંગ તે રાગમાં આવેલી નાની સરખી સરગમ અને ચોથામાં મૃદંગના શબ્દો આવે છે.
૩. [સં.] સ્ત્રી. બુદ્ધિબળથી એ નામની એક રમત. ચૌતરંજ; ચતુરાઈ. તેમાં ચાર રાજાઓ અને તેનાં સૈન્ય બોલવવામાં આવે છે. તે દરેક સૈન્યના હાથી, ઘોડા, નૌકા અને પાયદળ એમ ચાર વિભાગ હોય છે. તેમાંનું

એકેકું રાજા સહિતનાં ચાર મહોરાંને ગણવામાં આવેલું હોય છે. આવી રીતે ચાર દિશાનાં આઠ આઠ મહોરાં મળી એ રમતમાં ૩૨ મહોરાં હોય છે અને તે રમવાનો પટ ૧૪ ખાનાંનો હોય છે. તે ઉપર દરેક દિશામાં એકેકું સૈન્ય ગોઠવવામાં આવે છે. આમાં સૈન્ય ચાર હોવાને લીધે રમનાર ચાર હોય છે, છતાં બબ્બે જણા બેઠ થઈને રમે છે, તેથી પક્ષ બે જ હોય છે. આ રમતની ઉત્પત્તિ વિષે ભવિષ્યપુરાણમાં એમ જણાવેલું છે કે લંકાથી એ રમત હિંદુસ્તાનમાં આવેલી. આ રમત હિંદુસ્તાનમાં બધા કાળથી રમાતી હતી. જગન્નાથ પંડિતે એ રમત બે બાદશાહોને શીખવી હતી. તેની ઉત્પત્તિ વિષે તપાસ કરતાં એમ જણાય છે કે જ્યારે ત્રેતાયુગમાં શ્રી રામચંદ્રજીએ લંકાને ઘેરો ઘાલ્યો હતો ત્યારે રાવણનું મન રંજન કરવા તેની સ્ત્રી મંદોદરીએ આ રમત બતાવી હતી. પહેલવી સંસ્કૃતમાં ચતરંગ નામક એક ગ્રંથ છે, જેમાં શૈતરંજની રમત વિષમાં કેમ ઉત્પન્ન થઈ તેનું વર્ણન છે. નૌશીરવાનને હિંદના એક ખડિયા રાજાએ ખંડણી સાથે આ રમત પણ મોકલી હતી. તેનો ઉલ્લેખ માત્ર બુઝરજ મહેર નામના તેના પ્રધાને કરી તે રમત શીખનારને ત્રણ ત્રણ દાવમાં મહાત કર્યો હતો.

૪. ન. એ નામનું એક જાતનું વાજું

૫. ન. ગાયનના ચાર પ્રકાર હોય તેવું ગાયન.

૬ ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું ૭મું અંગ.

૭. ન. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચાર અંગવાળું સંપૂર્ણ લશ્કર.

૮. વિ. ચાર અંગવાળું; જેને ચાર અવયવ હોય એવું.

૯. વિ. ચારનો સમુદાય; ચતુષ્ટય.

૧૦. વિ. ચોરસ.

ચતુરંગણી જુઓ ચતુરંગિણી.

ચતુરંગપ્રક્ષિપાતાસન [સં.] ન. વ્યાયામનું એક આસન. તેમાં બે હાથ તથા બે પગના કણાનાં તળિયાં જ જમીન ઉપર ટેકવી શરીરને અધર રાખવામાં આવે છે.

ચતુરંગબલ [સં.] ન. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચાર અંગવાળું સૈન્ય.

ચતુરંગબલાધ્યક્ષ [સં] પું. ચતુરંગી સેનાનો નાયક.

ચતુરંગસૈન્ય [સં.] ન. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચાર અંગવાળું સૈન્ય.

ચતુરંગિણી ૧. [સં.] સ્ત્રી. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચારે અંગવાળી સેના; ચતુરંગી સેના.

૨. વિ. સ્ત્રી. ચાર અંગવાળી; ચાર વિભાગવાળી.

ચતુરંગી ૧. [સં. ચતુરંગિન્] સ્ત્રી. શૈતરંજ નામની બુદ્ધિબળની રમત.

૨. વિ. ચાર અંગ હોય એવું.

૩. વિ. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચારે અંગ કે વિભાગવાળું.

ચતુરંગીસંઘ પું કોઈ પણ ચારનું એક જ ધ્યેયને માટે બનેલું થયું તે.

ચતુરગુલ [સં] પું. ગજમાપો; આરંભ; રાજચિહ્ન; સંપાદ; આરોગ્ય; વ્યાધિપાત; કૃતમાલ; સુવર્ણક.

ચતુરંત ૧. પું. ચાર પ્રકારની ગતિવાળો સંસાર.

૨ [સં.] સ્ત્રી. પૃથ્વી.

૩. વિ. ઘોડો, હાથી, રથ અને સુભટો એ ચાર સેનાથી શત્રુનો અંત કરનાર.

૪. વિ. ચાર ગતિવાળું.

૫. વિ. ચાર ઉપાયવાળું.

૬. ન. ચોમેર.

ચતુરંશ [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શશિવદના. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ અને યગણ એમ ૭ અક્ષર હોય છે.

ચતુરક્ષ ૧. [સં.] સ્ત્રી. ચતુર ઓ; બુદ્ધિવાળી અને હોશિયાર સ્ત્રી.

૨. સ્ત્રી. મહાકાળી.

ચતુરાઈ ૧. સ્ત્રી. ચતુરતા; ચતુરપણું; દક્ષતા; કાબેલપણ.

૧. ચતુરાઈ કરવી–ચલાવવી–વાપરવી = હોશિયારીથી કામ કરવું.

૨. બોલવાની ચતુરાઈ–વાત કરવાની ચતુરાઈ= વાકપટુતા.

૨. સ્ત્રી. ધૂર્તતા; લુચ્ચાઈ.

૩. સ્ત્રી. પક્કાઈ; બંધારણ.

૪. સ્ત્રી. યુક્તિ શોધવાની અને રસ સમજવાની શક્તિ

૫. સ્ત્રી. ઠગારોટી; ભાવઝત.

ચતુરાજી સ્ત્રી. શૈતરંજ નામની બુદ્ધિબળની રમત. જુઓ ચતુરંગ ૩.

ચતુરાત્મા ૧. [સં. ચતુરાત્મન્] પું. ઈશ્વર.

૨. પું. વિષ્ણુ; વિષ્ણુનું હજાર માંહેનું એક નામ. રાગદ્વેષ વગરના હોવાથી, જેમનો આત્મા ચતુર છે તેથી અથવા મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત નામના ચાર અંતઃકરણોથી યુક્ત હોવાથી ભગવાન ચતુરાત્મા કહેવાય છે, અથવા સૃષ્ટિની ઉત્પત્તિ આદિને માટે જેના ચાર જુદી જાતના આત્મા એટલે મૂર્તિ છે તેથી ભગવાન ચતુરાત્મા કહેવાય છે.

ચતુરાત્ર ૧. [સં.] ન. ચાર રાત્રિ.

૨. ન. ચાર રાત્રિમાં થઈ શકે તેવો એક યજ્ઞ.

ચતુરાનન ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, ત્રણ સગણ અને એક ભગણ તથા બે ગુરુ મળી ૨૦ વર્ણ હોય છે.

૨. [સં.] પું. ચાર મુખવાળા બ્રહ્મા; બ્રહ્મદેવ.

અજ કમલજ વેધા પિતા ધાતા ચતુર્મુખ રામ,
બ્રહ્મા ચતુરાનન વિધાત વિધન દુહિન કહેવાય.
પિંગળપ્રકાશ

૩. વિ ચતુર વાણીવાળું.

૪. વિ ચાર મુખવાળું.

ચતુરાપણ ન. હોશિયારી; ચતુરાઈ

ચતુરામૃત ૧. [સં.] ન. ગુણવાન સ્ત્રી.

૨. ન. ભળકનું ડાહ્યું વચન

૩. ન. શીત જ્વરનો અગ્નિ.

ચતુરાશ્રી સ્ત્રી. ચોખ્ખું.

ચતુરાશ્રમ [સં.] પું. બ. વ. ચાર આશ્રમ કે જિંદગીની અવસ્થા. (૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ એ ચાર આશ્રમ છે.

ચતુરંગુલ ૧. ન. એક જાતનું ઘાસ; મરમાળો.

૨. ન. બ. વ. ચાર આંગળ.

૩. વિ. ચાર આંગળવાળું.

ચતુરિકા સ્ત્રી. ચોરી.

ચતુરિહ પું. (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ભગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

જ જે ન જે ચતુરિહ. જયદેવપિંગળ

ચતુરિંદ્રિય ૧. [સં] પું સ્પર્શ, ઘ્રાણ, રસના અને નેત્ર એ ચાર ઇંદ્રિયોવાળો જીવ. જેમકે, ભમરો, માખી, વીંછી, મચ્છર.

૨. ન. ચાર ઇંદ્રિય હોવાપણું.

ચતુરી ૧. સ્ત્રી. ચતુરાઈ; હોશિયારી.

૨. સ્ત્રી. બને બાજુ અણીવાળા મોરાવાળું વહાણ.

ચતુરુષ્ણ [સં.] ન. સૂંઠ, મરી, લીંડીપીપર અને પીપરમૂળ એ ચાર જાતની ગરમ ચીજ.

ચતુરોષ્ણ જુઓ ચતુરુષ્ણ.

ચતુર્કોણ પું. ચાર ખૂણાની આકૃતિ.

ચતુર્ક્રમ ૧. [સં] પું. એ નામે સંસ્કૃતમાં એક કાવ્ય.

૨. પું. અગીઆર અક્ષરનો એક તાલ. તેમાં બે

ગુરુ, બે પ્લુત અને એક ગુરુ હોય છે. તેનો વ્યવહાર સૂત્રાર રસમાં થાય છે.

ચતુર્ગુણ વિ. ચારગણું; ચોગણું

ચતુર્ગતિ ૧. [સં.] પું. ક્રાન્યો.

૨. પું. નિયમપૂર્વક વર્તતા ચારે વસ્તુઓની ગતિરૂપ ઈશ્વર.

૩. પું. વિષ્ણુ; વિધિ પ્રમાણે ચાલનાર ચાર આશ્રમ અને ચાર વર્ણની ગતિ ભગવાન પોતે હોવાથી તેઓ ચતુર્ગતિ કહેવાય છે. સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એ ચાર ગતિરૂપ પણ ભગવાન પોતે છે. પાણીમા તરવું, આકાશમાં ઊડવું, જમીન ઉપર પગે ચાલવું અને પેટે ચાલવું, એ ચાર પ્રકારની ગમન ક્રિયારૂપ પણ ભગવાન પોતે જ છે.

૪. જ્યો. (જૈન) નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચાર યોનિ.

ચતુર્ગમન [સં.] ન. ચારે દિશાએ જવું તે.

ચતુર્ગુણ ૧. પું. ગણના ૭ આંકડાનો એક ભેદ. કોઈ આપેલ પ્રુપદ ગણો ચાર કરી ચાર આવૃત્ત ગોઠવે આકારીય માત્રામા પૂરા થતા પ્રુપદના બોલોને એક આવૃત્તમાં ગોઠવે ચાર માત્રામાં પૂરા કરે તો તે ચતુર્ગુણ લય કહેવાય.

૨. વિ. ચાર ગુણવાળું.

૩. [સં.] વિ. ચારગણું; ચોગણું.

ચતુર્ગુણી વિ. ચારગણું; ચોગણું.

ચતુર્ગુલ્મ પું. ગરમાળો, જેમાં તેનું ફૂલ ચાર પાંખડીવાળું હોય છે.

ચતુર્ઘાત [સં.] પું. (ગણિત) એકની એક સંખ્યા ચાર વાર લઈ તેનો ક્રમિક ગુણાકાર કરતાં ઉપરના ગુણાકારમાં આવતી સંખ્યા. મૂળ સંખ્યાને એ ઉપરના ગુણાકારનું ચતુર્ઘાતમૂળ કહે છે. જેમકે, ૨ × ૨ × ૨ × ૨ = ૧૬. એમાં ૧૬ એ ૨ નો ચતુર્ઘાત અને ૨ એ ૧૬ નું ચતુર્ઘાત મૂળ છે.

ચતુર્ઘાતપદી [સં.] સ્ત્રી. (ગણિત) જેનું ૨૨૬ પદ ચાર ઘાતનું હોય અથવા જેનું એક પદ ચાર ઘાતનું અને બાકીનાં પદોમાનું કોઈ પણ ચારથી વધારે ઘાતનું ન હોય તેની પદી. જેમકે, $x^4 + ax^4$; $x^4 + x^3 + x^2 + x + 1$

ચતુર્ઘાતમૂલ [સં.] ન. (ગણિત) જે મૂળ સંખ્યા ઉપરથી ચતુર્ઘાતની સંખ્યા નીકળી હોય તે; વર્ગમૂલનું વર્ગમૂળ. જેમકે, ૨ × ૨ × ૨ × ૨ = ૧૬. એમાં ૨ એ ૧૬નું ચતુર્ઘાતમૂળ છે.

ચતુર્ઘાતચક્ર [સં.] પું. (ગણિત) જે ઘાતના સમીકરણમાં અજ્ઞાતોનું મોટામાં મોટું ઘાતચિહ્ન ૪ હોય તે. જેમકે, $x^4 + x^2 x^2 + x^4 = 0$.

ચતુર્ઘાતસમીકરણ [સં.] ન. (ગણિત) અજ્ઞાત રાશિનો મોટામાં મોટો ઘાત ચાર હોય તેનું સમીકરણ. અજ્ઞાત રાશિ એકજ હોય તો તેને એકજાતિ ચતુર્ઘાતસમીકરણ કહે છે અને એકથી વધારે અજ્ઞાત રાશિ હોય તો તેને અનેકવર્ણચતુર્ઘાતસમીકરણ કહે છે. જેમકે, $x^4 + x^2 + x = 22$.

ચતુર્જગદ્ગુરુ [સં. ચતુર્જગદ્ગુરુ] પું. નિર્ભયતા, શીતળતા, મધુરતા, સુવાસિતપણું એવા પાણીના ચાર ગુણ.

ચતુર્જાત [સં.] ન. તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસરના સરખા ભાગનો સમૂહ.

ચતુર્જાતક જુઓ ચતુર્જાત

ચતુર્જ્ઞાન [સં.] ન. (જૈન) ચાર પ્રકારનું જ્ઞાન. (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ અને (૪) મનઃપર્યવ એવા જ્ઞાનના ચાર પ્રકાર છે.

ચતુર્તાલ [સં.] પું. (સંગીત) દસ માત્રાનો એક તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫, ૭ માત્રા ઉપર છે.

ચતુર્ત્રિકોણાકૃતિ [સં. સ્ત્રી.] ચાર ત્રિકોણવાળી આકૃતિ.

ચતુર્થ ૧. [સં.] પું. એક જાતનો તાલ.

૨. પું. ચોથો ભાગ.

૩. પું. (સંગીત) સામવેદમાં જણાવેલ સાત માંહેનો એક સ્વર.

૪. સ્ત્રી. દક્ષિણ મરાઠા દેશ તરફ રહેતી અને ખેતીનો ધંધો કરતી એક હિંદુ જ્ઞાતિ.

૫. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૬. વિ. એ નામની જ્ઞાતિનું

૭. વિ. ચોથું; ચારની સંખ્યાનું.

ચતુર્થક ૧. [સં.] પું. ચોથિયો તાવ; ચાર ચાર દિવસે આવતો તાવ.

૨. વિ. ચોથું.

ચતુર્થકાલ ૧. [સં.] પું. એક ઉપવાસ પછી બીજા દિવસની સાંજ.

૨. પું. ભોજનનો સમય; બપોર અથવા તે સુમારનો વખત.

ચતુર્થઘાત જુઓ ચતુર્ઘાત.

ચતુર્થઘાતપદી જુઓ ચતુર્ઘાતપદી.

ચતુર્થચંદ્રાકાર [સં.] વિ. ચતુર્થના ચોથા ભાગના આકારનું.

ચતુર્થપદી જુઓ ચતુર્ઘાતપદી.

ચતુર્થપાદ ૧. [સં.] પું ચોથું પદ.

૨. પું. ચોથો ભાગ.

ચતુર્થપ્રમાણુપદ [સં.] ન. પ્રમાણુપદ ચાર માંહેની ચોથી અથવા ચોથી સંખ્યા.

ચતુર્થફલ [સં.] ન. (જ્યોતિષ) મધ્યમ મંગળ સ્પષ્ટીકરણ કરવા માટે આપેલું ચોથું ફળ.

ચતુર્થફલી જુઓ ચતુર્થફલ.

ચતુર્થમૂલ જુઓ ચતુર્ઘાતમૂળ.

ચતુર્થવ્રત [સં.] ન. (જૈન) ચોથું વ્રત; બ્રહ્મચર્યપાલન.

ચતુર્થસમીકરણ જુઓ ચતુર્ઘાતસમીકરણ.

ચતુર્થાશ્રમ [સં.] પું. પુરુષાયુષ્યનો ચોથો વિભાગ; સન્યસ્તાશ્રમ.

ચતુર્થાશ્રમનિર્ણેતા [સં.] પું. પુરુષોત્તમનાં દસ્તર માંહેનું એક નામ.

ચતુર્થાશ્રમપાલક [સં] પું. ચોથા આશ્રમનું પાલન કરનાર સંન્યાસી; સન્યાસ્તાશ્રમી.

ચતુર્થાશ્રમી જુઓ ચતુર્થાશ્રમપાલક.

ચતુર્થાહ્નિક [સં.] પું. ચોથે ચોથે દિવસે આવનો તાવ; ચોથિયો તાવ.

ચતુર્થાંશ [સં.] પું. (ગણિત) ચોથો અંક; ચોથો ભાગ; ચોથો હિસ્સો; પા ભાગ.

ચતુર્ધિકા [સં.] સ્ત્રી. પદ્મ; ચાર કર્ણિકાવાળું વજ્રન

તેને મુષ્ટિ, આમ, ચતુર્ધિકા, પ્રકોષ્ઠ, પીઠપ્રા અને ત્રિક પણ કહે છે. શોડશચિંતામણિ

ચતુર્ધી ૧. સ્ત્રી. મુદ્રા; મૂંઝ.

૨. [સં.] સ્ત્રી. (આકરણ) સાત માંહેની ચોથી વિભક્તિ.

૩. સ્ત્રી. બુદ્ધિ અથવા વૃદ્ધિ ચોથ; ચોથી તિથિ.

૪. વિ. સ્ત્રી. ચોથા નંબરની.

ચતુર્ધાકર્મ ન. જન્મ પછી ચોથે દિવસે કરવામાં આવતી એક આદ્ય વિધિ. તેમાં ગંગા વગેરે નદી અને આમંત્રેલા વગેરેનું પૂજન કરવામાં આવે છે. આ ક્રિયા કર્યા પહેલાં બરવપૂનો સંયોગ થઈ શકતો નથી.

ચતુર્ધાપૂજન ન. સૃષ્ટિ વિરુદ્ધ કર્મ. અંત્યમાં એમ કહેવાય છે

ચતુર્થ્યર્થ [સં.] વિ. (આકરણ) નામયોગી અવ્યય. તે વિભક્તિનું કામ કરે છે. જેમકે, કારણે, માટે, વાસ્તે, સારૂ.

ચતુર્થ્યર્થક જુઓ ચતુર્થ્યર્થ.

ચતુર્દલચક્ર [સં.] ન શરીરની અંદર રહેલાં સાત માંહેનું ચાર પાંખડીવાળું ચક્ર; આધારચક્ર. તે શરીરના મુદ્રાસ્થાન અને જનનેંદ્રિયની મધ્યમાં આવેલું છે. તેના અધિપતિ ગણપતિ છે. તેમાં જ્યોતિષ્મતી ભગવતી કુંડલિની છે.

ચતુર્દશ ૧. ન. (જૈન) ૭ ઉપવાસ એક સાથે કરવા તે.
૨ [સં.] વિ. ચૌદમું
૩. [સં ચતુર્દશન્] વિ. દસને ચાર; ચૌદ; ૧૪.

ચતુર્દશધા [સં.] અ. ચૌદ પ્રકારે; ચૌદ રીતે.

ચતુર્દશપદી ૧. [સં.] ન. ચૌદ લીટીના કાવ્યખંડ માટેનું એક નામ.
૨. વિ. ચૌદ પગવાળું

ચતુર્દશપૂર્વી ૧. [સં.] સ્ત્રી. (જૈન) ચૌદ પૂર્વનો સમૂહ.
૨. વિ. ચૌદ પૂર્વના જ્ઞાનવાળું

ચતુર્દશપ્રમાણાત્મા ૧. પું. પુરુષોત્તમનાં ઢળકર માંહેનું એક નામ.
૨. પું. વિષ્ણુ.

ચતુર્દશભુવન ૧. [સં.] ન. ચૌદ ભુવન.
૨. ન. (જૈન) ચૌદ રાજલોક.

ચતુર્દશમહારત્ન ૧. [સં.] પું. પુરુષોત્તમનાં ઢળકર મહેનું એક નામ.
૨. પું વિષ્ણુ.
૩. ન. સમુદ્રમંથન વખતે નીકળેલાં ચૌદ મોટાં રત્ન.

ચતુર્દશવિદ્યા [સં.] સ્ત્રી. વેદ વગેરે ચૌદ શાસ્ત્ર.

ચતુર્દશાંગ [સં.] ન. વૈદ્યપ્રસિદ્ધ એક પાચન.

ચતુર્દશી ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક વ્રત. તે અનંત નાગની પ્રિયતા માટે કરવામાં આવે છે. યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણની આજ્ઞાથી નષ્ટ રાજ્યની પ્રાપ્તિને માટે આ વ્રત ભાદરવા સુદિ ચૌદશને દિવસે કરેલું હતું.
૨. સ્ત્રી. એ નામનો એક તહેવાર. તે ચૈત્ર માસમાં તેરસ અથવા ચૌદશને દિવસે આવે છે. આ તહેવાર કામદેવોના માનાર્થે છે. મેવાડના રજપૂતો મોટી ધામધૂમથી તે પાળે છે.
૩. સ્ત્રી. ચૌદશ; પખવાડિયાનો ચૌદમો દિવસ.
૪. સ્ત્રી. ધોળી નગોડ

ચતુર્દળ ૧. ન. ચારે બાજુનાં દળ જેમાં હોય એવું સૈન્ય; ચતુરંગ.
૨. વિ. ચાર પાનનું; ચાર પાદડીવાળું; ચાર પાંખડીવાળું
૩. વિ. ચારગણું

ચતુર્દંત [સં.] પું. ચાર દાંતવાળો હાથીનો ઐરાવત હાથી.

ચતુર્દંષ્ટ્ર ૧. [સં] પું એ નામનો એક રાક્ષસ.
૨. પું. એ નામનો કાર્તિક સ્વામીનો એક સૈનિક.
૩. પું. પરમેશ્વર.
૪. પું. બલિ રાજાનું સૈન્ય.
૫. પું. વિષ્ણુનાં ઢળકર માંહેનું એક નામ. ચાર દાઢવાળા એટલે કે મનુષ્યમૂર્તિરૂપે ભગવાન પોતે હોવાથી તેમને ચતુર્દંષ્ટ્ર કહેવામાં આવે છે. નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને દૈન્ય એવા ચાર પ્રકારના પ્રલય કરનારા પણ પોતે છે. વળી ચાર દાઢ હોવાથી નૃસિંહરૂપ ભગવાન ચતુર્દંષ્ટ્ર છે. સમાનતાને લીધે સીંગડાને પણ દંષ્ટ્રા કહે છે તેથી 'એને ચાર સીંગ છે' એ શ્રુતિ અનુસાર પણ તે ચતુર્દંષ્ટ્ર છે.

ચતુર્દિક [સં. ચતુર્ (ચાર) + દિક્ (દિશા)] સ્ત્રી. ચાર દિશા; ચારે બાજુ

ચતુર્દિગ્રક્ષ [સં.] વિ. ચારે દિશામાં આવેલું.

ચતુર્દિશ ૧. [સં.] અ. ચાર દિશા.
૨. અ. ચારે દિશામાં; ચોદિશ; ચારે કોર; ચોતરફ.

ચતુર્દિશા [સં.] સ્ત્રી. ચારે દિશા

ચતુર્દોલ ૧. [સં. ચતુર્ (ચાર) + દોલ (હીંચકો)] પું. ચાર દંડવાળો હીંડોળો.
૨. પું. ચાર માણસથી ઉપાડી શકાય તેવું વાહન.

ચતુર્દ્વાર ૧. [સં.] ન. ચાર બારણાંવાળું ઘર.
૨. ન. બ. વ. ચાર બારણાં.

ચતુર્ધા ૧. [સં.] પું. પુરુષોત્તમનાં ઢળકર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. સાલોક્ય, સાર્ષ્ટિ, સારૂપ્ય અને સામીપ્ય એ ચાર પ્રકારની મુક્તિ. જુઓ ચતુર્ધામુક્તિ.
૩. વિ. ચારગણું.
૪. અ. ચાર રીતે; ચાર પ્રકારે; ચાર રીતથી.

ચતુર્ધાતુવાદ [સં.] પું. ત્રેવીસ માંહેનો એક વાદ

ચતુર્ધાભૂતજ્ઞાયન પું. શ્રીકૃષ્ણ ભગવાનનું એક નામ

ચતુર્ધામ [સં. ચતુર્ધામન્] પું. ચાર ધામ; ચાર મુખ્ય તીર્થ

ચતુર્ધામમુક્તિ [સં.] સ્ત્રી. પ્રભુ પાસે રહેવું, પ્રભુમાં મળી જવું, પ્રભુ જેવું થવું અને પ્રભુના ધામમાં રહેવું એ ચાર પ્રકારની મુક્તિ.

ચતુર્ધાર [સં.] વિ. ચોરસ; ચોખાઈ.

ચતુર્ધાશક્તિ [સં] સ્ત્રી ચારગણી શક્તિ.

ચતુર્ધૂદી [સં.] સ્ત્રી ખિસકોલી. તેને ચાર પગ હોવાથી આ નામ પડ્યું છે.

ચતુર્પંચ ૧. સ્ત્રી. ચાર પાંચ.
૨. ન. ચાર પાંખવાળું પ્રાણી.
૩. વિ. ચાર પાંખવાળું.

ચતુર્પ્રલય [સં] પું. નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને મહાપ્રલય એ ચાર પ્રકારના પ્રલય.

ચતુર્બાહુ ૧. [સં.] પું. વિષ્ણુના ઢળકર માંહેનું એક નામ. ચાર ભુજાવાળા હોવાથી ભગવાન ચતુર્બાહુ કહેવાય છે. વળી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અથવા શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરનારા હોવાથી ભગવાન ચતુર્બાહુ કહેવાય છે
૨. પું. શિવ; શંકર; મહાદેવ.
૩. પું. ૪ ૪ ચાર ભુજા
૪. ન. ચાર ખૂણાવાળું ક્ષેત્ર.
૫. વિ. ચાર ભુજાવાળું

ચતુર્ભગિ [સં.] ન બ. વ. ચાર દાક્ષા: મેથી, અસાળિયો, કાળીજીરી અને અજમોદ એ ચાર જાતનાં બીજ.

ચતુર્બ્રહ્મપુત્ર [સં.] પું બ. વ. સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એમ બ્રહ્માના ચાર પુત્ર.

ચતુર્ભક્ત [સં.] પું. બ વ. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહેલા આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ ચાર પ્રકારના ભક્ત.

ચતુર્ભદ્ર ૧. [સં.]. ન. નાગરમોથ, અતિવિષની કળી, ગળો અને સૂંઠ એની ચાર ઔષધિનો સમુદાય..
૨. ન બ. વ. ચાર જાતની ઉત્તમ દવા.
૩. ન. બ. વ. માનવ જીવનના ચાર હેતુઓ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

ચતુર્ભેદ ૧. પું. બ. વ. ચાર પ્રકાર.
૨. [સં.] પું બ. વ. ચાર વિભાગ.

ચતુર્ભાગ [સં.] પું. ચોથો ભાગ; ચતુર્થાંશ.

ચતુર્ભાગિકા [સં.] સ્ત્રી. રસ માપવાનું ૬૪ પળનું એક માપ.

ચતુર્ભાવ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં ઢળકર માંહેનું એક નામ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ ભગવાનથી ઉત્પન્ન થાય છે, તેથી ભગવાન ચતુર્ભાવ કહેવાય છે.
૩. પું. શિવનાં ઢળકર માંહેનું એક નામ.

ચતુર્ભુજ ૧. પું ચારો માણસ.
ચતુર્ભુજ બનવું = (૧) કામમાંથી વિરામ રહેવું. (૨) કેદી બનવું; બંદીવાન થવું (૩) સ્તબ્ધ થઈ રહેવું; ચકિત થવું; દિગ્મૂઢ બનવું.
૩. [સં.] પું. શ્રીકૃષ્ણ
૪. પું. ચાર ભાજુવાળી આકૃતિ; ચોખૂણ આકૃતિ.

૫. પું. બંદીવાન; કેદી.
૧. ચતુર્ભુજ કરવું = માણસને પકડીને તેના હાથ પીઠ પાછળ બાંધવા
૨. ચતુર્ભુજ થવું = (૧) કેદી થવું. (૨) જજાળમાં પડવું
૬. પું. વિષ્ણુ; વિષ્ણુનાં ઢળતર માહેનું એક નામ. ચાર ભુજાઓ હોવાથી ભગવાન ચતુર્ભુજ કહેવાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર ભગવાનની ભુજાઓ હોવાથી ભગવાન ચતુર્ભુજ કહેવાય છે.
૭. જ. ચાર ભાજુ અને ચાર ખૂણાવાળું ક્ષેત્ર.
૮. વિ. ચાર હાથવાળું.
૯. વિ. ચોખૂણું; ચાર ખૂણા કે ભાજુવાળું.
૧૦. વિ. જેના હાથ પીઠ ઉપર બાંધેલા હોય તેવું; કેદ પકડેલું; બંદી; કૂખલાબદ્ધ.
૧૧. વિ. નાગું.
૧૨. વિ વિવાહિત; પરણેલ.

ચતુર્ભુજદાસ પું. શ્રીનાથજીના આઠ માહેનો એક કીરતનિયો

ચતુર્ભુજવિષ્ણુ [સં.] પું. ચાર ભુજાવાળા વિષ્ણુ.

ચતુર્ભુજસ્વરૂપ ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.
૨. જ. ચાર હાથવાળું સ્વરૂપ.

ચતુર્ભુજા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
૨. સ્ત્રી. સાવિત્રીરૂપધારિણી મહાશક્તિ.
૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

ચતુર્ભુજી ૧. પું. એક વૈષ્ણવ સંપ્રદાય. તેના આચાર્ય બ્રહ્મચર વગેરે રામાનંદીઓને માનતા છે.
૨. પું. ચતુર્ભુજ સંપ્રદાયનો અનુયાયી.
૩. સ્ત્રી. દેવી.
૪. વિ. ચાર ભુજાવાળું.

ચતુર્માત્રા જ. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માહેનું ૭મું અંગ; ચતુર્મુખ; ચતુરંગ.

ચતુર્માન જ. ચતુર્માપ; વીંટી, ચોરસ, ઘન અને કાલનું માન.

ચતુર્માપ જુઓ ચતુર્માન.

ચતુર્માસ [સં.] પું. જ. વ. ચતુર્માસ; અષાઢ સુદિ અગિયારસ એટલે દેવપોઢી અગિયારસથી કાર્તિક સુદિ અગિયારસ એટલે દેવઊઠી અગિયારસ સુધીના ચાર માસ; ચોમાસાનો ચાર માસ; ચોમાસું.
ચતુર્માસ કરવા = (૧) ચોમાસાના ચાર માસ એટલે અષાઢ સુદિ અગિયારસથી કાર્તિક સુદિ અગિયારસ સુધી કિલ્લામાં એક જગ્યાએ રહેવું. (૨) ચોમાસામાં એક સ્થળે રહેવું.

ચતુર્માસા જુઓ ચતુર્માસ.

ચતુર્માસિક ન. (જૈન) ચોમાસી તપ; ચાર માસના ઉપવાસ.

ચતુર્માસી સ્ત્રી. (જૈન) ચાર માસનો સમૂહ; ચોમાસું.

ચતુર્માસ્ય જ્ઞા (જૈન) ચોમાસું. સાધુ સાધ્વીને સ્થિર રહેવાનો સમય. અષાઢ સુદિ પૂનમથી કાર્તિક સુદિ પૂનમ સુધીનો સમય

ચતુર્માસ્ય ૧. [સ.] ન (જૈન) અષાઢી પૂનમથી કાર્તિકી પૂનમ સુધીનો સમય.
૨. ન. (સંગીત) પાડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં નિષાદ વર્જવાથી ઉત્પન્ન થતું એક તાન.

ચતુર્મુખ ૧. પું. (સંગીત) એક ચતસ્રજાતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૫, ૧૩ અને ૧૭ માત્રા ઉપર છે.
૨. [સં.] પું. એક જાતનું ઔષધ.
૩. પું. ચતુરાનન; ચાર મોઢાંવાળા બ્રહ્મા.
૪. પું. વિષ્ણુ.
૫. પું. શિવનાં ઢળતર માંહેનું એક નામ.
૬. સ્ત્રી. એ નામની ગાયત્રીની ૨૪ માહેની એક મુદ્રા. જુઓ ગાયત્રી મુદ્રા.
૭. જ. ચાર મોઢાંવાળું ઘર.
૮. જ. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માહેનું ૬ઠું અંગ. જુઓ ચતુર્માત્રા.
૯. વિ. ચાર મુખ અને ચાર ભાજુવાળું.
૧૦. વિ. ચોતરફ

ચતુર્મુખરસ પું. (વૈદક) સંધિવા, પક્ષઘાત, ઊર્ધ્વસ્તંભ, લકવા તથા અસ્થિના મહાડનાર એક ઔષધ. તેની માત્રા ૨ રતી છે અને તે મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ચતુર્મુખી ૧. પું. બ્રહ્મા.
૨. વિ. ચાર મુખવાળું.

ચતુર્મૂર્તિ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. પુરુષોત્તમનાં ઢળતર માંહેનું એક નામ.
૩. પું. વિષ્ણુનાં ઢળતર માંહેનું એક નામ. વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત અને તુરીયરૂપ ભગવાનની ચાર મૂર્તિ છે તેથી તે ચતુર્મૂર્તિ કહેવાય છે અથવા તેમની શ્વેત, રક્ત, પીત અને કૃષ્ણ એ ચાર મૂર્તિ છે તેથી તે ચતુર્મૂર્તિ કહેવાય છે. વળી તે ચાર મૂર્તિ એટલે આકારવાળા છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહરૂપે પણ પોતે જ છે તેથી ભગવાન ચતુર્મૂર્તિ કહેવાય છે.

ચતુર્મૂલ [સ.] ન. (અણિત) જે પરિમાણને પોતાનાથી જ ચાર વાર ગુણવાથી આવેલું પરિમાણ આવે તે પરિમાણને આપેલા પરિમાણનું મૂલ. જેમકે, ૩ × ૩ × ૩ × ૩ = ૩⁴ = ૮૧. તેથી ૩ એ ૮૧નું ચતુર્મૂલ અથવા ચતુર્થમૂલ કહેવાય છે.

ચતુર્મૂળ જુઓ ચતુર્મૂલ.

ચતુર્યામધર્મ [સ] પું (જૈન) મહાવ્રતરૂપી ધર્મ. અહિંસા, સત્ય, અચૌર્ય અને અપરિગ્રહ.

ચતુર્યુગ [સં] પું. જ. વ. સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગ એવા ચાર યુગ. એ ચારે યુગના કાળ મળી કુલ ૪૩,૨૦,૦૦૦ વરસ થાય છે. એવા ૭૧ ચતુર્યુગનો એક મન્વંતર કાળ છે.

ચતુર્યુગી [સં.] સ્ત્રી. ચાર યુગ જેટલો કાળ; જેટલા વખતમાં ચાર યુગ એક વાર વીતી બીજો તેટલો વખત; ૪૩,૨૦,૦૦૦ વરસનો સમય.

ચતુર્લગ પું. (ખિંગળ) એ નામનો એક છંદ.

ચતુર્વક્ત્ર જુઓ ચતુર્વદન.

ચતુર્વચન પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ; ચોબોલા. તેના વિષમ પદમાં ૧૬ અને સમ પદમાં ૧૪ મળી કુલ ૩૦ માત્રા હોય છે.

ચતુર્વચા જુઓ ચતુર્વચન.

ચતુર્વટી [સં.] સ્ત્રી. ચાર વડનો સમૂહ.

ચતુર્વદન ૧. [સં.] પું. બ્રહ્મા; ચતુરાનન.
૨. વિ. ચાર મુખવાળું.

ચતુર્વયસ્ [સં.] પું. એ નામનું એક વૃક્ષપાત્ર.

ચતુર્વર્ગ ૧. [સં.] પું. ચાર વર્ગ.
૨. પું. માનવજીવનના ચાર ઉદ્દેશો; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારનો સમુદાય.

ચતુર્વર્ગ ચિંતારત્ન ૧. પું. પુરુષોત્તમનાં ઢળતર માહેનું એક નામ.
૨. પું. વિષ્ણુ.

ચતુર્વર્ણ ૧. [સં.] પું. જ. વ. ચાર અક્ષર.
૨. પું. જ. વ ચાર વર્ણનો સમૂહ; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.
૩. પું. જ. વ. ચાર રંગ.
૪. પું. જ વ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ.
૫. પું. જ. વ. (જૈન) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર વર્ણનામકર્મની પ્રકૃતિ.

ચતુર્વર્ણમય [સં.] વિ. ચાર વર્ણમય; ચાર વર્ણનું.

ચતુર્વર્ણી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; ચતુર્વદન. આ છંદ ગાયત્રી

ઙનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ અને યગણ એમ ૭ અક્ષર હોય છે.

ચતુર્વેણ્ડિ [સં.] પું. (વ્યાકરણ) વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસંજ્ઞા.

ચતુર્વર્ષીય [સં.] વિ. ચાર વર્ષનું થતું.

ચતુર્વેરણ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રત્યેક. તેના દરેક ચરણમાં સગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.

ચતુર્વાણી [સં.] સ્ત્રી. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર જાતની વાણી.

ચતુર્વાર્ષિક [સં.] વિ. ચતુર્વર્ષીય; ચાર વર્ષે થતું.

ચતુર્વાહી [સં.] સ્ત્રી. ચાર ઘોડાની ગાડી.

ચતુર્વિદ્ય ૧. વિ. ચાર વિદ્યાવાળું.

૨. [સં.] વિ. ચાર વેદ જાણનાર; ચાર વેદમાં કુશલ

ચતુર્વિદ્યા [સં.] સ્ત્રી. ચાર વેદની વિદ્યા; ચાર વેદરૂપ ચાર વિદ્યા.

ચતુર્વિધેશ્વર [સં.] પું. બ્રાહ્મ જ્યારિમ રૈવતામાંનો એક.

ચતુર્વિધ ૧. [સં.] પું. (જૈન) જૈન સંઘનો એક પ્રકાર. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા હોય છે.

૨. વિ. ચાર વિધનું; ચાર પ્રકારનું; ચાર જાતનું.

ચતુર્વિધ અભ્ય [સં.] ન. ચાર પ્રકારનું અભ્ય: (૧) ખાદ્ય એટલે દાંત અને જીભનો જેમાં ખાતી વખતે ઉપયોગ કરવામાં આવે તે અભ્ય. (૨) પેય એટલે જે અભ્ય પાણીની પેઠે પિવાય તે. જેવાં કે, દૂધ, છાશ. (૩) ભોજ્ય એટલે ચૂસીને ખાવામાં આવે તે. જેમકે, કેરી, શેરડી. (૪) લેહ્ય એટલે સમગ્રકરથી ખવાય તે.

ચતુર્વિધશરીર [સં.] ન. બ. વ. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એ ચાર પ્રકારનાં શરીર.

ચતુર્વિધ સંઘ [સં] પું. (જૈન) ચાર જાતનો સમૂહ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને ચતુર્વિધસંઘ કહે છે

ચતુર્વિધા જુઓ ચતુર્વિધ.

ચતુર્વિંશ [સં.] વિ. ચોવીસમું; ૨૪ મું.

ચતુર્વિંશતિ [સં.] વિ. ચોવીસ; ૨૪.

ચતુર્વિંશતિક ૧. [સં] પું સંખ્યાવાચકપ્રસિદ્ધ પ્રકૃતિજન્ય ચોવીસ વિકાર.

૨ વિ. ચોવીસની સંખ્યાવાળું.

ચતુર્વિંશતિસ્તવ ૧ [સં.] પું. (જૈન) આવશ્યક શ્રુતજ્ઞાનના ૬ ભાગોનો એક પ્રકાર.

૨. પું. (જૈન) તીર્થંકરોના ગુણની સ્તુતિ કરવી તે.

ચતુર્વેદ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. શિવ; શંકર

૩. પું. બ. વ. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એ ચાર વેદ

૪. વિ. ચારે વેદ જાણનાર; ચાર વેદમાં કુશળ.

ચતુર્વેદવિદ ૧. [સં. ચતુર્વેદવિદ] પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. ચારે વેદોના અર્થને સારી રીતે જાણે છે તેથી પરમાત્મા ચતુર્વેદવિદ કહેવાય છે. વળી જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા એ ચાર અવસ્થાઓના જાણનારા પણ પરમાત્મા છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી કરનારા અને વાણીની સમજણ પાડનારા ચતુર્મુખી બ્રહ્મા પણ પોતે જ છે.

૨. વિ. ચારે વેદ જાણનાર.

ચતુર્વેદી ૧. [સં. ચતુર્વેદિન્] પું. ચોબો.

૨. સ્ત્રી. મોઢ બ્રાહ્મણનો એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ચાર વખત સાંભળી તે વાત મોઢે કહી શકનાર.

૬. વિ. ચાર વેદને જાણનાર, ચારે વેદ ભણેલ.

ચતુર્વ્યૂહ ૧. [સં.] પું. ચાર અનુપમ અથવા પદાર્થોનો સમૂહ. જેમકે, (૧) રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન; (૨) શ્રીકૃષ્ણ નારાયણ, લક્ષ્મી નારાયણ, વાસુદેવ નારાયણ અને નર નારાયણ; (૩) કૃષ્ણ, બળદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ; (૪) સંસાર, સંસારનો હેતુ, મોક્ષ અને મોક્ષનો ઉપાય. વિષ્ણુસહસ્રનામના ભાષ્યકારના જણાવવા પ્રમાણે વિષ્ણુનાં શરીરપુરુષ, જીવ પુરુષ, વેદપુરુષ અને મહાપુરુષ એ ચાર રૂપ છે.

૨. પું. ચાર બ્યૂહ રચનાર વિષ્ણુ; વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. વેદની ચાર રચના એટલે પુરુષ, વેદપુરુષ, જીવપુરુષ અને મહાપુરુષ ભગવાન પોતે હોવાથી તેને ચતુર્વ્યૂહ કહેવામાં આવે છે. સ્થૂળ, સૂક્ષ્મ, પરબ્રહ્મ અને મહાપરબ્રહ્મ રૂપમાં પણ ચાર બ્યૂહ એટલે રચનારૂપ તે છે. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જરૂપે પણ ભગવાન પોતે છે. શ્રીકૃષ્ણ, બલરામ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ અથવા વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નરૂપે પણ ભગવાન છે.

૩. ન. ચિકિત્સારાજ્ય.

૪ ન યોગશાસ્ત્ર.

૫. ન. કેવ, હાન, હાનોપાય અને કેવલેતુ એવા ચાર વ્યૂહવાળું મોક્ષશાસ્ત્ર

ચતુર્હસ્ત ૧. [સં.] ન. ચાદર

૨. વિ. ચાર હાથવાળું.

ચતુર્હુત [સં.] પું. એ નામનો એક મંત્ર.

ચતુર્હોત્ર ૧. [સં.] પું. પરમેશ્વર

૨. પું. વિષ્ણુ.

ચતુલા પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તેમાં પાંચ પાદ અને ચોરાણું માત્રા હોય છે. યતિનો નિયમ નથી. અંકમાં ૧૬ માત્રા હોય એવાં ચાર પાદ અને છેલ્લા પાદમાં ૩૦ માત્રા હોય છે

ચતુશ્ચક્ર [સં.] ન. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક ચક્ર. તે ઉપરથી તાંત્રિકો મંત્ર શુભ કે અશુભ હોવા સંબંધી વિચાર કરે છે.

ચતુશ્ચત્વારિંશ [સં.] વિ. ચુમાલીસ; ૪૪.

ચતુશ્ચરણી [સં.] પું. પગ અને સાયળ બનવાનો એક રમતુ.

ચતુશ્ચરુંગ ૧. [સં.] પું. કુશદ્વીપમાં આવેલ એ નામનો એક પર્વત.

૨. વિ. ચાર શિખરોવાળું.

ચતુષય ન. ચતુષ્ક; ચારનો સમૂહ. ચોકડી.

ચતુષ્ક ૧. [સં.] પું. ચાર વાનગીઓનો બંડબ.

૨. પું. ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળ; ચોક; ચોવારો.

૩. સ્ત્રી. ચોરીસ મહેની એક મુદ્રા.

૪ ન. એક જાતની ગાડી

૫. ન. એક જાતનું ઘર.

૬. ન. ચારની સંખ્યા; ચોકડી; ચારનો સમૂહ; ચતુષ્ક.

૭. વિ. ચાર અંગ અથવા ભાગવાળું.

૮ વિ. ચારની સંખ્યાવાળું.

ચતુષ્કપદી [સં] સ્ત્રી ચાર ચરણોવાળી. ઋગ્વેદમાં એક સ્થળે એક ઋચાને **ચતુષ્કપદી** એટલે ચાર ચરણોવાળી કહી છે પુરાતત્ત્વ

ચતુષ્કર [સં.] વિ. ચાર હાથવાળું; ચતુર્ભુજ.

ચતુષ્કર્ણ [સં] વિ ચાર કાન જેવું, એટલે વધારે માણસો સાંભળે છે.

ચતુષ્કર્ણતા [સં.] સ્ત્રી વિધાન, ખબર

ચતુષ્કર્ણી [સં.] સ્ત્રી. એ નામની કુમારઋતુચર્યા ભગંદર.

ચતુષ્કલ ૧. [સં.] પું. છંદ:શાસ્ત્રપ્રસિદ્ધ માત્રાવૃત્તમાં ઉપયોગી ચાર માત્રાવાળો સમૂહ.

૨. વિ. ચાર કલાવાળું

ચતુષ્કલક જુઓ ચતુષ્કલ.

ચતુષ્કલાધર [સં.] પું. ચકલ.

ચતુષ્કિકા [સં.] સ્ત્રી. ચારનો સમુદાય.

ચતુષ્કી [સં.] સ્ત્રી. એક જાતનું તળાવ.

ચતુષ્કોણ ૧. પું. ન. ન. ધ્રૌવ્ય, અગ્નિ, નૈર્ઋત્ય અને વાયવ્ય એ ચાર ખૂણા.

૨. [સં.] પું. (ગણિત) ચાર ખૂણાવાળી આકૃતિ; ચાર સીધી લીટીથી બંધ થયેલી આકૃતિ. 'ક્વાડ્રિલેટરલ'.

૩. પું. ચોક.

૪. ન. ચાર ખૂણાવાળું ક્ષેત્ર.

૫. વિ. ચતુર્ભુજ; ચાર હાથવાળું.

૬. વિ. ચાર ખૂણાવાળું; ચોખૂણ.

ચતુષ્કોણમેજી વિ. ચોરસ મેજવાળું.

ચતુષ્કોણાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન; જમણા પગને ઢીંચણથી ઊંધો રાખી, બેસી, ડાબા હાથની કોણીની ઉપર કપો પગ ભરાવી, જમણા હાથનો તથા ડાબા હાથનો પંજો ડાબા કાનની પાસે એકત્ર કરી, પકડીને બેસવું તે. પગની તથા હાથની સ્થિતિ બદલાવવાથી આ આસનનો બીજો પ્રકાર થાય છે. બંને પગને પાછળથી વાળી જમીન ઉપર બેસવાથી તથા હાથ પેટ ઉપર રાખવાથી પણ આ આસન કરી શકાય છે. આ આસને બેસવાથી હાથના, પગના તથા ઉદરના રોગોનું શમન અને સ્નાયુની દૃઢતા થાય અને બુદ્ધિ વધે.

ચતુષ્કોણી ૧. વિ. ચાર ખૂણાવાળું.

૨. વિ. ચોકના આકારનું.

૩. વિ. ચોકનું; ચોક સંબંધી.

૪. વિ. ચોકમુખી.

ચતુષ્કોષી સ્ત્રી. ચોખંડું; ચતુરાઈ.

ચતુષ્કોષ્ઠી જુઓ ચતુષ્કોષી.

ચતુષ્ક્ય ૧. [સં.] ન. ચોકડી; ચારની સંખ્યા; ચારનું ચૂમખું; ચારનો સમુદાય.

૨. ન. (જ્યોતિષ) લગ્નથી ચોથું, સાતમું કે દશમું સ્થાન.

૩. વિ. ચાર અવયવવાળું; ચાર લક્ષણવાળું.

૪. વિ. ચાર પ્રકારનું.

૫. વિ. ચારગણું.

ચતુષ્ટોમ ૧. [સં.] પું. અગ્નિષ્ટોમ યજ્ઞનું એક અંગ.

૨. પું. યજ્ઞ.

ચતુષ્પટલ વિ. ચાર પાંખડીવાળું

ચતુષ્પત્રક [સં.] વિ. ચાર પાંખડીવાળું. ચોપત્રો.

ચતુષ્પત્રી ૧. [સં.] સ્ત્રી. ચોપાની વેલ, ચતુષ્પર્ણી. તેમાં ચમ્પાર પાન ચોપડ કે ચોકડીની રીતે આવે છે.

૨. વિ. ચાર પાંખવાળું.

ચતુષ્પથ ૧. [સં.] પું. ચાર રસ્તાવાળી જાગોળ; ચાર રસ્તા મળે એવું સ્થાન; ચકલું; માંડવી, ચોક.

૨. પું. નાનું બજાર; ચોટું.

૩. પું. બાજાર.

૪. પું. શિવનાં ઝબ્બર માંહેનું એક નામ.

ચતુષ્પથરતા [સં.] સ્ત્રી. કાર્તિક સ્વામીની અનુચર એક માતૃકા દેવી.

ચતુષ્પદ પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ; ચોબોલા. તેના વિષમ પાદમાં ૧૬ અને સમ પાદમાં ૧૪ મળી દરેક દલમા ૩૦ માત્રા હોય છે.

ચતુષ્પદ ૧. [સં.] પું. ચિકિત્સાનાં ચાર અંગ: વમન, વિરેચન, મર્દન અને સ્વેદન અથવા વૈદ્ય, ઔષધી, રોગી અને સારવાર કરનાર.

૨. ન. ચાર પગવાળું પ્રાણી; પશુ; ઢોર.

૩. ન. ચાર ખંડ યુક્ત ચાર પદ કે ચરણવાળું કાવ્ય.

૪. ન. જ્યોતિષનું નવમું કરણ.

૫. વિ. ચાર પૈસાવાળું.

૬. વિ. ચોપગું, ચોપાયું; ચતુષ્પાદ.

ચતુષ્પદપ્રેમૂત [સં.] ન. ચોપગાં પ્રાણીઓમા પ્રસવ વગરે વિકાર.

ચતુષ્પદા [સં.] પું. ઋગ્વેદમાં આવેલો એક છંદ. તેના દરેક ચરણમાં ૩૦ માત્રા હોય છે.

ચતુષ્પદી ૧. પું. (પિંગળ) ચાર ચાર પાદવાળો ગાયનનો એક રાગ; ચોપાઈ; ચાર પદનું ગીત કાવ્ય; ચાર પાદની બનેલી કડી. તેમાં ૧૫ માત્રા અને ગુરુ લઘુ હોય છે અને ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

૨. સ્ત્રી. ચોપગું પ્રાણી; પશુ.

ચતુષ્પર્ણી [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ. તે જળાશયને કિનારે થાય છે અને તેમાં ચાર ચાર પાન હોય છે.

ચતુષ્પાઠી સ્ત્રી. નદી.

ચતુષ્પાઠી [સં.] સ્ત્રી. વેદના અભ્યાસ માટેની પાઠશાળા.

ચતુષ્પાણિ ૧. [સં] પું. વિષ્ણુ.

૨. વિ. ચાર હાથવાળું; જેને ચાર હાથ હોય તેવું

ચતુષ્પાદ ૧. [સં.] ન. ચિકિત્સાનાં ચાર અંગ: વમન, વિરેચન, મર્દન અને સ્વેદન અથવા વૈદ્ય, ઔષધી, રોગી અને સારવાર કરનાર.

૨. ન. ચોપગું પ્રાણી; ચાર પગવાળું પશુ.

૩. ન. મેજ; ટેબલ.

૪. વિ. બાકુ; તરબેલ.

૫. વિ. ચોપગું; ચાર પગવાળું; ચોપાયું.

ચતુષ્પાદાસન [સં.] ન. સર્વભેદન વ્યાયામનું એ નામનું પેટનું એક આસન. બે હાથ વચ્ચે સરળતાથી મેળ પડી બે હાથને અને તેટલા આગળ લંબાવવા. ઢીંચણને જમીન ઉપર રાખી દેવા, પગના કૂણાના અગ્રભાગ જમીન લાગી રાખવા અને બાકીના ભાગ ઊંચે રહે તેમ ચોપગાં પશુ સમાન થવું અથવા બાંદરાની જેમ હાથ અને પગ સીધા રાખી ચાર પગવાળા થઈને ચાલવું. હમેશા પાચ મિનિટ એ પ્રમાણે ચાલવાથી કબજિયત દૂર થાય. પશુઓને બલોત્સર્ગની બદકાયત હોતી નથી તેનું કારણ આ તેની કુદરતી સ્થિતિ છે

ચતુષ્પાઠી ૧. [સં.] સ્ત્રી. વિદ્યાર્થીનો વેદ વગેરેનો અભ્યાસ કરવાનો મંદિર; અધ્યયનશાળા.

૨. વિ. ચાર પગવાળું.

ચતુષ્પીઠ પું. ઓરિસ્સામાં કટક જિલ્લામાં આવેલ અસ્તિપાની પર્વતમાળા. ઉદયગિરિ તે આ પર્વતનો ઢાળો છે. એના ઉપર પુરાતન સમયમાં બધ્ધ બૌદ્ધ ક્ષેત્રરણી ગામ અને ગુફાઓ આવેલ છે. આ પર્વતમાળાને ખડ્ગગિરિ અથવા અસ્તિગિરિ પણ કહે છે.

ચતુષ્પુર [સં.] વિ. ચાર પડવાળું; ચોરસ; ચોપડ.

ચતુષ્પુટિકા [સં.] સ્ત્રી. ચપટી બનાવની તે.

ચતુષ્પ્રદેશ [સં.] પું. (જૈન) ત્રણ પરમાણુનો સ્કંધ.

ચતુષ્ફલક [સં.] ન. ત્રિકોણ બાજુવાળો રૂકુ.

ચતુષ્ફાલ [સં.] વિ. ચાર ફાલવાળું; ચોફાળ.

ચતુસ્તાન [સં.] વિ. ચાર આંસળવાળું.

ચતુસ્તાલ ૧. પું. (સંગીત) સંગીતના તાલનો એક પ્રકાર. ગાયનમાં તાલના પહેલા અંશમાં ચાર કે આઠ માત્રા આવતી હોય તો તેને ચતુસ્તાલ અતિ દ્રુત કહે છે.

૨. વિ. ચાર ખૂણા અને ચાર બાજુવાળું.

ચતુસ્પંચક પું. (સંગીત) એ નામનો એક તેરીજ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન. ૧, ૯, ૧૩, ૧૮, ૨૧ માત્રા ઉપર છે.

ચતુરસન ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. પું. સનક, સનત્કુમાર, સનંદન અને સનાતન એ ચાર બ્રહ્માના પુત્ર.

ચતુરસાર [સં.] પું. કાશીમાં વસ્ત, સત્સંગ, ગંગાસ્નાન અને શિવપૂજન એ ચાર ગણાત.

ચતું જુઓ ચતું

ચતુઃકોણ ૧. પું. ચાર ખૂણાવાળી આકૃતિ.
૨. ન. ચાર ખૂણાવાળું તળિયું.
૩. વિ. ચોખૂણ.

ચતુ પંચારા [સં.] વિ. શોપનમું.

ચતુ પંચારાત [સં. ચતુઃપચાશત્] વિ. શોપનની સંખ્યા; ૫૪.

ચતુ ફલક ૧. [સં.] ન. ચાર બાજુવાળી આકૃતિ.
૨. વિ. ચાર સપાટીવાળું.

ચતુ શરણ [સં] ન. (જૈન) અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનો આશ્રય લેવો તે.

ચતુ શાલ ૧. [સં] ન. ચોકની ચારે બાજુ મકાન આવે અને ઓરડાની ગોઠવણી એકસરખી હોય એવી બાંધણીની રચના.
૨. ન. ચોપાસ; દીવાનખાનું.
૩. વિ. ચાર ઓરડાવાળું.

ચતુ શાળ જુઓ ચતુ-શાલ.

ચતુ શૃંગ પું. (પુરાણ) એ નામનો કુશદ્વીપનો એક પર્વત.

ચતુ શ્રુતિ પું. એક જાતનો વિકૃત સ્વર.

ચતુ શ્લોક [સં.] વિ. ચોસલું.

ચતુ ષષ્ટિ ૧. [સં.] સ્ત્રી. ચોસઠ.
૨. સ્ત્રી. ચોસઠ વિદ્યા.
૩. વિ. ચોસઠ; ૬૪.

ચતુઃસમચતી સ્ત્રી. (વૈદક) તરસને શાંત કરનાર અને મોળ તથા ઊબટીને બેસાડનાર એક દવા. તે બનાવવા ગજવેલ, મૂંડ, અજમો અને સિંધાલૂણ એ ચારે ચીજ સમભાગે લઈ તેની ભોળમાં ભોગ કરવી. તેની માત્રા ૧ થી ૨ વાલ છે.

ચતુ-સમુદ્રા [સં] સ્ત્રી. જેની ચારે દિશાએ ચાર સમુદ્ર છે તેવી પૃથ્વી.

ચતુ સાધન [સં.] ન. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મોક્ષની ઇચ્છા.

ચતુ સીમા [સં.] સ્ત્રી. ચારે બાજુઓની મર્યાદા; ચારે બાજુની હદ; પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એ ચારે દિશા.

ચતુઃસ્વરી વિ. ચાર સ્વરવાળું.

ચતુરત્ર [સ] પું ચાર રાત્રિમાં થતો એક જાતનો યજ્ઞ.
૨. સ્ત્રી. ન વ. ચાર રાત્રિ.

ચત્ત જુઓ ચતુ.

ચત્તાપાટ વિ. પાસા ઉપર પડેલું; પીઠ જમીનને અડેલી હોય અને મોં તથા છાતી આકાશ સામે હોય એમ પડેલું.

ચત્તું ૧. વિ. અનુકૂળ; કૃપાવંત.
૨. વિ. ઊંધું નહિ પડેલું; સવળું.
૩. વિ. પીઠ ઉપર પડેલું; ચતું.

ચત્તુંપાટ જુઓ ચત્તાપાટ.

ચત્રકચડી (ચત્રકચડી) પું દેવળમા બેસાડવાનો એક જાતનો પાષાણનો પાટ.

ચત્રભુજ ૧. [સં. ચતુર્ભુજ] પું ચાર હાથવાળા વિષ્ણુ.
૨. વિ. ચાર હાથવાળું.

ચત્રી ૧. [સં.] સ્ત્રી. પાલખી.
૨. સ્ત્રી. મંડપ.

ચત્વર ૧. પું. ઘરનું આંગણું.
૨. [સં.] પું. ચાર રસ્તા એકઠા થતા હોય તે સ્થળ; ચોક; ચોતરો; ચોટું.
૩. પું. જુદા જુદા દેવતા હોમને આપીને રહે તે સ્થાન.
૪. પું. યજ્ઞ માટે સંસ્કાર કરેલો પૃથ્વીનો ભાગ; હોમ માટે કરેલ રચના.
૫. વિ ચાર
૬. વિ. વિચક્ષણ; હોશિયાર.

ચત્વાલ ૧. [સં.] પું. ખાડો.
૨. પું. આગતરો; ચોક.
૩. પું. ઉકરડો.
૪. પું. હોમકુંડ; વેદી.

ચદ ૧. [સં] વ. ક્રિ. અરજ કરવી.
૨. વ ક્રિ. પૂછવું.
૩. વ. ક્રિ. ભીખ માગવી.

ચદણચેરાં ન. વ. વ. ચેનચાળા; તોફાન; મસ્તી.

ચદર [હિં] સ્ત્રી. ઓઢાડ; ચાદર; પછેડી.

ચદરનીચોડ (ચદરનીચોડ) ન. વરસાદનું ચોકું ઝાપટું. તેનાથી ફક્ત ચાદર કે પોતિયું ભીંજાય.

ચદિર ૧. [સં.] પું. કપૂર.
૨. પું ચટ
૩. પું સર્પ
૪ પું હરણ

ચદિરી ૧ [સ] સ્ત્રી સાપણ.
૨ સ્ત્રી હરણી.

ચદુ વિ. ચાર.

ચદ્દર ૧ [હિં] સ્ત્રી. ઓઢાડ; ચાદર; પછેડી.
૨ સ્ત્રી કબર ઉપર ઢાકવામાં આવતું કપડું.
૩ સ્ત્રી ધાતુનું ચોરસ પતરું
૪ સ્ત્રી. પોષના અઠારની એક આતશબાજી
૫ સ્ત્રી. નદી, તળાવ વગેરેના જોરથી વહેતા પાણીનો એક અંશ. તેનો ઉપલો ભાગ ચાદરની સમાન સપાટ જણાય છે

ચન સ્ત્રી. એક જાતની રોટલી

ચનક ૧. પું. માલ માપનાર બાટલી.
૨. પું. ન વ. ચણા
૩. સ્ત્રી. જેમ કે વાસણમાં થતો દુખાવો.
૪. સ્ત્રી. તડકાથી છોડવાની છાલ ફાટી જવી તે.

ચનકાભ્રસ પું ચણાનો ખાર; શિવાળામા ચણાના છોડ ઉપર પડતી ઝાકળમાં કપડું ભીંજવી એમાંનું કરેલું પાણી. જે બહુ ખાટું હોય. તે કેટલીક દવાઓ બનાવવાના કામમાં આવે. અરોળની ગાંઠ, અફીણ, ચેટનું દૂધ અને ચૂક વગેરે ઉપર તે ક્ષારદ્રાવક ગણાય છે.

ચનગેલ [હિં] પું. અડિયેર મકાનમાં ભીંતનો એક ઘોડ.

ચનચનિયાં ૧. ન. વ. વ. મરઘિયાં
૨. ન. ચાળ;ચૂચવું; ધીમે ધીમે આવું તે.
૩. ન. વ. વ. લહેર; આનંદ; ચેનબાજી.

ચનચિત ૧. [સં.] પું. ઝાકમઝોળ.
૨. વિ. મોટું; મહાન.

ચનચુર સ્ત્રી. તીખી ઝાટ.

ચના ૧. [સં. ચણક] પું. એક જાતનું અનાજ; ચણો.
૨. સ્ત્રી. મરાઠાની એ નામની એક અટક.
૩. વ. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ચનાબાજરા (ચનાબાજ્યા) ૧. સ્ત્રી. હોલકાની એ નામની એક અટક
૨. વ એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ચનામિયા સ્ત્રી. ચદરવંશી રજપૂતની એક જાત. તે બંબપુર તથા ગોરખપુરમાં વસે છે.

ચનિક વિ. ક્ષણિક; ઓછી વારનું

ચનિકબાલા પું. ગિનીકબાલા; મરી જેવાં એક જાતની ઔષધીનાં બિયાં.

ચનિયલ સ્ત્રી. ચણાનો પાક વાવેલી જમીન.

ચનિયાદા જુઓ ચનિયલ

ચનિયારા ૧ સ્ત્રી. કચ્છ કચ્છમંડળની એ નામની એક અટક

૨. વ. ઝે નામની ઝટકનું માણસ.
૩. વિ. ઝે નામની ઝટકનું.

ચનેઠ ૧. [હિં.] સ્ત્રી. હોરની દવા.
૨. વ. ઝેઠ જાતનું ઘાસ.

ચનોખડી (ચનોખ્ખો) સ્ત્રી. ઝેઠ જાતની વનસ્પતિ; ચણોઠી.

ચનોઠી સ્ત્રી. ચણોઠી.

ચનૌટ્યા [હિં.] સ્ત્રી. ઓઢણીથી પડી નાખીને પહેરાતી સાડી.

ચન્ની ૧. સ્ત્રી. અજવાળી રાત.
૨. સ્ત્રી. ચાંદની; ચાંદનું અજવાળું; ચાંદની.
૩. સ્ત્રી. ચાંદની; ચાંદરણો; છત.

ચપ ૧. પું. ઝાપ; ઝાંપ
૨. પું. ચપકો; અંગૂઠો દેખાડવો તે.
૩. પું. ઝાળો હાથ.
૪. પું. ઝટકાનો માર.
૫. પું. હોઠ.
૬. વિ. અમંગળ; અશુભ.
૭. વિ. ઝાઝું.
૮. વિ. દસ; ૧૦.
૯. વિ. બે રંગના મિશ્રણવાળું.
૧૦. અ. ઝેઠમ; ચટ વગેરે; ઝપાટાબંધ.
૧૧. અ જાનો રહે; મૂવો રહે ના ભોગ; સામા માણસને નહિ ભોગવવાનું જણાવવાની નાક ઉપર આંગળી ધરીને બતાવવાની સંજ્ઞા ને ઉદ્ગાર.

ચપક ૧. [હિં.] સ્ત્રી. ચસકો; ઝાળ.
૨. સ્ત્રી. પલાખરો.

ચપકન ૧. [હિં.] સ્ત્રી. અંગરખું.
૨. વ. લોઢાનું અથવા પિત્તળનું બનાવેલું સાજ.
૩. વ. હળમાં નાખવાનો નાનો ખીલો.

ચપકણી સ્ત્રી. ચરોળી.

ચપકવું ૧. વ. ચાંદવું; ચાળો; ઝડપવું.
૨. વ. નાનું ચપચપિયું; માટીનું નાનું પાત્ર.
૩. વિ. ઢળાવાળું; ઢેચવાળું; પ્રપચી.

ચપકાવવું ૧. સ. ક્રિ. ઊભું કરીને રાખવું કે ચાપવું.
૨. સ. ક્રિ. દાળશાકમાં ઊભી કડછી નાખવી, વઘાર કરવો.

ચપકાવું અ. ક્રિ. ઊભું કરેલું રખાવું; ચપકો દેવાવો; ચંપાવું.

ચપકો ૧. પું. અંગૂઠો બતાવવો તે; ઠેંગો
૨. પું. ઊની અથવા પાતળકાની વસ્તુ ચાંપવી તે; ડામ.
૩. પું. ઓઢમ મનમાં લાગવું તે; ઠંગ; ચટકો.
ચપકો દેવો = (૧) ડામ દેવો; બાળવું. (૨) મહેણું મારવાં; લાગણી થાય તેવા ભોગ સંભળાવવા.
૪. પું. ઝાપ; ઢોલ.
૫. પું. દટકાથી થયું દુ.ખ.
૬. પું. મહેણું.
૭. પું. ચીપ અથવા ચોળને ઝટકાવીને ઊનો ઊનો લગાડતાં લાગતો ઝાટકો.

ચપચપ ૧. પું. પંચાત; ગોળ; ગપ.
૨. પું. વખારે પડવું બોલવું તે.
૩. અ. ઓઢમ; ઝટઝટ, ઝાપટી; બેલાશમ.
૪. અ. ભિલાડીનું કોઈ વસ્તુ ચાટવાથી થતો અવાજ

ચપચપવું વિ. ચપચપ કરી વખત ગુમાવનારું; લપ્પી; ગમના ઊકેલ વિનાનું; ચપલ.

ચપચપવું ૧. અ. ક્રિ. ચપચપ બોલવું; ચપચપ અવાજ કરવો.
૨. અ. ક્રિ. ચીકણું થવું; તાર નીકળવા.
૩. અ. ક્રિ. પાણીથી તરબોળ થવું

ચપચપું વિ ચીકણું અને ભીનું; ભરચું; ચીકણું.

ચપટ ૧. [સં.] વિ. ચપટ; ચપ્પાક; તમાચો
૨. પું. નાશ.
૧. કપટ સ્યું ચપટ = દગો કરનારનો નાશ થાય છે.
૨. ચપટ થવું = ખરાબ થવું; જમીનદોસ્ત થવું; દબાઈ જવું; પડી ભાંગવું, પામમાલ થવું; સાફ થવું.
૩. ચપટ બેસવું = (૧) નિરાંતે બેસવું. (૨) બરોબર વચ્ચે રહેવું; બંધબેસતું થવું. (૩) સાવ પાયમાલ થવું.
૪. ચપટ વગાડવું = (૧) જમીનદોસ્ત થવું; નાશ થવો. (૨) બેવકૂફ બનવું.
૩. પું. તુક્કાનો ખોટ.
૪. પું. બાજી કરેલ આંગળીવાળો હાથનો પંજો.
૫. વિ. ચપટું.
૬. અ. જમીનની સાથે બરાબર ઓરેલું કે ચાંપેલું હોય તેમ; સપાટ ચોટીને રહેલું હોય તેમ; દબાઈ ગયેલું હોય તેમ.
૭. અ જલદીઃ તુરત; ઝટપટ.

ચપટગોળ વિ. નારંગાકાર; નારંગાકૃતિ.

ચપટભટ્ટ સ્ત્રી. ઝેઠ જાતની ભાજી.

ચપટવું ૧. સ. ક્રિ. ચપટ કરી નાખવું; ચોટી જવું.
૨. સ ક્રિ. સપાટ કરવું; ચપટમાં બેસાડવું.

ચપટા ૧. [સં. ચિપિટ (ચીબા નાકવાળું)] પું. ચપટા નાકવાળો માણસ; ચીબો.
૨. પું. ખોટું માટીનું વાસણ.
૩. વિ. સપાટ.

ચપટાઈત પું. પ્રાચીન સમયમાં રાજસભાનો ઝેઠ સભાસદ.

ચપટાપગું વ. પગનો ઝેઠ જાતનો રોગ. આ રોગમાં નિર્બળ યુવાનોના અથવા બહુ બોજો ઉપાડનારના પગનાં તળિયાની કમાન તદ્દન ચપટી થઈ જમીનને અડી જાય છે. તેથી તેને દુખાવો થાય અને ચાલ બગડે.

ચપટાલર્ચિંગિયા પું. વ. વ. ઝેઠ જાતના ચપટા દેડકા.

ચપટાવું ૧. અ ક્રિ. કચરાવું.
૨. અ. ક્રિ. ચપ્પટ થવું; દબાવું.
૩. અ. ક્રિ. નુકસાનમાં આવવું.
૪. અ. ક્રિ સંકટમાં આવી પડવું.

ચપટિયાં સ. વ. વ ચપટી ભોટ લેવાવાળા ભિક્ષુક.

ચપટિયો પું. ચપટી ચપટી માગી ખાનારો; ભોટમગો; ભગતભિખારી.

ચપટિહી [હિં.] સ્ત્રી. ઝેઠ જાતનું ઝાડ.

ચપટી ૧. [સં. ચિપુટ (ચીબું નાક)] પું. ચપટા નાકવાળો માણસ; ચીબો.
૨. પું. ખોટું માટીનું વાસણ.
૩. સ્ત્રી. ઝેઠ જાતની ભાજી; 'દશેટ ડિલ'.
૪. [હિં.] સ્ત્રી. તાલી; ચપોડી.
૫. સ્ત્રી. પક્ષ; ચીમટી.
૬. સ્ત્રી. પળવાર; જરાવાર; હાથના અંગૂઠા અને આંગળી વગાડવાથી થઈ અવાજ થાય એટલો વખત.
૭. સ્ત્રી. પાસ.
૧ ચપટીમાં આવવું = (૧) નુકસાન થાય એવી સંકટમયમાં આવવું; (૨) ફસાવું; હાથમાં આવવું.
૨. ચપટીમાં લેવું = (૧) કબજે લેવું; વશ કરવું; સપાટામાં પકડી પાડવું; સકંજામાં લેવું. (૨) હાથમાં આણવું; ફસાવવું. (૩) બે આંગળી વચ્ચે દબાવવું.
૮. સ્ત્રી. આગબોટમાં ઉતારામાં ઉતારુને અપાતી ઝેઠ જાતની સેતરી.
૯. સ્ત્રી. હાથનો અંગૂઠો અને આંગળી ભીડવાં તે; હાથનો અંગૂઠો અને તેની બાજુની આંગળી એ બેના ટેરવાં ભેળવવાં તે.
૧૦. સ્ત્રી. હાથનો અંગૂઠો અને આંગળી ભીડીને કરાતો ચટ એવો અવાજ; અંગૂઠો અને વચલી આંગળી એ બેનાં ટેરવાં ઝટકાવવાથી થતો અવાજ. બગાસાં આવે ત્યારે તથા રડતા બાળકને શાંત પાડવા વખતે, કોઈ બોલતું હોય તેને ચૂપ કરવા અથવા રોષને બોલાવવો હોય ત્યારે ચપટી

વગાડવામાં આવે છે. પ્રેક્ષકનું ધ્યાન ખેંચવા તથા ક્રમનો નિકાલ તુરત કરવાનું જણાવવા અપહી વગાડાય છે. મુશ્કેલ કામ સહેલામાં કરવા તથા કામ તુરત કરવાના અર્થમાં અપહી વગાડાય છે. ભજન સાંભળ્યા, ઋતુરાજ બતાવ્યા, પ્રમાદીને પ્રહર કરવા પણ અપહી વગાડાય છે.

૧. અપહી વગાડવા જેવું = સહેલું.

ચંદ્રનાડી (ચંદ્રનાડી) સ્ત્રી. (જ્યોતિષ) શરીરમાંની એ નામની એક મુખ્ય નાડી. તેનું બીજું નામ ઇડા છે. આખી નસિકા ચાલતી હોય ત્યારે ચંદ્રનાડી ચાલતી હોય એમ કહેવાય છે. આને ઋતુદાન આપતી વેળા જો ચંદ્રનાડી ચાલતી હોય તો ગર્ભમાં પુત્રો જેવા થાય એમ મનાય છે

ચંદ્રનાથ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. એ એક પીઠસ્થાન છે. ત્યાં શિવની અષ્ટમૂર્તિ ચિત્રરૂપમાં બિરાજમાન છે.

ચંદ્રનાભ [સં.] પું. એ નામનો એક દાનવ.

ચંદ્રનામા [સં. ચંદ્રનામન્] પું. કપૂર.

ચંદ્રનીચ પું. (જ્યોતિષ) ચંદ્રની કક્ષાનો પૃથ્વીની પાસેમા પાસેનો ભાગ; નીચ સ્થાન; ચંદ્રના પૃથ્વીની આસપાસ ફરવાના માર્ગનું પૃથ્વીના નજીકમાં નજીક હોય તે બિંદુ.

ચંદ્રનું ઘર ન. નાકના ડાબી તરફના છિદ્રમાંથી વહેતો પવન.

ચંદ્રપરિવેષ [સં.] પું. ચંદ્રની આસપાસ કોઈ કોઈ વાર દેખાતું રંગબરંગી મંડળ.

ચંદ્રપર્ણી [સં.] સ્ત્રી. એ નામની એક વેલ. પ્રસારિણી પણ કહે છે.

ચંદ્રપર્વ [સં. ચંદ્રપર્વન્] ન. ચંદ્રથી સાતમે સૂર્ય આવે ત્યારે થતું એક પર્વ.

ચંદ્ર ચડી રવિ સાતમે, રાહુ ચડ્યો એકાંત;
ચંદ્રપર્વ એ જાણજો, વધુ વરસાની જાત.
લોકોક્તિ

ચંદ્રપાત પું. (જ્યોતિષ) કાંતિવૃત્તને ચંદ્રની કક્ષા જે ઠેકાણે છેદે તે બિંદુ; રાહુ.

ચંદ્રપાદ [સં.] પું. ચંદ્રનું કિરણ.

ચંદ્રપાષાણ જુઓ ચંદ્રકાંત.

ચંદ્રપિટક ન. બે ચંદ્રનું જોડું.

ચંદ્રપુત્ર [સં.] પું. (જ્યોતિષ) બુધ ગ્રહ.

ચંદ્રપુર ૧. [સં.] ન. આજના પાસેના હિરોજાળાદનું પ્રાચીન નામ.

૨. ન. મધ્યપ્રાંતમાં આવેલું ચાંદાનું પ્રાચીન નામ. તે હંસધ્વજ રાજાની રાજધાની હોવાનું કહેવાય છે.

ચંદ્રપુરી ૧ [સં.] સ્ત્રી. અયોધ્યાના ઔદ જિલ્લામાં આવેલ ઝવરનીનું પ્રાચીન નામ. તેને ચંદ્રિકાપુરી અથવા ચંદ્રિપુર પણ કહેતા.

૨. સ્ત્રી. ચદવરનું પ્રાચીન નામ. તે આજા પાસેના હિરોજાળાદનું અસલ નામ હતું.

૩. સ્ત્રી. અંદલોકમાં આવેલ તે નામની નગરી.

ચંદ્રપુરુષ [સં] પુ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે પુરુષની એક જાત. શનિના પ્રભાવથી ચંદ્રપુરુષ થાય છે.

ચંદ્રપુષ્પા ૧. [સં.] સ્ત્રી. ચાંદની.

૨. સ્ત્રી. ધોળી કોયરીઝણી.

૩. સ્ત્રી. ભકુમો નામની વનસ્પતિ

ચંદ્રપૂજા [સં.] સ્ત્રી. ચંદની પૂજા. ચંદની ખાસ પૂજા નહિ જેવી રહી છે. એની મૂર્તિ ઊભી કરવામાં આવે છે ત્યારે સાધારણ રીતે તે સૂર્ય નારાયણની મૂર્તિની સાથે હોય છે. ભંગાણ તે બિહારમાં ચંદ્રપૂજા વિશેષ લોકપ્રિય છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિ સ્ત્રી. (જૈન) એ નામનું એક ઉપાંગ સૂત્ર. તેમાં ચંદ્ર સંબંધી વર્ણન છે.

ચંદ્રપ્રભ ૧. પું. ચંદ્રકાંત મણિ.

૨. પું. ચંદ્રનું સિંહાસન.

૩. પું. છત્રીનો દાંડો.

૪. [સં.] પું. જૈનોના એ નામના આઠમા તીર્થંકર. તેમની જન્મભૂમિ ચંદ્રપુરી હતી. તેમના પિતાનું નામ મહાસેન ને માતાનું નામ લક્ષ્મણા રાણી હતાં. તે ગર્ભે આવ્યા પછી માતાને ચંદ્રનું પાન કરવાનો દોહદ ઉપજ્યો. પ્રભાને તે પૂર્ણ કુદરતે કરી પૂર્ણ કરી. આથી તેમનું નામ ચંદ્રપ્રભ રાખ્યું હતું.

૫. પું. તક્ષશિલાનો એ નામનો એક રાજા. તે હસ્તેશ્વરી હતો. એક વાર એક બાજથી આવી તેનું મસ્તક માગ્યું. ઘણું ધન આપી તેણે તેને રાજી કરવા ચાહ્યું, પણ તે ન માન્યો. પછી તે રાજા પોતાના મસ્તક ઉપરથી રાજમુગટ ઉતારી તેની આગળ ધર્યો ત્યારે તે બાજનું તેને ભોજનમાં ભાવ થયો અને ત્યાં તેનું શિર કાપી લીધું.

૬. પું. (પુરાણ) સ્વરોચનમાં જન્મથી ક્ષોત્ય પામેલા ઇંદ્ર રાજાના ઘોડાનું નામ.

૭. પું. (પુરાણ) હિમાલયના શિખર ઉપર રહેનારા મણિભદ્ર નામના યક્ષનું બીજું નામ.

૮. ન. (પુરાણ) મેરુ પર્વત ઉપરનું એ નામનું એક સરોવર.

૯. વિ. ચંદ્રસમાન જ્યોતિવાળું; કાંતિવાન.

ચંદ્રપ્રભા ૧. સ્ત્રી. એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. (જૈન) એ નામની એક દેવી.

૩. સ્ત્રી. એક જાતનો છોડ; કચૂરો.

૪. સ્ત્રી. (વૈદક) એક દેશી ઔષધ. ચંદ્રપ્રભાની ગોળી અર્શ, જાદર વગેરે રોગો ઉપર ઉપાય છે.

૫. [સં. ચંદ્ર + પ્રભા (તેજ)] સ્ત્રી. ચંદ્રદ્યુતિ, ચાંદની; ચંદ્રિકા.

૬. સ્ત્રી. (જૈન) ચંદ્રમાની મોટી અગ્રમહિષી.

૭. સ્ત્રી. ચંદ્રપ્રભ નામની મંદિરા.

૮. સ્ત્રી. ધોળા કૂવાની ઊપરીઝણી.

૯. સ્ત્રી. ભકુમો નામની ઔષધિ.

૧૦. ન. એક જાતનું રત્ન.

ચંદ્રપ્રભા ગુટિકા સ્ત્રી. (વૈદક) શિલાજિતમાંથી બનતી એ નામની એક દવા. તેની બનાવટ: કચૂરા, વજ, નાગરમોથ, મરીવાળું, ગળો, કવાર, હળદર, અતિવિષ, કાકડાશિંગ, પાપરીમૂળ, ત્રિફલામૂળ, ધાણા, હરડાં, બહેડા, આમળાં, ચવક, સજપાપડ, ચૂક, મરી, પીપર, સુવર્ણમાક્ષિક ભસ્મ, જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ અને બીડલવણ એ સઘળાં પા પા તોલો, નસોતર, દાતીમૂળ, તમાલપત્ર, તજ, એલચી અને વસ્ત્રલોચન એ સઘળાં આઠ તોલો, લોહભસ્મ બે તોલા, સાકર ચાર તોલા, શિલાજિત આઠ તોલા, ગૂગળ આઠ તોલા લઈ એ સઘળાંને સાથે ખાંડી તેની આરાદે જબ્બે વાલની ગોળી કરવી. સરખીને ઘીમે શરીર ઉપર ઘસવા હોલ્યા, ગૂમડાં વગેરે ઉપર આ ઔષધ ઉપયોગી બચ્યાય છે.

ચંદ્રપ્રભા ગોળી જુઓ ચંદ્રપ્રભા ગુટિકા.

ચંદ્રપ્રભા રત્ન ન. એક જાતનો મણિ.

ચંદ્રપ્રભુ પું. (જૈન) એ નામના આઠમા તીર્થંકર. તેમની મૂર્તિનું ચિહ્ન ચંદ્ર છે.

ચંદ્રબળ ૧. ન. (જ્યોતિષ) ચંદ્ર અનુકૂળ હોવાપણું; જ્યોતિષમાં કહેવાતું ચંદ્રનું બળ.

૨. ન. ચીનનું બળ.

ચંદ્રબંધુ ૧. [સં.] પું. કુમુદ.

૨. પું. ચંદ્રનો ભાઈ શંખ, કેમકે તે સમુદ્રમાંથી ચંદ્રની સાથે નીકળ્યો હતો.

ચંદ્રબાહુ [સં.] ન. અર્ધચંદ્રબાહુ. તે શિર કાપવા માટે ફેંકવામાં આવતું હતું. તેનું દળ અર્ધચંદ્રાકાર હોવાથી બાજમાં બરાબર બેસી જતું.

ચંદ્રબાલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની દવા.

૨. સ્ત્રી. ચંદ્રની પત્ની.

૩. સ્ત્રી. ચાંદની; ચંદ્રનું કિરણ.

૪. સ્ત્રી. મોટી એલચી

ચંદ્રભાલે ન. લાલ કેળુ.

ચંદ્રમાહુ [સં.] પું. એ નામનો એક અસુર.

ચંદ્રબિંદુ [સ ચન્દ્ર + બિન્દુ (ટપકું)] ન અર્ધઅનુસ્વારની બિંદી; કપાળને વિસ્તરે વર્તુલાકાર ચંદની ચર્ચેલી કોર અને ઉપર છાપથી ઢંકાયેલું બિંબ દેખાય છે તેનું ચિહ્ન, અક્ષર ઉપર મુકાતું પોચા અનુસ્વારનું નિશાન; ગોળ ટપકું; અનુનાસિક અવાજની ~ ખાસી નિશાની.

ચંદ્રબિંબ ૧. [સં.] પું.; ન. ચંદનું બિંબ; ચંદનું સપાટ તળ; ચંદની સપાટીનો દેખાતો ગોળ જેવો આકાર. ચંદમંડળ; ચંદનો ગોળો.

૨. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોલ રાગના બાર પુત્રો માંહેનો એક રાગ; સંપૂર્ણ જાતિનો એક રાગ. તે દિવસના પહેલા પહોર ગવાય છે

ચંદ્રબુંદા સ્ત્રી. હિંદના સુંદરવનમાં થતી એ નામની એક પ્રજા. તે નિમક પકવવાનો ધંધો કરે છે.

ચંદ્રભોગા (ચંદ્રભોજ) પું. એક પ્રકારનો અજગર.

ચંદ્રભગણ જુઓ ચંદ્રભગણકાળ.

ચંદ્રભગણકાળ પું. (જ્યોતિષ) ચંદ્રના સૂર્ય સાથેના એક સંગમથી બીજા સંગમ સુધીનો કાળ.

ચંદ્રભજન [સં.] પું. (સંગીત) એ નામની એક રાગિણી.

ચંદ્રભસ્મ [સં.] ન. કપૂર. કપૂરભસ્મમાં ચંદ્રના જેવી ઝીણી ઝીણી ઝાંયરા કરે એવી ટપકી હોય છે માટે તેને ચંદ્રભસ્મ કહે છે.

ચંદ્રભા ૧. [સં.] સ્ત્રી. ચંદ્રનો પ્રકાશ.

૨. સ્ત્રી. કપૂર ઓંધરીમણી.

ચંદ્રભાગ ૧. [સં.] પું. ચંદ્રની કળા.

૨. પું. સોળની સંખ્યા.

૩. પું. હિમાલયનું એક શિખર. જ્યાંથી ચંદ્રભાગા અથવા ચિનાબ નદી નીકળે છે. એવું કહેવાય છે કે એક વખત બ્રહ્માએ આ પર્વત ઉપર બેસી દેવતાઓ તથા પિતૃઓ નિમિત્તે શ્રાદ્ધમાના જાપ કર્યા હતા.

ચંદ્રભાગા ૧. [સં.] સ્ત્રી. ગુજરાતી ભાષાની પુરાદેવી.

૨. સ્ત્રી (પુરાણ) નર્મદા નદી ઉપરનું એક તીર્થ.

૩. સ્ત્રી. પંજાબની ચિનાબ નદી. અગાઉ તેને ચંદ્રા અને ભાગા એ બે નદીઓ મળીને બનતી હોવાથી ચંદ્રભાગા કહેતા હતા. તે હિમાલયના ચંદ્રભાગ નામના શિખર ઉપરથી નીકળી સિંધુ નદીને મળે છે. કાલિકા પુરાણમાં લખ્યું છે કે બ્રહ્માની આજ્ઞાથી ચંદ્રભાગ પર્વતમાંથી સરિતા નામની નદી ઉત્પન્ન થઈ તે નદી ચંદ્રમાને ડુબાડીને એક સરોવરમાં પડી. ચંદ્રમાના પ્રભાવથી તેનું પાણી અમૃતમય બની ગયું. આ પાણીમાંથી ચંદ્રભાગા નામની કન્યા ઉત્પન્ન થઈ જે સમુદ્રને પરણી ચંદ્રમાએ પોતાની જટાથી પર્વતમાં રસ્તો કર્યો. ત્યાં થઈને ચંદ્રભાગા નદી વહેવા લાગી

૪. સ્ત્રી. (પુરાણ) ભીમા નદીનું બીજું નામ.

ચંદ્રભાટ પું. એક પ્રકારનો ભિક્ષુક સાધુ. તે શિવ અને કાલીનો ઉપાસક હોય છે. તે પોતાની માથે ગાય, બળદ, બકરી અને વાઘરો વગેરે લઈને ચાલે છે. તે મોટે ભાગે મૂહરથ હોય છે અને ખેતીવાડી કરે છે.

ચંદ્રભાણિયા બ્રાહ્મણ ૧. જ્ઞા. ઔદીચ્ય બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. બિ. એ નામની અટકનું

ચંદ્રભાનુ [સં.] પું. (પુરાણ) કૃષ્ણને સત્યભામાથી થયેલા દસ માંહેનો એ નામનો સાતમો પુત્ર.

ચંદ્રભાલ [સં.] પું. મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરનાર શિવ; મહાદેવ.

ચંદ્રભાસ પું. તરવાર.

ચંદ્રભૂતિ [સં.] ન. રૂપું; ચાંદી

ચંદ્રભૂષણ [સં.] પું. મહાદેવ; શંકર; શિવ.

ચંદ્રમઝ પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, નગણ, ભગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે. તેમાં બીજા અક્ષર ઉપર વિશ્રામો આવે છે.

ચંદ્રમગા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ચંદ્રકર્મ તે જગતી છંદનો એક ભેદ છે.

ચંદ્રમઝ્મ જુઓ ચંદ્રમઝ.

ચંદ્રમણિ ૧. પું. (પિંગળ) ઉલ્લાલા નામનો એક છંદ

૨. [સં.] પું. એક જાતનો પથ્થર; ચંદ્રકાન્ત મણિ. કહેવાય છે કે ચંદ્રના કિરણનું ઘનીભવન થઈને તે મણિ બનેલો છે. તે ચાંદનીમાં રાખવાથી ઝરે છે અને તેમાંથી હિમજળનાં ટપકાં પડતા માને છે.

૩. પું. સ્ફટિકનો ગોળો.

ચંદ્રમદ પું. આક જાતનાં ઔષધિમાન માંહેનું એક; ચિતા બરેલ. માણસને આ ધારેલું કામ પાર પડશે કે નહિ એવી શંકાથી શાંત રાખનાર મદ.

ચંદ્રમન પું. (પિંગળ) પાંચ નગણ, જગણ અને લઘુ મળી ૧૯ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રમાલા. તે અતિપ્રકૃતિ છંદનો એક ભેદ છે.

ચંદ્રમલિક જ. એક જાતનું પીળા રંગનું ફૂલ.

ચંદ્રમલ્લિકા સ્ત્રી એક જાતનું ફૂલઝાડ. સેવતી. તે લાલ, સફેદ, આસમાની, પીળી વગેરે ઘણા રંગની છે. તેને મોટાં ફૂલ આવે છે

ચંદ્રમસી સ્ત્રી ઓની યોનિમાં આવેલી એક નાડી.

ચંદ્રમંડલ ૧. [સં.] ન. ચંદ્ર અને તેની આસપાસનું કૂંડાળું; ચંદ્રને લગતો પ્રદેશ; ચંદની આસપાસની કિરણમાલા.

૨. ન. ચંદ્ર અને તેને લગતા તારાઓનો સમૂહ; ચંદ્ર અને તેની આસપાસના તારા

૩. ન. ચંદનું વિમાન.

૪. ન. ચંદનું સપાટ તળ; ચંદની સપાટીનો ગોળ આકાર

ચંદ્રમંડળ જુઓ ચંદ્રમંડલ

ચંદ્રમા ૧. પું. કપૂર

૨. [સં. ચન્દ્રમસ્] પું. ચંદ્ર; ચાંદો; ચાંદ; સત્રી ભારદ્વાજાર્યના મત પ્રમાણે ચંદ્રમા જગાભવ છે. પુરાણાનુસાર ચંદ્રમા સમુદ્રમંથન વખતે નીકળેલા ચૌદ રત્નો પૈકી એક છે અને દેવતામાં તેની મજબૂતી ગણ છે. એક અસુર દેવતાઓની પંક્તિમાં બેસી ઔષધોમાનો અમૃત પી ગયો ત્યારે ચંદ્રમાએ તે હકીકત વિષ્ણુને કહ્યું. વિષ્ણુએ ચક્રથી તે અસુરના બે ખંડ કરી નાખ્યા. તે રાહુ અને કેતુ થયા. આ વેરના કારણથી અવસર સમયે રાહુ તેનો ગ્રાસ કરે છે. ચંદ્રમા ઉપર જે ધાબાં દેખાય છે તે વિષે ભિન્ન ભિન્ન માન્યતા છે. કેટલાક કહે છે કે દક્ષપ્રજાપતિના શાપથી ચંદ્રને રાજયક્ષ્મા રોગ થયો. તેની શાંતિ માટે તે પોતાની ગોદમાં એક હરણ રાખે છે. કેટલાકના મત પ્રમાણે પોતાની ગુરુપત્ની તારા તેણે ગમન કર્યું હતું તેને લીધે બૃહસ્પતિના શાપથી તેના શરીર ઉપર કાળા ડાઘ પડી ગયા. વળી કોઈ એમ પણ કહે છે કે જ્યારે ઇંદ્રે અહલ્યાનું સતીત્વ ભંગ કર્યું ત્યારે ઋષે ઉંદરને મદદ કરી હતી આથી ગૌતમ ઋષિએ ક્રોધવશ થઈ પોતાના કમંડળ તથા મૃગચર્મ વડે ચંદ્રને માર્યો હતો જેના ડાઘ તેના શરીર ઉપર પડી ગયા.

૧. ચંદ્રમાને પકડવા હાથ ઊંચા કરવા ⇔ અપ્રાપ્ય વસ્તુને પામવા માટે ખોટા પ્રયત્ન મારવા કે શક્તિનો ખોટો વ્યય કરવો.

૨. ત્યારનો ચંદ્રમા ⇔ જ્યોતિષમાં ચંદ્રમા

ચંદ્રવાહ

બધ ભવનમા ચદ્રમા હોય તે ખરાબમા ખરાબ ચદ્ર ગણાય છે તે ઉપરથી અણુનાથ, વેર, વિરોધ જેવા પ્રસંગોમાં એ બનેને બારમો ચદ્રમા છે એમ કહેવાય છે

૩. પુ (પુરાણ) દક્ષિણ સમુદ્રને તીરે રહેનારો એ નામનો એક ઋષિ.

૪. પું. ચશ્મા

૫ પુ. મનનો દેવ

૬. પું વિષ્ણુ.

૭. પુ સુખનું ખરું મૂળ

૮. પું. સોમની ચોવીસ માહેની એક જાત

૯. જ્ઞા (પુરાણ) ભારતવર્ષમાં એક તીર્થ

૧૦. જ્ઞા. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી.

૧૦. જુઓ ચંદ્ર.

ચંદ્રમાત્રા [સં.] પું. (સંગીત) તાલના ત્રીસ માહેનો એક ભેદ.

ચંદ્રમાન [સં., ન. ચંદ્રની ગતિ પ્રમાણેની ગણતરી

ચંદ્રમાર્ગ [સ] પુ. પિતૃયાનનો એક રસ્તો

ચંદ્રમ.ત્ર જુઓ ચદ્રમન

ચંદ્રમાલા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. જુઓ ચદ્રમન.

૨. પું. (પિંગળ) ૭ અક્ષરનો એક અક્ષરમેળ છંદ, વિગોદા તેન. દરેક ચરણમા બે રગણ એમ ૭ અક્ષર હોય છે.

૩. ન. એક જાતનું ઘરેણું. ચંદ્રહાર.

ચંદ્રમાલિકા જુઓ ચદ્રમાલા

ચંદ્રમાલુ જુઓ ચંદ્રમન.

ચંદ્રમાળા જુઓ ચંદ્રમાલા.

ચંદ્રમુખ [સં] ન. ચંદ્રના જેવું મોઢું.

ચંદ્રમુખી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, ઇંદુમુખી. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં દસ અક્ષર હોય છે.

૨. જ્ઞા. ચંદ્રના જેવા મુખવાળી સ્ત્રી.

૩. જ્ઞા. ચદ્રને જન્મ આપનારા કુલની એક વેલ, ચદ્રના પ્રસવમા બીજની એક વેલ

૪. જ્ઞા. ગોરી મ.ણસીની એક જાત. વખત આવે પવનથી તે પોતાનું શરીર ફુગ્ગાની જેમ ફુલાવે છે.

૫ વિ. સ્ત્રી. ચંદ્રના જેવા મોંવાળી; સુંદર.

ચંદ્રમૂલિક જુઓ ચદ્રમૂલિકા.

ચંદ્રમૂલિકા [સ] સ્ત્રી. એક જાતનો છોડ. તેને ગોળ પાદડા અને ધોળા ફૂલ આવે છે ફૂલ વચ્ચે જાંબુડિયા રંગનું ટપકું હોય છે.

ચંદ્રમૌલિ [સ.] પું. શિવ; મહાદેવ; શંકર, કેમકે તેના માથાઉપર ચદ્ર છે

ચંદ્રયશા પું. ચદ્ર વશ સ્થાપનાર મૂળ પુરુષ. ઋગ્વેદવિષ્ણુના બીજા પુત્ર અજમીઢના પુત્ર સોમ. તેમના વશજ ચદ્રવશી કહેવાયા

ચંદ્રયોગ [સ.] પુ. નક્ષત્રની સાથે ચદ્રનો સંબંધ

ચંદ્રરમ્યા [સં.] વિ. સ્ત્રી. ચદ્રના જેવી મનોહર

ચંદ્રરશ્મિખચલ [સ.] વિ ચદ્રના કિરણ જેવું સફેદ

ચંદ્રરાજ જુઓ ચદ્ર

ચંદ્રરેખા ૧. પું. (પિંગળ) નગણ, સગણ, બે રગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, ચંદ્રલેખા. તે અતિજગતી છંદનો એક ભેદ છે.

૨ પુ (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે

૩. જ્ઞા એ નામની એક અપ્સરા.

૪. જ્ઞા. એક જાતનો છોડ; ભામણી નામની વનસ્પતિ.

૫. જ્ઞા કપાળે ચ ન્દ્ર કરવાનું ઘરેણું.

૬. જ્ઞા ચદ્રની કોર.

૭ સ. ; જ્ઞા. ચદ્રનું કિરણ; ચંદ્રની કલા.

૮. જ્ઞા ભાગ્યન. ચદ્ર

ચંદ્રરેહ [સં.] પું. ચોરી કરીને જાગનારો કવિ, ભાગ્યચોર

ચંદ્રલા [સં.] જ્ઞા. એ નામની દેવી. તેનું સ્થાન કર્ણાટકમાં છે.

ચંદ્રલિંગ [સં.] ન. એક જાતનું રસ્ફટિકલિંગ. સ્ફટિકલિંગ ત્રણ પ્રકારનાં છે: ૧. સૂર્ય, ૨. ચદ્ર અને ૩ અગ્નિ. સૂર્યલિંગ સફેદ, ચદ્રલિંગ લાલ અને અગ્નિલિંગ પીળું હોય છે. વચ્ચમાં સફેદ પ્રકાશની જગ્યા રહેલી હોય છે

ચંદ્રલેખા ૧. પું. (પિંગળ) તેર અક્ષરનો એક છંદ, ચદ્રરેખા

૨ જ્ઞા ચંદ્રની કલા; ચદ્રની કોર.

૩. જ્ઞા. ત્રિનાળ સ્ત્રી.

ચંદ્રલેરખા જ્ઞા ચંદ્રના વિમાનની કાંતિ.

ચંદ્રલોક ૧. [સં.] પુ. આકાશ.

૨. પુ. એ નામનું એક સ્વર્ગ.

ચંદ્રલોહ [સ.] ન. રૂપું

ચંદ્રલોહક [સ] ન. રૂપું

ચંદ્રવક્ર [સ.] પુ. શિવનાં હજાર મહેલુ એક નામ.

ચંદ્રવટ ન. સૌથી ઉત્તમ પ્રકારનું નરમ પોલાદ. તેનું બનાવેલ કબૂતરની આખ જેવું મોળા અને રંગ કાળો હોય છે.

ચંદ્રવદન ૧. [સ] ન. ચદ્રમાના જેવું મોં

૨. વિ સુદર. ખૂબસૂરત.

ચંદ્રવદના [સ.] જ્ઞા. ચંદ્ર જેવા સુદર મુખવાળી સ્ત્રી. ચંદ્રમુખી

ચંદ્રવદની જુઓ ચદ્રવદના

ચંદ્રવર્તન જુઓ ચંદ્રવર્ત્મ.

ચંદ્રવર્ત્મ ૧. [સ ચંદ્રવર્ત્મન્] પું. ચંદ્રનો રસ્તો.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, નગણ ભગણ અને સગણ મળી બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેમાં બીજા અક્ષર પછી યતિ ૬ વિસામો આવે છે

ચંદ્રવર્મા પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં આવેલો કાબોજ દેશનો એ નામનો રાજા.

ચંદ્રવલ્લરી [સં.] જ્ઞા. સોમલતા; સોમવેલ.

ચંદ્રવલ્લિકા જુઓ ચંદ્રવલ્લરી.

ચંદ્રવલ્લી જુઓ ચદ્રવલ્લરી.

ચંદ્રવસ્ત્ર પું. પીળો એરડો.

ચંદ્રવળા પું. (પિંગળ) આઠ અક્ષરનો એ નામનો એક માત્રામેળ છંદ.

ચંદ્રવંશ [સં.] પું. ચદ્રમાંથી ઉત્પન્ન થયેલો વશ; ચંદ્ર જેનો મૂળ પુરુષ છે એવો ક્ષત્રિય રાજાઓનો વશ, સોમવંશ. આ વશની મુખ્ય બે શાખાઓ છે: યાદવ અને પૌરવ. યાદવ યદુમાંથી અને પૌરવ પુરુમાંથી ઉત્પન્ન થયા. શ્રી કૃષ્ણ યદુ વંશના અને દુષ્યત અને પાંડવો પુરુ વશના હતા.

ચંદ્રવંશા જ્ઞા. એ નામની ભરતખંડની એક નદી.

ચંદ્રવંશી વિ. ચદ્રવશનું; ચદ્રન. વશમાં ઉત્પન્ન થયેલું; સોમવશી.

ચંદ્રવંશ્ય [સં.] વિ. ચંદ્રના વંશનું.

ચંદ્રવાડિયા (ચંદ્રવાડિયા) ૧. જ્ઞા. એ નામની આદીવની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

ચંદ્રવાર [સ.] પું. સોમવાર.

ચંદ્રવાલા જ્ઞા. મોટી એલચી.

ચંદ્રવાસો અવું ૧. અ ક્રિ. મરણ પામવું; મરી જવું.

૨. અ ક્રિ. રાત થઈને નાસી જવું.

ચંદ્રવાહ પું. (પુરાણ) કકુત્સ્થ રાજાનું બીજું નામ.

ચંદ્રવિકાસી ૧. ન. કમળ. કમળનું ફૂલ રાતને વખતે ઊઘડે છે. માટે તેને ચંદ્રવિકાસી કહે છે.

૨. વિ. ચંદ્રના પ્રકાશમાં ખીલતું.

ચંદ્રવિજ્ઞ પું. (પુરાણ) કલિયુગમાં બહુ નામના રાજવંશના વિજ્યનો પુત્ર.

ચંદ્રવિદ્યા [સં.] સ્ત્રી. અમોઘવિદ્યાનું બહ સત્રંધી જ્ઞાન.

ચંદ્રવિરહીકાલ [સં.] પું. અંધારિયું. તે વખતે આકાશમાં ચંદ્ર દેખાતો નથી.

ચંદ્રવિહગ [સં.] ન. એક જાતનું પક્ષી

ચંદ્રવૈશ્યક ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સત્ર.

ચંદ્રવેલ જુઓ ચંદ્રકલ્લરી.

ચંદ્રવો પું. ચંદરવો; ઉલેચ; ચાંદની.

ચંદ્રવ્રત [સં.] ન. ચાંદ્રાયણ વ્રત.

ચંદ્રશાકલા સ્ત્રી. ભાકુચી નામની વનસ્પતિ.

ચંદ્રશા વિ. ચંદ્રના જેવું.

ચંદ્રશાલા ૧. સ્ત્રી. અગાસી; ધાબું; અટારી; મકરનો સૌથી ઉપરનો ખુલ્લો ભાગ.

૨. [સં. ચંદ્ર + શાલા (ગૃહ)] સ્ત્રી. ઉપરનો ઓરડો.

૩. સ્ત્રી. ચાંદની; અજવાળું; જ્યોત્સ્ના.

ચંદ્રશાલિકા [સં.] સ્ત્રી. મેડી; માળ; મજલો. જુઓ ચંદ્રશાલા.

ચંદ્રશાળા જુઓ ચંદ્રશાલા.

ચંદ્રશિરસ [સં. ચન્દ્રશિરસ્ક] પું. શિવ; મહાદેવ.

ચંદ્રશિલા ૧. [સં. ચંદ્ર + શિલા (પત્થર)] સ્ત્રી. ચંદ્રના જેવી સુંદર, સ્વચ્છ, ધોળી અને શીતળ પથ્થરની પાટ; પથ્થરની સુંદર બેઠક.

૨. સ્ત્રી. ચંદ્રમણિ; ચાંદીમાં રાખવાથી જેમાંનું પાણી ઝરે એવો પત્થર; ચન્દ્રકાંતમણિ.

ચંદ્રશુક્ર પું. (પુરાણ) બહ્મ માંહેનો એ નામનો એક ઉપદ્વીપ.

ચંદ્રશુક્લા જુઓ ચંદ્રશુક્લ.

ચંદ્રશૂર ૧. [સં.] પું. અજીર્ણિયાનો છોડ.

૨. પું. અજીર્ણિયો.

૩. પું. એક જાતનો રોગ.

ચંદ્રશૂર રસ પું. (વૈદક) અજીર્ણિયામાંથી બનતો એ નામનો રસ. અજીર્ણિયાના કાચા લાલ આકડાના પાંદડીમાં નાખી સારી પેઠે ચોળવાથી જરા વારમાં તે પાણીની સાથે મળી જશે અને તેનો ચીકણો રસ થશે તે ગાળી લેવો. આ રસ ચંદ્રશૂર રસ કહેવાય છે.

ચંદ્રશૃંગ [સ.] ન. બીજના ચંદ્રનાં બે માંહેનું દરેક પાંખડું.

ચંદ્રશેખર ૧. પું. (સંગીત) આઠ માંહેનો એ નામનો એક તાલ.

૨. પું. એ નામનો એક રાગ.

૩. પું. એ નામનો ચિતામોગ આગ્નેયનો એક પર્વત. જેનું ઉપલાનીનું દેવળ શક્તિ માતાની એક પીઠ મનાય છે. અહીં શક્તિનો જમણો હાથ કપાઈને પડ્યો હતો આ કુંજર ઉપર ગીતાકુંડ છે

૪ પું. (સંગીત) ધ્રુપદનો એ નામનો એક પ્રકાર. તેના દરેક ચરણમાં બોતેરીશ અક્ષર હોય છે.

૫. પું. આગ્નેયનો એ નામનો એક પર્વત. શંકરે કહ્યું છે કે મલયપર્વતમાં હું ચંદ્રશેખર પર્વત ઉપર રહું છું

૬. પું. ગૌરવનું એક નામ. તેની મૂર્તિ ચંદ્રકાંત નામના પીઠસ્થાનમાં છે

૭. [સં.] પું. મહાદેવ; શિવ. તેમણે ભરતકિ ચંદ્ર ધારણ કરેલ છે.

૮. પું. ગંધર્વાચાર્યનો એ નામનો એક શિષ્ય.

૯. ન. પુરાણ પ્રસિદ્ધ એક નગરનું નામ.

ચંદ્રશેખર રસ પું. (વૈદક) વિષમજ્વર ઉપર વપરાતો એક રસ. તેની બનાવટઃ શુદ્ધ પારદ તોલો ૧, શુદ્ધ ગંધક તોલો ૧, શુદ્ધ ટંકણ તોલો ૧, મરી તોલો ૧ તથા શુદ્ધ મન શિલ તોલા ૪ લઈ બધી ચીજને મેળવી માજલાના પિત્તમાં ચોવીસ પહોર સુધી ઘૂંટવી. તેની માત્રા ૧ થી ૨ રતી છે. તેના ઉપર અનુપાન તરીકે આદુનો રસ અપાય છે

ચંદ્રશ્વેતત્વ ન. ચંદ્રના જેવું ઊજળાપણું.

ચંદ્રસ ૧. પું. હરડાંદિના માંહેનો ઘાટવાળો પાન્યો.

૨. ન. અલ્પક્રિયામાં બતો એક જાતનો સુગંધીદાર મુદ્રર; રણ; ચદ્રસ

ચંદ્રસખી પું. એ નામનો એક કવિ.

ચંદ્રસગોત્ર [સં.] ન. ચન્દ્રનું એક તીર્થસ્થાન. તે ગોવર્ધન પર્વતની નજીક છે.

ચંદ્રસજીવન પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ચંદ્રસંજ્ઞ [સં.] પું. કપૂર

ચંદ્રસંભવ ૧. [સં.] પું. (જ્યોતિષ) બુધ ગ્રહ. ૨ સ્ત્રી. નાની એલચીનો દાણો.

ચંદ્રસંભવા ૧. સ્ત્રી. નર્મદા નદી.

૨. સ્ત્રી. નાની એલચી. જેવી રીતે ચંદ્ર શીતળતા આપે છે તેવી રીતે એલચી પણ શીતળતા આપે છે માટે તેને ચંદ્રસંભવા કહે છે.

ચંદ્રસંવત્સર ૧ ન. જૈન સત્ર પ્રમાણે એક સવત્સર; જે વર્ષમાં અધિક માસ ન હોય તે સવત્સર. આ સંવત્સરનાં ચોવીશ પખવાડિયાં થાય છે.

૨ ન પૂનમની સાથે તે પૂનમના નામ પ્રમાણે નક્ષત્ર ન હોય પણ જુદું જ નક્ષત્ર હોય તેવું વર્ષ તેવા સમયમાં ટાઢ, તાપ તથા વરસાદ મેળ વગરનો પડે એમ મનાય છે

ચંદ્રસારણી સ્ત્રી. ચંદ્રની ગતિ બતાવનારો નકશો.

ચંદ્રસાલોક્ય [સં.] ન. ચંદ્રલોકની પ્રાપ્તિ.

ચંદ્રસાવર્ણિ પું. બારમા મનુનું નામ.

ચંદ્રસુધા સ્ત્રી. ચંદ્રનું અમૃત.

ચંદ્રસુત પું. (જ્યોતિષ) પું. બુધ ગ્રહ.

ચંદ્રસૂર ૧. [સં.] પું. અજીર્ણિયાનો છોડ.

૨. પું. અજીર્ણિયો.

૩. પું. એક જાતનો રોગ.

ચંદ્રસૂર્યદર્શનિકા ૧. [સં.] સ્ત્રી. (જૈન) જન્મ પછી ત્રીજે દિવસે બાળકને કરાવાતું ચંદ્રસૂર્યનું દર્શન.

૨. સ્ત્રી. બાળકને જન્મ પછી ત્રીજે દિવસે ચંદ્ર સૂર્યનું દર્શન કરાવવા પ્રસંગે થતો ઉત્સવ.

ચંદ્રસૂર્યાલિકા સ્ત્રી. (જૈન) એક જાતનું ઘરેણું.

ચંદ્રસેન ૧. [સં.] પું. (પુરાણ) પાંડવ પક્ષનો એક રાજા. એના રથના અશ્વો ચંદના જેવા હતા. એને રાત્રિયુદ્ધમાં અશ્વત્થામાએ માર્યો હતો.

૨. પું (પુરાણ) ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા

૩. પું. રાવ માલદેવનો એ નામનો ત્રીજો કુંવર. પાટવી રામદેવ હતો. તેણે પોતાના પિતા માલદેવજીને મારી ગાદી લેવાનું કપટ કરેલું, તેથી તેને દેશવટો મળેલો. બીજો કુંવર ઉદયસિંહ હતો. પરંતુ તે અકબરની પ્રશંસા કરતો અને અકબર સાથે સુલેહ કરવામાં ફાયદો છે એમ કહેતો. તેથી માલદેવને ખાતરી થઈ કે મારા પછી ઉદયસિંહ રાજા થશે તો અકબરને મળી જશે અને જોધપુરને ફલક લગાડશે. તેથી ઉદયસિંહનો ગાદીનો હક રદ કર્યો અને પોતાની પછી ચંદ્રસેન ગાદીએ આવે એવો ઠરાવ કર્યો. રાવ માલદેવનો સ. ૧૬૧૮ માં સ્વર્ગવાસ થયો એટલે ચંદ્રસેન જોધપુરનો રાજા થયો. જોધપુર ઉપર બાદશાહી ફોજ આવી. ચંદ્રસેનના હાથથી જોધપુર છૂટી ગયું. ચંદ્રસેનનો પાટવી પુત્ર રામસિંહ તથા ભાઈ ઉદયસિંહ બાદશાહને મળી ગયા. છતાં પણ ચંદ્રસેન અકબરને નમ્યો નહિ. સં. ૧૬૩૭ માં

ચંદ્રસેન સ્વર્ગવાસી થયા બાદ ઉદયસિંહ સં. ૧૧૪૦ માં જોધપુરનો રાજા થયો.

૪. પું. (પુરાણ) સિંહલદ્વીપનો એ નામનો રાજા. તે મદોદરીનો પિતા હતો.

૫. પું. (પુરાણ) દસમ્બજ રાજાનો એ નામનો ભાઈ.

ચંદ્રસેના ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રસેના. આ છંદ અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેમાં મગણ, રગણ, મગણ અને બે ગગણ મળી પંદર વર્ણ હોય છે. તેમાં સાતમા તથા પંદરમા અક્ષરે યતિ એટલે વિસામો આવે છે

૨. સ્ત્રી એક અસુર સ્ત્રી.

૩. સ્ત્રી. ભોજનશાળા.

ચંદ્રસેની ઉદ પું. સોપાન; એક જાતનો પુષ.

ચંદ્રસેની કાયસ્થ સ્ત્રી. પુના તથા મુંબઈ તરફ વસતી એક હિંદુ જાતિ. આ કોમનાં લોકો રૂઢિધર્મ સમથી ભિન્ન કરે છે.

૨ વિ. એ નામની કોમનું માણસ

૩. વિ. એ નામની જાતિનું

ચંદ્રસૈરાયનભાગ ન. (જ્યોતિષ) સૂર્ય અને ચંદ્રના પૃથ્વી ઉપરના આકર્ષણને લીધે થતું વસંતસંપાતનું ચલન.

ચંદ્રસ્થઉપત્યકા [સં. ચંદ્ર (ચાંદો) + સ્થ (આવેલ) + ઉપત્યકા (તળેટી)] સ્ત્રી. દૂરબીનથી ચંદ્રની સપાટી ઉપર જણાતી સાકડી ચાંદીચૂકી ખીણ.

ચંદ્રસ્થાનો વિ. ચંદ્રના સ્થાનનું. સ્વરના સબંધમાં આ શબ્દ વપરાય છે.

ચંદ્રસ્વર પું. ચંદ્રની નાડીમાંથી કે ડાબા નસકોરામાંથી નીકળતો શ્વાસ.

ચંદ્રહાર [સં.] પું. ગોકમાં પહેરવાનું એક ઘરેણું; એક પ્રકારનો હાર; નવસરો હાર.

ચંદ્રહાસ ૧. પું. (પુરાણ) કેરળના સુધાર્મિક નામના રાજાનો એ નામનો પુત્ર. એ રૂપે બધો સુંદર અને સુલક્ષણો હતો. એનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો અને એના ડાબા પગને છ આંગળી હતી. એનો જન્મ થતા જ એના બાપને શત્રુઓએ મારી નાખ્યો હતો. એની માતા સતી થઈ બળી મરી હતી. તેથી તે નિરાશ્રિત બાળ બની હતો. અમુક મુદત સુધી તેની ધાવે તેને ગૌતમક્ષાપુરીમાં પોષ્યો પણ તે ધાવનું અકસ્માત મૃત્યુ થતાં તે ગમે ત્યાં રખડીને પોતાનું પેટ ભરતો અને ગમે ત્યાં પડી રહેતો. એક દિવસ પૃથ્વીબુદ્ધિ નામના સંતના પ્રધાનને ત્યાં જઠરભોજન થતું હતું ત્યારે અન્ન માગવા ગયો. ભોજનની વ્યવસ્થા કરનારાઓએ એને જમવા માટે ત્યાં રાખ્યો ભોજન પૂરું થતાં બાહ્મણોએ વિદાય લેતી વખત પૃથ્વીબુદ્ધિને આશીર્વાદ આપ્યો કે આ અનાથ બાળકનું રક્ષણ કર. એથી તારું કલ્યાણ થશે. તે આગળ જતાં તારો સ્વામી થશે. આથી પ્રીતિ થવાને બદલે તેને તે બાળક ઉપર દ્વેષ થયો અને તેણે ચાંડાલોને બોલાવીને તેને વનમાં લઈ જઈ મારી નાખવાને કહ્યું. તેઓ તેને મારવા જંગલમાં લઈ ગયા. ત્યાં ચંદ્રહાસે વિષ્ણુની સ્તુતિ આરંભી. તેથી તેના દ્વેષ ઉપરથી ચાંડાલોને તેના ઉપર દયા ઊપજી. એટલે તેની છરી આગળથી ફેંકી દીધી, અને તેને છોડી મૂક્યો. તેઓએ કાપેલી આંગળી પૃથ્વીબુદ્ધિને બતાવી. ચંદ્રહાસ વેદનાથી બાવરો બની જંગલમાં રખડતો હતો હવે તેની અપમૃત્યુનિવારણ છરી બાબતી જવાથી તેનું નસીબ ખૂલ્યું. તેથી કુંદિન દેશનો રાજા એકાએક ત્યાં મરી ગયો. એને સંતાન ન હતું, તેથી ચંદ્રહાસને જોઈ ને બહુ ખુશી થયો અને પોતાને ઘેર લઈ ગયો અને તેનું નામ ચંદ્રહાસ પાડ્યું. એને જનોઈ પણ આપ્યું બાહ્મણ બતાં વેદવેદાંગ, ધનુર્વિદ્યા વગેરેમાં એ એવો પ્રવીણ થયો કે એણે આજુબાજુના પ્રદેશ જીતીને કુંદિનની ચંદનાવતી નગરીને સપન કરી. આથી રાજાએ તેનો રાજ્યાભિષેક કર્યો

૨. ન. રૂપુ

૩. ન. શિવે રાવણને આપેલ એ નામનું ખડ્ગ.

ચંદ્રહાસહરિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, સગણ, બે જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે

ચંદ્રહાસહરિ ૨ સા જ જ ગે અને

સ્થૂપિંગળ

ચંદ્રહાસા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગળો.

૨ સ્ત્રી. પોગો ભોંયરીંગણી.

૩. સ્ત્રી. સોમલતા.

ચંદ્રહાસી સ્ત્રી. ગળો

ચંદ્રહોરા [સં.] સ્ત્રી (જ્યોતિષ) ચંદ્રની હોરા; ચંદ્રલગ્ન

ચંદ્રા ૧. સ્ત્રી. અફ્રિકામાં આવેલી એ નામની એક નદી

૨. [સં.] સ્ત્રી. એલાયચી; નાની એલચી

૩. સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. ચંદ્રત્વો; છત.

૫. સ્ત્રી. ચંદ્રનો પ્રકાશ.

૬ સ્ત્રી. (સંગીત) નારદમત પ્રમાણે શ્રુતિઓમાંના ત્રીજા સ્વરની એક મૂર્છના.

૭. સ્ત્રી. (પુરાણ) દક્ષપર્વા નામના દાનવની એ નામની એક દીકરી.

૮ વિ (હિંદી) ઠાંઠું; ખાતર.

ચંદ્રાકાર ૧. પું. તલવારની મૂઠનો ચંદ્ર જેવો આકાર. 'ક્રેસ્ટ'.

૨. [સ.] વિ. ચંદ્રના જેવા આકારવાળું.

ચંદ્રાકારનલિકા સ્ત્રી. કર્ણવલય અર્થે.

ચંદ્રાકી સ્ત્રી દર અજવાળી બીજને દિવસે જમાતના સભ્ય તરીકે ખોજાઓએ આપવાની ફી.

ચંદ્રાકૃતિ [સં.] વિ. ચંદ્રના જેવા આકારવાળું.

ચંદ્રાગ્રપ્રાણાયામ પું. એક જાતનો પ્રાણાયામ. સ્વરશ પદ્માસનવાળી એકાંતમાં બેસવું. પછી ચદનાડી દ્વારથી એટલે ડાબા નસકોરાથી પ્રણવ મંત્રના ૧૧ ઉચ્ચારપૂર્વક ધીમે ધીમે પૂરક કરવો. પછી પ્રણવમંત્રના ૧૬ ઉચ્ચાર સુધી કુંભક કરવો અને એ જ મંત્રના ૧૦ ઉચ્ચારપૂર્વક રેચક કરવો. પ્રાણાયામ કરતી વખતે દૃષ્ટ અને દક્ષી સમાન અમૃત સ્વરૂપ વર્ણવાળા અમૃતના ઉત્પાદક ચંદ્રમાનું નાભિ તથા હૃદયમાં ધ્યાન ધરવું.

ચંદ્રાતપ ૧. [સ.] પું. ચંદરવો; છત; ચાંદની.

૨. પું. ચંદનો પ્રકાશ; ચાંદની.

ચંદ્રાત્મજ [સ.] પું. બુધ ગ્રહ.

ચંદ્રાદિત્યપુર ન. નાસિક જિલ્લામાં આવેલ માંડોલનું પ્રાચીન નામ. તે જૂના સમયમાં યાદવ વંશના ચૂધપ્રહાર રાજાની રાજધાની હતું.

ચંદ્રાદ્રિ પું. (પુરાણ) ક્ષીર સમુદ્રને કાંઠે આવેલ એ નામનો પર્વત.

ચંદ્રાનન ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અગ્નિવધૂ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર રગણ મળી બાર અક્ષર હોય છે.

૨. [સં.] પું. કાર્તિક સ્વામી; કાર્તિકેય.

૩. વિ. ચંદ્રના જેવા મુખવાળું.

ચંદ્રાનના ૧. [સં.] સ્ત્રી. ચંદ્ર જેવા મુખવાળી સ્ત્રી

૨. વિ સ્ત્રી. ચંદ્રમુખી; ચંદ્ર જેવા મુખવાળી.

ચંદ્રાનની જુઓ ચંદ્રાનના.

ચંદ્રાપીડ (ચંદ્રાપીડ) ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચાર, ચારરૂપ; ચારરૂપા, ચારિકારૂપા; કામકરી; માધવીધારા; વંશાગ્ર. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ મગણ અને એક ગુરુ મળી પંદર વર્ણ હોય છે. તેમા આઠમા અક્ષર ઉપર વિસામો હોય છે.

૨. પું. કાશ્મીરનો એ નામનો એક મહાન રાજા; વજ્રાદિત્ય. તેના પિતા પ્રતાપાદિત્યના મરણ બાદ સને ૧૦૪૫માં તે ગાદી ઉપર આવ્યો હતો તે અત્યંત ઉદાર અને ધર્માત્મા હતો અને નીચેની વિદ્યામાં પ્રવીણ હતો (૧) પદ (વ્યાકરણ) (૨) પ્રમાણ (ન્યાયશાસ્ત્ર), (૩) વાક્ય (મીમાંસા), (૪) ધર્મશાસ્ત્ર, (૫) રાજનીતિ, (૬) આયામ વિદ્યા, ધનુષ વિદ્યા, અશ્વ ચલાવવું, બાણ વિદ્યા, ભાલાના ખેલ, કૃપાણ, કટારી, ગદા શક્તિ વગેરે, (૭) રથ ચલાવવો, (૮) હાથી ચલાવવો, (૯) વીણા, વગાડવી, (૧૦) વાસળી–બંસી વગાડવી, (૧૧) મૃદંગ, (૧૨) તબુરા, (૧૩) તબલા, (૧૪) સરણાઈ વગેરે વાજિંત્ર, (૧૫) ભરત પ્રણીત નૃત્યશાસ્ત્ર, (૧૬) નારદાદિ પ્રણીત ગાનશાસ્ત્ર, (૧૭) હાથીઓની વિદ્યા, (૧૮) ઘોડાની ઓળખ, (૧૯) મનુષ્યના લક્ષણ જાણવા, (૨૦) ચિત્રકાર, (૨૧) કુમારશાસ્ત્ર, (૨૨) લેખનકલા, (૨૩) જ્યોતિષ્કળા, (૨૪) પક્ષીની ભાષાઓનું જ્ઞાન, (૨૫) ગૃહ–જ્યોતિષ જ્ઞાન, (૨૬) રત્ન પરીક્ષા, (૨૭) ખાણની ક્ષેત્રગણિત વિદ્યા, (૨૮) હાથીદાંત ક્ષેત્રગણિત વિદ્યા, (૨૯) મકાન બનાવરાવવાની વિદ્યા, (૩૦) વૈદિકજ્ઞાન, (૩૧) મંત્રશાસ્ત્ર, (૩૨) પહેર દૂર કરવાની વિદ્યા, (૩૩) સુરંગ ફોડવાનું જ્ઞાન, (૩૪) નદી તળાવમાં તરવાની વિદ્યા, (૩૫) જમીન ઉપરથી ઉછળી પાણીની વિદ્યા, (૩૬) કૂદવાની વિદ્યા, (૩૭) માપિક વિદ્યા, (૩૮) નાટકી વિદ્યા, (૩૯) કાવ્યરચના, (૪૦) ઉખાણા–કોયડો, (૪૧) મહાભારત, (૪૨) રામાયણ, (૪૩) પુરાણ, (૪૪) દરેક દેશના ઇતિહાસ, (૪૫) દરેક જાતની તથા દેશની ભાષાનું જ્ઞાન, (૪૬) સંકેત વિદ્યા, (૪૭) ઇંદ્રજાલ અને બીજી અનેક પ્રકારની વિદ્યાઓ. તે આ વિદ્યાઓમાં ફક્ત ૬૪ વર્ષમાં પારંગત થયો હતો.

૩. પું. શિવ; મહાદેવ.

ચંદ્રાભરણ પું. શિવ.

ચંદ્રાભિનયન ન. ચંદ્રના પૃથ્વી ઉપરના આકર્ષણને લીધે વસંતસંપાતના ચલનમાં થતી અનિયમિતતા.

ચંદ્રામૃત ન. (યોગ) અમે ભમરોની વચ્ચે રહેલું મનાતું અમૃત; ભ્રકુટીચક્રમાં રહેલું અમૃત.

ચંદ્રાયણ ૧. [સં. ચાંદ્રાયણ] પું. (પિંગળ) એક પ્રકારનો પ્રાકૃત છંદ.

૨. પું. ચંદ્રની વધઘટ પ્રમાણે વધતા અને ઘટતા કોળિયા આપને કરવામાં આવતું એક વ્રત. ચાંદ્રાયણ. બીજાને આ વ્રત સોળાભડાર કહેવામાં છે.

૩. ન. એ નામનું એક ક્ષેત્ર.

ચંદ્રાયણા ૧. પું. (પિંગળ) આઠ પદનો ૧૨૮ માત્રાનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. પ્રથમ ૪૮ માત્રાનો એક દુહો અને પછી ૨૦ માત્રાના ૭ પદ હોય છે.

૨. પું. એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અગ્નિણી, તે જગતી જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બાર રગણ, અગી બાર અક્ષર હોય છે.

ચંદ્રાયન પું. એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણની ૨૧ માત્રામાંથી ૧૧ મી માત્રા ઉપર વિસામો અને ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રાએ તાલ આવે છે

ચંદ્રાર્દ્ધ [સં.] પું. ચંદ્રનો અર્ધ ભાગ

ચંદ્રાર્દ્ધચૂડામણિ [સં] પું. શિવ; મહાદેવ.

ચંદ્રાર્ધક [સં.] પું. શૃંગારશાસ્ત્ર નામનો કપૂર ગરમના કપાળમાં ચાંદલારૂપી ત્રીજી આંખ છે તે ચંદ્ર કે તેથી તે કપૂરને સંકેત ધારણ કર્યો એ પ્રેરણી શીતલતા મારે તેને ચંદ્રાર્ધક કહે છે.

ચંદ્રાર્ધ [સં.] ન. અર્ધોચંદ્ર; બાકીનો ચંદ્રમા.

ચંદ્રાર્ધોરિષ [સં. ચંદ્ર + અર્ધ (અરધું) + અરિષ (લાકડું)] ન. અર્ધચંદ્રાકાર લાકડું.

ચંદ્રાલી પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. ચંદ્રાવલી.

ચંદ્રાલોક જુઓ ચંદ્રાલેખન.

ચંદ્રાલેખન ન. ચંદ્રની સપાટીનું ચિત્ર અથવા વર્ણન; ચંદ્રવર્ણન.

ચંદ્રાલોક ૧. [સં.] પું. ચંદ્રનો પ્રકાશ.

૨. પું. તે નામે અલંકારનો એક ગ્રંથ.

ચંદ્રાવતંસક [સં.] પું. (જૈન) ચંદ્રમાનું વિમાન.

ચંદ્રાવતિક જુઓ ચંદ્રાવતી ૪.

ચંદ્રાવતી ૧. સ્ત્રી. આબુની પાસે આવેલી એક નગરી.

૨. સ્ત્રી. નારદ મત પ્રમાણે શારીરવીણાના ગ્રામની એક મૂર્છના.

૩. સ્ત્રી બાલાઘાટ જિલ્લામાં બોપા નગરી પાસે મળા નદીને મળનારી ચાંદન નામક અધિક્ષા નદી.

૪. સ્ત્રી. મધ્ય હિંદુસ્તાનના લલિતપુર જિલ્લામાં આવેલ ચદેરીનું પ્રાચીન નામ. કોક લોકોએ તેને ચંદ્રાવતિક કહ્યું છે. પૃથ્વીરાજ રાસામાં તેને ચંડાવરી નામે વર્ણવ્યું છે. ચેદી દેશના રાજા શિશુપાલની એ રાજધાની હતું.

૫. સ્ત્રી. રજપૂતસ્થાનમાં આવેલું ઝાલરાપટ્ટનનું પ્રાચીન નામ.

ચંદ્રાવતીશ ૧. પું. ચંદ્રાવતીનો રાજા; વિમળશાહ.

૨. ન. એ નામનું એક શીરદ.

ચંદ્રાવર્ત્ત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ 'અતિશર્કરી' જાતનો એક ભેદ છે. તેને મણિગુણ છંદ કહે છે. તેના દરેક ચરણમાં ચાર નગણ અને એક સગણ એમ પંદર અક્ષર હોય છે, તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ચંદ્રાવલી ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; ચંદ્રાલી. તેમાં આઠ પદની ૧૧૮ માત્રા હોય છે. પહેલું, ત્રીજું અને છેલ્લાં ત્રણ પદ દરેક સોળ માત્રાનાં અને બીજું તથા ચોથું પદ ૧૧ માત્રાનું હોય છે.

૨. સ્ત્રી. દ્રૌપદી.

૩. સ્ત્રી. શીલપુર પાસે બનાસ નદીને કાંઠે આવેલ એક નગરી. પ્રાચીન કાળમાં તે બહુ મહત્વનું સ્થળ કહેવાતું.

૪. સ્ત્રી. શ્રીકૃષ્ણ ઉપર અનુરાગવાળી એ નામની એક વૃંદાવનની ગોપી. તે ચંદ્રભાનુની કન્યા હતી.

ચંદ્રાવલોક પું. (પુરાણ) સૂર્યવંશી ઈક્ષ્વાકુકુળના કુશાનવંશમાં જન્મેલા સહદાશ્વ રાજાનો પુત્ર. એને તારાપીડ નામનો પુત્ર હતો

ચંદ્રાવળ જુઓ ચંદ્રાવળા.

ચંદ્રાવળા ૧. પું. એક રાગ.

૨. પું. કવિતાની એક જાતની રચના.

ચંદ્રાવળી ૧. સ્ત્રી. એક જાતનું ગીત.

૨. સ્ત્રી. કવિતાની એક જાતની રચના.

૩. સ્ત્રી. રાધાની એક સખી.

૪. જુઓ ચંદ્રાવલી ૧.

ચંદ્રાશ્મ [સં.] પું. એક જાતનો મણિ; ચંદ્રકાંત.

ચંદ્રાશ્વ પું. (પુરાણ) સૂર્યવંશી કૃષ્ણાશ્વનો દીકરો. તેનું બીજું નામ ભદ્રાશ્વ હતું.

ચંદ્રાસ્ત [સં. ચંદ્ર + અસ્ત] પું. ચંદ્રનો અસ્ત.

ચંદ્રાસ્પદા સ્ત્રી. મકડાસિંગી નામની વનસ્પતિ.

ચંદ્રાંગ ન. કાચુ નાસાપુટ.

ચંદ્રાંગપ્રાણાયામ પું. (યોગ) એક જાતનો પ્રાણાયામ. તેમાં સ્વસ્થ પદ્માસન વાળી એકાંતમાં બેસવું. પછી ચંદનાડી ડાબી ઓટલે ડાબા નસકોરાથી પ્રણવમંત્રના અભિપાર ઉચ્ચારપૂર્વક ધીમે ધીમે પૂરક કરવો. પછી પ્રણવ મંત્રના સોળ ઉચ્ચાર સુધી કુંભક કરવો અને બે જ મંત્રના દસ ઉચ્ચારપૂર્વક રેચક કરવો. પ્રાણાયામ કરતી વખતે દૂધ અને દહીં સમાન અત્યંત સ્વચ્છ ચક્ષુઓના અમૃતના ઉત્પાદક ચંદ્રમાનું નાસિ તથા કેમાં ધ્યાન કરવું. આનંદનો અનુભવ અને સુખ મળે છે.

ચંદ્રાંગદ ૧. [સં] પું. શંકર.
૨ પું. સૂર્યનું એક નામ.

ચંદ્રાંતરિત ન. ચંદ્રનું અંતર.

ચંદ્રાંશુ ૧. [સં. ચંદ્ર + અંશુ] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, જગણ, રગણ, યગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે
૨. પું. ચંદ્રનું કિરણ.
૩. પું. વિષ્ણુનાં હજાર નામ માહેનું એક નામ, જેમાં ચંદ્ર તેનો અંશ અંશ છે. વળી ચંદ્રની પેઠે અમૃતસ્રાવ કરનારા પણ તે જ છે અને ચંદ્રના કિરણો રૂપે પણ તે જ છે.

ચંદ્રાંશુતાપન પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

ચંદ્રિક [સં.] પું. શિવ; મહાદેવ; રાજા.

ચંદ્રિકકાન્હરા સ્ત્રી. અઢાર માંહેની એક જાતની કાન્હરા રાગિણી.

ચંદ્રિકા ૧. [સં.] પું. એ નામનો એક અક્ષરમેળ છંદ; રોઢચંદ્ર. તેના દરેક ચરણમાં ૭ ભગણ મળી ૧૮ અક્ષર હોય છે.
૨. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ક્ષમા; ઉત્પત્તિની; વિદ્યુત. તેના દરેક ચરણમાં બે નગણ, બે તગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
૩. સ્ત્રી. અરીઠિયો.
૪. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; સર્પગંધા, વાસપુષ્પા.
૫. સ્ત્રી. એ નામની ચંદ્રની એક કલા.
૬. સ્ત્રી. એ નામની દેવી. એનું સ્થાન હરિશ્ચંદ્રમાં છે.
૭. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; હેલ્લોન. આ વેલો હિમાલયના ઊષ્ણકટિબંધ ભાગ ઉપર અને સિક્કિમ, આસામ, પેગુ અને તેનાસરિમમાં સમુદ્રસપાટીથી ઊંચાઈ સુધી અને પંજાબમાં નહેર કે કૂવાને કાંઠે ઊગે છે. તે ઝેર, ઝેરી સર્પ તથા ઝેરી જંતુના કરડવું વારણ મનાય છે. ચંદ્રિકા તબિયત સુધારક અને હેડકી, અતિસાર અને લોહીનો બગાડ મટાડે છે. તેની માત્રા ૧થી ૪ ગ્રામ.
૮. સ્ત્રી. એક જાતનું માછલું.
૯. સ્ત્રી. કમળની બીજના આકારની નાની ગાંઠ.
૧૦. [સં.] સ્ત્રી. ચંદ્રના અજવાળાની પેઠે આનંદદાયક સ્ત્રી.
૧૧. સ્ત્રી. ચંદ્રની સ્ત્રી; જ્યોત્સના; કૌમુદી.
૧૨. સ્ત્રી. ચંદ્રભાગા નામની નદી.
૧૩ સ્ત્રી. ચાંદની; ચંદ્રપ્રકાશ.
૧૪. સ્ત્રી ચાંદરું.
૧૫. સ્ત્રી. ચોદ માહેની એક યક્ષિણી. મહાયક્ષિણી, સુરસુંદરી, મનોહરી, કનકવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નરી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, ચોલના અને મહના એમ ચોદ યક્ષિણી છે
૧૬. ભૂરું, ચમેલી.
૧૭ સ્ત્રી ઝોણી.
૧૮. સ્ત્રી ટીલડી. મોરપીંછની આંખ; મોરપીંછ ઉપરનું અર્ધચંદ્રાકાર ચિહ્ન.
૧૯. સ્ત્રી. ધોળી બાપરીગણી.
૨૦ સ્ત્રી. નાની એલચી.
૨૧. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષમાં એ નામની એક નદી.
૨૨ સ્ત્રી. અહિલતા
૨૩. સ્ત્રી. માયાનું એક ભૂષણ
૨૪. સ્ત્રી મેથી.
૨૫ સ્ત્રી. મોટી એલચી
૨૬. સ્ત્રી. સંસ્કૃત વ્યાકરણનો એક ગ્રંથ.
૨૭. સ્ત્રી. સ્ત્રીઓનો એક પ્રકારનો મુગટ, જે પ્રાચીનકાળમાં રાણીઓ ધારણ કરતી.

ચંદ્રિકાગીતિ પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ૨૭ માત્રા અને તેમાં ૧૨ અને ૨૭ માત્રાએ યતિ કે વિસામો આવે છે. બીજા દલમાં ૨૦ માત્રા અને ૨૦ માત્રાએ યતિ કે વિસામો આવે છે.

ચંદ્રિકાદ્રાવ [સં.] પું. અંધકારમણિ.

ચંદ્રિકાપટ પું. ચંદ્રિકાનો પહેલો પ્રકાશ

ચંદ્રિકાપાયિની [સ.] સ્ત્રી. ચકોર પક્ષિણી.

ચંદ્રિકાપાયી [સં. ચન્દ્રિકાપાયિન્] પું. ચકોર પક્ષી.

ચંદ્રિકાપુરી સ્ત્રી. અયોધ્યાના એક જિલ્લામાં આવેલું શ્રાવસ્તી અગર સહેત-મહેતનું પ્રાચીન નામ. જૈનોના ત્રીજા તીર્થંકર સંભવનાથ અને આઠમા તીર્થંકર ચંદ્રપ્રભાનાથ આ નગરીમાં જન્મ્યા હતા. આહીંનો શોભાનાથનો જૈન દેવળ છે. શોભાનાથ નામ સંભવનાથ ઉપરથી વિકૃત થયું જણાય છે. આ નગરીનાં ચાર નામ છે: (૧) ધર્મપટ્ટણ, (૨) શ્રાવસ્તી, (૩) ચંદ્રિકાપુરી અને (૪) સહેત-મહેત.

ચંદ્રિકાભિસારિકા [સં.] સ્ત્રી. શુક્લાભિસારિકા નાયિકા.

ચંદ્રિકામોદ [સ.] ચંદ્રિકાનો આનંદ.

ચંદ્રિકાયુક્ત [સં.] વિ. મોરના પીંછ જેવું.

ચંદ્રિકારસાર્જવ [સં. ચંદ્રિકા + રસ + આર્જવ] પું. ચંદ્રિકા પાસેથી રસની માગણી કરવી તે.

ચંદ્રિકાંબુજ [સ.] ન. પોયું કમળ; ચંદ્રવિકાસી કમળ; પોયણું.

ચંદ્રિકોત્સવ [સં.] પું. શરદ પૂનમનો ઉત્સવ; શરદોત્સવ.

ચંદ્રિપુર ન. જુઓ ચંદ્રિકાપુરી.

ચંદ્રિમા સ્ત્રી. ચાંદની; ચંદ્રનું તેજ; કૌમુદી.

ચંદ્રિર ૧. પું. કપૂર.
૨. પું. ચદમા.
૩. પું. હાથી.

ચંદ્રિલ ૧. [સ.] પું. એક જાતનું ઘાસ.
૨. પું. શિવ; મહાદેવ.
૩. પું. ઉજમ; ધાળો, વાળંદ.

ચંદ્રી ૧. સ્ત્રી. ચંદ્ર.
૨. [સં. ચંદ્રિકા] સ્ત્રી. ચંદ્રનો પ્રકાશ; જ્યોત્સના.
૩. સ્ત્રી. ધોળી બોયરીગણી.
૪. [સં.] સ્ત્રી. ભાભરી વનસ્પતિ.
૫. વિ. ચંદ્રનું.

ચંદ્રીય વિ. ચંદ્ર સંબંધી; ચંદ્રને લગતું.

ચંદ્રુઆ પુ. ચદરવો.

ચંદ્રુઓ પું. ચદરવો

ચંદ્રુસ ન. એક જાતનો કાચુ સુગંધીદાર ગુંદર; એક ઝાડની છાલ; રાળ. ચદ્રુસ એ દક્ષિણ હિંદ તથા આફ્રિકામાં થતા ધૂપની જાતના ઝાડનો રસ છે. તેનો રંગ લીલો અથવા પીળો હોય. તે પાણીમાં ઓગળતું નથી, પણ તેલમાં ઓગળે છે. તેલમાં રાખી તેને લાકડાં ઉપર લગાડવામાં આવે છે. આને કેટલાક સફેદ કામર કહે છે. એ વાર્નિશને ચોપડવાના ક્રમમાં આવે છે. તાવ, કોઢ અને દાહ ઉપર ફાયદો કરતું મનાય છે. તેનો મલમ પણ બને છે.

ચંદ્રેરા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ વર્ણદ્રુક કહેવાય છે. તેને સંગ્રામ છંદ કહે છે. તેમાં બે નગણ અને ૧૬ રગણ મળી ૫૪ અક્ષર હોય છે.
૨. [સં.] પું. કાશીમાં આવેલ એક શિવની મૂર્તિ.

ચંદ્રેશ્વર [સં.] પું. કાશીમાં આવેલ એક શિવની મૂર્તિ.

ચંદ્રેશ્વરરસ [સં.] પું. (વૈદક) એ નામનું એક દેશી ઔષધ. તેની બનાવટમાં સોમલનો ઉપયોગ થાય છે.

ચંદ્રેષ્ટા ૧. [સં.] સ્ત્રી. ચદ્રવિકાસી કમલિની; પોયણી.

૨. સ્ત્રી. પ્રેમણની વેલ.

ચંદ્રેંદ્ર [સં.] પું. ચંદ્ર દેવતાનો ઇંદ્ર કે અધિપતિ.

ચંદ્રોકાલ અ. હંમેશા; કાયમ; અનંતકાળ સુધી

ચંદ્રોગામી પું. નાલદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન. તેણે તંત્ર ઉપર અનેક પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત તેણે સાહિત્ય, વ્યાકરણ, તર્ક, ખગોળશાસ્ત્ર, સંગીત અને આયુર્વેદશાસ્ત્રમાં પણ સારી ખ્યાતિ મેળવી હતી.

ચંદ્રોચ્ય સ્ત્રી. ચંદ્રની કક્ષા એટલે જે માર્ગમાં ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે તેનું પૃથ્વીથી દૂર દૂર હોય તે બિંદુ.

ચંદ્રોત્તર ન. એક જાતનું ગામડું. હિમાલયમાં મળી આવતાં આ ગામડાં ઉપર ચંદ્ર જેવાં ટપકાં હોય છે.

ચંદ્રોદ્ગમિક પું. દશમા ઋતાબ્દિમા આવર્તમાં વર્તતો એક ધર્મ.

ચંદ્રોદય ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય; વિરાટનો ભાઈ.

૨. પું. ચંદ્રનું ઊગવું તે; ચંદ્રનું ક્ષિતિજ ઉપર દેખાવું તે; ચંદ્રનો ઉદય.

૩. પું. તે નામે એક રસાયણિક ઔષધ; પારાનું એક જાતનું રસાયણ; વાજીકરણ માટેની એક દવા. આ ચંદ્રોદય કૃપાતા દૂર કરી નવું લોહી શરીરમાં લાવે, વૃદ્ધાવસ્થા દૂર કરે, અકાળમૃત્યુથી આયુષ્યની રક્ષા કરે, નપુંસકતા અને મંદાગ્નિ જેવા ભયંકર રોગનો નાશ કરી જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે.

૪. પું. સારા પ્રસંગ વખતે હિંદુઓ પોતાના ઘરના ચોકમાં પાથરે છે તે બિછાનું; ચંદરવો.

ચંદ્રોદયરસ પું. (વૈદ્યક) એ નામનું એક ઔષધ. તે પારાભસ્મ, અભ્રકભસ્મ, શંખભસ્મ, શિલાજિત અને એલચીને દૂધના પાણીમાં ઘૂંટી એકત્ર કરી તૈયાર થાય છે. તે ઉપદંશ, પ્રમેહ, કમળો અને વાતપિત્ત ઉપર વપરાય છે. તેની માત્રા ૨થી ૪ ગ્રેન છે.

ચંદ્રોદયા સ્ત્રી. (વૈદ્યક) એ નામની એક ઔષધિ.

ચંદ્રોદયાવર્તી સ્ત્રી. (વૈદ્યક) એક જાતનું ઔષધ; આંખમાં આંજવાની વાટ. શંખનાભી, બહેડાંનો ગર, હરડાં, મનઃશિલ, પીપર, મરી, કઠ તથા વજ્ર એ બધાંને સરખે ભાગે લઈ તેને બકરીના દૂધમાં ત્રણેક વાટી જવના જેવી જાડાઈની લાંબી વાટ કરવી. તે આંજવાથી આંખનું તાજું ફૂલું, ઝામરમાં આખે આવતું અંધારું તથા આંખના શ્વેત પડની ઉપર ચડી આસની વૃદ્ધિ કરાય.

ચંદ્રોદ્ભવ ન. પૃથ્વી ફરતો ચંદ્ર જે માર્ગમાં ફરે છે તે માર્ગમાં પૃથ્વીથી દૂરમાં દૂરનું સ્થાન. તે સ્થાનને ચંદ્રનો મહોચ્ચ પણ કહે છે.

ચંદ્રોપક [સં.] ન. સંન્યાસીનું એ નામનું એક ઉપકરણ.

ચંદ્રોપરાગ [હિ.] પું. ચંદ્રગ્રહણ.

ચંદ્રોપલ [સં. ચંદ્ર + ઉપલ (પત્થર)] પું. ચંદ્રકાંત; ચંદ્રકાંતમણિ; ચંદ્રમણિ; સોમકાંત.

ચંદ્રોરસ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગઝલી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, નગણ, યગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૨. [સં.] પું. ભુજ પ્રદેશ.

ચંદ્રોલ સ્ત્રી. રજપૂતોની એક જાતિ કે શાખા.

ચંપ ૧. પું. (પુરાણ) અનુકુળના પૃથુલાક્ષ રાજાના ચાર ભાઈનો નાનો પુત્ર. એણે માલિની નગરીનું નામ ફેરવીને ચંપા પાડયું હતું. દશરથ રાજાના મિત્ર સોમપાદ રાજાની પછી ચોથી પેઢીમાં એ થયો હતો. એટલે દશરથ અને સોમપાદના વખતમાં આ નગરીનું નામ ચંપ હતું.

૨. પું. જંગલી સીસમ.

૩. પું. (જૂ. પ્રા.) પ્રણામ; નમસ્કાર.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના હરિત અથવા વૃક રાજાનો પુત્ર. એને સુદેવ નામે પુત્ર હતો.

૫. [સં.] પું. કોવિદાર વૃક્ષ.

૬. ન. કોવિદાર વૃક્ષનું ફૂલ.

ચંપઈ ૧. પું. સુતરાઉ, રેશમી અથવા ઊનના વસ્ત્રનો એક રંગ.

૨. [હિ.] વિ. પીળું અથવા સોનેરી રંગનું.

ચંપક ૧. પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

૨. [સં.] પું. એક જાતની ફૂલ.

૩. પું. એક જાતનું ખુશબોદાર પીળું ફૂલનું ઝાડ; રાજચંપો; કોવિદાર; પીળો ચંપો. તે નેપાળ, આસામ, બર્મા અને પંજાબમાં થાય છે. ચંપકનાં પાંદડાંનો રસ મૂર્છિત હોવાથી ચેટના દુખાવામાં અપાય છે. ચંપકનાં પાંદડાંને બાફી, પાણીમાં ઘૂંટીને તેની પટ્ટી આંખને આપવાથી આંખનું તેજ વધે છે. પેટાના સોજામાં તથા આંખના દુખાવામાં તેનાં પાંદડાંનું પાણી કોગળા કરવા અપાય છે. ચંપકથી વાયુ અને શ્રમજન્યક્લાંતિ સુધરતાં મનાય છે.

૪. પું. એક જાતનું જંગલી ઝાડ.

૫. પું. (પિંગળ) એક વર્ણમેળ છંદ. તેમાં ૮ તથા ૬ માત્રાની ૨ યતિઓ અને અંતે ૨ ગુરુ આવે છે.

૬. પું. કિંપુરુષ જાતના વ્યંતરદેવનું એક ચિહ્ન. વ્યંતરદેવના આઠ પ્રકારનાં ચિહ્ન છે. અશોક, ચંપક, નાગ, તુંબરુ, વટ, ખટ્વાંગ, સુલસ અને કદંબક.

૭. પું. કણસના ફળનો અમુક ભાગ.

૮. પું. સાંખ્યમત પ્રસિદ્ધ એક સિદ્ધિ.

૯. પું (સંગીત) કનુમત મત પ્રમાણે દીપક રાગના આઠ પુત્રો માંહેનો એક રાગ. તે ત્રીજે પહોરે ગવાય છે આ રાગ અપ્રસિદ્ધ છે.

૧૦. ન. એક જાતની ફળનું ફળ.

૧૧. ન. કોવિદાર વૃક્ષનું ફૂલ.

૧૨. ન. ચંપાનું ફૂલ.

૧૩. ન. અધ્ય હિંદુસ્તાનમાં આવેલ ચંપારણ્યનું બીજું નામ તે હંસધ્વજ રાજાની રાજધાનીનું શહેર હતું.

ચંપકચતુર્દશી [સં.] સ્ત્રી. એક સુદિ ચૌદશ.

ચંપકદુર્ગ ન. ચાપાનેર.

ચંપકપદન્યાય [સં] પું. એ નામનો એક ન્યાય. જે કપડામાં ચંપકનું ફૂલ રાખ્યું હોય તે કપડામાંથી તે ફૂલ કાઢી લેવામાં આવે તોપણ ઘણો વખત સુધી તેની સુગંધ રહે છે, તેમ વિષયભોગના સંસ્કાર પણ ઘણો વખત રહે છે. તેને માટે આ ન્યાય વપરાય છે.

ચંપકપા પું. (બૌદ્ધ) ચોરાસી સાંઢોનો એ નામે એક સિદ્ધ.

ચંપકપુરી સ્ત્રી. એ નામની એક નગરી. ત્યાંના રાજા હંસધ્વજે યજ્ઞનો ઘોડો બાંધવાથી અર્જુને તેને હરાવ્યો હતો.

ચંપકમાલા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; રૂક્મવતી. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. આમાં બાંયમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તેને રૂક્મવતી; રૂપવતી; સૌભાગ્યવતી કે ચંપકમાલા પણ કહે છે.

૨. [સં.] સ્ત્રી. ચંપાના ફૂલના આકારનો ઓઓની ઝોકનો એ નામનો એક દાગીનો.

૩. સ્ત્રી. ચંપાના ફૂલની માળા.

ચંપકમાલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રમૃતિ છંદનો એક ભેદ છે. તેને ચંપકમાલી પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, તગણ, સગણ, ત્રણ જગણ અને રગણ મળી ૨૧ અક્ષર આવે છે.

ચંપકમાલિની ૧ સ્ત્રી. (પુરાણ) કુશની બે માંહેની મોટી બહેન. એને ચંપકમાલિની આદિ નવ કન્યા હતી.

૨. સ્ત્રી. (પુરાણ) ચદ્રવત્સ રાજાની બે માહેની નાની બહેન.

૩. વિ. સ્ત્રી ચંપાના જેવી સુકુમાર.

ચંપકમાળા જુઓ ચંપકમાલા.

ચંપકરંભા [સં.] સ્ત્રી. એક જાતની કેળ.

ચંપકવરણું ૧. વિ. [સં. ચંપક + સં. વર્ણ (રંગ)] ચંપાના ફૂલ જેવા પીળા રંગનું; પીળું. સ્વાર્થે ણું.

૨. વિ. સુંદર, મનોહર.

ચંપકવર્ણો જુઓ ચંપકવરણું.

ચંપકવાદિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિ જગતી છંદનો એક ભેદ છે તેને પંક્તિ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે

ચંપકસ્તની વિ. સ્ત્રી. ચંપાના જેવાં સ્તનવાળી.

ચંપકાણી વિ. ચંપાની કળીવાળું; ચંપાના ફૂલની કળી જેવી કળીવાળુ

ચંપકા સ્ત્રી. (પુરાણ) હંસધ્વજ રાજાની એ નામની નગરી.

ચંપકારણ્ય [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન સ્થળ.

ચંપકાહ્વ [સં.] ન. કેસરનું ઝાડ.

ચંપકાવતી [સં] સ્ત્રી. ચંપા નગરી; કર્ણ રાજાની રાજધાની ભાગલપુર.

ચંપકાવલી પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંપકમાલિકા. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે.

ચંપકેક્ષ [સં.] પું. એક જાતનું માણેક્ષું.

ચંપકોષ [સં.] પું. કેસરનું ઝાડ.

ચંપગ [સં. ચંપક] પું. (પ્રાકૃત) ચંપાનો છોડ.

ચંપજિયું ન. રાયણ.

ચંપત પું ભટકી જવું તે; નાસી છૂટવું તે ચપત થવું = ભટકી જવું; પોબારા ભણવા.

ચંપલ જો ; ન. ઉપર ચોલ પગરખું એક પ્રકારનું પગરખું; ભડકા ચામડાના તળાનો એક જાતનો જોડો. એને ઉપરની બાજુએ અંગૂઠા અને આંગળાં રહે એવાં નાકાં અને સાટો હોય છે. ચોમાસામાં પાણી ભરાઈ ન રહે તે માટે બાણું કરીને દક્ષિણી લોકો તે વાપરે છે.

ચંપવું જ ક્રિ. ચાંપવું, દાબવું.

ચંપા ૧ પું. એ નામનું ફૂલ; ચંપાનું ફૂલ.

૨. પું. એક જાતનો ઘોડો.

૩. પું. એક પ્રકારનું મીઠું કેળું. તે બંગાળમાં થાય છે. આ જાતનાં કેળાં સહેજ ખાટો સ્વાદ આપે છે, પણ સ્વાદિષ્ટ હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૧૧૦ લઘુ મળી ૧૨૭ વર્ણ અને ૧૨૪ માત્રા આવે છે.

૫. [હિં.] પું. ચંપાનું ઝાડ; રાયચંપો; પીળો ચંપો.

૬. સ્ત્રી. (પુરાણ) અસુર કુળ ચંદ્રસેનાનું બીજું નામ.

૭. [સં.] સ્ત્રી. અંગદેશ અને મગધદેશની વચ્ચે સીમારૂપે આવેલી એ નામની એક નદી. તે વાત્રાનું સ્થળ ગણાતી.

૮. સ્ત્રી. ગંગરા અને કાકૂવાદની વચ્ચે રાખી નદીના મૂળોવાળી બીજાનો પ્રદેશ. તેને હાબ ચણા કહે છે.

૯. સ્ત્રી. કપાસમાંથી નીકળતી પેસી

૧૦. સ્ત્રી. માલિની નગરીનું મૂળ રાજાએ પાડેલું નામ; હાલના ભાગલપુર પાસેનું ચંપાનગર. એ અંગદેશની રાજધાની હતી. પંડવોના સમયમાં અહીં કર્ણ રાજ કરતો હતો.

૧૧. ન. ચંપાના ફૂલનું અત્તર.

૧૨. ન. ટોનકિન અને કોચીચાઇનાનો પ્રદેશ.

૧૩. ન. હ્યુએન સાંગના લખ્યા પ્રમાણે સિયામનું બીજું નામ. તે બ્રહ્મનો દેશ હતો.

૧૪. વિ.પું. પદ્મ જાંબલવાળો.

ચંપાઈ પું. એક જાતનો રંગ; ચંપાના ફૂલના મધ્યભાગના રંગ જેવો રંગ.

ચંપાકલી ૧. પું. એક જાતના ચોખા.

૨. સ્ત્રી. એક જાતનો હાર; ગળામાં પહેરવાનું ઓળનું એક ઘરેણું. તેમાં ચંપાની કળીના આકારના સોનાના દાણા રેશમના દોરાથી ગૂંથેલા હોય છે.

૩. સ્ત્રી. ચંપાની કળી

ચંપાકાટી પું. એક જાતનો છોડ. એને પીળો કમનાર કે પીળો કંમનાર પણ કહે છે. એક અષાડ માસને સુમારે એને ફૂમળાં પંદરાં આવે છે. તેની ભાજી થાય છે. આ ભાજી નિર્બળ અને બાવાને અરિષ્ટકર હોય છે. ચંપાકાટી દીપન, તૂરો, વણરોપણ, સંગ્રાહક, સારક તથા રક્તદુ છે. તે મૂત્રકૃચ્છ્ર, ત્રિદોષ, દાહ, કૃમિ તથા વાયુનો નાશ કરનાર મનાય છે.

ચંપાકળી જુઓ ચંપાકલી.

ચંપાકેળ [સં. ચંપક કદલી] સ્ત્રી. એક જાતની કેળ. તેનું ઝાડ બહુ ઉંચું અને જાતનું, પાંદડાં બહુ મોટાં, ને કેળાં બહુ નાનાં થાય છે. કેળાંનો રંગ પીળો તથા બહુ પાતળી હોય છે. કેળાં ઉપયોગી હોવા ઉપરાંત તેનો સ્વાદ પણ જ સરસ હોય છે

ચંપાકેળું ન. ચોડી સુગંધીવાળુ એક જાતનું કેળુ

ચંપાચૂંદડી સ્ત્રી. એક જાતની ચૂંદડી.

ચંપાછઠ સ્ત્રી. શિવપંથીનો એક તહેવાર. માગશર સુદિ છઠ અથવા ભાદરવા સુદિ છઠ. એમ મનાય છે કે, તે દિવસે શંકરે માર્તંડ અવતાર ધારણ કરી મણિ અને મલ્લ નામના રાક્ષસોને હણ્યા હતા.

ચંપાજ ૧. ન. ખેતરનાં રેઢાં ભાંગવાનું ઝાંકરાનું એક ઓજાર તેને બાવડ જેવામાં આવે છે

૨. ન. (રાનીપરજ) શેરડી પીલવાના યંત્રમાં બે લાટીના ઉપલા છેડા જે ઝાંકરાના બોકડામાં જોડવામાં હોય છે તે ઝાંકરું

ચંપાતીર્થ ન. જુઓ ચંપાવતી

ચંપાધિપ [સં] પું. ચંપા નગરીનો રાજા; કર્ણ રાજા

ચંપાનગર ૧. ન. એ નામનું એક ગામ; ભગાણમાં આવેલ ચાંદનીના અત્તર ચાંદમખનું પ્રાચીન નામ. આ નામ ચાંદ સોદાગરના નામ ઉપરથી પડેલું છે. એમ કહેવાય છે કે, મનોહર બાબા નામની પ્રસિદ્ધ વાર્તામાં આવેલ ચાંદ સોદાગર અહીં રહેતો હતો. હાલ એ ગામ કરતોયા નદીના કિનારા પર આવેલું છે.

૨. ન. ભાગલપુરની પશ્ચિમે આવેલ એ નામનું નગર; ચંપાપુરી.

ચંપાનગરી જુઓ ચંપાનગર.

ચંપાનેર ન. એક પુરાણું શહેર.

ચંપાપતિ પું. કર્ણ. તે ચંપા નામની નગરીનો રાજા હતો.

ચંપાપતેર પું. એક જાતનું જરીનું ભરતકામ.

ચંપાપુરી સ્ત્રી. જુઓ ચંપાનગર.

ચંપાભાત ન. ચંપા જેવી જાતનું રાતું પીળું કાપડ

ચંપાભાલિની જુઓ ચંપાનગર.

ચંપામાલી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ચંપકમાલા. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

ચંપારણ [સં. ચંપારણ્ય] ન. ચંપારણ્યનું બીજું નામ; બિહાર પ્રાંતનો એ નામે એક પ્રદેશ. જુઓ ચંપારણ્ય.

ચંપારણી પું. ચંપારણનો રહેવાસી.

ચંપારણ્ય ૧. [સં] ન. પટણા પ્રાંતમાં આવેલ ચંપારણનું બીજું નામ.

૨. ન. (પુરાણ) ભારતવર્ષનો એક વન તે અપ્સરાની પાસ હોવાથી આ નામ પડ્યું હોવાનું મનાય છે.

૩. ન મધ્ય હિંદુસ્તાનમાં આવેલ એક સ્થળ. જૈન અને બૌદ્ધ લોકોનું તે યાત્રાનું સ્થળ મનાય છે.

૪. ન. વૈષ્ણવોનું એ નામનું એક યાત્રાનું સ્થળ. ત્યાં શ્રીમદ્ વલ્લભાચાર્યનો જન્મ થયો હતો.

ચંપાકુ [સં.] ન. કપૂસનું ઝાડ.

ચંપાવતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક પ્રાચીન નગરી; ચંપાપુરી; ચંપાતીર્થ, ભાગલપુર. તે કપૂરાજાની રાજધાની હતી.

૨. સ્ત્રી. દ્રૌપદીની એ નામની નાની બહેન

૩. સ્ત્રી મુલતાનથી દક્ષિણ ૨૫ માઈલ ઉપર આવેલ આજનું પ્રાચીન નામ. હાલ તેને રેવડ કહે છે. એને રેવતીક્ષેત્ર પણ કહેતા. ઉત્તર કોંકણના કાંઠાના જિલ્લામાં એ આજનું છે. તે પરશુરામ ક્ષેત્રમાં અને સ્વતંત્ર રાજ્યની રાજધાની હતું.

ચંપાવરણું જુઓ ચંપાવર્ણું.

ચંપાવર્ણું ૧. વિ. ચંપાના ફૂલ જેવા પીળા રંગનું; પીળાશ ઉપર ગોરું.

૨. વિ. સુંદર; મનોહર, મધુર.

ચંપાવવું ૧. સ. ક્રિ. ભારે તળે દબાવવું; કચરાવવું, પલાવવું; ચપટું થાય તેમ કરાવવું.

૨. સ. ક્રિ. શરીરને દબાવવું; ચંપી કરાવવી, મસળાવવું; ચંપાય તેમ કરાવવું; દબાવવું.

ચંપાવિદારક ન. એ નામનું એક ઝાડ. બિજોરા, કાંવદાર. જુઓ કેમત.

ચંપાવું ૧. સ. ક્રિ. મહોમાં પગ પડવો.

૨. સ. ક્રિ. ચંપાય એમ થવું; દબાવું, હોમાવું, ભળવું; આમમાં નાશ થવું.

૩. સ. ક્રિ. ભારે તળે આવવું, કચરાવું; પિલાવું, ભિંસાવું; સકંજામાં સપડાવું.

ચંપાઈ બેસવું = (૧) ભરાઈ બેસવું; (૨) સકંજામાં બેસવું.

ચંપાતે પગલે = ધીમે પગલે.

ચંપાષષ્ઠી ૧. સ્ત્રી. અમુક માસ સામેની ભાદરવા સુદિ છઠ. ભાદરવા સુદ છઠને દિવસે મઘાનક્ષત્ર, વિશાખા નક્ષત્ર અને વૈધૃતિ યોગ આવેલ હોય તો તેને ચંપાષષ્ઠી કહે છે.

૨. સ્ત્રી. માગસર સુદિ છઠ. તે દિવસે દક્ષિણી બ્રાહ્મણો ઉત્સવ કરે છે.

ચંપાષ્ટિ જુઓ ચંપાષ્ઠી.

ચંપાસર વિ. કોમળ; ચંપા જેવું.

ચંપાહાર પું કોકમા પહેરવાનું એક ઘરેણું. તે સોનાના સાકળીયા ચૂથી તેની ઉપર ચંપા જેવા ફૂલનો આકાર કરેલો હોય છે.

ચંપિકા સ્ત્રી (પુરાણ) દક્ષરાજની રામના પુત્ર કૃશની બે માંહેની મોટી સ્ત્રી. એને ચપકમાલિની આદિ નવ કન્યા હતી.

ચંપી સ્ત્રી. હાથ, પગ કે આખા શરીરને દબાવવું તે; મસળવું કે ચંપાવવું તે; ચાકરી.

પગચંપી કરવી = ખુશામદ કરવી, કનિષ્ઠ સેવા કરવી; મન મનાવવાને કે ક્રોધ કાર્ય સાધી લેવાને સામા માણસની ખૂબ સેવા ઉઠાવવી.

ચંપૂ ૧. [હિં.] પું. હલેસું.

૨. સ્ત્રી. ચપો.

૩. સ્ત્રી. ન. પદ્ય અને ગદ્ય બંનેવાળી સાહિત્યકૃતિ; પ્રૌઢ ગદ્યના હારા અને વચ્ચે વચ્ચે ચટકદાર પદ્યાવાળું કાવ્ય; ગદ્યપદ્યાત્મક કથા કે આખ્યાયિકા.

ચંપૂકાવ્ય જુઓ ચંપૂ

ચંપૂગ્રંથ પું. ગદ્ય અને પદ્યમાં લખાયેલો ગ્રંથ.

ચંપેરી વિ. ચંપાનું.

ચંપેલી ૧. એ નામની વેલનું ફૂલ.

૨. સ્ત્રી જાતના દાણા જેવાં ખોળી છટી પાકડીનાં સુગંધીદાર ફૂલની એક વેલ; ચમેલ, ચમેલી. એમાંથી બનાવેલું તેલ ચમેલીનું તેલ કહેવાય છે.

ચંપેલીના ફૂલ જેવો જાત = ખોળો અને છટો ચંપેલ જાત. ખોળા અને છૂટા ચંપેલ જાતને ચંપેલીની ઉપમા અપાય છે.

ચંપેરા ૧ [સં.] પું. કર્ણ રાજા.

૨. પું. અંગદેશનું રાજ્ય.

ચંપેશ્વર જુઓ ચંપેશ.

ચંપો ૧. પું. એક જાતનું ફૂલ; ચંપાનું ફૂલ. ચંપો ઘણી જાતનો થાય છે: ધોળો ચંપો રામફળની જાતનું વૃક્ષ છે. તેનાં પાન લાંબાં અને એને ગળો જેવી આઠડીઓ આવે છે. તેમાં લીલા રંગનાં ફૂલ થાય છે. આ ફૂલ ઘણાં સુગંધી હોય છે. ધોળા ચંપાને મરાઠીમાં અબ્બાચે કહે છે. આ ઝાડ મધ્ય પ્રાંતોમાં થાય છે. તેનાં પાદડા લાંબાં અને ફૂલ પોળાં હોય છે. એ ઝાડ ઘણું મોટું અને ઘણું પોચું થાય છે. ચંપાનો રસ ઝેરનો ઉપચ છે કે તે શરીરે લાગવાથી ફોલ્લો થાય છે. ખૂનાં ઝાડને કવાક કવાંક સિંગો આવે છે. ચંપાનાં ફૂલનું ઝાડ પણ થાય છે. આ ચંપો સારક, કડવો, તીખો, હરો અને ઉષ્ણ છે. તે કોઢ, કૃમિ, વમન, કફ, વાયુ, ઉદરરોગ તથા આમાનનો નાશ કરનાર મનાય છે. આ ઉપરાંત પીળો ચંપો, રાયચંપો, કનકચંપો, નાગચંપો, ગેરચંપો, જૂચંપો અને સુલતાનચંપો તેની બીજી જાતો છે. ચંપો રૂપે, રંગે અને વાસમાં ઉત્તમ મનાય છે, પણ એક તેનો અવગુણ એવો કહેવાય છે કે તેની પાસે ભમર આવતો નથી.

૨. પું. ચંપાના ફૂલ જેવો રંગ.

૩. પું. જેના કપાળમાં આખોની વીટીથી નીચે ભમરો હોય એવી ખોડવાળો બળદ.

૪. પું. ભાતીગર ભીંત; ભાતવાળું એક જાતનું સુતરાઉ કાપડ.

૫. પું. સોનેરી કે રૂપેરી જેસની ઉપર મુકવામાં આવતી ઝભરાવાળી સોનેરી કે રૂપેરી કોર.

૬. પું. ચંપાના ફૂલ જેવા રંગનું.

ચંપોપલક્ષિત ૧. [સં.] પું. અંગદેશ.

૨. પું. અંગદેશવાસી.

ચંપ્રે સ્ત્રી. (પુરાણ) રુચાની એ નામની એક સખી.

ચંપ્યુતી સ્ત્રી. એક જાતના નાના ઝોડનું ફળ. તે દવા તથા સુગંધી બનાવવાના ઉપયોગમાં આવે છે.

ચંપ્ ૧. [સં.] સ. ક્રિ. જવું; ગમન કરવું.

૨. સ. ક્રિ. હાલવું; ચાલવું

ચંબ સ્ત્રી. (જુ. ગુ.) ચામડી.

ચંબર ૧. પું. પોલા અગર હાથીના શિર ઉપર ચગાડવાની ચામડી.

૨. પું. ચક; ગોળાઈ.

૩. પું. ચામર.

૪. પું. જાત.

ચતરે ચર્મ = સ્વર્ગનું જાત.

૫. પું. કૂકાની ચલમનું ઢાકણ.

ચંબરી વિ. ગોળ; ગોળાકારનું.

ચંબરી ગર્દન ૧. [ફા.] પું. કૂતરાનો ગર્દન પટો.

૨. પું. હાર.

૩. પું. કલેતીનું ઝાડ.

૪. પું. રૂમાલ.

ચંબલ ૧. પું. ચલમનું ઢાંકણ.

૨. [હિં.] પું. શિકારીનો ખાસો.

૩. સ્ત્રી. નહેરના કાંઠા ઉપર રાખેલ ખોલણવાળો લાકડાનો કટકો. તે નહેર કામ મારે પણી બંધવાના કામમાં આવે છે.

૪. સ્ત્રી. માળવામાં આવેલી એ નામની એક નદી. તેની એક શાખા ચોમતી કહેવાય છે, તે તેના ઉપર રણથંભોર વસ્યું છે.

૫. સ્ત્રી. રજપૂતાનામાં આવેલી એક નદી; ચર્મણ્વતી. તે વિંધ્યાચલમાંથી નીકળે છે. ઉદિતેશ

ચા

રાજાએ કરેલા યજ્ઞમાં બલિદાન તરીકે વધ કરેલી ગાયોના રક્તમાંથી આ નદી ઉત્પન્ન થયાનું કહેવાય છે

ચંબલા ૧. [હિં] પું. ત્રિખાડીનો પ્યાલો

૨ સ્ત્રી. ચરતી દેરાની એ નામની એક નદી.

ચંબલી સ્ત્રી. એક પ્રકારનો નાનો પ્યાલો

ચંબા ૧. [હિં] પું. ચપક; સોનચંપો; પીળો ચંપો

૨. પું. કઠોરની એક જાત. તે ઘર આગળ ઘાસ નાખી પૈસા લેવા માટે પોતાની ચામડી ઉપર ઘા કરે છે

૩. પુ. હિમાલયની પશ્ચિમના પ્રદેશની એ નામની એક જૂની લિપિ

ચંબામુર્ઢે પું સ્ત્રી. કાંબાના પ્રદેશમાં ચમાની નજીકમાં વસતી એક પ્રજા. તે અજબુદા તરીકે ઓળખાય છે. તેઓ ઢીમણા, ભણિયા ને રાઠોડી અટકોના હોય છે. આમના તેઓમાં જાતિ ભેદ નહતો, પણ હિંદુ સાથેના સંબંધથી હવે તેઓમાં જાતિ ભેદ થયો છે.

ચંબી ૧. સ્ત્રી. રેંટ ફાપની વખતે જ્યાં રેંટ ન ફાપવો હોય ત્યાં રાખવામાં આવતો ઢગલીનો ત્રિકોણાકાર કટકો

૨. સ્ત્ર. ચપકનું ફૂલ.

ચંબુ ૧. [સં. કમ્બુ (ઝાંખું)] પું. ઊંચી ને સાંકડી નળી જેવા મોંનું પાણી પાત્ર, કુંજા, દૂધ માપવાની સિરોઈ, દૂધ લાંબા મોંનો કળશ.

૨. પું. ઓટવાઘાટનું એક વાસણ; રાસાયણિક પ્રયોગ કરવાનું પાત્ર

ચંબુક [સં.] સ્ત્ર. દાઢીમાં ત્રાજવું.

ચંબુલ પું એક મજબૂત વેલો. તેનાં પાંદડાં પતરવેળાં તરીકે વપરાય છે.

ચંબૂડિયો (ચંબૂડિયો) પું. ઊંચા ઘાટનો લોટો.

ચંબૂડી (ચંબૂડો) ૨. પું. એક પ્રકારનો છોડ. તે જમીન ઉપર પથરાયેલો હોય છે અને તેનાં ફળ ગિલમેલાં ટોકળાં કે ચંબૂડી જેવાં હોય છે.

૨. સ્ત્રી. નાનો ચંબુ, નાનો ઓટવો

ચમુડીવાળવી = લોટની કણકમાં ઘાટ કરવો; નાનું છિદ્ર રાખી કોઈ વસ્તુનો ઘાટ બનાવવો.

ચંબેલી [હિં. ચમેલી] સ્ત્રી. એક જાતનો ફૂલઝાડ. તેના ઝાડમાંથી વેલા જેવા છોડ નીકળે છે. પાન એક કાંટમાં પાંચ કે સાત થાય છે. ફૂલ લાંબી ડાંડલી અને પાંચ પાખડીવાળું ધોળું, મનોહર અને સુગંધી હોય છે તેની કળી મધુ, વિશોટક, નેત્રરોગ તથા ફોડનો નાશ કરનાર મનાય છે. તેના ફૂલ કફ અને પિત્તનો નાશ કરે. પાંદડાનો રસ મધુરોપક છે. ઝાડ અને ઝાડી ઉપર એનાં મૂળ ઘસી ચોપડવાથી આરામ પમાડ્યું કહેવાય છે. જખમ ઉપર એનાં પાંદડાની થપલી બાંધવાથી ફાયદો થાય.

૨. સ્ત્ર. એક જાતનું ફૂલ.

૩. સ્ત્રી. પાણીની સપાટ. ઊંચી લહેર ઊઠતા તે સામસામી નાચ કુદી બંધ છે.

ચંબેલીનું ઝાડ (ચમેલીનું ઝાડ) સ. એક જાતની આનસપાઝ. અવાજના ટેટા ખાંધી લાકડું ઓરી તેમાં ઊંચી નીચી ખાંપુ બાંધી વાટ પાર્ડ અવાજ થાય છે.

ચંબેલા ૧. પું. એક જાતની રમત.

૨. પું. ચાર લીટીની કવિતાની કડી.

ચંબા ૧. [હિ.] પું. નવાઈ. આજબની.

૨. પું. નવાઈ ભરેલી વાત.

ચંબુ પું. (કચ્છી) સિરોઈ.

ચંબો ૧. પું. ગોળી.

૨. પું. તોપમાં દારૂ ધરબવાનો લાંબો સાંકડાનો ઢાળો

૩. બંદૂકનો અવાજ; એકબારી બંદૂકનો ભડાકો.

૪. પું. બંદૂકનો પાછલો ભાગ

૫ પુ પગો; મૂકો

ચબો દેવો–મારવો = પાંસામાં હાથની મૂઠી વાળી મારવી.

૬. પું. સુબો.

ચંમ ન. વિષ્ણુ વગેરે કરની વખત લોટી ઉપર તેલ મૂકતાં બતો અવાજ.

ચંયા સ્ત્રી. ઊંટનો બાંધક.

ચંરોડિયો પું. સુખડ ઘસવાનો પથ્થર.

ચંવર ૧. [હિં.] પું. ચેતર.

૨. પું ચમર; મોરપીંછની ચમરી

ચંવર ઢોળવો = ચમરીથી માખી ઉડાડવી.

૩. પું. બકાર્યના કુંડની જેરે થતું ફૂલ.

ચંવરી [હિં.] પું. ચમર; મોરપીંછની ચમરી.

ચંવાન [હિં.] સ્ત્રી. હલકી જાતની બાજરી.

ચા ૧. પું. ઇચ્છા; મરજી.

૨. પું. સ્વાદ; લહેજત.

૩. પું હેત; સ્નેહ; પ્યાર.

૪. પું. સ્ત્રી. એ નામના છોડનાં સૂકવેલાં પાન.

૨. ન. ચાંદ્રાયણ વ્રતનો વિધિ.

ચાંદ્રાયણિક [સં.] વિ. ચાંદ્રાયણ વ્રત કરનાર.

ચાંદ્રાયન જુઓ ચાંદ્રાયણ ૧.

ચાંદ્રિક વિ. ચંદ્રને લગતું; ચાંદ.

ચાંદ્રિકા સ્ત્રી. ચંદ્રનું તેજ; ચાંદની.

ચાંદ્રી ૧. [સં.] સ્ત્રી. ચંદ્રની પત્ની.

૨. સ્ત્રી. ચાંદની; જ્યોત્સ્ના.

૩ સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

૪. વિ. ચંદ્ર સંબંધી.

ચાંનડી જુઓ ચાનડી.

ચાંનસ [અં. ચાન્સ] ન. નસીબ, ભાગ્ય.

ચાંપ ૧. પું. એક જાતનો ઝાડ્પાલો

૨. પું. ચંપો; એક જાતનો ફૂલઝોડ.

૩. પુ. બંદૂકના કંદાને નળી સાથે જોડનારો ભાગ.

૪. સ્ત્રી. બંદૂકથી; 'ઘોડો'.

૫. સ્ત્રી. બંદૂકવા; ધમાકો.

૬. સ્ત્રી. બંદૂક, દાબ; ધાક, સત્તા.
ચાપમાં રાખવું લેવું = દબાવમાં રાખવું.

૭. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.
ચાંપ દેવી મારવી = (૧) ઉશ્કેરવું; ચગાવવું. (૨) કળ વાપરવી, ઉતાવળથી બંધ કરવું.

૮. સ્ત્રી. ઉસ્કાળો; ક્રમનો નાનો ઉસ્કાળો.

૯. સ્ત્રી. ઉશ્કેરણી.

૧૦. સ્ત્રી. કળ; પેચ; દાબવાની પડે કે ઉપકામ મોટી કરામત; ધોડો.
૧. ચાંપ ઉતારવી = કળ દબાવવી.
૨. ચાંપ ચડાવવી = (૧) ધોડો ચડાવવો. (૨) બાણ ચડાવવું. (૩) ભંભેરવું; ઉશ્કેરવું.
૩. ચાંપ મરડવી = કળ ફેરવવી.

૧૧. સ્ત્રી. કાળજી; ખંત.

૧૨. સ્ત્રી. ગાંસડી બનાવવાનો સંચો.

૧૩. સ્ત્રી ચેતવણી, સાન.

૧૪. સ્ત્રી. ચોટ; લાગ.

૧૫. સ્ત્રી. ઝાડની ડાળને વાડી વાળી ભોંયમાં દાટવી તે.

૧૬. સ્ત્રી. ટાંકણી.

૧૭. સ્ત્રી. દાંત ઉપર જડવામાં આવતી સોનાની રેખ.

૧૮. સ્ત્રી. ધનુષ્ય.

૧૯. સ્ત્રી. પૈસા રાખવાનું પાકીટ.

૨૦. સ્ત્રી. માછલાં પકડવાનો આંકડો; ગલ.

૨૧. ન. દુઃખ દેવાનું હથિયાર.

૨૨. ન. દબાવ કરેલ જનવરનું માંસ સહિતનું કમરનું હાડકું

ચાંપકમ ૧ સ્ત્રી. ઉશ્કેરણી, છપી મદદ કરવી તે; ચડામણી

૨. સ્ત્રી. દાબ; દાબવું તે; ચાંપવું તે; અંકુશ, સત્તા.

૩. સ્ત્રી. દાબવાનો સંચો.

૪. સ્ત્રી. નકશીકામનું ઓજાર.

૫. સ્ત્રી. પટી; પટ્ટ

૬ સ્ત્રી વસ્ત્ર કે પૈસા વગેરેથી કોઈને શરમમાં નાખવું તે.

૭. સ્ત્રી. સાળનું એક વતરણું; સાળમાં તાર ગોઠવવાનો કરવાની પાવડી.

૮. ન અટકાવ, ગતિ અટકાવવાનું યંત્ર; કેમી.

૯ ન. દાબવાનું કામ; દબામણી.

૧૦. ન કેની ગામડીનું બંધારણ.

ચાંપડિયું ૧ ન. ચાપડ, ભારાખાનું ઉપરનું લાકડું.

૨. ન. દાબવા કે ચાંપવાના ઉપયોગમાં લેવાતું સાધન.

૩. ન. રાંપના લોઢિયાની ઉપરનો ભાગ.

૪. ન. લાંચ, રિશ્વત.

૫. વિ. લાંચ આપવાની ટેવવાળું.

ચાંપળી જુઓ ચાપળ.

ચાંપણું ૧. ન. બારણા અથવા બારીને બચાવે ઓતરંગ ઉપર મૂકવામાં આવતું લાંબુ લાકડું કે લાંબો પથ્થર; બીડલું; ચાપલિયું.

૨. જુઓ ચાંપળ.

ચાંપત સ્ત્રી. ચીવટ; ધ્યાન; કાળજી.

ચાંપતી ૧. સ્ત્રી. બાસ ચેતવણી; તાકીદ.

૨. સ્ત્રી. મનાઈ હુકમ.

૩. સ્ત્રી. સખ્તાઈ.

ચાંપતું ૧. વિ. બારકું; સખ્ત.

૨ વિ. ખંતીલું; કાળજીવાળું.

૩. વિ. ઝટ અસર કરે એવું.

૪. વિ. દાબવાળું; સત્તાવાળું.

૫. વિ. ચોકસ; વાજબી.

૬. વિ. સખ્ત તાકીદનું

ચાંપદેલક ન ચાંપ રાખવાનું પાટિયું; 'સ્વિચ બોર્ડ'.

ચાંપનારી સ્ત્રી. વિલાયતી પડદો; 'કાર્ટેકામ'.

ચાંપલાવેડા (ચાંપલાવેડા) ૧. પું. ચાંપલું વર્તન; ચિબાવલા જેવું તે; ઠોલ્લાઠાપણું.

૨. પું. સફાઈ; કાળજી.

ચાંપલાશ જુઓ ચાંપલાવેડા.

ચાંપલિયો પું. ચંપો; એક જાતનો ફૂલઝોડ.

ચાંપલુશી જુઓ ચાંપલાવેડા.

ચાંપલું ૧. વિ. એક બાજુએ ઘસાઈ ગયેલું અથવા વળી ગયેલું.

૨. વિ. કોઈનું બરાબર કરનારું.

૩. વિ. ચપટ પગવાળું; પગના લાંબા વગરનું.

૪. વિ. ચાપી ચાંપીને ઠાંઠી ઠાંઠી વાતો કરનારું; ઠલ્લાઠલ્લુ કરનારું; ઠલ્લાયલું; ઠોલ્લાઠું, ચિબાવલું.

ચાંપવું ૧. ન. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

૨. વિ. ચાગળું; ચપટી જેટલું.

૩. સ. ક્રિ. અકીતદી કાંઈ મારવાં.

૪ સ ક્રિ. અટકાવવું, રોકવું.

૫. સ. ક્રિ. ઓળંસવું; તળાંસવું; પંપાળતા પંપાળતા ધીમે ધીમે દાબવું; અસળવું.

૬. સ. ક્રિ. ઉશ્કેરવું; ચડાવવું.

૭. સ. ક્રિ. કળી લેવું; ચાંપી લેવું.

૮ સ ક્રિ ગળચવું, દાબીને ખાવું.
ચાંપીને ખાવું = અતિશય ખાવું.

૯. સ. ક્રિ. ચપટ કરી નાખવું; કચરવું; ચપટું થાય એમ દાબવું; બગડવું; ગૂંદવું.

૧૦. સ. ક્રિ. જલદી ભાગ જે દોડે તે માટે બળદ કે ઘોડાને સારી પેઠે હાંકવા દબાવવું.
૧. ચાંપીને ચાલવું = ઉતાવળથી જવું; પગ ઉપાડવા.
૨. ભમગરી ચાંપવી = ભંઠણ કોડવી.

૧૧. સ. ક્રિ. ઠાંસવું; દાબીને ભરવું; ખીચોખીચ ભરવું.

૧૨. સ. ક્રિ. કામ દેવો; કઢાવવું; ઊતું ઊંચું જોરથી અડકાડવું.
ચાંપી મારવું–દેવું = (૧) કામ દેવો; કઢાવવું; બળતું શરીર બળાવવું. (૨) દાબીને પકડવું

૧૩. સ. ક્રિ. તપાસવું; ચેતવવું; સાનમાં કહેવું.
ચાંપી જોવું = મન જોવું; તપાસી જોવું.

૧૪. સ. ક્રિ. દબાવવું.
ચાંપીને બોલવું = બાંટો કાઢી કોઈ દબાણ તે રીતે સત્તાથી બોલવું.

૧૫. સ. ક્રિ. માર મારવો; મેથીપાક , બજાડવો; શિક્ષા કરવી.

૧૬. સ ક્રિ. રોગનું મૂળ જોવા માટે શરીર દાબી જોવું.

૧૭. સ. ક્રિ. લાંચ રિશ્વત આપવી.
૧. બગડવું ચાંપવું = (૧) બીજું તપાસવું. (૨) પૈસા પડાવવા યત્ન કરવો.
૨. પૈસા ચાંપવા = લાંચ આપવી.

૧૮. સ. ક્રિ. શરમમાં નાખવું.

ચાંપાચાંપી સ્ત્રી. વારંવાર દાબવું તે, ઉપરઉપર ચાંપવું તે.

ચાંપાનેર ન. ગુજરાતના એક જૂના મોટા શહેરનું નામ. વનરાજ ચાવડાએ આપ્યા નામના પોતાના મંત્રીના નામ ઉપરથી નવમા સૈકામાં પાવાગઢ ઉપર આ શહેર વસાવ્યું હતું વડોદરાથી પદર વીસ માઈલ ઉપર પાવાગઢ નામના ડુંગર ઉપર તે હાલ ખંડેરરૂપે નજરે પડે છે. દંતકથા પ્રમાણે એના અધિદેવતા કાલિકામાતા છે. પતાઈ રાવળ નામના રાજાના અધિનયને લીધે દેવીના કોપથી તે શહેર નાશ પામ્યું એમ જરનામાં અને રાસમાં ગવાય છે. ત્યાં કાલિકા માતાનું મંદિર છે, જ્યાં ગુજરાતનાં કોકરો યાત્રાએ જાય છે. ચાંપાનેરનાં ખંડેરો જોવા જેવાં છે. લાંબો કિલ્લો પણ પહાડી ફોર્ડ બધો મજબૂત હતો એમ ખંડેરો ઉપરથી જણાય છે.

માણ પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળી રે,
ત્યાં વસાવ્યું ચાંપાનેર પાવાવાળી રે,
માણ પાવા તે નેરના ચાર ચૌટાં મહાકાળી રે
—નવરાત્રિ ગરબાવળી

ચાંપાનેરા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ચાંપાનેરી ૧. સ્ત્રી. દરજીની એ નામની એક પેઠ રીતિ.
૨. ન. એક જાતનું હથિયાર.
૩. વિ. ચાંપાનેરનું; ચાંપાનેર સંબંધી.

ચાંપાનેરી તરવાર સ્ત્રી. એક જાતનું પોહાળી પાનું. તે બે ફૂટ પાંચ ઇંચ લાંબું, બેઠ ઇંચ પહોળું, વાંકું, એક બાજુએ ધારવાળું અને કિનારાવાળી મૂઠમાં બેસાડેલું હોય છે.

ચાંપી સ્ત્રી. કૂંચી.

ચાંપું ૧. ન. ચંપો; એક જાતનો કૂલઝોડ.
૨. ન. ચેતવણી.
૩. ન. નાકની વાળી; નાકની નસમાંનો એક ભાગ.
૪. ન. કપડાની અંદરની પેઢી; પાકેલા કપડાની બર સાથેની ગોટલી.
૫. ન. માથે ચાક ઉપર બાંધવાનું સોનારૂપાનું એક જાતનું ઘરેણું

ચાંપેય ૧. [સં.] પું. ચંપાનો ઝોડ.
૨. પુ. પતરો.
૩. પું. નાગકેસરનો ઝોડ.
૪. પું વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.
૫. ન. સોનું.
૬. વિ. ચંપા નદીમાં હોનાર કે બનાર.

ચાંપેયક ૧. [સં.] ન. ચંપાનું ફૂલ.
૨. ન નાગકેસર.
૩. ન. સોનું

ચાંપેલ ન. ચંપાનું તેલ.

ચાંપેશ [સં.] પુ. કુબેરનો પુત્ર કર્યું.

ચાંપો ૧. પું. ચંપો; એક જાતનો કૂલઝોડ.
૨. પુ. ખીંટું, ટોચ.
૩. પું. પગના તળિયાનો ભાગ.

ચાંપલી સ્ત્રી. નાનો ઝાપો

ચાંબલ ન. ગામડાની મોટી ખોખ.

ચાંબેલ ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઈમારતમાં વપરાય છે તેનાં પાંદડા કાંચનારનાં પાંદડા જેવા હોય છે. તેનાં પતરાવળાં થાય છે. તેની છાલ દવામાં વપરાય છે.

ચાંલું ૧. ન. કપાળે ચોડેલો ગોળ સોનેરી કે લોહી અથવા અન્ય પોઝ ચાકુ; ચકામું.
૨ ન. દંઢથી કે લોહીવિકારથી શરીર ઉપર દેખાતો ડાઘ.
૩. ન. રંગનો ડાઘો.

ચાંલ્લિયો ૧. પું. કપાળે ચોડવાના ચાલ્લા તૈયાર કરનારો કારીગર.
૨. પું. ચાંલ્લા કરી તેમાંથી મળતી દક્ષિણા ઉપર નિર્વાહ કરનારો બ્રાહ્મણ.
૩. પું. ચાંલ્લો આપીને મેળવેલો વર.

ચાંલ્લાખાતું ન. શુભ પ્રસંગે એકબીજાએ લાગીભાગીથી રકમ ઉધારવાનું કે જમા કરવાનું ખાતું.

ચાંલ્લાપદ્ધી સ્ત્રી. ગામલોક તરફથી પટેલને લગ્ન વગેરે પ્રસંગે મળનાર નજરાણો.

ચાંલ્લાવહેવાર ૧. પું. એકબીજાને ત્યા શુભ પ્રસંગે રોકડ પૈસા, પોશાક વગેરે આપવા લેવાનો રિવાજ.
૨. પું. કુટુંબની વચ્ચેનો નાતો; સંબંધ.

ચાંલ્લાગ્રત ન. કન્યાઓએ જમતા પહેલાં અમુક ચાલ્લા કરવાનું એક વ્રત.

ચાંલ્લૈયો જુઓ ચાંલિયો.

ચાંલ્લોર ૧. પું. કપાળે ચોડવાની વરખની બોનાકારી ગોળ ટીપકી.
૨. [સં. ચક્રક] પું. કેક, કેસર અથવા ચંદનનું કપાળમા વચ્ચે કરાતું ગોળ ટપકું; ટીલું; ટીકો; તિલક; ચાંલ્લો..
૧. ચાલ્લો કરવો = (૧) કપાળમાં કંકુનું ગોળ ટપકું કરવું. (૨) લગ્ન દેવો. (૩) દાન કરવું, આપી દેવું. (૪) નકામું આપી દેવું (૫) નુકસાનમાં મૂકવું. (૬) લગ્ન, જનોઈ વગેરે શુભ અવસરોમાં કોઈ ભેટ કરવું. (૭) વાગ્દાન કરવું. (૮) સગાઈ કર્યાનું જાહેર કરવું.
૨. ચાંલ્લો ચોડવો–ચોટવો = (૧) આળ ચડાવવું. (૨) કપાળ ઉપર ટીલડી ચોડવી. (૩) ખરાબ સબ્દોમાં ઝાપટી લેવાની ફરજ પડવી. (૪) ગેરમ્રાયદો કરવો. (૫) દંડ કે સજાને પાત્ર કરવું. (૬) નુકસાન આપવું.
૩. ચૂડી ચાંલ્લો = સ્ત્રીનાં સૌભાગ્યનાં ચિહ્ન
૩. પું. મગનો દાણો; નહિ ઓગળેલા દાણાનો ઓળાકાર.
દાળમાં ચાંલ્લા રહી જવા. = દાળ બરાબર ન ચઢવી
૪. પુ. ગોળ ચાંદુ.
૫. પું. ડામ. તિરસ્કારમાં અ. અર્થમાં વપરાય છે
ચાંલ્લો થવો = (૧) દંડ થવો. (૨) નુકસાન થવું. (૩) લગ્નના કોલકરાર થવા; સગાઈ થવી. (૪) વિવાહ થવો.
૬. પું. મોરપીંછનો ગોળ ભાગ.
૭. પું. વિવાહ.
૮ પું. વિવાહમાં કન્યાના બાપથી વરના હાથમાં કંકુની ટપકી કરી અપાતી રકમ
ચાલ્લો ભરવો = વરવિક્રય કરવો
૯. પું. શુભ પ્રસંગે અપાતી નાણાંની ભેટ.

ચાંલ્લ સ્ત્રી. (કચ્છી) ચીવટ

ચાંવલ ૧. પું. ડોતરી કાઢેલા ચોખા.
૨. ન. રતીના છઠ્ઠા ભાગનું વજન.

ચાંસિયા ૧. સ્ત્રી. દેહની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ચાંસી સ્ત્રી. ચાનકી; ખાજરી, ખર કે ધાતુના લોટની બનાવેલી નાની ખાખરી.

ચિ ૧. સ્ત્રી એક.
૨. વિ. ચિરંજીવીનું ટૂંક રૂપ. આ રૂપ નાનેરાને હેતપૂર્વક આશિર્વાદરૂપે બોલનાર એના અર્થમા વપરાય છે
૩. [ફા.] અ. શું ?
૪. [સ] સ. ક્રિ. (ધાતુ) એકઠું કરવું; એકત્ર કરવું. દગ કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દો: સમય, સંચિત, સમુચ્ચય.
૫. સ. ક્રિ. ભેગું કરવું.
૬. સ. ક્રિ. જમા કરવું.
૭. સ. ક્રિ. વિભાગ પૂર્વક લેવું
૮ સ. ક્રિ. ઢારબંધ મૂકવું.

ચિઉંટિયો જુ ચીંટિયો

ચિક ૧. [ફા. ચિક] પું. કાદવ.
૨ પું ખાટકી.
૩. [અં. ચેક] પું. ચેક; હુંડી.

૪. [સં ચિક્ક (દુખવું)] સ્ત્રી. કેડ કે વાંસામાં થતો દુખાવો.
૫. ન. ઝાડમાંથી નીકળતો એક ચીકણો પદાર્થ.
૬. ન. વાસની સળીઓનો પડદો.

ચિકડી (ચિકડી) સ્ત્રી. એક જાતનું ઝાડ જે હિમાલયમાં ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ મળી આવે છે. તેનું લાકડું મજબૂત હોય છે.

ચિકન ૧. ન. એક જાતનું કાકડી જેવું ફળ; ચીકણું.
૨. ન. એક જાતનું ઝીણું સુતરાઉ કપડું. તેના ઉપર ફૂલ કે બુટ્ટા હોય છે.
૩. ન. મજલીન ઉપર ભુક્કાનું ભરતકામ.
૪. [ફા. ચિકિન] ન. રેશમી કાપડ ઉપરનું ભરતકામ; કસીદો; રેશમી કપડા ઉપરનું રેશમી દોરાનું વેલબુટ્ટાનું ભરત
૫. વિ. કાળું
૬. [હિ.] વિ. લંબું, રેશમ જેવું.

ચિકનકાકડી (ચિકનકાકડી) સ્ત્રી. એક જાતની કાકડી

ચિકનકારી ન. ચિકન બનાવવાનું કામ.

ચિકનકાર ન. એક જાતનું કાપડ.

ચિકનદોજ જુઓ ચિકનદોઝ.

ચિકનદાઝ (ચિકનદોઝ) [ફા. ચિકિનદોઝ] પું. ભરત ભરનારો માણસ; વેલબુટ્ટી કાઢનાર.

ચિકનદોઝી (ચિકનદોઝી) સ્ત્રી. ભરતકામ.

ચિકનિયો પું. કાકડો માણસ.

ચિકરાસી ન. લીંબડાની જાતનું એક ઝાડ.

ચિકરિષુ [સં.] વિ. દેખવાની ઉમેદ રાખનાર.

ચિકર્તિષુ [સ.] વિ. કાપવાની ઉમેદ રાખનાર.

ચિકલચટ પું. ભીંત અને પાટ વચ્ચેનું લાકડું.

ચિકચા ૧. [હિ.] પું. ખાટકી.
૨. ન. એક પ્રકારનું કાપડ.

ચિકસા ૧. [હિ.] પું. એક સુગંધી ચૂર્ણ.
૨. પું. નાનો દીવો.
૩. સ્ત્રી. ખોડ કે ખામી શોધવાની અને તે બાબત નિંદા કરવાની ટેવ.
૪. સ્ત્રી ચિકિત્સા; તપાસ.

ચિકસાખોર વિ. દોષ શોધનાર; નિંદા કરનાર.

ચિકાખાઈ સ્ત્રી. એલ કાપનારી એક જાતની વનસ્પતિ; ચિકાકાઈ. તેનો દવા તરીકે બધુ ઉપયોગ થાય છે

ચિકાર ૧. [સં ચિક્કાર] પું. ભરત; કરજ.
૨ ન. ખીચોખીચ; ગીચ; ભલાછલ; જરા ખાલી ન હોય એમ; ઠાકોઠોક; ભરપૂર; સંપૂર્ણ
૩. ન. નકામુ.

ચિકારડું (ચિકારડું) ન. એક જાતનું જંગલી પ્રાણી.

ચિકારણ પું. અવાજ; ઘૂમ.

ચિકારવું પું. અવાજ કરવો; ચિચિયારી કરવી. ઘૂમો મારવી.

ચિકારા ૧. [સં. ચિક્કાર] પું. એક જાતનો મૃગ.
૨. પું. બુલબુલથી મેળવેલો ખોરાક; શિકાર.
૩. [હિ.] પુ. સારંગીના જેવું એક વાદ્ય.
૪. વિ. ભરાવદાર.
૫. વિ. મજબૂત.

ચિકારી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું વાર્નિશ.
૨. સ્ત્રી. મંજીરના જેવું એક નાનું ઝાંઝ.
૩. સ્ત્રી. શિકારની ઝરી.
૪. સ્ત્રી. સિતારના સાતમા તારનું નામ.
૫. ન. ગુસ્સો; નકામુ.

ચિકારોટ [હિ.] સ્ત્રી. કાળી ચીકણી માટી.

ચિકારો જુઓ ચીકારો.

ચિકાંઠ ૧. [સં. ચિક્કણ] વિ. ચીકણું.
૨. વિ. ઠોળી; પખડી.
૩. વિ. તેલવાળું.
૪. વિ. કપટી જવાબ એવું
૫. વિ. સાબળતાં ખરું લાગે એવું.

ચિકિત [સ.] પું. એ નામનો એક ઋષિ.

ચિકિતાન [સં.] પું. એ નામનો એક ઋષિ.

ચિકિત્સક ૧. [સં.] પું. ચિકિત્સા કરનાર વૈદ્ય, હકીમ; તબીબ; ડોકટર; રોગ દૂર કરવાના ઉપાય જાણનાર માણસ.
૨. પું. પરીક્ષક; તપાસ કરનાર માણસ.
૩. વિ. ચાલાક.
૪. વિ. ચિકિત્સા કરનાર.
૫. વિ. ચીકણું.
૬. વિ. જાણકાર.
૭. વિ. ઝીણી નજરે સામાના ગુણદોષ તપાસનાર.

ચિકિત્સન ૧. [સં.] ન. રોગ દૂર કરવાનો ઉપાય.
૨. ન. વૈદ્ય કરવું તે.

ચિકિત્સનીય ૧. [સં.] વિ. ચિકિત્સા કરવા યોગ્ય; તપાસવા જેવું
૨. વિ. જેના ગુણદોષ નિશાની ઉપરથી જણાય એવું.
૩. વિ. દવા કરવા જેવું; ઔષધ આપવા લાયક.
૪ વિ. પરીક્ષા થઈ શકે એવું.
૫ વિ સારું કરી શકાય એવું; સુધારી શકાય એવું.

ચિકિત્સા ૧. [સં.] સ્ત્રી. ઉપાય; ઇલાજ
૨. સ્ત્રી. ખોડ જોવાની અને ટીકા કરવાની ટેવ.
૩. સ્ત્રી. ગુણદોષની પરીક્ષા કરવાની શક્તિ.
૪. સ્ત્રી. ચર્ચા
૫. સ્ત્રી. ટીકા; દોષદર્શન.
૬. સ્ત્રી. દર્દનો નિર્ણય કરવા દર્દીની અમુક પદ્ધતિ પ્રમાણે કરવામાં આવતી તપાસ; રોગની પરીક્ષા.
૭. સ્ત્રી. નિદાન; કરાર.
૮. સ્ત્રી બારીક તપાસ.
૯. સ્ત્રી. રોગ ઉપર અમુક દવા આપવાનું કામ; વૈદકનો ઉપચાર. ગુજરાતીમાં અર્વાચીનકાળમાં ધર્મ ચિકિત્સામાં નિદાનનો અર્થ આવી ગયો છે. ચિકિત્સામાં પરખ એવો અર્થ રહેલો છે પણ આયુર્વેદિક પારિભાષિક શબ્દ તરીકે તો તેનો અર્થ દવા કરવા કે આપવાના અર્થમાં જ છે. ચિકિત્સાના ત્રણ પ્રકાર છે: જેમાં પારાની પ્રધાનતા હોય તે રૈરી, ચાકરાપ કરવાની હોય તે આસુરી ને છ રસ દ્વારા દવા કરવાની હોય તે માનુષી.
૧૦. સ્ત્રી. વર્તણૂક; ચાલચલગત.

ચિકિત્સાખોર ૧. વિ. ચિકિત્સા કરવાની ટેવવાળું.
૨. વિ. બારકાં છિદ્ર જોવાના સ્વભાવવાળું; ટીકા કરનાર; ટીકાખોર.
૩. વિ. મનની ખોટી કલ્પના અને બીકનો ભોગ થઈ પડવું; નિર્બળ મનનું.

ચિકિત્સાગૃહ [સં.] ન. દવાખાનું.

ચિકિત્સાદોષ [સં.] પું. (જૈન) સાધુને આહાર લેતાં લાગતું એક ૪૬ ઉત્પાદન દોષની સોળ આહેનો એક પ્રકાર; દવા બતાવી ભિક્ષા લેવી તે.

ચિકિત્સાધીન [સં.] વિ. સાધ્ય; મટાડી શકાય તેવું.

ચિકિત્સાપત્ર [સ.] પું. વૈદ્યે લખી આપેલ દવાની નોંધનો કાગળ.

ચિકિત્સાલય [સં.] ન. ઇસ્પિતાલ; દવાખાનું.

ચિકિત્સાવિજ્ઞાન [સં.] ન. ચિકિત્સાશાસ્ત્ર, રોગોની ચિકિત્સાનું વર્ણન કરેલું હોય એવું ન. ન.

ચિકિત્સાવિદ્યા [સં.] સ્ત્રી. ચિકિત્સા સંબંધી વિદ્યા.

ચિકિત્સાવિધાન [સં.] ન. ચિકિત્સાશાસ્ત્ર. તેમાં રોગની ચિકિત્સા વગેરેનું વિવેચન કરેલું હોય છે.

ચિકિત્સાવિભાગ [સં.] પું. વૈદકીય ખાતું.

ચિકિત્સાવિષયક [સં] વિ ચિકિત્સા સંબંધી; વૈદકીય.

ચિકિત્સાશાસ્ત્ર [સ] ન રોગની ચિકિત્સા કરવાની વિદ્યા. રોગના ઉપચાર કરવાનું શાસ્ત્ર. તેના આઠ ભેદ છે: બાલ ચિકિત્સા, શરીર ચિકિત્સા, રસાયન, વિષતંત્ર, ભૂતતંત્ર, શાલાક્ય, શસ્ત્રાહર્તિયા અને સ્વસ્થ ચિકિત્સા.

ચિકિત્સાસ્થાન જુઓ ચિકિત્સાલય.

ચિકિત્સિત ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. ન. રોગ દૂર કરવાનો ઉપાય; વૈદું

૩. વિ. જેના દર્દ ઉપર ઉપાય કરેલ હોય એવું.

ચિકિત્સુ [સં.] વિ ચિકિત્સક. ચિકિત્સા કરનાર.

ચિકિત્સ્ય ૧. [સં.] પું. રોગી; દર્દી.

૨. વિ. ચિકિત્સા કરવા લાયક.

૩. વિ. રોગનો ઉપાય કરવા જેવું.

૪. વિ. સાધ્ય; મટાડી શકાય તેવું.

ચિકિન [સં.] વિ. અપટા નાકવાળું; ચીબા નાકવાળું.

ચિકિલ [સં.] પું. કાદવ; કાંપ; પંક.

ચિકીર્ષક [સં.] વિ. કરવા ઇચ્છનાર.

ચિકીર્ષા ૧. સ્ત્રી. આપોઆપ થતી ક્રિયા, સ્વયંપ્રવૃત્તિ.

૨. [સં.] સ્ત્રી કંઈક કરવાની ઇચ્છા.

ચિકીર્ષુ [સં.] વિ. કરવા ઇચ્છનાર.

ચિકુર ૧. પું. (પુરાણ) આર્યક નામનો જે નામનો પુત્ર. તે સુમુખ નામનો પિતા હતો.

૨. [સં.] પું. એક જાતનું ઝાડ.

૩. પું. એક જાતનું પક્ષી.

૪. પું. કેશ; માથાના વાળ; લટ.

કેશ શિરોરુહ ચિકુર કચપ્રસવ અલકની દસ, અર ચીકણો સુખારપી લટકો વર કપાલ. પિંગળપ્રકાશ

૫. પું. પર્વત.

૬ પું. સર્પ

૭. સ્ત્રી. છછુંદર.

૮. વિ અનિષ્ટ; ખરાબ; કઠોર.

૯. વિ. અરિસર; ચલાયમાન.

૧૦. વિ. ચપલ; ચંચળ.

૧૧ વિ. સાહસિક; ઉતાવળિયું.

ચિકુરપારા [સ] પું. કેશનો સમૂહ.

ચિકુરાવલિ [સં] સ્ત્રી. વાળની લટ; જટા.

ચિકોટી ૧. [હિં.] સ્ત્રી. ચીમટી; ચીંટિયો.

૨. સ્ત્રી. પકડીચાની પકડ.

૩. સ્ત્રી. હથની નીચેનો અને પગની ઉપરનો ભાગ; ઢાંકુ.

ચિકોડ (ચિકોડ) જુઓ ચિકોડી.

ચિકોડી (ચિકોડી) સ્ત્રી. મેથી ઉકાળેલું પગી સોની લાકો તેને રેવવાના કામમાં વાપરે છે.

ચિકોચો પું એક જાતનું પક્ષી. કસુવાવડમાં કોઈ ભાગ પડયો બાકી રહી ગયો હોય તો તેનાં પીંછાની ધુમાડી દેવાથી તેવો ભાગ પડી જાય એમ મનાય છે.

ચિકોર ૧ [સં ચિકુર (ચપલ)] વિ. ઉદ્ધત, ઉચ્છૃખલ.

૨. વિ. બકબોલું

૩. વિ. સાહસિક.

ચિકોરવું ૧. અ. ક્રિ. ટોકવું

૨. અ. ક્રિ. વાદ આપવું; હરીફરીને કહેવું

ચિકોરી ૧. સ્ત્રી આરે માસ જેમનું એક જાતનું ઝાડ. તે દૂધ જેવા રસવાળું અને ભૂરા પીળા રંગનું અથવા મેલા રંગનું ફૂલ આસમાની અને સફેદ રંગનાં હોય છે.

૨. સ્ત્રી. ખુંદણાવા સાથે એક દળવામાં આવતું એક બેજનું મૂળિયું. તે કોફીને બદલે પણ વપરે છે.

ચિકોડા ન. પંડોળું; એક જાતની દુખી. તેની બજાર્ડ બાજરે ત્રણ ફૂટ હોય છે.

ચિક્કણ ૧. [સં.] ન. સોપારી.

૨. ન. સોપારીનું ઝાડ.

૩. વિ ક્રોમળ; મુંવાળું

૪ વિ ચીકણું. ચીકટ; સ્નિગ્ધ

૫. વિ. દુર્ભેદ્ય; ભેદી ન શકાય એવું.

ચિક્કણા ૧. [સં] સ્ત્રી. ઉત્તમ જાત.

૨. સ્ત્રી. સોપારી.

ચિક્કણી ૧. [સં.] સ્ત્રી. સોપારી.

૨ સ્ત્રી. સોપારીનું ઝાડ.

ચિક્કદેવ [સં.] પું. મૈસૂરના બારણ વશનો એક રાજા. તેણે ઈ સ. ૧૬૭૨ થી ૧૭૦૪ સુધી રાજ્ય કર્યું હતું.

ચિક્કસ [સં.] પું. ખાટો; અથનો લોટ.

ચિક્કા ૧. પું. ઉંદર.

૨. [સં.] સ્ત્રી. સોપારી.

૩. સ્ત્રી. સોપારીનું ઝાડ.

ચિક્કાર સ્ત્રી. એક જાતની વેલ. તેને નાની શીંગ થાય છે. તે ભરીકામને બદલે વપરાય છે.

ચિક્કાર ૧ [સં ચિત્કાર] સ્ત્રી. હાથીની ચૂમ

૨ ન. એક જાતનું પગથી વાહન. તેના તાર ઘોડાના વાળના હોય છે

ચિક્કિર [સ] પું એક જાતનો ઉંદર.

ચિક્કી ૧. [હિં.] સ્ત્રી. સોડેલી સોપારી.

૨. વિ. ચપટા નાકવાળું

ચિક્ખલ પું કાદવ; કીચડ; ગારો.

ચિક્કાંદ [સં. ચર્મગંધ] સ્ત્રી ચામડું, વાળ, ચરબી અથવા તેલ બળવાની ગંધ.

ચિક્ષુર પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે મહિષાસુરનો સેનાપતિ હતો.

ચિખર [હિં.] પું. ચણાનું ભૂસું, ચણાનાં ફોતરાં. ઢોરને માટે તે સારો ખોરાક ગણાય છે.

ચિખરવાઈ [હિં.] સ્ત્રી. નકામું ઘાસ કાપવા માટે અપાતો પગાર.

ચિખલ ૧. પું. કમાવેલો ચૂનો.

૨. પું. કાદવકીચડ; જમીનમાં પાણી ભરવાથી થયેલો ચીકણો ગારો.

ચિખલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ, શ્યામમૂળ.

ચિખાસિયું વિ. અપસ્પિયું; લપકી.

ચિખૂરી [હિં.] સ્ત્રી. બિસકોથલી.

ચિખ્ખલ જુઓ ચિખલ.

ચિગચ્છા સ્ત્રી. ચિકિત્સા; રોગની પરીક્ષા.

ચિગદાવું અ. ક્રિ. ચીકણું થવું.

ચિગદી સ્ત્રી. પતંગ ઉપર ચોડવાની કાગળની કટકી.

ચિગરી ૧. સ્ત્રી. અણગમો; કંટાળો.

૨. સ્ત્રી. તિરસ્કાર; ધિક્કાર.

ચિગુણું વિ. ત્રીગણું; ચતુર્ગુણ.

ચિગોટો સ્ત્રી. ચોટેલાથી ચોટીને થતું તે; **સોટ**; માથા ઉપર હાથ ઠોકીને કહ્યું જતું તે.

ચિચટી (ચિચડી) સ્ત્રી. ચામડ.

ચિચરચટી ૧. સ્ત્રી. ચૂંચવણ; મૂંઝવણ; ગભરાટ.

૨. સ્ત્રી. જમીનનો સાંકડો અને લાંબો કટકો.

૩. સ્ત્રી. લીપણ કે કરી વસ્તુ ખાતાં કે પીતાં પડતો ચીકટ

૪. સ્ત્રી. ઘાસકૂસ; ફાળ.

૫ સ્ત્રી. પ્રીતિનો ભુરકો, હેતનો ઊભરો.

૬. સ્ત્રી. સાંકડો અને ગંદવાડવાળો રસ્તો.

ચિચરચટો ૧. પું ચતુષ્પદનું ક્રમકું.

૨. જુઓ ચિચરચટી.

ચિચડકો ૧. પું ચીચરો; ભાગી.

૨. પું ચિચકારી; પાણીની રેલ ઉડાડવાનું યંત્ર.

૩. પું. ચીચરો.

ચિચવાટ સ. તમરા વગેરેનો અવાજ.

ચિચવાવવું ૧. સ. ક્રિ. ચીસ કે ભૂમ પડાવવી.
૨. સ. ક્રિ. ટટળાવવું, ટેખાડીને ન આપવું; ટળવળાવવું.

ચિચાડી (ચિચાડી) જ્રી. ચિકિયારી, ચિચિયારી; દુ:ખ કે ભયની તીણી ભૂમ.

ચિચાણી જ્રી. ચટણી.

ચિચાવવું સ. ક્રિ. ચીસ પડાવવી; રાડ પડાવવી; ભૂમ પાડે એમ કરવું

ચિચિંડા (ચિચિંડો) પું. એક જાતની વનસ્પતિ, અપેડો; અપામાર્ગ.

ચિચિણી જ્રી. આમલીનું ઝાડ.

ચિચિયારી જ્રી. ચિકિયારી; ચીસ; ભય કે દુ:ખની તીણી ભૂમ.

ચિચિંડ ન. પડોળું; એક જાતની દુધી.

ચિચિંડા જુઓ ચિચિંડ

ચિચી જ્રી. રબીના રેતનની ટીટડી.

ચિચુંદર ન. ઉંદરના જેવું એક પ્રાણી; છછુંદર.

ચિચૂકો ૧. પું. આબલિયો; ચચૂકો; અંજલીનો ઠળિયો.
૨. પું. કોશું; ચિચોડો.
૩. પું. પાવો; સિસોટી.
૪. પું. રમતનું એક સાધન; ચીચચો.

ચિચૂહો (ચિચૂહો) જુઓ ચિચૂકો.

ચિચૂર [સં. ચિકૂર] પું. કેચ; વાળ.

ચિચેંડા જુઓ ચિચિંડ.

ચિચોટિયું ન. ટીંડિયો; બળાની ધાંટી.

ચિચોડો (ચિચોડે) ૧. પું. એ નામની હલકાર તરફ રમાતી એક રમત.
૨. પું. એક જાતની તરકારી.
૩. પું. એક જાતનું કઠણનું રમકડું.
૪. પું. ચચૂકો, આમલીનો ઠળિયો; આબલિયો.
૫. પું કોશું; શેરડી પીલવાનું લાકડું કે લોઢાનું યંત્ર.
૬. પું. ચટમાણ; પરપરા

ચિચ્છક્તિ ૧. [સં.] જ્રી. પરમાત્માની ચૈતન્ય શક્તિ; ચૈતન્ય.
૨. જ્રી. મનોબળ.
૩. જ્રી. માપ.

ચિચ્છલ ૧. [સં.] પું. મહાભારત અનુસાર એ નામનો એક દેશ.
૨. ન એ નામના દેશનું રહેવાસી.
૩. વિ એ નામના દેશનું.

ચિચ્છાયા [સં.] જ્રી. ચિદાભાસ.

ચિચ્છાયાપત્તિ [સં.] જ્રી. સાંખ્યમત અનુસાર ચૈતન્યમાં બુદ્ધિ વગેરેના પ્રતિબિમ્બની પ્રાપ્તિ; વેદાંતમત અનુસાર બુદ્ધિ વગેરેમાં ચૈતન્યના પ્રતિબિમ્બની પ્રાપ્તિ.

ચિચ્છાસ્ત્ર [સં.] ન. ચિદ્વિદ્યા

ચિચ્ચિકરા [સં.] જ્રી. જ્ઞાનતંતુ; 'નર્વ'

ચિચ્ચિકરાકૃત વિ. આકુળવ્યાકુળ થયેલું, ગભરાયેલું; મૂંઝાયેલું.

ચિચ્ચિકરાગત જુઓ ચિચ્ચિકરાકૃત.

ચિચ્ચી જ્રી. કૂતરા ઉપર બેસતી જગા.

ચિચ્છલ [સં.] જ્રી. ટાંકણું; છીણી; વીંધણું.

ચિચ્ચ ૧. જ્રી. ઝાડના ઉપરનો સાથો
૨. જ્રી ઝાડનો દુકડો; ચિરી.

ચિચ્ચર ૧. [હિં.] પું. ખજવાતો સૂર્ય.
૨. જ્રી. પણી જ તરસ લાગવી તે.
૩. ન. એક જાતનું ઘાસ.
૪. ન. ચિન્હ; ખડું બાજવાની ચેક.

ચિચ્ચારા પું. નિશાની; ચાદુ.

ચિચ્ચી ૧. જ્રી. ચપટી
૨. જ્રી. તડકો.

ચિચ્ચીસ ૧ [ફા.] પું. અસલ કારકુન; સિરસ્તેદાર; જેની મદદવા ઉપરી અમલદાર ફરમટજ કરે તે માણસ
૨. પું. કારભારી; બાતમી મત્રી.
૩. પું. પત્રવ્યવહાર કરનાર કારકુન.

ચિચ્ચનવીસ જુઓ ચિચ્ચીસ.

ચિચ્ચનીસ જુઓ ચિચ્ચીસ.

ચિચ્ચનીસી ૧. જ્રી. ચિચ્ચનીસનું કામકાજ.
૨. જ્રી. ચિચ્ચનીસનું પદ; સિરસ્તેદારી.

ચિચ્ચમિચ્ચકા પું. કચ્છપ્રદેશ પ્રાંતમાં થતું એક ઝાડ. તેનાં ફળ ખાંડણા ખોર જેવાં પણ ખાટાં અને કુણા રાતા રંગનાં થાય છે. તેનું રાયતું અને શાક થાય છે.

ચિચ્ચલી જ્રી. નાની ટચલી આંગળી.

ચિચ્ચાંગુલિ જ્રી. ટચલી આંગળી.

ચિચ્ચી [સં.] જ્રી. ચકાગના વેશને ધારણ કરનારી યોગિની. તેની ઉપાસના વશીકરણ માટે કરવામાં આવે છે.

ચિચ્ચીબોટી જ્રી. ટૂંકી; 'ચેક'.

ચિચ્ચુકી ૧. જ્રી. આગળીની ટીચકી.
૨. જ્રી ચીમટી, ચપટી; ચીંદિયો.
૩ જ્રી પત્રનાં આગળામાં પહેરવાનો કરડો.
૪. જ્રી નૂણી.
૫. જ્રી ઝુમખાનો ગાંઠ વાળેલો ભાગ

ચિચ્ચુઠ્ઠા ૧. [હિં.] પું. રૂપાનો સિક્કો; રૂપિયો.
૨. પું. રોજમેળ હિસાબની કાચી નિસનોંધ
૩. વિ. ધોળું, સફેદ.

ચિચ્ચુડી [હિં.] જ્રી એક જાતની નાનાં બચ્ચાંવાળી મુરઘી.

ચિચ્ચુડા ૧. પું. આકાર; મહેસૂલ.
૨. પું. ચિઠ્ઠી; પત્ર.
૩. પું. હિસ્સો, ભાગ.

ચિચ્ચુઆમલદારી [હિં.] પું. માલિકી હકનો દસ્તાવેજ, હકપત્રક.

ચિચ્ચુચહી જ્રી. કાચી નાધ.

ચિચ્ચુડી ૧. જ્રી. આમંત્રણપત્રિકા; તેડું; નોતરું.
૨. જ્રી. એક જાતની નાનાં બચ્ચાંવાળી મુરઘી.
૩. જ્રી. કરજે લીધેલા માલનો દસ્તાવેજ.
૧. ચિઠ્ઠી લખી આપવી = (૧) તરત નાણાં આપવાની શરતે દસ્તાવેજ કરી આપવો. (૨) બિલ કરી આપવું.
૨. ચિઠ્ઠીનો ચાકર = (૧) કહ્યા મુજબ આવનાર. (૨) ચિઠ્ઠી પહોંચાડવા જેટલો જ જોખમદાર; માત્ર ચિઠ્ઠી જ લાવી કે આપી જનાર
૪. જ્રી. ઘર વગેરેની વહેંચણ વખતે નામનિશાનનો ઉપાડવામાં આવતો ઝાડના ડટ્ટો. તેમાં જે આવે તે પોતાનું એ લેવું તેવું હોય છે.
ચિઠ્ઠી ઝાલવી-નાખવી-ખસવી = નાના ડટ્ટા ઉપર નજર ભરી બાંધવા નામ લખ્યા નિશાની કરવી. અમુક વસ્તુ કોણ લે તેનો કયારેક આ રીતે નિર્ણય કરાય છે.
૫. જ્રી. જેમાં નામ, નિશાન વગેરે લખેલું હોય એવી ઝાડની ચીપ; મતલબ પૂરતું જ જેમાં લખાણ હોય એવી ચબરખી; કાપલી; પતાકડું
૬. જ્રી. ટિકિટ; 'સ્લેબલ'.
૭. જ્રી. પરવાનો, રજો.
૮. જ્રી. પહેરામણી તરીકે કન્યાના પિતરેથી અપાયેલા ઘરેણાનું અરધ, જે વરવાળાઓને પાછું મળે છે તે.
ચિઠ્ઠી કાઢી જવી = કુવારી કન્યા મરી જવી; તેનું બરજ કરવાનું કાઢી જવું; પેટે દીકરી પડી હોય અને તેને પરણાવવાના જે અમુક રૂપિયાનું બરજ મનાતું હોય તે તેના મરી જવાથી ઊતરી જવું.
૯. જ્રી. મરણના સમાચાર જેમાં લખેલા હોય એવો ઝાડનો કાગળનો.
ચિઠ્ઠી આવવી = માઠી ખબર આવવી; અમુક વર્તમાન મળવા.

૧૦. સ્ત્રી. હુકમ; ધમકી આજ્ઞા.
પ્રભુના ઘરની ચિઠ્ઠી = મોતનું તેડું
૧૧. સ્ત્રી. હુંડી, ચેપરીનાં નાણાં વિષેના વ્યવહારમાં હુંડી ગુમ થાય તો પેઢ, પેઢ ગુમ થાય તો પરપેઢ અને પરપેઢ ગુમ થાય તો ચિઠ્ઠી લખી આપવામાં આવે છે.
ચિઠ્ઠી આપવી = (૧) બદામણ કરવી; જાણવવું; બદામણપત્રિકા આપવી, કાગળ લખી આપવો. (૨) લીધેલા પૈસા બાબત કાયમસર આપવા. (૩) હિસાબનું ટાચણ આપવું.

ચિઠ્ઠીચપાટી ૧. સ્ત્રી કાગળપત્ર; પત્રવ્યવહાર; સાર્વસદેસો
૨. સ્ત્રી. બદામણ પત્રિકા

ચિઠ્ઠીદોરો પું. કામણટૂમણ અને વશીકરણ વગેરે તાંત્રિક બલેમી પ્રતિકાર કરવા તે; ભૂતપિશાચનું વળગણ દૂર કરવા બાંધવામાં આવતો મંતરેલો દોરો કે ચિઠ્ઠી

ચિઠ્ઠીપતરી ૧. સ્ત્રી. કાગળ, બનરકો; ચિઠ્ઠીચપાટી; પત્રવહેવાર.
૨. સ્ત્રી. હુંડી, દસ્તાવેજ.

ચિઠ્ઠીપત્રી જુઓ ચિઠ્ઠીપતરી.

ચિઠ્ઠીપાતી જુઓ ચિઠ્ઠીપતરી.

ચિઠ્ઠણું (ચિઠ્ઠણું) વિ. ચીડિયા સ્વભાવનું.

ચિઠ્ઠપિઠા (ચિઠ્ઠપિઠા) વિ. મરી જેવું ગરમ; તીખું.

ચિઠ્ઠવા (ચિઠ્ઠવા) સ્ત્રી. એક જાતનું પક્ષી.

ચિઠ્ઠવા (ચિઠ્ઠવા) [સં ચિષ્ટિ] પું. (હિંદી) ખાજા અને પકવેલ ચોખા.

ચિઠ્ઠા (ચિઠ્ઠા) [સં. ચટક] પું. એક જાતનું પક્ષી. તે ભૂરા રંગનું અને તેની ગરદનનો રંગ ચકચકિત રાતો અથવા આસમાની હોય છે.

ચિઠ્ઠાવું (ચિઠ્ઠવું) ૧. અ. ક્રિ. અપ્રસન્ન થવું, નારાજ થવું
૨. અ. ક્રિ. ઉપહાસ કરવો; ઠઠ્ઠામશ્કરી કરવી.
૩. અ ક્રિ. કંટાળવું; અભાવ કે અણગમાની લાગણી બતાવવી.
૪ અ. ક્રિ. ખીજવાવું; ગુસ્સે થવું.
૫. અ ક્રિ. બળવું; તપવું

ચિઠ્ઠાંદ (ચિઠ્ઠાંદ) [સં. ચર્મગંધ] સ્ત્રી. ચામડું, વાળ, ચરબી વગેરે તેલ બળવાની ગંધ

ચિઠ્ઠિયલ (ચિઠ્ઠિયલ) ૧. સ. છોકરું; બચ્ચું
૨ વિ. બીકણ; સહેજમાં ખિજાઈ જાય એવું.

ચિઠ્ઠિયા (ચિઠ્ઠિયા) ૧. સ્ત્રી. એક જાતની હુંડી
૨. સ્ત્રી એક જાતનું સીવણ.
૩. [હિં.] સ્ત્રી. ચકલી.
૪. સ્ત્રી. ચિરોડાની અંદર લાઇ અને મલખમને જોડનાર લાકડાનો કટકો.
૫. [સં ચટક] સ્ત્રી. મણી; પખેડે.
ચિઠ્ઠિયાનું દૂધ = અપ્રાપ્ય વસ્તુ; અસંભવિત વસ્તુ.
૬. સ્ત્રી. સંગ્રહાની બોટી.

ચિઠ્ઠિયાકા (ચિઠ્ઠિયાકા) [હિં.] પું. પક્ષીનું બચ્ચું. આ શબ્દ કોઈને ઉતારી પાડવા માટે સામાન્ય રીતે વપરાય છે.

ચિઠ્ઠિયાખાનું (ચિઠ્ઠિયાખાનું) ન. પક્ષીશાળા; જેમાં અનેક પ્રકારનાં પક્ષી રાખેલાં હોય તે જગ્યા; પખીઘર.

ચિઠ્ઠિયાઝાડ (ચિઠ્ઠિયાઝાડ) [હિં] ન. એક જાતનું ઝાડ. તેનો મુંદર પાન અને રાતાં ફૂલ આવે છે.

ચિઠ્ઠિયામાર (ચિઠ્ઠિયામાર) પું. પક્ષીમાર; વાઘરી

ચિઠ્ઠિયાવાલ્લા (ચિઠ્ઠિયાવાલ્લા) જુઓ ચિઠ્ઠિયામાર.

ચિઠ્ઠિયાસેર (ચિઠ્ઠિયાસેર) સ્ત્રી. ચિઠ્ઠિયાની કરેલી સેર; મલકાની હાર.

ચિઠ્ઠિયાં (ચિઠ્ઠિયાં) ન. બ. વ. એક જાતનાં કાચના મોતી.

ચિઠ્ઠી [સં. ચટક] સ્ત્રી. એક જાતનું પક્ષી. ચકલી.

ચિઠ્ઠીમાર (ચિઠ્ઠીમાર) જુઓ ચિઠ્ઠિયામાર.

ચિઠ્ઠું (ચિઠ્ઠું) ન. ચીબરું.

ચિઠ્ઠૈયા (ચિઠ્ઠૈયા) [હિં.] પું. બોસરા ઉપરની કડી. તેની અંદર દોરું નાંખીને બળદને બાંધવામાં આવે છે.

ચિઠ્ઠૈયાં (ચિઠ્ઠૈયાં) [સં. ચટક] સ્ત્રી. (હિંદી) એક પક્ષી.

ચિઠ્ઠી ૧. [સં. ચટક] સ્ત્રી. ચકલી.
૨. સ્ત્રી. પરદેશમણીમાંથી ઘરપક્ષને મોકલતો કાગળ. પરદેશમણી હાજલ કરવાના વિષેરથી થયેલા ઝઘડાનું અરધ પરધારાને પાછું મળે છે.
૩. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું લૂગડું.

ચિઠ્ઠો સ્ત્રી. વેરવા; બ્યભિચારદોષી સ્ત્રી

ચિઠ્ઠ (ચિ) સ્ત્રી. અપ્રસન્નતા; ધૂંધવા.

ચિઠ્ઠાવું બે વાર મારવું; સાફ ન થઈ હોય એવું મન અને ચીકટવાળું.

ચિઠ્ઠાવું જુઓ ચિઠ્ઠાવું.

ચિઠ્ઠુડું વિ. ઊંચું નાનું.

ચિઠ્ઠુખબ્બાજ પું. બબૂચક.

ચિઠ્ઠુગારી ૧ સ્ત્રી. તબૂચો, ચિનગારી; દેવતાની કરચ
ચિઠ્ઠુગારી મૂકવી = (૧) ઉશ્કેરવું. (૨) મળગાવવું.
૨. સ્ત્રી ખગરા
૩. સ્ત્રી. પ્રેરક શક્તિ.

ચિઠ્ઠુગારો પું તબૂચો; મોટી ચિનગારી.

ચિઠ્ઠુગી જુઓ ચિઠ્ઠુગારી.

ચિઠ્ઠુગો જુઓ ચિઠ્ઠુગારો.

ચિઠ્ઠુવું ૧. અ. ક્રિ. કાગળના સળ પાડવા
૨. [સં. ચિનોતિ; અપ. ચણ્ઢ] સ. ક્રિ. ચીપવું; સરખી કરવાની કરવી; કલી કરવી.

ચિઠ્ઠા પું. (જૂ. ગુ.) આજ્ઞા.

ચિઠ્ઠાક વિ. હોશિયાર.

ચિઠ્ઠાચીબડી (ચિઠ્ઠાચીબડી) પું. એક જાતનો ઘોડ. તે ૪ થી ૬ ફૂટ ઊંચો થાય છે. તેનાં કાન ઘેંસ જેવાં ઝૂલતાં કે આસમાની રંગનાં અને કાળ મોંના હોય છે.

ચિઠ્ઠિ પું. એક પ્રકારનો તમરા જેવો ધ્વનિ

ચિઠ્ઠી ન. એક જાતનું ઊંચું ઝાડવું. ચોમાસાની રાત્રિમાં તે બહુ તીક્ષ્ણ સ્વર કરે છે.

ચિઠ્ઠીક વિ. નાનું.

ચિઠ્ઠીતિ ન. ઈશોપનિષદમાં જણાવેલું એક નામ.

ચિઠ્ઠો [સં. ચિનાક] પું. એક જાતનું ધાન્ય; સામો. ક્ષાર. એનાં પાંદડાં નાનાં હોય છે. એના બાજ વગેરે પદાર્થો કરે છે. અતિસાર ઉપર ચિઠ્ઠાના ચોખા રાંધી તેનો ઘોટ કરી તે ઘોટ છાશમાં નાખી ખવાય છે.

ચિઠ્ઠોટી સ્ત્રી. ચીપટી; ચીમટો.

ચિત્ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ઈશ્વર.
૩. સ. ક્રિ. (ધાતુ) વિચારવું; સંભારવું; ચિંતન કરવું; સ્મરણ કરવું. તે ઉપરથી બનેલ શબ્દોઃ ચેતના, ચેતન, સચેત, ચિત્ત

ચિત ૧. પું. એકું કરનાર માણસ.
૨. પું. ચોસઠ બ્રહ્મસાત્ત્વદેવતામાંનો એક.
૩. [સ.] પું. પરમાત્મા. તેની સત્તા જણાવવા બીજા પદાર્થની જરૂર પડતી નથી. પોતાનામાં આરોપણ કરેલા સઘળા પદાર્થોને દેખાડી આપનાર એટલે પ્રકાશક તે છે. તે ચેતન સ્વરૂપ, સર્વ જીવોને ચેતાવનારા અને સત્તાસત્તને જણાવનારા છે.
૪. પું. ભોતેર બ્રાહ્મસાત્ત્વદેવતામાંનો એક.
૫. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.
૬. ન. આત્મા.

ચિતાવવું

૭ ન. (જ્યોતિષ) એ નામનું નક્ષત્ર; ચિત્રા.
૮ ન. કલ્પના; વિચાર.
૯. ન. ચૈતન્ય, ચેતના.
૧૦. ન. ૩ ન.
૧૧ ન. ધ્યાન, લક્ષ, નજર, દૃષ્ટિ.
ચિત આલવું-દેવું-ધરવું-પરોવવું-લગાવવું = ધ્યાન આપવું; લક્ષ દેવું.
૧૨. ન. પ્રકાશમાન બ્રહ્મ.
૧૩. ન. બુદ્ધિ.
૧૪. ન. મન; હૃદય; ચિત્ત
૧. ચિત પર ચઢવું = કોઈના હૃદયનો કબજો લેવો.
૨. ચિતથી ઊતરવું = ભૂલી જવાવું.
૧૫. ન. યાદદાસ્ત; સ્મરણશક્તિ.
૧૬. ન. સંજ્ઞાળ; કાળજી.
૧૭. વિ. આચ્છાદન કરેલું. ઢાંકેલું.
૧૮. વિ. ઓઢવું કરનાર; ધારણ કરનાર.
૧૯ વિ. ઓઢવું કરેલું, ભેગું કરેલું.
૨૦. વિ. ચતું, ચત્તેલું, વાંસા ઉપર સૂતેલું.
૧. ચિત કરવું = (૧) કુસ્તીમાં પ્રતિસ્પર્ધીને જમીન ઉપર પછાડવો; કુસ્તીમાં મહાત કરવું (૨) જીતવું
૨. ચિત થવું = (૧) મૂર્છામાં પડવું. (૨) વાંસા ઉપર ઢેબાવું. (૩) થવું.
૨૧. વિ. જડિત; જડેલું.
૨૨. વિ. ભરપૂર
૨૩. વિ. મેળવેલું; પ્રાપ્ત કરેલું.
૨૪. અ. સર્વનામને લગાડતાં તેનું વિશેષણ કરે એવો પ્રત્યય. જેમકે, કિંચિત.
૨૫. અ. હદ બતરનું એવો અર્થ બતાવનાર પ્રત્યય. જેમકે, કદાચિત.

ચિતકબરા ૧. પું. કાબરચીતરો રંગ.
૨. વિ. ઉતરપિડી કરનાર.
૩. વિ. ધૂર્ત
૪. વિ. સફેદ રંગ ઉપર કાળા, લાલ અથવા પીળા કાબવાળું; કાળા, પીળા અથવા કોઈ રંગ ઉપર સફેદ ચટાપટા કે કાબવાળું, રંગબેરંગી, કાબરચીતરું.

ચિતકાબર જુઓ ચિતકબરા.

ચિતકાર જી. ચીસ; રાડ.

ચિતકૂટ [હિં.] પું. ચિત્રકૂટ.

ચિતકો પું. મડદું બાળવાનો બળતણનો ઢગલો.

ચિતગુપ્તિ [હિં.] પું. ચિત્રગુપ્ત.

ચિતચોર વિ. મન હરણ કરનાર; જીવને મોહ પમાડનાર; ચિત્તચોર; બીજાનું હૃદય ચોરી લેનાર.

ચિતડું (ચિતડું) ન ચિત્ત, હૃદય, મન.

ચિતણિયો પું. ધાતુ ઉપર પાટ ચીતરનારો; સોનારૂપાના પાટ ઉપર ચિત્ર પાડનારો.

ચિતપટ ૧. [હિં.] જી. એક જાતની રમત.
૨. જી. કુસ્તી; મલ્લયુદ્ધ.

ચિતપાવન ૧. જી. મહારાષ્ટ્રી બ્રાહ્મણની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ચિતબાહુ [હિં.] પું. તરવારના બત્રીસ માર્ગનો એક પ્રકાર.

ચિતભંગ ૧. [હિં.] પું. ઉચાટ; ઉદાસીનતા.
૨. પું. મતિભ્રમ; બુદ્ધિનો લોપ.

ચિતભ્રમ પું. ગાંડપણ, દીવાનાપણું, ઉન્માદ, ઘેલછા.

ચિતરચ્છ ન ચિત્રકામ.

ચિતરામણ ૧. ન. ચિત્રકામ ચિત્ર, ચીતરવાની ક્રિયા; આલેખન.
૨. ન. ચીતરવાનું મહેનતાણું, ચિત્રકામની કીમત. ચિતરામણી.

ચિતરામણી જુઓ ચિતરામણ.

ચિતરાવવું સ. ક્રિ. કોઈ ચીતરે એમ કરવું; કોઈની પાસે ચિત્ર કઢાવવું.

ચિતરાવું ૧. અ. ક્રિ. ચીતરેલ થવું.
૨. અ. ક્રિ. વિચિત્ર આકારમાં દેખાવું; બનવું.

ચિતરોખ [હિં.] જી. એક જાતનું પક્ષી.

ચિતલ જી. ઓઢાને હાથમાં પહેરવાનું બંગડીના પાટનું પરેલ.

ચિતલકંદ પું. એક જાતનો છોડ. જેનાં પાન સુરણનાં પાન જેવાં હોય છે. જેમાં દસ આંગળ લાંબીનો મકાઈના ડોડા જેવો ડોડો આવે છે. તેને જમીનમાં હાથીની સૂંઢના આકારના કંદ થાય છે. તે લાલ અથવા ધોળા દેખાય છે.

ચિતલા ૧. [હિં.] ન. તરબૂચ. તે લંબગોળ તરફ થાય છે. સારી જાતનાં ખવાતાં તરબૂચ મોળાં, કાચાં અને મધ્યભાગેથી ચપટાં હોય છે. તેની છાલ લીલી અને અંદર સુંવાળો અંદરનો ભાગ ખાવા તેવો હોય છે.
૨. વિ. કાબરચીતરું; રંગબેરંગી; ચટાપટાવાળું.

ચિતવણી જી. ચેતવણી.

ચિતવન ૧. [સં. ચિંતન] પું. ચિંતન; મનન.
૨. પું. નજર; દૃષ્ટિ.

ચિતવણિયું ન. ચિત્ત; મન; ચિતડું.

ચિતા [સં.] જી. મડદું બાળવા ગોઠવેલી લાકડાની ગાદી; ચેહ. મડદું બળી રહે તે પ્રમાણે ગોઠવેલાં લાકડાં બળવું વગેરેનો ઢગલો.
૧. ચિતા કરતાં ચિંતા વધારે કાચું = ચિંતા મોત કરતાં પણ વધારે ખરાબ છે.
૨. ચિતા બકરી = (૧) મરવાની પેરવી કરવી. (૨) લાકડાં ગોઠવવાં.
૩. ચિતામાં બેસવું = સતી થવું.

ચિતાક ન. બળાનો એક દાગીનો.

ચિતાગ્નિ પું. ચિતાનો અગ્નિ.

ચિતાચૂડક (ચિતાચૂડક) ૧. પું. કોતિસ્તંભ.
૨. [સ.] પું. ચિતા; ચેહ.

ચિતાપિંડ પું. મડદું બાળતી વખતે પિતૃઓને પૂરી, ખીચા, દૂધ વગેરેનું બનાવેલું બલિદાન; બળતે ચેહ દીધા પછી બનાવેલું પિંડદાન.

ચિતાપ્રતાપ [હિં.] પું. ચિતા ઉપર જીવતા બળાવી દેવાનો રૂઢ. ચંદ્રગુપ્તના સમયમાં જે કોઈ સ્ત્રી કે પુરુષ ખૂન કરે તેને જીવતાં બળાવી દેવામાં આવતા

ચિતાભસ્મ [સં.] ન. ચિતાની રાખ.

ચિતભૂમિ ૧. [સં.] જી. સ્મશાન.
૨. ન. સંતાલ પરગણામાં આવેલ વૈદ્યનાથ અગર દેવગઢનું પ્રાચીન નામ.

ચિતાર ૧. પું. આકૃતિ; દેખાવ; કોઈ પણ વસ્તુનો નજરે પડતો આકાર.
૨. પું. ચિત્ર; તસવીર; છબી.
૩. પું. વર્ણન; બયાન; હકીકત.

ચિતારાવાડ (ચિતારાવાડ) જી. શહેરમાં જ્યાં ચિતારા વસતા હોય તે ભાગ; ચોરાહ્યી બાંધેલું એક ચોકું.

ચિતારી ૧. [હિં.] પું. ચિતારો; ચિત્રકાર.
૨. જી. ચિતારાની સ્ત્રી.

ચિતારો [સં. ચિત્રકાર] પું. ચિત્ર કાઢનારો માણસ; ચિત્રકાર; રંગ પૂરીને કોઈ વસ્તુની પ્રતિકૃતિ કરનાર પુરુષ આલેખક; ચિત્રકામ કરનારો માણસ.

ચિતારોહણ ૧. [સં.] ન ચિતામાં ઝંપલાવવું તે.
૨. ન. પતિના શબની સાથે અગ્નિમાં પ્રવેશ કરવો તે.

ચિતાવહ્નિ [સં.] પું. ચિતાના અગ્નિનો ભડકો.

ચિતાવણી ૧. જી ચેતવણી.
૨. જી. યાદી; સ્મરણ.

ચિતાવવું સ. ક્રિ. ચિંતન કરાવવું; ધ્યાન બાંધવું.

ચિતાવાસી ન. શબ; ચિતા ઉપર ચઢનાર મડદું

ચિતાવિયો પું. ઢાપો; લીસોટો.

ચિતાવું જુઓ ચિતાવવું.

ચિતાસાધન [સં.] ન. તંત્રસાર અનુસાર સ્મશાન ઉપર બેસી પ્રેતમંત્રનું અનુષ્ઠાન કરવું તે. તે ચૌદશ અથવા આઠમને દિવસે દોઢ પહોર રાત ગયા પછી થાય છે.

ચિતાસ્નાન ૧. [સં.] ન. અગ્નિમાં બળી મરવું તે.

૨. ન. દુઃખ વેઠી, કસોટીમાંથી પાર ઊતરી ગઢ થવું તે.

ચિતાળ જી. કમઠાણ; મોટેલા લાકડાનો એક કટકો; ઊંચણનો ફાડેલો કટકો; ફાચરો

ચિતાંગ વિ. આળસુ; પડી રહેવું.

ચિતાંતસ્થા [સં] જી. સીતા.

ચિતિ ૧. [સં.] પું. અગ્નિહોત્ર; શતપથ બ્રાહ્મણ અનુસાર અગ્નિનો એક સંસ્કાર.

૨. જી. ચિતા; ચેહ.

૩. જી. ચૈતન્ય; શક્તિ.

૪. જી. જ્ઞાન; સમજ.

૫. જી. દુર્ગા દેવી

૬. જી. સમપાદચતુ, ત્રિપાર્શ્વ; બે સરખી અને સમાંતર સપાટીઓની વચ્ચે આવેલી સીધી સપાટીવાળી ઘન આકૃતિ.

૭. જી. સંગ્રહ; ભેગું કરવું તે; સંચરો; સમૂહ.

૮. જી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના અથર્વણ ઋષિની બીજી સ્ત્રી

ચિતિકા ૧. [સં.] જી. કારીગરો; ઈંટમેખલા.

૨. જી. ચિતા; ચેહ.

ચિતિભૂત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં પ્રથમ નગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

ચિતિમૂળ ન. પમના નગાના મૂળનો ભાગ.

ચિતિશક્તિ ૧. [સં.] જી. આત્મા.

૨. જી. ચૈતન્ય, શક્તિ.

ચિતોડ (ચિતોડ) [સં. ચિત્રકૂટ; હિં. ચિતોર] ન. પ્રસિદ્ધ ઐતિહાસપ્રસિદ્ધ એક પ્રાચીન નગર. તે ઉદેપુરના મહારાણાઓની જૂની રાજધાની હતું. પ્રતાપ રાણાના વખતમાં તે સૌથી સારી આબાદીમાં હતું. અલ્લાઉદ્દીનના સમયમાં પ્રસિદ્ધ મહારાણી પદ્માવતી અથવા પદ્મિની હજારો ક્ષત્રિયાણીઓ સાથે આ શહેરમાં ચિતામાં બળી મરી હતી. એવું પ્રસિદ્ધ છે કે રાણાઓના પૂર્વપુરુષ બાપ્પા રાવળ હતા ને તેમણે ઈ. સ. ૭૨૮માં ચિતોડનો ગઢ બંધાવ્યો હતો અને નગર વસાવ્યું હતું. સને ૧૫૬૮ સુધી મેવાડના રાણાઓની રાજધાની ચિતોડમાં હતી. પછી જ્યારે અકબરે ચિતોડનો કિલ્લો લીધો ત્યારે મહારાણા ઉદયસિંહે ઉદેપુર વસાવ્યું. ચિતોડનો ગઢ ઊંચી ટેકરી ઉપર છે. તેની નીચે ચોતરફ પ્રાચીન નગરનાં ખંડેર દેખાય છે. હિંદુ કાળનાં ઘણાં મકાનો આજે ત્યાં તૂટ્યાફૂટ્યાં પડ્યાં છે. કિલ્લાની અંદર પણ ઘણા દેવમંદિર, કીર્તિસ્તંભ, મહેલો વગેરે છે. તેમાં કુંભા રાણાનો કીર્તિસ્તંભ, બપ્પારાવળનું સ્થાનક, સિંગાર ચોરી આદિ પ્રસિદ્ધ છે. કુંભા રાણાએ સંવત ૧૫૦૫માં ગુજરાત અને માળવાના સુલતાનને હરાવી તે પ્રસંગની યાદીમાં કીર્તિસ્તંભ બનાવ્યો હતો. તે ૧૨૨ ફૂટ ઊંચો છે અને તેના નવ ખંડ છે. તેમાં મહાપ્રભુનું મંદિર, મીરાંબાઈનું મંદિર, મેવાડની ક્ષત્રિયાણીના આત્મસમર્પણથી પ્રસિદ્ધ બનેલ કુંડ વગેરે આવેલાં છે.

ચિતોડગઢ (ચિતોડગઢ) જુઓ ચિતોડ.

ચિતોડા (ચિતોડા) ૧. જી. એ નામની બ્રાહ્મણની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ચિતોડાધિકારી (ચિતોડાધિકારી) પું. ચિતોડ ઉપર અધિકાર ધરાવનાર મેવાડનો રાણો.

ચિતોડાધીશ (ચિતોડાધીશ) જુઓ ચિતોડાધિકારી.

ચિત્કરણ ન. તંતુમય.

ચિત્કરણકર્મ ન. તંતુ એટલે શિરાઓનું કાર્ય.

ચિત્કરણક્રિયા જુઓ ચિત્કરણકર્મ.

ચિત્કરણતંત્ર જુઓ ચિત્કરણ.

ચિત્કરણવ્યાપાર જુઓ ચિત્કરણકર્મ.

ચિત્કાર ૧. પું. કાર્તિકેયનો નામનું એક મુદ્દલ પક્ષી.

૨. પું. પ્રેમાલાપ; સીત્કાર.

૩. [સં.] પું. ચીસ; રાડ.

૪. પું. હાથીનો અવાજ.

ચિત્ત ૧. પું. ચિત્તો.

૨. ન. અભિપ્રાય.

૩. [સં.] ન. અંતઃકરણ; હૃદય. ઊંચણ ચિતાનો અગ્નિ જેમ પોતાના સ્વરૂપ સામાન્ય અગ્નિમાં લીન થાય છે તેમ વૃત્તિઓનો ક્ષય થવાથી ચિત્ત પોતાના મૂળરૂપ આત્મામાં શાંત થાય છે. વેદાંત અનુસાર અંતઃકરણની ચાર વૃત્તિ છે: મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. સંકલ્પવિકલ્પાત્મક વૃત્તિને મન કહે છે. નિશ્ચયાત્મક વૃત્તિને બુદ્ધિ કહે છે. જે જેની અંતર્ગત અનુસંધાનાત્મક વૃત્તિને ચિત્ત કહે છે અને અભિમાનાત્મક વૃત્તિને અહંકાર કહે છે. પંચદશીમાં ઇંદ્રિયોના નિયંતા મનને અંતઃકરણ માન્યું છે. ચિત્ત જ સંસાર છે. તેને અભ્યાસ વૈરાગ્યાદિરૂપ પ્રયત્ન વડે રજોગુણ અને તમોગુણથી રહિત એકાગ્ર કરવું. મનુષ્યનું ચિત્ત જેમાં આસક્ત થાય છે, તે રૂપ તે મનુષ્ય થાય છે. ચિત્તના સંસર્ગથી જ આત્માને સંસારીપણું છે. ચિત્તને જડમાં એકાગ્ર કરવાથી આત્માના સંસારની નિવૃત્તિ થાય છે. ચિત્તની નિર્મળતાથી પુણ્યપાપરૂપ શુભાશુભ કર્મનો નાશ થાય છે. જેનું ચિત્ત નિર્મળ હોય છે તે જીવાત્મા પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિત થઈને અવિનાશી આનંદનો અનુભવ કરે છે. શરીરમાં પાંચ પ્રકારે જાતને વિભક્ત કરીને પ્રાણ બધાંસ્થાને મોજૂદ છે. તેમાં ઇંદ્રિયો સહિત પ્રાણીમાત્રનું ચિત્ત હમેશા ચૂંથવામેંથ રહે છે. એ ચિત્ત જ્યારે શુદ્ધતમ થાય છે, રાગદ્વેષાદિની અનંત સંસ્કારપરંપરાથી મુક્ત થઈ નિર્દગ્ધ અવસ્થાને પામે છે, ત્યારે આ આત્મા વિકૃતિ અર્થાત્ વિશેષરૂપે પોતાના અસલી સ્વરૂપે જાગ્રત છે. બધી વિદેહી પુરુષે શરીરસ્થ પ્રાણનો નિરોધ કરવો. તે દ્વારા ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરવો. પ્રત્યાહૃત ઇંદ્રિયોને ચિત્તમય કરી ચિત્તને પરમ વૈરાગ્યથી વૃત્તિશૂન્ય કરવું. વૃત્તિશૂન્ય ચિત્ત જ્યારે થાય છે ત્યારે આત્મા સ્વરૂપપ્રતિષ્ઠિત સમાધિસ્થ છે. આંતરિક વ્યાપારમાં મન સ્વતંત્ર છે, પણ બાહ્ય વ્યાપારમાં ઇંદ્રિયો પરતંત્ર છે. પંચભૂતોની સૂક્ષ્મપ્રકૃતિથી અંતઃકરણ ઉત્પન્ન થાય છે. તેની બે વૃત્તિ છે: મન અને બુદ્ધિ. મન સંકલ્પાત્મક છે અને બુદ્ધિ નિશ્ચયાત્મક છે. વેદાંતમાં પ્રાણને મનનું કારણ કહ્યું છે. પરંતુ ખરી મન તે પ્રાણમાં લય પામે છે. કૃષ્ણિકરાદી બૌદ્ધો ચિત્તને આત્મા માને છે. જૈન લોકો ચિત્તના ચાર ભેદ કરે છે: દ્રવ્યમનઃ, ક્ષયોપશમ, ભાવમનઃ અને ઉપયોગ. ચાર્વાકના મતમાં પણ મન આત્મા છે. યોગના આચાર્ય પતંજલિ ચિત્તનો સ્વપ્રકાશ સ્વીકારતા નથી. તે ચિત્તને જડ અને જડ પ્રકૃતિ માની તેનો એક અલગ પ્રકાશક માને છે, જેને આત્મા કહે છે. યોગસૂત્ર અનુસાર ચિત્તવૃત્તિ પાંચ પ્રકારની છે: પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ તે પ્રમાણ; એકમાં બીજાનો ભ્રમ તે વિપર્યય; સ્વરૂપજ્ઞાન વિનાની કલ્પના તે વિકલ્પ; સર્વ વિષયોના અભાવનો બોધ તે નિદ્રા અને કાલાંતરમાં પૂર્વ અનુભવનો આરોપ તે સ્મૃતિ. પંચદશી તથા દાર્શનિક ગ્રંથોમાં મન અભાવ ચિત્તનું અંતર હૃદય અથવા હૃત્પદ્મકોશ કહ્યું છે, પ્રત્ય

અધુનિક યામાસ વિજ્ઞાન અંતઃકરણના બધા વ્યાપારોનું સ્થાન અસ્તિષ્કમાં માને છે, જે બધાં જ્ઞાનતંતુઓનું કેંદ્રસ્થાન છે. જૂનવાદી વૈજ્ઞાનિકોના મત પ્રમાણે ચિત્ત, મન અથવા આત્મા પૃથક્ વસ્તુ નથી, માત્ર આપારવિશેષનું નામ છે, જે નાના જીવોમાં બહુ અલ્પ પરિમાણમાં હોય છે અને મોટા જીવોમાં વધતા પ્રમાણમાં હોય છે. ચિત્તને અંતઃકરણ કિંવા બુદ્ધિ પણ કહેવામાં આવે છે. જો ચિત્ત સત્ત્વ, રજ અને તમ એ ત્રણે દ્રવ્યોનું બનેલું દ્રવ્ય વિશેષ છે. તેમાં સત્ત્વ દ્રવ્ય પ્રધાન હોવાથી તેને ચિત્તસત્ત્વ કિંવા બુદ્ધિસત્ત્વ પણ કહેવામાં આવે છે. ચિત્તમાં જ્યારે સત્ત્વદ્રવ્ય પ્રધાનપણે પ્રવર્તે છે ત્યારે તેમાં પ્રસન્ન એટલે તત્ત્વજ્ઞાનરૂપ પ્રજ્ઞા, પ્રસાદ એટલે નિર્મળતા, લઘુતા અને પ્રીતિ આદિ ધર્મો જોવામાં આવે છે. જ્યારે રજ દ્રવ્ય પ્રધાનપણે પ્રવર્તે છે ત્યારે તેમાં પ્રવૃત્તિ, પરિતાપ, ઇચ્છા, લોભ અને ક્ષોભાદિ ધર્મો જોવામાં આવે છે અને જ્યારે તમ દ્રવ્ય પ્રધાનપણે પ્રવર્તે છે ત્યારે તેમાં પ્રમાદ અને પ્રવૃત્તિની રોધકરૂપ સ્થિતિ, મૌરવ, પ્રમાદ, આવરણ અને દીનતાદિ ધર્મો જોવામાં આવે છે. ચિત્તની ત્રણ અવસ્થા છે: વિષયોમાં રમ્યપણું તે ક્ષિપ્ત, નિદ્રામાં પડેલું તે મૂઢ અને વિષયમાં વિશેષ રોકાયેલું તે વિક્ષિપ્ત. વ્યાધિ, સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધ ભૂમિકત્વ અને અનવસ્થિતિ એટલા ચિત્તવિક્ષેપ કહ્યા. બૌદ્ધ મત પ્રમાણે આલય, આલય વિજ્ઞાન, હું હું એવા નિર્વિકલ્પ જ્ઞાનની ધારા તે ચિત્ત કહેવાય છે. કૂટસ્થ બુદ્ધિ અથવા અહિ અજ્ઞાનનું અધિષ્ઠાન ચૈતન્ય તે પણ ચિત્ત મનાય છે.

૪. ન. ધ્યાનો; ખ્યાલ; ધ્યાન.
૫. ન. ઉપયોગ.
૬. ન. જોર બળનું ત્રિકાળ ઘર.
૭. ન. ચિતાનું લાકડું.
૮. ન. (જ્યોતિષ) ત્રિજા નક્ષત્ર.
૯. ન. જમી.
૧૦. ન. બધથી ઊપજતાં પંચતત્ત્વ માંહેનું એક.
૧૧. ન. જીવ; આત્મા.
૧૨. ન. જ્ઞાન; સમજ; મન અને બુદ્ધિની સંજ્ઞા કરનાર વૃત્તિ.
૧૩. ન. જીવાત્મવિષ્ણની ચિંતા.
૧૪. ન. મનઃ ક્રિયા.
૧. ઉદાર ચિત્તનું = મોટા મનવાળું; ઉદાર.
૨. એકચિત્ત થવું = (૧) એક જ બાબત ઉપર મનને સારી રાખવું. (૨) બધું બાજુ રાખી બાબતો થવું (૩) બાબતનું લક્ષ કરવું.
૩. એકચિત્તથી = ધ્યાનપૂર્વક લક્ષ રાખી.
૪. ચિત્ત આપવું = ધ્યાન દેવું; મન આપવું; લાગણી કે ઇલાજ રાખવી.
૫. ચિત્ત ઓસરી જવું = (૧) ગાંડા થઈ જવું (૨) ગાંડાની જેમ વર્તવું.
૬. ચિત્ત ચાલવું = મન પરોવવું; લક્ષ રાખીને કરવું; મન ઉપર લેવું; જીવ ચાલવો.
૭. ચિત્ત ચોરવું = (૧) ચોર્યું ધ્યાન ખેંચવું કે દોરવું. (૨) મન હરણ કરવું; મોહિત કરવું; ચિત્ત આકર્ષિત કરવું.
૮. ચિત્ત ચોંટવું = મન ઠરી જવું; મનમાં કરી જવું.
૯. ચિત્ત ચોંટાડવું = ધ્યાન દેવું; મન આપવું.
૧૦. ચિત્ત ઠેકાણે રાખવું = (૧) જે કામ કરતા હોઈએ તેમાં લક્ષ રાખવું; આમતેમ ચલમન કે ભમેલ થઈ નહિ રહેવું; પૂર્ણ લક્ષ દેવું; ધ્યાનપૂર્વક જોવું. (૨) હદ રહેવું. સુખદુઃખ અને હર્ષશોકમાં સમાન રહેવું; ઉશ્કેરાયથી રહેવું.
૧૧. ચિત્ત ઠેકાણે હોવું = જ્ઞાનમાં હોવું.
૧૨. ચિત્ત દેવું = ધ્યાન આપવું; મન લગાડવું.
૧૩. ચિત્ત ધરવું = (૧) ધ્યાન દેવું; મન લગાડવું. (૨) મનમાં લાવવું.
૧૪. ચિત્તભંગ થવું = જ્ઞાન ગુમાવવું; ભાંડ થઈ જવું.
૧૫. ચિત્ત રાખવું-રાખવું = ઇલાજ રાખવો; મન લગાડવું; લક્ષ દેવું; ચિત્ત પરોવવું; ચિત્ત દેવું.
૧૫. ન. વિચાર કરવાની શક્તિ.
૧૬. ન. સંકલ્પ; વાસના. મરણ સમયે જેવા ચિત્ત અર્થાત્ સંકલ્પવાળો મનુષ્ય હોય તે સંકલ્પ સહિત આ આત્મા પ્રાપ્ત તરફ આવે છે. પ્રાપ્ત આત્મા સહિત, ઉદાનથી મુક્ત થઈને તે જીવાત્માને યમાસંજ્ઞિપત શરીરમાં લઈ જાય છે. અર્થાત્ મરણ સમે મનુષ્યમાં જે સંકલ્પ એટલે જે વાસના હોય છે તે વાસનાથી વાસિત થયેલો તેનો જીવાત્મા જેવી મતિ તેવી ગતિ થતી હોવાથી યમસંજ્ઞિપત શરીરમાં ગતિ કરે છે.
૧૭. વિ. અભરચીતરું.
૧૮. વિ. ભણેલું.
૧૯. વિ. વિચારેલું; ધાર્યું.
૨૦. વિ. ચિંતિત; નવાઈ ભરેલું.

ચિત્તકલિત [સં.] વિ. મનથી ભણેલું; મને ઠેકાણું; ચિત્તે અટકળ કરેલું.

ચિત્તકાર [પ્ર.] પું. ચિતારો; ચિત્રકાર.

ચિત્તકૌશલ જુઓ ચિત્તકૌશલ્ય.

ચિત્તકૌશલ્ય [સં.] પું. ચિત્તની અસ્વસ્થતા; અજંપો.

ચિત્તક્ષોભ ૧. [સં] પું. ભોળાન ચાલું તે; ભોલુપણું, ભાન ભૂલવું તે.

૨. પું. મનમાં કોઇપણ ન હોવું તે; મૂંઝવણ; મનની અસ્વસ્થતા.

ચિત્તગત [સં.] વિ. ચિત્તનું; ચિત્તની અંદર રહેલું.

ચિત્તગર્ભ [સં.] વિ. મનોહર; સુંદર.

ચિત્તચકોર વિ. કુશળ; કુશાગ્રબુદ્ધિ; ચતુર.

ચિત્તચંચલ [સં.] વિ. ચિંતાતુર; અસ્થિર મનનું.

ચિત્તચિંતામણિ પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ રગણ, નગણ, જગણ, ત્રણ તગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે. નવમા અને સત્તરમા અક્ષર ઉપર યતિ એટલે વિરામો આવે છે.

ચિત્તચૈતન્ય [સં.] સ્ત્રી. ચૈતન્ય.

ચિત્તચૈતન્યાત્મક [સં.] વિ. અન્યાત્મને લગતું.

ચિત્તચોર ૧. [સં.] વિ. ચિત્તને ચોરી લેનાર; ન માલૂમ પડે તેવી રીતે ચિત્ત હરણ કરનાર; વશીકરણ કરનાર; દિલને ખેંચનાર.

૨. વિ. મનોહર; આકર્ષક; ચકોર; ચિત્તાકર્ષક.

ચિત્તચોરન જુઓ ચિત્તચોર.

ચિત્તજ ૧. [સં.] પું. પ્રમોદ; આનંદ; મનસિજ.

૨. વિ. મનમાં ઉત્પન્ન થયેલ.

ચિત્તજન્મા ૧. [સં. ચિત્તજ-મન્] પું. પ્રમોદ.
૨. સ્ત્રી. પ્રીતિ; હોંસ.

ચિત્તજ્ઞ [સં.] વિ. મનને જાણનાર.

ચિત્તડ (ચિત્તડ) પું. હમચે; હૂતો.

ચિત્તડું (ચિત્તડું) ન. ચિત્ત; મન.

ચિત્તદગ્ધ [સં.] વિ. મનમાં મુંઝાયેલ.

ચિત્તદશા [સં.] સ્ત્રી. મનની હાલત.

ચિત્તદાહ [સં.] પું. ચિત્તરોગ.

ચિત્તદોષ પું. દશમી સપ્તપદિમાં અપવાદોમાં પ્રવર્તાતો એક ધર્મ.

ચિત્તદોષ ૧. પું. ક્રમમાં અણસમજ.

૨. [સં.] પું. ચિત્તની ચંચળતા.

ચિત્તનદી [સં.] સ્ત્રી. ચિત્તરૂપી નદી; મનોવૃત્તિરૂપ નદી.

ચિત્તનાશ [સં.] પું. અંતઃકરણનો લય.

ચિત્તનિરોધ [સં.] પું. ચાલતા યોગ પ્રમાણે મન સ્થિર કરવાની ક્રિયા.

ચિત્તનેત્ર ૧. જી. ચિત્તદૃષ્ટિ; મનની નજર.
૨. ન. ષ.ત. ચિત્ત અને આંખ.

ચિત્તપદ્મ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મયૂર. આ છંદ વિકૃતિ છંદનો એક ભેદ ગણાય છે. તેના દરેક ચરણમાં સાત જગણ, ગુરુ અને લઘુ એમ કુલ એકવીસ અક્ષર હોય છે.

ચિત્તપાવન ૧. જી. દક્ષિણી બ્રાહ્મણની એક જાત. પ્રોફેસ્ટન્ટ બ્રાહ્મણની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું
૪. વિ. મનથી શુદ્ધ હોય એવું.

ચિત્તપ્રલય [સં.] પું. (-યો) સમાધિ; આત્મા અને મનનું એકરૂપ.

ચિત્તપ્રસન્નતા [સં.] જી. મનનો આનંદ, હર્ષ; ઉમંગ.

ચિત્તપ્રસાદન [સં.] ન. (યોગ) યોગ પ્રમાણે ચિત્તને થતો એક સંસ્કાર. તેથી ચિત્ત સંતુષ્ટ અને પ્રસન્ન રહે છે. તેમાં દુઃખી પ્રત્યે કરુણા દેખાડવી, પુણ્યવાનને દેખી પ્રસન્ન થવું, પાપી પ્રત્યે ઉપેક્ષા રાખવી. આ પ્રકારનાં સાધનથી ચિત્તમાં રાજસ અને તામસની નિવૃત્તિ થઈ માત્ર સાત્ત્વિક ધર્મનો પ્રાદુર્ભાવ થાય છે.

ચિત્તબાધ [સં.] પું. કામદેવ.

ચિત્તભંગ [સં.] પું. બદરિકાશ્રમના એક પર્વતનું નામ.

ચિત્તભિત્તિ ૧. [પ્રા.] જી. ચિત્તરૂપી ભીંત.
૨. જી. ભમ્મી.

ચિત્તભૂ જુઓ ચિત્તજન્મ.

ચિત્તભૂમિ ૧. [સં.] જી. ચિત્તરૂપ ક્ષેત્ર.
૨. જી. (યોગ) મનની એક સ્થિતિ; એક જાતની ચિત્તાવસ્થા. વ્યાસના મત પ્રમાણે તે ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એમ પાંચ પ્રકારની છે. ચિત્ત રજોગુણદ્વારા સદા અસ્થિર રહે તે ક્ષિપ્ત અવસ્થા, તમોગુણના કારણથી ચિત્ત નિદ્રાયુક્ત રહે અથવા સ્તબ્ધ થાય તે મૂઢાવસ્થા, જેમાં ચિત્ત અસ્થિર રહે પણ કોઈ કોઈ વાર સ્થિર પણ થાય તે વિક્ષિપ્તાવસ્થા, કોઈ એક વિષયમાં ચિત્ત લાગી જાય તે એકાગ્ર અવસ્થા અને જેમાં બધી વૃત્તિઓનો નિરોધ થઈ જાય, સંસ્કાર માત્ર રહી જાય તે નિરુદ્ધાવસ્થા

ચિત્તભૂમિકા જુઓ ચિત્તભૂમિ.

ચિત્તભ્રમ ૧. પું. ઉન્માદ; ગાંડપણ.
૨. [સં.] પું. ચિત્ત કરવું તે; એક ઉપર વિચાર ન થતાં અહીંથી તહીં અને તહીંથી જેવી ત્રમ જેમ વિચારનું બદલવું તે; જ્ઞાનનું પરિભ્રમણ.
૩. પું. સન્નિપાત.
૪. વિ. ભ્રમિત થયેલું, ગાંડું.

ચિત્તભ્રમિષ્ટ વિ. ગાંડું; ચિત્તભ્રમ થયેલ.

ચિત્તભ્રામક [સં.] વિ. ચિત્તને ભ્રમમાં નાખનાર.

ચિત્તભ્રાંતિ જુઓ ચિત્તભ્રમ.

ચિત્તમર્મ [સં.] ન. મનનું રહસ્ય

ચિત્તરમૂળ ન. એક જાતની ઔષધિ.

ચિત્તરંજ [સં.] વિ. મનને રાજી કરે તેવું.

ચિત્તરાગ [સં.] પું. માનસિક સ્નેહ.

ચિત્તરોગ [સં.] પું. જ્ઞાનતંતુ રોગ; ચિત્તભ્રમ.

ચિત્તલ [સં.] પું. એક જાતનો મૃગ.

ચિત્તવાન વિ. ઉદાર ચિત્તનું.

ચિત્તવિકૃતિ [સં.] જી. ચિત્તભ્રમ; દિમાગમાંનું.

ચિત્તવિક્ષેપ ૧. [સં.] પું. ઉન્માદરોગ; ગાંડપણ
૨. [સં.] પું. (યોગ) ચિત્તની અસ્થિરતા; મનની એકાગ્રતાનો અભાવ; અચળતા. તે નવ પ્રકારનો છે: વ્યાધિ, અકર્મણ્યતા, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, સમાધિની અપ્રાપ્તિ અને અનવસ્થિતત્વ.

ચિત્તવિચારસંવાદ ન. વેદાંતના જ્ઞાનથી ભરપૂર એવું કવિ અખાએ લખેલું એ નામનું પુસ્તક.

ચિત્તવિદ ૧. [સં. ચિત્તવિદ્] પું. એ નામનો એક બૌદ્ધ.
૨. પું. (બૌદ્ધ) ચિત્તના ભેદો અને રહસ્યોને જાણનાર પુરુષ.
૩. વિ. મનને જાણનાર.

ચિત્તવિપ્લવ ૧. પું. ઉન્માદરોગ; ગાંડપણ.
૨. [સં.] પું. મનની એકાગ્રતાનો અભાવ.

ચિત્તવિભ્રમ ૧. પું. ભ્રમરોગ.
૨. પું. ઉન્માદ; ગાંડપણ.
૩. પું. એક જાતનો સન્નિપાત.
૪. પું. ભ્રાંતિ; ભ્રમ.
૫. પું. મનની એકાગ્રતા ન હોવાપણું.

ચિત્તવિભ્રમસન્નિપાત [સં.] પું. બાર દિવસની મુદતવાળો રોગ ઉપચારથી સારો થઈ જો તેનો ત્રિદોષ જ્વર. કેટલાક તેને અસાધ્ય માને છે. દર્દી જાગ્યે થયા પછી પણ કોઈ વખત ગાંડપણ રહી જાય છે, માટે તેને અસાધ્ય જ્વરનો ભેદ ગણે છે. આ દર્દમાં જરા પણ પીડા થતાની સાથે દર્દી ગાંડાની પેઠે ભ્રમિત કે મોહમત્ત થઈ જાય છે. તાવ, બેભાનપણું, ગાંડપણ, વિકલતા, આખો ચકળવકળ થવી, ગાંડાની પેઠે હરવા ફરવું, ગાવું, નાચવું, બકવાટ કર્યા કરવો આ તેનાં લક્ષણ છે.

ચિત્તવિશ્રાંતિ [સં.] પું. મનની આત્મસ્થતા.

ચિત્તવિલાસ ૧. પું. (ચારણી) ડિંગળ ગાહેનો એ નામનો એક રાગ.
૨. પું. મનનો આનંદ.

ચિત્તવિહાર [સં.] પું. કામદેવ; મદન.

ચિત્તવૃત્તિ ૧. જી. અંતરદૃષ્ટિ.
૨. જી. ચિત્તના વિવિધ હેતુઓથી થતું પરિણામ. ચિત્તવૃત્તિના પાંચ પ્રકાર છે: (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા (૫) સ્મૃતિ. તેના બે ભેદ છે: ક્લિષ્ટ અને અક્લિષ્ટ. અવિદ્યા જેવી ક્લેશહેતુક વૃત્તિ તે ક્લિષ્ટ અને તેથી ઊલટી અક્લિષ્ટ.
૩. જી. મન; ખ્યાલ.
૪. [સં.] જી. મનની હાલત; મનનું વલણ.
૫. જી. ભાગણી.

ચિત્તવેધ ૧. પું. ગાંડપણ; ચિત્તભ્રમ; ઘેલાઈ.
૨ [સં.] વિ. ચિત્ત વીંધનાર; દિલ ભેદનાર.

ચિત્તવેધક ૧. [સં.] વિ. ચિત્તને વીંધે એવું; મોહક; દિલ આકર્ષનારું.
૨. વિ. મનોવેધક; કરમાભમ; મન પીગળી જાય એવું; હૃદયભેદક.

ચિત્તવ્યંજક [સં.] વિ. મનને આનંદ આપનારું.

ચિત્તવ્યાપાર [સં.] પું. મનજનું કામ; માનસિક વ્યાપાર.

ચિત્તશક્તિ જી. મનની શક્તિ.

ચિત્તશત્રુ [સં.] ન. મનરૂપી દુશ્મનકાર.

ચિત્તશાસ્ત્ર [સં.] ન. માનસશાસ્ત્ર; ચિત્તના વ્યાપારની મીમાંસા કરનારું શાસ્ત્ર; મનોવિદ્યા; મનોવિજ્ઞાન; ચેતનસ્તત્ત્વ.

ચિત્તશાસ્ત્રી [સં.] પું. માનસશાસ્ત્રી.

ચિત્તશુદ્ધિ [સં.] જી. મનની નિર્મળતા; ચિત્તની શુદ્ધિ; અંતઃકરણની સ્વચ્છતા.

> કર્મો પણ બધિનનાં કારણ નથી, કર્મો તો ઉલટા ચિત્તશુદ્ધિ દ્વારા મોક્ષ મેળવવામાં સહાયક આપે છે. — સાંખ્યદર્શન

ચિત્તશમાપાલ ૧. ન. મનની શાંતિ; સ્વસ્થતા.
૨. ન. મનનો સંતોષ.

ચિત્તસમુન્નતિ ૧. [સં.] જી. ગર્વ.
૨. જી. મનની ઉન્નતિ.

ચિત્તસંયમી [સં] પું મનનો સંયમ સાધનાર પુરુષ.
કામક્રોધથી છૂટેલા, જે યતિ ચિત્તસંયમી, છે અને આત્મવેત્તાને બ્રહ્મનિર્વાણ સર્વદા
કવિગીતા

ચિત્તસંયોગ [સ] પું ધ્યાન, લક્ષ

ચિત્તસંસ્કાર [સ] પું વિચારોનો સમૂહ.

ચિત્તસૂનું વિ બુદ્ધિહીન, મૂઢ.
અને જેહ અસુધામા ન પામે મુજ બોધ અ, મૂઢ સૌ જ્ઞાનના ભણ્યા ચિત્તસૂનો વિનશ્ય તે.
કવિગીતા

ચિત્તસ્થાની સ્ત્રી. હૃદય.

ચિત્તસ્થૈર્ય [સં] ન મનની સ્થિરતા.

ચિત્તહર [સ] વિ ચિત્તને હરી લે એવું, મનોહર; સુંદર.

ચિત્તહારક [સં.] વિ. મનને હરણ કરનાર; આકર્ષક; સુંદર.

ચિત્તહારિણી [સં.] વિ. સ્ત્રી. મનને હરી લે એવી.

ચિત્તહારી [સં. ચિત્તહારિન્] વિ. મનોહર; સુંદર; દેખાવડું.

ચિત્તહીન ૧. [સં] વિ. જે પદાર્થમાં વધવાની તથા સ્વતંત્રપણે હલનચલન કરવાની શક્તિ ન હોય એવું.
૨. વિ. બુદ્ધિ વગરનું.

ચિત્તળ ૧ ન. એ નામનું કર્ણિકાવૃત્તમાં આવેલ એક ગ્રામ.
મિથળના પાદર જેવું = સપાટ મેદાન.
૨ ન. જેના ઉપર ધોળાં મોતી અને ચકરડા હોય તેવું અજગરની જાતનું લાંબું પ્રાણી. માણસને તે કરડે તો તે માણસ સડી સડીને મરે.
૩. ન. શરીર ઉપર ટપકાંટપકાંવાળું નાનું હરણ. આ જાતનું હરણ પંચમહાલમાં તથા દક્ષિણ હિંદનાં જંગલમાં વિશેષ જોવામાં આવે છે.

ચિત્તાકર્ષક ૧. [સં.] વિ. ચિત્તને આકર્ષક કરે એવું; મનને હરી લે એવું; મનોહર; મનમોહક.
૨. વિ ચિત્તમય; કલ્પાયેલું.

ચિત્તાકાશ [સં.] પું. આત્મા.

ચિત્તાનુરૂપ [સં.] વિ. બુદ્ધિ અનુસાર.

ચિત્તાપહારક [સં.] વિ. મનોહર; સુંદર.

ચિત્તાભરણ ન. મદ્રાસથી દક્ષિણે ૨૫૦ માઈલ અને હરિયા કિનારાથી સાત માઈલ દૂર આવેલ ત્રિવાંકરનું પ્રાચીન નામ.

ચિત્તાભોગ ૧. [સં.] પું કોઈ પણ પદાર્થ ઉપર મણી આસક્તિ હોવાપણું.
૨. પું મનની અમુક એક વિષય ઉપર સ્થિરતા.
૩. પું. સુખદુઃખની લાગણી તરફ મનનું ખેંચાવું તે.

ચિત્તામિના ૧. સ્ત્રી. રજપૂતસ્થાનમા વસતી મિના નામની એક રજપૂત શાખા.
૨. ન. એ નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું

ચિત્તાયતન [સ] ન. જેમાં બાહ્યેંદ્રિયોના વ્યાપારો એકત્ર થાય તેવી અંદરની જ્ઞાન કર્મની ઇંદ્રિય.

ચિત્તાસંગ ૧. [સં.] પું. ક્રમદેવ.
૨. પું. પ્રીતિ; પ્રેમ.

ચિત્તિ ૧ સ્ત્રી અથર્વ ઋષિની એ નામની પત્ની.
૨. [સં.] સ્ત્રી. બુદ્ધિ; વિચાર.
૩. સ્ત્રી. કર્મ.
૪. સ્ત્રી. ખ્યાતિ; પ્રસિદ્ધિ.
૫. સ્ત્રી. જેમાં પાસા ગોઠવાયેલા રહેલ હોય એવી પાસા ગોઠવવાની આકૃતિ.
૬. સ્ત્રી. પ્રજ્ઞા; બુદ્ધિ.
૭. સ્ત્રી. મન.
૮. વિ. જણાવનાર.
૯. વિ પકાવનાર.

ચિત્તી ૧. પું. એક જાતનો પ્રાણરક્ષીતરો નાગ.
૨. પું. સાપ.
૩ સ્ત્રી. પ્રાણરક્ષીતરી પેઠી.
૪ સ્ત્રી કુંભારના ચાકના ખાંડા ઉપરનું કાણું. તેમાં ડંડો નાખીને ચાકડો ફેરવાય છે.
૫. સ્ત્રી નિશાની; ચિહ્ન.
૬. સ્ત્રી. ક્રમ; ઊભ.
ચિત્તી ખાવી = ક્રમ વગરનો; ગડબડ કરવું.

ચિત્તીકૃત વિ. ચિત્ત દેવા જેવું; મનની દૃષ્ટિથી જોવા જેવું.

ચિત્તીદાર વિ. નિશાનીવાળું; અંકિત.

ચિત્તુનોલા સ્ત્રી. ઓરિસામાં આવેલી એ નામની એક નદી.

ચિત્તૈકત્વ [સં.] ન. એકચિત્ત હોવાપણું.

ચિત્તો ૧. પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે આવેલો તારાનો એક સમુદાય. તેનો આકાર વાવના જેવો છે. આ તારાપુંજ વિષુવવૃત્ત ૧૦૫ થી ૧૫૦ અને ઉત્તર ક્રાંતિવૃત્ત ૩૦ થી ૪૫ સુધીમાં આવેલો છે.
૨. [સં ચિત્રા] પું. શરીર ઉપર ચિત્રવિચિત્ર ટપકાંટપકાંવાળું વાઘની જાતનું હિંસક પ્રાણી. તે વાનરો, ઊંટો, અને ઘોડા કરતાં પણ ચંચળ હોય છે. મોટાં પ્રાણી અને મનુષ્ય ઉપર તે ક્વચિત જ હુમલો કરે છે. તેની માદા એક વેતરે ત્રણ ચાર બચ્ચાંને જન્મ આપે છે ચિત્તો બિલાડી તથા કૂતરો બંનેને મળતો આવે છે. દેખાવમાં દીપડા જેવો હોય, પણ શિકાર કરવાની ચતુરાઈ તેમાં વિશેષ છે. ત્રણ ચાર ચિત્તાઓ સાથે ખોરાક ખોળવા નીકળે છે તેને શરીર ઉપર કાળાં ધાબાં અને આંખ આગળ કાળો પટો હોય છે. તેની સાધારણ લંબાઈ સાત આઠ ફૂટની ગણાય છે.

ચિત્તોત્કર્ષક [સં.] જે મનની ઉન્નતિ કરે એવું.

ચિત્તોદ્રેક [સં.] પું. બુદ્ધિની અતિશયતા.

ચિત્તોન્નતિ ૧. [સં.] સ્ત્રી. ગર્વ; અભિમાન.
૨. સ્ત્રી. મનની આબાદી.

ચિત્પરા સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક માનસતત્ત્વ દેવતા.

ચિત્પાવન ૧. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણોની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ચિત્ય ૧. પું. અગ્નિ.
૨. [સં.] ન. ચિતા; ચેહ.
૩. વિ. ભેગું કરવા યોગ્ય; વીણવા જેવું.
૪. વિ. ચૂંટવા લાયક.

ચિત્યા ૧. [સં.] સ્ત્રી. ભેગું કરવું તે; વીણવું તે.
૨. સ્ત્રી. ચિતા; ચેહ.

ચિત્યાધિરોહણ ન. ઝળતાં બળી મરવું તે.

ચિત્રશાલા [હિં.] પું. મંદિર; દેવાલય.

ચિત્ર ૧. [સં.] ન. વિ. આલેખેલું; ચીતરવું.
૨. ન. વિ. આશ્ચર્ય પામવું.
૩. ન. ક્રિ. વિચિત્રવિચિત્ર કરવું.

ચિત્ર ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. પું. (પુરાણ) એ નામનો દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. તેને યુદ્ધમાં પ્રતિવિંધ્યે માર્યો હતો.
૩. પું. (પિંગળ) એક જાતનો અક્ષરમેળ છંદ; ચંચલા. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે. તેમાં બીજા, આઠમા અને બારમા અક્ષર પછી વિશ્રામો આવે છે.
૪. [સં.] પું. (ગણ) એક જાતનો અર્થાલંકાર; જે અક્ષરમાં જે પ્રશ્નો થયા હોય તે જ અક્ષરથી તે પ્રશ્નનો ઉત્તર મળે એવી કાવ્યની ખૂબી.
૫. પું. એક જાતનો કોદ.
૬. પું. (પિંગળ) એક જાતનો ચાર ચરણનો માત્રામેળ છંદ. તે માત્રંદ છંદનો ભેદ છે. તેમાં

તેરીય ગુરુ અને ત્રીજ લઘુ મળી ૬૩ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.
૭. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, ચિત્રા. તે અંતકર્ણરી છંદનો ભેદ છે.
૮. પું. (પુરાણ) કર્ણને હાથે મરાયેલો પાંડવપક્ષનો એ નામનો એક રાજા.
૯. પું. ચિત્રક વૃક્ષ.
૧૦. પું. ચિત્રગુપ્ત; યમનો એ નામનો પ્રધાન.
૧૧. પુ. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર. તેને ભીમ માર્યો હતો.
૧૨. પુ. ખાળો ઓરડો.
૧૩. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ મગણ અને બે યગણ મળી પંદર અક્ષર હોય છે.
૧૪. પું. વિષ્ણુકર્મા.
૧૫. ન. અદ્‌ભુત રસ.
૧૬. ન. અઢાર વૃક્ષ; આસોપાલવનું ઝાડ.
૧૭. ન. આહાર.
૧૮. ન. આશ્રય; નવાઈ; વિસ્મય.
૧૯. ન. આશ્રય ઉપજાવે એવી વસ્તુ; અજાયબ જેવી વસ્તુ.
૨૦. ન. ઉદાહરણ; ઉખાણું; દાખલો.
૨૧. ન. એક જ ઠેકાણે દેખાતા જુદી જુદી જાતના રંગ, કાબરચીતરો રંગ.
૨૨. ન. કલમ અથવા પીંછીથી કોઈ પણ સપાટી ઉપર પાડેલા કોઈ પણ વસ્તુનો આકાર, ચાટ) આકૃતિ; ચિતરામણ; છબી; પ્રતિકૃતિ; ચિતાર; નકશો; અાલેખ્ય.
૧. ચિત્ર આપવું = પૂરેપૂરો અથાગ આપવો; અતિશયોક્તિ વર્ણન કરવું.
૨. ચિત્ર ઊતારવું = (૧) ચિત્ર દોરવું, તસવીર ખેંચવી. (૨) વર્ણન વગેરે દ્વારા નજર આગળ દૃશ્ય ઉપસ્થિત કરવું.
૩. ચિત્ર કાઢવું = ચિતરામણ પાડવું; આકૃતિ દોરવી; છબી કાઢવી.
૨૩. ન. કોઈ પણ વસ્તુના જેવો માટી, પત્થર, ધાતુ) આકારનો ઘાટ; પ્રતિમા; મૂર્તિ; પૂતળું; બાવલું
૨૪. ન. જે જેવું હોય તેને તેવા જ રૂપરંગમાં અને દેખાવમાં બરાબર બતાવવું તે.
૨૫. ન. તિલક; ટીલું.
૨૬. ન. દૃષ્ટાંત; ઓરજ.
૨૭. ન. ધોળું તેતર.
૨૮. ન. મૃગજળ; ઝાંઝવાંસ.
૨૯. વિ. અદ્‌ભુત; વિચિત્ર; અજાયબ જેવું.
૩૦. વિ. કાબરચીતરું; રંગબેરંગી.
૩૧. વિ. ગુણ અને અલંકારવાળું.
૩૨. અ. સવિસ્મય; ચકિત થઈને.

ચિત્રઉડા (ચિત્રઉડા) ૧. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ચિત્રક ૧. પું. (અજ્ઞાત) અજ્ઞાત ચિહ્ન; 'અનનોન સાઇન'.
૨. પું. ઉદ્‌ગીથ રત્નના સાત માંહેનો એક દોષ.
૩. પું. એક જાતની ઔષધિ; ઔરિયાનું.
૪. [સં., પું. એક જાતની વનસ્પતિ; ચિત્રો તેનાં પાન જાડા, દળદાર, લાબાં અને નાના ચોટા આકારનાં હોય છે. તેમા આસમાની ઝાયનાં ધોળાં ફૂલ ભારે માસ થાય છે. તેનો છોડ બે ત્રણ હાથ ઊંચો હોય છે. મૂળો પાતળી અને આડાવાણી હોય છે. ઝાડો ઉપર પીપુડીનાં પાન જેવાં પાદડાં થાય છે. આ છોડને જે ફળીઓ ફૂટે છે તેમા કૂખળી હોય છે. ધોળાં અને રાતા ફૂલવાળો એમ બે જાતનો ચિત્રક હોય છે. ધોળાં ફૂલવાળા કરતાં રાતાં ફૂલવાળા ચિત્રકની જાત ગુણમાં ઊંચ ગણાય છે. ચિત્રકનો ક્ષાર ઔષધમાં વપરાય છે. ચિત્રકના મૂળની લાંબી છાલ પાણીમાં બસીને અમર વાટીને શરીરે ચોપડવાથી ચામડી ભણી જાય છે. ચિત્રકના મૂળની છાલ વાટી ચૂમડાં ઉપર ચોપડી હોય તો ચૂમડું જલદી ફૂટે છે. રાતા ચિત્રકનું મૂળ અર્જાપ્રતન કરાવવા માટે વપરાય છે. ચિત્રક પાચક, રક્ષ, વષ્ય, અગ્નિદીપક, પાકકાળે તીખો, ગ્રાહક, કડવો, ઉષ્ણ, કૃમિકર, રસાયન તથા અગ્નિ જેવો પરાક્રમી છે. તે સોજો, ગોદ, અર્શ, ઉપરસ, કૃમિ, વાતોદર, કંડુ, વમન, સંગ્રહણી, આમ, ક્ષય તથા ઉદરરોગનો નાશ કરતો મનાય છે. તેની માત્રા ૪થી ૮ વાલ છે. ભગાળ અને દક્ષિણ હિંદમાં તેના જોડનો વાડ તરીકે ઉપયોગ કરવામા આવે છે. તેના લીલા મૂળમાંથી દૂધ જેવો રસ નીકળે છે, તે આંખ દુખવા આવે તેમાં ગુણકારી મનાય છે. એકાંતરિયા તાવમાં તેના મૂળનો સારો ઉપયોગ થાય છે.
૫. પું. એરંડાનું ઝાડ.
૬. પું. ચિતારો; ચિત્રકાર.
૭. પું. ચિત્તો; એક જાતનો વાઘ.
૮. પું. દીપડો.
૯. પુ. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.
૧૦. પું. (પુરાણ) રાજસૂય યજ્ઞમાં પાંડવોને સહાય કરનાર એ નામનો એક રાજા.
૧૧. પું. સિંહ.
૧૨. પું. સીસાપેન બનાવવાનો કોયલો; 'પ્લમ્બેગો'.
૧૩. ન. ટીલું. તિલક.
૧૪. વિ. કારીગર; પરાક્રમી.

ચિત્રકગુટિકા [સ] સ્ત્રી. વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ એક જાતની ગોળી.

ચિત્રકગુડ (ચિત્રકગુડ) પું. એક જાતનો પાક. તેમાં ચિત્રક, દશમૂળનો કાઢો, ગળોનો રસ, ઘઉંનો અને ગોળ નાખવામાં આવે છે. તે કૃમિ, ઉપરસ, કૃમિ, ક્ષય, ગોળો, ઉદરરોગ વગેરે દર્દ ઉપર અકસીર કહેવાય છે.

ચિત્રકઘૃત [સ.] ન. વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ એક જાતનું ઘી.

ચિત્રકતૈલ [સં.] ન. વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ એક જાતનું તેલ.

ચિત્રકથા [સ.] સ્ત્રી. ચિત્ર ઉપરથી સમજી શકાય તેવી વાતો.

ચિત્રકર્મી ૧. સ્ત્રી. નાસિક, પૂના અને સાતારા તરફ રહેતા કોકણી એક જાત. તેનો ધર્મ ચિત્ર બનાવવાનો છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ચિત્રકલતા સ્ત્રી. (કૌત) કપચન માંહેની એ નામની એક દિક્કુમારિકા.

ચિત્રકપના સ્ત્રી. એક જાતની ઇયળ. તે સહેજ ઝાંખા પીળા રંગની હોય છે. ઉપરના ભાગમાં અને બને બાજુમાં તેને કાળા પટ્ટા હોય છે. તેમા આડા ધોળા લીટા હોય છે. તે કોબીમા વગેરે વસ્તુ ખાઈ જાય છે.

ચિત્રકમૂલ [સ.] ન. ચિત્રક નામની વનસ્પતિનું મૂળ.

ચિત્રકમૂળ જુઓ ચિત્રકમૂળ.

ચિત્રકર ૧. [સં.] પું. ચિતારો; ચિત્રકાર.
૨. પુ. રંગારો
૩. પું. વિશ્વકર્મા પુરુષ અને શૂદ્રા સ્ત્રીથી ઉત્પન્ન થયેલ એક સંકર જાતિ.
૪. વિ. આશ્ચર્યકારક; અજાયબી પમાડે એવું.

ચિત્રકરજ્જુ [સં.] ન. ચિત્ર દોરવાનું કામ.

ચિત્રકર્મ ૧. ન. એ નામનુ એક શાસ્ત્ર. ભીમ ઋષિએ રચેલા આ શાસ્ત્રમા ચિત્રકળા અને છબી પાડવાની કળાનુ સુંદર વિવેચન કરેલું છે.
૨. ન. ચિત્રમાં જોઈતી બારીક વિશિષ્ટતા.
૩. ન. ભોંયેર માંહેની ચિત્ર દોરવાની એક કળા.

ચિત્રકર્મા [સં ચિત્રકર્મન્] પુ. ચિતારો, ચિત્રકાર.

ચિત્રકર્મી ૧. પું. ચિત્રકાર; ચિતારો.
૨. વિ. વિચિત્ર કાર્ય કરનાર.

ચિત્રકર્મીયશિલ્પ [સં.] ન. ચિત્ર સબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

ચિત્રકલમ જી. રંગવાની પીંછી

ચિત્રકલા ૧. જી. પૂતળી; કુક્રિતા; ઢબોડી.

૨. [સં.] જી. ચિત્ર કાઢવા અને દોરવાની આવડત; આલેખન વિદ્યા; ચિતરામણ કાઢવાની કળા; રંગ પૂરીને તસવીર તૈયાર કરવાનો હુનર. આપણા દેશમાં બહુ પ્રાચીન કાળથી ચિત્રવિદ્યા જાણીતી છે. વૈદિક કાળમા વેદીઓ ઉપર રંગબેરંગી મંડળો પુરાતાં હતાં. રામાયણમાં ચિત્ર અને ચિત્રશાળાઓનાં વર્ણન છે. પથ્થરનાં સુંદર આલેખન પૂતળા ઈ. સ. પૂર્વે પાંચમા છઠ્ઠા સૈકામાં થતાં એમ અમૃતસર પ્રતિમા નાટક ઉપરથી જણાય છે. ઓબો ચિત્રવિદ્યાનું કામ બહુ સારું જાણતી ચિત્રલેખાએ ઓખાને ઘણે લોકનાં ચિત્ર દોરી દેખાડ્યાં હતાં. ચિત્રકલા દિલ્હી મિસરમાં, મિસરથી ગ્રીસમાં અને ત્યાંથી યુરપમાં પ્રસરી હતી. પ્રાગૈતિહાસિક યુગોમાં ભારતીય ચિત્રકારો કેવા નિપુણ હતા તેનો કંઈક ખ્યાલ ભવભૂતિના ઉત્તરરામચરિતમાંથી મળે છે. કાશ્મીરના રાજા જયાદિત્યની સભામાં એક કવિ દામોદર ગુપ્તે આજથી ૧૧૦૦ વર્ષ પહેલાં પોતાના કુટ્ટનીમત નામના ગ્રંથમા ચિત્રવિદ્યાના ચિત્રસૂત્ર નામના એક ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. અજન્ટાની ગુફાના ચિત્રોમાં પ્રાચીન ભારતવાસીઓની ચિત્રનિપુણતા જોઈ ચકિત થઈ જવાય છીએ. આ ગુફાઓ બનાવવાનું કામ ઈસુથી બસો વર્ષ પહેલાં શરૂ થયું હતું અને આઠમા સૈકા સુધી તો તો ગુફાઓ ખોદવાનું કામ ચાલુ હતું. આથી તે ચિત્રો દોઢ બે હજાર વર્ષ પહેલાંનાં અવશ્ય હોવાં જોઈએ. મુખ્ય બાદશાહો હિંદુસ્તાનના પાયતખ્ત ઉપર વિરાજ્યા તે સમયથી હિંદુસ્તાનની કલાનો સૂર્ય ફરી ગગનમંડળ ઉપર ચમકાર કરવા લાગ્યો. મુઘલોનું વતન મધ્ય એશિયા અને ખાસ કરી સમરકંદ, હેરાત હતાં. ત્યાં તૈમુરના વંશજોના આશ્રય નીચે પંદરમા સૈકામાં ચિત્રકામા પરિપૂર્ણતા પામેલી હતી. મુઘલ દરબારનાં મનોહર ચિત્રોમાં ભળાઈ રહેલી ચિત્રકળા હોય (ઈ સ. ૧૪૫૦-૧૬૫૦) કે જૈનધર્મનાં હોર્તિમંદિરોમાં સચવાયેલી કળા હોય (ઈ. સ. છમાંથી ૧૨મા સૈકા સુધી), બાદામીની ભિત્તિઓ, કૈલાસમંદિરો કે વિષ્ણુમંદિરોમા પ્રભાવ પાડતી કળા હોય (ઈ. સ. સાતમાંથી નવમા સૈકા સુધી), કે કળાપ્રવીણ બૌદ્ધમત યાત્રીઓની અજન્ટાની અદ્‌ભુત ગુફાઓમા ઝળૂંબી રહેલી કળા હોય (ઈ. સ. ૧૦૦ ૧૦૦), ગમે તે સ્વરૂપમાં હિંદની કળાનું નિરીક્ષણ અને પરીક્ષા કરવામાં આવે, પરંતુ એટલી હકીકત સિદ્ધ થાય છે કે જે કળા હતી, જે કળા અલૌકિક શિલ્પપ્રભો, નકશીકામો અને ચિત્રપ્રભોથી અદ્યાપિ પર્યંત કળાપ્રેમીઓ દુનિયાને આશ્ચર્યમાં રાખી રહ્યો છે, તે કળા પ્રાચીન આર્યોની જ હતી. શાહ જહાનને શિલ્પકળા જેટલો ચિત્રકળાનો શોખ ન હતો ચિત્રકળામા તેના વખતમાં વરપ ખાની કળાની અસર જણાવા લાગી અને એ રીતે અવનતિનું બીજ રોપાયું. શિલ્પકળાને બાદશાહ શાહ જહાને પરિપૂર્ણતા આપી. આગ્રાનો તાજ વર્તમાનજગના પૃષ્ઠીતલ ઉપર શિલ્પકળાના અપ્રતિમ નમૂનારૂપે ઝળકી રહેલો છે. બાદશાહ શાહ જહાનના આશ્રય નીચે ઉસ્તાદ ઈસાની આ અદ્‌ભુત કૃતિ હિંદુસ્તાનની શિલ્પકળાની મૌલિકતા અને પરિપૂર્ણતા છે. જહાંગીરને ચિત્રકળાનો ઘણો શોખ હતો અને પોતે પણ એક પ્રવીણ ચિત્રકાર હતો ચિત્રકળાનું જ્ઞાન એ તે બાબરની એક મોટી લાયકાત લેખાતી અને સજ્જતાં સરકારનો પૂર્ણ આશ્રય મળવાથી હિંદુસ્તાનની પ્રાચીન કળા ફરી સ્વરૂપમા પ્રકટમાન થઈ. જહાંગીર અને ઉસ્તાદ મન્સૂરના સંયુક્ત પ્રયત્નથી ચિત્રવિચિત્ર પક્ષીઓ, શિકારના દેખાવો, કુદરતનું સૌંદર્ય વગેરેનાં જે ચિત્રો સચવાયેલા છે, તેની ભવ્યતા, મનોહરતા, કળાપરિપૂર્ણતા વગેરેથી બરપના પ્રખ્યાત ચિત્રકારો અંજાઈ ગયેલા હોય એમ તેઓના લિખિત મત ઉપરથી જણાયું છે. બાદશાહ જહાંગીરના વખતમાં હિંદુસ્તાનની પ્રાચીન કળા સર્વોત્કૃષ્ટ સ્થિતિમાં હતી. ઓગણીસમા સૈકામાં કળાનું જે કંઈ રોપ સ્થૂ હતું તે વખતનાં ચિત્રોની અસર નીચે દબાયું ઈ. સ. ૧૭૫૭માં મુઘલ વંશનો અસ્ત થયો તે સાથે હિંદુસ્તાનની ચિત્રકળા પણ નષ્ટ થતી ગઈ હતી.

ચિત્રકલ્પ પું. મરેલાં સંબંધી એ નામનો એક ગ્રંથ.

ચિત્રકલ્પલતિકા જી. ચિત્રકમાં પકડેલી કરડે.

ચિત્રકળા જુઓ ચિત્રકલા.

ચિત્રકંઠ [સં] પું. મોખક.

ચિત્રકંઠ ૧. [સં.] પુ' એરડાનું ઝાડ.

૨. પું. કબૂતર; પારેવુ.

ચિત્રકંઠી [સં] જી. કબૂતરની માદા.

ચિત્રકંબલ [સં.] પું. રંગબેરંગી કામળો; ગાદીયો.

ચિત્રકાદિચૂર્ણ [સં.] ન. (વૈદક) ચિત્રક અને બીજા દ્રવ્યનો ચૂર્ણ.

ચિત્રકાદિતૈલ [સં.] ન. (વૈદક) એ નામનું ઔષધરૂપ તેલ. તેમાં મુખ્ય ઔષધિ ચિત્રક, અર્કમૂળ, પલાશ, ઉંબરો, વડ, સ્વાદિષ્ટ અને દર્ભમૂળની છે. ભગંદર, નાસૂર અને બીજા રોગો નષ્ટમાં આ તેલ ઉપયોગી જણાય છે. રૂની વાટ બનાવી તેલમાં બોળી ગૂમડાની અંદર પોલમાં મૂકવાથી ફેર આવે છે. આ તેલનો સતત ઉપયોગ કરવાથી ઉપરનાં દર્દોમાં ફાયદો થાય.

ચિત્રકાદિલેપ પું. (વૈદક) ગૂમડાં ફોડવા માટે વપરાતો એ નામનો લેપ. તે બનાવવા ચિત્રો, દંતીમૂળ, ચોરનું ચીભડું, આકડાનું દૂધ, ભિલામું, હીરાકસી, સોળ અને સિંધાલૂણ એ બધું સમભાગે લઈ તેનો કલ્ક કરવામાં આવે છે.

ચિત્રકામ [સં.] ન. આલેખન; ચિતારાનો ધંધો; રેખાનિરૂપણ; રેખાચિત્રણ; 'ડ્રૉઇંગ'.

ચિત્રકાય ૧. [સં.] પું. ચિત્તો.

૨. પું. વાઘ; દીપડો

ચિત્રકાર [સં.] પું. ચિત્ર કાઢનારો પુરુષ; ચિતારો; ચીતરકામ કરનાર માણસ, રંગાટી.

ચિત્રકારિક જુઓ ચિત્રકર.

ચિત્રકારી જી ચિત્ર ચીતરવું તે; ચિત્રવિદ્યા; ચિત્ર બનાવવાની ક્રિયા.

ચિત્રકાવલેહ [સં.] પું. (વૈદક) એક પ્રકારનું ચાટણ. તે પ્લીહા, ગુલ્મ, મૂળવ્યાધિ, કૃમરોગ અને શરદી ઉપર ફાયદો કરનાર જણાય છે.

ચિત્રકાવ્ય [સં.] ન. ચિત્રની અંદર આલેખવું વગેરે કવિતાની રચના; ચિત્રના આકારમાં લખેલી કવિતા. નાગબંધ, ગજપ્રતિબંધ, ક્રૌંચબંધ ઇત્યાદિ જાતો કાવ્યોના પ્રકાર છે જાતે કાવ્યોની ચતુરી બધમમાં જણાય છે.

ચિત્રકાવ્યબંધ [સં.] પું. ચિત્રના આકારમાં અક્ષરો આવી રહે એવી કવિતાની રચના.

ચિત્રકીટ [સં] પું. એક જાતનું પતંગિયું.

ચિત્રકુશળતા જી ચિત્ર દોરવામાં હોશિયારી.

ચિત્રકૂટ [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

ચિત્રકુંજીર [સં] પું. એક જાતનું વનચરાઉ પ્રાણી

ચિત્રકૂટ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક પર્વત. પ્રયાગથી દક્ષિણ માર્ગમાં અંતરે તે આવેલો છે. એના ઉત્તર ભાગમા મંદાકિની નદી વહે છે. રામ વનવાસ જવાને નીકળ્યા ત્યારે ભારદ્વાજ ઋષિનાં દર્શન કરી અહીં આવ્યા અને ત્યાં લક્ષ્મણે પર્ણકુટિ બાંધી તેમાં તેઓ જાનકી સુખે રહેતા હતાં અહીં ભરતે આવી રામને દશરથના અવસાના દુ ખદાયક સમાચાર કહ્યા. એ સાભળી રામ અને લક્ષ્મણને બહુ સતાપ થયો અને પિંડદાન કર્યું. પછી ભરતે તેમને અયોધ્યા પાછા આવવા વિનતિ કરી, પણ બધાનું પડેલું

પાલન કર્યા સિવાય રામે પાછા જવાની ના પાડી. ખૂબ યત્ન કર્યો છતાં ભરતને જ્યારે એમ લાગ્યું કે રામ ચળે તેમ નથી ત્યારે ભરતે રત્નમય પાદુકા રામને પગે પહેરાવી તેમની પાસેથી માગી લીધી અને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે હું આ પાદુકાને રાજ્ય સમર્પણ કરીશ, ફળમૂળનો આહાર કરીશ, અયોધ્યા બહાર રહીશ અને ચૌદ વર્ષ પર્યંત વલ્કલ ધારણ કરીશ. પછી ભરત સૈન્ય સહિત વિદાય થયો અને રામ ત્યાં ચોમાસું રહ્યા, પરંતુ અયોધ્યાથી માણસો અને રાજપુત્ર વારંવાર આવતા, તેથી ઋષિઓને ઉપદ્રવ થવા લાગ્યો તેમ જ ખર વગેરે રાક્ષસો ઋષિઓને ઉપદ્રવ કરતા, તેનો નાશ કરવાના નિમિત્તથી ચિત્રકૂટ છોડી સીતા અને લક્ષ્મણ સહિત રામે દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. ચિત્રકૂટ પર્વત રામગિરિ કે ક્રમતાનાશ્રમગિરિ એ નામથી પણ ઓળખાય છે. વિરાધ નામનો રાક્ષસ અહીં મરાયો હતો. બુંદેલખંડમાના બંદાના અગ્નિખૂણે ૫૦ માઇલ દૂર પયોષ્ણી નદી પાસે તે આવેલો છે એમ પણ કેટલાક માને છે.

૨. પું. ગિતોડ.

૩. પું. નિર્લેપ માણસ

૪. પું. હિમાલયનું એ નામનું એક શિખર.

ચિત્રકૂટપ્રિયસ્થાન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ચિત્રકૂટા [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી; મંદાકિની; પયસ્વિની. તે ઋક્ષવાન પર્વતથી નીકળી ચિત્રકૂટમાં વહે છે. કાર્ષ આપે જઈને તે યમુનાને મળે છે.

ચિત્રકૃતિ [સં.] સ્ત્રી. ચિત્રકામ; ચિત્ર દોરવું તે

ચિત્રકૃત્વ [સં.] ન. વાણીનો એક ગુણ.

ચિત્રકેતુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક યદુવંશી રાજા. શૂરસેન દેશમાં તે રાજ્ય કરતો હતો. તેને ઘણી સ્ત્રી હતી, પણ કાંઈ સંતાન ન હતું. તેથી અંગિરા ઋષિએ ત્વષ્ટા દેવનું પૂજન કરી ચરુ રાખ્યો અને તે અન્ન રાજાની મુખ્ય રાણી કૃતદ્યુતિને ખવરાવવાનું કહ્યું પૂરે મહિને રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. રાજા રાણીને તેમ જ પ્રજાને મોટો આનંદ થયો, પણ બીજી રાણીઓને ઈર્ષ્યા થવાથી તેણે કુંવરને ગુપ્તપણે ઝેર દીધું. તેથી પુત્ર મરણ પામ્યો. રાજારાણીને અત્યંત શોક થયો. શોકને લીધે તેમને અત્યંત દુ:ખિત, મૂર્છિત તથા અનાથ થયેલ જાણી અંગિરા મુનિ નારદજી સાથે ત્યાં આવ્યા. તે બંને મહાત્માએ રાજાને ઉપદેશ આપ્યો. તેથી રાજા સર્વનો ત્યાગ કરી યમુના નદીને કાંઠે તપ કરવા ગયો. ત્યાં તપના પ્રભાવથી તેને અમોઘ સિદ્ધિ પ્રાપ્ત થઈ. તે યોગથી ભાવી જન્મમાં તે વિદ્યાધરનું અધિપતિ પામ્યો. એક વખતે વિમાનમાં બેસી તે આકાશમાં ફરતો હતો. ફરતાં ફરતાં પાર્વતી સાથે મહાદેવ બેઠા હતા ત્યાં જઈ ચઢ્યો. દૈવયોગે તેને કુબુદ્ધિ ઉત્પન્ન થતાં મહાદેવની મશ્કરી કરવાથી પાર્વતીજીએ તેને શાપ આપ્યો. તેથી એ વૃત્રાસુર નામે અસુર યોનિમાં જન્મ્યો હતો. પરંતુ પૂર્વકર્મના સંસ્કારથી તેને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું હતું. જ્ઞાનવિજ્ઞાનયુક્ત રહેવાથી તેની બુદ્ધિ ધર્મપરાયણ જ રહેતી. તેથી કેટલાક કાળ પૃથ્વી ઉપર રહી અંતે તે પરમ ગતિને પામ્યો હતો.

૨. પું. (પુરાણ) કૃષ્ણ અને જાંબુવતીનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) ગરુડનો એ નામનો એક પુત્ર.

૪. પું. મથુરાનો રાજા.

૫. પું. જેની પાસે રંગબેરંગી પતાકા હોય તેવો માણસ

૬. પું. (પુરાણ) દ્યુતિમાનના પુત્ર સુદામાના બે ભાઈઓ માંહેના બીજા પુત્ર.

૭. પું. (પુરાણ) દેવભાગને કેતુથી જન્મેલા ત્રણ ભાઈઓ માંહેનો મોટો પુત્ર.

૮. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષના એક પાંચાળ રાજા; સુકેતુનો પિતા. તેને દ્રોણે માર્યો હતો.

૯. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના વસિષ્ઠ ઋષિને ઊર્જા નામની સ્ત્રીથી થયેલ એ નામના પુત્ર.

૧૦. વિ. રંગબેરંગી પતાકાવાળું.

ચિત્રકેતુબાંધન [સં.] પું. વિષ્ણુ.

ચિત્રકોષ્ઠ ૧. [સં.] પું. એક જાતનો કીડો.

૨. પું. કાળો કપાસ.

૩. પું. જોડીમધ.

ચિત્રકોષ્ઠમંડલ ન. (જ્યોતિષ) વિષુવાંશ ૪૫ થી ૧૨૦ અને ઉત્તર ક્રાન્તિ ૭૦ થી ૮૫ સુધીમાં આવેલો એક તારાપુંજ.

ચિત્રક્રમ ૧. વિ. ચિત્ર જેવું.

૨. [સં.] વિ. ચીતરેલું; આળેખેલું.

ચિત્રગત [સં.] વિ. ચિત્રમાં આળેખેલું.

ચિત્રગર વિ. ચિત્ર ચીતરનાર.

ચિત્રગર્દભા પું. ચિત્રાંગ; ચટાપટાવાળો ખોડો; 'ઝીબ્રા'.

ચિત્રગંધિ ૧. [સં.] ન. હડતાલ.

૨. વિ. ગંધવાળું.

૩. વિ. વિચિત્ર; આશ્ચર્યકારક.

ચિત્રગુ પું. (પુરાણ) સહાની કૂખે કૃષ્ણથી થયેલ એ નામનો પુત્ર.

ચિત્રગુપ્ત ૧. [સં.] પું. ચૌદ યમમાનો એ નામનો એક યમ; જીવોનાં કર્મ નોંધી રાખનાર યમરાજનો સેવક. પદ્મપુરાણ, ગરુડપુરાણ, સ્કંદપુરાણ અને ભવિષ્યપુરાણ વગેરેમાં ચિત્રગુપ્તની કથા છે. તે પ્રમાણે ચિત્ર નામનો એક રાજા હતો. તે બ્રિસાર્બાકાળના કામમાં બહુ નિપુણ હતો. પ્રાણીઓને તેમનાં પુણ્યપાપ પ્રમાણે શિક્ષા વગેરે કરવાને માટે યમરાજાએ તેને લાંબો જમાનો વિચાર કરી એક વાર તે નદીમાં નહાતા પડ્યો હતો ત્યાંથી ઉપાડી મગાવ્યો હતો. ભવિષ્યપુરાણમાં વર્ણન એવું કર્યું છે કે સૃષ્ટિને બનાવીને બ્રહ્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં તેમના શરીરમાંથી વિચિત્ર વર્ણનો એક પુરુષ ઉત્પન્ન થયો અને જ્યારે બ્રહ્મા સમાધિમાંથી જાગ્યા ત્યારે તેણે તેમની પાસે કામ માગ્યું. બ્રહ્માએ તેને પ્રજાઓનાં પુણ્યપાપનો હિસાબ રાખવાનું કામ સોંપ્યું. બંગાળ અને ઉત્તર હિંદુસ્તાનના કાયસ્થો પોતાને ચિત્રગુપ્તના વંશજો માને છે અને યમદ્વિતીયાને દિવસ કલમ ખડિયાની પૂજા કરે છે.

૨ પું. જગતકાકા; બધી દુનિયાની બાબત રાખનાર માણસ.

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૪ પું. બાતમીદાર; ગુપ્તચર; જાસૂસ.

૫. પું. વહાણવો; પેઢીનામું રાખનાર ભાટ.

ચિત્રગૃહ [સં.] ન. ચિત્રશાળા; કળા રાખવાનું ઘર

ચિત્રગો [સં] પું. રંગબેરંગી બળદ.

ચિત્રગ્રંથ [સં] પું. ચિત્રનો ચોપડો; ચિત્રપુસ્તક.

ચિત્રગ્રીવ ૧. [સં] પું ટેણુતર.

૨. પું. સારસ પક્ષી.

૩. પું. હોલો. ઈસુ ખ્રિસ્તના કાળમાં પરમાત્માનો પવનરૂપ કહેનાર હોલો જ હતો એમ મનાય છે. તેથી ખ્રિસ્તી ધર્મમાં આ પંખી અત્યંત શાંત, પવિત્ર અને નિરુપદ્રવી દેવી ગુણવાળું મનાયું છે. પણ બાહ્યદેશમાં એના જેવું ધમ્મરિયું, તોફાની, કજિયાળું અને ધર્મ્યાખોર પંખી બીજું મુશ્કેલ છે. એનાં પગલાં, એની બોલી, એનો વસવાટ, એનું દર્શન મનુષ્યને અત્યંત હાનિકર્તા મનાય છે. એથી જ એ મનુષ્યનું અત્યંત નિકટવર્તી છતાં પાલનને યોગ્ય નથી મનાયું. એના શરીરનો રંગ ચોરાસુ અને આયું ભેદું લાલ છમકવાળું હોય છે. ગળાની બંને બાજુ ઉપર કીણાં કીણાં અગર લાલ અપાર ટપકાં હોય છે. કદમાં

તે કાબરથી પણ નાનું હોય છે તેને મનુષ્યનો સહવાસ ગમે છે, પરંતુ નિરંતર ઘરમાં કે ઝાડની ડાળમાં બારાઈ ન રહેતાં રેલવેના તારે ઝૂલવાનો તેને ખૂબ શોખ છે.

૪. સ્ત્રી. નિશાનીવાળી ગરદન.

ચિત્રગ્રીવકપોત જુઓ ચિત્રગ્રીવ.

ચિત્રગ્રીવી ૧. [સ] સ્ત્રી. ચિત્રગ્રીવ પક્ષીની માદા.

૨. સ્ત્રી. સારસ પક્ષિણી.

ચિત્રઘંટા ૧. સ્ત્રી. ચોસઠ યોગિની માહેની એ નામની એક.

૨. સ્ત્રી. નવ દુર્ગામાંની એ નામની એક દેવી.

૩. ન. એક જાતનું દેવળ.

ચિત્રઘંટેશ્વરી ૧. [સં.] સ્ત્રી. કાશીમાં તે નામની એક દેવી.

૨. જુઓ ચિત્રઘંટા ૨.

ચિત્રચકોર સ. એક જાતનું રંગીન તેતર.

ચિત્રચંદન ન. એ નામનું દેવતાઈ વન.

ચિત્રજાપ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો પુત્ર. ભીમે તેને માર્યો હતો.

ચિત્રજિહ્વ સ. ચિત્રજિપિ.

ચિત્રજીભા સ્ત્રી એક જાતનું ઝાપટમનું સાધન. તેથી રંગબેરંગી નકશા અને ચિત્રો છપાઈ શકે છે.

ચિત્રજ્વર [સં.] પું. ભ્રાન્તપૂર્ણ અને ભ્રમિત અભિપ્રાયવાળું વાક્ય. આવું વાક્ય નાયક અને નાયિકા ગુસ્સે થઈ એકબીજાને સંભળાવે છે.

ચિત્રટી સ. સેવા કરવા માટે રાખેલ ચિત્ર.

ચિત્રણ ન. ચીતરવું તે; ચીતરવાની કળા, ચિત્રકામ, રંગકામ, ચિત્રક્રિયા.

ચિત્રણશક્તિ સ્ત્રી. આલેખનશક્તિ.

ચિત્રણા સ્ત્રી. ચિત્ર કાઢવાની કળા.

ચિત્રણી સ્ત્રી. ચીતરવાની ક્રિયા.

ચિત્રતમ પું. (સંગીત) માર્ગના ૭ માંહેનો એક પ્રકાર. તેમાં અર્ધી માત્રાની એક કળા ગણાય છે.

ચિત્રતર પું. (સંગીત) માર્ગના ૭ માંહેનો એક પ્રકાર. તેમાં એક માત્રાની એક કળા ગણાય છે.

ચિત્રતંડુલ [સં.] પું. વાઘડિંગ.

ચિત્રતાલ [સં] પું. (સંગીત) એક પ્રકારનો તાલ

ચિત્રતુંડકા જુઓ ચિત્રતંડુલ.

ચિત્રત્વ [સં.] ન. આશ્ચર્યપણું.

ચિત્રત્વક્ [સં. ચિત્રત્વક્] ન. ભૂર્જપત્ર; ભોજપત્રનું ઝાડ.

ચિત્રદર્શકયંત્ર [સં.] ન. જેમાંથી ચિત્રો મોટા બતાવી શકાય તેવું યંત્ર; સ્લાઈડ પ્રોજેક્ટર.

ચિત્રદર્શન ૧. પું. ઉત્તરરામચરિત નાટકના સાત અંક માહેનો એ નામનો પહેલો અંક.

૨. પુ (પુરાણ) એ નામનો સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

ચિત્રદંડક [સં.] પું. સરઘસ.

ચિત્રદાર સ્ત્રી. ચિત્રવાળું.

ચિત્રદીપ પું. ચિત્રમાં આલેખેલો પ્રકાશ.

ચિત્રદેવ [સં.] પું. પાર્તિક સ્વામીનો એ નામનો અનુચર.

ચિત્રદેવી ૧. સ્ત્રી. એ નામની એક વેલ; મહેન્દ્રવારુણિ

૨. સ્ત્રી. એક જાતની શક્તિ.

ચિત્રદેહ પું. ચિત્રમાં ઉતારવામાં આવતો દેહ; ચિત્રરૂપ શરીર.

ચિત્રધર્મા પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

ચિત્રધા [સં.] અ. અદ્‌ભુત રીતે; અજબ રીતે; વિચિત્રપણે

ચિત્રધામ [સં. ચિત્રધામન્] ન. વજ્રાદિમાં બનાવેલું એક ગૃહ; સર્વતોભદ્રમંડલ. તેનાં બારણાં વિવિધ રંગથી ભરવામાં આવે છે.

ચિત્રધેનુ [સં.] સ્ત્રી. ચિત્રવિચિત્ર વર્ણવાળી ગાય

ચિત્રનિર્માણ ૧. [સં.] ન. ચિત્ર બનાવવું તે.

૨. ન. ફોટોગ્રાફિંગ; ફોટોગ્રાફ.

ચિત્રની ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૦૨ લઘુ અને ૧૩ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

૨. સ્ત્રી. એક પ્રકારની નાયિકા. તે સુંદર ગતિવાળી, સમાન અને પાતળા અંગવાળી, ઊભત છાતીવાળી, વિશાળ જઘનવાળી, ઉત્તમ અધરવાળી, મોર સમાન સ્વરવાળી, ગંભીર પ્રકૃતિ અને ચપળ દૃષ્ટિવાળી, નૃત્યગીતમાં પ્રેમ રાખનારી, પતિના ચિત્તને હરવામાં તત્પર જોનારાવાળી અને બાહ્ય રતિ ઉપર પ્રીતિ રાખવાવાળી, હોશિયાર અને મોહક હોય છે.

ચિત્રનૃત્ય [સં.] ન. એક પ્રકારનું નૃત્ય. આ નૃત્ય કરતાં કરતાં તાલ સાથે ગાતાં નિર્દિષ્ટ સમયે ગાયન સાથે ચિત્ર પણ પગના અંગુઠાથી પૂરું કરાય છે. મયૂરનૃત્ય, કમળનૃત્ય, સર્પનૃત્ય, કેવનૃત્ય, શકુનૃત્ય જેવા તેના અનેક જૂદા પ્રકારો છે.

ચિત્રનેત્રા [સં.] સ્ત્રી. મેના; સારિકા.

ચિત્રન્યસ્ત [સં.] વિ. ચીતરેલું; ચિત્રરૂપે આલેખેલું.

ચિત્રપક્ષ ૧. [સં.] પું. તેતર પક્ષી.

૨. પુ. હોલો.

ચિત્રપટ ૧. ન. આકૃતિથી ઢોરાયેલું ચિત્ર; ચિત્ર; તસ્વીર.

૨. ન. ચિત્ર બતાવવાની ભૂમિકા.

૩. ન. જીર્ણ વસ્ત્રોનું રંગીન ચીતરેલું કપડું; જેના ઉપર ચિત્ર દોરું હોય તે કપડું; ચીતરામણવાળું વસ્ત્ર.

૪. ન. નાટકનો પડદો; ચીતરામણનો પડદો.

૫ ન. સિનેમા; શ્વેત કાપડના પટ ઉપર ઢરતાં ફરતા ચિત્ર બતાવનાર પડદો.

૬. ન. સિનેમાની ફ્રમફ્રાની પટ્ટી; ફિલ્મ.

૭. વિ. રંગબેરંગી; તરેહતરેહનું; વિચિત્રવિચિત્ર; ઘણા રંગવાળું.

ચિત્રપટકલા [સં.] સ્ત્રી. ફિલ્મ ઉદ્યોગ.

ચિત્રપટ્ટમંડલ ન. (જ્યોતિષ) વિષુવંશ ૬૦થી ૧૨૫ અને દક્ષિણ ક્રાંતિશ ૪૫થી ૬૫ સુધીમાં આવેલો એ નામનો તારાપુંજ.

ચિત્રપટ્ટા (ચિત્રપટ્ટા) ૧. સ્ત્રી. સુથારની એ નામની બટક.

૨. ન. એ નામની બટકનું માપણ.

૩. વિ. એ નામની બટકનું.

ચિત્રપતંગ [સં.] સ. રંગબેરંગી પતંગિયું. તેની પાંખ ઉપર જુદા જુદા રંગની ભાત હોય છે.

ચિત્રપત્ર ૧. પું. આખની કીકીની પછવાડેનો પડદો.

૨. [સં.] પું. રંગબેરંગી પાંખોવાળું પક્ષી; તેતર

ચિત્રપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; ડોલપુષ્પી.

ચિત્રપત્રી ૧. [સં.] સ્ત્રી. બાણપીપર.

૨. સ્ત્રી. તેતર પક્ષિણી

ચિત્રપદ્મા [સં.] સ્ત્રી. પ્રભાસતીર્થમાં આવેલ સરસ્વતિ પાસેની એક નાની નદી.

ચિત્રપદ ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે લઘુ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. [સં.] વિ. ચિત્રિત પગલાંવાળું

ચિત્રપદા ૧. પુ. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ચિત્રપદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે અસ્પષ્ટ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

ચિત્રપદા ૨. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; સાલવણ, ઘૃષ્ટમુષ્ટ.

૩. સ્ત્રી. મેના; સારિકા.

૪. વિ. સ્ત્રી. વિચિત્ર પગલાંવાળી.

ચિત્રપત્રિકા ૧. [સં.] સ્ત્રી. ભાતીગળ કાપડ.

૨. સ્ત્રી. કાસુપુષ્પી.

૩. સ્ત્રી. મજીઠ.

ચિત્રપર્ણી જુઓ ચિત્રપત્રિકા.

ચિત્રપલ્લવી જુઓ ચિત્રાવલિ.

ચિત્રપાટિકા જુઓ ચિત્રપાટી.

ચિત્રપાટી સ્ત્રી. ચિત્ર ભરાવવાની કે ચીતરવાની પાટી કે પાટિયું.

ચિત્રપાદા [સં.] સ્ત્રી. મેના પક્ષી; સારિકા.

ચિત્રપિચ્છક [સં.] પું. મોર.

ચિત્રપિચ્છિકા [સં.] સ્ત્રી. મયૂરી; કેતકી.

ચિત્રપિંગલ પું. મોર પક્ષી.

ચિત્રપુટ [સં.] પું. (સંગીત) એક પ્રકારનો ૭ તાળો તાલ.

ચિત્રપુટ [સં.] પું. એક પ્રકારનું બાણ.

ચિત્રપૃષ્ઠ ૧. પુ. મોરા પક્ષી, ચિરૈયા.

૨. [સં.] પું. ચકલો.

ચિત્રપૃષ્ઠી [સં.] સ્ત્રી. ચિત્રપૃષ્ઠ પક્ષીની માદા.

ચિત્રપોથી સ્ત્રી. ચિત્રોનો સંગ્રહ; જાનીની ચોપડી, 'આલ્બમ.'

ચિત્રપ્રતિમા [સં.] સ્ત્રી. ચીતરેલી મૂર્તિ.

ચિત્રપ્રેષણ [સં.] ન. દૂરદર્શનમાં વીજળી દ્વારા વસ્તુઓનું પ્રતિરૂપ દૂર સ્થાને મોકલવાની ક્રિયા. મોકલવાના ચિત્રને એક ફરતા હોલ જેવા યંત્ર ઉપર લપેટી દેવામાં આવે છે. તેના ઉપર એક પ્રકાશકિરણ પાડવામાં આવે છે. ચિત્રમાં પ્રકાશકિરણ દ્વારા જે પ્રભાવ પાડ છે તે એક ફોટો ઇલેક્ટ્રિક બેટરી દ્વારા વિદ્યુતપ્રવાહમાં પલટાઈ જાય છે અને વીજળી યંત્રો દ્વારા આ પ્રવાહને ફરીથી ચિત્રરૂપે પરિણત કરવામાં આવે છે

ચિત્રપ્રેષણયંત્ર [સં.] ન. દૂરદર્શનયંત્ર.

ચિત્રફલ ૧. [સં.] પું. એક જાતનું માંજણ, સિંદામાંજણી.

૨. પું. તરબૂચ.

ચિત્રફલક ૧. પુ. એક જાતનું માંજણ.

૨. [સં.] ન. ચિત્ર ચીતરવા માટેનું પાટિયું.

ચિત્રફલકા સ્ત્રી. ચિત્રના સંગ્રહવાળું પાટિયું.

ચિત્રફલા ૧. [સં.] સ્ત્રી. ઇંદ્રવારુણી.

૨. સ્ત્રી. કાકડી

૩. સ્ત્રી. કોંકણીમેથી.

૪. સ્ત્રી. રીંગણી; વેંગણનો છોડ.

ચિત્રબર્હ ૧. [સં.] પું. ગરુડનો એ નામનો એક પુત્ર.

૨. પું. મોર; મયૂર પક્ષી

ચિત્રબર્હિણી [સં.] સ્ત્રી. મયૂરી.

ચિત્રબર્હી જુઓ ચિત્રબર્હિણી.

ચિત્રબંધ [સં.] ન. (સમ્ય) બંધ બેસતાની યુક્તિની જાણ સિવાય ન ઊકલી શકાય એવી રીતે અમુક આકૃતિમાં શબ્દો ગોઠવી તૈયાર કરેલ કવિતા. જેમકે, નાગપાશબંધ, કમળબંધ.

ચિત્રભાનુ ૧. પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો પૌત્ર.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાનો એ નામનો એક.

ચિત્રભીરુ ૧. [સં.] પું. ઓરડો.

૨. પું. દિવેલી. તેનાં બિયાં સફેદ, ભદામી અને કાળા કીંસોટાવાળાં હોય છે.

ચિત્રભીરુ [સં.] સ્ત્રી. વાઘરિણ.

ચિત્રભૂકિતહેતુ [સં.] પું. પુરુષોત્તમનાં કલ્પેલ માહેનું એક નામ.

ચિત્રભરપૂર વિ. ચિત્રથી ભરેલ.

ચિત્રભાનુ ૧. [સં.] પું. અગ્નિ.

૩. પું. અશ્વિનીકુમાર; સ્વર્ગવૈદ્ય.

૩ પું. આકડાનો છોડ.

૪ પું ચીતરેલ; ચિત્રનું કામ.

૫. પું. જાર્દરપક્ષ સંવત્સરના ૬૦ માહેનું ૧૬મું વર્ષ.

૬. પું. ભાદ્રપદની વીશીનો સોળમો સંવત્સર.

૭. પું. ભૈરવ.

૮. પું. અગ્નિપુરાનો એ નામનો રાજા. તે અર્જુનની પત્ની ચિત્રાંગદાનો પિતા હતો.

૯. પું. સૂર્ય; રવિ.

ચિત્રમણિ [સં.] ન. એક ચિત્ર.

ચિત્રમતિ વિ. વિચિત્ર બુદ્ધિવાળું.

ચિત્રમય વિ. ચિત્રથી ભરેલું; ચિત્રવાળું; સચિત્ર.

ચિત્રમયતા ૧. સ્ત્રી. ચિત્રથી ભરપૂર હોવાપણું.

૨. સ્ત્રી. વિચિત્રતા; વિલક્ષણતા; આશ્ચર્યજનકપણું.

ચિત્રમંજૂષા [સં.] સ્ત્રી. ચિત્રોના સંગ્રહની પેટી.

ચિત્રમંડલ [સં.] પું. એક જાતનો સર્પ.

ચિત્રમંદિર ન. ચિત્રશાળા; 'ફોટોગ્રાફ રૂમ.'

ચિત્રમાગ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

ચિત્રમાર્ગ [સં.] પું. વિચિત્ર રસ્તો.

ચિત્રમાલા ૧. સ્ત્રી. ચિત્રસમૂહ; ચિત્રાલય.

૨. સ્ત્રી. ફિલ્મ.

ચિત્રમાળા જુઓ ચિત્રમાલા.

ચિત્રમુખ પું. (પુરાણ) એ નામનો એક મહાત્મા. તે પ્રથમ વૈશ્ય હતો અને પછીથી બ્રાહ્મણ થયો હતો. તેની અદ્વૈયન્તી નામની પુત્રી શક્તિ ઋષિની સ્ત્રી હતી.

ચિત્રમુદ્રક ન. ચિત્રની નકલ કરવાનું યંત્ર.

ચિત્રમૂષક પું. એક જાતનું હાડી બાનાનું રતનવર્ણ પ્રાણી. તેના ગાલની કોથળીઓ પાકળ હોવાથી ખોરાક સુધી પહોંચે છે.

ચિત્રમૃગ પું. ભાંટવાળું કે ટપકાંવાળું મૃગ; પૃષતમૃગ.

ચિત્રમેખલ [સં.] પું. મોર; મયૂર પક્ષી.

ચિત્રયજ્ઞ [સં.] ન. દક્ષની દાનક્રિયા સંબંધી એ નામનું એક પ્રખ્યાત નાટક. જેનો કર્તા વેંકટનાથ વાચસ્પતિ છે.

ચિત્રયષ્ટિકા [સં.] સ્ત્રી. ચીતરનો લાકડાનો પડદો.

ચિત્રયોગ ૧. [સં.] પું. ચિત્ર ચીતરવાની કે; આલેખ્ય વિદ્યા.

૨. પું. ચોસઠ માંહેની એ નામની એક કળા; પુરુષને સુવાન અને સુવાનને પુરુષ બનાવવા નપુંસક બનાવવાની વિદ્યા.

ચિત્રયોધી ૧. [સં. ચિત્રયોધિન્] પું. અર્જુન.

૨. પું. ભારે યોદ્ધો.

૩ પું. ચાકડાનું કામ.

૪. વિ. વિચિત્ર યુદ્ધ કરનાર.

ચિત્રરચના [સં.] સ્ત્રી. ચિત્રની બનાવટ.

ચિત્રરથ ૧. [સં.] પું. અંગદેશનો એ નામનો એક રાજા.

૨. પું. ચાકડો.

૩. પું. ઇંદ્રનો એ નામનો સેનાપતિ.

૪. પું. (પુરાણ) ઋષભદેવ વંશના અંગ રાજાને અવતરીને જેટ બનેલા નવ મહિનો મોટો પુત્ર. જેની ભાર્યાનું નામ ઊર્ણા અને જેને જેટ બનેલા પુત્રનું નામ સમ્રાટ હતું.

૫. પું. (પુરાણ) એ નામનો રાજા: રોમપાદ
૬ પું (પુરાણ) કશ્યપની પુત્રી મુનિની કૂખે જન્મેલા સોળ ગંધર્વ માહેનો એ નામનો એક; ગંધર્વરાજ. એ બધા અપ્સરાનો સ્વામી છે.
૭. પું. (પુરાણ) દશરથ રાજાનો એ નામનો સારથિ.
૮. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષનો એ નામનો રાજા; શૈખ્ય.
૯. પું (પુરાણ) ભારતવર્ષક દેશનો એ નામનો એક રાજા.
૧૦. પું. (પુરાણ) વિદેહ વંશના સુપાર્શ્વ જનકનો દીકરો એના પુત્રનું નામ હેમપી જનક હતું.
૧૧. પું. વૈદિક સમયનો એક પ્રાચીન દેશ.
૧૨. પું (પુરાણ) શ્રીકૃષ્ણના પુત્ર ગદનો એ નામનો એક પુત્ર.
૧૩. પું. સૂર્ય; જાનુ; રવિ.
૧૪. પું. (પુરાણ) સોમવંશી ક્રોષ્ટાના વંશના આનર્ત રાજાના વંશના અનમિત્ર પુત્ર વૃષ્ણિવંશ બે માહેનો મોટો પુત્ર.
૧૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના પાંડવોના વંશના નિમિચક્ર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ઉવિરથ હતું.
૧૬. પું (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કરીક્ષ રાજાનો પુત્ર.

ચિત્રરથા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી.

ચિત્રરશ્મિ [સં.] પું. એ નામનો એક ભક્ત.

ચિત્રરસ ન. વિવિધ રસના ખાણ પદાર્થ આપનાર કલ્પવૃક્ષ.

ચિત્રરસાંગ ન. રસવંત ભોજન.

ચિત્રરંગી જિ. વિવિધ રંગવાળું.

ચિત્રરથ પું. (પુરાણ) શિવના ગણમાં માહેનો એક.

ચિત્રરેખ ૧. [સં.] સ્ત્રી. ચિત્ર ચીતરવું તે.
૨. જુઓ ચિત્રલેખા.

ચિત્રરેફ ૧. [સં.] પું. (પુરાણ) ઉશનસ રાજાના પુત્ર મેધાતિથિના સાત માહેનો પાંચમો પુત્ર.
૨. પું. શાકદ્વીપનો એક ખંડ: શાકદ્વીપના વર્ષ નામે પાડેલા સાત માહેનો પાચમો ભાગ.

ચિત્રલ ૧. [સં.] પું. કાબરચીતરો રંગ.
૨. પું. ચિતો; એક હિંસક પશુ.
૩. જિ. કાબરૂ; કાબરચીતરૂ.

ચિત્રલક્ષણ ન. ચિત્ર કળથી જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

ચિત્રલતા [સં.] સ્ત્રી. મજ્જા. ચિત્રપંક્તિ.

ચિત્રલંકા ૧. પું. ન વ. ચિત્રાના જેવી કમરના ઘોડા.
૨. જિ. ચિત્રવિચિત્ર.

ચિત્રલાચરણી જિ. (જૈન) જુદા જુદા સ્થાન સુધી ચોકસ આત્મવિકાસની છટ્ટી ભૂમિકે પહોંચેલ.

ચિત્રલિ સ્ત્રી. કશ્મીર અને પાલ્હવ પ્રાંત તરફ વપરાની એક ભાષા.

ચિત્રલિખિત ૧. [સં.] જિ. ચીતરેલું.
૨. જિ. ચૂંપુ; હાલેચાલે નહિ તેવું, કપાઈ ગયેલું.

ચિત્રલિપિ ૧. સ્ત્રી. ચિત્રો કાઢીને શબ્દો તથા વાક્યો જણાવવાં તે; અક્ષરોથી નહિ પણ જે વસ્તુ સામાને સમજાવવી હોય તેની આકૃતિ પાડી દેખાડવું તે.
૨. [સં.] સ્ત્રી. જે ભાષાના મૂળાક્ષરો ચિત્ર જેવા હોય તેની ભાષાની લિપિ; ચિત્રાત્મક ભાષા. આ ભાષાની પહેલ કરનાર મિસરના લોકો હતા એમ કહેવાય છે.
૩. સ્ત્રી. સાંકેતિક ચિત્રોની બનેલી લિપિ.

ચિત્રલિપી જુઓ ચિત્રલિપિ.

ચિત્રલી [સં. ચિત્રલિન્] સ્ત્રી. મુકુલિ સર્પ. તે ચિતલને નામે ઓળખાય છે.

ચિત્રલીલા સ્ત્રી. રમ્ય વસંતની વિચિત્ર લીલા.

ચિત્રલેખ [સં.] પું. ચિત્ર કરવું તે: ચિત્ર ચીતરવું તે.

ચિત્રલેખક [સં.] પું. ચિત્ર સંબંધી લખનાર માણસ: ચિત્રનો પારંગત માણસ.

ચિત્રલેખન ૧. [સં.] ન. ચિત્ર ચીતરવું તે: ચિત્ર દ્વારા લખવાની કળા.
૨. ન. છબી

ચિત્રલેખનશાસ્ત્ર [સં.] ન. ચિત્રો કાઢવાની કળાનું શાસ્ત્ર.

ચિત્રલેખની સ્ત્રી. ચિત્ર કાઢવાની પીંછી; કૂચી.

ચિત્રલેખા ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ અને ત્રણ યગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં સોળ અને અઢારમા અક્ષર ઉપર યતિ કે વિસામો આવે છે. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને ચંદ્રલેખા પણ કહે છે.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, બે નગણ, બે તગણ અને યગણ એમ અઢાર વર્ણ હોય છે અને ૪, ૭, ૭ વર્ણે યતિ એટલે વિસામો આવે છે.
આ નામના ૧૨ મ પુત્ર હતા છે. યતિ ચિત્રલેખામાં. રઘુપિંગળ
૩. પું. (પિંગળ) સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેને અતિશાયિની છંદ પણ કહે છે તેના દરેક ચરણમા બે સગણ, જગણ, ભગણ, જગણ અને બે ગુરુ આવે છે. તેમાં દરામા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. આ છંદ અતિકૃતિ છંદનો એક ભેદ છે.
૪ સ્ત્રી. ઉર્વશીની એ નામની સખી.
૫. સ્ત્રી. એ નામની વનસ્પતિની એક જાતિ
૬ સ્ત્રી (પુરાણ) કેટલા દૈત્યને મારી પુરુરવાએ જોડાવેલી એ નામની એક અપ્સરા.
૭. સ્ત્રી. ચંદ્રિકા; તારકિત રજની.
૮. સ્ત્રી. ચિત્ર કાઢનારી સ્ત્રી
૯. સ્ત્રી. ચિત્ર બનાવવાની પીંછી; કલમ.
૧૦. સ્ત્રી. ચિત્રકળા તેમ જ બાહ્યમાં હોશિયાર એક અપ્સરા.
૧૧. સ્ત્રી. ચિત્રની રેખા; ચિત્રની લીટી.
૧૨. સ્ત્રી. છબી; તસવીર.
૧૩. સ્ત્રી. (પુરાણ) બાણાસુરના કુભાંડ નામના પ્રધાનની કન્યા. તે ઊષા એટલે ઓખાની સખી હતી. એ ચિત્રકળામાં બહુ પ્રવીણ હતી. ઓખાને સ્વપ્નમાં આવેલો પતિ કોણ એ ઓળખવા એણે ચિત્રો કાઢી બતાવ્યાં હતાં, જેમાંથી ઓખાએ અનિરુદ્ધને ઓળખી કાઢ્યો હતો.
૧૪. સ્ત્રી. વિધાતા.
૧૫. સ્ત્રી. (જ્યોતિષ) વિષુવાંક ૮૨મી વિષુવવૃત્ત ઉપર આવેલો નીલ મહત્તની તારો.

ચિત્રલેખિની [સં.] સ્ત્રી. ચિત્ર કાઢવાની કલમ કે પીંછી.

ચિત્રલેપન [સં.] ન. રંગથી ચિત્રનો દેખાવેલો દેખાવ; રંગિત નકશો.

ચિત્રલેહા સ્ત્રી. (પુરાણ) બાણાસુરના કુભાંડ નામના પ્રધાનની કન્યા અને ઓખાની એ નામની સખી. જુઓ ચિત્રલેખા ૧૩.

ચિત્રલોચના [સં.] સ્ત્રી. મૈનાક પર્વત.

ચિત્રવજ્રાદ પું. રંગબેરંગી વજ્રાટ.

ચિત્રવત ૧. [સં. ચિત્રવત્] જિ. ચિત્ર જેવું.
૨. જિ. ચિત્રવાળું.
૩. જિ. રંગબેરંગી; રંગિત.
૪. જિ. સ્તબ્ધ; હાલેચાલે નહિ તેવું.
૫. અ. રિવાજ; હાલ્યાચાલ્યા વગર.

ચિત્રવતી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિજગતી છંદનો એક

ભેદ છે. તેને મંજુભાષિણી પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. સ્ત્રી. (સંગીત) માંધાર ગ્રામની એક મૂર્છના.

ચિત્રવદાલ [સં.] પું. એક જાતનું માછલું.

ચિત્રવન ૧. [હિં.] સ્ત્રી. નજર.

૨. [સં.] ન. ગાડીને કિનારે આવેલું એક પુરાણ વન.

ચિત્રવર્ણ પું. મૂળાક્ષરોને બદલે ચિત્રથી શબ્દ લખવા તે; ચિત્રલિપિ; ચિત્રાક્ષરી.

ચિત્રવર્ણું વિ. રંગબેરંગી; કાબરચીતરું.

ચિત્રવર્મા ૧. [સં. ચિત્રવર્મન્] પું. (પુરાણ) દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.

૩. પું. મુદ્રારાક્ષસ અનુસાર કુલૂત દેશનો એ નામનો એક રાજા.

ચિત્રવલ પું. (કચ્છી) એક જાતનો વેલો. તેનાં પાન કારેલીનાં પાનને મળતાં અને ફળ આંબાકૂટામણીના ફળથી સહેજ મોટાં હોય છે. તેને ગિરવલિંગી પણ કહે છે.

ચિત્રવલ્લિક [સં.] પું. એક જાતનું માછલું.

ચિત્રવલ્લી ૧. [સં.] સ્ત્રી. કાકડી.

૨. સ્ત્રી. કાળિંગડું.

૩. સ્ત્રી. તરબૂચનો વેલો.

૪. સ્ત્રી. મહેંદવાળની લતા.

૫. સ્ત્રી. રંગબેરંગી વેલો; ચિત્રવિચિત્ર વેલો.

ચિત્રવસ્ત્ર [સં.] ન. ભીંટ.

ચિત્રવહા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એ નામની એક નદી.

ચિત્રવાચન [સં.] ન. ચિત્રને સમજવું કે સમજવવું તે

ચિત્રવાજ પું. કૂકડો.

ચિત્રવાહ [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

ચિત્રવાન જુઓ ચિત્રવાહન.

ચિત્રવાહન [સં.] પું. (પુરાણ) મણિપુર નગરીનો એ નામનો એક નાગ રાજા. તીર્થયાત્રાએ ગયેલા અર્જુનને એની કન્યા ચિત્રાંગદાએ જોવાથી એને પરણવાની ઇચ્છા દર્શાવી હતી. આથી તેણે એને પુત્ર થાય તો પોતાને મળે એવી શરત કરીને અર્જુનને પરણાવી હતી. ચિત્રાંગદાને અર્જુનથી થયેલા પુત્ર બભ્રુવાહનને પોતે લઈ ને એને પોતાનું રાજ્ય આપ્યું હતું.

ચિત્રવાહા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

ચિત્રવાળ ૧. સ્ત્રી. એ નામની એક વણિક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ચિત્રવિચિત્ર ૧. [સં.] વિ. કદી ન જોયા તેવું; નજરમાં ન આવે તેવું.

૨. વિ. કાબરચીતરું; રંગબેરંગી; તરેહ તરેહવાર રંગનું.

૩. વિ. ઢંગધડા વગરનું.

૪. વિ. તરેહવાર; અજબ; વિચિત્ર; વિલક્ષણ. ચિત્રવિચિત્ર પાનની બજરી = એક જાતનો છોડ. આ છોડ બગીચાના કુટુંબનો છે. તેનાં પાન ચિત્રવિચિત્ર રંગનાં અને એકબીજાથી ભિન્ન હોય છે. આ છોડ બીજોથી થાય છે.

૫. વિ. નકશીદાર; વેલબુટ્ટાવાળું.

૬. વિ. ભાતભાતનું.

૭. વિ. મનોહર; સુંદર.

ચિત્રવિચિત્રતા [સં.] સ્ત્રી. ચિત્રવિચિત્ર હોવાપણું.

ચિત્રવિદ્યા [સં.] સ્ત્રી. ચિત્ર દોરવાની કળા; ચિતરામણ કે ચિત્ર કાઢવું તે સંબંધી વિદ્યા; ચિત્ર કાઢવાં, રંગ પૂરવો વગેરેની વિદ્યા. ચિત્રવિદ્યાનાં મુખ્ય પુસ્તકોઃ (૧) કલાનિધિ, (૨) ચિત્રબાહુલ્ય, (૩) ભવાપુરુષ લક્ષણ, (૪) વર્ણસંગ્રહ, (૫) ચિત્રખંડ, (૬) ચિત્રલક્ષણ, (૭) ચિત્રકર્મનિ શિલ્પ.

ચિત્રવિધાન [સં.] ન. એ નામની એક કળા; ચિત્ર ચીતરી તૈયાર કરવું તે.

ચિત્રવિલેખન [સં.] ન. તેજાબથી અસર પાડીને ચિત્ર કાઢવું તે.

ચિત્રવિલોપન [સં.] ન. ચિત્રનો લોપ થવો તે.

ચિત્રવિવેચક [સં.] પું. ચિત્રના ગુણદોષ જાણનાર માણસ.

ચિત્રવીણા [સં.] ન. (સંગીત) એક પ્રકારનું વાદ્ય.

ચિત્રવીર્ય ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૨. પું. રાતા એરંડાનું ઝાડ.

ચિત્રવૃત્ત [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેને ગંડકા, ગંડકી, ગંડિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ વીસ અક્ષર હોય છે.

ચિત્રવૈજિક [સં.] પું. એ નામનો એક નાગ.

ચિત્રવેશ [સં.] પું. શિવનાં સુંદર માંહેનું એક નામ.

ચિત્રવ્યાઘ [સં.] પું. ચિત્તો; ચીતરો.

ચિત્રશકટ [સં.] ન. યાંત્રિક વાહન.

ચિત્રશલાકા [સં.] સ્ત્રી. ચિત્રવિદ્યામાં ચીતરવાના રંગની કરેલી સળી; ચીતરવાના કામમાં આવતો ચાર અથવા એવા રંગનો કટકો; વર્તિકા.

ચિત્રશાલા ૧. [સં.] સ્ત્રી. ચિત્રો કાઢવાનું અને ચિત્રો કાઢતાં શીખવાનું સ્થાન.

૨. સ્ત્રી. જ્યાં જુદી જુદી તરેહનાં ચિત્રો રાખેલાં હોય તે સ્થાન; ચિત્રગૃહ; ચિત્રસંગ્રહાલય.

૩. સ્ત્રી. ભીંતો ચીતરેલી હોય એવો ખંડ.

ચિત્રશાલાધ્યક્ષ [સં.] પું. ચિત્રશાલાના સંચાલક ઉપરી; મ્યુઝિયમની દેખરેખ રાખનાર અમલદાર; 'ક્યૂરેટર'.

ચિત્રશાસ્ત્ર [સં.] ન. ચિત્રકળા વિષે જ્ઞાન આપતું શાસ્ત્ર.

ચિત્રશાળ જુઓ ચિત્રશાલા.

ચિત્રશાળા જુઓ ચિત્રશાલા.

ચિત્રશાળી ૧. પું. કૃષ્ણ.

૨. વિ. પું. સારી જમીનવાળો.

ચિત્રશિક્ષક [સં.] પું. ચિત્ર કાઢવાનું શીખવનાર માણસ; ચિત્રક્રમ શીખવનાર શિક્ષક.

ચિત્રશિક્ષણ [સં.] ન. ચિત્રક્રમ શિખવાડવું તે.

ચિત્રશિખંડિજ [સં.] પું. બૃહસ્પતિ.

ચિત્રશિખંડિપ્રસૂત [સં.] પું. બૃહસ્પતિ.

ચિત્રશિખંડિમંડલ [સં.] ન. (જ્યોતિષ) સપ્તર્ષિ તારાપુંજ.

ચિત્રશિખંડી [સં. ચિત્રશિખણ્ડિન્] પું. મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સપ્તર્ષિ માંહેનો દરેક.

ચિત્રશિર ૧. [સં. ચિત્રશિરસ્] પું. એ નામનો એક ગંધર્વ.

૨. પું. (વૈદક) સુશ્રુત અનુસાર મળમૂત્રમાંથી ઉત્પન્ન થતું એક ઝેર; ગંદકીનું ઝેર; વિષ્ટા અને મૂત્રનું એક સત્ત્વ.

ચિત્રશિલા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

ચિત્રશિલ્પી [સં. ચિત્રશિલ્પિન્] પું. ચિત્રકામ અને શિલ્પવિદ્યા જાણનાર માણસ.

ચિત્રશીર્ષક [સં.] પું. એક જાતનો કીડો.

ચિત્રશૌલી ૧. સ્ત્રી. ચિત્ર આલેખવાની પદ્ધતિ.

૨. સ્ત્રી. ચિત્ર રજૂ કરી દે અને ચિત્રની જેમ ક્રમ કરે એવી લેખનની શૈલી.

ચિત્રશોક ૧. પુ. અશોક વૃક્ષ
૨. પું. આસોપાલવનું ઝાડ.

ચિત્રશ્રી સ્ત્રી. અદ્‌ભુત શોભા, આશ્ચર્યકારક લક્ષ્મી.

ચિત્રશાળા [સં.] સ્ત્રી. ચિત્રોવાળું ઘર.

ચિત્રસમૃદ્ધિ [સં.] સ્ત્રી. ચિત્રોનો સમૂહ.

ચિત્રસર્જન [સં.] ન. ચિત્ર બનાવવું તે.

ચિત્રસર્પ [સં.] પું. એક જાતનો રંગબેરંગી સર્પ; માનુષાન સર્પ નાના વર્ણનો સર્પ.

ચિત્રસંગ પું. (પિંગળ) સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેને ચિત્ર પદ્ય કહે છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે.

ચિત્રસંગ્રહ ૧. પું. ચિત્રો ભેગાં કરવાં તે.
૨. પું. સારા ચિત્રોના સમૂહવાળી ચોપડી.

ચિત્રસંગ્રાહક પું. ચિત્ર ભેગાં કરનાર માણસ.

ચિત્રસંજ્ઞા ૧. સ્ત્રી. એક એક વાક્યખંડના પ્રતીકરૂપ આકૃતિ.
૨. સ્ત્રી. ચિત્રથી આળખાણ પાડવાની કળા.

ચિત્રસંયોજન ન. ચિત્રોનું સાથે જોડવું તે; ચિત્ર આલેખન અથવા ગોઠવણ.

ચિત્રસંસ્કારી વિ. ચિત્રના સંસ્કાર જેમાં હોય તેવું.

ચિત્રસાક્ષી પું. ચિત્રરૂપ સાક્ષી; અબોલ્યુ ચિત્ર.

ચિત્રસારસ પું. રાજહંસ; રાજસારસ.

ચિત્રસારી ૧. સ્ત્રી. ચિત્રશાળા.
૨. સ્ત્રી. કેશમહેલ; વિલાસભવન.

ચિત્રસાલા ૧. પું. દીવાનખાનું.
૨. જુઓ ચિત્રશાળા.

ચિત્રસાલિ ૧. પું. હિંસ્રો.
૨. પું. મહાલય; મહેલ.

ચિત્રસૃષ્ટિ [સં.] સ્ત્રી. ચિત્રમય સૃષ્ટિ; ચિત્રોનો સમૂહ.

ચિત્રસેન ૧. પું. (પુરાણ) અલિસારીપુરીનો એ નામનો રાજા. તે ભારતના યુદ્ધમાં દુર્યોધનપક્ષે લડ્યો હતો. તેણે અર્જુનને હરાવ્યો હતો.
૨. પું. (પુરાણ) એક પરાક્રમી ગંધર્વ. એક વખત દૈતવનમાં એ ક્રીડા કરતો હતો, ત્યાં દુર્યોધન આવી ચડ્યો. તેણે ગંધર્વોને વન ખાલી કરી જવાનું કહ્યું. ગંધર્વોએ ગણકાર્યું નહિ. તે ઉપરથી બન્નેની વચ્ચે યુદ્ધ થયું. તેમાં ગૌરવો હાર્યા અને દુર્યોધન વગેરે કેદ પકડાયા. યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુન તેમની પાસે ગયો. તેણે ચિત્રસેનને હરાવી દુર્યોધન વગેરેને છોડાવ્યા.
૪. પુ. એક પુરવંશી રાજા.
૫. પું. (પુરાણ) કર્દમનો એ નામનો એક પુત્ર. તેને નપુંસક માર્યો હતો.
૬. પું. (પુરાણ) કર્મે મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક પંચાલ.
૭. પું. (પુરાણ) દેવસાવર્ણિનો એ નામનો એક પુત્ર.
૮. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો. એને ભીમસેને માર્યો હતો.
૯. પું. (પુરાણ) વિશ્વાવસુ નામના ગંધર્વનો પુત્ર. એની અપ્સરા દેવયિમાં માન છે.
૧૦. પું. (પુરાણ) સત્યરાસુરના એક પુત્રનું નામ.
૧૧. પું. (પુરાણ) સર્વસ્વી વૈવસ્વત મનુના પૌત્ર નરિષ્યંત રાજાના બે પુત્રમાનો એક. એને દક્ષ નામે પુત્ર હતો

ચિત્રસેના ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એક અપ્સરા.
૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

ચિત્રસ્વન સ્ત્રી. (પુરાણ) એ નામની એક ગંધર્વી.

ચિત્રહસ્ત [સં.] પું. મલ્લયુદ્ધના અંગરૂપ એક હસ્તક્રિયા.

ચિત્રાંગી ૧. પું (પિંગળ) એ નામનો એક છંદ
૨. વિ. ખેતરપિડીવાળું.
૩. વિ. નિપુણ.

ચિત્રા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. આ છંદની પાંચમી, આઠમી અને નવમી માત્રા લઘુ હોય અને બાકી ગમે તેમ આવે. તેમાં ૧, ૫, ૮, ૧૩ માત્રાએ તાલ આવે.

સોળ સપ્ત કલ પર દસ ચડમા,
ચાર વસુ નવ કલ કર લઘુ પદમા,
તાલ પ્રથમ પર પછી સુતિ ચડતા,
ચિત્રા નિયે સરસ સો પડતા.

સ્વરૂપિણ

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત માત્રામેળ છંદ. આ દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૩૮ ગુરુ અને ૩૧ લઘુ મળી ૭૪ વર્ણ અને ૧૧૨ માત્રા હોય છે
૩. [સં.] પું. એ નામનો એક સર્પ.
૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને ચિત્ર છંદ પણ કહે છે. તેમાં ત્રણ ભગણ અને બે રગણ મળી પંદર વર્ણ હોય છે.

ચિત્રક માટે જોવો જોવો આણ આ આ મ મ. ચ. સ્વરૂપિણ

૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. આઠમે અને નવમે અક્ષરે યતિ કે વિસામો આવે છે.
૬. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.
૭. સ્ત્રી. અવિદ્યા; માયા; મોહ.
૮. સ્ત્રી ઉદરકની નામની વનસ્પતિ; કનકુજ.
૯. સ્ત્રી એ નામની એક અપ્સરા
૧૦. સ્ત્રી. એ નામની એક નદી.
૧૧. સ્ત્રી. એ નામની એક નાડી.
૧૨ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને એરંડ, દ્રવતી, દતી, મોરટકંટી, નેપાળો કે એરંડો પણ કહે છે.
૧૩. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ધોળા ખો; ખોખડ.
૧૪. સ્ત્રી. (સંગીત) એક રાગિણી. તેને ભૈરવ રાગની પાંચ માંહેની એક કહી માનવામાં આવે છે
૧૫. સ્ત્રી. એક વર્ણવૃત્ત.
૧૬ સ્ત્રી. કાકડી.
૧૭. સ્ત્રી. કામરચીતરી ગામ.
૧૮. સ્ત્રી. (સંગીત) ગાંધાર ગ્રામની એક મૂર્ચ્છના; ચિત્રવતી.
૧૯. સ્ત્રી. (વહાણવટું) બતરો.
૨૦. સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રના ૭ માંહેનું એક નક્ષત્ર
૨૧. સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રની એ નામની એક સ્ત્રી; સોમની સત્તાવીસ માંહેની એક સ્ત્રી.
૨૨. સ્ત્રી. ચિત્રગુપ્તની બહેન.
૨૩ સ્ત્રી ચિત્રા નક્ષત્રમાં જન્મેલી સ્ત્રી.
૨૪. સ્ત્રી. (જૈન) જબ્બદ્વીપ દિક્કુમારિકા બહેનની એ નામની એક.
૨૫. સ્ત્રી. તરબૂચનો વેલો.
૨૬. સ્ત્રી. દ્રાક્ષ પેદા.
૨૭. સ્ત્રી. (તાંત્રિક) પટર બહેનની એ નામની પટરમી નિસા.
૨૮. સ્ત્રી. પ્રાચીન કાળનું તારવાળું એક વાદ્ય.
૨૯. સ્ત્રી. ભીષ્મકની રાજકુમારી અને કૃષ્ણપટ્ટરાણીની દાસી.
૩૦. સ્ત્રી. મજીઠ.
૩૧. સ્ત્રી. મોતી.
૩૨. સ્ત્રી. વસુદેવની રોહિણીમાં જન્મેલી કન્યા.
૩૩. સ્ત્રી. વાઘણિત્ર.
૩૪. સ્ત્રી. (જ્યોતિષ) સત્તાવીસ બહેનોમાં અધિનીથી ચોદમું નક્ષત્ર; ક્રાંતિવૃત્તના ૧૭૩ અંશ, ૨૦

કલાથી ૧૮૬ અંશ, ૪૦ કલા સુધીનો વિભાગ. સુંદર અને વિચિત્ર હોવાને કારણે તેને ચિત્રા કહે છે. આ નક્ષત્ર ઉપરથી ચૈત્ર માસનું નામ પડેલ છે. તેમાં બહુ આકરો તાપ પડે. ચૈત્ર માસમાં આ નક્ષત્ર સંધ્યાકાળે પૂર્વમાં ઊગી પશ્ચિમમાં અસ્ત થાય. તેમાં એક તારો છે. જેના પૂર્વમાં ક્રાંતિવૃત્ત ઉપર જ આ તારો જોવામાં નજરે પડે છે તે પહેલા વર્ગનો તારો કહેવાય છે. આ નક્ષત્રમાં જો કે પુરુષનો જન્મ થયો હોય તો તે સુંદર નેત્ર અને અંગવાળો બને. આ નક્ષત્રનો આકાર હાર જેવો છે. તેના સ્વામીનું નામ ત્વષ્ટા છે અને તેના પાયાના અક્ષર પ, પો, રે, રી છે. આ નક્ષત્રનો સમય તા. ૧૦ ઓક્ટોબરથી લગભગ તા. ૨૩ ઓક્ટોબર ગણાય છે. તે વરસાદનું નક્ષત્ર છે. સૂર્ય આ વખતે ચિત્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. ફલિત જ્યોતિષમાં તેને પાર્શ્વમુખ નક્ષત્ર માન્યું છે. તેમાં ગૃહારંભ, ગૃહપ્રવેશ, હાથી, રથ, વહાણ, ઘોડા વગેરેનો વ્યવહાર શુભ મનાય છે. આ નક્ષત્ર કન્યા રાશિમાં છે આ તારો એટલો બધો દૂર છે કે તેનું માપ હજી કઢાયું જ નથી ચિત્રા અને સ્વાતી બહુ કરીને સામે જ ઊગે છે. જૂનના ઉત્તરાર્ધમાં ચિત્રા રાતે સાંજે મધ્યાહ્ન વૃત્ત ઉપર આવે છે.

ચિત્રા સ્ત્રી. સુભદ્રા; કૃષ્ણની બહેન.

ચિત્રિ પું. (સંગીત) પાડવનું એક તાન; ષડજ ગ્રામમાં નિષાદ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

ચિત્રી વિ. જાતી જાતનું.

ચિત્રીકાર [સં] વિ. ચિત્રવત; રત્નજ્ઞ.

ચિત્રીકારદર્શક ન. એક જાતનું યંત્ર જેમાં રંગેલા કાચના છૂટા ટુકડા હોય છે. તેમાં પ્રતિબિંબિત પડતાંની સપાટી એવી રીતે મોડવેલી હોય છે કે અમુક વસ્તુની સ્થિતિ બદલવાથી તે વસ્તુમાં રહેલા વિભાગ અસમિતિવાળાં અનેકરંગી સ્વરૂપની અનંત વિવિધતા રૂપે દેખાય છે

ચિત્રીકૃતિ [સં.] સ્ત્રી. જમી રહ્યા પછી જીભ અને મોઢામાંથી પાત્રની બાજુ ઉપર ચોંટી રહેલા અન્નને ધોઈને બહાર કાઢવામાં આવતું અન્ન

ચિત્રીક્ષ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. તેને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો.

૨. વિ. રંગબેરંગી આંખોવાળું

ચિત્રીક્ષરી [સં.] સ્ત્રી. ચિત્રના અક્ષરવાળી મિસરવાસીઓની લિપિ; ચિત્રલિપિ, ચિત્રલક્ષણી

ચિત્રીણી [સં] સ્ત્રી. મેના; સારિકા

ચિત્રીટીર ૧ [સં] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. બલિદાન આપેલા બોકડાના લોહીથી ખરડાયેલું કપાળ.

૪. પું. શિવનો એક અનુચર; ઘંટાકર્ણ.

ચિત્રીત્મક ૧. [સં.] વિ. ચિત્રવાળું.

૨. વિ. સુંદર.

ચિત્રીત્મકતા [સં.] સ્ત્રી. ચિત્રમયપણું.

ચિત્રીત્મકભાષા [સં.] સ્ત્રી. ચિત્રાક્ષરી; ચિત્રલિપિ.

ચિત્રીદાન ન. કોઈ પણ વસ્તુનું ચિત્ર મોકલવું કરવું તે.

ચિત્રીદિત્ય [સં.] પું. પ્રભાસ ક્ષેત્રમાં ચિત્રગુપ્તે સ્થાપેલી સૂર્યની એક મૂર્તિ.

ચિત્રીધારીલેખન [સં.] ન. શિલ્પ સંહિતામાં વર્ણવેલી ચોસઠ માહેની એક કળા

ચિત્રીનાડી (ચિત્રાનાડી) સ્ત્રી. સુષુમ્હાની વચ્ચે રહેલા જિતની આસપાસ રહેતી સૂક્ષ્મ નાડી.

ચિત્રીન્ન ૧. [સં.] ન. તરેહતરેહનું અન્ન. જેમ કે, ખીચડી, પીંડો ભાત, કેસરી ભાત.

૨. ન. બકરીના દૂધમાં પલાળેલ અને બકરીના ઘાતના લોટથી રંધેલા જવ અને ચોખા.

ચિત્રીપૂપ [સં.] પું. એક જાતના પૂડા; એક જાતનું પકવાન.

ચિત્રીભરણ [સં.] ન. ચિત્રથી શોભા કરવી તે; ભાતાં ચિત્રો દોરી, અક્ષરો કે જોમિતિક આકૃતિઓ દોરી સુશોભિત કરવું તે.

ચિત્રીભાસ ૧. [સં.] પું. રંગપટ.

૨. પું. પડદા ઉપર પડેલ, છબી પાડવાના દૂરબીનથી કે બીજી કોઈ પણ રીતે જોવેલ અજવાળાનાં રંગબેરંગી કિરણ.

૩. પું વિલેપનથી કાઢેલું ચિત્ર; ચિત્રનો ભ્રમ.

ચિત્રીભાસદર્શક [સં.] ન. એક જાતનું યંત્ર જેમાં નાના કાણામાંથી પસાર થતાં તેજનાં કિરણ તાકને લીધે ભ્રમાંતર થાય છે. ત્યારપછી તેઓ ત્રિપાર્શ્વમાં વર્ણ છૂટાં પડે છે.

ચિત્રીભાસદર્શન [સં.] ન. ચિત્રાભાસદર્શક યંત્રની મદદથી દેખાતું દૃશ્ય.

ચિત્રીભાસમાપક ન. ચિત્રાભાસને માપનારું યંત્ર.

ચિત્રીભાસલેખક [સં.] ન. સૂર્ય, તારા અથવા કોઈ પણ પ્રકાશવાળા પદાર્થના તેજનું પૃથક્કરણ કરી તેનું માપ કાઢનારું યંત્ર.

ચિત્રીભાસવિદ્યા [સં] સ્ત્રી. પડદા ઉપર પડેલાં, છબી પાડવાના દૂરબીનથી કે બીજી કોઈ પણ રીતે જોવેલાં અજવાળાનાં રંગબેરંગી કિરણોની સમજણ વિદ્યા.

ચિત્રીમ ૧. ન. (જૂ. ગુ.) ચિતરામણ.

સુંદર જોતાં બહુ ચિત્રામ, નિમિષ ન જાયે જોવન કામ; આવજ્યારામ છાયા થાય, માણા કોહોની નથ કરમાય. ભાલણ

૨. ન. ચિત્ર; છબી.

૩. ન. સઢિયાનું ચિત્ર.

૪. વિ. ચિત્ર જેવું સ્થિર.

ચિત્રીમસભા [સં.] સ્ત્રી. સભારનો પહોર; પરોઢિયું.

ચિત્રીમભૂ ૧. ન કોઈ પણ વસ્તુના જેવો માટી, પત્થર, ધાતુ કે લાકડાનો પટ.

૨. ન. બહુ સુંદર ચિત્ર.

૩. ન ચિત્ર; કલમ અથવા પીંછીથી કોઈ પણ સપાટી ઉપર પાડેલ કોઈ પણ પ્રાણી કે પદાર્થનો આકાર, ઘાટ કે આકૃતિ; છબી, પ્રતિમા; ભાતી આપણી રીતીનો આકાર; પ્રતિકૃતિ

૪ ન ચિત્રકામ કરવાની મજૂરી

૫. ન કેનવૂડ ના આકૃતિ

ચિત્રીમાજી ૧. સ્ત્રી. ચિત્રકામ કરવાની મજૂરી.

૨. વિ સ્ત્રી ચિત્રમાં આલેખેલી.

ચિત્રીયક્ષ [સં] ન. પોલાદ; તીક્ષ્ણ લોઢું; સત્ત્વપલ.

ચિત્રીયુધ ૧. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં ગયેલા રાજાઓ માહેનો એ નામનો એક. મહાભારતના યુદ્ધમાં પ્રથમ તે પાંડવ તરફ હતો. એના ધોડાનો રંગ પલાશ એટલે ખાખરાનાં ફૂલ કે કેસૂડાં જેવો હતો.

૨ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો પુત્ર; એક કૌરવ. તેને ભીમસેને માર્યો હતો

૩. પું. સિંહપુરનો એ નામનો રાજા. તેને અર્જુને હરાવ્યો હતો

૪. ન. અદ્ભુત આયુધ; વિલક્ષણ અસ્ત્ર.

૫. વિ. તરેહતરેહનાં હથિયારોવાળું; વિલક્ષણ અસ્ત્રોવાળું.

ચિત્રીરેખ [સં.] વિ. ચિત્રમાં આલેખેલ; ચિત્રમાં ચીતરેલ.

ચિત્રીર્ષ ન. એક પ્રકારનું વિમાન

ચિત્રીર્પિત ૧. વિ. ચિત્રવત; જાણે ચિતરેલું હોય એવું; દિગ્મૂઢ; ચકિત; સ્તબ્ધ, વિસ્મયથી શૂન્ય જડવત્ જેવું થઈ ગયેલું.

૨. વિ. ચીતરેલું; ચિત્રમાં ચીતરેલું.

ચિત્રીલ પું. કાશ્મીરની પશ્ચિમે આવેલ એક પહાડી પ્રદેશ

ચિત્રાલય ૧. [સં.] ન. ચિત્રકળાનું સંગ્રહસ્થાન. ૨. ન. ચિત્રશાળા; ચિત્રો કાઢવાનું કે કાઢતાં શીખવવાનું સ્થાન

ચિત્રાલંક વિ. સ્ત્રી. ચિત્તા કે વાઘ જેવા લાક્ષણી. આ શબ્દ કટિના વિશેષણ તરીકે વપરાય છે.

ચિત્રાલંકાર [સં.] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર. તેમાં જે વચન વડે પ્રશ્ન પૂછ્યો હોય તે જ વચનમાં ઉત્તર સમાયો હોય. જેમકે, પ્રશ્ન. ચંદ્રચંદ્રિકાથી અતિ સુંદર એવો આ કયો માસ ? ઉત્તર: આયો માસ.

ચિત્રાલાપ પું. ચિત્રની જુદી જુદી બાબતો ઉપર વાત.

ચિત્રાલેખન [સં.] ન. ચિત્ર ચીતરવું તે; ચિત્રને દોરવું તે.

ચિત્રાલોક ૧. ન. ઉંચા અજવાળા તરફ આંખ રાખી મૂકવાથી દેખાતો તેજસ્વી દેખાવ કે આકાર. ૨. ન. પડદા ઉપર પડેલાં, નજરે જોયેલાં, છબી પાડવાના કૂરબીનથી કે બીજી કોઈ પણ રીતે જોયેલાં અજવાળાના રંગબેરંગી કિરણ.

ચિત્રાલોકયંત્ર ન. વર્ણપટ.

ચિત્રાવલિ [સં.] સ્ત્રી. ચિત્રોની હાર; ચિત્રપરંપરા; ચિત્રનો ઢગ.

ચિત્રાવસુ [સં.] સ્ત્રી. રાત્રિ; નક્ષત્રોથી શોભતી રાત્રિ.

ચિત્રાવાલ ૧. સ્ત્રી. વાંકિયાની ચોરાશી જાતિની એક જાત. ૨. ન. એ નામની જાતનું માપુસ. ૩. વિ. એ નામની જાતનું.

ચિત્રાવો પું. ચિત્રસમૂહ; ઘણું સુંદર ચિત્ર.

ચિત્રાશ્વ ૧. પું. એ નામનું એક ધોળા જેનું પ્રાણી; 'ઝિબ્રા', તે આફ્રિકામાં થાય છે. ૨. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ. ૩. પું. (પુરાણ) શાલ્વ દેશાધિપતિ દ્યુમત્સેનાના પુત્ર સત્યવાનનું બીજું નામ.

ચિત્રાહુતિ સ્ત્રી. ભોજન વખતે ભૂપતિ વગેરેને આપવામાં આવતો માંસ.

ચિત્રાંક પું. જેમાં વિશિષ્ટ ચિત્રોનો જ સમૂહ હોય તેવો અંક

ચિત્રાંકન [સં.] ન. ચિત્ર ચીતરવું તે.

ચિત્રાંકિત [સં.] વિ. જેમાં ચિત્ર ચીતરેલ હોય તેવું; ચિત્રની છાપવાળું.

ચિત્રાંગ ૧. [સં.] પું. એક જાતનો રંગબેરંગી સાપ ૨. પું. ચિત્તો; એક જાતનો વાઘ. ૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. ૪. પું. રાતા ચિત્રાનું ઝાડ. ચિત્રો. ૫. સ્ત્રી. વિવિધચિત્ર પુષ્પોની માળા. ૬. સ્ત્રી. મજીઠ. ૭. સ્ત્રી. હરતાલ. ૮. સ્ત્રી. હિંગળો. ૯. ન. કપચક્ષુ. ૧૦. વિ. રંગબેરંગી શરીરવાળું; અદ્ભુત અંગવાળું.

ચિત્રાંગદ ૧. પું. એ નામનો એક ગંધર્વ. તેણે શાંતનુ રાજાના મોટા પુત્ર ચિત્રાંગદને સંગ્રામમાં મારી નાખ્યો હતો. ૨. પું. (પુરાણ) એ નામનો દક્ષાર્જુનો અધિપતિ એક ક્ષત્રિય. તેને અર્જુને હરાવ્યો હતો. ૩. [સં.] પું. એક વૃક્ષ. ૪. પું. (પુરાણ) કલિંગ દેશની રાજપુર નગરીનો રાજા ૫. પું. (પુરાણ) દ્રૌપદી સ્વયંવરમાં ગયેલા રાજાઓ માહેનો એ નામનો એક. ૬. પું. નાગના વંશનો એક નામાંકિત રાજા. ૭. પું. શાંતનુ રાજાનો સત્યવતીથી જન્મેલો પુત્ર. ભીષ્મપિતામહનો ઓરમાન ભાઈ. વિચિત્રવીર્યનો નાનો ભાઈ. તે કિશોરવયમાં અરણ્યમાં ચિત્રાંગદ નામના ગંધર્વને હાથે યુદ્ધમાં માર્યો ગયો હતો ૮. પું. (પુરાણ) સીમંતિની નામની એક રાજકન્યાનો સ્વામી. તે ભાઈને નામશેષમાં ગયો હતો. તે ચિત્રપ્રદોષ નામના વ્રતના મહિમા વડે સદ્ગત થઈ સીમંતિનીને પુનઃ પ્રાપ્ત થયો હતો. ૯. પું. સાપનું એક નામ. ૧૦. સ્ત્રી. એક ક્ષત્રિય જાતિ. ૧૧. ન. એ નામની જાતિનું માપુસ. ૧૨. વિ. એ નામની જાતિનું.

ચિત્રાંગજા સ્ત્રી. ભીષ્મના ભાઈ ચિત્રાંગદની માતા; સત્યવતી

ચિત્રાંગદા ૧. [સં.] સ્ત્રી. અર્જુનની પત્ની અને બભ્રુવાહનની માતા. મણિપુરના રાજા ચિત્રવાહનની તે દીકરી થાય. ૨. સ્ત્રી. એ નામની એક અપ્સરા. ૩. સ્ત્રી. રાવણની એક સ્ત્રી.

ચિત્રાંગસૂદન પું. અર્જુન જેણે ચાદવ જીત્યો.

ચિત્રાંગી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; કડુ. કડુનાં પાકડાંમાં ચિત્રાના જેવા ટપકાં લીટા હોય છે, માટે તેને ચિત્રાંગી કહે છે. ૨. સ્ત્રી. (પુરાણ) ચિત્રવાહન રાજાની એ નામની દીકરી. તે અર્જુનને પરણી હતી. તેને બભ્રુવાહન નામે દીકરો થયો હતો.

ચિત્રાંબરવિદ્યા [સં.] સ્ત્રી. ચૌદ માહેની એક વિદ્યા.

ચિત્રાંશ સ્ત્રી. મીઠા પાણીમાં વસતી એક જાતની માછલી.

ચિત્રિક [સં.] પું. ચૈત્ર મહિનો.

ચિત્રિકા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ચિત્રા નક્ષત્ર.

ચિત્રિણી ૧. સ્ત્રી. ઓછું જમનારી કોઈ; ઓછા ખોરાકવાળી સ્ત્રી.

પોણો શેર જમે તે ચિત્રિણી.
ખાય ગળાગળ રાખિની. લોકોક્તિ

૨. [સં.] સ્ત્રી. સુંદર અને ગુણવતી ચતુર સ્ત્રી. અલંકારશાસ્ત્રમાં અને કામશાસ્ત્રમાં અમુક લક્ષણો ઉપરથી સ્ત્રીઓની ચાર જાતિ પાડેલી છે. તેમાની આ બીજી જાતિની સ્ત્રી ગણાય છે. રતિમંજરી અને કામશાસ્ત્રને લગતા બીજા ગ્રંથોમાં પણ તેનું વર્ણન જોવામાં આવે છે. એ ચાર જાતિ આ પ્રમાણે છે: પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની. ચિત્રિણી સ્ત્રી શરીરે સુકુમાર, નાજુક, કોમળ જેવા મધ્યમ કદની, બાંધી નહિ અને છેક પાતળી પણ નહિ તેવી, સુંદર નયનવાળી, પાતળી કમરવાળી, ભરેલાં સ્તનવાળી અને કાળા વાળવાળી હોય છે. વળી તે મોરના જેવી વાણીવાળી, ગોળ શંખ જેવા માથાવાળી, નાના પ્રકારના વિલાસ વૈભવ કરવાની રુચિવાળી પણ રતિ વિષે બહુ રુચિ ન હોય તેવી, ક્રમ વગરની, ચપળ, ગાયનકળા જાણનારી, મર્યાદાસર વર્તનારી, હાથીની ગતિ જેવી મદપતી ચાલવાળી, રાતા હોઠવાળી અને પીળાશ પડતા વાદળવર્ણી હોય છે. તેની ડોકના ઉપર શંખ જેવી ત્રણ રેખા હોય.

ચિત્રિણીચક્ર [સં.] ન. શરીરની અંદર રહેલું એક જાતનું ચક્ર.

ચિત્રિત ૧. વિ. ચીતરેલું. ૨. [સં.] વિ. ચીતરેલું; જેમાં ચિત્રો દોરેલાં કે પાડેલાં હોય એવું; તરેહદાર; સચિત્ર; ચિત્ર કાઢેલું, આળેખેલ. ૩. વિ. દર્પકાણુ. ૪ વિ. તાદશ; બહુ. ૫. વિ. રંગબેરંગી; ચિત્રવિચિત્ર. ૬ વિ. સ્તબ્ધ. ૭. વિ. રેખાંકિત.

ચિત્રિતતુલ્ય [સં.] વિ. ચીતર્યું હોય તેવું; સ્તબ્ધ.

ચિત્રિતપત્ર [સં.] પું. ચીતરેલ પત્ર; ચીતરેલ કાગળ; ચીતરેલું પાનું.

ચિત્રિતપત્રરિક્ષણ [સં.] ન. ચિત્રવાળાં પત્તાં વડે કતિહાસ વગેરે વિષય શીખવવાની રીત. જુઓ

રીત હિંદુસ્તાનમાં ઘણા સમયથી પ્રચલિત છે હિંદ દેશમાં ગુર્જર કાળ આધારે કથા કરનાર કથાકાર કે મહાભટ્ટ ચોમાસામાં કથા કહેવા નીકળતા ત્યારે સાથે મહાભારત અને રામાયણનાં પાત્રોનાં અને જુદા જુદા પ્રસંગોનાં ચિત્રોવાળાં કાગળનાં ભૂંગળાં રાખતા અને તેમાનું ચિત્રોનું વર્ણન રમૂજ વિગત સાથે અટપટ્ટ કહેતા. એ વખતે આગળી કે સોટી વડે અમુક વ્યક્તિ ઓળખાવી સમજાવતા. જેમકે, પાંડવોના ચિત્રોમા પ્રચંડ કાયા અને મોટી ગદાવાળા ભીમને બતાવી હસતે મુખે કહેતા કે આ મોટો ભીમ, સવા કળશનો ખીચડો આઈ સાર્ઈ ખાય, તોય તેનાં માતા કુંતાજી કહેતી કે મારો ભીમ ભૂખ્યો રહ્યો હશે. તે સિવાય હલકી જાતના લોકો સાધુનો વેસ ધારણ કરી પેટી જેવું લાંબુ આમેઆમ, શેરીઓમાં તથા બજારોમાં ફરે અને લોકોને દ્વારકા, જગન્નાથ, પંઢરપુરી વગેરે સ્થાન તથા રામકૃષ્ણાદિ અવતારનાં ચિત્ર પેટી ઉપર પ્રત્યમાં મોં રાખી બતાવે છે

ચિત્રિંદી જી. એક જાતની કી

ચિત્રી જી. મોં અને વાંસા ઉપર થતાં ચાઠાં, કરોળિયાની જાતનો ચામડીનો એક રોગ. તેમા ઉપલી ચામડી રજની માફક ખરી પડી નીચ સફેદ ચાઠાં થઈ રહે છે. તેમાં વધુર આવે છે.

ચિત્રે ૧. જી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. [સં.] ન. ચિત્ર.

૪, વિ. એ નામની અટકનું.

ચિત્રેલ વિ. આકાર કાઢેલ.

ચિત્રેશ ૧. [સં.] પું. કપૂર

૨. પું. ચંદ્ર; ચિત્રા નક્ષત્રનો સ્વામી ચદ્રમા.

૩. પું. ચિત્રેશ્વર નામે શિવલિંગ.

ચિત્રેશ્વર [સં.] પું. પ્રભાસ ક્ષેત્રમાં ચિત્રભાનુએ સ્થાપેલ શિવલિંગ.

ચિત્રો ૧. [સં. ચિત્રા] પું. એક જાતનો સાપ.

૨. પું. એક પ્રકારનો છોડ; ચિત્રક; ચીતરો; અતિ ગરમ મુખવાળી એક ઔષધિ. વૈદકમાં એને અગ્નિ કહેવામાં આવે છે. આ છોડ બે ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન લાંબગોળ અને રાતોડિયા રંગનાં હોય છે. તેને રાતાં અને સફેદ બે જાતનાં ફૂલ આવે છે. તેના પાન ઉપર ઝીણા ઝીણા રેસા હોય છે. તેનાં ફૂલનાં જાઈનાં ફૂલોની પેઠે ઝૂમખાં આવે છે. સજિષ, સમીગર્ભ, હિમારાતી, સુવહ, હિરણ્યરેતસ વગેરે તેના બીજા નામ છે. હિંદુસ્તાનમાં આ છોડ બધી જગ્યાએ પોતાની મેળે ઊગે છે. તેનાં પાંદડાંનું શાક થાય છે પાંદડાં બહારથી પડતાં દળદાર હોય છે. પાદડાંનો કાંઈ નિયમ હોતો નથી. કેટલેક ઠેકાણે તે સામસામાં હોય છે, ક્વચિત્ એક એકને અંતરે આવે છે અને કયાંક તો વેલાની માફક ત્રિદળ હોય છે. પાંદડાનું દીઠું તદ્દન નાનું અને દાડી કંઈક પીળાશ પડતી હોય. તેને જે ફળ આવે છે તેનો રંગ પ્રથમ લીલો હોય છે, પણ તે પાકે ત્યારે રાતો થઈ જાય છે. ફળ બહુ કડવાં હોય છે. શોભા માટે તે દેવમંદિરોમા ટાંગવામાં આવે છે આ વનસ્પતિના મૂળની લીલી જાત પાણિમા ઘસીને કે વાટીને ચટીરે ચોપડવાથી ચામડી બળી જાય છે. તેની જાતમાં ચૂમકુ જલદી ફોડી નાખવાનો તથા ગર્ભપાતનો ગુણ મનાય છે. મરમીનાં ચાઠાં તેમ જ અગ્નિમંદ ઉપર પણ તે ઉપયોગી છે. બળી તે પાચક, રક્ષ, લઘુ, અગ્નિદીપક, માહક, ઉષ્ણ, રુચિકર તેમ જ રક્તશોધક, જ્વાતહર, કૃમિઘ્ન, કફઘ્ન અને પિત્તહર છે. તે સોજો, કોઢ, અર્શ, ઉપરસ, કૃમિ, વાતોદર, કફ, વધુત્ર, સમજ્વણી, આમ, કૃમ તથા ઉદરરોગનો નાશ કરનાર મનાય છે.

૩. પું. એક શિકારી પશુ; ચિત્તો; વાઘ જેવું ચટાપટાદાર પ્રાણી.

૪. જી. એક વેલ. તે રાતી અને કાળી એમ બે જાતની થાય છે. દૂધમાં નાખ્યાથી તે દૂધને પણ કૃષ્ણવર્ણું કરે છે. તે પારદબંધન માટે ઉપયોગ છે.

ચિત્રોક્તિ ૧. જી. અલંકારી ભાષામાં કહેવું તે.

૨. જી. આકાશ.

૩. [સં.] જી. આકાશવાણી.

૪. જી. આશ્ચર્યકારક કહેવું તે.

૫. જી. ચિત્રકથન.

ચિત્રોડા (ચિત્રોડા) ૧. જી. નાગરોની ૭ ખાંપૈની એક જ્ઞાતિ. તેઓ મહાદેવજીના ગુસ્સાથી વડનગરમાંથી ભાવનગર પાસે ચિત્રોડ ગામમાં જઈ વસેલા એમ કહેવામાં આવે છે

૨. જી. ભાલાણ અને વાણિયાની એ નામની એક જ્ઞાતિ.

૩. જી. સુથારની એ નામની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. વિ. એ નામની જ્ઞાતિનું.

ચિત્રોત્તર [સં.] પું. એક પ્રશ્નોત્તર. તેમાં પ્રશ્નોના શબ્દોમા જ જવાબ હોય અથવા ઘણા પ્રશ્નોનો એક જ ઉત્તર હોય.

ચિત્રોત્પલા ૧ [સ.] જી. ઓરિસ્સાની એક નદી.

૨. જી. (પુરાણ) મત્સ્ય, માર્કંડેય અને વામન પુરાણ અનુસાર ઋક્ષપાદ પર્વતમાંથી નીકળતી એક નદી.

ચિત્રોદ્ગ જુઓ ચિત્રોડા.

ચિત્રોપચિત્ર પું. (પુરાણ) એ નામનો ધૃતરાષ્ટ્રનો સોમાનો એક પુત્ર. એને યુદ્ધમા ભીમસેને માર્યો હતો.

ચિત્રોપલા [સં.] જી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી. તે હાલ ઓરિસામાં આવેલી મનાય છે

ચિત્રોલો પું. એક જાતનું પક્ષી.

ચિત્રોળા ૧. જી. સુતારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ચિત્રૌદન [સં.] પું. કેતુને બલિદાનમાં અપાતો ભાત. જુઓ ચિત્રાન્ન.

ચિત્ર્ય [સં.] વિ. ઉત્તમ.

ચિત્વન [હિં] જી. દેખાવ.

ચિત્શાલા [હિં.] પું. સ્મશાન.

ચિત્શક્તિ ૧. [સં.] જી. ચેતના શક્તિ; બૌદ્ધિક સામર્થ્ય; માનસિક બળ; ચૈતન્ય.

૨. જી. માયા; જાડસત્તા; પરા અને અપરા શક્તિ.

૩. વિ. પરમશુદ્ધ શક્તિવાળું. આ વિશેષણ વિષ્ણુ માટે વપરાય છે.

ચિત્સત્તા [સં.] જી. જ્ઞાનશક્તિ; માયા.

ચિત્સ્વરૂપ ન. જ્ઞાનસ્વરૂપ; જાડસ્વરૂપ; પરબ્રહ્મ.

ચિત્સુખ પું. એ નામનો દ્વૈતવાદીઓનો એક મુખ્ય સિદ્ધ. તે વરુણનો અવતાર મનાય છે.

ચિત્સુખી વિ. પ્રસન્ન મનવાળું.

ચિત્સ્વરૂપ ૧. [સં.] પું. પરબ્રહ્મ; મટપટબ્રાપી પરમાત્મા; જ્ઞાનસ્વરૂપ; અદ્વૈત.

૨. પું. શુદ્ધ બુદ્ધિ.

ચિત્સ્વરૂપી જુઓ ચિત્સ્વરૂપ.

ચિથડ [હિં.] જી. અનિચ્છા.

ચિથડા (ચિથડા) ૧. [હિં.] પું. ચીથરું; ચીંથરો

૧. ચિથડે ચુદડે = (૧) ચીથરાં. (૨) ચીમળાયેલા ચાદળાં.

૨. ચિથડે ચિથડે કરવું = (૧) ઉતાવળથી લખવું; ચબડી કાઢવું. (૨) ટુકડે ટુકડા કરવા.

૨. પું. ફાટેલ કપડું.

ચિથડિયા (ચિથડિયા) ૧. [હિં.] સ્ત્રી. એ નામની સાધુની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
૪. વિ. ચીથરા પહેરેલું, ચીંથરેહાલ.
ચુડિયા-ચિથડિયા પીર = (૧) જેની કણીઓ ઉપર ચીથરાં લટકતાં હોય તે ઝાડ. બીજો જ્યારે આવું ઝાડ જુએ ત્યારે પોતાનું કપડું ફાડી તે ઝાડની કણી ઉપર ભક્તિભાવ તરીકે દેતો હોય છે. (૨) બહુ જ ગરીબ માણસ.

ચિથડેહાલ (ચિથડેહેલ) વિ. ચીંથરેહાલ.

ચિથરિયું વિ. ચીંથરેહાલ; હાલતુકામાં કપડાં પહેરનાર.

ચિદચિદ્વિશિષ્ટ ન. ચૈતન્ય અચૈતન્ય વિશિષ્ટ બ્રહ્મનું સ્વરૂપ; પરબ્રહ્મ.

ચિદર્ક [સં.] પું. ચૈતન્યરૂપી અર્ક.

ચિદંબર જુઓ ચિદાકાશ.

ચિદંબરં ન. એ નામે એક પ્રાચીન શહેર. જ્યાંનું શિવાલય બહુ પ્રખ્યાત છે. અતિ ભવ્ય અને અનુપમ કારીગરીવાળા આ શિવાલયમાં શ્રી નટરાજનાં દર્શને જનારને પોતે કૈલાસમાં હોય તેવું ભાન થાય એવી આ મંદિરની રચના છે. મંદિરને ફરતા ત્રણ કિલ્લા છે. તેનો એકંદર ઘેરાવો દસ એકર જેટલો છે. ત્રીજા કિલ્લામાં ભગવાન નટરાજનું નિજમંદિર છે. મંદિરના દરવાજા ઉપર પાંચ માળનું ગોપુર છે. પહેલા તથા બીજા કિલ્લા ઉપર પણ ગોપુરો છે. તેમાં અનેક દેવદેવીઓની કોતરેલી મૂર્તિઓ અતિ શોભાયમાન છે. પહેલા કિલ્લામાં શિવગંગા સરોવર છે. તેમાં માર્જન કરી દેવમંદિરોનાં દર્શને જવાય છે. અહીં શ્રી પાર્વતી અને પ્રતિક સ્વામીનાં મંદિરો છે. ત્રીજા કિલ્લામાં શ્રી નટરાજ ભગવાનનું જે મંદિર છે, તેનો ઘુમટ સોનાનાં પતરાંથી મઢેલ છે. શિખર ઉપર સાત સુવર્ણ કળશ છે. મંદિરમાં હાથમાં ડમરુ ધારણ કરેલ નૃત્ય કરતી ભગવાનની ભવ્ય મૂર્તિ છે. આ મૂર્તિને બહુ કીમતી ઝુમારો ધરાવવામાં આવે છે.

ચિદંશ [સં.] પું. ચૈતન્યરૂપ અંશ; કૂટસ્થ. જે અંશને ઓળખાવવા શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં પંદરમા અધ્યાયમા ૭ થી ૧૧ શ્લોક સમજાવ્યા છે. તેનું મહત્વ અને ઉપયોગિતા વદમન પંડિતે મણાર્કદીપિકામાં વિસ્તારપૂર્વક સમજાવ્યાં છે.

ચિદાકાર [સં] પું. ચિત્સ્વરૂપ પરમાત્મા.

ચિદાકારસ્વરૂપ [સં.] ન. જ્ઞાનસ્વરૂપ; માયાના આવરણ રહિત પરબ્રહ્મ.

ચિદાકારા ૧. ન. ચિત્ત; અંતર.
૨. [સં.] ન. પરબ્રહ્મ પરમાત્મા; સર્વત્ર વ્યાપીને રહેલું બ્રહ્મમય તત્ત્વ; પરમાત્માનું નિવાસસ્થાન; શુદ્ધ બ્રહ્મ; ચિદાત્મા, આકાશ સમાન નિર્લેપ અને બધાના આધારભૂત બ્રહ્મ.

ચિદાત્મ પું. ચિદાનરૂપ પરમાત્મા.

ચિદાત્મક [સં.] વિ. જેમા ચૈતન્ય રહેલું છે તેનું.

ચિદાત્મા [સં. ચિદાત્મન્] પું. પરમાત્મા; ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ.

ચિદાનંદ ૧. [સં.] પું. ચૈતન્ય અને આનંદમય પરબ્રહ્મ; જગદીશ્વર; જ્ઞાન અને આનંદ એ જ જેનું રૂપ છે તે.
૨. પું. જ્ઞાનની અંદરની એકતાનતા.
૩. પું. પરમજ્ઞાનથી ઉત્પન્ન થયેલો આનંદ, બ્રહ્મનંદ; પરમાનંદ.
૪. પું. ત્રાસ્ર તેજસ્તત્ત્વ દેવતાઓનો એક.

ચિદાનંદવાદ [સં.] પું. ચૈતન્ય અને આનંદસ્વરૂપ પરમાત્મા એક છે એવો મત.

ચિદાભાસ ૧. [સં.] પું. ચૈતન્યપ્રતિબિંબ; ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મનો આભાસ અથવા પ્રતિબિંબ, જે મહત્તત્ત્વ અથવા અંતઃકરણ ઉપર પડે છે. ચીતરેલા કપડામાં જેમ ચિત્રો પ્રતીત થાય છે તેમ બ્રહ્મમાં આ સ્થાવર જંગમ જગત પ્રતીત થાય છે. ચિત્રમાં અનુબિંબ ચિત્રને જેમ આભાસ હોય છે તેમ આ જગતમા જ્યાં જ્યાં અંતઃકરણ હોય છે ત્યાં ત્યાં ચિદાભાસ હોય છે અને તે ચિદાભાસ જન્મમરણાદિનો અનુભવ કરે છે, પણ શુદ્ધ ચૈતનરૂપ આત્મા જન્મમરણાદિના સબંધવાળો નથી
૨. પું. જીવ; દુનિયાની મલિનતાને વળગી રહેનાર જીવાત્મા.
૩. પું. બુદ્ધિમાં પડેલ ચૈતન્યનો આભાસ; બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ; જીવને બુદ્ધિથી આત્માનો ભાસ થયો તે; પોતપોતામાં જ બ્રહ્મસાક્ષાત્કાર કરવો તે; આત્માનું બુદ્ધિમાં પ્રતિબિંબ.
૪. પું. હૃદયમાં અમુક સ્વરૂપનો થતો આભાસ, બ્રહ્માકાર; સોઽહમ; આત્મજ્ઞાન.

ચિદાભાસયુક્ત [સં.] વિ. બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબવાળું; આત્મજ્ઞાનવાળું; બ્રહ્માકારવાળું.

ચિદિ પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના પુત્રના જ્યામઘ રાજાનો પૌત્ર; વિદર્ભ રાજાના ચાર માંહેનો પ્રેક્ષિક રાજાનો એક પુત્ર.

ચિદિરશક્તિ સ્ત્રી ચિદ્રૂપ પરમાત્માની શક્તિ.

ચિદુ ૧. [સં.] ન. ચૈતન્ય.
૨. ન. જ્ઞાન; સમજ.
૩. ન. પરમાત્માના સચ્ચિદાનંદરૂપી તત્ત્વનો જ્ઞાનમય અંશ.

ચિદ્ગ્રંથિ [સં.] સ્ત્રી. ચૈતન્યરૂપી ગ્રંથિ.

ચિદ્ઘન ૧. [સં.] ન. ચિત્સ્વરૂપ; જ્ઞાનસ્વરૂપ; પરમાત્મા; બ્રહ્મ; આત્મા; ઈશ્વર; ચિદ્રૂપ.
૨. ન. જ્ઞાનમય; સર્વત્ર ચિદ્નો ભરાવ તે.
૩. વિ. જ્ઞાનથી ભરપૂર; જ્ઞાનસ્વરૂપ; જ્ઞાને કરીને ઘન થયેલું હોય એવું.
૪. વિ. સર્વત્ર બ્રહ્મ ભરેલું હોય એવું.

ચિદ્ધી સ્ત્રી. ચિઠ્ઠી; ચબરી; ટિકિટ.

ચિદ્ધવિ [સં. ચિત્ + હવિસ્] પું. ચૈતન્યરૂપ હવિ.

ચિદ્ધાતુ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પૃથ્વી વગેરે સમસ્ત ધાતુઓથી જેટલે ધારણ કરનારાઓથી જેમ છે અથવા તો ધાતા એટલે બ્રહ્માથી પણ જેમ તેથી ધાતુત્તમ એમ ભગવાનનું નામ છે.

ચિદ્યોનિ [સં.] સ્ત્રી. ચૈતન્યરૂપ કારણ.

ચિદ્રસ ૧. પું. જુસ્સો; આવેશ.
૨. પું. ભાવ; રાગ.
૩. પું. વિચારના ઝળઝળાટથી દિલમાં આર્દ્રતા જાગ્રત કરે તેવી માનસપ્રવૃત્તિ; મનનો વ્યાપાર; મનની વિકૃતિ.
૪. પું. હૃદયભાવ; મનોરાગ.

ચિદ્રૂપ ૧. [સં.] પું. આત્મા; જીવ.
૨. પું. ચૈતન્યસ્વરૂપ બ્રહ્મ; પરમાત્મા; જ્ઞાનમય પરબ્રહ્મ; કેવલ બ્રહ્મ.
૩. વિ. ઉદાર મનવાળું; ઉદાર બુદ્ધિવાળું.
૪. વિ જ્ઞાનરૂપ હોય એવું; જ્ઞાની; જ્ઞાન જેનું તત્ત્વ હોય એવું; જ્ઞાનસ્વરૂપ.
૫. વિ. જ્ઞાની.
૬. વિ. ધર્મ સબંધી.
૭. વિ. બુદ્ધિનું; બુદ્ધિવિષયક.
૮. વિ. મનોહર; હૃદયાકર્ષક.
૯. વિ. સમજવું.
૧૦. વિ. સારા અંતઃકરણવાળું.
૧૧. વિ. હળીમળી જાય એવું.

ચિદ્રૂપતા [સં.] સ્ત્રી. ચિદ્રૂપ હોવાપણું.

ચિદ્રૂપી વિ. ચિદ્રૂપ હોય તેવું.

ચિદ્વાદ [સં.] પું. બુદ્ધિસર્વસ્વવાદ; ચિત્-સર્વસ્વવાદ.

ચિદ્વાદીસાંખ્યમત પું. એ નામનો એક ધર્મસંપ્રદાય.

ચિદ્વિદ્યા [સં.] સ્ત્રી. સમજશક્તિને લગતી વિદ્યા.

ચિદ્વિભાસ [સં.] પું. હૃદયમાં અમુક સ્વરૂપનો થતો ભાસ.

ચિદ્વિલાસ ૧. [સં.] પુ ચૈતન્ય સ્વરૂપ ઈશ્વરની માયા કે લીલા.

૨. પું. જ્ઞાનની ગમ્મત; જ્ઞાનનો વિલાસ.

૩. પું. પરબ્રહ્મમાં રમણ; જ્ઞાનરૂપ બ્રહ્મનો વિલાસ; બ્રહ્મ સબંધી વિલાસ.

૪. પું. મનનો આનંદ.

૫. વિ. જ્ઞાનમાં જેનો વિલાસ હોય તેવું; જ્ઞાનમાં રમણ કરનારું.

ચિદ્વૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કું ચેતન માત્ર છું એવી પ્રતિ.

૨. સ્ત્રી. હૃદય; હૈયું; અંતઃકરણ; આત્મા.

ચિદ્વ્યોમ [સં. ચિત્ (હૃદય) + વ્યોમન્ (આકાશ)] પું. હૃદયાકાશ.

ચિધુ વિ. સાંકડા ગળાનું; તિપાસિયું.

ચિન ૧. પું. ચાંદ; ચંદ્ર; ચિલ્લો.

૨. પું. ચાંદલો; સતારો.

૩. પું. ચીન દેશ.

૪. [હિં.] સ્ત્રી. એક પ્રકારની દોરડી.

૫. સ્ત્રી. ઓળખાણ; જ્ઞાન.

૬. સ્ત્રી. ચહેરો; સિકલ.

૭. સ્ત્રી નિશાની; ચિહ્ન.

૮. સ્ત્રી. ક્રમબદ્ધ.

૯. ન. તંતુ.

ચિનક ૧. [હિં.] પું. માંસ ખાનાર ખાટકી.

૨. સ્ત્રી. તડાકાથી ફૂટવાની જાત ફાટી જવી તે.

ચિનકણાળ સ્ત્રી. નાજુક ડાંડલીવાળી એક ઔષધોપયોગી વનસ્પતિ. તેનાં ફૂલ મરીથી મોટાં હોય છે. મરી તીખાં હોય છે જ્યારે ચિનકણાળ મોઢામાં ઠંડક કરે છે. આ વેલાનાં પાતરાં લંબગોળ હોય છે. વેલાની ડાંખળી ઉપર ફૂલ આવે છે. તેમાં ઝૂમખામાં મરીની માફક ફળ લાગે છે. આ વનસ્પતિ ચોમાસા અને ભાવાની વતની છે. તેનું સૌથી વિશેષ વાવેતર ભાવમાં થાય છે. વેલા આંબા વગેરે ઝાડ ઉપર ચડે છે.

ચિનકણાસા જુઓ ચિનીકણાસા.

ચિનગ જુઓ ચિનક.

ચિનગનું ન. કિ. ચીસ પાડવી.

ચિનગારી ૧. [સં. ચૂર્ણ + અંગાર] સ્ત્રી તણખો; અગ્નિકણથી જીવેલી કરચ; અગ્નિકણ.

ચિનગારી ઝાલવી = (૧) આગ લગાડવી. (૨) ઉશ્કેરવો.

૨. સ્ત્રી. પ્રેરણા.

ચિનગારો પું. અગ્નિનો મોટો તણખો; મોટી ચિનગારી.

ચિનગી [હિં.] સ્ત્રી. ચિનગારી; તણખો; અગ્નિકણ.

ચિનગો પું. ચિનગારો; તણખો.

ચિનચત [ફા.] પું. આ દુનિયા અને સ્વર્ગ વચ્ચે મનાતો એક પુલ. પરલોક જતા આત્માએ તે ઓળંગવાનો હોય છે. તે પસાર થતાં પહેલાં તેણે પોતાના ભૂત જીવનનો સમગ્ર અહેવાલ ત્યાં આપવાનો હોય છે.

ચિનચદપુલ [ફા.] પું. સ્વર્ગ અને નરક વચ્ચેનો પુલ. જુઓ ચિનવત.

ચિનવું ૧. સ. ક્રિ. ચિંતન કરવું.

૨. સ. ક્રિ. જાણવું; પ્રીછવું; ઓળખવું.

ચિનંગ જુઓ ચિનક.

ચિનાઈ ૧. સ્ત્રી. એ નામની વણિયાની એક જાત.

૨. સ્ત્રી. એક જાતની સાડી; ચીનની બનાવટની રેશમી સાડી.

૩. સ્ત્રી. એક જાતનું કેળું.

૪. સ્ત્રી. ચીન દેશની ભાષા.

૫. સ્ત્રી. દીવાલ ચોખવાનું કલિકામય.

૬. સ્ત્રી. વજનિર્માણ કલામાં એક પ્રકારની ક્રિયા.

૭. ન. એ નામની બટકનું ઝાડપાસ.

૮. ન. એક જાતનું પાસ.

૯. વિ. એ નામની બટકનું.

૧૦. વિ. ચીન દેશની બનાવટનું; ચીનમાં બનેલું; ચીન દેશનું.

૧૧. વિ. ચીનનું; ચીન દેશને લગતું.

૧૨. વિ. તડકાદી.

ચિનાઈ ઝેરડી (ચિનાઈ ઝેરડી) સ્ત્રી. એ નામની વનસ્પતિ. તેમાં કપાયેલાં પાન અને પરવાળાં જેવાં રાતાં ફૂલ થાય છે.

ચિનાઈ કપૂર [સં. ચિનકર્પૂર] સ્ત્રી. ચીનમા થતી એક વનસ્પતિ. તેનો રસ ઘણો ઉપયોગી મનાય છે.

ચિનાઈ કમળ પું. એક જાતનો ચીનમાં બનતો કામળ

ચિનાઈ કાચો પું. વજનમાં હલકો એક જાતનો કાચો. તે ચીનમાંથી આવે છે અને લગભગ રંગનો હોય છે. તેને ધોળો ઘેર પણ કહે છે.

ચિનાઈખાનું ન. ચિનાઈ કામ; ચિનાઈ વાસણ

ચિનાઈ ગુલાબ પું. એક પ્રકારનો ગુલાબનો છોડ. તેમાં રાતાં ગુલાબી નાનાં ફૂલ થાય છે.

ચિનાઈગૂંદી સ્ત્રી. એ નામનું એક ફળ. તેનાં નાનાં ઝૂમખાં થાય છે.

ચિનાઈ ઘાસ ન. એક પ્રકારનું પૌષ્ટિક ઘાસ.

ચિનાઈ જામફળ ન. એક પ્રકારનું જામફળનું ઝાડ. તેમાં નાનાં ગોળાં પાન અને ગોળાં ફૂલ થાય છે.

ચિનાઈ પાયરી સ્ત્રી. એ નામની એક જાતની કેરી. વજનમાં તે કેર સુધીની હોય છે.

ચિનાઈ ભીંત ૧. સ્ત્રી. એ નામની એક રમત. આશરે પંદર ફૂટની વચ્ચે જગા રાખીને જમીન ઉપર બે સ્પષ્ટ રેખા દોરવી અને તેનાથી આશરે દસ દસ ફૂટનું અંતર રાખીને બંને બાજુ સામસામાં બેસનારાં છોકરાંઓની બે ટોળી ઊભી રાખવી. જેના ઉપર દાવ આવે તેણે પંદર ફૂટની વચ્ચેથી જગાના મધ્ય ભાગે ઊભા રહેવું. આ પંદર ફૂટની મર્યાદા તે ચિનાઈ ભીંત કહેવાય છે. તેની વચમાં ઊભા રહેલા છોકરાનું મન આ ભીંત ઉપર પહેરો રાખવાનું હોય છે. સિસોટી વાગતાં બંને પક્ષનાં છોકરાંઓએ એકીબબ્બે આ ભીંતની પેલી તરફ જવાનું હોય છે. તેઓ એ હદમાંથી દોડી જતાં હોય તે વખતે વચ્ચે ઊભેલો પહેરેગીર તેમાંના એકને અડપ એક જ વખતે તેનાથી પકડી શકાય તેટલામાં પકડે છે. આમ બનતાં દોડનારાં છોકરાંઓની સંખ્યા ક્રમે ક્રમે ઓછી થતી જાય છે અને ચિનાઈ ભીંત ઉપર સંખ્યા વધતી જાય છે. આ પ્રમાણે ચાલતાં જે રમનાર કોઈના હાથમાં આવતો નથી અને ઉપરે એકલો જ રહે છે તે છેલ્લો ગણાય.

૨. સ્ત્રી. ચીનની સરહદ ઉપર બાંધેલી લાંબી વિસ્તરી રહેલી એ નામની એક મોટી દીવાલ.

ચિનાઈ બદામ પું. એક જાતના બદામ. તે રંગે લીલા હોય છે. તેનો ડાબો મોટો થાય છે.

ચિનાઈ માટી સ્ત્રી. એક પ્રકારની માટી તે પ્રથમ ચીનના કિંગ-ચિન્ નામના પહાડમાંથી નીકળતી અને હાલ કેટલાક દેશોમાંથી પણ તે મળે છે. તેના ઉપર ચળકીલ પ્રકાર પણ ચળકાટ થાય છે. હવે મધ્ય હિંદ તથા બંગાળના કેટલાક જિલ્લાઓમાં પણ તે મળે છે.

ચિનાઈ મેંદી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેને ધોળાં તેમજ કેરા રાતાં ફૂલ આવે છે. વર્ષા ઋતુની શરૂઆતમાં તે ખીલે છે. આસામમાં તે સામાન્ય રીતે સાલનાં ઝાડ સાથે ઊગે છે.

ચિનાઈ મેંદી સ્ત્રી. સાતથી આઠ ફૂટ ઊંચો થતો એક છોડ. આ મૂળ ચીનનો છોડ છે. તેની ડાળીને છેડે ફૂલના ઝૂમખા બેસે છે. ફૂલની રંગ પૂજતો ગુલાબી હોય છે, પરંતુ તે ઉપરાંત

ફેબ્રુઆરીથી જાતનાં ફૂલવાળી પણ તેની જાત ખાસ છે. વર્ષા ઋતુની શરૂઆતમાં તેને ફૂલ આવે છે. કલમ દ્વારા અથવા બિયથી તેને ઉગાડી શકાય છે. ઉષ્ણકટિબંધનો પ્રદેશ તેને અનુકૂળ છે. તેની છાલ ઉત્તેજક મનાય છે. તેના છાલ, પાન અને ફૂલ રેચક મનાય છે.

ચિનાઈ મોતી ન. ચિનાઈ સમુદ્રમાંથી નીકળતું મોતી. તે ચમકદમકવાળું તથા દેખાવમાં બેડોળ હોય છે.

ચિનાઈ રોઝ જી. અતલસ. તે ગોળ વીંટેલી આવે છે

ચિનાઈ લિપિ ૧. જી. આકડા લખવાની એક પદ્ધતિ

૨. જી. ચીન દેશની લિપિ.

ચિનાઈ લીંબુ ન. એક પ્રકારનું લીંબુ.

ચિનાઈ વાસણ ન. ચિનાઈ માટીનું વાસણ.

ચિનાઈ શાલિન ન. એક જાતનું ઝાડ. આ ઝાડના પાન છાયામાં હોય તો લીલાં રહે, પણ સૂર્યના તાપમાં તે પીળાં થઈ જાય છે.

ચિનાઈ સિંગ જી. મીઠાનું પાણી છાંટી શેકેલ મગફળીનું બી.

ચિનાઈ સીંગ જુઓ ચિનાઈ સિંગ.

ચિનાઈ સિંગ જુઓ ચિનાઈ સિંગ.

ચિનાઈ સીસીટ જી. એક જાતની વનસ્પતિ.

ચિનાઈ સીંગ જુઓ ચિનાઈ સિંગ.

ચિનાબ [સં. ચંદ્રભાગા] જી. પંજાબની એ નામની એક નદી; ચંદ્રભાગા.

ચિનાર ન. કાશ્મીરમાં થતું એક જાતનું મોટું ઝાડ.

ચિનારી ૧. ન. એક જાતનું મોટું ઝાડ.

૨. વિ. ચિનારનું.

ચિનાવર જી. વસ્ત્રનિર્માણ કળામાં એક પ્રકારની ક્રિયા.

ચિનાવવું ૧. સ. ક્રિ. બૂંટણી લેવું.

૨. સ. ક્રિ. પ્રાપ્ત કરાવવું; મેળવાવવું.

૩. સ. ક્રિ. સમજાવવું; ઓળખાવવું.

ચિનાવું ૧. અ. ક્રિ. જણાવું; સમજાવવું, ઓળખાવું.

૨. સ. ક્રિ. પ્રાપ્ત કરાવું, મેળવાવું; ભેગું કરાવું.

ચિની ૧. જી. એક પ્રકારની છાપ.

૨. જી. પ્રાચીન બાર માંહેની એક લિપિ.

ચિનીકબાબ જુઓ ચિનકબાબ.

ચિનીકબાલા ૧. [અ. કબાલહ (એક જાતની ઔષધિ)] પું. મરી જેવાં એક જાતની ઔષધિનાં ફળ. તે કાચાં, સ્વાદે તીખાં અને મોંમાં રસસ્રાવ ઉત્પન્ન કરે તેવાં હોય છે. એમાં મોટી સુવાસ પણ હોય છે. મોં અને છાતી ઉપર ચાંદી પડી હોય ત્યારે મોંમા રાખવાના કામમાં આવે છે. તેને ઝણીકબાલા, કંકોલ કે ચવકબાબ પણ કહે છે.

૨. ન. એક જાતનું ઝાડ.

ચિનુઆરા ૧. પું. આગલો દાંત.

૨. પું. ચારનો સમૂહ.

૩. પું. ચોરસ પથ્થર.

૪. પું. જમીનનો ચોરસ કટકો.

૫. પું. રંધિયા અથવા પૂળા કરવા માટે ભણ અને પાણીથી લીંપેલો જમીનનો કટકો.

ચિનૈ ૧. વિ. ચીન દેશનું

૨. વિ. તકલાદી

ચિનો ૧. પું. ચીન દેશનો વતની.

૨ જી. એક જાતની ઔષધિ; સામળો

ચિન્ન [સં] પું. એક જાતનું અનાજ

ચિન્મય ૧. [સં. ચિત્ + મય] પું. પરમાત્મા; પરમેશ્વર; બ્રહ્મ.

૨. ન. પવિત્ર નિર્મળ મતિ.

૩. વિ. ચૈતન્યસ્વરૂપ.

૪ વિ. નામરૂપ મનનું

૫. વિ. બ્રહ્મમય; આત્મમય; કેવળજ્ઞાનમય; જ્ઞાનથી ભરપૂર; શુદ્ધ કેવળ જ્ઞાન જ એવું.

ચિન્માત્ર ૧. [સં.] ન. નિર્મળ મતિ.

૨. ન. કેવળ જ્ઞાન; શુદ્ધ જ્ઞાન.

૩. ન. બ્રહ્મ

૪ વિ. બ્રહ્મમય, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ; જ્ઞાનથી ભરેલું, જ્ઞાનમય.

ચિન્માત્રવાસના [સં.] જી. (વેદાંત) એક જાતની ભાવના. જગતમાં અસ્તિ, ભાતિ, પ્રિય, નામ અને રૂપ એવા પાંચ અંશ છે. તેમાંથી પહેલા બે મિથ્યા છે એવા નિશ્ચયથી પહેલા બ્રહ્મરૂપે હું જ અને પરિપૂર્ણ હું એવી ભાવના.

ચિન્મુદ્રા [સં.] જી. એક મુદ્રા

ચિન્મૂર્તિ [સં.] જી. બ્રહ્મ; પરમાત્મા.

ચિન્વટ પું. સ્વર્ગ અને નરક વચ્ચે મનાતો એક પુલ.

ચિન્હાવ જી. માહિતી.

ચિપ [અં.] જી. ઝોડિયું; બખોટી; કટકો.

ચિપક ૧. પું. એ નામનું એક પક્ષી.

૨. જી. ચીકટપણું.

૩. જી. સંતાઈ રહેવું તે.

૪. વિ. છીછરું.

ચિપકવું [હિ. ચિપકના] અ. ક્રિ. ભરાઈ રહેવું.

ચિપકાવવું ૧. સ. ક્રિ. ચોડવું; લાદી અથવા સુંદર લગાડવો.

૨. સ. ક્રિ. વળગાડવું.

ચિપખ [સં.] જી. ચામડી.

ચિપચિપા ૧. વિ. ગુંદર જેવું; ચોટી જાય એવું.

૨. વિ. લીધી વાતને વળગી રહેનારું; ચીકણું.

ચિપચિપાટ જુઓ ચિપચિપા.

ચિપચિપાહટ જી. ચીકટપણું.

ચિપટ જી. એ નામની એક માછલી. તે એક ઋતુમા દસ લાખ ઈંડા મૂકે છે. તેને અંગ્રેજીમા ફલાઉન્ડર કહે છે.

ચિપટકાય ન. એક જાતનું જીવડું. તે દરિયામાં તેમ જ જમીન ઉપર પણ રહે છે.

ચિપટચર્મી જી. એક જાતની માછલી.

ચિપટદેતી પું. એક જાતનો કીડો. તેને લાંબા દાંત હતા. આ જાત અમ્ય સ્વરૂપમાં અગાઉ જંતુમાં આવતી. હાલ તેનો નાશ થયો છે.

ચિપટનાસિક વિ. મોટા નાકવાળું.

ચિપટવું ૧. સ. ક્રિ. ખોટો આક્ષેપ મૂકવો.

૨. સ ક્રિ. ચોટાડવું.

૩. સ ક્રિ. પાછળ પડવું

૪. સ. ક્રિ. બાજ કરવી; વળગવું

૫. સ. ક્રિ. સલોત કરવો.

ચિપટાવું ૧. અ. ક્રિ. ખોટો આક્ષેપ મુકાવો.

૨. અ. ક્રિ. ચોટાડવું.

૩. અ ક્રિ. બાજ કરાવી.

૪. અ. ક્રિ. સલોત કરાવો.

ચિપડી ૧. [સં. ચિપિટ] જી. કાનમાં પહેરવાની એક પ્રકારની વાળી.

૨. જી. ચપટી.

૩. જી. જાત; યોનિ.

ચિપડું ૧. વિ. ચપટું; ઊંડું, ઊપસેલું નહિ એવું.

૨. વિ. ચીકણું.

ચિપડાહા (ચિપડાહા) વિ. આંખમાં આંસુ આવવાથી અથવા એવા કોઈ કારણથી ઝાંખી નજરવાળું.

ચિપડી (ચિપડી) [હિ.] જી. ભાજી.

ચિપની જી. છીપની.

ચિપરી જુઓ ચિપડી.

ચિપલિયો પું. એક જાતનું ઢસરડાવાળિયું. ભજન કરનાર સાધુઓ તેનો ઉપયોગ કરે છે. તે બે નાની છીપોનું બનેલું હોય છે.

ચિપાવવું સ. ક્રિ. ચીપે એમ કરાવવું.

ચિપાવું ૧. અ. ક્રિ. અફીણનાં પત્તાંને છૂંદી પાડવા ઉપરતળે કરવું.
૨. અ. ક્રિ. ઠીક કરીને ગોઠવાવું.
૩. અ. ક્રિ. વાત ગોળીને લાંબી કરવી.

ચિપાશિયાપણું ન. અતિશય ચાંપલાપણું.

ચિપાસિયું ૧. વિ. કંજૂસ; વિચાર, કરી કરીને ખેતલે ચીપી ચીપીને આપે કે માંડે એવું; કસર કર્યા કરનારું
૨. વિ. કોઈ વાત કે વિચારને ચીપીચીપીને લાંબા કરવાની ટેવવાળું.
૩. વિ. મિલનસાર; મગરૂબ; સહેજમાં નારાજ થાય એવું.
૪. વિ. સ્વાદિયું
૫. વિ. દરેક વાત વિષે વારંવાર પૂછનાર, કદાપિયું; ચીકણું.

ચિપિ ન. એ નામનું કાળા રંગનું એક પ્રાણી. તે સિક્કિમ અને નેપાળ વગેરેનું રહેવાસી છે. તે સૂએ છે ત્યારે ટૂંટિયું વાળીને સૂએ છે.

ચિપિટ ૧. [સં.] પું. ચીપું નાક.
૨. પું. પૌંઆ.
૩. પું. મોતીના દશ માંહેનો એક દોષ; મોતી ગોળ નહિ પણ ચપટું હોય તે દોષ.
૪. વિ. ચપટું.
૫. વિ. ચીબા નાકવાળું.

ચિપિટક [સં.] પું. પૌંઆ.

ચિપિટનાસિક ૧. [સં] પું. ચીન દેશ.
૨. પું. ચીન દેશનો રહેવાસી.
૩. પું. ચીન દેશનો રાજા.
૪. વિ. ચપટા નાકવાળું.

ચિપિટયંત્ર ન. અગ્નિ ઉપર પાકતી વસ્તુને લેવા, મૂકવા, કે સમી કરવા માટે ચીપિયો; સીંકા કે વાંસા મોઢાની સાણસી.

ચિપિટીકરણ [સં.] ન. આંખના ઉપાને આંગળીથી દબાવવો તે.

ચિપુટ જુઓ ચિપિટક.

ચિપું ન. ચાપુ.

ચિપ્પિલિ સ્ત્રી. ઢેઢગરોળી; ગિલોડી. આ જાત હિંદુસ્તાનમાં બધે ઠેકાણે થાય છે. તેને બે પૂછડી હોય છે. પહેલી પૂછડી કપાય ત્યાર બીજી જરા જાડી ઊગે છે.

ચિપ્પ [સં.] પું. એક જાતનો નખનો રોગ.

ચિપ્પક [હિં.] ન. એક જાતનું પક્ષી. તે જમીન ઉપર રહે છે અને માળો બાંધતું નથી.

ચિપ્પખ ૧. પું. એક જાતનો કાકરો. તે એશિઆ, યરપ અને આફ્રિકામાં થાય છે. એ જમીનની ચામાં ઊંડે છે, ઝાડ ઉપર માળો બાંધે છે અને ચાર ઈંડાં મૂકે છે. તેને હિંદીમા મુખમીર કહે છે.
૨. વિ. પાતળું.
૩. જુઓ ચિપ્પક.

ચિપ્પિકા [સં] સ્ત્રી. એક જાતનો કીડો, એક રાત્રિચર જંતુ.

ચિપ્પિત પું. જન્મ થતાંજ આંગળીઓના મર્દનથી જેના અંગ્રભાગ સપાટ થયા હોય તેવો નપુંસક.

ચિપ્પિતદાપ પું. હીરાને લગતા દશ માંહેનો એ નામનો એક દોષ; 'કટ કપાયું'.

ચિપ્પી [હિં.] સ્ત્રી. કાગળ ઉપરનો સાંધો; કાગળ ઉપર બીજો કાગળ ચોટાડવો તે.

ચિપ્પ [સં.] પું. એક જાતનો કીડો, ચિપ્પિકા.

ચિપ્પાસ [હિં.] સ્ત્રી. પટો, બકલ.

ચિપ્પાસી [હિં.] પું પટાવાળા, દફતરી

ચિપ્પિયલ સ્ત્રી. કાબુલ નદીની બીજાના પ્રાચીન નામ નુંગનીહર એટલે નવ નદીઓના સમુદાય માંહેની એક નદી.

ચિપ્પી [હિં] સ્ત્રી છાપ

ચિપ્પરક પું. ચીજોના બોલવાનો અવાજ.

ચિપ્પાવલ્લારા જો ચિપ્પાવલ્લપણું.

ચિપ્પાવલ્લી વિ. સ્ત્રી. દોઢડાહી.

ચિપ્પાવલું ૧ વિ. કોઈ વાતમા કે કામમા બહુ ચપચપ અને ડહાપણ કર્યા કરે એવું, દોઢડાહું; પોતાનું ડહાપણ ડોળવા કરનાર.
૨ વિ ખરાબ, નુકસાન કે મસ્તી કરનાર.
૩. વિ. છોકરવાદી, બાળકબુદ્ધિનું; નાદાન
૪. વિ. હલકું; તુચ્છ.

ચિપ્પિલ્લા [હિં.] વિ. છોકરવાદી, બાળકબુદ્ધિનું, છોકરમતિયું.

ચિપ્પિલ્લાપણું ન છોકરવાદી.

ચિપ્પિલ્લી જુઓ ચિપ્પિલ્લા.

ચિબુ ૧. [સં.] પું. નીચલા હોઠની નીચેનો ભાગ; કડપચી.
૨. પું. મૂચકંદ વૃક્ષ.
૩ સ્ત્રી. એક જાતની દૂંપી. તેનું વજન છ ઔંશથી દોઢ શેર સુધીનું હોય છે.

ચિબુક ૧. પું. એક જાતનો પુરુષ.
૨. સ્ત્રી એક આસિક અભિનય.
ચિબુકની ગત – નૃત્યમા ગતિ ભરવાના મુખ્ય સોળ માંહેનો એક પ્રકાર. આ ગત ભરવાની રીત એવી છે કે જમણા હાથની પહેલી તથા બીજી બે આંગળીઓ દાઢી ઉપર રાખી ડાબો હાથ સીધો ખુલ્લો ઊભો રાખી સુંદર અભિનય સહિત નૃત્ય કરવું.
૩. [સં] સ્ત્રી. કડપચી; દાઢી
૪. ન. કાર્તિકેયની મૂર્તિમાં દાઢીમા જોડેલો હીરો.
૫. ન. ઘોડાના મુખ ઉપરના ઉપકરણમાં દાઢીની નીચલી જગા કે જે અશ્વપ્રસની સપાટીથી જરા નીચી હોય છે.

ચિબુકકંઠિકા સ્ત્રી ગળાના મૂળમાં રહેલી એક મજબૂત પેટી તે અસ્થિબન્ધિની. ચિબુકપિંડ પ્રસેના રસના કલાપટ ઉપરથી રૂ૬ ઘર્ણ કુંચિની. અગ્રના ભાગમાં લાગેલી છે. તે ચિબુકને નીચે નમાવે છે અને કાર્યક્ષિ અથવા મુખબંધને ટેકો આપે છે.

ચિબુકકંઠિકાપેશી જુઓ ચિબુકકંઠિકા.

ચિબુકખલ્લ પું. કડપચી ઉપરનો ખાડો.

ચિબુકખાત જુઓ ચિબુકખલ્લ.

ચિબુકજિહ્વા સ્ત્રી. હેઠલા જડબામાંથી નીકળી જીભમાં દાખલ થતો એક સ્નાયુ.

ચિબુકજિહ્વાકંઠિકા સ્ત્રી. હેઠલા જડબામાંથી નીકળી કોકડાનિય અને જીભને લાગેલી એક પેશી

ચિબુકપિંડ પું હનુમડળની ચિબુક સબનિમ્ન ભાગની રેખાના નીચલા ભાગમા આવેલો કડપચી ઉપરનો ટેકો.

ચિબુકપેશી સ્ત્રી. હનુપેશી, અધરોષ્ઠપ્રસૃતિ પેશી.

ચિબુકસંધાનિકા સ્ત્રી. હનુમડળની અંદરની બાજુની મધ્યરેખાને, ઉપરના ભાગમાં દેખાતી એક આખી ઉપસતી રેખા. શારીરવિદોના અભિપ્રાય પ્રમાણે તે રેખા અન્વન ભાગવરચામાં જુદા પરંતુ પછીથી એક થયેલા અધોહનુસ્થિતના બે ભાગોનું સંધાન સૂચવે છે.

ચિબુકાપેશી જુઓ ચિબુકપેશી.

ચિબુટ્રિકા સ્ત્રી. વર્ષા સમયની મટોનમત્ત સ્ત્રી.

ચિબોળવું સ. ક્રિ. આમળવું, ચીમટી દેવી; ચીબોગવું.

ચિબ્બૂર સ્ત્રી. એક જાતની દૂંપી. તે છ ઔંશથી દોઢ શેર સુધીની વજનની હોય છે.

ચિબોવવું સ. ક્રિ લલચાવવું, આપવું.

ચિમ સ. કેમ. કાલાવાડ તરફ આ શબ્દ બોલાય છે.

ચિમખી ૧. [હિં.] સ્ત્રી પાણીની અંદર બૂડતું તે.
૨. સ્ત્રી. પાણીમાં બૂડવાથી થતો અવાજ.

ચિમગાદડ (ચિમગાદડ) [હિં.] ન ચામાચીડિયું.

ચિમચિમા જુ. ઘટ્ટ થવું તે.

ચિમટ ન. ચોટવું તે.

ચિમટવું સ. ક્રિ. ચોટવું.

ચિમટા [હિં.] જુ. ચીપિયો.

ચિમટી સ્ત્રી. બે આંગળીનું માપ.

ચિમઢા [હિં.] વિ. વળી શકે તેવું.

ચિમડી સ્ત્રી. અંગૂઠા અને વચલી આંગળી અથવા કોઈ આંગળી મેળવવાથી થતી સ્થિતિ; ચૂટકો.

ચિમડ (ચિમડ) ૧. સ્ત્રી. એક જાતના ઝાડનાં બી; ચિમેડ. એના છોડ કાંસદરા જેવાં અને બી કાળાં અને મૌષ્ટિક હોય છે. બીમારી પીળો મગજ નીકળે છે, તે વાટી આંખમાં આંજવામાં આવે છે. દુખતી આંખ ઉપર તે અકસીર મનાય છે.

૨. સ્ત્રી. બગાડણ કજોડી.

૩. વિ. ચિબડ; કદરૂપ.

ચિમટવું (ચિમડવું) જુઓ ચિમડાવવું

ચિમડા (ચિમઢા) [હિં.] વિ. ચીકણું, ખેંચવા કે મરડવાથી ન તૂટે એવું.

ચિમડાવવું (ચિમડાવવું) સ. ક્રિ. વળ દેવો.

ચિમડાવું ૧. (ચિમડાવું) અ ક્રિ. કરમાવું; નિસ્તેજ થવું; મુરઝાઈ જવું; ગ્લાન થઈ જવું; ચીમળાવું.

૨. અ. ક્રિ. તવાઈ જવું; કુરાઈ જવું.

૩. અ. ક્રિ. મનમાં સંકોચ પામ્યા કરવું; ભોંઠા કરવું.

ચિમડાહટ (ચિમડાહટ) ૧. [હિં.] સ્ત્રી. કોમળતા.

૨. સ્ત્રી. ચપ્પટાપણું.

૩. સ્ત્રી. ભળભૂતાઈ.

ચિમડી (ચિમઢી) ૧. સ્ત્રી. ચૂટકો.

૨. સ્ત્રી. જુવાર બાજરીના ખેતરમાં જ્યાં ત્યાં રહેલા કુમળા છોડવા.

૩. વિ. મળભૂત.

ચિમનાચિમની ૧. જુ. નાનાં બાળકોનું કુટુંબ.

૨. [હિં.] જુ. પીળાં ને કૂટેલાં હોય તેવું પક્ષી.

ચિમની ૧. [અં.] સ્ત્રી દીવા ઉપરની કાંચની ગોળ ભૂંગળી; કાનસની બત્તીનું રક્ષણ કરનારી કાચ કે ભઠ્ઠરખની નળી.

૨. સ્ત્રી. ધુમાડિયું.

૩. સ્ત્રી. ધુમાડો બહાર નીકળવા માટે મકાન ઉપર રાખેલો ખાડો.

૪. સ્ત્રી. ભીંતે લટકાવવાનો બેઠકવાળો ને કાચની ભૂંગળીવાળો દીવો.

ચિમરાજ ન. એક પક્ષી.

ચિમસા [હિં.] વિ. ચીકણાશવાળું.

ચિમળાવવું ૧. સ. ક્રિ. આમળે તેમ કરવું.

૨. સ. ક્રિ. દઝાડવું; બાળવું.

૩. સ. ક્રિ. દુભાવવું; મનમાં દુઃખ થાય તેમ કરવું. ઝુરાવવું.

ચિમાઢવું (ચિમાડવું) સ. ક્રિ. ચોરી રહેવું; લાગી રહેવું.

ચિમાવવું સ. ક્રિ. મનમાં બળ્યા કરે એમ કરવું; દુભાવવું.

ચિમાવું ૧. અ. ક્રિ. અમુક વસ્તુ મેળવવાની ઇચ્છાથી તાકી તાકીને જોવું.

૨. અ. ક્રિ. સતાઈ જવું; ઇચ્છાને બેસી રહેવું; લપાવું. પ્રપાવું.

૩. અ. ક્રિ. મુરઝાઈ જવું; ચીમળાવું

૪ અ ક્રિ. અમુક વસ્તુના અભાવે ગરમિંદા દેખાવું; અમુક વસ્તુ પોતાની પાસે ન હોવાથી મનમાં બળવું કે શરમાવું.

૫. અ ક્રિ. આતુરતાથી સામે જોવું

૬. અ ક્રિ. ઇચ્છાપૂર્વક નજર નાખવી કે કરવી.

ચિમિ ૧. જુ. એક જાતનો છોડ. તેના રેસામાંથી દોરડું કપડું તેમજ દોરડાં બનાવવામાં આવે છે

૨. જુ. પોપટ પક્ષી.

ચિમિક [સં.] જુ. પોપટ.

ચિમિષ ન. એક જાતનો ખાંસ. તે નક્કર અને પોચી છાલનો કાંટા વગરનો હોય છે.

ચિમું જું ; ન. સફરજનનું બી.

ચિમેડ (ચિમેઢ) ૧. સ્ત્રી. એક જાતનાં બિયાં. એને દુખતા આવેલી આંખમાં બરણ કરવામાં આવે છે. બરણ કરતી વખતે તેમાં થોડું ઉમેરણ છે.

૨. સ્ત્રી. એક જાતનો છોડ. તે કાચુંદરા જેવો દેખાય છે. તેનાં પાન પણ કાચુંદરાનાં પાન જેવાં હોય છે. તેમાં ચપટા ગોળ કાળાં બી થાય છે. તેની અંદર પીળો ગર હોય છે. આંખ દુખતી હોય ત્યારે આ ગરનું બરણ કરાય છે.

૩. સ્ત્રી. વગડાઉ કજોડી.

ચિમેહ જુઓ ચિમેડ.

ચિમોટી સ્ત્રી. ઠોક; ચળચી; ગલ્લના; ભોંચી.

ચિમોઠ જુઓ ચિમેડ.

ચિમોઠિયું (ચિમોઠિયું) ન. ચિમોઠો.

ચિમોડી (ચિમોડી) ૧. સ્ત્રી. ચિમેડ; એક જાતનાં બિયાં.

૨. સ્ત્રી. ઠોક; ચળચી; ભોંચી.

ચિમોડું (ચિમોડું) ન. ઢોરના શરીર ઉપર થતું એક જાતું; ચિમોઠિયું.

ચિરંભટ ૧. વિ. કંજૂસ; બખીલ; કૃપણ.

૨. વિ. ચવું; ન વળે એવું; ચામડા જેવું; ચરમટ; તાણ્યું તૂટે કે વળાય નહિ એવું.

૩. વિ. બહુ માર ખાય તોપણ જેને લાગે નહિ તેવું.

ચિરંમડ (ચિરંમડ) જુઓ ચિરંમટ.

ચિરંજો સ્ત્રી. એ નામની એક રમત.

ચિરાઈ જું. બિલાડીનો ટોપ.

ચિરાં જું. આંબલીનો ઠળિયો; આંબલિયો.

ચિરાંઉંમિરાંડે ન. બ. વ. બાળબચ્ચાં; છોકરાંછૈયાં; પરિવાર.

ચિરાંસી વિ. બહુ મોડું.

ચિરું વિ. (ગ્રામ્ય) કરું.

ચિરુંટા [હિં.] જું. મોટી ઝળી કોડી.

ચિરુંટો [હિં.] સ્ત્રી. નાની કોડી.

ચિર૧. જું. (કચ્છી) એક પ્રકારનો છોડ.

૨. સ્ત્રી. એ નામની એક ઔષધિ. તે હિમાલયના નીચલા અને મધ્ય ભાગમાં થાય છે. છાતીનો દુખાવો અને જ્વરની દૃષ્ટિમાં તેનો લેપ દવા તરીકે કરવામાં આવે છે. આંખ, કાન અને ગળાનાં દર્દો પણ તેનાથી મટે છે. દુર્બળતા, ખાંસી, દાહ અને તાવમાં પણ તે ઔષધ તરીકે વપરાય છે. આ ઔષધિમાંથી ટર્પેન્ટાઇન તેલ બનાવવામાં આવે છે.

૩. [સં.] ન. બહુ ઝાડા; ઘાંસો વખત.

૪. વિ. બહુ ઝાડા હોય એવું; ઘાંસા ઝાડનું; બહુ વખતનું.

૫. વિ. સમયમાં ઘાંસું.

૬. અ. કાયમ રહે તેમ; નિત્ય રહે તેમ.

૭. અ ઘાંસા વખત સુધી.

ચિરઝાડી [સં. ચિર (ઘાંસો ઝાડ) + ઝષિન્ (કેળવાર)] વિ. ન ખૂટી શકાય એવા ઉપકાર નીચે દબાયેલું.

ચિરટણી સ્ત્રી. અપેટિયું; ખોડિયું.

ચિરટકરા જું. (પિંગળ) એક વિષમવૃત્ત અર્ધમેળ છંદ. આ છંદ સંસ્કૃત વર્ણનો છે. તેના પહેલા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ કુલ અગિયાર, બીજા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર, ત્રીજા ચરણમાં તગણ, જગણ અને રગણ એમ નવ અક્ષર અને ચોથા ચરણમાં નગણ, બે જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

ચિરકવું અ. ક્રિ. થોડે ઘણે થવો; થોડું થોડું આપવું.

ચિરકાર વિ. ઘાંસો ઝાડ કરનાર; બહુ વખત લગાડનાર; કામ કરવામાં વિલંબ લગાડનાર; દીર્ઘસૂત્રી.

ચિરકારિક જુઓ ચિરકાર.

ચિરકારિતા સ્ત્રી. લંબાણ કે મોડું કર્યા કરવાપણું; દીર્ઘસૂત્રીપણું; ટાઢાપણું; ચિરકારીપણું.

ચિરકારી ૧. [સં. ચિરકારિન્] પું. (પુરાણ) ગૌતમ ઋષિના મેમાનો એ નામનો એક પુત્ર.
૨. વિ. દીર્ઘસૂત્રી; કામમાં વખત લગાડનાર, ટાઢું; ધીમું.

ચિરકાલ ૧. [સં. ચિર (લાંબું) + કાલ (વખત)] પું. લાંબો વખત; ઘણો કાળ; દીર્ઘ સમય.
૨. પું. હમેશ રહેવું તે.
૩. વિ. શાશ્વત; કાયમનું.
૪. અ. લાંબા વખત સુધી.

ચિરકાલલતા [સં.] સ્ત્રી. લાંબા કાળપર્યંત.

ચિરકાલિક જુઓ ચિરકાલીન.

ચિરકાલિક વિ. લાંબા વખતનું; દીર્ઘકાલિક, લાંબા વખતથી ઘર કરી રહેલું.

ચિરકાલીન વિ. લાંબા વખતનું જૂનું; ઘણા વખતથી ચાલ્યું આવતું; બહુમૂલ્ય લાંબા વખતથી ઘર કરી રહેલ.

ચિરકાળ જુઓ ચિરકાલ.

ચિરકાળી વિ. લાંબા સમયનું.

ચિરકાંક્ષિત વિ. લાંબા સમયથી ઇચ્છાયેલું.

ચિરકીન [સ.] વિ. મેલું; ગંદું.

ચિરકીર્તિ સ્ત્રી. ચિરકાળ ટકે તેવી કીર્તિ; સદાની નામના; કાયમનો યશ.

ચિરકૃત્ય [સં.] વિ. લાંબો વખત લગાડનાર; દીર્ઘસૂત્રી; કામ કરવામાં વિલંબ કરનાર.

ચિરકૃત્યતા [સં.] સ્ત્રી. દીર્ઘસૂત્રતા.

ચિરક્રિયા [સં.] સ્ત્રી. કળાના બે માર્ગનો એક ભેદ.

ચિરક્ષુદ્ર ન. એક જાતનું ઘાસ.

ચિરખિયા ૧. [હિં.] પું. અપેડો; અપામાર્ગ.
૨. પું. ખરજ આવે એવો ચોક.
૩. પું. બાજરાને મળતું આવતું એક ઊંચા પ્રકારનું ઘાસ. તેને કાંગણીના જેવું ડૂંડું આવે છે અને તેનો દાણો જવના દાણા કરતાં નાનો હોય છે.

ચિરખિહા [હિં.] પું. એક જાતનું ઘાસ.

ચિરખિલ્લ (ચિરખિલ્લ) [હિં.] વિ. કાયમ.

ચિરખિરાવું ૧. અ. ક્રિ. ચમચમ થવું.
૨. અ. ક્રિ. તીક્ષ્ણ કે ઝીણું થવું.
૩. અ. ક્રિ. નકામા ગપ્પા મારવા.
૪. અ. ક્રિ. લાંબ ખણવી.

ચિરખિરાહટ [હિં.] સ્ત્રી. ખીજ; રીસ.

ચિરખિરી જુઓ ચિરખિટા

ચિરખીરા ૧. [હિં.] પું. અપેડો; અપામાર્ગ.
૨. વિ. ખીજણ.

ચિરગત [સં.] વિ. લાંબા કાળે થયેલ.

ચિરચક્ષક ૧. [સં.] પું. ઇયળ જેવું.
૨. વિ. લાંબા સમય સુધી જીવનાર.

ચિરજીવન ન. લાંબુ આયુષ્ય.

ચિરજીવિકા ૧. [સં.] સ્ત્રી. ચિરજીવન.
૨. સ્ત્રી. લાંબા સમય સુધીની આજીવિકા.

ચિરજીવિત્વ ન. લાંબું આયુષ્ય.

ચિરજીવી જુઓ ચિરંજીવી.

ચિરઝ (ચિરઝ) ન. મરાઠિસ્થાના દક્ષમાથી કેટલુક અજમુદાર વગેરેને મળતી આવેલું તે.

ચિરઝાવું (ચિરઝાવું) ૧. અ. ક્રિ. ખિજવું.
૨. અ. ક્રિ. ઝાવવું.

ચિરજીવી ૧. [સં. ચિરંજીવિન્] પું. પુત્ર; દીકરો; બેટો. પોતાનાથી નાનાને આશીર્વાદ લખતી વેળા પણ આ શબ્દ વપરાય છે.
૨. વિ. બહુ જીવનાર; લાંબા આયુષ્યવાળું.

ચિરતિક [સં. ચિરતિક્ત] ન. કરિયાતું. ચિર એટલે કાડ. કરિયાતાની કાડલી સળી જેવી, અંદર પોલી, તેની બે કાડ વર્ષ જાય તેવી, પોલા વાસ જેવી અને બહુ કાળી હોય છે.

ચિરતિક્ત [સં.] ન. કરિયાતું.

ચિરતિક્તા સ્ત્રી. કરિયાતું.

ચિરતન [સ.] વિ. પુરાતન; પુરાણું.

ચિરનિદ્રા સ્ત્રી. મૃત્યુ; કાયમની નિદ્રા આવની તે.

ચિરનિર્મથિત ૧. પું. આધાન વિધિ કરતી વખતે અગ્નિ કરીને હમેશને માટે રાખવામા આવતો અગ્નિ.
૨. વિ. લાંબો વખત વલોવેલું.

ચિરનિવિષ્ટ [સં.] વિ. લાંબો કાળ રહેલ.

ચિરપરિચિત [સં.] વિ. લાંબા સમય થયાં જાણ્યું થયેલું, લાંબા વખતથી પરિચયવાળું.

ચિરપરિશીલન [સં.] વિ. લાંબા સમયનો અભ્યાસ; પુષ્કળ વાચનનો ઊંડો અભ્યાસ.

ચિરપાકી [સં. ચિરપાકિન્] પું. કોકનું ઝાડ.

ચિરપુષ્પ [સં.] ન. નાગકેસર; બોરસલી.

ચિરપોટન સ્ત્રી. પર્પોટી.

ચિરપોટા ૧. સ્ત્રી. એ નામની એક વેલ.
૨. સ્ત્રી. પર્પોટી.

ચિરપ્રરૂઢ વિ. લાંબા વખત થયાં ચાલુ થયેલ.

ચિરબત્તી [હિં.] વિ. ટુકડે ટુકડા.

ચિરબદ્ધ [સં.] વિ. લાંબા વખત સુધી બાંધી કે પકડી રાખેલ.

ચિરબિલ્વ ન. અમુકો; મરેલનું ઝાડ. એનાં ફળ અને બીજ દાદર તથા ત્વક્‌દોષમાં ઘસીને ચોપડાય છે.

ચિરબિલ્વક સ્ત્રી. કરંજ.

ચિરબોદ પું. એક જાતનો છોડ. તે દોઢ હાથ ઊંચો થાય છે. તેના ફળ નાનાં અને રવાદે બટમીઠાં હોય છે. દોડવા તરફ તે થાય છે. મૃગશીર્ષ નક્ષત્રનો વરસાદ પડ્યા બાદ એટલે વગડામાં, કુંગરોમાં, મેદાનમાં અને પહાડી જમીનમાં તે ચારે તરફ થાય છે. ઔષધિ તરીકે તેનો ઉપયોગ થાય છે.

ચિરભટી ન. ચીભડું

ચિરમ જુઓ ચિરમિટી.

ચિરમિટી [હિં.] સ્ત્રી. ચણોઠી; ગુંજા.

ચિરમુખરિત [સં.] વિ લાંબા સમયથી બોલતું.

ચિરમેહી [સં. ચિરમેહિન્] પું. ગળેડો.

ચિરયશસ્વી [સ. ચિર (લાંબો કાળ) + યશસ્વિન (કીર્તિવાળું)] વિ. ન ભુલાય તેવી કીર્તિવાળું; દીર્ઘકાળ ચાલે એવી કીર્તિવાળું.

ચિરયૌવન [સં.] ન. લાંબો સમય ટકી રહેતી જુવાની.

ચિરરી સ. વાસુતત્ત્વસૂચક દેવતાલીનો ઉચ્ચાર.

ચિરરુચિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક્‌ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, નગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.
ય ના ત્રે ચિરરુચિ. પદ્મપિંગળ

ચિરવા [હિં.] સ્ત્રી. એક જાતની નાની દાલ.

ચિરવાઈ સ્ત્રી. લાકડાં ચીરવાનું મહેનતાણું.

ચિરવાસ [સં.] પું. લાંબા વખતનો વસવાટ.

ચિરવાસા [સં. ચિરવાસસ્] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

ચિરવિધુરા વિ. સ્ત્રી. લાંબા વખત સુધી વિધુર અવસ્થામાં રહેલી; જેના પતિએ સંસાર ત્યાગ કરવાથી લાંબા વખત સુધી વિધુર અવસ્થા ભોગવતા હોય એવી.

ચિરવિરહિણી [સં.] વિ સ્ત્રી. જેને વિરહ જોને લાંબો ગાળતો હોય તેવી.

ચિરવૃત્ત [સં.] પું. લાંબા સમયનો કુસ્વપ્ન.

ચિરસંગાથી પું. જૂનો મિત્ર.

ચિરસંગિની [સં.] સ્ત્રી. લાંબા સમયના પરિચયવાળી સ્ત્રી.

ચિરસંસ્કારી [સ. ચિરસંસ્કારિન્] વિ. સંસ્કાર લાંબો સમય ટકી રહે તેવું.

ચિરસૂતા [સં.] સ્ત્રી. પહેલે ગામે બિયાવેલી ગાય.

ચિરસૂતિકા જુઓ ચિરસૂતા.

ચિરસેવક [સં.] પું. ઘણા વખતનો સેવક, જૂનો નોકર.

ચિરસ્થ ૧. [સં.] પું. નાયક.

૨. વિ. લાંબો વખત રહેનાર; ચિરસ્થાયી.

ચિરસ્થાપિત [સં.] વિ. લાંબા કાળથી સ્થાપેલ.

ચિરસ્થાયિતા જુઓ ચિરસ્થાયિત્વ.

ચિરસ્થાયિત્વ ૧. [સં.] ન. અક્ષયતા; અવિનાશીપણું.

૨. ન. કાયમ હોવાપણું; કાયમીપણું.

ચિરસ્થાયી ૧. [સં. ચિરસ્થાયિન્] વિ. કાયમનું; કાયમ ટકી રહે તેવું.

૨. વિ. લાંબી મુદત ટકે તેવું; ટકાઉ.

ચિરસ્થાયીવાર્ષિકબૂત્તિ સ્ત્રી. કાયમનું વર્ષાસન.

ચિરસ્થિત [સં.] વિ. લાંબા સમયનું.

ચિરસ્થિતિક વિ. દીર્ઘ કાલ રહેનાર; દીર્ઘાયુ.

ચિરસ્મરણીય [સં.] વિ. લાંબા સમય સુધી યાદ રહે તેવું; ન ભુલાય એવું; લાંબો સમય સ્મરણમાં રાખવા જેવું.

ચિરં [સં. ચિરમ્] અ. લાંબા વખત સુધી.

ચિરંજીવ ૧. [સં. ચિરમ્ (લાંબા વખત સુધી) + જીવ્ (જીવવું)] પું. પુત્ર; દીકરો; પુત્રવાચક શબ્દ; ચિરંજીવી. બોલનાર પોતાથી નાનાને આશીર્વાદ દેવામાં આ શબ્દ વાપરે છે.

૨. વિ. અમર; શાશ્વત.

૩. વિ. લાંબી આવરદાવાળું; દીર્ઘજીવી; મોટા આયુષ્યનું; ઘણું જીવનાર.

૪. અ. ઘણું જીવો.

ચિરંજીવતા [સ.] સ્ત્રી. દીર્ઘાયુષી હોવાપણું.

ચિરંજીવપ્રિય [સં.] વિ. દીર્ઘાયુષ જેને પ્રિય હોય તેવું.

ચિરંજીવિત્વ જુઓ ચિરંજીવતા.

ચિરંજીવિની ૧. [સ.] સ્ત્રી. પુત્રી.

૨. વિ. સ્ત્રી. લાંબુ જીવનારી; દીર્ઘાયુષ્યવાળી; લાંબી આવરદાવાળી.

ચિરંજીવી ૧. [સં ચિરમ્ (લાંબો વખત સુધી) + જીવિન્ (જીવનાર)] પું. કાગડો.

૨ પું. છોકરો; પુત્ર; બેટો.

૩. પુ. ઝવક વૃક્ષ.

૪. પું. દેવ.

૫. પું. માર્કંડેય ઋષિ.

૬. પું. વિષ્ણુ

૭. પું. બલિ, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, બલિ, પ્રહ્લાદ, હનુમાન અને વિભીષણ એ આઠ અથવા બીજા મત પ્રમાણે અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ એ સાતમાંથી દરેક.

૮. પું. સીમળાનું ઝાડ.

૯. વિ. અમર; જેને માથે મોત નથી એવું; નિત્ય.

૧૦. વિ. દીર્ઘાયુ; ચિરાયુ; લાંબો કાળ જીવનાર.

ચિરંટી [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી; પિતાને ઘેર પડી રહેનારી જુવાન સ્ત્રી

ચિરંતન ૧. [સં.] પું. સિંધનો કબર આંહેનું એક નામ.

૨. વિ. જૂનું; પુરાણું; પુરાતન; ચિરકાલીન; પ્રાચીન.

૩. વિ. લાંબા વખતનું; કાયમનું; શાશ્વત; લાંબી મુદતનું

ચિરંતનતા [સં.] સ્ત્રી. ચિરંતન હોવાપણું.

ચિરંસેવિત [સં.] વિ. લાંબા વખતથી કરેલ.

ચિરંસ્મૃતિ [સં.] સ્ત્રી. જૂની યાદગીરી.

ચિરા [કા.] અ. ક્યા માટે ?

ચિરાઈ ૧. સ્ત્રી. ચીરવાની ક્રિયા.

૨. સ્ત્રી. ચીરવાની મજૂરી; ઢામણ.

ચિરાઈતા [હિં.] પું. મરિયાતું.

ચિરાઈંધ સ્ત્રી. ગામડું, વાસ, બરબી અથવા તેલ બળવાની ગંધ.

ચિરાખ્યસ્ત્રી સ્ત્રી. દીવાળતી.

ચિરાગ ૧. પું. કુલદીપક; દીકરો.

તમારો ચિરાગ રોશન રહે = તમારો પુત્ર લાંબું આયુષ્ય ભોગવો અને તમારો વંશ ચાલુ રહો. પારસીઓમાં આશીર્વાદરૂપે આ પ્રયોગ વપરાય છે.

૨. સ્ત્રી. એ નામની સ્ત્રિયમૂર્તિ. પૂજા વખતે કળશમાં મુકાતાં આસોપાલવ કે આંબાનાં પાનનું આપેક્ષન પણ આ સ્ત્રિયમાં આવે છે.

૩. સ્ત્રી. દીવાની જ્યોત; શમ.

૪ સ્ત્રી. દેવતા; આગ

૫. [કા.] સ્ત્રી. બત્તી; દીવો.

૬. ન. ઝુંબર. ઝિલ્લાની અંદર ગોબમાં ઝુંબરની આકૃતિ હોય છે તેને ચિરાગ કહે છે.

ચિરાગદાન ન. દીવો રાખવાની બોડી.

ચિરાગદાની સ્ત્રી. દીવી.

ચિરાગ ૧. [કા.] પું. કુલદીપક; દીકરો.

૨. પું. દીવો; બત્તી

૧. ચિરાગ દેખાડવો = રાનસ દેખાડી રસ્તો બતાવવો.

૨. સૂરજને ચિરાગ દેખાડવો = (૧) જૂના જોતરીને નવી યુક્તિ બતાવવી. (૨) સૂરજ સામે બત્તી દેખાડવી.

૩. સ્ત્રી. મશાલ; દીવી

૧. ચિરાગ જલાવવી-રોશન કરવી = દીવો પ્રકટાવવો.

૨. ચિરાગ ઠંડી કરવી-બુઝાવવી = દીવો ઠારી નાખવો.

ચિરાગદાન સ્ત્રી. દીવો રાખવાની બોડી; શમેદાન.

ચિરાગદાની સ્ત્રી. દીવી

ચિરાગપા ૧. વિ. ઊંચું કરેલું.

૨. વિ. બોડો ઉઘરતું.

ચિરાગપા થવું = (૧) જોડીના બાંધા ઉપર ચડું પડવું. (૨) ગુસ્સે થવું. (૩) બોડો ઉઘરવો.

ચિરાગ્યા પું. એક પૈસો

ચિરાણી ૧. સ્ત્રી. પીર કે ઓલિયાની દરગાહ ઉપર દીવો રાખવા માટે અપાતું વર્ષાસન.

૨. સ્ત્રી. રાત્રે શેરીમાં આંટા મારતા ભિખારીને અપાતી દક્ષિણા.

ચિરાતિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; બોળા સાટોડી.

૨. સ્ત્રી. મરિયાતું.

ચિરાઢ (ચિરાઢ) જુઓ ચિરાડો.

ચિરાડો (ચિરાડો) ૧. પું. ચીરો; ફાટ.

૨. પું. લાંબો ચીરીને કરેલો કપડાનો ટુકડો.

ચિરાણું [સં. ચિરંતન; અપ. ચિરાણઉ] વિ. જૂનું.

ચિરાતન ૧. [સં. ચિરંતન] વિ. જૂનું.

૨. વિ. પુરાતન; પુરાણું.

ચિરાતીત [સં.] વિ. બહુ પ્રાચીન.

ચિરાતું જુઓ ચિરાણું.

ચિરામણ ન. ચિરાઈ; ચિરામણી; ઢામણ; ચીરવાની મજૂરી; ચીરવાનું મહેનતાણું.

ચિરામણી જુઓ ચિરામણ.

ચિરાયુ [સં.] અ. લાંબો વખત સુધી..

ચિરાયત ન. મરિયાતું.

ચિરાયતા ન. મરિયાતું.

ચિરાયતું [સં. ચિરતિક્ત] ન. કરિયાતું. ચિરાતું. હિમાલયની તળેટીમાં કશ્મીરથી ભૂતાન સુધી તે ઊગે છે. તેના છોડ બે હાથ ઊંચા થાય છે. તેનાં પાન તુલસી જેવા હોય છે. ડિસેમ્બરમાં તેમાં ફૂલ આવે છે. નેપાળમાંથી ચિરાતું ખૂબ આવે છે. તેને ભૂનિમ્બ કે કિરાતકા પણ કહે છે. તના સર્વે ભાગ કડવા હોય છે. તે દવા તરીકે વપરાય છે.

ચિરાયન ન. મરેલ પ્રાણી સડી જાય અથવા લોહાતરી ભળે તે વખતની અરાઇ વાસ.

ચિરાયુ ૧. [સં. ચિરમ્ + આયુસ્] પું. દેવ.
૨. ન. લાંબુ આયુષ્ય.
૩. વિ. લાંબા આયુષ્યવાળું, લાંબી આવરદાવાળું, જેનું આયુષ્ય લાંબું હોય તેવું, ઘણો કાળ ટકનારું, દાવાયું.

ચિરાયુષ્ક વિ. લાંબા વખત સુધી ટકે તેવું.

ચિરાયુષ્ય [સં.] ન. લાંબી જિંદગી.

ચિરાયંદ જુઓ ચિરાઈદ.

ચિરાવ ૧. [હિ.] પું. તડ, ચીરો, ફાડ.
૨. પું. ચામડાનો કાપો.

ચિરાવવું જ. ક્રિ. ચીરો પડવો; તડ પડવી; ફાટવું; તરડાઈ જવું.
ચિરાઈ જવું = ભોંઠી જવું; અભિમાની થવું.

ચિરાશ્રિત [સં.] વિ. લાંબા કાળનું આશ્રિત.

ચિરાહ્વા ન. કરિયાતું.

ચિરાંતક પું. (પુરાણ) એ નામનો એક વસ્તુપુત્ર.

ચિરાંદ [હિ.] સ્ત્રી. બાંધતા ચામડા કે વાળની ગંધ.

ચિરિ [સં.] પું. પોપટ.

ચિરિક [સં.] પું. પોપટ.

ચિરિકા સ્ત્રી. એક જાતનું વાદ્ય.

ચિરિહાર પું. પક્ષી કલાવનાર; પારધી.

ચિરીયર ન. પક્ષીઓનાં; પાંજરું.

ચિરુવા [સં. સુવુક] પું. (હિંદી) અંજલિ.

ચિરૂટ [અં.] સ્ત્રી. બંને છેડા ખુલ્લા હોય એવી બીડી; બીડીનો ટેટો.

ચિરૂમા પું. દક્ષિણના એક જાતના અંજીરો.

ચિરૈતા ન. કરિયાતું. હિમાલયના સમશીતોષ્ણ પ્રદેશમાં ૪૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર સિમલાથી નેપાળ અને ભૂતાન સુધી તે ઊગે છે. જંગલની અવ્યવસ્થાને લીધે આજકાલ તેનામાં બે ખાસ અપાય છે.

ચિરૈબંધ સ્ત્રી. ફરસબંધીનું કામ.

ચિરૈબંધી જુઓ ચિરૈબંધ.

ચિરૈતા [હિ.] પું. કરિયાતું.

ચિરોંટી ૧. પું. એક જાતનું લાકડું; 'પાકના'. તે સહેલાઈથી કાપી શકાય છે.
૨. [હિ.] પું. ચીરો.
૩. પું. લૂગડાનો ટુકડો.

ચિરોજ્જ્વલ વિ. હમેશને માટે પ્રકાશિત કે પ્રસિદ્ધ.

ચિરોંજ (ચિરૌંજ) પું. એક જાતનો પથ્થર; 'ક્વાર્ટ્ઝ'. આ પથ્થર રંગ વગરનો, નરમ અને સહેજ પારદર્શક છે. એ અબ્રકના તેજાબ અને ચૂનાથી બને છે અને તેમાં કુદરતી રીતે પાણીનું ચોક્કસ પ્રમાણ છે, જે ગરમ કર્યાથી જેવી જાય છે. જે પદાર્થમાં આકો રહે છે તે ક્વાર્ટર ઓફ પોરિસ કહેવાય છે.

ચિરોડી (ચિરોટી) ૧. પું. એક જાતનો પોચો પથ્થર. તે ચળકતો સફેદ હોય છે અને નરમ હોવાથી તેના ઉપર નખથી લીસોટા થાય છે. તેને ક્વાર્ટ્ઝમ કે ક્વાર્ટર ઑવ પૌરસ કહે છે.
૧. ચિરોડીનું પ્લાસ્ટર = ફળીચૂના સાથે ચિરોડીનો ભૂકો મેળવી કરવામાં આવતા પાકા ગારો.
૨. ચિરોડીનો ચૂનો = ચિરોડી પથ્થરમાંથી બનાવવામાં આવતા ચૂનો.
૨. સ્ત્રી. એક ઉપરત્ન. તે બાજુમાં થાય છે. તે શીતલ, ચારક અને સર્વરોગહર કહેવાય છે.

ચિરોડીની વેલ (ચિરોડીની વેલ) ૧. સ્ત્રી. એક જાતની વેલ. તેને પાન જતાં નથી પણ સુગંધી ફૂલ થાય છે.
૨. સ્ત્રી. સોમવેલ.

ચિરોડો (ચિરોડો) પું. ચિરોડીની જાતનો પ્રકાશતો પથ્થર. તેમાં અબ્રકનો ભાગ હોવાથી તેનો ખાતર તરીકે ઉપયોગ થાય છે. તે પાણીના ઝિલ્લાવાળા ચૂનાના ક્ષારનો બનેલો મનાય છે.

ચિરોંજ સ્ત્રી. ચારોળી.

ચિરોરી [હિ.] સ્ત્રી. આજ્ઞા.

ચિરૌંજ [હિ.] સ્ત્રી. એક જાતનું ફળ; ચારોળી.

ચિર્ક ૧. [ફા.] પું. ચરક; પક્ષીની ચરબી.
૨. ન. પર.

ચિર્કત [ફા.] સ્ત્રી. ચરક.

ચિર્કીન [ફા.] પું. પક્ષીની ચરબી.

ચિર્કીન ૧. [ફા.] પું. ઝાડુ.
૨. વિ. મહું; દુર્ગંધ મારતું.

ચિર્કીપોદી ૧. [હિ.] ન. નાનાં બાળકોનું કપડું.
૨. ન. પીળાં ન ફૂલ હોય તેવું પક્ષી.

ચિર્કુટ જ. ચીંથરું.

ચિર્કુટિયા વિ. ફાટેલું.

ચિર્ખર જ. ચીબરું.

ચિર્ભટિકા ૧. [સં] સ્ત્રી. કાકડી.
૨. સ્ત્રી. ચીભડીનો વેલો.

ચિર્ભટી જુઓ ચિર્ભટિકા.

ચિર્ભિટ ૧. [સં.] પું. ચીભડાનો વેલો.
૨. જ. ચીભડું.

ચિર્મે પું. ચામડું.

ચિર્મિરો વિ. જોડીમાંના કાનનું.

ચિર્મિઠી જુઓ ચિર્મિટી.

ચિર્મિરાહત સ્ત્રી. ખજૂરા; ખણખણાટ; ફળ.

ચિર્મી વિ. ચામડાનું બનેલું.

ચિલ્લ ૧. પું. એક પ્રકારનો છોડ. તે મૂત્રળ અને સારક મનાય છે.
૨ ન. ભાજ.
૩. ન. રામણી નામનું પક્ષી.
૪. [ફા.] વિ. ચાલીસ.

ચિલક ૧. [હિ.] સ્ત્રી. એક વાર વાપરને બંધ થયું જાય તેવું દોરું.
૨. સ્ત્રી. ચળકાટ; તેજ, ઝગમગાટ; ઝમક; ઝલક
૩. સ્ત્રી. રહી રહીને જાગે તેવું દર્દ.

ચિલકચિલાણી સ્ત્રી. એ નામની એક રમત; બાર બાર ચાલણી.

ચિલકતું [હિ.] વિ. પ્રકાશતું; ઝગમગાટ કરતું.

ચિલકતું જ. ક્રિ. પ્રકાશવું.

ચિલકકા [હિ.] પું. ચમકતો ચાંદીનો સિક્કો; રૂપિયો.

ચિલકી ૧. પું. રૂપિયો.
૨. વિ. પ્રકાશતું; ઝગમગાટ મારતું.

ચિલખત ન. ખોખર; કલંક; વર્ગ.

ચિલગોજા [ફા. ચિલ્ગોઝહ] ન. કપાસના ઠાલા જેવું એક ફળ; એક પ્રકારનો મેવો. તે દવાના કામમાં આવે છે અને બાળકને ઠાવરી કરે છે. કેટલાક લોકો આને બીજ નામના ઝોડનું ફળ કહે છે.

ચિલગોજા (ચિલગોઝા) [ફા.] પું. ઝાડનું ફળ.

ચિલચિમ [સં.] ન. એક જાતનું આસન.

ચિલચિલ ૧. [હિં.] પું. અબરખ.
૨. સ્ત્રી. ખપ્પર.

ચિલચિલાતી સ્ત્રી. ચરુ ગરમ.

ચિલચિલાતીધૂપ પું. સૂર્ય; તપતો સૂર્ય.

ચિલટ (ચિલટ) [હિં.] સ્ત્રી. શરીરની જૂ.

ચિલડ્ય (ચિલડ્યા) ૧. [હિં.] પું. ઊંટના નામનો પક્ષવાત.
૨. પું. તળેલી કચોળની પૂરી.

ચિલતા [હિં.] પું. એક જાતનું કબચ; એક જાતનું બખ્તર.

ચિલતાવું ૧. અ. ક્રિ. નિસાસો નાખવો.
૨. અ. ક્રિ. ઘૂમ પાડવી.

ચિલતર ૧. ન. પ્રતિહાસ; વાર્તા.
૨. ન. યુક્તિ; ચતુરાઈ.

ચિલન ન. એક કચેરીએથી બીજી કચેરીએ નાણાં કે વસ્તુ મોકલવાનું પત્રક; વસ્તુજાતની અને તેની વ્યવસ્થાની નોંધ.

ચિલનલ્લા ન. રાયબરેલી જિલ્લામાં ગંગા નદીને કિનારે આવેલ એ નામનું એક પ્રાચીન સ્થળ. આ સ્થળે ભરત ઋષિનો આશ્રમ હતો.

ચિલમિલ ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. એક મોટું જંગલી ઝાડ.
૩. સ્ત્રી. ખાળકોનો અવાજ.

ચિલભાજી સ્ત્રી. એક પ્રકારનો છોડ. વાડીઓમાં તે પોતાની મેળે ઊગે છે અને શાક તરીકે વપરાય છે.

ચિલમ ૧. [હિં.] સ્ત્રી. હોકાની ચલમ; હોકાનો એક ભાગ. તેમાં તમાકુ અને દેવતા રાખવામાં આવે છે.
ચિલમ ભરવી = (૧) કોઈની નોકરી કરવી. (૨) હોકાની ચલમ તૈયાર કરવી.
૨. સ્ત્રી. ખંજરી જેવું મોરથી વગાડવાનું વાજું.

ચિલમચટ ૧. વિ. એક જાતનો બહુ ખેંચીને ચલમ પીનાર. તેવાની ચલમ બીજાઓ પીવા લાયક રહેતી નથી.
૨. વિ. બહુ ચલમ પીનાર; ચલમ પીવાનું બહુ વ્યસની.

ચિલમચી ૧. [હિં.] સ્ત્રી. હાથ ધોવાનું વાસણ; જેના આકારનું એક જાતનું વાસણ.
૨. સ્ત્રી. હોકાની નીચેનો ભાગ.

ચિલમતંબાકુ સ્ત્રી. એક વખત હોકે ભરાય એટલી તમાકુ.

ચિલમન ૧. [હિં.] સ્ત્રી. મોટી ચાળણી.
૨. સ્ત્રી. વહેલ કરાની આડે રાખેલો વાંસ. કોઈ કોઈ વખત તેની સાથે માછલાં પકડવા માટે જાળ બાંધેલી હોય છે.
૩. સ્ત્રી. વાસની છોલનો પડદો.

ચિલમપોશ [ફા.] પું. ધાતુનું એક જાળીદાર ઢાંકણ. જે ચલમ ઉપર હોંકવાથી અગ્નિની ચિનગારી ઊડે નહિ.

ચિલમભરદાર પું. ચલમ તૈયાર કરનાર માણસ; હોકો પિવડાવનાર ખિદમતદાર.

ચિલમભરદારી ૧. સ્ત્રી. ચિલમભરદારનું કામ.
૨. સ્ત્રી. હલકો નોકરી.

ચિલમદીન [ફા.] પું. જીતના ખાડી પડેલા ખોખાના ભાગને ચામડું જડવું તે.

ચિલમલ [ફા.] સ્ત્રી. હોકાનો એક ભાગ. તેમાં તમાકુ અને દેવતા રાખવામાં આવે છે.

ચિલમીનક [સં.] પું. એક જાતનું માછલું.

ચિલમીલિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કીડી.
૨. સ્ત્રી. બલાનઃ પતંગિયું
૩. સ્ત્રી. પીજણી.

ચિલર સ્ત્રી. એક પ્રકારની વેલ. એ કાંબળ જેવી કાંટાવાળી હોય છે. તેમાં પીળાં ફૂલ આવે છે

ચિલવન ૧. [હિં.] સ્ત્રી. મોટી ચાળણી.
૨. સ્ત્રી. વહેલા કરાની આડે રાખેલો વાંસ. કોઈ કોઈ વખત તેની સાથે માછલાં પકડવા માટે જાળ બાંધેલી હોય છે.

ચિલવાર સ્ત્રી. એક જાતની માછલી.

ચિલવાઈ [હિં.] સ્ત્રી. ક્ષારવાળી જમીન.

ચિલવાંસ ૧. [હિં.] પું. પોંચાટ; અવાજ.
૨. પું. પક્ષીને પકડવાની જાળ.

ચિલસી [હિં.] સ્ત્રી. એક પ્રકારની તમાકુ. તે કલકત્તામાં બીનસરની આસપાસ બહુ થાય છે. એપ્રિલ માસમાં તેનું વાવેતર થાય છે.

ચિલહુલ [હિં.] સ્ત્રી. એક પ્રકારની નાની માછલી. તે સિંધ, પંજાબ, સંયુક્ત પ્રાંત અને બંગાળની નદીઓમાં મળે છે.

ચિલાન સ્ત્રી. બખ્તરની પાંખ.

ચિલાવું ૧. અ. ક્રિ. પીડાવું; દુઃખી થવું.
૨. અ. ક્રિ. વેદનાથી બૂમો પાડવી.

ચિલિ સ્ત્રી. ચાલી.

ચિલિક [હિં.] પું. ટેબો; સાંબો.

ચિલિચિમ [સં.] પું. એક જાતનું માછલું.

ચિલિચિમિ જુઓ ચિલિચિમ.

ચિલિમ [હિં.] સ્ત્રી. હોકાની ચલમ.

ચિલિસ્મા [સં. ચિલ્લ] સ્ત્રી. (હિંદી) એક જાતની માછલી, ચિલ્લકુલ માછલી.

ચિલ્લી ૧. સ્ત્રી. એક જાતની ભાજી. તેનો શાક તરીકે ઉપયોગ થાય છે. ખરોળ, ખર્જા, રક્તપિત્ત વગેરે દર્દ ઉપર તે અસરકારક મનાય છે.
૨. સ્ત્રી. દક્ષિણ અમેરિકાનો એ નામનો એક પ્રાંત. તે આખી દુનિયાને નાઇટ્રેટ્સનું ખાતર પૂરું પાડે છે.

ચિલ્લીમ [સં.] પું. એક જાતનું માછલું.

ચિલ્લુઆ ૧. [હિં.] પું. જૂ.
૨. સ્ત્રી. એક પ્રકારની ચળકતી પાતળી માછલી.

ચિલોત્રો પું. એક જાતનું પક્ષી. પક્ષીપરાયણતા એ આ પક્ષીની આકર્ષક વિશેષતા છે. પંખી માત્રના ગૃહસ્થાશ્રમમાં સંચલન કરી સંતાનોત્પાદન અને તે પછી સંતાન ઉત્પત્તિ તથા ઉછેરનો તમામ વ્યવસાય સૌ નરપંખી મહા ભાગે મૂકી દે છે. પણ ચિલોત્રો તે બાબતમાં અપવાદ છે. માદાની હારોહાર પરિવારના પોષણનો બોજો જતનપૂર્વક ઊપાડનાર અને પ્રભુ માદાની સેવામાં ઊભે પગે રહેનાર આ વિરલ પંખી છે. ઓદ્ભિજ્જનો તે ખરો હિમાયતી છે. પ્રજોત્પાદનનો આરંભ એનો સર્જાનાનાળા છે. મહા ઉંડાં મૂકવા તૈયાર થાય એટલે કોઈ સમતળ ઘાસવાળી જગ્યાની વિશાળ કાંધમાં બોદા ઘર જેવું ઊંડું કોતર એ જોખી કાઢે. એને તળિયે ક્રમે ક્રમે ચાર ઉંડાં મૂકો રહે એટલે માદાને હળવે હાથે એ ઘરમાં પધરાવી દે છે. નર એ ઘરનું બારણું આંકે. કોનું બાણ, બોદાં ગધેડાની લાદ, કાદવ અથવા દ્વાર ઉપર લીંપે. માદા ઇંડાની ગણ. ઉપરે આંક ગણ તેટલું ચિત્ર રહેવા દે. પછી માદાના ભરણપોષણનો વ્યવસાય આદરે. ચિલોત્રો કલાકારી છે. ગળાની ગળોલમાં સમાય એટલો કુલાકર લાવી માદાને બહુ જતનથી ખવડાવે. ઘરની અડોઅડ ચિત્રમાં આંક પરોવી બેસે. માદા મોં પટોળું કરે અને નરની ચાચમાંથી ખોરાક લેતી જાય. આવો ક્રમ આખો દિવસ ચાલ્યા કરે. કૂળ બીજાનાં કે હેરો બાનાં એ બાકનો નથી. એ પોષણના પરિશ્રમથી જેની કાયા અરધી થઈ જાય. બહુ દિવસને અંતે બચ્ચાં ઊડતા લાયક થતાં, ઘરનો ઘરવાળે તોડી અક્ષરશ: બે અદ્ભિનાનું કેદખાનું જોગવી કુળણી માદા એ જનાનખાનાનો ત્યાગ કરે અને નરની તપશ્ચર્યાનો અંત આવે. આ પંખીનાં રૂપરંગ અને બાંધણી અન્ય પક્ષીઓ જેવાં પણ જરાક કુરૂપ હોય છે, પણ એની વિચિત્રતા-જીતની આગમચ છે. પંખી માત્રને નિજ નિજ જીવનસહાયને અનુકૂળ કુદરતરાણી વિશિષ્ટ બાહ્ય બક્ષી છે. ચિલોત્રાની ચાંચ લાંબી, કઠોર, પહોળી અને નળી હોય છે. એ ઉપરાંત ચાંચના ઉપલા

પાંખિયાની ઉપલી ધાર ઉપર આડો પડેલો અને કેટલાકને લગભગ આંખ જેવડો જ લાગો એક મોટો અંડાકાર નરમાદા જોનેને હોય છે. મલબાર અને સિલોનમાં વસતા ચિલોત્રામાં આ તરત દેખાઈ આવે છે. ચિલાત્રાની બે જાત છેઃ (૧) વિશાળ ચિલોત્રોઃ તેની પાંખ સાડાચાર ફૂટ લાબી, માદા સહેજ નાની, આંખ ફરતા અંધારા આંગળા લાબી, પૂછડી હાયબરની અને પાંખોનો વિસ્તાર સાડાપાંચ ફૂટનો હોય છે. તેનું નિવાસસ્થાન હિમાલયની તળેટી, આસામ અને સહ્યાદ્રિનાં સિંદિમાળાના માદ જગલો છે (૨) ઝૂમરી ચિલોત્રાઃ તે આગળ જ બે ફૂટનો હોય છે. અરવલ્લીના પ્રદેશમા આબુ અને ઉદિરની તળેટીઓ તથા ગીર, રાજપીપળા અને ડોહદની વિસ્તીર્ણ વનસ્થલીઓ એનાં વિશસ્થાન છે. વડોદરા અને ગરોતરની વનરાઈમાં પણ એ વિચરે છે. આ ચિલાત્રાનુ સમગ્ર શરીર મેલા ભૂખરા રંગનુ, પાખો નાની, પૂછડી પખા આકારની, ચચમાં પીળા ભાંગ્યા, બાજુનાં પીળાં ઊતરતા ક્રમે ટૂંકા, પૂછડીની બાજુઓ પૂરી એક હાથ, આગ આર ઇંચ લાબી અને રંગે શિકારા જેવી હોય છે. અરિષ્યખંડ કે ખોટી આંખ ઠોર ઉપર લાબી અને એનો રંગ પણ આખ જેવો મેલો અને કાળો હાય છે. ગીરના ચિલોત્રાનાં પીળાં સુવરોમ ઉપર બારીક ભણાય છે. એ પંખી ૭ સાતની ઠોળીમા વડના ટેટા આવા પરોઢના પાચ કે ૭ વાગ્યે આવે છે. સંતાર્યને બેઠેલો માણસ બંદૂકથી તેને મારે છે. ગીરમાં એનુ મારેલું એક પંખી પાચ રૂપિયાનું મળે છે. તેનું માંસ કાઢી ખોખું રાખી મૂકે છે. જરૂર પડ્યે મરમ પાણીમાં પંખીને ઝબોળે અથવા તેનુ એકાદ પીછું નાખે છે. પાણી એથી લાલારા પકડે છે એક છીપ પાણી એમાથી સુવાવડી ઓને પાય છે અને બાકીના પાણીવા તેને નવડાવે છે. કયારેક તો આ પખીના એક નાના પીછાના પણ શિકારીને દશ રૂપિયા મળે છે. એના સજીવન શરીર કરતાં એનાં મૃત ચામમાંસની કીમત હારોબાર સોના જેટલી મનાય છે.

ચિલ્ડી [હિ.] સ્ત્રી. તડકો.

ચિલ્મ ન. તંતુઓનું બનાવેલું અભ્યતર.

ચિલ્મત [ફા. ચિલ્મહ] ન. અંબરાબુ; અભ્યતર.

ચિલ્યા [ફા.] પું. ચોઢાના અભ્યતર ઉપરની ચીટી.

ચિલ્લા [હિ.] પું. કોળની પાતળી પૂરી.

ચિલ્લાસ [હિ.] પું. મકોડો.

ચિલ્લમન [હિ.] પું. ચીસ.

ચિલ્લરા ૧. પું. રવિવાર.
૨. વિ. ચોપું; ફેટકું

ચિલ્લા ૧. [સં] પું. એક જાતનુ પક્ષી, સમડી.
૨. વિ. દુખતી આખવાળુ
૩. વિ. બીનું.

ચિલ્લાક ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું એક જાતનો કીડો; તમરુ.

ચિલ્લાટ (ચિલ્લટ) સ્ત્રી. મેલાં કપડાંમાં થતો જૂના જેવો એક બહુ નાનો સફેદ રંગનો કીડો. આ કીડો કરડવાથી શરીરમાં બહુ બળ આવે છે અને નાના નાના દાણા નીકળી આવે છે.

ચિલ્લાણ્ડા [પ્રા.] સ્ત્રી. (જૈન) કૌણિક રાજાની પટરાણીનું નામ.

ચિલ્લાભક્ષ્યા [સં.] સ્ત્રી. એક જાતનું સુગધી દ્રવ્ય; નખલો.

ચિલ્લા ૧. [ફા.] પું. ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનના ચાળીસ દિવસ. તેમાં ધર્મમાં રહીને ધાર્મિક ક્રિયા થાય છે
૨. [હિ.] પું. એક જાતની કોરેલી રોટલી; અડદ, મગ કે મઠાની બી ચોપડી કોરેલી રોટલી.
૩. પું એક પ્રકારનુ વનસ્પતી ઝાડ
૪ પું. ચાળીસ દિવસના ઉપોષણ અને ધ્યાનમગ્નતા.
ચિલ્લા ખેચવા = મસ્જિદ કે એકાંત જગ્યામાં એકોસાથે ચાળીસ દિવસ ઉપવાસ અને ભક્તિમાં પસાર કરવા.
૫. પું. ચાળીસ દિવસનું વ્રત; ચાળીસ દિવસ સુધી દાન કે કોઈ પુણ્યકામ કરવાનો નિયમ.
ચિલ્લા બાધવા = પ્રતિજ્ઞા લેવી.
૬. પું. ચાળીસ દિવસનો સમય.
૭. પું. ધનુષની દોરી.
૮. પું. પાઘડીની કોરમાં સોનેરી તાર.
૯. પું. કબરોને રહેવાની પવિત્ર જગ્યા.
૧૦. પું. બાળકના જન્મ પછીના ચાળીસ દિવસની પ્રસૂતા. આ વખતે એ ગદી હોય છે.

ચિલ્લાઈ સ્ત્રી. ખોબલું તે.

ચિલ્લાકે ન. મોટે અવાજે.

ચિલ્લાઝ [સં.] પું. ચોર; ઘંટીચોડો.

ચિલ્લાવું સ.ક્રિ. ઊચે સ્વરે બોલવું; બૂમ પાડવી; ચીસ પાડવી; અવાજ કરવો.

ચિલ્લાહટ [હિ.] સ્ત્રી. ચીસ; રાડ; અવાજ; બૂમ; શોર.

ચિલ્લિ [સં.] પું. ને બધાં વસ્ત્રોનો સમૂહ.

ચિલ્લિકા જુઓ ચિલિ.

ચિલ્લિકા [સં.] સ્ત્રી. તમરું; એક જાતનો કીડો.

ચિલ્લિર પું. એ નામનો એક દેશ.

ચિલ્લી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું શાક.
૨. સ્ત્રી. એક જાતનો કીડો, તમરુ.
૩. સ્ત્રી. ચટલી; ચીસ
૪. સ્ત્રી. મૂર્ખ માણસ.
૫. સ્ત્રી. વીજળી

ચિલ્લીક સ્ત્રી. ચીસની બાજ.

ચિલ્લૂ [સં. ચુલુક] પું. અંજલિ.

ચિલ્લૈ [હિ.] પું. કોળની પાતળી પૂરી.

ચિલ્લા પુ ઈંટ માથી પકવેલો પ્રાણી.

ચિલ્વન [હિ.] સ્ત્રી. પ્રકારા અટકાવવા માટેની બનાવટ અથવા પડદા.

ચિલ્વનો પું. સુરખો; બક.

ચિલ્વા સ્ત્રી. ગુદા.

ચિલ્વાઈ સ્ત્રી. કાદવ.

ચિલ્વાન [હિ.] પું. કરેડી.

ચિલ્હડ ન. એક જાતની વનસ્પતિ. તે વાલડ, કાકડ અને ગુમ કહેવાય છે.

ચિલ્હડ (ચિલ્હટ) [હિ.] સ્ત્રી. જુ.

ચિલ્હડાંસ ૧. ન. સમડીની બારીક ચીસ પાડવી તે.
૨. ન. સમડીનુ માંસ. તે બાવાથી બંધપણ બાવનુ હોવાનું કહેવાય છે.

ચિલ્હોરિ ૧. સ્ત્રી. પતંગ.
૨. સ્ત્રી. સમડી.

ચિવટાઈ સ્ત્રી. હાળજી રાખવી તે.

ચિવર ૧. ન. વસ્ત્ર.
૨. ન. વસ્ત્રાભૂષણ.

ચિવલી સોપારી સ્ત્રી. એક જાતની સોપારી.

ચિવાના [હિ.] પું. રમજાન.

ચિવિ [સં.] સ્ત્રી. હાડપગી.

ચિવિટ જુઓ ચિપિટ.

ચિવુ [સં.] ન. હાડપગી.

ચિવુક ૧. [સં.] પું. મુખનું હાડ.
૨. સ્ત્રી. હાડપગી

ચિવ્વા વિ. ચીકણું.

ચિવ્વડ (ચિવ્વ) ૧. વિ. ચીકણું; જે ઘરે નહિ તેવું; ભવડ; ચામડા જેવું; મુશ્કેલીથી છે ઘરે કે ભવાય એવું.
૨. વિ. ભખીલ; કંજૂસ.
૩. વિ. ખાવ પાવ લોભવું હોય તોપણ ખરચે નહિ તેવું.

ચિરટ

ચિરસ ૧. જી. કવી; કવિતા.
૨. જી. ખરચું કે બજારૂ જેવી કીમતી વસ્તુ
૩. જી. પ્રાપ્તિ.
૪. જી. વસ્તુ.

ચિરંતિયા સંપ્રદાય પું. એ નામનો એક પંથ. આ સંપ્રદાયના સંત મહીદીનના શિષ્ય અલિક મહમ્મદ જાયસીએ ઈ સ. ૧૫૪૦માં કબીરના ઉપદેશથી પ્રેરાઈ આત્મા અને પરમાત્માના સંબંધનું પદ્માવતી નામનું એક સુંદર રૂપક કાવ્ય રચ્યું છે.

ચિરંતિયા સૂરી પું. એ નામનો એક પંથ. આ સંપ્રદાયના ગુરુ ખ્વાજા અહમદ અબ્દુલ ચિરંતીએ દશમી સદીમાં તેનો પ્રચાર કર્યો. હિંદમા જો પડેલાં એ મત લાવનાર ખ્વાજા મુઈન અલ-દીન હતા..

ચિરંતી ૧. જી. મુસલમાનની એક અટક.
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. જિ. એ નામની અટકનું.

ચિરાં અ. ક વ. નકિયેરનાં ઝોતરાંના રૈયા.

ચિરૂંટ જિ. સુકાઈને કે દાઝીને ન ઝરિ તૂટે એવું થઈ ગયેલું; તેલ વગેરેના ક્યારાને લીધે ન મંજાય કે ન ચીકટ નીકળે એવું થઈ ગયેલું; સુકાઈને અક્કડ થઈ ગયેલું.

ચિરિત જ. ઢાંકણ.

ચિહરા [હા.] પું. બોકું; બહેરો.
૧. ચિહરા બનવો = બહેરાની હકીકત બનવી.
૨. ચિહરા બનાવવો = નામ ઠામ ઠેકાણું કરાવવું.

ચિહરાપટ્ટો જી. બહેરાની હકીકત બનવાનું પત્રક

ચિહલ [હા.] જિ. ચાળીસ

ચિહલકદમી ૧. જી. કરવું તે.
૨. જી. મુસલમાનોની ઇદ કરતી વખતે ચાળીસ પગલાં પાછા જઈને ફરીથી પાસે આવીને દુઆ ગુજારવાની રીત.

ચિહલતક [હા.] પું. ભખ્તર; કવચ.

ચિહલમનાર ૧. પું. ચાળીસ સાંબેલાવાળો મંડપ.
૨. જ. પર્સપોલીસ નામના નાશ થયેલા શહેરનું બીજું નામ.

ચિહલસુતૂન જુઓ ચિહલમનાર.

ચિહાઈ [હિ] જી. અગ્નિસંસ્કાર કરવાનું સ્થળ; સ્મશાન.

ચિહાર [હા.] જિ. ચાર.

ચિહ્ન જી. ચિંતા.

ચિહ્નીલકદમી જુઓ ચિહલકદમી.

ચિહુ જિ. (બા. મુ.) ચાર

ચિહુર [સં. ચિકુર] પું. (હિંદી) માથાના વાળ; કેશ.

ચિહ્લ [હિં.] પું. આનંદ.

ચિહુલી જી. રેશમી કાપડ.

ચિહ્લનો જી. ચબૂતરો; ગુંબજ.

ચિહુંકાઈ જિ. (બા. મુ.) ચારસો.

ચિહેલ [હિં.] જિ બીજું.

ચિહ્ન ૧. [સં] ન. આંકો; રેખા; અક્ષરો; બક્ષરો.
ચિહ્ન મૂકવું = આંકવું
૨. ન. ઓળખાવનારૂં લક્ષણ; વસ્તુ ઓળખાય એવું નિશાન.
૩. ન બહેરો; બિકલ.
૪. ન. આંક; બિલ્લો; છાપ.
૫. ન. ઢાપ; ડાબ; કોઈ જાતનો ડાપ કે ધાબુ; મૂળમાં વગેરેથી પડેલી રહેલો ડાપ
૬. ન. નિશાની; અંકિતનું પરિક્રમ બતાવનારી નિશાની. જેમકે, +, −, ×, ÷, =, ≡, <, >.
૭. ન. પતાકા; ધ્વજ
૮. ન. પ્રતિકાસૂચક નિશાન.
૯. ન. પ્રતીક; સંકેત.
૧૦. ન. ભાલુ.
૧૧. ન. કેપ.
૧૨. ન. ચિહ્ન
૧૩. ન. વિરામો લેવાની નિશાનીઃ વિરામચિહ્ન.
૧૪. ન. (વૈદક) બાધિસૂચક કરકોઈ નિશાની અથવા લક્ષણ. તેના સ્વાભાવિક, પ્રાકૃતિક, પદાર્થાભાવ, સ્વાર્થભાવ, પૂર્વ અથવા ગુપ્ત, નિર્જીવાત્મક, પરિણામાત્મક, ઉપચારાત્મક, આમ ચિહ્ન એવા પ્રકાર છે. તે વડે દર્દનું નિદાન થઈ શકે છે.
૧૫. ન. હાથ હલાવવાના ખાસ માંહેનો એક પ્રકાર.

ચિહ્નકસ્તંભ પું. નિશાની બાતર ખોડેલો સ્તંભ; દાટેલ ધન વગેરેની નિશાની બાબત બાતર ખોડેલો સાંબલો.

ચિહ્નકારી ૧. [સં. ચિહ્નકારિન્] જિ. નિશાન કરનાર.
૨. જિ ભયંકર; ઘોર દેખાવનું.

ચિહ્નચિંતામણિ પું. સ્વામીનારાયણ સંપ્રદાયમાં નિષ્કુળાનંદ મુનિકૃત એ નામનો પદ્યાત્મક ગ્રંથ. તેમાં ઊર્ધ્વપુંડ્રકમાંનાં ચિહ્નોનો મહિમા કહ્યો છે.

ચિહ્નદર્શક [સં] જિ. નિશાની દર્શાવનાર.

ચિહ્નદર્શકવેશ [સં.] પું. સમવેશ; સમાન પોશાક; એકરૂપ વેશ.

ચિહ્નધારિણી [સં.] જી. શ્યામા નામની લતા; પ્રસારણી; ઉપસરી.

ચિહ્નધારી [સં ચિહ્નધારિન્] જિ. ચિહ્ન ધારણ કરનાર; નિશાનવાળું.

ચિહ્નનિરપેક્ષ [સં.] જિ. (ગણિત) નિશાની બાનમાં ન લેવાયી વસ્તુ; 'એબ્સોલ્યૂટ'.

ચિહ્નનિરપેક્ષમૂલ્ય ન. (ગણિત) કોઈ પણ રાશિના ધર્મ કે ચિહ્ન ઉપર લક્ષ નહિ આપતાં સ્વતંત્ર રીતે વિચારેલ રાશિનું પરિમાણ; કોઈ પણ પરિમાણનું ધન અથવા ઋણ ચિહ્ન હોય તે તરફ ન જોતાં તેનું માત્ર સંખ્યાત્મક મૂલ્ય.

ચિહ્નપ્રદર્શન [સં.] ન. ચિહ્ન બતાવવું તે.

ચિહ્નભેદ [સં.] પું. ચિહ્નનો પ્રકાર.

ચિહ્નભેદવાદી [સં. ચિહ્નભેદવાદિન્] પું. ચિહ્નભેદમા માનનાર માણસ.

ચિહ્નલ [સં.] પું. એ નામનું એક પહાડી વૃક્ષ.

ચિહ્નલિપિ [સં] જી. મિસર દેશની એ નામની એક લિપિ.

ચિહ્નવું જ. ક્રિ. ખાવું.

ચિહ્નસ્તંભ જુઓ ચિહ્નસ્તંભ.

ચિહ્નાર પું. ઓળખીતો માણસ.

ચિહ્નારી જી. ઓળખાણ.

ચિહ્નાંતર ૧. [સં.] ન. (ગણિત) ચિહ્નોની ફેરફારી; ચિહ્નને ઊલટું કરવું તે; વત્તાને બદલે ઓછા અને ઓછાને બદલે વત્તા કરવું તે; 'ચેન્જ ઑવ સાઇન્સ'.
૨. ન. બીજી નિશાની; અન્ય ચિહ્ન.

ચિહ્નિત ૧. [સં] જિ ચિહ્ન કરેલ; નિશાનીવાળું; અંકાયેલું; અંકિત.
૨. જિ. છાપ મારેલું; મુદ્રિત; લાંછિત.
૩. જિ. ડાઘવાળું.
૪. જિ. પ્રસિદ્ધ; જાણીતું.
૫ જિ. ભાંખેલું.

ચિહ્નિતનામા જ. જગીનની ચતુર્દિશા બતાવી તેનું કરાતું સ્પષ્ટીકરણ.

ચિહ્નુવું જિ. ચાવવાનું.

ચિહ્નૂ ૧. [હિં.] પું. મસ્તક; કંપ.
૨. પું. ચામડાનો કટકો.

ચિહ્નૂવું જિ. આનંદ કરતું; ગીતો ગાતું.

ચિહ્નૂમ [હા.] જિ. ચાળીસમું; મુસલમાનોમાં મરી ગયા પછી કરાતી ચાળીસમાની ક્રિયા.

ચિંગટ ૧. પું. એક જાતનું ગાબડું.

૨. વિ. કંજૂસ; અખીલ.
૩. વિ. ચાપચીપિયું; ચોકણું.
૪. વિ. ચાદી જાય તેટલું ખેર કરતુ.
૫. વિ. ધીમુ.
૬. વિ. મીંદુ.

ચિગડ (ચિમડ) જુઓ ચિમટ.

ચિગડી (ચિમડી) સ. એક જાતનુ દસ પગવાળુ જંતુ; એક જાતની કોમલતામાં રહેતી માખી.

ચિગની [હિં.] સ્ત્રી. મુરલી.

ચિંગલપીઠ સ. એક પક્ષી. ત્રિકકુકુભમ્ ગામ પાસે એક નાના પર્વત ઉપર વેદગિરીશ્વરનું મંદિર છે. તેની પાસેના એક ખાડાને પક્ષીતીર્થ કહે છે. અહીં દરરોજ બપોરે બાર વાગ્યાને સુમારે મંદિરના પૂજારી ખીર જેવું ભોજન એક વાટકામાં બહાર મૂકે છે. તે વખતે બે પક્ષી આજુબાજુમાંથી ઊડી આવી તે ક્ષીર ભોજન કરી જાય છે. આ પક્ષો કઈ તરફથી આવે છે અને કયાં જાય છે તેની કોઈને ખબર પડતી નથી. આ પક્ષીને બ્રહ્મા, શૈવો નાગમણ્યસ્વરૂપ માને છે. આ પક્ષો વિષે એવી કથા છે કે પ્રજાપ જાપિતા આઠ પુત્રો પાથિવ સુખ માટે તપશ્ચર્યા કરતા હતા ત્યારે શંકર ભગવાને પ્રગટ થઈ તેમને પૂછયું તો તેઓ જૂઠું બોલ્યા કે અમો મોક્ષ માટે તપ કરીએ છીએ. જૂઠું બોલવાના ગુનાહને લીધે કઠ કઠ જેવો અવાજ તેમના ગળામાંથી થવા લાગ્યો, ત્યારે શંકરે તેમને શાપ આપ્યો કે તમો જૂઠું બોલો છો માટે બોલવા તેવી વાણી બોલનાર પક્ષીયોનિમાં તમારો જન્મ થશે. આ શાપનું શમન થવા તેઓએ ખૂબ પ્રાર્થના કરી ત્યારે શંકર ભગવાને કહ્યું કે તમે દરરોજ કાશીમાં સ્નાન કરી રામેશ્વરમાં દર્શન કરજો અને પક્ષીતીર્થમાં ભોજન કરી ચિત્રકૂટમાં શયન કરશો, દરેક યુગે જાજો પક્ષીનો મોક્ષ થશે. આમ ત્રણ યુગમાં છ પક્ષી મોક્ષ પામ્યા અને બે બાકી છે.

ચિંગા [હિં.] પું. મુરબો.

ચિંગાટ વિ. ચિમટ; ચાપચીપિયું.

ચિંગારી સ્ત્રી. દેવતાનો કણ; તણખો; સ્ફુલિંગ. ચિણગારી; જીવતા કોયલાની કરચ.
૧. ચિંગારી નાખવી = કુસંપનાં બી વાવવાં
૨. ચિંગારી લગાડનાર = ખરાબ હેતુથી તણખો મૂકનાર; કજિયો કરાવનાર.

ચિંગા સૂવું અ. ક્રિ. બળવત હોવા છતાં ઊંચામાં હોવાનો ડોળ કરી ચાલ્યા કરવું; આબરૂદાર કરવી; ખોટું ઊંચવું.

ચિંગી ૧. સ્ત્રી. દુષ્ટ વાસના.
૨. [હિં.] સ્ત્રી. દેવતાનો કણ; તણખો.
ચિંગી ઝરવી = સળગવું.

ચિંગાસ જુઓ ચિમૂસ.

ચિંગું જુઓ ચિંગુસ.

ચિંગુંસાઈ સ્ત્રી ચિંતાસિવાવેડા; કંજૂસાઈ; પાછાપડું.

ચિંગૂલક સ. કરેણના ફૂલના આકારનું અરબજાત-સ.

ચિંગુસ ૧. વિ. ચિંતાર્ક જનાર; ચોંટિયું.
૨. વિ. કૃપ; ભુચ્ચુ.
૩. વિ. ધીમુ; કામમાં ઢાઢુ.
૪. વિ. બહુ કરકસરિયું; બહુ આનાકાની કરનારું; કંજૂસ સ્વભાવનું; અખીલ; ચીકણું.
૫. વિ. મીંદું; ઝટ બોલી દે કે વાત કાઢી આપે નહિ એવું.

ચિંચણક જુઓ ચિંગૂલક

ચિંચોટ સ. એક જાતનું દરિયાઈ માછલું. તે બે ટચથી વધારે હોતું નથી. રંગે ઝાંખું નીલાશ પડતું હોય તે ઉપર ઝાંખરા રંગનાં ટપકાં હોય છે અપાં બજારમાં પક્ષીઓનો તે બહુ ખાઈ પડે છે

ચિંચોડી સ. ચંગોટી; ચોડ; આગે ચોટે ચોટવું તે.

ચિંચોડ (ચિંચોડ) [હિં.] સ્ત્રી ચીસ.

ચિંચોડ (ચિંચોડ) [સં. ચિત્કાર] સ્ત્રી. હાથીની ચીસ

ચિંચ ૧ [સં.] સ્ત્રી. આમલીનું ઝાડ. તેનું લાકડું કોઈની કામમાં વપરાતું નથી
૨. સ્ત્રી. આમલીનું ફળ; કાતરો; આંબલી.

ચિંચલાવવું સ ક્રિ. ચિંચકરવવું; દબાવડાવવું. ચમરમાવવું; કબૂલાવવું; ત્રાંજવાનું પાણી બનાવવું; રેખાદીને ન આપવું અને તે લેવા છતા બનાવવો

ચિંચવાવવું જુઓ ચિંચલાવવું.

ચિંચવાવું સ ક્રિ. દબાવવું; દટાવું; કચવું.

ચિંચા ૧. સ્ત્રી. આંબલિયો.
૨ સ્ત્રી. આમલીનું ઝાડ.

ચિંચામ્લ ૧. [સં.] પું. એક જાતનું ખાટું ગાઢ
૨. ન એ નામની દવા: 'ટાર્ટરિક ઍસિડ'.

ચિંચાસાર [સં.] પું. એક જાતનું ઝાડ.

ચિંચિકા ૧. સ્ત્રી. આંબલી.
૨. [સં.] સ્ત્રી. અબોડી.

ચિંચિક્ય સ. ચિંચિ; એ પ્રકારનો અવાજ.

ચિંચિણી ૧. પું. ચકલાના જેવો અવાજ.
૨. ન હંસોપનિષદમાં જણાવેલું એક પાપ
૩. ન ચ ગ. ચકલાં.

ચિંચિના વિ. આડું; ચીડિયું.

ચિંચિરી સ્ત્રી. એક જાતનો છોડ.

ચિંચિલ્લા સ્ત્રી. બિલી અને પેરૂ દેશમાં રહેતું બિસકોલી જેવું ફોતરનારું પ્રાણી. ઘરમાં તે પુષ્કળ જગ્યામાં રહે છે. તેના કાન મોટા અને પગોના ડોપ છે. એના ચામડાના સરસ કપડા બને છે

ચિંચિ સ. ચિંચિ એવો અવાજ; ચકલી વગેરેનો બોલવાની જેમ.
ચિંચિ કરવું = (૧) ચૂપ કરવું; કોઈ પણ બોલવું. (૨) બીજો ને ત્રીજો દુઃખનો અવાજ કરવો.

ચિંચી [સં.] સ્ત્રી. અબોડી; ગુંજા.

ચિંચુ સ્ત્રી. આમલી; ચિંચા.

ચિંચુરડી ચાંગી સ. એક જાતની ઊભી ભોંયરીંગણી

ચિંચો પું. આંબલિયો; ચિંચોડો

ચિંચોડામૂળ (ચિંચોડામૂળ) સ. એક જાતનો તેજનો.

ચિંચોડા (ચિંચોડા) પું. એક જાતનું ઝાડ.

ચિંચોઠો જુઓ ચિંચો.

ચિંટિયો પું. ચોંટિયો.

ચિંઢી [હિં.] સ્ત્રી. નાની ઢીંઢી.

ચિંડાલ ૧. પું. ચાંડાલ અને કસાઈ જાતિની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ સંતાન; ચાંડાલકર સંતાન; ત્રિનાળના પેટનું છોકરું.
૨. પું. મારો; ફાંસી દેનાર.
૩. પું. ક્રુરતો કે દુષ્ટ માણસ.
૪. પું. લોભિયો કે કંજૂસ માણસ.
૫. પું. કલકત્તામાં વસતો હિંદુ જાતિનો માણસ; અટપૂરસ. તેનો ધંધો ચાદરી અને ટોપલી બનાવવાનો હોય છે. તેઓને સ્મશાન ઉપરનો પગરો હોય છે.
૬. વિ. અતિ દુષ્ટ.

ચિંડાસ ૧. પું. ચાર ભાઈનાં વાસણ સાથે જોડાયા હોય એવુ રમકડું.
૨. પું. બે વાંસપ્રવાળી પાલખી.

ચિંત [સં.] સ. ક્રિ. (ધાતુ) વિચારવું; યાદ રાખવું. તે ઉપરથી બનેલ શબ્દો: ચિંતન; નિશ્ચિંત; ચિંતા; ચિંતનીય; ચિંતક; ચિંતિત; અચિંત્ય.

ચિંત [સં.] સ્ત્રી. ચિંતના; ચિંતા; ધ્યાન; વિચાર; ફિકર

ચિંતક ૧. [સં.] પું. વિચારક; ફિલસૂફ.

૨. વિ. ચિંતનાર; વિચારનાર; મનન કરનાર; કલ્પક; ભાવ કે કલ્પના કરનાર; ધ્યાન લગાવનાર; ચિંતન કરનાર.

ચિંતકવૃત્તિ [સં.] સ્ત્રી. વિચાર કે મનન કરવાનું વલણ.

ચિંતન ૧. [સં.] ન. ઓકચિત્તથી ભક્તિ કરવી તે.

૨. ન. ચિંતા.

૩. ન. ચિંતા કરેલ વિચાર.

૪. ન. ધ્યાન; વિચાર; મનન; ધારવું તે.

૫. ન. શુદ્ધિના બાર ભાંડેનો ઓક પ્રકાર.

૬. ન. વિવેચન, વિવેચના; વિચાર.

૭. ન. સ્મરણ; યાદ; ધારણા.

ચિંતનજેવું વિ. વિચારથી ભરેલ.

ચિંતનપર વિ. ધ્યાનમગ્ન.

ચિંતનપરતા [સ.] સ્ત્રી. ધ્યાનમગ્ન હોવાપણું.

ચિંતનપરાયણતા જુઓ ચિંતનપરતા.

ચિંતનભર્યું વિ. ચિંતન કરવાના સ્વભાવવાળું.

ચિંતનરૂપ વિ. વિચારવાળું; ધ્યાનમગ્ન.

ચિંતનલહર સ્ત્રી. વિચારની ચૂસ્કણ; વિચારવમળ.

ચિંતનશક્તિ [સં.] સ્ત્રી. ચિંતન કરવાની શક્તિ.

ચિંતનશાલી [સં ચિંતનશાલિન્] વિ. વિચાર કરનાર.

ચિંતનશીલ [સ.] વિ. મનનશીલ; ચિંતન કરવાની ટેવવાળું; વિચાર કરતું; જ્ઞાની.

ચિંતના ૧. [સ.] સ્ત્રી. ચિંતન; ધ્યાન; સ્મરણ.

૨. સ્ત્રી. ચિંતા.

૩. સ્ત્રી. વિચારવું તે.

ચિંતનાત્મક ૧. [સં.] વિ. વિચારપ્રધાન; મનનાત્મક; નિર્દિધ્યાસનપ્રધાન; વિચાર કે મનનથી ભરેલું.

૨. વિ. વિચારવા જેવું.

ચિંતનિકા ૧. સ્ત્રી. ચિંતન; ચિંતવું તે; મનન; ધ્યાન.

૨. સ્ત્રી. ધારણા; યાદ; સ્મરણ; વિચારણા.

૩. સ્ત્રી. વિચાર, વિવેચના; વિવેચના.

ચિંતની ૧. સ્ત્રી. રૂપવતી નવયૌવના સ્ત્રી.

૨. જુઓ ચિંતનિકા.

ચિંતનીય ૧. [સં.] વિ. ચિંતવા યોગ્ય; વિચારવા યોગ્ય; મનન કરવા જેવું; યાદ કરવા યોગ્ય.

૨. વિ. ધ્યાન કરવા યોગ્ય; ચિંતન કરવા જેવું.

૩. વિ. ફિકર કરવા યોગ્ય.

ચિંતવન ૧. [સં.] ન. ધ્યાન; ચિંતવન; વિચાર કરવો તે; મનન; ચિંતન.

૨. ન. મનોરથ.

૩. ન. વિવેચન; વિચાર; વિવેચના.

૪. ન. સ્મરણ, યાદ; ધારણા.

ચિંતવના સ્ત્રી. ભાવના.

ચિંતવવું ૧. સ. ક્રિ. ધ્યાન ધરવું.

૨. સ. ક્રિ. મનન કરવું; વિચારવું.

૩. સ. ક્રિ. યાદ કરવું, સંભારવું.

ચિંતવું ૧. [સં. ચિંત્ (વિચારવું)] સ. ક્રિ. ધારવું; વિચારવું; મનન કરવું; મનમાં ઘુંચવું; કલ્પવું, ભાવ કરવો.

૨. સ. ક્રિ. યાદ કર્યા કરવું; સ્મરવું, સંભારવું.

ચિંતા ૧. [સં.] સ્ત્રી. દર્શનસંબંધમાવનાનો ઓક ભેદ.

૨. સ્ત્રી. ધ્યાન; ચિંતન; ધારણા; ચિંતવું તે; વિચાર.

૩. સ્ત્રી. મનનો ગભરાટ; ઘાસ્કો; ફિકર; ચિત્તની અસ્વસ્થતા, બેચેની; ધાસ્તી; શોક.

૧. કોઈ ચિંતા નહિ = કશી પરવા નહિ; જરૂરનું નથી, ફાકર ગાકરો, ફિકર નહિ, એવા અર્થમા એ વપરાય છે.

૨. ચિંતા કરવી = ફિકર કરવી.

૩. ચિંતા ચિંતા સમાન = ચિંતા મરણ કરતાં પણ બૂરી છે.

૪. ચિંતા વળી – ફિકર થવી; દુઃખની બાબતને લીધે બદકવું.

૪. સ્ત્રી. ભ્રમતા.

૫. સ્ત્રી. બ્રહ્મચારીગુણનો ઓક ભેદ.

૬. સ્ત્રી. સમરીબાનો ઓક પ્રકાર.

૭. સ્ત્રી. સંભાળ.

૮. સ્ત્રી. સ્મૃતિ.

ચિંતાકવિણી [સં.] સ્ત્રી. ઓ નામની ઓક દેવી.

ચિંતાકુલ [સં.] વિ. ચિંતાથી ભ્રમ થયેલ; બાકુળવ્યાકુળ થયેલ; ગભરાયેલ; ફિકરમદ.

ચિંતાકુળ જુઓ ચિંતાકુલ.

ચિંતાક્રાંત [સં.] વિ. ચિંતાતુર; ચિંતાથી ઘેરાયેલ; બાધિગ્રસ્ત.

ચિંતાગ્નિ ૧. [સં.] પું. બળી ચિંતા; બળી જ ફિકર.

૨. પું. ચિંતારૂપી અગ્નિ.

ચિંતાગ્રસ્ત [સં.] વિ. ચિંતાથી ઘેરાયેલ; શોકાતુર; બાકુળ; ચિંતામગ્ન.

ચિંતાચક્રિત [સં.] વિ. ચિંતા તેમ જ આશ્ચર્યયુક્ત.

ચિંતાચક્ર [સં.] ન. ચિંતા કે માનસિક દુઃખનું ચક્ર; ફિકરનો ચકડોળ.

ચિંતાચિંતોડ (ચિંતચિંતોડ) [તે.] ન. આંબલીનું ઝાડ.

ચિંતાચૂરણી વિ. સ્ત્રી. ચિંતાને ચૂર્ણ કરનારી.

ચિંતાજન્ય [સ.] વિ. ચિંતાથી ઉત્પન્ન થયેલ.

ચિંતાજાગરણ ન. ચિંતાને લીધે ઉજાગરો થવો તે.

ચિંતાજ્વર [સં.] પું. ચિંતાનો સંતાપ.

ચિંતાળી સ્ત્રી. ચિંતવન; વિચાર; મનન.

ચિંતાતુર [સં.] વિ. ચિંતાથી ગભરાયેલ; ચિંતાગ્રસ્ત; ફિકરમદ; ચિંતાથી પીડાયેલું; ફિકરવાળું; ચિંતાથી આકુળવ્યાકુળ બનેલું.

ચિંતાપર ૧. વિ. ચિંતવાળું.

૨. વિ. વિચારવાળું.

ચિંતાપૂર્ણી ૧. સ્ત્રી. ઓ નામની કુમરમાળ.

૨. ન. ઓ નામની કુમરમાળ ઉપર આવેલું ચિંતાપૂર્ણી નામનું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ. આ સ્થળ પંજાબના હોશિયારપુર નામના જિલ્લામાં આવેલું છે. અહીં સંતુ આકારની પિંડમૂર્તિની પાછળ છિન્નમસ્તાની છબી અથવા ચિત્ર મૂકવામાં આવે છે. આ દેવળ છિન્નમસ્તાના દેવળના નામથી પણ પ્રસિદ્ધ છે.

ચિંતાભાર પું. ચિંતાનો બોજો.

ચિંતામણિ ૧. [સં.] પું. ઇષ્ટદેવ; અલૌકિક પરમેશ્વર.

ચિંતામણિ કરવા = ગુરુની નિત્ય નિયમથી ઓક રીતે પૂજા કરવી; માટીના લિંગ બનાવી તેમની સેવા અને અરાધના કરવી.

૨. પું. (જ્યોતિષ) ઓ નામનો ઓક યોગયોગ.

૩. પું. ઓ નામનો ઓક સાપ.

૪. પું. ઓક કલ્પિત રત્ન; જે માગીએ તે પ્રાપ્ત કરાવે એવી ઓક અદ્ભુત ચીજ; કૈંત સ્વર્ગમણિ, ચિંતવેલું આપે તેવો મણિ; દિવ્ય રત્ન. એમ કહેવાય છે કે અમરપક્ષ, ચિંતામણિ અને કામધેનુ ગાય એવી ચાલે છે કે તેમની પાસેથી જે જે ઇચ્છીએ તે તે બધું મળે જ.

૫. પું. ઓક જાતનો અતિવાદળી ઘોડો.

૬. પું. (વૈદક) ઓક જાતનો રસ. તે પારો, ગંધક, અબરક અને અજમોદના યોગથી બને છે.

૭. પું. કેક ઉપર ભમરીવાળો ઘોડો.

૮. પું. ગણપતિ; ગણેશ; સંતપુરુષ અનુસાર ઓક ગણેશ. તેણે મણિને લાં બ્રહ્મી આપ્યું નામના રૈત પાસેથી ચિંતામણિ રત્નનો ઉદ્ધાર

કર્યો હતો, કે જે તેણે કપિલ પાસેથી છીનવી લીધો હતો.
૯. પું. ઘોડાના ગળા ઉપરની ભમરી.
૧૦. પું. તે નામે એક બૌદ્ધ સાધુ.
૧૧. પું. તે નામે સરસ્વતી દેવીનો એક મંત્ર.
૧૨. પું. ઢાલનો પૂરક.
૧૩. પું. બુદ્ધદેવ.
૧૪. પું. બ્રહ્મા.
૧૫. પું. વિષુવાંશ ૨૩°થી ૨૪૫ અને ઉત્તરાંતરાંશ ૧૫થી ૪૦માં આવેલા ઉત્તરમુખ્ય તારામંડળમાં આવેલો એક તારો
૧૬. પું. સ્પર્શમણિ. તેના સ્પર્શથી લોઢું સોનું બને એમ કહેવાય છે.
૧૭. સ્ત્રી. તે નામની સિદ્ધમંત્રણાને મળેલી વેરણ સ્ત્રી.

ચિંતામણિચતુર્મુખ [સં.] ન. (વૈદક) એ નામનો એક રસ. તેની બનાવટ આ પ્રમાણે છે: રસસિંદૂર બે તોલા, અભ્રક ભસ્મ બે તોલા, લોહ ભસ્મ એક તોલો, સુવર્ણ ભસ્મ અરધો તોલો એ બધાને કુંવારના રસમાં ખલ કરી બબ્બે પહોરની ગોળી કરવી. આ રસ પૌષ્ટિક છે તેથી તે જીર્ણ, જૂનું, ઉપરસ, અપરમાર અને મગજની નબળાઈમાં વધુ કામનો છે. સાન્નિપાતજ્વરમાં જેની અંદર અતિમતિનો ભ્રમ થયેલો હોય છે તેવાં દર્દીમાં આ રસ વાપરવો યોગ્ય મનાય છે. તેની માત્રા ૧ રતી છે.

ચિંતામયજ્ઞાન [સં.] ન. મહાવાક્યથી ઉત્પન્ન થયેલું, સર્વધર્મોત્મક વસ્તુને પ્રતિપાદન કરનાર, અનેકાંતવાદવાળું, અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળાને ગમ્ય અને જગમાં તેજના સિંદુની જેમ વિસ્તાર પામતું જ્ઞાન

ચિંતામુક્ત [સં.] વિ. ચિંતાથી દૂર; ફિકર વિનાનું.

ચિંતાયક પું. મહાપતિ; મંદિરનો સર્વાધિકારી.

ચિંતાયુક્ત [સં] વિ. ચિંતાવાળું.

ચિંતાર્ણવ [સં.] પું. ચિંતારૂપી દરિયો; ભાર વગરની ફિકર; બહું માનસિક દુઃખ; બહુ ચિંતા.

ચિંતાવસ્થ [સં.] વિ. ચિંતાને વશ થયેલું; ચિંતાગ્રસ્ત; ફિકરમાં ફસાયેલું.

ચિંતાવાન ૧. [સં. ચિંતાવત્] વિ. ચિંતાવાળું. ૨. વિ. વિચારમગ્ન.

ચિંતાવિલીન [સં.] વિ. ઉપાધિમુક્ત; ચિંતાવગર.

ચિંતાવેશ્મ [સં. ચિંતાવેશ્મન્] ન. મંત્રણાગૃહ. જ્યોષ્ઠક; સલાહ કરવાનું સ્થાન; વિચાર કરવા માટેનું ઠેકાણું.

ચિંતાશીલ [સં.] વિ. ચિંતા કરવાના સ્વભાવવાળું. ફિકરમંદ

ચિંતાહર [સં.] વિ ચિંતા હરનાર

ચિંતાહારી ૧. [સં. ચિંતાહારિન્] પું. પરમાત્મા. ૨. વિ. ચિંતા ઓછી કરનાર.

ચિંતિ ૧. [સં.] પું. એ નામના દેશનો નિવાસી. ૨. પું. બૌદ્ધિક સમયનો એક દેવ.

ચિંતિત ૧. [સં.] ન. ધારણા. ૨. ન. વિચાર. ૩. વિ. ચિંતાયુક્ત. ૪. વિ. ચિંતેલું; વિચારેલું; મનન કરેલું. ૫. વિ. ધારણા કરેલ. ૬. વિ. બોલેલું; બોલેલું. ૭. વિ. અપરિચિત.

ચિંતિની [સં. ચિન્તિન્ + ઈ] સ્ત્રી ચતુર, સુંદર, મૃગનયન અને ચિત્રા જેવા મનોહર મુખવાળી સ્ત્રી

ચિંતોક્તિ [સં.] સ્ત્રી. ચિંતા કરેલું વચન, ચિંતામાં કહેવું તે.

ચિંત્ય ૧ ન અગારીય માટેનું એક સૈવાત્મક ૨. વિ. માન્ય, સત્ય; સ્વીકારવા યોગ્ય; ધ્યાનમાં લેવા જેવું. ૩. વિ ચિંતન કરવા જેવું; મનનીય; ભાવનીય; વિચારણીય. ચિંતનીય ૪ વિ. ધારવા લાયક; ધ્યાનમાં લેવા જેવા. ૫. વિ. બુદ્ધ કરેલ. ૬. વિ. સંદેહ કરેલ; શંકાસ્પદ.

ચિંત્યદ્યોત ૧. [સં.] પું. તે નામનો એક દેવ ૨. પું. તે નામે એક દેવજાતિ

ચિંત્યવું સ. ક્રિ. વિસ્તાર કરવો.

ચિંત્વન ૧. ન. અભિપ્રાય. ૨. ન. ધ્યાન; વિચાર; કલ્પના. ૩. ન. યાદ કરવું તે; ધારણા.

ચિંથરમ ૧. ન. ચાંદા; ભિક્ષો. ૨. ન. નિશાની. ૩. ન. નિશ્ચય; ભરોસો.

ચિંથનવું સ. ક્રિ. ખોળખવું.

ચિંપાજી [અં. સિંપૅન્ઝી] પું. એક જાતનો મનુષ્યને બહારે મળતો આબનો વાંદરો; આફ્રિકા જોનિમો અને મલબાર દ્વીપકલ્પોમાં વસતો એક વનમનુષ્ય. તેની આકૃતિ મનુષ્યને બહુ મળતી આવે છે. તેનું શિર ઉપરથી ચપટું અને ગોળ, ભોંય બહુ પહોળું, કાન મોટા અને ઊભા, નાક ચપટું અને શરીરના વાળ ઝાંખા અને મોટા હોય છે. તેના શિર, ખભા અને પીઠ ઉપર વાળ બહુ અને પેટ તથા છાતી ઉપર બહુ ઓછા હોય છે. મોઢા ઉપર વાળ હોતા નથી. તે ઝૂંડમાં વસે છે. તેને પૂછડી હોતી નથી. ચોરીબા કરતાં તે નાનો હોય છે. તે ઝાઝે જ ઊભો રહી શકે છે

ચિંપાંઝી જુઓ ચિંપાજી.

ચિંબાંઝી જુઓ ચિંપાજી.

ચિંબુક [સં.] પું. હડપચી.

ચિંબુર ન એક જાતનું ઘાસ.

ચિંમ્બે પું. સીસમનાં પ્રકારનું; 'ડેલ્બર્ગિયા ફ્રોસેટ'.

ચિંમળવું સ. ક્રિ ચિમ્બોળવું; બરડવું.

ચિંહ ૧. સ્ત્રી. આર્તનાદ; દુઃખનો પોકાર. ૨. સ્ત્રી. ભય; ત્રાસ; બીક; પોકાર.

ચિંહા સ્ત્રી. ખોળખાંખ; પિછાન.

ચિંહાર [સં.] સ્ત્રી. ખોળખાંખ.

ચિંહારી જુઓ ચિંહાર.

ચિંહિત વિ. જાણેલ

ચિંહુક અ. બીક પાડે તેમ; ભય પાડે તેમ.

ચી ૧ [સં] અ. જુઓ; પશ્ય. વળી. જોઓ, તથા ઓદમે તે જુઓ.
૨. અ. તો એવા અર્થવાળો પ્રત્યય.
૩ અ. અપૂર્ણતાવાચક પ્રત્યય.
૪ [ગુ.] અ. બાધું એવો અર્થ બતાવનાર નામને લાગતો એક પ્રત્યય. જોઓ, મસાલચી, તબલચી

ચીઉં ન સરસ્વજનનું બી.

ચીકોડા (ચીકણા) પું. પીવા; પીંજા.

ચીકોંડા [સં.] સ્ત્રી. મોટી કાણી કીડી.

ચીકોંડી [સં.] સ્ત્રી. નાની કીડી

ચીઝો ૧. પું એક પ્રકારની વનસ્પતિ; એક જાતનું ઘાસ. એના મૂળને મોથ કે નાગરમોથ કહે છે. તે દવામાં વપરાય છે.
૨. પુ. કાચો કાગળ પદાર્થ
૩. પું. ચિચોડો; અત્યંતનું બી, કચૂકો.

ચીઝોડ (ચીકોટ) ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક પેટા જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ચીઝોતી [સં.] પું. નખથી બનાવું તે.

ચીક ૧. પું. ચેપ; રસી
૨ [સં. ક્ષીર] પું. ઝાડના પાન, ડાળખી અને ફળ વગેરેમાંથી નીકળતું ચીકણું પાણી કે દ્રવ; ચીલ; ચીર, છીર.

ચીકણી સોપારી

૩. [હિ] પુ. માંસ વેચનારા; કસાઈ, ખાટકી.
૪. પું. રસ.
૫. પું. ચિપાયેલી ગાય બેસતું પહેલું દૂધ; ખીરું.
૬. પુ. ઓને જન્મ્યા પછી પહેલું આવતું બહુ દૂધ
૭. [હિ] સ્ત્રી. ગાદલું, કોચડ.
૮. સ્ત્રી. ચીકણો પદાર્થ.
૯. સ્ત્રી. ચીકાશ, ચીકણાઈ.
૧૦. [ગુ.] સ્ત્રી. પકડી.
૧૧. [સં. ચિત્કાર] સ્ત્રી. પીડા, કષ્ટ વગેરેના કારણથી પાડેલી ચીસ
૧૨. ન. ઘટ્ટ દૂધ

ચીકટ ૧ પુ એ નામનું એક રેશમી કપડું.
૨ પું. ચીકણી માટીવાળી જમીન કે ક્ષેત્ર.
૩. પું. તેલનો મેલ; તેલ વગેરેનો પાસ.
૪. પું. જાયેજ કે જાયેજીના વિવાહ વખતે મોસાળમાં બહેનને આપવામાં આવતું કાપડ કે પરચૂ.
૫. જા. ચીકાશ
૬. સ્ત્રી. ચીકાશવાળી વસ્તુ. જેમકે, ઘી, તેલ, મરબી.
૭. સ્ત્રી. ઈંટ ઉપર જામતી ધૂળ.
૮. વિ કામ કરવામાં ધીમું.
૯ વિ સુંદર જેવું, ચોટી જાય તેવું.
૧૦. વિ બહ કુમાશવાળું; જામ પોતવું.
૧૧. વિ. મજબૂત, તૂટે નહિ એવું.
૧૨. વિ. આપ-સ્વાર્થિ.
૧૩. વિ. ચીકણું; ચોટી કે વળગી રહેવાના ગુણવાળું, ચીકટ
૧૪. વિ. જાડું; જાડો, અતિ આગ્રહી, હઠીલું, જિદ્દી
૧૫. વિ તેલ ઇત્યાદિના ચાસવાળું, ચીકટ, તૈલી.
૧૬. વિ બહુજ મેલું કે ગંદું.

ચીકટપણું ન. ચીકણું હોવાપણું; ચીકાશ.

ચીકટવું ૧. સ. ક્રિ. ચીકાશથી લગાડવું; ચોટાડવું
૨. સ. ક્રિ. તેલ, ઘી વગેરે લગાડવું; તેલવીવાળું થાય એમ કરવું.

ચીકટાવવું જુઓ ચીકટવું.

ચીકટાવું ૧. સ. ક્રિ. ચીકટવાળું થવું; તેલ વગેરેથી ખરડાવું
૨. સ. ક્રિ. ચીકટવાળો પદાર્થ ભાગમાં આવવાથી રોગ કે ચૂમડાનું વીકરવું
૩. સ. ક્રિ ચોટવું
૪. સ ક્રિ. લેપાવું

ચીકડી ૧ સ્ત્રી. એક જાતની માછલી.
૨. સ્ત્રી. કોપરી; પોટીસ.
૩. વિ. ચોટે એવું ચીકણું.

ચીકડું ૧. વિ. ઘી તેલ જેવા ચીકણા પદાર્થના ચાસવાળું.
૨. વિ. ચીકટવાળું; તૈલી, જેમાં ચીકાશ હોય એવું.

ચીકટા ૧ પુ એક જાતનું ઘાસ.
૨. પુ ચીકારવાળા પદાર્થ.
૩. પુ. રેશમ અને જરીના તાર ગૂંથેલું પગાર વાર લગાડેલું કસબી તારનું ગૂંથણ, પચાવ વાર લાંબો કસબી તાર
૪ પું. લાખનો મુગટો, સફેદ રંગનો રેશમી મુગટો; ધોળું પોતાળ, ટસરની જાતનું કપડું.
૫. પુ. રોગીના પાકને નુકસાન કરનાર એક કીટક

ચીકડા ૧. પું. ખડાં કાપડનો રેલો.
૨. પું. તેલ વેચનાર માણસ.
૩. વિ. તૈલી; ચીકણું.

ચીકડું ચોકડું (ચીકડ ચોકડ) અ અર્થ. નોંધ વગરે અટકતા થતા અવાજ

ચીકણ ૧. સ્ત્રી. એક જાતની કાકડી.
૨. ન. ચીકાશ
૩. ન લીલ, રોગ.
૪ વિ કપૂસ
૫. વિ. મજબૂત; કાયમ.
૬. વિ. સત્ત્વશાળી

ચીકણાદિવટકોદકવંત ન તેલમાપક પગ, કાચ પાત્ર પદાર્થમાં તેલ (પ્રમાણ માપવા અર્થના તેલના સ્વચ્છતા માપવાનું યંત્ર

ચીકણા ૧. પુ બાજરા, જવ ઇત્યાદિ એ ત્રણ જુદી જુદી જાતના ઝાડની પેદાશ છે તે ચાર ભાગ. બાજ., મહાબાજ., અતિબાજ. એવા નામથી પ્રસિદ્ધ છે. તેને મરેઠી પબ્બ કહેવામાં આવે છે. તેના પાન ઘઉંણીના જેવા પહોળાં અને ખરસટ થાય છે. તેનાં ફૂલના ડોડવો થાય છે, તેમાંથી બી ખખડી લેવામાં આવે છે બી બૂખરા અને ચપટા થાય છે અને તેમા એક જાતના તેલનો ભાગ રહેલો છે. તેને ખાડવા પહેલા તડકામાં સૂકવવા. જોઈએ તેના મૂળ તમા બી રામમા આવે છે. ત સાતળ, ગ્રાહી, વાતહર, પિત્તહર, પાષ્ટિક અને મજ્જને પુષ્ટિ આપનાર મનાય છે. દૂધ સાકર સાથે આપવાથી તે અતિમૂત્ર મટાડે છે ચીકણાની પૌષ્ટિક અસર મજ્જને અસરકારક હોવાથી તે જૂનું વાતજાધિ ઉપર વપરાય છે. તેની માત્રા ૧ તોલો છે.
૨ પુ બિહારમા, થતો એક જાતનો કસબી આલો.

ચીકણાઈ ૧. સ્ત્રી. ચીકણાપણું; ચીકણાશ; ચીકાશ. કોઈ કાર્ય કરતાં તેમા કઠણપણ અને ત્રીજાટ કર્યા કરવા તે. પૈસો લેવા, આપવા જે નુકસાનીપણ બતવા કરવ. ત. કંજૂસપણું, કંજૂસાઈ.
૨. જા., મજબૂતી, કકણારા.
૩. સ્ત્રી સિનગ્ધતા; સરસતા.

ચીકણાચડા (ચીકણાચડા) [હિ.] પું. ગરમ વસ્ત્રનો આચ્છાદ.

ચીકણાચલુ પુ વસતપચમી ને હોળીની વચ્ચે પૌષ્ણવ નવરાત્રિ. કોરલનિયમે વીરાગો આપવામાં આવતો પહાર્થ.

ચીકણાચાંદા વિ. સુદર.

ચીકણામૂણ ન. બકરાનું મૂત્ર.

ચીકણામાટ [હિ.] સ્ત્રી. ચીકણી માટી.

ચીકણારા જુઓ ચીકણારું

ચીકણારૂઢ [હિ.] સ્ત્રી. ચોખ્ખાઈ, સફાઈ; ચીકણારું.

ચીકણિયા ૧. [હિ.] પુ. દેખાવડો પુરુષ.
૨ જા એક જાતની માછલા. કાર્ડ',

ચીકણી ૧. સ્ત્રી. એક જાતની ભૂતકાને મળતી માટી.
૨ સ્ત્રી (વહ.પુ.પ્રયો) ફિરંગીમા ખટ ઉપર ચોપડવામાં આવતો પદાર્થ.
૩. સ્ત્રી. દહ પોનિવાળી કુવાન સ્ત્રી.
૪. સ્ત્રી. વાણિયા અને કણબીની એ નામની એક અટક
૫ ન એ નામની અટકનુ મનુષ્ય.
૬. ન એ નામની અટકનુ

ચીકણી જમીન જા. જમીનની જુદી જુદી જાતો માહેની એક. આ જમીન ઝીણા માંણો રજકણની બનેલી હોય છે. એમાં પ્રમાણ ૮૫ ટકા ચીકણી માટી અને ઓછા પ્રમાણમાં કાંપ તત્ત્વ હોય છે. આ જમીન ભારે હોઈ તેની બેજ સંગ્રહવાની શક્તિ સારી હોય છે નીચાણમા આવેલી આવી જમીન ડાંગ કે ચોખ પાક કરવા માટે સારી પડે છે.

ચીકણી નાટી સ્ત્રી કુમારની સારી.

ચીકણી સુરત ન આબાદ, સુખા

ચીકણી સોપારી જા એક જાતની લાલ કિનારી વાળી મજબૂતલી સોપારી તે ચવાયા હાતમા મોટી જલ્દ છે. આવી જાતની સોપારી પ્રથમ અર્ધપક્વ સ્થિતિમા કેળી કરી, દૂધમાં ઉકાળી, ઝાંખમા સૂકવીને તૈયાર કરવામા આવે છે.

ચીકણું ૧. વિ. જેની એક જાત લીધા કરે તેવું, લપસી; ઝટ ઊડે નહિ એવું.
૨. વિ. કઠણ; મજબૂત; દૃઢ
૩. વિ. કોમળ; સુવાળું.
૧ ચીકણો લોઢે ને લપસી પડવું = રૂપકે ધન લોઢે ને રીઝવું એટલે તેની તરફ વળી જવું.
૨. ચીકણો માલ = સુંદર, જુવાન સ્ત્રી.
૪. વિ. ખુશામતિયું.
૫. વિ. ધૂર્ત.
૬. વિ. મરજીવાળું.
૭. વિ આપમાંધિયું; દોઢડાહ્યું, કોઈ કામ કરતાં બહુ કકળાપણું કરનારું.
ચીકણું બાર–બાપર = (૧) કોઈ બાબતમાં બારેબાર હાથ ધાસી તેને બગાડી નાખનાર. કોઈ બાબત નકામી ઊપલકની ઊંડી તજવીજ કરનાર. (૨) બળ્યું આપણી. (૩) બહુ જ ચીકણું; અતિ ચીકણું; કેમે કરીને છૂટે કે અળગું થાય નહિ એવું; બહું કામણ.
ચીકણો બાર = શનિવાર.
૮. વિ. ચીકટાયેલું
૯. વિ. ચોટવાના કે ચાંપી રહેવાના ગુણવાળું; ઊખડે નહિ તે વળગી રહે એવું; ચિબડ; તેલ અને ગુંદરના જેવા ચોટવાના ગુણનું; ચીકાશવાળું. ચિકચિક.
૧૦. વિ. જેના હાથમાંથી ઝટ નાણું છૂટે નહિ એવું; કંજૂસ; કૃપણ; અખીલ; ચિંગુસ.
ચીકણું માણસ = (૧) કંજૂસ માણસ. (૨) આપમાંધિયું માણસ.
૧૧. વિ. દીર્ઘસૂત્રી; કરેક વાત કે કામ કરતાં ઘણી વાર લગાડનાર.
૧૨. વિ. પગ લપસી જાય એવું.
૧૩. વિ. ભાંગે, ફાટે કે તૂટે નહિ એવું; ચમ્મડ; દૃઢાઉ; દીપતાં ભાંગે નહિ એવું.
ચીકણું કરવું = દૃઢાઉ કે મજબૂત બનાવવું.

ચીકણું લાડ વિ. અતિ ચીકણું, બહુ જ ચીકણું. કેમે છૂટે કે અળગું થાય નહિ એવું

ચીકનપૂર ન. એક જાતનું ઔષધ.

ચીકના જુઓ ચીકણું.

ચીકનાઈ જુઓ ચીકનાહટ.

ચીકનાહટ ૧. સ્ત્રી. ચકચટાટ.
૨. સ્ત્રી ચીકણાપણું; લીસું હોવાપણું.
૩. સ્ત્રી. મલમ; ચરબી.

ચીકનોટ જુઓ ચીકણી જમીન.

ચીકર ૧. [હિં.] પું. કાદવ; ગારો.
૨. સ્ત્રી. પાણી પાયેલી જમીન.

ચીકરમંદું વિ. સાધારણ ગંદું.

ચીકરાસી ન. એક ખાડી વિશાળ વૃક્ષ. તે બગાલ, ચિતાગોંગ, સિલોન તથા દક્ષિણના જંગલના પહાડો ઉપર ઊગે છે. એનું લાકડું ઉત્તમ પ્રકારના સામાન બનાવવામાં વપરાય છે. એ લીલાશ ઉપર ફિક્કા રંગનું તથા ચીકણી જાતનું હોય છે.

ચીકરિયું સ્ત્રી. ચોદરા તરફ રમાતી એ નામની એક દેશી રમત. જુઓ ચીચરો.

ચીકરી સ્ત્રી. એક જાતની ભાજી. તેનાં મૂળિયાં જુદનો દાખો કરવામાં નખાય છે.

ચીકલ ૧. પું. ગારો; કાદવ.
૨. સ્ત્રી. (વહાણવટું) ગારાવાળી જગ્યા.
૩. સ્ત્રી. ખીનાસ.

ચીકલી સ્ત્રી. લોઢાના વાસણે રાખવાનું ઝોલડું.

ચીકવિડ (ચીકવિડ) ન. એક પ્રકારનું ઘાસ. તેનાં બી પક્ષીઓને ખાવા માટે આપવામાં આવે છે.

ચીકવો જુઓ ચીમચો.

ચીકા ન. એ નામનું એક તંતુવાદ્ય.

ચીકાકાઈ જુઓ ચીકાખાઈ.

ચીકાખાઈ સ્ત્રી. સિંધ બર્મની એ નામની વનસ્પતિ; એક જાતનું કરિયાતું. તેનાં પાન બારીક અને બેસા કંટારાના હોય છે. તેમાં સપની અને સાબી સીંગો થાય છે. તેનો ઉપયોગ બરીદાની બાફક માયુ પોષામાં તથા રેશમી કપડાં પોષામાં થાય છે. તેને ચીકાકાઈ, ચીકાખારી, ચિકાકાઈ, સાતલા, સાયેર, ચીકારવાઈ વગેરે નામે ઓળખવામા આવે છે.

ચીકાખારી જુઓ ચીકાખાઈ.

ચીકાણી ૧. સ્ત્રી. એ નામની કઠણીની એક બરફ
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ચીકાર ૧ પું ચી ચી એવો અવાજ.
૨. વિ પુષ્કળ; ખીચોખીચ, ભરપૂર

ચીકારવાઈ જુઓ ચીકાખાઈ

ચીકારી ૧. સ્ત્રી. એ [illegible] એક જાતનું વાજિંત્ર.
૨. [હિં.] સ્ત્રી. મજીઠના જેવું બહુ નાનું ઝાડવું
૩ સ્ત્રી ભિસ્તરની બરી.
૪ સ્ત્રી. બિસ્તરના સાતમા તારનું નામ.
૫ વિ તુચ્છ, નકામું.

ચીકારો ૧ [illegible] ચીકણાપણું, ચીકણાઈ, ચીકટ.
૨ [illegible] દબાવ

૩. જુઓ ૨૬૩૬.

ચીકારોદાર ૧. વિ. ચીકાશવાળું.
૨. વિ. પૈસાદાર.

ચીકી સ્ત્રી. એક મીઠાઈ; ચણાના ફોતરાની એક વાની; બાળકનું એક જાતનું ખાવાનું.

ચીકીન ન. કૂકડીનું બચ્ચું.

ચીકુ ૧. ન. એક જાતનું ફળ.
૨. ન. એક જાતનું ફળઝાડ. તે દરિયા કિનારાની બાજુ જમીનમાં થાય છે. કાંપ અને રેતીવાળી ફળદ્રુપ જમીન બગીચામાં હોય તો તેમાં પણ તે થાય છે. ચીકુનાં ઝાડમાં નર અને માદાનાં ઝાડ હોય છે. ચીકુના રોપ નવાં બીજથી તેમ જ ડાળની કલમથી થાય છે. બી કરતાં કલમનાં ચીકુ બહુ સારાં થાય છે. આ ઝાડ દેખાવમાં બહુ સુંદર લાગે છે. તેનાં પાન અને ડાળની રચના બહુ શોભાયમાન હોય છે. તેનાં પાન બોરસલીનાં પાન જેવાં લીલા ને પીળાશ પડતા લીલાં રંગનાં લાંબાં અને ગોળ હોય છે. આ ઝાડ બહુ ધીમું વધનારું છે. તેમાં આખું વરસ ફળ આવ્યા કરે છે ફળ ઈંડાનાં આકારનાં, બજરિયા રંગનાં અને જરદાળુ જેવાં થાય છે. તેનો બહારનો પડ કે માવો ઘણો મીઠો હોય છે તેની છાલ કાઢી નાખી તેની ચીરો કાપી ખાઈ શકાય છે. તેમાં કાંતાકળ જેવાં બોડાં બી હોય છે. ચીકુ બીજા અંજીરથી કંઈક મોટાં હોય છે. ચીકુનું ઝાડ ૧૮ ફૂટને અંતરે વવાય છે. જમીનમાં ઢળ કાંડી, ઢાકાંનો ઓટ, દરિયાઈ ખારાશ, વિષ્ટા અને છાણનું મળતિયું ખાતર નાખવું. બાદ જમીન સરખી કરી એ ફૂટ ઊંડા ખાડા કરી, ચીકુની કલમ કરવી. ચીકુને પહેલાં પાંચ વરસ સુધી આઠ આઠ દિવસે પાણી પાવું. મોર્યું બેસે પછી મહિનામાં બે વખત પાણી પાવું. વરસાદમાં છ વખત ચીકુની જમીન ગોડવી અને ચોમાસાની શરૂઆતમાં છાણ વગેરેનું મળતિયું ખાતર ઉપર લખ્યા મુજબ દર ઝાડ દીઠ ચાર ટોપલા ખાતર પાણી પાવું. ચીકુના ઝાડને કાતરવાની જરૂર પડતી નથી તેમ જ કોઈ જાતનું દૂધ આવતું નથી ચીકુનાં ફળ પક્ષી વગેરે ન ખાય તે માટે બંદોબસ્ત રાખવો. મદ્રાસ, મુંબઈ, પુના, ગુજરાત અને કાઠિયાવાડમાં ચીકુનાં ઝાડ વાવવામા આવે છે. તેની ઘણી જાત છે.
૩. સ્ત્રી. વાયુતત્ત્વસૂચક રેવઝટલીનો શબ્દ.
કેટલ શબ્દ જોડો ચીકુ અને ચિકરી એ બે શબ્દો મળેલા હોય, તો તે અગ્નિતત્ત્વ બતાવે. એ રીતે અગ્નિ અને વાયુતત્ત્વના જોડો તો તે સારું નહિ. રાજવલ્લભ

ચીકુડી સ્ત્રી. ચપટી બગાડની તે.

ચીકુ મહુડા (ચીકુ મહુડ) ન. એક જાતનાં મહુડાને મળતાં ચીકુ.

ચીકુ રાયણ ન. એક જાતનાં રાયણને મળતાં ચીકુ.

ચીકુરિયો પું. એક દેશી રમત. તે ચોકદરા તરફ રમાય છે. જુઓ ચીચયો ૩.

ચીકુંડા પું. એક જાતનો છોડ; બીટ. તેનાં પાન મૂળાનાં પાન જેવાં હોય છે. ચીકુડાની ભાંડ બનાવવામાં આવે છે.

ચીકો પું. જનાવરનું બચ્ચું. બાળકને જેમ કીકો કહે છે તેમ જનાવરના બચ્ચાને ચીકો કહે છે.

ચીકોડ (ચીકોડ) પું. સોનાના ઘાટને રેવતા માટે વપરાતી ચીકાશ. તે ભાડની દાળ અને ટંખણખારની બનાવવામાં આવે છે.

ચીકોરવું જ. ક્રિ. ઘાટ આપવું.

ચીકારા ન. એક જાતનું પંજાબી તંતુવાદ્ય. તેને બોકડાના વાળના તાર જડેલા હોય છે.

ચીખ [સં. ચિત્કાર] સ્ત્રી. (હિંદી) રાડ. ચીસ

ચીખ મારવી = ચીસ પાડવી; રાડ પાડવી.

ચીખન સ્ત્રી. કપ કે પીઠની ભૂમ.

ચીખલ ૧. પું. કમાવેલો ખૂનો

૨. પું. ઝાડવડીયાઉ; જમીનમાં પાણી ભરવાથી થયેલો ચીકણો ગારો.

ચીખલિયા ૧. સ્ત્રી. એ નામની કડવા કજૂરીની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ચીખલું ન. ઢોરાં બકરાંની વખતે બાળવું બીજ બાય રાખવાનું ચારનું બનાવેલું સાધન.

ચીખવું જ. ક્રિ. ભૂમો પાડવી.

ચીખુર [હિં.] પું. ખિસકોલી; ગિલહરી.

ચીખુરણ [હિં.] પું. પાણીમાં ઊગતો નકામો છોડ.

ચીખુરવાઈ સ્ત્રી. નકામા છોડ કાઢી નાખવા માટેનું મહેનતાણું.

ચીખુરી [હિં] સ્ત્રી. ખિસકોલી.

ચીગચી સ્ત્રી. ઝાડીમાં ઝરઝર કરતું એક જાતનું વાચાળ પક્ષી.

ચીગડ ૧. સ્ત્રી. ચીકાશ.

૨. વિ. ચીકટ; ચીકણું.

ચીગેર [અ.] પું. એક જાતનો કરચલો. દરિયાના કાંઠા ઉપરના રેતાળ પ્રદેશમાં તે જમીન ઉ. તેનું શરીર ખરદંડ હોવાથી અને દરિયાના પાણી જેવો તેનો રંગ હોવાથી તે ઓળખી શકાતું નથી.

ચીનિરીટ ન. પિનાંગમાં થતું એક વૃક્ષ. એના લાકડામાંથી ઉત્તમ તરેહનું ફર્નિચર બનાવવામાં આવે છે.

ચીગો પું. ઢોરનો ખોડો.

ચીગોચ ન. એક જાતનું જીવડું. તે અમેરિકા તરફ ૩૦૦ કીમીના મુલકમાં, ચેરટ ઈન્ડિઅન તેમજ પશ્ચિમ આફ્રિકાના મુલકમાં મળે છે. એ જગાથી પૂંજડી સુધી જમરડાના આકારનું હોય છે. તેને ૭ કીણા પગ હોય છે. એ પોતાનાં ઈંડા સાત દિવસ સેવી તેમાંથી બચ્ચાં પેદા કરે છે.

ચીચ ૧. સ્ત્રી. આમલી.

૨. સ્ત્રી. ચીજ; ખોરાકની વસ્તુ.

ચીચપોકલી સ્ત્રી. યોનિ; ઓની જનનેંદ્રિય.

ચીચર સ્ત્રી. જયુ આર વરસ સુધી અમર કોર્ટ પ્રસંગે વાપરતર કરાતી જમીન; જૂની પ્રતબંધીની ત્રીજા પ્રકારની જમીન.

ચીચરટી સ્ત્રી. ખોચી.

ચીચલ સ્ત્રી. એક જાતની મોટી માછલી.

ચીચલુ વિ. ચંચળ.

ચીચવાડો (ચીચવાડો) પું. ઝુમાટો; ઢોકારો; ચીસ; ભૂમ; બરાડ.

ચીચવાવું ૧. જ. ક્રિ. ટમમસવું; ઢીમઢીમવું.

૨. જ. ક્રિ. દળવળવું.

ચીચવું ૧. જ. ક્રિ. ચી ચી અવાજ કરવો. ચી ચી કરવું.

૨. જ. ક્રિ. ચીસ પાડવી; રડવું. રોવું; કકળવું. ભૂમ મારવી; બરાડા પાડવા.

ચીચવો ૧. પું. અણીદાર ઊભા લાકડા ઉપર એક આડી મૂકી દીચવાં ગોળ ફરવાનું યંત્ર; રમતનું એક સાધન; ચકડોળ. તેમાંથી ચી ચા એવો અવાજ નીકળતો હોવાથી તેને ચીચવો કહે છે.

૨. પું. દીચવો.

૩. સ્ત્રી. વડોદરા તરફ રમાતી એ નામની એક દેશી રમત. તેને કીચુડિયો, ચમરડો, ચીકરિયું, ચીકચો, ચીકુરિયો, ચીમરડો, ચીચૂડો, ચીચોડો, ચેંટ્યો અને ભમરી પણ કહે છે. ચારેક હાથ લાંબું ને દસબાર આંગળ ગોળાકાર ચોળ લાકડું લઈ તેને એક હાથ ઊંચું જમીનમાં દાટવું. તેના ઉપરના અણીદાર ભેડા ઉપર ચોળ ચકર ચકર ફરે એવું આડું લાકડું રાખવું. આડા લાકડાને બને છેડે પત્તાં રાખવાં. આ પત્તાંમાં બે છોકરાં બેસે અને બીજા તેમને ગોળ ફેરવે.

ચીચા ૧. પું. કોનમાથી નીકળેલો એક ભત.

૨. સ્ત્રી. વનસ્પતિની એક જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

ચીચાડી (ચીચાડી) ૧. સ્ત્રી. ભૂમ.

૨. સ્ત્રી. ઢાર.

ચીચાંચા ૧. સ્ત્રી. સીદીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ચીચિકુદિ [સં.] સ્ત્રી. પક્ષીનો અવાજ.

ચીચી ૧. સ્ત્રી. નાની છોકરી; બચી; કીકી.

૨. સ્ત્રી. ચી ચી એવો અવાજ.

ચીચીકાર પું. ચકલીનો કીણો ચી ચી એવો અવાજ.

ચીચીકુચી [સં.] સ્ત્રી. મેના વગેરે પક્ષીના શબ્દનું અનુકરણ.

ચીચીકૂચી સ્ત્રી. ઝાડવા, ચીબ, ઢાકરા ઇત્યાદિ પક્ષીનો એકસામટો અવાજ.

ચીચીડો (ચીચીડો) વિ. પું ક્ષુદ્રપશુ મનવાળો.

ચીચીંડા સ્ત્રી. દિલ્હી પ્રાંતમાં થતી એ નામની રાકભાજી.

ચીચુ પું. ઘોરડીના સાઢાનો ઢોચ તરફનો પોચો અને કુમળો ઝાટવાળો ભાગ; ઘોરડીના સાંઢાનો પીલો, અંકુર કે શાખાઓ.

ચીચુક (ચીચુક) સ્ત્રી. ઠોસનો અવાજ.

ચીચું જુઓ ચીચુ.

ચીચો ૧. પું. ઝાડો.

૨. પું. ઝાળો અને બીજો મજબૂત પથ્થર.

૩. વિ. કઠણ; સખત.

ચીચોડું (ચીચોડું) ન. એ નામનું એક ફળ. તેના વેલા કઠવા હોય છે. તેનાં ફળનું શાક અને પાદડાની ભાજી બને છે.

ચીજ ૧. [હિં.] સ્ત્રી. આભૂષણ.

૨. સ્ત્રી. કોઈ પણ કામ.

૩. [ફા. ચીજ (વસ્તુ)] સ્ત્રી. કોઈ પણ બનેલો કે બનાવેલો પદાર્થ.

૪. સ્ત્રી. કોઈ પણ વાત કે વિચાર.

૫. સ્ત્રી. જેમાં કંઈ પણ ગૂઢ અર્થ હોય એવું ગાયન કે ગીત; સરસ ગાયન; જે સાંભળવાથી સાંભળનારાના મનને આનંદ થાય તેવું ગીત કે ગાયન.

૬. સ્ત્રી. તત્ત્વસાર.

૭. સ્ત્રી. તરેહ; વાની.

૮ જી. દ્રવ્ય
૯. જી. પ્રકાશ.પાત્ર વસ્તુ.
૧૦. જી. મહત્વની વસ્તુ.
૧૧ જી. વિલક્ષણ વસ્તુ.
૧૨ જી. સરસામાન; વસ્તુ; સામાન; અસબાબ.

ચીજવસ્ત જુઓ ચીજવસ્તુ.

ચીજવસ્તુ ૧. [હિ.] જી. અસબાબ; સામાન; મુબારીના સરસામાન માંહેનુ કંઈ પણ.
૨. જી. ઘરેણાં વગેરે.
૩. જી. જથ્થો; પદાર્થ.

ચીજવહંત (ચીજવન્ત) જુઓ ચીજવસ્તુ.

ચીઝ (ચીજ) ૧. જી. કવી; કવિતા.
૨. જી. ઘરેણાં કે જવાહિર જેવી કીમતી વસ્તુ
૩ જી. બાબત.
૪. જી. વરદાન.
૫. જી. વસ્તુ; પદાર્થ; ચીજ.
૬. જી. સરસ ભોજન.
૭. [અં.] ન. પનીર; દૂધની તરનું બનાવેલું દહીં; દહીંને મળતી, દૂધને જમાવવાની એક રીતિથી જમાવેલું દૂધ.

ચીઝનાબોઝ (ચીજનાબોજ) જું. પદાર્થનું વજન.

ચીઝબસ્ત (ચીજબસ્ત) ૧. જી. બંજત પુંજી.
૨. જી. ઠોકાર.
૩. જી. પદાર્થ.
૪. જી. વસ્તુ
૫. જી. વહાણનો માલ.
૬. જી. સામાન; સરસામાન.

ચીઝી (ચીજી) ૧. [ફા.] જી. બાળકો માટેની મીઠાઈ.
૨. જી. વસ્તુ.

ચીઝૂ (ચીજ) જુઓ ચીજી.

ચીડે (ચીડે) [ફા.] અ. ચોકકસ; કંઈક.

ચીડે (ચીડે) જુઓ ચીજબસ્ત.

ચીટક ન. ઝટકો.

ચીટકવું ૧. અ. ક્રિ. ચોટી જવું; વળગવું.
૨. અ. ક્રિ. બાબા જ રહેવું.

ચીટકાડવું (ચોટકાડવું) સ. ક્રિ. ચોટાડવું; વળગાડવું, લગાડવું.

ચીટકાવવું ૧. સ. ક્રિ. અડાડવું.
૨. સ. ક્રિ. ચોટાડવું; વળગાડવું; લગાડવું.
૩. સ. ક્રિ. સ્થિર કરવું.

ચીટકાવું અ. ક્રિ. ખિડાવું; બંધ થવું.

ચીટકી જી. ચપટી.

ચીટલ જી. બંસડી.

ચીટલા ન. સર્પાસિયું; કબજો; સાપોલિયું.

ચીટિયું ૧. ન. ઘરમાં પહેરવાની નાની પાતળી પટીની ચૂંટી.
૨. ન. લાકડાની પાતળી ચીપ.
૩. ન. ચોમાર્ફ સુકાઈને પાતળું થઈ ગયેલ બાળવાનું લાકડું; પાતળો, વસ્ત ચીરેલો, સૂકો, ઠાળી તરફનો લાકડાનો કટકો; ઈંધન, બળતણ; બાળવાનાં નાની સળીઓ જેવાં સૂકાં લાકડા.
૪ ન. સુકાઈને ચટી ગયેલ હરકોઈ ચીજ.

ચીટી જી. લાકડાં ફાડતાં પડેલી ફાંણી ફાડ.

ચીટીન (અ ` પુ. એક જાતનો અતિ ચીવટ અને કાયમ પદાર્થ. કીટકનું આખુ શરીર આ પદાર્થથી ઢકાયેલ હોય છે.

ચીટું ૧. ન. કીડું; થી તાજા પછી નીચે ઠરતો કચરો, ભાત ઇત્યાદિ.
૨. વિ. ચીકણું; ચીકટવાળું.

ચીટોટી (ચીટોટી) જી. નાનો ચીટિયો.
ચીટોટી ભરવી = આંગળી વતી શરીરને વળ દઈને ચીટિયો ભરવો.

ચીઠ [હિં.] જી. મેલ.

ચીઠાઈ ૧. જી. ચીઠ્ઠાપણું.
૨. જી. ચુંથાપણ.

ચીઠારૂ જુઓ ચીઠાઈ.

ચીડું ૧. ન. ચાંચડી.
૨. ન. બલમ ચોપડેલું કપડું.
૩. વિ. ચીકું; ચીકણું; જેમાં પાણી, ભાત અને ચીકટ હોય એવું.
૪. વિ. ચુંવાળું

ચીડ (ચીડ) ૧. [હિં.] જી. એક જાતનું લાબાં ઝાડલાંવાળું ૧૦૦ થી ૧૧૦ ફૂટ ઊંચું થતું ઝાડ; સરુ. ચીડ અને યુકેલિપ્ટસના ઝાડમાંથી આરોગ્યને ફાયદો કરે તેવી સુવાસ આવે છે. ચીડનાં વૃક્ષોમાંથી પ્રાણવાયુ નીકળતો હોવાથી તેની હવા શુધ્ધ કરવા ઘણું સારું ગણાય છે. આ ઝાડનાં જંગલ હિમાલય તરફ ખૂબ જોવામાં આવે છે. જ્યાં ચીડ હોય છે ત્યાંની હવા બહુ સારી ગણાય છે
ચીડની લાકડી = ચીડ નામના ઝાડની ડાળીમાંથી અગર ચીડના લાકડામાંથી બનાવેલી લાકડી.
૨. જી. ચુસ્તી; રીસ ખીજ.
૩. જી. પાંચ સાત ગજનું ઘોકમાં પહેરવાનું એ નામનું ઘરેણું.
૪. જી. સખત અણગમો; ઠેઠાળો; ચીતરી.
૫. ન. એક પ્રકારનું દેશી સોદું.
૬. ન. વનસ્પતિમાંથી ઝરતો ચીકણો રસ.
૭. વિ. કાચું; ચવડ.
૮ વિ. બરાબ નસીબવાળું
૯ વિ. મોટું.

ચીડખટું (ચીડખટું) વિ. ફીકા પડેલા કુતરાની પેઠે બદમનેજ હોડનાર; જેને જરા પણ કંપ કે શાંતિ નથી એવું; બાયલોપ કર્યા કરનાર.

ચીડમાળા (ચીટમાળા) જી. એક જાતનું ઘોકમાં પહેરવાનું ઘરેણું.

ચીડવણી (ચીડવણી) જી ખીજવણી.

ચીડવવું (ચીડવવું) સ. ક્રિ. ગુસ્સે કરવું; પજવવું; ખીજવવું; ઊકસવું; સતાવવું.

ચીડાવું (ચીડાવું) અ. ક્રિ. ખિજાવું.

ચીટવું ૧. અ. ક્રિ. ખિજાવું.
૨. સ. ક્રિ. ગુસ્સે થવું; રીસ કરવી; ખીજવું.

ચીડા (ચીડ) ૧. [સં.] જી. ત્રણ નામે એક સુગંધી દ્રવ્ય
૨. જી. ચીઢ નામનું ઝાડ. જુઓ ચીઢ ૩.
૩ જી. સૌંધીની એ નામની અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

ચીડાઉ (ચીડણ) વિ. ખિજાય એવું; ખિજવ એવું; બાબા કરે એવું.

ચીડાં (ચીડાં) ૧. ન. ૧. ઘ. ઈંડાં; ઈંડ.
૨. ન. ૧. ઘ. પાટીદાર, બરડિયા વગેરેએ વેચી નાખેલી જમીનના કટકા.
૩. ન ૧. ઘ. મુખીને જમીનદારો તરફથી ઇનરાત પેટે અપાતું સરાજામ.

ચીડિયા (ચીડિયા) જુઓ ચીડી.

ચીડિયાખાનું (ચીડિયાખાનું) [ચીડિયા (ચકલી) + ફા. ખાના (ઘર)] ન. પશુપક્ષીઓનું સંગ્રહાલય; 'ઝૂઓલોજીકલ ગાર્ડન'. ચીડિયા એટલે પક્ષીઓ, પણ ચીડિયાખાનું એટલે માત્ર પક્ષીઓનું નહિ પણ પશુપક્ષીઓનું એક મોટું જાનવરસ્ત સંગ્રહાલય.

ચીડિયાપણું (ચીડિયાપણું) ન. ચીડિયો સ્વભાવ.

ચીડિયાં (ચીડિયાં) ૧. ન. ૧. ઘ. એક જાતનું મોતી.
૨. ન ૧. ઘ. ગુજરાતમાં નીકળતા અપશબ્દ.
૩. ન. ૧. ઘ. અટકીઓ; પક્ષીઓ
૪. ન ૧. ઘ. દક્ષિણ અમેરિકામાં બોલવામાં આવતી ભાષામાં દેખાતાં એક જાતનાં જાનવર પક્ષી

તેની પાંખો લાંબી અને તાકાતવાળી, પાંખો ઉપર રાખ જેવી અણી અને ગરદન સારી પેઠે લાંબી હોય છે તે પાણીમાં ચાલે છે તેમજ તરી પણ શકે છે. આપ વખતે વેપક ચીસ પાડી ઊઠે છે.

ચીડિયું (ચીડિયુ) ૧. ન. એક જાતનું મોતી.
૨. ન. ચકલુ.
૩. ન. છાલ્યું; છબૂકો.
૪. ન. પક્ષી.
૫. વિ. ચીડિયું; સહેજ સહેજમા ચિડાઈ જાય એવું, ખિજણ; ચિડાવાના સ્વભાવવાળું.

ચીડિયો (ચીડિયો) ૧. પું. એક જાતનો છોડ. તેને સુંદર પાન ને રાતાં ફૂલ આવે છે આ છોડ ઉપર નાનાં પક્ષી ખૂબ બેસે છે.
૨. પું. એક જાતનો વેલો. આ વેલા દોરડાના તામસા જેવા દેખાય છે. તે જે જગાએ ઊગે છે ત્યાં તે ઘણાં ઊગી એકબીજા જોડાઈ રહે છે. તે પીળા રંગનાં હોય છે. આ વેલા બીજી વનસ્પતિની સાથે ઊગે છે અને બીજી વનસ્પતિમાંથી પોતાનું પોષણ કરે છે. તેને પાન હોતાં નથી. ફૂલની કળી સવિત જેવી લાગે છે. ફળ ચોગાર્ડ લેતાં મથાળે ખાડાવાળાં પીળા રંગનાં મગના દાણા જેવાં લાગે છે. આ વેલાને અમરવેલ પણ કહેવામાં આવે છે. ઓષધી ઉપયોગ માટે તેનો ઉપયોગ થાય છે.
૩. પું. માખણિયો પિંડો.
૪. વિ. ખિજણ; જલદી ગુસ્સે થાય એવું.

ચીડી (ચીડી) સ્ત્રી. બકરી.

ચીડીમાર (ચીડીમાર) ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. બકરાં વગેરે પશુનો શિકાર કરનાર.

ચીડુ (ચીડું) વિ. ચીડિયું; ખીજણ; ચીડિયુ.

ચીડો (ચીડો) ૧. પું. ખેતરમાં થતો એક જાતનો નીચે ઢાંકવાળો નિરુપયોગી છોડવો. તે મોટો થયા પછી તેના ઉપર રૂપાળું ફૂલ આવે છે. તેને જમીનમાં મૂળ ઉપર સુવાસિત ગાંઠો હોય છે. તેને નાગરમોથ કહે છે. ખેડૂતો સારો પાક લેવા માટે ખેતરમાંથી આવા છોડવાને નીંદી નાખે છે.
૨. વિ. પું. ચીડિયા સ્વભાવનો; ખિજણ.

ચીઢ ૧. સ્ત્રી. ચિઢાવું તે; ચીડ; રીસ; ખીજ.
૨. ન. તે નામનુ દેશી સોનું.
૩. [હિં.] ન. જૂતાનથી કશ્મીર અને અફઘાનિસ્તાન સુધી થતું એક ઝાડ. તેના પાંદડાં સુંદર અને થોડું અંદરથી નરમ અને ચીકણું હોય છે. પાણી પડવાથી આ લાકડું બહુ જલદી ખરાબ થઈ જાય છે. તેમા તેલ અધિક હોય છે તેથી પહાડી લોક તે લાકડાના કટકાને સળગાવી મશાલ તરીકે વાપરે છે. તે લાકડું ઔષધમાં પણ પ્રાય આવે છે. તે ગરમ અને કફનાશક છે. તેના સેવનથી પિત્ત અને કફ દૂર થવાનુ કહેવાય છે.

ચીઢવું જ કિ. રીસ ચડાવવી; ગુસ્સે થવું; કંટાળવું, અભાવ કે અણગમાની લાગણીથી ઉશ્કેરાઈ જવું, ખીજવું.

ચીઢાચીઢ સ્ત્રી. વારંવાર ચિડાવું તે; દ્વેષ; ગુસ્સો.

ચીઢાવવું જ. ક્રિ. ગુસ્સે કરવું; અભાવ કે અણગમાની લાગણીથી ઉશ્કેરાવું; કંટાળો ઉપજાવવો.

ચીઢિયાં ન. બ. ૧. ચીઢ ચઢવાનાં લક્ષણ બતાવવા તે; ચિઢાવા હોઈ એ એમ કરવું તે; અભાવ, અણગમો, ગુસ્સો વગેરે બતાવવાં તે; ખીજિયા.

ચીઢિયું ૧. ન. ચીઢનો ઊભરો, અભાવ કે અણગમાની લાગણી કે અંગચેષ્ટા વડે કરાતો આવિર્ભાવ; અણગો; ઘંતિયુ.
૨. વિ. સહેજ સહેજમાં ચિઢાઈ જાય એવું; ખિજણાઉ; રીસે ભરાય એવું; અભાવ કે અણગમાની લાગણીથી ઉશ્કેરાય એવું

ચીઢો જુઓ ચીડો.

ચીણ ૧ સ્ત્રી ગાયકના નેહા આલાપની કરચલી.
૨. સ્ત્રી. ચાકડા ઉપર ચાસણ તૈયાર થયેથી કાપી લેવાનો દોરો.
૩. સ્ત્રી. પક્ષીઓનો ખોરાક; અન્ન
૪. સ્ત્રી. માટી, મીણ વગેરે ખોદવાનું એક હથિયાર.
૫. સ્ત્રી. સ્ત્રીઓને ગળે પહેરાતું એક ઘરેણું, સોનાની ઝીણી જાતનુ ઘરેણું

ચીણકારો પું. મોટો તણખો; ચિણગારો.

ચીણગી સ્ત્રી. ચિણગારી.

ચીણગો પું. ચિણગારો.

ચીણભાળા સ્ત્રી. એક જાતનું ઝીણું ઘરેણું; ચીનભાળા.

ચીણવી સ્ત્રી. એક ભાજીનો વેલો. તેનાં ફળ ઝીકરા આવ છે.

ચીણવું ૧. જ. ક્રિ. ચીણ ભરવી; કરચલી પાડવી.
૨. જ. ક્રિ. ભણવું; ચીનવું.
૩. જ. ક્રિ. મોંમાં કે અન્યમાં લેવું; ચણેચણે ખાવું; ખાવ વડે ખાવું.

ચીણા ૧. સ્ત્રી. એ નામની મેમણની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ચીણોબોર ન. ચણીબોર; ચણા જેવડાં નાનાં બોર.

ચીણો [સં. ચીનક] પું. ઝીંકની જાતનું અને કાચના જેવા ચળકાટવાળું એક ખનીજ. વરીની સળીઓ જેવી એની પણ સળીઓ હોય છે. એનાં રેષાઓ નાનાં હોય છે. તેનાં ફળ લંબગોળ, ચપટાં અને લીસાં હોય છે. તેના તાંદળા મહી છાશમાં રાંધી મરીજ લોકો ખાય છે. તેનો જવર, ગોટો, ગૂમ, અને વિષમાં પ્રતિકાર તરીકે ઉપયોગ થાય છે.

ચીણોજિયા ૧. સ્ત્રી. કચ્છ કચ્છની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ચીણોટી સ્ત્રી. ચૂંટી; ચીમટી.

ચીત ૧. [હિં.] પું. એક ધાતુ; સીસું.
૨. પું. કુસ્તીમાં લેવાતો એક દાવ; હરીફાવાળાને પાછી, ચત્તો કરીને સામે મોઢે તે હાથો એમ કબૂલ કરાવવુ તે.
૧. ચીત કરવુ = હરાવવું.
૨. ચીત થવુ = હારવું; પાછું પડવું.
૩ પું. (જ્યોતિષ) ત્રિજા નક્ષત્ર.
૪ પું. નાનો પાતળો સાપ.
૫ ન. ચિત્ત; મન; દિલ.
૬ ન. ધ્યાન.
૭ ન. રંગેલ, ચીતરેલ અથવા છાપેલ કાપડ.
૮ વિ. પ્રસન્ન.
૯. વિ. પીઠ ઉપર પડેલું; ચતું.

ચીતકાર ૧. [હિં.] પું. ચિતકાર.
૨. પું. ચોર; ચિતકાર.

ચીતમરેજ ન. વસ્તુ અથવા જમીન તેના માલિક પાસે રહે અને તે બીજા પાસે ગીરવી રહે તે; કબજા વિનાનું ગીરવીખત.

ચીતમરેજે જ. કબજા વિનાનુ ગીરવી મૂકે એમ.

ચીતડ (ચીતડ) [હિં.] પું. હગરો.

ચીતડું (ચીતડ) ન. ચિત્ત; મન; અંતઃકરણ.

ચીતપટ પું. (જિલ્પ) બાયકામમા વપરાતો એક જાતનો બખ.

ચીતપલટ પું. એક પ્રકારનો દાવ. આમા બે હાથ અને બે પગ ઉપર શરીર લાબુ ટેકવી બે હાથ સ્થિર રાખી બે પગ જમણી તરફ ખસેડતા જવા અને તેમ કરતાં જમણા હાથ નીચેથી શરીર ગટકાવવું. સવળું વળેલ શરીર વળી પાછું

એ જ ચાલુ ચક્કરના ક્રમમાં પગ બેસતા બેસતાં હાથ ઉપર ફેરવવું અને પછી બળી પાકું ડાબા હાથ નીચેથી શરીર ઝડપવું. આથી શરીર મળની સ્થિતિમાં આવી જશે. આ દાવથી કમર, પીઠ અને હાથ ખૂબ મજબૂત થાય તથા શરીરમાં ખૂબ ચપળતા આવે છે.

ચીતભરમ પું. ચિત્તભ્રમ.

ચીતમહારી ૧ જી૰ ચિત્ર ચીતરવાં તે.

૨. જી. ચીતરવાની ક્રિયા.

ચીતમહોડા પું. ખરાબ અક્ષર.

ચીતમલખમ જી. મલખમની એક જાતની કસરત; મલખમ આગળ ઝોલા રહે, અને હાથથી મલખમ પકડી પગની આંટી જેવડા પડખાભર ફરીને ચત્તા થઈ હાથ છોડી દઈ નીચે પડવું તે દાવ.

ચીતરઇ સઈંદ પું. એ નામનો ઔષધોપયોગી એક છોડ.

ચીતરડી (ચીતરડો) જી૰. પીંછી, કુમારનું ચીતર કાઢવાનું ઓજાર.

ચીતરવું ૧. [સં. ચિત્ર્ (ચીતરવું)] સ. ક્રિ. બન્ને કેડાએ કહી વળવું; નોતરવું.

૨. સ. ક્રિ. ચિત્ર કાઢવું; આલેખવું; જ્યાં જોવા જોઈએ તેવા રંગ પૂરીને કોઈ વસ્તુનો આગળ, પાછી, ભીંત વગેરે ઉપર આબેહૂબ આકાર કાઢવો; ચિતરામણ કરવું.

૩. સ. ક્રિ. જેમતેમ લખી કાઢવું. બસરડી વળવું.

ચીતરી કાઢવું-મારવું = (૧) ભગાડવું. (૨) લખી કાઢવું; બસડી કાઢવું.

૪. સ. ક્રિ. બગાડવું; ખરાબ કરવું.

૫. સ. ક્રિ. વર્ણવવું, બયાન કરવું.

ચીતરા ન. એ જાતનું પક્ષી.

ચીતરાવું ૧. સ. ક્રિ આલેખાવું; દોરાવું; ચિત્ર કઢાવું; ચિતરેલું થવું.

૨. સ. ક્રિ. ખરાબ રીતે લોકોમાં બદનામ થવું. મશ્કરીનું પાત્ર થવું.

૩. સ. ક્રિ. વિચિત્ર આકારમાં દેખાવું

ચીતરી ૧. જી૰. એક જાતનો ચામડીનો રોગ; વિકારને લીધે ચહેરા ઉપર ધોળાં ઝીણાં તલકા થવાનો રોગ. આ તલકાં મોટાં હોય ત્યારે કરોળિયા કહેવાય છે.

૨. જી. ચક્કર; ફેર.

૩. જી. ચુવારમાં થતા એક રોગ. તેને લીધે તેનાં છોડનાં પાંદડાં ધોળાં થઈ જાય છે.

૪. જી. ઘોરની ઓજરીના ચાર માંહેનો બીજો અને ત્રીજો ભાગ.

૫. જી. ત્રાસ; કટાળો.

૬. જી. ગેરડીના વાડમાં આવતો એક રોગ.

૭. જી. ચહ કે અમુકમાની કેપરી.

ચીતરી ચડવી = બરાબ વસ્તુ જોઈને ફેર આવવા કે કમકટાવી આવવી; જોઈને ચરી.

ચીતરો ૧. પું એક જાતનો સાપ.

૨. પું. એક વનસ્પતિ; ચિરાયતું. તેની ડાળ, પાતાં અને સફેદ ફૂલવાળી એમ બધુ જાત છે પાતાં અને ડાળાં ફૂલનો ચીતરા ઔષધિમાં ઉપયોગ થાય છે. આ ઝાડનાં મૂળ આયમ તરીકે વપરાય છે. તાજુ મૂળ ઘસીને આપવાથી ઠાલ્લો ઊઠે છે. તાવ, મરડા, અજીર્ણ, ઉદરરોગ અને હરસ ઉપર ઉપયોગી. દીપન, પાચક, વાતહર, દાહક અને અલ્પ તરીકે તેનો ક્વાથ કે ચૂર્ણ બારામાં આપે છે ચીતરાનું મૂળિયું પાણા તથા પંદરવાથી ગર્ભપાત થવાનું કહેવાય છે.

૩. પું. વામની જાતનું એક હિંસક પ્રાણી. બિલાડી વામના જેવું ચટાપટાદાર પ્રાણી.

ચીતલ જુઓ ચીતળ

ચીતલિયા ૧. જી૰. વાણિયા, કેમણ અને તરિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

ચીતવણી ૧. જી. ચિંતા; બળ; હૃદય; ચિંતન કરવાનું સ્થાન.

૨. જી૰. ચેતવણી

ચીતવન ૧. ન. ચીતવવું તે, ચિંતન; સ્મરણ.

૨. ન. નજર.

ચીતવવું ૧. સ. ક્રિ. ચિંતવું; વિચારવું.

૨. સ. ક્રિ. ચેતવવું; ચેતવણી આપવી; સૂચવવું.

૩. સ. ક્રિ. ધારવું, ચિંતવવું, ચીંતવું.

૪. સ. ક્રિ. ભાન કરાવવું; સમજ પાડવી, સમજાવવું.

૫. સ. ક્રિ. વદવું; માન આપવું.

ચીતવાવું ૧. સ. ક્રિ. ચીતવે એમ થવું, ચિંતવાવું; વિચારાવું.

૨. સ. ક્રિ. ચેતવાવું; સૂચવાવું.

૩. સ. ક્રિ. ધરાવું; ચીંતવાવું.

૪. સ. ક્રિ. ભાન કરાવું; સમજ પડવી; સમજાવું.

૫. સ. ક્રિ. વંદાવું; માન અપાવું.

ચીતવું ૧ સ ક્રિ. ઇચ્છવું; ઇચ્છા કરવી.

૨. સ. ક્રિ. ચિંતવા લેવું; મનમાં વાત કર્યા કરવું.

૩. સ. ક્રિ. ધારવું; ગણવું.

ચીતવેલિયા ૧ જી૰. સુતારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ચીતળ ૧. [ક્રિ.] પું. એક પ્રકારનો સિક્કો

૨. પું. ચીતળો; અજગરની જાતનો પણ તેનાથી નાનો એક જાતનો ટાબરચીતરા ઝાટવાળો વિનવિષ સર્પ. તેનો આગલો ભાગ પાતળ, અને વચ્ચેનો ભાગ બહુ ભારે હોય છે. તે ઝાડના પોલના રસ ઉપર જીવે છે એમ મનાય છે

૩ પુ દીપડો.

૪ જા૰ ચપટી પટ્ટીવાળી બગડી. પાટલી

૫. જી. લાકડાની ફાચર; લાકડાનો ત્રાંસો કટકો; ખિલાગ.

૬. ન. એક જાતનું હરણ. તે સાબરની જાતિનું પ્રાણી છે. એનાં શરીર ઉપર ગોળ ધોળાં ચક્ર હોય છે. બદનનો રંગ તમાકુ, લાલચી અને ગળુ પોચાં, લાબાઈ પાંચ ફૂટની અને શીંગડાં લાબાં જોવા હોય છે. માદાને બચ્ચું પાક્યા કર્યા પછી આઠ આઠને એકજ બચ્ચું આપે છે.

૭. [ફા.] ન. ચાપ જેવું ઓઓને ગળામાં પહેરવાનું એક જાતનું સોનાનું ઘરેણું.

૮. વિ. રંગબેરંગી; ચટાપટાવાળું; ડાબાડાબલાવાળું. ટાબરચીતરું.

ચીતળકંદ ન. એક જાતનો વેલો

ચીતળા જી૰. કૂવની જાતની એક વનસ્પતિ. જુઓ અગંતો ૨.

ચીતળિયું ૧. ન. ચિંતા; બુદ્ધિ; માનસ

ચીતળિયું બસી જવું = ચિત્ત બસી જવું; દૃઢતા જવું.

૨. ન. ચાપોલિયું.

ચીતળિયો જુઓ ચીતળો.

ચીતળી જુઓ ચીતરી.

ચીતળો ૧. પું. એક જાતનો સાપ; ચીતરો.

૨. પું. ઘોડાના મૂળમાં થતો એક જાતનો કીડો. આગ કોડા જેવો પણ ઘોડાનાં પાદડા ઉપર લાલ ડાઘ થઈ જાય છે.

ચીતા ૧. પું. એક જાતનો દવામાં વપરાતો વેલો.

૨. પું. એક પ્રકારનો ક્ષુપ; ચિત્રક.

૩. પું. ચિત્ત; હૃદય; દિલ.

૪. પું. ચિત્તો.

૫. પું. કાપપક્ષ.

૬. વિ. ઇચ્છેલ.

ચીતાપાટ ૧. વિ. ચપું; સવળું.

૨. જ. ચીતું પડ્યું હોય એમ; ભરડો હોળ અને છાતી ઉપર એમ

ચીતાંશુકા ન. મજબ ઉપરનું ઊંચે અંદરનું ગામડીનું પડ.

ચીતુલ ન. એ નામનું એક જંગલી જનાવર.

ચીતું જિ. ચતુ.

ચીતોની ન. (વજ) ચિંતન.

આઠ પ્રહર મોહે એહી ચીતોની દયારામ

ચીનોરબદામી પું. એક જાતનો આંબો.

ચીનોરા ૧. સ્ત્રી સુતારની એ નામની અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. જિ. એ નામની અટકનું.

ચીત્કાર પુ. ચિત્કાર; ચીસ.

ચીત્ર પું. કૂવાનો ગભરો.

ચીત્રક ૧. સ્ત્રી. એ નામની એક જાતની વેલ. તે સફેદ અને લાલ એમ બે જાતની હોય છે.

૨. સ્ત્રી. એક જાતનું વસાણું.

ચીત્રકમૂળ ન. ચીત્રક નામની વનસ્પતિનું મૂળ. તે દવામાં વપરાય છે.

ચીત્રકુટાપ્રાસાદ જ. (શિલ્પ) એક જાતનું દેવળ.

ચીત્રણિયો પું. સોનામાંદીના દાગીના ઉપર નકશો ચીતરનાર કારીગર.

ચીત્રી ૧. સ્ત્રી. એક જાતનો ગામડીનો રોગ તેમાં ધર્ષણ કરવાથી ઉપરની ગામડી રજની મફક ખરી પડે છે અને નીચે સફેદ ચામડી થઈ રહે છે. તેમાં ચોકીપણું ચાલ્યું જાય છે. મોઢા ઉપર, બકા ઉપર અને વાંસા ઉપર આવાં ચામડાં મોટાં હોય તો તેને કરોળિયા કહે છે.

૨ સ્ત્રી. એક જાતનો વેલો. આ વેલામાં નાનાં ફળ થાય છે. તે પ્રથમ લીલા રંગનાં અને પાકયા પછી ચકચકિત રાતા રંગનાં થાય છે. સ્વાદમાં તે ખાટા કડવાં હોય. તે દવામાં વપરાય છે.

ચીત્રોબ્રહ્મ (ચીત્રોબ્રમ) ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન અડુસાનાં પાન જેવાં હોય છે.

૨. સ્ત્રી. કેસેડિનું પાન.

ચીથડા (ચીથલ) [હિં.] પું. ચીથરું.

ચીથડું (ચીથરું) જુઓ ચીથરું.

ચીથડેડું (ચીથરડું) જુઓ ચીથરું.

ચીથરિયાળ વિ. ફાટ્યાતૂટ્યાં વસ્ત્ર પહેર્યાં હોય એવું; ચીથરેહાલ.

ચીથરિયું ૧. જ. ચીથરું; ફાટ્યુંતૂટ્યું નકામું કપડું.

૨. જ. ચોપાનિયું; ટૂંકું છાપેલું લખાણ.

૩. જ. માલ વગરની વસ્તુ.

૪. જિ. ચીથરા જેવું; માલ વગરનું તુચ્છ.

ચીથરી સ્ત્રી. નાનું ચીંદરડું; કાપલી; ચીંદરડી. નાનું ચીથરું; ચીથરામાંથી ફાડેલી નાની કટકો

ચીથરું ૧. જ. ધર્યું જ હલકો કીમતનું કપડું.

૨. જ. ફાટીતૂટી ગયેલ કપડાંનો છેક જ નાનો કટકો. ફાટ્યુંતૂટ્યું મેલું લૂગડું; જૂના લૂગડાનો નકામો કટકો; ધાબો; કપડા અથવા કાગળનો જૂનો નકામો નકારો કટકો; લીરો.

૧. ચીથરાં ફાડ્યાં = (૧) ખરી વાત મૂકી દઈ આડીઅવળી નકામી વાત કરવી; પોતાનો અન્યાય ઢાંકવા અર્થે પ્રયત્ન કરવો; નકામી વાત કરવી; નિર્બલ રુદન કરવું. (૨) ખૂબ ખોદવું. (૩) વસ્ત્રવિહીન થવું.

૨. ચીથરાં વીણવાં = (૧) માંડ થવું. (૨) સ્વજનમાં પડેલાં ચીથરાં ઊંચકીને તેને કામમાં લેવાં પડે તેવી હીન હાલતમાં આવી પડવું; ભીખ માગવાનો દહાડો આવવો; ભીખ માગવી.

૩. ચીથરાના દેવને કપાસિયાની આંખો = જેવી જેવી વસ્તુ તેવો તેવો તેનો સાજ.

૪. ચીથરિયા મામા = ચીથરાં વીણગારેલ ગાંડા. ગુજરાતમાં એવો ચાલ છે કે વસ્ત્રમાંનું ગાંડા કોઈ કાપીને લઈ ન જાય તે માટે ગાંડાની રક્ષા કરવા તેની ઉપર સિંદૂરનાં ત્રિશૂલ કરે છે અને એવો ભેગ ન આપે તો જૂના લૂગડાનો કટકો એ ગાંડાને વળગાડે છે. પછી બીજા પણ લૂગડાં ગંડાવતા જાય છે. આ રીતે તે ચીથરિયા મામાનું સ્વાંગ થઈ પડે છે. આવાં સ્વાંગ ધારણ કરીને જ્યાં ગાંડાની જરૂર હોય ત્યાં જઈ ભેગા થાય છે. તેના વિચિત્રતાના ભ્રમથી માણસ હેરાન થાય છે. છોકરાંએ મજાની ખાતર ભૂતને મામાનું નામ આપેલું છે.

૫. ચીથરે ભાંખવું = ચીથરેહાલ હોવું.

૩. જ. માલ વગરની તુચ્છ વસ્તુ.

ચીથરેહાલ ૧. જિ. કંગાલ; નાદાર જેવી સ્થિતિવાળું; અતિ હીન અવસ્થાવાળું; છેક જ ગરીબ હાલહેસલવાળું; તદ્દન બાયમાણ; ભેદાલ, મુફલિસ.

૨. જિ. નિર્માલ્ય; નામૂશી.

૩. જિ ફાટ્યાતૂટ્યાં વસ્ત્ર પહેર્યાં હોય એવું; કપડાનાં ચીથરાં લટકતાં હોય એવી હાલતવાળું. ફાટેલતૂટેલ લૂગડે હોય એવું; આખું કપડું પણ શરીર ઉપર ન હોય એવી હાલતવાળું.

ચીથરેહાલ થવું = કંગાલ થવું; છેક ગરીબ થવું; બરાબરબસ્ત થવું.

૪. જિ ફાટ્યાતૂટ્યું; ચીથરે ચીથરાં થઈ ગયેલ.

ચીથલું જ. બરાબર થઈ નૂરી ગયેલી ઈંટોણી.

ચીથવું ૧. સ જિ. કપરવું; ખૂંદવું

૨ સ. ક્રિ. કાપવું.

ચીદા [કા ચીદન (પસંદ કરવું)] વિ. ચૂંટેલ, પસંદ કરેલ, ચુનંદું

ચીન ૧ પુ. એ નામનો હિંદુસ્તાનની ઉત્તરપૂર્વમાં આવેલો એક મોટો દેશ. તેનું ક્ષેત્રફળ બ્રહ્મ ઓસ્ટ્રિયા સુધી લંબાયેલું છે. ત્યાંનું રેશમી કાપડ ખૂબ વખાણવું અને હિંદમાં તે બહુ પ્રાચીન કાળથી વપરાતું. તે કાપડ ચીન,ચુહ નામે ઓળખાતું. દુનિયાની જ્ઞાત નવાઈઓમાંની એક નવાઈ તેની ઉત્તરે આવેલી મોટી દીવાલ છે. ઉત્તર તરફના લોકોને પોતાના દેશ ઉપર ચડી આવતા અટકાવવા માટે ચે-વાંગ-ટે નામના માણસે તે બંધાવી હતી. એની લંબાઈ ૧૫૦૦ માઈલ છે. તે ઘણી ઊંચી અને જાડી તથા પહોળી અને મજબૂત બાંધણી હોવાથી તોડી ન શકે તેવી છે. ચિનાઈ માટીનાં વાસણ એ પણ ચાની કારીગરી છે. ચીન ઉદ્યોગી અને કાબેલ દેશ છે. બંદૂકનો દારૂ, કાપડાની કળા, કટાક્ષા વગેરે બાબતો ચીન પાસેથી આપણને અને યુરપને મળેલા છે. ત્યાંના લોકો મોંગોલિયન જાતનાં છે અને બૌદ્ધધર્મના બહુ અંધાણી હોવાનું કહેવાય છે. વિષ્ણુપુરાણમાં જણાવેલો હરિવર્ષદેશ આ હોવાનું મનાય છે. મધ્યકાલમાં એને મહાચીન કહેતા હતા. કાશ્યપ, માતંગ અને ધર્મરક્ષક નામના બૌદ્ધ ધર્માનુયાયી હિંદુઓ મિંગટે નામના સમ્રાટના સમયમાં ઈ. સ. ૬૭માં ચીન ગયા હતા. ઈ. સ.ના ચોથા સૈકામાં ચીનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો. ઈ.સ. ૪૮૧માં નાનકીનમાં પહેલું બૌદ્ધ દેવળ બંધાયું હતું. હાલમાં પણ ત્યાં બૌદ્ધ ધર્મ પ્રવર્તે છે. ઘણી પુરાણ અનુસાર પ્રાચીન કાળમાં પીતમૂલક નામનો રાજા ત્યાં હતો એમ મનાય છે.

ચીનનો સાકુકાર = કામ; લુચ્ચો; કપટી; લાંબે ને પાછું ન આપે અને ઉપરથી ભેળ ભતારે એવો. ચીનાઓ મળે તેને ઠગે છે. ચીનાને ઠગવાને તો ચીનો જ જાય એ એમ કહેવાય છે. તે ઉપરથી આમ બોલાય છે.

૨. [સં.] પું. એક જાતના ચોખા.

૩. પુ. એક જાતનો પુરુષ.

૪ પું. એક જાતનો મૃગ. હરિણ.

૫ પુ. ચિનાઈ કપૂર.

૬ પુ. ચીન દેશના લોક; ચીન દેશમાં રહેનાર માણસ.

૭. પું. ચીન દેશનો આચાર.
૮. પું. ચીનનો રાજા.
૯. [ધા. ચીદન (ચૂરવું)] પુ. ચૂંથનાર માણસ.
૧૦. પુ. બિલ્લો; ચાદ.
૧૧. [ધા. ચીદન (ભેગું કરવું)] પુ. ભેગું કરવું તે.
૧૨. પું સતારો; ચાંદલો
૧૩. પું અત્તર.
૧૪. જી. એક જાતની રોટલી.
૧૫. જ્ઞા. ઓળખાણ; જ્ઞાન; સમજણ.
૧૬. જી. કરચલી. પદ.
૧. ચીન આળફ ઢોલી = બેબાજરૂ વસ્તુ.
૨. ચીન કાઢવી = ઘડ પાડવી; બાંધવું.
૩. ચીન પર ચીન હોવી = અરબામાંથી કરચલી પડવી.
૧૭. જી. ગિલગિટ અને તેની આસપાસના મુલકમા વસતી શીન જાતિ.
૧૮. જી. ચહેરો; શિકલ.
૧૯. જી નિશાની. ચિહ્ન.
૨૦. જી. લલિતવિસ્તરમાં નિર્દેશ કરેલી બોલાતી ભાષાની એક લિપિ. જુઓ લિપિ.
૨૧. ન. એક જાતનું ધાસ.
૨૨. ન. કેટલી જમીન સુધી જાટકાનું બાંધેલું કપડું.
૨૩. ન. ચીન દેશમાં ઉત્પન્ન થતુ કાપડાં એક પ્રકારનું રેશમી કાપડ.
૨૪. ન. તતુ.
૨૫. ન. પતાકા; ધ્વજ.
૨૬. ન. સીસુ.

ચીનક ૧. પું. એક જાતના ચોખા.
૨. પું. એક જાતનું ઝાડ. તેમાં જંગલી બોર થાય છે.
૩. પું. એક જાતનું ધાન્ય; ચીણો.
૪. પું. ચીની કપૂર.

ચીનકર્પૂર [સં.] પું. ચીની કપૂર

ચીનકો પું. ચુનીલાલનું ટૂંકું નામ.

ચીનગી જી ચિનગારી.

ચીનગો પું. ચિનગારો.

ચીનચીલા ન. દક્ષિણ અમેરિકામાં થતું અતિ સુંવાળાં ભૂરા રંગવાળું એક પ્રાણી. એ વધુ ઝડપી હોય છે અને ખડક ઉપર નિર્ભયપણે બાંણે સુખી કૂદી શકે છે એના રૂવાંનો વેપાર ચાલે છે. તે શરીર ઘટાડી શકવાની શક્તિ ધરાવે છે. તેનાં આંખા ટૂંક હોય છે. તે પીઠ ઉપર કાળરંગીતરા રાખોડી રંગનું હોય છે. રોમા ને મુખમાં એનો ખોરાક છે.

ચીનજ ૧ [સ.] ન. ચીનાઈ લોઢું; પોલાદ.
૨. વિ. ચીન દેશમાં ઉત્પન્ન થનાર.

ચીન ઝો ઝારા ન. એક જાતનુ ઝાડ. ગુજરાતમાં આ ઝાડને લાંબીના ફાતને નામે ઓળખે છે. તે બહરવાટ પહાડી ભાગમાં જોવે છે. એનુ લાકડું બહુ કઠણ હોય છે.

ચીનત જી. ભવ્યુ; ઓજપ્ય.

ચીનદેવ પું. એ નામનો એક મુનિ. તેણે બુદ્ધચરિત રચ્યું છે.

ચીનપટ્ટ પું. ચીનનું કાપડ; ચીનમાં બનેલુ એક જાતનુ કાપડ.

ચીનપિષ્ટ [સં.] ૧. પું. ચીનજ; એક જાતનુ લોઢું.
૨. પું. સિંદૂર.
૩. પું. સીસાનો ભૂકો; સીસુ.
૪. પું. હિંગળો.

ચીનપ્રસ્થ ન. અભિધાનમાં મતુ એક જાતનુ કુમારતી લાકડાનું મોટું વૃક્ષ. આ જાતનાં ઝાડ રાજસ્થાની અને રેતાળ રણમા પુષ્કળ જોવે છે.

ચીનભૂમિજ [સં.] વિ. ચીન દેશમાં બનેલુ.

ચીનમાણ જી. સોનાના મણકાની માળા; એક જાતનું ઘરેણું ધરેણુ.

ચીનમુદ્રા જી. યોગની એ નામની એક મુદ્રા; આખ્યાનમુદ્રા, તેમાં બધાસન વાળી ઉપદેશકની જેમ જમણા હાથની તર્જની આગળાને અડાડી રાખવામાં આવે છે.

ચીનલિપિ જી. ચોસઠ પ્રકારની એ નામની એક લિપિ.

ચીનવંગ [સં.] પું. સીસુ.

ચીનવાસી વિ. ચીનમાં રહેનાર.

ચીનવું ૧. સ. ક્રિ. એકઠાનું; ભાણવુ, સમજવુ.
અહો હરી આદમા તત્ત્વ ચીન્યો નહિ.
ત્યાં લગી સાધના સર્વ નહીં. નરસિંહ
૨. [સં. ચિ (ભેગું કરવુ)] સ. ક્રિ. ભેગુ કરવું; પ્રાપ્ત કરવું; મેળવવુ

ચીનસી ન. એક જાતનુ ઝાભરું. તે રેસે રેસાવા પડતું ઝાણ અથવા ઝભ્ભાવા પડતું પોળું હોય છે

ચીનસીલ્ક પું. એક જાતનો ઉંદર. તેની ચામડીનાં બનેલા વસ્ત્ર અમેરિકની સ્ત્રીઓ પહેરે છે.

ચીનસુર જી. હિંદમાં પૂર્વઘાટમાં વસતી એક અર્ધજંગલી પ્રજા. તેઓ કૃષ્ણા નદીની વચમાંના જંગલમાં ઘટકે છે. તેઓ ઝોર તેલુગુ ભાષા બોલે છે. વલ્કલ અને મલ્બૂરીનો પગો કરે છે. કેટલાક જંગલમાં વસી પાંદડાંનો જ પોશાક પહેરે છે. પુરુષો પણ બો જેવા લાંબા ચોટલા રાખે છે. તેઓ શબને કદી દાટે છે તો કોઈ બેજ બાળે છે.

ચીના ૧. [સં. ચીનક] પું. (હિંદી) એક જાતનો બાજરો
૨. પું. એક પ્રકારનું રુવેદ પ્રાણી. તેના શરીર ઉપર લાલ અથવા કાળા પટ્ટા હોય છે
૩. પું. ચીણો.
૪. પું. ચીની કપૂર.
૫. ન વ. બ. ચીન દેશનાં બોકો.
૬. વિ. ચીનનું; ચીન દેશ સબધી.

ચીનાક ૧. [સં.] પું. ચિનાઈ કપૂર.
૨. પું. ચીણો.

ચીનાકર્પૂર ન. ચીની કપૂર.

ચીનાકર્પૂરિ [સં.] જી. એક જાતની રવાદાર કાકડી.

ચીનાકાકડી (ચીનાકાકડો) [સં. ચીનાકર્કટી] જી. એક પ્રકારની નાની કાકડી. વૈદકમાં તેને શીતલ, મધુર, રુચિકારક, ભારે, વાતપિત્તહર, પિત્તરોગનાશક અને દાહજ્વર હરનાર કહેલ છે.

ચીનાકી ન. કાંચ કે માટી જેવુ એક પાત્ર.

ચીનાખાનું ન. ચીનની બનાવટની ચીજો રાખેલી હોય તે જગ્યા.

ચીનાચંદન [હિં.] ન. એક પ્રકારનું પદ્મકા. તે દક્ષિણ હિંદુસ્તાનમાં જોવામાં આવે છે. તેનું શરીર પીળું અને તે ઉપર કાળા ધોટા હોય છે. તેનો સ્વર મધુર હોવાથી તેને પાળવામાં આવે છે.

ચીનાજ જી. પલ્લવમાં આવેલ એ નામની એક નદી.

ચીનાજાદામ [હિં.] પું. મગફળી.

ચીનાર ન. કાશ્મીરમાં ઊગતું એક ઝાડ. એનુ લાકડું કાળા રંગનું હોય છે અને તે ઘોડી બાંધવાના કામમા વપરાય છે.

ચીનાર ન. એ નામનુ એક જાતનું ઝાડ. ચીનાર એ વૃક્ષોનો રાજા છે. એનુ થડ વડના જેવું મોટું હોય છે. આ ઝાડનો વિસ્તાર વડ અને પીપળા કરતાં મોટો હોય છે અને પાંદડાં એરંડાનાં પાદડાં જેવાં મોટા અને કરકરિયાળાં હોય છે.

ચીનાંશુક ૧. [સં.] ન. એક પ્રકારની જાત જનાત. તે પહેલા ચીનથી આવતી હતી
૨. ન. ચીનનુ રેશમી કાપડ; ચિનાઈ સાડી, ચિનાઈ કપડ.
૩. ન. સાચુ રેશમ.

ચીનિષા [હિં.] જી. ચીનનું; ચીન દેશ સબધી.

ચીની ૧. [હિં.] પું. એક પ્રકારનો નાનો ડોડ. તે પૂર્વમાં આસામ અને પશ્ચિમ હિમાલયમાં મળે છે. તેનાં પાન ચારાના કામમાં આવે છે.
૨ સ્ત્રી અર્વાચીન લિપિ માંહેની એ નામની એક લિપિ.
૩. સ્ત્રી ખાંડ; શર્કરા; સાકર; શક્કર.
૪ સ્ત્રી. ઘડિયાળનો ચરો.
૫. સ્ત્રી. ચિનાઈ માટી; એક જાતની સફેદ માટી.
૬. સ્ત્રી. ચીનની ભાષા.
૭. સ્ત્રી ચીનાની સ્ત્રી; ચીન દેશની સ્ત્રી.
૮. સ્ત્રી ૨.ની બોર.
૯. વિ. ચીનનું; ચીન દેશનું; ચિનાઈ; ચીનને લગતું

ચીનીકેટી પું. (કચ્છી) એક પ્રકારનો વેલો; શતાવરી.

ચીનીઓ પું. એક જાતનો ગુંદર.

ચીનીકપૂર ન. એક જાતનું કપૂર.

ચીનીકેંદ્રો જુઓ ચીનીકેટી.

ચીની કામ ૧. ન. કાચનું વાસણ; કાચનું કામ.
૨ ન ચીનમાં બનતું બિલોરી કાચનું કામ.
૩. ન. ચીની માટીનું કામ.
૪. ન. કુદી બનેલ ચિનાઈ માટીનાં વાસણોના નાના નાના ટુકડા અને સિમેંટ મેળવી કરાતું એક જાતનું પોપા જેવું કામ.

ચીનીખાતું જુઓ ચીનીખાનું

ચીનીખાનું ૧. ન. કાચનાં વાસણ.
૨. ન. ચીનની બનાવટની ચીજો જેમાં વેચવા કે શોભાને માટે રાખેલી હોય તે જગ્યા; ચિનાઈ સામાન જ્યાંથી હોય તેનું સ્થળ; કટલરીની દુકાન
૩. ન. કારખાનું.

ચીની ચંપા [હિં.] ન. એક જાતનાં ફૂલ. તે નાનાં હોય છે

ચીની જીવન જુઓ ચીનીકેટી.

ચીનીદા [કા.] ન. ચુંટાયેલ; પસંદ કરેલ.

ચીની પોપટ પું. નાની જાતનો પોપટ.

ચીનો ફાનસ ન. ચીનમા બનેલું ફાનસ; ચીની બનાવટનુ ફાનસ.

ચીની બોર ન. નાનાં ને રાતાં ચટાણાં જેવાં બોર; ચણી બોર; ચણિયા બોર.

ચીની બોર [હિં.] પું. સંયુક્ત પ્રાંત, બંગાળ અને આસામમાં વિશેષે કરીને જોવામાં આવતું એક પક્ષી. તેનું માંસ બહુ સ્વાદિષ્ટ કહેવાય છે.

ચીની સંવત પું. ચીનમાં ચાલનો સંવત. આ સવત ચીન દેશના પહેલા રાજાથી ચાલ્યો છે. તેને નવ કરોડ સાઠ લાખને આશરે વર્ષ થયા છે.

ચીને પેશાની સ્ત્રી. બનાવટ ચટાવવાં તે.

ચીનો ૧. પું. ચીન દેશનો પુરુષ; ચીનનો વતની મનુષ્ય.
૨. પું. ચીનો
૩. પું. ચુનીયાકનું ટૂંકું નામ.

ચીનોર્ક ૧. સ્ત્રી. વણિયાની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.

ચીનોકાપડી (ચીનોકાપડી) પું. કાપડ વેચવાનો ધધો કરનાર ચીનનો વતની પુરુષ.

ચીન્યા ન. ચીનનાં વિદ્યાત વિદ્યાપીઠ માંહેનું એ નામનું એક; ઈ. સ. પૂર્વે ૧૪૨ અગાઉનું સ્થાપિત રાજ્યાશ્રિત એક વિદ્યાપીઠ.

ચીપ ૧. સ્ત્રી. ઝાલું કરવાનું તે; એક કે બને હાથના અંગૂઠા અને તર્જનીથી દાબેલી ટૂચ; ટૂપો; ભીંસ.
ગળે ચીપ દેવી = ગળાટૂપો દેવો; ગળાકાસો દેવો; ઝાલું કરવું.
૨. સ્ત્રી. ચંદ્રકાન્તનું પત્રાં ચીપવાની વારી.
૩. સ્ત્રી. ચમરકી.
૪. સ્ત્રી ટૂચ; ચાંપ.
૫. સ્ત્રી. દાબિયા ચીપવા તે.
૬. સ્ત્રી. દાંતની કે હાડકાની ચૂડલીને ચડાવવામાં આવતી સોનાની કે પિત્તળની પાતળી ચપટી પટ્ટી, પાતળી અને લાંબી ધાતુની પટ્ટી.
૭. સ્ત્રી. પગરખામાં સજાવટ સારૂ લગાડેલી ચામડાની પટ્ટી.
ચીપ જેવું = મજબૂત.
૮. સ્ત્રી. પાણીનો કોતરેલ કટકો.
૯. સ્ત્રી. બે જણાએ એકબીજાના ખાંડા ઉપર આંગળી જોરથી મારવી તે.
૧૦. સ્ત્રી. હાડકાનો કે વાંસનો પાતળો કટકો; ચીર; ખપાટ.
૧૧. સ્ત્રી. લાબી ચપટી પટ્ટી; ચીપટ.
૧૨. સ્ત્રી. વાસણ બનાવતી વખતે હાથે ચોટની નરમ સુંવાળી માટી.
૧૩. સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

ચીપક ન. એક જાતનું જનાવર. પ્રયાણ વખતે રથેન, ભાસ પક્ષી, વાદરો, મોર, કાળો મૃગ, ચકોર અને ચીપક એટલાં જનાવરો જમણી તરફ બોલે તો તે શુભ ગણાય છે.

ચીપકચંદ પું. ચૂપણી આંખવાળો માણસ.

ચીપકજો વેલો પું. એક પ્રકારનો વેલો. તે ત્રણેક ફૂટ લાંબો થાય છે. તેનું મૂળ ઝેરી જનાવરોના ડંખ ઉપર લગાડાય છે.

ચીપકલી સ્ત્રી. ગરોળી.

ચીપકિયા મગ પું. ન ક. ટપકિયા મગ; ઉનાળુ મગ.

ચીપચીપો વિ. પું. મોટી પાંપણ અને નાની આખો હોય એવો

ચીપટ ૧. સ્ત્રી. ચીપ; પટ્ટી.
૨. સ્ત્રી. શરીરનો કોઈ ભાગ બે ચીજ વચ્ચે દબાઈ કે ભિસાય જવો તે; ચીપટી.
આંગળી ચીપટમાં આવવી = કોઈના કબજામાં કે કદમાં આવી પડવુ
૩. વિ. દબાઈને પહોળું થયેલું; દબાણથી કે પ્રહારથી બેસી ગયેલું; પહોળું અને પાતળું થયેલું; ચપડું.

ચીપટું (ચીપટું) વિ. ચપટું; ચીપટું.

ચીપટાવવું સ. ક્રિ. લાકડાના કોઈ પણ સાધનને ચોરસ બનાવવુ.

ચીપટાવું સ. ક્રિ. બેપાવું; દબાવું.

ચીપડાં ન. ન ક. રસ કાઢી લીધા પછી બાકી રહેલાં શેરડીનાં ડોલાં.

ચીપડિયાં ન ન ક. તરેલાના ધોંસરામાં બળદને ચીપટી ન આવે માટે સાંબેલા તરફ વીંટાતાં ચીથરાં; તરેલામાં ચીમોરી પાસે કરાતી લુગડાની ગાદી.

ચીપડિયું ન. હિંદુઓના લગ્નમાં બે કોડિયામાં કોપારી મૂકી ઉપર દોરાથી બાંધીને બનાવવામાં આવતું સપૂટ

ચીપટી ૧. સ્ત્રી. કોઈ બે કાણ વસ્તુની વચ્ચે પકડાઈ જતી ચામડી.
૨. સ્ત્રી. ચપટી, ચપટી વગાડવી તે; હાથનો અગૂઠો અને આંગળીથી થતો અવાજ.
ચીપટીનો ગરબો = એક પ્રકારનો ગરબો. ગરબો લેતાં લેતાં ચીપટી વગાડાય અને જમણો પગ જમીન ઉપર પછાડાય.
૩. સ્ત્રી. શરીરની ચામડીને કોઈ બે કાણ પદાર્થ વચ્ચે આવેલી ભીંસ.

ચીપટી અરાખી સ્ત્રી. લાકડું કોરવાનું સંધ.ક્રિ.નું એક સાધન.

ચીપટો ૧. પું. ચીમટો, સાણસીના જેવું ચપટ પકડે એવુ ઓજાર; ચમટો; ચીપિયો; ચપ્પો; જરા મોટી ચીપટી.
૨. પું. ચૂંટલો; મોટી ચૂંટી.

૩. વિ. બધો જ કંજૂસ.

ચીપડ (ચીપડ) [હિં.] પું. આંખમાંનું પડ; ચીપડો

ચીપડા નક્ષત્ર (ચીપડા નક્ષત્ર) ન. ન. ન. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનાં ભરણી, આર્દ્રા, મઘા, ચિત્રા, જ્યેષ્ઠા, અભિજીત અને પૂર્વાભાદ્રપદ એ સાત નક્ષત્ર. ચીપડા નક્ષત્રમા જોવાયેલી વસ્તુ પશ્ચિમ દિશામા હોય અને તે ચોસઠ દિવસની અંદર મળે એમ મનાય છે.

ચીપડું (ચીપડું) જુઓ ચીપડો.

ચીપડો (ચીપડો) પું. સુકાઈ ગયેલો આંખનો મેલ; પિયો, આંખના ખૂણામાં જામી જતુ પડ. દુખતી આંખના અંદરના ખૂણામાં સતો બોળો ચીકટ પદાર્થ.

ચીપણી સ્ત્રી. ઝાડનાં પાનાં ચીપવાનુ ઝાડ; પતાની ચીપ.

ચીપણું ૧. ન. ચીપણી, ઝાડનાં પતાં ચીપવા તે.

૨. ન. ગાડામાં ઢાંકણ મારવાનું સપાડિયાનુ એક ઓજાર. દોરો નાખીને ફેરવવાની મકરડી તથા રમવાની પટીમાં ઢાંકણ દેવા વપરાય છે. તેનુ પાનું આગળથી જરા પહોળુ અને પાછળથી સાંકડું હોય છે.

ચીપમંક ન. ઉત્તર અમેરિકાનાં જગલો તથા ખેતરોમાં વસતું નોળિયાના આકારનું એ નામનું પ્રાણી. તે જમીનમાં દર કરી વસે છે. આ પ્રાણી ઝેરોપૂ, બિલા અને કાંકણ ખાવાનુ બારે મોબીલ છે. એ પણી ભેળા મકાઈ અથવા ઘઉંના ખેતર ઉપર દરોડો પાડી પાકનો નાશ કરે છે

ચીપલૂખર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

ચીપવું ૧. સ. ક્રિ. ઉપલાવવુ.

૨. સ. ક્રિ. ઝાડની રમતમાં બધાં પતાં એક હાથમાં લઈ બીજે હાથે તેને તળે ઉપર કરવા; ઝાડનાં પત્તાંને છૂટા પાડવાં કે ઉપલાવવા.

૩. સ. ક્રિ. ચોપાટની રમતમાં પાસા, કોડીના દાણિયા વગેરે બાજી પ્રમાણે પડે તે માટે હાથમા જોડવા; બાજી પાસા પાડનારને પાસા નાખતા પહેલા યુક્તિથી જોડવા.

૪. સ. ક્રિ. કરેક વાતને જોખીને ચીપણી કે લાખી કરવી.

ચીપી ચીપીને જોવું = વિચારીને જોવુ.

૫. સ. ક્રિ. સાબી જેમીને ચીપ બનાવવી.

૬. સ. ક્રિ. ધ્યાન દઈને કાગળથી લખવું; ચીપી ચીપીને લખવુ.

૭. સ ક્રિ. ચામડી, પોતિયાં વગેરે કપડાંની સહાયથી પાટલી કરવી.

૮. સ. ક્રિ. સહાયથી ફીક કરીને જોડવુ. જેમકે, પાતિયાની પાટલી, ઝાડનાં પાના, બાજલની ઢબ.

ચીપલ્યાં ન. બ. વ. લાકડાનાં પાટલિયાં, બાજન મારી વખતે તે વગાડાય છે.

ચીપાચીપ ૧. સ્ત્રી. અત્યત ચોકસાઈ; બારીકાઈ, સાવધાનપણું, કોઈ વાતને કે વિષયને ચોપા ચીપીને પપાવવા કરવાની ટેવ; વિષાસિયાવડા; ચાપાચીપ; ચોકસાઈ; કોઈ વાતમા બધુ બંધ બેસતુ કરવાની ટેવ.

૨. સ્ત્રી. વારંવાર ચીપવાની ક્રિયા.

ચીપાસોતું ન. રુદ્ધ સોનું; ઊંચા દરનું સોનું, કુદરતી પાકનુ સોનુ.

ચીપિયાપકડો સ્ત્રી. દવાઓ બનાવતા કરાતા એક પ્રકારના પાટા.

ચીપિયું ન. ચાર જડેલો લાંબે પકડવાનો લોખા દાગીનો.

ચીપિયો ૧. પું. ઝાટો પકડવાનું એક સાધન.

૨. પું. બાખી બાબામાંથે રાખવાનું એક સાધન.

૩. પું. ચીપડો; આખના ખૂણામાં જામતો પદાર્થ.

૪. પું. ચીપી ચીપીને ચોરી નાખનાર માણસ.

૫. પું. પાન બેરબાનો બાકડિયો.

૬. પું. ગોતની ઉપર ત્રાંસી સીધી પટી કે વાટો કરતા તે બાંધવાનુ લોઢાનું એક સાધન.

૭. પું. બરત લાયાને અંકુરમાં લાવવાનુ હથિયાર.

૮. પું. લુગા જાતિનાં ઊપલાંની ઊપણી જોડી; લુગા જાતિના પગની પહેરવી જોડી; જીવજંતુના બાકલા પંજા; બાકડા.

૯. [સં. ચર્પાનિકા (ઘાસવુ)] પું. લોઢાની ચીપ બાણીને બનાવેલી પકડ, પરીની બજર જાડી પકડ; રેતના વગેરે બાલવા બનાવેલી પકડ, ચીમટો; અગ્નિમાં મૂકેલું લેવાના બાયા જીવજંતુ પકડવાના કામમાં આવતું લોઢાનું એક ઓજાર, સાણસી.

૧૦. પું. વાકડાને બસી કરવાનુ ધોબીબાણુ એક વિદ્યાવતી સાધન.

૧૧. પું. વાકડાપમાં વપરાતું એક ઓજાર.

૧૨. પું. વાળ ટૂંપવાનું વાળંદનું એક હથિયાર.

૧૩. પું. કાગળને મજબૂતી આપવા માટે બનાવેલું લોઢાનું સાધન.

૧૪ પું. ઓઝોના અંબોડામાં રાખવાનો તિબકાકાર બાકડો.

ચીપી ૧. પું. બાખી ઉડાડવા માટેની ચમરી.

૨. વિ. સુતર ઉપર ઝાપનાર

ચીપીચીપીને ૧. ક્રિ. બરાબર ગણીને

૨. ક્રિ. ધીમેથી સહાયથી ચોટાડીને; ધીમેથી કાળજી રાખીને; ધ્યાન દઈને; જોઈ તપાસીને; સભાળપૂર્વક.

૩. ક્રિ. બારીકાઈથી પટી પાડીને.

૪. ક્રિ. રમતમાં દાણિયા, પાસા વગેરે જોડીને જોડવીને

ચીપો પું. કાપણી થયા પછી જુવાર બાજરાના ખેતરમાં રહેલા નાના ચેપ

ચીફ ૧. [સં] પું. સરદાર; શાસ્ત.

૨. વિ. પ્રધાન; મુખ્ય.

૩. વિ. ચોકસ; ચોક્કસ

ચોરઆમલી સ્ત્રી. ઝેડ જાતનું ઝાડ: ફળો; ચોરખઆમલી. તેને સીમળાનાં પાન જેવાં પાન અને વેતાજર બબ્બાડાં ફૂલ આવે છે. તેની બહારની છાલ કાચી અને અંદર ચોટના ગોળા હોય છે. આ ચોટ બધો આટો હોય છે. તે ચોટનો આમલીને બદલે ઉપયોગ થાય છે. તેનાં ફળને ચોરઆમળાં પણ કહેવાય છે.

ચોરઆમળું ન. ઝેડ જાતનું આમળું. તેનો સ્વાદ ખાટો અને કર્કશ ગળો હોય છે.

ચોરઆંક પું. વેપારી સંજ્ઞા; માલ ઉપર લખેલો મૂળ કીમતનો છૂપો આંકડો; પાતર કીમત માલૂમ પડે તેમ મૂકેલો છૂપો આંક.

ચોરઆંબલી જુઓ ચોરઆમલી.

ચોરઆંબળું જુઓ ચોરઆમળું.

ચોરઇનામ ન. ચોરીથી આવા વગર ઉપભોગ કરાતી જમીન.

ચોરઢ [સં.] ન. ઝેડ જાતનું ગંધદ્રવ્ય; ગંધપર્ણ દ્રવ્ય. તે તીવ્રગંધ અને કડવું હોય છે અને વાત, કફ, મુખ તથા નાકના રોગ, અજીર્ણ, કૃમિદોષ, રુધિરવિકાર અને પેઢાં વગેરેનો નાશ કરનાર મનાય છે.

ચોરકટક જુઓ ચોરક.

ચોરકડી (ચોરકડો) ૧. સ્ત્રી. ચોરથી સંભાળવા રાખેલી છૂપી કડી
૨. સ્ત્રી. નાનો આંકડો.

ચોરકાંતાર [સં.] ન. ચોરોની વસતીવાળું જંગલ.

ચોરકાંબડી (ચોરકાંબડો) સ્ત્રી. ઝેડ નામની ચોરક તરફની ઝેડ રમત; હોલો રાખો.

ચોરખલી સ્ત્રી. પ્રાણીઓને સપડાવવા માટે ઉપર માલ વગેરેનો ઓટો દેખાવ કરી તૈયાર કરેલો છૂપો આડો.

ચોરખંડ [સં.] પું. છૂપું બાનું; પેટીમાં કરામતથી કરેલો ખંડ; સંચ; ચોરખાનું; ચોરખણ.

ચોરખાડો પું. નજરે ન પડે તેવો આડો; ચોરખલી.

ચોરખાનું ૧. પું. બાનગી ચોરડો.
૨. ન. કબાટ, પેટી અથવા પટારાના તળિયામાં કરેલું છૂપું બાનું; ગુપ્ત ચોરખંડ.
૩. ન. ચોરને ભરાઈ રહેવાની જગા.

ચોરખિડકી (ચોરખિડકો) [હિં.] સ્ત્રી. છૂપી રીતે નાસી જવાની બારી; નાનો ચોર દરવાજો; પાછલું દ્વાર.

ચોરખિસ્સું જુઓ ચોરખીસું.

ચોરખીલો ૧. સ્ત્રી. છૂપી રીતે નાખેલી ખીલી; છૂપી બલી.
૨. સ્ત્રી. બારણું દેવાનો આમલો.

ચોરખીસું ન. ચોરબજવું; છાનું ખીસું; ન જડે એવું છુપું ખીસું.

ચોરગજવું ન. માલમ ન પડે તેવું રાખેલું ગજવું, છુપું ખીસું.

ચોરગણેરા [સં.] પું. તાંત્રિકોના ગણેશ.

ચોરગલી ૧. સ્ત્રી. આનગી રસ્તો.

૨. સ્ત્રી. છુપી ગલી; સહજ નજરે ન પડે એવી નાની અંદર પડતી ગલી; ગુપ્ત શેરી.

૩. સ્ત્રી. પાયખાનાનો બે ભંગ વચ્ચે રહેતો ભાગ.

ચોરગાંઠ ૧. સ્ત્રી. બજારપાથી ન છૂટે અને ન સમજાય એવી ગાંઠ; કરામતથી વાળેલી ગાંઠ.

૨. સ્ત્રી છુપી ગાંઠ.

ચોરઘડી (ચોરઘડો) સ્ત્રી. નાની ઘડી; ટૂંકી ઘડી.

ચોરઘાત [સં.] પું. રાજાઓનો ઓક્ષ હાથી.

ચોરઘાતક [સં.] પું. ચોરનો ઘાત કરનાર; ચોરોને મારી નાખનાર.

ચોરચકાર [હિં.] પું. ન. ક. ચોર જેવા લુચ્ચા માણસ..

ચોરચબાર જુઓ ચોરચકાર.

ચોરચાર પું. ચોરી કરનાર માણસ.

ચોરછિદ્ર [હિં.] પું. બે ચીજ વચ્ચેની જગ્યા.

ચોરજમીન સ્ત્રી. ઉપરથી જોતાં ઠીક લાગે પણ નીચેથી પોલી હોય તેવી જમીન.

ચોરજહાજ ન. ચાંચિયાનું વહાણ.

ચોરટાઈ ૧. સ્ત્રી. ચોરી કરવાની ટેવ; ચોરવૃત્તિ; ચોરકર્મ.

૨. સ્ત્રી. લુચ્ચાઈ.

ચોરટી સ્ત્રી. ચોરી કરનારી સ્ત્રી.

ચોરટું ૧. ન. ચોરું; ચોરી કરવાની જેને ટેવ પડેલી હોય એવું; ચોરી કરનાર.

૨. ન. લુચ્ચું; કપટ કરનાર.

ચોરટો ૧. પું. ચોર.

૨. ન. પું. ચોરી કરનાર; ચોટ્ટો.

ચોરડી ૧. સ્ત્રી. જે નામની લોહાણાની એક અટક.

૨. ન. જે નામની અટકનું માણસ.

૩. ન. જે નામની અટકનું.

ચોરદોર ૧. પું. માલ સહિત પકડાયેલ ચોર.

૨. [હિં.] પું. ચોરી અને પ્રતિચોરી.

ચોરધ ન. ચોરીનું કામ.

ચોરણી [સં. चरण (પગ)] સ્ત્રી. સુથણી; લેંઘો, ચોલણી; કેડથી પગ સુધીનો ભાગ ઢાંકવા માટે સીવેલું વસ્ત્ર. તે સામાન્ય રીતે પુરુષનો પોશાક ગણાય છે, તોપણ કેટલીક જાતની સ્ત્રીઓ તેમ જ નટી, બારાંગના વગેરે પણ પહેરે છે.

ચોરણો [સં. चरण (પગ)] પું. ઘૂંટણથી કીંચણ સુધી બેસતો ને ઉપરથી ખુલ્લો એવો લેંઘો; સુથણો; સાથળ આગળ પૂરતો હોય એવો લંગો; મોટી ચોરણી.

૧. ચોરણામાં ઘારી લેવું-ચોરણો લીનો થવો = (૧) ચોરણામાં પેસાબ કરી લેવો. (૨) ભય લાગવો; ગભરાઈ ઘૂજવું.

૨. ચોરણો ભલેળાચે = (૧) ભોંઠા પડવું. (૨) મૂંઝાવું

ચોરતાળું ન. દૂરથી અવાય ઉપરથી પત્તો ન લાગે એવું તાળું. આવું તાળું બધે આગે કમાડના પલ્લાની અંદર રહે છે.

ચોરધન [હિં.] સ્ત્રી. ચોકખાના સમયે પૂરું દ્રવ્ય ન દેતી અથવા દ્રવ્ય ચોર જતી માલ, જંસ, બારી વગેરે.

ચોરધાંગ [હિં.] પું. ચોરેલો માલ લેનાર માણસ.

ચોરદરવાજો પું. મકાનની પાછળની બાજુએ અથવા ખૂણામાં આવેલ ગુપ્ત દ્વાર.

ચોરદલાલી પું. ચોરનો દલાલ.

ચોરદાનત ૧. સ્ત્રી. ખોટી દાનત; અપ્રામાણિકતા.

૨. સ્ત્રી. મૂળથી જ મનમાં કપટ હોય એવો સ્વભાવ; મનમાં છુપો વિચાર; ગુપ્ત રીતે ચોરી કરવાની ઇચ્છા.

ચોરદાંત પું. ત્રાંસો દાંત ઉપરાંત નીકળતો દાંત.

પકડાય, ચોરદાંત, રસોણા વગેરે ઉપભોગકારી અવયવો પ્રાપ્ત કરનાર હોય તે ઉપભોગપ્રાપ્ત.
તત્ત્વાર્થસૂત્ર

ચોરદૃષ્ટિ ૧. સ્ત્રી. ચોરદાનત; અપ્રામાણિકતા.

૨. સ્ત્રી. ચોરના જેવી નજર; વાંકી નજર.

૩. સ્ત્રી. છુપી નજર.

ચોરદ્વાર ન. પાછલું બારણું; ચોરદરવાજો; ગુપ્ત દ્વાર.

ચોરનજર જુઓ ચોરદૃષ્ટિ.

ચોરનિમક ન. દાણચોરીવાળું મીઠું

ચોરપગલે ન. બિલકુલ અવાજ કર્યા વગર.

ચોરપહેરો ૧. પું. ગુપ્ત પહેરો.

૨. પું. દુશ્મનો અચાનક હુમલો કરી શકે એ માટે ગુપ્ત રીતે રાખવામાં આવેલ ચોકી.

ચોરપુષ્પિકા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ચોરપુષ્પી; સંચિની.

ચોરપુષ્પી [સં.] સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તેની શાખા અર્ધક ગોળાકાર પડતી હોય છે અને તેનાં પાન લાંબાં તથા રૂંવાંટાવાર હોય છે. તેને આસમાની રંગનાં ફૂલ આવે છે.

ચોરપૂર ન. ઉત્તર હિંદમાં બનતી એક જાતનાં રૂંવાં. એનાં બનાવે છે.

ચોરપેઠ ૧. ન. કોઈ ચીજની અંદરનું ગુપ્ત સ્થાન.

૨. ન. મર્દનો જાહેરી પત્તો ન લાગે એવું પેટ.

૩. ન. જેના મધ્યમાં કોઈ ગુપ્ત સ્થાન હોય એવી ચીજ.

ચોરપૈસો પું. અંગ્રેજ સરકારે દાખલ કરેલો તાંબાનો પૈસો. તે જૂના પૈસાથી અર્ધો જાહેરનો હોવાથી જલદી ઓળખી શકાય છે.

ચોરફાનસ ન. ત્રણ બાજુએ અજવાળું અને પાછળ અંધારું પડે એવી જાતનું ફાનસ; પ્રકાશ ગુપ્ત રાખી શકાય તેવું ફાનસ

ચોરબજાર પું; સ્ત્રી; ન. જ્યાં ચોરીનો માલ વેચાતો હોય તેવું બજાર.

ચોરબત્તી જુઓ ચોરફાનસ.

ચોરબહન ૧. પું. પોતાનાં કપડાં તરફ નહિ જનાર માણસ.

૨. પું. બહુ ભલો માણસ.

ચોરબાજરિયાં ૧. સ્ત્રી. એ નામની રમત. તે સોડ તરફ રમાય છે. જુઓ ખીલમખોડાં.

૨. સ્ત્રી. એક જાતની બંદૂકાની રમત; ચોરાચોરની રમત.

ચોરબાજી સ્ત્રી. બંદૂકાની એક રમત; ગુલામબાજી.

ચોરબાતમી સ્ત્રી. છુપી બાતમી; આનગી ખબર; જાસૂસ તરફથી મળેલી ખબર; ગુપ્ત વર્તમાન.

ચોરબારણું ન. કોઈ પણ જગ્યાની પાછળની બાજુએ પડતું છુપું દ્વાર; ગુપ્ત દ્વાર.

ચોરબારવટિયા સ્ત્રી. એક જાતની દેશી રમત.

ચોરબારી સ્ત્રી. છુપું બારું; ચોરની બહાર નીકળી જવાનો રસ્તો; નાની બારી, છુપી બારી.

ચોરબાલૂ [હિં.] સ્ત્રી. ખૂંચી જવાય એવી રેતી.

ચોરબંબોદિયો પું. ઊંચું વાળવાથી માંહેનું પાણી નીકળી ન જાય એવું માટીનું વાસણ.

ચોરમહેલ જુઓ ચોરમહેલ.

ચોરમહેલ પું. રખાતને રહેવાનું મકાન. તેમાં રા.ના કે અમીર ઉમરાવ પોતાની અવિવાહિતા કે અન્ય પ્રેમિકાને રાખે છે.

ચોરમંજરા પું. ગામડામાં છોકરાંથી રમાતી એક રમત.

ચોરમુગ ઉઠક [હિં.] પું. સ. જ. એક જાતના કઠણ દાણા. તે ઘંટીમાં દળાતા નથી ને ઉકળવાથી ચડતા નથી.

ચોરમોઠ પું. માલ સહિત પકડાયેલો ચોર.

ચોરયાસી વિ. ઓંસીને ચાર; ૮૪.

ચોરરજ્જુક [સં.] પું. ચોરને બાંધવાનું દોરડું.

ચોરરસ્તો ૧. પું. આડવી રસ્તો.
૨. પું. ચોરગલી; છુપી ગલી; સહજ નજર ન પડે એવી નાની અંદર પડતી ગલી, ગુપ્ત શેરી.

ચોરલક્ષ્ય [સં.] ન. ચોરને જાળે એવી નજર અથવા વૃત્તિ; ચોરનજર; ચોરદાનત.

ચોરવંજન [સં. ચોર + વંજુલ (ક્ષ)] પું. ચોરનો વેશ ધારણ કરી ચોરને પકડી પાડવાનું કામ કરતો બાહ્મણ.

ચોરવા ૧. સ્ત્રી. મેવડા લોકોની એક જાત. તેઓ એક નાની ટોળકી વડે લૂંટ કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ચોરવાટ ચાલો ચોરરસ્તો.

ચોરવાટ (ચોરવાડ) ૧. સ્ત્રી. ચોરોને છુપાવાની જગ્યા.
૨. ન. કાઠિયાવાડમાં વેરાવળ બંદર પાસે આવેલું એક ગામ. તે નાગરવેલનાં પાન માટે પ્રખ્યાત છે.

ચોરવાડા (ચોરવાડા) ૧. સ્ત્રી. એ નામની કેડની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ચોરવાડો (ચોરવાડો) પું. ચોર લોકોનું રહેઠાણ; ચોરો જ્યાં બાતમીમાં મળે તે સ્થાન.

ચોરવાળી ૧ સ્ત્રી. વણિકની એક જાત
૨ ન એ નામની જાતનું માણસ.
૩. વિ એ નામની જાતનું.

ચોરવિદ્યા [સં.] સ્ત્રી. ચોરી કરવી તેનું જ્ઞાન; ચોરી કરવાની કુશળતા; ગુપ્ત રીતે ચોરી કરવાની વિદ્યા.

ચોરવું ૧. સ. ક્રિ. ચોરવું, માલિક કરવું
૨ સ ક્રિ. મોહિત કરવું, આકર્ષવું.
૩. સ ક્રિ. લોકોની નજરે ન આવવા દેવું.
૪. [સં. ચુર્ (ચોરવું)] સ. ક્રિ. બજર હકે કોઈનું કંઈ લઈ લેવું; હરવું. કરજ કરવું; બાનર પાડવું; પારકાનું છૂપી રીતે લઈ જવું.
૫. સ ક્રિ. વસ્તુ કેવામાં અથવા કામ કરવામાં કસર કરવી.
૬. સ. ક્રિ. સંકેલવું.
૭. સ. ક્રિ. સામાને ખબર પડે નહિ તેમ અવયવ, મન, વિચાર વગેરે સંકોચી લેવાં.
૧. આંખ ચોરવી = સામાની નજરથી બચવું
૨. પાણી ચોરવું = યોનિમાં પાણી ઉપર ચડવું; ઓખો પાણીમાં નાહવા પડે ત્યારે તેની યોનિમાં પાણી ઉપર ચડે એમ થવું.
૩. વાત ચોરવી = વાતનું રાખવું; છુપાવવું.

ચોરશાપાટ ન. એક જાતનું સુતરાઉ કાપડ.

ચોરશી ૧. સ્ત્રી. ચોરાશી એટલે ગણી જાતના જાહાજોનું જમણ.
૨. વિ. ઓંસી ને ચાર; ૮૪.

ચોરસ ૧. [સં. ચતુરસ્ર] પું. (ગણિત) ચાર સરખી બાજુઓ અને ચાર સરખા ખૂણાવાળી આકૃતિ; ચોરસ આકૃતિ.
૨. પું. લંબાઈ પહોળાઈના ગુણાકારથી નીકળતી સંખ્યા; ચોરસમાપ.
ચોરસ ફૂટ = એક ફૂટ લાંબું અને એક ફૂટ પહોળું એવું માપ.

ચોરસકામનું ન. કાચ કરવાનું લોઢાનું એક જાતનું સાધન.

ચોરસપંખ ન. ચોરસ કાપું પાડવાનું ઓજાર.

ચોરસફેણી ન. લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર; ક્ષેત્રફળ.

ચોરસા પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ; ઉદ્ગિતિના. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ અને યગણ એમ ૬ અક્ષર હોય છે.

ચોરસાઈ સ્ત્રી. ચોરસમાપ.

ચોરસાપાટ પું. એક જાતનું કાપડ. બે પોતી ચૂંદડીને ચોરસો કહે છે.

ચોરસાવકાર પું. ગામડામાં રમાતી એક રમત. તેમાં બધાં છોકરાં બબ્બેનેજોડે કહી બાર. એક છોકરો આગી બાર. પછી બધાં તેને શોધવા બાર. જે પકડે તે ચોરને દડમ મારે.

ચોરસાવવું સ. ક્રિ. ચોરસ કરવું.

ચોરસી ૧. સ્ત્રી. ચાર સરનું ઓઢોની કોટનું એક ઘરેણું; ચોકો; સોનાનું કડીબોબણું કોકમા પહેરવાનું ઘરેણું, કાંકણી; મેટિયું.
૨. સ્ત્રી. ચિતોડો સાફ કરવાનું લોઢાનું એક સાધન.
૩. સ્ત્રી. ચોખડી શીશી.
૪. સ્ત્રી. ચોખડું છાજ્જુ
૫. સ્ત્રી. ચોરસ આકારની તખ્તી; ચોરસું; ચોરસ પથ્થર; ચોખંડ કટકો.
૬. સ્ત્રી. ચોરાસી એટલે બધી જાતના જાહાજોનું જમણ.
૭. સ્ત્રી. નાનો ચોરસો; પછેડો; ઓઢણી.
૮. સ્ત્રી. માટીની પોટલી.
૯. સ્ત્રી. સુતારનું એક ઓજાર; ફરસી.

ચોરસીડી (ચોરસીડો) ૧. [હિં.] સ્ત્રી. ગુપ્ત સીડી; છુપી જગ્યાએ મૂકેલ સીડી.
૨. સ્ત્રી. મકાનના પાછલા ભાગમાં મૂકેલ નિસરણી.

ચોરસીબંધ વિ. ચોરસીરૂપે બાંધેલું; ચોરસીબંધું.

ચોરસું ૧. ન. ચાર સરખી બાજુઓનું અને ચાર ખૂણાવાળું પથ્થર કે ઈંટ વગેરેનું ચોસલું; ચોખડો કટકો; ચારુ.
૨. ન. છ બાજુનો કાચ કટકો.
ચોરસાંની જમીન = ચોરસ ઈંટો જડીને બનાવેલી જમીન.

ચોરસો ૧. પું. ચાર સરખી બાજુઓનો બનાવ કપડાનો ચોરસ કટકો; અંગૂછો.
ચોરસો કાઢવો = જિંદગીની બટકળ બાંધવી. પુરુષને માટે જેમ પછેડી કાઢવી બોલાય છે તેમ સ્ત્રીને માટે ચોરસો કાઢવો બોલાય છે.
૨. પું. ચોરસ ઓઢણી; પછેડો.
૩. પું. ચોસલું; ચારુ; પથ્થરનો ચોખડો કટકો.

ચોરસ્નાયુ [સં.] પું. કાયમનું નાક.

ચોરંગિયા પું. (બોલ) ચોરાશી માંહેનો એક સિદ્ધ.

ચોરંગી સ્ત્રી. એક જાતની રમત; મેદી ખોખો.

ચોરંટી સ્ત્રી. ચોરી કરનારી સ્ત્રી.

ચોરા ૧ [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાકપુષ્પિકા.
૨. ન. દ્વિજ દેવનું એ નામનું એક રાક્ષસ; ચોલા.

ચોરાઈ ૧. સ્ત્રી. ચોરી
૨. વિ. ચોરનું; ચોરાઉ.

ચોરાઉ વિ. ચોરાયેલું.

ચોરાખાતું ન. મહેમાનની સરભરને માટે ખેડૂતોએ અથવા ગરાસિયાઓએ કરેલા ઉમરાણાનું ખાતું.

ચોરાચોર ૧. જી. ઘણા જણે જુદી જુદી રીતે અનુમાનું ચારેચાર ઊઠાવી જવું તે; ચારચાર જ્યાં ત્યાં ને ચોરવું તે.
૨. જી. માહોમાહે અરસપરસ ચોરી થવા કરવી તે.
ચોરાચોર કરવી = જેમ ફાવે તેમ ગમે તે વખતે ચોરે ચોરે ચોરવું.

ચોરાચોરી ૧. જી. જ્યાં ત્યાં ચારેચાર ચોરવું તે.
૨. જી. માહોમાહે અરસપરસ ચોરી થવા કરવી તે.
૩. અ. ધામેધામે; ચુપકીથી.

ચોરાડ (ચોરાડા) ૧. જી. આહેરની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ચોરાણવો પું. ચોરાણની સાલ.

ચોરાણ જુઓ ચોરાયું.

ચોરાણું ૧. વિ. ચોરાયેલ.
૨. [સં. ચતુર્નવતિ] વિ. નેવું ને ચાર; ૯૪.

ચોરાવવું ૧. સ. ક્રિ. આકર્ષાવવું; મોહિત કરાવવું.
૨. સ. ક્રિ. ચોરાવ તેમ કરવું; ચોરવાનું કહેવું. ચોરવામાં મદદ કરવી; ચોરવામાં ઉત્તેજન આપવું. કોઈ ચોરે તેમ કરવું.
૩. સ. ક્રિ. માલિક કરાવવું.
૪. સ. ક્રિ. સંકેતાવવું.
૫. સ ક્રિ. સામાને ખબર પડે નહિ તેમ અવયવ, મન, વિચાર સંકોચી લેવાં; છુપાવવું.

ચોરાવું ૧. અ. ક્રિ. ચોરીમાં જવું; ચોરાઈ જવું; ખાતર પડવું; જવું રહેવું.
૨. અ ક્રિ. ઊતરવું; ઠરવું; ગણત થવી.
૩. અ ક્રિ. મનનું ચોરાવું; આકર્ષાવું

ચોરાશી જુઓ ચોરાસી.

ચોરાસી જ્ઞાતિજ પું. જ્ઞાતિજની ચોરાસી પેટા જ્ઞાતિનો સંઘ. તેના પ્રકાર: ૧. નાગર. તે ૭ પેટા જ્ઞાતમાં વહેંચાયેલા છે: (૧) ચતરા, (૨) વીસનગરા, (૩) સાઠોદરા, (૪) કૃષ્ણોરા, (૫) પ્રશ્નોરા અને (૬) ચિત્રોડા. ૨. ઔદીચ્ય. તે ત્રણ પેટા જ્ઞાતમાં વહેંચાયેલા છે: (૧) સહસ્ર, (૨) માલવી અને (૩) ટોળકિયા. ૩. મોઢ. એમની ૭ પેટા જ્ઞાત છે: (૧) ત્રિવેદી, (૨) ચતુર્વેદી, (૩) અગ્યારસ, (૪) બીજોતેરિયા, (૫) જોડી અને (૬) તાર્જુબ્ધ. ૪. શ્રીમાળી. ૫. શ્રીગોડ. તેની ચાર પેટા જ્ઞાત છે: (૧) માલવી, (૨) મીરતવાલ, (૩) હરયાણા અને (૪) પરાવલિયા. ૬. ખંડોલિયા, ૭. ભોરસદિયા, ૮. લાડ, ૯. કપોલિયા, ૧૦. રાયકવાલ, ૧૧. ઓસવાલ, ૧૨. પોરવા, ૧૩. સોમપુરા, ૧૪. વણોરા, ૧૫. વદોચ્ય, ૧૬. વણાપરા, ૧૭. મેરતિયા, ૧૮. ખડાયતિયા, ૧૯. ચાલાર્જન, ૨૦. નાગરિક, ૨૧. વાલંભિયા, ૨૨. ઉદીચ્ય, ૨૩. પુષ્કરણા, ૨૪. મેવાડા. તેના ત્રણ ભાગ છે: (૧) ભટમેવાડા, (૨) ચોરાસી અને (૩) તરવાડી. ૨૫. નાગોર, ૨૬. જાનૈલા, ૨૭. આદિત્યા, ૨૮. અમેરિયા, ૨૯. કપીલ, ૩૦. દરાવડ, ૩૧. કરનારા, ૩૨. સારસ્વત, ૩૩. કચ્છ, ૩૪. કાવડા, ૩૫. પલીવાલ, ૩૬. ઓસવાળ, ૩૭. ઉનેવાળ, ૩૮. ખેતવાળ, ૩૯. મીરટિયા, ૪૦. પરીજનવાલ, ૪૧. રોહાવાલ, ૪૨. રાયકવાલ, ૪૩. ઢીસાવાલ, ૪૪. તિલકા, ૪૫. મયુરિયા, ૪૬. ઈનાવાલ, ૪૭. તિલોટિયા, ૪૮. નરસીપુરા, ૪૯. સાચોર, ૫૦. શ્રીમોદિયા, ૫૧. કોગોમિત્ર, ૫૨. અષ્ટમગળ, ૫૩. ઝાંટેલા, ૫૪. નંદોનિયા, ૫૫. સાદિકપુરા, ૫૬. તરપટ, ૫૭. દરકમના, ૫૮. કાતરણા, ૫૯. કનોજિયા, ૬૦. ગોપાલ, ૬૧. ધીમા, ૬૨. પારાસુરા, ૬૩. કોદરખના, ૬૪. વસદા, ૬૫. ગોમસના, ૬૬. મોઢમાદા, ૬૭. પટોધના, ૬૮. તથોર, ૬૯. પરમિયા, ૭૦. નામડક, ૭૧. ભદાના, ૭૨. કતપુરા, ૭૩. હરસોલિયા, ૭૪. હરખના, ૭૫. મોતાલા, ૭૬. ગાકાવેક, ૭૭. ધાડ, ૭૮. સિકમોઢવા, ૭૯. ખની, ૮૦. અહિસાપુરા, ૮૧. ગયાવાળ, ૮૨. પરીખોરતલા, ૮૩. કોલવાલ અને ૮૪. રઢીવાલ. આ ચોરાસી નામો સામાન્ય રીતે પ્રસિદ્ધ છે, પરંતુ વિશ્વસનીય આધિતી ઉપરથી નીચેનાં વધારે છે: ૧. ખંડેર, ૨. ઉમેઠા, ૩. ગુપ્ત, ૪. સામપુરા, ૫. વરતખો, ૬. ગુપ્ત, ૭. નપુલ, ૮. જાંબુવાલેક, ૯. કાલોડિયા, ૧૦. મહેસતુક, ૧૧. વેરમલ, ૧૨. માલુ, ૧૩. કનમેન, ૧૪. પોટીવાલ, ૧૫. પનવાલ, ૧૬. પેરમંડપા, ૧૭. મયમોન, ૧૮. ચોરાસી, ૧૯. ભટસંકરનેક.

ચોરાસી લક્ષ વિ. લખચોરાસી; ચોરાસી લાખ. પુરાણોમાં ચોરાસી લક્ષનો વિસ્તાર નીચે પ્રમાણે બેસાડ્યો છે: ૯ લાખ જલચર, ૧૦ લાખ પક્ષી, ૧૧ લાખ કૃમિ, ૨૦ લાખ પશુ, ૩૦ લાખ સ્થાવર અને ૪ લાખ મનુષ્ય. આ રીતે જીવોની ચોરાસી લક્ષ યોનિ બનાવ છે.

ચોરાસીલાખજીવયોનિ સ્ત્રી. ચોરાસી લાખ જીવની જાત. એને લખચોરાસી પણ કહે છે. જીવને ૮૪ લાખ અવતાર લેવા પડે છે. જુઓ ચોરાસી લક્ષ.

ચોરાસી ૧. સ્ત્રી. અવતારોની ઘટમાળ; જન્મપરંપરા.
૨. જી. ચોરાસી ગામનો સમૂહ.
૩. જી. ચોરાસી જાતના આદમીઓનો સમવાય.
૪. જી. જમપુરી; યમપુરી.
૫. જી. જાહેર ઉજાણીજન; આદમીઓની ચોરાસી એટલે બધી જાતનું સમગ્ર ભોજન.
૬. [સં. ચતુરશીતિ] વિ. એંસીને ચાર; ૮૪.
૧. ચોરાસી આસન = (૧) યોગ સાધવાની જુદી જુદી ૮૪ તરેહો; કોવિજ્ઞાન સંબંધી ૮૪ આસનો. (૨) યોગ સાધવામાં બેસવાની જુદી જુદી ચોરાસી તરેહો; ચોરાસી આસનની રીતિઓ; યોગાભ્યાસનાં ૮૪ આસનો.
૨. ચોરાસી ભંદરનો ચાવટો = (૧) ચોરાસી ભંદરમાં વહેવાર કરી બહુ ધન મેળવ્યું તે. (૨) મોટું નામ કાઢવું તે. (૩) વેપારનું મોટું મથક; સર્વ જાતના લોક અને સર્વ તરેહનો વેપાર રોજગાર અને બધી પ્રવૃત્તિઓનું મોટું અને આબાદ સ્થાન.
૩. ચોરાસીનો ધણી = હજાર ગામનો રાજવતાં. રાજવહીવટમાં કહ્યું છે કે, જે રાજને એક હજાર ગામ હોય, તે ચોરાસીનો ધણી કહેવાય, માટે તેવા રાજનું ઘર ૨૮ ગામનું કરવું.
૪. ચોરાસીનો ફેરો = (૧) કોઈ કામ આરંભ્યા પછી તે પાર ન પડે ને તેથી ફરી ફરીને કરવું પડે તે. (૨) ધણી સહકામણમાં આવી પડવું તે; ગભરાટ ચારેચાર બાજુ જેવી સ્થિતિમાં આવવું તે. (૩) ચોરાસી લાખ અવતાર. (૪) જન્મમરણનો ફેરો. (૫) સ્થિતિઓનાં રૂપાંતર થવાં.
૫. ચોરાસીનો છોગટ ફેરો = (૧) ખાલી ધક્કો; કોઈ પણ અર્થ વિનાનું કામ. (૨) મનુષ્યજીવન જેળે જવું તે; જિંદગીનો ફેરો સાર્થક ન થવાપણું.

ચોરાંક ૧. પું. કાપડ વગેરે ઉપર લખાતો કીમતનો આંક.
૨. [અ.] પું. ગુપ્ત નિશાની; જાનગી ચિહ્ન.

ચોરિકા ૧. [સં. ચૌર્ય] સ્ત્રી. ચોરવું તે; ચોરી.
૨. સ્ત્રી. સંતાડવું તે.

ચોરિત [સં.] વિ. ચોરેલું; ચોરી લીધેલું.

ચોરિતક [સં.] ન. ચોરેલી વસ્તુ.

ચોરિયા ૧. પું. બ. વ. ગરમીથી અને પછી ઘસારાથી ગળામાં નસો ઊપસી આવતાં થતું દુઃખ.
ચોરિયા આવવા = મુખમાંના માંસપિંડો ઉપર ગરમીને લીધે અથવા કોઈ ભીજ્ય કારણે સોજો ચડી આવવો.

૨. પું વ. ન. ઝરમરીથી અને પછી મુશળધારથી ઝણામાં નસોતું ઊપસી આવવાપણું.

૩. પું. વ. ન. બળદની ખારી નળકના માંસપિંડો; માંની રસોત્પાદક નાની નાની માંસપેસીઓ; ઝણાના ઢાકડા.

૪. સ્ત્રી. એ નામની ભરવાડની એક અટક.

૫. વ. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

ચોરિયું ૧. વ. કૂવાના ગાળામાં ઓટકણિયા ઉપર રાસડી બસતી આસે તે પાણો.

૨ વિ. આંખિયાનો પખો કરનાર; વહાણો સૂંટનાર.

ચોરિયું વહાણ ૧. વ. કોઈ ન જાણે એમ કોઈ જો સાથે આડો સંબંધ રાખવો તે.

૨. વ. છાનું છાનું કામ કરવું તે.

૩. વ. લૂંટનારું વહાણ.

ચોરિયુંવાણ જુઓ ચોરિયું વહાણ.

ચોરિયો ૧. પું. ગળામાંનો મણકો.

૨. [સં. ચુર્ (ચોરવું)] પું. દરિયામાં ચાલતા વહાણો ઉપર કરોડો પાડનાર માણસ; દરિયાઈ ચોર; ચાંચિયો.

ચોરિયો વેઢ પું. એક જાતનો રૂપાનો ઈરચો.

ચોરી ૧. સ્ત્રી. ગુપ્ત કામ; છૂપું કર્મ.

૨. સ્ત્રી. ચામર; ચમરી

૩. સ્ત્રી. ચોરનો ધંધો; કોઈ ન જાણે તેમ પારકી વસ્તુને ઉઠાવી જવાનો ધંધો.

૧. ચોરી ઉપર શિરનોરી = ગુનો કરીને વળી સામે થવું તે.

૨. ચોરી જોરીથી = ગુપ્ત રીતે; આનગીપણે.

૩. ચોરીનું ઘાંઘલે જાય = (૧) ખરાબ રસ્તે મેળવેલો માલ ખરાબ રસ્તે જાય. (૨) હક વિના કોઈએ કોઈ ચીજ લીધું હોય તો તેનો સદુપયોગ થતો નથી.

૪. ચોરીનું ઘોડે ન ચડે = ચોરીનો માલ જાહેરમાં ન મુકાય.

૪. [સં. ચૌર્ય] સ્ત્રી. ચોરવું અથવા ચોરાવું તે; ખબર પડે નહિ તેમ કોઈની કોઈ વસ્તુ ગુપ્ત રીતે લઈ જવી તે; ચોરવાની ક્રિયા.

૫. સ્ત્રી. ચોરી કરનાર સ્ત્રી.

૬. સ્ત્રી. ચોરની ચીજ.

૭. સ્ત્રી. ઉતારું.

૮. સ્ત્રી. લગ્નમંડપ; ચોરી; ચારે ખૂણે ચાર માણસ બેસાય એવાં બાંધણી વગેરેમાં વેદી કરી વરકન્યાને પરણવા બેસાડવામાં આવે છે તે જગા; બેસવા; વરકન્યાને પરણાવવા તૈયાર કરેલ મંડપ.

૧. ચોરી બાંધવી = વરકન્યાને પરણવા બેસવાને માટે ચારે ખૂણે સાત ખાતુ કે માટીનાં ગાગર બેડિયાં ચોફળી ચોરસ મંડપ બનાવવો તે.

૨. ચોરીએ ચડવું = વરકન્યાએ મંગળફેરા ફરવા ચોરીમાં આવવું.

૩. ચોરીમાંથી ઊંત કરવરાવવા = (૧) પહેલે માસે મશ્કિમ; સુખ ક્રમની શરૂઆતમાં જ વિઘ્ન આવવું. (૨) લાભ થતાંસેંત જ અદૃશ્યનાશ થવો.

૪. ચોરીમાંથી રેવાયું = (૧) લાભ પછી અથવા લાભ થતાં અનિષ્ટ થવું તે; શરૂઆતથી જ થવું તે. (૨) વેપાર ઊઠતાં જ દીવાળું.

૯. સ્ત્રી. વાત જાની રાખવી તે.

૧૦. વિ. ગુપ્ત.

૧૧. વિ. લાલચુ.

ચોરોચખારી સ્ત્રી. ચોરી કરવી તે; ખબર પડે નહિ તેમ કોઈની વસ્તુ લઈ જવી તે.

ચોરીચપાટી ૧ સ્ત્રી. કોઈ જાતની ચોરી અથવા ગુનો.

૨. સ્ત્રી. ચોરવું તે; જાનેમાને બીજાની વસ્તુ લઈ લેવાનું કામ; ચોરવાની ક્રિયા.

ચોરીચોરી અ. ચોરીછૂપીથી.

ચોરીછિનાળી ૧. સ્ત્રી. ચોરી અને વ્યભિચાર.

૨. સ્ત્રી. દૂષિત તથા નિંદિત કામ.

ચોરીછૂપી સ્ત્રી. ચોરી કે ગુપ્તતા.

ચોરીજારી સ્ત્રી. ચોરી અને વ્યભિચાર.

ચોરીઠો પું. એક જાતનો મસાલો.

ચોરીડકાઈ ૧. સ્ત્રી. ચોરી.

૨. સ્ત્રી. લૂંટફાટ.

ચોરીપ્રકરણ ન. ચોરીની બાબતનું ચોરીનો મુકદમો.

ચોરફેરા પું. વ. ન. લોકમાં ચોરી થવાને વર કન્યા સાથે અગ્નિની આસપાસ ફરે તે ફેરા; લગ્નવિધીના ફેરા; ચોરીમાં વરકન્યાને ફેરવાતા ફેરા.

ચોરીમારી [ન.] સ્ત્રી. મારફાડ; લૂંટફાટ.

ચોરેચઢિયા (ચોરેચઢિયા) વ. સંવત ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિન દત્તસૂરિજીએ ઓસવાળ વંશનું સ્થાપેલું એક ગોત્ર.

ચોરો ૧. [સં. ચત્વર] પું. ઊંચા ઓટલાવાળો મોટો વિશાળ ઓટલો.

૨. પું. ગામના બધસ્થાપક માણસને બેસવા માટેનું જગા; ગામાધિકારી વગેરેને બેસવાની કે બીજાની મુલાકાત લેવાની જગા; ગામ કચેરી; જાહેર તેમ જ સરકારી કામકાજ કરવાનું ગામડાનું ખુલ્લું જાહેર મકાન કે કાર્યાલય.

૩. પું. ગામનું દેવાલય. મહુધરૂ તેમાં સત્ય મીનાની મૂર્તિઓ હોય છે.

૪. પું. ગામમાં સહુને બેસવાની જગ્યા; જાહેર લોકોને બેસવા ઊઠવાની સાર્વજનિક જગ્યા; ચોકું; ચબૂતરો.

૧. ચોરે ચડવું = પ્રસિદ્ધ થવું; જાહેર થવું.

૨. ચોરે ચડાવવું = લોકમાં છતું કરવું; જાહેરમાં મૂકવું.

૫. પું. દેવડી; ગેટ; પોલીસચોકી.

૬. પું. પાળિયો.

ચોર્યાસી ૧. સ્ત્રી. અવતારોની પરમાળા; જન્મપરંપરા.

૨. સ્ત્રી. ગુજરાતના એક પ્રદેશનું જૂનું ભૌગોલિક નામ.

૩. સ્ત્રી. બધી જાતના જાહલ્યોનું પંચ.

૪. સ્ત્રી. સમસ્ત જાહલ્ય જાતિનું જન્મથ.

૫. [સં. ચતુરશીતિ] વિ. બેસી ને ચાર; ૮૪.

ચોલ ૧. પું. એ નામનો એક વંશ. તે વંશના રાજા દક્ષિણ હિંદુસ્તાનમાં રાજ્ય કરતા હતા.

૨. પું. કમખ; બખ્તર.

૩. પું. કાવેરીના તટ ઉપરનો પ્રાંત; તંજાવર; તાન્જોર.

૪. પું. કાંચીપુરનો એ નામનો રાજા. તેના નામ ઉપરથી તે દેશનું નામ ચોલ પડ્યું હોય એમ જણાય છે.

૫. પું. કોરોમંડળ કિનારાના એક પ્રદેશનું પ્રાચીન નામ.

૬. [સં.] પું. ચોળા; ચોળાની કાંચળી; પોલકું.

૭. પું. ચોલ દેશનો રહેવાસી.

૮. પું ચહેરણ; કબજો; પગ સુધી પહોંચે તેવું વસ્ત્ર; અંગીયા; બંડી.

૯. પું. વસાતિના પુત્ર તુર્વસુના વંશમાં થયેલ એક પ્રસિદ્ધ રાજપુત્ર.

૧૦. પું. વાસ્ત્ર; ભાલ.

૧૧. સ્ત્રી. કસુણી બાજરી; રાતુંચોળ હોવું તે.

૧૨. સ્ત્રી. મજીઠ.

૧૩. વ. કસુણા રાતું કરવું.

૧૪. ન. બાજુને પખ્ખ ઉપર ચડાવવું તે.

૧૫. ન. બૌદ્ધ સાધુનું એક જાતનું કામવું વસ્ત્ર.

૧૬. વિ. કસુણા; રાતુંચોળ.

ચોલક ૧. [સં.] ન. કવચ; બખ્તર.

૨. ન. ચૂડોપનયન; બાળકનું પ્રથમ શિરોમુંડન કરાવવું તે.

૩. ન. જૈન સાધુનું કટિવસ્ત્ર; લંગોટો.

૪ ન. વલ્કલ; છાલ.

ચોલકપટ્ટ જુઓ ચોલક ૨.

ચોલકી ૧. [સં. ચોલકિન્] પું. કેરડાનું ઝાડ.

૨. પું. નારંગીનું ઝાડ.

૩. સ્ત્રી. વાંસની ટોપલી.

ચોલગણેરા [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક અઘોર.

ચોલટો પું. ચોર; લૂંટારો.

ચોલના [હિ.] સ્ત્રી. ગોઠણ સુધીની ટૂંકી ચોરણી.

ચોલપટ્ટ ન. જૈન સાધુનું નીચેના ભાગમા પહેરવાનું વસ્ત્ર.

ચોલપટ્ટો જુઓ ચોલપટ.

ચોલમુગ્ગ ન. હમેશ લીલું રહેનાર એક જાતનું ઝાડ. તે હિમાલયના નીચલા પ્રદેશમા રંગુન, ચિતાગોંગ અને મુલઈમાં દરિયા કાંઠે ઊગે છે.

ચોલમોગરો પું. એક જાતની વનસ્પતિ. તેનું તેજ ફોઢ ઉપર અને બીજાં ચામડીનાં દરદમા વપરાય છે.

ચોલા ૧. પું. કાંબો ઝભ્ભો; જબ્બો.
૨. પું. શરીર; દેહ.
૩. ન. દ્રવિડ દેશનું એક રાજ્ય.

ચોલાઈ ૧. સ્ત્રી. ચોળી; ચોળાની જાત.
૨. સ્ત્રી. લાલ મૂળિયાંની તાંદળજાની જાત.

ચોલાજાત પું. બીજા કે સારા વસ્ત્ર સાથે મસાલો નાખી પકવેલ જાત; બિરંજ.

ચોલિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ચોલિયા ૧. સ્ત્રી. આસામમાં રહેતા લોકોની એક જાત
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ચોલી ૧. પું. એ નામનો કાવિઠાનો એક મહાન યોગી.
૨. પું. તંબોળા.
૩. સ્ત્રી. પાન રાખવાની કોથલી.
૪. [સં.] સ્ત્રી. પુરુષનું પહેરણ; અંગરખા; બંડી; પગ સુધી પહોંચે તેવો લાંબો ઝભ્ભો.
૫. સ્ત્રી. સોપારી રાખવાની નાની ટોપલી.
૬. સ્ત્રી. ઓજારોની કાંચળી; ચોરણી; પોલકું; કાપડું.

ચોલીપંથ જુઓ ચોલીમાર્ગ.

ચોલીમાર્ગ પું. વામ માર્ગનો એક ભેદ. આ માર્ગનાં સ્ત્રીપુરુષો એક સ્થાને એકત્ર થઈ માંસ, મદ્ય, મત્સ્ય વગેરેનું સેવન કરે છે. તે ઉપરાંત ઓકડી થયેલી સ્ત્રીઓની ચોલીઓ એક વાસણમાં ભેગી કરે છે. દરેક મનુષ્ય વારાફરતી તે વાસણમાં હાથ પાણી એક ચોલી કાઢે છે. જેના હાથમાં જે સ્ત્રીની ચોલી આવે તે સ્ત્રી સાથે તે સંભોગ કરે છે.

ચોલીંગા સ્ત્રી. એક જાતની નારંગી; મલ્લી.

ચોલું ન. (જૈન) એક સાથે ચાર દિવસ ઉપવાસ કરવાનું એક વ્રત.

ચોલેશ્વર પું. શંકરનું એ નામનું સ્વરૂપ.

ચોલૈયું ન. ચોલ દેશ તરફ થતું નાગરવેલનું પાન.

ચોવો ૧. પું. તરંગ; એકાએક ઉપજી આવેલો વિચાર કે ખ્યાલ.
૨. પું. પગ સુધી પહોંચે તેવો લાંબો ઝભ્ભો.
૩. પું. મોર્દાંડિયાની રમતમાં દાંડિયાના ઊભા વડે મોર્દાને ચારે બાજુ ઊંચે ઉડાડવી તે.

ચોવટ ૧. પું.; ન. ચાર વાટવાળી જગા; ચકલું. ચૌટું; બજાર ચાર રસ્તા મળ્યાનું ચોગાન, બજાર.
૨. પું.; ન. પંચનો નિર્ણય; ચુકાદો.
૩. સ્ત્રી. પંચાત; મસલત; વકિ; ચોળાચોળ.
૧. ચોવટ ઠોળવી = પારકી પંચાત કરવી.
૨. ચોવટ વળવી = નાશ પામવું
૩. ચોવટ વાળવી = બરાબર કરવું.
૪. સ્ત્રી. વહીવટ; કારબાર; પટલાઈ.
૫. ન. ચોતરફ; બધી બાજુએ.

ચોવટચૂગલી સ્ત્રી. પારકી પંચાત.

ચોવટિયણ વિ. સ્ત્રી. દોઢાહી; ચોવટ કરનારી.

ચોવટિયા ૧. સ્ત્રી. એ નામની ક્ષત્રિય તથા લેઉઆ કણબીની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું માણસ.

ચોવટિયું ૧. ન. પંચે આપેલો કરાર; નિર્ણય; ચુકાદો; પંચનો ચુકાદો.
૨. વિ. દોઢાયું; ચોવટ કરનારું.

ચોવટિયો ૧. પું. ગાઢ સ્નેહી; મિત્ર; સખા.
૨. પું. ચકલે બજાર ચોરે બેસનારો બદ્ધેર આમેવાન પુરુષ.
૩. પું. ચોવટમાં બેસનાર પંચનો સભ્ય.
૪. પું. બજાર પુરુષે વચમાં બોલનાર માણસ.
૫. વિ પું. પંચાત કરનારો; લવાદ.

ચોવટી સ્ત્રી. જુઓ ચવટી.

ચોવટું [સં. ચત્વર] ન. ચૌટું; ચોક; ચાર રસ્તા ભેગા થતા હોય એવી જગા.

ચોવડો ૧. પું. ચાર રસ્તા ભેગા થતા હોય એવું સ્થળ.
૨. પું. ચોરો.

ચોવહું ન. ચાર રસ્તા ભળે તે સ્થળ.

ચોવહું (ચોવું) ૧. વિ. ઉપરાઉપરી ચાર પડ વાળેલું; ચાર પડવાળું.
૨. વિ. ચારગણું.

ચોવર્ણું સ્ત્રી. ચારે વર્ણ; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.

ચોવલી ૧. સ્ત્રી. એક જાતનું ચાર મોતી કે દાણાનું ઘરેણું.
૨. સ્ત્રી. ખેડૂત ઓનો ભરત ભરેલો ચણિયો.

ચોવાટ ૧. સ્ત્રી. ચાર રસ્તા ઉપરની જગા; ખુલ્લું મેદાન.
૨. ન. આસપાસ; ચોતરફ; બધી બાજુએ.
૩. ન. ચોવાટ; ચારેવાટ; ખુલ્લું મેદાનમાં.

ચોવાટે જુઓ ચોવાટ.

ચોવાઢ (ચોવાઢ) ૧. પું. ચોરાશીનું જગાણું.
૨. પું.; ન. ચારે બાજુએ વાડવાળું ખેતર.
૩. વિ. ચારે બાજુએ વાડ કરેલી હોય એવું.

ચોવાડું (ચોવાઢું) જુઓ ચોવાઢ.

ચોવાડો (ચોવાડો) પું. ઢોર ભડકાં કરતાં હોય તે સ્થળ.

ચોવિધ જુઓ ચોવિધિ.

ચોવિધિ વિ. ચાર પ્રકારનું.

ચોવિહાર પું. (જૈન) ચાર જાતના આહારનો ત્યાગ. જુઓ ચોવિહાર

ચોવીશ [સં. ચતુર્વિંશતિ] વિ. વીસ ને ચાર; ૨૪.

ચોવીશઅક્ષરી પુ. ગાયત્રી મંત્ર.

ચોવીશી ૧ સ્ત્રી. ચોવીસ તીર્થંકરોનાં સ્તવનોનો સમૂહ
૨. સ્ત્રી. ચોવીસ તીર્થંકરોનો જન્મારો.
૩. વિ. ચોવીસના સમૂહવાળું.

ચોવીસ જુઓ ચોવીસ.

ચોવીસા ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જ્ઞાતિ.
૨. સ્ત્રી. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ચોવીસી જુઓ ચોવીશી.

ચોવું ૧. સ. ક્રિ. મૂતરવું; પેશાબ કરવો.
૨ સ ક્રિ. બોચવું; રોપવું; ખોસવું; ખોંડવું.

ચોવ્યાહાર પું. (જૈન) સૂર્ય આથમ્યા પછી અન, પાણી, મુખવાસ એ ચાર જાતનો ખોરાક ભક્ષ કરવાનું વ્રત.

ચોશવું સ. ક્રિ. ચૂસવું; ખેંચવું.

ચોશાખા ૧. સ્ત્રી. ક્ષત્રિયાની ચોરાસી માંહેની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ચોશિયું ન. રાઈના દાણા જેટલું નાનું માપ.

ચોરમઝાર પું. એક પ્રકારનો અઢોક.

ચોરસું ન. ચોખો ભાગ.

ચોર ૧. [સં.] પું. એક જાતનો શરીરદાહનો રોગ.
૨. પું. ખેંચાવો; તણાટ.
૩. પુ ચૂસવું તે.
૪. પુ સોજો; શોથ.

ચોરક ૧. પું. કેટલાંક પડોનું આચ્છાદન કરનાર નાનો સૂક્ષ્મ તંતુ
૨. વિ. ચૂસનાર.

ચોરકદ્વાર ન. ચોરક નળીનો કરવાનો; 'સક્સન વાલ્વ'.

ચોરકનળી સ્ત્રી. પાણી ખેંચવાના યંત્રમાં જેના વડે પાણી ચુસાય તે નળી; 'સક્સન પાઇપ'.

ચોરણ ૧. [સં. ચુ૫્ (ચૂસવું)] ન. ચૂસવું તે; ઉપર ખેંચવું તે.
૨. ન. શોષણ; ચૂસીને ગ્રહણ કરવું તે.

ચોરણયંત્ર [ચોરણ (શોષણ) + યંત્ર] પું. જળાશયમાંથી પાણી ખેંચવાનું યંત્ર; શોષણ કરનારું યંત્ર.

ચોરવું ૧. સ. ક્રિ. ખેંચવું; તાણવું.
૨. [સં. ચુ૫્ (ચૂસવું)] સ. ક્રિ. ચૂસવું, શોષવું.

ચોષ્ય ૧. ન. ચૂસીને ખવાય એવો ખોરાક. ખોરાક ચાર પ્રકારના છે: ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય.
૨. [સં. ચુ૫્ (ચૂસવું) + ય (જેવું)] વિ. ચૂસવા જેવું; ચૂસવા લાયક; ચૂષ્ય.

ચોસ પું. મજબૂત રીતે ચોટી જવાપણું.

ચોસઠ જુઓ ચોસઠ.

ચોસઠ [સં. ચતુઃષષ્ટિ] વિ. સાઠ ને ચાર; ૬૪.
ચોસઠ કળા = (૧) માણસને પ્રસન્ન થવાની ચોસઠ યુક્તિ. (૨) સર્વે ગુણ સંપન્ન.

ચોસઠઘડી (ચોસઠઘડો) સ્ત્રી. રાતદિવસ.

ચોસર ૧. [હિં. ચોસર] સ્ત્રી. એ નામની રમત રમવાનું કપડાનું બનાવેલું પાથરણું; ચોપાટ. તેના મધ્ય ભાગમાં કોથળી જેવું હોય છે, જેમાં રમત પૂરી થયા પછી કોડાં ભરી રખાય છે. તે મધ્ય ભાગની ચારે બાજુ ચાર લંબચોરસ ટુકડા સીવેલા હોય છે. તે દરેક ટુકડામાં આઠ આઠ ચોરસ ખાનાની ત્રણ ત્રણ હાર હોય છે.
૨. સ્ત્રી. ચાર દોરીવાળો ગળચવો.
૩. સ્ત્રી. ચાર સેર.
૪. સ્ત્રી. ચાર સેરની ગૂંથેલી દોરી; ચાર સેરનું ભરત કે ગૂંથણ.

ચોસર ગૂંથવી = રબ્બું જેમ કરવું; કામનો વ્યૂહ કરવો.
૫. સ્ત્રી. ચાર સેરનો હાર.
૬. સ્ત્રી. ચારની જોડ. બળદને માટે આ શબ્દ વપરાય છે.
૭. [હિં. ચૌ (ચાર) + સર (બાજી)] સ્ત્રી. ચોપાટ; સોગઠાં વડે રમાતી એક રમત. તે ચાર રંગની ચાર ચાર સોગઠીઓ અને ત્રણ પાસા વડે બે માણસોથી રમાય છે. બંને રમનારા પોતપોતે રંગની આઠ આઠ સોગઠી લે છે અને બારાબરથી પાસા ફેંકે છે. પાસાનો દાવ આવ્યા પછી અમુક નિયમ પ્રમાણે સોગઠી ચલાવાય છે. આ બેય પાસાને બદલે સાત કોડીઓ વડે પણ રમાય છે અને ત્યારે તેને પચીસી કહે છે.
૮. વિ. ચાર સેરવાળું. ખુણાવાળું.
૯. વિ. ચાર સેરનું.
૧૦. વિ. ચાર હારવાળું.

ચોસરબાજી સ્ત્રી. સોગઠાંબાજી; ચોપાટ.

ચોસરિયા વિ. ચાર સેરવાળું

ચોસરિયાળ ૧. વિ. ચાર સેરવાળું
૨. વિ. રૂપાળું; સુંદર.

ચોસરી ન. (કચ્છી) એક જાતનું ઘાસ. તેના ફૂલની અમરી પાતળી અને લાંબી હોય છે.

ચોસરું વિ. ચાર સેરવાળું

ચોસલ ન. પથ્થરની શિલા.

ચોસલાં ૧. ન. બ. વ. એક જાતનું મિશ્રાન્ન. તે બનાવવા સવાશેર શેર ચોખા લઈ તેમાં તેટલું સાકર ચોખ્ખું દૂધ બાળીને ભરપું રહે એટલે મેળવવું. પછી ત્રણ શેર ને પાંચ રૂપિયાભાર માખણ ભેળવી લઈ, ત્રણ શેર ને પાંચ રૂપિયાભાર ખાંડેલી સાકર, પોણો શેર ઝોલેલી બદામના કકડા, બીજા પાણીમાં ધોયેલી પોણો શેર દ્રાક્ષ, અડધા માસા અદ્ધ કરેલું કેસર અને ચાર રૂપિયાભાર ગુલાબજળ એ સઘળું બદામ પેલા લોટમા મસળીને ભેળવવા. તેમ કર્યા પછી તેને એક મોટી કથરોટમાં ચાપી, કથરોટના કાંઠા ફરતા સૂતરપ્રથી બાંધી, તેના ઉપર સખત ઢાકણ ઢાકી દેવું. બરાબર ભેજ નહિ જેટલા સારૂ બાફવાનો પલાળેલો લોટ તેના સાધા ઉપર ચોપડવો. પછી જમીન ઉપર ટોપલીપર કોથળા ગળાવવા ને તેના ઉપર તે કથરોટ મૂકી ઉપર અને આસપાસ ભંભારા મૂકવા. શુમારે અર્ધા અથવા પોણા કલાક સુધી તાપ આપવો અને બરાબર બરાબર થયે એટલે કથરોટ નીચે ઉતારવી. કથરોટ ઠંડી પડે એટલે ઢાકણું ઉઘાડી ઝરીથી ચોસલાં કાપીને પીરસી શકાય.

૨. ન. બ. વ. ચચિર્યા.

ચોસલિયા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ચોસલું ૧. ન. ચરિયું; ગઠ્ઠું; ભાડું, ચોપડું અથવા અમમ બાજુનું મોટું ઠેકું.
૨. ન. ચોરસ કટકો.
૩. ન. ચોસલાં પાડીને બનાવેલી એક જાતની મીઠાઈ
૪. [ચોરસ + પું] ન. ભાડું ચરવું; બંધારેલો કે ઠરેલો કટકો.
૫. વિ. ચોરસ આકારનું.

ચોસા પું. રોતરંજ.

ચોસાર ન. ઝાળ ઉપર ઉપલાં પાંદડાંને કાટખૂણે આવેલ પાંદડાં; ચોપડની પેઠે આવેલાં પાંદડાં.

ચોસાલી વિ. ચાર ચાર વરસે આવતું

ચોસાવું જ. ક્રિ. ચુસાવું; ખેંચાવું.

ચોસિયું ન. કળાદીનું માપ; સોળ મણનું વજન.

ચોસેટ જુઓ ચોસેઠ.

ચોસેઠ વિ. સાઠ ને ચાર; ૬૪.

ચોસેર ૧. સ્ત્રી. ચાર સેર.
૨. સ્ત્રી. ચાર સેરનો હાર.
૩. સ્ત્રી. ચાર સેરી ગૂંથણી; જેની ચારે બાજુએ ખૂણા અને આંટીઓ પોલી હોય એવી ગૂંથણી.
૪. વિ. ચાર સેરવાળું; જેની ગૂંથણીમાં ચાર સેર હોય એવું.

ચોસેરું ૧. વિ. ચાર સેરનું; ચાર સેરીએ ગૂંથેલું; ચાર સેરવાળું.
૨. વિ. ચોખ્ખું.

ચોસ્ક ૧. [સં.] પું. ઉત્તમ જાતિનો ઘોડો.
૨. પું. એક જાતની વનસ્પતિ; ગરમાળો.

ચોહ ૧. પું. ચાહ; ચાવ; ઝડસ; અભિલાષ; તલપ; હવસ; હોંસ; ઉમળકો.
૨. [હિં.] પું. નાનો કૂવો.
૩. (ચોહ) પું. બજબૂત ચોંટી જવું તે.

ચોહડ (ચોહડ) ન. જડબું.

ચોહદ સ્ત્રી. ચતુર્દિશા; ચારે કોર; ચતુઃસીમા.

ચોહલ [હિં.] પું. આનંદ.

ચોહલબાજ (ચોહલબાજ) વિ. આનંદ કરતું.

ચોહલા [હિં.] પું. મોટી ખીંટી.

ચોહલિયા [હિં.] વિ. આનંદ કરતું.

ચોહાણ ૧. પું. અગ્નિકુળના ક્ષત્રિયોની એ નામની એક પ્રસિદ્ધ શાખા. તેના બધા પુરુષના

સંબંધમાં કહેવાય છે કે તેને ચાર હાથ હતા અને તેની ઉત્પત્તિ રાક્ષસોનો નાશ કરવા માટે વસિષ્ઠના યજ્ઞકુંડમાંથી થઈ હતી. ભારતનો અંતિમ સમ્રાટ પૃથ્વીરાજ આ ચૌહાણ જાતિનો હતો. કેટલાકનું એવું અનુમાન છે કે આ જાતિનો મૂળ પુરુષ ચાહિલ્લ નામે રાજા હતો. તે લગભગ ઈ. સ. ૮૫૦માં અજમેરમાં રાજ્ય કરતો હતો.

૨. પું. ચૌહાણ; એ નામની રજપૂત શાખાનો પુરુષ.

૩. સ્ત્રી. એ નામની ગોલા, કરજી, ખોચી, ભાવસાર, રજપૂત, રબારી, વાળંદ, હરિજન, ખાંટ, સિપાઈ, સુથિ તથા મેમણની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ચોહારા ૧. સ્ત્રી. એ નામની ચોહાણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ચોહાંગ અ. સારે તરફ; ચોગમ.

ચોહાંસ અ. બધી રીતે; દરેક દિશામાં; દરેક બાબતમાં.

ચોહોગમ અ. ચોતરફ; સારે બાજુએ; સર્વત્ર; ચોગમ.

ચોહોપ્પણું ન. એક જાતનું ઘરેણું.

ચોહોપાસ અ. સારે બાજુ.

ચોહોફેર અ. ચોમેર; સારે બાજુ; દરેક દિશામાં.

ચોહોરી સ્ત્રી. ચોરી; માંડવો.

હેમાગદ ચોહોરી રચી, પુણ્ય દશે પેર. શામળ

ચોહોંસ વિ. સાડા ને ચાર; ૪૪.

ચોળ ૧. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

૨. સ્ત્રી. એક જાતની સ્ત્રિંગ; ચોળાની સ્ત્રિંગ.

૩. સ્ત્રી. ચોળવાની ક્રિયા.

૪. ન. મજીઠનો રંગ; રાતો રંગ.

૫. વિ. ખૂબ; પુષ્કળ; વધુ. આ અર્થમાં તે રાતું અને લાલ સાથે વપરાય છે. જેમકે, રાતુંચોળ, લાલચોળ.

૬. વિ. ભભકદાર મારતું.

૭. વિ. ચાલીવાળું.

ચોળકો પું. મોરલો; નાનો સાંપો.

ચોળપોળ સ્ત્રી. ખેંચાખેંચ.

ચોળચોળ જુઓ ચોળચોળ.

ચોળચોળ ૧. સ્ત્રી. મનની અસ્વસ્થતા; મન ઠેકાણે ન હોય એવી સ્થિતિ.

૨. સ્ત્રી. સંકલ્પવિકલ્પ; મનથી ચોળાચોળ.

ચોળવું ૧. સ. ક્રિ. ઘસવું; મસળવું.

૧. આંખની પેઠે ચોળવું = (૧) બરાબર પણ હરકત વગર બરાબર કરવું. (૨) સહેલાઈથી મારી નાખવું.

૨. ચોળાને ચીકણું કરવું = (૧) અમુક વસ્તુમાં વારે વારે હાથ ઘાલીને તેને બગાડવી. (૨) હાથે કરીને વાત લંબાવવી; કોઈ પણ બાબતનો નિવેડો ન કરતાં લંબાવવી; નબાવી વાતને વધારીને નુકસાનીમાં ઊતરવું; સહેલા કામને અઘરું કરી મૂકવું; ચૂલવણી કરવી

૩. પેટ ચોળવું = (૧) ખાવી સંતાપ કરવો; બળતે દુઃખ વહોરી લેવું; વધોપાત કરવો. (૨) પેટ દબાવવું; પેટ મસળવું.

૪. પેટ ચોળીને પીડા કરવી = ખુશીથી મરવાડ આખો; દુઃખ માથે લેવું.

૫. માથું ચોળવું = ખારા વગેરેથી માથું ધોવું; માથામાથી મેલ કાઢવો.

૬. રાખ ચોળવી = (૧) પોતાના હાથે દુઃખ ભેગું કરવું. (૨) બિખારી થઈ જવું; બાવા કે સાધુ જેવા નિર્ધન થઈ જવું. (૩) સાધુ થવું

૨. સ. ક્રિ. ચાંપવું; દબાવવું; પીસવું; કચરવું; ઘસવું.

૩. સ. ક્રિ. ચૂસવું; ચર્યા કરવી; વારંવાર ઉશ્કાવવું; ચિટપેચણ કરવું.

૪. સ. ક્રિ. ચોપડવું, લગાડવું

૫. સ. ક્રિ. લગાડવું, સહાર્ય બની રહે તેમ કરવું; કરચલી પાડવી.

ચોળી નાખવું = ચીબરી નાખવું.

૬. સ. ક્રિ. માલિશ કરવું.

ચોળચોળા ૧. સ્ત્રી. વારંવાર ચોળવું તે; ચૂંથાચૂંથ; ચહેરચૂંથ; ચોળાચોળ.

૨. સ્ત્રી. વારંવાર વાત કાઢી તેની ચર્યા કરવી તે.

ચોળા પું. ન. ઢ. એક જાતના કઠોળના દાણા; લાલ ઝૂપરા રંગના મગ અડદની જાતના ખનખોગ દાણા. તેની તાજી લીલી સિંગ શાક તરીકે ખવાય છે. ચોળા આખા તથા દાળ તરીકે વપરાય છે. ચોળાની દાળ વાટીને તેની વડી બનાવવામાં આવે છે. ચોળા ગરમ છે. તે વિવાહાદિ મંગળ અવસરમાં શુકનરૂપ ગણાય છે તેનો ઝેર ચેપાને મળતો આવે છે. તેને સીંદરી જેવી સાંકડી લાંબી સિંગ આવે છે. તે સ્વાદુ, રસ, તરસ, બારે તથા કાકડા છે અને વાયુ, કફ, દુષ્ટ તથા વર્ણને બગાડનાર છે. ચોળા, મગ અને રાતા ચોખા તેના ત્રણ પ્રકાર છે. ચોળી સિંગના ચોળા મુખ્યત્વે મનાય છે.

ચોળાઈ ૧. સ્ત્રી. ચોળાકણ; ચોટા ચોળાની સિંગ.

૨. સ્ત્રી. તાદળજાની ભાજી. તે બારે માસ થાય છે. તેનાં પાંદડાં નાનાં હોય છે. તેનો રોપ બે વેંતથી ઊંચો થતો નથી. આ ભાજી સ્વાદે બધી સારી અને મધુર, શીતળ, કફિકર, અગ્નિદીપક, બધુ, રક્ષ, મૂત્રલ, પથ્યકારક તથા સારક છે. તે વિષ, પિત્ત, શ્રમ, દાહ, રક્તદોષ, ઉષ્ણવાત, રક્તપિત્ત, શીતપિત્ત, ત્રિદોષ, તાવ, કૃમિ, ઉધરસ તથા અતિસારનો નાશ કરનાર મનાય છે.

૩. સ્ત્રી. ઓળીને પહેરવાનો ઢીલી બાંયનો કબજો; ઓબિકા; કંચુકી; ચોળી.

ચોળાચોળ ૧. સ્ત્રી. બાતચીથી થતી તપાસ.

૨. સ્ત્રી. ગડબાંય; સંકલ્પવિકલ્પ; નિર્ણય ઉપર નહિ આવતાં કોઈ બાબતની વારંવાર ચર્ચા કરવી તે; હરેક વાત ચોળ્યા કરવી તે; ઢાંગાધાંગા.

ચોળાચોળ કરવી = પીંજવું; ચૂસવું; ચર્ચવું; ગડમથલ કર્યા કરવી.

૩. સ્ત્રી. ચૂસાચૂંથ.

૪ સ્ત્રી. ખાપલ; ગડબડ.

ચોળાચોળી જુઓ ચોળાચોળ.

ચોળાડુણી ૧. સ્ત્રી આખાનું ઝેર જતનું ઢરસાણું.

૨. સ્ત્રી. શાક તરીકે વપરાતી ચોળાની સિંગ.

ચોળાજૂંડ્યા સ્ત્રી. અત્યારહુમર આનાર સ્ત્રી.

ચોળાવું ૧. સ. ક્રિ. ખુલ્લું પડવું; બહાર જાહેર થવું; પમાવું.

૨. સ. ક્રિ. ઘસાવું; મસળાવું.

૩. સ. ક્રિ. ચોપડાવું; લગાડાવું

૪. સ. ક્રિ. નવાપણું જતું રહેવું; જૂનું થવું; કરચલી પડવી.

૫. સ. ક્રિ. ઘસીસાવું; ઘસીસામાં આવવું.

૬. સ. ક્રિ. માલિશ કરાવું.

ચોળિયા ૧. પું. બ. વ. બળાના કાકડા.

૨. પું. બ. વ. બળાના કાકડા ફૂલવાથી થતું દર્દ.

ચોળિયું ૧. ન. પાણકોરાની જાતનું રાતું મજબૂત કપડું. તેની ત્રણ જાત છે: જાપેલ, લાલનું અને સાદું.

૨. વિ. ચારસો વીસ. બનાવટના આપનું.

ચોળી ૧. સ્ત્રી. ચોળાકણ; ચોળાની સિંગ. તે શાક તરીકે વપરાય છે. તેને પલાળીને ચોળા જાગે જ કરવામાં આવે છે. આ સિંગ ઝીણિ ચોળાની સિંગ કરતાં જલદી થાય છે.

૨. સ્ત્રી. કીંચળના સાંધાની કાંચળી.

૩. [સં. ચોલી] સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનો ટૂંકી બાંયનો કબજો; ચોળાઈ; ચોલિકા; કંચુકી; પીઠ દેખાય એવું કપડું; સ્તનાવરણ; સ્તનાંશુક.

૧. ચોળી ઉતારવી = અજ્ઞાતયોનિ કન્યાનો ઉપભોગ કરવો.

૨. ચોળી પહેરવી = બાલ્યા જનનું; નિર્બળ થવું.

ચોળીખંડ પું. ચોળી જાય તેટલું ચોળિયાં સાથે વણેલું થાનક.

ચોળીપંથ પું. કાચબિલો પંથ; વામમાર્ગ. જુઓ ચોલીમાર્ગ.

ચોળીમાર્ગ જુઓ ચોળીપંથ.

ચોળીમાર્ગી પું. વામમાર્ગનો અનુયાયી.

ચોળીમાહેશ્વર ન. એ નામનું એક નગર; માહિષ્મતી. ત્યાં મંડનમિશ્રનું રહેઠાણ હતું.

ચોળીરોટલો પું. દૂધમાં ચોળેલો રોટલો.

ચોળીચાળ જ્ઞા. રાનીપરજની નાયકા જાતિની એક પેટા જાત.

ચોળું ૧. વિ. બાલું; કાચલું.

૨. વિ. નિખાલસ; ઉદાર.

૩. વિ. ભલું, માયાળુ.

૪. વિ. હક ઉપરાંત ખર્ચ કરે એવું.

ચોળો ૧. પું. એક જાતનું કઠોળ; ચોળાનો દાણો. જુઓ ચોળા.

૨. પું. કોઈ પણ ચીજને પ્રવાહીમાં ઉકાળી, ભાંગી તથા ચોળી નાખીને બનાવેલું ઘાટું પેય; ક્વાથ; ઘાટો રસ.

૩. પું. કોળી; અંતરખાની કમરપટીનો ઉપલો ભાગ.

૪. પું. દમો; પ્રપંચ.

૫. પું. બીક; ભય; ફાંકા.

૬. પું. મનમાં વિચારોની વારંવાર ઝડપાઝડ ઉતાપો; મજરાઝ; તલપાપડ; ઉત્પાતરો; ચિંતા; ફિકર; વલોપાત.

ચોળોપચોળો પું. બીક; ફાંકા; ભય સંભ્રમ.

ચોં અ. કયાં; કઈ તરફ.

ચોંક ૧. સ્ત્રી. ચુંબન કરતાં ગાલ ઉપર દાંત વાગવાથી પડેલું ચિહ્ન.

૨. સ્ત્રી. ભયાદિકથી શરીરમાં એકાએક થઈ આવતો કંપ; ભાગમભે; ધક્કો; ચમક; ચોંકવું તે.

ચોંકનું ૧. સ. ક્રિ. એકાએક મરડાવું; અંગ સંકોચાવું.

૨. સ. ક્રિ. ચમકવું; ભડકવું; ગભરાઈ ઊઠવું; આંચકો આવો; બીવું; ત્રાસમાં પડવું.

૩. સ. ક્રિ. ભ્રમિત થવું; ગેલવું.

૪. સ. ક્રિ. તાલુબ્ધ થવું; આશ્ચર્ય પામવું; નવાઈ જેવું લાગવું

ચોંકાવનું સ. ક્રિ. ભયભીત કરવું; ડરાવવું.

ચોંકાવવું ૧. સ. ક્રિ. કંપાવવું; શરીરનું એકાએક મરડાવવું; અંગ સંકોચાવવું.

૨. સ. ક્રિ. ભ્રમિત કરવું; ગેલાવવું.

૩. સ. ક્રિ. તાલુબ્ધ કરાવવું; આશ્ચર્ય લગાડવું, નવાઈ પમાડવી

૪. સ. ક્રિ. ગિવરાવવું; ચમકાવવું; બીક તેમ કરવું; ભડકાવવું; આંચકો અવરાવવો.

ચોંકાવું જુઓ ચોંકવું.

ચોંકી ૧. સ્ત્રી. ચોકડી.

૨. સ્ત્રી. દક્ષિણ દિશા.

ચોંગ ૧. પું. ભાજરી, વર્ષા અથવા ચોમાસે ઉકાળી તેમાંથી બનાવાતો દારૂ.

૨. સ્ત્રી. મેકાંગ નદીના પ્રદેશમાં વસતી એક પ્રજા. તેમના વાળ લાબા, નરમ અને મુંબાળા પણ મૂચવાયેલા હોય છે.

ચોંગકી સ્ત્રી. ચેતરંજને મળતી એક રમત.

ચોંગલા [હિં.] પું. બરની નળી. તેમાં ચરેલો ઘાસ ભરવામાં આવે છે.

ચોંગા ૧. પું. પક્ષી; પક્ષીઓનો ખોરાક.

૨. પું. સ્વરચાલકનળનું ખૂણાળું.

૩. પું. તેલ, ઘી, દ્રવણ વગેરે રાખવાનું વાંસનું બનાવેલું કાપલાનું લંબગોળાકાર ખોખું.

૪. પું. નાળચું; ગળણી.

૫. સ્ત્રી. રોટી; રોટલી.

ચોંચ ૧. [સં. ચંચુ] સ્ત્રી. ચાંચ; ચંચુ.

૨. સ્ત્રી. નાળચું.

ચોંચલું ૧. વ. ન. ન. નખરાં; ચાળા; ચેનાં કાઢવાં તે.

૨. ન. ન. ન. મશ્કરી; હાસી.

ચોંચવું ૧. વિ. ઉકાળેલું; તોફાની.

૨. વિ. ચૂંબાળું.

ચોંચા ૧. પું. આનંદ; ગમ્મત.

૨. પું. પ્રેમ.

૩. પું. મજાક; મશ્કરી.

૪. [હિં.] પું. ચાહ; બહુ વખાણ કરવું તે.

ચોંટ ૧. સ્ત્રી. કાચા કે ભીનાપા પદાર્થ ખાવાથી હોજમ ન થાય તે; અપચો.

૨. [સં. ચંચુ] સ્ત્રી. ચાંચ.

૩. સ્ત્રી. ચૂંટી નાખવા જેવી શરીર ઉપર અસર થયી હોય તે વસ્તુ; બચકું; ચૂટ.

૪. સ્ત્રી. નાળચું.

ચોંટવું ૧. સ. ક્રિ. ચેપ લાગવો.

૨. સ. ક્રિ. નિશાન લાગવું.

૩. સ. ક્રિ. મન ઉપર અસર થવી.

૪. સ. ક્રિ. લાગવું; પ્રેમથી વળગવું.

૫. સ. ક્રિ. સલ્લડ બેસવું.

૬. સ. ક્રિ. ખચવું; વસૂરવું.

૭. સ. ક્રિ. ચૂંટી નાખવું; ચૂંટવું; તોડવું.

૮. સ. ક્રિ. ચોંટવું; ચીકણી ચીજનું બીજી વસ્તુ સાથે વળગી રહેવું; લાગવું; ચીકટાવું; વળગવું.

ચોંટાડવું (ચોંટાડવું) ૧. સ. ક્રિ. બચાવવું; વસૂરાવવું.

૨. સ. ક્રિ. ચિકટાવવું; ચીકાશને લીધે વળગી રહે તેમ કરવું; ચોટે એમ કરવું.

૩. સ. ક્રિ. ચૂંટાવવું; તોડાવવું.

૪. સ. ક્રિ. ચેપ લગાડવો

૫. સ. ક્રિ. તાકીને નિશાન મારવું; નિશાન લગાડવું.

૬. સ. ક્રિ. મન ઉપર અસર કરાવવી.

૭. સ. ક્રિ. લગાડવું; પ્રેમથી વળગાડવું.

૮. સ. ક્રિ. સલ્લડ દાબીને બેસાડવું.

ચોંટિયા ૧. ન. એક જાતનું ચૂરમું; તળ્યું ચૂરમું.

૨. ન. કાપકૂપ.

૩. ન. ટેબો, કાંટિયો.

૪. ન. પોચે હાથે લાલની ચૂંટીઓ લેવી તે; ભચકા; ચૂંટલા.

ચોંટિયાવનું સ. ક્રિ. ચૂંટિયાવવું; બહુ ચૂંટીઓ ખણવી.

ચોંટિયો ૧. પું. ચોંટો; ચીમટી.

૨. પું. મુક્કાનો તળેલો લાડુ.

ચોંટી ૧. સ્ત્રી. ચૂંટી; ચીમટી.

૨. સ્ત્રી. ચોટલી.

૩. સ્ત્રી. ટોચ.

૪. સ્ત્રી. ઓઢણીથી માથા ઉપર પહેરાતું પરેણું.

ચોંઠા ૧. પું. અંબોડો; માથા ઉપર ભેગિયા મોવાળા.

૨. પું. કમોડના છોડનો ઘેરો.

૩. પું. કાચો કૂવો. તેમાં પાણી સપાટીની નજીક હોય છે.

૪. [સં. ચૂડા] પું. તોરો; કલગી.

ચોંડી સ્ત્રી. ચેતરપિંડી; દગાખોર.

ચોંદલા [હિં.] સ્ત્રી. ટૂંકી નજરવાળું.

ચોંદી [હિં.] સ્ત્રી. ટૂંકી નજર હોવી તે.

ચોંપ ૧. સ્ત્રી. બાજના દાંત ઉપર પહેરાતું સોનાનું એક જાતનું ઘરેણું.

૨. સ્ત્રી. ઉતાવળ ત્વરા.

૩. સ્ત્રી. ખંત; ચાનક; ચીવટ; મનકજ; હોંસ.
૪. સ્ત્રી. ટેવ; ઠગ; ઠગ.
૫. સ્ત્રી. ડંકો; હોય વગાડવાની સળી; દાંડિયો.
૬. સ્ત્રી. ઉપાધિ; ઉપ.
૭. સ્ત્રી. ટેબરેખ; સંભાળ.
૮. સ્ત્રી. બારીક તપાસ.
૯. સ્ત્રી. ઘા; કુરામત.

ચોંપવું ૧. સ. ક્રિ. ખંત રાખવી; ચાનક રાખવી.
૨. સ. ક્રિ. સપાઈ જવું; ઘુપાવું.
૩. સ. ક્રિ. ચાવવું.

ચોંપે અ. તાકીદે.

ચોંહરા [હિં.] પું. બાંધ નામનું ઝે.

ચો ૧. પું. ચાર.
૨. પું. મોતી તોળવાનું એક માપ.
૩. [હિં.] પું. હાથનો દાંતો.
૪. વિ. ચાર.

ચોઅની [હિં] સ્ત્રી. ચાર આની; ચવની.

ચોઆઈ [હિં.] પું. ચારે તરફથી વાતો પવન.

ચોઆની જુઓ ચોઅની.

ચોક ૧. [હિં.] પું. ચાર ખૂણાવાળી ખુલ્લી જગ્યા; ચોક
૨. પું. ચોગો.
૩. પું. ચોપાટનો વચગાળાનો ચોખૂણ ભાગ.
૪. પું. ઘઉંનું; બાજરું.
૫. પું. નગર; નગરની અંદરનું વાંકું ચોકોણું ખુલ્લું સ્થાન, જ્યાં મોટી મોટી દુકાનો હોય છે.
૬. પું. વાસ્તુવેદી.

ચોકચાકની સ્ત્રી. ચણેતરચોક; ચારસ્થા સુદિ ચોક. તે સિવાય ચણેતરની પૂજા થાય છે.

ચોકચોકા સ્ત્રી. ચણેતરચોક; ચારસ્થા સુદિ ચોક.

ચોકચોકની જુઓ ચોકચોક.

ચોકખ (ચોક્ખ) [હિં.] વિ. ઉત્તમ; સરસ.

ચોકખા (ચોક્ખા) ૧. પું. ખેડૂતથી જમીનદારને અપાતો પાકનો ચોથો ભાગ.
૨. પું. ચાર ચારનો જથ્થો.
૩. પું. ચારનો સમૂહ.
૪. સ્ત્રી. કાનમાં પહેરાતી બે મોતીની કડી.

ચોકખાત (ચોક્ખાત) સ્ત્રી. ચારની જંઘણી.

ચોકડી (ચોક્ડી) ૧. સ્ત્રી. કુદકો; જલંગ.
ચોકડી ભરવી = કુદકો મારવો.
૨. સ્ત્રી. ચાર બોડા ખેડવી જાડી.
૩. સ્ત્રી. ચારનો સમૂહ.
૪. સ્ત્રી. પુરુષોથી કાનમાં પહેરાતી મોતીની કડી.
૫. [હિં.] સ્ત્રી. કરજની રોક. જેમાં તે ચારે પણ ખોકાથી કેદનું બ્રત છે.

ચોકનિકાલ પું. બજારમાં વેચાતા માલ ઉપરનો કર; ચોકમાં વેચાતા માલ ઉપર લેવાતી બજાત.

ચોકના [હિં.] વિ. સાવચેત; સાવધાન.

ચોકરી સ્ત્રી. બનાવવું એક માપ.

ચોકલ પું. ચાર બાજુનો સમૂહ.

ચોકસી [સં. ચોક્ષ (પવિત્ર)] સ્ત્રી. ન્યાયકર્મ; ઇન્સાફ.

ચોકસ ૧. વિ. કરકસરવાળું.
૨. વિ. ખરું; બરાબર.
૩. વિ. ચોક્કસ.
૪. વિ. ચોપસર.
૫. વિ. સરખા કરવાળું
૬. [સં. ચાક્ષુષ] વિ. સાવચેત; સંભાળ રાખનાર.
૭. વિ. સાંકડું
૮. વિ. હોશિયાર; ચતુર.
૯. વિ. સાવધાન; ખબરદાર.

ચોકસાઈ [હિં.] સ્ત્રી. ખાનદાની; નજર.

ચોકસી ૧. પું. તપાસનાર માણસ.
૨. સ્ત્રી. ખંત.
૩. સ્ત્રી. ચાર માણસોએ ભેગા બેસીને એક જ બાબતમાંથી જાણવું તે.
૪. સ્ત્રી. બારીક તપાસ; તજવીજ.
૫. સ્ત્રી. સંભાળ; સાવચેતી.
૬. સ્ત્રી. સાવધાની; હોશિયારી; ખબરદારી.

ચોકળરી ૧. સ્ત્રી. ખેડૂતની એ નામની એક જાતિ. તે બાવા અને ભેળાવા તરફ રહે છે.
૨. વિ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ચોકા ૧. પું. બારના ચાર દાંત.
૨. પું. એક પ્રકારનો જંગલી બકરો. તેને ચાર શિંગડાં હોય છે. તે પહેલે વર્ષે બચ્ચાંઓની બારબારની જગ્યામાં રહે છે. તેના વાળ પાતળા અને રંગ બદામી હોય છે. તે બે ફૂટ ઊંચો અને ૪થી ૫ ફૂટ લાંબો હોય છે. તે પાળી શકાય છે.
૩. પું. બંધકામાં ચાર ખૂણીવાળું પાનું.
૪. પું. ચારનો સમૂહ.
૫. પું. જમીનનો ચોરસ કટકો.
૬. [સં. ચતુષ્ક; પ્રા. ચઉક્ક] પું. પથ્થરનો ચતુષ્કોણ ટુકડો
૭. પું. રાંધવા બનવા પૂજા માટે લીપીને સ્વચ્છ કરેલી જગ્યા; રાંધવા બનવા બનવાની જગ્યા; ચોકો.
૮. પું. રોટલી વગેરે વસ્તુનો બાકા કે પથ્થરનો પાટલો.
૯. પું. બંગડી પહોળાઈ સરખી હોય એવી ઘડી.

ચોકિયા [હિં.] પું. ચૂલો; ચૂલે.

ચોકી ૧. [હિં.] સ્ત્રી. બનાવવું બાર શેરનું એક માપ.
૨. સ્ત્રી. ખુરસી; પાટલી.
૩. [સં. ચતુષ્ક] સ્ત્રી. ચાર થાંભલા ઉપરનો ઓરડો.
૪. સ્ત્રી. બાતી ઉપર પહેરવાનું એક પરેવું.
૫. સ્ત્રી. પડાવ કરવાની જગ્યા.
૬. સ્ત્રી. પોલીસ બનવા બજાતબાતાનું સ્થળ.
૭. સ્ત્રી. બાન્દોબ.
૮. [હિં.] સ્ત્રી. રક્ષણ; ટેબરેખ પહેરો.
૧. ચોકી દેવી = (૧) બેસવા ખુરસી આપવી. (૨) રક્ષણ કરવું.
૨. ચોકી બદલવી = કરજ ઉપરથી મુક્ત થવું.
૩. ચોકી ભરવી = (૧) પહેરો ભરવો. (૨) પૂરવું.
૪. ચોકી મારવી = ચોરીછૂપીથી માલ લાવવો; દાણચોરી કરવી.
૫. ચોકીમાં રહેવું = બટકમાં હોવું; કેદ પડવું.
૯. સ્ત્રી. રોટલી વગેરે વસ્તુનો નાનો પાટલો.
૧૦. સ્ત્રી. બાકા કે પથ્થરનું ચતુષ્કોણ આસન.
૧૧. સ્ત્રી. બેસવાનો ખંપો.
૧૨. સ્ત્રી. ઝકુની હિલચાલ જોવાને માટે કોલ્ડ મુખ્ય બારણે ચોરે ઊંચે કરેલો મુકામ; બાલું.
૧૩. સ્ત્રી. સંગીતકારનું ટોળું.

ચોકીદાર ૧. પું. ચોકી બજવા કરનાર કરકુન.
૨. [હિં.] પું. પહેરો ભરનાર; ચોકીકર; રક્ષણ કરનાર સિપાઈ.
૩. પું. રક્ષક; બાન રાખનાર.

ચોકીદારી ૧. [હિં.] સ્ત્રી. નામનું રક્ષણ કરવા બદલ લેવાતો કર.
૨. સ્ત્રી. ચોકીદારનો હોદ્દો.
૩. સ્ત્રી. પહેરો ભરવાનું કામ; રખવાલી; ખબરદારી.

ચોકીમાર [હિં.] પું. ચોરીછૂપીથી માલ લાવી આપનાર.

ચોકીમારી [હિં.] સ્ત્રી. ચોરીછૂપીથી માલ લાવી આપવાનું કામ; દાણચોરી.

ચોકો પું. કબાટનો; ખાનો.

ચોકોણિયું [હિં.] વિ. ચાર ખૂણાવાળું.

ચોકોની સ્ત્રી. ગણિતમાં ચોરસ આકૃતિ

ચૌકોર ૧. [હિં.] જી. ક્ષત્રિયોની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ એ નામની જાતિનું.
૪. વિ. ચોરસ.

ચૌકમ જી સુદ્રજાતમાં પુરુષનું પ્રાણ થયા પછી શુદ્ધ કરવાને બાંધા માર્યા હતા તે જગ્યા.

ચૌખટ [સં. ચતુષ્પટ] કું. બારણાનું ચોકઠું; બારણાનું બોખું.

ચૌખટા ૧. [હિં.] કું. છબી બગેરા ચારીસો રાખવાનું ચોકઠું.
૨. કું. મકાનની બેસણી.

ચૌખરા ૧. [હિં.] કું. ઉંદર.
૨. કું. ચૂહો.

ચૌખંડ [હિં.] કું. ચાર ખંડવાળો ઓરડો.

ચૌખા જી. ચાર હદ બેગી થતી હોય તે જગ્યા.

ચૌખાંબા ન. એ નામનું હિમાલયનું એક શિખર.

ચૌખી જી. અવાજની તીક્ષ્ણતા.

ચૌખૂંટ ૧. [સં. ચતુષ્કોણ] કું. ચાર ખૂણાવાળી આકૃતિ.
૨. જી. ચારે દિશા.
૩. જી. પૃથ્વી; દુનિયા.
૪. વિ. આકૃતીના આકારનું.
૫. વિ. ચાર ખૂણાવાળું.
૬. [હિં.] ન. ચારે તરફ; બધી બાજુએ.

ચૌખૂરા ૧. [હિં.] વિ. ચોરસચોરસ.
૨. વિ. આકૃતીનું આકારનું.
૩. વિ. ચોરસ; ચોખૂણ.

ચૌખૂંદી ૧. વિ. ચોખૂણ.
૨. વિ. ચોરસ.

ચૌગડા (ચૌગડ) [હિં] ન. ચસકું.

ચૌગણા [હિં.] વિ. ચારગણું.

ચૌગતિ જી. ચાર પ્રકારની ગતિ.

ચૌગદ્દા [હિં.] જી. ચાર બાજુની હદ બેગી થતી હોય તે જગ્યા.

ચૌગનું [હિં.] વિ. ચોગણું; ચારગણું.

ચૌગા [હિં.] કું. મોટા માણસનો ડગલો.

ચૌગાણી [હિં.] જી. ઘોડાની નળી.

ચૌગાન ૧. [ફા.] જી. ગેડી રમવાની લાકડી.
૨. જી. નગારૂં વગાડવાની લાકડી.
૩. [હિં] જી. રણ.
૪. ન. મેદાન
૫. ન. ઘોડી અથવા પોલો નામની રમત.

ચૌગિરદ [હિં.] ન. ચારે બાજુએ; આસપાસ.

ચૌગિર્દ ન. ચારે બાજુએ; બધી તરફ; આસપાસ.

ચૌગુણા જુઓ ચોગુના.

ચૌગુના [હિં.] વિ. ચોગણું; ચારગણું.

ચૌગોલા [હિં.] જી. એક જાતની લંબગોરસ રમણી.

ચૌગોસી ૧. જી. ચાર બાજુવાળી રેતી ઠોપી.
૨. જી. પ્રાણીના ચીરાવાળા પ્રકાર.
૩. ન. ચારેય પ્રકારનું પ્રાણી.

ચૌઘડા (ચૌઘડ) [હિં.] કું. માટીનું રમકડું. તેમા સાથે જોડેલા ચાર નાના પ્યાલા હોય છે.

ચૌઘરા [હિં.] જી. પાન, સોપારી, ચૂનો અને ગરમ મસાલો રાખવાની ચાર ખાનાંવાળી પેટી.

ચૌચોડી (ચૌચોડ) જી. ચાર પોડાની ગાડી.

ચૌજુગી ૧. જી. ચાર યુગનો કાળ.
૨. વિ. ચાર જુગને લગતું.

ચૌટચંદ કું. એક જાતનો સુંદર છોડ.

ચૌટું ૧. [સં. ચતુર્વર્ત્મ] ન. ચાર રસ્તા ઉપરનું જગ્યા; ચકલું; હાટડિયાળ; ચોક. પ્રાચીન ગામની ચોરાસી જાણીતાં ચૌટાં: ૧. સોનાફળિયું, ૨. નાણાપટ્ટ, ૩. કંસેરીવાડ, ૪. સરૈયાવાડ, ૫. કોહળિયાવાડ, ૬. સૂતરિયાવાડ, ૭. ચાસુતરિયાવાડ, ૮. ચીપાવાડ, ૯. તેલીવાડ, ૧૦. દંતારાવાડ, ૧૧. વણિયારવાડ, ૧૨. મણિયારવાડ, ૧૩. દોરીવાડ, ૧૪. નેસ્તીવાડ, ૧૫. ગાંધીવાડ, ૧૬. કપાસીવાડ, ૧૭. કંડિયાવાડ, ૧૮. ભેરંડિયાવાડ, ૧૯. કડીવાડ, ૨૦. રસણિયાવાડ, ૨૧. પરવાળિયાવાડ, ૨૨. ગોળાકાંઠો, ૨૩. સંપાકિયાવાડ, ૨૪. પિત્તળબળા, ૨૫. સોનારવટો, ૨૬. સીસાડવાડ, ૨૭. મોતીપ્રોલવાડ, ૨૮. સાળવીવાડ, ૨૯. મીણારાવાડ, ૩૦. કુંતારાવાડ, ૩૧. સુથારવાડો, ૩૨. લુહારવાડો, ૩૩. કુટારવાડો, ૩૪. ગળિયારાવાડ, ૩૫. ખરિયટવાડ, ૩૬. પાંચીવાડ, ૩૭. મોચીવાડ, ૩૮. સર્જવાડ, ૩૯. લોહરિયાવાડ, ૪૦. લોટારાવાડ, ૪૧. ચિતારાવાડ, ૪૨. સતૂમારાવાડ, ૪૩. કાગદીવાડ, ૪૪. દારૂકિયાવાડો, ૪૫. ખેરવાવાડો, ૪૬. ખપ્પરોલાવાડ, ૪૭. ગાંજાવાડ, ૪૮. ભાડભૂંજારાડ, ૪૯. ભીત્રાડાવાડ, ૫૦. ઝાઝડિયાવાડ, ૫૧. ઉસાવતવાડ, ૫૨. મણિનતારપિત્તરાડ, ૫૩. રજબતારપિત્તવાડ, ૫૪. પાટીવણવાડ, ૫૫. વૈતરાવાડ, ૫૬. કાટપીટિયાવાડ, ૫૭. ગોખાપીટિયાવાડ, ૫૮. સુખડિયાવાડ, ૫૯. સાયગિયાવાડ, ૬૦. ભેરમાવાડ, ૬૧. વેત્રડિયાવાડ, ૬૨. વસાવાવાડ, ૬૩. સાંબિયાવાડ, ૬૪. ભેરવાવાડ, ૬૫. આદિયાવાડ, ૬૬. દાણિયાવાડ, ૬૭. દોદિયાવાડ, ૬૮. મુંજકૂટાવાડો, ૬૯. અરજરાવાડ, ૭૦. આચારાવાડ, ૭૧. પિત્તળઝાટો, ૭૨. કંસારાબોળ, ૭૩. પસ્તાત્રિયાવાડ, ૭૪. ચામરિયાવાડ, ૭૫. મજીઠિયાવાડ, ૭૬. સાજરિયાવાડ, ૭૭. સાળુઝરવાડ, ૭૮. સુથારવાડો, ૭૯. સુથારવાડો, ૮૦. વણકરવાડ, ૮૧. તંબોળીવાડ, ૮૨. કંદોઈવાડો, ૮૩. ખુદિકાટ અને ૮૪. કુંચિકાપણકાટ.
૨. ન. બાવડી; કચેરી.
૩. ન. સોદો બેસવા લેવાનું બહેર કેસાણું; ગુજરી; બારકોટ; બજાર.

ચૌઠ ૧. જી માંડમાસનો બીજો દિવસ.
૨. [સં. ચતુર્ષષ્ટિ] જી. ચોસઠ આંક.
૩. જી. મરાઠા કોમોથી ઉપરાંતનો બીજો આખો વર્ગ.

ચૌઠારી જી. મુસલમાનોમાં વિવાહ પછી ચોથે દિવસે કરવામાં આવતી એક ક્રિયા.

ચૌડ (ચૌડ્) ૧. [સં. ચૌડિક] કું. બહુવચન માટેનો એ નામનો એક દેશ.
૨. [સં.] ન. ચૂડાકર્મ; મોટા સંસ્કાર; બાળ ઉતરાવવાનો સંસ્કાર.
૩. ન. સિક્કા; મોટલી.
૪. વિ. ઝોડી દીધેલું.
૫. [હિં.] વિ. નાશ પામેલું.
૬. વિ. પહોળું; વિશાળ.
૭. વિ. સિક્કા સંબંધી.
૮. ન. જુલ્મી રીતે; બેફામ.

ચૌડકર્મ [સં. ચૌડકર્મન્] ન. બાળ ઉતરાવવાનો સંસ્કાર; કેશ કઢાવવાની ક્રિયા. જુઓ ચૂડાકર્મ.

ચૌડચોપટ (ચૌડ્ચોપટ) ૧. વિ. ઉઘાડ.
૨. વિ. તદ્દન દીધેલું
૩. [હિં.] વિ. નાશ પામેલું; ઉજ્જડ.

ચૌડસ (ચૌડ્સ) ૧. કું. ખેતર.
૨. કું. બગતાણું; પહોળાઈ
૩. જી. એ નામની સળીની બટક.
૪. ન. એ નામની બટકનું માણસ.
૫. વિ. એ નામની બટકનું.
૬. વિ. ઝોડી દીધેલું.
૭. વિ. પહોળું; વિશાળ.
૮. વિ. સમજણા પાત્ર.

ચૌડાઈ (ચૌડાઈ) ૧. [હિં.] જી. પહોળાઈ; પટ; પનો.
૨. જી. ખડાઈ.
૩. જી. વિસ્તાર.

ચૌડાન (ચૌડાન) જી. પહોળાઈ; પટ.

ચૌડાવ (ચૌડાવ) જુઓ ચૌડાન.

ચૌડાં (ચૌડાં) જી. પહોળાઈ; પનો.

ચૌડી વિ. સ્ત્રી. પહોળી.

ચૌડો (ચોડો) પું. મોટી કુહાડી.

ચૌદોલ ૧. પું. ચાર માટીનાં વાસણ સાથે જોડેલાં હોય એવું રમકડું.

૨. [સં. ચતુર્દોલ] પું. (હિંદી) બે વાંસડાવાળી પાલખી.

૩. ન. એ નામનું પક્ષી; ચડોલ.

ચૌઘુ પું. (કચ્છી) એક પ્રકારનો જોડવો. તે ૧ થી ૨ ફૂટ ઊંચો થાય છે.

ચૌઝિયો પું. (કચ્છી) એક જાતનો જોડવો, ચમેડિયું.

ચૌટ્ય પું. ધર્મ; ઉમગ.

ચૌતરા [હિં.] પું. ઓતરો.

ચૌતર્કી ૧. [હિં.] પું. એક જાતનો છંદ.

૨. પું. એક પ્રકારનો તંબૂ.

ચૌતલ [હિં.] વિ. ચાર પડીવાળું; ચોવડું.

ચૌતાલી [હિં.] સ્ત્રી. બેવડી સજાઈનો બે પનાનો જૂગઠાનો કટકો.

ચૌતાઈ જુઓ ચૌતલી.

ચૌતાર જુઓ ચૌતારા.

ચૌતારા [હિં.] પું. ચાર તારવાળું સંગીતનું એક વાદ્ય; ચૌતાર.

ચૌતારો જુઓ ચૌતારા.

ચૌતાલ ૧. પું. (સંગીત) એક ખંડજાતિ ૧૧ માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧ માત્રા ઉપર છે. કોટડીના બોલ: ધો ધિનનક ધિનનક ધા ધિનનક ધિનનક ધા ધિનનક ધિનનક તા.

૨. પું. એક પ્રકારનું ગીત. તે હોળીમાં ગવાય છે.

૩. પું. સંગીતનો એક તાલ; ચોતાલો. તે ચતુરસ્રજાતિનો ૧૨ માત્રાનો તાલ છે. તેમાં ૧, ૫, ૯, ૧૧મી માત્રા ઉપર તાલ આવે છે.

ચૌતિયા [હિં.] પું. ચોથિયો તાવ.

ચૌતિસ વિ. ત્રીસ ને ચાર; ૩૪.

ચૌત્રા [હિં.] પું. ઓતરો.

ચૌત્રો પું. વેદિકા; ઓટો.

ચૌથ ૧. સ્ત્રી. ચતુર્થાંશ; ચોથો ભાગ.

૨. [હિં.] સ્ત્રી. મરાઠાથી ઉપરવાતો એક કર. તેમાં આમદાનીનો ચોથો ભાગ આપવો પડતો હતો.

૩. સ્ત્રી. મહિનાની ચોથી તિથિ.

૪. સ્ત્રી. સાંચ.

ચૌથરા [હિં. ચૌતરા] પું. ઓટો.

ચૌથા [સં. ચતુર્થ] વિ. ચોથું.

ચૌથાઈ [હિં.] સ્ત્રી. ચોથો ભાગ.

ચૌથિયા ૧. [હિં.] પું. ચોથ ઉઘરાવનાર માણસ.

૨. પું. ચોથિયો તાવ.

૩. પું. જમીનદારનો નીપજનો ભાગ.

ચૌથી ૧. સ્ત્રી. ચોથ.

૨. [હિં.] સ્ત્રી. મુસલમાનોમાં વિવાહ પછી ચોથે દિવસે કરવામાં આવતી એક ક્રિયા.

ચૌદ ૧. વિ. ચોપાટનો એક દાવ. ચોપાટની રમતમાં બારે સાને દાણા પડતા પડે ત્યારે ચૌદ પક્કા કહેવાય છે.

૨. [સં. ચતુર્દશ] વિ. દશ ને ચાર; ૧૪.

૧ ચૌદ ચોકડીનું રાજ્ય = ચાર યુગની એક ચોકડી અને એવી ચૌદ ચોકડી સુધી ચાલે એવું રાજ્ય. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એમ ચાર યુગની ચોકડી થાય.

૨. ચૌદ ભણે તેને ચાર શું કહે? = ચૌદ વિદ્યાનો ભણનાર પંડિત હોય તેને એટલા ચાર વેદ ભણેલો ચેદિયો શી રીતે ઓળખી કાઢે?

૩. ચૌદ દાન = ચૌદ જાતનાં દાન: અન્નદાન, ઉદકદાન, દીપદાન, તાંબૂલદાન, ગૌદાન, કન્યાદાન, વિદ્યાદાન, પાત્રદાન, ઘરદાન, પુષ્પદાન, વસ્ત્રદાન, સાત્રીદાન, લોહદાન ને તિલદાન.

ચૌદ ભુવન ૧. ન. બ. વ. ચૌદ લોક. તેનાં નામ: ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અથવા બ્રહ્મલોક, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

૨. ન. બ. વ. સમગ્ર બ્રહ્માંડ; આખું વિશ્વ.

ચૌદ ભુવન ૧. [સં.] ન. બ. વ. દેવ, માનુષ, નાગ, પ્રાણી વગેરેને રહેવાનાં ચૌદ સ્થાન જુઓ ચૌદ ભવન.

૧. ચૌદ ભુવન એક કર્યાં = (૧) એકાએક અકલ્પ આવી પડવી; મહામુસીબત આવી પડવી; અણધારી અકલ્પ આવી પડવી. (૨) મજબૂત થવું; પ્રલય થવો. ફેર બદલ્યો.

૨. ચૌદ ભુવનનો નાથ = પરમેશ્વર.

૨. ન. બ. વ. સમગ્ર બ્રહ્માંડ; આખું વિશ્વ.

ચૌદ મનુ પું. બ. વ. બ્રહ્માના ચૌદ પુત્ર. ચૌદ મનુનાં નામ: સ્વાયમ્ભુવ, સ્વારોચિષ, ઉત્તમજ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુચિ, ભૂતિ

ચૌદમું ૧. ન. માણસના મરણને ચૌદમે દિવસે કરાતો જમણવાર.

૨. [સં. ચતુર્દશ] વિ. ચૌદમું; ૧૪મું; ચૌદની સંખ્યામાં છેલ્લું; ક્રમમાં ૧૩ પછીનું

ચૌદમું રતન ૧. ન. અમૃત, સુધા.

૨. ન. ચૌદ કીમતી વસ્તુ. માન્યતા છે કે દેવ અને દાનવોએ મળી સમુદ્ર વલોવ્યો હતો અને એ વલોણાના પ્રતાપે સમુદ્રમાંથી તેમને ચૌદ રત્ન પ્રાપ્ત થયાં હતાં. લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચન્દ્રમા, કામદુઘા, ઐરાવત હાથી, રંભા, સાત મુખનો ઘોડો, ઝેર, વિષ્ણુનું ધનુષ, શંખ અને અમૃત.

૩. ન. કહેવું; લાકડી.

ચૌદમું રતન બતાવવું = મારની બીક બતાવવી. અમૃત એ ચૌદમું રત્ન છે. તેને માટે દેવ દાનવોને લડાઈઓ થતી. તેથી અમૃત જેવું દુઃખ આપનાર માર છે. તે ઉપરથી મારને ચૌદમું રતન કહેવાય છે

૪. ન. શિક્ષા; માર; દંડનીતિ. લાક્ષણિક અર્થમાં તે વપરાય છે.

ચૌદ યમ પું. બ. વ. ચૌદ મૃત્યુના દેવ. તેના નામ: યમ, ધર્મરાજ, મૃત્યુ, અંતક, વૈવસ્વત, કાલ, સર્વભૂતક્ષય, ઔદુમ્બર, દધ્ન, નીલ, પરમેષ્ઠી, વૃકોદર, ચિત્ર અને ચિત્રગુપ્ત.

ચૌદ રત્ન ન. બ. વ. સમુદ્રમંથન વખતે નીકળેલ ચૌદ રત્ન. તેનાં નામ: લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામધેનુ, સુરેશ્વરરાજ અથવા ઐરાવત, રંભા, રમામુખી અશ્વ, વિષ, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ અને અમૃત.

ચૌદ લોક ૧. પું. બ. વ. ચૌદ ભુવન. તેનાં નામ: ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અથવા બ્રહ્મલોક, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

૨. પું. બ. વ. સમગ્ર બ્રહ્માંડ; આખું વિશ્વ.

ચૌદવાં [હિં.] વિ. ચૌદમું.

ચૌદ વિદ્યા [સં.] સ્ત્રી. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં ગણેલા ચાર વેદ, જેને કે જ્ઞાન, ચાર વેદ, છ વેદ ના એટલે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ તથા જ્યોતિષ, ધર્મશાસ્ત્ર, પુરાણો, ન્યાય અને મીમાંસા

ચૌદ વિદ્યા મુખ્યત્વે – સર્વગુણસંપન્ન.

ચૌદશ ૧ [સં. ચતુર્દશી] સ્ત્રી. પખવાડિયાની ચૌદમી તિથિ. સાતમ કે આઠમ પછીની ચૌદશને દારી ચૌદશ, સુદ ચૌદશ, વદ ચૌદશને મહાશિવરાત્રી, વૈશાખ માસની સુદિ ચૌદશને નૃસિંહ ચૌદશ કહેવાય છે

૨ અ. ચારે દિશામાં.

ચૌદશિયા ૧. પું. બ. વ. મુખી અને ગ્રામ

ચૌપાઠ

ચોવટિયા પટેલ. તેઓ સગપણ, પ્રસંગ વગેરેમાં આણું મારી પોતાનો સ્વાર્થ સાધે છે.
૨. વિ. સ્વાર્થ સાધનાર.

ચૌદરિયું ૧. વિ. ખટપટિયું.
૨. વિ. સ્વાર્થી.

ચૌદસ જુઓ ચૌદશ.

ચૌદહ [હિં.] વિ. ચૌદ; ૧૪.

ચૌદહવાન [હિં.] વિ. ચૌદમું.

ચૌદહાં [હિં.] વિ. ચૌદમું.

ચૌદંત ૧. પું. હાથીના દાંત લાઈમાં સામસામા બેસા થયા તે.
૨. વિ. બહાદુર.

ચૌદંતા ૧. [હિં.] પું. એક જાતનો હાથી.
૨. વિ. ઉમદા બાહડો.
૩. વિ. ચાર દાંતવાળું.

ચૌદંતી [હિં.] સ્ત્રી. બહાદુરી

ચૌદંતો ૧. [સં. ચતુર્દંત] પું. શ્યામ રંગનો હાથી. તેને ચાર દાંત હોય છે.
૨. વિ. પું. ચાર દાંતવાળો.
૩. વિ. પું. બચપણ અને જુવાનીની વચ્ચેની ઉમરનો. આ શબ્દ ખાસ કરીને ઘોડા કે બળદના સબંધમાં વપરાય છે.

ચૌદા [હિં.] વિ. ચૌદ; ૧૪.

ચૌદાનિયા [હિં.] સ્ત્રી. ચાર મોતીનું બનાવેલું ઝેરિંગ.

ચૌદાની [હિં.] સ્ત્રી. કાનમાં પહેરાતું એક ઘરેણું.

ચૌદાયનિ [સં.] પું. એ નામે એક ગોત્રપ્રવર્તક ઋષિનું નામ.

ચૌદેક વિ. આશરે ચૌદ.

ચૌદોનેરસો વિ. એકસો ચૌદ; ૧૧૪.

ચૌદોનેરસો વિ. એકસો ચૌદ; ૧૧૪.

ચૌદશ [હિં.] વિ. ચૌદ; ૧૪.

ચૌધર ૧. [હિં.] સ્ત્રી. ચૌધરીની પદવી.
૨. વિ. મજબૂત
૩. વિ. શરીર.
૪. ન. ગોતરણ.

ચૌધરાઈ ૧. [હિં.] સ્ત્રી. ચૌધરીની પદવી.
૨. સ્ત્રી. ચૌધરીનું કામકાજ.

ચૌધરાયત [હિં.] સ્ત્રી ચૌધરીની પદવી.

ચૌધરી ૧. પું. ઊપજના ચોથા ભાગનો હકદાર માણસ
૨. પું ચૌધરીની પદવી.
૩. પું. મુખી; નાત, જમાત કે ધંધાનો મુખ્ય માણસ

૪. સ્ત્રી. એ નામની ઓસવાળ ચાંચુગાની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. ન. એક છોડ; હરસકાર, કંદવેલ. તે કુમળો હોય ત્યારે કઢીમાં વપરાય છે.
૭. વિ. એ નામની અટકનું.

ચૌધવાં [હિં.] વિ. ચૌદમું.

ચૌધાં [હિં.] વિ. ચૌદ; ૧૪.

ચૌધીર જ. ગોતરણ.

ચૌનાણી [પ્રા.] વિ. (જૈન) ચાર જ્ઞાનવાળું; મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનવાળું.

ચૌની ન. કોળની જાતનું એક જાડું; પ્રોદાર. તેને જંગલી કોળ પણ કહે છે.

ચૌન્દ જ. સત્તરાનપણું.

ચૌપઈ [હિં.] ૧. સ્ત્રી. (પિંગળ) ચાર લીટીવાળો છંદ. દરેક લીટીમાં સોળ માત્રા હોય છે. તેનો છેલ્લો અક્ષર સામાન્ય રીતે ગુરુ હોય છે.
૨. સ્ત્રી. હોળી વખતે ગાતી ગાતી નીકળતી મંડળી.

ચૌપખા [હિં.] પું. ચાર દીવાલ.

ચૌપગ પું. ચાર પગવાળું પશુ; ચૌપાયા.

ચૌપટ ૧. પું. ચોગાનું ચોક.
ચોપટ કરવું = નાશ કરવો; જમીનદોસ્ત કરવું; સત્યનાશ વાળવું.
૨. સ્ત્રી. એ નામની એક રમત. તેમાં આઠ રંગનાં ચાર ચાર એવાં સોળ સોગઠાં એકસરખા આકારનાં હોય છે. બબ્બેકરી ચાર બાજુએ ચાર જણાં રમવા બેસે છે. દરેક જણ ચાર સોગઠાંથી રમે છે. રમવાના પાસા જણ રહે છે. તેની ચાર બાજુ ઉપર ૧, ૨, ૫, ૬ એવાં કાળાં લાલ મોંડાં હોય છે. આ રમત પટિયા ઉપર રમાય છે. પટિયાના ચાર ભાગ હોય છે અને તે દરેક ઉપર ચોરસ ખાનાં હોય છે. દરેક રમનાર પોતાની સામેના પટિયાની વચલી લીટીમાં છઠ્ઠા અને સાતમા ઘરમાં અને જમણી બાજુના પટિયાની બહારની ડાબી લીટીના સાતમા અને આઠમા ઘરમાં આઠ સોગઠું રાખે. સોગઠાં જમણી બાજુથી ચારે ખૂણાના બહારના ઘરમાંથી ફરતાં ફરતાં રમવાના પટિયાની વચલી લીટીમાં ફરીથી આવે. આ બધા સોગઠાં પહેલાં વચલા છઠ્ઠા અને સાતમા ઘરમાં આવતાં સૌ બરાબર થયેલો ગણાય. ત્યારથી સોગઠાં બહાર નીકળી જાય એવા પાસા ફેંકવા જોઈએ. બધા સોગઠાં ઊડી જતાં દાવ પૂરો થાય.
૩. સ્ત્રી. ચોપટની રમત.
૪. ન. બહાન.
૫. ન. એક પ્રકારનું ઓષ્ઠવલન.
૬. ન. ચોપડું પ્રાણી.
૭. [હિં.] વિ. ખુલ્લું; ઉઘાડું; ચારે તરફ ખુલ્લું.
૮. વિ. ગરીબ અને બેહાલ; પાયમાલ થયેલું.
૯. વિ. નાશ પામેલું.
૧૦. વિ. પાડી નાખેલું.

ચૌપટહા વિ. ચોપટ કરનાર; નાશ કરનાર; સર્વનાશી.

ચૌપટિયા [હિં.] પું. ચાર પૈડાંવાળી ગાડી.

ચૌપટ (ચૌપડ) ૧. [હિં.] સ્ત્રી. ચોપાટ.
૨. સ્ત્રી. ચોપાટનાં જેવાં ખાનાં હોય એવી પલંગ વગેરેની બનાવટ.
૩ સ્ત્રી. ચોપાટની રમત.
૪. ન. એક જાતનું ઓષ્ઠવલન.
૫. ન. ચોપડું પ્રાણી.

ચૌપત્રી ૧. સ્ત્રી. બારીમાં રખાતી નોંધપોથી.
૨. સ્ત્રી. જાપુ.
૩. સ્ત્રી. નાનો ટુકડો.
૪. સ્ત્રી, નિબંધ.

ચૌપદ [સં. ચતુષ્પદ] પું. ચાર પગવાળું પશુ.

ચૌપડ પું. કુંભારનો ચાકડો જેના ઉપર રહે છે તે પથ્થર.

ચૌપહર પું. ચાર પહોર; ચાર કલાક.

ચૌપહરા [હિં] પું. ચાર પ્રહર; ચાર કલાક.

ચૌપહલ ૧. વિ. ચાર ખાનાવાળું.
૨. [હિં.] વિ. ચોરસ.

ચૌપહલા [હિં.] પું. બુરજીના જેવી પ્રહલખી.

ચૌપહલૂ પું. ચાર પહોર; ચાર કલાક.

ચૌપહિયા પું. ચાર પૈડાવાળી ગાડી.

ચૌપા [સં. ચતુષ્પદ] પું. ચોપગું પ્રાણી.

ચૌપાઈ ૧. [હિં.] સ્ત્રી. (પિંગળ) ચાર ચરણનું કાવ્ય; ચાર લીટીવાળો છંદ. તેની દરેક લીટીમાં સોળ માત્રા હોય છે. તેનો છેલ્લો અક્ષર સામાન્ય રીતે ગુરુ હોય છે.
૨. સ્ત્રી. હોળીના તહેવારમાં ગાતી ગાતી નીકળતી મંડળી.

ચૌપાડ (ચૌપાડ) ૧. સ્ત્રી. ચોપગું પ્રાણી.
૨. [હિં.] સ્ત્રી. ચોપાટ; ગામડાની બેઠક; ચોરો; ગામડાની જાહેર સભાનું સ્થળ. જ્યાં ગામડાના લોકો મનોરંજનના કામ માટે ભેગાં થાય અને આસપાસનાં ગામડાંનાં લોકો સુખ પાસેથી જ્ઞાન લેવા આવે.

૩. જી પાસાથી રમાતી એક જાતની રમત.

ચૌપાન [ફા.] પું. ભરવાડ; ઢોર ચારનાર.

ચૌપાય [ફા.] પું. ચોપગું પ્રાણી.

ચૌપાયનિ [સં.] પું. ચુપ નામના ઋષિનો વંશજ.

ચૌપાયા ૧. વ. ચોપગું પ્રાણી; પશુ; ઢોર; જનાવર.

૨. [હિં.] વિ. ચોપગું

ચૌપારા વિ. ચાર કટકાનું બનેલું.

ચૌપાલ ૧. પું. એક પ્રકારની ખુલ્લી પાલખી. તેમાં પડદા કે કમાડ નથી હોતાં.

૨. પું. ખુલ્લી બેઠક; લોકોને બેસવા ઊઠવાનું સ્થાન.

૩. [હિં.] પું. ગામડાનો ચોરો.

૪. પું. ચોપગું પ્રાણી.

૫. વિ. ચાર બાજુવાળું.

ચૌપાલા પું. પાલખી.

ચૌપાસ અ. ચોતરફ.

ચૌપુદી ૧. જી. એ નામનું એક ઝાડ. તેને સીધું થડ, હૃદયાકાર પાન અને સુંદર પોળાં ફૂલ આવે છે.

૨. [હિં.] જી. એ નામનો એક છોડ.

ચૌપેઠ વિ. ચાર પાનાંવાળું.

ચૌપૈકંદ પું. (પિંગળ) ચાર લીટીવાળો છંદ. તેની દરેક લીટીમાં પંદર માત્રા હોય છે.

ચૌપૈયા ૧. પું. (પિંગળ) બોલ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦ અને ૮ માત્રાએ યતિ એટલે વિસામો અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩ અને ૨૭ માત્રાએ તાલ આવે છે. અંતમાં ગુરુ આવે છે.

૨. વિ. ચતુષ્પદી; ચાર પગવાળું.

ચૌફેર [હિં.] અ. ચારે બાજુએ; બધી તરફ.

ચૌફેરનાથ [હિં.] પું. પરિસ્થિતિ; આકૃતિની બધી બાજુનો સરવાળો.

ચૌબખે [હિં.] જી. મરઘની ચોથી સંવત્સરી ઉપર કરવામાં આવતી એક મરઘક્રિયા.

ચૌબગલા [હિં.] પું. બગલની નીચેની ચામડાની ઢળી.

ચૌબચ્ચા ૧ [ફા.] પું. ટાંકી; કૂવાની પાસે પાણીની ભરેલી ટાંકો

૨. પું. નાનો કરો.

૩. પું. પાકો બાંધેલો હવાડો.

૪. જી યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય.

ચૌબટ્ટી પું. મોટું; જ્યાં ચાર રસ્તા મળે તે સ્થળ.

ચૌબર ૧. [હિં] વિ. બહાદુર.

૨. વિ. બળવંત.

ચૌબરસી [હિં.] જી. ચાર બળદની ગાડી.

ચૌબરસી [હિં] જી. મરઘની ચોથી સંવત્સરી ઉપર કરવામાં આવતી એક ક્રિયા; મરઘ પછી ચાર વર્ષે કરવાની એક ક્રિયા.

ચૌબંદી ૧. [હિં.] જી. ઘોડાને નથી નાલ જડવી તે.

૨. જી. બગલબંદી.

૩. જી. સામાન બાંધવો તે.

ચૌબંદીફરદ જી. બે હાથ અને બે પગમાં હોદી નીચું તે.

ચૌબા ૧. [સં. ચતુર્વેદિન્] પું. ચાર વેદ જાણનાર બ્રાહ્મણ. હવે આ શબ્દ મથુરાના પુજારી માટે વપરાય છે.

૨. પું. બાહ્મણોની એ નામની એક શાખા.

૩. પું. મથુરાના પંડા. તે ખૂબ ખાવા માટે પ્રખ્યાત છે

ચૌબાઇન [હિં.] જી. ચોબાની સ્ત્રી.

ચૌબાઈ ૧. જી. અરણી; ત્રિપતંતી; ઊભતી ખભર.

૨. જી. ચારે દિશાઓથી વાતો પવન.

ચૌબાડ [હિં.] પું. દેશી રાજ્યમાં અગાઉ નખાતા ચાર જાતના કર. તેનાં નામ: પાસ એટલે પાથરીનેરો, તાપ એટલે ઠંડોરાવેરો, કુદી એટલે ચૂલાવેરો અને પુખ્તી એટલે ઢોર ઉપરનો વેરો

ચૌબાડા [હિં.] પું. એક જાતનો કર.

ચૌબાર ૧. [હિં.] પું. ઉપર ઢાપરું પણ ચોતરફ ખુલ્લી હોય એવી ઓરડીને બેસવા ઊઠવાની જગ્યા.

૨. પું. ચોબજવત.

૩. પું. ઘરને મથાળે ચાર બારણાં અને ચાર બારીઓવાળો ઓરડો.

૪. પું. ચોરો.

૫. પું. પોલીસચોકી.

ચૌબારા જુઓ ચૌબાર.

ચૌબી ૧. [સં. ચતુર્વેદિન્] જી. ચાર વેદ જાણનાર સ્ત્રી

૨ જી. ચોબાની સ્ત્રી

ચૌબીસ [સં. ચતુર્વિંશતિ] વિ. બીસને ચાર; ૨૪.

ચૌબીસા પું. ચોવીસ ગામડાંનો સમાવેશ થતો જમીનનો ટુકડો.

ચૌબે જુઓ ચોબા.

ચૌબોલા ૧. પું. એ નામની એક રમત.

૨. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેના વિષમપાદમાં સોળ અને સમપાદમાં ચૌદ માત્રા હોય છે. દરેક દલમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ આવે છે.

૩. પું. ચાર લીટીની કવિતાની કડી.

૪. [હિં.] પું. ચાર લીટીનું કાવ્ય.

ચૌભગલા વ. એક પ્રકારનું બખ્તર.

ચૌભીર અ. બધી બાજુએ.

ચૌમક [સં. ચતુર્મુખ] વિ. ચાર મોઢાંવાળું.

ચૌમખા (ચૌમધા) ૧. પું. અખરોટ.

૨. પું. મોટા માથાવાળો માણસ.

ચૌમાસિયા [હિં.] પું. ચોમાસાના ચાર મહિના માટે ખેતીમાં મદદ કરવાને રાખેલો સાથી.

ચૌમહલા ૧. [હિં.] પું ચાર માળવાળું મકાન.

૨. વિ. ચાર માળવાળું

ચૌમહલ્લા વિ. ચાર માળવાળું.

ચૌમાર્ગ પું ષ. ર. ચાર રસ્તા.

ચૌમાસ ૧. પું. ખેડવી અને વવી પાક માટે ચોમાસામાં પાકતર રાખેલી જમીન.

૨. [સં. ચતુર્માસ] વ. ચોમાસું; વર્ષાઋતુના ચાર માસ.

૩. વ. વર્ષાઋતુનું વર્ણન કરતું એક જાતનું ગીત.

ચૌમાસા જુઓ ચૌમાસ.

ચૌમાસિયા પું. વર્ષાઋતુના ચાર માસ ખેતીના કામ માટે રાખેલ સાથી.

ચૌમાસું વ. ચોમાસું; વર્ષાઋતુના ચાર માસ.

ચૌમુખ ૧. પું. બ્રહ્મા. તેને ચાર મુખ હોય છે.

૨. ન. ચાર બાજુવાળી એક જાતની દીવી.

૩. [હિં.] અ. ચોતરફ; ચારે બાજુ.

ચૌમુખમંદિર ન. અજમેરમાં આવેલું એ નામનું એક મંદિર

ચૌમુખા ૧. જી ચાર બાજુવાળી દીવી.

૨. જી. ચાર મોઢિયાંવાળી બત્તી.

૩. વિ. ચાર મોઢાંવાળું

ચૌમુખા-ચૌબાઈ લડવું = મારી દલીલ કરવી.

ચૌમુખા દીવા પું ચાર વાટવાળો દીવો.

ચૌમુખી ૧. સ્ત્રી. એ નામની એક હિંદુ દેવી.
૨. સ્ત્રી. કલાક્ષના ઝાડનું બી.
૩. વિ. સ્ત્રી. ચાર મુખવાળી.
૧. ચૌમુખી દીવો = જેમાં ચાર તરફ બત્તી બળતી હોય એવો દીવો.
૨. ચૌમુખી દીવો બાળવો = દીવાનું કહેવું. બગાઈ બન્યા જોઈ જોખરીને પોતે દીવાનું કહેવાનું બજાવવું હોય ત્યારે તે પોતાની પેટીમાં ચૌમુખી દીવો ભરાવીને મૂકતો.

ચૌમુખું વિ. ચાર મુખવાળું.

ચૌમેખા ૧. પું. ગોળીને બધાયે બાંધવી તે.
૨. પું. ઘોડાના ચાર પગ બાંધવાની ક્રિયા.
૩. પું. માણસના હાથપગ બાંધવાની ક્રિયા.

ચૌયાલા પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેના વિષમપાદમાં સોળ અને સમપાદમાં ચૌદ માત્રા હોય છે. જુઓ ચૌપોલા.

ચૌર ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક સમકલ્પ.
૩. પું. એક જાતનાં ઘોડા. આ જાતનાં ઘોડાનું મૂળ સ્થાન કોકેસસના ઉત્તર પશ્ચિમ ભાગમાં અને સિસિઆઈ તુર્કસ્તાનમાં હતું.
૪. પું. એક જાતનો પ્રકાશ.
૫. પું. ચોર.
૬. પું. નાત કે ધંધાનો મુખ્ય માણસ.
૭. પું. વરસાદનું પાણી પણ દિવસ સુધી ભરાઈ રહેલું હોય તેવું તળાવડું.
૮. [હિં] સ્ત્રી. બેતરમાં મોટી ખુલ્લી જગ્યા.
૯. ન. કિરમાણી અત્તરો.
૧૦. ન. ગંગાળામાં કાઠિયાવાડ જિલ્લામાં આવેલ એ નામનું એક પ્રાચીન ગામ. ત્યાં ચ્યવન ઋષિનો આશ્રમ હતો.

ચૌરકર્મ [સ. ચૌરકર્મન્] ન. ચોરી.

ચૌરકર્મકાર પું. ચોર.

ચૌરકૃત્ય [સં.] ન. ચોરીનું કામ.

ચૌરગ્રેય ન. એક જાતનું મોતી. તે ચૌદું રત્નમાં ગણાય છે.

ચૌરતા સ્ત્રી. ચોરી.

ચૌરતાઈ સ્ત્રી. ચોરી.

ચૌરભય [સં.] પું. ચોરનો બીક. ૦

ચૌરસ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તનુમધ્યા. તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં તગણ અને યગણ એમ છ અક્ષર હોય છે
૨. વિ. ઊંચાઈ-પહોળાઈ બરાબર. સમચોરસ.
૩. વિ. બધી બાજુએ સરખું. સમાન.

ચૌરસાઈ ૧. [હિં.] સ્ત્રી. બધી બાજુએ સરખું હોવું તે.
૨. સ્ત્રી. સમચોરસપણું.

ચૌરસી ૧. સ્ત્રી. કોઠાર.
૨. સ્ત્રી. સપાટ કરવું તે; સપાટ કરવાપણું.

ચૌરંગ ૧. [સં. ચતુરંગ (ચાર અંગવાળું)] પું. એક વાજે કોઈ પ્રાણીના ચાર પગ કાપી નાખવા તે.
૨. પું. તરવાર ચલાવવાની એક ઢબ. તેમાં ચીજના કપાઈને ચાર ટુકડા થઈ જાય.
૩. પું. પાના વગેરેમાં ચાર રંગ પૂરેલા હોય એવો બાજી કે પટ.
૪. સ્ત્રી. ચોમાસાના ચાર મહિનામાં રમાતી એક રમત.
૫. વિ. ચાર રંગવાળું.

ચૌરંગઓટો પું. ખિસકોલી નામની અનેક રમત.

ચૌરંગી ૧. પું. એ નામનો હાથિયાનો એક મહાન યોગી
૨. વિ. ચાર રંગવાળું.

ચૌરંગીનાથ પું. નાથપંથનો એક સિદ્ધ પુરુષ. તેણે મત્સ્યેંદ્રનાથને સમસ્ત પર્વત ઉપર ભટકવિદ્યા અને યોગનો ઉપદેશ આપ્યો હતો

ચૌરંગીબિરુદ પું. મુખ્યત્વે ચોખાની બનાવેલી એક વાની. તે બનાવવા એકસો પચીસ રૂપિયાભાર ચોખાને ધોઈ, પાણીમાં પલાળી મૂકવા. પછી તે પ્રકારી લૂગડાંથી ઢોરા કરી પચીસ રૂપિયાભાર ઘી એક વાસણમાં ચૂલા ઉપર મૂકવું. ઘી કકડે એટલે તેમાં ચણ રૂપિયાભાર સમારેલા કાંદા, એક રૂપિયાભાર તજ અને ચાર માસા વરિયાળી નાખી જરાક લાલ થાય એટલે તેમાં ચણ રૂપિયાભાર લસણ ફોડીને નાખવું. એ ચાર જણસો લાલ થાય એટલે આઠ માસા લવિંગ અને બે માસા રાઈદાણ નાખી, ઘી નીચે ઊતારી માણી લેવું. તેમાં ચાર માસા એલચી દાણાનો ભૂકો, બે માસા જાયપત્રીનો ભૂકો અને બે માસા જાવંત્રી નાખવી. પછી આ ઘીમાં ચણ રૂપિયાભાર કાચી લીંબુના રસ નાખી, લૂગડાના કટકાથી વાસણનું મોં બાંધી રાખવું. પછી બરાબર નવ રોજ પછી રૂપિયાભાર દૂધ નાખી ચૂલા પરથી ઉતારી લેવું. ખાતા પહેલાં એમાં ચોખા ઓસાવી તળી, ઘરમાં એટલે તેમાં દાળ પડી ન બોલે એવો ઓસાવી તળી, ઘરમાં એટલે મસાલા મિશ્રિત ઘીનામ. રેડીરેડું નામ. કસર વધુ નાખો, ચાર રોજના સિવાય કરવું હોય, માટે તે ચૌરંગીબિરુદ કહેવાય છે

ચૌરા ૧. પું. ચાર. [સમા.]
૨. પું. સ્ત્રી. ચાર. માણસની ઓલાદી એક.
૩. ન. એક જાતનું ઝાડ. [વનસ્પતિ] ચરસટવાળી ચામડાં તે ઉપર છે.

ચૌરાનવે [સં. ચતુર્નવતિ] વિ. ચોરાણું; ૯૪.

ચૌરાનવેં જુઓ ચૌરાનવે.

ચૌરાશ્રુક [સં.] પું. (સંગીત) ગાવાની જાતિનો એક સંકર રાગ. તે પ્રાતઃકાળમાં ગવાય છે.

ચૌરાસી ૧. પું. ચોરાસો નામના પરગણાનો વિભાગ.
૨. સ્ત્રી. કુળના બધા જાવંદારનો સમૂહ.
ચૌરાસી ભોગવવી = પાપનો બદલો મળવો.
૩. સ્ત્રી. જનાતના પડા ઉપર સીવેલી ટોકરીઓ. તે હાથીના ગળામાં અને પીઠ પાળા શોભાને માટે બાંધવામાં આવે છે.
૪. વિ. બેંસોને ચાર; ચોર્યાસી; ૮૪.

ચૌરાહ ૧. [હિં.] પું. ચાર ગામડાંની સીમા જેમાં મળી હોય તે સ્થળ.
૨. પું. ચાર રસ્તા ભેગા થતા હોય તેવી જગ્યા; ચોક.

ચૌરિકા [સં.] સ્ત્રી. ચોરી.

ચૌરિકાક [સં.] પું. એક જાતનો કાગડો.

ચૌરી ૧. સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૨. સ્ત્રી. ગાયત્રી.
૩. સ્ત્રી. ઘોડાનો સામાન.
૪ સ્ત્રી. ચમરી.
૫. [સં.] સ્ત્રી. ચોરી.
૬. સ્ત્રી. નાનો અણતરો; પેટી.

ચૌરીબાહાર [હા.] પું. ચમરી ધારણ કરનાર માણસ.

ચૌરૈક્ય [સં. ચોર + ઐક્ય] ન. દુષ્ટ કામ માટે કરેલી એકસંપી.

ચૌર્ણિક [સં.] ન. કણકણરૂપે ચૂર્ણ થયું તે.

ચૌર્ણેય ન. એક પ્રકારનું મોતી. તે ચૌદું રત્નમાં ગણાય છે.

ચૌર્ય ૧. [સં.] ન. ચોરી; ચોરીનું કામ; સ્તેય.
૨. વિ. ચતુર; ચાલાક; ચોરીનું.

ચૌર્યકર્મ [સં. ચૌર્યકર્મન્] ન. ચોરીનું કામ.

ચૌર્યકાર્ય [સં.] ન. ચોરી.

ચૌર્યબુદ્ધિ [સં.] સ્ત્રી. ચોરી કરવાનો ઇરાદો.

ચૌર્યલીલા [સ.] સ્ત્રી. ચોરી કરવારૂપ કામ.

ચૌર્યવિદ્યાવિચારદ ૧. [સં.] પું. પુરુષોત્તમના દરબાર આદનું એક નામ.
૨. ન. ચોરી કરવામાં કુશળ.

ચૌર્યવૃત્તિ [સં.] સ્ત્રી. ચોરી કરવાની ટેવ.

ચૌર્યશાસ્ત્ર [સં.] ન. ચોરી કરવાની વિદ્યા.

ચૌર્યોન્માદ [સં.] પું. એક જાતનું ગાંડપણ. તેમાં કેદીને ચોરી કરવાની ઇચ્છા થાય છે.

ચૌલ ૧. પું. એક નામનો દેશ.
૨ પું નાનાં છોકરાંના પહેલવહેલા વાળ ઉતરાવવાની ક્રિયા; મુંડન તે ત્રીજે વર્ષે કરવામાં આવે છે.
૩. ન. મુનર્ધયી દક્ષિણે પચીસ માઈલ ઉપર આવેલ એ નામનું ગામ. હાલ તેને રેવદ્ય કહે છે. અગાઉ તેને રેવતીક્ષેત્ર અને કંપાવતી પણ કહેતા.

ચૌલકરણ જુઓ ચૌલ ૨.

ચૌલકર્મ જુઓ ચૌલ ૨.

ચૌલધૂમા સ્ત્રી. એ નામની એક ઔષધિ. તેનું તેલ દુખ સાથે પાંચ દીપાંથી વધારીને ત્રીસ દીપાં સુધી કોઢવાળાને તથા ક્ષયવાળાને આપવા છે. તે જાતીએ પણ ગોળાય છે. અરજ્વ, ક્રમાળ, ક્ષયરોગ, સધિવા અને વાતરોગમાં પણ તે આમ હાવદાકારક બનાવ છે. તેની માત્રા પાંચથી દસ દીપાં અને ધીમે ધીમે ત્રીસથી સાઠ સુધી વધારાય છે.

ચૌલસંસ્કાર પું. ત્રીજે વર્ષે બાળકના બોબાળા ઉતરાવવાની ક્રિયા.

ચૌલા ૧. [હિં.] પું. ચોળા; એક જાતનો કઠોળ.
૨. પું. પીંચા

ચૌલાઈ સ્ત્રી. તાંદળજાની ભાજી.

ચૌલાવા પું. ચારે બાજુએ પુરતું પાણી હોય એવો મોટો કૂવો.

ચૌલિ [સં.] પું. એ નામનો એક ઋષિ.

ચૌલી [હિં.] સ્ત્રી. બે આનાની કીમતનો રૂપાનો સિક્કો; બેત્તાની.

ચૌલુક્ય ૧. પું. ચાલુક્ય.
૨. [સં.] પું. ચુલુક ઋષિનો ગોત્રજ.
૩. પું. તે નામે એક રાજર્ષિ.
૪. વિ. ચાલેલા વંશનું.
૫. વિ. સોલકી વંશનું.

ચૌલોપનયન [સં.] પું. બાળકને પ્રથમ મુંડન કરાવતી વખતે કરવામાં આવતી ક્રિયા અને બ્રહ્મણવાર.

ચૌવટું [સં. ચતુર્ (ચાર) + વર્મન્ (રસ્તો)] ન. ચૌટું; ચકલું.

ચૌવા ૧. પું. ચૂનો; એક જાતનો સુગંધી પદાર્થ.
૨. સ્ત્રી. એ નામની ચારણની એક અટક.
૩. ન એ નામની અટકનું માણસ.
૪. ન. એક જાતનું તેલ
૫. ન. ચોપગું પ્રાણી
૬. વિ. એ નામની અટકનું.

ચૌવાઈ સ્ત્રી. તોફાની પવન; વંટોળિયો

ચૌવાઈ [હિં.] વિ. ચોપન; ૫૪.

ચૌવિહાર પું (જૈન) અન્ન, પાણી, ફળ તથા મુખવાસ એમ ચાર પ્રકારના આહારનો ત્યાગ.

ચૌવીસ [સં. ચતુર્વિંશતિ] વિ. ચોવીસ; ૨૪.

ચૌશ [ફા.] પું. ચાલીસ; ચારના જથાકર.

ચૌષષ્ઠયોગિની ન. કચ્છ તીર્થનું પ્રાચીન નામ.

ચૌસ ૧. પું ચાર વખત ખેડાયેલી જમીન.
૨. પું. ચૂર્ણ; ભૂકો.
૩. [હિં.] પું. લોટ.

ચૌસઠ [સં. ચતુઃષષ્ટિ] વિ. સાઠ ને ચાર; ૬૪.
ચૌસઠ ઘડી = આખો દિવસ.

ચૌસર ૧. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તે બરવૈ છંદનો ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૧૮ લઘુ મળી ૨૮ વર્ણ અને ૩૮ અક્ષર હોય છે.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે પંચા છંદનો ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૪૦ લઘુ મળી ૪૭ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.
૩. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૧૧૪ લઘુ મળી ૧૧૯ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.
૪. સ્ત્રી. કોડીને બદલે પાસાથી રમાતી ચોપાટની રમત.

ચૌસરી સ્ત્રી ઓઢણી પગાની આસપાસ પહેરાતું ઘરેણું.

ચૌસિયાના પું. ચાર બાજુની ઢાલ બળવાનું બતાવતો ઊંચો રેકરો.

ચૌસિંધા જુઓ ચૌસિયાના.

ચૌસીઆ ૧. સ્ત્રી. ચારે બાજુની ઢાલ.
૨. સ્ત્રી. પડોશ.
૩. જુઓ ચૌસિયાના.

ચૌહટ [હિં.] પું. ચૌટું; બજાર; ચોક.

ચૌહટું જુઓ ચૌહટ.

ચૌહત્તર [હિં.] વિ. ચુમોતેર.

ચૌહદા પું. ચારે બાજુની ઢાલ બતાવતો ઊંચો રેકરો.

ચૌહદો ૧. [હિં.] સ્ત્રી. ચારે બાજુની ઢાલ.
૨. સ્ત્રી. પડોશ.

ચૌહરા [હિં.] વિ. ચાર પડીવાળું.

ચૌહરી [હિં.] સ્ત્રી. ચાખી ઉઘાડવા માટેની ચમરી

ચૌહાણ ૧. સ્ત્રી. રજપૂત, સમચરસ, ઓઢ, ખમાસ, કોશી, સલાટ, ઝંઝી, ચોરા અને મુસલમાનની એક અટક.
૨. સ્ત્રી. રજપૂતોની એ નામની એક શાખા. પૃથ્વીરાજ ચૌહાણ આ જાતિનો રજપૂત હતો. ઈ. સ. આઠમા શતકમાં ઉત્તર હિંદુસ્તાન બધું ચૌહાણના હાથમાં હતું. એમનો મૂળ પુરુષ માણિકય ઈ. સ. ૮૦૦ના અરસામાં થઈ ગયો.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ચૌહાણકાળ પું. ચૌહાણ રાજાઓનો વખત.

ચૌંક ૧. પું. ઘણિયું; ચાકો.
૨. પું. મુખ્ય બજાર.
૩. સ્ત્રી. એકદમ જાગી ઊઠવું તે; ચમકવું તે; ઝબકારો.
ચૌંક પડવી = એકદમ જાગી ઊઠવું.

ચૌંકવું ૧. અ ક્રિ. અજાગ્ય થવું.
૨. અ. ક્રિ. ચમકવું.

ચૌંકસ ૧. વિ. કરકસરવાળું.
૨. વિ. ખરું; ખરાબર.
૩. વિ. આપસર.
૪. [સં. સાવધ] વિ. સાવચેત; સંભાળ રાખનાર.

ચૌંકસી સ્ત્રી. સંભાળ; ખ્યાલ.

ચૌંકા ૧. પું. ચારનો સમૂહ.
૨. પું. ચોરસ પથ્થર.
૩. પું. જમીનનો ચોરસ ટુકડો.
૪. પું. રાંધવા માટે કે પૂજા કરવા માટે માટી, ગાય અને પાણીથી લીપેલો જમીનનો ટુકડો.
૫. પું બ વ. આગલા ચાર દાંત.

ચૌંકાવવું સ. ક્રિ. ચમકાવવું; ઝડકાવવું.

ચૌંકી ૧. [સં. ચતુષ્ક (ચાર)] સ્ત્રી. અનાજનું ચાર શેરનું માપિયું
૨. સ્ત્રી એક જાતનું ઘરેણું.
૩. સ્ત્રી. ખિતાબું; મેરબાનો ઘંટો.
૪. સ્ત્રી. જકાતનું નાકું.
૫. સ્ત્રી. ઢાઈ જવાની ખુરસી; 'કમોડ.'
૬. સ્ત્રી. તખ્તા; માદી.
૭. સ્ત્રી. પોલીસનું માણું.
૮. સ્ત્રી. રેલને સ્ટેશન.
૯. સ્ત્રી. રોટલી વણવાનો ચકલો અથવા પાટલો.
૧૦. સ્ત્રી. સંગીતકારનું ટોળું.

ચૌંગા ૧. પું. ખુશામદ; મસ્કો.
૨. વિ પું. ખુશામદ કરીને ઉતરનાર.

ચૌંગી [હિં.] સ્ત્રી. ખુશામદ.

ચૌંત્ય સ્ત્રી બંગાળમાં વપરાની એક ભાષા.

ચૌંટલી [હિં.] સ્ત્રી. પોણી અણોડી.

ચૌંડા (ચૌંઢા) ૧. [હિં.] પું. બતાવની ખાણ.
૨. [સં. મૂષ (ચોટણી)] પું. બંબોડો.

ચ્યવન

૩. પું. મસ્તક ઉપરનો એક અલંકાર. ૪ અગ્રી.

ચૌંદિક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

ચૌંતરા ૧ [હિં.] પું. ચબૂતરો.

૨. પું. પોલીસચોકી.

૩. પું. રવેશ; ઓટો.

ચૌંતરો [હિં.] પું. ઊંચી બેઠક; ચોતરો.

ચૌંતીસ [હિં.] વિ. ચોત્રીસ; ત્રીસ ને ચાર; ૩૪.

ચૌંતીસા પું. સંવત ૧૯૩૪નો દુકાળ.

ચૌંત્રા [હિં.] પું. ચબૂતરો; ઓટો.

ચૌંદોલ [સં.] સ્ત્રી. ઠેલણ; પાલખી.

ચૌંધ [હિં.] સ્ત્રી. અતિ પ્રકાશ કે ચમકની આંખે અંજાયેલ નજર.

ચૌંધિયાહટ ૧. [હિં.] પું. અંજાવું; વિસ્મય.

૨. પું. ઝગઝાટ.

ચૌંપ ૧. [હિં.] સ્ત્રી. ઝાપ.

૨. સ્ત્રી. છંતમાં બેસાડેલી સોનાની ખીલી.

૩. સ્ત્રી. ઉંડા; ફુરામડું.

૪. સ્ત્રી. ઠોકિયારી.

ચૌંબક ૧. સ્ત્રી. એક ધાતની ધાતુ; 'મેગ્નિઝ'. મુરબ્બાથી તેને બાળી શકાય છે. તેનું પરમાણુ વજન ૫૪·૮ છે.

૨. વિ. આકર્ષણ કરનાર.

ચૌંર [હિં.] પું. ચમરી ઉડાડનાર.

ચૌંરગાય [હિં.] સ્ત્રી. સુરાગાય.

ચૌંરી ૧. સ્ત્રી. કોટવાળ માટે રહેવાની પોલીસચોકી.

૨. [હિં.] સ્ત્રી. ચમરી.

ચૌંસઠ [સં. ચતુઃષષ્ટિ] વિ. ચોંસઠ; સાઠ ને ચાર; ૬૪.

ચૌંસઠઘડી (ચૌંસઠઘડી) ૧. [હિં.] ન. ચોવીસે કલાક; રાત અને દિવસ.

૨. ન. હમેશા.

ચૌંસર ૧. [હિં.] સ્ત્રી. કોડીને બદલે પાસાથી રમાતી ચોપટની રમત.

૨. સ્ત્રી. કૂતરી માળા.

ચ્યઉ ૧. ન. ઢાંકણ.

૨. ન. માથાનું ઓઢવું.

ચ્યમ ૧. ન. કેમ ?

૨. ન. શા માટે ?

ચ્યવન ૧. પું. ભાદરવા માસનો ત્રીજ નામનો એક જ્યોતિષી.

૨. પું. આયુર્વેદનો એક નામનો એક આચાર્ય.

૩. પું. (પુરાણ) પરીક્ષિત રાજા પાસે આવેલો એ નામનો એક ઋષિ.

૪. પું. (પુરાણ) વારુણિ ભૃગુના સાત માંહેનો એ નામનો મોટો પુત્ર; સુમ્નાચાર્યનો ભાઈ. ભૃગુ ઋષિની ગર્ભવતી પુત્રોત્પત્તિ સમયે ગેરહાજરી હતી ત્યારે એક રાક્ષસ એને ઉપાડીને નાઠો. તે રાક્ષસ રસ્તામાં જ તેનો ગર્ભ પડી ગયો. ચ્યુ ધાતુનો અર્થ પડવું થાય છે. ગર્ભની સ્મૃતિ થઈ એટલે ગર્ભ પડી ગયો તેથી એમનું નામ ચ્યવન પડ્યું. ગર્ભને પોઢો જોઈ રાક્ષસ એના તેજથી ભયભીત થઈ નાસી ગયો અને પુલોમા પુત્રને લઈને ઘેર આવી. એણે મોટો થતાં વેદ વેદાંગમાં નિષ્ણાત થઈને તપનો આરંભ કર્યો. એનું તપ એટલા બધા કાળ સુધી ચાલ્યું કે એ જેટો હતો તેના ઉપર કીડીઓ અને ઊધઈના રાફડા બંધાઈ ગયા. એક સમયે જે વનમાં એ તપ કરતો હતો ત્યાં સૂર્યવંશી શર્યાતિ રાજા પોતાની ચાર હજાર ઓબો અને સૈન્ય સહિત આવ્યો અને બબ્બાક દિવસ સુધી રહ્યો. તે દરમિયાન એની સુકન્યા નામની કન્યા પોતાની સખીઓની સાથે રમતાં રમતા ત્યાં ચ્યવન ભાર્ગવ તપ કરતો હતો, ત્યાં આવી પહોંચી. તેણે રાફડાના બોબાં જોયું તો ચ્યવનનાં નેત્ર દીઠાં. ચ્યવનને સમાધિ તુરતની ઊતરી હતી અને એની આંખો ઊઘાડી હોવાથી સુકન્યાએ ચળકતી આંખો જોઈ. એ કોઈ છાપાં હતાં એમ ધારી એણે કુતૂહલથી કાંટાની ણી ણી લઈને બોંચી. આથી ચ્યવનનાં નેત્ર ફૂટી ગયાં. તેમાંથી લોહી બહાર આવ્યું. તેથી સુકન્યા ગભરાઈ પોતાના પિતા પાસે આવતી રહી. ચ્યવન ભાર્ગવના નેત્ર સુકન્યાએ ફોડ્યાં એ મહાન પાપને લીધે રાજાની આખી સેનાનાં મળમૂત્ર બંધ થઈ ગયાં. એટલામાં સુકન્યા આવી પહોંચી અને પોતાને હાથે કોઈ છાપાં ભરી જ્યાં એ બખર રાજાને કહી. રાજાએ ભયભીત થઈને રાફડા ભણેલાઓને જોયું તો આ કોપાયમાન ઋષિને નેત્રહીન થયેલા જોયા. રાજાએ એની બહુ પ્રાર્થના કરી અને પોતાની કન્યાથી અજાણે બહુ કુકર્મ થઈ ગયું છે એ કહી ઋષિ પાસે ક્ષમાની યાચના કરી. આ સાંભળીને ઋષિએ કહ્યું કે, જો તું એ કન્યા મને આપી દે તો હું તને ક્ષમા કરું. નિરુપાયે રાજાએ હા કહી અને વિવાહવિધિથી સુકન્યાને ઋષિને આપી. એમ કરતાં જ સૈન્યમાં ચાલેલો મૂત્રમળપરોધનો રોગ શાંત થયો. સુકન્યા પછી સ્વસ્થ ચિત્તે ઋષિની સેવામાં તલ્લીન થઈ. આમ ઘણો કાળ વ્યતીત થયા બાદ સુકન્યાના શિયળની પરીક્ષા કરવાને અશ્વિનીકુમાર ત્યાં આવ્યા. એમણે સુકન્યાનું મન ઋષિથી વિમુખ કરવાને પોતાથી અને તેટલો પ્રયત્ન કર્યો, પરંતુ સુકન્યાનો નિશ્ચય ડગ્યો નહિ. એને બીજી રીતે અજમાવી જોવાને અશ્વિનીકુમાર ચ્યવનને લઈને એક સરોવરમાં સ્નાન કરવા ગયા. એમણે ચ્યવનને તારુણ્ય આપ્યું અને ખૂબસૂરત જુવાન બનાવી પોતે એને લઈને બહાર આવ્યા. બે અશ્વિનીકુમાર અને ચ્યવન જેવા સરખા સ્વરૂપવાન થઈ ગયા કે ભલભલા ભડકાય. ચ્યવનનાં નેત્ર પણ સારાં થઈ ગયાં. સુકન્યાએ પોતાના સત્વને આધારે બરાબર ચ્યવનને પારખી કાઢ્યો. આ ઉપરથી અશ્વિનીકુમાર સંતુષ્ટ થયા અને સુકન્યાને આશીર્વાદ દઈને અને ચ્યવનને ઋષિ નામાભિધાન આપીને સ્વસ્થાને ગયા. અશ્વિનીકુમાર સ્વર્ગે જતા હતા ત્યારે ચ્યવનને કહ્યું કે તમે મને તારુણ્ય અને નેત્રો આપ્યાં, તે ઉપકારના બદલામાં હું તમને યજ્ઞભાગ મળતો નથી તે અપાવીશ. અશ્વિનીકુમારના ગયા પછી સુકન્યાને લઈને પોતે પોતાના સસરા શર્યાતિ રાજાને ત્યાં ગયા. ચ્યવને રાજાને યજ્ઞ કરવાનું કહ્યું અને એ યજ્ઞમાં અશ્વિનીકુમારને હવિર્ભાગ આપ્યો. ઇંદ્રે મના કર્યા છતાં ન માનવાથી ઇંદ્રને ક્રોધ ચઢ્યો અને ચ્યવનને મારવા એણે વજ્ર ઊગામ્યું પણ, પણ ચ્યવને એનો હાથ સ્થંભાવી દીધો. ચ્યવને મદ નામે રાક્ષસ ઉત્પન્ન કર્યો અને ઇંદ્ર ઉપર હુમલો કરવા મોકલ્યો. આખરે ઇંદ્ર એને શરણે આવ્યો અને અશ્વિનીકુમારને હવિર્ભાગ આપવામાં સમતિ આપી, મદ રાક્ષસને નિવારવા વિનંતિ કરી. ત્યારે ઋષિએ પોતાનો કોપ શાંત કર્યો. ઋષિએ અશ્વિનીકુમારને યજ્ઞભાગ આપ્યો અને પોતે ઉત્પન્ન કરેલા મદ રાક્ષસના વિભાગ કરી મદ્યપાન, સ્ત્રી, પાસા અને મૃગયા એ ચારને વહેંચી આપી ઇંદ્રને છોડાવ્યો. પછી યજ્ઞ સમાપ્ત કરી પોતાની સ્ત્રી સાથે હરીફરી પોતાને આશ્રમે ગયો. સુકન્યાને પેટે ચ્યવનને પ્રમતિ નામનો પુત્ર હતો. બીજી એની આરુષી નામની મોટી સ્ત્રીથી એને ઔર્વ નામનો પુત્ર હતો. ચ્યવન એ ભૃગુ ઋષિનો પુત્ર હતો અને એણે વેદના કેટલાક મંત્રો રચ્યા છે. ભાગવતમાં કહ્યું છે કે ચ્યવન વૃદ્ધ થયો હતો અને બધાએ એને તજી દીધો હતો ત્યારે અશ્વિનીકુમારે એનું વૃદ્ધ ખોળિયું લઈ એને તરુણ દીધોયું કર્યો હતો. એમ કરવાથી એની સ્ત્રી તેમ જ બીજી તરુણીઓ એને વશવર્તી હતી. મહાભારતમાં કહ્યું છે કે ચ્યવને પુલિક રાજા અને એની સ્ત્રી પાસે પોતાની નીચ સેવા કરાવી, પણ પછીથી તેમના ઉપર તુષ્યમાન થઈને આશીર્વાદ

દીધો કે તમને ઘણોજ સ્વરૂપવાન અને વીર એવો પુત્ર થશે. પરશુરામનો જન્મ આથી થયો હતો.

૫. પું. ચૂર્ણ.

૬. પું. (પુરાણ) સોમવંશી પુરુમુદ્ગલોત્પન્ન અજમીઢ રાજાનો પૌત્ર.

૭. સ્ત્રી. સ્તુતિ.

૮. ન. ગળતુ તે; ટપકવું તે.

૯. ન. નુકસાન

૧૦. ન. પતન; પડતી.

૧૧. ન. ભાર્ગવ, મુદ્ગલ, દર્ભ, વત્સ, કુત્સ્યા અને ઉપમન્યુ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૧૨. ન. મરણ.

ચ્યવનઋષીશ્વર પું. એક જાતની ઔષધિ.

ચ્યવનપ્રાશ [સં.] પું. એ નામે એક ચાટણ ઔષધિ. તેમાં મુખ્ય ઔષધિ આંબળાં, દશમૂળ, પીપર, વરાશોયત વગેરે આવે છે. તે પોષક, શક્તિ વધારનાર અને શરીરને મજબૂત બનાવે એમ મનાય છે. તે ફેફસાનો રોગ, નબળાઈ, ખાંસી, ખૂબસૂરત વાન અને મરદપણની નબળાઈમાં ઘણો જ ઉપયોગી છે. આ ઔષધિ દુઃખ ઓછું કરનાર, કફમ, જતુઘ્ન અને શક્તિવર્ધક મનાય છે. તેની માત્રા ½ થી ૨ તોલા છે.

ચ્યવનપ્રાશાવલેહ જુઓ ચ્યવનપ્રાશ.

ચ્યવનાશ્રમ [સં.] પું. ચ્યવન ઋષિનો આશ્રમ. ભંગાળમાં જાહ્નવાડ જિલ્લામાં આવેલ ચૌર ગામમાં, પણ્ણોશ્ણિ એટલે હાલની પૂર્ણા નદીની પાસે જયપુરના રાજ્યમાં નારનૌલની દક્ષિણે ૬ માઈલ ઉપર આવેલ ઘાસા ગામમાં અને રાજપૂતાના જિલ્લામાં ગંગા નદીને કિનારે ચિલતલા નામના સ્થળે ચ્યવન ઋષિના આશ્રમ આવેલા છે.

ચ્યવવું અ. ક્રિ. પડવું; ચ્યુતિ થવી.

ચ્યંતા [સં.] સ્ત્રી. ચિંતા.

ચ્યાં અ. ક્યાં; કયે ઠેકાણે.

ચ્યુ ૧. [સં.] અ. ક્રિ. ઝમવું; સ્રવન કરવું

૨. અ. ક્રિ. ઝમવું; ઝમવું.

૩. અ. ક્રિ. ઢીલું પડવું.

૪. અ. ક્રિ. નાશ થવો; અદશ્ય થવું; અંત આવવો.

૫. અ. ક્રિ. પડવું; ખરવું; સ્થાનભ્રષ્ટ થવું.

૬. અ. ક્રિ. બહાર આવવું; વહેવું; નીકળવું

૭. અ. ક્રિ. વિમુખ થવું.

૮. અ. ક્રિ. ખરકવું; ઝપસવું.

ચ્યુત્ જુઓ ચ્યુ

ચ્યુત ૧. [સં.] વિ. અસેલ; ઢગેલ.

૨. વિ. ઝરેલ; ખરેલ; ટપકેલ.

૩. વિ. ઢીલું પડેલું.

૪. વિ. નીકળેલું.

૫. વિ. પડેલું; ખરેલું, સ્થાનભ્રષ્ટ થયેલું.

૬. વિ. મરણ પામેલું; નષ્ટ.

૭. વિ. વિમુખ; પરાઙ્મુખ.

૮ વિ. સ્રવન કરેલું.

ચ્યુતમધ્યમ [સં] પું. (સંગીત) બાર માત્રાનો એક વિકૃત સ્વર. તેનો પીતિ નામની શ્રુતિથી આરંભ થાય છે.

ચ્યુતષડ્જ [સં.] પું. (સંગીત) બાર માત્રાનો એક વિકૃત સ્વર. તેનો રંજા નામની શ્રુતિથી આરંભ થાય છે.

ચ્યુતસંસ્કારતા [સં] સ્ત્રી. આકરણવિરુદ્ધ પદવિન્યાસથી થતો ગ્રન્થનો દોષ.

ચ્યુતસંસ્કૃતિ [સ] સ્ત્રી આકરણના નિયમોનો ભંગ થાય તે દોષ.

ચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. અપવર્તન; વિમાર્ગગમન; વાંકું વળી જવું તે.

૨. સ્ત્રી. અભાવ; ક્ષય.

૩. સ્ત્રી. ભૂલ; દોષ; ચૂક; ભૂલ.

૪. સ્ત્રી. ગળતી.

૫. સ્ત્રી. ગુદાનું દ્વાર; ગાંડ.

૬. સ્ત્રી. પાત; પડવું તે; ભ્રષ્ટ થવું તે; પતન.

૭. સ્ત્રી. જન્મ; યોનિ.

૮. સ્ત્રી. સંયુક્તિના ઉપરના ભેદ પણ બિંદુનું એક આપેલા બિંદુથી અંતર અને એક આપેલી સીધી લીટીથી અંતર જે બે વચ્ચેનું નિશ્ચિત પ્રમાણ.

૯. ન. મરણ.

ચ્યૂત ૧. [સં.] પું. આંબાનું ઝાડ.

૨. પું. કેરી.

ચ્યૂતમંજરી [સં.] સ્ત્રી. આંબાનો મોર.

ચ્યૂંટ્યા [હિં.] સ્ત્રી. મોટી કાણી કીડી.

ચ્યૂંટો [હિં.] સ્ત્રી. નાની કીડી.

ચ્યૌદિશા અ. ચારે તરફ, બધી બાજુએ.

ચ્હરચ્હ સ્ત્રી. ઘાસમાં વહેરવા માટે ભોંયમાં બોદેલો ચોખણો ખાડો.

ચ્હા પું.; સ્ત્રી. ચા; એક જાતનું પીણું.

ચ્હાદાની સ્ત્રી. ચાની કીટલી.

ચ્હાય સ્ત્રી. હેત; પ્રીત; પ્રેમ; સ્નેહ.

ચ્હેરાવું અ. ક્રિ. ભૂસાવું; ઉઝરડાવું.

છ

છ ૧. [સં.] પું. ગુજરાતી વર્ણમાળાનો અઢારમો અને વ્યંજન અક્ષરનો સાતમો અક્ષર; તાલુસ્થાની મીજો વ્યંજન. બહિયાઓ પુસ્તક વાચતાં વાચતાં સહેજ ઊંચું હોય અથવા વાચવાનું તે દિવસ માટે કે અમુક વાચત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે છ છટક જાવે. છનું દેવરૂપે ધ્યાન કરતાં પદ્મનું આસન અને ચાર હાથ કલ્પાય છે.

૨. પું. ઊંટ, કાપ.

૩. પું. ટુકડોઃ ખંડ.

૪. પું. નારાયણની સંજ્ઞા.

૫. પું પારો.

૬. પું. બાજાઃ

૭. પું. જ્ઞાતસૂચક સાંકેતિક અક્ષર.

૮. ન. ઘરઃ ગૃહ.

૯. ન. ઢાંકણું તેઃ છાદનઃ આચ્છાદન.

૧૦. વિ. ચંચળઃ તરલ.

૧૧. વિ. ઊંટનારઃ કાપનાર.

૧૨. [સં. ષટ્] વિ. પાંચથી બમાણું; પાંચ ને એકઃ ચાર ને બેઃ ૧. હિંદુ માન્યતા પ્રમાણે કર્મ, જ્ઞાન કે દર્શન, વેદાંગ, રિપુ, રસ, રાગ, ચક્ર, કારક, ઊર્મિ, ઋતુ, ઐશ્વર્ય અને ભદ્ર છ મનાય છે. તેમનાં નામઃ છ કર્મ અથવા ષટ્ કર્મઃ અધ્યયન, દાન, યાજન, અધ્યાપન, પ્રતિગ્રહ અને યજન. છ દર્શનઃ ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, વેદાંત, સાંખ્ય અને પાતંજલ. છ વેદાંગઃ શિક્ષા, કલ્પ, આકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત. છ રિપુઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. છ રસઃ કડવો, તીક્ષ્ણ એટલે તીખો, કષાય એટલે તૂરો, અમ્લ એટલે ખાટો, લવણ એટલે ખારો અને મધુર એટલે મીઠો. છ રાગઃ શ્રી, વસંત, ભૈરવ, પંચમ, મેઘમલ્હાર અને હનુમાટ અથવા ભૈરવ, માલકોશ, હિંડોલ, દીપક, શ્રી અને મેઘ. છ ચક્રઃ આધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા. છ કારકઃ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. છ ઊર્મિઃ ક્ષુધા, પિપાસા, શોક, મોહ, જરા અને મૃત્યુ. છ ઋતુઃ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર. છ ઐશ્વર્યઃ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. છ ભદ્રઃ શાંતિ, વશીકરણ, સ્તંભન, વિદ્વેષ, ઉચ્ચાટન અને મારણ.

૧. છ કાને વાત વંઠે = ત્રીજા માણસના સાંભળવામાં આવે તે વાત પછી છાની રહે નહિ.

૨. છ પાંચ મળી જવા = ખોખારા નથી જવા; પ્રસાધન કરી જવું; રહસ્યસ્ફોટ થવું.

૧૩. વિ. નિર્ભંગ; સ્વચ્છ.

૧૪. અ. છિઃ છટ્ઃ અવજ્ઞાના અને તુચ્છકાર દર્શાવવામાં વપરાતો એક ઉદ્ગાર.

૧૫. અ. ક્રિ. જે; પું.

છઇયો પું. છોકરો

છઈ ૧. સ્ત્રી. કાંટાની ભારી; ઉપાડો.

૨. સ્ત્રી. ખોડાની દળી.

૩. સ્ત્રી. બજાર ઉપર ભાર ભરતાં પહેલાં નાખવામાં આવતી આરતી.

૪. સ્ત્રી. ભાગાઃ

૫. સ્ત્રી. હોડી ઉપર ભમેલું ઘર.

છઉડિ ૧. પું. છઊંઃ છોકરો.

૨. ન. પહું નાનું બાળકઃ નાનું છોકરું; છૈયું.

છઉંતાલીસ વિ. ઓગણપચાસ; ૪૬.

છઉલ્લા વિ. દશ; દોઢિયાર.

છઉં અ. ક્રિ. પું; હો ધાતુનું વર્તમાનકાળ પહેલા પુરુષનું એકવચનનું રૂપ.

છએક વિ. આશરે છ.

છક ૧. પું. છનો સમૂહ.

૨. [સં. ઉત્સેક] પું. ધન, અધિકાર, યૌવન, રૂપ અને બળ વગેરેના અભિમાનનો અતિશયઃ છાક, તોરઃ મદમત્તતા.

૩. પું. નવાઈઃ અચંબોઃ આશ્ચર્ય.

૪. પું. મદઃ મત્સરમીઃ મગરૂરી; અહંકાર.

૫. સ્ત્રી. છીંક.

૬ ન. છના આંકનો પાડો.

૭. વિ. ચકિતઃ તાજુબઃ દિગ્મૂઢ.

૧. છક કરી દેવું-નાખવું = આશ્ચર્ય પામે એમ કરવું; દિગ્મૂઢ બનાવી દેવું; આશ્ચર્યમાં ગરકાવ કરી નાખવું.

૨. છક થઈ જવું-થવું = આશ્ચર્ય પામવું; નવાઈ લાગવી; દિગ્મૂઢ બનાવવું.

૮. વિ. છએક; આશરે છ.

૯. વિ. બાવડું; બાહરું.

૧૦. અ. કારણ વગર.

છકછકાર ૧. પું. છકનો દેખાવઃ અભિમાનનો બુસ્સોઃ તનમનાટઃ છાકઃ તોર.

૨. પું. કાકઃ બબડાટ.

૩. બ બનાવણીઃ કપાટાબંધઃ બોસબોર.

છકછટાક જુઓ છકછકાર.

છકડૂંક પું. ચૂરોઃ ભૂકો.

છકડૂંકું ૧. વિ. ઝોકું કરીને ચૂંથી નાખેલું; કચડેલું; ચકુરેલું.

૨ વિ. મસળેલું; તોરી; છકડલું.

છકડોળ ૧. સ્ત્રી. પુષ્કળતા.

૨. સ્ત્રી. ખોબો; તરેડઃ ખોળ.

૩. વિ. ખૂબ; અતિશય; ભરપૂર.

છકડા (છકડો) [સં. શકટ] પું. (હિંદી) ગાડું, બે પૈડાંવાળી બેલગાડી.

છકડિયા (છકડિયા) [હિં.] સ્ત્રી. છ જણ ઉપાડે તેવી પાલખી.

છકડિયો (છકડિયો) ૧. પું. બેઠ જાતનો છ લીટીનો દુહોઃ દોઢિયો. એમાં છ પંક્તિઓ આવે અને છેલ્લે પહેલી પંક્તિની દોહ વળે. જેમકે, ભાઈ! અમને ભાની વટી, નદીએ ભરતાં નીર, એક વચનને કારણે, શોષાણાં શરીર.

ચોપાટ્યું શરીર તે પળે ફૂટી ગયો,
ઠેલરિયો હનામણ રેઢવટે ગયો.
(૬૧) મગાવો હીર ને વેચાવો ચીર,
ભાઈ! અમને આની વહી, નહીંએ ઝરતાં નીર.
સોન-હનામણનો દુહો

૨. [સં. પડ્‌ચુલિક] વિ. કું. જ આગણીવાળો.
૩. વિ. કું. જ લીટીવાળો કે જ કટીવાળો.

છકડી (છકડી) ૧. સ્ત્રી. એક જ જાતની જ વસ્તુનો સમૂહ.ન; છનો જથ્થો; છનો સમૂહ.
છકડી છકડી જવું = ચાળો ભૂંસી જવો.
૨. સ્ત્રી. કોઈ પણ વસ્તુનો છઠ્ઠો ભાગ.
૩. સ્ત્રી. સત્તરમાં જ કાચબાવાળું પાનું; છક્કો.
૪. સ્ત્રી. જ કામળની ચોકડી; પા હસ્તો; પાનું ચોવિયું.
૫. સ્ત્રી. જ ચોકા ભેગેલી ગાડી.
૬. સ્ત્રી. જ જણ ઉપાડે એવી પાલખી.
૭. સ્ત્રી. જ જણથી રમી શકાય એવી સંજ્ઞાની એક જાતની રમત. તેમાં જ જણને સરખાં પાનાં વહેંચાય છે. ત્રણ ત્રણ જણનો એક એવા બે પક્ષ બનાવાય છે. એક પક્ષમાનો જેટ બીજા કરતાં વધારે કાચ ભેગે અને બે તે તેટલા કાચ કરી જાય તો સામા પક્ષ ઉપર તેટલા ભેગા રહે અને ન કરી શકે તો બમણું દેવું થાય.
૮. સ્ત્રી. પાસાની રમતમાં જ કાચનો એક દાવ.
નવડી છકડી રમવી-રમાડવી = બૂરબાપ બગડારી દેવી; ઉતરવું. પાસાની રમતમાં નવના જ અને છના નવ કાચા કરી નાખવા કે આવવા તે ઉપરથી આવી કહેવત પડી.
૯. સ્ત્રી. જૂવાને આપવાના પૈસા.
૧૦. વિ. છથી બનેલું, જેમાં જ અવયવ હોય એવું.

છકડું (છક્કડ) વિ. જ.

છકડું (છકડું) ૧. [સં. શકટ] ન. ગાડું; કાલો. 'વેગન'.
૨. ન. ચોપાટની રમતમાં એક દાવ. ચોપાટની રમતમાં જ કોડી હોય અને બધી બાજી પડે તો તેને છકડું બગડ્યા છનો દાવ કહે છે.
૩. ન. જ મોતીની કાનમાં પહેરવાની બુટ્ટી.
૪. [સં. ષટ્ક] ન. છનો સમુદાય; છનો જથ્થો.
૫. ન. બાજરાના ડોટની કણક બાંધી હાથે બનાવેલ પૂરી.
૬. વિ. ત્રણથી બમણું; જ ૬.

છકડો (છક્કડો) ૧. કું. ગાડી હાંકનારો.
૨. કું. બળદોવાળી ગાડા જેવી ગાડી.
૩. [સં. ષટ્ક] કું. છનો સમુદાય; છનો જથ્થો.
૪. [સં. શકટ] કું. મુસાફરી કરવાનું ગાડું; જેમાં જ માણસો બેસી શકે એવું ગાડું; માણસોને બેસવાની સોબવાળી મુસાફરીની ગાડી; બટારો
૫. કું. મોટું ગાડું; ભાર ભરવાનો મોટો કલો; ભાર ભરવાનું ત્રણ પૈડાનું ગાડું; 'વેગન'.

છકણ ન. ગાડીની બેઠકમાં જે બોબડી બીલા સાથે બોસકું બધાય છે તે બીબો.

છકણું જી. (દેશી) છાણાં.

છકત્રેમ [સં. ષટ્કર્મન્] ન. (જા. શા.) જ કર્મ યજન, યાજન, પાન, પાન, દાન લેવું અને દાન લેવું એ બ્રાહ્મણનાં જ કર્મ બધાય છે.

છકવવું સ. ક્રિ. કહાવી દેવું; છકે તેમ કરી નાખવું.

છકવું ૧. અ. ક્રિ. બમણો થામવો.
૨. અ. ક્રિ. બંબનું.
૩. અ. ક્રિ. બુસીમાં આવી જઈ ગાથી હદની બહાર બોલવું.
૪. અ ક્રિ. ગૂંચવાવું.
૫. અ. ક્રિ. છેતરાવું.
૬. અ. ક્રિ. ભરાઈ જવું; ધરાવું; તૃપ્ત થવું, સંતોષાવું.
૭. અ. ક્રિ. ભાંગ વગેરે નશાકારક પીણું પીને નશામાં ચકચૂર હોવું.
૮. અ ક્રિ. યૌવન, ધન, હોદ્દો, સુખ વગેરેના અતિશયપણા કૂલી જવું, કાઢી જવું, બહેકી જવું, નહિ લેબવવું; વટી જવું; મર્યેયા ઉલ્લંઘન થઈ જવું; ઉન્મત્ત બનવું.
છકી જવું = (૧) બમણો થામવો. (૨) બંબાઈ જવું. (૩) ગરકાવ થઈ જવું; ડૂબી જવું. (૪) ગૂંચવાઈ જવું. (૫) છેતરાઈ જવું (૬) તૃપ્તિ પામી ઉન્મત્ત થઈ જવું; અહંભાવથી કોઈને પણ નહિ લેખવતા થવું; બહેકી જવું; કાઢી જવું; વટી જવું; મર્યેયા મર્યાદા બહાર બતા રહેવું. (૭) નશાકારક પીણું પીને નશામાં ચકચૂર થઈ જવું. (૮) સંતોષાવું; ધરાઈ જવું.

છકળિયું વિ. બાજા અને પાછળ જ નાના ટુકડા સીવીને બનાવેલું. બંબરના માટે આ શબ્દ વપરાય છે.

છકા કું. (દેશી) સીકું.

છકાઈ સ્ત્રી. (જૈન) જ ઉપવાસનું વ્રત; એક સાથે જ દિવસના ઉપવાસ.

છકાછક ૧. સ્ત્રી. ભરપૂરતા.
છકાછક કરવી = સંતોષ પામવો.
૨. [હિં.] વિ. નશામાં ચકચૂર; મદમત્ત; ઉન્મત્ત.
૩. વિ. ભરપૂર; પરિપૂર્ણ; ભરેલું.
૪. વિ. સંતુષ્ટ તૃપ્ત.

છકાનું વિ. પ્રસિદ્ધ; જ કાને પહોંચેલું.
છકાનું થવું = બીજે કાને જવું; બહાર પડવું.

છકાય ૧. [સં. ષટ્કાય] કું. (જૈન) જ જાતના જીવ; પૃથ્વીકાય, અપ્કાય એટલે પાણીના જીવ, તેઉકાય એટલે અગ્નિના જીવ, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એટલે હાલેચાલે તે જીવ એમ જ પ્રકારના જીવોનો સમુદાય.
૨. સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.
૩. વિ સ્થાવર તથા ત્રસ.

છકારી કું. જુદી જુદી જ જાતિનાં પ્રાણી; જ યોનિ.

છકાર ૧. [સં. ષટ્ (જ) + કાર (અવાજ)] કું. જ એવો અક્ષર.
૨. કું. જ એવો ઉચ્ચાર.

છકારાંત [સં. ષટ્ (જ) + કાર (અવાજ) + અંત (છેડો)] વિ. છેડે છકાર હોય એવું; છેડે જ અક્ષર હોય એવું. પદ, શબ્દ વગેરે માટે વપરાય છે.

છકાવવું ૧. સ. ક્રિ. બમણો પમાડવો.
૨. સ. ક્રિ. આછ દેવું.
૩. સ. ક્રિ. બવરાવી પીવરાવી તૃપ્ત કરવું; ખૂબ બવરાવવું પીવરાવવું.
૪. સ. ક્રિ. છકે એમ કરી નાખવું; કહાવી દેવું; છકવી નાખવું.

છકિયું ૧. [સં. ષટ્ક] ન. જ બળદ જોડવું ગાડું.
૨. ન. કલો; ગાડું.
૩. વિ. જણ તરેવાં અને જ બળદ જોડેલ હોય એવું.

છકિરત વિ બળવણી પામેલું.

છકી કું. (દેશી) આંબો.

છકુર કું. જમીનદારને પાકનો કહા છઠ્ઠો ભાગ મળે એવી રીતે પાકના પાકવામા આવતા ભાગ.

છકેલ ૧. વિ. છોલેલું; ચોલેલું; વહી ગયેલું; કપેલું; ઉન્મૂબલ.
૨. વિ. મદને લીધે કાટેલ; હારથી ગયેલ; બળી ગયેલું.

છકે હહેતું અ. ચાબોટીની ચિત્તાકર્ષક નામની રમતમાં છકે કપે બોલાતો શબ્દ.

છકેલું જુઓ છકેલ.

છકોડિ વિ. (જૈન) જઘ્ન ક્ષેત્ર અને બે કરણથી વ્રતપચ્ચખ્ખાણ કરનાર.

છકોણિયું વિ. છ ખૂણાવાળું

છકોરી જી. છોકરી.

છકોલાવણી પું. (સંગીત) એક નામનો એક તાલ

છક્ક ૧. જી. છીંક,

૨. ન. છનો સમુદાય.

છક્કડ (છક્કડ) ૧. પું. હાથે કે પગે ૬ આંગળાંવાળો માણસ.

૨. જી. ઉંધા થઈ જવું એમ કરવું તે.

છક્કડ મારવી ભગાવવી = (૧) પોબાર મારવી, ઘપડાટ દોડવી. (૨) નુકસાનમાં આવવું; ઠગવું (૩) ભૂલ ખવડાવવી. (૪) સામો માણસ તદ્દન ચાલ એમ કરવું.

૩. જી. ઉતરાઈ; ઠગાવું તે.

છક્કડ ખવરાવવી = ઉતરવું.

૪. જી. તમાચો; ઘપડાટ; ઘપાટ; પોબાર.

છક્કડ દેવી = (૧) ઘપાટ મારવી. (૨) સરસ થવું. (૩) રમતમાં ઉત્તમ નીવડવું.

૫. જી. નુકસાન; ખોટ.

૬. જી. ભૂલચાપ; ઠેસ; ઠોકર.

છક્કડ ખાવી = (૧) તોટો આવવો. (૨) પોબાર ખાવી. (૩) નુકસાનમાં આવવું; ઉતરાવું; ઠગાવું. (૪) ભૂલ ખાવી; સામાથી પરાજિત થવું; પગ પડવું. (૫) માર ખાવો.

૭. જી. સરસાઈ કરી બતાવવી તે; સામા પક્ષ કરતાં ચઢી કરવું કે બહુ તે; રમતમાં બીજા બધા કરતાં ચડી જાય એવું કરી બતાવવાપણું.

છક્કડભેદ (છક્કડભેદ) પું. ઠગોકટકો.

છક્કડિયો (છક્કડિયો) પું. હાથે કે પગે ૬ આંગળાંવાળો માણસ.

છક્કડી (છક્કડી) જી. બંજીફાનાં પાનાંની ૬ જણથી રમાતી એક જાતની રમત.

છક્કડો (છક્કડો) પું. હાથે કે પગે ૬ આંગળાંવાળો માણસ.

છક્કન ન. માચાની બે ઊંધને આગલે ભાગે કાણાં કોરી તેમાં ચાર નાખવાનું પાતળું લાકડું.

છક્કલ જી. સોગઠાબાજની રમત માહેનો એક દાવ; સોગઠાં રમવાની એક રીત.

છક્કા ૧. પું. કોઈ પણ વસ્તુનો છઠ્ઠો ભાગ.

૨. [સં. ષટ્ક] પું. (હિંદી) બંજીફામાં ૬ ઠાપ્પાવાળું પાનું; છક્કો.

૩. પું. છનો જથ્થો.

છક્કાકાણુ પું. મોઈદડાની રમતમાં છેલ્લે ટપ્પે બોલાતો શબ્દ.

છક્કાપંજા ૧. [હિં.] પું. પ્રલોભન; પેચ; પ્રપંચ; દાવપેચ; ચાલબાજી.

છક્કાપંજા ઊંડી જવા = ઠોસાઠોસ ઊડી જવા.

૨. પું જુગાર.

છક્કાયો પું. ગીરદીની જુગારમાંની રમતમાં બંને પાસા ફેંકતાં એક પાસો બાકી અને બીજામાં ૬ દાપ્પા પડતાં થતો દાવ.

છક્કાં ન. બ. વ. બૂબ બળ.

છક્કાંપંજાં ૧. ન. બ. વ. અતિ લાભ; પલ્લે નહીં.

૨. ન. બ. વ. લહેર.

૩. ન. બ. વ. સબળો પક્ષ.

છક્કું [સં. ષટ્ક] ન. છનો સમૂહ.

છક્કેબાજ ૧. પું. ચુગ્ગો માણસ; ધુતારો

૨. વિ. ચુગ્ગું.

છક્કો ૧. [સં. ષટ્ક; અપ. છક્ક; પ્રા. છક્કો] પું. એક જાતનાં ૬ ચિહ્નવાળું બંજીફાનું પાનું; ૬ દાપ્પાવાળું બંજીફાનું પાનું

૨. પું. ગીરદીની રમતમાં બંને પાસામાં બંને તોડી આવે તે દાવ.

૩. પું. ૬ દાપ્પાવાળો રમવાનો પાસો; જેની ઉપર છનો આંક કે ૬ દાપ્પા પડેલ હોય એવો પાસો.

૪. પું. ૬ વીર સટ્ટાની ટકડી.

૫. [હિં.] પું. છઠ્ઠો ભાગ.

૬. પું. છનો સમૂહ; છનો જથ્થો.

૭. પું. દાવ; પેચ; દાવપેચ.

૧. છક્કા છટવા-છૂટી જવા = (૧) આશાભંગ થવું; નાઉમેદ થવું. (૨) બીક લાગવી. (૩) હિંમત ભાંગી જવી; નાસીપાસ થવું; ગુસ્સો નરમ પડવો.

૨. છક્કો ખવરાવવો = ખૂબ ખવરાવવી.

૮. પું. પાંચ જ્ઞાનેંદ્રિય અને છઠું મન એ છનો સમૂહ.

૯. પું. (કચ્છી) ચોકું.

૧૦. પું. સંગીતમાં એક ગતઝળતિ ૧૮ માત્રાનો તાલ, બટતાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૧૧, ૧૩ અને ૧૫ માત્રા ઉપર છે. તેના ટેટડીના બોલ: ધા૧ ધિટિલ કિટ ધા૨ ધા૩ ધિટિલ કિટ ધા૪ ધા૫ ધા૬ ધિટિલ કિટ

૧૧. પું. હિંમત; બહાદુરી.

છક્કોપંચો જુઓ છક્કોપન્જે.

છક્કોપંજો ૧. પું. ચરણકોટો.

૨. પું. બંજીફાનાં પાનાંની એક જાતની રમત; બંજીફાનાં પાનાંની એક જાતની જુગારની રમત કે સટ્ટાનો ખેલ.

૩. પું. ઠગોકટકો; દાવપેચ; ફરેબ; છળભેદ; કાવાદાવા; દગલબાજી; ઠગવાની યુક્તિ; કાવતરું; ભૂલચાપ આપવી તે; ભૂલચાપ ખવરાવવાનો દાવ રમવો તે; ૬ દેખાડવા અને પાંચ આપવા એવું તરકટ; સરતચૂક કરાવી દેવી તે.

૧. છક્કાપંજા ઊંડી જવા = ઠોસાઠોસ ઊડી જવા; છક્કા છૂટી જવા.

૨. છક્કેપંજે = બરાર કરકસરે, પૈસા ઊડાવ્યા એવી રીતે.

૩. છક્કેપન્જે દોઢસો = પારકે ભાણે મોટા લાડુ; બીજાને અર્થે છળભેદ કરી મોજ ઊડાવવી; પારકી મૂડીએ દીવાળી કરવી.

૪. છક્કોપંજો કરવો-ખેલવો-રમવો = (૧) છળભેદ કરવો; ઠગોકટકો કરવો; દાવપેચ રમવો; ફરેબ દેવો; દગલબાજી કરવી; ભૂલચાપ આપવી; દાવ રમવો; પ્રપંચની બાજી રમવી; પ્રપંચ કરવો; ઉતરવું. (૨) જુગાર રમવો.

છક્ખંડ [સં. ષટ્ખંડ] પું. (જૈન) ભરત આદિ ક્ષેત્રના ગંગા, સિંધુ અને વૈતાઢ્ય પર્વતથી પડેલા ૬ વિભાગ.

છખૂણ જુઓ છખૂણિયું.

છખૂણિયું [સં. ષટ્કોણ] વિ. ૬ ખૂણા.વાળું; જેને ૬ ખૂણા હોય એવું; ૬ ખૂણા કે ૬ બાજુવાળું.

છગ ૧. પું. છનો પાડો; છનો ધડિયો.

૨. [સં.] પું છાગ; બકરો; બોકડો.

૩. જી. ઢોંગ; કપટ આકારની બથ્થી.

૪ જી. દગલો

૫ જી. દીવાની જ્યોત; રાગ.

૬ જી. ઢોરાની આંટ.

૭. [પ્રા.] ન. વિષ્ટા.

૮ વિ. બધા કરતાં હોશિયાર.

છગછગડો (છગછગડો) પું. મનનો તનતનાટ.

છગછગાટ ૧. પું. ઊપાડો; આછકલાઈ.

૨. પું. છગ છગ એવો વેગનો અવાજ.

છગડગ ૧. જી. દગદગો; મનનું અનિશ્ચિતપણું.

૨. વિ. ડામાડોળ; અસ્થિર; સમતા, ડગુમગું; ડગમગતું.

છગડગતા જી. અનિશ્ચય; મનનું ડગુમગુપણું; અસ્થિરતા.

છગડગપણું જુઓ છગડગતા.

છગડું (છગડું) ૧ ન. બકરાંનો બાલ કરો વગેરે નકામી વસ્તુ.

૨. ન. બચ્ચાંના કાળજા ઉપર મકો બલાય થતાં રહેતુ ચોપ ચોટનું ચૂર્ણ.

છગડો (છગ્ડો) ૧. [સં. છાગ] પું. છગ; બકરા; બોકડો.
૨. પુ. છનો આંકડો; છનું ચિહ્ન.

છગણ [સં.] ન. સૂકું છાણ; બાવું છાણ, કરીષ.

છગલું [સં. ષટ્‌ગુણ] વિ. છએ ગુણવાથી થાય તેટલું; છ પટ.

છગડું ૧. ન. ગદવાડ.
૨. વિ. છકડેલું; અકડું કરી ચૂંથી નાખેલું.

છગન [સ. અજટ (એક નાની માછલી)] પું. નાનું બચ્ચું; પ્રિય બાળક; બચ્ચા માટે વપરાતા પ્યારનો એક શબ્દ.
૧. છગન મગન = નાનાં નાનાં બચ્ચાં; પ્યારા બચ્ચા; હસતાં રમતાં બાળ.
૨. છગન મગન તો સોનાના ને ગામના છોકરા મારાના = પોતાનું એટલું સારું અને પારકું સૌ સારા હોવા છતા બળખામણું.

છગમો ૧. [સ. ષટ્‌કાષ્ઠ] પું. છ બાજુવાળો પાસા.
૨. વિ. છ બાજુવાળું.

છગરી [સ. અજલી] સ્ત્રી. (હિંદી) બકરી.

છગલ ૧. [સં.] પું. બધાં બકરાં હોય તેવો દેશ.
૨. પું. છગ, બકરા; બોકડો.
૩. પું. તે નામનો એક ઋષિ.
૪. પું. વૃક્ષદારક વૃક્ષ; વરખારા.
૫. ન. નીચ વસ્ત્ર; કછટ કાળાશ પડતું વસ્ત્ર. બૂરું વસ્ત્ર.
૬. વિ. છગલ દેશમાં રહેનાર.

છગલક ૧. [સ.] પું. બકરા; બોકડો.
૨. પું. વૃક્ષદારક વૃક્ષ.

છગલકી [સ.] સ્ત્રી. બકરી.

છગલંડ [સ.] પું. દક્ષિણ દેશમાં પ્રગટ્યા દેવીનું એ નામનું સ્થાન. તે સમુદ્ર પાસા આવેલું છે.

છગલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આકેગીઃ ઋક્ષગધા; છગલાતી; વૃક્ષદારક; વરખારો.

છગલાંત્રિ ૧. [સં.] પું. વરુ; નકાર.
૨. સ્ત્રી. વૃક્ષદારક વૃક્ષ

છગલાંત્રિકા [સં.] સ્ત્રી. વૃક્ષદારક નામે વૃક્ષ.

છગલાંત્રી [સ.] સ્ત્રી. વૃક્ષદારક વૃક્ષ, છગલા.

છગલી ૧. [સં. છગલિન્] પું. એ નામનો એક ઋષિ; કલાપી ઋષિનો એ નામનો એક શિષ્ય.
૨. [સં.] સ્ત્રી. બકરી.

છગાર સ્ત્રી. ટોચ; મથાળું; શિખર; શિખાંત; ઝાડની ઊંચામાં ઊંચી ડાળનો ઉપલો ભાગ.

છગાલ સ્ત્રી. વડવાઈ.

છગાલા ૧. સ્ત્રી. એ નામની આસની એક બેઠક.
૨. ન. એ નામની બેઠકનું માપસ.
૩. વિ. એ નામની બેઠકનું.

છગિયાં [સં.] સ્ત્રી. ૧. ૧. બકરીઓ.

છગી [સં.] સ્ત્રી. બકરી.

છગુણ વિ. છગણું.

છગુણી [હિં.] સ્ત્રી. દાંત કૂટતા હોય એવા બાળકને બાવાજી ભાવણી જેવું એક રમકડું.

છગુની સ્ત્રી. નાની આંગળી; કનિષ્ઠિકા; ટચલી આંગળી

છગોલું સ્ત્રી. છગાર; ટોચ.

છઙ્મો ૧. પું. ગજરાતું છ દાણાનું પાનું; છક્કો.
૨. પુ. છક.

છઙ્મોતું જુઓ છઙ્મોતુ.

છઙ્મોંદર ૧ [સ છઙ્મોંદરી] સ્ત્રી (હિંદી) છંદર જેવું એક પ્રાણી, છછુંદર
૨. સ્ત્રી. એક જાતનું દારૂખાનું.
૩. વિ. રખડનાર; ભટકનાર.

છચ્ચોક ૧. [છતું (ઉઘાડું) + ચોક (ખુલ્લી જગ્યા)] અ. ઉઘાડી રીતે; છડે ચોક; જાહેર રીતે; ખૂણેખાંચરે નહિ પણ જાહેર ખુલ્લી જગ્યામાં; ખુલ્લેખુલ્લી રીતે; છુપાવ્યા વગર.
૨. અ બિનતર્યો, ઉઘાડે છોગે; બેધડક.

છચ્ચોકપણે અ. ખુલ્લેખુલ્લી રીતે; કોઈથી પણ અજાણ્યું ન રહે એવા રીતે.

છચ્ચોમ જુઓ છચ્ચોક.

છચ્ચોર ૧. [સં. છદ્ય (ખુચ્યું) + ચોર] પું. ખાડીનો ચોર; જાહેરમાં પકડાતો ચોર; ચોર તરીકે જેને છાપ પડી ગયેલી હોય એવો ચોર.
૨. પુ. લુચ્ચા, ઠગ.
૩ વિ બચ્ચાના જેવું; નાદાન; બાલિશ.

છચ્ચોરપન ૧. [હિં.] ન. ચોકરમત હોવાપણું.
૨. ન. દેખાવ.
૩. ન. બાલિશપણું.

છચ્ચોરૂ ૧. વિ. છોકરમતિયું; બાલિશ; તુચ્છ; નાદાન.
૨. વિ. દેખાવ કરનારું; આપકાકર.

છચ્ચોક ૧. અ. છડે ચોક; જાહેરમાં; ખુલ્લી રીતે.
૨. અ. બેશક; ચોકસ.

છચ્ચોક અ. ખુલ્લેખુલ્લી રીતે; ઉઘાડી રીતે.

છચ્છિકા સ્ત્રી. પુષ્કળ પાણીવાળી જગ્યા.

છજ્જ સ્ત્રી. વાવેવર થાય તેવી દરિયાકાંઠાની જમીન; દરિયા ઉપરની ખેતીવાડી થાય એવી જમીન; ખારા કિનારાની જમીન.

છજકડો (છજકડે) ૧. પું. ઉત્સાહ; ઉમંગ.
૨. પું. ક્રમ કરવાનો દેખાવ કે ઢોળ.

છજકલું વિ. ઝપળ હૃદયવાળું.

છજડાટ (છજ્જાટ) જુઓ છજ્જાટ.

છજ્જી (છજ્જો) [હિં.] સ્ત્રી. એક જાતના ગાઢનું મૃગ.

છજ્જતું વિ. છજ્જછજ્જ એવો અવાજ કરતું; ઝિકગતુ.

છજ્જતું ૧. અ. ક્રિ. ઊકળતું.
૨. અ. ક્રિ. ક્રોધે ભરાતું; ગુસ્સે થતું.
છજ્જી પડવું = બિલ્લવું; ગુસ્સે થવું.
૩. અ. ક્રિ. ગજવતું; રહીરહીને બડબડવું; અસ્પષ્ટ અવાજે બળતરા જાહેર કરવી; ક્રોધ કે રીસ કરીને અણગમો બતાવવો.
૪. અ ક્રિ. છજ્જછજ્જ અવાજ કરવો.

છજ્જાટ ૧. પું. અભિમાન.
૨. પું. ગુસ્સો; બિલ્લજ.
૩. પું. છજ્જછજ્જાટ; છજ્જછજ્જ થવું તે; બડબડાટ.
૪ પુ. બડબડવું તે; રીસથી તોરમાં બોલવું તે; બરાબરમાં માનકરી રીસ ભરી ગણગણવું તે; રીસથી તોરમાં બોલવું તે; ગણગણાટ.

છજ્જન [હિં.] સ્ત્રી. ઓકમીટને સ્પર્શ કરતી બીડી.

છજ્જરીતું અ. ઝરવાનું, ઝાળું એમ બોલવામાં વપરાતો અપશબ્દ.

છજ્જર્યું ૧. વિ. આધુ; ઊપરછલ્લ.
૨. વિ. બાકર; છીછરું; બહુ ઊંડું નહિ એવું; ઊતળું; છજ્જછજ્જવું.

છજ્જર સ્ત્રી. (કચ્છી) જેમાં ખડ વગેરે થાય એવી દરિયાકાંઠાની જમીન.

છજ્જિકા સ્ત્રી. બકરા.

છજ્જિયા ૧. [હિં.] સ્ત્રી. છાશ.
૨. સ્ત્રી. છાશ પીવાનું નાનું વાસણ.

છજ્જીલાઈ ૧. સ્ત્રી. છીછરાપણું.
૨. સ્ત્રી. નિરર્થકતા.

છજ્જીલાપણું જુઓ છજ્જીલાઈ.

છજ્જીલું વિ. છીછરું; ઊંડું નહિ એવું.

છજ્જુકલું વિ. હલકા મનનું; ઊછાંછળું.

છજ્જુદર ૧. સ્ત્રી. એ નામની સુતારની એક બેઠક.
૨. સ્ત્રી. ધુર્સાધુપા સ્વભાવવાળી સ્ત્રી.

૩. સ્ત્રી.; ન. આમતેમ અવાજ સાથે ઘૂમતી ઘૂમતી ફરે એની એક તરેહની આતશબાજી; ફોર્ઝ પણ દિશાએ જોરથી ઘૂસી જવા જેવી ભાત એનું આતશબાજીનું માણ.

છછુંદર બેઠવું = (૧) કંજિયો કરાવવો. (૨) ધનિક બાંકડું; ગપ્પો મારવો. (૩) કટાકિયા જેવી એક આતશબાજી વછોડવી.

૪. [સં. ક્ષુદ્રુન્દર] સ્ત્રી.; ન. ઉંદરના જેવું, મૂરું, ટૂંકો પૂછડીનું, આંખ્યું અને બ્યાંલાં કાન્ન મારનારું એક કસોલ્લું પ્રાણી; ચોણ; મંદમુખી; દીર્ઘમુખી. આ પ્રાણીના શરીરમાંથી ગંધાય એવી વાસ નીકળે છે. સા.પ જો તેને પકડે તો એકદમ રીતે તેને નુકસાન થાય એમ કહેવાય છે. મૂઓ તો આંધળો થાય ને મળે તો મરી જાય. આ પ્રાણી દિવસે બિલકુલ દેખાતું નથી અને રાતના ૧૨ ૧૨ કરતું ખોરાક શોધવા નીકળે છે. તે ઠીક મકોડા ખાય છે. લોકોમાં એની માન્યતા છે કે છછુંદરની ફૂંક મારવાથી તલવારનું લોહું અરાબ થઈ જાય અને પછી તે કાપવાનું સારું કામ કરતી નથી. પ્રવાહ કરતી વખતે દેવચકલી, મીનરી એટલે મૈનરી, શિયાળ, ઘોરણ, છછુંદર, સુવરડી અને બરોળી એટલાનો સ્વર કાની તરફ થાય તો તે શુભ મનાય છે.

૧. છછુંદર જેવું = ક્યાં ને ક્યાં નિર્લજ્જની માફક બાયાં મારમાર કરે એવું; બાંદલું; બદકમાળું; બાયમેલિયું; ઘૂસઘૂસ કરનારું.

૨. છછુંદર પકડ્યું-સાપે છછુંદર ગળાની = બાયે નહિ ને છોડાયે નહિ એવી હાલત; બેઉ રીતે નુકસાનકારક સ્થિતિ; આ બાજુ કે બેલી બાજુ જઈ ન શકાય તેવી સ્થિતિ.

૩. છછુંદરનાં છ બે સરખાં = બધાં બે એક જ તરેહનાં; રૂપમાં, રંગમાં, સ્વભાવમાં, સમજમાં કાંઈ ફેરફાર જ ન હોય એવાં.

૫. સ્ત્રી.; ન. બચ્ચાં કરાવે અથવા ઉંદરણી કેલાવે એવું ઝપું.

૬. ન. એ નામની બદકનું માપસ.

૭. વિ. બડપસાંબોર; તોફાની, ચાંદલું; બદકમાળું.

૮. વિ. બાંધામીનું ને બોડી બક્કલનું.

૯. વિ. બે નામની બદકનું.

૧૦. વિ. રખડનાર; બદકનાર.

૧૧. વિ. સળવળિયું; જંપીને બેસી રહે નહિ એવું.

છછુંદરી ૧. સ્ત્રી. એક પ્રકારનું દારખાનું; એક જાતની આતશબાજી. જુઓ છછુંદર ૩.

૨. સ્ત્રી. પુરુષચિહ્ન સ્વભાવવાળી સ્ત્રી.

૩. [સં. ક્ષુદ્રુન્દરી] સ્ત્રી. છછુંદરની માદા; મંદમુખી. જુઓ છછુંદર ૪.

૪. વિ. સ્ત્રી. બદકમાળી; બડપસી.

૫. વિ. સ્ત્રી. બાંધામીવાળી અને બોડી બક્કલવાળી.

૬. વિ. સ્ત્રી. છછુંદર જેવી; છછુંદરના જેવાં લક્ષણવાળી.

૭. વિ. સ્ત્રી. જંપીને બેસે નહિ એવી; અશાંત.

૮. વિ. સ્ત્રી. રખડુ; બદકનારી.

છછુંદરું જુઓ છછુંદર.

છછૂંદર જુઓ છછુંદર.

છછૂંદરી જુઓ છછુંદરી.

છછૂંદરું જુઓ છછુંદર.

છછેડાઈ ૧. સ્ત્રી. ચપળતા; ત્વરા.

૨. સ્ત્રી. સ્વચ્છતા; ચોખ્ખાઈ; સુઘડતા.

છછેડાઈ (છઢેડાઈ) સ્ત્રી. ઝપાઈ; વરણાગિયાપણું.

છછોક અ. છડેચોક; ખુલ્લી રીતે.

છછોરાઈ સ્ત્રી. છછોરું હોવાપણું; છોકરવાદપણું.

છછોરી ૧. સ્ત્રી. છછોરું હોવાપણું; છોકરવાદપણું.

૨. વિ. સ્ત્રી. અક્કલી; બક્કલી; હલકા મનની; ઉતાંછળી.

૩. વિ. સ્ત્રી. છોકરવાદી; બાળકના જેવી બુદ્ધિવાળી.

૪. વિ. સ્ત્રી. નજોરવી; છોકરાં નહિ થવાને લીધે નાની.

છછોરું ૧. વિ. બાલકટું; બક્કલું; ઉતાંછળું.

૨. વિ. બાળકબુદ્ધિનું; છોકરમતિયું; છોકરવાદ; નાદાન.

છછોવછો કું. ડાપણ; સુઘડતા.

છછોળે કું. છાર; ૭ બજર.

છજ ૧. સ્ત્રી. દાઢી; જંગલ.

૨. જુઓ છજું.

છજા ૧. સ્ત્રી. છત; ચંદની.

૨. સ્ત્રી. બારની ફેલાયેલી કાળીઓ.

૩. સ્ત્રી. રવેશ.

છજાદ કું. ન. ન. શાંતિ, વશીકરણ, સ્તંભન, વિદ્વેષ, ઉચ્ચાટન અને મરણ એમ ૭ પ્રકારના જાદુ.

છજાવટી ૧. સ્ત્રી. શોખ કે છજાનો ઢોડો; કારખાનો બાજુએ બાદશીને ઊભા રહેવાનો ભાગ.

૨. સ્ત્રી. છજા ઉપરનું નાનું બાપરું; વાળટિયું; પંખ.

છજાવવું ૧. સ. ક્રિ. છજું કાઢીને સુધારવું, બાજુના રવેશથી શોભાવવું.

૨. સ. ક્રિ. છજાનું બાપરું કરાવવું; બાપરું બનાવવું; નળિયાને છાજ નખાવવું.

૩. સ. ક્રિ. સુંદર બનાવવું.

છજું ૧. ન બાલ; 'ગેલરિ'.

૨. ન. છાપરાની પંખ.

૩. [સં. સજ્જ (તૈયાર)] ન. મૂસળનો હોય તેમ બારીની બથવા બાખી મેદીની બાજુએ બહાર કાઢી સુશોભિત બનાવેલો રવેશ; ઝરખો; ગોખ; ઝરોખો; બારબારી; નેવ.

૪. ન. ટોચ; બચાળુ.

૫. ન. વાબટિયું; ઘરની બારીઓની બરાબર રવેશથી બહાર પડતાં, વરસાદનું પાણી બંદર ન બાવે તેવી રીતે જે પાટિયાં જડેલાં હોય છે તે.

૬. ન. સરાઈ બાંધણાની ઉપરનો ભાગ. તેમાં પાટી, ગલતો તથા કચરો એ જવા ભાગ હોય છે.

છજ્જા જુઓ છજું.

છજ્જિયા [પ્રા.] સ્ત્રી. ભમરી; ૧૬ વગેરે રાખવાની છબ.

છટ ૧. સ્ત્રી. કળબમાં વાબવાનું સોના કે રૂપાનાં બટન જેવું સાંકળીવાળું એક ઘરેણું.

૨. સ્ત્રી. દીવાલે બાંધેલો બરીસો.

૩. સ્ત્રી. વાસ; ગંધ.

૪. વિ. છ; ૬.

૫. ન. કોઈ વસ્તુ બેદી દેવા માટે પ્રાણીને કરાતો શબ્દ.

૬. ન. પુત્કારી કહેવાનો એક ઉદ્ગાર; તુચ્છકાર કે તિરસ્કાર બતાવતો શબ્દ.

૭. ન. સ્વાભિમાનની અતિશયતાનો બકાર કે તિરસ્કારવાળો ઉદ્ગાર.

છટક ૧. કું. ઢોરને પગે થતો એક જાતનો રોગ; તબુક. તેમાં ઢોરનો એક કે બધારે પગ બકડાઈ જઈ વળી શકતો નથી.

૨. [સં.] કું. ગ્રહણના અભિચાર માંહેનો એક ભેદ.

૩. ન. એક જાતનું વજન; શેરનો સોળમો ભાગ; બટાંક.

૪. ન. ચુસ્તતા; એકદમ.

છટકણિયાળી વિ. સ્ત્રી. સ્વચ્છંદી; બબિલબરિણી.

છટકબારી સ્ત્રી. બસી જવાનો રસ્તો; છૂટી જવાનો માર્ગ.

છટકવું ૧. બ. ક્રિ. ઊછળી જવું; ઊડીને દૂર બઈ જવું; કબજે કે હાથમાં નહિ બાવવું.

૨. બ. ક્રિ. ગુસ્સે થવું; કોપે ભરાવું.

૩. બ. ક્રિ. દાબ બથવા બંધનમાંથી કોઈ વસ્તુનું એકદમ છૂટી જવું; બસી જવું; બહવું.

૪. બ. ક્રિ. દૂર દૂર રહેવું; ભાગવું.

૫. બ. ક્રિ. નાસી જવું; સટકવું.

૬. અ. ક્રિ. નિશાન ચૂકવું; તીર બરાબર મોણા વગેરેનો ઘા ખાલી જવો.
૭. અ. ક્રિ. ફાંસા કે પેચમાંથી નીકળી જવું.
૮. અ. ક્રિ. બહેકી જવું; ચકી જવું; અંકુશમાંથી નીકળી જવું.
૯. અ. ક્રિ. આવે આવી પડેલ ક્રમમાંથી સરકી જવું; બરાબર ચર્ચ જવું.
૧૦. અ. ક્રિ. વચન આપીને પાળવાથી ફરી જવું.
૧૧. અ. ક્રિ. સરી જવું; લપસી જવું.

છટકારંડ પું. કસરતના બાર માંહેનો એક દંડ. તેમાં છટપાટાની પેઠ એક દંડ અને એક બેઠક વારાફરતી કરવાનાં હોય છે, પણ બેઠકમાં પાછા ઊડી બેસતાં પગને સીધો ન છટકાવતાં પેની ફેરવી આડો છટકાવવો જોઈએ.

છટકાબેઠક સ્ત્રી. કસરતની છ માંહેની એક બેઠક. એમાં બેસણીએ કરતી વખતે પોતાના પગ વારાફરતી ફેરવવાના હોય છે

છટકારવું ૧. અ. ક્રિ. છટ કહેવું; પુરુષરવું.
૨. અ. ક્રિ. છાંટવું.

છટકાવ જુઓ છટકાવ.

છટકાવવું ૧. અ. ક્રિ. છટકે બરાબર બેસી જાય એમ કરવું; બરાબરી નાખવું; ચટ દઈને ઊઘાડવું.
૨. અ. ક્રિ. નસાડવું; નાસી જાય એમ કરવું.
૩. અ. ક્રિ. નિશાન વગેરેનું ચૂકાવવું; ચૂકવવું.
૪. અ ક્રિ. કટ ચટ દઈને પડે એમ કરવું.
૫. અ. ક્રિ. ફટાડવું; ઉશ્કેરાવું થાય તેમ કરવું.
૬. અ. ક્રિ. સરાકે ચડેલું કામ બટકાવવું.
૭. અ. ક્રિ. સેરવવું; જાની રીતે ચર્ચ જવું.

છટકિયું ૧. ન. ઉનાળાના દિવસોમાં કાચ માટે પાસે રખાતું નાનું જીનું લૂગડું; કાટકિયું; કંકિયું; કાચ માટે રાખવામાં આવતો જીનો કપાસ.
૨. ન. છાંટ જેવી જાય તેમ બબેરવાનું નાનું લૂગડું; કુવાસ; બાલે રાખવાનું લૂગડું; અંગૂછો, કબ્જરિયો; કટકો.
૩. ન. જનાવર, ઊંટ વગેરેને પકડવાનો ફાંદો; જાળ; પાંજરું.
૪. ન. પેચ; ફાંસો; પેચ કે ઉપાધી વાટી કેવાથી બારણું બંધ ચર્ચ જાય અથવા બાળો એવી જાય એવી કરામત.
૫. ન. પ્રપંચ, કાવતરું.

છટકી જવું જુઓ છટકવું.

છટકું ૧. ન. પ્રપંચ કાવતરું.
છટકું બાંધવું = (૧) કોઈને પકડવા કે ફસાવવા તેનાથી ન સમજાય એવી જાત બાંધવી; પ્રપંચ રચવો. (૨) જાળ નાખવી.
૨. જુઓ છટકિયું.

છટકે અ. પુરા; સરવાળે; ઝોકદર.

છટકેલ ૧. કિ. છટી ગયેલું; ચૂકી ગયેલું; બહેકી ગયેલું.
૨. કિ. છટકી ગયેલું; સરી પડેલું.
૩. કિ. રિસાયેલું.
૪. કિ. બલિહારી.

છટકો ૧. પું. છાંટવાની ક્રિયા; છાંટવું તે.
૨. પું. પાસ; બાજુ; કાંઠો; પેચ.
૩. પું. હાથવાનું; ચટકો; ગૈનચાળા.

છટકોરવું ૧. અ. ક્રિ. કપડું ઝાપટવું.
૨. અ. ક્રિ. પાણીની છાંટ નાખવી.

છટપટાવું અ. ક્રિ. બંધન કે પીડાને લીધે હાથપગનું પછાડવું; તરફડવું, બાકુળ બનવું.

છટપટાહટ ૧. [હિં.] સ્ત્રી. ઉતાવળ; ત્વરા.
૨. સ્ત્રી. બાકુળતા; બબરાટ.

છટપટી જુઓ છટપટાહટ.

છટવું અ. ક્રિ. ચટવું; ટળવું; નાશ પામવું.

છટા ૧. સ્ત્રી. કપાળ ઉપર ચંદન વગેરેનો લેપ કરવાની ચતુરાઈ; ચદન, અગતો વગેરે લગાડવાની ચતુરાઈ, અર્ચાની તરેહ.
૨. સ્ત્રી. કાંતિ, તેજ; ઢબિ; પ્રકાશ; પ્રભા.
૩. સ્ત્રી. ખૂબી; કલાકળા; રીતભાત; મરોડ; તરેહ.
૪. સ્ત્રી. પરંપરા.
૫. સ્ત્રી. પૂજા; અર્ચન.
૬. સ્ત્રી. વાકચાતુરી; શબ્દચાતુરી કે વાકચાતુરી.
૭. સ્ત્રી. વલય.
૮. સ્ત્રી. વિદ્યુત; વીજળી; બા.
ક્ષણપ્રભા છટા આકાશિકા તડિત્ વૈદ્યુતા ચંચલા ચપલા, દામિની વિદ્યુ વર્ષા નહિ વર્ષા વિના ન વીજ. પિંગલમુકોષ
૯. સ્ત્રી. શોભા; સૌંદર્ય; સુઘરતા.
૧૦. સ્ત્રી. સામો માણસ છક થઈ જાય એવી બોલવા, ચલવા, લખવા અને કામકાજ કરવાની રીત.
૧૧. સ્ત્રી. હોશિયારી; ચાલાકી; ચાતુર્ય.
૧૨. [સં. પુ] સ્ત્રી. (હિંદી) ઝાડુ.
૧૩. સ્ત્રી. દુરાચારી; બદાચારી.
૧૪. સ્ત્રી. પસંદ કરેલું; ચિહ્નિત.

છટાક ૧. પું. એક જાતનું વજન; શેરનો સોળમો ભાગ; છટાંક.
૨. ન. આસામમાં સીલહટ જિલ્લામાં આવેલું એ નામનું એક ગામ.

છટાકો પું. ડોબરાનું બચ્ચું નાખીને બનાવેલું સ્વાદિષ્ટ રાયતું.

છટાછટ ૧. અ. કોઈ પણ વસ્તુ બહુલાવાથી બનતો અવાજ.
૨. અ. છટ છટ એવો અવાજ થાય એમ; છટ છટ બોલે એમ; સડાસડ.

છટાદાર ૧. વિ. બરબરિત વાકચાતુરીવાળું; વાકપટુ; તેજ જબાનવાળું.
૨. વિ. ખૂબીદાર; છટાવાળું; મરોડદાર; સાલકારિક; તરેહદાર.
કુ. વિ. મોહ પમાડે અને છક કરી નાખે એવું સુંદર; મનોહર; વિલક્ષણ.

છટાફેલ ૧. [સં.] પું. તાડનું ઝાડ.
૨. પું. સોપારીનું ઝાડ

છટામા ૧. [સં.] સ્ત્રી. વહેરની કાંતિ.
૨. સ્ત્રી. વીજળી; વીજ.
૩. સ્ત્રી. વીજળીની ચમક.

છટાંદું વિ. બંધુ; મેલું; દુર્ગંધવાળું.

છટારો ૧. પું. એક જાતનો છોડ. તેને ફીકાં જાબડા રંગના ફૂલ અને ફળ તથા બીજ કાળા રંગના હોય છે. આ છોડ નીંદણ તરીકે ઊગે છે. એની વાસ પાસે માણસ આવતા નથી એમ મનાય છે.
૨. પું. બરાબ ગંધ; દુર્ગંધ.
૩. વિ. પું. બરાબ વાસ આવે એવો દુર્ગંધમય.

છટાબ [હિં.] પું. ફોતરાંમાંથી ચોખા સાફ કરવા તે

છટાંક ૧. સ્ત્રી. નવટાક.
૨. સ્ત્રી. શેરના સોળમા ભાગનો તોલ; અછીળ.
૩. સ્ત્રી. શેરનો બારમો ભાગ.
૪. વિ. જ પૈસા ભારે વજનનું; પા શેરના બીજા ભાગ જેટલું.

છટાંકી [હિં.] સ્ત્રી. બે ઔંસનું વજન.
છટાંકી લગાવી = બારમુકત થવું.

છટિયિયું વિ. બદમિજાજ; બબાકા મારનારું.

છટિયું ૧. ન. બજૂરીનું પાન.
૨. ન. કરંડું; કાણું.

છટેલ ૧. વિ. અનીતિના વિષયમાં બહાદુર; ચોર; ચોરેલું, બલિહારી; બહોરેલું.
૨. વિ. કાઢેલ; મારે કરીને ચકી ગયેલું.

છટેલાઈ ૧. સ્ત્રી. દુરાચાર; અધમ આચરણ.
૨. સ્ત્રી. બહાદરી; ઉઘાઈ; બિલ્લજ.

છડો પું. (વહાણવટું) કાચો.

છડ ૧. [સં. પુ] પું. (પ્રાકૃત) એક સાથે જ ટંક ન ખાવાનું વ્રત; બે ઉપવાસ સુધી બારટ ઉપવાસ કરવાનું આચરેલું વ્રત; બેલું; જ ટંક આહારનો ત્યાગ કરવો તે. બારમે દિવસે એક

ટંક આવું, વચ્ચે સળગ આર ટંક ન આવુ અને પારણાને દિવસે બેઉ જ ટંક આવું એ પ્રમાણે જ ટંક આહારનો લાગ કરાતો હોવાથી તે વ્રતને છઠ કહે છે.

નિયમધારી થઈ છઠને પારણે મૂગી બેટલા અડદ અને અનાજપ્રમાણ પાણી લેવાથી જ માસને અંતે તેત્રીસેરિયા ઉછળે છે.

સુખલાલજી

૨. [સં. પષ્ઠી] સ્ત્રી. દરેક પખવાડિયાની છઠ્ઠી તિથિ; પખવાડિયાનો છઠ્ઠો દિવસ.

છઠ્ઠીની સાતમ ને સાતમની આઠ કોઈ કરનાર નથી = ચિન્તિત કોઈ કાર્ય કોઈથી જરા પણ મિલ્યા વગું નથી; જે કાર્ય જે વ્યક્તિનું હોય તે તે જ કાર્ય કરે છે, એમાં કોઈથી કાંઈ ફેરફાર થઈ શકતો નથી.

૩. વિ. છઠ્ઠું.

છઠ્ઠા [હિં.] વિ. છઠ્ઠું

છઠ્ઠિયાત ૧. પું. (જૈન) બેઆસાથે બે દિવસ સુધી ઉપવાસ કર્યો હોય તેવા માણસને અપાતું ભોજન; છઠ્ઠનું વ્રત કરનારને અપાતું જમણ.

૨. પું. (જૈન) છઠ્ઠનું વ્રત કરનારો માણસ; લાગલાગટ બે દિવસ સુધી જેણે ઉપવાસ કર્યો હોય એવો માણસ.

છઠ્ઠિયાતી સ્ત્રી. (જૈન) છઠ્ઠનું વ્રત કરનારી સ્ત્રી.

છઠ્ઠિયું ૧. ન. છઠ્ઠીને દિવસે કરવામાં આવતી ક્રિયા.

૨. ન. બાળક જન્મ્યા પછી છઠ્ઠા દિવસની રાતે પુરુષની જૂની પાઘડીના ઊંડાણમાંથી મોટું લૂગડું લઈ, તેમાં કંકુના સાથિયા પૂરી, તેના ઉપર નાના બાળકને સુવાડવામાં આવે છે તે લૂગડું; નાના બાળકની છઠ્ઠીમાં કંકુના સાથિયા પૂરેલું વપરાતું લૂગડું; છઠ્ઠીને દિવસે બાળકને ઓઢાડવામાં આવતું લૂગડું.

૩. ન. બાળક જન્મ્યા પછી છઠ્ઠે દિવસે કરવાની રીતભાત, વ્યવહાર વગેરે.

૪. ન. બાળકના જન્મ પછીનો છઠ્ઠો દિવસ.

છઠ્ઠિયા વિ. જુ.

છઠ્ઠી ૧. સ્ત્રી. કેડનો રેશમી દોરો

૨. [હિં.] સ્ત્રી. છઠ્ઠીને દિવસે જેની પૂજા કરવામાં આવે છે તે દેવી.

૧. છઠ્ઠીના લેખ = પ્રારબ્ધના યોગ; વિધાતાના લખેલા લેખ; બંધાયેલું કે લખાયેલું ભવિષ્ય.

૨. છઠ્ઠીનું ઊખડેલું = (૧) નાનપણથી જ વીંટેલું; ઉંમરથી જ તોફાની. (૨) લુચ્ચું.

૩. છઠ્ઠીનું દૂધ-યાવણ કાઢી નાખવું = (૧) ખૂબ માર મારવો. (૨) ખૂબ વમન થવું; ઊલટી થવી; ઘણું ઓકવું. એટલી બધી ઊલટી થવી કે છઠ્ઠીના દિવસ સુધીનું નીકળી જાય. (૩) પાયમાલ કરવું; નાશ કરવો. (૪) બહુ કષ્ટ દેવું; બહુ હેરાન કરવું. (૫) શરીરને પોષે નાખે એવું ઔષધ આપવું. (૬) સખત ઊલટી કરાવવી; ઓકાવવું.

૪. છઠ્ઠીનું દૂધ નીકળવું = કાબૂ બહાર પડવો; બહુ હેરાન થવું; બારે સકટ પડવું.

૫. છઠ્ઠીનું વીંટલ = બહુ જ હલકો સ્વભાવ; મૂળથી જ બદમિજાજી.

૩. [સં. પષ્ઠી] સ્ત્રી. પખવાડિયાની છઠ્ઠી તિથિ; ૭૬.

૪. સ્ત્રી. બાળકના જન્મ પછીના છઠ્ઠે દિવસે કરવાની ક્રિયા; જન્મથી છઠ્ઠા દિવસે કરાતી પૂજા. એવી માન્યતા છે કે, બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે વિધાતા આવી તેના ભવન દરમિયાન જે સારુંમાઠું થવાનું હોય તેનો આંક માંડે છે. સુવાવડના ઓરડામાં પૂજનવાળું એક ઘર ચીતરે છે. આ ઘરને વિધાતાનું ઘર માને છે. પછી સોઓ જેવી વાઈ વઢેના ઘોટની પૂંજેર વહેંચે છે. વિધાતાની પૂજા કરી લાં બડિયો, કલમ, કાગળ વગેરે મૂકવામાં આવે છે. ભવિષ્યમાં જે કોઈ બનાવ બને છે તે છઠ્ઠીના લેખ લખેલા તે પ્રમાણે બન્યાનું કહેવાય છે. આ દિવસે લેખ લખવા જે દેવી આવે છે તેને છઠ્ઠીની દેવી અથવા વિધાતા કહે છે

૫. સ્ત્રી. બાળકના જન્મ પછીનો છઠ્ઠો દિવસ.

છઠ્ઠું [સં. ષષ્ઠ] વિ. ક્રમમાં પાંચ પછીનું; પાંચમા અને સાતમા વચ્ચેનું.

૧. છઠ્ઠો ભૂપો = ઘણો જ દૂરનો અને ખૂબ ખાંખારાનો આમ; જરા માલૂમ ન પડે એવી દૂરની જગા.

૨. છઠ્ઠો હાથ = કલારતમાં નિર્જળના ૭ માઠેનો એક પ્રકાર. તેમાં નિર્જળને બંને હાથ વડે પકડી બાંકા વળી હલાવતા જવાનું હોય છે.

છઠ્ઠ (છઠ્ઠ) ૧. પું. ઓકું; વમન કરેલું.

૨. પું. ઝાડની જાત.

૩. પું. તાબૂ; પ્રવાહનું જોર.

૪. પું. તોર; ખુમારી; મિજાજ; ગુસ્સો; જોર.

૫. પું. દાંડો.

૬. પું. ફેલ; અહંકાર.

૭. પું. બકની સોટી; લાંબો બરુ; બરુનો જોડ. બરુનો રોપ.

૮. પું. બલાનો દાંડો; બલાનો ડાબો.

૯. પું. વળગાડ; ભૂતપ્રેતનો પ્રકોપ.

૧૦. પું વાંસ. લાંબો વાંસડો.

૧૧. સ્ત્રી. છઠ્ઠ તે.

૧૨. સ્ત્રી. તપસ્વિની; જટિલા.

૧૩. સ્ત્રી. બરછી

૧૪. સ્ત્રી. માબ્બાં પહાડની લાકડી.

૩. પું. જગન્નાથપુરીમાં આવેલી એ નામની મૂર્તિ. જગન્નાથની ઉત્પત્તિ વિષે માન્યતા છે કે, એક શિકારીએ કૃષ્ણનો વધ કર્યો. કૃષ્ણનું શરીર ઝાડની નીચે સડતું પડ્યું રહ્યું. અમુક દયાળુ માણસોએ તે શરીરને જોયું અને તેનાં હાડકાં પેટીમાં નાખ્યાં. ઇંદ્રદ્યુમ્ન નામના દયાળુ રાજાને વિષ્ણુએ જગન્નાથની મૂર્તિ બનાવવાનું કહ્યું અને તેમાં તે હાડકાં મૂકવાની સૂચના કરી. વિશ્વકર્માએ એ મૂર્તિ બનાવવાનું એવી શરતે માથે લીધું, કે મૂર્તિ પૂરી બને પહેલાં અને સહેજ પણ બહેલ થવી જોઈએ નહિ, પંદર દિવસ પછી ઇંદ્રદ્યુમ્ન મૂર્તિ જોવા જતાં ઉતાવળો થયો અને વિશ્વકર્માને મૂર્તિ બતાવવાનું કહ્યું. વિશ્વકર્મા ગુસ્સે થયા અને મૂર્તિ અપૂર્ણ મૂકી ચાલતા થયા. મૂર્તિના હાથ અને પગ બનવા બાકી રહ્યા હતા. પછી ઇંદ્રદ્યુમ્ને બ્રહ્માને પ્રાર્થના કરી. તેણે તે મૂર્તિમાં પ્રાણ અને આંખો મૂકી અને તે મૂર્તિને વિશ્વવિખ્યાત કરવાનું વચન આપ્યું. ઓરિસ્સામાં મહાનદીના મુખ આગળ જગન્નાથપુરીમાં આ મૂર્તિ આવેલ છે. આ મૂર્તિ એકલી નથી રહેતી, પણ તેની સાથે સુભદ્રા તથા બલભદ્રની પણ મૂર્તિઓ રહે છે. પ્રથમ ચંદનની બનેલ છે. વખતોવખત જૂની મૂર્તિઓ વિસર્જન કરી તેની જગ્યાએ નવી મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવે છે. સાધારણ લોકો આ મૂર્તિ બદલવાને નવ કલેવર અથવા કલેવર બદલવું કહે છે. સાધારણ રીતે લોકો એમ માને છે કે દર બાર વર્ષે જગન્નાથજીનું કલેવર બદલે છે, પણ પંડિતોનો મત એમ છે કે જ્યારે અષાઢમાં અધિક માસ અને બે પૂર્ણિમા હોય ત્યારે કલેવર બદલે છે. પ્રતિહાસો ઉપરથી જણાય છે કે ઈ.સ. ૧૧૮૫ના જગન્નાથજીની મૂર્તિ પહેલવહેલી કોઈ જંગલમાંથી મળી હતી. ઓરિસ્સાનો રાજા પ્રતાપરુદ્ર કેસરી જે સને ૪૩૪૫માં ગાદીએ આવ્યો હતો તેણે તે મૂર્તિને જંગલમાંથી શોધાવી પુરીમાં સ્થાપી. જગન્નાથજીનું હાલનું ભવ્ય અને વિશાળ મંદિર ગંગવંશના રાજા અનંગ ભીમદેવે સને ૧૧૮૪થી ૧૧૯૮ સુધીમાં બનાવ્યું હતું. સને ૧૫૬૮માં પ્રસિદ્ધ મુસલમાન સેનાપતિ કાલા પહાડે ઓરિસ્સા જીતી જગન્નાથજીની મૂર્તિ આગમાં હોમી દીધી હતી. જગન્નાથજી તથા બળભદ્રની હાલની મૂર્તિઓમાં પગ બિલકુલ હોતા નથી અને હાથ પંગુ વામનના હોય છે. સુભદ્રાની મૂર્તિમાં નથી હાથ હોતા કે નથી પગ હોતા. એનું અનુમાન આમ છે કે સત્રયુગમાં જગન્નાથ જ આ મૂર્તિઓ આ રૂપમાં બની હતી અથવા સને ૧૫૬૮માં અગ્નિમાંથી કાઢી ત્યારે આ રૂપમાં બની હતી. નવા કલેવરમાં મૂર્તિઓ જૂના આકારે ઉપરથી બને છે. આ મૂર્તિઓને મોટે ભાગે જાત અને ખીજડીનો ઝોક રહે છે, જેને મહાપ્રસાદ કહે છે. ઝોક ધરેલ મહાપ્રસાદ ચારે વર્ણના લોક રંકરાંકનો વિચાર ન કરતાં ગ્રહણ કરે છે. પુરી શહેરમાં રથયાત્રા અથવા સ્નાનયાત્રા સમયે જગન્નાથની યાત્રા કરવા જ્યેષ્ઠ અથવા અષાઢ માસમાં લાખો યાત્રાળુઓ આવે છે. પ્રથમ જગન્નાથની મૂર્તિને સ્નાન કરાવે છે. ત્યારપછી બળરામ અને સુભદ્રાની મૂર્તિ સાથે આખો રથ લાવિક મહાજનોથી ખેંચવામાં આવે છે.

જગન્નાથના જાત = જાતિભેદ વગર બધા લે તેવી વસ્તુ. જગન્નાથમા ઝોક જ વાસણમાંથી જાતિભેદ વગર બધા જાત્રાળુઓથી જાત લેવામાં આવે છે. તે ઉપરથી આ કહેવત થઈ છે.

૪ પું. ત્રિમલપીડનો એ નામનો એક ભૈરવ.

૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૬. ન. બાર માંહેનું એક ધામ; ઓરિસ્સામાં આવેલ એ નામનું એક જાતનું સ્થળ.

જગન્નાથજી ૧. પું. ઓરિસ્સામા જગન્નાથપુરીમાં આવેલ એ નામની એક મૂર્તિ. જુઓ જગન્નાથ ૩.

જગન્નાથજીનો રથ = (૧) ધુંવાડો જવાબ જેવું અતિશય જોખમ ભરેલું કામ. જગન્નાથજીના રથ નીચે ધુંવાડો મરવાની એક ધર્મગેબાઈ હતી તે ઉપરથી આ કહેવત બોલાય છે. (૨) જગન્નાથજીનું ઉપર પ્રમાણે જોવા જવાળુ વાહન.

૨. પું. ઓરિસ્સામાં મહાનદીના મુખ આગળ જગાનું મોટું સ્થળ; ચાર માંહેનું પૂર્વનું એક ધામ

જગન્નાથજીનો પ્રસાદ = (૧) જગન્નાથજીને ધરાવેલ સામગ્રી. (૨) જાતિભેદ વગર બધાથી લેવાય તેવી વસ્તુ. જગન્નાથજીનો પ્રસાદ બધા લોકો વર્ણાશ્રમનો ભેદ મૂકી દઈ ખાતા હોઈ તેને વિષે બોલતાં વપરાય છે.

જગન્નાથદાસ પું. રામભક્ત તુલસીદાસના એ નામના ગુરુ

જગન્નાથ પંડિત પું. સંસ્કૃત ભાષાનો એ નામનો એક સમર્થ કવિ. તે તૈલંગણ દેશના મુમુદા શહેરમાં રહેનો અને જાતે તૈલંગી બ્રાહ્મણ હતો. પોતાના ભત્રીજાને ત્યાં રહેને તેણે ગ્રન્થનો અભ્યાસ કર્યો હતો. તેના પિતાનું નામ પેરમ ભટ્ટ હતું. એમ કહેવાય છે કે બાર વર્ષ પછી જ તેમને ભણવાની સારી આવડત આવી હતી. કાશીમાં અભ્યાસ કર્યા પછી જયપુરના મહારાજાના આશ્રયથી ત્યાં જઈ તેમણે એક પાઠશાળા ઉઘાડી મૃત્યુપર્યંત ત્યાં રહ્યું હતું. કોઈ કહે છે કે તે અકબર બાદશાહ પાસે રહેતો. અકબર બાદશાહના વખતથી દિલ્હીમા જુદી જુદી ભાષાઓ અને જુદા જુદા ધર્મના વિદ્વાનોનો સત્કાર થવા માંડ્યો હતો. જહાંગીર તથા શાહજહાનના વખતમાં પણ દેશદેશાવરના વિદ્વાનોની દિલ્હીમાં સભા ભરાતી. જહાંગીરના પાછલા વખતમાં ભરાયેલી વિદ્વાનોની એક સભામાં જગન્નાથ ગયા હતા. સભામાં તેમણે જે વિદ્વત્તા અને કવિત્વ બતાવ્યાં, તેથી બધા ઉમરાવો અને શાહજહાનના વડા શાહજાદા દારા શિકોહ ઉપર ઘણી અસર થઈ અને તેમને દિલ્હીમા રાખ્યા. શાહજહાનના અમલ દરમિયાન તેમને દારા સાથે ઓળખાણ અને સહવાસ થયો. જગન્નાથ ઈ.સ. ૧૬૨૭માં મર્યા એમ કહેવાય છે. તેના રસગંગાધર, ગંગાલહરી, ભામિનીવિલાસ, મનોરમાકુચમર્દિની, અમરુશતી ટીકા, જગદાભરણ કાવ્ય, પ્રાણાભરણ કાવ્ય, રતિમન્મથ નાટક, વસુમતી ચિત્તવિલાસ, યમુના વર્ણન ચંપૂ, આસફવિલાસ, પીયૂષલહરી, અમૃતલહરી,

સુધાલહરી, કરુણાલહરી, લક્ષ્મીલહરી વગેરે ગ્રંથોમા સર્વત્રૈશ ભક્તિભાવનાની કૃતિ ગણાલહરી છે. એક વખતે કવિ જગન્નાથની સાથે શાહજહાન સોગઠાબાજી ખેલતો હતો. તે સમયે મનોહર શાહપુત્રી જેની અથવા સર્વગિરા શાહજહાન માટે પાણી લાવી. શાહે એ રૂપમૂર્તિનુ વર્ણનાત્મક કાવ્ય કરવાની ઇચ્છા દર્શાવતા કવિએ એ અનુપ સ્વરૂપી શાહપુત્રીને કાવ્યથી લાવી. આથી શાહ ખુશ ખુશ થઈ ગયો અને કહેતા કહેવાઈ ગયુ કે મ.ગા. કવિએ શાહની પુત્રો માગી. કવચતે મને બાદશાહે તે કબૂલ્યું. સર્વગિરાના સ્વીકારથી તેમનો શ્રુતિર્ભાવહાર થયા હતો. આકસ વિલાસ નામનું કાવ્ય લખ્યા પછી શાહજહાન બાદશાહે પોતે એક મોટો દરબાર ભરી જગન્નાથને પંડિતરાજનો ખિતાબ આપ્યો હતો. સભામાં પંડિતનું બહુ માન હતુ. તે ઘરડા થયા હતા એટલે અખા હોશિયતના કહેવાયા વિપ્રકુળે વિચાર કરી કવિને માયબાપ કરાવી પોતાનામા લેવા એમ સહુએ એકમતે ઠરાવ્યું. કવિને આ વાતથી ચોકેહ કરતાં એમણ જ કહ્યું કે, શ્રુતિ એ ગંગાનો પ્રવાહ છે. તે અને સર્વગિરા હિંદુ ધર્મમા દાખલ થવાને તત્પર થયા. બાદશાહોએ કહ્યું કે તમે એહ ભાગીરથીના કિનારા ઉપર ઉભા રહો અને ગંગાજી લા આણી તમને પાપત કરે તો અમે તમને નાતમા લઇએ. બાવનમે શ્લોપાને હિલ્લોલની કંપતી ગેલાં. પુલિત કવિ જગન્નાથ કર્ણાટાવે, ઊભતી ઊર્મિએ, આર્ત સ્વરે કાવ્યની અંકેક કડી ઉચ્ચારથી ગાતા ગયા, તેમ તેમ જગતની ભાગીરથીનુ પુણ્ય જળ એક એક પદ્યમિયુ પવિત્ર આત્માને પવિત્ર કરવા ઉપર આવતું ગયુ. એ રીતે અંતિમ કડી પૂર્ણ થતાં ગંગાએ સર્વને શુદ્ધ કર્યા. બાદશાહોએ પછી તેમને નાતમાં લીધા.

જગન્નાથપુરિયું વિ. જુઓ જગન્નાથપુરિયું.

જગન્નાથપુરી સ્ત્રી. ઓરિસા પ્રાતમાં બંગાળના ઉપસાગર ઉપર મહાનદીના મુખ આગળ આવેલું એક મોટું પ્રખ્યાત તીર્થસ્થળ; શ્રીજગન્નાથજી મહારાજની યાત્રાનું ધામ. તે બહુ જૂનું શહેર છે. બૌદ્ધ ધર્મની બહોળપ્રચારીના વખતમા બૌદ્ધ લોકોનું તે એક પવિત્ર તીર્થસ્થાન ગણાતું અને હિંદુસ્તાનમાં લાખો માણસો ત્યાં યાત્રા કરવાને જતાં હતાં. તે પછી જગન્નાથજીનું માહાત્મ્ય વૈષ્ણવ હિંદુઓમાં ચાલ્યુ અને તે આજ સુધી ચાલુ રહેલું છે. હિંદના પ્રત્યેક ભાગમાંથી અનેક યાત્રાળુઓ આ પવિત્ર ધામમાં એક વાર આવી શ્રીજગન્નાથજીનાં દર્શન કરી જવાની ઇચ્છા ધરાવે છે. કહેવાય છે કે કંસને મારી શ્રીકૃષ્ણે વિજયોત્સવ કર્યો ત્યારથી શ્રીજગન્નાથજીની રથયાત્રા નિજના રથારૂઢપે પ્રતિવર્ષે કરવામાં આવે છે. પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે સમુદ્રતીરે આવેલા અતિ વિશાળ મંદિરમાં શ્રીજગન્નાથજીની ભવ્ય મૂર્તિનાં દર્શન કરવામા અહોભાગ્ય મનાય છે. મુખ્ય મંદિરની આજુબા સુભદ્રાદેવી તથા બળરામજીનાં સુંદર વિરાટ મંદિરો કુતુબમીનારથી ઊંચાં છે. આ મંદિરો જોવા મોટા મંદિરો હિંદુસ્તાનમા બીજે કયાંય નથી. જગન્નાથજીનું મંદિર નીલ પર્વત ઉપર છે. તે બહુ વિશાળ અને તેનો ઘેરતો ઘિલ્લો છે. મંદિરની અંદર ભોગમંદિર, નૃત્યમંદિર અને વિશાળ સભામંડપ છે. તેને ઘેરતાં દેવદેવીઓના અનેક મંદિરો છે. આ મંદિરની બાજુની અને અંદરની કારીગરી શિલ્પશાસ્ત્રનો અદ્‌ભુતમ નમનો છે. આ મંદિરની દીવાલો અને છતમાં બીભત્સ ગણાય તેવા મનુષ્યાકૃતિઓ કલાત્મક રીતે કોતરેલા છે. નમ્ર પૂજળા સમયે અક્ષયવટ યાત્રામા ઉલ્લેખ છે કે, મંદિરના ઘૂમટના બહારના ભાગમા શિખર ઉપર સુરતમંથ રતિઆસન દર્શાવતાં નમ્ર પૂતળા છે. કેટલાક કહે છે કે બૌદ્ધોનાં બેચાં અંગોને લીધે મંદિર ઉપર ધજાજી ચડવાનો ભય રહેતો નથી કોઈ કહે છે કે વલ્લભાચાર્યને માનનારા જુદા જુદા વર્ષના લોક જગન્નાથજીનો રાજભોગ પ્રસાદ એક સાથે લઈ શકે છે અને તે વટાળને ન માનનાર પણ કે બાધુસોને ભગવેલતો છે, તેમ જ અર્વાચીન કે મોટા પણવાળા કે નિમ્ન ધર્મવાળાને ભગવેલતા થયા આ પૂતળા મૂકવાં હોય. રવામી વિવેકાનંદજી કહે છે તેમ જગન્નાથપુરીબાળા ભાગમા બૌદ્ધ ધર્મનું ઘેર વંશી પડતા વામમાર્ગીઓ તેની તદ્દન વિરુદ્ધ આવાં પૂતળા કરવાનું ઉચિત માન્યું હોય. સુરતબાજમાં નિપુણ તમ સમયે વિદ્વાનો અને લેખકોના એ સંબંધના મતો, અભિપ્રાય, વચનો વગેરે અનુસારે કોઈ અનુમાન કરી શકે કે ભક્તિ, ઉપાસના કે જ્ઞાનને માટે સંન્યાસ ધારનાર મુમુક્ષુ સર્વે ભોગવિલાસ ભોગવ્યા અનુભવ્યા પછી જ વધારે ઉચ્ચ થઈ રહી શકે છે, એનું કોઈક રહસ્ય એ વીરપંથ બીબારામ અને બીકૃષ્ણ વચ્ચે વિરાજતાં તેમનાં બહેન સુભદ્રાનાં દર્શન સમયે કોઈ શકે અજૂનીને સપૂર્ણ ભલામાં કે મન ઉપર સંપૂર્ણ કાબૂ કે સંયમ રાખવામાં આ પૂતળાંઓ બરાબ અસર કરતાં નથી કે કરે નહિ. તપોવનમાં એકબ્યને તપ કરનાર મુનિ કે એવા બીજા તપસ્વીઓને શૃંગારના અનેક હાવભાવ કરનાર સાક્ષાત્ અપ્સરાઓ પણ કોઈ અસર કરી શકી નથી, પણ તેના સમયને દૃઢ બનાવ્યો છે અને દર્શાવ્યો છે, તેમ આમાં પણ ધર્મેચ્છુ કે મુમુક્ષુના હૃદયને સંયમ રાખવાનું કે સપૂર્ણ બનાવવાનું કોઈ ઊંચું રહસ્ય કેમ ન હોય? આરે આસ ત્યાં યાત્રાળુઓ બહુ છે. વરસમાં વીસ વખત ત્યાં મોટા મેળા ભરાય છે. રથયાત્રા નામના તહેવાર ઉપર સૌથી મોટો મેળો ભરાય છે, કારણકે તે દિવસે ચાલીસ ફૂટ ઊંચા અને મોટા પૈડાંના રથમાં મૂર્તિ પધરાવી રથને ફેરવવામાં આવે છે. જગન્નાથજીના આ રથ તથા કચરાજીને મરી જવું એ મોક્ષ આપનારું મનાતું હોવાથી અગાઉ વખતમા લોકો તેની તળે પડી કચરાઈ મરતા. હાલ એ રિવાજ બંધ છે. આ પવિત્ર ક્ષેત્રમાં જાતિભેદ નથી. રાજરાજેશ્વરથી માંડી રસ્તે રખડતા ભિખારી સુધી સર્વને અને શુદ્ધ બ્રાહ્મણથી માંડી ચાંડાલ સુધી દરેક કોમનાં માણસને દેવદર્શનનો પૂર્ણ અધિકાર છે. આ ક્ષેત્રમાં કડલે હાથે રંધાયેલ અને પીરસાયેલ અન્ન જગતમાં કોઈ પણ વર્ણના લોકો ખાઈ વાંધો લેતા નથી. મનુષ્ય જાતિનો દરેક સમૂહ દરીમાં યાત્રાળુના ટાળામાં માલૂમ પડે છે. મહોદધિના કાંઠા ઉપર શ્રી શંકરાચાર્યનો ગોવર્ધન મઠ પણ આવેલ છે.

જગન્નાથરાયજી પું. વિષ્ણુના દશ અવતારોનો નવમો અવતાર; જગન્નાથ સ્વરૂપે શુદ્ધાવતાર.

જગન્નાથસભા સ્ત્રી. કુંભુરાની જૈન ગુફા માંહેની એ નામની તેત્રીસમી ગુફા; ઉદ્‌સભા.

જગન્નાથી ૧. સ્ત્રી. મલમલથી ઊતરતું અને સાધારણ કાપડથી સારા પોતનું ઝીણું કપડું; ધોયેલું મલ્લીન; એક જાતનું ઝીણુ સુતરાઉ કાપડ. તેનાં પહેરણ, પછેડા, અંગરખાં, પોતિયાં, સાળુ, પામડી વગેરે બને છે. એના વીસ વીસ વારના તાકા હોય છે.
૨. સ્ત્રી. હાંડલી; હાંલ્લી.

જગન્નાયક [સં. જગત્ + નાયક (ધણી)] પું. ઈશ્વર; જગતના ધણી; પરમેશ્વર.

જગન્મિથ્યાત્વવાદ પું. મિથ્યાત્વવાદ; અદ્વૈતવાદ.

જગન્મિથ્યાત્વવાદી [સં. જગન્મિથ્યાત્વવાદિન્] વિ. અદ્વૈતવાદી; જગત મિથ્યાત્વવાદી; 'અબ્રોસિમસ્ટ.'

જગન્નિયંતા [સં. જગત્ + નિયંતૃ (નિયામક)] પું. પ્રભુ; ઈશ્વર; પરમેશ્વર; પરમાત્મા.

જગન્નિયામક જુઓ જગન્નિયંતા.

જગન્નિર્માણ [સં.] ન. સૃષ્ટિની ઉત્પત્તિ.

જગન્નિવાસ ૧. [સં. જગત્ + નિવાસ] પું. ઈશ્વર.
૨. પું. જગતમાં રહેલું તે.
૩. પું. જગતમાં વ્યાપી રહેનાર કે જગતનો

નિવાસ કે આધાર ઈશ્વર, જગતમાં રહેલા એવા ઈશ્વર.
૪. પું. વિષ્ણુ.

જગન્નિંદ્ય [સ જગત્ + નિંદ્ય (નિંદા કરવા જેવું)] વિ. જગતમાં સૌ કોઈથી નિંદાતું એવું; સર્વેએ નિંદા કરવા જેવું, બધા વડે નિંદાતું કે નિંદવા જેવું.

જગન્નેત્ર [સં.] પું. રવિ ગ્રહ.

જગન્નાથાધીશ [સં.] પું. ઈશ્વર; પરમાત્મા.

જગન્મય ૧ [સ. જગત્ + મય] વિ પરમેશ્વર
૨. પું. વિષ્ણુ ભગવાન.

જગન્મયી ૧. [સં.] સ્ત્રી. લક્ષ્મી.
૨. સ્ત્રી. સમસ્ત સંસારને ચલાવનાર શક્તિ.

જગન્મંગલ ૧ [સં. જગત્ + મંગલ]
સ્ત્રી. એ નામે એક રાગિકા
૨. ન. એ નામનું એક દેવીસ્તોત્ર; કવચ.
૩ વિ જગતનું કલ્યાણ કરનાર.

જગન્માતા [સં. જગત્ + માતૃ] સ્ત્રી. દુર્ગા, જગદંબા; જગદ્જનની.

જગન્માતૃ જુઓ જગન્માતા.

જગન્માન્ય [સં.] વિ. સર્વમાન્ય; સૌએ માન્ય કરવા જેવું; બધાએ માન્ય કરેલું.

જગન્મિત્ર ૧. [સં.] પું. આખા જગતનો મિત્ર; વિશ્વબંધુ; જગદ્બંધુ.
૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૩. પું. વિષ્ણુ ભગવાન.
૪. વિ. સર્વદેશવાસી; સર્વત્રવાસી; વિશ્વવ્યાપી.

જગન્મિથ્યાત્વ જુઓ જગન્મિથ્યાત્વવાદ.

જગન્મિથ્યાત્વવાદ [સં.] પું. અદ્વૈતવાદ; પૂર્ણ બ્રહ્મથી વિશ્વનું સ્વતંત્ર જુદું અસ્તિત્વ નહિ માનનાર સિદ્ધાંત.

જગન્મિથ્યાત્વવાદી વિ. અદ્વૈતવાદી; પૂર્ણ બ્રહ્મથી વિશ્વનું સ્વતંત્ર જુદું અસ્તિત્વ નહિ માનનાર સિદ્ધાંતી; જગન્નાસ્તિત્વવાદી.

જગન્મૈત્રી [સ. જગત્ (દુનિયા) + મૈત્રી (મિત્રતા)] સ્ત્રી જગતના સર્વ પ્રાણી પ્રત્યે મિત્રભાવ; જગદ્વ્યાપી મિત્રતા.

જગન્મોહ [સં.] પું. દુનિયાની માયા.

જગન્મોહિની ૧. [સં.] સ્ત્રી. મહામાયા; દુષ્ટબુદ્ધિ.
૨. વિ. સ્ત્રી. જગતને મોહ પમાડે તેવી.

જગપતિ [સં. જગત્પતિ] પું. જગતનો સ્વામી; પરમેશ્વર; જગદીશ્વર.

જગપાલ ૧. પું. સંગીતનો એક તાલ જેમાં અગિયાર માત્રાનો એક તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૬, ૮ અને ૧૦ માત્રા ઉપર છે.
૨. વિ. જગતપાલક; જગતને પાળનાર.

જગપાવની વિ સ્ત્રી દુનિયા અથવા જગતને પવિત્ર કરનારી.

જગપ્લુત વિ. જગતથી પુજ્યયેલું

જગપ્રલય પું. દુનિયાનો નાશ.

જગપ્રસિદ્ધ વિ. વિશ્વવિખ્યાત; સર્વત્ર જાણીતું; જગજાહેર.

જગપ્રૌઢ ૧ સ્ત્રી. કોઈ રાજા કે મોટા માણસની બેન અથવા દીકરી.
૨. સ્ત્રી. બીજાનાં જેવાં તેવાં નામ પાડનાર સ્ત્રી.
૩. સ્ત્રી. વધારે પડતું બકવાદ કરનારી સ્ત્રી.

જગબત્રીસી ૧. સ્ત્રી. દુનિયાનાં માણસો; લોકો
૨. સ્ત્રી. લોકવ્યવહાર; લોકનિંદા; લોકમાં વાતો થવી તે.

જગબંધુ પું. દુનિયાનો મિત્ર.

જગભૂ સ્ત્રી. ધરો; ભીંત; કોરને બરણ આદે રાખેલી જગાની અણખેડ જમીન; માલ ઉગાડવા રાખેલી જમીન.

જગભ્રિષજ [સં. જગત્ (વિષ) + ભેષજ (દવા)] સ્ત્રી સંઠ.

જગભોગ પું. દુનિયાનો આનંદ.

જગમ ન ગોતરદ; ગોચરદમ; ચારે બાજુએ.

જગમગ ૧. સ્ત્રી. તેજ; ઝળાહટ.
૨. વિ. ચમકદાર; પ્રકાશિત.

જગમગવું અ ક્રિ. પ્રકાશવું; ઝળકવું.

જગમગાટ પું. તેજ; પ્રકાશ; ઝળાહટ.

જગમગી સ્ત્રી. તેજ; ઝળાહટ.

જગમશહૂર વિ. જગજાહેર; જાણીતું; જગજાનું; જગવિખ્યાત.

જગમાત સ્ત્રી. દુનિયાની માતા.

જગમાન્ય વિ. જગત જેને માનનું હોય એવું; સર્વમાન્ય; સૌ કોઈને માનીતું; સર્વે જેને બહુમાન રાખે એવું; લોકમાન્ય; દુનિયામાં માન પામવા લાયક; માન પામેલું.

જગમામો ૧. પું. જેને બધાં મામો કહીને બોલાવતાં હોય તે માણસ.
૨. પું. દોઢડાહ્યો માણસ.
૩. પું. રાજા કે મોટા માણસનો મામો.

જગમેળો પું. રેલ કેલની વિવિધ વસ્તુઓનું પ્રદર્શન.

જગમોહન ૧. પું. જગતને મોહ પમાડનાર પ્રભુ.
૨. સ્ત્રી. શુદ્ધગમ.માં શુદ્ધપદ્ય પ્રાપ્ત થયા પછી શુદ્ધ ગગનને જે જગામ્બે આંટા મારી હતા એ જગામ્બાએ ગાયેલી ગીત. પ્રાચીન કાળમાં તેને ચૌકમ કહેતા.
૩. વિ જગતને મોહ પમાડે એવું.

જગમોહના ૧. સ્ત્રી. જગતને મોહ પમાડે એવી રૂપાળી સ્ત્રી.
૨. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૩. સ્ત્રી. માયા.
૪. વિ. સ્ત્રી. જગતને મોહ પમાડનારી.

જગયોનિ પું. બ્રહ્મા.

જગર ૧. [સં.] પું. આયુધ; હથિયાર; અસ્ત્ર.
૨. પું. એક જાતનું ધાન્ય પક્ષી; કાકરો.
૩. પું. કવચ; બખ્તર.
૪. પું. પેરાનું; જંગલ.

જગરચના સ્ત્રી. દુનિયાની બનાવટ.

જગરવાહ પું. ગરમાળો.

જગરા ૧. પું. જંગલી બિલાડો
૨. સ્ત્રી. ખજૂરની જાત.

જગરાજ પું. જગતનો રાજા પરમેશ્વર; જગત્પતિ.

જગરાત ન. રહી.

જગરાય જુઓ જગરાજ.

જગરી સ્ત્રી. સગડી; ધૂણી.

જગરીઓ પું. એક જાતનું ઝાડ; પોળો આખરો.

જગલ ૧. [સં.] પું. એક જાતનો ઘાસ.
૨. પું. ઝાપ.
૩. પું. મદિરામાં નીચલો ભાગ.
૪. પું. મીંઢળનું ઝાડ.
૫. ન. કોઈ પણ ઝાડનું મૂળ.
૬. ન. બખ્તર.
૭. વિ. મૂર્ખ; મુતાઈ; મુરખું.

જગલા ખિલાડો (જગલા બિલાડો) પું. સીમનો મીંદડો.

જગલીલા ૧. સ્ત્રી. બહોર રમત.
૨. સ્ત્રી. પરમેશ્વરે લીલા કરીને ઉત્પન્નવેલી સૃષ્ટિ.

જગવટ્ટ વિ. જગતને લાગી દેનાર.

જગવલ્લભા સ્ત્રી. વેશ્યા.

જગવવું ૧. સ. ક્રિ. ઊભું કરવું.
૨. સ. ક્રિ. સજાવવું; પ્રકાશ કરવો.

જગવંદ વિ. દુનિયાને નમસ્કાર કરવા જેવું.

જગવંદનીય જુઓ જગવંદ.

જગવાન પું. ઈશ્વર, પરમેશ્વર.

જગવાસ વિ. દુનિયામાં રહેનાર.

જગવિજેતા પું. દુનિયાને જીતનાર માણસ; આલમગીર.

જગરાય પું. ચક્રવર્તી રાજા.

જગસંગ્રામ પું. વિશ્વયુદ્ધ.

જગસિંધુ પું. દુનિયા રૂપી સમુદ્ર.

જગહ ૧. [હિ.] સ્ત્રી. જગ્યા.

૨. સ્ત્રી. મોકો, અવસર.

જગહિતકર વિ. દુનિયાનું ભલું કરનાર.

જગહૂર પું. માલતી માધવ અને બેણી સંહારનો એ નામનો ટીકાકાર.

જગા ૧. સ્ત્રી. અવકાશ; ખાલી જગ્યા.

૨. સ્ત્રી. ક્રમ.

૩. સ્ત્રી. ખાલી પડેલી ચાકરી; નોકરીનું ખાલી સ્થાન.

૪. સ્ત્રી. તક; વખત; સમય.

૫. સ્ત્રી. નોકરી; ચાકરી.

૬. સ્ત્રી. પહરી; ચોકી; ફરજ્યે.

૭. સ્ત્રી. પ્રયોજન; કારણ.

૮. સ્ત્રી. ખાડો; ઊંડું.

૯. સ્ત્રી. બેસવાનું સ્થાન; ગાદી બેસણું, આસન.

૧૦. સ્ત્રી. માર્ગ; રસ્તો.

૧૧. સ્ત્રી. સાધુબાવાનો મઠ.

૧૨. સ્ત્રી. સ્થાન; ઠામ; ઠેકાણું; સ્થળ.

૧. જેણ રહેવાની જગા = ચાકરો; આધાર.

૨. જગા ઉપર ને જગા ઉપર = એક જ ઠેકાણે, તે જ ઠેકાણે.

૩. જગા કરવી = બીજું સમાવ તેમ કરવું.

૪. જગે = જગા ઉપર

૫. જગે-જગે = ઠેકાણે ઠેકાણે.

૬. જગો પર = બદલે; બદી.

જગાજોત [હિ.] સ્ત્રી. તેજ; ચળકાટ; પ્રકાશ; રોશની.

જગાડનાર (જગાડનાર) વિ. નિદ્રામાંથી જાગૃત કરનાર.

જગાડવું (જગાડવું) ૧. [સં. જાગૃ] સ. ક્રિ. ઊંઘમાંથી ઉઠાડવું; જાગૃત કરવું; જાગે તેમ કરવું.

૨. સ. ક્રિ. ખબર દેવી, ભાન કરવી; જણાવવું.

૩. સ. ક્રિ. ચેતવવું; સાવધાન કરવું.

૪. સ. ક્રિ. દેવતા સળગાવવો.

૫. સ. ક્રિ. મચાવવું; બીજું કરવું; ઉશ્કેરવું.

જગાત ૧. સ્ત્રી. દેશમાં આવતા જતા માલ ઉપર રાજ્ય તરફથી લેવાતી હકસાઈ; પહોંચેરો, દાણ; કર.

૨. સ્ત્રી. ખાણાંબોળાંનું ભાડું.

૩. સ્ત્રી. બાદશાહી ખેડમાં રાજાને અપાતી ખેડ ખંતની લેતરી.

૪ સ્ત્રી. મુસલમાની ધર્મ પ્રમાણે કમાઈનો ચાળીસમો ભાગ ધર્માદા ખેરાત તરીકે આપવો તે; કમાણી ઉપરનો ધર્મવેરો.

જગાતદાર પું. જકાત લેનારો અમલદાર; જકાત વસૂલ કરનાર નાકાદાર.

જગાતનાકું ન. જકાતના કરની ચોકી.

જગાતી ૧. પું. જકાત ઉઘરાવનારો માણસ.

૨. વિ. જકાતને લગતું, જકાત સંબંધી.

૩. વિ જેના ઉપર જકાત લેવાતી હોય એવું; જકાત લેવા આપવા જેવું.

જગાધાર પું. વિશ્વનો આધાર, ઈશ્વર, પરમેશ્વર.

જગાધારી ૧. પું. જગ્યા આપી મોટો વૈરાગી બાવો.

૨. વિ કોઈ દેવસ્થાનની જગ્યા કબજામા રાખી તેની સંભાળ લેનાર; મઠવાળું.

જગાધોઈ સ્ત્રી. નાના બાળકનું નહી કરેલી મિતિનું ભાડું.

જગાબ્ધિ પું. જગતરૂપી સમુદ્ર.

જગાભાસ પું. દુનિયાનો આભાસ.

જગામજૂ સ. ભજરસ્થ કરાવનારને આપવાનું મહેનતાણું.

જગામજૂરી ૧. સ્ત્રી. ભજરસ્થ કરાવનારને આપવાનું મહેનતાણું.

૨ સ્ત્રી. બંધ બેસેલ બાબતને ફરીવાર ઊભી કરવી તે.

જગાર સ્ત્રી. જાગરણ, જાગૃતિ.

જગારી ૧. પું. ઠોપ.

૨. પું. રાજચરો.

જગાવવું ૧. સ ક્રિ. ચેતવવું; ભાન કરવી.

૨. [સ જાગૃ] સ. ક્રિ. જાગ્રત થાય એમ કરવું; ઊંઘમાંથી જગાડવું.

૩. સ. ક્રિ. આંખો બહાર ચોંટવા.

૪. સ. ક્રિ. ચેતાવવું; સળગાવવું.

૫. સ ક્રિ. બત્તીની વાટ ઝકાવવી.

૬ સ. ક્રિ. મચાવવું; બીજું કરવું; ઉશ્કેરી સામે થાય એમ કરવું.

૭. સ. ક્રિ. બોડવું; ચરે કરવું.

૮. સ. ક્રિ. ઠોકરા પડી ચામડું કરડું કરવું જખમવું.

જગાવું ૧. અ. ક્રિ. ઊંઘમાંથી ઉઠાવું.

૨. અ. ક્રિ. ભાન થવું.

૩. અ ક્રિ. આંખો બહાર ચોંટવા

૪. અ. ક્રિ. ચેતાવવું; સળગાવવું.

૫. અ. ક્રિ. બત્તીની વાટ ઝકાવી.

૬. અ. ક્રિ. મચાવવું. ઉશ્કેરાવું.

૭. અ. ક્રિ. ઝરૂ કરાવું.

૮. અ ક્રિ. ઠોકરથી ભાયુન થવું.

જગી સ્ત્રી. ભોરની જાતિનું એક પક્ષી, જખ્યાદીર. તે સીમલાની આસપાસ પહાડોમાં જોવામાં આવે છે. તે લગભગ બે હાથ લાંબુ હોય છે. નરના માથા ઉપર લાલ કલગી અને માદાના શિર ઉપર ગુલાબી રંગની ચાંચ હોય છે. નરનું માથું કાળું, ગળું લાલ અને પીઠ ગુલાબી હોય છે તેની પાંખો ઉપર ગુલાબી લીટા હોય છે. તેની પૂછડી લાંબી અને કાળા હોય છે. તેની છાતી અને પેટની નીચેનો ભાગ પણ કાળો હોય છે. માદાનો રંગ સહેજ ઝાંખો પીળાશ પડતો હોય છે. તે દશ દશ બાર બારના ઝુંડમાં રહે છે. આ પક્ષી ઠંડીના દિવસોમાં ગરમ દેશોમાં આવીને રહે છે તેની બોલી બહારની બોલી જેવા હોય છે અને ઊડતી વખત ચીંચીં કરે છે. તેનો ચીંચીં કરતો અવાજ પણ દૂર સુધી સંભળાય છે.

જગીરી સ. જગત; દુનિયા.

જગીસ વિ. ખુશી; આનંદી.

જગુ ૧. [તે.] સ્ત્રી. ગિલ્લીદંડાની રમતમાં અનુક્રમે આવતો સાતમો દાવ. સાત દાવનાં નામ: વકત, બેન, મૂઠ, નાર, આંખ, ભાગે ને જગુ.

૨. સ્ત્રી. સાતમો દાવ આવે ત્યારે તમા દાવ કરનારી વખતે ગોઠવેલ બધી ઉપર મૂકી તમે દાવો બાકી ઊભેલા દેવવા તે.

જગુઆર પું. ઉત્તર અને દક્ષિણ અમેરિકાનું કાળા ટપકાંવાળું અથવા કાળું ચાર ફૂટ લાંબું દીપડા જેવું પ્રાણી તેનું મોઢું જરા મોટું હોય છે. તે પશુઓનો શિકાર કરે છે. ઝાડ ઉપર તે ચઢી શકે છે.

જગુલી સ્ત્રી. પાતળી ઝાંપ.

જગેજગ અ. દરેક ઠેકાણે, સ્થળે સ્થળે; બધે ઠેકાણે.

જગેજગે જુઓ જગેજગ.

જગેજુગે અ. કયારેક; કાળાતરે.

જગેશ્વર પું. દુનિયાનો ધણી; પરમાત્મા.

જગો ૧. સ્ત્રી. આધાર.

૨. પું. ખરાબો છે એમ ચેતવવા ખોડેલ લાંબલો. વહાણવટામાં આ શબ્દ વપરાય છે.

૩. સ્ત્રી. ખાલી પડેલ પદ.

૪. સ્ત્રી. ખાણી.

જઘનપૃષ્ઠ

૧. સ્ત્રી. સ્થાન; રહેણ. જુઓ જગા.

જગોજગ અ. સ્થળે સ્થળે; ઠેકાણે ઠેકાણે; સર્વત્ર; ઠેરઠેર; બધી જગાએ.

જગોત ૧ સ્ત્રી. એ નામની મુસલમાન જ્ઞાતીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જગ્ગાણ [સં. જાગરણ] ન. ઉજાગરો કરવો તે.

જગ્ધ [સં.] વિ. ખાધેલું; જમેલું.

જગ્ધિ ૧. સ્ત્રી. ખોરાક; ભોજન.

૨. સ્ત્રી. સ.મે એવી ખાવું તે; સહભોજન.

જગ્ધુ ન. ખાધા કરે અથવા ખાવાનું માગ્યા કરે એવું નાનું છોકરું.

જગ્ધું જુઓ જગ્ધુ.

જગ્ન [સં. યજ્ઞ] પું. યજ્ઞ; જગન.

જગ્નળ [સં. યજ્ઞાગ્ન] સ્ત્રી. યજ્ઞના અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલી ક્ષેપણી.

જગ્નદીપ પું. યજ્ઞનો અખંડ દીવો.

જગ્નસૂત્ર [સં.] પું. જનોઈ; ઉપવીત.

જગ્નિમ ૧. પું. વાયુ; હવા.

૨. [સં.] વિ. ગમન કરનાર; જનાર.

જગ્ય ૧. પું. હોમ; અગ્નિદાન.

૨. [સં.] પું. યજ્ઞ.

જગ્યકર્મ ૧. [સં. યજ્ઞકર્મન્] ન. અગ્નિદાનની વિધિ.

૨. ન. યજ્ઞનું કામ.

જગ્યપશુ [સં. યજ્ઞપશુ] ન. યજ્ઞમાં અગ્નિદાન માટેનું પ્રાણી.

જગ્યપુરુષ [સં. યજ્ઞપુરુષ] પું. વિષ્ણુ.

જગ્યા જુઓ જગા.

જગ્યારોહી ૧. પું. જગ્યા કે મઢ બાંધીને મોટો થયો.

૨. વિ. જગ્યા કે મઢવાળું.

જઘડવું (જઘડવું) સ.ક્રિ. ઝપટો કરવો; ઝડપવું; ઝનિવો કરવો.

જઘન ૧. [સં.] ન. કીડિયું ઉપરનો પગનો આગલો ભાગ; જાંઘ, સાથળ.

૨. ન. ઘરઘરની પાછળની ટૂકડી.

૩. ન. કરીરનો પાછલો ભાગ; નિતંબ; સાથળની ઉપરનો તથા કેડની નીચલા ઉપરનો ઘરાવદાર ભાગ.

જઘનકપાલ પું. બોધિસ્વકનો ઉપલો અપટો પહોળા પાંખ જેવો ભાગ. આખા બોધિસ્વકમાં આ ભાગ મુખ્ય છે. તેનો ઉપલો પાંખ જેવો પહોળો ભાગ જઘનપક્ષ તરીકે ઓળખાય છે. તેને અંદરનું તથા બહારનું એમ બે પાસાં છે. બહારનું પાસું જઘનપૃષ્ઠ તરીકે ઓળખાય છે. તેમાંથી નિતંબપિંડિકા નામની ગ્રંથ જેવી ઉત્પન્ન થાય છે તથા એ પેશીઓમાં ઉત્પત્તિસ્થાન બતાવનારી ગ્રંથ રેખા પણ ત્યાં નજરે પડે છે. જઘનપક્ષનું અંદરનું પાસું જઘનોદર તરીકે ઓળખાય છે. તેના ઉપર આવેલા ભ્રમણપાળા ભાગમાંથી ઓલિપર્શિકી નામની પેશી ઉદ્ભવે છે. અંદરના પાસાની નીચલી સીમા ઉપર અસ્તિકપિકા નામની ખિલ્લી તથા ઊપસતી રેખા આવેલી છે. આ લીટી સહેજ વાંકો ઢોર્ય અસ્તિકુહરની ઉપલી સીમા તરીકે ઓળખાય છે. તેની પાછળ એટલે કે અંદરના પાસાના પાછળા ભાગ ઉપર ત્રિકસ્થાલક નામની ગ્રાનના જેવા આકારની જગા ત્રિકસ્થિ સાથેના સંધાન માટે છે. તેની પાછળ પૃષ્ઠકંડરા તથા કટિચતુરસ્રા નામની પેશીઓનાં ઉદ્ગમસ્થાનો છે. જઘનપક્ષની ઠોર જઘનધારા તરીકે ઓળખાય છે. તેના આગલા ભાગ ઉપર આવેલા બે ઊપસતા ભાગો પુર:કૂટો તરીકે, જ્યારે પાછલા ભાગ ઉપર આવેલા તેવા જ બે ભાગો પશ્ચિમકૂટો તરીકે ઓળખાય છે. પુર:કૂટો માંહેનો ઊંચાઈએ આવેલો એક ઉપલા પુર:કૂટ તરીકે, જ્યારે નીચાણમાં આવેલો નીચલા પુર:કૂટ તરીકે ઓળખાય છે. એ જ રીતે ઉપલો તથા નીચલો પશ્ચિમકૂટ છે. જઘનધારાનો વચલો ટોચ ભાગ જઘનચૂડા તરીકે ઓળખાય છે. તેની આગળ જઘનધારામાં ઊરુજ્ઞા પેશીઓ લાગેલી છે, જ્યારે તેની પછવાડે કટિપ્રજ્ઞા પેશી લાગેલી છે.

જઘનકૂપક પું. નિતંબ ઉપરનો ખાડો.

જઘનચપલ વિ. ઝાપું; ચંપટ.

જઘનચપલા ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધા માત્રામેળ છંદ; અર્ધા છંદના સોળ ભેદો માંહેનો એ નામનો એક. તેનો પ્રથમાર્ધ આર્યાછંદના પહેલા અરધા ભાગ જેવો અને દ્વિતીયાર્ધ અપલા છંદના બીજા અરધા ભાગ જેવો હોય છે.

૨. સ્ત્રી. કામુકી સ્ત્રી; કુલટા; વેશ્યા.

૩. સ્ત્રી. નાચ કરવામાં કુશળ સ્ત્રી.

જઘનચપલાઅંતવિપુલાઆર્યાગીતિ પું. (પિંગળ) એક આર્યાગીતિ માત્રામેળ છંદનું નામ. તેમાં બીજા દલમાં અપલાના નિયમો અને વિપુલા મુજબ યતિ આવે છે.

જઘનચપલાઅંતવિપુલાઉદ્ગીતિ પું. (પિંગળ) એ નામનો એક ઉદ્ગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ અને વિપુલા મુજબ યતિ આવે છે.

જઘનચપલાઅંતવિપુલાઉપગીતિ પું. (પિંગળ) એક ઉપગીતિ માત્રામેળ છંદનું નામ. તેના બીજા દલમાં અપલાના નિયમ અને વિપુલાની યતિ તથા બીજા નિયમ ઉપગીતિ મુજબ હોય છે.

જઘનચપલાઅંતવિપુલાગીતિ પું. (પિંગળ) એક જાતનો ગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલા પ્રમાણે નિયમ અને વિપુલા પ્રમાણે યતિ તથા બીજા સર્વ નિયમ ગીતિ મુજબ હોય છે.

જઘનચપલાઆદિવિપુલાઆર્યાગીતિ પું. (પિંગળ) એક આર્યાગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ અને પહેલા દલમાં વિપુલા મુજબ યતિ આવે છે.

જઘનચપલાઆદિવિપુલાઉદ્ગીતિ પું. (પિંગળ) એક ઉદ્ગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ અને પહેલા દલમાં વિપુલાની યતિ આવે છે.

જઘનચપલાઆદિવિપુલામાં, યતિ વિપુલાવાળી પેઠે; અપલા તથા નિયમ છે, બાકીના ઉદ્ગીતિને વિષે છે. સમુચ્ચય

જઘનચપલાઆદિવિપુલાઉપગીતિ પું. (પિંગળ) એક ઉપગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ, પહેલા દલમાં વિપુલાની યતિ તથા બીજા નિયમ ઉપગીતિ મુજબ હોય છે.

જઘનચપલાઆદિવિપુલાગીતિ પું. (પિંગળ) એક ગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ, પહેલા દલમાં વિપુલાની યતિ અને બીજા સર્વ નિયમ ગીતિ પ્રમાણે હોય છે.

જઘનચપલાઉભયવિપુલાઆર્યાગીતિ પું. (પિંગળ) એક આર્યાગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાના નિયમ અને બંને દલમાં વિપુલા પ્રમાણે યતિ આવે છે.

જઘનચપલાઉભયવિપુલાઉપગીતિ પું. (પિંગળ) એક ઉપગીતિ માત્રામેળ છંદ. તેના બીજા દલમાં અપલાનું માપ, બંને દલમાં વિપુલાની યતિ અને બીજા માપ ઉપગીતિ પ્રમાણે હોય છે.

જઘનજઘિક પું. એ નામનો પગનો એક સ્નાયુ.

જઘનધારા સ્ત્રી. પગનો એ નામનો એક કંડરા.

જઘનપૃષ્ઠ ન. જઘનપક્ષનું એટલે જઘનકપાલના ઉપલા પાંખ જેવા પહોળા ભાગનું બહારનું પાસું.

જઘનવિપુલા પું. (પિંગ) એ નામનો એક આર્યા માત્રામેળ છંદ.

જઘનસ્થલ ન. કોની કેડનો આજુબાજુનો ભાગ.

જઘનસ્નાન ન. કટિસ્નાન, કેડ સુધીનું સ્નાન.

જઘનાર્ધ [સ.] પું. નિતંબની પાછળનો અર્ધ ભાગ.

જઘની [સં. જઘનિન્] વિ. મોટા હનવાળું, મોટી જાંઘવાળું.

જઘન્ય ૧. [સં.] પું. એક જાતનો રાજકીય અનુચર.

૨. પું. નીચ જાતિ; હીન વર્ણ.

૩. પું. રસકસ ખેંચી લીધા પછીનો ભાગ.

૪. વિ. અત્યંત ખરાબ; નીચ.

૫. વિ. અંતિમ; છેલ્લું; છેવટનું.

૬. પિ કનિષ્ઠ; અધમ; હલકું.

૭. વિ. ગામ વગરના કેડ પછીના ભાગમાંથી ઉત્પન્ન થનાર; વહમાં વપરાયેલ ઝાડનું એક વિશેષણ.

૮. વિ. ઓછામાં ઓછું; અલ્પ.

૯. વિ. ધર્માર્થે કામનું એવો માંસ સેવન નહિ કરનાર.

૧૦. વિ. જઘન્ય.

જઘન્યમાત્રરજ્જુ ન. (જૈન) દિગમ્બર સંપ્રદાય પ્રમાણે સૂર્યોદયથી ત્રણ ઘડી પછીથી અને સૂર્યાસ્ત પહેલાં ત્રણ ઘડી અગાઉ એ બેની વચ્ચેનો ભોજન કરવાનો સમય.

જઘન્યજ ૧. [સં.] પું. અંત્યજ.

૨. પું. શૂદ્ર; ચાર વર્ણ પૈકી ઊતરતો વર્ણ.

૩. વિ. અત્યંત ઓછું; અતિ અલ્પ.

૪. વિ. કનિષ્ઠ; સૌથી નાનું

જઘન્યજા [સ.] ન ૨. ૨. (જ્યોતિષ) આર્દ્રા, અશ્લેષા, સ્વાતી, જ્યેષ્ઠા, ભરણી અને શતતારા એ ૬ નક્ષત્ર.

જઘર ૧. પુ. જખમ.

૨. પું. જનમરણ.

૩. પું. રાત્રે આવતી ઊંઘરસ.

જઘાત સ્ત્રી. બાળકો અને કુવારાંના શ્રાદ્ધની તિથિ, મરી ગયેલાં છોકરાંના શ્રાદ્ધનો દિવસ; ભાદરવા વદિ ૧૩.

જઘાતિયાં ન. બ. ૨. બાળક અને અવિવાહિત માણસના શ્રાદ્ધને માટે શ્રાદ્ધપક્ષની તેરશનો દિવસ; બાળકો તથા કુવારાંનું શ્રાદ્ધ કરવાની તિથિ; ભાદરવા વદિ તેરસ.

જઘાતિયું ૧. ન. નાનાં બચ્ચાંની શ્રાદ્ધતિથિ.

૨. ન. નાનાં બચ્ચાંનું શ્રાદ્ધ.

૩. ન. બાળપણમાં અથવા કુવારા મરી ગયેલ માણસ.

૪. વિ. બાળપણમા અથવા કુવારું મરી ગયેલું.

જઘાતિયો પું કુવારો છોકરો અથવા વાહો.

જઘ્રિ ૧ પુ. તીક્ષ્ણ અગ્ર.

૨. [સં.] પું મારનાર માણસ; વધ કરનાર.

૩. પું. વધ કરવાનું હથિયાર.

જઘ્નુ [સં.] વિ. મારનાર; મારી નાખનાર; ઘાતક.

જચના [હિ.] ન. તપાસ.

જચનિહાર પુ. દિશાન તપાસવા નિમાયેલ માણસ.

જચવું સ. ક્રિ. ગમવું; રુચવું.

જચા [સ જન્] સ્ત્રી (હિંદી) સુવાવડી સ્ત્રી.

જચાઈ [હિ.] સ્ત્રી કસોટી; ખાતરી.

જચાચર જુઓ જચાઈ.

જચાજત [હિ.] સ્ત્રી. તપાસણી.

જચ્ચા [સં જન્] સ્ત્રી. (હિંદી) સુવાવડી સ્ત્રી.

જચ્ચાખાના [હિ.] પુ. સુવાવડખાનું; પ્રસૂતિગૃહ.

જચ્ચાગીરો [હિ.] પુ બાળકના જન્મ વખતે ગવાતું ગીત.

જચ્ચું [પં. જચ્ચ] વિ. ઉત્તમ.

જજ ૧. [અં.] પું. ધન્સાફી અદાલતમાં કામ કરનાર મુખ્ય અમલદાર; ન્યાયાધીશ; જડજ.

૨. [સં.] પું. બોદો; હાડપિંજર.

જજકવું ૧. અ. ક્રિ. કટકો પડવો.

૨. અ. ક્રિ. ખીલવું, ગજગજવું.

જજમાન ૧. [સં. યજમાન] પું. આશ્રય આપનારો માણસ.

૨ પુ પોતાને પુણ્યફળ મળવા માટે બ્રાહ્મણોને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર વ્યક્તિ. તે બ્રાહ્મણ, રાજા, ક્ષત્રિય અથવા વૈશ્ય હોઈ શકે.

૧. જજમાનની જાત કઈ જોવા ? = યજમાન કોઈ પણ જાતિનો હોઈ શકે.

૨. જજમાનને મન ગોરાણી, કંઈ ગોરને મન ગોરાણી હોય ? = એક માણસને મન જે મહાન દેખાતું હોય તેવું હમેશ બીજાને ન દેખાય.

૩. પું. યજ્ઞ કરનાર માણસ; યજ્ઞ કે હોમ હવન કરનાર વ્યક્તિ.

જજમાનવૃત્તિ ૧. [સં. યજમાનવૃત્તિ] સ્ત્રી. જજમાની કરીને ગુજરો કરવો તે; જજમાનો ઉપર આધિપત્ય ચલાવવું તે; પોરપદું; પુરોહિતપણું.

૨. સ્ત્રી. માગી ખાવાનો ધંધો.

જજમાનિયું ૧. વિ. જજમાનવૃત્તિવાળું; જેનો આધાર જજમાન ઉપર હોય એવું.

૨. વિ. જજમાનોને કરાવવામાં આવતું હોય એવું, જાડુંપોતું

જજમાનિયો ૧. પું. જજમાનિયો; જેને પેઢી દરપેઢીથી યજમાનવૃત્તિ ચાલતી આવી હોય તેવો બ્રાહ્મણ.

૨. પું. લેભાગુ જજમાનોનો ગોર.

૩. પું. વાણિયાનો ગોર.

જજમાની ૧. સ્ત્રી. જજમાનની સ્ત્રી.

૨. સ્ત્રી. જજમાનવૃત્તિ; જજમાનપણું કરવું તે.

જજમેંટ [અં. જજમેંટ] ન. ફેસલો, ચુકાદો.

જજરેયર ૧. વિ. તાકાત વિનાનું; કમજોર.

૨. વિ. તોતડું; બોલવામાં અસ્પષ્ટ.

જજવું સ. ક્રિ. પૂજવું; યજવું.

જજહૂતી પું. બુંદેલખંડનું એક પ્રાચીન નામ.

જજાત ૧. [સં.] સ્ત્રી ઉત્તમ જાતિ.

૨. સ્ત્રી. પૂંછ; બિરુદ.

જજાતીપુર ન. એ નામનું એક ગામ; યયાતિપુર; જાજપુર.

જજિયાકર પું. મુસલમાન સિવાય પરધર્મીઓ પાસેથી લેવાતો માથાદીઠ કર. અરબસ્તાનના ખલીફાઓએ એવો કરવો પરધર્મીઓ પાસે આ કર લેવાનું ઠરાવ્યું હતું કે, મુસ્લામીઓ સ્વધર્મી રાજ્ય માટે લડવા જાતી રાજ્યની સેવા બજાવે છે અને પરધર્મીઓ તે સેવા બજાવતા નથી. માટે રાજ્યના રક્ષણ તળે રહેવાને તેમણે જજિયાવેરો આપવો જોઈએ. અરબસ્તાનમાં કાફરો પાસે, ઈરાનમાં પારસીઓ પાસે, મરપમાં ખ્રિસ્તીઓ પાસે ને હિંદુસ્તાનમાં હિંદુઓ પાસે આ કરવો મુસલમાન બાદશાહો માથાદીઠ વેરો લેતા હતા. અકબર બાદશાહે જજિયાવેરો બંધ કર્યો હતો

જજિયો જુઓ જજિયાવેરો.

જજી ૧. પું. ગુર્જર દેશ; ગુજરાત.

૨. સ્ત્રી. જજની કચેરી; અદાલત.

૩. સ્ત્રી. ન્યાયાધીશનું કામ.

૪. સ્ત્રી. ન્યાયાધીશનો હોદ્દો.

જજ્જો ૧. પું. જ એવો ઉચ્ચાર; જકાર.

જટાપુર

૨. પું. જ નામનો મૂળાક્ષર; જ એવો અક્ષર.

જજ્ઞ ૧. પું. જગત.

૨. [સં. યજ્ઞ] પું. યજ્ઞ; જજ્ઞન; યાગ.

જજ્ઞરાળા [સં. યજ્ઞશાલા] સ્ત્રી. યજ્ઞ કરવાની જગ્યા.

જજ્ઞમ ૧. [અ.] પું. ખેચાણ; તાણ.

૨. પું. ચૂસનુ તે.

જજ્ઞમા [અ.] પું. વાસના; ઇચ્છા; લાગણી.

જજ્ઞમ ૧. [અ] પું ફારસીમાં અક્ષર જોડો બતાવવાને અને તેના પછી સ્વર ન આવે તે માટે તેના ઉપર કરવામાં આવતી નિશાની; ' ^ '.

૨. ન. નક્કી કરવું તે.

જિમ જજ્ઞમ = દૃઢ નિશ્ચયથી.

જજ્ઞયા જુઓ જજિયાવેરો.

જજ્ઞર [અ.] પું. વર્ગમૂળ.

જજ્ઞા ૧. [અ.] પું. નહો; ઢાવડો.

૨. પું. બહલો; સાદું; બળતર.

૩. સ્ત્રી. પરિણામ; અસર.

જજ્ઞાર્હલ [અ.] પું. મોટી બંદૂક.

જજ્ઞાકલ્લાહ ૧. [અ.] અ. અલ્લાહ તેને બદલો આપે; પ્રભુ તેને બદલો આપે.

૨. ઉ. શાબાશ.

જજિયા [હિ.] પું. મુસલમાન સિવાય અન્ય ધર્મીઓ પાસેથી મુસલમાની રાજ્યમાં લેવાતો મુકાબલેવેરો. જુઓ જજિયાવેરો.

જજિરા [અ. જઝાયર] પું. બેટ; ટાપુ; દ્વીપ.

જજીરિનુમા [અ.] પું. દ્વીપકલ્પ.

જજ્બા [અ.] પું. ભાવ.

જજ્બ ૧. [અ.] પું. ગણિતમાં બેદાવવાની નિશાની.

૨. પું. જરતી ઓટ

૩. પું. વર્ગમૂળ.

જટ્ [સં.] અ. ક્રિ. વાળ એકઠા કરવા; વાળનું જટા જેવું કરવું; વાળને ગાંઠ મારવી.

જટ ૧. પું. (વેદાંત) અભર્માઠ અને અસત્ય બોલનાર માણસ

૨. પું. ભરવાડ.

૩. પું. હનુમાન મંત્ર.

૪ સ્ત્રી. મુસલમાનની એક જાત; જાટ.

૫. સ્ત્રી. રજપૂતની એક જાત.

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. વિ. એ નામની જાતનું.

૮. વિ. જંગલવાસી; જંગલી.

૯. વિ. ઢીલું; અનાડી.

જટકા ૧. સ્ત્રી. એ નામની એક જાતની ઘોડાસાડી.

૨. ન. તરવાર જેવું હથિયાર.

જટજૂટ પું. ગંજોડો.

જટજૂથ વિ. બટાટોપ.

જટમાશી પું. એક જાતનો ઝોડ; જટામાંસો.

જટરવલ પું. (કચ્છી) એક જાતનો ઝોડવો. એ જમીન ઉપર પથરાયેલો હોય છે. એનાં પાન લાંબાં, સાંકડાં અને કૂલ પીળાં હોય છે. એનો ઉપયોગ સંગ્રહણીમાં થાય છે.

જટલ ૧. પું. હનુમાન મંત્ર.

૨. સ્ત્રી. સર્પ.

૩. સ્ત્રી. નકામી વાત.

૪. વિ. જંગલવાસી; જંગલી.

૫. વિ. ઢીલું; અનાડી.

જટલી સ્ત્રી. જટાની એક લટ.

જટા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; કચૂરો.

૨. સ્ત્રી. કપિકચ્છુ નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. કેટલીક વનસ્પતિની જાત ઉપર થતા વાળા અને ઓકસીજનની સાથે મૂંઝવાઈ ગયેલા તંતુઓનો સમૂહ; ભૂખરાં.

૪. સ્ત્રી. કેરીના ગોટલા ઉપરના રેસા.

૫. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

૬. સ્ત્રી. ઝાળમાંથી નીકળીને લટકતાં વડ અથવા પીપર વગેરેનાં મૂળિયાંનો સમૂહ; વડવાઈઓ

૭. સ્ત્રી. હેમકોશમાં આવેલા જટાકૂટાશ્ર પર્વતનું બીજું નામ.

૮. સ્ત્રી. જોવજામણી નામની વનસ્પતિ.

૯. સ્ત્રી. માથે વધારેલો અને તેલ વગર રાખવાથી બરછટ થઈ ઓકસીજનની સાથે ભાગી ગયેલા વાળનો સમૂહ; બરછટ અને લટકતિયાં થઈ ગયેલો મોટો ચોટલો; મુનિ કે સાધુ બાવાનો માથા ઉપરના વાળનો જથ્થો; મોટી શિખા; લાંબો ચોટલો.

૧. જટા કરવી = (૧) વાળ ભેળવા. (૨) સાધુ તપસ્વી જેવા થવું.

૨. જટા પાકવી = મુસ્સે થવું; ઉશ્કેરાઈ જવું.

૩. જટા બાંધવી = વડ વગેરે ઝાડિયા વનસ્પતિનું ઝીકલું ચીકણ નાખી વાળની ગાંઠ વાળી દેવી.

૪. જટા રાખવી = માથે લાંબા વાળ વધારવા.

૧૦. સ્ત્રી. વસ્ત્રનાં મૂળ.

૧૧. સ્ત્રી. વેદના મંત્ર ઉચ્ચારવાની એક રીત; વેદ ભણવાનો એક પ્રકાર; વેદમંત્ર ભણવાની એક રીત. વેદપાઠના ચાર પ્રકાર છે: પદ, ક્રમ, જટા અને ઘન. પ્રથમ સાદી રીતે મંત્ર ભણવો. પછી તેનાં પદ ને ક્રમ કરવાં; પછી તેની જટા કરવી અને પછી ઘન કરવો એમ અનુક્રમ છે

૧૨. સ્ત્રી શતાવરી લતા.

૧૩. સ્ત્રી શંકરનો અંબોડો; કલગટા.

૧૪. સ્ત્રી. શાખા.

જટાધીર [સં.] પું. શિવ; મહાદેવ.

જટાજૂટ ૧. [સં.] પું. જટાનો સમૂહ; જટાને આંટા દઈને વાળેલી ગાંઠ; જટાનો ચારો.

૨. પું. શિવ.

જટાજૂટધારી [સં. જટાજૂટધરિન્] વિ. મોટી જટા ધારણ કરનાર.

જટાજૂથ [સં. જટાયૂથ] ન. જટાનું જૂથ; અંબોડો.

જટાજ્વાલ [સં.] પું. દીવો.

જટાધર ૧. પું. તપસ્વી; જોગી

૨. [સં.] પું. ઇક્ષિણમાં આવેલો એ નામનો એક રેલ.

૩. પું. જૈન સાધુ.

૪ પું. મહાદેવ; શંકર; શિવ.

૫. પું. વડનું ઝાડ.

૬ વિ. જેને માથે જટા હોય તેવું; જટા ધારણ કરનાર.

જટાધારી ૧. [સં. જટાધારિન્] પું. તપસ્વી; જોગી.

૨. પું. બાવો.

૩. પું. મુર્ગેશનું ઝાડ.

૪. પું વડનું ઝાડ.

૫ પું. શિવ.

૬. ન. ગુલકેવડાનું ફૂલ.

૭ વિ. જેને માથે જટા હોય તેવું; જટા ધારણ કરનાર.

જટાધારી બાવા = માથે વાળ રાખનારા બાવાઓનો વર્ગ.

જટાપટલ [સં.] પું. વેદપાઠ કરવાનો એક પ્રકાર. એમ મનાય છે કે આ ક્રમ હજારોવે કાઢ્યો હતો.

જટાપાઠી [સં. જટાપાઠિન્] પું. પદ, ક્રમ અને જટા એટલે સુધીની વેદમંત્રોના પાઠ કરવાની રીતો જાણનાર માણસ.

જટાપુર ન (પુરાણ) એ નામનું એક નગર.

જટાફેટાકા પુ. એ નામનો એક ડુગર. તેમા ગોદાવરી નદીના મૂળ હોવાનુ કહેવાય છે.

જટાભટકા ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. તે ત્રબકેશ્વરની પાસે બ્રહ્મગિરિની ઉપર છે. પર્વતનો આ ભાગ જટા જેવો દેખાય છે. તટ નીચે અક્ષરના ઝાડ નીચે ધ્યાનાવસ્થિત ગોતમ મુનિની મૂર્તિ છે.

જટામાલી [સં. જટામાલિન્] પું. મહાદેવ; શિવ.

જટામાસી પું. એક જાતનો છોડ.

જટામાંસી ૧. [સ.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ભૂતજટા; જટિલા; તપસ્વિની. આ વનસ્પતિ હિમાલય ઉપર બરફી ઊંચાઈ સુધી, નેપાળ, ભૂતાન અને સિક્કિમમાં થાય છે. કેટલાક જગ્યાએ તે ૧૩૦૦ ફૂટથી પણ વધારે ઊંચાઇએ હોય છે. વૈદકમા જટામાસીને જળપ્રસ્થક, ઉત્તમ, વિષઘ્ન તથા ઉન્માદ, કાશ, શ્વાસ આદિને દૂર કરનારી માની છે. એના મૂળનો ઉપયોગ ચાવુનાચૂરક તરીકે થાય, આયકો જેવા દરદોમાં થાય છે. તેના મૂળના રવાદ સહજ કડવો હોય છે. દેશી દવામા તેનુ તેલ તથા બી પણ ઔષધ તરીકે વપરાય છે. જટામાસી શ્વાસકુઠાર અને ક્ષતનાશ ઉત્તમ હોવાથી ઉન્માદ, હૃદયના ધબકારા, કોમળવાયુ અને વામાં તે વપરાય છે. તેની માત્રા ૧૫થી ૨૫ ગ્રેન મનાય છે. આ જમીન ઉપર પથરાતા વેલની જાતની વનસ્પતિનું ખિલાડીની પૂછડી જેવુ ઉપર રેસાના જૂથરાવાળું મૂળ છે. તે દવા તરીકે વપરાય છે. આનો સ્વાદ કડવો અને તીખો હોય છે. તેમાં સુગંધી હોવાથી ચંદનમાં વપરાય છે. વળી તેમાંથી સુગંધી તેલ નીકળે છે. દેશી ઔષધિ તરીકે તેનો ક્વાથ કરવામાં ઉપયોગ થાય છે. એમાંથી પાકો કાળો રંગ પણ નીકળે છે. પાકોને ધોળા થઈ ગયેલા વાળ રંગવામાં તેનો ઉપયોગ ઉત્તર હિંદુસ્તાનમાં પુષ્કળ થાય છે.

૨. સ્ત્રી. ખાગરમોથ.

૩. સ્ત્રી. બાલછડ; બાલચર; વાલછડ.

જટામુકુટ ૧. [સં.] પું. કેશનાં ગૂંચળાંનો બનાવેલો મુગટ.

૨. પું. માથા ઉપરના વાળની જટા.

જટામુગટ જુઓ જટામુકુટ.

જટાયુ ૧. [સં.] પું. ગૂગળ.

૨. પું. (પુરા.ણ) રામાયણમાં આવેલ એક ગૃધ્રરાજ. તેના પિતા સૂર્યના સારથિ અરુણ અને તેની માતાનું નામ શ્યેની હતું. સંપાતિ તેનો મોટો ભાઈ થાય. તે ગીધનો રાજા હતો. રામાયણ ઉપરથી એ વિષ્ણુના વાહન ગરુડનો પુત્ર હતો એમ જણાય છે. પુરાણોમાં એને દશરથનો મિત્ર કહ્યો છે. દશરથ શનિની પાસેથી સીતાને લેવાને ક્રાંતિમડળમાં ગયો હતો. શનિની દૃષ્ટિને લીધે એનો રથ બળી ગયો અને રાજા નીચે પડ્યો. જટાયુએ એને પડતો ઝીલી લઈને ઉગાર્યો હતો. પદ્મ પુરાણમાં વળી એવી કથા છે કે પોતાના રાજ્યમા દુકાળ પડ્યો હતો ત્યારે દશરથ શનિ ઉપર ચડી ગયો. પણ એને રથ સહિત સ્વર્ગમાંથી ફેંકી દીધો. તે જટાયુએ ઝીલી લીધો હતો. રામ પચવટીમાં રહ્યા ત્યારે સીતાનું રક્ષણ કરવાનુ તેણે માથે લીધેલુ. તે રામભક્ત હતો. સીતાને હરણ કરી લઈ જતાં તેણે રાવણને રોકવા હતા. પોતે વૃદ્ધ હોવા છતાં તેણે રાવણ સાથે યુદ્ધ કર્યું, પણ રાવણ તેની પાંખો કાપી નાખી ઘાયલ કરીને નાસી ગયો હતો. સીતાની શોધ કરતા રામ લક્ષ્મણને તેણે ભાળ આપી. જટાયુને આ દયામા જાણે રામ લક્ષ્મણ બધુ ભાકુણ થયા. રામે તેને ખોદામા લીધો અને તેમના દરાન કરી જટાયુ મોક્ષ પામ્યો. રામ જાતે તેની અત્યષ્ટિ ક્રિયા કરી હતી.

૩. ન. (જ્યોતિષ) એ નામનું નક્ષત્રમડળ.

જટારુદ્રા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

જટાલ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માહેનો એ નામનો એક ગ્રહ.

૨. પું. અક્કરનું ઝાડ.

૩. પું. કચૂરો નામની વનસ્પતિ.

૪. પું. ગૂગળ.

૫. પું. પીપરીનું ઝાડ.

૬. પું. વડનું ઝાડ.

૭. પું. શિવ.

૮. સ્ત્રી. નરકચોરા. સાંઠ પોર અને હલદીની પેઠે તેને પણ ફણ્યાં હોય છે માટે તેને જટાલ કહે છે.

૯. વિ. જટાધારી; જટાવાળુ.

જટાલા [સં.] સ્ત્રી. જટામાંસી.

જટાલુ જુઓ જટાલ.

જટાવતી [સં.] સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

જટાવલ્લી ૧. [સં.] સ્ત્રી. જટામાંસી; ગંધમાસી.

૨. સ્ત્રી. મહાદેવની જટા; રુદ્રજટા; શંકરજટા.

જટાવળી સ્ત્રી. જટાનું જૂથ; વાળ જેવા કરી બાંધેલું ગૂંચળું.

જટાશંકર [સં.] પું. શંકર; શિવ.

જટાસુર ૧. પું. (પુરા.ણ) અલબુષ રાક્ષસના બાપનું નામ. પાડવો તીર્થયાત્રા કરતા કરતા આવીને બદરિકાશ્રમમાં રહ્યા હતા. ત્યાં આ જટાસુર મુનિનો વેષ ધારણ કરીને પોતે પોતાને મુખે પોતાના ગુણોની પ્રશંસા કરી વિશ્વાસ ઉપજાવી તેમની પાસે કપટથી રહ્યો હતો. એના મનમાં એમ હતું કે જ્યારે આશ્રમમાં ભીમ નહિ હોય ત્યારે લાગ મળ્યે પાંડવોને મારીને દ્રૌપદીનું હરણ કરી જઈશ. આ એનું કપટ પાંડવોના જાણવામાં ન આવ્યુ અને એ કોઈ મુનિ હશે એમ જાણીને બધાં એની સેવામાં તત્પર રહેતાં. એક વખત એવુ બન્યુ કે ભીમસેન ફળ વગેરે લેવા વનમા ગયો. પોતાની ધારણા પ્રમાણે આ યોગ આવતા જ એણે દ્રૌપદી સાથે પાંડવોને ઊંચકી લીધા. અર્જુન આ વખતે ઉદ્યોગમાં ગયેલો હતો, એટલે એ અને ભીમ બે સિવાયના ત્રણ ભાઈઓ અને દ્રૌપદીને લઈને તે બધી જ દોટ મૂકીને નાઠો. યુધિષ્ઠિરે એને બહુ પ્રકારે નીતિનો બોધ કર્યો, પણ તે ધ્યાનમાં ન લેતાં તેણે દોડવા જ માંડ્યુ. યુધિષ્ઠિરે કોઈ અલૌકિક પ્રકારે જડ રૂપ ધારણ કરવાથી એનો વેગ અટક્યો અને એનાથી આગળ ચલાયું નહિ. એટલામાં ભીમસેન આશ્રમમાં આવ્યો. પાંડવો ત્યાં નથી તે જોઈને તે શોધ કરવા નીકળી પડ્યો ને ત્યાં આવી ચઢ્યો. ભીમસેને જટાસુરની સાથે ઘોર યુદ્ધ કરીને એને મારી નાખ્યો.

૨. પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય તે મદ્ર દેશનો રાજા હતો.

૩. પું. જટાસુર રાક્ષસનો દેશ.

જટાસુરવધ [સં.] પું. મહાભારતના વનપર્વનું એ નામનુ એક પેટા પર્વ.

જટાળી હરડે (જટાળી હરડે) સ્ત્રી. વૃક્ષ, ફળને તેના ઉપલા ભાગમાં વાળ હોય છે.

જટાળું વિ. જટાવાળું.

જટિ ૧. સ્ત્રી. અક્કરનું ઝાડ.

૨. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જટામાસી.

૩. સ્ત્રી. જટા.

૪. સ્ત્રી. પીપરીનું ઝાડ.

૫. સ્ત્રી. વડનું ઝાડ.

૬. સ્ત્રી. સમૂહ; જમાવ.

૭. વિ. જટાવાળું.

જટિક પું. વાળનો ગુચ્છો.

જટિકા સ્ત્રી. વેરમા.

જટિકાયન પું. અથર્વવેદનો એ નામનો એક ઋષિ.

જટિત ૧. [સં.] વિ. અંદર અંદર ગૂંચવાઈ ગયેલું; ભરી ગયેલું

૨. વિ. રચેલ.

જટિયું ૧. ન. જટાનું એકદમ ઓછું; વાળની છૂટી ગૂંચવાયેલી લટ; દૂંપ ને બરડાના વાળની લટ; અંબોડા વાળ્યા વિનાના છૂટા વાળ.

૨. વિ. જટાવાળું.

જટિલ ૧. [સં.] પું. જટાધારી સાધુ; જેને માથે જટા હોય તેવો તપસ્વી.

૨. પું. જટામાસી નામની વનસ્પતિ.

૩. પું. બ્રહ્મચારી.

૪. પું. વડનું ઝાડ.

૫. પું. શિવ. જે વખતે શિવ માટે પાર્વતી હિમાલય ઉપર તપ કરતાં હતાં તે વખતે શિવ જટિલ વેશ ધારણ કરીને તેમની પાસે ગયા હતા. તે ઉપરથી તેનું આ નામ પ્રચલિત મનાય છે.

૬. પું. સિંહ.

૭. ન. ગુગળનું ઝાડ.

૮. ન. જટાઈ.

૯. વિ. અટપટું; ગૂંચવણ ભરેલું; ગૂંચવાયેલું; કુબોધ.

૧૦. વિ. અત્યંત કઠણ; કઠિન.

૧૧ વિ. ક્રૂર; દુષ્ટ; હિંસક.

૧૨. વિ. જટાધારી; જટાવાળું.

૧૩. વિ જડેલું; સજ્જડ; મજબૂત.

૧૪. વિ. યોગી કે તપસ્વી તરફથી મળેલું.

૧૫. વિ. રેસાઓથી ઘટ ઉભારેલ.

૧૬. વિ. લાંબા વાળવાળું.

જટિલક [સં.] પું. એ નામનો એક પ્રાચીન ઋષિ.

જટિલયોગી પું. જટાધારી સંન્યાસી; શિવ.

જટિલતા ૧. [સં.] સ્ત્રી. ગૂંચવણ; અટપટાપણું.

૨. સ્ત્રી. ગંજાવીપણું.

જટિલા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ગૌતમ કુળની એ નામની એક કન્યા. એનો વિવાહ સાત ઋષિપુત્રો સાથે થયો હતો. તે બધી ધર્મપરાયણ હતી. તેનો પ્રતિબ્રહ્મ ખાસે દુષ્ટ રાજાને કહી સંભળાવ્યો હતો.

૨. સ્ત્રી. જટામાસી નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. જટાવાળી સ્ત્રી.

૪. સ્ત્રી. દમનક વૃક્ષ.

૫. સ્ત્રી. પીપરીનું ઝાડ.

૬. સ્ત્રી. જટામાંસિકી.

૭. સ્ત્રી. વજ્ર; ગંધીલો વજ્ર; ધોળાવજ્ર.

જટિલી [સં.] સ્ત્રી. સિંહણ.

જટી ૧. [સં. જટિન્] પું. (પુરાણ) રાવણે પાતાળમાંથી છોડેલો એ નામનો એક નાગ.

૨. પું. વડનું ઝાડ.

જટી કપર્દી રમ્યાક્ષ બહુપાદ ધ્રુવ ત્વમોઘ,
આ વરો વા હે રુપી સહુ સુખનો અવરોધ.
પિત્રભક્તપ્રબોધ

૩. પું શિવ.

ત્રિનયન વેણુક ત્રિપુર અરિ ઈશ ઉમાપતિ હોઈ,
જટી ત્રિશાલી પર્વતિ કહે વૃષધ્વજ સોઈ.
પિત્રભક્તપ્રબોધ

૪. સ્ત્રી અંજીરનું ઝાડ.

૫. સ્ત્રી. જટા; વાળની લટ.

૬. સ્ત્રી. જટામાસી નામની વનસ્પતિ.

૭. સ્ત્રી. પીપર; પીપરીનું ઝાડ.

૮. સ્ત્રી. સમૂહ; જથ્થો.

૯. વિ. જટાવાળું

જટુકલું ન માથાના વાળની લટ.

જટુલ [સં.] પું. શરીર ઉપરનો માથા તથા જેવો ગ્રંથ.

જટો પું. એ નામનો એક ગમાર.

જટોદ્ભવા ૧. [સં.] સ્ત્રી. ગંગા.

૨. સ્ત્રી. જહ્નુપુત્રોને ભસ્મકારી જટોદ નામની નદી.

જટોલ જુઓ જટોદ્ભવા.

જટ્ટ ૧. પું. જાટ જાતના લોકો.

૨. પું. નાના ટુંકા વાળ.

૩. વિ. અડિયલ; જંગલી; જાડી બુદ્ધિનું; અજ્ઞાની

૪. વિ. કઠણ હૃદયનું.

જટ્ટાજટિન [સં.] વ. જૈરાંઓથી જાજરમાન આવતું નાટક. તેમાં ઓગણો પુરુષોના પાઠ જાજરે છે. આ નાટકમાં પુરુષોને દાખલ કરવામાં આવતા નથી.

જટ્ટી [સં. યષ્ટિ] સ્ત્રી. જેઠીમધનું ઝાડ.

જટ્ટિકા (જટ્ટા) પું. એક જાતનો ધમારતી ગ્રંથમાં વપરાતો પથ્થર.

જટ્ટિનિયા [હિં.] સ્ત્રી. જેઠાણી.

જઠર ૧. [સં.] પું. (પુરાણ) ભાગવત પુરાણાનુસાર એક પર્વતનું નામ. તે મેરુની પૂર્વે ઓગણીસ હજાર યોજન લાંબો છે અને નીલ પર્વતથી નિષધગિરિ સુધી પહોંચેલો છે. તે બે હજાર યોજન પહોળો અને તેટલો જ ઊંચો છે.

૨. પું. મહાભારતમાં આવેલો એક પ્રાચીન દેશ.

૩. પું. સુશ્રુત અનુસાર એક ઉદરરોગ. તેમાં પેટ ફૂલી આવી ભોજન ઉપર અરુચિ થાય છે.

૪. ન. પેટ; ઉદર; ઓજરી; ઢોજરી; દાંતે ચારીને મોં ઉતારેલો ખોરાક પહેલવહેલો. જ્યાં અન્ન છે તે કોથળી જેવો અવયવ; અન્નાશય; આમાશય.

૫. ન. પેટમાં અન્નને પચાવનાર અગ્નિ.

૬. વિ. બંધાયેલ; બાંધેલ; કઠણ.

જઠરકૃમિ [સં.] પું. જઠરમાં રહેલું જીવડું; કરીમ.

જઠરછેદન [સં] ન. પેટમાં કોઈ પણ કારણ કરવી તે; 'ગેસ્ટ્રોટોમિ'

જઠરતાહ [સં.] પું. પેટમાં બળતરા જવી તે; બહુ તરસ લાગે, જેવેની રહે તથા પેટમાં દુઃખે તેવું દરદ.

જઠરતુલ [સં. જઠરનત] પું. ગરમાળાનો જોગ. તે ખાવાથી જઠરાગ્નિ ઉત્પન્ન થાય છે, માટે તેને જઠરતુલ કહે છે.

જઠરભરણ [સં. જઠર (પેટ) + ભરણ (ભરનાર)] વિ. પોતાના પેટનું જ પોષણ કરનાર; પેટકણ.

જઠરરસ [સં.] પું. જઠરાગ્નિ; જઠરમાં ક્રમનો પાચક રસ; ઓજરીના અંદરના પડમાં આવેલી ગ્રન્થિઓવાળી મૃદુ નળીઓમાં પેદા થતો પાચનક્રિયામાં ઉપયોગી એક જાતનો રસ. તે વાસ વિનાનો, સ્વચ્છ, સ્વાદે ખાટો અને ખારો હોય છે. તેનામાં સારો જઠરાગ્નિ અને દુર્ગંધ દૂર કરવાનો ગુણ છે. તે પાણી, પેપસિન, મીઠું અને હાઇડ્રોક્લોરિક ઍસિડનો બનેલો છે. જઠરરસ જંતુનાશક છે. ખોરાક સાથે જતાં કેટલાંક જંતુઓ આ આમ્લરસથી મરી જાય છે, એટલે જંતુઓ આંતરડામાં જઈ શકતાં નથી. ઓજરીમાં ખોરાક ન હોય તો આ રસ પ્રગટતો જ નથી, એટલે જ વિશૂચિકા એટલે કૉલેરા વખતે ખાલી પેટ રાખવું નિષિદ્ધ છે. ઓજરીમાં અન્ન હોય તો ઉદરમાં આવેલાં કૉલેરાનાં જંતુઓ જઠરરસના સંપર્કથી નાશ પામે છે.

જઠરવ્યથા [સં.] સ્ત્રી. પેટમાં થતું દુઃખ.

જઠરા ૧. સ્ત્રી. ઓજરી; અન્નાશય.

૨. સ્ત્રી. પેટમાં અન્ન પચાવનાર અગ્નિ.

૩. વિ. બાંધેલ; કઠણ.

જઠરાગ્નિ ૧. [સં.] પું. પેટની ખોરાક પચાવવાની શક્તિ; ઓજરીમાં ઉત્પન્ન થતો અન્ન કે ખોરાક પચાવે એવો રસ; જેથી ખાધેલું પચે તેવો પેટમાં રહેલો અગ્નિ; વૈશ્વાનર. મંદ, અતિતીક્ષ્ણ, વિષમ અને સમ એ ચાર પ્રકારનો અગ્નિ

જઠરમાં રહેલ છે. તેમાં જો કફની વૃદ્ધિ થાય તો અગ્નિ મંદ થાય છે, પિત્તના વધારાથી ઘણો તીક્ષ્ણ થાય છે, વાયુના વધારાથી વિષમ થાય છે અને ત્રણે દોષના સમાનપણાથી સમ થાય છે. મંદાગ્નિવાળો ખોરું ખાય તોપણ પચતું નથી. વિષમાગ્નિવાળો ખાય તો કોઈક વખતે પચે અને કોઈક વખતે પચે જ નહિ. તીક્ષ્ણાગ્નિવાળો ઘણું ખાય છતાં પચ્યું સર્વ પચી જાય છે. એ ચાર અગ્નિ પૈકી સમાગ્નિ શ્રેષ્ઠ છે.

હું બની જઠરઅગ્નિ, ને પ્રાણોના દેહમાં રહી,
પ્રાણાપાને જ સેમાઈ, પચાવું અન્ન ચોનિધિ.
ક્રમિનીત

૨. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

જઠરાગ્નિદીપક [સં.] વિ. પેટની ખોરાક પચાવવાની શક્તિ વધારે એવું.

જઠરાછાદ [સં.] ન. આમાછાદ; આપેલું અન્ન જાઠરામાં કાચું નીકળે એવો અજીર્ણનો એક પ્રકાર. આ રોગમાં આપેલું અનાજ જ્યાંનું ત્યાં પડી રહેવાથી તેનું પાણી ઓઢામાં પાછું આવે અને ગાલ અને આંખ ઉપર સોજો થાય.

જઠરાધોમુખ [સં.] ન. જઠર અને આંતરડા વચ્ચેનું દ્વાર.

જઠરાનલ જુઓ જઠરાગ્નિ.

જઠરામય ૧. [સં.] પું. અતિસાર રોગ; ઝાડાનો રોગ.

૨. પું. જલોદર; પેટમાં પાણી ભરાવાનો રોગ.

૩. પું. પેટનો રોગ.

જઠરાવાસ [સં.] પું અર્ભવાસ; ઓના જઠરમાં રહેલું તે.

જઠરી ૧. [સં.] ન. પેટના જખું જોર્ડ જ્વાજાય.

૨. ન. વૈદિક કાળનું એક પ્રકારનું જળપાત્ર. તેનો આકાર ઊંટ જેવો હતો.

જઠોળી સ્ત્રી. જવનો રોટલો.

જડ (જડ્) ૧. સ્ત્રી. આધાર.

૨. સ્ત્રી. ખીલી; મેખ; ફાચર.

૧. જડ ઊખેડવી–ખોદવી = નુકસાન પહોંચાડી અથવા ચૂરાઈ કરીને સમૂળગો નાશ કરવો. પોતાની મૂળ સ્થિતિએ ન આવી શકે એવો નાશ કરવો.

૨. જડ ઘાલવી–જમાવવી = (૧) પાયો નાખવો; સ્થાપવું. (૨) મજબૂત કરવું.

૩. જડ જામવી–પકડવી–બાઝવી = ઘટ્ટ અથવા સ્થાયી થવું. ચોંટી જવું; જામવું.

૩. સ્ત્રી. ચાંદ; મૂળનો જાડો જેવો ભાગ, જેને ચાવવાથી દબૂકો પડે છે.

૪. સ્ત્રી. ચૂડી; સ્ત્રીઓને નાકે પહેરવાનું ઝોક આકારનું ઘરેણું.

૫. સ્ત્રી. નિર્જીવ વસ્તુ.

૬. સ્ત્રી. મૂળનો છેલ્લો નાજુક ભર્મ ભાગ; મૂળાંત; મૂળ; મૂળિયું.

૧. જડ ઊખડવી–ઊખડી જવી = સમૂળો નાશ થવો.

૨. જડ કાઢવી = (૧) સ્થાયત્વ કરવું. (૨) જડમૂળથી નાશ કરવો; નિકંદન કાઢવું; મૂળમાંથી ઉખેડી નાખવું; પાયમાલ કરવું.

૭. સ્ત્રી. રાત્ર અથવા જનોઈ વખતે માથાના વાળની જરે આંખોમાં આવતો કરડો.

જડ વાસવી = (૧) જડિયાએ જનોઈ અથવા લગ્નની આગલી રાત્રે મૂત્ર રહેવું. (૨) જનોઈ આપતી હોય તેના અથવા પરણનારના માથાના વાળમાં તેની ફઈબાએ વીંટી પહેરાવવી.

૮. સ્ત્રી. વાળની લટ.

૯. સ્ત્રી સમય. હેતુ. કારણ

૧૦. સ્ત્રી. રાજમ; પુષ્કળ પૈસો એકઠો થવો તે

જડ આકરી = પડતી દશામાં ન આવી જવાય એવો પુષ્કળ પૈસો એકઠો થવો.

૧૧ સ્ત્રી. સાબો; 'રિચેટ'.

૧૨. ન. પાણી

૧૩. ન. સ્પર્શ.

૧૪. વિ. અચેતન; સંજ્ઞા રહિત; નિર્જીવ; હાલે ચાલે નહિ તેવું; ક્રિયન કે ચૈતન્ય વગરનું છવ વિનાનું.

૧૫. વિ. અજ્ઞાન; બહી બુદ્ધિનું; જરા સમજી શકે નહિ એવું; કમજાકડ; મૂર્ખ; ઠોઠ; મંદબુદ્ધિ

૧૬. વિ. ઉદાસી; ગમગીન; દુઃખ, શોક અથવા ગુસ્સા સાથે ઘૂમરાયેલું.

૧૭. વિ. બન; નાકર; સંગીન; જારે જબ્બરદસ્ત.

૧૮. વિ. પચે નહિ એવું; જરા જરી ન બદલ એવું; અપચો કરનારું.

૧૯. વિ. બહેરું.

૨૦. વિ. મૂક; મૂંગું.

૨૧. વિ. લાગણી, બુદ્ધિ કે સ્મૃતિ વિનાનું.

૨૨. વિ. વેદ ગ્રહણ કરવાને અસમર્થ.

૨૩. વિ. સુસ્ત; બાળસુ; ધીમું; ઠંડું.

૨૪. વિ. સ્તબ્ધ; ચકિત; મગ્ન; દિગ્મૂઢ.

૨૫. વિ. કિંમતી કરી ગયેલ

જડકો (જડ્કો) ૧. પું. ઝાડ ફેરવી લીધા પછી સાંબા નેતરાથી બે ત્રણ વખત ફેરો ફેરવો તે.

૨. પું. તડ; ફાચર.

જડક્રિય (જડક્રિય) [સં.] વિ. કામમાં ઘણો વખત લગાડનાર; દીર્ઘસૂત્રી.

જડજ (જડ્જ) [સં. જજ] પું. ન્યાયાધીશ; ન્યાય આપનાર મુખ્ય અમલદાર, જજ.

જડજન્ય (જડ્જન્ય) ૧. [સં.] પું. જડ પદાર્થના અયોગથી ઉત્પન્ન થતો નાદ.

૨. વિ. જડમાંથી થયેલું.

જડતત્ત્વ (જડ્તત્ત્વ) [સ] ન. દ્રવ્ય; પદાર્થ.

જડતર ૧. (જડ્તર) ૧. ન. જડવાની રીત; જડાવકામ; જડિયાની કામગીરી.

૨. ન. જડવું તે; મળતર; પ્રાપ્તિ.

૩ વિ. જડાવકામનું; જડાવકામને લગતું.

જડતલ (જડ્તલ) વિ. જડની માફક થંભી રહે તેવું.

જડતલક (જડ્તલક) ન. જડ.સુધી.

જડતા (જડ્તા) ૧. [સં] સ્ત્રી. અચેતનતા; અચેષ્ટા; જ્ઞાન; જડપણું; અજ્ઞાનતા; અસંજ્ઞતા; પદાર્થનો જેવી ને તેવી જ સ્થિતિમાં રહેવાનો ધર્મ. ન્યાય પ્રમાણે પદાર્થના આકાર, સ્થિરતા, નિર્જીવતા, વિજ્ઞાનશૂન્યતા ને જડતા એ પાંચ ધર્મ છે.

૨. સ્ત્રી. એ નામનો સંચારી ભાવ.

૩. સ્ત્રી. ન્યાયશાસ્ત્ર પ્રમાણે અસત્યનો એક પ્રકાર.

૪. સ્ત્રી. નિષ્ક્રિયતા; આળસ.

૫. સ્ત્રી. મૂર્ખતા; ભેજાકૂહો; નહિ સમજવાપણું; ઠોઠપણું.

જડતી (જડ્તી) સ્ત્રી. ઝીણવટ તપાસ.

જડતું (જડ્તું) વિ. બરાબર જડી શકાય એવું; બધ બેસતું; ચોક્કસ; લાયક; માફકસર.

જડત્વ (જડ્ત્વ) જુઓ જડતા.

જડત્વાકર્ષક (જડ્ત્વાકર્ષક) [સં.] ન. જડ પદાર્થમાં રહેલો ખેંચવાનો ધર્મ; ખેંચાણ; ગુરુત્વાકર્ષણ.

જડથું (જડ્થુ) ૧. ન. અનેક મૂળવાળું મોટું મૂળાડિયું.

૨. ન. (કચ્છી) ઝૂંડ; જથ્થો, સમૂહ.

૩. વિ. ઓછી અક્કલનું; અડબસ; મૂર્ખ; જડ.

૪. વિ. ગામડિયું.

જડદેહ (જડ્દેહ) પું. સ્થૂળ શરીર.

જડધર (જડ્ધર) ૧. પું. શંકર; મહાદેવ.

૨. વિ. જટાધારી; જેને માથે જટા હોય એવું.

જડધી (જડ્ધી) વિ. જડ કે ધીરી બુદ્ધિનું; મંદમતિ; મંદબુદ્ધિ; મૂર્ખ.

જડનાળ (જડનાળ) પું. વહાણમાં લાકડાનો બનેલો એ નામનો એક ભાગ.

જડપણું (જડપણું) જુઓ જડતા.

જડપાજ (જડપાજ) સ્ત્રી. પાળ; વંડી; ભીંત.

જડપિયા (જડપિયા) ૧. સ્ત્રી. મોઢિલવાડી બેઉમા કણબીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જડપૂજક વિ. જડવાદી; અનાત્મવાદી, પ્રકૃતિકારણવાદી; 'મટીરિઅલિસ્ટ.'

જડપ્રાતાન (જડપ્રાતાન) સ્ત્રી. (સંગીત) સ્વરોને કંપિત કરી, સ્વરો ઉપર વજન આપી, જડમાંને તાકત પડે એ રીતે ઢસારી ગાવક કાઢે તે તાન.

જડબાતોડ (જડબાતોડ) ૧. વિ. ઝટપટ ઉચ્ચારવાળું, ઉચ્ચાર કરતાં મુશ્કેલી પડે તેવું.

૨. વિ. જડબું તોડી નાખે એવું; સખોટ.

૩. ક્રિ. જડબું તોડે તેવી રીતે; સખ્ત રીતે; મોઢું રહી જાય તેમ.

જડબાફોડ (જડબાફોડ) ૧. વિ. જડબાં તોડે કે ફાડે એવું; ઉચ્ચારતાં જડબાંને અતિશ્રમ તકલીફ પડે એવું; બોલતાં બબાં થઈ પડે એવું.

૨. વિ. હાજરજવાબી; સામાવાળાથી કાંઈ ઉત્તર આપી શકાય નહિ એવું.

જડબાંતોડ (જડબાંતોડ) જુઓ જડબાતોડ.

જડબાંફોડ (જડબાંફોડ) જુઓ જડબાફોડ.

જડબુદ્ધિ (જડબુદ્ધિ) ૧. સ્ત્રી. જાડી અક્કલ; જડમતિ; મૂર્ખાઈ.

૨. વિ. જેની બુદ્ધિ જડ હોય એવું; મૂર્ખ; કાંઈ સમજી ન શકે એવું; મંદબુદ્ધિનું.

જડબું (જડબુ) ૧. ન. દાંતવાળા મોંના નીચલા ભાગનું હાડકું. જડબાના હાડકામાં દાંતનાં મૂળ સલ્લગ્ન રહે છે. ઉપલું જડબું હાલતું નથી.

૨. ન. દાંતવાળા મોંનો નીચલો ભાગ; મોંની ફાડની ઉપર નીચેનો જેમાં દાંત હોય તે અવયવ; ડાચું.

૧. જડબું ફાટવું = (૧) બોલવું. (૨) મોં પહોળું થવું.

૨. જડબું ભાંગી નાખવું = (૧) બોલતાં ઢાળી દેવું. (૨) મારવું.

૩. જડબું વખવું = વજ્ર વિચારું જેમ આવે તેમ બોલ્યા કરવું; જીભ વધારી; હદ ઉપરાંત બોલવાની છૂટ થવી.

જડબેસલાક (જડબેસલાક) જુઓ જડબેસુલાક.

જડબેસલાખ (જડબેસલાખ) જુઓ જડબેસુલાક.

જડબેસીલ (જડબેસીલ) વિ. સખ્ત રીતે બંધ બેસેલું.

જડબેસુલાક (જડબેસુલાક) ૧. [અ. જર્બ (મારવું) + તુ. ચલ્લાક (તમાચો મારવો)] ન. એવી જડ મારેલી હોય કે જેમાં કીલ્લું કાઢ્યું પણ જણાય નહિ તેમ; છિદ્ર ન દેખાય એવી રીતે જડેલું હોય તેમ

૨. ન. તાબડતોબ તરત ને તરત; વજ્ર વિલમ્બે.

૩. ન. સલ્લગ; સપટ; મક્કમ; બંધ બેસે તેમ

જડબેસુલાખ (જડબેસુલાખ) જુઓ જડબેસુલાક.

જડબોકું (જડબોકું) ૧. ન. બોલાચાલી.

૨. ન. મશ્કરૂટ.

જડભરત (જડભરત) ૧. [સં.] પું. અયોધ્યાના ઋષભદેવ રાજર્ષિને જયંતી નામની સ્ત્રીથી થયેલ ભરત નામના મોટા દીકરાનો મૃગ યોનિ પછી બ્રાહ્મણ યોનિમાં થયેલ અવતાર. ભરત રાજાના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ પડેલું છે. તે વિશ્વરૂપ રાજાની પુત્રી પંચજનીને પરણ્યા. તેથી તેને સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ અને ધૂમ્રકેતુ એ પાંચ દીકરા થયા. તેણે ઉત્તમ પ્રકારે પ્રજાનું પાલન કર્યું, અનેક પ્રકારના યજ્ઞ પણ કર્યા, અંતે સંસાર ઉપર વૈરાગ્ય થતાં પાંચે પુત્રોને રાજ્ય સોંપી આપી, પુલહ ઋષિના આશ્રમમાં ગંડકી નદીને કાંઠે એકલા રહી ભગવાનનું ધ્યાન પૂજન કરતા હતા. એક દિવસે ગર્ભવતી મૃગલી પાણી પીતી હતી. તે વખતે સિંહે ત્રાડ મારવાથી મૃગલી બીકથી નાસી, જેથી ગર્ભ પડી ગયો. ભરત ઋષિએ તેના બચ્ચાને પાણીપોપી મોટું કર્યું ને તેમાં આસક્તિ થવાથી તપમાં વિઘ્ન પડ્યું. આવી સ્થિતિમાં કાળ આવી પહોંચતા બીજા જન્મમાં મૃગનો અવતાર આવ્યો. પણ પૂર્વના પુણ્યથી તેને આ અવતારમાં પૂર્વજન્મનું સ્મરણ રહ્યું હતું. આ સ્થિતિ આવવાથી તે પસ્તાવો કરવા લાગ્યા ને કોઈના સંગમાં ન રહેતાં એકલા ફરતા હતા. એક દિવસે ગંડકી નદીના પ્રવાહ વચ્ચે ઊભા રહી મૃગ દેહનો ત્યાગ કર્યો. આ પછી અંગિરસ કુળના એક ધર્મસંપન્ન બ્રાહ્મણને ત્યાં તેનો અવતાર થયો. અહીં પણ તેનું નામ ભરત પાડવું હતું. આ બ્રાહ્મણ અવતારમાં પણ કોઈનો સંગ ન થાય તેમ વર્તતા અને તેથી જ પોતે ઉન્મત્ત, જડ, આંધળા તથા બહેરા માફક રહેવા લાગ્યા. તેથી તેનું નામ જડભરત પડ્યું. તેના ભાઈઓ તેને ખેતરનું રખોપું કરવા મોકલતા. ત્યાં પણ ઓલા માફક રાત દિવસ ઊભા રહેતા. એક વખત કોઈ રાજા તેને દેવીનો ભોગ આપવા પકડી ગયા. દેવીએ આવા જ્ઞાનીનો ભોગ અપાતો જોઈ કોપે ભરતઁ પ્રત્યક્ષ થઈ રાજાને મારી નાખ્યો ને જડભરતને છૂટા કર્યા. હવે જડભરત બ્રહ્મધ્યાનમાં મગ્ન રહી વનમાં ફરવા લાગ્યા. એક વખતે સિંધુ દેશનો રહૂગણ રાજા પાલખીમાં બેસી કપિલ મુનિને આશ્રમે જવા સાંથી નીકળ્યો. એટલામાં તેમનો એક ભોઈ માંદો પડી ગયો. પાલખી ઊંચકનારને શોધવા અનેક સેવકોને જડભરત હાથમાં આવી ગયો. તેમને લાવી પાલખી ઉપાડવી ચાલવા લાગ્યા. ચાલતાં પોતાના પગ નીચે કોઈ જીવ ન કચરાઈ જાય એમ ધ્યાન રાખીને અને જડવત્ ચાલતા હોવાથી પાલખી હેલા ખાવા લાગી. બીજા ભોઈ સાથે સરખી ચાલ ન થતાં પાલખી આડી થઈ જતી. રહૂગણ રાજા ક્રોધથી ગમે તેમ બોલતો હતો. યોગેશ્વર જડભરતે હસતાં હસતાં તેને અભિમાન તોડનારાં યોગના ગ્રંથોને અનુસરતાં ભોધનાં વચનો કહ્યા. આ સાંભળી રાજા નીચે ઊતરી પગે પડ્યો. જડભરતે તેમને તત્ત્વનો બોધ કર્યો ત્યાર પછી જડભરત પૃથ્વીમાં એ જ સ્થિતિમાં ફરતા હતા. સર્વ કર્મનો ક્ષય થતાં પરમ જ્ઞાનથી તે મુક્તિને પામ્યા હતા.

જડભરત જેવું = એકને એક ઠેકાણે જડવૃત્તિ રાખીને બેસી રહેનાર; મૂઢ; કાંઈ બોલે ચાલે નહિ અને બેસી રહે એવું.

૨. પું. અંગિરસ પ્રવરમાં થયેલ એ નામનો એક ગોત્રી.

૩. વિ. જ્ઞાન વગરનું; જડ જેવું; અણસમજુ; મૂઢ, મૂર્ખ.

જડભરથ (જડભરથ) જુઓ જડભરત.

જડભૂત (જડભૂત) ૧. [સં.] વિ. પ્રાણ વગરનું; જીવ વિનાનું.

૨. વિ. મૂર્ખ; મૂઢ.

જડભૂમિ (જડભૂમિ) [સં.] પું.;સ્ત્રી. ચંદ્રમણિ. તે જડ અને નિર્જીવ મનાય છે.

જડમતિ (જડમતિ) ૧. [સં.] સ્ત્રી. જડબુદ્ધિ.

૨. વિ. કમઅક્કલનું; મૂર્ખ.

જડમૂઢ (જડમૂઢ) વિ. જડભરત; મૂર્ખ.

જડમૂળ (જડમૂળ) [સં. જટામૂલ] ન. મૂળનો મર્મ ભાગ; પ્રાણભૂત તંતુ; અંકુરાવસ્થા; જમીન સાથે સલ્લગ્ન અને એકતાર થઈ ગયેલો મૂળનો પાતળો અંત; વનસ્પતિનો ભોંય સાથે લાગેલો બીજભૂત તંતુ; મુખ્ય મૂળિયું. દ્વિદળ વનસ્પતિમાં પ્રથમ એક જ મૂળ બહાર પડે છે અને તે

નીચે વચ્ચે ભાગ છે. એને ખીલામૂળ કે જડમૂળ કહે છે.

જડમૂળ ઉખાડી કાઢવું-નાખવું = નિર્મૂળ કરી નાખવું, પ્રાથમિક તંતુ સુદ્ધાંનો નાશ કરવો; ફરીને ઊગે કે વૃદ્ધિ પામે નહિ એમ નિર્મૂળ કરી નાખવું.

જડમૂળથી (જડમૂળથી) અ. જડમૂળ હોય તે રીતે; મૂળ આરંભથી માંડીને; પાયામાંથી; તદ્દન.

જડમેખ (જડમેખ) જી. જડમૂળ.

જડરૂપ (જડરૂપ) ૧. વિ. જડબુદ્ધિ; મૂર્ખ.

૨. વિ. જેનું રૂપ જડ સ્થાવર હોય એવું; હલનચલન વગરનું.

જડવજડ (જડવજડ) ન. બરબાદખાનું; મળકટું અથવા સંપીસાજપના વખતનું બાકી અરસપરસ અજવાળું.

જડવજળ (જડવજળ) જુઓ જડવજડ.

જડવત્ (જડવત) [સં.] અ. જડની જેમ; નિશ્ચેષ્ટ.

જડવાઈ (જડવાઈ) જી. હીરા બેસાડવાની કીમત.

જડવાદ (જડવાદ) ૧. [સં.] પું. જગતનું મૂળ જડ છે, ચેતન નહિ એવો મત; અનાત્મવાદ; દેહાત્મવાદ; રચૂલવાદ.

૨. પું. જડ વસ્તુ કે જગમાં શ્રદ્ધા રાખવી તે; પાર્થિવ વસ્તુઓના ઉપભોગમાં જ જીવનનું સાર્થક છે એવો મત.

જડવાદી (જડવાદી) ૧. [સં. જડવાદિન્] પું. રચૂલવાદી; દેહાત્મવાદી; જડવાદમાં માનનારો માણસ.

૨. વિ. જડવાદનું; જડવાદને લગતું.

૩. વિ. જડવાદમાં માનનારું.

જડવાસણું (જડવાસણ) ૧. ન. જનોઈ દેવાને આગલે દિવસે જડિયાને પીઠી ચોળવાની ક્રિયા.

૨. ન લગ્ન વખતે વર કે કન્યાના મંડપની લટમાં ફોઈબા સોદાનો કરડો વસાવે તે; જડ વાસવાની ક્રિયા.

જડવી (જડવી) [હિં.] જી. ડાંગરનો છોડ.

જડવું (જડવું) ૧. [સં. યુજ્] સ. ક્રિ. એક વસ્તુને બીજી સાથે ઠોકીને સજ્જડ બેસાડવી; સાંધા મેળવવા; જોડવું; લગાડવું.

૨. સ. ક્રિ. ખોવાયેલું હોય તે હાથ લાગવું.

૩. સ. ક્રિ. તાણા કે ખાનામાં સજ્જડ બેસી રહે તેમ કરવું.

૪. સ. ક્રિ. પ્રાપ્ત થવું; મળી આવવું.

જડશીલ (જડશીલ) વિ. મૂર્ખ; અક્કલ વગરનું.

જડહું (જડહું) જુઓ જડશીલ.

જડહ્યું (જડહ્યું) ન. ટાઢોડું; વાદળિયું વાતાવરણ.

જડહ્યાઈ (જડહ્યાઈ) ૧. જી. કઠોરતા; કઠંકાપણું; નિષ્ઠુરતા.

૨. જી. જડવું હોવું તે; જડતા.

૩. જી. તોફાન.

જડહ્યાપણું (જડહ્યાપણું) જુઓ જડહ્યાઈ.

જડહું (જડહું) ૧. વિ. કઠોર; કઠંકા; નિષ્ઠુર.

૨. વિ. જાડી બુદ્ધિનું; મૂર્ખ.

૩. વિ. તોફાની.

૪. વિ જારે; વજનદાર.

૫. વિ. શરીરે મોટું પશુ અક્કલમાં ઓછું.

જડહુંબોથડ (જડહુંબોથડ) વિ. ઓટ; બુદ્ધિબળ; મૂર્ખ.

જડહો (જડહો) ૧. [સં. જડ] પું. જાડી બુદ્ધિનો માણસ; જડ જેવો માણસ; શરીરે જાડો અને સમજણે કમ અક્કલ એવો માણસ.

૨. પું. રીતભાત વગરનો માણસ; અનાગરિક જન

૩. વિ. પું. અડબંગ. બોથડ; મૂર્ખ; અક્કલ વગરનો.

૪. વિ. પું. કઠોર; કઠંકા; નિષ્ઠુર.

૫. વિ. પું. જાડી બુદ્ધિનો; મૂર્ખ.

૬. વિ. પું. તોફાની.

૭. વિ. પું જારે; વજનદાર.

૮. વિ. પું. શરીરે મોટો પશુ અક્કલમાં ઓછો

જડસ્થાન (જડસ્થાન) [સં.] ન. વનસ્પતિના જીવદળોમાંનો એક અવયવ.

જડહડતું (જડહડતું) વિ. પ્રકાશવાળું; તેજવાળું; ઝગઝગતું.

જડા (જડા) [સં.] જી. એ નામની વનસ્પતિ; જોષ્ઠ્યાંબલી; હરિણી

જડાઈ (જડાઈ) ૧. જી. જડવાની અથવા બેસાડવાની રીત; જડાવ કામની અવદ.

૨. જી. જડામણી; જડવાની મજૂરી કે મહેનતાણું.

જડાઉ (જડાઉ) ૧. વિ. જડવા જેવું; જેમાં જડવાનું કામ કરવું જોઈએ એવું.

૨. વિ. જડવાના કામમાં આવે એવું.

૩. વિ. જડાવેલું; જડાવ કામ કરેલું હોય એવું; જડિત; જડેલું; બેસાડેલું.

જડાદ્વૈત (જડાદ્વૈત) [સં.] પું. ભૌતિકવાદ; અધિભૌતિકવાદ.

જડાબીટ (જડાબીટ) જી. સત્યાનાશ; સંપૂર્ણ નાશ; નખોદ; જડામૂળ

જડામણ (જડામણ) ૧. ન. જડતર; જડવાનું બેસાડવાની રીત કે કળા.

૨. ન. જડવાનું મહેનતાણું; જડવાના કામનું મજૂરીકામ.

જડામણી (જડામણી) જુઓ જડામણ.

જડામૂળ (જડામૂળ) ૧. ન. કુળક્ષય; વિનાશ; વનસ્પતિ અથવા પ્રાણીના ઉદ્ભવના મૂળ બીજનો નાશ.

૨. ન. જડ સહિત મૂળ; બીજાંકુર

જડામૂળ જવું = સમૂળો નાશ થવો.

૩. અ. જડમૂળ સહિત; મૂળમાંથી.

જડાવ (જડાવ) ૧. પું.; ન. જડવાનું કામ; જડતર; તેમ જડવું તે.

૨. પું.; ન. હીરા, માણેક વગેરે જેમાં જડેલાં હોય એવી બનાવટ કે દાગીનો.

૩. જારે. સ્થાપના; વિધાન.

૪. જી. એનું એક નામ.

૫. વિ. જડિત; જડિત; જડાઉ; જડેલું; બેસાડેલું.

જડાવ ઝાંઝરી = એક જાતનો સોનાનો રત્નજડિત દાગીનો.

૬. વિ. સોનાની બોલમાં હીરા, પાનાં, માણેક, મોતી વગેરે જડેલાં બેસાડેલાં હોય તેવું.

જડાવખાતરણી (જડાવખાતરણી) જી. માંડીના ડાગળાના આગલા ભાગમાં લાકડામાં પાટિયાંની કરવામાં આવતી વાડ.

જડાવઘર (જડાવઘર) જી. જડવાનું કામ.

જડાવર (જડાવર) [હિં] પું. ન. બ. વ. હિમાળામાં પહેરવાનાં ગરમ કપડાં.

જડાવરિ (જડાવરિ) જુઓ જડાવર.

જડાવલ (જડાવલ) જુઓ જડાવર.

જડાવવું (જડાવવુ) ૧. સ. ક્રિ. ખોવાયેલું હોય તે હાથ લગાવવું.

૨. સ. ક્રિ. ઓડાવવું; જોડાવવું; ઠોકી જડે તેમ કરવું

૩. સ. ક્રિ. ઝાપટવું; મારવું; લગાવવું.

૪. સ. ક્રિ. તાણા કે ખાનામાં સજ્જડ બેસી રહે તેમ કરાવવું; બેસાડવું; સજ્જડ કરાવવું.

૫. સ. ક્રિ. પ્રાપ્ત થાય કે મળે એમ કરાવવું.

જડિત (જડિત) વિ. જડેલું; મઢેલું; બેસાડેલ; ખચિત.

જડિત્ર (જડિત્ર) જુઓ જડિત.

જડિમા (જડિમા) ૧. [સં. જડિમન્] પું. જડત્વ; જડતા.

૨. સ્ત્રી. એ નામનો એક ભાવ. તેમાં મનુષ્યને સારાનરસાનું જ્ઞાન રહેતું નથી અને તે જડ જેવો થઈ જાય છે.

જડિયા (જડિયા) ૧ પુ. ગુદામૈથુન કરનાર માણસ.
૨. પું. મદદગાર.
૩. સ્ત્રી. એ નામની સોનીની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. ન. જેનોનુ એક ગોત્ર.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. હીરા વગેરે બેસાડનાર; જડનાર.

જડિયાં (જડિયાં) ન. બ. વ. ઘરાકનાં જૂથ
જડિયા પડવાં = માલ એકદમ ખપી જવો; બીજ તરત વેચાઈ જવી.

જડિયું (જડિયું) ૧. ન. ઘઉં વગેરે અનાજમા ઊગતો એક જાતનો છોડ.
૨. ન. જડમૂળનો જમીનમા ઊંડો ગયેલો છેડો, મુખ્ય મૂળિયું.
૩. ન. મોટા મૂળમાથી નીકળેલું તંતુ જેવુ નાનુંક મૂળ.

જડિયો (જડિયો) ૧. પું. એક જાતનો કપાસ. આ કપાસના છોડ બે થી ત્રણ વરસ સુધી રહે છે. પહેલે વરસે થોડો ફાલ આવે છે.
૨. પું. જડેશ્વર મહાદેવ.
૩. પું. જનોઈ આપવામાં આવતું હોય તે બટુક; બ્રહ્મચારી.
૪. પું. સોનાના ઘાટમાં હીરા, માણેક વગેરે બેસાડવાનું કામ કરનારો માણસ; જ્વેલર.
૫. સ્ત્રી. સોનીની એક જાત. તે ઘરેણામાં નંગ જડવાનુ કામ કરે છે.
૬. ન. એ નામની જાતનું માણસ.
૭. વિ. એ નામની જાતનુ.
૮. વિ. પું. જડીબુટ્ટી જાણનારો.

જડી (જડી) ૧. પું. એક જાતનો કપાસ.
૨. સ્ત્રી. ઔષધિના ગુણવાળું મૂળિયું; વનૌષધિ; મૂળની જડ; વૃક્ષ કે વેલનું દવા તરીકે વપરાતું મૂળિયું.
૩. સ્ત્રી. વૃક્ષનુ જૂથ; ઝાડી.

જડીકૃત (જડીકૃત) [સં.] વિ. જડ કરાયેલ; ચેતન વગરનુ બનાવેલ.

જડીબુટ્ટી (જડીબુટ્ટી) ૧. સ્ત્રી. ચમત્કારિક ગુણવાળી જડી.
૨. સ્ત્રી. ઉતરાવ અથવા માન્યુ જાય નહિ તેવુ મંત્રણ.
૩. સ્ત્રી. રામબાણ ઔષધિ; ઔષધિનાં મૂળિયાં આંડીને અથવા વૈદ્યક પ્રમાણે જરૂરી ક્રિયા કરીને બનાવેલુ અસરકારક ઓસડ.

જડીબુટ્ટી સુંઘાડવી = (૧) અસરકારક દવાનો પ્રયોગ કરવો. (૨) કોઈ જાણે નહિ તેમ અમુક સમજ આપી સામે માણસ ધારેલી બાબત જ પસંદ કરે એમ કરવું; અમુક મતવાળું બનાવી દેવુ

જડીભૂત (જડીભૂત) ૧. વિ. જડરૂપ; જડ થયેલ
૨. વિ. મૂળ નાખેલ; જડમૂળ.

જડુ (જડુ) ૧. સ્ત્રી. રાનીપરજની એક પેટા જાતિ.
૨. ન. રાનીપરજની એ નામની પેટા જાતિનુ માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનુ.

જડુઆ (જડુઆ) પું. એક જાતનો ભિક્ષારી કલંકી ભાંભો.

જડુલ (જડુલ) [સં.] પું. રેહ ઉપર થતા ફોલા તલ વગેરે; શરીર ઉપરનો ફોલા તલ જેવો ડાઘ

જડેશ્વર (જડેશ્વર) ૧. પું. ઝાડ; મહાદેવ.
૨. ન. વાંકાનેર પાસે આવેલ એ નામનું શિવાલય. તે સંબંધી એવી માન્યતા છે કે, જામનગરના જામ રાવળે ત્રિભાણદર્શી પણ જૂના કહેવાતી વાંકાનેર પાસે એક ટેકરી ઉપર એક અરબ્બીના ફાડ્યા મૂળ પાસે એક ખાડામા શિવનું સ્થાન છે તે જાણ્યું. અરબ્બી દીબામા એક સેનો રહેતો હતો. તેની ગાય સાજે દોહવા દેતી ન હતી. તેથી તે ભરવાડ ઉપર બહુ ગુસ્સે થયો. ભરવાડે તપાસ કરી તો તે ગાય આ સ્થાને આવતાં દૂધ ખાડામા આંચળોમાથી ઝરી જતું જોયુ. તેણે તે વાત સોનીને બતાવી ખાતરી કરી દીધી. ભરવાડે આ કબૂલપૂત્ર કરી, તે જામ રાવળ થયો એવુ કહેવાય છે. જામ રાવળે અરબ્બીના ઝાડ પાસ મહાદેવની પ્રતિષ્ઠા કરાવી તે જડેશ્વર. જડેશ્વર પાસે બે ઘોડા બાધ્યા. પહોર પછી જોડી લીધા તો ત્રણ બીજા બે ઘોડા દેખાયા. એમ પોણઝો જડેશ્વર આપતા ગયા અને જામ રાવળ બાર ગામડાંને દાનમાં આપતા ગયા. તેથી તેની કીર્તિ બહુ ગવાણી. તેથી જડેશ્વર મોટાના દાતાર બનાવ છે

જડોજડ (જડોજડ) અ. સજ્જડ કરાયેલું; બહુ જ પાસે પાસે ઠાંસીઠાંસીને.

જડોબુ (જડોબુ) ૧. [સ. પુમ્] ન. બે પાટિયાના સાધા ઉપર જવાતુ નાનું સીધુ પતરું.
૨. ન. બે પાટિયાંની સાધ ન દેખાય તેમ જડવાનું પાતળું ચીપોટિયું.
૩. ન. સ્લેટ વગેરેના ચોકઠાનું પાટિયું.

જણ ૧. [સં. જન] પું. આદમી; માણસ; પુરુષ; વ્યક્તિ. માણસને માટે અને માણસની સંખ્યા બતાવવાને માટે સંખ્યાવાચક વિશેષણ સાથે વપરાય છે. જણ શબ્દમાં કો પુરુષ બનેનો સમાવેશ થાય છે.
જણ આવે તે જણનું ભાગ્ય લાવે = જે બાળક અવતરે તે બીજાને ભારે પડતું નથી અને તેનું ભાગ્ય સાથે લેતુ આવે છે.
૨. પું. નોકર.
૩. પું. રૂને પીંજતાં તેમાંથી ઊડતા નજીવા રેસા.
૪. પું. વર; પતિ; ધણી.

જણક જી. દમણગીરી.

જણજણાટ ૧. પું. જણજણ થઈ રહેવું તે; ઝમઝમાટ; ઝણઝણાટ.
૨. પું. ધમધમાટ; રોમરોમ જાગણીની થતી અસર.
૩. પું. બળતરા; બળવાની પીડા.

જણજણિયું પું. (કચ્છી) એક જાતનો છોડવો. તે ૨ થી ૪ ફૂટ ઊંચો થાય છે. તેની સીંગ લાબી, પાતળી, ચળકતી અને ઊપસેલી હોય છે.

જણણી [સં. જનની] સ્ત્રી. (બ. વ.) જનની; જન્મ આપનાર માતા.

જણતર ૧. [સં. જન્ (જન્મવું)] ન. ઓલાદ; બાળબચ્ચાં; પરિવાર.
૨. ન. જણવું તે; પ્રસવ.
૩. ન. બાળક, બચ્ચું.

જણતી [સં. જનની; પ્રા. જણેર્] સ્ત્રી. જન્મ આપનાર માતા; જણનારી જનેતા.

જણદીઠ [સં. જન (માણસ) + દૃષ્ટ (દેખેલું)] અ. માથા દીઠ; એકેક જણને; માણસ દીઠ; જણપટ.

જણનારી સ્ત્રી. જન્મ આપનારી માતા.

જણની [સં. જનની] સ્ત્રી. માતા.

જણપટ અ. જણ દીઠ, માથા દીઠ

જણવવું ૧. સ. ક્રિ. જણાવવુ; જણે એમ કરવું; ખબર આપવી.
૨. સ ક્રિ. જણે એમ કરવુ, જણનારીને જણાવવામાં મદદ મળે તેમ કરવુ, પ્રસવ કરાવવો.
૩. સ. ક્રિ. બતાવવું; દેખાડવુ.

જણવાઈ સ્ત્રી. ગાયની કે સુવાણીનું મહેનતાણું.

જણવું ૧. [સં. જન્] સ. ક્રિ. પોતાના

પેટમાંના છોકરાને જન્મ આપવો; બીજે બાળકને જન્મ આપવો; પ્રસવવું.

૧. જણનારીમાં જોર નહિ તો સુવાણી શું કરે = જેનું કામ હોય તેણે પોતે હિમ્મત ને જોર રાખવું જોઈએ, બાકી મદદગાર તો ઉપરથી મદદ કરે.

૨. જણે તેના પુત્ર ને ઘાતે તેનું જાત = જે જેની માલિકીનું હોય તે જ તેનું છે, બીજો ભાર કહે તે ખોટું.

૩. જણવાને બિવાડવાં અને પરપતિને પાલવવાં એમાં શાનો પાડ? = પોતાની ફરજ બજાવવામાં કોઈ નવાઈ કરતું નથી.

૨. સ. ક્રિ. ભણાવું; ઉત્પન્ન કરવું

જણરો જુઓ જણસ.

જણરોં પું. નામામાં ગરજાતમાં સિલક બતાવનારો શબ્દ.

જણસ ૧. સ્ત્રી. ઔરત.

૨. [અ. જિન્સ] સ્ત્રી. ચીજ; વસ્તુ.

૩. સ્ત્રી. દાગીનો; ઘરેણું.

૪. સ્ત્રી. નવની સંજ્ઞા. સોનીની ભાષામાં તે વપરાય છે.

૫. સ્ત્રી. નંગ.

૬. સ્ત્રી. માલ; સોદો.

૭. સ્ત્રી. રકમ; અવેજ; સિલક.

જણસખાનું ન. ચોપડામાં રખાતું વસ્તુઓનું ખાતું.

જણસપટ્ટી (જણસપટ્ટો) પું. ઓગણીસની સંખ્યા માટે વપરાતો સાંકેતિક શબ્દ.

જણસબાબ સ્ત્રી. ચીજ; વસ્તુ.

જણસબાબ પું.; સ્ત્રી.; ન. કીમતી સરસામાન; દરદાગીનો; ઘરેણાંગાંઠું; કીમતી ચીજ.

જણસવહી સ્ત્રી. ઘરેક માલની હકીકત બતાવનારો ચોપડો.

જણસવાર સ. જણસ દીઠ; ઘરેક જણસે.

જણસાઉ વિ. જણસ ઉપર આપવા લેવાનું અપાતા આપેલું કે લીધેલું એવું; ઘરેણાઉ; જણસ ઉપર લેવા આપવાનું.

જણસારી ૧. સ્ત્રી. એ નામની ભોચીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

જણસી [અ. જિન્સ] સ્ત્રી. અવેજ; રોકડ નાણું. જુઓ જણસ.

જણહ (જણક) સ્ત્રી. (ગ્રામ્ય) જણસ; વસ્તુ.

જણાવવું ૧. [સં. જ્ઞાપય્] સ. ક્રિ. કહેવું, જણ થાય એમ કરવું; ખબર આપવી; જણ કરવી.

૨. સ. ક્રિ. ચેતવવું; સૂચવવું; કાને નાખવું; ઇશારત કરવી.

૩. સ ક્રિ. જણવાના કામમાં મદદ કરવી; ઓ સહેલાઈથી જણે એમ કરવું, પ્રસવ કરાવવો.

કુંવારીને છોકરા જણાવવાં - અસંભવિત વાત કરવી.

૪. સ. ક્રિ. બતાવવું; દેખાડવું.

૫. સ. ક્રિ. સુણાવવું.

જણાવું ૧. અ. ક્રિ. ખબર પડવી; માલૂમ પડવું; ખબર થવી; જાહેર થવું.

૨ અ. ક્રિ. જન્મ આપવો; બિવાવું; પ્રસવ થવો; જણી રહેવું

૩. અ. ક્રિ દેખાવું; લાગવું; આસ થવો.

જણી ૧. [સં જની] સ્ત્રી. જણવું નારીજાતિ રૂપ; બી બકિત.

૨. સ્ત્રી. બાઈ; બેટી.

૩. વિ. સ્ત્રી. જન્મેલી.

જણું ન. માણસ; બકિત; મનુષ્ય.

જણ્યાં ન ૫.બ. છોકરાં, છૈયાં.

જત ૧. પુ. (સંગીત) એ નામે એક તાલ; દીપચંદી. હોરી. તેમા. ૧૪ માત્રા હોય છે તેમાં ૧, ૪ અને ૧૧મી માત્રા ઉપર તાલ આવે છે.

૨. [સં. યત્ (યત્ન કરવો)] પું. યત્નઃ પ્રયાસ

૩. પું. વાસના બાર માહેનો એક પ્રબંધ.

૪. સ્ત્રી. એ નામની સિંધી મુસલમાનની એક અટક

૫. સ્ત્રી. જટા.

૬. સ્ત્રી. રોહિલખંડના રજપૂતની એક જાત.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. ન. એ નામની જાતનું માણસ.

૯. ન. નિયમ.

૧૦ વિ એ નામની અટકનું.

૧૧. વિ એ નામની જાતનું

૧૨. અ. જેને કામણ સાથ નો હોય અને તેમાં જે સમવાનું હોય તે બેની વચ્ચે આવતો સંબંધ દર્શક શબ્દ: જે; કારણકે; જેમ કે; આથી જણવું કે; અપરં ચ; સમજવાનું કારણ એ છે કે.

૧૩. અ. હવે; હવે ત્યારે.

જતકર્મ ન. બાળકના જન્મ વખતે કરવામાં આવતી બલિદાનની વિધિ.

જતડું (જતડું) જુઓ જતરડો.

જતન ૧. ન. કાળજી; સંભાળ; રક્ષણ; રખવાળી. ધ્યાન.

૨. [સં. યત્ન] ન. પ્રયત્ન; પ્રયાસ.

૩. ન. યોજના; યુક્તિ

૪. ન. રીત.

૫. ન. સામગ્રી.

જતના ન. રક્ષા; કાળજી; રક્ષણ; સંભાળ; સારવણી

જતની ૧. [હિ.] સ્ત્રી. રોટિયાના પૈડાની આસપાસ બાંધવામાં આવતી દોરી.

૨ [હિ.] વિ ચાલાક.

૩. વિ યત્ન કરનાર.

જતર [હિ.] સ્ત્રી. ખેરડી જમીન.

જતરડી (જતરડી) સ્ત્રી ત્રીજો વાળો બેસવાનું ઓજાર

જતરડું (જતરડું) ૧. ન. ગોધણની દોરી.

૨. ન. સોના ચાંદીના તારને તાણીને સાંકળા કરવાનું એક સાધન.

જતરડો (જતરડો) [સં. યંત્ર] પું. સોના રૂપાના તારને તાણી તાણીને લંબાવવાનું કોની કે પુઠારનું એક સાધન. જતરડાની પટ્ટ એવી સારી હોય છે કે તેમાં પકડાયેલી વસ્તુ જલ્દ છટકી શકતી નથી અને તેને જોરથી એક પછી એક ત્રીજાં કાણાંમાંથી ખેંચતાં જાડે અને ઢંકો તાર પાતળો અને લાંબો થાય છે.

૧. જતરડામાં ઘાલવું-બેસવું = (૧) દબાવવું; પછી જ સાકડમાં આણી મૂકવું; પછી જ મુશ્કેલીમાં આણવું. (૨) સખત બટકાવ આપવા પ્રતિબંધ કરવો.

૨. જતરડામાં ઘાલીને તાણવું = (૧) ખસી જાય કે ખસકી શકે નહિ એવી પકડમાં લઈને પછી ખેંચવું. (૨) બરોબર કામમાં લઈ પછી તેની પાસે કામ કરાવવું.

જતવાણિત સ. જતા આવતા.

જતવાજ ૧. સ્ત્રી. મુસલમાનની એ નામની અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જતવિદ્ય [સં.] વિ. શાખમાંથી બનાવેલ.

જતસારી [હિ.] સ્ત્રી. બૈરાંઓથી ઘંટી વખતે ગવાતું ગીત.

જતાણી ૧. સ્ત્રી. જત કોકોની સ્ત્રી.

૨. સ્ત્રી મુસલમાનની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

જતારા [હિં.] પું. વજ.

જતાવવું ૧. સ. ક્રિ. જણાવવું.
૨. સ. ક્રિ. બતાવવું.
૩. સ. ક્રિ. સમજાવવું.

જતિ ૧. [સં. યતિ] પું. ઇંદ્રિયોને વશ કરી જ્ઞાન લેવાને લાગી ગયેલો મુમુક્ષુ; યોગી; વૈરાગી; તપસ્વી; જિતેંદ્રિય પુરુષ; સંન્યાસી.
૨. પું. કવિતાના ચરણમાં વિરામ લેવાનું સ્થાન.
૩. પું. જૈન સાધુ; ચોરજી.
પારકાં છોકરાંને જતિ કરવા. = બીજાને ખોટી સલાહ આપવી કે ઉશ્કેરણી કરવી.
૪. સ. જતા.

જતિભંગ પું. કવિતામાં વિસામા પાસે શબ્દભંગ થતો હોય તેવો કવિતાનો દોષ.

જતિમતિ [સં. યથામતિ] સ્ત્રી. બીજાના ઓછા જથ્થાની અપેક્ષા અનેક જથ્થા માલના દરેકની જથ્થાની સૌની સામટી જોખમદારી; સમજણ સલાહસારો માટે દરેકની અથવા દરેકની પોતાની જાત માટે અને આખી મંડળી માટેની જવાબદારી; દરેકની જુદી અથવા સામટી કામદા પ્રમાણેની જવાબદારી.

જતિયારા [હિં.] પું. વંશ.

જતિસતી ૧. પું. બ્રહ્મચર્યવ્રત પાળનાર માણસ.
૨. વિ. વાસના ઉપર કાબૂ મેળવનાર; સંયમી.

જતુ ૧. [સં.] પું. (પિંગળ) બીજ સમવૃત્ત વર્ણમેળ છંદ; નામક. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો બીજો ભેદ છે. તેમાં સગણ, લઘુ અને લઘુ એમ પાંચ વર્ણ હોય છે.
૨. પું. શિલાજીત.
૩. સ્ત્રી. લાખ.

જતુક ૧. પું. સસણું.
૨. [સં.] પું. લાખ.
૩. પું. હિંગ.

જતુકર્ણ [સં.] પું. એ નામનો એક ઋષિ.

જતુકા ૧. સ્ત્રી. એ નામની વેલ; પહાડી. તેનાં પાન ઔષધિમાં કામ આવે છે.
૨. [સં.] સ્ત્રી. એ નામનું એક સુગંધી દ્રવ્ય.
૩. સ્ત્રી. ચામાચીડિયું.
૪. સ્ત્રી. પર્પટી; પાપડી.

જતુકાદાર [સં.] ન. નાસાપુટહાની બહારની દિવાલ ઉપર આવેલા ઊર્ધ્વમુરંગ નામના પોલા માર્ગના સૌથી ઉપલા ભાગમાં આવેલું એ નામનું છિદ્ર.

જતુકારી જુઓ જતુક્ર.

જતુકાસ્થિક વ. ખોપરીના તળિયાના મધ્ય ભાગમાં આવેલું હાડકું. તે બંને કર્ણાસ્થિઓ તથા પશ્ચિમ કપાલની આગળ રહેલું છે. ચામાચીડિયાના જેવી આકૃતિને લઈને તેનું આ નામ પડ્યું છે. તે વચ્ચે રહેલું હોઈ આસપાસના અસ્થિઓને મજબૂત ટેકો આપે છે. તેના મુખ્ય ચાર ભાગ છે.

જતુકૃચ્છ્રા સ્ત્રી. પાપડી.

જતુગૃહ [સં.] ન. (પુરાણ) લાક્ષાભવન; દુર્યોધને પાંડવોને બાળી નાખવાને બાંધેલું લાક્ષાગૃહ. એને ભીમસેને સળગાવી દીધું હતું.

જતુની [સં.] સ્ત્રી. ચામાચીડિયું; જતુ.

જતુપુત્રક ૧. પું. ચોપાટનું સોગઠું.
૨. પું. રીંગણનું બોંડાં.

જતુમણિ ૧. પું. એ નામનો એક રોગ. તેમાં શરીર ઉપર ગ્રંથ પડી જાય છે.
૨. [સં.] પું. તલ; શરીર ઉપર જન્મનો રહેતો ગ્રંથ; લાખું.

જતુમુખ [સં.] સ્ત્રી. એક જાતની ઝાડ.

જતુરક્ત ૧. [સં.] પું. એક જાતનો રાતો રંગ; જાળતો. અગાઉ ઓઢવા બાનાયી પત્રની પાનીઓ અને પાટલીઓ રંગવા વપરાતી હતી.
૨. પું. લાખ; લાક્ષારસ.

જતુવર્ણ [સં.] વિ. લાખના રંગનું; લાલ.

જતૂ ૧. [સં.] સ્ત્રી. ચામાચીડિયું.
૨. સ્ત્રી. લાખનો બનાવેલો રંગ.

જતૂકર્ણ [સં.] પું. એક ઋષિનું નામ.

જતૂકારીરીર વ. જતૂકાસ્થિનો વચ્ચલો બનાવટ ભાગ. તે અંદરથી મોટે ભાગે પોલો હોઈ તેની અંદર આવેલાં હવા માટેનાં ખોખરા જતૂકકોટરો તરીકે ઓળખાય છે. આ ભાગની આગળી, પાછળી, ઉપરની અને નીચેની એમ ચાર બાજુ છે.

જતૃક્ષ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

જતેક [હિં.] વ. જેટલું તેટલું.

જતેદહાડે (જતેહાડે) અ. કાળે કરીને.

જત્તા ૧. [સં. યાત્રા] સ્ત્રી. (જૈન) પ્રવાસ.
૨. સ્ત્રી. શુભ પ્રવૃત્તિ.

જત્ન [સં. યત્ન] ન. કાળજી; જતન; દરકાર; સંભાળ; સાવચેતી.

જત્રક ૧. [સં. જત્રુ] ન. ગળાની હાંસડી; ગલાકપ.
૨. ન. ગળાની હાંસડી ઉપરના અવયવોની ચિકિત્સા.

જત્રતત્ર અ. યત્રતત્ર; જ્યાં ત્યાં.

જત્રાની [હિં.] સ્ત્રી. જાટની એક જાત. તે રોહિલખંડમાં વસે છે.

જત્રુ [સં.] સ્ત્રી.; ન. ગળાની નીચેનું પહોળું પાસળું; હાંસડી, કાંઠલો; ગરદનનું હાડકું; અક્ષકાસ્થિ.
મૂઢજત્રુ = તંદુરસ્ત; જેની જાતીનું ઉપલું પાસળું દેખાતું ન હોય એવું.

જત્વરમક ૧. [સં.] ન. ઝાપ; ઝળતો.
૨. પું ત્રિલાછત.

જથ [સં. યૂથ] પું. જથ્થો; સંઘ.

જથરપથર ૧. અ. અહીંતહીં; જ્યાંત્યાં.
૨. વિ. આમતેમ ખસી ગયેલું; ઠીકઠાક નહિ પણ જેમ તેમ; અવ્યવસ્થિત; કપડાં વગેરે આમતેમ ખસી ગયેલાં હોય તેમ; અસ્તવ્યસ્ત.
૩. વિ. છૂટકછૂટક; ભિનભિન.

જથરવથર જુઓ જથરપથર.

જથવું સ. ક્રિ. ખાવા બેસવું.

જથ્થા ૧. [સં. યૂથ] પું. ટુકડી; ટોળી; ટોળું; મંડળ.
૨. પું. ઢગલો; જથ્થો; સમૂહ.
૩. પું. શક્તિ; બળ.
૪. સ્ત્રી. પુંજી; ધન; સંપત્તિ.
૫. સ્ત્રી. મહા સુદિ ૧૧.
૬. અ. કર્ષ રીતે.
૭. [સં. યથા] અ. યથા; જેવી રીતે; જેમ; જે પ્રમાણે.

જથાક્રમ [સં. યથાક્રમ] અ. અનુક્રમે; એક પછી એક એમ ક્રમ પ્રમાણે.

જથાખ્યાત [સં. યથાખ્યાત] વિ. જેવું હોવું જોઈએ તેવું.

જથાજાત [સં. યથાજાત] વિ. જન્મતી વખત હોય એવું; નગ્ન.

જથાજોગ [સ. યથાયોગ્ય] અ. જેમ ઘટે તેમ; યથાયોગ્ય.

જથાતથ્ય [સં. યથાતથ્ય] વિ. વાસ્તવિક; ખરેખર.

જથાન્યાય [સં. યથાન્યાય] વિ. વાજબી; રીતસરનું.

જથાપૂર્વ [સં. યથાપૂર્વ] વિ. સ્પષ્ટ.

જથાબંધ ૧. અ. જોઈએ તેવું સારું, છૂટક નહિ તેમ; એક સામટું.
૨. અ. ટોળાબંધ; સમૂહ સાથે; જથામાં.

જથાભૂત [સં. યથાભૂત] અ. બનેલું હોય તેવી રીતે.

જથારથ ૧. [સં. યથાર્થ] વિ. ઘટતું; જેવું જોઈએ તેવું; યોગ્ય; ઘટિત; બરાબર; ખરું.
૨. અ. જેમ ઘટતું હોય તેમ; બરોબર; વાજબી રીતે.

જથાર્થ જુઓ જથારથ.

જથાવાદી [સં. યથાવદિન્] વિ. સત્યવાદી.

જથો ૧. [સં. યૂથ] પું. જાત પ્રમાણે જોઈને કરેલા વર્ગોમાંનો એક; સટ.
૨. પું. ટોળ; મેજ; ઢગલો.
૩. પું. પક્ષ.
૪. પું. વર્ગ; ઢાળ.
૫. પું. વર્ગ.
૬. પું. વિભાગ; હત્તો.
૭. પું. રોખ લોકોનો સંપ.
૮. પું સમૂહ; સમુદાય.

જથ્થાબંધ ૧. વિ. જથાબંધ; છૂટક નહિ પણ એકસામટું.
૨. વિ. બેસુમાર; અસંખ્ય; ટોળેટોળાં; દમલાબંધ; અનગણિત.

જથ્થાવાચક નામ ન. (વ્યાકરણ) જથ્થો બતાવનાર નામ; સમૂહવાચક નામ.

જથ્થો જુઓ જથો.

જદા ૧. [અ.] પું. બાપનો બાપ; દાદો.
૨. [સં. મદા] અ. જ્યારે.

જદપિ [સં. યદપિ] અ. યદ્યપિ; જોકે.

જદલ [અ.] પું. વકીલ.

જદવલ ૧. [અ.] પું. જ્યોતિષનો કોઠો.
૨. સ્ત્રી. હાંસિયા માટે કરવામાં આવતી લીટી.

જદવાર [મ.] પું. એક જાતનું ઘાસ; નિવિણી.

જદા [સં. યદા] અ. (પ્રાકૃત) જે વખતે; જ્યારે; યદા.

જદાતદા [સં. યદાતદા] અ. જ્યારે ત્યારે; કોઈ પણ વખતે.

જદાદ ૧. [ફા.] સ્ત્રી. બીજો બોલ.
૨. સ્ત્રી. પૂછ; કુંડ; મિલકત.

જદાવિલ ૧. [અ.] ન. બાતું.
૨. ન. લીટી.

જદિ [સં. યદિ] અ. (પ્રાકૃત) જો; યદિ; જો કદિ; જોકે.

જદિદ સ્ત્રી. કર નાખી લાકડા જેવી જમીન.

જદિયત સ્ત્રી. કુળ; વંશ; પેઢી.

જદી ૧. પું. કુળ તારો.
૨. [અ.] પું. બોકડો.

જદીદ ૧. [અ] પું. નવો વસેલો બેદૂત.
૨. વિ. નવું; તાજું.

જદુ ૧. [સં. યદુ] પું. બાદવવંશ.
૨. પું. યદુ રાજા.

જદુકુળ [સં. યદુકુલ] ન. યદુનું કુળ; યાદવ વંશ.

જદુકુળેશ [સં. યદુકુલેશ] પું. જદુકુળના મુખ્ય પુરુષ; શ્રીકૃષ્ણ.

જદુકુંદ્રણ [પ્રા.] પું. યદુનંદન; શ્રીકૃષ્ણ.

જદુનંદન [સં. યદુનંદન] પું. જદુકુળને આનંદ આપનાર શ્રીકૃષ્ણ.

જદુનાથ [સં. યદુનાથ] પું. યદુવંશીઓના નાથ; શ્રીકૃષ્ણ; યાદવપતિ.

જદુપતિ [સં. યદુપતિ] પું. યદુવંશીઓના નાથ; શ્રીકૃષ્ણ; યાદવપતિ.

જદુપાલ જુઓ જદુપતિ.

જદુપુર [સં. યદુપુર] ન. મથુરા.

જદુરાજ [સં. યદુરાજ] પું. શ્રીકૃષ્ણ.

જદુરામ [સં. યદુરામ] પું. યદુ કુળના રામ; બળદેવ.

જદુરાય [સં. યદુરાજ] પું. યદુવંશીઓના નાથ; શ્રીકૃષ્ણ; યદુપતિ; જદુપતિ.

જદુવર [સં. યદુવર] પું. શ્રીકૃષ્ણ.

જદુવંશ [સં. યદુવંશ] પું. યાદવવંશ; યદુનો વંશ

જદુવંશી [સં. યદુવંશિન્] વિ. યાદવ વંશનું; યદુના વંશનું.

જદુવીર [સં. યદુવીર] પું. શ્રીકૃષ્ણ.

જદ્દ ૧. [અ.] પું. બાપદાદા.
૨. પું. કોશિયા; પ્રપતા.
૩. પું. દાદો; પિતામહ.

જદ્દી [અ.] વિ. બાપદાદાનું; વડીલોપાર્જિત; વારસામાં મળેલ.

જદ્દોજિહાદ [અ.] સ્ત્રી. કોશિશ; પ્રયત્ન.

જધપિ [સં. યદપિ] અ. જદ્યપિ; યદ્યપિ; જો કે.

જદ્યાતદ્યા [સં. યદાતદા] અ. એકદમ; જેમ આવડે તેમ; કરેકારણા વગર; જેમ મનમાં આવે તેમ; ફાવે તેમ; યદાતદા.

જદ્વાર ન. એક જાતની વનસ્પતિ. તેની ભાંડો દવામાં વપરાય છે. તે ગુણમાં કડવું, પૌષ્ટિક અને શોષક છે.

જધન સ્ત્રી. ચોખાની એક જાત.

જધલ ૧. વિ. મૂર્ખ; બેવકૂફ.
૨. વિ. સંભોગ કરાયેલ.

જધવું સ. ક્રિ. સંભોગ કરવો; સ્ત્રી ભોગવવી.
જધાઈ જવું = હેરાન હેરાન થઈ જવું.

જધામણ ૧. ન. વૈતરું; મહેનત; ગદ્દામજૂરી.
૨. ન. હેરાનગતિ

જધાવવું સ. ક્રિ. સંભોગ કરાવવો; વિષયસુખ લેવું.

જધીનું વિ. સંભોગ કરાયેલનું એવા અર્થની એક ગાળ.

જન ૧. [સં.] કૃ. ક્રિ. (ધાતુ) જન્મવું; પેદા થવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: જન્ય, જાત, જાતિ, સજ્જન, પંકજ, જનન.
૨. અ. ક્રિ. હોવું; થવું.
૩. સ. ક્રિ. (ધાતુ) પેદા કરવું; ઉત્પન્ન કરવું. તે ઉપરથી થયેલ શબ્દો: જનક; જનની; જનેતા.

જન ૧. [સં.] પું. આદમી; માણસ; મનુષ્ય; માનવી.
૨. પું. એક રાક્ષસનું નામ.
૩. પું. (પિંગળ) એક વિષમ જાતિ માત્રામેળ છંદ. આ છંદ ભોજનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૪૦ લઘુ મળી ૫૨ વર્ણ હોય છે.
૪. પું. દાસ; અનુયાયી; અનુચર.
૫. પું. સાત માંહેની પાંચમી મહા આહુતિ.
૬. પું. સાત માંહેનો એ નામનો એક લોક. તેમાં મોટા યોગીંદ્રો રહે છે.
૭. સ્ત્રી. લેણિઆ કણબીની અટક.
૮. વ. એ નામની અટકનું માણસ.
૯. ન. જીન; ભૂત; પિશાચ.
૧૦. ન. દુનિયા; જગત; લોક.
૧૧. ન. લોક; પ્રજા; રૈયત.
૧૨. ન. લોકોનો સમુદાય; જનતા.
૧૩. વિ. ઉત્પાદક; પેદા કરનાર.
૧૪. વિ. એ નામની અટકનું.

જનક ૧. પું. આયુર્વેદનો એ નામનો એક આચાર્ય.
૨. પું. એ નામનો એક ઋષિ.
૩. પું. એક જાતનું ઝાડ.
૪. પું. નવા દેહને ઉત્પન્ન કરનારું અણુ.
૫. પું. પરમેશ્વર.
૬. પું. પાલક; પાળનાર.
૭. પું. પિતા; બાપ; તાત.
જાત જનક સવિતા પિતા, બાપ તજ મુખ બોમ,
ત્રણ કર મહી નદલાલને, નિમય દેશે બોમ.
પિંગળપ્રકાશ

૮. પું. પોતાની ગતિથી બીજા પરિમાણુને ઉત્પન્ન કરે એવું પરિમાણુ. જેમકે, બિંદુ પોતાની ગતિથી લીટીને ઉત્પન્ન કરે છે, તેથી બિંદુ લીટીનો જનક અથવા જનિત્ર કહેવાય છે.

૯. પું. રામાયણના મુખ્ય નાયક રામચંદ્રનો સસરો; સીતાનો પિતા અને વિદેહ અથવા મિથિલાનો તે વખતનો પ્રખ્યાત તત્ત્વજ્ઞાની રાજા. બ્રહ્મવિદ્યાના ઉત્તેજક અને યોગીશ્વર યાજ્ઞવલ્કયનો તે શિષ્ય હતા. તેને સીતા સિવાય બીજું છોકરું નહોતું. અયોધ્યાના રાજા રામચંદ્ર સાથે સીતાને તેમણે સ્વયંવર કરીને પરણાવ્યા હતા. રામ રાવણનો મારીને સીતાને લઈ વનવાસ પૂરો કરીને અયોધ્યા આવ્યા. ત્યાર પછી લોકનિંદાને લીધે રામે ગર્ભવતી સીતાનો ત્યાગ કર્યો. આથી જનક રાજાને રાજ્ય અને સંસાર અત્યંત અપ્રિય થઈ પડ્યાં. પછી તેમણે તપોવનમાં જઈ તત્ત્વાન્વેષણમાં વાસ પૂરો કર્યો.

૧૦. પું. વાજીકરણના ગ્રંથ મારેનો એક પ્રકાર.

૧૧. પું. વિદેહ વંશના પ્રત્યેક રાજાનું સામાન્ય નામ. એનું કારણ એમ છે કે એ મૃત પુરુષ કેવળ પિતાના જ દેહથી નિર્માણ થયા હતો. વૈવસ્વત મનુના મોટા પુત્ર ઇક્ષ્વાકુના સો પુત્ર મારેના બીજા પુત્ર નિમિ રાજાને વસિષ્ઠનો શાપ હતો. એનો દેહ પડી ગયા પછી બ્રાહ્મણોએ એના દેહનું મથન કર્યું અને તેમાંથી એક પુરુષ નિર્માણ કર્યો. એનું નામ મિથિનામા જનક. ત્યાર પછીના દરેકને આ નામ લાગુ પડ્યું. સીતાજી આ કુળમાં થયેલ સીરધ્વજની પુત્રી હતી. સીતાના પિતા જનક તેની પછી બીજામા રાજા થયા. તેને કોઈ ઉત્પન્ન કરનાર નહિ હોવાથી જનક અથવા વિદેહ કહેવાયા. એના વંશના સર્વ જનક અથવા વિદેહ વંશજ કહેવાય છે.

જનક વંશનો આંખોઃ—

નિમિ
|
મિથિ
|
જનક
|
ઉદાવસુ
|
નન્દિવર્ધન
|
સુકેતુ
|
દેવરાત
|
બૃહદ્રથ
|
મહાવીર
|
સુધૃતિ
|
ધૃષ્ટકેતુ
|
હર્યશ્વ
|
મરુ
|
પ્રતીન્ધક
|
કીર્તિરથ
|
દેવમીઢ
|
વિબુધ
|
મહીધ્રક
|
કીર્તિરાત
|
મહારોમા
|
સ્વર્ણરોમા
|
હ્રસ્વરોમા
|

જનક | કુશધ્વજ
સીતા ઊર્મિલા | માંડવી શ્રુતકીર્તિ

૧૨. પું. વીજળી ઉત્પન્ન કરનાર યંત્ર.

૧૩. પું. સગરરાજાનો એ નામનો એકો પુત્ર.

૧૪. પું. સર્પનાં એકસો આઠ મારેનું એક નામ.

૧૫. ન. કારણ.

૧૬. વિ. ઉત્પન્ન કરનાર; પેદા કરનાર.

જનકકૂપ [સં.] પું. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થસ્થાન.

જનકજનની સ્ત્રી. ન. બ. પિતા અને માતા.

જનકજા [સં. જનક + જ (ઉત્પન્ન થયેલી)] સ્ત્રી. જનક રાજાની પુત્રી; સીતા; જાનકી, જનકતનયા.

જનકજ્ઞાનગમ્ય [સં.] પું. પુરુષોત્તમનાં ઇશ્વર મારેનું એક નામ.

જનકતનયા [સં.] સ્ત્રી. સીતા; જનકાત્મજા; જાનકી; જનક રાજાની પુત્રી.

જનકતા ૧. સ્ત્રી. ઉત્પન્ન કરવાની શક્તિ.

૨. [સં.] સ્ત્રી. બાપપણું; ઉત્પન્ન કરનારપણું; પિતાપણું.

જનકત્વ જુઓ જનકતા.

જનકપતની જુઓ જનકજા.

જનકથા ૧. [સં.] સ્ત્રી. મુખપરંપરાએ બોલેમાં ચાલતી કથા કે વાર્તા; દંતકથા.

૨. સ્ત્રી. બોલેમાં ચાલતી આવેલી કે ચાલતી વાત.

જનકનંદિની [સં.] સ્ત્રી. સીતા; જાનકી.

જનકનૃપસુતા [સં.] સ્ત્રી. જનક રાજાની પુત્રી; સીતા.

જનકપુત્રી [સં.] સ્ત્રી. સીતા; જાનકી.

જનકપુર ૧. [સં.] ન. જગત; સંસાર.

૨. ન. મિથિલા નગરી; જનકની રાજધાની. તે હિંદુઓનું પ્રધાન તીર્થ છે.

જનકબૃહદ્રથ પું. (પુરાણ) એ નામનો એક રાજા. તે મહા ધર્મશીલ, કૃપાળુ, જ્ઞાની અને નીતિમાન હતો. બ્રાહ્મણોની સભા ભરાવી ધર્મ સભામાં વાદવિવાદ કરાવતો. નામાંકિત વિદ્વાનોને પોતાને ત્યાં રાખી નિરંતર જ્ઞાનમાં આનંદ લેતો. એક વાર તેને સ્વપ્નું આવ્યું તેમાં રાજપાટ ગુમાવી ભરીબ થઈ જતાં બે ત્રણ દહાડાના ઉપવાસ થયા. અંતે બહુ દીનભાવે મહા મહેનતે થોડી ખીચડી મેળવી. તે પણ બે સાધુ બાળવાથી ખૂબ જેમી થઈ ગઈ ને પોતે બહુ દુઃખી થયો. એટલામાં જાગી જવાથી આ સાચું કે પેલું સાચું એવા એવા પ્રશ્ન બ્રાહ્મણોને પૂછવા લાગ્યો અને પોતાના મનનું સમાધાન ન થવાં સાંજુથી બધા બ્રાહ્મણોને રોકી રાખતો ગયો. એવામાં કોહોક બ્રાહ્મણનો પુત્ર અષ્ટાવક્ર જે મહા સમર્થ જ્ઞાની હતો તેણે તેને ઉત્તર આપ્યો કે, જેવું તે તેવું જ બધું. પેલુંએ ખોટું અને આએ ખોટું એમ કહી તેને ઉપદેશ આપ્યો અને બધા બ્રાહ્મણોને છોડાવ્યા.

જનકશ્રી ૧. પું. પિતા; બાપ.

૨. પું. બ્રહ્મદેવ.

જનકસદૃશ [સં.] વિ. જનક રાજા જેવું.

જનકસમ્રાટરાજ [સં.] પું. જનક રાજાએ કરેલો એક યજ્ઞ.

જનકસુતા [સં.] સ્ત્રી. સીતા; જનકાત્મજા; જનકનંદિની.

જનકાત્મજા [સં. જનક + આત્મજા (દીકરી)] સ્ત્રી. જનક રાજાની પુત્રી; સીતા; વૈદેહી.

જનકુલ [સં.] ન. લોકોનો સમુદાય.

જનકુળ જુઓ જનકુલ.

જનકૃત [સં.] વિ. માણસે કરેલું.

જનકેરડી (જનકેરડો) ૧. સ્ત્રી. બધા પુરુષોની સ્ત્રી.

૨. સ્ત્રી. વેરણ.

જનકૈયર [સ.] પું. જનક રાજાએ સ્થાપેલ એક શિવલિંગ.

જનખારી પું. જનખવારની ખીણમાં વસતા એક જાતના લોકો. તેઓ બહાદુર અને ચબરાક હોય છે.

જનગણના [સં.] સ્ત્રી. વસતી ગણતરી; સરશુમારી; માણસોની સંખ્યા ગણવી તે.

જનચક્ષુ ૧. પું. આકાશનો ગોળ.
૨. [સં. જનચક્ષુસ] પું. સૂર્ય.

જનચર્ચા [સ.] સ્ત્રી. લોકોમાં થતી ચર્ચા; ગામમા થતી વાત; લોકવાદ.

જનજન્માદિ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુના હજાર માહેનુ એક નામ. જન્મ લેનાર જીવના જન્મ એટલે ઉત્પત્તિનુ આદિ એટલે મૂળ કારણ હોવાથી તે જનજન્માદિ કહેવાય છે.
૩. પુ. શિવ.

જનજાત [સં.] પું. મનુષ્ય; માણસ.

જનડા (જનડા) ૧. સ્ત્રી. એ નામની મેમણની અટક અટક.
૨. વિ. એ નામની અટકનુ માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જનત ૧. પું. જન્મ; ઉત્પન્ન થયુ તે.
૨. પું. મનુષ્યોનો સમૂહ.
૩ વિ. જન્મેલુ.

જનતંત્ર [સં.] ન. પ્રજાતંત્ર, લોકતંત્ર; લોકશાસન; 'ડેમ.ક્રસિ.'

જનતા ૧. [સં.] સ્ત્રી. જનનનો ભાવ, ઉત્પન્ન થવાપણું.
૨. સ્ત્રી. જનસમાજ; લોકોનો સમૂહ; સમાજ; પ્રજા
૩. સ્ત્રી. પરિષદ; સભા; મંડળી; મિજલસ.
૪. સ્ત્રી. માણસાઈ; માણસપણું.

જનતાદ્વેષી પું. માણસ જાતનો શત્રુ.

જનતાધર્મ [સં.] પું. માનવ સમાજ પ્રત્યેનો ધર્મ.

જનતાધીનશાસન [સ.] ન. પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાશાસન; લોકતંત્ર; લોકશાસન; લોકરાજ.

જનતાપ્રતિન્યાય [સં.] પું. લોકોનો ઉત્સાહ વધારે અથવા તેમના ઉપર અસર કરે એવી દલીલ. ઉત્તેજન ન્યાય.

જનતાપ્રેમ [સં.] પું. લોકો તરફનો પ્રેમ, ભૂતદયા; માનુષાપ્યતા; માનવતા.

જનતાબુદ્ધિન્યાય [સં.] પું. સર્વસાધારણ ન્યાય.

જનતાવર્જુન [સં.] ન. લોકકૃત્તાત; 'ડેમોક્રસિ'.

જનતાસેવક [સં.] પું. લોકોની સેવા કરનાર માણસ.

જનતાસ્નિગ્ધતા [સં.] સ્ત્રી. જનતાપ્રેમ; માનવસ્નિગ્ધતા; ભ્રાતૃભાવ, 'ફ્રૂમનિટેરિયનિઝમ'

જનત્રા [સં.] સ્ત્રી. છત્રા; છત્રી.

જનત્રાતા [સં.] પું. માણસોનું રક્ષણ કરનાર પરમેશ્વર.

જનત્વ [સં.] ન. માણસાઈ, માણસપણું.

જનદયા [સં] સ્ત્રી. માણસ જાત પ્રત્યેની અનુકંપાની લાગણી.

જનદેવ ૧. [સં.] પું. રાજા; દેવ જેવો માણસ; નરેશ્વર્ત.
૨. પું. (પુરાણ) વિદેહ વંશનો એ નામનો એક જનક. તેણે પોતાને બબે એકસો આચાર્ય રાખ્યા હતા. એક દાણે એણે એમને એવા પ્રશ્ન કર્યા કે આત્મા એટલે શુ? મૃત્યુત્વે કરીને એ નામ કોને છે અને એને મેળવવાને ઉપાય શો? એ પ્રશ્નોના ઉત્તર જેને જેમ કાંઈ તેમ આપ્યા, પણ રાજાને સમાધાન થયુ નહિ. તેવામાં એને ઘેર પંચશિખ નામના ઋષિ આવ્યા. તેણે એમનુ પૂજન કરી નમ્રતાથી ઉપર કહેલા પ્રશ્ન પૂછ્યા. તેમણે એના યથાયોગ્ય ઉત્તર આપ્યા. ઋષિએ આચાર્યોએ દર્શાવેલા જવાબના ખંડનમંડન સહિત રાજાના મનનુ સમાધાન કર્યું. ઋષિના બોધથી રાજાનું મન પ્રસન્નવદન બન્ન થયુ. તેનું રાજ્યગૃહ જાવા લાગ્યું તોપણ આ મારું જાય છે એવી મમત્વબુદ્ધિ ઉત્પન્ન થઈ નહિ.

જનદ્વેષ [સં.] પું. જનસત્રુતા; લોકશત્રુતા; માણસજાતનો ધિક્કાર; માણસજાતનો દ્વેષ.

જનધા ૧. [સં.] પું. આગ; અગ્નિ.
૨. પું. ચેટમાં રહેલ જઠરાગ્નિ.

જનન ૧. [સં. જન્ (જન્મવુ)] પું. પરમેશ્વર.
૨. પું. પિતા.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનુ એક નામ ઉત્પન્ન કરનાર હોવાથી તે જનન કહેવાય છે
૪. પું. શિવ; શકર.
૫. ન. આવિર્ભાવ; દેખાવ, પ્રાદુર્ભાવ; જીવન.
૬. ન. ઉત્પત્તિ; ઉત્પન્ન થવુ તે પ્રકટ થવાપણું; જન્મ
૭. ન. જન્મવું તે; પ્રસૂતિ; જણતર
૮. ન. તંત્ર અનુસાર મંત્રના દશ માર્ગનો પહેલો સસ્કાર.
૯. ન વસ્ત્ર, ઠામ, પેદા
૧૦. વિ. ઉત્પન્ન કરનાર.

જનનકાલ [સં.] પું. જન્મનો વખત.

જનનઘટિકા [સ.] સ્ત્રી. જન્મનો સમય.

જનનનાળ સ્ત્રી. ગર્ભમાં બાળકની ડૂંટી સાથે જોડાયેલી રક્તોની લાબી નળી; નાળ.

જનનનિરોધ [સં.] પું. ગર્ભ રહેતા અટકાવવા તે; સતતિનિયમન; ગર્ભાધાનનિરોધ.

જનનમરણ [સ.] ન. જન્મ અને મરણ; ઉત્પત્તિ અને લય; જન્મમૃત્યુ.

જનનમર્યાદા [સ.] સ્ત્રી. દરેક દંપતીને અમુકથી વિશેષ છોકરા ન હોવા જોઈએ એ પ્રકારની સતાનની સખ્યાની અમુક હદ; સતતિ પર અંકુશ; સતતિનિયમન.

જનનવાત્સલ્ય [સ.] ન. માતાપિતાનો સ્નેહ.

જનનવિદ્યા [સં.] સ્ત્રી જણતર સબધી વિદ્યા.

જનનશાસ્ત્ર [સં] ન. પ્રજોત્પત્તિ સબધી વિદ્યા.

જનનાથ [સ.] પું. રાજા

જનનાશૌચ [સં] ન. જન્મ સબધી સૂતક; જણતર.

જનની ૧. સ્ત્રી. એક જાતનુ પક્ષી; મામ.ચર્ટિયુ.
૨. સ્ત્રી. એક જાતનુ સુગધી દ્રવ્ય; બાલો.
૩. સ્ત્રી. કડુકી; કડુ નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. જટામાંસી
૫. સ્ત્રી. જન્મ આપનારી સ્ત્રી; માતા; અંબા. જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં યે અધિક મનાય છે.
૬. સ્ત્રી જન્મવું તે; પેદા થવાપણું
૭ સ્ત્રી જાતિ.
૮ સ્ત્રી. દયા; કૃપા.
૯. સ્ત્રી. પાપડી.
૧૦. સ્ત્રી. મજીઠ
૧૧. સ્ત્રી. ભોગરાના ફૂલનો વેલો.
૧૨. સ્ત્રી. લાખ; કીડાઓએ બનાવેલો એક પદાર્થ.

જનનીઉર [સં.] ન. માતૃહૃદય.

જનનીતિ સ્ત્રી. લોકનીતિ; લોકમર્યાદા; સામાન્ય નીતિ.

જનનીપાયું ન. માપાપણું; માતૃત્વ.

જનનેંદ્રિય [સં] સ્ત્રી. સ્ત્રી અથવા પુરુષનો પ્રજોત્પાદક અવયવ, ગુપ્તેંદ્રિય; લિંગ અથવા યોનિ.

જનપતિ [સં.] પું રાજા; નૃપ.

જનપદ ૧. [સ.] પું.; ન. ગામડું. આચાર્ય કૌટિલ્યે જનપદ એટલે ગામડાને પોતાના અર્થશાસ્ત્રમાં રાજ્યનું ત્રીજુ અંગ ગણ્યું છે. શામાશાસ્ત્ર કહે છે કે જનપદ પોતાનો નિર્વાહ કરવાને તેમ જ આપત્તિમા પારકો પણ નિર્વાહ

કરવાને સમર્થ હોવો જોઈએ. પોતાનું રક્ષણ અને કરી શકે, શત્રુ સામે અન્યાય કરી શકે તેવો તે હોવો જોઈએ. તેમાં કમરો, પથ્થરા, કાંટા, ઉત્તરહ જમીન વગેરે હોવાં જોઈએ નહિ. જનપદ પશુપંખીવાળો જોઈએ. માત્ર વરસાદ ઉપર તેણે આધાર રાખવો જોઈએ નહિ તે પુલ એટલે જલમાર્ગવાળો અને સ્થળમાર્ગ એટલે સડકવાળો હોવો જોઈએ. તે જનપદનાં માણસો પુરુષાર્થવાળાં હોવાં જોઈએ અને તેની વસતી ચારિત્રવાળી હોવી જોઈએ.

૨. પું.; ન. દેશ, રાષ્ટ્ર, મુલક

૩ પુ., ન પાટનગર સિવાયનો રાજ્યનો બાકીનો મુલક.

૪. પું.; ન. પુરી; નગર, શહેર.

૫. પું ; ન. પ્રજાવર્ગ; જનસમૂહ; લોકસમસ્ત.

૬. પુ , ન. પ્રાંત.

૭. પું ; ન. માણસનું પગલું

૮. પું ; ન. લોકોનું રાજ્ય; સર્વજનતંત્ર; લોકશાસન.

૯. પું.; ન. સો ગામનું એક માપ; ક્ષેત્ર ગણવાનો એક પ્રકાર.

૧૦૦ ગ્રામ = જનપદ
૧૦ જનપદ = દેશ

જનપદધર્મ [સં.] પું. દેશાચાર; દેશની રૂઢિ, દેશનો આચાર; દેશવ્યવહાર.

જનપદપતિ [સં] પું. રાજા.

જનપદવધૂ સ્ત્રી. બૌદ્ધ વગેરેની ગામડાવાસી સ્ત્રી.

જનપદસંધિ [સં.] પું. બે પ્રાંતોની વચ્ચેનો આવેલું સ્થળ.

જનપાલ ૧. [સં.] પું. મનુષ્યોનું પોષણ કરનાર માણસ.

૨. વિ. સેવક કે અનુચરને પાળનાર.

જનપાલક જુઓ જનપાલ.

જનપિતા [સં. જનપિતૃ] પું. જન્મ આપનાર પિતા; બાપ.

જનપીડા (જનપીડ) [સં.] સ્ત્રી. લોકોને થતું દુઃખ

જનપુર [સં.] ન. શહેર; ગામ.

જનપ્રવાદ ૧ પું. અફવા; ગામગપાટો.

૨. [સં.] પું. લોકાપવાદ; લોકનિંદા.

જનપ્રવાહ ૧. [સં.] પું. લોકરૂઢિ; સામાન્ય રૂઢિ; લોકાચાર.

૨. પું. લોકોનો રઝળતો, લોકોની ભટકતી, લોકોનો પ્રવાહ; ટોળું.

જનપ્રિય ૧. [સં.] પુ. લોકપ્રિય, ખ.જા.

૨. પું. ઘઉં

૩. પુ. નારંગીનું ઝાડ.

૪. પું. મહાદેવ; શિવ

૫. પું. સારસવાનું ઝાડ.

૬. વિ. બધા ઉપર પ્રેમ રાખનાર.

૭. વિ. લોકપ્રિય; જનસમુદાયમાં જોઈએ પ્રેમ કે માન ઉત્પન્ન કરેલો હોય તેનું; પ્રિય; માણસોને પ્રિય.

જનપ્રિયતા [સં.] સ્ત્રી. બધાને પ્રિય હોવાનો ભાવ; સર્વપ્રિયતા

જનબુદ્ધિ [સં.] સ્ત્રી. સામાન્ય માણસની બુદ્ધિ.

જનભક્ષ [સં.] પું. માણસોનો ખોરાક.

જનભાષા [સં.] સ્ત્રી લોકભાષા.

જનમ ૧. [સં. જન્ (જન્મવું)] પું. અવતાર; જન્મ; જિંદગી; જનમારો; આયુ.

૨. પું. ઉત્પત્તિ મહોત્સવ; ઉદ્ભવ.

૧. જનમ બગાડવો = (૧) જિંદગી બગાડવી. (૨) વાસનામાં જીવન પસાર કરવું. (૩) વિષયો થવું. (૪) વ્યભિચાર કરવું.

૨. જનમ લેવો = દુનિયામાં આવવું.

જનમકુંડળી સ્ત્રી. જન્મ વખતના ગ્રહસંયોગનો બરાબર ક્રમ લઈને બનાવેલું બાર રાશિઓવાળું ચક્ર; જન્માક્ષર.

જનમકેદ સ્ત્રી. જિંદગી સુધીની કેદ

જનમકેદી વિ. જન્મકેદ થઈ હોય એનું; જન્મકેદ મળી હોય એવું.

જનમગાંઠ ૧. સ્ત્રી. ગણે નહિ એવો મજબૂત નિશ્ચય; અચળ નિશ્ચય.

૨. [સં. જન્મ + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. જન્મ દિવસ; વર્ષગાંઠ; દર વર્ષે આવતી જન્મદિવસની તારીખ; સાલગરી; જન્મતિથિ.

૩. સ્ત્રી. જન્મ સુધીની કાયમની ગાંઠ; સદાનો સબંધ

૪. સ્ત્રી. દર જન્મદિવસે થતી ઊજવણી.

જનમઘૂંટી સ્ત્રી. ઘૂંટીને પાવાની આયુર્વેદની દવા. જન્મ સમયથી બે ત્રણ વર્ષ સુધી તે આપવામાં આવે છે

જનમજનમ ૧. પું. આત્માનું એક દેહમાંથી બીજે દેહમાં જવું તે

૨. ન. જન્મોજન્મ; ભવોભવ. હમેશને માટે

જનમટીપ સ્ત્રી. જનમગાંઠ; જિંદગી સુધીની કેદની સજા

જનમત [સં.] પું. લોકોનો મત; લોકવિચાર, પ્રજાનો અભિપ્રાય, પ્રજામત.

જનમતી પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ; વાદ્યમતી.

જનમદિન પું. જન્મદિવસ, વર્ષગાંઠ; જે દિવસે જન્મ્યો હોય તે દિવસ

જનમધરતી સ્ત્રી. જન્મભૂમિ.

જનમન ૧. ન. માણસનું હૃદય.

૨. અ. એકદમ; જલદી.

જનમનાર પું. (વહાણવટું) મોરો; વહાણનું મોટું બનાવવા માટે પહાણના બને છેડેથી પહોળો ખૂણો બને એમ જડવામાં આવતાં સંધાં લાકડાં; આગલો મોરાની ઉપલી અણી

જનમપત્ર પું. બાળકના જન્મ વખતે ગ્રહ જોવાથી ભવિષ્ય કેવું જશે તેની કુંડળી; જન્માક્ષર; જન્મકુંડળી; જન્મપત્રી.

જનમપત્રી જુઓ જનમપત્ર.

જનમભૂમ સ્ત્રી. જન્મભૂમિ; વતન.

જનમભૂમિ સ્ત્રી. જન્મભૂમિ; વતન.

જનમભોમ સ્ત્રી. જન્મભૂમિ; વતન.

જનમભોમકા સ્ત્રી. જન્મભૂમિ; વતન; સ્વદેશ; માતૃભૂમિ

જનમરક [સં.] પું. જે બિમારીથી ઘોડા સમયમાં ઘણાં લોક મરી જાય એવી બિમારી; મરકી; મરડી.

જનમર્યાદા [સં.] સ્ત્રી. જનનીતિ; લોકનીતિ; લૌકિક આચાર કે રીતિ.

જનમવું ૧. [સં. જન્] અ. ક્રિ. અવતરવું; પેદા થવું; ઉદ્ભવવું; ઉત્પન્ન થવું; દુનિયામાં આવવું; પ્રગટ કે ઉદય થવું.

૨. અ. ક્રિ. બાળકે માના પેટમાંથી બહાર આવવું.

જનમસંઘાતી ૧. પું જન્મથી સાથે રહેનાર મિત્ર.

૨. વિ આખી જિંદગી સુધી સાથે રહે તેવું.

જનમંડલ [સં.] ન. જનતા; પ્રજા; જનસમુદાય.

જનમાક્ષર પું જન્મકાળ વખતના ઘડી, યોગ વગેરે સમાવતે ને અક્ષર; જન્મપત્રિકા; જન્મકુંડલી.

જનમાજનમ ૧. ન. આત્માનું એક દેહમાંથી બીજે દેહમાં જવું તે

૨. અ જન્મોજન્મ. ભવોભવ; હમેશને માટે

જનમારો પુ જિંદગી, ભવ, જીવતર; જન્મથી મરણ સુધીનો વખત.

જનમિ ૧ પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ જેમાં ને સુમતિલા છંદનો એક ભેદ છે.

૨. પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ અને બે લઘુ મળી પાંચ અક્ષર હોય છે.

જનમી ૧. વિ. કુદરતી, વારસાનું.

૨. વિ. નપુંસક.

૩. અ. જન્મથી જ; મૂળથી.

જનમેજય ૧. પુ. (પુરાણ) કૌરવ દેશના અદ્વસી રાજા પુરંજયનો પુત્ર અને મહાભારત રાજાનો પિતા.

૨. પું. (પુરાણ) જર્જરના સર્પસત્ર માંહેનો એ નામનો એક ઋષિ.

૩. [સં.] પું. (પુરાણ) પરીક્ષિતનો પુત્ર; પાંડવવંશી રાજાઓ માંહેનો એક મોટો પ્રતાપી, ધાર્મિક, સાહસિક અને સાહિત્યપ્રિય રાજા. પરીક્ષિત રાજા સર્પ કરડવાથી મરણ પામ્યા, તેથી ગુસ્સે થઈ જનમેજય રાજાએ દુનિયાના સર્પોનો નાશ કરવા માટે સર્પયજ્ઞ કર્યો હતો. તેથી તેને સર્પસત્રી પણ કહેવાય છે. આ સર્પસત્રમાં વાસુકિનાં ૧૫ કુળ, તક્ષકનાં ૧૮ કુળ, ઐરાવત નામનાં ૩ કુળ, કૌરવ્ય નામના ૯ કુળ અને ધૃતરાષ્ટ્ર નામનાં ૩૫ કુળ બળીને ભસ્મ થયાં હતાં. પરીક્ષિતને સુરાવતી નામની રાણીથી થયેલ ચાર પુત્રો માંહેનો તે એક હતો. તે ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયો એમ મનાય છે. આસિક ઋષિને લીધે તક્ષક નામનું કુળ એને મહાત્મ. બચી જવા પામ્યું હતું. આ રાજાએ વૈશંપાયન નામના સાહિત્યપ્રિય પુરુષને પોતાના પૂર્વજોના ચરિતથી ભરપૂર મહાભારત સાંભળ્યું હતું. ભાગવત અને બીજાં પુરાણોમાં આ રાજાની વિશેષ હકીકત આપેલી છે.

૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો રાજા. યુદ્ધમાં એના રથના ઘોડા રાતિના કૂલના જેવા હતા. ધૃતરાષ્ટ્રના દુર્મુખ નામના પુત્રે એને યુદ્ધમાં માર્યો હતો.

૫. પું. (પુરાણ) સુર્યવંશી દિષ્ટકુળોત્પન્ન સુમતિ રાજાનો પુત્ર. તેણે ત્રણ દિવસમાં પૃથ્વીને જીતીને તેનું આધિપત્ય મેળવ્યું હતું.

૬. પું. (પુરાણ) સોમવંશી અનુકુળોત્પન્ન સંજય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ મહામના હતું.

૭. પું. (પુરાણ) સોમવંશી યયાતિપુત્ર પુરુનો પુત્ર. એ ચાર યજ્ઞ કરી વનમાં ગયો હતો. માધવી નામની એને પેટે એને પ્રાચિન્વત્ અથવા પ્રાચીતત્ નામે પુત્ર થયો હતો. આ રાજા અને તેના ભાઈઓએ ચાર અશ્વમેધ યજ્ઞ કર્યા હતા.

જનમેદની સ્ત્રી. લોકોનું ટોળું; જનસમુદાય.

જનમોજનમ અ. સદાકાળ; જન્મોજન્મ; જન્મોજન્મ; જન્મોજન્મ; દરેક જન્મે.

જનમોતરી સ્ત્રી. જન્મ પછી ઉત્તરોત્તર જનનારા જનાવ, લાભ, હાનિ વગેરે જન્મપત્રી જન્મકુંડળી ઉપરથી ગણિત કરી જોશીએ બનાવેલી પત્રિકા.

જનમોત્રી જુઓ જનમોતરી.

જનયંત્રી [સં. જનયિત્રી] સ્ત્રી. માતા; મા; જનની.

> અંબા સાવત્રી પ્રસૂ જનયંત્રી મા નામ;
> જગતની રાણા પુરીની જેવી મંદિર ધામ.
> વિજયવલ્લભ

જનયિતૃ ૧. [સં.] પું. પિતા; બાપ.

૨. વિ. ઉત્પન્ન કરનાર.

જનયિત્રી [સં.] સ્ત્રી. જન્મ આપનારી માતા; જનની.

જનરખ પુ. વિરોધ, નગરીનો અતિ ધાર્મિક રાજા જનક.

જનરથ [સં.] પું. માણસો જોડે ખેંચવું વાહન.

જનરક્ષ ૧. [સં.] પું. સેનાનાયક; સેનાનો ઉપરી, અનીકપતિ.

૨. પું. સૈનિકની એક પદવી.

૩. વિ. સામાન્યમાં; સામાન્ય.

જનરવ ૧. [સં.] પું. લોકાપવાદ; ધિક્કાર, જનધ્વનિ, અફવા, લોકનિંદા.

૨. પું. શોર, લોકોનાં કલકલાટ, બકાટ

જનરંજન ૧. [સં.] ન. માણસોનાં મન ખુશી કરવાં તે

૨. વિ. સૌ માણસોને ખુશી કર એવું, જોનાર્યું માણસો ખુશ થાય એવું.

જનરંજની વિ. સ્ત્રી. લોકોને ખુશ કરે એવી.

જનરાજ [સં.] પું. રાજા.

જનરીત સ્ત્રી. લોકરિવાજ; લોકરૂઢિ; લોકમાં ચાલતી રીત.

જનરૂઢિ જુઓ જનરીત.

જનરેટર [અં.] ન. યાંત્રિક બળમાંથી વીજળી બળ બનાવવાનું યુક્તિવાળું યંત્ર જનક.

જનલક્ષ્મી [સં.] સ્ત્રી મનુષ્યોમાં લક્ષ્મી જેવા ગુણોવાળી સ્ત્રી.

જનલજ્જા [સં.] સ્ત્રી. લોકોમાં લાજ લાગવી તે; લોકશરમ; લોકોમાં આબરૂનું ખોવાય તેનો ડર; લોકલજ્જા; લોકમર્યાદા.

જનલોક ૧. [સં.] પું. ઊર્ધ્વલોકના સાત માંહેનો એક લોક; પૌરાણિક સાહિત્ય પ્રમાણે કલ્પાયેલા સાત માંહેનો પાંચમો લોક. સનકનાદિક યોગીશ્વરો તે લોકમાં રહેતા મનાય છે.

૨. પું. પૃથ્વી; દુનિયા.

જનવ ૧. પું. જનોઈ; યજ્ઞોપવીત.

૨. પું. પુણ્યની વસ્તુ.

જનવદન જુઓ જનવાદ.

જનવરી પું. જાન-યુઆરિ; અંગ્રેજી વર્ષનો પહેલો મહિનો

જનવલ્લભ ૧. [સં.] પું. ચેતરોહિત વૃક્ષ.

૨. વિ. માણસોમાં પ્રિય; માણસોને વહાલું; લોકપ્રિય; જનપ્રિય.

જનવાઇ (જનવાય) પું. ઊડતા અક્ષર; અફવા.

જનવાણી સ્ત્રી લોકવાણી; લોકોમાં ચાલતી વાત અથવા અફવા.

જનવાદ ૧. [સં.] પું. લોકોમાં ઊડતી વાત; અફવા; જપ; લોકાપવાદ.

૨. પું. લોકોમા થતી અપકીર્તિ.

૩. પું. સર્વસમ્મતિ; બધાનો મત હોવાપણું.

જનવાર્તા સ્ત્રી. લોકોમા ચાલતી વાત; જનશ્રુતિ, દંતકથા; લોકવાર્તા, કિંવદંતી.

જનવાસ ૧. [હિં.] પું. જ્યાં વર અને જાનૈયાને કન્યાપક્ષનાં માણસો મહેમાનગતી કરે તે ઘરનું આંગણાંસો; વર અને જાન માંહેનો ઉતારો

૨. [સં.] પું. લોકોને રહેવાનું સ્થાન.

૩. પું સભા; સમાજ.

જનવિચાર [સં.] પું. લોકોનો વિચાર, લોકોમાં ફેલાયેલી માન્યતા.

જનવિશેષભાવ [સં.] પું. માણસમાં કોઈ ખરું નથી એવો ભાવ, ઊંચનીચભાવ.

જનવિહોણું વિ. મનુષ્ય વસ્તુ.

જનવૃદ્ધિ [સં.] સ્ત્રી. લોકોની સંખ્યામાં વધારો.

જનવૃદ્ધિનિરોધ [સં.] પું. પ્રજાવૃદ્ધિ અટકાવવી તે; અનિચ્છનીય જન્મોનો અટકાવ, લોકો બહુ જન્મતાં અટકાવવાં તે.

જનવૃંદ [સં.] ન. માણસોનું ટોળું.

જનશ ૧. સ્ત્રી. જન્યુસ.

૨. ન. નવની સંખ્યા માટે સાંકેતિક શબ્દ.

જનશક્તિ [સં.] સ્ત્રી. માનવશક્તિ.

જનશત્રુ [સં.] પું. માનવદ્વેષી; જનતાદ્વેષી વિશ્વશત્રુ.

જનશ્રુતા [સં.] સ્ત્રી. જનદ્વેષ; લોકધ્રુણા; માણસ જાત પ્રત્યેનો ધિક્કાર.

જનશપડી (જનશપડો) ૧. સિ. ઓજપીસની સંખ્યાનો સંકેત. ૧૯. વેપારીઓ ખાનગી વ્યવહારમાં અંદર અંદર આ શબ્દ વાપરે છે.
૨. સિ. તેરનો સાંકેતિક શબ્દ; ૧૩.

જનશૂન્ય સિ. માણસ વગરનું.

જનશોધન ૧. [સં.] ન. એક જાતનું ત્રિરાગ ઘર. તે ઘરના મુખ આગળ છ અધિક હોય છે.
૨. ન. રાજાને સામક ઘર.

જનશ્રમ પું. મજૂરની મહેનત.

જનશ્રુત ૧. પું. એક રાજાનું નામ.
૨. [સં.] વિ. પ્રસિદ્ધ; વિખ્યાત.

જનશ્રુતિ ૧. [સં.] સ્ત્રી. અફવા; લોકવાયકા; કિંવદંતી.
૨. સ્ત્રી. દંતકથા; લોક કહેવત.
૩. સ્ત્રી સમાચાર; હકીકત.
૪. સ્ત્રી. સરસ્વતીની પ્રસન્નતા.

જનસ ૧. સ્ત્રી. અફીણ.
૨. [અ. જિન્સ] સ્ત્રી. જણસ; ચીજ; વસ્તુ; હરકોઈ અર્થમાં આવતો પદાર્થ.
૩. સ્ત્રી. જમેલથી ઉધાર આવ જતાં બાકી રહેતી રકમ; બચત; સિલક.
૪. સ્ત્રી. દાગીનો; ઘરેણું.
૫ સ્ત્રી સામાન; માલ.
૬. સ્ત્રી. સોદો.
૭. વિ. નવની સંખ્યા માટે સાંકેતિક શબ્દ; ૯.

જનસપડી (જનસપડો) જુઓ જનશપડી.

જનસભા [સં.] સ્ત્રી. લોકસભા; આમસભા.

જનસમવાય સ્ત્રી. આમસભા; લોકસમુદાય.

જનસમસ્ત પું. બ.વ. બધા લોકો; જનસમુદાય.

જનસમાજ [સં.] પું. જનતા; જનસમૂહ.

જનસમુદાય [સં.] પું. જનતા; લોકો; પ્રજા; લોકસમૂહ; લોકસમુદાય.

જનસમૂહ [સં.] પું. જનસમુદાય; લોકોનો સમૂહ; પ્રજા; જનતા.

જનસમૂહવિદ્યા [સં.] સ્ત્રી. સમાજવિજ્ઞાન વિદ્યા; સમાજવિદ્યા.

જનસમૂહવિવેક [સં.] સ્ત્રી. સંસારશાસ્ત્ર; સમાજવિદ્યા.

જનસંખ્યા [સં.] સ્ત્રી. માણસની સંખ્યા; વસતી

જનસંઘ [સં.] પું જનસમાજ; જનતા; જનસમુદાય.

જનસંસદ [સં] સ્ત્રી. જનસભા; જનસમુદાય.

જનસંસ્કૃતિ [સં] સ્ત્રી. જનસુધારો; ઉન્નતિ.

જનસાઉ સિ. જણસ રાખીને આપેલું; જણસ ઉપરથી કરેલી દાગીના ઉપર નાણાં લીધેલ હોય એવું; ધરેણાઉ; ગીલમા જણસ રાખીને આપેલું કે લીધેલું.

જનસામાન્યભાવ પું. બધા મનુષ્યો સરખા છે એવો ભાવ; 'બ્રાધરહૂડ ઑફ મેન'.

જનસી ૧. સ્ત્રી. અનાજ; ખેતીનો પાક.
જનસીનો ઓંટો = બહોળા વિસ્તારના વાવેતરમાં બીજી જનસી થોડા પ્રમાણમાં ભેગી કરેલું વાવેતર.
૨. સ્ત્રી. ઉપજ. પેદાશ.
૩. સ્ત્રી. ચીજ; વસ્તુ
૪. સ્ત્રી. નજરનાણું; રોકડ અપેજ.
૫. સ્ત્રી નાણું સિવાય બીજી વસ્તુઓનું કરેલું ઉધરાણું

જનસુ જુઓ જનસાઉ.

જનસુખદાયક [સં.] વિ. માણસને સુખ આપનાર

જનસુખવાદ [સં.] પું. ઘણાંમાં ઘણાં જનોનું ઘણામાં ઘણું સુખ સાધવું યોગ્ય છે એમ પ્રતિપાદન કરવાનો મત; જનહિતવાદ, ઉપયુક્તતાવાદ; પરહિતવાદ.

જનસુખવાદી ૧. પું. ઘણાંમાં ઘણાં જનોનું ઘણામાં ઘણું સુખ સાધવું યોગ્ય છે એમ પ્રતિપાદન કરનાર માણસ; જનસુખવાદમાં માનનાર.
૨. વિ. જનહિતવાદી; લાભપરાયણ; ઉપયુક્તતાવાદી.

જનસુખાકારી સ્ત્રી. માણસોની સુખાકારી; સાર્વજનિક આરોગ્ય.

જનસુખાકારી ખાતું ન. શહેરસુધરાઈ ખાતું; મ્યુનિસિપાલિટિ.

જનસૃષ્ટિ [સં] સ્ત્રી. માનવ સમાજ.

જનસ્થાન ૧. [સં.] ન. ગોદાવરી અને પૂર્ણાની વચ્ચે આવેલો પ્રદેશ; દંડકારણ્યનો એક ભાગ. ત્યાં રામે વનવાસ દરમિયાન નિવાસ કર્યો હતો. રાક્ષસો ત્યાં ઓજ આવતા હોવાથી મનુષ્યને રહેવા યોગ્ય ઠીક ઠીક સલામતીવાળો એ પ્રદેશ હોવાથી તે જનસ્થાન કહેવાતો. મહાકવિ ભવભૂતિના મત પ્રમાણે જનસ્થાન તથા પંચવટી એ બંને ગોદાવરી નદીના મુખ આગળ હતાં. હાલમાં ત્યાં અરવાડી ગામ છે.
૨. ન. મનુષ્યોનું સ્થાન.
૩. ન. હલકું ઓન્યગામક ચાટેર.

જનસ્વભાવ [સં.] પું. માણસોની પ્રકૃતિ; જનતાનો સ્વભાવ.

જનહુરાજ ૧. [સં] પું (પિંગળ) એક વ. અક્ષરનો એક અક્ષરમેળ છંદ. વર્ણવૃત્ત તેના દરેક ચરણમાં ત્રીસ લઘુ અને એક ગુરુ મળી એકત્રીસ અક્ષરો હોય છે
૨. પું. એક માત્રામેળ છંદ. તેમાં ૩૨ માત્રા હોય છે. તેમાં બધા લઘુ અને અંતે એક ગુરુ હોય છે. ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭ અને ૩૧ માત્રાએ તાલ આવે છે.

જનહાઈ વિ. દરેક.

જનહાર જુઓ જનદાર

જનહિત [સં.] ન. માણસનું કલ્યાણ; માણસ જાતિનું ભલું; લોકકલ્યાણ; પ્રજાહિત.

જનહિતકર જુઓ જનહિતકારી.

જનહિતકારી વિ. લોકોનું હિત કરનાર; લોકોનું ભલું કરનાર.

જનહિતવાદ પું. ઘણામાં ઘણા માણસોનું ઘણામાં ઘણું સુખ સાધવું યોગ્ય છે એવો મત. જુઓ જનસુખવાદ.

જનહિતવાદી ૧. પું. જનહિતવાદમાં માનનાર પુરુષ.
૨. વિ જનહિતવાદમાં માનનાર; જનસુખવાદી.

જનહિતસાધક ૧. પું. જનહિત સાધનાર પુરુષ.
૨. વિ. જનહિત સાધનાર; જનહિતને લગતું; ઉપયોગી.

જનહિતેચ્છુ વિ. લોકોનું હિત ઇચ્છનાર; લોકોનું કલ્યાણ કરનાર.

જનહિતૈષી વિ. માણસનું ભલું ઇચ્છનાર.

જનંગમ [સં.] પું. ચંડાલ.

જન-લોક પું. એ નામનો એક લોક. તે પિતૃલોકમાં કેટલા વિશાલ ગાળામાં રહેતો મનાય છે.

જના ૧. પું. ખોડકરો; ખોદો.
૨. [સં જન] પું. મનુષ્ય
૩ સ્ત્રી. [અ. જિના (ઝિયાર)] સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ.
૪. સ્ત્રી. જિનાળું; સંપટપાણ; ઝિયાર; પરસ્ત્રી સંગ, જારકર્મ
૫. સ્ત્રી. આદિત્યમતીના રાજા નીલધ્વજની સ્ત્રીનું નામ. દેવીમતી ભાગવત અનુસાર પાટવીના અશ્વમેધયજ્ઞનો ઘોડો પકડનાર પ્રવીર તેના પુત્ર હતો આ ઘોડા માટે પ્રવીર અને પાંડવો વચ્ચે જે યુદ્ધ થયું તેમાં તેણે પોતાના પુત્રને બહુ મદદ અને ઉત્તેજન આપ્યાં હતાં. જ્યારે યુદ્ધમાં પ્રવીર માર્યો ગયો ત્યારે તે પોતે યુદ્ધ કરવા લાગી.

શ્રીકૃષ્ણને તેનાથી પાંડવોનું રક્ષણ કરવામાં ખૂબ મુશ્કેલી પડી હતી.
૬. વિ. જન્મેલું.

જનાઈ [હિ.] સ્ત્રી. દાર્ઈ; સુથારી.

જનાઉ ૧. સ્ત્રી. જન્મ.
૨. સ્ત્રી. ભગ; શક્તિ; દમ.

જનાકાર વિ. અભિચારી.

જનાકારી [સં. જનાકારી] સ્ત્રી. અભિચાર; જારકર્મ; છિનાળું.

જનાખ ૧. સ્ત્રી. દુઃખ વગેરે વેઠવાથી લાગતો થાક; દમ; મહેનત.
૨. સ્ત્રી. હીર; સત્ત્વ; બળ; શક્તિ; પ્રાણ.

જનાખું ન. જીવતર; જિંદગી.

જનાખો પું. પ્રાણ; જીવ; સત્ત્વ.

જનાખોર વિ. બહારચલું; અભિચારી; લંપટ; કામી/કામુક

જનાખોરી સ્ત્રી. છિનાળું, લંપટપણું; પરસ્ત્રી સંગ.

જનાગ [સં.] પું. સોદો; 'ટ્રાન્ઝેક્શન'.

જનાચાર પું. લોકાચાર; રૂઢિ; દેશ અથવા સમાજ આદિની પ્રચલિત રીતિ

જનાજો ૧. [અ. જનાજહ (મુડદું)] પું. મુસલમાનોમાં મુડદાં પાછળ જનારું સરઘસ; કાયું.
૨. પું. ઉત્તરક્રિયા; શબની દહનક્રિયા.
૩. પું. મુડદાંને લઈ જવાની હાથે ચલાવવાની ગાડી.
૪. પું. મુડદું; શબ; મૃતક શરીર; લાશ.
૫. પું. મુસલમાનોમાં મુડદું દાટવા લઈ જવાની ખાટલી; ઠાઠડી; કઠેડી; નનામી.

જનાદ્દી ૧. [સં.] સ્ત્રી. જનતા; લોકસમૂહ.
૨. સ્ત્રી. સંસાર; દુનિયા.

જનાતિગ [સં.] વિ. લોકાતીત; અલૌકિક.

જનાદી પું. હલકી કીમતનો એક સિક્કો; પૈસો, ટોપિયું; જનાવાદી; જર્મ.

જનાધિકય [સં.] ન. વસતીમાં લોકોનું હદ ઉપરાંત વધી જવું તે.

જનાધિનાથ ૧. [સં.] પું. ઈશ્વર.
૨. પું. રાજા.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શકર.

જનાધિપ જુઓ જનાધિનાથ.

જનાધ્યક્ષ જુઓ જનાધિનાથ.

જનાનખાનું ૧. [ફા. ઝન (સ્ત્રી) + ખાનહ (ઘર)] ન. મર્યાદાસર બેસવા ઊઠવા અને રહેવાનો સ્ત્રીઓનો ખંડ; સ્ત્રીઓનો ઓરડો; પુરુષ વર્ગથી જુદો અને એકાંતે સ્ત્રીઓને રહેવાનો ઘરમાંનો ભાગ; અંત:પુર; રણવાસ.
૨. ન. મર્યાદાસર રહેનાર સ્ત્રીઓ વગેરેનો સમુદાય; કુટુંબકબીલો.

જનાના ૧. પું. અંત:પુર; જનાનખાનું.
૨. સ્ત્રી. પડતેનસીન સ્ત્રી
૩. વિ. નમણું; શક્તિ વગરનું.
૪. વિ. નામર્દ; નપુંસક; હીજડું.
૫. વિ. સ્ત્રીને લગતું; સ્ત્રીને લાયક.

જનાના ગાડી સ્ત્રી. પડતેનસીન સ્ત્રીઓ માટે ખાસ બંધ ગાડી.

જનાના ઘાટ પું. સ્ત્રીઓને નાહવા ધોવા માટેનો ઘાટ.

જનાના રાજ્ય સ્ત્રી. સ્ત્રીઓની નિરાશા; ઓરડામાં રહેનારી સ્ત્રીઓ માટેની દશા

જનાના હૉસ્પિટલ ન. સ્ત્રીઓનું દવાખાનું.

જનાની ૧ પું. રામનો એક પ્રકાર. તે ગમ ગંભીર, ઉદાસ કે શાંત પ્રકૃતિનો હોતો નથી.
૨. સ્ત્રી પત્ની, બાયડી.
૩. સ્ત્રી સ્ત્રી
૪. વિ. [illegible] જનાનાવાળું.
૫. વિ. [illegible] સ્ત્રીઓના જેવું શરમાળ અને બીકણ સ્વભાવ, હિંમત વગરનું; સ્ત્રીના ગુણ ધરાવતું.
૬. વિ. લંપટ; વિષયી
૭. વિ. સ્ત્રીઓને લગતું; સ્ત્રીઓનું.

જનાની નાચ પું. (સંગીત) સ્ત્રીઓનું નૃત્ય; લાસ્ય નૃત્ય

જનાની રાગ પું (સંગીત) મર્દાની કરતાં કોમળ પ્રકૃતિનો ને જેને ગાવા માટે વિશેષ કરીને કોમળતાની જરૂર હોય તેવો રાગ. ભૈરવી, કાલંગડો, દેશ, શ્રીરાગ, પીલુ, બરવા, મારુ વગેરે રાગ આ પ્રકારના છે.

જનાનો ૧. પું. ઓરડો; પડદો.
૨. પું. કુટુંબકબીલો
૩. પું મહાલયમાં રહેનાર સ્ત્રી સમુદાય.
૪. પુ. સ્ત્રીઓને બેસવા ઊઠવાનો ઓરડો. અંત પુર; જનાનખાનું.

જનાપવાદ પું. લોકવાયકા; લોકાપવાદ; લોકોમા બોલાતી વાત.

જનાપીડ (જનાપીડ) પું. (પુરાણ) પ્રજાપતિના પુત્ર નુર્વસુના વંશમાં થયેલો એ નામનો એક રાજપુત્ર.

જનાબ [અ] ૧. સ્ત્રી. ઉજરો.
૨. સ્ત્રી. બાનુ.
૩. સ્ત્રી. સેવા; ખિજમત.
૪. સ્ત્રી. હાંસિયો.
૫. વિ. માનવંત; મહેરબાન; કૃપાળુ, મોટા હરજતના અમલદાર, રાજા કે વડીલ માણસને સંબોધીને વપરાતું માનનું વિશેષણ; મહાશય.
જનાબમાં = ખિજમતમાં; સેવામાં; હજૂરમાં.

જનાબઆલી [અ.] વિ. માનવર; મહોદય; મોટા મહેરબાન; પરમ કૃપાળુ; પ્રતિષ્ઠિત પુરુષો માટે આદરસૂચક સંબોધન.

જનાબાઈ સ્ત્રી. મીરાબાઈ જેવી દક્ષિણની એક ભક્ત અને કવિ બો. તે એના પિતાની સાથે વિઠ્ઠલનાથજીની યાત્રાએ ગઈ ત્યારથી એને ભક્તિનો રસ લાગ્યો હતો. નામદેવ નામના દક્ષણના પ્રસિદ્ધ ભક્તને ત્યાં રહી તેણે આખો જન્મારો કૃષ્ણની ભક્તિમાં ગાળ્યો તેણે મરાઠીમાં ભક્તિભાવવાળી અનેક કવિતાઓ કરેલી છે. ભક્તિ વિજય નામના ગ્રંથમા એમનું ચરિત આપેલું છે. મીરાં અને નૃસિંહ મહેતાની માફક ઊંચરે સત્સંગકાર અને ચમત્કારના જનાબો સાંભળી તેને માટે દક્ષણમાં ઘણું બોલાય છે. જનાબાઈ સંતમંડળીઓમા ફરતાં અને કૃષ્ણમાં ભક્તિનો મહિમા કૃષ્ણાવતી હતી.

જનાબેઆલી જુઓ જનાબઆલી.

જનાયેસદકા ન. બાળકના જન્મ વખતે આપવામા આવતું દાન.

જનાર્ણવ [સં.] પું. માણસોનો સમૂહ; માણસોનો જથ્થો.

જનાર્તહારી [સં. જનાર્તહારિન્] વિ. મનુષ્યનાં દુઃખ પીડા હરનાર.

જનાર્દન ૧. પું. કૃષ્ણ, શાલિગ્રામ.
૨. પું. પ્રભુ; પરમેશ્વર.
૩. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.
૪. પું. શિવ; શકર.
૫. [સં. જન (માણસ) + અર્દ (પીડવું)] વિ. માણસોને પીડા કરનાર.

જનાર્દનકર [સં.] પું. લોકોને પીડા કરતો જક્રિયાવેરો.

જનાવ [હિ.] પું. નિશાન; ચિહ્ન.

જનાવર ૧. પું. ઉલ્લુ; મૂર્ખ માણસ.
૨. ન. ચિત્ર; છબી
૩. ન. માણસ સિવાય બીજું હરકોઈ પ્રાણી. જળચર, પશુ, પંખી, જીવજંતુ વગેરેનો જનાવરમાં સમાવેશ થાય છે.

જનાવરખાનું [ફા. જનાવર + ખાનહ (ઘર)] ન. જુદી જુદી જાતનાં પ્રાણીઓ રાખવા માટે બાંધવામાં આવતાં હોય તે સ્થાન, પ્રાણી સંગ્રહાલય; જનાવરોનું સંગ્રહસ્થાન; 'ઝૂ'.

જનાવરી વિ. જનાવરમાંથી ઉત્પન્ન થયેલ.

જનાવાદી પું. હલકી કિંમતનો તાગાનો એક સિક્કો, પૈસો; ટારડિયું, ટ્રેદિયું, જનાદી.

જનાવાસ [સં] પુ. માણસને રહેવાનું ઠેકાણું.

જનાશન ૧. [સં. જન (માણસ) + અશ્ (ખાવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. વાઘ; નવાર.
૨. ન. લોકોને ખાવાનું ઝેર; મનુષ્યનું અભક્ષ્ય.
૩. ન. લોકોનો ખોરાક.
૪. વિ. માણસને ખાઈ જનાર; મનુષ્યભક્ષક.

જનાશ્રય ૧. [સં.] પું. ઘર.
૨. પુ ધર્મશાળા, સરાઈ, મુસાફરોને ઊતરવાનું સ્થાન.
૩. પું. મકાન, માળવો

જનાઢ્ય [અ.] વિ. પાંખ.

જનાણો પું. આબરૂદાર માણસ.

જનાંત ૧. [સં.] પું. જેની સીમા નિશ્ચિત હોય તેવો પ્રદેશ.
૨. પું. જ્યાં મનુષ્યો ન રહેતા હોય એવું સ્થાન.
૩. પું. યમ.
૪. વિ. મનુષ્યોનો નાશ કરનાર.
૫. અ લાંઠની પાસે.

જનાંતિક ૧. પું. નાટકમાં સ્વગત બતાવવા બાજુએ જઈ કરાતી વાતચીત; અપ્રકટ કહેવું તે; અપ્રકાશ કથન.
૨. અ. લોકોની પાસે.

જનિ ૧. [સં.] સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ.
જય જેદ્યત્ત જેદ્યત્તમ જનત જર્જન ઉત્પત્તિ એ નામ. જન્મ સફળ તારી બનાવીએ અત્યંત સુંદર રૂપમાં. [પ્રજાબંધુપ્રાપ
૨ સ્ત્રી એ નામે એક ઔષધિ.
૩ સ્ત્રી એક જાતનું સુગંધી દ્રવ્ય; લાખ.
૪ સ્ત્રી, જન્મભૂમિ
૫. સ્ત્રી, દીકરાની વહુ; પુત્રની સ્ત્રી.
૬. સ્ત્રી. પત્ની; ભાર્યા.
૭. સ્ત્રી અપ્સરા.
૮ સ્ત્રી. માતા.
૯. સ્ત્રી. રહસ્ય, જતન.
૧૦. સ્ત્રી સ્ત્રી; નારી.

જનિકા ૧. [સં.] પું. શ્લેષ.
૨. સ્ત્રી. કોઈ પણ બિંદુ, લીટી કે આકાર, જે પોતાની ગતિને લીધે બીજો આકાર જનાવે છે.
૩. સ્ત્રી. પેદા કરનાર સ્ત્રી.
૪. સ્ત્રી. માતા; મા.

જનિત [સં. જન્ (જન્મેલું)] વિ ઉત્પન્ન કરેલ; ઉદ્ભવ; પેદા કરેલું.

જનિતા ૧. [સ. જનિતૃ] પુ. પિતા; બાપ.
૨ સ્ત્રી જનની, માતા, મા.
૩ વિ. પેદા કરનાર, ઉત્પન્ન કરનાર.

જનિત્ર ૧ પું. જન્મસ્થાન; જન્મભૂમિ
૨. પું. પિતા; બાપ.

જનિત્રી [સં.] સ્ત્રી. માતા.

જનિત્વ [સં.] પું. પિતા; બાપ.

જનિત્વા [સં.] સ્ત્રી. માતા; મા.

જનિષ્યા ૧. [અ.] પું. ટેસો.
૨. પું. પક્ષપાત.
૩ પું મદદ; મદાર.

જનિષ્યમાણ ૧. [સં.] પું. આવિ પુત્રપૌત્રાદિક.
૨. વિ. ઉત્પન્ન થનાર; ભવિષ્યમાં પેદા થનાર.

જની ૧. સ્ત્રી. એ નામની એક સ્ત્રી લેખિકા. તે મદીઠાંણા એજન્સિના વતની શ્રી સ્વામીની શિષ્યા હતી. તેની કવિતાઓ ગરબીની ઢાલીની છે. તેને શક્તિની ઉપાસના હતી અને પોતાના કાવ્યોમાં માત્ર શુક્ર મહિમા જ ગાયો છે. તે સંવત ૧૮૬૮મા પોષ વદી ૧૩ના રોજ મરણ પામ્યાનો ઉલ્લેખ મળે છે.
૨ [સં] સ્ત્રી એક પ્રકારની ઔષધિ.
૩. સ્ત્રી. જન્મ, ઉત્પત્તિ.
૪ સ્ત્રી દાસી સેવિકા; અનુચરી
૫. સ્ત્રી. દીકરાની વહુ.
૬. સ્ત્રી. પત્ની; સ્ત્રી.
૭. સ્ત્રી જેનુ સ્ત્રી; જનિ.
૮ સ્ત્રી માતા
૯. સ્ત્રી લાખ.
૧૦. સ્ત્રી. સુવાવડી સ્ત્રીને સખત મૂર્છા આવવી તે
૧૧. વિ, જન્મેલું; ઉત્પન્ન થયેલું.
૧૨. અ નકારવાચક અવ્યય

જનીન ૧ [અ.] પું. ગાયો ગર્ભ.
૨ વિ પોષ્ય; લાયક; અનુકૂળ.

જનીપરા ૧. સ્ત્રી એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.

જનીબત [અ.] સ્ત્રી. સંતતી.

જનુ ૧. [સં.] પું. બૃહસ્પતિ; સુરાચાર્ય.
૨. સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ.

જનુક [હિ.] ન. બે કે.

જનુન ૧. [અ. જનૂન] ન. ક્રોધનો આવેશ; માંડો ગુસ્સો; રીસનો ઉકળાટ; ક્રોધનો ઊભરો; લાગણીનો જોસ; જનૂન, જોસબાણી હક.
૨. ન ગાંડપણ
૩. ન. ધર્મ સંબંધી ગુસ્સો; ઊભરો.

જનુની ૧. [સં. જનની] સ્ત્રી. અંબા; માતા; પ્રસૂ.
અંબા સાવરી પ્રસૂ જનમંદરી મા નામ,
જનુની રાખા કુબરીની એવી મંડપ ધામ
[પ્રાણલપુરોપ
૨. વિ. ક્રોધી; આકળુ; લાગણીના જોસથી ઉશ્કેરાઈ જાય એવું; માંહ્ય ગુસ્સાવાળું; જનૂન હોય તેવું.

જનુબ [અ.] સ્ત્રી. દક્ષિણ દિશા.

જનુબિયા [અ.] વિ. દક્ષિણ તરફનું.

જનેઉ ૧. પું. જનોઈ.
૨. પું. તરવારની મૂઠનો ભાગ
૩ પું પૂજાની વસ્તુ.
૪. પું. હીરા માંહેનો દોષ.

જનેતા ૧. [સં. જન્ (પેદા કરવું)] પું. પિતા; બાપ.
૨. સ્ત્રી. જન્મ આપનારી મા; માતા; જનની.

જનેર [હિ.] સ્ત્રી. મકાઈ.

જનેરા ન. એક જાતનું સુગંધી ઘાસ.

જનેશ [સં.] પું. રાજા; નરેશ; ભૂપતિ.

જનેશ્વર ૧. [સં.] પું. ઈશ્વર; પ્રભુ.
૨. પું. રાજા.
૩. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

જનેષ્ટ ૧. [સં.] પું. મૂરજુર વૃક્ષ.
૨. વિ. લોકપ્રિય; માણસોએ ચાહેલું.

જનેષ્ટા ૧. [સં.] સ્ત્રી. જૂઈનો કુલછોડ.
૨. સ્ત્રી. લાખ.
૩. સ્ત્રી. વૃદ્ધિ નામની ઔષધિ.
૪ સ્ત્રી હજારદર.

જનેંદ્ર [સં.] પું. રાજા; નૃપ.

જનોઈ [સં. યજ્ઞોપવીત-જણ્ણોવઈઅં-જણ્ણોઈઉ] સ્ત્રી ; ન બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના પુરુષો ડાબા ખભા ઉપર થઈને જમણા પડખા નીચે આવું પડી રહે એવું જે સત્તાવીસ તાંતણાવાળું રૂના તારનું પવિત્ર છે તે સૂત્ર; યજ્ઞોપવીત; ઉપવીત બ્રાહ્મણના છોકરાને આઠમે, ક્ષત્રિયના છોકરાને અગિયારમે અને વૈશ્યના છોકરાને બારમે ચોવીસ વર્ષ દરમિયાન ઉપનયન સંસ્કાર કરી ઉપવીત ધારણ કરાવવા વિધિ છે. જનોઈ ધારણ કરવી એટલે

બીજો જન્મ લેવો, શુદ્ધ થવું, ઊર્ધ્વમાર્ગી થવું એમ પણ મનાય છે.

ઃ પહિલઇ દિવસે સમય દેસિ,
બઽ અનઈ જનોઈ મન ગહેસિ.
પ્રબંધ ચિંતામણિ

૧. જનોઈ દેવી = (૧) ઉપવીત ધારણ કરાવવું. (૨) મોટા ગામને પદવી આપવી.

૨. જનોઈ પહેરવી = આવશ્યક આદરપામાં આકાંક્ષામાં જનોઈ બદલી નવી પહેરવી.

જનોઈબ્રાત વિ. જનોઈવાળું.

જનોઈધારી વિ. જનોઈ પહેરેલી હોય એવું.

જનોઈબ્રધ વિ. જનોઈવાળું; જનોઈ પહેરેલું.

જનોઈવઢ ન. જનોઈ પ્રમાણે; ખભા ઉપર જનોઈ રહે છે તેના લાંબામાં વાઢવું હોય એમ; જનોઈ પહેરાય તેમ ત્રાંસા રીતે.

જનોઈવંકું જુઓ જનોઈવઢ.

જનોડી ૧. સ્ત્રી. પુલની વસ્તુ
૨. સ્ત્રી., ન. જનોઈ.

જનોપયોગી [સ. જન (માણસ) + ઉપયોગિન્ (ઉપયોગી)] વિ. માણસોને ક્રમમાં આવે અવું, લોકોપયોગી.

જનૌઘ [સં. જન (માણસ) + ઓઘ (જથ્થો)] પું. જનસમુદાય; જનસમૂહ.

જન્નત ૧. [અ.] ન. બાગ.
૨. ન. સ્વર્ગ, બીહસ્ત.

જન્નતનશીન વિ. સ્વર્ગસ્થ; મરણ પામેલું.

જન્નતી ૧. [ફા.] પું. સ્વર્ગનો અધિકારી.
૨. વિ. સ્વર્ગના જગતું.

જન્મ ૧. [સ. જન્ (જન્મવું)] પું. અવતાર; જન્ન, જિંદગી; જનમારો.
૨ પું. એક સૂચક સાંકેતિક શબ્દ.
૩. પું. ઉત્પત્તિ; ઉદ્ભવ; સંભવ, ઉત્પન્ન થવું તે; અવતરવું તે; પેદા થવું તે. શુદ્ધ માતાપિતાથી જે જન્મ થાય તે શૌકલ જન્મ કહેવાય છે. જનોઈ સાથા પછીનો જન્મ તે સાવિત્ર જન્મ કહેવાય છે. યજ્ઞની દીક્ષા લીધા પછીનો જન્મ તે યાજ્ઞિક જન્મ છે

જન્મ ઉદ્ભવ ઉદ્ગમ જનન જનિ ઉત્પત્તિ એ નામ,
જન્મ સફળ તહીં જાણીએ જગમાં સુંદર ધામ.
વિષ્ણુસહસ્રનામ

૧. જન્મ આપવો = (૧) જન્મવું; ઉત્પન્ન કરવું; ઉપજાવવું. (૨) નવું બનાવવું; નવું પ્રકટ કરવું; જાહેર પાડવું.

૨. જન્મ થવો = ઉત્પન્ન થવું; પેદા થવું; જીવવું; કુદરતી કે નીકળવું; હયાતીમાં કે અસ્તિત્વમાં આવવું; સંભવવું.

૩. જન્મ લેવો = (૧) અવતાર ધારણ કરવો; માના પેટમાંથી ઉત્પન્ન થઈને જગતમાં હયાતી દાખવવી. (૨) ઉત્પન્ન થવું; પેદા થવું

૪. જન્મ હારવો = (૧) બાજીના દાવ થઈ રહેવું. (૨) વ્યર્થ જન્મ ખોવો.

૫. નવો જન્મ આપવો = મરણ કે જોખમમાંથી બચવું; મરતાં મરતાં બચી જવું.

૪. પું. જન્મકુંડળી.

૫. પું. જન્મનક્ષત્ર.

૬. ન. (લિપ) એક જાતનું ગોત્રનામ.

જન્મઆંધું વિ. જન્મથી જ આંધળું.

જન્મકર્મવિધિ [સં.] પું. બાળકનું અવતર્યા પછી કરાતો સંસ્કાર.

જન્મકાય [સં.] ન. મરણ સુધી; બાકીનું જન્મ માત્ર સાથે સુધી

જન્મકારાગાર [સં.] પું. જન્મદીપ; જન્મકેદ.

જન્મકાલ [સ.] પું. ઉત્પન્ન થવાનો સમય; જન્મનો વખત.

જન્મકીલ [સં.] પું. વિષ્ણુ

જન્મકુંડલી [સં.] સ્ત્રી. જન્મ વખતના ગ્રહ સંબંધનો ફાલ જાણવા ને બનાવવા બારે રાશિવાળું ચક્ર; જન્માક્ષર; જન્મપત્રિકા; જ્યોતિષથી ભૂત, વર્તમાન અને ભવિષ્ય જાણવા માટે જન્મ વખતના ગ્રહો જેની તે. રાશિમાં મુખ્ય તે. જન્મ વખતે જે જે ગ્રહ જે જે રાશિમાં આવતા હોય તે બતાવનારી કુંડલી; ટપ્પો.

જન્મકુંડળી જુઓ જન્મકુંડલી.

જન્મકૃત [સ. જન્મકૃત્] પું. પિતા; જન્મદાતા.

જન્મકેદ સ્ત્રી. જન્મદીપ; આજન્મ કારાવાસ

જન્મકેદી ૧. પું. જન્મકેદ થઈ હોય એવો કેદી
૨. વિ. જન્મકેદ થઈ હોય એવું.

જન્મક્ષય [સ.] પું. (જૈન) નિર્વાણ; મોક્ષ
જે જન્મક્ષય (નિર્વાણ) પ્રાપ્ત કરી લે છે તેને હું ભાવથી વંદુ છું. મુનિપાદ

જન્મખોડ (જન્મખોડ) સ્ત્રી. જન્મથી જ શરીરના કોઈ અંગની ખામી હોવાપણું.

જન્મજાત [સં.] વિ. જન્મથી હોય એવું; સ્વભાવથી હોય એવું.

જન્મજાંઠ સ્ત્રી. જન્મ થવાનો વાર્ષિક દિવસ; વર્ષગાંઠ; જન્મતિથિ.

જન્મજાહ્નવ [સં.] ન. ઉત્પત્તિ.

જન્મજૂંટી સ્ત્રી. નાનાં બાળકોને આપવાનું એક ઓસડ. તે બનાવવાની રીત: શતપુષ્પી, અજમો, અજવાયન, બાભરાનાં બી, કોકિલ ટંકણખાર, રેવતચીની, મુલહઠી, બહેડા, અંદરજવ, કડુ, નિસોતા અને ઝેળિયો એ દરેક એક એક તોલો તથા સોનામુખી તોલા ૩, હરડે તોલા ૩ અને વચ્ચા ૬ માસા એ સર્વેને ખાંડી થોડા પાણીમા ઉકાળવું.

જન્મચરિત [સં.] ન. જન્મચરિત્ર; જિંદગીનો હેવાલ, જીવનવૃત્તાંત.

જન્મચરિત્ર [સં.] ન. જિંદગીનો હેવાલ; જીવનવૃત્તાંત.

જન્મચંડાળ [સ. જન્મચણ્ડાલ] પું. ચંડાળના કુળમાં જન્મેલ માણસ.

જન્મચિહ્ન [સ.] ન. જન્મથી હોય તેવી વિશિષ્ટ નિશાની. જેમકે, તલ.

જન્મજાત જુઓ. જન્મનો જાત.

જન્મજ્ઞાતિ જુઓ વર્ણ.

જન્મદીપ ૧. [સ. જન્મન (જિંદગી) + દીપ્ (કેદખું)] સ્ત્રી. આખી જિંદગી સુધી કેદખાનું ભોગવવાની સજા; જિંદગી પર્યંત કેદની શિક્ષા; જન્મકેદ, આજન્મ કારાવાસ.
૨ ન. ચારેચાર.

જન્મતઃ [સ] અ. જન્મથી જ; મૂળથી જ

જન્મતિથિ [સ] સ્ત્રી. જન્મનો દિવસ, જે દિવસ જન્મ થયો હોય તે દિવસ.
૨. સ્ત્રી વર્ષગાંઠ.

જન્મતિથી જુઓ જન્મતિથિ.

જન્મદ [સં] પું. પિતા; બાપ.

જન્મદત્ત [સ.] વિ. સ્વાભાવિક; જન્મથી મળેલું

જન્મદર પું. જન્મનું પ્રમાણ

જન્મદા [સં.] સ્ત્રી. જન્મ આપનારી જનેતા; માત.

જન્મદાતા ૧. [સં.] ન. જન્મ આપનાર માતાપિતા.
૨. વિ. જન્મ આપનાર

જન્મદાત્રી ૧. [સં.] સ્ત્રી. જન્મ આપનારી માતા.
૨. વિ સ્ત્રી. જન્મ આપનારી.

જન્મદિન ૧. [સં.] પું. જન્મદિવસ.
૨. પું વર્ષગાંઠ.

જન્મદિવસ [સં.] પું. જન્મ થવાનો વાર્ષિક દિવસ, સાલગરેહ; જન્મગાંઠ; જે દિવસે જન્મ થયો હોય તે તિથિ.

જન્મદેશ [સં.] પું. જેના જન્મ થયો હોય તે ભૂમિ; વતન; સ્વદેશ; જન્મભૂમિ.

જન્મધર્મ [સં.] પું. જન્મથી વર્ણાશ્રમ ધર્મ; જન્મથી આચરવાનું કર્મ.

જન્મધારી વિ. જન્મ પામેલ; જન્મ ધારણ કરનાર.

જન્મનક્ષત્ર [સ] ન. જન્મ વખતનું નક્ષત્ર, જેમાં જન્મ થયો હોય તે નક્ષત્ર. ફલિત જ્યોતિષ અનુસાર એમ મનાય છે કે કોઈએ પોતાના જન્મનક્ષત્રમાં મુસાફરી ન કરવી, હજામત ન કરાવવી, પથ્ય પુણ્યદાન વગેરે કરવું.

જન્મનામ [સં.] ન. જન્મપત્રિકા અનુસાર આવતું નામ; જન્મકાળે આપેલું નામ; જન્મ નક્ષત્રના સંબંધ ઉપરથી પાડેલું નામ.

જન્મનિરોધ [સં.] પું. ગર્ભનિરોધ; પ્રજોત્પત્તિ અટકાવવી તે; સંતતિનિયમન.

જન્મનિર્મિત [સં. જન્મન્ + નિર્મિત (નિર્મ.યેલું)] વિ. જન્મથી નિર્માણ થયેલું, જન્મસિદ્ધ; મૂળનું; સહજ.

જન્મનિષ્પત્તિ [સં.] સ્ત્રી. નવા જન્મનો દર.

જન્મની પું. એક સૂચક સાંકેતિક શબ્દ.

જન્મનું વિ. મૂળનું; સદાનું; જન્મ લીધો ત્યારનું.

જન્મપ [સં.] પું. જન્મલગ્નનો સ્વામી; જન્મ રાશિનો પતિ.

જન્મપતિ જુઓ જન્મપ.

જન્મપત્ર ૧. પું. કોઈ ચીજનું આદિથી અંત સુધી વિવરણ.
૨. [સં.] પું. જન્મપત્રી.
૩. પું. જીવનચરિત્ર.

જન્મપત્રિકા [સં.] સ્ત્રી. જનમોતરી, જન્મકુંડળી, જન્મપત્રો.

જન્મપત્રી જુઓ જન્મપત્રિકા.

જન્મપર્યંત અ. જીવતાં સુધી; જિંદગી સુધી; હયાતી સુધી.

જન્મપ્રતિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. જન્મસ્થાન.
૨. સ્ત્રી. માતા; મા.

જન્મપ્રભૃતિ [સં.] અ. જન્મથી માંડીને.

જન્મપ્રમાણ [સં.] ન. જન્મના આંકડાની નકકે સરાસરી; જન્મના આંકડાની સૌકે સરખામણી.

જન્મપ્રૌઢા [સં.] વિ. સ્ત્રી. જન્મથી જ પીઢ; સ્વભાવે પ્રૌઢ હોય એવી.

જન્મબુદ્ધિ [સં.] સ્ત્રી. જન્મ સાથે મળેલી બુદ્ધિ, સ્વભાવ.

જન્મભ ૧. [સં.] ન. જન્મનક્ષત્ર.
૨. ન. જન્મનક્ષત્રનું સજાતીય નક્ષત્ર.
૩. ન. જન્મની રાશિ.
૪. ન. જન્મ સમયનું લગ્ન.

જન્મભર અ. આખી જિંદગી સુધી.

જન્મભવન [સં.] ન. પ્રસૂતિગૃહ; સુવાવડખાનું.

જન્મભાષા [સં.] સ્ત્રી. માતૃભાષા; દેશી ભાષા; સ્વદેશી ભાષા; સ્વભાષા; જન્મથી બોલતાં શીખ્યો હોય તે ભાષા.

જન્મભૂમિભક્તિ ૧. સ્ત્રી. જન્મભૂમિ વિષે ભક્તિ
૨. સ્ત્રી. દેશભક્તિ.

જન્મભૂમિ [સં.] સ્ત્રી. જેમાં જન્મ થયેલો હોય તે ભૂમિ; વતન; સ્વદેશ; માતૃભૂમિ; જન્મસ્થાન. જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં યે અધિક છે, પણ જન્મભૂમિ તો જનની કરતાં યે ચડે છે. તેનાં કારણ નીચે પ્રમાણે છે: (૧) જનનીની માટીમાંથી આપણો બાહ્યદેહ બન્યો છે, જ્યારે જન્મભૂમિની માટીમાંથી આપણો સર્વ અવસ્થાનો દેહ બન્યો છે. (૨) જનનીના ધાવણથી આપણું બાળપોષણ થાય છે, જ્યારે જન્મભૂમિના રસકસથી આપણું આજીવન પોષણ થાય છે. (૩) જનનીનો ખોળો બાલ્યાવસ્થા સુધી જ ખૂંદીએ છીએ, જ્યારે જન્મભૂમિનો ખોળો તો જીવનભર ખૂંદી શકીએ છીએ. (૪) જનની આપણા વંશજોની જ સંસ્કૃતિનો ભંડાર છે, જ્યારે જન્મભૂમિ તો દેશભરની સંસ્કૃતિનો ભંડાર છે. (૫) જનની ઝરણ છે, જ્યારે જન્મભૂમિ ઝર્યું છે.

જન્મભૂમિવાત્સલ્ય [સં.] ન. દેશપ્રેમ.

જન્મભૃત [સં જન્મભૃત] પું. જીવ; પ્રાણી.

જન્મભોમ સ્ત્રી. જેમાં જન્મ થયો હોય તે ગામ; જન્મભૂમિ.

જન્મમરણ ૧. ન. જીવનસ્થિતિ.
૨. ન. શરૂઆત અને છેડો; આદિ અને અંત.

જન્મમરણી વિ. જન્મમરણવાળી; જન્મમરણ રૂપી.

જન્મમહોત્સવ પું. જન્મતિથિનો ઉત્સવ; જન્મોત્સવ.

જન્મમાસ [સં.] પું. જે મહિનામાં જન્મ થયો હોય તે મહિનો; જન્માષાઢ માસ.

જન્મમૂંડું વિ. જન્મથી જ ચૂપ.

જન્મમૂર્ખ વિ. જન્મથી મૂર્ખ.

જન્મમૃત્યુજરાતિગ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જન્મ લેવો, હયાતિ, વધવું, બદલવું, ક્ષીણ થવું અને નાશ પામવું એ છ ભાવ વિકાર છે. જેને અતિક્રમણ કરે છે તેથી ભગવાન જન્મમૃત્યુજરાતિગ કહેવાય છે.

જન્મમેહી (જન્મમેહો) જુઓ. જન્મનક્ષત્રમાં જેમાં પ્રાણનાથજી મહારાજનો ઉદ્ભવ થયો તે ઘર. તેને નિજાનંદી પ્રણમીઓ પવિત્ર માને છે.

જન્મયોગ [સં] પું. જન્મવા ટાણાનો યોગ; જન્મ સમયનો યોગ

જન્મરાશિ [સં.] સ્ત્રી. જન્મ થતી વખતે જે રાશિમાં ચંદ્ર હોય તે રાશિ; જન્મકાલિક રાશિ.

જન્મરોગ પું જન્મ થયો ત્યારનો રોગ.

જન્મરોગી પું. જન્મથી જ જે બિમાર હોય તે માણસ.

જન્મલગ્ન ૧. [સં.] ન. જન્મક્ષણ.
૨. ન. જન્મરાશિ.

જન્મલબ્ધ [સં.] વિ. જન્મથી મળેલું.

જન્મવર્ત્મન્ [સં.] ન. યોનિ.

જન્મવંધ્યા સ્ત્રી. જેને માંહેની એક જનની વખતે જ નહિ તે સ્ત્રી.

જન્મવંશ ૧. પું. યોનિનો સંબંધ.
૨. પું. કોઠીનો સંબંધ.

જન્મવાન [સં. જન્મવત્] વિ. જન્મવાળું; ઘરઆતવાળું.

જન્મવાર પું. જન્મદિવસ; જન્મ થયાનો દિવસ; જન્મદિન.

જન્મવિધવા [સં.] સ્ત્રી. જે જન્મપણમાં પરણીને વિધવા થઈ હોય અને જેનો પોતાના પતિ સાથે સંબંધ થયો ન હોય તે સ્ત્રી.

જન્મવું ૧. [સં. જન્] અ. ક્રિ. આવિર્ભૂત થવું; અસ્તિત્વમાં આવવું; બનવું; ઉદ્ભવવું.
૨. અ. ક્રિ. જન્મ લેવો; ઉત્પન્ન થવું; પેદા થવું; ઊપજવું; અવતરવું.

જન્મવેર ન. સહજ વેર; કુદરતી દુશ્મનાવટ.

જન્મવૈરી [સં. જન્મવૈરિન્] પું. જન્મથી જ દુશ્મનાવટ; મૂળથી જ શત્રુ.

જન્મશત્રુ [સં.] પું. કુદરતી વૈરી; સહજ વૈરી.

જન્મશય્યા ૧. [સં.] સ્ત્રી. પ્રસૂતિ માટેની શય્યા; સુવાવડનો ખાટલો.
૨. સ્ત્રી. પ્રસૂતિગૃહ; સુવાવડખાનું.

જન્મશહેર ન. જેમાં જન્મ થયો હોય તે શહેર.

જન્મસંજ્ઞા સ્ત્રી. જન્મનો દર; જન્મનું પ્રમાણ.

જન્મસંસિદ્ધ વિ. જન્મથી જ સિદ્ધ; જન્મથી જ પ્રાપ્ત થયેલ.

જન્મસંસ્કાર [સં.] પું. દ્વિજાતિના જન્મ વખતે કરવામાં આવતો પહેલો સંસ્કાર.

જન્મસાફલ્ય [સં.] ન. જન્મ્યું સાર્થક થયું તે; જન્મ લેખે લાગવો તે; જન્મસાર્થક્ય.

જન્મસારણ સ્ત્રી. જન્મના સાંધાની સારણ ગાંઠ; એક જાતનો રોગ

જન્મસાર્થક્ય [સં] ન. જન્મની સાર્થકતા; જન્મની સફળતા

જન્મસિદ્ધ [સં.] વિ. જન્મથી જ સાબિત થઈ ચૂકેલ; જન્મની સાથે જ મળેલ; બારસામાં મળેલ; સ્વાભાવિક.

જન્મસિદ્ધ અધિકાર પું. જન્મહક્ક.

જન્મસિદ્ધ હક્ક પું. જન્મથી મળતો અધિકાર.

જન્મસૂતક [સં.] ન. કુટુંબમાં કોઈનો જન્મ થતાં લાગતી આભડછેટ.

જન્મસૂનું વિ. મૂળથી નિર્જન; શરૂઆતથી જ સૂનું

જન્મસ્થાન ૧. [સં. જન્મન્ + સ્થાન (સ્થળ)] ન. જન્મકુંડલીમાં જે સ્થાનમાં જન્મલગ્ન હોય તે સ્થાન.

૨. ન. જ્યાં જન્મ થયો હોય તે સ્થળ; મૂળ વતન; જન્મભૂમિ.

૩. ન. માતાનો ખર્ભ.

જન્મસ્વભાવ [સં.] પું. મૂળ પ્રકૃતિ; કુદરતી મિજાજ; નૈસર્ગિક મનનું વલણ; જન્મથી જે સ્વભાવ પડેલો હોય તે; સહજ સ્વભાવ.

જન્મહેતુ પું. જન્મ લેવાનું લક્ષ્ય કે પ્રારબ્ધ; અવતારનો હેતુ.

જન્મા ૧. વિ. ઉત્પન્ન.

૨. વિ. જન્મનારું.

જન્માક્ષર [સં.] પું. જન્મકાળનાં ઘડી, પળ અને મેષ, રાશિ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, તિથિ, વાર, ગોપડિયાં વગેરે સંબંધી જન્મકુંડળી; જન્મ સમયે ઢૂકામાં આવેલા મહોને દેખાડનારું ટિપણું; જન્મસમયના ગ્રહસંયોગનો બરાબર મેળ સાધીને બનાવેલું બાર રાશિવાળું ચક્ર

જન્માધિકાર [સં.] પું. જન્મ થવાથી પ્રાપ્ત થાય તે હક્ક; જન્મેષ્ટધિકાર; જન્મહક્ક.

જન્માધિપ ૧. [સં.] પું. જન્મરાશિનો સ્વામી.

૨. પું. જન્મલગ્નનો સ્વામી.

૩. પું. શિવનું એક નામ.

જન્માભિષેક [સં.] પું. જન્મપ્રસંગનો સ્નાન મહોત્સવ.

જન્મારો પું. જિંદગી; જીવન; જન્મથી મરણ સુધીનો કાળ; ભવ.

જન્મારો માળવો = (૧) જિંદગી પૂરી કરવી. (૨) જીવિત વિતાવવું. (૩) સાથે રહેવું.

જન્માવજ્ઞા સ્ત્રી. જન્મનો તિરસ્કાર.

જન્માવવું સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

જન્માશૌચ [સં. જન્મન્ + અશૌચ (સૂતક)] ન. છોકરું જન્મે ત્યારે તેના નજીકના પિતરાઈ વગેરેને આવતું સૂતક; ગર્ભસૂતક.

જન્માષ્ટમી ૧ [સં. જન્મન્ + અષ્ટમી (આઠમ)] સ્ત્રી. જન્મ વખતની આઠમ

૨. સ્ત્રી શ્રાવણ વદિ આઠમ; કૃષ્ણનો જન્મ દિવસ. ગોકુળ આઠમ મોટી આઠમ, કૃષ્ણજયંતી શ્રાવણ વદિ ૮ ને દિવસે અભિજિત્ સમયે કૃષ્ણનો જન્મ થયો હતો તેથી વૈષ્ણવ સંપ્રદાયના લોકો દર વર્ષે તે આઠમને દિવસે મોટો તહેવાર પાળી વ્રત ઉત્સવ વગેરે કરે છે. માટે એ આઠમ લોકોમાં જન્માષ્ટમી, મોકુળ આઠમ, કૃષ્ણજયંતી વગેરે નામે પ્રસિદ્ધ છે. ટૂંકેલક્ષ જન્માષ્ટમી તત્પર્ય એમ પણ બતાવે છે કે: પૂર્વરિપુ જેવા જ સમ્રાટો ને વખતે મરી ગયા, સમલોક અને સમપાતાળ સુખી થયા અને જન્માષ્ટમી સફળ થઈ છતા દર વર્ષે આટઆટલા ઠાઠ આપણે એ ઉત્સવ શા માટે ઉજવીએ છીએ ? એટલા જ માટે કે હજુ આપણા હૃદયમાંથી બકરિપુનો નાશ થયો નથી, એમ આપણને અત્યંત પીડે છે

જન્માસ્પદ [સં] ન. જન્મભૂમિ; જન્મસ્થાન.

જન્માંત [સં.] ન. જીવતાં સુધી; જીવનપર્યંત.

જન્માંત દેશનિકાલ = જીવતા સુધી હદપાર

જન્માંતકારાવાસ [સં.] પું. જન્મજેલ, જન્મદ્વીપ

જન્માંતર ૧. [સં.] પું. અન્ય જન્મ; એક જન્મ છોડીને બીજો જન્મ ધારણ કરવો તે, પુનર્જન્મ; અવાંતર; મૂઆ પછી બીજો જન્મ લેવો તે અથવા જન્મમાં પડેલાં કોઈ બીજે લીધેલો જન્મ; દેહાંતર

૨. પું. પરલોક, હવે પછી પ્રાપ્ત થનારો લોક

૩. ન જન્મમાં બેઠા; આ જન્મમાં તો નહિ એમ

જન્માંતરકારાવાસ [સં.] પું આજન્મ કારાવાસ

જન્માંતરવાદ [સં.] પુ પુનર્જન્મનો સિદ્ધાંત.

જન્માંતરિતમોક્ષક પુ પુરુષોત્તમના હજાર માદેનુ એક નામ.

જન્માંતરિયું વિ. આગલા જન્મમાં ભેગવેલું.

જન્માંતરીય [સં.] વિ. અન્ય જન્મનું; બીજા જન્મ સંબંધી.

જન્માંધ વિ. જન્મથી આંધળું.

જન્મી ૧. [સં જન્મિન્] પું પ્રાણી; જીવ.

૨. વિ. ઉત્પન્ન થયેલું.

જન્મેજય ૧. [સં] પું (પુરાણ) એ નામનો દુષ્યંતનો પુત્ર. એની માનુ નામ લક્ષણા હતું, તેથી ભારદ્વાજી અને લક્ષ્મણા એવાં એને બીજાં નામ પણ હતાં

૨. પું. એ નામે એક રાજા.

૩. પુ. (પુરાણ) એક પાંચાલ ક્ષત્રિય

૪. પુ કુરુવંશી પરીક્ષિતનો એ નામનો પુત્ર. આ પ્રતાપી રાજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. વૈશંપાયને તેને મહાભારત સંભળાવ્યું હતું

૫. પું. વિષ્ણુ.

૬ પુ (પુરાણ) સોમવંશી કુરુનો પુત્ર. એની માનુ નામ વાદિની હતું. ધૃતરાષ્ટ્ર વિ એના પુત્રો હતા.

જન્મેશ [સં] પું જન્મરાશિનો સ્વામી.

જન્મેશ્વર ન. (પુરાણ) ભારતવર્ષનું એક તીર્થ.

જન્મોજન્મ અ. જન્મોજન્મ, દરેક જન્મમાં; જ્યારે જ્યારે જન્મ થાય ત્યારે ત્યારે; એક પછી બીજો, બીજા પછી ત્રીજો એમ જે અવતાર લેવા પડે તેમ; જનમોજનમ

જન્મોતરી ૧. સ્ત્રી. આગળથી જાણીને લખી કે કહી રાખેલી વાત; ભવિષ્ય ભાખવું તે.

૨. સ્ત્રી. જન્મ ઉપરથી ભવિષ્યકાળ કહેવું તે.

૩. સ્ત્રી. જન્મ પછી ઉત્તરોત્તર ભવિષ્યમાં બનનારા બનાવ વધુંચળા હોય એવી ગણિત કરીને જોશીઓ બનાવેલી પત્રિકા; જન્મોત્રો; જનમોતરી.

૪. સ્ત્રી. જન્મના નક્ષત્રો.

૫. ન. હિમાલયનું એ નામનું એક શિખર. જમુનાજી તેમાંથી નીકળે છે

જન્મોત્રી જુઓ જન્મોતરી.

જન્મોત્સવ ૧. પું. કૃષ્ણના જન્મ દિવસે પાળવામાં આવતો તહેવાર.

૨. [સં.] પું. જન્મ દિવસની ખુશાલીની ધામધૂમ; જન્મ દિવસનો ઉત્સવ; જયંતી.

જન્ય ૧. [સં. જન્ (જન્મવું)] વિ જન્મ; ઉત્પન્ન થવું તે; જનન; પેદા થવું તે.

૨ પુ જન્માર્ક, જન્મલગ્ન.

૩. પુ. જ્ઞાતિ.

૪. પું. નિંદા; પરિવાદ, લોકાપવાદ, કિંવદંતી.

૫. પું. પિતા; બાપ.

૬. પું. પુત્ર; બેટો, દીકરો.

૭. પું અન્તર.

૮. પુ. મનુષ્યોનો કોલાહલ; માણસનો બડબડાટ.

૯. પું. મહાદેવ.
૧૦. પું. માતા અથવા પિતાનો દોસ્ત.
૧૧. પું. (સંગીત) રાગનો એક પ્રકાર. આશ્રય રાગ સિવાયના બાકીના બીજા સર્વ રાગ જન્યરાગ કહેવાય છે.
૧૨. પું. રાષ્ટ્ર કે કોઈ એક દેશનો વાસી.
૧૩. પું. વરમોહો.
૧૪. પું. વરપક્ષના લોક; વરના સગાંવહાલાં.
૧૫. પું. વરરાજા.
૧૬. પું. શરીર; દેહ.
૧૭. પું. સત્ય કે અસત્ય લોકવાર્તા; અફવા.
૧૮. પું. સંસારનો મનુષ્ય.
૧૯. ન. દુકાન; હાટ.
૨૦. ન. લડાઈ; યુદ્ધ.
૨૧. વિ. ઉત્પન્ન કરવા જેવું.
૨૨. વિ. ઉત્પન્ન થયેલું; ઉત્પન્ન કરનાર; થી જન્મેલું; પેદા થયેલું. સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, બુદ્ધિજન્ય.
૨૩. વિ. કોઈ જાતિ, દેશ, વર્ગ કે રાષ્ટ્ર સાથે સંબંધ રાખતું.
૨૪. વિ. જન્મ સંબંધી.
૨૫. વિ. દૈહિક; રાષ્ટ્રીય; જાતીય.
૨૬. વિ. નવોઢા કે નવી પરણેલી સ્ત્રીના સંબંધી.
૨૭. વિ. પ્રવર્તાવનાર.
૨૮. વિ. મનુષ્યના હિતનું; મનુષ્યને ઉપકારક.

જન્યજનક વિ. ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થનાર.

જન્યજનકભાવ પું. ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થતી બાબતના પરસ્પર સંબંધ.

જન્યજ્ઞાન ન. કારણ, હેતુ; ધ્યેય.

જન્યતત્ત્વ ન. ઉત્પન્નતત્ત્વ.

જન્યતા [સં.] સ્ત્રી. જન્મ થવાનો ભાવ; ઉત્પન્ન થાય એવું હોવાપણું; ઉત્પન્ન થવા યોગ્યપણું.

જન્યત્વ જુઓ જન્યતા.

જન્યયાત્રા સ્ત્રી. વરમોહો.

જન્યા ૧. [સં.] સ્ત્રી. કન્યાની સખી; વધૂની બેનપણી.
૨. સ્ત્રી. જન્મનારી; માતા; મા.
૩. સ્ત્રી. પ્રીતિ.
૪. સ્ત્રી. માતાની બેનપણી.
૫. સ્ત્રી. વધૂ.

જન્યુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. પું. ચોથા મન્વંતરના સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.
૪. પું. જન્મ; ઉત્પત્તિ.
૫. પું. પ્રાણી; જીવ.
૬ પું. પક્ષી.

જન્યાઈ પું. જમાઈ

જપ ૧. [સં. જપ્ (બડબડવું)] પું. ઉપાસનાના પાંચ માંહેનું એક ઉપાંગ. જપ, હોમ, તર્પણ, માર્જન અને અન્નસંસ્કાર એવાં ઉપાસનાનાં પાંચ ઉપાંગ હોય છે.
૨. પું. ચકરીપાટ.
૩. પું. જપવું તે; નામ મંત્ર વગેરેનું રટન; આવર્તન; એકની એક વાત વારંવાર મોટે સાદે કરવી તે; કનપટ કોઈ મંત્ર કે વાક્યનો વારંવાર ધીરેધીરે પાઠ કરવો તે; પૂજા, સંધ્યા આદિમાં મંત્રનો સંખ્યાપૂર્વક કરાતો પાઠ. વેદોક્ત મંત્રનો ગુરુદ્વારા ઉપદેશ પામીને તે મંત્રનો વિધિપૂર્વક અભ્યાસ કરવો તે જપ કહેવાય છે. પુરાણોમાં જપ ત્રણ પ્રકારના માનેલો છે: માનસ, ઉપાંશુ અને વાચિક. કોઈ કોઈ ઉપાંશુ અને માનસ જપની વચ્ચે જિહ્વૌ જપ નામના એક બીજો જપ પણ માને છે. લોકોમાં એનું કહેવાય છે કે વાચિક જપથી દશગણું ફળ ઉપાંશુમાં, સોગણું ફળ જિહ્વૌ જપમાં અને સહસ્રગણું ફળ માનસ જપમા થાય છે. મનમા ને મનમાં મંત્રનો અર્થ મનન કરીને તેનો ધીરે ધીરે એવા પ્રકારે ઉચ્ચાર કરવો કે ઇજીભ અને હોઠનાં ગતિ ન થાય તેને માનસ જપ કહે છે. જીભ અને હોઠ હલાવીને મંત્રોના અર્થનો વિચાર કરતાં કરતાં મંત્રનો એવા પ્રકારે ઉચ્ચાર કરવો કે કાર્ય સરજાવાય તેને ઉપાંશુ જપ કહે છે. જિહ્વૌ જપ પણ ઉપાંશુની અંતર્ગત માનવામાં આવે છે. ફેર માત્ર એટલો જ કે જિહ્વૌ જપમા જીભ હાલે છે, પણ હોઠની ગતિ થતી નથી અને ઉચ્ચારણ સંભળાતું નથી. વર્ણોનો સ્પષ્ટ ઉચ્ચાર કરવો તે વાચિક જપ કહેવાય છે. જપ કરવામા મનની સંખ્યાનું ધ્યાન રાખવું પડે છે, તેથી જપમાં માલાની જરૂર રહે છે. જપનો આદર્શ હરિજન બંધુમાં એમ બતાવાય છે કે: જન્મ્યા માડીને ગમે તે સંસ્કૃત, પ્રાકૃત કે બોલ્યા આ દેશની કે બીજા દેશની ભાષામાં જપીએ તો યે પરિણામ એક જ આવે છે. ઈશ્વરને નામની દરકાર ન હોય. એ અને એનો કામદો એક જ છે. એટલે એનું પાલન એ એનો જપ. જેને જપ ઉચ્ચારણ બાસો-ફ્રૂસ જેવું સ્વાભાવિક થઈ ગયું છે તે ઈશ્વરમય થયો છે એટલે ઈશ્વરની નીતિને તે સહેજે ઓળખે છે ને સહેજે પામે છે

૧. જપ કરવા = (૧) બાકી બધેય વસ્તુની આશા રાખ્યા કરવી. (૨) વારંવાર યાદ કરીને અમુક વસ્તુની વાટ કે રાહ જોયા કરવી; રટન કર્યા કરવું.
૨. જપ કરવો = માળા કરવી; ઈશ્વરનાં જુદા જુદા રૂપમા નામ લેવાં.
૩. જપ કરાવવા = (૧) બાકી બાકામાં ને આશામાં બેસાડી મૂકવું. (૨) મંત્રાદિકનું અનુષ્ઠાન કરાવવું
૪. બેઠા બેઠા જપ કરવો = (૧) આળસમાં વખત ગુમાવવો. (૨) ઇચ્છિત વસ્તુ માટે રાહ જોવી. (૩) વારંવાર વિચાર કરવો.

૪. પું. પશુપત મતનાં પાંચ માંહેનું એ નામનું એક અંગ.
૫. પું. મંત્ર.
૬. પું. સાત પ્રકારની ક્રિયાશક્તિમાની એક. સાત ક્રિયાશક્તિ: (૧) ધૃષ્ટિ, (૨) પૂર્તિ, (૩) રક્ષણ્યપ, (૪) જપ, (૫) પૂજા, (૬) તપ, (૭) દાન
૭. વિ જપ કરનાર.
૮. વિ. બોલનાર; ઉચ્ચારનાર

જપકુસુમ ન. એક ફૂલઝાડ. તેનાં બી પાણીમાં વાટી પ્રમેહમા અપાય છે. ફૂલનો રસ ઉત્તેજક હોવાથી બીજી રક્તિતવર્ધક ઔષધિ સાથે અપાય છે.

જપજપ્યા પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૭ અને ઉત્તર ક્રાંત્યંશ ૨ મા આવેલો બીજા મહત્ત્વનો એક તારો.

જપજાપ પું. બધાં જપ્ મળીને એકત્રિત્યે કોઈ દેવ કે પ્રભુનો માળાથી જપાતો મંત્ર.

જપજી પું. શીખ લોકોનો એક પવિત્ર ધર્મગ્રંથ. તેનો નિત્ય પાઠ કરવો એ શીખ લોકો પોતાનો ધર્મ સમજે છે.

જપટ ન. (કચ્છી) તમાકુ; બધુ.

જપટી પું. (કચ્છી) એક પ્રકારનો લોક.

જપત ૧. [અ. જબ્ત (જપ્ત રાખવી)] પું. કાબુ; દાબ.
૨ પું જપ્તી.
૩. પું. કુટવી લેવું તે.
૪. વિ. ગુનાને લઈને કબજે કરેલું; ગુનાસર દફરપે કબજે કરેલું, હક્ક વહેવાતલ કરી કબજે લીધેલું; જપ્ત
૫. વિ. આગ્રહ પોટે થોડીવાર સુધી અથવા હમેશને માટે કબજે લીધેલું.

જપતપ ૧. ન. જપ અને તપ કરવા તે; પૂજાપાઠ; સંધ્યાપૂજા.
૨. ન. ભક્તિ; સેવા.

જપતાલ પું. (સંગીત) એ નામનો તાલ.

જપતી ૧. [ફા. જબ્તી (નજર રાખવાપણું)] સ્ત્રી. ગુનાના ઠંડરપે કે મામલા પેટે લીધેલો કબજો.

૨. સ્ત્રી. જપત કરવું તે; કબજે કરવું તે; ટાંચ; કલમબંધી. ગુનાસર શિક્ષાલદલ અથવા કોર્ટ ગેરવ્યવસ્થા વગેરેના કારણ બદલ બીજા માણસની માલમિલકત કે હક છોડાવો ગુનાનો નિકાલ થાય લાંબની તેના કબજામાંથી લઈ તેના ઉપર જપતો રાખવો તે; હમેશને માટે નહિ પરંતુ નિકાલ થતાં સુધી કોઈ વસ્તુનો કબજો લઈ લેવો તે.

૧. જપતી કરવી = કબજામાં કરી લેવું.

૨. જપતી બેસાડવી = કબજે લઈ કબજા ભોગવટાનું કાયમ આધુંપાછું થાય નહિ એવો બંદોબસ્ત રખાવવો.

જપન [સં.] ન. જપ; જપવું તે; જપવાનું કામ; ઈશ્વરના નામનો માનસિક જપ.

જપનિવેદન ન. જપ કરી બતાવવું તે.

જપની ૧. [હિં.] સ્ત્રી. ગૌમુખી; જપ કરવાની માળા રાખવાની કોથળી.

૨. સ્ત્રી. માળા.

જપનીય [સં.] વિ. જપવા જેવું.

જપપરાયણ વિ. જપ કરવામાં લીન.

જપમાલા ૧. [સં.] સ્ત્રી. જપ કરવાની માળા. તે સંપ્રદાય પ્રમાણે રુદ્રાક્ષ, કમલાક્ષ, પુત્રજીવ, સ્ફટિક, તુલસી વગેરેની હોય છે. તેમાં મોટે ભાગે એકસો આઠ, બોતેર કે અઠાવીસ મણકા હોય છે, અને વચમાં જ્યાં મેરુ હોય છે ત્યાં એક સુમેરુ હોય છે. હિંદુઓ ઉપરાંત જૈન, મુસલમાન, ખ્રિસ્તી વગેરે પણ જપ કરે છે.

જપમાળા લેવી = (૧) પ્રવૃત્તિથી દૂર થઈ એકાંતિક જીવન ગાળવા બેસવું; એકાંતિક જીવન ગાળવા બેસવું; મૌન બેસી રહેવું; અક્રિય બનવું. (૨) રટન કર્યા કરવું.

૨. સ્ત્રી. રટણ, જાપ; સ્મરણ.

જપમાળા જુઓ જપમાલા.

જપમાળા જુઓ જપમાલા.

જપયજ્ઞ [સં.] પું. જપ કરવાના મંત્રનો અર્થ સમજીને જપ કરવો તે; જપ રૂપ યજ્ઞ. જપના ત્રણ ભેદ છે: વાચિક, ઉપાંશુ અને માનસિક.

મહર્ષિમાહિ મૂત્ર હું ક્રતુકાર વાણીમાહિ હું.
યજ્ઞોમાં જપયજ્ઞે હું સ્થાવરોમાં હિમાલય.
-ગીતાનુબોધન

જપવું ૧. [સં. જપ્ (ધીમે સાદે બોલવું)] અ. ક્રિ. શાંત થવું.

૨. સ. ક્રિ. કોઈ મંત્ર કે ઇષ્ટના નામનું રટણ કર્યા કરવું; રટવું; જપ કરવો.

૧. માળા જપવી = (૧) નકામો વખત ગાળવો. (૨) માળા ફેરવતાં મંત્ર અથવા નામ લીધા કરવું. (૩) ઘાટ ભેગા કરવી; ઢંગધડા કરવા

૨. રામ નામ જપવું = (૧) જનામાના જેમ રહેવું. (૨) પ્રભુનું ધ્યાન ધરવું; ઈશ્વરનું સ્મરણ કરવું.

૩. બાવો બેડું જપે ને જે આવે તે ખપે = સાધુનો ખાલી ઢોંગ.

૩. સ ક્રિ. કબજો કરવું; નહિ વિસરવું; એકની એક વસ્તુનું સદા રાખ્યા કરવું.

૪. સ. ક્રિ. ઘાટ ભેગા; રાહ ભેગા કરવી.

૫. સ. ક્રિ. સ્મરવું; યાદ કર્યા કરવું; એકને એકની વાત, મંત્ર કે વસ્તુ મોંએ લાવ્યા કરવી.

જપસ્થાન [સં.] ન. જપ કરવાનું ઠેકાણું.

જપહોમ [સં.] પું. જપ સાથેનો યજ્ઞ.

જપા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કુસુંબેવડી; ચીનાઈ ગુલાબનો છોડ.

૨. ન. તલસનું ફૂલ; જપાપુષ્પ.

જપાકુસુમ ન. તલસનું ફૂલ

જપાન ૧. પું. ઍટ્રિક ખંડમાં પૂર્વમાં આવેલો એ નામનો દેશ. તે પાંચ ટાપુનો બનેલો છે.

૨. ન. ટોપી.

જપાનવાસી વિ. જપાની; જપાનમાં રહેનાર.

જપાનિઝ ન. લાકડું, ધાતુ, ચામડું વગેરે વસ્તુઓને એક જાતનું વાર્નીશ લગાડી ગરમ કરવું તે. તેથી તેની સપાટી મજબૂત બને છે.

જપાની ૧. પું જપાનનો વતની.

૨. વિ જપાનનું. જપાન સંબંધી

૩. વિ તકલાદી. આ અર્થમાં પણ પ્રયોગ થાય છે.

જપાપુષ્પ ન. તલસનું ફૂલ.

જપાવલિ [સં.] સ્ત્રી. એકથી વધારે મંત્રનો જપ કર્યે રાખવો તે.

જપાવવું સ. ક્રિ. જપે તેમ કરાવવું; જપ કરાવવો.

જપાવું ૧. અ. ક્રિ. રટણ કરાવું

૨. અ. ક્રિ. સ્મરવું.

જપિની સ્ત્રી જપ કરનાર સ્ત્રી.

જપિયો ૨. પું. કશા આશય વગરનું વખતે જપમાળા લઈને બેસનારો બાવલ્યું; દાન લઈ યજમાનને માટે જપ કરનારો બ્રાહ્મણ; જાપી.

૨. પું. જપ કરનારો ભક્ત.

જપી [સં.] વિ. હમેશ જપ કરનાર; આનસ્થ.

જપુરા સ્ત્રી. લક્ષ્મી.

જપ્ત ૧. વિ. ગુનાસર સરકારે કબજે લીધેલું; અમુક ગુના બદલ માલિકોનો હક છીનવી લઈ કબજે લીધેલું; હક રદબાતલ કરી કબજે લીધેલું; આલસા.

૨. વિ. મામલા પેટે કબજે લીધેલું.

જપ્તવ્ય [સં.] વિ. જપવા જેવું.

જપ્તી ૧. સ્ત્રી. ટાંચ; કલમબંધી; અટક.

૨. સ્ત્રી. રાજદ્રોહી અગર ગેરકાનૂની વર્તન કરનાર ગુનેગારની સ્થાવર તથા જંગમ મિલકત કબજે કરવી તે.

૩. સ્ત્રી. લેણદાર કરજદારની એ નામની અટક.

૪. સ્ત્રી. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

જપ્તીકરફૂન જુઓ જપ્તીકર.

જપ્તીઠકા પું. અટકમાં લેવા માટેની ફી.

જપ્તીદાર પું. ટાંચ લગાડવા આવનાર અમલદાર; બેલિફ; જપ્તી લાવનાર કારકૂન.

જપ્ય ૧. [સં.] પું. મંત્રનો જપ.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. વિ જપવા જેવ

જપ્યેશ્વર ૧. [સં] પું. જપ કરવા યોગ્ય પ્રભુ.

૨. ન. આગમમાં આવેલ એ નામનું એક સ્થળ; જપપીઠ.

જપ્રચિતક પું. (પિંગળ) સત્તાવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

જફર [હિં.] પું. માટલિયો બનાવવાની વિદ્યા.

જફા ૧. [ફા.] સ્ત્રી. અન્યાય અને અત્યાચાર ભરેલો વહેવાર; જુલમ; સખતી; જબરદસ્તી; જોરાવરી.

૨. સ્ત્રી. ક્રોધ; ગુસ્સો.

૩. સ્ત્રી. નુકસાન; દુઃખ; હાનિ.

૪. ન. ટોળું.

જફાકફા સ્ત્રી. આપત્તિ; દુઃખ; કષ્ટ; મુશ્કેલી.

જફાકશ ૧. વિ સખત કામ કરનાર; પરિશ્રમી.

૨. વિ અદ્વિતીય, મજબૂતાઈવાળ.

જફીરો [અ.] સ્ત્રી. મિસર દેશમાં થતો એક જાતનો કપાસ.

જફેરફેર પું અવસ્થા; બંદોબસ્ત.

જફ્ફર ૧. [અ.] ન. માણસોનું ટોળું.

૨. વિ. બહુ; ઘણું.

જબ ૧. પું. એક જાતનો સાપ; ગોયરા; ગોહ.

૨. સ્ત્રી ઢસ્સા

૩. વિ. ઉતાવળું, ઢીલ વગરનું.

૪. [હિં.] અ. જ્યારે; જે વખતે.

જબકવી અ. જ્યારે જ્યારે; જે વખતે.

જબકાવું જુઓ જબકવી.

જબકવું ૧. સ. ક્રિ. ઝબકવું; પ્રકાશવું.
૨. સ. ક્રિ. ઠેકવું; ચમકવું.

જબકારો પું. ઝબકારો; પ્રકાશ.

જબકાવવું સ. ક્રિ. ઝબકાવવું.

જબકાવું ૧. સ. ક્રિ. અવનવો ભાવ જાગવાથી કે અવનવી વસ્તુ જોવાથી કે સાંભળવાથી ચમકવું; ઉત્સાહમાંથી એકદમ જાગી ઊઠવું
૨. સ. ક્રિ. રહી રહીને ઝબકારા મારવો, પ્રકાશના કિરણ ફેંકવા.

જબકી અ. જ્યારે; જે દરમિયાન.

જબકોળવું સ. ક્રિ. ઝબકોળવું.

જબખદર જ્રી. એક જાતની ખનિજ વસ્તુ.

જબજબતું અ. જ્યાંસુધી.

જબજબમ અ. વખતોવખત, વારંવાર.

જબનલાકે જુઓ જબનકે.

જબદ્દી જ્રી. રોહિલખંડમાં થતું એક જાતનું ધાન્ય.

જબનતબ્મ ૧. અ. અવારનવાર, વારંવાર.
૨. જ. કવિ નદિ

જબર ૧. વિ. ગંભીર.
૨. વિ. મોંઘોમૂલ્યો; ભારે
૩. વિ. ચડિયાતું.
૪. વિ. જોરાવર; તાકાતવાળું; બળવાન.
૫. વિ. દૃઢ; મજબૂત.
૬. વિ દુઃખી.
૭. વિ. નાજુક; પાતળ.
૮. વિ મુશ્કેલ.
૯. વિ. વજનદાર, ભારે; સંગીન.

જબરજંગ પું એક જાતનો કુમારની કામમાં વપરાતો પથ્થર.

જબરજરત ૧. [ફા. જબરદસ્ત] વિ. જબરદસ્ત, જોરાવર; મજબૂત; બળવાન; જબ્બર.
૨. વિ. ખુશમગજ, ખુશમીજ; ફ્રૂ

જબરજરતી ૧. [ફા. જબરદસ્તી] જ્રી જબરાઈ; જબરી; જોર બતાવવા જેવું વાપરવું તે.
૨. જ્રી. ખુશમગજ; ખાનદાની; અલબત્તર.

જબરજંગ ૧. [ફા.] પું. મહાન લડાઈ.
૨. વિ. શૂરવીર; લડવૈયાના ગુણવાળું, બહાદુર; બહાદુર, ખૂબ જબરું અને હિંમતવાળું

જબરદસ્તખેત જુઓ જબરજરત.

જબરદસ્તી જુઓ જબરજરતી.

જબરાઈ ૧. [અ. જબ્ર] જ્રી. જબરજરતી; સખતી, જુલમ.
૨. જ્રી. વીરતા; પરાક્રમ.

જબરી જુઓ જબરાઈ.

જબરું ૧. [અ. જબ્ર (જુલમ)] વિ. હદમાં બારમાં, દેખાવમાં, બળમાં ઘણું એવું; સજીવ; ભારે; ઊંચું.
૨. વિ. ન ગમી કે પહોંચી વળાય એવું; સખત; કઠણ; મુશ્કેલ.
૩. વિ મજબૂત; જોરાવર; બળવાન.
જબરું લાકડું = (૧) મોટો આધાર. (૨) મોટો પક્ષ.
૪. વિ. હિંમતવાળું; કરે નહિ એવું.

જબરૂત [અ.] પું જબરત; ઈશ્વરની પ્રૌઢતા.

જબલ [અ.] પું. નાનો કુમર; ટેકરી.

જબલકુમ [અ.] પું. આસમાની રંગનો એક જાતનો કીમતી પથ્થર.

જબલગ અ જ્યાં તક; જ્યાંસુધી

જબલપુર [સ. જબાલિપુર] ન. મધ્ય હિંદુસ્તાનમાં નાગપુરથી ઈશાન ખૂણે ૧૮૦ માઈલ ઉપર આવતું મુખ્યથી કાશી ને કલકત્તા જતી રેલવે લાઈન ઉપરનું એક મોટું વેપારી મથક. આ શહેરમાં વેપાર ઉદ્યોગ સારો છે, તેમ જ તેની આસપાસનો પ્રદેશ પણ કાપડ, લોખંડ અને બીજી પણ અનિજ પદાર્થોથી ભરપૂર છે. જબલપુર જિલ્લામાં સંગેમરમરની ખાણો છે. ઘઉં, કોદરા, ડાંગર અને તેલી બિયાંનો પાક પણ આ જિલ્લામાં પચાસ ઈંચ જેટલો વરસાદ પડતો હોવાથી સારો થાય છે.

જબલી જ્રી. ભરી; એક જાતના ભમરનું સુગંધીદાર લાકડું.

જબલ્લા પું. કાંડીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી

જબવે અ. જ્યારથી, જે વખતથી.

જબહી ૧. અ. એ જ ક્ષણે; તત્કાળ.
૨. અ. એથી કરીને, એ કારણે.
૩. અ. ભારે વખતે
૪. અ. જ્યારે, જે વખતે

જબા ૧. [અ.] પું. ખાખરનું ઝાડ.
૨. ન. એક જાતનું ફૂલ

જબાડ ૧. જ્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત આ સબંધમાં કવિત છે કે.
મુલક કાઠિયાવાડમા ઘોડી ઊંચી જાત, નામ કામ વર્ણન કરું છે કચાની પ્રખ્યાત.
છે કચાની પ્રખ્યાત તાજ્જુ ઝાઝી સારી, જેતપુર માંહી જબ્બર ઘોડીએ ચાખી ભારી.
માલુમિયાની જ હીરાલ નહિ સત્તાવીશ ગાડમાં, છે ઘોડી બહુ સરસ મુલક કાઠિયાવાડમાં.
૨ [સ. ગર્ધભાકર્ણ] ન. એક જાતનું ઊનનું ઊંચું, નોગિયા જેવા મુખવાળું અને ખિસકોલી જેવા રંગવાળું જંગલી પ્રાણી. તે ઘોરની વાડમાં અને રોરડીના વાડમાં રહે છે અને સામાન્ય રીતે રાત્રે બહાર નીકળે છે.
૩. [ફા.] ન. જબ્બાદ નામના પ્રાણીના ગુદ્ય પાસેની થેલી અંદરનો કસ્તુરીના જેવી વાસવાળો પદાર્થ. તે શીતળ, કફમ અને વાતહર મનાય છે.

જબાડિયું જુઓ જબાડ ૨.

જબાડી જુઓ જબાડ ૨, ૩.

જબાન ૧. જ્રી. જીભ.
૨. જ્રી. પ્રતિજ્ઞા; કોલ; મોઢામાંથી નીકળેલ શબ્દ
૩. [ફા. જબાન] જ્રી. બોલી, ભાષા.
૧. જબાન ખૂલવી = મોઢામાંથી વાત નીકળવી.
૨. જબાન બોલવી = મોઢામાંથી વાત કાઢવી; બોલવું.
૩. જબાન ચલાવવી = (૧) જલદી બોલવું, (૨) મોઢામાંથી અનુચિત શબ્દ નીકળવો.
૪. જબાન બંધ કરવી-રોકવી = (૧) ચૂપ થવું. (૨) વિવાદમાં હરાવવું.
૫. જબાન સંભાળવી = મોઢામાંથી અનુચિત શબ્દ ન નીકળવા દેવા; વિચારીને તથા સમજીને બોલવું.

જબાનદરાજ [ફા. જબાનદરાજ] વિ. બહુ બોલું; શેખીખોર.

જબાનદરાજી [ફા. જબાનદરાજી] જ્રી. શેખી; બહુ બોલવાની ટેવ. બોલકણાપણું.

જબાની ૧. [ફા. જબાન (જીભ)] જ્રી. જબાનથી કરેલી વાત; ઇકરાર; બોલીને આપેલી સાક્ષી; જુબાની; બોલીને જણાવેલી હકીકત.
૨. જ્રી. સવારો, ભકવાટ.
૩. વિ. વાણીથી કહી શકાય એવું.

જબાબ [ફા. જવાબ] પું. જવાબ, ઉત્તર.

જબાબ ૧. [ફા. જવાબ] પું. જવાબ; ઉત્તર.
૨. જ્રી. માખી.

જબાબાં ૧. [ફા. જવાબ] જ્રી. હલકના ઢંઢ વાજે એની બડિયાળ.
૨. વિ. ઉત્તરે અપવા સંબંધી

જબાલ જ્રી. કાઠિયાવાડી ઘોડીની એક પ્રખ્યાત જાત.

જબાલા [સ.] જ્રી સત્યકામ જબાલ ઋષિની માતાનું નામ.

જમાં ૧ સ્ત્રી. જીભ.
૨ સ્ત્રી. બોલી; ભાષા.

જમાંદરાજ જુઓ જમાનદરાજ.

જમાંદરાજી જુઓ જમાનદરાજી.

જમી સ્ત્રી. દોરને મોટે બાંધવાનું જાળીવાળું ગૂંથણ

જમીરૂ ન. ચારથી પાંચ ફૂટ ઊંચું એક જાતનું ઘોળું પક્ષી. તેને માથા સિવાય બધે પીળા અને કાળી વાંકદાર ચાંચ હોય છે.

જમીલો પું. વણાટકામમાં ઉપયોગી એક જાતનો ચમકતો સળંગ.

જમૂનો [સં. યમ + ઉત્તર] પું. (વહાણવટું) કિનારાગામ અને કિનારાપ્રજાની ઉપર જકાત ઠાંકણાંનું પાટિયું.

જમૂન ૧. [તુ. ઝમન] વિ. ઉદ્ધત; બેપરવા.
૨. વિ. કાતિલ; ઝેરીલું.
૩. વિ. ગરીબ; દરિદ્રી
૪. વિ. જોરાવર; બળવાન.
૫. વિ. જૂદું; બરાબર; દુષ્ટ.
૬. વિ. ભયંકર; ભયાનક.

જમૈ [અ. ઝમાન્] સ્ત્રી. કતલ; ખૂન; ખોફ.
જમૈ કરવું = કાટકો મારીને કાપી નાખવું. કાપીને જનથી મારી નાખવું; કતલ કરવી.

જમૈખાનું [અ. ઝમાન્ (કતલ) + ખાના (સ્થાન)] ન. કસાઈખાનું; કતલખાનું.

જમૈલુ જુઓ જમૈ.

જમ્ત ૧. [અ.] પું. અપરાધીને દંડવા માટે સરકારે તેની મિલકત જીતની લેવાપણું.
૨. પું. કોઈ વસ્તુ કોઈના અધિકારમાંથી કાઢી લેવી તે.
૩. વિ. ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું.
૪. વિ. માગણા પેટે કબજે લીધેલું.

જમ્તી જુઓ જપતી.

જમ્બર જુઓ જબરું.

જમ્બાર ૧. પું. તાડનું ઝાડ.
૨. [અ.] પું. (જ્યોતિષ) મૃગશીર્ષ નક્ષત્ર.
૩. વિ. વિજેતા; જિત મેળવનાર.

જમ્બો [કા. જુમ્બા] પું. ઘૂસતો રહેતો ઢીલો, લાંબો ડગલો
જમ્બો મેળવવો = અમુક માન અથવા પદવીનો પોશાક પ્રાપ્ત કરવો.

જમ્બો જુઓ જમ્બો.

જમ્મ [અ.] પું. જબરજસ્તી; જોરજુલમ.

જમ્મન [અ.] અ. જોરજુલમથી; કરજિયાત રીતે, બળજોરીથી; ઇચ્છા વિરુદ્ધ.

જમ્મૂત ૧. [અ.] પું. ઈશ્વર.
૨. પું. ઈશ્વરની પ્રૌઢતા.

જમ્મડવું ૧. સ. ક્રિ. એકદમ ચમકીને જાગી ઊઠવું; ચોંકવું.
૨. સ. ક્રિ. થોડે થોડે અંતરે પ્રકાશવું; ઝબકવું.

જમ્મડાવવું ૧. સ. ક્રિ. એકદમ ચમકીને જગાડવું.
૨ સ. ક્રિ. થોડે થોડે અંતરે પ્રકાશ આપે એમ કરવું

જમ્મડાવું જુઓ જમ્મડવું.

જમ્મડોળવું સ. ક્રિ. એકદમ પાણીમાં ઝુપડી જમ્પ મારવું; પાણીની અંદર બોળી કાઢવું; ઝબકોળવું

જમ્મરાઈલ પું. ઈશ્વરનો ફિરસ્તો; જબરદત.

જમ્મા ૧. પું. એક જાતનું કૂળ.
૨. ન. ગોરવદાનનાં ચાર પ્રમાણો માહેનું એક પ્રમાણ. આમાં આવ અસ્થિર ઉર્ધ્વ આખું પ્રમાણ અસ્થિર ભાવ છે. અષ્ટકારાત્મ પ્રમાણે 'જ' એટલે મૂળ સમયનો જથો અને 'મા' એટલે ત્રીજનો ભાવ થાય છે.

જમ્માસાઈ સ્ત્રી. અરજદ.

જમ્મિયા [હિં.] વિ. બેડોળ.

જમ્મિલ્લા પું. ચોર ફેરવવા માટે વપરાતો ખીલો

જમ્મે સ્ત્રી. કતલ; ખૂન; નાશ.
જમ્મે કરવું = મારી નાખવું; જમ્મેદ કરવું.

જમ્મો પું. જથ્થો; ઢીલો ડગલો.

જમ્મ્યો જુઓ જમ્મ્યો.

જમ્યા [હિ.] પું. જમાઈ.

જમ્ [સં.] સ ક્રિ. (ધાતુ) આવુ. તે ઉપરથી નીપજેલ શબ્દ: જમણ

જમ ૧ [સં. યમ્ (અટકાવવું)] પું. (જૈન) અહિંસા જેનાં પાંચ મહાવ્રત.
૨. પું. ઈરાનના એક જૂના રાજાનું નામ; જમશીદ તે નેના જમકા અને જબરા માટે પ્રખ્યાત હતો.
૩. પું. કર અને ભયંકર દેખાવનો માણસ; સિદ્ધાંતનો માણસ; નિર્દય પુરુષ.
જમ જેવું = (૧) ક્રૂર; સખ્ત (૨) દુઃખ અને ત્રાસ આપે એવું; ક્રૂર. (૩) ભયંકર. (૪) મજબૂત; બળવાન.
૪. પું. ખુશરો; જોટકું.
૫. પું. ત્રાસ કે કઠણાઈ આપે એવી વસ્તુ.
૬. પું. નિયમ; સંયમ.
૭. પું. મોત; મરણ; કાળ; અંત.
૮. પુ ભોતનો દેવ, મરણ પછી જીવને તેના કર્મ પ્રમાણે શિક્ષા કરનારો દેવ; યમ. આ મનુનો દેવ સૂર્યનો પુત્ર મનાય છે તે પાતાળનો સ્વામી છે. તે મૃત્યુનો રાજા છે અને મરી ગયેલા આત્માનો ન્યાયાધીશ મનાય છે
૧. જમ ઘર દેખી જાય = સહેજસાજ ભયાડ કે હાનિ થાય તેનો ભય નહિ પણ તેનો રસ્તો કાયમ માટે ઊઘડે તેનો મોટો ભય.
૨. જમ ને જમાઈ = જેવો જમ તેવો જમાઈ પણ દુઃખ અને ત્રાસ આપનારો મનાય છે
૩. જમનું તેડું સારું પણ સરકારનું તેડું સારું નહિ = મરવું સારું પણ સરકારમાં જવાનું પડે તે ખોટું. જમના દુઃખ કરતાં સરકાર તરફથી થતી હેરાનગતિ વધારે દુઃખદાયક મનાય છે.
૪. જમનો દૂત = જમના દૂત જેવો નિર્દય અને ક્રોર દેખાતો માણસ.
૯ પું. યમ રાજાનો બિહામણો દૂત.
૧૦ પું. રાવણ; શાંત પાડવું તે.
૧૧ વિ. જોડીનું
૧૨. વિ. દુઃખ દેનાર; ત્રાસ આપનાર.
૧૩ સ. ક્રિ. આ; આવવાનું આજ્ઞાર્થ રૂપ.
૧૪. અ. જેમ માટે કાવ્યમાં વપરાતું રૂપ.

જમઅ ૧. [અ.] સ્ત્રી. કુલ રકમ.
૨ સ્ત્રી. જમીનની મહેસૂલ.
૩ સ્ત્રી પૂંજી; મૂડી.
૪. સ્ત્રી. બહુવચન.
૫. સ્ત્રી. ભરવું.
૬ સ્ત્રી. મંડળી; સભા.
૭. સ્ત્રી મૃગ કોમત.
૮ સ્ત્રી મરવાળો; કુલ.
૯. સ્ત્રી. હિસાબની જમે બાજુ.
૧૦. સ. ક્રિ. (ધાતુ) તેણે એકઠું કર્યું. આ ધાતુ ઉપરથી નીપજેલ શબ્દો: જમે, જમાઅત, મજમૂઅ

જમઅખર્ચ પું. આવે અને જમે; રોકડ હિસાબ.

જમઅત [અ.] પું (વહાણવટું) મામત.

જમઅબન્દી [અ.] સ્ત્રી. વસુલાતનો હિસાબ.

જમઅા [અ.] વિ. બેગું; એકઠું.

જમઈડો (જમઈડો) પું. જમાઈ. તે લાડમાં વપરાય છે
પહેલાં મારવા લાડવા, પછી મૂકી ધમ,
દવે જમઈડા બોલતો ના ઢબે રહેજો ચમ
લોકોક્તિ

જમઈયત સ્ત્રી. સભા.

જમઅાખર્ચ પું. આવ હિસાબ.

જમક ૧. પું. એ નામનો એક શબ્દાલંકાર; ભિન્ન અર્થના સમાન શબ્દોની પુનરાવૃત્તિ; યમક.
૨. પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે
૩. [સં.] પું. જોડી માટેનું એક.
૪. પું. ઘૂઘરનો એક જાતનો પ્રકાર.
૫. પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ અને બે લઘુ એમ પાંચ અક્ષર હોય છે.
૬. સ્ત્રી. કનેક.
૭. સ્ત્રી. કાવવું તે.
૮. સ્ત્રી. સમક.

જમકણા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિ. સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. પુ. (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ અને બે લઘુ એમ પાંચ અક્ષર હોય છે

જમકાત [હિ.] સ્ત્રી. એક જાતની નાની તરવાર.

જમકાતર જુઓ જમકાત.

જમાકિંકર [સં. યમકિંકર] પું. યમનો દૂત; યમદૂત. એમ કહેવામાં છે કે યમરાજાના ક્રૂર અને ભિલામણા દૂતો હાથમાં પાશ લઇને જેને મરણ આવ્યું હોય તેને લઈ જવાને દુનિયા ઉપર ફર્યા કરે છે. મરણ પામનારના જીવને તેઓ તર્ના કર્મ પ્રમાણે બાંધીને મારતા મારતા લઈ જઈ યમરાજા પાસે ઊભા કરે છે અને ત્યા તેની હકીકત સાભળી તેને જે શિક્ષા જમરાજ સભળાવે તે તેઓ વગર દયાએ તેની સામ અમલમા મૂકે છે. તેઓ મોગરીઓ અને દડુકાયા જીવન ખૂબ મારે છે

જમકુ ન. સારું સીવવાનું એક હથિયાર.

જમકુડા (જમકુડા) [હિ.] પું. ગોમાસાની ઋતુમા પહેરાતુ ખભા અને માથા ઉપરનુ એક જાતનુ આભૂષણ. તે સળીનુ અથવા તાડના પાદડાનું બને છે.

જમખિડી ન. મહારાષ્ટ્રનુ એ નામનું એક નાનું દેશી રજવાડું. એનુ ક્ષત્રફળ ૫૪૫ ચો. માઇલ છે. રાજધાની સાય એકાદો ગામ છે. જમાંખડી બેલગામની ઉત્તર પૂર્વ દિશાએ સાત માઇલ ઉપર ને કલ્હાપુરની પૂર્વે ૬૮ માઈલ ઉપર આવેલુ છે

જમઘટ ૧. [હિ.] પું. ટોળું
૨. પુ. ભારે ઠઠ.

જમઘટા [હિ.] પું ટોળું.

જમઘંટ પું. યમઘંટ; મૃત્યુઘંટ.

જમજ [સં.] વિ. જોડકારૂપે જન્મેલ; જોડલું.

જમજમ [હિ.] અ. ક્રમેણ.

જમજમા ૧. સ્ત્રી. (સગીત) ખટકા; સતારના ઢરકાર્ય સ્વર વગાડવામાં આગળના તેમ જ પાછળના સ્વરને ઝટકો દઈને તેમાથી ભિન્ન સ્વર ઉત્પન્ન કરવા તે. સિતારના અમુક એક પરદા ઉપર આગળી મૂકી તેના આગળના પરદા ઉપર બીજી આગળી બે ત્રણ વખત મૂકી ઝટ લઈ લેવી તેને જમજમા કહે છે. જમજમાના બાર પ્રકાર છે.
૨. સ્ત્રી. રાગની પ્રકૃતિને અનુકૂળ થતા સ્વરો મગાવવાથી કે વાદિત્રમાથી જુદી જુદી ગતિથી કાઢવાની ક્રિયાનો એક પ્રકાર

જમજમૂન વિ. મજબૂત; બળવાન.

જમજોખ ૧. વિ. કઠાવર
૨. વિ. મજબૂત.

જમજોધર ન. કાબરચીતરા રગવાળુ એક જાતનુ પક્ષી. તે શરદ ઋતુમા ઉત્તરધ્રુવમા ભારતમા ગળામાં આવે છે. ગરમીમાં તે ઈરાન તુર્કસ્તાન તરફ ચાલ્યું જાય છે. તે સગમમા એક વેત લાગુ હોય છે અને ઋતુના ફેરફાર સાથે તે પોતાનો રંગ બદલે છે

જમટી સ્ત્રી. (ચારણી) કટારી.

જમડા (જમડ્ય) [હિ.] પું. બાપ.

જમડી (જમડી) [હિ.] સ્ત્રી. મા.

જમડા (જમડો) ૧. પું. જમ; મોતનો દૂત; કૃતાંત
૨ પું. જમ જેવો ક્રૂર, ભિલામણો ને દુઃખ આપે એવો માણસ.

જમણ ૧. [સં. જમન] પું. દિવસ. દિવસમા એક જમણ થાય એ ઉપરથી આ ઉપયોગ થયો લાગે છે.
૨. ન. ઓકવાનું જમવાનુ તે.
૩. ન. જનોઈ અને લગ્નપ્રસગમાં કંસારી થાળીમા મગ, પાચ કુલેર, ચોખા, સાત પૈસા, ઘી એક ટેર, સાત સોપારી મૂકી તલોસણ સાથે હોઈને આપવામા આવે છે તે.
૪. ન. જમવાના પદાર્થ; જમવાની વાની
૫. ન. જમવુ અને જમાડવુ તે; જમવાનુ કહેવુ તે, નાતવરો
૬ ન. ભોજન; રસોઈ.
૭. અ. જમવા માટે, ખાવા માટે.

જમણજૂડણ ન. જમવા કરવાનું તે.

જમણપાણી ૧. ન. જમણ અને પાણી.
૨. ન. માંડવસોરના જમણના વર્ણનનુ ગીત.

જમણવરો પું. જમવાનું ખર્ચ.

જમણવાર ૧. પુ સ્ત્રી. નાતનો દિવસ; નાતવરાનો દિવસ.
૨. પું. સ્ત્રી. ભોજન સમારંભ; ઘણા લોકને સાથે બેસાડી ભોજન આપવું તે; નાતવરો; જમણનો મેળાવડો.

જમણી ૧. સ્ત્રી જીભનું વજન.
૨. સ્ત્રી. રાતો કે ધોળો લુગડાનો નાનો કટકો, તે મેલડી, શિકોતર વગેરે દેવીને ચડાવાય છે.

જમણીબાજુ ૧. સ્ત્રી. જમણા હાથ તરફના મુખ્ય માણસ; મદદગાર; સહાયક; ખરો મદદનીશ.
૨. સ્ત્રી. જમણી બાજુ.
૩. સ્ત્રી. (વહાણવટું) સામગ્રી; આગળ મોરચા સામે મોઢું રાખતાં વહાણનું જમણું પડખું

જમણીબાપ સ્ત્રી. બંધુ; ભાઈ.

જમણું ૧. ન. જમણ.
૨ વિ. ચડિયાતું.
૩. [સં. યામી; દે. જેમણય] વિ. પૂર્વાભિમુખે ઊભા રહેતાં દક્ષિણ તરફનું; દક્ષિણનું; યામેતર; અપસવ્ય; કાબાથી ઊલટું. આ શબ્દનો મૂળ પ્રયોગ જમણની ક્રિયા કરવાની એટલે કે જમવાની ક્રિયા કરનાર હાથને માટે થયો. પછી એ હાથની ઊંચે નીચેની પણ સીધી બાજુમા જે જે અંગો આવ્યાં તે પણ જમણાં ગણાયાં. પછી તેથી ચે આગળ વધીને જમણની ક્રિયા કરનાર એ હાથ તરફનું કે એ હાથ તરફના કોઈ અંગ તરફનું સ્થાન પણ જમણું ગણાયું. જમણો હાથ દક્ષ અર્થાત્ ચાલાક હોઈને તે ઉપરથી દક્ષિણ, દક્ષિણા, પ્રદક્ષિણા આદિ શબ્દો પ્રચલિત છે.

જમણુંઅંગ ન. વહાલામા વહાલું માણસ. જમણું ઉત્તમ અને કામ તેથી ઊતરતું મનાય છે. તેથી જ્યારે તે પુરુષનું કામું અંગ અને પુરુષ તે સ્ત્રીનું જમણું અંગ કહેવાય છે.

જમણેરવો ૧. વિ. પું. જમણી બાજુએ જનાર.
૨. વિ. પું. જમણે હાથે કામ કરનાર.

જમણેરિયું વિ. જમણે હાથે કામ કરનાર; જેને જમવું, પાવડી બાધવી વગેરે કામો જમણે હાથ કરવાની ટેવ હોય તેવુ

જમણો હાથ ૧. પું. જમવામાં વપરાતો હાથ; બહુ ઉપયોગમાં આવતો દક્ષિણાંગ તરફનો હાથ. માણસ આ હાથથી બધુ કામ કરતો હોવાથી તે હાથ દક્ષ અર્થાત્ ચાલાક હોઈને બહુ અગત્યનો ગણાય છે.
૨. પું. માનીતો માણસ, વિશ્વાસ લાયક મદદગાર;

સહાયક મનુષ્ય; દરેક કામમાં જેના વગર ચાલે નહિ એવો સહાયક માણસ.

૧. જમણો હાથ કાલવો = મદદ આપવી.

૨. જમણો હાથ દે તે ડાબો હાથ ન જાણે = ગુપ્તદાન.

૩. જમણો હાથ કમેશા મોં આગી વળે = મૂળથી સગપણ; તે સગપણ; જે જેનાં તે તે તેનાં; પોતાનાં સગાં તે પક્ષેલા

જમતગડું (જમતગડું) ૧. ન સુરચી, દુર્ગંધ; ખરાબ સ્ત્રી.

૨ વિ. જમ જેવાને પણ તગડનાર; ચાલાક; ચમરોક

૩. વિ. તોફાની; ઉપાધ્યા; ઉન્માદી.

જમની સ્ત્રી. અંધારી રાત.

જમદગ્નિ ૧. [સં] પું. અથર્વવેદનો એક ઋષિ.

૨. પું. આખ. મનુષ્ય પ્રથમ જેનથી જુએ અને પાછી જાણે, માટે આંખને જમદગ્નિ ઋષિ કહે છે.

૩. પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૧૦મા સૂક્તનો કર્તા એક ઋષિ; રામ.

૪. પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે નવમા મંડલનાં ૬૨, ૬૫ અને દશમા મંડલનું ૧૬૭ એમ સૂક્તો રચ્યાં છે.

૫. પું. એક ઋગ્વેદિક ઋષિ; ભૃગુ વારુણિ

૬. પું. એક પ્રાચીન ગોત્રકાર વૈદિક ઋષિ; ભૃગુકુળના મહર્ષિ ઋચિક મુનિને ગાધિ રાજાની કન્યા સત્યવતીને પેટે અવેલો એ નામનો પુત્ર. તેની ગણના સપ્તર્ષિઓમાં કરવામાં આવે છે વિશ્વામિત્રની સાથે તે પણ વસિષ્ઠનો વિપક્ષી હતો. હરિશ્ચંદ્રના નરમેધ યજ્ઞમાં તે અધ્વર્યુ હતો. જમદગ્નિની ઉત્પત્તિ સંબંધી લખેલું છે કે ઋચિક ઋષિએ પોતાની સ્ત્રી સત્યવતી, જે ગાધિ રાજાની પુત્રી હતી, તેને તથા તેની માને માટે બે ભિન્નભિન્નવાળા ચરુ તૈયાર કર્યા હતા. અને ચરુ પોતાની સ્ત્રી સત્યવતીને આપીને તેને બતાવી આપ્યું હતું કે ઋતુસ્નાન પછી આ ચરુ તમારે ખાવો અને બીજો ચરુ તમારી માતાને અપરાવવો સત્યવતીએ બંને ચરુ પોતાની માતાને આપી તે સઘળી બધી હકીકત તેને કહી. તેની માતાએ જાણ્યું કે ઋચિકે પોતાની સ્ત્રી માટે અધિક ઉત્તમ ગુણવાળો પુત્ર ઉત્પન્ન થાય એવો ચરુ બનાવ્યો હશે. તેથી તેનો ચરુ પોતે ખાઈ ગઈ અને પોતાનો ચરુ તેને અપરાવી દીધો જ્યારે અને ગર્ભવતી થઈ ત્યારે ઋચિક પોતાની સ્ત્રીનાં લક્ષણ જોઈ સમજી ગયો કે ચરુ બદલાઈ ગયો છે. ઋચિકે પોતાની સ્ત્રીને કહ્યું કે મેં તમારા ગર્ભમાં નિજ પુત્ર અને તમારી માતાના ગર્ભમાં મહાબલી અને ક્ષાત્ર ગુણવાળો પુત્ર ઉત્પન્ન કરવા માટે ચરુ તૈયાર કર્યા હતા, પણ તમે ચરુ બદલી નાખ્યા. આ ઉપરથી સત્યવતી દુઃખી થઈ અને પોતાના પતિને એવો કોઈ પ્રબન્ધ કરવા પ્રાર્થના કરી કે જેથી પોતાના ગર્ભમાં ઉગ્ર ક્ષત્રિય ઉત્પન્ન ન થાય અને જો તે અનિવાર્ય હોય તો તે પોતાની પુત્રવધૂના ગર્ભમાં ઉત્પન્ન થાય. આ પ્રમાણે સત્યવતીના ગર્ભથી જમદગ્નિ અને તેની માતાના ગર્ભથી વિશ્વામિત્રનો જન્મ થયો આને લીધે જમદગ્નિમાં પણ પણે અંશ ક્ષત્રિયોચિત જણો હતા નામ પ્રમાણે તે બહુ જલદ સ્વભાવનો ઋષિ હતો. તે રાજા પ્રસેનજિતની પુત્રી રેણુકા સાથે પરણ્યો હતો. તેને પાંચ પુત્ર થયા હતા, તેમાં સૌથી નાનો પરશુરામ હતો એક વાર રેણુકા સ્નાન કરવા નદીએ ગઈ હતી ત્યારે ચિત્રરથ ગાંધર્વ અને તેની રાણી જળક્રીડા કરતાં હતાં તેમની ક્રીડા જોઈ રેણુકાને પ્રભની અમર થઈ. સ્નાન કર્યા બાદ તેને આવેલાં જોઈ ઋષિ ક્રોધે થયો. એક પછી એક તેણે પોતાના પુત્રોને તેમની માતાનો શિરચ્છેદ કરવા કહ્યું. કોઈએ આજ્ઞા પાળી નહિ. તેને તેણે પાપાણુતુલ્ય જડ કરી દીધા છેવટ પરશુરામે પિતાની આજ્ઞા પાળી રેણુકાનું માથું પોતાના કુહાડાથી ઉડાડી નાખ્યું જમદગ્નિએ પ્રસન્ન થઈ વર માગવાનું કહેતાં તેણે પોતાની માતાને સજીવન કરવાનો અને પોતાના ભાઈઓને જેવા હતા તેવા કરવાનો વર માગ્યો. જમદગ્નિએ રેણુકાને સજીવન કરી તે પછી તેણે ક્રોધનો તદ્દન ત્યાગ કર્યો એક સમયે ક્રોધરૂપે ધાર્યું કે આજે તો મને નિઃસ્વાત્મક છોડ્યો કે કેમ તે જોઉં. પછી જમદગ્નિના આશ્રમમાં ચિત્રલિપિ હતી ત્યારે એક સર્પરૂપ ધારણ કરીને વિષ્ણુને માટે કરેલા દુગ્ધપાકમાં પોતાનું ઝેર નાખી તેને બોળ્યો. પણ ઋષિને ક્રોધ ન આવતાં તેણે દુગ્ધપાકને નિર્વિષ કર્યો. એક સમયે કાર્તવીર્યાર્જુન પોતાની સેના સહિત જમદગ્નિના આશ્રમમાં આવ્યો. પોતાની પાસે કામધેનુ હોવાથી ઋષિએ સપરિવાર ઘણા પ્રકારે આતિથ્ય કર્યું. આ જોઈને એણે જબરદસ્તીથી કામધેનુ લઈ લીધી, તોપણ એને ક્રોધ આવ્યો નહિ. કાર્તવીર્યની પાસેથી પરશુરામે પોતે કામધેનુને છોડાવી આણી પાછો આશ્રમધર્મ ચાલુ કર્યો. પરશુરામે કાર્તવીર્યને માર્યો હતો. તેનું વેર રાખીને તેના પુત્રોએ પરશુરામ આશ્રમમાં ન હોય એવો લાગ સાધીને જમદગ્નિને કાપી નાખ્યા. પરશુરામે એમને પુનઃ સજીવન કર્યા અને પૃથ્વી નિઃક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી.

વિષ્ણુનું મનુષ્ય ઋચિકે જમદગ્નિને આપેલ હતું.

૭. પું. ગાયત્રીના ચોવીશ માંહેનો એ નામનો એક ઋષિ

૮. પું. નક્ષત્રમંડલમાં ધ્રુવની આસપાસ તારા રૂપે ફરતા સપ્ત ઋષિ પૈકી એક.

૯. પું. પરમેશ્વર; અશ્વમેધ. પરમેશ્વરને પ્રજાપતિ પણ કહે છે અને તેથી એની જમદગ્નિ સંજ્ઞા પણ છે. નિરુક્તમાં પણ કહ્યું છે કે, આ સૂર્યાદિ પ્રકાશક પદાર્થો એમજ ઈશ્વરના સામર્થ્યથી પ્રજ્વલિત થાય છે, ને સૂર્યાદિનાં કાર્યો તથા નિયમ વડે તેના કારણભૂત ઈશ્વરને જમદગ્નિ કહે છે. એ જ ઈશ્વરને અશ્વમેધ પણ કહે છે અજ પણ ઈશ્વરનું એક નામ છે.

૧૦. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧ અને ઉત્તર ફાલ્ગુની ૧૬માં આવેલો બીજા મહત્ત્વનો તારો.

૧૧. પું વૈવસ્વત મન્વંતરના સપ્તર્ષિ પૈકીના એક. કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ સાત ઋષિઓ મન્વંતરમાં આવે છે.

૧૨. ન. ભાર્ગવ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૧૩. ન. મુદ્ગલ ગોત્રનું એ નામનું એક પ્રવર.

જમદગ્નિઆશ્રમ [સં.] પું. ગાજીપુર જિલ્લાનું જમાનિયા નામનું ગામ.

જમદગ્નિપુત્ર [સં.] પું. પરશુરામ.

જમદગ્નિભાર્ગવ ૧. પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે આઠમા મંડલનું ૧૦૧ મું સૂક્ત રચ્યું છે.

૨. પું સામવેદનો એક ઋષિ.

જમદગ્ન્યાશ્રમ ૧. [સં.] પું. ગાજીપુર જિલ્લામાં આવેલું જમાનિયા નામનું ગામ. ત્યાં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો. જમાનિયા નામ જમદગ્નીય ઉપરથી વિકૃત થયેલું છે.

૨. પું જમદગ્નિ ઋષિનો આશ્રમ.

૩. પું. બંગાળમાં બોગરાની ઉત્તરે સાત માઈલ ઉપર આવેલો એ નામનો આશ્રમ. તેને પરશુરામ આશ્રમ પણ કહે છે.

જમદગ્ન જુઓ જમદગ્ની.

જમદગ્ની સ્ત્રી. જમની દાઢ.

જમદંડ [સ યમદંડ] પું. યમદંડ; યમે કરેલી શિક્ષા.

જમદાઢ (જમદાઢ) [સં. યમદંષ્ટ્ર] ન. એક પ્રકારનું હથિયાર; જમદાઢ.

જમદાઢ ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. જુઓ જમદાઢયોગ.

૨. [સં. યમદંષ્ટ્ર] સ્ત્રી. એક પ્રકારનું હથિયાર.

જમદાઢયોગ પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. બીજે અનુરાધા, ત્રીજે ત્રણ

જમરૂખ

ઉત્તરામાંથી એક, પાંચમે મઘા, સાતમે હસ્ત અને મૂલ, આઠમે રોહિણી અને તેરશે ચિત્રા અને સ્વાતિ નક્ષત્ર હોય તો તેને જમદાગ્નિયોગ કહેવામાં આવે છે.

જમદિયા સ્ત્રી. યમને ઘરવામાં આવતી અન્નો: અ.ચો વદિ તેરશને દિવસે યમના માનમા સણગાવવામાં આવતો દીવો.

જમદુત્યા સ્ત્રી. કાર્તિક માસની અજવાળિયાની બીજ. તે દિવસે યમ અને તેની બેન યમુના અરસપરસના સ્નેહ માટે ભેટ આપતાં હતાં. તેથી આ દિવસે ભાઈબેન અરસપરસ ભેટ લે દે છે.

જમદૂત ૧. [સં. યમદૂત] પું. જમકિંકર; જમરાજાના પાર્ષદ; યમદૂત; યમનો નોકર.

જમનો દૂત = જમના દૂત જેવ. ક્રોર અને નિર્દય માણસ.

૨. પું. શરીરે ધાળો પણ આરે પગે કાળો ધોડો.

જમદ્વાર ન. યમદ્વાર.

જમધડ (જમધડ) [સં.] ન. કઠારને મળતું આવતું એક મોટું ખજર.

જમધર ૧. [હિ.] પું. એક જાતનો બદામી કાગળ.

૨. ન. એક જાતનું હથિયાર. તે એકાદ ફૂટ લાંબું અને બેએક ઇંચ પહોળું બે પાનાનું હોય છે. પેટમાં દાબીને ઘોંચવાથી આતરડા નીકળી આવે છે. અફઝલખાનના ખૂનમાં આ હથિયારનો ઉપયોગ થયો હતો. આ હથિયાર રાજા જયસિંહે પ્રથમ તૈયાર કરાવ્યું હતું એમ મનાય છે.

જમધાડ (જમધડ) જુઓ જમધર.

જમન ૧. સ્ત્રી. જમના નદી.

૨. [સં.] ન. જમવું તે; ભોજન; ભક્ષણ.

૩. અ. જમવા માટે.

જમના [સં. યમુના] સ્ત્રી. કાલિંદી; મથુને મળનારી એક નદી. હિમાલયમાં સરવાલના રાજ્યમાં જમનોત્રી નામના ઊના પાણીના ઝરાની ઉત્તર પશ્ચિમ દિશાએ પાચ માઈલ દૂર એક બરફમાંથી જમના નદીનું ઝરણું નીકળે છે. તે જમનોત્રી આગળ થઈ રિખીકેશની ટેકરીમાં ઊતરે છે અને ત્યાંથી દક્ષિણ તરફ વહેતી હમીરપુર અને આગ્રા મથુરા આગળ થઈ પૂર્વ તરફ વળતી લગ ૮૬૦ માઈલ લાબા વહન પછી પ્રયાગ આગળ ગગા નદીને મળે છે. જમનાનું પાણી દેખાવે આસમાની હોવાથી તે કાલિંદી કહેવાય છે. આગ્રા, દિલ્હી, મટાવા, ફિરોજપુર વગેરે મોટાં શહેરો તેની ઉપર આવેલા છે. તેમાંથી નહેરો કાઢી ખેતીની આબાદી કરવામા આવી છે. તેની પૂર્વ પશ્ચિમની આજુબાજુ બે નહેરો મોટી છે. આગલા મુસલમાન બાદશાહોના વખતમાં પણ તેમાંથી નહેરો કાઢવામાં આવી હતી.

જમનાજળ ન. જમના નદીનું પાણી.

જમનાવડા રાજગર (જમનાવડા રાજગર) ૧. સ્ત્રી. આંદ્રિય ઝાડણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

જમની [અ. યમન (અરબસ્તાનનો એક પ્રાત)] ન. યમનનું એક જાતનું વહાણ. એનો મોરો લાબો પણ ઊભો અને વાદાર ઊભી કે ઊંધી હોય છે. સઢમાં તે મોરા જેટલી નથી હોતી. તેની પ્રોગાર્ડ ઓછી અને ચાલ સારી હોય છે. જમીનનો વાંકાર ઢગનો હોય છે. તે અરબસ્તાનના દક્ષિણ કાંઠામા ખંભાય છે. તેનો પટ મોટો લાબો અને પગાડ મજા જેવી ઢગની, ભારી કે સિતરેલ હોય છે.

જમનીબાઈ સ્ત્રી. વીજળી

ઝટપટવી જમનીબાઈ ન ઝબક ચાલી જાય,
જેના ઉપર પડી તને બરાબ કરતી જાય.
લાક.ત્રિ

જમનીશ પું. એક વસૂલાતી અધિકારી; હિસાબ કિતાબ તપાસનાર માણસ.

જમનોત્રી પું. જમના નદીનું મૂળ; જમના નદીના મૂળ આગળ, ગરવાલના રાજ્યમાં આવેલો ઊના પાણીનો ઝરો. યાત્રાનું આ પવિત્ર સ્થળ ઢાળી જાજુના કિનારા ઉપર આવેલું છે. સ્ત્ર હનુમાનજીનું મ.દર અને યાત્રાનુ ધામ છે. અહીં ચકમક જેવા બરફોમાંથી ગરમ પાણીના પાચ ધોધ નદીમાં પડે છે. બરફમાંથી આ ઊના પાણીનો ઝરો નીકળે છે. તેમાંથી ધીકતા પાણીનો જોરદાર સબૂમચ્યુટ સજાગાય છે. ચોખાની પોટલી બાંધી જમનોત્રીમા ન.ખી રાખતા ચોખા ચડી જાય છે. જમનોત્રીથી લગભગ એક માઈલ દૂર સુધી જે લોકો પહોંચેલા છે તેમણે તપાસ કરી ચોક્કસ કર્યું છે કે યમુનાજીનો મૂળ સીધો પ્રવાહ બરફપૂમના પહાડોમાંથી નહિ પરંતુ તેની પશ્ચિમે આવેલી પર્વત શ્રેણીમાંથી નીકળે છે. ત્રણ નદીનોના સગમ આગળ એ આવેલું છે. ધારૂ કરીને એ સ્થળથી સહેજ નીચ બરફમાંથી પીગળીને ટપકતાં નાનાં વહેણોથી અદ્રશ્ય થઈ પર્વત ઉપરની મેદાનમાં પડે છે. હિંદુઓ તે સ્થળને ઘણું જ પવિત્ર માને છે.

જમપતિ [સં. યમપતિ] પું. ધર્મરાજા.

જમપુરી ૧. સ્ત્રી. જમરાજાને રહેવાનુ સ્થળ; યમરાજાની નગરી.

૨. સ્ત્રી. સ્મશાન

જમપાઢ પું. (જરથોસ્તી) સાતમા મુખ્ય ફિરસ્તા અમરદાદના ત્રણ હમકારોમાનો એ નામનો એક.

જમરખ [સં. યમરક્ષિત] વિ. જમથી રક્ષાયેલ; અમર.

જમરખ દીવડો (જમરખ દીવડો) પું. વિવાહમાં વપરાતો મોટો દીવો.

જમરા પું. ૧ ૧. જમદૂતો; યમના દૂતો.

જમરાજ ૧. [સ. યમરાજ] પું. ધર્મરાજા.

૨. પું. મૃત્યુનો રાજા; યમરાજ.

જમરાજ ૧. પું. જમ; યમ; યમરાજા.

૨. વિ. જોરાવર; પ્રચડ.

જમરાય જુઓ જમરાજ.

જમરૂખ ન. એક જાતનું આવાનું ફળ; જમફળ; પેર. જમરૂખનાં ઝાડ બણ કરીને સર્વ દેશમાં થાય છે. હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ બણી છે. જમફળી નદી કિનારાના ઊંડા ફળદ્રૂપ કે કાપણી જમીનમાં બહુ થાય છે. ચિકણવાળી માટીમાં તે બહુ થતી નથી. હિંદુસ્તાનમા અલ્હાબાદમાં જમરૂખ એકથી સવા શેરનાં થાય છે. કાઠિયાવાડમાં કુંડલા, મહુવા અને ગુજરાતમાં ધોળકા અને મુબઈ તરફનાં જમફળ બખણાય છે. જમફળનાં બીમાંથી ચોમ.સામા કચરા કરી રોપા કરવા. રોપા દોઢેક વરસના થાય ત્યારે કૂડામાં ફેરવી નાખવા. જમફળ વાવવાની જમીન ખૂબ ખેડી સારિક કરવી. તેમા બદર કૂદને અંતરે બે કૂદ ઊંડા ખાડા ગાળવા. દરેક ખાડામાં ત્રણ ટોપલા ગળતિયુ ખાતર નાખવુ અને ચોમ.સુ બેસતાં અગર શિયાળામાં કલમો રોપી, ક્યારા બાંધી પાણી પાવુ. જમફળી ખૂબ પાણી માગે છે. તેથી જમીનમાં ભીનાશ રહેવી જોઈએ. જમફળને વરસમાં ૭ વખત ગોડ કરવુ જોઈએ અને જેઠ વૈશાખમાં તેનાં મૂળ ઉઘાડાં કરી બે ત્રણ ટોપલા છાણ વિગેરનું ખાતર નાખવું. જમફળ બેડા પછી પણ પાણીનુ ખૂબ જોર રાખવું. જેઠ મહિનામાં જમફળને ફૂલ આવે છે અને શ્રાવણ ભાદરવામાં ફળ પાકે છે. એક જમફળીમા સારા ફળ આવે તો એકથી પાંચ મણ જમફળ આવે છે. જો કલમી જમફળી વાવે તો સારી પેદાશ થાય છે. જમફળી બે ત્રણ વર્ષે ફળે છે જેમાં ધોળા, ગુલાબી અને રાતી જેવી ત્રણ જાત છે. જમરૂખ ગોળ અને લબગોળ થાય છે.

પડે છે ત્યારે તેની છાલ પીળી પડે છે. અંદર બાજરાના દાણા જેવડા બી હોય છે. તેનો મર્ગ રાતો અને સફેદ હોય છે. સફેદ ગર્ભના જામફળ બહુ મીઠા હોય છે. આ ફળ ઠંડુ છે. જમરૂખનું રાયતું સારું થાય છે. એનું લાકડું કઠણ અને ચીકણું છે.

જમરૂખડી (જમરૂખ્ડી) જી. જમરૂખી; જામફળી, જામફળનું ઝાડ.

જમરૂખી જી. જામફળી; જમરૂખનું ઝાડ.

જમરૂદ ૧. [ફા. ઝુમુર્રુદ] ન. એક જાતનું ઝવેરાત; લીલમ. તેની અનેક જાત હોય છે. 'અસ્લી' અને 'કરાસી' નામના જમરૂદો સહારામા, બજારમાં, કટકારામાં અને કીમતમા સારા હોય છે. ઉત્તમ જાતના જમરૂદને 'જબરજદ' કહે છે. જમરૂદનું નગ પાસ રાખવાથી ખરાબ સ્વપ્ના આવતા નથી.

૨. ન. એક જાતનું ફળ. જમરૂદ અાંખમિ ઉપચારમા વપરાય છે. તેના ગુણ ઠંડા છે. ઝાડા વાટે લાલી પડતું હોય તો જમરૂદનું ચૂર્ણ આવાયે, મરી બાદ એમ મનાય છે.

૩. ન. પેશાવર જિલ્લાનું આકબિર ઘાટ ઉપર આવેલુ એક ગામ, ગઢ ઉપરે ગણ મજલે તેનો કિલ્લો બાંધેલો છે. તેનો ઉંચે ઉપલા ભાગ એટલો ઊંચો છે કે આસપાસનો પ્રદેશ સહેલાઇથી જોઈ શકાય. જમરૂદમા ગણસૈથી આરસે માણસનું લશ્કર હમેશ પડયુ રહે છે. તેને સૈનિક પોરણે તોપો વગેરે સરંજામથી અભેદ્ય બનાવવામા આવેલુ છે

જમરૂલ ન. એ નામનું ફળ.

જમલ ૧. [પ્રા.] પું. ઊંઠ.

૨. [સં. યમલ] પું. જોડી.

૩. જી, એક જાતની માછલી.

૪. [અ.] ક્રિ. (ધાતુ) તે સુંદર હતો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: જમાલ, જમીલ, અજમલ.

જમલા પું. યમરાજ.
માહ્ય સ્તોક અરે સજણા હો,
જમલા જોઈ વિમારેલ છ. દેવીદાસ

જમલાગોટો પું. જોગાળો.

જમલાર્જુન પું. ન. બ. બહુલાના બે પુત્રો. તેઓ રાક્ષસના ગણ હતા. નારદના શાપથી યમુનાને કાંઠે તેઓ જોડિયા વૃક્ષ થઈ જાવતમાં હતા.

જમલિ અ. જમલે; જોડી.
રત્નાવલિ દાન દહેરાસર કરી,
જમલિ રહ્યા કવિ અતે ઉદરી. કાન્હડદેપ્રબંધ

જમલી [પ્રા.] જી. જોડ.
પૂછી બાત કહાન ધરિ,
કેતા, વાહરી જમલી કહે જઈ. કાન્હડદેપ્રબંધ

જમલું ૧. ન જોડી, જોડનો સમૂહ.
ગરહ ગતિ વાહઈ કપોત,
યમ આદિત્ય જમલું અપેત. ભીમ

૨. [સં. યમલ; દે. જિમ્મઆ; પ્રા. જમલ] વિ. જોડ જ દરોગામાં રહેલા; તુલ્ય પ્રતિસ્પર્ધાળું; સરખી સ્થિતિવાળું.

૩. વિ સમવાળું; સમાયવાળુ.

૪. અ. જોડે; સાથે.

જમલે અ. એકદરે; કુલે; સામટું; બધું મળીને.

જમલો ૧. [અ. જુમ્લા] પું. જુમલો; એકઠો થયલા જથ્થો, ભરાવો; બધાનો સમૂહ.

૨. પુ. સરવાળો

૩ પુ કાન

૪. વિ. બળવાન, શક્તિમાન.
મન્મથ જમલો અ. ઇ રાખી,
રૂપ રમ્યુ બાકી તમુ. શીધર

૫. [સં. યમલ] વિ. સમાન; સરખું.

૬. વિ. સર્વમાં ભેગાયેલા; સર્વમા વ્યાપી રહેલ

૭. અ. નજીક; પાસે.

૮. અ. સંપૂર્ણપણે; બરાબર ને.

જમલોક [સં. યમલોક] પું. નરક; યમપુરી.

જમવરતી પું. (વિભક્ત) એક અર્વાચીન વર્ણમેળ છંદ; વડોદરી. તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ એમ બારબાર અક્ષરો હોય છે તથા બીજા અને ચોથા ચરણમા જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર તેર અક્ષરો હોય છે.

જમવાનું ૧. ન. આમરણ; ખાવાનુ નોતરું.

૨. ન. આવાનુ; ભોજન; ખોરાક; આવાની ચીજ.

જમવાર પું. યમનું દ્વાર.

જમવારો પું. જિંદગી; જન્મ; જનમારો.

જમવું ૧. સ. ક્રિ. જમવું; ઘનીકરણ થવુ.

૨. અ. ક્રિ. દ્રવુ.

૩. અ. ક્રિ. નીચે બેસવુ.

૪. અ. ક્રિ. નીતરવુ.

૫. અ. ક્રિ, પૈસા કમાવા.

૬. અ. ક્રિ. ભેગા થવુ; એકઠા થવું; એકત્રિત થવુ

૭ સ. ક્રિ. ઉપભોગમાં લેવું.

૮. [સં. જમન; દે. જિમ્મઇ; પ્રા. જિમના] સ. ક્રિ. ખાવું; રાંધેલો ખોરાક આવો; ભોજન કરવું; ખોરાક લેવો.

૧. જમવાની જાજ = જમતી વખતે કરાતી ઈશ્વરની સ્તુતી.

૨. જમવું ખાવું = ખાવુંપીવું તે; ભોજન કરવું. ખાવું શબ્દનો અહીં ખાસ અર્થ નથી. માત્ર બોલવામાં જ તે વપરાય છે.

૩. જમી જવુ = (૧) અનુકૂળ આવવું; માફક આવવું. (૨) એક બીજા સાથે મળી જવુ; મળી જઈ રંગ ઉપજાવવો. (૩) દુઃખમાં બહારા પડવાથી તેનું બંધારણ જવુ; દર્દી મરવું. (૪) બંધબેસતું આવવું. (૫) લાંબા ફરવા વગેરેથી નાણું આવી જવુ. (૬) વહેલું વહેલું આવી લેવુ.

૯. સ. ક્રિ. લાંચ લેવી.

૧૦. સ. ક્રિ. સારી રીતે હાથ મારવો; ઉપાપહ કરવું; ખાવુ.

જમશીદ ૧. પું. ઈરાનના એક મશહૂર રાજાનું નામ.

૨. પું. જમ; વિવસ્વત મનુનો પુત્ર યમ અવસ્તા-ફારસી શાહનામા પ્રમાણે વિવસ્વતનો પુત્ર યીમ અથવા જમ.

જમશેદજી જી. એક જાતની કેરી. આ કેરી નવસારીમાં થાય છે. તેની છાલ જાડી અને સખત લીલા પીળા રંગની અને આકાર સહજજ લંબો હોય છે. તેનો રસ ઠળાસ પડતો પીળો હોય છે. તેમાં રેસા હોતા નથી.

જમશેદી વિ. જમશેદનું.

જમશેદી નવરોજ પું. ૨૨મી માર્ચે આવતો પારસીઓનો એક તહેવાર. ઈરાનમાં થઈ ગયેલા જમશેદ નામના બાદશાહે સૂર્યની ચાલ ઉપરથી વર્ષ ગણવાનો ક્રમ કરી જે દિવસે મેષ રાશિમાં સૂર્ય દાખલ થાય, તે દિવસને વર્ષનો પહેલો દિવસ નવરોજ ઠરાવી તે દિવસે ધર્મની અમુક ક્રિયા કરવાનું 'જસન' રાખ્યું હતું. હાલ પણ પારસીઓ આ તહેવાર પાળે છે. એ દિવસે રાત અને દહાડો સરખા હોય છે.

જમશેદી નવરોજ પું. (જરથોસ્તી) પારસીનો એ નામનો એક તહેવાર; ૨૨મી માર્ચનો દિવસ. આ દિવસે પારસીઓ ઝોરબીજને મહાન હમાઝોર કહે છે. ચેસદાદિયન વહાના રાજા જમશેદે સરખા દહાડા અને રાત્રિનો આ દિવસ દાદમાહીથી જોઈને હતો. તે ઉપરથી તેનું નામ જમશેદી નવ્વારોજ પડયું કહેવાય છે.

જમસી પું. એક જાતનો આસવમાની બનીજ પદાર્થ. તે મૂર્છા અને હૃદયના વધારે પડતા ધબકારા મટાડવા માટે અકસીર દવાજ મનાય છે.

જમહર ૧. [સં. યમગૃહ] પું. દુશ્મનોના હાથમાં પડવા કરતાં બળી મરવાને તૈયાર કરેલો અગ્નિ.

૨. ન. જમાઈનું ઘર.

જમા ૧. [અ. જમઅ (તેણે ભેગું કર્યું)] સ્ત્રી. અનામત; ભેગી થયેલી રકમોનું જોડકું પડી રહેતું તે.
૨. સ્ત્રી આવક; ઊપજ; નીપજ, વસૂલ, ઉત્પન્ન, નફો.
૩. સ્ત્રી. ભેગું થવું તે; ભેગા કરાવું તે
૪. સ્ત્રી. ચોપડામાં આવક લખવાની બાજુ; ઉધારની સામેની બાજુ.
૫. સ્ત્રી. મુડલો; સરવાળો; કુલ રકમ.
૬ સ્ત્રી ભંડાર; મિલ્કતો; તિજોરી, આવકનું ભરણ જેમાં ભેગું થતું હોય તે.
૭. વિ. ભેગું; ભેગુ; ભેગું કરેલું.
૧. જમા કરવું = (૧) અનામત રાખવું, ઊપજ ખાતે–આવક ખાતે માંડવું. (૨) આવકના હિસાબમાં જમા બાજુ તરફ લખવું. (૩) ભેગું કરવું; ભેગુ કરવું. (૪) બાજુ રાખવું.
૨. જમા થવું = રકમ આવવું; પતી જવું; અટકે અટવું.
૩. જમા માંડવું = બાજુ લેવું–રાખવું.

જમાઈ [સં. જમાતૃ] પું. દીકરીનો વર.

જમાઉધાર ૧. ન. આવકજાવકની વ્યવસ્થા; આવ્યા ગયા પૈસાનો રીતસર રખાતો હિસાબ; જમા અને ઉધાર; આવકજાવકનો હિસાબ.
૨. ન. ભેગું કરવું અને ઓછું કરવું તે; મેળવવું અને ગુમાવવું તે; સરવાળો ને બાદબાકી.

જમાખરચ પું.; ન. આવકખર્ચ; ઊપજ અને ખર્ચ, આવક ને ખર્ચ.
જમાખરચ પાડવું = હિસાબની નહિ ગણેલી–અલગ રાખેલી રકમની, તે કેમ કર્યાંથી આવી અને કેવી રીતે કયાં ગઈ, તેની વ્યવસ્થા કરવી. આવકખર્ચ બતાવવો.

જમાખર્ચ જુઓ જમાખરચ.

જમાખર્ચપત્ર ન. સરવાયું; આખા વર્ષના હિસાબનું તારણ; ' બેલન્સ શીટ. '.

જમાડવું (જમાડવું) ૧. [સં. જમ્ (ખાવું)] સ. ક્રિ. જમે એમ કરવું; ભોજન કરાવવું, ખવડાવવું.
૨. સ. ક્રિ. મેથીપાક દેવો; માર મારવો.
૩. સ ક્રિ. લાંચ આપવી; પ્રાપ્તિ કરાવવી; લાભ કરાવવો; પૈસા પેદા કરાવી આપવા.

જમાત ૧. [અ. જમઅ (તેણે ભેગું કર્યું)] સ્ત્રી. અમુક વહેવાર કરવાને ભેગું થયેલું મંડળ; નાત; એક પંથને જેમાંને જમણ જમાડવાનો વહેવાર હોય તેવો વર્ગ.
૨. સ્ત્રી. એક જ ધર્મ પાળનારો સમુદાય.
૩. સ્ત્રી. નિશાળનું ધોરણ; વર્ગ.
૪. સ્ત્રી. બાવાઓનો સમૂહ.
૫. સ્ત્રી. સાજનું નાતમંડળનું પત્ર; મુસલમાનોના એકાદ વિભાગનો સંઘ.

જમાતખાનું [અ. જમાઅત (સમૂહ) + ખાના (ઠેકાણું)] ન. જમાતને ભેગા થવાનું સ્થળ

જમાતદાર ૧. પું. એક જ મંડળીનો સભ્યસમૂહ; એક જ સમુદાયનો માણસ.
૨. પું. ટોળીનો નાયક.
૩. પું. નાતભાઈ.

જમાતબાઈ પુ. ખોજાઓમાં જમાતખાનાના મકાનને સાફસૂફ રાખનાર અને જમાતના મુખી કમઠિયાના હુકમને તાબે રહી સેવા કરનાર માણસ. તે બદલી વખતે દરવાજા પાસે ઊભો : /. પહેરો ભરે છે, જેથી બદલી વખતે કોઈ અનધિકારી પેસે નહિ.

જમાતી વિ. જમાતને લગતું; જમાતનું.

જમાદ [અ.] પું. ઊગી શકે નહિ એવો બંજર પ્રદેશ.

જમાદાર ૧. પું. ઘોડાક માણસોનો વડો; સમુદાયનો ઉપરી નાયક; નેતા.
૨. પું. સિપાઈ; પહેરેગીર.
૩. [અ. જમઅ (ટોળું) + દાર (રાખનાર)] પું. સિપાઈઓની નાની ટુકડીનો ઉપરી.
જમાદારની પાપડી મોટી = મોટા માણસની મોટી વાતો.
૪. સ્ત્રી. મોટી કરીની એક જાત.

જમાદારી ૧. સ્ત્રી. જમાદારના હોદ્દાનું કામ; જમાદારીપણું.
૨. સ્ત્રી. જમાદારની જમા; જમાદારનું પદ.
૩. સ્ત્રી. કુકમ; બજવણી; ઉપરીપણું; મારી ઠોકીને કે દમ દઈને કામ લેવાની ઢોલિયારી. બળ બજવણી કરતાં આવડવું તે.

જમાદિઆખી [અ. જુમાદિસ્સાની] પું. જમાદિલઆખર; અરબી–મુસલમાની વર્ષનો છઠ્ઠો મહિનો.

જમાદિલઅવલ પું. અરબી–મુસલમાની વર્ષનો પાંચમો મહિનો.

જમાદિલઆખર પું. અરબી–મુસલમાની છઠ્ઠો મહિનો

જમાન [અ. જમન (તે જવાબદાર થયો)] પું. જમીન; બીજાની જોખમદારી પોતા ઉપર લઈ તે વિષે કબૂલાત આપનારો માણસ.

જમાનકતબા જુઓ જમાનખત.

જમાનખત ન. જમીન તરીકેનો લેખી કરાર; જમીનખત.

જમાનગરું ન. જમીનગીરી; બીજા માણસની જવાબદારી કબૂલ કરવી તે.

જમાનગરૂં જુઓ જમાનગરું.

જમાનત [અ.] સ્ત્રી. જમીનગીરી; બાંહેધરી; જમીન થવું તે.

જમાનતદાર [અ.] પું. જમીન થનારો માણસ.

જમાનતનામું ન. જમીનખત; જમીન તરીકેનો લેખી કરાર.

જમાનતી [અ.] પું. જમીન; જુમ્મેદાર.

જમાનાજૂનું વિ. જમાનાઓથી ચાલતું આવેલું; પ્રાચીન.

જમાની [અ. જમિની] સ્ત્રી. જમીનગીરી; બાંહેધરી

જમાનીઓ દાવ પું. એ નામની ચેડકાઇ તરફ રમાતી એક દેશી રમત; ઈંડા દાવ; ઈંડું ઈંડું જે છોકરાને માથે દાવ આવે તે બીજા છોકરામાંથી કોઈને પકડવા દોડે. જે છોકરો પકડાય તેને તે પૂછે કે તારો જમાન કોણ ? ત્યારે પકડાયેલો છોકરો જેમે તે એક છોકરાનું નામ આપે એટલે દાવવાળો તે જમાનને અકડવા જાય અને ત્યારે અડકે ત્યારે પોતાની માથેથી દાવ ઉતરી જમાનને માથે દાવ આવે.

જમાનીખત [અ.] ન. જમીનખત; જમીન તરીકેનો લેખી કરાર.

જમાનો ૧. પું. અમુક પ્રકારની રહેણીકરણી, રીતભાત અને આચારવિચાર વગેરેવાળી અમુક કાળની એક સરખી પ્રવૃત્તિનો સમય; અમુક તરેહનો સમય.
૨. પું. પ્રતાપ અથવા સૌભાગ્યનો સમય.
૩. [કા. જમાના] પું. મનુષ્યના ઉપયોગી કુદરતકાળ જેટલો જેટલે લગભગ ત્રીસેક વર્ષ જેટલો કાળ; એક પેઢી જેટલો સમય.
૪. પું. યુગ; વખત; સમય.
૧. જમાનાનો આશિક = (૧) અનુભવી. (૨) લુચ્ચામાં લુચ્ચો; ઠગ; ઠોસિયાર; પાક્કો.
૨. જમાનો દેખવો = બહુ અનુભવ મેળવવો.

જમાનોશ સ્ત્રી. ખરીદનો માલ નોંધવાનો ચોપડો.

જમાપાસું પું.; ન. જમા રકમ લખવાની હિસાબપોથીની બાજુ; જમાબાજુ; ચોપડામાં ડાબુપાસું

જમાપૂંજી સ્ત્રી જમાવેલ પૈસા.

જમાપૈમાન ન. પૂરેપૂરું માપ.

જમાબંદી ૧. પું. જમા વસૂલ કરનારનું કામ કરનાર માણસ.

૧. આસામીવાર જમાબંદી = દરેક ખેડૂત સાથે નક્કી કરેલ વિઘોટીનો હિસાબ.
૨. કિસમવાર જમાબંદી = ખેતીની જાત પ્રમાણે નક્કી કરેલ વિઘોટી.
૩. ખેતવારે જમાબંદી = ખેતર દીઠ ઠરાવેલ વિઘોટી.
૪. જિન્સવાર જમાબંદી = પાકની ઉત્પત્તિ મુજબ મહેસૂલ ઉઘરાવવી તે.

૨. સ્ત્રી. જમીન ઉપરનો સરકારી કર, મહેસૂલ
૩. સ્ત્રી. જમીનની મહેસૂલ સંબંધિત દફતર, પટ્ટાવારીનું એક પત્રક, તમા આસામીઓના નામ અને તેમની પાસેથી લેવાની મહેસૂલની રકમ લખેલ હોય છે.
૪. [અ. જમ્અ + બસ્તન (બાંધી આપવું)] સ્ત્રી. જમીનની આપણી કરી તથા કસ કાઢી તેના ઉપર વરસે કેટલા કર બસો એમ ઠરાવવું તે; જમીન માપી જાત વગેરે તપાસી બંદોબસ્તનું સરકારી ઑર્ડર નક્કી કરવામાંથી, 'લૅન્ડ રેવન્યુ સેટલમેન્ટ'.
૫. સ્ત્રી. સરકારને માટે રૈયતમાંથી માણસોની ભરતી કરવાની વ્યવસ્થા.
૬. સ્ત્રી. સરકાર તરફથી લેવાના કરની ઠરવણી.

જમાબંધી જુઓ જમાબંદી.
જમાબાકી સ્ત્રી. જમે રહેલી બાકી રકમ.
જમાબાલું સ્ત્રી. જમાપાનું, ચોપડામાં લાંબું પાનું. ત્યાં આવક લખવામાં આવે છે.
જમાબાંધુ જુઓ જમાબાલું.
જમાબારો સ્ત્રી. ૯૯ કરતાં વધારે વિઘોટી.
જમામર્દ ૧. સ્ત્રી. ઉદારતા.
૨. સ્ત્રી. હિંમત; બહાદુરી; મર્દાનગી.
જમામર્દી સ્ત્રી. મહાનગી; બહાદુરી; જાતી, પરાક્રમ, વીરતા.
જમાયત ન. ટોળું.
જમાર સ્ત્રી. જિંદગી.
જમાડૂ ન. (કચ્છી) જન્મારો.
જમારો ૧. પુ. જન્મારો; જિંદગી.
૨. પુ. જમાનો, સમય.
જમાલ ૧. પું. કલારનો એ નામનો એક સિપ્પ.
૨. [અ. જમલ (તે સુંદર હતો)]
પું. સૌંદર્ય.
૩. સ્ત્રી. ખૂબી; રહસ્ય.
૪. સ્ત્રી. મૃદુતા; નાજુકતા.
૫. સ્ત્રી. મોહ; આકર્ષણ.
૬. વિ. મોહક; સુંદર.

જમાલગોટા જુઓ જમાલગોટો.

જમાલગોટો [સં. જમ્પાલગુટી] [હિ.] પું. નેપાળ; જેપાલ; દેવીફળ; જમપાળ. તે ઔષધમાં ખૂબ વપરાય છે. એનાં બી સારક તરીકે વપરાય છે. તેનાથી બહુ સખત ઝુલાઝ થાય છે એટલું જ નહિ પરંતુ તે ઝેરી પણ છે. એને શુદ્ધ કર્યા પછી જ વૈદો પણ ઉપયોગમાં લે છે. એનાં ડટ્ટામાંથી જે તેલ નીકળે છે તે બહુ જલદ હોય છે અને બહુ જ નાની માત્રામાંથી અનુભવી વૈદો તેનો ઉપયોગ કરી શકે છે. જમાલગોટો દવા ઉપરાંત રંગ વગેરે કરવાના કામમાં પણ વપરાય છે. જમાલગોટાની એરંડી બસીને ચોપડવાથી ફોલ્લો ઊંઠે છે અને મરતક રોગ વગરે દરદોમાં ફોલ્લા ઉઠાડવામાં તે વપરાય છે. તેનું તેલ વા તથા વિચાર રોગ ઉપર ગુણકારક છે. જલોદર, મળાવરોધ તથા બીજા ઉદરના વ્યાધિઓમાં પણ તે અપાય છે. બીને માથના છાલ્યુ અને બીમા ઉકાળી તેનું તેલ કાઢી લઈ શુદ્ધ કરી ઔષધ તરીકે વપરાય છે. તેના તેલનું એક ટીપું સાકરમા અપરમાર, જલોદર અને ઠંડું કર્યાજન્યતામા અપાય છે.

જમાલિયા પું. નમાલો માણસ.

જમાલી ૧. [અ.] પું. બાકળાનું; રાતું તાંબાનું.
૨. સ્ત્રી. ખૂબસૂરતી
૩. વિ. મહત્ત્વ લાગવું.

જમાલુદ્દીન પું. તેરમી સદીની શરૂઆતમા મજાદીમા થઈ ગયેલ એ નામનો એક ધર્મપ્રચારક.

જમાવ ૧. [અ. જમ્અ (એકઠું કરવું)]
પું. એકઠું થઈ જવું તે; મેળો વધારવું.
૨. પું. એકત્રીકરણ થાય જાણું રહેવું તે.
૩. પું. એકમત; સંમતિ.
૪. પું. માલનો એક સાથે થયેલો મેળાપ.
૫. પું. બધી વસ્તુનું-પરમાણુ વગેરેનું એક જ કેંદ્રોએ એકત્રીકરણને શોભાવે-ખીલવે એવી રીતે બંદોબસ્ત થવું તે.
૬. પુ. જમાવવું તે.
૭. પું. જમવું તે.
૮ પું. ટોળું; ઢગ; સમૂહ; સમુદાય.
૯. પું. કરી જયેલો પદાર્થ
૧૦. પું. તાલમેલ જામી જવો તે.
૧૧. પુ. ભરાવો; ભીડ.
૧૨. પું. મેળાવડો, મેળો.
૧૩ પુ. સમૂહ, દળ.

જમાવખર્ચ પું. આવક અને તેના ખર્ચનો હિસાબ; રોકડ મેળ.

જમાવટ ૧. સ્ત્રી. એક બીજાની સાથે મળતે મળતું આવીને ચોક્ક રીતે બેસી જવું તે; બંધબેસતી ગોઠવણી
૨. [અ. જમ્અ (એકઠું કરવું)] સ્ત્રી. એકઠા થવું તે.
૩. [હિ.] સ્ત્રી. જમાવવું તે.
૪. સ્ત્રી. જામી જવું તે; ઘટ થઈ જવું તે.
૫. સ્ત્રી મેળવણી; બનાવટ.
૬. સ્ત્રી. શોભતે શોભતું આવી રહેવું તે; સુરેખ રમના થઈ રહેવી તે; એક બીજાને શોભાવે તેમ એક બીજાની સાથે ઘટી રહેવું તે.
૭. સ્ત્રી. સંતાડવાપણું

જમાવડા (જમાવડા) ૧. પું. એકઠા થવાની જગા.
૨. પું. સભા; ટોળું.

જમાવવું ૧. [અ. જમ્અ (એકઠું કરવું)]
સ. ક્રિ. એકઠું કરવું; ભેગું કરવું; સમૂહ કરવો.
૨. સ. ક્રિ. ખીલવવું; બહલાવવું; આબાદી પર લાવવું
૩. સ. ક્રિ. બનીઠનીને થાય એમ કરવું; ઠારવું.
૪. સ. ક્રિ. જામે એમ કરવું; મેળવવું; આખરવું; દૂધ ઉપર દહીં થાય એવી ક્રિયા કરવી; અખરડવું; દહીં કરવા સારૂ દૂધમાં ખટાશ નાખવી.
૫. સ. ક્રિ. તૈયાર કરવું.
૬. સ. ક્રિ. દૃઢીકરણ કરવું, મજબૂત બેસાડવું.
૧. દૃષ્ટિ જમાવવી = દૃષ્ટિ સ્થિર કરીને કોઈ તરફ જોવાવી.
૨. રંગ જમાવવો = પૂરો પ્રભાવ પાડવો.
૩. વાત જમાવવી = હકીકત પર વાતને સારી રીતે અસ્થિત કરવા દેવી.
૭. સ. ક્રિ. બધાં સાધનો સમયોગે મળે એવી વ્યવસ્થા કરવી.
૮. સ. ક્રિ. રસ ઉત્પન્ન કરે એમ જુદી જુદી વસ્તુઓને એક સાથે મેળવવી; સામગ્રી ઓછી મેળવી મજા પડે એમ કરવું.
૯. સ. ક્રિ. વધારી દેવું.
૧૦. સ. ક્રિ. સ્થાપવું; સ્થાપીને રહેવું.

જમાવસૂલ પું.; ન. જમાબંધીનું વસૂલ; રાજ્યનું મહેસૂલ ઉત્પન્ન

જમાવસૂલી સ્ત્રી. વિઘોટીની વસૂલાત.

જમાવહી સ્ત્રી. જમાનોંધ; ખરીદનો માલ નોંધવાનો ચોપડો

જમાવાલા [હિ.] પું. મુદીવાદી.

જમાવેલું વિ. મેળવેલું.

જમાવો [અ. જમ્અ (એકઠું કરવું)]
પું. જમાવ, ભીડ; સમુદાય.

જમાસ પું. ભાલેજ.

જમાસદર જુઓ. ઇન્ટાક્ટર અથવા જમીનદારોથી સીધી નક્કી કરેલી સરકારને વિખોટી ભરવી તે.

જમાસરકાર જી. મહેસૂલ; વિખોટી.

જમાસંગીન જુઓ હદ કરતાં વધારે વિખોટી.

જમાસો ન. વમે આપેલુ જમીરતર નામનુ ખાયુ.

જમાહટ જુઓ જમાવટ.

જમાહી [હિ.] જી. જમાસું આવું તે.

જમાહીર ૧. [અ.] પું. બ. વ. રત્નો.
૨. પું બ. વ. રત્નો.

જમિયત જી. સમૂહ; મંડળ.

જમિયલ પું. એ નામના પીર. જમિયલશાહ ઇતારના ટેકરી મિરનાર પાસે પુરાતનકાળની પ્રસિદ્ધ છે.

જમિયો પું જમૈયો; વાકો છરો.

જમી ૧. જી. પૃથ્વી. જમીન; ધરતી.
૨. [અ.] વિ. આખું; સર્વવ્યાપી.

જમીઅત ૧. ન. લશ્કર.
૨. [અ.] જી. મંડળ; ટોળું.

જમીઆહ [અ.] પું. હિજાહી સનના મહિનાનો તેમજ ઇસ્લામીઓના મહિનાનો ૨૮ મો દિવસ.

જમીકંદ [હિ.] ન. સૂરણ.

જમી ચિરની જી. જરેલ મરઘડી.

જમીજ ન. એક જાતનું પક્ષી.

જમીદાર [ફા. જમીન + દાર (વાળું)] પું. જમીનનો માલિક; જમીનદાર; ગરાસદાર.

જમીદારી જુઓ જમીનદારી.

જમીદોજ [ફા. જમીન્દોઝ] પુ. માટીનો કિલ્લો.

જમીન ૧. [ફા.] જી. આધારભૂત પદાર્થ. ઠકાણું રથાન કે જગા.
૨. જી. બા રૂઝાયથી આવતી નવી ચામડી; માસ.પું.
જમીન આવવી = માંસાકુર આવવા; રૂઝ આવવી; ઘા કે આદ પુરાવો.
૩. જી. જગત; વિશ્વ; ભુવન; દુનિયા.
૪. જી. નક્ષ; પરથાર; સપાટી; જેથી મોટો ભાગ રોકાતો હોય તે વિસ્તાર
૫. જી. દેશ; મુલક; જનપદ.
૬. જી. પ્રકૃતત્ત્વમંનું એ નામનુ એક.
૭. જી. પાકને માટે સાફ કરેલી જમીન; ખેતર, ખેતર તરીકે વપરાય તેવી જમીન
૮ જી. પૃથ્વી. ભૂમિ; ધરા; ધરતી; પૃથ્વીના ગોળા ઉપરનો પાણીનો ભાગ બાદ કરતાં બાકી રહેલો ભાગ. ખેડવાણ જમીનની જાત: ભીની કે ખોયી, રેતાળ, સૂકી, ખેતીવાડી સંબંધી, ગોરાટ, કાળી, મકાણુ, કબરકાની, ખરાબાની, ગૌચરની, જિરાયત કે ગોરાટ અને કુવેતર કે બાગાયત વળી ચાંદરી, તાંબડી, પીવળી અને કાળી એમ ચાર જાતની જમીન હોય છે. કાળી જમીન શિરપકર્મ માટે અલોભ ગણાય છે. કાળી જમીનમાં નીચેના ભાગમાં ઘર હોય છે. તેની સાથે મીઠાનો ઝરમ ભળેલો હોય છે. ગોરાટ જમીનની બાકીના ખોડવાને ખોરાક પૂરો પાડે તેવા પદાર્થો પણ તે જમીનમાં હોય છે. ગુજરાતમાં આ જમીન દરેક જાતનો પણો સારો પાક આપે છે. ખોડવા ઊંડા જઈ શકે તેટલા માટે તે જમીન ઊંડી પણ હોય છે. કાળી જમીનમા રેતી ઓછી હોય છે. ગોરાડુ જમીન બેડા પ્રાંતમાં વધારે દેખાય છે. તે પીળાશ પડતા રંગથી બાળ ભૂરા રંગની થતી જાય છે. આ જમીનની માટી રેતીવાળી હોય છે અને જ્યારે તેને પાણી અને બાતર પૂરું પાડવામાં આવે છે ત્યારે તે ખોડવાને સારું પોષણ આપે છે તથા પુષ્કળ પાક આપે છે. આ જમીનમાં ચૂનાની ખેંચ હોય છે છતાં તે ઠંડી તથા ગરમ ઋતુમા સારો પાક આપે છે. કુબરાળ જમીનમાં કાંકરા, રેતી, કાંપ અને માટી ઓતરતા પ્રમાણમાં આવેલાં હોય છે. કુબરની ધાર ઉપર જપ આંધી આવી જમીન તૈયાર કરવામાં આવે છે. કાંપની જમીન અને ચીકણી જમીન એ બે વચ્ચની જમીનને બેસર જમીન કહે છે તેમાં ચીકણી માટીનું તેમ જ રેતીના રજકણનું પ્રમાણ ૪૦થી ૫૦ ટકા હોય છે. ખેતી માટે તે સારી ગણાય છે. ભાઠાની જમીનમાં ચીકણી માટીનું પ્રમાણ ૨૦ ટકા, રેતીનું પ્રમાણ ૩૦થી ૪૫ ટકા અને કાંપનું ૪૦થી ૫૦ ટકા હોય છે. નદીના પાણીની તણાઈ આવેલાં રજકણોની બનેલી આ જમીનમાં સંદ્રિય દ્રવ્યનું પ્રમાણ બહુ ઓછું હોય છે તથા પાકને માટે તે સર્વોત્તમ ગણાય છે. આ જમીનમાં કાંપના ઘર ખૂબ ઊંડા હોય છે અને તેમાં બહારનાં રજકણોનો મોટા પ્રમાણમાં સમાવેશ થયેલો હોય છે. છતાં તેમાં પણ ચૂનાની તથા ફોરફરિક એસિડની ખામી તો ભરી જ. આ જમીનમાં નહેર કરવાનું પણ સુગમ પડે છે, કારણ કે ચોડા ફૂટ ઊંડે ખોદતાં જ પાણી નીકળે છે. ભારે કાળી જમીન નીચાણવાળા ભાગમાં આવી હોય અને ઓછે ભાગે પાણી ભરાઈ રહેતું હોય ત્યારે તેને ખોબાણુ જમીન કહેવામાં આવે છે. તેમાં નીચેનું પડ ચીકણી રજકણોનુ હોવાથી પાણીનો નિતાર સારો થતો નથી. રેતીનાં રજકણ ૬૦થી ૬૫ ટકા, કાંપનાં રજકણ ૧૦થી ૧૫ ટકા અને ચીકણી માટીનાં રજકણ ૨૦ ટકા જે જમીનમા હોય તે રેતાળ ગોરાડુ જમીન કહેવાય છે પ્રોફેસર જેરિક નામના એક વૈજ્ઞાનિકે વર્ષોના અખતરાઓ પછી જમીન બગડતી બેની જેને હાઇડ્રોપોનિકનું ઉપનામ આપવામાં આવ્યુ છે ને વડે દુનિયાને ચકિત કરી નાખી છે તેની શોધ ઉપરથી જણાયું છે કે, જમીન જેટલા જ વિસ્તારમાં ૧૫થી ૫૦ ગણા પ્રમાણમાં વધુ છોડવાઓ ઉછેરી શકાય છે. હાઇડ્રોપોનિકમાં તો જમીનનો આધાર કાઢી નાખવામાં આવ્યો છે. અમે તેની કુબરાળ કે નકામી જમીન ઉપર ૧૦ × ૨ જેટલા ફૂટ લાંબાં પહોળાં અને ૬ ઇંચ ઊંડાં ખોખાંમાં રસાયણો મિશ્રિત પાણી ભરી તે ઉપર જળીમાં સૂકું ઘાસ, ભૂસું વગેરે નાખી તેમાં બિયાં વાવવામાં આવે છે. તેનાં મૂળિયાં ઘાસ અને જળીમાંથી બહાર પડી પોતાનો ખોરાક રસાયણ મિશ્રિત પાણીમાંથી મેળવે છે. જમીનમાં પૂરતાં પાણી અને રસાયણોના અભાવે ઝાડનાં મૂળિયાં લાબાં નીચા ઊપરના છોડવાઓ હાઇડ્રોપોનિક જેટલા ઊંચા ઉગવામાં અને તેટલા પ્રમાણમાં ફળો આપવામાં અશક્ત નીવડે છે. હાઇડ્રોપોનિકના છોડવાઓ જમીન કરતાં ત્રણાટાભેર ઊગી નીકળે છે અને પાક વહેલો તૈયાર થઈ જાય છે. વળી ખોબાં વધતાં રસાયણો તેમ જ મિશ્રણને પ્રમાણમાં ગરમ રાખી તેમ જ પ્રકાશને કાબૂમાં રાખી શિયાળામાં જ તૈયાર થતાં ઘઉંટાના વર્ષમાં પણ ફાલ મેળવી શકાય છે. જમીનની બાદક હાઇડ્રોપોનિક વડે અનાજ, કઠોળ, પોષેવાં, શાકભાજી, તબાકુ વગેરે કોઈ પણ પાક ઉછેરી શકાય છે, પણ અનાજ, કઠોળ જેવા વેપારી પાકો માટે તો રાસાયણિક અર્ચા બાનમાં લેતાં અને જમીનના પાકો સાથે તેની સરખામણી કરતાં તે ઘણુ ખર્ચાળ નીવડે છે. શાકભાજી, ફળો તેમ જ ફૂલો માટે તો હાઇડ્રોપોનિક જમીન કરતાં બાબુજ સસ્તું પુરવાર થયું છે. જે રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે ને સાદાં રાસાયણિક બાતરો જેવાં કે, પોટેશિયમ, નાઇટ્રોજન, ફોસ્ફરસ, કેલશિયમ વગેરે સારો છે. જમીનમાં પાચ ચોરસ ફૂટમાથી બાગેજ એક ખોડવો પોતાનો ખોરાક મેળવી શકે છે જ્યારે હાઇડ્રોપોનિકમાં તેટલી જ જગ્યામાં પાંચથી વધુ ખોડવાઓ પણી સારી રીતે જીવન મેળવી શકે છે. અગાઉથી એક ચોરસ ફૂટ નાના ડબ્બાઓ કે બરણીઓ અને ઊંડી રકાબીઓમાંથી બરની બારીએ કે કોઠાઓમા વાર્ષિક ખોદાઈ બે રૂપિયાના ખર્ચમાં દરેક શહેરી પોતાને મનગમતાં ફૂલ કે શાકભાજી ઉગેરી શકે છે. હાઇડ્રોપોનિકમાં બંનો બિનજરૂર ભાગ બજવતાં નથી.

૧. જમીન આસમાન એક કરવું = કોઈ કામ માટે બહુ જ પરિશ્રમ કે ઉદ્યોગ કરવો; બહુ મોટા મોટા ઉપાય કરવા.
૨. જમીન આસમાન એક હોવું = (૧) મજબૂત થવો. (૨) પ્રબળ થવો. (૩) મગરૂર હોવું; અભિમાન કરવું. (૪) વખારે વરસાદ વરસવો.
૩. જમીન આસમાનનો તફાવત-ફરક = બહુ જ મોટો તફાવત; આકાશ પાતાળ જેટલો તફાવત; જમીન આસમાનનું છેટું.
૪. જમીન ઉપર પગ મૂકે નહિ એવું = (૧) અધિક; મગરૂર. (૨) બહુ જ ત્વરાથી ચાલનાર.
૫. જમીન ઊતરી જવી = જમીનમાં પહેલાંના જેવો પાક ન થવો.
૬. જમીન કરવી = (૧) કિનારે ઊતરવું, બંદર કરવું; શહેર ઉપરથી પાણી કરવું. (૨) જમીન કે કોઈ કુરસ્ત કરાવવી. (૩) ઘાસ દેવરાવવી. (૪) મિલકતમાં જમીન રાખવી.
૭. જમીન ખણવી = હજામતવું, શરમાવું, પસ્તાવાની અસર થવી; કોઈ વસ્તુ કારણથી જમીન ખોદતા હોય તેમ નીચા જોઈ રહેવું.
૮. જમીન ચૂમવી = ઓઢું જમીનને અડે એવી રીતનું પડી જવું.
૯. જમીન ઢાઢી પડી જવી = જમીન ક્ષેત્રના ઊતરી જવી; ખારવાળું પાણી આવવાથી જમીનની પ્રત બગડી જવી.
૧૦. જમીન લેવી = રમતમાં અંતર આપવું, પહ આપવો.
૧૧. જમીન ઝરવી = ઘસરકો પડવું; જમીન ઉપર ઘાવ પડી જવું.
૧૨. જમીન મરવી = (૧) ખેતર, ગામ વગેરેની હદ નદીનાળાના વહનથી કપાઈ ને ઓછી થવા કરવી. (૨) પાની કિનારી સડી જઈ ગોહવાવું અને ઊંડાણ થવું; પા ન રેડાય એવો તેની આસપાસના ભાગનો વિખાત થવો. (૩) ઘાવમાંથી લોહ જતો રહેવો.
૧૩. જમીન મારવી = (૧) નારવી જવું; પલાયન કરી જવું; દૂર જતા રહેવું; ભાગી જવું, છપાય જવું. (૨) ઘસરકો પડવું, ચત્તુપાટ પડી જવું.
૧૪. જમીન વાળવી = જમીન ઉપર ઘસડાય તેમ કપડું વગેરે રાખવું.
૧૫. જમીન સૂંઘવી = (૧) જમીન ઉપરની વાસ લેવી. (૨) સૂંઘીને જમીનના કસ જોવો; રસકસ તપાસવો.
૧૬. જમીનમાં પેસવું = (૧) ઊંચા નહિ વધવું; દીનપણ રહેવું; નીચું રહેવું. (૨) ઘટાડો થવો. (૩) શરમિંદા પડી જવું.

જમીન ૨ સ્ત્રી. પૃથ્વી ઉપરનું અંતર; ઊંડું.

જમીનકંદ ન. સૂરણ.

જમીનખોદ ન. એક જાતનું પક્ષી.

જમીનગીરાપેઢી સ્ત્રી. જમીન ગીરો રાખી પૈસા ધીરનાર દુકાન.

જમીનગામ વિ. ગોથું ખાઈ જમીનને અડે તેટલું નીચું.

જમીનદાર ૧. પું. ખેડૂત; ખાટીદાર; જમીનનો માલિક.
૨. પું. જમીનની ચેદાશ ઉપર જેનું ગુજરાન ચાલતું હોય તે આબરૂદાર; જેની માટી મિલકત જમીન કે ખેતરરૂપે હોય તે ગૃહસ્થ.
૩. પું. જમીનદાર; ગામ પરગણાનો ધણી; તાલુકદાર; ખાટખત જમીનનો માલિક. મુસલમાન રાજ્યઅમલ દરમિયાન કોઈ નાના પ્રાંત, જિલ્લા કે કોઈ ગામની મહેસૂલ ઉઘરાવી સરકારી ખજાનામાં ભરવા માટે જે માણસ નીમાતા હતા તેઓ જમીનદાર કહેવાતા અને તેમને ઉઘરાવેલા કરનો દશમો ભાગ કમીશન તરીકે આપવામાં આવતો હતો. જ્યારે મુસલમાન બાદશાહ નબળા પડ્યા ત્યારે તે જમીનદાર સ્વતંત્ર બની પોતાના પ્રાંતના ધણી થઈ બેઠા.
૪. વિ. ખેતીની જમીન ધરાવનાર; જમીનની માલિકીવાળું.

જમીનદારા ૧. [ફા.] સ્ત્રી. જમીનદારની સ્થિતિ. જમીનદારપણું.
૨. વિ. જમીનદારનું, જમીનદારને લગતું.

જમીનદારી પદ્ધતિ સ્ત્રી. મહેસૂલ માટે સાચો ખોટો સાથ આબાદ રાખવાને બદલે જમીનદાર પાસેથી જ મહેસૂલ લેવાની પદ્ધતિ.

જમીનદારસ્ત ૧. [ફા. જમીન્દાજ] વિ. જમીન ખરીદનાર કરી નાખેલું; જમીન જ હોય નહિ એમ સરખું બનાવી દીધેલું; ખોદી, તોડી, બાળી, જોખ બરાબર કરી નાખેલું; ફનાહાંતવા કરેલું. જડમૂળમાંથી ઉખડી નાખેલું; પાયમાલ.
૧. જમીનદોસ્ત કરવું = જમીનદોસ્ત કરી નાખવું
૨. જમીનદોસ્ત થઈ જવું = મિટ્ટી થઈ જવી.
૨. વિ. પડી ગયેલું, ખડેર.

જમીનદોંજ વિ. જમીન જોખ્ખ એટલું.

જમીનમહેસૂલ સ્ત્રી. વિખોટી; કરમ; જમીનનો આકાર.

જમીનલહરી સ્ત્રી. જમીન તરફથી આવતો પવન.

જમીનવાયુ પું. કિનારા તરફથી ફૂંકાતો પવન.

જમીનસંપાદનનિબંધ પું. ભૂમિસંપાદનનિબંધ; ભૂમિમહણનો ઠરાવ.

જમીનાપ ન. પૂરેપૂરું માપ.

જમીનેઅજરૂઅ (જમીનેમઝરૂઅ) [અ.] સ્ત્રી. ખેડેલી જમીન.

જમીયત ૧. સ્ત્રી. દોલત.
૨. સ્ત્રી. નિર્બળતા.
૩. સ્ત્રી. વિચાર.
૪. સ્ત્રી. વિશ્વાસ.
૫. [અ. જમઅ (તેણે એકઠું કર્યું)] સ્ત્રી. સંમહ.

જમીયતેઉલ્મા [અ.] પું. વિદ્વાનોનું મંડળ.

જમોર [અ.] ન. દિલ; અંતઃકરણ.

જમીલ [અ. જમલ (તે સુંદર હતો)] વિ. સુંદર; ખૂબસૂરત.

જમીલશા પું. એક મુસ્લિમ પીર. જૂનાગઢમાં ગિરનાર ઉપર તેની દરગાહ છે. હિંદુ આખ્યાયિકા હનરત દાતારને શ્રીકૃષ્ણે માનેલા કાળયવનનો અવતાર માને છે. પ્રચલિત માન્યતા પ્રમાણે તે જૂનાગઢના છેલ્લા રાજપૂત રાજા રા'માંડલિકના સમયમાં આવ્યાનું જણાય છે. પંદર વરસની ઉમરે તે મક્કા શરીફની હજ પઢવા ગયેલ હતા, તે જૂનાગઢથી પીરપઢા એટલે હાલના નગરપીઠા મળ્યા હતા. ફકીરાવસ્થા તેણે ત્યાં જ ગાળી હતી. તેનો રોજો ત્યાં નદી કિનારે છે. તેનું અવસાન બાસઠ વરસની ઉમરે થયું હતું.

જમુ ન. કશ્મીરની દક્ષિણ તરફનો અને હિંદની સરહદ ઉપરનો એ નામનો પ્રાંત અને તેનું એ નામનું મુખ્ય શહેર. કશ્મીરનો આ દક્ષિણ પ્રાંત પહેલાં શીખ લોકોના તાબામાં હતો, પણ હાલ કશ્મીરના મહારાજાને તાબે છે. કશ્મીરમાં તે બીજા નંબરનું શહેર છે.

જમુઅડી [હિં.] પું. કૂવાના ઊંટવાગ માટેનો લાકડાનો પાયો.

જમુન ૧. ન. જમાવવું તે.
૨. ન. દહીં.
૩. ન. દહીં મેળવવા માટે વપરાતું મેળવણ.

જમુના ૧. [સં. યમુના] સ્ત્રી. જમના નદી.
૨. સ્ત્રી. યમની બેન.
૩. સ્ત્રી. યમુના.
૪. સ્ત્રી. દુર્ગા દેવી.

જમુરૂદ [ફા.] પું. એક જાતનું રત્ન; પન્નું.

જમુરૂદી [ફા જમુરૂદીન] વિ. પન્નાના રંગનું; મોરની ગરદન જેવા આસમાની લીલા રંગનું.

જમૂઅત [હિં.] કૂવાનો પાયો.

જમૂવટ ૧. [હિં.] પું. કૂવાનો પાયો.
૨. પું. કૂવાનો પાયો નાખતી વખતે કરવામાં આવતો ઉત્સવ.

જમે ૧. ન. એકઠાપણું.
૨ [અ. જમ્અ (તેણે એકઠું કર્યું)] ન. જમા; આવક; અનામત ચ.પ્ય.
૩. ન. ટોળું.
૪. ન. બહુવચન.
૫. ન. મૂડી
૬. ન સરકારી જાગ.
૭. ન. સરવાળો.
૮. ન. હિસાબના ચોપડામાં આવકનો હિસાબ લખવાની બાજુ. ચોપડામાં આપણા જમણા હાથ તરફની જે બાજુ તે ઉધાર બાજુ અને ડાબા હાથ તરફની જે બાજુ તેને જમે બાજુ કહે છે. રાધનપુરી અને અંગ્રેજી ચોપડામાં આવી ઊલટી રીત હોય છે.
૯. વિ. જમા બાજુ લખાયેલું હોય તેવું

જમેઉધાર ૧. પું. જમા અને ઉધાર કરવું તે; આવકજાવકનો હિસાબ; આવક તથા ખરચનો હિસાબ.
૨. પું. નફોતોટો.
૩. પું. પુણ્ય પાપ વગેરેની ન્યૂનાધિકતા.
જમેઉધાર કરી નાખવું = ચોખ્ખું કરી નાખવું; સ્પષ્ટ વ્યવસ્થા કરી નાખવી; પતાવી દેવું; તોડ કાઢી નાખવો.
૪. પું. સાટંખોટું.

જમેખર્ચ ન. જમેઉધાર; આવકજાવક.

જમેદાર [હિં.] પું. ટોળીનો ઉપરી.

જમેપાસું ન. હિસાબના ચોપડામાં આવકની રકમ લખવાની બાજુ.

જમેબંદી સ્ત્રી. જમાબંધી; જમીન માપી જાત વગેરે તપાસી તેનો આકાર કરાવવો તે.

જમેબંધી જુઓ જમેબંદી.

જમેબાજુ જુઓ જમેપાસું.

જમેમર્દ ૧. પું. જવાંમર્દ.
૨. વિ. હિંમતવાન; બહાદુર; જાનીચલું; પૃષ્ટ; વીર; પહેલવાન.

જમેર ૧. પું. ઘેર; ત્રાસ.
૨. સ્ત્રી. વણવાની એક ક્રિયા. તેમાં એક બાજુ સત્ર બે તાર ભરાય છે.

જમેલશા પું. એક મુસલમાન પીર. જુઓ જમીલશા.

જમેલો પું. સંભુમેળો; ઘણી જાતિનો એક સામટો સમુદાય.

જમેહ અશોદાહ સ્ત્રી. (જરથોસ્તી) સીમાવ; મરણથી ત્રીજે દિવસે મયગત પછી ચાર બાજ બળીને પવિત્ર કરવામાં આવેલી કપડાંની જોડ; પવિત્ર આત્માને બક્ષિસ તરીકે આપવાનાં કપડાં.

જમૈકા પું. બ્રિટા સુમાત્રા પાસે આવેલો એ નામનો એક બેટ.

જમૈયત ૧. [અ.] સ્ત્રી. ટુકડી.
૨. સ્ત્રી. દોસ્તી.
૩. સ્ત્રી. માનસિક શાંતિ.
જમૈયતે ખાતિર = મનની શાંતિ.
૪ સ્ત્રી. સરકાર.
૫ સ્ત્રી. વિચાર.
૬. સ્ત્રી. સભા
૭. સ્ત્રી. સમૂહ.

જમૈયા ૧. [હિં.] પું. મુસવાર.
૨. પું. દિલ્લી તરફ થતું એક જાતનું ઘાસ.

જમૈયો [અ.] પું. છરાની જાતનું વાંકડા પાતાનું મુઠ્ઠાવાળું હથિયાર; અરબસ્તાન તરફની કટાર; ખંજર; વાંકો છરો; કટાર જેવું હથિયાર.

જમો ૧. પું. (જા. મુ.) જમો; ઓજરખો.
૨. પું. મહેસૂલ.

જમોઆ [હિં.] પું. વરસાદ પહેલાં વાવેલી અને પાણી પાયેલી જણી; વરસાદ પહેલાં જણીના છોડને રોપી તેને કૃત્રિમ સાધનથી પાણી પહ્યું તે.

જમોગ ૧. [હિં.] પું. અરસપરસ સંમતિથી જવાબદારી બદલી નાખવી તે.
૨. પું. ફરતી મોરો.

જમોગદાર [હિં.] પું. જમીનદારને પૈસા ધીરી તે પૈસા ભેગુત પાસેથી વસૂલ કરનાર માણસ.

જમોગનામા ન. જમીનદારે ઉછીનાં લીધેલાં નાણાંનો કરી આપેલો દસ્તાવેજ. આની મદદથી તે પોતાના આતેદારો પાસેથી પોતાના લેણદારને ચિઠ્ઠી ઉપરાવવાનો હક્ક આપે છે.

જમોટ ૧. પું. કૂવાનો પાયો; બાકડાનો ઓટલો, જેના ઉપર પાયા તરીકે ઈંટનું ચણતર કરવામાં આવે છે.
૨. પું. કૂવાનો પાયો પૂરો થયા પછીની ઉજાણી.

જમોડી (જમોડો) સ્ત્રી. જમણા હાથથી ક્રમ કરનારું.

જમોર [ફા. જહમ્ર] પું. જોહર; સામુદાયિક આત્મહત્યા; ક્રોધથી, શોકથી કે બીજા કોઈ અતિ ઉગ્ર લાગણીથી ઉશ્કેરાઈ જઈ કમકમી આવે એવી રીતે મરવું તે; દેહનો ભોગ આપવો તે.

જમોરિયો પું. જમોર કરનાર પુરુષ.

જમ્મિત સ્ત્રી. તિબેટના લોકોમાં ગુનેહગારને શાંતિથી પણ આરીકાઈથી સવાલ પૂછી તેના જવાબ નોંધી લેવાની રીત

જમ્મ [અ.] પું. સબંધ.

જમ્નોત્રી સ્ત્રી. જમના નદીનું મૂળ.

જમ્મર ૧. પું. કાળો કેર.
૨. પું. મોટું દુઃખ.

જમ્મત ૧. [અ. જમીઅત] સ્ત્રી. જમાવ.
૨. સ્ત્રી. નિર્ભયતા.
૩. સ્ત્રી. વિશ્વાસ.

જમ્યાદ પું. (જરથોસ્તી) એ નામનો એક ફિરસ્તો.

જમ્હાઈ [હિં.] સ્ત્રી. બગાસું; બંભા.
જમ્હાઈ લેવી = બગાસું ખાવું.

જમ્હાવું [હિં.] અ. ક્રિ. બગાસું ખાવું.

જમ્હૂર ૧. [અ.] પું. પ્રજા.
૨. વિ. પ્રજાસત્તાક.

જમ્હુરી વિ. પ્રજાના હાથમાં સત્તા હોય એવું; પ્રજાસત્તાક.

જય ૧. પું. અગિયાર હાથ પહોળો કૂવો.
૨. પું. અગ્નિમય વૃક્ષ.
૩. પું. અપત.
૪. પું. અરણી; જયંતી નામનું વૃક્ષ.
૫. પું. અવતારી, પ્રતાપી કે પરાક્રમી પુરુષના નામની પૂર્વે જોડવામાં આવતો શબ્દ.
૬. પું. ઇંદ્ર.
૭. પું. ઇંદ્રનો પુત્ર જયંત.
૮. [સં જિ (જીતવું)] પું. ઉત્કર્ષ, જય શબ્દ સંસ્કૃત જિ ધાતુ ઉપરથી આવેલ છે. આ ધાતુ આકર્મક હોય ત્યારે ઉત્કર્ષ એવો એનો અર્થ થાય છે. આપણે એકબીજાને મળતાં જય જય કહીએ છીએ ત્યાં તેનો ઉત્કર્ષનો અર્થ છે. જિ સકર્મક ક્રિયાપદ હોય ત્યારે બીજાનો પરાજય કરવો એવો તેનો અર્થ થાય છે. તેથી જય શબ્દના ઉત્કર્ષ અને બીજાનો પરાજય એવા બંને અર્થ થાય છે.
૯. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ધ્રુવના પુત્ર વત્સરનો છ માઠેનો એ નામનો એક દીકરો.
૧૦. પું. (પુરાણ) ઉર્વશીને સોમવથી પુરુરવા રાજાથી થયેલા છ માંઠેનો સૌથી નાનો પુત્ર.
૧૧. પું. ઋગ્વેદનો એ નામનો એક ઋષિ. તેણે દસમા મંડલનું ૧૮૦મું સૂક્ત રચ્યું છે.
૧૨. પું. (જૈન) એ નામના ચાલુ અવસર્પિણીના અગિયારમા ચક્રવર્તીનું નામ.

૧૩. પું. (પુરાણ) એ નામનો પાંડવ પક્ષનો એક રાજા. તેને કર્ણે માર્યો હતો.
૧૪. પું. એ નામનો યમની સભાનો એક ક્ષત્રિય.
૧૫. પું. એ નામનો વિક્રમ સંવત્સરી આદ્ય. ભુવનદેવાચાર્ય એટલે વિક્રમાર્કના ચાર પુત્ર હતા: જય, યમ, સિદ્ધાર્થ અને અપરાજિત. એ ચાર પુરુષોએ પોતાનાં નામે અબો રચ્યા છે. જય, યમ, સિદ્ધાર્થ અને અપરાજિત અથવા સૂત્રસંતાન એ અબોમાં વિક્રમની રીતિઓ સારી રીતે બતાવી છે.
૧૬. પું. (વિક્રમ) એક પ્રકારનું ત્રિકાળ ઘર. જે ત્રિકાળ ઘરના મુખ આગળ એક હ્રસ્વ હોય, હ્રસ્વ આગળ એક મધ્યમ હોય અને મધ્યમ આગળ એક વૃદ્ધ હોય તથા તેના ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે જય નામનું ઘર કહેવાય.
૧૭. પું. એક પ્રાચીન કવિનું નામ.
૧૮. પું. કલ્યાણ; જય; મંગળ. સાભાગ્ય.
૧૯. [સં. જિ (જ્ઞાતવું)] પું. જ્ઞાન, હસ્તે. વિજય; ચારસોબી; લડાઈમાં, વાદવિવાદમાં અને રમતગમતમાં સામાના કરતાં સરસ થવું તે; બીજાના કરતાં વધી જવાપણું. બીજાને હરાવી નમાવી નરમ પાડી પોતે ઉપરચઢિયું થવું તે. શત્રુને જીતવાપણું.
૨૦. પું. (વિક્રમ) જેનો દરવાજો દક્ષિણ તરફ હોય તેવું ઘર.
૨૧. પું. (જૈન) બીજ, પાંચમ અને તેરસ એ ત્રણ તિથિ.
૨૨. પું. રેવતાચલે અથવા મહાત્માઓને અભિવંદન સ્મરણ કરવા માટે વપરાતો શબ્દ.
૨૩. પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. તેને ભીમસેને માર્યો હતો.
૨૪. પું. પરમેશ્વર.
૨૫. પું. પ્રભવથી અક્ષયીસમો સંવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ વર્ષ માહેનું અક્ષયીસમું વર્ષ.
૨૬. પું. (જ્યોતિષ) બૃહસ્પતિના પાંચમા નામના ભૂત કુળનું એ નામનું ચોથું વર્ષ. ફલિત જ્યોતિષ અનુસાર આ વર્ષના ભદ્ર પાણી વરસે અને ક્ષત્રિયો, વૈશ્યો વગેરેને ભદ્ર પીડા થાય.
૨૭. પું. (પુરાણ) ભવિષ્યત્ મન્વંતરમાં થનારા સપ્તર્ષિમાંનો એ નામનો એક.
૨૮. પું. ભાગવત અનુસાર દક્ષમા મન્વંતરના એક ઋષિનું નામ.
૨૯. પું. મહાભારતના યુદ્ધના વર્ણનનું પુસ્તક. મહાભારતના યુદ્ધમાં અમુક પક્ષનો વિજય થયો તેથી એ યુદ્ધના વર્ણનાત્મક ઇતિહાસને જય નામથી નિર્દેશવામાં આવ્યો છે. મહાભારતનું પ્રથમ નામ જય હતું. ભારતીય યુદ્ધ પછી બોલાવ દિવસમાં કૃષ્ણદ્વૈપાયને એટલે વ્યાસે મહાભારત રચ્યું. એ વખતે તે ગ્રંથને જય કહેતા. જય શબ્દથી ભારતી યુદ્ધમાં થયેલો પાંડવોનો જય એ અર્થ વિવક્ષિત હોવે છે.
૩૦. પું. મહાભારતમાં વર્ણવેલ એક નાગ.
૩૧. પું. યુધિષ્ઠિરે વિરાટ રાજાને ત્યાં ગુપ્તવાસમાં ધારણ કરેલું નામ.
૩૨. પું. લાભ.
૩૩. પું. વશીકરણ.
૩૪. પું. (પુરાણ) વિદેહ વંશના ધ્રુત નામના જનકનો પુત્ર.
૩૫. પું. (પુરાણ) વિષ્ણુના એક પાર્ષદનું નામ. સનકાદિકને ભગવાન પાસે જતા અટકાવવા માટે ક્રોધે ભરાઈને જતાને તેને તથા તેના ભાઈ વિજયને શાપ આપ્યો હતો. આથી બંને સંસારમાં ત્રણ વાર હિરણ્યાક્ષ, રાવણ, અને શિશુપાલનો અવતાર અને વિજયને હિરણ્યકશિપુ, કુંભકર્ણ અને કંસનો જન્મ ધારણ કરવો પડ્યો હતો
૩૬. પું. વિષ્ણુનું એક નામ. વિજયમૂર્તિ તે છે, સર્વને જીતનારા તે છે, વળી અવિદ્યામા વિદ્યાપદ તે છે, દેહાદિરિમમા બ્રહ્મરિમપદ તે જ છે, સર્વ ભૂતોને તે જ જીતે છે, તેથા તે જય કહેવાય છે.
૩૭. પું. વિશ્વકર્મા ભુવનદેવાચાર્યના ચાર ભાઈનો એ નામનો ત્રીજો.
૩૮. પું. વિશ્વામિત્રના એક પુત્રનું નામ.
૩૯. પું. વીર કવિતા; વીરરસ કવિતા; વીરરસ ગ્રન્થ; ખ્યાતો; વીર-સંહિતા.
૪૦. પું. (પુરાણ) સુધામાર્યને પીવરીથી થયેલ પાંચ ભાઈનો સાથી નાનો પુત્ર.
૪૧. પું. શ્રાદ્ધ બળુંપંદનો એ નામનો એક ઋષિ.
૪૨. પું. સિદ્ધિ.
૪૩. પું. સૂર્યનાં એકસો આઠ ભાઈનું એક નામ.
૪૪. પું. (પુરાણ) સોમવંશી અમાયુકુલોત્પન્ન ક્ષાત્રવૃદ્ધિ વંશના સજ્ય રાજાનો એક પુત્ર.
૪૫. પું. (પુરાણ) સોમવંશી નહુષ પૌત્ર પુરુરવા વંશના રૌદ્રાશ્વ કુળના અનુ રાજાના પાંચમાનો બીજો દીકરો.
૪૬. પું. સોમવંશી વસુકુલોત્પન્ન કૃષ્ણનો બહાની કુખે થયેલો એ નામનો એક પુત્ર.
૪૭. પું. સોમવંશી વસુકુલોત્પન્ન સાત્વત વંશના કંકને કર્ષિણીથી થયેલા બે પુત્રોમાનો બીજો.
૪૮. પું. (પુરાણ) સોમવંશી વસુકુલોત્પન્ન સાત્વત વંશના સાર્વભૌમના દશ ભાઈનો એ નામનો એક પુત્ર. તે ભારતના યુદ્ધમાં મરણ પામ્યો હતો.
૪૯. [સં. વત] ન. (પ્રાકૃત) બગાસું; બગાસાનપણું.
૫૦. ન. (વિક્રમ) દક્ષિણે એક અભિમાનનું ઘર.
૫૧. [સં. જગત્] ન. (પ્રાકૃત) દુનિયા; સંસાર; લોક.
૫૨. વિ. ઉપદેશ રાખનાર; બચાવ રાખનાર.
૫૩. અ. જય ! જય ! શાબાશ !
જય અંબિકા—જે બંને = બંધા માતાનો જય.

જયઅસેન ન. વિજય અપાવનાર હથિયાર.
જયઐન્દ્ર પું. સામવેદનો એ નામનો એક ઋષિ.
જયક ૧. પું. કુમારનો એ નામનો એક અનુચર.
૨. [સં.] વિ. જય મેળવવામાં કુશળ.
જયકર ૧. સ્ત્રી. એ નામની એક દક્ષિણી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. [સં.] વિ. હતેહ અપાવનાર.
જયકરી ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ વૃત્ત; જેકરી. તેમાં ૧, ૫, ૬ અને ૧૩ માત્રાએ તાલ આવે છે. તેની પ્રસ્તારસંખ્યા ૪૮૭ થાય છે.
૨ પું. (પિંગળ) એક માત્રાબદ્ધ વૃત્તિ; ચોપાઈ.
જયકલ્પદ્રુ [સ.] ન. એક જાતનું કલ્પવૃક્ષ. તે પ્રાચીન કાળમાં વીર પુરુષોને યુદ્ધમાં વિજય માટે આદર અર્થે આપવામાં આવતું હતું.
જયકામી ૧. વિ. આકાંક્ષી; અભિલાષી.
૨. વિ. કીર્તિલોલી; મહત્ત્વેચ્છુ.
૩. [સં. જયકામિન્] વિ. વિજયની ઇચ્છાવાળું.
જયકાર [સં.] પું. જયની પ્રણાલીનો પોકાર; જયજયકાર, જેજેકાર.
જયકારિકા [સં.] સ્ત્રી. રિસામણીનો વેલો.
જયકીર્તન [સં.] ન. વિજયગીત.
જયકુંજર [સં] પું. જય પ્રાપ્ત કરાવે એવો હાથી.
જયકૃષ્ણ ૧. પું. એ નામનો એક લેખક; જયકૃષ્ણ ઉપાધ્ય. તેણે વનસ્પતિશાસ્ત્ર અને કચ્છની વનસ્પતિ નામનાં ગુજરાતી ભાષામાં પ્રમાણભૂત મનાતાં પુસ્તક લખ્યાં છે.
૨. જુઓ જયગોપાલ.
જયકોલાહલ ૧. પું. પાસાની એક રમત.
૨. [સં.] પું. વિજયનો કોલાહલ.
જયગીત [સં.] ન. વિજયનું ગીત.
જયગોપાલ ન. પરમેશ્વર તમારા કામમાં હોય એવી શુભ કંપ્ય દર્શાવતો એક શબ્દ.
જયઘોષ ૧. [સં.] પું. ખુશાલીનો પોકાર; હર્ષધ્વનિ; આનંદનાદ.
૨. પું. જય થયો છે એવું જણાવતો ઢંઢેરો.

૩. પું. વિજયડંકો; કૂચનો અવાજ; જયજયકાર; જય બોલાવી કરેલો પોકાર; અભિનંદન.

જયઘોષણા જુઓ જયઘોષ.

જયચર્યા [સં] સ્ત્રી. વિજયને માટે કરવું તે.

જયચંદ પું. રાઠોડ જાતિનો કનોજનો એ નામનો રાજા. તે બારમા સૈકામાં કનોજનો મોટો રજપૂત રાજા હતો. તે દિલ્હીના તુંવર રાજાનો હરીફ અને પૃથ્વીરાજ ચૌહાણનો મરિયાઈ ભાઈ થતો હતો. શાહબુદ્દીન અને પૃથ્વીરાજ વચ્ચે એ લડાઈઓ લડ્યો હતો. એની કુંવરી સંયોગિતા એની મરજી નહિ છતાં પૃથ્વીરાજને પરણી હતી. મુસલમાનો સામે લડતાં લડતાં તેણે ગંગામાં પડી આત્મઘાત કર્યો હતો એમ કહેવાય છે.

જયજય ૧. [સં. દ્વિ (ઉત્તમ વચો)] પું જયજયકાર; જેજે; નમસ્કાર કરતાં થતો ઉચ્ચાર; તમારો જય થાઓ; તમારું ભલું થાઓ.

૨. અ. કોઈને સામા મળતાં કે છૂટા પડતાં બોલાતો શબ્દ.

જયજયકાર ૧. [સં] પું જીતનો પોકાર; જીતની ખુશાલીનો નાદ; કૂચનો ડંકો.

૨. પું. જયધ્વનિ.

જયંજયવતી ૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી; દીપક રાગની પુત્રવધૂ. તેનો ગ્રહ વાદી, ન્યાસ સ્વર રિ અને સંવાદી સ્વર ધ છે. તે રાતનો સમય રાત્રિએ બીજે અને દિવસે ત્રીજે પ્રહર મનાય છે. તે કરુણ અને સંક્રોગશૃંગાર રસમાં ગવાય છે.

૨. સ્ત્રી (સંગીત) સંપૂર્ણ જાતિની એક સંકર રાગણી. તે પૂરબી, ત્રિભાષા અને સોરઠના યોગથી બને છે તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે. રાતના ૬ ઘડીથી ૧૦ ઘડી સુધી ગવાય છે. મોમાસામાં સોડો ગમે તે વખતે તે ગાય છે. કેટલાક લોકો તેને મેઘરાગની ભાર્યા અને કેટલાક તેને મલ્હારોની સહચરી માને છે

જયજિનેંદ્ર અ (જૈન) જિનેંદ્રનો જય થાઓ એમ સૂચવતો એક નમસ્કારાત્મક શબ્દ. તે પત્રલેખનનું પ્રારંભ અંગ કહેવાય છે.

જયજુગ અ. હમેશાં; સદા.

જયઝંપા પું. (સંગીત) એક ચતુશ્ચાલતિ પંદર માત્રાનો તાલ. તેના તાલસ્થાન અનુક્રમે ૧, ૯, ૧૧ અને ૧૩ માત્રા ઉપર છે.

જયડંકો પું જયનો ધ્વનિ.

જયડકા સ્ત્રી. કૂચનો ડંકો; જયનું નગારું; જીતની નોબત.

જયણા ૧. સ્ત્રી. (પ્રાકૃત) જતના; રક્ષણ; સાચવણી.

૨ સ્ત્રી. ધીરજ; સબૂરી.

૩. સ્ત્રી. (જૈન) સમકિતમાં ૭૭ પ્રકારનો વિવેક.

૪ સ્ત્રી. સાવચેતી; સંભાળભર્યું વર્તન.

જયત [હિ.] સ્ત્રી. રામતિજોરી.

જયતાલ [સં.] પું તાલના સાત મુખ્ય ભેદ પાડેનો એ નામનો એક, તે સાત તાલો તાલ છે. તેમાં અનુક્રમે ૧ લઘુ, ૧ ગુરુ, ૨ લઘુ, ૨ દ્રુત અને ૧ પ્લુત આવે છે.

જયતિ ૧. પું. (સંગીત) એક જાતનો સંકર રાગ. તે ગૌરી અને લલિતના યોગથી થાય છે. કોઈ કોઈ તેને પૂરિયા અને કલ્યાણના યોગથી બનતો પણ માને છે

૨. [સં] અ ક્રિ. તે છતે છે.

જયતિલકસૂરિ પું. એ નામનો એક જૈન મુનિ; જિનોદયસૂરિશિષ્યાદર્શ.

જયતિશ્રી [સં.] સ્ત્રી. (સંગીત) એક રાગણીનું નામ. તે દીપક રાગની ભાર્યા મનાય છે

જયતી ૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી; હિંડોલ રાગના આઠ પુત્રવધૂ પરિવારમાંની એક ભાર્યા. તે ગૌરી તથા લલિતથી મિશ્ર છે. તેનો ગાવા બેસવાનો છે.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનો છોડ ૬થી ૧૦ ફુટ ઊંચો થાય છે. તેને ચાતળી, નરમ અને છોડે નીચી ઝુકતી ઘણી શાખાઓ હોય છે. તેનાં પાન ૩થી ૬ ઇંચ લાંબાં, અંતરે આવેલાં અને સંયુક્ત હોય છે. ફૂલ કલગીની પેઠે જરા ઝુકતા આવે છે.

૩. સ્ત્રી. (સંગીત) ધીરાગની એક રાગણી. તે સંપૂર્ણ જાતિની રાગણી મનાય છે. તેમાં બધા ગ્રહ સ્વર આવે છે. કોઈ કોઈ તેને ટોડી, ત્રિભાસ અને કલ્યાણના યોગથી બનેલી કહે છે. કેટલાક તેને પૂરિયા, સામંત અને લલિતના યોગથી બનેલી માને છે.

જયતીર્થ ન. એ નામનું એક તીર્થસ્થાન.

જયત્કલ્યાણ [સં.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક સંકર રાગ. તે કલ્યાણ અને જયતિશ્રીના યોગથી બનેલો છે. તે રાતના પહેલા પહોરે ગવાય છે

જયત્સેન ૧. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. તેને અભિમન્યુએ માર્યો હતો.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

૩. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. તેને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

જયદંડ જુઓ જયદંડ.

જયદંડા [સં. જયદંડ] પું. વિજયસ્તંભ; કીર્તિસ્તંભ.

જયદ ૧ [અ.] સ્ત્રી. ડોકની મોળાતા.

૨. [સં.] વિ. જીત આપનાર.

જયદા [સં.] સ્ત્રી. આઠ પ્રકારની રાજસભા માહેની ત્રીજી જાતની સભા.

જયદાતા [સં.] વિ. વિજય અપાવનાર; કૂચનો દેનાર.

જયદુર્ગા ૧. સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિઓ કર્ણાટ તથા વૈદ્યનાથ નામનાં પીઠસ્થાનમાં હોવાનું મનાય છે.

૨. સ્ત્રી. પૂર્વ બંગાળમાં પબ્બતી એ નામની એક દેવી. આ દેવીનું કોઈ મંદિર હોતું નથી, પણ ઝાડનાં મૂળ આગળ પાણીથી ભરેલો ઘડો મૂકી તેને દેવી માની તેની પૂજા કરવામાં આવે છે. તેના આરાધનની ક્રિયા કોઈ જાહેરમાં કરતો નથી, પણ પત્રપલ્લિરસંગ્રહ અથવા પંજી કરે છે. તે પરથી આપણા નાગો નામે છે અને તે દેવીને પમકો પણ આપે છે તેમ જ અપમાન કરેલી ભાષા વાપરે છે. દેવીની પૂજા કરતા પહેલાં સોપારરાજ નામના ભીલ એક દેવની આરાધના કરવામાં આવે છે. ભુવનેશ્વરી નામની ભીલ એક દેવીને બલિદાનો ભોગ આપવામાં આવે છે અને સેવપાલ નામના દેવને રક્ષિણ ચોખા તથા શેરડી ખાંડીનું નૈવેદ્ય ધરવામાં આવે છે.

જયદેવ પું બંગાળના વીરભૂમિ પ્રાંતનો કાન્યકુબ્જ જાતિનો બ્રાહ્મણ કવિ. બારમા સૈકામાં તે વિદ્યમાન હતો. બંગાળના છલ્લમણસેન વૈદ્ય રાજાનો તે આશ્રિત હતો. સંસ્કૃત સાહિત્યમાં ગીતિકાવ્ય બનાવવા માટે તે બહુ પ્રસિદ્ધ છે. તેણે ગીતગોવિંદ અને પ્રસન્નરાઘવ વગેરે ગ્રંથો બનાવેલા છે. કેટલાક કહે છે કે તે ઓરિસાના કટકમિત્ર ગામનો વતેવાસી અને શાંડિલ્ય ગોત્રનો આશ્રિત હતો. એની સ્ત્રીનું નામ પદ્માવતી હતું. તેને અને રાણીઓને સતીત્વ માટે વારંવાર વખાણ થતી. એક વાર પદ્માવતીનું સતીત્વ જોવાને જયદેવ જ્યારે રાજા સાથે બહારગામ ગયો હતો ત્યારે તેમણે એવું કહેવડાવ્યું કે તે મરી ગયો છે. પદ્માવતી પતિનું મરણ સાંભળતાં જ ઘરેઘર મરી ગઈ અને રાણીઓ ઝાંખી પડી. પછી તરત જ જયદેવ આવ્યો. તેણે અણપરીઓ મારી પદ્માવતીને સજીવન કરી. આ કવિ શ્રીકૃષ્ણનો પરમ ભક્ત અને વૈષ્ણવ હતો. જયદેવના ગીત ગોવિંદથી આપણે જ કોઈ રસિક પુરુષ અજાણ્યો

કરી. હિંદુસ્તાનની દરેક ભાષામાં આ કવિ જયંતીઓ થયો છે. ગીતગોવિંદનો અંગ્રેજીમાં 'ધ સૉંગ સિલેક્શ્યલ' નામે સર એડવિન આર્નોલ્ડ નામના કવિએ સરસ અને મધુર તરજૂમો કરી એ કાવ્યને અમર કરી દીધું છે. તે બંગાળનો જૂનો કવિ મનાય છે. તે ઈ સ.ના ૧૪મા સૈકામાં થઈ ગયો. જોકે તેણે પોતાનું કાવ્ય સંસ્કૃતમાં લખ્યું છે, તોપણ બંગાળીઓ તેને પોતાના કવિ તરીકે ગણે છે. બંગાળી ભાષા તે વખતે બોલચાલમાં વપરાતી હતી, તોપણ તે સમયનો વિદ્વાનવર્ગ તો સંસ્કૃતને જ અરેખરી ભાષા ગણતો હતો. જયદેવને વિષે ઘણી ઘણી અજબ જેવી વાતો ચાલુ છે, જેવીકે કૃષ્ણ તેને અદશ્ય રીતે ભેટતા, મળતા વગેરે.

જયદ્રથલ પું. (પુરાણ) વિરાટનગરમાં સહદેવે ધારેલું છદ્મ નામ; સહદેવનું છાનું નામ.

જયદ્રથાળ જુઓ જયદ્રથલ.

જયદ્રથ ૧. પું. (પુરાણ) સિંધુ દેશના રાજા વૃદ્ધક્ષત્રનો એ નામનો પુત્ર; ધૃતરાષ્ટ્રની કન્યા દુઃશલાનો પતિ. પાંડવો વનવાસમાં કામ્યક વનમાં હતા તેમાં એકવાર તે મૃગયા કરતો કરતો તેમના આશ્રમે આવી પહોંચ્યો. અક્ષયપાત્રને લીધે દ્રૌપદીએ તેને અને તેના રસાલાને જમાડ્યો. તેણે પાંડવો મૃગયાએ ગયેલા હોવાથી દ્રૌપદીને પોતાની સાથે આવવાનું કહ્યું. તેણે ના પાડી ત્યારે તે બળાત્કારે તે ઉપાડી ચાલી નીકળ્યો. પાંડવોને ખબર પડતાં તેની પૂઠ પકડી અને દ્રૌપદીને છોડાવ્યાં. તે પછી મોટી લડાઈમાં અભિમન્યુને મારવામાં તેણે ભાગ લીધો હતો. અર્જુને તેને મારી નાખ્યો હતો. તે મહાપરાક્રમી અને દુર્યોધનના જમણા હાથ જેવો હતો. પાંડવોએ તેની કામ્યક વનમાં અરાબ ચલે કરી હતી, તેથી તેણે ગંગાતીરે જઈ ને રુદ્રનું કઠિન તપ કરી હું બધા પાંડવોને જીતું એવું વરદાન માગ્યું. પણ એ કહ્યું કે જ્યારે અર્જુન નહિ હોય ત્યારે તું એકવાર પાંડવોને હરાવીશ. આ વરના પ્રતાપે જ જ્યારે અભિમન્યુ ચક્રવ્યૂહમાં મરાયો ત્યારે એણે પાંડવોને હરાવ્યા હતા. અભિમન્યુ એકલો પડીને મરાયો તેથી અર્જુને પ્રતિજ્ઞા કરી કે આવતી કાલે સૂર્યાસ્ત પહેલાં હું જયદ્રથને મારીશ, નહિતર અગ્નિપ્રવેશ કરીશ. બીજે દિવસે દ્રોણાચાર્યે ગરુડરચના વિવિધ પ્રકારની રચના કરી તેમાં જયદ્રથને બેસાડ્યો. પણ અર્જુન બધા યૂહોને ભેદીને અને દ્રોણાચાર્યની સાથે નહિ લડતાં અંદરના ભાગમાં ગયો. ત્યારે કૃષ્ણે એકાએક સૂર્યાસ્ત થયો હોય એવો બંને સેનામાં ભાસ કર્યો. એ સૂર્યાસ્ત જોઈને અર્જુનનું મોં ઊતરી ગયું અને કૌરવો આનંદમાં આવી ગયા. જયદ્રથે પણ સૂર્યાસ્ત જોવા માથું ઊંચું કર્યું એટલે કૃષ્ણે સંકેતથી અર્જુનને કહ્યું કે ચેલો જયદ્રથ જો. એમ કહેતાં જ અર્જુને તત્કાળ જયદ્રથનું માથું એવી રીતે ઊડાડ્યું કે એ જઈને એના પિતાના ખોળામાં પડ્યું. જયદ્રથ મરતાં જ કૃષ્ણે સૂર્યને પૂર્વવત્ ચમકાની દૃષ્ટિએ ધર્યો તેમ કર્યું. એ જોઈને બધા કૌરવો દિલગીર થઈ ગયા અને પાંડવ સેનામાં હર્ષનાદ થઈ રહ્યો.

૨. પું. (પુરાણ) સોમવંશી અનુકૂલોત્પન્ન રોમપાદ રાજાના વંશના બૃહન્મના રાજાનો એ નામનો પુત્ર એને સંજાતિ નામની સ્ત્રી અને વિજય નામનો પુત્ર હતો

૩. પું. (પુરાણ) સોમવંશી આયુકૂલોત્પન્ન પુરુ રાજાના અજમીઢ વંશના બૃહદ્વિપુરામાં જન્મેલા બૃહત્ક્ષય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ વિશદ હતું

જયધારી [સં. જયધારિન્] વિ. વિજયી; જય પામેલો

જયધ્વજ ૧. [સં] પું. જીત બતાવનારો વાવટો; વિજયની ધજા; જયપતાકા.

૨. પું. (પુરાણ) સોમવંશી બૃહત્ક્ષોત્પન્ન કર્તવીર્ય રાજાના પાંચમાંનો પહેલો પુત્ર. એના પુત્રનું નામ તાલજંઘ હતું.

જયધ્વનિ [સં.] પું. જયઘોષ; જયનાદ.

જયધ્વનિકારી [સં. જયધ્વનિકારિન્] વિ. જય શબ્દનો ઉચ્ચાર કરતું.

જયન ૧. [સં.] ન. ઓમૂત્ર; ગાયનું મૂતર.

૨. ન. ઘોડાનું અપત્તર.

૩. ન. વિજય; જીત.

જયનાદ [સં.] પું વિજયનાદ; જયનો અવાજ.

જયની [સં.] સ્ત્રી દ્રૌપદી એ નામની કન્યા.

જયન્ત ૧. પું. જંબુદ્વીપનું પશ્ચિમ તરફનું દ્વાર.

૨. પું. ઇંદ્રસભાના આઠ મંત્રીઓ એ નામનો એક પ્રધાન.

જયન્તી ૧. સ્ત્રી. જન્મ દિવસ; મહાપુરુષોની વાર્ષિક તિથિ.

૨. [હિં.] સ્ત્રી. રાયણીમણી.

જયપતાકા સ્ત્રી. વિજયધ્વજ.

જયપત્ર ૧. [સં.] પું. અશ્વમેધ યજ્ઞમાં ઘોડાના માથા ઉપર બાંધેલ પત્ર.

૨. પું. આજ્ઞાપત્ર; હુકમનામું; શાસનપત્ર.

૩. ન. જયસૂચક પત્ર; રાજકોમ એક લેખ; જય મેળવી હોય તે બાબતનો લેખ.

જયપત્રક ન. હુકમનામું.

જયપત્રી [સં.] સ્ત્રી. જયવંતી.

જયપંખાળો વિ. જય અથવા જીતરૂપી પાંખવાળો.

જયપાલ ૧. [સં.] પું. નેપાળો નામની ઔષધિ. જુઓ જમાલગોટો.

૨. પું. જડા.

૩. પું. રાજા.

૪. પું વિષ્ણુ

જયપાળ જુઓ જયપાલ.

જયપુત્રક [સં.] પું. એક જાતનો પક્ષી.

જયપુર ન. જયસિંહે વસાવેલું એ નામનું રજપૂતાનાનું એક શહેર.

જયપૂરી ૧. સ્ત્રી. રજપૂતાનાની એ નામની એક પ્રાંતિક બોલી

૨. વિ. જયપુર શહેરનું; જયપુર તરફનું.

જયપોત પું. સાઠ કે સિત્તેર ગીમ્સ એક જાતનું ગાડું. તેનાં પ્રોપારી જેવાં કાળનો રાજભાર માટે ઉપયોગ થાય છે

જયપ્રકાશયંત્ર [સં] ન જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષ યંત્રાલય મંદિરનું એ નામનું એક યંત્ર રામવંત્રની માફક આ યંત્ર પણ બે યંત્રોનું બનાવેલું દેખાય છે. ખરેખર તે એક જ યંત્ર છે તેની અંદર અંશ, કલાક વગેરે ચિહ્ન મૂકેલાં છે. તેનાથી ક્રાંતિ તથા મીન મંક્રાંતિ સંબંધી બાબતની મેળવણી લેવાય.

જયપ્રસ્થાન [સં. જય (જીત) + પ્રસ્થાન (ઉપડવું તે)] ન. જીત મેળવવા માટે જવું તે.

જયપ્રિય ૧. [સં.] પું. ગાયના સાત મહિનો એ નામનો એક મુખ્ય ભેદ. તેમાં એક બધુ, એક ગુરુ અને ફરી એક બધુ આવે છે

૨. પું. વિરાટ રાજાનો એ નામનો ભાઈ.

૩. વિ. વિજય જેને પ્રિય હોય એવું.

જયાપ્રદા [સં.] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

જયજયકાર પું. ૪. હનુમાનજીના ભક્તો પરસ્પર મળે ત્યારે અથવા વિખૂટા પડે ત્યારે બોલાતો 'હનુમાનજીનો જય હો' એમ સૂચવતો શબ્દપ્રયોગ

જયજયકારીવિશાલ પું. ૪. બદ્રીકેદારની યાત્રાએ જતા યાત્રાળુઓ 'બદ્રીનાથનો જય હો' એમ ઉચ્ચારે છે તે શબ્દપ્રયોગ.

જયભારતી ન. 'ભારતનો જય હો' એવું સૂચવનાર શબ્દપ્રયોગ. રાષ્ટ્રવાદીઓ તે નમસ્કાર અર્થે વાપરે છે.

જયમંગલમાન [સં.] ન. ઋષિત સભંપી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

જયમલ્હાર [સં.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એ નામનો એક રાગ. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

જયમંગલ ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, વસરસ. તે ઉષ્ણિક્ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

૨. પું. નાભિ, કંઠ, ગાલ, નાક, ચારે પગ અને કપાળમાં જોને ત્રણ ભમરા હોય એવો ઘોડો. તે બધો શુદ્ધ ગણાય છે.

૩. પું. રાજાને બેસવાનો ઉત્તમ હાથી.

૪. પું. (સંગીત) સંગીત પ્રસિદ્ધ એક પ્રબંધ. તે શૃંગાર અને વીરરસમાં આવે છે.

૫. ન. જય અને મંગળ; જીત અને કલ્યાણ. જયમંગલ પ્રિય માતૃભૂમિનું અભયદીએ. ભક્તિ

૬. ન. બિહાર પ્રાંતમાં મહા નદીને કિનારે આવેલ એ નામનું એક ગામ. આ યુધિષ્ઠિર શક ૨૧૧૦માં વૈશાખ સુદિ ૧૫ રવિવારે કુમારિલ ભટ્ટાચાર્યનો જન્મ થયો હતો.

૭. ન. મહાભારતનું મંગળાચરણ.

જયમંગલરસ [સં.] પું. (વૈદક) બધી જાતના તાવનો નાશ કરનાર બનાવું એક ઔષધ.

જયમંગળ જુઓ જયમંગલ.

જયમાલ ૧. [સં. (જીત) + માલ (માળા)] સ્ત્રી. વિજયના અભિનંદન માટે ગળામાં નાખવાનો ફૂલહાર; વિજયની માળા.

૨. સ્ત્રી. સ્વયંવરમાં કન્યા પોતાના પસંદ કરેલા પતિની ડોકમાં પહેરાવે તે માળા.

જયમાળ જુઓ જયમાલ.

જયમાળા જુઓ જયમાલ.

જયમુખ [સં.] પું. (સંગીત) ચતુસ્ર જાતિનો બત્રીસ માત્રાનો એક તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, ૨૧, ૨૫ માત્રા ઉપર આવે છે.

જયયજ્ઞ [સં.] પું. દિગ્વિજય કરી આવી કરાતો અશ્વમેધ યજ્ઞ.

જયરસ [સં.] પું. એક જાતની ઔષધની બનાવટ. તે બનાવવા પારો, ગંધક, હિંગળો અને નેપાળો એ વસ્તુઓ અનુક્રમે ૧, ૨, ૩, ૪ ભાગ લઈ દરીખૂણાના કાંદામાં બરલ કરી એક રતી પ્રમાણે ગોળી કરવી. તે સવારે સાકરમાં લઈ ઉપર ૪ ચમચી પાણી પીવાથી શીતજ્વર એક દિવસમાં દૂર થવાનું મનાય છે.

જયરાત [સં.] પું. (પુરાણ) કૌરવ પક્ષના ભાનુમત રાજાનો એ નામનો ભાઈ. તેને રાત્રિ યુદ્ધમાં ભીમસેને માર્યો હતો.

જયલેખ [સં.] પું. વિજય દર્શાવતો પત્ર.

જયવાકની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. વિ. જુઓ જય પોકારનારી

જયવંત ૧. જુઓ. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. [સં.] વિ. જીતવાળું, વિજયી.

જયવારા પું. લાભ; નફો; ફાયદો.

જયવાહિની ૧. [સં.] સ્ત્રી છંદાણી; રાણી.

૨. વિ. સ્ત્રી. જીત અપાવનારી.

જયવિજય ૧. પું. (જ્યોતિષ) એ નામનો બે તારાનો સમૂહ.

૨. પું. (પુરાણ) વિષ્ણુના એ નામના બે દ્વારપાળ. સનકાદિકના શાપને લીધે તેઓ વૈકુંઠથી નીચે પડી અસુર યોનિને પ્રાપ્ત થયા હતા.

જયવિજયમલ્લિ પું. નાકર યુગનો એ નામનો એક કવિ.

જયશબ્દ [સં. જય (જીત) + શબ્દ (અવાજ)] પું. વિજયનો અવાજ; જીતની ઘોષણા.

જયશંકર ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. ન. ઉપમન્યુરચિત શંકરનું એક સંસ્કૃત સ્તોત્ર. તેનું વિહારીકૃત ભાષાંતર એમ છે કે:

જયશંકર પાર્વતીપતિ
ચંદ્રશિરેખા ગુણ કંઠ શોભતી,
ત્રિનયનાત ફણાસુખાનિધિ
ત્રિપદવિલાસ અનંગના અરિ.
દુઃખ મૂળથી જે મીટ વળી
કહેવું શું મહીં શંકર ભળી,
રમરમે પ્રભુ તાંડ નિર્ભળુ
કહેવું શું સ્તુતિ સાચ તે બળવું ?
વિષપાન પીયૂષ તો ય તું
ફેંદમાણી તદપિ પવિત્ર તું,
જન છો જગસમ સંતના
સમદર્શી સમદૃષ્ટિ ના છતાં.
ગજચર્મધારી ન તો ય ગજ કો
દદવૈરાગી છતાં ય રાગી છો,
નીખધારી છતાં મહા પ્રભુ
તુજ વિચિત્ર ચરિત્ર જા વિભુ.

૩. ન. પ્ર. 'શંકરનો જય હો' એવો શબ્દપ્રયોગ.

જયશાલ પું. યાદવ વંશનો એ નામનો એક રાજા. તે મોટો કુંવર હોવા છતાં પહેલાં તેને રાજગાદી મળી ન હતી, પણ પોતાના નાના ભાઈના મરણ પછી તેણે શાહબુદ્દીન ઘોરીની મદદ લઈ પોતાના ભત્રીજા જોજદેવને મારી રાજગાદી મેળવી હતી. ત્યારબાદ સંવત ૧૨૧૨માં તેણે જેસલમેર શહેર વસાવ્યું અને ત્યાંનો કિલ્લો બંધાવ્યો

જયશાલિની [સં.] સ્ત્રી. સીતા.

જયશાલી [સ. જય (જીત) + શાલિન્ (વાળું)] વિ. સદા જીત મેળવનાર; કદી ન હારનાર; હંમેશા વિજયી; વિજયવંત; કૃતેહમદ.

જયશાળી જુઓ જયશાલી.

જયશિખરી પું. વનરાજ ચાવડાના પિતા. કન્યા રત્ન નામક પંચાસરમાં આઠમા સૈકામાં તે રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ રૂપસુંદરી હતું. કલ્યાણના જુવઠ રાજાએ તેની સામે ચડી આવી પંચાસર ઉપર હલ્લો કર્યો હતો. ગર્ભવતી રાણીને વનમાં ઓકલાવી દઈ તે રાજા લડાઈમાં બહાદુરીથી મર્યો હતો.

જયશ્રી ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક રાગ.

૨. પું. (સંગીત) ચતુસ્રજાતિ બત્રીસ માત્રાનો એક તાલ. તેનાં તાલસ્થાન ૧, ૯, ૧૩, ૨૧, ૨૫ માત્રા ઉપર છે.

૩. સ્ત્રી. વરદા; આબરૂ, કીર્તિ.

૪. સ્ત્રી. વિજયની અધિષ્ઠાત્રી દેવી.

૫. સ્ત્રી. વિજયરૂપી લક્ષ્મી. વિજય; જીત.

૬. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક રાગણી. તે સંધ્યા સમયે ગવાય છે.

૭. ન. અયોધ્યાથી થોડે દૂર આવેલું એ નામનું એક ગામ. લાંના સદ્યોધ નામના બ્રાહ્મણને મત્સ્યેંદ્રનાથે ગોરખનાથ નામનો દીકરો પોતાના યોગબળથી આપ્યો હતો

જયશ્રીકૃષ્ણ [સં.] ઉ. પ્ર. 'શ્રીકૃષ્ણનો જય હો' એમ સૂચવતો વૈષ્ણવોમાં અરસપરસ અભિવાદન માટે વપરાતો શબ્દપ્રયોગ; જેશ્રીકૃષ્ણ.

જયશ્રીરંગ ઉ. પ્ર. 'શ્રીરંગ ભગવાનનો જય હો' એમ સૂચવતો અરસપરસ અભિવાદન માટે વપરાતો શબ્દપ્રયોગ.

જયસચ્ચિદાનંદ ઉ. પ્ર. 'સત્ ચિત્ અને આનંદ રૂપી તત્ત્વોનો જય હો' એમ સૂચવતો શબ્દપ્રયોગ.

જયસત્તાઈ ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જયસંહિતા [સં.] સ્ત્રી. વીરકાવ્ય; જય ગાતું મહાકાવ્ય. 'એપિક.'

જયસામર્થ્ય [સં. જય (જીત) + સામર્થ્ય (બળ)] ન. વિજય મેળવવાની શક્તિ.

જયસિંહ ૧. પું. એ નામનો એક પ્રસિદ્ધ નાટ્યકાર.

૨. પું. જયપુરનો એ નામનો એક રાજા.

જયસિંહકલ્પદ્રુમ ન. એ નામનું એક ધાર્મિક પુસ્તક. તે મહારાજા જયસિંહની આજ્ઞાથી રત્નાકર દીક્ષિતજીએ લખેલ છે. તેમાં હેમાદ્રિ, મદનરત્ન, માધવીય વસિષ્ઠ સિદ્ધાંત, સ્મૃતિસાગર, વિષ્ણુધર્મોત્તર, દીપિકા, ગૃહ્યપરિશિષ્ટ, બ્રહ્મસિદ્ધાંત, નિર્ણયામૃત, મત્સ્યપુરાણ ઉપરાંત વસિષ્ઠ, વિશ્વામિત્ર, પરાશર, ગૌતમ, મરીચિ, જાતાતપ, ભાર્ગવ, દેવલ, શાટ્યાયનિ, કાશ્યપિનિ, શંખ વગેરે મહર્ષિનાં વાક્યો સમજાવ્યાં છે.

જયસેન ૧. પું. (પુરાણ) અવંતીનો એ નામનો રાજા તેની મિત્રવિંદા નામની કન્યાને શ્રીકૃષ્ણ પરણ્યા હતા.

૨ પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના અઢીસ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સંકૃતિ હતું.

૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના જહ્નુકુળમાં જન્મેલ સાર્વભૌમ રાજાનો પુત્ર. એને રાધિક નામનો પુત્ર હતો

જયસ્તંભ [સં. જય (જીત) + સ્તંભ (થાંભલો)] પું. વિજયનો થાંભલો; જીતનું સ્મારક; કીર્તિસ્તંભ; કિલ્લાની બાહ્યદીવાલમાં બાંધેલો સ્તંભ.

જયસ્થાન ૧. [સં. જય (જીત) + સ્થાન (જગ્યા)] ન. જીતનું ઠેકાણું.

૨. ન. મલ્લવિદ્યામાં જણાવેલ મલ્લના પાંચ માર્મિક એક સ્થાન.

જયસ્મારક [સં. જય (જીત) + સ્મારક (બાંધણીનું ચિહ્ન)] ન. જીત મેળવ્યાનું ચિહ્ન

જયસ્વામીનારાયણ વા. પ્ર. 'સ્વામીનારાયણનો જય હો' એમ સૂચવતો અભિવાદન માટે વપરાતો એક શબ્દપ્રયોગ.

જયસ્વાલ ૧. સ્ત્રી. એ નામની કલાલની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જયહિંદ વા. પ્ર. 'હિંદનો જય હો' એવું સૂચવનાર શબ્દપ્રયોગ. આવો પ્રયોગ ગુજરાતી ભાષામા સૌથી પ્રથમ કવિ નર્મદે કર્યો હતો. જેમકે, જય જય ગરવી ગુજરાત! પછી તો તેનું અનુકરણ થતું જ ગયું. જેમકે, જય જય સુંદર સૌરાષ્ટ્ર, જય ભારતી! જય ભારતી! અમીઝરણાં વરસાવતી જય ભારતી!

જયંત ૧. [સં.] પું. ઇંદ્રના પિતાનું નામ.

૨. પું. ઇંદ્રના પુત્રનું નામ. તેણે કાગડાનું રૂપ ધારણ કરી પોતાની ચાંચ વડે સીતાજીને ઘાયલ કર્યાં હતાં, ત્યારે રામે તેના ઉપર બાણ છોડ્યું ત્યારે તે પોતાના પ્રાણ બચાવવા ત્રણ લોકમાં ભાગ્યો હતો, પણ કોઈએ તેને આશ્રય આપ્યો નહિ. છેવટે હારીને તે રામને શરણે ગયો. રામે તેનો પ્રાણ ન લીધો પણ એક આંખ ફોડી નાખી

૩. પું. (પુરાણ) એ નામનો અગિયારમો આદિત્ય

૪. પું. (પુરાણ) એક જાતનો રુદ્રગણ

૫. પું. એક પર્વતનું નામ.

૬. પું. ચંદ્ર.

૭. પું. જમ્બુદ્વીપનાં ચાર માંહેનું પશ્ચિમ દિશાનું દ્વાર.

૮. પું (પુરાણ) દશરથના આઠ માંહેનો એ નામનો એક પ્રધાન.

૯. પું. (પુરાણ) ધર્મ ઋષિને મરુત્વતીને પેટે થયેલ બે માંહેનો એ નામનો એક પુત્ર.

૧૦. પું. મ્રુપદના યોગ માંહેનો એક પ્રકાર. તેના દરેક પદમાં અગિયાર અક્ષર હોય છે.

૧૧. પું. ફલિત જ્યોતિષનો એક યોગ.

૧૨ પું (પુરાણ) ભારત યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

૧૩. પું. વિરાટ નગરમાં કપટવેશ ધારણ કરી રહેલ ભીમ.

૧૪. પું. વિષ્ણુનાં કલ્પાંતર માંહેનું એક નામ.

૧૫. પું (પુરાણ) વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ

૧૬. પું. (પુરાણ) શિવ; મહાદેવ.

૧૭. પું સ્કંધ; કાર્તિકેય.

૧૮. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળિયા પાણીમા વાટી ચીકીના ડંખ ઉપર લેપ કરવાથી ઝેર ઊતરી જતું મનાય છે

૧૯. ન. જયના આકારનું ચાંદું.

૨૦. ન. (જૈન) ચાર અનુત્તર માંહેનું એક વિમાન. તેમા જે દેવો રહે છે તે દ્વિચરમ એટલે અધિકમાં અધિક બે વાર મનુષ્ય જન્મ ધારણ કરી મોક્ષ પામે છે

૨૧. સ્ત્રિ. વિજયી; જય મેળવનાર.

૨૨. વિ. બહુરૂપી; અનેક રૂપ ધારણ કરનાર.

જયંતપૂર [સં.] ન. એક પ્રાચીન નગરનું નામ. તે નિમિરાજે વસાવ્યું હતું અને ગૌતમ ઋષિના આશ્રમ પાસે આવેલું હતું.

જયંતિક જુઓ જયંતિકા ૧.

જયંતિકા ૧. [સં.] સ્ત્રી. અરણી. તેના મૂળિયાં પાણીમાં વાટી ચીંકીના ડંખ ઉપર ચોપડવાથી ઝેર ઊતરી જતું મનાય છે. સોજા ઉપર તેનો લેપ કરવાથી સોજો પણ ઊતરી જાય છે. કોઈ પણ જાતના ઝેરને લીધે બોદી બગડવું હોય તો આ વનસ્પતિ આપવાથી સોદી શુદ્ધ થાય છે.

૨ સ્ત્રી. જયંતી; દુર્ગાદેવીની એ નામની એક સખી

૩. સ્ત્રી. દોડી

જયંતી ૧. [સં.] સ્ત્રી. અરણી.

૨. સ્ત્રી અશ્વમેધના ઘોડાના કપાળે બંધાતી દાથી. સિદ્ધ વગેરેના ચિત્રવાળી દિગ્વિજય પતાકા.

૩. સ્ત્રી. ઇંદ્રની પુત્રી; ઋષભદેવની સ્ત્રી. ભરત વગેરે ૧૦૦ પુત્રો તેના હતા.

૪. સ્ત્રી. એક જાતનું ઝાડ; આયુષ્યમિણી. તેની સિંગનાં બીજ ઊતેજક અને સંશોધક હોય છે અને હરસની બિમારીમાં દવા તરીકે વપરાય છે

૫. સ્ત્રી. ગૌરી; પાર્વતી; દુર્ગા.

૬. સ્ત્રી. ષડ્‌પક્ષ; ષડ્‌વરસ્યા.

૭ સ્ત્રી. જન્માષ્ટમી

૮. સ્ત્રી. જ્યોતિષ પ્રસિદ્ધ એક યોગ. જ્યારે શ્રાવણ માસની અંધારી આઠમની અર્ધી રાતના પ્રથમ તથા છેલ્લા ઇંડામાં રોહિણી નક્ષત્ર હોય ત્યારે આ યોગ થાય છે.

૯. સ્ત્રી દુર્ગાદેવીની એ નામની એક સખી.

૧૦. સ્ત્રી (જૈન) પખવાડિયાની પંદર માંહેની નવમી રાત્રિનું નામ.

૧૧. સ્ત્રી. પુનર્વસુ નક્ષત્રના યોગવાળી બારશ; મહાબારશ.માંની એક.

૧૨. સ્ત્રી. (પુરાણ) પુરંદર નામના ઇંદ્રની કન્યા; વારુણિ ભૃગુના પુત્રોમાંના શુક્ર નામના પુત્રની સ્ત્રી. આ શુક્ર રૂપવર્ણા દાનવના સમયમાં તેનો પુરોહિત હતો શુક્રથી જયંતોને દેવયાની નામની કન્યા થઈ હતી

૧૩. સ્ત્રી ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો ડાબો સાથળ પડ્યો હતો.

૧૪. સ્ત્રી. મહાત્માની જન્મતિથિનો ઉત્સવ

૧૫. સ્ત્રી. મહાન વ્યક્તિનો જન્મદિવસ.

૧૬. સ્ત્રી (જૈન) મહાવીર સ્વામીની એ નામની એક મોટી સાધ્વી.

૧૭. સ્ત્રી. ભાદરવા મહિનાની શુક્લપક્ષની સાતમ.

૧૮. સ્ત્રી. યુદ્ધ, વિવાદ વગેરેમાં વિપક્ષીનો પરાભવ; જીત.

૧૬. સ્ત્રી. કળદર.

૨૦. વિ. સ્ત્રી. જય આપનારી; વિજયિની.

જયંતીદિન પું. જયંતી ઊજવવાનો દિવસ.

જયંતીનગર ન. (પુરાણ) એ નામનું એક શહેર. સાતા વિદૂરથ રાજાને ત્યાં આમલકી એકાદશીના પ્રભાવથી વસુરથ નામનો દીકરો થયો હતો.

જયંતપુર ન. એ નામનું એક નગર.

નિમિ રાજાએ બ્રાહ્મણોના હિતને સારૂ ગૌતમ મુનિના આશ્રમની પાસે જયંતપુર નામનું નગર વસાવ્યું હતું. જમતી ભાગવત

જયંત્યુત્સવ પું. એ નામનો એક મહોત્સવ. માગશર સુદિ છઠને દિવસે દક્ષિણમાં આ ઉત્સવ ઊજવાય છે.

જયા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને કેટલા છંદ પણ કહે છે. તેમાં જગણ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. અરણીનું ઝાડ; અગ્નિમંથ વૃક્ષ.

૩. સ્ત્રી. એ નામની એક દેવી. એનું સ્થાન વરાહપોલમા છે.

૪. સ્ત્રી. એ નામની દુર્ગાની એક શક્તિ.

૫. સ્ત્રી. એક જાતની ભીંડાર્ક.

૬. સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાંદડાં ત્રિકોણાકૃતિ હોય છે. તેનો રસ તીખો અને કડવો હોય છે. પારો જારવા માટે તે ઉપયોગી છે.

૭. સ્ત્રી. એક પ્રકારનો વાવટો; પતાકા.

૮. સ્ત્રી. એક પ્રત્યંગ તાતુવાદ્ય.

૯. સ્ત્રી. કાળી પ્રોપડ.

૧૦. સ્ત્રી. (પુરાણ) કુશાશ્વ પ્રજાપતિની એ નામની કન્યા.

૧૧. સ્ત્રી. ખપટનો છોડ.

૧૨. સ્ત્રી. (પિંગળ) ચાર માત્રાની એક જાતની વાવડી. તેને ત્રણ મુખ અને નવ ખડ હોય છે.

૧૩. સ્ત્રી. જયંતી વૃક્ષ.

૧૪. સ્ત્રી. જયા પુષ્પ.

૧૫. સ્ત્રી. નવસૂત્ર.

૧૬. સ્ત્રી. (જ્યોતિષ) જેના બંને છેડા પરિઘને અડકેલા હોય પણ વર્તુળના મધ્યબિંદુમાંથી તે નીકળેલી ન હોય તેવી લીટી.

૧૭. સ્ત્રી. (જૈન) બીજ, આઠમ અને તેરશની રાત્રિનું નામ.

૧૮. સ્ત્રી. દુર્ગા; પાર્વતી; જગતનું કલ્યાણ કરવાવાળી શક્તિ. શંકરની અર્ધાંગના માટે તે જગતની માતારૂપ છે અને તેથી તેને જયા કહે છે.

૧૯. સ્ત્રી. દુર્ગાની એક સહચરીનું નામ.

૨૦. સ્ત્રી. નિશાની.

૨૧. સ્ત્રી. પત્ની.

૨૨. સ્ત્રી. પાર્વતીનું એક નામ.

૨૩. સ્ત્રી. પુષ્ય નક્ષત્રના યોગવાળી બારશ. તે જયા કહેવાય છે

૨૪. સ્ત્રી. બંને પખવાડિયાંની બીજ, આઠમ અને તેરશની તિથિ.

૨૫. સ્ત્રી. જાંઘ.

૨૬. સ્ત્રી. માઘ માસની સુદિ અગિયારશ.

૨૭. સ્ત્રી. હરીતકી.

૨૮. સ્ત્રી. શિવશક્તિનું નામ. શિવ પોતે નિરાકાર છે. તેની પ્રજ્ઞા માયારૂપ કિંવા શક્તિરૂપ છે તે સર્વત્ર જય કરવાથી જયા કહેવાય છે.

૨૯. સ્ત્રી. સીતાના ગર્ભવતી માતાનું એક નામ.

૩૦. સ્ત્રી. સોમ માતૃની એ નામની એક માતૃકા.

૩૧. સ્ત્રી. હરડે.

૩૨. વિ. સ્ત્રી. જય કરાવનારી; વિજય દેનારી.

૩૩. [સં. અવ્ય] અ. (પ્રાકૃત) જ્યારે; જે વખતે

જયા એકાદશી [સ] સ્ત્રી. માઘ સુદિ એકાદશી. આ એકાદશીના વ્રતથી માલ્યવાન નામના ગાંધર્વ તથા પુષ્પવતી નામની અપ્સરાએ પડેલા શાપ ઉપર જય મેળવ્યો હતો તેથી તેનું નામ જયા એકાદશી પડ્યું. આ એકાદશીનું વ્રત કરવાથી પિશાચ યોનિમાંથી મુક્તિ મળે છે, પિશાચત્વ કદી પ્રાપ્ત થતું નથી. આ એકાદશી પાપનું હરણ કરી મોક્ષપ્રાપ્તિ કરાવનારી છે. આકરા પંદર રાજા અપ્સરા અને ગાંધર્વ સમેત નાગલોકમાં આનંદ નહનવનમાં દેવલોક કરતા આવ્યો. એ સમયે પુષ્પવતી નામની અપ્સરા માલ્યવાન નામના ગાંધર્વ ઉપર મોહ પામી અને હાવભાવથી તેને વશ કર્યા. ઇંદ્ર સમક્ષ જયા ગાંધર્વનું ગાયન થતાં માલ્યવાન પણ જોડો પણ ક્રમભાંગ્યો થયેલો પ્રેમી શુદ્ધ ગાઈ શક્યો નહિ. ઇંદ્રદેવે બંનેનો મિત્ર પારખી લીધાં. પોતાનું અપમાન થયેલું જાણી ઇંદ્રે બંનેનો પિશાચ જન્મ થશે એવો શાપ આપ્યો. આ શાપ થતાં જ બંને સ્વર્ગલોકમાં હિમાલય પર્વત ઉપર પિશાચ થયાં. આ યોનિમા તેઓ અત્યંત દુ ખી થયા. પરિતાપ પામેલા બંનેએ કરેલ વડે અહાકષ્ટ તેમાંને ભોગવવાં પડ્યા. ગંધ, રસ, સ્પર્શ, નિદ્રા વગેરે સુખથી તેઓ વિમુખ હતા. તેમના શુભ દિવસે માઘ સુદિ અગિયારશને દિવસે તે બંનેએ કાંઈ આહાર કર્યા નહિ, કોઈનો પણ હિંસા કરી નહિ. દુ:ખથી પીડાતા બંને પિશાચોએ રાત્રિ જાગરણના ઝાડ નીચે ગાળી. આ વ્રતના પ્રભાવે વિષ્ણુએ પ્રસન્ન થઈ તેમને વિમાન મોકલ્યું. તેઓનું પિશાચત્વ નષ્ટ થયું અને પૂર્વ રૂપ પ્રાપ્ત થયું. વિમાનમાં બેસી બંને ફરી ઇંદ્રલોકમાં આવ્યા. આવી રીતે ઇંદ્રના શાપ ઉપર જય મેળવી બંનેને પુનઃ સ્વર્ગસુખ પ્રાપ્ત થયું.

જયાચાર પું. જય મળે તેવો આચાર; જય પ્રસંગે કરાતો આચાર.

જયાજય [સં. જય + અજય] પું. હારજીત; વિજય અને હાર; જય અને અજય.

જયાજયંત ન. એ નામનું કવિ નાનાલાલકૃત એક નાટક.

જયાતિથિ સ્ત્રી. બીજ, આઠમ અને તેરશ એ ત્રણ તિથિ

જયાદિત્ય પું. કાશ્મીરના એક પ્રાચીન રાજાનું નામ. તે કાયિકારનિનો કર્તા હતો.

જયાદ્વય [સં.] સ્ત્રી. અરણી અને હરડે; જયંતી અને હરડે.

જયાન ન. નુકસાન.

જયાનંદ પું. (જોષ) ચોરાસી માહેનો એ નામનો એક સિદ્ધ.

જયાનંદ [સં.] પું. જીતવાથી થયેલો આનંદ; વિજયાનંદ; વિજયનો આનંદ.

જયાનીક ૧. [સં.] પું. (પુરાણ) દ્રુપદ રાજાનો એ નામનો એક દીકરો.

૨. પું. રાજા વિરાટના એક ભાઈનું નામ.

જયાપત્ર [હિ.] પું. લિખિત અને સીલ કરેલ દસ્તાવેજ.

જયાપાર્વતી ૧. સ્ત્રી. દુર્ગા દેવી.

૨. જુઓ જયાપાર્વતીવ્રત.

જયાપાર્વતીવ્રત ૧. ન. અષાઢ સુદિ બીજથી અષાઢ સુદિ આઠમ સુધી પાંચ દિવસ કરાતું એક વ્રત. આ વ્રતના દિવસોમા એક જ જાતનું ભોજન અને એક જ વખત જમવાનું હોય છે. હમેશા જયાપાર્વતીની પૂજા કરવામાં આવે છે.

૨. ન. સાભ્રમતી નદીઓનું એ નામનું એક વ્રત. આ વ્રતના હેતુ અખંડિત સૌભાગ્ય, સતતિ અને સદ્ગતિની પ્રાપ્તિનો હોય છે. તે મોળાકતને મળતું જ છે, પણ તે સુવાસિની સ્ત્રીએ જ કરવાનું હોય છે. તે અષાઢ સુદિ તેરશથી અષાઢ વદિ બીજ સુધી આચરવામા આવે છે. તના વિધિ જુદો જુદો માલૂમ પડે છે. કેટલેક સ્થળે દર વરસ પાંચ એકટાણાં મીઠા વગરના ભોજન કરે છે અને કેટલેક સ્થળે પહેલે વર્ષે ઘઉંનું ભોજન, બીજે વર્ષે ચણાનું અન, ત્રીજે વર્ષે ચોખાનું અન, ચોથે વર્ષે મગનું અન અને પાંચમે વર્ષે મોળું અન લઈ પાંચેય

ઓઢાણાં કરે છે. તે દરમિયાન સિંધ પાર્વતીજીનું પૂજન કરવામાં આવે છે, જુવારા પૂજે છે અને છેલ્લે દિવસે જગરણ ધામધૂમપૂર્વક દર વર્ષે કરવામાં આવે છે. છઠ્ઠે વર્ષે ઉજવણું કરે છે.

જયાપીડ (જયાપીડ) [સં.] પું. કાશ્મીરનો એ નામનો એક રાજા. તે ઈ. સ.ના આઠમા સૈકામાં થઈ ગયો. તે એક વાર દિગ્વિજય કરવા નીકળ્યો હતો, પણ રસ્તામાં સૈનિકો તેને છોડીને ભાગી ગયા હતા. આથી તે પ્રયાગ ચાલ્યો ગયો અને ત્યાં તેણે હહહહહ ઘોડાનું દાન કર્યું.

જયાફત ૧. [અ. જિયાફત (મહેમાની)] સ્ત્રી. ઉજાણી; વનભોજન.

૨. સ્ત્રી. મહોત્સવ.

૩. સ્ત્રી. મિજબાની.

જયામલ ન. એ નામનું એક ક્ષત્રિયકુળ.

જયામિતિ ૧. [સં.] સ્ત્રી. (ગણિત) ગોળની લંબાઈ તથા જયા ને બાણ વચ્ચેના ક્ષેત્રફળ કાઢવાની રીતિ

૨. સ્ત્રી ભૂમિતિ; 'જ્યોમેટ્રિ.'

જયારત સ્ત્રી. મુસલમાનોમાં મરહુમને ત્રીજે દિવસે થતી ક્રિયા; જરત; જિયારત.

જયાવતી ૧. સ્ત્રી. (સંગીત) એક સંકર રાગિણી. તે ધવલશ્રી મિલાવવા અને સરસ્વતીના યોગથી બને છે.

૨. [સં] સ્ત્રી. કાર્તિકેયની એક માતાનું નામ

જયાવરયા સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર મહિનાની એક અવસ્થા.

જયાવહ ૧. ન. (સિદ્ધ) ચટ્ટાઈવાળું એક જાતનું ચતુઃશાળ ઘર.

૨. વિ. વિજય કરનાર.

જયાવહા [સં.] સ્ત્રી. ભદ્રલતીનું ઝાડ.

જયાશ્રયા [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ; જરડી ઘાસ.

જયાસૈ ૧. [સં.] પું. (પુરાણ) જયાનીકનો એ નામનો ભાઈ. એને પણ અશ્વત્થામાએ માર્યો હતો.

૨. પું. રાજા વિરાટના એક ભાઈનું નામ.

જયિત વિ. વિજયી.

જયિષ્ઠ પુ. ઘ. ન. ઉત્તમ સિક્કા; બરાબર વજનના ચોખ્ખા સિક્કા.

જયિની વિ. સ્ત્રી. જય મેળવનારી.

જયિષ્ણુ [સં.] વિજય પામનાર, વિજયવાળું; જયશીલ.

જયી વિ. જય મેળવનાર; વિજયી; કુતેહબંદ.

જયીપણું ન. જીતવા જેવું કે જિતાય એવું હોવાપણું.

જયેતી [સં.] સ્ત્રી. (સંગીત) ગૌરી અને જયંતશ્રીના યોગથી થતી એક સંકર રાગિણી. તે સામંત, લલિત અને ધૂરિયા અથવા ટોડી, સહાના અને બિલાસના યોગથી પણ બની શકે છે.

જયેશ પું. (પુરાણ) વિરાટનગરમાં ગુપ્તવાસ સમયે રાખેલું ભીમસેનનું નામ.

જયેશ્વર પું. શંકર; શિવ.

જયેંદ્ર [સં.] પું. કાશ્મીરના રાજા વિજયનો એ નામનો પુત્ર. તે અજનનબાહુ હતો.

જયોચ્ચાર પું. જય એવો ઉચ્ચાર.

જયોત્સવ પું. જીતને લગતો ઉત્સવ.

જય્ય ૧. [સં] પું. જય; જીત.

૨. વિ. જિતાય એવું.

૩. વિ. જીતવા જેવું.

જય્યત્વ જુઓ જય્યતા

જય્યતા ૧. [સં.] સ્ત્રી. જીતવાની શક્તિ.

૨. સ્ત્રી. જીતવાને સુલભપણું.

જર ૧. પું. (પુરાણ) એ નામનો એક શિકારી. તેણે શ્રીકૃષ્ણ અવતાનના પગના તળિયામાંનું પદ્મ જોઈ, તેને મૃગની આંખ ધારી. શ્રીકૃષ્ણને મૃગ સમજી બાણ મારી ઘાયલ કર્યા હતા.

૨. [સં. જ્વર] પું. (પ્રાકૃત) તાવ; જ્વર.

૩. [ફા. જર (સોનું)] પું. દોલત; ધન; પૈસો; રોકડનાણું.

૧. જર હોય ત્યાં સો કર = પૈસો હોય તો બધું થઈ શકે છે.

૨. જર, જમીન અને જોરુ એ ત્રણે ઝઘડાનાં કારણરૂપ છે.

૩. જર દેખી મુનિવર ચલે = પૈસાથી સૌ કોઈ લોભાય છે.

૪. પું. કાચી ધાતુમાં અશુદ્ધ ઉપર લગાતો ઝગર નામનો લઘુ ક્ષાર.

૫. પું. વિનાશ; નાશ.

૬. પું. સોનારૂપાના તારનું રેશમ વગેરે સાથે કરેલું વસ્ત્રતર; કસબ; સોનારૂપાના તારનો વણાટ.

૭. સ્ત્રી. ઓર; મેલી.

૮. સ્ત્રી જરા; ઘડપણ; વૃદ્ધાવસ્થા

૯. સ્ત્રી. જળો; પાણીમાં રહેનો એક જીવડો

૧૦. ન. (જૈન) એક જાતનું કર્મ. તેથી પાપ, પુણ્ય, ક્લેશ, ત્રાસ, દ્વેષ વગેરે સર્વ શુભાશુભ કર્મનો નાશ થાય છે.

૧૧. વિ. ઘસાઈ ગયેલું; છર્યું ઝર્યું ગયેલું; જર્જર.

જરકટી પું. એક જાતનું શિકારી પક્ષી.

જરકલો સ્ત્રી. ચકલી.

જરકલો પું. ચકલો.

જરકસ ૧. [ફા.] વિ. સોનારૂપાનો તાર; કસબ

૨. વિ. કસબી જરતવાળું.

જરકસ જુઓ જરકસ.

જરકસી [ફા.] વિ. કસબી· સોનારૂપાના તારની ભૂંજણી, જરત કે વસ્ત્રતર ભોમ તેનું; કસબના જરતવાળું; સુતરાઉ કે રેશમી કપડા ઉપર કસબના જુદા અથવા ભેગ પાડેલાં ભોમ તેનું.

જરકી સ્ત્રી. મજૂરો; જરાદી ઝાટી જાય એવું કાચું વણાટકામ.

જરકો સ્ત્રી. એક જાતની માછલી.

જરકોસ પું. હલકી ધાતુના તારનો બનાવટી વણાટ; જૂનો કે હલકો કસબ.

જરકોસી વિ. જૂના કે હલકા કસબવાળું.

જરખ ૧. ન. ગધેડા જેવડું પણ અત્યંત આળસુ અને ગંદુ એક જંગલી હિંસક પ્રાણી. તે રાત્રે અહાર નીકળી કચ્છ-રાજસ્થાન વગેરેમાં ફરે છે. ચોરમાંથી માણસ વગેરેનાં મુડદાં ખેંચી કાઢી ખાઈ જાય છે. કોઈ વાર મુંજેલાં પગ અને ઊંઘતાં નાનાં જાનવરને તે ચસકી જાય છે. તેના દાંત એટલા મજબૂત હોય છે કે તે હાડકાં પણ ખાઈ શકે છે.

૨. ન. ચોરખોદિયું.

જરખરીદ ૧. [ફા. જર (સોનું) + ખરીદન (વેચાતું લેવું)] સ્ત્રી વેચાતી લીધેલી વસ્તુ.

૨. વિ. વેચાતું લીધેલું.

જરખિયો જુઓ જરકી.

જરખેજ જુઓ જરખોજ.

જરખોજ [ફા.] વિ. ફળદ્રુપ; રસકસવાળું; સારી ઉત્પાદન શક્તિવાળું.

જરખોજી [ફા. જરખોજ] સ્ત્રી. ફળદ્રુપતા; રસકસ.

જરગા ન. ઘોડાને ખાવાનું ઘાસ.

જરગુના ન. સોનેરી ઝાંટવાળો એક જાતનો પિરોજ એક જાતનું રત્ન.

જરગો ૧. પું. ઘરડો માણસ; વૃદ્ધ; પાકલ ઉમરનો પુરુષ.

૨. પું. ચોરખોદું; જરખ.

૩. પું. પોદિયો.

જરજ ન. સાકના ઉપયોગનું એક જાતનું કંદ.

જરજર ૧. [સં. જર્જર] પું. ઉંદરનો થાવડો.
૨. વિ. જીર્ણ; ઘસાઈ ગયેલું; જૂનું; ખખળી ગયેલું.
૧. જરજર થઈ જવું = ઘસાઈ જવું, બહુ જ જીર્ણ થઈ જવું.
૨. જરજરી જવું = જીર્ણ થઈ જવું; ગાડી જવું; આણુ થઈ જવું

જરજરિયન જુઓ જરજરિયાન.

જરજરિયાન ૧. [ફા.] ન. ઝવેરી જરતકામ.
૨. ન. રોકડ પૈસો અને ઘરેણાબાંધી; ઘરેણા અને જરકસી કીમતી કપડા વગેરે; પૈસા, ઘરેણા વગેરે કીમતી વસ્તુઓ.
૩. વિ. કીમતી; મોંઘુ; જોખમનું કોપ જેવું.

જરજરિયું [સં. જર્જરિત] વિ. ઘસાઈ ગયેલું; જીર્ણ થઈ ગયેલું; જરજરિયું.

જરજરીઆ જુઓ જરજરિયાન.

જરજરૂં જુઓ જરજરિયું.

જરજોખમ ન. પૈસા વગેરે જોખમની અને કીમતી વસ્તુઓ; સલામતી સાચવવા કે રક્ષણ કરવા જોગ વસ્તુ.

જરજોખો જુઓ જરજોખમ.

જરઝી સ્ત્રી. એક જાતનું પહેરવાનું લૂગડું.

જરઠ ૧. [સં.] પું. જરાવસ્થા; વૃદ્ધપણ.
૨. પું. પાકુરાજા.
૩. વિ. જીર્ણ; વૃદ્ધ; ઘરડું.
૪. વિ. પરિણામ પામેલું.
૫. વિ. પાકું; રીઢું; પરિપક્વ.
૬. વિ. પીળાશ પડતા સફેદ રંગનું.
૭. વિ. મજબૂત; કઠણ; કઠિન.

જરઠતા ૧. સ્ત્રી. કઠણ હોવું તે; મજબૂતી.
૨. સ્ત્રી. પક્વતા; રીઢાપણું.
૩. સ્ત્રી. પીળા રંગનું હોવું તે.
૪. [સં.] સ્ત્રી. વૃદ્ધાવસ્થા; વૃદ્ધપણ.

જરડી (જરડો) સ્ત્રી. એક જાતનું ઘાસ. તે ખાવાથી ગાય બેસ વધારે દૂધ આપે છે. વૈદકમાં તેને મધુર, શીતળ, રક્તશોધક અને રુચિકર માનેલ છે.

જરડું (જરડું) ન. ખાવા ખોરડી વગેરેનું પાતળું કટકાવાળું ઘાકડું.

જરણ ૧. [સં.] પું. ઘાસમર્દક પક્ષી.
૨. ન. ખાધેલા ખોરાકને પચાવે એવું દ્રવ્ય.
૩. ન. જરણા, વૃદ્ધાવસ્થા, વૃદ્ધપણ.
૪. ન. જીર્ણ; કાળું જીર્ણ.
૫. ન. દશ પ્રકારનાં મદ્યમાં માદેનું એક. તેમાં મદિરા તરફથી મોક્ષની ચરમાવસ્થા થાય છે.
૬. ન. સ્મરણ.
૭. ન. ઘિસ.
૮. વિ. જીર્ણ; કૃદ્ધ; ઘરડું.
૯. વિ. પચાવે એવું; પાચક.

જરણવિદ્યા [સં.] સ્ત્રી. પદાર્થોના નાશનાં કુદરતી કારણોનું શાસ્ત્ર.

જરણા ૧. સ્ત્રી. કાચું જીર્ણ.
૨. સ્ત્રી. ધીરજ; સબૂરી; શાંતિ; આમોદ.
૩. સ્ત્રી. મોક્ષ; મુક્તિ.
૪. સ્ત્રી. વખાણ; પ્રશસ્તિ; સ્તુતિ.
૫. [સં.] સ્ત્રી. વૃદ્ધાવસ્થા; વૃદ્ધપણ.

જરણ્ય [સં. જૃ (ઘરડા થવું)] સ્ત્રી. વૃદ્ધપણ; વૃદ્ધાવસ્થા.

જરણ્યુ વિ. પોતાની સ્તુતિ કરનાર.

જરત ૧. [સં.] પું. એ નામનો એક લોક. તેમાં જરત પ્રતિષ્ઠિત છે.
૨. વિ. નજરથી ઘાયલ થયેલું.
૩. વિ. પુરાણું; જૂનું
૪. વિ. વૃદ્ધ; ઘરડું.

જરતિકા [સં.] સ્ત્રી. તુચ્છ ગણવા લાયક વૃદ્ધ સ્ત્રી.

જરતી [સં.] સ્ત્રી. ઘરડી સ્ત્રી; વૃદ્ધા.

જરતોસ્ત જુઓ જરથુસ્ત્ર.

જરતોસ્તી જુઓ જરથોસ્તી.

જરત્કર્ણ પું. ઋગ્વેદના દશમા મંડલના ૭૧મા સૂક્તનો કર્તા એક ઋષિ.

જરત્કાર ૧. પું. એ નામનો એક ઋષિ. તે વાસુકિની બેનને પરણ્યો હતો. આસ્તિક ઋષિનો તે પિતા થાય.
૨. સ્ત્રી. વાસુકિ સર્પની નાની બેન.

જરત્કારુ ૧. પું. એ નામનો એક મુનિ. મહાભારતના આદિપર્વમાં એમની કથામાં જણાવ્યું છે કે, ઘણું વર્ષ ગમી તે પરણ્યો ન હતો. એક વાર ફરતાં ફરતાં એક ગુફામાં પોતાના પિતૃઓને અધર લટકતા તેમના જોવામાં આવ્યા. તેમણે કહ્યું કે તું પરણીને અમારો ઉદ્ધાર કર. મુનિએ કહ્યું કે, જો મારા જ નામની કન્યા મળી આવશે તો હું પરણીશ. કન્યાની શોધ કરતાં તે ફરતો હતો એટલામાં વાસુકિએ તે જ નામની પોતાની બેન તેમને આપી. એક વાર મુનિ તેમના ખોળામાં માથું મૂકીને ઊંઘી ગયો હતો, એટલામાં સૂર્યાસ્તનો સમય થયો. સન્ધ્યાકાળ વીતી જાય તો સાયંસન્ધ્યા થાય નહિ માટે જરત્કારુએ તેમને જગાડ્યો. પણ ઋષિ તો તેમની ઉપર ગુસ્સે થઈ તેને તજીને ચાલી ગયો. છતાં જતાં જતાં કહેતો ગયો કે તને પુત્ર થશે, તે તારું પાલન કરશે ને જન્મેજયના સર્પયજ્ઞમાંથી તારા પિતાના કુટુમ્બને બચાવશે. એ જે પુત્ર થયો તે આસ્તિક મુનિ કહેવાયો. તેણે સર્પસત્રમાંથી વાસુકીના કુળને બચાવી લીધું. જરત્ શબ્દ ક્ષીણતાવાચક છે અને કારુ ક્રિયાવાચક છે. એ ઉગ્ર તપ વડે પોતાનું શરીર ક્ષીણ કરનારો હતો તેથી જરત્કારુ કહેવાયો.
૨. સ્ત્રી. મનસાદેવી. તપ કરવાના સમયમાં એના શરીરને જીર્ણ થઈ ગયેલું જોઈ ગોપીઓના પતિ શ્રી કૃષ્ણભગવાને તેનું આવું નામ પાડ્યું હતું.

જરત્કારુપ્રિયા સ્ત્રી. એ નામની મનસાદેવી; જરત્કારુ મુનિની પત્ની.

જરથુષ્ટ્ર [અવસ્તા] પું. પારસીઓના ધર્મસંસ્થાપક.

જરથુસ્ત્ર ૧. પું. પારસીઓના પયગંબરનું નામ.
૨. વિ. સોનેરી રોશની પાથરનાર.

જરથુસ્તી ૧. પું. પારસી.
૨. વિ. જરથોસ્તનું પુજારુ.

જરથોસ્ત પું. પારસીઓના પયગંબરનું નામ; જરથુષ્ટ્ર. ગ્રીક લોકો તેમને ઝોરોએસ્ટર કહેતા. તેઓ અતિ પવિત્ર પુરુષ હોઈને તેઓના નામ આગળ 'અહે' એટલે પવિત્ર એવો શબ્દ મુકાય છે. જેમકે, અહો જરથોસ્ત. તે ઈ. સ. પૂર્વે સુમારે ૮૦૦૦થી ૧૦,૦૦૦ સુધીમાં થયા હોવાનું મનાય છે. તેઓ જન્મની વખતે રડવાને બદલે હસતા હતા એમ માન્યતા છે. ૭૫ વર્ષ જેટલા એમના પિતાએ એક આદર્શ ગુરુ પાસે એમને ભણવા મૂક્યા. પંદર વર્ષની ઉમરે પોતાના પિતાની પુજારીઓથી એક કમરબન્ધ વિના બીજું કશું જે લીધા વિના તે ઉમરે આખી મનુષ્ય જાતિની સેવા કરવા તત્પર થયા. એ વીસ વર્ષના હતા તે વખતે એમના મુલકમાં દુકાળ પડ્યો હતો. તેથી ગાય વગેરે ઢોરોને પુષ્કળ ઘાસ વગેરે પૂરું પાડવામાં અને ગરીબોને અનાજ આપી બચાવવામાં તેઓએ આગળ પડતો ભાગ લીધો હતો. એમના મુલકના રાજાને એમ થયું કે રખેને તે મારી દુષ્ટતા જાહેર મને સાફ પહોંચાડશે. આથી તે રાજાએ એમને મારી નાખવાના અનેક યુક્તિઓ કરી, પણ તે સઘળા વ્યર્થ ગઈ. ત્યારપછી તેઓ દશ વર્ષ સુધી પહાડોમાં એકાંતમાં રહ્યા હતા અને ત્યાં મધ્યરાત્રિમાં તેઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થયાનું કહેવાય છે. તે પછી તેઓએ મેદાનમાં આવી પોતાના ધર્મનો ઉપદેશ કર્યો હતો. તેમનો ઉપદેશ એ હતો કે ઈશ્વર એક જ છે. માણસે પોતાના

શુભરાજા કર્મનો પરમેશ્વરને જવાબ આપવો પડશે. માણસ પોતાનાં સારાંનરસાં કર્મ પ્રમાણે પોતાનું ભવિષ્ય ઘડે છે. બીજાને સુખી કરનાર પોતે સુખી થાય છે. તેમના ધર્મનાં મૂળતત્ત્વો તરીકે ત્રણ બાબત જણાવી હુમતઃ મનારની એટલે શુભ વિચાર, ગવારની એટલે શુભ વાણી અને કુનારની એટલે શુભ કર્મ. તે એક મહાન યોદ્ધા હતા. તેમના મરણ વિષે બે વાતો ચાલે છે. એક વાત એવી છે કે અરજાસ્પ નામના તુરાની રાજા સાથે લડતાં લડતાં તે મર્યા. બીજી વાત. એમ છે કે તેમને પોતાના મરણ કાળની અગાઉથી ખબર હતી. જે વખતે તેના ખુની તુર-બુરા-તુરે તેમને પકડવાને આવીને આર્યા સારે તે આતરા પૂજા કરતા હતા. જરથોસ્તીઓ સૂર્ય અને અગ્નિના ઉપાસક છે, પણ ખરી રીતે તેઓ એકેશ્વરવાદી છે. કુદરતના ખોળામાં ઊછરેલા હોવાથી પ્રાચીન ઈરાનીઓમાં આખુ વિશ્વ એક જ ઈશ્વર એવો ઠાંઢિ મત હતો અને પ્રકાશ તથા અગ્નિ કે જે બધા જગતના જીવનું મૂળ છે તેને ઈશ્વર જગતના ચિહ્ન તરીકે ધર્મ કુદરતદ્વારા કુદરતને તેઓ ભજે છે. તેઓ સૂર્ય અને અગ્નિ ઉપરાંત આપ તેમ જ ધરિયાને પણ અતિ પવિત્ર માને છે અને તેનુ પણ પૂજન કરે છે. દિવસમાં પાંચ વાર તેઓ બંદગી કરે છે અને સ્ત્રીપુરુષો સુદ્ધા સમાન હકે કસી અર્થાત્ ઉપવીત કમરે ધારણ કરે છે.

જરથોસ્તનો દીસો = જરથોસ્તી દસમા મહિનાનો અગિયારમો દિવસ ખોરશેદ. તે જરથોસ્તના મરણની સંવત્સરીનો દિવસ હોવાથી જશ્નના દિવસ તરીકે પાળવામા આવે છે.

જરથોસ્તી ૧. પું. જરથોસ્તના મતને અનુસાર માણસ; પારસી.

૨. વિ. જરથુષ્ટ્રના પંથનું; જરથુસ્ત્રનો ધર્મ પાળનાર.

૩. વિ. જરથુષ્ટ્રનું; જરથુષ્ટ્રને લગતું.

જરથોસ્ત પું. પારસી ધર્મના આદ્ય રથાપક. જુઓ જરથોસ્ત.

જરદ ૧. [સં. જર્દ] વિ. પીળું; ઝાંખા પીળા રંગનું.

લાલ લાલ તંબુ વાળી જરદ ઝિનારી.
દલપી

૨. વિ. ઠીકું.

જરદ મારી જવુ = ફીકા અથવા નિસ્તેજ થઈ જવું.

૩. વિ. દદ.

જરદક પું. એક જાતનું પક્ષી; જરદા; પીપું.

જરદપુલાવ પું. એક જાતની મસાલાદાર વાની. તે બનાવવા જરથો શેર ખાંડની ચાસણી કરી તેના ઉપર જે મેલ આવે તે કાઢી નાખી તેમાં પાંચ માસા કેસર અને એક ગુંજ કસ્તુરી પાંચ રૂપિયાભાર ગુલાબજળમાં ખલ કરી નાખવી, તેમ જ તેમાં ઝીણી રૂપિયાભાર વરખ પણ નાખવુ. પછી એક શેર ધોયેલા ચોખા ચાર શેર પાણીમા નાખી તે અધકચરા ચડે એટલે તેને નિતારી તેને ઉપરની ચાસણીમાં નાખી અઢારી અંગારા ઉપર મૂકી તેને દમ દેવો. પછી તેને થાળીમા કાઢી તેના ઉપર પંચ રૂપિયાભાર બદામ અને તેટલાં જ પરતાં ઊંચા પાણીમાં પલાળી છોતરા કાઢી નાખી સમારીને કરેલી કાતરી તથા પાંચ રૂપિયાભાર સાફ ધોયેલી બે દાણા દ્રાક્ષ એ મેવો સપ્રમાણ રૂપિયાભાર ઘીમાં તળીને નાખવો. મિષ્ટા પુલાવ કરવો હોય તો ખારકનો ઉપર પ્રમાણ પાક કરી તેમાં કેસરને બદલે કસ્તૂરાનો કેસ નાખવો અને તેમા ચોખા નાખી પુલાવ કરવો લીલો પુલાવ કરવો હોય તો પાલકની ભાજીનો રસ એક તપેલીમાં નાખી તેમાં સુમાર પ્રમાણે પાણી નાખી ચૂલા ઉપર મૂકી ધીમો તાપ કરી તેને ચઢવા દેવો. રસ બરતી વખતે જેમ જેમ ફોણ આવતાં જાય તેમ તેમ તેને બીજા વાસણમાં કાઢતા જવું અને તે ફોણ કાઢેલા પાકમાં નાખી ઢોરેલી બદામમાં વાટી તેમા પાણી નાખી ગાળી કાઢેલો રસ અને દૂધની મલાઈ ગરમ તેમાં નાખી દેવાં. તેમ જ તેમાં કેસરનો રંગ નાખી ઉપર પ્રમાણે પુલાવ કરવો.

જરદા ૧. [સં.] પું એક જાતની મસાલાદાર વાની; મીઠો ભાત. ચોખામાં તજ, લવિંગ, બદામ, બદામપરા, ઝેલચી, કેસર, ખાડ, સાકર પકાવી તે બનાવામ છે.

૨. પું. એક જાતનું પક્ષી; પીપું. તેની કલગી પીળી, પીઠ ખાખી, પેટ સફેદ અને ચાંચ તથા પગ પીળાં હોય છે.

૩. પું. પીળા રંગનો ઘોડો; સોના અથવા આગરાના બાકરા જેવા રંગવાળો ઘોડો

૪. ન. પીળા રંગનું એક પ્રકારનું છીંટ.

જરદાર વિ. પૈસાદાર.

જરદાલુ ૧. સ્ત્રી. એક જાતની પ્રખ્યાત કેરી.

૨. [સં. જર્દાલુ] ન. એક જાતનું મેવાફળ, એક સૂકો મેવો. જરદાલુ ઠંડા દેશમાં થાય છે. અફઘાનિસ્તાન અને ઈરાનમાં તે વધારે થાય છે. એ ઝાડ બીજથી ઊગી શકે છે. ઈરાની જરદાલુ ગ્રેજ જાતિનાં છે. કદમાં તે બોર જેવડાં મોટા પણ સુકાતાં ચીમળાઈ નાનાં થાય છે.

જરદાળુ જુઓ જરદાલુ.

જરદો ૧. પું. પીળો રંગ.

૨. [સં. જર્દી] સ્ત્રી. ઈંડા માંહેની પીળી વસ્તુ; ઈંડાની અંદરનો પીળો ભાવો.

૩. સ્ત્રી. પીળાપણું; પીળાશ.

જરદુસ્ત જુઓ જરથોસ્ત.

જરદૃષ્ટિ ૧. પું. દીર્ઘ જીવન.

૨. પું. શુદ્ધાપો.

૩. વિ. દીર્ઘજીવી.

૪. [સં] વિ. જરદ; જરદ્રુ

જરદો ૧. પું. આંબની આસપાસમાં કેસર નાખી વધારી બનાવેલો મીઠો ભાત.

૨. [સં. જર્દા] પું. તમાકુનાં કુમળાં પાતળાં પાનનો ડાબીને સાફ તૈયાર કરેલો પીળો ભૂકો; તમાકુની પત્તરી તે આવાના. આવવાના અને બીડીમાં પીવાના કામમાં આવે છે બીજા લોકો તેને આંજ કહે છે. બાબરા. દીવા કે આપદાના પાનની અંદર જરદો નાખી ધૂમ્રપાન કરવામાં આવે છે.

જરદોજ [સં. જરે (સોનું) + દુઝ્તન્ (સીવનુ)] પું. સોનારૂપાના કેસમ સાથે વણેલા તારનું ભરતકામ કરનાર માણસ; કસબ બનાવનાર માણસ.

જરદોજી [સં. જર્દોજી] સ્ત્રી. કસબ ભરવાની કળા; ભરતકામની કળા; કસબી કામ; કસબ ભરવાનું કામ; ભરતકામ.

જરદોઝ જુઓ જરદોજ.

જરદોસ જુઓ જરદોજ.

જરદોસી જુઓ જરદોજી.

જરદ્ગવ ૧. પું. એક જાતનું ગીધ.

૨. [સં.] પું. પરઢો બળદ.

૩. પું. બૃહત્સંહિતા પ્રમાણે એક વીથી કે રસ્તો. તેમાં વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા નક્ષત્ર હોય છે. આ વીથી ચંદ્રમાની છે.

જરદ્ગુ [સં.] સ્ત્રી. પરઢી ગાય.

જરદ્ગૌરી સ્ત્રી. (પુરાણ) હસપની દીકરી.

જરદ્ગવ ૧. [સં.] પું. એક જાતનું ગીધ પક્ષી.

૨. પું. પરઢો બળદ.

૩. પું. બૃહત્સંહિતા અનુસાર ચંદ્રમાનો રસ્તો. તેમાં વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા નક્ષત્ર છે.

૪. વિ. જીર્ણ; પ્રાચીન.

જરદ્વિષ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. પાણી.

જરન ૧. [સં.] પું. અજમા.
૨. પું. જરૂ.
૩. સ્ત્રી. બળવાની ક્રિયા.
૪. સ્ત્રી ઢોરા બેસાડવાની ક્રિયા.

જરનલ ૧. [અં. જર્નલ] પું. રોજમેળ; નિત્યનોંધ.
૨. પું. સામયિક પત્ર.

જરનલિસ્ટ [અં. જર્નલિસ્ટ] પું. પત્રકાર.

જરનાલિસ્ટ [અં. જર્નલિસ્ટ] પું. વર્તમાન પત્રનો લખનાર કે પ્રવર્તક, છાપાનો અધિપતિ.

જરનીખ [ફા.] સ્ત્રી. કરતાલ.

જરનીખ અહમદ [ફા.] સ્ત્રી. મનઃશિલ.

જરપટા ન. સાપ કે જેવા વિષારાની તૈયારીમાં હોય ત્યારે ગુલા જાગમાંથી ઝરતો ચીકણો લાળ જેવો પદાર્થ.

જરપત સ્ત્રી ; ન. પાચન; હજમ.
જરપત થવુ = પાચન થવું; પચવું; જરવુ.

જરપતિ પું. બહુમીલતનો; મુકદમ; પૈસાદાર.

જરપત્રી સ્ત્રી. જલપત્રી.

જરપવું સ. ક્રિ. અગાઉથી વેચવું; સાટું કરવુ

જરબ ૧. પુ. ઈજા; નુકસાન.
૨. પું. કપડા ઉપર કરેલી અથવા છાપેલી ભાત.
૩. પું. મુખ્યાહાર.
૪. પું. ઠોકર.
૫. પું. દહેશત; ભય; ધાક.
૬. પું. ઢાળ; ઢોલ.
૭. [અ. ઝર્બ] પું. ફટકો; ઘા.
એક આળાદ જરબ પાતાની સમશેરથી મારી. અરબિયન નાઇટસ
૮. પું. મરડ.

જરબકૂત (જરબકૂત) [ફા.] ન. રેશમી સુતરાવાળું એક રેશમી કાપડ.

જરબકૂતાત જુઓ જરબકૂત.

જરબાફે જુઓ જરદોજ.

જરબીર પું. ઉત્તર પશ્ચિમ હિંદમાં જોવતો એક જાતનો ઘોડ. પંજાબમા તે જચ્ચાબંધ ગણે છે. તેની ચાલ રેંગવામાં ગ્રામ આવે છે. એના ઉપર લાલ રંગનાં નાનાં ફૂલ આવે છે.

જરબીલ ન. એક જાતનું પ્રાણી. તે અનાજના ખેતરનો નાશ કરે છે. ખાવા ન મળે ત્યારે મૂળિયા ખાય છે. તેની આખ ભરેલી, ડાળી, ગોળ અને ખોડી હોય છે. તેનો રંગ ચળકતો, પીઠ ઉપર ઝાળા તપખીરિયા રંગના ચેનસીલ જેવા ડાઘા ને નીચલો ભાગ સફેદ હોય છે. પૂંછડી ગોળ અને ગુચ્છાથી ઢાકેલી હોય છે.

જરબોઝા ન. ઉત્તર અક્ષાંશ, રવિમ અને ઓક્સિયમાં બાહ્યમ પડતું એક જાતનું ઉંદરડા જેવું ૮ ઇંચ લાબું ખાડી પૂંછડીવાળું પ્રાણી. તેને આગળ પાંચ અને પાછળ ચાર અંગળા હોય છે. ઇજીપ્તમાં પણ તે દેખાય છે. તે રાત્રે સિકારની શોધમા નીકળે છે. આ પ્રાણી ઉપરથી ફિક્કા પીળા અને કરમૂના રંગનું હોય છે. તે જમણી છતાં બીકણ હોય છે.

જરભંગ પું. એ નામની રીક કરવાની એક રીત.

જરભાણ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એના બારા જમીન ઉપર પથરાએલા હોય છે. તે આગળ વધે તેમ તેમ માંહે માંહે જમીનમા મૂળ પકડતા જાય છે.

જરમદ પું. પૈસાનું અભિમાન.

જરમર ૧. [અ. જર્મન] પું. ઘરપ ખંડનો જર્મનો નામનો રેશ.
૨. સ્ત્રી. બેસમાડીની બેઠેના સાગોખાની તથા ઉંટડાની બાલુમાનું ક્ષેત્રફળ.
૩. સ્ત્રી. સુવાવડી આ સુવાવડમાથી ઊઠયા પછી તરત સારાં લૂગડાં પહેરેલાં પહેરાવી જગાયય લઈ જઈ કરાવવામાં આવતી ક્રિયા

જરમાઈ ન. ન. ન. ક્રાકમરીનાં ચિયાં. તે ઝેરી અને કેફી છે. માથાના વાળમા ખોડો થતો હોય, જૂ પડી હોય તો તેની સૂકી અથવા લીલમ અકસીર કામ કરે છે

જરમાન પુ. એ નામનો એક ઋષિ.

જરમાલ [ફા.] પું. માલમતા; મૂડી; મિલકત.

જરમુખું વિ. ઉંપાખોર; દેંગીલુ.

જરમોલ ૧. સ્ત્રી. ક્ષત્રિય જાતની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જરર ૧. [હિ.] પું. ચોટ; આઘાત.
૨. પું. હાનિ; નુકસાન.

જરવજરવ વિ. જરા; સહેજ; થોડુ.

જરવત ન. ગાડાનું ચક્ર.

જરવારયા ૧. સ્ત્રી. કોળીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જરવારસો પું. જરદનો એક અવયવ. તેમાંથી પાચક રસ ઝરે છે.

જરવાણિયું ૧. વિ. ઝર્યું; બસાઈ ગયેલું.
૨. વિ. પાપું; ઢીલું; બાયું.

જરવું ૧. સ. ક્રિ. અસર ન થવી.
૨. [સં. જૃ (ખરડુ થવુ)] અ. ક્રિ. બસાઈ કે પિસાઈ જવું; ઝર્યું થવુ.
૩. અ. ક્રિ. ચડવું; ઢાલેઢાલો તારેતાર જુદુ પડી જવું; તણાઈને મુલાયમ બઈ જવુ.
૪. અ. ક્રિ. પચવું; હજમ થવુ; ખોરાકનું પેટમાં ઓગળી જવુ.
૫. અ. ક્રિ. પોપું કે ઢીલું થવુ.

જરસ ૧. પુ. અમાયી એક ફૂટ ઊંચો એક છોડ, તેના ફૂલ લાબાં ધોળી સળી ઉપર હોય છે.
૨. પું એ નામનો એક પારધી. તેણે શ્રીકૃષ્ણને બાણ મારી તેમના પ્રાણ લીધા હતા.
૩. પું. બોડાની ટોક ઉપરની ઘટડી.
૪. પું. સમુદ્રમા થતુ એક જાતનુ ઘાસ.
૫. સ્ત્રી. એક જાતની માછલી
૬. ન. એક જાતનું કરિયાતું.

જરસાન પું. પુરુષ; મરદ.

જરસેર સ્ત્રી. મોતીની માળા.

જરહ ૧. પું. ઘા; જખમ.
૨. પું. તકરાર; બોટી દલીલ.
૩. ન. ઘોડાના પલાણ ઉપર નાખવાનું બખ્તર.

જરહન [હિ.] પું. એક જાતના ચોખા.

જરંત [સં.] પું. પાડો.

જરા ૧. [સ.] પું. અગ્નિનાં અગિયાર માઠેનો એક પ્રકાર.
૨. પું. ચોરાસીનો ફેરો.
૩. પું. (પુરાણ) જેણે શ્રીકૃષ્ણને બાણથી ઘાયલ કર્યા હતા તે શિકારી. એ ક્ષ ત ક્ષત્રિય હતો, પણ દુરાચરણે પારધી થઈ ગયો હતો. બાલ્યાવસ્થામાં તે બાલિ વાનર હતો. શ્રીકૃષ્ણને તેનુ બાણ વાગ્યુ હતું અને મૃત્યુ થયુ હતું. શ્રીકૃષ્ણના કૃપાથી તે દિવ્ય લોકને પ્રાપ્ત થયા હતા.
૪. [સં.] પું. (પિંગળ) દશ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ૩ જગણ અને ૧ ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.
જરા રચવૃત્ત જ ભ જ ગે. અનુષ્ટિપ્ત
૫. પું. શિયાળ.
૬. સ્ત્રી. એ નામની જરાસધના શરીરના કટક સાંધનારી રાક્ષસી.
૭. સ્ત્રી. ક્ષીરવૃક્ષ
૮. સ્ત્રી. બસાઈ ગયેલું હોવુ તે; જૂનું થઈ જવાપણુ.
૯. [સ.] સ્ત્રી. વૃદ્ધાવસ્થા; વડપણ; બુઢાપો.
૧૦. સ્ત્રી. વૃદ્ધાવસ્થાની અધિષ્ઠાત્રી દેવી.
૧૧. સ્ત્રી. સ્તુતિ; પ્રશંસા.
૧૨. વિ. ઝમાર; ઘોડુ; અલપ; સહેજ.

જરાએક ૧. વિ. લગારેક; થોડુંક; સહેજ.
૨. ક્રિ. વિ. થોડી વાર; થોડે વખત.

જરાક ૧. વિ. થોડું; લગાર; સહેજ.
૨. ક્રિ. વિ. થોડી વાર; થોડો વખત.

જરાકુમાર [સં. જરા (એક રાક્ષસી) + કુમાર (દીકરો)] પું. જરાસંધ નામના મગધ દેશનો રાજા

જરાગ્રસ્ત [સં. જરા (વૃદ્ધાવસ્થા) + ગ્રસ્ત (પકડાયેલું)] વિ. ઘરડું; વૃદ્ધ.

જરાજરા ૧. ક્રિ. વિ. અમથું; કારણ વગર.
૨. ક્રિ. વિ. સહેજસાજ; થોડુંથોડું; લગારેક.

જરાજર્જર [સં. જરા (વૃદ્ધાવસ્થા) + જર્જર (ખસી ગયેલ)] વિ. ઘડપણને લીધે અશક્ત થઈ ગયેલું.

જરાજીવિકા [સં. જરા (ઘડપણ) + જીવિકા (ગુજરાત)] સ્ત્રી. બંધ. પગાર, 'પેન્શન'.

જરાજૂરણ જુઓ જરાજર્જર.

જરાતરા વિ વિ. થોડુંઘણું; લગાર, સહેજસાજ.

જરાતુર જુઓ જરાગ્રસ્ત.

જરાદ [અ.] ન. તીડ; પાકને નુકસાન કરનાર જીવડું.

જરાદૌર્બલ્ય [સં. જરા (ઘડપણ) + દૌર્બલ્ય (નબળાઈ)] ન. ઘડપણને લીધે આવતી નબળાઈ; વૃદ્ધાવસ્થાની અશક્તિ.

જરાપુષ્ટ [સં. જરા (એક રાક્ષસી) + પુષ્ટ (પાષાયેલું)] પું. જરાસંધ રાજા.

જરાફ ન. આફ્રિકામાં થતું જિરાફ નામનું પ્રાણી.

જરાફત સ્ત્રી. મહેરબી; મળતક; ટોળ.

જરાફો પું. રીતરંજ જેવો એક જાતની રમત.

જરાબોધ પું. સ્તુતિથી જાગ્રત થતો અગ્નિ.

જરાભાસ પું. ક્રામદેવ.

જરામીરુ ૧. [સં.] પું. ક્રામદેવ.
૨. વિ. ઘડપણથી ભય પામતું.

જરામરણ [સં.] ન. વૃદ્ધાવસ્થા અને મરણ.

જરાયણિ [સં.] પું. જરાસંધનું એક નામ.

જરાયત ૧. [અ. જિરાઅત] સ્ત્રી. જમીન અથવા ખેતીનો એક પ્રકાર. કૂવાના પાણી ઉપર આધાર રાખનારી જમીન અથવા ખેતી બાગાયત કહેવાય છે.
૨. વિ. જેને વરસાદનું પાણી મળતું હોય એવું, વરસાદ ઉપર જેના પાકનો આધાર હોય એવું.

જરાયત જમીન સ્ત્રી. દૈવપાતૃક ભૂમિ; વર્ષાસિંચિત ભૂમિ.

જરાયમ [અ. જુર્મનું બ. વ.] પું. બ. વ. ગુનાઓ.

જરાયમે અફીફા (જરાયમે અફોફા) [અ.] પું. બ. વ. હલકા ગુનાઓ.

જરાયમે નિસ્બત [અ.] પું. બ. વ. ધર્મ વિરુદ્ધના ગુના.

જરાયમે સંગીન [અ.] પું. બ. વ. ગમીન ઉપર છોડી ન શકાય એવા ગુના.

જરાયુ ૧. પું. અગ્નિપર વૃક્ષ; અગ્નિમન્થ વૃક્ષ.
૨. પું. ગર્ભાશય; જેમા ગર્ભ રહે છે તે યોનિના અંદરના ભાગની જગ્યા, કમળ.
૩. પું. જરાયુ પક્ષી.
૪. સ્ત્રી. પ્રાકૃતિક સ્વામીની અનુચર માતૃકા
૫. સ્ત્રી. યોનિ.
૬. [સં. જરાયુ (ઓર)] ન. ઓર; ગર્ભનો પડદો; ગર્ભના રક્ષણ માટે તેના ઉપર રહેતુ પાતળી ચામડીનું પડ.

જરાયુમાંધા સ્ત્રી. ગર્ભાશયનો ભ્રમણભાગ. સ્ત્રીઓની એક ગંભીર જરાયુમાંધાના મુખમાં ચરી જાય છે તેથી ગર્ભાવસ્થામાં તેની અંદર કોઈ ચીજ અંદરથી રાખવા થઈ શકતી નથી. કુશળ ડૉક્ટરોની જરાયુમાંધાને આંગળી દ્વારા સ્પર્શ કરવાથી નાકના ટેરવા જેવો કઠોર અનુભવ થાય છે, પણ ગર્ભાવસ્થામા સ્પર્શ કરવાથી તે કોમળ હોઠ જેવો માલૂમ પડે છે.

જરાયુજ ૧. [સં. જરાયુ (ઓર) + જન (જન્મવું)] પું. મનુષ્ય વગેરે પ્રાણી. જરાયુમાંથી જન્મતું પ્રાણી
૨. વિ. ઓરનો પડદો ફાડી નીકળે અથવા જેના નીકળ્યા પછી ઓર પડ લેવું; જરાયુમાંથી જન્મતું ચાર પ્રકારે જીવની ઉત્પત્તિ માનેલા છે: (૧) જરાયુજ, (૨) અંડજ, (૩) સ્વેદજ અને (૪) ઉદ્ભિજ્જ.

જરાયુજતા [સં.] સ્ત્રી. સચેતન જન્યા જણવા તે.

જરાયુદોષ પું. ઓરમાં થતો રોગ; એક પ્રકારનો ગર્ભાશયનો રોગ.

જરાયુરાગ [સં.] પું. ગર્ભાશયદાહ; અગ્નિમાંદ્યનો સોજો.

જરાયુવિદ્રધિ [સં.] પું. ગર્ભાશયનું ગૂમડું.

જરાયુવેદના સ્ત્રી. છોકરું જન્મ્યા પછી ઓને થતું દુઃખ; પ્રસવ થયા પછીની વેદના.

જરાયુશૂલ ન. ગર્ભાશય સંબંધી એ નામનો એક રોગ.

જરાયુશોથ [સં.] પું. ગર્ભાશયનો સોજો.

જરાયુષ્ટ [સં] પું જરાસંધનું એક નામ.

જરાયોગ પું. ક્ષયાકલ્પ. તેનાં જરાયોગ, રસાયનદેહ, ક્રાંતિ, દીર્ઘજીવન વગેરે બધાં નામ છે.

જરાર સ્ત્રી. નુકસાન; ખોટ.

જરારૂઢ [સં.] વિ વયોવૃદ્ધ; ઘરડું

જરારૂ ૧. ન. ફારસીનામાં નંગ જડવાનું ઘાટ.
૨. વિ. જડાવ; જેમાં નંગ જડેલા હોય એવું.

જરાવત જુઓ જરાવ

જરાવવું સ. ક્રિ. ભાળવું.

જરાવસ્થા સ્ત્રી. વૃદ્ધાવસ્થા; ઘડપણથી આવેલું અશક્તપણું; જીર્ણાવસ્થા

જરાવૃત ૧. [સં.] ન. મૃત્યુ.
૨. ન વૃદ્ધાવસ્થા.
ક્ષુધા તૃષ્ણા તથા નિદ્રા મૈથુન જરાવૃત.
જ્ઞાનપ્રકાશ

જરાવેતન [સં] પું બેંકો પગાર; 'પેન્શન'

જરાશોષ [સં.] પું. એક પ્રકારનો શોષ રોગ. આ રોગ વૃદ્ધાવસ્થામાં થાય છે. તેમાં રોગી દુર્બળ થાય, ભોજન ઉપર અરુચિ થાય અને બળ, વીર્ય, તથા બુદ્ધિનો ક્ષય થાય.

જરાસંધ ૧. [સં.] પુ. (પુરા.) એક અસુર રાજા; જે નામનો મગધ દેશનો રાજા; કંસનો સસરો. તે બે કટિમાં જન્મ્યો હતો. મગધ દેશના બૃહદ્રથ રાજાને કોઈ સંતાન ન હતું તે રાજપાટ છોડી વનમાં ગયો. ત્યાં તેણે એક મુનિને અનેક રત્નો ભેટ ધર્યાં. મુનિએ પ્રસન્ન થઈ રાજાને અભિમંત્રિત આમ્રફળ આપ્યું. એ રાજાને બે રાણી હતી. તે બે બહેનોએ અરધું અરધું ફળ વહેંચી લીધું. તેને લીધે તેમને ગર્ભનું અડધું અરધિયું સાપડ્યું. એ અરધિયાં ઘાવે બહાર ફેંકી દીધાં. તે જઈ જ્યાં સહેલ પડે એટલા માટે જરા નામની રાક્ષસીએ સંધાડામાં ગોઠવ્યાં. તે જ ક્ષણે બેઠાઈ તેનું એક શરીર બની ગયું. જરાએ સાંધ્યાથી તે જરાસંધ કહેવાયો. તે મહા પરાક્રમી રાજા હતો. બધા રાજાઓને પકડી તેણે કેદ કર્યા હતા. તેના જમાઈ કંસને કૃષ્ણે માર્યા સમજી તેણે મથુરા ઉપર કુમલા કર્યા હતા. દરેક વખતે કૃષ્ણે તેને પાછો હાંકી કાઢ્યો હતો. બધો બંદોબસ્ત કોવાથી તેણે સેંકડો રાજાઓને પકડીને રુદ્રયજ્ઞમાં બલિદાન દેવા માટે પોતાના કેદખાનામાં પૂર્યા હતા. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે કૃષ્ણ, અર્જુન અને ભીમે પોતાને વેષે તેના દરબારમા જઈ દંડયુદ્ધની ભિક્ષા માગતાં તે ભીમ સાથે દંડયુદ્ધમાં ઊતર્યો હતો. ભીમ અને જરાસંધનું યુદ્ધ અહોરાત્ર તેર દિવસ

સુધી ચાલ્યું હતું. પછી ચૌદમે દિવસે ભીમે જરાસંધને પકડીને ચીરી નાખ્યો. પણ એ પહેલાં સહદેવ ગયા અને લડવા તૈયાર થયો. એટલામાં કૃષ્ણે એક સળેકડું હાથમાં લીધું અને તેને ચીરી નાખી જમણા હાથનું ડાબી તરફ ફેંકી અને ડાબા હાથનું જમણી તરફ ફેંકી ભીમસેનને સૂચના કરી ભીમસેન સમજી ગયો અને સૂચના પ્રમાણે જરાસંધને ચીરી એનું જમણું અંગ ડાબી તરફ અને ડાબું અંગ જમણી તરફ ફેંકી દીધું તેથી એ ફરી સંધાયો નહિ. જરાસંધ પછી કૃષ્ણે એના પુત્ર સહદેવને ગાદીએ બેસાડ્યો અને બંધન રાજાને બંદીખાનામાંથી છોડાવ્યા.

૨ પું (પુરાણ) કુંતરાષ્ટ્રના સો ભાઈઓનો એક નામનો એક પુત્ર

૩ પું (પુરાણ) ભારતના યુદ્ધમાં સાત્યકિએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા

જરાસંધજીત [સં જરાસંધજિત] પું ભીમસેન. તેણે જરાસંધને દ્વંદ્વયુદ્ધમાં હરાવ્યો હતો.

જરાસંધવધ [સં] પું મહાભારતના સભા પર્વનું એ નામનું એક પેટા પર્વ

જરાસંધી સ્ત્રી. પ્રાચીન હિંદી કુસ્તીનો એક પ્રકાર મગધરાજ જરાસંધની પદ્ધતિ ઉપરથી તે ચાલેલ મનાય છે એને આસુરી પદ્ધતિ પણ કહે છે. કહેવાય છે કે બધી કોટા તરફના શિષ્યો માતાના ઉપાસક જોકીમલ્લો આ પ્રકારની કુસ્તી લડે છે, પણ એની અંદર બીજી પદ્ધતિઓની ભેળસેળ થયેલી દેખાય છે.

જરાસુત પુ. જરાસંધ.

જરાહત ૧ [અ.] સ્ત્રી ઘાણ.

૨. સ્ત્રી. જખમ.

જરાહી ૧ [અ. જર્રાહ] સ્ત્રી. હજામ, 'સર્જરિ'.

૨ વિ. વાઢકાપને લગતું.

જરિ [સં જવરિન્] વિ. (પ્રાકૃત) તાવવાળું.

જરિત ૧. [સ. જૃ (જીર્ણ થવું)] વિ. ખખળી ગયેલું; જીર્ણ

૨ વિ ઘરડું; વૃદ્ધ.

૩. વિ હારાથી બેસારેલ; જડાવ.

જરિતા ૧. પું એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમ મંડલના ૧૪૨મા સૂક્તની પહેલી તથા બીજી ઋચા રચી છે.

૨. સ્ત્રી. મદનપાળ ઋષિની સ્ત્રી.

જરિતારિ પું. (પુરાણ) જરિતાને મદનપાળ ઋષિથી થયેલો એ નામનો પુત્ર.

જરિયન જુઓ જરિયાન.

જરિયા ૧. પું કારભારી; સગાસ.

૨. પુ. લાગ; સગાસ.

જરિયાન ૧. [ફા. જર્રીન] ન સોનાનાં રત્નજડિત ઘરેણાં કે દાગીના વગેરે, સોનારૂપાના જડાવ દાગીના, સોનારૂપાના ઘરેણાં અને બીજું જે કંઈ મૂલ્યવાન હોય તે, જરઝવેરાત

૨ વિ કસબી. જરી ભરેલું.

જરિયાની [ફા. જર્રીન] વિ જરીવાળું, કસબી. જરી ભરેલું.

જરિયાલ જુઓ જરિયાન

જરિશ્ક [પું] ન એક જાતનું ખારું નાનું ફળ

જરી ૧ [ફા જર્રીન] સ્ત્રી કસબી મલમલ, કસબીવાળું વસ્ત્ર જરીકામ, આભરફેરણ. તાર સળ વગેરેનું તનું, કસબ

૨ સ્ત્રી પથ્થરના બે ભાગો વચ્ચેનો માર્ગ તેમાં રેતી ભરાય છે, જેથી ચૂનોપાણી બધી બાજુમાં ચારી જાય છે.

૩ પું કસબ સાથે વણેલું, કસબી. જરી ભરેલું

૪ વિ ચોખ્ખું. સાચું, જરા; સહેજ.

જરીક [ફા જર્રા] વિ સાવ રજ, જરાક, થોડું, સહેજ.

જરીકસબ પુ સોનેરી ભરતકામ.

જરીકાઠી વિ. કસબી કોર કે પાલવવાળું.

જરીકામ ન. કસબી ભરતકામ.

જરીજરી અ જરાતરાક થોડું થોડું, એકી સાથે વધારે નહિ એમ.

જરીદા ૧ [અ.] સ્ત્રી. હિસાબની ચોપડી, 'રજિસ્ટર'.

૨ વિ એકલું, સમાચ વિનાનું.

જરીન જુઓ જરિયાન.

જરીપટકો ૧. પું. કસબી સોનેરી પતાકા; કસબી વાવટો. જેમાના સૈન્યનો વાવટો આવો હતો

૨ પું સરકારી સરદારને કમરે બાંધવાનો જરી ભરેલો પટો

જરીપુરાણું ૧ વિ ઊતરી ગયેલું, જર્જરિત અને જૂનું થઈ ગયેલું. તદ્દન જૂનું. ફાટીતૂટી ગયેલ હોય એવું.

૨ વિ જૂના વખતનું, અસલનું

જરીબ (જરીફ) ૧ પું. જમીન માપણીનું પ્રમાણ કરનારો માણસ; મોજણીદાર.

૨. [અ. જરીબ (જમીનનું માપ લેવાની સાકળ)] પું જમીન વગેરેનું માપ કે ભરત, જમીન માપણીનું કામ.

૩. વિ આનંદી, મશ્કરું; વિનોદી.

૪. [અ જરફ (તે બુદ્ધિમાન હતો)] વિ. બુદ્ધિશાળી, સમજદાર.

જરીફ ઉપાધ્યક્ષ પું. જમીન માપણીના કામની દેખરેખ રાખનાર અમલદાર; 'સર્વે સુપરિન્ટેન્ડન્ટ.'

જરીફ ખરડો (જરીફ ખરડો) પું માપણીની તપસીલવાળી નામપાથી; માપેલી જમીનનું પત્રક; જેમા માપણી લખેલી હોય તે ચોપડો.

જરીબ ૧ [અ.] સ્ત્રી અનાજનું એક માપ.

૨ સ્ત્રી. જમીન માપવાની સાંકળ ત્રિકુરતાલની જરીબ ૫૬ ગજની અને અમેરિકી જરીબ ૬૬ ગજની હોય છે

જરીબ કરણ [અ.] પુ. માપણી કરનાર અમલદાર, મોજણીદાર

જરીબ કશી ૧ [અ.] સ્ત્રી જમીનની માપણી

૨. સ્ત્રી મોજણીદારની કચેરી.

જરીબાણદાર જુઓ જરીબ કશ.

જરીબી ૧ સ્ત્રી. જમીન માપવાનું કામ.

૨. સ્ત્રી. જમીનની માપણીને લગતું ખરચ.

જરીમરી સ્ત્રી. મહામારી, રોગચાળો; કોલેરા.

જરીમા ૧. [અ.] પું ગુનો.

૨ પું. દંડ.

જરીમાના [અ] પુ દંડ

જરીવાલા ૧ સ્ત્રી એ નામની મેમણ ગરાસ્યા અને શેખની એક અટક

૨ ન એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જરુ ૧ [યુ.] પુ. લોબાન

૨ સ્ત્રી એ નામની આહિરની અને હલબની એક અટક.

૩ ન એ નામની અટકનું માણસ.

૪. વિ એ નામની અટકનું.

જરુખો ૧. પુ અટારી; કઠોડો; ગોખ; રવેશ; ડાખલી, છજું, દિવાલની બહાર નીકળેલો મેડાનો નીચેનો ટેકા વગરનો ઝૂલતો ભાગ.

૨ [ફા દરીચહ (બારી)] પું. ઝાલ્ર; બારું.

જરત્કારુ [સં] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેના પુત્રનું નામ આસ્તિક હતું. તેની સ્ત્રી વાસુકિ નામની જરત્કાર્વા સાથે થયેલાં. આ જરત્કારુનું સ્થાન તાપી નદી જે સ્થળે સમુદ્રને મળે છે તે સ્થળે હતું. વાસુકિ વગેરે નાગકન્યાને લઈને એ સ્થાને જઈ કન્યા પરણાવી આવેલા એવા ઉલ્લેખો મળે છે.

જરત્કારુર્ષિ [સં.] સ્ત્રી. કદ્રુની પુત્રી અને જરત્કાર ઋષિની સ્ત્રી

જરૂર ૧. [અ. જુરૂર] સ્ત્રી. અગત્ય; જરૂર; જરૂરિયાત; મતલબ; પોતાને જેના વગર ચાલે નહિ એવું હોવું તે.

૨. સ્ત્રી કર્યા વિના ન જ ચાલે એવી સ્થિતિ.

૩. વિ. અગત્યનું; આવશ્યક.

૪. અ. અલબત્ત; અચૂક; અવશ્ય; આમુખાં; ગમે તેમ કરીને; ઘટિત; નિ.સંદેહ.

જરૂરજોગ ૧. વિ. કામચલા ચાલક.

૨. વિ. ઉપયોગી; અપતુ.

૩. વિ. જોઈતું, જેની જરૂર હોય એવું.

જરૂરજોગું જુઓ જરૂરજોગ.

જરૂરત ૧. [અ.] સ્ત્રી. અગત્ય; આવશ્યકતા, જરૂરિયાત; હાજત.

૨. સ્ત્રી અગત્યની વસ્તુ.

જરૂરથી અ. અવશ્ય, અચૂક; જરૂર; નક્કી.

જરૂરા જરૂર જુઓ જરૂરથી

જરૂરાતી વિ. કામચલાઉ; ટમારી.

જરૂરિયાત ૧. સ્ત્રી. અગત્ય; આવશ્યકતા; જરૂર; જરૂરત.

૨. સ્ત્રી. મહેનત ન કરવી જોઈએ એ તેવો વખત.

૩. સ્ત્રી. જરૂરનું કામ.

જરૂરિયાતી જુઓ જરૂરી.

જરૂરી ૧. [અ.] સ્ત્રી. અગત્ય; આવશ્યકતા.

૨. વિ. અગત્યનું; આવશ્યક; જરૂરનું; જેના વિના કામ ન ચાલે એનું; જેની જરૂરત હોય એવું.

જરૂરો પું. એક જાતની બંદૂક.

જરેજર અ. જરા પણ ઓછા વગર; બધુ જ; સામટું.

જરેલ સ્ત્રી. એક જાતનો ધૂંધળા જેવો રંગનો પક્ષી નાનો હોય. તેનાં પૂંછ પીળાં આવ હોય.

જરેહું જુઓ જળોમુ.

જર્જર જુઓ જર્જરિત.

જર્જરત્વ [સં. જૃ (ખસાર્વું જવું)] ન. બહુ ખસાર્વું ગયેલું હોવું તે; અત્યંત જીર્ણ થઈ જવાપણું

જર્જરિત [સં. જૃ (જીર્ણ થવું)] વિ. ખંડિત; જીર્ણ થઈ ગયેલું; તણાઈ, ખેંચાઈ, સખણા બણ કે જિનભિન થઈ ગયેલું; ફાટ્યુંતૂટ્યું; બહુ જીર્ણ ને જૂનું થઈ ગયેલું; ક્ષીણ થયેલું, ભાંગીતૂટી ગયેલું.

જર્જરી જુઓ જર્જરિત.

જર્જરીભૂત જુઓ જર્જરિત.

જર્જર [પ્ર.] ન. એક પ્રકારનું ઘાસ; ગુમ્બુરુ.

જર્ત [સં.] પું. કચ્છ દેશનું બીજું નામ.

જર્તાધિપ [સં. જર્ત (કચ્છ દેશ) + અધિપ (રાજા)] પું. કચ્છ દેશનો રાજા.

જર્તિક [સં.] વિ. કચ્છ દેશનું; કચ્છ દેશ સંબંધી.

જર્દુ ૧. પું. ઘાંટી.

૨. સ્ત્રી. યોનિ; ગોની મુખેંદ્રિય.

જર્દ [સં. હરિદ્રા–હરિદ્ર–જર્દ] વિ. પીળું; સોનેરી રંગનું.

જર્દખીરંજ સ્ત્રી. સોપા, તજ, મદામ, પિસ્તાં, ચી, આદુ, મીઠુ અને કેસર નાખી બનાવલા એક આવાનો પદાર્થ.

જર્નલ [અં.] ન. સોપાનિયું; સામયિક પત્ર.

જર્નાલિઝમ [અં.] ન. પત્રકારિત્વ; પત્રકારનો ધધો. પત્રિકના દેશમાં તે ચાલવાનો નિયમો હોય છે.

જર્નાલિસ્ટ [અં.] પું. પત્રકારનો ધધો કરનાર માણસ.

જર્નિયા [પ્ર.] સ્ત્રી. કપૂરકાચલી.

જર્બ સ્ત્રી. દહેશત, ત્રાસ.

જર્બોઆ ન. બિસકોલી અને કોપરની વચ્ચેનુ ગાગડાને મળતુ એક પ્રાણી. હિંદમા અને દક્ષિણ આફ્રિકામાં તે નજરે પડે છે. તેના પાછલા પગ લાબા હોય છે, તેથી તે દોડતી વખતે ઠેકડા મારે છે.

જર્જરો [સં. ભૃ (ભરણપોષણ કરવું)] વિ. ભરણપોષણ કરનાર.

જર્મ ૧. [અં.] ન. અકુર; કણગો.

૨. ન. સૂક્ષ્મજતુ.

જર્મન ૧. [અં.] પું. જર્મનિ દેશનો રહેવાસી.

૨. સ્ત્રી. જર્મની દેશની ભાષા.

૩. વિ. જર્મનિ દેશ, લોક અથવા ભાષા સબધી; જર્મનિ નામના દેશનું.

જર્મનસિલ્વર [અં.] ન. એક જાતની રૂપા જેવી તાંબું, જસત અને નિકલના મિશ્રણવાળી ચળકતી ધાતુ. વજનમાં હલકો હોવાથી તેનો વાસણ, વિમાન વગેરે બનાવવામાં ઉપયોગ થાય છે.

જર્મનિ [અં.] ન. મધ્ય યુરપમાં આવેલું એ નામનું એક મોટુ રાજ્ય અને દેશ. મધ્ય યુરપનાં નાનાં નાનાં પ્રદેશ જોડ રાજ્યસ્થાન એકાં થઈને આ રાજ્ય થયેલું છે. આ દેશ જેવલા સૈકામાં વિદ્યાકળામાં આગળ વધ્યો છે. તેમાં કેળવણીનો પ્રચાર પણ છે. દેશમાં મોટી નદીઓ, ખેતીવાડી અને આબો પુષ્કળ છે. યુરપની બીજી પ્રજાઓ કરતાં જર્મનો આર્ય પ્રજા તરીકે બહુ અભિમાન રાખે છે. રાજસત્તાને માન આપવું અને તેને અનુકૂળ વર્તવું એવી તેમની પ્રકૃતિ છે. અંતર ભેદીને જોવાની તથા નવું શોધવાની શક્તિ, પાકી વ્યવસ્થાનીતિ, ઊંચી વિદ્યાકળાનો આનંદ અને કોઈ પણ મોટા સંકટની સામા થાય ઝીલવાનું શૌર્ય એ તેઓમાં આગળ પડતા છે.

જર્મનિયમ [અં.] ન. એક જાતનું ધુરાશ પડતા ધોળા રંગનું રસાયણિક તત્ત્વ.

જર્ર ૧. [અ.] પું. ખેંચવું તે.

૨. પું. ગુનેગારને જાહેર સજા માટે આગળ લાવવો તે

૩. પું. ફારસી ભાષામાં અક્ષર ઉપર ઝબર નામનો કરવામા આવતો સ્વરોચ્ચાર.

જર્રાં ૧. પું. અકબરના વખતનો ટંકશાળનો એક અધિકારી.

૨. પું. અબુ.

૩. સ્ત્રી. અકબરના વખતની એક જાતની સોનામહોર.

જર્રાર ૧. [અ.] વિ. બહાદુર; વીર.

૨. વિ. બલિષ્ઠ; બળવાન.

જર્રાહ [અ.] પું. ચાકરપ કરનાર માણસ; 'સર્જન.'

જર્રાહી ૧. [અ.] સ્ત્રી. ચાકરપ.

૨. વિ. ચાકરપને લગતું.

જર્રી [હિં.] સ્ત્રી. ઘોરને બતો એક જાતનો ચર્મી રોગ.

જર્વર [સં.] પું. (પુરાણ) નાગોના એક પુરોહિતનું નામ. તેણે એક વાર યજ્ઞ કરીને સાપોની રક્ષા કરી હતી.

જર્સ ૧. [સં.] પું. પરમેશ્વર. જે દુષ્ટોનું તાડન કરી અને અભક્ત તથા પરમાણુઓના અન્યોન્ય સયોગવિયોગ કર્તા છે તે પરમાત્મા જર્સ કહેવાય છે

૨. પું. ચાંદો; જલ; એક જાતનું જીવડું.

૩. ન. જંજુ; નીર; પાણી; વારિ.

૪. ન. કમળ; એક જાતનું ફૂલ.

૫. ન. ગાનનો સર્વાશ્રય.

૬. ન. જ્યોતિષપ્રસિદ્ધ સત્તાવિશ નો યું સ્થાન.

૭. ન. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર.

૮. ન. ચોતરતા; ડહાપણું.

૯. ન. સુગધી વાળો ખસ નામનું ગંધદ્રવ્ય.

૧૦. વિ. જર્જ મૂર્ખ; બુદ્ધિમદ.

જલઆગિયો પું. એક જાતનો પાણીને કાંઠે અથવા પાણીમાં ઊગતો એક ફૂલ ઊંચો છોડ. તેનાં પાન અદી ઇંચ લાંબાં અને સાંકડાં હોય છે. તેનાં ટેરવાં ખૂલ્લાં હોય છે. ફૂલની ગુચ્છીઓ રાતા રંગની આપ છે. બીજ કાળાં હોય છે. તે વનાં દરદ ઉપર વપરાય છે

જલઆરો પું. ઘાટ; જ્યાં નદી ઊતરી શકાય અથવા પાણી ભરી શકાય તે જગ્યા.

જલઉચ્ચાલક [સં.] ન. ડોલડી; કૂવાકો; બૂડકો.

જલઓખરાઢ (જલઓખરાડ) પું. આશરે દોઢ વેંત ઊંચો ઊગતો એક જાતનો છોડ. તેનાં ફૂલની ગુચ્છી રતાશ લેતા રંગની હોય છે. ફૂલ સૂક્ષ્મ બીજવાળા અને ૩ થી ૬ ખાનાવાળાં હોય છે. તેની રાખ તેમાં મેળવી માંજાં રંગવા માટે વપરાય છે

જલઓવાણ પું. નદીમાં પૂર આવ્યું અથા પછી કાંઠે રહી ગયેલો ઝાળાંઝાખરાં વગેરે કચરો.

જલકક્ક [સં.] ન. જલબિંદુ; વાજ્ટ.

જલકતી સ્ત્રી. ખિસ્કારા.

જલકન્યા [સં.] સ્ત્રી. મત્સ્ય કન્યા.

જલકપિ [સં. જલ (પાણી) + કપિ (વાંદરો)] પું. સિંશુમાર નામે એક જલચર પ્રાણી.

જલકપોત ૧. પું. પાણીને કિનારે થતું એક પક્ષી.
૨. [સં. જલ (પાણી) + કપોત (પારેવું)] પું. પાણીમાં ઉત્પન્ન થતું એક જાતનું કપાસ, પાણીનું પારેવું.

જલકમથોલા પું. સૃષ્ટિમૈથુન.

જલકમલ [સં.] ન. જલમાં થતું એક સુંદર પુષ્પ; લાલ અને મોળી પાંખડીવાળું એક ફૂલ, કમળ.

જલકર ૧. [સં. જલ (પાણી) + કર (વેરો)] પું. જળાશયોમા થતા પદાર્થો ઉપર લેવાતો કર.
૨. પું. પાણીનું બંધેસણ; પાણીનો કર.
૩. પું. માછી પકડવાના બદલા ઉપર લેવામાં આવતી રકમ.
૪. પું. વહાણ વગેરે ઉપરની દરિયાઈ રાજકીય જકાત.

જલકરી [સં. જલ (પાણી) + કરિન્ (હાથી)] પું. પાણીનો હાથી.

જલકર્મ ૧. [સં. જલ (પાણી) + કર્મન્ (કામ)] ન. ચોસઠ માહેનું એક જાતનું વિદ્યાન.
૨. ન. જળાસય.

જલકર્મ અવેક્ષક [સં.] પું. જલાશય ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

જલકર્મ ઉપાવેક્ષક [સં.] પું. જલકર્મ અવેક્ષકનો મદદનીશ.

જલકર્મનિર્વાહ [સં.] પું. જળાશય બનાવવાનો ધર્મ.

જલકલ ગણિત ન. પાણીના જળથી આવતા સમાક્રમ સંબંધી વિદ્યા; પ્રવાહી તથા પ્રવાહી પદાર્થોને લાગેલા જળોનું ગણિત.

જલકલક [સં. જલ (પાણી) + કલક (મેલ)] પું. કાદવ, કચરો.

જલકલ્લોલ [સં. જલ (પાણી) + કલ્લોલ (મોજું)] ન. જલનો તરંગ; પાણીનું મોજું.

જલકંટક ૧. [સં.] પું. કમળ; પદ્મ.
૨. પું. નાળિયેર.
૩. પું. મગરમચ્છ.
૪. પું. મેઘ; વાદળું.
૫. પું. મોજું.
૬. પું. શંખ.
૭. પું. સીંગોડું; પાણીમાં થતી એક વેલનું ફળ.

જલકંતાર પું. વાયુ.

જલકા [ન.] સ્ત્રી. ચાંચિયા બોકોની ટોળી.

જલકાક [સં. જલ (પાણી) + કાક (કાગડો)] પું. જલકાગડો; એ નામનું એક પક્ષી.

જલકાકી [સં.] સ્ત્રી. જલકાગડી પક્ષિણી, જળકાગડાની માદા.

જલકાગ પું. એક જાતનું દરિયાઈ પક્ષી; કરકોટ.

જલકામુક ૧. [સં.] પું. કુંદુબિની વૃક્ષ.
૨. વિ. પાણીને ચાહનાર; પાણી પીનાર.

જલકામુકા [હિ.] સ્ત્રી. સારસપક્ષી.

જલકાય પું. (જૈન) જલ જેનું શરીર છે એવો જીવ; સ્થાવરનો એક ભેદ; અપ્કાય. સ્થાવરના પૃથ્વીકાય, જલકાય અને વનસ્પતિકાય વગેરે ભેદ છે.

જલકારિકા સ્ત્રી. રિસામણીનો છોડ.

જલકાંક્ષ ૧. [સં.] પું. હાથી.
૨. વિ. પાણી પીનાર.

જલકાંક્ષિણી [સં.] સ્ત્રી. હાથણી.

જલકાંક્ષી ૧. [સં.] સ્ત્રી. હાથણી.
૨. [સં. જલકાંક્ષિન્] પું. હાથી.
૩. વિ. પાણી પીનાર.

જલકાંટો પું. પાણીથી જાળ કરવાનું યંત્ર.

જલકાંત ૧. [સં.] પું. (જૈન) ઉદધિકુમાર દેવોના બે ભાંહેનો એક નામનો એક ઇંદ્ર.
૨. પું. વરુણ.
૩. ન. એક જાતનું રત્ન; ચંદ્રકાંતમણિ.

જલકાંતમણિ [સં.] પું. મણિનો એક પ્રકાર; ચંદ્રકાંતમણિ.

જલકાંતાર [સં.] પું. વરુણ દેવ.

જલકાંતેંદ્ર [સં.] પું. (જૈન) ઉદધિકુમાર જાતના દેવનો દક્ષિણ વિભાગનો ઇંદ્ર.

જલકિટ્ટ [પ્રા.] ન. પાણીનો મેલ, શેવાળ, કોણ વગેરે.

જલકિનાર [હિં.] પું. એક પ્રકારનું રેશમી કાપડ.

જલકિરાટ [સં.] પું. એક જાતનું માછલું; માલ જા નામનું જલજંતુ; પાણીમાં થતું જનાવર; ઝૂક.

જલકિરાટી [સં.] સ્ત્રી. ઝૂકની માદા.

જલકુક્કડ (જલકુક્કુડ) ૧. [સં. જલકુક્કુટ] પું. જળકૂકડો.
૨. પું. વિષધી પુરુષ.

જલકુક્કડી (જલકુક્કુડી) ૧. સ્ત્રી. જળકૂકડી.
૨. સ્ત્રી. વિષધી સ્ત્રી.

જલકુક્કર સ્ત્રી. જળકૂકડી.

જલકુક્કુટ [સં.] પું. જળકૂકડો.

જલકુક્કુટની સ્ત્રી. જળકૂકડી.

જલકુક્કુટી [સં.] સ્ત્રી. જળકૂકડી.

જલકુકુતી [સં.] પું. એક જાતનું જલપક્ષી.

જલકુકુલી [સં.] સ્ત્રી. એક જાતની જલપક્ષિણી.

જલકુડ્મ ૧. [સં. જલ (પાણી) + કુડ્મ (ડીંટિયું)] ન. નેતરનું ઝાડ.
૨. વિ. પાણીમાં વાંકું વળેલું કે નમેલું.

જલકુડ્મલક ૧. [સં.] પું. પાણીમાં થતી એક વનસ્પતિ.
૨. પું. શેવાળ.

જલકુંડ ૧. પું. પાણીનો કુંડ.
૨. પું. સ્નાન કુંડ.

જલકુંતલ [સં. જલ (પાણી) + કુંતલ (વાળ)] પું. શેવાળ.

જલકુંભિકા સ્ત્રી. એ નામની સારણાદિવર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; જલકદંબા.

જલકુંભી ૧. [હિં.] સ્ત્રી. કુંભી નામની વનસ્પતિ; જલકદંબા. તે જલાશયોમાં પાણી ઉપર થાય છે.

૨. જી જળજંતુઓ; નદીના કિનારા ઉપર થતી એક વનસ્પતિ.

જલકૂપી ૧. [સ.] સ્ત્રી. કૂવા જેવો પાણીનો ખાડો.
૨. સ્ત્રી. કૂવાનો ખાડો.
૩. સ્ત્રી. નાનું તળાવ; પુષ્કરિણી.

જલકૂર્મ ૧. [સં.] પું. પાણીનો કાચબો.
૨. પું. [કુમાર નામે જલચર પ્રાણી.

જલકૂર્મી [સં.] સ્ત્રી. શિશુમાર નામના જલચરની માદા.

જલકૃત પું. પદ્મર.

જલકેતુ [સં.] પું. (જ્યોતિષ) એક પ્રકારનો પૂછડીઓ તારો. તની પૂછડી પશ્ચિમ તરફ હોય છે, અને શરૂઆતમાં મોટી હોય છે. કલિત જ્યોતિષ અનુસાર તેના ઉદયથી નવ માસ સુધી સુભિક્ષ રહે છે.

જલકેલિ ૧. [સ. જલ (પાણી) + કેલિ (આનંદ)] સ્ત્રી. તરતાં તરતાં કે હાડકામાં બેસી જલમા કરવુ કે રમવુ તે.
૨. સ્ત્રી. પુરુષોએ જલમા ઊતરી નહાતાં નહાતા રમતગમત કરવી તે; જલક્રીડા.

જલકેશ [સં જલ (પાણી) + કેશ (વાળ)] પું. શેવાળ.

જલકોસ પું. પાણીનો કોસ; મશક.

જલકોલ્યા [હિ.] પું. એક જલપક્ષી. તેની મરદન પાળી, ચાંચ જૂરી અને પાકનું આખુ શરીર કાળું હોય છે. માદાના પગ નરના પગ કરતાં કાયક મોટા હોય છે. આ પક્ષી વરપ, ઓરિસ્સા, આંધ્રિક અને ઉત્તર અમેરિકામા જોવામા આવે છે. તેની લગાર્ડ બેથી ત્રણ હાથ સુધીની હોય છે. માદા દરેક વખતે ૪થા ૬ ઈંડા મૂકે છે

જલક્રિયા [સં] સ્ત્રી. ઉદક્રિયા; જળથી થતી ક્રિયા, પિતૃતર્પણ વગેરે; દેવ અને પિતૃ બાદનુ તર્પણ

જલક્રીડા ૧. [સ. જલ (પાણી) + ક્રીડા (આનંદ)] સ્ત્રી. તરતા તરતા કે હાડકામા બેસી જળમાં ફરવું કે રમવું તે; જલરમણ; જલકેલિ; જલવિહાર; પાણીમા રમાતી રમત.
૨. સ્ત્રી. પાણીમાં આનંદ કરવો તે; કો પુરુષોએ જળમાં ઊતરી નહાતાં રમતગમત કરવી તે.

જલખગ ૧. [સ. જલ (પાણી) + ખગ (પક્ષી)] પું. એક પ્રકારનું પક્ષી. તે પાણીને કિનારે રહે છે.
૨. પું. જળપક્ષી.

જલખગી [સં.] સ્ત્રી. જળપક્ષિણી.

જલખાયા સ્ત્રી. સુકાયેલ ને શેકાયેલ રેતી.

જલગણિત [સં.] ન. ઉદકસ્થિતિશાસ્ત્ર; જલસ્થિતિવિદ્યા.

જલગત ૧. વિ. પાણીની મદદથી ઠરાવેલુ. ધાતુના કટકાના હવામાના વજનમાથી બહાર પોલા પાણીનું વજન બાદ કરતાં બાકીનુ જલગત કહેવાય છે.
૨. [સં.] વિ. પાણીમાં પ્રતિબિંબિત થયેલું.

જલગતગુણ [સં.] પું. (વેદાંત) પાણીમાં રહેલ સુક્ષ્મ રૂપ, રસ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ અને વેગ એ સોળ ગુણો જળમા છે

જલગતિવિદ્યા ૧. [સ.] સ્ત્રી. અદ્યપાંત કે આખું પ્રવાહી હોય એવા એક દ્રવ્યવિષયક તત્ત્વના સમતોલનમા જે ભાગો ક્રામ કરી રહ્યા હોય તે ભાગોનુ વર્ણન કરનાર વિદ્યા.
૨. સ્ત્રી. પ્રવાહી પદાર્થોમા ઉત્પન્ન થતી ગતિનુ ગણિત.

જલગતિશાસ્ત્ર [સં.] ન. પાણી સબધી ગતિશાસ્ત્ર; જલગતિવિદ્યા.

જલગજ ૧. [સં.] પું. હાલકાચબો.
૨. પું. તળાવ.

જલગધા પુ. નીચ માણસ; હલકો માણસ.

જલગરણ ન. પાણી ગળવાનુ સૂતરું.

જલગરિયો ન. મંદિરમાં ઠાકોરજીની પૂજા માટે પાણી લાવી આપનારો માણસ.

જલગર્ભ ૧. [સં.] પું. જલસ્થાક ગર્ભ; તે નામે એક નિર્ભત્ત.
૨. પું. જુહના પ્રધાન શિષ્ય આનંદનું પૂર્વ જન્મનું નામ.

જલગામી [સં. જલગામિન્] વિ. જલવાહક.

જલગુરુત્વમાપક ન. પાણીનુ વિશેષગુરુત્વ જાણવાનુ યત્ર.

જલગૃહ્મ ૧ પુ. ઓળ પાણીવાળો દેશ.
૨. [સ.] પું. કાચબો.
૩. પું. ખાબોચિયું.
૪. પું. નાનુ તળાવ; નાનું જલાશય.
૫. પું. પાણીમા પડતી ઘૂમરી.

જલગ્રહ ૧. [સં.] ન. પાણી પીવા માટે બાંધેલું રમણ.
૨. ન. સરોવર ઉપરનું કોઠાગૃહ.

જલગ્રહિક વિ. પાણીની વ્યવસ્થા કરનાર; પાણી પાનારુ.

જલગ્રેસ પું. પાણી અને બળતા અંગારાના સયોજનથી બનતો ગેસ.

જલગ્રહણી એકાદશી સ્ત્રી. ભાદરવા સુદિ અગિયારસ.

જલગ્રાહી [સં. જલગ્રહિન્] વિ. પાણી લે એવું; પાણી ગ્રહણ કરનારું.

જલઘટિકા સ્ત્રી. પાણીના સાધનથી ગ્રહતું ઘડિયાળ.

જલઘડી (જલઘડો) ૧. સ્ત્રી. પાણી અથવા કોઈ પણ પ્રવાહી પદાર્થને ધીમે ધીમે જવા દઈ વખત માપવાનું એક ઘડિયાળ; પારા ઘડિયાળ.
૨. [હિ.] સ્ત્રી. વખત જણાવનારું એક યંત્ર. તેમાં એક વાટકી હોય છે, જે પાણીના ડામમ. મૂકવામાં આવે છે. વાટકીની નીચે એક કાણુ હોય છે. તેમાથી પાણી અંદર દાખલ થાય છે. એક કલાકમાં વાટકી પાણીથી ભરાઈ ને બૂડી જાય એટલે તેને કાઢી પાણી ખાલી કરી પાછી પાણીના ડામમાં મૂકવામાં આવે છે.

જલઘર ૧. ન. ઘર તરીકે વપરાતી હોડી.
૨. ન. પાણી રાખવાનું ઘર; જે ઘરમા પાણીનાં વાસણ ભરી રખાતાં હોય તેવુ ઘર.
૩. ન. વાદળુ; મેઘ.

જલઘરું ૧. વિ. આંસુથી ભરેલું.
૨. વિ. પાણીથી ભરેલુ

જલઘાટક ૧. [સં. જલ (પાણી) + ઘોટક (ઘોડો)] પું. જલઘોડો.
૨. પું મગર; ગ્રાહ.

જલઘોડા (જલઘોડો) પું. એક દરિયાઈ પ્રાણી; જલઘોટક.

જલચક્કી સ્ત્રી. પાણીના જોરથી ચાલતી ચક્કી.

જલચક્રી સ્ત્રી. પાણીની ભમરી; પાણીનું વમળ.

જલચત્વર [સ.] ન. નાનું જળાશય.

જલચદ્દર સ્ત્રી. પાણીરૂપી ચાદર.

જલચર ૧. [સં. જલ (પાણી) + ચર્ (ફરવું)] ન. પાણીમાં રહેનાર જંતુ; પાણીનું પ્રાણી; પાણીમાં ઉત્પન્ન થઈ પાણીમાં રહેનાર જંતુ, પાણીમા ફરનાર પ્રાણી.
૨. વિ. પાણીમાં ચાલનારું; પાણીમાં ફરનાર.
૩. વિ. પાણીમાં રહેલું.

જલચરકેતુ [સં.] પું. (ત્રજ) કામદેવ.

જલચરચક્ર [સં.] પું. જેમાં શ્રમ, માછલાં અને કાચબા હોય તેવો જળાશયનો ભાગ.

જલચરનૌકા [સં. જલચર (પાણીમાં ફરનાર) + નૌકા (હોડી)] સ્ત્રી. સમુદ્રની અંદર ચાલતી હોડી; 'સબમરિન.'

જલચરી ૧. [સં.] સ્ત્રી. જળમાં રહેનારી સ્ત્રી; જળવાસિની.
૨. સ્ત્રી. પત્નીમ. રહેનાર માછલી, મગર વગેરે, જલચર તિર્યંચની માદા.

જલચાર વિ. પાણીમાં ચાલનાર.

જલચારી ૧. [સં. જલચારિન્] પું. જળચર પ્રાણી, જલમા રહેતા જીવ, માછલાં વગેરે.
૨. વિ. પાણીમાં ફરનાર.

જલચિકિત્સા ૧. [સં. જલ (પાણી) + ચિકિત્સા (વૈદ્યક ઉપચાર)] સ્ત્રી. પાણીથી રોગ મટાડવો તે.
૨. સ્ત્રી. પાણીની પરીક્ષા.

જલચિકિત્સાશાસ્ત્ર ૧. [સં.] ન. પાણીથી રોગ મટાડવાનું શાસ્ત્ર.
૨. ન. પાણીની પરીક્ષા કરવાનું શાસ્ત્ર.

જલચુસ્ત વિ. જેમાંથી પાણી ઝરી ન શકે એવું.

જલચોર [સં.] પું. પાણીમાં ચોરી કરનારો માણસ; માંચિયો; હરિયાઈ લુટારો.

જલચોષકયંત્ર ન. પત્ની ચૂસનારું યંત્ર.

જલજંતુમાયા [સં.] પું. એક જાતનો છોડ.

જલજમુનિ [સં.] સ્ત્રી. જરેલા પાણીના ક્રમમાં કાર્બ નકવાયો તેમાંથી પાણીનું નીકળી જવું તે.

જલજ ૧. [સં.] પું. ચંદ્ર.
૨. પું. શેવાળ.
૩. સ્ત્રી. (જ્યોતિષ) કર્ક વગેરે રાશિ; મીન અને કર્કટ રાશિ.
૪. ન. એક જાતનું ખરાબ પીણું.
૫. ન. (રૂઢિ) એક જાતનું ત્રિશાળ ઘર. આ ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો, તે અલિંદો આગળ એક ઓસરી, તથા બધે એક પાટડો હોય અને ઘરનું મુખ ઉત્તર તરફ હોય છે.
૬. ન. એક જાતનો ક્ષાર.
૭. ન. કપૂર.
૮ [સં. જલ (પાણી) + જ (જન્મનાર)] ન. કમળ.
જલજ તો યે ન જલ રહ્યો વિરક્તિ હોય તે જલમે, હૃદય અરવિંદ ઇચ્છે છે સતા યે દુઃખનું વિહારી. વિહારી
૯. ન. છીપસુતા; મુક્તા; મોતી.
૧૦ ન જલજંતુ
૧૧. ન પાણીમાં થતું નેતર.
૧૨. ન. માછલું.
૧૩. ન. મેઘ; વાદળું.
૧૪. ન. બોધ.
૧૫. ન. શંખ.
૧૬. ન. સામુદ્રિક મીઠું.
૧૭. વિ પાણીમાં ઊગનારું; પાણીમાં ઉત્પન્ન થતું.

જલજકુસુમચર્યાનિ [સં.] ન. જલત.

જલજદળદ્યુતિ [સ. જલજ (કમળ) + દળ (પત્ર) + દ્યુતિ (તેજ)] સ્ત્રી. કમળપત્રનું તેજ. કમળના પાદડાઓની શોભા.

જલજન [સ. જલ (પાણી) + જન્ (ઉત્પન્ન કરવું)] પું. અબ્ધિવાયુ; ઉદકજનકવાયુ; 'હાઇડ્રોજન.'

જલજનક જુઓ જલજન.

જલજન્મ [સં. જલ (પાણી) + જન્મન્ (જન્મ)] ન. કમળ.

જલજપ ન નદીના પાણીમાં જાપ જપવાની ક્રિયા.

જલજમની ૧. સ્ત્રી એક જાતનો વેલો. આ વેલો બારે માસ જોવામા આવે છે. એનાં પાન તરેહવાર આકારનાં હોય છે ફૂલ લીલાશ લેતા પીળા, ફળનાં બે બબ્બે નાનાં હોય છે. દરેક સૂક્ષ્મ કાળાં બેજનાં હોય છે.
૨ સ્ત્રી. એક વનસ્પતિ; વેવડી. તે પાણીને જમાવી દે છે, માટે તેનું આ નામ પડયું છે.

જલજયંત્ર ન. કુવારો.

જલજલ [સં.] ન. બીનું, પાણીથી ભરેલ.

જલજલબુંબાકાર જ. જલબબ.

જલજલાકાર વિ. પાણી જ પાણી હોય તેવું, પાણીથી ભરપૂર.

જલજલાહત [હિં.] સ્ત્રી. મુરસો.

જલજવીન [ફા.] પું. મુસાદ.

જલજવૈરાયન [સં. જલજ (કમળ) + રમણ (પ્યારી)] ન. કમળની પ્યારી.

જલજસંવૃદ્ધિ સ્ત્રી. પાણી ભરાવાથી વૃક્ષનું થેલીનું મોટું થવું તે.

જલજંતુ ૧. [સં. જલ (પાણી) + જંતુ (જીવડું)] પું ન જળચર જળનું હરકોઈ પ્રાણી.
૨. પું.; ન. પાણીનું જંતુ.
૩. પું.; ન. માછલું.

જલજંતુકા [સં.] સ્ત્રી. જળો.

જલજંત્ર [સં. જલયંત્ર] ન. કુવારો; પાણી ઊંચે ચડાવવાનું યંત્ર.
જલજંત્ર ચાલિ, ગો ન ઝલિ, છાંટા છડિ નીર, એહું રાખિ મયૂર ભાખિ, ત્રિવિધ વહિ ઈ સમીર. જાલણ

જલજંપુ સ્ત્રી. શાંતિ.

જલજંબૂકા [સં.] સ્ત્રી. પાણીમાં ઉત્પન્ન થનાર એક જાતનું લાંબુનું ઝાડ.

જલજા ૧. [સં.] પું વજ. વજ્રના છેડ કમળની પેઠે પૂરતા પાણીમાં થાય છે, માટે તેને જલજા કહે છે.
૨. સ્ત્રી. કમળા; લક્ષ્મી.

જલજાજીવ [સં.] પું. જળચર પ્રાણીઓને મારી નાખનાર માણસ; જળચર પ્રાણી ઉપર જીવન ચલાવનાર માણસ.

જલજાત ૧. [સં.] ન. કમળ; પદ્મ.
૨. વિ. જલજ; જલમાં ઉત્પન્ન થયેલું.

જલજાત્રા [સં. જલ (પાણી) + યાત્રા (મુસાફરી)] સ્ત્રી. દરિયાની સફર.

જલજાન ન. જહાજ; વહાણ.

જલજંબવો પું. વાંદરુ; એક પ્રકારનો છોડ. એક ફૂટ ઊંચો થતો આ છોડ પાણી પાસે હોય છે અને જમીન ઉપર પથરાએલો હોય છે. દોઢેક ઇંચ લાંબાં થતાં તેનાં પાન બંને છેડે સાંકડાં અને ફૂલ પોળાં હોય છે.

જલજંબુ પું. એક પ્રકારનો છોડ, તેનાં પાન બંને છેડે સાંકડાં અને ફૂલ પોળાં હોય છે અને ડાંડી તથા પાનનો રંગ રાતો હોય છે, માટે તેને જલજંબવો કહે છે.

જલજિંડુ [સં.] પું. મગરમચ્છ.

જલજીવક પું. પાણીની અંદર વસનારા જુદી જુદી જાતના સર્પના આકાર જેવાં પ્રાણી.

જલજીવી [સં. જલજીવિન્] પું. માછલાં વગેરે જલજંતુ મારીને જીવનાર માણસ.

જલજુલણી એકાદશી સ્ત્રી. ભાદરવા સુદિ અગિયારસ.

જલજોગની ૧. સ્ત્રી. જળો.
૨. સ્ત્રી. પતંગ.

જલજોગની જુઓ જલજોગની.

જલજોદ્ભવ [સં. જલ (પાણી) + જ (જન્મેલ) + ઉદ્ભવ (જન્મ)] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

જલઝકોર સ્ત્રી. પાણીનું પવનમાં ફરફરવાપણું.

જલઝીલણી સ્ત્રી. ભાદરવા સુદિ અગિયારસ. તે દિવસે ડાકોરજીની પાલખી નદીએ લઈ જઈ પ્રસાદીનાં ચીજડાં પાણીમાં નાખે છે.

જલટ્ટુ [પ્રા.] પું. અગ્નિ.

જલતત્ત્વની ધારણા સ્ત્રી. (હઠયોગ) હઠયોગની પાંચ ધારણાઓમાંની બીજી ધારણા. આ

ધારણાનો અભ્યાસ દૃઢ થતાં સમસ્ત દ્રવ્ય પાત્રને દ્રવ એટલે જલ સમાન કરવાનું સામર્થ્ય આવે છે.

જલતરણ ૧. પું. (પિંગ) એક માત્રામેળ છંદ. તેમાં તેર માત્રા હોય છે અને પાંચ પાંચ માત્રાએ યતિ આવે છે. ૧, ૬ અને ૧૧ માત્રાએ તાલ અને અંતે ગુરુ લઘુ આવે છે. યતિમા જગણ ના આણવો.

તેર કલ, જલતરણ, માંહ.
સાર ગરે, વિરતિ છે, નાહ.
ગ્રહિ પડે, ને વિસે તાલ.
યહિ વિધે, જગણ નવ ઘાલ. રઘુપિંગળ

૨. ન. સરોવર.

જલતરંગ ૧. [સં.] પું. ઠોર ઘસીને કાચના પ્યાલા વગાડવા તે.

૨. પું. તરંગ, પાણીનુ મોજું; પાણીની સપાટી પરનો એક પ્રકારનો ઉદ્ગમ, જે પાણીમાં ઉપર નીચ હાલતો હાલતો કાર્ય એક ભાગ્યે જ જોવા મળે છે.

૩. પું. પિત્તળનું એક વાસણ, જેમાં પાણી રાખવામાં આવે છે અને જેની ઠોર ઉપર બે લાકડીઓ મારી વગાડવામાં આવે છે.

૪. ન. ઉદકવાદ્યમાં પાણી ભરીને બોળવું એક વાદ્ય; ચીનાઈ માટીના નાના મોટા પ્યાલામા પાણી ભરીને બોળવું એક વાદ્ય.

૫. ન. એક પ્રકારનું ધનવાદ્ય. કાચના નાના મોટા વધારામાં સ્વરના પ્રમાણસર પાણી નાખી બોક્સ સ્વર કાઢી બે હાથે પાતળી લાકડીઓ વતી આ વાદ્ય વગાડી શકાય છે. આજમાં આજ અદ્ધર વધારાઓનો ઉપયોગ આ વાદ્યમાં થાય છે. બાકીના પ્રમાણમાં વધારે ઓછું પાણી રેડી જરૂરના સ્વરો તૈયાર કરી શકાય છે. કાચના પ્યાલા સિવાય જુદી જુદી ધાતુની ચડતિર વાટકી પણ વાપરીને આ વાદ્ય બનાવી શકાય.

૬. ન. મનોહર કાવાળું એક પંખી.

જલતરંગ ન્યાય [સં.] પું. અભેદપક્ષ બતાવનાર દૃષ્ટાંત. નામ જુદું હોવા છતાં તરંગ એ જલના ગુણથી ભિન્ન નથી. માટે અભેદ બતાવવો હોય ત્યાં આ ન્યાય વપરાય છે.

જલતરંગી ૧. પું. ઠોર ઘસીને કાચના પ્યાલા વગાડવા તે.

૨. પું. પિત્તળનું એક વાસણ, જેમાં પાણી રાખવામાં આવે છે અને જેની ઠોર ઉપર બે લાકડીઓ ઠોકી તે વગાડવામાં આવે છે.

જલતરૈયા જુઓ જલતરંગી.

જલતાડન (જલતાડન) ન. આકાશ પ્રયત્ન; પાણીને મારવા પૌ ફોગટ હાંફાં.

જલતાપિક [સં.] પું. એક જાતનું માછલું.

જલતાપી [સ. જલતાપિન્] પુ. એક જાતનું માછલું. જુઓ જલતાપિક

જલતાયિક [સં.] પું. એક જાતની વનસ્પતિ; કાકલાચી.

જલતાલ [સં.] પું. એક જાતનું માછલું.

જલતુરઈ [હિં.] સ્ત્રી. માછલું.

જલતુલા [સં. જલ (પાણી) + તુલા (ત્રાજવું)] સ્ત્રી. પાણીનુ દ્રવ્યનુ અને સમતોલપણું દર્શાવનારું પત્ર; પદાર્થનું વિશેષ ગુરુત્વ માપવા માટે પાણીમાં પદાર્થ બોળવામાં વપરાતુ ત્રાજવું; જળની મદદથી વજન કરવાનું ત્રાજવું

જલતું વિ. સળગતું; જળતું.

જલતુંબિકાન્યાય [સં.] પું. છુપાવ્યું છુપે નહિ એવું જણાવનાર તથા પાણીમા તુંબડું તરે એવું જણાવનાર દૃષ્ટાંત. તુંબડું પાણીમાં ડૂબતું નથી, ડૂબાડવાથી તે પાછુ ઉપર આવે છે. તેમ જ્યાં કોઈ વાત છુપાવતાં છૂપે નહિ ત્યાં આ ન્યાય વપરાય છે વળી તુમ્બા ઉપર માટી ફીચ વગેરે લપેટી તેને પાણીમાં નાખતાં તે ડૂબે છે પણ ફીચ ધોઈ નાખી પાણીમાં નાખવાથી તે ડૂબતું નથી. તે પ્રમાણે જીવ કર્મરૂપી મળથી ઢંકાયલ રહેવાથી સંસાર સાગરમા ડૂબ્યા રહે છે અને તે મળ દૂર થવાથી સંસાર સાગર તરી જાય છે તને માટે આ ન્યાય વપરાય છે.

જલતૃષ્ણ [સ.] પું. મોમ.

જલતારા સ્ત્રી. માછલી.

જલત્રા [સ.] સ્ત્રી. જટા, જળ.

જલત્રાસ ૧. [સં.] પું. પાણીનો ત્રાસ; પાણી જોઈને જળ પામવા તે; કૂતરું, શિયાળ વગેરે કરડતાં માણસને પાણી દેખવાથી અથવા તેનું નામ સાંભળવાથી ઉત્પન્ન થતો ત્રાસ.

૨. વિ. પાણીથી જેને જળ હોય તેવું.

જલત્વ [સં.] ન. પાણીપણું.

જલથલ ૧. પું. અર્ધો પાણીથી ઢંકાયેલી જમીન.

૨. [હિં.] પું. પાણી અને જમીન; જળસ્થળ.

૩. પું. ભેજવાળી જમીન.

જલથંભન [હિં.] ન. પાણીનો પ્રવાહ, વરસાદ વગેરેને રોકી દેવાનો મંત્રપ્રયોગ.

જલદ ૧. પું. એ નામના એક ઋષિ

૨. પું. (સંગીત) એક રાગ.

૩. પુ. કપૂર.

૪. પું. નાગરમોથ.

૫. [સ. જલ (પાણી) + દ (આપવું)] પુ. મેઘ; વરસાદનું વાદળ.

૬. પું. (પુરાણ) શાકદ્વીપ બારેનો એ નામનો એક વર્ષપર્વત.

૭. સ્ત્રી. અથર્વવેદની નવ બારેની એ નામની એક શાખા.

૮. ન. એ નામનું પક્ષી.

૯. વિ. ઉતાવળું; વેગવાળું

૧૦. વિ. ઉત્તેજિત.

૧૧. વિ. ચાલાક; ઝટપટથી કામ કરનાર; તેજ.

૧૨. વિ તામસી; તમોગુણી; ગુસ્સાવાળું; આકરા મિજાજનું; ગરમ; ઉગ્ર.

૧૩. વિ. પાણી આપનાર.

૧૪. વિ. પ્રચંડ; આકરું.

૧૫. વિ. લાલ, લાલચોળ.

૧૬. વિ. સળગી ઊઠે તેવું

૧૭. [કા.] ન. જલદ; વખત ગુમાવ્યા વગર.

જલદગર્ભ [સ. જલ (પાણી) + દ (આપનાર) + ઋતુ (મોસમ)] સ્ત્રી. ચોમાનું; વર્ષાઋતુ

જલદકાલ [સં. જલ (મેઘ) + દ (આપનાર) + કાલ (વખત)] પું. વર્ષાકાળ; વર્ષાઋતુ.

જલદક્ષય [સ.] પું. શરદ ઋતુ.

જલદગંભીર વિ. બહુ ગંભીર.

જલદત્રિતાલ ૧. પું. (સંગીત) ચતુરશ્રજાતિ માત્રાનો એક તાલ. ત્રિતાલને દ્રુતલયે લેવાથી આ તાલ બને છે. કોટડીના બોલ: (૧) ધા[સમ૧] તાધીતા[૨] તીતાં[૩] તાધીં[૧] તાધી. (૨) ત્રાંક[૨] તાધીના[૩] તા[૧] તીના તાંત્રક તાધીના તાધીના. (૩) ત્રાંક[૧] તાદિના[૨] તા તીતાં તાંત્રક તાદિના[૩] તા ધીધા. આ તાલમા તોડા, મોહરા, પરનો ઠેકાદિ કશુંજ લેવાતાં નથી, કારણ કે આ તાલમાં ગાયકને તાન પલટા કાંઈ અમુક રાગનું રૂપરેખ આપવું પડે છે. તાલના સ્થાન અનુક્રમે ૧, ૩, ૫ અને ૭ માત્રા ઉપર છે.

૨. પું. (સંગીત) ત્રિવટ, પ્રતિતાલ. તેની આઠ માત્રા છે. તેમાં પહેલી, ત્રીજી અને સાતમી માત્રા ઉપર તાલ અને પાંચમી માત્રા ઉપર ખાલી આવે છે. ત્રિતાલને જલદીથી બોલીએ તો જલદત્રિતાલ થાય.

જલદદાદરા જુઓ જલદદાદરો

જલદદાદરો પું. (સંગીત) તિસ્રજાતિ ત્રણ માત્રાનો એક તાલ; ઉતાવળથી ગાવા કે વગાડવામાં આવતો તાલ દાદરો. દાદરા તાલને દ્રુતલયે લેવાથી આ તાલ થાય છે. તેના કોટડીના બોલ ખાતીના ખાતીના છે. આ ઠેકો દાદરાનો જ છે, પણ આ ઠેકાને દ્રુતલયથી

વાગે છે અને આખરમાં એક જ તાલ સમ ઉપર દેવાય છે, જ્યારે દાદરામાં બે તાલ દેવાય છે. તેનો બોલ: તરકિટ તક ધા તરકિટ. આ બોલો સમથી ઊપડી સમ ઉપર મળે છે

જલદપૃતના [સં. જલદ (વાદળું) + પૃતના (સેના)] જુઓ. વાદળાંની ઘટા.

જલદબ્બાઝ ૧ [ફા.] વિ. ઉતાવળિયું.

૨. અ. જલદી; ઝડપથી; ઉતાવળે.

જલદરસિયા પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, સગણ, બે જગણ, લઘુ અને ગુરુ મળી નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે રાક્ષરી છંદનો એક ભેદ છે.

જલદર્દુર [સં.] પ્ર. દેડકાના અવાજ જેવું એક વાદ્ય, જલતરંગ.

જલદરજ્જુ પું. માછિયો; સમુદ્રમાં વહાણ લૂટવાનો ધંધો કરનાર માણસ.

જલદાગમ [સં. જલદ (વાદળું) + આગમ (આવવું તે)] પું. મોસમસું; વર્ષાકાળ.

જલદાદિકષાય [સં.] પું. મોથ અને બીજી ઔષધિઓનો ઉકાળો.

જલદાન [સં. જલ (પાણી) + દાન (આપવું તે)] ન. પાણી આપવું તે.

જલદાભ [સં.] વિ. મેઘના જેવું કાળું.

જલદારાન [સં] ન. સાજનું ઝાડ.

જલદાહ [સં. જલ (પાણી) + દાહ (બળતરા ને)] પું. શરીરને પાણીમાં ઠેકાણે પાડવું તે; મુડદાને દાટવું કે બાળવું નહિ પણ ચુડાડી કે વરેવરાવી દેવું તે; જળસમાધિ; શબને બાળવાને બદલે પાણીમાં વહેતું મૂકવું તે.

જલદિવ્ય [સં.] ન. અપરાધીની પરીક્ષા કરવા માટેની એક જૂની રીત; પાણીમાં ડૂબકી મરાવવી તે; વારિપ્રવેશ.

જલદી ૧. [ફા. જલ્દ] સ્ત્રી. ઝટપટ; ઝડપ; ત્વરા; ઉતાવળ.

૨ અ. ઉતાવળે; તાકીદે; તાબડતોબ; ત્વરાએ, સત્વર.

જલદીક્ષા સ્ત્રી. પાણીથી અપાતી ખ્રિસ્તિ ધર્મની દીક્ષા, 'બાપ્ટિઝમ.'

જલદીર્ઘિકા [સં.] સ્ત્રી. પાણી ભાંખો વખત ટકો રહેતુ હોય તેવી વાવ.

જલદુર્ગ [સં. જલ (પાણી) + દુર્ગ (કિલ્લો)] પું. ચોતરફ પાણી હોય તેવો કિલ્લો, પાણીરૂપ કિલ્લો.

જલદૂધી સ્ત્રી. એક જાતનો વેલો. તેને કાચતાં અંદરથી દૂધ નીકળે છે. તેનાં પાન લાંબાં અને સાકડાં હોય છે ફૂલ ધોળાં, મુલાયમ કે જાંબલી રંગ છે. ફિલ સામસામી બેથી ત્રણ ઊંચ લાંબી, જાડા જાડી અને લીલી થાય છે.

જલદેવ ૧. [સં. જલ (પાણી) + દેવ (દેવતા)] પું. પાણીમાં રહેલ દેવ; વરુણ.

૨. પું. પૂર્વાષાઢા નક્ષત્ર.

૩. સ્ત્રી. જળની દેવી; પાણીની પરી.

જલદેવતા જુઓ જલદેવ.

જલદેવી [સં.] સ્ત્રી. પાણીમાં રહેતી મનાતી પરી.

જલદોદર [સં. જલદ (વાદળું) + ઉદર (પેટ)] પું. વાદળાંની અંદરનો ભાગ.

જલદ્રવ્ય [સં. જલ (પાણી) + દ્રવ્ય (વસ્તુ)] ન. (વેદાંત) પાણી રૂપી તત્ત્વ. તેનાં બે પ્રકાર છે: (૧) નિત્ય જલ અને (૨) અનિત્ય જલ. તેમાં પરમાણુરૂપ જળ નિત્ય છે અને દ્વયણુકાદિ કાર્યરૂપ જળ અનિત્ય છે. અનિત્ય જળના ત્રણ પ્રકાર છે: (૧) જલીય શરીર, (૨) જલીય ઇંદ્રિય, (૩) જલીય વિષય. જલીય શરીર અયોનિજ છે, અને તે વરુણ લોકમાં છે. રસનું ગ્રાહક રસન ઇંદ્રિય તે જલીય ઇંદ્રિય છે. નદી, સમુદ્ર વગેરે જલીય વિષય છે.

૨. ન. પાણીમાં ઉત્પન્ન થતા શંખ, મોતી વગેરે પદાર્થ

જલદ્રોણી [સં. જલ (પાણી) + દ્રોણી (વાસણ)] જુઓ. વહાણમાં પાણી સિંચવાનું એક જાતનું પાત્ર.

જલદ્વાર [જલ (પાણી) + દ્વાર (છિદ્ર)] ન. પાણી જવા માટે રાખેલું બાકું.

જલધમણ [સં. જલ (પાણી) + ધમનિ (ધમણ)] જુઓ; પાણીના દબાણ વડે હાથની મદદ વગર ચાલતી ધમણ.

જલધર ૧. [સં.] પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત માત્રામેળ છંદ; પયોધર. તે દોહરા છંદનો એક ભેદ છે

૨. પું. કપૂર

૩. પું. તિનિશ વૃક્ષ.

૪. [સં. જલ (પાણી) + ધર (રાખનાર)] ૫. મેઘ; વારિવાહ; વાદળ; વાદળું.

૫. પું. મોથ.

૬. પું. સમુદ્ર.

૭ વિ. પાણી ધારણ કરનાર; જેમાં પાણી હોય એવું.

જલધરકિદારા જુઓ જલધરકેદાર.

જલધરકેદાર પું. (સંગીત) બિલાવર થાટમાંથી ઉત્પન્ન થતો અને કેદાર રાગને મળતો એક રાગ. તેમાં શુદ્ધ તથા તીવ્ર મધ્યમ આવે છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર શુદ્ધ, મધ્યમ અને સંવાદી ષડ્જ છે. રાગે ભીંજ પહોરે તે ગવાય છે ગ્રહરાભરણ થાટના માલુદા કેદાર, સાવની કલ્યાણ અને હેમ કલ્યાણ રાગ સાથે આ રાગ પણ બંધી મળતો આવે છે.

જલધરમાલા ૧. પું. (પિંગળ) બાર અક્ષરનો એક છંદ. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ અને મગણ આવે છે.

૨. [સં જલધર (વાદળું) + માલા (હાર)] જુઓ. વાદળાની હાર

જલધરમાળા જુઓ જલધરમાલા.

જલધરરસિત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે.

જલધરિયો [સં. જલ (પાણી) + ધૃ (ધારણ કરવું)] પું. મંદિરમાં ભગવાનને માટે પાણી ભરનારો માણસ.

જલધરી [સં. જલ (પાણી) + ધૃ (ધારણ કરવું)] સ્ત્રી. પથ્થર કે ધાતુ વગેરેનું બાળું. તેમાં શિવલિંગ સ્થાપિત કરવામાં આવે છે.

જલધરૂ [સં. જલ (પાણી) + ધૃ (રાખવું)] ન. પાણિયારું; પાણીનાં વાસણ રાખવાનું સ્થળ.

જલધરો જુઓ જલધરિયો.

જલધર્મવૈદ્યક [સં. જલ (પાણી) + ધર્મ (ગુણ) + વૈદ્યક (રોગ મટાડવાનું શાસ્ત્ર)] ન. (વૈદક) પાણી વડે રોગ મટાડવાનું શાસ્ત્ર.

જલધાર [સં.] પું. ગ્રહદ્વીપનો એ નામનો એક પર્વત.

જલધારક [સં. જલ (પાણી) + ધારણ (રાખનાર)] વિ. પાણીને ધારણ કરનાર; પાણી ભરેલ.

જલધારા ૧. સ્ત્રી. એક જાતની તપશ્ચર્યા. તેમાં તપશ્ચર્યા કરનાર ઉપર કોઈ માણસ બરાબર ધાર બાંધીને પાણી રેડ્યા કરે છે.

૨. [સં. જલ (પાણી) + ધારા (ધાર)] જુઓ. પાણીનો પ્રવાહ; ધોધ; પાણીની ધાર.

જલધારી ૧. [સં. જલ (પાણી) + ધારિન્ (રાખનાર)] ન. મેઘ; વાદળું.

૨. વિ. પાણી ધારણ કરનાર; જલધારક.

જલધિ ૧. પું. ચારની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ

૨. [સં.] પું. દરિયો; સમુદ્ર; સાગર.

૩. પું. દક્ષ શંકુ જેટલી સંખ્યા.
૪. પું. પહરની સંખ્યા.

જલધિકન્યા ૧. [સં. જલધિ (સમુદ્ર) + કન્યા (કુમારી)] સ્ત્રી. નદી.
૨. સ્ત્રી. લક્ષ્મી.

જલધિજ ૧. [સં. જલધિ (સમુદ્ર) + જ (જન્મેલું)] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. પું. સમુદ્રમાં ઉત્પન્ન થનાર.

જલધિજજલ [સં. જલધિ (સમુદ્ર) + જલ (પાણી)] ન. દરિયાનું પાણી.
દોડી અસીમ જલધિજજલ કેરી ઊર્મિ.
નાનાલાલ

જલધિજા [સં. જલધિ (સમુદ્ર) + જા (ઉત્પન્ન થનારી)] સ્ત્રી. લક્ષ્મી.

જલધિતનયા જુઓ જલધિજા.

જલધિતરંગ [સં. જલધિ (સમુદ્ર) + તરંગ (મોજું)] પું. સમુદ્રનું મોજું.

જલધેનુ [સં. જલ (પાણી) + ધેનુ (ગાય)] સ્ત્રી. દાન માટે કલ્પેલી જળમય ગાય. અનેક પ્રકારનાં મહાપાતકોમાંથી મુક્ત થવા માટે આ દાન કરવામાં આવે છે.

જલપ્રવાહ [સં. જલ (પાણી) + પ્રવાહ (પ્રવાહ)] પું. પાણીનો મોટો પ્રવાહ.

જલન ૧. [સં. જ્વલ્ (સળગવું)] ન. આગ; જ્વાલા; ભડકો.
૨. ન. ધખારો; અદેખાઈ.
૩. ન. ગુસ્સો; રોષ.
૪. ન. દહન; બળવું તે.
૫. ન. દુઃખ; પીડા.
૬. ન. સોજો.

જલનકુક્કુર [સં. જલ (પાણી) + નકુલ (નોળિયું)] પું. એક જાતનું પાણીમાં રહેતું નિશાળી જેવું પ્રાણી.

જલનિધિ ૧. પું. આર સુધાર સાર્થેતા શબ્દ.
૨. [સં. જલ (પાણી) + નિધિ (ભંડાર)] પું. દરિયો; સમુદ્ર; સાગર.

જલનિધિવેલા [સં.] પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, સગણ, ભગણ અને સગણ મળી પંદર અક્ષર હોય છે. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે.

જલનિમગ્ન [સં. જલ (પાણી) + નિમગ્ન (ડૂબેલું)] વિ. પાણીમાં ડૂબેલું.

જલનિમજ્જન [સં. જલ (પાણી) + નિમજ્જન (ડૂબકી)] ન. ડૂબકી; પાણીમાં ખેસવું તે.

જલનિમજ્જન પોશાક [જલ (પાણી) + નિમજ્જન (ડૂબકી) + પોશાક (કપડાં)] પું. પાણીમાં ડૂબકી મારી સ્નાન કરનારે પહેરવાનો વેશ. તે રબરનો બનેલો હોય છે અને તેને મથાળે ધાતુનો ટોપ હોય છે. તેમાં ઉપરથી નળી વાટે હવા પૂરી પાડવામાં આવે છે અને તે હવા એક દ્વાર વાટે બહાર નીકળે છે. વધુ કરીને ડૂબકી મારનારની પીઠ ઉપર હવાની નાની ટાકી બાંધેલી હોય છે. તેમાં ચાળીસ વાતાવરણ જેટલા દબાણથી હવા ભરેલી હોય છે. તેમાંથી જેમ જરૂર પડે તેમ માણસ હવા લે છે. તે હવા પોષાકમાં દાખલ થઈ એક દ્વાર વાટે બહાર નીકળે છે.

જલનિર્ગમ ૧. [સં. જલ (પાણી) + નિર્ગમ (બહાર નીકળવું તે)] પું. પાણીની નિકાસ; પાણીનું બહાર નીકળવું તે.
૨ પું. પાણીને નીકળવાનો માર્ગ; પાણીનો રસ્તો.

જલનિર્ગમન જુઓ જલનિર્ગમ.

જલની સ્ત્રી. પાણીની પરનાળ.

જલનીમ [સં.] પું. એક જાતનો કડવો છોડ. તે તળાવના કાંઠા ઉપર ઊગે છે.

જલનીલિ [સં.] સ્ત્રી. રોવાળ.

જલનીલિકા જુઓ જલનીલિ.

જલનેચરી સ્ત્રી. મીઠા પાણીને કાંઠે ઊગતો ૧ થી ૩ ફૂટ લાંબો એક જાતનો વેલો. તેની શાખાઓ ત્રાંસીવાળી હોય છે. તે ઠેર ઠેર જમીનમાં મૂળ મૂકતી જાય છે. તે જ્યાં ઊગે ત્યાં પછી જમીન એના વેલાથી છવાઈ રહે છે. તેનાં પાન લૂણીનાં પાન જેવાં, ફૂલ સુંદર પોળાં કે ફિક્કા જાંબલી રંગનાં અને ફળ શિંગો જેવાં અણીવાળાં થાય છે.

જલપટલ [સં. જલ (પાણી) + પટલ (પડ)] ન. મેઘ; પાણીનો સમૂહ.

જલપતન [સં. જલ (પાણી) + પતન (પડવું તે)] ન. પાણીમાં પડવું તે.

જલપતિ ૧. પું. પૂર્વાષાઢા નક્ષત્ર.
૨. [સં. જલ (પાણી) + પતિ (ધણી)] પું. વરુણદેવ.
૩. પું. સમુદ્ર.

જલપથ [સં. જલ (પાણી) + પથ (રસ્તો)] પું. જળરૂપ રસ્તો; પાણીનો માર્ગ; નહેર.

જલપદ [સં. જલ (પાણી) + પદ (જગ્યા)] ન. નદી જેવા દરિયાનો અમુક ભાગ પૂરીને ખેડવાલ કરેલી જમીન.

જલપરિગત [સં. જલ (પાણી) + પરિગત (વેરાયેલું)] વિ. પાણીથી વિટળાયેલું.

જલપરિમાપક [સં. જલ (પાણી) + પરિમાપક (માપ બતાવનાર)] ન. વરાળની ટાકીમાં પાણીની ઊંચાઈ દર્શાવનારું યંત્ર: 'વૉટર ગેજ'.

જલપર્યટન [સં. જલ (પાણી) + પર્યટન (મુસાફરી)] ન. દરિયાઈ મુસાફરી; પાણી ઉપર સફર કરવી તે.

જલપર્વું [સં. જલપ્] સ. ક્રિ. બકવું; બકવાટ કરવો; લવારી કરવી.

જલપક્ષી ૧. ન. જલકુકડી.
૨. [સં. જલ (પાણી) + પક્ષિન્ (પક્ષી)] ન. પાણીમાં જમવા પાણીને કાંઠે રહેનું પક્ષી.

જલપેક્ષી જુઓ જલપક્ષી.

જલપાઈ [હિં.] સ્ત્રી. હિમાલયની જાતનું એક જંતરૂક્ષ. તે હિમાલયના ઉત્તર પૂર્વ ભાગમાં ત્રણ હજાર ફૂટની ઊંચાઈ ઉપર થાય છે. ત્રાવણકોરના જંગલમાં પણ તે થાય છે. તે રેડાકના ગાડથી નાનું હોય છે. તેના કાચાં ફળનું શાક તથા અથાણું થાય છે અને પાકાં ફળ ખવાય છે.

જલપાઈગુરી [બંગાળી] ન. એ નામનો બંગાળનો એક જિલ્લો. ત્યાં જલપાઈ એટલે ઓલીવ વૃક્ષ પુષ્કળ થાય છે. તેથી આ નામ પડ્યું છે.

જલપાત્ર [સં. જલ (પાણી) + પાત્ર (પ્રમ)] ન. પાણી પીવાનું વાસણ.

જલપાન ૧. [સં. જલ (પાણી) + પાન (પીવું તે)] ન. પાણી પીવું તે.
૨. ન. સાધારણ નાસ્તો; બે ભાણાં વચ્ચે હલકું ભોજન લેવું તે.

જલપારાવત [સં. જલ (પાણી) + પારાવત (પારેવું)] ન. પાણીનું કબૂતર; જલકપોત. તે જળાશયોના કિનારા ઉપર રહે છે.

જલપિત્ત [સં.] ન. અગ્નિ.

જલપિપ્પલિકા જુઓ જલપિપ્પલી.

જલપિપ્પલી ૧. [સં. જલ (પાણી) + પિપ્પલી (પીપર)] સ્ત્રી. જલપીપર નામની ઔષધિ.
૨. સ્ત્રી. રતનચેલિયો. તે પાણી નજીક ઊગે છે.

જલપીટિકા [સં. જલ (પાણી) + પીટિકા (કોથલી)] સ્ત્રી. ચામડીનો એક રોગ; મોતીજરો. તેમાં ચામડી ઉપર પાણીના મોતિયા નાખે છે.

જલપોડનો (જલપીડની) [સં. જલ (પાણી) + પીડ્ (દાબવું)] સ્ત્રી. પાણીના ભલે છાપવું કરવાનું યંત્ર; 'લાયટ્રોલિક પ્રેસ.'.

જલપીપર જુઓ જલપિપ્પલી.

જલપીપલ જુઓ જલપિપ્પલી.

જલપીરણ ન. બંગાળમાં જલપાઇગુરી જિલ્લામા તિસ્તા નદીની પશ્ચિમે આવેલું એક તીર્થસ્થળ, જળપીર. આ સ્થળ આસામમાં આવેલ ક્રમરૂપની વાયવ્યમા પંચનદ નામની પાંચ નદીઓની પાસે આવેલું છે. ત્યાં શિવના મુખ્ય બાર નદીએ તપ કર્યું હતું.

જલપુષ્પ ૧. ન. કમળ.

૨. [સં. જલ (પાણી) + પુષ્પ (ફૂલ)] ન. પાણીમાં ઊગતું એક જાતનું ફૂલ.

૩. ન. વનસ્પતિના જેવો એક છોડ; કંદર. તેનાં પાન વાટીને પીવાથી વધરાવળ મટતી મનાય છે.

જલપૂર [સં. જલ (પાણી) + પૂર (ભરેલું)] પું. પાણીનો સમૂહ; સમુદ્ર; દરિયો.

જલપ્રણાલી સ્ત્રી. નીક; ગટર.

જલપ્રતી પું. (જૈન) ઉદધિકુમાર જાતના દેવોના બે માંહેનો જે નામનો એક ઇંદ્ર.

જલપ્રદ [સં. જલ (પાણી) + પ્રદ (આપનાર)] વિ. પાણી આપનાર; પાણી આપે એવું.

જલપ્રદાન [સં. જલ (પાણી) + પ્રદાન (આપવું તે)] ન. પાણી આપવું તે; ખેત વગેરેને ઉદ્દેશી જળ આપવું તે; તર્પણ.

જલપ્રદેશ ૧. [સં. જલ (પાણી) + પ્રદેશ (જગ્યા)] પું. દરિયો; સમુદ્ર.

૨. પું. પાણીની જગ્યા; પાણીનું સ્થળ.

જલપ્રપા [સં.] સ્ત્રી. પાણીનું પરબ; સબીલ.

જલપ્રપાત ૧. પું. આંખનો મોતિયો.

૨. પું. પહાડ ઉપરથી નદી નીચે પડતી હોય તે સ્થાન.

૩. પું. પાણીનું આકાશમાંથી પડવું તે; વરસાદ.

૪. [સં. જલ (પાણી) + પ્રપાત (પડવું તે)] પું. પાણીનો ધોધ.

જલપ્રલય [સં. જલ (પાણી) + પ્રલય (નાશ)] પું. મોટી રેલના પૂરથી નાશ થવો તે.

જલપ્રવાસ [સં. જલ (પાણી) + પ્રવાસ (મુસાફરી)] પું. દરિયાઈ સફર; પાણી ઉપર કરેલી મુસાફરી.

જલપ્રવાહ ૧. પું. કોઈ પદાર્થને વહેતા પાણીમા છોડી દેવો તે.

૨. [સં. જલ (પાણી) + પ્રવાહ (વહેણ)] પું. પાણીમાં વહેવું તે; પાણીનું વહેણ.

૩. પું. શબને નદી વગેરેમાં પધરાવવાની ક્રિયા અથવા ભાવ.

જલપ્રવાહનલિકા [સં. જલ (પાણી) + પ્રવાહ (વહેણ) + નલિકા (નળી)] સ્ત્રી. પાણીના પ્રવાહનું જોર માપવા માટે વપરાતી એક જાતની વાકી નળી.

જલપ્રવેશ [સં. જલ (પાણી) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. પાણીમા ડૂબી મરવું તે.

જલપ્રશ્ન ન. (જૈન) પાણીમાં ડૂબી મરવું તે.

જલપ્રાય ૧. [સં.] પું. પુષ્કળ જળવાળો દેશ; કચ્છ વગેરે અનૂપ દેશ.

૨. વિ. પાણીથી ભરચક; પાણીથી ભરપૂર.

જલપ્રાંત [સં. જલ (પાણી) + પ્રાંત (સીમા)] પું. જલાશયની આસપાસનું સ્થાન; પાણીની નજીકની જગ્યા.

જલપ્રિય ૧. [સં. જલ (પાણી) + પ્રિય (વહાલું)] પું. ચાતક પક્ષી; જપૈયો.

૨. પું. માછલું

૩. વિ. પાણી જેને વહાલું હોય એવું.

જલપ્રિયા ૧. સ્ત્રી. એ નામની એક દેવી.

૨. [સં.] સ્ત્રી. ચાતક પક્ષિણી.

જલપ્લાવન ૧. [સં.] ન. પાણીનું પૂર. તેથી આસપાસની જમીન પાણીમાં ડૂબી જાય છે.

૨. ન. (પુરાણ) એક જાતનો પ્રલય. તેથી સમગ્ર જગત પાણીમાં ડૂબી જાય છે.

જલફેર ૧. [અ.] વિ. કંજૂસ; લાંચિયું.

૨. વિ. દુષ્ટ; નીચ; હલકું.

જલફેલ [સં. જલ (પાણી) + ફલ (ફળ)] ન. સિંગોડું.

જલબ [અ.] પું. નોકરચાકર.

જલબસ્તિ [સં.] સ્ત્રી. (વૈદ્ય) મૂત્ર વાટે પાણી ચઢાવવાનો એક પ્રકાર. એક હાથ ઊંડા પાણીમાં પ્રવેશ કરી, મૂત્રમાં પ્રવેશ કરી શકે એવી ૭ આંગળ લાંબી અને દોઢલી આંગળી જાડા એવા [જવાળી વાંસની કોમળ રસકસવાળી ખૂબણી લઈ, તે ચાર આંગળ મૂત્રમાં ઘાલવી અને બે આંગળ બહાર રાખવી. પછી ઊભડક બેસી આધારચક્રને સંકોચી ગુદાને અંદર ખેંચવું. ત્યારબાદ નીચેથી નળને આંગળવડે ફેરવી પેટ હલાવી તે પાણીને અધોવાટે બહાર કાઢી નાખવું તે જલબસ્તિ કહેવાય છે.

જલબહુલ ૧. [સં. જલ (પાણી) + બહુલ (ઘણું)] ન. પાણીયા ભરેલો એ નામનો એક નરકકુંડ.

૨. વિ. પુષ્કળ પાણીવાળું.

જલબંધ ૧. [સં. જલ (પાણી) + બંધ (પુલ)] પું. પાણીનો બાંધેલો બંધ; પુલ; પાળ; સેતુ.

૨. સ્ત્રી. માછલી.

જલબંધક જુઓ જલબંધ ૧.

જલબંધન [સં. જલ (પાણી) + બંધન (રોકવું તે)] ન. પાળ કે બંધ બાંધી પાણીના પ્રવાહ અટકાવવો તે

જલબંધુ [સં. જલ (પાણી) + બંધુ (મિત્ર)] પું. માછલું

જલબંબાકાર જુઓ જલમય ૫.

જલબાલક [સં.] પું. હિમાચળ પર્વત.

જલબાલિકા [સં. જલ (પાણી) + બાલિકા (પુત્રી)] સ્ત્રી. વિદ્યુત; વીજળી.

જલબાષ્પ [સં. જલ (પાણી) + બાષ્પ (વરાળ)] ન. પાણીની વરાળ.

જલબિલાડો (જલબિલાડી) જુઓ જલમાર્જર.

જલબિંદુ [સં. જલ (પાણી) + બિંદુ (ટીપું)] ન. પાણીનું ટીપું.

જલબિંબ [સં.] પું. પાણીનો પરપોટો.

જલબુદ્બુદ જુઓ જલબિંબ.

જલબ્રાહ્મી ૧. સ્ત્રી. તરકારી; શાકભાજી.

૨. [સં. જલ (પાણી) + બ્રાહ્મી (એક જાતની વનસ્પતિ)] સ્ત્રી. પાણીમાં ઊગતો એક જાતનો વેલો.

જલભરિયો પું. મંદિર વગેરેમાં પાણી ભરનારો નોકર

જલભરેટા [સં. જલ (પાણી) + ભરણ (પ્રમાણ)] સ્ત્રી. પાણી ભરવાની કોથળી, મશક.

જલભંડાર પું. દરિયો; સમુદ્ર.

જલભાગ [સં. જલ (પાણી) + ભાગ] પું. પ્રાણીના શરીરમાં રહેલું પાણીનું તત્ત્વ.

જલભાજી સ્ત્રી. એક જાતનો છોડ. તે જમીન ઉપર પથરાયેલો રહે છે અને પાણી પાસે ઊગે છે. રતવા અને ઝાળતરા કરતા ગૂમડાં ઉપર તેનાં પાનની લોપરી બંધાય છે.

જલભારમાપક [સં. જલ (પાણી) + ભાર (વજન) + માપક (માપનાર)] વિ. પાણીનું દબાણ માપનાર.

જલભારમાપક યંત્ર ન. પાણીનું દબાણ માપનારું યંત્ર. 'હાઇડ્રો બૅરોમીટર'.

જલભીતર ૧. સ્ત્રી. પાણીની સપાટી નીચે ચાલનારી આગબોટ; 'સબમરિન'.

૨. ન. પાણીની અંદર.

જલભીનું વિ. પાણીને લીધે ઓળખાઈ જવું.

જલભૃદ્ [સં. જલ (પાણી) + ભૃદ્ (ધારનાર)] પું. મેઘ; વાદળું.

જલભૂ ૧. [સં. જલ (પાણી) + ભૂ (ઉત્પન્ન થનું)] પું. મેઘ, વાદળું.

૨. સ્ત્રી. જ્યાં પાણી વધારે હોય એવી ભૂમિ. દ્વીપ; અનૂપ.

૩. સ્ત્રી. પાણીના આધારરૂપ જમીન.

૪. ન. એક જાતનું કપૂર.

૫. વિ. પાણીમાં ઉત્પન્ન થનાર.

જલભૂષણ [સં. જલ (પાણી) + ભૂષણ (શણગાર)] પું. વાયુ; હવા.

જલમ ૧. [સં. જન્મન્] પું. જન્મ; જન્મવું તે.

૨. પું. જીવતર; જિંદગી; હયાતી.

૩. પું. મોટો કૂવો.

જલમક્ષિકા [સં. જલ (પાણી) + મક્ષિકા (માખી)] સ્ત્રી. પાણીની માખી.

જલમગ્નનૌકા [સં. જલ (પાણી) + મગ્ન (ડૂબેલી) + નૌકા (હોડી)] સ્ત્રી. સમુદ્રની અંદર ચાલનાર આગબોટ; જલભીતર; 'સબમરિન'.

જલમડ [સં.] પું. આઠ આઠેનું એક જાતનું અભિમાન; સંસારીને 'આ મારે જરૂરનું છે' એવી ચિંતા કરાવનાર મદ.

જલમદગુ [સં.] ન. પાણીનું એક જાતનું પક્ષી

જલમનુષ્ક [સં.] પું. જલમહુડો; એક જાતની વનસ્પતિ. પાણીની પાસે થતો એક જાતનો મહુડો; જલમહુઆ.

જલમય ૧. [સં. જલ (પાણી) + મય (વાળું)] વિ. ચંદ્ર

૨. પુ. ચંદ્રલોકમાં વસનારાઓનો જલમય દેહ.

૩. પું. શિવની એક મૂર્તિ.

૪. ન. પૂર; પાણીનો મોટો પ્રવાહ

૫. વિ. બધે પાણી પાણી થઈ ગયું હોય એવું; પાણીમય.

જલમવું સ. ક્રિ. જન્મ લેવો; ઉત્પન્ન થવું.

જલમહુઆ [સં. જલમધૂક] પું. જલમહુડો. તે વનસ્પતિમાં કોઈક તરફ જલાયનો નષ્ટક થાય છે. વૈદકમાં તેને ઠંડો, વાયુનાશક, જલવીર્યવર્ધક અને વમનને દૂર કરનાર માનેલ છે.

જલમહુડો (જલમહુડો) પું. જુઓ જલમહુઆ.

જલમંડલ [સં.] પું. એક જાતનો ગેરી કરોળિયો. તે કરડવાથી મોત નીપજે એમ મનાય છે.

જલમંડૂક [સં.] ન. પ્રાચીન કાળનું એક જાતનું વાદ્યું; જલતરંગ વાદ્યિત્ર.

જલમંદિર ૧. [સં. જલ (પાણી) + મંદિર (ઘર)] ન. ઉનાળામાં પાણી વચ્ચે રહેવા માટે બાંધેલું ઘર.

૨. ન. વરુણ દેવનું સ્થાન.

જલમાતૃકા [સં. જલ (પાણી) + માતૃકા (દેવી)] સ્ત્રી. પાણીમાં રહેતી સાત માહેની એક જાતની દેવી. મત્સ્યી, કૂર્મી, ગારાહી, દર્દુરી, મકરી, જલૂક અને જંતુક એમ સાત દેવીઓ મનાય છે.

જલમાનસ જુઓ જલમાનુષ.

જલમાનુષ [સં. જલ (પાણી) + માનુષ (માણસ)] પું. અર્ધું માણસના અને અર્ધું માછલાના આકારનું પ્રાણી. જેથી જાડી કૂતરા બિલાડી જેવા આ પ્રાણીની પીઠનો રંગ ઘોડાના રંગ જેવો પણ આછો લાલ કે બદામી લાલ છે તેનું મોં, કાની તથા પેટ ધોળાં, શરીર લાંબું અને સફેદ ઊડવાળા મૂંવાળા વાળવાળું પૂછડી લાંબી પણ છેડે ચાતળી અને ટૂંકો અને પગનાં આંગળાં તરવામાં સહેલાઈ માટે વચ્ચેથી જોડાયેલાં હોય છે. તેનાં આંચળાંને છેડે દૂધ નહોર હોય છે. પોતાનાં બચ્ચાં માટે કિનારે બેખડમાં તે ખોદ કરે છે. દિવસે બપોરે આગે તે ખોદમાં સપાઈ રહે છે અને રાત્રે બહાર નીકળે છે. તેનો આહાર માછલાં છે. તે બાજ તેટલું ખાય, પણ બગાડ બહુ કરે છે. માછલું પકડવું, એકાદ મોં બર્યું ન બર્યું ત્યાં બીજું પકડે. આમ મર્યે જ જાય. સ્વભાવે બારે રમતિયાળ છે. એનાં બચ્ચાં પાણીએ તો ઝટ પાણી સકાય છે. તેને તરતાં જોઈને તો મન ધરાય જ નહિ એવી તેની રમણીય ગતિ હોય છે. તે બારે ચપળ છે. એના જેવી ચપળતા આખા હિંસ્ર વર્ગમાં બીજા કોઈ પ્રાણીની નથી. ભોંયે ત્યારે કૂતરું રિવાના જેવું છે બીકના માર્યા સિસોટી મારે એવું ભોંયે છે. તે બાળબચ્ચાં સાથે ખૂબ આનંદમા રહેનારું છે. આપણું કુટુંબ એમાં થઈને શિકાર કરે છે. પાણીમાં માછલાંને બારે બાજુથી ઘેરી લઈને પછી બારાકરતી મારે છે. એની આ ટેકને લીધે ધણે સ્થળે માછીમારો શિકારી કૂતરાની પેઠ તેને પાળીને તેની મદદથી માછલાંને સપડાવે છે.

જલમાપક [સં. જલ (પાણી) + માપક (માપનારું)] વિ. પાણીનો જથ્થો માપનારું.

જલમાપક યંત્ર ન. પાણીનો જથ્થો માપનાર યંત્ર; 'વૉટર મીટર'.

જલમાર્ગ ૧. [સં. જલ (પાણી) + માર્ગ (રસ્તો)] પું. ધરિયા ઉપરનો પાણીનો રસ્તો.

૨. પું. નહેર; તળાવના પાણીનો રસ્તો.

૩. પું. મોરી; નીક; ગટર.

જલમાર્જાર જુઓ જલમાનુષ.

જલમાલ [સં. જલ (પાણી) + માલ (માણ)] સ્ત્રી નદી.

સેનજિની ઝોલઝિની દ્વીપવતી **જલમાલ**,
નદી નહિ આવે વાટમાં શોધ ન કર કે ભાલ.
પિંગળપ્રકાશ

જલમાલા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, ભગણ, મગણ અને સગણ મળી બાર વર્ણ હોય તેમાં બીજા અક્ષર ઉપર વિસામો આવે. તે જગતી છંદનો એક ભેદ છે.

આ જ ભ સા **જલમાલા** વેદ વસુ. પ્રાકૃતપિંગળ

૨. સ્ત્રી. વરસું પાણી.

૩. સ્ત્રી. નદી.

જલમુચ ૧ ન. એક જાતનું કપૂર.

૨. ન. નાગરમોથ.

૩. [સં. જલ (પાણી) + મુચ્ (છોડવું)] ન. મેઘ; વાદળું.

નારદ હરિદ અંબુવાહ બારિદ **જલમુચ** નાહ
પન બિયાર પીજળી સબી નેતાં બારી બહ.
પિંગળપ્રકાશ

જલમૂક [સં. જલ (પાણી) + મૂક (મૂંગું)] વિ. પાણીમાં ડૂબેલો માણસ બોલે તેમ બોબડું બોલનાર.

જલમૂર્તિ [સં. જલ (પાણી) + મૂર્તિ (રૂપ)] પું. શિવ; મહાદેવ, શંકર. તેનું એક સ્વરૂપ પાણી છે. તે તેનું સર્વ આપકરપણું દેખાડે છે.

જલમૃત્તિકા [સં. જલ (પાણી) + મૃત્તિકા (માટી)] સ્ત્રી. એક જાતનો પદાર્થ. તે પાણીથી ધોવાઈ જતો નથી, તેમ જ પાણીમાં ઓગળી જતો નથી. બાવળનો ઉકાળો અવલેહ જેવો જાડો બનાવી તેમાં ચોકાના કાદોડાનો ભૂકો તથા ગોળ અને ચૂનો ભેળવી ખૂબ કમરવાથી આ પદાર્થ બને છે.

જલમોચ સ્ત્રી. નાગરમોથ નામની વનસ્પતિ.

જલમોદ [સં.] ન. સુગંધી વાળો; ખસ.

જલયંત્ર ૧. ન. (વૈદ્યક) કન્જ્યક્ષ યંત્ર. તે બનાવવા સોળ કુડા જેવું લોઢાના પતરાનું ઢાંકણ કરાવવું. તેમાં ત્રણ આઢક પાણી નાખવું. પછી લોઢાનો મજબૂત સાંધો દેખાય નહિ તેમજ સાંધામાંથી પાણી નીકળે નહિ તેવો સંપુટ કરવો. તે સંપુટમાં પારદથી સોળમા ભાગનું ભીંજ અને પારદથી ચોસઠમા ભાગનું અભ્રકસત્ત્વ અને પારદ જેવો મેળવી નાખવાં. પછી સંપુટના સાંધાને જલમૃત્તિકા અથવા વહ્નિમૃત્તિકાથી બંધ કરવા. ચોતરફ જલમૃત્તિકા અને અગ્નિમૃત્તિકા ચોપડવી. તે સુકાઈ ગયા પછી તે સંપુટને કડાઈમાં નાખી તેમાં ગરમ પાણી ભરી કડાઈને ચૂલે ચડાવવી. છ કલાક સુધી મંદ, મધ્ય, તીવ્ર અગ્નિ આપવો. એમ કરવાથી અભ્રકસત્ત્વને પારદ ખાઈ જાય છે. એ પ્રમાણે છ વખત અભ્રકસત્ત્વનું ભારણ કરવું. આવો પારદ બહુ લાભ કરે છે અને બધા કામમાં વપરાય છે. પહેલાં પારદથી ચોસઠમા ભાગનું બીજ એટલે અભ્રકસત્ત્વ નાખી ભારણ કરવાથી પારદનું મુખ થાય છે. પછી પારદથી બત્રીસમા ભાગનું, સોળમા ભાગનું, આઠમા ભાગનું, ચોથા ભાગનું અને ઊભટ પછી પારદની બરાબર અભ્રકસત્ત્વ નાખી ભારણ કરવું. દરેક વખતે બીજ તો સોળમા ભાગનું જ નાખવું. જ્યારે માસનું ભારણ થઈ જાય ત્યારે પારા જૂના થાય છે.

૨. ન. પાણીથી ગતિ ઉત્પન્ન કરવાનું યંત્ર; જળના જોરથી ચાલતું યંત્ર.

૩. [સં. જલ (પાણી) + યંત્ર (સંયો)] ન. કુવારો; પાણી ઊંચે ખેંચવાનું યંત્ર.

૪. ન. રેંટ.

૫. ન. વખત માપવા માટે પાણીમાં મૂકવાનું બોકર યંત્ર; જલઘડી

જલયંત્રગૃહ [સં. જલયંત્ર (કુવારો) + ગૃહ (ઘર)] ન. ચોતરફ પાણી હોય એવા પ્રદેશમાં કરેલું ઘર; કુવારાવાળું ઘર; જલમંદિર.

જલયંત્રમંદિર જુઓ જલયંત્રગૃહ.

જલયાત્રા ૧. સ્ત્રી. અભિષેક વગેરે શુભ કાર્ય માટે પવિત્ર પાણી લેવા જવું તે.

૨. [સં. જલ (પાણી) + યાત્રા (મુસાફરી)] સ્ત્રી જળપ્રવાસ; દરિયાઈ મુસાફરી.

૩. સ્ત્રી ઠાકોરજીને જલવિહાર કરાવવાનો એક તહેવાર

૪. સ્ત્રી રજપૂતાનામા ઉજવાતો એક ઉત્સવ. તે દિવસે ઉદેપુરના રાણા પોતાના સરદારો સાથે ધાણધૂમથી કોઈ તળાવ પાસે પાણીની પૂજા કરે છે.

૫. સ્ત્રી. વૈષ્ણવોનો એક ઉત્સવ. તે જેઠ સુદિ પૂનમને દિવસ ઊજવાય છે. આ દિવસે વિષ્ણુની મૂર્તિને ખૂબ ઠંડા જળથી સ્નાન કરાવવામાં આવે છે.

જલયાન [સં. જલ (પાણી) + યાન (વાહન)] ન. જળ ઉપર જવાનું વાહન. નૌકા; મછવો; વહાણ; આગબોટ.

> ઉરૂપ પોત નૌકા પ્લવ તરો વહિત્ર જલયાન;
> નામ નામ ચારી જલ ઉદધિ તણાં પ્રણામ અમ્હન.
>
> પિંગળશયુમોય

જલયાનગ્રાન [સં.] ન. નૌકાચાલકનો એક ભાગ.

જલયાનવિધ્વંસક [સં. જલયાન (આગબોટ) + વિધ્વંસક (નાશ કરનાર)] વું. નાંકાનાશક યંત્ર; વહાણોનો નાશ કરવાનું યંત્ર

જલયુદ્ધ [સં.] ન. દરિયામાં થતી લડાઈ, વહાણમાં બેસીને કરાતું યુદ્ધ.

જલરથ [સં] વું. પાણીમા ચાલનાર વાહન.

જલરમણ [સં.] ન. જલક્રીડા; જલકેલિ; પાણીની રમત.

જલરમણા જુઓ જલરમણ.

જલરવ [સં. જલ (પાણી) + રવ (અવાજ)] વું. પાણીના વહેવાનો અવાજ; ખળખળાટ, કલકલ ધ્વનિ.

જલરવિમંદેવતા વું.; સ્ત્રી. એક જાતનાં દેવદેવી. તેમની સંખ્યા બાવનની છે. તેમનાં નામઃ (૧) સદાજ્ઞાત, (૨) માધવ, (૩) વામદેવ, (૪) શ્રી, (૫) અઘોર, (૬) પદ્મા, (૭) તત્પુરુષ, (૮) ઈશિપ્રદ્મ, (૯) અનંત, (૧૦) નિવૃત્તિ, (૧૧) અનાશ્ય, (૧૨) પ્રતિષ્ઠા, (૧૩) અનાશ્રિત, (૧૪) અવિદ્યા, (૧૫) અચિત્ય, (૧૬) શાંતા, (૧૭) સદાશિવેશ્વર, (૧૮) ઉમા, (૧૯) તીવ્ર, (૨૦) ગંગા, (૨૧) મણિપદ્મ, (૨૨) સરસ્વતી, (૨૩) અંબુપદ્મ, (૨૪) કમલા, (૨૫) તેજોવતી, (૨૬) પાર્વતી, (૨૭) વિદ્યાવાગીશ્વર, (૨૮) ગજા, (૨૯) ચતુર્વિદ્યેશ્વર, (૩૦) સુકમલા, (૩૧) ઉમામહેશ્વર, (૩૨) મન્મથા, (૩૩) કૃષ્ણેશ્વર, (૩૪) સામ્બા, (૩૫) મીનક્ષ, (૩૬) લક્ષ્મા, (૩૭) અનંત, (૩૮) સતી, (૩૯) શંકર, (૪૦) રત્નમેખલા, (૪૧) ત્રિમલ, (૪૨) વશોત્તરી, (૪૩) સદાખ્યા, (૪૪) હંસનદા, (૪૫) પદ્મિદિવ્યોષ (૪૬) વામા, (૪૭) મોહદિવ્યોષ, (૪૮) જ્યેષ્ઠા, (૪૯) પીઠોષ, (૫૦) રૌદ્રી, (૫૧) સર્વેશ્વર અને (૫૨) સર્વમંગલા.

જલરસ [સં] પુ મીઠું; લવણ; પાણીનો રસ; નિમક.

જલરંક ૧. [સં.] વું. એક જાતનો જળજો.

૨. વું. બતકપક્ષો.

જલરંકી ૧. [સં.] સ્ત્રી. જળસી પક્ષિણી.

૨. સ્ત્રી. બતકની માદા.

જલરંગ [સં.] વું. પાણી અને ગુંદ કે કોઈ ચીકણા પદાર્થ સાથે ઘૂંટેલો રંગ. 'વૉટર કલર.'

જલરંજ જુઓ જલરંક.

જલરંજી જુઓ જલરંકી.

જલરંડ ૧. [સં.] વું. પાણીનો કચરો; પાણીનું ટીપું.

૨. વું. પાણીમાં પડતી ચકરી; પાણીની ઘૂમરી; પાણીનું ચક્રાકાર ફરવું તે.

૩. વું. સર્પ.

જલરંડી [સં.] સ્ત્રી. સાપણ; સાપની માદા.

જલરંધ્રકુંડ વું. એ નામનો છપ્પાણી મહિનો એક નરકકુંડ.

> પુંજલી જલરંધ્રકુંડમાં પડે છે.
>
> ભગવતી ભાગવત

જલરાક્ષસ વું. એક જાતનો રાક્ષસ.

જલરાક્ષસી ૧. [સ.] સ્ત્રી. જળમાં રહેલી રાક્ષસી.

૨. સ્ત્રી. સિંહિકા નામની રાક્ષસી.

જલરાજ વું. સોનાને પિગળી નાખનાર પ્રવાહી પદાર્થ. આ પદાર્થ નવસાગર અને આર્દ્રહરિતકાક્ષનું મિશ્રણ છે.

જલરાત્ર ન. ઊગતાં છોડમાં બીનાશની અસરથી આવતી ઘાસ.

જલરાશિ [સં. જલ (પાણી) + રાશિ (જથ્થો)] વું. પાણીનો સમૂહ; સમુદ્ર.

૨. સ્ત્રી. (બહોળા) બાર રાશિઓ મહેની કર્ક, વૃશ્ચિક અને મીન રાશિ. કેટલાક કર્ક, મકર, કુભ અને મીન રાશિને જલરાશિ માને છે.

જલરુહ ૧. [સં.] ન. કમળ; પદ્મ.

૨. ન. પાણીમાં પેદા થતી વનસ્પતિ.

૩. ન. શેવાળ.

૪. વિ. પાણીમા ઊગનાર.

જલરુંડ જુઓ જલરંડ.

જલરુંડી [સં.] સ્ત્રી. સાપણ.

જલરૂપ ૧. વું. (જ્યોતિષ) મકર રાશિ.

૨. [સ.] વું. મગરમચ્છ.

૩. ન. પાણીનું રૂપ, પાણીનું સ્વરૂપ.

જલ રૂપી [સં.] સ્ત્રી. મગરમચ્છની માદા.

જલરેખા ૧. સ્ત્રી. નાની વોકળી.

૨. સ્ત્રી. પાણીની લીટી.

જલલતા [સં.] સ્ત્રી. મોજું; તરંગ; પાણીનો લોઢ.

જલલહરી [સં. જલ (પાણી) + લહરી (પાણીનું મોજું)] સ્ત્રી. પાણીની લહેર; પાણીનો તરંગ; પાણીનું મોજું.

જલલૂતા કરોળિયો પું. એક જાતનો પાણીનો કરાળિયો, પાણીની સપાટી નીચે તે ઘણો વખત રહી શકે છે

જલલૂયણ ન. પાણી સુકવવાનું સૂપડું; અંગૂઠો.

જલલોહિત [સં.] પું. એ નામનો એક રાક્ષસ.

જલવટ ૧. [પ્રા.] પું. જલમાર્ગ; તરીમાર્ગ; દરિયાઈ માર્ગ.
૨. વિ. સમુદ્ર ઉપરનું.

જલવટો સ્ત્રી. જળમાર્ગ.
જલવટી વહનકી ચહુંદશી તણી,
વસ્તુ વિદેશા આવઈ ઘણી. કાનહડદે પ્રબંધ

જલવડા પું. (જૂ. ગુ.) ઘોડાની એ નામની એક જાત
કે હાડા કમખી, કાબુઆ,
જલવડા ગગનગા તુરગા. વાનરવંશમય

જલવત [અ.] સ્ત્રી. તેજ.

જલવનસ્પતિ સ્ત્રી. પાણીની અંદર થતી વનસ્પતિ.

જલવનસ્પતિવિદ્યા સ્ત્રી. પાણીમાં ઊગતી વનસ્પતિ સંબંધી જ્ઞાન.

જલવર્ષા પું. વરસાદનું વરસવું તે.

જલવલ્લક્ષ [સં.] પું. એક જાતની વનસ્પતિ, કુંભિકા.

જલવલ્લિકો [સં.] સ્ત્રી ગિલોયનો વેલો.

જલવલ્લી જુઓ જલવલ્લિકા.

જલવવું સ. ક્રિ. સળગાવવું; બાળવું.

જલવંત ૧. [સં. જલ (પાણી) + વત્ (વાળું)] વિ. તેજવંત.
૨. વિ. બળવાન.

જલવંતી [સં. જલ (પાણી) + વત્ (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ સ્ત્રી. જળવાળી; પાણીવાળી.
બે કાંઠે બે આશ્રમ ને વચમાં પૂરમ જલવંતી નદ્દણી. નાનાલાલ

જલવા ૧. [અ.] પું. ઉતેજના.
૨. પું. કન્યાનાં ઘરેણાં ને કરિયાવર.
૩. પું. કન્યાની વર પાસે લાજ ઉઘાડવી તે.
૪. પું. કાંતિ; તેજ; જ્યોતિ; પ્રકાશ.
૫. પું. જ્ઞાનાનુભવ.
૬. પું. મુસલમાનોનો એક ધર્મવિધિ. તેમાં વરરાજા કુરાનનું પ્રકરણ વાંચે છે અને બરીસામાં પહેલી વખત કન્યાનું મોઢું જુએ છે.
૭. પું. લગ્ન વખતની ક્રિયા.
૮. પું. લગ્નનાં ગવરાવવાનાં ગીત = લગ્નનાં ગીત.

જલવાગર [અ.] વિ. તેજવાળું; પ્રકાશવું.

જલવાગરી ૧. [અ.] સ્ત્રી. તેજ.
૨. સ્ત્રી બ. ક. નખરાં.

જલવાધ [સં.] ન. હાલ મારતાં વાદિત્ર જેવો અવાજ થાય તેવું પાણી

જલવાન ૧. [જુ.] પું. કાબુલી મટર.
૨. પું. સરબતો.
૩. [સં. જલવત્] વિ. પાણીવાળું.

જલવાનીર [સં] પું. પારીમાં થતું નેતર.

જલવાફેરમાન વિ ખિરાજમાન.

જલવાયસ [સં.] પું. જળકાગડો.

જલવાયસી [સં.] સ્ત્રી. જળકાગડી.

જલવાયુ ૧. [સં.] પું. આબોહવા; વાતાવરણ.
૨. પુ ઉદકવાતવાયુ; 'હાઈડ્રોજન'.

જલવારુણિરંધ્રયોગ [સં.] પું. શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ આહેની એક કળા.

જલવાલક [સં.] પું. વિન્ધ્યાચળ પર્વત.

જલવાલિકા [સં.] સ્ત્રી. વીજળી.

જલવાસ ૧. [સં.] પું. પાણીમાં વસવું તે.
૨. પું. મોથ; ઉશીર.
૩. પું. વિષ્ણુકંદ.
૪. પું. સુગંધી વાળો; ખસ.

જલવાસી ૧. [સં. જલવાસિન્] પું. પાણીમાં વસનાર તાપસની એક જાત.
૨. વિ. પાણીમાં રહેનાર.

જલવાહ ૧. પું. કપૂર.
૨. પું. નાગરમોથ.
૩. [સં] પું મેઘ.
૪ વિ પાણી વહેનાર; પાણી લઈ જનાર.

જલવાહક ૧ [સં] પુ કપૂર.
૨. પુ. મેઘ
૩. પું. ઓય.
૪. વિ. ઉદકવાહક સંજ્ઞારી.
૫. વિ. જલપ્રણાલી; વહેતાં પાણી અથવા બીજા પ્રવાહી પદાર્થ સંજ્ઞારી.
૬. વિ. પાણી વહી જનાર; પાણી લઈ જનાર.

જલવાહન [સં.] ન. પાણી વહેવું તે; પાણી લઈ જવું તે.

જલવાહિની [સં. જલ (પાણી) + વાહિની (વહન કરનાર)] સ્ત્રી. પાણી લઈ જનારી નળી.

જલવિજ્ઞાન [સં.] ન. પાણી સંબંધી જ્ઞાન.

જલવિડાલ [સં.] પું. પાણીનો બિલાડો.

જલવિડાલી [સં.] સ્ત્રી. પાણીની બિલાડી.

જલવિદ્યા સ્ત્રી. પાણી સંબંધી જ્ઞાન.

જલવિદ્યુત [સં. જલ (પાણી) + વિદ્યુત્ (વીજળી)] ન. પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળી.

જલવિમાન ન. સમુદ્રવિમાન; 'સી પ્લેન'.

જલવિમોચક વિ જલહારક, જલહારક.

જલવિરાલ સ્ત્રી. જલબિલાડી

જલવિશ્લેષણ સ્ત્રી. જલવિશ્લેષણ, કોઈ મિશ્રણમાંથી પાણી શોષી લેવાતાં તે મિશ્રણનું થતું રાસાયણિક પૃથક્કરણ.

જલવિષુવ ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ; તુલા સંક્રાંતિ. સૂર્ય કન્યા રાશિમાંથી નીકળી તુલા રાશિમાં સંક્રમિત થતી વખતે આ યોગ થાય છે.
૨. ન. રાશિચક્ર માંહેનું તુલારાશિ રૂપ સ્થાન; તુલાવિષુવ; હેમંતવિષુવ; શરદ સંપાત; વિષુપદ; તુલા રાશિમાં સૂર્ય આવવાનો વખત. તે સમય આશરે ૨૨મી સેપ્ટેમ્બરનો હોય છે.

જલવિહંગમ [સં. જલ (પાણી) + વિહંગમ (પક્ષી)] ન. જલચર પક્ષી; પાણીનું પક્ષી.

જલવિહાર ૧. પું. પાણીમાં આનંદ કરતાં કરતાં સ્નાન કરવું તે.
૨. [સં.] પું. સરોવર વગેરે જળાશયમાં આનંદદાયક સફર.

જલવિહારી ૧. વિ. જલક્રીડા કરનાર; પાણીમાં રમત કરનાર.
૨. વિ. પાણીમાં વિહાર કરનાર.

જલવિંદુજ [સં.] વિ. પાણીના ટીપામાંથી બનાર.

જલવિંદુજા [સં.] સ્ત્રી. એક જાતની સાકર.

જલવીચિ [સં. જલ (પાણી) + વીચિ (મોજું)] ન. પાણીનું મોજું.

જલવીર્ય [સં.] પું. ભરતના એક પુત્રનું નામ.

જલવું ૧. સ. ક્રિ. અદેખાઈ કરવી; મનમાં સતપ્ત હોવું; અદેખાઈથી બળવું.
૨. સ. ક્રિ. ગરમ મસાલાથી શાક બળવું.
૩. સ ક્રિ. રાખ કરવી; બાળી નાખવું.
૪. સ ક્રિ. શેકવું.
૫ સ. ક્રિ. સળગવું; બળવું.

જલવૃદ્ધિ [સં.] સ્ત્રી. પાણીનો ઘોટ.

જલવૃશ્ચિક [સં.] પું. પાણીનો વીંછી; ઇચાક; એક જાતનું માછલું.

જલવેગજાંજક પું.; ન. બંધ; પુરતો; આડ.

જલવેગમાપક વિ. વહેતા પાણીનો વેગ માપનાર.

જલવેગમાપકયંત્ર ન. વહેતા પાણીના પ્રવાહનું જોર માપનાર યંત્ર.

જલવેતસ [સં. જલ (પાણી) + વેતસ (નેતર)] પું. જળને કાંઠે ઊગેલાં નેતર; જળનેબચાં; પાણીમાં થતું નેતર.

જલવેધવિદ્યા ૧. પું. જલતલ.

૨. સ્ત્રી. સમુદ્રની ઊંડાઈ માપવાની વિદ્યા; સમુદ્રગાહત્વમાપન વિદ્યા.

જલવૈકૃત [સં.] ન. દુષ્ટ નિમિત્તસૂચક નદી વગેરેના પાણીમાં કોઈ વિકાર; બૃહત્સંહિતા અનુસાર પાણીમાં કે જળાશયમાં આકસ્મિક વિકાર અથવા અદ્‌ભુત બાબતોનું દેખાવું તે. જેમકે, નજર પાસેથી નદીનું સરકી જવું, તળાવોનું એકદમ સુકાઈ જવું, નદીના પાણીમાં રક્ત, માંસ, તેલ આદિનું વહેવું, પાણીનું અક્ષરશ: મેલું થઈ જવું, કૂવામાં ધુમાડો, જ્વાળા આદિનું દેખાવું, તેમાંથી રોવા, માવા, ગર્જના આદિનો અવાજ સંભળાવો, જલના ગંધ રસ આદિનું અસાધારણ બદલાઈ જવું, જલાશયમાં પાણીનું બગડી જવું.

જલવૈદ્યક [સં.] ન. પાણીથી રોગ મુક્ત કરવાની વિદ્યા

જલવૈદ્યો પું. જાણનાર માણસ.

જલવ્યય પું. એક જાતનું માછલું.

જલવ્યાઘ્ર [સં.] પું. સીસની જાતિનું એક જંતુ. તે ઘણે ભાગે દક્ષિણ સાગરમાં રોટલેક દ્વીપ પાસે થાય છે.

જલવ્યાધ પું. એક જાતની માછલી.

જલવ્યાલ ૧. [સં. જલ (પાણી) + વ્યાલ (સાપ)] પું. એક જાતનો પાણીનો સાપ; જલગર્દ.

૨. પું. પાણીનું કોઈ હિંસક પ્રાણી.

જલવ્યાલક [સં. જલ (પાણી) + વ્યાલક (સાપને લગતું)] વિ. પાણીના સાપ સંબંધી.

જલવ્યાલી [સં.] સ્ત્રી. એક જાતની પાણીની સાપણ.

જલશક્તિવિજ્ઞાન [સં.] ન. પાણીની શક્તિ સંબંધી શાસ્ત્ર.

જલશય ૧. પું. માછલી.

૨. [સં.] પું. વિષ્ણુ; નારાયણ. તે જલ ઉપર સૂએ છે.

જલશયન જુઓ જલશય.

જલશયિન જુઓ જલશય.

જલશંખલા પું. એક જાતનો છોડ. તે મીઠાં સ્થિર પાણીમાં પાસે પાસે તરતો જોવામાં આવે છે. એનાં પાન જાડાં અને સાકડાં ડોર ઉપર લહેરિયાવાળા હોય છે. દેખાવમાં તે સબલા જેવા દેખાય છે. કૂલની પોટી પોલા રેસની અને જરા વાકડાળી હોય છે. ફૂલ પાતળું અને જાંબા ખાખરાળું થાય છે.

જલશાઈ વિ. જળમાં શયન કરનારું, જલશાયી.

જલશાયી [સં. જલશયિન્] પું. વિષ્ણુ, નારાયણ. તે નાગ ઉપર ક્ષીરસાગરમાં શયન કરે છે.

જલશયી સાધુ પું. જળ સુધી પાણીમાં આખી રાત જેસી રહેનાર સાધુ.

જલશાલા [સં.] સ્ત્રી. પાણીને લગતું બાંધકામ; વારિગૃહ.

જલશાસ્ત્ર ન. જળ સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર. આ શાસ્ત્રમાં નીચ જણાવેલ ત્રણ વિદ્યાનો સમાવેશ થાય છે: (૧) સલેચન વિદ્યા, (૨) સહરણ વિદ્યા, (૩) સ્તંભન વિદ્યા.

જલશિલ્પી પું. પાણીનો કારીગર; પાણીનો ઇજનેર.

જલશીકર [સં.] પું. પાણીનો કુવારો.

જલશુક્તિ [સં.] સ્ત્રી. એક જાતની છીપ.

જલશૂદ્રક [સં.] પું.;ન. પાણીનો કરુ.

જલશૂક [સં.] ન. રોવાળ.

જલશૂકર [સં.] પું. મગરમચ્છ; કુલીર જાતના નાક નામનું એક જલજંતુ.

જલશૌચ સ્ત્રી. પાણી ઉપર પધારી કરવી તે; જળમાં કરેલું નિર્જળનું; જલરૂપી શૈચ.

જલશૈલ [સં. જલ (પાણી) + શૈલ (પર્વત)] પું. પાણીની અંદરનો ખડક

જલશોષક ૧. [સં. જલ (પાણી) + શોષક (ચૂસનાર)] પું. વાદળ. તે પાણી ચૂસી લે છે.

૨. વિ. પાણી ચૂસનારું.

જલશોષણ ન. પાણી ચૂસવું તે.

જલશૌચવાદી [સં. જલશૌચવાદિન્] પું. પાણીથી શુદ્ધિ માનનાર તાપસની એક જાત.

જલશ્યામાક [સ] પું. એક પ્રકારનો છોડ. તેના દાણા ગરીબ લોકો ખાય છે.

જલસ [સં.] સ. કિ. (ધાતુ) તે બેઠે. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: મજલિસ, જલીસ, જલસા, જુલ્સ.

જલસમાધિ [સં. જલ (પાણી) + સમાધિ (સાધુ સંન્યાસીનું મરણ)] સ્ત્રી. પાણીમાં પ્રાણોત્સર્ગ કરવો તે.

જલસમાધિસ્થ વિ. જલમાં ડૂબી ગયેલું.

જલસમુદ્ર ૧. પું. દક્ષિણ આટલાંટિક.

૨. પું. ઇરિના.

૩. પું. લવણ સમુદ્ર વગેરે સાત માંહેનો એક સમુદ્ર.

જલસરપોલિયાં ન. બ. વ. એક જાતના છોડ. તે મીઠા પાણીમાં ઊગે છે. તેને કાંટી હોતી નથી. પાન પાતળાં, સાંકડાં, પાંચથી દસ ઇંચ લાંબાં અને અરધો ઇંચ પહોળાં હોય છે. ફૂલ ઝીણા લાંબા અને પોટીની અંદર ઢબાયેલ હોય છે. તેમા બહુ બીજ હોય છે. તેની ઢાંકણી સરપાંખિયાં જેવા દેખાય છે માટે તેનું આ નામ પડ્યું છે. આમાં નર ફૂલ અને માદા ફૂલ જુદા જુદા છોડ ઉપર ઊગે છે. માદા ફૂલની ડોટડી લાંબી હોય છે અને તે આટીબાંધણી અથવા વળ ખાધેલી હોય છે. જલપ્રમાન પહેલા આ આટીબાંધણી ડોટડી ઊભરાય છે અને સીધી થઈ તે માદા ફૂલ પાણી ઉપર આવી જ્યાં સુધી લગાવ છે. આ માદા ફૂલ પાણી ઉપર તરતાં રહે છે. નર ફૂલની ડોટડી પાણી ટૂંકી હોય છે. તે વધી શકતી જ નથી. નર ફૂલવાળા છોડના નાનાં નાનાં અસંખ્ય ફૂલો એક નાના પારદર્શક પોટામાં રહેલા હોય છે. જ્યારે ફૂલો જરા જોબનમાં આવે છે ત્યારે આ પોટો ફાટે છે. નર ફૂલની ડોટડી પણ છૂટ થઈ ઉપર તરફ જતી રહે છે અને છૂટાં થયેલાં નાનાં નાનાં ફૂલો પણ બધાં બીડાયેલા દેખાવમાં નાનાં સફેદ મોતી જેવાં પાણી ઉપર તરવા લાગે છે. તરત જ આ ફૂલો માદા ફૂલ તરફ તેના સંબોગથી ગર્ભિત થાય છે. પછીથી તેની ડાંડલી પાછી આંટીઓ ખાઈ જલમાં ઊતરી જાય અને ત્યાં ફળ પાકે છે

જલસર્પ પું. પાણીનો સર્પ.

જલસંક્ષયનિવારણ ન. પાણીની રેલ આવવાથી જેને નુકસાન થયું હોય તેને મદદ કરવી તે.

જલસંકાશ વિ. પાણી જેવું; પાણી સદૃશ.

જલસંખલા પું. એ નામની સુરણાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; જલકુલિકા.

જલસંગ્રહ [સં. જલ (પાણી) + સંગ્રહ (એકઠું કરવાપણું)] પું. નદી કે તળાવમાં પાણી આવવાનો પ્રદેશ.

જલસંધ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પુત્રોનો એ નામનો એક પુત્ર. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે તેણે સાત્યકિ સામે ભીષણ યુદ્ધ કર્યું હતું. તેના તોમર, ભાલાં જેવાં હથિયારથી તેનો ડાબો હાથ કાપી નાખ્યો હતો. અંતે તેને હાથે તે મરાયો હતો.

જલસંચય [સં.] પું. પાણીનો જમાવ; જલાશય; બંધારો.

જલસંત્રાસ પું. હડકાયું કૂતરું કરડવાથી થતી બીમારી.

જલસંત્રાસરોગ પું. (વૈદક) જલાંતક રોગ. આ રોગ હડકાયા કૂતરાના કરડવાથી થાય છે. ખાસ કરીને આ રોગ પહેલાં કૂતરાં, શિયાળ અને માંસભક્ષી પ્રાણીઓને થાય છે. જ્યારે આ હડકાયું જનવર મનુષ્યને કરડે ત્યારે રોગનું વિષ માણસના શરીરમાં પ્રવેશ કરી રોગ ઉત્પન્ન કરે છે. માણસને આ રોગ કૂતરાના કરડવાથી વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. હડકાયા જનવરની લાળ અથવા થૂકમાં રોગનું વિષ રહે છે. આ રોગ દુનિયાભરમાં થાય છે, પણ ઘરપના ઘણા દેશોમાં બીજા ચેપી રોગોની માફક આ રોગનો પણ સમૂળગો નાશ કરવામાં આવેલ છે. રોગવાળા પ્રાણીઓના સુકુમ્બા શરીર અને સુકુમ્બા દંડની પરીક્ષા કરવાથી એના ઝોબાણુઓમાંથી અતિ સૂક્ષ્મ પિંડ મળે છે. આ પિંડ સૌથી પહેલાં નેગ્રી સાહેબે દેખેલ હોવાથી એનું નામ 'નેગ્રી બોડીઝ' રાખવામાં આવેલ છે. રોગનું વિષ શરીરમાં પ્રવેશ્યા બાદ જાણકારી પાંચ અઠવાડિયામાં રોગનાં લક્ષણ પ્રકટ થાય છે. જખમ અથવા ક્ષતસ્થાન સ્નાયુમંડળથી ઘણે દૂર હોય તો સંપ્રાપ્તિનો સમય વધારે થાય છે અને જો નજદીક હોય તો રોગનાં લક્ષણ એકદમ દેખાય છે. ભોજન કે પાણી ગળેથી ઉતારવામાં પણ દરદીને તકલીફ પડે છે. પાણીથી તો બીએ છે. ફ્રાન્સના સુપ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી પેસ્ચ્યોર મહાશયે આ રોગની ચિકિત્સા શોધી કાઢી છે. મરેલા કૂતરાના સુકુમ્બા દંડમાંથી બનાવેલ વેક્સિનનું ઇન્જેક્શન આપવાથી આ રોગનું નિવારણ થઈ શકે છે. પ્રબલ રોગમાં ૨૧ દિવસ સુધી ચિકિત્સા કરવી પડે છે. આ રોગની ચિકિત્સાની જે જે સંસ્થા થઈ છે તે પેસ્ચ્યોર ઇન્સ્ટિટ્યૂટ નામથી પ્રસિદ્ધ છે.

જલસંસ્કાર ૧. [સં.] પું. ધોવું કે પખાળવું તે.

૨. પું. નાહવું તે; સ્નાન.

૩. પું. પાણી વડે ખ્રિસ્તી ધર્મમાં લાવવાની થતી ક્રિયા.

૪. પું. મુડદાને જળમાં છોડી દેવું તે.

જલસંસ્કારસ્થાળ ન્ગી. જળસંસ્કારસ્થાન; જ્યાં જળસંસ્કાર કરી ખ્રિસ્તી ધર્મમાં લાવવામાં આવે તે જગ્યા.

જલસર ૧. પું. ઉજાણી.

૨. [અ. જલસ (તે મેળો)] પું. લૂંટણીઓ પડી દુઃખ કર્યા પછી બેસવું તે.

૩. પું. દરબ.

૪. પું. નામ.

૫. પું. સભા; મેળાવડો.

૧. જલસાએ અદાલત-હાકિમ = ન્યાય આપનારી બેઠક કે કમિટિ

૨. જલસાએ ઉમરા = દીવાને ખાસ.

જલસાખતીબી પું. ખુતબાના બીજા અને ત્રીજા વાચન વચ્ચે કુરાનના વાચનારનું બેસી જવું તે.

જલસાપાણી ૧. પું. ઉત્સવ; આનંદ.

૨. પું. નાસ્તોપાણી; પાણીપીણી.

જલસાયી [સં. જલશાયિન્] પું. વિષ્ણુનું એક ઉપનામ. જુઓ જળશયી.

જલસાવજ પું. એક જાતનું હરિવાર્ષ પ્રાણી.

જલસાવાલ્યા સ્ત્રી. આનંદી સ્ત્રી.

જલસિંચન ૧. [સં.] ન. પાણી પાવાનું કાર્ય.

૨. ન. પાણીની ધાર લગાવવી તે.

જલસિંહ પું. સીલની જાતનું એક જંતુ.

જલસી સ્ત્રી. મચ્છકન્યા; જળમાં બનાવું એક જાતનું પ્રાણી. તેનો ઉપલો ભાગ સ્ત્રીને મળતો અને નીચલો ભાગ માછલીને મળતો હોય છે.

જલસીપ [હિં.] સ્ત્રી. નદીની છીપ; જેમાં મોતી પડે છે તે સીપ.

જલસુત ન. કમળ.

જલસૂખ્યા સ્ત્રી. દુષ્કાળ.

જલસૂચિ ૧. [સં.] પું. એક જાતનો જોડ.

૨ પું. જળકાગડો.

૩. પું. મોટો દાવળો.

૪. સ્ત્રી. એક જાતનું પક્ષી, કૌંચ પક્ષી.

૫. સ્ત્રી. એક જાતનું માછલું.

૬. સ્ત્રી. ગંગા નદીમાં થતી એક જાતની મોટી માછલી.

૭. સ્ત્રી. જળકાકડી.

૮. સ્ત્રી. જળો.

૯. સ્ત્રી. શિશુમાર જલજંતુ.

૧૦. સ્ત્રી. સીંગોડું.

જલસૂત ૧. [સં.] પું. એક પ્રકારનો રોગ; વાળા નીકળવાનો રોગ.

૨. પું. વાળો; પાણીમાં થતો એક જંતુ.

જલસેઠ પું. પાણીનો પ્રયોગ.

જલસેચન પું. સિંચાઈ; નહેરક્રમ.

જલસેના [સં. જલ (પાણી) + સેના (લશ્કર)] સ્ત્રી. નૌકાસૈન્ય; હરિવાર્ષ લશ્કર.

જલસેની ૧. [સં.] પું. માછલી.

૨. પું. વિષ્ણુ. તે પાણીમાં સૂએ છે.

જલસો ૧. [અ. જલસ (તે મેળો થયો)] પું. આનંદ કે ઉત્સવના કારણે ઘણાં માણસોનું એક સ્થાને એકત્ર થવું તે; ખાનપાન તથા ગાનતાન હોય એવો મેળાવડો; આનંદ કે ઉત્સવનો મેળાવડો.

૨. પું (સંગીત) ગાનાર કે વગાડનારનો હુનર સાંભળવા માણસ ભેગાં થાય તે સ્થળ.

૩. પું. જમાવ, ટોળું.

૪. પું જ્ઞાતિભોજન.

૫. પું. મહેમાની.

૬. પું. મિજલસ; ગમતની બેઠક; મેળાવડો; સભા, મહોત્સવ.

જલસ્તંભ ૧. [સં. જલ (પાણી) + સ્તંભ (થાંભલો)] પું. એક દૈવી ઘટના. તેમાં જહાજોએ કે સમુદ્રમાં આકાશથી વાદળાં ઝૂકી પડે છે અને વાદળાંથી જળ સુધી એક મોટો થાંભલો બની રહે છે. કોઈ કોઈ વાર આ સ્તંભ ૧૦૦–૧૨૫ મજલના આસનો હોય છે. જ્યારે આ સ્તંભ બનવા લાગે છે ત્યારે આકાશમાં વાદળ રત્નની મહેક નીચે નમતાં દેખાય છે અને થોડી વારમાં વધતાં વધતાં જળ સુધી પહોંચી એક મોટા સ્તંભનું રૂપ ધારણ કરે છે. આ સ્તંભ નીચલા ભાગમાં વધારે પહોળો અને વચમાં તે જૂરા રંગનો પણ કિનારા તરફ કાળા રંગનો હોય છે. તેની એક કેન્દ્ર રેખા પણ હોય છે, જેની આસપાસ વરાળની એક મોટી તહ બને છે. જહાજનું પાણી ઉપર ખેંચાય છે અને તેનો મોટો ભરાજ થાય છે. આ સ્તંભ ઝગઝગ એક કલાક સુધી અને કોઈ કોઈ વાર વધુ વખત પણ રહે છે કોઈ કોઈ વખત એક કરતાં વધારે સ્તંભ પણ દેખાય છે. ક્વચિત્ જમીન ઉપર પણ આવો સ્તંભ બને છે અને જ્યાં તે બને ત્યાં એક ઊંડો કૂવો બની રહે છે. જ્યારે તે સ્તંભ નષ્ટ થવાનો હોય છે ત્યારે ઉપરનો ભાગ વાદળામાં મળી જાય અને નીચેનાનું પાણી થઈ વરસી પડે છે. કોઈ આને અશુભ અને હાનિકારક સમજે છે.

૨. ન. જળને થંભાવી દેવાનો મંત્ર વગેરે પ્રયોગ.
૩. ન. જળને થભાવી દેવું તે.

જલસ્તંભન [સં.] ન. મંત્રાદિ વડે પાણીની ગતિનો કરાતો અવરોધ; પાણી થાંભવું તે.

જલસ્તંભનવિદ્યા સ્ત્રી. પાણીને થભાવી દેવાની વિદ્યા. દુર્યોધનને જલસ્તંભનવિદ્યા આવડતી હોવાથી એને મોકે એક તલાવડીમાં જઈને સતાઈ રહ્યો. પાંડવો એને શોધતા હતા, પણ એ જડે નહિ.

જલસ્તંભવિદ્યા જુઓ જલસ્તંભનવિદ્યા.

જલસ્થ ૧. [સ. જલ (પાણી) + સ્થા (રહેવું)] વિ. પાણીમા રહેનાર.
૨. વિ. પાણીમાં રહેલું.

જલસ્થલમય વિ. ખુશ્કો તથા ભીનુ.

જલસ્થલાત્મક વિ. જલસ્થલમય.

જલસ્થા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધ.

જલસ્થાન [સં. જલ (પાણી) + સ્થાન (જગા)] ન. જળાશય; પાણીનું સ્થાન.

જલસ્થિતિભાપકતુલા સ્ત્રી. પાણીમાં વસ્તુ બેબવામા વપરાતું ત્રાજવું.

જલસ્થિતિવિદ્યા સ્ત્રી. પ્રવાહી પદાર્થોનાં સમતોલ રહેલાં જળોનું ગણિત.

જલસ્થિતિશાસ્ત્ર [સં. જલ (પાણી) + સ્થિતિ + શાસ્ત્ર (વિદ્યા)] ન. પાણીનું દબાણ અને સમતોલપણું દર્શાવનારું શાસ્ત્ર; 'હાઇડ્રોસ્ટેટિક્સ.'

જલસ્નાન [સં.] ન. પાણીથી નાહવું તે.

જલસ્રોત [સં. જલ (પાણી) + સ્રોતસ્ (પ્રવાહ)] પું. પાણીનો પ્રવાહ.

જલહ ૧. ન. બાબોચિયું; તળાવ.
૨. [સં.] ન. નાનું કુંવારવાળું ઘર.

જલહર ૧. પું. જલાશય.
૨. પું. મેઘ; વાદળું.
૩. વિ. જલમય; જળથી ભરેલું.
૪. વિ. પાણી જેવું કરતું; પાણી કર કરતું; પાણીને શોષતું.

જલહરણ ૧. [સં.] પું. (પિંગળ) ત્રણીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૮, ૮ અને ૬ માત્રાએ યતિ અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭ અને ૩૧ માત્રાએ તાલ આવે છે.

કુલ કલ ત્રણીસે, પૂરી કીરો,
પ્રતિ પદ વિશે, એમ ભણી,
દશપર કલ વસુ પર, વસુ કલ તેવર,
રસ કલ ગણી કર, વિરતિ તણી,
તજી બે પછી પારે, ચારે ચારે,
હારે હારે, વસુ તાલો,
તો જલહરણ અને, કમલાવતીની,
ગુજતી વાણી જે ભાળો. અપ્રસિદ્ધ

૨. પું. (પિંગળ) ત્રણીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેને ત્રણીસું કવિત છંદ પણ કહે છે. તેમાં લઘુ ગુરુનો નિયમ હોતો નથી. અંતે બે લઘુ આવે છે અને ૧૬, ૧૬ વર્ણે યતિ આવે છે.

ત્રણીસા કવિત કેરા રહે વર્ણ અંત બે લ
જલહરણ છે નામ સોળ સોળ પર યતિ. અપ્રસિદ્ધ

૩. ન. કોઈ મિશ્રણમાંથી પાણી શોષી લેતા તે મિશ્રણનું થતું રાસાયણિક પૃથક્કરણ.
૪. ન. પાણીને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતું તે.

જલહરણ પું. (પિંગળ) માત્રાની અર્ધસમ માત્રામેળ છંદ. માત્રા પિંગળ પ્રમાણે આ છંદ ઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૫ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

જલહરી ૧. [સ. જલધરી] સ્ત્રી. લોઢાને તપાવી તેને પાણીમાં બોળવા માટેનું લુહારનું વાસણ.
૨. સ્ત્રી. શિવલિંગ સ્થાપવા માટેનું પથ્થર વા ધાતુનું વાણું.
૩. સ્ત્રી. શિવલિંગ ઉપર ટાંગવામાં આવતો ઘડો. તેની નીચે એક કાણું હોય છે, જેમાંથી દિવસ રાત શિવલિંગ ઉપર પાણી ટપાટપા કરે છે.

જલહલ વિ. ઝગઝગાટ કરતું; ઝગઝાટ કરતું.

જલહલવું અ. ક્રિ. પ્રકાશવું; ઝળહળવું

જલહસ્તી [સં. જલ (પાણી) + હસ્તિન્ (હાથી)] પું. પાણીમાં રહેનાર હાથી જેવો મોટો જીવ; પાણીમા બનાવેલ હાથી જેવું એક પ્રાણી તે ૬ થી ૮ ગજ લાંબો થાય છે. તેના શરીર ઉપર વાળ હોતા નથી. તેની ચામડી કાળી હોય છે. તેના મોઢામાં ઉપર ૧૬ અને નીચે ૧૪ દાંત હોય છે. તે દક્ષિણ મહાસાગરમાં જોવામાં આવે છે, અને ત્યાં જ્યારે ગરદી બહુ વધે છે ત્યારે ઉત્તર તરફ ચાલ્યો જાય છે.

જલહળતું વિ. પ્રકાશમાન.

જલહાર ૧. [સં.] પું. પાણી ભરનાર પનિહારો.
૨. વિ. પાણી લઈ જનાર.

જલહારક વિ. જોજનારક; જલવિમોચક.

જલહારી ૧. સ્ત્રી. પાણી ભરનારી સ્ત્રી; પનિહારી.
૨. [સં. જલહારિન્] વિ. પાણી લઈ જનાર કે વહી જનાર.

જલહાસ [સં.] ન. સમુદ્રફોણ; પાણીનું ફોણ. તે દરિયાનાં પાણીની એક હાસ જેટલો રમત કે મોજામાંથી ઉત્પન્ન થાય છે, માટે તેને જલહાસ કહે છે.

જલહોમ [સં.] પું. એક પ્રકારનો હોમ; વૈશ્વદેવ વગેરે હોમ. તેમાં વૈશ્વદેવાદિને જળમાં આહુતિ આપવામાં આવે છે.

જલહ્રદ [સં. જલ (પાણી) + હ્રદ (સરોવર)] પું. પાણીનો હોજ; પુષ્કળ પાણીવાળો ખરો.

જલાંગ [સ.] પું. મહાત્રાસ નામની એક ઔષધિ.
૨. વિ. પાણીમાં જનાર.

જલાંગમ [સં.] પું. ચાંડાલ.

જલાંજર ૧. [સં. જલ (પાણી + જર (ચેટ)] પું. જલોદર; પેટમાં પાણીનો ભરાવ કરનારું દરદ.
૨. પું. પંજાબ પ્રાંતનો એ નામનો એક મહાલ.

જલાંધમ [સં.] પું. એ નામનો એક દાનવ.

જલાંધ્યા [સં.] સ્ત્રી. કુખ્યાતી સાબળામાને થયેલી એ નામની એક કન્યા.

જલાંધર ૧. પું. (પુરાણ) એ નામનો એક અસુર. તે શિવજીના કોપાગ્નિથી સમુદ્રમાં ઉત્પન્ન થયો હતો. પદ્મપુરાણમાં લખ્યું છે કે તે જન્મતાં જ એટલા જોરથી રોવો હતો કે બધા દેવતા બાકુળ બની ગયા. જ્યારે બ્રહ્માએ જઈ સમુદ્રને પૂછ્યું કે આ કોનો છોકરો છે ? ત્યારે તેણે જવાબ આપ્યો કે મારો પુત્ર છે, તમે તેને લઈ જાઓ. જ્યારે બ્રહ્માએ તેને પોતાની ગોદમાં લીધો ત્યારે, તેણે તેમની દાઢી એટલા જોરથી ખેંચી કે તેમની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. આથી બ્રહ્માએ તેનું નામ જલાંધર રાખ્યું. મોટો થતાં તેણે ઇંદ્રની અમરાવતી ઉપર અધિકાર કરી લીધો. અંતમાં શિવજી ઇંદ્રની તરફથી તેની સામે લડવા ગયા. તેની સ્ત્રી વૃંદાએ પોતાના પતિનો પ્રાણ બચાવવા માટે બ્રહ્માની પૂજા શરૂ કરી. જ્યારે દેવતાઓએ જોયું કે જલાંધર કોઈ પ્રકારે નથી મરતો ત્યારે અંતમાં જલાંધરનું રૂપ ધારણ કરી વિષ્ણુ તેની સ્ત્રી પાસે ગયા. વૃંદાએ તેને દેખતાં જ પૂજા છોડી દીધી. પૂજા છોડતાં જ જલાંધરનો પ્રાણ નીકળી ગયો. વૃંદા ગુસ્સે થઈ વિષ્ણુને શાપ દેવા જાહતી હતી, પણ વિષ્ણુએ બહુ જ સમજાવવાથી તે સતી થઈ ગઈ.
૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.
૩. પું. યોગનો એક બંધ; યોગના અંતરંગ એ નામનો બંધ.

૪. ન. (વૈદ્ય) જડી જલોદર, ઉદર રોગના આઠ માહેનો એક પ્રકાર. આ રોગથી પેટમા પાણી બસક માફક હલે છે તથા પેટ ગાભર જેવુ થાય છે. આકાશ અથવા ધૂવરમાં રહેનાર કાચબાને પાણીથી ભરેલી ત્રાબાની કૂંડીમા મૂકી ઉપર ત્રાબાના તાસક ઢાકો એક પ્રહર ધારી રાખી તે પાણી લૂગડે ગળી પાવાથી પ્રબાલ ભસ્મદીન આ દરદ કાંઈ સહાય છે.

૫. ન. જારતવર્ષનુ એ નામનુ એક પીઠસ્થાન. અહીં સતીનુ ડાબુ સ્તન પડ્યુ હતુ.

જલંધરા સ્ત્રી. (પુરાણ) કાલકારાજાની પુત્રી અને ભીમસેનની સ્ત્રી. એને રાવણેશ્વર નામ પુત્ર હતા.

જલંસાઈ દેવી સ્ત્રી. દેરામાં બેસાડવાની દેવી.

જલા ૧. [સ.] પું. તળાવ; સરોવર.

૨. પું. હલકો માણસ; નીચ માણસ.
[સ્વરૂપ = આકાર.

૩. [હિં.] વિ. ઢાંકેલુ.

૪. વિ. સળગાવેલુ.

જલાઉ ૧. વિ. ઝળૂકતું.

૨. સ્ત્રી. બાળી નાખનારું.

જલાકર [સ. જલ (પાણી) + આકર (ખાણ)] પું. સમુદ્ર.

જલાકા [સં.] સ્ત્રી. જળો.

જલાકાર [સ.] વિ. પાણીના આકારવાળુ.

જલાકારા [સ.] સ્ત્રી. મહાકાલના કપાલા ચાર ત્રિકાલમાના એક; પાણીથી ભરેલા ઘડામા પડતુ આકારનુ પ્રતિબિમ્બ. જળના પ્રતિબિમ્બવાળુ આકારા; જળયુક્ત આકારા. ઘટાકારા, જલાકારા, મેઘાકારા અને મહાકારા એ ચાર ત્રિકાલા મહાકારામાં કલ્પાય છે. પાણીથી ભરેલા ઘડા અને પાણીથી ભરેલા મહાન રોકેલુ આકારા જળાકારા કહેવાય છે.

જલાકુસુમ ન. એક જાતનુ ફૂલ, 'આકાશનુ ફૂલ'.

જલાક્ષી [સ.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જલ તાપસ.

જલાખુ [સં.] પું. ઉંદર જેવુ પાણીમાં થતું એક પ્રાણી; એક જળચર પ્રાણી; જળબિલાડી.

જલાગાર [સં. જલ (પાણી) + આગાર (ઘર)] પું. ટાકી.

જલાટન ૧. [સં.] પું. એક નામનુ પક્ષી.

૨. ન. પાણીમા ઘૂમવુ તે.

જલાટની ૧. [સં.] સ્ત્રી. એક પક્ષિણી.

૨. સ્ત્રી. જળો.

જલાણી ૧. સ્ત્રી. એ નામની લોહાણાની એક અટક.

૨. ન. એ નામની અટકનુ માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

જલાતન ૧. વિ. ઈર્ષાળુ.

૨. વિ. ક્રોધી.

૩. વિ. વિષયી.

જલાત્મક ૧. વિ. જલવાહક; જલગામી.

૨. વિ. જળમય; પાણી રૂપ.

જલાત્યય ૧. [સં.] પું. પાણીનુ દૂર થવુ તે.

૨. પું. શરદ ઋતુ.

જલાદ ૧. [અ. જલ્લાદ (ચામડી ઉતારનાર)] પું. કસાઈ.

૨. પું. મારો; હાસિયો; ગળકટ્ટો; પૈસા લઈને માણસોનો શિરચ્છેદ કરનાર માણસ.

જલાદી ૧. સ્ત્રી એ નામની મેમણની એક અટક.

૨. [અ. જલ્લાદી] સ્ત્રી. જલ્લાદની કચેરી.

૩. સ્ત્રી. જલ્લાદનુ કામ; માણસો, ઢોર વગેરે પ્રાણીઓને મારી નાખવાનું કર્મ; ક્રૂરપણુ.

૪. ન. એ નામની અટકનુ માણસ.

૫. વિ. એ નામની અટકનું.

જલાધાર ૧. [સં. જલ + આધાર] પું. વાદળ.

૨. પું. તળાવ વગેરે જળાશય.

૩. પું. પાણીની એક વનસ્પતિ.

૪ પુ. પાત્ર.

૫. પું. પ્રશાંત મહાસાગરના કિનારાના પર્વત.

૬. પું. શિવોપું.

૭. વિ. પાણીમાં રહેનારું.

જલાધારી સ્ત્રી. જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે તે કયારા જેવો ઘાટ; જળાધારી.

જલાર્ણવ પું. સાગર.

જલાધિદૈવત ૧. [સં.] પું. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર.

૨. પું. વરુણ દેવ.

જલાધિપ ૧. [સં.] પું. ગણિત જ્યોતિષ અનુસાર સંવત્સરનો જળનો અધિપતિ ગ્રહ.

૨. પું. વરુણ દેવ.

૩. પું. સૂર્ય વગેરે ગ્રહ.

જલાધિપતિ [સં.] પું. વરુણ દેવ.

જલાધિવાસન ન. મૂર્તિને પાણીમાં નવરાવવી તે.

જલાધી સ્ત્રી. શક્તિનુ જળ.

જલાધીસાર વિ. બહાદુર.

જલાનેવાલા ૧. પું. બાળી નાખે એવો પદાર્થ.

૨. પું. બાળી નાખે એવું.

જલાન્વિત [સં. જલ (પાણી) + અન્વિત (વાળું)] વિ. જળવાળું; પાણીવાળુ.

જલાપદરોગ ન. હાથ પગ સૂણી જવાનો રોગ.

જલાપરા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનુ.

જલાપા ૧. પું. એ નામની એક રેચક દવા.

૨. પું. હિમગીરી; હૃદયની બળતરા.

જલાભલા ૧. વિ. ગરમ સ્વભાવનું.

૨. વિ. ગુસ્સે થયેલુ.

૩. વિ. જખમાયલ.

૪. વિ. તપેલુ; બફેલુ.

જલાભગત પું. એ નામના વીરપુરમાં થઈ ગયેલ એક લોહાણા સત પુરુષ. તેના માતાપિતા બાળપણથી મુજરી ગયાં હતાં, તેથી તે પોતાના કાકાને ત્યાં ઊછરી મોટા થયા હતા. સાધુસતની સેવા અને ભજનમાં તે માનતા. લોકવાયકા એમ છે કે ભગવાને સાધુ વેરી આવી જલારામની પત્નીની માગણી કરી અને જલારામે તે કબૂલ રાખી. જલારામની પત્નીને લઈ સાધુ વીરપુરથી થોડાક બે માઈલ દૂર ગયા. ત્યા તે સાધુ પુરુષ જલારામની પત્નીને ઝોળી પોટો આપી સ્નાન કરવા જવાના બહાને અલોપ થઈ ગયા. જલારામજીનું મંદિર વીરપુરમાં છે. ત્યાં તે ઝોળી પોટો અદ્યાપિ પર્યંત સાચવી રાખવામાં આવ્યાં છે. આજે પણ તે મંદિરમાં અન્નક્ષેત્ર ચાલુ છે.

જલાભિલાષા [સં. જલ (પાણી) + અભિલાષા (ઇચ્છા)] સ્ત્રી. જલકોડ વગેરેનો રોગ.

જલાભિષિચ્યન [સં. જલ (પાણી) + અભિષિચ્યન (સિચવુ તે)] ન. જલ સિચવુ તે; જલ છાંટવાપણુ.

જલાભિષેક પું. નહેર વડે પાણી પૂરું પાકનું તે.

જલામુના જુઓ જલાબલા.

જલામેય [સં. જલ (પાણી) + અ (નહિ) + મેદ્ય (ભેદાય એવુ)] વિ. પાણી જેમા ઊતરે નહિ એવુ.

જલામય [સ.] વિ. પાણીથી ભરેલુ; બીનું.

જલામોદ [સં. જલ (પાણી) + આમોદ (હર્ષ)] પું. ઉશીર; એક જાતની વનસ્પતિ. તે ઔષધરૂપી છે. તેને શાંતિ થવા માટે તે જલમાં રહે છે. તેને જલથી મોદ એટલે આનંદ થાય છે, માટે તેને જલામોદ કહે છે

જલાયુકા [સં.] સ્ત્રી. જળો.

જલાર્ક [સં. જલ (પાણી) + અર્ક (સૂર્ય)] પું જળમાં પ્રતિબિંબ પડેલ સૂર્ય.

જલાર્દ્રિત ૧ [સં.] પું. વરસાદ.
૨. પું. વર્ષાકાલ.
૩. પું. સાત સમુદ્ર બાદનો છેલ્લો મીઠા પાણીનો સમુદ્ર.

જલાર્દ્ર ૧. વ. પાણીથી ભીનું થયું.
૨. વિ. જલથી પલળેલું; પાણીથી ભીનું.

જલાર્ધ પું. પાણીનો ઢગ.

જલાલ ૧. [અ. જલ્લ (તે મહિમાવાળો હતો)] સ્ત્રી. રીતિ.
૨. સ્ત્રી. ગુસ્સો.
૩. સ્ત્રી. ઝગઝગાટ; ભપકો; વૈભવ; સમૃદ્ધિ, સ્તવોજ્જ્વલ્લી
૪. સ્ત્રી. તેજ, પ્રકાશ
૫. સ્ત્રી. મહિમાના કારણથી થતો પ્રભાવ.
૬. સ્ત્રી. મોભો.
૭ વિ. ઝગમગતું. ઉજ્જ્વળ.
૮ વિ. ભપકાદાર; ભવ્ય.

જલાલખેલ પું. દિલ્હી બાજુ સરહદ ઉપર વસતા પઠાણ તામ્રવર્ણવાળાઓની એક કોમ.

જલાલગોટા ૧. સ્ત્રી. એ નામની સાપુની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

જલાલત [અ. જલ્લ (તે મહિમાવાળો હતો)] સ્ત્રી. મહિમા; ભવ્યતા; ભપકો.

જલાલાવન ૧. પું. મુરબ્બિબ્ય. બ્રહ્મવિદ્યાનો અર્થી પ્રાર્થના કરે છે કે હે પરમાત્મા, આપ ગુરુદેવ તથા શિષ્ય ઉભયની રક્ષા કરજો. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિમાં અનેક દૈવકૃપાથી જ ઓળંગાય એવા અંતરાયો આવે છે. હે પ્રભો! આપ અમો બનેને એક સાથે ભોગ ભોગવાવો. અમો મુરબ્બિબ્ય વચ્ચે એવો પડદો ન હો, કે જે પડદાને લીધે અમો બંને એક સાથે વીર્ય અર્થાત્ બ્રહ્મવિદ્યાને ઝરવવા જોઈતું શરીર, મન, મતિ અને હૃદયનું બળ આપની કૃપાથી પ્રાપ્ત ન કરીએ. હે પિતા! અમારૂં અધ્યયન અર્થાત્ અમારી વિદ્યા તેજસ્વી હો. તાત્પર્ય કે આપની કૃપાથી અમારૂં ભણેલું અજ્ઞાન રૂપી ગાઢ અંધારાને ભેદનારૂં નીવડો. હે પરમાત્મન્! અમો એકબીજાનો દ્વેષ ન કરીએ, અર્થાત્ અમો મુરબ્બિબ્ય વચ્ચે સદા આત્મીય પ્રેમ હો. હે પરમાત્મન્! ત્રિવિધ દુઃખોની નિવૃત્તિ હો.
૨. પું. બ્રહ્મપ્રાપ્ત.

જલાલિયા ૧. [અ.] પું. એક જાતનું કબૂતર.
૨. પું. કબીરની એક જાત; જલાલુદ્દીન શુજારીનો અનુયાયી; અવંતર દેવનો પૂજનારો.
૩. પું. લાલ કાકા મકોડી જાત.
૪. પું. સૈયદ જલાલ શુજારીનો અનુયાયી.

જલાલી ૧. પું. અકબર કે જલાલુદ્દીનના વખતથી ચલાતો સુબ. તે સુબ ઈ. સ. ૧૦૭૯થી ચાલુ થાય છે.
કાઠમે જલાલી = (૧) ઈશ્વરનું નામ. (૨) બહુ તરીકે વપરાતી કુરાનની લીટીઓ.
૨. [અ. જલ્લ (તે મહિમાવાળો હતો)] સ્ત્રી. ઉજ્જ્વળતા; ભપકો; આંખે નાખે એવી ટાપટીપ તે રોફ; ભવ્યતા; મહિમા; ઝગઝગાટ.
૩. સ્ત્રી. એ નામની કપોતની એક જાત.
૪. વ. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું.
૬. વિ. કોપી.
૭. વિ. નામવત.
૮. વિ. ભપકાદાર; ભવ્ય; વૈભવશાળી.

જલાલી રૂપિયો પું. અકબરના સમયનો એક ચોખ્ખો ચાંદીનો સિક્કો. તેનું વજન ૧૧૫ માસા હતું. તેની એક બાજુએ 'અલ્લાહુ અકબર, જલ્લજલાલ' અને બીજી બાજુએ પૂર્ણ લખ્યું હતું.

જલાલી સંપ્રદાય પું. એ નામનો એક પંથ.

જલાલુ [સં.] પું. પાણીમાં થતું એક જાતનું બાલનું ઝાડ.

જલાલુક વ. કમળનું મૂળ; કમળકંદ.

જલાલુકા [સં.] સ્ત્રી. જળો.

જલાલુદ્દીન પું. એ નામનો એક મુસલમાની સંત. તેણે બોખારાથી આવી સુહરવર્દી જમાતના પ્રવર્તક બહાઉદ્દીન જકરિયા પાસે દીક્ષા લીધી હતી. તે ઊચ નગરમાં રહેતો અને ત્યાં જ ઈ. સ. ૧૯૨૧માં મરણ પામ્યો

જલાલુદ્દીન હસન પું. ઇસ્માઈલી ધર્મનો પચ્ચીસમો ઇમામ. તેની ઇમામત ઈ. સ. ૧૨૧૦થી ૧૨૨૧ સુધી ૧૧ વરસ ચાલી.

જલાલોકા [સં.] સ્ત્રી. જળો.

જલાવ [મ.] સ્ત્રી. સુલગાવ મિશ્રો.

જલાવજ્ઞ [સં. જ્વાલન] ન. સળગાવવું તે; અગ્નિ પ્રગટ કરવાપણું.

જલાવતન [અ. જલા (હદપાર) + વતન (સ્વદેશ)] ન. દેશનિકાલ; સ્વદેશમાંથી હદપાર કરવું તે; હદપાર કાઢી મૂકેલ હોવાપણું.
જલાવતન કરવું = દેશમાંથી કાઢી મૂકવું; હદપાર કાઢી મૂકવું.

જલાવતની ૧. પું. દેશનિકાલ કાઢેલો માણસ.
૨. સ્ત્રી. દેશનિકાલ; નિર્વાસન.

જલાવતી [હિં.] પું. દેશત્યાગ; સ્વદેશ છોડી પરદેશ જવું તે.

જલાવન [સં.] સ્ત્રી. ઇંધન; બળતણ; સરપણ.

જલાવ આપ ઉલવર્દ [ફા] પું. ગુલાબનો અર્ક.

જલાવરણ [સં.] ન. પાણીનું ઢાંકણ; પાણીરૂપી આવરણ.

જલાવર્ત [સં.] પું. પાણીની ઘૂમરી; પાણીનું પોતાની મેળે ભમવું તે; પાણીનું વમળ; ભમરી.

જલાવવું ૧. [સં] સ. ક્રિ. અદેખાઈ કે દુશ્મનાવટ ઉત્પન્ન કરવી; ઈર્ષા, દ્વેષ આદિ ઉત્પન્ન કરવાં; સંતાપ કરાવવો.
૨. સ. ક્રિ. ખીજવવું; ગુસ્સે કરવું; ચીડવવું.
૩. સ. ક્રિ. પકડાવવું; હાથમાં આવે એમ કરવું.
૪. સ. ક્રિ. બાળવું; પ્રજ્વલાવવું; સળગાવવું; પ્રજ્વલિત કરવું.

જલાવાસ ૧. [સં.] પું. પાણીમાં રહેવું તે.
૨. પું. માછલું.
૩. વિ. પાણીમાં રહેનાર.

જલાવુકા [સં.] સ્ત્રી. જળો.

જલાવું અ. ક્રિ. બળવું.

જલાશય ૧. [સં. જલ (પાણી) + આશય (સ્થાન)] વ. જળ ભરાઈ રહેવાનું સ્થાન; તળાવ; હોજ, ટાંકો, તળાવ, કૂવો, વાવ વગેરે પાણીનું સ્થળ.
૨. વ. મોટા. તે મોટા મોટા જલના આશ્રયો તથા તળાવ જેવાં હોય તેમાં બહુ થાય છે.
૩. વ. શરીરોદરનો વેલો.
૪. વ. કરીરોદુ.
૫. વ. સુગંધી વાળો; ખસ.

જલાશ્રય ૧. પું. જળાશો.
૨. [સં. જલ (પાણી) + આશ્રય (સ્થાન)] વ. જળાશય; પાણીનું સ્થાન.

જલાશ્રયા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.
૨. સ્ત્રી. જમાલી.

જલાષ ૧. [સં] ન. પાણી.
૨. ન. સુખ.

જલાષ્ટોલા [સં.] સ્ત્રી. ચોખ્ખું તળાવ.

જલાસુકા [સં.] સ્ત્રી. જળો.

જલાસુર [સં.] પું. હરિવંશ રાક્ષસ.

જલાહ્વય [સં.] ન. કમળ.

જલાંચલ ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. નહેર.
૩. [સં.] પું. આકરણ પાણીનું નીકળવું તે.
૪. પું. રોવાળ.

જલાંજલાં અ. બહુ જ ઘાટથી.

જલાંજલિ ૧. સ્ત્રી. તિરસ્કાર.
૨. [સં.] સ્ત્રી. પાણી ભરેલો ખોબો.
૩ સ્ત્રી. પિતૃઓનું તર્પણ કરવા અર્પાતું ખોબો ભરેલું પાણી.

જલાંતક ૧. [સં.] પું. સત્યભામાથી જન્મેલ કૃષ્ણનો એ નામનો પુત્ર.
૨. પું. સાત માહેનો એ નામનો એક સમુદ્ર.
૩. જુઓ જલાતકરોગ.

જલાંતકરોગ પું જલસંત્રાસ રોગ; હડકવા. આ રોગ હડકાયું કૂતરું કરડવાથી થાય છે. આ રોગ પહેલાં કૂતરાં, શિયાળ, બિલાડા વગેરે માંસભક્ષી પ્રાણીઓને થાય છે. આ જનાવર જો મનુષ્યને કરડે તો તેનું વિષ શરીરમાં દાખલ થઈ રોગ ઉત્પન્ન કરે છે. રોગનું ઝેર શરીરમાં દાખલ થયા પછી જથ્થો પ્રાય આઠવાડિયામાં રોગનું લક્ષણ પ્રકટ થાય છે. જો જખમ નાડીમંડલ અથવા સ્નાયુમંડલથી દૂર હોય તો અમુક વખત પછી રોગની અસર થાય છે. જો ઝેર નાડીમાં દાખલ થાય તો રોગ એકદમ પ્રકટ થાય છે પ્રથમાવસ્થામાં રોગીનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે. પ્રકાશ અસહ્ય લાગે છે. બે ત્રણ દિવસ પછી બીજી અવસ્થા શરૂ થાય છે. રોગીને ખાવા પીવામાં કષ્ટ પડે છે અને તેને લીધે પાણીથી બીએ છે. કોઈ કોઈ વાર ગાંડપણ આવે છે કૂતરાની માફક તે જમવા માટે છે. તેને કલ્પમા રાખવો મુશ્કેલ થઈ પડે છે. તાવ ૧૦૦થી ૧૦૩ ડીગ્રી સુધી વધી જાય છે. આ અવસ્થા ત્રણ દિવસ સુધી રહ્યા પછી ત્રીજી અવસ્થા શરૂ થાય છે. આમાં રોગીને પક્ષઘાત થઈ જાય છે અને મૂર્છા આવી હૃદય નબળું પડી જાય છે. છેવટે હૃદય બંધ પડી જઈ મૃત્યુ થાય છે. જેને હડકાયું કૂતરું કરડે તેણે તરત જ ડૉક્ટરી વગરે સ્થળે દવા કરાવવા જવું જોઈએ આ રોગની દવા ફ્રાંસના ડૉક્ટર પેશ્ચર મહાશયે શોધી છે. વધારે રોગની અસર હોય તો એકવીસ દિવસ સુધી દવા કરવી પડે છે.

જલાંતરગામી વિ. પાણી નીચે ચાલતું.

જલાંત સંચારિણી નૌકા સ્ત્રી. પાણીમાં ડૂબકી મારનાર વહાણ; પાણીમુદ્રી; સમુદ્રની અંદર જનાર નૌકા; જલમગ્ન નૌકા; જલાંતર નૌકા; જલચર નૌકા; 'સબમરિન.'

જલાંત્રિકા [સં.] સ્ત્રી. કૂવો.

જલાંશ [સં.] ન. પાણીનું ટીપું.

જલાંશયુક્ત [સં.] વિ. ભારે; ભીનું.

જલિકા [સં.] સ્ત્રી. જળો.

જલિયા પું. માછીમાર.

જલો [અ.] વિ. સ્પષ્ટ
૧. ખત્તે જલી = મોટા સાફ અક્ષર.
૨. હસ્બે જલી = વર્ણવ્યાનુ સાર થયા પહેલાનો વખત.

જલોદ્ભવવાલ પું. અમૃતસરમાં આવેલું એ નામનું એક મેદાન. તેમા વખતે નિર્દોષ માણસો માર્યા ગયા હતા. તેનાં સબંધમાં 'નવજીવન'મા ઉલ્લેખ છે કે: જલિયાં તેના મૂળ માલિકની અટક છે હાલ તો તેના ચાર ભાગીદાર માલિકો છે. તે આમ નહિ પણ ઉકરડો છે. તેની ચારે બેર ઘરોની પછીત છે, અને બારીની પછીતમાંથી લોકો પોતાનો કચરો તેમાં ફેંકે છે. તેમા ત્રણ ગાય અને એક નાની સરખી કબર છે. તે તદ્દન મેદાન છે. એક સાંકડી શેરીમાંથી તેમાં પ્રવેશ કરી શકાય છે.

જલો કલમના હું પું. ન. વ. મોટા 'અક્ષરો.

જલોય ૧. [સં.] વિ. જળનું; જળમય, પાણીનું; પાણી સબંધી; પાણીને લગતું.
૨. વિ. પાણીવાળું; ભેજવાળું.

જલોય ઉલ્કા સ્ત્રી. વરસાદ વગેરે.

જલોય તાપમાપક [સં. જલીય (પાણીનું) + તાપ (ગરમી) + માપક (માપનાર)] ન. પાણીમા રહેલી ગરમી માપવાનું યંત્ર.

જલોય ભાષ્પ [સં.] સ્ત્રી. વરાળ.

જલોય વિષય ૧. [સં] પું. (વેદાંત) જલતત્વ ધરાવનાર વિષય.
૨. પું. શીત સ્પર્શવાળો વિષય.

જલોય શરીર ૧. [સં.] ન. (વેદાંત) જલતત્વ ધરાવતું શરીર
૨. ન. શીત સ્પર્શવાળું શરીર.

જલોય સ્રાવ [સં.] પું. વીર્યસ્ખલન.

જલોયેંદ્રિય ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) જલતત્વ ધરાવતી ઇંદ્રિય.
૨. સ્ત્રી. શીત સ્પર્શવાળી ઇંદ્રિય.

જલોલ ૧. [અ. જલ્લ (તે મહિમાવાળો હતો)] વિ. કીર્તિવંત.
૨. વિ. તુચ્છ; અપમાનિત.
૩. વિ. મોટું; અઘટ.
૪. વિ. ગરમ વગરનું.
૫. વિ. હલકું; ધિક્કારવા જેવું.

જલીલુલકદ્ર વિ. કીર્તિવંત; પ્રખ્યાત.

જલીસ [અ. જલસ (તે બેઠો)] પું. મિત્ર.

જલુ ૧. સ્ત્રી. એ નામની આખરની એક અટક.
૨. સ્ત્રી. જળો.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

જલુક [સં.] સ્ત્રી. જળો.

જલુકા [સં.] સ્ત્રી. જળો.

જલુસ ૧. [હિં.] પું. એક પ્રકારનો સન. દક્ષિણ કોંકણમા જલુસ સને ૧૬૫૬માં સ્થાપન થયો હતો અને તે આજતાબી રીતે ચાલુ છે. આ સન બીજાપુરના સુલતાન આદિલશાહ બીજાના મારીનશીન થતા શરૂ થયો હતો.
૨. પું. રાજ્યાસન પ્રાપ્તિ.
૩. ન. સરઘસ

જલુકર જુઓ જલુસ.

જલૂયા [સં. જલૌકસ] સ્ત્રી. જળો.

જલૂર ૧. ન. મોર્ટારની રમતમાં એ નામનો અક્ષ દાવ.
૨. ન. મોર્ટારની રમતમાં બધી ઉપર મોર્ટાર મૂકી રાખી દાંડિયા વડે ઉલાળવી તે.
૩ ન સાતની સંખ્યા.

જલૂરા પું. ગતિ.

જલૂરાં [અ. જૂલૂસી] વિ. રાજ્યારોહણ પછીથી જન્મેલામાં આવેલ. આ શબ્દ શાહને માટે વપરાય છે.

જલૂસ ૧. [અ. જલસ (તે બેઠો)] પું. કોઈ ઉત્સવમા મજા કરીને સવારી સાથે કોઈ વિશિષ્ટ સ્થાને જવું અથવા તો નગરની પરિક્રમા કરવા ચાલવું તે.
૨. [હિં.] પું. જલસો.
૩. પું. રાજ્યારોહણ; ગાદીએ બેસવું તે; તખ્તનશીની; રાજ્યાભિષેક.

જલેચર ૧. [સં.] ન. પાણીમાં ફરનાર પ્રાણી અથવા પક્ષી.
૨. વિ. પાણીમા ફરનારું.

જલેજ ૧. [સં.] ન. કમળ.
૨. વિ. પાણીમા ઉત્પન્ન થનાર.

જલેબ ૧. પું. પકોડા.
૨. પું. બાલપુરુષ બનાવવા માટે પાણી, મોળ અને લોટ એકઠો કરી ચૂરેલુ રાબડુ.
૩. પું. ખોખરે અથવા મોઢા આગળ ચાલવું તે.

જલ્લ

૪. જી. ઢાકમાડ; જપડો.
૫. જી. સપ.ટી, રસલો

જલેબી ૧. જી એક જાતની આતરાષ્ટ્રીય.
૨. [અ. જલાબ] જી. આટાની એક જાતની મીઠાઈ; ઘઉંના મેંદાના લોટમાં ઘીનું મોવણ દઈ અંદર દ્રાક્ષનો અસર નાખી પલાળી ખમો આવવા દઈ તે રગડાને એક છિદ્રવાળા લોટામાં ભરી ઘી જર્યા તાવડામાં ચકરડાં કે ચૂરણાં જેવું પાડી દોઢ તારી ચાસણી પાવાથી બનતી મીઠાઈ. જલેબી પૌષ્ટિક તેમ જ બધો સ્વાદિષ્ટ પદાર્થ હર્ષ પકવાન્નમાં ગણાય છે.
પેટમાં જલેબી દોડી = છૂટી રીને ઝાપનાં કરવાં.
૩. જી પગમાં પહેરવાનો એક જાતનો દાગીનો. સાકળા.
૪. વિ. સવારી અથવા રસાલાને લગતુ.

જલેબી ઝાંખોડો (જલેબી અંબોડો) પું. માથાના વાળની ત્રણ ત્રણ સેરની ત્રણ દોરી ગૂંથીને જલેબીના આકારમાં વાળનું બાંધેલું ગૂચળું.

જલેબી બોટલો જુઓ જલેબી અંબોડો.

જલેભ [સં.] પું. પાણીનો હાથી; જલહસ્તી.

જલેયુ પું. (પુરાણ) સોમવંશી પૂરુ કુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાનો એ નામનો પુત્ર.

જલેરુહ ૧. [સં. જલે (પાણીમાં) + રુહ્ (ઊગવુ)] ન. કમળ.
૨. વિ. પાણીમાં ઊગનાર.

જલેરુહા [સં.] જી. પાણીમાં થતી એક વનસ્પતિ.

જલેલ જી. મુરલી ઓગાળીને ક્રમ પતાવવું તે.

જલેલા [સં.] જી. કાર્તિકેયની અનુચરી એક માતાનું નામ.

જલેવાહ [સં. જલે (પાણીમાં) + વાહ (ગતિ)] પું. પાણીમાં ડૂબકી મારી પાણીમાં પડેલ પદાર્થ ખોળી કાઢનાર માણસ.

જલેશ ૧. [સં.] પું. જલાધિપ; વરુણદેવ.
૨. પું. સમુદ્ર
૩. પું. શિવના ઢબ્બર ભાઈનું એક નામ.
૪. પું. સૂર્ય વગેરે ગ્રહ.

જલેશય ૧. [સં.] પું. માછલું.
૨. પું. વિષ્ણુ; નારાયણ.
૩ પું. શિવનાં ઢબ્બર ભાઈનું એક નામ.
૪. વિ. પાણીમાં સૂનાર; પાણીમાં રહેનાર.

જલેશ્વર જુઓ જલેશ.

જલેંદ્ર ૧. [સં.] પું. જલધિ નામનો એક પક્ષ.
૨. પું. ભાર મેઘમાંનો એ નામનો એક.
૩. પું. મહાદેવ; શિવ.
૪. પું. મહાસાગર.
૫. પું. વરુણદેવ.

જલેંધન ૧. [સં. જલ (પાણી) + ઇંધન (બળતણ)] પું. જેની મદદથી પાણી મુકાર્ય બને તે પદાર્થ.
૨. પું. વડવાનલ; સમુદ્રાગ્નિ.
૩. પું. સૂર્ય વીજળી વગેરેનું તેજ.

જલો જી. ઝળાહટ; તેજ.

જલોક ૧. પું. જલોકથી સલલોક સુધીનું એક સ્વર્ગ. તેમાં અહમાનસપુત્ર સનકાદિ રહે છે.
૨. [સં. જલોક] જી. સહની આજુબાજુની કિનારી.

જલોકા [સં. જલ (પાણી) + ઓકસ (ઘર)] જી. જળો; પાણીનો એક જાતનો સાપ.

જલોદ્ભવ ૧. [સં.] પું. ધોધ.
૨. પું. પાણીનું ઝમકાર્ય જવું તે; પાણી વધી જવાથી બહાર વહેવું તે.
૩. પું. વધેલા પાણીને બહાર જવાનો માર્ગ; પરિવાહ.

જલોદકર્ષ જુઓ જલોદકર્ષક યંત્ર.

જલોદકર્ષકયંત્ર [સં.] ન. પાણીને ચૂસીને પાછું ઊંચું ચઢાવનાર યંત્ર; 'લિફ્ટ પંપ.'

જલોદ્ગ્રેપણયંત્ર જુઓ જલોદકર્ષક યંત્ર.

જલોત્થાપક ન. પાણીના જળથી ઊંચું થતું યંત્ર.

જલોદર [સં. જલ (પાણી) + ઉદર (પેટ)] પુ. પેટમાં પાણી ભરાવાથી થતો એક જાતનો રોગ; પાણી ભરાઈને પેટ મોટું થાય એવો રોગ.

જલોદ્ગતિ જુઓ જલોદ્ગતમતિ.

જલોદ્ગતમતિ [સં.] પું. (પિંગળ) ભાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ અને સગણ હોય છે. તેમાં છમા અક્ષર ઉપર વિરામો આવે છે.

જલોદ્ગતિગતિ જુઓ જલોદ્ગતમતિ.

જલોદ્ભવ ૧. [સં.] પું. (પુરાણ) ખંડચોના સમયમાં હિમાલય પ્રદેશના ભાગમાં રાજ કરતો એક રાજા.
૨. પું. હિમાલય પાસે આવેલ એ નામનો દેશ.
૩. વિ. પાણીમાં ઉત્પન્ન થનાર.

જલોદ્ભાદ [સં.] પું. શિવનો એ નામનો અનુચર.

જલોપચાર [સં.] પું. પાણીથી રોગ મટાડવાનું વૈદું; જલચિકિત્સક; જલપ્રયોગ ચિકિત્સા; 'હાઈડ્રોપથિ.'

જલોયું ન. ઘાકડાની બે પટ્ટીને જોડનારી લોઢાની કે પતરાંની કુંડલી.

જલોરગ [સં.] પું. પાણીનો સાપ.

જલોરગી [સં.] જી. જળો.

જલોર્મિ [સં.] જી. પાણીનું મોજું; છોળ.

જલોષ્ણીકરણપક્ષ [સં] ન. પાણીની ગરમી માપવાનું યંત્ર.

જલૌકા [સં.] જી. જળો.

જલૌકાબંધ [સં.] પું. અગ્નિમાં પારાને પકડવાની એક રીત.

જલૌષધિ [સં.] જી. પાણીમાં ઊગતી દવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

જલ્દ ૧. [અ.] વિ. ગરમ; તીક્ષ્ણ.
૨. ક્રિ. વિ. જલદી; તરત; ત્વરાથી.

જલ્દી ૧. [અ.] જી. ઝડપ; ઉતાવળ; શીઘ્રતા
૨. ક્રિ. વિ. તરત; ઉતાવળથી.

જલ્પ ૧. [સં.] સ. ક્રિ. બડબડવું.
૨. સ. ક્રિ. બોલવું; કહેવું.

જલ્પ ૧. [સં. જલ્પ્ (બડબડવું)] પું. કથન; કહેવું તે.
૨. પું. માયુ ધીમો અવાજ.
૩. પું. જલ્પવું તે; બડબડાટ; ગણગણવું તે; સારું કે અર્થ રહિત જેમ તેમ બોલ્યા કરવું તે; બકવાદ; પ્રલાપ.
૪. પું. (ન્યાય) તત્ત્વનિર્ણયની ઇચ્છાથી નહિ પણ પરપક્ષ ખંડન અને સ્વપક્ષ સ્થાપનની ઇચ્છાએ કરેલો વાદ; પ્રતિપક્ષીના મતનું ખંડન કરીને પોતાના મતનું સ્થાપન કરવારૂપ જે પરસ્પર ઇચ્છવાની ઇચ્છાવાળા વાદી પ્રતિવાદીની કથા.
૫. પું. (પુરાણ) તામસ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એ નામનો એક.
૬. પું. બોલબોલ કરવું તે; ભાષણ; ઝવારો.

જલ્પક [સં.] વિ. બડબડ કરનાર; બકનાર; નહિ બોલવાનું બોલનાર; બહુ બોલવાની ટેવવાળુ; બકવાદ કરનારું; ઝવારો કરનારું.

જલ્પન ૧. [સં.] ન. ઠીક; બહુ વધારીને કરેલી વાત
૨. ન. બકવાદ; પ્રલાપ; ગપસપ; ઝવારો.

જલ્પવાદ જુઓ જલ્પ ૪.

જલ્પવું [સં.] સ. ક્રિ. સારા વગરનું બોલવું; ઝવારો કરવો; બડબડવું; ધીરે ધીરે બોલ્યા કરવું; ગણગણવું, ણ્યુકણ્યુવું; બકવું.

જલ્પિત ૧. [સ.] ન. ઝવારો; બકવાટ.
૨. વિ. બોલેલું; બકેલું; કહેલું.

જલ્લ ૧. [પ્રા.] પું. નટ; જાદુગરિયો.
૨. પું. શરીર ઉપર જામેલ મેલ.

૩. [અ.] વિ. મોટું; કીર્તિવંત.
૪. [અ.] અ. ક્રિ. (ધાતુ) તે મહિમાવાળો હતો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દ: જલાલ, જલીલ, અજલ્લ, જલાલી, જલાયત.
૧. જલ્લ જલાલહૂ = (૧) જલાલુદ્દીન એટલે અકબરનો વૈભવ પ્રચંડ છે. (૨) પરમેશ્વરનો વૈભવ પ્રચંડ છે. અલ્લાહુ અકબર શબ્દોથી સલામ કરનારના જવાબમાં સામો માણસ જલ્લજલાલહૂ કહે છે. તે દ્વિઅર્થી શબ્દ છે. તેના બે અર્થ: (૧) પ્રભુની લીલા અપાર છે. (૨) જલાલુદ્દીન (અકબર)નો વૈભવ પ્રચંડ છે.
૨. જલ્લ જલાલહૂ = તેની કીર્તિ પ્રખ્યાત હો.
૩. જલ્લ શાનહૂ = ઈશ્વરની કાંતિ વધુ હો.

જલ્લાદ ૧. [સં. જલદ] પું. મેઘ; વાદળ.
૨. [અ.] વિ. બહુ જ આકરું; ગરમ; તીખું, તેજ; ઉગ્ર; કડક; જોસદાર.

જલ્લાપરિસહ [પ્રા.] પું. (જૈન) શરીરના મેલનો પરિસહ.

જલ્લારી [પ્રા. જલ્લારી] સ્ત્રી. ઝાલર.

જલ્લા પું. તણાવ.

જલ્લા જલાલહૂ [અ.] વિ. આખું જગાતું.

જલ્લાદ ૧. [અ.] પું. કસાઈ.
૨. પું. ગરદન મારનાર; ફાંસીગર; શિરચ્છેદ કરનાર; મારો; ફાંસિયો; ઝાલ્લો; ફાંસીખોર; હલાલખોર.
૩. પું. મનુષ્ય સંહારક.
૪. વિ. ઘાતક; વધક.
૫. વિ. ઘાતકી; ક્રૂર.

જલ્લાદગીરી [અ.] સ્ત્રી. ખૂનામરકી; મારી નાખવાનું કામ.

જલ્લાદી ૧. [અ.] સ્ત્રી. ક્રૂરતા.
૨. સ્ત્રી. જલ્લાદનું કામ; માણસો, ઢોર વગેરે પ્રાણીઓને કાપી નાખવાનું કામ; જલ્લાદપણું
૩. [અ.] સ્ત્રી. ફાંસી દેનારની કચેરી.

જલ્લાદી ફલક [અ.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

જલ્લાલુદ્દીનરૂમી પું. એ નામનો એક મુસલમાન સંત. તે ઘણો વખત રોમમાં રહ્યો હતો.

જલ્લૂસ [અ.] પું. ગાદીએ બેસવું તે.

જલ્લોષધિ [પ્રા. જલ્લોસહિ] સ્ત્રી. એક પ્રકારની લબ્ધિ એટલે શક્તિ; મેલના સ્પર્શથી દરદ મટે એવા પ્રકારની શક્તિ.

જલ્વા ૧. [અ.] પું. કોતેજરી.
૨. પું. કન્યાનાં પરેણાં ને કરિયાવર.
૩. પું. કન્યાને સાસરીમાં વરની પાસે લાવી તેનું મોઢું જોવરાવવાની ક્રિયા.
૪. પું. કાંતિ; તેજ; જ્યોતિ; પ્રકાશ.
૫. પું. જ્ઞાનાનુભવ.
૬. પું. મુસલમાનોનો એક ધર્મવિધિ. તેમાં વરરાજા કુરાનનું પ્રકરણ વાંચે છે અને બરીસામાં પહેલી વખતનું કન્યાનું મોઢું જુએ છે.
૭. પું. ધર્મ વખતની ક્રિયા.
જલ્વાનાં ગીત = ધર્મનાં ગીત.

જલ્સા [અ. જલસા] પું. સભા; મિજલસ.

જલ્સાપાણી સ. વ. ન. મોજી શોખની આપૂર્તિપાણી; આકર્ષણો સાધેની મિજબાની.

જલ્સો [અ. જલસા] પું. સભા, સમિતિ વગેરેનું મોટું અધિવેશન; મિજલસ; મેળક.

જલ્હ પું. અગ્નિ.

જલ્હાજ (જલ્હાઝ) ન. સમુદ્રકોશ.

જવ ૧. પું. અકબરના વખતનું સોનું જોખવાનું એક વજન.
૨. પું. અંગૂઠા ઉપર ફરતી દોરાયેલી લીટી; આકર્ષણો સાધાનાં વલયાકાની રેખા; કરચલી પડતા ભાતનો જવ જેવો રેખાકાર; અંગૂઠાના બીજો વેઢા.
૩. પું. એ નામના ધાન્યના દાણા જેટલું માપ; આઠ સરસવ જેટલું પ્રમાણ; આંગળનો આઠમો ભાગ; ઇંચનો ત્રીજો હિસ્સો.
૪. [સં. યવ] પું. એક જાતનાં ધાન્યનો છોડ.
૫. પું. ક્ષત્રિય કેરની પરિભાષામાં બાર પોળા સરસવ જેટલું વજન.
૬. પું. કામના જોર જેવડા ગોળ પારા ઉપર ત્રાંબુ, સોનું, ચાંદી, કૂવો વગેરે ધાતુમાં પહેરવાનો દાગીનો.
૭. પું. કાસડ
૮. પું. ઘોડાના એક ચાલ; ધીમી કદમે ચાલવું તે.
૯. પું. જવના આકારનો સોનાનો અલંકાર; જવાળી, જવમાળા.
૧૦. પું. જવારાનો ઢગલો.
૧૧. પું. જવસૂર
૧૨. પું. (બતી) ખૂણો; ઢોરને બાંધવું એક જાતના જવડ
૧૩. પું. (પુરાણ) કંઠકારણમાં રહેનારા વિરાધ નામના રાક્ષસનો પિતા.
૧૪. પું. દોડનાર
૧૫. [સં.] પું. વેગ; ગતિ; ત્વરા; ઉતાવળ; કષ્ટ.
૧૬. પું. વેગથી દોડી જનાર; દૂત.
૧૭. પું. હિમાળામાં પાકતું એક જાતનું અન્ન; યવ; ચાવું. આ ધાન્ય ઘઉંની જાતનું પરંતુ સ્વાદમાં અને આકૃતિમાં ઘઉંના કરતાં કેવળ ભિન્ન છે. એ ધાન્ય બહુ જ નીરસ છે. તે બહું કરીને જનવરોને ખાવામાં અપાય છે. કેટલાક ગરીબ લોકો પણ તે ખાય છે. તેનો ઉપયોગ કૃમિ, ખાંસ, ત્વચા રોગમાં થાય છે. તેનો ક્વાથ પેશાબની બળતરા, પ્રમેહ, મૂત્રાશય અને મૂત્રપિંડના વ્યાધિ અને અકબરી ઉપર અપાય છે. જવનું પાણી ઊલટીનું શમન કરે છે. એના લોટના રોટલા થાય છે. એ પવિત્ર અન્ન છે અને હોમ, તર્પણ, શ્રાદ્ધાદિક કર્મોમાં વપરાય છે. તેમાંથી ઘણી જાતના દારૂ થાય છે. આ અન્નને મનુષ્ય જાતિ અત્યંત પ્રાચીન કાળથી જાણે છે. વેદમાં તેનો સારી રીતે ઉલ્લેખ છે. ઈસુથી ૨૭૦૦ વર્ષ પહેલાં ચીનના બાદશાહ શિબગે પાંચ અન્ન વાવ્યા હતા તેમાં જવ પણ એક હતું. વૈદ્યકમાં જવના ત્રણ પ્રકાર માન્યા છે: કૃષ્ણ, નિ:શૂક અને હરિત વર્ણ. કૃષ્ણને યવ, નિ:શૂકને અતિયવ અને લીલા રંગના જવને સ્તોકયવ કહે છે. જવથી અતિયવ અને તેથી સ્તોકયવ ઉત્તરોત્તર ગુણવાળા છે. મરાઠીમાં તેને સાતુ અને હિંદીમા સતુવા પણ કહે છે. સંસ્કૃત જવ ક્ષય, ક્ષોત, તૃષા, સારક, કફ, મેધ્ય, મધુર, પશુ માટે હિતકર, અગ્નિવર્ધક, રુચ્ય, વર્ધ્ય, મૂત્રબંધકારક, ગુરુ, મૃદુ, તીખા તથા રેતાંભક છે અને મેદ, તૃષા, પિત્ત, વાયુ, કફ, રક્તદોષ, ખાંસ, કાસ, ચામડીના રોગ, પીનસ, કંઠરોગ, પ્રમેહ તથા ઉદરતાનો નાશ કરે છે. નિ:શૂક અકપગુણી છે. જવ લગભગ સઘળા દેશમાં થાય છે. ઘઉંની બાદક તે રબીનો પાક છે. એનો છોડ, ઉંબી અને દાણો ઘઉંને મળતાં આવે છે. દાણો ઘઉંના જેવડો અને તેવા જ આકારનો થાય છે, પણ તેની ઉપરનું છોડું પીળાશ પડતું ધોળું અને મ.સિયા રંગનું હોય છે. તેની અંદરનો માવો ઘઉં કરતા પણ ધોળો હોય છે જવ દળીને રોટલા કરવાના કામમાં આવે છે. ખાંડીને તેની ખીચડી બનાય છે તથા શેકીને પાણી પકાય છે. વરખમા જવમાંથી બીયર નામનો દારૂ બનાવવામાં આવે છે. જવ ખોરાક તરીકે બહુ સત્ત્વવાળો નથી.
૧. જવતલ મૂકવા = આફ્ટ સરાવવું.
૨. જવતલ લાવવા = મરણક્રિયાની તૈયારી કરવી.
૧૮. પું. સંગીતમાં એક અલંકાર.
૧૯. ન. (સંગીત) બાજીવીણા વગાડવાનું લોઢાનું કડું.
૨૦. ન. શ્રીહરિના જમણા ચરણારવિંદમાં અંગૂઠા પાસેનું ચિહ્ન.

૨૧ વિ. વેગવાળું
૨૨. [સ. યતઃ] અ. જ્યારે; જે વખતે.

જવઈ ૧. પું એક જાતનો છોડ. એનાં પર્ણ, સરિયા અને ફળાં ચાપ છે
૨. પું. એક જાતનો ભરૂ; કલમ કરવાનો કામનું સાધન.
૩. સ્ત્રી. જિવાઈ.

જવકાજલી સ્ત્રી. પરણેલી સ્ત્રીઓએ શ્રાવણ સુદિ ૨ને દિવસે કરવાનું એ નામનું વ્રત.

જવક્ષાર પું. એ નામનો એક ક્ષાર; જવખાર.

જવખાર ૧. [સં. યવક્ષાર] પું. એ નામનો એક ક્ષાર. તે જવનાં નાનાં પાન કે જવના ઘાસને બાળી પાણીમાં ઓગાળી પાણી નિતારી લઈ તેને ઉકાળવાથી બને છે. જવખારનો ભારો સર્વેજ ખટારા ઉપર હોય છે. તે ઊબ્યુ, દીપક અને કફમ તરીકે કફ, ખાંસી, શ્વાસ, ગુલ્મ, ઉદરરોગ, અરુચિ, અજીર્ણ, મરોડા તથા મૂત્રરોગ ઉપર અપાય છે. ખાંસી ઉપર તે પાનનાં બીડામાં અપાય છે
૨. પું. કઠના ઝાડના લાકડાંની રાખને ગાળવાથી પેદા થતો ખાર.

જવખારનું હરિતિલ ન. એ નામનો એક ક્ષાર; 'કલોરાઇડ ઑવ સોડિયમ'. જવખારનું હરિતિલ ઊનનાં કપડાંનાં તાણાવાણાનો જૂકે ખૂબો કરી નાખે છે

જવગ્રા ૧. પું જીવનનિર્વાહ; નિભાવ.
૨. પું. સંયમ.

જવતલ ૧. પું. દ. ૭. જવ અને તલ
૨. પું બ વ. વરકન્યા લગ્ન વખતે ફેરા ફરતાં કન્યાના ભાઈ તરફથી જવ અને તલ અર્પવાની થતી ક્રિયા.

જવતલિયો પું. લગ્નક્રિયા વખતે અગ્નિમાં જવતલ હોમનાર કન્યાનો ભાઈ.

જવત્રી ૧. [હિ જાતીપત્ર] સ્ત્રી. જાયફળનું ઉપલું છોડું; જાવપત્રી, જાવત્રી.

જવન ૧. [સ. યવન] પું. અનાર્ય; યવન; વેદ ધર્મને નહિ માનનાર; મ્લેચ્છ; આર્ય સંસ્કૃતિ બહારનો માણસ.
૨ પું. અનાર્ય દેશ.
૩. પું એક જાતનો મૃગ.
૪. પું. ખાટકી.
૫. પું. ઘોડો; અત્યંત વેગવાળો ઘોડો.
૬. પું. યુનાન દેશનો રહેવાસી.
૭. પું. વેગવાળો કોઈ દેશ.
૮. પું. રાવણનો એ નામનો એક સૈનિક.
૯. ન. વેગ; ત્વરિતગતિ.
૧૦. વિ. વેગવાળું; વેગયુક્ત; તેજ.
૧૧. વિ. વેદ ધર્મથી ઊલટો ચાલનાર.

જવનશાલિની પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ ૭૮ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, રગણ, યગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે
જવનશાલિની નરા યા સજે સપ્તમિણ

જવનાર [હિ.] સ્ત્રી. મિજબાની; જમણવાર.

જવનાલ [સ.] ન. એક જાતનું ધાન્ય; જુવાર.

જવનિકા ૧ સ્ત્રી. આંગણીઓ તથા પોંચા ઉપર જવના આકારની સળગોળ રેખા.
૨. સ્ત્રી. નેપથ્ય.
૩. [સં. યવનિકા] સ્ત્રી. પડદો; ચક; કનાત; આંતરપટ.
૪. સ્ત્રી. મરિતષ્ઠ કાનો એ નામનો એક ભાગ
૫. સ્ત્રી. હૃદયનું નીચેનું બાનું. રક્તાશયની માંસમય થેલીના નીચેના ભાગમાં આવેલા બે ખંડ જમણી જવનિકા અને ડાબી જવનિકા કહેવાય છે

જવની ૧. સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૨. સ્ત્રી. ખાટકીની સ્ત્રી.
૩. સ્ત્રી. નેપથ્ય; જવનિકા.
૪. સ્ત્રી. પડદો; કનાત; ચક; આંતરપટ.
૫. સ્ત્રી. યવનની સ્ત્રિપિ.
૬. [સં. યાવની] સ્ત્રી. યવનની સ્ત્રી; મુસલમાન સ્ત્રી.
૭. સ્ત્રી. વેગવાળી સ્ત્રી.

જવનીજા ૧. સ્ત્રી. જુવાન સ્ત્રી.
૨. સ્ત્રી. જુવાની.

જવપિષ્ટ [સં. યવ (જવ) + પિષ્ટ (દળેલું)] પું. જવનો લોટ.

જવમાદળિયું ન. લાંસવાળું સોનાનું ઘરેણાંમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

જવમાળા [સં. યવમાલા] સ્ત્રી. જવના આકારના પારાવાળું એક જાતનું ઘરેણું ઘરેણું.

જવર ૧. પું. તંત્ર.
૨. [સં. જ્વર] પું. તાવ.
૩. સ્ત્રી. જવું તે; જવેરા.

જવરજવર ૧. સ્ત્રી. પરિચય; સ્નેહસંબંધ; મેળાપીપણું; વખત જોવખત જવું આવવું તે
તકાદા મારવા તે; જવાબદારી કે બળવાનો સબંધ; સહવાસ.
૨. સ્ત્રી. વારંવાર જવું આવવું તે; જવાબ; આવજા; અવરજવર.

જવરજાદ ન. ઉત્તમ જાતનું જબરદસ્ત; એક જાતનું ઊંચા પ્રકારનું કપડું.

જવરસ પું. એ નામનું એક શક્તિવર્ધક ઔષધ.

જવરિષા પું. (ઔદ્ધ) એ નામનો એક સિદ્ધ.

જવરી [હિ.] પું. જવરો.

જવલાં ૧. ન. બ. વ. ખેતરાડીની ઊંધ ઉપર જવના આકારનાં જડવામાં આવતાં સોનાનાં કે પિત્તળનાં ફૂલ્લાં.
૨. ન. બ. વ. સોનાની ઝૂમણીઓ અને ઘુઘરીવાળી માદરડીવાળું ગોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

જવલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, બે નગણ અને સગણ મળી બાર વર્ણ હોય છે.
જવલિતા રચ સતનસ ધરીને. રઘુપિંગળ

જવલી એક જાતનું સોનાનું ઘરેણું.

જવલું ૧. ન. જવનું પાણી.
૨. વિ. કોઈક; જવલ્લે; ભાગ્યે; કોઈક જ; વિરલું.
૩. વિ. બહાદુર; શૂરવીર.

જવલે અ. ક્વચિત; કદાચ; કોઈક વાર; ભાગ્યે જ; રડ્યુંખડ્યું; કોઈક વખત.

જવલો ૧. [સં. યવલવ] પું. જવના આકારનો સોનાનો મણકો, નાનો પોટલિયો.
૨. પું. જવના જેવા બીજની એક વનસ્પતિ.
૩. વિ. કોઈક જ; કોઈકોક જ; બધામાં એકાદો; વીરલો.
૪. વિ. બહાદુર; હિંમતવાન.

જવલોં અ. જ્યાં સુધી.

જવલ્યો અ. જવલ્લે જ; ભાગ્યે જ.

જવલ્લર અ. એકાકી; રંજાખજા.

જવલ્લાં અ. જવલ્લેજ બળતાં; અસામાન્ય; અસાધારણ.

જવલ્લું વિ. કોઈક જ; વીરલું.

જવલ્લે [મ.] અ. ક્વાચિત; ક્વચિત; કદીક જ; કદાચ; કોઈક જ વાર; ભાગ્યે; કદાપિ જ; રડ્યુંખડ્યું.

જવલ્લો વિ. કોઈક જ; કોઈ એક જ; બધામાં એકાદો; વીરલો.

જવચાર પું. ફ્રાંસમાં એક જાતનો કાફલો. આ કાફલો ૨૦ થી ૨૦૦ ટોળાંનો બને છે. તેમાં દરેક ટુકડીમાં સિપાઈઓ હોય છે.

જવચારા [સં. યવચારક] પું. જવના અંકુર; જવારા

જવવું ૧. અ. ક્રિ. ઉત્પન્ન થવું; જન્મવું; પેદા થવું

૨. અ ક્રિ. જીવ પડવા.

૩. [સં. જીવ્ (જીવવું)] અ. ક્રિ. જીવતું થવું; જીવવું

૪. અ ક્રિ. બાઝવું, ભેગું થવું; જીવંત રહેવું; રોગ વિકારથી ખરી ન પડતાં ફૂલવું ઊગી કે ખીલી રહેવું અને ફળી રહેવું.

જવશીર ૧. પું. એક જાતના પૌર્વાત્ય ઝેરનો ગુંદરિયો રસ, એને મદ્રાસી ઓક્સે પ્રૌવત્ર ખૂબ બનાવવાના કામમાં વાપરે છે.

૨. પું. એક વનસ્પતિ. જો જવશીરનો ચામડી ઉપર લેપ કરવામાં આવે તો ફોલ્લા થાય. ક્ષયિતવર્ધક દવા તરીકે તે નસોને વેગ આપે છે.

જવસ ૧. પું. એક જાતના અનાજ લોટ.

૨. [સં.] ન. પ્યાસ; તૃષા.

જવહર ૧. [અ.] પું. ઝવેરાત.

૨. પું. મુક્તિ; ચતુરાઈ

૩. પું. સત્ત્વ.

જવહરડે (જવહરડું) સ્ત્રી. એક જાતની ઢરડે, ઢરડેની બધી જાતોમાં આ નાનામાં નાની છે. તેનો ઉપયોગ તથા ક્રિયા હિમજના જેવી જ છે. ઝાડું બોનડું થયું હોય તો તેનો ઉકા પાણીમાં ઉકાળો કરી કોગળા કરવાથી ફાયદો થાય છે ગુલાબજળમાં નાખીને ચોપડવાથી સોજો ઊતરી જાય છે

જવહરી [અ.] પું. ઝવેરી; ઝવેરાત પારખનાર; જવાહિર વેચનાર.

જવહાર પું. જવ જેવા ઘાટની મોટી પહોળી કડીવાળો સોનાનો હાર; ગળામાં પહેરવાનો એક જાતનો દાગીનો.

જવહૈરી પું. (જા. ગુ.) ઝવેરી.

જવળ સ્ત્રી. વેળા; મોકળું

જવળવું અ. ક્રિ. બળવું; અગ્નિ લાગવો.

જવા ૧. પું. આંગળીના સાંધાની નિશાની.

૨. પું. ભરતના કામમાં એક પ્રકારનું સીવણ.

૩. પું. ઘસણનો ગાંઠિયો

૪. પું. સીવવામાં એક જાતનો સાંધો.

૫. સ્ત્રી. ઝવા; પ્રત્યયા; પ્રયુક્ત; ઘોરી.

૬. વિ જવના દાણા જેટલું.

જવાઈ સ્ત્રી. કાળું ખર; નેતર; ઈ.ણી; મરોડ.

જવાઈ પું. હિંદની વાયવ્ય સરહદ ઉપર વસતી એક પઠાણ કોમ.

જવાઝ ૧. [અ.] પું. અધિકાર; જાયજાત.

૨. પું. ડાબદેસરપણું.

૩. પું. બાકી કાઢવાનું.

૪. પું. ચિંચોડી; ચાબૂક.

૫. પું. સાબેલું.

જવાઝીયત [અ.] ન. ડાબદેસરપણું.

જવાઠ પું. એક જાતનો ઘોડો.

જવાડિયો જુઓ જવાઠ.

જવાદી [અ. જ્વાદ] સ્ત્રી. ગંધણિયાના પાસેથી મળનારો સુગંધી પદાર્થ.

જવાદી કસ્તૂરી સ્ત્રી. બિલાડાની કૂદ્રામ.થી મળતી કસ્તૂરી. તે મૂળ કસ્તૂરી કરતાં હલકી ગણાય છે.

જવા દેવું ૧. સ. ક્રિ. અપેક્ષા કરવી; અ.ય આડા કાન કરવા.

૨. સ. ક્રિ. જતું કરવું; ઓઢી દેવું; પોતાનો લાભ તજી દેવો; મૂકી દેવું

૩. અ ક્રિ. બળ એમ થવા દેવું; નહિ અટકાવવું; નહિ રોકવું; જતું હોય તેને નહિ ખાળવું.

૪. સ. ક્રિ. નહિ સતાવવું; નહિ પીડવું; નહિ ચર્યવું.

૫. સ. ક્રિ. માફ કરવું; ક્ષમા આપવી.

૬. સ. ક્રિ. રજા આપવી, છૂટી આપવી.

જવાધિક ૧. [સં.] પું. અત્યંત વેગવાળો ઘોડો.

૨. વિ. અત્યંત વેગવાળું.

જવાન ૧. પું. જુવાન સિપાઈ.

૨. પું. મનુષ્ય; પુરુષ

૩. પું. પુખ્તવયમાં આવેલો પુરુષ.

૪. પું. વીર પુરુષ.

૫. વિ. જુવાન; યુવાન; તરુણ; પુખ્તવયમાં આવેલું.

૬. વિ. બહાદુર.

૭. વિ. મજબૂત બાંધાનું અને ઉત્સાહી.

જવાનજોધ વિ. જુવાન; તારુણ્યને લીધે ખીલેલાં અંગ અને બળથી મજબૂત.

જવાનમર્દો પું. જુવાન અને મજબૂત બાંધાનો માણસ; જુવાન, શરીરે જરૂરો, કદાવર અને છાતીવાળો પુરુષ.

જવાનમર્દ જુઓ જવાનજોધ.

જવાનમર્ગ [ફા.] સ્ત્રી. જરજુવાનીમાં મરી જવું તે; જુવાન મરણ.

જવાની [ફા.] સ્ત્રી. જુવાની; જોબન; યૌવન; તરુણાવસ્થા; ઉંમરમાં આવવું તે.

૧. જુવાની આવવી = (૧) જુવાનના જેવા ચેનચાળા કરવા; જુવાનની માફક વર્તવું. (૨) ફરીને નવો ઉત્સાહ ઉત્પન્ન થવો.

૨. જુવાનીનું જોર = જુવાનીનો ગર્વ; અહંકારની મસ્તાની; તોર; ઉદ્ધતાઈ; મદ.

જવાબ ૧. પું. આડતિયા ઉપર લખેલા જે કાગળથી નાણાં મળે કે ભરાય તે

૨. પું. ઉક્તિ; કહેવત; નિવેદન.

૩. પું. પ્રતિશબ્દ, પડઘો; પ્રતિધ્વનિ.

૪. પું. પ્રત્યુત્તર; કોઈ કંઈ પૂછે તેની સામે જે કાંઈ ખુલાસારૂપ કહેવું તે; ઉત્તર.

૧. જવાબ આપવા જવું = મરી જવું.

૨. જવાબ ખાધો-ગણ્યા જવો = શાંત રહેવું; ચૂપ રહેવું

૩. જવાબ દેવો = (૧) બરતરફ કરવો, ઘરમાંથી કે સહવાસમાંથી કાઢી મૂકવું. (૨) આપેલી અમુક આવશ્યકનો હિસાબ આપવો. (૩) ઉત્તર દેવો; ઉત્તર પાઠવવો. (૪) ઉપયોગી થઈ પડવું; કામ આવવું. (૫) ચાલવું; ટકવું. (૬) જોખમ ભરી આપવું; નુકસાન આપવું. (૭) ટક્કર ઝીલવી; બરોબર ઊતરવું. (૮) ઢોંગ કરવો. (૯) મુક્ત થવું; કારક થયું. (૧૦) સાફો બાંધવો; સાફો પહેરી. (૧૧) સામે થવું.

૫ પું. બદલો; કાર્યરૂપમાં વાળેલો ઉત્તર.

૬. પું. બરતરફી, છોડી દેવું તે.

૧. જવાબ માગવો = કારણ પૂછવું.

૨. જવાબ લેવો = (૧) ઉત્તર માગવો. (૨) ખુલાસો લેવો. (૩) તપાસ કરવી. (૪) નુકસાન ભરી લેવું. (૫) સાફો લેવો.

૭. સવાલ જેટલો જવાબ = કામ જેટલું જ બોલવું તે; ઓછા બોલાપણું; વાચાળ ન હોવું તે.

જવાબદાર ૧. [ફા.] પું. જમીન.

૨. વિ. જેને માથે જવાબ દેવાનું હોય તેવું; જવાબ દેવાની જેની ફરજ હોય તેવું. જુમ્મેદાર; જોખમદાર.

૩. વિ. જોખમ ભરેલું; જવાબદારીવાળું.

જવાબદાર રાજ્યતંત્ર ન. રાજ્યના સુત્રધારો પ્રજાને જવાબદાર રહે તેવી રાજ્યપદ્ધતિ

જવાબદારી ૧. [ફા.] સ્ત્રી. જવાબ આપવાનું જોખમ ભરવા ફરજ; જુમ્મેદારી; જોખમદારી; જુમ્મો; ઉત્તર આપવાપણું.

જવાંસા

૨. સ્ત્રી. સવાલનો ઉત્તર વાળવાનું, ફરજ અદા કરવાનું, જરૂરિયાતનું કામ બજાવવાનું માથે લીધેલું હોય તે.

જવાબદેહ ૧ [ફા.] વિ. જુમ્મેદાર; જોખમદાર.

૨. પું. પ્રતિવાદી; સામાવાળો.

૩. વિ. જવાબદાર.

જવાબદેહી ૧. સ્ત્રી. ફરજ; ઋણ.

૨. સ્ત્રી. જવાબદારી; જુમ્મેદારી.

જવાબનામા પું. મરેલ માણસના શરીર ઉપર ઓઢાડાતી ચાદર સાથે બાંધેલી ચિઠ્ઠી.

જવાબસવાલ [અ.] પું. પ્રશ્નોત્તર; વાદવિવાદ.

જવાબહૂંડી જુઓ જવાબીહૂંડી.

જવાબી ૧. સ્ત્રી. એક જાતની હૂંડી. તેની કિંમત બાંધ્યા પછી નાણાં બરાબર નહિ લાગ્યા સુધી રદીકારતી નથી. જુઓ જવાબીહૂંડી.

૨. સ્ત્રી. જવાબ આપવાની આવડત; જવાબ દેવાની ચતુરાઈ; પ્રત્યુત્પન્નમતિ; પૂછેલા સવાલના તરતના તરત જવાબ દેવાની શક્તિ; હાજરજવાબી.

૩. સ્ત્રી. જવાબદારી; જુમ્મેદારી.

૪. સ્ત્રી. જેનો જવાબ લેવાનો હોય તેવો સ્ટેટયો.

૫. વિ. જવાબ લખ્યો હોય તેવું.

૬. વિ. જવાબ સંબંધી; જવાબનું.

૭. વિ. જેનો જવાબ આગેવો હોય એનું; જેના જવાબનું અર્થ ભરેલું હોય એનું.

જવાબીહૂંડો સ્ત્રી. સ્ત્રીઓરામાનો જવાબ મળ્યા પછી જ જેનાં નાણાં ભરવાનાં હોય એવી હૂંડી.

જવાર ૧. [અ.] પું. પડોશ; નજીક હોવું તે.

૨. સ્ત્રી. એક જાતનું ધાન્ય; જુવાર.

જવારઅવાર ૧. સ્ત્રી. જવરજવર; ઘણી વાર જવું આવવું તે; આવજા; જવાઆવ.

૨. સ્ત્રી. પરિચય; મેળાપીઠકનો સહવાસ.

જવારજ ન. મેળવણ.

જવારભાટા પું. જુવારીઓટ; સમુદ્રના પાણીનો ઉતાર અને ચડાવ.

જવારવું જ. ક્રિ. આખરવું; ભટાક નાખી મેળવવું.

જવારા ૧. પું એક જાતની વનસ્પતિ; બીકુમારી.

૨. પું. જવના લીલા અંકુર. દશેરાને દિવસે ઓમો તે પોતાના ભાઈના કાન ઉપર ખોસે છે અને શ્રાવણીમાં ભાઠાઓ પોતાના યજમાનોના હાથમાં તે આપે છે.

૩. પુ નવરાત્રિમાં માતાના કુંભના કળશના મોરા ઉપર છાંટેલા અનાજના ઊગી નીકળેલા અંકુર. ટોપલીમાં માટી ભરી તે ઉપર કાંબર ઘઉં નાખેથી પણ જવારા ઊગી નીકળે છે.

જવારા વાવવા = માતા વાવવાં; દેવીનાં પૂજન કે અનુષ્ઠાનની સ્થાપના કરવી; દેવીનું આવાહન કરી શુભ કામ કરવું.

જવારી ૧. સ્ત્રી. જાર; જુવાર.

૨. સ્ત્રી. તારવાળાં વાદ્યોમાં પડજનો તાર.

૩. સ્ત્રી. સારંગી, સિતાર, તંબૂરા આદિ તંતુવાદ્યોમાં નીચલા ભાગમાં રહેતી જેટલા વજનની બાવડા વગેરેની નાની કટકો. તેની ઉપર થઈને બધા તાર ખૂટી તરફ જાય છે.

જવારીરા [ફા. અખ્તિયાર] સ્ત્રી. કીમતી વસ્તુઓની મોજણીની ચટ્ટી જેવી પેટ્ટિક દવા

જવાલ ૧. [અ.] પું. જંજાળ, આફત.

૨. પું ઝવાલ, અવનતિ; ઘટાડો. સૂર્ય જ્યારે માથે આવે ત્યારે ઝવાલ અને જ્યારે નમવા માંડે ત્યારે જવાલ કહે છે.

જવાવું જ. ક્રિ. જવાની ક્રિયા થવી; જવું જવું.

જવાશૂ પુ. એક જાતનો મુદ્દર; ગનથર.

જવાસ [સં. વવાસ] પું. રેતાળ જમીનમાં વગર પાણીએ ઝેકરની એક જાતની કાંટાવાળી વનસ્પતિ. તેની ઊંચાઈ ગુમારે એક હાથ હોય છે. વરસાદ પડતાં જ્યારે તમામ વનસ્પતિ ખીલે છે ત્યારે તે મુકાઈ જાય છે. રતવા ઉપર તે ઉપયોગી છે. ઉનાળામાં તેનાં ઠૂંઠામાંથી તાપના યોગે એક જાતની સાકર નીકળે છે. એ સાકર આ દેશમાં અરબસ્તાનમાંથી આવે છે. એ સાકર ખૂનાની વૈદ્યો બાળકોને રેચ આપવાના કામમાં દૂધમાં આપે છે. જવાસને દસ્ત ખુલાસાથી લાવનાર, મૂત્રવર્ધક અને કફનો નાશક માનેલ છે. એમાંથી જે સત્ત્વ નીકળે છે તે ખાસીનો નાશ કરે છે. આ છોડવાની પોટિસ બાંધવાથી અથવા તેની ધૂણી આપવાથી હરસનો નાશ થતો મનાય છે. તેના ચૂર્ણનું ચાપુના રોગમાં નસ્ય આપે છે. એનાં પાંદડાંમાંથી જે તેલ બને છે તે સંધિવા ઉપર ચોપડાય છે. તેનાં ફૂલને વાટીને લેપ કરવાથી હરસ ખરી પડે છે. તેમાંથી બનતી સાકરને જવના પાણી સાથે આપવાથી દસ્ત ખુલાસે આવે છે, પિત્તને મટે છે, કફને મેસાડે છે અને લોહી શુદ્ધ કરે છે. દૂધની સાથે આપવાથી તે શરીરને પુષ્ટ કરે છે, કામદેવને વધારે છે. જવાસ મધુર, કડવો, ખારો, અગ્નિદીપક, સારક, શીતળ, લઘુ તથા તૂરો છે અને કફ, પિત્ત, રાતો કોઢ, વિસર્પ, ભેદ, ભ્રમ, મદ, વાતરક્ત, તૃષા, ઊલટી, ઉધરસ દાહ તથા તાવનો નાશ કરનાર મનાય છે.

જવાસો જુઓ જવાસ.

જવાહડ (જવાહડ) સ્ત્રી. સૂકાં આમળાંની એક જાત.

જવાહર જુઓ જવાહિર.

જવાહરખાનું જુઓ જવાહિરખાનું.

જવાહરલાલ પું. એ નામના એક નેતા. ઈ. સ. ૧૮૮૯માં અલ્હાબાદમાં તે જન્મ્યા છે. તેમના પિતાનું નામ મોતીલાલ અને માતાનું નામ સ્વરૂપરાણી હતું. પંદર વર્ષની ઉંમરે વિલાયત જઈ કેરોની શાળામાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું.

જવાહિર ૧. ન. ઉમદા હથિયાર.

૨. ન. કીમતી ચીજ; અમોલ વસ્તુ.

૩. ન. હીરા માણેકથી જડેલો દાગીનો; જડાવ ઘરેણું; જેવર; ઝવેર.

૪. ન. હીરા માણેકનું નંગ; રત્ન.

જવાહિરખાનું ૧. ન. જવાહિર રાખવાનું ઠેકાણું; દાગીના કે ઝવેરાત મૂકવાનો ઓરડો; રત્નભંડાર; રત્નો વગેરે ઝવેરાત જેમાં રખાતું હોય તે જગા

૨. ન. તિજોરી; દરબારી ખજાનો.

જવાળી ૧. [સં. જવ + આવલિ (હાર)] સ્ત્રી. ભંગૂડા ઉપરની જવના આકારની એક રેખા. સામુદ્રિક જાનવાળા આ રેખા તપાસે છે.

૨. સ્ત્રી. જવના આકારના સોનાના મણકાની માળા; જવમાળા; ડોકનું એક ઘરેણું.

જવાં [ફા.] પું. જુવાન મરદ; બહાદુર માણસ; જુવાન; યુવાન.

જવાંકુર [સં.] પું. જવનો નાનો અંકુર; જવારા.

જવાંમરદ ૧. પું. ઉદાર દિલવાળો માણસ.

૨. [ફા. જવાંમર્દ (જુવાન પુરુષ)] પું. જુવાન મરદ; બહાદુર માણસ; વીર પુરુષ.

૩. પું. સ્વેચ્છાથી સેનામાં દાખલ થનાર માણસ; 'વોલંટીઅર.'

૪. વિ. બહાદુર; પરાક્રમી; શૂરવીર.

જવાંમરદી ૧. સ્ત્રી ઉદારતા.

૨. [ફા. જવામર્દી (જુવાન મરદપણું)] સ્ત્રી. બહાદુરી; પરાક્રમ; વીરતા; જવાંમર્દપણું.

૩ સ્ત્રી. હિમત.

૪. વિ. સખી દિલવાળું.

જવાંમર્દ જુઓ જવાંમરદ.

જવાંમર્દી જુઓ જવાંમરદી.

જવાંસા [હિં] પું. કાંટાવાળો એક જાતનો સુમધી છોડ. તે ઊંટને આપવામાં આવે છે અને કોર્ષ કોર્ષ વાર દૂધી માટે ભસની જેમ વપરાય છે.

જવાંહાં કું. જમાઈ; દીકરીનો વર.

જવિ ૧. પું. (પુરાણ) એ નામના ઋષિ.

૨. અ. (બા. પ્ર.) જ્યારે.

જવિદ [ફા.] અ. હમેશા.

જવિપુલા પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ વૃત્તાદિનો ભેદ છે. તેમાં ચોથા અક્ષર પછી વિષમ પાદમાં જગણ આવે, બાકી અવિપુલા મુજબ આવે.

જવિસું ન. જવને શરદીને તેનું લાપસો જેવું બનાવવામાં આવતું ભોજન.

જવિષ્ટ ૧. [સં. યવિષ્ઠ (સૌથી નાનું)] પું. નાનો ભાઈ.

અનુજ અવજેસ નાહિ વળી,
જવિષ્ટ કનિષ્ઠ કનીય;
લઘુ સહોદરની ન ઉપમ,
દોષ નહિ કે નીચ. પિંગળપ્રકોષ

૨. વિ. અતિશય વેગવાળું.

જવી [સં. જવિન્] પું. ઘોડો.

જવીંદરૌદાદાદ [ય.] પું. પિતાઓ સામે આપેલો કાયદો.

જવીન [ફા.] વિ. જવનું બનેલું.

જવીનર પું. (પુરાણ) યવીનર રાજા.

જવીય વિ. વેગવાળું.

જવું ૧. અ. ક્રિ. એક ઉપરથી બીજા ઉપર બેસવું; કોઈની મદ્દગારે જવું. જેમકે, હવે તેનું દિલ પૈસા તરફ ગયું છે.

૨. અ. ક્રિ. ઓછું થવું; ઘટવું; ભાદ થવું. પાસેથી બસવું.

૩. અ. ક્રિ. બરાબ થવું; પામમાલ થવું; બાકે રસ્તે ઊતરી પડવું. જેમકે, તારો ઝોકરો હાથથી ગયો.

૪. અ. ક્રિ. બસવું; ગતિ કરવી; સ્થળાંતર કરવું. જવું શબ્દનું મૂળ 'યા' ધાતુમાં છે, પણ તેના ભૂતકાળ 'ગયો'નું મૂળ 'ગમ્' ધાતુના ભૂતકૃદંત 'ગત'માં છે.

૧. બાર્યે જવું અને રામી જવું = હોલવાવું.

૨. ચડી જવું = ફાટી જવું; નહિ ગણકારવું, અભિમાન આણવું; ઉદ્ધત થવું.

૩. જઈ મળવું = સામાને સહાયકારક થવું; પક્ષમાં ભળવું.

૪. જતાના ભતૈયા ને વળતાના ભાંડવિયા = આવ્યું ખમાય પણ ગયું ન વેદાય.

૫. જવું આવવું થવું = (૧) એક જ ઠેકાણે બાંધેપગે ન રહેવું. (૨) પરિચયમાં આવવું, પરિચયમાં રહેવું.

૬. જવું કરવું = ઉપેક્ષા કરવી; છોડી દેવું; જવા તેમ કરવું

૭. જવું રહેવું = (૧) પુરુષનું સંસાર લાગ કરીને સાધુ થઈ જવું. (૨) બીજું બીજા મરદની સાથે નીકળી જવું.

૮. જવાનું = (૧) નુકસાન થવાનું. (૨) મરવાનું.

૯. જહાનમમાં જવું = જળવું; મૂકું; જે જવું અમથા ગયું; ધોળવું.

૧૦. ઝાડે જવું = હગવું; મળત્યાગ કરવા જવું.

૧૧. પાકી જવું = સમજી જવું; ચેતી જવું; સામાનો ભેદ સમજી જવો.

૧૨. હઠી જવું = હિંમત હારી જવી; હારી જવું, અશક્તિ આવવી; નબળા પડી જવું.

૧૩. હાથ જવું = (૧) છેલ્લે પાટલે બેસવું; અંતિમ ઉપાય લેવો. (૨) લાસ થઈ જવું.

૧૪. હાથથી જવું = ઊંચુંખત થઈ જવું; હાથની બહાર જતા રહેવું; હક ઓગળવો.

૫. અ ક્રિ. ગુમ, અદર કે શક્તિ ઓરી.

૬. અ ક્રિ. મુક્ત થવું; ગુમ થવું, ઓલાવું.

૭. અ. ક્રિ. નકામું કરવું; બગાડવું.

૮. અ. ક્રિ. નાશ પામવું; નુકસાન થવું; ઘટવું.

૯. અ. ક્રિ. નાસી જવું; નાકરા છોડથી ધરબાર છોડી દેવાં.

૧૦. અ. ક્રિ. પાસેથી જતું રહેવું; ગુમાવું; ખોવાવું.

૧૧. અ ક્રિ. બીજા હિસાબ સાથે આવતાં તે હિસા બરોબર થા ચોક્કસ થવાનો કે આવુ રહેવાનો ભાવ બતાવવો. જેમકે, નાસી જવું; આઈ જવું; કરતા જવું.

૧૨. અ ક્રિ. આવું; સમાવું.

૧૩. અ. ક્રિ. મુસાફરી કરવી.

૧૪. અ ક્રિ. વાત બનવી; અઘટિત ક્રમ થવું.

૧૫. અ. ક્રિ. વીતવું; પસાર થવું.

૧૬. અ ક્રિ. સોબત કરવી; સંગ કરવો.

જવેત્રે [ફા.] પું. (વહાણવટું) જહાજો; કેટલા તાગડ અને કેટલા સઢપટ્ટી ઉપર જહાજનું ઢાંકણાંનું પાટિયું.

જવેર [અ. જવ્હર (કીમતી વસ્તુ)] ન. જવાહિર; હીરા, માણેક, મોતી વગેરે ઝવેરાત.

જવેરખાના ન. જવાહરખાનું.

જવેરાત ૧. [અ. જવ્હરના બ. વ. જવાહિરનું બ. વ. જવાહિરાત] ન. જડાવ દાગીના.

૨. ન. જવેર; જવાહિર; રત્નો.

જવેરી ૧. [અ. જવ્હરી] પું. ઝવેરાતનો ધંધો કરનાર; જવાહિર વેચવાનો ધંધો કરનાર; ઝવેરી.

૨. જ્ઞા. એ નામની મેમણની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

જવેરો [સં. યવાંકુર] પું. જવનો નવો ફણગો.

જવૈ પું. જમાઈ; કન્યા કરવાનો કઠણ સાંઠો; એક જાતનો ભૂત.

જચો પું. જેનો વગાડવાનું કાચકડા અગર હાડકાંનું જવની આકૃતિ જેવું એક સાધન.

જવોદકદ [સં.] પું. વિષ્ણુનું એક નામ.

જવ્વાદ પું. એ નામનું એક કરિયાણું. તે વજનાઝની જાતનું છે, પણ તે ઝેરી નથી. તેની ગાંઠો દવામાં વપરાય છે.

જવ્વાદ [અ.] વિ. ઉદાર.

જવ્વાલ [અ.] વિ. ઘણી મુસાફરી કરનાર.

જવ્હેર ન. ઝવેર.

જવ્હેરદાર વિ પાણીદાર.

જવ્હેરાત જુઓ જવેરાત.

જશ ૧. [સં. યશસ્] પું. જય; વિજય; કુનેહ.

૨. પું. યશ; કીર્તિ.

૩. પું. શાબાશી; વખાણ

જશને બદલે ખૂતિયાં = માન, શાબાશી તો આપવી રહી પણ સામો ઠપકો મળવો; ઉપકાર માનવો નહિ અને સામુ બબડવું.

જશન ૧. પું. (જરથોસ્તી) ઉત્સવનો કે આનંદનો દિવસ. તેના ત્રણ વર્ગ છે: (૧) ઋતુ અથવા ગાહમબારો સાથે સંબંધ ધરાવતા જશન. (૨) મરી ગયેલના માનમાં પાળવામાં આવતા જશન. (૩) પ્રાચીન ઈરાનના કોઈ ઐતિહાસિક બનાવ માટે સંબંધ ધરાવતા જશન.

૨. [ફા. જશ્ન (ખુશીની સભા)] ન. આનંદ; હર્ષ

૩. ન. જલસો, ઉત્સવ.

૪. ન. જે નામ કે માનમાં કેટલીક વેરમાઓ ભેગી થઈને કામ કરતી હોય તે ગાન કે નામ.

૫. ન. (જરથોસ્તી) સુખ અથવા દુઃખના કોઈ બનાવના બનાવ અથવા પ્રસંગની ધાર્મિક રીતે ઉજવણી.

૬. ન. સ્તુતિ વડે માન આપવાની ક્રિયા. તેને અંતે એકઠા થયેલ બધા લોકો સાથે મળીને પવિત્ર રોટલી, ફ્રશ વગેરે ખાય છે.

જશના જ્ઞા. વિજય; કુનેહ.

જશનામી ૧. વિ. કીર્તિમંત; ઘણી કીર્તિ મેળવનાર; પ્રખ્યાત; વિખ્યાત.

૨. [સ. યશસ્ (કીર્તિ) + નામન્ (નામ)] વિ. યશસ્વી, યશવંત; જેના હાથે જશવાળા જ કામ થાય તેવું, જશરેખાવાળું.

જશની [જુ.] વિ. જાપકકાર.

જશનીલ ન. અયોધ્યા પ્રાંતમાં આવેલ ખારાપાટીનું પ્રાચીન નામ; જશ નામના રાજાએ અગિયારમા સૈકામાં આ સ્થળ વસાવ્યું હતું.

જશપુરા ૧. સ્ત્રી. એ નામની ખારાપાટની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જશમંગળા પું. માથે, કપાળે અને ગોઠે એમ ત્રણ સ્થળે જમર ડામ એવો બાઠો.

જશરેખા [સં. યશરેખા] સ્ત્રી. બધી જગાએ યશ મળે એવી હથેળી માંહેની લીટી.

જશવંત [સં. યશસ્ (કીર્તિ) + વત્ (વાળું)] વિ. જશવાળું; યશવંત; વિજયવંત; યશપ્રાપ્તિ; કીર્તિવાંછી જેને શાસ્ત્રોક્ત, માન, આબરૂ મળેલી છે તેવું; વિજેતા.

જશવાડ [સં. યશોવાટ] પું. ધન્વન્તરિ અભિનંદન.

જશસ્વી [સ. યશસ્વિન્] વિ. કીર્તિવંત; પ્રખ્યાત.

જશાબ્બી ૧. સ્ત્રી. ચાવિયા, કડવા કણબી અને ખાલની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જશાળ વિ. યશ અને સફળતા આપે એવું.

જશિયું જુઓ જશનામી.

જશોકીર્તિનામ [સં. યશઃકીર્તિનામન્] ન. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ યશ અને કીર્તિ પામે છે.

જશોદા ૧. [સં. યશોદા] સ્ત્રી. કૃષ્ણ વાસુદેવની પાલકમાતા.

૨. સ્ત્રી. (જૈન) મહાવીર સ્વામીની બીજી નામ.

જશોદાનંદન [સં. યશોદાનંદન] પું. જશોદાના પુત્ર શ્રીકૃષ્ણ.

જશોનાથ પુ. મહાદેવ; શંકર.

જશોનામ [સં. યશોનામન્] ન. નામકર્મની એક પ્રકૃતિ; જશોકીર્તિનામ.

જશોમતી [સ. યશોમતી] સ્ત્રી. નંદગોપની પત્ની; જશોદા, કૃષ્ણની પાલકમાતા.

જશ્ ૧. [સં.] સ. ક્રિ. ઈચ્છા કરવી. ૬ ખ રેલુ.

૨. સ. ક્રિ. છટું કરવું; છોડી મૂકવું.

જસ ૧. પું. કીર્તિ; આબરૂ

૨. [અ.] પું. વિનય.

૩. પું. સંયમ; ચારિત્ર.

જસઠો (જસઠે) ૧ પુ. યશ, આબરૂ.

૨. પુ. (કચ્છી) યશનું ગીત; કીર્તિગાન.

જસત ૧. [સં. યશદ] ન. આસ્તમાની પડતા સફેદ જેવા રંગની એક મિશ્ર ધાતુ. તે બીજી ધાતુ, પથ્થર અને ક્ષાર તથા માટીની સાથે ભળેલો મળે છે. તેને શુદ્ધ કરવી એ બહુ મહેનત અને આવડતનું કામ છે. આવી ધાતુને બંધ કુંડામાં ખૂબ તપાવતાં અસલ ધાતુની વરાળ થાય છે. જો એ વરાળ વાતાવરણ સાથે મળે તો ભડકો થાય, તેથી તેને એક નળી મારફતે આરોબાર એક પાણીની ટાંકીમાં ઉતારવામાં છે. ૭૮૬° ફેરનહીટ ગરમી આપતાં તે મળે છે. તે બહુખપ્રદ પ્રારબ્ધનેષ્ટ ગણાવવામાં મળી આવે છે. આ ધાતુ ઉદ્યોગની ઘણી વસ્તુઓમાં કામ આવે છે. એની ભસ્મ આસવ તરીકે પણ વપરાય છે. લોકો તેનો ભૂકો જે જંતાજન્તુ કહેવાય છે તે આપે આજવાના કામમાં લે છે. પણ પ્રાચીન કાળથી જસત હિંદુસ્તાનમાં જણાયેલું છે. એ ભાગ તાંબું અને એક ભાગ જસત એકઠું કરતા પિત્તળ બને છે. કલાઈ, તાંબુ અને જસત મળવાથી 'જર્મન સિલ્વર' નામની ધોળી ધાતુ બને છે. કલાઈની માફક તે લોખંડના પતરા ઉપર પણ ચઢાવાય છે. તેના ઉપલા પડને ઘાટ લાગે છે પણ પછી અંદરના ભાગને ઘાટની અસર થવા પામતી નથી. જસતનો રંગ ભૂખરો વાદળીઓ હોય છે. તે વજનમાં ભારે હોય છે. જસતના ઘાટા બે જાતના આવે છે. એક જાતનો ઘાટો ભડો આવે છે, જે ઘનાર્ષ તથા પ્રહોળાઈમાં ઘણો ટૂંકો હોય છે. બીજી જાતનો ઘાટો પાતળો આવે છે, જે ઘનાર્ષ તથા પ્રહોળાઈમાં વધારે હોય છે. પાતળો ઘાટો વધારે શુદ્ધ અને ચોખ્ખો હોય છે. તે કાપવાથી ચકચકિત દેખાય છે. આપ્રદેશો જે આંખના ઓસડમાં પ્રસિદ્ધ છે તે જસતનો એક ક્ષાર છે. જસતની ભસ્મ કરવાની રીત એવી છે કે જસતને માટીના કામમાં મૂકી તે નીચે ખૂબ તાપ દેવો, જેથી જસતનો રસ થશે. તે રસને લીમડાને ઘાકરેથી હલાવવો ને નીચે ખૂબ તપાવવો. આથી સફેદ રંગની ભસ્મ થશે. પછી તે ભસ્મને કુંવાર, ત્રિફળા અને આમરાના રસની ભાવના દેવી. દરેક ભાવના દેતી વખતે તેને બરાબર દેવો. આવી રીતે જસતભસ્મ તૈયાર થાય છે. જસત તેના પૌષ્ટિક ગુણને લીધે પ્રદરના રોગમાં બહુ ઉપયોગી છે. પ્રદરવાળા દરદીએ જસતભસ્મ લેવાથી ગર્ભાશયમાંથી પડતો શ્વેત પદાર્થ અટકે છે અને શરીરમાં કોવત આવે છે. જસતની અસર પૌષ્ટિક હોવાને લીધે જ આ ફેરફાર થાય છે. તે જૂનું પ્રમેહ, પાંડુ તથા આંખના દરદ ઉપર ઘણો ઉપયોગી મનાય છે. જસતભસ્મ ક્ષયની અંદર તાવ અટકાવવા માટે બહુ સારો ઉપાય છે. પ્રક્ષેપક જ્વર જે આખો દિવસ શાંત રહી સાંજે હમેશા ચડે છે અને જે કોઈ પણ દાગમા પાંચ થવાની નિશાની છે તેવા જ્વરની અંદર જસતની ભસ્મ બહુ કામ કરે છે. તેથી ક્ષયનો બેહદ પસીનો અટકે છે. આ બધી અસર મગજને પુષ્ટિ આપવાથી થાય છે. મગજના આધિ, જેવા કે અપસ્માર, હિસ્ટિરિયા તથા ક્ષુદ્રને ઉપડતા અનેક જાતના વાતબ્યાધિ ઉપર જસતભસ્મ અપાય છે. અપસ્માર અને અપસ્મારને મળતાં દરદ જેમાં દરદીને પ્રસંગે કોણ આવે છે કે નથી આવતાં અને પ્રસંગે હાથ પગ તણાય છે તેવા દરદોમાં જસતભસ્મ આપવી ખાસ્ય મનાય છે. જસતના વાસણમાં જમવાથી બુદ્ધિ વધે અને ભૂખ ઊપડે. જસતભસ્મ ૧ થી ૨ રતીની માત્રામાં બીમાં લેવાય છે.

જસતભસ્મ [જસત + ભસ્મ (રાખ)] સ્ત્રી. જસતની ભસ્મ; શાસ્ત્રોક્ત રીતે કરેલી જસતની રાખ. તે પ્રમેહ, જ્વર, અતિસાર વગેરે રોગોમાં લાભપ્રદ મનાય છે.

જસતહરિતિક ન. જસતનું હરિતિક; જસતનો એક ક્ષાર; 'ઝિંક ક્લોરાઇડ'.

જસતા પું. જ. ન. ઝાડ.

જસદ ૧. [સં.] ન. જસત નામની ધાતુ.

૨. [અ.] ન. શરીર.

જસદે સ્ત્રી. જશોદા.

જસધાર સ્ત્રી. (જૂ. ગુ.) આબરૂ; કીર્તિ; યશ.

જસન ન. પારસીઓમાં ઉત્સવ કે આનંદનો દિવસ; જશન.

જસનામી વિ. જશ પામેલ, જસવાળું; યશનામી.

જસનીરા પું. એક જાતનો કૂકડો. તેને ગોમાસામાં જાતા જાતા રંગનાં પૂંછ આવે છે.

જસપત પું. ખ્યાતિ મેળવનાર; જસપતિ.

જસપતગોની સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન સુરણનાં પાન જેવાં હોય છે. તેમાં સફેદ મોટાં ફૂલ આવે છે.

જયપતિ પું. ખ્યાતિ મેળવનાર માણસ.

જયમા સ્ત્રી. એ નામની એક ઐતિહાસિક ઓડણ સ્ત્રી. સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ સરોવર ખોદાવવા માટે માળવાથી ખોદકામનાં સાધનવાળા ઓડ લોકના નાયકોને બોલાવ્યા હતા. તેમાં જયમા ઓડણ પણ આવી હતી. વળી એમ પણ કહેવાય છે કે માળવાના કોઈ રહેવાસીએ સિદ્ધરાજ જયસિંહ આગળ જયમાના રૂપનાં બહુ બહુ વખાણ કરવાથી રાજાને તેની ઉપર અત્યંત મોહ થવાથી તેણે પોતાના બનેવી દુખભલ્લ ચાવડાને ઓડો તથા જયમાને તેડવા માટે મોકલ્યો. જયમા પોતાના ઓડોને લઈ પાટણ આવી ને રાજાના કહેવા પ્રમાણે તળાવ ખોદવાનું કામ શરૂ કર્યું. ઓડ કામ કરતા તે જોવાને રાજા રોજ ત્યાં જઈ બેસતો. બીજી ઓડણોની માફક જયમા પણ પોતાના સ્વામીએ ખોદેલી માટીની ટોપલીઓ માથે લઈને ખોદકામ બહાર નાખી આવતી હતી એક બાળક પાવલું હતું તેને તે એક ઝાડની ડાળે ઝોળી બાંધી ઝુલાવતી જતી અને માટી સારતી. રાજા તેની ઉપર એટલો બધો મોહિત થયો કે તેણે તેને રાજમહેલમાં બાકી રાખી નહિ, પણ જયમા, જે પતિવ્રતા હતી, તે રાજવૈભવથી લલચાઈ નહિ. તેણે રાજાની આજ્ઞાથી બિકારી કાઢી, એટલું જ નહિ પણ પોતાના પતિને તે વાત કહી. પાટણથી છાનામાનાં માળવે જતાં રહેવાની ગોઠવણ કરાવી. રાત પડી તેઓ પોતાના માણસો સાથે માળવા તરફ જવા નીકળી પડ્યાં. રાજાને આ વાતની ખબર પડી એટલે તે તેમની પૂંઠે ચાલ્યો ને રસ્તામાં મોટેરા ગામ આગળ તેમને પકડી પાડ્યાં ઓડો તથા રાજાના માણસો વચ્ચે મારામારી થઈ. પોતાના રૂપને માટે સ્વજનની કતલ થતી જોઈ જયમા પોતે કટાર ખાઈ આત્મઘાત કરીને મરણ પામી રાજા નાસીપાસ થયો તોપણ તે પોતે જાત પોતાને મળે એવા વહેમી વિચારથી તેની ચિતામાં તેણે પોતાનું સેલું નાખ્યું. કહે છે કે જયમા અને ચિતા બળીને ભસ્મ થઈ ગયાં પણ રાજાના સેલાને આંચ લાગી નહિ. તે જેવું ને તેવું જ રહ્યું. લોકો તેથી સતીનો જશ ગાવા લાગ્યા. જયમાના સંબંધમાં એવી પણ દંતકથા છે કે તે પૂર્વ જન્મમા ઇંદ્રની અપ્સરા હતી. પાટણનો રાજા જયદેવ ઇંદ્રનો મિત્ર હતો, તેથી એક વખત તે સ્વર્ગમાં ગયેલો. ત્યાં અપ્સરાનાં નૃત્ય થતાં હતાં, તે વખતે જયમા અપ્સરાને જોઈ રાજા મોહ પામ્યો, પણ અપ્સરાએ રાજાનો તિરસ્કાર કર્યો. આથી જયમાને મનુષ્યરૂપે જન્મવાનો ઇંદ્રે શાપ આપ્યો અને તેથી તે અપ્સરા જયમારૂપે અવતરી હતી.

જયમાલ પું. નાગપિંગળમાંહેનો એ નામનો એક માત્રામેળ છંદ.

જયવર ૧ સ્ત્રી. મારવાડ તરફ રહેતા રજપૂતની એ નામની એક જાત.

૨. પું. રજપૂતની એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની રજપૂતની જાતનું.

જયવંત વિ. કીર્તિમાન; જશવંત.

જયવાય વિ. (જૂ. પ્ર.) યશ; કીર્તિ.

જયવાર પું. નાગપિંગળમાંહેનો એ નામનો એક વર્ણમેળ છંદ.

જયા અ. જેમતેમ; મુશ્કેલીથી.

જયાપરા ૧ સ્ત્રી. એ નામની વણિયાની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

જયામત ૧. સ્ત્રી. અતિશય ભ્રાન્તિપણું; મોહબુદ્ધિ.

૨. સ્ત્રી. શરીર; કાયા.

જયીમ [અ.] વિ. મોટા શરીરવાળું, જાડું.

જયુ ૧ પું. [સં. પુરુષ, હરિયાદર

૨ સ્ત્રી. ધૂળ.

૩. વિ. આંધળું.

જયુકાર વિ. કીર્તિવાન; પ્રખ્યાત; વિખ્યાત.

श्री जिन इन सुविद्य नछ,
अमर जगि जयुअर रे — પ્રજ્ઞવિજય

જયુદા [સ.] સ્ત્રી. યશોદા; કૃષ્ણની પાલક માતા.

જયુમની જુઓ જયુદા

જયુરિ ૧ ન. ઊંટનું વાજ

૨. વિ. પીડા પામેલ, દુઃખિત.

જયું [સં. યાદશ] વિ. જેવું; સરખું; સમાન, મળતું આવતું.

જયોદણી સ્ત્રી. ઝીણી મગફળી.

જરિટસ ૧. [અં.] પું. ન્યાય.

૨ પું. ન્યાયાધિકારી; ન્યાય નીતિ; ન્યાયમૂર્તિ.

જરેટીનીઆ ન. એક જાતનું ફૂલઝાડ. એનાં ફૂલ નાનાં લાલ અને બે કિનારે કાળા હોય છે.

જર્જેતા ૧ [ફા.] પું. ગાજરનો પા.

૨ પું. ગજરો.

૩. પું. નીરનું બારું

૪. પું. ફૂલનો પટારી.

૫. પું. મૂરજળ સાજેલું.

૬. પું. લશ્કરનો ભાગ.

૭. પું. હાથો.

૮. ન. જસત નામની ધાતુ.

જસ્માઈન [અં.] ન. એક જાતનું ફૂલ.

જસ્સા ન. ચૂનાના રંગનું મોતી.

જસ્સોર ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીની હથેળી કપાઈ પડી હતી.

જહક ૧. [સં.] પું. કાળ

૨. પું. સર્પની કાંચળી.

૩. ન. બાળક.

૪. વિ. ત્યાગી; ત્યાગ કરનાર.

જહકા [સં.] સ્ત્રી. ગાત્રસંકોચની.

જહત ૧. [સં.] પું. ત્યાગ.

૨. સ્ત્રી. (કાવ્ય) એ નામની પહેલી લક્ષણા; જહત્સ્વાર્થા.

૩ [સં જહત] વિ. ત્યાગ કરનું, તજતું.

જહતલ [સં. પ્રયત્નપૂર્વક.] અ. જેમતેમ; માંડ માંડ કરીને.

જહતી વિ. સ્ત્રી. તજતી

જહત્અજહત્લક્ષણા સ્ત્રી. (કાવ્ય) લક્ષણાપ્રવૃત્તિનો એક પ્રકાર. જ્યાં બે પદમાંના વિરોધી અર્થનો ત્યાગ કરી તેમાંના અવિરોધી અર્થને ગ્રહણ કરવામાં આવે ત્યાં જહલ્લક્ષણા કે જહત્અજહત્લક્ષણા થાય છે જેમકે, 'તે આ દેવદત્ત છે' એમાં 'તે' શબ્દ વડે કરીને દૂર દેશ, ભૂતકાળ અને પૂર્વસ્થિતિનો બોધ થાય છે અને 'આ' શબ્દ વડે કરીને સમીપ દેશ, વર્તમાન કાળ અને વર્તમાન સ્થિતિનો બોધ થાય છે. તે બંનેનો વિરોધ છે, પરંતુ દેવદત્તનો પિંડ તો એક જ છે તેથી જહલ્લક્ષણા વડે દેવદત્તનો પિંડ જ ગ્રહણ કરવામાં આવે છે

જહત્લક્ષણાપ્રવૃત્તિ સ્ત્રી. (કાવ્ય) લક્ષણાવૃત્તિનો એક પ્રકાર. જે શબ્દ પોતાના વાચ્યાર્થનો સંપૂર્ણ ત્યાગ કરી તેની સાથે સંબંધ રાખનાર બીજા અર્થને જણાવે તે શબ્દમાં જહલ્લક્ષણા છે. જેમકે, 'ગંગા પર ગામ'. આમાં ગંગાનો વાચ્યાર્થ જલનો પ્રવાહ થાય છે, ને પ્રવાહ ઉપર ગામ સંભવે નહિ, માટે આ જગાએ તીર ઉપર એવો અર્થ જહલ્લક્ષણા વડે લેવાય છે.

જહત્સ્વાર્થા ૧ [સં.] સ્ત્રી. (કાવ્ય) ૨૬ લક્ષણાનો એક પ્રકાર. 'ગંગા ઉપર ગામ છે.' આમ ગંગા શબ્દના વાચ્યાર્થ પ્રવાહને તજી દઈ તેની સાથે સંબંધ રાખના અન્ય અર્થ લેવો પડે છે. આ પ્રમાણે શબ્દના સ્વાર્થનો એટલે પોતાના અર્થનો, મુખ્ય અર્થનો ત્યાગ કરવો પડે છે. માટે

એ લક્ષણા જહત્સ્વાર્થા કે ટૂંકામાં જહલ્લક્ષણા કહેવાય છે. જહત્ એ 'હા' એટલે તજવું એ ધાતુનો વર્તમાન કૃદંત છે. જહત્ એટલે તજતો છે. સ્વાર્થ જેને, મુખ્ય અર્થ જેને તજી દે છે, જેમાં મુખ્ય અર્થ તદ્દન જતો રહે છે એવી લક્ષણાને અર્વાચીનો જહલ્લક્ષણા કહે છે.

૨ વિ. (કાવ્યશાસ્ત્ર) જેમાં શબ્દના વાચ્યાર્થનો ત્યાગ થતો હોય તેવું.

જહદ [અ.] પું. કોશિશ; પ્રયત્ન.

જહદ્જહત્સ્વાર્થા [સં] સ્ત્રી. (કાવ્ય) શુદ્ધ લક્ષણાનો ત્રીજો પ્રકાર. તેમાં સ્વાર્થનો અંશે ત્યાગ થાય છે અને અંશે થતો નથી. જે વૃત્તિમાં શબ્દો અંશે સ્વાર્થને એટલે મુખ્યાર્થને તજે છે અને અંશે તજતા નથી તે વૃત્તિ જહદ્જહત્સ્વાર્થા કહેવાય છે.

જહદ્જહલ્લક્ષણા સ્ત્રી (કાવ્ય) પદની શક્યતાનો અવચ્છેદક જે ધર્મ તેનો પરિત્યાગ કરીને વ્યક્તિ માત્રના બોધનો જે હેતુ તે; ભાગત્યાગ લક્ષણા. વેદાન્તીઓના મતમા 'तत्त्वमसि' એ વાક્યમાં જહદ્જહલ્લક્ષણા છે. તેમાં સર્વજ્ઞત્વ વિશિષ્ટ ચેતન 'त्वं' પદનો શક્ય અર્થ છે. એ બંને શક્ય અર્થોનો અભેદ બની શકતો નથી, માટે સર્વજ્ઞત્વ રૂપ શક્યતાવચ્છેદક ધર્મનો પરિત્યાગ કરવાથી 'तत्' પદની ચેતનમાત્ર વિષે લક્ષણા થાય છે. એ જ રીતે અલ્પત્વરૂપ શક્યતાવચ્છેદક ધર્મનો પરિત્યાગ કરવાથી 'त्वं' પદની પણ ચેતનમાત્ર વિષે લક્ષણા થાય છે. તે ચેતનોનો પરસ્પર અભેદ સમજે છે. માટે 'तत्' પદની તથા 'त्वं' પદની જે ચેતનમાત્રમાં લક્ષણા છે, તે લક્ષણા જહદ્ અજહદ્ લક્ષણા કહેવાય છે. નૈયાયિકો જહદ્જહદ્ લક્ષણાનું ઉદાહરણ 'सोऽयं देवदत्तः' એ વાક્યથી આપે છે

જહદ્દાજહદ્દ ૧. સ્ત્રી. એ નામની બીજી લક્ષણા; જહદ્જહલ્લક્ષણા

૨. સ્ત્રી. જડ ચૈતન્ય.

જહદ્દાજહદ્દનો મરમ જાણે. કુકાનંદ

જહન્નમ ૧. ન. જ્યાં બહુ જ દુઃખ અને કષ્ટ હોય એવું સ્થાન

૨. [કા.] ન. નર્ક; નરક; ઢોજખ.

જહન્નમી ૧. [કા.] વિ. નર્કનું અધિકારી; ઢોજખી.

૨. વિ. નરકને લગતું

જહપાલ વિ. સુરીલો અવાજ હોય એવું, જેનો અવાજ બહુ ઊંચો તેમ બહુ નીચો પણ ન હોય તેવું

જહમકા પું. મિજબાની; પતરાળ

જહમત ૧. [અ.] સ્ત્રી. આપત્તિ; મુસીબત; આફત.

૨. સ્ત્રી. અખેડો.

જહમી ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

જહર ૧. ન. અપ્રિય વાત અથવા કામ.

૨. ન. ક્રોધ; ગુસ્સો.

૩. [કા. જહ્ર] ન. ઝેર; શરીરમાં પ્રવેશતાં પ્રાણ હરી લે અથવા ક્રોધ અંગમાં પ્રવેશી તે અંગને રોગી બનાવી દે તેવો પદાર્થ. વિષ; ગરલ. પ્રાણી માત્રના શરીર ઉપર વિષની ત્રણ જાતની અસર થાય છે: (૧) સ્થાનિક, (૨) દૂરસ્થ, (૩) સ્થાનિક અને દૂરસ્થ. કેટલાક વિષનો શરીરની સાથે પ્રત્યક્ષ સંબંધ થવાથી સ્થાનિક અસર થાય છે. જેમકે, તેજાબ વગેરે દાહક વિષ શરીર ઉપર પડવાથી તેના ઉપર રસાયનિક પરિવર્તન થઈ તેને હાનિ પહોંચે છે. આવી જ રીતે સોમલ વગેરે ક્ષોભક વિષથી સોજો અને લાલી આવે છે. વિષના દૂરસ્થ પ્રભાવમાં આઘાતજન્યથી બનાર પ્રભાવ વગેરેનો સમાવેશ થાય છે. જેમકે, ઝેરકોચલાનો પ્રત્યક્ષ પ્રભાવ સ્નાયુઓ ઉપર થાય છે, પણ તેનો દૂરસ્થ પ્રભાવ ધનુર્વાત જેમ વ્યાધિ ઉત્પન્ન કરવામાં થાય છે. અફીણનો મુખ્ય પ્રભાવ મગજ ઉપર થાય છે, પણ તેના દૂરસ્થ પ્રભાવની અસર આખા શરીર ઉપર થાય છે. કેટલાક એવાં વિષ છે કે જેની અસર સ્થાનિક અને દૂરસ્થ બંને પ્રકારની થાય છે. આમાં સ્ટ્રાઈકોનિક ઍસિડ, ઑક્સેલિક ઍસિડ, ફોસ્ફરસ વગેરેની ગણના મુખ્ય છે. શરીરના જે ભાગ સાથે પ્રત્યક્ષ સંબંધમાં આવા વિષ આવે છે તેના ઉપર તેની અસર થાય છે તેમ જ શરીરના બીજા ભાગ ઉપર પણ તેની અસર થાય છે.

જહર મુહરા [ફા.] પું. એક જાતનો પથ્થર.

જહરી ૧. પું. જહાજ દેશનો ખોડો.

૨. વિ. ઝેરી; વિષમય.

જહરીકુચલા ન. ઝેરકોચલું.

જહલ [અ. જહલ (તે અજ્ઞાત હતો)] ન. અજ્ઞાનતા

જહલો ૧. [અ.] સ્ત્રી. અજ્ઞાનતા.

૨. વિ. અજ્ઞાન; મૂર્ખ

જહલ્લક્ષણા [સં.] સ્ત્રી. (કાવ્ય) શુદ્ધ લક્ષણાનો એક પ્રકાર. જુઓ જહત્સ્વાર્થા.

જહારાં અ. (જૂ. ગુ.) જ્યારે; જે વખતે.

જાઓ જઈ જહાજાં બેસશો ૨ કોણ ચાંપશે પાય ૨. લોકોક્તિ

જહાકુક ન. એક જાતનું ઝાડ.

જહાકું [સં. હા (તજવું)] સ્ત્ર.ક્રિ. છોડી દેવું; તજવું.

જહાજ ૧. સ્ત્રી. ગોરખમુંડી; કુડેરી. તેનાં ફૂલ કદમનાં ફૂલને મળતાં હોય છે.

૨. [સં. વધા] અ. જે પ્રકારે; જેવી રીતે

જહાજ ૧. પું. ભારે ભરતીનો બહુ મોટો વધારે કહેવાતો પ્રસંગ.

૨. ન. એક જાતનું રૂપાળું દરિયાઈ પક્ષી. તે ઉષ્ણકટિબંધમાં જમીનથી બહુ દૂર દેખાય છે અને ઊડતી માછલીનો શિકાર કરે છે. ખલાસીઓ તેને મનવાર પક્ષી પણ કહે છે. તે કરકોટની જાતનું પક્ષી ગણાય છે.

૩. [અ.] ન. દરિયા ઉપર સફર કરનારું માલ અને ઊતારવું મોટું વહાણ; નાવ; નૌકા.

જહાજઆર પું. બંદરમાં આવતાં વહાણ પાસેથી લેવાતો કર.

જહાજપક્ષી જુઓ જહાજ ૨.

જહાજપરિચાલક પું. માલમ; વહાણનો માર્ગદર્શક

જહાજરોકની [અ.] સ્ત્રી. વહાણ આગવું તે.

જહાજી ૧. [અ.] પું. જહાજ ચલાવનારો; વહાણવટી.

૨. વિ. સાપુદ્રિક; દરિયાઈ; દરિયા સંબંધી.

જહાજી કર પું. વહાણને જોઈ બંદર, ઘાટ અને ઊભા રહેવાની જગ્યા ઉપર દોરડાં વગેરેના ઉપયોગ માટે આકારી તથા બંદરના માલિકને આપવો પડતો કર.

જહાજી જંત્રી ન. નાવિક પંચાંગ; દરિયાઈ નકશો; પ્રદેશના સ્થિતિ જેમાં આપી હોય એવું વહાણવટીઓને ઉપયોગી પંચાંગ.

જહાજી ઢાકુ [હિ] પું. ચાંચિયો.

જહાજીદિગ્દર્શન પું. ધ્રુવકાટો. ચુંબકના સોયા કટકાને વચ્ચેથી લટકાવવામાં આવે તો તે હમેશા લગભગ ઉત્તર દક્ષિણ દિશા બતાવે છે. આ સિદ્ધાંત ઉપર ધ્રુવકાટો બનેલ છે. તેમાં એક ગોળાકાર કાર્ડની નીચે ચુંબકનો કટકો હોય છે અને કાર્ડ ઉપર એક સોય ઘૂમે છે. કાર્ડ ઉપર ઉત્તર દક્ષિણ વગેરે દિશાઓ બતાવેલી હોય છે. આ યંત્ર નાવિકોના ઉપયોગમાં આવે છે. કહેવાય છે કે ભારતવાસીઓ તથા ચીનાઓ હજારો વર્ષ પહેલા આ યંત્રનો ઉપયોગ કરતા હતા.

જહાજીનાકાબંદી ૧. સ્ત્રી. જહાજ નાખી પરદેશનો વેપાર અટકાવવો તે.

૨ સ્ત્રી. બદરોના નાકા બંધ કરવા તે; વહાણને કિનારા ઉપર જતાં અટકાવ કરવો તે.

જહાજીનુકસાન ન. વહાણમાં નુકસાન થવાથી થયેલ નુકસાન.

જહાજીનુકસાનપત્ર ન. વહાણમાં નુકસાન થવાથી થયેલ નુકસાનનો દસ્તાવેજ.

જહાજીબંધક ન. વહાણનું ખોખું ધરેણે મૂકવું તે.

જહાજીયંત્રી જુઓ જહાજીજંત્રી.

જહાજીવિદ્યા સ્ત્રી. નાવિક વિદ્યા; નૌકાસંચાલન; એક જગ્યાએથી બીજી જગ્યાએ વહાણ હંકારી જવાનું શાસ્ત્ર.

જહાજીવ્યાપાર પું. વહાણથી થતો વેપાર.

જહાટકિયા ૧. સ્ત્રી. એ નામની વાણિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જહાદ [અ.] પું. ધાર્મિક વિગ્રહ; ધર્મની લડાઈ.

જહાદય વહામ [પ્ર.] પું. ચકવા.

જહાદી [અ.] પું. ધાર્મિક લડાઈ લડનાર.

જહાન ૧. [સં. જગત્ન (કૃદંતું)] સ્ત્રી. દુનિયા; જગત; વિશ્વ; લોક; આલમ. જહાં.

૨. ન. શરીર.

જહાનઆરા સ્ત્રી. મુઘલ બાદશાહ શાહજહાનની એ નામની એક પુત્રી તેણે ઈ. સ. ૧૬૪૦ની સાલમાં કાશ્મીર આવેના અજબજા બગીચાની યોજના ઘડી હતી.

જહાનક [સં.] પું. પ્રલય.

જહાનકન [સં. જગત્ન (કૃદંતું)] ન. કૂદકો મારવો તે.

જહાનદીદા [સં. જહાન (દુનિયા) + દીદા (જોનારું)] વિ. અનુભવી.

જહાનમ [અ. જહન્નમ] ન. જહન્નમ; નરક દોજખ; નર્કકુંડ; અધમ લોક. હીબ્રૂ ભાષામ. ગેહીનૂમ શબ્દ છે. તે ઉપરથી અરબીમાં જહન્નમ શબ્દ થયો છે. ગેહીનૂમ એ હિનામની ખીણ નામ હતું. આ ખો યરૂશેલમની દક્ષિણ દિશાએ હતી યૂસફ બાદશાહના સમય પહેલાં લોકો ત્યાં મલિક નામે એક મૂર્તિની પૂજા કરતા હતા. તે મૂર્તિ પિત્તળની હતી ને તેના હાથ જાણે તે પોતાના પૂજારીઓને ખોળામાં લેવા ઇચ્છે છે એવી રીતે પહોળા કરેલા હતા. એ મૂર્તિના પૂજકો એ મૂર્તિને દેવતાથી અતિશય ગરમ કરીને પોતાનાં બાળકોને તેના ખોળામાં નાખતા અને તેમના રડવા કકળવાનો અવાજ ન સંભળાય માટે ઢોલ વગાડતા હતા. એ ઢોલને નફ કહેતા હતા અને તેથી એ જગાનું નામ તૂફત કે તૂફતનું જંગલ પડ્યું. ખ્રિસ્તિનના નાશ પછી પ્રાચીન મૂર્તિપૂજાથી કરીને બહુદી લોકો એ જગાને નાપસંદ કરવા લાગ્યા અને યૂસફ બાદશાહની સલાહથી તેમણે તેની અશ્રુચી કરીને આખા શહેરનો કચરો ત્યાં નાખવા લાગ્યા, અને એ કચરાને બાળવા માટે આખી રાત ત્યાં આગ સળગાવતા. તેથી એ જગ્યા ભયાનક અને મનાતી એટલે કે નરક સાથે સંબંધ રાખે એવી થઈ ગઈ અને એનું નામ નરકનું સમાનાર્થ થઈ પડ્યું.

૧. જહાનમમાં જવું = (૧) પોકું; બાવું. તિરસ્કાર કે ધિક્કારથી એમ કહેવાય છે. (૨) નો મું; મર્ક; ખેર ! કંટાળાથી એમ બોલાય છે. (૩) મરી જવું; દીસતા રહેવું

૨. જહાનમમાં જા = મરી જા; તારું મોમે તે થાય તેની દરકાર નથી

જહાનિયા વિ. દુનિયા ફરી વળનાર.

જહાન્નમ જુઓ જહાનમ.

જહાન્નમી [સં.] વિ. દોજખી; નર્કનિવાસી; સ્વર્ગથી વિમુખ રહેનાર.

જહાર ૧. [અ. ઇત્તલા] પું. ખબર; સમાચાર.

૨. પું. જાહેરાત.

૩. પું. સાક્ષી; ગવાહી

જહાલ ૧ [અ જહલ (તે અજ્ઞાની હતો)] પું. ઉદ્દામ; તદ્દન અંતિમ મત ધરાવનાર પુરુષ.

૨. સ્ત્રી અજ્ઞાનતા.

૩. ન. તિખાશ; આકરાપણું.

૪. વિ. ઉગ્રસ્વભાવ; ઉદ્ધત; ઉગ્ર; તીવ્ર આકરું; ઉત્તમ.

જહાલત ૧. [અ. જહલ (તે અજ્ઞાની હતો)] સ્ત્રી. અજ્ઞાનતા; અપ્રજ્ઞાન.

૨. સ્ત્રી. મૂર્ખતા.

જહાલીઅત જુઓ જહાલત.

જહાલીમ વિ. જાલીમ

જહાં ૧. [સં. જહાન (દુનિયા, જગત, વિશ્વ, આલમ. જહાન.

૨ [સં. યત્ર] અ. જ્યાં; જે ઠેકાણે; જહીં.

૧. જહાં કાં તહાં = (૧) આમ-તેમ જગ્યાએ. (૨) દરેક ઠેકાણે

૨. જહાં ન પહોંચે રવિ તહાં પહોંચે કવિ = રવિ તો વસ્તુની સ્થૂલ સપાટીને પ્રકાશિત કરી શકે છે, તે કંઈ અંદર ઊતરી પોતાનું તેજ નાખી શકતો નથી, પરંતુ કવિઓ તો જ્યાં સ્થૂલ રવિની પ્રકાશ કરવાની શક્તિ હોતી નથી, એવા માનવી અંતઃકરણની ગૂઢ ગુહાને પણ પ્રકાશિત કરવાની શક્તિ ધરાવે છે. કવિઓ માનવસમાજનાં અંતઃકરણને પ્રકાશિત કરી નવચેતન આપે છે.

૩. જહાંની તહાં = પ્રથમ પ્રમાણે; જેમ હતાં તેમ.

જહાંઆફરીન [અ.] પું. જગતનો પેદા કરનાર; ઈશ્વર.

જહાંઆરા [ફા.] વિ. જગતના શણગારરૂપ; જગતભૂષણ.

જહાંકુશા સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. એની લંબાઈ સત્તર ફૂટ, ઝાકાવો પંદર ફૂટ અને મુખ એક ફૂટથી વધારે હતું. એ ઢાકામાં ઢાળવામાં આવી હતી. એના ઉપર ૨ જી જમાદિઉલ આખિર હુજરા ૧૧ એટલે ઈ. સ. ૧૬૩૭ કોતરેલ છે.

જહાંગર્દ પું. મુસાફર.

જહાંગીર ૧. [ફા. જહાન (દુનિયા) + ગીર (જીતનાર)] પું. દુનિયાનો જીતનાર; વિજેતા; જગજેતા; દુનિયાને જેર કરનાર.

૨. પું. મુઘલ વંશનો ચોથો બાદશાહ; અકબરનો એ નામનો મોટો શાહજાદો; અકબર બાદશાહનો કચ્છની એટલે હિંદવાણી બેગમને પેટ જન્મેલો એ નામનો શાહજાદો. અકબર બાદશાહનો પુત્ર તરીકે તેનું નામ સલીમ હતું. શેખસલીમ ચિશ્તી નામના એક ઓલિયાના આશીર્વાદથી પોતાને પુત્રપ્રાપ્તિ થઈ હોવાથી અકબરે પોતાના પુત્રનું નામ સલીમ રાખ્યું હતું. ઈરાનથી આવેલ મહેરુન્નિસા નામની એક બાળા ઉપર તેની દૃષ્ટિ છે એવું જાણવાથી અકબરે તે બાળાને શેર અફઘાન નામના એક જાગીરદાર સાથે પરણાવી દીધી. અકબરનું મરણ થતાં સને ૧૬૦૫માં જહાંગીર નામ ધારણ કરી સલીમ દિલ્હીની ગાદીએ બેઠો. ગાદીએ આવ્યા પછી શેર અફઘાનને મરાવી નાખ્યો તેની ખૂબસૂરત બી મહેરુન્નિસા ઉર્ફે નૂરજહાંને તે પરણ્યો હતો. સલીમ બાદશાહ હોવાથી નૂરજહાં બેગમે બાદશાહને રમકડાં જેવો બનાવી દઈ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી હતી. રાજા માનસિંહની બેન, જેને તે પરણ્યો હતો, તેને પેટે શહરિયાર નામનો શાહજાદો થયો હતો. નૂરજહાંને પોતાના અગાઉના બાવિદ્ધ શેર અફઘાનથી થયેલી કુંવરીને શહરિયાર સાથે પરણાવી તેને ગાદી અપાવવાની ખટપટ કરી હતી. પરંતુ જહાંગીરનો મોટો શાહજાદો શાહજહાન તેની સાથે લડતો રહ્યાથી બાદશાહે

આખરે તેને જ ગાદીવારસ ઠરાવ્યો હતો. જહાંગીરના અમલ દરમિયાન ઈંગ્લંડના પહેલા જેમ્સ રાજા તરફથી થોમસ રોએ દિલ્હીમાં એલચી તરીકે હાજર થઈ હિંદુસ્તાનમાં વેપાર કરવાની પરવાનગી મેળવી હતી. ઈ. સ. ૧૬૨૭ના ઑક્ટોબરમાં જહાંગીર લાહોર આગ્રા મરણ પામ્યો હતો. તે સંગીતનો શોખીન હતો અને તેથી સંગીતજ્ઞોની ખિદમતી માટે તેણે ઘણું કર્યું હતું.

જહાંગીરનામું ન. મુઘલ બાદશાહ જહાંગીરે સ્વહસ્તે લખેલ પોતાના આત્મચરિત્રનું પુસ્તક.

જહાંગીરી ૧. સ્ત્રી. અમીરી.

૨. સ્ત્રી. એક જાતની જંત્રડી.

૩. [ફા. જહાં (દુનિયા) + ગીરી (જીતવાપણું)] સ્ત્રી. જહાંગીરના જેવો અમલ ચલાવવો તે. દરક અમલ જબરજસ્તી; જોહુકમી, અપ્રભુતી. નિરંકુશ રાજસત્તા ચલાવવાપણું.

૧. જહાંગીરી ચલાવવી = જોહુકમી ચલાવવી; દરક અમલ ચલાવવો; નિરંકુશપણે સત્તા ચલાવવી; મનેલી સત્તાથી હુકમનો અમલ કરવામાં જુલમ ગુજારવો. મુઘલ બાદશાહ જહાંગીર ઘણો જુલમી હતો અને હુકમ તત્કાળ ન માનનારને ધતકડો સજા કરતો હતો. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૨. જહાંગીરી ફકીરી = ખૂબ જાહોજલાલીથી રહેવું કે ફકીરની માફક રહેવું; બડી સાહેબી અને અમલદારી ભોગવવી કે ફકીર જેવા થઈ રહેવું; હોરી હોટો કે ગાદી તકિયો.

૪. વિ. આપબુદ્ધિ; જોહુકમીભર્યું.

૫. વિ. ઉચ્છૃંખલ; નિરંકુશ; અપ્રતિબંધ.

૬. વિ. બડી સત્તાથી હુકમ ચલાવનું; સત્તાએ ભરેલું.

૭. વિ. જહાંગીરને લગતું; જહાંગીરનું.

૮. વિ. દુનિયાના જીતનારને લાયક, જીતનારને શોભારૂપ

જહાંગીરોઆ ૧ સ્ત્રી. એ નામના ચુંવાળિયા કોળીના એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩ વિ. એ નામની જાતનું.

જહાંજ ન. એક જાતનું પક્ષી. આ કપાળુ અને જળકૂ પક્ષી ઉભયકટિબંધમા જમીનથી બહુ ઊંચે ઘણી વાર દીકરામા આવે છે.

જહાંજહાં ૧. વિ. ઘણું.

૨. અ. જ્યાં જ્યાં; જે જે ઠેકાણે.

જહાંતક [હિ.] અ. જ્યાં સુધી

જહાંતહાં ૧ વિ જેવુ તેવુ ઠેકઠેકાણે તેવુ મજબૂત.

૨. અ. જ્યાં ત્યાં; ગમે તે ઠેકાણે.

૩. અ. દરેક જગ્યાએ; ચારે બાજુએ.

જહાંતાબ [ફા.] પું. સૂરજ; સૂર્ય.

જહાંદાર ૧. [ફા.] પુ. શહેનશાહ; રાજાધિરાજ; બાદશાહ.

૨. વિ. દુનિયાનુ રક્ષણ કરનાર.

જહાંદારશાહ [ફા.] પું. ઔરંગઝેબનો પૌત્ર અને બહાદુરશાહનો પુત્ર. જે સને ૧૭૧૨ના એપ્રિલમાં દિલ્હીની ગાદીએ બેઠો હતો. તે નબળા મનનો અને રાજ્યકાર્યમાં પામરપો પાદશાહ ન હતો. નવ મહિના ગાદી ઉપર રહ્યા પછી ઈ. સ. ૧૭૧૩ના જાન્યુઆરીમાં થયેલી લડાઈમાં તે માર્યો ગયો હતો

જહાંદારી [ફા.] સ્ત્રી. સર્વોપરી સત્તા.

જહાંદીદા ૧. [ફા. જહાં (દુનિયા) + દીદા (જોયેલા)] પું. અનુભવી માણસ.

૨. વિ. દુનિયાના અનુભવવાળુ. ચાલાક, અનુભવી.

જહાંપના જુઓ જહાંદાર.

જહાંપનાહ [ફા. પનાહ (આશ્રય) + એ (નું) + જહાં (દુનિયા)] પું. દુનિયાનો આશ્રય; જગત પ્રતિપાળ; ઈશ્વર. આ શબ્દ ઊંચી પ્રજાકૃતથી થયો છે. આ ખિતાબ રાજા અથવા અમીરને બોલાવતી વેળા લખતી વેળા પણ વપરાય છે.

જહાંબખ્શ વિ. દુનિયા ઉપર ઉપકાર કરનાર.

જહાંમાજ [ફા. જહાંમાઝ] વિ. શૂર; પરાક્રમી.

જહાંમાઝી [ફા. જહાંમાઝ] સ્ત્રી. વધારે પડતુ પરાક્રમ; શૌર્ય.

જહાંમાન [ફા.] પું. સમ્રાટ; શહેનશાહ.

જહાંમીન ૧. [ફા. જહાં (દુનિયા) + મીન (જોતી તે)] પું. મુસાફર.

૨. પું સર્વશક્તિમાન ઈશ્વર.

જહાંમુરાદ પું. કલમી આંબાની એક જાત.

જહાંસોજ [ફા. જહાં (દુનિયા) + સોજ (બાળનાર)] વિ દુનિયાને બાળનારું.

જહીજ પું. દાબલો; સોપિન.

જહીન વિ. બુદ્ધિમાન; સમજદાર.

જહીમ [અ.] સ નર્ક

જહીં [સં. યત્ર] અ. જ્યાં; જે ઠેકાણે; જે સ્થળે. જુઓ જ્યાં.

જહુ ૧. [સં] પું એકસો સંતાન.

૨. પું (પુરાણ) સોમવંશી પૂરુકુલોત્પન્ન જન્હુસવના ભાઈના વંશના પુષ્પવાન રાજનો પુત્ર.

૩. સ્ત્રી. ધૂળ; રેત.

૪. સ્ત્રી. રાખ; ભસ્મ.

જહુર ૧. [અ. ઝુહૂર] પું. જાહેરાત.

૨. પું. પ્રકાશ

જહૂરીચંપો પું. એક જાતનો સુગંધી પીળાં ફૂલવાળો ફૂલછોડ.

જહેજ ન. દીકરીના વિવાહમાં કન્યાના બાપ તરફથી વરને તથા તેના ઘરનાં માણસોને આપવામાં આવતી ધનસંપત્તિ; કરિયાવર; આણું; કન્યાદાન.

જહેમત [અ. જહમત] સ્ત્રી. મહેનત; શ્રમ; હાડમારી; પ્રયત્ન; તકલીફ.

જહેલ પું. ઘા ઉપર વપરાતી એક જાતની દવા.

જહ્નુપ પું. (પુરાણ) મોટા પરાક્રમી પુરુના એ નામનો એક ઋષિ

જહ્નુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા; સુહોત્ર રાજાનો પુત્ર. ભગીરથ રાજા તપશ્ચર્યા કરી સ્વર્ગમાંથી ગંગાને લઈ આવી ભૂમિ ઉપર લઈ જતો હતો ત્યારે જહ્નુની યજ્ઞભૂમિમાંથી તે વહેવા લાગ્યાં. જહ્નુ તેમને પી ગયો. પછી ભગીરથની વિનંતિથી તેણે ગંગાને પુત્રી કરી યજ્ઞભૂમિમાં યજ્ઞને વહેવા દીધાં ત્યારથી તે જાહ્નવી કહેવાયા.

૨. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તેમા તગણ, જગણ, નગણ અને રગણ મળી બાર વર્ણ હોય છે.

૩. પું. (પુરાણ) મિથિલાનો પુત્ર; સિંધુદ્વીપનો પિતા.

૪. પું. વિષ્ણુ; વિષ્ણુના હજાર નામોનું એક નામ. પ્રલય વખતે જીવોનો તે નાશ કરે છે અથવા વહન કરે છે તેથી જહ્નુ કહેવાય છે. અથવા અજ્ઞાનીઓનો તે લય કરે છે અને જ્ઞાનીઓને પરમ પદ ઉપર લઈ જાય છે તેથી તે જહ્નુ કહેવાય છે.

૫ પુ. (પુરાણ) સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાં જન્મેલા કુરુ રાજાના પાંચ પૌત્રોનો એ નામનો ત્રીજો દીકરો એના વંશમાં જ કૌરવ પાંડવ થયા હતા. એના પુત્રનું નામ સુરથ હતુ

૬. પું. (પુરાણ) સોમવંશી સુહોત્રના પુત્ર અજમીઢનો એ નામનો દીકરો. એની માનુ નામ કેશની હતું. એના વંશના બધા કુરિકો કહેવાતા. જ્યારે ભગીરથ રાજા સ્વર્ગમાંથી ગંગાને લઈને આવતો હતો ત્યારે ગંગા એના

રથની પાછળ પાછળ આવતાં હતાં. જન્હુના યજ્ઞને માટે તૈયાર કરેલી જગ્યા ખોળી નાખવાથી જન્હુ ગંગાનું આચમન કરી ગયો હતો. પછી ભગીરથની પ્રાર્થના ઉપરથી પોતાના કાનમાંથી ગંગા કાઢી હતી. આથી ગંગાનું નામ જાન્હવી પડ્યું છે

જહ્નુઆશ્રમ પું આસલપુરની પશ્ચિમે ૬ માઈલ રેલ્વે ઉપર આવેલ સુલ્તાનગંજમાં આવેલો એ નામનો આશ્રમ. હાલ તે સ્થાન ઉપર ગંગીનાથ મહાદેવનું મંદિર છે

જહ્નુકન્યા [સં.] સ્ત્રી. ગંગા; મંદાકિની; ભાગીરથી.

જહ્નુજા જુઓ જહ્નુકન્યા.

જહ્નુતનયા જુઓ જહ્નુકન્યા.

જહ્નુનંદિની જુઓ જહ્નુકન્યા.

જહ્નુસપ્તમી [સં.] સ્ત્રી. ગંગાસપ્તમી; જહ્નુની અથવા ગંગાજીના પિતા જહ્નુને માટે વૈશાખ સુદી છના રોજ ઉજવાતો તહેવાર. કહેવાય છે કે આ દિવસ જહ્નુ ગંગાજી પી ગયો હતો.

જહ્નુસુતા [સં.] સ્ત્રી. ગંગા, મંદાકિની; ભાગીરથી. જુઓ જહ્નુ ૧.

જળ ૧. [સં. જલ] પું. સૂર્યનાં ઝેકસો આઠ માહેનું એક નામ.

૨. ન. અમૃત.

૩. ન. જે વાસણમાં પદાર્થ હોય તેનો આકાર ધારણ કરી રહેવાની સ્થિતિ.

૪. ન. જીવન; જિંદગી.

૫. ન. નિયમ; પણ.

૬. ન. પાણી; નીર; ઉદક; વારિ.

૧. જળ ચડવું = (૧) ઝાંખ આવવી. (૨) મમત થવી. (૩) રેલના અથવા ભરતીના પાણીનું ચડવું. (૪) સ્પર્ધા કરવાને ઉત્તેજવું.

૨. જળ જળ જળાકાર = પાણી પાણી થઈ રહ્યું હોય એવું; રેલમછેલ થઈ રહેલું; જ્યાં પાણી સિવાય બીજું કંઈ દેખાતું ન હોય એવું.

૩. જળ જંપવું = પ્રાણી ઝોકાં નહિ પરંતુ પાણી પણ શાંતિમાં પડી જવું; રાત્રિની નીરવતામાં લીન થઈ જવું; ઊંઘી જવું; રાત્રે કોઈ જાગતું ન હોય અને સઘળે શાંતિનું સામ્રાજ્ય હોય એવો સમય થવો.

૪. જળ ઝીલવું = પાણીમાં નાહતાં નાહતાં રમવું અને મજ્જત કરવી; પાણીમાં રમવું.

૫. જળ પેતિયાં કરવાં = નાશ નાહવું; જળને જ પોતિયું બનાવવું; પોતિયું માથે બાંધી નાહી લેવું

૬. જળ ભરવું = (૧) પાણી ભરવું. (૨) રોવું; આંખમાં આંસું લાવવાં.

૭. જળ મૂકવું-લેવું = અમુક કાર્ય નહિ કરવાનો સંકલ્પ કરવો; પ્રતિજ્ઞા લેવી; નિયમ લેવો; છોડી દેવું; તજવું; હાથ ઉઠાવવો.

૮. જળ રેલવું = પાણી ફરી વળવાં; મોટી રેલ આવવી

૯. જળ રમવું = રેલ ઊતરી જવી; પાણી ઓસરી જવાં.

૧૦. જળને ઠેકાણે જળ ને થળને ઠેકાણે જળ = મોટો ફેરફાર થયો તે.

૧૧. જળમાં રહેવું અને મગર માથે વેર = જ્યાં રહેવું ત્યાં સુરક્ષિતથી રહેવું; ઉપદ્રવકારમાં રહેવું નહિ. જ્યાં રહેવાએ ત્યાં મિત્રતા અને સ્નેહ રાખવાં; રહેવાના ઠેકાણે ઊંધાં મન કે કુસંપ હોય તે જ હાનિ.

૭. ન. જળ; હીરા; સત્ત્વ.

જળઆગિયો પું. એક જાતની વનસ્પતિ.

જળઆમળું ન. એક જાતના છોડનું ફળ; પાણીઆમળું. તાવ અને ત્રિદોષ ઉપર તે ઉપયોગી મનાય છે.

જળઆંબળું જુઓ જળઆમળું.

જળકઠ ન. પાણીનું ટીપું.

જળકમળ ૧. [સં.] ન. કમળથી ભરપૂર પાણીનો ઝરો.

જળકમળ ઝાડી અને બાગ ! નરસિંહ

૨. ન. જળમાં ઊગતું સુંદર ફૂલ; લાલ અને ધોળી પણીઓ પાંખડીઓવાળું કમળ.

જળકમળવત્ = પાણીમાં ઊભવા, ઊછરવા અને રહેવા છતાં જેમ કમળ પાણીથી જુદું અને જુદું જ રહે છે તેમ રહેવું તે. કમળ ઉપર પાણી પડ્યું રહે તોપણ તે તેને ભિજવતું કે આડું નથી અને જો કમળ હાલે તો તેને આડકું જ ન હોય તેમ ખરી પડે છે. તેમ જ્ઞાનીએ સંસારમાં રહેવું પણ સંસારની પોતાને જરાએ અસર થવા દેવી નહિ.

જળકરોળિયો પું. પાણીમાં રહેનારો કરોળિયો. તે સ્થિર પાણીમાં રહે છે અને ઘાસના પરપોટામાં પોતાનું શરીર ઘેરાયેલું રાખી પાણીમાં તર્યા કરે છે. માદા પોતાને માટે માળો બાંધી તેમાં રહેવા પામે છે અને ઉદાનો કોશેટો મૂકે છે.

જળકલ્લોલ ન. પાણીનું મોજું.

જળકાય ન. પાણીનો જીવ.

જળકિયું ન. નાનું ઝોકરું બી રાખ હોય, ઝોક કપટ લાગી હોય તો તેની ઝોક કાઢવાની ઝોક કિંવા; બાળકની માંદગી સમયે ઘરનાં માણસોને ઝાડા થાય ત્યારે ઘડામાં પાણી નાખી સાવરણી સળગાવી તેમાં ખોળા દર્ભ માથે કોડિયું ઊધું વાળતાં બડબડિયાં બોલવાં તે.

જળકીડો (જળકોડો) પું. પાણીમાં થતો અથવા રહેતો એક જાતનો કીડો.

જળકૂકડી (જળકૂકડી) [સં. જલકુક્કુટી] સ્ત્રી. જળમાં ડૂબકી મારી માછલાં પકડી તે ઉપર રહેતું કાળા રંગનું એક જાતનું જળચર પક્ષી. તેની લંબાઈ ૧૨ ઇંચ હોય છે. નર અને માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. તેનાં મ.યું અને ઠોક કાળાશ ઉપર ભૂરાં, છાતી અને કુખ ઘેરાં ભૂરાં, પૂછનાં પીછાં કાળાં, પાંખનાં કાળાશ ઉપર ભૂરાં અને ઉદરનો વચલો ભાગ સફેદ હોય છે. આ પક્ષી યુરપ, આફ્રિકા, ઓશિઆ, અમેરિકા અને હિંદુસ્તાનમાં આસ કરીને જોવામાં આવે છે. તે પાણીનું જ પક્ષી છે અને પણોઅરો સમય પાણીમાં તરવામાં જ કાઢે છે. તેનો ખોરાક પાણીની વનસ્પતિ અને જંતુઓ છે. જમીન ઉપર પણ તે મોટાં પગલાંથી ચાલે છે. મોટે ભાગે તે જમીન ઉપર પોતાનો ખોરાક લે છે. કેટલીક વખત તે ખુલ્લા મેદાનમાં દૂર જાય છે અને કોઈ બીજા જેવું લાગે કે તરતજ માથું નીચું કરીને પાણીમાં ફોડી જાય છે. પાણીની અંદર ડૂબકી મારીને પણ તે ઠીક વખત રહી શકે છે, પણ એ તો કોઈ ભયમાંથી બચવું હોય ત્યારે જ કરે છે. પણ કરીને તે છ થી નવ ઈંડાં મૂકે છે, પણ ચોકતી સંખ્યાનો ય લાગલો છે.

જળકૂંડું ૧. ન. આખાં પાણી ભરેલાં વાદળાંને લીધે ચંદ્રની આસપાસ દેખાતું કૂંડાળું; સૂર્ય અને ચંદ્ર આખાં વાદળાંથી ઢંકાતાં તેમનાં કિરણોને લીધે તેમના ભિન્નભિન્ન આસપાસ પ્રકાશનું થઈ રહેતું વર્તુલ. જેઠ, અષાઢ અને આસો મહીનામાં તે જોવામાં આવે છે ચંદ્રની આસપાસ થતાં જળકૂંડાં ઉપરથી વરસાદ કયારે અને કેવો થશે તેનાં લોકો અનુમાન કરે છે.

૨. ન. પાણી ભરીને પાડેલું વર્તુલ; કંકણાકાર.

૩. ન. મેઘધનુષ્ય; ઇંદ્રધનુ.

૪. ન સ્થિર સ્વચ્છ પાણીમાં પત્થર નાખતાં ઉત્પન્ન થતી ગોળ લહરી.

જળકેલી સ્ત્રી. પુરુષોએ પાણીમાં ગેલરી નાહતાં નાહતાં રમતગમત કરવી તે. પાણીમાં ખેલવું તે.

જળકો સ્ત્રી. એક જાતની માછલી.

જળહીડા (જળહીડ) [સં. જલક્રીડા] સ્ત્રી. તરતાં તરતાં કે હોડકામાં બેસીને પાણીમાં ફરવું અને રમવું તે; નાહતાં નાહતાં પાણીમાં રમતગમત કરવી તે; પાણીમાં ખેલવું તે.

જળગરણું ન. પાણી ગળવાનું કપડું.

જળઘટિ સ્ત્રી. પાણીથી ચાલતું ઘડિયાળ.

જળઘડિયાળ (જળઘડિયાળ) જુઓ જળઘટિ.

જળઘર ન. હોડી કે વહાણ ઉપર આવેલ ઘર.

જળઘાત પું. પાણીમાં બૂડીને થયેલું મરણ.

જળચોટક પું. પાણીમાં રહેનારું એક જાતનું પશુ; દરિયાઈ ઘોડો; જળઘોડો.

જળઘોડો (જળઘોડે) ૧. પું. એક જાતની માછલી. તેઓ લગભગમાં આખોય કૂટ હોય છે. તેની એક જાત ભૂમધ્ય સમુદ્ર અને બ્રિટનના દક્ષિણ કિનારે જોવામાં આવે છે.

૨. પું. દરિયાઈ ઘોડો. એની ઉંચાઈ આશરે પાંચ છ ફૂટની છે. તે સામાન્ય રીતે આફ્રિકામાં માલૂમ પડે છે. તે પાણીમાં રહે છે. તેનાં પગ બગલા કૂકડા છે. તેનો વાદ બળદો જેવો હોય છે. તેની સામડી બળી જાડી વાળ વિનાની છે. માદા નાનાં બચ્ચાંને પીઠ પર રાખી તરે છે

૩. પું. વહાણ.

જળચક્રી [સં. જલ + ચક્ર] સ્ત્રી. પાણીના પડકાના જોરથી જેના ચક્રને ગતી મળતી હોય એવું યંત્ર; પાણીનાં જોરથી અક્કર ફરતાં ચાલતી ઘડી; મોટી યાંત્રિક ઘંટી; જળયંત્ર.

જળચક્ર ૧. [સં. જલ + ચક્ર] ન. ચોમાસામાં મારવાનું ચક્કર.

૨. ન. પાણી ઊંચું ચઢાવવાનું યંત્ર.

૩. ન. પાણીની ગતિથી ફરતું ચક્ર.

જળચર ૧. [સં. જલચર] ન. જળમાં રહેનારું પ્રાણી; માછલાં, મગર વગેરે.

૨. વિ. પાણીમાં વસનારું

જળચરદેશ [સં.] પું. વરુણ.

જળચોષક વિ. ચોમાસામાં હવામાંની ભિનાશને ચૂસી પાણી જેવું પ્રવાહી બની જાય એવું.

જળછછુંદર સ્ત્રી. છછુંદરની એક જાત. તે હિમાલયમાં મળી આવે છે. તેની સામડી મખમલ જેવી સુવાળી હોય છે.

જળજ [સં. જલજ] ન. કમળ.

જળજળાંબ્વાકાર વિ. પાણી પાણીમાં અર્ધ રહ્યું હોય એમ; રેલછેલ અર્ધ રહે તેમ.

જળજળાવું ૧. [સં. જ્વલ્] અ. ક્રિ. બાકી જળવું.

૨. અ. ક્રિ. પ્રકાશિત થામવું; પ્રકાશ મારવો; ઝગઝગાટ દેખાવું.

૩. અ. ક્રિ. ભળતરા મારી; ચરચરવું

જળજળાકાર ૧. વિ. ચોતરફ પાણી ફરી વળેલ હોય એવું.

૨. ન. પાણી પાણીમાં અર્ધ રહ્યું હોય એમ.

જળજળિયાં ન. બ. વ. આંખમાં આવી જતાં પાણી.

જળજળિયું ૧. ન. આંસુ પાડવાની તૈયારી થવી તે; આખમાં પાણી ભરાઈ કે ભરી આવવું તે.

૨. ન. ભરાભરા ઝળકતું એવું જે તે; સૂરજ ઉગતાં પહેલાં અને આથમ્યા પછી જે થોડે થોડે ઝળકાટ, અજવાળું, પ્રકાશ હોય છે તે સમય; સંધ્યાકાળનું આછું આછું અજવાળું; ભરઝાંખણ.

૩. ન. સમીસાંજ; ઝળઝાંખું; દિનાન્ત.

જળજળું વિ. ઝળઝળવાળું; આસુભર્યું; આંસુથી ભરાયેલું.

જળજંતુ ૧. [સં. જલજન્તુ] પું.; ન. પાણીનું જંતુ; પાણીમાં થતો જીવ.

૨. પું.; ન. માછલું.

જળજંત્ર ૧. [સં. જલયન્ત્ર] ન. પાણી ઉલેચવાની પીયતારી જેવું યંત્ર; એક જાતનો કુવારો.

૨. ન. પાણીના જોરથી ચાલતું યંત્ર; જળઘડી.

જળજંપવું ૧. અ. ક્રિ. કામકાજ પરવારી ઊંઘવું.

૨. અ. ક્રિ. શાંત થઈ જવું.

જળજાત ૧. [સં જલજાત] ન. કમળ.

૨. વિ. પાણીમાં જન્મેલું.

જળજાત્રા ૧. સ્ત્રી. એક જાતનો તહેવાર. તારે ઠાકોરજીને જલવિહાર કરાવવામાં આવે છે.

૨. સ્ત્રી. જળપ્રવાસ.

જળજારવું અ. ક્રિ. પહેલી સુવાવડ વખતે નદી વગેરેના જળની પૂજા કરવા માટે બાળકની માતાનું જવું. તેમાં એ જાતી વખતે નીતરતું કપડું એક લાકમા રાખી બીજે ઠામે જુવાર વેરતી આવે છે, આથી એ સુવાવડીને ધાવણ ખૂબ આવે એમ લોકો માને છે.

જળજાળું ન. જળરૂપી ઘર.

જળજંબુકો [સં. જલજમ્બુક] પું. જળમાં થતી એક વનસ્પતિ. તે આકરો તથા ભેદ મટાડે છે. તે તીખો, ઉષ્ણ અને કડવો મનાય છે.

જળજાંબળો જુઓ જળજંબવો.

જળજાંબુડો જુઓ જળજંબવો.

જળજાંળવાં ન. બ. વ. ઝિલ્લર; પરિખા; નદિક; જલવેતસ.

જળજિની સ્ત્રી. કમળ.

જળજેઠીમધ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ વજ, ભેદ અને સોજા ઉપર ક્રમ લાગે છે.

જળઝીલણું જુઓ જળઝિલ્લિ.

જળઝીલણિયાં ન. બ. વ. જળમાં ગાવાનાં ગીત; જળ ભરતાં ગાવાનું ગીત.

જળઝીલણી વિ. સ્ત્રી. આદરવા યુક્તિ અગિયારસ.

જળઝોલો પું. પાણીની ઝલક.

જળટાડો સ્ત્રી. માછલું.

જળડ ૧. [સં. જલડ] ન. જળવું તે.

૨. ન. બાકડો; ઊંચનો જળાતણ.

જળતરણ પું. (પિંગળ) એ નામનો છંદ. તેમાં ૧૭ માત્રા અને ૩ તાલ હોય છે.

જળતરણવિદ્યા સ્ત્રી. ચૌદ માંહેની એ નામની એક વિદ્યા.

જળતરંગ ૧. [સં. જલતરંગ] પું. એક જાતનો બહેકાતો ઓટલે બકરીની માફક નીકળતો રાગ.

૨. પું. પાણી ભરેલા પાત્રને ઘડાવી સૂર નીકળે એમ કરવું તે; પાત્રમાં પાણી ભરી તેમાંથી સૂર નીકળે એમ વગાડવાની એક કરામત; ઘનોદય વાદ્યત્ર માહેનું એ નામનું એક.

૩. પું. મોલે; ઓઢા બહરી.

જળતાંદળજો [સં. જલતણ્ડુલિય] પું. બંગાળી તાંદળજો; એક જાતની ભાજી. તેને કેટલાક લોકો દીમડો પણ કહે છે. તે નવ ઉપર ક્રમ લાગે છે.

જળતુલા સ્ત્રી. જળથી મહદથી વજન કરવાનું રાજવું.

જળથળ [સં. જલસ્થલ] ન. પાણી અને જમીન.

જળદ [સં. જલદ] પું. મેઘ; વરસાદ.

જળદાગ જુઓ જળદાહ.

જળદાબો પું. જળ કે બનાવનો દાબો.

જળદારૂ ન. એક જાતનું ઝાડ. એનાં ફળ નાનાં સોપારી જેવડાં હોય છે. તેનું ઉપરનું વેષ્ટન મજબુત હોય છે અને તે બદામ છે. અંદર બીજ હોય છે, તેમાંથી મગ નીકળે તે બદામ જેવો લાગે છે.

જળદાહ [સં. જલદાહ] પું. રાજાને બાળવાને બદલે પાણીમાં વહેતું મૂકવું તે; સાગરસમાધિ.

જળદીક્ષા [સં. જલદીક્ષા] સ્ત્રી. જળથી અપાતી ખ્રિસ્તી ધર્મની દીક્ષા; 'બૅપ્ટિઝમ'.

જળદુર્ગ [સં.] પું. ચોપાસ પાણીવાળો કિલ્લો.

જળદ્રુમી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

જળદેવ ૧. પું. કૂવો ખોદતી વખતે તેની અંદરથી પહેલો એક પથ્થર કાઢી કરાતી સ્થાપના.

૨. [સં. જલદેવ] પું. વરુણદેવ.

જળદેવતા [સં. જલદેવતા] પુ , સ્ત્રી. જળદેવત; જળદેવતી; વરુણ; જળની દેવી.

જળદેવતી [સં. જલદેવતી] સ્ત્રી. જળદેવતા; જળની અધિષ્ઠાત્રી; જળની રાણી.

જળદેવી [સં. જલદેવી] સ્ત્રી. પાણીની અપ્સરા.

જળધમણ સ્ત્રી. જળના બળથી ચાલતી ધમણ.

જળધર ૧. પું. (ગિણ) એકવીસ જાતના દોહરા માહેનો એક. તેમાં ૧૬ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૬ વર્ણ હોય છે.

૨. [સં.] પું. જળને ધારણ કરનારો મેઘ; વરસાદ.

૩. પું. નાગરમોથ.

૪. પું. સમુદ્ર.

જળધરગણ [સં.] પું. વાદળાંઓનો સમૂહ.

જળધારા ૧. સ્ત્રી. આખમાંથી પડતી આંસુની ધાર.

૨. સ્ત્રી. પાણીની ધારા.

જળધારી સ્ત્રી. કાંઠરના ભાગ ઉપર પાણી ચડાવવાનું વાસણ, ગળતી.

જળધિ [સં. જલધિ] પું. સમુદ્ર; દરિયો.

જળધિતનયા [સં. જલધિતનયા] સ્ત્રી. લક્ષ્મી.

જળધોષ પું. પાણીનો ઘોષ.

જળનલિકા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

જળનાથ પું. વરુણ.

જળનિધિ ૧. [સં. જલનિધિ] પું. સમુદ્ર; દરિયો.

૨. વિ. ચાર; ૪.

જળનિવાસી વિ. પાણીમાં વાસ કરનાર.

જળનીલિ [સં. જલનીલિ] સ્ત્રી. સેવાળ.

જળનીલિકા જુઓ જળનીલિ.

જળનેપરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

જળનોળિયો પું. એક જાતનું પ્રાણી. તે પાણીમાં રહેવાને સરજાયું છે. તેનાં ભોંયરેલાં આંખવાંવાળા પગ, નાનુંક શરીર અને ચપટાં મોંયાને લીધે તે ઝડપથી તરી શકે છે.

જળપટલ [સં. જલપટલ] ન. જળનો પડદો; વાદળાં; મેઘ; વાદળનો સમુદાય.

જળપટું ન. ચીકણો પ્રવાહી પદાર્થ; જળમ.

જળપક્ષ [સં. જલપક્ષ] ન. જળચાપલ્ય, સાગલચાપણ.

જળપતિ ૧. [સં. જલપતિ] પું. જળદેવતા; વરુણ.

જળપતિ સમરે આવે નીર,
ઉત્તમ સંધ અને માન શરીર. આખ્યા

૨. પું. પૂર્વાષાઢા નક્ષત્ર.

૩. પું. સમુદ્ર.

જળપર્યટન [સં. જલપર્યટન] ન. જળમાં ફરી આવવું તે; સફર; સમુદ્રયાત્રા; દરિયાની મુસાફરી.

જળપાત્ર [સં.] ન. પાણી ભરવાનું વાસણ. લોટા, કમંડિયા, પ્યાલાં વગેરે.

જળપાન [સં. જલપાન] ન. પાણી પીવું તે. જળપાન કરી ઘર પૂજવું = પાણી પીને જાત પૂછવી; પાછળથી વિચાર કરવો.

જળપૂજા સ્ત્રી. જળદેવતાનું પૂજન.

જળપૂર્ણ વિ. પાણીથી ભરેલું.

જળપાદ પું. પાણીનો પરપોટો.

જળપોસ વિ. સાર પાણી જેવું પાતળું.

જળપ્રદ ૧. [સં. જલપ્રદ] વ. એક જાતનું વાદળ. તે વરસાદ લાવે છે.

૨. વિ. પાણી આપે એવું

જળપ્રપાત [સં. જલપ્રપાત] પું. પાણીનો ધોધ.

જળપ્રયોગ [સં. જલપ્રયોગ] પું. પાણીથી રોગ મટાડવાની ક્રિયા; જળચિકિત્સા.

જળપ્રલય ૧. [સં. જલપ્રલય] પું. કલ્પને અંતે આવતી જળની મોટી રેલ. જળની રેલથી કલ્પાંતે દુનિયાનો અંત આવે. પરાણીઓમાં અને હિંદુ વગેરેનાં જૂનાં ધર્મગ્રંથોમાં જળપ્રલયની કથાઓ છે અને ભૂસ્તર શાસ્ત્રીઓ પણ કબૂલ કરે છે કે આજના ઉત્તર ગોળાર્ધમાં જે વસ્તી હતી તે જળપ્રલય–હિમપ્રલયથી નાશ પામી હતી અને તેથી ઉત્તર ધ્રુવ તરફના લોકો નીચે મધ્ય એશિયા તરફ ઊતરી આવ્યા હતા.

૨. પું. આરે બાજુએ વરસાદનું પાણી ફેલાઈ જવાથી થતો નાશ.

જળપ્રવાસ [સં. જલપ્રવાસ] પું. જળ ઉપર કરાતી મુસાફરી; સફર; સમુદ્રયાત્રા.

જળપ્રવાહ ૧. [સં. જલપ્રવાહ] પું. પાણીના જથ્થાનું વહેવું તે; પાણીની ધારા ચાલવી તે.

૨. વિ. એકસરખું.

જળપ્રવેશ પું. પાણીમાં દાખલ થવું તે; પાણીમાં પડવું તે.

જળફેણ [સં. જલફેન] ન. શિલોંજ.

જળબસ્તિ સ્ત્રી. બસ્તિનો એક પ્રકાર. બસ્તિકર્મ બે પ્રકારનું છે. જળબસ્તિ અને શુષ્કબસ્તિ. જળબસ્તિ પાણીથી થાય છે અને શુષ્કબસ્તિ જળ વગર પણ થઈ શકે છે. દૂંટી ડૂબી જાય એટલા જળમાં ઉત્કટ આસને બેસવું પછી ગુદાને સંકોચવી અને ફુલાવવી એને જળબસ્તિ કહે છે.

જળબળ ન. પ્રબળ ચલાવવામાં વપરાતું પાણીનું બળ.

જળબંબાકાર ૧. વિ. બધે પાણી પાણી થઈ ગયું હોય એમ

૨. સ્ત્રી. બધે પાણી પાણી થઈ ગયું હોય એમ; જળપ્રલય; જળથી ભરપૂર; જળમય.

જળબંબોળ જુઓ જળબંબાકાર.

જળબિલાડી (જલબિલાડી) સ્ત્રી. પાણીમાં રહેતું બિલાડા જેવું એક જળચર ચોપગું પ્રાણી. એના પગ જળ જેવી ચામડીથી સધાયેલા હોય છે. તેથી તે સહેલાઈથી પાણીમાં તરી શકે છે. પટીઓના પેઠે આ પ્રાણીની આંખમાં પણ વધારાનું પોપચું જોવામાં આવે છે. એના વાળ ભરાઉ, સુરોમિત તથા મુલાયમ અને કીમતી હોય છે. તેની લંબાઈ આશરે ૬ ફૂટની છે. બંગાળામાં તેને માછલી પકડવાને સારૂ પાળવામાં આવે છે.

જળબિંદુ ન. પાણીનું ટીપું.

જળબેડું (જલબેડું) ન. વહાણ; જહાજ.

જળભર વિ. પાણીથી ભરેલ.

જળભરપૂર વિ. પાણીથી ભરેલું; પાણીથી સંપૂર્ણ.

જળભરિત વિ. પાણીથી ભરેલું.

જળભરો વિ. સ્ત્રી. પાણીથી ભરેલી.

જળભરોડા સ્ત્રી. કોથ; મરડ.

જળભંડાર પું. પાણીનો સમૂહ.

જળભાગ પું. પાણીનો ભાગ.

જળભાંભરો પું. પાણીમાં થતો એક જાતનો છોડ.

જળભીતર વિ. પાણીની અંદર રહેતું.

જળભીતરનોંધ સ્ત્રી. જળની અંદર આવનારું વહાણ; 'સબમરિન'.

જળભીનું વિ. ભીંજ.

જળભ્રમ ન. જળનું ભ્રમ; વમળ.

જળમ ૧. સ્ત્રી. નદીમાં અથવા તળાવમાં ખોદેલો કૂવો.
૨. સ્ત્રી. મોટો વીરડો; પાણીનો ખાડો. ચોમાસે ચાલતો હોય ત્યાં જે પાણી ભરેલ આડે હોય છે તે જળમ કહેવાય છે.

જળમનુષ્ય [સં. જલમનુષ્ય] ન. માણસના આકારને કર્ણક મળતાં આવતાં પણ વધુ જ નાના કદનાં જળચર પ્રાણી. લોકોમાં એક એવી માન્યતા છે કે જમીનની અંદરના ભાગમા વહેતિયા માણસો પાણીમાં રહે છે. જંગલમાં થઈને વહેતી નદીઓમાં બહુ એકાંત પ્રદેશમાં પ્રવાહની અંદરના ઊંડા ખરાબોમાં કર્ણક માણસના જેવા આકૃતિનાં ને નીચેથી માછલા જેવા આકૃતિનાં જળમાણસ નામનાં પ્રાણી મતાં કહેવાય છે. વાંદરાના જેવા લાંબા પગવાળાં અને લાંબા હાથવાળાં એક દોઢ ફૂટ ઊંચાં અને રંગે કાળાં બીજાં પણ જળચરજળચર પ્રાણી થાય છે. આને પણ કેટલાક લોક જળમાણસ કે જળમનુષ્ય કહે છે.

જળમય ૧. [સં. જલ (પાણી) + મય (ભરેલું)] વિ. પાણીમય; પાણી પાણી થઈ રહેલું હોય એવું; પાણી ભરેલું; બધે પાણી પાણી થઈ ગયું હોય એવું.
૨. જુઓ જલમય.

જળમહુડાં (જળમહુડાં) ન. બ.વ. એક જાતનાં કૃમિ. તે શીતલ, વાતજ અને પિત્તજન્ય છે. તેનો દાહ અને છે.

જળમળ ૧. વું. કાદવ.
૨. વું. રોવાળ.

જળમંત્ર વું. પાણીનો મંત્ર.

જળમંદિર ન. પાણી વચ્ચેનું મંદિર.

જળમાગ [સં. જલમાર્ગ] વું. જળમાર્ગ. દરિયાઈ રસ્તો.

જળમાણસ [સં. જલમનુષ્ય] ન. જેનું નીચલું અર્ધું અંગ માછલી જેવું હોય છે તેવું પાતાળના પાણીમાં રહેતું મનાતું વૈતિયું માણસ. જળબિલાડી. બે ચાર ભેગાં થઈને મગરને પણ નસાડે છે, ને તેની જોડમાં પણ બરાબર રહે છે. તે માસાહારી છે.

જળમાર્ગ ૧. વું. જલમાર્ગ; પાણીમાં માર્ગ. દરિયાઈ રસ્તો; જળ ઉપર વહાણમાં બેસીને જવાનો રસ્તો.
૨. વું. જળને નીકળવાનો રસ્તો; નળ.
૩. વું. પાણી પર રસ્તો.

જળમીન [સં. જલ + મીન] ન. પાણીનું માછલું; જળમાં રહેનાર માછલું; જળમત્સ્ય.

જળમુદ્રા સ્ત્રી જળમૂદા; જળમૂત્સ્ના. બાજરાના ઉકાળાને ઘાટો સાબુ-ચટણ જેવો કરી તેમા ખૂબ જોટાના ક્ષારોનો ભૂકો અને ચોડો ગોળ નાખી એક દિવસ સુધી ઘૂંટવા કરવાથી જળમુદ્રા બને છે. તે મોમે નેટલો વખત પાણીમાં મૂકી રહે પણ પીગળતી નથી, ઓસરતી નથી, વજ જેમ ચોંટી જાય છે.

જળમૂત્સ્ના સ્ત્રી. જળમૂદ્રા; જળમુદ્રા. જુઓ જળમુદ્રા.

જળમૂદા સ્ત્રી. જળમૂત્સ્ના; જળમુદ્રા. જુઓ જળમુદ્રા

જળયંત્ર ૧. [સં.] ન. જળ ઊંચું આવે એવી યુક્તિ; ફુવારો; પાણી ઊંચે ખેંચવાનું યંત્ર
૨. ન. પાણીના જોરથી ચાલતું યંત્ર.
૩. ન. રેંટ.

જળયાત્રા ૧. [સં.] સ્ત્રી. એક તહેવાર. ત્યારે ઠાકોરજીને જલવિહાર કરાવવામાં આવે છે.
૨. સ્ત્રી. જળપ્રવાસ; પાણી ઉપર થઈને કરાતો પ્રવાસ. સફર, દરિયાઈ મુસાફરી
૩ સ્ત્રી (કોન્દ્રાને મોટી ધામધુમ સાથે તીર્થ ઉપર સ્નાન કરાવવાને લઈ જવા તે; અકતર્યળ સાથે ઠાકોરજીનું જલવિહાર માટે જવું તે.
૪. સ્ત્રી. શુભ પ્રસંગ કરવા માટે પાણી લેવા જવું તે.

જળયાન [સં.] ન. વહાણ; જળ ઉપર જવાનું વાહન; જળવાહન; મછવો.

જળયાનવિદ્યા સ્ત્રી. નૌકાયાન.

જળયુદ્ધ ન. જળમાર્ગે કરવાનું યુદ્ધ; દરિયાઈ લડાઈ; પાણી ઉપર વહાણમાં રહીને કરેલું યુદ્ધ.

જળયોનિ સ્ત્રી. પાણીમાં ઉત્પન્ન થતા જીવ.

જળરસ ૧. વું. આંસુ.
૨. વું. પાણીનો રસ.
૩. વું. મીઠું; લવણ.

જળરંગ [સં. જલરંગ] વું. પાણીનો રંગ.

જળરાક્ષસ વું. (જૈન) સાત આંહેના એક પ્રકારના રાક્ષસ.

જળરાક્ષસી [સં. જલરાક્ષસી] સ્ત્રી. જળમા રહેલી રાક્ષસી; સિંહિકા નામની રાક્ષસી.

જળરાજ વું. સમુદ્ર.

જળરાણી સ્ત્રી. જળની રાણી.

જળરાશિ [સં.] વું. સમુદ્ર; પાણીનો સમૂહ.

જળરોહ ૧. [સં. જલરુહ] ન. કમળ.
૨. વિ. પાણીમાં ઊગનાર.

જળરૂપ ૧. વું. પાણીનું રૂપ; પાણીનું સ્વરૂપ.
૨. વું. મગરમચ્છ.

જળરૂપરસ વું. નેત્રગોળના આગલા અને પાછલા બંને ખંડમાં આવેલો પાણી જેવો રસ. તે પાણી અને જરા મીઠાના ક્ષારનો બનેલો હોય છે. તેનામાં ક્ષારના ગુણ છે. અને બંધની અંદરના પરમાણુનાં આચ્છાદનમાં આ રસ પેદા કરવાની શક્તિ છે.

જળરેખા સ્ત્રી. પાણીનું મોજું.

જળરેલ સ્ત્રી. પાણીનું પૂર.

જળરોધક [સં. જલ + રોધક (રોકનાર)] વિ. જેમાં પાણી દાખલ ન થઈ શકે એવું; પાણીને દાખલ થવા ન દેનારું.

જળલહરી સ્ત્રી નાનુ મોજું.

જળલાવ ન. એક જાતનું પક્ષી

જળલેપ વું. શરીર પરથી ચોપડવું તે.

જળલોઢ વું. પાણીનું મોજું.

જળવટ [સં. જલ + વાટ (રસ્તો)] વું. પાણીનો રસ્તો; જળમાર્ગ.

જળવટી વિ. દરિયાઈ.

જળવનસ્પતિ સ્ત્રી. પાણીમાં ઊગતી વનસ્પતિ.

જળવલ્લિ સ્ત્રી. જળતરંગ; પાણીની છોળ.

જળવેંટોળિયો વું. પાણીમાં પવનનું તોફાન.

જળવાયુગ [સં.] ન. પાણી અને હવા બંનેમાં રહી શકે એવું.

જળવાવવું સ.ક્રિ. જળને એમ કરાવવું.

જળવાવું અ.ક્રિ. જળને એમ થવું.

જળવાસ ૧. [સં.] વું. જળમાં વસવું તે; પાણીમાં વાસ કરવો તે; જળમાં રહેઠાણ.
૨. વું. પાણીમાં ડૂબીને મરી જવું તે; હમેશને માટે પાણીમાં વાસ કરવો તે.

જળવાસણ ન. ઉત્તર ગુજરાત તરફ ઝોકરાના વાળ ઉતારવાની ક્રિયા.

જળવાસી [સં. જલ (પાણી) + વાસિન્ (રહેનાર)] વિ. જળમાં રહેનાર.

જળવાસો ૧. વું. જવાસો; મવાસો; રેતાળ અને સૂકી જમીનમાં બગર પાણીએ ઊછરતી એક કાંટાવાળી વનસ્પતિ. વરસાદને લીધે જ્યારે તમામ વનસ્પતિ બીલે છે ત્યારે જવાસો મુરઝાઈ જાય છે. આથી જવાસાને અદેખાની ઉપમા અપાય છે.
૨. વું. જળમાં વસવું તે.
૩. વું પાણીમાં ડૂબી મરવું તે.

જળવાહન ન પાણીમાં મુસાફરી કરવાનું સાધન; વહાણ; આગબોટ; મછવો.

જળવાહિની ૧. [સં. જલ (પાણી) + વાહિન્ (લઈ જનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. નહેર.
૨. સ્ત્રી. પાણીની નળી.
૩. સ્ત્રી. ખોરી.

જળવાળિયું વિ. જેમાંથી અંત દેખાય એવું આછું; પાતળું જ ઝીણું. કપડા માટે આ શબ્દ વપરાય છે.

જળવાળો [સં. અમૃતવલ્લ] પું. એ નામની એક ઔષધિ, આને કેટલાક સુગંધી પીલુ પણ કહે છે. મૂત્રકૃચ્છ, રક્તરોગ અને પિત્ત ઉપર તે ઉપયોગી મનાય છે.

જળવિયોગસ્થળ [સં. જલ (પાણી) + વિયોગ (છૂટું પડવું તે) + સ્થલ (જમીન)] ન. જે સ્થળે બે નદીનાં જુદાં જુદાં ઊંડાણવાળાં અલગ થાય તે જમીન; બે જળાશયને જુદા કરનાર ભૂમિ.

જળવિહાર પું. પાણીમાંની ગમત; જળક્રીડા.

જળવિહીન વિ. ન. આસમાની રંગ કાઢી નાખતાં રહેતું મોરપૂંછનું એક રૂપ.
૨. વિ. જળ વિનાનું.

જળવું ૧. અ. ક્રિ. દગ્ધ થવું.
૨. અ. ક્રિ. દાનતું; દાઢ ઊઠવો; બળવા જેવી અસર થવી.
૩. [સં. જ્વલ (બળવું)] અ. ક્રિ. બળવું; સળગવું. આ શબ્દ બળવાના ભાવને દ્યોતક સાધનરૂપ વહેવારમાં વપરાતો નથી. ઉચ્ચારમાં બળો, બળો એમ વપરાય છે.
બળ્યું બળ્યું = બળેલું અને ઝાંખું પડેલું
૪. અ. ક્રિ. લાગણી થવી; અસર થવી.
૫. અ. ક્રિ. સમસમવું.
૬. સ. ક્રિ. ગાળ્યા જવું.
બળી જવું = (૧) ગાળ્યા જવું; વહી જવું (૨) કટી જાય તેવું પાતળું થઈ જવું.
૭. અ. ક્રિ. શ્રમિત થવું.

જળવૃશ્ચિક [સં.] પું. પાણીનો વીંછી.

જળવૃષ્ટિ સ્ત્રી. પાણીનું પડવું તે; વરસાદ.

જળવેલો [સં. કુમિક્ષ] પું. એક વનસ્પતિ. કેટલાક તેને સીસ કે રોવાળ કહે છે. તે મુખ્યમાં શીતલ અને સારક હોવાથી તેનો ઉપયોગ રક્તદોષ અને જ્વરહરમાં થાય છે.

જળવૈદક ન. જલોપચાર; પાણીથી સારું કરવાનું વૈદું.

જળવ્યાલ જુઓ જલવ્યાલ.

જળવ્યાલક ન. ચિત્રાંકિત વર્ણનું એક પ્રાણી.

જળશયન ન. પાણીમાં ડૂબવું તે.

જળશાયિની વિ.સ્ત્રી. જળમાં પોઢનારી.

જળશાયી ૧. [સં. જલ (પાણી) + શાયિન (સૂનાર)] પું. જળમાં શયન કરનાર; વિષ્ણુ ભગવાન.
૨. સ્ત્રી પાણીમાની રોવાળ.
૩. ન. મુડદાને પાણીમાં નાખી દેવાં તે.
૪. વિ. પાણીમાં ડૂબી મરનાર.

જળશીંગી સ્ત્રી. એક જાતનું જળચર પ્રાણી.

જળશોષણ ન. જળનું ચુસાઈ જવું તે.

જળશ્વાસ પું. પાણીમાંથી શ્વાસ લેવો તે.

જળસ ૧. પું. ઝાડ વાટે પડતો પરુ જેવો ચીકણો પદાર્થ; મળ સાથે પડતો ચીકણો પરુ જેવો પદાર્થ
૨. પું. પેટાલપ્રદર; ઓળનો એક રોગ, જેમાં ધોળો ચીકણો પદાર્થ યોનિમાર્ગથી નીકળે છે.

જળસમાધ જુઓ જળસમાધિ.

જળસમાધિ સ્ત્રી. જળમાં સદાને માટે વાસ કરવો તે; પાણીમાં બૂડીને મરી જવું તે; પાણીમાં પડીને કરેલો આત્મત્યાગ.

જળસરસટિયો (જળસરસડિયો) [સં. અમુક્તિરિપિકા] પું. એક જાતની વનસ્પતિ. વિકાર, ક્રિયા, દોષ અને રસ ઉપર તેનો ઉપયોગ થાય છે.

જળસર્પ ૧. પું. જળસાપ; પાણીમાં રહેતો સર્પ.
૨. પું. નાગ જેવો દરિયાઈ રાક્ષસ.

જળસંચય પું. પાણીનો સંગ્રહ; પ્રવાહીનો ભરાવ.

જળસંચાર ૧. પું. પાણી વડે ચલાવવું તે.
૨. પું. પાણીનું જવું તે.

જળસંપ્રદાયક પું. જળદીક્ષા આપનાર; 'બપ્ટિસ્ટ.'

જળસંસ્કાર ૧. પું. ખ્રિસ્તી ધર્મની દીક્ષા તરીકે કરવામાં આવતો વિધિ; 'બૅપ્ટિઝમ.'
૨. પું. પાણી વડે કરાતો સંસ્કાર.

જળસાપ પું. પાણીમાં રહેનારો સાપ.

જળસિક્ત વિ. પાણી છાંટેલું.

જળસિંચન ન. પાણી સિંચવું તે.

જળસુરંગ પું. પાણીથી પડેલું ભોંયરું.

જળસોર [સં. જલસ્રાવિન્] સ્ત્રી. જળમાં ઊભરો આવે એવું જે જળવાસ કરવો તે; જળસમાધિ લેવી.
જળસોર કરવવી = અંત ઉપર આવેલા સાધુ સન્યાસીને ગળે પથરો અને પોટલા બાંધી પાણીમાં પધરાવી દેવો તે; પાણીમાં નાખીને અંત આણવો તે.

જળસ્તંભ ૧. [સં. જલ (પાણી) + સ્તંભ (થાંભલો)] પું. જળમાં સ્થિર રહેવાની વિદ્યા.
૨. ન. પાણીને થંભાવી દેવું તે.

જળસ્તંભનવિદ્યા ૧. સ્ત્રી. જળમાં સ્થિર રહેવાની કળા. તેના યોગે દુર્યોધન દૈપાયન નામના તળાવમાં સંતાઈ ગયો હતો.
૨. સ્ત્રી. પાણીને અટકાવી દેવાની કળા.

જળસ્ત્રી સ્ત્રી. મત્સ્યકન્યા; ઉપલો ભાગ જીના જેવો અને નીચલો ભાગ મ.ઝલીના જેવો હોય એવું કલ્પિત દરિયાઈ પ્રાણી.

જળસ્થલચારી વિ. પાણી અને પૃથ્વી ઉપર રહેનાર; ઉભયચર.

જળસ્થળ ૧. [સં. જલ (પાણી) + સ્થલ (જમીન)] ન. પાણી ત્યાં જમીન અને જમીન ત્યાં પાણી
૨. ન. પૃથ્વી અને પાણી.

જળસ્થળચારી વિ. ઉભયચર; જમીન અને પાણી બન્નેમા રહી શકે એવું; ભૂજળચર.

જળસ્થળમાર્ગ પું. દરિયાઈ અને જમીન ઉપરના વહેવારના માર્ગ.

જળસ્થાઈ વિ. જળચર; પાણીમાં રહેનારું.

જળસ્થાન [સં. જલ (પાણી) + સ્થાન (જગ્યા)] ન. જળાશય; તળાવ વગેરે.

જળસ્થિતિવિદ્યા સ્ત્રી. ઉદકસ્થિતિશાસ્ત્ર; પાણી સબંધી વિદ્યા; 'હાઇડ્રોસ્ટેટિક્સ.'

જળસ્થિતિશાસ્ત્ર ન. ઉદકસ્થિતિશાસ્ત્ર; 'હાઇડ્રોસ્ટેટિક્સ.'

જળહરા ૧. સ્ત્રી. વશિષ્ઠ શાંતિની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

જળહલ્લું ન. બહુ વરસાદને લીધે થયેલી ઠંડી.

જળહલ્લેલી સ્ત્રી. પાણીમાં ઓઘેલું મજ્જન.

જળહળ ૧. પું. રા'ખેંગારના બાલ્યોજ દેશળનું બીજું નામ. રાણકદેવીના ગીતમાં બાલ્યોજનું નામ દેશળને બદલે જળહળ આપ્યું છે. સિદ્ધરાજને બદલે આ જળહળ જ રાણકદેવી ઉપર બરાબર નજર કરે છે અને તેથી રાણકદેવી ક્રોધે ભરાતાં જળહળ રા'ખેંગારને મારે છે. પરંતુ ઇતિહાસ તદ્દન જુદું જ કહે છે.
૨. વિ. અત્યંત તેજથી ભરેલું; ઝળહળાટવાળું; પ્રકાશિત.
૩. ન. જ્વાળા નીકળતી હોય એમ.

જળહળજ્યોત સ્ત્રી. આત્મપ્રકાશ.

જળહળતું વિ. ઝળઝળતમાન.

જળહળવું [સં. જ્વલ્] અ ક્રિ. ઝળાંઝળાં થવું; અજવાળાનો નીકળતી હોય એમ ખૂબ તેજ અને ચળકતું; પ્રકાશવું; ઝળકાટ મારવો; ઝળકવું

જળહળાટ પું. ઝળઝળાટ.

જળહાથી પું. હાથીના જેવું પણ સૂંઢ વિનાનું બૂંઠ મગનું પાણીમાં રહેતું પ્રાણી. તે દહાડે તાપને લીધે સૂર્ય રહે છે. પાણીમાં બે ત્રણ કલાક પડી રહે છે. તેના પગ વગેરે હાથી જેવા હોય છે, અને તે વનસ્પતિ ખાય છે.

જળહાલીમ પું. ભેજવાળી જગામાં થતો એક જાતનો છોડ.

જળંદર ૧. પું. જલોદર; એક રોગ; પેટમાં જળ ભરાવાથી થતો એક ઉદર રોગ; પાણી ભરાઈને પેટ મોટું થાય એવો રોગ.

૨. પું. જલંધર; એ નામનો એક ઋષિ.

૩. પું. યોગનું એ નામનું અંગ.

જળંધર જુઓ જળંદર.

જળાઉ વિ. બાળવાના કામનું; જળાઉ તરીકે વપરાય એવું; બાળવાના ઉપયોગમાં આવે એવું.

જળાકાર વિ. જળમય.

જળાકારા સ્ત્રી. પાણીમાં પડતું આકાશનું પ્રતિબિંબ. ઘડામાં ભરેલા પાણીમાં ઉપરના આકાશનું નક્ષત્રાદિ સહિત જે પ્રતિબિંબ પડે છે તેને તથા ઘડાના પાણીમાં રહેલા આકાશને જળાકાશ કહે છે.

જળાખુ [સં. જલ (પાણી) + આખુ (ઉંદર)] પું. જળબિલાડી; એક જળચર પ્રાણી.

જળાગાર સ્ત્રી. પાણીનો હોજ; ટાંકી.

જળાતિસાર પું. વારંવાર પેશાબ કરવો પડે એવો રોગ; મૂત્રાતિસાર.

જળાધાર સ્ત્રી. જળ રહેવાનું ઠેકાણું; કૂવો, જાવ તળાવ કુંડ વગેરે.

જળાધારી ૧. સ્ત્રી સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

૨. સ્ત્રી. શિવલિંગની આસપાસ ધાતુ કે પથ્થરનો કયારા જેવો ઘાટ; જેમાં લિંગ બેસારેલું હોય તે ભાગ; શિવલિંગ ઉપર તેને નવરાવવાને નખાતા જગાને પડવાનો કયારા જેવો ઘાટ.

જળાપો ૧. અદેખાઈ; ઇર્ષા.

૨. પું ફિકર; ચિંતા

૩. પું. જળાપો; સંતાપ; પીડા; કકળાપો.

જળાભાસ [સં. જલ (પાણી) + આભાસ (ખોટો દેખાવ)] પું. પાણી હોય એમ દેખાવું તે; મૃગજળ; સપાટ જેતાં મેદાનમાં સૂર્ય તપતો હોય તે વખતે તેનાં કિરણોને લીધે દૂર ક્ષિતિજ ઉપર પાણી વરસતું હોય એવું જણાય છે તે; ઝાંઝવાનું પાણી.

જળાભેદ્ય [સં. જલ (પાણી) + અભેદ્ય (આરપાર જઈ શકાય નહિ એવું)] વિ જેની આરપાર પાણી ન જાય એવું; 'વૉટરપ્રૂફ.'

જળાર્દ્ર [સં. જલાર્દ્ર] વિ. પાણીમાં ડૂબી ગયેલું.

જળાવર્તન [સં. જલ (પાણી) + આવર્તન (ફરવું તે)] ન. પાણીનું વમળ; ભમરી.

જળાવવું [સં જ્વલ્] સ. ક્રિ. સળગાવવું

જળાશય [સં. જલ (પાણી) + આશય (સ્થાન)] ન. પાણી રહેવાનું ઠેકાણું; કૂવો, તળાવ, વાવ, સરોવર, નદી, કુંડ વગેરે.

જળાહાર [સં. જલ (પાણી) + આહાર (ખોરાક)] પું. ફક્ત પાણી પીને રહેવું તે.

જળિત ૧. [સં. જ્વલિત] વિ. દાઝેલું.

૨ વિ બરાબર ન શેકાયું હોય તેવું.

જળિતબાકડો પું. ભાંડી વાજણા પાત્ર લેતાં.

જળેલું ૧. વિ. દઝાઈ ગયેલું; બરાબર શેકેલું.

૨. [સં. જ્વલિત] વિ. બળેલું.

જળોદર [સં. જલ (પાણી) + ઉદર] પું. વરુણદેવ.

જળોળો પું. ફોલ્લો; મોટો ફોડલો.

જળો ૧. સ્ત્રી. એક જાતનો વેલો.

૨. સ્ત્રી. ગરીબ લોકોને દુઃખ આપી તેમનું નાણું પડાવી લેનાર માણસ.

૩. [સં. જલૌકસ] સ્ત્રી. પાણી અને કાદવમાં થતો કાળો, પાતળો, ચપટો, લાંબો કૃમિ જેવો જીવ. તેનું પેટ મોટું હોય છે. તે આગેની દોયણી વિસ્તાર પાછી રહે છે. તે પોતાની ચૂસણીથી આંદોલિત ગતિથી તરે છે. પાણીનો ભેસ, પોગ વગેરે ઉપર તે ચુગરો કરે છે. ઢોર, માણસ વગેરે પ્રાણીને તે પાણીમાંથી વળગી પડે છે અને પવન અટકાવેલી રબ્બરની નળીની માફક જ્યારે લોહી પીને ફૂલી જાય છે ત્યારે તે જોની મેળે જ ખરી પડે છે. તે એવી સખ્ત ચામડે છે કે ખેંચ્યાથી પણ તૂટતી નથી. તેને રક્તાંત્ર અને રસન એમ બે ઇંદ્રિય હોય છે. આંખની ગ્રંથ અને ભારે સોજા ઉપર ડોક્ટરો ખરાબ લોહી ચૂસવા માટે જળોનો ઉપયોગ કરે છે. તેનાથી ઝાઝી પીડા થતી નથી. જો એની મેળે જ તેને છૂટી પડી જવા દીધી હોય તો તેણે જે ઠેકાણે બચકું ભર્યું હોય તે ઠેકાણેથી લોહી પણ નીકળતું નથી. મોટાં શહેરમાં ઘણા લોક તેને કાદવમાં રાખી મૂકે છે અને જ્યારે કોઈને બિકારી લોહી કાઢી નખાવવું હોય ત્યારે અમુક પૈસા લઈ જળો મૂકવા આવે છે

૧. જળો મૂકણી-મૂકાવણી = જળો વળગાડી ખરાબ લોહી ચુસાવી લેવરાવવું

૨. જળોની પેઠે વળગવું = કોઈને પરાણે વળગવું.

જળોઠવું સ. બે પાટિયાંની સાંધ ન દેખાય તેમ વળગાડવાનું પાતળું ચિપોટિયું; પાતળા, સાકડી સાંધ ન દેખાય તેમ જડવાની ચામ; જળોયું; ખપાટિયું.

જળોજથા ૧. [સં. જલ્ (બળવું) + જ્વા (ચિંતા)] સ્ત્રી. કુટુંબ જીવનની ઉપાધિ; ઘરસંસારની ચિંતા; જંજાળ

૨. સ્ત્રી. કાકડોદ્ય કરી વિખેરી નાખવું તે; વેરણછેરણ કરી નાખવાપણું; ગમે તેમ ફેંકવું કે નાખવું તે; અવ્યવસ્થિત સ્થિતિ.

જળોદર [સં. જલ (પાણી) + ઉદર (પેટ)] પું. પાણી વિકારથી પેટ મોટું થાય એવો રોગ; જલોદર. આ રોગમાં પેટ પાણીથી ભરાઈ જાય છે. તેની સાથે કયારેક તાવ પણ હોય છે. દરદીને સુવાડીને પેટ ઉપર ટોચી જોતાં આજુબાજુ ઉપર પાણીનો ઓઘો અવાજ આવે છે તથા મધ્યભાગમાં આતરડાના વાયુને લીધે ઢોલના જેવો પોકળ અવાજ આવે છે. પેટની એક બાજુએ હાથ રાખી બીજી બાજુએ ટકોરો મારવાથી હાથને અંદરના પાણીનો ધક્કો લાગે છે. તેને પ્રવાહી પ્રલાપાત કહે છે. લોહીના કરવામાં અટકાવ તથા રક્તદોષને લીધે ભારીક રક્તનળીઓમાંથી નીકળતા સ્વાભાવિક રસનું શોષણ કમી થાય કે ન્યૂનાધિક થાય તેથી થતા પાંડુરોગ, રક્તાલ્પ તથા તેનાં પડદાનાં દરદ, ફેફસાનાં દરદ અને મૂત્રપિંડ, કલેજું તથા બરોળનાં દરદને લીધે શરીરના કોઈ પણ ભાગમાં પાણી ભરાવાનો રોગ થાય છે. મસ્તકનું જળોદર, પેટ અને બતીનું જળોદર, અંતર્વૃદ્ધિ અથવા આંતરજળ વગેરે તેના પ્રકાર છે. ચહેરો તથા હાથપગની તથા નીચે આ રીતે પાણી ભરાય છે તેને આપણે સોજા અને સોજા કહીએ છીએ જળોદરનાં ચિહ્ન તેનાં મૂળ કારણ પ્રમાણે જુદાં જુદાં હોય છે. તે સ્વતંત્ર વ્યાધિ નથી પણ મૂળ બીજા રોગનું લક્ષણ માત્ર છે જ્યારે હૃદયના રોગથી યકૃતમાં અપૂર્ણ અથવા એવી બીજી કોઈ ગ્રંથિ થવાથી અથવા યકૃતમાં સ્નાયુસૂત્ર વધવાથી પ્રતિહારિણી શિરાઓ, કોજરી, આંતરડાં વગેરે જામમાંથી આવેલું લોહી યકૃતમાં ફરી શકતું નથી ત્યારે તે પાણી પેટમાં જ

સ્થિતિમાં ત્રણ ચોથીનો થોડો ભાગ પરિનાભિકા શિરાઓ વાટે પાછો વળીને, અધિશ્રેષ્ણિકા શિરા તેમજ બીજી શિરાઓ મારફતે કાવિકા શિરાઓના પ્રવાહમાં વળી જાય છે. જ્યારે ચોથીનો મોટો ભાગ પાછા જવાનો અન્ય કોઈ માર્ગ ન રહેતા ત્યાં રોકાય છે અને તેનો જલભાગ છૂટો પડી પેટની અંદર આંતરપડને ઢાંકનારી ઉર્ધ્વા કલાની અંદર એકઠો થાય છે ત્યારે આ વિકૃતિ જળોદર નામે ઓળખાય છે. જળોદરની અંદર દરદીનું પેટ તપાસતાં તેના ઉપર શિરાઓ ઊપસતી જણાય તો એ શુભ ચિહ્ન છે એમ સમજવું. મરણકે ઊપસતી કે ફૂલેલી શિરાઓ એમ બતાવે છે કે પ્રતિહારિણી શિરાના અટકેલા લોહીનો અમુક ભાગ પણ શરીરની બીજી શિરાઓ સાથે સંબંધ રાખે છે. તેના ઉપચારમાં ભારે ખોરાક બંધ કરીને દરદીને માત્ર દૂધ આપવું. તેની સાથે યોગ્ય દવા પણ આપવી.

જળોપચાર [સં. જલ (પાણી) + ઉપચાર (ઉપભોગ)] પું. પાણીનો દવા તરીકે ઉપયોગ

જળોવું ૧. ન. જખમ કે ઘા રૂઝાવા આવે તેની જગ્યાએ પડેલી ચૂંથ; ધાનું નિશાન; ચૂંથડું મટી ગયા પછી રહેલું ચાઠું.

૨. ન. જળોઈવું; સાંધ પૂરવા માટે વપરાતી ચીપ.

૩. ન. ભત્રીજાના પાકને નુકસાન કરનારી કલમ વગરની પેરે આવનાર એક જાતની ડાંખળ. તેના ઝૂરી, પીળી અને કાળી એમ ત્રણ જાત છે આમાની પહેલી જાત ઝાઝતા ચાલતાં ઝાડ કાપે ૪

૪. ન. એકો જવતી વખતે પંદો ઉપર પડિયા જડે છે ત્યારે તેની તડ પૂરવા નીચે મૂકાતા પાતળી ચીપટ.

જળ સ્ત્રી. પૈસો; દોકડિયું.

જળની કમાણી નહિ ને આવની વધારે = પાસની પેદાશ ન હોવી ને બહારની નવરાસ ન હોવી.

જળ [અં.] ન. ઝાડ ઠોળવાળું ચિનાઈ વાસણ. તે ઘણી જાતની ચાલી શકતું હોવાથી અમેરિકા તથા પૂર્વમાં પણ વપરાય છે.

જળંકશન ૧. [ફ્રે.] ન. બેથી વધારે ગાડીઓ મળતી હોય તેવું સ્ટેશન.

૨. ન. સંગમ; સંધિસ્થાન.

જળંચિ [સં. યત્કિઞ્ચિત્] વિ. જે કંઈ થોડું પણ.

જળ ૧. પું. બહુ આતુરતા; તૃષ્ણા.

૨. પું. ખટપટ; જવારી

જળઝળ ૧. સ્ત્રી. ઝોકિંગળું; મીંચ ઝાડી.

૨. સ્ત્રી. કાંટાનાં ઝાંખરાંનો સમૂહ.

જળખા ૧. સ્ત્રી. આભાસ; ઝાંખો દેખાવ.

૨. સ્ત્રી. કંખા; વાસના; તૃષ્ણા.

૩. સ્ત્રી. કલ્પના.

૪. સ્ત્રી. કળાઈ, ખાન.

૫. સ્ત્રી. કાર્ય માર્ગ વાટ આવવું તે.

૬ સ્ત્રી ખત.

૭. સ્ત્રી. ઝખવું તે; રટણ.

૮. સ્ત્રી. સ્વપ્ન; સોણ.

જળખાવું વિ. ઝાખું પડી ગયેલું; ઝોબું; શરમિંદું

જળખાવું પડવું = શરમાવું.

જળખાવું જ કિ. ઝાંખા પડી જવું; લેવાઈ જવું; ઝખવાવું; શરમાવું.

જળખાઈ જવું = ઝાંખા પડી જવું

જળખવું સ. ક્રિ. વારંવાર સભાવો કરવું; ઝખવું; એકને એક વાત ઉપર વિચાર દોડાવવો; રટણ કરવું

જળખાવું વિ છોભું; ઝોબું, શરમિંદું; ઝખાણું.

જળખાવા પડવું = ઝોબા પડવું; ઝાંખા પડવું; ઝખવાવું; શરમિંદા થવું.

જળખાવું જ. ક્રિ. ઝાંખા પડવું; લેવાઈ જવું; શરમાવું

જળખાઈ જવું = ઝાંખા પડી જવું; ઝખાઈ જવું.

જળંગ ૧. પું. અહારેંદ્રિયા ભાવાએ બાંધેલ ધૂપરાણાનું ઠોકમાં નાખેલ દોરડું.

૨. પું. એક જાતનો ઘાસપ્રકાર

૩. પું. ઊંટને, રથ વગેરેને ઘટકાવવામાં આવતી પિત્તળની ઘૂપરી.

૪. [કા.] પું. મોટી લડાઈ; યુદ્ધ; સંગ્રામ; સમર; ઓડુ ધીંગાણું.

જંગ મચાવવો = (૧) કંકાસ કરવો. (૨) લડાઈ જેવી કરાવવી; ધીંગાણું મચાવવું; યુદ્ધ કરવું.

૫. પું. ઘા.

૬. પું રમતની હરીફાઈ.

૭ પું. ઓઢાને સાંતરો કાટ.

જંગઅેડ (જંગ્લેંડ) સ્ત્રી. યુદ્ધની અવસ્થા.

જંગડિયો (જંગડિયો) પું. સરકારી તિજોરીનાં રોકડ નાણાં એક ગામથી બીજે ગામ લઈ જતી વખતે રક્ષક તરીકે જતો સરકારી સિપાઈ.

જંગબહાદુર ૧. પું. એક જાતનો ઘાસપ્રકાર.

૨. પું. મોટો લડવૈયો.

૩. વિ. લડાઈમાં બહાદુર.

જંગબારી વિ. જંગબારનું; કાંકરીબારનું.

જંગમ ૧. પું એ નામનો એક શૈવ પંથ. તેના અનુયાયી કપાળમાં ત્રિશળ હોરે છે અને પથ્થરનું લિંગ પાસે રાખે છે. આ લિંગ તેઓ ગળામાં લટકાવે છે અથવા માથા ઉપર રાખે છે.

૨. પું. એક જાતનો ફકીર. તેને લાંબા વાળ હોય છે અને પગે પાતળી સાંકળ બાંધેલી હોય છે.

૩. પું. એક જાતનો સિંધલિમ પૂજક યોગી.

૪. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ; અજગમ. તે ૬૬૫૬ી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૩૪ ગુરુ અને ૩૬ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૫. પું. ઓરછ.

૬. પું. દાક્ષિણાત્ય લિંગાયત શૈવ સંપ્રદાયના ધર્મગુરુ. તેઓ શિવને પૂજ્ય માની 'લિંગમ્'ને માને છે. તેમના મત મુજબ મૂર્તિપૂજા સત્ય છે, ઈશ્વર અવતાર લેતો નથી, સ્મૃતિપુરાણને માનવાં નહિ અને ગુરુના મઠને પૂજ્ય ગણવા. તેમના બે પ્રકાર છે: વિરક્ત અને ગૃહસ્થ. વિરક્ત શિર ઉપર જટા રાખે છે અને કોપીન પહેરે છે. તેઓ જાતિભેદને માનતા નથી.

૭. પું. વીર શૈવ ધર્મમાં આઠ મહેસું એક આવરણ.

૮. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૯. પું. હાલતાચાલતા જીવ.

૧૦. [સં. મમ્ (જવું)] વિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ શકે એવું; સતત ગતિવાળું; ચર; ઘડી ઘડીમાં ઠેકાણું બદલે એવું.

૧૧. વિ. ચંચળ; ચપળ.

૧૨. વિ. રખડતું; ભટકતું.

૧૩. વિ. હાલતુંચાલતું.

જંગમકીટ પું. (જૈન) ત્રસ જીવ; હાલતાચાલતા જીવ.

જંગમ કુંડી [સં.] સ્ત્રી. ઝરા; ઝરો.

જંગમ ગુલ્મ [સં.] પું. રક્ષક પાયદળની ટુકડી, પાયદળ સિપાઈઓની સેના.

જંગમ ચંડી સ્ત્રી. ક્રોધાયમાન સ્ત્રી.

જંગમ ઝેર ન. વીંછી, કરોળિયા, ગરોળી, સાપ, દેડકાનાં કૂતરા વગેરે પ્રાણીઓનું ઝેર.

જંગમતા [સં.] સ્ત્રી. જંગમપણું, હાલી ચાલી શકાય તેવી સ્થિતિ

જંગમત્વ જુઓ જંગમતા.

જંગમ નિક્ષેપ [સં.] પું. ગિરો; ધરણે મૂકવું તે

જંગમપણું જુઓ જંગમતા.

જંગમ મિલકત સ્ત્રી. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસી શકે તેવી સ્થાવર નહિ એવી મિલકત.

જંગમ વિદ્યાલય [સં.] ન. જીવનમાં વિદ્યાલયના હેતુઓ મૂર્તિમંત કરેલ વ્યક્તિ; વિદ્યાપીઠના આદર્શો જીવનમાં ઉતારનાર વિદ્યાપ્રચારક પુરુષ. કેળવણીના કોયડામાં કહ્યું છે કે જીવતી સંસ્થાઓનો ઉદ્દેશ એવો હોવો જોઈએ કે, તેમાં જે વ્યક્તિઓ તૈયાર થાય તે બધી તેને પોતાના જીવનમાં મૂર્તિમંત કરે. આ રીતે વિદ્યાપીઠનો દરેક સેવક, જેણે વિદ્યાપીઠના આદર્શો ઝીલ્યા છે, એની સેવા કરવાની પ્રતિજ્ઞા કરી છે અને **'सा विद्या या विमुक्तये'**નું રહસ્ય એના બોલમાં ઓછા અર્થથી માંડીને ઊંડામાં ઊંડા અર્થ સુધી બરાબર સમજ્યો છે, તે પોતે જ જંગમ વિદ્યાલય બનીને ગામડાંમાં ચાલ્યો જશે. એ વિદ્યાપીઠના આદર્શોનું પાલન કરશે અને લોકોને તે સમજાવવા ઉપયોગ લેશે.

જંગમ વિષ [સં.] ન. સર્પ, વીંછી વગેરેનું ઝેર; જુદા પ્રાણીઓના દંશ, આઘાત કે વિકારથી ઉત્પન્ન થતું ઝેર.

જંગમ સ્થાવરાકૃતિ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

જંગમ હિમક્ષેત્ર [સં.] ન. હિમનદ; હિમનદી.

જંગમંડાણ જ. લશ્કરની શરૂઆત.

જંગમાત્મક [સં.] વિ. સ્થિર નહિ એવું, હાલતું ચાલતું.

જંગમી પું. શૈવમતનો એ નામનો એક વિભાગ.

જંગમેતર [સં.] વિ. જંગમ નહિ એવું; સ્થાવર.

જંગમો પું. સાડીની એક જાતની કસરત.

જંગયુગ ૧. ન. ઘાતકીપણું; નિર્દયતા.
૨. ન. પાપ.

જંગર જ. અનાજ નિલ આપવામાં આવતું લગ; સદાવ્રત; ધર્માદો.

જંગરીઓ પું. આખરાના ઝાડની એક જાત. તેને ધોળાં ફૂલ આવે છે.

જંગલ ૧. [સં.] ન. અરણ્ય; વન; વેરાન દેશ; રાન; વગડો; ઝાડી; નિર્જન સ્થળ; માણસની વસતી ન હોય અને જ્યાં ખેતીવાડી કે ઝાડ ખગીચા ન હોય એવો સપાટ પ્રદેશ. તેમાં ઝાડ-પાન, નદીનાળાં અને પર્વતો વગેરે તેમજ હિંસક પ્રાણીઓ હોય છે.
૧. જંગલ જવું–ફરવું = (૧) જંગલમાં ફરવું. (૨) ઝાડે ફરવા જવું; દિશાએ જવું; હંગવા જવું; પાયખાને જવું; ટટ્ટી જવું; જંગલમાં દૂર દૂર જવું. અગાઉના વખતમાં લોકો જાજરૂ જવાને ઝાડીમાં, જંગલમાં કે નદી તરફ જતા. તે ઉપરથી નહીંએ જવું અથવા જંગલ જવું એ શબ્દો વપરાતા. વખત જતાં જંગલો ઓછાં થયાં તેમ બહાર જવું, દિશાએ જવું ઇત્યાદિ શબ્દો વપરાવા લાગ્યા. હાલમાં તો એ શબ્દો માત્ર મૂચક જ છે.
(૩) પોતાની જાતને હલકી કરવા.
૨. જંગલ થઈ જવું = માનવીની કેળવણી જાણે રહી ગઈ હોય તેમ જાહેરમાં ગેરવર્તન કરવું.
૩. જંગલ વસાવવું = વનવાસ કરવો; સંસાર કે ઘર છોડી વૈરાગ્ય લઈ વનમાં જઈ રહેવું. વાનપ્રસ્થ ધારણ કરવો.
૪. જંગલ સાફ કરવું = જમીન સાફ કરવી.
૫. જંગલમાંનું રોઝ = કંઈ ન સમજે તેવું; બુદ્ધિ અને વિવેક વગરનું
૨ ન. ગરવાની જમ્મર; બેડ્યા વગરની જમીન
૩. ન. અવાવરુ દેશ.
૪ ન. ઝાડનો સમૂહ.
૫ ન. ટોળું
૬. ન. માણસનો વાસ અને ખેતી ન હોય તેવું મોટું મેદાન. તે ઝાડીવાળું અથવા એમનું એમ ઉજ્જડ કે ખુલ્લું હોય.
૭. ન. માંસ.
૮. ન. રેગૂન બહારનો પ્રદેશ રેગૂન બહારના પ્રદેશને મુંબઈવાળાઓ જંગલ કહે છે. પછી તે રેગૂનથી બે માઈલ, બાવીસ માઈલ, બસો માઈલ કે બે હજાર માઈલ દૂર હોય. રેગૂનથી બાર માઈલ દૂર પેન્સોદીન કરીને રેગૂનનું એક પરું છે. તે પણ જંગલ અને ઉંચા ચીનનો સરહદ ઉપરનો પ્રદેશ પણ જંગલ આથી 'એ બાર્ડર જંગલ ગયા છે' એમ કહેવામાં આવે ત્યારે એ રેગૂનની સરહદ ઓળંગી ગયા છે એટલું જ સમજી શકાય.
૯. ન. લાલ અથવા લીલા રંગની ઝાડ ઉપર જામી જતી શેવાળ
૧૦. વિ. ઊજ્જડ; વેરાન.
૧૧. વિ. નિર્જન.

જંગલ આદમી ૧. પું. જંગલી માણસ.
૨. વિ. જંગલોમાં ભટકનાર.

જંગલ આતું ન. જંગલની દેખરેખ કે સંભાળ રાખનાર ખાતું.

જંગલગર્ક વિ. જંગલમાં લપાઈ ગયેલ.

જંગલ જલેબી સ્ત્રી. કમરો; વિષ્ટા; મલીજ.

જંગલ જ્વર પું. એક પ્રકારનો તાવ.

જંગલ દેશ પું. પાણીની તાણ હોવાથી સૂકો, તલપાપડ, કેરડાં, બાવળો, પીલુ, ખારી જર અને ખોરડી જ્યાં પુષ્કળ હોય તે દેશ. ત્યાં મળેલાં, રીંછ અને ચીતલ જેવાં પશુઓ સંબંધમાં જોવામાં આવે છે. તેમાં પિત્તવિકાર અને રક્તવિકાર થયું જોવામાં આવે છે.

જંગલધુરી સ્ત્રી. જંગલ સાફ કરવું તે.

જંગલભય વિ. સર્વ બાજુએ જંગલથી ભરપૂર.

જંગલરક્ષક અધિકારી પું. જંગલનું રક્ષણ કરનાર અમલદાર.

જંગલવાલા પું. ભૂંડ; સૂવર.

જંગલવિદ્યા સ્ત્રી. જંગલને ઉછેરવાનું શાસ્ત્ર.

જંગલશાહી સ્ત્રી. રઘુવંશનું રાજ્ય.

જંગલસુરા સ્ત્રી. તાજી ચોખ્ખી હવા.

જંગલા ૧. પું. એક જાતનું કપડું; જુદાં જુદાં ઝાડ, ફૂલ વગેરે ચીતરેલ કપડું.
૨. પું. એક જાતનો ઘોડો.
૩. પું. જંગલ; જંગલી પ્રદેશ; ઝાડી.
૪. પું. જુદા જુદા રાગના મીશ્રણથી બનતું ગાયન.
૫ પું. બાર ઈંચ લાંબી એક માછલી.
૬. પું. વાડ; પાળ.
જંગલા લગાવવી = વાડ બાંધવી.
૭. [સં.] પું. સંગીતના બાર માંહેનો એક મુક્રમ.
૮. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમાં નિષાદ કોમળ અને ક્રમતી જાતિનો છે. તે શ્રીકોડી અને સોરઠનું મિશ્રરૂપ છે. આંધાર ઉપર મૂર્છના, રિષભ ઉપર ન્યાસ અને શુદ્ધ ષડ્જ તેમાં લેવાય છે. કોઈ આંધાર પણ કોમળ મેળવે છે. દિવસના બપોર પછી તે ગવાય છે.
૯. સ્ત્રી. એક જાતની રાગિણી.
૧૦. [સં.] સ્ત્રી. માંસ.
૧૧. વિ. ફૂલવાળું.

જંગલાતી વિ. જંગલ સંબંધી.

જંગલી ૧. પું. એક જાતનો હિંદુસ્તાનનો ઘોડો. તાજી અને જંગલી આ બંને પ્રકારના ઘોડા હિંદુસ્તાનની પેદાશના છે. તેમાં સારી જાતના હોય તે તાજી કહેવાય, મધ્યમ જાતના જંગલી અને હલકી જાતનાને ટટ્ટુ કહે છે.
૨. સ્ત્રી. એક જાતની મધમાખી.
૩. વિ અણખેડેલ; ખેતરાઉ; વગર ખેડયે એમને એમ ઊગી નીકળેલું; ખેડ્યા વિના ઉગેલું.
૪. વિ. અણઘડ; જેને કંઈ સમજ ન હોય તેવું; માનવસંસ્કાર, રીતભાત, આચારવિચાર અને વિવેક રહિત; અનાગરિક; શહેરની રીતભાતથી અપરિચિત.
૫. વિ. ક્રૂર.
૬. વિ. ગામડિયા જેવું.
૭. વિ. જંગલ સંબંધી.

૮. વિ. જંગલનું; રાની.

૯. વિ. જંગલમાં રહેનાર. જેમકે, જંગલી હબ્શી.

૧૦. વિ. પાળેલું નહિ એવું જેમકે, જંગલી કબૂતર.

૧૧. વિ. સાહસિક.

જંગલી અખરોટ જ. એક જાતનું ફળ; કેળવેલા હેઝલ ઝાડનું અખરોટની જાતનું ફળ

જંગલી અડદ (જંગલી અડદ) પું. એક જાતની વનસ્પતિ. તેનાં પત્ર ઉપયોગી છે. ચોમાસામાં ચોખાના ખેતરમાં તે થાય છે. તે શીતલ, વૃષ્ય અને ગ્રાહી છે. જ્વર, રક્તરોગ અને સોજાના રોગમાં તેનો ઉપયોગ કરવામા આવે છે.

જંગલી અનનાસ જ. એક જાતનું જંગલી ફળ. આ ફળ પરદેશો છે, પણ હિંદમાં આનું વાવેતર કરી અહીંનું બનાવવામા આવેલ છે

જંગલી અંબૂર પું. એક જાતનો વેલો, ખાટખટુમો. એનાં ફળ ગળ્યાં ચણીબોર જેવડા થાય છે. એનું મૂળ બરોને ગાઢ ઉપર ચોપડાય છે.

જંગલી આમ [હિ.] જ્રી. જંગલી કેરી.

જંગલી આંબો ૧. પું. આમ્રાતક; પીતન; મર્કટામ્ર; કપીતન; અમ્રાત

૨. પું. કોકમિનું ઝાડ. આ ઝાડ મોટાં હોય છે તેની ઉત્પત્તિ કુમરાણ પ્રદેશમાં થાય છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે. એનું લાકડું મીકાશું હોય છે. તેના લાકડાનો ગાભો રાતા રંગનો હોય છે. એના બીનું તેલ નીકળે છે. તે કડવું, મધુર, અમ્લ, પક્વ, રુચિકર, પાચક તથા સારક છે અને કૃમિ, કોઢ તથા વણનાશક છે. ખાટો, ગુરુ, શીતકર, પિત્તલ, કફકર તથા કૃમિશોધક એવા તેના બીજા ગુણ છે. વાયુ, અર્શ, કોઢ, સોજો, પિત્તવણ, રક્તપિત્ત અને રક્તરોગનો નાશ કરે છે. એનાં પાકેલાં ફળ લઘુ, અગ્નિદીપક, રુચિકર, સ્નિગ્ધ, ઉષ્ણ, મધુર, બલકર, હૃદ્ય તથા વૃષ્ય અને કફવાતના વિનાશક મનાય છે

જંગલી ઇન્દ્રવારણું ન. ઉત્તર હિંદુસ્તાનમાં ચોમાસામાં ઊગતી એક વેલ. આ વેલનાં કડવા અને મીઠા એમ બે જાતનાં ફળ થાય છે. મીઠીનાં ફળ પણ ચોડાં કડવાં હોય છે, પણ મીઠુ લગાડી ચોડો વખત રાખી પાણી ઝાટી તેનું શાક બનાવવામાં આવે છે. દવામા કડવી વેલ વપરાય છે.

જંગલી ઉડદ (જંગલી ઉડદ) [હિ.] પું. ઝાડવેલ.

જંગલી ઉપળો પું. એક જાતની વનસ્પતિ.

જંગલી એરંડ પું. એક જાતની જંગલી વનસ્પતિ. તેનાં બી ઝેરી હોય છે. તેનાં પાનના ઉકાળાથી સ્તન પોષ, તેના ઉપર પાંદડાં વાટી પોટીશ મૂકવાથી સ્તનમાં દૂધનો વધારો થાય છે. સફેદ અને કાનન એમ એની બે જાતો થાય છે. આ ક્રમથી લાલો છોડ પાણીવાળી કે બેજવાળી જમીનમા થાય છે. દક્ષિણ હિંદમા ચાડ તરીકે તેનો ઉપયોગ કરવા માટે તેનું વાવેતર કરવામાં આવ છે.

જંગલી ઓરંડી જ્રી. એક જાતની વનસ્પતિ, વિલાયતી ઓરંડી. હિંદુસ્તાનમા તે ઠેરઠેર થાય છે. તેના બદામથી તેલ નીકળે છે. આ તેલ રેચક છે. સ્તનમા દૂધ વધારવા તેના પાદડા છાતી ઉપર ચોડવામાં આવ છે. તાજા રસ જખમનુ લાલા બધ કરવા વપરાય છે.

જંગલી કબૂડ પું. એક જાતનું જંગલા જેવું પક્ષા

જંગલી કબ્યા પું. જંગલી દાનડા.

જંગલી કંવાર જ્રી. એક જાતની વનસ્પતિ.

જંગલી કાગડા (જંગલી કાગડો) ૧. પું. દ્રોણ. આ પક્ષા લગભગ ૧૪ ઇંચની લાબાઇનુ હોય છે. તે રંગે કાળું, જાબુડા રંગ જેવા પ્રકાશવાળુ અને કાળી ચાંચવાળુ હોય છે. આદા એકી વખતે પાચ સફેદ કાણી ઇંડાવાળા ઇંડા મૂકે છે. તેને નકલ કરવાની કુદરતી બક્ષિસ પ્રાપ્ત થયલી છે.

૨. પું. વિલાયતી કાગડો; સાધારણ કાગડાથી જરા જુદો પડતો એક જાતનો કાગડો.

જંગલી કારીઆ જ. એક જાતનું ચિકણી પક્ષી. કાળા માથાવાળું ઇંડવા ખાનારૂં પક્ષા.

જંગલી કાસની જ્રી. એ નામની વનસ્પતિ.

જંગલી કાંગસી જ્રી. રાન પેટારીનુ વગડાઉ ઝાડ.

જંગલી કાંદા ૧. પું. એક જાતનો છોડ. આ છોડ ચોમાસામાં પુષ્કળ ઊગી નીકળે છે. એના પાન કરેલીના પાન જેવાં હોય છે. તેમાં પુષ્પ ધારણ કરનારી સળી રતાશ લેતા જૂરા રંગની આવે છે. તે ઉપર ધોળાં ફૂલ આવે છે. તેનું ફળ લંબગોળ પોણા ઇંચનું ત્રણ ખુણિયાવાળુ થાય છે. જમીનમાં તેનો ચકામર સફેદ કંદ થાય છે. તે સ્વાદે ખાટો કડવો હોય છે અને દવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

૨. પું. પાણકંદો. તેનો ઉપયોગ વણકટકામને પાણ ચડાવવામાં આવે છે.

૩. પું. રાની વિલાયતી કાંદો; સાધારણ કાંદાથી જરા જુદો પડતો એક જાતનો કાંદો.

જંગલી કાંસની જ્રી. એક જાતની વનસ્પતિ, ચાંચડમારી; ગામજુરડા.

જંગલી કુતરો પું. એક જાતનો કૂતરો. તેના શરીરનો રંગ રતૂમડો અથવા બદામીઓ હોય છે. એના શરીરમાથી દુર્ગંધ આવે છે. આ કૂતરાઓ ટોળે વળીને શિકારે નીકળે છે. વાઘની સામે થનારૂં અને તેની સાથે હતેથી લડનારૂં આ એક જ જનાવર છે.

જંગલી કેતકી જ્રી. (કચ્છી) એક પ્રકારનો છોડવો. તેમા પીળાં રંગનાં ફૂલ થાય છે

જંગલી કોદી પું. એક પ્રકારનો છોડવો. તેનાં પાન ટૂકા અને ફૂલની ચમરી બે હોય છે.

જંગલી કોવા પું. રાની કાગડો.

જંગલી ખારક જ્રી. ઈંગોરિયાનું ફળ.

જંગલી ખિસકોલી જ્રી. એક જાતનું જનવર. આ જનવર મુખ્યત્વે પુલાહાની રાની ખિસકોલી કહેવાય છે. આ જાતની ખિસકોલી કલકત્તામાં વપરાય છે. તે ઝાડ ઉપર બહુ ચપળ હોય છે.

જંગલી ખીર જ્રી. એક જાતનું રતાશ પડતા રંગવાળું પક્ષી. તે ચણચણાટ બહુ કરે છે.

જંગલી ગળી જ્રી. એક પ્રકારનો છોડવો. તે બથી ચાર ફૂટ ઊંચો થાય છે. તેની શિંગ એકથી ચાર પોણિક બીજવાળી હોય છે.

જંગલી ગુલાબ જ્રી. એક જાતની વનસ્પતિ. તે સુગધી નથી. તેનાં ફૂલ ઉપયોગી છે. તેને પાળો ગુલાબ પણ કહે છે.

જંગલી ગુંદી જ્રી. એક જાતનો રાની ગુંદીનો છોડ. તે ચારથી પાંચ ફૂટ ઊંચો થાય છે.

જંગલી ચંપો પું. જંગલી ચંપાનું ફૂલ; રાતુ જરમીન.

જંગલી ચુરી જ્રી. એક જાતનું પક્ષી; પીળા ડોકવાળી એક જાતની ચકલી.

જંગલી ચૂહા પું. ખેતરાઉ ઉદર.

જંગલી જટ ૧. વિ. અણઘડ; નામઠિકું; જડ જેવું; જડબું; રોબું; મૂર્ખ; નાવદીઠ; ગમાર; દેહકાની.

૨. વિ. જંગલની જડ વનસ્પતિ જેવું; તદ્દન અણસમજુ; કોઈ વિવેકી રીતભાત વગેરે હોય નહિ એવું; સાવ જંગલી; દુનિયાદારીમાં કે વિવેકમાં કાંઈજ ન સમજે તેવું.

૩. વિ. પર્વતવાસી; પહાડી.

જંગલી જાત જ્રી. જંગલમાં વસતા લોકોની જાત.

જંગલી જાયફળ ન. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ કામમાં આવે છે. તેમાં સ્ટાર્ચ, ચરબી અને તેલ છે.

જંગલી જિતવૃક્ષ ન. જિતવૃક્ષની જંગલી જાત.

જંગલી જોઉ પું. છીછરા પાણીમાં ઊગતો એક છોડ.

જંગલી ઝટ જુઓ જંગલીજટ.

જંગલી તંબાકુ સ્ત્રી. તંબાકુ જેવો એક છોડ. જેનાં પાંદડાં તથા બીજમાં સરેશ જેવું સ્નિગ્ધ દ્રવ્ય હોય છે. તેમાં વનસ્પતિનાં મુખ્ય સત્ત્વો છે.

જંગલી તોતા સ્ત્રી. એક જાતનું પક્ષી.

જંગલી તુલસી સ્ત્રી. એક જાતનો છોડ; વન તુલસી; આવચી આયચી. તેનાં પાનને તેલમાં ગરમ કરીને કાનના ચસકામાં નાખે છે. તેનાં બી સાકર સાથે પ્રમેહમાં આવામાં આવે છે. તે જંતુનાશક છે. જનવરનાં ઘાવ અને ઘામાં જીવાત પડી હોય ત્યારે પાન વાટીને સમાડવામાં આવે છે. બળદનાં શીંગડાંના દરદમાં પણ તેનો રસ લગાડે છે.

જંગલી દ્રાક્ષ પું. એક પ્રકારનો વેલો. તેનાં ફળ ખવાતાં નથી. તે ડુંગરોમાં ઊગે છે માટે તેને ડુંગરાઉ દ્રાક્ષ પણ કહેવામાં છે.

જંગલી દ્રાક્ષ જુઓ જંગલી દ્રાક્ષ.

જંગલી નાગલી સ્ત્રી. એક જાતનું ઘાસ. આ ઘાસ ઘોડા ખાય છે. દુષ્કાળમાં ગરીબ લોકો પણ તે ખાય છે.

જંગલી પડવલ (જંગલી પડવલ) ન. પટોળ. પટોળના આખા છોડમાં એક જાતની દુર્ગંધ રહેલી છે. તેનાં પાન પહોળાં હોય છે અને તેની નીચલી સપાટી લીસી અને રૂંવાટીવાળી હોય છે. તેનાં ફૂલ ધોળાં હોય છે અને ફળ અત્યંત કડવાં હોય છે. તે રેચક, શોષક અને જનવાર છે. તેનો રસ ઠંડો છે અને તે પીવાથી કસ્ત સાફ આવે છે. સાધારણ રીતે તે વાતહર દવા સાથે વપરાય છે.

જંગલી પરવળ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. ન. એક જાતની વનસ્પતિનું ફળ; પટોળ.

જંગલી પિયાજ સ્ત્રી. આડણાકિ કુંજણી; એક જાતનો છોડ; પાણીકંદો; ભૂમિકંદો, રાની કંદો. ધોળી કુંજણીની માફક તેની પણ ગાંઠો થાય છે. તે ઘણી મોટી હોય છે. તે ઔષધમાં વપરાય છે. તે કડવા તેમ જ મૂત્રલ છે. કફણ તરીકે તે દમ, શ્વસ તેમ જ ફેફસાંના વરમમાં ઉપયોગી છે. જ્યારે છાતીની અંદર કફ બહુ ભર્યો રહે છે ત્યારે આ પાણીકંદો અપાય છે. તેથી બડખાની ચીકાશ તૂટે છે અને બડખા જલદી બહાર નીકળે છે. જ્વરની અંદર જ્યારે કફનો પ્રકોપ હોય છે ત્યારે આ પાણીકંદો આપવો ઉચિત છે. જ્વર ઊતર્યા પછી પણ જે કફ રહી જાય છે તે દૂર કરવા માટે તે વપરાય છે. તેની માત્રા ૧ થી ૩ રતી સૂકો છે. ઊલટી માટે ૨ થી ૩ વાલ અપાય છે. સર્પદંશ, વીંછીદંશ, કાળોતર અને ઘાસમાં પણ તે વપરાય છે.

જંગલી પીળો ચંપો ન. એક પ્રકારનું ઝાડ. એમાં મંજરી રંગનાં સુંદર ફૂલ થાય છે

જંગલી પ્યાજ જુઓ જંગલી પિયાજ.

જંગલી બતક ન. એક જાતનું જંગલી પક્ષી

જંગલી બદામ સ્ત્રી. એ નામનો જંગલી મેવો.

જંગલી બિલાડી (જંગલી બિલાડી) સ્ત્રી. રાની બિલાડી. આ પ્રાણી આખા હિંદુસ્તાનમાં ઘણી જગ્યા ઉપર રહેતું જણાય છે. એનો વાસ ઝાડ ઉપર હોય છે અને બિલકોલી જેવાં ઝાડનાં રહેવાસી થાય છે.

જંગલી બિલ્લી જુઓ જંગલી બિલાડી.

જંગલી ભંગ ૧. પું. બડખાકિ ભંગ. તે વાવ્યા વગર આપે આપ થાય છે. તેના પત્ર ભાંગમાં આવે છે. તે શીતલ, કૃમ્ય, ગ્રાહી અને જ્વર, અતિસાર, અર્શ અને મરડામાં અપાય છે.

૨ પું. સિંધી વર્ગની એક વનસ્પતિ; મુદ્રપર્ણી; ભદ્રપર્ણી; સુપર્ણી, અજિતા; ભદ્રમુસ્તા; ગાન્ધારી-અધિક્ષ.

જંગલી મઠ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

જંગલી મરચો પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. આ છોડવો તુલસી જેવો પણ તેથી નાનો હોય છે. પાન અને ફૂલ તુલસીની પેઠે આવે છે. ફૂલ ધોળાં હોય છે. આ છોડવામાંથી લીંબુ કે જંબીરના જેવી મજાની ખાસકાદાર સુગંધી નીકળે છે.

જંગલી મરચો જુઓ જંગલી મરચો.

જંગલી મીરચી સ્ત્રી. (કચ્છી) એક પ્રકારનું ઝાડ. તે જમીથી ચાર હાથ ઊંચું વધે છે. તેમાં સિંગ પાકે છે. બાળકને ચોટીના ઝાડા ઉપર તેનાં પાન વાટીને અપાય છે. તે ઉત્તેજક, શક્તિવર્ધક, પેટનો દુખાવો મટાડનાર, જ્વરનાશક અને જ્વરનિવારક છે.

જંગલી મેંદી સ્ત્રી. એક જાતની મેંદી. તેના થડમાં કાંટા થાય છે. ઓક્ટોબર મહિનામાં તે રોળાવવાનો બને છે.

જંગલી મેંહદી [હિં.] સ્ત્રી. જાલ જાજિમો.

જંગલીયાતપણું ન. જંગલીપણું.

જંગલી રાઈ સ્ત્રી. (કચ્છી) એક પ્રકારનું ઝાડ. તેમાં સુવાસિત સફેદ ફૂલો આવે છે.

જંગલી લવંડર ન. એક પ્રકારની વનસ્પતિ.

જંગલી લાકડું (જંગલી લાકડું) ન. કચ્છાની જાતનું લાકડું.

જંગલી સરવ પું. સરવનું ઝાડ.

જંગલી સરૂ પું. એક જંગલી વૃક્ષ

જંગલી સામો પું. એક જાતનું ઘાસ. ગરીબ લોકો તે ખાય છે

જંગલી સિંધાડા (જંગલી સિંધાડા) પું. કમળ જેવો એક સુંદર છોડ.

જંગલી સિંચોડા (જંગલી સિંચોડા) [હિં.] સ્ત્રી. દક્ષિણ હિંદમાં ગોમાસામાં થતી એક વેલ.

જંગલી સીંધારા જુઓ જંગલી સિંધાડા.

જંગલી સૂરણ ન. એક જાતની વનસ્પતિ; મદનમસ્ત.

જંગલી હળદર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનું મૂળ ઉપયોગી છે. તે બજારમાં થાય છે. તેને આંબાહળદર કહે છે. તે વાતહર અને રક્તદોષહર છે.

જંગલી ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી બટક.

૨. ન. એ નામની બટકનું બાષ્પસ.

૩. [મ.] ન. જંગલ.

૪. વિ. એ નામની બટકનું.

જંગલો પું. (સંગીત) ગાવાનો એક રાગ; સૂરનો દ્રાવ. સંગીતશાસ્ત્ર મુજબ તે ગાવાનો સમય દિવસના ત્રીજા પ્રહરથી મધ્યરાત્રિ સુધીનો છે. તે છએ રાગોને મળતો છે. જાતિ સંપૂર્ણ છે. ઔડવે તેમાં ઋષભ શુદ્ધ, ગિધવ તીવ્ર, ગંધાર કોમળ તીવ્ર બે, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે. કનરા બાદના સંકીર્ણ પ્રકારનો આ રાગ છે. તે સિવાય સર્વ સ્વરો શુદ્ધ છે. તેમાં આરોહે ગાંધારનો લોપ થાય છે અને વાદી સ્વર પંચમ અને વડજ સંવાદી સ્વર છે. કેટલેક સ્થળે તેમાં આસાવરીનો ભાસ થાય છે.

જંગલો વેરાન પું. ઉજ્જડ પ્રદેશ.

જંગરપળ ન. જંઘા; સાથળ.

જંઘામુરતી સ્ત્રી. મુક્કાબાજી.

જંગાર ૧. પું. એક જાતની ધાતુ.

૨. [સં.] પું. તાંબાનો ગઠ્ઠ.

જંગારી [મા. જંગાર] વિ. કાટવાળું.

જંગાલ ૧. પુ. એક રંગ; લીલો રંગ.
જંગાલથી સરસ ચોસર ચિત્રિ ભાલે,
પાને મઢેલી કવિ રંગભૂમિ પ્રમાણે.
કા.ન્યકૌસ્તુભ
૨. પું. તાંબાનો લીલો ભૂરો ક્ષારરૂપ કાટ; ખટાશ લાગવાથી ઉત્પન્ન થતો તાંબાનો ક્ષાર; તાંબા ઉપર એસેટિક ક્ષારનો પ્રયોગ કરી ઉત્પન્ન કરેલો લીલા રંગનો ક્ષાર; એ નામનો ઝેરી પદાર્થ. આનો રંગ બહુ મજાનો મોરની ગરદન જેવો લીલો ભુગાશ પડતો ઘોર છે. શુદ્ધ કરેલો જંગાલ ઔષધ તરીકે વપરાય છે. રંગમાં તેનો ખૂબ ઉપયોગ થાય છે. શરીર ઉપર ઘુટણાં પડાવવામાં અને બિંદી, ટીપકી વગેરે કરવામાં સ્ત્રીઓ તેનો ઉપયોગ કરે છે. તે મોરપૂંખ જેવો પદાર્થ બનાય છે તે ઝેરી હોવાથી સાવધાનીથી ઉપયોગ, ચાંદી વગેરે દરદ માટે તૈયાર કરવામાં આવતા મલમમાં નાખવામાં આવે છે.
૩. પું. પાણીની ગતિનો રોધ કરવા માટે બાંધેલો પાળો; સેતુ.
૪. સ્ત્રી. જંજાલ; મોટી અને લાંબી બહુક.
૫. સ્ત્રી. ભમરકડી.

જંગાલિયત સ્ત્રી. જંગલીપણું.

જંગાલી ૧. ન. એક પ્રકારનું ચમકીલા લીલા રંગનું રેશમી કપડું.
૨. વિ. જંગાલનું; જંગાલ સંબંધી; જંગાલને લગત.
૩. વિ. લીલું.

જંગાવર ૧. પું. ઉસ્તાદ; કોઈ પણ રમતમાં શિરોમણિ; ખેલ્મ.
૨. પું. વીર યોદ્ધો; સરદાર.

જંગાસ્થિ ન. જંઘાનું હાડકું.

જંગાહ સ્ત્રી. લડાઈનું મેદાન; રણક્ષેત્ર.

જંગિડ (જંગિડ) [સં.] પું. રાક્ષસ વગેરેના ભયને દૂર કરનાર એક ઋષિ.

જંગી ૧. પું. યોદ્ધો
૨. પું. જંગલનો રહેવાસી; વનવાસી.
૩. પું. લડવૈયો; બહાદુર; લડાઈમાં ઘૂમનાર; યોદ્ધો.
૪. સ્ત્રી ઢાંકણવાળી ભીંત; બારિયાંવાળી ભીંત
૫. સ્ત્રી કિલ્લાની ભીંતમાંનું ત્રાંસું બાંધું; કોટની સફોલમાં પાડેલું બાકોરું.
૬. સ્ત્રી. નાની બારી.
૭. [ફા.] વિ. કબ્જિયાખોર; તોફાની; લડાયક; લડાઈખોર; લડાઈને લગતું.
૮. વિ. જંગલનું રહેવું.
૯. વિ. મોટું; જબરું; ભારે; બહુ મોટું; મહાન.
૧૦. વિ. સૈનિકનું; સેના સંબંધી; ફોજી.

જંગી અદાલત સ્ત્રી. સરકારી કે દરિયાઈ ગુનાની તપાસ માટેની અદાલત.

જંગી જહાજ [ફા.] ન. લડાયક વહાણ; મનવાર; મોટું વહાણ.

જંગીઝખાન [ફા. જંગી (લડાયક) + ખાન (મુખી)] પુ. તાતાર કે મુઘલોનો એક રાજા. તે ૧૧૫૪માં જન્મ્યો હતો. લડાઈઓ બહુ કરેલ હોવાથી તે જંગીઝખાન કહેવાયો.

જંગી ઝરગરી પું સોની કબ્જિયો; ત્રીજા પક્ષને ઉતરવા માટે બે પક્ષ વચ્ચેનો દગાબાજ કબ્જિયો; ખોટા કબ્જિયો

જંગી ઢોલ પુ લડાઈનો ઢોલ, મોટો ઢોલ; તબલ.

જંગી ફોજ સ્ત્રી સરકારી સેના.

જંગીબંગી સ્ત્રી બહેરૂપા; દુરાચરણી

જંગીલાલ ૧. પું. નેપાળ રાજ્યનો એ નામનો કોઈ.
૨. [હિં.] પું. પ્રધાન સેનાપતિ; સરકરનો અમલદાર; સરકારી વડો.
૩. પું. હોમ; 'અવર્નર જનરલ.'

જંગીસાઠ પુ હિંદુસ્તાનનો સેનાપતિ.

જંગી વહાણ ન. લડાયક વહાણ

જંગીસખાન જુઓ જંગીઝખાન.

જંગુલ ૧. પું. ઝેર; વિષ.
૨ પું બાળ રાજાને મળતો એક રાગ

જંગેઝરગરી જુઓ જંગી ઝરગરી

જંગેબદર સ્ત્રી મહીના પાસે થયેલ પહેલી લડાઈ. આ લડાઈમાં આઈઓ ખોડા શહેરનો બચાવ કરવાની વિલક્ષણ બુદ્ધિ હજરતે એમના અનુયાયીઓને શીખવી હતી. લડાઈમાં આર્ડ ખોદવાની પ્રથા ત્યારથી જ શરૂ થઈ છે.

જંગેબિજલી સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. આ તોપમાં નીચે પ્રમાણે અક્ષરો કોતરેલ છે: અકબરબાદશાહની કૃપાથી બાદશાહ રણજિતસિંહ બહાદુર બુલંદ ઇકબાલના હુકમથી જંગેબિજલી નામક તોપ જવાહરમલની અવરથા તોપ પાટનગર લાહોરના સુબાસિંહના કારખાનામાં ફતેસિંહની દેખરેખ હેઠળ તૈયાર થઈ. સન ૧૮૬૮.

જંગે મૈદાન ન. લડાઈનું મેદાન; યુદ્ધભૂમિમાં સામસામું જીતવું તે.

જંગેરૂ સ્ત્રી. એક જાતની મોટી માછલી.

જંગેલ સ્ત્રી. જંગલ; ભમરકડી.

જંગોજદલ સ્ત્રી તકરાર.

જંગોટો ૧ પુ. કચ્છ, કછોટ, ખાખી ખાવાઓથી પહેરાતી મોટપ જેવી લગોટી; તગિયો.
૨. સ્ત્રી. [ ] આ આકારની બાળકોને રાખવાની બોડી.

જંગોડી (જંગોડી) ૧. સ્ત્રી. નાનો જંગોટો; પુંતરડી; ઢોર, કૂતરાં વગેરેના વાળમાં રહેતું એક નાનું જીવડું. એ ચામડીની સાથે ચપટ વળગી રહે છે.
૨ સ્ત્રી. અપ્સરાની પપલી; અપ્સરા ની ઇંદ્રિય.

જંગોડો (જંગોડો) પું. ઓરડીના જેવો એક જીવડો; મોટી જંગોડી, જિંગોગે, કૂતરાં ગાય ભેંસ બળદાદિ પશુઓનાં કાન વગેરે અંગો ઉપર ચોંટતો એક જંતુનો જીવડો

જંગોલ [સં. જંગલ] ન આયુર્વેદનો એ નામનો એક ભાગ જેમ. વિષની ચિકિત્સાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે

જંગોલી [સ જંગલી] સ્ત્રી ગાડરી વિદ્યા.

જંઘ્યા ન. ષ. ક. પ્રકારની અંદર આવેલાં ઝાડ.

જંઝા પું. વસંતનો પાક.

જંઝસેન સ્ત્રી. આસામમાં વપરાતી એક ભાષા; ઝાડો.

જંઘ ૧. પુ બે મુખ્ય અરેબિક શબ્દ સાથળ એ હોવાથી અંદર ભાગ. વનસ્પતિમાં જેની સંખ્યા દર્શાવવા આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે
૨. પું. રાવણ પક્ષનો એક નામાંકિત રાક્ષસ.
૩ સ્ત્રી જંઘા; કમરની નીચેનો અને ઢીંચણની ઉપરનો પગના મૂળનો માંસલ ભાગ; સાથળ; સાથળનો બહારનો નહિ પણ અંદર પડતો ભાગ

જંઘઅસ્થિ સ્ત્રી જંઘની ગ્રંથિ

જંઘગ્રોન્ધીગાંઠો સ્ત્રી. એક પ્રકારની ગ્રંથિ.

જંઘકટ સ્ત્રી એ નામની સાથળ પાસેની એક ગ્રંથિ

જંઘડિયાં (જંઘડિયાં) ન ષ ક. ચોપડિયાંવાળા; ઢોરબજારમાં વગાડનારા માણસો.

જંઘત્રાણ જુઓ જંઘત્રાણ

જંઘરિયા પુ એક જાતનું મોટાવાળું વૃક્ષ જેમાં પનસ્વનાં જેવાં પણ ભેગ, દોષ છે. તે શિયાળે ખરી જાય છે. તેના ફૂલ લાલ રંગનાં પનસ્વનાં જેવાં દોષ છે ગીંજ જેથી પાંચ ઇંચ લાંબી. ચોળ, ભૂરા રંગની અને મખમલ જેવા અસ્તરવાળી હોય છે. તેમાં ચોળાનાં જેવા વનસ્પતિ અને લીલા રંગના જેથી ચાર બીજ હોય છે.

જંઘરો કારેલો પુ એ નામની કુષ્માંડાદિ વર્ગની એક ઔષધોપયોગી વનસ્પતિ

જંઘલા જી. મોટી નાવના દંડ માફેનો એક પ્રકાર.

જંઘા ૧. [સં.] સ્ત્રી. જંઘ; સાથળ.

૨. સ્ત્રી. બે સૂક્ષ્મ સાંકેતિક શબ્દ. સાથળ બે છે માટે એની સંખ્યા દર્શાવવા આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

૩. સ્ત્રી. આંચીની પાળ પછીનો ભીંતનો એક વધુ વિશાળ ભાગ.

જંઘા અંતરસ્ત્વગીયા નાડી (જંઘા અતરસ્ત્વગીયા નાડી) સ્ત્રી. એ નામની જંઘામાં રહેલી એક નાડી.

જંઘાકરિક પું. જંઘાના બળે કરી દોડી પોતાનું ગુજરાન ચલાવનાર જાનવર; કાસદ.

જંઘાગત [સં.] વિ. જંઘામાં આવેલું.

જંઘાગુચ્છપેશી સ્ત્રી. એ નામની એક માંસપેશી.

જંઘાગ્ર [સં.] પું. પાછલું જનનાંગ.

જંઘાચર વિ. ચાલુ; પગે ચાલનાર.

જંઘાચારણ પું. (જૈન) જંઘા ઉપર હાથ મૂકે એટલે આકાશમાં ઊડે એવા મુનિ. આકાશમાં ઊંચે ચડી શકે તેવી લબ્ધિ અર્જેલ સંક્લિષ્ટચારણ મુનિ.

જંઘાચારણઋદ્ધિ સ્ત્રી. (જૈન) પૃથ્વીથી ચાર આંગળ ઊંચે રહીને આકાશમાં શીઘ્રગમન કરવાની શક્તિ.

જંઘાચારણા [પ્રા.] સ્ત્રી. જેના પ્રભાવથી આકાશમાં ઊડી શકાય એવી વિદ્યા.

જંઘાત્રાણ ૧. [સં.] ન. ચોરબત્તી; પટ્ટજૂત.

૨. ન. જાંઘિયો.

૩. ન. સાયણનું બખ્તર.

જંઘાનિલ [સં.] પું. દોડવાથી પગની પાછળ ઊઠતો પવન એટલે ખાટે જોતાં ધૂળ.

જંઘાનુગા ૧. સ્ત્રી. અંત કોષ્ઠક નામના ફુપ્ફુસ્સિયના તળિયામાં એક ઊપસેલા ભાગ ઉપર આવેલી એ નામની માંસપેશી.

૨. સ્ત્રી. એ નામની જંઘની પાછલી ભાલુ ઉપરની પેશી. આ પેશી ઊંડી આવેલી છે. આ જરાવદાર પેશીનો મૂળ ભાગ બાજુના મૂળ ભાગને મળતો આવે છે. તેને બે મૂળ છે. આ બંને મૂળ વચ્ચે રહેલા ખાલી ભાગમાં થઈને અગ્રજંઘિકા નામની ધમની તથા શિરા જંઘાની આગલી ભાલુ ઉપર અને તેની કરા નીચે ઊતરી પગના તળિયા તરફ આવે છે. ત્યાં તે નૌતિક ફુપ્ફુસ્સિય ઉપર લાગેલી છે. મણા અસ્થિ સાથે સબંધ રાખતી આ પેશી પગનાં તળિયાંને અંદરની ભાલુ તરફ તેમ જ ઊંચે ખેંચે છે. આ પેશીના આકર્ષણને લીધે જ પગનાં તળિયાંની અંદરની કિનારી જમીનને ન અડકતાં સહેજ ઊંચી તથા ધનુષ્યના જેવી વાંકી રહે છે.

જંઘાનુગા નાડી (જંઘાનુગ્ન નાડી) સ્ત્રી. જંઘાની એ નામની એક નાડી.

જંઘાનુગ્ના પેશી સ્ત્રી. જંઘાની એ નામની એક પેશી.

જંઘાપથ [સં.] પું. સાંકડો માર્ગ.

જંઘાપાશ્ચિમગા સ્ત્રી. જંઘાની એ નામની એક ધમની.

જંઘાપાશ્ચિમગા જુઓ જંઘાપશ્ચિમગા.

જંઘાપિંડિકા ગુર્ચી સ્ત્રી. એ નામની સાથળની પાછલી ભાલુ ઉપરની એક પેશી. આ ભારી અને જરાવદાર પેશી પગની પીંડી બનાવવામાં મુખ્ય ભાગ લે છે. તે પિંડિકા કંડરા મારફતે પાર્ષ્ણિ નામના ફુપ્ફુસ્સિયના મૂલ ભાગની પીંડને લાગેલી છે. તે પગની પાનીને પાછલી ભાલુ તરફ તથા ઊંચે ખેંચે છે અને ઘૂંટણના સાંધાને પહોળો કરે છે.

જંઘાપિંડિકા તૃતીયા સ્ત્રી. એ નામની જંઘાની પાછલી ભાલુ ઉપરની એક પેશી. આ બાજુ અને કંડરાભ પેશી જંઘાપિંડિકા ગુર્ચીની સાથે જ છે. તે ઉર્વસ્થિના બહારના બરાબુદની નજીકમાંથી ઉત્પન્ન થઈ પિંડિકા સાથે ભળી જાય છે. આ પેશી જંઘાપિંડિકા ગુર્ચી અને જંઘાપિંડિકા લઘુને તેમના કર્મમાં સહાય કરે છે.

જંઘાપિંડિકા લઘ્વી જુઓ જંઘાલઘ્વી.

જંઘાપૂરાના સ્ત્રી. અંતઃકોષ્ઠક નામના ફુપ્ફુસ્સિયના તળિયામાં એક ઊપસેલા ભાગ ઉપર આવેલી એ નામની એક પેશી.

જંઘાપુરોગા ધમની સ્ત્રી. એ નામની જંઘની એક ધમની.

જંઘાપુરોગા પેશી સ્ત્રી. એ નામની જંઘની એક પેશી.

જંઘાપ્રવર્દ્ધન ન. એ નામનો જંઘનો ઊપસતો એક ભાગ.

જંઘાબાહુલ ૧. પું જંઘાની ગતિ જેની હસ્તપ્રેરિત હોય તે. જંઘાનો વ્યાપાર જેનો અંગ પડેલ છે તે.

૨. ત્રિ. મદગતિવાળું.

જંઘાબલ ન. પગે ચાલી વિહાર કરવાનું બળ.

જંઘાબહિર્પાર્શ્વિકા શિરા સ્ત્રી. એ નામની જંઘની એક શિરા.

જંઘાબંધુ [સં.] પું. એ નામનો એક ઋષિ.

જંઘાબધ્યાની [હિ.] સ્ત્રી. બખિયાદિથી સી, વેરવા.

જંઘાર પું. પશુ.

જંઘારથ ૧. [સ] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. જંઘારથ નામના ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ

૩. વિ. એ નામના ગોત્રનું.

જંઘારા ૧. [હિ.] સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.

૨. ન. રજપૂતની એ નામની એક જાતનું માણસ.

૩. વિ. રજપૂતની એ નામની જાતનું.

જંઘારિ ૧. પું. વિશ્વામિત્ર મુનિ

૨. [સ.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર

જંઘારિષા પું. એ નામનું એક ગ્રામ. તેને જંઘારિયો આખરો, જંઘારિયો આખરો કે મદ્ર પણ કહે છે. તેની આઠ જુદી જુદી જાત છે. તેમાની આ જાત પારસનાથ, કઝારીબાગ, માંઘીર વગરે સ્થળે થાય છે. ઠંડી ઋતુ પછી તેને ફૂલ આવે છે. વરસાદ પહેલા તેનાં બિયાં પાકી જાય છે.

જંઘારિયો આખરો જુઓ જંઘારિયો.

જંઘાલ ૧. [સં.] પું. એક જાતનો મૃગ.

૨. પું. ઘાસદ; ખેપિયો; દૂત.

૩. પું. ધાવક; દોડનાર.

૪. વિ. વેગવાળું જળવાયું.

જંઘાલઘ્વી સ્ત્રી. જંઘાની પાછલી ભાલુ ઉપરની એ નામની એક પેશી. તેને જંઘાપિંડિકા લઘ્વી પણ કહે છે. જંઘાપિંડિકા ગુર્ચીની નીચે તુરત જ આ પેશી છે. તેનો ઉદ્ભવ ભાગ પણ ઓછે ઊંચે તે પહોળી અને પાતળી છે. તેનું કાર્ય જંઘાપિંડિકા ગુર્ચીનું મારફત જ છે. જંઘાપિંડિકા ગુર્ચી અને જંઘાપિંડિકા લઘ્વી ચાલવામા, દોડવામા, નાચવામાં તથા કૂદવામાં બહુ ઉપયોગી છે. કારણ તેઓ પગનીને ખેંચીને ઊંચી કરે છે. આ પેશીઓ ચાલતી વખતે પગ ઉપાડવામાં મુખ્ય ભાગ લે છે

જંઘાવંધુ જુઓ જંઘાબંધુ

જંઘાવિષયક [સં.] વિ. જંઘાને લગતું.

જંઘાશૂલ [સં.] ન. જંઘામાં પીડા કરનાર એક જાતનો રક્તનો રોગ.

જંઘાસંયુક્તત્વગીયા નાડી (જંઘાસયુક્તત્વગીયા નાડી) સ્ત્રી. જંઘાબહિર્પાર્શ્વિકા નાડી.

જંઘાસારણ સ્ત્રી. જંઘાનો એક જાતનો રોગ.

જંઘાસ્થાનીય તંતુ પું. કરોડ રજ્જુના જંઘાના સ્થાનમાંથી નીકળતા પાંચ માહેનો એક તંતુયુગ્મ.

જંઘાસ્થિ [સં. જંઘા (જંઘ) + અસ્થિ (હાડકું)] ન. જંઘનું હાડકું; પગના નળાના આવેલા બે માંહેનું એ નામનું એક હાડકું. શરીરનાં બધાં હાડકામાં આ સૌથી લાંબુ નલકાસ્થિ છે તેના બે છેડા તથા મધ્યનલક મળી કુલ ત્રણ ભાગ છે. ઉપલા છેડાની બને બાજુ ઊપસેલી અને મોટી છે. તે ઊપસેલા ભાગ ઉત્સેધ કહેવાય છે. આ બંને ઉત્સેધોની ઉપલી બાજુએ સહેજ ઊંડાં બે સંધિલદ્રમ છે. આ સંધિલદ્રમો ઊર્વસ્થિના નીચલા છેડા ઉપરના કંદ જેવા આકારના ભાગો સાથે જોડાય છે. આ બને સંધિલદ્રમોની વચ્ચે રહેતા સહેજ ઊપસેલા ભાગ ઉપર એક દ્વિમુખી કટક આવેલો છે. તેની આગળ તેમ જ પાછળ આવેલા બે આડામાં ઘૂંટણના સાંધાની અંદર રહેલા બે અર્ધચંદ્રાકાર તરુણાસ્થિના ચાર છેડા તેમ જ તે સાંધાની અંદર રહેલા બે સ્વસ્તિ સ્નાયુના બે છેડા લાગેલા છે. ઉપલા છેડાની આગલી બાજુ ઉપર એક અર્બુદ આવેલું છે. તેની આસપાસ જનુકપાલજપટ્ટ નામનો સ્નાયુ લાગેલો છે. આ અર્બુદની ઉપર આગલી બાજુએ એક સંધિલદ્રમ છે, તે અનુજંઘાસ્થિ સાથેના સંધાન માટે છે. જંઘાસ્થિના ઉપલા છેડાની પાછલી બાજુ ઉપર અંતઃસીમામાં અંદરના ઉત્સેધની પીઠ ઉપર એક ખાર્ડ છે. કુલાકંદમા નામની પેશીની ઢંકણનો છેડો ત્યાં લાગેલો છે. બાહ્ય સીમામાં બહારની ઉત્સેધની પીઠ ઉપર એક નાનું સંધિલદ્રમ છે, તે અનુજંઘાસ્થિ સાથેના સંધાન માટે છે. જંઘાસ્થિનો નીચલો છેડો ઉપલા કરતાં નાનો છે. એની પાછલી બાજુ ઉપર આવેલી આર્દ્રમાં અંગુષ્ઠસંકોચનીદીર્ઘા નામની પેશીની ઢંકણ આવેલ છે. આ છેડાની બાજા સીમા ઉપર એક ત્રિકોણ આકાર સંધિલદ્રમ છે. ત્યાં અનુજંઘાસ્થિનો નીચલો છેડો સંધાય છે. આ છેડાને તળિયે એક બાઝવાળું સંધિલદ્રમ કૂર્ચાસ્થિ કોડેના સાંધા માટે છે. આ છેડાનું અંદરની સીમા ઉપર આવેલું એક પ્રવર્દ્ધન, અંતર્ગુંદક કે અંદરની ઘૂંટી તરીકે ઓળખાય છે. અંતર્ગુંદકની અંદરની બાજુ ઉપરનું સંધિલદ્રમ કૂર્ચાસ્થિની બાજુ સાથેના સંધાન માટે છે આ ગુંદકની પીઠ ઉપર એક બીજું આવેલી છે, જેમાં જંઘાનુજા તેમ જ પાદ અંગુષ્ઠસંકોચનીદીર્ઘા નામની પેશીઓની ઢંકણ આવેલ છે. આ ગુંદકને ઘૂંટણના સાંધાને મજબૂતી આપનાર ત્રિકોણિક નામનો સ્નાયુ લાગેલો છે. જંઘાસ્થિનો નળો સહેજ વાંકો હોય છે. એની બહારની બાજુ સહેજ બાઝવાળી હોય છે. આ નળાને ત્રણ ધાર તથા ત્રણ બાજુ છે. એમાંની આગલી ધાર ફરતી ચામડી વડે ઢંકાયેલી હોવાથી આગળથી અડકાડતાં જ ઓળખી શકાય છે. બહારની બાજુની ધારને જંઘાંતરાલા નામની જંઘાસ્થિ અને અનુજંઘાસ્થિ વચ્ચે રહેલી કલા લાગેલી છે. પાછલી ધારને નળાના પાછલા ભાગમાં રહેલી માંસ પેશીઓ લાગેલી છે.

જંઘાસ્થિપોષણી સ્ત્રી. પશ્ચિમ જંઘિકાની એ નામની એક શાખા. તે જંઘાસ્થિમાં પેસી જઈ તેને લોહી પૂરું પાડે છે.

જંઘાસ્થિયષ્ટિ [સં.] ન. જ. જંઘાનાં હાડકાં.

જંઘાસ્ફોટન ન. જંઘા ચાખડવી તે.

જંઘાંતરાલા સ્ત્રી. જંઘાસ્થિ અને અનુજંઘાસ્થિ વચ્ચે રહેલી કલા.

જંઘાંતરાલા કલા જુઓ જંઘાંતરાલા.

જંઘાંતરીય [સં.] વિ. જંઘાની અંદરનું.

જંઘાંતરીય સંધિ [સં] પું. એ નામનો એક સાંધો.

જંઘિકા નાડી (જંઘિકા નાડી) સ્ત્રી. જંઘાની એક નાડી.

જંઘિલ્લ જુઓ જંઘાકાસ્થિક

જંઘીસન્ધાન જુઓ જંઘીસન્ધાન.

જંઠ્ય વિ (કચ્છી) વધારાનું જેનું; વધારાનું.

જંઠ્ય સ્ત્રિ. જમનું તે.

જંઠ્યજંઘા પુ દિવસના તપાસવા માટે નિમાયેલ અમલદાર, 'ઓફિસર'.

જંજ ૧ જી (કચ્છી) જાત.
૨. ન. યુદ્ધ; લડાઈ.
૩. વિ. યુદ્ધ કરનાર.

જંજગ્રીલ [યૂ.] સ્ત્રી. સાંકળ

જંજગ્રીલ રજ્જ [યૂ] ન. ત્રણ કૂટ ઊંચું એક ઝાડ; અદરખ.

જંજગ્રીલ રામી [યૂ] પું. એક જાતનું કેદ, રારના.

જંજરી સ્ત્રી. ધાતુનો જોડા ધાટનો હોકો.

જંજર્રી સ્ત્રી. (કચ્છી) મોટી બંદૂક.

જંજાર ૧. [ફા. જંજુરા (એક પ્રકારની નાની તોપ)] સ્ત્રી. એક જાતની નાની તોપ; તોપથી નાનું અને બંદૂકથી મોટું પણ તે જાતનું હાર પાંસી ગોળો ફેંકવાનું એક અસ્ત્ર; ઊંટ ઉપર લઈ જવાની મોટી બંદૂક; સાંબી નળીની બંદૂક કરતાં મોટી ગોળી ખાય એવી બંદૂક. તેનો આકાર બાજુથી જોવો હોય છે.

૨. ન. પગમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

જંજારના પું. ઘોડાની એક જાત.

જંજારિયું ન. છોકરીઓને પગમાં પહેરવાનું એક ઘરેણું.

જંજાલ જુઓ જજાળ.

જંજાલી સ્ત્રી. હાથી અથવા ઊંટ ઉપર રાખેલી બંદૂક

જંજાળ ૧. સ્ત્રી. ઉપાધિ; ખટપટ; ચિંતા; આધિ.
૨. સ્ત્રી એક જાતની જારે મોટી બંદૂક. તેની નાળ બહુ લાંબી હોય છે. તેની ગોળી બહુ દૂર જાય છે. ઊંટ ઘોડા કે કોઠા ઉપર બાંધીને તેનો અત્રજ થાય છે.
૩. સ્ત્રી દુઃખ; સંકટ.
૧. જજાળ વહોરવી = (૧) ખટપટમાં પડવું; (૨) નવાનવા ધંધામા માથું મારવું. (૩) સંસાર કરવો
૨. જજાળમાં પગ નાખવો = મુશ્કેલીઓથી ચેતવું જરૂ.
૪. સ્ત્રી. બંધન; વળગણ; લાકડું.

જંજાળિયું જુઓ જંજાળી

જંજાળી ૧. વિ. કજિયાળું; તોફાની; ઝઘડો કરે એવું.
૨. વિ એને જજાળ વળગેલી હોય એવું; જ તાપ પું. સંસારની ઉપાધિવાળું.
જજાળી પડ્યા = (૧) ઉપાધિમાં ફસાવું. (૨) મુશ્કેલીમાં પડવું.
૩. વિ. બહુ કામકાજના રોકાણવાળું; ખટપટી; અનેક બાબતોમાં ગૂંચવાયેલું રહેતું હોય એવું.

જંજીર ૧. [ફા.] સ્ત્રી. બેડિયાળની કમાન.
૨. સ્ત્રી. નાની તોપ; મોટી બંદૂક.
૩ સ્ત્રી બેડી; સાંકળ.
૪ સ્ત્રી. સ્થપ્ર કાંટ્રિયા. જંજર.
૧. જંજીર દેવી = શિક્ષાનો એક પ્રકાર; બાદમાં પેસવું. તેમાં સાંકળને તપાવી લાલચોળ કરી ઉપરથી તેલની ધાર થાય અને માણસ દોષનો હોય તેમ બે હાથની મુઠ્ઠીમાં લઈ તેને ઓળંગે. આમ કરવા જતાં માણસના હાથ દાઝે નહિ ત્યારે દિવ્યને પ્રકારે ગણવાદી અને બાદમને પ્રકારે આમ કરનારો તે કહેવાય.
૨. જંજીરનો માર = નાની સાંકળના ફોલકાનો માર.

જંજીરગોળો પું. તોપમાં વપરાતો એક જાતનો ગોળો. તેનો ઉપયોગ વહાણના સઢ અને દોરડાંનો નાશ કરવા કરતો. હાલમા તેનો ઉપયોગ થતો નથી

જંજીરા ન. મુખર્ઝની દક્ષિણે પશ્ચિમઘાટ ઉપર આવેલ એક નાનુ હબસી સરયાન. તેનું મુખ્ય શહેર અને કિલ્લો જજીરા કહેવાય છે. તે મુખર્ઝથી ૪૫ માઈલ ઉપર દરિયા કિનારે છે. તાની જમીન પહાડી છે અને તળેટીમા નાળિયેરી, સોપારી અને તાડની પુષ્કળ ઝાડી છે. આ સસ્થાનનાં દર ચોરસ માઈલે ૨૩૫ મનુષ્ય જેટલી વસ્તી છે.

જંજીરી ૧. સ્ત્રી. તાપ રાખવાનુ બાકોરૂ, તાપની બારી.

૨. સ્ત્રી. સોનેરી દોરી.

જંજીરું ન. સાકળના જેવુ એક જાતનું ઘરેણું.

જંજીરા ૧. પુ. અકડા વેલ કે ઝાડ.

૨ પુ. એક જાતનો પહાવાળો નાનો તા.૫

૩. પુ. કસબી ટેનાર.

૪. [અ. જઝીરહ] પું. દ્વીપ, બેટ.

૫. પુ. હરિવાર [કબો, પાસુમા બાધવો કિલ્લો.

૬. પું. પગનો એક જાતના દાગીનો.

૭. પુ. મહાવીર હનુમાનજીની સાધનાનો મત્ર અથવા પા. ત્તર.

૮. [કા. ઝગ્રે (સાકળ)] પું. સાકળનો દોરો, સા.ક.

જંજેર ૧. ન. તોફાન.

૨. ન. પગમા પહેરવાનુ સાકળું.

જંજોરિયા ૧. સ્ત્રી. સુથારિયા કોળી તથા કુભારની એક અટક.

૨. ન. એ નામના અટકનુ માણસ.

૩. વિ. એ નામના અટકનુ.

જંડી સ્ત્રી. એક જાતની ખોળી શેરડી.

જંડા પું. અગ્રાઉ થઈ ગયેલો એક મુસલમાન ઉમરાવ. તરગાળા રમતી વખતે તેનો વેષ કાઢે છે.

જંડાઝૂલણ પું. સાર્ઝ; કકોર.

જંડાલા ન. વાયવ્ય સરહદ પ્રાતમાં આવેલું એ નામનુ એક ગામ.

જંત ૧. [સં. જન્તુ] પું; ન. જન્તુ; જાનુ ક્ષુદ્ર જીવડું, કરમ.

૨. સ્ત્રી. ગાડીમા રાખવામાં આવતુ દોરડુ અથવા સામડાનો પટો.

૩. ન. પાણી; ચિયોડો.

૪. ન. ઝેરી જનાવર.

૫ [સં. યંત્ર] ન. નિયમ.

૬. ન. અપ્સુ.

જંતર ૧. પું, ન. ઉપકરણ; સાધન; સામગ્રી. ઓજાર.

૨. પું; ન. જાદુ.

૩. [સ. યંત્ર; અર. અંત] પુ., ન. ધાતુ કે ભોજપત્ર ઉપર આનાં પાટીને મત્ર વગેરે લખેલુ સાધના માટેનું પત્ર; મત્ર, આંક કે મૂર્તિની ચમત્કારિક રચનાવાળો લેખ; જાદુઈ તખ્તી; તાવીજ; ધાતુની તખ્તી કે કાગળ ઉપર આના, અક્ષર, આકડા કે મૂર્તિ વગેરે પાડી લેની મત્ર જણીને પૂજા સાધના થાય છે તે.

૪. પું., ન. યુક્તિ; યોજના; ખૂબીદાર ગોઠવણ.

૫. પું.; ન. સચો; યત્ર; કળ.

૬. ન. અંતરમળના દરદીને બાધવાનો પટો. પોળો ચકતીદાર કરતો હોય ત્યારે તેને ઉપર ચડાવીને જતર બાધવા છે

૭. ન. આકડાઓની ગૂચવણી; અમુક આડા ઊભા મેળના આકડા ગણતાં સરખા આવે તેવુ ગણત ઉપર લખેલુ કોષ્ટક

૮. ન. એક જાતનુ વૃક્ષ. તેના પાન સીતાફળીન. પાન જેવાં અને ફળ તૂંબડાંનાં જેવાં થાય છે.

૯. ન. ગ્રામણ; વસ્ત્રોકરણ.

૧૦. ન. બીન; એક જાતનું તતુવાદ્ય. એક જાતનું વાજિત્ર; વીણા.

જંતરડું (જતરડું) ૧. ન. એક જાતનું વાદ્ય. જતર; બીન.

૨. [સં. યંત્ર] ન. સોનારૂપાના તારને તાણીને સજાવવાનું સોની કે લોહારનું એક ઓજાર. તેની પકડ એવી હોય છે કે તેમા પકડાયેલી વસ્તુ ઝટ છટકી શકતી નથી અને તેને એક પછી એક જીણા કાણામાથી ખેચતા જાઓ અને ઢૂકો તાર પાતળો અને લાબો થાય છે.

જંતરડો (જંતરડો) ૧. પું. કાણુ; કપલ્લે.

૨. પું. પાણા મારવાનું લોઢાનું ગોફણ જેવુ સાધન.

૩. જુઓ જતરડું

જંતરમંતર ૧. પું., ન. જતર અને મત્ર, તાવીજ; ચમત્કાર સાધનારા મત્રવાળુ વસ્ત્ર; તખ્તી

૨. પું.; ન. જાદુગરી; કામણ, નજરબધી, ધતિંગ

> જંતરમંતરમા હું નથી માનતો. મારા કેટલાક જ્ઞાની મિત્રો જંતરમંતરને માને છે, પણ મારી આસ્થા નથી બેસતી. હરિજનબંધુ

૩. પું., ન. મત્રવા પૂજા કે સાધના કરવી તે.

૪. પું.; ન. વેધશાળા; જ્યોતિષયત્રમંદિર; આકાશલોચન; ગ્રહો, નક્ષત્રો વગેરેની સ્થિતિ, ગતિ જોવાનું સ્થળ.

જંતરવું સ. ક્રિ. જંતર કરવુ; તાવીજને જાદુઈ અસર આપવી.

જંતરવ્યંત્ર જુઓ જતરમતર

જંતરી ૧. પું. જાદુગર.

૨ પુ. વાદ્ય બજાવનાર માણસ; વાદ્યકુશળ પુરુષ

૩. સ્ત્રી. પચાગ, ટીપણું

૪. [સ. યંત્ર] સ્ત્રી. સોનીનુ જતરડા નામનુ ઓજાર. તેમાં તાર ખેંચીને તેને પાતળો અને લાબો કરાય છે

જંતરાઠ (જતરાઠ) [સ. યત્રપાટ] સ્ત્રી. શેરડીનો પાક.

જંતરારી [હિ.] સ્ત્રી. જૈરાબોથી ઇજાતી વખતે ગવાતુ ગીત.

જંતા ૧. [હિ.] પું. જતરડું; તારને પાતળો અને લાબો કરવાનુ ઓજાર.

૨. [સ. વન્તૃ] વિ. દાન દેનારું; શાસન કરનાર.

જંતામર ન. નાસ કે ખાડ લેવા માટે કરેલુ એક જાતનું ઘરેણું.

જંતી ૧. સ્ત્રી. તાર ખેંચવાનુ ઓજાર.

૨. સ્ત્રી. પચાગ, ટીપણું.

૩. સ્ત્રી. માતા; મા.

જંતુ ૧. [સ.] પું. (પુરાણ) એ નામનો અક રાજા. તેના વા જાત જાતની ઉત્પત્તિ થઈ મનાય છે

૨. પું. (પુરાણ) પ્રથમ; સોમવશી પુરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર નીલના વશમા જન્મલ એ નામનો એક રાજા; દ્રુપદનો પિતા.

૩. પું. મનુષ્ય; અવિદ્યાના દોષથી દેહાભિમાની જીવ

> ઇદ્રિયોના અન અક, મનથી બુદ્ધિ ઉત્તમ,
> બુદ્ધિથી મહત કહ્યું, તેથી પ્રકૃતિ પર.
> પ્રકૃતિથી રહે આત્મા જે અવિદ્યા આપ,
> જે બનેલું જંતુ પામે છે, મુક્તિ પર અમૃતને.
> કઠોપનિષદ અનુશોધન

૪. પું. (પુરાણ) સોમવશી પુરુકુલોત્પન્ન સોમક રાજાના સો માહેનો મોટો પુત્ર.

૫. પું., ન. જન્મ લેનાર જીવ; પ્રાણી; જનાવર.

૬. પુ., ન. નાનો જીવ; ક્ષુદ્ર જીવડું; અત્યત જીણો પરમાણુ જેવા જીવ; હલકી જાતનુ પ્રાણી.

જંતુક [સં.] ન. જંતુ, પ્રાણી.

જંતુકંબુ [સ.] પું. એક જાતનું શખલું; શંખનો પાડા; એક જાતનો છીપ.

જંતુકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની હિંગ.

૨. સ્ત્રી. ડીકામારી. તે બાવાથી પેટ માહેના કરમ કાઢા વાટે બહાર નીકળી જાય છે.

૩. સ્ત્રી. લાક્ષા; લાખ.

અંતુપ્રા ૧. [સ.] ન. કીડાને મારી નાખનાર ઔષધ
૨. ન બિનેરૂં
૩. ન. વાવડિંગ.
૪. ન. હિંગ.
૫. વિ. અંતુનો નાશ કરે એવું; અંતુનાશક; કૃમિઘ્ન.

અંતુની ૧. [સં.] સ્ત્રી બિનેરૂં.
૨. સ્ત્રી. વાવડિંગ.
૩. સ્ત્રી. હિંગ.
૪. વિ. સ્ત્રી. અંતુનો નાશ કરનારી.

અંતુજન્ય [સ.] વિ અંતુથી ઉત્પન્ન થતું. ચેપી.

અંતુદશા [સં.] સ્ત્રી. અંતુ જેવી સ્થિતિ.

અંતુદેહ [સં] પું. અંતુઓનું શરીર.

અંતુનારાક જુઓ અંતુઘ્ન.

અંતુનારાન ૧. [સં] ન. વાવડિંગ.
૨. ન. હિંગ.

અંતુનીક ન. પક્ષીનું રહેઠાણ; પક્ષીનું ઘર; માળો.

અંતુપાટી સ્ત્રી. ઝાળતો.

અંતુપૂજન [સં.] ન. પ્રાણીઓની પૂજા કરવી તે.

અંતુપ્રતિબંધક [સં.] વિ. અંતુઓને અટકાવનારું

અંતુપ્રતિબાધક જુઓ અંતુપ્રતિબંધક.

અંતુફલ ૧. [સં.] પું. અંજીરનું ઝાડ.
૨. પું. ઉંબરો; ગુલરનું ઝાડ.

અંતુભક્ષક [સં.] વિ. અંતુનું ભક્ષણ કરનાર, અંતુઓ ખાઈ જનાર.

અંતુમણિ સ્ત્રી. શરીરે નીકળતું ગાંગડું.

અંતુમતી [સં.] સ્ત્રી. પૃથ્વી.

અંતુમારી [સં.] સ્ત્રી રોગચાળો

અંતુરસી સ્ત્રી. અંતુમાંથી બનેલી ઢાલવામાં આવેલી રસી. તે ઇન્જેક્શન આપવાના કામમાં આવે છે.

અંતુરહિત વિ. અંતુ વગરનું.

અંતુલા [સં.] સ્ત્રી. એક જાતનું માસ; કાસડો.

અંતુવંત વિ જીવડાવાળું

અંતુવાદ પું. અંતુ વડે દરદ થાય છે અને ફેલાય છે એવો સિદ્ધાંત.

અંતુવિજ્ઞાન [સં.] ન. અંતુ સંબંધી વિજ્ઞાન, 'બૅક્ટીરિયોલૉજિ'.

અંતુવિદ [સ અંતુવિદ્] વિ અંતુ સંબંધી જ્ઞાન ધરાવનાર.

અંતુવિદ્યા ૧. સ્ત્રી. અંતુ સબંધી જ્ઞાન; અંતુ સબંધી વિદ્યા; અંતુઓની ઉત્પત્તિ, તેનાથી રોગમા થતો વધારો તથા લોહીમાં થતો બગાડ વગેરે સબંધી વૈજ્ઞાનિક જ્ઞાન; 'બૅક્ટીરિયોલૉજિ'. અંતુઓ સબંધી સૂક્ષ્મદર્શક યંત્રની સહાયથી વૈજ્ઞાનિક બાબતોમાં એવી શોધ થઈ છે કે કેટલાક ઊંડા રોગ અત્યંત ભારીક જુલ્લી હવામાં ઊડતા અંતુઓ મારફત ઉત્પન્ન થાય છે, તેમ લોહીમાં પણ એવા અંતુઓ દાખલ થઈ વધી તેને વિકારી બનાવે છે. વેદમાં અંતુવિદ્યા લક્ષણ જેવા જ સ્વરૂપમાં વર્ણવેલી છે.
૨. [સં] સ્ત્રી. અંતુ સંબંધી શાસ્ત્ર; અંતુ સબંધીનું પુસ્તક.

અંતુવિનારાક [સં] વિ. અંતુને હરનાર; અંતુનો નાશ કરનાર.

અંતુવેત્તા [સં. અંતુવેત્] વિ. અંતુ સંબંધી જ્ઞાન ધરાવનાર

અંતુશાસ્ત્ર જુઓ અંતુવિદ્યા.

અંતુશાસ્ત્રી પું. અંતુશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર મનુષ્ય.

અંતુસૃષ્ટિ [સં.] સ્ત્રી. અંતુની બોબાદ.

અંત્ર ૧. પું.; ન. આંતરડું; હરિયાર; ઓજાર; કળ.
૨. પું; ન. એક જાતનું તંતુવાદ્ય; વાજિંત્ર; સિતાર
૩. પું.; ન. અંતર; યંત્ર; તાંત્રિક આકૃતિ; તાંત્રિક યંત્ર.
૪ પુ., ન. ભઠ્ઠું.
૫. પું; ન. તાંત્રિક આકૃતિ કે અક્ષરવાળો કાગળ કે પતરું; તાવીજ; ભદ્રાક્ષ મંતરેલી ચોકી, તાંત્રિક યંત્ર; ધાતુ કે ભોજપત્ર ઉપર આલેખી પાડીને મંત્ર વગેરે લખેલું ચમત્કારિક સાધન માટેનું યંત્ર; ભદ્રાક્ષ અક્ષર કરે એવું અમુક આકારનું માદળિયું.
૬. પુ.; ન. ઘડીની ઘડી; ઘડતી ક્રિયાથી સમય જણાવવા માટેનું યંત્ર. ઘડિયાળ
૭ ન ઠોઠા [ ] ગણતરીની તખતી.
૮ ન યમ, સંયમ.
૯ ન યોજના, રચના, ગોઠવણ, પુરિત.
૧૦. ન હાયોગી.
૧૧ ન નીચ; પ્રખર; ખાસું આકરું; સખત.

અંત્રઘાડા (અત્રઘોડો) પું. ગેસીને પણ હલાવીને ગલાવવાની ગાડી.

અંત્રગોડી (અત્રગેડી) સ્ત્રી. વેચવાળી ગેડી.

અંત્રજધ્યાલુ પું. ખરા બપોર; બરોબરી ધીકતો બપોર.

અંત્રમંત્ર ન. ઠોરાધાગા; જંતરમંતર; વશ કરવાના ભેદો; જંતર અને મંત્ર.

અંત્રમંત્રવિદ્યા સ્ત્રી. જંતરમંતર કે ઠોરાધાગા કરવાની વિદ્યા

અંત્રરાજ પું. મુખ્ય યંત્ર; સૌથી મોટું યંત્ર.

અંત્રાના પું. દુઃખ; બળતરા; સકટ

અંત્રિત ૧. વિ. ભરેલું.
૨. [સ.] વિ. યંત્રિત.

અંત્રી ૧. પું. જંતરવાનું તાવીજ.
૨ પું. જંત્ર કરનાર માણસ; માદળિયું કે તાવીજ બનાવી આપનાર માણસ; રોગ કાઢવાને માટે જંતર કરી આપનાર માણસ.
૩. પું જંત્ર વગાડનાર માણસ; વાજું વગાડનાર વ્યક્તિ
૪ પું. બાજગર, ખેલાડી.
૫. પું. મદારી
૬. પું યંત્રવિદ્યા જાણનાર આદમી; ઇજનેર.
૭. સ્ત્રી. અમુકઠમણિયા; સાત્રળિયું.
૮. સ્ત્રી. અમુક બાબતના આંકડાઓ ગણી રાખીને તૈયાર કરેલો કોઠો; તૈયાર ગણતરીની તખતી; કોષ્ટક; તૈયાર ગણતરીનો કોઠો.
૯. સ્ત્રી. ઘાસણ.
૧૦ સ્ત્રી. યુક્તિ; યોજના; રચના; ગોઠવણ.
૧૧. સ્ત્રી. વાળી બેસવાની પાટલી, વાળો બેસવાનું યંત્ર
૧૨. ન. ઓજાર; હથિયાર; સાંચો.
૧૩. ન. ભદ્રાક્ષ ચોકી; મંતરેલી ભાગ્યવાળી ચોકી.
૧૪. ન. પત્થર બનુવાના કોઠાની ચોપડી.
૧૫ ન. પંચાંગ.
૧૬. ન. સંખ્યાના ચત્રા; ગણનાકળ.
૧૭. ન. સિતાર જેવું એક તંતુવાદ્ય; જંતર; બીન.
૧૮ વિ નીચ, પ્રખર; ખૂબ આકરું.
૧૯ વિ. પીડિત કરનાર, અકડબંધ કરનાર.

અંત્યા અ. જે રીતે, જેમ.

અંદ ૧. પું. પારસીઓનો અત્યંત પ્રાચીન ધર્મગ્રંથ જેની ભાષા વૈદિક ભાષાને મળતી છે તેના શ્લોકને ગાથા અથવા મંત્ર કહે છે. તેના છંદ અને દેવતા વેદોના છંદ અને દેવતાઓને મળતા છે.
૨. [ફા.] સ્ત્રી. (ઈરાની અસલી ભાષા)] સ્ત્રી. સંસ્કૃતને મળતી ઈરાનીઓની એક ભાષા; અવસ્તાની ભાષા; જંદ. સંસ્કૃત સ નો જંદમાં હ થઈ ગયો છે. જેમકે, અસુર–અહુર =

પરમેશ્વર, સોમ-હોમ = વનસ્પતિ, સમ-હોમ સાત, સેના હેના = ફોજ છ અને હ નો જ થયો છે. જેમકે, છઠ્ઠ-વેદ = અથર્વવેદ, હસ્ત-જસ્ત = હાથ, હોતા જોતા = હવન કરનાર, આહુતિ આજુતિ = આહુતિ, આહુ-આજુ = હાથ, અહિ અજિ = સર્પ. શ નો સ થાય છે જેમકે. વિશ વિસ = મસાર, અશ અસ્પ = ઘોડો. ઘણા શબ્દો એમ ને એમ છે. જેમકે, જિહ્વા અજા, પશુ, ઉક્ષન્, યજ, વૈદ્ય, વાયુ. કપુ, રથ, માધર્વ, માથા, કષ્ટિ.

૩. ન. જ્ઞાન; જીવન; પ્રાણી

૪. ન. ભૂત; પિશાચ; જીન.

જંદઅવસ્તા [ફા. જિંદ + ઉસ્તા] ન જરથોસ્તી ધર્મગ્રંથનું અસલ જૂદ ભાષામાં લખાયેલું પુસ્તક; જરદાવસ્તા

જંદર સ્ત્રી. ઘટી. મુસલમાન લોકો આ શબ્દ બોલે છે

જંદરા પું. પંજા; કાગ.

જંદહરદે અ. છૂટા છૂટક.

જંદાવસ્તા જુઓ જંદઅવસ્તા.

જંદેલી ૧. [સં. યજ્ઞોપવીત] પું. (હિંદી) જનોઈ.

૨. પું. પુજાની વસ્તુ.

જંદો ૧. પું એ નામનો એક દુષ્ટ રાજા. જરાસંધ એનો વેશ કાઢે છે તે જંદાસુરવધના વેશ કહેવાય છે.

૨. પું. મફતી હાડ કરી અથવા લાચણ નાખીને માગનારો મનુષ્ય

૩. [ફા. જિન્દા (જીવતો)] પું. દુષ્ટ પુરુષ; જાદુગરીનો એક વેશ; ભાડે, લઢ ને ભોજનના કરવે ઉપજાવેલ માણસ

જંધર સ્ત્રી. (કચ્છી) ઘટી.

જંનત ૧. [અ] સ્ત્રી. બગીચો, જેની જમીન અતિશય વૃક્ષોને લીધે દેખાય નહિ એવો બગીચો

૨. સ્ત્રી સ્વર્ગ

જંપ ૧. [અં.] પું. કૂદકો; ઠેકડો.

૨. પું. જરાતરા નિદ્રા.

૩. [સં. જલ્પ; અથ. જંપર્ષ] પું. શાંતિ, નિરાંત; આરામ, શાન્ત., સ્વાસ્થ્ય નિર્જરતા.

૧. જંપ વળવો = શાંતિ વળવી; સ્વાસ્થ્ય પ્રાપ્ત થવું

૨. સંપ સાં જંપ = એકતા હોય ત્યાં શાંતિ કે સ્વાસ્થ્ય હોય.

જંપતિ ન. એક જાતનું પ્રાણી.

જંપતી [સ. દંપતી] ન બ.વ. પતિપત્ની; વરવહુ; ધણીધણિયાણી; દંપતી, જાયાપતિ

જંપર ન. ઘેરવાળી સિલાઈનું પોલકું. આ જાતનું પોલકું લાંબુ ગબ્બામાં આવતું હોવાથી ચોટનો ભાગ દેખાતો નથી.

જંપલાવવું અ.ક્રિ. એકદમ પાણીમાં કરીને પડી પડવું, વધુ વિચારે કરવું; જાણ્યા મીંચીને પડતું મૂકવું, ઝંપાપાત કરવ

જંપવારો પું. રાંતિ.

જંપવું ૧. અ. ક્રિ. ઊંચવું

જંપી જવું = ઊંઘી જવું.

૨. [સ જલ્પ] અ. ક્રિ જલ્પવું; બોલવું, કહેવું

૩. અ. ક્રિ. નિરાંત વાળવી, શાંત પડવું

૪. [સં શમ્] અ. ક્રિ. નિરાંતે રહેવું, વિરમવું, સ્વસ્થ બેસવું.

૫. અ. ક્રિ. જાય પડી જવું; હિંમત કરતાં બંધ થવું.

૬. અ. ક્રિ. વાગવું.

જંપાણ ન. પાલખી.

જંપાપાત [સં. ઝંપા (કૂદકો) + પાત (પડવું તે)] પું. કૂદકો મારીને પડવું તે; ઝંપાપાત; પડતું મૂકવું તે, કૂદકો, ઝુમ્પો

જંપાવું અ. ક્રિ. જંપવાની ક્રિયા થવી.

જંપાવૃગ હેર [અં.] પું. દક્ષિણ અમેરિકામાં થતું એક જાતનું સસલું. તે બે ફૂટ લાંબુ, લાંબી પૂછડીવાળું પ્રાણી છે. ઠેકવામાં તે બહુ પ્રખ્યાત છે અને તેને લીધે જ તેનું આ નામ પાડવામાં આવ્યું છે. તે ૩૦ ફૂટની લાંબી કાળ ભરી શકે છે.

જંબ ૧. [અ] પું. દેશ.

૨ સ્ત્રી. જાંબુ

જંબક [મુ.] ન. એક જાતનું ફૂલઝાડ.

જંબનરો ન. લીંબુનું ઝાડ.

જંબનાહિનો સ્ત્રી. એ નામની જંગલ્યા.

જંબા જવું સ.ક્રિ. જમવા જવું; આવા જવું.

જંબાઝ વિ. સાહસિક, હિંમતવાન

જંબાલ ૧. [સં.] પું. કાદવ; પંક, કીચડ.

૨. પું. કેતકીનો છોડ.

૩. પું. કેવડાનું ઝાડ.

૪. પું. જરાયુ; બચ્ચાને વીંટળાયેલું પાતળું પડ; ઓર.

૫. પું. શેવાળ.

જંબાલા [સં.] સ્ત્રી. કેતકીનો છોડ.

જંબાલિન સ્ત્રી. કાદવવાળી કે શેવાળવાળી નદી.

જંબિયો પું. જમૈનો; કટાર.

જંબિર જુઓ જમ્બીર ૨ ૪.

જંબિરમ સ્ત્રી. એક વનસ્પતિ; લિંબો. શરીરની અંદરના રક્તસ્રાવ અને ચામડીના સોજા ઉપર તે અસરકારક ગણાય છે ઉન્માદને લીધે વધી જતા હૃદયના ધબકારામાં જંબિરમનો રસ આપવામાં આવે છે. તે મરડાને મટાડે છે. જમાલગોટા વગેરે ઝેરના મારણ તરીકે પણ તેનો રસ પાણી સાથે મેળવી આપવામાં આવે છે. તેનાથી ઝાડા, ઊલટી અને બીજા ઝેરની અસર નાબૂદ થાય છે. આ રસ આપ્યા બાદ એરંડિયું તેલ અપાય છે. મચ્છરના કરડને નાબૂદ કરવા તેનો રસ રાત્રે સૂતાં પહેલાં શરીરે ચોપડાય છે.

જંબિરા [ફા.] પું. કટાર, જમૈયો.

જંબીર ૧. પું. ચૂનો.

૨. [સ.] પું. ધોળા મરવાનો છોડ; અજંજનુ વૃક્ષ.

૩. પું. બીજોરાનું ઝાડ.

૪. ન. એક જાતનું લીંબુનું ઝાડ.

૫. ન. વનતુલસી.

જંબીરાસવ પું. પાકેલા લીંબુમા ઔષધિ નાખી બનાવેલ એક પ્રકારનો રસ. અરોળી, ગોળો, વિદ્રધિ, કૃમિ, વગેરે રોગ ઉપર તે અપાય છે.

જંબીરી સ્ત્રી. લીંબુની એક જાત

જંબીરી લીંબુ ન. એક જાતનું લીંબુ. તે કાગદી લીંબુ કરતાં મોટાં હોય છે. તેની છાલ ઉપર દાણાદાણા હોય છે. તે કાચું હોય ત્યારે કાળાશ પડતા ઘેરા લીલા રંગનું હોય છે અને પાકે છે ત્યારે પીળું થાય છે.

જંબીલ [ફા.] સ્ત્રી. ખજૂરીનાં પાંદડાની ચૂપેલી ઝાલી.

જંબુ ૧. [સં.] પું. (જૈન) ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર સુધર્મા સ્વામીના પ્રથમ શિષ્ય. તેમણે ૬૪ વર્ષની ઉંમરે વીર સંવત ૬૪ માં મોક્ષ મેળવ્યો. તેમણે ૪૪ વર્ષ સુધી ધર્મોપદેશ આપ્યો હતો. તેમણે ૫૫ ગ્રંથોની રચના કરી હતી. તેમના ગુરુ સુધર્મા સ્વામીએ તેમને ૮ વર્ષની ઉંમરે દીક્ષા આપી હતી. તેમણે ૨૦ વર્ષ સુધી ગુરુની સેવા કરી હતી

અ. નદીના બંને આજુના કિનારાની પાકો માટી જંબુનદ નામના સોનાથી ઓળખાય છે
૬. ન એ નામની જાતિનું માણસ.
૭. ન. જબુસર તરફના વાહિયા અને ખારાપાટી જાતિનું મ.ણસ.
૮ ન જંબુનું ઝાડ.
૯ ન જંબુનુ ફળ.
૧૦ ન પ્રાચીન હિંદનું એક શહેર.
૧૧. ન., જંબુસર તરફના વાહિયા અને ખારાપાટી જાતિનુ.

જંબુક ૧. [સં] પું. (પુરાણ) એક ઋષિ. દધીચિ નામના સમયમાં એણે બધે વર્ણની મેળા કરવાનો ધર્મ મૂકીને બ્રાહ્મણ આદિની પેઠે તપ કરવાનો પરધર્મ અંગીકાર કર્યો. એ અધર્મને લીધે અયોધ્યામાં એક બ્રાહ્મણના પુત્રનુ અકાળ મૃત્યુ થયું. તેથી તે બ્રાહ્મણ રામની પાસે આવીને પુત્રકાળ બોલી ગયો. પુષ્પક વિમાનમાં બેસી રામ તપાસ કરવા જતા હતા ત્યારે એમણે આ શૂદ્રને તપ કરતો જોયો. રામે એને તત્કાળ દેહાંત સજા કરીને વધ કર્યો. સજા આપતાં જ પેલા બ્રાહ્મણનો પુત્ર સજીવન થયો.
૨. પું. કાર્તિક સ્વામીનો એક અનુચર.
૩. પું કેવડો; સુવર્ણ કેતકી.
૪. પું. વરુ.
૫. પું. શિયાળ; કોલું
૬. પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે આવેલ એક તારાસમુદાય; એ નામનું નક્ષત્રમંડળ. તેનો આકાર શિયાળ જેવો છે. વિષુવાંશ ૨૮૦થી ૩૨૦ અને ઉત્તર ક્રાંતિ ૨૦થી ૩૦ સુધીમાં આ તારામંડળ આવેલું છે.
૭. પું. (સંગીત) શિયાળની માફક ઊંચે ધુબાવી ગાવું તે. સંગીતમાં આ દોષ ગણાય છે.
૮. ન. જંબુનું ઝાડ.
૯. ન. જંબુનું ફળ
૧૦. ન ફ્રેંચોનાક પક્ષ; અરડૂસો. સિંધ, અફઘાનિસ્તાન અને ઈરાનમાં તે ઊગે છે. એની છાલ કડવી છે. તેનાં ફળ ઔષધની જગ્યાએ વપરાય છે. ફળમાંથી એક પદાર્થ બનાવાય છે તેને આના કહે છે.
૧૧. વિ. નીચ; અધમ.

જંબુકપ્રિય ન. બૃહસ્પ.

જંબુકેશ્વર ૧. પું. એ નામનું એક તીર્થ
૨. [સં.] પું. શિવનું એક નામ.
૩. ન. ત્રિચિનાપલ્લી અને શ્રીરંગમની વચ્ચે આવેલ તિરુવન પ્રકાશલનું પ્રાચીન નામ.
૪. ન. શ્રીરંગમ ટાપુમાંનું એ નામનું એક મંદિર.

જંબુખંડ ૧. પું. જંબુદ્વીપ.
૨. પું. (ભૌ૬) ભારતવર્ષ.
૩. પું. (પુરાણ) મેરુ પર્વતની આજુબાજુ આવેલા સાત માહેનો એ નામનો એક ખંડ.

જંબુચર્યાપતિ પું. એ નામનો એક ગ્રંથ. નરસિંહરાવ ભોળાનાથે તેના ભાષાંતરમાં ઢાળ અને વલ્લણોનો ઉપયોગ કર્યો છે.

જંબુદ્વીપ [સં. જંબુદ્વીપ] પું. (ભૂ. ગો.) એશિયાનું પ્રાચીન નામ.

જંબુદ્વીપ પું (પુરાણ) સાત માહેનો એક દ્વીપ. પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંઓ વડે સાત સમુદ્રની રચના થઈ છે, જેથી આ ભૂમિના જુદા જુદા સાત દ્વીપો થયા છે તે સાત માહેનો એક લાખ યોજન વિસ્તારવાળો ગોળ પટ છે. આ જંબુદ્વીપમાં નવ ખંડ આવેલા છે. તે દરેક નવ નવ હજાર યોજન વિસ્તારવાળા છે અને આઠ મર્યાદાના પર્વતોથી સારી રીતે વિભાગ પામેલ છે. નવ ખંડોની વચ્ચે [illegible] મધ્યમાં છે તેની વચ્ચે આઠો સોનાનો આ પર્વત આવેલો છે. [illegible]ની ઉત્તરે રમ્યક, હિરણ્મય તથા કુરુ નામે ખંડો છે. તે અનુક્રમે નીલ, શ્વેત તથા શૃંગવાન પર્વતના સીમાડાથી જુદા પડ્યા છે. ભારતથી દક્ષિણે હરિવર્ષ, કિંપુરુષ તથા હેમકૂટ આવેલા છે તે અનુક્રમે નિષધ, હેમકૂટ તથા હિમાલય પર્વતના સીમાડાથી જુદા પડેલ છે. ભારતથી પશ્ચિમે તથા પૂર્વે અનુક્રમે કેતુમાલ તથા ભદ્રાશ્વ ખંડ આવેલા છે. તે અનુક્રમે માલ્યવાન તથા ગંધમાદન પર્વતના સીમાડાથી જુદા પડેલ છે પર્વતો તથા ખંડો મળીને જંબુદ્વીપનો કુલ વિસ્તાર દરેક દિશામાં આઠેક લાખ યોજન એમ બારે લાખ યોજનનો છે. કેટલાક વિદ્વાનો આ જંબુદ્વીપના બીજા પણ આઠ ઉપદ્વીપ કહે છે સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ તથા લંકા જંબુદ્વીપમાં આવેલું જંબુનું ઝાડ અગિયારસો યોજન ઊંચું અને અગિયારસો યોજન ડાળાઓના વિસ્તારવાળું છે અને થડમાં એકસો યોજન જાડું છે. આ જંબુના ઝાડ ઉપરથી જ આ દ્વીપનું નામ જંબુદ્વીપ પડ્યું છે. આ ઝાડનાં હાથીના શરીર જેવડાં મોટાં ફળ ઉપરથી પડવાથી ફાટી જતાં તેના રસમાંથી જંબુ નામની નદી બને છે અને તે નદીની બાકી માટી જાંબુનદ નામના સોના રૂપે તૈયાર થાય છે, તે દેવ લોકો અલંકારરૂપે વાપરે છે. તેનો આકાર કમળના પત્ર જેવો સમવર્તુલ છે અને તેની આસપાસ લવણ સમુદ્ર વીંટાયેલો છે. આજવતના પાંચમા સ્કંધમાં અને બીજા પુરાણોમાં આની વિશેષ વિગત છે. જ્યોતિઃશાસ્ત્રના મત પ્રમાણે આગ સમુદ્રની ઉત્તર દિશાએ જંબુદ્વીપ આવેલો છે તે ભૂમિના અર્ધભાગ જેટલો છે બીજા છ દ્વીપ રહ્યા તેની વચ્ચે સાત સમુદ્રો આવેલા છે વલ્લ જે અનુમાન મત ઊભો થયેલો છે તે પ્રમાણે જંબુદ્વીપમાં એશિયા અને યુરપનો મધ્ય ભાગ અને તેમાના દેશો ગણાય છે. વિશ્વમંગલના ભાગવતાંકમાં જંબુદ્વીપની આધુનિક ભૌગોલિક પરિસ્થિતિ વગેરે એમ દર્શાવે છે કે: દેશ- ૧. હિમવર્ષ હિંદુસ્તાન. ૨ કિંપુરુષ-તિબેટ, ૩. હરિવર્ષ ચીન, ૪. ઇલાવ્રત ઓક્સિયાંગ અને મોંગોલિયનો અમુક ભાગ, ૫. રમ્યક-પશ્ચિમ સાઈબિરિયા. ૬ હિરણ્મય મધ્ય સાઈબિરિયા અને બૈકલ સરોવરની ઉત્તરનો પ્રદેશ. ૭. ઉત્તરકુરુ-પૂર્વ સાઈબિરિયા. ૮ ભદ્રાશ્વ-એંડરિયા અને પ્રાંતર મંગોલિયનો પ્રદેશ. ૯ કેતુમાલવર્ષ થિયાનશાન પર્વત અને કાસ્પિયન સમુદ્ર વચ્ચેનો મુલ્કાર, મધ્ય એશિયા વગેરે ગ્રહણ કરેલો પ્રદેશ. પર્વત ૧. હિમવત હિમાલય, ૨. હેમકૂટ પામીર અને પનકાર્ડ, ૩ નિષધ મીનસીક, ૪. મેરુ-આલ્તાઈ, ૫ નીલ તનકાંગત ઈ ૬. શ્વેત-અલ્તાઈ, ૭. શૃંગવાન વરખોયાન્સ્ક અને કોલેમોવની ઉત્તરે આવેલ પર્વતમાળા. ૮. મંદર-ખીંગન, ૯. પરિયાત્ર આલા. નદી-૧. અલકનંદા-બ્રહ્મપુત્રા. તે હિમવાનની તળેટીમાં થઈ હેમકૂટના શિખરો પાસે થઈ ભારતવર્ષ તરફ વહે છે અને દક્ષિણ સમુદ્ર એટલે હિંદી મહાસાગરને મળે છે. ૨. સીતા-દોઆંગહો તે ગંધમાદન એટલે કયુનલુન પર્વત ઉપર થઈ ભદ્રાશ્વની મધ્યમાં વહે છે અને પૂર્વ સમુદ્ર એટલે પેસિફિક મહાસાગરને મળે છે. ૩. ચક્ષુસ-આમુર. તે માલ્યવાન થિયાનશાન પર્વતમાંથી નીકળી કેતુમાલ તરફ વહે છે અને પશ્ચિમ સમુદ્ર એટલે કાસ્પિયન અને એરલ સમુદ્રને મળે છે. ૪. ભદ્રા-લીના. તે મેરુ એટલે આલ્તાઈ પર્વતના ઉત્તર પ્રદેશના શિખરોમાંથી નીકળી શૃંગવાનની બાજુએ થઈને ઉત્તરકુરુ તરફ વહે છે અને ઉત્તર સમુદ્ર એટલે આર્કટિક સમુદ્રને મળે છે.
૨. પું (જૈન) લવણ સમુદ્રથી ઘેરાયેલો એ નામે પહેલો દ્વીપ. તે એક લાખ જોજન લાંબો તથા પહોળો છે.
૩. પું. હિંદુસ્તાન; ભારતવર્ષ.

જંબુદ્વીપપતિ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.

જંબુદ્વીપપન્નત્તિ [પ્રા.] સ્ત્રી. (જૈન) એ નામનું એક કાલિક સૂત્ર. તેમાં જંબુદ્વીપનું વર્ણન કરેલુ છે.

જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ જુઓ જબુદ્વીપપ્રજ્ઞપ્તિ.

જંબુદ્વીપીય વિ. જબુદ્વીપનું.

જંબુનદી ૧. સ્ત્રી. (પુરાણ) મેરુની પશ્ચિમના આમમાં આવેલ ચંદ્રપ્રભ નામના સરોવરમાંથી નીકળતી એ નામની એક નદી.

૨. સ્ત્રી. (પુરાણ) સ્વર્ગંગાના સાત મહા પ્રવાહમાનો એ નામનો એક પ્રવાહ.

જંબુપ્રસ્થ ન. (પુરાણ) એ નામનું એક પૌરાણિક શહેર. કૈકેય દેશથી અયોધ્યા આવતા ભરતના રસ્તામાં આ શહેર આવ્યું હતું. કેટલાક લોકો એવું અનુમાન કરે છે કે હાલનું કશ્મીરમાં આવેલું જમ્મૂ તે આ શહેર છે

જંબુફળ ન. જાંબુ, જાંબુનું ફળ.

જંબુમત [સં.] પું. એક વાનરનું નામ. તેને જાંબવાન પણ કહે છે.

જંબુમતિ સ્ત્રી. એ નામની એક અપ્સરા.

જંબુમાર્ગ ૧. પું. પુષ્કર અને આબુ પર્વતની મધ્ય આવેલો એ નામનો પ્રાચીન દેશ.

૨. ન. (પુરાણ) એ નામનું એક પવિત્ર સરોવર.

જંબુમાલી ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. એ માલ્યવાને હાથે મરાયો હતો.

૨. પું. (પુરાણ) લંકાના પ્રહસ્ત નામના રાક્ષસ મંત્રીનો એ નામનો પુત્ર. મારુતીએ અશોક વાટિકા ઉજાડી તે વખત મારુતી સામે એને રાવણે મોકલ્યો હતો. આ રાક્ષસ પણ મારુતીને હાથે મરાયો હતો.

જંબુર ૧. ન. એક જાતનું તીર.

૨. [જા. જંબૂર (મધમાખી)] ન. મધમાખી.

૩. ન. સુતારનું માટેનું બીજા જેવી મોટવાનું ઓજાર; સુવા.

જંબુરા ૧. ન. એક પ્રકારનું હથિયાર.

૨. [જા. ઝંબુરા] ન. નાની તોપ.

જંબુરી ૧. સ્ત્રી. ઉજણી.

૨. સ્ત્રી. ઢેલ કે ઢોલવાદક દેહોના બાજવીરોની જેગી બનેલી મંડળી. અમેરિકન ઈન્ડિયન લોકો આ શબ્દ ઉજણી માટે વાપરે છે. હાલમાં બાજવીરો બધી પ્રજાના બાજવીરોના જેગા મળવા માટે વાપરે છે. પહેલી જબુરી ઈ. સ. ૧૯૨૦માં સંતમાં ઓલિમ્પિયામાં થઈ હતી.

જંબુરું વિ. હાથોરનું.

જંબુરો ૧. પું. બીજા મોટવાનું ઓજાર.

૨. પું. નાની તોપ.

૩. પું. બાજરાનો મોટનીશ.

જંબુલ ૧. [સં.] પું. મધુપાલી નામનો રોગ.

૨. પું. કેતકીનું ઝાડ.

૩. પું. કેવડાનું ઝાડ.

૪. પું. જાંબુનું ઝાડ.

૫. પું. (જૈન) જાંબુવૃક્ષના આકારનો એક રત્નમય શાશ્વત પદાર્થ. તેને લીધે આ દ્વીપ જબુદ્વીપ કહેવાય છે.

૬. ન. વરપક્ષ અને કન્યાપક્ષનાં પરિહાસવચન.

જંબુલતા સ્ત્રી. એક વનસ્પતિ; જાંબુલ. જબુલતામા મધુપ્રમેહને નાબૂદ કરવાનો ગુણ છે. તેનાં બી અને છાલ મહારોધક મનાય છે. મૂત્રમાં જતી સાકરનું પ્રમાણ જાંબુડાં ખાવાથી તરત ઓછું થવા માંડે છે.

જંબુવૃક્ષ ન. જાંબુનું ઝાડ.

જંબુસરી ૧. સ્ત્રી. એક જાતની રાબ

૨. સ્ત્રી. ખારણની એક જાત.

૩. વિ. જંબુસર ગામનું.

જંબુસ્વરસ [સં.] પું. (વૈદક) જાંબુનાં પાકેલાં કે પાકવા આવેલાં ફળનો રસ.

જંબુસ્વામી [સં જંબુસ્વામિન્] પું. (જૈન) એક જૈન ઋષિવરનું નામ તમના જન્મ ઐતિહાસિક રાજત, સમયમા, ઋષભદત્ત શેઠની ધો ધારિણીની કુખે થયો હતો. તે સુધર્મસ્વામીના શિષ્ય હતા. તેમને એક સાથે આઠ સ્ત્રી પરણાવી હતી. રાત્રે તેમણે આઠે સ્ત્રીને ઉપદેશ આપી વૈરાગ્ય ઉત્પન્ન કરાવ્યો. સવારે તેમણે પોતાનાં માતપિતા, પોતાની આઠ સ્ત્રી, આઠ સ્ત્રીનાં માતપિતા વગેરે સાથે સોળ વર્ષની ઉમરે દીક્ષા લીધી હતી. તે ઉલ્લા કેવળજ્ઞાની સાધુ છે.

જંબુસ્વામીરાસ પું. (જૈન) સુધર્માસ્વામીના શિષ્ય જંબુસ્વામીના ચરિત્રને લગતું રાસાનું પુસ્તક. આ પુસ્તક ભદ્રેશ્વરિના શિષ્ય ધર્મે સવત ૧૨૧૬માં રચેલું છે. ગુજરાતી ભાષામાં અત્યારસુધી મળી આવેલા રાસામાં આ સૌથી જૂનો મનાય છે.

જંબૂ ૧. પું. (પુરાણ) પૃથ્વીનો એ નામનો એક ભાગ. જબુની પૃથ્વી ઉપર એકસરખો પ્રકાશ પડે અને મેરુના પડછાયા વડે અંધારું ન થાય માટે પ્રિયવ્રત રાજા મેરુની આસપાસ ફર્યો હતો અને એના એમ ફરવાથી એના રથનાં પૈડાં વડે થયેલા ચીલાથી પૃથ્વીના સાત ભાગ થયા હતા. તેમાનો એક ભાગ જબૂ છે

૨. [સં. જમ્બૂ] પું. શિયાળ.

૩. પું. (જૈન) સુધર્માસ્વામીના શિષ્ય જબૂસ્વામી.

૪. સ્ત્રી. આકાશગંગાની સાત મોટી એ નામની એક ધારા.

૫. સ્ત્રી. જાંબુ.

૬. સ્ત્રી. મેરુમાંથી નીકળતી એ નામની એક પ્રાચીન નદી.

૭. ન. કશ્મીરનું એ નામનું એક પ્રસિદ્ધ નગર.

૮. ન. દૂધ મોહવાળું પાણીનું વાસણ; ગંધૂ.

૯. જુઓ જબુ.

જંબૂક ૧. ન. તારામંડળ.

૨. જુઓ જંબુક.

જંબૂકા સ્ત્રી. ક્રિસમિસ.

જંબૂખંડ જુઓ જબુખંડ.

જંબૂજગતિ સ્ત્રી. (જૈન) જંબુદ્વીપને ફરતો મઢ.

જંબુદ્વીપ [જા.] પું. જબુદ્વીપ

જંબૂદ્વીપ જુઓ જબુદ્વીપ.

જંબૂદ્વીપાધિપતિ પું. (જૈન) જબુદ્વીપનો અધિપતિ અનાદૃત નામનો દેવતા

જંબૂનદી સ્ત્રી. જાંબુના રસરૂપ પાણીવાળી એ નામની એક નદી; પુરાણાનુસાર જબુદ્વીપની એક નદી. જે જબુવૃક્ષ ઉપરથી જબુદ્વીપનું નામ પડ્યું છે અને જેનાં ફળ હાથી જેવડાં મોટાં થાય છે, તે જબુવૃક્ષના રસરૂપે આ નદી નીકળતી માનેલી છે. મહાભારતમાં આ નદીને સાત મહાનદી માંહેની એક ગણેલી છે અને તેને બ્રહ્મલોકમાંથી નીકળતી જણાવી છે.

જંબૂપ્રસ્થ જુઓ જંબુપ્રસ્થ.

જંબૂફલકાલિકા [સં. જમ્બૂ (જાંબુ) + ફલ (ફળ) + કાલિકા (દાદ)] સ્ત્રી. જાંબુડાના જેવી ફાળા જેવી મીંદરા.

જંબૂમાર્ગ જુઓ જબુમાર્ગ.

જંબૂમાલિકા ૧. [સં.] સ્ત્રી. વરકન્યાની મુખચંદ્રિકા.

૨. સ્ત્રી. વરપક્ષ અને કન્યાપક્ષનાં પરિહાસ વચનોનો સમૂહ.

જંબૂર ૧. [જા.] પું. પુરાણી એક નાની તોપ. તે ઊંટો ઉપર લાદવામા આવતી હતી.

૨. ન. બીજા જેવી મોટવાનું ઓજાર.

જંબૂરક [જા. ઝંબૂરક] સ્ત્રી. જંબૂર; નાની તોપ

જંબૂરચી [જા.] પું. તોપચી.

જંબૂરા ૧. સ્ત્રી. તોપ.

૨. ન. એક પ્રકારનું ઓજાર.

જંબૂરિયો પું. નાનો ઝેકરો.

જંબૂરી સ્ત્રી. એક જાતની કાંટાવાળી વનસ્પતિ.

જંબૂરો ૧. પું. એક જાતની નાની તોપ.
૨. પું. લુહારની સાડસી; લુહાર લાકડી.
૩. પું. ખાણિયાનો મદદનીશ છોકરો.

જંબૂલ ૧. [સં] પું. કેવડાનું ઝાડ.
૨. પુ. જાંબુનું ઝાડ.
૩. ન. વરપક્ષ અને કન્યાપક્ષનાં પરિહાસવચન.

જંબૂલક [સં.] પું. ઝાંબુ, લાબી ગોકળાળું પાણીનું વાસણ. કુજા.

જંબૂલમાલિકા ૧. સ્ત્રી. વરકન્યાની મુખચંદિકા.
૨. સ્ત્રી. વરપક્ષ અને કન્યાપક્ષનાં પરિહાસ વચનોનો સમૂહ.

જંબૂવતી [સ.] સ્ત્રી. શ્રીકૃષ્ણની એ નામની બીજી પટરાણી.

જંબૂસ્થન ૧. પું. એક કલ્પિત દ્વીપ.
૨ પુ. કૃષ્ણના સસરાનું નામ
૩. ન. મહાભારતમા જણાવેલું એક પર્વતમાનું પ્રાચીન વન.

જંબૂસરા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાસી માંહેની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

જંબૂસરી વિ. જાંબુસરનું

જંબૂસુદંસણા સ્ત્રી. (જૈન) સુદર્શન નામે જાંબુનું ઝાડ તેના ઉપરથી જંબુદ્વીપ નામ પ્રસિદ્ધ થયેલ છે.

જંબે અ. બે અબે; જબ જબ અબે.

જંબેજંબે અ. જબ અંબે ! જબ અંબે ! એવો પોકાર
જંબેજંબે કરવું = નામોશીકારક આનંદ ઉઠાવવો; જેલમાં આવી બોલવું.

જંબેરી ન. એક જાતનું ખટમીઠું ફળ.

જંબો પું. એક જાતનું પતઙ્ગિયું.

જંબોરો પું. ખાખરાર, 'રકાઉટ.'

જંબ્યાદિકષાય પું જાંબુની છાલ વગેરેનો ઉકાળો.

જંબ્વાદિચતુરસ પું (વૈદક) ઝાડો; રક્તાતિસાર, પિત્તાતિસાર અને ઊલટી ઉપર ઉપયોગી મનાતો એ નામનો રસ. જાંબુ, આમ્રો અને આમળા એ ત્રણનાં લીધાં પાંડા લઈ કૂટી તેનો રસ કાઢીને ગાળી રાખવાથી તે બને છે. તેની માત્રા બેથી ચાર તોલાની છે.

જંભ ૧. પું. જંઘા; ઢાલ.
૨. પું (પુરાણ) એક દૈત્ય; તારકાસુરના દસ પ્રમુખ અસુરોમાંનો એક. યુદ્ધમાં એ વિષ્ણુને હાથે માર્યો ગયો હતો.
૩. પું. એક દૈત્યનું નામ. તે મહિષાસુરનો બાપ હતો અને તેને છેટે માર્યો હતો.
૪. પું. જબીરી લીંબુ.
૫. પુ. દાંત.
૬ પુ. પ્રહ્લાદના ત્રણ ભાઈનો એ નામનો એક દીકરો.
૭. પું. (પુરાણ) ભાલિનો એ નામનો મિત્ર. યુદ્ધમા ઇંદ્રના વજ્રથી બલિ વિહ્વળ થયો ત્યારે આ સિંહ ઉપર બેસીને ઇંદ્ર સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. યુદ્ધમાં એને ઇંદ્રે મારી નાખ્યો હતો.
૮. પું. બિલ્લીરાનું ઝાડ.
૯ પું બકરાનો અવાજ.
૧૦. પું. બકરો.
૧૧. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર.
૧૨. પું. (પુરાણ) રાવણ પક્ષનો એક રાક્ષસ; સુદનો પિતા; તાટકા રાક્ષસીનો પતિ.
૧૩. પું. રાવણનો એ નામનો એક અનુચર.
૧૪ પું. હડપચી.
૧૫. પું. (પુરાણ) હિરણ્યકશિપુના બે ભાઈના પિતાનું નામ.
૧૬. પું. હિરણ્યકશિપુનો એ નામનો એક પુત્ર.
૧૭. પું. હિંસા.
૧૮. ન. એ નામનું એક ગામ; જામઠી.
૧૯ ન. બગાસું

જંભક ૧. [સં.] પું. એ નામનો એક કવિ.
૨. પુ. જબીરી લીંબુ.
૩ પુ શિવ
૪. વિ કામુક.
૫. વિ. બગાસું આનાર.
૬. વિ. ભક્ષક; ખાનાર.
૭. વિ, મારનાર; ઠાર મારનાર.
૮. વિ, હિંસક; હિંસા કરનાર.

જંભકવિદ્યા સ્ત્રી. હાથચાલાકી.

જંભજંકા [સં.] સ્ત્રી. બગાસું

જંભટ ૧. પું. એ નામનો એક રાક્ષસ.
૨. [મા.] પું. ત્રિપ્રસ્થોકમાં વસતા દેવતાની એક જાત; ભૂતપ્રેત.

જંભદ્વિષ [સં. જંભ (એક દૈત્ય) + દ્વિષ્ (દુશ્મન)] પું. ઇંદ્ર. તેણે જંભ નામના દૈત્યને માર્યો હતો.

જંભન ૧. [સં.] ન. બગાસું આવું તે.
૨. ન. ભક્ષણ.
૩. ન. ચૌર્ય; સંમોહન.
૪. ન. હિંસા કરવી તે.

જંભપાદ પું. ઉપલા જડબામાંનું એક અવયવ. તે ખોરાક ચાવવામાં ઉપયોગી છે.

જંભપુત્ર [સં. જંભ (એક દૈત્ય) + પુત્ર (દીકરો)] પું. જંભનો પુત્ર સુદ.

જંભભેદી [સં. જંભ (એ નામનો એક દૈત્ય) + ભેદિન્ (ચીરનાર)] પું ઇંદ્ર. તેણે જંભ નામના દૈત્યને માર્યો હતો

જંભરિપુ [સ જંભ (એક દૈત્ય) + રિપુ (દુશ્મન)] પું. ઇંદ્ર. તેણે જંભને માર્યો હતો.

જંભલ ૧. પું. (બૌદ્ધ) એ નામનો એક દેવ. તે દ્રવ્યનો અધિષ્ઠાતા દેવ ગણાય છે.
૨. પું. એ નામનો એક બૌદ્ધ.
૩. પું. યુદ્ધ સમાજનો એક દેવતા.
૪. પુ. બિલ્લીરાનું ઝાડ.

જંભલા [સ] સ્ત્રી. એ નામની એક રાક્ષસી. કહેવાય છે કે તેને યાદ કરવાથી તાવ ઊતરી જાય છે અને તાવ આવ્યા પહેલાં આવતા બગાસાં પણ બંધ થઈ જાય છે

જંભા [સં. જૃમ્ભા] ન. બગાસું; આળસ. આળસ આવવાથી મો ફાડીને જોરથી શ્વાસ મૂકવો તે.

જંભાઈ [હિ.] સ્ત્રી. બગાસું.

જંભાવવું અ. ક્રિ. બગાસું આવું

જંભાસ્ત્ર ૧. [સં.] પું. અગ્નિ.
૨. [સ. જંભ (એક દૈત્ય) + અરિ (દુશ્મન)] પુ. ઇંદ્ર. તેણે જંભ નામના દૈત્યને હણ્યો હતો.
૩ પુ. વજ્ર
૪. પું વિષ્ણુ. તારકાસુરના યુદ્ધમાં તેમણે જંભાસુરને માર્યો હતો.

જંભારી ૧ પુ ચૂનો
૨. પું. નાના ઘાટવાળી એક જાતની તુલસી

જંભાસુર પુ. (પુરાણ) એક દૈત્ય; તારકાસુરના દસ પ્રમુખ અસુરોમાંનો એક. એને બાકુ નામે કન્યા હતી. તારકાસુરના યુદ્ધમાં એ વિષ્ણુને હાથે માર્યો ગયો હતો

જંભાસ્થિ ૧. ન. ઉપલું જડબું
૨. ન. જડબાનું હાડકું.

જંભિકા [સ] સ્ત્રી. બગાસું

જંભિની સ્ત્રી. એ નામની શક્તિ

જંભી [સં. જંભિન્] પું.; ન. બિલાડું

જંભુક પું. (પુરાણ) ઇંદ્રે મારેલો એ નામનો એક દૈત્ય

જંભ્ય ૧. પું. (જૂ. સં.) જન્મ.
૨. પું. ટોળું.

જંબર પું. કાળો રંગ; મોટું દુઃખ.

જંબરા [હિં.] પું. એક જાતનું શિકારનું પક્ષી.

જંબી [હિં.] પું. એક જાતનો છોડ.

જંબેપરીર પું મોટું ટોળું.

જંબાઈ ૧. સ્ત્રી એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જંબાર્ક [હિં.] પું. જંબાઈ.

જંબાર [હિં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; જાર.

જંબારો [પ્રા.] પું. જંબારો; જિદગી.

જંબાલિની [સં] સ્ત્રી. નદી.

જા ૧. [સં.] પું સર્પ; કરાવ.
૨. સ્ત્રી જમા; સ્થળ; ઠેકાણું.
૩. [સં.] સ્ત્રી નિયની પત્ની; કેરાણી.
૪. સ્ત્રી. માતા.
૫ વિ, સ્ત્રી. ઉત્પન્ન થયેલી; સબૂત. જેમકે, ગિરિજા
૬ ય જો.
૭. અ. ક્રિ. નીકળ; દળ; દૂર થા; ચાલતી પકડ.

જાઅખો વિ ધણું.

જાઅફરાન પું. કેસર.

જાઅમાય ૧. સ્ત્રી. જવું આવવું તે; આવજા.
૨. સ્ત્રી. ધક્કા ખાવા તે; ફેરોઆંટો.
૩. સ્ત્રી. નકામી મુસાફરી.
૪. સ્ત્રી. બેચેનીમાં આમતેમ ફરવું તે.
૫. સ્ત્રી. ઘરસમેલ; પરિચય; સહવાસ.

જા. આં પું. જવક આંકનું ટૂંકું રૂપ. આ રૂપ તુમારમાં વપરાય છે.

જાઈ ૧. પું. (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ તે દોપદી છંદનો ભેદ છે. તેમાં ૩૭ ગુરુ અને ૬૮ લઘુ મળી ૭૫ વર્ણ હોય છે.
૨. સ્ત્રી. એ નામની અવ.સની એક અટક.
૩. સ્ત્રી. એ નામની જાસ્વાદિ વર્ગની એક વનસ્પતિ
૪ [સં. જાતી] સ્ત્રી. એક જાતની ફૂલવેલ જેનાં ફૂલ સાત કે નવ પાંખડીવાળા, સુગંધીદાર અને રંગે ધોળાં હોય છે. તેનાં પાંદડાં લંબગોળ, ઘેળાં, સુકુમાર અને સુવાસિત હોય છે. જાઈને મળતી એક બીજી જાત છે. તેને જૂઈ કહે છે.
૫. સ્ત્રી. કારણ.
૬. સ્ત્રી એક જાતનું ઘરેણું.
૭. સ્ત્રી. ક્રાંતિ; વર્ણ
૮. સ્ત્રી. પુત્રી; કન્યા; બેટી.
૯. સ્ત્રી. માતા; દેવી
૧૦. [સં. જન્] સ્ત્રી. માતુશ્રી; મા.
૧૧. ન. એ નામની અટકનું માણસ
૧૨. ન. એક જાતનું ફૂલ.
૧૩. વિ. એ નામની અટકનું.
૧૪. વિ. દિવ્યેન્દુ.
૧૫. વિ સ્ત્રી. જણી; જણેલી; જન્મેલી.
માજાઈ બેન = સહોદર બેન.

જાઈજૂઈ [સં. યુતિપ્ર] સ્ત્રી. એક જાતની ફૂલવેલી. તેને ત્રીણી કળી જેવાં સફેદ ફૂલ થાય છે

જાઈઝ ૧. પું. હિસાબ; ગણના; ગણતરી.
૨. ન. રાજસ્થિરેલી જિલ્લાનું એ નામનું ઐતિહાસિક શહેર. ત્યાં સફેદ કબૂતરોની ભારી છે.
૩. [અ] વિ. કાયદેસર; નિયમ મુજબનું.
૪. વિ. છૂટ આપવા જેવું.
૫. વિ. મંજૂર; કબૂલ; સ્વીકારેલું.
૬. વિ. શોખ. શાયક.
૭. વિ. શરિયતના નિયમ મુજબ બાંધો ન અટકે એવું.

જાઈઝા ૧. સ્ત્રી. તપાસ; પરીક્ષા.
૨. સ્ત્રી. હાજરી.
૩. સ્ત્રી હિસાબ તપાસતાં કરવામાં આવતી નિશાની.

જાઈબાઈ ૧. [સં. જનિ (જાત) + બંધુ (બાંધ)] પું. દુશ્મનનું કામ કરે તેવો મિત્ર.
૨. પું. નાટકનો સંબંધી.

જાઈમાર જુઓ જાઈબાઈ.

જાઈયા ૧. વિ. જણ્યું; પ્રસાર થયું.
૨. વિ પૈસો મુબાવવાને લાયક.
૩. વિ. મરવાને પાત્ર.
૪. વિ સ્વર્ગ માટે લાયક.

જાઈરોકાર [અં] સ્ત્રી. ચિત્રદ દિશામાં બધુ ઉતાવળી ગતિએ ફરતાં બે બંગોથી જેનું સમતોલપણું જળવાયું હોય એવી એક પાટા ઉપર ચાલતી ગાડી.

જાઈરોમાકે [અં.] પું. પૈડાંના ગોળ ફેરાની નોંધ રાખવાનું એક યાંત્રિક સાધન.

જાઈરોપ્લેન [અં.] ન. ગોળ ફરતા સંચાઓને આધારે સીધું સમાંતર રહેતું જાઈરોસ્કોપ નામના યંત્રવાળું એક જાતનું હવાઈ વિમાન.

જાઈરોમિટર [અં.] ન. ગોળ ચક્કર ગતિ કેટલી ઝડપની છે તે બતાવનારું યંત્ર.

જાઈરોસ્કોપ [અં.] ન. ચક્રાવર્તનના નિયમ સમજાવવા માટેનું આસ ફરીને વજનદાર નક્કર ગોળ ફરતા પૈડાનું બનેલું એક યંત્ર. તેની ધરી કોઈ પણ દિશામાં ફરી શકે છે.

જાઈલ [હિં.] સ્ત્રી. બે વખત ખેડાયેલી જમીન.

જાઉં [હિં.] અ. જ્યારે; જે વખતે.

જાઉરી [હિં.] સ્ત્રી. જવારાનું ઊપલું પડ.

જાક ૧. [હિં.] પું ખર્ચનો ભાર.
૨. પું. ધમારો.
૩. પું. બળનો પડકે.
૪. પું. મજબૂતી; ટકાઉપણું.
૫. પું. વજન; પ્રમેયનો અનુબંધ.
૬. પું. રક્ષણ; બચાવ.
૭. પું. વજનનું દબાણ; ઝીંસ.
૮. પું એવહારનો બોજો.
૯. પું સંયમ; દાબ; દાબ.

જાકજર્દ [મ.] પું. હીરાકણી; કાચી તથા રંગમાં વપરાતો એક પદાર્થ.

જાકટ જુઓ જાકીટ

જાકડ (જાકડ) ૧. [હિં.] પું. જોવા માટે કે કમિશનથી વેચાણ માટે જે વસ્તુ બહુ જાય તે માટે પૈસા કે કોઈ બીજ બાના તરીકે મૂકી તે.
૨. વિ. જૂનું બહુ ગયેલું; બગડેલું ગયેલું.
૩. વિ. મૂલ્ય આપ્યા કે સોદો કર્યા સિવાય જોવા દેખાડવા લીધેલું; બગડ.

જાકડઝીકડ (જાકડઝીકડ) જુઓ જાકડઝીકડ.

જાકડજીકડ (જાકડજીકડ) જુઓ જાકડઝીકડ.

જાકડમાલ (જાકડમાલ) ૧. પું. જોગડ માલ જોવા કે દેખાડવા લીધેલો માલ.
૨. પું. જેમાંથી કોઈ પણ ઉત્પન્ન આવે નહિ એવી પૂંજી.

જાકડવડી (જાકડવડી) [હિં.] સ્ત્રી. ઉપલક હિસાબનો ચોપડો; જોગડ માલનું નામ તથા દામ વગેરે લખવાનો ચોપડો.

જાકડસીકડ (જાકડસીકડ) ૧. વિ. જણ્યું; રોગી.
૨. વિ. સાવ નબળા બાંધાનું; વારંવાર બહુ પથ્યા કરતું

જાકડસીકલુ (જાકડસીકલુ) જુઓ જાકડસીકડ.

જાકડી (જાકડો) ૧. સ્ત્રી. બાતરણી.
૨ સ્ત્રી. ભાર ભરેલી વસ્તુ પડી ન જાય તે માટે માડાના આજવા ભાગમાં લાકડાનાં પાટિયાની બાંધવા સીંદરી કે દોરી ગૂંથીને કરેલી આડચ.

જાકડો (જાકડો) ૧. પું. ગાડામાં ભરેલો માલ વેરાઈ જતો અટકાવવા સીંદરી બાંધવા દોરીથી ગૂંથેલ પાંજરી.
૨. પું. મોટો બાતરણો.

જાકમજોત વિ. ઝાકમિક; ઝગળતું; પ્રકાશિત.

જાકલિયા ૧. સ્ત્રી. એ નામની વાણિયાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જાકસબજ [ચૂ] સ્ત્રી. હીરાકસી; શાહી તથા રંગમાં વપરાતો એક પદાર્થ.

જાકળિયો ૧. પું. કટી ઉકાળવાનું અને શાક કરવાનું માટીનું વાસણ. ખાટિયો
૨. પું. રોટલા રોટલી શેકવાનું વાસણ.

જાકળો જુઓ જાકળિયો.

જાકાર પું. મહેમાનને આગતાસ્વાગતા આપવાની ઇચ્છા ન હોય તે પ્રદર્શિત કરતી તે; અહેમાન રખા સે એની ઇચ્છા દર્શાવવાપણું; અભાવ કે ગુસ્સાથી બદીથી ના એવો અવાજ; અનાદર.

જાકારો જુઓ જાકાર.

જાકાસણિયા ૧. સ્ત્રી. એ નામની કચ્છીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જાકોઠ [અ. જૅકેટ] ન. બાંડિયો, કમરને, પહેરણ ઉપર પહેરવાનું એક જાતનું વસ્ત્ર, બાસકૂટ

જાકુન સ્ત્રી. મદાયા, સુમાત્રા અને તેની આસપાસના ટાપુમા વસતી એક જાતી પ્રજા.

જાકુબ ૧. વિ. બગાડ; દુષ્ટ.
૨. વિ. ચુચ્યું; કમાઈ; ચોર.

જાકબી ૧. સ્ત્રી. દુષ્ટતા.
૨. સ્ત્રી ચુચ્યાઈ; કમાઈ.

જાખન [હિ] પું કૂવાના ઈંટના ચણતર માટેનો લાકડાનો પાયો

જાખર સ્ત્રી. જાટ લોકોની એ નામની એક શાખા

જાખરિયા ૧. સ્ત્રી. એ નામની દરજીની એક અટક
૨. ન. એ નામની અટકનુ માણસ.
૩. વિ. એ નામની અટકનુ.

જાખા વિ વધારે; બહુ; ઘણું.

જાખી ૧. પું. બેડોળ પુરુષ.
૨ વિ. ખાસુ જાણ નહિ તેવું; કોઈથી ઊતરાય નહિ એવું; ચાલાક.
૩. વિ ચુચ્યું; કપટી.

જાખુ સ્ત્રી. એ નામની સીમાડાથી ઊંચે આવેલી એક ટેકરી. જાંથી આસપાસનું સૌંદર્ય સારી રીતે જોઈ શકાય છે. જાં હનુમાનજીનું એક મંદિર છે

જાખુમતી ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જાગ ૧. [સં. યાગ] પુ. જગના યજ્ઞ, હોમહવન કરવાં તે; યાગ.
૨. પું. જહાજના ભંડારનો રક્ષક.
૩. પું. દેવપૂજન
૪. પું. વાટ; રસ્તો.
૫. પું. વિષ્ણુના સત્તર આંઠેનો ચોદમો અવતાર.
૬. સ્ત્રી. ચેતવણી; અમાઉથી આપેલી ખબર.
૭. સ્ત્રી. જગ્યાત; જગ્યા તે; જગવણ.
૮. સ્ત્રી. માતાના પૂજન માટે ઘટસ્થાપન કરી જવારા વાવવા તે; આઠ દિવસનું દેવીનુ અનુષ્ઠાન
૧. જાગ તેડવા-બેસાડવા-વાવવા = દેવીનુ આવાહન કરી પૂજન કરવું; રાસ્ત તેડવા; રમાદેવીની સ્થાપના કરી આઠ દિવસ તેનો ઉત્સવ અથવા અનુષ્ઠાન કરવુ.
૨. જાગ માંડવા = (૧) દેવિનુ સ્થાપન પૂજન કરવુ. (૨) વજ્ઞ કરવા
૯. સ્ત્રી માતૃદેવતા; રમાદે.
૧૦ સ્ત્રી સ્મશાન, જગ્યા.
૧૧. ન. ગૃહ, ઘર, મકાન
૧૨. ન. તહન કાચા રેતનું કબૂતર

જાગકુજાગ ૧. સ્ત્રી. નીચ કે ઉચ્ચ જાતિ.
૨. સ્ત્રી સારી કે નરસી જગ્યા.
સરજ્યા સમ સાચા વૈરાગ,
વયતા ન લુબે જાગકુજાગ. અખો

જાગડિયો (જાગડ્યો) [સં. જાગરિત] પું. ચૂપની સાથે જાગરણ કરનારો સાગરીત. તે ડાકણ વગાડે છે અને ચોકીદારો કરી ધણધારને ઉત્તેજન આપે છે

જાગડું (જાગડું) ન. એક જાતનો રોગ.

જાગણી ૧. સ્ત્રી. અજ્ઞાન અવસ્થામાંથી પરમાત્મા સબંધીનુ જ્ઞાન મેળવી, તેનાજાણું, પરમાત્મસ્વરૂપ થવુ તે
૨. [સં. જાગૃ] સ્ત્રી. જાગવુ તે; જાગરણ.

જાગત ૧. સ્ત્રી. જાગતાપણું; જાગૃત હોવુ તે; ઊંઘમાં ન હોવાપણું.
૨. [સં.] ન. એ નામે સામવેદનો એક ભાગ.
૩. વિ. જગતી છંદ સંબંધી; જગતી છંદનું.
૪. વિ. પૃથ્વી ઉપર હોનાર; પૃથ્વી ઉપર થનાર.

જાગતિક [સ.] વિ. જગત આખાનું; જગતને લગતું; જગત સબંધી.

જાગતી ઉપજાતિ પું. (પિંગ) અગ્યાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેનાં ચાર ચરણમાંથી અમુક ચરણનાં અને અમુક ઉપચરણનાં હોય છે.

જાગતીજોત ૧. સ્ત્રી. તાત્કાલિક મહિમા બતાવે તેવી સાક્ષાત દેવી; જેની જ્યોતિ એટલે આંખ અથવા દીવો ઊંચામાં ઊંચે થતાં ન હોય એની માતા.
૨. [સં. જાગૃ (જાગવું) + જ્યોતિ (તેજ)] સ્ત્રી. દીપક; ચિરાગ; દીવો.
૩. સ્ત્રી. ઠેલતા અને ખાસ કરીને દેવીનો પ્રત્યક્ષ મહિમા બતાવતા ચમત્કાર.
૪. વિ. ખબરદાર, સાવધાન; સાવચેત.
૫. વિ. સાક્ષાત; હાજરાહજૂર; પ્રત્યક્ષ
૬. વિ. સ્ત્રી. જેની જ્યોતિ ઓલવે શકિત જાગ્રત હોય કે તરત ખારખું બતાવતી હોય તેવી.

જાગતીજ્યોત જુઓ જાગતીજોત.

જાગતીજ્યોત જુઓ જાગતીજોત.

જાગતું ૧. વિ. જેના સંબંધમાં શોધખોળ હજુ ચાલુ હોય એવુ.
૨. વિ. તરત જવાબ આપે તેવુ; તાત્કાલિક ફળ આપનાર; હાજરાહજૂર; તરત પારખું બતાવે એવું; પ્રત્યક્ષ; સાક્ષાત.
૩. વિ. તેજદાર; ઉત્સાહી; ચાલાક; બધી બાબત જોતું, જાણતું અને ધ્યાન રાખતુ.
૪. [સં. જાગૃત] વિ. નહિ ઊંઘતુ; ઊંઘમાં ન હોય એવુ; જાગ્રત; ઊંઘી ઊઠેલું
૧. ઊંઘતો ભાલે પણ જાગતો ન ભોલે = જાણીજોઈ ને સાજાએ નહિ તેના જેટલું બહેરું બીજુ કોઈ નહિ.
૨. જાગતા મૂતરવુ = (૧) જાણીને ધરાદાપૂર્વક કાર્ય કરવું. (૨) જાણીબુજીને બગાડવુ.
૩. જાગતા ચૂવુ = ચોર બજારની બીકથી સાવચેત રહેવુ; સંભાળ રાખી ઊંઘ કરવી.
૪ જાગતો દહાડો = (૧) આબાદીનો વખત; ઉદયનો દિવસ; ભાગ્યોદય. (૨) સદવાડિયો દહાડો; બરાબર દિવસ
૫. વિ. સાવધાન; ખબરદાર; હોશિયાર; સાવધ.

જાગતુંજોગ જુઓ જાગતુંજોત.

જાગતુંજોત ૧. [સં. જાગૃત (જાગવું) + જ્યોતિ (તેજ)] વિ. ઊંઘતું ન હોય તેવુ.
૨. વિ. તરત પારખુ બતાવે કે શિક્ષા કરે તેવુ
૩. વિ. તરત ફળ આપે કે ગુસ્સે કરે એવું.
૪. વિ. હોશિયાર; સાવધ.

જાગતુંજોષ જુઓ જાગતુંજોત.

જાગતુંપડ (જાગતુપડ) ન. કજિયાકંકાસ થયા કરતો હોય તેવી સ્થિતિ.

જાગદીશી સ્ત્રી. જાગરણ.

જાગનાચારી ૧. [સં. યજ્ઞાચાર્ય] પું. યજ્ઞનો આચાર્ય.
૨. પું. યોગી; સાધુ પુરુષ.

જાગમ પું. ઘોડો.
જરદ સાંખ્યાં નરાં પાખરાં જાગમે,
સજ્યસ ઉપરસ વધે વ્યોમ ઝબોકા. રસધાર

જાગમંડપ પું. જાગરણને માટે બાંધેલો રેતીનો માઠનો; ગરબી ચોક.

જાગર ૧. પું. કવચ.
૨. [સં.] પું. જેમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આદિ બધી વૃત્તિ પ્રકાશિત એટલે કે જાગ્રત થાય છે એવી અંતઃકરણની એક અવસ્થા; સમસ્ત વસ્તુના પ્રકાશરૂપ અંતઃકરણની એક વૃત્તિ.
૩. ન. જાગરણ; જાગ્રત અવસ્થા; જાગવું તે; જાગવાની ક્રિયા; નિદ્રાનો ત્યાગ.
૪. વિ. જાગતું.

જાગરક [સં.] વિ. જાગનાર.

જાગરણ ૧. [સં. જાગૃ (જાગવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અષાઢ સુદિ પૂનમનો દિવસ. તે દિવસે કન્યાઓ આખી રાતનું જાગરણ કરે છે.
૨. ન. કોઈ વ્રત અથવા પર્વમાં ધાર્મિક ઉત્સવને લીધે અથવા એવા પ્રકારના કોઈ અવસર ઉપર ભગવદ્ભજન કરતાં કરતાં આખી રાત જાગવું તે; કોઈ દેવતા મૃતદેહ નિમિત્ત આખી રાત જાગીને ભજનકીર્તન કરવાં તે; ભજનકીર્તનને માટે આખી રાત જાગવું તે; અગિયારસ, જન્માષ્ટમી, શિવરાત્રી વગેરે પુણ્યતિથિએ ઉપવાસ કરી આખી રાત પ્રભુભજન કરવું તે.
જાગરણ કરવું = જાગીને ભજનકીર્તન વગેરે ધાર્મિક ક્રિયા કરવી.
૩. ન. જાગવું તે; નહિ ઊંઘવું તે.
૪. ન. જાગૃતિ.
૫. વિ. જેને જરાક ઊંઘ ન આવતી હોય એવું; જાગતું.

જાગરણ શક્તિ સ્ત્રી ઉત્તમ મલ્લોમાં બાર માંહેની એક જાતની શક્તિ. આ શક્તિ ધરાવનારો મલ્લ ઘણો ઉજાગરો કરે તોપણ કંઈ અસર થતી નથી.

જાગરણાનુયોગ પું. (જૈન) જૈન મત અનુસાર મનાતા પંદર માંહેનો એ નામનો એક સદાચાર. પંદર સદાચાર: (૧) શીલ, (૨) ઇંદ્રિયસંવર, (૩) માત્રાજ્ઞિતા, (૪) જાગરણાનુયોગ, (૫) શ્રદ્ધા, (૬) હ્રી, (૭) બહુશ્રુતત્વ, (૮) ઉત્તાપ અથવા પરતાવો, (૯) પરાક્રમ, (૧૦) સ્મૃતિ, (૧૧) મતિ, (૧૨) પ્રથમ ધ્યાન, (૧૩) દ્વિતીય ધ્યાન, (૧૪) તૃતીય ધ્યાન અને (૧૫) ચતુર્થ ધ્યાન.

જાગરણિયો પું. જાગરણ કરનારો; જાગરિયો; જાગનાર માણસ.

જાગરત જુઓ જાગ્રત.

જાગરન જુઓ જાગરણ.

જાગર રોગ પું. જાગવાથી રોગ; નિદ્રાલોપ; ઊંઘ ન આવવાનો રોગ; નિદ્રાક્ષયનો વ્યાધિ.

જાગરિક વિ. જાગેલ; નિદ્રા રહિત.

જાગરિકા સ્ત્રી. બાળકના જન્મ પછી છઠ્ઠી રાત્રે ઘરનાં માણસોથી કરાતું જાગરણ.

જાગરિત ૧. [સં.] ન. ઇંદ્રિયો વડે થતું અર્થજ્ઞાન; સાંખ્ય અને વેદાંત મત પ્રમાણે એક અવસ્થા, જેમાં માણસને ઇંદ્રિયોદ્વારા બધા પ્રકારના અનુભવ તથા અનુભવ થાય છે.
૨. ન. જાગરણ.
૩. વિ. જાગ્રત; જાગેલું.
૪. વિ. સાવધ.

જાગરિત સ્થાન [સં.] ન. વૈશ્વાનર; આત્મા.

જાગરિતા [સં. જાગરિતૃ] વિ. જાગનાર; જાગરણ કરનાર.

જાગરિતાંત જુઓ જાગરિત સ્થાન.

જાગરિયા ૧. સ્ત્રી. એ નામની વાંઝાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જાગરિયો ૧. પું. કબ્જામાં રહેતી એક જાતિનો માણસ.
૨ પું. જાગરિયો; પાણી ભરનાર. વૈષ્ણવોમાં આ શબ્દ વપરાય છે.
૩. [સં. જાગરક] પું. જાગરણિયો.
૪. પું. ભૂત ભગાડનાર તાંત્રિક માણસ; ભૂવાની સાથે જાગરણ કરનારો સાગરીત; જાગરિયો; ઢાકણું બનાવનાર અને ઠોકારા કરી ધૂણનારને ઉત્તેજન આપનાર માણસ.
૧. ઘરના ભૂવા ને ઘરના જાગરિયા = ભાંડોમાંહે એકબીજાને વખાણનારા; એકબીજાના સ્વાર્થને ખાતર એકબીજાને સહાય આપનાર.
૨. ભૂવાનું માન જાગરિયા વધારે = સ્વાર્થી માણસો પોતાનો સ્વાર્થ જેનાથી સધાતો હોય તેનો મહિમા ગાય.

જાગરિષ્ણુ [સં.] વિ. જાગરણ કરનાર.

જાગરી ૧. [અં. જૅગ્રિ] પું. (હિંદી) ભોગ.
૨. પું. દીકરીઓ પાસે વેશ્યાનો ધંધો કરાવનાર એક જાત.
૩. [સં. જાગરિન્] વિ. જાગનાર.

જાગરૂક જુઓ જાગ્રત.

જાગરૂકતા [સં. જાગરૂક (જાગવું) + તા (પણું)] સ્ત્રી. જાગૃતિ; જાગવાપણું.

જાગરૂત જુઓ જાગ્રત.

જાગરૂતી જુઓ જાગૃતિ.

જાગર્તિ ૧. [સં.] સ્ત્રી. જાગવું તે.
૨. સ્ત્રી. સાવધપણું.

જાગલાણી ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.
૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.
૩. વિ. લોહાણાની એ નામની અટકનું.

જાગલીઆ પું. ન. બ. જાગનાર માણસો; ચોકી; ચોકિયાતો. ખાસ કરીને પાકને સમયે ખેતરોમાં પાક સાચવવા જનારાને માટે આ શબ્દ વપરાય છે.

જાગલ્યા જુઓ જાગલીઆ.

જાગવડું જા. ક્રિ. જગાડવું.

જાગવું ૧. [સં. જાગૃ] અ. ક્રિ. અજ્ઞાન દૂર થઈ જ્ઞાન પ્રાપ્ત થવું.
જાગીને જોવું = માયારૂપી નિદ્રામાંથી જાગીને જોવું.
૨. અ. ક્રિ. ઉત્તેજિત થવું; વેગથી પ્રગટ થવું.
જાગી જવું = ઉત્તેજિત થવું.
૩. અ. ક્રિ. ઊંઘમાંથી જાગવું; જાગ્રત થવું; નિદ્રામાંથી જાગવું; નિદ્રાનો ત્યાગ કરવો.
૪. અ. ક્રિ. ચમકવું; ઝબકવું.
૫. અ. ક્રિ. ચેતી જવું; પાકી જવું.
૬. અ. ક્રિ. જાગતા હોવું.
૭. અ. ક્રિ. જાગ્રત રહેવું; નહિ ઊંઘવું; નહિ સૂવું; ઉજાગરો કરવો.
જાગે જે મેર ધનનો ધણી;
જાગે જેને ચિંતા ઘણી.
જાગે સત અંધારી ચોર;
જાગે ધન વરસંતે મોર.
જાગે દીકરીઓનો બાપ;
જાગે જેના ઘરમાં સાપ. કવિત
૮. અ. ક્રિ. ભૂલી ભુલાઈ કે દબાઈ ગયેલી વાત કે જ્ઞાનતંતુ તાજું થવું; ઉત્થાન પામવું.
૯. અ. ક્રિ. દુઝવું.
વર્ષોથી જાગતી ગામ = વર્ષોથી દુઝતી ગામ.
૧૦. અ. ક્રિ. પ્રસરવું; ફેલાવું.
૧૧. અ. ક્રિ. ભાનમાં આવવું; સમજ પડવી; સમજણમાં આવવું.
૧૨. અ. ક્રિ. શરૂ થવું.
તોફાન જાગવું = તોફાન શરૂ થવું.
૧૩. અ. ક્રિ. સાવધ થવું; પોતાના કામમાં તત્પર થવું; ઉત્સાહ, ખંત અને ચીવટથી કામ કરવા માંડવું; હોંશિયાર રહેવું.

જગ્યા લાયકી સુધાર = બધાનું હતું તે અર્થ વધુ પણ હવે પોતાને વર્તવું.

જગરૂકતા [સ. જાગૃ (જાગવું)] સ્ત્રી. સાવધતા, સાવચેતી; હોશિયારી.

જગા ૧. સ્ત્રી. અવસર; પ્રસંગ.
૨. સ્ત્રી. આધાર.
૩. સ્ત્રી. એ નામની એક હિંદુ જાતિ.
૪. સ્ત્રી. ખાલી પડેલી ચાકરી.
૫. સ્ત્રી. જગ્યા; સ્થાન; સ્થળ.
૬. સ્ત્રી. સ્થિતિ; પદવી; પદ.
૭. ન. એ નામની એક હિંદુ જાતિનું માણસ
૮. [અ.] ન. (બહુવચન) ગોદાવરી., મુ. કાટાની દિશા બતાવનારે શબ્દ.
૯. વિ. એ નામની એક હિંદુ જાતિનું.

જગાડવો ૧. સ્ત્રી. કપડાંની એ નામની અટક.
૨. ન. કપડાંની એ નામની અટકનું માણસ.
૩. વિ. કપડાંની એ નામની અટકનું.

જગાબંદી સ્ત્રી. નિદ્રા બંધની તે; ઊંઘ આવવાપણું.

જગામોઁદું [સં. જાગૃત (જાગવું) + મિષ્ટ (મીઠું)] વિ. થોડું જાગવું ને થોડુંક ઊંઘવું હોય એવું; ઊંઘતી જાગતી એવી દશામાં હોય એવું.

જગિ [હા. જગા] સ્ત્રી. જગ્યા; સ્થળ.

જગીદ ૧. [સં. યાચિક] પુ. યત્ન કરનાર કે કરાવનાર માણસ.
૨. વિ. યત્ન સંબંધી.

જગીર [ફા. જા (જગ્યા) + ગિરિફ્તન (લેવું)] સ્ત્રી. રેલ પુલના ખરચ માટે જુદી કાઢેલી જમીન; સરકાર રાખવાના અમલ પુલ વગેરે કરવાના ખરચ માટે સરકાર તરફથી ગામ જમીન વગેરેની બક્ષિસ; સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન કે ગામ; ભોમભાઠી; વજીફો; વતન; ગામવપાસન. જગીરની ઊપજમાંથી જેના નિભાવ માટે તે બક્ષિસ થઈ હોય તેમાં ખરચ કરવાની જગીર આપનાર જગીરદારને ફરજ પાડી શકે છે પણ થઈ ગયેલા કામના બદલામાં અપાયેલી જમીન ઇનામ કહેવાય છે. ઇનામી જમીનના ઊપજમાંથી ઇનામદારને ખરચ કરવાની ફરજ પાડી શકાતી નથી.

જગીર ખિદમતી [હિં.] સ્ત્રી. ગામડાંના અમલદારોને નોકરી પેટે અપાતી જમીન.

જગીરદાર ૧. [ફા. જગીર (બક્ષિસ તરીકે મળેલી જમીન) + દાર (રાખનાર)] પું. જગીરનો ભોગવટો કરનાર માણસ; જગીરનો માલિક; જમીનદાર; ગરાસદાર.
૨. જી. રજપૂત જોડની એક જાત.
૩. વિ. જગીર ધરાવનારું.

જગીરદારી સ્ત્રી. જગીરદારપણું; જગીરદાર હોવાની સ્થિતિ.

જગીર દીવાની [હિં.] સ્ત્રી. જગાડા, બિહાર અને ઓરિસ્સા પ્રાંતની મહેસૂલ ઊઘરાવવાનો મુખ્ય સરકાર તરફથી ઉચ્ચ ઊંચિત કર્મનિને મળેલ પટ્ટો અથવા પરવાનો.

જગીર બિલાશર્ત [હિં.] સ્ત્રી. કોઈ પણ શરત વિના બક્ષિસ અપાતી જમીન.

જગીર વહીવટદાર પું. જગીરોની અવસ્થા કરનાર અધિકારી.

જગીર શરતી [હિં.] સ્ત્રી. અમુક શરતે અપાતી જમીન.

જગીર સનદ [હિં.] સ્ત્રી. બક્ષિસ આપેલી જગીરનો પરવાનો; જગીરનો લખ.

જગીર હીન હયાતો [હિં.] સ્ત્રી. પોતાની જિંદગી સુધી જમીન મફત હોવી તે.

જગીરી ૧. [ફા.] સ્ત્રી. જગીર હોવાપણું. જગીરદારી.
૨. સ્ત્રી. સરકારથી ઇનામમાં મળેલી જમીન.
૩. વિ. જગીરને લગતું. જગીર સંબંધી.

જગીર ઉપાય [ફા.] સ્ત્રી. ચારસદારોને ચાલતી આવતી મફત આપેલી જમીન.

જગીરે અનસબ [ફા.] સ્ત્રી. બોજા પ્રમાણે બક્ષિસ જમીન.

જગીર સરકાર [હિં.] સ્ત્રી. કપુટકના નબળે ઇસ્ટ ઇંડિઆ કંપનીને તબદ સરકારના ખર્ચ બદલ આપેલા જમીન

જગુ [સ.] પું. તપાસ રાખનાર.

જગુડ (જગુડ) ૧. પું. (પુરાણ) ભારતવર્ષના એ નામના એક દેશ.
૨. ન. કેસર.
૩. વિ એ નામના દેશમાં રહેનાર, જગુડ દેશમાં થનાર કે હોનાર.

જગુર પું. દક્ષિણ અમેરિકામાં થતો વાઘ. તેને માટું માથું, લાંબી પુછડી અને સોનેરી ચામડી ઉપર કાળા અને ગુલાબી ટીલા હોય છે.

જગૂ ૧. [હિં.] સ્ત્રી. સ્થળ; જગ્યા.
૨. વિ. સાવચેત; સાવધાન.

જગૂ ૧. [સં.] ભા. કિ. (ધાતુ) ઊંઘમાંથી ઊઠી પડવું; જાગવું. તે ઉપરથી થયેલ શબ્દ: જાગરણ, જાગૃત, જાગરૂક.
૨. સ. કિ. જાગરણ કરવું; ઉજાગરો કરવો.
૩. સ. કિ. દીર્ઘદૃષ્ટિ રાખવી; આગળથી ચેતવું.
૪. સ. કિ. લક્ષ રાખવું.

જગૃત [સં. જાગ્રત] વિ. જાગ્રત.

જગૃતતા [સં. જાગ્રત્ + તા (પણું)] સ્ત્રી. જાગૃત હોવાપણું.

જગૃતાવસ્થા જુઓ જાગ્રદવસ્થા.

જગૃતિ ૧. [સં. જાગ્રતિ] સ્ત્રી. ચેત.
૨. સ્ત્રી. સાવધતા; ચેતન.
૩. સ્ત્રી. જાગતું હોવું તે; જાગતાપણું; ઊંઘવાળું નહિ એવી હાલત તે; જાગરણ; જાગવું તે; જાગ્રદવસ્થા
૪. સ્ત્રી. તપાસ; ખ્યાન.
૫. સ્ત્રી. શુદ્ધિ.
૬. સ્ત્રી. સાવધાનતા; સાવધપણું; સાવધાની.

જગૃવિ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. મિત્રનું નામ.
૩. પું. રાજા.
૪. વિ. જાગરણ કરનાર; જાગવાના સ્વભાવવાળું.

જગેં અ. ને ઠેકાણે; ને બદલે; ની જગ્યાએ.

જગેજગ્ય અ. જગ્યાએ જગ્યાએ.

જગેશ્વર પું. શંકર; મહાદેવ.

જગો ૧. [સં. જાગૃત] પું. મર્દના સાતમા મહિને રાજી ખુશી માટે જાગવું તે.
૨. પું. જગીરદાર; ગામધણી; ગૃહસ્થ; પૈસાદાર માણસ; જમીનવાળો માણસ
નાગો કૂદે-ઘૂમે કે જગો કૂદે-ઘૂમે = નાગાને આપવું લેવું નહિ એટલે તે બેદરકારો અને જગો એટલે જગીરદારની પાસે આપવા લેવાનું અને ગુમાવવાનું જેવુંએ તેટલું તેથી તે બેદરકારો. તેથી તેઓ જેમ હાવે તેમ કરે તેમાં નવાઈ નહિ
૩. પું. વિવાહ વગેરે પ્રસંગે ત્રણ ચાર દિવસ અગાઉ ધામધૂમ સાથ જાગવું તે.
૪. વિ પું. જાગનારો.
૫. વિ.પું. પૈસાદાર; પૈસાવાળો; ગૃહસ્થ; શ્રીમંત; ધનવાન.
૬. વિ પું. યત્ન કરનાર.
૭. વિ.પું. હુશિયાર; સાવધ.

જગો રાણો પું. એ નામનો એક રાજા.

જગ્ય સ્ત્રી. જગા; સ્થાન.
તો નીર તેહને શું કરે, જે જોદવા નહિ જગ્ય. અખો

જગ્ય કુજગ્ય ૧. સ્ત્રી. સારી નરસી જગ્યા.
સૂરજ તેમ સાચો ચેરાગ,
પડતા ન સૂઝે, જગ્ય કુ જગ્ય. અખો
૨. વિ. જાણેલ કે ન જાણેલ.

જગ્યજગ્યાત ન. (વેદાંત) પ્રમાતાજ્ઞાનપણું.

જગ્યત ૧. [સં. જાગ્રત્] પું. જે જાગૃત

અવસ્થામાં હોય તે; ચૈતન્ય; ચેતન
૨. જ્ઞો. સાત અજ્ઞાન ભૂમિકા માહેની એક ભૂમિકા. તે ભૂમિકામાં અહંતા, મમત્વ બુદ્ધિ વગરે અલ્પારી ભળે છે તેથી તે જાગ્રત કહેવાય છે. આ ભૂમિકામાં કીટ, પતંગ, પશુ, પક્ષી વગેરે માની શકાય.
૩. વિ આસાક; હોશિયાર; સાવધાન; સાવચેત; સાવધ; પ્રકાશમાન.
૪. વિ. જાગતું; ઊંઘતું ન હોય તેવું; નિદ્રા રહિત.
૫ વિ તરત પારખું બતાવે તેવું
૬. વિ. દૂર બંદેશ.
૭. વિ સતેજ; સચેત.
૮. વિ. સદા જાગૃત અવસ્થામાં રહેનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ
૯. વિ. સંપ્રજ્ઞાત; પરિદૃષ્ટ; બોધસ્વભાવવાળું.

જાગ્રત સ્વપ્ન ૧. પું. (વેદાંત) છીપમાં રૂપાના જેવો ભ્રમ.
૨. જ્ઞો. સાત અજ્ઞાન ભૂમિકા માહેની એક ભૂમિકા. તે ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય એટલે ભ્રમનો સમાવેશ થાય છે જેમકે, એકને બદલે બે ચંદ્ર દેખાવા, ભાંજવામાં પાણીની બુદ્ધિ.

જાગ્રત્સુષુપ્તિ [સં.] જ્ઞો. (વેદાંત) જાગ્રત અવસ્થામાં શ્રમાદિ વડે જડ જેવા બનાવપણું, જાગ્રત દશામાં સ્થિર થઈ જવાપણું

જાગ્રત્સ્વપ્ન જાયવ્યાસ મૃત્યુ લક્ષણ આધક પું. પુરુષોત્તમના ઉત્તર માહેનું એક નામ.

જાગ્રદવસ્થા ૧. [સં. જાગ્રત્ (જાગવું) + અવસ્થા (સ્થિતિ)] જ્ઞો (વેદાંત) અવસ્થાના ત્રણ માંહેનો એક પ્રકાર; જાગતી હાલત; સર્વ વસ્તુનું જ્ઞાન હોય અને ઊંઘ આવી ન હોય જેવી આળસ રહિત અવસ્થા; જાગ્રતિમાં હોવું તે; જાગતા હોઈએ તે અવસ્થા; જન્મ પછી ઇંદ્રિયો વડે શબ્દ સ્પર્શાદિ વિષયોનું જેમાં જ્ઞાન થાય તે અવસ્થા; સર્વ વસ્તુનું જ્ઞાન થતું હોય તે અવસ્થા અંતઃકરણની જે અવસ્થામાં શ્રોતાદિ ઇંદ્રિયો દ્વારા બહારના શબ્દાદિ વિષયોનું અંતઃકરણને જ્ઞાન થાય તે અવસ્થાને અંતઃકરણની જાગ્રદવસ્થા કહેવામા આવે છે. તે અવસ્થામાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જે વિષયો પરસ્પર ભિન્ન છે, કેમકે તેઓનું સ્વરૂપ એક બીજાથી વિલક્ષણ છે. પણ જે પાંચે વિષયોનું જ્ઞાન એક જ્ઞાનસ્વભાવવાળું હોવાથી ભિન્ન નથી માટે તે જાગ્રદવસ્થા કહેવાય છે શ્રોતાદિ ઇંદ્રિયો વડે શબ્દાદિ વિષયોનો અનુભવ જે અવસ્થામાં થાય છે તેને જાગ્રદવસ્થા અથવા જાગરિત કહે છે. ઇંદ્રિયો વડે પદાર્થની ઉપલબ્ધિ જે અવસ્થામાં થાય તે અવસ્થા જાગ્રદવસ્થા કહેવાય છે. જેના ત્રણ ભેદ છે જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સુષુપ્તિ અવસ્થા. સત્ત્વગુણથી જાગ્રદવસ્થા, રજોગુણથી સ્વપ્ન અવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત થાય છે.
૨. જ્ઞો. જેમાં દ્વૈતનો અનુભવ, ભેદનો અનુભવ અને સૃષ્ટિની વિવિધતાનો અનુભવ થાય છે તે અવસ્થા

જાગ્વર જુઓ જાગુર.

જાઘની ૧. જ્ઞો. પશુનું પૂછડું
૨ જ્ઞો. સાથળ. તે જાંઘની પાસે હોય છે.

જાચ ૧. [હિ.] જ્ઞો. ઝડસટો; કલ્પના.
૨. જ્ઞો. તપાસ
૩. જ્ઞો. બીખ.
૪. જ્ઞો. રાજા ગાદી ઉપર બેસારે ત્યારે જેણે તે બતાવવા માટે સિક્કા ઉપરની આકૃતિ.
૫. જ્ઞો. ભાજ.

જાચક ૧. પું. અભ્યાગત; અતિથિ.
૨. [સં. યાચ્ (માગવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું અરજદાર.
૩. પું. માગણ; માગનાર; ભિખારી; ભિક્ષુક; બીખ માગનાર; ભિક્ષાવૃત્તિ કરનાર; યાચક; જાચનાર.

જાચકતા ૧. [સં. યાચકત્વ] જ્ઞો. બીખ માગવાની ક્રિયા; યાચકપણું.
૨ જ્ઞો. માગવાનો ભાવ.

જાચકવૃત્તિ [સં. યાચક (માગણ) + વૃત્તિ (વર્તન)] જ્ઞો. બીખ; યાચવાનો ધંધો; બીખ માગવાનો ધંધો; યાચકવૃત્તિ.

જાચકી ૧. [હિં.] પું. કરતાલ કે તંબૂરો વગાડનાર માણસ.
૨. પું. ગાનારની ટૂકડી.

જાચણ જુઓ જાચક.

જાચણી ૧. [ગ.] જ્ઞો. ચકોપાત.
૨. જ્ઞો. વિનવણી.

જાચનકજન [પ્રા.] પું. ભિક્ષુક.

જાચના ૧. [સં. યાચના] જ્ઞો. જાચવું તે; માગવું તે; દૈન્ય દેખાડી કાકલૂદી કરવી તે; માંગ; માગણી; બીખ.
૨. જ્ઞો. બીખ માગવી તે; ભિક્ષાવૃત્તિ.
૩. જ્ઞો. વિનતિ; પ્રાર્થના.

જાચનારૂ વિ. યાચક; માગનાર.

જાચવું ૧. સ. ક્રિ. અંકાવું.
૨ [સ યાચ્ (માગવું)] સ. ક્રિ. મરીબી દેખાડી આજીજી કરીને મહત ઇચ્છા માગવું; માગણી કરવી; વિનતિ કરવી; ભિક્ષા લેવાને આજીજી કરવી; ક્રમક્રમ માટે વિનવવું; યાચના કરવી.
૩. સ. ક્રિ. દુઃખ દેવું; સતાપવું.
૪. સ. ક્રિ. બીખ માગવી; બીખવું.

જાચા ૧. [સ. જાયા] જ્ઞો. પ્રસૂતિ.
૨. વિ. ઉત્સાહી
૩. વિ. ધર્મશીલું.

જાચાવેડા (જાચાવેડા) પું. સ વ. મ.ગણવેડા; આજીજી; જાચાપણું; ભિક્ષુકી; માગણના જેવું વર્તન; દૈન્ય.

જાચિત [સં. યાચિત] વિ. માગેલું.

જાચીક જુઓ જાચક.

જાચું ૧. વિ. અભિજાત; ઉત્તમ.
૨. વિ. ખામી પડવા ન દે એવું.
૩. વિ. મરીબ; દીન.
૪. વિ. માગેલું.
૫. વિ. યાચના કરનારું; આજીજી કરીને તથા દૈન્ય દેખાડીને માગનારું; ભિક્ષુક; ભિખારી; માગી ખાનારું; માગણ.
૬. વિ. સાચું.
૭. વિ. સામાને ચીડ મરે કે કંટાળો આવે એવી રીતે કરગરી, કાલાવાલા કરી, આડુંઅવળું સમજણી કામ કાઢી લેનારું; ધાર્યું પાર પાડે ત્યારે જ કેડો મૂકે તેવું; ખટપટી; બધા કાલાવાલા કરવું; કંટાળો આવે તેટલા કાલાવાલા કરનારું.

જાચ્યક જુઓ જાચા.

જાચ્યર પું. અદેખાઈ.

જાજ (જ્જ) [મ્રા.] પું. એ નામની એક વનસ્પતિ; ધમાસો.

જાજમવેજ (જાજમવેજ) [મ્રા.] પું. કટકી.

જાજમસરકૂર (જાજમસરકૂર) [મ્રા.] જ્ઞો. હોંશકસી.

જાજક ૧. [હિં.] પું. ગ્રાંઝ અથવા યજ્ઞ જાળવનારો માણસ.
૨. પું. ધાર્મિક ક્રિયા કરાવનાર બ્રાહ્મણ.

જાજકી ૧. [હિં.] પું. કરતાલ કે તંબૂરો વગાડનાર માણસ.
૨. પું. ગાનારની ટૂકડી.

જાજતી ૧. [સ. ક્રિયાદત] જ્ઞો. આધિક્ય; ચડતી.
૨. પુ. જુલમ.
૧. જાજતી–આજર = જુલમ; પીડા.
૨. જાજતી–જ્જાલ = જુલમ.

જજ્ઞ પું. બલિદાન આપવાનો વિધિ.

જજ્ઞપુર ન. ઓરિસ્સામાં આવેલ એ નામનુ એક શહેર. અહીં વિષ્ણુએ ગયાસુરને માર્યો હતો એમ કહેવાય છે. આને ગયાનાભો પણ કહેતા.

જજ્યમ [તુ. જાજિમ (પાથરવાનું લશ્કું)] સ્ત્રી. ભોય ઉપર બેસવા માટે પાથરવાનું મોટુ રંગિત ભાતુ કપડું; શેતરંજી, પહાળુ ભાતુ પાથરણું.

જજ્યમે અ. સમાજમા, મડળમા.

જજ્યા પું. બલિદાન વખતે આપવામાં આવેલી ભેટ.

જજ્વર વિ. જર્જરિત; ખળખળેલ.

જજ્વરમાણ [સં. જાજ્વલ્યમાન] વિ. જબરું, ખરું બળવાન; જાજ્વલ્યમાન.

જજ્વરમાન ૧. [સં. જાજ્વલ્યમાન] વિ. અગ્નિમતા રાખનાર.
૨. વિ. આકરા મિજાજનું; કરડું; કરડા મિજાજનુ. તીખું; તેજ પ્રકૃતિવાળુ
૩. વિ. બરું જાયકાર.
૪. વિ. ઘણુ મજબૂત; જોરાવર
૫. વિ. ઘણું વધી ગયેલ.
૬. વિ. ભયનું; સાવચ.
૭. વિ. તરત પારખું દેખાડે એવુ.
૮. વિ. પ્રકાશથી ઝગઝગતું, દેદીપ્યમાન; આજુ નાખે એવા તેજવાળુ.
૯. વિ. પ્રભાવવાળું; જેનાથી સામા માણસ અંજાઈ જાય એવુ, પ્રતિભાશાળી; દબદબાથી ભરેલુ; પ્રતાપી.
૧૦. વિ. પ્રૌઢ શરીરવાળુ.
૧૧ વિ. ભાણી નાખનાર.
૧૨. વિ. મોજાવાળું.
૧૩. વિ. ફેશનદાર; રોફવાળુ.

જજ્વરા ૧. વિ. બદખોખરુ.
૨. [સં. જર્જર] વિ. જર્જર; ફાટ્યું.

જજ્વરાં ૧. વિ. જર્જરિત.
૨. વિ. ભાગી નાખેલ; ચૂર્ણ કરેલ.

જજ્વરી ૧. વિ. (જૂ. ગુ.) જર્જરિત.
૨. વિ. બળેલ.

જજ્વરે વિ. તરત નાશ પામે તેવુ; બિચારુ; પ.મ.ર.

જજ્વરૂ ૧. [હા. જા (જગ્યા) + ગ્ર. જરૂર (અમલનુ)] ન. પાયખાનું; સડાસ; ઝાડે ફરવાની જગ્યા; તાજખાનું; ટટ્ટી; બરચુ કરવાની જગ્યા. રાજવલ્લભમા લખેલ છે કે નૈઋત્ય કોણે જજ્વરૂ બાંધવુ ઇષ્ટ છે. આ સંબંધે હરિજનબંધુમા ઉલ્લેખ છે કે: જજ્વરૂઓમાં માખી થતી અટકાવી ન શકાય તો રોગચાળા ને માંદગી ફાટી નીકળતા વાર રહે નહિ. આથી એકેએક જણની ફરજ છે કે, જજ્વરૂ વાપર્યા પછી હમેશ સાફ અને વ્યવસ્થિત રહે તે જોવુ. પૂરતી અને ઘટતી સગવડ રખાય તો મળમૂત્રના નિકાસને માટે બાકીજજ્વરૂ પદ્ધતિ તદ્દન સલામત પદ્ધતિ છે.
૨. ન. બેસું નર્કે

જજ્વરૂખિયા ૧. સ્ત્રી. એ નામની કચ્છીની એક અટક
૨. ન એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનુ.

જજ્વરૂ તટ્ટી સ્ત્રી. જજ્વરૂ જવા માટેની આડશ

જજ્વરૂર જુઓ જજ્વરૂ.

જજ્વરૂં ૧. વિ. બદખોખરું; અર્ધબાવલું; ખૂટી નાખ્યું.
૨. વિ. જર્જરિત; પુરાતની
૩. વિ. નિર્બળ; જર્જરિત થઈ ગયેલુ હોય એવું. મહેનતમાં નાસ પામે કે હોટી જાય એવું, જાજરું. ઘરડું.
૪. વિ. બરિયાદું; પામર.
૫. જુઓ જજ્વરૂ.

જજ્વરો વિ. પું. સહેજમાં નાસ પામે એવો
કાચે પાકો કુમાર, અમે અજાણે ઉખાડિયા પણ જાનો ભાગ્યોદ્ધાર, જજ્વરો ભાણુ ગ ૬ કુ૬.

જજ્વલ [સં.] પું. અથર્વવેદની નવ શાખાનો એ નામનો એક શાખા.

જજ્વલા જુઓ જજ્વલ.

જજ્વલિ ૧. [સં.] પું. એક પ્રવર પ્રવર્તક ઋષિનુ નામ.
૨. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એ નામનો એક બ્રાહ્મણ. તેણે તપોબળથી ઘણી સમયથી અસાધારણ શક્તિ મેળવી હતી અને તે એટલો બધો છકી ગયો હતો કે તે પોતાની જાતને આ દુનિયામાં સૌથી મોટા માનવા લાગ્યો. પરંતુ આકાશવાણીમાં તેણે સાંભળ્યું કે તુલાધાર નામના એક વૈશ્ય વેપારીથી તે ઊતરતો છે તેથી જાજલિ તુલાધાર પાસે ગયો અને તેની પાસેથી ઠપકાપણ સાંભળ્યો.
૩. પું. (પુરાણ) વેદર્ષિ ઋષિનો એ નામનો એક શિષ્ય. એણે અથર્વવેદનુ અધ્યયન કર્યું હતુ અને પશ્ચિમ સમુદ્રને તીરે એને મુક્તિ મળી હતી.

જજ્વલી ન. એ નામનું પક્ષી. તેના સંબંધમાં દંતકથા એવી છે કે: તે પક્ષી ગરુડ જેવુ બળવાન અને પ્રભુનું ભક્ત હતું. એક દિવસ તેને પોતાનુ મોત કયારે થશે એમ જાણવાની ઇચ્છા થતાં તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ધર્મરાજ પાસ ગયું પણ તેઓ તે વિષે કઈ ન જણાવતા કોઈને એ સાથે મળીને ચિત્રગુપ્ત પાસે ગયા. ત્યાં ચિત્રગુપ્તે કહ્યું કે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ધર્મ અને ગરુડ સાથે જાજલી જ્યારે ચિત્રગુપ્ત પાસે આવશે ત્યારે તેનુ મરણ થશે અને થયુ પણ તેમ જ.

જજ્વલ્યમાન જુઓ જાજ્વલ્યમાન.

જજ્વળો વિ. જા.રે.

જજ્વા ૧. સ્ત્રી. પશ્ચિમ હિંદુસ્તાનની એક ગુપ્ત.
૨. વિ. પું. બળ્યા; ઝાઝા

જજ્ઞતાંય (જાજરતાય) અ. જોતજોતામાં.

જજ્ઞમલ્હાર પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

જજ્ઞરો વિ. પું. તૂટેલ, ફૂટેલ; તરડ પડી ગયેલ.

જજ્ઞહડો (જાજહડો) પું (જૂ. ગુ.) જવું કે કે નહિ એમ થતું અયોક્કસપણું; ડામાડોળ વિચાર.

જજ્ઞિમ જુઓ જાજમ.

જજ્ઞિયાનો પું. જાજમો; એક જાતનો ઝોડ. તના પાન નાના ગોળ કરકરિયાવાળા અને જાડાં થાય છે. તેનાં જાજિમ બનાવવામાં આવે છે. તેમાંથી નીકળતા સત્ત્વને જજ્ઞિયાનાં ફૂલ કહે છે.

જજ્ઞકૂળ ન. સોપારી

જજ્વરમાન જુઓ જાજ્વરમાન.

જજ્વલ્ય જુઓ જાજ્વલ્ય.

જજ્વલ્યમાન જુઓ જાજ્વરમાન.

જજ્વલ્યદ્ય જુઓ જાજ્વલ્ય.

જજ્વલ્યી જુઓ જાજ્વલ્યમાન.

જજ્વલંતું [સં. જ્વલ્ (પ્રકાશવુ)] વિ. ચળકતુ; જાજ્વલ્યમાન; પ્રકાશિત.

જજ્વલ્ય ૧. [સં. જ્વલ્ (પ્રકાશવું)] પું પ્રકાશ, ચળકાટ; જાજ્વલ્યમાન; અગ્નિ જવાળા જેવુ હોવુ તે
૨. વિ. પ્રજ્વલિત; પ્રકાશવુમા; તેજવાન; ચળકાટવાળુ

જજ્વલ્યમાન [સં. જ્વલ્ (પ્રકાશવું)] વિ. પ્રકાશિત; ચળકતુ

જાજિબ ૧. પું ચોખ; હોશ.
૨. [અ.] વિ. આકર્ષક; ખેંચનાર
૩. વિ. સહેલી નાખનાર; ચૂસી લેનાર.

જાજિબ કાયદ [અ. જાજિબ (ચૂસી લેનાર) + ફા. કાયદ (કામળી)] પું. શ્વા.હીચૂસ કામળ; ચૂસણિયું; 'બ્લોટિંગ પેપર'.

જાજિબત ૧. [અ.] ન. આકર્ષવુ તે; ખેંચાણ.
૨. ન. જાદુ.

અજિબા જુઓ અજિબત.
કોઈને અજિબા = આકર્ષવાની શક્તિ.

જાટ ૧. પું. એ નામની જાતનો આદમી.
૨. સ્ત્રી. એ નામની અવ.સની એક અટક
૩. સ્ત્રી. એ નામની રજપૂત અને શીખની એક જાત. તે આખા પંજાબ, સિંધ, રજપૂતસ્થાન, ખાનદેશ, નાસિક, પૂના, મુંબઈ અને સંયુક્ત પ્રાંતના કેટલાક ભાગમાં ફેલાયેલી છે. આ જાતિના લોક સંખ્યામાં ઘણા છે અને જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા નામે ઓળખાય છે આ જાતિનો આચાર અથવાર રજપૂતોને બહુ મળતો છે. રજપૂતોના ૩૬ વર્ગમાં જાટનું પણ નામ છે કેટલાક દેશમાં જાટ અને રજપૂતોને ભમ સંબંધ પણ હોય છે. કેટલેક ઠેકાણે જાટમા વિધવા વિવાહની પ્રથા પ્રચલિત છે. જાટની ઉત્પત્તિ સંબંધમાં અનેક કથા છે. કોઈ કહે છે કે તેની ઉત્પત્તિ શિવની જટામાંથી થઈ માટે જાટ કહેવાયા. કોઈ વળી જાટને યદુવંશી કહે છે અને જાટ શબ્દનો યદુ કે યાદવ સાથે સંબંધ બતાવે છે. પંજાબ, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનમાં ઘણા મુસલમાન જાટ પણ છે આ પ્રજા સાહસિક અને ખુમારીદાર છે. તેમનો ઘણુખરા હાલ ખેતીનો ધંધો કરે છે.
૪. સ્ત્રી. પેટનાં અકરાંતિયા જેવા ખાનાર; ખાઉધરી સ્ત્રી.
૫. ન. એ નામની અટકનું એક માણસ.
૬. ન. એ નામની રજપૂત અથવા શીખની એક જાતનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.
૮. વિ. એ નામની રજપૂત અથવા શીખની એક જાતનું.

જાટકિયા ૧. પું. ન. સ. કૃષ્ણ; બંડ.
૨. સ્ત્રી. વાણિયા અને કંઠવા કણબીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

જાટજાટની [હિં.] ન. પૈશાચોથી જાળવવામાં આવતું નાટક. તેમાં બીજો પુરુષોનો પાઠ ભજવે છે. આ નાટકમાં પુરુષોને દાખલ કરવામાં આવતા નથી.

જાટણ સ્ત્રી. જાટ લોકોની સ્ત્રી.

જાટલ જુઓ જાટલીન.

જાટલિ [સં.] ન. એક જાતનું ઝાડ.

જાટલીન પું. એક જાતનો છોડ; હિના; મેંદી. તેનાં પાદડાંમાંથી હિનાનું અત્તર થાય છે.

જાટાલિકા [સં.] સ્ત્રી. કાર્તિકેયની એક માતૃકાનું નામ.

જાટાસુરિ પું (પુરાણ) જટાસુરના પુત્ર આલજુનું બીજું નામ.

જાટિકાયન [સં.] પું. અથર્વવેદના એક ઋષિનું નામ.

જાટિયા ૧. સ્ત્રી. એ નામની અટકની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

જાટુ ૧ [હિં.] સ્ત્રી. ચમાર લોકોની એક જાત
૨. ન. ઝાડનો એક ભાગ.

જાઠ ૧. [સં. યષ્ટિ] પું. તલ અથવા રોટલી પોવવાના સાધનની પરી.
૨. પું. તગારાની બન્નમાં રાખવામાં આવતો થાંભલો

જાઠડ (જાઠડા) પું સોનાનું મોતી જેવા દાગીનાનું ઠોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

જાઠર ૧. [સં.] પું. કાર્તિક સ્વામીનો અનુચર.
૨. પું. ક્ષુધા; ભૂખ.
૩. પું. જાઠરાગ્નિ; પેટમાં રહેલ અગ્નિ.
૪. ન. પેટ; ઉદર
૫. વિ. જઠરથી ઉત્પન્ન થયેલ.
૬. વિ. જઠર સંબંધી; પેટ સંબંધી.

જાઠરરસ [સં.] પું. જઠરમાં ઉત્પન્ન થતો રસ

જાઠરાગ્નિ [સં.] પું. જઠરમાં રહેલો અન્ન પચાવનાર અગ્નિ

જાઠર્ય ૧ વિ જઠરથી ઉત્પન્ન થયેલ.
૨. [મ્રં.] વિ. જઠર સંબંધી; પેટ સંબંધી.

જાડ ૧ સ્ત્રી. દાઢી.
૨. સ્ત્રી. મૂછાઁડ.
૩. ન. જાડાપણું; ઘાટાપણું; જાડાશ; સ્થૂળતા; ઘનતા.
જાડ કાઢવી = જાડાશનો ભાગ કાપી કાઢવો; પાતળો ભાગ કરવો.

જાડજીભું ૧. વિ. બોલવામાં મોટું લાંબે એમ બોલનાર
૨. વિ. બહુ બોલકણ.
૩. વિ. બોલવામાં બહુ હિંમતવાન.

જાડબોદું (જાડબોદું) વિ. જરા જાડું; જાડાશ ઊપરનું.

જાડબરું વિ. જડ; ગોબરી બુદ્ધિવાળું.

જાડાકરું વિ. મિજાજી; મિજાજ કરનાર; અહંમતી.

જાડપ સ્ત્રી. જાડાપણું; જાડું હોવું તે; સ્થૂળતા.

જાડપકેડી (જાડપકેડો) સ્ત્રી. ખેતીની પરજ કોમનો એક વિભાગ. તેમાં કોળી, વાઘરી, ભરવાડ, સપ્તર.રા, કણબી વગેરે સીમમાં કામ કરનાર અને લુહાર, સુથાર, દરજી, કલમ વગેરે ગામમાં કામ કરતા કારીગર વર્ગ એમ બે જાત્યા છે.

જાડપડ (જાડપડ) [હિં.] પું. મૂળ અને ડાળી.

જાડપણ જ. જાડાઈ; ઘનતા; જાડાપણું.

જાડપાંગળ વિ. જાડા કણવાળું; લીસું નહિ એવું મોટા દાણાવાળું

જાડપોગરું ૧. વિ. જૂના જમાનાનું; અસલી.
૨ વિ. નવી કેળવણીમાં નહિ ઊતરેલું; સાદાઈવાળું.
૩. વિ. મોટા દાણાવાળું, જાડા કણનું.

જાડપોગવું જુઓ જાડપોગરું.

જાડપોગણું જુઓ જાડપોગરું.

જાડપોતું વિ. જાડા વણાટનું; ઘટ ફુમાવાનું.

જાડબળિયું ૧. વિ. ગમે તેમ બોલે એવું; ફાવે તેમ બોલનારું.
૨. વિ બહુ બોલાવું
૩ વિ. બોલવામાં બીજાને હરાવે તેવું.

જાડભાયું વિ. જાડોળા કુટુંબવાળું; જબ્બાદાર; ઘણું. બાઈઓવાળું.

જાડવા ૧. સ્ત્રી. એ નામની કડિયાની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જાડંબો [સં. જાઙ્ગલ] પું. (શિલ્પ) વિક્રમવર્ષના ઉદયના ૮૧ મહિના આઠ ગામનો બનેલો એક ગામ; પીઢ.

જાડા ૧. [હિં.] પું. ગરદી; ટાઢ; ઠંડી.
૨. પું. શિયાળાની ઋતુ.
જાડા ચડવા-ગામવા = (૧) ટાઢિયો તાવ આવવો. (૨) ઠંડીની અસર થવી.
૩. સ્ત્રી એ નામની ખત્રીની એક અટક.
૪ ન. એ નામની અટકનું માણસ.
૫ વિ. એ નામની અટકનું.

જાડાઈ ૧ સ્ત્રી જાડાપણું; સ્થૂલતા.
૨ સ્ત્રી જડ; અજાણ; અવિવેકપણું; અજ્ઞાનતા; અનભિજ્ઞતા; અશિષ્ટતા
૩. સ્ત્રી. બુદ્ધિમાંદ્ય; મૂઢતા; બુદ્ધિની મંદતા.

જાડાગોમ સ્ત્રી. ઘોડાની ઠોક નીચેની ઝામરી.

જાડાપણું ન. જાડું હોવું તે; સ્થૂળતા.

જાડાબળિયું જુઓ જાડબળિયું.

જાડાઓટું ૧. વિ. બહુ સમજણવાળું નહિ એવું.
૨. વિ. ભાળાભૂતડું; સાધારણ.

જાડાર પું. જડ માણસનો દીકરો

જાડારડ જુઓ જાડાર્ય.

જાડિયાલસણ ન. એક જાતનો છોડ. તેને હાથીદાંત જેવાં સફેદ ફૂલ આવે છે.

જાડિયું ૧. ન. સ્થૂળ માણસ.

૨. વિ. જાડું; ધીંગુ.

૩. વિ. દત્તાત્રેય સિવાય બધે તેને મક્કમપણે કાંઈ કહી શકે તેવું

જાડી ૧. સ્ત્રી. જડબું; દાંતની બેઠક.

જાડી ફાટવી = (૧) બોલવું; ઉચ્ચાર કરવો (૨) મોઢું ઊઘડવું.

૨. સ્ત્રી. જીભ

૩. સ્ત્રી. બોલી.

૪. સ્ત્રી. લાલચ

૫. વિ. બહુ શરીરમાં હોય તેવું; સ્થૂળ.

જાડીઆ ૧. સ્ત્રી. એ નામની બતકોની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું માણસ.

જાડી કેસ ૧. સ્ત્રી. મજબૂત જેલખાનું.

૨. સ્ત્રી. લાંબી મુદતની જેલની સજા.

જાડી પીપર સ્ત્રી. લીંડી પીપરની એક જાત.

જાડું ૧. (જાડું) ન. જડબું; મોઢું.

જાડું ફાટવું = બોલી શકાવું.

૨. ન. દાઢી; હડપચી.

જાડાં મળ્યાં જવાં = (૧) બોલવાની શક્તિ ન હોવી. (૨) શરીરમાં ફૂલણા થઈ જવું.

૩. વિ. અનાગરિક; ગ્રામ્ય; ગામડિયું; અસભ્ય; અણઘડપણી; જંગલી; ગમાર.

૪. વિ. કઠણ થઈ ગયેલું.

૫. વિ. બરબચ્યું; બરછટ; સફાઈ વગરનું.

૬ વિ. બોખાઈ; ઝરેલું, ઝારે.

૭. વિ. ધટ કુમાયનું; મુલાયમ નહિ એવું; બરાઉ પોતનું; બાદ.

૮. વિ. ધાતું; ઝાડું

૯. વિ. ચરબીથી ઝરેલું; શરીરે ઝારું; માંસલ; લોહીવાળા. લોહી, માંસ અને ચરબીથી ઝરેલું; માતું; હૃષ્ટપુષ્ટ.

૧૦. વિ. ઝટ સમજે અથવા શીખે નહિ એવું; ક્રમબદ્ધતા; સ્થૂળ બુદ્ધિનું.

૧૧. વિ. તીણું નહિ એવું; બુઠ્ઠું.

૧૨. વિ. દળદાર; પહોળાઈદાર; પહોળાઈને પ્રમાણે મોટા વિસ્તારવાળું અને અંદરથી સંકીર્ણ હોય એવું; પહોળાઈમાં પરિણે વિસ્તારવાળું

૧૩. વિ. રેલો ચાલે નહિ એવું; લોંદા જેવું; ઝાડું; પ્રણાલી-પ્રણાલિકાનું પણ ચીલાનું ને રસ્તા જેવું.

જાડી રૈ = બહુ પાડી. (જાદ, દાળ વગેરે.)

જાડુંપાડક (જાડુંપાડ્ક) વિ. બહુ જ જાડું; જાડા પ્રકારનું અને વળી ડાંસીને બેઠેલું હોય એવું; ખાદી જેવું.

જાડુંધોંસ વિ. બહુ જાડું; બહુ સ્થૂલ.

જાડુંપાડું જુઓ જાડુંધોંસ.

જાડુંપાતળું વિ. બધા સંપત્તિ; જ્ઞાન પ્રમાણે; જે કાંઈ હોવું જોઈએ તેવું; જેવું જોઈએ તેવું.

જાડુંભમ વિ. ધીંગું; ખૂબ જાડું; સ્થૂલ; ભોટ.

જાડુંભંભ વિ. બિનઆરે જાડું; સ્થૂલ.

જાડુંભાભ જુઓ જાડુંભમ.

જાડુંભારડું (જાડું ભારડું) ન. ઘણી બધી રાખીને અનાજનાં ફાડિયાં પાડવાં તે; જાડો દળેલો લોટ.

જાડુંભોલ જુઓ જાડુંભમ.

જાડું ઓડું વિ. સાધારણ; જેવું તેવું.

જાડુંરેડ (જાડુંરેડ્) વિ. બહુ ધાડું; રસ્તા જેવું પહોળું.

જાડુંરોડ (જાડુંરોડ્) જુઓ જાડુંરેડ.

જાડેજા (જાડેજ્) ૧. [સં. યાદવેશ] પું. રજપૂતોની એક જાતિ. જામ લાખીઆરે સિંધમાં નગરઠઠ્ઠા વસાવ્યું. આ લાખીઆરથી આઠમો જામ જાડો અને જાડાનો દત્તક દીકરો જામ લાખો થયો. કચ્છી ભાષામાં જાડેજે એટલે જાડાનો અર્થ થાય છે. આથી જામ લાખો જામ જાડાનો પુત્ર થયો એટલે સિંધી ભાષા મુજબ તે જાડેજે અર્થાત્ જાડાનો કહેવાયો. બેલડામાં જન્મ્યો હતો માટે પણ જાડેજે કહેવાયો. સિંધી ભાષામાં બેલડાને જાડા કહે છે. આ લોકો બધા બુદ્ધિમાન, શૂરવીર અને લડવે ચડીયા છે તેઓ પોતાની રીતભાતને બહુ ચીવટાઈથી વળગી રહે છે. એમની વસતી રજપૂતસ્થાન, ગુજરાત અને સિંધમાં છે. આ સમ્બધમાં 'યદુવંશ પ્રકાશ'માં લખ્યું છે કે' એક એવી દતકથા છે કે ચારચારણીમાંથી ચાર બાજરો નીકળી દીજણાજ માતાને સ્વપ્ને મળ્યા. માતાજીએ જોને જાડા એટલે મોટામાં આગરો આખો એટલે તે જાડેજા કહેવાયા. બીજાને ચૂડા, ચકળા અને ભાણોમાં આગરો આપેલ હોઈને તે ચૂડાસમા, ચકલા અને ભાટી કહેવાયા. આ ચારે બાજરો માતાજીએ મોટાં રાજ્યો આપ્યાં. બીજો એક એવો મત પણ તેમાં બતાવ્યો છે કે: ઈ. સ. ની આઠમી સદીની શરૂઆતમાં નબીબક્રમટે ઈસ્લામી ધર્મ સ્વીકારવા જે ચાર આર્યોને ફરજ પાડી હતી તે દીજણાજ કે માત્રીમાતાને શરણે જતાં શરણના ચાર જાદા જુદા આકો ઉપરથી એટલે કે જાદા ઉપરથી જાડેજા, ચૂડા ઉપરથી ચૂડાસમા, ચાકળા ઉપરથી ચાવડા અને ભાટી ઉપરથી ભાટી કહેવાયા.

૨. સ્ત્રી. રજપૂત, ખારી, મેમણ, સુમરા, ક્ષત્રિય અને ગરાસાની એક અટક

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

જાડેજા ઢાળ (જાડેજ્ ઢાળ) પું. જાડેજાઓનો વખત

જાડેજાણી (જાડેજાણી) સ્ત્રી. જાડેજાની સ્ત્રી.

જાડેજી (જાડેજી) જુઓ જાડેજાણી.

જાડેજી ભાષા (જાડેજી ભાષા) સ્ત્રી. તળપદી કચ્છી ભાષા. તે મુજરાતી ભાષાથી નિરાળી છે. કચ્છી ભાષા બોલાય છે પણ લખાતી નથી.

જાડેલે (જાડેલે) પું. રજપૂતોની એક જાતનો માણસ. જાઓ જાડેજા.

જાડેરી ૧. વિ સ્ત્રી મોટી; સારી; જાડી.

૨ વિ. સ્ત્રી. સ્થૂળ; માપાના આવરણવાળી.

જાડેરું જુઓ જાડું.

જાડેરો વિ પું. જાડો.

જાડોપાતળો રોટલો પું જાર બાજરાનો અથવા બંને ભાવટાનો રોટલો. ગરીબાઈમાં ખાતા. લાગ આદા ખોરાકના સંબંધમાં સાધારણ રીતે તે વપરાય છે

જાડો ૧. પું. બોદો

૨ વિ પું. ધીંગો; સ્થૂળ.

જાડ્ય વિ. મર્યાદાય સબંધી ગમ રોગ્ય કોય એવું

જાડ્ય (જાડ્ય) ૧ ન. બુદ્ધિની જડતા; મૂર્ખતા; સ્થૂલતા.

૨. [સં] સ્ત્રી. શીતલતા; ઠંડાપણું.

જાડ્યજાડ્ય (જાડ્યજાડ્ય) [સં] વિ. બુદ્ધિની જડતા ઉત્પન્ન કરે એવું.

જાણ ૧. પું. અજમો.

૨. પું. જોગી; શુકન વગેરે જોઈને ભવિષ્ય ફળ કહી જાણનાર માણસ

૩ પું પરીક્ષક; સારું બોટું શું તે પારખનાર; માણસ

૪ [સં જ્ઞા (જાણવું)] સ્ત્રી. ઓળખાણ; માહિતી; જ્ઞાન; જાણવું તે; ખબર પડવી તે.

જાણ ગણાવવી = (૧) ભુલાની લેવી. (૨) તપાસ કરવી.

૫ જી ખાનદ ખયાલ.
૬ વિ. જાણીતું; જોમિયું; માહિતગાર. ઓળખાણપણું; પરિચિત.
૭. વિ. જાણનાર; કદર કરનાર, સમજનાર.
૮. અ. કચા, ક્યે રથળે.
૯. અ. જ્યાંલ્યા

જાણકારો પું. ઠોકબાજીઃ પચાત કરનાર માણસ.

જાણકાર ૧. વિ. અનુભવી.
૨. વિ. જાણનારઃ માહિતગારઃ જાણભેદુ; બધી પરિસ્થિતિ સમજનાર.
૩. વિ. જ્ઞાની, વિદ્વાન.
૪. વિ. સમજુ; ચતુર, વિવેકી, કદરદાન

જાણકારી સ્ત્રી જ્ઞાન હોવાપાત્ર, માહિતી હોવી તે.

જાણગાર જુઓ જાણકાર

જાણણહાર ૧. પું. પરમેશ્વરઃ ભગવાન.
૨. જુઓ જાણકાર.

જાણણહારું જુઓ જાણણહાર.

જાણતલ જુઓ જાણકાર.

જાણતા જુઓ જાણકાર.

જાણનહાર જુઓ જાણકાર.

જાણનહારું જુઓ જાણકાર.

જાણનાર જુઓ જાણકાર.

જાણપણ જુઓ જાણપણું.

જાણપણું ૧. ન. આવડતઃ જ્ઞાન.
૨. ન ચતુરાઈઃ હોશિયારી.
૩. ન. જાણપણુંઃ જાણપણુંઃ માહિતી. મહિતગારપણું
૪. ન. મનમાં સમજવું તે.

જાણપિછાણ સ્ત્રી. જાણવા અને પિછાનવાપણું; ઓળખાણ; માહિતી; અસર; પરિચય; પિછાન; ઓળખાણપિછાન.

જાણ પિછાન જુઓ જાણપિછાણ.

જાણ પુરુષ પું. અનુભવી, જાણીતોઃ સમજુ; ડાહ્યોઃ કીમત કરી જાણે એવો માણસ

જાણમહાર અ. જાણ્યામાંઃ અસર પડે નહિ એમ.

જાણમાજ ૧. પું. સ્વયંસેવકઃ 'વૉલન્ટીયર'.
૨. વિ. અનુભવી, જ્ઞાનવાળું.

જાણભેદુ વિ જાણકારઃ અંદરની વાત જાણનારઃ માહિતગાર, ઘર વગેરેનો ભેદ જાણનાર, અંદરની વાત-ભેદ-ભોડવાનું ઘરનારની જેને માહિતી હોય તેવું પણ જાહેરથી છુપાવનારું.

જાણમાં અ. જાણ પ્રમાણે, સમજ મુજબ.

જાણવા જોગ ૧. વિ. જાણવા જેવું; જ્ઞાતવ્ય જેની માહિતીની જરૂર હોય એવું.
૨. વિ. રસિક; સંજોગવા જેવું; રસજિજ્ઞાસા ઉપરાંત એવું, મનમાં લેવા જેવું; સમજવા જેવું.

જાણવામાં અ. સાજગવા પ્રમાણે; જેટલી જાણ છે તે ઉપરથી; ખાતરી પૂર્વક નહિ તેમ; અટકળે; જાણ પ્રમાણે.

જાણવી વિ. માહિતગાર; અસર હોય એવું; જાણકાર.

જાણવું ૧. [સં. જ્ઞા] સ. ક્રિ. ઓળખવું, પિછાનવું, ધારણ કરી; જ્ઞાન, અનુભવ કે પરિચય હોવો; અનુભવ હોવો; અસર–માહિતી હોવી.
કોણ જાણે ? = (૧) કહેનારો તો નથી જાણતો એ અર્થમાં. (૨) કોને જાણવાની દરકાર છે એ અર્થમા
૨. સ ક્રિ. કદર કરવી; ઈનામ આપવું.
૩. સ. ક્રિ. કબૂલ કરવું.
૪. સ. ક્રિ. ધારવું, કલ્પના કરવી, અનુમાન કરવું
૫. સ. ક્રિ. પાંચ ઇંદ્રિયો–ચક્ષુ, શ્રવ, નાક, જીભ, ત્વચા અને મન મારફતે શું છે તે સમજવું; જ્ઞાન પામવું; કળવું.
૬. સ. ક્રિ. ભણેલા હોવું.
૭. સ. ક્રિ. સંભારવું; યાદ કરવું; માનવું; વિસરી ન જવું; બધા કરતાંને બીજું વિસરી ગયેલું પણ સંભારવું.

જાણવું ૧. પું. જાણનાર પુરુષ; જ્ઞાની; સમજુ માણસ
૨. સ. ક્રિ. (કરણી) કું જાણું છું.

જાણવ્યું વિ. જાણવામાં આવેલું.

જાણીઅજાણ વિ. જાણવાળું; જ્ઞાની

જાણીજોઈ અ. જાણવા છતાં; ઇરાદાપૂર્વક; ખાતરી થયા છતાં; પૂરું જ્ઞાન છતાં; નક્કી વિચાર કરીને બુદ્ધિ પુરઃસર; જાણીબુજીને.

જાણીજોઈને જુઓ જાણીજોઈ

જાણીતું ૧. વિ. અનુભવી.
૨. વિ. જગજાહેર; પ્રસિદ્ધ
૩. વિ. જાણવામાં હોય એવું; જાણવાનું, ઓળખીતું, જેની માહિતી હોય એવું.
૧. જાણીતો ચોર ઘર મારે = ચોર ચોરિયો હોય તો ઘરમા જ ચોરી કરે.
૨. જાણ્યો કોચો કાંટાનો = જાણ્યા થયા જે બાબત જાણવાની નથી ત્યાં લગી તેને માટે આતુરતા રહે છે, પણ જાણવાથી વસ્તુની કીમત પડી જાય છે.
૪. વિ. બદનામ થયેલું; અપકીર્તિ પામેલું.
૫. વિ. ચિંતા કુદરત શીખેલું
૬. વિ. હોશિયાર; કાબેલ; માહિતગાર; ચોમિયું.

જાણીને જુઓ જાણીનેઈ.

જાણીબૂજી જુઓ જાણીજોઈ.

જાણીબૂજીને જુઓ જાણીજોઈ.

જાણીલ ૧. [અ.] સ્ત્રી. જ્ઞાન; વફાદારી.
૨. સ્ત્રી. ચુક્તિ; વલણ.

જાણીસમજી જુઓ જાણીજોઈ

જાણીસમજીને જુઓ જાણીજોઈ.

જાણે ૧. અ. કદાચ.
૨. અ. પોતાની મેળે; જાતે.
૩. અ. માનો કે; ધારો કે.
૪. જુઓ જાણેકે

જાણેઅજાણે અ. જાણીને અથવા નહિ જાણીનેઃ બૂઝચૂકથી, ગફલત થવાથી; બેખબરપણામાં; સહસાજ; સમજે વગર સમજે; જાણતાં કે અજાણતાં.

જાણેકે ૧. અ. એમ બન્યું છે કે; એવો વિચાર આવે છે કે.
૨. અ. જાણે જ હોયનેઃ આમ હોયનેઃ આમ હોય તેમઃ આમ હોયની શું, આમ ધારીએ કે.
૩. અ. 'માનો કે' એવો ભાવ બતાવતો શબ્દ.

જાણો ૧. પું. જાણનારો માણસઃ જાણુ; જોશી.
૨. વિ પું. શાણો; ડાહ્યો.
૩. [હિ.] અ. એટલે કે.
૪. અ. સમજો કે.

જાણોકે ૧. અ. અમુક રીતે હોય તેમઃ આવી તેવી રીતેઃ આમ હોય તેમ.
૨. અ. એમ બન્યું છે કે; એવો વિચાર આવે છે કે.

જાણોજાણો ૧. પું. થોડું ઘણું જેની જાણમાં હોય તેવો માણસ.
૨. પું. ફેરોઃ ફેરતો.
૩. અ. અડધુપડધું જાણવામાં આવે તેમ.

જાણ્ય [સં. જ્ઞેય] વ. જાણવું તે.

જાણ્યા જુઓ જાણવામા.

જાણ્યાઅજાણ્યાં જુઓ જાણેઅજાણે.

જાણ્યાતેણે જુઓ જાણવામા

જાણ્યામાં અ. સાજગવા પ્રમાણે; જેટલી જાણ છે તે ઉપરથી; માહિતી મુજબ.

જાણ્યામેળે જુઓ જાણવામાં.

જાણ્યુંવીણ્યું વિ. આમતેમથી સહેજસાજ જાણેલું કે સાભળેલું હોય એવું; જાણીતું.

જાતે અ. પોતાની મેળે; જાતે; પડે

જાતેઅજાતે જુઓ જાણેઅજાણે.

જાત ૧. [સં જન (જન્મવું)] પું. પુત્ર; દીકરો.

૨. સ્ત્રી. અમુક લક્ષણને લક્ષીને પાડેલો વર્ગ, વિભાગ, ભેદ, પ્રકાર અથવા વર્ગ; જાતિ. દેશને લક્ષીને પડેલી માણસોની જાત: હિંદુસ્તાની; મરાઠિયન; જપાની; અમેરિકન; પંજાબી; ગુજરાતી; બંગાલી વગેરે. ધર્મને લક્ષીને પડેલી જાત: હિંદુ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી વગેરે. કર્મને લક્ષીને પડેલી જાત: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. ધંધાને લક્ષીને પડેલી જાત: ભોગી, સુથાર, સુતાર વગેરે વર્ગ ઉપરથી પડેલી જાત: મોરી, કાણી, પીળી વગેરે. જન્મને લક્ષીને પડેલી જાત: માણસ, પશુ, પંખી, કીટ વગેરે

૧. જાતમાં લેવાનું = (૧) કુળની રૂએ બસિયાણું પડવું. (૨) જાતપ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે એટલા ખાતર નુકસાન વેઠી લેવું.

૨. જાને જાત જુદી કરવી = રૂપ, રંગ અને આકાર વગેરેને અનુસરીને વસ્તુના જાતવાર વિભાગ પાડવા.

૩. સ્ત્રી. (ગણિત) ગણિતની ક્રિયાઓનું પરિણામ.

૪. સ્ત્રી. નાત; જ્ઞાતિ.

૫. સ્ત્રી. પદ્મ; પોતાનું શરીર; દેહ; તન; બદન.

૧. જાત ખોવી = ખૂબ માનસિક શ્રમથી શરીરને પરસવો નાખવું.

૨. જાત ગોરવી = (૧) પોતાની જાત છુપાવવી. (૨) બહુ શારીરિક શ્રમ ન લેવો, કામ કરવામાં આળસ રાખવી; ખરા અંતઃકરણથી મહેનત ન કરવી.

૩. જાત તોડવા = બહુ શ્રમ અને મહેનત કાઢીને કામ કરવું; અતીતોડ મહેનત કરવી.

૪. જાત બોળવી = (૧) જુદી જાતની આંખે જુદી જાતના પુરુષ સાથે કે પુરુષે સ્ત્રી સાથે વ્યભિચાર કરી એક અવયવ બે જાય કરવા. (૨) ધર્મભ્રષ્ટ થવું. (૩) નામ ડુબાવવું, જાતને કલંક લગાડવું. (૪) વટલાવું; દેહ અભડાવવો.

૫. જાત વેચીને પૂરું કરવું = પોતાનો દેહ કે સ્વાતંત્ર્ય વેચીને પણ ગમે વગેરે ભરવા કરવું અથવા કુટુંબનું પાલન કરવું; ગમે તે રીતે પૂરું કરી આપવું

૬. જાતનું = પોતાનું; પોતામાનું.

૭. જાતનું અવળું = બળકઠીકણું; બાંધ. ક્રમતાકાતવાળું; શરીરને અસર તરત થાય એવું; તકલાદી શરીરવાળું; સુકાઈ ગયેલા શરીરવાળું; અવળું સુકાયેલું હોય તેવું

૮. જાતને માથે જાવા વળી જવી = દુઃખને લીધે શરીર ખરાબ થઈ જવું.

૯. જાતને મથે જાત પડવી = દુઃખને લીધે શરીરનો વાન ફરી જવો

૧૦. જાતે = (૧) જાતનું; પોતાનું. (૨) પોતે; પોતે. પહેલું સુખ તે જાતે નર્યા.

૧૧. જાતે ન જીવે = એકલું; એકે પોતે જ; કુટુંબમાં બીજું કોઈ ન હોય એવું.

૬. સ્ત્રી. પુરુષાતન, નિર્ગુણ સ્વરૂપ; તત્ત્વનિરંજન.

૭. સ્ત્રી. બીજ; મૂળ; વંશ.

૮. સ્ત્રી. બીજગુણ; વંશગુણ; મૂળ સ્વભાવ; અસલ આસિયત.

૯. સ્ત્રી. (હિંદી) માનતા અર્પણ કરવી તે.

૧૦. ન જન્મ

૧૧. ન છત્રું; કીટ.

૧૨. ન બાળક

૧૩. ન. સમૂહ

બિસર નિવહ સરોહ ભેદ ચૂથ જાત પદ જાત; ચક્ર અનંત સમાજ બહુ, સ્તોમ ગ્રામ સંઘાત. પિંગલપ્રકાશ

૧૪. વિ ખુલ્લું, જાહેર; વ્યક્ત.

૧૫. વિ જન્મેલું; ઉત્પન્ન થયેલું; પેદા થયેલું.

૧૬. વિ. જાતનું; પોતાનું; આપનું

૧૭. વિ. પ્રશસ્ત; વખાણવા લાયક; સારું

જાત અનુભવ પું પોતાનો જ અનુભવ.

જાત આવડત (જાત આવડત) સ્ત્રી. પોતાની હોશિયારી; પોતાની મેળે સમજે તેવી બુદ્ધિ; દેવા ઉધાત.

જાત ઇનામ ન. વટા પરપરા નહિ પણ પોતાના પૂરતું મળેલું ઇનામ.

જાત-ઉલ-જવાયસ [ઘ.] સ્ત્રી. વાનું ઝાડ, બરસદ.

જાતક ૧. પું. દંતકથા; લૌકિક કથા.

૨. પું ભિક્ષુક.

૩. પું હિજડાનું ઝાડ.

૪ પુ હોરાશાસ્ત્ર

૫ સ્ત્રી જૌદ્ધ સાહિત્ય માંહેની જુદી જુદી કથા; જાતક કથા.

૬. ન. (જૌદ્ધ) ખુદ્દકનિકાયના પંદર ગ્રંથોનો એક વિભાગ.

૭. ન જન્મકુંડળી; જન્માક્ષર; જન્મકાળની બધી હકીકતની જ્યોતિષની દૃષ્ટિએ જાતરી.

૮ ન. જન્મેલાનું શુભ અને અશુભ વગેરેનો નિર્ણય કરનાર ખુદ્દજાતક વગેરે ગ્રંથ; જન્મકથા.

૯. ન. જાતકર્મ; સોળ માંહેનો એક સંસ્કાર; તરતના જન્મેલા બચ્ચાંને તેની નાભ વધેર્યા પહેલાં સોનાને ચમચે ઘીમાં ઘસી ઘસીને ચોપડવું તે.

૧૦. ન (જ્યોતિષ) જ્યોતિષ શાસ્ત્રની એક શાખા. જ્યોતિષ શાસ્ત્રની ગણિત, જાતક અને મુહૂર્ત એવી ત્રણ શાખા મનાય છે.

૧૧. ન. તરતનું જન્મેલું બાળક.

૧૨. ન. ફલિત જ્યોતિષનો એક ભેદ, જે અનુસાર કુંડળી જોઈ તેનું ફળ કહેવાય છે.

૧૩. ન. બૌદ્ધ ધર્મની કથાઓનું પુસ્તક.

૧૪. વિ. ઉત્પન્ન થયેલ.

૧૫ વિ. વીતક.

૧૬. વિ. સુંદર

જાતકકથા ૧. [જાતક (જન્મ સંબંધી) + કથા (વાર્તા)] સ્ત્રી. જન્મકથા; બુદ્ધ ભગવાનના પૂર્વ જન્મની કથા.

૨. સ્ત્રી. બુદ્ધ ભગવાનના જન્મો સંબંધી વાતોનો સમૂહ કરેલ ગ્રંથ. આ ગ્રંથ માંહેની કથાઓ તેમણે પ્રસંગોપાત પોતે પોતાના શિષ્ય વર્ગ આગળ કહેલી એમ માનવામાં આવે છે.

જાતકગ્રંથ [જાતક (જન્મ સંબંધી) + ગ્રંથ (પુસ્તક)] પું. બુદ્ધ ભગવાનના પૂર્વ જન્મની કથાઓનો ગ્રંથ.

જાતકજાત [સં.] ન. જન્મેલાનું શુભ અશુભ સૂચવનાર એક ચક્ર

જાતકજાત [જાત (જાતિ) + ક (અરાજ) + જાત (જાતિ)] વિ. અરાજ જાતિવાળું; હલકું; દુષ્ટ; નીચ

જાતકમાર્ઇ સ્ત્રી. પોતે જાતે મહેનત કરીને કે પરસેવો ઉતારીને કરેલી કમાણી; જાતની કમાણી; પોતે જાતે કરેલી કમાણી.

જાતકમાલા સ્ત્રી. કવિ ક્ષેમેંદ્રે રચેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

જાતકર્મ ૧. [સં. જાતકર્મન્] ન. પુત્ર જન્મ નિમિત્તે પિતાએ કરવાનો એક સંસ્કાર; સોળ માંહેનો એક સંસ્કાર; જેમાં બાળકને તેનો પિતા સોનાને ચમચે તેની જીભ ઉપર ઘી લગાડે છે આ સંસ્કારમાં બાળકને ઘી, મધ, અને સોનાનો પ્રસાદો સોનાના પાત્ર વડે પાવામાં આવે છે. આ સંસ્કાર કરતી વખતે એક પથ્થર ઉપર કરસી ઘસવામાં આવે છે. તે ઘસેને ઉપલાણી તે ઉપર બાળકને ધરે છે. આ ક્રિયામાં પથ્થર એ જનસમાજનો પાયો, દૃઢ ધર્મ પાળનાર બ્રાહ્મણ, પરશુ એ ક્ષત્રિય અને સોનું તે વૈશ્ય મનાય છે. આ ક્રિયાથી બાળક આ ત્રણે વર્ગના જનસમાજમાં દાખલ થવાનું સૂચવાય છે

૨. ન બાળકની ઝાંખી

૩. ન. (શિલ્પ) વસ્તુના ઉત્પન્ન નિમિત્તે તેના ઉત્પન્ન કરનારે કરવાનો એક સંસ્કાર; વસ્તુના સોળ સંસ્કાર માંહેનો ચોથો સંસ્કાર.

જાતકર્મઅવસર પું. જાતકર્મ કરવાનો સમય.

જાતકાયદો પું. અંગત કાયદો.

જાતકાર ૧. પું. કામકાજ.
૨. વિ. જાતનું, જાતનું; ભાતનું.

જાતકાર્લંકાર [જાતક + અલંકાર] પું. (જ્યોતિષ) એ નામનો જ્યોતિષનો એક ગ્રંથ.

જાતર્ક ન. જ્યોતિષ.

જાતકોષ [જાત (જન્મેલું) + કોષ] પું. કોષનો કોષ; બહુ કોષ; કોષમાંથી ઉત્પન્ન થયેલો કોષ.

જાતક્રિયા જુઓ જાતકર્મ.

જાતછેતરામણ જી. પોતાની જાતને છેતરવાપણું.

જાતજમાત [જાત (જાતિ) + જા. જમાજાત (ટોળું)] જી. આખા જાતનો જમાત કે સમૂહ.

જાતડી (જાતડો) ૧. જી. જાતિ; જાત; જ્ઞાતિ.
૨. જી. પક્ષ; દળ.

જાતતહેનાત [જાત (પંક્તિ) + જા. તહેનાત (સેવા)] જી. પોતાના સેવા.

જાતદરમાયો [જાત (પક્ષ) + દર (દરેક) + મત (મંતવ્ય)] પું. પોતાનો અંગત પ્રચાર.

જાતદંત [સં. જાત (જન્મેલું) + દંત (દાંત)] વિ. જેને દાંત ઊગેલા હોય તેવું.

જાતદૃષ્ટાંત [જાત (પક્ષ) + દૃષ્ટાંત (દાખલો)] પું. પોતે જાત બેસાડેલ દાખલો.

જાતદ્રાબ્ધિકા પુ. એક જાતનો છોડ. તેની પાંદ ઉપર ખાટા અને ઝંઝાવુંવાળા ક્ષાર હોય છે. તે છોડીનો બીજો પ્રકાર છે.

જાતદ્રોહ [જાત (પંક્તિ) + દ્રોહ (દ્વેષ)] પું. પોતાના પોતાની બાબે કરેલ દ્રોહ.

જાતધમાકા પુ. બાજરો, જાર, ચોખા, ઘઉંસાર્ક, બતાવ વગર જવા માણસને દાન તરીકે આપેલા જમીન.

જાતના [સં. જાતના] જી. દુઃખ; કષ્ટ; પીડા.
દુઃખ સહે જન જાતનાનું, તપુ કરી દુઃખ ખમ.
મુક્તાનંદ

જાતનામ [હિ.] ન. વસ્તુવાચક નામ.

જાતનાહીના જિ. જાત બહાર.

જાતનાહરો જુઓ જાતતહેનાત.

જાતપક્ષ [સ. જાત (જન્મેલું) + પક્ષ (પાખ)] વિ. જેને પાખ આવી હોય એવું.

જાતપગાર [જાત + પગાર] પું. નોકરી ઉપરાંત કામ માટે, પગાર ઉપરાંત મળતી વધુ રકમ.

જાતપરખ [જાત + પરખ (પરીક્ષા)]
જી. જાતને પારખવી છે જાતને ઓળખવી તે.

જાતપરાક્રમ [જાત + પરાક્રમ (બહાદુરી)] ન. પોતાની બહાદુરી.

જાતપત જી. પંક્તિ.

જાતપ્રત્યય [સં. જાત (ઉત્પન્ન થયેલ) + પ્રત્યય (વિશ્વાસ)] વિ. જેને માટે અદ્ધા બેઠી હોય તે; જેની ખાતરી થઈ હોય તેવું.

જાતફેર વિ. વર્ણસંકર.

જાતબહાર [હિ.] વિ. જાત બહાર.

જાતબળ ન. પોતાનું બળ; પોતાની તાકાત.

જાતબાચક [હિ.] ન. (વ્યાકરણ) જાતિ વાચક નામ; સામાન્ય નામ.

જાતબિરાદરી [જાત + બિરાદરી (ભાઈબંધી)] જી. જાત કુટુંબ.

જાતબુદ્ધિ [જાત (પોતાનું) + બુદ્ધિ] જી. પોતાની બુદ્ધિ; બરકાની કાબેલિયત વિનાની પોતાની બુદ્ધિ.

જાતભાઈ ૧. પું. ધર્મબંધુ.
૨. [જાત (પોતાનું) + ભાઈ] પું. પોતાની જાતિનો માણસ, જ્ઞાતિબંધુ, નાતીલા, જ્ઞાતીલા, જ્ઞાતિભાઈ.

જાતભાન ન. પોતા સંબંધી જ્ઞાન.

જાતમાર્યે [સં.] વિ. પ્રેરણપ્રાપ્ત થયેલ; કોપ પામેલ; ગુસ્સે થયેલ.

જાતમહેનત ૧. [જાત (પોતાનું) + મહેનત] જી. જાતે કરેલી મહેનત; સ્વાશ્રય. આ શબ્દનો ઇતિહાસ આપતાં 'અમણ પ્રભાત'માં લખ્યું છે કે: જાતમહેનત અંગ્રેજી શબ્દ 'બેડ લેબર'નો અનુવાદ છે. 'બેડ લેબર'નો શબ્દાર્થ: તરભૂમા રાટીને સારૂ મજૂરી અથવા જીવનશ્રમ થાય. રોટી અટકે કે જેવળ જરૂરીઆતના ચીજને સારૂ પ્રત્યક્ષ મનુષ્યે મજૂરી કરવી જોઇએ, શરીર વાંકું વાળવું જોઇએ એ ઈશ્વરી નિયમ છે, એ મૂળ શબ્દ ટોલસ્ટોયની નથી, પણ તેના કરતાં બહુ અર્પણોચિત રંજનને લેખક ગુનોંહની છે. તેને ટોલસ્ટાયે પ્રસંગે આપાને અપનવાવી. આની ગાંધી ભગવદ્ગીતાના ગ્રંથ અભ્યાસમા માન છે. યજ્ઞ કર્મ વિના જે ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે એવો પ્રતિન શાપ અન્નને છે. અહીં યજ્ઞનો અર્થ જાતમહેનત અથવા રોટીમજૂરી જ થાય છે, ને લેખકના મત પ્રમાણે સકાર્ય છે.
૨. જી. શરીરશ્રમ.

જાતમહેનતુ વિ. જાતે મહેનત કરનારું સ્વાશ્રયી.

જાતમાત્ર ૧. [સં.] ન. માત્ર જન્મ.
૨. વિ. તાજું જન્મેલ.

જાતમાહિતી [જાત (અંગત) + માહિતી (ખબર)] જી. અંગત વાકેફગારી.

જાતમુચરકો ૧. પું. ખોળખી કાઢવા એવો સ્મૃતિ લેખ.
૨. પું. પોતાની જાતનું ખમીરખતા; પોતે જ પોતાના ખમીર વધુ તે.

જાતમુચલકા જુઓ જાતમુચરકો.

જાતમુનસફી ૧. [જાત (પોતાનું) + મુનસફી (ન્યાયાધીશ)] જી. પોતાનો ન્યાયાધીશ કે સત્તા.
૨. પોતાનો ઇન્સાફ; પોતાની મરજી.

જાતમુબારક [અ.] જી. ખુદ મોબત.

જાતમુલાકાત જી. જાતે મળવું તે; રૂબરૂ ભેટો; રૂબરૂ મળવું તે.

જાતમૃત [સં. જાત (જન્મેલું) + મૃત (મરેલું)] વિ. મરેલું અવતરેલું.

જાતર ૧. જી. ગાડાની પોજણી લાંબે બાંધવાનું દોરડું.
૨. [સ. યાત્રા] જી. જાતરા; જાત્રા.
મ પક્ષ મારા આધાર ! ચોસઠ જોયું ચહાવશે ?
જયા ચહાનપૂજાર, કાયતાં જાતર આવશે.
દયો
૩. જી. નેવદ કરવો તે.
૪. જા. મેળો.
૫. જી. વાઘરી કુંભાર તરફથી પાક, ખરાનો કૂર વર્ષ કરી દેવાનો કરાતો ઉત્સવ, નવું અનાજ પાકે ત્યારે દેવી, દેવીને દારૂ, માંસ વગેરેનો ધરાવવામાં આવતો ભોગ.

જાતરખું વિ. જાત સાચવનારું; સ્વાર્થી.

જાતરા જુઓ જાત્રા.

જાતરાંવેરા જુઓ જાત્રાવેરો.

જાતરૂપ ૧. [સં.] ન. ઉત્પન્ન થયેલાનું રૂપ.
૨. ન. ઉત્પન્ન થયેલું રૂપ.
૩. ન. એ નામનો ભૂમિ ભાગ. તેની અંદર તે નામના રત્નો હોય છે.
૪. ન. ધતૂરો.
૫. ન. સોનું; સુવર્ણ; હેમ, હિરણ્ય.
જાતરૂપ કલધાત ને ચામીકર રજનીય,
કનક કદ્ર રાકન કનક મહારજત રમનીય.
પિત્રળસપુમોય
૬. વિ. જેનું રૂપ સરસ હોય તે.

જાતરૂપમય [સ. જાતરૂપ (સોનું) + મય (ભરેલું)] વિ. સોનામય; સોનાનું.

જાતરૂપધરવિદ્વત્સંન્યાસ પુ. (વેદાંત) જનમ્યો હોય તેવા સ્વાત્મામાં રહેવારૂપ સન્યાસ; વસ્ત્રાદિ સર્વ પરિગ્રહના ત્યાગરૂપ સન્યાસ; અવધૂત દશા.

જાતરૂપ્ય [સં. જાતરૂપ (સોનું)] ન. સોનું.

જાતરૂબરૂ અ. અંગત હાજરીમાં.

જાતલ વિ જાત્રાએ જનાર.
જાતલનાં અપબ્રંશ, જાતરે ચુર્યાતલ ત્યા;
પાણી પણમાં માંય, વૈ વેરૂઃ વણારસી.
દુહો

જાતલક્ષણ ન. જાતિનું ખાસ લક્ષણ.

જાતલખાણ ન. પોતે જમેલું લખાણ.

જાતલડી (જાતલડી) ૧. [સં. જાતિ (પંડ)] સ્ત્રી. જાત; પંડ; દેહ; શરીર.
૨. સ્ત્રી. જાતિ; જ્ઞાતિ.
કોણ હતી એની જાતલડી.
આવા પૂર્વ એક વાતડી. અજ્ઞાનંદ

જાતવજન ન. વિશિષ્ટ મુલ્ય; આપેક્ષિક મુલ્ય.
આ તરેહની જાતની સ્વભાવગણીને 'જાતવજન' 'સ્પેસિફિક ગ્રેવિટી' કહેવામાં આવે છે. સાહિત્યસંદ

જાતવડા (જાતવડા) ૧. સ્ત્રી. કાઠીની એક જાત.
૨. ન. કાઠીની એ નામની જાતનું માણસ.
૩. વિ. કાઠીની એક જાતનું.

જાતવણીત ૧ ન જવું તથા પાપું વગેરે તે
૨ અ. જાતાં વળતાં; આવતા જતાંની વેળાએ

જાતવંત ૧. વિ. આબરૂદાર.
૨. [સં. જાત (જાતિ) + વત્ (વાળું)] વિ. ખાનદાન કે ઊંચી ઓલાદનું; જાતવાળું; ખાનિયાત; સારા કુળમાં જન્મેલું.
૩. વિ. સરસ; રૂડા ગુણ ધરાવનું.

જાતવાન જુઓ જાતવંત.

જાતવાર અ. દરેક જાતિવાર; જાતેજાત; વર્ણવાર

જાતવારી સ્ત્રી. જાત પ્રમાણે અનુક્રમ ગોઠવ્યો તે.

જાતવિતક સ્ત્રી. પોતાના ઉપર આવી પડેલી આફત.

જાતવિદ્યા [સં] સ્ત્રી. બધી વસ્તુઓનાં મૂળ અને પ્રકૃતિનું જ્ઞાન.

જાતવેદ ૧. [સં.] પું. અગ્નિ.
જાતવેદ અનલ હુતાશન નિર્ઋત જિલ્લ દ્રવ્યાદ;
વૈશ્વાનર અક્રોધિત્ર ને પ્રમથેત પ્રમાણ.
પિંગલપ્રકાશ
૨. પું. ચિત્રક વૃક્ષ વેદના ચાર પ્રકારની જેમ ચિત્રકના ચાર પ્રકાર છે.
૩. પું. પરમેશ્વર.
૪. પું. બધા ધનનો માલિક.
૫. પું. સૂર્ય; સૂર્યદેવ.
૬. વિ. જન્મેલ પ્રાણીઓને જાણનાર ઓળખનાર.
૭. વિ. હાજર; પ્રાપ્તવાળું.
૮. વિ. ધનવાન; પૈસાદાર.

જાતવેદસ ૧. [સં.] વિ. અગ્નિ સંબંધી.
૨. વિ. ચિત્રક વૃક્ષ સંબંધી.
૩. વિ. પરમેશ્વર વિષેનું.
૪. વિ. સૂર્ય સંબંધી.
૫. જુઓ જાતવેદ.

જાતવેદસી [સં.] સ્ત્રી. પાર્વતી.

જાતવેદા જુઓ જાતવેદ.

જાતશત્રુ [સં.] વિ. જેનો કોઈ દુશ્મન હોય એવું

જાતસુધારણા સ્ત્રી. પોતાના પંડને સુધારવું તે.

જાતમેવા જુઓ જાતહેવાત.

જાતસ્વભાવ ૧. પું. જાતિ કે કોમનો વિશિષ્ટ સ્વભાવ જાતિનું ખાસ લક્ષણ; જાતિસ્વભાવ.
૨. પું. પોતાનો સ્વભાવ; પ્રકૃતિ.

જાતહક પું વ્યક્તિગત અધિકાર

જાતહારિણી [સં. જાત (જન્મેલું) + હારિણી (હરી જનારી)] સ્ત્રી. જન્મેલા બાળકને હરી જનારી એક કુષ્ટા.

જાતહીન [સ જ્ઞાતિ (જાત) + હીન (વિનાનું)] વિ જાત અથવા કોમ વિનું

જાતંગણી સ્ત્રી. ખાડવાનું દૃઢ કાઢવાનું ઓજાર લોઢાનું એક સાધન.

જાતા ૧ [સં] સ્ત્રી. બધી; છોકરી; પુત્રી.
૨ સ્ત્રી પંજાબમાં કોહત જિલ્લામાં આવેલી નિમ્નની બાજુ એને કોહતની પહાડી બાજુ કહે છે.
૩. વિ સ્ત્રી ઉત્પન્ન થયેલી
૪ વિ સ્ત્રી જન્મનારી; ઉત્પન્ન કરનાર.

જાતાગ્નિ [સં જાત (જન્મેલું) + અગ્નિ] પું. બાળક જન્મે ત્યાંથી છઠ્ઠા પર્યંત રાખવામાં આવતો અગ્નિ.

જાતાપત્યા ૧ [સ જાત (જન્મેલ) + અપત્ય (બાળક) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જેને છોકરાં થયાં હોય તેવી સ્ત્રી.
૨. સ્ત્રી. પ્રસૂતા સ્ત્રી; બાળકની મા

જાતારી [સં. જાત્ર] સ્ત્રી. (વહાણવટું) નાની લોખંડી.

જાતિ ૧. પું. અગ્નિના અધિકાર આઠેનો એક પ્રકાર જુઓ ઉપાવાસ.
૨ [સં.] પું. એ નામે એક અલંકાર.
૩. સ્ત્રી. (વેદાંત) અનેક વ્યક્તિઓમાં એક ધર્મપ્રકારક એકાકાર પ્રતીતિ થાય છે તેનો વિષય; અનેક વ્યક્તિઓમાં સમવાય સંબંધે રહેનારો નિત્યધર્મ; અમુક વર્ગની જુદી જુદી વ્યક્તિઓમાં રહેલો સમાન ધર્મ.
૪. સ્ત્રી. અર્વાચીન તુલના; બહુ દૂરદૂરનું સરખાપણું.
૫. સ્ત્રી. (સંગીત) અંક સ્વર ઉપર આધાર રાખીને પાડેલો રાગનો પ્રકાર: સ અંશથી ષાડ્જ જાતિ, રિ અંશથી આર્ષભી જાતિ, ગ અંશથી ગાંધારી, મ અંશથી મધ્યમા, પ અંશથી પંચમી, ધ અંશથી ધૈવતી અને નિ અંશથી નિષાદી.
૬. સ્ત્રી. કુળ; વંશ; ગોત્ર.
૭. સ્ત્રી. કુળ, વર્ણ કે જાત તથા યોનિના ભેદસહક વર્ગ; સમુદાય. જેમકે, મનુષ્ય જાતિ, આર્ય જાતિ, ક્ષત્રિય જાતિ.
૮. સ્ત્રી. ક્રમ.
૯. સ્ત્રી. (ગણિત) ગણિત પ્રમાણમાં અમુક આકડો.
૧૦. સ્ત્રી. ગુણ, ધર્મ, આકૃતિ વગેરેની સમાનતાને લીધે પાડેલો વિભાગ.
૧૧. સ્ત્રી. પ્રજાસમુદાય; પ્રજાપ્રભાવ.
૧૨. સ્ત્રી અમેલી; ભાર્યા; માલતી; એક જાતની ફૂલવેલ.
૧૩. સ્ત્રી. (સંગીત) ચાર માત્રા જેટલા ક્રમમાં ૩-૫-૬-૭-૮-૯-૧૦ કે ૧૧ વર્ણ ગણી તેમાં જે તેમ છતાં ચોકકસ ક્રમમાં વધઘટ થાય નહિ એવી રીતે અમુક અમુક વર્ણોનો એક લઘુ અંશમાં સમાસ કરવો તે; તાલનાં છ અવિભાજ્ય એક અંશ; વિરામ અંશ; અર્ધચંદ્ર; અર્ધબિંદુક. અમુક તાલમાં જેટલા ક્રમના કે ઠેકા આવતા હોય અને તે ઠેકા જેટલી માત્રાને અંતરે આવતા હોય તે ઉપરથી તાલની જાતિ ઓળખાય છે. તેના છ પ્રકાર છે: ઓદાકી, પ્રક્ષિપ્તી, ત્રસ્ર, ચતસ્ર, ખંડ, વૃત્ત, મિશ્ર. માત્રાની સંકીર્ણ અને દિગ્ધમકીર્ણ.
૧૪. સ્ત્રી. ચૂલ; ચૂલો.
૧૫. સ્ત્રી. (સંગીત) ગીતનો એક માત્રામેળના અંધારણવાળો વિભાગ. જાતિમાં અમુક માત્રા પછી તાલ આવે છે, જેટલે બોલતાં ચાર મુકતો પડે છે.
૧૬. સ્ત્રી. જન્મ.
૧૭. સ્ત્રી. જાતકણ; જાતિફળ.
૧૮. સ્ત્રી. જાયફળ.
૧૯. સ્ત્રી. (ન્યાય) ખોટું બોલવું તે; પોતાના જ પક્ષને તોડનારો અસત ઉત્તર.
૨૦. સ્ત્રી જેમાં જન્મ થવો હોય તે વર્ગ કે વર્ગ, જાતઃ જ્ઞાતિ.
૨૧. સ્ત્રી વ્યાકરણની સંજ્ઞા; જાતિ સૂચક સામાન્યિક શબ્દ

૨૨. સ્ત્રી. (જૈન) નામ કર્મની એક પ્રકૃતિ.

૨૩. સ્ત્રી. (આકરણ) નામના બધુ આઠેનો બીજો પ્રકાર. એક વર્ગને બીજા વર્ગથી ઓળખાવનાર ધર્મ જાતિ છે અને જાતિ બતાવનારું નામ જાતિવાચક નામ કહેવાય છે. કોઈ પણ વર્ગના છૂટા છૂટા પદાર્થ લઈએ તો તે વ્યક્તિ કહેવાય છે અને વર્ગના તમામ પદાર્થમાં રહેલો ધર્મ જાતિ કહેવાય છે. જાતિ અને ગુણ વચ્ચે ભેદ છે. ગોત્વ, અશ્વત્વ એ જાતિ છે. એ ધર્મ ગાય અને અશ્વના તમામ વર્ગમાં રહેલો છે અને નિત્ય છે.

૨૪. સ્ત્રી. ન્યાયમત પ્રમાણે પદાર્થના જ્ઞાનથી મોક્ષ મેળવાય છે તેમાંનો એક પદાર્થ. જાતિ ચોવીસ પ્રકારની છે: ૧. સાધર્મ્યસમ, ૨. વૈધર્મ્યસમ, ૩. ઉત્કર્ષસમ, ૪. અપકર્ષસમ, ૫. વર્ણ્યસમ, ૬. અવર્ણ્યસમ, ૭. વિકલ્પસમ, ૮. સાધ્યસમ, ૯. પ્રાપ્તિસમ, ૧૦. અપ્રાપ્તિસમ, ૧૧. પ્રસંગસમ, ૧૨. પ્રતિદૃષ્ટાંતસમ, ૧૩. અનુત્પત્તિસમ, ૧૪. સંશયસમ, ૧૫. પ્રકરણસમ, ૧૬. હેતુસમ, ૧૭. અર્થાપત્તિસમ, ૧૮. અવિશેષસમ, ૧૯. ઉપપત્તિસમ, ૨૦. ઉપલબ્ધિસમ, ૨૧. અનુપલબ્ધિસમ, ૨૨. નિત્યસમ, ૨૩. અનિત્યસમ અને ૨૪ કાર્યસમ.

૨૫. સ્ત્રી. ભારવિ સૂચક સાંકેતિક શબ્દ.

૨૬. સ્ત્રી. મૂળ; ઉત્પત્તિસ્થાન.

૨૭. સ્ત્રી. (આકરણ) ઋગ્વેદ સૂચક વર્ગ; પ્રાણી અને છોડ વગેરેમાં બધુબધું પોતાના અવયવ પ્રમાણે બતાવેલ નરે અને માદાના ગુણ બતાવવા વપરાતો શબ્દ.

૨૮. સ્ત્રી. વેદરા-ખાનો એક ભેદ.

૨૯. સ્ત્રી. (સંગીત) ષડ્જ વગેરે સંગીતપ્રસિદ્ધ સાત સ્વર.

૩૦. સ્ત્રી. સમુદાય; જથ્થો. સમૂહ

૩૧. વિ. અમુક; પોતાનું.

જાતિઅલંકાર પું (કાવ્ય) સ્વભાવોક્તિ; વસ્તુનું જેવું હોય તેવા વર્ણનવાળો અલંકાર.

જાતિઅંધ [સં. જાતિ (જન્મ) + અંધ (આંધળું)] વિ જન્મથી આંધળું; પ્રજ્ઞાચક્ષુ

જાતિઆર્ય પું. આર્યના નવ ભેદોનો એક પ્રકાર. ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર વગેરે વંશમાં પેદા થાય તે જાતિઆર્ય કહેવાય છે.

જાતિકર્મ ૧. [સં. જાતિકર્મન્] ન. જાતિ પ્રમાણે કરવાના જન્મમરણ વગેરે સંસ્કાર.

૨. ન. જાતિ પ્રમાણે નક્કી થયેલું કામ.

જાતિકા [સં.] સ્ત્રી. જાયફળ.

જાતિકુસુમ ન. એક જાતનું ફૂલ.

જાતિકું વિ. પોતાનું; અંગત.

જાતિકોશ ૧. [સં.] પું. જાયફળ.

૨. પું. જાવંત્રી.

જાતિખાસિયત સ્ત્રી. કોઈ પણ જાતિની સ્વાભાવિક ટેવ.

જાતિગત ૧. [સં.] વિ. કોમ સંબંધી; કોમી.

૨. વિ. જાતને લગતું; જાતિને લાગુ પડતું.

જાતિગતધર્મ [સં.] પું. જાતિ સંબંધી ગુણ.

જાતિગતલક્ષણ [સં.] ન. જાતિમાં જણાતું સામાન્ય લક્ષણ.

જાતિચક્રક જુઓ જાતિમત.

જાતિચેષ્ટા [સં.] સ્ત્રી. જાતિ પ્રમાણે આચારવિચાર અથવા વર્તન.

જાતિચ્યુતિ [સં.] સ્ત્રી. જ્ઞાતિબહિષ્કાર; જ્ઞાત બહાર હોવું તે.

જાતિછંદ [સં. જાતિછંદસ્] પું. દરેક લીટીમાં માત્રાથી ગણવામાં આવતી એક જાતની કવિતા.

જાતિજીવન [સં] ન. કોઈ પણ પ્રાણ અથવા માનવસમૂહનું જીવતર.

જાતિજીવનશાસ્ત્ર [સં] ન. જુદી જુદી જાતિના જીવનનું વર્ણન આપનારી વિદ્યા; 'અંથ્રોપોલૉજી ઑવ સેક્સ'

જાતિજ્ઞ [સં.] વિ. જાયફળ

જાતિજ્ઞાન [સં.] ન. શરીર સંબંધી જ્ઞાન.

જાતિતેલ [સં.] ન. ચમેલી અથવા જાયનું તેલ.

જાતિત્વ [સં.] ન. (વેદાંત) સત્તા, દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ, પૃથ્વીત્વ, જલત્વ, રૂપત્વ, રસત્વ, ગંધત્વ, ષટ્ત્વ વગેરે જાતિરૂપ સામાન્ય ધર્મ. જાતિપદાર્થ.

જાતિત્વ ગુરુત્વ [સં.] ન. કોઈ પણ પદાર્થનું વજન અને તેટલા જ ઘનફળવાળા પાણીનું વજન એ બે વજન વચ્ચેનું ગુણોત્તર; 'રેલેસિફિક ગ્રેવિટિ.'

જાતિદંડક પું. (પિંગળ) ભારોટ ઉપરાંત માત્રાની ભાત; માત્રાદંડક.

જાતિદાષ ૧. [સં.] પું. જન્મદોષ.

૨. પું. શબ્દની જાતિ અથવા લિંગ સંબંધી ભૂલ જેમકે, તેમના સિદ્ધાંત બદલે તેમનું સિદ્ધાંત લખવું તેમાં જાતિદોષ છે

જાતિદ્રવ્ય [સં.] ન. કોઈ પણ પ્રાણીના વર્ગનો નિયામક પદાર્થ અથવા ધર્મ.

જાતિદ્રોહી [સં. જાતિદ્રોહિન્] વિ. પોતાની જ્ઞાતિનો દ્રોહ કરનાર.

જાતિદ્વેષ [સં.] પું. એકબીજી જાતિ વચ્ચેની ઈર્ષા.

જાતિધર્મ ૧. [સં.] પું. જાતિ સંબંધી ગુણધર્મ.

૨. પું. દરેક જાતિની વિશિષ્ટ ફરજ; પોતાની જ્ઞાતને અનુસરીને વ્યક્તિનો ધર્મ; એક આખી જાતિનો વિશિષ્ટ સ્વભાવ.

૩. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આદિનું જુદું જુદું કર્તવ્ય.

જાતિનામ [સં. જાતિનામન્] ન. (જૈન) નામકર્મની બેંતાલીસ ભાંડની એક પ્રકૃતિ; જેથી પ્રાણ જુદી જુદી જાતિમાં ઉત્પન્ન થાય છે.

જાતિનામકર્મ [સં.] ન. (જૈન) નામકર્મની એક એક પ્રકૃતિ. જેથી જીવ જુદી જુદી જાતિમાં ઉત્પન્ન થાય છે.

જાતિનિર્દેશ [સં.] પું. જાતિ. સામાન્યાધિકરણ; અર્થાંતર ન્યાસ, જાતિનિર્દેશ.

જાતિનીતિક્રિયા સ્ત્રી. જાતિ સંબંધી ઊંધી ક્રિયા; 'પર્વર્ઝન.'

જાતિનેય વિ. જાતિમત; ત્રિગી.

જાતિનેયબંધુતા સ્ત્રી. જાતીય ભોમિયતા.

જાતિનેયતા સ્ત્રી. રતિભાવના, ક્રમુકતા.

જાતિપત્રી [સં. જાતિ (જાયફળ) + પત્રિન્ (પાનવાળું)] સ્ત્રી. જાવંત્રી; જાયપત્રી.

જાતિપથ [સં.] પું. જન્મમરણનો માર્ગ; સંસાર.

જાતિપરંપરા [સં.] સ્ત્રી. અનુવૃત્તિ; પરંપરાપ્રાપ્તિ.

જાતિપંગુલ [સં] વિ. જન્મથી જ પાંગળું; જન્મથી જ લૂલું.

જાતિપુત્ર [સં.] પું. જ્ઞાતિપુત્ર; સવર્ણપુત્ર; જ્ઞાતીય પુત્ર.

જાતિપુષ્પ ૧. ન. (શિલ્પ) જમીનમાંથી નીકળતી છ માઠેની એક વાસ ઓટલે મધ. મધના મત પ્રમાણે જમીનમાં ૭ પ્રકારની વાસ હોય છે: (૧) પુન્નાગ, (૨) જાતિપુષ્પ, (૩) અબ્જ, (૪) ધાન્ય, (૫) પદ્મ અને (૬) પશુ

૨. [હિં.] ન. જાઈ.

જાતિપ્રયુક્ત [સં.] વિ. જાતિ સંબંધી.

જાતિપ્રવાદભય [સં. જાતિ + પ્રવાદ (બદનામી) + ભય (બીક)] ન. જાતિની બદનામીનો ભય.

જાતિફલ [સં.] ન. જાયફળ.

જાતિફલાદિગુટિકા સ્ત્રી. (વૈદક) ઝાડા અને ઊલટી ઉપર અપાતી એક જાતની ગોળી.

નાગરવેલના પાનની બીડીમાં તે અત્તાથી વીર્યવૃદ્ધિ થતી મનાય છે. તેની બનાવટ માટે જાયફળ, સૂંઠ, અફીણ અને આરેઠ સમ ભાગે લઈ ચોખાના પોણની અંદર ગોળી કરવી. તેની માત્રા ૨ થી ૪ વાલ છે

જાતિફલાદિચૂર્ણ ૧. [સં. જાતિફલ (જાયફળ) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] ન. જાયફળ વગેરેનો ભૂકો

૨. ન. (વૈદક) વિજ્યા, જાતિફલ, કપૂર, એલા, લવંગ, ચિત્રક, વંશલોચન અને ચંદનનું બનાવેલું ચૂર્ણ. બાર ગ્રેન ચૂર્ણમાં વિજ્યાનું પ્રમાણ છથી ગ્રેન હોય છે મરડો, દમ, પેલણ, પેટનો દુખાવો, રનાયુગૂળ, ઋતુસ્રાવનો દુખાવો, ઉગ્ર ઉન્માદ, ખાંસી અને શરદીમાં દરથી વીસ ગ્રેનની માત્રામાં દિવસમાં બે વખત તે મધ સાથે અપાય છે

જાતિફલાદિવટી સ્ત્રી (વૈદક) એક જાતની આંબધની ગોળી. તે જાયફળ, બારેઠ અને અફીણના ચૂર્ણની નાગરવેલના રસમાં બને છે અને અતિસાર ઉપર અપાય છે.

જાતિફલાદિવર્ગ પું. તેજાનાનાં ઝાડનો એક વર્ગ આ વર્ગનાં ઝાડ પણે ઝાઝે મોટાં ને તેજાનાદાર, પાંદડાં આંતરે, અખંડિત, ઘણી નસોવાળાં, મોટે ઝાઝે તેલિયા ટાંકણાંવાળાં, ફૂલો નાનાં ઝુમખામાં આવતાં, પાંખડીઓ વગરનાં, તોરા જેવાં કે જરા મથાળે ટોપકાંવાળાં, ફલઝાડ જુદાં, વજ્ર પણ પણ કોર્ષ વખત બેથી પાંચ ખૂણિયાવાળાં, મગજીના આકારનાં, લંબગોળ કે રજાળીના આકારનાં, ખૂણિયા પડદાવાળાં, નરફોલમાં પુષ્કસરો ૨ થી ૫૦ તંતુઓ જોળ સ્તંભની અંદર જોડાયેલાં, પરાગકોશ બે પોકવાળાં, છડાં કે જેદાર્ડ ને લોંદા જેવાં થયેલા, લંબાર્ધ ને વિકાસી અંગ છે. માદાફલોમાં ગર્ભાશય ઊર્ધ્વગ, બીજાં, એક પોલવાળાં, નલિકા જોડી જોડી આદિબીજ એક ઢગલા તળિયે આવેલું ફળો માંસલ, પણે ઝાઝે વિકાસી, બે પડવાળાં, બીજાં ઝાપર મરજીમય અને કેટલીકવાર રચાર્ધવાળાં, પણે ઝાઝે ચાવતાં ઓઢામાં વાગોળાય તેવાં, પ્રત્યંકુર નાનાં, ઠળ ઊંચે અડતાં ફેલાયેલાં અને કેટલીક વખત બેવડાં હોય છે તે ઉષ્ણકટિબંધના પણ રેશો, હિંદ અને અમેરિકમાં પુષ્કળ થાય છે. બધાંબરાં ઝાડોમાંથી થડમાં છેદ કરતાં રાનો ઓછી જેવો રસ વહે છે તે દંભક છે. રાસાયણિક ક્રિયાથી તેની અંદરથી રાનો રંગ છૂટો થાય છે. તેનાં બીજ સુગંધી, તેજદાર, દંભક, માદક અને કેટલાકનાં તેરી હોય છે. બીજ ઉપરની વધારાની છાલ જાયત્રી બીજ જેવા જ મુખવાળી હોય છે. બધાં ઝાડમાંથી ચરબી જેવું પદ્ધ કે પ્રવાહી સુગંધી તેલ કે કપૂર જેવું નક્કર સુગંધી તેલ નીકળે છે. આ તેલમાં કેટલાંક ગરમ, માદક, માદી, વાતહર, કોર્ષક તેરી, કોર્ષક ખાદ હોય છે. તે રંગોમાં મેળવવા, સાબુ, મીણબત્તીઓ બનાવવા, ઘાકડા ઓઢાને ચોપડવા, દીવા બાળવા વગેરેમાં વપરાય છે. રસ સંધિવા અને બીજ વાતરોગ ઉપર ચોપડાય છે. તેનાં ઘાકડાં ખૂબ રાતાં, કેટલાકનાં રાળમય કે ઘાબ જેવાં હોય છે. તે રમકડાં કે ઘર શણગારની નાની વસ્તુઓ બનાવવામાં આવે છે

જાતિફળ [સં. જાતિફલ] ન. જાયફળ.

જાતિફળજલક [સં. જાતિફલ (જાયફળ) + ત્વચ્ (છાલ)] જી. જાયફળની છાલ; જાવત્રી.

જાતિફળપાક પું. (વૈદક) જાયફળ અને બીજી ઔષધિઓનો બનાવવામાં આવતો એક જાતનો પાક. તે ખાવાથી પાંડુરોગ, ઉદરરોગ, વાયુ, શ્વાસ અને સંગ્રહણી મટવાનું મનાય છે.

જાતિબદ્ધ [સં] વિ. જાતિને લગતું.

જાતિબધિર [સં. જાતિ (જન્મ) + બધિર (બહેરું)] વિ. જન્મથી જ બહેરું.

જાતિબહિષ્કાર [સં. જાતિ (જ્ઞાતિ) + બહિષ્કૃ (બહાર કાઢવું)] પું. સમાજ જ્ઞાતિ; જ્ઞાત બહાર મૂકાવું તે

જાતિબહિષ્કૃત [સં. જાતિ (જ્ઞાતિ) + બહિષ્કૃત (બહાર કાઢેલું)] વિ. જ્ઞાત બહાર મૂકાયેલ; સમાજચ્યુત.

જાતિબાધક ૧. [સં.] પું પ્રાચીન નૈયાયિકોએ માનેલ જાતિબાધક વ્યક્તિનો અભેદ વગેરે દોષ. ૨. વિ. વસ્તુનું જાતિપણું સાબીત કરવામાં કરકારરૂપ.

જાતિબાધકદોષ પું. (વેદાંત) ૭ પ્રકારના મનાતા જાતિબાધક દોષ માંહેનો એક. (૧) વ્યક્તિઓનો અભેદ, (૨) તુલ્યત્વ, (૩) સંકર, (૪) અનવસ્થા, (૫) રૂપહાનિ અને (૬) અસંબંધ એ ૭ માંહેનો એકાદ દોષ હોય તો વસ્તુનું જાતિપણું કહેવાતું નથી.

જાતિબોધન ન. જાતિચિહ્નિતતા; ધર્મબ્રાહ્મિ; બ્રાહ્મણત્વ.

જાતિબ્રાહ્મણ ૧. [સં.] પું. માત્ર જન્મથી જ બ્રાહ્મણ.

૨. પું. સ્વાધ્યાય, તપ વગેરેથી રહિત વિપ્ર.

જાતિભાઈ પું. એક જ જાતિ કે જ્ઞાતિનો હોવાથી ભાઈ.

જાતિભ્રાત પું. વર્ણભેદ; ઔંચનીચનો ભેદ.

જાતિભેદ [સં.] પું. વર્ણભેદ; જ્ઞાતિભેદ; ટોળા અંતર; બે વિભાગો વચ્ચેની જુદાઈ; જાતિ જાતિ વચ્ચેનો તફાવત.

જાતિભ્રષ્ટ ૧. વિ જાતિના આચારવિચારનું ઉલ્લંઘન કરી ગયેલું; પતિત; જાતિમાંથી ભ્રષ્ટ થયેલું; જાતિના આચારથી ભ્રષ્ટ થયેલું.

૨. [સં. જાતિ (જ્ઞાતિ) + ભ્રષ્ટ (પડેલું)] વિ. જાતિમાંથી બહાર નીકળી ગયેલું; જ્ઞાત બહાર મૂકાયેલું; જાતિબહિષ્કૃત.

જાતિભ્રંશ ૧. [સં.] પું. એક જાતનું પાપ. ૨. પું. જાતિમાંથી પડી જવું તે; જાતિ ગુમાવવી તે; જ્ઞાત બહાર થવું તે; જાતિભ્રષ્ટ થવાપણું

જાતિભ્રંશકર [સં.] પું. મનુના મત મુજબ નવ માહેનું એક જાતનું પાપ. આ પાપ કરનાર જાતિ અને આશ્રમ આદિથી ભ્રષ્ટ થાય છે. આ પાપમાં બ્રાહ્મણોને પીડા કરવી, દારૂ પીવો, અખાદ્ય પદાર્થ ખાવો, કપટ વ્યવહાર કરવો, પુરુષ મૈથુન આદિ નિંદનીય કામ વગેરે પાપનો સમાવેશ થાય છે. આ પાપ અજાણતાં થાય તો તે કરનારે પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અને જાણીબૂજીને કર્યું હોય તો સાંતપન. પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

જાતિભ્રષ્ટ [સં.] પું. જાતિનો અપકાર.

જાતિમંત [સં. જાતિમત્] વિ. ઉત્તમ પ્રકારનું; જાતિવાળું; જાતવાનું; સારી જાતિનું.

જાતિમાત્ર ૧. [સં.] ન. માત્ર જાતિ; કેવળ જાત.

૨. ન સ્વાધ્યાય વગેરેથી હીનાર જન્મ.

જાતિમાત્રોપજીવી [સં. જાતિમાત્રોપજીવિન્] વિ. માત્ર જાતિ ઉપર જીવનારું.

જાતિમીમાંસા [સં. જાતિ (જ્ઞાતિ) + મીમાંસા (વિચારણા)] જી. મનુષ્યની જુદી જુદી જાતો તેમજ કુળો સંબંધી શોધખોળનું શાસ્ત્ર; જાતિઓના મૂલધર્મ અંગેનું શાસ્ત્ર; નરવંશ શાસ્ત્ર; નૃવંશ વિદ્યા; નરકુળ વિદ્યા, મનુષ્યજાતિવિવેચન વિદ્યા; 'અન્થ્રોલાજિ'.

જાતિમૂક [સં જાતિ (જન્મ) + મૂક (મૂંગું)] વિ. જન્મથી જ મૂંગું.

જાતિય [સં. જ્ઞાયિત] વિ. (પ્રાકૃત) જાણેલ; જાણેલું.

જાતિરસ [સં.] જી. હીરાબોળ.

જાતિરૂપ ન. નમૂનો; રીત; 'ટાઇપ'.

જાતિરૂપધર્મ પું. (વેદાંત) સામાન્ય ધર્મ, દ્રવ્યમાં દ્રવ્યત્વ એ જાતિ અથવા સામાન્ય ધર્મ રહેલો છે. એવી જ રીતે ગુણમાં ગુણત્વ અને

કર્મમાં કર્મત્વ એ જાતિ છે, એટલે કે જે ધર્મ કારણતા અને કાર્યતાનો પ્રતિસબંધકનો અને પ્રતિબધ્યનો અથવા પહેલી શક્યતાનો અવચ્છેદક હોય અને તે ધર્મના જાતિપક્ષામાં કોઈ દોષ આવક ન હોય તો તે ધર્મ જાતિરૂપધર્મ કહેવાય છે.

જાતિરોગપરીક્ષારાસ્ત્ર ન. જાતિના રોગને લગતી પરીક્ષાનું શાસ્ત્ર. 'પેથોલૉજી ઑવ સેકસ'.

જાતિલક્ષણ ન. જાતિનું લક્ષણ, વિશિષ્ટતા.

જાતિલિંગ ન જાતિનું ચિહ્ન; જાતિસૂચક અવયવ.

જાતિલિંગ બતા જે પોતાની રક્ષા કરવા પોતે સમર્થ છે, તેવી સ્ત્રીઓ સ્ત્રી નથી, પુરુષ છે.
રત્નમંજૂષા

જાતિવર [સ.] પું. ઉત્તમ જાતિ.

જાતિવર્ગ પુ. જાત; વર્ણ; વર્ગ

જાતિવશાત્ [સ.] અ જાતિને લીધે.

જાતિવહેવાર ૧. પુ. જાતિવ્યવહાર, જાતિ જાતિ વચ્ચેનો આપાપીપાનો વ્યવહાર; એક જાતને બીજી જાત સાથે આપાપીવા વગેરેનો સબંધ.
૨ પુ. પોતાના સમુદાય સાથે આપસે કરવાનો સબંધ.

જાતિવંત વિ ઉચ્ચ જાતિનું; ઉચ્ચ કોટિનું.

જાતિવંધ્યા [સ] સ્ત્રી. જેને મુદ્દલ બાળક થયું ન હોય એવી સ્ત્રી. વાઝણી.

જાતિવાચક [સં.] વિ (વ્યાકરણ) જાતિ દર્શક; જાતિ બતાવનાર; જાતિને લગતું, વર્ગીય

જાતિવાચકનામ ન. (વ્યાકરણ) સામાન્ય નામ; આખા વર્ગને તેમ જ તે વર્ગની દરેક વ્યક્તિને કે દરેક છૂટા પદાર્થને લાગુ પડે તેવું નામ. જેમ વર્ગને બીજા વર્ગથી જોળખાવનાર ધર્મ જાતિ છે અને જાતિ બતાવનાર નામ જાતિવાચક કહેવાય છે. કેટલીક વખત સંજ્ઞાવાચક નામ જાતિવાચક નામ તરીકે વપરાય છે. જેમકે, સત્ય પાળવામાં તે રાજા બીજો હરિશ્ચંદ્ર છે. સંજ્ઞાવાચક નામની પેઠે ભાવવાચક નામ પણ જાતિવાચક નામ બને છે. જેમકે, તેની જુવાની બધી નાદાનીમાં ગઈ. નાદાનીનો અર્થ અહીં નાદાનીના કાર્ય એવો થાય છે.

જાતિવાચકપદ ન. (ન્યાય) જાતિ બતાવનાર શબ્દ. જાતિવાચકપદો અમુક ધર્મો ઉપર વ્યાપ્ત હોય છે અને તે ધર્મો જેનામા હોય એવા ધર્મી ઉપર વ્યાપ્ત થવાની તેની શક્તિ છે. વસ્તુ કરીને પહેલી વ્યાપ્તિમાં જેમ ધર્મો વધતા જાય તેમ ધર્મીઓ ઘટતા જાય છે. પણ આમ દરેક વસ્તુને બનતું નથી. પહેલી વ્યાપ્તિના ધર્મો તુલ્યપ્રાય હોય છે પણ પહેલી વ્યાપ્તિનો ધર્મી મણો કે ન હોવો, કે જાસ્ત્યમાં કેટલો હોવો, કે સંખ્યામાં કેટલો હોવો કે કેવળ કલ્પનામા હોવો કે કુદરતમાં હોવો એ વસ્તુસ્થિતિનો પ્રશ્ન છે. સમૂહવાચક શબ્દોનુ દ્વિત્વ્યીપણ ટાળી તે બદલ જાતિવાચક તરીકે જ વાપરવામા આવે છે.

જાતિવાદ ૧. પું (ન્યાય) આકારવાદ, સૃષ્ટિ દૃષ્ટિવાદ, આચારિતવાદ; જાતિ વ્યક્તિથી ભિન્ન રહી શકે છે તેવો વાદ; 'રિયલિઝમ' કેટલાક એમ માને છે કે જે જાતિ છે તે વ્યક્તિથી ભિન્ન રહે છે. પ્રાણીનુ પ્રાણિત્વ પ્રાણીઓ થકી ભિન્ન રહી શકે છે.
૨. [સ] પુ સાંપ્રદાયિકતા, 'ડેનોમિનેશિઝમ'. જાતિઓ, ગ્રામો કે કોમોને માટે સ્વશાસન સંસ્થાઓ સ્થાપિત કરવી એવો આ વાદનો ઉદ્દેશ છે.

જાતિવાદી [સ જાતિ (જાત) + વાદિન્ (માનવા)] વિ જાતિવાદમા માનનારું

જાતિવિધાન [સ જાતિ (જાત) + વિધાન (ક્રિયા)] ન. જુદી જુદી જાત પ્રમાણે વિભાગ પાડવા તે.

જાતિવિજ્ઞાનશાસ્ત્ર [સ] ન જાતિઓના વિભાગ સબંધી શાસ્ત્ર.

જાતિવિશિષ્ટ [સ જાતિ (જાત) + વિશિષ્ટ (ખાસ)] વિ (ન્યા) અનેક વ્યક્તિનો બોધ કરાવવા સાથે જ તે વ્યક્તિમાં રહેલી જાતિનો પણ બોધ કરાવે એવું; અમુક અમુક પદાર્થો જે શબ્દના અર્થથી રહ્યુ રે તેની સાથે તે પદાર્થ અમુક ધર્મવિશિષ્ટ છે, અમુક સાધર્મ ધરાવે છે એમ પણ તેમનાથી રહ્યુ રે તેવું.

જાતિવિશિષ્ટતા ૧ સ્ત્રી (ન્યાય) જાતિ લક્ષણ.
૨ [સ જાતિ (જાત) + વિશિષ્ટ (ખાસ) + તા (પણ)] સ્ત્રી (ન્યાય) અમુક વ્યક્તિનો બોધ કરાવવા સાથે જ તે વ્યક્તિમા રહેલી જાતિનો પણ બોધ કરાવે એવું હોવું તે, વ્યંજનાર્થ, ધર્મવ્યાપ્તિ, 'કોરેટેનન.'

જાતિવિશિષ્ટત્વ જુઓ જાતિવિશિષ્ટતા.

જાતિવિશેષ [સ જાતિ (જાત) + વિશેષ (ખાસ)] પુ અમુક ખાસ જાતિભેદ, 'સ્પીશિઝ'

જાતિવિકાર [સ. જાતિ (જાત) + વિકાર (માનસિક બગાડ)] પુ. સ્ત્રીપુરુષને થતી કામપ્રેરણા, વિષયલાલુપતા.

જાતિવૈર ૧. [સ. જાતિ (જાત) + વૈર (દુશ્મનાવટ)] પુ. કોમ કોમ વચ્ચે કુસંપ.
૨. પુ. સ્વાભાવિક ઉત્પન્ન થયેલી દુશ્મનાઈ; કુદરતી વેર; જન્મવેર, સ્વાભાવિક દ્વેષભાવ.

જાતિવેરો પુ. કોઈ પણ ખાસ કોમ પાસેથી લેવાતો કર. ભરવાડ પાસેથી તે બળી વાર લેવામા આવે છે.

જાતિવૈર જુઓ જાતિવેર.

જાતિવૈલક્ષણ્ય [સ જાતિ (જાત) + વૈલક્ષણ્ય (જુદાપણું)] ન. જાતિની વિલક્ષણતા; ભિન્ન જાતિપણું.

જાતિવ્યવસ્થા [સ. જાતિ (જાત) + વ્યવસ્થા (બંધારણ)] સ્ત્રી. વર્ણવ્યવસ્થા; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિનુ બંધારણ

જાતિવ્યવહાર જુઓ જાતિવહેવાર.

જાતિશબ્દ ૧ પુ. (વ્યાકરણ) ચાર પ્રકારની શબ્દપ્રવૃત્તિ માંહેની એક
૨ [સ] પુ. સામાન્યનામ, જાતિવાચક શબ્દ. જેમકે, હંસ, મૃગ.

જાતિશાસ્ત્ર [સ.] ન. જાતિવિદ્યા.

જાતિશાસ્ત્ર [સ જાતિ (જાત) + શાસ્ત્ર (વિદ્યા)] ન. જાતિ સબંધી વિગત બતાવનારું શાસ્ત્ર.

જાતિસત્તાક [સ. જાતિ (જાત) + સત્તા + ક (વાળું)] વિ. કોઈ પણ જાતિની સત્તા પ્રબળ હોય એવું.

જાતિસત્તાવાદી [સં. જાતિ (જાત) + સત્તા + વાદિન્ (માનનાર)] વિ. કોઈ પણ અમુક જાતિની સત્તામા માનનારું.

જાતિસમાજશાસ્ત્ર [સં.] ન. સમાજની જુદી જુદી જાત સબંધી શાસ્ત્ર; 'સોશ્યોલૉજિ ઑવ સેકસ'

જાતિસંકર [સ જાતિ (જાત) + સંકર (ભેગસેળ)] પુ. જુદી જુદી વિરુદ્ધ જાતિઓનો એકમા સમાવેશ, વર્ણસંકરતા.

જાતિસંખ્યા [સ] સ્ત્રી. દરેક ભાષામાં કેટકેટલી જાત છે તે સબંધી સંખ્યા. સંસ્કૃતમાં તેમ જ પ્રાકૃતમાં નર, નારી અને નાન્યતર એમ ત્રણ જાતિ છે અર્વાચીન દેશી ભાષા, ગુજરાતી અને મરાઠીમાં ત્રણ છે. સિંધી, પંજાબી અને હિંદીમાં બે જ જાતિ છે: નર અને નારી. તેમાં નાન્યતરજાતિ નથી. જે શબ્દ સંસ્કૃતમાં નપુંસક લિંગમા છે તે આ ભાષામા પુલ્લિંગમા છે. સિંધીમાં કેટલાક નપુંસક નામ સ્ત્રીલિંગમા ફેરફાર પામ્યા છે, પણ ઘણા ખરાં પુલ્લિંગમાં છે. બંગાળી અને ઉડિયામાં જાતિ જ નથી. તત્સમ શબ્દો સંસ્કૃતમા જે જાતિમાં હોય તે જાતિમાં

વપરાય છે. તદ્ભવ શબ્દોમાં જાતિભેદ નથી. સામાન્ય રીતે ભગાલી અને ઊતરી સિવાયની પાંચે આર્યદેશો ભાષામાં મોટા, પ્રબળ, ભારે અને ખરબચડા પદાર્થોનાં નામ માટે પુંલિંગ, નાના, નિર્બળ, હલકા અને સુકુમાર પદાર્થોનાં નામ માટે સ્ત્રીલિંગ અને જડ, અચેતન અને ઘણી વાર નિષ્ક્રિય પદાર્થોના નામ માટે નપુંસકલિંગ વપરાય છે.

જાતિસંઘ [સં. જાતિ (જાત) + સંઘ (સમૂહ.)] પું. જુદી જુદી જાતિઓનો સમૂહ.

જાતિસંઘટ્ટન [સં. જાતિ (જાત) + સંઘટ્ટન (એકઠું થવું તે)] ન. જુદી જુદી જાતિઓનું એકઠું થવું તે.

જાતિસંતાન [સં. જાતિ (જાત) + સંતાન (ભાગ)] ન. પોતાની જાતનું ભાગ, પોતાના જેવાં જ બીજાં પ્રાણી.

જાતિસંપન્ન [સં.] વિ. (જૈન) સંપૂર્ણ શુશ્રૂષાણી જેની માતા હોય તેવું; માતાનો પક્ષ જેનો સારો હોય એવું.

જાતિસંભાર [સં.] પું. મસાલો; તેજાના.

જાતિસંરક્ષણ [સં. જાતિ (જાત) + સંરક્ષણ (બચાવ)] ન. પોતાની જાતનું રક્ષણ; સ્વરક્ષણ.

જાતિસંરક્ષરણ [સં.] ન. જાતિ ટકાવીનો પ્રકાર.

જાતિસામાન્ય [સં. જાતિ (જાત) + સામાન્ય (સમાનપણું)] સ્ત્રી. એકસરખી જાતિ; તુલ્ય જાતિ.

જાતિસાર [સં.] પું. જાતિસ્મરણ.

જાતિસેવા ૧. [સં.] સ્ત્રી. પોતાની જાતિ અથવા જાતિનું કંઈ કામ કરવું તે.
૨. સ્ત્રી. શારીરિક મહેનત કરીને કરાયેલી સેવા.

જાતિસ્થાપકનિયમ [સં.] પું. પ્રાણી અને વનસ્પતિનું વર્ગીકરણ કરવાની વિદ્યા.

જાતિસ્મર ૧. પું. (જૈન) પૂર્વજન્મની સ્મૃતિ.
૨. ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષનું એક તીર્થ.
૩. [સં. જાતિ (જાત) + સ્મૃ (યાદ કરવું)] વિ. જાતિસ્મરણવાળું
૪. વિ. પાછલા જન્મની જેને યાદ હોય એવું; પૂર્વજન્મના સ્મરણવાળું.
૫. વિ. પૂર્વજન્મના વૃત્તાંતનું સ્મરણ કરનાર, આગલે જન્મારે પોતાની જાત કઈ હતી તે સંભારનાર.

જાતિસ્મરણ ૧. ન. (જૈન) પૂર્વજન્મનાં વૃત્તાંતનું સ્મરણ; પૂર્વભવનું જ્ઞાન; ગત જન્મોના બનાવોનું સ્મરણ.
૨. [સં. જાતિ (જાત) + સ્મરણ (યાદ)] ન. પોતાની જાતનું સ્મરણ.

જાતિસ્મરણજ્ઞાન ૧. [સં. જાતિ (જાત) + સ્મરણ (યાદ કરવું તે) + જ્ઞાન] ન. (જૈન) આગલા ભવના બનાવો જાણી શકાય એવું એક જાતનું જ્ઞાન.

જાતિસ્મરણપદ્ધું [જાતિ + સ્મરણ (સંભારવું તે) + પદ્ધું (નામ બનાવનાર પ્રત્યય)] ન. પૂર્વજન્મ યાદ આવવા કે સંભારવાની સ્થિતિ.

જાતિસ્મરણિકા [સં.] સ્ત્રી. પૂર્વજન્મના સ્મરણવાળી.

જાતિસ્મરતા [સં.] સ્ત્રી. પૂર્વકાળે પોતે કેવું હતું એ વિષયનું સ્મરણ.

જાતિસ્મરત્વ જુઓ જાતિસ્મરતા.

જાતિસ્મરહ્રદ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

જાતિસ્વભાવ ૧. પું. (કાવ્ય) એક પ્રકારનો અલંકાર. તમે આકૃતિ અને ગુણનું વર્ણન કરવામાં આવે છે.
૨. [સં. જાતિ (જાત) + સ્વભાવ (પ્રકૃતિ)] પું. જાતિ કે કોમના વિશિષ્ટ સ્વભાવ, જન્મપ્રકૃતિ; અમુક વર્ગનો જે સ્વભાવ હોય તે સ્વભાવનું જાતિમાં ઊતરેલું વલણ; જાતિનો ખાસ ગુણ; પોતાની જાતનો સ્વભાવ, પોતાની જાત ઉપર જતું તે.
૩. પું. પોતાનો સ્વભાવ.

જાતિસ્વાતંત્ર્યવાદ ૧. [સં.] પું. (ન્યાય) અર્થયેતાવાદ; વસ્તુસ્વાતંત્ર્યવાદ; 'રિયલિઝમ'.
૨. પું. સામાન્યનામ અને નામ જ નથી પણ કોઈ ચોક્કસ લક્ષણોને દર્શાવે છે એવો મત; તર્કશાસ્ત્રના પદાર્થો ખાલી નામ નથી પણ ખરી વસ્તુઓ છે એવો મત.

જાતિસ્વાતંત્ર્યવાદી [સં. જાતિ (જાત) + સ્વાતંત્ર્ય (સ્વતંત્રતા) + વાદિન્ (મત ધરાવનાર)] વિ. જાતિસ્વાતંત્ર્યવાદમાં માનનાર.

જાતિહક પું. જાતિગત અધિકાર.

જાતિહિંગુલક [સં.] પું. હિંગળો.

જાતિહીન [સં. જાતિ (જાત) + હીન (વિનાનું)] વિ. હલકી જાતનું; જાતિભ્રષ્ટ; જાત વિનાનું.

જાતી ૧. [સં.] સ્ત્રી. જાઈ; જૂઈ; માલતી; ચમેલી.
સુમના જાતી મલ્લિકા ઉત્તમગણા હોઈ;
અંજુલા પ્રિયવાદિનિ રાજપુત્રી ન સોઈ
વિશ્વપ્રકાશકોષ
૨. સ્ત્રી. જાઈનો વેલો
૩. સ્ત્રી. જાત, જાતિ.
૪. સ્ત્રી. જાયફળ
૫. સ્ત્રી જાવંત્રી.
૬ સ્ત્રી નિશાની.

જાતીકંઠ [સં.] ન. જાતિનો મૂળ.

જાતીકું વિ. પોતાનું; જાતનું

જાતીકોશ [સં.] પું. જાયફળ.

જાતીકોષ જુઓ જાતીકોશ.

જાતીકોષી [સં.] સ્ત્રી. જાયફળની ફાલ.

જાતીપત્રી [સં.] સ્ત્રી. જાવંત્રી.

જાતીપત્ર્યવલેહ [સં. જાતીપત્રી (જાવંત્રી) + અવલેહ (ચાટણ)] પું (વૈદ્યક) એક પ્રકારનું ચાટણું; જાવંત્રીનો અવલેહ. પ્રમેહ, સોજા, કૃમિરોગ વગેરે રોગો ઉપર તે ઉપયોગકારક મનાય છે.

જાતીફલ [સં.] ન. એક જાતનો તેજાનો; જાયફળ.

જાતીફલા [સં.] સ્ત્રી. બોળીનું ઝાડ.

જાતીફળ જુઓ જાતીફલ.

જાતીય ૧. [સં.] વિ. જાતનું; જાતિ સંબંધી; જાતિનું; જાતિને લગતું.
૧. વિજાતીય = જુદી જાતનું.
૨. સ્વજાતીય = પોતાની જાતનું
૨. વિ. જાતિમાં થનારું; જાતિમ, હોનાર.
૩ વિ. સ્ત્રીપુરુષની ઉદ્દિષ્ટ સંબંધી, બીપુરુષના સંબંધને લગતું; 'સેક્સુઅલ'.

જાતીય અપકર્ષ [સં. જાતીય (જાતનું) + અપકર્ષ (પડતી)] પું. જાતિની અધોગતિ.

જાતીય અશક્તિ [સં.] સ્ત્રી જાતીય નબળાઈ. અણુત્રમતી વાસ, અણુત્રમતા અવાજ, અરાબ સ્વાદ અને પ્રત્યાવર્તી લાગણીઓ વડે પણ જાતીય અશક્તિ સમજી શકે છે. કેવળ વિચાર, સ્મૃતિ કે સાહિત્યના પ્રભાવ વડે પણ થોડા કાળ સુધી અથવા તો કાયમી જાતીય અશક્તિનાં પરિણામ થઈ શકે છે. પ્રથમ તો મગજમાં સ્થિત થયેલાં કેન્દ્રો, કે જે જાતીય પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખે છે, તેમાં અવ્યવસ્થા થવાના કારણે અને એ જો ચાલુ રહેવ તો પછી કરોડરજ્જુના નીચલા ભાગમાં સ્થિત થયેલાં જાતીય કેન્દ્રો જ મોટા ભાગની જાતીય અશક્તિઓ માટે જવાબદાર હોય છે.

જાતીય આવેગ [સં.] પું સ્ત્રીપુરુષને થતી વિષયની પ્રેરણા.

જાતીય કેળવણી સ્ત્રી. સ્ત્રીપુરુષના શરીરના જ્ઞાન સબંધની કેળવણી; જાતીય જ્ઞાનનું શિક્ષણ

જાતીય ખર્ચ પું. રાજ્યનો ખર્ચ; દેશનો ખર્ચ

જાતીય જ્ઞાન ૧ [સં. જાતીય (જાતનું) + જ્ઞાન] ન. પોતાની જાતિ વિષેનું જ્ઞાન.
૨. ન. સ્ત્રીપુરુષના શરીર સબંધી જ્ઞાન.

જાતીયતા ૧. સ્ત્રી. એક જાતના હોવાપણું.
૨. સ્ત્રી. જાતિ.
૩. સ્ત્રી. દેશીયતા; એક જ દેશનું હોવાપણું.

જાતીય પૂંજી સ્ત્રી. દેશની મિલકત; 'નેશનલ કૅપિટલ'.

જાતીય પ્રશ્ન [સં.] પું. સ્ત્રીપુરુષને લગતો સવાલ.

જાતીય બદી સ્ત્રી. ઇંદ્રિયની કુટેવ.

જાતીય વિકૃતિ [સં.] સ્ત્રી. સ્ત્રીપુરુષ સંબંધી દુઃખ.

જાતીય વિજ્ઞાન [સં] ન. જાતીય જ્ઞાનનું શિક્ષણ; જાતીય કેળવણી.

જાતીય શિક્ષણ જુઓ જાતીયકેળવણી.

જાતીય સભા [સં.] સ્ત્રી. રાષ્ટ્રીય સમાજ કે સભા; 'નેશનલ કૉમેસ'.

જાતીય સંપત્તિ [સં.] સ્ત્રી. દેશની મિલકત; રાષ્ટ્રીય સંપત્તિ; 'નેશનલ વેલ્થ'.

જાતીય સ્પર્ધા [સં. જાતીય (જાતનું) + સ્પર્ધા (હરિફાઈ)] સ્ત્રી. એક બીજી જાતિ વચ્ચેની હરીફાઈ.

જાતીરસ [સં.] પું. રક્તાભોગ.

જાતીલું ૧. ન. પોતાની જાતનું માણસ.
૨. વિ. જાતવાળું; આખાદાન કુટુંબનું.
૩. વિ. જાતિનું; સમૂહમાંનું; જ્ઞાતનું; પોતાની જાતિનું; સ્વજાતીય; નાતીલું.

જાતુ સં.] અ. કદાચિત્; કદાચ. કોઈ વાર.

જાતુક ૧. ન. કમળાનું કદ.
૨ [સં] ન. દ્વિજ.

જાતુકર્ણી ૧. પું. એ નામનો સાડસા; ત્રિનબવાદીઓ માંહેનો એક.
૨. [સં] પું. મહાકવિ ભવભૂતિના પિતાનું નામ

જાતુધાન [સં] પું. રાક્ષસ; નિશાચર; અસુર.

જાતૂલું વિ. એકજ જાતિનું; નાતીલું.

જાતૃષ ૧ ન. સ્નેહગૃહ, સાબનું ઘર.
૨. [સં.] ન. સાબનો વિકાર; સાબમાંથી બનાવેલ કોઈ પદાર્થ.
૩. વિ ચીકણું; ચીકટ.
૪. વિ. સાબનું બનેલું.

જાતુંઆવતું ૧. વિ જરાક; થોડું; સહેજ; લગારેક.
૨. વિ. જાત્યાવ કરતુ

જાતુંવળતું જુઓ જાતુંઆવતું ૧.

જાતૂ [સ.] ન. ઈંદ્રિનું વજ્ર

જાતૂકકોટર ન. જાતૂક શરીરની અંદર આવેલાં હવા ભરેલા કોથરાં માંહેનું એક. આ કોથરાઓ અર્ભસ્થિતિમાં રહેલાં બીજાં જાતનાં આવરાં સાથે સબંધ રાખે છે.

જાતૂકરથ્ય પું. શાંખાયન શ્રૌતસૂત્રમાં જણાવેલ ઋગ્વેદનો એ નામનો એક આચાર્ય.

જાતૂકર્ણ ૧. [સં.] પું. ઉપસ્મૃતિ બનાવનાર એક ઋષિનું નામ. હરિવંશ પ્રમાણે તેનો જન્મ અત્રીવંશમા દ્વાપરમાં થયો હતો. તે અત્રિ ઋષિનો શિષ્ય હતો.
૨. પું. (પુરાણ) આગામી મન્વંતરનો સપ્તાવીશમો વ્યાસ.
૩. પું. શિવ; મહાદેવ.
૪. ન. એ નામનું એક ગોત્ર.

જાતૂકર્ણી [સં.] પું. મહાકવિ ભવભૂતિના પિતાનું નામ.

જાતૂકર્ણ્ય ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ; યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાંના સોળ ઋત્વિજો માંહેના એ નામના એક.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. પું. (પુરાણ) સૂર્યવંશી નરિષ્યંત કુળના વૈવસ્વત રાજાનો એ નામનો દીકરો. તે પોતાના તપોબળથી બ્રાહ્મણ બન્યો હતો.
૪. પું. (પુરાણ) સૂર્યવંશી નરિષ્યંત કુળમાં થયેલ અગ્નિવેશ્ય રાજાનું બીજું નામ.

જાતે ૧. અ. જ્યાંથી, ક્યાંથી
૨. અ. પોતાને શરીરે.
૩. અ. પોતે; સ્વયં; પોતાની મેળે; પોતે.
૪ અ. સ્વભાવથી.

જાતેજાતમાંથી અ. ઘરડે ઘડપણે, વૃદ્ધાવસ્થામાં.

જાતેજાત અ. દરેક જાતિ; જાતિવાર.

જાતેદહાડે (જાતેદહાડે) અ. જાણ્યેથી; વખત જતાં.

જાતેષ્ટિ [સં.] સ્ત્રી. જન્મપ્રસંગનો એક જાતનો સરઘરા; જન્મ વખતે કરવાની ઈષ્ટિ; જાતકર્મ; નિત્યનૈમિત્તિક યજ્ઞ.

જાતોક્ષ્ય [સં.] પું. જૂનો; ઘરડો; ડુવાન બળદ; નાથવા જેવો થયેલ બળદ.

જાત્ય ૧. સ્ત્રી. જાતિ.
૨. વિ. જાતનું, જાતમાં બનાર.
૩. વિ જાતવાન; કુળવાન; કુલીન.
૪ વિ જેનો એક ખૂણો કાટખૂણો હોય તેવું; મૂલકોણીય; 'રાઇટ ઍન્ગ્લ્ડ'.
૫ વિ. શ્રેષ્ઠ.
૬. વિ. સમજાતીય; એકજ જાતનું.
૭. વિ સુંદર; પ્રિય; મનોહર

જાત્યચતુરસ્ર ન (ગણિત) જેના ચારે ખૂણા કાટખૂણા હોય પણ ચારેય બાજુ સરખી ન હોય તેવો ચતુષ્કોણ; સંજ્ઞાચોરસ

જાત્યચતુષ્કોણ જુઓ જાત્યચતુરસ્ર.

જાત્યત્રસ પું. (ગણિત) કાટખૂણ ત્રિકોણ; જેનો એક ખૂણો કાટખૂણો હોય તેવો ત્રિકોણ.

જાત્યત્રિકુજ જુઓ જાત્યત્રસ.

જાત્યપ્રક્ષેપ પું. (ગણિત) કોઈ પણ આકૃતિનાં બધાં બિંદુઓમાંથી કોઈ પણ સીધી સપાટી ઉપર લંબરેખાઓ દોરવામાં આવે તો સીધી સપાટી ઉપર બનતી આકૃતિ; 'ઑર્થોગોનલ પ્રોજેક્શન.'

જાત્યપ્રતિષ્ઠાપક પું. (ગણિત) અરસપરસ કાટખૂણે રહેલ રેખા; 'રેક્ટંગ્યુલર કો-ઑર્ડિનેટસ.'

જાત્યભિમાન ન. જાત બાબત ગમરૂબી; પોતાની જાતનું અભિમાન.

જાત્યર્થ [સં.] પું. જાતિવિશિષ્ટતા; ધર્મધર્મિ; ધર્મ-ધર્મ.ર્થ.

જાત્યવૃત્ત ન. (ગણિત) બે વર્તુલો એકબીજાને છેદતાં બે છેદન બિંદુઓમાંના ગમે તે એક બિંદુમાંથી વર્તુલોને દોરેલા સાધીને બનેનો ખૂણો



કાટખૂણો થાય તેવાં વર્તુલ. આ આકૃતિમાં **કખગ** ત્રિકોણનો **ક** ખૂણો કાટખૂણો હોઈ **ક** અને **ખ** કેન્દ્ર લઈ તથા **ક** અને **ગ** ત્રિજ્યા લઈ બે વર્તુલો દોર્યાં છે. **ક** ખૂણો કાટખૂણો હોવાથી **ખક** અને **ગક** અનુક્રમે નાના અને મોટા વર્તુલને સ્પર્શક થશે.

તથા બે બે વર્તુલો એકબીજાને કાટખૂણે છેદે છે અને બે બે વર્તુલો જાત્યવૃત્ત છે. જાત્યવૃત્તોમાં બંનેની ત્રિજ્યાના વર્ગનો સરવાળો હમેશા તેમની કેન્દ્ર રેખાના વર્ગની બરાબર થશે.

જાત્યસમચતુર્ભુજ પું. (ગણિત) જેના ચારે ખૂણા કાટખૂણા હોય અને ચારે બાજુ સરખી હોય તેવી આકૃતિ; ચોરસ.

જાત્યંતરી ભાષા જી. પક્ષીઓ અને પશુઓની ભાષા.

જાત્યંધ [સં.] વિ. જન્મથી જ આંધળું હોય એવું; પ્રકાશચક્ષુ.

જાત્યાર્દ્ર ઘૃત [સં.] ન. (વૈદક) બારાં ઉપર લગાડવાનું ઘી; જખમોની બનાવટનું ઘી. જૂનિયા, પટોળાનાં અને કડવા લીંબડાના પાન, કડુ, હળદર, દારૂહળદર, ઉપલેટ, અરડા, મોરપૂંછ, મીણ, જેઠીમધ, કરંજના બીજ અને વાળો એ બધી ચીજો એક એક તોલો, ઘી બાવન તોલા અને પાણી ૨૦૪ તોલા નાખી બનાવાતું ઘી. તે રક્તસ્રાવ રોધક, ઉત્તેજક અને દાહક છે. તે ઉપદંશ, ક્ષત, ઘા, બારા, ગૂમડા, ભગંદર અને હરસમાં ઉપયોગી મનાય છે.

જાત્યાદિમલમ પું. (વૈદક) એ નામની એક જાતની આયુર્વેદિક બંધબેસ. તે ઘા વગેરે ઉપર ઓપડાય છે.

જાત્યાનુભાવ પું. પોતાનો અનુભવ; જાતનો અનુભવ.

જાત્યાયત પું. લાંબચોરસ આકૃતિ.

જાત્યારાહ [સં.] પું. (અમોળ) અમોળના અઠ્ઠાવનની ગણતરીમાં એકથી પૂર્વ તરફ પ્રથમ અઠ્ઠાવનથી લેવાતું અંતર.

જાત્યારોવિષ વિ. જન્મથી જ ઝેરી. જેમકે, સર્પ, વીંછી.

જાત્યાસન [સં.] ન. એક જાતનું આસન. તેમા હાથ પગ જમીન ઉપર રાખી ચાલવામાં આવે છે. આ આસનમાં સિદ્ધ થયાથી પૂર્વ જન્મનું જ્ઞાન મેળવી શકાય એમ મનાય છે.

જાત્યાંધ જુઓ જાત્યંધ.

જાત્યુત્તર [સં.] પું (વેદાંત) ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ અસત્ ઉત્તર; જાતિ નામના દોષ સિવાય બીજી રીતે દૂષણ આપવાને અસમર્થ એવો ઉત્તર.

જાત્ર ૧. સ્ત્રી. જાત્રા; યાત્રા.
૨. સ્ત્રી. (જૂ. ગુ.) જાવાઈ.

જાત્રાફલ ન. જાત્રાનું ફળ.

જાત્રા ૧. [સં યાત્રા] સ્ત્રી. તીર્થોમાં મુસાફરી કરવી તે; માણસોએ સમૂહમાં રહી પ્રવાસ કરવો તે; મુસાફરી; યાત્રા. જાત્રાનો હેતુ જતાવતાં 'ધર્મ-પ્રજા ઓપિનિયન'માં લખ્યું છે કે: જે દોઢસો પુરુષોએ સેતુબંધ રામેશ્વર, જગન્નાથ, હરદ્વાર અને દ્વારકાની જાત્રા કરાવી તેઓ મૂર્ખ ન હતા. તેઓ જાણતા હતા કે ધર્મપરાયણ તો ઘેર બેઠાં થાય છે. તેઓએ જ આપણને શીખવ્યું છે કે જેનું મન ચંગા છે તેને ઘેર બેઠાં ગંગા છે. પણ તેઓએ વિચાર્યું કે કુદરતે હિંદુસ્તાનને એક મુલક બનાવ્યો છે તે એક પ્રજાનો હોવો જોઈએ. તેથી તેઓએ જુદા જુદા સ્થાનકો ઠરાવી લોકોને એકતાનો ખ્યાલ એવી રીતે આપ્યો કે તેના જેવું દુનિયામા બીજી જગ્યાએ નથી.
૧. જાત્રા કરવી = (૧) મુસાફરી કરવી. (૨) યાત્રા કરવી
૨. જેલ જાત્રા = જેલમાં જઈ આવવું તે.
૩. તીર્થ જાત્રા = પવિત્ર ધામોમાં દાન, સ્નાન, જપ, પુજા, દર્શન વગેરે ધારણાંકિત ધર્મ સાધવાને માટે કરવું તે; જે દેવતાના જે નિર્ધારિત દિવસ હોય ત દિવસ જતાંઓએ દર્શન કરવાને જવું તે.
૪. ઢાયલાની જાત્રા = (૧) અર્થ વગરની મહેનત. (૨) નકામો ફેરો; ધક્કો.
૫. ઓક જાત્રા = ઓક બબડાટ, બકાવટ, રીતરિવાજ વગેરે.
૨. સ્ત્રી. દેવ નિમિત્તે કરાતો ઉત્સવ.
૩. [હિ.] સ્ત્રી. ધાર્મિક વરઘોડો.
૪. સ્ત્રી. પવિત્ર તીર્થ.
૫. સ્ત્રી. ડરવું તે; જવું તે; ગમન
૬. સ્ત્રી. મેળો; દેવ અથવા મહાપુરુષ નિમિત્તે ભરાતો મોટો સમારંભ અથવા મેળો.
૭. સ્ત્રી. વિદાય.
૮. સ્ત્રી. વિહાર; પ્રવૃત્તિ.
૯. સ્ત્રી. (સંજ્ઞા) શરીરનો નિર્વાહ.
દેહ–શરીર જાત્રા = દેહ ધારણ થાય એવો અવકાશ; જાતકવિદ્યા; ગરજપોષણનો માર્ગ.

જાત્રાકરણ ૧. ન. કૂચ કરવી તે.
૨. ન. જાત્રા કરવી તે.

જાત્રારેખા સ્ત્રી. (જ્યોતિષ) માણસ જિંદગીમાં કેટલી જાત્રાઓ કરશે તે જણાવનારી રેખા.

જાત્રાવેરો પું. જાત્રાળુ પાસેથી લેવામાં આવતો કર.

જાત્રાળુ ૧. પું. જાત્રા કરવા જનારો માણસ.
૨. વિ. જાત્રામાં ફરવા નીકળેલ; જાત્રા કરનાર; તીર્થે ફરનાર; પ્રવાસી.
૩. વિ. બીજા માગીતે તીર્થોમાં ફરનાર.

જાત્રિક જુઓ જાત્રાળુ.

જાત્રી જુઓ જાત્રાળુ.

જાત્રુ જુઓ જાત્રાળુ.

જાથ ન. દક્ષિણ મહારાષ્ટ્રમાં આવેલું એક રાજ્ય.

જાદુ ૧. ન. કાયમપણું
૨. વિ. બાકી; હમેશનું; હમેશ બાવા કરે એવું.
જાદુકલ દાંત = ડહાપણ દાંત પડી બધા પછી તેમને ઠેકાણે ફૂટેલા નવા દાંત.
૩. અ. સદા; હમેશા; કાયમ.

જાદુક ૧. ન. કાયમપણું.
૨. જુઓ જાદુ ૨, ૩
જાદુકનું = કાયમનું; હમેશનું; ચિરસ્થાયી.

જાદુડિયા સ્ત્રી. હમેશને માટે ચાલતું કામ.

જાદુનું જુઓ જાદુકનું.

જાદુક જુઓ જાદુ.

જાદ [ફા. બાદ] સ્ત્રી. બાદ; બબર.

જાદર ન. પોળા બાજા બણાટનું એક જાતનું રેશમી કપડું.
૧. જાદર કાગણી = કન્યાને પરણાવતાં જે પોળું રેશમી કપડું પહેરાવે તે
૨. જાદરનું કપડું = પરણતી વખતે કન્યાને જે બાજા બણાટનું પોળું રેશમી કપડું પહેરાવે તે જાતનું કપડું. એ ચાદરના જેવું હોય છે.

જાદરણી સ્ત્રી જાતમાં વરપક્ષ તરફથી અપેલી કન્યા, જાતડી; જાતરડી.

જાદરસ [ફા.] પું. બાજરો.

જાદરિયું ન. લીલા પોંકની બનાવેલ એક મીઠાઈ; ચણા, જુવાર કે મકાના પોંકનો લાડુ; મકાનો પોંક અને ટોપરાના ખોબાના કાપ્યા સાથે ઘણી તેમા ગળપણ, ઘી વગેરે નાખી બનાવેલો બાવાનો પદાર્થ.

જાદરું ૧. વિ. બરાબર; કનિષ્ઠ; નઠારું.
૨. વિ. ખોટું; ખોખરું

જાદરો વિ પું. ઓછું જાણે તેવો. સહેજ આંધળો.

જાદવ ૧. [સં. યાદવ] પું. કૃષ્ણ.
૨. પું. યદુવંશીય પુરુષ; યદુ રાજાના વંશનો રજપૂત.
૩. સ્ત્રી. રજપૂત, કંઠિયા, કુંભાર, ભરવી, કોળી, ભરવાડ અને હરિજનની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. ન. ઓઢણાના કપડાનું અગર ચોળીનું અસ્તર.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. યદુરાજાના કુળનું.

જાદવચંદ જુઓ જાદવચંદ્ર.

જાદવચંદ્ર ૧. પું. શ્રીકૃષ્ણ.

જાદુન

૨. વિ પું. યાદવોમાં શ્રેષ્ઠ જેવો.

જાદવપતિ જુઓ જાદવચંદ્ર.

જાદવકૂળ ૧. જી. ઝે નામની ખોરીની અટક.
૨. ન. ઝે નામની અટકનું માણસ.
૩. વિ. ઝે નામની અટકનું.

જાદવરાય જુઓ જાદવચંદ્ર.

જાદવરાય પું રિતાજીની માતા જીજાબાઈના બાપ.

જાદવા ૧. પું કૃષ્ણ.
જગને જાદવા કૃષ્ણ મોવાળિયા,
તુજ વિના પિતુમા કોણ નરો. નરસિંહ
૨ જી. કણબી અને દેઢની ઝે નામની અટક.
૩. ન. ઝે નામની અટકનું માણસ.
૪. વિ ઝે નામની અટકનું.

જાદવાસ્થળી ૧. જી. (પુરાણ) જાદવોની અંદર અંદર થયેલી લડાઈ. દ્વારકાના યાદવો શ્રીકૃષ્ણ વગેરે સૌ પ્રભાસપાટણમાં યાત્રાએ ગયા હતા. ત્યાં યાત્રાના ઉત્સવમાં ખૂબ દારૂ પીધા પછી તેઓમાં અંદોઅંદ મોટી લડાઈ થઈ હતી. કૃષ્ણે સીંધે પોતે કોને મારે છે અને કોની સાથે લડે છે તેનું કોઈને ભાન રહ્યું નહિ ને સૌ નાશ પામ્યા. આ અંદોઅંદની લડાઈ એવી ભયંકર થઈ કે જેથી લગભગ આખું જાદવકુળ નાશ પામ્યું. આ ઉપરથી ઘર કે કુટુંબના સ્નેહીઓ વચ્ચે થએલા કજેશને જાદવાસ્થળી કહે છે.
૨. જી. ભારે તોફાન થયું તે; મારામારી કાપાકાપી; અંદોઅંદની ભયંકર લડાઈ.
આ જાદવાસ્થળી અથવા લાઈ લાઈ વચ્ચેની ખૂનરેજ મારા અનુભવમાં આવેલી કોઈ પણ પટના કરતા વધારે ભયંકર છે.
હરિજનબંધુ

જાદવી ૧. જી. દુર્ગા.
૨. વિ જી. યાદવી.
૩ જુઓ જાદવાસ્થળી.

જાદંબ પું. જાડું.

જાદા ૧. [સં. જાયત (જન્મ આપવો)] પું. છોકરો; પુત્ર.
૨. જી. ઝે નામની મેમણની એક અટક.
૩. ન. ઝે નામની અટકનું માણસ.
૪ વિ. ઝે નામની અટકનું.
૫. [સં. દિવાદા (વધારે)] અ. ખૂબ; વધારે, બમણું.

જાદા તલબી ૧. જી. મિથ્યા તગાદો; ખોટી ઉતાવળ.
૨ [સં. જિયાદા તલબી] જી. હોંસ; ઉમંગ ઉત્સાહ.

જાદાઢ જી ખરબચડી; રાયરચીલું; સરસામાન.

જાદી ૧. જી. કેસ વગર કરાવતાં માથામાં સિખાસાથ રખાવવો તે નાની ચોટલી.
૨. [સં. જાયત (જન્યતુ)] જી. છોકરી; બેટી; પુત્રી; દીકરી.
૩. જી. ચાટી; ચાકરીરી.
૪. વિ. મરજાદી; પુષ્ટિમાર્ગના આચાર પ્રમાણે ચાલનારું.

જાદુ ૧. ન. આશ્ચર્યકારક; ખેલાકુ.
૨. [સં.] ન. તંત્રવિદ્યા; મંત્રમોહિની; કલમ; નજરબંધી, ચાકરીવિદ્યા; માયા; મૂઠ; ચેટક; મારણ; મારક; ખતરમતર; ટૂચકો; ટોચ્ચો; મંત્રતંત્ર કે હાથચાલાકીનું કામ.
૧. જાદુ કરવું-ચલાવવું-મારવો = ભોગવવું; વશ કરવું; બીજાને વિસ્મય થાય એમ કરવું; માયા કરવી; કામણ કરવું.
૨. જાદુ કાપવું = જાદુઈ અસરથી મુક્ત કરી દેવું
૩. ન. મરી ગયેલા જીવો એટલે કે, ભૂત, પિત વગેરેની પાસે અથવા દેવોની પાસે માણસનાં કામ અથવા અજબબળ જેવાં ચમત્કારિક મોટાં કામ કરાવવાની વિદ્યા કે સાધના.
૪. ન. મંત્ર, તંત્ર, યુક્તિ, હાથચાલાકી કે બીજી કોઈ રીતે બીજાથી સમજાય નહિ અને જોને આશ્ચર્ય લાગે એવું કામ, બનાવ કે ચમત્કાર; સાધારણ બુદ્ધિના લોકથી ન સમજાય અને અચંબો લાગે તેવી કૃતિ; કારણ અથવા યુક્તિ ન માલૂમ પડે તેવો અજબબળ જેવો પ્રયોગ કે ખેલ.

જાદુકલમ [સં. જાદુ (ચમત્કાર) + કલમ (જ્ઞાન)] ન. જાદુવિદ્યા.

જાદુઈ ૧. વિ. ચમત્કારિક; જાદુથી ઉત્પન્ન થયેલું; જાદુ સંબંધી; જાદુવાળું.
૨. વિ. વિલક્ષણ; હોશિયાર; ચતુર.

જાદુઈ ફાનસ ૧. ન. અલાદીન અને જાદુઈ ચિરાગ નામની વાર્તામાં આવતું એક જાતનું ચમત્કારિક ફાનસ; માયાદીપ. તે ઘસવાથી જિન હાજર થતો અને ઘસનારનો હુકમ માથે ચડાવી તે મુજબ કામ કરતો.
૨. ન. ચિત્રદર્શન કરાવવાના ઉપયોગમાં આવતું એક પ્રકારનું સાધન; પડદા ઉપર બત્તીઓનું પ્રતિબિંબ પાડે એવું એક જાતનું ફાનસ.

જાદુઈવાર્તા જી. જેની અંદર જાદુનાં કામ આવતાં હોય તેવી વાર્તા; 'ફેરિ ટેઇલ'.

જાદુકપટ ન. છળપ્રપંચ જાદુ અને કપટ.

જાદુખેલ પું. મંત્રપ્રયોગ.

જાદુખોર ૧. [સં. જાદુ (ચમત્કાર) + ખુર્દન (ખાવું)] પું. ચાલાકીના ખેલ કરનાર માણસ.
૨. પું. જાદુ પાછળ મચ્યો રહ્યો હોય એવો માણસ; જાદુનો બસતી; જાદુ જાણનાર.

જાદુખોરો જુઓ જાદુખોર.

જાદુગણ જુઓ જાદુગરણ.

જાદુગર ૧. [સં. જાદુ (ચમત્કાર) + કર (કરનાર)] પું. તરેહતરેહનાં અદ્‌ભુત અને આશ્ચર્યજનક ખેલ કરનાર મનુષ્ય; જાદુના ખેલ અને ચમત્કાર વગેરે કરનાર માણસ; બાજીગર; બેલાડી; જાદુનું કામ જાણનાર પુરુષ.
૨. જી. ઝે નામની એક જાત.
૩. ન. ઝે નામની જાતનું માણસ.
૪. વિ. ઝે નામની જાતનું.

જાદુગરણ જી. જાદુ જાણનારી અથવા કરનારી સ્ત્રી

જાદુગરણી ૧. જી. કામણ કરે એવી સ્ત્રી; જાદુ કરનારી સ્ત્રી.
૨. વિ જી. કપટી; પ્રપંચી.

જાદુગરી ૧. [સં.] જી. જાદુ કરવાની આવડત.
૨. જી. જાદુ કરવાની ક્રિયા; જાદુગરનું કામ; જાદુનું કામ.
૩. જી. જાદુની વિદ્યા; માયા; કલમ; કામણ.

જાદુગાઢું [સં.] વિ. જાદુઈ અસર કરે એવું; મોહિની લગાડે એવું; વશ કરી લે એવું; મોહક; મોહની.

જાદુગારો જુઓ જાદુગર ૧.

જાદુગીર જુઓ જાદુગર ૧.

જાદુગીરી જુઓ જાદુગરી.

જાદુઘર ન. કૌતુકાગાર; સંગ્રહસ્થાન.

જાદુચક્ર ન. વશીકરણ કરી રાક્ષસ જેવી મર્યાદા અથવા હદ.

જાદુજાવાળ પું. જાદુ મોટો કલમ.

જાદુટાણો પું. જાદુનો નાનો પ્રયોગ અથવા ચમત્કાર; સહેજસાજ કામને માટે ભૂતપિશાચના મંત્રથી જંતર કરી તંત્ર કરી ટૂંકા ટૂંકા પ્રયોગ કરવા તે.

જાદુટોણાં જુઓ જાદુટાણો.

જાદુટોણો જુઓ જાદુટાણો.

જાદુના જી. તોરણલા પાસે હિમાલય તરફથી વહેતી સિંધુ નદીને કાંઠે વસતી એ નામની પઠાણ જાતિની એક પ્રજા. તે પુસ્તો ભાષા બોલે છે.

જાદુનજર [સા.] સિ. દૃષ્ટિમાત્રથી મોહિત કરનારું; જેના નેત્રમાં જાદુ હોય એવું.

જાદુબર્યું સિ. જેમાં જાદુ ભરવા વશીકરણની શક્તિ રહેલી હોય એવું.

જાદુમંતર પું. જાદુ કરવાનો મંત્ર; જાદુ થાય એવો ગુપ્ત ઉચ્ચાર; ચમત્કારિક પ્રભાવ મંત્ર.

જાદુવિદ્યા સ્ત્રી. પ્રભાવ ભરવા વશીકરણનું જ્ઞાન; ચોસઠ કલાની એ નામની એક વિદ્યા.

જાદૂ જુઓ જાદુ.

જાદૂઈલમ જુઓ જાદુઈલમ.

જાદૂઈ જુઓ જાદુઈ.

જાદૂઈફાનસ જુઓ જાદુઈફાનસ.

જાદૂઈવાર્તા જુઓ જાદુઈવાર્તા.

જાદૂકપડ જુઓ જાદુકપડ.

જાદૂખેલ જુઓ જાદુખેલ.

જાદૂખોર જુઓ જાદુખોર.

જાદૂખોરો જુઓ જાદુખોરો.

જાદૂગર જુઓ જાદુગર.

જાદૂગરણ જુઓ જાદુગરણ.

જાદૂગરણી જુઓ જાદુગરણી.

જાદૂગરી જુઓ જાદુગરી.

જાદૂગારૂં જુઓ જાદુગારૂં.

જાદૂગારો જુઓ જાદુગારો.

જાદૂગીર જુઓ જાદુગીર.

જાદૂગીરી જુઓ જાદુગીરી.

જાદૂભર જુઓ જાદુભર.

જાદૂમઢ જુઓ જાદુમઢ.

જાદૂવાળુ જુઓ જાદુવાળુ.

જાદૂવાળો જુઓ જાદુવાળો.

જાદૂટોણાં જુઓ જાદુટોણાં.

જાદૂટોણો જુઓ જાદુટોણો.

જાદૂનજર જુઓ જાદુનજર.

જાદૂબર્યું જુઓ જાદુબર્યું.

જાદૂમંતર જુઓ જાદુમંતર.

જાદૂવિદ્યા જુઓ જાદુવિદ્યા.

જાદે ૧. [અ. જ્યાદહ] સિ. જ્યાદે; વધારે.
૨. જ જાસ્તી; વધારે; જોઈએ તે કરતાં વધારે હોય તેમ.

જાદો ૧. [સા. જાદન (જણવું)] પું. બેટો; છોકરો; દીકરો.
૨. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.
૩. સ. રજપૂતની એ નામની જાતનું માણસ.
૪. સિ. રજપૂતની એ નામની જાતનું.

જાદોગણ પું. જાદવકુળનો સમૂહ.

જાદ્દી જો. મદદ; નિરાવટ.

જાધ ૧. [સં.] ન. દીક્ષાપશુ.
૨. સ. મૂર્ખતા.

જાદ્વાન જુઓ જાદુન.

જાધ પું. માથાનો ઉપરનો ભાગ. તેમાં બે કાનવાળી પટી, કાંસવાળો ત્રિભંગ, કુલપટી, કલ્ગી, ચૂલિયો કઠોરો અને ટેકડું એટલા ભાગ હોય છે.

જાધવ ૧. સ્ત્રી. મરાઠા, ક્ષત્રિય અને રબારી જ્ઞાતિની એ નામની એક અટક.
૨. સ. મરાઠા, ક્ષત્રિય અને રબારી જ્ઞાતિની એ નામની અટકનું માણસ.
૩. સિ. મરાઠા, ક્ષત્રિય અને રબારી જ્ઞાતિની એ નામની અટકનું.

જાન ૧. પું. જોર; બળ.
૨. પું. જીવ.
૩. [સા. જાન (જીવ)] પું. પ્રાણ; આત્મા; જીવ; જિંદગી.
૧. જાન આપવો = (૧) જીવ આપવો, પ્રાણ કાઢી આપવા; કુરબાન થવું. (૨) બહુ ચાહવું.
૨. જાન આફરીન = સજીવન કરનાર ઈશ્વર.
૩. જાન આવો–આરવો = (૧) જિંદગીની ચિંતા કરવી. (૨) જિંદગીનો નાશ કરવો. (૩) દુઃખ દેવું; સતાવવું; હેરાન કરવું. (૪) સખત મજૂરી કરવી.
૪. જાન ખોવો–દેવો = પ્રાણ ગુમાવવા; મરવું.
૫. જાન ચોરવો = કર્તવ્યવિમુખ થવું; કામમાં બેદરકાર રહેવું.
૬. જાન છુપાવવો = નાસી જવું.
૭. જાન છોડાવવો = (૧) પ્રાણ બચાવવા. (૨) મુક્ત થવું; છૂટું પડવું.
૮. જાન જવો = મરણ પામવું.
૯. જાન તસ્લીમ કરવી = જિંદગી છોડી દેવી.
૧૦. જાન નાખવો = સજીવન કરવું.
૧૧. જાન નીકળવો = મરણ પામવું.
૧૨. જાન પડવો = (૧) નવું જીવન આવવું; તાજા થવું. (૨) મરણ પામવું.
૧૩. જાન પર આવવું–પડવું = (૧) પોતાની જાતને જોખમમાં મૂકવી. (૨) પ્રાણ ઉપર સંકટ આવે તે વખતે પ્રાણના રક્ષણ માટે સામા થવું.
૧૪. જાન પર કરવું = જીવ જોખમાય તેવું હોવા છતાં કોઈ કામ કરવું.
૧૫. જાન પર ખેલવું = જિંદગીનું જોખમ ખેડવું.
૧૬. જાન પર જોખમ હોવું–નોબત આવવી = જિંદગી જોખમાં હોવી.
૧૭. જાન બચાવવો = (૧) જીવ ઊગારવો; કોઈના જીવનનું રક્ષણ કરવું. (૨) બળજબરી અટકી જવું. (૩) ભયને લીધે નાસી જવું.
૧૮. જાન પર થવો = જીવતા રહેવું.
૧૯. જાન બરાબર રાખવું = જીવ જાળવવું; પ્રાણની જેમ રક્ષણ કરવું.
૨૦. જાન બલબ થવો = મરવાની અણી હોવું.
૨૧. જાન બારે થવો = જિંદગી ભાર રૂપ લાગવી.
૨૨. જાન લેવો = પ્રાણ જતો રહે એવું મારવું; જીવ લેવો; મારી નાખવું.
૨૩. જાન સંભાળીને કામ કરવું = જીવ સાચવીને કામ કરવું; કોઈ કામમાં જિંદગીનું જોખમ ન ખેડવું.
૨૪. જાન સુકાવવો = જીવનનું સત્ત્વ સુકાઈ જાય તેમ કરવું કે વર્તવું.
૨૫. જાન હલાક થવું = મરણને શરણ થવું.
૨૬. જાનથી જવું = જીવ ખોવો; મરી જવું.
૨૭. જાનથી મારવું–મારી નાખવું = પ્રાણ જતો રહે એવું મારવું; જીવ લઈ લેવો.
૨૮. જાનથી હાથ ધોવું = મરણ સુધી કોઈની પાછળ પડવું.
૨૯. જાનથી હાથ ધોવા–ધોઈ બેસવું = (૧) જિંદગીથી કંટાળી જવું; નિરાશ થવું. (૨) જિંદગીની આશા મૂકી દેવી.
૩૦. જાનની બરાબર રાખવું = જિંદગી જેટલું અમૂલ્ય ગણવું; પ્રાણ સમાન વહાલું માનવું.
૩૧. જાનનું રોવું = કોઈને મરણ પજ્યું.
૩૨. જાનનો જોખો = પ્રાણ જવાનો ડર.
૩૩. જાનમાં જાન આવવી = (૧) જીવમાં જીવ આવવો; ચિત્ત સ્થિર થવું. (૨) સંતોષ થવો.
૩૪. જાનમાં જીવ આવવો = (૧) પુનર્જન્મ લેવો. (૨) સુખી થવું.
૩૫. કમસી જાન = સમાંવહાલાં વિનાનો; એકલો અટુલો.
૩૬. જેજાન = (૧) નબળું. (૨) મરેલું; જીવ વગરનું.
૩૭. જોજાન કરવું = (૧) નિર્જીવ કરવું; પ્રાણ જતો રહે તેમ કરવું; મારી નાખવું. (૨) નિર્બળ કરવું.
૪. પું. ધણધાર.

૫. પું. સ્નેહ; પ્રેમ.
જીવનજન = જીવ પ્રિય; પ્રાણપ્રિય.
૬. સ્ત્રી. ઉંચી જાતની સારું સ્ત્રીઓને સંબોધન; પ્રિયા; પ્યારી સ્ત્રી; માણક.
૭. સ્ત્રી. માનારી સ્ત્રી.
૮. સ્ત્રી. જાણ; જ્ઞાન; ઓળખાણ; ખબર.
૯. સ્ત્રી. પરણવા જતા વરની સાથે જનારો જનસમૂહ; જરાત; વરને પરણાવવા જનારાઓનો સમવાય; પરણવા જનાર વરની સાથે જનારા સંબંધીઓ. આ સંબંધે એક આધુનિક એવું પણ વિધાન છે કે: જ્ઞાતિનું જમણ જેટલું સાચું છે એટલું જ અંશે જાન પણ સાચી છે. એ હોતટનું અર્થ છે, ધાર્મિક વિધિની ગંભીરતાની સારૂ હાનિકારક છે.
૧. જાન જોડવી = વરને પરણાવવા ઠાઠમાઠથી સગાં કુટુંબ વગેરે સાથે નીકળવું.
૨. જાન જોગવવી = (૧) ઓરમાયાપરિચય કરાવવો. (૨) જાન કાઢીને જવું તે.
૩. જાન શોભાવવી = જાન શોભે તેમ કરવું.
૪. જાન સુકાડવી = જાનને ઓછી કરી નાંખી જવાની ધામધૂમ કે ગોઠવણ કરવી.
૫. જાને આવવું = (૧) મોજશોખ કરવા આવ-પીવા કે આતિથ્ય કરાવવા જવું. આતિથ્ય માન વગેરેને લોભ નહિ પણ કામકાજ કરવાને રહેલા માણસને ટાણો મારતાં કહેવાય છે કે તું અહીં જાને આવ્યો નથી. (૨) વર પરણાવવા જવું.
૬. જાને જવું = (૧) માનભર્યા પરોક્ષ જવું. (૨) વર પરણાવવા જવું.
૭. જાને સુકાડવા = જાનમાં તેડી જવું.
૮. વર વિનાની જાન = ઓરડા વિનાનાં મીંડાં.
૧૦. સ્ત્રી. વરની સાથે જવું તે.
૧૧. સ્ત્રી. વેશ્યા
૧૨. ન. ઉત્સાહ; હોંશ
૧૩. ન. ગાડું; એક.
૧૪. ન. ગાડી, રથ વગેરે વાહન.
૧૫. ન. ચેતનાં ભાગ, શક્તિ.
૧૬. ન. લેખમ, વિઘ્ન; અંતરાય.
૧૭. ન. દમ; માલ; પાણી; રસ.
૧૮. [સં. જ્ઞાન] ન. નુકસાન; હાનિ; ખોટ; ગેરલાભ; ક્ષય.
૧. જાન કરવું = નુકસાન કરવું.
૨. જાન થવું = નુકસાન કે હાનિ થવી.
૧૯. ન. વહાણ.
૨૦. ન. વિમાન.
૨૧. ન. સરત; બંદર.
૨૨. વિ. બહુ જ ખાઈ, બહુ જ વહાલું. આદરવાચી 'બહુજ ખારો', 'બહુજ પ્યારી' એ અર્થમાં વપરાય છે.
૨૩. વિ. ડાહ્યું.
૨૪. વિ. મનુષ્ય સંબંધી; જન સબંધી.
૨૫. અ. નહિ.

જનઆકીન (જનઆકીન) [સં. જન (જિંદગી) + આરોહન (ચઢવું કરવું)] પું. સરજનહાર; ઈશ્વર.

જનઈયો પું. જનેરો; જન માંહેનો કોઈ એકાદ જણ; વરનો સાથી.

જનક ૧. વિ જનક રાજા સંબંધી.
૨. [સં] વિ. પિતા સંબંધી.

જનકની જુઓ જનકંદની.

જનકરે ૧. [હિં.] પું. વસ્તુ ખરીદતાં પહેલાં લેવા માટે કાંઈ જતાં તેને માટે સૂચી તરીકે આપવામાં આવતી રકમ.
૨. ન જણીતાઈ તે.

જનકંઠન ન. મરણની પીડા.

જનકંદની સ્ત્રી આત્માની જાગતરા.

જનકાર [હિં.] પું. જાતા; વટેમાર; જાણનાર.

જનકારી ૧. [હિં.] સ્ત્રી. જાણપણું; જાણ; ખબર.
૨. સ્ત્રી. નિપુણતા, હોંશિયારી.

જનકારૂ વિ જાણવાલાયક.

જનકિ ૧. પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.
૨. પું. એક જાતના આયુષ્યદર્વિસવર્ષમાનો એ નામનો એક.
૩. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

જનકિ આયરવેદ પું. એક પ્રાચીન આચાર્યનું નામ.

જનકી ૧. પું. (પિંગળ) રોમીક અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સ્વૈરિણી કોકિલા. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં અઢાર રગણ એમ રોમીક અક્ષરો હોય છે.
૨. પું. (પુરાણ) દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.
૩. [સં] સ્ત્રી. મિથિલાના રાજા જનકની પુત્રી; સીતાજી. એમ મનાય છે કે મિથિલામાં એક વાર દુકાળ પડતા રાજાએ જાને જોડીને માટે હળ ચલાવ્યું હતું. તે વખતે ભૂમિમાંથી જનકો ઉત્પન્ન થયાં હતાં. તે સાક્ષાત જગજ્જનની માયા સ્વરૂપ હતાં. તેમણે પોતાના આચરણથી પતિવ્રતનો મહાન આદર્શ બતાવ્યો છે. તેના અયોનિજા, ભૂમિજા, પરણ્યસતા, પાર્થિવી, સીતા વગેરે બીજા નામ છે.

જનકીજી જુઓ જનકો ૩
જનકીજીવન [સં.] પું. સીતાપતિ; રામ.
જનકીનાથ [સં.] પું. જનકીના પતિ; રામચંદ્રજી.
જનકીનાથજી જુઓ જનકીનાથ.
જનકીમંગલ [સં.] પું. ગોસ્વામી તુલસીદાસજીનો બનાવેલો એ નામનો એક ગ્રંથ. તેમાં જનકીના રામ સાથેના વિવાહનું વર્ણન છે.
જનકીમંડપ ન. તુલસીદાસજીએ રચેલો એ નામનો એક ગ્રંથ.
જનકીરમણ જુઓ જનકીનાથ.
જનકીહરણ ન. કુમારદાસનું લખેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.
જનગઈ ૧. વિ. જન દેવાથી બની હો તેવું; જન દીધે બરાબર નુકસાન બરાબર મળે એવું.
૨. વિ. નુકસાન કરનાર.
જનગિરી સ્ત્રી. પ્રાણહરણ.
જનગુદાઝ ૧. [સં.] વિ. જીવન બાળી નાખે તેવું.
૨. વિ. હૃદય પીગળાવનાર.
જનજાત્રા સ્ત્રી. જીવનયાત્રા.
જનજોખમ ન. જીવનું જોખમ.
જનજોખુન જુઓ જનજોખમ.
જનડિયું (જનડિયું) સ્ત્રી. ન. ન. જનમાં જનાર બૈરાં.
જનડી (જનડી) ૧. સ્ત્રી. જાતરડી.
૨ સ્ત્રી. જનમાં જનારી સ્ત્રી.
૩. સ્ત્રી લીલમાં પરણાવેલ ગાય. તેના દૂધની ખાસ કંઈ કીમત નથી.
જનડી બકરી (જનડી બકરી) સ્ત્રી. જેનું દૂધ દોણામાં ન પડે તેવી બકરી. આવી બકરીના મન ગણેલ હોય છે.
જનત [હિં] વિ. જાણીતું; જ્ઞાની.
જનતરારક [સં.] વિ. દુઃખનું હરી નાખે તેવું.
જનદાહ પું જન ઉપર લેવામાં આવતો કર.
જનદાર ૧. પું. પ્રાણી; જનવર.
૨. વિ. સબળ; તેજસ્વી.
૩. વિ. જીવતું; સજીવન; પ્રાણમય; જીવવાળું.
૪ વિ. શક્તિવાળું
જનન [સં.] ન. જ્ઞાન; જાણપણું; જાણવું તે.
જનનિસાર ૧. પું. પ્રાણનો સાર.

૨. [ઝ.] વિ. વફાદાર; પ્રાણને જોખમે સેવા ભક્તિ કરનાર.

જાનનિસારી [ઝ.] સ્ત્રી. પ્રાણનો ત્યાગ; સ્વાત્મોર્પણ.

જાનની¹**જમાન** ૧. સ્ત્રી. જીવન.
૨. સ્ત્રી. જિંદગીની સલામતી.
૩. સ્ત્રી. માફી.
૪. સ્ત્રી. રક્ષણ.

જાનપદ ૧. [સં.] પું. જનપદ સંબંધી વસ્તુ.
૨. પું. દેશ.
૩. પું. દેશમાંથી આવેલ રાજનો કર.
૪. પું. મનુષ્ય; લોકમાત્ર.
૫. પું. રાજધાની સિવાયના દેશનો રહેવાશી; ગામડિયો.

રાજધાનીના નિવાસી તે 'પૌર' અને રાજધાની સિવાયના પ્રદેશના દેશના રહેવાસી તે જાનપદ. કુમાર

૬. પું. લોક; જન.
૭. પું. કેસર; જાતિ.
૮. ન. પાટનગર સિવાયનો રાજનો બાકીનો મુલક.
૯. ન. પ્રાંત.
૧૦. ન. સભા.
૧૧. ન. સામ્રાજ્ય.
૧૨. વિ. ગામડાને લગતું.

જાનપદી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા. તેને ઇંદ્રે શરદ્વાન નામના ઋષિનું તપ ભંગ કરાવવા મોકલી હતી. તે ઋષિએ મોહિત થઈ શુક્રપાત કર્યો તેમાંથી કૃપ અને કૃપીનની ઉત્પત્તિ થયેલ મનાય છે.
૨. સ્ત્રી. યુક્તિ.

જાનપદીય વિ. શહેરી તરીકેની કરતાં સંબંધી.

જાનપહચાન ૧. [હિં.] પું. મિત્ર; દોસ્ત.
૨. સ્ત્રી. ઓળખાણ; જાણપિછાણ; પરિચય.

જાનપિછાણ જુઓ જાનપહચાન.

જાનપિછાન જુઓ જાનપહચાન.

જાનફરોશ (જાનફરોશ) ૧. [ફા.] પું. જિંદગી વેચનાર માણસ.
૨. પું. લડવૈયો.

જાનફિશાન (જાનફિશાન) [ફા.] વિ. ખંતવાળું.

જાનફિશાની (જાનફિશાની) ૧. [ફા.] સ્ત્રી. ખંત.
૨. સ્ત્રી. જીવ આપી દેવો તે; પ્રાણોર્પણ; જાનકુરબાની.
૩. સ્ત્રી. ભક્તિ.
૪. સ્ત્રી. સખત મજૂરી.

જાનફેશાની (જાનફેશાની) જુઓ જાનફિશાની.

જાનબખ્શ ૧. [ફા. જાન + બખ્શીદન (આપવું)] પું. પરમેશ્વર.
૨. પું. જીવતદાન દેનાર માણસ.

જાનબખ્શી ૧. સ્ત્રી. જીવતદાન.
૨. [ફા.] સ્ત્રી. દેહાંતદંડની શિક્ષાની બાકી; ખોતના ગુનામાં ગુનાની માફી.

જાનબખ્શી કરવી = ગુનાની માફી બક્ષવી.

જાનબાઝ ૧. વિ. બાહોશ બંદાના સબોની એક જાતનું.
૨. [ફા. જાન (જિંદગી) + બાઝ (રમનાર)] વિ. જીવને જોખમમાં નાખનાર; હિંમતવાન.

જાનબાઝી ૧. [ફા. જાન (જિંદગી) + બાઝી (રમત)] સ્ત્રી. જીવને જોખમમાં નાખવી તે.
૨. સ્ત્રી. બહાદુરી.

જાનબૂઝ અ. જાણીબૂઝીને; ધરાદાપૂર્વક; ઇચ્છાપૂર્વક.

જાનબૂઝકર જુઓ જાનબૂઝ.

જાનબૂઝકે જુઓ જાનબૂઝ.

જાનમ [ફા. જહન્નમ્] ન. નર્ક; દોઝખ; દુર્ગતિ.

જાનમનિ [હિં.] પું. શુદ્ધિવાળો પુરુષ; જ્ઞાની મનુષ્ય.

જાનમાઝ [ફા.] સ્ત્રી. દુઆ ગુજારવા માટેની સાદડી, શેતરંજી જેવા કપડું.

જાનમાલ [ફા.] સ્ત્રી. જીવ અને માલ મિલકત; જાન અને માલમતા.

જાનરઢી (જાનરઢી) સ્ત્રી. જાનેયજ્ઞ; જાનમાંની સ્ત્રી; જાનરણી; વરને પરણાવવા જતી સ્ત્રીઓમાંની દરેક

જાનરણી જુઓ જાનરઢી.

જાનરાય પું. જ્ઞાની પુરુષ; બુદ્ધિમાન માણસ

જાનવર ૧. [જાન (જીવ) + વર (વાળું)] ન. જીવવાળું પ્રાણી; જેનામાં ચૈતન્ય હોય એવું પ્રાણી; ઢોર; પશુ; ચોપગું પ્રાણી.
૨. ન. ક્રૂરકૃત્ય; મૂર્ખ કે હેવાન.
૩. ન. બાપ વગર જેનું હિંસ પશુ; જંગલી પ્રાણી.

જાનવરી ૧. વિ. જંગલી; પાશવ.
૨. વિ. વનના જાનવર સંબંધી.

જાનવી સ્ત્રી. ગંગાને મળતારી એ નામની નદી.

જાનવીજા પું. જિંદગીનો વીમો.

જાનવીઝો જુઓ જાનવીજા.

જાનવેલ સ્ત્રી. એ નામની એક જાતની વેલી. એનાં પાન લાંબાં, ભાંચાદાર અને કાંટાવાળાં હોય છે. આ વેલ બીજા ઝાડ ઉપર ચઢેલી હોય છે. ખરજવું, દાદર અને ઢોરના ક્ષતમાં કીડા પડ્યા હોય તે ઉપર આ વેલ ઉપયોગી છે. તેનો રસ ચામડીના રોગ ઉપર ફાયદો કરે છે.

જાનવો ૧. પું. ગરમીથી નીકળેલો મોટો ફોલ્લો.
૨. પું. ઘોડાનો એક જાતનો સાંધાનો રોગ. તેમાં ગોઠણ ઉપર સોજો આવે છે.

જાનવો વાયુ પું. સંધિવાનો એક પ્રકાર. તે ગોઠણનો વા છે. તેમાં ગોઠણ સહજ જડ્ય બસકા નીકળે છે.

જાનશળા ૧. [પ્રા.] સ્ત્રી. માટી રમ વગેરે રાખવાનો તબેલો.
૨. સ્ત્રી. વાહન બનાવવાનું કારખાનું.

જાનશી [ફા. જા (જગ્યા) + નશીન (બેસનાર)] પું. વારસદાર.

જાનશીન ૧. [ફા. જા (જગ્યા) + નશીન (બેસનાર)] પું. ઉત્તરાધિકારી વારસ.
૨. પું. મુખ્ય શિષ્ય

જાનશીની સ્ત્રી. વારસાપણું.

જાનશ્રુતિ પું. એ નામનો એક ઋષિ.

જાનસ સ્ત્રી. અભિપ્રાય; મત.

જાનસટકે પું. પ્રાણનો ત્યાગ; પ્રાણોર્પણ.

જાનસિતાન [ફા. જાન (જીવ) + સિતાન (લેનાર)] વિ. જીવલેણ; પ્રાણઘાતક.

જાનસુમાર ૧. [ફા.] પું. આંકડો.
૨. પું. બીજાના હાથમાં પોતાની જિંદગી સોંપનાર.

જાનસોજ [ફા. જાન (જીવ) + સોજ (બાળનાર)] સ્ત્રી. આંકડો.

જાનહાર ૧. [હિં.] વિ. જતું; જનાર; પસાર થતું.
૨. વિ. જાણનાર; સમજનાર.
૩. વિ. પૈસો ચુકાવવાને લાયક.
૪. વિ. મરનાર; નષ્ટ થનાર.
૫. વિ. મરવાને પાત્ર.
૬. વિ. સ્વર્ગે જાવા લાયક.

જાનહુ સ્ત્રી. (ચારણી) જાનુ; ખભર.

જાનંતિ પું. એ નામનો એક ઋષિ.

જાના ૧. [હિં.] પું. જવું તે; પસાર થવું તે.
૨. અ. એટલે કે.
૩. અ. સમજો કે.

જાનાન ૧. [ફા.] સ્ત્રી. માશૂક; પ્રિયા; પ્યારી.
૨. વિ. સુંદર; ખૂબસૂરત.

જનાર [ફા. ઝીનાર] પું. (જાણવું) આલ અર્યા વગર જેટલો આગ પાણીમાં ડૂબે તેટલો પહાણનો ભાગ.

જનાવાહી જી. જનને જુદો પાડનાર; તલવાર.

જનિ [સં.] સ્ત્રી સ્ત્રી; જાર્યા; પત્ની.

જનિમ ૧. [ફા.] સ્ત્રી. દિશા.
૨. સ્ત્રી. બાજુ; પક્ષ; પડખું.
૩. સ્ત્રી. ભાગ; વિભાગ.
૪ અ તરફ.

જનિબદાર ૧. [ફા.] વિ. પક્ષપાત કરે એવું; પક્ષપાતી
૨. વિ. મદદ કરનાર; ટેકો આપનાર.

જનિબદારી ૧. [ફા.] સ્ત્રી. પક્ષપાત.
૨. સ્ત્રી. મદદ; ટેકો; આશરો.

જનિબસે અ. ના બદલે; વડે.

જનિમેન [ફિ.] પું. વાદી પ્રતિવાદી.
૨. [અ.] સ્ત્રી. બેઉ બાજુ.
૩. અ અરસપરસ.
૪. અ. બેઉ બાજુએ.

જનિયા ૧. પું. પતિ; ધણી.
૨. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૩. ન. એ નામની અટકનું મનુષ્ય.
૪. વિ. એ નામની અટકનું.

જનિશીન ૧. [ફા.] પું. પ્રતિનિધિ.
૨. પું. વારસદાર.

જની ૧. પું. આશ્રય; પ્રિય.
૨. પું. (બહુ) જનેતો; જનમાં જનાર માણસ.
૩. [સં.] પું. જ્યોતિષી; ભવિષ્ય ભાખનાર.
૪. પું. મિત્ર.
૫. પું. યજ્ઞ કરાવનાર; પુરોહિત.
૬. સ્ત્રી. પ્રાણપ્યારી; માશુક.
૭. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની અટક; શાખિકા.
૮. ન. બ્રાહ્મણની એ નામની અટકનું માણસ.
૯. વિ. જન સાથે સંબંધ રાખનાર.
૧૦. વિ. જીવલેણ.
૧૧. વિ. દિલોજાન; પ્રાણપ્રિય; વહાલું.
૧૨. વિ. બ્રાહ્મણની એ નામની અટકનું.

જનીઓ જુઓ જનુરો.

જનીદુશ્મન [ફા.] પું. જીવલેણ શત્રુ; કટ્ટો દુશ્મન.

જનીદોસ્ત [ફા.] પું. દિલોજાન મિત્ર; પ્રાણ પ્રિય મિત્ર.

જનીયાં સ્ત્રી. જિંદગી.

જનીવાસ પું. જનનો ઉતારો.

જનીવાસો પું. વર અને જનને જમાતો ઉતારો; જનનો ઉતારો.
જનીવાસો પ્રણ્યો ઘરો = ઘરનાં જ માણસે જાનગી વાત જાહેર પાડવી.

જનુ ૧ પું. એ નામનો એક સામ.
૨. [ફા. ઝાનૂ] પું. ઘૂંટણ; જંઘા; દીંચણ; ગોઠણ; જંઘ અને પિંડીની વચ્ચેનો ભાગ.
૩. પું. બે મુખ્ય સાંકેતિક શબ્દ.
૪. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૮૪મા વિષુવવૃત્ત ઉપર આવેલો ચોથા મહત્ત્વનો એક તારો.

જનુકપાલબંધક પું. એ નામનો સાથળનો એક સ્નાયુ.

જનુકપાલબંધકપુરોગ પું. એ નામનો એક સ્નાયુ. આ સ્નાયુનો ઉપલો અર્ધભાગ જનુ કપાળની ટોચને લાગેલો હોઈ ઉપર જતી ઉરુપ્રમાણની નામની પેશીઓની ગોઠડી સાથે મળી ગયેલો છે, તેમ જ સ્નાયુપોષ સાથે બહુ જ ઘાટ સંબંધ ધરાવે છે. જ્યારે તેનો નીચલો અર્ધભાગ જંઘાગ્રિની બાજુની બાજુપર ઉપલા ઊંડા નજીક રહેલા અસુંદ ઉપર લાગેલો છે.

જનુકપાલિકા સ્ત્રી. ઉર્ધ્વસંપ્રસારણી પેશીઓની સામાન્ય ઠઠરામાં રહેલું એક મજ્જકાસ્થિ; જનાસ્થિ.

જનુકર્ષણી સ્ત્રી. એ નામની સાથળની પાછલી બાજુ ઉપરની એક પેશી.

જનુકર્ષણીકલાકલ્પા સ્ત્રી. સાથળની પાછલી બાજુ ઉપર આવેલી એક પેશીનું નામ. તેનું મૂળ એક મજ્જાતંતુ બનેલું હોવાથી તેનું આ નામ પડ્યું છે. આ પેશી જંઘા પશ્ચિમા ધમની તથા શિરાનો થોડો ભાગ ઢાંકે છે.

જનુકર્ષણીકંડરાકલ્પા સ્ત્રી. સાથળની પાછલી બાજુ ઉપરની એ નામની એક પેશી. તે જનુસંધિ આગળ વળને વાળે છે તથા તેને સહેજ અંદરની બાજુ તરફ ફેરવે છે.

જનુકાપેશી જુઓ જનુકર્ષણી.

જનુકાર૪ [સં.] પું. રવિનો એ નામનો એક પરિવેગ એટલે નજીકમાં રહેનાર અનુચર.

જનુકોશકર્ષણી સ્ત્રી. એ નામની સાથળ ઉપરની એક પેશી. તે પગ લાંબો થતા દીંચણ પરેલા જનુ સંધિના કોચલાને ઉપર ખેંચી તંગ બનાવે છે.

જનુજા સ્ત્રી. એ નામની એક ધમની; ઉરુજાનુ પૃષ્ઠિકા.

જનુજંઘ પું. (પુરાણ) એ નામનો એક ગાનર્વિ

જનુપરિવ્યતિક્રમ અંતરાય સ્ત્રી. (જૈન) દિગંબર જૈન સંપ્રદાયની ૪૨ અંતરાય પાકેની એક.

જનુપાત [સં.] પું. ગોઠણભેર થવું તે; ઘૂંટણિયે પડવું તે.

જનુપૃષ્ઠિક પું. ઘૂંટણનો એ નામનો એક સ્નાયુ.

જનુપૃષ્ઠિકપર્શ્વભાગ પું. એ નામનો એક સ્નાયુ. આ સ્નાયુ જનુ સંધિની પાછલી બાજુ રહેલો છે.

જનુપૃષ્ઠિકા સ્ત્રી. જંઘની પાછલી બાજુ ઉપર રહેલી એ નામની પાતળી ત્રિકોણાકાર માંસ પેશી. તે જનુપૃષ્ઠિક નામના સ્નાયુ ઉપરથી ઉત્પન્ન થાય છે. તે જનુસંધિને સંકોચે છે તથા જખારિયને સહેજ અંદરની બાજુ તરફ ફેરવે છે.

જનુપ્રદેશ [સં.] પું. જંઘ.

જનુપ્રહૃતિક [સં.] ન. દીંચણના પ્રદેશથી થતું એક જાતનું મલ્લ યુદ્ધ.

જનુ બંજની [સં.] સ્ત્રી. કિલ્લાની દીવાલ બહાર કિલ્લાના રસ્તાનું રક્ષણ કરવા માટે આડાય કરવાનું એક જાતનું સાધન. તે ઓળંગી આવવા જતાં ઘૂંટણ ભાંગી જાય છે.

જનુભાગ પું. દીંચણ.

જનુભેદ [સં.] પું. સાથળ તૂટી જવો તે.

જનુમર્મ [સં.] ન. સાથળ અને જંઘાના સાંધામાં આવેલું ચણ આંગળ વિસ્તારનું એક સંધિ મર્મ. લાં ઈજા થતાં માણસ લૂલો થઈ જાય છે.

જનુલગ્નહસ્તાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તે કરવાથી પેટ શુદ્ધ થાય એમ મનાય છે.

જનુલિંગ પું. ઘોડાનો એક રોગ.

જનુવિજાનુ [સં.] ન. તલવારનું એક જાતનું યુદ્ધ.

જનુવિશ્લેષ [સં.] ન. જનુ સંધિનું ઢીલા પડી જવું તે.

જનુવો પું. ઘૂંટણમાં કાંકરીવાળું લાકડું વધે એવો પશુનો એક રોગ.

જનુશિરાસન ન. (યોગ) ચોરાશી યોગાસન માહેનું એ નામનું એક. એક પગની એડીને ગુદા તથા અંડકોશની વચ્ચે દબાવીને બીજો પગ સીધો અમળ લાંબો રાખવો. જે પગની એડી ગુદા તથા અંડકોશની વચ્ચે રાખી હોય, તે પગનું તળિયું લાંબા કરેલા પગની સાથે ખૂબ દબાઈને રહે તેમ રાખવું. પછી બને હાથ લાંબા કરેલા પગના પગને પકડી રાખી તે

પગના ઢીંચણ ઉપર માથું અડવા નાક અડાડી રાખવું. આ પ્રમાણે પાંચ મિનિટથી અરધા કલાક સુધી આ આસનમાં બેસી રહેવું. નાભિ સહિત પેટને અંદર સંકોચી રાખવું જેથી બરડ, કલેજા વગેરેને લાભ થાય અને નાડીઓના આકર્ષણથી વીર્યની સ્થિરતા થાય. આ આસનથી બરડ અને કલેજાના દોષો મટે છે, પાંડુ આદિ રોગો થતા નથી, શ્વાસ, ઉધરસ અને પ્રાર્કનો કષ પણ મટી જાય છે, આંતરડાની શુદ્ધિ થવાથી પાચનશક્તિ વધે છે ને ભૂખ લાગે છે. આ આસન એક વાર ડાબો પગ અને બીજી વાર જમણો પગ લાંબો કરીને કરવું. જેટલી વાર અને જેટલો સમય એક બાજુનું આસન કરીએ તેટલી જ વાર અને તેટલા જ સમય સુધી બીજી બાજુનું કરવું જોઈએ. આ આસન કરવાની રીત: ગુદા તથા અંડકોશની વચ્ચે રાખેલી પગની એડી લાંબો કરેલા પગના સાથળ ઉપર તે પગનો પંજો મૂકવો અને બાકીનો વિધિ પ્રથમ જણાવ્યા પ્રમાણે કરવાથી બીજા પ્રકારનું આસન થાય છે. આ આસનનો પહેલો પ્રકાર કોઈએ કરવો નહિ. બીજા પ્રકારનું કરવામાં અડચણ નથી, છતાં મહત્વની સૂચનાઓ ત્રણ માસ પછી આસન ન કરવું જોઈએ, અથવા બેમાંને લાંબા કરેલા પગનો પંજો બે હાથે પકડવો અને બીજો પગ અન્ય પગના સાથળના મૂળમાં જરાવી માથું લાંબા કરેલા પગ ઉપર નમાવીને બેસવું. તેને પણ જાનુશિરાસન કહે છે. આ આસનથી પગ, કેડ અને હાથના સ્નાયુ દૃઢ થાય છે.

જાનુશીર્ષકાસન ન. (યોગ) યોગનું એક નામનું એક આસન; પશ્ચિમત્તાન; પશ્ચિમોતાનાસન. બંને પગ દંડની પેઠે સન્મુખ લાંબા કરી ઢીંચણની નીચેનો ભાગ ભૂમિથી ઊપડે નહિ એવી રીતે બંને પગ રાખી તે પગના અંગૂઠા બંને હાથથી ઝાલવા અને કપાળને ઢીંચણ ઉપર રાખવું. આ આસનથી પ્રાણનું સુષુમ્ણામાં ગમન થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, કેડના મર્મ ભાગનું કૃશપણું થાય છે અને આરોગ્ય વધે એમ મનાય છે.

જાનુશ્રોણી ૧ સ્ત્રી. ખાટકણની એક જાતિ.

૨. ન. ખાટકણની એ નામની જાતિનું માણસ.

૩. વિ. ખાટકણની એ નામની જાતિનું.

જાનુસંધિ [સં.] પું ઘૂંટણનો સાંધો. આ સાંધો ઉર્વસ્થિ, જંઘાસ્થિ તથા જાનુકપાલ મળીને થયેલો છે આમાં ત્રણે અસ્થિ બાજુ લેતાં હોવાથી તેની રચના ગૂંચવણ ભરેલી છે.

જાનુસંધિનોગ્રહિપાર્શ્વિકસ્નાયુ પું. જાનુસંધિની બહારની બાજુ ઉપર આવેલો એ નામનો સ્નાયુ. તે ઉપર ઉર્વસ્થિના બહારની બાજુ ઉપરના બહાર્ગુદની પાસે અને નીચે જાનુજંઘાસ્થિના ઉપલા છેડામાં લાગેલો છે.

જાનુસ્પષ્ટબાહુ મેરુદંડાસન ન. (યોગ) એ નામનું પેટનું એક આસન. તે કરવા માટે પગ લાંબા અને સાથે રાખી ચત્તા સૂવું, માથા પછવાડે હાથના આકડા ભીડી રાખવા અને કમરથી માથા સુધીનું શરીર ઊંચું ઉપાડવું. પગ ન ઊંચકવા જોઈએ. પછી એક પગ જમીન ઉપર લાંબો રહે ને બીજો ધીમે ધીમે ઊંચો લઈ કપાળમાં અડાડવો. એ રીતે બંને પગ વારાફરતી કપાળને અડતા થાય એમ કરવું. આ આસનથી યકૃત્, પ્લીહા, ફેફસાં વગેરે નીરોગી થાય છે અને પેટ, ગર્દન, કમર, મેરુદંડ અને સાથળ બળવાન તથા નિર્વિકારી બને છે.

જાનુસ્થસ્તિક પું. એ નામનો ઘૂંટણનો સ્નાયુ. આ જાતના બે સ્નાયુ છે. આ સ્નાયુઓના નીચલા છેડાઓ જંઘાસ્થિના દ્વિમુખ કંદક પાસે જ્યારે ઉપલા છેડાઓ ઉર્વસ્થિના બહારના તેમ જ અંદરના કંદ ઉપર લાગેલા છે.

જાનુહસનવાલા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જાનૂ [હા જાનૂ] પું. જાંઘ.

જાનૂદય પું. પ્રસવ વખતે ગર્ભસ્થ બાળકની જાનુ પ્રથમ ગર્ભાશય મુખને અડે એની સ્થિતિ.

જાનેજાન પું. પ્રાણપ્રિય.

જાનેજો ૧. ન. જવા દો! વાંધો નહિ! હરકત નથી!

૨. ન. માફ કરો; જવું કરો.

જાનેનમિજાજ પું. નમાજ પઢવાનું વસ્ત્ર.

જાનેવારી જુઓ જાન્યુઆરિ.

જાનૈડી (જનૈડી) ૧. સ્ત્રી. જનરડી.

૨. સ્ત્રી. જે ગાય કે ભેંસનું દૂધ દોહવવામા આવતું નથી તે ઢોર. જ્યારે કોઈ ગાય કે ભેંસ બાબણી થતી ન હોય ત્યારે તે વિયાય તો તેને જનૈડી રાખવાની આપણા રબારમાં છે.

જાનૈયો પું. જાનમાનો માણસ; વરને વરપક્ષવાળા તેની સાથે ગયેલા પુરુષો માહેનો એક; વરની જાનમાં જનારો પુરુષ.

જાનોજિગર [ફા. જાન (જીવ) + જિગર (કાળજું)] વિ કાળજા જેવું વહાલું, અતિશય વહાલું.

જાનોતર સ્ત્રી. જાન અને નોતર; જાન અને તેમાં નોતરેલા પરોણાઓ.

જાન્કંદાની સ્ત્રી. કષ્ટ; દુઃખ; પીડા.

જાન્ડાવાલા સ્ત્રી. વાણિયાની ગોર.શી જ્ઞાત માહેની એક.

જાન્તવ ખાદ ન. માણસો તેમ જ જનાવરોની વિષ્ટામાંથી બનેલું ખાતર.

જાન્તા સ્ત્રી. ઘડી.

જાન્ધ [સં.] પું. હરિવંશ અનુસાર એક ઋષિનું નામ.

જાન્યુઅરિ [અં.] પું ખ્રિસ્તી સંવતના બાર મહિના માહેનો પહેલો મહિનો. તેના એકત્રીસ દિવસ હોય છે. બે મોઢાંવાળા રોમન દેવ જેનસ ઉપરથી જાન્યુઅરિ નામ પડ્યું છે. આ મહિનાની ઉત્પત્તિ સંબંધમાં એવી હકીકત જણાવવામાં આવી છે કે પ્રથમ ખ્રિસ્તી વર્ષ માર્ચથી ડિસેમ્બર સુધી દસ મહિનાઓનું જ ગણાતું હતું. પણ તેઓ જેમ જેમ જગતના પરિચયમાં આવવા લાગ્યા તેમ તેમ તેમને જણાયું કે આ તો અજ્ઞાનતા છે. અન્યોના પરિચયમાં આવી તેમનાં શાસ્ત્રો અને કાળગણતરી જોવામાં આવતાં જ જણાયું કે આ ગણતરી બરાબર છે. તે ઘોરણે તેઓને સૌરમાસ પકડવાની ફરજથી જાન્યુઅરિ, ફેબ્રુઅરિ એ બે મહિનાઓ વધારવા પડ્યા. પરંતુ તેમાં જ્યારે મેળ જેવું લાગ્યું નહિ ત્યારે કેટલાક મહિના ત્રીસ તારીખના, કેટલાક એકત્રીસ અને કેટલાક અઠ્ઠાવીસના કર્યા. તેમાં પણ બરાબર કાળ ન મળવાથી અમુક વર્ષે એક મહિનો ઓગણત્રીસ તારીખનો તથા અમુક વર્ષો બાદ એક લુપ્ત તારીખ વગેરે કરવું પડ્યું. છતાં કલ્પારંભની કલ્પનાથી તેઓ અજ્ઞાન હોવાથી મહાકાળની દૃષ્ટિએ મેળ કેવી રીતે બેસે તેની કલ્પ સુધી તેમને કલ્પના પણ નથી. તેમના મહિનાઓનાં નામની ઉત્પત્તિ પણ આશ્ચર્ય ઉપજાવે તેવી છે.

જાન્યર્થપરામર્શ પું. (જૈન) દિગંબર જૈન સમ્પ્રદાયની ૩૨ ક્રોજનાંતરાય મા.હેની એક: બીજાને રૂદન કરતાં દેખીને નીચેના ભાગમા હાથથી સ્પર્શ કરવો તે.

જાન્વસ્થિ [સં. જાનુ (ઘૂંટણ) + અસ્થિ (હાડકું)] ન. ઘૂંટણનું હાડકું; હાંકણી. આ લગભગ ગોળાકાર અને ચપટું હાડકું ઘૂંટણના સાંધાની આગળ રહેલું છે. તે ઉરુ પ્રસારણી પેશીઓની સંયુક્ત કંડરાઓમાં રહેલું હોવાથી એક જાતનું મોટું સ્નાયુકાસ્થિ છે એમ આધુનિક શારીરવિદો માને છે આ હાડકાની આગલી બાજુ સુંદર

અરબ્બડી હોઈ તે ઉપર ઉક્ત પ્રસારણી પેશીઓની ફેદરાઓ લાગેલી છે. પાછલી બાજુ ઉપર એક મોટું સંધિસદ્મ આવેલ છે. આ સંધિસદ્મનો ઉપલો અર્ધભાગ ઉર્વરિયના નીચલા છેડાની આગલી બાજુ સાથે અને નીચલો અર્ધભાગ જંઘાસ્થિના ઉપલા છેડાની આગલી બાજુ સાથે જોડાય છે. સંધિસદ્મ નીચે આવેલા ઉચ્ચ પ્રદેશ ઉપર જાનુકપાલબંધક નામનો રજ્જુ લાગેલો છે. ઢીંચણના સાંધાના આગલા ભાગને ઢાંકનારા રજ્જુઓ આખા અન્તરિયને વીંટળાઈ રહેલા છે.

અન્તરિય સ્થાલક [સં.] સ્ત્રી. ઘૂંટણની ઢાંકણીની સપાટી.

અન્યા ૧. સ્ત્રી. જનોઈ.
૨. સ્ત્રી. પટ્ટો.
૩. સ્ત્રી. માળા.

અન્વિક્ષા ધમની સ્ત્રી. એ નામની એક પોરી નસ.

અન્સન [અં. એન્સન] પું. ગ્રે. એન્સન નામનો અંગ્રેજ ભાષાનો કોશકાર. એ બધ્યો વિદ્વાન, સારો ટીકાકાર અને કવિ પણ હતો. તેની ભાષાશૈલી એવા તોરની હતી કે હજુ તેની નકલ પણ બીજા બરાબર કરી શકતા નથી.

અપ ૧. [સં.] પું. કોઈ મંત્ર, સ્તોત્ર વગેરેનું વારંવાર મનમાં ઉચ્ચારણ કરવું તે; મંત્રની વિધિપૂર્વક આવૃત્તિ; જપ; મંત્રોચ્ચાર.
૨. પું. ભગવાનના નામનું વારંવાર સ્મરણ અને ઉચ્ચારણ.
૩. વિ. જપ કરનાર; મંત્રોચ્ચાર કરનાર.

અપક ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. [સં.] પું. એક જાતનું ઝાડ; એક જાતનો સુગંધી પદાર્થ. તે રંગે રાતો હોય છે અને તેમાંથી કમળ જેવી સુવાસ નીકળે છે.
૩. પું. જપ કરનારો માણસ; જપિયો; મંત્રોચ્ચાર કરનાર પુરુષ; જપકર્તા.

અપતો [હિ. જાવિતા] પું. કીમતી વસ્તુ ઉપર તે ચોરાઈ જાય નહિ તે માટે અને માણસ વગેરે ઉપર તે નાસી જાય નહિ તે માટે રાખવામાં આવતી ખાનીથી સભાળ; ચોકસી; તકેદારી; સાવચેતી; સંભાળ; પાકો બદોબસ્ત; જપ્તો; સખતાઈવાળી સાવચેતી.
જપતો રાખવો = સભાળ રાખવી; બંદોબસ્ત રાખવો; સખતાઈથી નજર રાખવી.

અપત્રી [સં. જાતિપત્ર] સ્ત્રી. જાયફળનું ઉપલું પડ.

અપન ૧. [સં.] પું. જપ.
૨. પું. વખત ચુકાવવો તે.
૩. ન. દૂર કરવું તે.
૪. ન. નાકબાણ કરવાપણું.
૫. ન. પૂર્ણ કરવું તે.

અપમાળા [સં. જપમાલા] સ્ત્રી. અમુક મંત્રનો જપ જપીને ફેરવવામાં આવતી જપની માળા.

અપવું ૧. ન. જપ્યા રહેવું કે જપ્ત કરવું તે; જપણ જપ્તાં જપ્ત કરવાની વૃત્તિ.
૨. ન. ખ્યાલ ન લેવું તે; અપકારવું નહિ તે.

અપરો જુઓ જપરું.

અપલ્સી [હિ. જાપલૂસી] સ્ત્રી. ખુશામદ.

અપવું જ. ક્રિ. જપવું.

અપા [સં. જન્ (જન્મવું)] પું. (હિંદી) સુવાવડ; પ્રસૂતિ.

અપાન ૧. પું. એ નામનો એક દેશ. તે પૂર્વ ગોળાર્ધની પૂર્વે, ચીનની પાસે, પૅસિફિક મહાસાગરમાના હોનશૂ, શિકોકુ, ક્યુશ્યુ, જેસ્સો તથા બીજા અનેક નાના મોટા દ્વીપસમૂહો મળીને બનેલો એક દેશ છે. તેને ઊગતા સૂર્યની ભૂમિ કહે છે. જાપાન પોતાના રાષ્ટ્રીય ધ્વજપર પ્રભાતના સૂર્યનું ચિત્ર રાખે છે. તેનું ક્ષેત્રફળ ૧,૬૨,૦૦૦ ચોરસ માઈલ છે. એની વસ્તી પોણા પાંચ કરોડ માણસની છે. જાપાનના લોકો બૌદ્ધધર્મ પાળે છે અને ચીની ભાષાને મળતી પોતાની ભાષા બોલે છે. તેઓ રંગે પીળા હોય છે. જાપાનના કહેનશાહને મિકાડો કહેવામાં આવે છે અને તે લોકોનો ધર્મગુરુ પણ હોય છે. જાપાનમાં ઘણા પર્વતો છે, તેમાના કેટલાક જ્વાળામુખી પર્વતો છે અને તે વારંવાર જાનમાલને નુકસાન પહોંચાડે છે. ત્યા વારંવાર ધરતીકંપ પણ થાય છે અને તથી ત્યાં ઘણાખરાં મકાનો લાકડાના રાખવામાં આવે છે. જાપાનીઝ લોકો ઉદ્યોગી અને ખંતીલા છે.
બ્લેક જપાન = (૧) જાપાનની બનાવટનો ઝાંખા રંગ. (૨) તદ્દન કાળા રંગનો માણસ. [તરવૈયારમા એમ બોલાય છે.
૨. સ્ત્રી. જાપાનના જાપાની એક ઊંચી જાત.
૩. ન. હિમાલય પર્વત ઉપર વપરાતું એ નામનું વાહન.

અપાના જુઓ જપાનીઝ.

અપાનીઝ ૧. [અં.] સ્ત્રી. જાપાનની ભાષા.
૨. સ્ત્રી. નાળિયેરની એક જાત.
૩. સ્ત્રી. મગફળીની એક જાત. તે કોઠવે જાડી હોય છે અને તેના વેલા થાય છે.
૪. ન. જાપાન દેશનું વતની.
૫. વિ. જાપાન દેશને, લોકને કે ભાષાને લગતું; જાપાનનું; જાપાન સબંધી.
૬. વિ. જાપાનમાં બનેલું; જાપાનની બનાવટનું.

અપાની પકડાપકડી (જાપાની પકડાપકડી) સ્ત્રી. એ નામની એક રમત. આ રમત રમવામા રમનારની સંખ્યા ૩૦ જેટલી જોઈએ. છોકરાંઓની સંખ્યાના પ્રમાણમાં જમીન ઉપર વર્તુલ કાઢવું. તેમાં બધાએ ઊભા રહેવું. ત્યારબાદ એક ઉપર દાવ કરાવવો. જેનો દાવ આવે તેણે પોતાનો જમણો હાથ કમરે રાખી વર્તુલના મધ્ય ભાગે ઊભવું. સિસોટી થતાં જ દાવવાળાએ બીજાને પકડવા દોડવું. દાવ લેનારાંઓએ બચવા માટે વર્તુલની અંદર દોડવું, બહાર જવું નહિ. દાવ આપનાર જો કોઈને મારે તો તેના ઉપર દાવ આવે. પછી તેને જે જગ્યાએ દાવવાળાએ માર્યું હોય તે ઠેકાણે પોતાનો ડાબો હાથ રાખીને બીજાને મારવા દોડે.

અપિયો જુઓ જપી.

અપી ૧. [સં. જપિન્] પું. જપ કરનારો; જપિયો
૨. વિ. જપ કરનાર.

અપેટસ પું. (જ્યોતિષ) શનિના ૧૦ ઉપગ્રહો પૈકીનો નવમો. તેની શોધ સને ૧૬૭૧માં થઈ હતી. શનિથી તેનું અંતર ૨૨,૨૭,૦૦૦ માઈલ છે. તેનો વિક્ષેપ ૧૮ અંશ ૪૪ કળા છે. તેનો વ્યાસ ૧૮૦૦ માઈલ છે. તેનો પ્રદક્ષિણા કાળ ૭૯ દિવસ ૭ કલાક ૫૬ મિનિટ છે.

અપ્તો જુઓ જપતો.

અપ્ય [સ.] વિ. જપવા જોગ; જપવાને લાયક.

અફ ૧. [અ. જોફ] પું. અશક્તિ; નબળાઈ.
૨. પું. બેહોશી, મૂર્છા.
૩. પું. મૂર્છા.
૪. પું. શિથિલતા.

અફરે સીકડ (જાફરે સીકડ) વિ. માંદા જેવું.

અફત સ્ત્રી. જિયાફત. મિજબાની; ઉજણી; ઉત્સવ.

અફર ૧. પું. કચ્છની આબાની એક જાત.
૨. સ્ત્રી. નદી.
૩. ન. કેસર.
૪. ન. ગુજરાતની એક જાત.

અફરાની [ફા] વિ. કેસર જેવા રંગનું; કેસરિયું; કેસરના રંગનું.

અફરાસાઢક પું. ઓળ લોકોના એ નામના પાંચમા ધર્મગુરુ. એમની ધર્મગાદી ઈ. સ. ૭૩૨થી ૭૬૫ સુધી ૩૪ વરસ સુધી હતી.

અફરાન ૧. [અ. જાફરાન] સ્ત્રી.

અફઘાનિસ્તાનની એક તાતાર જાતિ.
૨. ન. એક જાતનું ફૂલઝાડ. તેમાં સુગંધયુક્ત અને ઊડી જાય તેવું તેલ અને અત્તર હોય છે.
૩. ન. કુંકુમ; કેસૂ.
૪. ન. કેસર. તે પુનાગ કેસરનાં ફૂલમાંથી બનાવવામાં આવે છે. તેમાં સુગંધયુક્ત અને ઊડી જાય તેવું તેલ હોય છે. તે ઉત્તેજક, દીપક, રુચિકારક હોય છે. તે ખાવાના પદાર્થોમાં ફ્લેવરિંગ રંગ લાવવા માટે અને તેના ઉષ્ણ ગુણને લઈને નાખવામાં આવે છે.

જાફરાની [અ.] વિ. કેસરિયું; કેસરના રંગનું.

જાફરાની તાંબું ન. પીળાશ પડતું ઉત્તમ તાંબું. તે સોના આંદામાં મેળવવામાં આવે છે.

જાફરાબાદ ન. કાઠિયાવાડમાં મેરાણા અને પ્રભાસપાટણ તરફના ખુલ્લા દરિયા કિનારા ઉપર આવેલું એક સુંદર બંદર અને ફાજલી મુસ્થાન.

જાફરાબાદી ૧. સ્ત્રી. કેસની એક જાત.
૨. ન. જાફરાબાદનું વતની.
૩ વિ. જાફરાબાદનું; જાફરાબાદ સંબંધી.

જાફરાબાદી અતેલા ન. (વહાણવટું) એક જાતનું વહાણ. તેના બેકુ જાફરાબાદના ખલાસા, આરવા અને કોળી હોય છે. તેની બંધારણી જાફરાબાદ તળપદની જ હોય છે. તેમાં બલાસી સુરતી અતેલા કરતાં, સહ વજન ઘાટનો આરબી કરતાં, વહાણનો ઘાટ સુરતી અતેલાથી કંઈક દેખાવડો અને મોરો પાટિયાંની બે મરેડીવાળો હોય છે, જેથી દોરડું સહેલાઈથી સરકાવી શકાય છે. મોર્ડ પણ અતેલામાં સજ્જ નથી હોતી. મોર્ડ વાર કરતાં ઓટલે ચંદ્રની પાળી કરી ડાવરાંત કરેલ હોય છે. લાકડાં તથા પથ્થર ઊપાડવા માટે સુગમ છે. કચ્છી વહાણ કરતાં ઘાટ વધારે ઊપાડી શકે છે. તેની ચાલ સુરતી અતેલા જેવી હોય છે.

જાફરું ૧. ન. ન ન. અભ્યંતરસ્થિત લાંબા કેશ.
૨. ન ન. ન ખાજરાં.

જાફરિયાળું વિ જાફરાંવાળું

જાફરિયાં જુઓ જાફરાં.

જાફરિયું વિ. જાફરાંવાળું.

જાફરી ૧. [હિં.] સ્ત્રી એક જાતનું સુંદર ગોળાકાર પીળું ફૂલ. તેની બે જાત થાય છે. એક જાતને પાંચ પાંખડી હોય છે અને બીજી જાતને સો પાંખડી થાય છે. સો પાંખડીવાળું ફૂલ બે મહિના સુધી તાજું રહી શકે એમ મનાય છે.
૨. સ્ત્રી. કાગળની એક જાતનું નામ. ઈરિતીજન વજીર જાફરના માનમાં આ નામ પડવામાં આવેલ હોવાનું મનાય છે.
૩. સ્ત્રી ખપાટની જાળી.
૪. સ્ત્રી. સોનાની એક જાત.

જાફરી વહોરા પું ૧. સૈયદ જાફરી શીરાજીના ઉપદેશથી લઉરીમાંથી સિયા મટી સુન્ની બનેલા વહોરા.

જાફરું વિ. મુખ્તદાર ચાલવાળું; જાફરાંવાળું.

જાફરો પું. મુખ્તદાર બરજટ ચાલવાળો કૂતરો.

જાફલ ન. જાપફળ.

જાફલવાદ પું. ચાલિયાની ચોરાશી ન્યાત માંહેનો એ નામનો એક જથ્થો.

જાફા ૧. [અ. ઈજાફહ] પું. ઉમેરો; વૃદ્ધિ.
૨. પું. બખત રકમ; પગારની રકમ.
૩. પું. વધારો.
૪. સ્ત્રી. એક જાતની નારંગી.

જાફાઈ ૧. સ્ત્રી. એ નામની આરબની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

જાફાટ ન. બેદરકારી.

જાફુર [સં. જર્તિફલ] ન. (હિંદી) જાયફળ.

જાફ્રાન જુઓ જાફરાન.

જાબ ૧. [અ. જવાબ] પું. ઉત્તર; કહેવાનું હોય તે; સંભાષણ.
૨. પું (હિંદી) ઢોરને બાંધ ખાણ ખાવા મોઢે બાંધવામાં આવતી જાળી; કોથલી.
૩. પું. કૂવા ઊતરવાની નિસરણી.
૪. ન. એક જાતનું ઘાસ.

જાબજા ૧. અ. ખરેખર.
૨. અ. ખૂબ; અતિશય; વધારે પડતું; બહુ.
૩. અ. માર્ગ બતાવીને.
૪. [ફા. જા (જગ્યા) + બ (થી) + જા (જગ્યા)] અ. ઠેકાણે ઠેકાણે; સ્થળે સ્થળે; સર્વત્ર; જહીતહીં.
૫. અ. પ્રસંગે પ્રસંગે.
૬. અ. આરોઆર.

જાબડા (જાબડ્યા) [હિં.] પું. જાડું.

જાબત [અ. જાબિત] પું. અધિકારી મુખત્યાર.

જાબતા [અ.] પું પ્રથાની રીત; ગમતો; ધારો.

જાબતો [હિં. જાબતા] પું. જાબતો; નિયમ; ગમતો; વ્યવસ્થા.

જાબદો ૧. પું. આચરણ.
૨. પું. તહોનાસ્ત; દેખરેખ; સંભાળ.
૩. પું. ચૂડાંની આડ.

જાબર ૧. વિ. નબળું; દુર્બળ.
૨. વિ. ભાંગી જાય એવું.
૩. વિ. મરવા પડેલું.
૪. વિ. વયોવૃદ્ધ.
જાબર થાય જુવાન, પ્રતાપાળા પોંકડા;
ઠગલે પાકે ધાન, લાલ હિમાળે ઝાકળા.
ઝોકોક્તિ
૫. વિ. સડેલું.

જાબરી ૧. સ્ત્રી. એ નામની આરબની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

જાબલિપુર ન. જબલપુર

જાબલું ન. નાનું અને છીછરું ખાબોચિયું.

જાબસાલ [ફા. જવાબ્ + સુઆલ] પું. સવાલ જવાબ; વાતચીત.

જાબાલ ૧. પું. એ નામનો એક ઋષિ. તે લક્ષ્મીપુત્ર હોવા છતાં બુદ્ધિ અને સંસ્કારના પ્રભાવથી ઋગ્વિદ્યા મેળવી સ્વતંત્ર જાબાલ શાખાનો પ્રવર્તક ઋષિ બન્યો. તેની માતાનું નામ જબાલા હતું. જ્યારે તે ઋષિઓની પાસે વેદ શીખવા ગયો ત્યારે તેમણે તેને તેના ગોત્ર તથા પિતાનું નામ વગેરે પૂછ્યાં. તે તે ન આપી શક્યો અને તેથી તે પૂછવા માટે પોતાની મા પાસે ગયો. તેની માતાએ કહ્યું કે જુવાનીમાં હું ઘણાઓની પાસે રહી હતી અને તે વખતે તું ઉત્પન્ન થયો છે, તેથી તું કોનો પુત્ર છે તે હું નથી જાણતી. માટે તું અને કહે કે મારી માતાનું નામ જબાલા છે અને મારું નામ જાબાલ છે. જ્યારે આચાર્યે આ સાંભળ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'હે જાબાલ' સમિધ લઈ આવ, હું તારું યજ્ઞોપવીત કરું, કેમકે બ્રાહ્મણ સિવાય કોઈ આવું સત્ય બોલી ન શકે." બ્રાહ્મણ તરીકે તેનો યજ્ઞોપવીત આપવામાં આવ્યું અને આવી રીતે તેણે ઋગ્વિદ્યા પ્રાપ્ત કરી. તેનું બીજું નામ સત્યકામ પણ છે.
૨. પું. એ નામનો એક સંત. તે હરિજન વર્ગનો હતો અને તેણે ભક્તિથી મુક્તિ મેળવી હતી.
૩. પું. (પુરાણ) વિશ્વામિત્રના પુત્રો માંહેનો એ નામનો એક.
૪. સ્ત્રી. એ નામની એક વેદશાખા. આ શાખાના સંહિતા તથા બ્રાહ્મણો મળી આવતા નથી.
૫. ન. કૃષ્ણ વલ્લુવેંદનું એ નામનું એક બ્રાહ્મણ.

૬. ન. શુકલ યજુર્વેદની એક ઉપનિષદ.
૭. ન. સામવેદની એક ઉપનિષદ.

જાબાલ દર્શન ન. (પુરાણ) સામવેદોપનિષદ, એકસો આઠ ઉપનિષદો માહેની એક.

જાબાલશાખા સ્ત્રી. જાબાલ નામના ઋષિએ બનાવલી સ્મૃતિની એક શાખા.

જાબાલસ્મૃતિ સ્ત્રી. જાબાલ નામના ઋષિએ બનાવેલ સ્મૃતિ.

જાબાલિ ૧. પું. એ નામની સ્મૃતિનો લેખક. જુઓ જાબાલ ૧.
૨. પું. (પુરાણ) જાબાલ વંશવાળાઓનું સામાન્ય નામ
૩. પું. બાણભટ્ટની કાદંબરીનું એ નામનું એક પાત્ર.
૪. પું. રામાયણ સમયનો એ નામનો એક ઋષિ; દશરથ રાજાનો પુરોહિત. વનવાસે નહિ જતાં ભરત જે ગાદી આપતા હતા તે સ્વીકારવાને તેમણે રામને ખૂબ સમજાવ્યા હતા. પૌરાણિક કથાનકોમાં જાબાલિ બહુ પ્રસિદ્ધ ઋષિ છે.
૫. પું. (પુરાણ) વિશ્વામિત્રના પુત્રો માંહેનો એ નામનો એક.
૬ પું બ. વ. એ નામના લોકો.
૭. ન. સામવેદની એ નામની એક ઉપનિષદ. તેમાં જાબાલિ તે પિપ્પલાદિ વચ્ચેનો સંવાદ જોવામાં આવે છે.

જાબાલિપટ્ટણ ન. એ નામનું પ્રાચીન નગર; હાલનું જબલપુર.

જાબાલો પું. એ નામનો એક પંથ.

જાબિતા [અ.] પું. જાબ્તો; કાયદો.

જાબિર ૧. [ફા.] વિ. અત્યાચાર કરનાર.
૨. વિ. જબરદસ્ત; પ્રચંડ.

જાબીત જુઓ જાબત.

જાબીયા [હિં.] પું. ખૂણો.

જાબેજા ૧ અ. બેશક કબૂલ; ભલે તે બખતે.
૨. [ફા.] અ. સાચુંખોટું.

જાબેલ પું. ખજૂરની એક જાત.

જાબ્તા ૧. [અ. જાબ્તા] પું. નિયમ; કાનૂન; કાયદો.
૨. પું. અવસ્થા.

જાબ્દો જુઓ જાબ્તો

જામ [જા (જે સમયની સ્પષ્ટ કીમત કાઢવી હોય તે સમયનો જથ્થો) + મા (મૂળ સમયનો અમુક ચીજનો ભાવ)] ન. ગોરવદાનના ચાર પ્રમાણો માંહેનું એક પ્રમાણ. આમાં જથ્થો અને ભાવ બંને અસ્થિર છે તેથી આખું પ્રમાણ અસ્થિર છે.

જાભણી સ્ત્રી જી. પશુની ગર્ભવતી માતા.

જાભણું જુઓ જાભણી.

જામા [જા (જે સમયની સ્પષ્ટ કીમતો કાઢવી હોય તે સમયનો જથ્થો) + મા (જે સમયની સ્પષ્ટ કીમતો કાઢવી હોય તે સમયનો અમુક ચીજનો ભાવ)] ન. ગોરવદાનનાં ચાર પ્રમાણો માંહેનું એક પ્રમાણ. આમાં જથ્થો અને ભાવ બંને અસ્થિર છે.

જામ ૧. [ફા.] પું. અરીસો
૨. પું. કાઠિયાવાડમાં આવેલા નવાનગરના રાજાઓની અટક, નવાનગરના દરબારનો ઈલકાબ.
૩. પું ચંદ્ર; ચૂનો.
૪. પું. ચોપન . વાયુતત્ત્વદેવતા માંહેનો એક. જુઓ વાયુતત્ત્વદેવતા.
૫. પું. જામફળ; જમરૂખ.
૬ પું. જમ્બૂ; જાંબુનું.
૭. પું. દારૂ પીવાની રત્નજડિત પ્યાલી
૮. [સં. જન્ (જન્મવું)] પું. (હિંદી) દીકરો
૯. પું મુગજો.
૧૦. પું રાજા
૧૧. પું. સરદાર.
૧૨. પું. મિયાં અથવા મલોચી સરદાર.
૧૩. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૧૪. [સં. યામ] સ્ત્રી. પરિમાણ.
૧૫. સ્ત્રી. લશ્કર.
૧૬. સ્ત્રી અમુક કલાકનો વખત; યામ; પ્રહર; રાત દહાડાનો આઠમો ભાગ. દિવસના ચાર અને રાત્રિના ચાર મળીને આઠ જામ થાય છે
આઠ જામ = હંમેશા, કાયમ
૧૭. સ્ત્રી. કપાસની એક પ્રકારની વેલી.
૧૮ સ્ત્રી. રાત્રિ; રાત; નિશા.
૧૯. ન. એ નામની અટકનું માણસ.
૨૦. ન. જામફળનું ઝાડ; જમરૂખી.
૨૧. ન. પવાલું, પ્યાલો; પડછીવાળું પવાલું; કટોરા, પડછીવાળું નાનું ધાતુનું ચોળ વાસણ.
૨૨. [પ્રા.] ન. (જૈન) પ્રથમ મહાવ્રત.
૨૩. વિ. એ નામની અટકનું.
૨૪. વિ. ઝાઝી થયેલું; ચોટી થયેલું.
જામ થવું = ઝાઝી જવું; ચોટી જવું.
૨૫. વિ. ધનાઢ્ય; ગૃહસ્થ.
૨૬. વિ. મોટું.
૧. કદિયાનો જામ = મોટો કદિયાળો.
૨. મૂર્ખનો જામ = મોટો મૂર્ખ; મહેબો; બેવકૂફ
૨૭. અ. (જૂ. ગુ.) જેમ.
૨૮. અ. (જૂ. ગુ.) જેવારે, જ્યારે.

જામઆ ૧. વિ. એકઠું.
૨. વિ. ધનાઢ્ય; ગૃહસ્થ
૩. વિ. સમજું.

જામખાનું ૧. ન. જામતા મહેલ; કાચ જડેલો ઓરડો.
૨. પું. કપડાં પહેરવાનો ઓરડો.

જામગરી ૧. સ્ત્રી. તોપ કે બંદૂક ફૂટવા માટે સળગાવવાનું નાડું; વાન.
૧. જામગરી ચાંપવી = (૧) ચપટી ઘણ મૂકેલો હોય તેમાં એક છેડેથી સળગતી દોરી ભરાવી એટલે ઘણાને બહુ ગીઠે તેમ કરવું; સળગી, ભભૂકો ઊઠે એમ કરવું. (૨) મોટો ખળભળાટ કે ઝગડો જાગે એમ કરવું.
૨. જામગરી સળગાવવી = ઉશ્કેરણી આપવી; લડાઈ અથવા ઝઘડો થાય એમ કરવું; ઉશ્કેરવું.
૨. સ્ત્રી. તોપના દારૂને સળગાવવા માટેની કાકડી; ડંભાણું; ચેતવવા માટે તૈયાર કરેલી કાંકડી; પાતળી કાકડી; તોપ, બંદૂક કે બંદૂકને દાગવા માટે તેના દારૂ ભરેલા કાનમાં ચાંપવા માટેની સળગતી દોરી; પલિતો; કાકડો; વાટ.
૩. સ્ત્રી. કટાકડાની વાટ.

જામગી ૧. [ફા.] સ્ત્રી. પ્રકાર.
૨. સ્ત્રી. બંદૂકનો કેપ; બંદૂક ફોડવા બોકા ઉપર મુકાતી ટોપી.

જામગીરી જુઓ જામગરી

જામગીરી બંદૂક સ્ત્રી. જામગરીથી ફોડી શકાય એવી એક પ્રકારની દેશી બંદૂક.

જામઠાં ન. બ. વ. ન. આંચકા ખાતર મજબૂત કરડવાથી થતા ઝીણા કરડના ડાઘ.

જામડું ન. ચામડું; ચામડાનું ઘીલું નિશાન.

જામણ ૧. [પ્રા.] ન. ઉત્પત્તિ; જન્મ.
૨. ન. જમાવનાર; કોઈ વસ્તુ જામી જાય એમ કરે એવી વસ્તુ; મેળવણ.
૩. ન. જામવું તે; બંધાવું તે.
દૂધ રહે જો યામ નહિ નવું,
ઘૃત સહિત પડે ઠામવું;
એમ અખા! વિશ્વ કાચું રામે,
જામણ વિના જો પૂત નિગમે. અખો

જામણો ન. લાકડાનો કાટેલ કકડો.

જામતું વિ. વ્યાપક થતું; ફેલાતું.

જામતોરા ૧. સ્ત્રી. એ નામની મુસલમાન ખત્રીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જામદગ્નિ પું. પરશુરામ.

જામદગ્નેય જુઓ જામદગ્નિ.

જમદગ્ન્ય ૧ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞ વખતે સોળ ઋત્વિજોમાનો એક હતો.
૨. પું જમદગ્નિનો પુત્ર; પરશુરામ.
૩. [સ] ન ત્રાણાક્રમ અર્થશાસ્ત્રમાં બતાવેલ એક હથિયાર; બાણ ફેંકવાનું એક મોટું યંત્ર; મહાકર યંત્ર.
૪. ન. વિદ્ર ગોત્રનું એ નામનું એક પ્રવર.

જમદગ્ન્યજિત પું સૂર્યનું એક નામ.

જમદગ્ન્યરામ પું. પરશુરામ.

જમદાની ૧. સ્ત્રી. કપડા રાખવાની અલેખી
૨. સ્ત્રી. ગામડાની ચેલી.
૩. [સં. જમા (કપડા) + દાસ્તન્ (રાખવું)] સ્ત્રી. જેની અંદર એટલે પોતમા ને પોતમાં વણાટની જાત, વેલ પાડેલી હોય એવું ઊંચા વણાટનું સુતરાઉ કપડું; જળીદાર કપડાની જાત; મસલિન. આ કપડાનાં અસલ પહેરણ અને અંગરખાં બનતાં.

જમદાર ૧. [સં. જમદ્ (કપડાં) + દારતન્ (રાખવું)] પું. કપડાં સાચવનાર.
૨. પું. ઘરેણાં, જવાહિર, રોકડ વગેરે સાચવનાર અધિકારી; કીલીદાર; જમદારખાનાનો ઉપરી. બળનગ્રી.
૩. [સં. જમ (ખાલો) + દાસ્તન્ (રાખવું)] પું પાવાનું કામ કરનાર નોકર.
૪. પું. મંડળનો ઉપરી.
૫. પું. મુખી.
૬. પું. લશ્કરનો અધિકારી.

જમદારખાનું ૧. ન. રોકડ; તિજોરી; નાણાભંડાર.
૨. [સં. જમદ્દારખાનદ્] ન. દાગીના અને રોકડ વગેરે રાખવાનું સ્થાન; કપડા રાખવામાં આવે તે ઓરડો; તુરજાવતાં વગેરે કીમતી વસ્તુઓ રાખવાનું ઠેકાણું.

જમદારી ૧. સ્ત્રી. કપડાં સાચવવાનું કામ.
૨. [સં.] સ્ત્રી કીમતી કપડા રાખવાની જગ્યા.
૩. સ્ત્રી મોકો; ચોકીદારી.

જમદારીખાનું જુઓ જમદારખાનું.

જમધાડ (જમધડિ) સ્ત્રી. યમની દાઢ જેવી એક પ્રકારની તરવાર. શિવાજી જ્યારે અફઝલખાનને મળવા ગયા ત્યારે તેમની પાસે આ પ્રકારની તરવાર હતી. તે રાજા જયસિંગે તૈયાર કરેલ છે.

જમન ૧. [અ. જામિન] પું. જમીન.
૨. [હિ.] પુ. તાજા દૂધનું દહીં મેળવવા માટેની ખાટી છાશ; મેળવણ.
૩. પું વૃક્ષની બે નળીને જોડનારો સાકડાનો ટુકડો.
૪. [સં. જમ્બુ] સ્ત્રી. (હિંદી) એ નામનું ઝાડ અને તેનું ફળ.

જમનગર ન. કાઠિયાવાડમાં આવેલું નવાનગર રાજ્યનું એ નામનું મુખ્ય શહેર. આ શહેરને નવાનગર પણ કહેવામાં આવે છે. ત્યાંના રાજ્યકર્તાને જામ સાહેબ કહેવામાં આવે છે. લાખોટાનો કિલ્લો, સોલેરિયમ એટલે સૂર્યનાં કિરણોથી સારવાર કરવાનું સાધન અર્થાત્ સૂર્યગૃહ, બેડી બંદર, રણજીતસાગર વગેરે જાણવા લાયક છે. હાલમાં ત્યાં આયુર્વેદિક કોલેજ અને મહર્ષિ દયાનંદ મહાવિદ્યાલય ખોલવામાં આવેલ છે. ત્યાંનાં ભરતકામ, બાંધણી, રંગાટ, કસ સાચા મોતીનો સુરમો વખણાય છે. 'આર્યાવર્તપત્રિકા'માં આ શહેર સંબંધે લખ્યું છે કે: ધર્મ સંબંધે તો તે જોટી કાશી કહેવાય છે. શહેરની અંદર કલ્યાણજી અને ત્રિખારીનાં મંદિરો છે. તે સિવાય બહાર બીડભંજન તથા કાશીવિશ્વનાથ અને નદીને કાંઠે નાગનાથ મંદિરો મુખ્ય છે. હાલમાં ગાયત્રી દેવીનું એક મંદિર પણ બંધાવેલું છે અને જૈન મંદિરો તો ઐંતદાસિક અને જોવા લાયક છે

જમનગરી ૧ વિ જામનગરનું, જામનગરમા બનેલું
૨. વિ. જામનગરનું વતની.

જમનટ પું. સોકનટ. ખાડો અથવા નટને ઢીલી થતી અટકાવવાને તેના ઉપર અથવા નીચે તેનાથી જરાક ઊંચાઈના માપની જે બીજી ચાકી લાવુ કરવામાં આવે તેને જામનટ અથવા લોકનટ કહે છે.

જમની ૧ સ્ત્રી બાનગી; જમીનગીરી
૨ [સં યામિની] સ્ત્રી રજની, રાત્રિ, રૈન

જમનોચર [સ. યામિની (રાત્રિ) + ચર (ફરનાર)] પું રાક્ષસ; નિશાચર.

જમરૂખ ૧. ન. એક જાતનું ફળ; જમરૂખ; જામરૂખીનું ઝાડ તે જાતના જુદા આકારના અને નાનાં મોટાં થાય છે. તેની ઉપલી છાલ લીલી તથા પીળી હોય છે. અંદરનો રંગ સફેદ, ગુલાબી કે જાંબુડો હોય છે. તે સ્વાદે ખાટાં અથવા મીઠાં હોય છે. જાંબુડા રંગનાં જામરૂખ ઉત્તમ ગણાય છે. તે વાતકારક હોવાથી તે ખાધા પછી તેના ઓડકાર આવ્યા કરે છે. જલ્દા તથા ખાટા બીજા પદાર્થ તેની સાથે ખાવાથી શરીરમા વિકૃતિ થઈ જાય છે અને તેથી કોઈ વાર તાવ આવે છે અથવા શીળસ વગેરે શરીરે નીકળે છે. જામરૂખનું રાયતું થાય છે.
૨. ન. જામરૂખનું ઝાડ.

જમરૂખી ૧. સ્ત્રી. એક જાતનું કૃત્રિમ. તે દારૂ કરીને બધા દેશમાં થાય છે, પરંતુ હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. તેનું વાવેતર બહુ કરીને બીજથી થાય છે. એ ઝાડ બે ત્રણ વર્ષે ફળે છે. તેનાં પાન લાંબગોળ અને સાંકડાં અણીવાળાં હોય છે. તેના ફળને જામરૂખ અથવા જમરખ કહે છે. તે ખાવાના ક્રમમાં આવે છે. પેટમાં કંઈ ઉપદ્રવ થયો હોય કે ઝાડનો નહો થયો હોય તો તેનાં પાન,* બિયાં વગેરે તે ઉપર બતાવ્યા છે. જામરૂખીનું ઝાડકું કડવું અને ચીકટ હોઈને તેની ભૂકીની અસર એ છે.
૨. સ્ત્રી. જામરૂખની વાડી.

જમરૈયો કંસરૂક [સં. જમ (ખાલો) + ઐ (નો) + કંસરૂક (પ્રેમ)] પું. પ્રેમનો ખાલો.

જમરથા પું. એક જાતનો ખાખરાનો દુખાવો; ખાખરાનો ઠઠાપો, ખામરથા.

જમરો પું. ઢાલ કે પત્રમાં થતો સખત બળતરા કરનારો જખમો અફીણ અને બાજરીના લેપથી તેની બળતરા શાંત થતી બતાવ છે.

જમરોસહ (જમરોસડ) ન. એક જાતનું ઘાસ.

જમલ [સં.] ન. એ નામનું એક બાજબહાદુર.

જમલી વિ. જાંબલી; જાંબુડિયું; જાંબુડિયા રંગનું.

જમવંત જુઓ જાંબુવાન.

જમવાર [સ.] સ્ત્રી. જમો બનાવવા માટે પૂરતું.

જમવું ૧. સ. ક્રિ. અખરાવું; તળિયે બેસવું.
૨. સ. ક્રિ. અટકવું.
૩. સ. ક્રિ. અથડાવું; આખડી પડવું.
જમી જવું–પડવું = એકદમ સામસામે અથડાવું; ઠપાટપી થવી; લડાઈ થવી.
૪ સ ક્રિ. અસર થવી.
૫. સ ક્રિ. અંદર બેસવું, બંધબેસતું થવું; બહાર નીકળી ન આવવું
૬. સ ક્રિ. ઊંઘવું
જમી જવું = (૧) ઘસઘસાટ ઊંઘી જવું, (૨) ચોટી જવું. (૩) મઢી જવું.
૭. સ ક્રિ. કીડું કે બેસનો ઢગ બંધાવો.
૮. સ ક્રિ. ગણવું.
૯. સ ક્રિ. ગાઢ થવું; ઘાટું બનવું.
૧૦. સ ક્રિ. ચૂસી લેવું.
૧૧. સ ક્રિ. ઠરી જવું; બની જવું; થઈ જવું.
૧૨. સ ક્રિ. ઢગલો મેળવાવું.
૧૩. સ. ક્રિ. દટ થવું; સ્થપાવું.
૧૪. સ ક્રિ. ફૂટવું; ઊગી નીકળવું.
૧૫. સ ક્રિ. બેસવું; વરસવું.

૧૬. અ. ક્રિ. મજબૂતીથી સ્થપાવું; વળગી રહેવું. મજબૂત ચોંટવું; રિયર થવું, ખુદ કે છૂટું પડે નહિ એમ થવું.
૧. દૃષ્ટિ જમવી = બહુ વખત સુધી નજરનું કોઈ ચીજ ઉપર ઠરવું.
૨. મનમાં વાત જમવી = કોઈ વાત હૃદય ઉપર સારી રીતે અંકિત થવી; કોઈ વાતનો મન ઉપર પૂરેપૂરો પ્રભાવ પડવો.
૩. રંગ જમવો = (૧) પ્રભાવ દૃઢ થવો; પૂરો અધિકાર થવો. (૨) બહુ આનંદ મળે એવી સ્થિતિ હોવી.

૧૭. અ. ક્રિ. મસ્ત થવું.
શરીર-તબિયતનું જમવું = શરીર અલમસ્ત થવું.

૧૮. અ. ક્રિ. વ્યવસ્થિત સ્થિતિ એટલે જોઈએ તેવી હાલતે પહોંચી જવું; ખીલવું; વધી કે ખીલીને બહાર આવવું.

૧૯. અ. ક્રિ. વારંવાર કહેવું.

૨૦. અ. ક્રિ. વિખરાયેલાં છૂટાં છૂટાં તત્ત્વોનું એકત્ર થવું; સંપિંડન થવું; ઘન થવું; બાઝવું, સાથે સાથે મળી જવું; એકઠું થવું.

૨૧. અ. ક્રિ. વ્યવસ્થિતપણે ગોઠવાવું.

૨૨. અ. ક્રિ. સંયોગ થવો.

૨૩. અ. ક્રિ. સાધનસામગ્રી મળ્યેથી ખૂબ મજબૂત; સારી રીતે ચાલવું; બરોબર ચાલી રહેવું
૧. દુકાન જમવી = દુકાન સારી રીતે ચાલવી.
૨. ધંધામાં જમવું-ધંધો જમ્યો = વેપારમાં ફાવવું; વેપાર ખીલવો અને સારી સ્થિતિએ પહોંચવો.
૩. બુદ્ધ જમવું = બુદ્ધ બેસવી ચાલવું.

૨૪. અ. ક્રિ. હિસાબનો મેળ મળવો.

જમરાહી સ્ત્રી. જમ તરીકેની સત્તા.

જમસરૂ ન. ઓઓને માથા ઉપર પહેરવાનું એક જાતનું પરેણ.

જમસાહેબ ૧. પું. નવાનગરના રાજાનો ઇલકાબ.
૨. પું. મોટો માણસ.

જમા ૧. [ફા.] પું. કપડાં.
૧. જમામાંથી બહાર હોવું = (૧) આનંદમાં બહુ આવવું. (૨) પોતાને દાબી રાખવાને અશક્ત હોવું.
૨. જમામાં ફૂલવું = હર્ષના આવેશમાં એટલું બધું આવી જવું કે પોતાના કપડામાં ન સમાવું.
૨. પું. ડગલો; ઢીલો અંગરખો; એક પ્રકારનું ઘૂંટણની નીચે સુધી પહોંચતું વસ્ત્ર. તેનો નીચેનો ઘેર બહુ હોય છે અને જેમાની બાંયો કરચલીવાળો હોય છે. ચેટ ઉપર આવતો તેનો ભાગ કેડિયાના જેવો હોય છે. અમારીના વખતમાં લોકો રાજકચેરી વગેરેમાં આ વસ્ત્ર પહેરીને જતા હતા. આ વસ્ત્ર પ્રાચીન કાળના કંચુકનું રૂપાંતર લાગે છે અને મુસલમાનો આવ્યા પછી દાખલ થયેલ જણાય છે. કોક આ શબ્દ ફારસી છે, પણ પ્રાચીન પારસીઓમા આવા પ્રકારનો પહેરવેશ પ્રચલિત ન હતો. હિંદુઓમાં હજુ સુધી વિવાહપ્રસંગે વરને આવું વસ્ત્ર પહેરાવવામાં આવે છે.
૩. સ્ત્રી. દીકરી; પુત્રી; દુહિતા.
૪. સ્ત્રી. કુલજુદ્રાવાળી સાલ.

જમાઈ જુઓ જમાઈ.

જમાઉ જુઓ જમાઈ.

જમાકદમી જુઓ જમોકદમી

જમાખાનું ન. જમદારખાનું; પોશાકગૃહ.

જમાજોગ વિ. સુંદર.

જમાણી ૧. સ્ત્રી. એ નામની સંધિની એક અટક.
૨. વિ. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું

જમાત [સં. જમાતૃ] પું. જમાઈ.

જમાતા ૧. [સં. જમાતૃ] પું. જમાઈ; દીકરીનો વર.
૨. પું. સૂર્યમુખી ફૂલ.

જમાતુ [સં. જમાતૃ] પું. જમાઈ.

જમાતૃ [સં.] પું. જમાઈ. દીકરીનો વર.

જમાતૃક [સં.] વિ. જમાઈનું, જમાઈ સંબંધી

જમાતૃતા [સં] સ્ત્રી. જમાઈપણું.

જમાતૃત્વ જુઓ જમાતૃતા.

જમાતૃરાજ પું. જમાઈ.

જમાત્ર જુઓ જમાતૃ.

જમાનીમા [ફા. જમા (અંગરખો) + નીમા (અંદરની ખંડી)] પું. સારો પોશાક

જમાપીછોરી સ્ત્રી. પારસીઓમાં લગ્નમાં વરને પહેરવાનો ઝભ્ભો. તે બહુ ઢીલો, લાંબો અને કરચલી કરચલીવાળો તેમ જ ખોળા રંગનો હોય છે.

જમાયે ષહરામ પું. મક્કામાં દાખલ થતી વખતે જત્રાળુએ પહેરવાનો સીવ્યા વગરનો બે પછેડીઓનો બનેલો ઝભ્ભો.

જમાવાર ૧. [ફા. જમા (ડગલો) + વાર (વાચક)] સ્ત્રી. એક જાતનું અથકન.
૨. સ્ત્રી. કોટ વગેરે બનાવવા માટેનું કપડું.

જમાવી ૧. સ્ત્રી. એ નામની રામાનંદી બાવાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જમિ ૧. [સં.] સ્ત્રી. બાજણી.
૨. સ્ત્રી. કુલીન સ્ત્રી.
૩. સ્ત્રી પાણી
૪ સ્ત્રી. પુત્રવધૂ; દીકરાની વહુ.
૫. સ્ત્રી. પુત્રી; દુહિતા; દીકરી.
૬. સ્ત્રી. પોતાના મોસની સ્ત્રી.
૭. સ્ત્રી. બહેન; ભગિની. મનુસ્મૃતિમાં આ શબ્દ આવે છે. તેનો અર્થ ટીકાકારે ભગિની, સપિંડની સ્ત્રી, પત્ની, કન્યા, પુત્રવધૂ વગેરે કરેલ છે. મનુએ લખ્યું છે કે જે ઘરમાં જમિ પૂજાય છે ત્યાં સુખની વૃદ્ધિ થાય છે અને જ્યાં અપમાનિત થાય છે ત્યાં કુળનો નાશ થાય છે.

જમિઅ ન. પૂર્ણ કરવું તે.

જમિઉલ્લહ્માલાત ૧. સ્ત્રી. મોટી મસ્જિદ. જ્યાં શુક્રવારે ખુતબા બોલાય છે.
૨. વિ. આખું.
૩. વિ. પ્રતિષ્ઠિત; હોશિયાર.
૪ વિ. સૌથી વિદ્વાન.

જમિદ પું. પહેરગીર; રક્ષક.

જમિ ખર્ચ પું. આશુ ખર્ચનો હિસાબ.

જમિત્ર [સં.] ન. (જ્યોતિષ) જન્મથી સાતમું સ્થાન.

જમિત્ર વેધ [સં.] પું. (જ્યોતિષ) પાપ ગ્રહથી સાતમે સ્થાને રહેલ ચંદ્રરૂપ એક યોગ. તેમાં વિવાહ વગેરે શુભ કર્મ દૂષિત ગણાય છે. કર્મનો જે કાળ હોય તેના નક્ષત્રની રાશિથી સાતમી રાશિ ઉપર સૂર્ય, શનિ અથવા મંગળ હોય ત્યારે જમિત્ર વેધ થાય છે. કોઈ કોઈના મત પ્રમાણે સાતમા સ્થાનમાં પાપગ્રહ હોવાથી પણ જમિત્ર વેધ થાય છે. પણ જો ચંદ્રમા પોતાના મૂળ ત્રિકોણ અથવા ક્ષેત્રમાં હોય અથવા પૂર્ણ ચંદ્ર હોય અથવા પૂર્ણ ચંદ્ર પોતાના શુભ ઘર કે ક્ષેત્રમાં હોય તો જમિત્ર વેધનો દોષ નથી રહેતો.

જમિદ [અ.] વિ. કોઈપણમાંથી ઉત્પન્ન ન થએલું; અસલી; મૂળ.
ઇસ્મે જમિદ = મૂળ નામ, કે જે કોઈ ધાતુમાંથી આવતું નથી તેમ જ તેમાંથી કોઈ શબ્દ થતો નથી.

જામિની [સં. જામિની] સ્ત્રી. રાત્રિ; રજની; રેણુ; જામની.

જમિ વાસિલ બાકી સ્ત્રી. ચાલુ હિસાબખાતું.

જમિ હોવું ૧. સ. ક્રિ. સમજવું.
૨. સ ક્રિ. સમાવેશ કરવો.

જમી ૧. [ફા.] પું. એ નામનો એક પ્રખ્યાત ફારસી કવિ.
૨. પું. જમીન.
૩. [પ્રા.] પું. પ્રભુ, પિતા.
૪. પું. સંગ્રહ કરનાર.
૫. સ્ત્રી. (પુરાણ) ચાક્ષુ મન્વંતરના ધર્મઋષિની દસ માહેની એ નામની એક સ્ત્રી. તે પ્રાચેતસ દક્ષની દીકરી હતી.
૬. સ્ત્રી. દીકરી.
૭. સ્ત્રી. નજીકની સગોત્રી સ્ત્રી.
૮. [સં.] સ્ત્રી. બહેન
૯. સ્ત્રી. વહુ.
૧૦. સ્ત્રી. સદ્‌ગુણી સ્ત્રી. કુળવાન સ્ત્રી.
૧૧. વિ. ખાતા સંબંધી.

જમીન ૧. [અ. જમન (તે જવાબદાર થયો)] પું. અમુક કામ અમુક ન કરે તો કરી આપવા કે તેનો જવાબ દેવાને હું જોખમદાર થાઉં છું એવી કબૂલત આપનાર મનુષ્ય; બાંયધર; પ્રતિભૂ; જવાબદાર; ખોળાધર; હામીદાર; બીજાની જોખમદારી પોતા ઉપર લઈ તે વિષે કબૂલત આપનારો માણસ. બડણીની વસૂલાત માટે ત્રણ પ્રકારની જમીનની પદ્ધતિ બાબાટ્યએ અમલમાં મૂકી હતી: (૧) કાયજમામણી જમીન અથવા બારોબાર જમીન એટલે કે કરારનો ભંગ કરે તો કસૂરદારનો કાયદા પાળીને રબ્બુ કરવા મતલબનો જમીન. (૨) નીચા જમીન એટલે લીલા અર્થાત્ તાજા જમીન; નિરંતર ટકે તેવા જમીન; તબલ અગર ફેલ જમીન. (૩) બાઠ જમીન એટલે કે સામસામા જમીન; રાજ્ય કરાર ન પાળે તો તે પળાવી આપનાર બાટ કે ચારણ એવાના જમીન લેવા તે; સાંકળી જમીન એટલે એકની સ.થે બીજાને સાંકળનાર જમીન; એકાબુતી ધૂનીબર જમીન. આ પ્રમાણે ત્રણ પ્રકારના જમીન લેમ લાગ્યા પ્રમાણે ભૂમિયા એટલે ગરાસદાર પાસેથી લેવામાં આવતા.

૧. જમીન આપવા = સામાને પોતા ઉપર વિશ્વાસ ન આવતો હોય તો બીજાનો વિશ્વાસ અપાવનારો તે; બાંયધર દેવા
૨. જમીન ઉપર છૂટવું = બાંયધર આપીને છૂટવું; પોતે નક્કી કરેલી મુદતે હાજર થાય નહિ તો તેને માટે અમુક માણસ જોખમદાર બનાય એવો વિશ્વાસ આપી છૂટવું.
૩. જમીન થવું = બાંયધર બનવું; બીજા માણસના કર્યની જોખમદારી પોતાને માથે લેવા
૪. જમીન લેવા = બાંયધર માગવા.
૫. ફેલ જમીન = હરેથી ફસાવો ગુનો નહિ કરે અને કરે તો હું ગુનેગાર થાઉં એવી ખાતરી આપનારો માણસ.
૬. માલ જમીન = દેણદાર પૈસા નહિ આપે તો હું આપીશ એવી રીતની ખાતરી કે કબૂલત આપનારો માણસ.
૭. હાજર જમીન = કોર્ટને જ્યારે જરૂર પડે ત્યારે કહીને હાજર કરું અને ન કરું તો સરકારનો હું ગુનેગાર થાઉં એવી ખાતરી આપનારો માણસ.

૨. સ્ત્રી. જોખમ માટે મૂકેલ માલ કે પૈસા.

જમીનકતબો પું. જમીનખત; જબાનીખત, મુચરકો; 'બૅલ બૉન્ડ'

જમીનકદબો જુઓ જમીનકતબો.

જમીનગી સ્ત્રી. જવાબદારી; જમીનગીરી.

જમીનખત ન. જમીનગનાનો દસ્તાવેજ; પ્રતિભૂલેખ, મુચરકો; જબાનતનામા; જમીનકદબો; જમીન તરીકેનો લેખી કરાર; 'બૅલ બૉન્ડ'.

જમીનગતું જુઓ જમીનખત.

જમીનગીરી ૧. [ફા.] સ્ત્રી. જમીન તરીકેની કબૂલત; જોખમદારી માથે લેવી તે; જવાબદારી; જમીન થવું તે; ખાતરી આપવી તે; બાંયધરી
સ્થિર જમીનગીરી = અનુક્રમવાર કેટલાંએક વર્ષોને લાગુ હોય તેવી જમીનગીરી.
૨. સ્ત્રી. વિશ્વાસ; ખાતરી.

જમીનતલબ [ફા. જમીન + તલબીદન (બોલાવવું)] સ્ત્રી. જમીન માટેની માગણી.

જમીનદાર પું. જમીન ધરાવનાર પુરુષ.

જમીનપત્ર ન. જમીનખત; જમીનકદબો, જબાનતનામા.

જમીની ૧. [ફા. જમિની] સ્ત્રી. જુમેદારી; જબાનત; જમીનગીરી.
૨. સ્ત્રી. પીરેલો અબેજ.

જમુન [સં. જમ્બુ] સ્ત્રી. (હિંદી) એ નામનું ઝાડ અને તેનું ફળ; જાંબુ. તે હિંદમાં જગ્યે જગ્યાએ અને આમ કરીને સંયુક્ત પ્રાંતમાં થાય છે. તે અનુપ્રમેહના રોગ ઉપર અકસીર મનાય છે. તેનાં બી અને છાલ મસરોધક તરીકે વપરાય છે.

જમૂસ [અ.] પું. બૅઠ

જમેજ [અ. જમજ (તેણે એકઠું કર્યું)] વિ. એકઠું કરનાર.

જમેજ્મઝહર ન. વિશ્વવિદ્યાલય.

જમે ઉલ સુબાત પું. ઉર્દૂ ભાષાનો એક શબ્દકોષ.

જમેજેતીનુમા પું. પૃથ્વીનાં જુદાં સ્થાનનું નિરીક્ષણ થઈ શકે એવો પ્યાલો. હાલ જેમ પૃથ્વીના ગોળા બનાવાય છે તેમ ઈરાનના જમશીદ નામના બાદશાહે એક પ્યાલો બનાવ્યો હતો, જેમાં પૃથ્વીનાં જુદાં સ્થાનનું નિરીક્ષણ થઈ શકતું.
કાલુજને અઠકાવના માટે ફરિયાદ થતાં જેલી કરવામાં આવી હતી એની 'સદે ઇસ્કન્દરી'ના જેનો મેળ કરો, જે આસમાનને જમીન ઉપર ટેકવી જાણે અને જેની ઉંડો **જમેજેતીનુમા** જેવી બને.
પુરાતત્ત્વ

જમેજમ જુઓ જમેજમશેદ.

જમેજમશેદ ૧. ન. એ નામનું મુંબઈનું એક દૈનિક પારસી છાપું.
૨. [ફા.] ન. એ નામનો જમશીદ બાદશાહનો પ્યાલો, ઈરાનના જમશીદ બાદશાહ પાસે એક ચમત્કારિક પ્યાલો હતો. તેમાં દૃષ્ટિ કરવાથી દૈવ પરદેશનું દર્શન થતું

જમેજહાંનુમા [ફા.] સ્ત્રી. દીવાદાંડી.

જમેદર ન. અગાઉ નવાબી જમાનામાં વપરાતું એક જાતનું સુતરાઉ અગર રેશમી કપડું.

જમેમસ્જિદ સ્ત્રી. જુમામસ્જિદ; જુમાને દિવસે એટલે શુક્રવારે બેગા થઈ નમાજ પઢવાની મસ્જિદ.

જમેય [સં.] પું. આલેજ; અગ્નિનીપુત્ર.

જમેલ ૧. વિ. કાયમી.
૨. વિ. જમી ગયેલ; ઠરેલ.
૩. વિ. વાસો કરેલ.

જમેવરશાલ સ્ત્રી. એક જાતની શાલ.

જમેશરાબ [ફા. જમ (પ્યાલો) + અ. શરાબ (મદ્ય)] પું. દારૂ પીવાનો પ્યાલો.

જમો ૧. પું. ગજ.
૨. પું. ૪૪
૩. પું. ખાદી, પેટમાં બરાબો.
૩ પું. મઝા; મઝણી.
૫. [ફા.] પું. મોટા ઘેરવાળો બબ્બો જ નીચો અંગરખો; ઢીંચણની બહુ નીચે સુધી લબકતો રહે એવો ઘેરદાર ઝભ્ભો કે અંગરખો. સંપૂર્ણ પોશાકમાં, સરામહાના અને મેળાવડાના પોશાકમાં પારસીઓ તેમ જ હિંદુઓ અને રાજદરબારમાં મુસલમાનો જમો પહેરતા હતા. મુખ્યત્વે અને સુરત તરફ અત્યારે પણ જમો પહેરાય છે. પહેલાં બાબાશાહી શૌકસાહુકાર અને સરકારી અમલદારો જમો પહેરતા. પારસીમાં વરરાજાને જરીનો જમો પહેરાવવામાં આવે છે.

જયનસીનની ગત

કોઈ કોઈ જગ્યાએ જમાને વાળો પણ કહેવામાં આવે છે. જમાની સાથે હમેશા પિછોડી રાખવી પડે છે તેથી 'જમો પિછોડી'નો પોશાક એમ કહેવાય છે. શરીર ઉપરનો ઝભ્ભો તે જમો અને પગનો ઝભ્ભો એટલે કે પુન્જર તે પાયજામો કહેવાય છે. નાના કદનવીસ હાકેમ મહમલનો જે જમો પહેરતા, તે ઘેરાવામાં પચાસ કૂટ અને વજન પચાસ તોલાનો હતો.

જમોહામ જુઓ જમોહામી.

જમોહામજેઠવા જુઓ જમોહામીજેઠવા.

જમોહામી ૧. વિ. ચિરંજીવી; અમર; બધા વખત સુધી ટકે એવું; જેનો નાશ ન થાય તેવું. ૨. અ. યાવચ્ચદ્દિવાકરૌ; સદાની; હમેશને માટે.

જમોહામીજેઠવા અ. અમર; કાયમને માટે; કોઈ દિવસ દૂર નહિ એમ; જેઠવાએ પોતાની સત્તા જમાવી હતી એવી રીતનું; અવિચળ.

ઓરિયામાં અમે સુખી જણ ત્યાં નહિ,
ખોલિયાત રાખ્યું મેં જમોહામીજેઠવા.

લોકસાહિત્ય

જમોતર પું. (કચ્છી) પરેજ; મુખી; અગ્રેસર.

જમોત્ર પું. રજપૂતોની એ નામની જાતનો માણસ.

જગ્મો જુઓ જમો.

જય ૧. [સં. જાતિ] સ્ત્રી. એક જાતની વેલી; જાઈ.

૨. [સં.] સ્ત્રી. જગ્યા; સ્થળ.

૧. જયે બંદેલા = બીજાનું કારજ.

૨. જયે ઉઝૂ = કરિયાદ જણવા વાંધાનું કારજ.

૩. જયે ઐતિરાજ = વાંધા માટેની જગ્યા.

૪. જયે પનાહ = આશ્રયની જગ્યા.

૫. જયે પેસા = વેપારની જગ્યા.

૩. અ. એક જાતનું ઓટ નામનું અનાજ.

૪. અ. જાઈનું ફૂલ.

૫. અ. જાઈને.

૬. અ. ઇચ્છા; નિશ્ચય; અર્થે.

જયક ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં.] ન. પીળા રંગનું એક સુગંધી કાષ્ઠ; પીળું ચંદન.

જયકો ૧. [અ. જયકા] પું. કામદો.

૨. પું. મજા.

૩. પું. સ્વાદ; લહેજત.

જયગ જુઓ જયગા.

જયગાઈ જુઓ જયગા.

જયગા ૧. સ્ત્રી. ખેતીની જમીન.

૨. સ્ત્રી. જગ્યા; સ્થાન.

૩. સ્ત્રી. સ્થાવર મિલકત.

જયગાહ જુઓ જયગા.

જયચ્યા [સ્ત્ર.] પું. જન્મકુંડલી; જન્મપત્રિકા.

જયચી [હિં.] સ્ત્રી. એક જાતનો છોડ.

જયજ ૧. [અ.] પું. ચારસાદક

૨. વિ. છૂટ આપવા તેવું.

૩. વિ. યોગ્ય; વાજબી, યથાર્થ; ઉચિત. મુનાસિબ; કાયદેસરનું.

જયજરૂર [ફા. જા (જગ્યા) + અ. જરૂર (જરૂરનું)] પું. જાજરૂ; પાયખાનું; ટટ્ટી.

જયજ ૧. વિ. કાયદેસરનું

૧. જયજ કરાર દેવો = કાયદાનો આધાર આપવો

૨. જયજ રાખવું = (૧) કબૂલ કરવું. (૨) કાયદેસર કરવું. (૩) જાણવું. (૪) સત્તા આપવી.

૩. જયજહર્ષ = (૧) કબૂલ કરેલ. (૨) છૂટ અપાયેલું.

૨. જુઓ જયજ.

જયજાટવા (જયજાડવા) પું. જાયજાદ; હસ્તેજ્યુ માણસ

જયજુલએતિરાજ વિ. અપજાદરૂપ.

જયડ વિ. વધારાનું; અધિક; જાડા.

જયદા જુઓ જયદ.

જયદાદ ૧. સ્ત્રી. પેદાશ.

૨. [ફા.] સ્ત્રી. માલમિલકત; જાગીર; સંપત્તિ; ભૂમિ, ધન, સામાન વગેરે જેના ઉપર કોઈનો અધિકાર હોય તે.

૧. જયદાદે અરાજી = ભૂમિવાળી મિલકત.

૨. જયદાદે આબાઈ = બાપદાદાની મિલકત.

૩. જયદાદે આમ = સામાન્ય પુંજી.

૪. જયદાદે ઇજ્જતમાલી = વટેચણી વગા વગરની બાપાની બેગી મિલકત.

૫. જયદાદે ખાસ = પોતાની માલિકીની મિલકત.

૬. જયદાદે ગૈર મન્કૂલા = હરીફરી ન શકે એવી મિલકત; સ્થાવર મિલકત.

૭. જયદાદે ઔલ્જાત = વહુની મિલકત; ઓપન.

૮. જયદાદે નિલામી = હરરાજી કે લીલામથી વેચવાની મિલકત.

૯. જયદાદે બાકી માન્ય = બાકી રહેલ જંગમ માલમિલકત.

૧૦. જયદાદે મકબૂલા-મુસ્તમકો = હકમાં રાખેલી મિલકત, કે જેથી લેણદારને ધીરજ રહે

૧૧. જયદાદે મકબૂઝા = મહિકીમાં હોય એવી મિલકત.

૧૨. જયદાદે મકરૂઝા = ટાંચ મારેલી મિલકત.

૧૩. જયદાદે મકસૂબા = પોતાની મેળવેલી મિલકત.

૧૪. જયદાદે મન્કૂલા = (૧) જંગમ પુંજી. (૨) જંગમ માલમિલકત.

૧૫. જયદાદે મહૂંગા = ઊંચી મૂલ્યની મિલકત.

૧૬. જયદાદે મા બાદ = કરજ ખતાવી દીધા પછી વધેલી મિલકત.

૧૭. જયદાદે મુઆફી = આકું ન ઝરતી હોય એવી જમીન.

૧૮. જયદાદે મુઆફીએ દવામ્ = કાયમ માટે બક્ષેલ જમીન.

૧૯. જયદાદે મુઆફીએ હીન હયાત = જિંદગી સુધી બક્ષેલ જમીન.

૨૦. જયદાદે મુકાબિલાહ = જોમ કરેલ મિલકત.

૨૧. જયદાદે મુતબલિ કે ખાનદાન = કુટુંબની મિલકત.

૨૨. જયદાદે મુતનાઝિમ = (૧) તકરારી મિલકત. (૨) દાવો કરાયેલ મિલકત.

૨૩. જયદાદે મુયતરમા-ઉર્ફાતી = ભાગીદારીની બેગી મિલકત.

૨૪. જયદાદે મુસાબિહ = વિષ્ય થયેલ મિલકત.

૨૫. જયદાદે મૌરૂસી = વારસામાં આવેલી મિલકત; વડાપરંપરાની મિલકત.

૨૬. જયદાદે શોહરી = ધણીની મિલકત.

૨૭. જયદાદે સકની = રહેવા માટેનાં ઘર.

૨૮. જયદાદે સહરાઈ = જંગમ મિલકત.

૨૯. જયદાદે હર બાદ = મિલકતની કરેક વસ્તુ.

૩. સ્ત્રી. ભોગ; ઊભો મોલ.

૪. સ્ત્રી. વારસો.

જયદી પું. ખજૂરની એક સારી જાત; પેલોવાળો રસદાર ખજૂર. તેની પેસો મોટી અને પીળાશ પડતા સોનેરી રંગની હોય છે.

જયદ્રથ પું. (પુરાણ) જયદ્રથના પુત્ર સુરથનું બીજું નામ.

જયનમાજમુસલ્લા ન. નમાજ પઢવાનું કપડું.

જયનસીન ૧. [ફા. જા (જગ્યા) + નિશસ્તન (બેસવું)] પું. એકની પછી તેની જગ્યાએ બેસનાર બીજો માણસ.

૨. પું. કુટુંબનો હકદાર પુરુષ; વારસ; વારીવારસ.

૩. વિ. ગાદીએ બેસનાર; પાછળ ગાદી ઉપર બેસનાર; હકદાર.

જયનસીનની ગત સ્ત્રી. (રૂઢ) જગ્યા ગતિ

કરવાના મુખ્ય સોળ આહેનો એક પ્રકાર. આ ગત નૃત્યકારને પ્રથમ શીખવવામા આવે છે. તેની રીતિ એવી છે કે જમણો હાથ માથા ઉપર એક વેત ભરીને ઉંટે રાખી તેજ હાથનો અંગો કાનની સપાટી સાથે રાખવો અને ડાબા હાથ સીધો તીર માફક કરી છાતી ઊપરતી રાખવી. માત્ર હાથના ડાડા સિવાય કોઈ શરીરના અવયવમાં વળ પડવો ન જોઇએ એ. દૃષ્ટિ સામે મિલાવી રાખી સર્વ તરફ જોતા રહેવું. બે હાથની આગળીઓ તથા કાંડાં દરેક બોલ ઉપર હલાવતા રહેવું અને તત્ અને તા એ શબ્દ ઉપર મૂકી ઉપાડતા જવું. આને બેઠકની ગત પણ કહે છે.

જયનિશીન જુઓ જયનશીન

જયપત્રી [સં. જાતિપત્રી] સ્ત્રી. જાયફળ ઉપરનું તેવી સુગંધીદાર છોડું, જાવત્રી; પોળા રેસાનો એક મસાલા.

જયપારવતી સ્ત્રી. (કચ્છી) એક પ્રકારનું ઝાડ. તેને હારસિંગાર અથવા પારિજાતક કહે છે તેમા રાતી ડાડલીવાળા સુગંધિત બારીક ફૂલ આવે છે.

જયફ [અ.] પું. જાયફળ. ૫ા.

જયફળ [સં. જાતિફલ] ન. સોપારી જેવડું તેવી સુગંધીદાર એક ફળ. તેને જાતીફલ, જાતીફલ પણ કહે છે. તેનું ઝાડ ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે. એની ૮૦ જાતો હિંદુસ્તાનના જાણીઓ માને છે, તે માહેની હિંદુસ્તાન અને મલય દ્વીપકલ્પમાં ૩૦ દેખાય છે. એનું મૂળ ઉત્પત્તિસ્થાન મલાકા અને બાંડા મુલક છે. સુમાત્રા, જાવા, બોર્નિયો વગેરે પહાડી અને ગરમ દેશોમા જાયફળના ઝાડ થાય છે. તે આશરે વીસ ફૂટ ઊંચા થાય છે. ઝાડને ફળ થાય છે, તેનું બીજ જાયફળ કહેવાય છે. નદીના કાંઠાની ઝરવાળી પાણી ભરાઈ રહેતું ન હોય તેવી જમીનમાં આ ઝાડ થાય છે. દરિયાની સપાટીથી ૧૫૦૦ ફૂટ ઊંચી જમીન ઉપર વવાય છે. જાયફળનું ઝાડ બીમાંથી થાય છે ને ત્રણ માસે ઊગે છે. ટોપલામાં અગર કાંયામા કરેલા કયારામા આતર નાખી એક ઊંચ ઊંડાં જાયફળ વાવી રોજ થોડું થોડું પાણી પાતાં ત્રણ મહિનાના અરસામાં બીમાંથી રોપ થાય છે. તે ૮થી ૧૦ ઊંચા વધે એટલે ફેરવી કાયમી જગાએ ૩૦ ફૂટ છેટે આડા ગાળી છાણ વગરેનુ આતર ભરી વાવવામાં આવે છે. આફ્રિકામાં જાયફળના ઝાડ થાય છે, પરંતુ ખેતી કરવાથી જેવા સારા થાય છે તેવાં જંગલમાં થતાં નથી. જાયફળના ઝાડના નર અને માદા એમ બે પ્રકાર હોય છે. ફૂલ આવ્યા પછી નર માદાનાં ઝાડ ઓળખી શકાય છે. માદા જાતનાં ફૂલ અડધ ટૂંકો મંજરી ઉપર આવે છે. તેનાં પાદડાં ભાલાના આકારનાં અને સુવાળાં હોય છે. પાદડા મસળવાથી કાંઈક સુવાસ આવે છે. તે ત્રણેક ઇંચ લાબા અને દોઢ ઇંચ પહોળાં હોય છે. જાયફળને પાન એકાતરે આવે છે. તેને નાના ધોળા રંગનાં પટના આકારના ફૂલ આવે છે. મુખ્યદાર ફૂલ બાજા તેમા ફળ બાઝે છે. દસ ગાદાના ઝાડ વચ્ચે એક નર ઝાડ ગર્ભ રાખવા માટે પૂરતું છે. સાતથી આઠ વરસનું ઝાડ થાય ત્યારે તેમાં ફળ લાગે છે ને બીજ વરસનુ થાય ત્યારથી ઊપજ આપે છે. વરસમા બે વખત ફાલ આવ છે અને ૭૦ વરસ સુધી ઝાડ જીવે છે. દર ઝાડમાંથી ૩૦૦૦થી ૫૦૦૦ ફળ ઊતરે છે. આ ઝાડ ઘણું સુદર દેખાય છે. એનાં ફળ પાકીને તૈયાર થાય એટલે સાધારણ જાયફળ જેવા થાય છે. જાયફળ એ આ ફળમા એકેક બીજ છે. એ ફળ બે ઇંચ વ્યાસનું હોય છે. તેના બહાર બાળા, સુવાસિક અને સખા ઇંચ જાડાઈનો હોય છે. ફળ પાકે એટલે ઉપરની બહાર ફાટીને માહેના બીને વિટાઈ રહેલ લાલ જરદ રંગની જાળીદાર જાલ નજરે પડે છે. તે જાયત્રી કહે છે. બધા ફળને જોગાં કરી તડકામા સૂકવે તે પહેલાં જાવત્રી તેમાંથી છૂટી કરી લેવામાં આવ છે. ફળને છૂટા છૂટાં તડકામા અથવા કૃત્રિમ ગરમી આપી સૂકવવામાં આવ છે. પછી નાનાં મોટાં જાયફળ જુદા પાડે છે. જે જાયફળ નકાર અને ભારે હોય તે ઉત્તમ અને જે વજનમા હલકાં, પોલાં અને ચરેડ હોય તે કનિષ્ઠ ગણાય છે. વજનાળ જાયફળ કરતા ગોળ જાયફળ સારું અને ગુણકારી ગણાય છે. જાયફળ માદક છે. ગરમ મસાલા તરીકે તે વપરાય છે. જાયફળની ભૂકી ખાવાથી પાચકરસ બધા મોટા પ્રમાણમાં પેદા થાય છે. જાયફળ પેટના વાયુનો નાશ કરનાર હોવાથી અજીર્ણ, દાંતનો દુખાવો અને ખાદીમાં આપવામા આવે છે. જાયફળ વધુ ખાવાથી તેનો કેફ ચડે છે. તે પાનમાં ખવાય છે. બાળકોને માનું દૂધ છોડાવતી વખતે તથા ઝાડા, કોલેરા ઉપર તે બહુ ઉપયોગી છે. જાયફળ સાધારણ માદક હોઈ ઉષ્ણ, વીર્યવર્ધક અને વાતનાશક છે. તે તૂરું, તીખું, ઉષ્ણ, દીપન, રસાયણ કડવું, લઘુ, માદક, હલ્લ, કફઘ્ન, વાતહર તથા સ્વર માટે હિતકર છે અને કંઠરોગ, કફ, વાયુ, મેહ, વાતાતિસાર, મળ તથા કૃમિનું નાશક છે, કૃમિ, ઉધરસ, ઊલટી, દમ, પીનસ, હૃદયરોગ તથા ક્ષોભનો નાશ કરે છે. ધાતુ પૌષ્ટિક તરીકે જાયફળ પાકમાં વપરાય છે. જાયફળનું તેલ પીડા ઓછી કરે છે તેથી સંધિવા અને જ્ઞાનતંતુના દુખાવામાં બહાર ચોળવા માટે વપરાય છે. તેલ જંતુઘ્ન અને પરોપજીવી કીટાણુનું નાશક છે. જો તેલ વધારે પ્રમાણમા લેવાય તો ખિન્નતા, ચક્કર અને બીજાં ઝેરી અસરનાં ચિહ્ન દેખાય છે. ફેફસાંના સોજાનો તાવ, કોરાળિયુ અને સખત વાયુ હોય ત્યારે જાયફળ આપવાનું કહેવાય છે.

જાયફળાદિવટી સ્ત્રી. જાયફળ જેમાં મુખ્ય હોય એવી જાતની આંધણિની ગોળી

જાયફળી સ્ત્રી. જાયફળનું ઝાડ.

જાયબંદી ૧. સ્ત્રી. કબજા પરમેલુ.
૨. સ્ત્રી. દુકાનવેલુ.
૩. સ્ત્રી. નિરુપયોગી.

જાયબાઈ પું. ઓશીકાનુ સારું ઘડેલું એવો મિત્ર; જાર્યાબંધ.

જાયમાન ૧. સ્ત્રી. પેદાશ.
૨. [સં.] વિ ઉત્પન્ન થતુ.
૩. વિ. થાતુ; થાલતુ.

જાયમાનતા સ્ત્રી. ઉત્પત્તિ; મૂળ; શરૂઆત.

જાયમાર ૧. વિ. પોતાના મિત્રને મારનાર.
૨. વિ. બીજાનું સારું દેખી ખુશ ન થનાર.

જાયરૂ ન. જન્મ દેવુ તે; પ્રસવ.

જાયરોપ્લેઇન [અં.] ન. એક જાતનું વાયુમાનનું વિમાન.

જાયરોસ્કોપ [અં.] ન. (જ્યોતિષ) ખરી ઉપર ક્રમણ કરતા પદાર્થની ગતિ સમજાવનારું ક્રમણદર્શક એક યંત્ર.

જાયલ ૧. સ્ત્રી. જૈન વૈશ્યોની ગોરાણી માહેની એ નામની એક જાતિ.
૨. [કા.] વિ. નાશ પામેલ.

જાયલા પું. ચાર માહેનો એ નામનો એક કાપ.

જાયસ ૧. [હિં.] સ્ત્રી. સૂર્યવંશી રજપૂતની એક જાત.
૨. ન. રાયબરેલી જિલ્લાનુ એક પ્રસિદ્ધ અને ઐતિહાસિક નગર. આ અસલી સહી કરીગેની ગાદી છે. પદ્માવતીનો કર્તા પ્રસિદ્ધ કવિ મલિક મુહમ્મદ આ નગરનો નિવાસી હતો.

જાયસિર વિ. ચાલાકી.

જાયસી પું. એ નામનો એક મુસલમાની સંત. તે ચિસ્તીઓ સંપ્રદાયના સંત મહીઉદ્દીનનો શિષ્ય હતો. કબીરના ઉપદેશથી પ્રેરાઈ આત્મા અને

પરમાત્મા સંબંધનાં કામો તેણે રચ્યાં છે. તેણે બાલ્યવ્ય પંડિતો પાસે અલંકારશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું

જાયસુત [સ.] ન. એક જાતનું કૃમિ; અળસી.

જાયસે જુઓ જાયસિર

જાર્યત પું બ. વ. (પુરાણ) ઋષભદેવને જયંતીની કુખે થયેલા સો માંહેનો દરેક પુત્ર.

જાર્યંતેય જુઓ જયંત.

જાર્યા ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રામેળ છંદ તે જગતીવાળી આર્યા છંદનો ભેદ છે. તેમા ૧૩ ગુરુ અને ૩૧ લઘુ મળી ૪૪ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

૨ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે આ છંદ ઉપેંદ્રવજ્રા અને ઇંદ્રવજ્રાના મિશ્રણથી બને છે. તેમાં પહેલું, બીજું અને ત્રીજું ચરણ ઉપેંદ્રવજ્રાનું અને ચોથું ચરણ ઇંદ્રવજ્રાનું હોય છે.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં અગિયાર અક્ષર હોય તેવો એક અક્ષરમેળ છંદ.

૪. [સિં.] પું. દીકરો; પુત્ર; બેટો.

૫. સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માંહેની એ નામની એક શક્તિ.

૬. સ્ત્રી. દીકરી; પુત્રી.

૭. [સં.] સ્ત્રી. પત્ની; સ્ત્રી; વહુ; પરિણીતા. મનુના મત પ્રમાણે પતિ સ્ત્રીમાં શુક્રરૂપે પ્રવેશ કરીને પુત્રરૂપે આ જગતમાં જન્મ ધરે છે તેથી પુરુષ પોતાની સ્ત્રીને વિષે ફરીને પ્રજારૂપ જન્મ લે છે તેથી સ્ત્રી જાયા કહેવાય છે.

૮. ન. (જ્યોતિષ) લગ્નથી સાતમું ઘર.

૯. વિ. ખરાબ.

૧૦. વિ. જન્મેલ, જન્મ આપેલ; પેદા કરેલ.

૧૧. વિ. નાદુરસ્ત; બગડેલું.

૧૨. વિ. નિરુપયોગી; નકામું.

૧૩. [હિં.] અ. ક્રિ. થયા; જન્મ્યા; આ ધાતુનું ભૂતકાળનું રૂપ.

જાયાગ્ર ૧. [સં.] પું. (જ્યોતિષ) ગ્રહોનો એક યોગ. જન્મકુંડળીમાં લગ્નથી સાતમા સ્થાને મંગળ કે રાહુ હોય ત્યારે આ યોગ બને છે. જે મનુષ્યની કુંડળીમાં આ યોગ પડે છે તેની સ્ત્રી જીવતી નથી.

૨. પું. પત્નીના વિનાશને સૂચવનારું પુરુષનું ચિહ્ન.

૩. પું. લગ્નમાં મારી નાખનાર પુરુષ; પત્નીના વિનાશસૂચક લક્ષણવાળો પતિ.

જાયાગ્રમી વિ. જાયગ્ર થયેલું.

જાયાજીવ ૧. પું. એક જાતનું પક્ષી; જરજો.

૨. [સં.] પું. પોતાની પત્ની ઉપર જીવન ચલાવનાર માણસ.

૩. પું. સ્ત્રી વેશ ધારણ કરી પોતાનું ગુજરાન ચલાવનાર પુરુષ; સ્ત્રીરૂપ ધારણ કરનાર માણસ.

જાયાત્વ [સં.] સ્ત્રી. સ્ત્રીપણું; સ્ત્રીત્વ; પત્નીત્વ.

જાયાન્ધ [સં.] પું. વિજયલોલ માણસ; દરેક્ષ્ય જીત મેળવનાર વ્યક્તિ

જાયાપતિ [સં.] ન. બ. વ. દંપતી; પતિપત્ની; વરવહુ; ધણીધણિયાણી; સ્ત્રીપુરુષ.

જાયાસ્થાન [સં.] ન. સ્ત્રીસુખ બતાવનાર જન્મકુંડળીમાનું સાતમું ખાનું; સ્ત્રીભુવન

જાયો ૧. [સં. જાયિન્] પું. (સંગીત) ધ્રુપદની જાતિનો એક પ્રકારનો તાલ; ધ્રુપદના સોળ માત્રાનો એક પ્રકાર. તેના દરેક પાદમાં આપીત અક્ષર હોય છે.

૨. [સં. જન્ (જન્મવું)] સ્ત્રી. જન્મી; બેટી, પુત્રી; છોકરી; દીકરી.

માડીની જણી = એક જ માતાના ઉદરમાંથી જન્મેલ બહેન.

૩. વિ. સ્ત્રી. જન્મેલી; જણી.

૪. અ. જઈને.

જાયુ ૧. [સં.] પું. ઔષધિ; દવા.

૨. વિ. જેતાઈ જનાર.

જાયું ૧. [સં. જાત (જન્મેલું)] ન. છોકરું; બચ્ચું; બચ્ચુ.

૨. વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું; બચ્ચું.

જાયેજ જુઓ જાયેઝ.

જાયેઝ ૧. [અ.] વિ. ઘટિત; વાજબી; કરવા જેવું.

૨. વિ. પરવાનગી મળેલું.

જાયેષ્ઠમ પું. જ્ઞાતની પાદીમાં જીનો કરેલો સ્વાંગ.

જાયેનશીન [ફા. જા (જગ્યા) + નિશસ્તન્ (બેસવું)] પું. વારસ.

જાયેફલ [હિં.] પું. જાયફળ.

જાયેલ વિ. જણેલ; જન્મેલું.

જાયો ૧. [સં. જન્ (જન્મવું)] પું. છોકરો; પુત્ર; દીકરો; બેટો.

૨. વિ.પું. જન્મેલો; જણેલો; જન્મ આપેલો.

૩. અ. ક્રિ. જઈને.

જાર ૧. [સં.] પું. આશક; ઉપપતિ; રાખેલો યાર; પરણ્યો સાથે પ્રેમ કરનાર પુરુષ; વ્યભિચારી પુરુષ.

૨. પું. છિનાળું; જારી; જારકર્મ; વ્યભિચાર.

૩. [અ.] પું. પારો.

૪ પું. રસના સંસ્કારની ઉપાધિ; જાર.

૫. પું. ખુશ્કો માણસ.

૬. પું. સોદો.

૭. પું. સ્નેહ.

૮. સં. એ નામની એક ઔષધિ. તે બે જાતની થાય છે: એક મીઠી અને બીજી કડવી. તે ખૂર્શની જાતની છે. તેનાં પાંદડાં પણ ખૂર્શના જેવાં થાય છે. કડવી જાતના પાંદડાં સ્વાદે તીખાં હોય છે. તે વાતહર અને ઉષ્ણ મનાય છે. આંધ્રમાં તેનાં પાન, મૂળ તેમ જ છાલ વપરાય છે. મીઠી જાતનાં ફળ ખાવામાં આવે છે. બીજી બોજ્ય દવા સાથે વાલ વાસની ગોળા મેળવવામાં આવે છે

૯. સ્ત્રી. એ નામનું એક ઘાસ; ગુજરાત ગરીબ લોકો તેના રોટલા ઘડી ખાય છે તે ઉપરાંત તેના ઢોકળાં, પાન વગેરે બનાવવામાં આવે છે. તેની ખાખી ઢોરવામાં આવે છે. તેની બધી જાત છે. (૧) ગૂંધરી જાર. તેનો સોયો આકારો નદિ પણ છૂટો થાય છે. (૨) ટૂંકડી જાર. તેના છોડ નાના ત્રણ ચાર ફૂટ ઊંચા અને મજબૂત થાય છે. તેના ઉપર આંકડો જાડી મોટો સોયો આવે છે. (૩) રાતડી જાર. આ જારને રાતા દાણા આવે છે તેથી તેને રાતડી જાર કહે છે

૧૦. ન. દાંતનું મૂળ.

૧૧ ન. પીસુનું ઝાડ.

૧૨. વિ. અફસોસ કરતું; દિલગીર.

૧૩. [હિં.] વિ. ઉદરસ્થ(ળ)વાળું.

૧૪ [સં. જૂ (જીર્ણ થવું)] વિ. જૂનું.

૧૫. વિ. ફરિયાદ કરતું

૧૬. વિ. બહાદુર.

૧૭. વિ. મારનાર; નાશ કરનાર.

૧૮. [અ.] અ. અંદર એવો અર્થ દર્શાવનાર નામયોગી અવ્યય.

૧૯. અ. સ્થળવાચક પ્રત્યય.

જારકર્મ [સં. જારકર્મન્] ન. કોઈ પરપુરુષ સાથે અને પુરુષે પરસ્ત્રી સાથે આડો વહેવાર રાખ્યો તે; પરસ્ત્રી સાથે પુરુષનો અયોગ્ય સંબંધ; વ્યભિચાર; છિનાળું.

જારકર્મી [સં. જારકર્મિન્] વિ. જારકર્મ કરનાર; વ્યભિચારી; રંડીબાજ.

જારકામ જુઓ જારકર્મ.

જારખારી ન. કચ્છમાં થતું એક જાતનું ઝાડ.

જારજ ૧. [સં.] ન. વર્ણસંકર સંતાન; કોઈ બીજા તેના ઉપપતિથી અથવા કોઈ પુરુષનું તેની રખાતને થયેલું સંતાન; વ્યભિચારથી થયેલું બેટું. વ્યભિચારથી થયેલો પુત્ર કોઈ પણ

પ્રકારના ધર્મકાર્ય અથવા પિંડદાન વગેરેનો અધિકારી નથી હોતો.
૨. વિ. અનારસ; વનુસકર; જારીથી ઉત્પન્ન થયેલું, વ્યભિચારથી જન્મેલું; હરામજાદું.

જારજ્યોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ખરાબ ગણાતો જ્યોતિષમાં કોઈ બાળકના જન્મકાળમાં પડનારો એક જાતનો યોગ. આ યોગ ઉપરથી જણાય કે આ બાળક તેની માતાના ઉપપતિના વીર્યથી ઉત્પન્ન થયેલ છે. બારમા જન્મમુહૂર્તમાં ચંદ્રમા ઉપર બુધદર્શનની દૃષ્ટિ ન હોય, અથવા સૂર્યની સાથે ચંદ્રમા યુક્ત ન હોય અને પાપયુક્ત ચંદ્રમા સાથે સૂર્ય યુક્ત હોય ત્યારે આ યોગ મનાય છે. બાજ, સાતમ અને બારસમાં કાળા, રવિ અને મંગળવારને દિવસે કૃત્તિકા, મૃગશીર્ષ, પુનર્વસુ, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા કે પૂર્વાભાદ્રપદમાંથી કોઈ એક નક્ષત્ર હોય તોપણ જારજ્યોગ મનાય છે. વળી આ અવસ્થામાં કેટલાક અપવાદ પણ છે કે જેમાં જારજ્યોગ હોવા છતાં પણ બાળક જારજ નથી મનાતું.

જારજા ૧. [સં.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. જારથી ઉત્પન્ન થયેલી; વ્યભિચારથી જાયેલી.

જારજાત [સં.] પું. જારજ.

જારજાર [સં.] ૧. પું. વ્યભિચારી પુરુષનું પોષણ કરનાર માણસ; જારકર્મ કરનારનું પોષણ કરનાર વ્યક્તિ.
૨. ક્રિ. વિ. ચોધાર આંસુથી.

જારજારા [સં.] સ્ત્રી. પોતાના રખાત પણું પોષણ કરનારી વ્યભિચારિણી સ્ત્રી.

જારજાર્યણી [સં.] ન. બ. ક. આશકમાશક; બાકડ ત્રણમ તાંડી એકબેકને ચાહનારા બે પુરુષ, પલાલીચલાલી.

જારજાવરણા [સં.] સ્ત્રી. હરામજાદાપણું, રાખલને પેટ થયલ જન્મ.

જારડી (જારડી) સ્ત્રી. એક જાતનો છોડ; શેળર. તેમાંથી જાર અને રોગડી બને નીપજી શકે છે

જારણ ૧. [સં.] પું. ઝારનાર કોઈ પદાર્થ. ઝારવાનું કોઈ દ્રવ્ય.
૨. પું. પારાના અઢાર માહેનો એ નામનો એક સંસ્કાર
૩. પું. માણસ ઉપર કે રોગી ઉપર જાય તેવો એક તાંત્રિક પ્રયોગ; જાર્જરિત કરવાની ક્રિયા; નૂકઓટ.
૪. ન. આષધોથી વનસ્પતિ અને ધાતુની ભસ્મ કરવી તે.
૫. ન. ઝાળઝરી.
૬. ન. જર્જર થઈ જવું તે.
૭. ન. જારણપ્રયોગ, વશીકરણ; વશ થઈ જાય તેવું ખાદ્ય
૮. ન ઝરૂં.
૯. ન. નંખેદ.
૧૦. ન. સંયોજન.
૧૧. ન. હિંસા.

જારણક્રિયા ૧. [સં.] સ્ત્રી. કાટ ચડવો તે.
૨. સ્ત્રી. પારાનો સંસ્કાર કરવાની એક ક્રિયા.

જારણદાહ ન. ઉત્તાપન; બહુ ગરમ પાણી વગરનો ગામઠીનું દાઝવું તે.

જારણમારણ ન. વશીકરણ.

જારણહાર પું. જારણ કરનાર માણસ.

જારણા [સં.] સ્ત્રી. ઝરૂં.

જારણુ જુઓ જારણ.

જારત [અ.] સ્ત્રી. મુસલમાનોમાં મરણને ત્રીજે દિવસે કરાતી ક્રિયા, ફોતમણાના ક્રિયા; જિયારત.

જારતનય [સં.] પું. ધરતી ઓનો પુત્ર.

જારદ્વાવીધિ સ્ત્રી. મહોના અષ્ટમ માર્ગના બધ ભાગ માહેનો એક.

જારના [હિ.] સ્ત્રી. ઈર્ષા; સરપણ; બળતણ.

જારપડાળાં ૧. ન. બ. ક. બ. કારતક સુદિ એકમ; અન્નકોટનો દિવસ; ગુજરપટોળા.
૨. ન. બ. ક. બ. બેસતા વર્ષને દિવસે સારાં વસ્ત્રો પહેરી આશીર્વાદ લેવા જુહાર કરવા તે.

જાર પુરુષ પું. વ્યભિચારી પુરુષ.

જારપ્રીત સ્ત્રી. આશક ઉપરનો પ્રેમ; પરપુરુષ સાથે પ્રેમ; જાર સાથેનો પ્રીતિ.

જારબંડા સ્ત્રી. બ. વ. જુવાર અને બાજરી

જાર બાજરીનાં વાવણાં ન. બ. ક. જાર અને બાજરીની વાવણી થઈ શકે તેટલો વરસાદ. સામાન્ય રીતમાં લોકો વરસાદ વર્ષાનો અંદાજ કાઢતા, પેઢીયા, છબ્બાકિયાં, કૂવા વાવણાં, જાર બાજરીના વાવણા એવી રીતે જતાવે છે

જાર બાજરો પું. જુવાર અને બાજરો

જારબંદાર વિ. ચોધાર આંસુએ.

જારભર [સં.] પું. વ્યભિચારી પુરુષનું પોષણ કરનાર માણસ; જારકર્મ કરનારનું પોષણ કરનાર પુરુષ.

જારભરા [સં.] સ્ત્રી. પોતાના રખાત પણું પોષણ કરનારી વ્યભિચારિણી સ્ત્રી.

જારભૂરો સ્ત્રી. એ નામનું જખાતક.

જારમોડી ન. કચ્છમાં થતું એક જાતનું ઝાડ.

જારવધૂ ૧. [સં.] સ્ત્રી. જાર પુરુષની સ્ત્રી.
૨. સ્ત્રી સાચા પરકીયા નાયિકાનો એક ભેદ. જુઓ સાચા.

જારવલુધો વિ. કામાતુર.

જારવવું જુઓ જારવલું.

જારવળુંધો જુઓ જારવલુધો.

જારવાહું (જારવાહું) ન. જાર વાવેલું પહું.

જારવાવું જુઓ જારવાડું.

જારવિદ્યા [સં.] સ્ત્રી. જારકર્મ; વ્યભિચાર; છિનાળું.

જારવું ૧. સ. ક્રિ. ગરમ પાણીથી ધોવું.
૨. સ. ક્રિ. ઝરવું કરવું.
૩. સ. ક્રિ. બાળવું; જલાવવું.

જારશંકિત વિ. પુરુષ કે સ્ત્રી વ્યભિચારી છે એવી મનમાં શંકા થવી એનું.

જારસો પું. ટેકરાટેકરીના બાલુમાં હોય તેવો ઘરતો

જારા ૧. પું. જાસટિયો; ઊનાળુ જુવાર; ઉનાળામાં ઢોરના ચારા માટે પાણી પાઈને ઉગાડેલી જુવાર. તે બાસઠ દિવસે તૈયાર થતી હોવાથી તેને જાસટિયો કહેવામાં આવે છે.
૨. પું. જાસટિયો કાપી લીધા પછી ફોળીને મોટા થતાં ઢોર.
૩. [સં] પું. મૂર્ખતા.
૪. પું. મૂળાની એક જાત.
૫. પું. શિયાળો.

જારાજેરો પું. વાસણ કે ઘરેણાંના ટુકડા; આડો ટૂટો.

જારાસક્ત [સં.] વિ. જારની સાથે પ્રેમમાં પડેલ

જારાસંધ પું. (પુરાણ) જરાસંધના પુત્ર સહદેવનું બીજું નામ.

જારિણી ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં એક નગણ, બે તગણ અને ગુરુ મળી દસ અક્ષરો હોય છે અને બીજા અને ચોથા ચરણમાં બે રગણ, એક નગણ, એક તગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે.
૨ [સં] સ્ત્રી વ્યભિચારિણી, કુલટા, રખાત, પરપુરુષસંગિની સ્ત્રી; જારકર્મ કરનારી સ્ત્રી.
૩. ન. કલોજ જુઓ. કલોજ જુઓ ખાવાથી મગે તેવા અનાજનું પાચન ન થયું હોય તેને પચાવી

નાખે છે અને ઝાડો સાફ લાવે છે માટે તેને જરિણી કહે છે.

અરિત [સ.] વિ. રોપેલ; મારેલ; અસ્ત્ર કરેલ.

અરિયા ૧. [અ.] સ્ત્રી. ચકરડી.
૨. સ્ત્રી એ નામની કઠિયાની એક અટક.
૩. ન એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

અરિયું ન. જારનું ડું.

અરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઔષધ
૨. સ્ત્રી મરિયો ફેરવવાની દોરી, જણી.
૩. સ્ત્રી. જારકર્મ; અભિસાર; ચોરીછૂપીથી સ્ત્રીપુરુષે ખોટો અવહાર ચલાવ્યો તે; જિનાયું
૪. સ્ત્રી. જુગાર.
૫. સ્ત્રી. ઢાલની ઢાર.
૬. સ્ત્રી. પરપુરુષ સાથે ચાલનાર સ્ત્રી; જિનાણ
૭. સ્ત્રી. જળદને આનો અટકાવવા માટે તેને મોઢે બાંધવાની ઝોળ કોથળી. તે કાચા અસર થયની દોરીની બનાવવામાં આવે છે.
૮. સ્ત્રી. બાજરી.
૯. સ્ત્રી. મહાજનના વિવાહના પ્રસંગમાં જેહેતુ માટીનું નાનું વાસણ. તેનો આકાર નાના કળશાના જેવો હોય છે. તેની ચારે બાજુએ ચાર બારી હોય છે.
૧૦. સ્ત્રી. (પારસી) મુક્તાદની ક્રિયામાં કુલદાનીના જેવાં ઉપર સ્તરાંવાળાં તરફથી પહેરાવવામાં આવતી ફૂલની માળા.
૧૧. સ્ત્રી. લોઢાનો અથવા તાંબા,પિત્તળનો નાનો જારો.
૧૨. ન. એક જાતનું ગીત
૧૩. [સં જાલ] ન. (વહાણવટું) વહાણનો એક ભાગ; સાંબાઈ જેવું જ વધારે દોરડું. વહાણમાં બે જારી હોય છે.
૧૪. વિ. માલુ; ચકોર; ગતિમાં હોય એવું.
જારી તાવ = અણુકેતાર તાવ; ઝપની તાવ; લાંબા વખતનો તાવ.
૧૫. વિ સિવાજ મુજબનું; પ્રચલિત
૧૬. વિ. અભિચારી; જારકર્મ સંબંધી.
૧૭. અ. ચાલ્યા કરે એમ; બંધ ન પડે તેમ. સતત.
૧. જારી કરવું = (૧) અમલમાં મૂકવું. (૨) ચાલુ કરવું; કરી શરૂ કરવું. (૩) દાખલ કરવું; શરૂ કરવું. (૪) દાવો પરાવવો. (૫) પ્રચલિત કરવું. (૬) બહાર મોકલવું. (૭) રવાના કરવું.
૨. જારી થવું = અમલમાં આવવું.
૩. જારી રાખવું = (૧) ચાલુ રાખવું; ચલાવવું; ચાલ્યા કરે તેમ કરવું. (૨) પોષણ કરવું. (૩) વધારવું. (૪) બચાવ કરવી.
૪. જારી હોવું = (૧) અમલમાં હોવું. (૨) ઉપયોગ થવું.

અરીઉં ન. કપડું.

અરીક વિ. ચાલુ. જારી

અરીપત્રું ન. ચાલુ હોવાપણું.

અરી રૂપિયા [વિ.] પું. ચલણી રૂપિયો

અરીરવજરી ૧ સ્ત્રી. કુયુક્તિપ્રયુક્તિ; બનાવપંચ; સાચાખોટા વિષે આપવાની આવડત.
૨. સ્ત્રી. અભિચાર કરી સંતાડવું તે.

અરીવિચારી ૧. સ્ત્રી. ચટાપટા નામની એક જેવી રમત
૨. સ્ત્રી પરપક્ષ નહિ અથવા ચાલ ન પડે એવો અભિચાર; અભિચાર કરવો અને વળી તદબીરથી તેને ચલાવવો તે; જારકૌશલ્ય.
૩. સ્ત્રી. પૂરી સમજણ; બધી રીતે રમવાની કે કામ કરવાની શક્તિ અથવા આવડત.

અરીશુદ્ધા [જારી + સુદ્ધ (દોવું)] અ. સિરસ્તા મુજબ; રિવાજ પ્રમાણે.

અરુણી [સં.] સ્ત્રી. જરથી નામના દૈત્યે વસાવેલી એક નગરીનું નામ.

અરુદ્રિ પું. (પુરાણ) મેરુપર્વતિય પર્વતમાંનો એ નામનો એક; આસ્તાર્ચ પર્વતની ઉત્તરે આવેલ એ નામે એક પર્વત. કેટલાક ગ્રંથોમાં તેને ચારુધિ કહ્યો છે.

અરૂં ન. જારકર્મ; અભિચાર.

અરૂ ૧. પું (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, જગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.
૨. પું. ગર્ભનેરણ; ઓળ; ગર્ભ ઉપર વીંટાયેલું નામનું
૩. ન. અભિચાર; જિનાણું; જારકર્મ.
૪. વિ. જરી; ચાલુ; પ્રચલિત
૫ વિ જારસાર; ઓના, કપા વગેરે ધાતુને સોધનાર; ધાતુની ભસ્મ કરનાર.
૬. વિ નબળા કરે તેવું; બંધ ન પડે તેવું
૭. વિ. બળતું; સળગતું.
૮ વિ યોગ્ય; લાયક.
૯. અ વધારે; ઝાઝું; ભારી રીતે.
જલ્યા જારૂ જેવા દહીં છે ખટમૂકું રે.
દયારામ

અરૂડી ૧. સ્ત્રી. એ નામની આરબની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

અરૂધિ સ્ત્રી. અઢારસરતમાં બજાવેલી એક પ્રાચીન નગરીનું નામ. જેના રાજકર્તા આહુતિને બીજાએ હરાવ્યો હતો

અરૂપ ૧. [સં. જ (જગ્યા) + રૂપ (વાગનાર)] પું. વાગનાર; ઝાડુ કાઢનાર પુરુષ
૨. સ્ત્રી. સાવરણી; ઝાડુ

અરૂપકસ [સં. જરૂપ (સાવરણી) + કસ (વાગવું તે)] પું. વાગનાર; ઝાડુ કાઢનાર

અરૂલ ન. એ નામનું એક ઝાડ; અર્જુન.

અરૂ ન. સ્ત્રીએ ઘરપુરુષ સાથે અને પુરુષે પરસ્ત્રી સાથે આડો વહેવાર રાખવો તે; પરાયાં સ્ત્રી પુરુષનો ખોટો સંબંધ; અભિસાર; જિનાણું.

અરે અ. જે વખતે; જે ટાણે; જે સમયે; જ્યારે.

અરેનારે ૧. અ. જે જોઈ વખતે; જોઈ પણ સમયે; ગમે ત્યારે; જ્યારે ત્યારે.
૨. અ. વારેવારે.
૩. અ. હમેશ

અરો ૧. પું. ઢોરનો બાવાનો ચારો.
૨. પું. તબેલા વગેરે તેલમાંથી કાઢી લેવાનું સાધન.

અરોનોજસ્ત્રુસ પું. (કચ્છી) એક પ્રકારનું ઝાડ; બટકિયો જાસ્ત્રસ.

અરોળા જુઓ જારવા.

અર્કેલા ૧. સ્ત્રી. ચાલાકીની ચોરાશી જાતિ માંહેની એક પેટા જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

અલ ૧. પું. ઊંબરાનું પુષ્પ.
૨. [સં.] પું. કદમનું ઝાડ.
૩. પું. ગર્વ; અભિમાન.
૪. પું. બળિયું; ગોખ; બારણાં; કમાડ.
૫. પું. ઝાડ.
૬. પું. દંભ; ઢોંગ; ભગ; બદમાશ; માયા કપટ.
૭. પું. પાણીનો ભરાવો.
૮. પું. પીલુનો; પીલુ.
૯. પું. પ્રહર; અધોભાગ
૧૦. પું. બારી
૧૧. પું જારદારી પટો.
૧૨. પું સમૂહ; ટોળું.
કરલ જલદ કપાલ કૂલ કૂટ અનેક સુરંદ,
પ્રબળ બલા દુજને કહી જાઈ તણા પર પુર.
પિંગળપ્રકાશ

૧૩. સ્ત્રી. એ નામની ચોરાની એક અટક.
૧૪. [હિં] સ્ત્રી. જાળ; ફાંસલો; પાશ; બાજીનાં, પંખી વગેરે પકડવાની જાળી
૧. જલ નાખવી-બિછાવવી = (૧) બનતું

કરવુ. (૨) માણસા પકડવા જળા પાથરવી.
૨. જાલમા નાખવો = જાળમા ફસાવવો.
૧૫. સ્ત્રી. જળી.
૧૬. સ્ત્રી. તેની તે જ અથવા જુદી જુદી વસ્તુઓ એકબીજી સાથે મિશ્ર થઈ ગયેલી હોય તે; ઘણી વસ્તુઓ ચૂરવાથી ને ભગેલુ જણુ.
૧. કેરાજાલ = ગૂંથેલો ચોટલો.
૨. ધૂમજાલ = ધુમાડાના ગોટા.
૩. જાવજાલ = દુનિયા.
૪. વર્ણજાલ = મૂળાક્ષરો
૫. વૃક્ષજાલ = ઝાડી.
૧૭. સ્ત્રી. પુષ્પ વગેરેના ઢગો; વૃક્ષનો નવો અંકુર.
૧૮. [હિ.] સ્ત્રી. બારી.
૧૯. સ્ત્રી. સૂતરમેળવણી; ધૂપરીવાળી મેખલા
૨૦. સ્ત્રી. સોનાનુ ઘરેણામા પહેરવાનું એક ઘરેણું.
૨૧. ન. એ નામની અટકનુ માણસ.
૨૨. ન. (જૂ. પ્રા.) જળ. કરાંગમાનુ જળ.
૨૩. ન. (જ્યોતિષ) તારાપુંજના સાત સમૂહમાના એક સમૂહનુ નામ. તે વિષુવાક્ષ ૪૫૫૦ કળ અને ક્રાંતિવૃત્ત ક્રાંતિ૫૨ ૩૫ અને ૬૯મા અંશમા છે.
૨૪. ન. વાદળુ.
જાલક ગ્રહોના જાલ મળ જાલ દલ અને મંદ; જમડા પકડવ જાલમા એ ન ઝાલે નંદનંદ.
[પ્રબોધપુરાણ
૨૫. વિ. એ નામની અટકનુ.
૨૬. વિ. બનાવટી; નકલી; કૃત્રિમ.

જાલક ૧. પું. કેશવાદિનીઓનો સમૂહ. માટી ધમનીની નાની શાખાઓ થાય છે અને એ શાખાઓની અનુશાખાઓ થતાં થતા બહુ જ નાની શાખાઓ થાય છે. આવી નાનામાં નાની શાખાઓને જાલકો કહેવામા આવે છે.
૨. જુઓ જાલ.

જાલકર્મ ન. જાળ

જાલકારક ૧. [સં.] પું. કરોળિયો.
૨. વિ. કપટરૂપ જાળ કરનાર.
૩. વિ. જાળ બનાવનાર.

જાલકિ [સં.] સ્ત્રી. એક જાતની આયુષજ્ઞની જાતિ.

જાલકિની ૧ સ્ત્રી. ચેરી
૨. [સં.] સ્ત્રી. બકરી.

જાલકિરચ [હિ.] સ્ત્રી. તરવાર અને તેની જેડ; પટા સાથે તરવાર.

જાલકી ૧. [સ. જાલકિન્] પુ. ચેટો.
૨. પુ બકરો
૩. [સં.] સ્ત્રી. બકરા કે ચેટાંનું રુવાડું.

જાલકોઠ ૧. [સ.] પું. કરોળિયાની જાળમાં પડેલ જીવડુ
૨. પું. કરોળિયો.

જાલક્ષીરી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. જુઓ જાલક્ષીર્યે.

જાલક્ષીર્યે [સ.] ન. ઝેરી દૂધવાળુ એક જાતનું ઝાડ.

જાલગર્દભ [સં.] પું. એક જાતનો ચામડીનો રોગ. આ રોગ જેને હોય તેને શરીર ઉપર ઘણી કોલી થાય છે.

જાલછેદન ન. ઓની યોનિના મુખ આગળના પુરુષના પડદામા કરાતી કાપકૂપ.

જાલજીવી [સં.] પું. ધીવર.

જાલઝટક સ્ત્રી. જરીકામમા લાકડાના ઓજાર વતી કરાતુ છાપવાનુ કામ.

જાલથી અ. ખાટી રીતે; ઊંધેકપટથી.

જાલદાર ૧. પું. ગાળાનો એક સિક્કો; મુસરી.
૨. વિ. જાળીદાર.

જાલાંધ પું. (પુરાણ) એક ઋષિનું નામ.

જાલપ પું. એક જાતનો રેચ; એક જાતનુ રેચક મૂળિયુ

જાલપક્ષ વિ. જાળીદાર પાંખવાળુ.

જાલપરા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનુ.

જાલપાઈ ન. એક જાતનું ઝાડ.

જાલપાદ ૧. પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેનાં દરેક ચરણમા સગણ, ગણ, રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરો હોય છે
૨. પું. એક પ્રાચીન ઋષિનું નામ.
૩. પું. જાબાલિ ઋષિના એક શિષ્યનુ નામ.
૪ પુ ગાત્ર પડી
૫. [સ . પુ. હસ.
૬ વિ. જાલદાર એટલે જાળીવાળી ચામડીવાળી ઝાંખણીઓવાળુ.

જાલપૂર્ણા ન. અઢાર મુખ્ય તીર્થક્ષેત્ર માંહેનુ એ નામનુ એક.

જાલપ્રાયા ૧. સ્ત્રી. કબજ.
૨. [સં.] સ્ત્રી. ખોપડી જાળવાળુ જન્તર.

જાલબ ૧. વિ. અસલ; ન ખમાય એવું.
૨. વિ. જાલિમ; ક્રૂર; જુલમગાર; નિર્દય; લુચ્ચુ, શુદ્રબી.

જાલબજોર વિ. જુલમ કરવામાં પૂરું.

જાલભનિ ન. એ નામનુ એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

જાલમય વિ. જળમય; જળીવાળું.

જાલમાનિ પું. એક જાતનો આયુષજ્ઞની સંઘ. પાર્શ્વિન, (૧) ધૃક, (૨) ધ્રામનિ, (૩–૮) ત્રિગર્તષડ એટલે કોષ્ઠો પરથ, સાપ્રકી, કોષ્ટકી, જાલમાલિ, ઘાસ્ત્રુમ અને જાનકી, (૯) યોધેય અને (૧૦) પર્શ્વ આ સઘળાને આયુષજ્ઞની સંઘ કહે છે.

જાલમાલિ [સં.] પું. એક પ્રકારનો આયુષજ્ઞની સંઘ.

જાલમાલિની [સં.] સ્ત્રી. કઠવાં તુરિયાં.

જાલમી [અ.] સ્ત્રી. જુલમ; ફરતા.

જાલર ૧. સ્ત્રી. ધાબરાને ફરતી મુકાતી ઘેરદાર કોર; ઝાલર.
૨. સ્ત્રી. દેવમંદિરમાં આરતી વખતે વગાડવાનું ઘાણી જેવુ સાધન.
૩. ન. એક જાતનો કઠોળ; વાલ.

જાલરંધ્રકુંડ પું. એ નામનો એક નર્કકુંડ.

જાલરેખ વિ. કેસવાદિનીઓવાળું.

જાલલકડી (જાલલકડી) સ્ત્રી. એક જાતનો ઘોડ.

જાલવ [સં.] પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય. જાબાલિએ તેનો વધ કર્યો હતો

જાલવતી સ્ત્રી. (પુરાણ) એક દેવકન્યાનું નામ.

જાલવાલ ન. કબજ દાઢવાળું એક જાતનું માછલું.

જાલવૃશ્ચિક [સં.] પું. પાણીનો વીંછી.

જાલસાજી ૧. સ્ત્રી. ખોટી સહી કરવી તે.
૨. સ્ત્રી. કપલબાજી; પ્રપંચ; જાળ.

જાલસાજ વિ. બનાવટ કરનાર; ભલિયા.

જાલસાજી સ્ત્રી. બનાવટ; નકલ.

જાલહરા ૧. સ્ત્રી. જૈનોની ૮૪ જ્ઞાતિ માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનુ.

જાલંદર ૧. [સં. જલોદર] પું. (હિંદી) ઉદરરોગ; જલોદર.
૨. પું. પંજાબ પ્રાંતનો એ નામનો એક મહાલ.

જાલંધરનાથ પું. નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

જાલંદાજ વિ કપટજાળ પાથરવામાં કુશળ; પૂરેપૂરો કપટી.

જાલંધર ૧. [સં.] પું. બ્રહ્મા માંહેનો એ નામનો એક દેશ; હિંદુસ્તાનના વાયવ્ય ખૂણે

આવેલો બિયાસ અને સતદ્રુ નદીઓ વચ્ચેનો પ્રદેશ; પંજાબ પ્રાંતનો એ નામનો એક મહાલ.

૨. પું (યોગ) કંઠમા ઉદાન વાયુને રોકવાની હઠયોગની એક ક્રિયા.

મહામુદ્રા, ખેચરીમુદ્રા, ઉડીયાનબંધ, જલંધર, મૂલબંધ એ પાંચ કરી શક્તિ ચાલન કરે તો યોગી મુક્તિભાજન થાય છે. ત્રિકાળદર્શકદર્પણ

૩. પું. દીવ બેટ

૪. પું. (પુરા.પ્ર) શખચૂડ નામનો દૈત્ય; તુલસીનો પતિ. પદ્મપુરાણ પ્રમાણે એક સમયે ઇંદ્રને પોતાના બળનું અભિમાન થવાથી તેણે શંકર પાસે જઈ તેમને રીઝવ્યા અને પોતાની સાથે લડી શકે એવા યોદ્ધાની માગણી કરી. શંકર જેવો મહાયોગીએ પણ ઇંદ્ર જેવાના મુખથી કેવા અણધાર્યું ઉચ્ચારણ સાંભળી અત્યંતરતાની પરાકાષ્ટા અનુભવી અને તેના જન્મ જલ ઉપર રહેવા થયો. તે બિંદુ અનંત મહાસાગરમાં પડ્યું. શંકરનું આ રોષબિંદુ તે જ જલંધર. શંકરે તેવો યોદ્ધો ઉત્પન્ન કર્યો અને તે સમુદ્રમાં જઈને રહ્યો. સમુદ્રે તેને પોતાનો પુત્ર સમજી પોતાના અંતરમાંથી એક મેદ કાઢી આપ્યો અને ત્યાં જલંધરનગર વસાવીને તે રહ્યો. કેટલાક સમય પછી રાહુએ ત્યાં આવીને કહ્યું કે તારા બાપને મંથન કરીને દેવો ચૌદ રત્ન લઈ ગયા છે તે તું પાછાં મેળવ. આથી તે ઇંદ્રની સાથે યુદ્ધ કરવા ગયો અને બધા દેવોને હરાવીને નસાડી મૂક્યા એટલે દેવો બ્રહ્મા અને શંકરની પાસે ગયા અને તેમની સહાયની માગણી કરી. તેમની સહાયથી ફરી લડવાને તૈયાર થયા. આ તરફ નારદે જલંધર પાસે આવીને પાર્વતીના રૂપના વખાણ કર્યાં અને તેને મેળવવા શંકરની સાથે યુદ્ધ કરવા પ્રેર્યો. આથી શંકર અને દેવોની સાથે જલંધરને યુદ્ધ થયું. પણ આ યુદ્ધમાં જલંધર હાર્યો નહિ. જલંધર યુદ્ધ દરમિયાન શંકરનું રૂપ લઈ પાર્વતીને જીતવા ગયો પણ તેમાં તે ફાવ્યો નહિ. વિષ્ણુને એ વાતની ખબર પડતાં જલંધરની એ વૃંદાના પાતિવ્રત્યનો ભંગ કર્યા સિવાય તેનો પરાભવ થવો અશક્ય છે એમ જાણવાથી તેને છળવાને માટે એક તાપસનું રૂપ ધારણ કરીને વનમાં રહેવા લાગ્યા. જલંધરની એ વૃંદા પોતાના પતિની શોધમાં નીકળ્યાં અને તે વનમાં આવી ચડ્યાં. ત્યાં તેણે તાપસના ચમત્કારો જોયા અને તેમને મહાપુરુષ ધારી લીધા. તાપસે તેને કહ્યું કે તારો પતિ યુદ્ધમાં મરાયો છે અને ખાતરી બદલ તેનું શબ લાવી બતાવ્યું. વૃંદાએ આ જોઈને પોતાના પતિને સજીવન કરવા તાપસની પાસે વિનંતિ કરી. તે ઉપરથી તેણે જલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાનું શીલ ભંગ કર્યું. વૃંદાને એ કપટની ખબર પડતાં તેણે વિષ્ણુને શાપ આપ્યો કે તું પથ્થર થઈ જા અને વિષ્ણુએ તેને સામો શાપ આપ્યો કે તું વૃક્ષ થઈ જા. તે ઉપરથી વિષ્ણુ પથ્થર બના તે શાલિગ્રામ અને વૃંદા વૃક્ષ થઈ તે તુલસી. વિષ્ણુને તુલસી પત્ર પ્રસન્ન છે અને વૈષ્ણવો તેના કંઠની માળા પહેરે છે.

૫. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે મેઘરાગના ત્રણ માંહેનો એ નામનો એક પુત્ર. આ રાગ પ્રસિદ્ધ નથી.

૬. ન. એ નામનું એક પ્રાચીન રાજ્ય.

૭. ન. (પુરાણ) એક પર્વતનું નામ.

૮. ન. પંજાબમાં સતલજના પશ્ચિમ કિનારે આવેલું એ નામનું એક શહેર; ત્રિગર્ત. ગંગાને સમુદ્રથી ઉત્પન્ન થયેલા અસુરપુત્ર જલંધરે વસાવેલું હોવાથી આ નામ પડ્યું છે જલંધરપીઠ અગર જલંધરદ્વાર નામના જિલ્લાનું એ મુખ્ય શહેર બિયાસ અને સતલજ નદીની વચ્ચે આવેલું છે.

જલંધરનગર ન. જલંધરે વસાવેલું એ નામનું એક નગર. કેટલાક તેને મથુરા માને છે. એમ માનવાનું કારણ મથુરા પાસે વૃંદાવન આવેલું છે તે હોઈ શકે. બાકી તેને સિંધુ અને સમુદ્રના સંગમ પાસેનો બેટ જણાવે છે. વળી ત્યાં નારાયણસર હતું એમ પણ ઉલ્લેખ છે. આ ઉપરથી તે સ્થળ કચ્છ હશે એમ માનવાનું કારણ મળે છે. હાલના કચ્છના રણની જગ્યાએ પ્રથમ સમુદ્ર હતો અને કચ્છ બેટ હતો. વળી ત્યાં નારાયણ સરોવર નામનું પ્રાચીન તીર્થ પણ છે પંજાબમાં જલંધર નામનું શહેર આવેલું છે, પણ તેની પાસે સિંધુ નદી કે સમુદ્ર નથી હાલના રજપૂતસ્થાનની જગ્યાએ જૂના જમાનામાં સમુદ્ર હતો અને ગંગા યમુના સમુદ્રને ત્યાં મળતી. પંજાબ સપ્તસિંધુનો પ્રદેશ કહેવાતો. જો તેમ હોય તો જલંધર બેટ હોઈ શકે અને ત્યાં ગંગા અને સાગરનો સંગમ પણ હોઈ શકે. મૂળ પુરાણમાં કોઈ ઠેકાણે સિંધુને બદલે ગંગાનો ઉલ્લેખ પણ જોવામાં આવે છે.

જલંધરનાથ પું એ નામનો એક સિદ્ધ મહાત્મા. તેમને વિષે એવી કથા છે કે એક વખત સમુદ્રમાં પડેલા એક બાળકને શિવ–પાર્વતીએ જોયો ને તેને જગાડ્યો. શિવે તેને યોગની દીક્ષા દીધી. તે બાળક તે જલંધરનાથ. તે એક સિદ્ધ મહાત્મા થઈ ગયો. કહેવાય છે કે રાજા ગોપીચંદે એક વખતે નાખુશ થઈ તેને કૂવામાં નાખી ઉપર માટી અને ઘાસ નાખી કૂવો પૂરી દીધો વર્ષો પછી તેમના શિષ્ય આવવાથી ગોપીચંદે જલંધરનાથને બહાર કાઢ્યો સારે પહેલાના કરતાં વધુ તેજસ્વી થઈ બહાર નીકળ્યો. માટી ને ઘાસનો તેના શરીરને સ્પર્શ પણ થયો નહતો. આ જલંધરનાથના સંપ્રદાયમાં ગોપીચંદ, ભર્તૃહરિ વગેરે કેટલાક યોગી તથા ગોપીચંદની માતા મૈનાવતી, રાણાવતી વગેરે અનેક યોગિનિઓ થઈ ગયેલ છે.

જલંધરપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેના એ નામના એક સિદ્ધ. તે ગોરખનાથના ગુરુ મત્સ્યેંદ્રનાથના ગુરુ મનાય છે.

જલંધરબંધ [સં.] પું (યોગ) એક પ્રકારનો બંધ; કંઠમાં ઉદાન વાયુને રોક્યો તે; હડપચીને ગળાની નીચે આડી હાડ ઉપર દૃષ્ટિ સ્થિર કરી પ્રાણવાયુને રોકવો તે. તેનું સાધન કરવાથી સોળ પ્રકારનો જલધારબંધ થયા કરે છે, આરોગ્યનો વધારો થઈ મૃત્યુનો ભય પણ થઈ રહે છે. આ યોગ કરનારે ખભે સ્થિર થઈ મસ્તક અને ગરદનને બરાબર સ્થિર રાખવાં અને નાસિકાગ્ર ઉપર દૃષ્ટિ રાખી આમતેમ ન જોતાં યોગાભ્યાસ કરવો. આ અભ્યાસ કરવાથી કાગ પત્ર ઉપર બે હાથ સહજ દૂરિયાને આકારે થઈ જાય છે અને રક્ત ઊંચી જાય છે. પછી શરીર સ્થિર રહેવાથી સિરકમળ અંદર પેસે છે અને આંખની પાંપણો મીંચાવા લાગે છે. ઉપરની પાંપણો નીચે આવે છે અને નીચલી પાંપણો પ્રફુલ્લિત થવાથી મોટી થાય છે. એમ થવાથી ગ્રહણ અર્ધા ઊઘડેલા અને અર્ધા મીંચાયેલા રહે છે. આવી રીતે દૃષ્ટિ અંદરની અંદર કાયમ થઈ ફરીથી બહાર આવતી નથી તેથી તે નાસિકાગ્ર ઉપર રહ્યાં થાય છે. આ બંધ શરીરમાંની નાડીઓના સમૂહને બાંધે છે તેમજ કપાલની અંદરના છિદ્રમાં જે અંડ.મૃત રહે છે તેને નીચે જતું અટકાવે છે. માટે જલંધરમુદ્રાને જલંધરબંધ પણ કહે છે.

જલંધરમુદ્રા જુઓ જલંધરબંધ.

જલંધરહર પું. શિવ; શંકર; મહાદેવ.

જલંધરાયજ પું. જલંધરનો એ નામનો પુત્ર.

જલંધરાયજક પું. જલંધરના પુત્રથી વસાવેલો દેશ.

જલા ૧. [હિં.] પું. જળવાળું.

૨. પું. આંખની બારી; મોતિયો; એક પ્રકારનો આંખનો રોગ. તેમાં આંખની કીકી ઉપર એક જાતનું પડ આવી દૃષ્ટિ ઓછી થાય છે.

૩. પું. એ નામનો એક જાતનો છોડ. તેનો ઉપયોગ ખાડને સાફ કરવામાં થાય છે.
૪. પું. ચક્ર. નાડીચક્ર.
૫. પું. જાળું; જાળ.
જાલા પૂરવા = કરોળિયાની જાળ બનાવવી.
૬. પું. મોટી અસ્થી.
૭. પું. મેંઢ પશુનું માટલું.
૮. પું. લોટમાં બાઝતા બાવા; ફૂગ.
૯. [બ.] સ્ત્રી. આંસુની સેડકો.
૧૦. સ્ત્રી. ગરાસિયા તથા અવાસની એ નામની એક અટક.
૧૧. સ્ત્રી. રજપૂતાની એક જાત.
૧૨. ન. એ નામની અટકનું માણસ.
૧૩. ન. એ નામની જાતનું માણસ.
૧૪. વિ. એ નામની અટકનું.
૧૫. વિ. એ નામની જાતનું.

જાલાકાર ૧. વિ. જાળદાર.
૨. વિ. જાળ-ના જેવું.

જાલાક્ષ પું. ભાંગરો, નાની જાળી; ગવાક્ષ.

જાલાય [સં.] ન. એક પ્રકારનું બંધબ.

જાલિક ૧. [સં.] પું. ઇંદ્રજાલિક; મદારી; બાજીગર.
૨. પું. એક જાતનો કોળી.
૩. વિ. કરાળિયો.
૪. પું. જાળ બનાવનાર પુરુષ.
૫. પું. માછીમાર; માછલાં જાળ વડે પકડનારો માણસ.
૬. પું. શિકારી; પારધી.
૭. વિ. ઇંદ્રજાળ વગેરે પ્રયોગો કરી જાણનાર; અરણ્યમારણ કરી જાણનાર.
૮. વિ. જાળ ઉપર જીવનાર; જાળ વડે પશુ, પક્ષી, વગેરે પકડી પોતાની આજીવિકા કરનાર.
૯. વિ. જાળવાળું.
૧૦. વિ. જાળિયાવાળું.

જાલિકા ૧. [સં.] સ્ત્રી. ત્રિરિસાર.
૨. સ્ત્રી. જાળી.
૩. સ્ત્રી. જાળી.
૪. સ્ત્રી. જાળીવાળું બખ્તર; કવચ.
૫. સ્ત્રી. જાળીવાળું એક જાતનું વજ્ર.
૬. સ્ત્રી. પાસા; ફેંકો.
૭. સ્ત્રી. મચ્છરદાની.
૮. સ્ત્રી. વિધવા સ્ત્રી.
૯. સ્ત્રી. સમૂહ.
૧૦. સ્ત્રી. સ્ત્રીઓના મોઢા આગળ નાખવાનો પુરખો.

જાલિકો ૧. પું. મદારી.
૨. વિ. પું. જાળ બિછાવનાર.
૩. વિ પું. લુચ્ચો.

જાલિત વિ. જાળીવાળું

જાલિની ૧. [સં.] સ્ત્રી. કડવાં તરિયા, ગલકાં કે ભલા
૨. સ્ત્રી. કુકડવેલ.
૩. સ્ત્રી. બોબાતકો વૃક્ષ.
૪. સ્ત્રી. ચિત્રકાર; ચિતરારણ.
૫. સ્ત્રી. જળવાયુ પદ્મ.
૬. સ્ત્રી. પ્રમદ રોગવાળાની એક જાતની પીડ.

જાલિબ્ધા સ્ત્રી. બધા સારા સ્વાદવાળા અને મોટા કદવાળા કેરીના એક જાત.

જાલિમ [અ.] વિ. અત્યાચારી; ક્રુરમી, નિર્દય. જુલમગાર.

જાલિમ ચાબુક પું. કરડો કોરડો; જુલમી દોર.

જાલિમપણું ન. નિર્દયતા; જુલમગારપણું.

જાલિયનવાળા ન. પંજાબમાં આવેલું એ નામનું એક શહેર. જુઓ જલિયનવાળા.

જાલિયા ૧. [હિ.] પું. જાળ નાખનાર; મચ્છીમાર, ખેવટ.
૨. પું. (બીલી) ઝાડ.
૩. પું. વાસ.
૪ સ્ત્રી. એ નામની અમરની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. છેતરનાર; બનાવટ કરનાર.
૮. વિ. લુચ્ચું.

જાલિસ [અ.] પું. સોબતી.

જાલિહર ૧. સ્ત્રી. સાધુઓની એ નામની એક જાત; અમુક સંપ્રદાયના સાધુઓની ઓળખ.
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું.

જાલી ૧. [સં. જલિન્] પું. કરોળિયો.
૨. પું. શિકારી.
૩. સ્ત્રી. ઝારડ.
૪. સ્ત્રી પાસ કે પરાળ ઊંચકવાની જાળી.
૫. [હિ.] સ્ત્રી. જાળી; કાચી કેરીની ચોટલી ઉપરનો તંતુસમૂહ; ભાંડું પદ.
૬ સ્ત્રી. જાળીકામ; જાળી.
૭. [સં.] સ્ત્રી. જ્યોત્સ્નાં; ચાંદની.
૮. સ્ત્રી. દોરાની ગોકળી.
૯. સ્ત્રી. નેટ; લેસ.
૧૦. સ્ત્રી. પટોલ વૃક્ષ.
૧૧. સ્ત્રી. બાળકની ઓર.
૧૨. વિ. અસલ.
૧૩. વિ. ઇંદ્રજાળ વગેરે પ્રયોગો કરી જાણનાર; અરણ્યમારણ કરી જાણનાર.
૧૪. [સં.] વિ. છેતરે તેવું; કપટી.
૧૫. વિ. જલિમ; ક્રૂર; જુલમી; નિર્દય.
૧૬. વિ. જાળ ઉપર જીવનાર.
૧૭. વિ. જાળવાળું.
૧૮. વિ. જાળીવાળું
૧૯. વિ. બનાવટી; ખોટું
૧. જાલીકાગજ દસ્તાવેજ = બનાવટી અથવા ખોટો દસ્તાવેજ.
૨. જાલીસિક્કો = બનાવટી સિક્કો; ખોટો સિક્કો.
૨૦. વિ. સખ્ત

જાલીકાગજ (જાલીકાગઝ) [જાલી (ખોટું) + કાગજ (કાગળ)] પું. બનાવટી અથવા ખોટો દસ્તાવેજ

જાલીડા (જાલીડો) પું. પારધી; શિકારી.
જાલીડા નામને જળ કોઈ કાળ દુકાળે કરમની. દુહો

જાલીનસ જુઓ જલીનુસ.

જાલીનાસા જી દરિયાઈ ઔકળગાય.

જાલીનુસ ૧. પું. અલેક હકીમ.
૨. [અ.] પું. ગ્રીસ દેશનો એ નામનો એક પ્રખ્યાત હકીમ.

જાલીનોટ સ્ત્રી. બનાવટી ચિઠ્ઠી.

જાલીબંદ પું. બિહારી કસબી આંબાની એક જાત.

જાલીબંધ સ્ત્રી. ભંગાણી આબાની એ નામની એક ઊંચી જાત. આ બધી મોટી જાત છે.

જાલીબેટા પું. ખોટો બીજો કરેલ છોકરો.

જાલીબોટ [અં. જોલિબોટ] સ્ત્રી. નાનો મછવો; નાની હોડી; વરાળયંત્રથી ચાલતી વિહારનૌકા.

જાલીવું વિ. જાળીવાળું.

જાલીયુપાર્ટિયું ન. ગાડાના ઢાંકણા આગળ જડવામાં આવતું પાટિયું.

જાલીસિક્કો પું. બનાવટી સિક્કો.

જાલુસ [ફા.] સ્ત્રી. બેસ.

જાલૈક સ્ત્રી. (આમ્ર) આંબો; આંબો; ચોગ.

જાલૈમ જુઓ જલિમ.

જાલૈરી સ્ત્રી. કલ્પના પાંચતત્ત્વ દેવતા માંહેની એ નામની એક.

જાલૈસિલાહી પું. બખ્તર.

જાલોર ન. મારવાડમાં જોધપુર નજીક આવેલું એ નામનું એક રાજ્ય. તે દિલ્હી અને ગુજરાતના રસ્તા વચ્ચે આવેલું છે. પરમાર રાજાઓનું તે એક જાણવાન રાજ્ય હતું.

જાલોરા ૧. પું. ચાંદીમાની ચોરાસી જાત માંહેનો એ નામનો એક વિભાગ.

જાવંત્રી

૨. પું. રોવડાના ચોરાશી મનકાનો એ નામનો એક પેટા મનકો.
૩. સ્ત્રી. એ નામની પીંજરાની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

જાદેમ ૧ વિ અવિચારી.
૨. વિ ઉદ્ધત
૩ વિ દુષ્ટ, ધાતકી
૪ વિ. ક્ષુદ્ર; પામર, અધમ; નીચ.
૫ વિ મૂર્ખ. વિવેકશૂન્ય.
૬. વિ લુચ્ચું; ઠગ.
૭. વિ કલહકું

જાદેમક ૧. [સં.] પું. મિત્ર, ગુરુ કે જ્ઞાતિજન સાથે દ્વેષ કરનાર માણસ.
૨. જુઓ જાદેમ.

જાદેય ૧ [સં.] પુ. શિવ; મહાદેવ.
૨. ન. ઓઓને પહેરવાનું એક જાતનું પરેણ

જાદ્ધા ૧. [હિ.] પું. પાણીમાં રહેતું જીવડું
૨ પું. મૂર્ખ માણસ
૩. પું. વણકર કોળી.

જાવ ૧. સ્ત્રી જવાની ક્રિયા.
૨. [પ્રા.] વિ. જેટલું.
૩. ન. જ્યાં સુધી.

જાવઆવ સ્ત્રી. જવું ને આવવું તે; જવાઆવ; પસારવ; ગમનાગમન; જવા આવવાનો વહીવટ.

જાવક ૧. પું અગતો; લાખનો ફેરફ; પોથીનો ફેરફ; લાલ ફેરફ.
જાવક ફેરફ પાની જરૂરી.
સબના રોબિતા સોબ જામલ
૨. પું. બહાર મોકલાતો તુમારી કામગ; પ્રથમ રાજ્ય થતા સભાજ્ય ઉપર ઉત્પન્ન થયેલ કચેરીમાં સભાજ્યની નોંધ થયા બાદ તંત્રર નાખી બહાર મોકલવામાં આવે તે કામગ. બા. તેનું સંક્ષિપ્ત રૂપ છે. જેમકે, બા. આં. ૪ અર્થાત્ જાવક આંક ૪.
૩. સ્ત્રી. ખર્ચ, ઉધારેલી રકમ.
૪. ન. જાય તેમ કરવું તે.
૫. ન. બહાર મોકલેલી કે મોકલવાની વસ્તુ; બહાર મોકલેલું તે; નિકાસ.
૬. વિ. જાય તેમ કરવાનું; રવાના કરવાનું.
૭. વિ. બહાર જતું કે મોકલાતુ.

જાવકકર પું. નિર્યાત કર; બહાર મોકલાતા માલ ઉપર લેવાનો કર. 'એક્સપોર્ટ ડ્યુટિ'.

જાવકનોંધ સ્ત્રી જતા પત્રકની નોંધ.

જાવકબારનીશી સ્ત્રી. જાવકપત્રોની નોંધપોથી; જાવકના કામગ નોંધવાની ચોપડી; બહાર મોકલવાના કામગોની નોંધની ચોપડી રાખવામાં આવે છે તે.

જાવકબૂક જુઓ જાવકબારનીશી

જાવજાખાસી સ્ત્રી. ખાંડની એક જાત.

જાવજીવ અ. જીવ જાય ત્યાં સુધી; શરીરમાં જીવ હોય ત્યાં સુધી; આખરે સુધી; મરણ પર્યંત; જિંદગી સુધી.

જાવજીવત જુઓ જાવજીવ.

જાવજીવન જુઓ જાવજીવ.

જાવજલાડી સ્ત્રી. જાહોજલાલી, મોજી; આબાદી.

જાવડશાવડ (જાવડજાવડ) ૧. વિ. તકલાદી, કામચલાઉ. એમ કહેવાય છે કે જાવડ એ જાવડ નામના વાણંદનો પુત્ર અને પાટણના રાજાનો એક દીવાન હતો. આમજ મળેલા દીવાનોની મદદ તેને પણ પોતાનું નામ રાખવાનો અભખરો લાગ્યો હતો. પરંતુ સ્વભાવ કંજૂસ હોવથી તે જે તળાવ, કૂવા, વાવ કે મકાન બંધાવતો તે એટલાં બધાં સારાં કે ટકાઉ ન થતાં અને તેના બનાવનારા પ્રયત્નો અમુક સમા પછી દરેક નકલાદી કામને તેને નામે જાવડ જાવડ કહેવાનું લોકમાં ચાલુ થયું હતું. આ જાવડ વિક્રમ સંવત ૧૦૦૮માં મરણ પામ્યો. વળી એમ પણ કહેવાય છે કે રાજા વિક્રમે મથુરા જાવડશાહ નામના આવકને જગીરમાં આપેલું. જાવડશાહ તે આ જાવડશાહનો પુત્ર હતો. જાવડશાહે શેત્રુંજયમાં કોળી વગેરેને હરાવવાનો પ્રયત્ન કર્યો પણ ફાવ્યો નહિ. તે ઉપરથી દરેક પ્રકારની નાઉમેદી નિરુત્સાહ, બાબતમાં વગેરે જાવડશાવડ કહેવાય
૨. અ. અસ્પષ્ટપણે; નિર્ધાર વિનાનું.
૩. અ. જેમ તેમ; જેવું તેવું; પૂરતું નહિ એવું.
૪. અ. સાંભો વખત ટકે નહિ એમ; જાવજાવ હોય તેમ.

જાવડા (જાવડા) પું. જાવું.

જાવત [સં. યાવત્] અ. જ્યાંલગી; જ્યાંસુધી; યાવત્.

જાવતચંદ્રદિવાકરૌ [સં. યાવત્ (જ્યાંસુધી) + ચંદ્ર + દિવાકર (સૂર્ય)] અ. સૂર્ય અને ચંદ્ર તપે ત્યાંસુધી; સદાને માટે; હમેશને માટે.

જાવતી [પ્રા.] સ્ત્રી. જાવંત્રી.

જાવત્રી [હિ.] સ્ત્રી. જાવંત્રી.

જાવદાની ૧. સ્ત્રી. અનંતતા; નિત્યતા.
૨. વિ. ક્ષયમનું.

જાવન ૧. [હિ.] ન. જવું તે.
૨. ન. દુખને જમાવવા માટે તેમાં નાંખવામાં આવતો ખાટો પદાર્થ; મેળવણ.

જાવના જુઓ જાવન.

જાવન્ય [સં.] સ્ત્રી. વેગ; ઝડપ.

જાવર ૧. પું. ઢોરને માટે ઝાડમાંથી કપાતો ચારો.
૨. પું. મોલ.
૩. વિ ખૂબ વપરાયેલું; છર્યું.
૪. વિ. શુદ્ધ; પરું.

જાવરી સ્ત્રી. ઝાટ પછી જાય તેવું ખાવું; માંદાનું પથ્ય; વાત અને દાણનું પાણી.

જાવરૂ જુઓ જાવરી.

જાવર્ડ ૧. વિ. ચુસ્તબાંધણીવાળું; જરૂરમાત્રમાં નાહ પામે એવું.
૨. વિ. છર્યું; બળકણા મરેલું; બજરી મરેલું.
૩. વિ. ઝાઝી મુદ્દત ન ટકે એવું.
૪. વિ. ઢીલું
૫. વિ. નાજુક.

જાવરો જુઓ જાવન.

જાવલી સ્ત્રી. જાવલું; ખજૂરીનાં પાંદડાંનું દાદું.

જાવલું ૧. ન. ખજૂરીનાં પાંદડાંનું દાદું; જાવલી ખજૂરીની સાદડી.
૨. ન. જાવનું પાણી; જાવલું.

જાવલિર ન. એ નામનું એક ગોત્ર.

જાવલિરેક ન. જાવલિર ગોત્રનું એ નામનું એક પ્રવર.

જાવળરાજો ૧. પું. ફેરફાર કરનાર માણસ.
૨. પું. સ્થિતિનું પરિવર્તન.

જાવળી સ્ત્રી પાતળી રાબ.

જાવળું ૧. [હિં.] પું. ઢોરને મોઢે બાંધવાની જાળ.
૨. ન. પાતળી રાબ; ઝબળદ; જાવું; રાબનું પાતળું પડ.
૩. ન. મગ ચોખા કે મગ કોદરી અને જાર વગેરેનું બનાવેલું માંદા માણસ માટેનું રાબડું.
૪. ન. હિંદી મહાસાગરનો એ નામનો એક બેટ.
૫. વિ. ક્ષુલ્લકાંબુર.
૬. વિ. છર્યું; વલાઈ મરેલું.
૭. વિ. ઢોદળું; તકલાદી; જાવલું.
૮. વિ. નાજુક.

જાવંતરી જુઓ જાવંત્રી.

જા વંતિ જુઓ જાવત.

જાવંત્રી [સં.] સ્ત્રી. જાયફળ ઉપરનું જેવું, લાલ રંગનું, સુગંધીદાર જોડું; જાવત્રી; એક

ગરમ મસાલો. જાવંત્રીનાં મોટા ઝાડ થાય છે. ઉદ્ભિજ્જ શાસ્ત્રીઓ તેની ૮૦ જાત માને છે. તે મોટેભાગે હિંદુસ્તાનમાં અને મલય દ્વીપકલ્પમા ૩૦ ફેરમાસ છે. જાવત્રીની ઉત્પત્તિ સુમાત્રા, સિંહલદ્વીપ, જાવા, પિનાંગ અને પેસિફિક તથા હિંદી મહાસાગરના એટોમાં થાય છે. જાવત્રીના ઝાડો મુખ્ય બે પ્રકારનાં હોય છે: નર અને માદા. માદા જાતિનાં ફૂલો ઓકે ટુકડા મજરી ઉપર આવે છે અને તે જાતના ઝાડ ઉપરનાં પાંદડાં પહોળાં, ભાલાના આકારનાં, સુંવાળાં હોય છે. તે પાદડાં મસળવાથી સુવાસ આવે છે. તે ઝાડથી ૭ ઇંચ લાંબા અને ૩ ઇંચ પહોળાં હોય છે. પાન એકાંતરે આવે છે. તેને નાના પાળા રંગના ઘંટના આકારના ફૂલો આવે છે. તેને પુષ્પપત્ર હોતો નથી. એ ઝાડ ઘણાં સદા દેખાય છે. એનાં ફળ પાકીને તૈયાર થાય એટલે માણસ-જાનવરોને ખાવા જેવાં થાય છે. જાવંત્રીના ઝાડના ફળને જાયફળ કહે છે. ફળ પરે એટલે આ ઉપરની છાલ ફાટીને માંહેના બીને વીંટાઈ રહેલ લાલ જરી રંગની ઝળકીદાર છાલ નજરે પડે છે તે છાલને જ જાવત્રી કહે છે. જાવત્રી મસાલામા વપરાય છે. તેમાંથી તેલ નીકળે છે. તે જાયફળના તેલને બદલે વાપરી શકાય છે. જાવંત્રીમા સુગંધવાળું તેલ ૮ ટકા પ્રમાણમાં હોય છે. તે સિવાય એક ચીકણો રોગાન પણ હોય છે. જાવંત્રી તેલના તરીકે પણ વપરાય છે. તે તીખી, કડવી, મુખને સ્વચ્છ કરનારી, વમનકારક, દીપન, લઘુ, ક્રાંતિકારક, કફિકર, ઉષ્ણ અને કફઘ્ન મનાય છે. તે અંગની જડતા, કોઢ, રક્તદોષ, કૃમ, ઉબરડા, ગિલટી તૃષા, વિષ, વાયુ તથા કૃમિ મટાડનાર મનાય છે. તે અરુચિ, આફરો, ચૂંક તથા ગિલટી ઉપર ૫ થી ૩૦ ગ્રેનની અથવા એક વાલની માત્રામાં ઔષધ તરીકે વપરાય છે.

જાવા ૧. પું. એ નામનો એક ટાપુ. તે સુમાત્રા અને બોર્નિયોની વચ્ચે આવેલો છે. એની લંબાઈ ૬૦૦ માઈલ અને પહોળાઈ ૪૦ થી ૧૨૫ માઈલ જેટલી હોઈ એકંદર ક્ષેત્રફળ ૪૮૦૦૪ ચોરસ માઈલનું છે. એના એક છેડાથી બીજા છેડા સુધી મોટા અને ઊંચા પર્વતોની હાર આવેલી છે. આ પર્વતમાળામાં ઘણા જ્વલંત જ્વાળામુખી છે. ચોમાસામાં જ્યારે વરસાદની ઝડીઓ પડે છે ત્યારે જ્વાળામુખી પર્વતોમાંથી ઊતી વરાળના મોટામોટા નીકળી વરસતા વાદળને વધારે ઝળાં બનાવે છે. જાવામાં બે ચોમાસા આવે છે. એક મેથી સેપ્ટેમ્બર સુધીનું અને બીજું ડિસેમ્બરથી માર્ચની શરૂઆત સુધીનું. જાવામાં બત્રી કરોડ માણસની વસતી છે. હાલ જાવાનો ટાપુ ડચોના કબજામાં છે. પરંતુ અગાઉ તે હિંદુ રાજાઓને તાબે હતો. ઐતિહાસિક કાળમાં ત્યાં એ ધર્મ અને તેની સત્તા જામ્યાં હતાં. તે બાદ શંકર મતનો વિજય થતા હિંદુમાર્ગી રાજાઓ જાવાના પણીનણી થયા હતા અને પંદરમી સદીના છેક સોળમા સૈકા સુધી તેઓની તેમની ઉપર રાજ્ય સત્તા ચાલતી હતી. જાવામા ઠેકઠેકાણે શિવાલયો અને હિંદુ દેવતાઓનાં મંદિરો તથા મૂર્તિઓ જોવામાં આવે છે. આજ પાંચ હજાર હિંદુઓની તેમાં વસતી છે. જાવા બહુ ફળદ્રુપ ટાપુ છે અને હિંદુસ્તાન સાથે છેક આજ લગીનો તેનો પરંપરા વેપાર ચાલતો હતો. જાવામાં અગણિત સંપત્તિ હતી અજ્ઞાતકાળથી પણ માણસો ત્યાં વેપાર અર્થે જતા અને બહુ કમાઈ આવતા. તે ઉપરથી અજ્ઞાતમાં કરેલ વર્ણન ચાલે છે કે:

જાવે જો ગે નર ગયો, નાવે મંદિર માંય;
જાય રળી આવે થકો, તો ધરિયા ધરિયા બાય.

૨. સ્ત્રી. ખંભાતના આંબાની એક ઊંચી જાત. તેનો કેરી સિંદૂરિયા કેરતની, ઝાંખવાળા ચેરા પીળા કેરતની, બહુ સુંદર સુગંધવાળી, અતિરસ ભીડાસવાળી અને તંતુ જેવા વજનની મધ્ય કદની હોય છે

જાવાઈ ૧. સ્ત્રી. ખાંડની એક જાત.

૨ સ્ત્રી જાવામાં બોલાતી ભાષા.

૩. વિ. જાવાનું; જાવામાં બનેલું

જાવાનીઝ સ્ત્રી. મલાયકર્મની એક ભાષા.

જાવાપત્ર સ્ત્રી. એક જાતની ભાજી. તે આખે શરીરે ખોળી અને લાલ ચામવાળી હોય છે.

જાવાભાવ પું. (જ્યોતિષ) જ્યોતિષ કુંડલીનો સાતમો ભાવ

જાવાલ પું. જાબાલાનો પુત્ર: એ નામનો એક મુનિ.

જાવાલપુર ન. મારવેડમાં આવેલું એ નામનું એક ગામ. જાવાલ નામના મુનિના નામ ઉપરથી તેનું નામ પડ્યું હોય એમ લાગે છે.

જાવાં ૧. ન. બ. વ. કૂવો નકામા પ્રમાણ. જાવાં નાખવાં = કામદનો પ્રયાસ કરવો.

૨ [સં] ન. બ. વ. ભેજ.

જાવિત્રી [હિ] સ્ત્રી જાયફળ ઉપરનું છિલકું

જાવિદાન [ફા.] વિ. કાયમી.

જાવિદાના જુઓ જાવિદાન.

જાવિદાની ૧ સ્ત્રી. અનંતતા.

૨. [ફા.] સ્ત્રી દાયમીપણું.

૩. સ્ત્રી. બીજી દુનિયા.

૪. વિ. કાયમનું.

જાવિયા ૧. સ્ત્રી. કડવા કજુબીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ એ નામની જાતનું.

જાવીદ [ફા.] જ. હમેશા.

જાવીદાન જુઓ જાવિદાન.

જાવું ૧. [હિં] જા. ક્રિ. અદશ્ય થવું.

૨. જા. ક્રિ. ઊપડવું

૩. જા. ક્રિ. કરમાવું

૪. જા. ક્રિ. મરવું

૫. જા. ક્રિ. ખોવાવું; ચોરાવું

૬. જા ક્રિ. ગુમાવું; ગાબ્યું જવું.

જવું હોય તેમ જવ ,જેમ મહેન્દ્ર હોઈ મળે,
મનનું હોય તેમ મળે જેમ બીજા પાણી ચરે,
કમને કરવું હોય તે કરે મન તું શીદને કલ્પના કરે.

દયારામ

૭. જા. ક્રિ ઘૂમવું.

૮. જા. ક્રિ. છૂટા પડવું.

૯ જા. ક્રિ. જગ્યા છોડવી; સ્થાનનો લાભ કરવો.

૧. જા જા = રાખ રાખ; બંધ કર

૨. જાવા દેવું = (૧) ક્ષમા કરવી; માફ કરવું. (૨) ચર્ચા છોડવી. (૩) લાભ કરવો.

૧૦. જા. ક્રિ. જન્મવું; પેદા થવું.

૧૧. [સં. ધા.] જા. ક્રિ. જવું; એક જગ્યાએથી બીજી જગ્યાએ પ્રાપ્ત થવાને ગતિમાં હોવું. આપણી ભાષામાં ગમન ક્રિયાના ભાવને વ્યક્ત કરનારા 'જવું' અને 'ગયો' એમ બે શબ્દો છે. તેમાંનું પહેલું ક્રિયાપદ છે અને બીજું ભૂતકૃદંત છે. 'જવું' ક્રિયાપદનું મૂળ 'વા' ધાતુમાં છે, ત્યારે ગયોનું મૂળ ગતનો ગ્યો–ગયો એ રીતે 'ગમ્' ધાતુથી નિષ્પન્ન થયેલા 'ગત' એ ભૂતકૃદંતમાં છે. હિંદીમાં પણ આપણી જાણની પેઠે જવા ક્રિયાપદ છે, જાય ભૂતકૃદંત છે. મરાઠીમાં 'જવું' ક્રિયાપદને બદલે 'જાવને' ક્રિયાપદ છે અને 'ગયો' ને બદલે 'ગેલે' ભૂતકૃદંત છે. એ 'ગેલે'ની ઉત્પત્તિ 'ગત' ઉપરથી જ થયેલી છે: ગત–ગયે - ગયેલ્લે -ગેલ્લે–ગેલે. 'ગત' શબ્દને સ્વાર્થિક 'ઇલ્લ' પ્રત્યય લાગેલો છે. તે જ પ્રમાણે આપણી ગુજરાતી ભાષામાં એવાં 'ઇલ્લ' પ્રત્યયવાળાં રૂપોનો પણ ઓછો વ્યવહાર નથી. જેમકે, કરેલું, બોલેલું, કહેલું. એક જ ક્રિયાને સૂચવવા ક્રિયાપદ તરીકે ગુજરાતીમાં જવું અને જવો, એમ બે શબ્દોમાં જુદા જુદા ધાતુનો ઉપયોગ થયેલ છે. ગુજરાતી ઉપરાંત હિંદી અને મરાઠીમાં પણ એમ જ જણાય છે. 'ગયો' નું ઉચ્ચારણ 'ગ્યો'

જાસો

પણ કેટલેક ઠેકાણે થાય છે. 'જાસો' પ્રયોગમાં પણ મૂળ ગમ્-ગત છે

૧૨. અ. ક્રિ. તજ્જ હેતુ.

૧૩. અ. ક્રિ. નાશ થવો

૧૪. અ. ક્રિ. નુકસાન થવું

૧૫. અ. ક્રિ. પસાર થવું.

૧૬. અ. ક્રિ. પ્રમાણે ચાલવું; અનુકરણ કરવું.

૧૭. અ. ક્રિ. મરવું.

૧૮. અ. ક્રિ. મેળવવું

૧૯. અ. ક્રિ. વપરાઈ જવું.

૨૦. અ. ક્રિ. વીતવું, અતીત થવું.

૨૧. સ ક્રિ. જન્મ દેવો.

જાવેદ [ફા. જાવિદાન] વિ. અમર; શાશ્વતનું.

જાવેદાન ૧. સ્ત્રી. પરલોક; નવી દુનિયા.

૨. [ફા. જાવિદાન] વિ. હમેશાનું; નિરંતર નભ્યા કરે એવું, શાશ્વત; સર્વકાળનું.

૩. અ. હમેશા; અમર; શાશ્વત.

જાવેદાની ૧. [ફા. જાવિદાની] સ્ત્રી. અમરપણું; શાશ્વતીપણું.

૨. સ્ત્રી. નિસ્તેતા; અનંતતા.

૩. સ્ત્રી. પરલોક; નવી દુનિયા; બીજી દુનિયા.

જાવૈયા ૧. સ્ત્રી. કઠવા કબુતરીની એ નામની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

જાશોચંદરદેવકરા અ. યાવચ્ચંદ્રદિવાકરૌ; શાશ્વત માટે.

જાહ્ન (જાહ્નવ) સ્ત્રી. હમેશા.

જાહ્નક ન. (વહાણવટું) વહાણવટી.

જાહ્નક [સં.] ન. પીળું ચંદન; પીળા રંગનું એક સુગંધી દ્રવ્ય ગંધદ્રવ્ય.

જાસ ૧. પું. બંદોબસ્ત.

૨. પું. બંધ.

૩. સ. જેનું.

૪. વિ. સર્વ.

જાસક ૧. ન. તળાવ; સમુદ્ર.

૨. ન. બહોળું ક્ષેત્ર.

૩. ન. મૂત્ર.

૪. વિ. (બા. રૂ.) જમવાની કમજાવાળું; ક્ષુધાતુર.

૫. વિ. જોઈએ એ તેટલું.

૬. વિ. ભરપૂર; પુષ્કળ; જોઈએ એ તે કરતાં વધુ.

૭. વિ. મનમાનતું; મનભાવતું; મનગમતું.

જાસકિયાં ૧. ન. બ. વ. પુષ્કળપણું; પુષ્કળતા; જાહકિયા; પૂર્ણ થઈ પડેલું હોય તેમ.

૨. અ. તૃપ્તિસૂચક અતિશયતાનો ઉદ્‌ગાર.

જાસમીનોઈડીસ સ્ત્રી. એક જાતની વેલ.

જાસરિ પું. (પિંગ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

જાસરિ ભ જે લ ગ થી. પિંગળ

જાસલ ૧. વિ. ક્રમ ન કરી શકે તેવી સ્થિતિમાં આવી પડેલ.

૨. વિ. કંટાળું; કંટાળું થઈ ગયેલું.

૩. વિ. તકલાદી.

૪. વિ. નબળું; ચાંદલું; દુર્બળ.

૫. વિ. સડેલું.

૬. વિ. હળવું; હલકું.

જાસવંતી સ્ત્રી. એ નામનું એક ફૂલઝાડ. તેની ગુલાબી, પીળી, આસમાની, સફેદ, જાંબલી, લાલ, તોરણીઆ, કલગી ફૂલવાળી, સિંગલ ફૂલવાળી વગેરે ઘણી જાત થાય છે.

જાસવંદ ન. જાસદ. જુઓ જાસદ ૨, ૩.

જાસવંદ સ્ત્રી. જાસદ; જાસવંદ; જાઈ; જૂઈ.

જાસાચિઠ્ઠી સ્ત્રી. ધમકી આપવાની ચિઠ્ઠી; જાસાનું કારણ દર્શાવતી ચિઠ્ઠી.

જાસી [અ.] વિ. યાચના કરનાર.

જાસુ ૧. સ્ત્રી. જાસદ; જાસવંદ; કલેવડી; એક જાતનું ફૂલઝાડ. એમ કહેવાય છે કે કલેવડીનાં ફૂલ જેનાં ઘર ઉપર નાખ્યાં હોય તેના ઘરમાં કલેશ થાય.

૨. સ. (જૂ. ગુ.) જેનાં.

નિમેલ જાસુ ચરિત્રો રે કામસંયમ

જાસુક ન. એ નામનું એક ફૂલ.

જાસુધિ સ્ત્રી. (પુરાણ) એ નામની એક નગરી.

જાસુંદ જુઓ જાસદ.

જાસુદી ૧. સ્ત્રી. જાસોપલવનું ઝાડ.

૨. સ્ત્રી. એક જાતનું ધાન્ય. તેને ૧૮ રંગનાં ફૂલો અને એરંડી જેવાં ફળ થાય છે. તે દવામાં વપરાય છે. તેની ભાજી લીલી અને ખારથી ઘેરા ભૂરા અથવા રાખોડીના રંગની હોય છે. અંદરથી તેનો રંગ ભાંખો રતાશ પડતો હોય છે. તેનો પણ દવામાં ઉપયોગ થાય છે. રાતી જાસુદીનાં ફૂલનો રસ ચપ્પુ ઉપર ચોપડી લીંબુ ઝબોળી ચોળી જેવો રંગ નીકળે છે, જેથી કેટલાક જાદુગર લીંબુ ઝબોળી ચોળી ઝાદવાનો પ્રયોગ બતાવે છે.

૩. સ્ત્રી. મોગલાઈ એરંડી.

જાસૂજ જુઓ જાસુદ.

જાસૂદ ૧. પું. જાસુદ: ગુમદૂત.

૨. સ. એક જાતનું ફૂલ; ઓડ પુષ્પ. તે લાલ, ગુલાબી, પીળાં, મોરાં લાલ એમ ઘણી જાતનાં થાય છે. એનું ફૂલ આખને આનંદ પમાડે એવા રંગ અને સુરેખને માટે વખણાય છે. આ ફૂલનું સેવન કરવાથી નામર્દ માણસ પણ મર્દ થઈ જાય એમ કહેવાય છે. તે શીતળ અને પિત્તહર મનાય છે. તેનો ઉપયોગ વિષમાં વમન કરાવવા માટે છે.

પ્રભા પ્રતિભા પ્રસારતું, મારુ નામદને કરતું;
જનહિરે જહા જાસૂદ, અમીરી કૂલડું હિરી.
વિહારી

૩. ન. એક જાતનું ફૂલઝાડ. જુઓ જાસદી.

જાસૂદ રાતી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સિદૂરી, રક્તબીજા; રક્તપુષ્પા; સુકોમલા.

જાસૂદી સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ. તેને ઓડ પુષ્પી, જબા, ત્રિસબ્યા, સારણા અને સિતા પણ કહે છે. તેનાં પાન નીચે પહોળાં તેમ ઉપર સાકડાં તેમજ અણીવાળા થાય છે. તેનો લાલ, ગુલાબી, પીળાં, મોરા લાલ એમ બે ત્રણ જાતનાં જાસૂદ નામનાં ફૂલો આવે છે

જાસૂસ ૧. [અ.] પું. ગુપ્તચર; ભેદિયો; દપાલી; દૂત; ચાંદિયો વાર્તા જનારો; જાસદ.

૨. પું. ભડીદાર; અદાલત વગેરેનો ખોબદાર.

૩. પું. શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર; છૂપા વેષે શત્રુના નગરમાં કે લશ્કરમાં આવી ફરી સાંની બાતમી લાવનારો દૂત; બાતમીદાર; ચાર; ગુપ્તદૂત.

જાસૂસ ચીનાઈ સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તેમાં રાતાં ફૂલ થાય છે. તેની બગી જાત છે.

જાસૂસ ઝુમરી સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તેમાં ગુલાબી રાતાં ઝુમરીમાં નીચાં નમેલાં ફૂલ થાય છે.

જાસૂસી ૧. [અ.] સ્ત્રી. ગુપ્ત તપાસ કરવી તે; છૂપી બાતમી લાવવાનું કામ; જાસૂસનું કામ; ચારકર્મ.

૨. સ્ત્રી. ભડીનું કામ.

૩. સ્ત્રી. દૂતપણું; દૂતનું કામ.

જાસૂસી કરવી સ. ક્રિ. છૂપા રહી ભેદ જાણવો; અદશ્ય રહી કામ કાઢી લેવું; તપાસ રાખવી.

જાસૂસીખાતું સ. બહાર જાણવા માટે જેમાં જાસૂસો કે બાતમીદારો રાખ્યા હોય તેવું ખાતું.

જાસો ૧. પું. ધમકી વેર વાળવા લોકો ઉપર કરાતી જબરદસ્તી માટે અપાતી છૂપી લિખિત ધમકી; અમુક નહિ કરો તો તમને નુકસાન કરીશ એવી ચિઠ્ઠી કે કાગળ લખવો તે.

૨. પું. ખબર; સંદેશો.
૩. પું. જલ્દી મુજરનારો માણસ; મરજિયો થઈ વિચાર્યું ન વિચર્યું જે તે કામ કરી નાખનારો પુરુષ; આતતાયી; લોકોનાં જનમાલ ઉપર જલ્દી કરનાર બહારવટિયો; છાપરાં અને ઓધલાં વગેરે બાળી નાખનારો માણસ.
૧. જસો કરવો = ગમે તે રીતે મરજિયા થઈ જેની તેની ઉપર જલ્દી મુજરવી.
૨. જીવ ઉપર જસો = બહુ અકળાઈ જઈ પોતાના દેહ અને જીવ ઉપર જવું તે; આપઘાત કરવાપણું
૪. વિ. શુદ્ધ; પવિત્ર.
જસ લો જગડિયા જય, ખરીદ ખંખેરી કી,
જસો મૂત્ર ન જાય, બાલપણાં કે મંદલિક.
લોકસાહિત્ય

જસોર પું. પાલનપોટની ઉત્તરે ૧૮ માઈલ દૂર આવેલો એ નામનો કુંગર.

જસ્કમદ પું. એક જાતનું પક્ષી.

જસ્કમદી સ્ત્રી જસ્કમદ પક્ષીની માદા.

જસ્ત [અ.] વિ. ઘણું જ; જોઈએ તેના કરતાં વધારે; અતિશય

જસ્તી ૧. [અ. જિયાદતી (જુલમ)] સ્ત્રી. અત્યાચાર; જબરદસ્તી; જુલમ; સખ્તાઈ; મારી ઝૂંટીને કામ લેવું કે કરાવવું તે; જાળબેરી કરવી તે.
જસ્તી ગુજારવી = જોરજુલમ કરવો; પરાણે કામકાજે કામ કરાવવું; સખ્તાઈ કરવી; અત્યાચાર કરવો; દાબ કે કડકાઈથી કામ લેવું.
૨. સ્ત્રી. અધિકતા; અતિશયપણું
૩. સ્ત્રી. નફો; વધારો.
૪. વિ. જોઈએ તેના કરતાં વધારે; જરૂરથી અતિશય.

જસ્તીજલાલ પું. જુલમ; જબરદસ્તી.

જસ્પતિ [સં] પું. જસ્પાર્ક.

જસ્મપાત્ર ન. બોર; કબર.

જસ્પર્વદ ૧ સ્ત્રી.; ન. જસ્પરનો રોપ અને તેનું ફૂલ; જસ્પરીનું ફૂલ; એ નામનું ફૂલઝાડ અને ફૂલ
૨. ન. ચીનાઈ ગુલાબનો એક.

જહ [ફા.] સ્ત્રી. દોરો; બોલો; પદવી.

જહક ૧. [સં] પું એક જાતનું પક્ષી.
૨ પું. એક જાતનો બિલાડો
૩ પું. જમીનમાં દર કરી રહેનાર એક પ્રાણી.
૪ પું. રોટલી; રાહડી.

જહકિયાં ન ૧ ૨ જલકિયા. પુષ્કળતા;

અત્યંતપણું જતાવનાર શબ્દ.

જહન્નમ ન. નરક; દોજખ.

જહમુખી પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.
જહમુખી રચ આ સ જ આ ગ મ આવી.
રઘુપિંગળ

જહલ ૧. વિ. ખોડવાળું; લંગડું.
૨. વિ. ખૂતું થયેલું; ચપરાતાં ઊતરી ગયા જેવું થયેલું.
૩. વિ. નબળું; કમતાકાત.
૪. વિ. મૂર્ખ; નાદાન.
૫. વિ. હલકું.

જહલી [ફા. જહિલી] સ્ત્રી. મૂર્ખતા; મૂર્ખપણું.

જહલીયત જુઓ જહલી.

જહવી સ્ત્રી. જહન્વી; ગંગા

જહાર [ફા.] વિ. જાહેર; ગુપ્ત નહિ તેવું. ખુલ્લું.
ને વહાની જાહર કીધી પ્રકટપ્રકાસ.
અસવારી

જહારે અ. જ્યારે; જે સમયે.
રાત રહે જાહરે, પાછલી ચાટપટી. નરસિંહ

જહા જુઓ જસાગિરી.

જહાગિરી જુઓ જસાગિરી.

જહાજ [સં.] ન. વહાણ.

જહાજપરિચાલક [સં.] પું. માલમ; જરૂરિયે વહાણનું સ્થાન જોતવાનો હિસાબ જાણનાર માણસ.

જહાજસંમૃદ્ધ [સં.] પું. વહાણસમેહ; વહાણ ઠંકારવું તે.

જહાજેરરવામી [સં.] પું. નાખવો; વહાણનો મુખ્ય ખલાસી.

જહાર ન. ઓસ; ઝાકળ.
હોમ ધૂમથી નીલ આકાસ,
જમ જાહર પારુ પર પાસ જાલણ

જહાં આંટ્યાં સ ક્રિ. ઓર જોલતાં ચોપરાવું.

જહાંનાહાં ૧. વિ. ચોપ્રમ.
૨. વિ બંધબેસતું.
૩. અ. જ્યાંત્યાં; જ્યાં ઠેકાણે.

જહિ [હિં.] અ. જેને તેને.

જહિદ ૧. [અ. ઝાહિદ] પું. ભક્ત; તપસ્વી.
૨. વિ. ભક્તિ કરનાર.

જહિર ૧. વિ. ગુપ્ત નહિ એવું.
૨. વિ. દેખનાર.
૩. વિ. વિદિત.
૪ વિ. સાર્વજનિક.

જહિરદાર [અ.] વિ. બપકાદાર; દંભી.

જહિરદારી સ્ત્રી. દેખાવ પૂરતી વાત અથવા કામ.

જહિરનામું જુઓ જાહેરનામું .

જહિરપીર પું. એ નામનો એક ઓલિયો. તે ફિરોજશાહ બાદશાહના વખતમાં પંજાબના હિસ્સર જિલ્લામાં હરિયાણામાં રહેતો હતો. તે અનેક ચમત્કાર કરી દોલતમંદ થયો હતો. તેની સભાં દોલતમાં લાગ પડાવવાને તેની સામા ગયાં, પણ જહિરે તેની સામા જઈ બધાનો નાશ કર્યો. આમ કરતાં તેનો દુષ્કાળ પણ કપાઈ ગયો. તેથી તેની માગે જહિરને સાપ દઈ કહ્યું કે હું તારું મોઢું જોનાર નથી. તેથી જહિરે બંદગી કરી કે મરતી! મારું કે. ત્યારપછી તે જતાયો નહોતો

જહિરા [હિં.] અ. જાહેર રીતે; છડેચોક.

જહિરાત ૧ સ્ત્રી. જાહેરાત.
૨ અ. જાહેર રીતથી; ખુલ્લી રીતે

જહિરાત [અ. ઝાહિરાત] સ્ત્રી. જાહેરખબર; જાહેરનામું; જાહેરાત.

જહિરી વિ જાહેર કરેલું; જાહેરમાં જણાવેલું.

જહિલ ૧. [અ.] વિ. અજ્ઞાની; અભણ; ખબર વિનાનું; વિદ્યાહીન.
૨. વિ. ઉદ્દામ; તોફાની.
૩. વિ. મૂર્ખ; અનાડી; જંગલી.

જહિલી ૧. [અ.] સ્ત્રી. અજ્ઞાનતા.
૨ સ્ત્રી. જંગલીપેડા; મૂર્ખતા.
૩. સ્ત્રી. તોફાનીપણું

જહિલીયત જુઓ જહિલી.

જહી [સં.] સ્ત્રી. એક જાતનું ફૂલ.

જહીરખબર જુઓ જાહેરખબર.

જહીરદારી [અ. ઝાહિરદારી] સ્ત્રી. બા.ઉ દેખાવ, ઉપર ઉપરનો દેખાવ.

જહીરનામું ન. પ્રસિદ્ધિપત્રક.

જહીરિયે અ. જેવી રીતે.

જહુદ પું. એક જાતનો ધર્મારતી કામમાં વપરાતો પત્થર.

જહુસો ન. જાજિયું. કતલની રાત્રે તાજિયા નીકળે ત્યારે પીટણી પડે છે તે વખત બોલાતા "યા હુસેન" શબ્દ ઉપરથી આ અપભ્રંશ બનેલો છે.

જહેજ સ્ત્રી. દાવલે; લગ્ન પછી કન્યાને ભેટ

તરીકે આપાતાં કપડાં, ઘરેણાં વગેરે.

જાહેર જુઓ જાહિર.

જાહેર ૧. [અ. ઝાહિર] વિ. છાનું કે છૂપું નહિ એવું; સૌ કોઈ જાણે જુએ એવું; ખુલ્લું; ઉઘાડું; પ્રકટ; છતું.

૧. જાહેર કરવું = (૧) ઉઘાડું કરવું. (૨) ખબર આપવી.

૨. જાહેર થવું = (૧) ઉઘાડું પડવું. (૨) સૌની જાણમાં આવવું; ખબર પડવી.

૩. જાહેર પડવું = ખુલ્લા પડવું; અંતરપટે નહિ રહેવું; છતા થવું.

૪. જાહેર પાડવું = ખુલ્લું કરવું

૫. જાહેર મહેમતા = સાર્વજનિક મિલકત.

૬. જાહેરમાં આવવું = (૧) લોકમાં જાણીતા અથવા પ્રખ્યાત થવું. (૨) સૌને ખબર પડે એમ કરવું

૨. વિ. બાહ્ય; સ્થૂલ; પ્રત્યક્ષ. દેખીતું; બાહ્ય.

૩. વિ. વિદિત.

૪. વિ. સાર્વજનિક.

જાહેરઅલી પું. ખોજા લોકોના એ નામના સત્તરમા ઇમામ. તેમની ઇમામત સં. સ. ૧૦૨૬થી ૧૦૩૫ સુધી ૧૬ વરસની હતી.

જાહેરખબર ૧. [અ. ઝાહિર (ખુલ્લું) + ખબર (વર્તમાન)] સ્ત્રી. સૌકોઈની જાણમાં આવે એમ કરવું તે, જાહેરાત, સૌ સહેલાઈથી જાણમાં આવે એવી રીતે કોઈ પણ બાબત બહાર પાડવી તે, સૌને રોચક થાય એમ કરવું તે.

જાહેરખબર આપવી = લોકને રોચક થાય એમ કરવું; સર્વે લોક જાણે એમ કોઈ બાબત બહાર પાડવી

૨. સ્ત્રી. સાકોઈની જાણ માટે છપાયેલ છપાવેલું વગેરેનું લેવાતું સાધન; સૌને રોચક થાય તેવા હેતુથી કરાતા. આ સંબંધે મીમાંસા એમ છે કે: જાહેરખબરો વર્તમાનપત્રોમાં જરૂરી તોપછી કઈ લેવી અને કઈ ન લેવી એનો વિચાર કરવામાં ધર્મસંકટો ઊભા થાય છે. વળી જાહેરખબર મેળવવામાં અને તેના દામ વસૂલ કરવામાં સારામાં સારા માણસોનો વખત જાય છે અને ખુવારી કરી પડે એ જોખમું. આપણે ધારીએ છીએ કે જાહેરખબરોને આખરે આપણને આઠ પૈસે વર્તમાનપત્રો મળી શકે છે; કેમકે જે વસ્તુને વિષે જાહેરખબરો આપવામાં આવે છે તે વસ્તુના ખરીદનાર જ્યારે આપણે જ હોઈને જાહેરખબરનું મર્મ આપણે જ વધારે રૂડું પડે છે. આ પ્રથા કેવળ પશ્ચિમમાંથી આવેલી છે. તેમાં પણ સુધારો થવો જોઈએ અને જાહેરખબરો ઉપર અમુક અંકુશ પણ મુકાવો જોઈએ

જાહેરખબરિયું જુઓ જાહેરખબરી.

જાહેરખબરી ૧. વિ. જાહેરખબર આપનાર.

૨. વિ. જાહેરખબરમાં આપેલું કે આવેલું.

૩. વિ. જેમાં જાહેરખબરો હોય તેવું.

જાહેરજીવન ન. લોકો સાથેનું સામાન્ય સામાજિક જીવન.

જાહેરદાર [અ.] વિ. બાબતદાર; ઇલ્મી.

જાહેરદારી [અ. ઝાહિરદારી] સ્ત્રી. જાહેરમાં દેખાવ કરવો તે; બાબતો; ઇલ્મ; ડાહ્યપણ.

જાહેરનામું ૧. ન. મૈતવણીનો લેખ.

૨. [અ. ઝાહિરનામા] ન. સરકાર અથવા કોઈ સત્તા કે વ્યક્તિએ અમુક જાણત કરવી કે કરવો કે અમુક રીતે વર્તવું તે સબબી સૌ લોક જાણે એમ જાહેર અથવા લખીને સર્વને રોચક થાય એમ નીકળેલી જુદા કાગળ ઉપર અથવા વર્તમાનપત્રમાં છપાયેલી જાહેરખબર; છપેલો કે લખેલી સૂચનાવજાની આદેશક જાહેરખબર, ઢઢેરો, પત્રો વગેરેમાં તે; જાહેરખબર; પ્રસિદ્ધિપત્ર

જાહેર બગીચો પું. સાર્વજનિક બાગ; લોકોના ઉપયોગ માટેનો બગીચો. અનાજ વધારે ઉગાડવાના દિવસોમાં નિષ્ફળ થાય છે કે: ઓકેએક જાહેર બગીચાને કાપી કરીને તુરતતુરત શાકભાજી ઉગાડવાના કામમાં લેવો

જાહેર બાળાશ્રમ ન. બાળકોને રાખવાની જાહેર જગ્યા.

જાહેર મત પું. અમુક સ્પષ્ટ વસ્તુવાળો પ્રજાનો ફેલાયેલો મત.

જાહેર માન ન. જાહેરમાં આપવામાં આવતું માન.

જાહેર લાઇબ્રેરિ સ્ત્રી. જેમાં જાતની સૌને છૂટ હોય એવું પુસ્તકાલય.

જાહેર લીલામ ન. ખુલ્લી હરરાજી.

જાહેર સભા સ્ત્રી. જેમાં સૌને જવાની છૂટ હોય તેવી સભા

જાહેર સલામતી બિલ સ્ત્રી. જેમાં જાહેર જનતાની સલામતી સચવાય તેવો ખરડો, 'પબ્લિક સેફ્ટિ બિલ.'

જાહેર સંસ્થા સ્ત્રી. લોકોની મજૂરી અને લોકોના નાણાંથી ચાલતી સંસ્થા. તેના સંબંધમાં એક એવો મત છે કે: એ સંસ્થાને જાહેર લોકોની મદદ ન મળે ત્યારે હસ્તી ટકાવવાનો અધિકાર જ નથી. પ્રતિવર્ષ મળતો ફાળો તે તે સંસ્થાની લોકપ્રિયતાની અને તેના સંચાલકોની પ્રામાણિકતાની કસોટી છે.

જાહેર સેવક પું. સૌની જાણમાં આવે એવી સેવા કરનાર માણસ; લોકસેવક. તેને માટે એક એવું વિધાન છે કે: જાહેર સેવકને અંગત ભેટો ન હોય. તેણે કોની ખાતે તપાસ કરી હોય એવા જ વસ્તુ કહેવી જાઈએ.

જાહેર સેવા ૧. સ્ત્રી. ઉઘાડી સેવા; લોક જાણે એવી સેવા; સૌની જાણમાં આવે એવી સેવા; ગુપ્ત નહિ એવી સેવા.

૨. સ્ત્રી. લોકસેવા.

જાહેરાત ૧. [અ. ઝાહિરનું અકુસ્યન] સ્ત્રી. જાહેરખબર; જાહેર કરવું તે; નોટિસ, ખબર; જાહેર કરવાની ક્રિયા; પ્રસિદ્ધિ.

૨. અ જાહેરમાં, ખુલ્લી રીતે, બાહ્ય, ઉઘાડે છોગ; છડેચોક

જાહેરાતદાર પું. પ્રસિદ્ધ કરવાનું કામ કરનાર માણસ; 'પબ્લિસિટિ ઑફિસર'.

જાહેરી જુઓ જાહેર.

જાહેલ ૧. વિ. ઉદ્દામ વિચારનું

૨. વિ. ઠોર્યું, આકરું, કડક તપી ગરમ થઈ જાય એવું, તુરંત મિજાજી.

૩. વિ. ગરીબ

૪. [અ.] વિ. જાહેલ; અજ્ઞાની; મૂર્ખ

૫. વિ. જાનું; વસાઈ ગયેલું; અણજાણી થયેલું.

૬. પ્ર. બોલકું તું.

૭. સ્ત્રી. ઝઘડ

૮. વિ. ઢીલું.

જાહેલિયત ૧. [અ જહલ (તે અજ્ઞાન હતો)] સ્ત્રી. અજ્ઞાનતા; નાદાનપણું.

૨. સ્ત્રી. ઉદ્દામ વિચાર હોય. તે

૩. સ્ત્રી. મરીઆર્મ

૪. સ્ત્રી. ધર્મકાર્ય અંગેનું લોભનું તે.

૫. સ્ત્રી. ઓટી ઓટી ચારમા ગુલ્લત થવાપણું.

૬. સ્ત્રી. બાલકબુદ્ધિપણું.

૭. સ્ત્રી. વૃદ્ધત્વ, મદપણ

૮. સ્ત્રી. હઠ; જિદ

જાહો ૧. પું. અંગત વેર વાળવા લોકો ઉપર કરાતી જબરદસ્તી માટે અપાતી ધૂણી ધમકી; જાસો; હું તમારું ઘર બાળી નાખીશ, તમને બાળી નાખીશ, મારી નાખીશ, નુકસાન કરીશ એમ બબકારક શબ્દો બોલી બીવરાવવું તે.

જાહો કરવો = જોર ઉપર જોરાવરી કરવી.

૨. પું. બાપકો, દિમાક.

જાહોજલાલ ૧. [સં. જહ્વ (પદવી) + જ્વાલ (મોટી)] પું. મોટી પદવી; મોટપ; મોભો.

૨. પું. વૈભવ; સમૃદ્ધિ.

જહોજલાલી ૧. [જા. જાહ (પદવી) + જલાલી (મોટાઈ)] સ્ત્રી. દીપ્તિ; આબાદી; પ્રભુત્વ, વિભૂતિ, ઐશ્વર્ય, મોટાઈ; અધિકાર, દબદબો; તેજ.

૨. સ્ત્રી હિંડિસિંહિ; વૈભવ.

જહોમન્સબ પું. મોભો; પ્રતિષ્ઠા.

જહોહશ્મ પું. માનમરતબો.

જહોહિશમત પું. દરજ્જો અને સત્તા.

જહ્નવી ૧ [સં.] સ્ત્રી. ભગીરથ. જ્યારે ભગીરથ રાજા સ્વર્ગમાંથી ગંગાને લઈને આવતો હતો, ત્યારે ગંગા એના રથની પાછળ પાછળ આવતાં હતાં. જહ્નુના યજ્ઞને માટે તૈયાર કરેલી જગ્યા ભોગી નાખવાથી જહ્નુ ગંગાનું આચમન કરીને પી ગયો હતો. પછી ભગીરથની પ્રાર્થના ઉપરથી પોતાના કાનમાંથી ગંગાને કાઢ્યાં હતાં. આથી ગંગાનું નામ જાહ્નવી પડ્યું છે. વળી એમ પણ કહેવામાં છે કે અવતરણકાળે ગંગા નદી સમુદ્ર તરફ વહેતાં હતાં, તે વખતે પોતાના ધ્યાનમાં ભંગ થવાને લીધે જહ્નુ મુનિ ક્રોધથી આવતા પાણીના વહેણનું આચમન કરી ગયો અને પછી ભગીરથ રાજાની પ્રાર્થના ઉપરથી પોતાની જંઘામાં કાપ મૂકી તે રસ્તેથી ગંગાને બહાર કાઢ્યાં હતાં. તેથી ગંગા જાહ્નવી એટલે જહ્નુ ઋષિની પુત્રી કહેવાય છે.

૨. સ્ત્રી નુંગભદ્રા નદી.

જહ્નવીધર પું. શંકર; મહાદેવ.

જહ્નવીપ્રિય [સં. જાહ્નવી (ગંગાજી) + પ્રિય (પાળનાર કરનાર)] પું. શિવનાં દરજ્જાનાં મોટા એક નામ.

જહ્નવો પું. એક જાતનો ચૂંદળામાં થતો વાનો રોગ; જાનવો

જાં ૧. પું. કટોરો

૨. સ્ત્રી. આમનેમ આદીઅવળી મોઢેલી ધણી બાબતો કે વસ્તુઓનો સમૂહ; જથ્થો; ઝૂમ; સમુદાય.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનાં પાન વડનાં પાન જેવાં પણ મોટાં હોય છે. તેને તોરમ પ્રમાણે ફૂલ આવે છે. પાકેલ ફૂલનો રંગ લાલ હોય છે. તે ફૂલનું તેલ કાઢવામાં આવે છે.

૪. સ્ત્રી. કરોળિયાનું જાળું.

૫. સ્ત્રી. જાનીમાં ભલમનસનું ઝાડનું જાળું. જાળિયા નામે ઝોડવાનાં ત્રણ પાનમાં જરાક મીઠું નાખી વાટી પાણી આવું જાળું દૂર થવાનું કહેવામાં છે.

૬. સ્ત્રી. ગટ સમજણ નહિ તેમ અણઘા ગટ ઊકલે નહિ એવી રચના; કુટળાઈ; ફસી જવાય તેવી ગોઠવણ.

૭. જુઓ નાડીમથી.

૮. જુઓ ફાસો, મકરો, કપટજાળ; ગટકુ; પેચ

૯. જુઓ જમરડાની દોરી; જમરડો ફેરવવાની દોરી

૧૦. સ્ત્રી. માછલાં, પંખી, કૂવ વગેરેને પકડવાની છૂટા છૂટા આડાઅવળા દોરાની ગૂથણી; જાળી, વચમાં વચમાં ખાલી ફાલ્યું હોય એવું વસ્તર. જાળ નાખવી – (૧) જેમાં પ્રાણી પકડાય કે ફસાય એવું કોઈક કૈલાવવું. ફાસો કે પકડ નાખવો. (૨) પકડાય કે કાબૂમાં આવે એવી યુક્તિ કરવી

૧૧ જુઓ દાર, પંક્તિ

૧૨ ન. પીલુનું ઝાડ. તેનાં બીજને આંબણીઆ કહે છે. તેમાંથી ખાંબણ નામનું તેલ બાંધી સાબુ પીસીને કાઢે છે. તે બીજપત્તીઓ બનાવવાને ઉપયોગમાં લેવાય છે. બીજો કોકો રંગ સંબંધીના પ્રકરણમાં તેને લે છે

૧૩. વિ. ઘટ નહિ તેવું

૧૪. વિ. આંખ.

જાળક ૧. પું. જાળ કરનારો માણસ.

૨. પું. જાળવનારો પુરુષ; રક્ષક.

૩. [સં. જ્વલ્] વિ. બાળનાર

જાળખોડ (જાળખોડ) સ્ત્રી જાળાંઝાંખરા

જાળઝંઝાળી સ્ત્રી. જાળ જેવું ઝાડ; ઝાંખરાંઝાંખરી

જાળદડો (જાળદડો) પું એ નામની એક રમત.

જાળપૂળી ન. ગૂમડાનો એક પ્રકાર; અગ્નિથી દાઝવા જેવો દાહ થાય એવું ગૂમડું.

જાળરચના સ્ત્રી. જાળીઓ પાડેલી દોરી.

જાળરસ પુ. પ્રાણીઓમાં ઝીણા ઝીણા અને ઘણા જ આદિક તંતુઓની જાલીરૂપી રચના

જાળવણ સ્ત્રી. સાચવણ; જાળવવાની ક્રિયા.

જાળવણી ૧. સ્ત્રી. જાળવવા તે; સંભાળ; કાળજી.

૨ સ્ત્રી પાલન, ભરણ, સંરક્ષણ; રક્ષણ.

જાળવણી કરવા – સાચવી રાખવું; સંભાળવું, નાશ ન થાય એમ રાખવું

જાળવવાપાત્ર વિ. જાળવવું તે

જાળવવું ૧. સ ક્રિ. બગી જવું; ચોસલું; બસ કરવું, અટકવું

૨. ઉ ક્રિ. નાશ પામે નહિ તેમ સંભાળીને રાખવું સંભાળવું, સાચવવું.

૩. સ. ક્રિ. રક્ષણ કરવું.

૪. સ. ક્રિ. વિચાર અને ધ્યાનપૂર્વક કાર્ય કરવું; લક્ષ રાખીને કરવું.

જાળવાત પું. તજ્જાતની; હાથ પગનું કપટવું તે.

જાળવાળિયું ૧. ન. જાળિયું.

૨. ન. જેમાંથી અંગ દેખાય એવું આછું કપડું; ઘણું જ ઝીણું કપડું.

જાળવું [સં. જ્વલ્] સ. ક્રિ. બાળી નાખવું; જલાવી દેવું.

જાળસર વિ. જાળીવાળું ચૂલેય.

જાળા ૧. [સં. જ્વાલા] સ્ત્રી. આગ; ભડકો.

૨. ન. એક જાતનું આંખનું દર્દ.

જાળાવાળા ૧. વિ. કાણું, અંગ દેખાય એવા આછા વણાટનું.

૨. વિ. જાળની માફક અમુક ઊંચા ઊંચા તંતુઓવાળું કર્યું થયેલું; જેનું પોત ઝિલમિલ કર્યું થયું હોય એવું; જરી થયેલું; જાળવાળિયું.

જાળાં ૧. ન બ. વ. પડદા.

૨ ન બ. વ. વાદળાં.

૩. ન બ. વ. શિરા; સ્નાયુ.

જાળાં આંટવા. = બોલું બોલતાં બોચરાવું કે અચકાવું.

જાળાંઝાંખરાં ન બ. વ. જાળાં અને ઝાંખરાં; એકબીજાની સાથે ગુંચાઈ ગયેલાં ઝાંખરાંવાળા ઝોડવા અને ઝાંટવા.

જાળાંતર ન. અક્ષ.

જાળાંપાંચમ સ્ત્રી. શરદપૂર્ણિમા પછીની પાંચમ; આસો વદિ પાંચમ. તે દિવસે ઓકો ઘરની અંદર બારેક જાળાં પાડી ઘર સાફ કરે છે.

જાળિયા ૧. સ્ત્રી. એ નામની મેમજાતની એક અટક

૨ ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જાળિયાવાલા ૧. સ્ત્રી. એ નામની મેમજાતની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જાળિયું ૧. ન. એક જાતની વનસ્પતિ. એનાં પાંદડાનો રસ નાના છોકરાને પાયો હોય તો તેમની આતરડીમાં કઠણ બાઝેલી જાળ ઊઘડી થઈ નીકળી જાય. એનાં છોડ નાનાં ને પાતળાં તુલસીના છોડ જેવાં થાય છે.

૨. ન. જાળીદાર ચુમાડિયું.

૩. ન. જેમાં આડાઊભા ધાતુના કે લાકડાના સળિયા નાખેલ હોય એવી બારીમાં બેસવાનું અને પવન આવવા માટે ભીંતમાં મૂકેલી નાની બારી; જાળીવાળી બારી, ઝોકબારી.

૪. ન. ભીંત અથવા ઓપરામાંનું નાનું બાકું; મકાનમાં અજવાળા માટે મૂકેલું બાકું.

૫. વિ. જાળીવાળું; આજાં આકાંવાળા વસ્ત્રવાળું; જાળીદાર.

જાળિયો પુ. ડાકમા પહેરવાનુ એક જાળીદાર ઘરેણું.

જાળી ૧. [સં. જાલ] જી અમુક પ્રમાણથી મોટા પ્રમાણની વસ્તુ પસાર થાય નહિ એવી ગૂંથણીની બનાવટ; હવા અજવાળુ આવે પણ અણગમતી કે અણઇચ્છવાજોગ વસ્તુ આવે જાય નહિ એવી રચના.

જાળી બરવુ = નહિ ઇચ્છવા જોગ હોય તેને આવતુ અટકાવવા આકારદાર રચના કરવી.

૨. જી. ઊભા, આડા અથવા તિરકસ સળિયા ભરેલી ભારી અથવા ભીંતમાં રાખેલો તેવો અવકાશ, જે તારથી જડેલી ભારી. વચમા થોડુ, રહે એવી ગૂંથણીવાળા વાળાથી કે સળિયાથી બનતું ભારીબારણાનુ કમાડ.

જાળી મૂકવી = હવા અજવાળુ આવે એવા નાની બારીવાળી ભારી મૂકવા કે અવકાર રાખવો.

૩. જી. કંદખાનુ.

૪. જી. કેરીની ગોટલીનુ સખત પડ.

જાળી પડવી = કેરીમાં ગોટલીનુ સખત પડ થઈ જવુ.

૫. જી. જાળપી.

૬. જી. ઊભે છેડે આડઅવળાં ગૂંથેલાં કૂણાંની રચના, કૂતની ગૂંથણી.

૭. જી. તાર કે સળિયાની બાડ; આડ; આંતરો.

૮. જી. કુપડા કે ધોતિયાને છેડે વણી અને ગૂંથેલી દોરી.

૯. જી. પડ, તાર કે સળિયાની વચમાં અવકાશ રહેલો હોય એવી ગૂંથણી; છૂટી અવકાશવાળી જાત કે તરેહ; વચમાં આણું રહે એવી ગૂંથણી.

૧૦. જી. જાળને મોઢે અનાજ ન આવે તે માટે આપવાની એક જાતની ઠોબળી.

૧૧. જી જામરાની દોરી; જરિયો ફેરવવાની દોરી.

૧૨. જી. મેસુપ.

૧૩. જી. (વહાણવટું) વાંકનુ લાકડું.

૧૪. વિ. ખાનાખાનાવાળુ.

જાળીકામ ન. જાળીજાળીવાળું નકશીકામ.

જાળીડો (જાળીડો) પું. માછલા પકડનાર માણસ; માછી.

જાળીડા! નાખને જાળ, નસીબની મોય કરી,
કરમ છે કપાળ, (કે) ખોતેરલે ભરડે રીયા?
સોન-હલામણને હુહો

જાળીદાર વિ. જાળીવાળું; જેમા જાળી, ખાલ્લી કે અવકાશની જાત પડેલી હોય એવુ.

જાળીબંધ ૧. જી. એ નામની કેરીની જાત.

૨. વિ. જાળીવાળું, જેને જાળી હોય એવુ.

જાળીબારિયું ન અપરામાથી આવતુ પ્રકારનું ચાંદરણું

જાળું ૧. ન. આમતેમ આડાઅવળા તંતુ કે રેસા ગૂંથેલી રચના; જાળ જેવી ગૂંથણી.

૨. ન. આશય.

૩. ન. આખની સપાટી ઉપર આવતુ પાતળું પડ; ઝરી; આંખના ડોળા ઉપરની છારી.

૪. ન. ઓક્સીજન સાથે ગૂંથવાઈ કે ગૂંથાઈને બનેલું કોકડુ.

૫. ન. કજિયાકંકાસથી કોર્ટને કામ મળ્યા કે નહિ એવું આચરણ કરનાર માણસ. જેમકે, રીસનું જાળું.

૬. ન. કપડું કોકડુ.

જાળું ઊપડવું = મરણનો હુકારો થવો.

૭. ન. કરોળિયા અને તેની જાતનાં જીવડાંએ ગાળના તંતુઓની કરેલી ગૂંથણી, કરોળિયાનુ જાતું. પેટમાંથી કાઢેલા તાર વડે કરોળિયો આખી, મચ્છર વગેરેને પકડવાને જાળ જેવુ ઘર બાંધે છે.

જાળાં બાઝવાં = કાયમનું નહિ રહેવાથી કરોળિયાની જાળો અધકચરી જળી; બાવાં બાઝવા.

૮. ન. કાટાળા ઝાડવાનાં ડાળાં એકબીજા સાથ ગૂથાઈ જઈને બનેલુ ઢુંગલુ; નાના છોડવા ને ડાળાં વગેરેનો વણુંજ્યલો; પુરું.

૯. ન. ખજૂરી અથવા તાડનાં નવા પાતરા ઉપરનું પડ; રેસાઓનું જાળીદાર પડ.

૧૦. ન. ગૂંચ; ગૂંચવણ; જેમાથી માર્ગ જડે નહિ અને મૂંઝવાઈ જવાય એવા સ્થિતિ.

૧૧. ન. જથ્થો, સમૂહ.

૧૨. ન. જળ.

૧૩. ન. નક્ષત્ર.

૧૪. ન. પુષ્પવતા; ઋતુકાલપણુ.

૧૫. ન. પાંખા વણાટનું કપડું. કાપડમા વણાટમા આમીને સીધે એક તરફ તાણાના અને બીજી તરફ વાણાના તાર તરતા દેખાય તેને જાળુ કહે છે.

૧૬. ન. પીલુનુ ઝાડ. તેના પાન ખાવડીના પાન જેવાં પણ મોટાં અને જાડા હોય છે. તેમા તોરણ માટે કાણા આવે છે. આ ઝાડનો ફેલ ખાલ હોય છે. તેનું તેલ કાઢવામાં આવે છે.

૧૭. ન. ભ્રાંતિ; ભ્રમ. ભુલાવો

૧૮. ન. ફાંસો; પેચ; ભટકુ

૧૯. ન. ભોરડીનો નાનો જોડ

૨૦. વિ. જાળ જેવુ.

૨૧ વિ જાર્યું; જર્જરિત થયેલ.

જાળુંઝાંખરું ન. જાળુ અને ઝાંખરું; એકબીજા સાથે ગૂથાઈ ગયેલો જોડાવો.

જાળેશ્વર પુ. શહેરનુ એક નામ.

જાં અ. જ્યાં; જે ઠેકાણે, જે જગ્યાએ.

જાંઆવુ સ ક્રિ. જાણવુ

જાંખપ ૧. જી. ઓછુ તજ્જ. ઝાંખપ.

૨. જી. ગ્રહણ

જાંખરૂ ન ઘડ. પડદાંવાળું અથવા પાદડાં વિનાનું અણઘડ નાનુ સૂકું ઝાડ. ઝાંખરૂ.

જાંખવુ ૧. (સ દૃક્ (દેખ્)) સ ક્રિ. ઝાંખું કરવુ, ઉપર ઉપરથી સાધારણસાર નજર કરી લેવુ, ઉપરચાટિયુ જોવુ

૨. સ. ક્રિ. ઓછુ જોવુ, આંખને ઝાંખી કરી ભારીકીથી જોવું, નીરખવુ; ધ્યાનથી જોવુ.

૩. સ. ક્રિ. દરકાર કરવા, નજર કરવી.

જાંખાપણું ન. આછુ દેખાવુ તે, સહેજસાજ દેખાવુ તે; ઝાંખાશ.

જાંખાશ ૧. જી. ઝાંખાપ; ઝાંખાપણું; કમી તજ્જ.

જાંખાશ મારવા = બધુ દેખાતું; સ્પષ્ટ કે ખુલ્લું નહિ દેખાતું; આબુ ઝાંખવુ. તેજરહી નહિ લાગવુ

૨. જા. ફોકારો.

૩. જી. મેલાપણુ.

જાંખી જી. દરકાર; દૃષ્ટિપાત; સહેજસાજ લાગુ જોઈ લેવુ તે.

૧. જાંખી જોવુ = (૧) આખ ઊંચી કરીને જોવું. (૨) કૃપાની દૃષ્ટિએ જોવું. (૩) સંભાળ લેવા.

૨. જાંખો જોવુ = જોઈ જોવુ

જાંખીર ન. ઝાંઝવુ.

બધવતા બળીબા નહિ, જળ જાંખીર તણા.
અન અડક બધા, પારે રહ્યા પીઢના.
રત્નમાર

જાંખું ૧. વિ ઉંડી ચમુ હોય તેવુ; સ્વચ્છ ન હોય તેવુ.

૨. વિ. ઊતરી ગયેલ મોનુ, ઝાંખુ.

૩ વિ ઓછુ, કારમિદ્

૪ વિ ધીરુ, તેજરહીત.

૫. વિ સ્પષ્ટ દેખાઈ નહિ એવુ, સારુ ખુલ્લું દેખાતું ન હોય એવુ; બરોબર સાફ ન દેખાતુ હોય તેવુ

જાંગ ૧ [સ જઘા] પું. એક જાતનો ધોડો.

૨ જી. અગ, શરીર

૧. જાંગ ઉઘાડવી-ઉઘડી કરવા-ઓલવી = (૧) એબ ખુલ્લી કરવી; એબ બતાવવી. (૨) કલક બહાર પાડવુ; અપકીર્તિ થાય એવી વાત જાહેર કરવી.

૨. જંઘ નીચે નીકળતું = સેવક તરીકે રહેલું.

૪. સ્ત્રી. જંઘા; જાઘા; સાથળ; કમર નીચે પગનો ઉપરનો ભાગ. એમ મનાય છે કે જે પુરુષની જંઘ સાંબી હોય તેને ધન અને ધાન્ય મળે, આયુ લાંબુ અને મોટુ હોય તે મહાન રાજા થાય, કમર મોટી હોય તો સ્ત્રીસુખ મળે અને સંતતિ ઘણી થાય અને પગ પહોળા હોય તો નિરંતર સુખ પામે.

જંઘઅસ્થિ ન. સાથળનું હાડકું.

જંઘડ (જંઘડ) ૧. પું વાલનો અમુક જાતનો અનાજ; વાલના અનાજનું સાદ્ અનકરણ

૨. ન. કોલસાની અંદર રહેલો અને ઘણી ગરમીથી ઓગળીને રસ થઈ જમી જતો માટીનો ભાગ

૩. વિ. કીમત કરતી ન હોય, તેમ સોદો પણ કર્યો ન હોય, પણ માત્ર જોવા દેખાડવાને માટે રાખેલું હોય એવું; જોવા દેખાડવા પુરતા આપ્યા કે સોદો કર્યા સિવાય લીધેલું, આલ્યું લીધેલું કે રાખેલું; ઊધડ.

જંઘડ જેવું = માલ આપી જાય સારે પૈસા આપવા એવી શરતે લેવું.

૪. ન. ખુબ અવાજથી; ખુબ ઘેરા અવાજથી.

જંઘડવહી (જંઘડવહી) સ્ત્રી. જંઘડ માલ આપ્યો હોય તેની નોંધનો ચોપડો.

જંઘડા (જંઘડા) ૧. પું. ભાટ; બંદીજન.

૨. સ્ત્રી. વાણિયાની ચોરાશી નાતમાંની એ નામની એક જાત.

૩ ન. એ નામની વાણિયાની જાતનું માણસ

૪. વિ. એ નામની વાણિયાની જાતનું.

જંઘડી (જંઘડી) સ્ત્રી. અપભ્રંશ ગુજરાતી; ત્રિભાષા

જંઘડીભાષા (જંઘડીભાષા) જુઓ જંઘડી

જંઘડુ (જંઘડુ) પું. (સંગીત) એ નામનો એક રાગ.

જંઘડું (જંઘડું) ન. એક જાતનું ચારણ લોકોનું જૂનું ગીત.

જંઘડોપ્રહાસ (જંઘડોપ્રહાસ) પું. (ચારણી) ત્રિભાષા ભાષાનો એક રાગ.

જંઘદેશી પું. ન્યાયનો એ નામનો એક ગ્રંથ.

જંઘમદ્રવ્ય ન. એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાય એવી વસ્તુ.

જંઘર ૧. [હિં] સ્ત્રી. શરીર; દેહ; કાયા.

જંઘર તોડવી = મુજરાત માટે સખ્ત મજૂરી કરવી.

૨. પુ. સાથળ અને પગ.

૩ પું. હાથપગ.

૪. સ્ત્રી. અવયવોનો સમૂહ.

૫. સ્ત્રી. શક્તિ.

૬. સ્ત્રી. સિંચણની ભૂમ; ક્યારી.

જંઘાલ ૧. [સં.] પું. એ નામનો મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તે કુરુક્ષેત્રના પશ્ચિમ ભાગે આવેલો છે. એનું કુરુજાંગલ નામ પ્રસિદ્ધ છે. એ દેશનું મુખ્ય શહેર અહિચ્છત્ર હતું. જાંગલ એ ઉત્તર પાંચાલનું બીજું નામ હોવાનું મનાય છે

૨. પુ. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં છગણ ગુરુ અને બીજા લઘુ મળી છવ્વીસ વર્ણ હોય છે

૩. પું. કબ્જિયા પક્ષી; તેતર.

૪ પું. જે દેશમાં વરસાદ બહુ કમ હોય, ગરમી વધારે હોય તથા લીલાં વૃક્ષ, ઘાસ વગેરેનો અભાવ હોય એવો દેશ.

૫. પુ. રણપ્રદેશ.

૬. ન. જાંગલનું પાણી.

૭. ન. જાંગલી પશુનું માંસ

૮. ન. હરણ વગેરે પશુ.

૯. વિ. જાંગલ દેશનું રહેવાસી

૧૦. વિ જાંગલમય; વનપ્રાય; જાંગલી; જાંગલમાં હોનાર કે થનાર

જાંગલજંડી સ્ત્રી દુર્ગાદેવીનું એક નામ. તેની મૂર્તિ ઉજ્જૈન નામના પીઠસ્થાનમાં છે.

જાંગલજ્વર [સં.] પું. ટાઢિયો તાવ

જાંગલદેશ ૧. [સં.] પું. ઓછા પાણીવાળો, થોડાં ઝાડવાળો અને પિત્ત તથા લોહી બગાડના ઉપદ્રવવાળો દેશ. તેનું પાણી સ્વાદે ખારું કે ખાંડું, પાચન કરવામાં હલકું, પથ્ય અને ઘણા વિકારોને મટાડે છે

૨. પું. મારવાડ દેશ.

જાંગલપથિક ૧. [સં.] વિ. જાંગલ દેશને રસ્તેથી આવેલું

૨. વિ જાંગલ દેશમાં જનાર.

જાંગલપ્રાણી [સં] ન જાંગલનું પ્રાણી. જેવા કે, હરિણ, કુરંગ, ઋષ્ય, ગવય, ખંડુ, સંભર, રાજીવ.

જાંગલમાંસ [સં.] ન. જાંગલ, બિલસ્થ, ગુહાસ્થ, ખર્ણમસ, વિષ્કિર, પ્રતુદ, પ્રસહ, ગ્રામ્ય એટલી જાતનાં પ્રાણીનું માંસ.

જાંગલિ ૧. [સં.] પું વિષવૈદ્ય; સાપનું ઝેર ઉતારનાર માણસ.

૨. પુ સાપ પકડનાર માણસ; મદારી; બાજીગર.

જાંગલિક જુઓ જાંગલિ

જાંગલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલિકારી; ઈંદ્રપુષ્પિકા; વિષલાંગલા.

૨. સ્ત્રી કપિંજલ પક્ષિણી.

૩. સ્ત્રી સાહેબ લોકની સ્ત્રી.

૪. વિ સ્ત્રી. જંગલા જેવી.

જાંગલીવિદ પું. ઝેર પારખનાર વૈદ્ય.

જાંગલુ [હિં.] વિ. જંગલી; જંગલનું.

જાંગલું ન. ખંધિયો, કેડથી બાંધ સુધીનો ભાગ ઢંકાય તેવું પહેરણ; તંજિયો; બગોઠ; બડી.

જાંગલો સ્ત્રી. ભરાણી બાંધાની એ નામની એક કાંબી જાત.

જાંગલ્લા ૧. [સં જંગલ] પું. અંગ્રેજી પોશાકમાં પહેરતો દેશી માણસ

૨ [અં. એગલ] પું. ખૂણો.

૩ પુ. મોરા વર્ણનો ઠંડા દેશનો રહેનારો માણસ; બરફિયન; મોરો; અંગ્રેજ.

૪ પું જંગલનો રહેનારો; જંગલી માણસ.

૫. પું. ઢંગ વગરના પહેરવેશવાળો ફિરંગી.

જાંગળી જુઓ જંગલ.

જાંજાલી પું. સુતરાઉ કાપડનો એક રંગ.

જાંઝિયું ૧. ન. કમરથી જંઘ સુધીનો ભાગ ઢંકાય એવું કપડું; કુસ્તી વખતે પહેરવાનો ચડ્ડી. તે સાથળના ભાગમાં ઘણી જ બંધબેસતી અને અપોષ હોય છે.

૨. ન. પાણીની જાંગીનો તફિયો.

૩. ન. સુતી વખતે બે પગની વચમાં અથવા પગની નીચે રાખવાનું ઓશીકું

જાંઝિયો પું. જંઘ ઢંકાય એવી કુસ્તી કરનારાઓને પહેરવાની ચડ્ડી; કમર અને જંઘને બેસતી આવી રહે એવી ટૂંકી સંધણી; તંજિયો.

જાંઝિલું વિ. જાંબી; મોટું.

જાંગી ૧. સ્ત્રી. પાણીની ખાટલીમાંથી બળદને જોડવાની પોંખરી પુરી પ્રવેશ લાકડું.

૨. સ્ત્રી. ચિયોડાની સરના માથા ઉપર નાખવાનું લાકડું; ચિયોડાનું મુખ્ય લાકડું.

૩. સ્ત્રી. ચીયરો; ચીયોડો; એક જાતની દેશી રમત. આશરે હાથ જાડું અને દસબાર આંગળ લાંબું એવું એક ગોળ લાકડું લઈ તેને એક હાથ ઊંડું જમીનમાં ઠાટે છે અને ત્રણેક હાથ બહાર રહેવા દે છે તેને ઉપરને છેડે બણી રાખે છે. બીજું એક લાકડું આશરે હાથ લંબાઈનું લઈ તેની વચ્ચોવચ્ચ ઊભા લાકડાની અણીમાં આવે એવું એક કાણું પાડે છે. એ કાણું આરપાર નહિ પાડતાં અર્ધેક સુધી રાખે છે. પછી તે લાકડાને તે ઊભા ઠાટેલા લાકડાની અણી ઉપર

ફેરવાય છે. આ આખું લાકડું બીજા લાકડા ઉપર ગોળ ફરતું રહે એમ બેસતું આવતું બોર્ડ્સે. આ પ્રમાણે જે તૈયાર થાય તે જાગી કહેવાય છે, અને તે વડે છોકરાં રમે છે. બે જણ આડા લાકડાને બે છેડે એવી રીતે બેસે છે કે તે લાકડું સમતોલ રહે. પછી તે બે જણને બીજાં બે છોકરા ગોળ ફેરવે. કેટલાક આંટા ફેરવ્યા પછી ફેરવનારાં છોકરાનો જાંગી ઉપર બેસવાનો વારો આવે અને તેમને બીજાં બે છોકરા ફેરવે. આ પ્રમાણે થોડે સાસુધી રમે અને પછી બંધ કરે. ઘણુંખરું આ રમત ભાદરવા માસમાં છોકરીઓનાં જાગરણ તથા ગોઝારાં બેસતાં વખતે રમાય છે.

૪. જુઓ. કેતેહનો વગાડવામાં આવતો ઢોલ.
જાંગીનું રેવું = વિજયનો ઢોલ વગડાવવો.

૫. જુઓ. મોટો ઢોલ, નગારું.

જાંગીઢોલ જુ નગારું; મોટો ઢોલ.

જાંગીઆડું ન. જાંગીમાં ફેરવેલા આડા લાકડામાં રાખેલું પોલાણ.

જાંગીડું ન. મોટો ઢોલ; નગારું.
પરબ્રહ્મ ઉપર પ્રીતડી, હવે જાંગીનાં વાજાં
શામળા

જાંગીહરડે (જાંગીહરડે) જુઓ. એક જાતનું કરિયાતું; મોટી હરડે.

જાંગુલ [સં.] ન. ઝેર.

જાંગુલિ [સ.] જુ. વિષવૈદ્ય; ગારુડી; સર્પનો મંત્ર જાણનાર માણસ.

જાંગુલિક ૧. [સં.] જુ. ચાદી લોક.
૨. જુ. વિષવૈદ્ય.
૩. જુ. સર્પ પકડનાર.
૪. જુ. સર્પદંશનું ઝેર મંત્રથી ઉતારનાર માણસ.

જાંગુલિમંત્ર [સં.] જુ. નાગને વશ કરવાનો મંત્ર.

જાંગુલી ૧. જુ. સર્પ પકડનાર માણસ.
૨. જુ. સર્પદંશનું ઝેર મંત્રથી ઉતારનાર માણસ.
૩. જુ. સર્પના વિષનો વૈદ્ય.
૪. જુઓ. કહેવત.
૫. [સં.] જુઓ. ઝેર ઉતારવાની વિદ્યા; વિષ વિદ્યા; ઝેરનું જ્ઞાન; ગારુડી વિદ્યા.

જાંગુલીક જુઓ જાંગુલિક.

જાંગુલીચિત ૧. [સં જાંગુલીચિત્] જુ. અપચિકિત્સક; ધોબા માટે તૈયાર કરેલો ખોરાક ખાનાર.
૨. જુ. ઝેર પારખનાર માણસ.

જાંઘ [સ. જંઘા] જુઓ. કમરનું હાડું અને પગનો નળો એ બેની વચ્ચમાનો અને ઢીંચણની નીચેનો અને ઘૂંટણની ઉપરનો ભાગ માંસવાળો ભાગ; જબા; સાથળ; સાપો; જંઘ.

૧. જાંઘ ઉપરની ખોલરી = કોઈ બહાર પાડવું; એમ બહાર પાડવું.

૨. જાંઘના યોગ્ય ભાગ = કાનની ઉપરનો માંસવાળો ભાગ, સાથળ, જંઘા

જાંઘન ન. જાંઘ ઉપર બેસી કરાતું આલિંગન.

જાંઘરક્ષક [સ.] ન. સાથળનું રક્ષણ કરનાર સાધન.

જાંઘિક ૧. [સ] જુ. ઘંટ.
૨. જુ એક પ્રકારનો મૃગ, બીકારી.
૩. જુ. પ્રસાદ; બક્ષીસ.
૪. જુ. જેની બાષ્ટવિદ્યા બહુ દોડવા બાદિથી માલતી હોય તેવો માણસ.
૫. જિ. હુતનું કામ કરનાર.
૬. જિ. દોડનાર.

જાંઘિકરેનાયુ [સં.] જુ. જાંઘનો મુખ્ય સ્નાયુ. આ સ્નાયુ શરીરના બીજા બધા સ્નાયુઓ કરતાં મોટો છે. તેના કપાવાથી પગ નકામો બની જાય છે અને તેની સ્થિતિ પક્ષાઘાતના રોગ જેવી થાય છે. આનું બીજું નામ સંમિલિત સ્નાયુ છે, કારણ કે આ સ્નાયુ અનેક કામ કરે છે. રબરનો, પીડા, દાબ, તાપ, શીત બાદિની પણ ઉપર જે અસર થાય તે વાત આ સ્નાયુ મારફત મગજને પહોંચે છે. આ જ પ્રમાણે મગજમાંથી આવતા હુકમો પણ આ સ્નાયુ મારફત લક્ષ્ય સ્થાનને મળે છે.

જાંઘિયો જુ. કૂતરાની કરતબાજોને પકડવાની લાકડી; કમર અને બાથને બેસતી આવી રહે એવી ટૂંકી સુથણી; તબિયો; લંગોટ.

જાંઘિલ ૧. [હિં.] જુ. એક જાતનું પક્ષી. તે પક્ષી નીચે તરે છે અને માથું અને ગરદન પાણી ઉપર બતાવે છે. વરસાદ વખતે ઝાડમાં માળા બાંધે છે અને લાંબા સફેદ ઈંડાં મૂકે છે. તેનાં પીળાં લાંબાં અને કાળાં બગકાટ કરે છે અને વચમાં સફેદ લીટી હોય છે.
૨. જુ. બગલું.

જાંચ ૧. [હિં.] સ્ત્રી. બડસટો; કલ્પના.
૨. સ્ત્રી. બાકડી
૩. સ્ત્રી. કસોટી, પરીક્ષા.
૪. સ્ત્રી. મવેષણા; શોધ; તપાસ.
૫. સ્ત્રી. બચના.
૬. સ્ત્રી. સોના બાદી ઉપર કયારે ભેળસ તે બતાવવાની સિક્કા ઉપરની બાકૃતિ.
૭. સ્ત્રી. સાબિતી.
૮. ન. બાજ.

જાંચતલાસી સ્ત્રી. તપાસ

જાંચવું ૧. [હિં.] સ. ક્રિ. તપાસ કરવી.
૨. સ ક્રિ. પરીક્ષા લેવી.
૩ સ ક્રિ. સત્ય,સત્વનો કે યોગ્ય,બાજ્યનો નિર્ણય કરવો.
૪. સ. ક્રિ સાબિત કરવું.

જાંચાહુકમ પુ. પરિદર્શન બાજ્ઞાપત્ર, તપાસનો હુકમ.

જાંજરું વિ જાગરાવાળા જેવું; જાળા જેવું.

જાંજલિ પું. એ નામનો એક બાંધ.

જાંજાળ જિ. મોટું, ભયંકર.

જાંટ ૧. સ્ત્રી. ગુજ્ય ભાગ ઉપરના વાળ.
૨. [સં. જટા] સ્ત્રી. બકરાંના વાળ; બકરાના વાળની દોરી.
૩. સ્ત્રી. લાકડા કે લાકડામાં જડેલું કૂદકું, ચકરી.
૪. સ્ત્રી. લોઢાના બીજા વડે લાકડાના જેવા કે લોઢાના કકડાના બે જેવા સાંધી બીજો ટીપવો તે; જટ.

જાંટલમેન [બં. જેન્ટલમન] જુ. સદ્‌ગૃહસ્થ.

જાંટિયા ૧. સ્ત્રી. એ નામની કઠણ તથા બાદિરની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. જિ. એ નામની બટકનું.

જાંટું ૧. ન. ગુપ્તેંદ્રિય પાસેના વાળ.
૨. [સં. જટા] ન. બકરાના વાળ.

જાંઠ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં દોરડાં બને છે

જાંડુ વિ. (બ્રા. ગુ.) પ્રવીણ.
જેસો વાત જેવ જે જાંડુ,
ઉદયવત ઉ મૂરતિ બાજ
ગાવદયસમય

જાંત ૧. [સં. યંત્ર] સ્ત્રી. અનાજ દળવાની પથ્થરની બટી.
૨. સ્ત્રી. ચણીને ઉદાલ્યા પછી નકર બનાવવા માટે લાવવાનું પ્રેસ.
૩. સ્ત્રી. પાણી બાવવા માટે ઊંચાઈવાળા સ્થાન ઉપર મુકાતું વજન.

જાંતર ન. બાજાની પીંજણીને બાંધવાનું દોરડું.

જાંતા ૧. [સં. જન્] જુ. બાળક.
૨. જુઓ જાંત.

જાંતાવ [સ. યાવત્ તાવત્] બ. (બ્રા. ગુ.) બ્યાસુધી સાસુધી.

જાંદર સ્ત્રી. જાનવરડી; જાંદરણી.

જાંદરણી સ્ત્રી. ઘર ખરાબવવા તેની સાથે મળેલી બોબોમાની દરેક; જાનવરડી.
જેડે જાંદરણી મળી,
જોડે જેવા જ સરખી. નવલરામ

જાંબ [સં. જમ્બુ] પું. (જૂ. ગુ.) જીરાયું.
પાય જાંબ કર દો હો અબ,
મસ્તકિ પૂજ્ય બોલી સબ. વાલ્મીકિરામાયણ

જાંબરીન પું. જમ્બાઝ્યે બેસનાર પુરુષ; સાદીપતિ.

જાંબિસાર [ફા.] વિ. જીવનના; પ્રાણ પાથરનાર; જીવ દેનાર; જાન કુરબાન કરનાર.

જાંબી સ્ત્રી. સિયામાં અને ફ્રાન્સમાં છપવાના યંત્રમાં ફ્રાન્સ ઉપાડનાર લાકડાના દાંતાવાળી અણી.

જાંબૂરોગ [ફા.] પું. વીર; બાંકો; બહાદુર માણસ; બહાદુર પુરુષ.

જાંબ્રિયાની [ફા. જાં (જીવ) + અફ્શાનદન (ઘાટવું)] સ્ત્રી. કુરબાની.

જાંબ ૧. [સં. જમ્બા] સ. એક જાતનું ફળ; જાંબુ.
૨. સ. એક જાતનું વૃક્ષ. જાંબની બાટા જાંબ અને મલાબારી જાંબ એમ બે જાત છે. બાટા જાંબનાં ઝાડ ઊંચાં હોય છે. તેનાં ફૂલ રાતા, ફળ મોળા અને મોટાં હોય છે. ફળ આગસ્ટ અને પોષ માસમાં થાય છે. મલાબારી જાંબનાં ઝાડ ઊંચાં વધતાં નથી. એને મોળા ફૂલ આવે છે. ફળનો રંગ પીળો હોય છે. તે મલાબાર બેટમાં થાય છે. તેમાંથી સુગંધ નીકળે છે.

જાંબખ સ. જાંબુ; રાવણ.

જાંબજ જુઓ જાંબખ.

જાંબલી વિ. જાંબુના રંગનું.

જાંબવ ૧. [સં.] સ. જાંબુડાનું ફળ.
૨. સ. જાંબુમાંથી બનાવેલ શરાબ.
૩. સ. સુવર્ણ.
૪. વિ. અંધકાર.
૫. વિ. જાંબુડાનું; જાંબુડા સંબંધી.

જાંબવત [સં. જામ્બવત] પું. (પુરાણ) બ્રહ્માના બગાસામાંથી ઉત્પન્ન થયેલો રીંછોનો એ નામનો રાજા; વાનરરાજ; જાંબુવાનો વાલીનો એક મોટો પરાક્રમી સરદાર; સુગ્રીવનો એ નામનો મંત્રી. રામને લંકા ઉપરની સવારીમાં વાનરો સાથે રહી એણે મોટી સહાય આપી હતી. આ રામાવતારનો જાંબવાન કૃષ્ણાવતાર સુધી જીવતો રહેલો હોય કે એ જ નામનો બીજો જાંબવાન હોય, પરંતુ યાદવ સત્રાજિતના ભાઈ પ્રસેન પાસેથી જાણીતો સ્યમંતક મણિ મેળવવાને કૃષ્ણને જાંબવાન સાથે યુદ્ધ કરવું પડ્યું હતું એમ ભાગવત વગેરે પુરાણમાં છે. કૃષ્ણ સાથ લડતાં તેને ખાતરી થઈ અને તે સમજ્યો કે જેમ જાણી તેણે પછી જાંબવતી નામે પોતાની કન્યા અને મણિ બે જ તેમને અર્પણ કર્યાં.

જાંબવતી સ્ત્રી. (પુરાણ) રીંછના રાજા જાંબવતની પુત્રી. તે કૃષ્ણની અષ્ટનાયિકાઓમાંની એક હતી. તેને સાંબ વગેરે દસ પુત્રો હતા. ભાગવતમાં લખ્યું છે કે જ્યારે કૃષ્ણ સ્યમંતક મણિ શોધવા જાંબવાં ગયા હતા ત્યારે ત્યાં તેમણે જાંબવાનને હરાવી તેની પાસેથી તે મણિ મેળવ્યો હતો અને તેની કન્યા જાંબવતી સાથે વિવાહ કર્યો હતો.

જાંબવર્તીજય સ. એ નામનું એક કાવ્ય.

જાંબવવિજય સ. જાંબુઝરિયની હરેક મોટી પાંખડી ઉપલી બાજુમાં આવેલું એક છિદ્ર. તેમાં થઈને પાયની નાઈની પાતળી સાપા નીચલા જાંબા તરફ જાય છે

જાંબવંત પું. જાંબવાન.

જાંબવાન પું. (પુરાણ) રામની સેના આદેનો એ નામનો એક વાનર. એ ગાયદનો પુત્ર હતો. એના મોટા ભાઈનું નામ પૂમ હતું જુઓ જાંબવત.

જાંબવા ૧. પું. એક જાતનો જાંબુડા રંગનો બળદ.
૨. પું. બળદનો એક દાંતીનો; જાંબુ જેવા આકારના ઢબ્બાવાળો દાંતીનો

જાંબવોષ્ઠ [સં.] સ. વૈદ્ય પ્રસિદ્ધ એક દહન ઉપકરણ

જાંબણું વિ. જાંબુના રંગનું

જાંબાજ ૧. પું. બહાદુર; વીર પુરુષ.
૨. વિ. ખૂબ મહેનત કરનારું.
૩. વિ. જીવની પણ દરકાર નહિ કરનારું.

જાંબુ ૧. પું. ઝાંખો રતૂમડો રંગ.
૨. સ્ત્રી. એ નામની એક નદી. તેમાંથી સોનું નીકળતું એમ મનાય છે.
૩. સ્ત્રી. બાવળની એ નામની એક જાતિ.
૪. સ. એ નામની જાતિનું માણસ.
૫. સ. મરમ દેશમાં થતું એક ઝાડ. તેની બે જાત થાય છે. એકને રાનજાંબુ અને બીજાને બદામજાંબુ કહે છે. આ બંને જાતોનાં વૃક્ષની છાલ, પાન તથા બીજ બાંધી તરીકે ખાજ દવાઓ સાથે ઝાડા તથા મરડાની ઉપર અપાય છે. તેનાં પાનની પોટીસ વીંછીના દંશ ઉપર બાંધી કરે છે. એનાં પાન ઓરસલીનાં પાદડાં જેવાં હોય છે. આ ઝાડ નદી કિનારે પોતાની મેળે ઊગી નીકળે છે, પણ ઘણેભાગે ફળઝાડ તરીકે વાવવામાં આવે છે. તેના સંતરાં આઠ દસ આંગળ લાંબાં, બાર આંગળ પહોળાં, બહુ મીઠાં, દળદાર અને તેજદાર હોય છે. વૈશાખ જેઠમાં તેને મોર આવે છે, જે ખરી ગયા પછી ગુચ્છામાં સંસ્કાર જેવડાં ફળ દેખાય છે. તે વધીને બે ત્રણ આંગળ લાંબા ભોરના આકારનાં થાય છે. વરસાદ બેસતાં તે ફળ પાકે છે. પાકે ત્યારે પહેલાં તેનો રંગ રીંગણાં જેવો અને પછી બહુ કાળો થાય છે. ફળનો સ્વાદ તૂરાશ પડતો મીઠો હોય છે. ફળની અંદર એક ઠળિયો હોય છે. તે બહુમૂત્રના રોગ ઉપર બહુ લાભકર્તા મનાય છે. બાંહ લોકો જાંબુના ઝાડને પવિત્ર માને છે. જાંબુના ઝાડનું લાકડું પાણીમાં સડતું નથી તેથી તે મકાન બાંધવાના તથા ખેતીનાં ઓજાર બનાવવાના કામમાં આવે છે. બાગમાં વાવેલ જાંબુના ફળને રાય જાંબુ કહે છે. રાનમાં જે ઝાડ થાય છે તેનાં ફળ નાના અને ખાટાં લાગે છે. બાગમાં જે ઝાડ થાય છે તેનાં ફળ મોટા અને મીઠા થાય છે. જાંબુની છાલ દાઢી અને મુખદાયક મનાય છે. જાંબુના ઝાડમાં પાણી સ્વચ્છ કરવાનો મોટો ગુણ છે. તળાવમાં સેવાળ વગેરે થઈ હોય તો તેમાં જાંબુનાં ઝાડનાં નાખવાથી પાણી સ્વચ્છ થાય છે. હિંદુસ્તાની વૈદ્યો જાંબુના બીજને સૂકવી ચિરંજ બનાવે છે તે પેટની પીડા નાશ કરનાર તથા પેશાબ વધારનાર છે. આ ઝાડ તૂરું, મારક, મધુર, પાચક, મલસ્તંભક, રક્ષ તથા રુચિકર મનાય છે અને પિત્તનાશક, દાહનાશક તથા કોને હિતાવહ, તેમ જ કૃમિ, શ્વાસ, શોષ, અતિસાર, હ્રાસ, રક્તદોષ, કફ, તથા વણનાશક મનાય છે.
૬. [સં. જમ્બુ] સ. જાંબુડીનું ફળ. આ ફળ તૂરાં, ખાટાં, મધુર, શીતળ, કફ્ય, રક્ષ, મારક, કેટકૃપક, મલસ્તંભક તથા વાતકારક અને કફ, પિત્ત તથા રક્તવિકારનો નાશ કરનાર મનાય છે. જાંબુની જુદી જુદી જાતો:- રાયજાંબુ: મધુર, ઉષ્ણ, તૂરું તથા મલસ્તંભક છે અને શ્વાસ, શોષ, શ્રમ, મુખભંગ, અતિસાર, કફ તથા ઉપરસ મટાડે છે. જાંબજાંબુ: તૂરું, શીત, કફવું, ગુરુ, પાકકાળે મધુર, ખાટાં, પુષ્ટિકર, મારક, વીર્યવર્ધક તથા બલકર છે અને શ્રમ, દાહ, અતિસાર, રક્તદોષ, કફ, પિત્ત તથા વણ મટાડનાર મનાય છે. બુધજાંબુ: તૂરું, ત્રિય, મધુર, વીર્યપ્રદ, મારક તથા પુષ્ટિપ્રદ છે અને કફ, દાહ, તૃષા તથા રક્તરોગ મટાડે છે. ફળના ગુણ રાયજાંબુના ફળના જેવા જ છે. મોટા જાંબુ: ઉપયોગી અને ખાટા છે. જાંબુ રેણો: આ ફળ નાનાં ખટમીઠા બાજરા નામે ઓળખાય છે. જાંબુ પાસ: આ ફળ મોટા કાળા રંગનાં અને ખાવામાં મીઠાં થાય છે. ગુલાબ જાંબુ: આ ફળ મીઠા ગુલાબ જેવાં સ્વાદિષ્ટ છે. સફેદ જાંબુ: આ ફળ સફેદ રંગના દાણા જેવાં સ્વાદે મીઠા થાય છે.

૭ ન જગવાનના જમણા ચરણારવિંદમા જાકની ઉપરનું એક જનનું ચિહ્ન.

૮. ન. માવાની બનની એક જાતની મીઠાઈ.

૯. વિ એ નામની જાતિનું.

જંબુઆ પું. એક જાતનો રંગ

જંબુક ૧. [સ. જમ્બુક] પુ.; ન. સિયાળ.

૨. ન. એક જાતનું ભૂત.

જંબુડિયા (જંબુડિયા) ૬. જી. કુમાર, કોળી તથા મેમણની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું

જંબુડિયું (જંબુડિયુ) વિ જાંબુના રંગનું; જાંબુ જેવા રંગનું; જાંબલી.

જંબુડી (જંબુડી) ૧. જી. કાળી જાબ

૨ જી. જાંબુનું નાનું ઝાડ.

૩. જી. બાળકના હાથમાં આપવાનું કાથીદ૨ ન કે લાકડાનું એક રમકડું; બાવલી. એ મૂઠી જેવડી અથવા જરા વધારે લાંબી હોય છે.

૪. વિ. જાંબુના રંગનું.

જંબુડું (જંબુડ) ૧. ન. એક જાતની બાવાની બનતી મીઠાઈ.

૨. [સં. જંબુ] ન. જાંબુ; જાંબુડીનું ફળ. જાંબુનાં ઝાડ મોટાં થાય છે. કાઠિયાવાડ, ગુજરાત અને આખા હિંદુસ્તાનમાં જાંબુનાં ઝાડ થતાં થાય છે. કાળી જમીન જેમાં ઊનાળામાં ફાટ પડે તેમાં જાંબુનાં ઝાડ થતાં નથી જાંબુના તાજા ઠળિયા જેવા અગર અથાડમાં ક્યારા કરી એક વેંત દૂર રોપાય છે. બબ્બે વરસે રોપા કાયમની જગાએ બાવવા લાયક થાય છે. રોપા ૩૦ ફૂટને અંતરે વવાય છે તે માટે બાડા ત્રણ ફૂટ ઊંડા ને બે ફૂટ પહોળા કરી તેમાં કાચલા, કાંટા, કેટાળા વગેરે નાખી, બાળી ને પછી તેમાં જાંબુનું બગતિયું બાતર તથા નદીનો કાંપ ભરીને તેમાં રોપા રોપવામાં આવે છે. દર વરસે ચોમાસામાં બાતર ગોઠ કરી નાખતા જવું. પહેલા પાંચ વરસ સુધી બાતર નાખવાથી ઝાડ બહુ જોરમાં આવે છે ને જાંબુ બહુ મીઠા થાય છે. બાબા પછી દર વરસે તેમાં ફળ આવે છે. જાંબુના રોપ કરી તેને ઉત્તમ જાતનાં મોટાં ફળવાળા રાયણની કલમ ચડાવવામાં આવે તો તેમાં નાના ઠળિયાનાં વખારે ગર્ભવાળાં મીઠાં રાયણાં થાય છે. જાંબુના ઝાડને દર દશ દિવસે પહેલાં પાંચ વરસ સુધી પાણી પાવું પડે છે અને પછી સગવાની જરૂર રહેતી નથી. એક ઝાડ ઉપર પંખી તથા પવનથી નુકસાન જતાં પણ આશરે દશ પંદર મણ રાયણાં સગવાડ રાખવામાં આવે તો ઊતરે છે.

૩. વિ. જાંબુના રંગનું

જંબુડો (જંબુડો) ૧. પું. જળાશયની પાસે થતું એક મોટું ઝાડ; જાંબુવૃક્ષ. તેનાં પાન સાંકડાં અને લાંબાં હોય છે અને ચોમાસાની શરૂઆતમાં બારેક જેવડાં અને ઉપરથી લાલ ફળ થાય છે. જાંબુડો ઘણુંખરું બહુ ભેજવાળી જમીનમાં ઊગે છે નદી કિનારે કે તળાવ ઉપર સામાન્ય રીતે તે હોય છે. તેનાં પાંદડાં ઓગળીનાં પાંદડાં જેવાં હોય છે. તેને વૈશાખ અને જેઠ માસમાં ફળ આવે છે.

૨. પું તજના જેવો રંગ. ઘેરો આસમાની રંગ

૩. વિ. પું. ઘેરા આસમાની રંગનો; જાંબુડાના રંગનો

નદીના વાસને ચોરેલા મીઠાના પદાર્થમાંથી પહેલા નદિ જાંબુડો નિલો જાંબુડો રંગ બનતો હતો
પ્રા.તત્ત્વ

જાંબુદ્વીપ પું હિમાલયથી નર્મદા નદી સુધીનો પ્રદેશ

જાંબુનદ [સ. જાંબૂનદ] ન. સોનું.

જાંબુપ્રસ્થ ૧. જી. ગાયકવાડી એ નામની એક જાત

૨. ન. એ નામની ગાયકવાડી જાતનું માણસ.

૩. વિ એ નામની ગાયકવાડી જાતનું.

જાંબુકોળી ન. સિયાળ

કયા ભોગમાંને જાંબુકોળી.
નિરાશકીને જાંબલ રક્ષાણ
સહજાનંદાખ્યાન

જાંબુર જી. ભેંસ

જાંબુરજળી ન. ભેંસનું દૂધ

જાંબલ ૧ [સ.] ન. જાંબુ.

૨. વિ. જાંબુના રંગનું

જાંબુલિંબ પું. એક જાતનું ફળ; જાંબુ.

જાંબુલિતીત વિ ઉપજાંબુલ; 'જાહ્યા વાળોલેટ'.

જાંબુલિપ્ય ન. ભોરની જાતનું એક ફળ.

જાંબુવતી ૧ જી. એ નામની એક નદી. તે પ્રયાગની દક્ષિણે વહે છે.

૨. જી. કાળા રંગની ગાય; ગામણી ગાય.

૩. જી. શ્રીકૃષ્ણની એ નામની એક પટરાણી; કૃષ્ણની આઠ માંહેની એક મુખ્ય રાણી.

જાંબુવરણી વિ. જાંબુના રંગ જેવી કાળી.

જાંબુવંત જાઓ જાંબવાન.

જાંબુવંતી જી. પ્રાચીન હિંદી કુસ્તીનો એક પ્રકાર. રીંછરાજ જાંબુવાનની પકડ ઉપરથી તે ચાલેલો મનાય છે. આ પકડના દાવ કરવામાં પેનરા બદલવાનું અને નાચવાનું વિશેષ કામ હોવાથી ચોલા ચોટોની કુસ્તી આ પરંપરાની હોવાનો સંભવ છે.

જાંબુવા ન. ઢોકળું એક ઘરેણું

જાંબુવાડિયું (જાંબુવાડિયું) ન. જાંબુના ઝાડની વાડી.

જાંબુવાડી (જાંબુવાડી) જી. જાંબુના ઝાડની વાડી.

જાંબુવાન પું. રામની સેનાનો એ નામનો એક વાનર.

જાંબુવાનની ગુફા ન પોરબંદરથી ઈશાને નવ માઈલ અંતરના કેમરમાં આદિત્યાણા ગામ પાસે આવેલી એ નામની એક ગુફા. ત્યાં પોરબંદરી પથ્થરની ખાણો છે

જાંબુવાલિકા જી. વડોદરા પાસે આવેલ જાંબુવન નામનું પ્રાચીન નામ.

જાંબુવો પું. ઝાડનું એક ઘરેણું.

જાંબુળો પું. (બોલી) જાંબુડો.

જાંબૂ જી જૈન મત પ્રમાણે ૮૪ માંહેની એ નામની એક જાતિ.

જાંબુક જુઓ જાંબુક.

જાંબૂકું (જાંબૂકું) વિ. નીલમતા; જાંબુના રંગનું.

જાંબૂનદ ૧. જી. હોલુજડા નદી. તેમાંથી સોનું જડે છે.

૨ ન ધતૂરો

૩ [સં.] ન. સોનું; જાંબૂ નદીમાંથી જડતું સોનું મેરુપ્રદર પર્વત ઉપરના જાંબુનાં વૃક્ષનાં ફળોના રસથી વહેતી જાંબૂ નદીના બંને કાંઠાની માટી એક જાતના સોના જેવી છે ને તે દેવલોકના નિત્ય અલંકારરૂપ થાય છે.

જાંબૂ નદીના બંને કાંઠાની જે માટી છે તે જાંબુના રસથી મળીને વાયુ અને સૂર્યના સંયોગથી પાકતાં તેમાંથી ઈશ્વરે બનાવેલું જાંબૂનદ નામનું સોનું થાય છે
ભાગવતીકાગવત

જાંબુનદી જી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

જાંબૂનદેશ્વરી ૧. [સ] જી. એ નામની એક દેવી.

૨. જી એ નામની દેવીનું સ્થાન.

જાંબૂવંતીજય પું. પાણિનિએ આકરણ સંબંધી કાર્યમાં રચેલ એ નામનો એક ગ્રંથ.

જાંબેડારા [હિં.] જી. જડબાંનો દાંત; ચાવવાનો દાંત; દાઢ.

જંબો ૧. પું. એક જાતનું જંગલી ઝાડ.
૨. પું. સલામ

જંબોષ્ઠ [સં.] પું. પ્રાચીન કાળનું એક નાનું અસ્ત્ર. તે વડે કોલસા વગેરેનું દહન કરવામાં આવતું હતું.

જંબોસ ન. એક નાનું ઝાડ. આ ઝાડ ખાસકરીને બેજવાળા પ્રદેશમાં ઊગે છે.

જંભુલ ન. જાણ.

જંભૂળ ૧. ન. એક જાતનું લાકડું. આ જાતનું લાકડું આંધા લાકડા તરીકે વપરાય છે.
૨. ન. જંભુડાનું ફળ; જંભુ.

જંભેકર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જંભોગુહપત્રી પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. તેના પાનની કોર કરવતના દાંતા જેવી કાંટાવાળી હોય છે. એનાં મૂળ ચાટી જેવાં જનાવરોના દંશ ઉપર ચોપડવામાં આવે છે.

જંભયા ન. ન. ન. બગાસું.

જંભલગી ૧. અ. જે જગ્યા સુધી.
૨. અ. જે વખત સુધી.

જંબ ૧. [હિં.] ન. એક જ ઉદરમાંથી જન્મેલ હોય તે.
૨. વિ. જોડેલ.

જંબલ્લા સ્ત્રી. બળૂરીના પાંદડાની જેમની સાદડી.

જંસુખી જુઓ જાંબુખી.

જંસો ૧. પું. કપડો.
૨. પું. પ્રહાર.
ભોંઠપાસ્યા ભાર માટે, આપ્યુ કરે ઘણા જંસા.
પ્રેમાનંદ

જાંહાં અ. જ્યાં. જ્યાં-જ્યાં અધિકરણવાચક રૂપો હોઈ જ્યાં રૂપના પર્યાય છે. ઉલ્લું રૂપ જૂની પ્રાકૃતમાંથી અપભ્રંશમાં અને અપભ્રંશમાંથી ગુજરાતીમાં ઊતરી આવ્યું છે. જાહાં અપભ્રંશમાં જહાં સ્વરૂપે દેખાય છે. અપ. જહિ અને પ્રા. જહિનો અંતસ્તાર સં. રિઅન્ અને પ્રા. રિઅનો પ્રતિનિધિ હોઈ હકાર આગંતુક છે ને તે જહિના દૃષ્ટાંતોપરથી ઉમેરાયો છે
કાહિ કમલ તણા જાંહાં તંતુ,
અપાર મેહેલ્યું એ હાતિ. ભાલણ

જાંહાંગીરી સ્ત્રી. જહાંગીરી; અમીરી.
જાંહાંગીરી ફકીરી એ લક્ષણ છે સજ્જનો તે.
સરસ્વતીચંદ્ર

જાંહાંગીરી સત્તા સ્ત્રી. આધિપત્ય.

જાંહાંતહાં અ. જ્યાંત્યાં; સર્વત્ર.

જાંહાંત્યા સ્ત્રી. લાચારી.

જાંહે જવું ૧. અ. ક્રિ. કરમાઈ જવું.
૨. અ. ક્રિ. નાશ પામવું.
૩. અ. ક્રિ. મૂર્છા પામવું

જિ ૧. [સં.] પું. વિજય.
૨. પું. રાક્ષસ.
૩. સ્ત્રી. કોણ.
૪. વિ. ક્ષયશીલ.
૫. વિ. જિતાયેલ; જીતેલ.
૬. સ. ક્રિ. અંકુશમાં રાખવું; દાબવું; કાબૂમાં રાખવું; ઇંદ્રિયને વશ રાખવી.
૭. સ. ક્રિ. (ધાતુ) જીતવું; હરાવવું; સર્વોત્કૃષ્ટ થવું. તે ઉપરથી બનેલ શબ્દ: જય, વિજય, પરાજય, જીત, અજિત, પરાજિત, જેતા, વિજેતા, સંજય.
૮. અ. અવધારણાર્થે વપરાતો અવ્યય.

જિઆન ૧. પું. ઈજા; નુકસાન.
૨. પું. ખોટ.

જિઆરા ૧. [સં. જીવ પું. (હિંદી) જનાં; દિલ.
૨. પું તંદુરસ્તી.
૩. પું પ્રાણી; જીવડું.
૪ પું માનાર્થે વપરાતો શબ્દ.
૫. પું. સ્વભાવ; વલણ
૬. પું. હિંમત; જોર.

જિક ૧. સ્ત્રી. ચર્ચા; વાતચીત.
૨. સ્ત્રી. પ્રસંગ
૩. [હિં.] સ્ત્રી. માથાકૂટ.

જિકન પું. એ નામનો એક રખતિયાર વિદ્વાન.

જિકરબરતાની [ફા.] પું. એક જાતનું ઝાડ.

જિકર ૧. સ્ત્રી. આમદ; દાઢ; ખોસ; માથાકૂટ
૨ સ્ત્રી આકરાટ; કલાપાલા; વાયું જ કરમરવું તે.
૩. સ્ત્રી. આંકડો
૪. સ્ત્રી. ટચન; વાતચીત.
૫. સ્ત્રી. ખુલાસો.
૬. સ્ત્રી. તકરાર; બાંજગડ; રકઝક.
૭. સ્ત્રી. તકરારની બાબત; વિવાદની બાબત.
૮. સ્ત્રી. દમ; જીવ.
૯. સ્ત્રી. દુઆ.
૧૦ સ્ત્રી. પરમેશ્વરના નામનો વારંવાર ઉચ્ચાર.
૧૧. સ્ત્રી. બાબત.
૧૨. સ્ત્રી. મહત્તા; અમલ.
૧૩. સ્ત્રી. સત્ત્વ.
૧૪. [અ. જિક્ર (વર્ણન)] સ્ત્રી. સારવર્ણન.

જિકરા જુઓ જિગર.

જિકા વિ. જેનું.

જિર્કર સ્ત્રી. એ નામનો એક સમાજ. તેને કોઈ પણ જાત કે પંથનું નામ આપી શકાય તેમ નથી. અયમનસિંહના પૂર્વભાગમાં મેઘના તીરે જિર્કર જાતિ વસે છે. આ ધર્મમાં હિંદુ કે મુસલમાન સમુદાયની સંકુચિતતાનું નામનિશાન નથી. તેઓ ભજન માર્ગે સાધના સાધે છે. તેઓના મત બહુ ઉદાર છે. તેઓ થોડે અંશે સૂફી સમુદાયને અનુસરે છે.

જિકરીર જુઓ જિકર.

જિક્ર ૧. [અ.] સ્ત્રી. ચર્ચા; વાતચીત.
૨. સ્ત્રી. પ્રાર્થના; બંદગી.
૩. સ્ત્રી. દાઢ; દાઢ; માથાફોડ.

જિગ ન. ધાતુ ભરી ધાતુ મેળવવા માટેનું એક સાધન. એક કાચ અને એક આકારના રજકણોને ભેગા કરવામાં આવે તો ભારે વજનના રજકણ નીચે બેસી જાય. તે નિયમ ઉપર પાણીમાં ધાતુ નાખી તેમાં બાજુથી હલાવવાથી ભારી ધાતુ નીચે બેસી જાય છે. આ સાધનને જિગ કહે છે.

જિગજિગ સ્ત્રી. ઠકઠક; ત્રાસ; ખોટી કનડગત.

જિગજિગાવું ૧. કિ ખુશામત કરે એવું બોલવું
૨. ન. ખોટી કનડગત કરનારું.

જિગરાળુ ૧. પું. ચેતના.
૨. પું. પ્રાણુવાયુ.

જિગમન [સં. નગ] પું. નગ.

જિગર ૧. [ફા.] પું દીકરો; પુત્ર.
૨ પું. મગજ; મર્મ; ભાવો.
૩. પું. સમુચ્ચયવાચક.
૪ પું. સત્ત્વ, સાર.
૫. ન. કાળજું; હૈયું; દિલ; મનઃ જીવ. શરીરમાં આ સૌથી મોટી ગ્રંથિ છે. તેનું વજન લગભગ ૧½ થી ૨½ શેર જેટલું હોય છે. આમાં પિત્ત નામનો પાચક રસ બને છે અને એ પિત્ત શરીરને ખાસ જરૂરનું દ્રવ્ય છે.
જિગરનો ટુકડો = દીકરો.
૬. ન. હિંમત; સાહસ.
૭. વિ. પ્રાણપ્રિય; વહાલું.

જિગર અફ્ગાર વિ. હૃદયભગ્ન; હતાશ થઈ ગયેલું.

જિગરકોઠા (જિગરકોઠો) પું પેટનો એક રોગ. તેમાં તેના કલેજામાં કોચા પડે છે.

જિગરખરાશ [ફા.] વિ. હૃદય ચીરી નાખે એવું.

જિગરખુર પું મેલો ખટમલ.

જિગરખ્વાર જુઓ જિગરખુર.

જિગરગોશા ૧. પું. પ્રિય વસ્તુ.

૨. [ફા.] પું. બાળક.

જિગર ચાક જુઓ જિગર અફ્ગાર.

જિગરજાન ૧. પું પક્કો જાનનિષ્ઠ, વહાલો મિત્ર.

૨. [ફા. જિગર (કાળજું) + જાન (જીવ)] વિ. એકદિલી; હાર્દિકતાની કોર જેવું; પ્રાણસમાન; અતિપ્રિય

જિગરજીત વિ. હૃદય હરણ કરે એવું; ચિત્ત ચોરી લે તેવું; ચિત્તાકર્ષક; મનહર.

જિગરદોઝ વિ. હૃદય ચીરી નાખે તેવું.

જિગરપારા ૧. [ફા.] પું. પુત્ર; દીકરો.

૨. વિ અત્યંત વહાલું.

જિગરફિગાર વિ. હૃદયભગ્ન; હતાશ થઈ ગયેલું.

જિગરબંદ ૧. [ફા.] પું. આંતરડું.

૨. પું પુત્ર; દીકરો

જિગરસોખ્તા વિ. હૃદયમાં બળેલું; ખિન્ન.

જિગરસોજ [ફા.] વિ. હૃદયભેદક; દુઃખદાયક.

જિગરસોઝી [ફા.] સ્ત્રી. સંતાપ; વેદના.

જિગરી ૧. [ફા.] વિ. અભિન્ન હૃદય; એક દિલનું

૨. વિ. પાક્કું; દિલોજાન; પરમ પ્રિય.

૩. વિ. પકૃતના રંગનું; કાળજાના રંગ જેવું.

૪ વિ હૃદયને લગતું; દિલનું; હૃદયનું.

જિગા સ્ત્રી કસબી.

જિગીજિગી [હિં.] અ. આશ્ચર્ય અને આનંદનો ઉદ્ગાર

જિગીષા ૧. [સં.] સ્ત્રી ઉદ્યમ.

૨. સ્ત્રી. જીતવાની ઇચ્છા; જયેચ્છા.

૩. સ્ત્રી. પ્રકર્ષ; ઉન્નતિ; ચઢતી

જિગીષુ [સં] વિ. જીતવાની ઇચ્છાવાળું; જયેચ્છુ; જિગીષાવાળું.

જિગુપ્સિત ન એક જાતનું તપ.

જિઘત્સા [સં.] સ્ત્રી. ખાવાની કે ભોગવવાની ઇચ્છા; ક્ષુધા; ભૂખ.

જિઘત્સુ [સં] વિ. ખાવા ઇચ્છનાર; ભૂખ્યું.

જિઘાંસત ૧. [સં જિઘાંસત્] પું. પ્રાણીઓને હમેશાં મારે.

૨ પુ વેદમાં વપરાયેલું કદનું એક નામ.

૩ વિ મારવાને મારનાર.

જિઘાંસા [સં.] સ્ત્રી. હણી નાખવાની કે મારી નાખવાની ઇચ્છા.

જિઘાંસુ ૧ [સં. હન્ (હણવું)] પું. શત્રુ; રિપુ; દુશ્મન.

૨. વિ. મારવા કે હણવાની ઇચ્છાવાળું; પટકી નાખવા ઇચ્છનું.

જિજ્ઞાસુ વિ. ઇચ્છાનો ઘાત કરનાર; ઇચ્છાને દબાવી દેનાર

જિજમાન [સં. યજમાન] પું. યજમાન; ગૃહસ્થ

જિજ્વલંતી [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. જુઓ જૈજૈવંતી.

જિજિયા ૧. પું. મુસલમાન ન હોય એવા માણસો પાસેથી મુસલમાન અમલદાર ધર્મિષ્ઠાન અમલ લેવાતો કર.

૨. સ્ત્રી. બેની; બહેન.

૩. સ્ત્રી. સ્તન.

જિજ્ઞ ૧. [હિં.] સ્ત્રી. ઓરમાન મા.

૨. સ્ત્રી. દાસ; ખવરાવનાર સ્ત્રી.

જિજ્ઞવિષા [સં.] સ્ત્રી. જીવવાની ઇચ્છા; જીવવાની ઇચ્છા.

જિજ્ઞવિષુ [સં.] વિ જીવવાની ઇચ્છા રાખનાર

જિજ્ઞૂષા [સં.] સ્ત્રી. જીવવાની ઇચ્છા.

જિજ્ઞૂષુ [સં.] વિ. જીવવાની ઇચ્છા રાખનાર.

જિજ્ઞે પું. નાનો માસો; નાની માશીનો વર.

જિજ્ઞાપયિષુ [સં.] વિ. જણાવવાને ઉમેદ રાખનાર; ખબર આપવાને ઇચ્છનાર

જિજ્ઞાસ્ [સં. જ્ઞા (જાણવું)] સ. ક્રિ. જાણવા ઇચ્છવું

જિજ્ઞાસા સ્ત્રી. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ૧૪ વસ્તુઓ માંહેની એક.

જિજ્ઞાસક જુઓ જિજ્ઞાસુ.

જિજ્ઞાસમાન ૧. [સં] વિ. જાણવા ઇચ્છતું.

૨. વિ. તજવીજ કરતું.

૩. વિ. શોધતું; તપાસ કરતું.

જિજ્ઞાસા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અજ્ઞાનાદિ પદાર્થનો બોધ થવા માટે પ્રવૃત્ત કરનારી ઇચ્છા.

૨. સ્ત્રી આત્મજ્ઞાન અથવા સામાન્ય કોઈ પણ બોધ લેવાની ઇચ્છા, જાણવાની આતુરતા, જાણવાનો ભાવ; જ્ઞાતુમિચ્છા; પૃચ્છા; જાણવાનું મન થવું તે.

૩. સ્ત્રી પરીક્ષા.

૪. સ્ત્રી પ્રશ્ન

૫. સ્ત્રી. વિચાર.

જિજ્ઞાસાપ્રેરક [સં] વિ. જાણવાની ઇચ્છા પ્રેરનાર

જિજ્ઞાસાવૃત્તિ [સં.] સ્ત્રી. કોઈ પણ જાણવાની ઇચ્છા જ્ઞાનાસાવૃત્તિ એ એક કુદરતી વલણ છે. તે વૃત્તિને સંતોષવાની ક્રિયામાં જ્ઞાનપ્રાપ્તિની ક્રિયા થયા જ કરે છે.

જિજ્ઞાસાહીન [સં.] વિ. કોઈ પણ જાણવાની જેને ઇચ્છા નથી એવું

જિજ્ઞાસિત ૧. [સં] વિ. જાણવા માગેલું.

૨. વિ. તજવીજ કરેલું; શોધેલું; તપાસ કરેલ.

૩. વિ. પૂછેલું.

૪. વિ. વિચારેલું.

જિજ્ઞાસુ [સં. જિજ્ઞાસ (જાણવા ઇચ્છવું)] વિ. જાણવાની ઇચ્છાવાળું; પૃચ્છક; પડપૂછિયું; જાણવાની આતુરતાવાળું; આત્મજ્ઞાનની કે સામાન્ય બોધ લેવાની જેને ઇચ્છા રહ્યા કરતી હોય એવું; મુમુક્ષુ.

જિજ્ઞાસુતા સ્ત્રી. કોઈ પણ જાણવાની ઇચ્છા હોવાપણું.

જિજ્ઞાસુભાવ જુઓ જિજ્ઞાસુતા.

જિજ્ઞાસ્ય [સં.] વિ. જિજ્ઞાસા રાખવા યોગ્ય; જાણવાને ઇચ્છવા જેવું.

જિજ્ઞિક્ષ ૧. વિ. ક્રોધી; ગુસ્સે થયેલું.

૨. વિ. નાખુશ; ખિન્ન.

જિજ્ઞિયા જુઓ જિજિયા.

જિઠું [પ્રા.] વિ. ઉત્કૃષ્ટ; જ્યેષ્ઠ; ચડિયાતું.

જિઠાની [હિં.] સ્ત્રી. જેઠાણી; પતિના મોટા ભાઈની વહુ.

જિડુઆ ૧. સ્ત્રી. રજપૂતોની એ નામની જાત; જેઠવા.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

જિડ (જિડ્) [હિં.] સ્ત્રી. નકામી વાત.

જિડદુ (જિડ્દુ) પું. સ્વરભાર; શબ્દના ઉચ્ચારણમાં મુકાતો ભાર.

જિડી (જિડ્ડી) ન. કાલુનું ઝાડ.

જિણ્ ૧. [પ્રા.] પું. જિન; તીર્થંકર.

૨. જ જૈનધર્મી, જૈ વડે.

જિણ્ણુકી ૧. સ્ત્રી. તરતની જન્મેલી છોડી.

૨ સ્ત્રી. પુત્રી; છોકરી.

જિણ્ણુકો ૧. પું. નાનો બાળક; નાનો છોકરો.

૨. પું. પુત્ર; દીકરો.

જિનેશ્વર [સ જિનવર] પું. (જૈન) તીર્થંકર.

જિનેશ્વર [સં. જિનગૃહ] ન. શિખર; મંદિર.

જિનેંદ પું. જિનેન્દ્ર; તીર્થંકર.

જિન્સાણી ૧. સ્ત્રી. જૈનમત પ્રમાણે ચોરાસી મહેતી એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતનું માણસ.
૩ વિ. એ નામની જ્ઞાતનું.

જિન્હાલ [સં. જિનાલય] ન. જિનાલય; જૈનમંદિર.

જિન્હી સ. જેણે; જેમણે.

જિપ્પેસર [સ. જિનેશ્વર] પું. (જૈન) તીર્થંકર.

જિપ્પેસ્સર [સં. જિનેશ્વર] પું. જિનેશ્વર; તીર્થંકર.

જિપ્પોત્તમ [સં. જિનોત્તમ] પું. (પ્રાકૃત) તીર્થંકર.

જિત ૧. પું. એક જ્ઞાતનો અલંકાર. તેમાં સ્વરોને બાર જાતના જેટલો કાળ લાગે છે. પહેલા હ્રસ્વતનો, પછી ત્રીજો, પછી બીજો અને પહેલા ક્રમ અનુક્રમે લેવાય છે.
૨. સ્ત્રી. જય; કલેહ; વિજય.
૩. ન. એક જ્ઞાતનું ગાન અને તેનું રૂપ.
૪. [સં. જિ (જીતવું)] વિ. જીતેલું; જિતાયેલું; જિતાયુ હોય તેવું
૧. ગ્રામજિત = ગ્રામથી જિતાયેલ અર્થાત્ ગ્રામને તાબે કે વશ હોય એવું
૨. ઓજિત = ઓજે જેને જીતો હોય તે; અને વશ હોય તે; ઓથા જિતાયેલ
૫. [સં. જિત્] વિ. જીતનાર. જેમકે, ઉદ્જીત, વિજીત.
૬. ન. જયા; જે કેકાણે.

જિતકામ ૧. પું. વિષ્ણુ ભગવાન; પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.
૨. પું. શિવના હજાર માહેનું એક નામ.
૩. વિ. જેણે કામદેવને જીતો હોય એવું

જિતકાશિ ૧. [સં.] પું. તરવારની મૂઠ પકડવાનાં અભ્યાસ જેણે દઢ કરેલો હોય તેવો યોદ્ધો.
૨. પું. મૂઠી; મુષ્ટિ
૩ વિ. જયથી મત્ત થયેલું.
૪ વિ. જયવાનુ, કલેહમઠ.

જિતકાશી [સ. જિત (જય) + કાશ્ (પ્રકાશવુ)] વિ. વિજયી; જયવાનું; કલેહમઠ; જય વડે પ્રકાશમાન.

જિતક્રોધ ૧. [સં. જિત (જિતાયેલુ) + ક્રોધ (ગુસ્સો)] પું. વિષ્ણુ ભગવાન; પુરુષોત્તમના હજાર માહેનું એક નામ. ક્રોધને જીતનારા, ક્રોધના આવેશોને વશ કરનારા, જેણે ક્રોધને જીતો છે તેવા વિષ્ણુ ભગવાન જિતક્રોધ કહેવાય છે.
૨ વિ. જેણે ક્રોધ જીતો હોય એવું; ક્રોધને જીતનાર; ગુસ્સો સમાવેલો હોય તેવું.

જિતજ્ઞ ૧. ન. જીતવુ તે; કાબૂમાં લેવુ તે.
૨. અ. જે પ્રમાણમાં.

જિતતૈલ ન. જિતદ્રુમમાથી નીકળતું તેલ.

જિતના ૧. [હિ.] વિ. જેટલુ.
૨. અ. જે પ્રમાણમા.

જિતનામેં [હિ.] અ. જેટલામાં.

જિતનેમિ [સ.] પું. પીપળાના ઝાડવાનો કરેલો દહ

જિતનેમેં [હિ.] અ. જેટલામાં.

જિતફળ ન. જિતદ્રુમનું ફળ.

જિતમનું વિ. જેનું મન વશ હોય એવું; સંયમી.

જિતમન્યુ [સ. જિત (જિતાયેલુ) + મન્યુ (ક્રોધ)] પું. વિષ્ણુના હજાર માહેનુ એક નામ. જેણે મન્યુ એટલે ક્રોધને જીતો છે એવા વિષ્ણુ ભગવાન જિતમન્યુ કહેવાય છે.

જિતમાર [સં. જિત (જિતાયેલુ) + માર (કામદેવ)] વિ. કામને જીતનાર.

જિતલોક [સં.] વિ. યજ્ઞાદિ કર્મ વડે સ્વર્ગલોકને જેણે સાધ્યો હોય એવું.

જિતવતી સ્ત્રી. (પુરાણ) ઉશીનરની એ નામની દીકરી

જિતવરી ૧. સ્ત્રી. જીતો શહેર
૨. વિ. કલેહમઠ.

જિતવૃક્ષ ૧. ન. જિતદ્રુમ; એક જ્ઞાતનું ગાન; 'અજિતમ'. જિતવૃક્ષનુ થડ નીચું અને ઘણુખરું ત્રાંસોવાળું હોય છે. તેનાં ફળ પીળા રંગનાં હોય છે. તેની કાંબળી સુશોભન ચિહ્ન તરીકે વપરાય છે. જિતવૃક્ષમાથી તેલ નીકળે છે. કળ અથાણું બનાવવામા વપરાય છે. પાકેલુ ફળ રંગે નીલ કે કાળ હોય છે અને તે ખવાય છે. જિતવૃક્ષનુ લાકડુ કાલુ ને પીળુ હોય છે.
૨. ન બદામની રંગ; જિતવૃક્ષના જેવો રંગ.

જિતવો પું. જીવ.

જિતશત્રુ ૧. પું (પુરાણ) ઉનાનપાદ વંશના હર્યશ્વને હર્યશ્વાનીની કૂખે થયેલા છ માહેનો એ નામનો એક પુત્ર
૨. [સં] વિ. જેણે શત્રુ સ્વાધીન કરેલ હોય તેવુ

જિતશત્રુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.
૨. પું જેણે દુશ્મન જીતેલ હોય તેવો માણસ.
૩. વિ. જેણે દુશ્મનને હરાવેલ હોય એવુ. શત્રુને જીતનારા; જેણે શત્રુઓને જીતો હોય તેવુ.

જિતશ્રમ ૧. પું. (પુરાણ) કુશીલવ.
૨. વિ. દુનિયાની જંજાળથી મુક્ત થયેલુ.

જિતસંગ ૧. [સં. જિત (જીતેલુ) + સંગ (વિષય વાસનામાં પ્રીતિ)] પું. પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.
૨. પું. વિષ્ણુ ભગવાન.
૩. વિ. સંગને જીતનાર.

જિતસંગદોષ [સં.] વિ. જેણે સંગના એટલે વિષયાસક્તિના દોષને જીતેલા હોય એવુ.

જિતા ૧. પું. કિલ્લાની લોકોથી બેતર બેઠવામાં બેઠવાળાને કરાતી મદદ.
૨. [સં] સ્ત્રી કટકડી
૩. [સ. યાવત] અ. (હિંદી) જેટલું

જિતાક્ષર ૧. [સં.] વિ. ઝડપથી વાચનાર.
૨. વિ. સારી રીતે વાચનાર.

જિતાડવું (જિતાડવું) સ ક્રિ. જીતે એમ કરવુ; જીત મેળવી આપવી.

જિતાત્મા ૧. પું. એક દેવતા, જેને આદિત્ય ભાગ દેવામાં આવે છે
૨. [સં. જિતાત્મન્] પું. જેણે પોતાની ઇંદ્રિયોને વશ કરી હોય તે; જિતેંદ્રિય
૩. વિ. પોતાની વાસનાઓને જીતી હોય એવુ.
૪ વિ. વિષયાસક્તિ રહિત.

જિતામિત્ર ૧. [સં. જિત (જીતેલુ) + અમિત્ર (દુશ્મન)] પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ. તેમણે રાગદ્વેષાદિ આંતરિક અને રાવણાદિ બાહ્ય અમિત્ર એટલે શત્રુઓને જીતો છે તેથી ભગવાન જિતામિત્ર કહેવાય છે.
૨. વિ શત્રુઓને જીતનાર; કામાદિ શત્રુઓને જીતનાર.

જિતારિ ૧. પું (પુરાણ) એક ક્ષત્રિય; સોમવંશી અવિક્ષિતનો એ નામનો પુત્ર.
૨ પું બુદ્ધ.
૩ [સં. જિત (જીતેલુ) + અરિ (દુશ્મન)] પું વિષ્ણુ; જિતામિત્ર.
૪. વિ. રાગાદિ અભ્યંતર શત્રુઓને જીતનાર; જેણે શત્રુને જીતેલ હોય તેવુ

જિતાવવું સ. ક્રિ. જિતાડવુ

જિતાવું અ.ક્રિ. ઉપર જીત મેળવવીઃ હાર પ.મત.

જિતાષ્ટમી ૧. [સં.] સ્ત્રી. આસો વદિ આઠમ; નવરાત્રીની આઠમ; દુર્ગાપૂજાની અષ્ટમ.

૨. સ્ત્રી. આસો વદિ આઠમને દિવસ પુત્રવતી હિંદુ સ્ત્રીઓ તરફથી કરાતું એક વ્રત. તેમાં સ્ત્રીઓ સાંજે જલાશયમાં સ્નાન કરી જીમૂતવાહનની પૂજા કરે છે અને ભોજન કરતી નથી

જિતાહવ [સં. જિત (જીતેલું) + આહવ (લડાઈ)] વિ. લડાઈમાં જીતનારું

જિતિ [સં.] સ્ત્રી. જીત; વિજય.

જિતિન વિ. જિતાયેલને લગતું; જિતાયેલું.

જિતુમ પું (જ્યોતિષ) મિથુન રાશિ.

જિતેક [હિં.] વિ. જેટલું.

જિતેરા ૧. [હિં] વિ. કાર્ય વખારે.
૨. વિ પું. જીવતો.

જિતેંદ્રિય ૧. પું. કામવૃદ્ધિ વૃક્ષ
૨. પું. વિષ્ણુ ભગવાન.
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૪. પું. ઓત્રાદિ એકાદશ ઇંદ્રિયોને જીતીને પરમાત્મ સન્મુખ રાખનાર પુરુષ. જે પુરુષ જોઈ પદાર્થને સાંભળીને, અડકીને, જોઈને, ખાઈને કે જાણીને હર્ષ કે ગ્લાનિ પામે નહિ તેને જિતેંદ્રિય જાણવો. જિતેંદ્રિય પુરુષ બહિર્મુખી હોતો નથી પણ તે અંતરાત્મા પ્રત્યે અંતર દૃષ્ટિ રાખનાર હોય છે. તેથી તે આવૃત્તચક્ષુ પણ કહેવાય છે. આવો આવૃત્તચક્ષુ પુરુષ પ્રત્યગાત્મા એટલે પ્રત્યેક પ્રાણીના હૃદયમાં ગુપાયેલા પુરુષાત્માને નીરખે છે. જે જિતેંદ્રિય પુરુષો સંન્યાસપૂર્વકના કર્મયોગથી શુદ્ધ હૃદયવાળા છે અને વેદાંતના અભ્યાસથી જેમણે આત્મારૂપી પદાર્થનો ઠીકઠાક નિશ્ચય કર્યો છે તે બધા અધ્યાત્મી શરીરોમાં જીવન્મુક્તિ સુખને પામેલ હર્ષને મનુષ્યાદિ યોનિઓથી પરાભૂત પામે છે અર્થાત્ જન્મમરણથી છૂટે છે.
૫. [સં. જિત (જીતેલું) + ઇંદ્રિય] વિ. શાંત; સયમી; બ્રહ્મચારી; જેણે પોતાની ઇંદ્રિયો જીતી હોય એનું. વિચારરત્નોમાં તેની આખ્યા એમ છે કે: જે માણસ કદી ખોટું બોલતો નથી, ખોટું ખાતો નથી, ખોટું જોતો નથી, જેની નજર સાફ છે, જેને પોતાનું મન કાબૂમાં છે, જે માણસને પોતાની સ્ત્રી સિવાય બધી સ્ત્રીઓ મા બહેન સમાન છે તે જિતેંદ્રિય છે
૬. વિ સમૃદ્ધિવાળું.

જિતેંદ્રિયતા [સં] સ્ત્રી. ઇંદ્રિયોને વશ રાખવાપણું; જિતેંદ્રિયપણું

જિતેંદ્રિયતીલા સ્ત્રી. શક્તિવર્ધક દવા.

જિતેંદ્રિયત્વ [સં.] ન. ઇંદ્રિયોને વશ રાખવાપણું.

જિતેંદ્રિયવ્રત ન. શરીરને કષ્ટ આપવાનો નિયમ કે વ્રત

જિત્તમ ૧. [સં.] પું. (જ્યોતિષ) મિથુન રાશિ.
૨. વિ. અતિશય જીતવાળું.

જિત્તા [સં. યાવત્] અ. (હિંદી) જેટલું.

જિત્તેતિત્તે અ જ્યાંત્યાં.

જિત્ય ૧. [સં.] પું. વળનો ઘાંટો.
૨. વિ. જીતી શકાય એવું; જીતવા જેવું.

જિત્યા ૧. [સં.] સ્ત્રી. ખોડી જમીન સપાટ કરનાર વળનો અવયવ.
૨. [હિં.] સ્ત્રી. હિંમત.
૩. વિ સ્ત્રી. જીતી શકાય એવી.

જિત્રશૂના પું. શિકારી કરોળિયો.

જિત્વર [સં] વિ. વિજયી, હતેહમંદ; જયશાલી.

જિત્વરી [સં.] સ્ત્રી. વારાણસી ક્ષેત્ર; કાશી.

જિત્વા ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; શિલીન ઋષિનો એ નામનો પુત્ર.
૨. અ. જીતીને, હરાવીને.

જિત્વારી પું. પથ્થરની એક જાત.

જિદ ૧. પું. બળ; મહેનત.
૨. [હિં.] પું. વેર; શત્રુતા.
૩. સ્ત્રી. ખોટી વાત
૯૯. જીવ બાકે બળવો = અદેખાઈ, શોક, ચિંતા કે એવી કોઈ મનની લાગણીથી કાળજું ચરચર બળવું; કાળજું બળીને ખાખ થવું.

૧૦૦. જીવ ભરાઈ આવવો = કરુણા અથવા શોકના આવેગથી હૃદય ભરાઈ જવું; હૃદયમાં એટલું દુઃખ થવું અથવા દબાનો વેગ થવો કે આખમાં આસુ આવી જાય.

૧૦૧. જીવ ભરાઈ રહેવો = અભિલાષ રહેવો;

જીવ વગરની કે ચીંટળાઈ રહેલો
૧૦૨. જીવ ઝાળવો = એકતા સાધવી; મન મળવું.
૧૦૩. જીવ મળવો = મન એક થઈ જવાં; મૈત્રી બંધાવી; અભેદ થવો.
૧૦૪. જીવ માનતો નથી = જીવ કહ્યું કરતો નથી; ખુશી કે તૃપ્તિ થતી નથી; નિરાંત વળતી નથી.
૧૦૫. જીવ માને નહિ = મન કબૂલ કરે નહિ; ધરપત નહિ થવી; ખુશી ન થવી.
૧૦૬. જીવ મારવો = (૧) ઇંદ્રિયનિગ્રહ કરવો; મન કાબૂમાં રાખવું. (૨) સંતોષ ધારણ કરવો.
૧૦૭. જીવ મૂળી નાડે ચાલવો = દિલગીરીમાં હોવું.
૧૦૮. જીવ મોટો કરવો = ઉદાર થવું; સખાવતનો ભુરસો વધારવો
૧૦૯. જીવ મોટો રાખવો = ઉદાર થવું; સખાવત કરવાનો જોસ્સો વધારવો.
૧૧૦. જીવ રહી જવો = ભાવના રહી જવી.
૧૧૧. જીવ રાખવો = ધ્યાન આપવું; કાળજી રાખવી.
૧૧૨. જીવ લઈને નાસવું = પારકીનું માંડું પણ જીવ ઉતાવળથી હોવું; બીકમાંથી નાસી છૂટાય એવી ત્વરાથી નાસી છૂટવું. ઘણી જ ત્વરાથી નિર્ભય સ્થાન તરફ દોડવું; મરણનો ભય જોઈને નાસવું.
૧૧૩. જીવ લઈને ભાગવું = જીવવા માટે નાસી જવું.
૧૧૪. જીવ લગાડવો = (૧) મોહવું; ચેન પડવું. (૨) પ્રેમ કરવો. (૩) મન મૂકીને કામ કરવું
૧૧૫. જીવ લમણે-ઝૂંપો થવો = હૃદયમાં બહુને લીધે મોટી ચિંતા કે આતુરતા રહ્યા કરવી; બહુરાઈ જવું; ગાભરા બનવું; પોતામાં છૂટી જવાં; જીવ ગભરાય થવો; બહાવરું બનવું.
૧૧૬. જીવ લાગવો = (૧) ખાન લાગવું. (૨) પ્રીત લાગવી.
૧૧૭ જીવ લેવો = (૧) ખૂબ આગ્રહથી માગવું (૨) દુઃખ દીધા કરવું; રગડવું (૩) પ્રાણ લેવો. મારી નાખવું. (૪) સતાવવું; ચીડવવું.
૧૧૮. જીવ સોંસરવો = ચિત્ત આકર્ષિત કરવું; મન મોહિત કરવું; હૃદયમાં પ્રીતિ ઉપજાવવી.
૧૧૯. જીવ હણી રહેવો = કોઈ એકાદ બાબતમાં મન ગૂંથાઈ રહેવું; દિલ લાગી રહેવું
૧૨૦. જીવ હોકે ઓળવાઈ રહેવો = ઊંચું મન થવું; ચિંતાતુર બનવું.
૧૨૧. જીવ હોકે ટંગાયો = અધીરા બનવું; મનમાં ગભરાટ થવો; જીવ ઊંચો થવો; આતુર રહેવું. ઘણા અધીરા બનવું
૧૨૨. જીવ સટોસટનું = જીવ જોખમમાં તેવું; જીવના જોખમ જેવું.
૧૨૩. જીવ હટી જવો = ચિત્ત વિરક્ત થવું
૧૨૪. જીવ હાથમાં લેવો = મરણનો ભય દોવો.
૧૨૫. જીવ હોઠે બેસવો = શાંતિ થવી; નિરાંત વળવી.
૧૨૬. જીવથી જવું = જીવ ખોવો; પોતે જાતે જ મરી જવાય એમ કરવું. પોતે પોતાનું જ મરણ માગી લઈ મરવું; પ્રાણ ખોઈ બેસવું.
૧૨૭. જીવથી જવું = મરવાથી બીજરું; મોતમાંથી બચવું
૧૨૮. જીવથી મારવું = કરીને જીવતું રાખ નહિ એમ મારવું; ફાર મારવું; કોઈ પણ જીવવાની આશા ન રહે તેવું મારવું.
૧૨૯. જીવના સમ = (૧) પોતાની જાતના સોગન; પ્રાણના સમ આપ તે. જીવના જોટલું બીજું કોઈ પણ વહાલું નથી તે ઉપરથી પોતાનો વહાલો જે જીવ તેના સમ એમ બોલાય છે (૨) વહાલાના સોગન
૧૩૦ જીવનું જીવન = પ્રાણ જ વહાલું
૧૩૧. જીવનું તરરવું = દુઃખ દેનારા સંતાપ કરે એવું.
૧૩૨. જીવ તે જનાબ નીકળી જવી = બહુ મુશ્કેલીમાં પડવી; જીવ નીકળી જવા જેટલી મુશ્કેલી પડવી; દુઃખ પડવું.
૧૩૩ જીવને ટાઢક વળવી = નિરાંત થવી; સંતોષ વળવો.
૧૩૪ જીવને બદલે જીવ આપવો = જીવને સટોસટ બીજો જીવ આપવો.
૧૩૫. જીવનો જવો = મરી જવું
૧૩૬ જીવનો ઝાપટો = કેફમુક્ત; લોભી.
૧૩૭. જીવમાં જીવ આવવો = બહુ વખતે ચિંતાને શાંતિ વળવી. મન ઠેકાણે બેસવું. અણધાર્યા લાભથી સંતોષ થવો. મનમાં જે કર્યું કારણ બહાર કરતી હોય તેનું સમાધાન થવાથી મનમાં પ્રીતિ વળવી.
૧૩૮. જીવમાં જીવ હોવો = દેહમાં જીવ હોવો; દેહ હયાત હોવો; પ્રાણ હોવો
૧૩૯ જીવે જીવ આવવો = મરણાંત સંકટ આવી પડવું; જીવનની દહ આવી રહેવી.
૧૪૦. જે જીવ સોતી = સગર્ભવતી; ગર્ભિણી; સગર્ભા.

૩૦. પું (વેદાંત) શરીરમાં રહેલો ચેતનનો આભાસ. ઘટાકાશ, જલાકાશ, મેઘાભ્રસ અને મહાકાશ એ ચાર વિભાગ જેમ મહાકાશમાં કલ્પાય છે તેમ ચેતનમાં પણ પાંચથી અભિન્ન આત્માનું સ્વરૂપ સમજવા માટે કૂટસ્થ, જીવ, ઈશ્વર અને પરબ્રહ્મ એવા ચાર વિભાગ કલ્પવામાં આવે છે જેમ પાણીથી ભરેલો ઘડો અને પાણીથી ભરેલા મહાઘડે રોકેલું આકાશ એ જલાકાશ કહેવાય છે, તેમ અંતઃકરણના અંશ સહિત એ શરીર, તેણે રોકેલું ચેતન અને તેમાં પડેલો ચેતનનો આભાસ એ ત્રણ મળીને જીવ કહેવાય છે. અથવા જીવ જલાકાશ સમાન અજ્ઞાન છે અને ઈશ્વર મેઘાકાશ સમાન અજ્ઞાન છે. શરીરોમાં રહેલાં જલાશયોમાં જેમ આકાશનું પ્રતિબિંબ દોય તેમ માયામાં લીન થયેલી બુદ્ધિ વિષે રહેલી સૂક્ષ્મ વાસનાઓમાં ચેતનનું પ્રતિબિંબ પડેલું દોય છે. માયામાં પડેલા ચેતનના આભાસને માયાના પતિ, મહેશ્વર, અંતર્યામી, સર્વજ્ઞ, બહદ્યોનિ ઇત્યાદિ કહે છે.
૩૧ પું સંકર્ષણ: શેષજી
૩૨. પું. (વેદાંત) સુખાદિકનું સમવાયી કરણ.
૩૩ ન કર્મ
૩૪ વિ. જીવવા જેવું. જિંદગીવાળું; હયાતીવાળું; જીવતું; આયુષ્યવર્ધક.
૩૫. અ વખત, રહો એવો આશીર્વાદ

જીવ અદત્ત ૧ ન (જૈન) વસ્તુના માલિકની કે લેવની રજા દોય પણ વસ્તુ અચિત્ત એટલે જીવ રહિત ન દોય તે લેવી તે
૨. વિ. જે જીવ પાસેથી લેવું દોય તે જીવની પરવાનગી વગર લીધેલું.

જીવ આત્મા [વિ.] પું જીવાત્મા, આત્મા.

જીવ ઉત્પત્તિ ૧ સ્ત્રી જીવનું ઉત્પન્ન થવાપણું.
૨. સ્ત્રી. જીવાત

જીવક ૧ [સ] પું એ નામે એક ઔષધિ; અષ્ટવર્ગ નામે ઓળખાતી ઔષધિઓ માંહેની એ નામની એક. જીવક, ઋષભક, મેદા, મહામેદા, ઋદ્ધિ, વૃદ્ધિ, કાકોલી અને ક્ષીરકાકોલી એ આઠ ઔષધિઓને અષ્ટવર્ગ કહે છે.
૨ પું બહુ જીવનું ઝાડ તે ઋષભના વર્ગનું ઝાડ છે. ઋષભની આકૃતિ બળદના શિંગ જેવી દોય છે અને જીવકની આકૃતિ ઝાડના જેવી દોય છે
૩. પું. નોકર; ચેટવહિયો નોકર; સેવક; ચાકરી કરી ઉપજીવિકા કરનાર માણસ.
૪. [સ] પું. પારો.
૫. પું બિંબિસાર રાજાનો એ નામનો વૈદ્ય. તે બુદ્ધનો શિષ્ય હતો. શસ્ત્રક્રિયામાં તે બહુ હોશિયાર હતો. બ્રહ્મદેશ સુધી તેની ખ્યાતિ પહોંચેલી હતી. ઉજ્જયન, કોશલ વગેરે રાજ્યોમાં પણ તે જતો. બ્રહ્મદેશના રાજા દોલેગીની તેણે સારવાર કરી હતી. તેની ફી બહુ હતી. સાકેતના શેઠાની સ્ત્રીને માથાનો વ્યાધિ સાત વર્ષ થયાં હતો તે એણે તરત મટાડી દીધો અને તે બદલ એને ચાર સદસ્ર તાંબિયા

એટલે રૂપિયા કે સોનૈયા આપ્યા, ભાર્યાના પુત્રે તથા પુત્રવધૂએ ચાર ચાર સદસ્ય આપ્યા અને શેઠે ચાર સદસ્ય અને માથે એક દાસ, દાસી અને એક અશ્વરથ એટલે ઘોડાગાડી આપ્યાં.

૬. પું. જૈન સાધુ; ક્ષપણક; ભિક્ષાવૃત્તિ કરી નિર્વાહ કરનાર.

૭. પું. સર્પ પકડનાર; માઠી.

૮. સ્ત્રી. જિવાડ, કપાળગરસ.

૯. ન. અનૂપ દેશમાં થતું એ નામનું એક કંદ જીવક એ સુપનું કંદ હ. ત આવાથી માણસ મરતો નથી, માંદા પડતો નથી એમ મનાતું હોવાથી તે કંદને જીવક કહે છે. હિમાલયનાં શિખરો ઉપર એ કંદ થાય છે. પાંદડા ભારીક અને આકાર કુમા જેવો છે. આ કંદ બલપ્રદ, વીર્ય અને કફની વૃદ્ધિ કરનાર અને દાહ, રક્તદોષ, કૃશતા તથા કૃમિનો નાશ કરનાર મનાય છે.

૧૦. વિ. જીવતું.

૧૧. વિ. પ્રાણ ધારણ કરનાર, જીવનાર.

૧૨. વિ. ભિક્ષાવૃત્તિ કરી જીવનાર

૧૩. વિ. બાજનો ધંધા કરી જીવનાર.

જીવકલ્લ પું. અંડાશયમા રહેલ ઉંમાળાનો અતિ સૂક્ષ્મ સજીવ ભાગ.

જીવકહાર જી. જિવાડનાર.

જીવકપંચમૂળ ન. પચમૂળના સાત માંહેનાં બાકી પ્રકારો; જીવકાદિનો સમૂહ.

જીવકલા [સ.] સ્ત્રી. ચેતન.

જીવકા ૧. [હિ.] સ્ત્રી. ગુજરાતમાં આકર્ષિકા, જીવન માટેનું પોષણનું સાધન.

૨. સ્ત્રી. દાબોપાણી, ખંડણી.

જીવકાધ્યતૈલ [સં.] ન. (વૈદક) એક જાતનું તેલ.

જીવકાય [સં.] પું. (જૈન) જીવસમૂહ; જીવરાશિ. જૈનમત પ્રમાણે જીવના છ ભેદ છે: પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ પણ જીવ છે એમ જૈન માને છે.

જીવકૃત [સ.] વિ જીવે બનાવેલ; જીવનું કરેલું.

જીવકેંદ્ર [સ.] ન. અડબીજની અંદરનો અગત્યનો ભાગ.

જીવકેંદ્રક [સં.] ન. જીવકેંદ્રની અંદર રહેલ નાનો ગોળ ભાગ.

જીવકેંદ્રજાળ સ્ત્રી. જીવકેંદ્રની અંદરની જાળ.

જીવકોઠી [હિ.] સ્ત્રી. જીવતાં પ્રાણીઓને રાખવાનું રક્ષણ; પાંજરાપોળ.

જીવગત [સ.] વિ. પ્રાણીમાં રહેલું; જીવમાંનું.

જીવગતિવિદ્યા [સ.] સ્ત્રી સજીવ પદાર્થની ગતિને લગતી જીવવિદ્યાની શાખા.

જીવગતિશાસ્ત્ર જુઓ જીવગતિવિદ્યા

જીવગર વિ હિંમતવાળું.

જીવઘાતક ૧. વિ. જીવતાને મારવું કરનાર
૨. વિ. જીવવું પડકેલ

જીવઘન ૧. [સં] પું. (જૈન) અસંખ્યાત પ્રદેશનો પિંડ.

૨. પું. હિરણ્યગર્ભ; સમષ્ટિ જીવ શરીર.

જીવઘાત સ્ત્રી. પ્રાણીને મારી નાખવું તે; હિંસા; જીવને મારી નાખવા તે

જીવચક્ર [સ.] ન. ચલચક્ર.

જીવજ્ઞાનલાક્ષ્ય ન. જીવજ્ઞેદન; દેહધર્મવિદ્યા સબંધી જ્ઞાન મેળવવા જીવતા પ્રાણીની ક્ષતકૃપ કરવી તે.

જીવજ્ઞેદક [સ] વિ. દેહધર્મવિદ્યામાં નવી શોધ કરવા માટે જીવતાં પ્રાણીઓની ક્ષતકૃપ કરનાર

જીવજ્ઞેદન [સં] ન. દેહધર્મવિદ્યાની અંદર શોધ કરવા માટે જીવતા પ્રાણીના ક્ષતકૃપ કરવા તે.

જીવજન્ય [સં.] વિ. ચેતન શરીરમાં ઉત્પન્ન થતું

જીવજન્યનાદ [સં.] પું. આહત નાદનો એક પ્રકાર; સજીવ પ્રાણીના શરીરમાંથી ઉત્પન્ન થતો અવાજ

જીવજંત પું.; ન. જીવજંતુ; તુચ્છ પ્રાણી; જીવડું.

જીવજંતુ ૧. પું.; ન. ઝેરકાંકરા, વીંછી, નાનો સાપ કે એવા જ બીજાં નાનાં ઝેરી ક્ષુદ્ર પ્રાણી.

૨. પું.; ન. નાનાં મોટાં કીડા જેવાં પ્રાણી. કીટ પતંગાદિક જીવડાં; જીવ;

૩. પું.; ન. પ્રાણી; જીવસમૂહ, જનાવર

જીવજંતુશાસ્ત્ર [સં.], ન. જીવજંતુને લગતી વિદ્યા

જીવજ્ઞાન ૧. પું. આત્મા

૨. પું. ગાઢ પ્રેમ.

૩. વિ. જીવ અને પ્રાણ જેવું; જીવ અને પ્રાણના જેવું વહાલું; અત્યંત પ્રિય; પોતાના જીવ અને જીવન જેવું; પ્રિયપ્રાણ.

જીવજાની વિ. સ્ત્રી. જીવ જોખમમાં પડીએ તો લગીની; મરણ સુધીની

જીવજીવ [સં.] પું. ચકોર પક્ષી.

જીવજીવક [સં.] પું. ચકોર પક્ષી

જીવજીવી [સં.] સ્ત્રી. ચકોર પક્ષિણી.

જીવજ્ઞા [સં.] સ્ત્રી. એ નામની એક નાડી.

જીવટ ૧ સ્ત્રી. હૃદયની દૃઢતા; હિંમત; મર્દાનગી.

૨. વિ. બહાદુર; હિંમતવાળું.

૩. વિ. મજબૂત; શક્તિવાળું.

જીવટાળો પું. જેમેની.

જીવડો (જીવડો) પું. જીવ; આત્મા; પ્રાણ.

જીવડું જુઓ જીવડું.

જીવડા (જીવડા) ૧. [હિં.] પું. આત્મા.
જીવડા બહુ લને ફિરવાર, આ તો સ્વપ્નુ છે સસાર. બોને

સૈલાની જીવડા = રખડતો માણસ.

૨. પું. જીવન; દિલ.

૩. પું. ખોબાને આપવાની વાર્ષિક રકમ.

૪ પું. ખોબાને ખોબાઈ પેટે અર્ધા અર્ધા વરસે આપતા દાણા

૫. પું. માણક.

૬. ન. ઘુમ્મટ; વલણ.

૭. વિ. ખ.૩.

જીવડાં (જીવડા) સ.વ.વ. સાંધાવાળા અવયવોવાળા પ્રાણીનો એક વર્ગ. તેમાં નીચેનાં લક્ષણ માલૂમ પડે છે: શરીરમાં સાંધા હોય છે. વળી મોટાં જીવડામાં શરીરના ત્રણ ભિન્ન વિભાગો સ્પષ્ટ દેખાય છે. જેવા કે, માથું, જેમાં જાગણીની ગ્રાનેંદ્રિયો, મોઢું, આંખ વગેરે આવેલાં છે. બીજો વિભાગ પડ, જેમાં પેટ, પગ વગેરે આવેલાં છે. ત્રીજો વિભાગ કેડ, જેમાં પાંખ, પૂછડી અને મૂત્રાશય.દિ ઇંદ્રિયો આવેલી છે. આકાર પ્રમાણે તેટલી ઝડપથી જીવડાની વૃદ્ધિ થાય છે. જીવડાંમાંનાં કેટલાક તો ઇયળમાં જ તબદીલ કરે છે, કેટલાંક જમીન ઉપર પેટે ચાલે છે, કેટલાક પાણીમાં રહે છે. જીવડામાં રંગ બનવનું ઘોડો હોય છે. જીવડાંની જાતિ એટલે કે નર કે માદા સ્પષ્ટ દેખાઈ આવે છે. કેટલાક જીવડામાંથી નવા જીવડાં નર જીવડાના સમાગમ વગર પેદા થાય છે. જે જીવડાં નર જીવડાના સમાગમ વગર જીવડાં પેદા કરે તે જીવડાને નિરશુક્રજનિ કહેવામાં છે. ભમરા, કીટ વગેરે જીવડાં નર જીવડાના સમાગમ વગર જીવડાં પેદાં કરે છે.

જીવડું (જીવડું) [સ. જીવ્ (જીવવું)] ન. ક્ષુદ્ર જીવ; ઝેરી નહિ તેમ કરડે કે પીડા કરે નહિ એવો નાનો ચરીજ જીવ; કૃમિ જંતુ; જીવાત; ઊડતું અથવા પેટે ચાલતું નાનું પ્રાણી.

જીવડો (જીવડો) ૧. પું. ઘુમ્મટ; વલણ.

૨. પું. કરમિયો; કૃમિ.

૩ પું કીડો; જીવડું.

૪. પું. જીવ; આત્મા. તુચ્છકાર કે લાડમાં વપરાય છે

૫. પું. દમ; પ્રાણવાયુ.

૬. પું. પ્રાણી; જીવ.

૭. વિ. કુશળ; માહિતગાર.

ભવહોલાવણું વિ. મોહ ઉત્પન્ન કરનારું; મન ભમાવનારું.

ભવણ ૧. પું. એ નામનો એક સંત; ભવણદાસ. એ હરિજન વર્ણનો હતો અને તેણે ભક્તિથી મુક્તિ મેળવ્યાનું મનાય છે.

૨. પું. ભવનાધાર; પતિ; ધણી; ભવનનો સ્વામી.

૩. પું. શ્રીકૃષ્ણને મટે ગોપિકાઓએ યોજેલો વહાલપનો પર્યાય.

૪. ન. ભવન

૫. ન. શક્તિવર્ધક દવા.

ભવણુ ૧. પું. ભવન; પ્રાણ.

૨. પું. પ્રાણનાથ; નાથ; ભવાનાર ધણી, માલિક; ભવનનો સ્વામી; પતિ.

૩. પું. શ્રીકૃષ્ણ.

ભવણુદાસ પું. એ નામનો હરિજન ભક્ત; દાસીજીવણ. ગોંડલથી ઈશાનકોણ તરફ ચાર માઈલ દૂરવાની સડક ગોંડલ સંસ્થાનનું મોખડદડ ગામ છે. તે ગામમાં સંવત ૧૮૦૬ એટલે ઈ. સ. ૧૭૫૦ની સાલમાં મહાત્મા ભવણુદાસજીનો જન્મ થયો હતો. ગોંડલની રાજગાદી ઉપર તે સમયે એટલે કે ઈ. સ. ૧૭૫૬માં ભાકુભાજી માદી ઉપર આવ્યા હતા. મોખડદડ ગામના હરિજનવાસમાં જન્મી દાદરો કરીને એક મેઘવાળ રહેતો હતો. દાદરા તેની શાખ હતી. જ્યા દાદરાના ઘરમા સ.મબાઈ નામે સુશીલા ઓરત હતી. બંને માણસો ધર્મપરાયણ હતાં. ગામનું વેઠવાઈ, ઢોર સાંધવા, ચામડાં કેળવવાં વગેરે કામ કરીને તેઓ ગુજરાન ચલાવતાં અને સાંજે પ્રભુભજન કરતાં. તે વખતમાં આત્મજ્ઞાની ભક્તો ઘણા થયા હતા. તેઓ વરણાવરણીના ભેદો ઓછા રાખતા. ભીમદાસ, ખીમદાસ, રવિદાસ, ભાણુદાસ, મોરારદાસ વગેરે ભક્તો જુદી જુદી નાતના હતા. કોઈ પાટીદાર, કોઈ મેઘવાળ, કોઈ કડિયા, કોઈ કુંભાર હતા. તે જ્યારે જ્યારે ફરવા નીકળતા ત્યારે દાદરાને ઘેર રોકાતા અને ભજનધૂન ચાલતી. આ જ્યા દાદરાને ઘેર માતા સામબાઈને પેટે મહાત્મા ભવણુદાસનો જન્મ થયો હતો. તેની બુદ્ધિ નાનપણથી જ બહુ તીવ્ર હતી. બાળક વર્ષમાં જન્મ કોઈ કાંઈ વિદ્યા પ્રાપ્ત કરી શકાઈ ન હતી, તોપણ ઉમરલાયક થતાં સત્સંગના પ્રતાપથી કવિતા રચવાની શક્તિ આવી હતી અને પોતાનાં રચેલાં ભજનો એકતારામાં તે સુંદર રાગેથી ગાતારતો. ભવણુદાસનો પિતા જ્યા ભગત ઠીક ઠીક સુખી હતો. પાંચ પૈસાની પુંજી ધરાવતો હતો. પણ જ્યા ભગતના ગુજરી ગયા પછી તે પૈસા ભવણુદાસજીએ સાધુસંતોને ભગવતી દીધા અને પછી વડીલોપાર્જિત કામધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો. તે પ્રેમભક્તિમાં માનનારો હતો. પ્રભુ એ આશક છે અને હું તેની રજણી નહિ પણ એક બહની દાસી છું એવા ભાવથી તે પ્રભુભજન કરતો. પોતે નિર્વિકારી, શાંત, દયાળુ, પરોપકારી, અપરિગ્રહી અને સેવાભાવી હતો. અભણ હોવા છતાં મહાત્મા રામકૃષ્ણ પરમહંસની જેમ તે આત્મજ્ઞાની અથવા નિજાનંદી થયો હતો. આવી સ્થિતિમાં કૃપાળુ માણસો તેની અદેખાઈ કરવા લાગ્યા અને તેની ભક્તિમાં વિઘ્નો નખાવાં શરૂ થયાં. કોઈ પણ ઉપાયે નહિ ફાવતાં ભાપુ ભાકુભાજી પાસે પણ વિઘ્નસંતોષી લોકોએ અવળીસવળી વાતો કરી કે આ મેઘવાળ ભક્ત ખાને અભડાવે છે, પાખંડ ચલાવે છે, ઢોરાધારા કરે છે. દ્વેષવશ છે કે દરબારીના તે વખતના કામદારે ભક્તરાજ ભવણુદાસજીનું સત જોવા તેના બાપ જ્યા ભગતના વખતની જામની હરરાજીની દરબારી જેવી કોરી સાની માગણી ભવણુદાસજીને ગોંડલ દરબારગઢમાં તેડાવીને કરી. ભગત કહે કે ઘેરથી લાવી આપું, અહીંના વાસમાંથી લાવી આપું, પણ ભાપુજીને અને કામદારને સત જોવું હતું એટલે કહે કે ખરા ભક્ત હો તો અહીં જ કારાગૃહમાં આપો. એમ કહી અંધારીમાં તેને પૂરી દીધો. પછી ભગતે ઢોરીને માટે પ્રભુભજનો ગાયાં સારે ત્રીજે દિવસે એક વાણિયે આવી દીવાનને ૭૦૦ કોરી આપી કહ્યું કે મહાત્મા ભવણુદાસજીએ મને દીકરો આપ્યો છે તો આ માનતાની કોરી સાતસો મારે તેના બરણમાં ધરવી છે. પછી ભાપુજી કુંભાજી ભાપુ અને દીવાન તથા પેલા શેઠે આવી મહાત્માને કારાગૃહમાંથી છોડી તેની કોરી સાતસોમાંથી પ્રસાદી તરીકે ઓડી એટલે બે ચાર કોરી રાખી લાડીની તેને આપી મંદીલ બંધાવી સન્માનથી રવાના કર્યો. આમ ભક્તિથી કીર્તિ સંપાદન કરી પોલાદડ ગામને અને તેની સાથે ભાકુભાજીને તથા પોતાના નામને દાસીબારે લખેલ ભજનોમાં 'દાસી ભવણ' તરીકે અમર કરી આ ભક્તરાજ સંવત ૧૮૮૧ની સાલમાં એટલે ઈ. સ. ૧૮૨૫માં દેવગતિ પામ્યો.

ભવણુપ્રાણ ૨. પું. પ્રાણભવન; નાથ; ધણી; ભવનનો સ્વામી; પતિ.

૨. પું ભગવાન.

ભવણિયો પું. ભક્ત કવિ ભવણુદાસ; દાસીજીવણ.

ભવણો પું. ભવવું તે; ભ્રમિત; ભવતર.

ભવ બંધ સર્વ ભવણો છે, મરણ ન બંધે કોય.
જોસફબ્રહ્મ

ભવન ૧ ન. ભવતર; ભવન; જન્મારો; ભવવું તે.

૨. વિ. અભય.

૩ વિ ભવતું.

૪. વિ. પ્રેમવંત

૫. વિ હિંમતવાળુ.

ભવતક્રિયા સ્ત્રી. પોતાના મરણ પાળ કરવાની વરો વગેરે ક્રિયા ભવતાં જ કરવી તે.

ભવતચરા [સં. ભ્રમિતચર્યા] સ્ત્રી. ભવતાં જ મરણોત્તર ક્રિયા કરવી તે; મૂઆ પછી પાત્રભોજન અને શ્રાદ્ધાદિકના દાન વગેરે જે ક્રિયાઓ થાય છે તે ક્રિયા ભવતાં ભવત જાતે જ કરી નાખવી તે; ભવતક્રિયા.

ભવતજીવન ન. સચેત જીવન; ભવતા પ્રાણીની કાયકૃપ; ભવજીવન.

ભવતજગત ન. જીવે ને જગે સાંસુધી; મરણ પર્યંત; દયાતી સુધી.

ભવતડી (ભવતડો) વિ. સ્ત્રી. ભવતી.

ભવતડો (ભવતડો) ૧. પું. ભવ.

૨. વિ પું. ભવતો.

ભવતત્ત્વ [સં.] ન. ચેતન પદાર્થ.

ભવતદાન ન. જિંદગીની બક્ષિસ; અભયદાન; ભ્રમિતદાન; મરણમાંથી બચાવી લેવું તે; ભ્રમિતરૂપી દાન આપવું તે; ભવતું રહેવા દેવું તે; આફતમાં સપડાયેલાને કે પોતાના સકંજામાં પડેલાને પ્રાણનું રક્ષણ.

ભવતપતિ સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી.

ભવતર ૧. ન. અવતાર; મનખો.

૨. ન. જિંદગી; ભવન; જન્મારો; ભવ.

૩. ન. ભવતુ તે.

ભવતરની પોટલી બાંધવી = મૃત્યુને માટે તૈયાર થવું.

ભવતરાં ન. ભવન.

ભવતરોઝીના સ્ત્રી. જિંદગી ભરી કરવેરા વગર મફત આપેલી જમીન.

ભવતલ વિ. ભવંત; ભવતુ.

ભવતવાન વિ. ભવતુ; ભવંત.

ભવતવ્ય [સં. ભ્રમિતવ્ય] ન. જિંદગી; ભવતર.

ભવતંતુ પું. ભવરૂપી તંતુ.

ભવતા ૧. વિ. કાંઈ વધારે.

૨. [હિં.] વિ. ભવતુ

ભવતાં ભવ અ. ભવતાં ભતાં; દયાતી દરમિયાન.

જીવતી ૧. સ્ત્રી. જીવનવૃત્તાંત.

૨. વિ સ્ત્રી. અખૂટ; પાણીવાળી; જેમાંથી કદી પાણી ખૂટે નહિ તેવી. વાવના સંબંધમાં આ શબ્દ વપરાય છે

૩. વિ. સ્ત્રી. ઝવાનીવાળી.

જીવતી ડાકણ ૧. સ્ત્રી જન્મિયાખોર સ્ત્રી.

૨. સ્ત્રી. દુષ્ટ વૃત્તિવાળી સ્ત્રી, નઠારી નજરની સ્ત્રી.

૩. સ્ત્રી. મેલી વિદ્યા જાણનારી સ્ત્રી.

જીવતી ડાકેણ જુઓ જીવતી ડાકણ.

જીવતી પૂંજી સ્ત્રી. પશુધન.

જીવતું ૧. વિ. ઉમદા.

૨. વિ. કુમળું; બિનતુ.

૩. વિ. જીવ એટલે પૈસો હોય તેવું.

૪. વિ. જીવવાળું, જીવ અને જીવન જેનામાં હોય તેવું; જીવદાર, ઇંદ્રિયોના વ્યાપાર કરતું.

૧. જીવની માખ = (૧) ખુલ્લી આંખ. (૨) ન ઝરવાપ તેવું.

૨. જીવતી માખી ગળવી = જાણીજોઈને અન્યાય કે અનુચિત કર્મ કરવું; જાણી જોઈને આપત્તિ કે સંકટમાં પડવું.

૩. જીવતી માખ ગળ્યા જેવું = લીધેલું પાછું આપી દેવા જેવું. જીવતી માંખ જો ગળવામાં આવી જાય તો જેટલું ખાધું હોય તેટલું બધું ઊબટીથી બહાર નીકળી જાય છે. તેની મા.હક વગર હકનું જે કંઈ ઉચાપત કર્યું હોય અથવા કંઈ લઈ લીધું હોય તે બધું પાછું કાઢવું પડે. તેને માટે આ પ્રયોગ વપરાય છે.

૪. જીવતું કરવું = (૧) જગાડવું; તાજું કરવું; ભડત કરવું, તેજ કરવું. (૨) જીવવાળું કરવું. (૩) ફરીને હાલેચાલે એમ કરવું. (૪) મરતાં બચાવવું. (૫) સળગાવવું.

૫. જીવતું ધન = સજીવ સંપદા; જનાવર, પશુધન.

૬. જીવતું મારવું = સંસારમાં આનેલા ખરા સુખનો લાભ કરવો; દુઃખિયા કરવો; ઘારે સંકટમાં નાખવું; સંસારના સુખનો ઉપભોગ ન લેવાય એવી રીતે રિબાવ્યા કરવું.

૭. જીવતું મૂકું = સંસારનાં સુખ જેનાથી ભોગવાતાં ન હોય એવું. જીવતા છતાં મૂવા જેવું, જીવીને કર્મ કરવા ને સુખ ભોગવવા જેને પ્રાપ્ત નથી તેવું.

૮. જીવતું વશીકરણ = તાત્કાલિક અસર કરે એવું વશીકરણ; 'હીપ્નોટીઝમ.'

૯. જીવતો મઢ = જીવતા મનુષ્યોનો બનાવેલ ગઢ.

૫. વિ. તેજદાર; આંચવિલ.

૬. વિ. નમતું; તોલ કે માપમાં બરાબર કરતાં જરા વધારે.

૭. વિ. નીકળ્યાં જ કરે પણ ખૂટે નહિ તેવું; અખૂટ પાણીવાળું.

૮. વિ. બળતું; સળગતું.

૧. જીવતું પાણી કાઢવું = પાતાળ ખોદી પાણી કાઢવું

૨. જીવતો કોલસો = ધગધગતો સળગો, અંગારો; ઊનો ધીકધીકતો કોલસો.

૩. જીવતો ભાળો = ધગધગતો કોલસો; અંગાર.

૯. વિ. મજબૂત.

૧૦. વિ. ચોખ્ખ; સાચક.

૧૧. વિ. લીલું; તાજું.

જીવતું ખોદી = શરીરમાંથી તાજું નીકળેલું લોહી.

૧૨. વિ. હયાત.

જીવતા રહો = એક આશીર્વાદ. જે મોટેરા તરફથી પ્રણામ આદિના ઉત્તરમાં નાનેરાઓને અપાય છે

જીવતું જાગતું ૧. વિ. ચેતનવાળું; ઉર્જિત અને સચેત.

૨. વિ. જીવતું અને સાબૂત

૩. વિ. પ્રબળ.

૪. વિ. બરાબર; સારું.

જીવતો અક્ષર પું. મૂળાક્ષર.

જીવતોડ (જીવતોઢ) ૧. વિ. અતિશય શ્રમ કરાવે તેવું.

૨. વિ. તનતોડ; પુષ્કળ; ઘણું જ.

જીવત્તાઈ [હિં.] સ્ત્રી. જેનાં બાળકો જીવતાં હોય તેની સ્ત્રી.

જીવત્પતિ [સં.] સ્ત્રી. જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી; સધવા સ્ત્રી; સૌભાગ્યવતી સ્ત્રી.

જીવત્પિતૃક [સં.] વિ. જેનો પિતા હયાત હોય તેવું. આવા માણસને અમાસ્નાન, શ્રાદ્ધાદિ, દક્ષિણમુખ ભોજન અને મુંડાવવાનો નિષેધ મનાય છે.

જીવત્વ ૧. [મ.] ન. જડભાવ.

૨. [સં.] ન. જીવપણું; ચૈતન્યપણું.

૩. ન. સંસારીપણું.

જીવત્વગુપ્ત પું. [સં.] (જૈન) પ્રાણ ધારણ કરવાની શક્તિ. જે શક્તિના નિમિત્તથી પ્રાણ ધારણ કરાય તેને જીવત્વગુપ્ત કહે છે.

જીવત્વબંધક ન. જીવાર્બુદ.

જીવત્વસ્થા [સં.] સ્ત્રી. જો. જેનું વાજબીપું જીવતું હોય તેવી.

જીવત્વ ૧. [સં.] પું. અસ્તિત્વ; હયાતી.

૨. પું. પ્રાણવો.

૩. પું. જીવનસ્થિતિ.

૪. પું. પ્રાણ

૫ પું. મેઘ; વાદળું.

૬. પું. મોર.

૭ પું. સદાચરણ.

૮. પું. સદ્‌ગુણ.

૯ પું. સાધુવૃત્તિ.

૧૦. વિ. ધર્મી

૧૧. વિ. લાંબા આયુષ્યવાળું, દીર્ઘાયુષી; ચિરંજીવી.

૧૨. વિ. સદાચરણી.

૧૩. વિ. સદ્‌ગુણી.

જીવદ ૧. [સં.] પું. મંથિપર્ણ વૃક્ષ; એક જાતનું ઝાડ.

૨. પું. જીવ આપનાર માણસ.

૩. પું. જીવંતી વૃક્ષ.

૪. પું. વૈદ્ય.

૫. પું. શત્રુ; દુશ્મન.

૬. વિ. જીવ આપનાર; જીવનદાતા.

જીવદયા ૧. સ્ત્રી. અભયદાન.

૨. [સં.] સ્ત્રી. પ્રાણી ઉપર દયા રાખવી તે; અહિંસા ધર્મ; જીવાનુકંપા; પ્રાણી ઉપર દયા. જીવદયાની મૌલિક મીમાંસા કરતાં નવજીવનમાં લખ્યું છે કે, જીવદયા એટલે શું ? માંકડ, કીડી કે કોઈ પણ જંતુને ન મારવાં, દુઃખ ન દેવું એ ? એ બધાંયે છે, પણ એટલામાં જ તેની પરિસમાપ્તિ નથી થતી. અને જીવદયા એટલી જ હોય તો તે અહિંસા નથી. માંકડને ઉત્પન્ન કરવામાં આપણે નિમિત્ત થઈએ ને પછી તેને મારીએ તેમાં દયા નથી. માંકડ, મચ્છરાદિ દયા દેનારા છે, એટલે ખરી દયા માંકડ મચ્છરાદિની ઉત્પત્તિ અટકાવવામાં રહેલી છે, ઉત્પન્ન થયેલાને જિવાડવાના પ્રયત્નમાં નથી. આમાં જીવદયા ખોટી કહેલી છે. જીવદયા એ આત્માનો એક મહાન ગુણ છે. બોડી કીડીઓને કે બોડાં માળાને કે બોડાં કૂતરાંને બચાવવામાં તેની સમાપ્તિ નથી થતી. તેમાં પાપ પણ હોય. જેમકે, મારે ત્યાં કીડીનો ઉપદ્રવ થાય તેનું કોઈપણ પૂરવા નીકળનાર દાની પાપ કરશે. કીડીને તો કૃત્રિમ કણ આપશે, પણ કોઠિમાંઈ પૂરનાર મારો ને મારા કુટુંબનો નાશ કરે એવું સહાયે. મહાજન કૂતરાને પાંજરામાં પૂરી, મારા ખેતર પાસે તેને મૂકી જતાં ભલે પોતે સુરક્ષિત બને ને કૂતરાને બચાવ્યાં માને, પણ તે મારા જનને જોખમમાં નાખવાનું બધારે મોટું પાપ વહોરશે. જીવદયામાં વિચાર, વિવેક, ઉદારતા, અભય, નમ્રતા અને શુદ્ધ જ્ઞાનની જરૂર છે. જીવનદયાની શરૂઆત આપણી પોતાની જ જાતિથી એટલે મનુષ્ય જાતિથી થવી જોઈએ. તેને બદલે પણ જાતિના જીવ

છતી વડે ન લઈએ એમાં જીવદયાની સમાપ્તિ માનીએ છીએ. પશુઓ ઉપર દયા રાખવી આવશ્યક છે, પણ મનુષ્યજાત ઉપર પણ તેટલી જ દયાની આવશ્યકતા છે. વળી જીવદયાને બહાને કે નામે આપણે દોરડું ન જડ એ માટ રાખવાનું છે.

જીવદયાપ્રચારક વિ. મૂગાં પ્રાણી પ્રત્યે લોકમાં દયાની લાગણી ફેલાવનાર.

જીવદયામંડળ ન. મૂગાં પ્રાણીઓની રક્ષાના ઉદ્દેશથી સ્થાપેલું મંડળ.

જીવદયાવાદી વિ. જીવ દયાનો હિમાયતી.

જીવદશા ૧. [સં.] સ્ત્રી. જીવનદશા; દયાની.

૨. સ્ત્રી. જીવની અજ્ઞાન દશા.

જીવદંડ [સ.] પું. કેદની સજા.

જીવદા ૧. [સં.] સ્ત્રી. જીવન આપનારી એ

૨. સ્ત્રી. જીવની પક્ષ.

૩. વિ. સ્ત્રી. જીવતદાન આપવાની, જીવ આપવાની.

જીવદાતા [સં. જીવદાતૃ] વિ. જીવનદાતા; જીવન આપનાર.

જીવદાત્રી ૧. [સં.] સ્ત્રી. ઋદ્ધિ નામની ઔષધિ. જીવ જતો હોય અને તે વખતે આ ઔષધિ આપવામા આવે તો તે જીવને આપવાવાળી દાતા મનાય છે, માટે તેને જીવદાત્રી કહે છે

૨. સ્ત્રી. જીવની પક્ષ.

જીવદાન [સં.] ન. કોઈનો પ્રાણ બચાવવો તે; પ્રાણદાન; પ્રાણરક્ષા.

જીવદાનુ [સં.] વિ. જીવનદાતા.

જીવદાર ૧. વિ. ઉમદા.

૨. વિ. ખબરદાર; સતેજ.

૩. વિ જીવવાળું; જેનામાં જીવ હોય એવું.

૪ વિ મજબૂત.

૫. વિ. માલવાળું.

૬. વિ. ચોખ્ખ; ચાવક.

જીવદેવ [સં.] સ્ત્રી. જીવની પક્ષ.

જીવદેહ [સં.] પું. સ્થૂળ શરીર.

જીવદેહપાર્થક્યવાદ [સ.] પું. આત્મા અને શરીર જુદાં છે એવો મત.

જીવદારી સ્ત્રી. આત્મરક્ષાનું સાધન.

જીવદ્બલ ન. પ્રાણશક્તિ.

જીવદ્રવ્ય ૧. [સં.] ન. આત્મા; ચૈતન્ય.

૨. ન. (જૈન) ઉપયોગ લક્ષણવાળું છ પ્રકારનું એ નામનું એક દ્રવ્ય. જેનામા જ્ઞાન, દર્શન, ચેતના ગુણ હોય અને જેનામાં સુખદુઃખ અનુભવ કરવાની શક્તિ હોય તેને જીવદ્રવ્ય કહે છે.

૩. ન. વનસ્પતિનું ઉત્પાદન સ્થાન.

જીવદ્વિભાગ [સ.] પું. બાપે પોતાની હયાતીમાં દીકરાઓને વહેંચી આપેલ વડોપાર્જિત મિલકત.

જીવધન ૧. [સં.] ન. ગાય, ભેંસ, બકરાં વગેરે પશુરૂપી ધન; પશુધન.

૨. ન. જીવનધન; પ્રાણપ્રિય.

૩. ન. હમલ્લનમ દ્રવ્ય.

૪. વિ. ગાય, ભેંસ, બકરાં વગેરે જીવો જેનું ધન હોય તેવું.

૫. વિ. જીવ જેને રોકાયેલ હોય તેવું.

જીવધાની [સં.] સ્ત્રી. પૃથ્વી.

જીવધારી ૧. પું. પ્રાણી; જાનવર; ચેતન જંતુ.

૨. વિ જીવવાળું, જીવંત.

જીવન ૧. પું. ક્ષુદ્ર જીવજંતુ વૃક્ષ.

૨. પું. ખોરાક.

૩. પું. અન્ન

૪. પું. જીવક નામની ઔષધિ. પહાડમાં રહેનારા સાધુ મહાત્મા જે ગામમાં આવતા નથી તેઓ જીવકનું કંદ શેકીને ખાય છે. તેઓનું જીવન તે ઉપર છે, તેને ક્ષુધા લાગવા દેવું નથી માટે તેને જીવન કહે છે

૫. પું. પરમેશ્વર

૬ પું. પુત્ર, દીકરો.

૭. પું. જોજ.

૮. પું વાયુ

૯. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રાણરૂપથી સર્વનું જીવિત રાખતા હોવાથી, સર્વના જીવનરૂપ હોવાથી તથા પ્રાણીઓની ચૈતન્યક્રિયા પણ તે જ હોવાથી તે જીવન કહેવાય છે.

૧૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૧. પું. સર્પનાં એકસો આઠ માંહેનું એક નામ.

૧૨ ન. (વેદાંત) આત્માનો મનની સાથે મનોગ કે સબંધ.

૧૩. ન. આયુષ્ય.

૧૪. ન. મૃત; જળ.

૧૫. ન. જીવ જંતુ જે હોય તે; બધો જીવ પોતાનું જીવન હોય એવું જે હોય તે; પ્રિય જન; પુત્ર, સ્વામી, સ્ત્રી વગેરે.

૧૬. ન. જીવવાનું સાધન; જીવવાનો આધાર; આજીવિકા; ગુજરો; નિર્વાહ.

૧૭. ન. જીવવું તે; પ્રાણ કે જીવ રાખી રહેવું તે; પ્રાણધારણ

૧૮. ન જિંદગી; આયુષ્ય; જન્મ અને મરણ વચ્ચેનો કાળ.

૧. જીવન ગાળવું = જિંદગી પસાર કરવી.

૨. જીવન ખલાસ થવું = જીવિતનો કાળ પૂરો થવો

૩. જીવન ભરવું જીવન વ્યતીત કરવું, જિંદગીના દિવસ કાઢવા.

૪. જીવન રાખવું = જીવન ટકાવવું.

૫. જીવન સુધારવું = જિંદગી સારી રીતે કદાચ જેમ કરવું.

૬. જીવનની સીડી = જીવનનો વિકાસ. જીવનની પ્રગતિ. શરૂઆતમાં એટલે કે જ્યારે પૃથ્વી ઠંડી બની પાણીવાળી થઈ ત્યારે પ્રથમ જીવ પાણીમાં આણ્વીય પણ નાના સ્વરૂપમાં ઉત્પન્ન થયો ધીમે ધીમે તેની પ્રગતિ થવા લાગી આ પ્રગતિનો ક્રમ સીડીની સાથે સરખાવી શકાય. અણુ જેવો જીવ પ્રગતિ પામી માછલી જેવડો થયો. પછી કરોડવાળી માછલીઓ ઉત્પન્ન થઈ. માછલીમાંથી સાપ, દેડકાં, મગર જેવાં જળચર સ્થળચર પ્રાણી ઉત્પન્ન થયાં. અહીં આવ્યા પછી સીડીના બે ફાંટા થાય છે. એક તરફ સ્થળચર જળચર પ્રાણીમાંથી પેટે ચાલનારાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં અને તેમાંથી પંખીઓ પેદા થયાં. બીજી તરફ ઊંટ, હાથી, ગેંડો, ઝિરાફ, સિંહ, ઝોખા વગેરે જેવાં સ્તનધર પ્રાણી ઊપજ્યાં અને તેમાંથી મનુષ્યની ઉત્પત્તિ થઈ.

૭. જીવનનો ઉલ્લાસ = ક્રીડાપ્રેમ; રંગદૃષ્ટિ.

૧૯. ન. પાણી; નીર; ઉદક; જળ.

અમૃ કમલ કોલાહ જલ, પદ્મ પુષ્કર વન વારિ,
અજ અરવિંદ જીવન જુવન, પનસ્સ કુરા પાપરિ.
પિંગળશબ્દકોષ

૨૦. ન. પ્રાણ; જીવનશક્તિ.

જીવન રેડવું = ચેતન આવવું

૨૧. ન. પ્રાણાધાર; પરમપ્રિય.

૨૨. ન. પ્રાણી; જંતુ

૨૩. ન. બળ, વીર્ય અને આયુષ્ય વધારનાર ઔષધ

૨૪. ન. મજબૂત ધાતુ; સરબો.

૨૫. ન. વૃત્તિ; પ્રવિક્રિયા; મુજરાનનું સાધન.

૨૬. ન. હમેશ વહોરેલ દહીંનું માખણ.

૨૭. ન. હયાતી; અસ્તિત્વ.

૨૮. વિ. જિવાડનાર.

૨૯. વિ. સજીવ કરનાર; જીવદાતા.

જીવન અવધિ સ્ત્રી. આયુષ્ય; જિંદગીની અવધિ.

જીવન આદર્શ પું. જીવનનો આદર્શ; જિંદગીનો હેતુ.

જીવન ઉષ્મા સ્ત્રી. જીવનની ફૂંક.

જીવનક [સં.] પું. સીંગેલું અન્ન.

જીવનકથા [સં.] સ્ત્રી. જીવનવૃત્તાંત; જિંદગીનું વર્ણન.

જીવનકથાકાર [સં] પું જીવનવૃત્તાંત લખનાર માણસ.

જીવનકલહ ૧ [સ] પુ ઉચ્ચ સ્થિતિમાં પહોંચવા થતી ક્રિયા. પ્રકૃતિની જે ક્રિયા વડે પ્રાણીના ઊતરોત્તર વિષમ યર્ષ ન ઊતરે સ્થિતિએ પહોંચ્યા છે તેને જીવનકલહ કહે છે

૨. પુ જીવનસંગ્રામ. જીવવા માટે કરવી પડતી મહેનત. જીવત. રહેવા માટે પ્રાણીઓને કરવો પડતો સંગ્રામ.

જીવનકલા [સ] સ્ત્રી જીવન વ્યવસ્થાની કળા અ. સંસારમાં નરજીવનમ એમ સિધ્ધ છે કે (૧) તપસ્યા એ જીવનમાં સોપેલ મોટી કળા છે (૨) જેણે ઉત્તમ કૃતી જીવન્યુ તેજ ખરા કળાકાર ઉત્તમ જીવનના પૃષ્ઠતલ વિના કળા શી રીત સંભવી શકાય ?

જીવનકલ્પન [સ] ન જીવન કલ્પવું તે

જીવનકહાણી સ્ત્રી જીવનકથા, જીવનચરિત્ર.

જીવનકળા જુઓ જીવનકલા.

જીવનકાર્ય [સં.] ન. જિંદગીનું મુખ્ય કાર્ય; વિશિષ્ટ કર્તવ્ય.

જીવનકાલ [સં.] પું. જન્મ મરણ વચ્ચેનો વખત; આયુષ્ય કાળ.

જીવનકાવ્ય ૧. [સં.] ન. જીવનનું કાવ્ય; પ્રત્યક્ષજીવનનું પ્રતિબિમ્બ.

૨. ન. જીવનરૂપી કાવ્ય.

જીવનકાંઠ પું. જીવન પ્રકરણ; આચરણ.

જીવનકાંતિ [સ.] સ્ત્રી. જીવનનું તેજ.

જીવનકુસુમ [સ] ન જીવનરૂપી ફૂલ; જીવન એ જ ફૂલ; જિંદગીરૂપી ફૂલ

જીવનકૃતાર્થતા [સં.] સ્ત્રી. જીવનસાફલ્ય, જીવનની સફળતા.

જીવનક્રમ [સ.] પું જિંદગીનો કાર્યક્રમ; આયુષ્યક્રમ.

જીવનક્રિયા [સ] સ્ત્રી. જીવવા સબંધીનું કાર્ય, જીવનની ક્રિયા.

જીવનક્ષાર [સ] પું. જીવન માટે ઉપયોગી ક્ષાર

જીવનક્ષેત્ર ૧. ન. આયુષ્યમર્યાદા.

૨. ન. વસવાટ.

જીવનખેલન [સ.] વિ. જીવનની સાથે સમ્મત કરનાર.

જીવનગતિ [સ.] સ્ત્રી. ચૈતન્યશક્તિ.

જીવનગરેડ (જીવનગરેડ) સ્ત્રી. જીવનની રૂઢી; જીવનની પ્રણાલિકા.

જીવનગારું વિ પ્રાણપ્રિય.

જીવનગાળો ૧ પું આયુષ્ય મર્યાદા.

૨. પુ ગુજરાનનું સાધન.

૩. પું. જિંદગીનો આધાર.

૪ પુ જીવન ગાળવાનું સાધન

જીવનગિરિ [સ પુ. જીવનરૂપી પર્વત

જીવનઘાટી સ્ત્રી. જીવનસૂત્ર જિંદગી જીવવાની પદ્ધતિ

જીવનચક્ર ૧ ન જિંદગીનું ફેરણું.

૨ ન જીવનનું ચક્ર જીવ ચક્રની માફક ગતિમાં કર્યા કરે છે જેમકે, પ્રાણી, વનસ્પતિ અને સમસ્ત વનસ્પતિથી નભાય છે. પ્રાણીઓ વનસ્પતિનું ભક્ષણ કરે છે. અને પ્રાણીનો મરી જાય ત્યાર બાદ તેઓના શરીરનો નાશ કરે . અ. જીવમાંથી નવા વાયુ, પાણી અને સમસ્ત ઉત્પન્ન થાય છે ફરીવારે છોડવાઓ તેનો ઉપયોગ કરે છે અને આમ જીવનચક્ર નિયમિત રીતે ફર્યા કરે છે.

૩. ન જીવનયાત્રા.

૪. ન. રેંટિયો

જીવનચરિત જુઓ જીવનચરિત્ર.

જીવનચરિત્ર ૧ [સ] ન જિંદગી જોસવવાની રીતભાત. જીવન ગાળવાની રીત.

૨. ન. જિંદગીનું વૃત્તાંત; જીવનની ઘટનિજ્ઞ કથા; જેમા કોઈના આખા જીવનનું ક્રમસર બયાન કરેલું હોય એવું લખાણ; ચરિત્રાખ્યાન

૩ ન જેમા કોઈનું જિંદગીભરનું વૃત્તાંત હોય તે પુસ્તક

જીવનચર્યા ૧. [સ.] સ્ત્રી. જીવનપદ્ધતિ.

૨ સ્ત્રી જીવનવ્યવહાર; જીવનવ્યાપાર, જીવનચરિત.

જીવનચંદ્રક [સં.] પુ. જીવનરૂપી ચંદ્રક.

જીવનજગત ન. પ્રાણીજગત.

જીવનજંગલ [સં.] ન જીવનરૂપી જંગલ

જીવનજિપક ન. એ નામનો એક પક્ષી. સર્પને જોઈ તે દુઃખી થાય એટલે તેનાથી સર્પની હાજરીની માણસને ખબર પડે.

જીવનજોડ (જીવનજોડ) સ્ત્રી પ્રભાસ, દપની

જીવનજ્યોતિ [સં.] પું., સ્ત્રી. જીવનરૂપી જ્યોતિ; પ્રાણરૂપી દીવો.

જીવનઝઘડો (જીવનઝઘડો) પું જિંદગીની ધમાલ, જીવનસંગ્રામ

જીવનતત્ત્વ ૧. [સ જીવન (જિંદગી) + તત્ત્વ (સાર)] ન જીવન બનાવવાનું તત્ત્વ, જે વડે જિંદગી વધે એવું તત્ત્વ; જીવન આપનારું પદાર્થ, વિટામિન

૨. ન મનુષ્યના શરીરના દરેક અંગની ક્રિયા

જીવનતત્ત્વવાદક [સ] વિ. જીવનના તત્ત્વને વદેનારું.

જીવનતત્ત્વશાસ્ત્ર [સ.] ન. ઇંદ્રિયવિજ્ઞાનવિદ્યા; શરીરવિજ્ઞાન

જીવનતરંગ [સં] પું જીવનની કલ્પના..

જીવનતંતુ ૧ [સ] પુ ચૈતન્ય, જીવનરૂપી તંતુ.

૨ પુ. જીવનનો આધાર, જિંદગીનો રેસો.

જીવનતત્ત્વ ૧ [સ ન ચેતના; જીવનપણું.

૨ ન જીવન, જિંદગી

જીવનદર્શન [સ] ન. જીવનનાં સત્યનો સાક્ષાત્કાર.

જીવનદાતા [સં. જીવનદાતૃ] વિ. પ્રાણદાતા.

જીવનદાયી ૧ [સ જીવનદાયિન્] વિ. જીવન આપનાર.

૨ વિ શક્તિ આપનાર.

જીવનદાર વિ. ચૈતન્યવાળું.

જીવનદીપ [સં.] પું. જીવનરૂપી દીવો.

જીવનદીપક ૧ [સ] પું. આત્મા; પ્રાણ પ્રાણ.

૨ પું જીવરૂપી દીવો

જીવનદીપક ઠોલવાઈ જવો = પ્રાણ ઊડી જવા; જીવ જવો; મૃત્યુ થવું.

જીવનદુગ્ધ ન જીવનરૂપી દૂધ.

જીવનદૃષ્ટિ ૧ સ્ત્રી જિંદગી સુધરવાનો વિચાર.

૨ [સ] સ્ત્રી જીવન વિષેની દૃષ્ટિ; દૃષ્ટિકોણ.

જીવનદ્વિબિંદુ [સ] ન જિંદગીનું ધ્યેય; અંતિમ ઇચ્છા

જીવનદોર જુઓ જીવનદોરી.

જીવનદોરી ૧ સ્ત્રી આશારૂપી દોરી.

૨ સ્ત્રી જીવનનો મુખ્ય આધાર; જીવનસૂત્ર જીવન.

૩. સ્ત્રી જીવનરૂપી દોરી; આયુષ્ય.

જીવનદ્રવ્ય [સ] ન. જીવન પોષક તત્ત્વ.

જીવનધન ૧. [સ.] ન. જીવનનું સર્વસ્વ; જીવનરૂપી દોલત.

૨. ન જીવનમાં સર્વથી પ્યારી વસ્તુ કે વ્યક્તિ.

૩. વિ. પ્રાણાધાર; પ્રાણપ્યારું.

જીવનધર્મ [સં] પું જીવનનું કર્તવ્ય.

જીવનધારક [સ.] વિ. જીવનને ધારણ કરનાર; જીવાળુ.

જીવનધારા [સ] સ્ત્રી. જીવનસરણી, જિંદગી; જીવનપ્રવાહ; જીવન.

જીવનધૂંસરી સ્ત્રી. જીવનરૂપી ધુરા.

જીવનધ્યેય [સં.] ન. જિંદગીનું લક્ષ. જીવનનો હેતુ.

જીવનધ્વનિ [સં.] પું. જીવનનો પડઘો.

જીવનનિયંતા [સ. જીવનનિયંત્] વિ. જીવનનું નિયંત્રણ કરનાર.

જીવનનિયામક [સં.] વિ. જીવનને નિયમમાં રાખનાર.

જીવનનિયામક પ્રક્રિયા [સ.] સ્ત્રી. જીવનને નિયમમાં રાખનાર ક્રિયા કે વ્યવસ્થા.

જીવનનિર્વાહ [સ.] પું જીવનનું સાધન; જેના વડે જીવન સહાય એવું સાધન. ગુજરો. આ સબંધ નવજીવનમાં કહ્યું છે કે મારી અલ્પમતિ પ્રમાણે જીવનનિર્વાહ કાજે વિદ્યાનો ઉપયોગ જ ન કરવો જોઈએ. આજીવિકાનું સાધન માત્ર વ્યાપાર જ હોવું જોઈએ. આજીવિકાનું સાધન મજૂરી એટલે વણકર, સુથાર, દરજી ઇત્યાદિ આવશ્યક ધંધો હાથો જોઈએ અ. પૈસા, વકીલ, શિક્ષક ઇત્યાદિ મુખ્યપણે પૈસા કમાવાના ધરાદર્યો તેને શાપ છે ને આદર છે એ આપણી નીતિ અધોગતિનું એક મોટું કારણ હું માનું છું.

જીવનનિર્વાહક [સં.] વિ. જીવન નભાવનારું, જીવનનો નિર્વાહ કરનાર.

જીવનનિર્વાહવ્યય [સ. જીવન (જિંદગી) + નિર્વાહ (ગુજરો) + વ્યય (ખર્ચ)] પું. જીવનના નિર્વાહનો ખર્ચ; ગુજરાન ખર્ચ.

જીવનનીતિ સ્ત્રી. જિંદગી ગુજારવાની પદ્ધતિ; કાર્યપ્રણાલી.

જીવનનૌકા [સં.] સ્ત્રી. જીવનનું વહાણ; જીવનરૂપ નૌકા.

જીવનપક્ષી પું. આકાશવિહારી પુરુષ; પોતાના ધંધામાં હોંશિયાર માણસ.

જીવનપટ ૧. પું. જીવનભારત; જીવનનો ઇતિહાસ. ૨ પું. જીવનદોરી વજ.

જીવનપટ્ટ જુઓ જીવનપટ.

જીવનપથ ૧. પું. આયુષ્ય; આવરદા.

૨. [સ.] પું. જિંદગીનો રસ્તો; જીવનપ્રવાસના માર્ગ

જીવનપદ્ધતિ [સ. જીવન (જિંદગી) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. જિંદગી ગુજારવાની રીત.

જીવનપરિવર્તન ૧. [સ. જીવન (જિંદગી) + પરિવર્તન (પલટો)] ન. જીવનમાં પલટો

૨. ન. વ્યક્તિજીવનમાં કોઈ કારણસર પિસ્તાલીસ થી પચાસ વર્ષની ઉમરે આ ફેરફાર થાય છે.

જીવનપર્યંત અ. આજન્મ; આજીવન; જીવતાં સુધી, જ્યાંથી થયું.

જીવનપર્યંત દેશનિકાલ વિ. જીવતાં સુધી કરવાર; આખી જિંદગી સુધી કરવાર.

જીવનપલટો ૧. પું. આખા જીવનમાં થતો પલટો.

૨. પું. જિંદગીનો ફેરફાર.

૩. પું. સ્વભાવનું બદલાવું તે.

જીવનપલ્લવિત [સં.] વિ. વીર કરુણાદ્ભુત, ઉત્સાહ; અદ્‌ભુત; સુંદર; રંગબેરંગી; મસ્ત; 'રોમાન્ટિક'.

જીવનપંચમૂળ ન. (વૈદક) જીવક, ઋષભક વગરે પાંચ ઔષધિ.

જીવનપંથ [સ. જીવનપથ] પું. જિંદગીનો રસ્તો

નિત્ય અમારા તારા હાથથી,
પ્રભુ જીવનપંથ ઉલ્લંઘ ! નરસિંહરાવ

જીવનપુરી સ્ત્રી. એક રાજધાની; જોનપુરી.

જીવનપોથી સ્ત્રી. ચરિત્રનું પુસ્તક.

જીવનપોષક [સં.] વિ. જીવનનું પોષણ કરનાર.

જીવનપ્રચલિત રૂઢ્યર્થસૃષ્ટિ સ્ત્રી. અનુભવોએ પ્રસ્થાપેલા જિવાયેલી રૂઢિની દુનિયા એટલે કે સાહિત્ય માનવજીવિત સાહિત્યકળા.

જીવનપ્રણાલી [સ.] સ્ત્રી. જિંદગી જીવવાની રીત; જીવનપદ્ધતિ.

જીવનપ્રતિષ્ઠાવિદ્યા [સં.] સ્ત્રી. જીવી રાખવા માટે થતો પ્રયાસ; જીવનસંગ્રામ.

જીવનપ્રદ [સ. જીવન (જિંદગી) + પ્રદ (આપનાર)] વિ. જીવન આપનારું

અન્નમાંથી દ્વારા ઉદરમાંથી બહાર કાઢવામાં આવતો તે જીવનપ્રદ-પ્રાણ. અને ઉદરની અંદર જતો કેળવાયેલ વસ્તુ અપાન એ બંને પોષકવાયુ છે અને જીવનપ્રદ દ્વારથી આત્માને અનુગ્રહકારી છે.
તત્ત્વાર્થસૂત્ર

જીવનપ્રમાણ [સં.] ન. જિંદગીનું પ્રમાણ.

જીવનપ્રયત્ન [સ.] પું. જીવનવિગ્રહ, જીવનસંઘર્ષ; જીવનયુદ્ધ.

જીવનપ્રયાસ [સ.] પું. સૃષ્ટિમાં દરેક જીવપ્રાણી પોતાનું જીવન ટકાવવા માટે કરે છે તે પ્રયત્ન; જીવનસંઘર્ષ, જીવનવિગ્રહ, જીવનયુદ્ધ.

જીવનપ્રવાહ [સં.] પું. જીવનરૂપી પ્રવાહ.

જીવનપ્રવેશ [સં. જીવન (ચેતન) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. જીવન એટલે ચેતન દાખલ થવું તે

જીવનપ્રસંગ [સં.] પું. જિંદગીનો બનાવ.

જીવનપ્રિય [સં.] વિ. જેને પોતાની જિંદગી વહાલી હોય એવું.

જીવનપ્રેરક [સં] વિ. જીવનને પ્રેરનાર; જીવનને પ્રેરણા કરનાર.

જીવનપ્રેરક તત્ત્વ ન. પ્રાણને પોષણ આપનાર પદાર્થ; વિટામિન.

જીવનફિલસૂફી સ્ત્રી. જીવન સંબંધી ઊંચા વિચાર.

જીવનબલ [સં.] ન. ચૈતન્ય; પ્રાણશક્તિ.

જીવનબળ જુઓ જીવનબલ.

જીવનબિર્ત ન. ઓછા પગાર નોકરના કુટુંબને ગુજરાન માટે આપાતી વાર્ષિક રકમ.

જીવનબિંબક ન જીવનરૂપી બિંબ.

જીવનબુટ્ટી [હિ.] સ્ત્રી. મરેલાને જીવન આપે એવી ઔષધિ; સંજીવની.

જીવનભય ૧. [સં.] પું જિંદગી સુધીનો ડર.

૨. પું. મોતની બીક; મરણભય

જીવનભર અ. જિંદગી સુધી; જીવન પર્યંત; જીવે ત્યાં સુધી.

જીવનભાર પું. જિંદગીનો બોજો; જીવનનો ભાર.

જીવનમદાનલ [સં. જીવન (જિંદગી) + મદ (ગર્વ) + અનલ (અગ્નિ)] પું. જીવનના ગર્વરૂપી અગ્નિ.

જીવનમધુ [સં. જીવન (જિંદગી) + મધુ (મધ)] ન. જિંદગીનો આનંદ

જીવનમરણ ૧. ન. જન્મ અને મરણ.

૨. [સં. જીવન (હયાતી) + મરણ (મોત)] ન. જીવન અને મરણ; જીવવું અને મરવું તે.

જીવનમંત્ર [સં.] પું. મૌલિક મંતવ્ય; સિદ્ધાંતસૂત્ર; જિંદગીનો મુખ્ય આદર્શ; જીવનનો મુખ્ય ધ્યેયમંત્ર.

જીવનમંથન [સં. જીવન (જિંદગી) + મંથન (વલોવવું તે)] ન. જિંદગીની ગડમથલ.

જીવનમંદિર [સં] ન. જીવનરૂપી મંદિર.

જીવનમાધુર્ય ન. જીવનની મોરમ; જીવનની સાર્થકતા. જીવનમાધુર્યનો સિદ્ધાંત એ પણ જણાવે છે કે: લક્ષ્મીના પુજારી થઈને અતિશય વેગીલી યંત્રશક્તિ પર રચાયેલા ગ્રામોદ્યોગ જટિલ યાંત્રિક જીવન સાથે ઉચ્ચ વિચારસરણીનો મેળ નથી. આપણે સાદાઈ સાથે ઉમદા જીવન જીવવાની કળા શોધીએ તો જ જીવનનું સમગ્ર માધુર્ય પ્રગટાવી શકીશું

જીવનમાર્ગ [સં.] પું. જિંદગીનો રસ્તો; જીવનનો પંથ.

જીવનમિત્ર [સં.] પું. જીવનભરનો મિત્ર; આજીવન મિત્ર.

જીવનમુક્ત જુઓ જીવન્મુક્ત.

જીવનમુક્તદેહ જુઓ જીવન્મુક્તદેહ.

જીવનમુક્તપદ જુઓ જીવન્મુક્તપદ.

જીવનમુક્તપુરુષ જુઓ જીવન્મુક્તપુરુષ.

જીવનમુક્તાધ્યાય જુઓ જીવન્મુક્તાધ્યાય.

જીવનમુક્તાવસ્થા જુઓ જીવન્મુક્તાવસ્થા.

જીવનમુક્તિ જુઓ જીવન્મુક્તિ.

જીવનમુક્તિપ્રદ જુઓ જીવન્મુક્તિપ્રદ.

જીવનમુક્તિપ્રયોજન જુઓ જીવન્મુક્તિપ્રયોજન.

જીવનમુક્ત્યધિકારી જુઓ જીવન્મુક્ત્યધિકારી.

જીવનમૂર્તિ [સં.] સ્ત્રી જીવનના આદર્શરૂપ મૂર્તિ; જેનું જીવનથી સહજપણે, મોજથી ને આવો માણસ, જેણે જીવન બરાબર જીવ્યું છે એવી વ્યક્તિ

જીવનમૂલ ન. જીવનરસ, 'પ્રોટોપ્લેઝમ'

જીવનમૂળી ૧. સ્ત્રી. જીવનનું મૂળ, જીવનનો આધાર
૨ સ્ત્રી જીવવાનો હેતુ

જીવનમોક્ષવિદ્યા ૧. [સં] સ્ત્રી જીવનની સફળતા મળે એવું જ્ઞાન; જીવન કેમ જીવવું તે સમજવાની વિદ્યા.
૨. સ્ત્રી. સામાજિક વિજ્ઞાન.

જીવનયાતના [સ] સ્ત્રી જીવનનું દુઃખ, જીવન જીવવામાં આવતી મુશ્કેલી.

જીવનયાત્રા ૧. [સં] સ્ત્રી જિંદગી, જન્મથી મરણ સુધીની સફર.
૨. સ્ત્રી. જીવનવ્યવહાર.

જીવનયાપન [સં જીવન + યા (જવું)] ન. જીવન વ્યતીત કરવું તે.

જીવનયુદ્ધ [સ.] ન. જીવનસંગ્રામ; જીવવા સમજવાની મહામથલ, જિંદગીની લડાઈ

જીવનયોગ [સં] પું જીવનનો અવસર; જીવનનો સારો પ્રસંગ.

જીવનયોનિ ૧. [સ] સ્ત્રી ચેતનાશક્તિ.
૨. સ્ત્રી. જીવનના કારણભૂત પુરુષપ્રકૃતિજન્ય ગ્રંથ.
૩ સ્ત્રી (વેદાંત) શરીરમાં પ્રાણસંચારનો એક અતીંદ્રિય બળ, શરીરમાં રહેલી જીવવાની શક્તિ.

જીવનરક્ષકપદાર્થ [સં] પું જિંદગીને ટકાવી રાખવામાં જરૂરિયાતની વસ્તુ.

જીવનરથ [સ] પુ. જિંદગીરૂપી રથ.

જીવનરસ ૧ સ પુ. ચેતનાશક્તિ, ચેતનરસ જાડમાં કરતો જીવનને આવશ્યક રસ, 'પ્રોટોપ્લેઝમ'. જીવનરસ જે વનસ્પતિનો પણ આદિ પિતા છે તે પ્રથમ કયાંથી આવ્યો ? કેટલાક એમ માને છે કે કોઈ તારો તૂટ્યો, તેનો જે ભાગ પૃથ્વી ઉપર પડ્યો તેમાં એ પ્રોટોપ્લેઝમ પૃથ્વી ઉપર આવી પડ્યો. બીજા એમ કહે છે કે એવી સ્થિતિમાં એ કણ કાયમ ન રહી શકે, તેથી પૃથ્વી ઉપર અનુકૂળ સ્થિતિ આવવાથી આપોઆપ તેનો આરંભ થયો વૈજ્ઞાનિકો પ્રોટોપ્લેઝમ ઉત્પન્ન કરી શકતા નથી, કેમકે તે સજીવ પદાર્થ છે.
૨. પું જીવનમાં આવતો આનંદ; જિંદગીનો આનંદ

જીવનરસાયણ ૧. ન. આયુર્વેદ.
૨. જુઓ જીવનરસાયન.

જીવનરસાયન [સ] ન પ્રાણીના શરીરની ધાતુઓના બંધારણના; 'બાયોકેમિસ્ટ્રિ'

જીવનરહસ્ય ૧ [સ] ઓ ન.મનું મસ્તક વિદ્યાને લગતું એક પુસ્તક.
૨. ન જિંદગીનો હેતુ
૩. ન જીવનનું રહસ્ય; જિંદગીનો છુપો ભેદ

જીવનરાજ [સ જીવન + રાજ્ (પ્રકારવું) + અ (પ્રત્યય)] પું. જીવનમાં જોર; ઉત્તમ રીતે જીવન જીવી જાણનાર માણસ.

જીવનરાસ [સં.] પું. જિંદગીરૂપી રાસ.

જીવનરેખા જુઓ જીવનરેષા.

જીવનરેષા [સ] સ્ત્રી હાથમાં આવેલી એક રેખા; જિંદગીની રેખા, તે ઉપરથી શારીરિક સ્વાસ્થ્ય, સ્થૂલ જીવનની મર્યાદા, ગૃહજીવન વગેરે જાણવામાં આવે છે.

જીવનલક્ષ જુઓ જીવનલક્ષ્ય.

જીવનલક્ષ્ય [સં.] ન. જિંદગીનું ધ્યેય.

જીવનલતા [સં.] સ્ત્રી. જિંદગીરૂપી વેલ

જીવનલલકાર પુ જીવનનો લલકાર, કેમ જીવવું તે સમજીનો પોકાર.

જીવનલીલા [સં] સ્ત્રી. જીવનની ક્રીડા; જિંદગીરૂપી ખેલ; જીવવું તે.

જીવનલેખક [સ] પું જન્મચરિત્ર લખનાર; ચરિત્ર લેખક.

જીવનવર્મા [સં જીવન (જિંદગી) + વર્મન (રસ્તો)] વિ. જિંદગી જીવવાની રીત.

જીવનવાર પું. આવું; ઉજાણી; જમણવાર.

જીવનવિકાસ [સ] પુ જીવનનો વિકાસ; આત્મશક્તિને ખીલવવી તે; જીવનની પ્રગતિ; કોઈ જીવન એક એવું વિધાન પણ છે કે- મોટી અદના માણસને પણ મોટી કોઈના જેવું જ મળી રહેવું જોઈએ એ અર્થવાળા અંગ્રેજી વચન 'અન્ટુ ધ લાસ્ટ' નામથી રસ્કિને એક પુસ્તક લખ્યું છે 'સર્વોદય' અર્થાત્ સર્વનો ઉદય સરખી રીતે કોઈ થવો જોઈએ એ તેનો ગુજરાતીમાં તરજુમો થયેલ છે તેમાં એ સિદ્ધાંત છે કે, દુનિયા આપણી સાથે જેવી રીતે વર્તે એવી આપણે ઇચ્છા રાખીએ, તેવી જ રીતે આપણે બધાને સૌથી નાનામાં નાની વ્યક્તિ, અદનામાં અદના માણસ તરફ વર્તવું જોઈએ. ટૂંકમાં કે, સૌને જીવનનો વિકાસ કરવાની અને જીવન સાર્થક કરવાની એકસરખી તક મળી રહેવી જોઈએ. તક આપવામાં આવે, તો માણસ માત્ર સરખી રીતે પોતપોતાનો આધ્યાત્મિક વિકાસ સાધવાને સમર્થ થાય સર્વોદયમાં જીવનવિકાસનો આદર્શ આ રીતે આલેખવામાં આવ્યો છે.

જીવનવિગ્રહ જુઓ જીવનયુદ્ધ.

જીવનવિજ્ઞાન [સં.] ન. જીવનશાસ્ત્ર.

જીવનવિદ્યા [સં.] સ્ત્રી. મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિ એ ત્રણેનાં રૂપ, ધર્મ, ઉત્પત્તિ, વિકાસ, વિનાશ, કલ્પના આદિનું જ્ઞાન આપનારી વિદ્યા; સજીવ પ્રાણીઓની ક્રિયાઓનું જ્ઞાન આપનારી વિદ્યા; જીવનશાસ્ત્ર; 'બાયોલૉજિ.'

જીવનવિધાયક [સં.] વિ જીવન ઘડનાર.

જીવનવિધિ [સં.] સ્ત્રી. જિંદગીનો કાર્યક્રમ.

જીવનવિવિધતા [સં.] સ્ત્રી. જીવનનું વિવિધપણું.

જીવનવીમા પું. જિંદગીનો વીમો.

જીવનવૃત્ત [સં.] ન. જીવનવૃત્તાંત; જીવનચરિત.

જીવનવૃત્તાંત [સં.] પું. જીવનચરિત.

જીવનવૃત્તિ [સં.] સ્ત્રી જીવિકા; જીવનોપાય; પ્રાણરક્ષા માટેનો ઉદ્યમ; રોજી.

જીવનવેધી [સં. જીવનવેધિન્] વિ. જીવન વીંધી નાખે તેવું.

જીવનવ્યાપાર [સં.] પું. જીવનનો વહેવાર.

જીવનવ્યાપી ૧. [સં. જીવન (જિંદગી) + વ્યાપિન્ (ફેલાનાર)] વિ. જીવન પર્યંતનું.
૨. વિ. જીવનમાં ઘર કરી ગયેલ.

જીવનવ્યાસંગ પું. જીવનની આસક્તિ; જીવનની ધૂન; જીવનનો આધાર.

જીવનવ્રત ૧. [સં.] ન. જીવનનો અમુક જાતનો નિયમ.
૨. ન. જૂના મરી ગયેલા નોકરના કુટુંબને આપવાનું પેન્શન.

જીવનશક્તિ ૧. [સ.] સ્ત્રી. જીવવા માટેની શક્તિ; ચેતના; જીવનની મૂળ શક્તિ; 'વાઇટલ ઍનિર્જ.'
૨. સ્ત્રી. શારીરિક કૌવત કે તાકાત.

જીવનશક્તિદાયક [સં.] વિ. જીવનરૂપ સત્તાધક; શક્તિદાયક; પોષક.

જીવનશાસ્ત્ર ૧. [સ.] ન. મનુષ્ય અને પ્રાણીના ક્રમવતી વિકાસના નિયમોની મીમાંસા કરનાર શાસ્ત્ર; જીવવિદ્યા, જીવશાસ્ત્ર; 'બાયોલૉજિ.'

૨. ન. સમગ્ર જીવનને વિચારતું શાસ્ત્ર.

જીવનશાસ્ત્રજ્ઞ [સ.] પું. જીવનવિદ્યા જાણનાર.

જીવનશાસ્ત્રી [સ. જીવનશાસ્ત્રિન્] પું. જીવનશાસ્ત્રનો અભ્યાસક માણસ.

જીવનસખા [સ. જીવન (જિંદગી) + સખિન્ (મિત્ર)] પું. જિંદગીભરનો મિત્ર.

જીવનસખી ૧. [સ] સ્ત્રી. જિંદગીભરની સાથી.

૨. સ્ત્રી. સહધર્મચારિણી, પત્ની.

જીવનસખીરી સ્ત્રી. પત્ની; સહધર્મચારિણી; જીવનસખા.

જીવનસફર સ્ત્રી. જિંદગીની મુસાફરી.

જીવનસમ વિ. જીવનના જેવું.

જીવનસહચર [સ.] પું. પતિ.

જીવનસહચરી [સ. જીવન (જિંદગી) + સહચરી (સોબતણ)] સ્ત્રી. જીવન સુધીનો પુરુષની પત્ની.

જીવનસહચારિણી જુઓ જીવનસહચરી.

જીવનસહચારો ૧. [સં. જીવન (જિંદગી) + સહચારિન્ (મિત્ર)] પું. જિંદગીનો સાથી, જીવનભરનો મિત્ર.

૨. વિ. જિંદગીભર સાથે રહેનારું.

જીવનસંધ્યાશાસ્ત્રો [સ.] ન. આરોગ્ય સાધ્યાશાસ્ત્ર, 'યાજટલ રેટેરિસ્ટકસ.'

જીવનસંગી ૧. [સં. જીવનસંગિન્] પું. જીવન પર્યંતનો સાથીદાર.

૨. સ્ત્રી. પત્ની.

જીવનસંગ્રામ [સં.] પું. જીવતા રહેવા માટે પ્રાણીઓને કરવો પડતો સંગ્રામ; જીવનકલહ, જીવન માટેનું યુદ્ધ; 'સ્ટ્રગલ ફોર એક્ઝિસ્ટન્સ.'

હરપ્રયત્નથી દરેકને સંગ્રામ કરવો પડે છે. તેને જ જીવનસંગ્રામ કે જીવનકલહ કહે છે.

મુ. સા. પરિષદ

જીવનસંઘર્ષ [સ.] પું. જીવનસંગ્રામ, 'સ્ટ્રગલ ફોર એક્ઝિસ્ટન્સ'.

જીવનસંદેશ [સં.] પું. જીવનનો મુખ્ય સંદેશો.

જીવનસંધ્યા સ્ત્રી. જીવનરૂપી સંધ્યા; જિંદગીનો છેલ્લો ભાગ.

જીવનસાથી ૧. પું. આખી જિંદગીનો સોબતી; વર, પતિ; ધણી.

૨. સ્ત્રી. પત્ની.

જીવનસાધન [સ.] ન. જીવ ટકાવી રાખવાની વસ્તુ, ઉદરનિર્વાહનું સાધન.

જીવનસાફલ્ય [સ.] ન. જિંદગીની સફળતા.

જીવનસાર્થકય [સ] ન. જીવનની કૃતકૃત્યતા, જિંદગીની સાર્થકતા.

જીવનસિદ્ધાંત [સ.] પું. જીવનમંત્ર, જીવનનો ખાસ સિદ્ધાંત.

જીવનસિદ્ધિ [સ] સ્ત્રી. જિંદગીની પ્રાપ્ય વસ્તુ; જીવનના ધ્યેયની પ્રાપ્તિ.

જીવનસુધાર પું. જિંદગીમાં સુધારો.

જીવનસૂત્ર ૧. [સં.] ન. જીવનનું મુખ્ય લક્ષ્ય, જીવનનો હેતુ, જીવનમંત્ર, જિંદગીનો ઉદ્દેશ.

૨. ન. જીવનનો દોર; જીવનદોરી; જીવનનો આધાર.

૩. ન. જીવનરૂપી દોરી; આયુષ્ય.

૪. ન. મુખસૂત્ર; મુદ્રાલેખ; અર્જવચન; આપ્તવાક્ય-સૂત્ર.

જીવનસ્થિતિ સં જીવન (જિંદગી) + સ્થિતિ (સ્થિર રહેવું તે)] સ્ત્રી જિંદગીની અવસ્થા.

જીવનસ્પર્શી [સં.] સ્ત્રી. જીવનને સ્પર્શે તેવું, જીવનને લગતું.

જીવનસ્મૃતિ [સં.] સ્ત્રી જિંદગીની બનેલા બનાવો, સ્મરણરૂપે સચવાયેલો આત્મકથા., 'રેમીનિસન્સીઝ.'

જીવનસ્રષ્ટા [સ જીવનસ્રષ્ટૃ] વિ. જીવનનો સરજનહાર.

જીવનસ્રોત [સં.] પું. જીવનનો પ્રવાહ.

જીવનસ્વપ્ન [સં.] ન જીવનની કલ્પના.

જીવનસ્વામી [સં. જીવનસ્વામિન] પું. જીવ માત્રનો સંરક્ષણહાર; ઈશ્વર.

જીવનહાર પું. ધણી; પતિ; નાથ; ભરથાર.

ઓએ પોતાના ભગવાને, પોતાના જીવનહાર, પોતાના માલ, મિલ્કત અને ધનધોરીથી બીજે અને ત્યાં મુકીને સપરી ચલતા થયા છે.

મુ. સા. પરિષદ

જીવનહારિણી [સ] વિ.સ્ત્રી. વિનાશક, જીવલેણ

જીવનહેતુ ૧. [સં] પું. જીવનનું કારણ; જીવનનો હેતુ.

૨. પું. જીવનરક્ષાનું સાધન; ઔષધ; રોજી

જીવના [સં.] સ્ત્રી. એ નામે એક ઔષધિ.

જીવનાર્ડ વિ સ્ત્રી. જીવવાળી.

જીવનાઘાત [સ.] પું. ખેર.

જીવનાચાર [સં.] પું નિયમન; નિયમબદ્ધતા; શિસ્ત; 'ડિસિપ્લિન.'

સંસ્કૃત વાઙ્મયમાં સંસ્કૃતિ જીવનાચાર અને માનવતાની જે પ્રતિભા કોરાયેલી છે તે પ્રાચીન કે નવીન, નિર્દોષ કે સદોષ બીજા કોઈ વાઙ્મયમાંથી આપણને મળી રહે એમ નથી

બલવંતરાય ઠાકોર

જીવનાચાર્ય [સં.] પું. જીવન આપનાર આચાર્ય; જીવનગુરુ

જીવનાદર્શ [સં] પું. જીવનનો આદર્શ.

જીવનાધાર ૧. પું પ્રભુ

૨. [સં] પું. ધણી, પતિ; વહાલો; પ્રાણાધાર.

૩. પું. પ્રભુ; પરમેશ્વર

૪. વિ. જેના ઉપર જીવનનો આધાર હોય તેવું

જીવનાનંદ [સં] પું જિંદગીની મજા.

જીવનાભાવ [સં. જીવન + અભાવ] પું. મૃત્યુ.

જીવનારંભ [સં.] પું. પૃથ્વી ઉપર જીવની શરૂઆત

જીવનારંભિક [સં.] વિ. જીવ સૃષ્ટિ ઉપર પેદા થયો તે પછીનું. સાડાસાત કરોડ વર્ષ પહેલાં એની સ્થિતિ હતી. સાડાસાતથી માંડીને સાડાત્રણ કરોડ વર્ષમાં કંઈ, બહુધા આથેજ નથી બહુકમાલા બની ગયેલી. આ નવા ઔદલે કે પ્રોટરોઝોઇક ઔદલે જીવનારંભિક બહારોમાં રહેલા કેટલાક અવશેષો ઉપરથી કહી શકાય કે તેમાં ઉપલા ત્રણ કરોડ વર્ષ દરમિયાન અહીં તહીં અલ સાદી વનસ્પતિનો તથા રેડીઓ કારીઆ નામનાં અતિ સૂક્ષ્મ જંતુઓનો ઉદ્ભવ થયેલો.

જીવનાવધિ [સં.] સ્ત્રી. આયુષ્યમર્યાદા.

જીવનાવશ્યક [સ] વિ પ્રાણાત્મક; ચેતનાત્મક.

જીવનાવાસ ૧. [સ.] પું. વરુણ દેવ.

૨ પું શરીર; દેહ.

જીવનાંતર [સ જીવન + અંતર (અવધિ)] ન. જીવનનો કાળ; વય; ઉમર.

જીવનિ ૧. [વિ.] સ્ત્રી. અત્યંત પ્રિય વસ્તુ.

૨ સ્ત્રી જિવાડનારી વસ્તુ; પ્રાણાધાર.

૩ સ્ત્રી સજીવની બૂટી.

જીવનિકા ૧ [સં.] સ્ત્રી. કાકોલી વનસ્પતિ.

૨. સ્ત્રી. જિંદગી.

૩. સ્ત્રી જીવન્તી વૃક્ષ.

૪. સ્ત્રી. ડોડી વનસ્પતિ.

૫. જી. મેલ કંદ. મેદા કંદના ગાઠમાં રહાડ્રડી જેવી કણીઓ થાય છે.

૬. જી. હરડે, હરડે આખા જગતનું જીવન હર્ષ તેને જીવનિકા કહે છે.

જીવનિપાત [સં.] પુ. મનુષ્યનું અધ:પતન; માણસની પડતી.

જીવનિભાવ પુ જીવન નભાવવું તે.

જીવનિયું ૧. ન. આજીવિકા; રોજ; જીવનનું સાધન

૨. ન જિંદગી. જીવન

જીવની ૧. [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાકોલી.

૨. સ્ત્રી એ નામનું ગાઢ; જીવંતી વૃક્ષ.

જીવા જીવની અધમવા જીવની એ નામ, આ સંજીવની તુજ સમ સખી તું સજીવન સુખ પામ.
વિમલાબાઈ દેસાઈ

૩. સ્ત્રી. એક જંગલી વેલી; ઢોરી; મીઠી અરખોડી.

૪. સ્ત્રી. જીવનચરિત્ર

૫. જી. મેદા કંદ. મેદા કંદના ક્ષુપ ઉપર રાડારૂડીનાં ફૂલ જેવાં ફૂલ થાય છે.

જીવનીય ૧. ન. ઔષધ.

૨. ન. જીવતી વૃક્ષ.

૩. ન. દૂધ

૪. [સં.] ન પાણી; જળ.

૫. વિ. આશ્રય કરવા જેવું.

૬. વિ. જીવનને લગતું.

૭. વિ. જીવનપ્રદ; જિંદગી આપે એવું.

૮. વિ. જીવવા યોગ્ય.

જીવનીય ગણ [સં.] પુ. (વૈદક) બળકારક ઔષધોનો એક વર્ગ. તેમાં અષ્ટવર્ગ પ્રશ્નિની, જીવંતી, મધુક અને જીવન હોય છે વાગ્ભટના મત પ્રમાણે જીવનીય ગણમાં જીવંતી, કાકોલી, ક્ષીર, મુદ્ગપર્ણી, માષપર્ણી, ઋષભક, જીવક અને મધુક આવે છે તે મધુર, ગર્ભસ્થાપક, ગુરુ, બાવણ વધારનાર, વૃષ્ય, સ્નિગ્ધ, શીત, તરસ છિપાવનાર તથા રક્તપિત્ત, ક્ષય, શોષ, દાહ અને વાતને હરનાર મનાય છે.

જીવનીય દશક ન જીવનીય ગણની દસ ઔષધિઓનો સમૂહ.

જીવનીય દ્રવ્ય ન. જીવનતત્ત્વ; વિટામિન.

જીવનીયા જુઓ જીવની.

જીવનેચ્છા [સં. જીવન + ઇચ્છા] સ્ત્રી. જીવન વધારવાની ઇચ્છા.

જીવનેશ્વરી [સં. જીવન + ઈશ્વરી] સ્ત્રી. જીવનની અધિષ્ઠાતા દેવી.

જીવનોત્સવ [સં. જીવન + ઉત્સવ] પું. જિંદગીની મજા.

જીવનોદ્દેશ [સં જીવન + ઉદ્દેશ] પું. જિંદગીનો હેતુ; જીવનનું પ્રયોજન

જીવનોપયોગી [સં. જીવન + ઉપયોગિન્] વિ. જીવનને માટે જરૂરી.

જીવનોપાય [સં. જીવન + ઉપાય] પું. ગુજરાનનું સાધન; જીવનનો ઉપાય; વૃત્તિ; રોજ.

જીવનોલ્લાસી [સં જીવન + ઉલ્લાસિન્] વિ. જીવનને આનંદ આપે તેવું.

જીવનૌષધ [સં. જીવન + ઔષધ] ન. જિવાડનારી દવા; મરતાંને પણ જિવાડે એવું ઔષધ.

જીવન્મુક્ત ૧. [સં] પું. જન્મમરણથી અને ત્રિવિધ તાપથી છૂટેલો જીવ; બ્રહ્મજ્ઞાની. જ્ઞાનજ્ઞાનનો શરીરધારી આત્મા.

૨. પું. જિંદગી છતાં મુક્ત હાલત.

૩. પું. મનુષ્ય દેહે જીવતો છતાં મુક્ત માણસ; પોતાના સ્વરૂપના જ્ઞાન વડે અજ્ઞાન તથા તેનું કાર્ય જે સંચિત કર્મ તથા પ્રારબ્ધ વિષયભોગ આદિ, એ સર્વનો બાધ કરીને સર્વ બંધથી રહિત થયેલ માણસ મુક્ત જીવો બે પ્રકારના છે: જીવન્મુક્ત અને મુક્ત. વેદાંતસારમાં લખ્યું છે કે: જેણે અખંડ ચૈતન્યસ્વરૂપ બ્રહ્મના જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ કરી આત્મસ્વરૂપ અખંડ બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હોય અને જે અજ્ઞાન તથા અજ્ઞાનનાં કાર્ય પાપ, પુણ્ય, સંશય, ભ્રમ આદિના બંધનથી નિવૃત્ત થયો હોય તે જીવન્મુક્ત કહેવાય છે. સાંખ્ય અને યોગ મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ સંબંધી વિવેકજ્ઞાન થવાથી જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે, અર્થાત્ જ્યારે મનુષ્યને એવું જ્ઞાન થાય છે કે આ પ્રકૃતિ જડ, પરિણામિની અને ત્રિગુણમયી છે અને હું નિત્ય અને ચૈતન્યસ્વરૂપ પુરુષ, ત્યાં તે જીવન્મુક્ત થાય છે.

૪ પું. સિદ્ધ પુરુષ.

૫ પું. સ્વાધીનારાયણ ધર્મ

૬ વિ. (સાંખ્ય) અભિમાન રહિત અને મધ્યમ વિવેકી.

૭. વિ. આસક્તિ રહિત.

> જ્યારથી ભિન્ન કોઈ પણ પદાર્થ સત્ય છે એવું જ્ઞાન જ્યાંસુધી હોય ત્યાંસુધી મોક્ષ નથી, અર્થાત્ એવા જ્ઞાનવાળાએ પોતાને જીવન્મુક્ત માનવો નહિ.
> સિદ્ધ તદર્શન

૮ વિ જીવતાં જ આત્મજ્ઞાની થઈ જન્મમરણથી મુક્ત થયેલ, વિદેહી

૯. વિ જીવદશામાં પણ માયાના બંધથી રહિત; અહર્નિશ: મગ્ન પહેલાં જ આ જગત ખોટું છે એવું જેને જ્ઞાન થયેલ હોય તેવું; અસાર, દેહ વગેરેની માયાથી છૂટું; જને દેહે માયાનાં બધનોમાંથી મુક્ત; આત્મજ્ઞાની. જીવનાં જ મુક્ત. જાત્ય સત્ય જર્મન-મર્મ્યા એવા વિચારવાળું; જીવિત દશામાં હોવા છતાં આત્મજ્ઞાન દ્વારા સાંસારિક બંધનથી છૂટી ગયેલ.

જીવન્મુક્તત્વ ૧ [સં.] પું. પાંચમી કે છઠ્ઠી ભૂમિકા, જેમાં પોતાની મેળે કે બીજાની મદદથી બ્યુત્થાન કે અબ્યુત્થાન થાય છે, તે ભૂમિકાવાળા હોવાપણું

૨ ન. પોતાની દૃષ્ટિથી પોતાનામાં અભ્યાસનો પ્રતિભાસ ન થતો હોઈને જ્યાંસુધી પ્રારબ્ધ હોય ત્યાંસુધી બાધિત ચિત્તાદિવાળા હોવાપણું.

જીવન્મુક્તદેહ પું. બ્રહ્મજ્ઞાની પુરુષનું શરીર. જેમ કુંભારે ચાકડો ફેરવવાની ક્રિયા બંધ કરી દીધી હોય છતાં પણ વેગને લીધે અમુક વખત સુધી તે ચાકડો ફર્યા કરે છે, અથવા જેમ ઘડિયાળને ચાવી આપ્યા પછી અમુક કલાકો સુધી ઘડિયાળ ચાલ્યા કરે છે, તેમ જીવન્મુક્ત પુરુષનું શરીર પ્રારબ્ધ કર્મોને ભર્યા કર્યા કરે છે.

જીવન્મુક્તપદ ૧. [સં.] ન. આત્મજ્ઞાનીનું પદ; બ્રહ્મજ્ઞાની હોવું તે.

૨. ન. મોક્ષ.

જીવન્મુક્તપુરુષ પું. આત્મજ્ઞાન મેળવીને જીવનથી મુક્ત થયેલ આદમી; આસક્તિ રહિત પુરુષ; જીવનને સફળ કરનાર વ્યક્તિ; પાપ અને પુણ્ય બંનેથી પર થઈ ગયેલ માણસ; બ્રહ્મજ્ઞાની.

જીવન્મુક્તાધ્યાય [સં.] પું. બ્રહ્મસૂત્રના ચાર ભાદેનો ત્રીજો નામનો એક અધ્યાય. તેને ફલાધ્યાય પણ કહે છે.

જીવન્મુક્તાવસ્થા [સં.] સ્ત્રી. જીવતાં જીવતાં મુક્ત હાલત; બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછીની અવસ્થા. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી આ અવસ્થા જીવંત સ્થિતિમાં જ પ્રાપ્ત થાય છે, એટલે એને જીવન્મુક્તાવસ્થા કહે છે

જીવન્મુક્તિ ૧. [સં] સ્ત્રી. કાર્યવિમુક્તિ; વિવેક ખ્યાતિથી ત્રિવિધ કાર્યથી પ્રજ્ઞાની યા બુદ્ધિની નિવૃત્તિ; શ્રવણાદિ વડે જેને સાક્ષાત્કાર થયો હોય એવા વિદ્વાન સંન્યાસીને જીવિત અવસ્થામાં કર્તૃત્વ ભોક્તૃત્વ આદિરૂપ સઘળા બંધોની પ્રતીતિની નિવૃત્તિ.

૨. સ્ત્રી. જગત, જીવ અને બ્રહ્મત્વનો સાક્ષાત્કાર થયા પછી ને સ્મૃતિમાં પ્રબળપણે દૃઢ થઈ રહે એવી અવસ્થા. જીવે કરેલા મનોમય અજ્ઞાનરૂપ અને જ્ઞાનરૂપ દૈતનો ત્યાગ કરવાથી મુમુક્ષુને જીવન્મુક્તિની અંતિમ સીમા પ્રાપ્ત થાય છે.

૩. જ્ઞો. જ્ઞાનનાં સાત માહેનું ઉલ્લું પગથિયું, જ્ઞાનરૂપતા; બ્રહ્મત્વ; તુર્યા સમાધિવાળી સ્થિતિ થાય ત્યારે તે જ્ઞાની સાતમા એટલે ઉલ્લા પગથિયા ઉપર છે એમ કહેવાય છે અને આ સ્થિતિનું નામ જ મોક્ષ

૪. જ્ઞો. દેહમા હોવા છતા દેહ ને જગત સૌ ખોટું છે એવી જ્ઞાનપરતા; આત્મજ્ઞાન; છતે દેહે મનાના બધનોમાથી મુક્તિ; જીવન્મુક્ત દશા; પિંડબ્રહ્માંડની એકતા સ્વતઃસિદ્ધ થવાપણું. તે ક્રમે તે સમયે થઈ શકે. વસ્તુસ્થિતિ તો સર્વદા એ પ્રમાણે છે જ, પણ તેને અજ્ઞાન રોકે છે અને ચિત્તવિક્ષેપ તેમા વિક્ષેપ કરે છે. એ ચિત્ત જ્યારે નિયમાય, ત્યારે મોક્ષ, અને એ મરતા પહેલા તેમ થાય તો જીવન્મુક્તિ કહેવાય.

૫. જ્ઞો. (વેદાંત) પોતાની દૃષ્ટિથી પોતાનામા નિરંતર અખ્યાસનો ભાસ ન થતો હોય ને અભ્યાસથી પ્રારબ્ધ હોય ત્યાસુધી પોતાના ચિત્ત વગેરેની સ્થિતિ ક્રમમા રહે તે અવસ્થા.

૬. જ્ઞા. ફરીથી જન્મ ધારણ કરવાની મુક્તિ.

૭. જ્ઞો. મનુષ્યને જીવતા છતા મુક્તિ મળવી તે. સસાર જ સુખદુઃખાત્મક છે, જગત નહિ. આથી જીવન્મુક્તાવસ્થામા જગત સત્ય છે તેથી સુખદુઃખનો અનુભવ થતો નથી.

૮. જ્ઞા. મોક્ષ

૯. જ્ઞો. (યોગ) સમાધિ; આત્મા અને મનનુ ઐક્યપણું. રાજયોગ, ઉન્મની, મનોન્મની, ચિત્તબ્રહ્મપારાભાવ, પ્રાણબ્રહ્મપારાભાવ, ચિત્તપ્રલય, અમરત્વ, લય, તત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ, અમનસ્કભાવ, અદ્વૈત, નિરાલમ્બ, નિરંજન, જીવન્મુક્તિ, સહજાવસ્થા ને તુર્યાવસ્થા એ સમાધિના પ્રકાર છે.

૧૦. જ્ઞો. સપૂર્ણ જ્ઞાન; બોધિ. બૌદ્ધ ગ્રથો પ્રમાણે જીવન્મુક્તિ અથવા બોધિ ત્રણ પ્રકારની મનાય છે: શ્રાવકબોધિ, પ્રત્યેકબુદ્ધબોધિ, સમ્યક્‌સબોધિ.

જીવન્મુક્તિપ્રદ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૨. પું મહાદેવ; શંકર; શિવ.

૩. પું. વિષ્ણુ ભગવાન.

૪. પું. બાદરાયણ ભગવાન.

૫. વિ. જીવનની મુક્તિ દેનાર.

જીવન્મુક્તિપ્રયોજન [સ.] ન. જીવન્મુક્તિનુ પ્રયોજન. તે પાચ છે. જ્ઞાનરક્ષા, તપ, વિસયવૈતૃષ્ણાભાવ, દુઃખનિવૃત્તિ, અને સુખપ્રાપ્તિ.

જીવન્મુક્તાધિકારી [સં. જીવન્મુક્તિ + અધિકારિન્] પું. (વેદાંત) શ્રવણાદિકથી જેને બ્રહ્મસાક્ષાત્કાર થયો છે એવી ચિત્તની વિશ્રાંતિની પ્રાપ્તિવાળો વિદ્વાન સન્યાસી, જીવન્મુક્તિનો અધિકારી.

જીવન્મૃત ૧. [સં.] વિ. જીવતાં જ મૂઆ સમાન; જેનું જીવન સાર્થક અને સુખમય ન હોય તેવું; જેનું જીવવું અને મરવું બંને બરાબર હોય તેવું. જે માણસ કર્તવ્યથી વિમુખ અને અકર્મણ્ય હોય, જે સદા કષ્ટ જોગવતો હોય, જે મહા મુસીબતે પોતાનું પાપણ કરી શકતો હોય, જે અતિથિ આદિનો સત્કાર ન કરતો હોય તેવા માણસને ધર્મશાસ્ત્રમાં જીવન્મૃત કહેલ છે.

૨. વિ. પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ.

જીવન્યાસ [સં.] પું. મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનો મત્ર.

જીવન્સુ પું. મૂઆ પછી નહિ પણ જીવતા જ બ્રહ્મજ્ઞાન થઈ જન્મમરણથી, ત્રિવિધ તાપથી મુક્તાયલા કે છૂટેલ પ્રાણી.

જીવપણું ૧. ન. જન્મ લેવાપણું.

૨. ન. જીવની દયાની.

જીવપતિ ૧. [સ.] પું. ધર્મરાજ.

૨. જ્ઞો. જેનો ધણી જીવતો હોય એવી સ્ત્રી, સધવા સ્ત્રી; સૌભાગ્યવતી સ્ત્રી; સુહાગિણી સ્ત્રી

જીવપત્નો [સ.] જ્ઞા. સધવા સ્ત્રી.

જીવપત્ની [સં.] જ્ઞો. જીવતી સ્ત્રી.

જીવપદાર્થ [સ.] પું. જીવરૂપી વસ્તુ.

જીવપંચક [સં.] ન. મુક્ત, મુમુક્ષુ, સાધકો, બદ્ધ અને પામર એ પાચ પ્રકારના જીવનો સમૂહ.

જીવપંચમૂળ ન. બળ, વીર્ય અને કાંતિ વધારનાર પાચ મૂળથી બનેલી દવા.

જીવપુત્ર ૧. [સં] પું. મિત્ર જાતનુ ઝાડ.

૨. પું. જેનો પુત્ર જીવતો હોય તેવો પુરુષ.

જીવપુત્રક ૧. પું. બાળકમાં વપરાતાં બિલાડાનો ઘોડો.

૨. ન. ઉમરડાનું ઝાડ.

૩. [સં.] ન. પુત્રજીવ વૃક્ષ.

જીવપુત્રા [સં.] જ્ઞો. જેનો પુત્ર જીવતો હોય તેવી સ્ત્રી.

જીવપુષ્પા [સં.] જ્ઞો. ભૃંગરાજવતી નામની વનસ્પતિ.

જીવપૂજ [સં.] પું. જીવભાવવાળાં પ્રાણીઓનો સમૂહ.

જીવપ્રાણી [સં. જીવપ્રાણિન] ન. સજીવ પદાર્થ; જીવવાળું હોય તે. જીવપ્રાણી બે પ્રકારના છે: સજીવપ્રાણ અને વનસ્પતિ.

જીવપ્રિય [સં.] વિ. જેને જીવ વહાલો છે એવું.

જીવપ્રિયા [સં.] જ્ઞો. હરડે. જીવ એટલે નાનાં બચ્ચાથી મોટાં માણસ સુધી, પશુ પક્ષી તમામને હરડે પ્રિયા એટલે વહાલી અર્થાત્ ગુણકારી છે. જીવ તેના ભોગ કરે એટલે તેની પ્રિયા કહેવાય છે. તેથી હરડેને જીવપ્રિયા કહે છે.

જીવબલ [સ.] ન જીવવાની શક્તિ; પ્રાણ.

જીવબલવાદ [સં.] પું. અમુક ચોક્કસ સિદ્ધાંત પ્રમાણે જીવ ઉત્પન્ન થાય છે એવો મત; 'ઝાઇઝમ'.

જીવબળ જુઓ જીવબલ.

જીવબ્રહ્મૈક્યત્વ [સં] ન. જીવ અને બ્રહ્મની એકતા; જીવ અને બ્રહ્મ એક હોવાપણું.

જીવભદ્ર [સ.] ન. જીવનુ કલ્યાણ.

જીવભદ્રા [સ.] જ્ઞો. વૃદ્ધિ કેદ; જીવતી છતા. વૃદ્ધિ નામનું કેદ લીલુ હોય ત્યારે તે કાળા રંગનુ અને પાકે છે ત્યારે પીળુ થઈ જાય છે જીવ એટલે લીલુ અને ભદ્રા એટલે કાળુ. લીલુ હોય ત્યારે કાળું ને પાકે ત્યારે પીળું થાય છે માટે તેને જીવભદ્રા કહે છે.

જીવભાવ [સ.] પું. જીવપણું. ઉપાધિ વડે બ્રહ્મ જીવભાવને પામે છે. સુષુપ્તિમાં જીવભાવ નિવૃત્ત થાય છે, કારણ શ્રુતિમાં સુષુપ્તિકાલે કર્મના સબધનો અભાવ હોવાથી પિતા અપિતા થાય છે.

જીવભૂત [સં.] વિ. જીવરૂપ થયેલું.

જીવભ્રમ [સં.] પું. આત્માને ભ્રમણા થવી તે.

જીવમતિ [સં.] જ્ઞો. માણસની બુદ્ધિ.

જીવમય [સં.] વિ. પ્રાણમય.

જીવમંદિર [સં.] ન. શરીર.

જીવમાતૃકા [સં.] જ્ઞો. કુમારી, ધનદા, નંદા, વિમલા, મંગલા, ભદ્રા અને પદ્મા નામની સાત દેવીઓ, જે માતાની માફક જીવોનું પાલન અને કલ્યાણ કરે છે.

જીવમાન [સં.] વિ. જીવવાળું; જીવિત.

જીવમાર ૧. [સ. જીવ + માર (મારી નાખવું તે)] સ્ત્રી. પ્રાણીમાર.

૨. સ્ત્રી. મોતની સિક્ષાને લાયક.

જીવયાજ [સં.] પું. પશુઓથી કરાતો યજ્ઞ.

જીવયોનિ ૧. [સં.] જ્ઞો. જીવજંતુ; સજીવ પ્રાણી; સજીવ સૃષ્ટિ.

૨. જ્ઞો. જીવને જન્મ લેવાનું ઠેકાણું. ચોરાશી લાખ જીવયોનિ મનાય છે.

જીવરક્ત [સં.] ન. જીવોનું જીવતું સબધી લોહી; જીવતાવમાં દેખાતું લોહી; મહાવારણને

યોગ્ય થયેલ ઓરડો. સુશ્રુત અનુસાર તે પંચભૌતિક હોય છે, એટલે કે જે પંચમૂતોમાંથી જીવની ઉત્પત્તિ થાય છે તે તેમાં હોય છે.

જીવરક્ષા ૧. [સં] સ્ત્રી (જૈન) જીવન જીવનું પ્રતિપાલન.
૨ સ્ત્રી. પ્રાણીનું રક્ષણ.

જીવરખી ૧. પું પૈસ
૨ સ્ત્રી જીવનું રક્ષણ કરનાર અપ્સરા; દેવી
૩. સ્ત્રી જીવનું રક્ષણ કરનારી વસ્તુ
૪. સ્ત્રી જીવનું રક્ષણ કરનારી સ્ત્રી

જીવરખું વિ. જીવ સાચવીને કામ કરવાવાળું; જીવને સાચવનારું.

જીવરત્ન ન. એ નામનું એક વ્રત. છોકરાના દીર્ઘાયુષ માટે સ્ત્રીઓ અષાડ માસની અમાસના દિવસે આ વ્રત કરે છે.

જીવરસ ૧. [સં] પું ક્ષીર, દાધીજળ, પ્રસ્વેદવાયુ, નખવાયુ, મૂત્ર અને ક્રોધરસ એવા જે રાસાયણિક તત્ત્વોનો બનેલો એક મૂઢ પદાર્થ જીવરસ પ્રત્યેક પણે પોતાનું રાસાયણિક પ્રમાણ બદલવા કરે છે તે બધે અર્બપ્રવાહી, મૂત્રજળ કે મધ જેવો પદાર્થ છે.
૨. પું. જીવોજ; જીવનમૂલ.

જીવરસાયનવિદ્યા [સં.] સ્ત્રી. જીવવિદ્યાવિષયક રસાયનવિદ્યા; સજીવ અવયવી સંબંધીનું રસાયન શાસ્ત્ર. સજીવ પદાર્થની ભૌતિક અને રાસાયણિક ઘટના શોધી જાદવનું કામ અરે જોતાં પ્રાણીવિજ્ઞાનો એક વિભાગ દોવો જોઈએ; પણ તેમાં રહેલી મુશ્કેલીને લીધે તથા ઘણો જ એકાગ્રશ્રમ તેની પાછળ કરવો પડે છે તેથી એકલા તેના નિરાકરણ માટે એક અલગ વિજ્ઞાન ઊભું થાય છે. આ વિજ્ઞાન જીવનરસાયનવિદ્યા કહેવાય છે.

જીવરાખી સ્ત્રી. અમરવેલ: આકાશવેલ.

જીવરાજ ૧. પું જીવોનો રાજા; પરમેશ્વર.
૨. પું. શરીરનો રાજા; આત્મા.

જીવરાજઆલુ પું. માકડ; મકોડ.

જીવરાજસૂરિ પું. નાકર મુનનો સંવત ૧૬૭૮માં થયેલો એક કવિ.

જીવરાજની ૧ સ્ત્રી. સોહાણાની એ નામની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩. સ્ત્રિ. એ નામની અટકનું.

જીવરાજ્ય [સં.] ન. પ્રાણીરાજ્ય.

જીવરામ પું. ઢોંગી માણસ; પડે તો નમસ્કાર કર્યા એમ કહેનાર ઠોંગી માણસ.

જીવરામ ભટ્ટ પું. વેદિયો.

જીવરાશિ [સં] પું. જીવનો જથ્થો.

જીવરી ૧. સ્ત્રી. ચીબટ.
૨. વિ સ્ત્રી. ઠોરિયાર; ચાલાક; પ્રાણવાન; જીવતાણી.

જીવરું વિ. કામ કરવામાં ઠોરિયાર, ચાલાક; પ્રાણવાન; જીવતાણી; ચતુર. તરવરિયું; ચબરાક; નુનિયું. કજિયાટવાળા સ્વભાવનું. ચપળ.

જીવલ પું. (પુરાણ) અયોધ્યાપતિ ઋતુપર્ણ રાજાનો એ નામનો એક અશ્વપાલ.

જીવલગ ૧ વિ. જિંદગી પર્યંતનું.
૨ વિ જીવની માફક લાગેલું; જેમ જીવ ને શરીર એકબીજાં રહે છે તેમ રહે એવું; પોતાના જીવની સમાન જ હોય એવું; અતિપ્રિય; બહું જ વહાલું; પ્રાણપ્રિય.

જીવલગપણું ૧. ન. જિંદગી પર્યંતનું હોવાપણું.
૨. ન. જીવ માફક લાગેલું હોવાપણું.

જીવલડો (જીવલડો) પું. જીવ માટે કવિતામાં વપરાતું રૂપ

જીવલતા સ્ત્રી. સચેત કરવાની ક્રિયા.

જીવલેણ વિ. મરણ નિપજાવે એવું; પ્રાણઘાતક; વિષમ: મારી નાખે તેવું; જીવ લે એવું.

જીવલો પું. જીવ.

જીવલોક ૧. પું. મર્ત્યલોક.
૨. [સં.] પું. સંસાર: જીવરૂપ લોક; ભૂલોક; પૃથ્વીતલ; મૃત્યુલોક.

જીવલ્લા પું. જીવ.

જીવવટલી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ક્ષીરકાકોલી. જીવંતીની માફક ક્ષીર કાકોલીનો પણ વેલો થાય છે. તેનાં પાંદડાં કાકડાના આકારનાં થાય છે.

જીવવસ્તુ [સં.] સ્ત્રી. જીવરૂપ પદાર્થ.

જીવવાદ [સં] પું. ચેતનવાદ.

જીવવાળું ૧. વિ. કસવાળું; કસદાર; પૈસાવાળું; ધનવાન.
૨. વિ. જીવતું.

જીવવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાણીસૃષ્ટિપ્રબંધવિદ્યા; જીવનશાસ્ત્ર; સજીવ પદાર્થની વિદ્યા; જીવ સંબંધી વિદ્યા; જીવોના ભૌતિક જીવનનું શાસ્ત્ર; મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિ એ ત્રણેનાં રૂપ, ધર્મ, ઉત્પત્તિ, વિકાસ, વિભાગ, જીવના આદિનું જ્ઞાન આપનારી વિજ્ઞાનની શાખા: "બાયોલૉજિ."

જીવવિદ્યાવિજ્ઞ [સં.] વિ. જીવવિદ્યા જાણનાર.

જીવવિપાકીકર્મ ન. (જૈન) જેનું ફળ જીવમાં હોય તે કર્મ. જીવવિપાકી પ્રકૃતિ ૭૮ છે: જ્ઞાનાવરણની ૫, વેદનીયની ૨, મોહનીની ૨૬, આયુની ૪, નામકર્મની ૨૭, ગોત્રની ૨, અંતરાયની ૫ એ.

જીવવિષયક ૧. [સં] વિ. આત્મા સંબંધી.
૨. વિ. જીવ સંબંધી; પ્રાણીને લગતું.

જીવવીક્ષણ [સં.] ન. જીવની તપાસ.

જીવવું ૧ અ ક્રિ. ઊગવું; બચવું; હયાત રહેવું.
૨ [સ જીવ્] અ ક્રિ ઊછરવું, મોટા થવું; વધવું.
૩. અ ક્રિ. જીવનક્રિયાઓ કરવાની શક્તિ હોવી; પ્રાણ ધરવા; શ્વાસ ચાલવો.
૪. અ. ક્રિ. જીવનના દિવસ વિતાડવા.
૫. અ.ક્રિ. તંદુરસ્તી અથવા શક્તિ પાછી મેળવવી.
૬. અ ક્રિ. પ્રાણ ધરી રહેવું; સજીવ રહેવું; નહિ મરવું; હયાત રહેવું.
૧. જીવતી કાકણ = (૧) દૃષ્ટ વૃત્તિવાળી સ્ત્રી; ઓરખી સ્ત્રી; નાટારી નજરની સ્ત્રી. (૨) પ્રેતરૂપ નહિ પરંતુ જીવતી જોટલે રહેંકિવવાળા કાકણ.
૨. જીવતી માખ = ખુલ્લી ચૂક; ખુલ્લી ખુલ્લું ન જીરવાય એવું.
૩. જીવતો ભાણો = ધખધખતો કોયલો; અંગાર.
૪. જીવતું ચોકું ને ભરવા પણી = જીવતા કરતાં પણ જીવતાની આશા તૃષ્ણા વધારે હોય છે.
૫. જીવી જાણવું = મર્યા પછી પણ થોડે ભાગે એવી રીતે જીવવું; સારી રીતે જીવવું; મૂક્યા પછી સૌ વખાણે એવી રીતે જીવન ગાળવું.
૬. જીવે તે ભુજે = ભવિષ્યમાં કંઈ પણ થવાનું હોય તે જીવનાર ભુગવે છે.
૭. જીવે તેને જોવાય = જેને જીવવું છે તેને જોવાય છે, મરેલાને કંઈ નથી.
૮. જીવ્યા કરતાં જોયું ભલું = દુનિયામાં તીર્થસ્નાન વગેરે જોયાં તે જિંદગી કરતાં પણ વધારે મહત્ત્વનું ગણાય છે.
૭. અ ક્રિ. શ્વાસ લેવો.
૮. અ. ક્રિ. સક્રિય હોવું; જાગતા, જાગૃતા અને સમજતા હોઈએ એવા રહેવું.
૯. અ. ક્રિ. સુખી હોવું.

જીવવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. જીવનો આધાર.
૨. સ્ત્રી. પશુ પાળવાનો અવલંબ; પશુપાલન.
૩. વિ. જીવમાં વર્તનાર; જીવમાં રહેનાર.

જીવવેત્તા [સં. જીવ (પ્રાણી) + વેત્તૃ (જાણનાર)] વિ. પ્રાણીધર્મસૃષ્ટિવિદ્યા જાણનાર.

જીવરાજ [સં.] પું. મારવાડમાં પ્રસિદ્ધ એક રાગ; સુમના.

જીવરાસ્રો [સં.] સ્ત્રી. શરીરના જૈવિક દ્રવનું શાસ્ત્ર; દ્રવ સંબંધી વિદ્યા, 'બાયોલૉજિ.'

જીવવિચારવાદ [સં.] પું. (વેદાંત) જૈવવાદ; અવચ્છેદવાદ, જીવવિચારના સ્વરૂપ વિષેના અનેક વાદ પૈકે મતભાનો એક

જીવશુક્લા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી કંદ. ક્ષીર કાકોલીની વેલ ચોમાસામાં થાય છે અને તે તોડીએ એટલે દૂધ નીકળે છે.

જીવશેષ ૧. [સં.] પું. પૃથ્વીના પડમાં દટાઈ કે દબાઈ રહેલો પ્રાણી કે વનસ્પતિનો પથ્થરરૂપ થઈ ગયેલો અવશેષ.

૨. પું. ભૂતકાળનાં પ્રાણી કે વનસ્પતિનો પૃથ્વીના પડમાંથી મળી આવતો અવશેષ; 'ફોસિલ.'

૩. ન. બહુ ચુસ્ત જૂનાં વિચારનું માણસ

૪. ન. જમીનમાંથી ખોદી કાઢેલ કોયલો.

૫. ન. જમીનમાંથી ખોદી કાઢેલ પદાર્થ કે ધાતુ; ઉપધાતુ

૬. ન. પથ્થરના રૂપમાં બદલાઈ ગયેલો કીડો.

૭. વિ. માત્ર જીવ બાકી રહ્યો હોય તેવું. '

જીવશૈવજ્ઞ [સં] વિ. જીવશૈવવિદ્યાનો જાણનાર.

જીવશૈવમય [સં.] વિ. જીવશૈવથી ભરપૂર.

જીવશૈવવિજ્ઞાન [સં.] ન. પથ્થર થઈ ગયેલાં હાડકાં વગેરે પારખવાનું વિજ્ઞાન.

જીવશૈવવિદ્યા [સં.] સ્ત્રી. પથ્થર થઈ ગયેલાં હાડકાં વગેરે પારખવાની વિદ્યા

જીવશૈવશાસ્ત્ર જુઓ જીવશૈવવિદ્યા.

જીવશોષોદ્ભિજ્જવિદ્યા [સં.] સ્ત્રી. ઉદ્ભિજ્જ વિદ્યાનો એક નામનો એક વિભાગ.

જીવશ્રેષ્ઠા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઋદ્ધિ કંદ. ઋદ્ધિ નામનું કંદ જો આપણે પાસે રાખીએ તો પ્રાણી માત્રમાં આપણને જીવમાત્ર મોટાઈ, માન વધારી શ્રેષ્ઠ મનાયે છે. એ બુદ્ધીમાં એવો ગુણ છે, માટે તેને જીવશ્રેષ્ઠા કહે છે.

જીવસટોસટ ૧. વિ. જીવ જોટલા જ જોખમનું; બહુ મુશ્કેલ; બચવું જીવને પણ જોખમ લગાડે એવું

૨. વિ જોખમી

૩. ન જીવનું જોખમ હોય તેમ; જીવને જોખમે.

જીવસટ્ટે ન. જીવ જાય તોપણ.

જીવસટ્ટો પું. જીવનું જોખમ.

જીવસમાસ પું. (જૈન) જીવોને રહેવાનું ઠેકાણું.

જીવસંકરમણ [સં.] ન. જીવનું એક શરીરમાંથી બીજા શરીરમાં જવું તે.

જીવસંજ્ઞ [સં.] પું. ક્રમબદ્ધ વૃક્ષ.

જીવસંઘાત પું (જૈન) દિગંબર જૈન સમ્પ્રદાયની અત્રીશ માન્યતી એક જાતની જોજનાંતરાલ; બે પ્રદ્ય વચ્ચે કોઈ જીવ પડી જવાથી આવતી અંતરાય.

જીવસાદિત્યવાદ પું. આત્મા પરથી દેહ, તેમ જ આત્મા મળે છે એવો વાદ; 'ટ્રેડમિગેનિઝમ.'

જીવસાધન [સં.] ન. ધાન્ય; અનાજ.

જીવસુતા [સં.] સ્ત્રી. જેનો પુત્ર જીવતો હોય એવી સ્ત્રી.

જીવસુવાવ પું. આઠો અવતાર.

જીવસૃ ૧. [સં.] સ્ત્રી જેની સંતતિ જીવતી હોય એવી સ્ત્રી; જીવતાં બાળકોની માતા; જેનાં બેચાર જીવતાં હોય એવી સ્ત્રી

૨. વિ સ્ત્રી. જીવને જન્મ આપનારી.

જીવસૃષ્ટિ સ્ત્રી. સૂક્ષ્મ જન્તુ; બારીક જન્તુ, ત્રીજા ત્રીજા રોગ ઉત્પન્ન કરનાર જંતુ

જીવસૃષ્ટ્યૈક્ય [સં જીવ + સૃષ્ટ (સરજેલું) + ઐક્ય (એકપણું)] ન. જીવે સરજેલું ઐક્ય એટલે જગત.

જીવસૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. બધી જીવવાળી વસ્તુઓનો સમૂહ.

૨. સ્ત્રી વિષની અને ખાસ જીવ.

જીવસોફીસા ન. એક જાતનું ફળઝાડ.

જીવસ્થાન [સં.] ન. શરીરમાં રહેલ મર્મસ્થાન; શરીરમાં જ્યાં જીવ રહે છે તે સ્થાન.

જીવસ્ફુલિંગ [સં. જીવ + સ્ફુલિંગ (તણખો)] પું. જીવરૂપી અગ્નિકણ.

જીવસ્વર [સં.] પું. (સંગીત) ચારીસ્વર; જેના પછવર રાગદર્શન થાય જ નહિ તે સ્વર.

જીવહત્યા ૧. [સં] સ્ત્રી. જીવ મારવાનું પાપ

૨ સ્ત્રી. જીવતા જીવોને મારી નાખવારૂપી બીજું કર્મ; પ્રાણીની હિંસા કરવી તે; પ્રાણીની હત્યા; જીવનો વધ.

જીવહાનિ [સં] સ્ત્રી. જીવનું ભક્ષ્ય બનવું તે; જીવને નુકસાન પહોંચવું તે.

જીવહિંસા [સં.] સ્ત્રી. પ્રાણાતિપાત; જીવને મારી નાખવો તે; જીવોનો વધ; પ્રાણીઓની હત્યા.

જીવહીન ૧. [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ૭ અક્ષરવાળો એક મંત્ર.

૨. વિ. જીવ વગરનું.

જીવંજીવ ૧. પું. એક જાતનું વૃક્ષ.

૨. [સં.] ન. ચકોર પક્ષી.

૩. ન. મોરનાં પીંછાં જેવાં પીંછાવાળું પક્ષી. તેના દર્શનથી વિષ નાશ પામવાનું મનાય છે.

જીવંજીવક ૧. ન. એક પક્ષી; તેતર.

૨. [સં] ન. ચકોર પક્ષી. કોરી હવાની ગંધ આવતાં તેને દુઃખ થવા લાગે છે, તેથી કોરી હવાની બરાબર મેળવણ માટે બગાઈ તેને પોતાના તબેલામાં રાખવામાં આવતાં.

જીવંજીવી [સં.] સ્ત્રી. ચકોર પક્ષિણી.

જીવંત ૧. [સં.] પું. ઔષધિ; દવા; ઓસડ.

૨ પું. પ્રાણ.

૩. પું. માણવામાં થતું એક જાતનું રાગ.

૪. પું હવાતી

૫. ન. તેજ; શક્તિ.

૬. વિ. ચાલુ, ચાલતું; જળતું; બળતું.

૭. વિ. જીવવાળું; આયુષ્યવાળું, જીવતુંજાગતું; જીવતું.

૮ વિ. ઝગઝગાટ; ભભકદાર.ના; ભભકતું.

૯. વિ. પ્રચારમાં હોય એવું.

૧૦. વિ. સક્રિય; તેજ.

૧૧. અ. મરણ પર્યંત.

જીવંત ઇતિહાસ [સં.] પું. જીવનમાં વણી લીધેલો ઇતિહાસ.

જીવંત જ્ઞાનકોષ [સં.] પું. જ્ઞાનનો જીવતો ભંડાર.

જીવંત તાર પું. સવિદ્યુત્તાર; જેમાં પીજળીક શક્તિ હોય એવો તાર.

જીવંત પ્રાણી પું. જીવતું પ્રાણી.

જીવંત ભાવ પું. જીવતાપણું; ચૈતન્ય.

જીવંત ભાષા [સં.] સ્ત્રી. જીવતી એટલે વપરાશમાં હોય તેવી ભાષા.

જીવંતિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

જીવંતિક [સં.] પું. ચામરી; પક્ષી પકડનાર શિકારી

જીવંતિકા ૧. [સં.] સ્ત્રી. ઝાળ.

૨. સ્ત્રી. જીવતી વૃક્ષ.

૩. સ્ત્રી. પરોપજીવી ઝાડ.

૪. સ્ત્રી પીળા રંગની દરડે.

જીવંતી ૧. પું. સિરપ્રસિદ્ધાનો વેલો.

૨ [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

> જીવા જીવની જાયુજ્યા **જીવંતી** એ નામ;
> આ સંજીવની તુજ સમ સખી હુ સજ્જન સુખધામ.
> પિંગલપ્રકાશ

૩ સ્ત્રી એક વનસ્પતિ. તેનાથી સર્પ દૂર રહે છે.

જીવાત્મા

૪. સ્ત્રી કચૂરો નામની વનસ્પતિ.
૫ સ્ત્રી. ખીજડી.
૬. સ્ત્રી. મળો.
૭. સ્ત્રી ગોદીની બાજી, મીઠી ખરખોડી; હિરણખોડી.
૮. સ્ત્રી. રાડારડી; વાઢંડી.
૯. સ્ત્રી. હરડે; પીળા રંગની હરડે.

જીવંજુ [સં.] પુ. મૂળ પછી નહિ પણ જીવતાં જ બહારના થર્ડ જન્મમરણથી ત્રિવિધ તાપથી મુક્તયેલ પ્રાણી.

જીવા ૧. સ્ત્રી. (ગણિત) અર્ધવર્તુળના બે છેડાને જોડનારી સીધી લીટી.
૨. [સં.] સ્ત્રી. એ નામનું ગ્રહ; જીવની.
૩. સ્ત્રી. એ નામનો એક અલંકાર; એક જાતનો દાગીનો.
૪. સ્ત્રી. જીવન.
૫. સ્ત્રી. જીવિકા, આજીવિકા, જીવનનો ઉપાય.
૬. સ્ત્રી. મનુષ્ય અથવા ગ્રામાદિને ઘેરી બાંધેલી હોય તેવી આકૃતિ; કલ્પા.
૭. [સં. કલ્પા] સ્ત્રી. પશુઓ, પ્રત્યય.; મનુષ્યની ઘેરી.

જીવા (પશુઓ અથવા પ્રત્યંચા) અને બાણ એ બેનો સરવાળો કરી તે સરવાળાનો અર્ધ ભાગ કાઢ્યો. રાજવલ્લભ

૮. સ્ત્રી. ભૂમિ, પૃથ્વી.
૯. સ્ત્રી. મીઠી ખરખોડી; હિરણખોડી.
૧૦. સ્ત્રી. વજ્ર.
૧૧. સ્ત્રી. (ગણિત) વર્તુળના પરિધિ ઉપરના કોઈ પણ બે બિંદુને સાંધનારી સીધી લીટી, 'જોઁ.'
૧૨. સ્ત્રી. (જૈન) ચાક્ષના પાનામાં ઉપલા અને હેઠલા ભાગમાં કોરી મૂકેલી જગા.
૧૩. સ્ત્રી. સીધી લીટી.

જીવાઈ ૧. [સં. જીવ્ (જીવનુ)] સ્ત્રી. આજીવિકા મેળવવાને રાજદરબારમાંથી મળતું વર્ષાસન; જિવાઈ.
૨. સ્ત્રી. જિવારો; ભરણપોષણ.
૩. સ્ત્રી. જિંદગી.
૪. સ્ત્રી. નોકરીના બદલામાં આપેલ જમીનનો ભોગવટો.
૫. સ્ત્રી. પગાર.
૬ સ્ત્રી. ભરણપોષણની રકમ; ખોરાકી ખર્ચ.

જીવાઈદાર પુ રાજની સેવા બજાવી આજીવિકા માટે જમીન ભોગવનાર માણસ, જિવાઈદાર.

જીવાકર્ષણ [સં.] ન. પ્રાણીની આકર્ષણ શક્તિ.

જીવાકુલ વિ. જીવજંતુથી ઘેરાયેલું, જીવજંતુવાળું.

જીવાકોઠી સ્ત્રી. ધનુષાકારે રહેલ ક્ષેત્રની અંતિમ કમાનીરૂપ કે સીમાની બાજારૂપ દોરી. જેમકે, ધનુષાકારે રહેલ ભારતક્ષેત્ર જ્યાં મેરુ તરફ પૂર્ણ થયું હતું પૂર્વ પશ્ચિમ બાજારૂપ જે મર્યાદા કરનાર દોરી તે જીવા કહેવાય અને એ જીવાના પૂર્વ પશ્ચિમ છેડા જે પૂર્વા તે કોટી કહેવાય, અર્થાત્ જીવાની કોટી તે જીવાકોટી કહેવાય.

જીવાકોઠી સ્ત્રી. જીવાતનો વાડો

જીવાક્ષર પું. સ્વર.

જીવાજીવ ૧. [સં] પુ જીવ અને અજીવ.

પશુ વગેરે જીવ, પરમાણુ વગેરે અજીવ અને પ્રયોગોના જ્ઞાણ કરાયેલા પુણ્ય વગેરેનો જીવ (જીવાજીવ અથવા કેવલ જીવ) આવી રહ્યા સારીઓ છે. સુખલાલજી

૨. પુ. જીવનતત્ત્વ આધાર.

જીવાજીવવિભક્તિ [સં. જીવ + અજીવ + વિભક્તિ (વિભાગ)] સ્ત્રી જીવાજીવ પદાર્થનો વિભાગ.

જીવાજીવાધાર [સં.] પુ. પૃથ્વી; જગત.

જીવાજોનિ સ્ત્રી. જીવયોનિ; જીવોની જાત.

જીવાડક (જીવાડવું) વિ જિવાડનાર.

જીવાડણહાર (જીવાડણહાર) વિ. જિવાડનાર; રક્ષક.

જીવાડનાર (જીવાડનાર) વિ. રક્ષણ કરનાર; રક્ષક; બચાવનાર; જિવાડનાર.

જીવાડવું (જીવાડવું) ૧. સ ક્રિ ઉઠેરવું.

૨. સ. ક્રિ. પ્રાણ બચાવવો.

જીવાણુ પુ. અતિ નાનો જીવ, સૂક્ષ્મ જંતુ.

જીવાણું ન વ વ હાથપગના નખના ઉપલા ભાગમાં આવેલી કાંઈ ઊપરની ચામડી.

જીવાળી ૧. સ્ત્રી. કડવા તથા લેતિઆ કણની અને ખોળની એ નામની બટક.
૨. વ. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

જીવાણુ ૧. [સં.] ન. બાજરા જેવડો જીવ સૂક્ષ્મ જંતુ
૨. ન. કોટાણુ
૩. ન સંયતન પરમાણુ

જીવાણુનારક [સ , વિ જંતુના, જંતુનાશક

જીવાણુનારકજંતુ પું અન્ય જંતુનું નાશ ત એવા સૂક્ષ્મ હોય છે કે તેનું મુખી તે સૂક્ષ્મદર્શકયંત્રથી પણ જોઈ શકાયો નથી.

જીવાણુવિદ્યા [સ] સ્ત્રી જંતુ નાશની વિદ્યા.

જીવાત ૧. સ્ત્રી જિવાઈ.
૨. [સ. જીવ્ (જીવનુ)] સ્ત્રી. નાનો જંતુ; જીવડાં; નાનાં જીવજંતુનો સમૂહ; કૃમિ; જીવડાં કે કીડાનો સમૂહ.

જીવાતખાતું ન. અનાજમાંનાં નાનાં જીવજંતુના સરક્ષણ માટે પાંજરાપોળમાં રાખવામાં આવતું તેમના રક્ષણનું સ્થાન.

જીવાતરાજ્ય ન સૂક્ષ્મ જીવાતરાજ્ય; 'બૅક્ટિરિયોલૉજિ.'

જીવાતુ ૧. [સ.] પું. અન્ન.
૨. પું. ઉકાળેલા ચોખા.
૩. પું ઔષધ.
૪. પું. જિંદગી; જીવન.
૫. પું. મરેલાને સજીવન કરવાની દવા.

જીવાતુભૂત [સ.] વિ. અસ્તિત્વરૂપ અનેકું; મૂલગત.

જીવાતુમત [સ. જીવાતુમત્] પું. આયુર્ધામ વૈદ્યનો એક દેવતા. તેને આયુની પ્રાર્થના કરવામાં આવે છે.

જીવાત્મગતગુણ પું. (વેદાંત) જીવાત્મામા રહેલ ગુણ. બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવનાખ્ય સંસ્કાર, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિયોગ એવા આઠ ગુણ જીવાત્મામાં રહેલા છે.

જીવાત્મન [સ. જીવાત્મન્] પું. પ્રાણસંચાર પુરતા આત્મા, પ્રાણી, જીવાત્મા.

જીવાત્મભાવ સં] પું જીવપુરુષ એ જ આત્મા છે એવો ભાવ, જીવ અને આત્માની એકતાનો ભાવ

જીવાત્મવાદ [સં.] પું. સર્વે વસ્તુઓમાં ફરતી જીવન અથવા ચૈતન્ય હોય છે, અથવા તો તેમનામાં અંતર્યામી આત્માઓ હોય છે એવો વાદ; આત્મા સિવાય બીજું કંઈ નથી એવો મત; અદ્વૈતવાદ.

જીવાત્મવાદી [સં. જીવાત્મવાદિન્] વિ જીવાત્મવાદમા માનનારું.

જીવાત્મા ૧. [સ. જીવાત્મન્] પુ. આત્મા, જીવ. આત્મા જ્યારે પ્રકૃત એટલે પ્રકૃતિના ગુણથી બદ્ધ હોય છે ત્યારે તે ક્ષેત્રજ્ઞ એટલે શરીરમાં રહેલો જીવાત્મા એ નામથી ઓળખાય છે. તે સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર એ આઠ ગુણો જીવાત્મામાં સ્વીકાર્યા છે. શરીરથી ભિન્ન એક જીવાત્મા છે. તેનાં અનેક પ્રમાણ શાસ્ત્રોમાં

આપેલાં છે. સાંખ્યદર્શનમાં આત્માને પુરુષ કહેલ છે અને તેને નિત્ય ત્રિગુણરહિત, ચૈતન્યસ્વરૂપ, સાક્ષી, કૂટસ્થ, દ્રષ્ટા, વિવેકી, સુખદુઃખથી શૂન્ય, મધ્યસ્થ અને ઉદાસીન માનેલ છે. આત્મા અથવા પુરુષ અકર્તા છે, તે કોઈ કાર્ય કરતો નથી. બધા કાર્ય પ્રકૃતિ કરે છે. પ્રકૃતિના કાર્યને આપણે આત્માનાં કાર્ય સમજીએ છીએ તે ભ્રમ છે. આત્મા કોઈ કામ કરતો નથી કે સુખદુઃખાદિ કૃળ ભોગવતો નથી. સુખદુઃખ આદિ ભોગવવા એ બુદ્ધિનો ધર્મ છે આત્મા બંધાતો નથી, આત્મા મુક્ત થતો નથી. કઠોપનિષદમાં આત્માનું પરિમાણ અંગુષ્ઠમાત્ર કહ્યું છે. આ ઉપર સાંખ્યના ભાષ્યકાર વિજ્ઞાનભિક્ષુએ બતાવ્યું છે કે અંગુષ્ઠમાત્ર એટલે અત્યંત સૂક્ષ્મ સમજવાનું છે. યોગ અને વેદાંતદર્શન પણ આત્માને સુખદુઃખાદિનો ભોક્તા નથી માનતા. ન્યાય, વૈશેષિક અને મીમાંસાદર્શન કર્મોનો કર્તા અને કૃળનો ભોક્તા માને છે. વેદાંતદર્શનમાં જીવાત્મા અને પરમાત્મા એક માનેલ છે. ઉપાધિયુક્ત હોવાથી જીવાત્મા પોતાને જુદો સમજે છે. પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતાં આ ભ્રમ મટે છે અને જીવાત્મા બ્રહ્મસ્વરૂપ બની જાય છે. સાંખ્ય, વેદાંત, યોગ વગેરે બધા જીવાત્મા નિત્ય માને છે. બૌદ્ધદર્શન અનુસાર જેમ બધા પદાર્થ ક્ષણિક છે તે જ પ્રમાણે આત્મા છે. જીવાત્મા એક ક્ષણમાં ઉત્પન્ન થાય છે અને બીજી ક્ષણે નષ્ટ થાય છે. આથી ક્ષણિક જ્ઞાનનું નામ જ આત્મા છે. આ ક્ષણિક જ્ઞાન સિવાય કોઈ નિત્ય અથવા સ્થિર આત્મા નથી. માધ્યમિક શાખાના બૌદ્ધ તો આ ક્ષણિક વિજ્ઞાનરૂપ આત્માનો પણ સ્વીકાર નથી કરતા. બધાને તેઓ શૂન્ય માને છે. તેઓ કહે છે કે જો કોઈ વસ્તુ સત્ય હોય તો બધી અવસ્થામાં તે રહે. યોગાચાર શાખાના બૌદ્ધ આત્માને ક્ષણિક વિજ્ઞાનસ્વરૂપ માને છે અને આ વિજ્ઞાનને બે પ્રકારના કહે છે: પ્રવૃત્તિ વિજ્ઞાન અને આલય વિજ્ઞાન. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં જે જ્ઞાન થાય છે તેને પ્રવૃત્તિ વિજ્ઞાન કહે છે અને સુષુપ્તિ અવસ્થામાં જે જ્ઞાન થાય છે તેને આલય વિજ્ઞાન કહે છે. આ જ્ઞાન આત્માને થાય છે. જૈનદર્શન આત્માને ચિરસ્થાયી અને પ્રત્યેક પ્રાણીમાં પૃથક્‌પૃથક્ માને છે. ઉપનિષદોમાં જીવાત્માનું સ્થાન હૃદયને માન્યું છે, પણ આધુનિક પરીક્ષાઓથી એ વાત સારી રીતે પ્રકટ થઈ ચૂકી છે કે સમસ્ત ચેતન વ્યાપારનું સ્થાન મસ્તિષ્ક છે. મસ્તિષ્કને બ્રહ્માંડ પણ કહે છે. ચંદ્રમા મનસો જાતઃ એ વેદોક્તિ અનુસાર માનસિક થતાં કર્મ એટલે સંકલ્પ વિકલ્પ મનુષ્યોના શ્વાસોચ્છ્વાસ વડે નાસિકા દ્વારા બહાર નીકળી પ્રથમ અંતરાળમાં જઈ ત્યાંથી આ ગોલકની ઉપર આવેલા ચંદ્રલોકમાં જઈ ત્યાં પુંજરૂપે એટલે બારીક રેતીના કણોના મોટા ઢગલારૂપે પહાડોની જેમ એકત્ર થાય છે, તથા જીવાત્મા એક દેહ છોડીને બીજે ત્યાં જાય છે ત્યારે તે ઢગલામાંથી તથા વાચિક કર્મોના થયેલા પુંજરૂપ ઢગલાઓમાંથી દૃઢ અને તીવ્ર વાસનાનુસાર પરિપક્વ અને ભોગવવા લાયક એવો કેટલોક અંશ લઈ મેઘ, વિદ્યુત, સૂર્યકિરણ પ્રવાહ દ્વારા પૃથ્વીમાં પ્રવેશી રેત અને વીર્યરૂપે તેનો પિંડ બની ઔષધ, ધાન્યાદિ અન્ન પ્રકારનાં પ્રાણીરૂપે કિંવા પહાડ, વનસ્પતિ ઇત્યાદિ સ્થાવરસ્વરૂપે પ્રકટે છે કિંવા જન્મ લે છે. આ પ્રમાણે અનંતકાળ સુધી બધે ભમ્યા કરે છે. જેમ પક્ષીઓને બે પાંખો હોય છે તેમ જીવાત્મા અને પરમાત્માને પણ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિરૂપી બબ્બે પાંખો છે. તે શરીરરૂપી વૃક્ષ ઉપર છે. વૃક્ષ ઉપરથી વૃક્ષ થયું છે એટલે જેટલી શાખા એવું આ શરીરરૂપી વૃક્ષ છે. તે અસંખ્ય શાખાથી ઢંકાયેલ છે. તેમાં જીવાત્મા ભોક્તા છે અને પરમાત્મા સાક્ષી છે અવિદ્યારૂપ મોહજાળની શરૂઆત થઈ ત્યારથી જીવાત્માનું પરિવર્તન થતાં થતાં તે ક્રમે સ્થાવર ને જંગમ આકૃતિઓ એટલે યોનિઓને ધારણ કરે છે. અર્થાત્ જન્મ લે છે આદ્ય અંડજ, જરાયુજ જીવયોનિમાં કૃમિ, કીટ, પતંગ, પક્ષી, પશુ ઇત્યાદિ યોનિઓમાં ક્રમે જન્મ લે છે. આ પ્રમાણે જીવાત્માની આકૃતિ એટલે યોનિ લેવાની એકંદર સંખ્યા ૮૪ લાખની છે. જીવાત્માને કેટલીક વખતે તાત્કાલિક શરીર મળે છે, જ્યારે કેટલીક વખતે સિમરેદરૂપે અનંત કલ્પો સુધી અત્યંત કરુણ એવી દુઃખદ સ્થિતિમાં અંતરાળમાં જ ભટકવાનો પ્રસંગ આવે છે. એ જોવા તેની વાસનાઓ ઉપર અવલંબીને હોય છે. જ્યારે તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ, સ્વાનુભવ મળી આત્મસાક્ષાત્કાર થાય છે, ત્યારે જ તે મહાન દુર્ઘટ અને અભેદ્ય એવા ચક્રમાંથી છૂટી શકે છે. એવો આ નિયતિનો ખેલ ધર્મશાસ્ત્રોએ બતાવી રહેલો છે. વેદાંત પ્રમાણે પરમાત્મા, જીવાત્મા અને સપરિવાર પ્રકૃતિ એ ત્રણમાં પણ જીવાત્મા મુખ્ય છે, કેમકે જીવાત્માને માટે સપરિવાર પ્રકૃતિનું અસ્તિત્વ છે. એ પ્રકૃતિને ભોગવી અને ત્યાગીને પરમ પિતાની પાસે પહોંચવાનું છે. તાત્પર્ય કે જીવાત્મા એટલે પરમાત્માની પ્રાપ્તિનો અધિકારી જીવ. આ કારણે જીવાત્મા મુખ્ય છે.

જીવાત્માને નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવ

માનવો એ તો કેવળ ભ્રમ માત્ર છે. ખરી વાત નથી; કારણ કે ચિત્તનો તેને સંબંધ હોવાથી તે સુખદુઃખ રહિત રહી શકતો નથી. જો જીવાત્માનું દુઃખનો સંબંધ ન હોય તો પછી દુઃખની નિવૃત્તિનો ઉપદેશ કોને કરવો? સાંખ્યદર્શન

૨. પું. દેહમાં રહેલો જે જીવ હું એમ માને છે તે; કુટુંબનો જીવ; દેહાભિમાની આત્મા; ચેતન.

૩. પું. આયુના બંધનવાળો દેહમાં રહેલો આત્મા; દેહી; કર્મ કરનાર અને ભોગવનાર જીવ.

૪. પું. ઘ. ઘ. નાના નાના જીવો.

જીવાત્માવાદ જુઓ જીવાત્મવાદ.

જીવાત્માવાદી જુઓ જીવાત્મવાદી.

જીવાદાન [સં.] ન. વૈદ્યનિમિત્ત જોઈ આપત.

જીવાદોરી ૧. સ્ત્રી. જીવનદોરીનો જેના ઉપર આધાર હોય તે; જિંદગીનું અવલંબન; આજીવિકા; જીવવાનું સાધન; ભરણપોષણનો આધાર; જીવનનો મુખ્ય આધાર.

૨. સ્ત્રી. જીવનરૂપી દોરી; આયુષ્ય.

૩. સ્ત્રી. જે ઓને જોકરાં ન જીવતાં હોય તેને અભોવન ક્રોએ બાંધેલ દોરો.

૪. સ્ત્રી. પ્રાણાધાર; જીવનનો આધાર.

જીવાધાર ૧. [સં] પું. જગત; સંસાર; પૃથ્વી.

૨. પું હૃદય; આત્માનું આશ્રયસ્થાન. ઉપનિષદોમાં જીવનું સ્થાન હૃદય માન્યું છે.

જીવાનજીવવાદ [સં.] પું. ચેતનમાં જ ચેતન પ્રકટી શકે એવો મત.

જીવાનુકંપા [સં.] સ્ત્રી. જીવદયા; અહિંસા; પ્રાણી ઉપર રખાતી દયા.

જીવાનુજ [સં.] પું. (પુરાણ) ગંગાકાર્ય મુનિ. તે બૃહસ્પતિના વંશમાં થયેલ છે. કેટલાક તેને બૃહસ્પતિના નાના ભાઈ પણ કહે છે.

જીવાભિગમ ૧. [સં.] ન. (જૈન) ઉત્તરાધ્યિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર; એ નામનું એક ઉત્કાલિક સૂત્ર; જીવાજીવનું સંપૂર્ણ જ્ઞાન આપનાર એ નામનું જૈન ધર્મનું સૂત્ર.

૨. ન. જીવની સમજ.

જીવામ ૧. ન. (જરથોસ્તી) ગાયનું દૂધ. આ શબ્દ ગામ જીવ્યામનું ટૂંકું રૂપ છે. ગામ જીવ્યામનો અર્થ ગામની જીવતી પેદાશ એટલે ગાયનું તાજું દૂધ થાય છે.

જીવામનો તરતો = દૂધની રકાબી.

૨. ન. દૂધ અને પાણીનું મિશ્રણ.

૩. ન. બકરીનું તાજું દૂધ.

જીવિતારા

જીવારક્ષ વિ. નિર્વાહ માટે આપેલી જમીનના વધારા નિર્વંશ જતાં તેમના તરફથી પાછી ફરેલી જમીન.

જીવારિયું ૧. ન. તબલાનું એક નામ.
૨ ન. તબલા માહેનું માદા.

જીવારો ૧. [સ. જીવ્ (જીવતુ)] પુ. જન્મારો; જીવતર; જિંદગી.
૨. પુ. જિંગાર્ડ.
૩. પું. હર્ષ; સુખ.

જીવારોપણ [સ.] ન. સજીવારોપણ; નિર્જીવમાં સજીવપણાનો આરોપ.

જીવારોપણવાદ પું. સૃષ્ટિની દરેક વસ્તુમાં જીવ છે એવો મત.

જીવાર્દ્ધપિંડક [સં.] પું. (જ્યોતિષ) ગ્રહણ રાશિકળાઓના ૧૮૦૦નો આઠમો ભાગ.

જીવાવશેષ [સં.] પું. પકવાળા બાકીમાંથી મળેલ પ્રાણી અથવા છોડવાનું અવશેષ; પત્થરીભૂત દ્રવ્ય.

જીવાશ [સં.] વિ. જીવવાની આશાવાળું.

જીવાશા ૧. [સં.] સ્ત્રી. જીવની આશા.
૨. સ્ત્રી જીવવાની આશા.

જીવાશ્રયાપ્રમા [સં.] સ્ત્રી. (વેદાંત) અજ્ઞાન અને બાધથી રહિત એવા વિષયના આકારની અંતઃકરણની વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય.

જીવાશ્રિત [સં.] વિ. જીવના આશ્રયમાં રહેલ.

જીવાશ્રિતસ્વર પું. (સંગીત) સંગીતના સાત માહેનો દરેક સ્વર. ષડ્જને મોર, ઋષભને કુરંગ, ગાંધારને હંસ, મધ્યમને ગાય ને બકરા અવર બેઠાં, પંચમને કોકિલા, ધૈવતને સારસ પક્ષી ને હોય અને નિષાદને હાથી તરીકે કલ્પેલ છે.

જીવાસ્તિકાય ૧. પું. (જૈન) એક દ્રવ્ય પદાર્થ.
૨. પું. જીવરાશિ; જીવસમૂહ.
૩. પું. (જૈન) જૈનદર્શન પ્રમાણે કર્મ કરનાર, કર્મના ફળને ભોગવનાર, કરેલાં કર્મ અનુસાર શુભાશુભ ગતિમાં જનાર અને સામ્યક જ્ઞાનાદિથી કર્મ સમૂહનો નાશ કરનાર જીવ. તે છ પ્રકારનો મનાય છે: અનાદિસિદ્ધ, મુક્ત અને અર્હત. અનાદિસિદ્ધ અર્હત છે, જે બધી અવસ્થાઓમાં અવિદ્યા વગેરેનાં દુઃખ અને બંધનથી મુક્ત તથા અણિમાદિ સિદ્ધિઓથી સંપન્ન છે.

જીવાળ વિ. જીવવાળું, સજીવ, જીવતું.

જીવાળો સ્ત્રી. તબલાના ચામડા ઉપરનું કાળા પદાર્થનું વર્તુળ.

જીવાળી ૧. પું. તંબૂરાનો ઝારો.
૨. સ્ત્રી. (સંગીત) તંબૂર કે સિતારના તારનો ખુલ્લો વધારે રણકારવાળો અવાજ.
૩. સ્ત્રી. તારનો સ્વર બરાબર નીકળવા તંબૂરામાં ખોસવામાં આવતો રેશમી દોરો.
૪. સ્ત્રી. મૃદંગ ઉપરનું કાળી શાહીનું પડ; તબલાના ચામડા ઉપરનું કાળું વર્તુલ.
૫ સ્ત્રી. શરીર.

જીવાંતક ૧. [સ.] પું. જીવને મારનાર માણસ, પારધી; વ્યાધ.
૨. પુ. આગ્નેય; ખૂની.
૩. વિ. પ્રાણીઓનો નાશ કરનાર; જીવોનો વધ કરનાર.

જીવિકા ૧. [સં.] સ્ત્રી. આદર્શવિદ્યા. ગરુડ પુરાણમાં દસ પ્રકારની જીવિકા બતાવી છે: વિદ્યા, શિલ્પ, ભૂતિ, સેવા, ગોરક્ષા, વિપણિ, કૃષિ, વૃત્તિ, ભિક્ષા અને કુસીદ.
૨. સ્ત્રી. ગુજરાન ચલાવવા માટે કરાતી મહેનત; ગુજરાનની વૃત્તિ; ગુજરાનની તજવીજ; ઉદ્યોગ કે ધંધો.
૩. સ્ત્રી. જીવન; જીવતુ તે, જીવતર.
૪. સ્ત્રી જીવતી જાગતી.
૫. સ્ત્રી. ભરણપોષણ; ગુજરાન, નિર્વાહ.
૬ સ્ત્રી ભિક્ષા.
૭. સ્ત્રી ચલન; પ્રસાર.

જીવિકાનારા [સં.] પું. ગુજરાતનું સાપન જાતું રહ્યું.

જીવિકોપાર્જન [સં.] ન. આજીવિકા મેળવવી તે

જીવિત ૧. [સં.] ન. આયુષ્ય; જીવિતવ્ય.
૨. ન. મુજરાન.
૩. ન. જીવન, જીવતર; જિંદગી. પ્રાણધારણ.
૪ વિ જીવતું, જેમાં જીવ હોય એવું
૫ વિ જીવતું કરેલું.

જીવિતક [સં.] ન. દયાપાત્ર જિંદગી.

જીવિતકર્તવ્ય [સં.] ન. જીવનનું કર્તવ્ય, જીવનકર્તવ્ય.

જીવિતકાલ [સં.] પું. જીવતરનો સમય; જિંદગીના દિવસ, પ્રાણધારણનો સમય; જિંદગી, આયુષ્યનો કાળ, આયુષ્યગાળો.

જીવિતકાળ જુઓ જીવિતકાલ

જીવિતક્રિયા ન. સ્ત્રી મરણ પછી ક્રિયા વગેરે કરવાને બદલે જીવતાં જ કરી લેવી તે. પોતાના મરણને લગતી ક્રિયા. તત્ત્વાર્થ પ્રત્યેનો તે ઉલ્લેખ

જીવિતજ્ઞા [સ.] સ્ત્રી. જૈનથી જીવનનું જ્ઞાન થાય છે તે નાડી.

જીવિતદશા [સં.] સ્ત્રી. હયાતી.

જીવિતદાન [સં.] ન. જીવનદાન; જિંદગીની બક્ષિસ; મોતના પંજામાં સપડાયેલાને મુક્તિ આપવી તે; જિંદગીનું દાન; આફતમાં સપડાયેલાના કે પોતાના સહાયમાં પડેલાના પ્રાણનું રક્ષણ.

જીવિતનિબંધન [સ.] ન. જીવ ધારણ કરી રાખવો તે.

જીવિતનિરપેક્ષો [સ. જીવિતનિરપેક્ષિન્] વિ. જીવનને માટે સ્પૃહા વિનાનું.

જીવિતપ્રદા [સં.] સ્ત્રી. (વૈદક) એ નામનું રતાંધળાપણા ઉપર વપરાતું એક ઔષધ.

જીવિતપ્રવૃત્તિ [સં] સ્ત્રી. જીવનકાર્ય.

જીવિતયાત્રા [સં.] સ્ત્રી. સંસારજીવન.

જીવિતરહસ્ય [સં.] ન. જિંદગીનું રહસ્ય.

જીવિતવ્ય ૧. [સં.] ન. આવરદા.
૨. ન. જિંદગાની; જીવતર; જિંદગી.
૩. ન. જીવન; જીવવું તે.
૪ ન. જીવવાનું પ્રયોજન.
૫. ન. જિવાડવા જેવું; જીવતું રાખવા જેવું.
૬ વિ જીવવા જેવું
૭. વિ. જીવી શકે એવું

જીવિતવ્યય [સં. જીવિત (જિંદગી) + વ્યય (ખર્ચ)] પું. જિંદગીનો નાશ; જીવ ખર્ચો નાખવો તે.

જીવિતસંદેહ [સં. જીવિત (જિંદગી) + સંદેહ (સંશય)] પું જીવવું જોખમ; જીવ જોખમનો વખત; જીવનો જોખમ આપવો પડે એવી આપત્તિ જિંદગીનો શક. જીવવામાં સંદેહ; જીવનો શક; જીવવાનો સંશય.

જીવિતસંશય જુઓ જીવિતસંદેહ.

જીવિતસત્કાર [સ.] પું જીવન સુધારવું તે.

જીવિતાવસ્થા [સ. જીવિત (જીવવાનું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. જીવિત સ્થિતિ; જીવન

જીવિતાશંસા [સં. જીવિત (જીવન) + આશંસા (આશા)] સ્ત્રી. (જૈન) જીવવાની ઇચ્છા; સમાધિ કે જીવ જાય ત્યારે પૂજા, સત્કાર આદિ નિમિત્તે જોઈ લેવી હોય એવી ઇચ્છાથી જીવનને ચાહવું તે.
જીવિતાશંસા મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ એ અતિચારો બ્રહ્મચર્યના પાંચ અતિચારો છે. તત્ત્વાર્થસૂત્ર

જીવિતાશા [સં. જીવિત (જીવન) + આશા (ઉમેદ)] સ્ત્રી. જીવવાની આશા.

જીવિતાંતકરોનિત્ય [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

જીવિતેચ્છા [સં. જીવિત (જીવન) + ઇચ્છા (મરજી)] સ્ત્રી. જીવવાની ઇચ્છા; જિજીવિષા

જીવિતેશ ૧. પું. ઈડા અને પિંગલા નાડી.
૨. [સં.] પું. ચંદ્ર
૩. [સં. જીવિત (જીવતર) + ઈશ (ધણી)] પું. જીવનનો સ્વામી, પતિ. પ્રાણનાથ. ધણી; જિંદગીનો માલિક
૪ પું. યમ.
૫. પું. સૂર્ય.
૬. ન. જિંદગી આપનારું એક ઔષધ; મરેલાને સજીવન કરવાની દવા.

જીવિતેષણા [સં. જીવિત (જીવન) + એષણા (વાસના)] સ્ત્રી. જીવવાની તૃષ્ણા; જીવવાની ઇચ્છા.

જીવિતેશ્વર ૧. [સં. જીવિત (જીવન) + ઈશ્વર (સ્વામી)] પું. પ્રાણનાથ; સ્વામી, ધણી.
૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

જીવિતોત્સવિક [સં. જીવિત (જીવન) + ઉત્સવ (આનંદનો દિવસ) + ઠક (વાળું)] વિ. જીવનમાં ઉત્સવ તુલ્ય.

જીવિત્વ ન. જીવન; જિંદગી.
આપણું જીવિત્વ છે ક્ષોમન. પ્રેમાનંદ

જીવી ૧. સ્ત્રી. મુંજ, ભીંડી કે સૂતરની દોરી વડે આઠલો ભરતાં વચમાં વારાફરતી ઝુલાડાતી અને ઠલાતી બે સેર. તે બે સેર જોડામાં રહે છે.
૨. [સં. જીવિન્] ન. પ્રાણી; જીવ.
૩. વિ. જીવનાર; ચિરંજીવી.
૪ વિ. જીવવા માટે બીજાનો આધાર રાખનારું, જેના જીવનનો બીજા ઉપર આધાર હોય એવું; ગુજરાનને માટે આધાર રાખનારું; જીવનારું; નભનારું. જેમકે, અનુજીવી, અમજીવી
૫ વિ. જીવવાળું; જીવતું.
૬. વિ. જીવિકા કરનાર; ઉપજીવિકાવાળું.

જીવીનય ન. જીવન આપનારી દવા.

જીવેજાન ૧. [મા. જાન (જીવ)] વિ. જીવ સાથે લાગેલું.
૨. વિ. જીવલગ; પ્રાણપ્રિય; પોતાના જીવ જેવું વહાલું.

જીવેશ ૧. [સં જીવ + ઈશ] પું. જીવ અને ઈશ્વર.
૨. પું. જીવનો માલિક; જીવનો સ્વામી; પતિ.

જીવેશ્વર [સં.] પું. જીવિતેશ્વર.

જીવોજ સ્ત્રી જીવનમૂલ, જીવરસ.

જીવોત્પત્તિ [સં. જીવ + ઉત્પત્તિ (પેદાશ)] સ્ત્રી સજીવ અવયવીની ઉત્પત્તિ; જીવનું ઉત્પન્ન થવાપણું.

જીવોત્પત્તિવાદ [સં.] પું. જીવની ઉત્પત્તિ વિષેનો સિદ્ધાંત.

જીવોત્સર્ગ ૧ [સં. જીવ + ઉત્સર્ગ (ત્યાગ)] પું જીવ આપવો તે.
૨. પું. જીવનો ત્યાગ કરવો તે.

જીવોપચાર ૧ [સં] પું પ્રાણીઓની શારીક્રિયા
૨. પું. પ્રાણીઓનું વૈદું; પશુચિકિત્સા.

જીવોપાધિ [સં.] પું. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા.

જીવોષ્મા [સં.] સ્ત્રી. જીવતાં પેટાં વગેરેની ઊની.

જીવૌજ પું. જીવરસ.

જીવ્ય ૧. [સં] પું જીવક વૃક્ષ
૨. ન. જીવવાનું સાધન, જીવવાનો ઉપાય.
૩. વિ. જિવાડવા જેવું.
૪. વિ. જીવવા યોગ્ય.

જીવ્યા ૧. [સં.] સ્ત્રી. જીવની ગણ.
૨. સ્ત્રી. 'હરડે.

જીવ્યું ન. (જૂ. ગુ.) જીવતર

જીવ્રા ૧. સ્ત્રી. (જૂ. ગુ.) કૃપા; મહેરબાની; દયા.
૨. ન. અષાઢ વદિ અમાસનું બારણું. જોકરાંની દીર્ઘાયુષ માટે બીજો આ વ્રત કરે છે.

જીવ્ર ૧. પું. દરજી લોકના પ્રબીણાનો એક પ્રકાર.
૨. વિ જોયું.
૩. ન. કિ. (મારવી) જરીપ.

જીસતીસ ન. જોને તેને.

જીસલી ન. ખેતીના કામમાં વપરાતું એ નામનું એક ઓજાર.

જીસસ ક્રાઇસ્ટ પું જિસસ ક્રાઇસ્ટ; ખ્રિસ્તી ધર્મનો સંસ્થાપક ઈશુ. ઈશુ ખ્રિસ્ત. યહૂદી ધર્મગુરુની સ્ત્રી એલિઝાબેથને પેટે જોન જન્મ્યો, ત્યાર પછી ડિસેમ્બરની રજમી તારીખે બેથલેહેમ ગામમાં યહૂદી જોસેફ પિતાને પેટે મા મેરીને પેટે એ ખ્રિસ્તી ધર્મપ્રવર્તક જિસસ જન્મ્યો. એ પેગમ્બર થશે એવું તે વખતના રાજાના જાણવામાં આવતાં સર્વે નાના બાળકોની કતલ ચલાવી. તેમાં અમાહિથી ખબર પડી જતાં નાસી જવાને લીધે આ જોન બાળક બચ્યાં. જોને પહેલું પેગમ્બરનું કામ કરી ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવા માંડ્યો. જૉર્ડન નદીના પાણીથી તે અભિષેકની ક્રિયા કરતો તેની પછી ઈશુએ એ કામ ઉપાડી સર્વને ખ્રિસ્તી મતનો ઉપદેશ છોડાવ આપવા માંડ્યો. યહૂદીઓ તેના ઉપર બિલ્યા. અંતે જ્યારે પોતાનો મત ન ફેરવતાં નિમ્નવાળો જણાયો ત્યારે તેને મારી નાખવા સૌએ ગોઠવણ કરવા માંડી. તેની તેને ખબર હોવા છતાં ઉપદેશ આપવે જ ગયો. એકને ક્રોસમાં જડી ખિલાવીને મારી નાખ્યો, તોપણ તેણે પોતાનો મત છોડ્યો નહિ. ન્યુ ટેસ્ટામેન્ટમાં તેનું બધું જીવનચરિત્ર આલેખાયેલું છે. ઈશુ ખ્રિસ્તના જન્મમરણની ચાર વાતો સબ થેલી છે, જેને ગોસ્પેલ્સ કહે છે. ચારમાંથી બીજા અને ત્રીજાનું વૃત્તાંત જે માણસોએ જોયું જાણ્યું છે તે જ માણસોએ લખ્યું છે. પહેલું વૃત્તાંત મેથ્યુ કે જે જિસસના સાથી હતા તેણે લખ્યું છે અને ચોથું વૃત્તાંત જોહનથી લખાયું છે. આ બધાં વૃત્તાંતોનો સમાચાર કરતાં સામ્ય દર્શાવતા નીચે પ્રમાણે છે: ઈશુ ખ્રિસ્તનો જન્મ ખ્રિસ્તી વર્ષ બનાવ છે તે વરસથી ચાર વર્ષ પહેલાં બેથલેહેમ ગામમાં થયો હતો. રાષ્ટ્રીય સ્થિતિ તે વખતમાં તદ્દન બગડી હતી, રાજદ્વારી અને ધાર્મિક બાબતમાં પણ તેવું જ હતું બધી પ્રજાઓમાં રોમન રાજ્ય પ્રિય ન હતું. જિસસે તેના બચપણનાં વરસો તેનાં માતપિતા સાથે નાઝારેથ ગામમાં ગાળ્યાં. ત્યાં તેણે ઓ જમાનામાં મળતું સામાન્ય જ્ઞાન મેળવ્યું, પછી તે સુતારી કામ શીખ્યા. પછી તે તેનાં માતપિતા સાથે જેરુસલેમ ગયા. આ ગામમાં તેમને તેમના હૃદયની દિવ્યતા તેમ જ દુનિયામાં તેને કંઈક કર્તવ્ય કરવાનું છે એ વિષે ભાન થયું. ત્યાંથી પાછા તેઓ નાઝારેથ ગામમાં આવ્યા. લગભગ ત્રીસ વર્ષની ઉમર સુધી તેઓ અહીં જ રહ્યા. ત્રીજા બાયબલમાં તેનો એમ ઉલ્લેખ છે કે: ઈશુ સુતારનો ધંધો કરતા અને નવરાશના વખતમાં લોકોને બોધ આપતા. તે કહેતા કે, ધર્મને ખાતર કોઈનો પ્રાણ લેવો નહિ પણ પોતાનો પ્રાણ દેવો. ધર્મમાં ઘૂસી ગયેલ ખરાબ તે ધિક્કારતા. મારનારને સામું મારવું નહિ, દુશ્મન ઉપર પણ પ્રેમ રાખવો, કોઈ જમણે ગાલે તમાચો મારે તો ડાબો ગાલ ધરવો એ તેનો ઉપદેશ હતો. આથી યહૂદી લોકોને ઈશુ ગમતા નહિ. સત્તાવાળાઓએ ઈશુને હેરાન કરવામાં જરા યે કસર રાખી નહિ. લોકોને ઊંધે માર્ગે ચડાવવાનો એમની ઉપર આરોપ મુકાયો. ન્યાયની કચેરીમાં કામ ચલાવતી વખતે એક અધિકારીએ એમને ગાલ ઉપર એવો થપ્પડ લગાવી દીધી કે, લોહીના ટશિયા ફૂટ્યા ! છતાં અહેજ પણ ક્રોધ કર્યા સિવાય તેણે ઉત્તર આપ્યો

કે, મેં કોઈને ઊંધો ઉપદેશ કર્યો નથી. મારે કહેવું તો એ જ છે કે, ઈશ્વર હમ્મત મંદિરમાં જ વસતો નથી, તે તો સર્વ સ્થળે છે. વળી હું કહેતો કે મંદિરમાં કોઈ ભોગ ધરવાથી જ ઈશ્વર પ્રસન્ન નહિ થાય, પણ સર્વ પ્રાણી તરફ દયા રાખવાથી જ તે રાજી થશે. હું જરૂર કહેતો કે, પાખંડ કે ખોટમાં જ કંઈ ધર્મ નથી, પણ સેવા અને આત્મભોગમાં જ ખરો ધર્મ છે. છતાં યે ન્યાયાધીશે તો ઈસુને મારી નાખવાનો હુકમ કર્યો. તેથી સિપાહીઓ તને બજાર ચોગાનમાં લઈ ગયા. વધસ્તંભ હજી તૈયાર કરાવવાનો હતો. એટલામાં એક સિપાહીએ રાજા તરીકે ઈસુની મશ્કરી કરતાં તેને આવડુ ઝાલીને હાકોળો અને બોલ્યો કે, આ બાદશાહ જ જંપી બાંધવાનું મૂળ છે ને! એક સિપાહીનો લાલ મશ્કરી કરતો ઈસુની કરતો વીંટળી તે બડબડાટ કરવા. બીજો સિપાહી એક લાકડાનો કટકો લાવીને લાવ્યો, અને તે ઉપર ઈસુને બેસવા કહ્યું ત્રીજા સિપાહીએ તીક્ષ્ણ કાંટાવાળાં ઝાંખરાંનો અક મુગટ બનાવી ઈસુના મસ્તક ઉપર તે ભારે દર્દને બેસાડ્યો. માથા ઉપર કેટલાંક કાંટા ભોંકાવા, તેથી ગાલ, કપાળ અને ઠોક ઉપર લોહીના રેલા ઊતર્યા. પણ ઈસુ સાવ શાંત હતા. તેણે ઊંહકારો સરખો યે ન કર્યો. એટલામાં એક નાનો આવીને ઈસુને કપડાં ઉતારી તેને માત્ર એક લગોટભર લાં રાખ્યા. સામકાની વાઘરીઓથી ચૂંથવા જેવતના કાંટાવાળા ચોરડાથી તેને માર માર્યો. જેવટે વધસ્તંભ ઉપર બને હાથ પહોળા કરી હથેળી, પગ અને શરીરમાં ખીલા ઠોકી ઈસુને જડી દયામા આવ્યા. આ બધુ જોનારી સ્ત્રીઓ રડતી હતી. ઈસુએ તેમને કહ્યું કે, હે સ્ત્રીઓ! મારે સારૂ રડો મા તમારા પડને માટે રડો તમારી બોલાદને સારૂ રડો. જેઓ તરવારના જોર ઉપર રાજ કરવા નીકળ્યા છે, તેઓ સ્ત્રીઓની અને બાળકોની દયા આણવાના નથી. આ રીતે ઈસુ જેવા સંત પુરુષને મારી નાખ્યા, પણ તેથી તો તેનો ખ્રિસ્તી ધર્મ ઊલટો બમારે ફેલાયો તેમણે દયા, ક્ષમા અને અહિંસાનાં સૂત્રોનો ઉપદેશ કર્યો છે ઈસુ ખ્રિસ્ત સેવા કરવા જન્મ્યા, ન હતા, પણ સેવા કરવા જન્મ્યા હતા. તેઓ માનતા કે સેવા કરવાથી જ કલેજા બળે છે. જેથી તેણે આખી જિંદગી સેવાધર્મમાં જ ગાળી અમને જીવનનું લક્ષ્ય દયા અને પ્રેમ છે. આ પાર્થિવ પૃથ્વી ઉપર પ્રભુનું દિવ્ય સામ્રાજ્ય સ્થાપવાનું હતું. એમનો પર્વત પરનો અતિ પ્રસિદ્ધ ઉપદેશ અમર બનેલ છે

જસાહેબ [અ. સાહિબ (સમીપમા રહેનાર મિત્ર)] સ. આદરની સાથે બબાન આપતો ઉચ્ચાર; આદરી હુકારનો ઉદ્ગાર, ઉ૦ સાહેબ.

જ. સી. આઈ. ઇ. [અં.] પું. સરકારનો એક ખિતાબ; 'નાઈટ કમાન્ડર ઑવ ધી ઑર્ડિનન ઑફ્બર.'

જ સી. એસ. આઇ. [અં.] પું. સરકારનો બીજ પ્રકારનો ખિતાબ; 'નાઈટ કમાન્ડર ઑવ ધ સ્ટાર ઑવ ઇંડિઆ.'

જહ સ્ત્રી. (જૂ. ગુ.) જગા; જિંદા.

જહજૂર ૧. પું. ખુશામતમા વપરાતો શબ્દ. ૨. ન. ખુશામતિયો.

જહર પું. હિંદુસ્તાનનો એ નામનો એક તરવૈયો.

જહા ૧. [હિ.] સ્ત્રી. જગ્યા; જગા.
૨. સ. સભ્યતાપૂર્વક અથવા પોતાથી ઊંચા દરજ્જાના માણસને હા કહેવામાં વપરાતો માનવાચક શબ્દ.

જહાજ સ્ત્રી. બેડાજ; ધર્મ બાતર કરેલું યુદ્ધ.

જહાલત ૧. [અ. જહાલત] સ્ત્રી. અજ્ઞાનતા; જડતા.
૨. સ્ત્રી. મૂર્ખતા.

જહાં ૧. [સં. યત્ર] અ. જ્યાં.
૨. સ. જ્યાં આપણ, જે જગ્યાએ.

જહિદિલ [અં. જહૂદિલ] સ. (પ્રાકૃત) જગા.

જહારા પું. ઈશ્વર

જાં ૧. અ. જો.
૨. અ (ચારણી) જેમ.

જાંગડ (જાગડ) [હિ.] પું વાજરડું.

જાંગના પું. એ નામનો એક જાતનો મુદર; ટમ્બર

જાંજવો (જાંજવડો) સ્ત્રી એક જાતની વનસ્પતિ. તેને મૂલાની રેતમાં ખોર જેવાં મોળ ફૂલ અને ખોડીની માફક થડે ને ડાળે કાંટા થાય છે. તેનાં પાન ઝીણાં હોય છે.

જાંજવો પું. એક જાતનું ઘાસ. તેનાં ચૂંચડાં થાય છે. તેના પાન ખરો જેવાં પાતળાં ને લાંબાં થાય છે. ચૂંચડાંમાં પાતળી દોરા જેવી સળી નીકળી ઉપર નાની અને પાતળી ચણ કે ઝાર બાંધડીવાળી મંજરી નીકળે છે.

જાંજી ન. (કચ્છી) એક જાતનું ઝાડ. તે ૬ થી ૧૨ હાથ ઊંચું થાય છે. પાન બાજુએ ગોઠવાયેલાં હોય છે. ફાલમાંથી રેસા નીકળે છે. તેનાં પાનની તમાકુ પીવાની બીડી બનાવવામાં આવે છે.

જાંજેરી સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી.

જાંજેરી સ્ત્રી. જીવનનો વ્યવસાય; જીવનવ્યવસ્થા.

જાંઝવો જુઓ જાંજવો.

જાંઝોટા ન. ફાટેલું ચીથરું

જાંડવું ન. છોડનો ઠોટવાવાળો બીજ કોષ, કપાસનો પોપટો; કપાસના છોડનું ફળ. તેમાંથી રૂ નીકળે છે.

જાંડવો પું. નાનામાં નાની ફળની લૂમ.

જાંઘરડાં ન. બ. વ. નાના ને ફૂટા વાળ.

જાંઘરાં ન. બ. વ. જાડિયાં; જેમતેમ ફૂટા વાળવા. વાળ; અવ્યવસ્થિત ઊડતા ગંદા વાળ; ઝીંથરાં.
જાંઘરા ભમાવાં = રનેહ થવો.

જાંઘરિયું વિ જાંઘરાવાળું.

જાંઘાં ૧. ન બ વ. મન.
૨. ન બ. વ. માથાના નાના વાળ; જાંઘરાં.

જાંદાદિલ વિ. વિનોદી; આનંદી; વિનોદપ્રિય.

જાંદાર સ્ત્રી. બગાળ અને સિક્કિમ તરફની એક ભાષા.

જાંદાવસ્તા પું. પારસી લોકોનો મુખ્ય ધર્મગ્રંથ. તેની ભાષા સંસ્કૃતને મળતી છે.

જાંનતનશીન [અ. જન્નત + ફા. નિશિસ્તન (બેસવું)] વિ. સ્વર્ગવાસી.

જાંબુ ૧. [સં. યૂકા] સ્ત્રી. માથામાં થતું એક જાતનું જંતુ; પડપદી; જૂ.
૨. સ. (જૂ. ગુ.) જો; કદાચ.

જાંબુલ ૧. સ્ત્રી. ગરમી
૨. [હિ. જ્વલ્ (બળવું)] સ્ત્રી. ઝાળ; ભડકો.
૩. સ્ત્રી. તીવ્ર ઇચ્છા; વાસના.

જાંબુંગ સ્ત્રી. બિહાર અને ઓરિસ્સા તરફ વપરાતી એક ભાષા

જાંબુઆ ૧. પું. ધોંસરું.
૨. [હિ.] ન. જુગાર; જૂગટું.
જાંબુઆ બેસવા = જુગાર રમવો.

જાંબુઆખાનું ન. જુગારખાનું.

જાંબુઆખોર પું જુગારી.

જાંબુઆઠિ [હિ.] પું. ધોંસરું.

જાંબુઆડી (જાંબુઆડી) પું. જુગારી; જૂગટું રમનાર માણસ.

જાંબુવાન ૧. પું. જુવાન પુરુષ.
૨. [ફા.] વિ. જુવાન; યુવાન.

જાંબુઆબ ૧. પું. ઉત્તર; બબાવ
૨. [અ.] પું. જોડ; બેનો સમૂહ.

૩. પું. બદલો.
૪. પું. બરતરફી; છોડી દેવું તે.
૫. પું. લગ્નની ના પાડવી તે.

ભુખ્યાર ૧. પું. ઘરિયાની ભરતીનાં પાણી; ભુખ્યાળ
૨. [અ.] પું. પડોશ.
૩. [હિં.] સ્ત્રી. એક હલકું ધાન્ય; ભુવાર; જાર.

ભુખ્યારા ૧. પું. કૂવાનું પાણી ખેંચવાના ળળદની બોંસરી
૨. [હિં.] પું. ળળદની એક જોડીથી બેઠાય તેટલી જમીન.

ભુખ્યારાભાટા [હિં.] સ્ત્રી. ભરતીઓટ.

ભુખ્યારાં ન. બ. વ. ભુખ્યાર; જાર

ભુખ્યારી [હિં.] પું. ભુખ્યારી.

ભુખ્યારું ૧. ન. ભુખ્યાર રમનો તે; ધૂત.
૨. ન. સંયુક્ત કુટુંબમાંથી છૂટા પડી નવો માંડેલો ગૃહસંસાર; નવું માંડેલું ઘર.
૩. વિ. ભુવાઈ; ભુંડું.

ભુખ્યાલા [હિં.] સ્ત્રી. જ્વાળા; ઝાળ.

ભુખ્યાલામુખી [હિં] સ્ત્રી. જ્વાળા મુખ, જ્વાળામુખી.

ભુખ્યાસમી સ્ત્રી. એ નામની એક આરબ કોમ.

ભુખ્યાળ પું. ભરતી; મેળ; પાણીનું ચડવું તે; જાર.

ભુઇચિત્રલ સ્ત્રી. (કચ્છી) ભૂંડ; ભુવારો.

ભુઇજિંત ૧. ન. મોક્ષ.
૨. ન. સંયમ.
૩. [સં. ધૃતિમત] વિ. તેજસ્વી; કાંતિવાન.

ભુઇસિ સ્ત્રી. એક જાતની મોટી માછલી.

ભુઇહાર પું. ઓળનું ઘરેણું પહેરવાનું સોનાનું એક જાતનું ઘરેણું.

ભુઉ [સં. ધૂત] ન. ભુખ્યાર.

ભુઉં વિ. (જૂ. ગ્ર.) ભુંડું; ઊંધું.

ભુએ બાજ [હિં.] પું. ભુખ્યારી.

ભુઓ ૧. પું. એક જંતુ, ભૂરો.
૨. પું. ભુખ્યાર; ધૂત
૩. વિ. પું. ભુંડો.
૪. ન. ક્રિ. બોલવું બીજાને પ્રેરક બહુવચન.

ભુકતી ભુઓ ભુક્તિ.

ભુકામ [ફા] ન. સળેખમ; શરદી, શ્લેષ્મ. તેમાં નાક અને મોઢામાંથી કફ નીકળે છે, માથું ભારે રહે છે અને દુખે છે. તેનાં કારણ અને ચિહ્ન: બહુ ઠંડી હવામાં રહેવાથી, ઠારું પાણી પીવાથી, ઠંડી હવામાં રહેવાથી, ભારે પદાર્થો ખાવાથી, ઠંડી ભેજવાળી જમીન ઉપર સૂવા વગેરેથી સળેખમ થાય છે. તેમાં બેચેની રહે, હાથપગમાં કળતર થાય, માથામાં ભાર, કમરમાં દુખાવો, નાક સૂજવું, ગળામાં બળે, નાકમાં સોજો વગેરે ચિહ્નો જણાય. ઉપાય: પ્રથમ એક હલકો જુલાબ આપવો. ઠંડી હવામાં ફરવા જવું નહિ, તેમ સૂવું નહિ. ગરમ કપડાં પહેરી રાખવાં. સંચરસાદ, તુલસીપાન, સૂંઠ, તજ, એલચી, આકર દૂધમાં નાખી તેની ચા પીવી. નાક ઉપર ગરમ તેલ લગાડવું.

ભુકી ૧. સ્ત્રી એ નામનું વૃક્ષ.
૨. સ્ત્રી. લીલા; ખેલ.

ભુકુહ ૧ પું. કૂતરો.
૨. પું. મલયાચલ પર્વત

ભુકુર ૧. ન કરમદીરમાં આવેલ એ નામનું એક રત્ન. તેને પ્રાચીન સમયમાં જીવપુરા કહેતા.
૨. [હિં.] વિ. લાયક, યોગ્ય; વાજબી.

ભુક્ત ૧ [સ યુક્ત વિ યુક્ત. જોડેલું.
૨. વિ. યોગ્ય; અનુકૂળ

ભુક્તા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભુજંગ શિશુભૃતા. આ છંદ ભૃકતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, અને મગણ એમ નવ અક્ષરો હોય છે. તેમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

ભુક્તાઈ ભુઓ ભુક્તિ.

ભુક્તિ ૧. સ્ત્રી. ઉપાય; યોજના.
૨. [સં. યુક્તિ] સ્ત્રી. ભુજતી; કળા; કરામત; તદબીર, હિકમત; તજવીજ; ગોઠવણ; યુક્તિ.
૩ સ્ત્રી મેળવણી.
૪. સ્ત્રી. રીતિ; કળા.
૫. સ્ત્રી સાધન.

ભુક્તિમુક્તાર્ય [સં યુક્તિ + મુક્તાર્થ] ન. બનાવટી સોનું.

ભુક્તી ભુઓ ભુક્તિ.

ભુક્તું વિ. યુક્ત; ભુજતું.

ભુક્તે અ. તે જ વખતે; તરત જ.

ભુક્તો પું. ગાડી જેવું બેસવાનું સાધન.

ભુખમ [ફા. ભુકામ] ન. સળેખમ; શરદી; ભુખામ.

ભુખવું સ ક્રિ. બોલવું; તોળવું.

ભુખાઈ ૧ સ્ત્રી. બોલનારની કી; બોલામણી.
૨. સ્ત્રી. બોલવું તે.

ભુખામ ૧. ન. ઘોડાનો શરદી જેવો એક રોગ.
૨. [ફા. ભુકામ] ન. સળેખમ; શરદી.

ભુગ ૧. પું. એક જ ચરમાં આવેલ બે દુકાન.
૨. [સં. યુગ] પું જમાનો; ભવ; યુગ; કાળ. ભુગ ચાર છે અને તે ચાર ભુગનો એક મહાભુગ ગણાય છે. તેને અંતે કલ્પાંતર ને રેલ આવી જગત નાશ પામે છે. તે પછી બીજો મહાભુગ શરૂ થાય છે. મહાભુગમાંનો પહેલો સારો ને સત્યવાદી ભુગ સત્ય કે કૃતભુગને નામે ઓળખાય છે. બીજો ત્રેતા, ત્રીજો દ્વાપર અને ચોથો ખરાબ, પાપી ભુગ તે કલિયુગ કહેવાય છે. ભાર હજાર અથવા ૪૩,૨૦,૦૦૦ દિવસનો મહાભુગ મહાભારતમાં કહ્યો છે. કેટલાક દિવસને વર્ષ કહે છે અને વરસના ૩૬૦ દિવસ પ્રમાણે તે ગણી રહે છે. કૃત ૪૮૦૦ વરસનો, ત્રેતા ૩૬૦૦ વરસનો, દ્વાપર ૨૪૦૦ વર્ષનો અને કલિ ૧૨૦૦ વર્ષનો એટલે ૪,૩૨,૦૦૦ દિવસનો ગણાય છે. કેટલાકના મત પ્રમાણે કૃત યુગ સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વર્ષનો, ત્રેતા યુગ બાર લાખ છન્નું હજાર વર્ષનો, દ્વાપર યુગ આઠ લાખ ચોસઠ હજાર વર્ષનો અને કળિયુગ ચાર લાખ બત્રીસ હજાર વર્ષનો મનાય છે.
૩. પું. તાણો
ભુગ જોડવો = કાન બંધેરવા.
૪. પું. બાર કે ચોવીસ વર્ષની મુદત.
૫. સ્ત્રી. દુનિયા; જગત.
૬. [પ્રા.] ન. ચાર હાથનું માપ.
૭. [સં યુગ્મ] ન. જોડું; જોડકું; જોનો સાથ; બેલ, બેલડું, જોડ; જુગલ.
૮ ન. પાલખો.
૯ ન. પાંચ વર્ષનો કાળ વિભાગ.
૧૦. ન. સોકટાંની રમતમાં સામે જોડાઈને સામે જ ચાલનારી બે સોકટીની જોડ.
૧૧. વિ. ચારની સંખ્યા.
૧૨. વિ. બે

ભુગગતી અ. સાથે.

ભુગજીવણ ૧. પું. પતિ; ધણી.
એક મારો ભુગજીવણ આવે,
સૌ લોકો સંદેશા દે જાવે લોકગીત
૨ વિ. જગતને જીવાડનાર.

ભુગજીવન પુ જગજીવન; જગતને જીવાડનાર.

ભુગભુગ ૧. ન. જન્મોજન્મ; બબ્બે લાંબા વખત લગી; પક્ષ ભુગો સુધી.
૨. અ. ભુગે ભુગ; દરેક ભુગમાં.
૩. અ. હમેશાં; નિરંતર.

ભુગભૂનું વિ. પક્ષ જૂનું.

જુગજોર ન. સમવનું બળ.

જુગટિયું ૧. ન. જુગટું.
૨. વિ. જુગટું રમનાર.

જુગટિયો ૧. પુ. જુગટું રમનાર માણસ; જુગારી.
૨. વિ. જુગારી; જુગટું રમનાર

જુગાઉદ [પ્રા.] પું. ચંદ્ર અને નક્ષત્રનો એક જાતનો યોગ

જુગત ૧. [હિં.] જી. કરાર.
૨. [સં. યુક્તિ] જી. કળા; જુક્તિ; યુક્તિ; તદબીર.
૩. જી. ખેલ; પ્રપંચ; દાવ.
૪. જી. ચતુરાઈ; ચબરાકપ્રકૃતિતા.
૫. જી. દ્વિઅર્થી શબ્દ.
૬ જી. યોગનું રહસ્ય.
૭. વિ. જોડેલું; સાથે સાથે જોડેલું; યુક્ત.
૮. વિ. મારફત; અનુકૂળ; બહતું; યોગ્ય.

જુગતબાજ ૧. [હિં.] પું. ચબરાક માણસ.
૨ વિ. ચાલાક; યુક્તિબાજ.
૩. વિ. શબ્દની રમૂજ કરનાર.

જુગતબાઝી ૧. જી. કરકસર.
૨. [હિં.] જી. યુક્તિ.

જુગતમુદ્દન ન. એ નામનો એક જોડ. તેના સાથ પાદડાનો બૂકો ચોપડીમાં મૂકવાથી તેને જીવડાં ખાઈ શકતાં નથી.

જુગતંબા [સં. જગત્ + અંબા] જી. જગદંબા; આદ્ય શક્તિ.

જુગતાઈ જી. જૂનવું હોવ તે.
જગત કરયો જુગતાઈરૂ, કાલ ગોટીયા દીધ.
રામળ

જુગતાત પું. જગતના પિતા; પરમેશ્વર.

જુગતારણ વિ. સંસારરૂપ સમુદ્રમાંથી તારનાર.

જુગતિ [સં. યુક્તિ] જી. યુક્તિ; તદબીર; જુગત. જુઓ જુગતી.

જુગતિયા વિ. ચાલાક; યુક્તિબાજ.

જુગતી ૧. [હિં.] જી. કરાર.
૨. [સં. યુક્તિ] જી. કળા; તદબીર; જુક્તિ; યોજના
૩. જી. દ્વિઅર્થી શબ્દ.
૪. જી. યોગનું રહસ્ય.
૫ જી. સમવડ; જેનજોડ
૬ [સં. યુવતી] જી. સુંદર સ્ત્રી.
૭ વિ કરકસરિયું
૮. વિ. ચાલાક; યુક્તિબાજ; હોશિયાર.
૯. વિ. યુક્ત, જોડાયેલ.

જુગતું ૧. [સં. યુક્તક] વિ. ઘટિત; બધબેસતું; યોગ્ય.
૨. વિ. જોઈએ તેવું; અનુકૂળ.

જુગતે ક્રિ. યુક્તિપૂર્વક; ખૂબીથી; કળા વડે; વિવેકથી.

જુગતે જોડુ (જુગતે જોડું) ન. જાને સરખા યુવા સ્વભાવનાં માણસોનું જોડું.

જુગત્ય ક્રિ. યુક્તિ જુગતી.
તે આવે જઈ કર્મને જુગત્ય કરીને જોય.
રામળ

જુગત્રો જી. જુવર.

જુગદંબ જુઓ જુગદંબા.

જુગદંબા [સં. જગદમ્બા] જી. જગના માતા; જગદંબા

જુગદાધાર [સં. જગદાધાર] પું. જગતનો આધાર પ્રભુ.
નેતિ નેતિ વચન કહ્યા, માયા યુણ જુગદાધાર રે.
વલ્લભ

જુગદાન ન. દફતર; બેસી; નાની કોથળી.

જુગદિશ જુઓ જુગદીશ

જુગદીશ [સં. જગત્ + ઈશ] પું. જગદીશ; જગતનો ધણી; પરમેશ્વર.
દમયતી દુઃખ પામી ઘણુ,
પછે સમર્યા શ્રી જુગદીશ રે.
પ્રેમાનંદ

જુગદીશ્વર જુઓ જુગદીશ.

જુગની ૧ જી. પંજાબી ગીત.
૨. [હિં] જી. ખેરાગ્નેયી જગની આસપાસ પહેરવામાં આવતું જવાહિર.

જુગનૂ ૧. [હિં.] પું. ખદ્યોત, આગિયો કીડો. તેના પાછળના ભાગમાંથી ફોસ્ફરસનો પ્રકાશ નીકળે છે. અંધારી વખારે પ્રકાશ આપનાર જુગનૂ દક્ષિણ અમેરિકામાં થાય છે, જેનો રેટગ્રેફ દેશવાસી સોનો દીવા તરીકે ઉપયોગ કરે છે, અને તેને સામે રાખીને ઝીણામાં ઝીણા અક્ષરનાં પુસ્તક વાંચી શકે છે.
૨. પું ઓળખી જગાની આસપાસ પહેરવામાં આવતું એક ઘરેણું; રામનામી.

જુગપત ૧. [સં. યુગપત્] અ. એકીસાથે.
૨. અ. સાથે.

જુગપાણિ [સં. યુગ્મ + પાણિ] પું. બે હાથ; બંને હાથ
પારો ઉભો જોડી જુગપાણી.
દયારામ

જુગપ્રલય [સં. યુગપ્રલય] ન. પ્રલયકાળ, કાળઅગ્નિમાં સમસ્તને લય ને આસુરી પ્રવૃત્તિઓમાં મતો ફેરવાર.

જુગબાહુ [સં. યુગબાહુ] વિ. પું. લાંબા હાથવાળું માણસ; દીર્ઘબાહુ.

જુગમ [સં. યુગ્મ] ન. જોડ; જોડકું; યુગલ; બેની જોડ; જોડી; યુગ્મ.
શો નારને સુખ જુગમ છે,
જોને અમ હોને ચાર રે.
પ્રેમાનંદ

જુગરદી વિ. ઊન અને રેશમી વસ્ત્રો રંગવાનો એક રંગ.

જુગલ ૧. પું. શાહેનશાહ અકબરના વખતનો એ નામનો એક સિક્કો. તે શાહેનશાહ નામના સિક્કાથી પચાસમા ભાગનો હતો. તેનો આકાર ચોખડો અને કીમત જલાલી બે મહોર જેટલી હતી.
૨. [સં. યુગલ] ન. જોડ; જોડકું; જોડી; જોડો.

જુગલકર પું. ઘ. દ. બે હાથ.

જુગલકિશોર ૧. પું. કૃષ્ણ.
૨. પું. સુંદર બાળક.
૩. પું ઘ. દ. કૃષ્ણ બળદેવ બે ભાઈઓની જોડ.
૪. [સં. યુગલકિશોર] ન ઘ. દ. કિશોર વયના બે બાળકની જોડ.
૫ ન. ઘ. દ. બે તરુણ જુવાનની જોડ; જુવાન દંપતી; વહુવર.

જુગલજોડી (જુગલજોડી) ૧. જી. યુગલ; જોડી.
૨. જી. સરખી ઉમરના બે ભાઈ; બે બહેનની જોડી

જુગલધાઈ ૧. ન. પૈસા કે રૂપિયા મૂકી બેલવાની ઢારઢાંખરની રમત; જુગાર.
૨. ઘ. સંયુક્ત કુટુંબમાંથી છૂટા પડી નવો માંડેલો ગૃહસંસાર; જુવાઈ.

જુગલરિશહુ [સં. યુગલઋષભ] પું. ઘ. દ. બે વડિલ ભાઈઓ; બે સાથે જન્મેલા ભાઈઓ.

જુગલરૂપ ૧. [સં. યુગલ (બે) + સ્વરૂપ] ન. બે જણની જોડી પ્રતિમા; સ્ત્રીપુરુષ; બે ભાઈ કે મિત્રની જોડી જેમકે, સીતારામ; રામલક્ષ્મણ.
૨. ન. બેપણાનું એક થવું તે.

જુગલિયાં ૧. ન. ઘ. દ. (બ્હેન) બેલાંમાં જન્મતાં એક જાતનાં મનુષ્ય. તેના ૪૦૬૬ વાળ મળીને આજના મનુષ્યના એક વાળની બરોબર થાય. આવાં મનુષ્યો આ ભરતક્ષેત્રમાં જ્યારે રહેતાં હતાં. તે વખત ગામ નગર કાંઈ વસેલા નહોતાં. ઋષભદેવ પોતે પણ જુગલિયા તરીકે ઉત્પન્ન થયા હતા. જુગલિયા ભાઈ બહેનનું જોડકું સાથે ઉત્પન્ન થતું અને તેઓ પતિપત્ની તરીકે વ્યવહાર ચલાવતાં. એક

નવું લોહ તેમનાથી ઉત્પન્ન થયા પછી જાગ્રત્ પ્રજાપતિનું લોહું મરી જતું. કલ્પવૃક્ષ તેઓને સર્વ પ્રકારની વસ્તુઓ પૂરી પાડતું.

૨. વિ. લોહમાં ઉત્પન્ન થયેલું.

૩. વિ. તલવાર, કટાર અને ખેતી એ જાતુ પ્રકારનાં કર્મ કે વ્યાપાર વિના કલ્પવૃક્ષ ઉપર નિર્વાહ કરનાર.

જુગલું [સં. યુગલ] ન. લોહકું.

જુગસાલા [પ્રા.] સ્ત્રી. પાલખી રાખવાની શાળા.

જુગાન [હિં.] પું. ધોબીને તુરત પાછાં આપવા માટેના કપડાં ધોવાનો દિવસ.

જુગાર [સં. દ્યૂત] પું. ધન, માલ વગેરે પણ તરીકે મૂકી કરતાં આપવાની અને જીતતા લેવાની શરત રાખી પાસા પત્તા વગેરે કોઈ પણ જાતની રમત રમવી-તે; અમુક શરતે હારજીતની બાજી ખેલવી તે; દ્યૂત; જૂગડું; અક્ષક્રીડા. આ સમયમાં વાસ્તવ રીતે આ બે જ કે: જુગારની વૃત્તિ મનુષ્યસ્વભાવની ભીતરમાં છે. વેદકાળમાં પણ જુગારીઓ હતા. તેમને ઉદ્દેશીને ઋગ્વેદ ઋષિ ઋગ્વેદમાં કહે છે કે: પાસાથી જુગાર રમો નહિ પણ જમીન ખેડો. મહાભારતના સમયમાં ક્ષત્રિયોમાં જુગાર રમવાની ટેવ હતી અને મૃગયામાં તેઓ એવું માનતા કે દંદ્વયુદ્ધ માટેના આમંત્રણની પેઠે જુગાર રમવા માટેનું આમંત્રણ સ્વીકારવાની તેમની ફરજ હતી; પણ પછીથી પરિસ્થિતિમાં સુધારો થયો. ક્ષત્રિયરો તેમની સાથે બોલાબોલી શરતો તથા સટ્ટા બજાર હિંદમાં બહુ આવ્યા. આપણા દેશમાં જુગાર ખેલવાનું બહુ પ્રચલિત નથી એટલે એની મોટી અસરો વિષે નિર્ણય આપવાની સ્થિતિમાં આપણે નથી; પરંતુ અધિકારભૂત સ્થિતિના નિરીક્ષકો માને છે કે, જુગાર ખેલવો એ ખૂબ દારૂ પીવાના બરાબર કરતાં યે વધારે ગંભીર સામાજિક બદી છે. પ્રસંગોપાત્ત કોઈ બકરી એ પણ ઇચ્છવા યોગ્ય નથી. બિમારીઓ માટે સોસ્તી બોજવાની પ્રથા અને પરિષ્પતાલો માટે લોટરીઓ અનિચ્છનીય છે. એ જ રીતે રમતમાં તેમ જ શેર બજારમા જુગાર એ અનિચ્છનીય છે. જેમાં વસ્તુ પતાવવાનો ઇરાદો હોય, એવા સોદા ચોકકસપણે સમાજવિરોધી છે. કુરાન જુગારને દારૂ જેટલીજ તીવ્રતાથી વખોડી કાઢે છે.

જુગાર રમવો = દ્યૂત રમવું; હારજીતની શરત કરવી. સને ૧૮૮૭ના મુબઈના જુગાર રમવાની મનાઈ કરવા બાબતના ધારાની રૂએ જુગાર રમવો એ સંજ્ઞામાં પૈસા વાટે રમાતી દરેક પ્રકારની રમતનો, ઘોડાની શરતને લિસે શરતના મેદાનની બાંધેલી જગ્યાની અંદર શરતના મેદાનના લાભસ્થાનના સારૂ બને ઘોડાની શરત ઉપર સટ્ટો કરવા બાબત શરત મારવા સિવાયનો સમગ્રો સટ્ટો કરવાનો બાબત શરત મારવાનો, હોડ એકઠી કરવી બાબત માગવા તેનો, સટ્ટો રમવાની બાબત શરત રમવાની બાબતમાં જીતેલાં નાણા લેવાં બાબત ચૂકવી બાબત તેનો બાબત ઉપર બાબતેલાં કેસો સરળ કરવાનો ધરાઠો હોય તેવું કોર્ટ પણ કામ કરવું તેનો સમાવેશ થાય છે.

જુગારખાનું ન. જુગાર રમવાનું સ્થળ.

જુગારિયો જુઓ જુગારી.

જુગારી ૧. [સં. દ્યૂતકાર] પું. જુગાર રમનાર માણસ; જુગટિયો; જુગાર રમવાની ટેવવાળુ માણસ.

૨. પું. જુગારનો ધંધો; બીજાઓને જુગાર રમાડી દલાલી લેવાનો ધંધો. જુગારીપણું.

૩. પુ. બાજીગર; ખેલાડી.

૪. વિ. જુગાર રમવાની ટેવવાળુ.

જુગાલ ૧. [સં. જલ્ (જગ્ધુ)] પું. વાગોળવું તે.

૨. સ્ત્રી. ભેંસ; પુમલ.

જુગાલવું ૧. સ ક્રિ. કાદી નાખવું

૨. સ. ક્રિ. ધૂસ્વું

૩. સ. ક્રિ. પાછું આપવું

૪. સ ક્રિ. વાગોળવું.

જુગાલી [હિં.] સ્ત્રી. વાગોળ

જુગાંત [સં. યુગાંત] પું. યુગનો છેડો.

જુગાંતબંધુ [સં. યુગાંત (યુગનો છેડો) + બંધુ (ભાઈ)] પું. ખરો મિત્ર.

જુગીલાલા સ્ત્રી. એક જાતની ભાંગ.

જુગુત્સુ પું. વૈશ્ય સ્ત્રીથી ઉત્પન્ન થયેલ એ નામનો ધૃતરાષ્ટ્રનો પુત્ર.

જુગુપ્સક [સં.] વિ. નામી બીજાની નિંદા કરનાર.

જુગુપ્સન ૧. [સં.] ન. અણગમો બતાવવો.

૨. ન ત્યાગ.

૩. ન. કપડાં

૪ ન. નિંદા.

જુગુપ્સા ૧. [સં.] સ્ત્રી. આરોપ; દોષ.

૨. સ્ત્રી. કુત્સા; બાબતાદ; નિંદા; કપડાં.

૩. [સં. ક્રુપ્ (ક્રુપવવું)] સ્ત્રી. ક્રમ રાખવાની કમ્બા.

૪. સ્ત્રી. ઘૃણા; તિરસ્કાર; કંટાળો; અણગમો.

૫. સ્ત્રી. નઠારું અણગમતું જોવામાં આવે તથા કોઈ વસ્તુ બાબતમાં આવે કે સ્મરણમાં આવે તથા બીજે પ્રકારે અનુભવમાં આવે સારે જે મનનો સકોચ ઊપજે, એટલે એથી મન પાછું ભાગે તે ભાવ. માંસાદિક દેખતાં જ મનમાં ચીતરી ચડે છે અને એથી મન પાછું ભાગે છે.

૬. સ્ત્રી. બીભત્સ રાગ્દ; ભાળ.

૭. સ્ત્રી. (કાવ્ય) રમાથી ભાવના નવ માંહેનો એક ભેદ.

જુગુપ્સાકર ૧. [સં.] વિ. અપશબ્દ કહેનારું; ગાળ દેનારું.

૨. વિ. કંટાળો ઉપજાવે એવું.

૩. વિ. છાનું રાખવાની ઇચ્છાવાળું.

૪. વિ. દોષ મૂકનારું.

૫. વિ. નિંદા કરનારું.

જુગુપ્સાકારક જુઓ જુગુપ્સાકર.

જુગુપ્સાજનક જુઓ જુગુપ્સાકર.

જુગુપ્સાનીય [સં.] ન. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી દુર્ગંધવાળા વસ્તુ તરફ ઘૃણા ઉત્પન્ન થાય.

જુગુપ્સાશીલ જુઓ જુગુપ્સાકર.

જુગુપ્સિત ૧. [સં.] વિ. આરોપ મૂકેલું.

૨. વિ. ધિક્કારેલ.

૩. વિ. નઠારું; કંટાળો આવે એવું; બીતરી ચડે એવું.

૪. વિ. નિંદિત; નિંદેલું; બાળ દીધેલું.

જુગુપ્સુ [હિં.] વિ. નિંદક; નિંદા કરનારું.

જુગુપ્સોત્પાદક ૧. વિ. કંટાળો ઉપજાવનારું.

૨. વિ. નિંદા કરાવે એવું.

જુગેજુગ ક્ર. યુગયુગની પરંપરામાં; હરહમેશ; બારોબાર; દરેક યુગમાં; નિરંતર.

જુગોજુગ જુઓ જુગેજુગ.

જુગ્તિ [સં. યુક્તિ] સ્ત્રી. યુક્તિ; કળા.

જુગ્ની ૧. [હિં.] સ્ત્રી. આગિયો જીવડો.

૨. સ્ત્રી. એક જાતનો નાનો કાચો. તેમાંથી તેલ કાઢવામાં આવે છે.

૩. સ્ત્રી ઠોકનું ઘરેણું.

જુગ્નું ન. ઠોકની આસપાસ પહેરવાનો હીરો.

જુગ્મ [સં. યુગ્મ] ન. જોડ; જોડું; જોડકું; યુગલ.

જુગ્માસન ન. અડધાસી બે હાથનું એક જોગાસન.

જુગ્લી સ્ત્રી. અંજલિ; મહોત્સવ.

જુગ્વાહિયા પું. ભૂગોળ.

જુજ ૧. [અ. જુઝ] પું. કાગળનાં ૮ પાનાં અથવા ૧૬ પૃષ્ઠનો સમૂહ; એક ફરમ.

ગુડધાર

૨. વિ. થોડું; અલ્પ.

૩. વિ. વિસ્તાર વગરનું.

ગુજરાજ વિ. થોડુંઘણું.

ગુજરાત વિ થોડુંઘણું.

ગુજરાન ન. દહેરું; મેલી, નાની કોથળી.

ગુજરાળ ૧. ન. એક જાતનું લોઢાનું સાધન. કામમાં લીટીઓ દોરતા થોડી વારમાં જ કલમ બૂરી થઈ જાય, નેથી લીટીઓ દોરવા માટે ગુજરાળનો ઉપયોગ કરાતો. હાલ પણ મારવાડમાં કેટલેક ઠેકાણે તેનો ઉપયોગ કરાય છે. તેનો આકાર આગળથી ચીપિયા જેવો હોય છે. ગુજરાત, મદ્રાસ વગેરે જે જે પ્રદેશમાં તાડપત્રને ખોતરીને લખવાનો રિવાજ છે, ત્યાં કલમને બદલે આ લોઢાના અણીદાર સોયના સાધનનો ઉપયોગ કરાય છે.

૨. વિ. ઓછી શક્તિવાળું.

ગુજરાવારો પું. જુવારું; સયુક્ત કુટુંબમાંથી છૂટા પડી નવો માંડેલો ગૃહસંસાર.

ગુજરું જુઓ ગુજરવું.

ગુજરાજ ૧ પુ. એક જાતનો ઘોડો.

૨ સ્ત્રી એ નામની જાહલજની એક અટક.

૩. ન એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગુજરાર ૧. પું. લડવૈયો.

૨. વિ. મોટું; મહાન.

ગુજરી વિ. નષ્ટનું, માલ વગરનું.

ગુજરીબોલિયા સ્ત્રી. એક જાતની તલવાર.

ગુજરાતી સ્ત્રી એ નામની એક પ્રાચીન લિપિ.

ગુજરુ અ ઊંટને બેસારવા માટે બોલાતો શબ્દ.

ગુજરુમાં જુઓ ગુજરવું.

ગુજરુત્સુ સ્ત્રી. શક્તિ અને યુક્તિથી બીજા ઉપર જય મેળવવાની કળા; એક પ્રકારનો આયામ. ગુજરુત્સુનો જન્મ પ્રથમ ભારતવર્ષમાં થયો અને અહીંથી તે વિદ્યા નેપાળને રસ્તે જપાનમાં ગઈ છે.

ગુજરુસુયુ વિ ઢઢ ઢઢ, વીખરાઈ ગયેલું.

ગુજરેષ્ઠિર પું. યુધિષ્ઠિર.

ગુજરસી [કા. ગુજરસી] સ્ત્રી. ઝીણવટથી તપાસ કરવી તે; બારીક ચોકસી.

ગુજરા ૧. [અ] પું ઝંઝા; રજકણ.

૨. પું. આઠ પાનાનો સમૂહ; એક ફારમ.

૩. પું. કવિતાનું પદ.

૪. પું. કુરાનનો એક ભાગ.

૫. પું લડાઈ; યુદ્ધ.

૬ ન ભાગ; ટુકડો.

૭. વિ. થોડું; જરા.

૮. અ ઉપરાંત; વધારામાં.

ગુજરાગીર પું વણતી કે સાદની વખતે ચોપડી રાખવાનું સાધન; બોરસાન.

ગુજરદાન ૧ પું. બોરસાન; ચોપડીઓને ઘાટવાનું પૂંઠું.

૨. [અ.] ન. થોડું આપવું તે.

૩. વિ. ઓછી કીમતનું.

ગુજરબંદી સ્ત્રી. ચોપડી બાંધવી તે.

ગુજરરસ ૧. વિ. કરકસરિયું.

૨. વિ. ચતુર; હોશિયાર.

ગુજરરસી ૧. સ્ત્રી કરકસર.

૨. સ્ત્રી. ચતુરાઈ; હોશિયારી.

ગુજરવી ૧. વિ. જરા; નજીવું; થોડું.

૨ વિ. નાનું.

૩. [ક્રિ.] વિ. નિર્જીવ; જીવ વિનાનું.

ગુજરવું ૧ [સં પુર્વ] ન પુર્વ; લડાઈ.

૨ સ ક્રિ ગુજરવું; લડવું; યુદ્ધ કરવું

ગુજરામ [અ.] પું. કોઢ; રક્તપિત્ત.

ગુજરામખાના [અ] પું કોઢ જેવા ચેપી રોગના દર્દીઓને રાખવાનું સ્થળ.

ગુજરામી [અ] પુ. કોઢિયો; પનિયેલ માણસ.

ગુજરાર ૧. પું. પાળિયો. પાળિયાને મારવાડમાં આ નામથી ઓળખવામાં આવે છે.

૨ પુ. યોદ્ધો, લડવૈયો.

ગુજરિયાત ૧. [અ. ગુજરનું બહુવચન] ન ન ન ત્રીજા ભાગો.

૨. ન ન ન. નજીવી આબતો.

ગુજરીયકુલ્લી સ્ત્રી. ફૂટેલું; અખંડપણું.

ગુજરુ [હિં.] પું. એ નામનું એક પરદેશી કૂતરું.

ગુજરુર પું. એક જાતની વનસ્પતિ; ઇસ્તુખૂદુસ.

ગુજરુલકમ્બલ ન. (અણિત) ધનમૂળ; 'કયૂબ રૂટ.'

ગુજરુલકાબ્જ પું. (અણિત) ઘનમૂળ.

ગુજરેદારા પું. દાવાનો અમુક ભાગ.

ગુજરોકુલ્લ ૧. વિ. બધું; તમામ.

૨. અ. તમામ; તદ્દન.

ગુજરુર [અ] ન. રજકણ.

ગુજ ૧. [સં.] પું. સિંહની જટા.

૨. સ્ત્રી. જોડી.

૩. સ્ત્રી. મંડળી; દળ.

૪. સ્ત્રી રજપૂતની એ નામની એક પેટા જાતિ.

૫. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૬. વિ. એ નામની પેટા જાતિનું.

ગુટક ૧. [સં.] ન. અંબોડો; વેણી.

૨. ન. તપસ્વીની જટા.

૩. ન. શંભુની જટા.

ગુટકા સ્ત્રી. અડાસ તરફ વપરાતી એક જાતની બે પૈડાંવાળી ગાડી. તેને ચોરસ ખાપરૂ અને ફરતીવાળી બારીઓ હોય છે. તેમાં દાખલ થવાને માટે પાછળ બારણું હોય છે.

ગુટરેશમ ન. હલકું રેશમ.

ગુટવું ૧. સ. ક્રિ. લડવામાં બાથ ભીડવી

૨. સ. ક્રિ. સંયોગ કરવો.

૩. સ. ક્રિ. ચોટાડવું.

૪. [સં. જુટ્ (બાંધવું)] સ ક્રિ. ભેગું કરવું.

ગુટાક્ષ ૧. ન. મેગ્નેશિયા મિશ્રિત મેળુપત્થાળ્ય માલિકા.

૨. ન. સિંધવ પર્વતોનાં કેમ્બ્રિયન સમયનાં પડોના ચાર મહેનો ત્રીજો ભાગ.

ગુટાવવું ૧. સ. ક્રિ. ગુંદથી ચોટાડવું.

૨. [સં. જુટ્ (બાંધવું)] સ. ક્રિ. ભેગું કરાવવું.

૩. સ. ક્રિ. લડવામાં બાથ ભિડાવવી.

૪. સ. ક્રિ. સંયોગ કરાવવો.

ગુટિકા ૧. [સં.] સ્ત્રી. અંબોડો; કેશપાશ.

૨. સ્ત્રી. એક પ્રકારનું દપૂર.

૩. સ્ત્રી. ગોટલી.

૪. સ્ત્રી. તપસ્વીની જટા.

૫. સ્ત્રી. શંભુની જટા.

ગુટ્ટી ૧. [હિં.] સ્ત્રી. તમાકુનાં પાંદડાંનો ગોટો.

૨. સ્ત્રી. બે રૂપિયા.

ગુટ્ટાપર્ચું ન. ખૂટું; અસલ.

ગુટ્ટારો વિ. પું. જૂઠું બોલનારો.

ગુટ્ટું ૧. [સં. જુષ્ટ] વિ. અસલ; ખરું.

૨. વિ. કૃત્રિમ; બનાવટી.

૩. વિ. નકી મનેલું; જરૂર પડે મનેલું; ખોટું પડી ગયેલું.

ગુડ (ગુડ) ૧. સ્ત્રી. પાટુ

ગુડ મારવો = પાટુ મારવી.

૨. ન. પથ્થરનો ચોરસ ઢગલો.

૩. ન. પાણીમાં રહેતું એક જાતનું પ્રાણી.

૪. ન. હાથીને આગળના બે પગ જોડી રાખવાનો હુકમ.

ગુડધાર (ગુડધાર) જ. ઝપાટાબંધ.

જુડવાં (જુડવાં) ૧. [હિ.] ન. બ. વ. એક જ ઉદરમાંથી સાથે જન્મેલ બે બાળક; યુગ્મ, જોડિયું; બેલડાનાં બાળક.
૨. વિ જોડેલ

જુડવાંભાઈ (જુડવાંભાઈ) [હિ.] પું. જોડભાઈ; બેલડાના ભાઈ

જુડવું (જુડવુ) ૧. અ. ક્રિ. ભળાવું ખાવુ.
૨. સ. ક્રિ. સંજોગ કરવો.
૩. સ. ક્રિ. ખાવુ.
૪. [હિ.] સ. ક્રિ. જોડવું.
૫. સ. ક્રિ. મારવુ.
૬. સ ક્રિ. મેળવવુ.

જુડા (જુડા) ૧. સ્ત્રી. એ નામની મેમલની એક અટક.
૨. ન. એ નામની અટકનુ માણસ.
૪. વિ. એ નામની અટકનુ.

જુડાઈ (જુડાઈ) ૧. સ્ત્રી. જોડવા કે સુધારવા માટે આપવામા આવતી કીમત.
૨. [હિ.] સ્ત્રી. જોડવાનો ધધો.

જુડાત (જુડાત) [હિ.] સ્ત્રી. જોડવુ તે.

જુડાવવું સ. ક્રિ. જોડાવવુ.

જુડાળ ૧. સ્ત્રી. એ નામની આંત્યજ સ્ત્રિમ જાતિની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જુડિયા ૧. પું. પૂળો.
૨. પું. યહૂદીઓનો એ નામનો દેશ.
૩. પું. વાળને એકઠા કરી બાધવા તે; જૂડા; અંબોડો.
૪. પું. ન. વ. જ્યૂ લોકો.

જુડ્યુજુડ્યિયા ૧. સ્ત્રી. એ નામની મેમલની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જુડ્યુદુર્ગ પું. એ નામનું એક શહેર. ઉપરકોટ
મંત્રી તેજપાલે વસાવેલા તેજલપુરથી પૂર્વ દિશાએ ઉપરકોટ નામનો દુર્ગ છે. એના ત્રણ નામ છે: ઉપરકોટ, ખંગારગઢ, જુડ્યુદુર્ગ. આજનુ આપણુ જૂનાગઢ અને તે સમયનું અગારગઢ તે પારો પારો જ છે. પુરાતત્વ

જુત ૧. ન. જથ્થો; ઝાઝી સંખ્યા.
૨. ન. બળ.
૩. ન. બળદ જોડેલ સિગરાગ કે ગાડુ
૪. ન. બળદની જોડ.
૫. [સ પુત] વિ. જોડેલું; સાથે હોય એવુ. જોડાયેલુ.
૬. વિ. યુક્ત; ઘટિત.
૭. વિ. વાળું; સહિત

જુતખોરા ૧. [હિ.] પું. જોડા મારેલ માણસ.
૨. પું. પામરી ઉતારેલ માણસ.

જુતનખોરા [હિ.] વિ. પામરી ઉતારેલુ.

જુતા [હિ.] સ્ત્રી. સિચ્યિયુક્ત; સિચવા માટેનુ દારડુ

જુતાઈ ૧. [હિ.] સ્ત્રી. જોડવું તે.
૨. સ્ત્રી. જોડવાની મજૂરી.
૩. સ્ત્રી. જોડવાનો ભાવ.
૪. સ્ત્રી. વાહનમા બળદ વગેરેને જોડવાનું કામ
૫. સ્ત્રી. સજાઈ.
૬. વિ. જોડવાલ્યુ

જુતાઉ વિ. જોડવા જેવુ; કૂપિને લાયક; ખેતીને માટે યોગ્ય.

જુતાવવું ૧. સ. ક્રિ. કોઈ કામમાં પરિશ્રમપૂર્વક લગાવવુ.
૨ સ. ક્રિ. જોડાવવુ.
૩. સ. ક્રિ. કુસ્તી લેવરાવવું.
૪. સ ક્રિ. જડાવવુ; ગાડુ, બળદ વગેરે જોડાવવુ
૫. સ. ક્રિ. મજૂરી કરાવવી.

જુતાવું ૧. અ. ક્રિ. કોઈ કામમાં પરિશ્રમપૂર્વક લગાવુ.
૨. અ. ક્રિ. જોડાવું.
૩. અ. ક્રિ. કુસ્તી લેવાવું.
૪. અ. ક્રિ. જોડાવુ; ગાડું, બળદ વગેરે જોડાવું.
૫. અ. ક્રિ. મજૂરી કરાવી.

જુતિ [સં. યુતિ] સ્ત્રી. કાંતિ.

જુત્ત ૧. ન. જોતર.
૨ [સ. યુક્ત] વિ. જોડેલ.
૩. વિ. યોગ્ય.
૪. વિ. સહિત.

જુત્તિ [સં. યુક્તિ] સ્ત્રી. કળા; યુક્તિ.

જુદય ન. સદ.

જુદવાં વિ. બ. વ. ભિન્ન; જુદાં જુદાં

જુદા ૧. [ફા.] વિ. અલગ; જુદુ; નોખું
૨. વિ. ભિન્ન; નિરાળું.
૩. વિ. મતભેદવાળુ.

જુદાઈ ૧. [ફા.] સ્ત્રી. જુદાપણું; જુદાગીરી; અલગપણું; નોખું હોવું તે.
૨. સ્ત્રી. ભેદ; અંતર; ભિન્નભાવ; આંતરો; પડદો.
૩. સ્ત્રી. રાસાયણિક વિશ્લેષણ; પાર્થક્ય; પ્રભેદ.
૪. સ્ત્રી. વિરહ; વિયોગ; વિછોહ

જૈન ૧. [સં.] પું. એ નામનો એક ધર્મ. દુનિયાનો તે જૂનામા જૂનો એક સુવિખ્યાત ધર્મ છે. જૈન શબ્દનો અર્થ જીતનાર, ધર્મના સ્થાપનાર, તીર્થંકરના અનુયાયી એવો થાય છે. જૈન ધર્મ બૌદ્ધ ધર્મની પહેલા આહાજુની જડ ધર્મક્રિયા અને જ્ઞાતિબંધનની સામે બિહારમાં ઉત્પન્ન થયો હતો. પટણા અને જેસલમેરમાં જૈન ધર્મના મોટી પુસ્તકશાળા છે. જૈનનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. અહિંસાનો અર્થ બીજાને દુઃખ ન કરવા, દયા, આત્મસંયમ એવો થાય છે. જૈન મત પ્રમાણે દરેક જીવવાનું પ્રાણી માણસનો ભાઈ છે. જીવવાળા પ્રાણીના પાંચ વર્ગ પાડવામા આવ્યા છે. (૧) પંચેંદ્રિય એટલે સ્પર્શ, સ્વાદ, ગંધ, દૃષ્ટિ અને શ્રવણ એવા પાંચ ઇંદ્રિયવાળા. જેમકે, દેવ, માણસ, મોટાં પ્રાણી અને નારકો. (૨) ચતુરિંદ્રિય એટલે સ્પર્શ, સ્વાદ, ગંધ અને દૃષ્ટિ એવા ચાર ઇંદ્રિયવાળા. જેમકે, મધમાખી, મચ્છર, વીંછી. (૩) તેઇંદ્રિય એટલે સ્પર્શ, સ્વાદ અને ગંધ એવી ત્રણ ઇંદ્રિયવાળા. જેમકે, કીડી, પતંગિયા. (૪) બે ઇંદ્રિય એટલે સ્પર્શ અને સ્વાદ એવી બે ઇંદ્રિયવાળા. જેમકે, કૃમિ, જળો. (૫) એકેંદ્રિય એટલે સ્પર્શ એક જ ઇંદ્રિયવાળા. જેમકે, પત્થર, માટી, બનીજ, કંદમૂળ. પહેલાંના બેનો અથી ચાર ઇંદ્રિયવાળા જીવની રક્ષા કરે છે, પણ આકરું વ્રત પાળનારા જૈનો અને જૈન સાધુઓ એક ઇંદ્રિયવાળા જીવની પણ રક્ષા કરે છે. આ જૈનો પ્રાણી અને વનસ્પતિને દુઃખ ન થાય એટલા માટે ઉઘાડે મોંએ ચાલે છે, કંદમૂળ ખાતા નથી અને ઊકળેલું પાણી જ પીએ છે. અત્યારે આખા હિંદુસ્તાનમાં અહિંસાનો ધર્મ પળાય છે. જૈનો જીવની હિંસા થાય એવા ખેતી વગેરે ધંધા કરતા નથી. જૈનો માને છે કે દુનિયામા સર્વજ્ઞાપરતા, સંપૂર્ણ જ્ઞાનદૃષ્ટિ, સુખ અને સર્વશક્તિ એ ચાર ગુણવાળા અનંત આત્માઓ છે, પણ આ આત્માઓને જડ વસ્તુનો સાથ માઠ છે, તેથી તેનું અરૂ સ્વરૂપ દેખાતું નથી. જૈનો પુનર્જન્મમાં માને છે. જેનો માણસ મરી જાય છે કે તેનો આત્મા બીજા શરીરમા દાખલ થાય છે. તેઓ કર્મમાં માને છે. માણસના મૃત્યુ સાથે તેનાં કર્મો મરી જતાં નથી, પણ પછીના જન્મમાં તે કર્મોનું ફળ ભોગવવું પડે છે તેથી જન્માંતરથી જીવ કર્મ કર્યા કરે છે, જ્યાંસુધી પુનર્જન્મ લેવો પડે છે, એટલે જન્મનો છેડો આવતો નથી. કર્મ બંધ કરવાના પાંચ ઉપાય અને ૧૨ જાતનાં તપ છે. તે ઉપાયો કર્તવ્યમાં મૂકવાથી આત્માની સાથે કર્મને જોડી રાખનાર ચાર બંધનો છૂટાં પડે છે. વાસના વગર કરેલાં કાર્યથી કર્મ બંધાતું નથી. માટે કર્મબંધથી મુક્ત થવાને વાસનાને મારી નાખવી જોઈએ. જો આમ થાય તો પુનર્જન્મના ફેરા મટી જાય છે દરેકને મોક્ષ મળી શકતો નથી પણ દરેક તે રસ્તે જવાનો પ્રયત્ન કરે છે. સામાન્ય માણસ અહિંસા પાળે છે, દાન આપે છે, વિચાર, વાણી અને કાર્યમા સંયમ રાખે છે, થોડા વખત સુધી સાધુનાં વ્રત પાળે છે, તપ કરે છે, જૈન આચાર્યો અને સાધુઓને માન આપે છે. અમુક વર્ષની ઉમરે જૈન દીક્ષા લઈ શકે છે, એટલે દુનિયાનો ત્યાગ કરી સાધુ થાય છે. તે તેના બાપ કે વાલીની રજા લે છે અને પાંચ મહાવ્રત ધારણ કરે છે. જૈનો માને છે કે દુનિયા સારા નરસા ક્રમમાંથી પસાર થાય છે. પહેલા બધ પહેલા બહુ સારો યુગ હતો, જ્યારે બધા માણસ સારાં, એક માર્ગમા ઊંચા હતાં અને રાખવાની જરૂર પડતી નહિ. અસંખ્ય ૪૦,૦૦૦ વર્ષ પછી બહુ ખરાબ યુગ આવશે, જ્યારે માણસો એક ફૂટ ઊંચાં હશે. પછી પાછો સારો યુગ આવશે. ત્યાંસુધી કોઈને મોક્ષ મળતો નહિ. જૈન સાધુનું વ્રત બહુ આકરું હોય છે. તે મહિનો દિવસ સુધી ઉપવાસ કરે છે, ધ્યાન ધરે છે, ઇંદ્રિયોને જીતે છે, મનની શાંતિ કેળવે છે અને ઉંચટે મોક્ષ મેળવે છે. વર્તમાન ચોવીશીના ઉપલા તીર્થંકર મહાવીર સ્વામીના પ્રધાન શિષ્યનું નામ ઇંદ્રભૂતિ અથવા ગૌતમ હતું. તેને ૬૯હાર વરપીય વિદ્વાનો કામને લીધે જ્ઞાનપ મુનિ ગૌતમ જુદા સમજ્યા હતા. જૈન ધર્મમાં બે સંપ્રદાય છે: શ્વેતાંબર અને દિગંબર. શ્વેતાંબર જૈનના બે વિભાગ છે: સ્થાનકવાસી અથવા સાધુમાર્ગી અને દેરાવાસી. સ્થાનકવાસી મૂર્તિને માનતા નથી અને દેરાવાસી તીર્થંકરોની મૂર્તિને પૂજે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક અને દિગંબરો વચ્ચે તફાવત એ છે કે શ્વેતાંબર તીર્થંકરની મૂર્તિને કપડાં એટલે કે કોપીન પહેરાવે છે અને દિગંબર મૂર્તિને નગ્ન રાખે છે. જેમ હિંદુઓમાં મન્વંતર, કલ્પ આદિનાં કાળના વિભાગ પાડેલા છે, તેમ જૈનોમાં કાળના બે પ્રકાર છે: ઉત્સર્પિણી

અને અવસર્પિણી. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ચોવીસ જિન અથવા તીર્થંકર થાય છે. પ્રત્યેક ઉત્સર્પિણી અવસર્પિણીમાં નવા નવા જુદા તીર્થંકર થાય છે આ તીર્થંકરોનો ઉપદેશ લઈ ગણધરો દ્વાદશ અંગની રચના કરે છે. આ દ્વાદશ અંગ તે જૈનોના મૂળ ગ્રંથ છે. આ બાર અંગમાં અસ્તિત્વ અંગ ઓલ્યું છે અને બારમું દૃષ્ટિવાદ નામનું અંગ વિચ્છેદ ગયું છે એમ જૈનો માને છે. આ અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકરમાં છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી થયા. તે ઈશુથી પર૭ વર્ષ પૂર્વે નિર્વાણ પામ્યા. અર્હંત દેવે સંસારને અનાદિ બતાવેલ છે. જૈનો માને છે કે જગતનો કોઈ કર્તા નથી અને જીવોને સુખદુઃખ દેનાર પણ કોઈ નથી. પોતપોતાનાં કર્મો અનુસાર જીવ સુખદુઃખ પામે છે. જીવનો મૂળ સ્વભાવ શાંત, શુદ્ધ અને અચ્ચિદાનંદમય છે. માત્ર કર્મના આવરણથી તેનો મૂળ સ્વભાવ આચ્છાદિત થઈ જાય છે. જ્યારે કર્મનો ભાર ઓછો થાય છે તેજ સમયે આત્મા તે પરમાત્માની ઉચ્ચ દશાને પ્રાપ્ત કરે છે. જૈન મત સ્યાદ્વાદના નામથી પ્રસિદ્ધ છે. સ્યાદ્વાદ જોઈએ અનેકાંતવાદ, જોઈએ એક જ પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ, સાદૃશ્ય અને વિલક્ષણત્વ, સત્ત્વ અને અસત્ત્વ આદિ પરસ્પર ભિન્ન ધર્મોનો સાપેક્ષ સ્વીકાર. કેટલાક લોકો અને ખાસ કરીને પશ્ચિમ વિદ્વાનો મહાવીર સ્વામીથી જૈન ધર્મની શરૂઆત થયાનું માને છે. તેમના મત પ્રમાણે ગૌતમ બુદ્ધ પછી તેના ધર્મનાં કેટલાંક તત્ત્વો લઈને અને તેમાં બ્રાહ્મણ ધર્મના કેટલાક સિદ્ધાંત મેળવી જૈન ધર્મ ઊભો કર્યો. જે પ્રમાણે બૌદ્ધોમાં ચોવીસ બુદ્ધ છે, તે પ્રમાણે જૈનોમાં ચોવીસ તીર્થંકર છે. હિંદુ ધર્મની બાકીના જૈનોએ પણ પોતાના ગ્રંથોના આશ્રમ અને પુરાણ આદિમાં વિભક્ત કરેલા છે. પણ આધુનિક શોધ મુજબ એમ સાબિત થયું છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મ પહેલાંનો છે. ઉદયગિરિ, જૂનાગઢ વગેરેના શિલાલેખો ઉપરથી પણ જૈન મતની પ્રાચીનતા સાબિત થાય છે. જૈન ગ્રંથોની મૂળ ભાષા પ્રાકૃત છે.

૨. પું. જિન તીર્થંકરનો ઉપાસક; જિન ધર્મનો અનુયાયી; જૈનધર્મ માનનારો તથા પાળનારો માણસ.

૩. પું. (જૈન) તીર્થંકર.

૪. વિ જિન સંબંધી; જિનનું; જિને પ્રવર્તાવેલું.

૫. વિ. જૈન ધર્મને લગતું.

જૈન અંગ ન. જૈન ધર્મનું એક જાતનું શાસ્ત્ર.

જૈનકવિ [સં.] પું. જૈન ધર્મ પાળનાર કવિ. સત્તરમા સૈકામાં થયા જૈન કવિઓ આવી ગયા છે: કુશળલાભ, પદ્મ ભાવસાર, સાધુસુંદર ઋષભદાસ, સોમવિમલ, વિજયદેવસૂરિ, પ્રીતિવિમલ, ભાવરત્ન, હીરાચંદ શ્રાવક, મુક્તશીલ, પુણ્યસાગર, સમયસુંદર, જ્ઞાનવિમલસૂરિ, પુણ્યપ્રીતિ, ઋષભદાસ, મુક્તસાગર, દર્શનવિજય, નયવિમલ, સોમવિમલ, કર્મસિંહ, પુણ્યવિજય, દર્શનવિજય, કીર્તિવિજય, નયસુંદર, જયસોમ, સકલચંદ્રજી, ઋદ્ધિકીર્તિ, સુખવિજય, ગુણસોમાજી, સંયમવિજય, હીરસૂરિ, જિનચંદ્ર, મતિસાગર, સમરચંદ, હીરમુનિ, ઋષભકવિ, વિવેકચંદ, કીર્તિવર્ધન, કનકસુંદર, ધનવિજય, જિનોદયસૂરિ

જૈનજ્ઞાતા [સં. જૈન + જ્ઞાતૃ (રક્ષક)] વિ. જૈન ધર્મ) ધર્મીઓનું રક્ષણ કરનાર.

જૈનત્વ [સં.] ન. જૈન હોવાપણું.

જૈનત્વાભિમાની [સં. જૈન + ત્વ (ભાવ) + અભિમાનિન્] વિ. જૈન ધર્મનું અભિમાન ધરાવનાર.

જૈનદર્શન [સં.] ન. જિનેશ્વર દેવોએ પ્રતિપાદન કરેલું દર્શન. તેના ચાર પ્રકાર છે: દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.

જૈનદેવાલય ન. જિન ભગવાનની મૂર્તિવાળું મંદિર જૈન દેવળની યોજનામાં પદ્માસને બેસાડેલી તીર્થંકરોની મૂર્તિવાળું વિમાન હોય છે. તે ઉપર પાંચ પિરામિડના આકારનું શિખર બનાવવામાં આવે છે. આગળના ભાગમાં ચાંદલાવાળો મંડપ હોય છે. તેના ઉપર આડા ઘરવાળો ઘુંમટ બનાવાય છે. આ ઘુંમટ ચોરસ ઉપર અષ્ટકોણમાં પ્રવેશ પહેલા ચાર ઉપરથી ગોળાકારમાં જતાં જતાં બધાએ મધ્યમાં જેમો થાય છે. ત્યાંથી એક હોલવ કરી નાખવામાં આવે છે. આ ઘુંમટને ટેકવનાર ચાંલ્લા ઉપરાંત બીજી આકારના ચાંલ્લા બંધારણના મૂળને મંડપ મોટો કરાય છે નકશી કામમાં જૈન દેવળ સૌથી ચડે તેવાં છે ગૌમિતિક આકાર, વેલ, પત્રાં વગેરે પદ્ધતિમાં તે જોવામાં આવે છે.

જૈનધર્મ [સં.] પું. એ નામનો એક ધાર્મિક સંપ્રદાય. જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મની નજદીકના ભૂતકાળમાં ભારતવર્ષમાં પ્રાદુર્ભૂત થયો મનાય છે. મહાવીરનું નિર્વાણ ગૌતમ બુદ્ધની પૂર્વે થયું હતું. તે વખતના વૈદિક ધર્મના મુખ્ય સિદ્ધાંતો નીચે પ્રમાણે હતા: ૧. વેદ ઈશ્વરીય જ્ઞાન છે, ૨. વૈદિક દેવતાઓ ઇંદ્ર, વરુણ વગેરેની પૂજા, ૩. યજ્ઞોમાં પશુહિંસા, ૪. વર્ણવ્યવસ્થા, ૫. આશ્રમવ્યવસ્થા, ૬ આત્મા અને પરમાત્માના સિદ્ધાંતો, ૭ કર્મફલ અને પુનર્જન્મના સિદ્ધાંતો. મહાવીર અને બુદ્ધ બંનેએ પહેલા પાંચ સિદ્ધાંતોનો અસ્વીકાર કર્યો. મહાવીરે કેવળ બે આશ્રમ વાનપ્રસ્થ અને સંન્યસ્ત માન્યા. બુદ્ધે કેવળ સંન્યસ્તાશ્રમ ઉપર જોર દીધું પરમાત્માનો સ્વીકાર મહાવીરે ન કર્યો. બુદ્ધે પણ તેના ઉપર વિચાર ન કર્યો. જૈનોના કહેવા પ્રમાણે મહાવીર ચોવીસમા તીર્થંકર હતા. તેમની પહેલાં ૨૩ તીર્થંકરો થઈ ગયા હતા. કદાચ આ કલ્પના બૌદ્ધોની ૨૪ બુદ્ધોની કલ્પનાનું અનુકરણ હોય, અથવા બૌદ્ધોએ આ કલ્પના લીધી હોય. મહાવીર ક્ષત્રિય રાજા સિદ્ધાર્થના પુત્ર હતા. તેમનું જન્મસ્થાન વૈશાલી. ત્રીસ વર્ષની ઉમરે તેણે દીક્ષા લીધી અને બાર વર્ષ સુધી છૂપા વેશમાં રહીને કઠણ તપસ્યા કરી. તેના પછી તેમણે પોતાના મતનો પ્રચાર કર્યો અને ૭૨ વર્ષની ઉમરે નિર્વાણ પામ્યા. જૈન ધર્મના જીવ, અજીવ આશ્રવ સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ એમ નવ તત્ત્વો છે જીવ છે અનાદિ અને અનંત. જીવ અથવા ચૈતન્ય આત્મા કર્મનો કર્તા અને ફલનો ભોક્તા છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ બધાં સ્થાવર અને ત્રસકાય દ્વારા ચૈતન્ય ગુણવાળાં છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ ઉત્પત્તિનાં મુખ્ય કારણ છે. આ પાંચ નિમિત્તોથી પરમાણુ કે પુદ્ગલ નિયમપૂર્વક અન્યોન્ય મળે છે. આવાથી જગતની પ્રગતિ થાય છે અને આજ કર્મનું ફલ આપે છે. જીવની સાથે કર્મોની સંયોગ હોવાથી તેના ભોગને માટે તે વારંવાર શરીર ધારણ કરે છે. સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચરિત્ર દ્વારા કર્મોનાં બંધનમાંથી છૂટીને પોતાના રૂપમાં વિરાજે છે. આ ત્રણ જૈન ધર્મનાં રત્નો છે. મુક્તિનું મુખ્ય સાધન કેવળજ્ઞાન છે. શરીર છોડ્યા પછી મુક્ત જીવ લોકના અંતે યોજન જાંબી પ્રદેશની શિલા ઉપર રહીને સદા પોતાના જ્ઞાનમાં લોકાલોક દેખવાનો આનંદમાં રહે છે. લોકસૃષ્ટિનો કર્તા ઈશ્વર છે, તેમાં જૈન માનતા નથી. તેમના મત પ્રમાણે આ સૃષ્ટિ અનાદિ અને અનંત છે. પ્રલય થવાના સમયે વૈતાઢ્ય પર્વતમાં નવા પ્રકારના જીવોનાં જોડાં રહી જાય છે, તેનાથી ફરી સૃષ્ટિનો આરંભ થાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ અને ક્રિયા રહિત અતીંદ્રિય, અવિનાશી, અનુપાધિ, અબંધ, અશ્લેષી, અમૂર્તિ, શુદ્ધ ચૈતન્યરૂપ આત્મા એજ નિશ્ચય દેવ છે. આનાથી જુદા કોઈ દેવ નથી આત્મસ્વરૂપને યથાર્થ જાણવાળો માણસ ઈશ્વરપદ પ્રાપ્ત કરે છે. અનોપ્રમિ, વનસ્પતિ અને અપ્રતિષ્ઠિત સંજ્ઞી

પંચ મહાવ્રત એટલે અહિંસા, સત્ય ભાષણ, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તથા ક્ષમા, નિરભિમાનતા, તૃષ્ણાત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌચ, સરળતા, અકિંચન અને બ્રહ્મચર્ય વગેરે ગ્રામધર્મોનો પાળનારો યુક્ત કહેવાય છે. દયા અને અહિંસા જૈનોનો મુખ્ય ધર્મ છે. તેઓ વેદને નથી માનતા. તેમનામાં વ્રત, ઉપવાસ અને તપશ્ચર્યાનું વધારે મહત્ત્વ મનાય છે. જૈનો કેટલાક દેવી દેવતાઓમાં પણ માને છે. અનશન વ્રતથી પ્રાણ છોડનારા ઘણા સાધુઓનાં ઉદાહરણ મળી આવે છે. બૌદ્ધ અને જૈન ધર્મની ઘણી સમાનતાઓ જોઈને કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ મત બાંધ્યો છે કે બન્ને ધર્મો એકજ સ્રોતમાંથી નીકળ્યા અને બુદ્ધ મહાવીરના શિષ્ય હતા. પછીથી બન્ને મતો ફંટાયા. વસ્તુતઃ આ સાચું નથી. બને ધર્મો ભિન્ન ભિન્ન છે. બૌદ્ધની માફક જૈન ધર્મના પણ મુખ્ય બે વિભાગ પડી ગયા છે: દિગમ્બર અને શ્વેતાંબર. દિગમ્બર સાધુ નગ્ન રહે છે અને શ્વેતાંબર સફેદ અથવા પીળું કપડું પહેરે છે. બન્ને સંપ્રદાયોના સિદ્ધાંતમા વિશેષ મતભેદ નથી. દિગમ્બર સ્ત્રીના મોક્ષમાં માનતા નથી, પણ શ્વેતાંબર માને છે. દિગમ્બર તીર્થંકરોના પ્રતિમા પૂજે છે, પરંતુ શ્વેતાંબરોની માફક પુષ્પ, ધૂપ, વસ્ત્રાભૂષણથી નહિ. તેઓ કહે છે કે તીર્થંકર વીતરાગ હતા અને તેમને રાગવાળી સામગ્રીથી સરાગી કરવા એ મહા પાપ છે. બૌદ્ધ ધર્મની સરખામણીમાં જૈન ધર્મનો પ્રાદુર્ભાવ પહેલો થયો, છતા તેનો પ્રચાર બૌદ્ધ ધર્મના જેટલો ન થયો. આની કારણ ઘણા છે: બૌદ્ધ મતના સિદ્ધાંતો તરત જ પ્રાકૃત ભાષામાં લખાયા, જ્યારે જૈન સિદ્ધાંત દીર્ઘકાળ સુધી ગ્રંથરૂપમા પરિણામ ન પામ્યા. ઈસ્વી સનની પાચમી શતાબ્દિના મધ્ય ભાગમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વલ્લભીની ધર્મપરિષદમા ધર્મમયને લિપિબદ્ધ કરાવ્યા. બૌદ્ધ ભિક્ષુઓનુ જીવન જૈન સાધુઓના કરતા ઘણુ સરળ, ઓછુ કષ્ટમય અને ઓછુ તપસ્યામય રહેતુ. આનાથી બૌદ્ધનુ આકર્ષણ બૌદ્ધ મતની તરફ વધારે થયુ. વળી જૈનધર્મને રાજધર્મ બનાવીને પ્રચાર કરનારા રાજાઓ પણ ઓછા હતા. બૌદ્ધ ધર્મનો પ્રચાર કરનારા અશોક અને કનિષ્ક જેવા રાજાઓ થયા. કલિંગના રાજા ખારવેલ જૈનધર્મને સ્વીકાર્યો અને તેની કેટલીક ઉન્નતિ કરી. તે ઈ.સ.ની બીજી શતાબ્દિની આસપાસ થયો. આથી જૈનધર્મનો પ્રચાર ધીરે ધીરે થયો. જૈન ધર્મનો પ્રચાર આંધ્ર, તામિલ, કર્નાટક, રજપૂતાના, ગુજરાત, માળવા તથા વિહાર અને ઓરિસાના કેટલાક ભાગમાં થયો. દક્ષિણમાં જ જૈનોએ વધારે પ્રચાર કર્યો. ત્યાં પ્રચારકો સંસ્કૃત ભાષાનો ઉપયોગ વધારે ભાગે કરતા. તેથી તામિલ, આંધ્ર આદિ ભાષાઓમાં સંસ્કૃતના ઘણા શબ્દો પેસી ગયા. જૈનોએ ત્યાં પાઠશાળાઓ પણ ખોલી. અત્યારે પણ બાળકોને વર્ણમાલા શીખવાડતી વખતે પ્રથમ પાઠમા ઓમ નમઃ સિદ્ધમ્ શીખવાય છે. આ જૈનોનો નામસ્મરણવિધિ છે. તામિલ પ્રદેશમાં પાંડ્ય અને ચોલ રાજાઓએ જૈન ગુરુઓને દાન આપ્યા અને તેમને માટે મદુરાની પાસે મંદિર અને મઠ બનાવ્યા. ધીરે ધીરે જૈનોમાં મૂર્તિપૂજનો પ્રચાર વધવા લાગ્યો અને તીર્થંકરોની મૂર્તિઓ બનવા લાગી. આવી રીતે આ ધર્મની અવનતિ શરૂ થઈ ગઇ. જૈન આચાર્ય હેમચંદ્ર જૈનધર્મની વૃદ્ધિના મુખ્ય કારણરૂપ હતા. હેમચન્દ્ર ગુજરાતમાં એક શ્વેતાંબર વૈશ્યને ત્યાં ઈ.સ. ૧૦૮૪માં જન્મ્યા, તે સંસ્કૃત અને પ્રાકૃતના મોટા વિદ્વાન હતા. તેમણે દ્વાશ્રય મહાકાવ્ય, દેશી નામમાલા, સંસ્કૃત અને પ્રાકૃતનાં વ્યાકરણો વગેરે અનેક ગ્રંથો લખ્યા. ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલ ઉપર તેમનો અજબ પ્રભાવ હતો. કુમારપાલે જૈનધર્મ સ્વીકારી તેની ઉન્નતિ માટે ઘણા પ્રયત્ન કર્યા. આથી ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, રજપૂતાના અને માળવામા જૈનધર્મનો ઘણો પ્રચાર થયો.

જૈનધર્મવિચારદ [સં.] વિ. જૈન ધર્મનાં તત્ત્વ જાણનાર

જૈનધર્મી [સં. જૈનધર્મિન્] વિ. જૈન ધર્મ પાળનાર

જૈનધર્મીય વિ. જૈન ધર્મને લગતું

જૈનપરંપરા [સં.] સ્ત્રી. જૈન સંપ્રદાય.

જૈનપરિષદ [સં. જૈન + પરિષદ્ (સભા)] સ્ત્રી. જૈનધર્મના અનુયાયીઓની સભા જૈનપરિષદ વલ્લભીપુરમાં સંવત ૫૧૦ મા ભરાયાનુ કહેવાય છે. તે વલ્લભીપુરના ઐતિહાસિક ઉત્પત્તિ સમય જેટલે અગત્યનુ ગણાય છે, પરંતુ તેનાથી વસ્તુતઃ પરિષદ ભરી કહેવાતી એમ લાગતું નથી. મતભેદમાં પ્રથમ જૈનપરિષદ મળેલી કહેવાય છે. તેણે માગધી ભાષામાં સૂત્રગ્રથ કર્યા હતા અને વલ્લભીપુરની પરિષદે એ સૂત્રોને સ્થાનિક ભાષાનુ રૂપ આપ્યુ

જૈનપંથ જુઓ જૈનધર્મ.

જૈનપાદ પું. કલિંગના રાજાનો એ નામનો કુળદેવ.

જૈનબ્રાહ્મણ પુ. એક પ્રકારનો બ્રાહ્મણ. જૈન બ્રાહ્મણોના સૈન્ધરી, ગોડ, રાજગોર, સેવક, રાવળ, ભોજક, તપોધન, તરમાળા વગેરે પ્રકાર છે. તેઓ ઘણુ કરીને જૈનોનાં કામ કરાવે છે, માથાનું કામ કરે છે, જૈન મંદિરમાં પૂજા કરે છે. કહેવાય છે કે મૂળ તેઓ બ્રાહ્મણ હતા, પણ જૈનો સાથે જમવાથી જૈન વૈશ્યો ઉપર નિર્વાહનો હક તેઓ ધરાવે છે. સેવકોમા કોઈ કોઈ મહેસરી તો કોઈ જૈન છે. તેઓ જૈનોને ત્યાં એક પંગતે જમે છે. જૈન સિવાય બીજા કોઈ તરફથી દાનમા કે દક્ષિણા તેઓ સ્વીકારતા નથી. ભોજકો મૂળ શ્રીમાળી બ્રાહ્મણ હતા, કેસરિયાજીના ઓદીચ્ય જૈનોને ત્યાં જમે છે અને મંદિરની કમાણીમાં અમુક હિસ્સો ધરાવે છે.

જૈન ભાવસાર પું. ભાવસારની એક પેટા જ્ઞાતિનો મનુષ્ય.

જૈનમત [સ.] પું. જૈનોનો ધર્મ. જુઓ જૈનધર્મ.

જૈનમતાનુરાગી [સં. જૈન + મત + અનુરાગિન્ (પ્રેમવાળું)] વિ. જૈનમતમાં પ્રીતિવાળું.

જૈનમતાવલંબી [સં. જૈન + મત + અવલંબિન્ (આશ્રયવાળું)] વિ. જૈનમતને અનુસરનાર.

જૈનરાસ પું. જૈનોનો એક પ્રકારનો ધાર્મિક ગ્રંથ. દસરાજ વચ્છરાજ રાસ, હીરવિજય સૂરિ, હિતશિક્ષા, હરિવેલ શ્રીવેલુ, હરિચંદ, હાલસાગર, સ્થૂલિભદ્ર. સોમપદ્મા રાસ, સુસઢ, સહેવતી સાવધાંગા, સુરસુંદરી, સુરપાલ, સુમિત્રકુમાર, સુમતિનાથજિન, સીતા, સાગરદત્ત, સમ્યક્ત્વસાગર, શ્રેણિક, સનત્કુમાર, શ્રેણિક રાસ, શાલિભદ્ર, શાલપ્રદ્યુમ્ન, શાંતિનાથ, શત્રુંજય ઉદ્ધાર, શત્રુંજય તીર્થમાળા, વીસસ્થાનક, વિજયતિલક સૂરિ, વિચારમંજરી, વસ્તુપાળ તેજપાળ, ઋષિદત્તા, રત્નપાળ, યશલક્ષ રાસ, મૃગાવતી, ભરતબાહુબલિ, ભારત, ભાગ્યભલના, પ્રેમલાલચ્છી, પ્રિયમેલક, પ્રભાવતી, પ્રસિદ્ધા, પ્રત્યેકબુદ્ધ, પુણ્યપાપ, નેમિનાથ, નવતત્ત્વ રાસ, નળચરિત્ર, નળદમયતી, નર્મદાસુંદરી, નવપ્રકાશ, નમિરાજર્ષિ, ધન્નિલકુમાર, ધન્નાચરિત્ર, ત્રિવિક્રમ, તેજસાર, જબુસ્વામી, ચંદ્રાયન, ચંપકશ્રેષ્ઠી, ગૌતમપૃચ્છા, કૃતપુણ્યસંધ, કુમારપાળ, કુમારસુનિ, કલ્યાણવિજય, કનકશ્રેષ્ઠી, અંજના સતી, ઉપદેશ રાસ, આષાઢભૂતિ, અવંતીસુકુમાલ, અભયકુમાર, અગડદત્ત વગેરે જૈન રાસ અને કવિતાના કથાનક ગ્રંથો સત્તરમા સૈકામાં રચાયા છે.

જૈનલિંગ [સં. જૈન + લિંગ (ચિહ્ન)] ન. જૈન પથનુ ચિહ્ન.

જૈનવાદ [સ] પુ. વસ્તુનું એકાંત સ્વરૂપ ન

માનનું એવો મત; સ્યાદ્વાદ; અનેકાંતદર્શન; દરેક વસ્તુનું એના પાસા પરત્વે જુદી જુદી રીતે જ્ઞાન થાય છે એવો જૈન તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત; અનેકાંતવાદ.

જૈન વૈશ્ય પું. જૈનોની ચોરાસી અઠિની એક જાત. દેશ, ગુરુ, ધર્મ વગેરે પ્રકારથી વૈશ્યોની ૮૪ જાત પડી છે. ઓસવાળ, શ્રીમાળી, પોરવાળ, પલ્લીવાળ, મેઢતા, ચાયેર, દીકુ, પુષ્કરવાળ, અઢાસતા, હરસોર, જાયસ, નારસણ અને બંટેરાની અલગ અલગ એક પંક્તિએ જમાડવાવ્યવહાર કરે છે. કપોળ, સોરઠિયા, મોઢ વગેરે નવ જાતના વૈશ્યો જૈનોની સાથે એક પંક્તિએ જમે છે. એમાં જૈન અને અજૈનરી એવા ભેદ હોય છે. જૈન વૈશ્યની જ્ઞાતિજ્ઞાતમાં જોવામાં આવતી જ્ઞાતિઃ વીશા ઓસવાળ, દશા શ્રીમાળી, વીશા શ્રીમાળી, દશા પોરવાડ, વીશા પોરવાડ, અગરવાલ, પલ્લીવાલ, ઓસવાલ, ખંડેલવાલ, વીશા હૂંબડ, દશા હૂંબડ, મોઢ, વામડા, ઓસવારે, અયણી, પદ્મવાલ, વીશા નીમા, દશા નીમા, બંટેરા, બારૈ, બાડવા, શ્રીમાળી, જાલેર, પાંમા, અઢિયા, દીસા.

જૈનશાસન જુઓ જૈનધર્મ.

જૈનશાસ્ત્ર [સં.] ન. જૈનધર્મનાં તાત્ત્વિક ગ્રંથ.

જૈનશાળા સ્ત્રી. જૈન ધર્મનું શિક્ષણ આપતી નિશાળ.

જૈનશૈલી સ્ત્રી. જૈનોના બાંધણની પદ્ધતિ.

જૈનશ્રમણ જુઓ જૈન સાધુ.

જૈન સાધુ [સં.] પું. પંચમહાવ્રત પાળનાર વિરક્ત જૈન; ઓઘો લઈ ફરનાર જૈન વિરક્ત; રસોઈ કરવા વગેરેથી દૂર રહે, માટે રોજ બદોરવું એટલે ભિક્ષા માગી ખોરાક અને પાણી મેળવનાર જૈન વિરક્ત.

જૈન સાહિત્ય [સં.] ન. જૈનધર્મનાં પુસ્તક વગેરે સાધન.

જૈન હરિવંશ પું. જૈનોનું એ નામનું એક પુસ્તક.

જૈનહિતૈષી [સં. જૈનહિતૈષિન્] વિ. જૈનોનું હિત ઇચ્છનાર.

જૈનાગમ ૧. [સં જૈન + આગમ (જ્ઞાન)] ન. જૈનદર્શન.

૨. ન. જૈન સિદ્ધાંત

જૈનાચાર્ય [સં.] પું. જૈન સંપ્રદાય ચલાવનાર સાધુ

જૈનાનુગમ પું. જૈનનો ધર્મ. જુઓ જૈનધર્મ.

જૈનિહાર ૧. વિ. જતું; પસાર થતું

૨. વિ. પૈસો ચુકાવવાને લાયક.

૩. વિ. મરવાને પાત્ર.

૪. વિ. સ્વર્ગે જાવે લાયક.

જૈની ૧. વિ જૈન ધર્મ માનનાર કે પાળનાર; જૈન ધર્મનો અનુયાયી; જૈનમતાવલંબી; જિને ચલાવેલ જૈન ધર્મને માનનાર. જૈનીઓ અહિંસાને પરમ ધર્મ માને છે પણ ઈશ્વર કે સૃષ્ટિકર્તા કોઈ હોય એમ માનતા નથી. આ ધર્મ કયારે નીકળ્યો તે જણાતું નથી, પરંતુ તેમના ચોવીસ તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી જે વર્ધમાનને નામે પણ ઓળખાય છે, તે ગમે અથવા તેની આસપાસના પ્રદેશમાં ઈ. સ. પૂર્વે પરાક્રમી ક્ષત્રિયો રાજ્ય કરતા હતા. બૌદ્ધ કરતાં જૈન ધર્મ બ્રાહ્મણ ધર્મને વધારે મળતો આવે છે. તેમ બ્રાહ્મણોએ પણ ઋષભદેવના અવતારને માન્યો છે ભાગવતમાં એમની કથા છે. મહાવીર સ્વામીના શિષ્યોમાં ઇંદ્રભૂતિ અથવા ગૌતમ મુખ્ય હતા. આ મત મુજબ જગતનો કોઈ કર્તા નથી તેમ જીવોને કોઈ સુખદુઃખ દેનાર પણ નથી. સૌ પોતપોતાનાં કર્માનુસાર સુખદુઃખ પામે છે. આત્મા શુદ્ધ અને નિર્વિકાર સ્વરૂપ છે, પણ કર્મના આવરણથી તે રૂપ ઢંકાઈ જાય છે. જ્યારે તે આવરણ દૂર થાય છે ત્યારે આત્મા પાછો શુદ્ધ પરમાત્મા બની રહે છે. જૈનમત સ્યાદ્વાદને નામે પ્રસિદ્ધ છે. જૈન તત્ત્વાનુસાર સર્વ પદાર્થો નિત્યાનિત્યત્વ આદિ ઉભય ધર્મવાળા જણાય છે.

૨. વિ. જૈન ધર્મનું.

જૈની પ્રાકૃત સ્ત્રી. જૈન ગ્રંથોની મૂળ ભાષા ગુજરાતી ભાષાનો ઉદ્ભવ જૈની પ્રાકૃત પાર્શ્વિક સાહિત્યમાંથી નહિ, પણ બ્રાહ્મણોના સંસ્કૃત પૌરાણિક સાહિત્યમાંથી થયેલ મનાય છે.

જૈની સ્થાપત્ય ન. જૈન ધર્મના અનુયાયીઓએ કરાવેલું બાંધકામ. ગુજરાતમાં જુદની ગુફાઓ અને અશોકના લેખ સિવાય જુદના વખતનું બીજું સ્થાપત્ય મળતું નથી. આ પછી જૈન પદ્ધતિનાં મકાનો આપણને જડે છે. આ જૈન મત જુદના જેવા સિદ્ધાંતવાળો અને જુદની માફક જ હિંદમાં પ્રવર્યો છે. કેટલાક લોકો તેને જુદની શાખા કહે છે, પણ ખરે તો તે સ્વતંત્ર છે. જૂનું સ્થાપત્ય જુદના સ્થાપત્યથી બહુ ધીમે ધીમે જુદું પડે છે. તેનામાં પણ પહેલાં ગુફાઓ થયેલી છે. આબુ પર્વત ઉપરનાં ૧૧મા સૈકાનાં અને ગિરનાર ઉપરનાં તેમનાં દેવળો ઉપર નજર કરશું તો તે આપણને સાંચા અનુભવ પછીનાં અને નાના નાના અવયવોથી પૂર્ણ થયેલાં માલૂમ પડશે. આટલી ઝડપે પહોંચ્યા પછી તે પદ્ધતિ વધારે કોતરકામવાળી થતાં પૂર્ણતામાં ખામીવાળી જણાય છે. જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંત સાથે તે બંનેના સ્થાપત્યમાં પણ એવું તો સામ્ય માલૂમ પડે છે કે જો આપણે ૧૦૦૦ વર્ષથી પાછળ દૃષ્ટિ નાખતાં ૭૦૦ સુધી જઈશું તો તે વખતની ગુફાઓ જોઈ છે કે કોની છે તે ઓળખવું મુશ્કેલ થશે. તેમજ બૌદ્ધી પદ્ધતિને ઈ. સ. ૬૦૦ કે ૭૦૦થી વિકાસવાર જોઈશું તો આપણે ઈ. સ. ૧૦૦૦માં આબુ પર્વતનાં દેવો ઉપર આવી જઈશું. આ બંને ધર્મની મૂર્તિઓના સંબંધમાં જૈનની મૂર્તિઓ ચિહ્નોવાળી હોઈ કેટલેક અંશે તે ઓળખવાની મુસીબત ઓછી થાય છે. એ રીતે નવમાંતાં તળાજાની અને ગિરનારની ગુફાઓ જૈનની છે, એમ નક્કી કરવામાં આવ્યું છે. જૈનોનાં દેવળ તરફ વળીશું તો ગુફાઓમાંથી આવું સ્વતંત્ર અધિકારે કઈ રીતે થયું હશે તે વિચાર કરાવે તેવું છે. કેટલાકોએ આ બાંધકામની રચના જૈનોની સંકલ્પિત માને છે, પણ તેમ નહિ હોતાં ચોક્કસ અભ્યાસથી માલૂમ પડે છે કે તે બૌદ્ધના સમયમાં પર્વતોથી દૂરે બહુ કોતરેલાં ગ્રામો ઉપરથી ઊભી થઈ છે. બૌદ્ધના સ્તૂપો ઉપરથી પણ આવી કલ્પના થઈ હોય.

જૈનુ પું. ભોજન; આહાર.

જૈનેતર [સં જૈન + ઇતર (બીજું)] વિ. જૈન સિવાયનું બીજું; જૈન મતને નહિ માનનાર; જૈન સિવાયનું.

જૈનેતર પંથ [સં. જૈન + ઇતર + પંથ] પું જૈન સિવાયનો પંથ.

જૈનેંદ્ર ન. દેવનંદિ નામના જૈન વિદ્વાને બનાવેલું એક મોટું વ્યાકરણ. આઠ સ્વતંત્ર વ્યાકરણ્ય ગ્રંથો જૈન વિદ્વાનોના છે: ૧. વિદ્યાનંદ, ૨. મુષ્ટિ વ્યાકરણ, ૩. જૈનેંદ્ર વ્યાકરણ, અને ૪. શાકટાયન વ્યાકરણ.

જૈનેંદ્ર વ્યાકરણ જુઓ જૈનેંદ્ર

જૈપાલ ૧. [સં.] પું. એક જાતનો એરંડો.

૨. પું. નેપાળો.

જૈફ ૧. પું. વૃદ્ધ પુરુષ

૨. વિ. કમજોર, દુર્બળ.

૩. [અ. ઝૈફ] વિ. વૃદ્ધ; પાકી ઉમરનું; ઘરડું

જૈફી ૧. જુઓ કમજોરી; અશક્તિ.

૨ [જા. ઝૈફી] સ્ત્રી. વૃદ્ધાવસ્થા; ઘડપણ.

જૈમાલિ પું. એ નામનો એક ક્ષત્રિય.

જૈમિજે પું. બગદાદ.

જૈમંગલ ૧. પું. રાજની સવારીનો હાથી.
૨. [હિ.] ન. ઝેર ઊતરવું તે.

જૈમિનિ [સં.] પું. (પુરાણ) એ નામનો એક મોટો ઋષિ; પૂર્વમીમાંસાદર્શનનો પ્રવર્તક ઋષિ. એ યાજ્ઞવલ્કયનો પુત્ર અને કૃષ્ણ દ્વૈપાયનનો શિષ્ય હતો. પૂર્વમીમાંસા નામનો વેદવ્યાસનો બહુ અટપટો શાસ્ત્રીય ગ્રંથ બનાવી કર્મ કરવાથી જ મોક્ષ મળે છે એવો સિદ્ધાંત તેણે સ્થાપિત કર્યો હતો. ઉત્તરમીમાંસા અથવા વેદાંત એના ગુરુ કૃષ્ણ દ્વૈપાયને બનાવેલ છે. બાકી એના પક્ષનું બહુત કર્યું છે. જૈમિનિ જનમેજયના સર્પસત્રમાં ઉદ્ગાતા બનો હતો. એણે પણ ઝેર ઊતરવાનો મંત્ર રચ્યો હતો. પણ તેમાં વધોચિત પ્રૌઢી ન આવવાથી બાકી એના અપમેધ પ્રકરણ સિવાય બાકીનો ગ્રંથ ગુમાવી દેવરાખ્યો હતો.

જૈમિનીય [સં.] વિ. બહાર મુખ્ય મૂળસૂત્ર માહેનું એક પૂર્વમીમાંસા દર્શનશાસ્ત્ર.

જૈમિનીય બ્રાહ્મણ [સં.] ન. સામવેદનું એક બ્રાહ્મણ; તલવકાર, તેના પાંચ ભાગ છે, જેમા આરણ્યક તેમ જ ઉપનિષદનો સમાવેશ થાય છે. પહેલા બધા કાંડનો વિષય યજ્ઞ છે, જોયાનું નામ ઉપનિષદ બ્રાહ્મણ છે અને આખેય બ્રાહ્મણ નામનો પ્રાચીન ભાગ સામવેદના ઋષિઓના નામ આપે છે, આથી સામવેદની આપ્નાયપરંપરા જેવો છે.

જૈમિનીયન્યાયમાલા [સં.] ન. જૈમિનિ ઋષિનું બનાવેલું શાસ્ત્ર.

જૈયટ પું. મહાભાષ્યના ટીકાકાર કૈયટનો પિતા.

જૈયટ ૧. વિ. કુળદ્રુપ.
૨. [અ.] વિ. મજબૂત; મોટું.

જૈલાન [પ્રા.] ન. એક પ્રકારનું ઝાડ; ઉંબાળ.

જૈલુનતેલ ન. એક જાતનું તેલ. તે શરબત બનાવવા માટે વપરાય છે.

જૈવ ૧. [સં.] ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.
૨. વિ. જીવ સબંધી; આત્મા સબંધી.
૩. વિ. બૃહસ્પતિ સબંધી.

જૈવશાસ્ત્ર [સં.] ન. જીવવિદ્યા; જીવનશાસ્ત્ર; પ્રાણીશાસ્ત્ર; પ્રાણીગુણધર્મ વિદ્યા.

જૈવાતૃક ૧. [સં.] પું. ઔષધ; દવા.
૨. પું. કપૂર
૩. પું. કુબેર.
૪. પું. ચંદ્રમા; સુધાનાથ.
૫. પું. દર્ભ.
૬. પું. પુત્ર.
૭. વિ. પાતળું; નબળું.
૮. વિ. લાંબા આયુષ્યવાળું; આયુષ્યમાન.

જૈવારમ પું. જીવવૈજ્ઞ; પાષાણીજ્વર દવા; જીવરોજ; પ્રસ્તરિજ.

જૈવિક [હિ.] વિ. જૈવિક.

જૈવિકવાદ જી. જૈન વૈરવોની ૮૪ માંહેની એક જાતિ.

જૈવિક ૧. [સં. પાદસ્] વિ. જેવું; જે પ્રકારનું; જે રૂપ, રંગ, આકૃતિ કે ગુણનું.
૧. જૈસા તૈસા = જેવું તેવું.
૨. જૈસા વૈસા તૈસા કૈસા = બધા તેવા જેટા.
૩. જૈસાકા તૈસા = જેમના તેમ; તેમના તેમ.
૪. જૈસાકો = જોઈ.
૨. અ. જે રીતે.

જૈસી ૧. [હિ.] વિ. જી. જેવી.
૨. અ. જેવા.

જૈસે [હિ.] અ. જેવા.

જૈહૂન [હિ.] ન. પોચવું આપે તેવા ચોખા.

જૈહ્નવીપતિ પું. (પુરાણ) અંબિરા કુળમાં થયેલો એ નામનો એક ઋષિ.

જૈં ૧. પું. ધન; સંપત્તિ.
૨. પું. પૈસો; કાર્ષાપણ; રોકડું; દ્રવ્ય.

જૈંગમ (જંગમ) [હિ.] પું. વાછરડું.

જૈંથની જી. એક સુંદર જેરી છોડ.

જૈંદિયા પું. એ નામનો એક પહાડી જિલ્લો.

જો ૧. પું. જે સમાસ વગેરેની આદી.
૨. [સં. જાયા] જી. (હિંદી) બાયડી; પત્ની.
૩. [જા.] જી. નદી.
૪. [સં. યત્] અ. (હિંદી) જે.
૫. વિ. જોખનાર. સમાસમાં વપરાય છે.
૬. [સં. યદિ] અ. કદાચિત્; કદાચિત્ સંકલ્પ સૂચક ઉભયાન્વયી અવ્યયનો પ્રત્યય. તેના સંબંધમાં તો વપરાય છે.
૭. અ. કવિતામાં વપરાતો પાદપૂરક અવ્યય.
૮. અ. ક્રિયાપદ સાથે સંભાવતો દુકમ કરનારો આનાર્થે પ્રત્યય. જેમકે, આવજો, ખાજો.
૯. અ. ભૂતી વિભક્તિનો પ્રત્યય નો અર્થદર્શક એક પ્રત્યય.
૧૦. અ. સુધી.
૧૧. અ. કે; ઓ; અરે; અહિ
૧૨. અ. કિ. જોવું ક્રિયાપદનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ; ધ્યાન દે અથવા સાબી સાવધાન દૃષ્ટિ કર.

જોઅણ [સં. યોજન] પું. જોજનનું ચાર ગાઉ. જમુદિય સહિઅ જોઅ, ચાય જોઅણ મુપ્પમાણ. આનંદસાગર અભોધિ

જોઆર ૧. [હિ.] જી. ભુવારું; ભાર.
૨. જી. સલામ.

જોઇનર ૧. [અં.] પું જોઇનાર માણસ
૨. વિ. જોઇનાર.

જોઇનરિ [અં.] જી. ઝીણું સુથારી કામ.

જોઇન્ટ ૧. [અં.] પું. સાંધો; સાધ; જોઇણ.
૨. વિ. મજબૂત; સંયુક્ત.

જોઈ જ. ક્રિ. જોઈને; દેખીને.

જોઈએ ૧. અ. જરૂર પડ્યે.
૧. જોઈએ છે = જરૂર છે. આ રૂપ બહોર બબરને બદલે વપરાય છે.
૨. જોઈએ તો = (૧) બધ હોય તો. (૨) બને તો; હાય તો.
૩. જોઈએ ત્યારે = બધ હોય ત્યારે.
૨. જ. ક્રિ. ગમવું.
૩ અ. ક્રિ જરૂર હોવી; જરૂર પડવી.
૪. [સં. યુજ્યતે-યુજ્ય-યુજ્યય-યુજ્ય અપ-જુજ્યએ-જોઇએ] જ. ક્રિ. જોઈનું ક્રિયાપદનું વર્તમાન કાળનું રૂપ. તે અપૂર્ણ ક્રિયાપદ છે, કેમકે એનાં બધાં કાળ ને અર્થનાં રૂપ થતાં નથી.
૫. જ. ક્રિ કરજ હોવી
૬. જ. ક્રિ. જરૂર, ન જ ચાલે અને ઘટિત. છે, એવા અર્થમાં સહાયકારી પ્રમાણે ક્રિયાપદની સાથે જોડાય છે.

જોઈણી જી. મુસારીમાં બાવાનું કે હસવું મૂકવાની કોથળી; બગલી; બકિલો; કોળી.

જોઈતું ૧. વિ. બધ જોઇતું; જરૂર જોઇતું; બધ પૂરતું; જરૂરનું; જરૂર હોય તેટલું; આવશ્યક; જોઇએ તેટલું; જરૂરી.
૨. વિ. બહુ; ઘણા; ઘોડ્ય બહુબ તેટલું.
૩. અ. નહિ બબરે; બર્બાદસર; વિશેષથી; કરકસરથી; બબરે નહિ એમ.
૧. જોઈતું કરવું = જોઇએ તે; બટકું.
૨. જોઈતું કરવું = (૧) કામમાં. (૨) જરૂરી; બપનું; આવશ્યક

જોઈ જોડું ૧. જ. ક્રિ. અનુભવ ઉપર મુબતથી રાખવું.
૨. જ.ક્રિ. જે વખતે જેમ જાય તેમ કરવાની અહમદ રાખવું; પ્રસંગ પ્રમાણે કરવા ઉપર રાખવું.
૩. જ. ક્રિ. મારવાની તજવીજમાં રહેવું; બદલો વાળવાનો વિચાર રાખવો; પોતાને લોબવું પડવું હોય તેટલું કે તેથી વધારે સામા બાણસ ઉપર

પાડવા કે વિતાડવાનો દેશ રાખવો; બદલો આપવાની રાહ જોતા રહેવું. કોઈ વાર પણ સામો બદલો વાળવા જેવા અર્થમાં તે વપરાય છે.

૪. સ. ક્રિ. વિચાર ઉપર રાખવું; કરી જોવું; અનુભવ કરી જોવો; તપાસવું.

લોઈવું ૧. [સં. પુનર્ને] અ ક્રિ. ધ્યાન હોવી.

૨. અ. ક્રિ. ગમવું; ફાવવું.

૩. અ. ક્રિ. જાહેર હોવી. સામાન્ય પ્રયોગ તે વપરાય છે. આ ક્રિયાપદ અપૂર્ણ છે. લોઈએ, લોઈવું, લોઈશે એ જ રૂપ જ તેનાં મળે છે.

૪. અ. ક્રિ. ફરજ પડવી; ફરજ હોવી.

લોઈશ સ. ક્રિ. ધ્યાનમાં લઈશ; તપાસ કરીશ, વિચાર કરીશ. આશ્વાસન આપવામાં આ શબ્દનો ઉપયોગ થાય છે.

લોઈશે અ. ક્રિ. લોઈવુંનું ભવિષ્યકાળનું રૂપ.

લોઈસી પું. (જૈન) જ્યોતિષી દેવ; સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ જાતના દેવ.

લોઉન ઓફ આર્ક જી. એ નામની એક બહાદુર દેવી ખેડૂત કન્યા. તેનો જન્મ ઈ સ. ૧૪૧૨માં થયો હતો. તેને સ્વપ્ન આવતાં અને તેમાં તે જેની અવાજે સાંભળતી કે ફ્રાન્સને સ્વતંત્ર કરો. ઈ.સ. ૧૪૨૯ માં ફ્રાન્સના ચાર્લ્સ ૭ મા પાસે તે ગઈ અને તેની પાસેથી ફરજ લઈ ઓર્લીઅન્સ કે જેને અંગ્રેજોએ ઘેરું હતું તે છોડાવ્યું. ત્યારબાદ તેની કારકીર્દી નીચે બધી હકીકતો ચાર્લ્સ સાથે થયો. છેવટે તે અંગ્રેજોની પકડી ગઈ. તેના ઉપર ક્રમ ચલાવી તેને ક્રાસ્ય બધી છતાંતી બાળી નાખવામાં આવી.

લોઉહ [અ.] પું. એક ધોકમના બળ સામે એક બોરીમર એક રોક બને તેટલું વીજળી આવતા અટકાવતા.

લોએ ૧. જી. નદી.

૨. જી. ઓ.

લોક ૧. [સં. બલાક] જી. બગલો.

૨. જી. ઢોરનું ટોળું; ઢોરનો સમૂહ.

૩. જી. ઢોરનો વાડો; બકરાં જેવાં વગેરે પશુને બેસાડવાની જગા.

૪. [સં. બલોક] જી. સહની આજુબાજુની કિનારી.

૫. જી. ઓ.

૬. અ. તરકાળ; તુરત.

લોકર ૧. [અં.] પું. જંતુઓનાં ખાવા બાનાંની સાથે રહેતું એક બારનું ચપળ પાનું.

૨. વિ. રમૂજ કરનારું; આનંદ પમાડનાર.

લોકારવું સ. ક્રિ. ચુકવવું; બેસાડવું.

સાહુકારનાને સાંઠ બેસાડવાનું કહી છે.

ભાર

લોકાવવું સ. ક્રિ. ચૂકવવું; વહેતું મૂકવું; ઘાલોમ કરવું.

લોકી [અં.] પું. ધોબાઘોડાની કસરતમાં ઘોડો દોડાવનાર માણસ; ઘોડાની કસરતોમાંનો ઘોડેસવાર.

લો કુછ [હિં.] સ. જે કાંઈ

લોકે [સં. બલપિ] અ. અગર જો.

લોકોઈ [હિં.] સ. જે કોઈ; જે જે.

લોખ ૧. પું. કાચનો.

૨. પું. બળો; ભોટ.

૩. પું. જેથી લોખાય તે; કાટલાં; વજન; તોલ; માપ. ક્રોટિલ્યના અર્થશાસ્ત્રમાં લોખનું પ્રમાણ નીચે પ્રમાણે છે:

૧૦ માષ = ૫ ગુંજ = ૧ સુવર્ણ માષ.
૧૬ સુવર્ણ માષ = ૧ સુવર્ણ = ૧ કર્ષ
૪ કર્ષ = ૧ પલ.
૮૮ સફેદ સરસોના દાણા = ૧ રજત માષ.
૧૬ રજત માષ = ૨૦ સૈન્ધ = ૧ ધરણ
૨૦ ચોખાના દાણા = ૧ ધરણ (દીરાનુ).

૪. પું. લેખમ; હાનિ.

૫. પું. લેખવાની રીત; લેખણી.

૬. પું. લેખનાનું પેન; ટાંકો.

૭. પું. લેખવું તે; લેખવાની ક્રિયા.

૮. પું. લેખવાનું તે; ગણવાનું તે.

૯. પું સુખ; આનંદ; મોજમજા; ક્ષેમ, મોજશોખ.

૧૦. જી. ઢોરનું બચ્ચું.

૧૧. જી. ઢોરનો વાડો.

૧૨. જી. સમૂહ; ભેગ.

આનંદ કરે અહર્નિશ, લોકો તેને લોખ.

સામળ

૧૩. અ. સાંજના; રોષ.

૧૪. અ. ક્રિ. સુખભોગ માણવું.

૧૫. સ. ક્રિ. લોખવુંનું આજ્ઞાર્થ રૂપ.

લોખજ જી. મોજ; આનંદ; મજા.

લોખણી જી. તોળવાની ક્રિયા; લોખ.

લોખન પું. મોટો પુત્ર; પાટવી કુંવર.

લોખનાર વિ. લોખનારું; લોખ કરવાનારું.

લોખમ ૧. સ. ધરેણું; ઝવેરાત.

૨. અ. જવાબદારી

૧. લોખમ ઉતારવું = (૧) જવાબદારીમાંથી મુક્ત થવું. (૨) લોખમનો ભુક્કો બીજા ઉપર નાખવો. (૩) બીજો ઊતરવો.

૨. લોખમ ચઢાવું = જવાબદારી માથે લેવી.

૩. લોખમ ચેઢવું = જવાબદારી સહેવી.

૩. સ. જેનાથી નુકસાન સંભવે એવી ચીજ.

જોખમ, નાણું, ઘરેણું, કીમતી સામગ્રિમાં.

લોખમ કૂવામાં ઝાલ દિયા = લોખમ એટલે કીમતી-વસ્તુ, સોનું સિક્કા વગેરે જ્યારે કે પતની માણ મૂકી દેવી; પતનો ત્યાગ કરી દેવો. આ કહેવત એમ બતાવે છે કે, મારવેડ નામનો બોબી રિયાસતમાં મોટામાંથી વિષયમાં પડ્યો હતો. તેના શિષ્ય જોગીએ તેને ત્યાંથી બોલાવ્યો. તેમ છતાં તેણે ત્યાગમાં સોનાની ઝોળ ઊંડ દીધી. ત્યારમાં વારંવાર તે ઝોળની સંભાળ રાખ્યા કરે. તે ઉપરથી ગોરખે કહ્યું કે તેમાં કંઈક માયા છે. પછી ગુરુ જ્યારે ગોખે ગયા ત્યારે તેણે તે ઊંડ કૂવામાં નાખી દીધી. બીજા જન્મે જ્યારે ગુરુ ગોગી સંભાળવા લાગ્યા, ત્યારે ગોરખે કહ્યું કે, લોખમ કૂવામાં ઝાલ દિયા. અથી તે માયામુક્ત થયા તે આ કહેવત ચાલી.

૪. સ. નુકસાન; ખોટ; ખરાબી.

૧. લોખમ આપવું = નુકસાન ભરી આપવું; જવાબદારી માટે બદલો દેવો.

૨. લોખમ કરવું = નુકસાન લગાડવું.

૩. લોખમ ખમવું = (૧) નુકસાન અને જવાબદારી રાખવી. (૨) સહન કરવું.

૪. લોખમ માથે લેવું = નુકસાન કે જવાબદારી લેવી.

૫. લોખમ લગાડવું = નુકસાન કરવું.

૬. લોખમ વામવું = નુકસાન થવું

૭. લોખમ સહેવું = નુકસાન ખમવું.

૮. લોખમમાં ઊતરવું = (૧) ખોટ સહેવી. (૨) પાનીમાં રહેવું.

૯ લોખમમાં નાખવું = હાનિના જથમાં નાખવું; નુકસાન પહોંચે તેવા ક્રમે બતાવવું.

૫. [અ.] સ. નુકસાનની બાસ્તી; ભવિષ્યમાં થવાનું નુકસાન.

લોખમજારેહું = જેમાંથી નુકસાન કે હાનિ થાય એવું ભુખમાવાળું.

૬. સ. ભય; બીક.

૭. સ. સાહસ; નુકસાનની બારતીવાળું ક્રમ.

૧. લોખમ ઉઠાવવું = જેમાં ઘારે અનિષ્ટની આશંકા હોય એવું ક્રમ કરવું.

૨. લોખમ ખેડવું = સાહસ કરવું.

લોખમકારક ૧. વિ. લોખમ કરે એવું; જવાબદારીવાળું.

૨. વિ. નુકસાન કે હાનિ પહોંચાડે એવું; લોખમવાળું; લોખમ પહોંચાડે એવું.

૩. વિ. ભયંકર; ભય રાખવા જેવું; બાસ્તી ભરેલું.

લોખમકારી જુઓ લોખમકારક.

લેખમખંડ કું. ઘરેણાં વગેરે કીમતી વસ્તુ રાખવાનો ખોરડો.

લેખમદાર વિ. જેને માથે લેખમ હોય તેવું; જુમ્મેદાર; જવાબદાર; જવાબદારીવાળું.

લેખમદારી સ્ત્રી. જવાબદારી; લેખમદારપણું, નુકસાન ભરી આપવાનો જુમ્મો માથે રાખવો તે.

લેખમનો વાવટો કું. (વહાણવટું) બધી ઉપર રખાતો વાવટો.

લેખમાપ ૧. ન. લેખવવું કાઢવું અને ભરવાનું મા.પ.

૨. ન. માપવું ને ભરવું તે; માપ અને ભરત; લેખવું ને માપવું તે.

લેખમાવવું સ. ક્રિ. નુકસાન પહોંચાડવું.

લેખમાવું અ. ક્રિ. લેખમમાં આવવું; નુકસાન થવું, મોટું લેખમ લાગે એવું કાર્ય જવું.

લેખરાજ કું. યુવરાજ; પાટવી કુંવર.

લેખવું ૧. સ. ક્રિ. તોલ કરવો; તોળવું; વજન કરવું, કેટલો ભાર છે તે ત્રાજવે માપી નક્કી કરવું

લેખી નાખવું = (૧) કેટલો ભાર છે તે ત્રાજવે માપી નક્કી કરવું. (૨) પૂળા બાંધી નાખવી; ધમકાવવું, સખત ઠપકો દેવો. (૩) મોર મારી સમતોલ કરવું; પાંસરું કરવું, સખત માર મારવો.

૨. સ. ક્રિ. ભાંડવું; ગાળ દેવી.

૩. સ. ક્રિ. માર મારવો, ઝૂડવું.

૧. બરાબરનો લેખવો = માર મારવો, વાંસો દુઃખતો કરવો.

૨. લેખી કાઢવું = માર મારવો

૪. [સં. ક્ષુધ્] સ. ક્રિ. વિચાર કરવો.

૫. સ. ક્રિ. સુખ અનુભવવું.

લેખસે [અ. જવાફ (સ્વાદ) + સે (ઉદ્ભવ પંચમી વિભક્તિનો પ્રત્યય)] અ. અલબત્ત; અવશ્ય; નક્કી; ખુશીથી.

લેખસેં [હિ.] અ. અલબત્ત; અવશ્ય.

લેખાઈ ૧. સ્ત્રી. લેખવાનું કામ.

૨. સ્ત્રી. તોળવાની મજૂરી; તોળામણ; લેખવાની મજૂરી.

લેખામણ ન. લેખવાનું મહેનતાણું; લેખવાનો બદલો; લેખવાની મજૂરી; લેખાઈ.

લેખામણી જુઓ લેખામણ.

લેખાવનાર ૧. વિ. માળ દેવરાવનાર.

૨. વિ. લેખવાનું કામ કરાવનાર.

૩. વિ. માર મરાવનાર.

૪. વિ. વિચાર કરાવનાર.

૫. વિ. સુખ અનુભવનાર.

લેખાવવું ૧. સ. ક્રિ. માળ દેવરાવવી.

૨. સ ક્રિ. લેખાય તેમ કરવું; લેખવાનું કહેવું; તોળાવવું; વજન કરાવવું.

૩. સ. ક્રિ. માર મરાવવો.

૪. સ. ક્રિ. વિચાર કરાવવો.

૫. સ. ક્રિ. સુખ અનુભવવું.

લેખાવું ૧. અ. ક્રિ. માળ દેવાવી.

૨. અ. ક્રિ. તોળાવું; વજન લેવરાવું કે કહાવું

૩. અ. ક્રિ. માર મરાવો.

૪. અ ક્રિ. વિચાર કરાવો.

૫. અ. ક્રિ. સુખ અનુભવવું.

લેખિમ જુઓ લેખમ.

લેખિયો કું. લેખનાર માણસ; મદારો; તોલાટ.

લેખૂન [હિ.] સ્ત્રી. લેખમ; જવાબદારી.

લેખો ૧. [સં. લેખ] કું. લેખ; સુખ; આનંદ; ખુશાલી

પાય પડી પખારશે, કરે આરતી પેર.
રની જગા લેખો કરી, જાશે હમારે ઘર
રામળ

૨. કું લેખનાર આદમી; તોલાટ.

૩. કું. લેખમ.

જેમ જન્મ છે લેખો પામ. લોકે

લેખ્યો જુઓ લેખમ.

લેગ્યો ૧. કું. બેડી

૨. [સં.] કું. બેસો સંખ્યા.

લેગ ૧. [સં. યોગ] કું. અવસર; ચમત; સમો, અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોના સંબંધથી ઉત્પન્ન થતો ભાગ.

૨. કું. ઉપાય; પ્રકાર; સાધન; માર્ગ; સોર્સ, જોગવાઈ.

૩. કું. એક જાતનું તાત્ત્વિક દર્શન; યોગ; એ નામનો તત્ત્વજ્ઞાન સંબંધી વિચારોનો એક પ્રકાર; પતંજલિ મુનિએ કહેલી ઈશ્વરેશ્વરનું ઐક્ય સાધવાની એક પદ્ધતિ; પ્રાણાયામનું કથન કરી અંતઃકરણની એકાગ્રતા કરી જીવાત્મા અને પરમાત્માનું ઐક્ય કરવું તે.

૧. જોગ વહેવા = જોગ વહેવાની ક્રિયા કરવી; જે ક્રિયાથી કોઈ વ્રત જેટલે મોરલ પવિત્રતાને માગે છે તે ક્રિયા કરવી.

૨. જોગ સાધવો = યોગી થઈને ધ્યાન મુજબનું.

૪. કું. અંતથી અન્યા રહેવું તે; આગ્રહથી અમુક બાબત પકડી તે સિદ્ધ કરવાની ઉમેદથી તેમાં સાચા ને સાચા રહેવું તે; અજ્ઞાન.

૫. કું. ચિત્તવૃત્તિનો નિરોધ.

૬. કું. જેના ઉપર દૃષ્ટિ રખવામાં આવી હોય તે બાબતની.

૭. કું. જોડવું તે; જોડ્યા થવું કે બનવું તે; મેળાપ; સંગમ; સન્જોગ; સબબ; સગવડ; જોટો.

૮. કું. તાબા; હાથ; પ્રસંગ; તાકડો.

૯. કું. નિરોજના; વિધાન, ન્યાસ; ઓળખટ.

૧૦. કું. (જ્યોતિષ) પંચાંગની રીતે અમુક અમુક ૨૭ નક્ષત્ર વગેરેના સરોજથી પડતો કે આવતો સારાં માઠાં ફળવાળો કહેવાતો સન્નિપાત; મહાયોગ.

૧૧. કું. બક્ષિસ; બાતું, રીબ.

૧૨. કું. (જૈન) મન, વાણી અને કાયાની પ્રવૃત્તિ.

૧૩. કું. વહાણમાં તાલુના તળ નીચે ઉપર કરીને કરાતી યોજના.

૧૪. કું. વૈરાગ; સંસારત્યાગ, ભેખ.

જોગ લેવો = સંસારનો ત્યાગ કરી ભેખ ધારણ કરવો.

૧૫. કું. (બાકરણ) ધાતુપ્રવૃત્તિ.

૧૬. કું. સંજોગ.

૧૭. કું. (જ્યોતિષ) સૂર્યચંદ્રના રેખાંશ બરાબર સાટે સૂર્યમાર્ગ અથવા ક્રાંતિવૃત્તના ૩૬૦ અંશનો ૨૭ મા ભાગ.

૧૮. કું. હિકમત; યુક્તિ; કરામત.

૧૯. સ્ત્રી. એ નામની એક જોડોની એક જાત.

૨૦. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તે મત્તાનો વખત અર્ધરાત્રિ પછીનો છે. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે બરજ શુદ્ધ, રિષભ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર એ પ્રમાણે જાતે સ્વર આવે છે. આ રાગ પરજ કલિંગડાને મળતો છે, પરંતુ તેમાં તીવ્ર મધ્યમ આવતો નથી તથા તેના ઢંગમાં ફરક છે.

૨૧. વ. એ નામની જાતનું માણસ.

૨૨. વિ. એ નામની જાતનું.

૨૩. વિ. દુરસ્ત; માફક.

૨૪. [સં. યોગ્ય] વિ. યોગ્ય; લાયક; પાત્રરૂપ; ઘટતું.

૨૫. વિ. સંભાવિત; પ્રતિષ્ઠિત.

૨૬. અ. પ્રતિ, તરફ; પ્રત્યે.

૧. નામજોગ = જે જેના નામ ઉપર હોય તેને જ જોગ.

૨. સાદજોગ = જે કોઈ સાહૂકાર હોય તેના નામ ઉપર છે જોગ.

૩. સાદજોગી હૂંડી = કોઈ પણ સાહૂકાર સ્વીકારે એવી હૂંડી.

જોગજોગ ૧. [સં. યોગક્ષેમ] કું.; ન. યોગક્ષેમ; જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું તે.

૨. ન. કપાસ; કુપાસતા; આળસ.

જોગટી ૧. સ્ત્રી. ફાટ્યાં આળસવાળી ભિક્ષામણ વેષની ભૂરકો નાખનારી સ્ત્રી.
૨. સ્ત્રી. જોગણ; બાવી; વેરાગણ; સાધુડી.

જોગટો ૧. પું. જોગી, જાયકર દેખાવનો કપટ દૂરપણ કરનારો બાવો.
૨. પું. ભિખારી.
૩. પું. વેષથી ભિક્ષામણો અને ગુણથી ભૂરકો નાખનારો પુરુષ; ધૂર્ત માણસ.

જોગડો (જોગડો) જુઓ જોગટો.

જોગણ ૧. સ્ત્રી. ઈશ્વરશક્તિવાળી કલ્પિત સ્ત્રી; દેવી, માતા; શક્તિનાં અનેકાં ચોસઠ માંહેનું દરેક સ્ત્રીરૂપ.
૨. [સં. યોગિની] સ્ત્રી. એક જાતની રજૂરેવી. તે રજૂમાં મરેલાં મનુષ્યોનાં માથાની તુંબલી દેખી રાજી થાય છે અને દડો બનાવી તે વડે રમે છે એમ કલ્પાયેલ છે.
૩. સ્ત્રી. દુર્ગા અને શિવની તહેનાતમાં રહેતી આઠ માંહેની દરેક ઊપરેવી.
૪. સ્ત્રી. પિશાચિની; માયાવી, ચમત્કારી અને મનુષ્યને રાક્ષસ જેવી વૃત્તિવાળી બનાવી કરનારી સ્ત્રી.
૫. સ્ત્રી. વેરાગણ; સાધુડી; બાવાની સ્ત્રી.
૬. સ્ત્રી. સંસારનો ત્યાગ કરી, ભગવાં પહેરી, યોગ અને ઈશ્વરભજન વગેરેમાં જીવન ગાળનારી સ્ત્રી; સાધ્વી સ્ત્રી; તાપસી; યોગિની.

જોગણ્યા ૧. પું. ઓધરા નામના રાનીપરજ લોકોના દેવ.
૨. સ્ત્રી. એ નામની ચોહાણની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

જોગણી ૧. સ્ત્રી. ચોકવાની જાજર જાપ મારવાની એક જાતની ચીકણી વસ્તુ; સાબ.
૨. જુઓ જંગણ.

જોગતીજ પું. ભિખારીનો ધંધો કરતા પુના સતારા તરફ રહેતા એક જાતના લોક.

જોગદેવ [સં. યોગિન્ + દેવ] પું. મહામુનિ; ઋષિવર; યોગીંદ્ર; મોટો યોગી; મહાત્મા; સંન્યાસી.

જોગનિદ્રા ૧. સ્ત્રી. કંઈ જોવું, સાંભળવું કે કશી પણ ક્રિયાચાલ નહિ કરતા શાંત અને એકાંતે બેસી રહેવું તે; વિશ્રામ લેવો તે.
૨. સ્ત્રી. પ્રલય; નાશ.
૩. સ્ત્રી. બ્રહ્માની નિદ્રા. તે વખતે પ્રલય થતો મનાય છે.
૪. સ્ત્રી. બ્રહ્માની રાત.
૫. સ્ત્રી. યુગને અંતે વિષ્ણુની નિદ્રા.
૬. [સં. યોગનિદ્રા] સ્ત્રી. યોગયુક્ત નિદ્રા; અર્ધી ઊંઘની અને અર્ધી સમાધિની સ્થિતિ.
૭. સ્ત્રી. સાંખી અને ચિંતા રહિત શાંત ઊંઘ.
૮. સ્ત્રી. સૃષ્ટિનો પ્રલય અને ફરીને પ્રલય એ બેની વચ્ચેનો કાળ. એમ કહેવાય છે કે સૃષ્ટિનો પ્રલય કરી ભગવાન યોગનિદ્રામાં પડે છે. ત્યાં કશું હોતું નથી. જગત સૂન્ય હોય છે. ભગવાન જ્યારે પણ જાગે છે ત્યારે નવસૃષ્ટિ ઉત્પન્ન કરે છે.

જોગની જુઓ જોગણ.

જોગપટ્ટ [સં. યોગપટ્ટ] પું. લંગોટ.

જોગપતિ [સં. યોગપતિ] પું. યોગીશ્વર; શિવ.

જોગપર [સં. યોગપર] વિ. યોગમાં મગ્ન રહેલું.

જોગમાયા ૧. સ્ત્રી. બ્રહ્મી, વાવરણી અને કારસ્તાન જાણનારી સ્ત્રી.
૨. [સં યોગમાયા] સ્ત્રી. જગતના કારણરૂપ સૃષ્ટિને ઉત્પન્ન કરનારી ઈશ્વરની મોટી શક્તિ, ઈશ્વરી; દેવી; માતા; જગતના કારણરૂપ ઈશ્વરી માયા.
૩. સ્ત્રી. દીકરી; પુત્રી.
૪. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

જોગમુદ્રા [સં. યોગમુદ્રા] સ્ત્રી. હાથની આંગળીઓનું સમૂહ બનાવી મસ્તક નમાવી વંદના કરવી તે.

જોગરાજિયા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોગરો સ્ત્રી. અટક; જાત.

જોગલ ૧. સ્ત્રી. એ નામની આહેરની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોગવટો [સં. યોગવૃત્તિ] પું. ભોગ ભારણ કરવો તે; ભોગી બનીને કરવું તે; ભોગીપણું, ભોગીની સ્થિતિ; સંન્યાસ.

જોગવણી સ્ત્રી. અનુકૂળતા; સગવડ; સોઈ.

જોગવવું ૧. સ. ક્રિ. કોઈ વસ્તુ નષ્ટભ્રષ્ટ ન થઈ જાય તે માટે તેની યત્નપૂર્વક રાખણી; રક્ષવું; સાચવવું.
૨. સ. ક્રિ. દરમુજર કરવું; જવા દેવું.
૩. સ. ક્રિ. માપવું; જોગવવું.
૪. સ. ક્રિ. મેળની દેવું; મેળાપ કરાવવો; મેળ કરાવવો.
૫. સ. ક્રિ. યોગ હોય તેમ કરવું; કોળે તેમ કરવું; ભોગ ભગવાવવો.
૬. સ. ક્રિ. ગતિથી કે સમતાથી ચલાવવું.
૭. સ. ક્રિ. સહન કરી ચલાવવું; નભાવવું; વેઠવું.
૮. સ. ક્રિ. સંચિત કરવું, ભોગવ કરવું.

જોગવંત [સં. યોગ + વત્ (વાળુ)] વિ. યોગી; યોગની સાધના કરનાર.

જોગવાઈ ૧. [સં. યોગપાત] સ્ત્રી. જોડવણ; તજવીજ; બંદોબસ્ત; સગવડ.
૧. જોગવાઈ કરવી = તજવીજ કે જોડવણ કરવી
૨. જોગવાઈ રાખવી = બીજાના સમાસની સગવડ રાખવી.
૨. સ્ત્રી. ઠેકાણું; સ્થાન.
૩. સ્ત્રી. બધા સંજોગોવાળો વખત; તક; અવસર; અનુકૂળ આવે તેવો મોકસ વખત; ટાંકણ; સમય; અનુકૂળતા.

જોગવાડી ૧. પું. યોગી; યોગની સાધના કરનાર માણસ.
૨. સ્ત્રી. સગવડ; જોગવાઈ.
૩. વિ. એકબીજા સાથે જોડનાર.

જોગસાધન [સં. યોગસાધન] સ્ત્રી. તપશ્ચર્યા.

જોગસેવા [સં. યોગસેવા] સ્ત્રી. ધાર્મિક તપ કરવું તે.

જોગંદ ૧. પું. આકાંક્ષા; ઉત્કંઠા.
૨. પું. ભક્તિણીનો મનોરથ.

જોગંદર ૧. [સં. યોગીન્દ્ર] પું. શ્રેષ્ઠ યોગી; મહાત્મા; યોગેશ્વર.
૨. સ્ત્રી. સાપના અંગમાંથી ઝેર કાઢવાની એક જાતની યુક્તિ. વિશ્વામિત્રે રામચંદ્રજીને તે શીખવી હતી.

જોગંધર જુઓ જોગંદર.

જોગા વિ. હાજર; જોગ; વાજબી.

જોગાઈ ન. પોષ, ખાદ વગેરેને આવા આપવાનું અનાજ; ચારો.

જોગાનંદ [સં. યોગાનંદ] પું. યોગની સાધનાથી મળતો આનંદ.

જોગાણી ૧. સ્ત્રી. એ નામની આહીર તથા કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોગાનજોગ ૧. અ. અજાણે વખતે; વખતસર.
૨. અ. અનુકૂળતા આવી જાય તેવી રીતે.
૩. અ. જોગ આવી મળવાથી; બનવા પ્રસંગ હોવાથી.
૪. અ. પ્રસંગોપાત; અમુક સંજોગોને લઈને.

જોગાનુજોગ [સં. યોગાનુયોગ] પું. જોગથી ઉત્પન્ન થતી બાબત.

જોગાભ્યાસ [સં. યોગાભ્યાસ] પું. યોગનું અનુશીલન; યોગની પ્રક્રિયાઓ કર્યા કરવી તે;

આસન, પ્રાણાયામ, સમાધિ અને તે સંબંધી મનન વગેરે કરવાં તે; અષ્ટાંગ સાધનાનો અભ્યાસ; પ્રાણવાયુનું રેચન કરવાનો, જુદાં જુદાં આસન માંડવાનો અને બ્રહ્મચિંતનમાં રહેવાનો અભ્યાસ.

જોગારૂઢ [સં. યોગારૂઢ] પું. યોગનો અર્થ; યોગવિદ્યાનું તત્ત્વજ્ઞાન.

જોગારૂઢ [સં. યોગારૂઢ] વિ. યોગસાધનામાં રોકાયેલું.

જોગિણ જુઓ જોગણ.

જોગિણી ૧. જી. એ નામની સોનીની એક અટક.
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. જુઓ જોગણ.

જોગિન જુઓ જોગણ.

જોગિનિયા જી. એક જાતની લાલ જુવાર.

જોગિયા ૧. પું. (ભૌદ્ધ) ચોરાસી માહેનો એ નામનો એક સિદ્ધ.
૨. પું. જોગી.
૩. જી. એ નામની સોનીની એક અટક.
૪. જી. (સંગીત) એક જાતની રાગિણી. આ રાગિણીની બે જાતિ છે: એક શુદ્ધ જોગિયા, બીજી મિશ્રી જોગિયા. તે ગાવાનો સમય પ્રાતઃકાળનો પહેલો પહોર છે. તે કૈશવી જાતમાંથી ઉત્પન્ન થાય છે.
૫. જ. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. ગેરુના રંગનું.
૮. વિ. જોગી સંબંધી.

જોગિયા આશાવરી જી. (સંગીત) જોગિયા અને આશાવરી મળીને બનતી એક રાગિણી. તેની જાતિ ષાડવ છે. તે ગાવાનો વખત સવારનો છે. તેમાં ઋષભ, પંચમ, શુદ્ધ રિષભ, વૈવત કોમળ, મધ્યમ પણ કોમળ, ગાંધાર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે.

જોગિયા આંધી જી. સૂતરની આંટી પાડવાની એક પ્રકારની રીત.

જોગિયાકાટ પું. (સંગીત) બાર માહેનો એ નામનો એક ઘાટ.

જોગિયો ૧. પું. (સંગીત) એક જાતનો રાગ. જોગિયા ઘાટના સઘળાં પ્રકારમાં તેનો સમાવેશ થાય છે. તેમાં રિષભ, વૈવત વિકૃત છે અને કોમળ તેમ જ શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર આવે છે. આ રાગમાં આરોહે ગાંધાર નિષાદ વર્જ્ય છે અને અવરોહે ગાંધારનો દુર્બળ જોઈ એ રીતે પ્રયોગ થાય છે. કોમળ અને શુદ્ધ નિષાદનો પ્રયોગ આ રાગમાં ખાસ છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર મધ્યમ છે. આ રાગમાં કેટલેક સ્થળે ભૈરવ અને આશાવરી રાગોનો ભાસ થાય છે.
૨. [સં. યોગિન્] પું. જોગ સાધનાર માણસ; યોગી; સાધુ; તપસ્વી.
૩. પું. જોગી લોકોનો ભગવો રંગ.

જોગી ૧. પું. એક જાતનો ભિક્ષુક. તે સારંગી વગાડી ગોપીચંદ અને ભરથરીનાં ગીત ગાય છે અને ભીખ માગે છે. તેનાં કપડાં ભગવાં હોય છે.
૨. પું. (સંગીત) એક જાતનો રાગ.
૩. પું. સાગી; વૈરાગી; બાવો.
૪ પું. બેલગામ અને મારવાડ તરફ રહેતા ભાગા પથ્થરનાં વાસણ બનાવનાર લોકો.
૫. [સં. યોગિન્] પું. યોગી; તત્ત્વચિંતનની યોગ્ય પદ્ધતિએ અષ્ટાંગ સાધનારો તપસ્વી. સંસારનો ત્યાગ કરીને યોગપ્રક્રિયાથી આત્મામિલન સાધવાના યત્ન કરનારો માણસ; યોગસાધનાથી સમાધિ અવસ્થાનું ચિંતન કરવામાં નિરંતર કાળ ગુજારનારો પુરુષ.
૧. બાજીગરનો જોગી અને ઊંચપણ સામી જગા = હોય નાનું ને વાત કરે મોટી.
૨. ભૂતો જોગી = ભવિષ્યની અને ભવ્ય કાળની માહિતી જાણનારો માણસ.
૩. જેવો જાહ્યો જોગી તેવી માલી મડઘાણી = બને સરખાં સમાન ગુણવાળાં હોવાં તે.
૪. જોગી વાટ્ય ત્યાં રમડું = ભવ્ય રાજ્ય તથા પ્રજા.
૫. જોગીની ખેતીમાં તૂમડાંની વેલી = જેની જેવી યોગ્યતા તેવું તે કરે.
૬. પું. સાવજનો.
૭. પું. ભવાઈનો ધંધો કરતા એક જાતના લોકો. તેઓ મુખીને માનતા નથી પણ ગરુ છે. તેમનામાં બધી બખત કોમને પતિના મુકાંની સાથે છબની ઘાટવામાં આવે છે.
૮. પું. કૈવર્તથી ઊતરી આવો.
૯. જી. ભત્રી અને લોહારની એ નામની એક અટક.
૧૦. જી. કૂંડી.
૧૧. જ. એ નામની અટકનું માણસ.
૧૨. વિ. એ નામની અટકનું.

જોગી આશા પું. (સંગીત) એ નામનો એક રાગ; આશાજોગી.

જોગી કરચલો પું. એક જાતનો પાણીમાં રહેનારો જીવડો.

જોગી કાર્તિગડો (જોગી કર્તિગડો) પું. (સંગીત) એ નામનો એક રાગ.

જોગીજન [સં. યોગિન્ + જન] પું. તપસ્વી.

જોગીડો (જોગીડો) ૧. પું. એક જાતનું જલતું ગાલું. તે બાજુખરું વસંત ઋતુમાં ગવાય છે.
૨. પું. કરમાઈ ગયેલો છોડ.
૩. પું. ગાવા બજવવાના સમૂહનો કોઈ એક આદમી.
૪. પું. ગાવા બજવવાવાળાનો એક સમાજ. તેમાં એક ગાવાવાળો છોકરો, એક ઢોલક બજવનાર અને બે સારંગી વગાડવાવાળા હોય છે. તેમાં ગાવાવાળા છોકરાનો વેષ પણોત્તરો યોગીના જેવો હોય છે અને તે મોટા અલંકાર પહેરે છે.
૫. [સં. યોગિન્] પું. જોગી; બાવો; સાગી; જેણે ભેખ લીધો હોય તે માણસ.

જોગીદાસ ખુમાણ પું. એ નામનો એક સુવિખ્યાત સોરઠી બહારવટિયો. આના સંબંધમાં નાનાલાલ કવિએ સોરઠી તવારીખના ચરમાં કહ્યું છે કે: ગાયકવાડી યુગમાં જૂનાગઢમાં થયા અમરજી દિવાન, જામનગરમાં થયા મહેરામણખવાસ, ગોંડલમાં થયા કોઠારી કુંભાજી તે ભાવનગરમાં થયા ગોહેલ વખતસિંહજી. એ ચારે યે નિર્જનિજ પદમાં ચોપટ ઠીક બેસતા. પણ ચારેથી યે કલામ મોટેરો માનવી હતો જોગીદાસ ખુમાણ. જોગો ખુમાણ એટલે જોગી બહારવટિયો. ભાવનગર રાજમે "બહારવટે, પણ એનાં છોકરાંને ભાવનગર મહારાજ પાસે: છોકરાં કુંવરોને મારે ને કુંવરો બાપુ કહે ચાકર તો મહારાજ કહે, 'જોગા બાપુ મને મારે છે, તો એ તમને મારે જ ને!' જૂનાગઢ ભાવનગરનો સીમાડો દોરવાનો હતો; ભાવનગરને સાક્ષી કોણ? તો કહે કે જોગો ખુમાણ. સમાધાન થયું, બહારવટું સંકેલાયું, ભાવનગરમાં દરબાર ભરાયો, નાટારંભ મંડાયા. જોગો ખુમાણ કહે, જોગીદાસની આગે નાચશે નાચતી જોગી? સાથે પડ્યો હતો: ઊભે ઊભીને ઘૂરકાસની ઘૂઁ આંખો કોડી નાખી. પર વોલ્ટર સ્કોટ રોબ રોબની કલગી લખી. સોરઠનો રોબ રોબ મારે લખવાનો હોય તો હું જોગા ખુમાણની કલગી લખું.

જોગીધર્મ [સં. યોગિન્ (પતિ) + ધર્મ (ફરજ)] પું. સાધુ સન્યાસીઓની ફરજ.

જોગીરાજ [સં. યોગિન્ + રાજન્ (રાજા)] પું. મોટો જોગી; યોગેશ્વર.

જોગીરાજ! ભેખ સહી કરી,
મને વાટ બતાવોની ખરી;
પછી વનમાં આ સહ આંધારી,
લઉં જોઈ ધરને પીંછારી.

જોગીજીવન

જોગીલોક [સં. યોગિન્ + લોક] પું. સાધુ સંન્યાસી.

જોગીવર જુઓ જોગીરાજ.

જોગીશ ૧. [સં. યોગિન્ + ઈશ (પણી)] પું. યોગીઓમાં મુખ્ય એવા શંકર.
૨ પું. શ્રેષ્ઠ યોગી.

જોગીશ્વર જુઓ જોગીશ.

જોગીસર જુઓ જોગીશ.

જોગીંદ્ર [સં. યોગીંદ્ર] પું. મોટો યોગી; શ્રેષ્ઠ યોગી.

જોગીંદ્રપણું ન. યોગી હોવાપણું; સાધુતા.

જોગું ૧. વિ. જોઈતું; પૂરતું.
૨. [સં. યોગ્ય] વિ. યોગ્ય; લાયક.
૩. અ. તરફ; પ્રતિ; બાબી; જોગ; પ્રત્યે.

જોગેણ ૧. સ્ત્રી. ચેરાગણ; ચાકુડી; ચાબ્બી; જોગણ.
૨. [સં. યોગિની] સ્ત્રી. સંસારનો ત્યાગ કરી ભગવાં પહેરી ભક્તિ અને ઈશ્વરભજન વગેરેમાં જીવન ગાળનારી સ્ત્રી.

જોગેલ ૧. સ્ત્રી. એ નામની રેંટની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોગેશ્વ ૧. [સં. યોગ + ઈશ] પું. યોગેશ, મહાદેવ.
૨. પું. શ્રેષ્ઠ યોગી.

જોગેશ્વર ૧. [સં. યોગ + ઈશ્વર] પું. યોગેશ્વર, શિવ.
૨. પું. સિદ્ધ યોગી.

જોગ્તિ પું. મેલ્લમા દેવીનો ઉપાસક પુરુષ.

જોગ્તી સ્ત્રી. મેલ્લમા દેવીની ઉપાસક સ્ત્રી

જોગ્યાચિક સ્ત્રી. ચાબ્બી.

જોગ્યના સ્ત્રી. પુરાની બનાવટની એક જાતની ઉત્તમ તરવાર. તેમાં મૂઠની પાસે ફૂલની નકશો કરેલો હોય છે. જૈસલમેરના ખાન આ જ તરવારનો યુદ્ધ પ્રસંગે ઉપયોગ કરતા. તેની બંને બાજુએ ફારસી ભાષામાં કંઈ લખેલું હોય છે.

જોજઉલકરી [ચુ.] ન. એક જાતનું ઝાડ; મેનફળ.

જોજબુ જુઓ જોજન.

જોજમતરીફ [ચુ.] ન. ભપકો.

જોજન ૧. [સં. યોજન] પું. ચાર ગાઉ જેટલું અંતર; ચાર ગાઉનું એક માપ.
૨. ન. જોડવું તે; પ્રવૃત્તિ; યોજના.

જોજનગંધા ૧. [સં. યોજનગંધા] સ્ત્રી. કસ્તૂરી.
૨. સ્ત્રી. (પુરાણ) જાતનું ચાંડાલની સ્ત્રી અને ભીષ્મની ઓરમાન માતા; વ્યાસની માતા; યોજનગંધા; પાંડવોની દાદી; સત્યવતી; મત્સ્યગંધા. પરાશર ઋષિએ તેની દુર્ગંધ મટાડી તેના શરીરમાંથી ચાર ગાઉ સુધી સુગંધ ફેલાય એવી બનાવવાથી તેનું નામ યોજનગંધા પડ્યું હતું.
૩. સ્ત્રી. સીતા.

જોજનપંથી [સં. યોજન (ચાર ગાઉ) + પથિન્ (મુસાફર)] વિ. લાંબુ ઉતાવળી ચાલવાળું; પવનવેગી.

જોજના ૧. [સં. યોજના] સ્ત્રી. કરામત; યુક્તિ; હિકમત.
૨. સ્ત્રી. કાર્ય પ્રત્યે રીત, વસ્તુ, ઉદ્દેશ વગેરેનો પહેલેથી કરેલો વિચારસહનવહિ.
૩. સ્ત્રી. (ગણિત) કોઈ સિદ્ધાંત સિદ્ધ કરવા દોરવામાં આવતી વિશેષ આકૃતિ; રચના; 'કન્સ્ટ્રક્શન'
૪. સ્ત્રી. ઘાટ; આકૃતિ.
૫. સ્ત્રી. ગમે તેમ ગોઠવણ; વ્યવસ્થા; કાર્યની પદ્ધતિ.
૬. સ્ત્રી. યોગવણી.
૭. સ્ત્રી. યોજના; વ્યવસ્થા.

જોજમુઆ [ચુ.] ન. ભપકો.

જોજરી [હિ.] પું. એક જાતનું ઘાસ. તે ઊંટને ખૂબ પ્રિય હોય છે.

જોજરૂ ન. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ.

જોજા ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની એક પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની એક પેટા જ્ઞાતિનું.

જોજિયા પું. ભૂરા અને રેશમી વસ્ત્રો રંગવાનો એક જાતનો રંગ.

જોજુલમાંસલ [ચુ.] પું. ખતરો.

જોજે અ. જોવું ક્રિયાપદનું આજ્ઞાર્થે રૂપ; તપાસજે; દેખજે; યાદ રાખજે; ખબર રાખજે. ધમકી આપતાં બોલાય છે.

જોજેજો અ. સંભાળજો; યાદ રાખજો.

જોજ્ઞ ન. એક જાતનું હથિયાર

જોજ્ઞા [સં.] ન (વહાણવટું) મુકામોમાં હંકારવું દિવસ.

જોટ ૧. પું. જોટો; જોડી; એનો સમૂહ.
૨. સ્ત્રી. એક માટેની બળદની જોડી.
૩. સ્ત્રી. જામનગર તથા સાઉદરા નગરની એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

જોટકિયો પું. જોટો; જોડકું.

જોટડી (જોટડો) ૧. સ્ત્રી. જુવાન ભેંસ; પહેલવેતરી ભેંસ.
૨. સ્ત્રી. પહેલા વેતરની જુવાન ગાય; વોટડી.

જોટડું (જોટડું) ૧. ન. જુવાન ભેંસ; પહેલવેતરી ભેંસ.
૨. ન. પહેલવેતરી ગાય.
૩. વિ. કાચી સમજનું; અણસમજુ; બોચકું; જેનામાં પાકી પહોંચ ન હોય એવું.

જોટણિયા ૧. સ્ત્રી. એ નામની કુંભારની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોટલાં ન. બ. વ. પગના અંગૂઠે તથા આંગળીઓ ઉપર પહેરવાનાં ઓજોનાં ઘરેણાંની જોડ; કરડા, વેઢ; વીંટિયા; વીંટીના આકારનું ઘરેણું.

જોટલિયા ૧. સ્ત્રી. એ નામની ધોબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું.

જોટવાં જુઓ જોટલાં.

જોટવું ૧. ન. સ્ત્રીઓને પગની આંગળીએ પહેરવાનું વીંટી જેવું ઘરેણું; કરડો; વેઢ. જોટવાં બહુવચને વપરાય છે, કારણકે તે બન્ને વીંટલે હોય છે.
૨. વિ. કાચી સમજનું; બોચકું; અણસમજુ.

જોટંગિયા ૧. સ્ત્રી. એ નામની વાળંદની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

જોટાણી સ્ત્રી. બે નળીવાળી બંદૂક.

જોટિંગ ૧. પું. આકરામાં આકરી તપશ્ચર્યા કરનાર તપસ્વી; ઉગ્ર તપ કરનાર યોગી.
૨. પું. કોઈનું કાંઈ પડાવી લેવું અને દોંગા મસ્તી કરવા તે; હુંસાતુંસી અને જોરજુલમ ચલાવવાં તે.
૩. પું. મરી ગયેલા મુસલમાનનો ભમતો કાલ્પનિક ભૂત.
૪. પું. રખડતો ઢંઢ માણસ.
૫. પું. શિવ; મહાદેવ.
૬. વિ. મહાવ્રતધારી.

જોટિંગ કાર ન. એક જાતનું વાહન.

જોટિંગ પાદશાહી સ્ત્રી. અંધાધૂંધીનું રાજ્ય; મારફાડ, લૂંટ અને પાડ જે રાજ્યમાં પ્રવર્તે એવી અંધાધૂંધી.

જોટું ૧. સ્ત્રી. જોડ; જોડી; એનો સમૂહ.
૨. ન. જુવાન ભેંસ; પહેલવેતરું ઠોણું.

જોટેત પું. જડતું તે; સ્પર્શ.

જોટો ૧. પું. એક વસ્તુને બધી રીતે મળતી આવતી બીજી વસ્તુ; એક જેવું બીજું ખીલ્લું હોય તે.
૨. પું. બે નાળવાળી બંદૂક.
૩. પું. બે સરખે સરખી વસ્તુઓનું સાથે હોવું તે; બે સરખે સરખી વસ્તુઓની જોડ;

જોડીનાને મળતાં અને સરખે સરખાં જોડીનાં સાથે જોડાયેલાં બે વાનાં; દંદ; યુગલ; જોડું.
૪. પું. સટ્ટામા તેજીમંદી બંને તરફનો વેપાર.
૫. સ્ત્રી. શાલ; જોડ જાતનું ગરમ કાપડ.

જોડ (જોડ) ૧. પું. કોઈ ચીજમાં ઉમેરેલો ટુકડો.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. પું. બનાવટ; પ્રપંચ.
૪. પું. સરવાળો.
જોડ આપવો = (૧) ઉમેરવું; સરવાળો કરવો. (૨) બીજું આપવું.
૫. પું. સાંધો; અવયવ.
૬. સ્ત્રી. જોડનારી વસ્તુ; બીજું; રેણ.
૭. સ્ત્રી. તંબૂરાના ચાર માંહેના વચલા બે તાર.
૮. સ્ત્રી. નયન; આંખનું તે.
૯. સ્ત્રી. ભૂતપિશાચની અસર; વળગાડ.
૧૦. સ્ત્રી. મિત્રતા; દોસ્તી.
૧૧. સ્ત્રી. મેળાપ; જોડાપ.
૧૨. સ્ત્રી. વીણા, સિતાર વગેરે વાદ્ય ઉપર આલાપ કરવો તે.
૧૩. સ્ત્રી. સારદી વીણાના સાત માંહેનો બીજો તાર.
૧૪. સ્ત્રી. સરખે સરખી બે વસ્તુઓ સાથે હોવી તે; જોડીનાને મળતી ને જોડાતી બે વસ્તુઓનું જોડાણ; બે સમ વસ્તુઓનો સમવાય; જુગ્મ; જોડી; યુગ્મ.
૧૫. સ્ત્રી. સહાય; મદદ.
૧૬. સ્ત્રી. સગતિ; સોબત.
૧૭. સ્ત્રી. સાથે જન્મેલાં બે છોકરાં; બેવડું.
૧૮. સ્ત્રી. સ્ત્રીપુરુષની જોડી.
૧૯. સ્ત્રી. પાકતર જમીન; વધુખેડેલ જમીન.
૨૦. સ્ત્રી. વીડી; જ્યાં ઘાસ ઊગતું હોય તે જમીન.
૨૧. વિ. સમોવડિયું; બરોબરિયું; સરખે સરખું ઊતરનાર; જોડના જેવું જ બીજું.

જોડક (જોડક) વિ. સાંધનાર; જોડનાર.

જોડકણું (જોડકણું) ૧. ન. કલ્પનાથી યુક્તિસર બનાવટ; ખરી લાગે એમ કોઈ વાત કે વસ્તુને ગોઠવવી તે.
૨. ન. ગપ; અફવા; કપોલકલ્પિત ઉપજાવી કાઢેલ વાત; સાચુંખોટું; આમતેમથી મેળ મેળવીને ખરા જેવું પણ ખોટું તૂત ઊભું કરવું તે.
૩. ન. તરત નવું જ જોડી કાઢેલું હોય તે; ઉખાણું; સમસ્યા.
૪. ન. નવી કલ્પનાથી જેમ તેમ જોડી કાઢેલ પ્રાસવાળું કે ગીત.
૫. ન. પ્રપંચ; તરકટ; છળ; કળ.
૬. ન. ગમમાં વેચાણો જોડનીનાને ઊંદરોને

જોડનીના પ્રતિ કટાક્ષથી કરેલું ગાયન તે નવું ગીત.

જોડકણું (જોડણું) જુઓ જોડકણું.

જોડક્રમ (જોડક્રમ) ૧. ન. જોડવાનું ક્રમ કે રીત.
૨. ન. (સંગીત) વાદ્યમાંથી વગાડવામાં આવતો રાગનો આલાપ; જેમ. કોઈ ગાયનમાં ગળામાંથી ગવાવાને બદલે જોડાદ વાદ્યિમાં આલાપ કરવામાં આવે છે ત્યારે તેને જોડક્રમ કહે છે. તે બીન કે સિતાર ઉપર કરાય છે.
૩. ન. સુથારી ક્રમ.

જોડકિયું (જોડકિયું) વિ. જોડીમાં સાથે હોય એવું.

જોડકું (જોડકું) ૧. ન. જોડ જાતનું ગાડકું.
૨. ન. જોડનીનની સાથે વળગેલી બે વસ્તુઓ; પુદરતી રીતે જ જોડનીનની સાથે જોડાયેલાં બે વાના.
૩. ન. જોડું; દંદ; યુગ્મ; જોડેલું હોય તે; સાધીને જોડકું કરેલું તે.
૪. ન. જેમ બચેલા બે પત્તમાંનો જોડ કબાર્ડ બાપ અને બીજો તેની દોરીને પોતા સાથે લપેટી લાઈ ખેંચી લાવે તે.
૫. ન. જોડકું; જોડી સાથે જન્મેલાં બે બાળકો.

જોડજમૈયો (જોડજમૈયો) પું. જોડ જાતનું દાંપિયાર.

જોડજાડ (જોડજાડ) સ્ત્રી. થોડી બચત.

જોડજોડ (જોડજોડ) પું. શરીરનો કરેક સાંધો.

જોડઝાપટ (જોડઝાપટ) સ્ત્રી. ભૂતપિશાચની ઝાડઝટ; વળગાડ; જોડઝાપટ.

જોડણ (જોડણ) ન. વળગણ; સાંધણ; અનુબંધી પદાર્થ; ઉપાંગ.

જોડણી (જોડણી) ૧. સ્ત્રી. અક્ષરો, શબ્દો અને વાક્યોને જોડનીનની સાથે જોડીને લખવાની રીત; વર્ણવિન્યાસ; શબ્દોમાં અક્ષરોને દીર્ઘ વગેરે ઉચ્ચાર પ્રમાણે બોલવા અને લખવાની ખરા; અક્ષરોને જોડવાની રીત. ગુજરાત વિદ્યાપીઠે નક્કી કરેલ ગુજરાતી ભાષાની જોડણીના નિયમો જેમ છે કે: તત્સમ શબ્દોઃ (૧) સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. ઉદા. ભક્તિ; ગુરુ; વિદ્યાર્થિની. (૨) ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપે પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં. ઉદા. કર્મિન–કર્મણ; રાત્રિ–રાત; દશ–દસ; પ્રાણ–પ્રાણ; નહિ–નહીં; કુળદેવ–કુળદેવ; કર્મ–કરમ. (૩) જે જંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાંત ગણીને લખવા. ઉદા. વિદ્વાન; જગત; પરિષદ. આ નિયમ અંગ્રેજી, ફારસી, અરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે. (૪) પશ્ચાત, કિંચિત, અર્થાત, ક્વચિત જેવા શબ્દો જોડણા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દોની સાથે સમાસમાં આવે ત્યારે જંજનાંત લખવા. ઉદા. કિંચિત્કર; પશ્ચાત્તાપ. આવાં અવ્યયો પછી જ્યારે જ આવે ત્યારે તેમને જંજનાંત ન લખવાં. ઉદા. ક્વચિત જ. (૫) અરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં. ઉદા. ખિદમત; વિઝિટ; નજર. (૬) એ તથા ઓના સાંકડા તથા પહોળા ઉચ્ચારની ભિન્નતા દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. પરંતુ અંગ્રેજી શબ્દોના એ ઓના ઉચ્ચારમાં ભ્રાંતિ ન થાય માટે, તે દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. ઉદા. કૅરી; ઑગસ્ટ; કૉલમ. (૭) અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. નોંધ–સંસ્કૃત કોશ લખાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિકો વાપરી શકાય. ઉદા. કાંત, કાન્તઃ દંડ, દણ્ડઃ કાંત, કાન્તઃ બેંક, બૅન્ક. (૮) સ્મૃતિ તથા શ્રુતિઃ (૮) બહેન, વહાણું, વહાવું, પહોળું, મહાવત, સહેર, મહેરબાન, મહાવરો, મહોર જેવા શબ્દોમાં તથા કહે, રહે, પહેર, પહોંચ જેવા ધાતુઓમાં હ આડો પાડીને લખવો. (૯) નાનું, ઓઢું, બીક, સામું, બીનું, ભોર (આંબાનો), ભોં, ઓવું (ઓઢવું), જ્યાં, ત્યાં, કચારે, જ્યારે, ત્યારે, મારુ, તમારુ, તારુ, તેનું, અમારુ, આવું વગેરેમાં ઇકાર ન દર્શાવવો. એટલે કે, ઇ જ્યાં દર્શાવવો હોય ત્યાં જ દર્શાવવો અને ન દર્શાવવો ત્યાં બૃહસ્ વ દર્શાવવો. ઇને આગલા અક્ષર સાથે જોડવો નહિ. (૧૦) નાહ, વાહ, સાહ, મોહ, લોહ, દોહ, દોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી તેમનાં દર્શાવ્યા પ્રમાણે રૂપો સાધિત કરવાં. નાહઃ–નાહું છું; નાહીએ છીએ; નહાય છે; નાહો છે; નાઓ,–ઓ,–ઈ,–ઊં,–ઓ; નાહીશ; નાહીશું; નહાશો; નહાશે; નહાત; નહાતો,–તી,–તું; નાહનાર; નાહવાનો અવ્યય નાવાનો; નાહેલો,–લી,–લું; નહા; નહાજે; નાહવું. નવડા(રા)વવું; નવાવું; નવાય; નાવણિયો; નવેણ; નવાવું. વાહઃ–વાહું છું વાહીએ છીએ; વાહે છે; વાહો છો; વાઓ,–ઓ,–ઈ,–ઊં,–ઓ; વાહીશ; વાહીશું; વાહશે; વાહશો; વહાત; વહાતો,–તી,–તું; વાહનાર; વાહવાનો; વાહેલો,–લી,–લું; વાહ; વાહજે; વાહવું. વાહવા (–રા) વવું; વહાવું, વહાવ એ રૂપો શક્ય અને વ્યાકરણદૃષ્ટિએ પ્રમાણિક લાગે છે, પણ આવા પ્રયોગો પ્રચલિત નથી.–વાહ–

આમ પ્રમાણે. સભા(–રા)સ્પદું; સભાવું; સભાવ. મોહ:–મોહું પું; મોહીએ છીએ; મોહે છે; મોહો છો; મોહો–હા,–હી,–મોહું,–હાં; મોહાય; મોહાયું; મોહશે; મોહહો, મોહત; મોહતો,–તી,–તું; મોહનાર; મોહવાનો; મોહેલો,–લી,–લું; મોહ, મોહજે; મોહવું. મોહડા(–રા)સ્પદું; મોહાવું. મોહાય. હોહ:–હોહું પું; હોહીએ છીએ; હુહે છે; હુહો છો; હોહો,–હા,–હી,–હું,–હાં; હોહીય; હોહીયું; હોહશે; હોહહો; હોહત; હોહતો,–તી,–તું; હોહનાર; હોહવાનો અથવા હોવાનો; હોહેલા,–લી,–લું; હોહ; હોહજે; હોહવું. હોવડા(–રા)સ્પદું; હોવાય; હોવાયું. હોહ:–હોહું પું; હોહીએ છીએ; હુહે છે; હુહો છો; હોહો,–હી,–હું,–હા,–હા; હોહાય; હોહાયું; હોહશે; હોહહો; હુહત અથવા હોહત; હોહતો,–તી,–તું; હોહનાર; હોહવાનો અથવા હોવાનો. હોહેલો,–લી,–લું; હોહ; હોહજે. હોવડા(–રા)સ્પદું; હોવાવું; હોવાય; દોણી. હોહ:–ઓહ પ્રમાણે. હોવડા(–રા)સ્પદું; હોવાવું; હોવાય; હોહપણ, હોહવાપણું; હોહવાટ. ઓહ.–ઓહ પ્રમાણે. (૧૧) કેટલાક હ ને બદલે હ અને હ ઘણા પડીને બોલે છે. જેમકે, હ્રાવવું, વ્હાવવું. તેમ ન બોલતાં હ્રાહ, વ્હહ, હ્રી, ટ્રહ, બ્રહાર, હ્રવું એમ બોલવું. પરંતુ હ્રહવું, ટ્રહમ ન બોલતાં હ્રાવું, ટ્રાવમ એમ બોલવું. ચ્રાવું, ચ્રહવું બંને માન્ય ગણ્યાં. (૧૨) કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં મધ્યુતિ થાય છે. ઉદા. ભ્લાસ, બ્રાબ્ય, બ્રાબ્ય, ભ્યો, ભો, ચોરે. પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી. ભ્લાત, બ્રાબ્ય, બ્રાબ, ભો, ભે એમ જ લખવું. તદ્ભવ શબ્દો: (૧૩) અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું. ઉદા. ચોખ્ખું, મિઠ્ઠો, પત્થર, બચ્ચો, આખ્ખો, મુખ્ખાં, સક્કાર. પણ ચ્ર તથા જ્ના યોગ હોય તો બેવ લખવું, જ્ઞ નહિ. ઉદા. અગ્ગેર, પચ્ચમ, અગ્ગ્રુ. (૧૪) કેટલાક શબ્દોમાં (ઉદા. પારણું, બારણું, શેરડી, દોરડું, બાજરી, દળણું, ચારણી, રોબડી) ૨, ડ, ળ, ને બદલે ન ઉચ્ચાર થાય છે; ત્યાં મૂળ રૂપ જ લખવું. (૧૫) અનાદિ ડના ઉચ્ચારની બાબતમાં કેટલાક શબ્દોમાં પ્રાંતિક ઉચ્ચારભેદ છે. ઉદા, ડોસી–ળોસી; બાડી–બાસી; ભેંસ–ભેંસ; ઘાસ–ઘાસ; બારણ–બારણ; એસી–એસી. આવા શબ્દોમાં ણ અને સનો વિકલ્પ રાખવો. (૧૬) ણ, ળ, શું બંને રૂપ ણ રાખવો; પણ સાકરમાં સ લખવો. (૧૭) વિશે અને વિષે એ બંને રૂપો ચાલે. (૧૮) તદ્ભવ શબ્દો બોલ ઈ તથા ઉ, સાનુસ્વાર કે નિરનુસ્વાર, જે અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા. બી; ધુંવ; શૂંવ; વૂંવ; ખણી; બીજી; બહીં; ઢહી; પિયુ; બાહુ; ભુરુ. નોંધ–સામાન્ય રીતે ગુજરાતીમાં કે અથવા રૂ લખવાનો રિવાજ નથી, ફ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ કે લખવાનું હોય ત્યાં ર અથવા રૂ લખવું. ઉદા. છોકરું–છોકરૂં; ઊંટ–ઉંટ. અપવાદ–એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા. ભૂ; ધૂ; પૂ; ભૂ; ઉ (૧૯) અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. ઉદા. ઉંડું; હીંડાડ; ચૂલ્લવા; સીંચણિયું, પીંછું; ઘૂંટ; પૂંછડું; ઘરસંસાર; મીંચામણું. અપવાદ–કુવારું, કુંભાર, કુવર, કુંવરી, સુવાળું. (૨૦) શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યાં આગલા સ્વરને ખડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવો. અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય ત્યાં યુક્તાક્ષર ગણવો. ઉદા. કિસ્તી; કિસ્ત; કુકર; ચુસ્તો; ચુસ્ત, ઉતરડિયું; જિદ્દી; જિગોડી; દુસ્તી; દુદ; દુંદાર્ય. નોંધ–સામાન્ય રીતે ગુજરાતીમાં જિ લખવાનો રિવાજ નથી. જી જ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ જિ લખવાનું હોય ત્યાં જિ લખવું. ઉદા. જિદ્દી; જિતાડવુ, જિવાડવું. (૨૧) જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમકે, ઉદરું, ઉદર) તેવા જે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવા. ઉદા. ચૂક, ચૂર્ણ; વૂત; ચૂલો; ઝીણું; ઝીનો. અપવાદ–મુખી, દુખ, ભુડ, ભુખો. નોંધ–મુમવુ, ભુલવુ, મિચાવું એવાં કર્મણિરૂપોમાં હ્રસ્વ થાય છે. ભુખો નિયમ ૨૪મો. (૨૨) જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમકે, ઉપર; ચુમલા; કુરવું; મુજ, અંગુર) તેવા જોયો વધારે અક્ષરના શબ્દોમાં ઇ કે ઉ પછી સંયુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં અને યુક્ત અક્ષર આવે તો તે હ્રસ્વ લખવાં. ઉદા. ખુરાલ; નીકળ; મૂલક; વિમાસ; મજૂર; જેતૂત; દુકાળ; સુતાર; તાડુક; કિનારો; ભુલવા; મિચામણ; તાડુપાર. અપવાદ ૧–વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા. ગરીબ–ગરીબાઈ; વકીલ–વકીલાત; ચીકણું–ચીકણાઈ, ચીકાસ; મીઠું–મીઠાશ, મીઠાપ; ભૂરું–ભૂરાશ; પીળુ પીળાશ; ઝીણું–ઝીણવટ. નોંધ–વેપી-વેપિત્વ; અભિમાની–અભિમાનિત્વ એવા શબ્દો તત્સમ સંસ્કૃત હોઈ કોઠાર કરવામાં આવે છે. અપવાદ ૨–કેટલાક શબ્દો જોતાં ઉપાન્ત્ય અક્ષર ઉપર ભાર આવે છે ત્યાં ઇ કે ઉ જે હોય તે દીર્ઘ લખવા. ઉદા. મોટીલો; ઢાગીનો; અગડૂસો; દંતૂડી વગેરે. નોંધ–જેમાં આ જાતનો ભાર નથી આવતો એવા શબ્દો: ટહુકો; દહીડી; મહુડું. (૨૩) ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં અન્ત્ય ઇ કે ઉ હ્રસ્વ લખવા. ઉદા. મિજબાસ; હિમાલાય; કિર્લોસ્કાર; ખિસકોલી; ટિપણિયો; ટિટિયારો; ટિચકારી. વિકલ્પ–ગુજરાત–ગૂજરાત. નોંધ ૧–આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા. ભૂમધ્યપ; ભોજ્યવર; હીચકમાઉ; પ્રાણીવિદ્યા; સ્વામીદ્રોહ, મીઠાબોલું. નોંધ ૨–કુલાકુલ; ખૂમાખૂમ; ખુશખુશામણી જેવા દ્વિર્ભાવથી બનતા શબ્દોમાં દ્વિર્ભાવ પામતા પદની જોડણી જ કાયમ રાખવી. (૨૪) પ્રાથમિક શબ્દો પરથી બનતા શબ્દોમા તથા ધાતુના પેરક અને કર્મણિ પ્રયોગના રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતા ઉપર ક્રમ ૨૧, ૨૨, ૨૩, ૨૪ પ્રમાણે જોડણી કરવી. ઉદા. ભુલ–ભુલ ભર્યું, શીખ શિખાઉ, શિખામણ, નીકળ–નિકાલ; ઊડ–ઉડાવુ, ઉડાડ, ઉડામણ, મૂક–મુકાણ, મુકાવું, મુકાવવુ; ચૂષવુ, ચૂષાવું, ચૂષાવવું; ચિમલાણ, ચિમલાવું, ચિમલાવવું. નોંધ–ધાતુના અક્ષરો ગણવામાં તેનું સામાન્ય કૃદંતનું રૂપ નહિ, પણ મૂળ રૂપ લેવુ. જેમકે, ઉખલ(વુ) મૂલવ(વું); ઉખલાવ(વુ); તડુમ(વુ); તડુમાવ(વુ); તડુમા(વુ). અપવાદ ૧–કર્મણિ રૂપોને નિયમ ૨૧માં અપવાદ મણી હ્રસ્વ કરવાં. જેમકે, મિચા(વુ); મુકા(વુ); ભુલા(વુ). અપવાદ ૨–ક્રિયાપદનાં કૃદંતરૂપોમાં મૂળ જોડણી જ કાયમ રાખવી. જેમકે, ભુલનાર; ભૂલેલું; ભુલાવનાર; ભુલાયેલુ. મૂકનાર; મૂકેલું; મુકાયેલું; મુકાવનાર; મુકાવડાવલું. (૨૫) શબ્દના બંધારણમાં ઈ પછી સ્વર આવતો હોય તો તે ઈ ને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું. ઉદા. હરિયો, કડિયો; રેંટિયો; પોતિયું; મળિયુ; કઠિયાવાડ; ખિચર; બંદિયર. દિવર; સંદિયર, પિયુ. અપવાદ–પીપો; તથા ભુલો પહીનો નિયમ. વિકલ્પ–પિયળ–પીપળ. (૨૬) વિભક્તિ કે વચનના પ્રત્યય લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા. નદી–નદીઓ, નદીમાં ૫૦ ઓ ઓજો, ઓને ૫૦ ખૂબી ખૂબીઓ. ભારીબારણાં. (૨૭) ક. કરીએ, છીએ, બાઈએ, પોષીએ, રહીએ, જોઈએ, દોષીએ, મારીએ, એવાં ક્રિયાપદનાં રૂપો બતલાવ્યા પ્રમાણે લખવાં. પણ ચમેલું, ચમેલું સમજવામેલું, એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં. ક. ભુલો, ખુલો નહિ પણ ભુલ્યો, ખુલ્યો લખવું. તેમ જ ખોલવું, ખોલું, એવાં ઓકારાંત ધાતુઓમાં ખુલ્યો,

કરવો સમજવું. અને બુઝે છે, બુઝે છે, બુઝે છે, કરે છે, બોયેલું, બોલું, બોયેલું, બોતું, બોયેલું, બોતું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ સમજવાં. સ. સ્રવું, પીવું જેવાં ક્રિયાપદોમાં સ્રવે છે, સ્રવ્યો, સ્રવું, સ્રવેલ, સ્રનાર, અને પીએ છે, પીધો, પીતું, પીધેલ, પીનાર એ પ્રમાણે સમજવું (૨૮) પૈસો, ચાંદુ, પૈનું, ગ્રંથો એમ સમજવું. પણ પાઈ, પાઉંડ, ઊંડર્ડ, સર્ડ એવા શબ્દો દર્શાવ્યા પ્રમાણે સમજવા. (૨૯) સજા, જિંદગી, સમજ એમાં જ; તથા ઓજારું, ઓજારમાં ર અને સાંજ–જ, મજા–જા એમ સમજવું. (૩૦) આમલી–આંબલી, બીમડો–બીંબડો, તૂમડું–તૂંબડું, ડમણી–ડાંબણી, ડામવું–ડાંબવું, પૂમડું–પૂંબડું, ચાંલ્લો–ચાંદલો સાલ્લો–સાડલો એ બંને રૂપો ચાલે. (૩૧) કહેવડાવવું કવેરાવવું, બચડાવવું–બચરાવવું, ઊડાડવું–ઊરાડવું, બેસાડવું–બેસારવું જેવાં પ્રેરક રૂપોમાં ડ અને ર નો વિકલ્પ રાખવો. (૩૨) કવિતામાં નિયમાનુસાર જોડણી વાપરી હ્રસ્વ દીર્ઘ અનાવનારાં ચિહ્નો વાપરવાં. (૩૩) જે શબ્દોની જોડણી કે ઉચ્ચારને વિષે ઐકમત્ય ચાલતી હોય તે શબ્દોની, ઉપરના કોઈ નિયમો અનુસાર જુદી જોડણી થતી હોય છતાં પ્રચલિત જોડણી કાયમ રાખવી ઉદા. મુજ; તુજ; દુકડો; દુચકો; મુજબ; પૂજારી. મુદત; કુમળું; કુસકો; ચુરકો; કુલડી.

૨. સ્ત્રી. જોડવું તે; જોડવાની ગોઠવવાની અને મેળવવાની રીત; કોઈ પણ ચીજને ઓકબીજની સાથે બંધબેસતી કરવી તે; જોડકામ; જોડવાનું કામ કે રીત.

જોડણીકાર (જોડણીકાર) પું. શુદ્ધ જોડણી લખવાનો હિમાયતી.

જોડણીકોશ (જોડણીકોશ) ૧. પું. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદે પોતાનો એક પ્રમાણભૂત કોશ. આ સંબંધે ક્રાલેલકર લખે છે કે: ગુજરાતી ભાષાની શુદ્ધિમાં રસ ધરાવનારા વિદ્વ તેમ જ વિદ્યમાન કોશોના અભિપ્રાયોનું સંક્ષન કરી અને ક્રાજની મર્યાદા તેમ જ આજકાલનું વલણ તપાસી જોડણીના નિયમો અમે ઘડી કાઢ્યા અને બારેક મુદતની અંદર ગુજરાતી ભાષાના તેમ જ જે ભાષામાં સ્થાન પામેલા સમજાય એવા શબ્દોનો કેવળ જોડણીકોશ પ્રગટ કરવા મુકેલો. એ વખતે નવજીવનમાં આપેલું કે, ઠીક ઠીક ગુજરાતી જાણનારા, બારક્ષરશુદ્ધ ગુજરાતી લખવાનો પ્રયત્ન કરનારની સમજમાં જે જોડણી ઊતરી તે ખરી ગણાય. આ બોરી નિયમને અનુસરીને કોશ તૈયાર થયો છે. અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ઓળી કરતાં આપણને શરમ લાગે છે, તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ. હવે પછી કોઈ ને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી. ગુજરાત વિદ્યાપીઠ આ જોડણીકોશની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં લખે છે કે, શબ્દભંડોળનું કામ આ વખતે ઠીક થયું જણાય. આ વેળાની આવૃત્તિમાં શબ્દસંખ્યા ૫૬,૮૩૦ થઈ છે, એટલે કે અગ્રે આવૃત્તિના ૪૬,૬૬૧ માં ૧૦,૧૬૯ શબ્દોનો વધારો થયેલ છે.

૨. જું જોડણીની શુદ્ધિ અર્થે રચેલો શબ્દકોશ.

જોડણીકોષ (જોડણીકોષ) જુઓ જોડણીકોશ.

જોડણીશુદ્ધ (જોડણીશુદ્ધ) વિ. શુદ્ધ જોડણીવાળું.

જોડતી (જોડતી) સ્ત્રી. ચણતરી; કૂવા સરવાનો.

જોડતોડ (જોડતોડ) સ્ત્રી. ગોઠવણ; યુક્તિ; રચના.

જોડદાર (જોડદાર) ૧. વિ. જોડ વાળી શકાય એવું

૨. વિ મિશ્રિત; જોડેલું.

જોડધંધો (જોડધંધો) પું. જોડ પૂરા સારૂ ગાટ સંબંધ ધરાવનો બીજો ધંધો.

જોડન (જોડન) ૧. પું. સાંધો; જોડાણ.

૨. ન. જોડવું તે.

જોડપત્ર (જોડપત્ર) પું. પ્રતિપત્રિકા; સાથે જોડેલો પત્ર; 'કૂપન'.

જોડબાળક (જોડબાળક) ન. જોડકું, જોડી સાથે જન્મેલાં બે બાળક.

જોડલા (જોડલા) વિ. બાર; ૧૨. બેબારીઓ, દલાલો વગેરે સંકેત કે સંજ્ઞામાં આ શબ્દનો બારની સંખ્યા માટે ઉપયોગ કરે છે.

જોડલી (જોડલી) જુઓ જોડી.

જોડલું (જોડલું) જુઓ જોડું.

જોડવટ (જોડવટ) સ્ત્રી. જોડાયેલું હોવું તે.

જોડવું (જોડવું) ૧. ન. જોડું; યુગ્મ; જોડ.

૨. ન. પગની આંગળીએ પહેરવાનો જોડો કરવો.

૩. વિ. નક્કામું; અયોગ્ય.

૪. સ. ક્રિ. કામને ચાલુ કરવું; ગતિમાં મૂકવું. શરૂ કરવું; કરવા માંડવું; ચલાવવું.

૫. સ. ક્રિ. કોઈની ઉપર આળ ચડાવવાનું બનાવું સોંપવું.

૬. સ. ક્રિ. નવી બાબત જોડી કાઢવી.

જોડી કાઢવું = કલ્પનાથી બનાવવું; નવું કરવું; રચવું; બનાવટી ઊભું કરવું.

૭. [સં. યુજ્] સ. ક્રિ. બે જુદી જુદી વસ્તુઓનો જોડીબંધી સારૂ સંબંધ કરાવવો; જોડની સાથે બીજાને લગાડવું; અનુસંધાન કરવું; સાંધવું; જોબજું; આંધવું; જોડું કરવું; મેળવવું; ઓકકું કરવું; ભેગાડવું, વળગાડવું

૮. સ ક્રિ. બે હાથના પંજા જોડકા કરવા; નમસ્કાર કરવા; નમન કરવું.

૧. હાથ જોડવા = (૧) આજ્ઞા કરવી. (૨) કરગરી જવું. (૩) પગે લાગવું. (૪) બે હથેળીઓ મેળવવી. (૫) માફ કરવાની વિનતિ કરવી.

૨. હાથ જોડીને ઊભા રહેવું = કોઈ પણ ઉદ્યમ કરવો નહિ પણ બેઠાં બેઠાં લેવા કરવું.

૯. સ ક્રિ. ભરી આપવું; સામાને જે ખોટ હોય તે કે પૂરું પૂરું કરી આપવું; ખોટ ખાવી; પોતાના નુકસાનમાં ઊતરવું.

૧૦. સ ક્રિ. રચના કરવી; ગોઠવવું; અક્ષરોને શબ્દમાં અને શબ્દને પદમાં કે વાક્યમાં ગોઠવવા; કાલ્પનિક વિચારોની ચૂંથણી કરવી; બનાવવું.

૧૧. સ. ક્રિ. સંગ્રહ કરવો; ભરવાવું; ચણવું; એકત્ર કરવું

૧૨. સ. ક્રિ. સંબંધ કરવો.

૧૩. સ ક્રિ. સ્નેહ બાંધવો; સંમતિ કે સાથ કરવો; દોસ્તી બાંધવી.

જોડસમીકરણ (જોડસમીકરણ) સ. (ગણિત) બે અથવા વધારે અજ્ઞાતવાળાં, એક સાથે જ જોડવાનાં બે અથવા વધારે સમીકરણ.

જોડા (જોડા) ૧. પું. ઉઘાણી.

૨. પું. કપડાંની જોડી.

૩. પું. કોમિયો.

૪. પું. જોટો; જોડ; યુગ્મ.

જોડાની ક્રિયા = પરસ્પેર જોડાયેલી બે અક્ષર પછી હરકોઈ જોડ બરી જતાં તેના મરાઠીથી ઊલટ નિયમ મુજબ કરવામાં આવતી ક્રિયા.

૫. પું. સાથો.

૬. [સ. જોરાજ] પું. ઘ. ઢ. પગનું તળિયું અને પાટલી ઢંકાય એવી પગે પહેરવાની બનાવટ; ખાસડાં; પગરખું; જૂતિયાં; પુરુષને બે પગે પહેરાય એવો અડાબીડો પાદ. આ સંબંધે જે. સી. કુમારપ્પા લખે છે કે: કોઈ માણસને જોડા જોઈતા હોય તો તે જોડા તેના પગને બેસતા આવે એવા બનાવવા જોઈએ. એમાં તેના પગનો વિશિષ્ટ આકાર બનવા તેમાં કોઈ વિકૃતિ હોય તો તેના ઉપર પણ લક્ષ આપવું જોઈએ. આમ અમુક માણસને માટે તેના પગમાં બરાબર બેસતા આવે એવા જોડા બનાવવા એ કામ કઠિન છે, પણ કારખાનામાં જોડી સારૂ હજારબંધ જોડા બનતા હોવા છતાં

પ્રત્યેક વ્યક્તિના પગને બરાબર જોસતા આવે તે જણતરીથી બનતા નથી એ જોનાં તે સંપૂર્ણપણે સાંભોપ કોઈ શકાય નહિ.

૧. જોખા ખાવ–પડવા–મળવા = કોઈ પણ કામ કરવા જતાં નિષ્ફળતા સામે કપડો આવો; ધાર્યા ખાવા; નુકસાન, ખોટ કે હાનિ જોગવવી; કામ થાય નહિ અને સામો કપડો મળવો.

૨. જોખા બસવા–કાઢવા= (૧) ખુશામત કરવી. (૨) જોખા બસાવ તેમ કરવું; જેની જરૂર હોય, જેની પાસેથી કંઈ અર્થ સિદ્ધ કરવો હોય તેને સાં વારંવાર જવું. (૩) વારંવાર ઊભરાણી કરવી.

૩. જોખા મારવા = (૧) સામા માણસને તેના ગુણને બદલે દોષ દેવો. (૨) હારેલાને જેરબાજ થયો હોય તે બતાવી પશ્ચાત્તાપ થાય તેમ મહેણાં કે ટોણાને રૂપે કપડો દેવો; બંનમાં ગમ્મત કાટકણી કાઢવી.

જોખાઈ (જોખાઈ) ૧. સ્ત્રી. જોડવાની કીમત.

૨. સ્ત્રી. જોડવાનો ધંધો.

જોખાકરી (જોખાકરી) સ્ત્રી. પગરખાં કાઢવા તે; કોઈને ત્યાં કામ માટે વારંવાર જવું તે.

જોખાજોર (જોખાજોર) [સં. યુક્તાક્ષર] પું. બે અથવા વધારે અક્ષરનું જોડાક્ષર કરેલું હોય તે બતાવનારું ચિહ્ન; બે અથવા વધારે અક્ષરો જોડાવાથી બનેલો જોડ સંયુક્ત અક્ષર; યુક્તાક્ષર.

જોખાજોખ (જોખાજોખ) અ. જોડીબીજાની પાસે; સામે સામે; જોડાયેલાં હોય તેમ પાસે પાસે, અડોઅડ.

જોખાણ (જોખાણ) ૧. ન. જોડીદાર સાથે જોડાઈ જવું તે.

૨. ન. સાંધો; સંધાન.

જોખાપટ્ટી (જોખાપટ્ટી) સ્ત્રી. જોડ બનાવવાની મહેનત.

જોખામણ (જોખામણ) ૧. ન. જોડવાની મજૂરી; જોડવાનું મહેનતાણું.

૨. ન. જોડવાનું કામ.

૩. ન. સાજ અને સાધા મેળવીને જોડાઈ વસ્તુ તૈયાર કરવી તે.

જોખામણી (જોખામણી) જુઓ જોડામણ.

જોખાવવું (જોખાવવું) સ. ક્રિ. જોડાવ તેમ કરાવવું.

જોખાવું (જોખાવું) અ. ક્રિ. જોડે જોડ થવું.

જોખિયણ (જોખિયણ) ૧. વિ. સ્ત્રી. જોડે રહેનારી; સાથી.

૨. વિ. સ્ત્રી. ભાગીદાર; જોડીમાં હોય એવી.

જોખિયું (જોખિયું) ૧. ન. બે સરખું જોડસરખી સમવડવાળા સ્વભાવમાં રહેતા હોય તેવું મકાન.

૨. ન. જૂતું; પગરખું.

૩. ન. ચાકળ ન થયું હોય તેવું ખેતર.

૪. વિ. જોડાયેલું.

૫. વિ. બેની જોડમાંનું એક.

૬. વિ. સાથે આવતરેલું.

૭. વિ. સાથેનું; સાથે કામ કરનાર; સાથે રહેનારું.

જોખિયો (જોખિયો) ૧. પું. કોઈ પણ કામમાં પોતાની સાથે રહીને પોતાના જેવું જ કામ કરનારો સાથી, બરાબરિયો; જોડસરખી જોડીનો માણસ.

૨. પું. ભાગિયો; સાથે કામ કરનાર પુરુષ

૩. પું. સહચર; મિત્ર; દોસ્તદાર.

૪ પું. સહાધ્યાયી; સાથે અભ્યાસ કરનાર માણસ.

જોડી (જોડી) ૧. સ્ત્રી. બેદીસાથે પહેરવાનાં બધાં કપડાં.

૨. સ્ત્રી. ગાડીએ જોડેલા સરખા બે ઘોડા અથવા બળદ.

૩. સ્ત્રી. કંપની; ધણીધણિયાણી.
જોડી હાકવી = બે જણે રાખવી.

૪. સ્ત્રી. દોસ્તી; મિત્રાચારી.

૫. સ્ત્રી. નાનું તળાવ.

૬. સ્ત્રી નાનો જોડો; છોકરાંની બાસડી; નાનાં છોકરાંને પગે પહેરવાનું પગરખું.

૭ સ્ત્રી. પ્રાપ્તિ; કાયદો; નફો; લાભ.

૮. સ્ત્રી. બે ઘોડા અથવા બે બળદ જોડેલી ગાડી; બેતરી.

૯. સ્ત્રી. બેનો સમવાય; બે સરખી વસ્તુઓની જોડ; જોટો; યુગલ.

૧૦. સ્ત્રી. મલ્લવિદ્યામાં કસરતની જોડ રીત. તેના બધા પ્રકાર છે: ઝોળ, બગલ, કુહરી, કમાઈ, સોરો, રૂમાલી, ભાતીકુદાવ, ફેરન વગેરે.

૧૧. સ્ત્રી. સિતારમાં સાથે સાથે આવેલા બે તાર.

જોડી કાઢવું (જોડી કાઢવું) ૧. સ. ક્રિ. નવી બનાવટ કરવી; રચવું; ઘોડવું; બનાવવું; કવિતા, વાત વગેરે કલ્પનાથી નવાં કરવાં.

૨. સ. ક્રિ. બનાવટી કરવું; ખોટું ઊભું કરવું; તરકટ કરવું.

જોડીદાર (જોડીદાર) ૧. પું. બધુકનાં જેવું જ કામ કરી બધે એવો સાથીદાર, હોશિયારી અને આવડત જેનામાં હોય એવો બરોબરિયો.

૨. પું. મિત્ર; દોસ્તદાર; સાથી; દોસ્તી.
જોડીદારને જેવો = સામાવાળાને પોતાની તરફ ખેંચવાની જોડ બનતી રમત. રમનાર બાળકોના બે હાથ પકડવા અને જોડ લીટી દોરી તેની બંને બાજુએ બે બે સામસામે પીઠની સાથે પીઠ લગાવીને, હાથમાં હાથ જોડીને ઊભા રાખવા. સિસોટી વાગતાં દરેક પોતાના જોડીદારને પોતાની તરફ એટલે લાંટીથી પોતા તરફ ખેંચવા પ્રયત્ન કરે. ઠરેલા વખતમાં જે પક્ષ સામેના પક્ષના વિશેષ જોડીદારને ખેંચી લે તે જીતો જણાય.

૩. પું. સહાધ્યાયી; સાથે અભ્યાસ કરનાર માણસ

૪ પું. સાથે કામ કરનાર ભાગિયો

જોડીદાર પદ્ધતિ (જોડીદાર પદ્ધતિ) સ્ત્રી. શિક્ષણ આપવાની એ નામની જોડ રીત; 'પાર્ટનરશિપ મેથડ.' વ્યક્તિગત શિક્ષણ માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે તેનો હેતુ વિદ્યાર્થીઓને પોતાની મેળે પોતાનું શિક્ષણ લેતા કરવાનો છે, એટલે કે તેથી વિદ્યાર્થી પોતે જ પોતાનો અને બીજાનો પણ ગુરુ થઈ રહે છે. વર્ગના વિદ્યાર્થીઓની અડધી કુદરતી ઘટી તે જોડબીજાને શીખવે અને જરૂર પડે તેમ શિક્ષકની મારફત ઘટી મનઝમતા વિષયની હદ સુધી શિક્ષણ લે. આ જોડીદારમાનો જોડાઓ બીજાથી સહેજ ચડતો હોવો જોઈએ. આ જોડીદાર જોડબીજાના શિક્ષકો ઘટી જાય છે, તેથી દરેક વિદ્યાર્થીને એમ લાગે છે કે હું પણ જાણું છું ને બીજાને શીખવી શકું છું. આ રીતે આખા વર્ગમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે

જોડું (જોડું) ૧. ન. કામકાજ કરવાને તેમ જ જોડબીજાને સહાય થવાને બંધાયેલી બે જણની ટોળી; બે જણનું મંડળ; જોડબીજાને સહાયકારક, સરખા સ્વભાવ, ગુણ, રૂપ અને આકારના બે જીવ; દંપતી; જુગલ; જોડ.

૨. ન. ખાસડું.

૩. ન. વરકન્યાની જોડી, નરમાદાની જોડ; દંપતી; સ્ત્રીપુરુષનું જોડું.

૧. જોડું જમાડવું = જાનવરને સાથે જમાડવાં; દંપતીની જોડ જમાડવી.

૨. સાજોડું = વરવહુ; સ્ત્રીપુરુષનું સાથે સાથે હોવું તે.

૪. ન. સાથે જ-જેવાં બે છોકરાં; જોડ જ વખતે અવતરેલ બે જીવ; જોડલું.

જોડે (જોડે) ૧. અ. જોડીને; જોડાથી.

૨. અ. પાસે; નજીક; સમીપ.

૩. અ. સાથે; સંગે; જોડમાં.

જોડો (જોડો) ૧. પું. જોડમાંનું જોડ; સરખા રૂપ, ગુણ, સ્વભાવ, ચરિત્રનું બે જણનું જોડ.

૨. કું. પગે પહેરવાની ચામડાની બનાવટ; પગરખું; જૂતિયું.
૧. જોકના જોડા બીજાના પગમાં = મોટાળો.
૨. જોડા ખાવા-જડવા-પડવા = (૧) બતા ખાવા; ઠોકરો ખાવી; નુકસાન, ખોટ કે હાનિ જોગવવી. (૨) જોડાનો માર ખાવો. (૩) કપડે મળવો. (૪) તિરસ્કૃત થવું.
૩. જોડા પલવા-ફાડવા = બારેક્ષ્ણ કામ પાર પાડવા ખુશામત ખાતર કોઈને ત્યાં ફોગટ ફેરા મારવા; ધક્કા ખાવા.
૪. જોડા ચાટવા = ખુશામત કરવી.
૫. જોડા દેવા-મારવા = સખત કપડો આપવો.
૬. જોડો ઉપાડવો = (૧) કોઈને મારવા માટે જોડો હાથમાં લેવો; જોડા મારવા તૈયાર થવું. (૨) ખુશામત કરવી. (૩) દાસત્વ કરવું.
૭. તમારો જોડો ને મારું માથું = તાબે થવાની તૈયારી; કહે તે પ્રમાણે કરવું તે.

૩. કું. બરાબરિયો; જોટો; જોટા જેવો સરખો હોય તે.

૪. કું. હાથીને શણગારતી વખતે ચામડામા બાંધીને બંને પડખે લટકાવવામાં આવતા ઠોકરા માંહેનો દરેક.

જોડો [હિં.] કું. જોખ.

જોડ્ય (જોડ્ય) જુઓ જોડ.

જોડ્યા જોડ્ય (જોડ્ય જોડ) કું. લગ્નને પ્રસંગે સ્ત્રીઓ ગાય છે તે ખાસ બનાવેલાં લટકામય ગીત; જોડામણાં.

જોણ ૧. ન. આગલા પાછલા સંબોધોની તપાસ; નજર; અવલોકન.
૨. ન. કોઈનું અનુકરણ કરવું તે.
૩. ન. જોવાની ક્રિયા.
૪. ન. જ્યોતિષ.
૫. ન. ભવિષ્ય.
૬. ન. ખૂન, પથીત વગેરે બનાવનો નિર્ણય કરવા જૂવા વગેરે પાસે રાખ્ય જોવરાવવાની ક્રિયા.

જોણું ૧. ન. જોવુ તે; નજર.
૨. ન. દરજ; દેખાવ.

જોણી સ્ત્રી. અઢારની લોકોનાં રેવરીઓની નીચે પાથરવાનું કપડું

જોણું ૧. ન. જાણ; કન્યાને લગ્ન વખતે આપવાનાં કપડા વગેરે.
૨. ન. જોવાનું તે; દરજ; જોવા જેવું કંઈ છે.
૩. ન. જોવુ તે; જોવાની ક્રિયા.
મોં જોણું = (૧) જોવાનું જોર; ચોકસું. સંતાન માટે વપરાય છે. (૨) વહુનું મોં જોઈને સાસુએ તેને કંઈ ભેટ વગેરે આપવી તે; વહુનું મુખ જોવાની એક જાડી સંસારી રીત.
૪. ન. કજોડી; તમાસો.
૫. ન. ચાલાન કરતાં વરકન્યાને એકબીજાનાં સગાએ તેઓ કંઈ ખોડખાંપણવાળાં છે કે નહિ તે તપાસવાને તેઓનાં મોં જોવાનો રિવાજ.

જોત ૧. [સં. જ્યોતિ] સ્ત્રી. અગ્નિની જવાળારૂપી શિખા; બત્તી તેજદાર શિખા; અગ્નિનો કે તેજનો ઝબકારાટ મારતો ભાગ; દીવાની શિખા.
૨. સ્ત્રી. અદલેકિયા ભાવાને બાવડે બાંધવાનું દોરડું કે રૂમાલ.
૩. સ્ત્રી. આંખનો પ્રકારો
૪ સ્ત્રી ચિરંજુ.
૫. સ્ત્રી. ચળકાટ; ઝગઝગાટ; પ્રતિ.
૬. સ્ત્રી. જે ભરત પ્રમાણે કોઈ માણસ અથવા માણસનો સમૂહ કોઈ જમીન અથવા બીજી મિલકત ઉપર હક રાખે અથવા જેનો ઉપભોગ કરે તે હક
૭. સ્ત્રી. જે આંખે બંને પાપણોનો લટકાવવામાં આવે તે રોગ
૮. સ્ત્રી. જોવાની શક્તિ.
૯. સ્ત્રી. તેજ; દ્યુતિ; પ્રકાશ; ઉજાસ; રોશની.
બત્તી જોત = (૧) જોતની માફક પ્રકાશિત. (૨) તરત પારખું દેખાડે એવું ચમત્કારિક.
૧૦. સ્ત્રી. બળતી ચટ; સળગેલો કાકડો.
૧૧. ન. જમીન આકું; વિઘોટી.
૧૨. ન. જોતર; જોતરું.
૧૩. ન. બળદને જોતરું બાંધવા માટેનો ગરદનની આસપાસનો પટ્ટો
૧૪. ન. વહાણનો ભાગ.

જોતકી કું. જ્યોતિષી; જોશી; ભવિષ્ય કહેનાર માણસ.

જોતજમા સ્ત્રી. જોડેથી જમીન અને તેને માટે જોડૂતથી ભરાતો કર.

જોતજોતામાં અ. ક્ષણમાં; પલક વારમાં; પળમાં; ઘડીક વારમાં.

જોતજોતાં અ. ક્ષણમાં; પલક વારમાં.

જોતર [સં. યુગ્ (જોડવું)] ન. બળ કે ગાડાંની પૂંસરીએ જોડેલા બળદવરના ગળાની આસપાસ વીંટાઈ પૂંસરીની બે તરફ જોવા બે છેડા બંધાય છે એવો ગાડાનો, સાતરનો કે બળદના રેસાનો બનાવેલો પટ્ટો; ચાડા પૂંસરી સાથે બળદને જોડનારો પટ્ટો; જોતરું.
જોતર જોડવાં = બળદ જોડી નાખવા.

જોતરજૂટ જુઓ જોતરાજૂટ.

જોતરવું ૧. સ કિ. કોઈને કોઈ નવા કેદાળા ભરેલા કામમાં જોડવું. બાંધી વળગાડીને મરજી ન મરજીએ કામમા નાખવું; બંધનમાં નાખવું; રસ્તે પાડવું, વશે કરાવવું.
૨. સ. કિ. જોતરના પટાથી પશુને પૂંસરી સાથે જોડી દેવું; વળગાડવું. જોતરથી બળદ, પાડા કે ઘોડા વગેરે પશુને હળ કે વાહનના પૂંસરા સાથે જોડવું.
૩. સ. કિ. વાહનને ગાડુ કરવું.

જોતરાવા અ. બળદના જોતરની સંભાળના જેટલે અંતરે; જોતરવા.

જોતરાવું ૧. અ. કિ. જોડાવું; ગાડવું; જોતરેલી હાલતમા આવવુ
૨. અ. કિ. કરજમાં પડવું; ખૂંપવું; કામમાં નખાવું.
૩. અ. કિ. વાહન ગાડુ થવું.

જોતરિયો કું. કેદાળા ભરેલા કામમાં અનિચ્છાએ જોડાયેલો માણસ

જોતરી સ્ત્રી. ગોફણ; પાણો ફેંકવાનું અથવા મા કરવાનું સાધન.

જોતરું ૧. ન. કોદરા ભરવાનું માટીનું સાધન.
૨. ન. જોતર; પૂંસરીની સાથે બળદને જોડી રાખવાનો પટ્ટો.
૩. ન. મકાનની અંદરની દીવાલનો પાયા ઉપરનો અને આંઠ નીચેનો ભાગ.
૪. ન. લડાઈ; વળગાડ; ઝોળે.
૧. ગળે જોતરું પાલવું-વળગાડવું = (૧) કોઈ કામનો ભાર બળજોરીથી માથે લેવો; પંચાતમાં પડવુ. (૨) કોઈ નવાસવા બિનજવાબદારીવાળા કામમાં પહેલવહેલું નાખવું; વળગાડવુ. (૩) પરણવું. (૪) લડાઈ વળગાડવું; બીજા વળગાડવી; ઝોળે નાખવો.
૨. જોતરું કાઢવાં-તાણવાં = (૧) ખોળે પહેલો; ઉપાધિ વહોરવી; વેઠ કરવી. (૨) સંસારનો બોજો ઉઠાવવો. (૩) સેવા કરવી.
૩. જોતરે જોડાવું = (૧) બળવાન કેદાળા ભરેલા કામમાં ખૂંપાવું. (૨) જોખમના કામમાં પડવું; જેમાંથી બચાવ નહિ જેવા કામેકામ સાથે જોડાવું; ભારે જવાબદારીના કામમાં પડવું. (૩) બાવરિયા કામમાં ખૂંપાવું; સંસારની પૂંસરીમાં જોડાવું. (૪) સંમતિ દેવી.

જોતરેજૂપ ૧. કું. ઈશ્વર.
૨. કિ. પ્રકારમય; તેજોમય.

જોતા ૧. કું. જોડૂત.
૨. સ્ત્રી. જે ભાગ કરનારી દીવાલ.

જોતાકર કું. જોડૂત.

જોતાર જુઓ જોતા.

જોતાંજોતાંમાં અ. આંખ ઊઘડે અને મીંચાય એટલામાં; પળમાં; હજાર વારમાં; ક્ષણમાં; તત્કાળ.

જોતાંવારમાં જુઓ જોતાંજોતામાં.

જોતાંવાંત જુઓ જોતાંવેંત.

જોતાંવેંત અ. જોઈએ કે તુરત; જોતાંની વાર.

જોતિ જુઓ જોત.

જોતિક પું. જોશી; ભવિષ્ય કહેનાર માણસ

જોતિખ જુઓ જ્યોતિષ.

જોતિયો પું. ભેડુત.

જોતિર્લિંગ જુઓ જ્યોતિર્લિંગ.

જોતિવંત વિ. ચમકદાર; પ્રકાશિત; તેજવાળું.

જોતિશ પું. તાપણાના પાળાના ઊંડે ખાંટ વરણ સાથે બાંધવામાં આવતા ત્રિકોણાકાર દોરડાનો ટકડો.

જોતિષ જુઓ જ્યોતિષ.

જોતી ૧. પું. જોરને ખાદ કરનાર તેનો બહુનીચ ગોર; પુરોહિત.

૨. પું. જરથોસ્તી ધર્મની ખાકીનગાન નામની ક્રિયા કરાવનાર મુખ્ય ધર્મગુરુ; હોતી.

૩. સ્ત્રી. જોત; જ્યોતિ.

૪. સ્ત્રી. વાજવાની દોરી.

૫. સ્ત્રી. બળદને ગળે ઘોંસરા સાથે બાંધવામાં આવતું જોતર; જોતામ; રાશ.

જોતીબુમ સ્ત્રી. ભેડાક જમીન.

જોતું વિ. જોઈતું; જરૂરનું; ખપતું.

જોતેદાર પું. ભેડુત.

જોત્ય જુઓ જોત.

જોત્યા [મ.] પું. હળ હાંકનાર ભેડુત.

જોત્રી પું. બેરખા ઘોંસરા સાથેનો બળદ.

જોત્રુ ન. બળગાડાં; ગાપ.

જોત્સ્ના જુઓ જ્યોત્સ્ના.

જોધ ૧. [સં. યોધ] પું. યોદ્ધો; લડવૈયો; સૈનિક; સિપાઈ; યુદ્ધ કરનારો માણસ.

૨. પું. શારીરિક બળ, શક્તિ અને તાકાતવાળો માણસ.

જોધ જેવું = જરીરે મજબૂત.

જોધ્ધો જુઓ જોધ.

જોધ ૧. [સં. યોધ] પું. લડવૈયો; સૈનિક; સિપાઈ; લડવાની શક્તિવાળો માણસ.

૨. પું. શારીરિક બળ, શક્તિ અને તાકાતવાળો માણસ.

જુવાન જોધ = જુવાન અને શારીરિક તંદુરસ્તીથી હૃષ્ટપુષ્ટ અને મજબૂત બાંધાનું માણસ.

જોધન ન. લડાઈ; યુદ્ધ.

જોધપુર ન. મારવાડમાં આવેલું એક મોટું દેશી રાજ્ય અને તેનું પાટનગર. જોધપુરના રાજકર્તાઓ સૂર્યવંશી રાઠોડ રજપૂત છે. રાજ્યની ભૂમિ સપાટ અને રેતાળ છે, તથા વરસાદ પણ બહુ ઓછો આવે છે. આખા રાજ્યમાં માત્ર એક જ લૂણી નામે નદી છે. સંભર નામે ખારા સરોવર આગળ મીઠું પાકે છે. જોધપુર રાવ જોધાએ સને ૧૪૫૯માં વસાવેલું છે. શહેર પહાડની આજુમાં આવેલું હોઈ તેની આસપાસ મજબૂત કોટ કરેલો છે. શહેરમાં રાજમહેલ અને મંદિરો વગેરે જોવા લાયક છે. મંડોર નામે જૂનું રાજનગર શહેરની ઉત્તરે બેએક માઈલ ઉપર છે.

જોધપુરી મૂઠ સ્ત્રી. એક પ્રકારની તલવારની મૂઠ. ખોરાસાની તલવારનું પાનું બોઠું અને વાંકદાર હોવાથી તેના ઉપર જોધપુરી મૂઠ સારી દેખાય છે.

જોધબાઈ સ્ત્રી. જોધપુરના રાજા ઉદયસિંહની બહેન. જોધબાઈ સને ૧૫૬૯માં અકબર બાદશાહ સાથે પરણી હતી. તે અકબરને બહુ પ્રિય થઈ પડી હતી, એટલું જ નહિ પણ તેનો કુંવર શાહજાદો સલીમ અકબરની પછી જહાંગીર નામ ધારણ કરી દિલ્હીની ગાદીએ બેઠો હતો જોધબાઈ સને ૧૬૦૦ માં મરણ પામી.

જોધમલ ૧. પું. મજબૂત માણસ.

૨. પું. લડવૈયો; યોદ્ધો.

૩. સ્ત્રી. એ નામની વાણિયાની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

જોધરાજ [સં. યોધરાજ] પું. મોટો યોદ્ધો; લડવૈયો.

જોધાણી ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જોધાપણ ન. બહાદુરી; વીરતા.

જોધાર પું. યોદ્ધો; વીર; લડવૈયો; બહાદુરીથી લડનાર માણસ.

જોધારમલ ૧. પું. બળદો અને વછેરા માટે.

૨. પું. યોદ્ધો; લડવૈયો.

૩. વિ. મજબૂત; હૃષ્ટપુષ્ટ; બળવાન.

જોધા રાઠોડ પું. રજપૂતની એક પેટા જાતિ.

જોધિકા [સં. યોધિકા] સ્ત્રી. ચંદનબો.

જોધી [સ. યોધિન્] પું. યોદ્ધો; લડવૈયો.

જોન ફ્રાસ્પર લવેટર પું. એ નામનો સ્વિટઝર્લંડનો એક મહાન ભવલોકનકાર અને ધર્માભ્યાસ. તેનો જન્મ ઈ. સ. ૧૭૪૧માં ઝુરિચ ગામે થયો હતો. તે જ શહેરના મુખ્ય દેવળનો તે ધર્માધ્યક્ષ હતો. તે બહુ નીતિમાન, દયાળુ અને ઉચ્ચ ચારિત્રનો હતો. પ્રબળ આંતરપ્રેરણા અને અવલોકન શક્તિ વડે એણે મુખ લક્ષણ શાસ્ત્ર ઉપર જુદા જુદા નિબંધો લોખી પ્રસિદ્ધ કરેલ. ફોજિયોગ્નોમિ નામનો મોટો ગ્રંથ તેની બહુ પ્રખ્યાતિ મેળવી હતી તેનું મરણ ઈ. સ. ૧૮૦૧ના જાન્યુઆરિ માસની બીજી તારીખે થયું હતું.

જોન કુસનો પું. ફ્રાન્સેસના સાધુમંડળનો સ્થાપક; ધૂહરેવલિયાનો શાસ્ત્રી તે ઈ. સ. ૧૫૪૨માં જન્મ્યો અને સને ૧૫૯૧માં સ્વર્ગસ્થ થયો હતો. નાનપણમાં તેણે ઘણાં દુઃખ વેઠ્યાં. માતાનું મરણ પછી ફ્રાન્સિસ્કન મંડળીમાં દાખલ થયા બાદ તે હતો ત્યારે તેને સંત ફ્રેરેસ્સા મળ્યાં અને ફ્રાન્સેસની સાધુમંડળી સુધારા ઉપર લાવવાની સલાહ આપી. એ કામમાં તેને ઘણું દુઃખ પડ્યું અને ફ્રેન્સાનાર્સા પણ નમાયો હતો. તેની લાસ હજી બે કોલા વગરની રહી છે. તેના અવશેષથી ઘણા ચમત્કાર થાય છે. પરમેશ્વર સાથે સયુક્ત થઈ શકે તે પહેલાં આત્માએ સર્વ દુન્યવી વસ્તુથી મોકળા થવું જરૂરનું છે એવું તે શીખવે છે. સંત જોન પોતે સખત તપ આચરતો હતો, પણ સ્વભાવે અતિ દયાળુ હતો. આધ્યાત્મિક જીવનના પ્રેમીઓ એ બેબહનો પરિચય કર્યા વગર નહિ રહે.

જોન ક્રવીલ પું. એક જાતનો ભોડ. દક્ષિણ યુરપમાં તે ઊગે છે. એનાં કાંટા જેવાં ફળ હોય છે. તેના ઉપર ૨ થી ૬ પીળાં ફૂલ આવે છે. આ ફૂલમાંથી તરેહવાર સુગંધી મેવો બને છે.

જોન ડોરી સ્ત્રી. એક જાતની કરચલી માછલી. તે બ્રિટન, ભૂમધ્ય સમુદ્ર અને આટલાંટિક મહાસાગરમાં થાય છે

જોન ડ્રાઇડન પું. એ નામનો એક અંગ્રેજ કવિ તથા નાટકલેખક. તેના નાટકલેખનનું પ્રધાન વસ્તુ સમકાલીન યુગના નૈતિક અધઃપતનનું પ્રતિબિંબ પાડે છે. તેનું અતિ પ્રશસ્ત નાટક એલ ફોર લવ એટલે પ્રેમમય સૃષ્ટિ છે. સુંદર તેજસ્વી વિવેચન તથા પ્રખર પાંડિત્યપૂર્ણ અવલોકન માટે તેની શક્તિ ખૂબ ખ્યાત છે. અન્યપ્રદેશમાં બધ્ય યુગના સાહિત્યસ્વામીઓના તેજસ્વી વારસ તરીકે ડ્રાઇડન બહુ જ ઓછે અંશે ગણાયો છે. એના નાટકોમાં મિલ્ટન, કુલર અને શેક્સપિયર

જેવા કવિઓની કર્ણપ્રિય શાસ્ત્રભાષા પરંતુ જરા વધારે સંસ્કારપૂર્ણ વિવેચનપૂર્વક કાવ્ય કૃતિઓને બદલે યથોચિત મુગ્ધપ્રિય, સાહિત્યજ્ઞ અને અવહારૂ જ્ઞાનપૂર્ણ શૈલીના નિષ્ણાત ગદ્ય લેખક તરીકે મૂકીને કીર્તિ સંપાદન કરી છે. અંગ્રેજી સાહિત્ય ભાષામાં સમર્થ વિવેચક તરીકેનો પ્રથમ દીક્ષા તારલો એ કોઈ હોય તો તે કવિ કૂપરને હતો.

જૅન પીલ ન. એક જાતનું ધોતિયું.

જૅનપુરી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત દિવસના દસ ઘડીનો છે.

જૅનપુરી કાંડી પું. (સંગીત) એ નામનો એક રાગ. કાનરા ઘાટના સંપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ગાંધાર, મેવત અને નિષાદ કોમળ છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો આવે છે. આ રાગમાં બારીક ગાંધાર વર્જ્ય છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર રિષભ છે. દિવસે બીજા પહોરે તે ગવાય છે. આ રાગમાં કેટલેક સ્થળે આચારી અને દરબારી કાનરાનો ભાસ થાય છે.

જૅન બુલ પું. અંગ્રેજોને માટે વપરાતું એક સામાન્ય નામ.

જૅનરાજ પું. રાજતરંગિણીનો બીજો લેખક. તેણે સંવત ૧૨૦૦ પછીનું વર્ણન લખ્યું છે. તેનો આશ્રયદાતા પૃથ્વીરાજ જિલ્જ નામનો એક રાજા અને કિરાતાર્જુનીયની એક ટીકા પણ છે.

જૅનરી સ્ત્રી. એક જાતની સુથરાર.

જૅન લોક પું. એ નામનો એક અંગ્રેજ ફિલસૂફ, કાયદેશાસ્ત્રી અને રાજકારણ. તેનો જન્મ ઈ.સ. ૧૬૩૨માં થયો હતો.

જૅનસન ૧. પું. એ નામનો એક પ્રખ્યાત અંગ્રેજ લેખક.

૨. પું. બંગાળામાં થતો સોની જાતનો ઝાંખો. તેમાં થતી કેરીનો સ્વાદ સદામ જેવો છે. જુલાઈ માસમાં તે પાકે છે. તેનું વજન બાર ઔંસ હોય છે

જૅનસંગ પું. એ નામનું હિમાલયનું એક શિખર.

જૅનાર પું. દ્રષ્ટા; પ્રેક્ષક; તપાસનીશ; જોનાર માણસ.

જૅનિ ૧. [સં. યોનિ] સ્ત્રી. અવતાર; જન્મ.

૨ સ્ત્રી. ઉત્પત્તિસ્થાન.

૩. સ્ત્રી. વર્ગ; ભાત.

૪. સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિય.

જૅની જુઓ જોનિ.

જૅન્ટિંગ કાર સ્ત્રી. સામસામી પીઠ જેવી કરવાની હલકી ગાડી.

જૅન્ડિસ [અં.] પું. એક જાતનો રોગ; કમળો.

જૅન્સોનિયન વિ. જૅનસન નામના અંગ્રેજ લેખક સંબંધી. મોટા મોટા શબ્દોનો આડંબર કરી વાક્યરચના પ્રૌઢ અને ગંભીર કરવાનો પ્રયત્ન કરવાથી ભાષા જૅન્સોનિયન જેવી કઠોર થઈ જાય.

જોપણું જ. ક્રિ. જોવાનું; સુંદર દેખાવું.

જોપાસના સ્ત્રી. તપાસ; સંભાળ, દરકાર.

જોપ્રે ૧. પું. ગુલાબો; ટહાવરચા.

૨. પું. સુસ્તી; મંદતા.

જોપ્રો પું. એક જાતની ઔષધિ.

જોબ ૧. [અં. જૉબ] પું. ઊપજ; પરચૂરણ

૨. પું. ખપરામાં આવે પછી બચે તે.

૩. પું. કપાટાબંધ ચાલતા કામમાં ગોબરું આવ્યું તે.

૪. સ્ત્રી. લાકડામાં દે ભાંગી ન જાય તેવી પોલી તડ; ચંકાશ.

જોબન ૧. જ. એક પ્રકારનું કૂલ

૨. જ. કુમ; રત્નના; જાતી.

૩. [સં. યૌવન] જ. જુવાનીનો સમય; પુખ્તવય; જોબના; તારુણ્ય; પ્રાણીઓની આવરદાની વચ્ચે મુખ્ય આવેની વચ્ચની અવસ્થા. પુરુષને ૧૬ વર્ષે અને સ્ત્રીને ૧૩ વર્ષે જોબન બેસવા માંડે છે. ત્યારે બાળક અવસ્થા ઊતરીને શરીર અને મનની પુખ્ત હાલતની ખિલવણી થાય છે. પ્રજોત્પત્તિ કરવાની તાકાત કે યોગ્યતાવાળી અવસ્થા માટે જોબન શબ્દ વપરાય છે.

૧. જોબન આવવું = જુવાની આવવી; પ્રજોત્પત્તિને યોગ્ય અવસ્થા થવી; ઊમરે પહોંચવું.

૨. જોબન ઊમડવું-ઊભરાવું = સ્ત્રીનાં સ્તન વધવા.

૩. જોબન બીલવું = જુવાની બીલવી.

૪. જોબન લૂંટવું = બધું આનંદ માણવો.

૫. જોબનનો બહાર = જોબનની ખિલવણીની શોભા કે મઝા.

૬. ભર જોબન = જોબનની અવસ્થાનો સમય; વચ્ચની અવસ્થા જે વખતે શરીર અને મનથી માણસ સંસારી બાબતોથી પૂર્ણ હોય છે તે અવસ્થા; તારુણ્ય; યૌવન; જુવાની, પૂર્ણાવસ્થા; જે સમયે પ્રાણીના શરીરના અવયવોનું પૂરી રીતે ખીલી નીકળવું અને મન કે બુદ્ધિનું પુખ્તપણું આવ છે તે સમય.

૪. જ. નશો.

૫. જ. સુંદરતા; રૂપ; ખૂબસૂરતી.

જોબનતુરી [સં. યૌવનતુરગ] પું. યુવાવસ્થારૂપી ઘોડો.

જોબનધામ [સં. યૌવનધામન્] ન. યુવાવસ્થાનું સ્થાન.

જોબનપુત્રા ૧. સ્ત્રી. એ નામની ઓલાદની એક બટક.

૨. જ. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું

જોબનપૂર જ. ભરયુવાની, તારુણ્ય.

જોબનમાતું ૧. [સં. યૌવનમત્ત] વિ જુવાનીમાં મસ્તમત્ત બનેલું; યુવાનીના તોરવાળું.

૨. વિ. જોબનવંતું; યુવાન; તરુણ

જોબનદંગીલું જુઓ જોબનમાતું.

જોબનવંતી ૧. સ્ત્રી. યુવાવસ્થામાં હોય એવી સ્ત્રી; જુવાન સ્ત્રી; પ્રજોત્પત્તિ યોગ્ય જેના અવયવો ખીલેલા હોય એવી સ્ત્રી; તરુણી, યૌવના; યુવતી; જોબના.

૨. વિ સ્ત્રી. જુવાનીમાં આવેલી.

જોબનવંતું વિ. જોબનવાળું; જુવાની યુક્ત; યૌવનથી ભરપૂર, ભરજુવાનીવાળું, જુવાનીમાં આવેલું.

જોબનવાન જુઓ જોબનવંતુ.

જોબનવેરા વિ. યુવાન; તરુણ.

જોબના [સં. યૌવના] સ્ત્રી. જુવાન સ્ત્રી; યૌવના; તરુણી; જોબનવતી.

જોબનિયું [સં. યૌવન] ન. જોબન; તારુણ્ય; યૌવન.

જોબનું [સં. યુવન્] વિ. યુવાન; જુવાન.

જોબર ૧. [અં. જૉબર] પું. ઊપજ કામ કરનાર માણસ

૨. પું. દલાલથી ચડિયાતો દલાલ. કોઈને શેર વેચવા કે લેવાના હોય તો પ્રથમ જોબર પાસે જવું પડે છે અને તેની મારફત શેરની આપલે થાય છે. આથી ગ્રાહકને જોબરનું કમિશન તથા દલાલી દલાલી આપવી પડે છે. હિંદુસ્તાનના સ્ટોક એક્સચેંજમાં જોબર નથી. લંડન એક્સચેંજમાં જોબર હોય છે.

૩. પું. મિલમાં વણાટ ખાતાના કેટલાક માણસોનો ઉપરી; મજૂરો રાખી આપી તેમના કામ ઉપર દેખરેખ રાખનાર મિલનો એક નોકર.

જોબરવું જ. ક્રિ. અકરાતિયાની માફક ઊતાવળે ખાવું.

જોબવું જિ. જોબવી રેવું.

જોબા ન. એક જાતનું ઘાસ.

જોબાણિયો પું. એ નામનો એક વંશવૃક્ષ.

જોબાનીસ સ્ત્રી. જમના નદી.

જોબાવું અ. ક્રિ. જોબાની અસરમાં આવવું, જોબાઈ જવું; શરીરે પરસેવો થઈ આવી સંતાનું જતું રહેવું; મન અને ઇંદ્રિયોના સંવેદનનું થોડા વખત માટે નષ્ટ થઈ જવું; જીવ ઊંડો ઊતરી જવો, બેભાન થઈ જવું; જોનો આઘાત; મરણપથારીમાં સપડાવું; પરસેવાથી નવાઈ જઈ બેહોશ બની જવું.

જોબિયોલ ૧. સ્ત્રી. એ નામની તરિયાની એક જાત.

૨ ન. એ નામની જાતનું માધુસ.

૩. વિ. એ નામની જાતનું.

જોબુલ ન. હિમાલયની દક્ષિણે આવેલ ઉનાળ પ્રદેશની પૂર્વનો દેશ.

જોબું ૧. ન. ઝોકું; થોડી ઊંઘ; ઝોલું.

૨. ન. મૂર્છા; બેહોશી.

જોબો પું. બેભાન થઈ જવું તે; થોડી વાર સંતા જતી રહેવી તે; નિઃસંતતા; નિશ્ચેષ્ટતા; પરસેવો આવી શરીર અને ઇંદ્રિયોનું શૈથિલ્ય આવી જવું તે; જીવ ઊંડો જતો રહેવો તે; બેભાનતા; અચેતનપણું; જડતા.

૧. જોબો આવવો = વારંવાર જોબા આવ્યા કરવા; રહી રહીને નબળાઈને લીધે સંતાનો લોપ થવો.

૨. જોબો આવવો = સંતા જતી રહેવી; અત્યંત નબળાઈથી ભાન જતું રહેવું; જીવ ઊંડો ઊતરી જવો.

જોબા ૧. પું. અમુક સમય માટે દેવતા રાખવાની જગ્યા.

૨. પું. કમરો.

૩. પું. ભાજનો કમરો.

જોબારવું જ ક્રિ. અકરાંતિયાની માફક ઉતાવળથી આવું ગળગળું.

જોબાવું અ. ક્રિ. જોબાની અસરમાં આવવું; જોબાઈ જવું; શરીરે પરસેવો થઈ આવી સંતાનું જતું રહેવું; ઇંદ્રિયોના સંવેદનનું થોડા વખત માટે નષ્ટ થઈ જવું.

જોબાઈ જવું = જોબો આવવો; આખે શરીરે પસીનો થઈ ભાન જતું રહેવું.

જોબો જુઓ જોબો.

જોમ ૧. ન. અહંકાર; અભિમાન; ઘમંડ.

૨. ન. ઉમંગ; ઉત્સાહ.

૩. ન. શક્તિ; સામર્થ્ય; જોર; બળ; તાકાત.

૪. ન. શરીર અને મનની ઉશ્કેરાયેલી હાલત; આવેશી બળ; વેગ; ઊભરો; ગુસ્સો; જોશ.

જોમકાર ૧. વિ. અહંકારી; ઘમંડી.

૨. વિ. આવેશમાં આવેલું.

૩. વિ. ઉમંગી; ઉત્સાહી.

૪. વિ. બળવાળું; તાકાતવાળું.

જોમકર ૧. [સં.] ન. ભુજરનંદિ નામના વિદ્વાને કરેલ સદ્ગિમસાર નામે એક વ્યાકરણ.

૨. વિ. જોમકર વ્યાકરણને જાણનાર.

જોમકેક વિ. બાલ્ય અવસ્થા આવ્યા જેવું.

જોમા ૧. પું. અવતાર.

૨. પું. ખોરાક.

૩. પું. ભીડાર્ક.

જોમાહા પું. રાનીપરજ લોકોની એક જાત.

જોમી જુઓ જોમકર.

જોય ૧. [સં. જાયા] સ્ત્રી. સ્ત્રી; પત્ની; પત્નિબાણી.

૨. સ. જે.

જોયણ ૧. સ્ત્રી. જેનો સમૂહ; જોડી.

૨. ન. જોજન; બાર ગાઉનું અંતર.

૩. વિ. જોયા જેવું.

જોયંદા [સં.] વિ. તપાસ કરનાર; જોનાર.

જોયા જુઓ જોયંદા.

જોયા જેવું ૧. વિ. બરાબર; લક્ષમાં લાયક; વિચારવાયોગ્ય.

૨. વિ. જોવાને જોગ; જોઈ જોવાને બરાબ જેવું; જોયા જેવું; જોવા લાયક.

જોયા જેવું કરવું = (૧) તોફાન કે વિખવાદ કરીને ઓર જોયા કરવા જેવું કરવું; ખોટી મારફાડ કરવી; ખૂન ઉપર ચઢવું; મારામારી અને ખોટી વહે જેવું તોફાન કરવું. (૨) કજોડી ઉપાવવી.

જોયાન જુઓ જોબંદા.

જોયામણું વ. દેખાવડ દશ.

જોર ૧. ન. અધિકાર; પ્રભુ.

૨. ન. આગ્રહ; દબાણ.

૩. ન. કર્મ, ગુણ કે અસર ઉપજાવવાની કોઈ પદાર્થની શક્તિ.

૪. ન. ગુલામ; જબરદસ્તી.

૫. ન. જોસ; પૂર્વપ્રારબ્ધ; ભાગ્ય; તેજ.

૬. ન. જોરનું વધવું તે; ઘસારો; ઓછ; પ્રબળતા; તેજ ઘટવું.

૭. ન. ટકી રહેવાની, સહન કરવાની, ધારણ કરવાની કે સામે થવાની શક્તિ.

૮. ન. ટેકો; સહાય; પુષ્ટિ

૯. ન. દરિયાનું સારી પેઠે ઊછળવું તે.

૧૦. ન. પરાક્રમ; દમ; સત્ત્વ; કસ; મજબૂતી; ટકાવ.

૧૧. ન. પરિશ્રમ; મહેનત.

૧૨. ન. બુદ્ધિની શક્તિ.

૧૩. ન. ભાર; વજન.

૧૪. ન. વનસ્પતિનો; સિંચારણ; તરબૂદારી.

૧૫. ન. વેગ; આવેશ.

૧૬. ન. શરીરની મજબૂતી માટે કસરત કરવી તે.

૧૭. ન. શારીરિક બળ; શરીરશક્તિ; કોવત; તાકાત.

૧. કોઈના જોર ઉપર કૂદવું = કોઈને પોતાની મદદમાં દેખીને પોતાનું બળ બતાવવું.

૨. જોર બજમાવવું = પોતાનામાં અમુક કાર્યની શક્તિ છે કે નહિ તેનો અનુભવ કરી જોવો.

૩. જોર કરવું = (૧) આગ્રહ કરવો; દબાણ કરવું. (૨) કરાંજવું. (૩) હરજ પડવી. (૪) બળ વાપરવું; મહેનત કરવી; શારીરિક કે માનસિક શક્તિનો કાર્ય કરવામાં ઉપયોગ કરવો

૪. જોર કરવું = (૧) ભાવ ઢોબ તે કાર્ય કરીને પૂરો કરવો. (૨) શક્તિ વાપરી જોવી; બળ ઊતારી નાખવું.

૫. જોર બતાવવું = (૧) પોતાની ધારણા પ્રમાણે બાબ જોમ કરી જોવું. (૨) શક્તિની અસર બાબ જોમ કરવું; અસર ઉપજાવવી. (૩) સત્તા ચલાવવી.

૬. જોર જોવું = બાજની બજમાયશ જોવી; શક્તિનું પ્રમાણ સમજવું; પરીક્ષા જોવી.

૭. જોર ચૂકવું = બળ ઘટવું.

૮. જોર દેવું-ચઢોચડવું = શૈતરંજની રમતમાં કોઈ મહોરાંને મદદ કરવા માટે તેની પાસે કોઈ એવું મહોરું લાવી મૂકવું કે જેથી તે મહોરું મારું જવાની સંભાવના ન રહે.

૯. જોર પકડવું = પ્રબળ થવું; તેજ થવું; મજબૂત બનવું.

૧૦. જોર પર જોવું = શૈતરંજનું કોઈ મહોરું એવું સ્થિતમાં જોવું કે જે સામાવાળો તે મહોરાંને મારે તો તે મારનાર સોમું પોતે પણ તરત જ મારું બળ.

૧૧. જોર મારવું = (૧) પરાક્રમ કરી બતાવવું; સત્ત્વ દેખાડવું; બહું કરવું; કરી બતાવવું; દેખાડી આપવું. (૨) સત્તા ચલાવવી.

૧૨. જોર લેવું = મહેનત કરવી.

જોરકસ ૧. સ્ત્રી. જોર કરવું પડે જોવું; જોરની કસોટી થાય જોવું.

૨. [ફા.] વિ. જોરનો ઉપયોગ કરેલો હોય એવું; જોર આપવાને જેણે કસરત કરેલી હોય એવું, કસાયેલું, બિંગુ; કસરતી; જોરવાળું; તાલીમ લીધેલી હોય તેવું; વાળેલા અંગનું.

જોરકું વિ. જોરવાળું; બળવાન; તાકાતદાર.

જોરજબરાઈ સ્ત્રી. જબરદસ્તી; જુલમ.

જોરજબરી સ્ત્રી. જબરદસ્તી; જુલમ; દબાણ; બળ વાપરીને સામાની મરજી ઉપરાંત પરાણે કામ લેવું તે.

જોરજુલમ પું. પરાણે દબાવીને બળજોરીથી કામ લેવું તે; કડકાઈ અથવા સખતી વાપરવી તે; સામાની મરજી વિરુદ્ધ તેને મારી ઝૂડી પરાણે કાર્ય કરાવવું તે; સખતાઈકર્યા કડકોનો અમલ ચલાવવો તે; બળજોરી; અત્યાચાર.

જોરજોટ ન. એક જાતનું કપડું.

જોરજોપટ સ્ત્રી. ઝોડજપટ; ભૂતપિશાચની અડફેટમાં આવવું તે.

જોરતલબ [ફા.] સ્ત્રી. અત્યાચાર; જુલમ.

જોરતલબી [ફા.] સ્ત્રી. ખંડણી, મદદ આપવા માટે નાણાં ઉઘરાવવાં તે.

જોરદાર વિ. જોરવાળું; તાકાતદાર; બળવાન.

જોરન [હિં.] ન. તાજા દૂધનું દહીં મેળવવા માટેની આદી ખાટા; મેળવણ.

જોરબંધ પું. ડોરડો; લાકડાના કટકા ઉપર વાપરીના બંધ સાત દોરા ગૂંથેલ હોય તેવો ચામડાનો.

જોરબર્યું જુઓ જોરદાર.

જોરબોર ન. જોરથી; બળપૂર્વક; જુસ્સા ને જુસ્સામાં; ઉત્સાહ, ઉમંગ કે સ્વાભિમાન સાથે.

જોરબંદ [ફા. જોરમંદ] વિ. જોરદાર; બળવાન.

જોરબસૂલી સ્ત્રી. બળજબરીથી નાણાં ઓકાવી કરવાં તે.

જોરવાન વિ. જોરવાળું; જોરાવર; બળવાન.

જોરશોર [ફા.] પું. ઘણું જ બળ; બળ કરતાં અવાજ નીકળી જાય એવું ભારે બળ.

જોરસુકમી સ્ત્રી. જોરજુલમ.

જોરાઈ સ્ત્રી. જબરદસ્તી, બળજબરી.

જોરાજોરી ૧. [હિં.] સ્ત્રી. હુંસાતુંસી; ચડસાચડસી.

૨. ન. જબરદસ્તીથી; બળજોરીથી; બળાત્કારથી, પરાણે.

જોરાણ વિ. જોરવાળું, જોરાવર; બળવાન.

જોરાતું જુઓ જોરાણ.

જોરાતો પું. જોરથી ફૂંકાતો પવન.

જોરાફેરો ૧. પું. સેનાપતિ.

૨. [અ.] સ્ત્રી. એક જાતની રોતરંજને મળતી રમત. આ શબ્દ અરબ્બી ભાષાનો હોવાથી એમ જણાય છે કે તે શોધનાર મહમદનો કોઈ અનુયાયી હશે.

જોરાબતા પું. બંગાળમાં થતો ઊંચી જાતનો આળો.

જોરાવર ૧. વિ. ગુણકારી; સારી અથવા જબરી અસર કરવાના ગુણો સત્ત્વવાળું.

૨. વિ. જુલમગાર.

૩. [ફા.] વિ. જોમાં ઘણું જોર હોય તેવું; જોરવાળું; બળવાન; શક્તિમાન; જબરું; મજબૂત; જબરદસ્ત.

૪. વિ. પરાક્રમી; પ્રતાપી.

૫. વિ. સખ્ત હુમલા સામે ટકી રહે એવું.

જોરાવરી ૧. પું. બળવાન માતાનો જન્મેલો પુત્ર.

૨. સ્ત્રી. ખંત; આગ્રહ.

૩. [ફા.] સ્ત્રી. જબરદસ્તી; બળાત્કાર; પરાણે કોઈને કંઈ કરતા કરાવવાની ફરજ પાડવી તે; જુલમ; ઘણી સખતાઈ વાપરવા તે.

જોરાવરીનો પોરો = જબરદસ્તીનો સમય.

જોરાળ વિ. જોરવાળું, જોરાવર; બળવાન.

જોરાળાપણું ૧. ન. જોર હોવાનો ભાવ.

૨. ન. જોરવાળા હોવાપણું.

જોરાળું વિ. જોરવાળું; બળવાન; જોરાવર.

જોરાંની ક્રિયા સ્ત્રી. (જરથોસ્તી) મરનારની પાછળ તેના મરણથી ત્રણ દિવસ સુધી અથવા તો વર્ષ સુધી અમુક તો તેથી વધુ વખત માટે કરાતી ક્રિયા. તેમાં આધારણ રીતે મરનારનું ઓકવાનું નામ લેવામાં આવે છે, પણ મરનાર પરણેલ હોય તો તેની સ્થિતિ અનુસાર બધી ક્રિયા અમુક તો તેના મુખ્ય મુખ્ય ભાગો તેના અમુક તેણીના ભાગીદારનું પણ નામ લઈને કરવામાં આવે છે. તે ભાગીદાર બેટલે પણ અમુક કોઈ મુબારક સમય હોય તોપણ તેમ કરવામાં આવે છે. આ બેવડી ક્રિયાને જોરાંની ક્રિયા કહે છે. મરનારે બે લગ્ન કર્યાં હોય તો બેવડી ક્રિયા કરવામાં આવે છે.

જોરી ૧. સ્ત્રી. જોરાવરી; જબરદસ્તી.

૨ સ્ત્રી. શેતરંજની રમતનો એક પ્રકાર.

૩. ન. સિંધમાં ઉત્પન્ન થતું એક જાતનું કપડું.

૪. વિ. જેને બીજાનું જોર કે મદદ હોય એવું, બીજાના બળથી બળવાળું; જેને બીજાની કુમક હોય એવું.

જોરીગિયા ૧. સ્ત્રી. એ નામની વાળંદની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

જોરૂ સ્ત્રી. વહુ; મેરી; પત્ની; ભાર્યા; સ્ત્રી; ઘરવાળી.

૧. ગરીબની જોરૂ સબકી ભાભી = રાંક માણસને કોઈ માન દે નહિ.

૨. જોરૂનો ગુલામ–મુરીદ = બાયલો અથવા બાયલો ધણી.

જોરૂકું વિ. જોરાવર; બળવાન; જોરવાળું.

જોરો ૧. પું. જુલમ; સખતી; પોતાની સત્તાના બળથી કોઈ કામ કરવાનું સામાની ઉપર દબાણ ચલાવવું તે.

૨. [ફા. ઝોર] પું. જોર; ઝાપ; દબાણ; આગ્રહ.

૩. પું. બુખાર; તાવ.

૪. પું. સત્તા; હુકમ; ચલણ.

૫. પું. જોડપુરુષની જોડ.

જોરોતોરો જુઓ જોરો.

જોર્જિઅન ૧. સ્ત્રી. અર્વાચીન અઢારમા મહિની એક લિપિ.

૨. વિ. જોર્જિઅ પ્રાંતનું.

જોલ ન. બચારેલું દહીંનું ધોળવું.

જોલા [હિં.] પું. સોળ વીસીનો જળીનનો પ્રકાર.

જોલાની [ફા.] સ્ત્રી. સમજશક્તિ; સમજણ.

જોલાહ ૧. [હિં.] પું. મૂર્ખ માણસ.

૨. પું. વણકરનો ધંધો કરનાર કોળી.

૩. ન. પાણીમાં રહેતુ જીવડું.

જોલાહલ [સં. જ્વાલા] સ્ત્રી. જ્વાલા; અગ્નિ; આગ.

જોલાહા પું. કપડાં વણનાર માણસ; વણકર.

જોલિયા ૧. સ્ત્રી. એ નામની બાંટની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જોલિયું ન. એક જાતનું ઘરેણું.

જોલી ૧. [હિં.] પું. સાથી; સોબતી.

૨. સ્ત્રી. એક પ્રકારની હોરડી. તે તોફાનના સમયમાં જહાજોની પાલ ચડાવવા કે ઉતારવાના કામમાં આવે છે.

૩. સ્ત્રી. જોડ; જોડી.

જોલીદર [ફા.] વિ. જાળવેલું; ઝૂલવેલું

જોલીબોટ [અં.] સ્ત્રી. હલેસાં અથવા હલેસાં વગર પાણીના પ્રવાહમાં ચાલતી એક જાતની અત્યંત નાની હોડી. તે શાંત પાણીમાં ફરવાના જ હેતુમાં આવે છે. સમુદ્રને આ પારથી પેલે પાર જવાનું સાહસ તે કદી કરતી નથી.

જોવડાવવું (જોવરાવવું) જુ. ક્રિ. કોઈ બીજાને જુએ તેમ કરવું; જોવરાવવું; તપાસ કરાવવી; શોધાવવું; તપાસાવવું.

જોવણહાર વિ. જોવાની ક્રિયા કરનાર; જોનાર.

જોવન [સં. યૌવન] જ. જોબન; યૌવન; તારુણ્ય; જુવાની.

જોવરાવવું જુઓ જોવડાવવું.

જોવવું વિ. જોતું; નજર કરવું.

જોવાડવું (જોવાડ્યું) જુઓ જોવડાવવું.

જોવાતેડા (જોવાતેડ્યા) પું. વરઘોડાને ઓકળીબાજને સામસે જતાં આવતાં કરવાનો વિધિ

જોવાથરા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જોવારી સ્ત્રી. એક પ્રકારની મેના. તેનો રંગ બહુ ઝળકતો હોય છે, તે એક પ્રકારની બોલી બોલી શકે છે, જેને બંગે બોલો તેને પાળે છે અથવા બોલી શીખવે છે. ઋતુના પરિવર્તન અનુસાર જુદા જુદા દેશમાં તે ઘૂમે છે. કોઈ તેમ જ અનાજને તે બહુ નુકસાન પહોંચાડે છે. તીડનો પણ તે ખૂબ નાશ કરે છે. તેનું માંસ ખાવામાં બહુ સ્વાદિષ્ટ હોય છે.

જોવાવું જ. ક્રિ. કોઈથી દેખાવું; તપાસાવું; નજરે આવવું.

જોવુસ જ. અળસી; અતસી.

જોવું ૧. જ. ક્રિ. અભ્યાસથી કાઢવી; પ્રયોગ કરીને જાણી લેવું.

૨. જ. ક્રિ. અંદરનું જાણી લેવું.

૩. જ ક્રિ. કદર કરવી.

૪. જ. ક્રિ. કોઈ પણ ઇંદ્રિયથી કોઈ પણ વિષયનું જ્ઞાન મેળવવું; જાણવું; અનુભવવું; પામવું; અનુભવ લેવો.

૫. જ. ક્રિ. તપાસવું; શોધવું; ખોળવું.

૬. જ. ક્રિ. ધ્યાન આપવું; નિગાહમાં લેવું; લક્ષ આપવું.

૭. [સં. દૃશ્] જ. ક્રિ. બહારની વસ્તુનાં રૂપ, રંગ, આકાર વગેરે કેવાં છે તે આંખે કરીને જાણવું; દેખવું. આંખની ઇંદ્રિયથી બહારની વસ્તુનું જ્ઞાન કરવું. સંસ્કૃત દૃશ્ ઉપરથી જોવું થયું છે, પ્રાકૃતે તેનો પ્રાકૃતમાં જ થઈ ગયો છે.

૧. ઘર જોવું = (૧) કુળ, ખાનદાની વગેરે જોવું. (૨) પોતાનું ગજું, કુટુંબની પ્રતિષ્ઠા વગેરેની તપાસ કરી વિચારીને કામ કરવું.

૨. જોઈ જોઈને કહેવું = બારીકીથી તપાસી વિચારીને કહેવું.

૩. જોઈ લેવું = (૧) તપાસવું. (૨) મારવાની કે બરાબર કરવાની ધમકી આપવી. (૩) વિચાર ઉપર રાખવું.

૪. જોઈ વિચારીને કામ કરવું = નજરે જોઈ તપાસીને તથા વિચાર કરીને કામ કરવું.

૫. જોઈને ચાલવું = (૧) કાબૂમાંથી વર્તવું (૨) વિચારીને ચાલવું કરવું; પોતાનું ગજું કે શક્તિ જોઈને કામ કરવાની રીત રાખવી.

૬. જોઈને હાથ ઘરવા = સાહસ નહિ કરવું; વિચાર કરી કરીને આગળ વધવું.

૭. જોવું અજવવું કરવું = આંખ આડા કાન કરવા

૮. જોવા જેવું = જોવાનું મન થાય એવું; જોવા સરખું; અજાયબ; નવાઈનું, લોકો જોવાને ઠેકઠેકાણે થાય એવું.

૯. જોવા જેવું કરવું = જોવાનું મન થાય એવી નવાઈનું અજાયબ જેવું કરવું. બરાબરી કે નુકસાનીના અર્થમાં પણ આ પ્રયોગ વપરાય છે.

૧૦. જોવા જેવો = ભવિષ્ય કહેવું; શું કરો તેનો વિચાર આપવો; ગ્રહ જોવો.

૧૧. નજરે જોવું = (૧) આંખથી જોઈને તપાસ કરવી. (૨) ખાતરી કરવી.

૧૨. નાડ જોવી = (૧) ઊંડા ઊતરીને શું ને કેમ છે તે જોવું. (૨) નિદાન કરવું; રોગનો નિર્ણય કરવો; નાડ તપાસવી; રોગીને તપાસવો.

૧૩. માથું જોવું = માથામાં જૂ, લીખ વગેરે છે કે નહિ તેની તપાસ કરી કાઢવી, માથું ફોલવું.

૧૪. સામર્થ્ય જોવું = બળની ખાતરી કરવી.

૧૫. હાથ જોવો = હાથની રેખાઓ વગેરે જોવું; હાથની રેખાઓ જોઈ ભવિષ્ય ભાખવું. હથેળીની અંદર પડેલી રેખાઓ ઉપરથી ભવિષ્ય કહેવાના પ્રસંગો કરવા.

૧૬. હિસાબ જોવો = ખાતું તપાસવું.

૮. જ ક્રિ. વિચારવું; આલોચવું; સમીક્ષા કરવી; દરિયાફ્ત કરવું.

૧. જોઈએ તો = વિચાર ઉપર રાખીને; વિચાર કર્યો જાય.

૨. જોતાં = વિચારતાં.

૩. વિચાર કર્યો જાય જોઈએ = વિચાર ઉપર મુલતવી રાખવું; તપાસ ઉપર રાખવું.

જોશ ૧. પું.; જ. ક્રિયાનો આવેશ; ક્રિયાનો ભુરસો

૨. પું.; જ. ક્રોધાદિકની લાગણીઓથી લોહી ગરમ થઈ ને મન ઉશ્કેરાવું તે; આતુરતા; આવેશ; ઉશ્કેરાયેલી મનની હાલત.

૧. જોશ આવવો-ચડવો = (૧) ઊભરો આવવો; ઊભરો ચડવો. (૨) ઉશ્કેરાવું; અમુક કાર્ય કરવાનું લાગણીભર્યું બળ આવવું.

૨. જોશ બરોશ = (૧) ગર્જના; ધોમ. (૨) ગુસ્સો.

૩. જોશ નરમ પડવો = આગળ વધવા કે ચડવાનું જોર નરમ પડવું, ઉતાર થવો; વૃદ્ધિ અટકવી.

૪ જોશમાં આવવું = (૧) આવેશમાં આવવું; લાગણી થવી (૨) ગુસ્સે થવું. (૩) પ્રેરાવું. (૪) બડબડિયાં બોલવાં; ઊકળવું. (૫) વિષયી બનવું.

૫. જોશમાં લાવવું = ગુસ્સે કરવું.

૬. જોશે ખૂન = (૧) એક જાતનો રોગ, (૨) માનસરોગ.

૭. જોશે જવાની = જુવાનીની આગ.

૮. જોશે ઇસ્લામ = ભારે પડેલ ભોટ.

૩ પું.;જ. ગ્રહ, ગ્રહયોગ વગેરે જોવું તે, જ્યોતિષનું જ્ઞ.ન.

૪. [સં.] પું ; જ. હોમ; કોઈ કરવાની ઊંચકાવ લાગણી; આગળ વધવાનો વેગ; વધવાનું બળ; જોર.

૫. પું ; જ. નશો; ગ્રહ.

૬. પું ; જ. નસીબ; ભવિષ્ય.

૭ પું : જ પ્રવાહીને ગરમી આપતાં આવતો ઊભરો; ઊકળવું તે; ઊભરો; બળબળવું તે; ઊકળવું તે.

૮. પું , જ. પ્રેમ; પ્રીતિ.

૯. પું , જ. વાસના; તીવ્ર ઇચ્છા.

જોશદાર વિ. જોસવાળું; જોશીલું.

જોસન ૧. [અ. જવ્શન (ઝાતી)] જ. કવચ; બખ્તર.

૨. જ. ચોપડીઓ વગેરે રૂમઝવાની વિદ્યાર્થીની કોથળી, પાકીટ, દફતર.

૩. જ. હાથે પહેરવાનું એક જાતનું ઘરેણું.

જોસાન [ફા.] વિ. ઊકળતું.

જોસાંદા [ફા] પું. કઢો; ઉકાળો.

જોસાંદે જુઓ જોસાંદા.

જોશિન [સં. જ્યોષિત્] સ્ત્રી. સ્ત્રી; બૈરી.

જોશિસા ૧. [ફા.] સ્ત્રી. આતુરતા.

૨. સ્ત્રી. ગરમી.

જોશી ૧. [સં. જ્યોતિષિક] પું. જોષ જોનારો માણસ; ગ્રહાદિકની ગતિ અને ભાવ વગેરે જોઈ ભવિષ્ય કહેનારો અને શુભાશુભ કાળનો ઢાળો જોઈ આપનારો પુરુષ; જ્યોતિષ ભણનારો અને ગ્રહો સંબંધી જ્ઞાન ધરાવનારો અભોળવેચા; જ્યોતિષી.

૧. ભુવાન જોશી ને ઘરડો વૈદ = જોશી ઉંમરમાં ઉંમરા આશુ વખત લગીના જ્યોતિષ જ્ઞાનવાળો એટલે તાજા જ્ઞાનવાળો સારો અને વૈદ્ય ઘરડો અર્થાત્ અનુભવી હોય તે સારો.

૨. જોસીની રાંડે નહિ ને વૈદની મરે નહિ = ભવિષ્યકથન અને ઔષધ માત્ર મન મનવ્યાં છે, ખરેખરાં નથી. જો ખરાં જ હોય તો જોશીની છોકરી રાંડત નહિ અને વૈદનાં છોકરાં મરત નહિ.

૨. જી. ગાઠાણ અને સાદોદરા નાગરની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

જોશીડો (જોશીડ્રો) જુઓ જોશી ૧.

જોશીપુરા ૧. જી. ગાઠાણ અને નાગરની એ નામના એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જોશીપુરાણ ન. જ્યોતિષને લગતી વાતોનું પુસ્તક.

જોશીભુઆ જુઓ જોશી ૧.

જોશીમઠ પું. શંકરાચાર્યે બદરીકેદારમાં સ્થાપેલો મઠ તે અલકનંદાને કાંઠે આવેલો છે.

જોશીરાજ પું. ઉત્તમ જોશી.

જોશીલું ૧. વિ. ઉતાવળું; ઉમગી.

૨. વિ. તાકાતવાળું; જોરદાર; કોવતદાર; જોસવાળું.

જોશીશાસ્ત્ર જુઓ જોશીપુરાણ.

જોષ ૧. પું. તર્ક, વિચાર.

૨. પું. સુખ; સુખીપણું, આરામ; ખુશી; આનંદ; સંતોષ.

૩. પું. સેવા; ચાકરી.

૪ જી. સ્ત્રી; નારી.

૫. ન. (જૈન) એક પ્રકારનું પિશાચ. પિશાચોના પંદર ભેદ છે: કૂષ્માંડ, પટક, જોષ, આન્હિક, કાલ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.

૬. જુઓ જોક.

જોષક [સં.] પું. સેવક; નોકર.

જોષણ ૧. [સં.] ન. પ્રીતિ; સ્નેહ.

૨. ન. સેવા; ચાકરી.

જોષણા જુઓ જોષણ.

જોષા [સં.] જી. સ્ત્રી; નારી.

જોષિકા [સં.] જી. નવો અંકુર.

જોષિતા ૧. [સં.] જી. સ્ત્રી; પત્ની; બી.

૨. જી. જોષ જોનાર સ્ત્રી.

જોષી જુઓ જોશી.

જોષીમઠ જુઓ જોશીમઠ.

જોસ જુઓ જોશ.

જોસટ્ટું સ. કિ. જમવું; આરોગવું.

જોસતાન ૧. [અ.] ન. પાટી, અડિયો, ચોપડીનો વગેરે રાખવાની કોથળી; દફતર; બગલથી.

૨. ન. અખ્તર; કવચ.

૩. ન. હાથે પહેરવાનું એક ઘરેણું; જોસન.

૪. જી. જલદી; ઝટઝટ; એકદમ.

જોસદાન જુઓ જોસતાન.

જોસદાર વિ. જોસવાળું; જોસીલું.

જોસફેરા ૧. જી. એ નામની ગાડાવાળની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

જોસબંધ ૧. વિ. ખૂબ; બહુ જ; ઘાટું.

૨. ન. જોસ સહિત; એકદમ; ઝપાટાથી.

જોસબોર જુઓ જોસબંધ.

જોસરૂ ન. પોસરું; પુરા.

જોસવું સ કિ. ઝાપવું.

જોસીલું વિ. જોસવાળું; જોસદાર.

જોસ્તજૂ ૧. જી. ઉદ્યોગ; ચર્ચા.

૨. [ફા.] જી. તપાસ; તજવીજ; શોધ; ખોળ; ચોતવું તે

જોસ્તેજો જુઓ જોસ્તજૂ.

જોસ્દાન જુઓ જોસતાન.

જોસ્સ જી. એક જાતની ચિનાઈ મૂર્તિ. જ્યાં આ મૂર્તિ રાખવામાં આવે છે, તેને જોસ્સઘર કહે છે. તેની પાસે બાળવામાં આવતા ધૂપને જોસ્સલકડી કહે છે.

જોસ્સલકડી (જોસ્સલકડ્રી) જી. એક જાતનો ધૂપ. તે ચિનાઈ મૂર્તિ પાસે બાળવામાં આવે છે.

જોસ્સા જી નર્મદાશંકરે રચેલી ખુશી આપનારી કવિતા.

જોસ્સો ૧. પું. ઉત્સાહ; ઉમગ.

૨. પું. ઉશ્કેરાયેલી લાગણીને લીધે આવતું બળ; મનોવિકાર; પ્રસંગને લીધે ઉશ્કેરાયેલી મનની હાલત; જોમ; જોર.

૩. પું. ખુશી; અંદરની ગરમીથી ચડતુ ઊભરણ; જોસ; ઉછાળો.

જોહુ ૧. જી. ઇનેજરી; પ્રતીક્ષા.

૨. જી. ખોજ; તલાશ; શોધ.

૩. જી. નજર; દૃષ્ટિ.

જોહ્વડ (જોહ્વડ) [હિ.] ન. મોટું તળાવ.

જોહ્વડી (જોહ્વડ્રી) [હિ.] જી. મોટું તળાવ.

જોહ્વવું વાળવું ૧. સ કિ. કહેવું.

૨. સ. કિ. પરાણે આપવું.

જોહ્વન જુઓ જોહ.

જોહર ૧. [સં. જૌહર] ન. ચિતા બાંધી બીબીએ બળી મરવું તે.

૨. ન. ઝવેરી; ઘરેરી.

૩. ન. નાનું તળાવ.

૪. ન. નિમાજ.

૫. ન. રેલ.

૬. ન. સોનું.

જોહરી પું. ઝવેરાતની કીમત આંકનાર માણસ; રત્નપરીક્ષક; ઝવેરી.

જોહા પું. (પિંગળ) એક સમવૃત્ત બહુમેળ છંદ. તે ગાયત્રી છંદનો ભેદ છે. તેના ચિમોઢા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે રગણ મળીને છ અક્ષર હોય છે.

જોહાક ૧. પું. એ નામનો ઈરાનનો જુલમી પાદશાહ.

૨. પું. જુલમી માણસ.

જોહાકી ૧. જી. અતિશયતી, મરણ માફક વર્તવું તે; જોહુકમી

૨. જી. જોહાક નામે બાદશાહના જેવો જુલમ.

જોહાર ૧. [સં જુહાવ] પું. જુહાર; લોકોમાં નમન કરતાં બોલવાનો કે સાંભળવાનો વિનય અને માનનો ઉદ્ગાર; અભિવાદન, વંદના; પ્રણામ; નમસ્કાર.

૨. જી. ઓબોએ ચિતા બાંધી બળી મરવું તે.

જોહારવું સ કિ. વંદવું; પ્રણમવું; પ્રણામ કરવા.

જોહારી ૧. જી. અહમદનગર અને બાનદેશ તરફ રહેતી મચ્છુકા વેચવાનો ધંધો કરતી એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

જોહિયા પું. એ નામના એક જાતના રજપૂત. બાવલપુર રાજ્યની સરહદ ઉપર સતલજ નદીને કાંઠે તેઓ રહે છે.

જોહીં [હિં.] અ. જેવું કે તરત જ; તેજ ક્ષણે; તત્કાળ.

જોહુકમ ૧ પુ. દોર; દોરી; હુકમનો કડક અમલ કરવો કે કરાવવો તે; જુલમ.

૨. વિ. જેવો હુકમ હોય તેમ; હુકમ પ્રમાણે.

જોહુકમી ૧ સ્ત્રી જેવો હુકમ થાય તેવું કરી પણ બીજું કંઈ વિચાર તપાસ્યા વગર વસુ જ જોઈએ એમ કરાવવું તે, દાંતોરનું જોર, કડક અમલ ચલાવવો તે; જોહુકમ; આપખુદી.

૨ વિ. ખરા પ્રમાણે અમલ ચલાવનાર; જોહુકમવાળું; આપખુદ સત્તા વાપરનારું.

જોહોસોહો અ જે થવાનું હોય તે ભલે થાય; ગમે તે થાય.

જોળ ૧. સ્ત્રી જોડ, સારી અવતરેલાં બે બાળકની જોડાં જોવું.

૨. સ્ત્રી. જોખમ, છાપરાનો ખાડો, છાપરાનું નમી જવું તે.

જોળ ખાવું-પડવુ = મુશ્કેલી વેઠવાનું.

૩. સ્ત્રી. ઠેકડી; મશ્કરી.

૪. ન; વઘારેલું દહીંનું પોળવું.

જોળિયા જુઓ જોળિયું.

જોળિયાં જુઓ જોળિયું.

જોળિયું વિ. સારી અવતરેલું હોય તેવું.

જોળી સ્ત્રી ઝોળી, બલેચી; કોથળો; ભિક્ષા માગતી વખતે ઝોળ, દાણા વગેરે રાખવાની લાંબી થેલી.

જોળો ૧. પું ઘરની આસપાસ ફૂલતો ચોરણીનો ભાગ.

૨. પું. ધાણીના ખોડના ચકની આસપાસ જંત્રીથી ઝબેલા સુધી ભાંધવામાં આવતું દોરડું.

જોંઠ ૧. [સં. જમ્બોષ્ઠ] સ્ત્રી. જાળો.

૨. સ્ત્રી. સદની આજણની કિનારી.

૩. ન. ઉદ્ગમ; પહેલા વરસાદથી પાણીમાં ઉત્પન્ન થતું એક જાતનું જીવડું.

જોંઠર [હિં.] અ. કોઈ રીતે; ગમે તેમ પણ.

જોં ઠા તોં ૧. વિ. પૂર્ણ; આખું; તેટલું જ.

૨. અ. બરાબર; જરાય વધારે નહિ તેમ જ ઓછું નહિ તેમ.

જોંકાસ [મ.] અ. જ્યાંસુધી.

જોંકી સ્ત્રી. એક પ્રકારનો લાલ રંગનો હીરો.

જોંગક ૧. પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે ફૂલે ઝાળો હોય છે. ઝાડરૂપ રોગમાં તે ઉત્પન્ન થાય છે. તેમાં જુદા જુદા રંગનાં ટપકાં હોય છે. ગોમૂત્રના જેવી તેમાંથી તીવ્ર નીકળે છે.

૨. ન. એક જાતનું ચંદન. તે પીળું અને રંગે રાતું હોય છે.

જોંગણી ૧. સ્ત્રી ધાતુનો કટકો.

૨. સ્ત્રી. લાખ.

જોંગળ પું. સિક્કા.

જોંજોં ૧. વિ. જેટલું; બરાબર

૨. અ. જેમ જેમ.

જોંતાલા સ્ત્રી એક જાતનું પાત્ર.

જોં તોં ૧. અ. કોઈ પણ રીતે; ગમે તેમ.

૨. અ. ઘણી મુશ્કેલીથી.

જોંધરી [હિં] સ્ત્રી એક જાતનું પાત્ર; બાજરો.

જોંધરો પું. પેટનો નળી ભાગ.

જોંધૈયા [હિં.] સ્ત્રી. ચાંદની; ચંદ્રિકા; ચંદ્રનું અજવાળું.

જોંધરી [મ] અ જ્યાંસુધી

જોંસરવું (જોંસરવું) સ. ક્રિ. ઉતારવો ભારું.

જોંસણ ૧ ન જલદી જલદી ખાઈ લેવું તે

જોંસણ વાળવું = (૧) ઉતાવળે ખાઈ લેવું. (૨) કંટાળીને આપવું. (૩) નાખવું. (૪) બેદરકારીથી મૂકવું.

૨. ન. ખાવું તે; જમણ.

જોંસવું ૧. સ. ક્રિ. ખાપવું; પીરસવું; મૂકવું; તિરસ્કારથી નાખવું.

૨. સ. ક્રિ. ઉતાવળથી ખાવું.

૩. સ. ક્રિ ખાવું.

જોંસાખમણી સ્ત્રી. જાત અમથા બીક ઉત્પન્ન કરે એવી વાણી.

જોંસો પું. કપડો.

જોંહટવું સ. ક્રિ. ઉતાવળથી ખાવું.

જોંહિં ૧. અ. જે જ ક્ષણે; તત્કાળ; તરત જ.

૨. [સં. યથા] અ. (હિંદી) જેમ; જે રીતે.

જો ૧. પું. આંગળીના સાંધા ઉપરની રેખા.

૨. પું. ઉંચનો ત્રીજો ભાગ.

૩. પું. ચાર પાંચ મહિના જીવતો એક છોડ. તેનાં બી કે દાણા એક પ્રકારના અનાજમાં ખવાય છે. એ છોડ ઘાસ કરીને પૃથ્વીના સમસ્ત ઉષ્ણ તથા સમશીતોષ્ણ રસાનોમાં થાય છે. ભારતવર્ષમાં ખેતરો જેમ જ પહાડો ઉપર પણ ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી થાય છે. તેનું વાવેતર પ્રતિક્ષ ગાયકર ગાયમાં થાય છે. તેની કાપણી ફાગણ ચૈત્રમાં થાય છે. તે પહેલા છોડ જેવો હોય છે. વરસ તેમ જ ભારતવર્ષમાં કેટલીક જગ્યાએ તેનાં બીજાંથી એક પ્રકારનો શરાબ બનાવવામાં આવે છે. અત્યંત પ્રાચીન કાળથી એક પ્રકારના અનાજ તરીકે તેને મનુષ્ય જાતિ ઓળખે છે. વેદમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તે હવન આદિમાં વપરાય છે ઈ. સ. પૂર્વે ૨૧૦૦૦ વર્ષ પહેલાં ચીનના બાદશાહ શિનગે જે પાંચ અનાજ વવરાવ્યાં હતાં તેમાં એક જવ પણ હતું. ઈ. સ. પૂર્વે ૧૦૧૫ વર્ષ પહેલાં સુલેમાન બાદશાહના સમયમાં તેનો ખૂબ પ્રચાર હતો. વૈદકમાં જવ ત્રણ પ્રકારના છેઃ શુક્લ, નિઃશુક્લ અને હરિતવર્ણ. શુક્લને યવ, નિઃશુક્લને અતિયવ અને હરિત રંગના જવને સ્તોકયવ કહે છે. જવ શીતલ, રૂક્ષ, બીર્યવર્ધક, મલરોધક તથા પિત્ત અને કફનો નાશ કરનાર મનાય છે. યવ કરતાં અતિયવ અને અતિયવ કરતાં સ્તોકયવ ગુણમાં હીન માનવામાં આવે છે.

૪. [સં. યવ] પું. જવ.

૫. સ્ત્રી. થોડી કીમતની કોઈ વસ્તુ.

જોઉક [અ.] પું. માણસોની ટુકડી.

જોકૂફ [હિં.] વિ. અધું ખાંડેલું.

જોકોબ્બ વિ. અધું ખાંડેલું.

જોખ ૧. [રા. ખૂહ] પું. ગુંજ; જબ્બો.

૨. પું. પક્ષીઓની હાર.

૩. પું. ફોજ; સેના.

જોગર ન. મદ્રાસ ઇલાકાના ગંજમ જિલ્લામાં ગંજમથી લાવવામાં આવતા ખાંડ માટેના પુરુષોત્તમપુરથી પશ્ચિમે આર માઈલ દૂર ઋષિકુલ્યા નદીના તટ ઉપર આવેલો એક કિલ્લો. એ કિલ્લાના એક બારણા ઉપર અશોકનો ઈ. સ. પૂર્વે ૨૫૦ વર્ષનો એક શિલાલેખ આવેલો છે

જોચણા પું. જવ અને ચણાની ભેગટ.

જોજા સ્ત્રી. પરણેલી સ્ત્રી; બાયડી; પત્ની.

જોજ [હિં.] ન. ભણકણ.

જોજા [અ.] પું. (જ્યોતિષ) મિથુન રાશિ.

જોડલા (જોડલા) ૧. [હિં.] ન. એક જ ઉદરમાંથી સાથે જન્મેલાં બે બાળક; જોડલું.

૨. વિ જોડલું.

જોડાજોડી (જોડાજોડી) સ્ત્રી. તકરાર; ચકમિલાદ.

જોતુક સ્ત્રી. ભેટની ભેટ.

જોદત સ્ત્રી. બારીક નજર.

જોન ૧. [હિં.] અ. કે; જે

૨. અ. જો.

જોનપુરી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે આસાવરી ઘાટમાંથી ઉત્પન્ન થાય છે અને દિવસના બીજા પ્રહરે ગવાય છે.

૨. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તે ગાવાનો વખત દિવસના દશ વાગ્યાનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. ષાડ્વ સ્વર વર્જ્ય છે. જે આધારના સ્વર છે તે જ સ્વર આ રાગિણીના છે, માત્ર ગાવામાં ફેર છે.

જૌનપુરી ટોડી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; એક જાતની ટોડી રાગિણી. તે ગાવાનો વખત સવારનો પહેલો પહોર છે. તેની જાતિ સંપૂર્ણ એટલે ષડ્જ, રિષભ તીવ્ર, ગાંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ; વૈવત કોમળ, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર તેમાં આવે છે. ષાડ્વ સિવ કોરવીનો છે. જે આધારના સ્વર છે તે જ આ રાગિણીના છે. માત્ર ગાવામાં ફેર છે.

જૌનાર [હિં.] સ્ત્રી. ખાણ; ઉજાણી.

જૌપૈ [હિં.] અ. ક્ર ; પરિ; જો.

જૌફ [અ.] પું. પોલાણ; ખાલી જગ્યા.

જૌફલ પું. દવામાં ઉપયોગી એક ઝાડ.

જૌમર ૧. [સં.] ન. જુમરનંદિકૃત સંક્ષિપ્તસાર નામનું વ્યાકરણ.

૨. વિ. જુમરનંદિકૃત સંક્ષિપ્તસાર વ્યાકરણ જાણનાર.

જૌર [અ.] ન. જુલમ; અપમૃત્યુ; બળજબરી.

જૌરપેશા વિ. જુલમ કરનાર.

જૌરજબરા [ફા] સ્ત્રી. જોરજુલમ.

જૌલજળી પું. ગંગા, ગોરી અને કાલી નદીના સંગમ પાસે નેપાળની સરહદ ઉપર ભરાતો મેળો.

જૌલાન ૧. [ફા.] ન. ખેડી; ઘોડાની સાંકળ.

૨. વિ. કાબુ; સમર્થ; બળવાન.

જૌલાની ૧. સ્ત્રી. જ્ઞાન; સમજણ.

૨. [ફા.] સ્ત્રી. ત્વરા; ઉતાવળ.

૩. સ્ત્રી. મન અથવા શરીરની શક્તિ.

જૌલાં ન. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ.

જૌવન [સં. યૌવન] ન. જુવાની; યુવાવસ્થા.

જૌવનગર્વ [સં. યૌવનગર્વ] પું. જુવાનીનું અભિમાન.

જૌવનવાન [સં. યૌવનવત્] વિ. જુવાનીવાળું.

જૌશન ૧. [ફા.] ન. કાંડા ઉપર પહેરવાનું સોનારૂપાનું એક ઘરેણું.

૨. ન. બખ્તર; કવચ.

જૌસક [અ.] પું. ઊંચો મહેલ.

જૌહર ૧. [સં. જ્યોત્સ્ના] પું. આત્મબલ; સામુદાયિક પ્રાણોત્સર્ગ; જબરજસ્ત; રજપૂતોની યુદ્ધ સમયની એક પ્રથા. તે પ્રમાણે તેમની સ્ત્રીઓ પોતાની આબરૂ ખાતર ચિતા બળવાથી તેમાં બળી મરતી. જ્યારે રજપૂતોને જણાતું કે પતની રક્ષા થઈ શકે તેમ નથી અને શત્રુઓ જરૂર ગઢ જીતશે ત્યારે તેઓ પોતાની સ્ત્રી તથા છોકરાઓને ઉજ્જવલ રામરામ કરી તેમને ચિતામાં બળી મરવાનો આદેશ કરી પોતે યુદ્ધ માટે મરણિયા થઈને નીકળી પડતા. સ્ત્રીઓ પણ હસતાં હસતાં સળગ અગ્નિના મોટા કુંડમાં કૂદી પડી બળી મરતી. અલાઉદ્દીને જ્યારે ચિતોડ પેલું હતું ત્યારે મહારાણી પદ્મિનીએ સોળ હજાર સ્ત્રીઓ સાથે જૌહર કર્યો હતો. આ પ્રમાણે જ્યારે જેસલમેરનો કિલ્લો પેલો હતો ત્યારે તે નગરની બધી સ્ત્રીઓ તથા બાળકો અર્થાત્ લગભગ ૨૪,૦૦૦ માણસો બળી મર્યાં હતાં. આ સંબંધે અમર આર્યાવર્તમાં ઉલ્લેખ છે કે: હિંદની સરસ્વતી જગતને ટંટખમે રહીને એટલા રાજવીરો જ અમર થઈ ગયા છે એમ કંઈ નથી, પણ કપરી ન રાઠામ એવા ભોગ આપીને અનેક રાજરમણીઓ પણ અમર થઈ ગયેલ છે. આ વીરાંગનાઓ સ્વધર્મ અને સ્વમાનના રક્ષણ માટે પોતાને હાથે ચિતાઓ ખડકી બળીને ભસ્મ થયેલ છે. આ વીરાંગનાઓ ઊંચાડી તલવારે લડાઈના મેદાનમાં નરરાક્ષસોની સામે લડીને અમર થઈ ગયેલ છે. એક સોળ વર્ષની તાજેતરમાં જ પરણેલી રાજરમણીએ પોતાની દાસીને બોલાવીને કહ્યું કે, બા! એક બાળ અને રમાબા થઈ બાબ. દાસી બાળ ને રમાબા થઈ ને આવી ત્યારે એ વીર રમણીએ કહ્યું કે, હું જે આપું તે આ બાળમાં મૂકીને લડાઈના મેદાનમાં લડતા મારા પતિને મારી બેટ તરીકે આપી બાબ. એમ કહેતાંની સાથે જ પોતાની પાસે રાખેલ કટારીથી પોતાનું માથું ઊડાવી દઈને બાળમાં મૂકાવું. આ દાસી પણ તેના જેવી જ વીર બાળા હતી. લડાઈના મેદાનમાં જઈ તે બેટ તેના પતિને આપી. રાજવીર સાનમાં સમજી ગયા કે મને તેની ચિતા ન રહે એટલા ખાતર પોતાનો જોગ આ રીતે આપેલ છે. તે રાજવીર તેટલી જ હોંશથી પોતાની પત્નીનું માથું લેણી વારે કોકમાં ટાંગી દુશ્મનો પર મરણિયા થઈને ત્રાટક્યા ને સ્વદેશ અને સ્વધર્મનું રક્ષણ કરી અમર થયા અને તેથી જ બિહારીએ વીરરસને ઉદ્દેશીને કહ્યું છે કે:

કોયું જ્યારે યુગલાળમાં બાન ઝંદાવતે જ્યાં,
સોળે સોળે નવલી રમણી કોર્ય કાપી ધરે ત્યાં;
બાંધી કોરે વિજયી વિજયે લેણી ત્યાંની ત્યાંથી,
ખાતા એ જા વિરલ રજની વીર જોહોજવાળી.

૨. પું. કિલ્લાની અંદર સ્ત્રીઓને બાળી મારવા માટે કરેલ ચિતા.

૩. પું. કેસરિયાં કરવાનો ઠંકો.

૪. પું. બાનગી બબર.

૫. પું. બાનગી વસ્તુ.

૬. પું. જ્ઞાન; ચતુરાઈ.

૭. પું. પદાર્થ; સત્ત્વ.

૮. પું. પોલાદનું પાણી.

૯. પું. મમનું ઘર.

૧૦. પું. સદ્ગુણ; લાયકાત.

૧૧. પું. સમજણસહિત.

૧૨. ન. ગુણ; વિશેષતા; ઉત્તમતા; ખૂબી.

૧૩. ન. રત્ન; બહુમૂલ્ય પથ્થર; જવાહિર.

૧૪. ન. સાર વસ્તુ; સારાંસ; તત્ત્વ.

૧૫. ન. હથિયારનું તેજ.

જૌહરી ૧. પું. રત્ન પારખનાર ઝવેરી.

૨. વિ. ગુણગ્રાહક; કદરદાન.

જૌંચી ન. જવ અને ચણાનાં પલ્લર ડુંડામાં મળી ૬૫.

જૌંડા ૧. [હિં.] પું. ગામ નોકરોને રોકડ નહિ પણ વસ્તુથી પગાર આપવો તે.

૨. પું. ઢોર અને બીજનું બ્યાન રાખવા માટે બાજરે દસ ફૂટ ઊંચી બાંધેલી લાકડાની બેઠક.

જૌંરાબાંરા [હિં.] પું. ઝેરાંત.

જ્ઞ ૧. પું. ચંદ્ર; ચંદ્રમા.

૨. [સં.] પું. જ્ અને ઞ મળીને બનેલો એક સંયુક્તાક્ષર. ગુજરાતી વર્ણમાળામાં તેને કોઈ માને એક સ્વતંત્ર જ વર્ણ તરીકે ગણવામાં આવે છે. વ્યવહારમાં તેનો ઉચ્ચાર ઇ, ન્ અને ગ્ય જેવો અથવા ગ્ અને ન જેવો કરવામાં આવે છે. તેના ઉચ્ચાર સંબંધે પાણિનિએ પોતાના અતિ પ્રસિદ્ધ વ્યાકરણમાં સ્પષ્ટ કર્યું છે કે જ્ અને ઞ મળીને થયેલ હોઈને તેનો ઉચ્ચાર કરતાં ગ્ અને ન નહિ ઉચ્ચારતાં જ્ અને ઞ ઉચ્ચારવું જોઈએ, એટલે કે જ્ઞિતિનો શુદ્ધ ઉચ્ચાર જ્ઞિત્નિઞ થાય, નહિ કે જ્ઞિત્નિઞ. ગુજરાતીમાં અક્ષરોમાં જ્ઞને જ્ઞવામાં આવ્યો છે, પણ તેની રીતે બીજી કોઈ પણ લિપિઓમાં તેને અપેક્ષો નથી. દેખીતી રીતે આ અક્ષર બંધબેસતો નહિ પણ યુક્તાક્ષર છે. બાળકોને પુસ્તક વાંચતાં વાંચતાં સહેજ ઊહાપોહ કરવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કરવું કે તેઓ માને છે કે જ્ઞ જ્ઞાન નહિ.

૩. પું. જાણનાર માણસ; જ્ઞાતા; જ્ઞાની.

૪. પું. (જ્યોતિષ) શુભ ગ્રહ.

૫. પું. બુધ.

૬ પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૭. પું. વેદાંતી પુરુષ.
૮. પું. સાંખ્ય મત અનુસાર નિષ્ક્રિય નિર્વિકારી પુરુષ. તેને જાણવાથી બંધન તૂટી જાય છે.
૯. વિ. જાણનાર; જ્ઞાનવાળું. સમાસમાં શબ્દની આગળ જોડાઈ જાણનાર એવો અર્થ બતાવે છે. જેમકે, મર્મજ્ઞ, ધર્મજ્ઞ, સર્વજ્ઞ.

જ્ઞક [સં.] વિ. જાણનાર

જ્ઞકાર ૧. [સં] પું. ज અક્ષર.
૨. પું. જ ઉચ્ચાર.

જ્ઞતા [સં.] સ્ત્રી. જાણવાપણું; જ્ઞાન.

જ્ઞત્વ જુઓ જ્ઞાત..

જ્ઞપ્ ૧. [સ.] સ. ક્રિ. જણાવવું.
૨. અ. ક્રિ. જોવું.
૩. અ ક્રિ. તીક્ષ્ણ કરવું.
૪. અ ક્રિ. મારવું.
૫. અ. ક્રિ. શોભવવું.
૬. અ ક્રિ. સંતોષ પમાડવો.
૭. અ. ક્રિ. સ્તુતિ કરવી.

જ્ઞપિત ૧. [સં.] વિ. જણાવેલ.
૨. વિ. જોયેલ.
૩. વિ. તીક્ષ્ણ કરેલ.
૪. વિ. મારેલ.
૫. વિ શોભવેલ.
૬. વિ. સંતોષ પમાડેલ.
૭. વિ. સ્તુતિ કરેલ.

જ્ઞપ્તિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન; સમજણ; બુદ્ધિ.
૨. સ્ત્રી. તીક્ષ્ણ કરવું તે.
૩. સ્ત્રી તોષણ; સંતોષ પમાડવો તે.
૪. સ્ત્રી. બુદ્ધિ વડે પદાર્થ જાણવામાં આવવો તે.
૫. સ્ત્રી. ભાન; ચેતના.
૬. સ્ત્રી. મારવું તે.
૭. સ્ત્રી. સ્તુતિ.

જ્ઞપ્તિપરતન્ત્રત્વ [સં.] ન. (વેદાંત) કેવળ જ્ઞાનમાત્રની પ્રાપ્તિ સામગ્રીથી ભિન્ન સામગ્રી વડેનું પ્રાપ્યત્વ.

જ્ઞપ્તિસ્વતન્ત્રત્વ [સં.] ન. (વેદાંત) પ્રમાત્વના અસાધારણ પ્રમા જ્ઞાનની પ્રાપ્તિ જેટલી સામગ્રી છે તે સામગ્રી વડેનું પ્રાપ્યત્વ. દોષાભાવ સહકૃત સામગ્રીવડે જન્ય જે જે જ્ઞાન તે પ્રમાત્વના અસાધારણ પ્રમા જ્ઞાનને વિષય કરે છે, તે સર્વ જ્ઞાન પ્રમાત્વને પણ વિષય કરે છે. એ જ તે પ્રમાત્વમાં સ્વતોપ્રાપ્યત્વ છે તથા જ્ઞપ્તિસ્વતન્ત્રત્વ છે.

જ્ઞભાર [સં.] પું. બુધવાર.

જ્ઞમકેતુ [સ.] પું. ગ્રહકેતુ.

જ્ઞમધ્યજ [સં.] પું. કામદેવ.

જ્ઞા ૧. [સં.] સ. ક્રિ. ભોગવવું; જાણવું; વિચારવું.
૨. સ. ક્રિ. કાર્યમાં મશગૂલ હોવું; કામમાં રોકાવું.
૩. સ ક્રિ. પરીક્ષા કરવી; ચકાસવું.
૪. સ ક્રિ. વસ્તુસ્થિતિથી માહિતગાર હોવું.
૫. સ. ક્રિ. શોધવું; ખાતરી કરવી.
૬. સ. ક્રિ. સમજવું; અનુભવવું; અભ્યંતરી કરવો.
૭. અ. જાણવું એવો અર્થ બતાવનાર શબ્દને અંતે આવતો પ્રત્યય. જેમકે, અવજ્ઞા, સંજ્ઞા, પ્રતિજ્ઞા

જ્ઞાત ૧. પું. મહાવીર સ્વામી
૨. સ્ત્રી. જાતિ, જાત; જ્ઞાત.
૩. [સં.] ન. જ્ઞાન.
૪. ન. દૃષ્ટાંત; દ્રાખલો
૫. ન. બીજગણિતમાં જેનું મૂલ્ય જાણવામાં આવ્યું હોય તે પરિમાણ.
૬. વિ. ક્ષમામાં રોકાયેલું.
૭. વિ. અજમાવેલું; પરીક્ષા કરેલું.
૮. વિ. જાણવામાં આવેલું; જાણેલું; વિદિત.
૯. વિ. જાણીતું; પ્રખ્યાત.
૧૦. વિ. ભોગવ્યું; જ્ઞાન પામેલું; માહિતગાર.
૧૧. વિ. શોધેલું; ખાતરી કરેલું.
૧૨. વિ. સમજેલું.

જ્ઞાતજ્ઞેય [સં.] ન. જાણેલું અને જાણવા જેવું કંઈ તે.

જ્ઞાતજ્ઞેયતા [સં.] સ્ત્રી. જાણવા યોગ્ય હોય તે જાણી લેવાની સ્થિતિ; આત્મજ્ઞાનીમાં અનુભવ જન્યનાં ઉત્કટનાં સાર્વકરૂપ રહેલાં પાંચ માહેનુ એક પ્રયોજન. એ પાંચેને વિદ્વાનો જ્ઞાતજ્ઞેયતા, કૃતકૃત્યતા, પ્રાપ્તપ્રાપ્યતા, ત્રિવિધ દુઃખની અત્યંત નિવૃત્તિ અને પરમાનંદની અભિવ્યક્તિ એવી પંચદશી કહે છે.

જ્ઞાતતા જુઓ જ્ઞાતત્વ.

જ્ઞાતત્રિવિધધર્માત્મા [સં. જ્ઞાતત્રિવિધધર્માત્મન્] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

જ્ઞાતત્વ [સં.] ન. જ્ઞાન વડે જાણવાપણું; જ્ઞાનથી દૂર જઈ શકે એવા અજ્ઞાનનો વિષય નહિ હોવાપણું.

જ્ઞાતધાયાદ [સં.] પું. પ્રસિદ્ધ વારસ; મશહૂર વારસ.

જ્ઞાતધર્મકથાસૂત્ર [સં.] ન. જૈન ધર્મનાં અગિયાર માહેનું એ નામનું એક અંગસૂત્ર. જુઓ અંગ.

જ્ઞાતનંદન [સં.] પું. જૈન તીર્થંકર મહાવીર સ્વામી.

જ્ઞાતપુત્ર જુઓ જ્ઞાતનંદન

જ્ઞાતપૂર્વ [સં. જ્ઞાત (જાણેલું) + પૂર્વ (અગાઉ)] વિ. પહેલાં જાણેલું હોય એવું.

જ્ઞાતભાવ [સં.] પું. પ્રકાર પૂર્વક પ્રવૃત્તિ કરવી તે. તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, વીર્ય અને અધિકરણના ભેદથી કર્મબંધની વિશેષતા થાય છે.

જ્ઞાતયૌવના [સં.] સ્ત્રી. (કામ્ય) પોતાને યૌવન આવેલું છે એવી સમજણવાળી મુગ્ધા નાયિકા. તેના બે ભેદ છે: નવોઢા અને વિશ્રબ્ધ નવોઢા.

જ્ઞાતલ ૧. [સ.] પું. એ નામનો એક ઋષિ.
૨. વિ જાણનારું.

જ્ઞાતલેય [સં.] પું. જ્ઞાતલનો પુત્ર.

જ્ઞાતવ્ય ૧. [સં.] ન. જાણવા લાયક વસ્તુ
૨. વિ. જાણવાજોગ; જ્ઞાન પામી લાભ લેવું; સમજવા જેવું; જ્ઞેય

જ્ઞાતવ્યતા [સં] સ્ત્રી. (વેદાંત) જ્ઞાન લાભ તે વખતના વિષયની સત્તા.

જ્ઞાતસિદ્ધાંત [સં જ્ઞાત + સિદ્ધાંત] વિ. સિદ્ધાંતથી જાણકાર હોય એવું; શાસ્ત્રમાં પારંગત; શાસ્ત્રવેત્તા.

જ્ઞાતા ૧. [સં. જ્ઞાતૃ] પું. અંતરાત્માનું સારી પેઠે જ્ઞાન પરાવનાર માણસ; બુદ્ધિમાન અને ડહ્યો માણસ.
૨. વિ. જાણનાર; સમજનાર; વાકેફગાર; માહિતગાર.
૩. વિ. જ્ઞાનશીલ; ડાહ્યું.

જ્ઞાતાઅંગ ન. જૈન શાસ્ત્રના મુખ્ય બાર માહેનું એક અંગ.

જ્ઞાતાજ્ઞાત ૧. [સં.] વિ. જાણેલું અને અજાણ્યું.
૨. ક્રિ. જાણતાં અજાણતાં; બારમે અજાણપણે.

જ્ઞાતાધર્મકથા ૧. [સં.] સ્ત્રી. (જૈન) અગિયાર માહેનું છઠું અંગ.
૨. સ્ત્રી. (જૈન) અક્ષિપિટકના બાર માહેનું એક અંગ સૂત્ર. જુઓ અક્ષિપિટક.

જ્ઞાતાપુત્ર [સં.] પું. જૈન તીર્થંકર મહાવીર સ્વામી

જ્ઞાતાસ્મૃતિ [સં.] વિ. શ્રુતિ વગેરે શાસ્ત્રોનો જાણકાર.

જ્ઞાતિ ૧. પું. (પુરાણ) સોમવંશનો અનુક્રોષ્ટાના એક રાજા.

૨. જી. ભોજન; જમટ૬. પંપો, વતન વગેરે ઉપરથી ભોજન આપવા માટે જે નામ પાડેલાં છે તે જાતિ, જન્મ અને જ્ઞાતિધર્મા વગેરેની ઉપર આધાર રાખે છે.

૩. [સં.] જી. કુટુંબ કે જાતિના માણસોનો સમુદાય; એકબીજાની સ્થિતિ જાણનાર એક જ જાતના લોકનો સમૂહ; નાત; જાત; જ્ઞાત. ઋગ્વેદના સારજાતના જમાનામાં એક કુટુંબનાં અને એક જ ઘરમાં રહેતાં માણસો એ અર્થમાં જ જ્ઞાતિ શબ્દ વપરાયો છે. સાધારણ રીતે ઘણી જ્ઞાતિઓનાં નામો મૂળ વતન ઉપરથી પડેલાં છે. જૈન મત પ્રમાણે નીચેની ૮૪ જ્ઞાતિ છે. (૧) શ્રીમાળી, (૨) ઓસવાળ, (૩) પોરવાડ, (૪) ઊંડ, (૫) પુષ્કરવાળ, (૬) દીસાવાળ, (૭) ખેડવાળ, (૮) આબૂ, (૯) મારવાડ, (૧૦) જાલવાડ, (૧૧) રોહિત, (૧૨) સોનૈ, (૧૩) મારવૈ, (૧૪) મંડોરવાળ, (૧૫) પોરણાડ, (૧૬) મૂજર, (૧૭) મોઢ, (૧૮) નાગર, (૧૯) ભાવસર, (૨૦) પ્રાગ્વાટ, (૨૧) કપોલ, (૨૨) જોજૂ, (૨૩) વાપણા, (૨૪) થાવ, (૨૫) દસોરા, (૨૬) ભરહિયા, (૨૭) નાગડા, (૨૮) મેવાડા, (૨૯) ભટેવરા, (૩૦) કમરા, (૩૧) નરસિંહપુરા, (૩૨) હારલ, (૩૩) પદ્મમંડલ, (૩૪) સિરણંડા, (૩૫) કમોહ, (૩૬) રોતડી, (૩૭) ભાભરવાલ, (૩૮) ભિન્નમાલી, (૩૯) ખાંડા, (૪૦) ધાર્મ, (૪૧) પલ્લીવાલ, (૪૨) ઉચિત, (૪૩) ભગડ, (૪૪) અહિછત્રવાલ, (૪૫) શ્રીગોડ, (૪૬) વાયભટિ, (૪૭) ડાહો, (૪૮) તેલહા, (૪૯) તિસઉરા, (૫૦) આદ્રવી, (૫૧) લાડીસાખા, (૫૨) ખખનવેરા, (૫૩) સુહડવાલ, (૫૪) શ્રીપુ, (૫૫) પદ્માવતી, (૫૬) નીમા, (૫૭) જેહરાણા, (૫૮) માથુર, (૫૯) પાલક, (૬૦) પલ્લીવાલ, (૬૧) હરસોરા, (૬૨) ચિત્રવેલ, (૬૩) ગોલા, (૬૪) અહિલરિયા, (૬૫) ગોલાપૂર્વ, (૬૬) ખાટિયા, (૬૭) નાગોરા, (૬૮) આબુંસોરા, (૬૯) ચતલા, (૭૦) કારોલાપુરા, (૭૧) રાજવાલ, (૭૨) ચેસિયા, (૭૩) પેરણ, (૭૪) ગોમિતી, (૭૫) નારાયણા, (૭૬) ટીંટુ, (૭૭) મજીઠા, (૭૮) ગોપરણ, (૭૯) અજમેરા, (૮૦) કોડોલિયા, (૮૧) કાપલ, (૮૨) સાગવેલ, (૮૩) સીહોરા, (૮૪) જેસવાલના દેવા. નવજીવનમાં આ સંબંધે એવું પણ વિધાન છે કે: જ્ઞાતિને મેં સંયમની વૃદ્ધિને સારૂ મદદગાર તરીકે સ્વીકારી છે. પણ આજકાલ જ્ઞાતિ સંયમરૂપે નથી, પણ બંધનરૂપે જોવામાં આવે છે. સંયમ મનુષ્યને શોભાવે છે ને સ્વતંત્ર કરે છે, બંધન બેડીરૂપ હોઈ કંપને છે. આજકાલ જ્ઞાતિનો જે અર્થ થાય છે તે કંઈ પ્રશ્નના યોગ્ય કે સ્વીકાર્ય નથી. જે અર્થમાં આજે વપરાય છે તે અર્થમાં જ્ઞાતિ એવો શબ્દ જ સાચા જોવામાં નથી. વર્ણો છે અને તે તો ચાર જ છે. પણ અસંખ્યાત જ્ઞાતિમાં જે તત્ત્વો પડ્યાં છે ને તેમાં ભેદીભવકાર જોઈ ચાલો જોવામાં આવે છે. આ ઉન્નતિનાં લક્ષણ નથી, પણ અવનતિનાં છે.

૪. ન. સમૂહ; કુટનું સમૂહ; ગોત્રજ; બાંધવ.

જ્ઞાતિઅભિમાન ન. નાતનું અભિમાન.

જ્ઞાતિઆબરૂ જી. નાતની પ્રતિષ્ઠા

જ્ઞાતિઉચ્ચેદ પું. જ્ઞાતિનો નાશ.

જ્ઞાતિઉત્કર્ષ પું. જ્ઞાતિની ચડતી.

જ્ઞાતિકર્મ [સં. જ્ઞાતિ + કર્મન્ (કામ)] ન. જ્ઞાતિનું કામ.

જ્ઞાતિગૌરવ [સં. જ્ઞાતિ + ગૌરવ (મહત્તા)] ન જ્ઞાતિનું મહત્ત્વ; જ્ઞાતિની મહત્તા.

જ્ઞાતિતા [સં.] જી. જ્ઞાતિપણું, સગાપણું.

જ્ઞાતિત્વ જુઓ જ્ઞાતિતા.

જ્ઞાતિદ્રોહ પું. સ્વજનોને દગો દેવો તે.

જ્ઞાતિધન [સ.] ન. નાતનો પૈસો.

જ્ઞાતિનિંદા [સં.] જી. નાતની નિંદા.

જ્ઞાતિપત્ર [સં.] ન. જ્ઞાતિને લગતું છાપું.

જ્ઞાતિપંચાયત જી. જ્ઞાતના પંચ આગેવાનોનું મંડળ.

જ્ઞાતિપુત્ર ૧. [સં.] પું. ગોત્રજનો પુત્ર.
૨. પું. (જૈન) તીર્થંકર મહાવીર સ્વામી; જ્ઞાતપુત્ર.
૩. પું. સગર્ભ પુત્ર; સગોત્રીય પુત્ર.

જ્ઞાતિપ્રેમ [સં. જ્ઞાતિ (નાત) + પ્રેમન્ (સ્નેહ)] પું. નાત ઉપર પ્રીતિ.

જ્ઞાતિબહાર જિ. નાત બહાર મૂકેલ.

જ્ઞાતિબહિષ્કાર [સં.] પું. નાત બહાર મૂકવું તે.

જ્ઞાતિબહિષ્કૃત ૧. [સં.] ન. નાત બહાર મૂકેલું; નાતમાંથી જેનો બહિષ્કાર કરવામાં આવ્યો હોય એવું.
૨. જિ. નાતમાંથી બહાર કાઢેલ; નાત બહાર મૂકેલ.

જ્ઞાતિબંધન [સં.] ન. નાતના નિયમોનું બંધન.
જ્ઞાતિબંધન એ મેળવેલ રાજ્ય છે, જેમનું બંધન છે. ગાંધીજી

જ્ઞાતિબંધુ [સં.] પું. નાતીલો; નાતબાંધ.

જ્ઞાતિભય [સં.] પું. નાતની બીક.

જ્ઞાતિભેદ [સં.] પું. નાતની જુદાઈ.

જ્ઞાતિભોજન [સ.] ન. નાત જમાડવી તે; નાતનું જમણ. આ સંબંધે નવજીવનમાં ઉલ્લેખ છે કે: વિવાહને અંગે જ્ઞાતિભોજન વગેરે ખોટે ખર્ચ કરવામાં આવે છે. એવાં ભોજન દરમ્યાન ઘણું પડતું છે, તેથી કુટુંબને તેનો બોજો અસહ્ય થઈ જતો હોય. આવાં ભોજનો મરજિયાત થવાં જોઈએ, એટલું જ નહિ પણ, ધનિક કુટુંબોએ પોતે સંયમ પાળી દાખલો બેસાડવો જોઈએ. અમારાં નાણાંનો ઉપયોગ જો હિંદુઓને સારૂ કે બીજાં સમાજોન્નતિનાં કામોમાં થાય તો તેથી જ્ઞાતિને અને એ રીતે આખી પ્રજાને લાભ થાય. વિવાહ સમયે જ્ઞાતિભોજનની પ્રથા બંધ કરવી આજ ઇષ્ટ છે, મરજીતે થતાં જ્ઞાતિભોજન બંધ કરવા જરૂરનું છે. મરજીતે અપાતાં જ્ઞાતિભોજનને હું તો પાપરૂપ દેખું છું. એ ભોજનમાં ક્યું રહસ્ય જોતો નથી.

જ્ઞાતિભ્રષ્ટ ૧. જિ. જ્ઞાતિમાંથી નીકળી ગયેલ; જ્ઞાતિના બંધારણમાંથી ભ્રષ્ટ થયેલ; નાત બહાર મુકાયેલ.
૨. [સં.] જિ. નાતમાંથી જેનો બહિષ્કાર કરવામાં આવ્યો હોય એવું; નાત બહાર મુકાયેલું.

જ્ઞાતિમાસિક [સં.] ન. જ્ઞાતિ સબંધી ચર્ચા કરતું માસિક પત્ર.

જ્ઞાતિમેળો પું. ગામ પરગામના જ્ઞાતિ જનોનું એકઠું મળવું તે.

જ્ઞાતિરક્ષણ [સં.] ન. નાતના હિતનું રક્ષણ.

જ્ઞાતિરિવાજ પું. નાતનો નિયમ.

જ્ઞાતિવાદ પું. જ્ઞાતિના બંધારણ અને રક્ષણમાં જ સમાજનું હિત રહેલ છે એવો મત.

જ્ઞાતિવ્યવસ્થા [સં.] જી. જ્ઞાતિ બંધારણ. આદ્યત્વ જ્ઞાતિમાં ચાલ્યાની જ્ઞાતિની પેઠે પરંપરાનો કે જીવતાં સુધી બદલાયું પ્રાપ્ત નથી.

જ્ઞાતિશૃંખલા [સં.] જી. જ્ઞાતિની બારાબંધારણરૂપી મેળી.

જ્ઞાતિસંઘ [સં.] પું. જ્ઞાતિ સમૂહ.

જ્ઞાતિસંમેલન [સં.] ન. જ્ઞાતિબાંધવોની સભા.

જ્ઞાતિસંસ્થા [સં.] જી. નાતમંડળ. જ્ઞાતિસંસ્થા સામાજિક અને રાજકીય જરૂરિયાતને લીધે જોડી મૂકેલી છે. અનાર્ય પ્રજાઓને દૂર રાખવાને માટે જ્ઞાતિસંસ્થા ઘણી ઉપયોગી થઈ પડી હતી. જ્ઞાતિસંસ્થાનું મૂળ શોધવું મુશ્કેલ છે. હિંદની અસલ વતની કોમ દસ્યુને પોતાથી નિરાળી રાખવા સારૂ, બિજી મજબૂત બાંધણીએ આ ભેદ ઘડ્યો હોવો જોઈએ. પણ ખુદ આર્યોમાં તો ક્ષત્રિય અને બ્રાહ્મણ વચ્ચેના ભેદની પેઠે

આકો પાતળી જ હશે. કેમકે ઉંદરોનો ખરો ઓક એતી હતો

જ્ઞાતિસેવા [સં.] સ્ત્રી. જ્ઞાતનું કલ્યાણ સાધવું તે જ્ઞાતિસેવા એ કુટુંબ સેવાનો જ વિસ્તૃત પ્રકાર છે

જ્ઞાતિસ્થાપિત [સં] વિ જ્ઞાતિથી નક્કી કરેલ: નાતે ઠરાવેલું.

જ્ઞાતિહિત [સં.] ન. નાતનું હિત; જ્ઞાતિનું ક્ષેમ.

જ્ઞાતુ ૧. સ્ત્રી. આર માંહેની એક પ્રકારની જ્ઞાનશક્તિ.
૨. ન. જ્ઞાતાના નવ માંહેનો એક પ્રકાર.
૩. [સ.] વિ. જ્ઞાતા; જ્ઞાનશીલ; જ્ઞાની.

જ્ઞાતૃતા જુઓ જ્ઞાતૃત્વ.

જ્ઞાતૃત્વ [સં.] ન. જાણવાપણું; અભિજ્ઞતા.

જ્ઞાતેય ૧. ન. જ્ઞાતિનું કામ.
૨. ન. સગાપણું; જ્ઞાતિપણું.

જ્ઞાત્યધિપ [સં. જ્ઞાતિ + અધિપ (ઈશ્વર)] પું. નાતનો પટેલ; જ્ઞાતિનો આગેવાન; મુખ્ય: જ્ઞાતિમાં કર્તાહર્તા.

જ્ઞાત્યાચાર ૧. [સં. જ્ઞાતિ + આચાર] પું. આચારના નવ માંહેનો એક પ્રકાર. અમુક કુલ સમૂહના અગ્રેસરોએ પોતાના કુળને લોક આચારોને અનુસરી સમુદાયની દૃઢતા માટે સ્થાપેલો આચાર. જુઓ આચાર.
૨. પું. જ્ઞાતિનો આચાર.

જ્ઞાત્યુદય [સં. જ્ઞાતિ + ઉદય] પું. નાતનો ઉદય; નાતની ચડતી.

જ્ઞાત્વા [સં.] અ. જાણીને; સમજીને.

જ્ઞાન ૧. પું. બ્રહ્મ લોકોની માન્યતા પ્રમાણે વિષ્ણુના ૧૭ માંહેનો આઠમો અવતાર.
૨. પું. ચોસઠ માંહેનો એક આકાશતત્ત્વ દેવતા. જુઓ આકાશતત્ત્વ દેવતા.
૩. પું. પરમાત્મા; ઈશ્વર; ભગવાન. કેમકે તે ચરાચર લોકોને સંપૂર્ણ રીતે જાણે છે.
૪. પું. બોતેર માંહેનો એક આકાશતત્ત્વ દેવતા. જુઓ આકાશતત્ત્વ દેવતા.
૫. પું. વાસુદેવ.
૬. [સં. જ્ઞા (જાણવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. ઇંદ્રિયો દ્વારા કોઈ પણ વસ્તુ અથવા વિષયનું સમજવું તે; જાણવું તે; ભાન; જાણ; કોઈ પણ બાબતની માહિતી; સમજણ, સંવેદ; બોધ.

જ્ઞાન થવું = સમજણ પડવી; અનુભવ આવવો; આંખ ઊઘડવી. જ્યારે કોઈ વસ્તુ અથવા વિષયનો ઇંદ્રિયો સાથે, ઇંદ્રિયોનો મન સાથે અને મનનો આત્મા સાથે સંબંધ થાય છે ત્યારે તે વસ્તુ કે વિષયનું જ્ઞાન થાય છે. એક કેરકારે ઘડો પડેલો છે તેનો નેત્રેંદ્રિયને સાક્ષાત્કાર થયો એટલે તેણે મનને અને મને આત્માને તે સાક્ષાત્કાર જણાવ્યો કે તરત ઘડો છે એવું જ્ઞાન ઉત્પન્ન થયું. ઇંદ્રિયો, મન અને આત્માને આવું જ્ઞાન થવાનો આધાર એટલી ત્વરાથી થાય છે કે જેનું અનુમાન આપણાથી થઈ શકે નહિ. એકી વખતે બે વિષયોનું જ્ઞાન થઈ શકતું નથી. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ દ્વારા સર્વ પ્રકારનું જ્ઞાન થાય છે. જ્ઞાનના બધી પ્રમાર્થ જ્ઞાન અને અપ્રમાર્થ જ્ઞાન એવા બે પ્રકાર છે.

૭. ન. ઈશ્વર અને જગત સંબંધી સમજણ; મુક્ત અને તેના કર્મની જાણ; જેથી આપ્ત વસ્તુ જણાય છે તે જીવ, માયા ને ઈશ્વરના સ્વરૂપને જાણવું તે; સૃષ્ટિમાંના અનેક પદાર્થોમાં એક જ અખંડિત મૂળ દ્રવ્યની સમજ; જીવાત્મા અને પરમાત્મા સંબંધી સમજ; આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન. જ્ઞાન બે જાતનાં છે: પરોક્ષ અને અપરોક્ષ. વળી બીજી રીતે એના પાંચ ભેદ છે: સકલ, પારમાર્થિક, કાર્યજ્ઞાન, આકારજ્ઞાન અને સ્મૃતિ. જ્ઞેય જોડિક ઉપાયો મોક્ષના સાધક નથી તેમ કેવળ કર્મકાંડ પણ મોક્ષદાયક નથી. જ્ઞાન સિવાય મોક્ષ મળી શકતો નથી. પરમાત્મા,ને જાણવાથી જ મોક્ષ મળે છે. જૈન મતે જ્ઞાનના પાંચ પ્રકાર છે: મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ અને કેવળ. જ્ઞાન મેળવવાની પણ રીત છે: (૧) પ્રણિપાતેન એટલે કે જિજ્ઞાસુને નમ્રતાને જિજ્ઞાસાથે વિનય અને નમ્રતાથી શોધવાની વૃત્તિથી, (૨) પરિપ્રશ્નેન એટલે કે સંબંધ સમાધાનવાળી સવાલજવાબ શૈલીથી સવાલ પૂછીને અને (૩) સેવયા એટલે સેવાભાવે ગુરુપ્રીતિથી ગુરુ કે આચાર્યને સંતુષ્ટ કરીને જઈ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાન સંપાદન કરવાના આ રામબાણ પ્રકાર જ્યારે કારણે માટે જિજ્ઞાસુઓને અતિ ઉપયોગી છે. વળી સકલ્પ, સકલ્પ, ભ્રાંતિ, સાદૃશ્ય, નિશ્ચય અને અનુભવ વગેરે જુદા જુદા પ્રકારનાં જ્ઞાન છે. જ્ઞાન તો બધાને હોય છે, પણ જ્ઞાનથી કંઈ પ્રભુપ્રાપ્તિ થતી નથી. પ્રભુપ્રાપ્તિ માટ તો સાધકે (૧) દુરાચરણથી તત્કાલ અટકવું જોઈએ (૨) શાંત મનના થવું જોઈએ અને (૩) એકાગ્ર ચિત્તવાળા પણ બનવું રહ્યું. એટલે કે પ્રભુપ્રાપ્તિ અર્થે દુરાચરણથી નિવૃત્તિ, શાંતિ, એકાગ્રતા અને શાંત માનસ કેળવવું પડે છે. અખાએ જ્ઞાનને પણ કવિતામાં ઉતાર્યું. ગીતાપંચામૃતમાં જ્ઞાનનું સ્વરૂપ આપતાં કહ્યું છે કે: નિર્માનિત્વ ક્ષમા સત્યપિપ્રહ ને કોર્ય અહિંસા અને, સેવા મુરુની સ્થિરતા સરલતા ને ચિત્તનો સંયમે, ને વૈરાગ્ય થયો વળી વિષયમાં ને નિરહંકાર ને, દૃષ્ટિ દોષની જન્મ મૃત્યુ દુઃખમાં રોગે જરામાંહી યે, સ્ત્રી પુત્રો ગૃહ આદિમાં ન મમતા કર્મે અનાસક્તિ ને, પામ્યે ઇષ્ટ અનિષ્ટ નિત્ય સમતા જે ચિત્તની હોવી તે, ભક્તિ અવ્યભિચારિણી મુજ વિષે યોગે અનન્યે વળી, એકાંતે નિજ વાસ તેમ અરતિ આમુષ્મસંગે વળી, નિત્ય જ્ઞાન અધ્યાત્મમાં નીરખવો તત્ત્વજ્ઞાનાર્થને, એ સૌ જ્ઞાન કહ્યું જ તે વિણ બીજું સર્વેય અજ્ઞાન છે. મીમાંસા સિવાય સર્વ દર્શનોએ જ્ઞાનથી મોક્ષ માન્યો છે. જ્ઞાન દ્વારા અજ્ઞાન જેવાથી મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે અને દોષ દૂર થતાં પ્રવૃત્તિ દ્વારા નિવૃત્તિ આવે છે. નિવૃત્તિથી દુઃખનો નાશ થાય છે અને દુઃખના નાશથી મોક્ષ પ્રાપ્ત થાય છે. અહીં જ્ઞાન શબ્દ પરમાત્મવિષયક જ્ઞાનના સાધનનો વાચક છે.

સંજ્ઞા અનેક પ્રકારના જે અનેક વિકારી પદાર્થો છે તે સર્વમાં એક જ અવિનાશી પરમેશ્વર ભરપૂર રહેલા છે એ સમજવું એનું નામ જ્ઞાન.
ગીતારહસ્ય

૮. ન. જેમ ભારદ્વાજ ઋષિ પાસે આત્મજ્ઞાન ચૈતન્ય.

૯. ન. (જૈન) નવ માંહેનો એક જ્ઞાનિક ભાવ. જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ જ્ઞાનિક ભાવ છે.

૧૦. ન. પ્રતીતિ; અનુભવ.

૧૧. ન. બુદ્ધિ.

૧૨. ન. (યોગ) બુદ્ધિવૃત્તિના નિરોધરૂપ યોગ.

૧૩. ન. અનુભવના ચૈતન્યમાં ગયેલું, જાણવું અને જવાનું તે જાણવાની વિચારવાની ને ઇચ્છવાની શક્તિ.

૧૪. ન. વસ્તુઓનું અનિત્યવાદી યથાર્થ દર્શન.

૧૫. ન. વિદ્યાનું એક પર્વ. સાંખ્ય, યોગ, જ્ઞાન, વૈરાગ્ય, તપ અને ભક્તિ એ વિદ્યાનાં પર્વો છે.

૧૬. ન. વિધાન: ઉપન્યાસ; નિર્ણય.

૧૭. ન. (વેદાંત) વિષય ચૈતન્યની અભિવ્યંજક એવી અંત:કરણ અને અજ્ઞાનના પરિણામરૂપ વૃત્તિ. વેદાંત પ્રમાણે મનની વૃત્તિ ચૈતન્યના જેટલા ભાગમાં વ્યાપ્ત હોય તેટલા ભાગના વૃત્તિવ્યાપ્ત ચૈતન્યને જ્ઞાન કહેવાય છે.

૧૮. ન. વેદનો મંત્ર જેવો એક ભાગ. જુઓ ભાગ.

૧૯. ન. સમજશક્તિ; વિચારશક્તિ; જ્ઞાનશક્તિ.

૨૦. ન. સ્વરૂપનું જ્ઞાન.

જ્ઞાનઅરણ્ય પું. જ્ઞાનરૂપી સૂર્ય: જ્ઞાનસવિતા.

જ્ઞાનઆર્ય પું. નવ માંહેનો આર્યનો એક પ્રકાર.

જ્ઞાનકર્મ ૧. [સ.] સ્ત્રી. જેમ.થી મોક્ષ સબંધી કર્મ જાણવાનું મળે એવી વાત.

૨. સ્ત્રી. સમજણની વાત; બોધની આપત.

જ્ઞાનકર્મસમુચ્ચયમાર્ગ [સં.] પું. ચાર માર્ગોનો એક પ્રકારનો આયુષ્યક્રમયુક્ત માર્ગ.

જ્ઞાનકલ્પના સ્ત્રી. સ્વરૂપ કલ્પના. કલ્પનાનો જે ઇન્દ્રિયભૂત આધાર છે તે અનેક મનોવ્યાપારમાં કામ આવે છે. એના ત્રણ વિભાગ કરી શકાય: (૧) પદાર્થો વિષેના જ્ઞાનને ઉપકારક ઉપચય. (૨) અમુક ક્રમ કેમ કરવું, સાધન અને સાધ્યની મોઝમતા શી રીતે આવશે એવા જ્ઞાનને ઉપકારક ઉપચય. (૩) ઊર્મિઓને સંતોષનાર ઉપચય. પ્રથમ પ્રકારની કલ્પનાને જ્ઞાનકલ્પના અથવા સ્વરૂપકલ્પના કહેવાય. બીજીને વ્યાવહારિકકલ્પના અથવા શોધ કહેવાય. ત્રીજીને સૌંદર્ય કલ્પના અથવા પ્રતિભા કહેવાય

જ્ઞાનકણા ૧. સ્ત્રી. ઓછીવત્તી સમજનું પ્રમાણ

૨. સ્ત્રી. બુદ્ધિ પ્રકાશ; સમાજનો પ્રભાવ.

૩. સ્ત્રી. બુદ્ધિની અપૂર્વતા.

૪. સ્ત્રી. સમજશક્તિનો વિકાસ

જ્ઞાનકાંડ [સં.] પું. જીવાત્મા અને પરમાત્મા સંબંધીના તત્ત્વજ્ઞાનને લગતો વેદનો વિભાગ. જ્ઞાને કરીને અને વૈરાગ્યથી કર્મનો ક્ષય થયા વિના મોક્ષ છે જ નહિ એમ જ્ઞાનકાંડમાં એટલે ઉપનિષદમાં સ્પષ્ટ રીતે કહેલું છે. વેદના ત્રણ વિભાગ છે, તેમાનો એક ભાગ કર્મ કેમ કરવાં તેની સમજ ઉપર છે તે તે કર્મકાંડ કહેવાય છે. બીજો ઉપાસનાકાંડ કહેવાય છે અને બોલે કે જેવો જ્ઞાનકાંડ છે, જેમાં જીવાત્મા અને પરમાત્મા સંબંધી ઊહાપોહ કરી મોક્ષનો વિચાર કરેલો છે. વેદના જ્ઞાનકાંડમાં ઉપનિષદોનો સમાવેશ થાય છે. વેદાંત, ઉપનિષદો એ ઉત્તરકાંડ અથવા જ્ઞાનકાંડ કહેવાય છે. જ્ઞાનકાંડમાં બ્રહ્મજ્ઞાન જગતાદિ વિષયોની સમજણ આપેલી છે; જ્ઞાનથી જ ઈશ્વરપ્રાપ્તિ છે એમ કહેલું છે.

જ્ઞાનકુંડ [સં.] પું. જ્ઞાનરૂપી કુંડ.

જ્ઞાનકુપ ૧. [સં.] પું. જ્ઞાનરૂપી કૂવો

૨. વિ. ઘણું જ્ઞાનવાળું.

જ્ઞાનકૂંચી સ્ત્રી. જ્ઞાનરૂપી તાળું ઊઘાડવાની ચાવી.

જ્ઞાનકૃત [સં.] વિ. બુદ્ધિપૂર્વક કરેલ; જાણી જોઈને કરેલ. જ્ઞાનકૃત પાપનું પ્રાયશ્ચિત્ત અજ્ઞાનકૃત પાપ કરતાં વધારે છે

જ્ઞાનકેંદ્ર [સં.] ન. જ્યાંથી તમામ પ્રકારની જ્ઞાનપ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે મગજનો ભાગ.

જ્ઞાનકોશ ૧. [સં.] પું. જ્ઞાનનો ભંડાર.

૨. પું. બધી જાતના જ્ઞાનના માહિતીના સંગ્રહરૂપ મોટો ગ્રંથ; સર્વસંગ્રહ, 'એન્સાઇક્લોપીડિયા'

જેમના જ્ઞાનકોશમાં ભરતખંડના ધર્મ ઇતિહાસની સામગ્રી એટલી ભરપૂર હતી કે બંને તે વખત આખ્યાન વગર તૈયારીઓ બતાવી શકે

નરસિંહરાવ

જ્ઞાનકોષ જુઓ જ્ઞાનકોશ.

જ્ઞાનકૌતુકી [સં. જ્ઞાન + કૌતુકિન્ (કુતૂહલતાવાળું)] વિ. ખંભાતારી નહિ પણ જિજ્ઞાસા અને કુતૂહલની દૃષ્ટિથી કોઈ પણ પ્રવૃત્તિમાં પડેલું; જિજ્ઞાસુ.

બ્રહ્મામા બદની જિજ્ઞાસા જેમનામા નીમ ચેતથી દૃઢ થઈ છે તેમને જ રાત્રે બ્રહ્મવિદ્યાના અધિકારી માન્યા છે અને તેમને જ મુમુક્ષુ કહ્યા આપેલી છે. બીજાઓને તેણે માત્ર જ્ઞાનકૌતુકી માને છે. નર્મદાશંકર

જ્ઞાનક્રિયાવિહીનદૃષ્ટફલસાધનતત્પર [સં.] પું. પુરુષોત્તમનો ઉત્તર માર્ગનું એક નામ.

જ્ઞાનખળ [સં. જ્ઞાનબલ] પું. જ્ઞાનનો ક્રોધ કરનારો માણસ; જ્ઞાની હોવાની બડાઈ હાંકનારો માણસ; ભૂડો; ઠોઠી.

જ્ઞાનગતિ [સં.] સ્ત્રી. જ્ઞાનરૂપી ગતિ; જ્ઞાનમાર્ગ.

જ્ઞાનગમ્ય ૧. [સં. જ્ઞાન + ગમ્ય (મેળવવા યોગ્ય)] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે કર્મથી કે જ્ઞાન અને કર્મ બંનેના સમુચ્ચયથી જાણી શકાતા નથી, પણ ફક્ત જ્ઞાનથી જ જાણી શકાય છે તેથી તે જ્ઞાનગમ્ય કહેવાય છે

૩. પું. શિવ; શંકર.

૪. વિ. જ્ઞાન આપી શકે એવું; જેનાથી જ્ઞાન મેળવી શકાય એવું.

૫. વિ. જ્ઞાનથી જાણવા યોગ્ય.

૬. વિ. જ્ઞાનથી દેખાતું.

જ્ઞાનગમ્ય નિર્ગુણ પરમેશ્વર એ બારે વાદ બારેલા છે તો એક બીજાનું ઉત્પન્ન કર્યું એમ કહેવું તે જ તાત્ત્વિક દૃષ્ટિએ નિર્મૂળ છે. મીતારહસ્ય

જ્ઞાનગંગા સ્ત્રી. જ્ઞાનરૂપી ગંગા.

જ્ઞાનગાષ્ઠા [સં. જ્ઞાન + ગાષ્ઠા (ગીત)] સ્ત્રી. જ્ઞાનગોષ્ઠિ; જ્ઞાનની વાત.

જ્ઞાનગીર પું. એ નામનો એક જૂનો કવિ. તે વિ. સ. ૧૯૫૪ના ફાગણ સુદિ ૧ને શુક્રવાર ૬૬ વર્ષની વયે સમાધિસ્થ થયો હતો

જ્ઞાનગુમ [સં.] પું. ભોંયરા માટેનો એક અલંકારાત્મક દેવતા.

જ્ઞાનગુરુ [સં.] પું. જ્ઞાનદાતા; ગુરુ; શિક્ષક.

જ્ઞાનગેહ [સં.] ન. જ્ઞાનગૃહ; જ્ઞાનનું ઘર.

જ્ઞાનગોચર [સં.] વિ. જ્ઞાનેંદ્રિયોથી જાણવા યોગ્ય; જ્ઞાનગમ્ય.

જ્ઞાનગોચરી સ્ત્રી. જ્ઞાનવાર્તા; જ્ઞાનગોષ્ઠિ

જ્ઞાનગોઠ જુઓ જ્ઞાનગોહડી.

જ્ઞાનગોઠડી (જ્ઞાનગોડ્ઠી) સ્ત્રી જ્ઞાનની વાત; જ્ઞાનગોષ્ઠિ.

જ્ઞાનગોષ્ઠિ જુઓ જ્ઞાનગોષ્ઠિ.

જ્ઞાનગોષ્ઠી જુઓ જ્ઞાનગોષ્ઠિ.

જ્ઞાનગોષ્ઠિ [સં.] સ્ત્રી. જ્ઞાનની વાત.

જ્ઞાનગોષ્ઠી જુઓ જ્ઞાનગોષ્ઠિ.

જ્ઞાનગ્રહણ [સં.] ન. જ્ઞાન લેવું તે.

જ્ઞાનઘન ૧. [સં.] પું. શંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય.

૨. વિ. જ્ઞાનથી ભરચક; જ્ઞાનથી પૂર્ણ.

જ્ઞાનઘાટ ૧. [સં.] પું. જ્ઞાનમાર્ગ.

૨. પું. સર્વ વિદ્યા કોશ; સર્વસંગ્રહ.

જ્ઞાનચક્ષ [સં.] ન. તમામ વસ્તુઓ અને વિષયના જ્ઞાનનો સમાવેશ થાય તેવું પુસ્તક; સર્વસંગ્રહ, જ્ઞાનકોષ.

પ્રથમ જ્ઞાનચક્ષના લેખક પણ પારસી ગૃહસ્થ નવનીત ફરામજી રોઠના છે. ફરામજીકાર

જ્ઞાનચક્ષુ ૧. [સં. જ્ઞાનચક્ષુસ્] પું. જ્ઞાની; વિદ્વાન.

૨. પું. મગજમાં રહેલી એક ગ્રંથિ.

૩. ન. બાહ્ય શક્તિની આંખ.

૪. ન. જ્ઞાનરૂપી ચક્ષુ; શરીર ઉપરની નહિ પણ વિચારની આંખ. મર્મગ્રંથીથી ઊલટા અર્થમાં બોલાય છે.

૫. વિ. જ્ઞાનથી જેની આંખ ઊઘડી ગઈ એવું.

૬. વિ. જ્ઞાનરૂપી જેને આંખ છે એવું, જ્ઞાનશક્તિવાળું આંખવાળું.

જ્ઞાનચર્ચા [સં.] સ્ત્રી. જ્ઞાન સંબંધી વાદવિવાદ અને વિચાર.

જ્ઞાનચાવી સ્ત્રી. જ્ઞાનની ચાવી; જ્ઞાનની કૂંચી.

જ્ઞાનચો [હિં.] સ્ત્રી. બ્રહ્મપક્ષનો દાંત.

જ્ઞાનત અ. જાણીબૂજીને, જાણી કંઈને; ઇરાદાપૂર્વક.

જ્ઞાનતત્પર [સં.] વિ. જ્ઞાન મેળવવા માટે તૈયાર

જ્ઞાનતંતુ [સં.] પું. ઇંદ્રિયોની સાથે સંબંધ ધરાવતા પ્રબોધક નાડી; મગજ સાથે સંબંધ રાખનારી રગ; જ્ઞાનેંદ્રિયોને મગજ સાથે સાંધતો તંતુ

જ્ઞાનતંતુમંડલ [સં.] ન. સ્નાયુગ્રંથિ; તંતુગ્રંથિ, જ્ઞાનતંતુઓનો સમૂહ.

જ્ઞાનતંતુરચના [સં.] સ્ત્રી. તંતુગ્રંથિ; શરીર માહેના જ્ઞાનતંતુની ગોઠવણી; 'નર્વસ સિસ્ટમ'.

જ્ઞાનતંતુરોગ [સં.] પું. ચિત્તરોગ; ચિત્તવિકાર.

જ્ઞાનતંતુવ્યવસ્થા [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુઓની રચના; 'નર્વસ સિસ્ટમ.'

જ્ઞાનતંતુશૂલ [સં.] ન. નબળો; નાડીદાહ; એક જાતનો જ્ઞાનતંતુઓનો રોગ.

જ્ઞાનતંતુસમૂહ જુઓ જ્ઞાનતંતુમંડલ.

જ્ઞાનતંતુસંસ્થાન જુઓ જ્ઞાનતંતુરચના.

જ્ઞાનતંતુસાધન [સં.] ન. ચિકિત્સક 'નર્વસ એપેરેટસ.'

જ્ઞાનતિથિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન લેવાનો દિવસ.
૨. સ્ત્રી વેદારંભપર્વ.
૩. સ્ત્રી. શ્રાવણી પૂનમ.

જ્ઞાનતૃપ્ત [સં.] વિ. જ્ઞાન વડે જેને સંતોષ થયો હોય એવું.

જ્ઞાનતૃષા [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવારૂપી તરસ; જ્ઞાનપિપાસા; જ્ઞાન મેળવવાની ઇચ્છા.

જ્ઞાનતૃષ્ણા જુઓ જ્ઞાનતૃષા.

જ્ઞાનત્વ [સં.] ન. જ્ઞાનપણું; જાણપણું.

જ્ઞાનદ ૧. [સં.] પું. ગુરુ; ઉપદેશક.
૨. વિ. જ્ઞાન આપનાર.

જ્ઞાનદગ્ધ [સં. જ્ઞાન + દગ્ધ (બળેલું)] વિ. અધૂરા જ્ઞાનને લીધે વિકૃત કે નાસ્તિક, અરધાપરધા જ્ઞાનને લીધે વિપરીત બનેલું.

જ્ઞાનદગ્ધદેહ [સં.] પું. સંન્યાસી; ચતુર્થાશ્રમી. સ્મૃતિઓમાં લખ્યું છે કે, સંન્યાસી કૃતવિત અવસ્થામાં જ દેહ એટલે સુખ દુઃખ આદિને જ્ઞાન દ્વારા દગ્ધ કરી નાખે છે, તેથી મૃત્યુ છતાં તેને દાહકર્મની આવશ્યકતા નથી. તેના શરીરને એક ખાડો ખોદી પ્રણવ મંત્રના ઉચ્ચારણ સાથે દાટી દેવું જોઈએ.

જ્ઞાનદરિદ્ર [સં.] વિ. ઓછા જ્ઞાનવાળું.

જ્ઞાનદર્પણ ૧. [સં.] ન. જ્ઞાનરૂપી અરીસો.
૨. વિ. જ્ઞાનને સંપત્તિ તરીકે માનનાર.

જ્ઞાનદર્શી [સં. જ્ઞાન + દર્શિન્ (બતાવનાર)] વિ. જ્ઞાન આપનારું; જેમાંથી જ્ઞાન મળે એવું

જ્ઞાનદર્શન [સં. જ્ઞાન + દર્શન (જોવું)] પું. આઠમો ચર્મચક્ષુ. તે યૌવનમાં અથવા પ્રૌઢાવસ્થામાં ફૂટે છે.

જ્ઞાનદશા [સં.] સ્ત્રી. અનુભવ; જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે સ્થિતિ.

જ્ઞાનદંડ [સં.] પું. જ્ઞાનરૂપી લાકડી અથવા અધિકાર.

જ્ઞાનદંડત્વ [સં.] ન. (વેદાંત) અજ્ઞાન અને તેના કાર્યના દમનનું હેતુપણું.

જ્ઞાનદા ૧. [સં.] સ્ત્રી. સરસ્વતી દેવી.
૨. જુઓ જ્ઞાનદાતા.

જ્ઞાનદાતા ૧. [સં જ્ઞાન + દાતૃ (આપનાર)] પુ. ગુરુ; ઉપદેશક. પ્રાચીન કાળમાં શિષ્યો જ્ઞાનદાતા ગુરુદેવના ચરણકમળમાં પુષ્પાર્જલિ જેવા તન અને તેમને નમ્રભાવ પ્રણતમાર્જલિ સમર્પતા અને બોલતા કે હે જ્ઞાનદાતા ગુરુદેવ! આપ અમારાં માબાપ છો. માબાપ જેમ સ્થૂલ શરીરના જન્મદાતા હોઈને પૂજનીય છે, તેમ આ સ્થૂળ સૂક્ષ્મ શરીરના અંધ બંધનમાંથી છોડાવનાર, જ્ઞાન શરીરનો જન્મ આપનાર આપ તો માબાપથી પણ પૂજ્ય છો!
૨. પું. તીર્થગોર; પંડ્યો; પુરોહિત.
૩. પું. પુરુષોત્તમનાં હલ્લર માહેનું એક નામ.
૪. પું. વિષ્ણુ ભગવાન.
૫. વિ. જ્ઞાન આપનાર.

જ્ઞાનદાત્રી ૧. [સં.] સ્ત્રી. સરસ્વતી દેવી.
૨. વિ સ્ત્રી. જ્ઞાન આપનારી.

જ્ઞાનદાન [સં.] ન. ભેળવણીરૂપી જ્ઞાન આપવું તે; જ્ઞાન રૂપી દાન.

જ્ઞાનદીક્ષા [સં.] સ્ત્રી. જ્ઞાનમંત્ર આપવાની ધાર્મિક ક્રિયા.

જ્ઞાનદીપ જુઓ જ્ઞાનદીપક.

જ્ઞાનદીપક ૧. [સં.] પું. જ્ઞાનરૂપી દીવો.
૨ પું. વિષ્ણુ ભગવાન.

જ્ઞાનદીપ્તિ [સં.] સ્ત્રી જ્ઞાનાગ્નિથી પ્રદીપ્ત થવું તે; જ્ઞાન પ્રાપ્ત થવાની ઉચ્ચ સ્થિતિ.

જ્ઞાનદૃષ્ટિ ૧. [સં. જ્ઞાન + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. કોઈ પણ બાબતમાંથી કંઈ પણ સમજ લેવાની ઝીણવટવાળી નજર; સાર, ભોમ કે શિક્ષા લેવાની વૃત્તિ કે શુદ્ધિનું બળ. દૃષ્ટિના બે ભાગ છે: એક સત્ય જોવાનો અને બીજો સત્ય પમાડવાનો. જે ભાગ માત્ર સત્યનો વિચાર કરે છે અર્થાત્ તત્ત્વને રચે છે તે જ્ઞાનદૃષ્ટિ કહેવાય છે.
૨. વિ. જ્ઞાનરૂપી નજરથી જોનારું.

જ્ઞાનદેવ ૧. [સં.] પું. ઉપદેશક; જ્ઞાન આપનાર ગુરુ
૨. પું. ગોરખનાથની ગાદીનો એ નામનો એક આચાર્ય. તે વિષ્ણુ સ્વામીનો શિષ્ય હતો.
૩. પું. મહારાષ્ટ્રમાં અર્વાચીન એ નામનો એક પ્રખ્યાત સંતપુરુષ. જુઓ જ્ઞાનેશ્વર.

જ્ઞાનદેહ [સં.] પું. નિજ્ઞાનમય દેહ; કારણશરીર.

જ્ઞાનદ્રવ્ય જુઓ જ્ઞાનધન.

જ્ઞાનધન ૧. ન. જ્ઞાન માટે વાપરવાનું દ્રવ્ય.
૨. [સં.] ન. જ્ઞાનરૂપી સંપત્તિ; જ્ઞાન એ જ દોલત. જ્ઞાન રૂપી ધન.
૩. વિ. જ્ઞાનરૂપી ધનવાળું; જ્ઞાનને સંપત્તિ માનનારું.

જ્ઞાનધારા [સં.] સ્ત્રી. (જૈન) ચિંતાને વિશેષ પ્રયત્ન વડે બાહ્યના અર્થ, વિષયોથી હઠાવી કોઈ પણ એક જ ઇષ્ટ વિષયમાં સ્થિર કરવી તે

જ્ઞાનનય જુઓ જ્ઞાનદૃષ્ટિ.

જ્ઞાનનયન જુઓ જ્ઞાનદૃષ્ટિ.

જ્ઞાનનાડી (જ્ઞાનનાડ્ી) [સં.] સ્ત્રી. શરીરમાં રહેલી સુષુમ્ણા નાડી. ખોપરીના મધ્ય ભાગમાં જ્યાં જ્ઞાનદૃષ્ટિરૂપી પોલાણ છે તે પોલાણ છિદ્રમાંથી એક પોલી જ્ઞાનનાડી નીકળે છે. તેને સુષુમ્ણા નાડી કહે છે.

જ્ઞાનનાવ [સં. જ્ઞાન + નૌ (હોડી)] ન. જ્ઞાનરૂપી વહાણ

જ્ઞાનનિર્મૂલકર્દમ જુઓ જ્ઞાનનિર્ધૌતકર્દમ.

જ્ઞાનનિર્ધૌતકર્દમ [સં.] વિ. જ્ઞાનરૂપી પાણીથી જેનાં પાપ નાશ પામ્યાં હોય એવું.

જ્ઞાનનિષ્ઠ [સં. જ્ઞાન + નિષ્ઠ (અવલંબનારું)] વિ. જ્ઞાન મેળવવાને આતુર; જ્ઞાનમાં નિષ્ઠા રાખનાર; જ્ઞાન સાધનમાં મુક્ત; તત્ત્વવેત્તા.

જ્ઞાનનિષ્ઠા [સં. જ્ઞાન + નિષ્ઠા (અહા)] સ્ત્રી. જ્ઞાન મેળવવામાં અહા. ગીતાના બીજા અધ્યાયમાં આત્મજ્ઞાન, તેની પ્રાપ્તિનું સાધન, નિષ્કામ કર્મનું અનુષ્ઠાન, નિષ્કામ કર્મનું ફળ, ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ થતાં પ્રાપ્ત થયેલ જ્ઞાનનિષ્ઠાનું વર્ણન કૃપાળુ ભગવાને જગતહિતને માટે કર્યું છે. જ્ઞાનોત્તર કર્મ છોડવાં અથવા સર્વ કર્મનો સંન્યાસ કરીને જ્ઞાનમાં જ ચૂપચાપ રહેવું તેને સાંખ્ય અથવા જ્ઞાનનિષ્ઠા કહે છે.

જ્ઞાનનિહ્નવ [સં. જ્ઞાન + નિહ્નવ (સત્ય વાત છુપાવનાર)] પું. (જૈન) કોઈ કંઈ પૂછે અગર જ્ઞાનનું કંઈ સાધન માગે સારે જ્ઞાન અને સાધન પાસે હોવા છતાં હું નથી જાણતો, અગર મારી પાસે તે વસ્તુ નથી એમ કહેનાર.
૨. પું જ્ઞાન આપનારનો ઉપકાર નહિ માનનાર.

જ્ઞાનનીર [સં. જ્ઞાન + નીર (પાણી)] ન જ્ઞાનરૂપી જળ

જ્ઞાનનૌકા જુઓ જ્ઞાનનાવ.

જ્ઞાનપટ [સં.] પું. જ્ઞાનરૂપી પડદો

જ્ઞાનપતિ ૧. [સં.] પું. ગુરુ; ઉપદેશક.
૨. પું. પરમેશ્વર; ઈશ્વર.

જ્ઞાનપથ [સં. જ્ઞાન + પથ (રસ્તો)] પું. જ્ઞાનનો માર્ગ.

જ્ઞાનપદ્ધતિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવાની રીત.
૨. સ્ત્રી. મૂર્તિ બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

જ્ઞાનપર [સં.] વિ. જ્ઞાનમાં પરાયણ; જ્ઞાન મેળવવામાં તત્પર.

જ્ઞાનપરત્વ ન. પરમેશ્વરની માફક જ્ઞાનની વહેંચણી કરવી તે.

જ્ઞાનપરંપરા [સં.] સ્ત્રી. ઉત્તરોત્તર જેમાંથી જ્ઞાન મળ્યા કરે એવી શ્રેણી; એક પછી એક તર્ક ઉપર તર્ક કરતાં જ્ઞાનની પ્રણાલીનો વિકાસ જણાય કરે એવું જે કંઈ તે; જ્ઞાનની સાંકળ; એક ઉપરથી બીજું, બીજા ઉપરથી ત્રીજું એ રીતે મળતા જ્ઞાનની હાર.

જ્ઞાનપરા [સં.] સ્ત્રી. ગોસા માંહેની એ નામની એક માનસતત્ત્વ દેવતા.

જ્ઞાનપરિગ્રહ [સં] પું. (જૈન) વિશિષ્ટ જ્ઞાનજ્ઞાનથી અર્જિત ન થયું અને તેના અભાવમાં પોતાની જાતને હલકી ન માનવી તે ભાવ.

જ્ઞાનપર્યાય [સં.] પું. (જૈન) જ્ઞાનનાં પ્રકારભ. કેટલાક આચાર્યો કહે છે કે કેવળજ્ઞાનના સમયે મતિ વગેરે ચારે જ્ઞાનશક્તિઓ હોય છે, પરંતુ તે કેવળજ્ઞાનની પ્રબળતાથી દબાઈ જવાને લીધે પોતપોતાનું જ્ઞાનરૂપ કાર્ય કરી શકતી નથી, તેથી શક્તિઓ હોવા છતાં પણ કેવળજ્ઞાનના સમયે મતિ વગેરે જ્ઞાનપર્યાયો હોતા નથી

જ્ઞાનપંચમી [સં. જ્ઞાન + પંચમી (પાંચમ)] સ્ત્રી. કાર્તિક સુદિ પાંચમ; જ્ઞાનપંચમી. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો તે દિવસે ગત કરી જ્ઞાનપૂજા કરે છે. જ્ઞાન આરંભ અર્થે આ દિવસ મંગળ મનાય છે. આ 'જ્ઞાનવૃદ્ધોમંડ્યા' નામક ગ્રંથ જ્ઞાનદોષનો આરંભ એ તા. ૨૪મી ઓક્ટોબર ૧૯૨૮ના મંગળ પ્રભાતે કરવામાં આવ્યો હતો; પણ તેની ફાળજાપનું મંગળ મુહૂર્ત સંવત ૧૯૮૪ની જ્ઞાનપંચમીના સપરમે પરમે કોષારંભના મંગળ કરતે શ્રી જગવતસિંહજી મુદ્રણાલયમાં બાસ સાચવવામાં આવ્યું હતું.

જ્ઞાનપાચન [સં.] ન. જ્ઞાન પ્રાપ્ત થયા છતાં મનનું સમતોલપણું જળવાવું તે.

જ્ઞાનપારેશ્વરી સ્ત્રી. જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી.

જ્ઞાનપાશ્રયતા ૧. સ્ત્રી. ઓછું જ્ઞાન હોવું તે. ૨. સ્ત્રી. તુચ્છ નજર; સાંકડી દૃષ્ટિ.

જ્ઞાનપાવન [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ.

જ્ઞાનપાંચમ સ્ત્રી. કાર્તિક સુદિ પંચમ.

જ્ઞાનપિપાસા [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવાની તૃષ્ણા.

જ્ઞાનપિપાસુ [સં.] વિ. જ્ઞાન મેળવવા તરસી રહેલ; જ્ઞાન માટે જિજ્ઞાસુ; જ્ઞાનનો અર્થી; જ્ઞાન મેળવવાની વૃત્તિવાળું.

જ્ઞાનપુરુષ [સં.] પું. જ્ઞાનવાન પુરુષ.

જ્ઞાનપુલાક પું. (જૈન) જ્ઞાનને નિઃસાર બનાવનાર પુલાક લબ્ધિવાળો સાધુ.

જ્ઞાનપૂર્વક ૧. [સં.] અ. જાણીબુજીને. ૨. અ. જ્ઞાનથી સંપૂર્ણ ક્રમ.

જ્ઞાનપ્રક્રિયા [સં.] સ્ત્રી. જ્ઞાનનો સિદ્ધાંત; જ્ઞાન સંબંધી વિદ્યા; જ્ઞાન મીમાંસાની પ્રક્રિયા.

જ્ઞાનપ્રતિબંધક [સં.] વિ. જ્ઞાનમાં પ્રતિબંધ કરનાર. તે ત્રણ છે: (૧) સંશય, (૨) અસંભાવના અને (૩) વિપરીત ભાવના.

જ્ઞાનપ્રતિભા [સં.] સ્ત્રી. જ્ઞાનનું તેજ.

જ્ઞાનપ્રદાતા [સં. જ્ઞાનપ્રદાતૃ] વિ. જ્ઞાન આપનાર

આ હકીકતથી જ્ઞાનપ્રદાતા વર્ગમાં ગુરુઓ કરતાં જ કે તેથી પણ વધુ મહત્ત્વ પુસ્તકોનું ગણવું જોઈએ. સુવર્ણમાલા

જ્ઞાનપ્રદીપ ૧. [સં.] પું. જ્ઞાનરૂપી દીવો. ૨. પું. મહાદેવ.

જ્ઞાનપ્રદ્વેષ [સં.] પું. (જૈન) જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે દ્વેષ ધારણ કરવો તે

જ્ઞાનપ્રભ [સં. જ્ઞાન + પ્રભ (કાંતિવાળું)] પું. બુદ્ધદેવનું એક નામ.

જ્ઞાનપ્રવાદ [સં.] ન. (જૈન) બીજા બારેનું પાંચમું પૂર્વગ્રાન્થ.

જ્ઞાનપ્રસાદ પું. જ્ઞાનની પ્રસન્નતા; પરમ વૈરાગ્ય.

જ્ઞાનપ્રસારક [સં.] વિ. જ્ઞાનનો ફેલાવો કરનાર; કેળવણી અને વિદ્યાનો વધારો કરનાર

જ્ઞાનપ્રાધાન્યવાદ [સં.] પું. બુદ્ધિવાદ; તત્ત્વજ્ઞેયતાવાદ.

જ્ઞાનપ્રાપ્તિ ૧. [સં] સ્ત્રી. જ્ઞાનનો લાભ. જ્ઞાનપ્રાપ્તિનાં ત્રણ સાધન છે: શ્રવણ, મનન અને નિદિધ્યાસન. ૨. સ્ત્રી. ધર્મસાધના. ૩. સ્ત્રી. શિક્ષા; તાલીમ.

જ્ઞાનપ્રામાણ્યશાસ્ત્ર ન. જ્ઞાનની પદ્ધતિઓ કે તેનાં પ્રમાણોની ખરાઈ સંબંધી વિદ્યા

જ્ઞાનપ્રામાણ્યસમાજ્ઞા [સં.] ન. જ્ઞાન સ્વરૂપ વિદ્યા.

આ તાત્ત્વિક અર્થમાં સર્વ ધર્મોના સિદ્ધાંતમાં અનવારનો સિદ્ધાંત આવી જાય છે, પરંતુ કે એ સિદ્ધાંત જ્ઞાનપ્રામાણ્યસમાજ્ઞા અને (Psychology) માટે માનસશાસ્ત્ર એના ઉપર રચાયેલો છે. આનંદશંકર ધ્રુવ

જ્ઞાનફલ ૧. [સં.] ન. જ્ઞાનરૂપી ફળ. ૨. ન. (વેદાંત) વર્તમાન જિંદગીની નિવૃત્તિ. ૩. ન. હવે પછી થવાના જન્મનો અનારંભ.

જ્ઞાનબદ્ધ ૧. [સં.] ન. જાણવાની સ્થિતિ. ૨. ન. જ્ઞાનરૂપી બળ.

જ્ઞાનબુદ્બુદ [સં.] વિ. જ્ઞાનનું બુદ્બુદ.

જ્ઞાનબ્રહ્મ [સં.] પું. જ્ઞાનનો ઉપાસક.

જ્ઞાનભંડાર પું. પુસ્તકાલય; વાચનાલય.

જ્ઞાનભંડારસંરક્ષક વિ. જ્ઞાનરૂપી ભંડારનું રક્ષણ કરનાર; જ્ઞાનભંડાર સાચવનાર.

જ્ઞાનભંડોળ પું. જ્ઞાનરૂપી ખજાનો.

જ્ઞાનભિક્ષુક [સં.] પું. જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર ગરીબ.

જ્ઞાનભિક્ષુ સુખો જ્ઞાનભિક્ષુક.

જ્ઞાનભીનું વિ. જ્ઞાનથી તરબોળ થયેલ.

જ્ઞાનભૈષજ્યમંજરી [સં. જ્ઞાન + ભૈષજ્ય (ઔષધ) + મંજરી (માંજર)] સ્ત્રી. એ નામનું એક પુસ્તક. તેમાં દરેક રોગ ઉપર અનેક ઔષધિનું વેદાંતના મત પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

જ્ઞાનભ્રમ [સં.] પું. જ્ઞાની હોવાનું અભિમાન.

જ્ઞાનમનન [સં.] ન. જ્ઞાનનું ચિંતન.

જ્ઞાનમય ૧. [સં.] પું. પરમેશ્વર; પરમાત્મા. ૨. પું. શિવ; મહાદેવ. ૩. વિ. જ્ઞાનથી ભરેલું. ૪. વિ. જ્ઞાનવાળું; જ્ઞાની.

જ્ઞાનમયયજ્ઞ [સં.] પું. જુઓ યજ્ઞ.

પદ્મપાદને બદલે પ્રથમ કલ્પાયા હતા અને આખરે જપયજ્ઞ કિંવા જ્ઞાનમયયજ્ઞ જ સર્વમાં શ્રેષ્ઠ છે, એ મત આગળ પ્રકારમાં આવેલો છે. ગીતાહસ્ય

જ્ઞાનમયસ્થિતિ [સં.] સ્ત્રી. ચેતન સ્થિતિના બે માંહેનો એક વિભાગ. આ સ્થિતિના જ્ઞાત વિભાગ કરી તેને જ્ઞાનભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે. જેમકે, (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થભાવના, (૭) તુર્યગા.

જ્ઞાનમશાલ સ્ત્રી. જ્ઞાનરૂપી મશાલ; જ્ઞાનરૂપી પ્રકાશ કરનારું સાધન.

જ્ઞાનમંજૂષા [સં.] સ્ત્રી. પુસ્તકાલય.

જ્ઞાનમંદિર [સં.] ન. પુસ્તકાલય.

જ્ઞાનમાતા [સં. જ્ઞાનમાતૃ] સ્ત્રી. પોતાને જ્ઞાન આપનારી શિક્ષણ સંસ્થા; માતૃસંસ્થા.

જ્ઞાનમાત્સર્ય [સં.] ન. જ્ઞાન સંબંધી રાગદ્વેષ.

જ્ઞાન ઓછું અને ખોટું હોય, તે કરતાં જ્ઞાન જ ન હોય તો પણ ચાલે. જ્યાં કોઈ તેનો મહત્ત્વ અધિકારી મળે ત્યારે તેને ન આપવાની કલુષિત વૃત્તિ તે જ્ઞાનમાત્સર્ય. ગુજરાતી વૃત્તિ

જ્ઞાનમાર્ગ ૧. [સં.] પું. જ્ઞાનનો રસ્તો; જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો રસ્તો.
૨. પું. દેવયાનનો એક માર્ગ.
૩. પું. સંસારમાંથી છૂટવાના અને પરમ શાંતિ કે મોક્ષ મેળવવાના ઘણા જુદા જુદા રસ્તાઓ માંહેનો તત્ત્વચિંતનનો માર્ગ; જ્ઞાનથી જ તત્ત્વો જાણીને એટલે તત્ત્વ જોવાથી જ મોક્ષપ્રાપ્તિ થાય છે એવો પથ.

જ્ઞાનમાર્ગી [સં. જ્ઞાનમાર્ગિન્] વિ. જ્ઞાનથી જ મુક્તિ મળે છે એવું માનનાર.
કેવળ જ્ઞાનમાર્ગી બૌદ્ધો સાંખ્ય દીક્ષકોને જ્ઞાન કરતાં કર્મેન્દ્રિયાત્મક ભેદ એ વાત ગમી નહીં.
ગીતારહસ્ય

જ્ઞાનમાર્ગીય જુઓ જ્ઞાનમાર્ગી.

જ્ઞાનમાલા ૧. સ્ત્રી. અનેક વિષયોનું અનેક જ્ઞાન
૨. સ્ત્રી. જ્ઞાન આપતાં પુસ્તકોની શ્રેણી; ગ્રંથમાળા.
૩. [સં.] સ્ત્રી. જ્ઞાનની માળા; જુદા જુદા જ્ઞાનનો સંગ્રહ.
૪. સ્ત્રી. ધાર્મિક જ્ઞાન મેળવવાની શરૂઆત વખતે પિતા અગર ધર્મગુરુ તરફથી વિદ્યાર્થીને પહેરાવવામાં આવતી માળા.
૫. સ્ત્રી. પ્રકૃતિસરનું જ્ઞાન.

જ્ઞાનમાળા જુઓ જ્ઞાનમાલા.

જ્ઞાનમુક્તમ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જ્ઞાનમાં ભગવાન ઉત્તમ જ્ઞાન છે, સર્વ પ્રાણીઓમાં શક્તિરૂપ જ્ઞાન પણ તે જ છે, નિજ જ્ઞાન પણ તે જ છે અને અક્રિયતા જ્ઞાન પણ તે જ છે

જ્ઞાનમુગ્ધ ૧. [સં.] વિ. જ્ઞાની; જ્ઞાનવાળું.
૨. વિ. સમજુ.

જ્ઞાનમુદ્રા [સં.] સ્ત્રી. એક જાતની મુદ્રા; જ્ઞાનમુદ્રા. બેઉ હાથના પંજા જોડવા ઉપર સવળા રાખી, અંગૂઠો તથા તર્જની ગોળ આકારે મેળવી, બાકીની ત્રણ આંગળી જુદી રાખવાથી આ મુદ્રા થાય છે.
યોગના વિષયમાં જેને જ્ઞાનમુદ્રા કહે છે તેમાં અંગૂઠો એ ઈશ્વરનું અને તેની બેઉની આંગળી એ જીવનું પ્રતીક હોવાય છે. હીરાણી

જ્ઞાનમૂર્તિ ૧. [સં.] પું. શિવ.
૨. સ્ત્રી. જ્ઞાનની મૂર્તિ; જેનામાં જ્ઞાન સંપૂર્ણ રીતે ભરેલું હોય તેવું સ્વરૂપ.

જ્ઞાનમૂલ ૧. [સં.] ન. જ્ઞાનનું મૂળ.
૨. વિ. જ્ઞાનરૂપ મૂળવાળું.

જ્ઞાનમૂલક [સં.] વિ. જ્ઞાન જેનું મૂળ હોય એવું.

જ્ઞાનમોહિતદુષ્ટેક્ષ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

જ્ઞાનયજ્ઞ ૧. [સં.] પું. જ્ઞાન મારફત આત્માનો પરમાત્મામાં હવન; આત્મા અને પરમાત્માનો સંયોગ અથવા અભેદ જ્ઞાન; બ્રહ્મજ્ઞાન.
૨. પું. જ્ઞાનરૂપી યજ્ઞ; જ્ઞાનનો યજ્ઞ.
સારો અર્જુન ! જ્ઞાનયજ્ઞ વધુ છે, બે દ્રવ્યયજ્ઞો વડો, સર્વે કર્મોની પાર્થ ! સર્વ રીતથી જ્ઞાને સમાપ્તિ વહી.
ગીતાપદ્યામૃત
૩. પું. તત્ત્વવેત્તા; જ્ઞાની.
૪. પું. પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી તે જ્ઞાનને યોગ્ય આચરણથી પરમેશ્વરની પ્રાપ્તિ સિદ્ધ કરવાનો માર્ગ અથવા સાધન.
૫. પું. સ્વાધ્યાય અર્થનું જ્ઞાન.

જ્ઞાનયોગ ૧. પું. આત્મ જ્ઞાન મેળવવા મુખ્ય સાધન તરીકે ધ્યાન ધરવાની પદ્ધતિ.
૨. [સં.] પું. ગીતાના અઢાર માંહેનો સાતમો અધ્યાય. આમાં ચાર પ્રકારના જ્ઞાનીઓની સ્થિતિ તથા માયાની અપરા અને પરા એમ બે પ્રકૃતિ બતાવી છે.
૩. પું. જ્ઞાનને પરમાત્માના માર્ગમાં જોડવું તે.
૪. પું. જ્ઞાનમાં જ એકનિષ્ઠા; જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું સાધન
૫. [સં. જ્ઞાન + યોગ (જોડાણ)] પું. જ્ઞાનમાં જોડાવું તે.
૬. પું. જ્ઞાનરૂપી યોગ.
૭. પું. બ્રહ્મપ્રાપ્તિ માટે જ્ઞાનના અર્જનની એકનિષ્ઠા.
૮. પું. યોગવિદ્યાની એ નામની એક શાખા.
૯. પું. શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં સાધનવાળો એક યોગ.

જ્ઞાનયોગી [સં. જ્ઞાનયોગિન્] પું. જ્ઞાનયોગ કરનાર માણસ.

જ્ઞાનરક્ષક [સં] વિ. જ્ઞાનનું રક્ષણ કરનાર.

જ્ઞાનરજ્જુ [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુ; જ્ઞાનેંદ્રિયોને મગજ સાથે સાંધતો તંતુ.

જ્ઞાનરીતિ [સં.] સ્ત્રી. જ્ઞાન પ્રાપ્ત કરવાની રીત. તે ત્રણ છે: (૧) શ્રુતિ-સ્મૃતિજન્ય, (૨) યુક્તિ-તર્ક-વિચાર, (૩) અનુભવ. માત્ર અનુભવ ઉપર જતાં નાસ્તિક મતોમાં; માત્ર યુક્તિ ઉપર જતાં કશો નિશ્ચય જ ન થાય; અને માત્ર શ્રુતિ ઉપર જતાં વહેમી થઈ જવાય; ત્યારે ત્રણેનો યોગ થાય ત્યારે સત્ય નિર્ણય થાય.

જ્ઞાનલક્ષણ ૧. [સં.] ન. ઇશારો.
૨. ન. ચિત્ર.
૩. ન જ્ઞાન મેળવવાની ઇચ્છાસૂચક ચિહ્ન
૪. ન. ન્યાયમાં અલૌકિક પ્રત્યક્ષનો એક ભેદ. નૈયાયિકોએ પ્રત્યક્ષના બે ભેદ માનેલ છે: (૧) લૌકિક અને (૨) અલૌકિક. અલૌકિક પ્રત્યક્ષના ત્રણ ભેદ છે: (૧) સામાન્ય લક્ષણ, (૨) જ્ઞાન લક્ષણ અને (૩) યોગજ. જેમાં વિશેષણનું જ્ઞાન થતાં વિશેષ્યનું જ્ઞાન થાય તે જ્ઞાનલક્ષણ. જેમકે, ધટત્વનું જ્ઞાન થતાં ઘટ શબ્દથી ઘડાનું જ્ઞાન થાય તે.
૫. ન. મેળવવાનાં અથવા મેળવેલાં જ્ઞાનનું ચિહ્ન.
૬. ન. સૂચના.

જ્ઞાનલક્ષણસંનિકર્ષ [સં.] પું. (વેદાંત) જે વસ્તુ જે જ્ઞાનનો વિષય હોય તે વસ્તુમાત્રને વિષય કરનારા પ્રત્યક્ષ જ્ઞાનનું જે જ્ઞાન અનાદિ હોય તે જ્ઞાન. જેમકે, જે મનુષ્યે અગાઉ બહુ વાર ચંદનની સૌરભ ગંધનું જ્ઞાન ઇંદ્રિયથી પ્રત્યક્ષ કરેલ છે, તે પુરુષને દૂરથી ચંદનનો કટકો જોઈને કે આ ચંદનના કાકડાનો કટકો સુરભિ ગંધવાળો છે એ પ્રકારનું ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે. તેમાં ચંદનના કટકા સાથે તો ચક્ષુ ઇંદ્રિયનો સંયોગ સંભવે થાય છે, માટે ચંદનગંધ અંશમાં તો તે પ્રત્યક્ષ લૌકિક જ હોય છે અને તે દૂરદેશવૃત્તિ ચંદનગંધ સાથે ઘ્રાણ ઇંદ્રિયનો સંયોગ સંભવે તો છે નહિ; કેમકે જેમ ચક્ષુ ઇંદ્રિય પોતાના ગોલકમાંથી નીકળીને દૂરદેશવૃત્તિ પદાર્થ સાથે સંબંધ પામે છે, તેમ ઘ્રાણાદિક ઇંદ્રિય પોતાના ગોલકમાંથી નીકળીને દૂરદેશવૃત્તિ પદાર્થ સાથે સંબંધ પામતી નથી; પણ તે ઘ્રાણાદિક પોતાના ગોલક સાથે સંભવવાળા પદાર્થોના જ ગંધાદિકને પ્રત્યક્ષ કરે છે, માટે ઘ્રાણ ઇંદ્રિયના સંયુક્ત સમવાય સંબંધ વડે તે ચંદનના સૌરભ ગંધનું પ્રત્યક્ષ સંભવતું નથી, જોકે ચક્ષુ ઇંદ્રિયનો તે સૌરભ ગંધ સાથે સંયુક્ત સમવાય સંબંધ છે, તોપણ ચક્ષુ ઇંદ્રિયના સંનિકર્ષમાં ગંધ ગુણના પ્રત્યક્ષ જ્ઞાનને ઉત્પન્ન કરવાની યોગ્યતા જ નથી. માટે સુગંધવાળો ચંદનનો કટકો એ ઉક્ત ચાક્ષુષ પ્રત્યક્ષને સૌરભ ગંધ અંશમાં લૌકિક પ્રત્યક્ષરૂપતા સંભવતી નથી, પણ અલૌકિક પ્રત્યક્ષરૂપતા જ કહેવી પડશે. તેમાં ચંદનખંડને જોઈને પૂર્વે અનુભવ કરેલા સૌરભ ગંધના સંસ્કાર જાગ્રત થાય છે. તે જાગ્રત સંસ્કારથી તે સૌરભ ગંધનું સ્મરણ થાય છે. એ સૌરભરૂપ વિષયક સ્મૃતિજ્ઞાન એ જ તે ચક્ષુ ઇંદ્રિયનો સૌરભગંધ સાથે જ્ઞાનલક્ષણસંનિકર્ષ છે. એ જ્ઞાનલક્ષણસંનિકર્ષ વડે સૌરભગંધનું અલૌકિક ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે.

જ્ઞાનલક્ષણા [સં.] સ્ત્રી. ન્યાય મતે અલૌકિક પ્રત્યક્ષનું સાધન; પ્રત્યક્ષ સાધન સંનિકર્ષનો એક ભેદ.

જ્ઞાનલક્ષ્મી [સં.] સ્ત્રી. જ્ઞાનરૂપી લક્ષ્મી.

જ્ઞાનલવ [સં.] ન. થોડામાં થોડું જ્ઞાન; જ્ઞાનનો અંશ.

જ્ઞાનલોભી [સં. જ્ઞાન + લોભિન્ (લોભવાળું)] વિ. જ્ઞાન જેમ અને તેમ વધારે મળે એવી ઇચ્છાવાળું

જ્ઞાનવત [સં. જ્ઞાનવત્] વિ. જ્ઞાનવાળું; જેને જ્ઞાન હોય એવું.

જ્ઞાનવતી [સં.] વિ.સ્ત્રી. જ્ઞાનવાળી; જેને જ્ઞાન હોય એવી

જ્ઞાનવર્તુલ [સં.] ન. જ્ઞાનની હદ અથવા સીમા.

જ્ઞાનવર્ધક [સં.] વિ. જ્ઞાન વધારનાર

જ્ઞાનવલ્લી ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન આપનારી એક વેલી; જે ખાવાથી જ્ઞાનશક્તિ વધે એવી ઔષધિ

૨. સ્ત્રી. જ્ઞાનરૂપી વેલી.

૩. સ્ત્રી. આંખ.

જ્ઞાનવહ [સં.] વિ. જ્ઞાન તરફ લઈ જાય એવું, જ્ઞાન આપનાર

જ્ઞાનવંત [સં. જ્ઞાનવત્] વિ. જ્ઞાનવાળું; જ્ઞાની; વિદ્વાન; પંડિત.

જ્ઞાનવાણી [સં. જ્ઞાનવાણી] સ્ત્રી. જ્ઞાનની વાણી, જ્ઞાનના શબ્દ.

જ્ઞાનવાદ [સં.] પું. જ્ઞાનનો સિદ્ધાંત; અદ્વૈતવાદ

જ્ઞાનવાદી [સં. જ્ઞાનવાદિન્] વિ. અદ્વૈતવાદમાં માનનારું.

જ્ઞાનવાન ૧. [સં. જ્ઞાનવત્] પું. શિવના હજાર માંહેનું એક નામ.

૨. વિ. જ્ઞાનવાળું; જેને જ્ઞાન હોય એવું. જ્ઞાની

૩. વિ. ડાહ્યું; સમજુ. બુદ્ધિમાન; બુદ્ધિશાળી.

જ્ઞાનવાપી ૧. [સં.] પું. કાશીનું એ નામનું એક તીર્થ. અહીં દેવહૂતિને તેના પુત્ર કપિલજીએ જ્ઞાન આપ્યું મનાય છે.

૨. પું. સિદ્ધપુરનું એ નામનું એક તીર્થ. અહીં પણ દેવહૂતિને તેના પુત્ર કપિલજીએ જ્ઞાન આપ્યાનું મનાય છે. પ્રવાસનાં સ્મરણોમાં તેનો ઉલ્લેખ છે કે: સિદ્ધપુરપાટણમાં પ્રથમ તો સરસ્વતીમાં સ્નાન કરી માતૃશ્રાદ્ધ માટે આરંભ કર્યો. સરસ્વતીમાં સ્નાન કરીને સરોવર કાંઠે ગયો. અરુપ સરોવર તથા બિંદુસરોવર ઉપર બ્રહ્મપુત્ર, તેમનાં પત્ની, કપિલ મુનિ અને તેમનાં પત્નીની મૂર્તિ છે. પાસે બ્રહ્મી માતાજીનું પણ મંદિર છે. અહીં ભગવતી દેવહૂતિને તેમના પુત્ર કપિલ મુનિએ આત્મજ્ઞાન આપી પરમપદની પ્રાપ્તિ કરાવી હતી, જેથી તે માતૃશ્રાદ્ધનું તીર્થ કહ્યું છે. તેથી કુળ ભગવાને કપિલ મુનિ તરીકે પોતાની માતાનું શ્રાદ્ધ જ્યાં સરાવી કર્યાથી કુંડ બર્યો હતો ત્યાં ગયો. પ્રથમ જ્ઞાનવાપીમાં કુળ ભગવાને પોતાની માતાને કૈવલ્યજ્ઞાન આપ્યું હતું

જ્ઞાનવાયુ [સં.] પું. બધા ભયંકરોથી મોટા મોટા વિષય ઉપર વિચારી કરે એવો મગજનો રોગ. તેથી માણસ મોટી મોટી જ્ઞાનની વાતો લખ્યા કરે છે.

જ્ઞાનવાર્તા [સં.] સ્ત્રી. જ્ઞાન મળે એવી કથા.

જ્ઞાનવાહકરચના [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુ સંબંધી રચના; 'નર્વસ સિસ્ટમ.'

જ્ઞાનવાહિકા [સં.] વિ.સ્ત્રી. જ્ઞાન આપનારી.

જ્ઞાનવાહી [સં. જ્ઞાનવાહિન્] વિ. અંતર્વાહી; જ્ઞાન લઈ જનાર; જ્ઞાન પહોંચાડનાર.

જ્ઞાનવાહીક્ષોભ પું. જ્ઞાનતંતુની અસર લઈ જનારો શરીરનો ક્ષોભ

જ્ઞાનવાહીનાડી (જ્ઞાનવાહીનાડી) સ્ત્રી. મગજના સંદેશા શરીરના જુદા જુદા ભાગને પહોંચાડનારી નસ

જ્ઞાનવાહીવા'ળ પું. ચેતન કેંદ્રો: જ્ઞાન લઈ જનાર વાળ

જ્ઞાનવિચાર [સં.] પું. જ્ઞાનદૃષ્ટિથી કોઈ બાબતનો કરાતો વિચાર.

જ્ઞાનવિજ્ઞાન [સં.] ન. ઈશ્વર સંબંધી સમજણ. આત્મસ્વરૂપનું જ્ઞાન; બ્રહ્મજ્ઞાન; જીવ, ઈશ્વર અને પદાર્થ વગેરે સંબંધી વિચારો અને સમજ. સૃષ્ટિના જુદા જુદા પદાર્થો, પંચમહાભૂત તથા તત્ત્વો વગેરેના સામાન્ય તેમજ વિશેષ જ્ઞાન સંબંધી ઊહાપોહ, વાદવિવાદ અને વિચાર. ગુરુ તથા આચાર્યથી જાણેલો આત્મવિષય તે જ્ઞાન અને વિશેષરૂપે તેનો અનુભવ તે વિજ્ઞાન કહેવાય છે અથવા ગુરુના ઉપદેશથી ઉત્પન્ન થયેલું જે આત્માનું પરોક્ષ જ્ઞાન તે જ્ઞાન અને તે પરોક્ષ જ્ઞાનના ફળરૂપ જે આત્માનું અનુભવથી થયેલું અપરોક્ષ જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે

જ્ઞાનવિજ્ઞાનયોગ [સં.] પું. એ નામનો ગીતાના અઢાર માંહેનો સાતમો અધ્યાય. તેમાં જ્ઞાન તથા વિજ્ઞાનની જુદી સમજણ આપી છે

જ્ઞાનવિદ્યા જુઓ જ્ઞાનસાધ્ય.

જ્ઞાનવિનય [સં.] પું. (જૈન) મોક્ષ મેળવવા જ્ઞાનનો બહુ માન સહિત અભ્યાસ કરવો અથવા જ્ઞાન સંભાળવું તે.

જ્ઞાનવિષય [સં.] પું. જ્ઞેય; જાણવાની વસ્તુ.

જ્ઞાનવિષયકવાદ જુઓ જ્ઞાનસાધ્ય.

જ્ઞાનવૃક્ષ [સં.] ન. જ્ઞાનરૂપી ઝાડ

જ્ઞાનવૃદ્ધ [સં] વિ. અનુભવી; બહુ જ્ઞાનવાળું; જ્ઞાનમાં આગળ વધેલું.

જ્ઞાનવેદિ [સં.] સ્ત્રી. બ્રાહ્મણો; ઉપદેશક કે વિદ્વાનને બેસવા માટે બાંધેલું ઊંચું સ્થાન

જ્ઞાનવૈરાગ્ય [સં.] પું. જ્ઞાન થવાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય; જગત મિથ્યા છે અને બ્રહ્મ એ જ સત્ય છે એવા તત્ત્વબોધથી સંસારભાર ઉતારી દેવો તે.

જ્ઞાનવ્યતિરિક્તપદાર્થસત્તાવાદ [સં.] પું. જ્ઞાનવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ, અકલ્પિતવાદ; 'ઇમ્મટિરિયલિઝમ'.

જ્ઞાનશક્તિ ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) બ્રહ્મ છે અને પ્રકારો છે એવા અવધારનું કારણ

૨. સ્ત્રી. (વેદાંત) રજોગુણ અને તમોગુણથી પરાભવ નહિ પામેલો સત્ત્વગુણ.

૩. સ્ત્રી. સમજવાની શક્તિ; સમજ; સમજણ; ગ્રહણ કરવાની શક્તિ; બોધશક્તિ. જ્ઞાનશક્તિના ચાર પ્રકાર છે: જ્ઞાતૃ, જ્ઞેય, જ્ઞપ્તિ અને જ્ઞાતા.

જ્ઞાનશક્તિશૂન્યતા [સં.] સ્ત્રી. સ્પર્શજ્ઞાનનો અભાવ.

જ્ઞાનશત્રુ [સં.] પું. અજ્ઞાન અને જ્ઞાન વિનાનો માણસ.

જ્ઞાનશત્રુતા [સં.] સ્ત્રી. અંધશ્રદ્ધાપ્રિયતા; તમસતા; કોઈ પણ જ્ઞાન પ્રાપ્ત નહિ કરવાની સ્થિતિ.

જ્ઞાનશાખા [સં.] સ્ત્રી. વિદ્યા કે કેળવણીના વિષયનું વિદ્વાનોએ કરેલું ખાસ જુદું ખાતું; 'ડિપાર્ટમેન્ટ'.

જ્ઞાનશાસ્ત્ર ૧. [સં.] ન. અદ્વૈત મતમાં માનનારા તત્ત્વવેત્તાઓનું શાસ્ત્ર; સાંખ્ય.

૨. ન. સર્વ જ્ઞાનના પ્રામાણ્યનો નિર્ણય કરનારી વિદ્યા; પ્રમા શાસ્ત્ર; જ્ઞાનસ્વરૂપ વિદ્યા; પ્રમાણવાદ; જ્ઞાનપ્રામાણ્ય શાસ્ત્ર. જ્ઞાનશાસ્ત્રનો જે મુખ્ય નિયમ છે કે અંતર્જગત અને બાહ્ય જગત એટલે કે બુદ્ધિનું બંધારણ અને પદાર્થોની સૃષ્ટિ એ બે વચ્ચે જો કોઈ પણ પ્રકારની એકરૂપતા હોય તો જ જ્ઞાનની ઉત્પત્તિ થઈ શકે છે.

જ્ઞાનશુદ્ધ [સં.] વિ. જ્ઞાનથી પવિત્ર થયેલું.

જ્ઞાનશૂન્ય [સં.] વિ. જ્ઞાન વિનાનું; વિવેકમાં અભાવું

જ્ઞાનસત્તાક વિ. અંતર્મુખ; આત્મલક્ષી; સ્વાનુભવી.

જ્ઞાનસત્ર [સં.] પું. જ્ઞાનનો યજ્ઞ; જ્ઞાનચર્ચા; જ્ઞાન મળે એવો વાદવિવાદ.

જ્ઞાનસમાધિ [સં.] સ્ત્રી. જ્ઞાનમાં લીન થઈ જવાપણું.

જ્ઞાનસમુચ્ચય [સં.] પું. જ્ઞાનનો જથ્થો

જ્ઞાનસમૃદ્ધ [સં.] વિ. ઘણું જ્ઞાન મેળવ્યું હોય એવું.

જ્ઞાનસમૃદ્ધિ [સં.] સ્ત્રી. પુષ્કળ જ્ઞાન; ઘણી માહિતી.

જ્ઞાનસંહીર્ણતા [સં.] સ્ત્રી. જ્ઞાનનું સાંકડાપણું; અલ્પ ઓછું જ્ઞાન.

જ્ઞાનસંગ ૧. [સં.] પું. જ્ઞાન મેળવવામાં પ્રીતિ હોવાપણું.
૨. પું. ગાઢો ઉપરના પ્રેમને લીધે પરમેશ્વરનાં ગુણ, કર્મ, સ્વરૂપ, જ્ઞાન, કીર્તન વગેરેમાં આસક્તિ.

જ્ઞાનસંગ્રહ ૧. [સં.] પું. જ્ઞાનકોષ; સર્વવિદ્યાસંગ્રહ; 'એન્સાઇક્લોપીડિયા.'
૨. પું. જ્ઞાનનો જથ્થો.

જ્ઞાનસંચય જુઓ જ્ઞાનસંગ્રહ.

જ્ઞાનસંજ્ઞેય [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

જ્ઞાનસંપન્ન [સં.] વિ. જ્ઞાનવાળું; જ્ઞાન મેળવેલું, વિદ્વાન.

જ્ઞાનસંપન્નતા [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવ્યું હોય એવી સ્થિતિ; વિદ્વત્તા.

જ્ઞાનસંપાદન [સં.] ન. જ્ઞાન મેળવવું તે.

જ્ઞાનસંભૃત [સં.] વિ. વિદ્વાન; જ્ઞાની; પંડિત.

જ્ઞાનસંવાહક [સં.] વિ. જ્ઞાન વહી જનાર.

જ્ઞાનસંશય [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

જ્ઞાનસાધન ૧. [સં.] ન. ઇંદ્રિય.
૨. ન. જ્ઞાનપ્રાપ્તિનો પ્રયત્ન.
૩. ન. તત્ત્વજ્ઞાનનું સાધન; શ્રવણ, મનન, નિદિધ્યાસન, વિવેક, વૈરાગ્ય, મનોનાશ, વાસનાક્ષય વગેરે.

જ્ઞાનસાધનો જુઓ જ્ઞાનસાધન.

જ્ઞાનસુધા [સં.] સ્ત્રી. જ્ઞાનરૂપી અમૃત.

જ્ઞાનસૂર્ય [સં.] પું. જ્ઞાનરૂપી સૂર્ય.

જ્ઞાનસૂર્યોદય [સં.] પું. જ્ઞાનરૂપી તેજસ્તત્ત્વનો ઉદય.

જ્ઞાનસેની સ્ત્રી દ્રૌપદી.

જ્ઞાનસેવી [સં. જ્ઞાનસેવિન્] વિ. જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળું.

જ્ઞાનસ્કંદ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

જ્ઞાનસ્થલ [સં.] ન. જ્ઞાનતંતુઓનું મુખ્ય સ્થળ; જ્ઞાનગ્રંથીઓનું મૂળ સ્થળ.

જ્ઞાનસ્થળ જુઓ જ્ઞાનસ્થલ.

જ્ઞાનસ્વરૂપ ૧. ન. અનુભવસ્વરૂપ જ્ઞાનનું રૂપ.
૨. ન. અંતરાત્મા.
૩. ન. ઈશ્વર.
ઈશ્વર એટલે બોધનાર, જાગૃતાર, ઇંદ્રિયોને સન્માર્ગે વાળનાર. જ્ઞાનસ્વરૂપ અંતરાત્મા એટલે જ ઈશ્વર. ઈશ્વર એટલો કેવળ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ.
ગીતારહસ્ય

જ્ઞાનસ્વરૂપવિદ્યા જુઓ જ્ઞાનસ્વરૂપ.

જ્ઞાનહીણ જુઓ જ્ઞાનહીન.

જ્ઞાનહીન [સં.] વિ. જ્ઞાન વિનાનું; અજ્ઞાન; અણસમજુ; જેને કંઈ જ્ઞાન ન હોય એવું.

જ્ઞાનહેતુ ૧. [સં.] પું. જ્ઞાન મેળવવાનો ઉદ્દેશ.
૨. પું. વિષ્ણુ સહસ્રનામનાં હજાર માંહેનું એક નામ.

જ્ઞાનાકર [સં.] પું. બુદ્ધ ભગવાન.

જ્ઞાનાગાર [સં.] ન. જ્ઞાનતંતુઓનું મુખ્ય સ્થળ; જ્ઞાનગ્રંથીઓનું મૂળ સ્થાન; ચેતનાગાર; મગજ.

જ્ઞાનાગ્નિ [સં.] પું. જ્ઞાનરૂપી અગ્નિ.
અગ્નિ જેમ પ્રદિપ્ત કરતો બાળી બધાં કાષ્ઠને, જ્ઞાનાગ્નિ તમ બાળે' કાર્મ કરતો બાળી બધાં કર્મને
ગીતાપ્રસાદ

જ્ઞાનાચાર [સં.] પું. (જૈન) જ્ઞાનને લગતો આચાર; જૈનોના પાંચ માંહેનો પહેલો આચાર. તેમાં જ્ઞાન ભણવા ભણાવવાનું, ગણવા ગણાવવાનું અને જ્ઞાનનો ભંડાર કરવા કરાવવાનું હોય છે.

જ્ઞાનાચારો જુઓ જ્ઞાનાચાર.

જ્ઞાનાગ્નિ [સં.] ન. જ્ઞાનરૂપી અગ્નિ.

જ્ઞાનાગ્નિ જુઓ જ્ઞાનાગ્નિ.

જ્ઞાનાતિશય [સં.] પું. (જૈન) ઊંચું જ્ઞાન; જ્ઞાનનો ઉત્કૃષ્ટ ગુણ. તેના વડે તીર્થંકર લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે.

જ્ઞાનાતીત [સં.] વિ. જ્ઞાનની પેલી પાર ગયેલું; પૂર્ણ જ્ઞાની.

જ્ઞાનાતુર [સં.] વિ. જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળું.

જ્ઞાનાત્મક [સં.] વિ. જ્ઞાનવાળું. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચભૂતો તથા મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ જ્ઞાનાત્મક શક્તિઓ એ બધાંનું કારણ પરમાત્મા જ છે.

જ્ઞાનાત્મા [સં. જ્ઞાનાત્મન્] પું. (વેદાંત) જ્ઞાતૃત્વની ઉપાધિરૂપ અહંકાર વડે અવિચ્છિન્ન ચૈતન્ય.

જ્ઞાનાધાર [સં.] પું. મસ્તિષ્ક; જ્ઞાનકેંદ્ર; મગજ.

જ્ઞાનાધ્યાસ [સં.] પું. (વેદાંત) અમુક વસ્તુની અધિકરણભૂતને યોગ્ય અધિકરણમાં અમુક વસ્તુની બુદ્ધિ. જેમકે, છીપમાં રજતબુદ્ધિ; આત્મામાં આત્મબુદ્ધિ. જો પદાર્થનો ભાસ જેના વડે થાય છે તે અવભાસ એવો અર્થ કરીએ તો અવભાસનો અર્થ જ્ઞાન થવાથી એ જ્ઞાનાધ્યાસ કહેવાય, કેમકે અધ્યાસરૂપ જ્ઞાનથી પદાર્થનો ભાસ થાય છે.

જ્ઞાનાનંદ [સં.] પું. જ્ઞાનમાં જ આનંદ માનવો તે.

જ્ઞાનાનંદનાથવાસર [સં.] પું. તંત્રશાસ્ત્રના પંચાંગમાં વપરાતા નવ માંહેનો એક દિવસ.

જ્ઞાનાનુત્પાદ [સં.] પું. જ્ઞાનની ઉત્પત્તિ નહિ હોવાપણું; મૂર્ખાઈ; અણસમજ; અજ્ઞાનતા.

જ્ઞાનાપીડ (જ્ઞાનાપીડ) [સં.] પું. જ્ઞાનથી ઉત્પન્ન બનારા સંસ્કારના નાશથી બનતું વિસ્મરણ.

જ્ઞાનાપોહ [સં.] પું. વિસ્મરણ; ભૂલવું તે; જ્ઞાનનો લોપ થવો તે.

જ્ઞાનાભિલાષ [સં. જ્ઞાન + અભિલાષ (ઇચ્છા)] પું. જ્ઞાન મેળવવાની તીવ્ર ઇચ્છા.

જ્ઞાનાભિલાષા જુઓ જ્ઞાનાભિલાષ.

જ્ઞાનાભિલાષી [સં. જ્ઞાનાભિલાષિન્] વિ. જ્ઞાન મેળવવાની તીવ્ર ઇચ્છા ધરાવનાર.

જ્ઞાનાભ્યાસ [સં.] પું. જ્ઞાન મેળવવા માટે અભ્યાસ કરવો તે; જ્ઞાનનાં સાધન શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરેનો અભ્યાસ.

જ્ઞાનાભ્યાસી [સં. જ્ઞાનાભ્યાસિન્] વિ. ધર્મ સંબંધી જ્ઞાનનો અભ્યાસ કરનાર.

જ્ઞાનામૃત [સં.] ન. જ્ઞાનરૂપી અમૃત.

જ્ઞાનારિ [સં. જ્ઞાન + અરિ (શત્રુ)] પું. જ્ઞાનનો શત્રુ; અજ્ઞાની માણસ.

જ્ઞાનાર્જન [સં. જ્ઞાન + અર્જન (મેળવવું તે)] ન. જ્ઞાન મેળવવું તે.

જ્ઞાનાર્જની વિ.સ્ત્રી. જ્ઞાન મેળવનારી.

જ્ઞાનાવતાર ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

જ્ઞાનાવરણ ૧. [સં.] ન. (જૈન) કર્મનો એક મૂળ પ્રકૃતિભેદ; એક જાતનું પાપકર્મ. તેનાથી જ્ઞાનનો યથાર્થ લાભ જીવને મળી નથી. તેના પાંચ પ્રકાર છે: (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યવજ્ઞાનાવરણ અને (૫) કેવળજ્ઞાનાવરણ
૨. ન. જ્ઞાનનું ઢાંકણ; જ્ઞાનનો પડદો; જ્ઞાનનું બાધક.

જ્ઞાનાવરણકર્મ [સં.] ન. (જૈન) આત્માની જ્ઞાનશક્તિને દબાવનાર કર્મ. જેમ જેમ આ કર્મ વધારે મજબૂત થાય છે, તેમ તેમ તે જ્ઞાનશક્તિને વધારે આચ્છાદિત કરે છે. બુદ્ધિનો અધિકાધિક વિકાસ થવાનું પ્રધાન કારણ આ કર્મનું શિથિલ થતું જવું એ છે. આ કર્મ સંપૂર્ણ ક્ષય થતાં કેવલજ્ઞાન એટલે સકલ લોકાલોકના સમગ્ર પદાર્થોનું સંપૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન પ્રકટ થાય છે.

જ્ઞાનાવરણજન્ય [સં.] વિ. (જૈન) જ્ઞાનાવરણીય કર્મથી ઉત્પન્ન થતું. ગમે તેટલી બુદ્ધિ ગમે તેટલી હોય છતાં તે પરિમિત હોવાથી જ્ઞાનાવરણને આભારી છે. માટે પ્રજ્ઞાપરિષહને જ્ઞાનાવરણજન્ય સમજવો.

જ્ઞાનાવરણત્વ [સં.] ન. જ્ઞાનાવરણપણું; જીવને જ્ઞાનનો યથાર્થ લાભ ન મળવાપણું.

જ્ઞાનાવરણી ૧. ન. (જૈન) કર્મના આઠ માંહેનો એક પ્રકાર; જ્ઞાનને ઢાંકનાર કર્મ.

૨. વિ. જ્ઞાનને ઢાંકનાર; જ્ઞાનથી વિમુખ રાખનાર.

જ્ઞાનાવરણીકિ જુઓ જ્ઞાનાવરણીય.

જ્ઞાનાવરણીય ૧. [સં.] ન. (જૈન) એક પ્રકારનું કર્મ. સંસારમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ મુખ્યતા ભોગવે છે. તે કર્મોનો ક્ષય કરવા માટે તે કર્મબંધનનાં મૌલિક કારણોને તિલાંજલી આપી, નવાં શુભ કર્મોનું ઉપાર્જન કરવું જોઈએ. એમ કરતાં સંપૂર્ણ જ્ઞાનજ્યોતિને આવરનાર કર્મનો નિર્મૂલ ક્ષય કરવો જોઈએ. ત્યારે જ તે આત્મા લોકાલોકવર્તી, ત્રૈકાલિક સાકાર અથવા જડ કે ચેતનના વિશ્વવિસ્તીર્ણ સર્વ ભાવોને હસ્તામલકવત્ આત્મપ્રત્યક્ષ કરવાની, અવિનાશિની અને અવિપર્યાસિની, અતીંદ્રિય અનંતશક્તિનો ભોક્તા બને છે. તેવી અનંતશક્તિસંપન્ન વ્યક્તિને સુપ્રસિદ્ધ અને ૩૬ શબ્દોમાં મૂકીએ તો ઈશ્વર અથવા પરમાત્મા સ્વરૂપ કહેવાય છે. જૈનો તેને ૩૬ શબ્દોમાં તીર્થંકર, અરિહંત, કેવલી, સર્વજ્ઞ, જિનેશ્વર, વીતરાગ વગેરે શબ્દોથી સંબોધે છે. જુઓ જ્ઞાનાવરણકર્મ.

૨. વિ. જ્ઞાનને આવરણ કરનારું; જ્ઞાનને રોકનારું.

જ્ઞાનાવરણીયકર્મ જુઓ જ્ઞાનાવરણીય ૧.

જ્ઞાનાવસ્થા [સં.] સ્ત્રી. જ્ઞાન પ્રાપ્ત થવાની સ્થિતિ.

જ્ઞાનાવસ્થિત [સં.] વિ. જ્ઞાનમાં સ્થિતિ પામેલ; જ્ઞાનમાં રહેલ.

જ્ઞાનાસન [સં.] ન. એ નામનું એક યોગાસન. તેનાથી યોગાભ્યાસમાં સિદ્ધિસિદ્ધિ થાય છે. તેમાં જમણી જાંઘ ઉપર ડાબા પગનું તળિયું અને ડાબી જાંઘ ઉપર જમણા પગનું તળિયું રાખવું પડે છે. આથી પગની નસો ઢીલી થઈ જાય છે.

જ્ઞાનાસાદન [સં.] ન. બીજાનું કોઈ જ્ઞાન આપ્યું હોય ત્યારે વાણી અને શરીરથી તેનો કલુષિત નિષેધ કરવો તે.

જ્ઞાનાસિ [સં.] સ્ત્રી. જ્ઞાનરૂપી તરવાર.

જ્ઞાનાંતરાય [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવામાં કલુષિત ભાવે અંતરાય કરવો તે.

જ્ઞાનાંધત્વ [સં.] ન. જ્ઞાનનો સમૂળો અભાવ; જરા પણ જ્ઞાન ન હોવાપણું.

જ્ઞાનિતા [સં.] સ્ત્રી. જ્ઞાનીપણું.

જ્ઞાનિત્વ [સં.] ન. જ્ઞાનીપણું.

જ્ઞાનિમન્ય જુઓ જ્ઞાની.

જ્ઞાની ૧. [સં. જ્ઞાનિન્] પું. દૈવજ્ઞ; જ્યોતિષી; ભવિષ્યવક્તા; જોશી.

૨. પું. પરમાત્માનું જ્ઞાન પામી કૃતાર્થ થયેલો પુરુષ. જેમ નદીઓ પોતપોતાનાં નામ અને રૂપને તજીને સમુદ્રમાં લીન થઈ જાય છે, તેમ પરબ્રહ્મનો અહંકાર નામ અને રૂપમાંથી અત્યંત છૂટેલો હોઈને અખંડતયા પર અથવા અદ્ભુત પરમ પુરુષ પરમાત્મામાં મળી જાય છે જ્ઞાનીનાં ઇષ્ટ લક્ષણ ઠાંમાં છે: ક્રોધરહિતપણું, વૈરાગ્યપણું, જિતેંદ્રિયપણું, ક્ષમા કરવાપણું, દયાળુતા, સર્વ જનનું પ્રિય મેળવવાપણું, નિર્લોભપણું, દાતારપણું, વાત કરવાપણું અને રોષ કરવાપણું.

૩. પું. યોગી; યોગ જાણનાર મનુષ્ય.

૪. વિ. જીવ અને ઈશ્વર સંબંધી તત્ત્વનું જેને જ્ઞાન હોય એવું; મુમુક્ષુ; આત્મા અને પરમાત્માની ઓળખાણવાળું; આત્મજ્ઞાની; બ્રહ્મજ્ઞાની.

૫. વિ જેને સારાસાર સમજવાની શક્તિ હોય એવું; જ્ઞાનવાન; વિવેકી; સમજુ; ડહ્યું; જ્ઞાનવાળું.

૬. વિ. સાંખ્ય માર્ગથી કર્મ છોડી સિદ્ધિ મેળવનાર સાંખ્યનિષ્ઠ. સનકાદિક, નારદ, પ્રહ્લાદ, પૃથુ રાજા, શુકદેવ વગેરે જ્ઞાની કહેવાય છે.

જ્ઞાનીગમ્ય [સં. જ્ઞાનિન્ + ગમ્ય (જાણવા જેવું)] વિ. જ્ઞાની માણસની જાણમાં હોય એવું.

જ્ઞાનીજન જુઓ જ્ઞાની.

જ્ઞાનીપગરણ ન. જ્ઞાનનો અભ્યાસ કરવાનાં સાધન.

જ્ઞાનીમંડી ન. તિબેટ દેશ.

જ્ઞાનીશ્વર [સં.] પું. બધામાં શ્રેષ્ઠ જ્ઞાની પુરુષ.

જ્ઞાનેચ્છા [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવાની ઇચ્છા.

જ્ઞાનેચ્છાજન્યલક્ષ [સં.] વિ. જ્ઞાન મેળવવાની ઇચ્છાથી ઉત્પન્ન થયેલું.

જ્ઞાનેચ્છુ [સં.] વિ. જ્ઞાનની ઇચ્છાવાળું.

જ્ઞાનેશ્વર [સં.] પું. એ નામના દક્ષિણ હિંદના એક મહંત કવિ. તેમનો જન્મ સંવત ૧૩૮૫માં દક્ષિણના આલંદી ગામમાં એક બ્રહ્મરાક્ષી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ વિઠ્ઠલ પંત અને માતાનું નામ રુકમાબાઈ હતું. તે ચાર ભાઈ બહેન હતાં. તેમનાં નામ નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને મુક્તાબાઈ હતાં. સમય જતાં એ ચારે ભાઈ બહેન પણ ઉચ્ચ પ્રકારનાં સંત થયાં. ભગવદ્ભક્તિ અને યોગસાધનબળથી તેમણે ઘણી ઊંચી સ્થિતિને પ્રાપ્ત કરી. જ્ઞાનેશ્વરે પોતાના કવનમાં અનેક ચમત્કાર દેખાડ્યા છે. ગીતા ઉપર તેમણે જ્ઞાનેશ્વરી નામની એક ટીકા લખી છે, જેનું મહારાષ્ટ્ર તથા અન્ય સ્થાનોમાં પણ ઘણું માન છે. તેમનો અમૃતાનુભવ નામનો એક વેદાંતનો પણ ગ્રંથ છે. તેમણે વારકરી પંથને સબળ બનાવ્યો ને ગીતાનું મરાઠી ભાષામાં ભાષાંતર કર્યું હતું. જ્ઞાનેશ્વરજી મહારાજે સં. ૧૪૦૩ માં ફાગણ વદ ૨૨ વર્ષની વયે પ્રતિષ્ઠિત સમાધિ લઈ લીધી. લોકોની શ્રદ્ધા છે કે તે એક જીવન્મુક્ત સિદ્ધ યોગી હતા અને આજ પણ જીવિત છે.

જ્ઞાનેશ્વરી ગીતા સ્ત્રી. દક્ષિણના સંત જ્ઞાનેશ્વરકૃત ગીતા ઉપરનું ભાષ્ય.

જ્ઞાનેષણા [સં.] સ્ત્રી. જ્ઞાન મેળવવાની ઇચ્છા.

જ્ઞાનેંદ્રિય ૧. [સં.] સ્ત્રી. જે વડે બહારના પદાર્થોનું પ્રાણીઓને જ્ઞાન થાય તેવો શરીરનો અવયવ; જ્ઞાન ગ્રહણ કરવાની ઇંદ્રિય. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેંદ્રિયો છે. રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ એ તેના અનુક્રમે વિષય છે. હાથ, પગ, મોઢું, ગુદા અને ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિયો કહેવાય છે. આ દસ ઇંદ્રિયોની સાથે કેટલાક મનને પણ શરીરની અંદરની ઇંદ્રિયો માને છે. મન એકલું જ્ઞાનેંદ્રિય નથી. તે કર્મેંદ્રિય પણ છે. તેથી દાર્શનિકોએ તેને ઉભયાત્મક માનેલ છે. પાંચે જ્ઞાનેંદ્રિયોનાં ઐક્ય દ્વારા બુદ્ધિ સુખદુઃખનો વિચાર કરે છે. જ્ઞાનના દેવ દિશા, ત્વચાના દેવ વાયુ, નેત્રના દેવ સૂર્ય, જિહ્વાના દેવ વરુણ અને ઘ્રાણના દેવ અશ્વિનીકુમાર છે. મનના દેવ ચંદ્ર છે. આકાશના સાત્ત્વિક અંશમાંથી શ્રોત્ર, વાયુના સાત્ત્વિક અંશમાંથી ત્વચા, તેજના સાત્ત્વિક અંશમાંથી નેત્ર, જલના સાત્ત્વિક અંશમાંથી જિહ્વા અને પૃથિવીના સાત્ત્વિક અંશમાંથી ઘ્રાણ ઉત્પન્ન થાય છે. ઇંદ્રિયો અહંકારમાંથી ઉત્પન્ન થયેલી હોઈને

આહંકારિક કહેવાય છે. મહાભૂતોમાંથી તે ઉત્પન્ન થયેલ ન હોઈને ભૌતિક કહેવાતી નથી.
૨. સ્ત્રી. મગજ.

જ્ઞાનેંદ્રિયપંચક [સં.] ન. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેંદ્રિયોનો સમૂહ.

જ્ઞાનેંદ્રી જુઓ જ્ઞાનેંદ્રિય.

જ્ઞાનોજ્જ્વલ [સં. જ્ઞાન + ઉજ્જ્વલ (ઊજળું)] વિ. જ્ઞાનથી ઊજળું; જ્ઞાન વડે પ્રકાશિત.

જ્ઞાનોત્તમ [સં.] પું. સંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય.

જ્ઞાનોત્તર [સં] વિ. જ્ઞાન બાદ પછીનું.

જ્ઞાનોત્પત્તિ [સં.] સ્ત્રી. જ્ઞાન પ્રાપ્ત થવું તે.

જ્ઞાનોત્સવ [સં.] પું. ધાર્મિક આખ્યાનો માટે રચેલો મેળાવડો; જ્ઞાનનો ઉત્સવ; જ્ઞાનયજ્ઞ.

જ્ઞાનોદય [સં.] પું. જ્ઞાનનો ઉદય; જ્ઞાન પ્રકટવું તે; જ્ઞાનપ્રાપ્તિ.

જ્ઞાનોન્નતિ [સં.] સ્ત્રી. જ્ઞાનની ઉન્નતી; જ્ઞાનમાં વધારો.

જ્ઞાનોપકરણ [સં. જ્ઞાન + ઉપકરણ (સાધન)] ન. જ્ઞાન મેળવવાનું સાધન.

જ્ઞાનોપદેશ [સં. જ્ઞાન + ઉપદેશ] પું. જ્ઞાનજ્ઞાનનો બોધ.

જ્ઞાનોપયોગ [સં.] પું. (જૈન) ઉપયોગના બે મોટામાં મોટા બે ભેદ. વિશેષ જ્ઞાનને જ્ઞાનોપયોગ કહે છે અને તેના આઠ ભેદ છે. તેમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન છે. પાંચ જ્ઞાન: (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃ પર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. ત્રણ અજ્ઞાન: (૧) મતિ અજ્ઞાન અથવા કુમતિ જ્ઞાન, (૨) શ્રુત અજ્ઞાન અથવા કુશ્રુત જ્ઞાન અને (૩) વિભંગ જ્ઞાન.

જ્ઞાનોપલબ્ધિમીમાંસા જુઓ જ્ઞાનમીમાંસા.

જ્ઞાનોપાસના [સં. જ્ઞાન + ઉપાસના] સ્ત્રી. જ્ઞાનની ઉપાસના; જ્ઞાન મેળવવાનો યત્ન. કર્મોપાસના, આત્મોપાસના અને જ્ઞાનોપાસના એમ ત્રણ ઉપાસના છે.

જ્ઞાનોપેત [સં. જ્ઞાન + ઉપેત (સહિત)] વિ. જ્ઞાનવાળું

જ્ઞાનોબા પું. તેરમી સદીમાં થઈ ગયેલ હિંદનો એક સુવિખ્યાત માણસ.

જ્ઞાપક ૧. [સ. જ્ઞા (જાણવું)] પું. આચાર્ય; ગુરુ; શિક્ષક
૨. પું. જાણનાર માણસ; નેતા; વિદ્વાન.
૩. ન. અનુશાસનનું; વિધાન.
૪. ન. (વ્યાકરણ) અપવાદનું સમર્થક.
૫. ન. વ્યાકરણપ્રસિદ્ધ પ્રમાણદર્શક સૂત્ર.
૬. વિ. જણાવ કે સમજ આપનું એવું.
૭. વિ. જણાવનું; જણાવ કરનાર; જણાવનારું; ખબર આપનું.
૮. વિ. બોધક; જ્ઞાન આપનારું; સૂચક; સમજાવનું.

જ્ઞાપકત્વ ૧. [સં.] ન. જ્ઞાનનું જનકત્વ. જેમકે સ્મૃતિ, સ્મૃતિ, સાક્ષાત્કાર.
૨. ન. (વેદાંત) જ્ઞાનનો વિષય હોવાપણું. જેમકે, પર્વત ધૂમને લીધે વહ્નિમાન છે. એમાં ધૂમ જ્ઞાપકત્વ છે.
૩. ન. સમજાવવા અથવા જણાવવાનું કામ.

જ્ઞાપકહેતિ [સં.] સ્ત્રી. સૂચના; સૂચના; જણાવનારું સાધન.

જ્ઞાપકહેતુ જુઓ જ્ઞાપકહેતિ.

જ્ઞાપકોત્તમપુરુષ [સં.] પું. પુરુષોત્તમનાં બત્રીસ નામોમાંનું એક નામ.

જ્ઞાપન ૧. [સં.] ન. જણાવવું તે; જ્ઞાન આપવું તે; સમજાવવું તે; જણ કરવું તે; શિક્ષા.
૨ ન. ખબરાત; ઠંઢેરો; પ્રસારણ.
૩. ન. જ્ઞાનને અનુકૂળ શબ્દ કે વ્યાપાર.
૪. ન. સ્થાપના; એકરાર; ઠરાવ.

જ્ઞાપનપત્ર [સં.] પું. પ્રદર્શનપત્ર; સમન આપનારો કાગળ.

જ્ઞાપના [સં.] સ્ત્રી. સૂચના; ખબર; ખબરાત.

જ્ઞાપિત ૧. [સં.] વિ. જણાવેલું; સૂચિત.
૨. વિ. પ્રકાશિત કરેલું, પ્રસિદ્ધ.

જ્ઞાપિત કુટુમ્બનામું ન. પક્ષકારોનો હક્ક હું છે તે જેમાં બીજા દાદ ન આપતી કોર્ટમાંથી જણાવેલું હોય તેવું કુટુમ્બનામું.

જ્ઞાપિતાસીસસ્થિતિ [સં.] પું. પુરુષોત્તમનાં બત્રીસ નામોમાંનું એક નામ.

જ્ઞાપ્તિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન.
૨. સ્ત્રી. સમજશક્તિ.
૩. ન. જણાવવું તે; ખબર આપવી તે.
૪. ન. સમજાવવું તે.

જ્ઞાપ્ય [સં.] વિ. જ્ઞાન આપી શકાય એવું; સૂચન કરી શકાતું.

જ્ઞાપ્યત્વ ૧. [સં] ન. જ્ઞાન ઉત્પન્ન કરવાપણું.
૨. ન. જ્ઞાનનો વિષય.

જ્ઞીપ્સમાણ [સં.] વિ. જણાવવાને ઇચ્છતું.

જ્ઞીપ્સા [સં.] સ્ત્રી. જણાવવાની ઇચ્છા.

જ્ઞીપ્સ્યમાન [સં.] વિ. જણાવવાને ઇચ્છેલું.

જ્ઞેય ૧. [સં. જ્ઞા (જાણવું)] પું. આત્મા.
૨. પું. પરબ્રહ્મ; પરમાત્મા.
૩. ન. એક પ્રકારનું જ્ઞાન. જ્ઞાનના ત્રણ પ્રકાર છે: (૧) અજ્ઞાત, (૨) અજ્ઞાત અને (૩) જ્ઞેય. પ્રપંચારણ્યભાવથી રહિત કેવળ ચોખ્ખો, નિર્વિકાર, કૂટસ્થ, ઉદાસી તત્ત્વનું જ્ઞાન તે જ્ઞેય જ્ઞાન કહેવાય છે.
૪. ન. વિષય; દ્રવ્ય.
૫. વિ. જ્ઞાન પ્રાપ્ત કરવા જેવું; જણવા યોગ્ય.

જ્ઞેયતત્ત્વ [સં. જ્ઞેય (જણવા યોગ્ય) + તત્ત્વ] ન. જ્ઞાન વિષયક તત્ત્વ; જગતની ઉત્પત્તિ વગેરે સંબંધી વિચાર.

જ્ઞેયતા ૧. [સં] સ્ત્રી. ઇંદ્રિયગમ્યતા; જોયરતા.
૨. સ્ત્રી. જણવા યોગ્યપણું.
૩. સ્ત્રી. સમજવા લાયકપણું.

જ્ઞેયતાપ [સં.] પું. જણવા જેવી ગરમી.

જ્ઞેયત્વ જુઓ જ્ઞેયતા.

જ્ઞેયધર્મ [સં.] પું. જણવા લાયક વસ્તુનું જ્ઞાન માત્ર કરી લેવું તે.

જ્ઞેયપ્રક્રિયા સ્ત્રી. વસ્તુ સ્વરૂપ વિદ્યા.

જ્ઞેયવાદી [સં. જ્ઞેયવાદિન્] વિ. પ્રચલિત સંપ્રદાયને નહિ માનનાર.

જ્યગ્ર [સં. યજ્ઞ] પું. યજ્ઞ.

જ્યથારથ વિ. યથાર્થ; યોગ્ય; ઘટિત.

જ્યથ [સં. યથા] અ. જેમ; અમુક રીતે જોઈ તેમ; જિમ.

જ્યથમત્યમ અ. જેમ તેમ કરીને; માંડમાંડ; દુઃખી થઈને; મુશ્કેલી વેઠીને; જેમતેમ.

જ્યહાં અ. જ્યાં; જે ઠેકાણે.

જ્યહિ અ. જ્યાં; જે ઠેકાણે.

જ્યહિજ્યહિ અ. જ્યાંત્યાં

જ્યા ૧. [સં] સ્ત્રી. એક જાતનું ગુણોત્તર; 'સાઈન.' બે કાટખૂણી ત્રિકોણની કર્ણ બાજુ ઉપરના કોઈ પણ ક બિંદુમાંથી સામેની બાજુ ઉપર લંબ દોરવામાં આવે તો કર્ણ ને એ ખૂણાની જ્યા કહેવાય છે.

૨. સ્ત્રી. ધનુષ્યની દોરીય માફકની એક શક્તિ.
૩. સ્ત્રી. જેના બંને છેડા પરિધને અડકેલા હોય પણ જે મધ્યબિંદુમાંથી પસાર થતી ન હોય એવી જોડના કોઈ પણ બાજુને જોડનારી સીધી

વર્તુળના ટોચને જોડનારી અને તરફ ગયેલાણી સીધી લીટી. વર્તુળમાં આવી રહી પરિધ ઉપર ૯૦ પામતી સીધી લીટી; 'કોટિ'

૪. સ્ત્રી. ધનુષ્યની દોરી; ધનુષ્યની પણછ, મૌર્વી; ચ.પ

૫. સ્ત્રી. પૃથ્વી

૬. સ્ત્રી. માતા; માડી.

૭. સ્ત્રી. સ્વરમેળ

જ્યાગ [સં. યાગ] પું. યાગ; યજ્ઞ.

જ્યાઘાત [સં.] પું. ધનુષ્યની દોરીનો આઘાત.

જ્યાઘાતવારણ [સં.] ન. ધનુષ્યની દોરીના આઘાતને અટકાવનારું ધનુર્ધારીઓએ હાથે બાંધવાનું એક ચામડું.

જ્યાઘોષ [સં.] પું. પણછનો અવાજ; ધનુષની દોરીનો ટંકાર.

જ્યાચાપ [સં.] પું. જ્યા અને ધનુષ વચ્ચેનો ભાગ.

જ્યાચિહ્નિત [સં.] વિ. પણછના પ્રહારોથી પડેલા ઉઝરડાવાળું.

જ્યાતિથિ સ્ત્રી. (જ્યોતિષ) ત્રીજ, આઠમ અથવા તેરશનો દિવસ

જ્યાદતી [અ.] સ્ત્રી. વૃદ્ધિ; ઉમેરો; અધિકતા.

જ્યાદા [અ.] વિ. વધારે; ભારતી; અધિક; ખૂબ

જ્યાદામત પું. બેદકમત; તાટસ્થ્ય નાયક મત; 'કરિદમ વોટ'

જ્યારે [અ. જ્યાદા] વિ. જોઈએ તે કરતાં વધારે; બહું જ; ખૂબ; વધારે.

જ્યાન ૧. [સં. નિધાન] ન. નુકસાન; ખોટ; હાનિ.

૨. વિ. ઘટ; હીણું; ઊણું.

જ્યાનગરું વિ ખરચાળ; પૈસો ખરચે એવું.

જ્યાનિ ૧. સ્ત્રી. હાનિ કરવું તે; જોડવું તે.

૨. [સં.] સ્ત્રી નદી.

૩. સ્ત્રી. વયની હાનિ; ઘટવધ; ઊણપણ; ઘટતા

જ્યાપિંડ [સં.] પું. રાશિનો ૧,૮૦૦ કલાનો આઠમો ભાગ

જ્યાપ્રેત ૧. [અ. ગિયાહત] સ્ત્રી. મીજબાની; ઉજાણી

૨ સ્ત્રી. સત્કાર, આતિથ્ય.

જ્યાબાહુય [સં.] પુ. વૈદિક કાળનો હિંદુસ્તાનનો એક પ્રાચીન દેશ.

જ્યામઘ પું (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જન્મેલ સ્વાહ અથવા રૈવતકવંશ રાજાના પાંચ માહેનો સૌથી નાનો પુત્ર. એને વૈદર્ભ અગર શૈબ્યા નામની સ્ત્રી હતી એને સંતતિ થતી નહોતી, તેમ તેની બીકથી એનાથી બીજી સ્ત્રી પરણાતી નહોતી. એક સમયે ભોજદેશીય એક રાજાને ત્યાં એની કન્યાનો સ્વયંવર થતો હતો. જ્યામઘ ત્યાં ગયો હતો. ત્યાં પોતાના પરાક્રમથી જીતીને કન્યા ભોજને રથમાં નાખીને પોતાના નગરમાં તે લઈ આવ્યો. પરંતુ વૈદર્ભાએ પૂછ્યું કે રથમાં કોણ છે, એટલે એનાથી બીજના માર્યા કહેવાયું જવાયું કે તારા દીકરાની સ્ત્રી. એને પુત્ર તો હતો નહિ એટલે એ સાંભળી એને બહુ દુઃખ થયું અને બોલી કે આપણે પુત્ર તો છે નહિ અને પુત્રવધૂ કેવી? પરંતુ મોટા ઘરાણાં જ એને વિદર્ભ નામે પુત્ર થયો જ્યામઘે આણેલી ભોજને એની સાથે પરણાવી.

જ્યામય પું. (પુરાણ) એ નામે ચંદ્રવંશી એક રાજા. જુઓ જ્યામઘ.

જ્યામિતિ [સં.] સ્ત્રી. ભૂપરિમાણ વિદ્યા; ક્ષેત્ર ગણિત; ભૂમિતિ; રેખાગણિત. વૈદિક કાળમાં યજ્ઞોની વેદીઓનું પરિમાણ અને આકૃતિ વગેરે નક્કી કરવા માટે ભૂકોમ્, ત્રિજ્યા વગેરે માપવા માટે ઋષિઓએ આ વિદ્યા શોધી કાઢી હતી. શુલ્બસૂત્ર, સોમસૂત્ર અને રાતપથ બ્રાહ્મણ વગેરે ગ્રંથોમાં આવા સિદ્ધાંતો નક્કી કરેલા છે. આર્યો પાસેથી આરબ આ વિદ્યા શીખ્યા અને આરબોએ મિસરમાં ભૂમાપ કરવામાં તેનો ઉપયોગ કર્યો. ઈ.સ.ની પૂર્વે ત્રીજા સૈકામાં અલેકઝાંડ્રિયામાં યુક્લિડ નામે જ્યામિતિનો મોટો વિદ્વાન ગણિતજ્ઞાઓ ઉત્પન્ન થયો, કે જેને નામે હજી પણ આ વિદ્યા યુક્લિડ કહેવાય છે. મિસરમાં જ્યારે આપણીમાં આનો ઉપયોગ થતો જોઈ ફરીને આર્યોએ તેમાં કુશળતા મેળવી અને બ્રહ્મગુપ્ત તથા ભાસ્કરાચાર્ય જેવા સમર્થ ગણિતજ્ઞાઓએ તેમાં બહુ ઝીણવટભર્યા નવા સિદ્ધાંતો શોધી કાઢ્યા. આરબો બાહ્યલોક પાસેથી આ વિદ્યા શીખ્યા હતા અને ઐક આરબ મંડળમાં આરબોથી વરપમાં તેનો પ્રચાર થયો હતો. બાહ્યલોક નવી વિદ્યા શોધતા, પણ તેને ગુપ્તરૂપ રાખવાના સ્વાર્થી ઉદ્દેશથી જાહેરમાં મૂકવા દેતા નહિ. તેનું પરિણામ હવે હિંદને ભોગવવું પડે છે.

જ્યામિતિકમધ્યમાન [સં.] ન. એક જાતનું ક્ષેત્રફળ; 'જ્યોમેટ્રિકલ મેરિઝ'.

જ્યામિતિકશ્રેણી [સં.] સ્ત્રી. એક જાતની શ્રેણિ; 'જ્યોમેટ્રિકલ પ્રોગ્રેશન'.

જ્યાયસ ૧. [સં. જ્યાયસ્] વિ. અતિશય વખાણવા જેવું; અત્યંત પ્રશંસાપાત્ર.

૨. વિ. અતિશય વૃદ્ધ

૩. વિ. ઉંમરમાં વધારે મોટું.

જ્યાયસી ૧. [સં.] વિ. સ્ત્રી. ઉંમરમાં મોટી.

૨. વિ. સ્ત્રી. વખાણવા લાયક

૩. વિ. સ્ત્રી. વૃદ્ધ હોય એવી.

જ્યાયસીવિદ્યવા [સં.] સ્ત્રી. વડીલ વિધવા; વડી વિધવા.

જ્યાયાન ૧. [સં. જ્યાયસ્] પું. ગંભીર ન દોષ એવો છોકરો; ઉંમરે પહોંચેલો છોકરો.

૨. વિ. પું. ઉંમરમાં મોટો; વડીલ.

૩. વિ પું. ચડિયાતો; પામરીમાં આગળનો; ક્રમમાં પ્રથમનો

જ્યારત ૧. ન. ઓલિયા પુરુષની કબરનાં દર્શન કરવા જવું તે.

૨. ન. મરણ પછી ત્રીજે દિવસે મુસલમાનોમાં કરવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

જ્યારથી અ. જે સમયથી

જ્યારલગી અ. જે સમય લગી; જ્યાંલગી, જ્યાંસુધી.

જ્યારે [સં. યદા] અ. જે વખતે; જે સમે; જે કાળે.

જ્યારેત્યારે અ. વારંવાર; દરેક વખતે; આખો વખત.

જ્યાર્ધ [સં.] પું જીવાર્ધ એક રાશિની કલાનો અર્ધાંશ તે પ્રથમ જ્યાર્ધ કહેવાય છે. બે જ બિંદુમાંથી વૃત્ત ઉપર વૃત્ત લંબ દોરીએ તો વૃત્ત એ લંબ માપનો અર્ધા વૃત્તપરિઘ હોયનો જ્યાર્ધ કે જીવાર્ધ કહેવાય.

જ્યાવંતી પું. (સંગીત) એ નામનો એક રાગ; જેજેવંતી.

જ્યાવંતી મલ્હાર પું. (સંગીત) મલ્હાર રાગનો એક પ્રકાર. તે અમાજ થાટમાંથી ઉત્પન્ન થાય છે વર્ષાઋતુમાં તે ગાવા યોગ્ય છે.

જ્યાશબ્દ [સં.] પું. ધનુષ્યની દોરીનો ટંકાર; ટકારવ.

જ્યાશ્રેણિ સ્ત્રી. (ગણિત) એક જાતની શ્રેણિ; 'સાઇન સીરીઝ'. $x-\frac{x^3}{\lfloor 3}+\frac{x^5}{\lfloor 5}-\frac{x^7}{\lfloor 7}+\ldots$ ને x ની જ્યાશ્રેણિ કહે છે, કારણ કે x ને આપીન માનમાં લેવાથી તે જ્યા x ની બરોબર થાય છે.

જ્યાશ્રેણી જુઓ જ્યાશ્રેણિ.

જ્યાં [સં. યત્ર] અ. જે ઠેકાણે; જે સ્થળે; જે જગાએ

જ્યાંકણ જુઓ જ્યાં.

જ્યાંબોરસ્ટીન ન. એક જાતનું ફળઝાડ. તેના ફળ અતિ લહેજતવાળાં અને સ્વાદિષ્ટ હોય છે.

એના ઉપરની છાલ જાડી અને લીસી હોય છે. અંદર ધોળો, નરમ અને સ્વાદિષ્ટ ગરજ હોય છે, તે અનાજ છે.

જ્યાંત્યાં ૧. અ. કોઈ પણ રીતે.

૨. અ. જાદીજાદી; દરેક જગ્યાએ; સર્વત્ર.

૩. અ. સરોવર નદિ તેમ.

૪. અ. મૂરકેલીથી.

જ્યાંન ન. હાનિ; નુકસાન.

જ્યાંલગણ જુઓ જ્યાંસુધી.

જ્યાંલગી જુઓ જ્યાસુધી

જ્યાંસુધી ૧. અ. જે સ્થાન સુધી.

૨. અ. જેટલો વખત; જેટલો સમય.

જ્યાંહાં અ. જ્યાં; જે ઠેકાણે; જે સ્થળે; જહાં.

જ્યાંહાંસુધી જુઓ જ્યાંસુધી.

જ્યુજ્મરિ ન. વહુરી ગોકો રહેતા હોય તે શેરી અથવા પરગણું.

જ્યુક્તિ [સં. યુક્તિ] સ્ત્રી. યુક્તિ; યોજના.

જ્યુજ્ઞત્સુ ન. જોવાની કુતૂહલી એક રમત.

જ્યુદ [અં.] ન. સાહ્ય; યુધ્યપાદ. બંગાળ અને ઓરિસામાં તે ઉત્પન્ન થાય છે.

જ્યુદિષ્ઠ ન. સાધુના રેસાનું મૂળ્યું

જ્યુદાઈ વિ. જાડું; ખોડું.

જ્યુદાદ્ગમ પું. એ નામનો એક ધર્મ. ઈ. સ. પૂર્વે ૧૨૦૦ માં મોજિઝ નામના પુરુષે તે સ્થાપ્યો હતો. તેમાં જ્રોવ્હક નામના દેવને પ્રણામ છે.

જ્યુદિશિયલ [અં.] વિ. ન્યાય આતાનું; ન્યાય સમ્બન્ધી.

જ્યુદિશિયલ કમિટી [અં.] સ્ત્રી. ઇંગ્લંડની પ્રીવી કાઉંસિલની એક સમિતિ. મોટ વિટન સિવાય બ્રિટિશ સલ્તનતની બધી કોર્ટમાં તે સર્વોપરી છે. તેમાં હોઉ ચેન્સલર, હોઉ જસ્ટિસ, સંસ્થાનોની સર્વોપરી કોર્ટના ન્યાયાધીશો બેસે છે. એને ૧૮૩૩માં તે સ્થપાઈ, પણ અરે ગ્રેગ્રજુ ૧૯૨૯ થી થયું. બહુમતિ ચુકાદા માટે પરતી ગણાય છે. તેના ન્યાયાધીશો જજ્જા પહેર્યા સિવાય બેસે છે અને તેમના ચુકાદા રાજાને સલાહરૂપ હોય છે.

જ્યુતિ [સં.] સ્ત્રી. દીપ્તિ; કાંતિ; તેજ.

જ્યુતિમત [સં. જ્યુતિમત્] વિ. દીપ્તિવાળું; કાંતિમાન; તેજસ્વી.

જ્યુપિટર ૧. [અં.] પું. રોમન લોકોનો મુખ્ય દેવતા. તે સ્વર્ગીય દેવતા ગણાતો. જેમ ગર્જના તેમ જ વીજળીનો તે અધિપતિ મનાતો. રોમન લોકોના દેવદૂત રક્ષક તરીકેનું તેનું મંદિર કેપિટોલમાં હતું. તેનું મૂળ નામ જ્યુપિટર ઓપ્ટિમસ મેક્સિમસ હતું. કેપિટોલમાં જ્યુપિટરના મંદિરમાં વિજયનાં સરઘસો નીકળતાં. વિજેતા સરદારો સહેજ બળતું ત્યાં બલિદાન આપતા.

૨. પું. સૂર્યમંડળનો મોટામાં મોટો ગ્રહ; ગુરુ. સૂર્યથી તે ૪૮૩ લાખ માઈલ દૂર છે. તેનું વર્ષ આપણા ૧૧·૮૬ વર્ષ જેવું છે. પરિભ્રમણનો વખત લગભગ ૧૦ કલાકનો છે. તેનો વ્યાસ પૃથ્વી કરતાં લગભગ ૧૧ ગણો છે. તેની આસપાસ બીજા આઠ ઉપગ્રહ ફરે છે, જેની ઘરીઓ મળી ગ્રહની ઘરીમાં જ લગભગ સમાયેલી છે. તેની સપાટી ઘણી વખત કાળા અને સફેદ રંગના સમાંતર પટ્ટાઓ બતાવે છે. આ પટ્ટાઓમાં તદ્દન્તર અને ઝડપી ફેરફાર થયા કરે છે અને તેઓ એકબીજામાં સેળભેળ થઈ જાય છે. તે ઉપરથી સાબિત થઈ રહે છે કે આ ગ્રહમાં ઘણી જ ગરમી હોવી જોઈએ. તે જ રેખાંશ ઉપર બીજા નાના જુદા જુદા ઉપગ્રહો છે. તેની પરિભ્રમણની મુદત પણ જુદી જુદી હોય છે.

જ્યુબિલી [અં.] સ્ત્રી. પચીસ, પચાસ અને સાઠ વર્ષે ઉજવાતો મહોત્સવ. જ્યુબિલી એ બહુદા લોકોનો શબ્દ છે. જ્યુબલ એટલે ઘેટાના શિંગડાથી દરેક પચાસમે વર્ષે પ્રાયશ્ચિત્તનો દિવસ જાહેર થાય છે. તે દિવસે ગુલામોને છૂટા કર્યા હતા, જમીન ખેડી ન હતી. તે એક વર્ષ સુધી તહેવાર પળાયો હતો. પોપ બોનિફેસ ૮ માએ ઈ. સ. ૧૩૦૦માં આ તહેવાર જાહેર કર્યો હતો.

જ્યુરર [અં.] પું. પંચમાં ન્યાય કરવાને પોતાની આગળ રજૂ થયેલી બાબતનો સોગન ઉપર સાચો નિર્ણય આપનાર માણસ; કોર્ટની હકીકતની બાબતની તજવીજ કરવા સારૂ મેળવેલી પંચાયત માહેનો કોઈ સભ્ય.

જ્યુરાસ્સિક પું. એક જાતનો ખડક. તે નામ જ્યુરા પર્વત ઉપરથી પડેલ છે. તેના પડમાં માટી પછી ચૂનો પછી રેતી એમ આવે છે. તે જગાનામાં બહુ મોટાં જાનવર જેવાં પ્રાણી હતાં.

જ્યુરિ [અં.] સ્ત્રી. ન્યાયમંદિરમાં ન્યાયાધીશ આગળ રજૂ થતી બાબતોનું તોલન કરીને નિર્ણય આપવાને બેઠેલુ પંચ; ન્યાય કે નિર્ણય આપવાને બેઠેલી સભા

જ્યુલિઅસ સીઝર પું. એ નામનો એક પ્રાચીન સમ્રાટ. ઈ સ. પૂર્વે ૧૩૩થી રોમમાં ક્રાંતિની શરૂઆત થઈ ધનિક અને બેકારી વર્ગને નીચેના ગરીબ વર્ગને બધી બાબતોમાં નમતું આપવું પડ્યું. કારણ કે નીચેનો વર્ગ દિનપ્રતિદિન જોરદાર થતો જતો હતો. બીજી તરફથી ઇટલિની પ્રજાને સંપૂર્ણ રોમન નાગરિકતા આપી દેવામાં આવી. રોમના ગરીબ વર્ગને મફત અને સસ્તા ભાવે અનાજ આપવામાં આવતું, પણ આ બધાનો પ્રત્યાઘાત થયો અને જ્યુલિઅસ સીઝર નામના સરદારે આ બધી છટકબારી સામે બંડ ઉઠાવ્યું અને ધનિક વર્ગના હિતોનું સંરક્ષણ કરવા માટે સંગઠન કર્યું. ત્યારબાદ સમય જતાં કેટલાક નેતાઓએ ગરીબના હિતોને મદદ કરવાના બહાના હેઠળ પ્રજાસત્તાકને ઉથલાવી નાખવાની પેરવી રચી. સાધારણ ગરીબ માણસો જે આવા છળકપટ ન સમજી શકયા તેમણે ટેકો પણ આપ્યો અને રોમના પ્રજાસત્તાકના પાયા ડચમચી ગયા. પ્રજાતંત્રને રોમનું સામ્રાજ્ય સાચવવું મુશ્કેલ લાગવા માંડ્યું. જ્યુલિઅસ સીઝરે આ તક સાધી પ્રજાતંત્ર ઉથલાવી નાખ્યું અને પોતે સમ્રાટ બની બેઠો. સમ્રાટ થયા પછી તેણે પ્રજાને ખુશી કરવા માટે ફરીથી પ્રજાતંત્રનો બાહ્યદેખાવ કરવા માંડ્યો, પણ પ્રજાતંત્રવાદીઓને રોમમાં આ વસ્તુ રુચિ નહિ. તેમણે જ્યુલિઅસ સીઝરનું ખૂન કરાવ્યું. સીઝર ગયો પણ તેમણે દાખલ કરેલી સામ્રાજ્યપદ્ધતિ કાયમ રહી. કવિ સમ્રાટ શેક્સપીઅરે આ જ્યુલિઅસ સીઝરને એ નામનું ઉચ્ચ કોટિનું નાટક લખીને અમર કરેલ છે. અંગ્રેજી સાહિત્યમાં શેક્સપીઅરની આ કૃતિ અદ્વિતીય વખણાય છે અને તે વાંચતાં એ વખતનો આખો ઇતિહાસ દૃષ્ટિ આગળ ખડો થઈ જાય છે અને જ્યુલિઅસ સીઝર, બ્રૂટસ, એન્ટની, પોર્શિયા આદિ એ સમયના રાજદ્વારી પુરુષોનો પણ પૂરેપૂરો પરિચય આપોઆપ થઈ જાય છે.

જ્યુસ ૧. પું. તાજા વનસ્પતિનો સ્વરસ; અંતરસ.

૨. [અં.] પું. બ. વ. - બહુદા લોકો. ઈ. સ. પૂર્વે ૨૦૦૦માં પેટ્રિઅર્કની સરદારી હેઠળ તેઓ મેસોપોટેમિઅમાંથી પેલેસ્ટાઇનમાં આવ્યા. ૫૦૦ વર્ષ પછી ઇજિપ્ત માટે તેઓ ઇજિપ્ત ગયા. ત્યાં દુઃખી થઈ ૪૦ વર્ષ જંગલમાં ભટકયા. પાછા પેલેસ્ટાઇનમાં આવ્યા. તેના બાર ભાગ પડ્યા. તેઓનો પહેલો રાજા સોઅલ હતો. સોલોમનના વખતમાં તેઓ બહુ આબાદ હતા. ઈ સ. પૂર્વે ૭૨૧માં તેઓની પડતી થઈ અને બેબિલોનની સત્તામાં આવ્યા. ઈ સ. પૂર્વે ૬૮માં તેઓ રોમન સત્તા નીચે આવ્યા. ઈ સ. ૭૦માં તેમને તેના દેશમાંથી હાંકી મૂકવામાં આવ્યા. તેઓ જુદા જુદા દેશમાં પથરાઈ ગયા છે. ૬૨મા સૈકામાં ઇંગ્લંડમાંથી તેમને કાઢી મૂકવામાં, પણ ૧૭મા સૈકામાં પાછા લીધા. ૧૯૩૩માં જર્મનિમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા.

જ્યું વિ. જેવું.

જ્યુંનું જ. જ્યાંનું ત્યાં.

જ્યુંનું ૧. કું. જ્યુમા અથવા પતા નામના ઘોડ તેઓ કટક આગળ રહે છે, તાજાં પાંદડાંથી શરીર ઘોડે છે, ગોમાંસ ખાતા નથી અને મુસ્લમોના દેવતાને માને છે.

૨. વિ. જ્યુના જેવું; જ્યું અને ઠીંગણું; બહુ જેવું; બરાબ શરીરનું; બળવાન; રોમ.

જ્યૂન [અં.] કું. ખ્રિસ્તી સવતનો છઠ્ઠો મહિનો. પ્રથમ તેના ૨૬ દહાડા હતા. જ્યુલિઅસ સીઝર નામના રાજાએ બાર દહાડા ઉમેર્યા, જેથી તેના ૩૦ દહાડા થયા.

જ્યેષ્ટિકા [સં.] સ્ત્રી. બાકડી; દંડ; પરોણો.

જ્યેષ્ટિકાદાર ૧. કું. બકડીદાર; ચોબદાર.

૨. વિ. બાકડીવાળું, દંડ ધારણ કરેલું.

જ્યેષ્ટિકાસન [સં.] ન. એક જાતનું આસન. તેમાં બાકડીની પેઠે બંને હાથ માથા ઉપરી લાંબા કરી અને પગ પણ લાંબા કરીને સૂતું સુવાય છે. આનું બીજું નામ યેષ્ટિકાસન તથા દડાસન પણ છે.

જ્યેષ્ટિલા [સં.] ન. (પુરાણ) ભારતવર્ષનું એક તીર્થ.

જ્યેષ્ઠ ૧. કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. કું. જે વર્ષમાં બૃહસ્પતિનો ઉદય જ્યેષ્ઠા નક્ષત્રમાં હોય તે વર્ષ.

૩. કું. જેઠ; પતિનો મોટો ભાઈ.

૪. [સં.] કું. જેઠ માસ; જેની પૂર્ણિમાનો ચંદ્ર જ્યેષ્ઠા નક્ષત્રમાં ઊગે તે માસ; સવત વર્ષનો આઠમો અને ઉનાળાનો છેલ્લો મહિનો.

૫. કું. પરમેશ્વર.

૬. કું. પ્રાણ; જીવ.

૭. કું. બહ. વિદ્યાના ઐશ્વર્યે વડે મોટા, વયોવૃદ્ધ અને જ્ઞાનની પૂર્વે તે એક જ હતા.

૮. કું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. અધિક વૃદ્ધ હોવાથી તે જ્યેષ્ઠ કહેવાય છે મોટાથી પણ મોટા અને શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ તે એક જ છે. અનંત અપાર પણ તે એક જ છે.

૯. કું. સામગાનનો એક ભેદ.

૧૦. ન. (જ્યોતિષ) એ નામનું ૧૮ મું નક્ષત્ર.

૧૧. ન. એક પ્રકારનું નાટ્યગૃહ. તેનું પ્રમાણ ૧૦૮ હાથનું હોય છે. આ નાટ્યગૃહ દેવોને માટે હોય છે.

૧૨. વિ. અતિશય પ્રશસાપાત્ર; ઉત્કૃષ્ટ; શ્રેષ્ઠ.

૧૩. વિ. પહેલું.

૧૪. વિ. મોટું; વધું; વડીલ; વૃદ્ધ; સૌથી મોટું.

જ્યેષ્ઠ ઉદય કું. સાડાસાત હાથની ઊંચાઈ.

જ્યેષ્ઠકાલકેજ કું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૬૩ અને ક્રાંતિ ૩૬ માં આવેલો ગોળ મહત્ત્વનો તારો.

જ્યેષ્ઠગજ કું. ચોવીસ તસુનું એક માપ. આઠ આડા જવનો એક તસુ થાય છે.

જ્યેષ્ઠતા ૧. [સં.] સ્ત્રી. અતિશય વૃદ્ધપણું, વડીલપણું.

૨. સ્ત્રી. અત્યંત પ્રશસાપાત્રપણું; શ્રેષ્ઠતા.

૩. સ્ત્રી. અત્યંત મોટાપણું.

૪. સ્ત્રી. પહેલું હોવાપણું.

જ્યેષ્ઠતાત [સં.] કું. પિતાનો મોટો ભાઈ; મોટો કાકો

જ્યેષ્ઠત્વ જુઓ જ્યેષ્ઠતા.

જ્યેષ્ઠપુત્ર [સં.] કું. સૌથી મોટો દીકરો.

જ્યેષ્ઠબલા [સં.] સ્ત્રી. સહદેવી નામે વેલો.

જ્યેષ્ઠબંધુ [સં.] કું. સૌથી મોટો ભાઈ.

જ્યેષ્ઠભાર્યા [સં.] સ્ત્રી. મોટી વહુ; મોટા ભાઈની વહુ; જેઠાણી

જ્યેષ્ઠમાન ૧. [સં.] ન. એક હજાર દંડ અથવા ધનુષ્યનું તળાવ; પચાસો હાથ ઊંચી પાળવાળું તળાવ.

૨. ન. ચોસઠ હાથ લાબી અધશાળા.

જ્યેષ્ઠમૂલ [સં.] ન. (ગણિત) કોઈ સખ્યાના વર્ગને આપેલી સંખ્યાથી ગુણીને ગુણાકારમાં આપેલી સંખ્યા ઉમેરવાથી જે વર્ગ સંખ્યા આવે તે વર્ગ સંખ્યાનું મૂળ. જેમકે, ક વ્ય ૨ + ૧૩ = વ ૨. અહીં ક = ૬ હોય તો વ = ૧૧ આવે છે. માટે જ્યેષ્ઠમૂલ ૧૧.

જ્યેષ્ઠલક્ષ્મી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

જ્યેષ્ઠવર્ણ ૧. [સં.] કું. ઉત્તમ રંગ; શ્રેષ્ઠ વર્ણ.

૨. કું. સોનું.

જ્યેષ્ઠવાપી [સં.] સ્ત્રી. કારીમાં જ્યેષ્ઠ સ્થાનમાં આવેલી એક વાવ.

જ્યેષ્ઠવૃત્તિ [સં.] સ્ત્રી. વડીલોનો ધર્મ.

જ્યેષ્ઠવૈમૂ [સં.] સ્ત્રી. મોટી માણી; પાટલાસાસુ.

જ્યેષ્ઠસ્થાન [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

જ્યેષ્ઠા ૧. [સં.] સ્ત્રી. અલક્ષ્મી; લક્ષ્મીનો નાશ કરનારી દેવી. એના પુત્રનું નામ અધર્મ, તેનું બ્રહ્મહત્યા કાચ, વાહન ગધેડું અને તેનું આયુષ્ય સાવરણી છે.

૨. સ્ત્રી. કાનનું ઘરેણું; 'ઓરિંગ'.

૩. સ્ત્રી. મરોળી.

૪. સ્ત્રી. ગગા નદી.

૫. સ્ત્રી. જેઠાણી.

૬. સ્ત્રી. પણીની માનીતી સ્ત્રી; પતિની અધિક સ્નેહવાળી એક નાયિકા.

૭. સ્ત્રી. (પુરાણ) બાર મહિના વરણ નામના આદિત્યની સ્ત્રી. એને બલ, અધર્મ, મતી, પુષ્કર વગેરે પુત્રો અને સુરા નામની કન્યા હતી

૮ સ્ત્રી. મોટી બહેન

૯. સ્ત્રી વચલી આગળી.

૧૦. સ્ત્રી. (જ્યોતિષ) વૃશ્ચિક રાશિનો મુખ્ય તારો.

૧૧. સ્ત્રી. સત્તાવીસ માંહેનું અઢારમું નક્ષત્ર. તેનો દેવતા ચંદ્રમા છે. અનુરાધાની સરળ રેખા ઉપર બરાબર પૂર્વ તરફ લગ જોટલે કે ઊભી લીટી કાઢવામાં આવે તો ત્યાં આગળ ત્રણ જ્યેષ્ઠાના જણ તારા છે. એ જણ માંહેનો વચલો તારો લાલ રંગનો અને આખા નક્ષત્રમાં સૌથી તેજસ્વી છે. તે આખા નક્ષત્રનું મધ્યબિંદુ છે. એ તારાનું નામ પારિજાત છે. તેની ઉપર નીચે એક એક તારો મળી ત્રણ તારાનું જ્યેષ્ઠા નક્ષત્ર મનાય છે. આ નક્ષત્ર બે મહિનામાં દસ વાગે અથવા રેવતીચરિમાં પાંચ વાગે પૂર્વમાં જોવું સરળ પડે છે. તેનો આકાર સર્પ અથવા કુંડળ જેવો છે. આ નક્ષત્ર ઉપરથી જ્યેષ્ઠ માસનું નામ પડ્યું છે. જ્યેષ્ઠ માસમાં આ નક્ષત્ર સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયામાં અસ્ત થાય છે. તેના સ્વામી નિર્ઋતિ છે.

૧૨. સ્ત્રી. (પુરાણ) સોમની સત્તાવીસ મહિની એ નામની એક સ્ત્રી.

૧૩. વિ. સ્ત્રી. મોટી.

જ્યેષ્ઠાગૌરી સ્ત્રી. એ નામની એક દેવી. તેનો ઉત્સવ ભાદરવા સુદિ સાતમથી નોમ સુધી ઉજવાય છે.

જ્યેષ્ઠાદેવી ૧. [સં.] સ્ત્રી. લક્ષ્મીનો નાશ કરનાર દેવી. તે વિકરાલ અને ઉગ્ર છે. તેનો વર્ણ લાલ છે. તેને બે હાથ છે. એકમાં તે કપાલ અને બીજામાં ભાલું રાખે છે.

૨. સ્ત્રી. શીતળા.

જ્યેષ્ઠાધિકાર [સં. જ્યેષ્ઠ (મોટું) + (અધિકાર)] કું. જ-માધિકાર; જ-મ મળથી પ્રાપ્ત થતો હક; જ-મ હક

જ્યેષ્ઠામજક [સં.] કું. કડવો બીમો.

જ્યેષ્ઠામૂલ [સં.] કું. જેઠ મહિનો.

જ્યેષ્ઠામૂલી [સં.] સ્ત્રી. જેઠ મહિનાની પૂર્ણિમા

જ્યેષ્ઠામૂલીય કું. જેઠ મહિનો.

જ્યેષ્ઠાયોગતારા કું. (જ્યોતિષ) પારિજાત; જ્યેષ્ઠા નક્ષત્રના ત્રણ માંહેનો વચલો અને સૌથી ચળકતો તારો.

જ્યેષ્ઠાશ્રમ [સં.] કું. બદરિકાશ્રમ; ઉત્તરાશ્રમ.

જ્યેષ્ઠાશ્રમી [સં. જ્યેષ્ઠ + આશ્રમિન્ (આશ્રમવાળું)] પું. ગૃહસ્થ; ગૃહી

જ્યેષ્ઠાંબુ [સં. જ્યેષ્ઠ (પ્રશસ્ત) + અંબુ (પાણી)] ન. ચોખા ધોયેલું પાણી; ચોખાનું ધોવણ.

જ્યેષ્ઠાંશ [સં. જ્યેષ્ઠ (વડીલ) + અંશ (ભાગ)] પું. વડીલોપાર્જિત મિલકતમાંથી સૌથી મોટા દીકરાને મોટાઈ બદલ વધારે આપતો ભાગ; વડીલ ભાઈનો ભાગ

જ્યેષ્ઠિલા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી

જ્યેષ્ઠી [સં.] સ્ત્રી. મરોળી.

જ્યૈષ્ઠ [સં.] પું. જેઠ માસ.

જ્યૌદ્ગિત્રેય [સં.] પું. પહેલી પરણેલી સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્ર; બહેનીની સહનીતીનો છોકરો.

જ્યૌષ્ઠી ૧. [સં.] પું. જેઠ મહિનો; એ નામનો ચંદ્રમાસ.

૨. સ્ત્રી. મરોળી.

૩. સ્ત્રી. જેઠ માસની પૂર્ણિમા.

જ્યૈષ્ઠ્ય ૧. [સં.] ન. અતિશય મોટાઈ

૨. ન. આત્યંત વૃદ્ધપણું.

૩. ન. જ્યેષ્ઠપણું; વડીલપણું.

જ્યો ૧. [સં.] સ. ક્રિ. ધર્મ, નિયમ વગેરે આચરવું.

૨. સ. ક્રિ. પ્રતિજ્ઞાનું પાલન કરવું

૩. સ. ક્રિ. શિખામણ આપવી; સૂચના કરવી.

૪. સ. ક્રિ. હુકમ કરવો.

જ્યોગ પું. સંયોગ; અવસર; પ્રસંગ.

જ્યોત જુઓ જ્યોતિ.

જ્યોતન જુઓ જ્યોતિ.

જ્યોતના જુઓ જ્યોતિ.

જ્યોતિ ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ.

૨. પું. (વેદાંત) પરમાત્માનું એક નામ.

૩. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. વસિષ્ઠને અરુંધતીથી થયેલા સાત માંહેનો એ નામનો એક પુત્ર.

૫. પું.; સ્ત્રી. જ્યોત; તેજનો ભભૂકો; દીપ્તિ; પ્રકાશ; ઝળાંઝ; ઘુતિ.

૬. પું.; સ્ત્રી. દીવાની શિખા.

૭. પું.; સ્ત્રી. સૂર્ય, ચંદ્ર, તારા વગેરે આકાશના તેજસ્વી પદાર્થ.

૮. સ્ત્રી. અગ્નિ.

૯. સ્ત્રી. અગ્નિષ્ટોમ યજ્ઞની એ નામની એક સંજ્ઞા.

૧૦. સ્ત્રી. આંખની કીકીનો મધ્ય ભાગનું બિંદુ. તે જોવા માટેનું મુખ્ય સાધન છે.

૧૧. સ્ત્રી. એક જાતનું રત્ન.

૧૨. સ્ત્રી. ઝગઝગાટ; ઝળાહટ; તેજસ્વિતા.

૧૩. સ્ત્રી. દૃષ્ટિ; આંખનું તેજ; આંખની દર્શનશક્તિ.

૧૪. સ્ત્રી. બધાંને તેજ આપનાર ચૈતન્ય.

૧૫. સ્ત્રી. બુદ્ધિ વગેરેનું તેજ; ભાગ; વીર્ય; શક્તિ.

૧૬. સ્ત્રી. મેથી

૧૭. સ્ત્રી. સંગીતમાં અઠ્ઠાવનમો એક ભેદ.

૧૮. સ્ત્રી. સૂર્ય.

૧૯. ન. જ માંહેનું એક વેદાંગ.

જ્યોતિક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

જ્યોતિર્બિંબ [સં. જ્યોતિસ્ (તેજ) + બિંબ] ન. તેજનો અંબાર

જ્યોતિર્બીજ ન. અર્ભકજીવ; ગર્ભશરીર.

જ્યોતિરથા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી

જ્યોતિરથ્યા જુઓ જ્યોતિરથા.

જ્યોતિરસ [સં.] પું. હળદી જાતનું એક રત્ન.

જ્યોતિરાજ ૧. [સં.] પું. ચંદ્ર.

૨. પું. સૂર્ય.

જ્યોતિરાત્મા ૧. [સં. જ્યોતિસ્ આત્મન્] પું. અગ્નિ.

૨. પું. ચંદ્ર.

૩. પું. સૂર્ય.

જ્યોતિરાદિત્ય ૧. [સં.] પું. પરમેશ્વર

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

જ્યોતિરીશ્વર ૧ [સં.] પું પરમેશ્વર.

૨. પું. મધ્યકાલીન ભારતનો એ નામનો એક પંડિત. તેણે કામરાજ ઉપર એક ગ્રંથ રચ્યો છે.

જ્યોતિરૂપ ૧. પું. ઉત્તરાભાદ્ર.

૨. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. ન. એક જાતનું રત્ન.

૪. વિ. તેજોમય; તેજથી ભરેલું.

જ્યોતિર્ગણ [સં.] પું. આકાશમાં રહેલા તેજસ્વી સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરેનો સમુદાય.

જ્યોતિર્ગર્ભિત [સં.] ન. આકાશીય પદાર્થોની ગતિનું ગણિત.

જ્યોતિર્ગર્ભિતી પું. ફલજ્યોતિષી; ફલજ્યોતિષ કહેનાર જાણકાર

જ્યોતિર્ગર્ભેશ્વર ૧. [સં.] પું. પરમેશ્વર; ઈશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

જ્યોતિર્ગૃહ [સં.] ન. બીજપુર; 'પાજર હાઉસ.'

જ્યોતિર્ગૌ [સં.] પું. પ્રાચીન સમયમા કરવામાં આવતો એક જાતનો યજ્ઞ.

જ્યોતિર્ગ્રંથ [સં.] પું. જ્યોતિઃશાસ્ત્ર.

જ્યોતિર્ધર ૧. [સં.] પું. પ્રકાશ આપનાર જ્ઞાની પુરુષ. ગુજરાતના જ્યોતિર્ધર વિષે કનૈયાલાલ મુનશીએ લખ્યું છે કે: ભૂતકાળની અંધકારમય ઊંડાણી ઉષામાં હું ચ્યવન ભાર્ગવને ગંદેહ સામે બેદૂર્ય પર્વત ઉપર જોઉં છું. અનૂપ દેશની માહિષ્મતીને સીમાડે, નર્મદા તટે બેઠેલા પ્રચંડ અને વિકરાળ સહસ્રાર્જુન કાર્તવીર્યને નવા વિજયો યોજતો હું જોઉં છું. અને જમદગ્નિનો પ્રતાપી પુત્ર–ધનુર્ધરના અવતાર સરખો સરકારી ને ઉગ્ર વિનાયક ને અણ–રામ કોઈવાર નક્ષત્રોના નિયમ સંકલ્પો કરતો જોઉં છું. તાપી નદીને તીરે આવેલા સુંદર આશ્રમમાં સોમ્ય અને સત્યપ્રિય માર્કંડેય બેઠા છે. અને પછી દેખાય કરે છે મહાક્ષત્રપ રુદ્રદામા કાર્તવીર્યનાં છિન્નભિન્ન થયેલાં સામ્રાજ્યનાં અંગોને જોડાં કરી સજીવન કરતો વીર ને મુત્સદ્દી. અને કવિઓમાં શ્રેષ્ઠ એવા માઘ પંડિત શ્રીમાળના સરોવરને તીરે અર્ધનારેશ્વર ને મદબાલિકાનાં ગૂઢ રત્નો જોપતા શબ્દબ્રહ્મની સેવા કરતા, પંડિતાઈને સરસ કરી રહ્યા છે, અને ભીમદેવ બાહ્યાવલી, ભોજદેવરાજ અમને ને બધાયેલે અંગે–નિરાશ સેનાનો આક્રાન્તવાન નાયક–બધનોને કરતો સોમનાથ ભગવાનનું મહાદ્વાર રક્ષતો ઊભો રહેતો દેખાય છે. અને કાર્તવીર્ય સમો મહત્ત્વાકાંક્ષી ને મહાક્ષત્રપ સમો દુર્ધર્ષ–બધેની કીર્તિની સ્પર્ધા કરતો પરમભટ્ટાર્ક જયસિંહ સિદ્ધરાજ મને નજરે ચઢે છે. કાર્તવીર્યના આ મધ્યકાલીન અવતારની પાછળ આવતા જ્ઞાનીઓના મોર એવા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય હાથમાં ઓધો લઈ ચાલી આવે છે. ને ઝૂલતા જાગતો નરસિંહ નાગર, તૂટેલી ઝૂંપડીને ઓટલે કીરતાબ લઈ અંતર વલોવતો દેખાય છે. ને બટ પ્રેમાનંદ ? એની બાહુમાંથી ઉત્સાહ ને વીરતા રહ્યો છે; એની વાણીમાંથી ગુજરાતીનું મધુર ઝર્યા કરે છે. એની મહત્ત્વાકાંક્ષા ભગવાન બાસ થવાની છે–ગુજરાતીને સરકૃતની સાહેલી બનાવવાની છે. વડતાલનો સન્યાસી સ્વામીનારાયણ અધમને ઉદ્ધારતો આરે દિશામાં વિચરે છે; ને લોકને સમાન ને સદાચરણી કરતો ગુજરાતની આદિ મહત્તાનો પાયો નાખે છે. દાદાભાઈ નવરોજી રાત, સરલ ને પ્રામાણિક જીવનની અપૂર્વતામાં ઓલતા અવર્ણનીય ઉત્સાહના પ્રણેતા મહર્ષિને સ્વરાજ્યનો અમર મંત્ર ઉચ્ચારતા હું દેખું છું. ને રાષ્ટ્રવિધાતા વેદોદ્ધારકારી દયાનંદ–ગુજરાતના અનુપમ ને અણમોલા જ્યોતિર્ધરને આર્યતાનો દિગ્વિજય કરતાં જોઉં છું. ને પછી

આપે છે નર્મદ—નવા યુગના મંત્રદ્રષ્ટા સમી જ્યોતિ ધરીને. જમશેદજી નસરવાનજી ટાટા ગુજરાતી સાહસના અર્વાચીન અવતાર ચારે તરફ નવો ઉદ્યોગ ને નવા પ્રયોગો આરંભતા. ને હીરોજરાવ મહેતા !—ગુજરાતમાં અભિનવ સ્વાતંત્ર્ય યુદ્ધના આદ્યનાયક—આ વીરને, અદ્વિતીય મુત્સદ્દીને પડકાર કરતા હું જોઉં છું, ને મહાત્માજી ! ગુજરાતના આ અમરાત્મા જ્યોતિર્ધરને અર્વાચીન યુગની હરી દિશા ઉજાગરતા હું જોઉં છું. અને આ જ્યોતિઓની પરંપરા ચાલી જાય છે—એકબીજાના તેજમાં વૃદ્ધિ કરતી—અનુપમ પ્રકાશે દિશાઓને નવરાવતી. કવિતા નારાયણને અર્ઘ્ય આપતા કોઈ નિર્દોષ બાલકની માફક—તેના તેજની ભવ્યતાથી અંજાઈ જઈ પ્રાર્થું છું કે, ઓ જ્યોતિર્ધરો ! મારો પ્રણતિપત્ર ઉજાળો ને ગુજરાતને તમારી જ્યોતિના જ્વલંત ચેતનથી નવે અવતારે આણો !

૨. પું. મશાલચી.

૩. વિ. તેજને ધારણ કરનાર.

જ્યોતિર્ધામ [સં. જ્યોતિર્ધામન્] ન. પ્રકાશરૂપી ધામ

જ્યોતિર્ધામા [સં.જ્યોતિર્ધામન્] પું. (પુરાણ) તામસ મન્વંતરમાંના સપ્તર્ષિઓ માહેનો એક નામનો એક ઋષિ.

જ્યોતિર્ધારી [સં. જ્યોતિર્ધારિન્] વિ. પ્રતિભાસંપન્ન

જ્યોતિર્ધુરીણ [સં.] વિ. જ્યોતિર્ધર.

જ્યોતિર્ધ્યાન [સં.] ન. (યોગ) એક પ્રકારનું ધ્યાન. મૂલાધાર ચક્રની વચમાં કુંડલિની શક્તિ સામના આકારે રહેલી છે. ત્યાં દીપકની જ્યોતિની માફક જીવાત્મા વિરાજમાન છે. તેમાં જ્યોતિર્મય જે પરમાત્મા વિરાજી રહેલા છે, તેના તેજનું ધ્યાન ધરવું તે જ્યોતિર્ધ્યાન કહેવાય.

જ્યોતિર્બિંદુ [સં.] ન. પ્રકાશનો અંશ.

જ્યોતિર્બીજ ૧. [સં.] ન. અગ્નિનો કીડો.

૨. ન. પતંગિયું.

જ્યોતિર્ભાસ [સં.] પું. (પુરાણ) આનસ નામના પિતરોનો ગોત્ર.

જ્યોતિર્મઠ પું. શ્રીમદ્ શંકરાચાર્યે સ્થાપેલા ચાર મઠ માંહેનો બદરીનાથ આગળનો એ નામનો મઠ. કૂર્માચલમાં અલકનંદાને કાંઠે આવેલા આ મઠને દ્વારા જ્યોર્મઠ કહે છે.

જ્યોતિર્મય ૧. [સં.] પું. શિવનાં ઇક્કર માંહેનું એક નામ.

૨. વિ. તેજથી ભરેલું; પ્રકાશનું; તેજસ્વી; તેજોમય; તેજસ્વરૂપ.

જ્યોતિર્મંડલ [સં.] ન. તારામંડળ, ગ્રહમાળા; સૂર્યમંડળ; તારા, નક્ષત્રો વગેરેનો સમૂહ.

જ્યોતિર્મંડળ જુઓ જ્યોતિર્મંડલ.

જ્યોતિર્મંત્ર [સં.] પું. એ નામનો એક મંત્ર.

જ્યોતિર્મુખ [સં.] પું. (પુરાણ) રામની સેનામાનો એ નામનો એક વાનર.

જ્યોતિર્લતા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; માલકાકણી.

જ્યોતિર્લિંગ [સં.] ન. શિવ, મહાદેવ, શંકર તરીકે પૂજાતું દેવતાઈ લિંગ; તેજોમય સ્વયંભૂ શંકરનું બાણ; હિંદુસ્તાનમાં જુદે જુદે ઠેકાણે મળી શંકરનાં બાર સિદ્ધલિંગ પૂજાય છે તેમાનું દરેક. આ બાર જ્યોતિર્લિંગ નીચે પ્રમાણે છે· (૧) સોમનાથ સૌરાષ્ટ્રમાં, (૨) મલ્લિકાર્જુન શ્રીશૈલમાં, (૩) મહાકાલ ઉજ્જયિનીમાં, (૪) ઓંકાર નર્મદા કિનારે અમરેશ્વરમાં, (૫) કેદાર હિમાલયમાં, (૬) ભીમશંકર ડાકિનીમાં, (૭) વિશ્વેશ્વર કાશીમાં, (૮) ત્રંબક ગોમતી કિનારે, (૯) વૈદ્યનાથ ચિતાભૂમિમાં, (૧૦) નાગેશ્વર દારુકામાં, (૧૧) રામેશ્વર સેતુબંધમાં અને (૧૨) ઘૃષ્ણેશ્વર શિવાલયમાં. આ સંબંધે કહ્યું છે કે:

શ્રી સોમનાથ સૌરાષ્ટ્રે, શ્રીશૈલે મલ્લિકાર્જુન,
ઉજ્જયિનીમાં મહાકાલ, ઓંકાર અમરેશ્વરે
વૈદ્યનાથ પરલ્યામાં, ડાકિની ભીમશંકર,
સેતુબંધે ચ રામેશ નાગેશ દારુકાવને.
વસે વિશ્વેશ કાશીમાં ત્રંબક ગૌતમી તટે,
હિમાલયે ચ કેદાર ઘૃષ્ણેશ તે શિવાલયે.

દ્વાદશજ્યોતિર્લિંગ અનુલોભન

જ્યોતિર્લોક ૧. [સં.] પું. ગ્રહનક્ષત્રમંડલ પ્રપંચનો એક.

૨. પું. ગ્રહનક્ષત્રમંડલ પ્રપંચના અધિપતિ પરમેશ્વર અથવા વિષ્ણુ.

જ્યોતિર્વિજ્ઞાન [સં.] ન. અગોળશાસ્ત્ર આકાશી પદાર્થોનું જ્ઞાન.

જ્યોતિર્વિદ [સં. જ્યોતિર્વિદ્] પું. જ્યોતિ જાણનારો જોશી; જ્યોતિર્વિદ્યા જાણનારો માણસ.

જ્યોતિર્વિદ્યા [સં.] સ્ત્રી. આકાશમાંના ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેના અંતર, ગ્રહણ અને બીજી હકીકતને લગતી વિદ્યા; જ્યોતિષ; જ્યોતિઃશાસ્ત્ર.

જ્યોતિર્વિદ્યાધર [સં.] પું. જ્યોતિષમાં પારંગત માણસ.

જ્યોતિર્વિભૂષણ [સં.] વિ. જોશીઓમાં ખાસ ખાનદાન રૂપ; જોશીઓમાં શ્રેષ્ઠ.

જ્યોતિર્વિજ્ઞાન [સં.] ન. અગોળ સંબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

જ્યોતિર્વૃદ્ધિ [સં.] સ્ત્રી.પ્રકાશિત ચીજો જેટલી પ્રકાશિત જેટલી ચળકતી હોય તે કરતાં તેનો જોવામાં આવતો ચળકાટ; દર્પણ ઉપર પ્રકાશનાં કિરણો સરાસર રીતે કેંદ્રીભૂત ન થવાને લીધે પ્રકાશિત પદાર્થનું હોય તે કરતાં મોટું દેખાવાપણું.

જ્યોતિર્હસ્તા [સં.] સ્ત્રી દુર્ગા દેવી.

જ્યોતિર્હ્રિન [સં.] વિ. તેજ વગરનું.

જ્યોતિષી વિ.સ્ત્રી. પ્રકાશવાળી.

જ્યોતિશ્ચક્ર [સં.] ન. ગ્રહમંડળ; રાશિચક્ર; નક્ષત્રમંડલ; રાશિમંડળ. જ્યોતિશ્ચક્ર ભગવાનની યોગધારણામાં બળદના આકારથી રહ્યું છે એમ કેટલાક કહે છે. એ જ્યોતિશ્ચક્રરૂપ બળદના પૂછડાની જગ્યામાં ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ છે; અશ્વિથી નીચેના ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઉદ્ર તથા યમ રહેલા છે; પૂંછડાના મૂળમાં ધાતા અને વિધાતા રહેલા છે અને કેડમાં સપ્તર્ષિઓ છે. જમણી કોર કુંડલી વળીને બેઠેલા એ બળદના જમણા પડખામાં અભિજિતથી પુનર્વસુ સુધીનાં ઉત્તરચારી ચૌદ નક્ષત્રો રહેલાં છે અને ડાબા પડખામાં પુષ્યથી ઉત્તરાષાઢા સુધીનાં દક્ષિણચારી ચૌદ નક્ષત્રો રહેલાં છે એવી કલ્પના કરી છે. અજવીથિમાં ગણાતાં નક્ષત્રો પીઠમાં છે, આકાશગંગા ઉદરમાં છે, પુનર્વસુ અને પુષ્ય જમણા અને ડાબા નિતંબમાં છે, આર્દ્રા અને અશ્લેષા જમણા તથા ડાબા પાછલા પગમાં છે, અભિજિત અને ઉત્તરાષાઢા જમણી તથા ડાબી નાસિકામાં છે, શ્રવણ અને પૂર્વાષાઢાને અનુક્રમથી જમણા ને ડાબા નેત્રમાં કલ્પના જાણનારાઓએ કલ્પેલાં છે. ધનિષ્ઠા અને મૂળ જમણા તથા ડાબા કાનમાં છે, બધા આદિ આઠ દક્ષિણચારી નક્ષત્રો ડાબા પડખાનાં અસ્થિઓમાં છે અને મૃગશિર આદિ ઉત્તરચારી નક્ષત્રો પોતાની દિશાથી ઊલટા ચૌદસે જમણા પડખાના અસ્થિઓમાં છે. રોહિણી અને અશ્લેષા જમણા તથા ડાબા ખભામાં છે, ઉપલા હોઠમાં અગસ્ત છે, નીચલા હોઠમાં યમ છે, મોઢામાં મંગળ છે, ઉપસ્થમાં શનૈશ્ચર છે, કોંઠમાં બૃહસ્પતિ છે, વક્ષઃસ્થળમાં સૂર્યનારાયણ છે, મનમાં ચંદ્રમા છે, સ્તનમાં અશ્વિનીકુમાર છે, નાભિમાં શુક્ર છે, પ્રાણ અને અપાનમાં બુધ છે, ગળામાં રાહુ છે, સર્વ અંગોમાં કેતુઓ છે અને રૂંવાડાંઓમાં તારાઓના સમૂહો છે. નક્ષત્રોની સામેની ગતિથી સૂર્ય જેને મેરુને ડાબી કોર રાખતા જમ છે, તોપણ પ્રવહ નામના વાયુને લીધે ફરતા જ્યોતિશ્ચક્રની ગતિથી મેરુ પર્વત સૂર્યને જમણી કોર રહે છે.

જ્યોતિશ્ચર પું. મહાદેવનું એક નામ. મહાભારતના યુદ્ધના આરંભ પછી ત્રીજા વર્ષે

જ્યોતિશ્વરની સ્થાપના કરી હતી. જ્યોતિશ્વર મહાદેવ જતાં જ સંગેમરમરના રથ ઉપર અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રતિમાનાં દર્શન થાય છે.

જ્યોતિરશાસ્ત્ર [સં.] ન. જ્યોતિઃશાસ્ત્ર.

જ્યોતિષ ૧. [સં.] ન. આકાશના ગ્રહાદિક તેજોમય પદાર્થોના જ્ઞાન સબંધી વિદ્યા; ખગોળશાસ્ત્ર. વગેરે ક્રિયા માટે શોભન કાળનો નિર્ણય કરનારું શાસ્ત્ર તે જ્યોતિષ. જ્યોતિષના મુખ્ય ત્રણ વિભાગ છે: સંહિતા, હોરા અને મુહૂર્ત. યજ્ઞો કરવાનો કાળ નિશ્ચિત કરવા માટે વૈદિક કાળમાં જ આર્યોએ જ્યોતિષવિદ્યાની શોધ અને ખિલવણી કરી હતી વૈદિક વર્ષનો આરંભ વાસંતવિષુવદિનથી થતો હતો અને તે કૃત્તિકા નક્ષત્રમાં આવતો હતો. અયનચલનનો ક્રમ ઋષિઓ જાણતા હતા અને અયનચલના માપથી થતી હતી તે પછી ઋગ્વેદવિષુવદિનથી વર્ષારંભ મનાવા માંડ્યો. તે ઋગ્વેદો અને આરંભકાલ ઉપરથી જણાય છે. વાસંતવિષુવદિન મૃગશિરા નક્ષત્રમાં પણ પડતો હતો અને એ કાળસ્થિતિ ઈ. સ. પૂર્વે ચાર હજાર વર્ષ ઉપર હતી, એટલે એમ કહેવું ખોટું નથી કે ઈ સ ની પૂર્વે છ થી આઠ હજાર વર્ષ પહેલા આર્યોએ જ્યોતિષશાસ્ત્રમાં પુષ્કળ વધારો કર્યો હતો. ચારેક વર્ષના પહેલા અદિતાનું નામ અમદાવાસ્ય હતું અને એની પૂર્ણિમા મૃગશિરા નક્ષત્ર ઉપર આવતી હતી. મહાભારત રચાતાં પહેલાં અદિતો મૃગશીર્ષ ગણાતો હતો, માટે ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે માસોમાં હું મૃગશીર્ષ છું. આ શાસ્ત્રને આજ સંહિતા, હોરાજાતિષ, ભૂમિતિ વગેરે વિદ્યાઓ પણ વધી અને ખીલી હતી. આરબો, મિસરીઓ, ગ્રીકો અને યુરોપિયનો હિંદુઓ પાસેથી આ વિદ્યા શીખ્યા હતા, જોકે પાછળથી હિંદુઓ કાંઈ નવું કરી શકયા નહિ અને પરદેશીઓએ તેમાં ઘણો વધારો કર્યો.

૨. ન. જ્યોતિ; પ્રકાશ.

૩. ન તારા, નક્ષત્ર અને ગ્રહ વગેરેનાં ગતિ, અંતર, મહત્ત્વ અને ફેરફાર સબંધી વિદ્યા; ગ્રહાદિકની ગતિ ઉપરથી પૃથ્વી અને પ્રાણી ઉપર થતી અસરો સબંધી વિદ્યા; ગ્રહાદિકની ગતિ ઉપરથી સારો માઠો કાળ જાણવાની વિદ્યા; જ્યોતિઃશાસ્ત્ર; ગ્રહોની મનુષ્યની સ્થિતિ ઉપર થતી શુભાશુભ અસર જાણવાનું શાસ્ત્ર. જૂના સમયથી ઉજ્જયિની જ્યોતિષની બાબતમાં પ્રસિદ્ધ છે. ભરતખંડમાં આવેલ રેખાંશનું માપ ઉજ્જયિનીથી ગણાતું, એટલે ઉજ્જયિનીને મુખ્ય ગણી તેથી પૂર્વ અને પશ્ચિમ રેખાંશના અંશ ગણાતા, ઘટતા અને તે પ્રમાણે જ્યોતિષ સંબંધી નવી ગણતરી થતી. હાલ લંકા પાસેના પ્રોનિચ સમયથી આ અંશની ગણતરી થાય છે.

અસ્તિલાલ વિશે ય લખ્યા ગયો તો સંકલ્પાર્થનું, કવિદાસની ઉજ્જયિની અમર-પુરીનું આગમું, જ્યોતિષે જ્ય અમરપણ પદથી તે મારી જોનિકની. આદિ અસિનું હું ફરી ફરી વહું જો ઉજ્જયિની!

આપાનવંપાત્રા

૪. ન. શહેર; વંધારો.

૫. ન. વેદનાં છ માહેનું એક અંગ.

જ્યોતિષજ્ઞ કું. જ્યોતિષ જાણનારો માણસ; જોશી

જ્યોતિષજ્ઞાની જુઓ જ્યોતિષજ્ઞ.

જ્યોતિષદ્વિરસ [સં.] કું. એક અમ્યાહથી માંડીને બીજા અમ્યાહ સુધીનો વખત.

જ્યોતિષયંત્રાલય [સં.] ન. ખગોળ સંબંધી જોવાનાં યંત્રો રાખવાનું મકાન.

જ્યોતિષવિદ્યા [સં.] સ્ત્રી. ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળની હકીકત જાણવાની વિદ્યા.

જ્યોતિષવેત્તા [સં. જ્યોતિષવેત્ર] કું. જ્યોતિષ જાણનાર માણસ.

જ્યોતિષશાસ્ત્ર [સં.] ન. જ્યોતિરશાસ્ત્ર; ધર્મપુરુષાર્થમાં કહેલ છ માહેનું એક શાસ્ત્ર.

જ્યોતિષશાસ્ત્રજ્ઞ [સં.] કું. જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર પુરુષ.

જ્યોતિષસિદ્ધાંત [સં.] કું. જ્યોતિષ જ્યોતિષ શાસ્ત્ર.

જ્યોતિષિક ૧. [સં.] કું. જોશી. જ્યોતિષ શાસ્ત્ર જાણનાર માણસ

૨. વિ. જ્યોતિષ સબંધી

જ્યોતિષિકદેવ [સં.] કું. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા એ પાંચ જાતના દેવ.

જ્યોતિષી ૧. [સં. જ્યોતિષિન] કું. ગ્રહાદિક જોનારો પુરુષ.

૨. કું. (જૈન) ચાર પ્રકાર માંહેનો એ નામનો એક દેવતા.

૩. કું. જોશી; જ્યોતિર્વિદ; જ્યોતિષવિદ્યા જાણનારો માણસ; દૈવજ્ઞ. મુખ્ય જ્યોતિષી અઢાર છે: સૂર્ય, પૃથ્વીપતિ, પરાશર, આત્રિ, મનુ, પૌલસ્ત્ય, લોમશ, મરીચિ, અંગિરા, વ્યાસ, નારદ, શૌનક, ભૃગુ, ચ્યવન, યવન, ગર્ગ, કશ્યપ અને પરાશર.

૪. કું. તારો.

૫. વિ. જ્યોતિષને લગતું.

જ્યોતિષ્ક ૧. [સં.] કું. અર્જુનનું એક નામ.

૨. કું. (જૈન) એક પ્રકારનો દેવ. દેવોના ચાર નિકાય છે: ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. દિગંબરીય પરંપરા આ દેવતાઓમાં કૃષ્ણથી તેજો પર્યંત ચાર લેશ્યા માને છે અને શ્વેતાંબરીય પરંપરા જ્યોતિષ્ક નિકાયમાં કૃષ્ણ તેજોલેશ્યા માને છે. જ્યોતિષ્કમાં ચંદ્ર અને સૂર્ય જ ઇંદ્ર છે. ચંદ્ર અને સૂર્ય અસંખ્યાત છે, એથી જ્યોતિષ્ક નિકાયમાં ઇંદ્ર પણ એટલા જ હોય છે. માનુષોત્તર પર્વત સુધી મનુષ્ય લોક છે. એ મનુષ્ય લોકમાં જે જ્યોતિષ્ક છે તે સદા ગમણ કરે છે. એમનું ગમણ મેરુની આરે આવુંએ થાય છે. મનુષ્યલોકમાં કુલ સૂર્ય અને ચંદ્ર બેકસો બત્રીસ છે. જંબુદ્વીપમાં બે બે, લવણ સમુદ્રમાં ચાર ચાર, ધાતકી ખંડમાં બાર બાર, કાલોદધિમાં બેતાલીસ બેતાલીસ અને પુષ્કરાર્ધમાં બોતેર બોતેર સૂર્ય ચંદ્ર છે. એક એક ચંદ્રનો પરિવાર અઠ્ઠાવીશ નક્ષત્ર, અઠ્યાસી ગ્રહ અને છાસઠ હજાર નવસો ને પચોતેર કોટાકોટિ તારાઓ છે. જોકે જોષમર્યાદાના રક્ષણાર્થે જ્યોતિષ્ક વિમાન ગ્રહાય પોતાની ગતિ જ કરે છે, તોપણ વિશિષ્ટ સમૃદ્ધિ પ્રગટ કરવાને માટે અને યોગ્ય સેવક નામકર્મના ઉદયથી ક્રીડાકૌતુક પ્રેમાદિ દેવો એ વિમાનોને ઉપાડીને કરે છે. પૂર્વ દિશામાં સિંહાકૃતિ, દક્ષિણ દિશામાં ગજાકૃતિ, પશ્ચિમ દિશામાં વૃષભરૂપ અને ઉત્તર દિશામાં અશ્વ રૂપ દેવો વિમાનની નીચે જોડાઈને ગમણ કર્મ કરે છે.

૩ પુ. અશ્વિનીનું ગ્રહ

૪ પુ. ગ્રહ; તારો

૫. પુ. ચંદ્ર.

૬ પુ. ચિત્રક વૃક્ષ.

૭. પુ. મેથી; મેથીનાં બી.

૮ પુ. મેરુ પર્વતનું એક શિખર.

૯. પુ સૂર્ય.

૧૦. વિ. જ્યોતિષ સબંધી

૧૧. વિ. જ્યોતિષી દેવનું.

જ્યોતિષ્કનિકાય [સં.] કું. (જૈન) જ્યોતિષી દેવોનો સમૂહ. જુઓ જ્યોતિષ્ક ૨.

જ્યોતિષ્કલ્પ [સં.] વિ. તેજસ્વી; પ્રકાશમાન; ચકચકિત.

જ્યોતિષ્કા ૧. [સં.] સ્ત્રી. માલકાંકણી.

૨. સ્ત્રી. વજ્ર.

૩. સ્ત્રી. નેપાળ.

જ્યોતિષ્કાંગ [સં.] ન. કલ્પવૃક્ષ.

જ્યોતિષ્ટોમ ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં નિષાદ અને ગાંધાર જાતિથી ઉત્પન્ન થતું એક તાન.

જ્યોતિષ્ટોમ [સં.] પું. એક જાતનો વૈદિક યજ્ઞ. તેમાં સોમવલ્લીનો હોમ થાય છે. તેમાં સોળ ઋત્વિજ હોય છે. આ યજ્ઞની સમાપ્તિમાં ૧૨૦૦ ગોદાનનું વિધાન છે.

જ્યોતિષ્પથ [સં.] પું. આકાશ.

જ્યોતિષ્પુંજ [સં.] પું. નક્ષત્ર સમૂહ.

જ્યોતિષ્મત ૧. [સં. જ્યોતિષ્મત્] પું. આકાશનો છોડ.

૨ પું. પ્લક્ષદ્વીપમાં આવેલો એ નામે એક પર્વત.

૩. પું. સૂર્ય.

૪. વિ. પ્રકાશ મારતું; ઝગઝગતું; જ્યોતિવાળું; કાંતિમય.

જ્યોતિષ્મતી ૧. પું. કરોળિયો.

૨. [સં] પું. ગાયત્રીના ચોવીસ ભાઈનો એક છંદ

૩. સ્ત્રી. અગ્નિની અર્ચિષ્મતી નામે નગરી.

૪. સ્ત્રી. એક જાતની ઔષધિ; માલકાંગણી.

૫. સ્ત્રી. ચોસઠ યોગિની પૈકી એ નામની એક યોગિની.

૬. સ્ત્રી. યોગશાસ્ત્રમાં કહેલ સત્ત્વપ્રધાન એક ચિત્તવૃત્તિ.

૭. સ્ત્રી. (પુરાણ) વિષ્ણુપદ નામના સરોવરમાંથી નીકળતી એક નદી.

૮. સ્ત્રી. મારેગીના જેવું એક પ્રાચીન વાદ્ય.

૯ વિ સ્ત્રી. જ્યોતિવાળી; ચાંદનીવાળી; જેમાં તારાઓ કે ચંદ્ર ખીલી રહ્યા હોય એવી. તારા અને નક્ષત્રોના પ્રકાશવાળી રાત્રિ માટે વપરાય છે.

જ્યોતિષ્માન ૧. [સં. જ્યોતિષ્મત્] વિ. તેજવાળું.

૨. જુઓ જ્યોતિષ્મત.

જ્યોતિષ્મની સ્ત્રી. એ નામની એક વેલ; કાગડોળિયો.

જ્યોતિષ્યંત્રમંદિર [સં.] ન. વેધશાળા; ગ્રહ નિરીક્ષણ શાળા.

જ્યોતિસ્તલ્પ [સં.] પું. દીવાદાંડી

જ્યોતિસ્વરૂપ [સં.] ન. તેજોમય રૂપ; પ્રકાશવાળું રૂપ

જ્યોતિઃપુંજ ૧. [સં.] પું. તેજનો ભંડાર.

૨. પું. તેજરાશિ; નિહારિકા; નક્ષત્રસમૂહ.

જ્યોતિઃરસ [સં.] પું. એક જાતનું રત્ન.

જ્યોતિ.શાસ્ત્ર ૧. [સં.] ન. આકાશમાંના ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેના અંતર, ગમણ અને બીજી હકીકતને લગતી વિદ્યા; ખગોળશાસ્ત્ર. ખગોળશાસ્ત્રનો અભ્યાસ બુદ્ધિને તીક્ષ્ણ બનાવે છે, સોમકશક્તિનો વિકાસ કરે છે, કલ્પનાશક્તિને વિશાળ બનાવે છે, જગતની અનંતતા અને માનવની અલ્પતા સમજાવે છે, આશ્ચર્યની દિવ્ય જ્યોતિઓનાં દર્શનથી હૃદયને સાત્ત્વિક આનંદથી ભરપૂર કરે છે અને ભૌતિક જગતની મર્યાદાઓ ભુલાવીને મનુષ્યને આધ્યાત્મિક પ્રદેશોમાં પહોંચાડી દે છે. એ જ આ શાસ્ત્રનો મનુષ્ય ઉપરનો મોટામાં મોટો ઉપકાર છે. આ શાસ્ત્ર હિંદમાં બહુ જૂનું છે. આકાશના તારાઓને ઝુમખાંઓમાં ગોઠવે છે નક્ષત્રોમાં વહેંચી નાખવા અને એ ઝુમખાંઓને નામ આપવાં એને લગે આ શાસ્ત્રની શરૂઆત ગણીએ તો આ શાસ્ત્ર હિંદમાં ઓછામાં ઓછું ૫,૦૦૦ વર્ષ જૂનું છે એમ કહી શકાય. આપણામાં તેને જ્યોતિઃશાસ્ત્ર અથવા ટૂંકામાં જ્યોતિષ કહે છે. ૨. ન. જ્યોતિષ; ગ્રહોની મનુષ્યની સ્થિતિ ઉપર થતી શુભાશુભ અસર જાણવાનું શાસ્ત્ર. ગ્રહ ઉપગ્રહો આદિની જ્યોતિની અસર ઉપરથી આ શાસ્ત્ર નિર્માણ થયેલ હોઈને તેનું નામ જ્યોતિષ કે જ્યોતિષશાસ્ત્ર પડયું છે.

જ્યોતિ.શાસ્ત્રજ્ઞાન [સં.] ન. જ્યોતિઃશાસ્ત્રનું જ્ઞાન.

જ્યોતિ.શિખા [સં.] સ્ત્રી. (પિંગળ) એક છિપાળત માત્રામેળ છંદ; જેમાં ગુરુ વર્ણોની સંખ્યા અનુસાર વિષમ વર્ણવૃત્તોનો એક ભેદ. તેમાં પહેલા ચરણમાં ૩૨ લઘુ અને બીજા ચરણમાં ૧૬ ગુરુ હોય છે. આ અક્ષરે યતિ એટલે વિસામો અને ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ તાલ આવે છે.

જ્યોતીરથ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદ રાજાનો એ નામનો પુત્ર.

૨. પું. ધ્રુવનો તારો.

જ્યોતીરસ [સં.] પું. એક જાતનું રત્ન.

જ્યોત્પાન્ન ન. (ગણિત) ત્રિકોણમિતિમાં ત્યા, કોટિત્યા વગેરે જે આગણક આવે છે તેમનું સાધન.

જ્યોત્સ્ના ૧. [સં.] સ્ત્રી. એ નામની ચંદની એક કળા. અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા ને પૂર્ણામૃતા એ ચંદની સોળ કળા છે.

૨. સ્ત્રી. ચંદ્રિકા; ચાંદની; ચંદ્રનો પ્રકાશ.

૩. સ્ત્રી. ચાંદની રાત; અજવાળી રાત

૪. સ્ત્રી. દુર્ગા દેવી.

૫. સ્ત્રી. રેણુકા નામે ગણદેવ.

૬. સ્ત્રી. સફેદ કુલવાળી એક વેલ.

૭. સ્ત્રી. (પુરાણ) સોમકન્યા; વસુપુત્ર પુષ્કરની સ્ત્રી.

જ્યોત્સ્નાકાલી [સં.] સ્ત્રી. ચંદની કન્યા; વસુના પુત્ર પુષ્કરની પત્ની.

જ્યોત્સ્નાકિ [સં.] પું. બ્યાકરણપ્રસિદ્ધ એક ગ્રન્થકાર.

જ્યોત્સ્નાગૌરી ૧. [સં. જ્યોત્સ્નાગૌરિન્] વિ. ચાંદની જેવા સફેદ શરીરવાળી

૨. વિ.સ્ત્રી. ચાંદની જેવા સફેદ શરીરવાળી.

જ્યોત્સ્નાદ્યોત [સં.] સ્ત્રી. ચંદનું અજવાળું; ચંદ્રિકા.

જ્યોત્સ્નાધારા જુઓ જ્યોત્સ્નાદ્યોત

જ્યોત્સ્નાપક્ષ [સં.] પું. શુક્લપક્ષ; અજવાળિયું.

જ્યોત્સ્નાપ્રિય [સં.] પું. ચકોર પક્ષી.

જ્યોત્સ્નાવૃક્ષ ૧. [સં.] પું. દીવો રાખવાની ખોડી; દીવી

૨. પું. શ્વેતપુનર્નવા

જ્યોત્સ્નેકર ૧. [સં] સ્ત્રી અજવાળી રાત્રિ.

૨. સ્ત્રી. ચાંદની; ચાદરણું; ચંદનું અજવાળું.

૩. સ્ત્રી. રેણુકા નામે ગણદેવ.

૪. સ્ત્રી. સફેદ કુલવાળી એક વેલ.

જ્યોત્સ્નેની જુઓ જ્યોત્સ્નિકા.

જ્યોત્સ્નેશ [સં. જ્યોત્સ્ના + ઈશ (પતિ)] પું. પ્રકાશનો સ્વામી ચંદ્ર.

જ્યોની સ્ત્રી. યોનિ.

જ્યોર્જ ગોર્ડન બાયરન પું. એ નામનો એક અંગ્રેજ કવિ. ઈ.સ. ૧૭૮૮ની સાલમાં જાન્યુઆરીની રરમી તારીખે બાલદાન કુટુંબમાં તેનો જન્મ થયો હતો. તેનો બાપ કેપ્ટન જૉન બાયરન ઈ.સ. ૧૭૯૧માં ગુજરી જતાં બાયરનની મા તેને લઈ એબર્ડીનમાં આવી રહી. અહીં તેઓએ માંડમાંડ પોતાના ગુજરાનની શરૂઆત કરી. પણ ૧૭૯૮માં બાયરનનો એક કાકો ગુજરી જતાં તેને તેની જાગીર તથા બારસો પાઉંનાં રોના નસીબે પલટો આવ્યો. હેરો, ટ્રિનિટિ કોલેજ તથા કેમ્બ્રિજમાં તેણે કેળવણી લીધી. કેમ્બ્રિજમાં તેણે બધોખરો વખત મરદાની રમતોમાં જ ગાળ્યો. ઈ.સ. ૧૮૦૬માં તેણે ઉમરાવ સભામાં બેઠક લીધી. ત્યારપછી પોર્ટુગલ, સ્પેન, માલ્ટાનિયા અને ગ્રીસમાં મુસાફરી કરી. ઈ.સ. ૧૮૧૬માં તેણે પોતાની બીબી છૂટાછેડા લીધા. આથી ઇંગ્લૅન્ડ જનતામાં ખૂબ ઊહાપોહ થયેલો. તેમાંથી બચવા બાયરને વરપ ખંડની સફર કરી. જીનિવામાં તેને મહાન કવિ શેલ્લી પરિચય થયો અને પોતે પણ ત્યાં રહ્યો. છેવટ ગ્રીસની સ્વતંત્રતાની લડતમાં ભાગ લઈને ઈ.સ. ૧૮૨૪ના એપ્રિલની ૧૯મી તારીખે મિસોલંગી મરણ પામ્યો. પોતાની ૩૬ વર્ષની જિંદગી

દરમિયાન જે ગ્રન્થસમૂહોની મોટી સંખ્યા તેણે ભરાર પાડી તે તેના ગ્રન્થપ્રકાશકોનું ખાસ ધ્યાન ખેંચે છે. રાજનીતિમાં તેમ ગ્રન્થમાં પણ તે સ્વતંત્ર વૃત્તિવાળો હતો. ભારતનું ચારિત્ર તેની દરેક કૃતિમાં દેખાઈ આવે છે. સ્વભાવે તે શરમાળ, એકાક્ષરો તથા જંગલમાં કુદરતના અભ્યાસ અર્થે ફરવાનો શોખીન હતો. ઑડબ રત્નાભાવલીમાં એમને માટે ઉલ્લેખ છે કે, કવિ ભારત નિસર્ગનો કવિ હતો. મહાસાગર, પર્વત આદિ કુદરતની અકલ્પિત કળાઓ જોઈને તેનું કવિ હૃદય નાચી રહેતું અને ભાવના એક સ્થૂળદૃષ્ટિએ નિર્જીવ જણાતા તત્ત્વમાંથી તે સૂક્ષ્મદૃષ્ટિએ પ્રભુમય ચાતો ફરતો. 'આઉટ હેરહ્ડ' નામની એમની કૃતિમાં તે અમર થઈ ગયેલ છે. એમનાં ગ્રન્થો વાચનાર કેમ જાણે કવિની સાથે જ કુદરતને માણી રહ્યા હોય! કાવ્ય તરીકેની આ જ તેની સાર્થકતા ગણાય.

જ્યૉર્જ બેકરટ્રેર પું. એ નામનો એક અંગ્રેજ ચિત્રકાર. તેણે તેના આપનો છાપવાનો ધંધો શરૂ કર્યો અને તેમાં છાપવાની નવી કળા શોધી કાઢવા માટે પ્રખ્યાત થયો. બેકરટ્રેર પદ્ધતિથી છાપેલાં ઑપરાઓને સમજ કરનારાઓ આજ વખાણે :-

જ્યૉર્જબુદ્રિત વિ. જ્યૉર્જની છાપવાળું

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર પું. એ નામનો અમેરિકન હબસી સંત. દરિજનબંધુમા એનો ઉલ્લેખ એમ છે: સાવ ગરીબ દશામાંથી આગળ વધતાં વધતાં તે કૃષિવિજ્ઞાનનો મોટામા મોટો સંશોધક બેઠો. જગતભરમાં કપાસ દેશની ખેતીની અર્થવ્યવસ્થા તેણે બદલી નાખી અને એની અંગેના રસાયનની સેંકડો વસ્તુઓ શોધખોળ અને સિદ્ધિઓ આપીને તેણે દુનિયાને આભારવશ કરી છે. તે દક્ષિણ યુનાઇટેડ સ્ટેટ્સની મધ્યમાં આવેલ મિસૂરી રાજ્યમાં સને ૧૮૬૪ની સાલમા ગામઠ મુજ પાસે જન્મ્યો હતો. તેનાં માબાપ હબસી ગુલામ હતા. શરૂઆતમાં તો ખેતરે ખેતરે ફરી રોપતો અને બાજીમાં કે પાસ રાખવાના માણિયા ઉપર સૂઈ રહેતો. આમ ફરી ફરીને તે પોતાનું પેટ ભરતો અને ગામની નિશાળમાં જતો. પછી તે માધ્યમિક શાળામાં દાખલ થયો અને કપડાં ધોઈ ને પોતાનું ઉદરપોષણ કરવા લાગ્યો. કૉલેજમાં દાખલ થવાને માટે જરૂરી નાણા મેળવવા તેણે ધોબીની દુકાન કરી. જુદી જુદી જાતની જમીન તથા છોડવાઓ વિષના તેના અદ્વિતીય જ્ઞાનને કારણે તેને કૉલેજના શિક્ષણકાર્યમાં સ્થાન મળ્યું. જ્ઞ વર્ષે સારિયાંના એક બાઇને બદલે બે બાઇ કેવી રીતે કેમ ઝે તેણે દક્ષિણના ખેડૂતોને શીખવ્યું. કારિયાને પોતાની પ્રયોગશાળામાં લઈ જઈને તેમાંથી તેણે સ્ટાર્ચ, કારમેલ, ગુંદર, ઑયોટી, રંગ અને અત્તર વગેરે જેવા ઉપયોગી પદાર્થો બનાવ્યા. સાબરીઝમાંથી કોફી, દૂધ, ખાવાની સાબી, સોટ, ઑપધ તરીકે વપરાતું તેલ, ઊંજવાનું તેલ વગેરે ત્રણસોથી વધારે વસ્તુ બનાવી. ઝાડનાં ઝાકડાં ઉપર પ્રયોગો કરી તેણે તેમાંથી કાગળ બનાવ્યા. ઝાકડાનો રંગો બારવાથી પડતા ફોસનો પણ તેણે ઉપયોગ કોધી કાઢયો અને તેણે તેમાંથી રાસાયણિક ખાતર બનાવ્યો. જુવાર, બાજરી વગેરેનાં રાડાં, ઝાકડાંનો વહેર તથા કપાસની કરાડીમાંથી તેણે પાટિયાં તથા ઑયતણિયા ઉપર જડવાની તખતીઓ બનાવી. સૂરજમુખી, વિક્ટોરિયા અને જરબેરા હિબીસ્કસ વગેરે ફૂલઝોડના રેસાઓમાંથી તેણે કાગળ બનાવ્યા. નકામા છોડ, જંગલી ફૂળ તથા ઝાંખરામાં ઊગતાં ઝાકડાઝાડમાંથી તેણે સૂપ, ચીઝ, મુરબ્બો વગેરે ખાવે ચટાકા ભેળી અને પોષક વાનીઓ બનાવી. આલાબામાની માટીમાંથી તેણે મોં ઉપર લગાડવાનો પાઉડર, વાસણ તથા રંગ બનાવ્યાં. કપાસના જિનમાંથી એકઠી કરવામાં આવેલી રૂની પૂમડી ખૂબ ઉપયોગી છે એમ કાર્વરે બતાવી આપ્યું. એમાંથી તેણે ઑયતણિયા ઉપર જડવાની તખતીઓ, ગોરડા, ગાદલાં તથા રોતરંજાઓ બનાવી.

જ્યૉર્જ સ્ટીવન્સન પું. આગગાડીની શોધ કરનાર એક પ્રખ્યાત અંગ્રેજ. તે કોલસાની ખાણમાં એક સાધારણ નોકર હતો. તેણે કોઈ જાતની સારી કેળવણી લીધી ન હતી.

જ્યૉર્જિયા પું. ઍશિઝ આપનરની ઉત્તરે કોકેસસ પર્વતની આજુબાજુમાં આવેલો એ નામનો એક પ્રાંત; ગુર્જરિસ્તાન.

જ્યૉર્જેટ ન. ચાદી માટેનું એક જાતનું રેશમી કાપડ.

જ્યૉસ્ના [સં. જોસ્ના] સ્ત્રી. નારી; સ્ત્રી.

જ્યૉષી પું ટૈલંગ, તેલંગી.

જ્યૉષ્ટિરાસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં યોગાસી માંહેનું એ નામનું એક આસન.

જ્યૉહત [હિં.] પું. આત્મહત્યા; ઝેરકર

જ્યૉહિલ્લા સ્ત્રી. સોન નદીના મૂળના બે ફાંટામાનો દક્ષિણ તરફનો ફાંટો.

જ્યૉં ૧. [હિં.] અ. જેમ; જેવી રીતે.
૨. અ. જેવું; જે રાખે.

જ્યૉતિરત્ના સ્ત્રી. સોન નદીના મૂળના બે માંહેનો દક્ષિણ તરફનો ફાંટો. કેટલાક સોન નદીને આ નદી મળતી હોવાનું માને છે.

જ્યૉતિષ જુઓ જ્યોતિરત્ના.

જ્યૉતિષિક [સં.] પું. જ્યોતિષો; જ્યોતિ:શાસ્ત્રને જાણનાર કે જાણનાર માણસ.

જ્યૉતિષિકદૂરદર્શકયંત્ર ન. જ્યોતિષવિદ્યામાં વપરાતું દૂરબીન.

જ્યૉં [હિં.] અ. જેમ; પેઠે; માફક.

જ્યૉંલી સ્ત્રી. જ્યાંસુધી.

જ્યૉંહારે અ. જ્યારે; જે વખતે.

જ્યૉંહાં અ. જ્યાં; જે સ્થળે.

જ્યૂમસ સ્ત્રી. નદી.

જ્રંજિતક ન. સહોગનું એક આસન. વાત્સ્યાયને આ પ્રયોગનું વર્ણન આપ્યું છે અને તે ચીન દેશમાં અત્યંત લોકપ્રિય હોવાનું જણાવ્યું છે. આ પ્રયોગમાં સ્ત્રીના પગ પુરુષના ખભા ઉપર સ્થપાયેલા હોય છે. તેને લીધે સ્ત્રીના ઢગરા ઉપર ઊભરાય છે અને ઉદ્દીપનનો પ્રકાર પણ જિત હોય છે. આમાં યોનિભિગને વર્ષણ થતું નથી, પણ ઇંદ્રિયોનું પરસ્પર દબાણ વધારે પડે છે તેથી ત્યારે એક મુલાયમના પરિણામે યોનિમાર્ગ ઢીલો બનેલો હોઈ તેમાના સ્નાયુઓની આકુંચનશક્તિ ઘટી ગયેલી હોય છે, ત્યારે આ આસન વડે બનાવ દબાણ વાજબી પ્રમાણમાં ઉદ્દીપન થવાનું શક્ય બને છે. પણ આ આસનમાં શરીરની ભારે ખેંચતાણ થતી હોવાથી બધાઓને માટે તે શક્ય હોતું નથી. આ આસનમાં સક્રમ-સ્ખનનો સક્રમ સૌથી વધારે હોવાનું કહેવાય છે.

જ્રૂકાર્ડ સ્ત્રી. અમ્બ યુગમાં વૃદ્ધિ પામેલી એક જાતની ક્રાપુ માંજલી.

જ્રૂકાર્ડચૂર્ણપાષાણ પું. એક જાતનો પથ્થર. કેટલાક ચૂર્ણપાષાણના જળામાં જ્રૂકાર્ડ નામની કાપુ માંજલી એટલી બધી સખ્યામાં બની હતી કે એમના નામ ઉપરથી એ ચૂર્ણપાષાણને જ્રૂકાર્ડચૂર્ણ નામ આપ્યું.

જ્વર [સં.] સ. ક્રિ. (ધાતુ) તાપ કે બિમારથી ગરમ થઈ જવું; રોગી થવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: જ્વર; જ્વરિત; કામ-જ્વર

જ્વર ૧. [સં.] પું. ધાતુવૈષમ્યથી શરીરની સાધારણ ગરમીમાં થતો વધારો; તાવ; તાપ. સુસ્તી, નાડીચાર્ય અને અન્ન ઉપર અભાવો થયા પછી શરીરમાં ઝીણી ઝીણી ઠંડી ચાલ્યા બાદ આખું શરીર તપી આવે તે રોગને જ્વર કહે છે. શરીરના સ્નાયુ શિથિલ થઈ જાય, મહાંચરાં મર્મસ્થાનોને પોતાનું કોચ કામ કરવામાં અડચણ પડે, ચામડી રક્ષ અને સૂકી લાગે, મોઢું અને જીભ સૂકાં થઈ જાય, તૃષા બહુ લાગે, અન્નપ

ન આવે. પેશાબ માટો અને જાજરોજ ઊતરે, નાડી અને શ્વાસ જલદ ચાલે, આંખો બળે અને માથું સખત દુઃખે. જ્વર જો આમ સાતથી સાત દિવસ સુધી તરુણ, ચૌદ દિવસ સુધી મધ્યમ, એકવીસ દિવસ સુધી પ્રાચીન અને એકત્રીસ દિવસ ઉપરાંતનો જીર્ણજ્વર કહેવાય છે. પાશ્ચાત્ય મત અનુસાર મનુષ્યના શરીરની ગરમી ૯૮ અને ૯૯ ની વચ્ચે હોય છે. શરીરમાં જેટલી ગરમી ઉત્પન્ન થાય અને જેટલી બહાર નીકળે એનો વિશ્રામ કરતાં આટલી ગરમી રહે છે. તાવવાળી અવસ્થામાં જેટલી ગરમી થાય તેટલી બહાર નીકળતી નથી. જો ગરમી બહુ વેગથી વધે તો ઝોલી આમડી પાસેથી બગડી જાય અને તેથી દાહ આવે. જ્વર સંબંધી હરિવંશમાં એક કથા છે કે, જ્યારે કૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ બાણાસુરને ત્યાં કેદ હતો ત્યારે કૃષ્ણ અને બાણાસુરને ઘોર સંગ્રામ થયો. તે પ્રસંગે બાણાસુરને મદદ કરવા માટે શિવે જ્વર ઉત્પન્ન કર્યો. જ્યારે જ્વરે બળરામ વગેરેને પટકી પાડ્યા અને કૃષ્ણના શરીરમાં પ્રવેશ કર્યો ત્યારે કૃષ્ણે પણ એક વૈષ્ણવ જ્વર ઉત્પન્ન કર્યો, જેણે માહેશ્વર જ્વરને હાકો બકારો કાઢ્યો. માહેશ્વર જ્વરે બહુ પ્રાર્થના કરી ત્યારે કૃષ્ણે વૈષ્ણવ જ્વરને સમેટી લીધો અને માહેશ્વર જ્વરને પૃથ્વી ઉપર રહેવા દીધો. બીજી કથા એવી છે કે, દક્ષ પ્રજાપતિના અપમાનથી ગુસ્સે થઈ મહાદેવજીએ પોતાના મોઢામાંથી જ્વર ઉત્પન્ન કર્યો.

૧. જ્વર ઊતરવો = તાવનું જતું રહેવું.

૨. જ્વર ચડવો = તાવનો પ્રકોપ થવો.

૨. પું. સંતાપ; દુઃખ; પીડા.

૩. ન. (પુરાણ) એ નામનું એક શસ્ત્ર. બાણાસુર સાથેના સંગ્રામમાં શ્રીકૃષ્ણ અને શંકર ભગવાન બંનેએ એકબીજાના સૈન્ય ઉપર આ શસ્ત્ર મૂકયું હતું.

૪. વિ. તાવવાળું.

૫. વિ સંતાપવાળું; સંતપ્ત.

જ્વરઘ્નહરીતકીરસ [સં.] પું (વૈદક) તાવનો નાશ કરનાર એક આયુર્વેદિક ઔષધ.

જ્વરઘ્નાસ [સં.] પું. તાવ સાથે ઊધરસનો રોગ.

જ્વરકુટુંબ ન. તાવ સાથેના બીજા ઉપદ્રવ જેમકે, ખાંસ, શ્વાસ, અરુચિ.

જ્વરકુંજરપાર્શ્વેંદ્રરસ [સં.] પું. (વૈદક) તાવનો નાશ કરનાર એક આયુર્વેદિક ઔષધ.

જ્વરકૃંતનરસ [સં. જ્વર (તાવ) + કૃંતન (કાપનાર) + રસ] પું. (વૈદક) તાવનો નાશ કરનાર એક ઔષધ. પારદ, ગંધક અને વછનાગ દરેક અફીણ જાયફળ, કનકધતૂરાનાં બીજ લવંગ અને દાડમીનાં મૂળ બધાં વસાણાં સોપેલાં લઈ સાથે બેગણી ખરલ કરવું. માત્રા બેથી ચાર રતીભાર મોંમાં નાખી નવશેકા પાણીથી ઉતારી જવું. ઉપર આદુ, સિંધાલૂણ સાથે ખાવું, જેથી વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષના તાવ ઊતરી જાય એમ મનાય છે.

જ્વરકેસરગુટી સ્ત્રી. (વૈદક) એક જાતની ગોળી. તે વિષમજ્વર, ભૂતજ્વર, ભરોળ, અજીર્ણ અને પિત્તરોગ ઉપર અપાય છે.

જ્વરઘ્ન ૧. [સં. જ્વર (તાવ) + ઘ્ન (નાશ કરનાર)] પું. ગળો.

૨. પું. વાસ્તુક નામે વનસ્પતિ.

૩. વિ. જ્વરનો નાશ કરનારું; જ્વરનાશક.

જ્વરઘ્નો ૧. [સં. જ્વર (તાવ) + ઘ્ન (નાશ કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મજીઠ.

૨. વિ સ્ત્રી. તાવનો નાશ કરનારી.

જ્વરપ્રતિષેધિકા [સં.] સ્ત્રી. (વૈદક) સંધિવા તથા નવીન જ્વરમાં કામ આવતી ગોળી. તે બનાવવા શુદ્ધ પારદ એક ભાગ, શુદ્ધ ગંધક, ઉદુમ્બરાદિનો ક્ષાર, પીપર, ધતૂરાં અને અફીણ એ ચાર ચાર ભાગ મગોના રસમાં જેમાં કૂટી ઉદુમ્બરાદિના રસથી તેની ગોળીઓ કરવી. તેની માત્રા ૧થી ૨ વાલ છે

જ્વરપ્રીચટી [સં.] સ્ત્રી. (વૈદક) તાવ ઉપર મધ, દૂધ કે પાણી સાથે અપાતી એ નામની દવાની ગોળી. તેની બનાવટઃ ખરલશુદ્ધ પારદ સરસિયા તેલમાં શોધેલો, બીડીપીપર, ધતૂરો અને અફીણ દરેક એક ભાગ, ઉદુમ્બરાદિનાં ઉકાળામાં મૂકેલા ચાર ભાગ સાથે આઠી કપડે ચાળી ઉદુમ્બરાદિના પંચાંગના રસમાં એક દિવસ ઘૂંટી પાસ વાલની ગોળી વાળી તડકે સૂકવવી. રથી ૨ ગોળીનો ભૂકો કરી મોંમાં નાખી ઉપર મગોનો કાઢો પીવો. તેથી નવો તાવ, વાત, પિત્ત અને કફનો તાવ તેમજ સન્નિપાતનો તાવ ઊતરે એમ મનાય છે

જ્વરજડી (જ્વરજડી) સ્ત્રી. અમેરિકામાં થતી એક જાતની વનસ્પતિ

જ્વરવૃશ્ચિકેંદ્રરસ [સં.] પું. (વૈદક) તાવનો નાશ કરનાર એક ઔષધ.

જ્વરનલિકા [સં.] સ્ત્રી. તાવ માપવાનું યંત્ર; 'થર્મામીટર.'

જ્વરનાગરમયૂરચૂર્ણ [સં.] ન. (વૈદક) તાવનો નાશ કરનાર દવારૂપ એક ચૂર્ણ.

જ્વરનારાચ ૧. [સં.] ન. છરૂં. ત્રણે પ્રકારનાં છરાં તાવનો નાશ કરવાનો ગુણ ધરાવે છે, માટે તેને જ્વરનારાચ કહે છે.

૨. વિ. તાવનો નાશ કરનારું.

જ્વરનારાચ ૧. [સં.] પું. પાસિયો પિતપાપડો; બડસલિયો પિતપાપડો.

૨. સ્ત્રી. મગો; મજીઠ.

જ્વરનાશિની ૧. [સં.] સ્ત્રી. મગો.

૨. સ્ત્રી મજીઠ.

જ્વરપ્રકોપ [સં] પું. તાવનો કોપ; તાવનો ઉકાળો.

જ્વરફુલડી (જ્વરફુલડી) પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. એને વાઢફુલડી પણ કહે છે.

જ્વરબલિ [સં.] પું. તાવની શાંતિ માટે આપવાનું એક બલિદાન.

જ્વરબ્રહ્મારસ [સં.] પું. (વૈદક) સોમલમાંથી બનતી એક દવા. તે બનાવવા શુદ્ધ સંખિયો લઈ તેને સોમલની અંદર ત્રણ દિવસ સુધી પલાળવા પછી એક દિવસ સુધી પુનર્નવાના રસમાં પલાળવો. આવી રીતે પલાળેલા શુદ્ધ સોમલને ઉકાળા પાણીથી ધોઈ નાખવો અને તેને ખારીક વાટી ઓસડની અંદર વાપરવો. આ દવા સાકર સાથે મેળવી તાવ ઉપર અપાય છે. તેની માત્રા ૧૬ રતી છે.

૮. ન. વેરાન પ્રદેશ; પડતર જમીન; ઉજ્જડ જમીન.

ઝષકેતન [સં. ઝષ (માછલું) + કેતન (ધ્વજ)] પું. કામદેવ; કંદર્પ, કેમકે માછલું તેની ધ્વજામાં છે.

ઝષકેતુ જુઓ ઝષકેતન.

ઝષદંત પું. આકાશ ગંગાનો એક ભાગ.

ઝષનિકેત ૧. [સં.] પું. સમુદ્ર.
૨. પું. સમુદ્ર.

ઝષરાજ [સં.] પું. મકર; મગર.

ઝષલક્ષ્મ [સં] ન. મીન લગ્ન.

ઝષવું જા. ક્રિ. (જૂ. ગુ.) પસ્તાવો કરવો.

ઝષા [હિં.] જી. એ નામની વનસ્પતિ; નાગબલા; ગુજસકરી.

ઝષારાત ૧. [સં.] પું. માછલું ભક્ષણ કરનાર મોટો મગર.
૨. પું. શિશુમાર; એક જાતનું જલચર પ્રાણી.

ઝષાંક ૧. [સં.] પું. કામદેવ.
૨. પું. પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ.

ઝષાહરી [સં.] જી. આસની માતા; મત્સ્યગંધા.

ઝસીઝર ૧. [હિં.] જી. તીખાશ; મરીનો ગરમ સ્વાદ
૨. જી. ધમણ.
૩. જી ધાતુનું રેણ બનાવવું તે.
૪. જી. મોટી ટોપલી.

ઝસ્ત પું. (જરથોસ્તી) હાથ.

ઝહન [અ.] પું. બુદ્ધિ; શક્તિ.

ઝહબ (ઝહબ) ૧. [અ.] પું ઈંડાનો પીળો ભાગ
૨. ન. સોનું

ઝહમત ૧. [અ.] જી. દુઃખ; પીડા.
૨. જી. મહેનત.
૩. જી. મુશ્કેલી; મહેનત.

ઝહમતી [અ] વિ. દુઃખી.

ઝહર (ઝહર) ૧. [ઝા.] પું. ઝેર; વિષ.
૨. પું. તીવ્ર સિદ્ધાંત; તીવ્ર મુદ્દો
૩. [અ.] જી. બહારનો ભાગ.

ઝળમળ

૪. સ્ત્રી. વાંસો.

૫. ન. સાચું જ્ઞાન.

ઝહરમાહુદા [ઝ.] વિ. ઝેરી; ઝેરથી ભરેલું.

ઝહરદાર વિ. ઝેરી.

ઝહરમોહ ૧. પું. બોગ અને હાથીમાં થતો એક રોગ. તેમાં બે પ્રાણીઓના અંડ સોજી જાય છે.

૨. પું. તીવ્ર સિદ્ધાંત.

ઝહરમાર વિ. ઝેરનો નાશ કરનાર.

ઝહરસ સ્ત્રી. એ નામની વનસ્પતિ. તે દવા તરીકે કામ આવે છે.

ઝહરા ૧. [ઝ.] પું. જુલ્મો; હિંમત.

૨. પું. પિત્ત.

ઝહરાં ન ન.બ.વ. પરસેવાના જેવેજેવા પુષ્કળ પરસેવો; રનેઢગિદુ.

ઝહરી [ઝ.] વિ. ઝેરી.

ઝહરીલા વિ. ઝેરીલું.

ઝહરીલામાહ પું. ઝેરીલું સત્ત્વ.

ઝહરીલું વિ. ઝેરીલું.

ઝહરૂ જુઓ ઝહરા.

ઝહલ (ઝહ્લ) [અ.] પું. બેદરકારીથી ભૂલી જવું તે.

ઝહાબ (ઝહાબ) [અ.] ન. બાન ભૂલી જવું તે.

ઝહી [ઝ.] અ. શાબાશ.

ઝહોદા [ઝ.] ન. સંતાન.

ઝહીન ૧. [અ. ઝહ્ન (બુદ્ધિ)] વિ. ચાલાક; તેજ; ચબરાક; સમજુ.

૨. વિ. સમજવા લાયક.

ઝહેર (ઝહીર) ૧. [અ.] પું. એક ફારસી કવિનું તખલ્લુસ એટલે ઉપનામ.

૨. પું. મિત્ર; સાથી.

૩. વિ. દિલગીર.

૪. વિ. બાંહેધરી નબળું થઈ ગયેલું; દુબળું.

ઝહુઆર [ઝ.] ન. તેજ.

ઝહૂરા ૧. [અ.] પું. શ્રમ કરવાથી થતું ઉત્પન્ન.

૨. પું. દેખાવ.

ઝહૂલ (ઝહૂમ) [અ.] પું. વિસ્મરણ; ભૂલી જવું તે.

ઝહે [ઝ.] અ. શાબાશ.

ઝહેમત ૧. સ્ત્રી. દુઃખ.

૨ સ્ત્રી. મહેનત.

૩. સ્ત્રી. બાંહેધરી; બીમારી.

ઝહેર ન. ઝેર.

ઝહેરી ૧. વિ. ઝેરી; ઝેરવાળું.

૨. વિ. કસીલું.

ઝહ્હાક પું. જુલ્મ અને ક્રૂરતા માટે પ્રખ્યાત એ નામનો એક ઈરાની રાજા.

ઝળક ૧. [સં. જ્વલન] સ્ત્રી. ઝળઝળ થવું તે; ઝગક; ઝગઝાટ; ઓપ; તેજ; પ્રકાશ.

ઝળક મારવી = તેજ મારવું; ચળકવું; ઝળક ઝગક થવું.

૨. [સં. કલા] સ્ત્રી. શોભો; પ્રભા; સુંદરતા; કાંતિમયપણું.

ઝળકતું વિ. ઝગકતું, તેજસ્વી.

ઝળકદાર વિ. ઝગકતું.

ઝળકવું ૧. [સં. જ્વલ્] અ. ક્રિ. તેજ મારવું; અજાણતી આંખે તેજનાં કિરણ પ્રસરવા; ઝગકવું; પ્રકાશ ઘાલવો; ઝળાંઝળાં થવું.

૨. અ. ક્રિ. પોત પ્રકાશવું; ખરો સ્વભાવ દેખાડવો.

૩. અ. ક્રિ. શોભવું; દીપવું.

૪. અ. ક્રિ. સૂર્યકિરણ તેજે કરીને સામો ઝગઝાટ મારવો; ઝળઝળવું; ઝગકવું.

ઝળકી રહેવું = (૧) શોભવું; દીપવું. (૨) સૂર્યકિરણ તેજથી ઝળાંઝળાં થઈ રહેવું. તેજની ઝળકબેર પ્રકાશવું.

ઝળકંત વિ. ઝળકે એવું.

ઝળકાટ પું. ઝગઝાટ; તેજનો ઝબૂકો; ઝળઝળ થઈ રહેવું તે; પ્રકાશ; ઝગકવું તે.

ઝળકાર [સં. કલા] પું. તેજનો ચમકારો, ઝગઝાટ; પ્રકાશ.

ઝળકારો [સં. જ્વલન] પું. સૂર્યકિરણ તેજને લીધે સામે તેજનો ઝબૂકો મારવો તે; તેજનો ચમકારો; ઝગઝાટ; ઝળકાટ; ઝગકો; પ્રભા

ઝળકાવવું ૧. સ. ક્રિ. ઝળકે તેમ કરવું; ઝગઝાટ મારવો.

૨. સ. ક્રિ. શોભાવવું; દીપાવવું.

ઝળકાવું [સં. જ્વલ્] અ. ક્રિ. પ્રકાશવું.

ઝળકિત વિ. પ્રકાશમાન; ઝગકતું.

ઝળકી ૧. સ્ત્રી. કોઈ પણ ધાતની અસરનો સહેજસાજ આવિર્ભાવ.

૨. સ્ત્રી. તાવની સહેજસાજ ગરમી; ગરમીનું થોડું થોડું બહાર દેખાવું તે.

૩. સ્ત્રી. તેજસ્વી શોભા; ઝળકે એવી સુંદરતા.

૪. સ્ત્રી. સાધારણ આછી પણ તેજદાર પ્રભા; કિરણપ્રસાર; આભા; ઝળક; તેજસ્વિતા; તેજદારપણું.

ઝળકો ૧. પું. ઓપ; ઝળક; ચકચકિતપણું; ઝગઝાટ.

ઝળકો આણવો = (૧) ઓપ આણવો. (૨) ઝગઝગાટ થાય એમ કરવું; ઝળકે એમ કરવું.

૨. પું. લાલ, લીલો વગેરે રંગનો ઝબ્બરખ જેવો ચમકતો કામળ.

ઝળકોળવું અ. ક્રિ. ઓપ દેખાવો; ચળકાટ કરવો; ચકચકિત દેખાવું.

ઝળઝળ ૧. [સં. જ્વલન; પ્રા. જલજલ] સ્ત્રી. જ્વાળાએ બળવું; ઝગઝગાટ; ભડકે બળવું.

૨. વિ. તેજ મારવું; ઊજ્જ્વળ; ચમકિત; તેજદાર; તેજસ્વી; પ્રકાશિત.

૩. અ. ઝાળ નીકળતી હોય તેમ.

૪. અ. તેજથી ઝળકવું હોય તેવી રીતે.

ઝળઝળતું વિ તેજસ્વી; પ્રકાશમાન.

ઝળઝળવું ૧. અ. ક્રિ. ભારે ચમકવું.

૨. અ. ક્રિ. ઝગઝગ થવું.

ઝળઝળાટ ૧. પું. પૂર્ણ પ્રકાશ.

૨. પું. જ્વાળાઓનો ઝબૂકો; મોટી જ્વાળાઓનો પુષ્કળ પ્રકાશ.

૩. પું. ઝગઝગાટ.

૪. અ. ઝળઝળ થઈ રહે તેમ.

ઝળઝળિયાં ન.બ.વ. આંખમાં પાણી ભરાઈ આવવાં તે; આનંદ આશ્ચર્ય, શોક, ક્રોધ કે બીજા કોઈ કારણોને લીધે આંખોના ગોળક ભીનાશ જેટલું પાણી આંખોમાંથી ઝમી રહે તે.

ઝળઝળિયાં આવી જવાં = (૧) રોવા જેવા થઈ જવું. (૨) શરમિંદા પડી જવું; ઝાંખા પડી જવું.

ઝળઝળિયું ૧. ન. આંખમાં ઝમતું પાણી; આંસુ.

૨. ન. આંસુ પાડવાની તૈયારી.

૩. ન. સૂરજ ઊગ્યા પહેલાંનું અને આથમ્યા પછીનું ઝાંખું અજવાળું કે પ્રકાશ; થોડો થોડો ઝગઝાટ; ઝાંખપ્રકાશ; સંધ્યાકાળનું આછું આછું અજવાળું; ઝળઝળું; આખુંબૂધળું; ઝરણાંખળું.

ઝળઝળી સ્ત્રી. ઝળકી; તાવની સહેજસાજ ગરમી; કળતર.

ઝળઝળું જુઓ ઝળઝળિયું.

ઝળઝળું ૧. વિ. ઝળકતું; પ્રકાશમાન.

૨. વિ. જ્વાળા નીકળતી હોય એવું; જ્વાળાની આકૃતિ ચકચકિત.

૩. જ. ઝગઝગાટ; ઝગઝગ; ઝગઝગ થઈ રહે તેમ.

ઝગમગવું અ. ક્રિ. ખૂબ તેજ મારવું; પ્રકાશવું.

ઝગમગાટ પું. ઝગઝગાટ.

ઝગમચઝળું ન. ઝોંસઝઝું; ઝગઝળું.

ઝગમચિયું વિ. અડતાં તૂટે એવું; ઝીણું; ઝોંસરે દેખાય તેવું; ઘણું જ આછું.

ઝગમચાઝળું ન. ઝોં ઝાંસે એવું અજવાળું; અગમાંખળું; ઝગઝળું.

ઝગમચાળિયું વિ. બહુ આછું; પાંખું ઝોળું; છૂટા છૂટા તાર દેખાય તેવું.

ઝગવું ૧. અ. ક્રિ. ઉપર ઉપરથી અંગારા નીકળે એમ ઝળવું.

૨. જ. ક્રિ. ચૂવું; ઝરવું; ટીપે ટીપે બહાર નીકળવું

૩. [સં. જ્વલ્] જ. ક્રિ. બળવું; બળવું, અંગારાથી દાઝવું. આ ક્રિયાપદ બળવું એવા રૂપે બહુ ઓછું વપરાય છે, પણ બળવાની સાથે ઘણું વપરાય છે. જેમકે, બળ્યુંઝળ્યું.

ઝગહળ ૧. વિ. ઝળહળતું; પ્રકાશમાન.

૨. જ. અંગારાઓ નીકળતી હોય એમ; અંગારાની માફક ચકમકિત થાય તેમ; ઝગઝગાટ. ઝગઝગ થઈ રહે તેમ.

ઝગહળતું વિ. તેજસ્વી.

ઝગહળવું [સં. જ્વલ્વત્] જ. ક્રિ. અંગારાઓ સાથે ખૂબ તેજ પડે એમ બળવું; ખૂબ પ્રકાશ આપવો; અજવાળું થઈ રહે તેમ બળવું; ખૂબ તેજ મારવું.

ઝગહળાત વિ. દેદીપ્યમાન.

ઝગહળાટ પું. ઝગઝગાટ; ઝગઝગાટ; ઝળાટ.

ઝગહળાવવું જ. ક્રિ. ઝગહળે તેમ કરવું. ઝગાવવું; પ્રકાશમાન કરવું.

ઝગહળું વિ. ઝગહળતું; ઝગમગતું.

ઝગાઝગ જ. ઝગઝગાટ થાય એમ; એકદમ ઝગમગારો થાય એમ; તેજથી ઝગતું હોય તેમ.

ઝગામગ ૧. ન. જે વસ્તુથી ઝગાય તે; ઝગાવું; રોગ.

૨. ન. ઝગવાની મજૂરી; ઝગવાનું મહેનતાણું.

ઝગામગી ૧. સ્ત્રી. ઝગામગ; ઝગવાની મજૂરી.

૨. સ્ત્રી. ઝગવવાની ક્રિયા.

ઝગાવવું જ. ક્રિ. ધાતુના પાત્રને સાંબેલાવું; ચોળવું; ઝગે એમ કરાવવું; રાજ મુજબની; ઝગાવું કરાવવું.

ઝગોંઝગાં ૧. [સં. ઝઞા] ન. બ. ઘ. ઝગઝગાટ; તેજતેજ; તેજતેજનો અંબાર.

ઝગોંઝગાં થઈ રહેવું = પુષ્કળ તેજને લીધે પ્રકાશના કિરણોનું અંગારાઓની માફક આમતેમ ફેલાઈ પ્રસરી રહેવું; ઝગઝગાટ થઈ રહેવું; દેદીપ્યમાન થઈ રહેવું.

૨. જ. ઝગહળ થઈ રહે તેમ; ઝગઝગાટ.

ઝગોંઝગાં ન. બ. ઘ. ચકચકાટ; ઝાકઝમાળ. જુઓ ઝગોંઝગાં.

ઝગોંઝગું જ. ક્રિ. ખાવા કે પડવાની તૈયારીમાં રહેવું; તોળાવું.

ઝગોલો ૧. [સં. જ્વલન] પું. ઊગ્ર ઔષધોપચારથી પાણી બરાઈને ચામડીનું ફોલ્લી આવવું તે.

૨. પુ. ઝાળ લાગવાથી અને દાઝવાથી ચામડી ઉપર થઈ આવતો ફોલ્લો.

ઝગોલો ઊઠવો = ચામડીનું પરપોટાની માફક ફૂલી આવવું; ફોલ્લો પડવો.

ઝગોળાટ ૧. પું. અજવાસ; તેજ; પ્રકાશ.

૨. જ. ઝગઝગતા પ્રકાશ સાથે.

ઝગોળો જુઓ ઝગોલો.

ઝગોલ્લો પું. ફોલ્લો; ઘોલ્લો.

ઝંકા [ફા.] સ્ત્રી. નાની ઝો.

ઝંકાટ પું. ભમરાનો ગણગણાટ; ગુંજારવ.

ઝંકાડ (ઝંકાડ) ૧. [હિં.] પું. ઝંઝાવાળી ઝાડી.

૨. પું. પાંદડાં વગરનું ઝાડ.

૩. પું. અર્ધ વસ્તુઓનો સમૂહ.

ઝંકાર ૧. [સં.] પું. ગુંજારવ; ગણગણાટ; ઠવાઝ ઊઠનારા ભમરા વગેરે નાનાં પખેરુની પાંખથી ઠવામાં થતો ઝીણો અવાજ; ભમરાનો અવાજ; ગાખી વગેરેના ગુંજારવ સરખો અસ્પષ્ટ નાદ.

કોઇ કામિની વાજ ઝંકાર,
આમલિ આલિ ઝાઝ ઝંકાર.
ઝિ. પં. સં. ૧૬૫૫

૨. પું. ગણગણાટ ગણગણાટ થવું તે; ઘૂસરીનો રણકાર; ધાતુમાંથી નીકળતો ઝીણો રણકાર.

૩. પું. ઝમઝમ થવું તે.

૪. પું. ધોધ, મોજાં, પવન વગેરેથી થતો પાણીનો અવાજ.

ઝંકારવું ૧. અ. ક્રિ. ગુંજારવ થવો; ભમરા વગેરેનો ઊડવાને અવાજ થવો.

૨. જ. ક્રિ. ગણગણાટ થવો; ઘૂસરી વગેરેનો અવાજ થવો.

૩. જ. ક્રિ. ઝમઝમ અવાજ કરવો; ગણગણ અવાજ કરવો.

૪. જ. ક્રિ. અહંકાર અવાજ કરવો.

ઝંકારિણી [સં. ઝંકાર + ઇન્ (વાળુ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગંગા; ભાગીરથી.

ઝંકારિત [સં.] વિ. ઝણકાર કરતું.

ઝંકૃત [સં.] વિ. ઝંકાર પામેલું.

ઝંકૃતા [સં.] સ્ત્રી. તારા દેવી.

ઝંકૃતિ ૧. [સં.] સ્ત્રી. ઝંકાર; ઝાંઝરનો ઝણઝણાટ; રણકાર; ઝણકાર.

૨. સ્ત્રી. તારા દેવી.

ઝંખ સ્ત્રી. ઝખના; વારંવાર રટણ; મનન.

ઝંખડા (ઝખડા) [હિં.] પું. પાંદડાં વગરનું ઝાડ.

ઝંખના ૧. સ્ત્રી. કોઈ પણ વાત અથવા વસ્તુનું વારંવાર રહીરહીને મનું સ્મરણ; વારંવાર અમુક વસ્તુને સંભારી તેને મળવા, જોવા કે તેના સારા માટે ચિંતિત રહેવું તે; આતુરતાપૂર્વક રટન; વારંવાર સ્મરણ.

૨. સ્ત્રી. જોયેલ, સાંભળેલ કે મનમાં ધૂંધાયેલ કોઈ વિષય કે વાતનો સ્વપ્નાદિકમાં ભાસ થયા કરવો તે.

૩. સ્ત્રી. પ્રિય જનને મળવા અથવા જોવાની મનમાં થતી ઉત્કટ અભિલાષા, દર્શનોત્કંઠા; દર્શન કરવાની અતિ આતુરતા.

૪. સ્ત્રી. ચિંતા; ચિંતા.

૫. સ્ત્રી. મનન; વિતર્ક.

ઝંખવચું જ. ક્રિ. ઝાંખું પાડવું.

ઝંખવા પું. ચિંતા; ચિંતા.

ઝંખવાણું વિ. ઝાંખું; નિસ્તેજ; ઝંખાઈ ગયેલું; ભોંઠું પડેલું; શરમિંદું; અપ્રતિભ.

ઝંખવાવું ૧. અ. ક્રિ. ઝાંખું પડવું; ઝળહળતા તેજમાં બીજા કરતાં તેજનું ઓછું થવું.

૨. અ. ક્રિ. તેજની સામે આપનું ચિમાઈ જવું.

૩ અ. ક્રિ. કરમને લીધે, ભોંઠું ચીતરી જવું; શરમાઈ જવું; ભોંઠું પડવું; ઝંખવાણ પડવું.

ઝંખવું ૧. સ. ક્રિ. આતુરતાપૂર્વક રટન કરવું; વારંવાર સ્મરણ કરવું; ઝંખના કરવી; જોવાને કે મળવાને આતુર રહેવું; વારંવાર સ્મરણ કર્યા કરવું; જોવાને અથવા મળવાને તલસવું; ઝાંખી કરવાને તલપવું.

૨. સ. ક્રિ. ચિંતા કરવી; ખબરદારી રાખવી; વારંવાર ચારેબાજુ દેખ્યા કરવું; રહ્યું; વાટ જોયા કરવું.

ઝંખા ૧. [હિં.] પું. નાગરનાર જોકરો.
૨. પું. પાવૈયો.
૩. સ્ત્રી. ઝંખના.
વહારા વહારા નિસદિન હરે થાય ઝંખા તમારી. નળવતાય
૪ વિ. પું. નામર્દ.
૫. વિ. પું. બેઠ આંખવામાં નબળો.

ઝંખાડા (ઝંખાડ઼ા) [હિં.] પું. પાંદડાં વગરનું ઝાડ.

ઝંખાણું વ. ઝખવાયું; ઝાંખું પડેલું; શરમિંદું; અસિયાઉ; ઝાંપુ.
ઝખાડે પડવુ = અમુક વાત કે વિચાર રજૂ કરવા જતાં સામાના તેજ સામે રજૂ થયેલ મુદ્દાઓથી ઓટા પડી શરમાઈ જવા જેવું થવું. ઝંખા પડવુ

ઝંખારા સ્ત્રી. ઝાંખાપણું; ઝાંખપ; આછુ દેખાવુ તે; અદેખરાજ દેખાવુ તે.

ઝંખાવું ૧. અ ક્રિ. ઝંખે કે ઝાંખે એમ થવું.
૨. અ. ક્રિ. તેજથી અંજાઈ જવું; તેજની સામે આખનું મિચાઈ જવું; મોટા ઝળહળાટમા તેજમાં આંખ બંધ થઈ જવી અથવા નહિ દેખાવું.
૩. અ. ક્રિ. દેખાવુ. ભાસ થવો.
૪. અ. ક્રિ. ભીંજના પ્રભાવથી અંજાઈ જવું.
૫. અ ક્રિ. મોટી ઝળહળતા તેજમાં બીજા ઝાંખા તેજનું ફીકું થવું; મંદ પડી જવુ.
૬. અ. ક્રિ. શરમને લીધે મોઢુ નીચુ કરી જવું; ઝંખવાણુ થવુ; આંખું પડવું; મોઢુ પડવું; તેજહીન થવું; શરમિંદા થવું.

ઝંખો વિ. પું. ભૂતના વાસવાળો.

ઝંગ ૧. પું. આફ્રિકનો ઝાડિયાર દેશ.
૨. [ફા.] પું ઝાડ.
૩. પું. પોંચાટવાળું તોફાન.
૪. [મા. ઝઝ] પું. જંગ; લડાઈ; યુદ્ધ.
૫. પું. ઠોકરી; પિત્તળની નાની પવડી.

ઝંગા ૧. [હિં.] પું. ઉપરનુ વસ્ત્ર.
૨. પું. ઝભ્ભો.

ઝંગાઝોરી [મ.] સ્ત્રી. ઝઘડો; તકરાર.

ઝંગાર [ફા.] પું. તાંબાનો ઝાડ; મોરચુ; જગાલ; જગાર.

ઝંગારી ૧. [ફા.] વિ. ઝાડવાળું.
૨. વિ. લીલું.

ઝંગાલ [ફા.] પું. તાંબાનો ઝાડ; જંગાર.

ઝંગાલી જુઓ ઝગારી.

ઝંગી ૧. [ફા.] પું. સીડી; હબસી; એક જાતનો કાળો આદમી.
૨. સ્ત્રી. જગલ.
૩. સ્ત્રી. ઝાંખરાં
૪. વિ. જગી, મોટુ.
૫. વિ ઝાડી સ ંબ ધી

ઝંગૂલા [ફા.] પું. ઘટ.

ઝંઘડી (ઝંઘ઼ડી) સ્ત્રી. લઘણી; ઢંઢી; નાનો ઘાઘરાનો.

ઝંઘા સ્ત્રી. જંઘા; જાંઘા

ઝંજટ જુઓ ઝઝટ.

ઝંજણી જુઓ ઝાંઝણી.

ઝંજરી સ્ત્રી. ઢોકો

ઝંઝાબીલ [અ.] સ્ત્રી. ઘંટ.

ઝંઝાળ સ્ત્રી. જૂના વખતની મોટી ...

ઝંઝ ૧. [વિ.] સ્ત્રી. ઉપરનો ભાગ ઢાંકેલો ઢાંક એવી ટોટી
૨. સ્ત્રી ચપટા નાકવાળી સ્ત્રી.
૩. સ્ત્રી અત્યારાટ
૪. વિ. આફ્રિકના પ્રદેશ સંબ્રિન્ધારનું.

ઝંઝર ૧. [ફા.] સ્ત્રી. સાકળ.
૨. સ. ઝાંઝર; નેપુર.

ઝંઝરખંદી ૧. [ફા] સ ન
૨. સ્ત્રી. હાર; કતાર.

ઝંઝરા ૧. [ફા.] પું. ગળામાં પહેરવાની કડી
૨. પું. સાંકળ.
૩. પું. સાંકળનો સાંધો; સાંકળનો મહોરો.

ઝંઝરિયાન [ફા.] ન. જ. ન. સાંકળથી બાંધવાં માણસ.

ઝંઝરી [ફા.] પું. સાંકળમાં બાંધેલ માણસ.

ઝંઝરો ૧. [ફા.] પું પાણીમાં બાંધેલો સિક્કો.
૨. પું. પૈસાંવાળી નાની તોપ.
૩. પું. હનુમાનની સાધનાનો મત્ર.
૪. ન. હસની જળીદાર ઝૂંમણીની દોર.
૫. ન. ઢાપુ; ખેટ.
૬. ન. સાંકળની દોર; બંકોડાની જેવ

ઝંઝવા [સ.] સ્ત્રી. ઝંડ.

ઝંઝેરો ૧. પું. અપામાર્ગ; અધેડો નામની વનસ્પતિ. તે વાજકાર્યમાં ઉપયોગી છે. જેનો ક્ષાર તથા સર્વાંગ ઔષધ તરીકે કામ આવે છે.
૨. પું. ઠપકો; ધમકી.

ઝંઝેડવું (ઝંઝેવું) જુઓ ઝંઝવું.

ઝંઝેરી સ્ત્રી. ખારવાણી જમીન ઉપર પડતી પત્રના તળિયાની છાપ.

ઝંઝોડવું (ઝંઝોવું) ૧. સ. ક્રિ. જોરથી પકડવું હલાવુ
૨. સ. ક્રિ. દાંત વડે કરડવુ.
૩. સ. ક્રિ. હલાવવું; ખખેરવુ.

ઝંઝ ૧. ન. એક જાતનું ધનવાદ્ય
૨. [પ્રા.] ન. કલહ.
૩. ન. બેઠ.

ઝંઝકાર સ્ત્રી. અવાજ થવો તે; વાગવું તે

ઝંઝટ ૧. [હિં.] સ્ત્રી. કટકિયો; ઝંઝટ; ખખેડો.
૨. સ્ત્રી. મુશ્કેલી.
૩. સ્ત્રી. રકઝક.
૪ સ્ત્રી. બાધ પ્રયત્ન; નાકમી તકલીફ; બનાવ; મુશ્કેલ.

ઝંઝટી [હિં.] સ્ત્રી. મુશ્કેલી તે.

ઝંઝઝન્ ઝ. ઝણકાર કરે એમ; ઝણઝણાટ કરે એવી રીતે.

ઝંઝણાટ ૧. પું. ઝણઝણાટ.
૨. પું. ઝણઝણાટ; તંત્ર તાર તરબોળવાથી નીકળતો અવાજ ધાતુના પાત્ર કે તરબોળેલા તાર વગેરે ઉપર આઘાત થયા પછી તેનો કરકરાટ રહે ત્યાસુધી તેમાંથી નીકળ્યા કરતો ઝીણો ઝીણો અવાજ.

ઝંઝણી ૧. સ્ત્રી. ક્રોધ, ગુસ્સો, ક્રોધ વગેરેની તીવ્ર લાગણીની ગરમી ઉપર થઈ આવતી અસર; રોમાંચ જેવાં થવાં તે.
૨. સ્ત્રી. ઝણઝણી; ઝંઝણી; ઝણઝણાટ; ઝણઝણાટ.
૩. સ્ત્રી. શરીરના અવયવો ઠંડા પાણીમાં રહ્યા થી કે નબળાઈથી તે ભાગમાં લોહીનું ફરવું બરાબર નહિ થવાથી ગરમી ઉપર અને અંદર થતી ઝીણા કકરાટ જેવી અસર; ખાલી.

ઝંઝન ૧. [સં.] ન. ઝણઝણાટ.
૨. ન. ઘટડી, ઘૂઘરી વગેરેના અવાજ જેવો અસ્પષ્ટ અવાજ.
૩. ન. પાણી પડવાનો શબ્દ.
૪. ન. ભમરી વગેરેનો ગુંજારવ.

ઝંઝનાટ [હિં.] પું. ઝણઝણાટ.

ઝંઝરા ૧. [હિં.] પું. એક જાતનો બારણુ.
૨. પું. ધીમે ધીમે પાણી પડવું તે.
૩. પું. હલકી જાત.
૪. વિ. ખળીવાળું.

ઝંઝરી ૧. [હિં.] સ્ત્રી. ખળ.
૨. સ્ત્રી. ધાતુનો દોરો.
૩. સ્ત્રી. નાની ઢોલકીને બરાબર ફેરવવાની રમત.

૪. સ્ત્રી. લોઢાનો મણિયો.
૫. વિ. ઝાંઝવાળું.

ઝંઝરીહાર વિ. ઝાંઝવાળું.

ઝંઝવાત [હિં.] સ્ત્રી. ગુસ્સો; ચીડિયાપણું.

ઝંઝવાદિયા (ઝંઝવાડિયા) વિ. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઝંઝા ૧. [પ્રા.] સ્ત્રી. ઝંખિયો.
૨. સ્ત્રી. ક્રોધ; ગુસ્સો.
૩. [સં.] સ્ત્રી. ખોવાયેલ પદાર્થ.
૪. સ્ત્રી. ક્રમ વગરનો અસ્પષ્ટ અવાજ.
૫. [હિં.] સ્ત્રી. દીપાંમાં વરસતો ચરસાદ.
૬ સ્ત્રી. તૃષ્ણા; લોભ.
૭. સ્ત્રી. પવનનો કે પવન સાથે પડતા વરસાદનો સુસવાટ; ઝમઝમ, ઝણઝણ કે સણસણ થતું તે.
૮. સ્ત્રી. પ્રચંડ પવન; તોફાની વાયુ.
૯. સ્ત્રી. માયા; કપટ.
૧૦. સ્ત્રી. મુશળધાર વરસાદ; વરસાદની ઝડી.
૧૧. સ્ત્રી. આકુળતા; ગભરામણ

ઝંઝાનિલ ૧. [સં. ઝંઝા (તોફાની વાયુ) + અનિલ (પવન)] પું. પવનનો સપાટો; સણસણાટ કરી જંદરથી થતો પવન; વંટોળિયો.
૨. પું. મુશ્કેલી.
૩. પું. ઘણા દેશોમાં ખૂબ વરસાદ સાથે આતો ભારે વંટોળિયો. અમેરિકામાં આવાં વખતે તોફાન થાય છે.

ઝંઝાપાત જુઓ ઝંઝાનિલ.

ઝંઝાર સ્ત્રી. ખંડક.

ઝંઝાવાત જુઓ ઝંઝાનિલ.

ઝંઝાવાયુ જુઓ ઝંઝાનિલ.

ઝંઝાળ સ્ત્રી. જૂના વખતની મોટી ખડ્ગ.

ઝંઝીર [ફા.] ન. બેડી; સાંકળ.
ઝંઝીરનથી ભાગીનો, મારીને જીવો ખોટ.
નિરંજનાનંદ

ઝંઝીરું [ફા. ઝંઝીર] ન. સાંકળના જેવું ભરેલું.

ઝંઝેડો ૧. પું. એક જાતની ઓસડમાં વપરાતો છોડ; અપેડો; ઝંજેટો.
૨. પું. કપડું; ખમકો; વસ્ત્ર તે.
૩. પું. ઢોલ જેવો તે.

ઝંઝેડવું (ઝંઝેડવું) ૧. સ. ક્રિ. ખૂબ ખખડાવવું; સખત કાઢવણી કાઢવી; ખૂબ કપડાં ધોવાં.
૨. સ. ક્રિ. ખૂબ માર મારવો.
૩. સ. ક્રિ. તરછોડી નાખવું.
૪. સ. ક્રિ. ફળ, પુષ્પ વગેરે તરછોડને લીધે ખરી પડે એમ હલાવવું; જોરથી ખંખેરવું.
ઝોરડી ઝઝેડની = (૧) ખાલી ઝાપટી નાખવું; ખખડાવવું. (૨) ગરીબ અસૂસમજુને ખાલી પગવું. (૩) ગરીબને ખંખેરવો. (૪) નાહક ખરચમાં ઉતારી દેવું.

ઝંઝેરવું જુઓ ઝઝેડવું.

ઝંઝેરી સ્ત્રી. લુહારની ચૂંથેલી પટી.

ઝંઝોટી પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ગાવાનો વખત દિવસના ત્રીજા પહોરથી મધ્યરાત્રિ સુધીનો છે. જાતિ સંપૂર્ણ છે, એટલે કે ઋષભ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર, કોઈ તીવ્ર કોમળ મને લગાવે છે. કેટલો ઝંઝોટી અને પહાડી ઝંઝોટી એમ આ રાગની બે જાતિ છે.

ઝંઝોળવું (ઝંઝોડવું) ૧. સ. ક્રિ. ખંખેરવું.
૨. સ. ક્રિ. જોરથી પકડવું; ઝાલવું.
૩. સ. ક્રિ. સંત વડે માસ કરવું.

ઝંઝોરવું સ. ક્રિ. ઝાડવું; જોરથી ખંખેરવું.

ઝંઝ્યું સ. ક્રિ. આંચકવું; હાથ આદેની ચીજ ખેંચી લેવી.

ઝંડાવું ૧. સ. ક્રિ. અથડાવું.
૨. સ. ક્રિ. ભરાવું.

ઝંડિયાં ન. બ. વ. ઘાસનાં સુકાં.

ઝંડુડી (ઝંડુડો) સ્ત્રી. એક જાતની રમત.

ઝંડ ૧. [હિં.] પું. ખાળભોવાળા.
૨. પું. ભૂત; પ્રેત; એક જાતનું પિશાચ.
૩. પું. વાદ્યવિશેષ; ઝંખિયો.
૪. વિ. અલમસ્ત; મોતેલું.
૫. વિ. મોટું; મહાન.
૬. વિ. ખુરચું.

ઝંડા ૧. [હિં.] પું. ખાર, બાજરો વગેરેના છોડ ઉપરના નર પુષ્પ છરા.
૨. પું. ઝંડો; વાવટો; ધ્વજ; નિશાન.
૩. પું. બ. વ. (કપડી) બાજબોવાજા.

ઝંડામૂલણ ન. બજારમાં એક જાતનો વેરા; જરી; ઝંડામૂલણનો ખેલ. ઝંડો નામે એક ઉંચામાટો રાજા હતો, એનો ખેલ બતાવાથી ઝંડામૂલણ ખેલ કહેવાય છે.

ઝંડાધારી ૧. વિ. ઝંડાનો ઉઠાવનાર.
૨. વિ. હાથમાં ઝુલાવાળું.

ઝંડિયું વિ. ખૂબ ઊંચું, પહોળું અને ભિન્નમણ.

ઝંડિયો ૧. પું. મોટો, ઊંચો અને ભયંકર કૂવો.
૨. વિ. પું. ખૂબ ઊંચું, પહોળું અને ભયંકર હોય એવું.
ઝંડિયો કૂવો = ઊંચો અને ભયાનક કૂવો.

ઝંડી ૧. [હિં.] સ્ત્રી. જમીન માપનારની ધજા.
૨. સ્ત્રી. નાનો ઝંડો; નાનો વાવટો. તેનો વ્યવહાર ઘણે ભાગે સંકેત વગેરે કરવામાં થાય છે.

ઝંડેદાર વિ. ઝંડીવાળું

ઝંડ્ય ભટ્ટ પું. જામનગરના એક પ્રસિદ્ધ આયુર્વેદ પારંગત વૈદ્ય.
દિલ્હી બાદશાહી કોર્ટ સાહબદાદા સાહે આ વખત આવેલા દિનમણી નામના. જેમાં ઝંડુ ભટ્ટજીના પ્રપિતામહ રણછોડજી ભટ્ટને વૈદું બક્ષાણું, તે દિવસથી આજ સુધી એ કુટુંબમાં વૈદું અવિચ્છિન્ન ચાલે છે. કુ. બા. ખરિયદ

ઝંડૂ ૧. [હિં.] પું. ઝાડનું પાંદડું.
૨. પું. વાળની લટ.

ઝંડૂલ ૧. [હિં.] પું. પાંદડાં અને સુંદર પાદડાંવાળું ઝાડ.
૨. પું. સુંદર વાળવાળું છોકરું.
૩. વિ. મજબૂત.
૪. વિ. સુંદર વાળવાળું.

ઝંડ્ય ૧. [સં. ખજ] પું. જમીન માપનારની ધજા.
૨. પું. જેની ઉપર ધજા ફરકાવેલી હોય તે લાકડાનો લાંબો દંડ; યાંભળો; ધ્વજદંડ
૩. પું. ઝુમ્બેશ.
૪. પું. ત્રિકોણાકાર અથવા ગોખૂણ વાવટો; ધ્વજ; ઝુંડો; ધ્વજા; મોટો વાવટો. તેનો ઉપયોગ નિશાની કે સંકેત કરવામાં, ઉત્સવ આદિ પ્રસંગોમાં અથવા એવા કોઈ કામમાં થાય છે. તેનું કપડું અનેક રંગનું હોય છે અને તેના ઉપર અનેક પ્રકારનાં ચિહ્ન, ચિત્ર વગેરે અંકિત હોય છે. પ્રાચીનકાળમાં હિંદમાં વાવટા ત્રિકોણાકાર થતા, પણ આજકાલ ચરપ, અમેરિકા વગેરે દેશોના ક્રમ ગોખૂણ હોય છે. દરેક રાજ્યનો ક્રમે અલગ અલગ પ્રકારનો હોય છે. વહાણની ઉપર વાવટો ચડાવવાથી તે કયા રાજ્ય કે દેશનું છે તેની ખબર પડે છે. સંકેત માટે જે વાવટા વપરાય છે, તે સાધારણ રીતે નાના હોય છે.
૧. ઝંડે તળેની દોસ્તી = ઉપરઉપરની ભોગખાણ.
૨. ઝંડે પર ચડવું = ખુલ્લું પડવું; જાહેર થવું.
૩. ઝંડે પર ચડાવવું = નામોશી કરાવવી.
૪. કેતકના ઝંડા = છત્રનો વાવટો
૫. ભગવો ઝંડો = પેશ્વાઓનો વાવટો.
૫. પું. બનાવનો એક જાતનો વેશ. મોટ ત્રિવેદી જ્ઞાતિમાં લગ્ન વખતે વરપક્ષ તરફથી જરબો પુરુષ અને જરબી સ્ત્રી હોય એવો વેશ લેવાય છે. તેમાં વરનો મામો જાયથી તે કેડ લગી ઓનો વેશ ધારણ કરે છે, એટલે વેશ ને સિંદૂર લગાડે છે ને હાથમાં તરવાર લઈ

વરઘોડાની સાથે ચાલે અને આગળ પૂજાઈ રહે ત્યાંસુધી તે વેશે ત્યાં બીજો રહે છે.

૬. પું. મકાઈના કૂલ.

૭. પું. માથા ઉપરના વાળનો અમમવસ્થિત જથ્થો.

૮. પું વાદ; મતિભ્રમ.

૯. પું. હિંદનો રાષ્ટ્રધ્વજ. એ સમયમાં પ્રવર્તમાન છે કે: હિંદનો રાષ્ટ્રધ્વજ સમાન પ્રમાણમાં લેવાયેલા મેરો કેસરી, શ્વેત અને મેરા લીલા રંગનો ત્રિરંગી ધ્વજ છે. શ્વેત પટ્ટાની મધ્યમાં ચરખાના પ્રતીકરૂપે એક વર્તુળ રહે છે. ચરખાનો આસ શ્વેત પટ્ટાની પહોળાઈ જેટલો છે. અક્ષરશઃ રીતે આ ધ્વજની સાથે એ પ્રતીક માત્ર જ નહિ પણ એક રીતે હિંદના જ નહિ પણ વિશ્વના ઇતિહાસનું એક અતિ અમ્ય નામ અશોક લોકાય છે. પશ્ચિમના રહેવાસીઓએ પણ એ હકીકત સ્વીકારી છે કે અશોક પ્રેમ અને અહિંસાના એક મહાન ભક્ત હતા. ધ્વજના મધ્ય ભાગમાં શુભ્ર પટ્ટી છે. આ શુભ્રતા પ્રકાશ, સત્ય અને શાંતિ દેખાડે છે. અશોકનું ચક્ર સદ્‌ગુણ, ધર્મ અને સત્યનું દ્યોતક છે. આ રાષ્ટ્રને પ્રતિરોધના સહારાથી બચાવે છે કેસરી રંગ ત્યાગ અને નમ્રતાનું નિદર્શન કરાવે છે અને લીલો રંગ ભૂમિ સાથેનો આપણો સંબંધ દર્શાવે છે.

ઝંડા ઊંચા રહે હમારા! રાષ્ટ્રગીત

૧૦. વિ પું લાલ; મજબૂત.

ઝંડોઝૂલણ જુઓ ઝંડાઝૂલણ.

ઝંઢા પું. બ. વ. બાળમોવાળા ઊતરાવવાની ક્રિયા.

ઝંતરી જી. રાવળ લોકોથી વગાડાતું એક વાદ્ય.

ઝંતુ પૈતી ૧. [અર.] પું. જિંદગીનો ધણી.

૨. પું. (જ્યોતિષ) હોરોમ જોવાનું એક નામ.

ઝંદ ૧. [જ્ઞા.] જી. જરથુસ્ત્રના અનુયાયીઓની પ્રાચીન ભાષા.

૨. જી. (વહાણવટું) વહ.

૩. [જ્ઞા. ઝિંદ (જૂની પારસી ભાષા)] જી. વૈદિક સંસ્કૃતને મળતી આવતી ઈરાનીઓની એક પ્રાચીન ભાષા; તુર્કસ્તાન, ઈરાન, અમ્ય એશિયા, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન સુધી પથરાયેલી ઈરાની ધર્મરાજ્યની એક પુરાણી ભાષા. તેમાં ઈરાનીઓના એટલે કે પારસી આર્યોના ધર્મગ્રંથોનાં લખાણ લખાયાં છે.

પારસી ભાષાનું મૂળ ઝંદ ભાષા છે. પારસી શબ્દોની વ્યુત્પત્તિનું જ્ઞાન ઝંદ ભાષાના જ્ઞાન વિના થઈ જ શકતું નથી. કૌમુદી

ઝંદઅવેસ્તા [જ્ઞા. ઝિંદ ઉસ્તા] જી. પારસીઓનો એ નામનો એક મુખ્ય ધર્મગ્રંથ.

ઝંદઅવસ્તામાં જ્યાં "અવરને મિત્ર અહુર" (મહેરયશ્ત ૧૦: ૧૧૬) એટલે મહાન મિત્ર અને અસુર એવા શબ્દો છે. એ સઘળું બતાવી આપે છે કે આર્યોએ એક જમાનામાં પ્રભુને 'અસુર' એવું નામ આપ્યું હતું.

૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત

ઝંદઅવેસ્તા જુઓ ઝંદઅવસ્તા.

ઝંદાવસ્તા જુઓ ઝંદઅવસ્તા.

ઝંઘીક (ઝંઘીક) ૧. પું. એ નામનો ગ્રહ ભાષા બોલનાર એક વર્ગ.

૨. [અ.] પું. નાસ્તિક માણસ.

૩. વિ. ઝંઘ ભાષા બોલનાર.

ઝંઝો ૧. પું. બકરો. એ નામે એક ઊંચાગાડો રાજા થઈ ગયો હતો. તેનો વેરા બચાવાઓ બાબતે છે.

૨. જી. પું. આનંદી; ઊમળી.

૩. જી. પું. મસ્ત; માંચેલ પીધેલ અને શરીરે હૃષ્ટપુષ્ટ.

ઝંપ ૧. પું. (સંગીત) સાતનો એક તાલ; ઝપતાલ.

૨. [હિં.] પું. પોતાના ગળાનું એક ઘરેણું

૩. પું. જંપ; નિરાંત; આરામ; ક્રાંતિથી પરવારી કે મન વાળીને નિરાંતે બેસવું તે; નિવૃત્તિ; કામમાંથી પરવારી બેસવું તે.

૪. [સં.] પું. ઝંપાવવું તે; કૂદવાપડું; ઝંપાત; ઉતાળો, કૂદાકૂદ.

૫. પું. ઘોરવાળ.

જણા ઈ સેવાપારિણી રેઈ હાસડી ઝંપ.

આલ્હ

ઝંપક પું. (સંગીત) એક ખંડજાતિ દસ માત્રાનો તાલ; ઝંપો. તેનાં તાલસ્થાન ૧, ૩, ૬, ૮ સમ૧ માત્રા ઉપર છે. તેના ક્રોટહીન બોલ ધિના ૨ ધિધિતા તિના ૩ ધિધિતા બોલ્યા છે.

ઝંપતાળ પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ; અગ્નિવૃષ્ટિ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બાર રગણ મળી ચાર અક્ષર હોય છે.

ઝંપપાત પું. ઝંપાપાત; પડવું તે; કૂદકો મારવાપણું.

કૂબો કોયો બજુબાબા ઝંપપાત. રૈમાનંદ

ઝંપરિયા જુઓ ઝંપરી.

ઝંપરી [હિં.] જી. પાલખી ઝંડવાની બોલી; મજેરા.

ઝંપલાવવું ૧. [જુ. અપભ્રંશ] અ. ક્રિ. કોઈ પણ સાહસના કામમાં એકદમ ઊંડાણને એટલે કે ગાઢો વિચાર કે અનામતની પરવા પડવું, બાહોશ કરીને કૂદી પડવું; સાહસ કરવું; માદરસિક કામકાજમાં પોતે પોતાને નાખવું; પરણી બેસવું; કોઈ કામમાં કૂદી પડવું.

૨. અ. ક્રિ. બળતામાં નાખવું; બળને નાશ થાય એમ કરવું.

૩. સ. ક્રિ. બહુળાવવું.

ઝંપલાવું ૧. અ. ક્રિ. બહુળવું.

૨. અ ક્રિ. બળતામાં પેસવું; કબાણની અંદર પેસી જવું; ગકપાવું; દબાવું; બળને નાશ પામવું.

૩. અ. ક્રિ. વાદોમ કરીને કૂદી પડવું; પેસવું; ઝોકાવું.

ઝંપવું ૧. [સં. પમ્] અ. ક્રિ. આરામ લેવો; કરીને બેસવું; નિવૃત્તિ લેવી; દાટ પડવું; શાંત થઈ બેસવું.

૨. અ. ક્રિ. ઊંઘવું.

૩. સ. ક્રિ. બોલવવું; ગુંજાવવું.

૪. સ. ક્રિ. (જૂ. ગુ.) બોલવું.

માબાપ તુમ્હી ન ચાલિકિલ ચોરી ઝંપઈ કૂપ.

મધબાનાથ રોગાક્ષ પ્રબંધ સં. ૧૫૮૪

ઝંપા ૧. પું. (સંગીત) એક જાતનો તાલ; ઝપતાલ; ઝંપ. તેની દસ માત્રાઓ છે. તેમાં પહેલી, ત્રીજી, આઠમી માત્રા ઉપર તાલ આવે છે અને છઠ્ઠી ઉપર ખાલી આવે છે. વૈષ્ણવ સમ્પ્રદાયની હવેલીઓ કે મંદિરોમાં કીર્તનો સવાર છે તેમાં પહેલી, ત્રીજી અને સાતમી માત્રા ઉપર તાલ અને નવમી માત્રા ઉપર ખાલી એ સ્વરૂપ પ્રમાણે તાલ અપાય છે.

૨. [સં. ઝમ્પ (કૂદવું) + આ (નારીલિંગનો પ્રત્યય)] જી. કૂદકો; ઉછાળ.

૩. પું. (સંગીત) ચતુરશ્રજાતિ સાત માત્રાનો એક તાલ. ઝંપાતાલ. તેની ક્રોટહીના બોલ સમ ધા ધાત્રિતટ ૨ ધાત્રિતટ ૩ ધા તિટ ૪ ગુના બોલ્યા છે.

ઝંપાક [સં.] પું. વાનર; વાંદરો.

ઝંપાકી [સં.] જી. વાનરી.

ઝંપાતાલ [સં. ઝંપ + તાલ] પું. (સંગીત) ચતુરશ્રજાતિનો એક તાલ; ઝપતાલ. આ તાલ બધુ કેમનો હોવા છતાં આમાં દસ માત્રા હોય છે. તેમાં પહેલી નિશાની લઘુ એટલે ચાર માત્રાની, બીજી નિશાની પણ લઘુ એટલે ચાર માત્રાની અને ત્રીજી નિશાની દ્રુત એટલે બે માત્રાની એમ મળી કુલ દસ માત્રા હોય છે. તેની ગત

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
ધી	ધા	તૂ	ના	ક	તા	ધા	તી	ના	૬
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦૫	૦૫

આ તાલમાં સમ પહેલા ધી ઉપર છે અને આ ગતના અક્ષરોમાં તૃ ક જેમ બંને અક્ષરો મળીને એક માત્રા છે. બાકી બધા અક્ષરને એક માત્રા

છે, એટલે કુલ ૬૪ માત્રા છે. ઝંપાતાલનું પરમ્યુ:

ધા તી ૨ ક્ટ ત ક ત કી ટ
ડ ॥ ॥ ॥ ॥ ૧ ૧ ૧ ૧ ૧

ધા ધા ગી તી ટ ક ત ત કી ત ન ધા
ક ૧ ૧ ॥ ॥ ॥ ૧ ૧ ૧ ૧ ૪

પરમ્યુની નીચે માત્રાના આંકડા નકશામાં આપેલ છે તે પ્રમાણે જમણા હાથની મુઠ્ઠીથી બોલ બોલવાનો અભ્યાસ કરાય, તે પછી વગાડવાનો આરંભ થાય. આ બોલનો છેલ્લો અક્ષર ધા વગાડી લીધા પછી ઝંપતાલની ગત પ્રમાણે ત્રોને અક્ષર તુ પાસેથી વગાડવાનો આરંભ થાય છે. પરમ્યુના બોલનો આરંભ ગતની સમ પરથી કરાય છે.

ઝંપાપાત ૧. [સં. ઝંપ (કૂદકો) + આપાત (પડવું તે)] પું. આપઘાત.
૨. પું. ઓચિંતું કૂદી પડવું તે; ગાહોમ કરી કૂદી પડવું તે. જોયા વિચાર્યા વગર પડતું મૂકવું તે.
૩. પું. કૂદકી મારી પાણીમાં પડવું તે.
૪. પું. ભણતામાં ભુક્કો મારવો તે.
ઝંપાપાત કરવો = (૧) અગ્નિમાં પડીને બળી મરવું. (૨) આત્મઘાત માટે ઊંચેથી પડવું નાખવું. (૩) ભણતી ચિંતકોમાં ભુક્કો મારવો. (૪) મોટા જોખમકારક સાહસમાં પડવું.

ઝંપાક્રે ૧. [સં.] પું. વાનર; વાંદરો.
૨. સ્ત્રી. વાંદરી

ઝંપાવવું ૧ સ. ક્રિ. ઓલાવવું; કરવું; શાંત કરવું.
૨. સ. ક્રિ. ઝંપલાવવું; ગાહોમ કરીને કૂદી પડવું.

ઝંપાવું ૧. અ. ક્રિ. ભણતામાં ખેસવું; ભણાની અંદર પેસી જવું; ભણીને નાશ પામવું.
૨. અ. ક્રિ. ગાહોમ કરીને કૂદી પડવું, પેસવું.
૩. અ. ક્રિ. સંહોચ પામવું

ઝંપાશી [સં. ઝંપાયિન્] પું. પાણીમાં કૂદકો મારી માછલાં વગેરે ખાનાર પક્ષી.

ઝંપિત [હિ.] વિ. આચ્છાદિત; ઢાંકેલ.

ઝંપિની [સં.] સ્ત્રી. વાનરી.

ઝંપો પું. (સંગીત) એક જાતનો તાલ; ઝપતાલ; ઝંપ, ઝંપા.

ઝંઝ [અ.] પું. પ્રચંડ્યો તોફાની; ઘૂમરો.

ઝંઝટ [અ.] ન. ઝમેલા.

ઝંઝર ૧. સ્ત્રી. મહેમી જાતિની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટાજાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

ઝંઝિયો પું. મોટો ઝરો.

ઝંઝીલ ૧. સ્ત્રી. ઝોબળા.
૨ [બ.] સ્ત્રી. ટોપલી.
૩. સ્ત્રી. ખિસ્તરો, પખારી.

ઝંઝૂર ૧. [હિ.] પું. ઊંટ ઉપર લાદીને લઈ જવાની લાકડાની તોપ.
૨. [અ.] પું. લૂપરીવાળી નાની બંદૂક.
૩. પું. દાંત ખેંચી કાઢવાનો ચીપિયો.
૪. [બ.] પું. ભમરો.

ઝંઝૂરક ૧. [બ.] સ્ત્રી. એક જાતની તોપ.
૨. સ્ત્રી. નાની બંદૂક.

ઝંઝૂરચી [અ.] પું. નાની બંદૂક રાખનાર માણસ.

ઝંઝૂરા જુઓ ઝંઝૂર.

ઝંઝૂરૂક સ્ત્રી. ઊંટ ઉપર લાદીને લઈ જવાની એક જાતની તોપ.

ઝંઝેઝંઝે ૧. [સં. જ્વ + અંસ] અ. જ્વે; જ્વ અંસે.
ઝંઝેઝંઝે કરવું = (૧) ઊંચકવું; છરે હાથે વાપરવું (૨) ગાભણીઓ કૂદવી; આનંદનું ઘેલાપણું દેખાવું. (૩) તાનમાં કે આનંદમાં આવી જઈ બાલાવ્ય બાલાંવ્ય કરવું. (૪) ધિંગાણું કરી મોટો આનંદ ઉત્સવ ઊજવવો, ખૂલ્લે હાથે ખરચવું અને વાદવાદ થઈ રહે તેમ કરવું.
૨. અ. મનસ્વીપણે; ફાવે તેમ.

ઝંઝ્યે જુઓ ઝંઝેઝંઝે.

ઝંઝર પું. સાપુદાયિક આત્મઘાતક જોહર; ઝબોર; જબોર.

ઝંઝરપૂજે પું. (કબ્દી) ભાડૂ; ઢાઢી; ભાટ.

ઝંઝહાર [હિ.] વિ. ઢાળા રંગનું; ઝાળુ.

ઝંઝા [હિ.] પું. ન. ન. એક જાતના ચોખા.

ઝા ૧. [અ.] પું. અરબી ભાષાનો ૧૭મો અક્ષર. શુદ્ધ ફારસી ભાષામાં આ અક્ષર હોતો નથી. અબજદમાં તેની કીમત ૯૦૦ થાય છે
૨. [હિ. ઝોઝા] પું. મૈથિલ બ્રાહ્મણોનો એક પદવી.
૩. [સ.] સ્ત્રી. પાણીનો ધોધ.
૪. [બ.] વિ. જ-જેવું, સમાસમાં વપરાય છે. જેમકે, મીરઝા એટલે ખાનદાન કુટુંબના જ-જેવું.

ઝાઈ ૧. પું. આશ્રયદાતા; રક્ષક.
૨. પું. નીચ તરફથી અમુક વિચાર કબૂલ કરનારો હિમાયતી; હિમાયત કરનાર પુરુષ; વકીલ.
૩. [અ.] વિ. ગુમ થયેલું; નાશ પામેલું
ઝાઈ કરવું = ગુમાવવું; નાશ કરવું.

ઝાઈક (ઝાઈક્ર) [અ.] વિ. ચાખનાર.

ઝાઈકા (ઝાઈકૃા) ૧. [અ.] પું. મજા; સ્વાદ.
૨. પું. સ્વાદની ઇંદ્રિય.

ઝાઈચા [અ.] પું. જન્મકુંડલી.

ઝાઈદ ૧. [અ.] વિ. નકામું
૨. વિ વધારાનું.

ઝાઈદા [બ.] ન. સંતાન.

ઝાઈન ૧. [હિ.] સ્ત્રી. મહેરા ઉપરનો તલ સિવાયનો ઢાળો ભાગ.
૨. સ્ત્રી. પાઝામો.

ઝાઈર [અ.] પું. જનારું.

ઝાઈલ [અ.] વિ. ઓછું; ઓકું.

ઝાઈલોફોન [અં.] ન. લાકડાની પટીઓ ઉપર લાકડા અથવા લોખંડની નાની મોટી ચીપો મઢીને બનાવેલું એક જાતનું વાજું. તે નાની હથોડી અથવા દાંડીથી વગાડવામાં આવે છે.

ઝાઈ ૨. [હિ.] સ્ત્રી. જરીસ્ત ઉપરનો ઢાળો ભાગ
૨. સ્ત્રી. તલ; મસો.
૩ જો પડખાનો.
૪ જો. સાપું

ઝાઈઝપ્પા [હિ.] પું. ઉતરપિઠી.

ઝાઈઝાઈ [હિ.] સ્ત્રી. ખાણોની એક જાતની રમત. તેમાં એકબીજી ટોળાના દા દા જોખો અજાજ કરે છે.

ઝાઉ પું. એક જાતની વનસ્પતિ; અકૃમ્યિ; અરણ્ય. તેનું લાકડું બાજરા માટે, ઢોલકી બનાવવા માટે, વાડ કરવા માટે અને બળતણના કામમાં આવે છે.

ઝાઉસ ૧. [ઇ. આવૂસ (લશ્કર) કે ઝાઉસનો ઓબદાર)] પું. અમુક માણસોના ટોળાનો ઉપરી; મુકાદમ; નાયક; જમાદાર; ચ.ઉસ.
૨. વિ. ચીડિયું; જરા જરામાં ઊતરી પડવાના સ્વભાવવાળું; સહજ ચિમાર્યું બનું.

ઝાઝી જુઓ ઝાઝે.

ઝાઝ સ્ત્રી. તેજ; ભળ.
ઝાઝે ઝીલે ઝાઝ, દૂરે ત્રાડે કેસરી,
હરણાને બસ હાક, પોલાણ પાણી વિના.
બિહારી

ઝાઝઝકોર પું. પ્રકાશ કરી મૂકવો તે; તેજથી ભરી દેવાપણું.

ઝાઝઝમાઝ પું. ઝગઝ; ઝપાઝપી; ઝગડાઝટ.

ઝાકઝમાળ વિ. અજવાળાને લીધે સારી રોશનીથી ઝગારો રહેલું; પ્રકાશમાન; ઝગઝગાટ થઈ રહ્યું હોય એવું, તેજસ્વી.

ઝાકઝમોળ ૧. પું. આનંદ, મહાલવું તે.

૨ વિ. સ્વચ્છ અને સુસ્પષ્ટ; સાફ અક્ષરોનું.

ઝાકટિયા પુ (બા મ) એક જાતનો ઘોડો.
ઉમરિયા, નીમરિયા ઘોર,
ઝાકટિયા ઝોકટિયા ઘોર. લાવણ્યસમય

ઝાકડું ન. ખૂબ વરસાદ આવી જવા છતાં આકાશ ઘેરાયેલું રહેતું હોય, ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય અને હવામાં ઠંડીનાશ જરાયે ન આવી હોય એવો વખત; દુર્દિનતા; ઝાંખો દિવસ; વરસાદ અને ખૂબ ગરદીવાળો સમય; ધૂંધળો દિવસ.

ઝાકડી (ઝાકરી) જુઓ ઝાકરી.

ઝાકમઝોર ૧. વિ ફેરાવર; મસ્ત.

૨. જુઓ ઝાકમઝોળ.

ઝાકમઝોળ ૧. [સં. ઝંકૃત (અનુરણાટ) + ઘોષ (ગૂંજવું તે)] સ્ત્રી. જોઈએ તેટલું મળવાથી મનમાં આવેલું આનંદનું ઊભરણું; ઉત્સાહ; આનંદનો ઊભરો; પુષ્કળતાને લીધે થયેલી આનંદકારક મનસ્તૃપ્તિ.

૨. ન. અજવાળું; ઝગઝગાટ.

૩. વિ. સ્વચ્છ; સુસ્પષ્ટ; સાફસાફ.

ઝાકરિયો પું. નાનો પહોળા મોંનો માટીનો કટોરો.

ઝાકરી [હિં.] સ્ત્રી. દૂધ દોહવાની બટલોઈ.

ઝાકરો પું. રોટલા ઢાંકી રાખવાનું ઢાંકણાવાળું એક જાતનું વાસણ.

ઝાકળ ૧. સ્ત્રી.ન. અભિમાન; ગર્વ; તોર.

૨. સ્ત્રી.ન. ઓસ; તુષાર; હાર; હિમ; નિહાર.
૧. ઝાકળ ઉતારવી = ચુસ્તી કાઢી નાખવી; આળસ તથા તેજ વગર એમ કરવું.
૨. ઝાકળ ઉતારવી = (૧) મહેનત મારી હલકું કરવું; ખોખરું કરવું; પગમાંથી; ખમીર પાડવું. (૨) માર મારી હલકું કરવું
૩ ઝાકળ ઊતરવી = (૧) દિવસ ઊગ્યો ને ચાલ્યો. (૨) વનસ્પતિ ઉપર ઠરેલા જળકણ સૂર્યનાં કિરણોથી ઊડી જવા.
૪. ઝાકળ પડવી = દિવસે ગરમ થઈને ઊંચે ચડેલી હવાનું મળસકે ઠંડીના જળકણરૂપે નીચે પડવું. સાધારણ ઝાકળથી વનસ્પતિ અને પાક પોષાય છે, જ્યારે અત્યંત ઠંડી હવાને લીધે પડેલા કારથી તે હીમસર્ગ જઈ બળી જાય છે.

૫. ઝાકળજળું = તાળું. રાતના પાછલા ભાગમાં ઝેટલેક પરોઢિયે પડતું ઝાકળ પડે છે, તે ઉપરથી આમ વપરાય છે.

ઝાકળબાકળ જી. ઝાકળ.

ઝાકળમાળ જી. પાણીનાં મોતીઓ; જળકણ.

ઝાકળિયું ૧. ન. ઝાકળ પડવાથી સુકાઈને ભરી પડ્યું હોય એવું ખાનું.
ઝાકળિયું કૂડવું = જેમ આવે તેમ વગર વિચાર્યે ભડકા કરવું.

૨. વિ. ઝાકળના બારણ જળબિંદુને પોષતું; ચાસિયું; ઝાકળની મદદથી પાકતું. ઘઉં, બાજરો વગેરે ઝાકળથી પાકે છે, માટે તે ઝાકળિયું અનાજ કહેવાય છે.
ઝાકળિયા તલ = પુરબિયા તલ. આ તલ પૂર્વા નક્ષત્રમાં વવાય છે, ઝાકળથી વધે છે અને રંગે રાતા હોય છે.

૩. વિ. ઝાકળવાળું; ઝાકળ ભરેલું; જેમાં ઝાકળનો ઉદ્ભવ હોય એવું; ભેજથી ભરપૂર. જેમકે, ઝાકળિયું મળસકું.

ઝાકળી વિ. ઝાકળ સંબંધી; ઝાકળને લગતું
ઝાકળી વા = જે વાયા પછી ઝાકળ પડવા માંડે તેવો વા; ઝાકળ વરસાવનારો પવન.

ઝાકળો પું. રોટલા, રોટલી વગેરે રાખવાનું ઢાંકણાવાળું એક જાતનું વાસણ.

ઝાકઝોળ જુઓ ઝાખોળ.

ઝાકાઝીક જી. ઝીકાઝીક; સામસામે ઉપરાઉપર પડતો માર.

ઝાકિર (ઝાકિર) [અ.] વિ. કૃતજ્ઞ.

ઝાકુડ જી. સંતાકૂકડી જેવી એક રમત.

ઝાકોડવું (ઝાકોડવું) સ. ક્રિ. ઝુકાવવું; ઢાંકવવું.

ઝાખર [પ્રા.] ન. ઝાંખરું.

ઝાખાખેલ જી. ઝાકખેલ; આદિવાસી તાલુકાવાળાની એ નામની એક શાખા. તેનું રહેઠાણ મેદાન, જંગલવાળી અને ટેકરીવાળી જમીનમાં છે. તેની વસ્તી આશરે ૧૬,૦૦૦ માણસોની છે.

ઝાખું વિ. ઝાંખું; ફિક્કું; નિસ્તેજ.

ઝાખૂપાખું વિ. ફિક્કું; ઝાંખું
બીજે બીજે કે બગડ્યું,
ઝાખૂપાખું કે ઝગડ્યું. કેશવ હર્ષદ

ઝાગ ૧. [પ્રા.] પું. પાણી વગેરેનાં ફીણ.

૨. પું. મેલ; કચરો.

૩. પું. હીરાસી.

ઝાગટા જી. ઝાકટા; મુશ્કેલી.

ઝાગડુ (ઝાગડૂ) [હિં.] વિ. કજિયાખોર.

ઝાગુલ પું. એક જાતનો ઝોક.

ઝાઝ [ફા.] પું. ઝગડો.

ઝાઝલિયો પું. ઝાઝું વધારનાર માણસ; ઝાઝલિયો.

ઝાઝ ૧ [અ.] પું. હીરાસી.

૨. જુઓ ઝાઝ.

ઝાઝું જુઓ ઝાઝ.

ઝાઝ ૧. [ફા.] પું. નકામી અને નજીવી વાત.

૨. પું. નાવિક; ખલાસી; વહાણવટી.

૩ જી દાઝ; ઝાળ; રોષ.

૪. સ્ત્રી. રીસ.

૫. [ફા.] ન. જહાજ; વહાણ; બતેલો; નાવ; મોટું તરતું જળયાન.

૬. વિ. ઝાઝું. પ્રચિતમાં વપરાય છે.

૭. વિ. મોટું; વિશાળ.

ઝાઝખાએ [ફા.] વિ. અપશબ્દ બોલનાર.

ઝાઝરકિયા ૧. સ્ત્રી. કડવા કપૂરીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ઝાઝરું વિ. ઝાઝું; ઘણું; ખૂબ.
ખાધાં ઘોડાં ને ઠોકર્યાં ઝાઝરાં,
રે કાનો વાહોનો ધોર જો. લોકગીત

ઝાઝલો પું. એક જાતનો વેલો. જેનાં પાન કાચાં કે બાફીને રાની લોકો કુટુંબમાં ખાય છે.

ઝાઝા ૧. [હિં.] પું. સાંબ વડે બનાવેલું નક્કાશીવાળું મિશ્રણ; ઓછા પ્રમાણમાં વપરાતે બનાવે તેવી સાંબ.

૨. સ્ત્રી. સંતાકૂકડી જેવી એક રમત.

ઝાઝામાઝાં અ. ક્રિ વિ. સાંખી, આછો દેખાવ.

ઝાઝી પું. નાવિક; ખલાસી; વહાણવટી; ઝાઝનો માલિક; ઝાઝ હંકારવાનો ધંધો કરનાર માણસ.

ઝાઝું ૧. [ફા. અજાદા] વિ. ઘણું; બહુ; અતિશય; પુષ્કળ; વધારે.
૧. ઝાઝા હાથ રળિયામણા = સમુદાયના બળથી મોટાં કામ થાય તે વધારે ઝટ થાય; એકલા બળથી મોટાં મોટાં કામ બહાદી થાય.
૨. ઝાઝાવાળાને ઝાઝો પોલ = જેમ ઘણું મળે તેમ વધારે લોભ થાય; જેમ વધુ મળે તેમ વધુ વાંછના થાય.
૩. ઝાઝાં મળ્યાં ને ભાવ. દળ્યાં = એકની જ સલાહ સારી; ઘણી સૂઝાચૂકથી ભ્રમ ભાંગે; ઘણાને લીધે ભ્રમભાંજની અવસ્થા રહેતી નથી.
૪. ઝાઝાં મોંએ ઝાઝી વાત = લોક ઘણે

તેમ બોલે પણ એક વાત પકડી તે પ્રમાણે કરવું.

૫. ઝાઝી કીડીઓ સાપને તાણે = (૧) નાના પણ ઘણા હોય તો મોટું કામ કરે; નબળા પણ ઝાઝા હોય તે સબળાને હંફાવે. (૨) સંપ ત્યાં જંપ.

૬. ઝાઝી ધીર, ઝાઝું દીવાળું = (૧) ઘણી ઢોળાઢોળથી ઘણું દુઃખ હોય. (૨) ઝાઝી ધીરધાર કરવાથી ઝાઝી ઘરાકીની આવે.

૭. ઝાઝી વાત = મોટી વાત.

૮. ઝાઝી વાતનાં ગાડાં ભરાય = ટૂંકમાં કહીએ તો વાત આ પ્રમાણે છે.

૯. ઝાઝી સુધણીએ ચેતર ચંદે = ચૂંથાચૂંથી કામ બગડે; એક જ સલાહ સારી; ઘણાને લીધે કામકાજ બગડે અને બધામાં જળવાય નહિ.

૧૦. ઝાઝું કરે તે થોડા માટે = બહુ હોડે તે થાકી જાય.

ઝાઝુંથોડું (ઝાઝુંથોડું) વિ. ઓછું અઘરું.

ઝાઝેરું ૧. વિ. ઝાઝું; ઘણું; વધારે; પુષ્કળ. આ શબ્દ ઝાલિસવાચક છે ને કવિતામાં વપરાય છે.

૨. વિ. બોકુ વધારે.

ઝાઝેરુંક ૧. વિ. પુષ્કળ; ઘણું.

૨. અ. મોટા પ્રમાણમાં.

ઝાઝો પું. વહાણ ચલાવનાર પુરુષ; વહાણવટી; ઝાઝી.

ઝાટ ૧. પું. જખમ વગેરેને પાણીથી ધોઈ સાફ કરવાપણું.

૨. પું. નિકુંજ; લતાગૃહ; લતામંડપ.

૩. પું. વન; ઝાડી; રાન; અરણ્ય.

ઝાટકે પું. આંચકો.

ઝાટકઝૂટક અ. ઝાપટઝૂપટી વગેરેને ઝાટકી નીપટી સાફ કરવાપણું

ઝાટકઝૂડક (ઝાટકઝૂડક) જુઓ ઝાટકઝૂટક.

ઝાટકઝૂમડ અ. ઝાટકઝૂટક; ઝાપટઝૂપટી વગેરેને ઝાટકી નીપટી સાફ કરવાં તે.

ઝાટકઝૂમડ (ઝાટકઝૂમડ) જુઓ ઝાટકઝૂમડ.

ઝાટકણ અ. અનાજ વગેરેને ઝાટકતાં નીકળેલો કચરો; ઝાટકતાં બહાર નીકળતો કોઠાં, કોતરાં વગેરે કચરો; ઝાટકામણ.

ઝાટકણી ૧. સ્ત્રી. ઝાટકણ; ઝાટકામણ; ઝાટકતાં નીકળેલો કચરો.

૨. સ્ત્રી. ઝાટકવાનું મહેનતાણું.

૩. સ્ત્રી. ઝાટકવું તે; ઝાટકવાની ક્રિયા; સપડા વડે સોયું તે.

૪. સ્ત્રી. સખત કપડો; ખૂબ ખખડાવવાપણું.

ઝાટકણી કાઢવી = ઉતારી પાડવું.

ઝાટકપટ પું. નગરદ્વાર; દરવાજા. રજપૂતાનાના રાજદરબારોમાં બહુ પ્રતિષ્ઠિત સરદારોને બજાવવા છે.

ઝાટકવું ૧. સ. ક્રિ. અનાજ વગેરેને તે માટેનાં કોતરા ઊંડી નજર અને કચરો જુદો પડે તેમ સૂપડામાં નાખી ઊછળીને હલાવવું; સોયું; ઊપણવું; સૂપડાથી અનાજ વગેરે સાફ કરવું. ઝાટકવામાં ભેરથી તરબોળવાનો અર્થ રહેલો છે. ઝાડકવામાં હલાવી ઊછાળીને સાફ કરવાનો અર્થ છે. બંને લગભગ સરખા જ અર્થમાં વપરાય છે. પરંતુ ઝાટકવામાં ઝપટ મારીને કચરો કસ્તર ઉડાડવાનો એટલે સાફ કરવાનો અર્થ રહેલો છે. જેમકે, સરસામાન ઝાટકીને સાફ કરવો અને અનાજ ઝાડકીને સાફ કરવું.

હાથ ઝાટકીને = નિરાશ થઈને.

૨. સ. ક્રિ. ખૂબ કપડો આપવો; ઝાટકો આપવું; સપડાવવું; સામા માણસને મોહમોહ તેના દોષ બતાવી દે માટે તેને સખત કપડો આપવો.

ખૂબ ઝાટકવી = ખૂબ કપડો આપવો.

૩. સ. ક્રિ. ખૂબ માર મારવો.

ઝાટકી નાખવું = (૧) અતિ સહજમાં કરવું (૨) માર મારીને હલકું કરવું; માર મારીને પાંસરું કરી નાખવું. (૩) સારી પેઠે કપડો આપવો; ખૂબ ખખડાવવું.

૪. સ. ક્રિ. ભેરથી ભખેરવું; ઝપટ મારીને ઉડાડવું; કોર્યું પરતુ ઉપર પડેલી ધૂળ કે રજ કપડાના ઝટકાની ઝાપટ મારીને ઉડાડવી.

૫. સ. ક્રિ. બિછાનાં વગેરેને તેમાં ભરાયેલો કચરો ને રજ ઊડાડી દેવા હવામાં ભેરથી તરબોળવાં.

૬. સ. ક્રિ. ભોંય પખાળવું.

ઝાટકિયા ૧. સ્ત્રી. દરજીઓની ચાલુવા અને કચ્છીની એ નામની એક ભટક.

૨. ન. એ નામની ભટકનું માણસ.

૩. વિ. એ નામની ભટકનું.

ઝાટકો ૧. પું. અનાજ વગેરે ઝાટકતાં ઝટકાતી વસ્તુને ઊછાળી ભેરથી મારવામાં આવતી ઝાપટ; ઊછાળીને ઊડાડી મૂકવું તે.

૨. પું. ઓચિંતો થા પડ્યો હોય એવી મગજ ઉપર થતી તીવ્ર દુઃખાનુભવની અસર; જ્ઞાનતંતુઓને એકદમ આઘાતજનક દુઃખ થઈ આવવું તે.

ઝાટકો લાગ્યો–વાગ્યો = (૧) અત્યંત દુઃખ લાગ્યું; સખત લાગણી દુભાણી. (૨) મહેનત પડી.

૩. પું. કટુ વચનથી મનમાં થતી તીવ્ર અસર; મહેણાંટોણાંની રીસવાળી લાગણી; રીસ; રોષ.

૧. ઝાટકો ચડ્યો = રીસ ચડી; રોષ ચડ્યો.

૨. ઝાટકો મારવો = બોધ્ય વખતે તીવ્ર અસર કરે એવી રીતે સખત મહેણું મારવું.

૪. પું. જનાવરના કરડવાથી એકાએક થતી અસર. સાપ કરડે કે તુરત મગજમાં ઝાટકો લાગે છે.

૫. પું. ભેરથી ઊભામી કરેલો ઘા; ઝટકો; ઘા; ઘાપે એવા હથિયારનો સખત ફટકો; આઘાત; બીજાને મારેલ હથિયાર કે હથોડાની ઝાપટ.

૬ પું. ભેરવેલ ખેંચ; આંચકો.

૭ પું. ઝટકો; રહીરહીને થતી અસહ્ય વેદના.

૮. પું. ઝાપટ મારીને ઊડાડી મૂકવું તે.

૯. પું. તરવાર; ખડ્ગ.

૧૦. પું. શરીરમાં માંસનો પાક થતાં કે ઘાત વગેરે પડતાં ન સહન થાય એવી રહીરહીને મર્મ આવતી તીવ્ર વેદના; પાકલ્લા.

ઝાટલ [સં.] પું. મોખા નામનું ઝાડ. આકડાની માફક તેમાંથી દૂધ નીકળે છે

ઝાટા ૧. [સં] સ્ત્રી. જટા; ઝૂલતી વેલ.

૨. સ્ત્રી. જોંધઆંબલી.

ઝાટામલા [સં.] સ્ત્રી. જોંધઆંબલી.

ઝાટાસ્રોત [સં.] ન. એક જાતનું તરભૂત્ર.

ઝાટાસ્રોતક જુઓ ઝાટાસ્રોત.

ઝાટિકા ૧. સ્ત્રી. જટૂલની વેલ.

૨. સ્ત્રી. ઝાડની ઘટા; ઝાડી.

૩. [સં.] સ્ત્રી. જોંધઆંબલી.

ઝાટી જુઓ ઝાટિકા.

ઝાટોડવું (ઝટોડવું) ૧. સ. ક્રિ. કોર્યું ને ઉતરીને કચરો પણ વળગ્યા વગર, ઉતરીને હલકો માલ વેગળો.

૨. સ. ક્રિ. ખાવાની ચાપડ દેવી; ખૂબ ખાવું

૩. સ ક્રિ. ઘા મારવો.

૪. સ. ક્રિ. વચન મારવું; સખતાઈથી મોહામોઢ કહેવું

૫. સ. ક્રિ. હાથ મારવો; ઊતાપત કરવું.

ઝાડ (ઝાડ) ૧. ન. અગ્નિની ઝરમી.

૨. [હિ.] ન. એક જાતની ઔષધિ.

૧. આક કડીનું ઝાડ = નેતરની જોડધી કરેલી એક જાતની ઔષધિ.

૨. કલ્પાંતનું ઝાડ = વંસની ખાપમાં ખજૂરીનાં પાનની ચૌદ છેડે ઘરખાનું બાંધી દાણવથી બનાવ થાય એવો બનાવેલો ઝાડનો આકાર.

૩. ગોદાનું ફરતું ઝાડ = કોઈ જોવા દેખાવની ઔષધિ. તેમાં ટેટા અને ફરતી ચકરીઓ બંધાય. તેની વાટને દાણવથી તે વહેરે છે.

૪. ગોળ પૂનીના દાણા દેખાવનું ઝાડ = એક પ્રકારની ઔષધિ. તેમાં બોર જાણ

લોઢાની ધરીમાં ગોળ દડા જેવો દેખાવ હોય. તેમાં મેતાજ તથા ઝાલગ અવળસવળ ભાંખવાથી તેને સળગાવતાં ઊંધુંચત્તું કરે.

૫. ગોળાનું ઝાડ = એક જાતની આતશબાજી. લીંડીનાં દોરડાં ઉપર દારૂ લગાવી તે સુકાઈ જવાથી વાટ બને. તેને બાપમાં બાંધી આ ઝાડ સળગાવાય છે.

૬. ચકરીનું ઝાડ = એક જાતની આતશબાજી. વાંસની પ્રતળી અથવા પતરાની ભૂંગળીમાં દારૂ ભરી વાટ પાર્શ્વ ગોઠવેલ આ ઝાડ સળગાવવાથી ઘૂમે છે.

૭. ચમેલીનું ઝાડ = એક પ્રકારની આતશબાજી. તેમાં અવાજના ટેટા બાંધી બાકીનું ખોડી રોને ઊંચે નીચે આપ બાંધી વાટ પાર્શ્વ વળોટવાથી અવાજ થાય છે.

૮. ચોપાટનું ઝાડ = લાલ પીળા મેતાબોને ચોપાટના આકારમાં ગોઠવી બનાવેલી આતશબાજી. તે વળોટવાથી સુંદર દેખાય છે.

૯. તેળાવના પાણીના ધોધના દેખાવનું ઝાડ = પાણીના ધોધના દેખાવની એક જાતની આતશબાજી. તેમાં મોટા લાંબા પાટિયામાં ધૂમિમેન રંગની મેતાબો અવળસવળ જરબાબંધ ગોઠવેલ હોય છે. તે વળોટવાથી ધોધ પડતો હોય તેવું દેખાય છે.

૧૦. તારામંડળનું ઝાડ = નાના પ્રેક્ષા જેવા દેખાવની એક આતશબાજી. તેમાં તારાગોળીના પ્રતરા ફરતા બાંધ્યા હોય છે. તેને વળીમાં બાંધી ઊભી કરી વળોટવાથી ફંગોરંગી ફૂટે છે.

૧૧. ફરવાલની કમાનનું ઝાડ = કમાનનો દેખાવ કરી તેમાં મેતાજ બેસાડી વાટ પાર્શ્વ વળોટાતી એક જાતની આતશબાજી.

૧૨. બંગલાનું ઝાડ = બંગલાની કમાન જેવા દેખાવની એક આતશબાજી. તેમાં મેતાજ બેસાડી વાટ પાર્શ્વ વળોટાય છે.

૧૩. માટલીનું ઝાડ = માટીની માટલીમાં દારૂખાનું, ઉંમોરિયાં, બાજુના પ્રતરા વગેરે ભરી સળગાવવાથી ફૂટે અને નાસભાગ થાય એવી આતશબાજી.

૧૪. સાપોલિયાંનું ઝાડ = એક જાતની આતશબાજી. તેમાં સાપ જેવો દેખાવ કરી વાંસના અવળસવળ પ્રતરા ઊંડે બાંધવામાં આવે છે. તેની વચ્ચે મેતાજ ભરી વાટ પાર્શ્વ વળોટવાથી સાપોલિયાં આકાશવળાં ફરે છે.

૧૫. સાવજ-હરણના દેખાવનું ઝાડ = પચીસ ફૂટની લંબાઈને એક છેડે સાવજ અને બીજે છેડે હરણનો દેખાવ કરેલો હોય એવી આતશબાજી. તેને દારૂ ભરેલા પ્રતરા બાંધી વળોટવાથી સામસામા ભાવજ કરે છે.

૩. ન. એક જાતનું તાળું.

૪. ન. ગુચ્છો, ઝબ્બો.

પું. [સં. ઝાટ; પ્રા. ઝાઉ] વ. જંગલમાં ઊગી ઊંચાં મૂળ નાખી ઊંચી વધતી વર્ષાયુથી વિશેષ આયુષ્યવાળી મોટી વનસ્પતિ; વૃક્ષ; તરુ; મહીરુહ; પાદપ. દીર્ઘજીવી વનસ્પતિ ઝાડ કહેવાય છે. ઊંચાઈ, વિસ્તાર અને આયુષ્યના પ્રમાણાનુસાર તેના પણ વર્ગ અને ભેદ છે, તોપણ પણું કરીને પંદર વીસ હાથથી ઊંચાં અને થાળો વખત છતે એવાંની ઝાડમાં ગણના થાય છે. આંબા, આમલી, લીમડા, સાગ વગેરે ઝાડ કહેવાય છે. બહુ ઊંચાં નહિ અને ઘણા વર્ષ છતે પણ નહિ એવાંની ઝોડ કે ઝાડવામાં ગણના થાય છે. કુલઝાડ, લીંબુડી, મધ્યમ કદની વનસ્પતિ એ ઝોડ કહેવાય છે. કેટલાક માને છે કે, અસાર, અંતઃસાર, બહિઃસાર અને સર્વસાર એમ ઝાડના ચાર પ્રકાર છે. કેટલાક ઝાડ ફૂલનાં અને કેટલાંક ઝાડ ફળનાં હોય છે. કેટલાંક ઝાંખરાં આપવાને જ કેટલાંક છોબા માટે હોય છે. કેટલાંક ઝાડનાં લાકડાં ઇમારત, વહાણ વગેરે બાંધવાના કામમાં આવે છે. ઝાડ લીલાશ લેતા કાળા કે કાળા રંગનાં હોવાથી તે પોતાના રંગથી ઉષ્ણતા નહિ જેવી કરવા સાધનભૂત થાય છે, એટલે કે ઝાડ કે છાંહી ઉત્પન્ન કરે છે. ઝાડ પોતાના લીલા કાળા રંગથી કાર્બોનિક એસિડના પૃથક્કરણથી તથા પાણીનું આપજ્વન કરવાથી આપણા દેહને પોષતી અસલની વસ્તુ દાદ કે છાંહી ઉત્પન્ન કરે છે. જેમ નરમાદાના પરસ્પર સમોગથી પશુ, પક્ષી વગેરે પ્રાણીઓમાં બચ્ચાં પેદા થાય છે, તેવો જ ઝાડની ઉત્પત્તિનો વિષય છે. વળી ઝાડને પ્રાણીઓની પેઠે ઐચ્છિક ગતિ તથા જ્ઞાન નથી તથા તે પ્રમાણે બ્રેઇનરી પણ નથી, તોપણ જ્ઞાનોપયોગી આપાર તથા તે તે આપાર કરનારા અવયવ એ બંનેમાં સરખા છે એમ વનસ્પતિશાસ્ત્ર માને છે. ઝાડની જેમ વધારે ઘટા હોય તેમ તો વરસાદ વધારે આવે છે. વળી મુસાફરોને તે છાંયો કરે છે. ઉષ્ણકટિબંધ પ્રદેશમાં ઝાડ અને છોડ વગર ઝાડે લાંબુમો ઊંચી જાય છે. પ્રાણીઓની બાદક ઝાડની છાલ અને પાંદડાંઓ ખરી પડે છે. એક એવી જાતનું ઝાડ છે કે તે માખી આણ છે. માખી પકડનારા આ ઝાડનાં પાતરાં ઉપર બારીક કાંટાવાળી તણ હાર હોય છે. તે કાંટામાં જરા વાળ અડવાથી તરત પાતરાં વળી જાય છે. એને આપણે ઝાડનો રસ કહીએ છીએ તેમાં ઘણા પદાર્થો હોય છે. તે પ્રવાહી ખોરાક મૂળિયાંની મારફતે થઇ અને પ્રાણીઓમાંથી પસાર થતો થતો પાંદડામાં આવી પહોંચે છે. ઝાડની સપાટીની અગણી તથા પાંદડાંની અંદર આવ્યાથી એ રસની ઉપર સૂર્યના પ્રકાશની અસર થઈ શકે છે. આ અસરથી રસ માંહેનું ઘણું પાણી વરાળ પ્રમાણે પાંદડાંમાંનાં અતિ બારીક છિદ્રો અને ઝાડની ઉપર વીંટાયેલાં ચામડીનાં પડને મળે ઊડી જાય છે. આથી રીતે ઝાડ ગમે તેવી ગરમ ઋતુમાં પણ ઠંડું રહી શકે છે. સૂરજમુખીનો છોડ એવી રીતે ચોવીસ કલાકમાં ઘણું પાણી વરાળરૂપે બહાર કાઢે છે. ઓક કે બીજ જેવું ઝાડ તો તેટલા અરસામાં કેટલાક ગેલન બહાર કાઢે છે.

૧. ઝાડ ઊગાડવાં-માથે ઝાડ ઊગાડવાં = બહુ દુઃખ દેવું; બહુ કનડગત કરવી.

૨. ઝાડ ઉપર ચડવું = (૧) ખોટી મોટાઈ દેખાડવી. (૨) પોતાના વિચાર ઉપર મુસ્તાક રહેવું; કુલાઈ જવું; મગરૂર થવું; પોતે મોટો અને ખરો છે એવા અભિમાનમાં મસ્ત રહેવું; બહેકી જવું; છાપરે ચડવું; પતરાજખોર થવું.

૩. ઝાડ ઊતરવાં = બહુ બહુ વીતવું.

૪. ઝાડ ઊતરવાં ભારી હોવાં = અતિશય દુઃખ પડેલું હોવું.

૫. ઝાડ કરવું = વાત વધારવી; વાતને નાનામાંથી મોટી કરવી.

૬. ઝાડ જેવાં દળ = જેની અસલ જાત હોય તેવું થાય.

૭. ઝાડ ચતુ-ચાવું = (૧) કોઈ બાબત સાંભળતાં જ ગુસ્સાથી રાતાપીળા થઈ જવું; ક્રોધથી ઊભા થઈ જવું; ક્રોધને લીધે ખૂબ તપી જવું. (૨) ઘોડાનું આગલા બે પગ ઊંચા કરીને પાછલા બે પગ ઉપર ઊભા થવું. (૩) જનાવરે બે પગે ઊભા રહેવું.

૮. ઝાડના પાંદડા ઉતારવા = બહુ જ અટકચાળું હોવું.

૯. ઝાડનું નમક = પોટાશ અને સોડાસાની ક્ષાર.

૧૦. ઝાડને આંખ આવવી = એક જાતની આંખ થઈ તે જ જાતના બીજા છોડ ઉપર ચડાવવી.

૧૧. ઝાડને નામે દળ વેચાય = પ્રખ્યાતિને લીધે બીજાને પણ હાવદો થાય.

૧૨. ઝાડનો હિલ્લો = ગીધ ઝાડીના આશ્રયમાં બાંધવામાં આવ્યો હોય તેવો હિલ્લો.

૧૩. ઝાડપટ્ટી કરવી = (૧) ખૂબ ધમકાવવું; ઝાટકો નાખવું; સખત માર મારવો. (૨) ખૂબ માર મારી પાંસરો કરવું.

૧૪. ઝાડપંખાળું = તોફાની; દુષ્પ્રકૃતિવું. વાંદરું એક ઝાડથી બીજે ઝાડ એમ કેટલાંક ઝાડ ઉપર કૂદાકૂદ કરી મૂકે છે. કે ઉપરથી

સાધારણ રીતે એક ને એક જગ્યાએ સ્થિરતાથી બેસી ન રહેવાય એવા સતપ્રતિશ અને ઉદ્‌ભાતિયા બાળકને વિષે બોલાય છે.

૧૫. તું ઝાડે ઝાડ ફર્યો છે, પણ હું તો પાંદડે પાંદડે ફર્યો છું = તેં બધું જોયું છે પણ હું તો ખૂણાખાંચરા સુધ્ધાં તપાસી તપાસી જોઈ વળ્યો છું.

૧૬. નાનું ઝાડ જેમ વાળીએ તેમ વળે = કચી બુદ્ધિ જેવી કેળવીએ તેવી થાય; કચી કોઠીએ ઢાંઢા ચોંટે.

૧૭. બીજા ઝાડનાં મૂળ બાવાં = બગાઈનો દુરુપયોગ કરવો.

૬. ન. ઝાડ જેવું ઘાસે એમ બનાવેલી, ઢાળાપાંખાંવાળી કોઈ પણ આકૃતિ; જમીનમાં જોખી દ્વાર અને કાગળ ઉપર લખાય એવી રચના, બનાવટ, કારીગીરી કે આકાર. જેમકે, રોશની કરવા માટે કરેલું દીવાનું ઝાડ, ઝાડના આકારનું દીવાનું ઝુંબર, દીવાનો ઝૂમખો, આતશબાજીનું ઝાડ.

૭. ન. ઝાડના આકારમાં ચીતરેલી વંશાવળી; ગોત્રનો આંબો.

૮. ન. ઝાંખરું; ઝરૂંડ.

૧. ઝાડ વસાવવું = કનિષ્ઠો કરાવવો.

૨. ઝાડના ઢાંઢા = (૧) કનિષ્ઠાબ્રોર પુરુષ. (૨) ઝાંખરાના ઢાંઢા.

૩. ઝાડના ઢાંઢા થવા = (૧) ગૂંચવાવું. (૨) બળોની માફક ચોંટવું

૯. ન. ભારે વરસાદ; સતત ઝાપ વરસાદ.

ઝાડ ખાંધવું = અટકયા વગર વરસાદ ઝાપવો.

૧૦. ન. રેગ.

૧૧. ન. સમુદ્રમાં ઉત્પન્ન થતું એક પ્રકારનું ઘાસ.

જાડકચૂડક (ઝાડકચૂડક) જુઓ ઝાડકચૂડક.

જાડકચૂડક (ઝાડકચૂડક) ૧. ન. અનાજ વગેરેને ઝાડકી વીણીને સાફ કરવાનું રામકરજ; ઝાડકવું અને ઝાપડવું તે.

૨. ન. ઘરબાર અને સરસામાનને વાળી ઝાપડીને સાફ કરવાપણું.

જાડકચૂમક (ઝાડકચૂમક) જુઓ ઝાડકચૂડક.

જાડકચૂમડ (ઝાડકચૂમડ) જુઓ ઝાડકચૂડક.

જાડકણ (ઝાડકણ) ન. અનાજ વગેરે ઝાડકવાથી નીકળતાં ફોલાં કે કમરો; ઝાડકામણ; ઝાડકામણ.

જાડકવું (ઝાડકવું) ન. ઝાડકવાનું સાધન.

જાડકણુ (ઝાડકણુ) ન. ઝાડકતાં નીકળેલો કમરો.

જાડકવું (ઝાડકવું) ૧. સ.ક્રિ. અનાજ કે દાણાદૂણી સૂપડા વડે સોઈ ઉપણી બીજાને સાફ કરવું; સૂપડા વતી સાફ કરવું; ઝાડકણુ; સૂપડા વડે ઊપણવું. ફર્નિચર ઝાટકીને સાફ કરવું અને અનાજ ઝાડકીને સાફ કરવું એમ કહેવાય.

૨. સ.ક્રિ. જોરથી ખભેરવું; ઝાપટવું.

૩. સ ક્રિ. ઝાપટી સાફ કરવુ.

૪. સ ક્રિ. કપડો કેવો; ખૂબ કપડો ઝાપવો.

૫. સ.ક્રિ. તરબોળવું; જોરથી ભેગી લેવું.

જાડકાતર (ઝાડકાતર) સ્ત્રી. ઝાડનાં પાદડાં કે નાની ડીરખીઓને કાતરવાનું સાધન; મુલાકડેગી.

જાડકો (ઝાડકો) ૧. પું. ઝાડકવું તે; ઝાડકવાની ક્રિયા.

૨. પું. ઝાડકેલો કમરો.

જાડખડબૂસું (ઝાડખડબૂસુ) ન. પચનસ.

જાડખંડ (ઝાડખંડ) ૧. પું. ચૂતિયા અથવા છોટાનાગપુરના રાજ્યનો એ નામનો પ્રદેશ; ઝોકરા. છોટાનાગપુરના રાજા માધુસિંહ ઉપર વિજય મેળવીને અકબરે આ રાજ્ય મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દીધું હતું. હાલ ચૂતિયા રાજ્યની પૂર્વે ને આર્કિ ઉપર આવેલું એક મુક્ત રાજ્ય છે. છોટાનાગપુરના નાગવંશી રાજાઓની મૂળ રાજધાની અહીં હતી એવી આખ્યાયિકા છે. આ રાજ્યો પુંડરીક નાગના વંશજો કહેવાય છે. ડો. ભૂયાનના મંતવ્ય પ્રમાણે વીરભૂમ અને બનારસ વચ્ચે આવેલા કુંવરાળ પ્રદેશને ઝાડખંડ કહેતા. વીરભૂમને બગાડી વીરરેશ કહેતા અને નગર એની રાજધાની હતું. સતાલ પરગણું ઝાડખંડમાં ગણાતું.

૨. [હિ.] પું. જગલ; જેમાં વિશેષ ઝાંઢાળાં ઝાડ હોય એવો વનનો એક ભાગ.

૩. વિ. ઝાપાઝાંખરાવાળું.

જાડખંડી વૈજનાથ (ઝાડખંડી વૈજનાથ) ન. વૈજનાથ અને તેની આસપાસનો પ્રદેશ. કુંવરા અને ઝાડથી ભરપૂર હોવાથી આ નામથી આ સ્થાન પ્રસિદ્ધ છે.

જાડગીજડી (ઝાડગીજડી) ૧. સ્ત્રી. પોપૈયાનું ઝાડ.

૨. સ્ત્રી. પોપૈયું.

જાડઝડૂસ (ઝાડઝડૂસ) ૧. સ્ત્રી. ઝાડી.

૨. સ્ત્રી. સાધનસામગ્રી.

જાડઝટક (ઝાડઝટક) સ્ત્રી. વાળઝોળ; ઝાટકણી.

જાડઝંખાર (ઝાડઝંખાર) ૧. પું. રેગ.

૨. ન. બ.વ. ઝાંખરાં.

જાડઝાટક (ઝાડઝાટક) સ્ત્રી. કમરોકૂંપને ઝાટકવાની ક્રિયા; ઝાટકણ કરવું તે.

જાડઝંઝાર (ઝાડઝંઝાર) સ્ત્રી. ગીચ ઝાડી; ઝાંટીઘૂંટીવાળી ઝાડી.

જાડઝૂડ (ઝાડઝૂડ) સ્ત્રી.; ન. ઝાડવું અને ઝૂડવું તે; ઝાડુ એટલે સાવરણીથી વાળીને તથા સૂતરના કટકાથી ચૂડી ઝાપટીને સાફસૂફ કરવું તે; વાળઝૂડ; સાફસફ.

ઝાડઝૂડ કરવી = સાફસૂફ કરવું.

જાડઝ (ઝાડઝ) ૧. [સ.] ન. ઝાડવું તે.

૨. ન. હિસાબની ચોખવટ.

જાડદાર (ઝાડદાર) ૧. પું. તાંબાનો સિક્કો.

૨. પું. વેલબૂટાવાળો એક પ્રકારનો ઝાલીનો.

૩. વિ. કાટવાળું.

૪. વિ. જેના ઉપર ઝાડ, વેલબૂટા વગેરે કોતર્યું હોય એવું

જાડદાંડિયો (ઝાડદાંડિયો) પું. એ નામની એક રમત; ઝાડપીપળી.

જાડન (ઝાડન) ૧. [હિ.] ન. કમરો.

૨. ન. ઝાડ ઉપરથી ફળની પેટી પાડવાની ક્રિયા.

૩. ન. ઝાપટવાનું કપડું; સાફ કરવાનું લૂગડું.

૪ ન. ખજૂર.

૫. ન. વાળઝોળ.

જાડપટોળાં (ઝાડપટોળાં) ૧. ન.બ.વ.ચુડારપટોળાં; ઝારપટોળાં; બેસતા વર્ષને દિવસે ઝાકીપીંદ લેવા ચુડાર કરવા તે.

૨. ન.બ.વ. નવા વર્ષનો પ્રથમ દિવસ; વિક્રમ સવતનો કાર્તિક શુકલ બેસતા વર્ષનો પહેલો દિવસ. તે દિવસે નાનાં બાબુસો અને નોકર વગેરે મોટા માણસને ચુડાર કરવા જાય છે અને મોટો માણસ તેમને પટોળાં એટલે પટકૂળ વગેરે ભેટ આપે છે.

જાડપવું (ઝાડપવું) સ.ક્રિ. એકદમ ઝાઝું લેવું; ઝડપવું.

જાડપહાડ (ઝાડપહાડ) ન. વિષમાંતર; એક બાબતને છોડી બીજી બાબત ઉપર ઊતરી પડવું તે.

જાડપંખાળું (ઝાડપંખાળું) વિ. તોફાની; દુદાદુદિયું; એક ઠેકાણે શાંત બેસી ન રહે એવું. પાંદડું એક ઝાડથી બીજે ઝાડ એમ જુદાંજુદાં ઝાડ ઉપર કુદાકૂદ કરી મૂકે છે. તે ઉપરથી સાધારણ રીતે એક ને એક જગ્યાએ સ્થિરતાથી બેસી ન રહેવાય, એવા સતપ્રતિશ અને ઉદ્‌ભાતિયા બાળકને વિષે બોલાય છે.

જાડપાન (ઝાડપાન) ન. વનસ્પતિમાત્ર; મોટાં ઝાડ, જોડવા અને પાંદડાંવાળાં ઝાડવાં તથા વેલા વગેરે વનસ્પતિ; ઉદ્‌ભિજ્જ; જમીનમાંથી ઊગી નીકળતી તમામ વનસ્પતિ. આ સંબંધે મોટા ઝાડવાં સિવાયમાં એવો વૈજ્ઞાનિક સિદ્ધાંત જણાયેલ છે કે એકવર્ષિ વર્ષાંકુરિતું એક અતિ ઉપયોગી

પ્રભુએ કહેલું સાધન છે. જ્યાં ઝાડ ઝાઝાં ત્યાં વરસાદ વધુ હોય છે. એવો એક અડસટ્ટો છે કે, ઝાડપાનની અદ્દી એકર જમીન દરરોજ ચાર હાખ રતલ પાણી આકાશમાં મોકલે છે, તાત્પર્ય કે નદી, નાળાં, સમુદ્ર કે જમીન ઉપરનું પાણી સૂર્યનાં કિરણો વરાળરૂપે આકાશમાં ખેંચી, તેનાં વાદળાં બનારી વરસાદ વરસાવે છે, તેમ ઝેડસૃષ્ટિ એટલે ઝાડપાન પણ સૂર્યની માફક ધરતી માતાનું અંદરનું પાણી મૂળ દ્વારા ઊંડેથી ખેંચી, પાંદડા દ્વારા વરાળરૂપે આકાશમાં મોકલી તેનાં વાદળાં બનારી વરસાદ વરસાવવા કારણભૂત બને છે. નિરંતર ઉપર ચડતી વરાળથાળ નીચું વાતાવરણ સામાન્યતઃ ઝાડોના વાતાવરણ ઉપર આધાર રહે છે કે જેને પરિણામે આસપાસનાં વાદળા પણ ત્યાં આકર્ષાઈ આવે છે અને ઝાડોના નીચા વાતાવરણનો રૂપરાં થતાં સૃષ્ટિરૂપે ઝાડપાન હોય ત્યાં વિશેષ પડે છે.

ઝાડપાનની વિદ્યા = ઉદ્ભિજ્જવિદ્યા; ઝાડની જાત, તેને ઊગવા માટે માફક આવતી જમીન, તેના જુદા જુદા ભાગની અંદર તથા બહારની રચના વગેરેનું જ્ઞાન.

ઝાડપાલો (ઝાડપાલો) પું. ઝાડપાન, વનસ્પતિમાત્ર; મોટાં ઝાડ અને નાનાં ઘાસવનસ્પતિ જેવી બધી વનસ્પતિ. આ શબ્દ ઔષધિના અર્થમાં વપરાય છે.

ઝાડપીપળી (ઝાડપીપળી) સ્ત્રી. ઝાડ કે પીપળા ઉપર ઝાડ ચડવા, ઊતરવા અને કૂદી પડવાની કસરત મળે એવા એક રમત; આંબલીપીપળી; આંબેળીપીપળી; આંબાપીપળી; આમળીપીપળી, ઇંપળીપીપળી; બોપલાપીપળી. જુઓ ઓળકોળામચ્છો.

ઝાડપોંછ (ઝાડપોંછ) સ્ત્રી. ઝાડસાફ; કચરો સાફવાપણું.

ઝાડફેટણિયું (ઝાડફટણિયુ) વિ. ઢાઢ કે પવનથી ઝાડ ફાટે તે વખતનું.

ઝાડફૂટણી (ઝાડફૂટણી) ૧. સ્ત્રી. ઝાડ ફૂટવાની ઋતુ.

૨. સ્ત્રી. ઝાડ ફૂટવાની ક્રિયા.

ઝાડબંધ (ઝાડબંધ) [હિં.] સ્ત્રી. ભૂતંતર; જાદુ; પતરમતર; ભૂત, પ્રેત આદિની બાધા અથવા રોગ વગેરે દૂર કરવા માટે કરવામાં આવતી મંત્રોપચારની ક્રિયા.

ઝાડબાકરી (ઝાડબાકરી) ૧. [મ.] સ્ત્રી. કરજ પૂરેપૂરું ભરપાઈ કરવાપણું.

૨. સ્ત્રી. ઊભટનો ધા.

૩. સ્ત્રી. કડચો; નિશ્વાસ; ફેંસલો; પતાવટ.

ઝાડબીડ (ઝાડબીડ) ૧. ન. ઝાડ અને ઘાસ વગેરે બીજી જંગલી વનસ્પતિ.

૨. ન. ઝાડ અને ઘાસથી ભરેલો પ્રદેશ; ઝાડ અને ઘાસ જ્યાં પુષ્કળ ઊગેલાં હોય તેવો વનસ્પતિથી ઘૂંચ પ્રદેશ.

ઝાડબું (ઝાડબું) ૧. ન. ઝેડ.

૨. ન. નાનું ઝાડ; ઝેડથી મોટી અને ઝાડથી નાની એવી મધ્યમ ઊંચાઈની વનસ્પતિ.

ઝાડમાં ઝેટાં થઈ પડવાં = ઘેર પહોંચ્યા પહેલાં મરણ પામવું.

૩. સ. ક્રિ. આણવાવું.

૪ સ ક્રિ. આમ હાજરી

૫. સ. ક્રિ. ઉતાવળથી આવું; ઝપટવું.

૬. સ ક્રિ. કોઈ તરફ ધા કરવો; માર મારવો

૭. સ. ક્રિ. ખાડુ કરવું.

૮. સ. ક્રિ. જેમ ફાવે તેમ વગર કરવે ખુલ્લા દિલે સાચા માણસને ખોટામોટ સમજાત બોલીજે કહેવું; ફટે મોંએ જેમ કહેવું હોય તેમ બોલવું; ઝાટકી નાખવું. પમઝાવવું.

૯. [સં. ઉન્નતિ–અવનતિ] સ. ક્રિ. ઝાડુથી વાળવું; સાવરણી કે સુતારથી કચરો કાઢવો; વારદીવું વાળવું; સાફ કરવું

૧૦. સ ક્રિ. ઝપટવું; ખંખેરવું. ઉઘાડી મૂકવું; ઝાટકવું. ઝટકારવું

૧૧. સ. ક્રિ. પડાવવું.

૧૨ સ ક્રિ. પીંજ્યું અથવા લૂગડાના ઝટકાથી મેલ બધી બાજુને ઊંજણી નાખવી; વળગાડ, વહેમ વગેરે હોય તે ઉતારી નાખવો; ભૂત, પિશાચ વગેરે બેલાની પીડા દૂર કરવા સારૂ મંત્ર બોલી મોરપીંછ વગેરે ફેરવવું; ઊંજણી નાખવી.

૧૩. સ. ક્રિ. ભાગી નાખવું.

૧૪. સ. ક્રિ. વાળ હોળવા.

૧૫. સ. ક્રિ. હલાવવું.

ઝાડબુંઝપટવું (ઝાડબુઝપટવુ) સ. ક્રિ. ઝાડસાફ કરવું.

ઝાડબાહી (ઝાડબાહી) પું. જયપુર તરફ માલતો એક જાતનો રૂપિયો.

ઝાડબોવાળ (ઝાડબોવાળ) પું. એક જાતનો ઝેડ. તેની ઊંચાઈ આશરે એક હાથ જેટલી અને પાંદડાં કૂંમળાં ખંદરાં જેવાં હોય છે. નદી અથવા વહેળામાં આ ઝેડ આરે માસ મળી આવે છે. તેનાં મૂળિયાં પાણીમાં વસી જવાંડ ઉપર તુવેરની દાળ જેવાં તેનાં દળાં કરવાથી ગાંઠ કૂટી ખાય એમ કહેવાય છે.

ઝાડબાંકળા (ઝાડબાંકળા) સ્ત્રી. એક જાતનો ઝેડ. તે બેલાની માફક ઝાડની ટોચ ઉપરથી નીચે નીકળે છે. આ ઝેડ બે થી ત્રણ ફૂટ લાંબો હોય છે. તેને પાન હોતાં નથી, પણ ડાખળો ઝપટી અને પાતળી હોવાથી પાનની ગરજ સારે છે. ડાખળોના બંને સાંધા પાસે બંને બાજુએ અતિ સૂક્ષ્મ ફૂલ આવે છે.

ઝાડબંસી (ઝાડબંસી) સ્ત્રી. કુલની કન્યા.

ઝાડબંત (ઝાડબંત) [હિં.] સ. તદ્દન.

ઝાડબા (ઝાડબા) ૧. [હિં.] પું. કચરો.

૨. પું. ઝાડો; બરચું; મળ.

૩. પું તપાસ; શોધ.

૪. પું ખંતરમંતર; મેલી વિદ્યા.

૫. પું. બેજવાબી જમીન.

૬. પું મહોત્સવનું સ્થાન; પાવખાનું; ટટ્ટી.

૭. પું. રોગ; બુખાર.

૮. પું. વરસાદની ઋતુમાં પાણી નીચે રહેતી જમીન.

૯. પું. વાળવું તે; ઝાડસાફ કરવાપણું.

૧૦. પું. સિતારના બધા તારોનું એક સાથે બજવવું તે.

ઝાડાઝાડ (ઝાડાઝાડ) સ. ઉતાવળથી.

ઝાડાચાટ (ઝાડાચાટ) સ્ત્રી. ગુદા; મળદ્વાર.

ઝાડાચાટ પડી જવો = (૧) ખોવાયેલી કે ચોરાયેલી વસ્તુને માટે ઝાકવાળા માણસનાં શરીર, કપડાં વગેરેની બંતીલી તપાસ લેવી; માણસની ઝડતી લેવી; તપાસ કરવી; બોડસી કરવી (૨) ઝાડાનો બંધ નહિ રહેવો; અજોસર્ગ થઈ જવો; આંતરડાં વગેરે અવયવ ઉપરનો કાબૂ જતો રહેવો.

ઝાડિયું (ઝાડિયુ) સ. ઝાડનાં મિશ્રણવાળું એક વસ્ત્ર; ઝાડની તરેહ પાડેલ સાડી.

ઝાડી (ઝાડી) ૧. [સં. ઝાટ] સ્ત્રી. ઝાડ, ઝાડવાં અને બીજી વનસ્પતિનો મચ્છમઝો; ઝાડ, વેલા, ઘાસ વગેરે વનસ્પતિનો ઝરાવો; ઝાડનો એકબીજા સાથે ગૂંથાયેલો જથ્થો.

૨. સ્ત્રી. વન; ગીચ જંગલ; રાન; અરણ્ય.

ઝાડીઓખા (ઝાડીઓખા) પું. ન. ઘ. એક જાતના ઓખા.

ઝાડીકાર (ઝાડીકાર) વિ. કાંટાળું; કાંટાવાળું.

ઝાડીબોર (ઝાડીબોર) સ. ઘ. ન. એક જાતનાં બોર; જંગલી બોર.

ઝાડીબૂટીના બોર (ઝાડીબૂટીના બોર) પું. કાંટાકાંટાવાળું એક જાતનું નાનું ઝાડ.

ઝાડુ (ઝાડુ) ૧. [સં. ઝ (ઝલ્પ) + રૂમ (વાળનાર)] સ. કચરો વાળવાનું

પાંદડાં કે રેષાઓનો ગૂછો; ઝાડવા વાળવાનું સાધન; સાવરણી; સાવરણો; ઝુતારો.

૨. સ. વાળવા ઝાડવાથી નીકળતો કચરો; ધૂળ; કસ્તર; વાસીદું; પૂંજો.

૧. ઝાડુ કાઢનાર = (૧) ભંગી. (૨) વાળનારો.

૨. ઝાડુ કાઢવું = વાળવું; કચરો કાઢી નાખવો; સાફ કરવું.

૩. ઝાડુ મારી જવું–ખાતુ = (૧) અંતર્ધ્યાન થવું. (૨ ઉમેદવાર છતાં ચોક્કસ નાકિમેદ થવું; ન કરવું; હોંશથી આમંત્રણ પાઠીને કરવા ગયેલ કામકાજમાં કપરો મળવો; નાસીપાસી મળવી. (૩) મરજી વિરુદ્ધ થવું. (૪) હાર ખાઈ જવી.

૪. ઝાડુ પડવું = (૧) કપરો મળવો, નાસીપાસી મળવી; ઝખ્માવું પડી જવાય તેમ પાછા પડવું; કાર્ય ન થવું; સિદ્ધિ ન મળવી. (૨) તિરસ્કાર થવો.

૫. ઝાડુ મારવું = (૧) દરકાર ન કરવી. (૨) સામો માણસ જે ઉમેદવાર કાર્ય કરવા આપણે હોય તેને પાછો પાડવો; કાર્ય સિદ્ધ થવા ન દેવું ને સામો કપરો આપવો.

ઝાડુખુવાળ (ઝાડુખુવાળ) સ. સજ્જનારી કાઢવી તે; કચરો કાઢવાપણું.

ઝાડુવાળી (ઝાડુવાળ) જી. ઝાડુ કાઢનાર સ્ત્રી; ઝાડુ બાંધી રસ્તો વાળનારી સ્ત્રી.

ઝાડુવાળો (ઝાડુવાળો) પું. ઝાડુ બાંધી રસ્તો વાળનાર આદમી

ઝાડુવાં (ઝાડુવાં) ૧. ન. ય ૧. ઝાડો; ટૂંકો

૨. ન. ક. ૧. નાનાં ઝાડ.

ઝાડૂ (ઝાડૂ) ૧. [હિં.] પું. પૂજાવિધિ તારો.

૨. [ફા. બ્ર (બરમા) + ફ્ન (વાળનાર)] પું. વાળનાર આદમી.

૩. જી. સાવરણી.

૧. ઝાડૂ કરવી = (૧) અતિ આદર કરવો. (૨) નામોશી કરવી. (૩) ભારી કરવું. (૪) માથાકૂટ કરવી.

૨. ઝાડૂ દેવી = (૧) ઝાડી મૂકવુ. (૨) વાળવું; સાફ કરવું

૩. ઝાડૂ ફરવી = નાશ થવો.

૪. ઝાડૂ મારવી = ઘૃણા કરવી; અનાદર કરવો.

૫. ઝાડૂ મારવું = સાવરણીથી માર મારવો.

ઝાડૂકરા (ઝાડૂકરા) ૧. પું. એક જાતનો લડાયખોર.

૨. પું. જાત અને ધંધાથી ઝાડુ કાઢનાર પુરુષ; ભંગી.

૩. પું. વાળનાર આદમી.

ઝાડૂદુઆ (ઝાડૂદુઆ) [હિં.] પું. ઝાડુના જેવી પૂંછડીવાળો હાથી, અથવા હાથી ઝોબવાનો મણ્ણસ છે.

ઝાડૂબરદાર (ઝાડૂબરદાર) જુઓ ઝાડૂકા.

તતઃ ૧. અ. કારણ કે.

૨. [સં.] અ. પછી; તે બાદ; તો પછી.

તતઃકિં [સં.] અ. તેથી શું થયું ?

તતઃકિંવાદ [સં.] કું. અવગણનાપૂર્વક અસ્વીકૃત વસ્તુ કે ઘટનાનું તતઃકિં એટલે પછી શું ? એમ પૂછી આગળનું અમાન્ય પરિણામ કે નિષ્પત્તિ બોધવી તે વાદ.

તતઃપર [સં] અ. ત્યારથી; તે બનતા પછી; ત્યાર પછી.

તતાઈ [હિં.] સ્ત્રી. તપ્ત હોવાની ક્રિયા કે ભાવ; ગરમી.

તતાડી (તતાડી) ૧. સ્ત્રી. ગરમ પવન.

૨. સ્ત્રી. સૂર્યની ગરમી.

તતાણુક (તતાણુક) ૧. [અ.] કું. એકબીજાને વળગી રહેવું તે.

૨. કું. સરખાપણું; મળતાપણું.

તતાત્મક [સં.] કું. પિતામહ; દાદા.

તતાર ૧. [સ.] કું. તાર્તર.

૨. જી. દુખતા કે સોજા મટેલા ભાગ ઉપર ગરમ કે ઠંડું પાણી રેડવું તે ઝાર પીધેલ માણસ માથે ઠંડું પાણી રેડવું તે.

તતારસા પું. એ નામનો એક પીર.

તતાવુલ ૧. [અ.] કુ. ઉદ્‌તાર્ઇ.
૨. પું. છીનવી લેવું તે.
૩. પું. જુલમ; ત્રાસ.

તતિ ૧. જી. ગતિમાન પદાર્થની ગતિ અને તેના દ્રવ્યનો ગુણાકાર.
૨. [સં. તન્ (તાણવું)] જી. તંત્ર કરવું તે; તાણ; ખેંચાણ.
૩. જી. વિસ્તાર.
૪. [સં.] જી. હરોળ; પંક્તિ; આવલિ; હાર; રાજી.

રાજી આવલિ આલિ તતિ શ્રેમ પંક્તિ મુકાઈ,
નહીં પાછળ શોભતી વિરાજ વેણી જાંઈ.
પ્રિયજનપુકોષ

૫. જી. સમૂહ
૬. વિ. વિસ્તૃત.

તતિમ્મા [અ. તમ્મ (પૂરું થવું)] પું. પુરવણી.
૧. તતિમ્માએ બત = તાજ્જ્બ કયમ; તા. ક.
૨. તતિમ્માએ વસિયતનામા = વસિયત નામાની પુરવણી.

તતિંગ ૧. જ. કાવતરું; ખોટી બનાવટી બાબત.
૨. જ. મોતુકલજ્જનક બાંધણ; નહિ ધારેલું જોતુ ઓચિંતું થઈ આવેલું બાંધણ કે ઠીબણ; ચતિમ.
૩. જ. ઠોંગ; તોફાન; તુત; ખોટાઈ; ભાડાપું.

તતીલ જી. રજા; બોકડો.

તતુરિ [સં.] વિ. હિંસા કરનાર.

તતૂક જ. પપૂડું.

તતૂડી (તતૂડી) જી. તાંતું તતૂડું; તદ્દ જેમ બનાવ બીજાને જેવું દુઃ વાગતું વાતું; કારસ્તાન.
તતૂડી તાનમાં આવવી = અત્યંત ખુશી થવુ.

તતૂડું (તતૂડું) ૧. જ. એક જાતનું વાંકુ ચમચા જેવું અને મોટેથી પહોળું રસોડિયું.
તતૂડું ફૂંકવું = (૧) તતૂડું ફૂંકી ઠંડેરો પીટવો; લોકોમાં જાહેર કરવું. (૨) ઠીબણું કરવું કે કાવતું

૨. જ. (સંગીત) એક જાતનું સુષિરવાદ્ય.
૩. જ. જાત સુરવણ વગાડવાનું બન્યુજ.

તતેલ્યા પું. ટીબરવાનું ગામ.

તતૈયા (તતૈયા) [હિં.] પું. પાણી ગરમ કરવાનું વાસણ.

તતૈયા ૧. [હિં.] પું. ભમરો.
૨. જ. એક પ્રકારનું પ્રાણી.
૩. વિ. ચાલાક; બુદ્ધિમાન.
૪. વિ. તેજ; સ્ફૂર્તિવાળું.

તતોઽધ્ર [સં. તતઃ (ત્યાંથી) + ભ્રષ્ટ (પતિત થયેલ)] વિ. ત્યાંથી ભ્રષ્ટ થયેલ; વચ્ચે લટકેલ; લટકતા ભેળાં રહેલ; ભ્રષ્ટપ્રાપ્ત થયેલ.

તત્ ૧. [સં.] પું. (ન્યા) અનુભૂત
૨. પું. (સંગીત) એક તારે પરમાણુમાનો એક તાલ.
૩. પું. (સંગીત) એક પ્રકારનું વાદ્ય; તંતુવાદ્ય.
૪. પું. તાત; પિતા; પ્રજાંતુને વધારનાર.
૫. પું. બ્રહ્મ; આત્મા; પરમાત્મા; અનિર્વાચ્ય તત્ત્વ. વિદ્વાનોને બ્રહ્મ અપરોક્ષ હોવાથી તેમની દૃષ્ટિએ આ તત્ બ્રહ્મનું નામ બને છે. તત્ એટલે તે. તે એટલે કે જેનેજગત સારા ઓળખે છે એવો સર્વને જ્ઞાત બ્રહ્મ, સામાન્ય કર્મથી વિલક્ષણ અથવા નિરાળો છે, તેમ જ સાધારણ ચરાચરથી અનેરો છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે: તત્ એટલે પરબ્રહ્મમાં બુદ્ધિવાળા. ગીતાના શ્લોકમાં તત્ શબ્દ જ્યાં જ્યાં વાપર્યો છે ત્યાં તેનો અર્થ બ્રહ્મ છે અને તે મહાવાક્યગત તત્પદમાંથી આવેલો છે. ગીતા રહસ્યમાં આનો ઉલ્લેખ એમ છે કે: ૐ આ એક ગૂઢાક્ષરરૂપી વૈદિક મંત્ર છે. તત્ એટલે તે ત્રિવિધ દૃશ્ય સૃષ્ટિની પેલી પાર રહેનારું અનિર્વાચ્ય તત્ત્વ અને સત્ એટલે આખ આત્મણની દૃશ્ય સૃષ્ટિ. આ બધું મળી સર્વ બ્રહ્મ જ છે એવો કે તત્ સત્ સકલ્પનો અર્થ છે. અને તે માટે સત્ પરબ્રહ્મ અને અસત્ દૃશ્ય સૃષ્ટિ એ બે કંઈ જ જુદું એવુ બતાવવા ગીતામાં કહેલું છે. તથાપિ ગીતામા કર્મયોગ પ્રતિપાદન કરેલો હોવથી પ્રસંગાનુસાર જ્યાં તત્ સત્ તેમાના સત્ શબ્દનો અર્થ બોધદૃષ્ટિએ સારું, સદ્‌બુદ્ધિથી કરેલું, અથવા જેનું ફળ સારું મળે છે તે કર્મ અને તત્ એટલે તેની પેલી પારનું ત્રિવિધ દૃશ્યની આશા છોડીને કરેલું કર્મ, એવો અર્થ કરીને આ બ્રહ્મ નિર્દેશથી પણ કર્મયોગનું પૂર્ણ સમર્થન થાય છે. બ્રહ્મ અથવા આત્મા વિષે વર્ણન કરતાં કઠોપનિષદ્‌ભાષ્યમાં કહ્યું છે કે: આ આત્મા નિયમ ન વાણીથી કે ન મનથી કે ન તો આંખથી પ્રાપ્ત કરી શકાય છે. આત્મા છે, એમ કહેનાર કરતાં બીજાને કેવી રીતે તે પ્રાપ્ત થાય!

ન વાચા ગ્રહણી પ્રાપ્ય, ગ્રહે પણી ન ચક્ષુઓ,
છે એમ જ કહેનારે, બીજી કેમ રાકાય તે.
કઠોપનિષદ્‌ભાષ્ય

૬. પું. વાયુ; હવા.
૭. પું. વિષ્ણુનાં હજાર બાહેનું એક નામ.
૮. પું. (ન્યાય) હેતુ.
૯. જ. સામાન્ય નહિ પણ નિષ્કામ બુદ્ધિથી ફલાશા રહિત કરેલ કાર્ય.

૧૦. જ. તે; પેલું; આ અર્થમાં આ શબ્દનો પ્રયોગ સમાસના આરંભમાં થાય છે. જેમકે, તત્કાળ, તત્પુરુષ, તત્ક્ષણ, તત્સમ, તદ્‌ભવ.

તત્કારવું ન. ક્રિ. ઉતારવું; ઉતેજવું

તત્કાલ ૧. [સં. તત્ (તે) + કાલ (વખત)] પું. તે સમયનો વર્તમાન કાળ.
૨. જ. તે જ વખતે, તરતજ; તાબડતોબ; તરત જ; હોરન.

તત્કાલદેયજ્રાપ્ય [સં. તત્કાલ (તરત) + દેય (આપવા યોગ્ય) + ઋણ (કરજ)] જ તરત જ ચૂકવી આપવાની જોગ.

તત્કાલકલ્પન [સં.] જ. (ગણિત) મુદતી હુંડીની તત્કાલિક કીમત; અમુક વખત પછી લેણી બનારી રકમ અત્યારે જોઈતી હોય તો તેના બદલામાં આપવામાં આવતી અમુક રકમ. તેને તાત્કાલિક રકમ કે તુરત કીમત કહે છે.

તત્કાલથી ૧. [સં.] પું. જે સમયે જે યોગ્ય હોય તે સૂચવનાર બુદ્ધિવાળો માણસ; સમયસૂચક માણસ; હાજરજવાબી પુરુષ; ડાબો માણસ

૨. વિ. સમયસૂચક; હાજરજવાબી

તત્કાલધીબુદ્ધિ ૧. [સં.] પું. સમયસૂચક કે હાજરજવાબી પુરુષ.
૨. જી. ચોસઠ જાદુનું એક પ્રકારનું વિદ્યાન.
૩. વિ. સમયસૂચક; હાજરજવાબી.

તત્કાલયામિની [સં.] જી. (જ્યોતિષ) પોર્ણિમીના વાસાના દિવસે તે દિવસમાં પ્રભાત પહેલાંની ચાર ઘડીનો સમય.

તત્કાલાભિમાની [સં. તત્કાલાભિમાનિન્] વિ. તે સમયે ઉપસ્થિત.
દેવમાન અયે પિતૃમાન એ બે ગતિમાં જે માસ ઉત્તરાયનના અયે જે દક્ષિણાયનના અયે તેનો અર્થ તત્કાલાભિમાની દેવતા એવો સમજવે છે.
ગીતા રહસ્ય

તત્કાલિકથી [સં. તત્કાલિની] વિ. જી. તરતની, આ તો કહે બાવની તત્કાલિકથી બુદ્ધિ કહેવાય છે એ જ છે ને? નાનાલાલ

તત્કાલીન ૧. [સં.] વિ. તરતનું; તાજું.
૨. વિ. તે જ વખતનું; તે સમયનું; તે સમયે બનેલું; તે જ વખતને લગતું.

તત્કાલોપયોગી ૧. [સં. તત્કાલોપયોગિન્] વિ. તરત જ ઉપયોગી.
૨. વિ. તે સમયે ઉપયોગી.

તત્કાળ જુઓ તત્કાલ.

તત્કાળયોગિની જુઓ તત્કાલયોગિની.

તત્ત્વ

તત્ત્વદર્શિન્ [સં.] વિ. પ્રચાર કીધા વિના ક્રમ કરનાર.

તત્તેજસ [સં. તત્ (તે) + રસ (પ્રા)] અ. તે જ પ્રમાણે; તત્રાપિ; તે જ રૂપે; તાત્પ્રકાશ્ય; તત્સદૃશ.

તત્તેજસજન્ય [સં.] વિ. તે સમયે ઉત્પન્ન થયેલ.

તત્તેજસોત્થ [સં] વિ. તરત બીજાને થાય એવું

તત્તેજસ્ક વિ. તેના જેવું.

તે જ્ઞાન અને મનનના અનુભવોને **તત્તેજસ્ક** સાહિત્યનું સ્વરૂપ આપે એવી નિર્માણશક્તિ હતી. પ્રસ્થાન

તત્તેજ્ય [સં. ક્રિમ] અ. તે જ પ્રમાણે; તત્કાળ.

તત્ત [હિ] પું. તત્ત્વ.

તત્તણવું અ. તાપ કરી ગયા પછી ક્રમતો રહેલો ચળગાની સાદી કે સાંધાનો ઉકેડો; ઉષ્ણતિવું.

તત્તત્ વિ. તે બધું

તત્તદ્ગુણાન્વિત [સં.] વિ. તે તે ગુણવાળું.

અમર, અમૃતા, નર્મદા, અક્ષરાર્તા, હરિદ્વાર એ નામો કવિની મનોહર કલ્પનાશક્તિના વિલાસો પણ બની રહે, તથાપિ તે **તત્તદ્ગુણાન્વિત** છે. જયેંદ્રલાલ દુરકાલ

તત્તદ્રસાલંકાર [સં.] પું. તે તે રસનો અલંકાર.

તત્તપ્ત [સં. તપ્ત] વિ. (ક્રિ૰) તાતું; તપાવેલું; અરધું ઉખ્યું; તપ્ત.

તત્તપ્ત ખાના, ઘાતે બોલ, ઠાળે સોરે,
આખે હિરદા, ઉનકા પ્રેમ પરપર રોવે.
દંતમાળા

તત્તાપેર્ણ અ. એક જાતનો ઉદ્ગાર.

તત્તાપ્યુક સ્ત્રી. સંબંધ હોવાપણું; સંગતિ.

તત્તુ ૧. પું. ત અક્ષર; તકાર.
૨. પું. ત જેવો ઉચ્ચાર.
તત્તુ બોલે જાનકી નાથર

તત્તૃદંય [સં.] વિ. તેના જેવું.

તત્તો ૧. પું. ત અક્ષર; તકાર.
૨. પું. ત જેવો ઉચ્ચાર.
તત્તો બોલે જાનકી નાથર

તત્ત્વ ૧. [સં.] પું. બ્રહ્માનું એક નામ.
૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.
જગત સર્વમાં તત્ત્વ એટલે સાર વસ્તુ પણ આપ જ છો. પુનઃ **બ્રહ્મ** એટલે આત્મતત્ત્વ પણ આપ જ છો. પુનઃ વસ્તુપણામાં આપ જ વસ્તુ છો. પુનઃ સૂક્ષ્મતમ સર્વત્ર સર્વવ્યાપક ચૈતન્યતત્ત્વ પણ આપ જ છો. પુનઃ તત્ત્વ એટલે મુદ્દાની વાત માત્ર નિજજ્ઞાન અહમસ્મિપદ પણ આપ જ છો. એટલે કે સંસાર સર્વ અનિષ્ટ અસત્ય અનિત્ય છે અને પ્રસારમાત્રથી રહિતપણું પ્રાપ્ત કે.
૩. પું. સિતનાં હજાર માહેનું એક નામ.
૪. ક અન્ન.
૫. ન. આત્મા; ખરું સ્વરૂપ; મૂળ કે અસલ રૂપ.
૬ ન ઉદ્ગમ
૭. ન. ગુરુતત્ત્વ મંત્રતત્ત્વ, મનસ્તત્ત્વ, દેવતત્ત્વ અને જ્ઞાનતત્ત્વ એ પાંચ માહેનું દરેક. વૈષ્ણવો આ અર્થમાં આ શબ્દ વાપરે છે
૮. ન ચોવીસ માહેનું દરેક તત્ત્વ. તે નીચે પ્રમાણે છે: (૧) પૃથ્વી, (૨) જળ, (૩) તેજ, (૪) વાયુ, (૫) આકાશ, (૬) શ્રોત્ર, (૭) ત્વચા, (૮) ચક્ષુ, (૯) જિહ્વા, (૧૦) ઘ્રાણ, (૧૧) શબ્દ, (૧૨) સ્પર્શ, (૧૩) રૂપ, (૧૪) રસ, (૧૫) ગંધ, (૧૬) વાક્, (૧૭) પાણિ, (૧૮) પાદ, (૧૯) પાયુ (૨૦) ઉપસ્થ, (૨૧) મન, (૨૨) બુદ્ધિ, (૨૩) ચિત્ત અને (૨૪) અહંકાર. માયા, મહત્તત્ત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ આઠ પ્રકૃતિ કહ્યાય છે. સત્ત્વ, રજ અને તમ એ ત્રણના ત્રણ ગુણો છે. અગિયાર ઇંદ્રિયો તથા પાંચ ભૂત મળીને સોળ વિકારો થાય છે. આઠ પ્રકૃતિ તથા સોળ વિકારો એકત્ર થતાં ચોવીસ તત્ત્વો બને છે. તેમાં એક જ આત્મા માહોરેપે રહે છે. ગીતા પંચામૃતમાં તેનો ઉલ્લેખ છે કે: ચાર્વાક વગેરે ચાર તત્ત્વ માને છે: પૃથ્વી, અપ્, તેજ અને વાયુ. યોગથી જીવ પેદા થાય છે. જીવ કે ચૈતન્ય ચારેના અમુક પ્રકારના જોડું જડ તત્ત્વોથી જુદું કર્મ છે જ નહિ. જૈનો મુખ્ય બે તત્ત્વ માને છે. વિસ્તારથી તે ૭ કે ૯ થાય છે. જીવ બે પ્રકારનો છે: સમનસ્ક અને અમનસ્ક. અમનસ્ક બે પ્રકારનો છે: સ્થાવર અને ત્રસ. ત્રસ જીવ બે, ત્રણ, ચાર, પાંચ ઇંદ્રિયોવાળા છે. એમ વિસ્તારથી જીવના ૫૬૩ ભેદ છે. અજીવ તત્ત્વ પાંચ છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ એટલે જીવનો પ્રદેશ અને કર્મપુદ્ગલ એ બંનેનું સમેલન, મોક્ષ એટલે સમગ્ર કર્મનો ક્ષય થઈ જીવનું જે સ્વરૂપમાં અવસ્થાન થાય તે જૈનોના સાત તત્ત્વ છે, અને તેમાં જીવ અને અજીવ બે તત્ત્વ ઉમેરવાથી નવ તત્ત્વ થાય છે. ન્યાયમાં ૧૬ તત્ત્વ છે: પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન. વૈશેષિક મતે સાત તત્ત્વો છે: પહેલાં ૬ ભાવરૂપ અને છઠ્ઠો અભાવ: દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ. સાંખ્યમતે પચીસ તત્ત્વો છે: મૂલપ્રકૃતિપ્રધાનથી મહત્તત્ત્વ પેદા થાય છે: મહત્ એટલે બુદ્ધિ કે બોધ કરવું. તેમાંથી અહંકાર થાય છે. અહંકારના તમાગુથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ પાંચ તન્માત્રા થાય છે. આ ૭ બાદી બીજાં ૧૬ થાય છે. અહંકારના સત્ત્વાંશથી ત્વચા, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ એ પાંચ જ્ઞાનેંદ્રિય તથા શ્રોત્ર, ત્વચા, અક્ષિ, રસના, ઘ્રાણ એ પાંચ કર્મેંદ્રિય અને જ્ઞાન તથા કર્મ ઉભયાત્મક મન એ ૧૬ થાય છે. પંચતન્માત્રાથી અનુક્રમે આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી એ પંચમહાભૂત થાય છે, અમ સોળ પદાર્થ બને છે. જે ૭ કહ્યાં તે પ્રકૃતિની વિકૃતિ છે અને આ સોળની પ્રકૃતિ છે. આ ૧૬ કોઈ બીજાની પ્રકૃતિ નથી. આ સર્વેથી બધું વિશ્વ બને છે. યોગ મતે છવ્વીસ તત્ત્વો છે: સાંખ્યમતનાં ૨૫ તત્ત્વ માનતાં પુરુષને મોક્ષબુદ્ધિ આપનાર પરમ જ્ઞાનવાન, નિત્ય, શુદ્ધ એવા એક ઈશ્વરની જરૂર સ્વીકારી છે, જેથી તેના યોગમાં ઈશ્વર સહિત ૨૬ તત્ત્વ થાય છે. શાક્તદર્શનમાં છત્રીસ તત્ત્વો સ્વીકારવામાં આવ્યાં છે. તે બધાં તત્ત્વોના ત્રણ વ્યૂહ પાડવામાં આવ્યા છે. જેમકે, શિવ વ્યૂહ, વિદ્યા વ્યૂહ અને આત્મ વ્યૂહ. શુદ્ધ મિશ્ર અને અશુદ્ધ એવી ત્રણ અવસ્થા કલ્પવામાં આવી છે અને દરેક અવસ્થામાં અમુક અમુક તત્ત્વો આવેલાં છે. ૧૨ થી ૩૬ તત્ત્વો સાંખ્યદર્શનમાં મનાય છે તે જ છે અને તેમને આ શાક્તદર્શનમાં સ્વીકાર્યાં છે. એ તત્ત્વોમાં જેત્રણ એટલે જીવનું સમગ્ર સાંસારિક સ્વરૂપ સમાય છે, માટે એ બધાંને આત્મતત્ત્વવ્યૂહ કહે છે. સત્ત્વ, રજસ્ અને તમસની ન્યૂનાધિક માત્રાવાળી જે સામ્યસ્થિતિ છે તેને પ્રકૃતિ કહે છે. પ્રકૃતિનું કાર્ય મહત્તત્ત્વ, મહત્તત્ત્વનું કાર્ય અહંકાર, અહંકારનું કાર્ય પાંચ તન્માત્રા અને અગિયાર ઇંદ્રિયો, પાંચ તન્માત્રાનું કાર્ય પાંચ સ્થૂલ મહાભૂતો એ ચોવીસ જડતત્ત્વ છે અને એક ચેતનતત્ત્વ પુરુષ છે: એટલે બધાં મળી પચીસ તત્ત્વ છે. ઈશ્વરકૃષ્ણકૃત સાંખ્યસરિકામાં પણ આજ પચીસ તત્ત્વો માન્યાં છે. પુરુષાર્થબોધિનીમાં કહ્યું છે તેમઃ તત્ત્વ કુલ પચ્ચીસ છે: સત્ત્વ, રજ તથા તમ. આ ત્રણ ગુણોની સમાવસ્થાનું નામ પ્રકૃતિ છે આજ સામ્યાવસ્થાને માટે પ્રકૃતિ, પ્રધાન, અવ્યક્ત, પ્રસવ, મૂલ પ્રકૃતિ આદિ શબ્દ યોજાય છે. આ ૧ લું તત્ત્વ છે. આ પ્રકૃતિ તત્ત્વ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ નામનું ૨ જું તત્ત્વ ઉત્પન્ન થાય છે. મહત્તત્ત્વ એટલે સર્વ જગતમાં વ્યાપનારું બુદ્ધિતત્ત્વ. જગદ્ધાત્રિ બુદ્ધિ એવું પણ એનું નામ છે. મૂળ પ્રકૃતિમાંથી પહેલું કાર્ય

આ બન્યું છે. આ મહત્તત્ત્વ નામના ત્રીજા તત્ત્વમાંથી અહંકાર નામના ત્રીજા તત્ત્વની ઉત્પત્તિ થઈ. અહંકારનો અર્થ 'હુંપદું' છે. 'હું ભિન્ન છું અને બીજા ભિન્ન છે' આ પ્રતીતિનું નામ અહંકાર છે. આ જ અહંકારના કારણે આ જગતમાં મમતા, ભેદભાવ, દ્વૈતભાવ આદિ ઉત્પન્ન થાય છે. આ ત્રીજા તત્ત્વ અહંકારથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ તન્માત્રા થઈ. તન્માત્રાનો અર્થ મૂળ સૂક્ષ્મતત્ત્વ, જેથી આ પાંચ ગુણોનો બોધ થાય છે. એ મૂળ શુદ્ધ તત્ત્વ છે. એનાથી પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેંદ્રિય બની છે. કર્ણ, ત્વચા, ચક્ષુ, જિહ્વા તથા નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિય છે; અને વાક્, હાથ, પગ, ગુદા તથા ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિય છે. આ દસ ઇંદ્રિયો પૂર્વોક્ત તન્માત્રાઓથી ક્રમપૂર્વક બની છે. આ દસ ઇંદ્રિયોને બાહ્યેંદ્રિયો કહે છે; બીજી અભ્યંતર ઇંદ્રિય મન છે; એ પણ અહંકારથી જ બન્યું છે. આ બધામાં અહંકાર હોવાથી પ્રત્યેક ઇંદ્રિયનાં ગુણ, કર્મ, સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. ગુણ, કર્મ, સ્વભાવોથી અર્થાત્ ધર્મભેદની ભિન્નતા જ અહંકારનું લક્ષણ છે. પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય તથા મન મળી સોળ પદાર્થ અહંકારથી બન્યા છે. પાંચ તન્માત્રાઓથી પાંચ સ્થૂલ ભૂત બન્યા છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ સ્થૂલ ભૂત છે. આ રીતે મૂલ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, પાંચ કર્મેંદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય, મન, પાંચ મહાભૂત અને આત્મા મળીને પચ્ચીસ તત્ત્વ છે.

૬. ન. (જૈન) જીવ અને અજીવ.

૧૦. ન. દ્રવ્ય અને અદ્રવ્ય. રામાનુજ સંપ્રદાયમાં વપરાય છે.

૧૧. ન. પોરસું; નિયમ.

૧૨. ન. (જૈન) નવ માંહેનું ૬ઠ્ઠું તત્ત્વ. તેનાં નામ: જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.

૧૩. ન. નાચવું, ગાવું અને બજાવવું તે.

૧૪. ન. નિષ્કર્ષ; અર્ક; મૂળ વસ્તુ; સાર; સાર વસ્તુ.

૧૫. ન. પચીસસૂચક એક સાંકેતિક શબ્દ; પચીસની સંખ્યા, કારણ કે વાસ્તવિક રીતે તત્ત્વ પચીસ છે.

૧૬. ન. પંચમહાભૂત માંહેનું ૬ઠ્ઠું; પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ માંહેનું ૬ઠ્ઠું.

૧૭. ન. પાંચની સંખ્યા; પાંચસૂચક સાંકેતિક શબ્દ, કારણ કે વાસ્તવિક રીતે તત્ત્વ પાંચ છે.

૧૮. ન. પોષક વસ્તુ; પોષણ આપનાર વસ્તુ. 'વંદે માતરમ્' અરોઝ પૂર્તિમાં લખે છે કે: ખોરાકમાં ૬૨ અબોજે એટલે અદી રૂપિયાદારે નીચેનાં તત્ત્વ રહેલાં છે:

ખોરાકનું નામ	પિત્તજન્ય (પ્રોટેઇન)	કફજન્ય (ફેટ)	વાતજન્ય (કાર્બોહાઇડ્રેટ્સ)	કેલોરિ અદી તોલામાં	ક્ષ	પ્રકૃતિ તત્ત્વો ત્ર	ક	ક્ષોભ (આયર્ન)
ઘઉં	૭·૩૦૪	૦·૪૭૬	૨૧·૬૧૬	૧૦૦	૩૦·૨૪	૫૦·૪	—	—
અડદ	૪·૭૨૮	૧·૪૮૪	૧૭·૧૩૬	૧૦૩	૮૮·૪૮	૨૮	—	—
બાજરો	૩·૩	૧·૪	૧૮·૮	૧૦૨	૬૧·૬	૩૦·૮	—	—
જુવાર	૨·૬૪	૦·૫૩૨	૨૦·૭૨	૧૦૧	૩૮·૮	૩૨·૨	—	—
ચોખા	૨·૩૮	૦·૧૬૮	૨૧·૮૪	૧૦૦	૧·૧૨	૧૬·૮	—	—
અડદ	૬·૭૨	૦·૩૬૨	૧૬·૪૮૪	૬૬	૧૭·૬૨	૩૬·૨	—	—
મગ	૬·૩	૦·૩૬૪	૧૪·૮૪૮	૬૧	૪૪·૨૪	૪૩·૪૬	—	—
તુવેર	૬·૨૪૪	૦·૪૭૬	૧૬·૦૧૬	૬૧	૬૧·૬	૪૨	—	—
ચટાણા	૪·૫૧૬	૦·૩૧૮	૧૪·૮૪૮	૮૬	—	૪૨	—	—
વાલ	૭·૦૭૨	૦·૨૨૪	૧૬·૮૨૮	૬૬	૧૭૬૨	૩૬·૨	—	—
સોયાબીન	૧૨·૦૬૬	૫·૪૧	૫·૮૫૨	૧૨૩	૧૬૮·૮	૮૪	—	—
તંદળજો	૧·૩૭૨	૦·૧૪	૧·૫૬૬	૧૩	૭૦૦ થી ૩૦૮૦	૨·૮	૪૮·૪૪	૬
કોળી	૦·૫૦૪	૦·૦૨૮	૧·૭૬૪	૬	૫૬૦	૧૪	૩૪·૭૨	૦·૨૨
કોબીજ	૦·૬૨૪	૦·૧૬૮	૧·૮૨	૧૩	૨૬૨૬ થી ૩૦૮૦	—	૩૭·૮	૨·૮
સામવાની ચિંબ	૧·૮૭૬	૦·૪૭૬	૩·૭૫૨	૨૭	૩૧૬૪	૧૬·૬	૬૧·૬	૧·૬૬
મેથીની ભાજી	૧·૩૭૨	૦·૨૫૨	૨·૭૪૪	૧૬	૧૦૬૨	૧૬·૬	—	૫
મૂળા બોગરી	૦·૧૬૬	૦·૦૮૪	૨·૦૭૪	૧૦	૦·૮૪	૧૬·૮	૪·૨	—
કારેલાં	૦·૪૨	૦·૦૫૬	૧·૧૭૬	૧૭	૫૮·૮	૬·૭૨	૨૪·૬	૨·૬
દૂધી	૦·૦૫૬	૦·૦૨૮	૦·૮૧૨	૪	—	—	—	—
સુવાર	૧·૦૩૬	૦·૦૫૬	૨·૭૭૨	૧૬	૬૨·૪	—	૧૬૮	૦·૨
રીંગણાં	૦ ૩૬૪	૦·૦૮૪	૧·૭૬૨	૧૦	૧·૪	૪·૨	૬·૪	૦ ૪
મેથીનું દૂધ	૦·૬૮	૦ ૧૧૨	૧·૪૮૪	૧૧	૧૦·૬૪	૩૦·૮	૧૪·૧	—
તુરિયાં	૦ ૧૪	૦·૦૨૮	૧·૦૩૬	૫	૧૫·૭	૬·૧૬	—	૦·૫
ભીંડા	૦·૬૧૬	૦·૦૫૬	૨·૧૫૬	૧૨	૧૬·૨	૫·૬	૪·૫	૦·૪
કાકડી	૦ ૧૧૨	૦·૦૨૮	૦·૭૮૪	૪	—	૮·૪	૧·૬	૦·૪
બોળ	૦ ૩૬૪	૦·૦૫૬	૪·૭૮૮	૨૧	૭૭·૬	—	૦·૫૬	૦·૩
કંકોડા	૦·૧૬૬	૦·૦૨૮	૫·૫૧૬	૨૪	—	—	—	—
કંકોડું	૦·૪૨	૦·૦૨૮	૩·૦૫૨	૧૭	૭·૨૮	—	૧૭·૬	૦·૦૮
ભાંભો	૦·૧૬૮	૦·૦૨૮	૩·૩૦૪	૧૪	૧૩૪૪	—	૩·૬૪	૦·૦૮

ખોરાકનું નામ	પ્રોટીન	ફૅટ	કાર્બોદિત	કૅલોરિ		પ્રજીવક તત્ત્વો		ક્ષાર
	(પ્રોટેઇન)	(ફૅટ)	(કાર્બોદિત)	નાની તોલામાં	ગ્રા	■	♭	(આયર્ન)
તરબૂચ	૦.૦૨૮	૦.૦૫૬	૧.૦૬૪	૫	—	—	૦.૨૮	—
પીચ	૦.૪૨	૦.૦૧૬	૨.૫	૧૧	૬૪.૪	૧૧.૨	૦.૨૮	૦.૫
નારંગી	૦.૨૫૨	૦.૦૦૮૪	૨.૩	૧૪	૬૪	૧૧.૨	૧૬.૦૪	—
જરદાળુ	૧.૬૧	૦.૦૫૬	૨.૫	૧૧	૬૪.૪	૧૧.૨	૦.૨૮	—
માપનું દૂધ	૦.૯૨૪	૧.૦૦૮	૧.૩૪૪	૧૮	૫૦.૪	૪.૩૬	૦.૫૬	—
ભેસનું દૂધ	૧.૨૦૪	૨.૪૬૪	૧.૪૨૮	૩૩	૪૫.૩૬	—	—	—
છાશ	૦.૨૨૪	૦.૩૦૮	૦.૧૪	૪	—	—	—	૦.૨
પનીર	૬.૩૪૮	૭.૦૨૮	૧.૦૧૪	૯૬	૭૬.૪૪	—	—	૦.૫૬
માખણ	૦.૦૮૪	૬.૪૬૮	—	૬૦	૧૮૦૦	—	—	—
મરઘું બીજું	૦.૮૧૨	૦.૧૬૮	૧.૩૦૮	૧૨	૧૨૭.૧૨	—	૩૧	૦.૩૦
દાર્ડ	૬.૧૬	૧૧.૧૧૬	૬.૬૧૪	૧૫૧	૭૫.૬	—	—	૫.૦૧૨
તેલ	૫.૧૨૪	૧૨.૧૨૪	૭.૦૫૬	૧૬૦	૨૮	—	—	૨.૬૪
ઘાણા	૩.૬૪૮	૪.૫૦૮	૬.૦૪૮	૮૨	૪૩૬.૬	—	—	૫
છાશ	૫.૨૩૬	૪.૨	૧૦.૨૪૮	૧૦૧	૨૪૩.૬	—	૦.૮૪	૮.૪

તાજ સંપૂર્ણ આહારના પદાર્થો આપણને બારે આપણે તેમાં રહેલા પોષકના કુદરતી તત્ત્વોનો નાશ કરીએ છીએ. આપણે અનાજની પેની કરીએ છીએ પણ તેની બરાબર ધૂળ બતાવીને બાકીએ છીએ. હરિજનબંધુ

૧૯. ન. પ્રલયના સમય સુધી માત્ર પોતાના સ્વરૂપમાં જે રહી રહે તે.

૨૦. ન. બ્રહ્મ; પરમાત્મા; ચૈતન્ય; જગતનું મૂળ કારણ.

૨૧. ન. જ્ઞાન; પ્રમાણ.

૨૨. ન. અતિજરૂરી વસ્તુ

૨૩. ન. મજ્જા; ચરબી; ગર્ભ; ઝરો; મગજ

૨૪. ન. (તાંત્રિક) મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા ને મૈથુન એ પાંચ મ.કારનું ઘરેણું

૨૫. ન. મોલમિલકત.

૨૬. ન. મુખ્ય ભાગ.

૨૭. ન. રહસ્ય; મરોંગ; ઊલટામાં ઊલ્યો સાર.

૨૮. ન. વસ્તુ; પદાર્થ.

૨૯. ન. વાસ્તવિકતા; અસલિયત; યથાર્થતા, વાસ્તવિક સ્થિતિ; વસ્તુપદાર્થસમૂહ કુલાદિનું સ્વરૂપ કેવું તે; યથાર્થ સમજવું તે; કોઈ પણ વસ્તુનું વસ્તુત્વ.

૩૦ ન. સત્ય

૩૧. ન. સત્ય; કેવળ સત્ય; માયા રહિત મૂળ અસ્તિત્વ; તથ્ય; અમૃત.

૩૨. ન. (યોગ) સમાધિ, આત્મા અને મનનું એકરૂપ. રાજયોગ, ઊન્મની, મનોન્મની, ચિત્તબ્યાપારરાહિત્ય, પ્રાણબ્યાપારરાહિત્ય, ચિત્તપ્રલય, અમરત્વ, લય, તત્ત્વ, સ્વસ્વરૂપ, પરમપદ, અમનસ્કભાવ, અદ્વૈત, નિરંજન, નિરંજન, જીવન્મુક્તિ, સહજાવસ્થા અને તુર્યાવસ્થા એ સમાધિના પર્યાય છે.

૩૩ ન. સંગીતનું એક વાદ્ય.

૩૪. ન. સંગીતમાં પીંગી બાજે બાવું તે.

૩૫. ન. સ્વભાવ, ચિત્ત; મન.

તત્ત્વગત [સં] વિ. જેમાં સત્ય એટલે તથ્ય સમાયેલું હોય તેવું.

તત્ત્વગ્રાહિણી [સં.] વિ. સ્ત્રી તત્ત્વ ગ્રહણ કરનારી.

તત્ત્વગ્રાહી [સં. તત્ત્વગ્રાહિન્] વિ. તત્ત્વને ગ્રહણ કરનાર; સત્યને પકડનાર; સત્યતત્ત્વ ગ્રહણ કરનાર

તત્ત્વચર્ચા [સં.] સ્ત્રી. તત્ત્વજ્ઞાન ઉપર ચર્ચા.

તત્ત્વચિંતક [સં.] પું. તત્ત્વશોધક; સત્ય વિષે વિચાર કરનાર માણસ; 'ફીલસૂફ.'

તત્ત્વચિંતન ૧. [સં.] ન. અધ્યાત્મવિદ્યા, તત્ત્વવિચાર; તત્ત્વજ્ઞાનું તત્ત્વજ્ઞાન.

૨. ન. પદાર્થના વાસ્તવિક સ્વરૂપની વિચારણા; પદાર્થના ભાસમાન સ્વરૂપથી પર તત્ત્વભૂત સ્વરૂપ શું છે અને એ તત્ત્વની દૃષ્ટિએ ભાસમાન સ્વરૂપનો જે ખુલાસો છે એનો બુદ્ધિ દ્વારા વિચાર તેની ત્રણ શાખા છે: (૧) સત્યવિષયક, (૨) સૌંદર્યવિષયક અને (૩) કર્તવ્યવિષયક. બુદ્ધિનું સત્ય પ્રત્યક્ષ કરવામાં પ્રકૃતિ પુરુષનો અવિવેક નડે છે એમ કપિલમુનિએ પ્રધાનપણે બતાવ્યું. તત્ત્વચિંતનના ઇતિહાસમાં આ કોયડો કંઈ નાનો સૂનો નથી.

૩. ન. સત્ય કે તત્ત્વ વિષે વિચાર કરવો તે.

તત્ત્વજન્ય [સં.] વિ. મૂળ વસ્તુને લગતું.

તત્ત્વજિજ્ઞાસા [સં.] સ્ત્રી. આત્મજ્ઞાન મેળવવાની જિજ્ઞાસા.

તત્ત્વજિજ્ઞાસુ પું. એક પ્રકારનો ભક્ત; તત્ત્વ જાણવાની ઇચ્છાવાળો પુરુષ. ભક્તોમાં તત્ત્વજિજ્ઞાસુની શ્રેણી ઊંચી છે. સત્ય તત્ત્વ શું છે? ઈશ્વર શું છે? જગતમાં તત્ત્વો છે અને એમનો સાથે પરમાત્માનો શો સમ્બંધ છે એનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આવા ભક્તો પ્રયત્ન કરે છે. આવા ભક્તોને ક્યારે ખબર પડે છે કે પરમેશ્વર સર્વોપરી છે, ક્યારે એમનો એની જિજ્ઞાસુ વૃત્તિથી ભક્તિ કરવા લાગે છે અને ભક્તિથી ઉન્નતિ પ્રાપ્ત કરે છે. તેમની ભક્તિ દુઃખસ્પર્શ નથી હોતી. તેમના મનમાં સત્ય જિજ્ઞાસા રહે છે અને એ કરવે તેઓ શોધ કરતા રહે છે અને શોધ કરતાં કરતાં અંતમાં સત્ય તત્ત્વને મેળવે છે. આવા જિજ્ઞાસાના કરણે આ ભક્તો પ્રયત્ન કરે છે, માટે તેઓ માની કરતાં શ્રેષ્ઠ છે

તત્ત્વજ્ઞ ૧. પું. ઋષિવર.

૨. [સં] પું. દાર્શનિક; દર્શનશાસ્ત્ર જાણનાર માણસ; 'ફીલસૂફ'.

૩. પું. બ્રહ્મા

૪. વિ. બ્રહ્મજ્ઞાની; તત્ત્વજ્ઞાની; ઈશ્વર અથવા બ્રહ્મને જાણનાર; પરમાત્માને જાણનાર.

તત્ત્વજ્ઞો તો બ્રહ્માજ્ઞો ! મુક્તકમે વિજ્ઞાનના ગુણો ગુણોમાં વર્તે છે એમ માની ભેદ ન. કવિનીલા

તત્ત્વજ્ઞાન ૧. [સં.] ન. (વેદાંત) જ્યાં સર્વ જગતરૂપ દ્વૈત રહ્યું જ નથી અને અદ્વિતીય ચિદાત્મામાં માયા વડે કલ્પિત હોવાથી જે મિથ્યા જ છે, પરમાર્થ સત્ય તો એક આત્મા જ છે, એ સચ્ચિદાનંદ અદ્વય આત્મા હું છું એવું જ્ઞાન; તત્ પદાર્થ અને ત્વં પદાર્થના અભેદનો સાક્ષાત્કાર કરનારી અંતઃકરણની વૃત્તિનું જ્ઞાન.

૨. ન. આત્મજ્ઞાન; દરેક સ્થિતિમાં આત્મને સાચી શાંતિ અને સુખ આપે તેવું જ્ઞાન; તત્ત્વસંબંધી જ્ઞાન; જીવ, આત્મા અને સૃષ્ટિ એ ત્રણના યથાર્થ સંબંધમાં જ્ઞાન; બ્રહ્મજ્ઞાનનાં પરમાત્મા સંબંધી ત્રીજી અને ઊંડી સમજ; આ જગત પોતે શું અને તે સંબંધી સાચી સમજણ; યથાર્થ જ્ઞાન; 'ફીલસૂફી.' સાંખ્ય અને પાતંજલ મત પ્રમાણે પ્રકૃતિ અને પુરુષનો ભેદ જાણવો તે તત્ત્વજ્ઞાન. વેદાંત મત પ્રમાણે અવિદ્યાનો નાશ અને વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જાણવું તે તત્ત્વજ્ઞાન. જ્ઞેય સ્વરૂપે અજ્ઞેય અને જ્ઞાન સ્વરૂપે સદા જ્ઞાત આત્માને હું જાણતો નથી અને છતાં જાણું છું આ જ તત્ત્વજ્ઞાન છે. સત્ત્વ, રજ તથા તમ આ ત્રણ ગુણોની સામ્ય અવસ્થારૂપ પ્રકૃતિ; એ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ મહત્તત્ત્વ, મહત્તત્ત્વથી ઉત્પન્ન થયેલ અહંકાર, અહંકારથી ઉત્પન્ન થયેલ પાંચ તન્માત્રા, પાંચ કર્મેંદ્રિય અને પાંચ જ્ઞાનેંદ્રિય તથા મન તેમજ પાંચ તન્માત્રાથી ઉત્પન્ન થયેલ પાંચ સ્થૂલ ભૂત અને પચીસમો આત્મા મળીને પચીસ તત્ત્વો થાય છે. આ બધા તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થાય એનું નામ તત્ત્વજ્ઞાન.

> ગીતા કેટલી નાની? ફક્ત સાતસો શ્લોક. પરંતુ વામનકાયના એક પગલામાં સર્વ ત્રિભુવન સમાય તે પ્રમાણે સર્વ તત્ત્વજ્ઞાન આ સાતસો શ્લોકમાં આવેલું છે. ગીતાહૃદય

૩. ન. હમણાંની અથવા જ્ઞાનના છેવટના સિદ્ધાંતોની ખોજ અથવા જ્ઞાન. તત્ત્વજ્ઞાનનો અર્થ હાલ કરતાં મધ્ય યુગમાં બહુ મોટો થતો હતો, પરંતુ હાલમાં તેના ત્રણ ભાગ પાડવામાં આવેલ છે: નૈતિક, હસ્તી અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન. પહેલીને શારીરિક વિદ્યા કહે છે, બીજી આચારશાસ્ત્ર અને ત્રીજી કારણ ને તેનું પરિણામ અથવા હસ્તીનો સ્વભાવ બતાવે છે. તત્ત્વજ્ઞાનના વિષયમાં સામાન્ય રીતે જાણીતી વાત ઉપરથી અજાણીતી વાતમાં અનુમાનો થાય છે અને છેવટના એ અનુમાનોને યોગ્યમાં મિત્તે પ્રત્યક્ષ જ્ઞાનમાં ફેરવવામાં આવે છે.

તત્ત્વજ્ઞાનવિષયક [સં] વિ. તાત્ત્વિક; તત્ત્વજ્ઞાનસંબંધી.

તત્ત્વજ્ઞાનસંપન્ન [સં.] વિ. તાત્ત્વિક દૃષ્ટિથી પરિપૂર્ણ.

તત્ત્વજ્ઞાનહારિણી [સં.] સ્ત્રી. અવિદ્યા.

તત્ત્વજ્ઞાનાર્થ [સં.] પું. તત્ત્વોના જ્ઞાનનો અર્થ; પૃથ્વી, અપ, તેજ વગેરે તત્ત્વોની વિદ્યાનો અર્થ. તે દુઃખમોક્ષનરૂપ પુરુષાર્થ છે.

તત્ત્વજ્ઞાનાર્થદર્શન [સં.] ન. તત્ત્વજ્ઞાન માટે આલોચન કે વિચારણા.

તત્ત્વજ્ઞાની [સં. તત્ત્વજ્ઞાનિન્] વિ. તત્ત્વ જાણનાર; બ્રહ્મજ્ઞાની; ઈશ્વર જેવું સમજનાર; દાર્શનિક; જીવ, સૃષ્ટિ, આત્મા વગેરે સંબંધનું યથાર્થ જ્ઞાન ધરાવનાર; વેદાંતી; તત્ત્વજ્ઞ; 'ફીલસૂફ.'

તત્ત્વજ્ઞેયતાવાદ [સં.] પું. જ્ઞાનપ્રાપ્તિ-વાદ; બુદ્ધિવાદ; તર્કમાંથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે એવો મત.

તત્ત્વતઃ [સં.] અ. ખરી જોતાં; ખરી રીતે જોતાં; સાચી રીતે; ખરી રીતે; તત્ત્વની દૃષ્ટિએ; પોતાથી ભિન્ન ચરિત્રિક સ્વરૂપે નહિ, પણ યથાર્થ સ્વરૂપે.

તત્ત્વતા ૧. [સં.] સ્ત્રી. તત્ત્વ હોવાનો ભાવ કે ગુણ

૨. સ્ત્રી. યથાર્થતા; વાસ્તવિકતા.

તત્ત્વતિરોધાન [સં.] ન. સાચું ન સમજવું તે.

તત્ત્વદર્શ ૧. [સં.] પું. (પુરાણ) સાવર્ણિ મન્વંતરનો એ નામનો એક ઋષિ.

૨. જુઓ તત્ત્વજ્ઞાની.

તત્ત્વદર્શન ૧. [સં.] ન. તત્ત્વજ્ઞાન; 'ફીલસૂફી.'

૨. ન. પરમાત્માનો સાક્ષાત્કાર.

૩. ન. વસ્તુના યથાર્થ પદાર્થને જણાવનાર શાસ્ત્ર.

તત્ત્વદર્શિ ૧. [સં. તત્ત્વદર્શિન્] પું. તત્ત્વજ્ઞાની; તત્ત્વ જોનાર પુરુષ; 'ફીલસૂફ.'

> જે તેહનો નથી નાશ, નથી તે જે સત્ નથી,
> પાર લે બેઉનો એક રીતે જે તત્ત્વદર્શિઓ. કવિનર્મદ

૨. પું. (પુરાણ) રૈવતાવર્ણિ મન્વંતરના સપ્તર્ષિમાંનો એક ઋષિ.

૩. પું. (પુરાણ) રૈવત મનુના દશ મહિનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) સુવરિદ નામના બ્રાહ્મણના ચારમાંનો એ નામનો એક પુત્ર.

તત્ત્વદિવસ [સં] પું. તંત્રશાસ્ત્રના જનીક તત્ત્વ અનુસાર ગણવામાં આવતો દિવસ.

તત્ત્વદીપનિબંધ [સં.] પું. વાસલક્ષ્યાર્થે લખેલો એ નામનો એક ગ્રંથ.

તત્ત્વદૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. તત્ત્વ જાણવાપણું; જીવ, આત્મા અને સૃષ્ટિ એ ત્રણેના યથાર્થ સંબંધમાં જ્ઞાન; પરમાત્મા સંબંધી ત્રીજી, ઊંડી સમજ.

૨. સ્ત્રી. દિવ્ય દૃષ્ટિ; જ્ઞાનચક્ષુ; તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક હોય તેવી દૃષ્ટિ.

તત્ત્વદોહન [સં.] ન. સાર ગ્રહવો તે.

તત્ત્વદ્રષ્ટા [સં. તત્ત્વદ્રષ્ટૃ] પું. તત્ત્વ જોનાર પુરુષ; 'ફીલસૂફ.'

તત્ત્વનાશ પું. પ્રલય વગેરેમાં જીવના ત્રાસ.

તત્ત્વનિરૂપણ [સં.] ન. સત્યનું દર્શન; તત્ત્વ જોવું તે; ખરી વસ્તુનું નિર્દર્શન.

તત્ત્વનિર્ણય [સં.] પું. તત્ત્વનો નિર્ણય; 'ફીલસૂફી.'

તત્ત્વનિર્ણયરીત સ્ત્રી. તત્ત્વનો નિર્ણય કરવાની રીત. આ સંબંધે ગીતારહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: ઉદ્દેશ–વસ્તુનો વિચાર કરવો હોય તેને નામ માત્રથી કહી જવી; લક્ષણ–ઉદ્દિષ્ટ વસ્તુનો કોઈ અસાધારણ ધર્મ; અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણે દોષરહિત અસાધારણ ધર્મ; પરીક્ષા–આપેલું લક્ષણ બરાબર છે કે નહિ, તેમાં કશું તે કોઈ દોષાદિ છે કે નહિ એ વિચાર કરી કરતો નિર્ણય.

તત્ત્વનિર્ણયેચ્છુ [સં] વિ. તત્ત્વનિર્ણયની ઇચ્છાવાળું

તત્ત્વનિષ્ઠ [સં.] વિ. તત્ત્વમાં નિષ્ઠા કે આસ્થાવાળું

તત્ત્વનિષ્ઠતા [સં.] સ્ત્રી. વાણીના પંચવીસ ગુણોમાંનો એ નામનો એક ગુણ.

તત્ત્વનિષ્ઠા [સં.] સ્ત્રી. તત્ત્વ ઉપરની આસ્થા.

તત્ત્વન્યાસ [સં.] પું. વિષ્ણુપૂજાની એક વિધિ. તેમાં અમુક મંત્ર જપવાને વખતે શરીરના જુદા જુદા ભાગ ઉપર પ્રોક્ષણ ક્રિયા કરવામાં આવે છે.

તત્ત્વપ્રતીતિ [સં.] સ્ત્રી. તત્ત્વની ખાતરી.

તત્ત્વભાવ [સં.] પું. પ્રકૃતિ; સ્વભાવ.

તત્ત્વભાષી [સં. તત્ત્વભાષિન્] પું. સ્પષ્ટ રૂપમાં યથાર્થ વાત કહેનાર માણસ.

તત્ત્વભૂત [સં.] વિ. મૂળભૂત.

તત્ત્વમંથન [સં.] ન. તત્ત્વની શોધ.

> કહે બીજે તહેપે અધર અમાનો સાર તું પીજે;
> તું સમજે હું હાર્યો અમર ! રસના તત્ત્વમંથને. નાનાલાલ

તત્ત્વમસિ ૧. [સં. તત્ (તે) + ત્વમ્ (તું) + અસિ (છો)] સ. ન. તે ઓટલે મૂળતત્ત્વ અથવા આત્મા તું જ છે એવું યજુર્વેદનું એક મહાવાક્ય; આ દૃશ્યમાન જગતમાં જે કંઈ દેખાય છે તે સઘળું તું જ છે, એવા અર્થનું યજુર્વેદમાંનું એક મહાવાક્ય. આમાં રહેલા રહસ્યથી આ વાક્ય મહાવાક્ય કહેવાય છે. એનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન મોક્ષ આપનારું મનાય છે. આ એક વાક્ય છતાં બધાં તત્ત્વબોધક એક શબ્દ હોય એમ વપરાય છે. આ સંબંધે ગીતારહસ્યમાં ઉલ્લેખ છે કે: અદ્વૈત મતના મૂળભૂત મહાવાક્યમાં 'તત્ત્વમસિ'

એ જે ઉદ્દેશ્ય ઉપનિષદનું મુખ્ય મહાવાક્ય છે તેનું જ ગીતાના અઢાર અધ્યાયમાં વિવેચન છે. પણ મહાવાક્યમાંના પદનો ક્રમ બદલીને પહેલાં 'ત્વમ્' અને પછીથી 'તત્' અને 'અસિ'એ પદો લઈ એ નવા ક્રમ પ્રમાણે પ્રત્યેક પદને લઈને આરંભથી છ છ અધ્યાય ભગવાને નિષ્પક્ષપાત બુદ્ધિથી સરખે હિસ્સે વહેંચી દીધા છે!

૨. જા.ન. શ્રેષ્ઠ સત્ય; વસ્તુનો સૌથી વધારે જરૂરી અને કીમતી ભાગ.

તત્ત્વમાલ પું. ઉત્તમ ભાગ; સૌથી સરસ ભાગ; ઉત્તમાંશ; તત્ત્વસાર.

તત્ત્વમીમાંસક [સં.] પું. અતીંદ્રિયશાસ્ત્રો; દર્શનશાસ્ત્રો; તત્ત્વશાસ્ત્રો.

તત્ત્વમીમાંસા ૧. [સં.] સ્ત્રી. અતીંદ્રિય તત્ત્વની વિચારણા કરનારું શાસ્ત્ર.

૨. સ્ત્રી. તત્ત્વની પરીક્ષા; તત્ત્વ સંબંધી ઊંડો વિચાર

૩. સ્ત્રી. શુદ્ધ તત્ત્વજ્ઞાન; તત્ત્વવિદ્યા; પરમાર્થશાસ્ત્ર.

તત્ત્વમૂર્તિ [સં.] પું. વિષ્ણુ.

તત્ત્વરશ્મિ [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ બૌદ્ધ એ બીજા; વપુબીજ.

તત્ત્વલતા [સં.] સ્ત્રી. એક જાતનું ઘરેણું; કૂલની માળા.

તત્ત્વવસ્તુ [સં.] ન. સત્ય વસ્તુ.

તત્ત્વવાદ [સં.] પું. તત્ત્વજ્ઞાન સંબંધી સંવાદ; દર્શનશાસ્ત્ર સંબંધી વિચાર.

તત્ત્વવાદી ૧. [સં. તત્ત્વવાદિન્] વિ. તત્ત્વવાદ સંબંધી સંવાદ કે પ્રવચન કરનાર; તત્ત્વવાદ જાણનાર તથા તેનો સમર્થક.

૨. વિ. યથાર્થ તથા સ્પષ્ટ વાત કહેનાર.

તત્ત્વવિચાર [સં.] પું. આત્મા પરમાત્માની એકતાનો વિચાર

તત્ત્વવિચારક ૧. [સં.] પું. પદાર્થવિજ્ઞાની.

૨. વિ. તત્ત્વનો વિચાર કરનાર.

તત્ત્વવિજ્ઞાન [સં.] ન. આઠ ભાંહેનો બુદ્ધિનો એક પ્રકાર.

તત્ત્વવિત જુઓ તત્ત્વવિદ.

તત્ત્વવિદ ૧. [સં. તત્ત્વવિત્] પું. પરમાત્મા; પરમેશ્વર.

૨. પું. વિષ્ણુ. વિષ્ણુનાં હજાર ભાંહેનું એક નામ. તત્ત્વજ્ઞાનને જાણનારા તત્ત્વજ્ઞાની તે છે. પુનઃ તત્ત્વ અને અતત્ત્વને જાણનારા પણ તે જ છે; એટલે કે વસ્તુ અને અવસ્તુને અને ભાવને જાણનારા પણ તે જ છે. અધિકારભાવમાં આત્મજ્ઞાની અને બ્રહ્મજ્ઞાની પણ તે જ છે. પુનઃ તત્ત્વદર્શી એટલે તત્ત્વ જાણીને તત્ત્વપરાયણ રહેનારા પણ તે જ છે.

૩. પું. શિવનાં હજાર ભાંહેનું એક નામ.

૪. વિ. તત્ત્વવેત્તા; વસ્તુ વગેરેનું યથાર્થ સ્વરૂપ જાણનાર; તત્ત્વજ્ઞાની; તત્ત્વોના ગુણધર્મ જાણનાર; 'ફીલસૂફ.' મૂલ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, પાંચ કર્મેંદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય, મન, પાંચ મહાભૂત અને આત્મા મળીને પચીસ તત્ત્વોનું યથાવત જ્ઞાન થાય એનું નામ તત્ત્વજ્ઞાન છે. જે આ બધાનું યથાવત જ્ઞાન પ્રાપ્ત કરે છે, એને જ તત્ત્વવિદ કહે છે. ગીતામાં જેને તત્ત્વવિદ કહ્યો છે તે જ્ઞાનવિજ્ઞાનથી સંપન્ન છે, અર્થાત્ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રને તથા આત્મિક જ્ઞાનને જાણનારો છે. આ અધિકાર કંઈ સાધારણ નથી. ગ્રન્થકારને આત્મજ્ઞાન કરવાથી જ આ અધિકાર પ્રાપ્ત થયો સંભવિત છે.

તત્ત્વવિદ્યા ૧. [સં.] સ્ત્રી. અધ્યાત્મવિદ્યા; આત્મતત્ત્વવિદ્યા, દર્શનશાસ્ત્ર; સાંખ્યવિદ્યા, વસ્તુના યથાર્થપણાને જણાવનાર શાસ્ત્ર.

૨. સ્ત્રી. તત્ત્વ સંબંધી જ્ઞાન; 'ફીલસૂફી.'

તત્ત્વવિદ્યાજ્ઞ જુઓ તત્ત્વજ્ઞાની.

તત્ત્વવિદ્યાવિશારદ [સં.] વિ. તત્ત્વજ્ઞાનમાં નિપુણ.

તત્ત્વવેત્તા [સં. તત્ત્વવેતૃ] પું. તત્ત્વ જાણનારો પુરુષ; તત્ત્વજ્ઞ; તત્ત્વજ્ઞાની; દાર્શનિક; 'ફીલસૂફ.'

> અખિલ બ્રહ્માંડનો સાક્ષાત્કાર બતાવી આ તત્ત્વવેત્તા પુરુષનાં પૂર્વનાં સંચિત કર્મનો જો વિનાશ થઈ જાય છે. ગીતાપ્રવેશામૃત

તત્ત્વશંભર [સં.] ન. બોંતેર ભાંહેનું એ નામનું એક તંત્ર.

તત્ત્વશાસ્ત્ર જુઓ તત્ત્વવિદ્યા.

તત્ત્વશાસ્ત્રી [સં. તત્ત્વશાસ્ત્રિન્] પું. તત્ત્વજ્ઞાનમાં નિષ્ણાત પુરુષ; 'ફીલસૂફ.'

તત્ત્વશ્રવણ [સં.] ન. તત્ત્વ સાંભળવું તે.

તત્ત્વસમાસ [સં.] પું. સાંખ્યદર્શનનું એક પુસ્તક. તે કપિલે રચ્યું હોવ એમ મનાય છે.

તત્ત્વસંનિષ્ઠ [સં.] વિ તત્ત્વજ્ઞાનમાં લીન થયેલું.

તત્ત્વસાક્ષાત્કાર [સં.] પું. બ્રહ્મનું પ્રત્યક્ષ દર્શન; બ્રહ્મસાક્ષાત્કાર.

તત્ત્વસિદ્ધ [સં.] વિ. અંતઃસ્થ; અંતર્ગત; સ્વાભાવિક; અરેખરું; મૂળનું.

તત્ત્વહાનિ [સં.] સ્ત્રી. તત્ત્વનો નાશ.

તત્ત્વંપદાર્થ [સં.] જા.ન. (વેદાંત) તત અને ત્વ પદનો અર્થ જોને ઉદ્દેશીને કહેલો હોય તે વસ્તુ સામવેદનું તે મહાવાક્ય છે.

તત્ત્વંપદાર્થશોધન [સં] ન. જે જે આત્માથી ભિન્ન હોય તે તે અનાત્મા છે અને જે જે આત્માના સંબંધવાળું એટલે આત્મા સાથે એકરૂપ છે તે તે આત્મા છે તેવો નિશ્ચય.

તત્ત્વાકાશ [સં.] ન. પાંચ ભાંહેનું એક આકાશ.

> આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ ને સૂર્યાકાશ જ્યોમપંચક છે. યોગકૌસ્તુભ

તત્ત્વાખ્ય [સં.] વિ. તત્ત્વ કહેવાતું, બ્રહ્મને માટે વપરાય છે.

તત્ત્વાખ્યાન [સં.] ન. તત્ત્વને કહેતું તે.

તત્ત્વાખ્યાનોપમા [સં.] સ્ત્રી. (અલં) એક પ્રકારની ઉપમા.

તત્ત્વાતત્ત્વ [સં] ન. સારાંસાર.

તત્ત્વાતીત [સં.] વિ. તત્ત્વની પાર ગયેલું; જેને તત્ત્વની અસર ન થાય એવું; તત્ત્વોથી જુદું કે ભિન્ન.

તત્ત્વાદિત્ય [સં.] પું. આચાર્ય શ્રીહર્ષ; શ્રીહર્ષ.ગ.વૈ

તત્ત્વાનુસંધાન [સં.] પું. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

તત્ત્વાન્વેષણ [સં.] ન. તત્ત્વોનું શોધન.

તત્ત્વાભાસી [સં. તત્ત્વાભાસિન્] વિ. જેમાં તત્ત્વનો આભાસ હોય તેવું.

તત્ત્વાભિજ્ઞા [સં.] સ્ત્રી. બોળખાણ આપવું તે.

તત્ત્વાભિનિવેશ [સં.] પું. વિજ્ઞાન; જ્ઞિ અને અપોહથી આ સમાજ શુદ્ધ થયેલ છે એવો નિશ્ચય.

તત્ત્વાભિયોગ [સં.] પું. ખરી તહોમત.

તત્ત્વાભિલાષી [સં. તત્ત્વ + અભિલાષિન્] વિ. તત્ત્વ જાણવાની ધગશવાળું.

તત્ત્વાર્થ ૧. [સં.] પું. મૂળ સત્ય; ખરું તત્ત્વ.

૨. પું. સાર; પરમાર્થ.

તત્ત્વાર્થબોધ [સં.] પું. તત્ત્વના રહસ્યને જાણવું તે.

તત્ત્વાર્થબોધવેદ [સં.] પું. આદિ જૈન તીર્થંકર ઋષભદેવના મોટા પુત્ર ભરતચક્રીએ રચેલા ચાર ભાંહેનો ત્રીજો વેદ.

તત્ત્વાર્થસૂત્ર [સં.] ન. એ નામનું જૈન ધર્મનું એક પુસ્તક.

તત્ત્વાવધાન [સં] ન. નિરીક્ષણ; કેળરેખ.

તત્ત્વાવબોધ [સં.] પું. તત્ત્વજ્ઞાન.

તત્ત્વાંશ [સં.] પું. તત્ત્વનો અંશ કે ભાગ.

તત્ત્વોન [સં.] પું. કેવળ સત્ય; ભગવાન.

તત્પ ૧. [હિં.] પું. ચકિત; ભળ; તાકાત.
૨. વિ. મુખ્ય; પ્રધાન.

તત્પતા ૧. સ્ત્રી. ખોટી કે નકામી પળોજણ; અર્થ રહિત વાત.
૨. સ્ત્રી. નિંદા; બદગોઈ; ચાડીચુગલી.

તત્પ પું. એ નામનો એક નરકાવાસો.

તત્પત્રી ૧. [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.
૨. સ્ત્રી. વંશપત્રી નામનું ઘાસ.

તત્પદ ૧. પું. વિષ્ણુ. તત્ એટલે તે અને પદ એટલે સ્થાન. તે એટલે જે જે દેખાય છે તેનો નિષેધ કરીને જે અવશેષ રહે તે સ્થાન. તત્ એટલે તે અને તે એટલે સર્વ અસ્તિત્વોમાં જે અદ્ય એટલે ઢંકાયેલી હોવા છતાં તેનો બોધ કરવાને માટે જ્ઞાનીઓમાં તત્ સંજ્ઞા આપીને વર્ણન કરેલું છે તે. તત્ બ્રહ્મ પરમાત્મા એવા પરોક્ષસ્વરૂપ પદ પણ વિષ્ણુ જ છે. પુનઃ તત્ અને અતત્ પણ તે જ છે. પ્રતીત અને અપ્રતીત, સાકાર અને નિરાકાર, દૃશ્ય અને અદૃશ્ય એ બંનેથી રહિત અત્યન્ત પદ પણ તે જ છે. સર્વ ક્રમન માત્રિક છે; વસ્તુતાએ પરમાત્મા અવાઙ્મનસ છે.
૨. [સં. તત્ (તે) + પદ (સ્થાન)] ન. તે એટલે બ્રહ્મનું પદ; બ્રહ્મત્વ; નિર્વાણ; પરમપદ; મોક્ષ. વેદાંતમાં બધ્ધ પદ માનેલાં છે: એક તત્પદ, બીજું તત્પદ અને ત્રીજું અસિપદ.
જે કોઈ બુદ્ધિ વિનાનો અસંયમી અશુચિ છે;
તત્પદને ન પામે તે, જન્મે મરે ફરી ફરી.
કાનુલેખન
૩. ન. દેવતા; પરમાત્મા; ઈશ્વર.

તત્પદલક્ષ્યાર્થ [સં.] પું. નિરંકરસ પરમાત્મા.

તત્પદવાચ્ય [સં.] પું. પરમાત્મા.

તત્પદાપેક્ષક [સં.] ન. (હિંદી) સંબંધી સર્વનામ.

તત્પદાર્થવિદ [સં.] પું. પરમાત્મા.

તત્પદાર્થ [સં.] પું. બ્રહ્મ; પરમાત્મા; ઈશ્વર; સૃષ્ટિકર્તા.

તત્પર ૧. પું. કલિયુગના સો વર્ષ
૨. [સં.] પું સૂક્ષ્મમાપ; નિમેષનો ત્રીસમો ભાગ.
૩. વિ. આતુર, ઉત્સુક કે ઉત્સાહથી તરત કરે એવું.
૪. વિ. ઉદ્યત; તૈયાર; સજ્જ.
ઇન્દ્રિયો મન બુદ્ધિને વશ કરી જે મોક્ષમાં તત્પર,
ઇચ્છા ને ભય ક્રોધ હીન મુનિ જે તે છે સદા મુક્ત જ.
જીવન્મુક્તિગીતામૃત
૫. વિ. ઉદ્યમી; ઉદ્યોગી.
૬. વિ. ચતુર; હોશિયાર; નિપુણ.
૭. વિ. તલ્લીન; આસક્ત; એકધ્યાન.
૮. વિ. બ્રહ્મપરાયણ; બ્રહ્મમાં લીન.

તત્પરતા ૧. [સં.] સ્ત્રી. આતુરતા; હોંસ; ઊમટ; ઉત્સાહ; તત્પર થવાની ક્રિયા.
૨. સ્ત્રી. ઉદ્યમમાં મગ્ન રહેવું તે; ઉદ્યોગશીલતા.
૩. સ્ત્રી. તલ્લીનતા; એકધ્યાન હોવું તે.
૪. સ્ત્રી. તાત્પર્ય; સાર.
૫. સ્ત્રી. તૈયારી; સજ્જ હોવું તે.
૬. સ્ત્રી. નિપુણતા; દક્ષતા; હોશિયારી.
૭. સ્ત્રી નિષ્ઠા હોવાપણું.
૮. સ્ત્રી. બ્રહ્મપરાયણતા; બ્રહ્મમાં લીન હોવું તે.

તત્પરત્વ જુઓ તત્પરતા.

તત્પરાયણ ૧. [સં. તત્ (તે) + પરાયણ (ઉત્તમ આશ્રય)] વિ. તેને કરવે હોય એવું; તદાસક્ત; તત્પર.
૨. વિ. ચપટ.

તત્પરાયણતા ૧. [સં.] સ્ત્રી. આસ્થા.
૨. સ્ત્રી. નિષ્ઠાયુક્તતા; દૃઢબુદ્ધિ.

તત્પશ્ચાત્ અ. તે પછી; ત્યારપછી.

તત્પુરુષ ૧. [સં.] પું. આગમ પ્રસિદ્ધ પુરુષાકાર મહાદેવ; વેદમાં વખણાયેલું રુદ્રનું એક નામ.
૨. પું. તે નામે એક રુદ્ર.
૩. પું. તે પુરુષ.
૪. પું. નોકર.
૫. પું. પરમેશ્વર; પરમાત્મા; ઈશ્વર.
૬. પું જ્ઞાન માર્ગનો એ નામનો એક અઘોરમિશ્ર દેવતા.
૭. પું. (વ્યાકરણ) બે શબ્દ એકઠા કરીને બનાવવામાં આવતા એક શબ્દ અથવા પદનો એક ભેદ; એ નામનો વ્યાકરણનો એક સમાસ; જેમાં આગલો શબ્દ પછીના શબ્દ સાથે વિભક્તિના સંબંધથી જોડાય એવો સમાસ. સમાસનો વિગ્રહ કરતાં વચ્ચે વિભક્તિનો પ્રત્યય ઉમેરવો પડે તે તત્પુરુષ સમાસ કહેવાય. જે સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના સંબંધથી જોડાયેલું હોય તે તત્પુરુષ સમાસ કહેવાય છે. તેમાં ઉત્તરપદ પ્રધાન છે અને પૂર્વપદ ગૌણ છે. જેમકે, દુઃખાપન્ન, શ્રીયુત, પ્રોત્સવી. તત્ એટલે તે અને પુરુષ એ બે પદનું તત્પુરુષ પદ બન્યું છે. એનો અર્થ તેનો પુરુષ એવો થઈ શકે છે. એ અર્થથી સમાસનાં લક્ષણ ઉપર પ્રકાશ પડે છે. તત્પુરુષ શબ્દ બળે તત્પુરુષ સમાસ છે. તત્પુરુષ સમાસમાં પહેલી સિવાય બીજી દરેકેક વિભક્તિનો પ્રત્યય અધ્યાહાર રહે છે. તે ઉપરથી તેની નીચે પ્રમાણે છ જાત છે: ૧. દ્વિતીયા તત્પુરુષ. જેમકે, સ્વર્ગગત.
૨. તૃતીયા તત્પુરુષ. જેમકે, અંગવિકલ. ૩. ચતુર્થી તત્પુરુષ. જેમકે, બ્રાહ્મણદત્ત. ૪. પંચમી તત્પુરુષ. જેમકે, વૃક્ષપતિત. ૫. ષષ્ઠી તત્પુરુષ. જેમકે, રાજપુરુષ. ૬. સપ્તમી તત્પુરુષ. જેમકે, નરશ્રેષ્ઠ. બીજી દૃષ્ટિએ તત્પુરુષના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પણ પાડી શકાય છે: ૧. વ્યધિકરણપદ તત્પુરુષ, ૨. સમાનાધિકરણપદ તત્પુરુષ અને ૩. સંખ્યાપૂર્વપદ તત્પુરુષ.
૮. પું. બ્રહ્માના જીવ માંહેનો એકત્રીસમો લિંગ.
૯. પું. (પુરાણ) મત્સ્યપુરાણ અનુસાર એ નામનો એક કલ્પ.
૧૦. પું. શિવપંચાનનમાંની એક મૂર્તિ. ત્વચા, હાથ, સ્પર્શ તથા વાયુના નિયામકરૂપે મૂર્તિ તત્પુરુષ છે.
૧૧. પું. સેવાધર્મ બતાવનાર એ નામની એક વ્યક્તિ.

તત્પુરુષકલ્પ [સં.] પું. (પુરાણ) જે કલ્પના આરંભમાં તત્પુરુષાવતાર થયો તે.

તત્પૂર્વ [સં.] વિ. તેની પહેલાંનું; તેની પૂર્વેનું.

તત્પૂર્વક અ. તદનુસાર રીતે.

તત્પ્રત્યય [સં.] પ્ર. નામધેયતાનું એ નામનું એક નિમિત્ત. તત્પ્રત્યય, તદ્ધપદેશ, રોગ અને વાક્યભેદ એ ચાર નામધેયતાનાં એટલે નામપણાનાં નિમિત્તો છે.

તત્પ્રતિરૂપકવ્યવહાર [સં.] પું. (જૈન) એક ચીજને બદલે તેને મળતી બીજી ચીજ આપવાથી થતો એક અતિચાર દોષ.

તત્પ્રતિષેધ [સં.] પું. (ન્યાય) વાક્યના દસ માંહેનો એ નામનો એક અવયવ.

તત્પ્રદ્વેષ [સં.] પું. (જૈન) જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે દ્વેષ ધારણ કરવો તે; જ્ઞાનપ્રદ્વેષ.

તત્પ્રવર્તિત [સં.] વિ. તેમણે પ્રવર્તાવેલ.

તત્પ્રીત્યર્થે [સં.] અ. તેની પ્રીતિ માટે.

તત્ફલ ૧. [સં.] પું. કુટ નામની ઔષધિ.
૨. પું. ચોર નામનું ગંધદ્રવ્ય.
૩. પું. નીલકમળ.
૪. ન. તે ફળ; કરેલાં કર્મનું ભોગવવા યોગ્ય ફળ.
૫ વિ. કરેલાં કર્મનું ફળ જેને પ્રાપ્ત થયું હોય એવું.

તત્બર અ. તરબોળ; તદ્બર; મગ્ન.

તત્ર [સં.] અ. ત્યાં; તે ઠેકાણે; તે બાબતમાં.

તત્રત્ય ૧. [સં.] વિ. ત્યાં બનનાર કે હોનાર.
૨. વિ. ત્યાંનું; ત્યાં જન્મેલું કે ત્યાંનું વતની.

તત્રભવત [સં. તત્રભવત્] વિ. માનનીય, પૂજનીય.

તત્રભવતી [સં.] વિ. સ્ત્રી. માનવતી; નામદાર; નામવરા. નાટકમાં પરોક્ષમાં રહેનાર કોઈ મોટા સ્ત્રીપાત્ર માટે આ માનસૂચક શબ્દ વપરાય છે.

તત્રભવાન [સં. તત્રભવત્] વિ. માનનીય, પૂજ્ય; શ્રેષ્ઠ. મોટા દરજ્જાના માણસનું નામ લેતાં કે સમજતાં માનાર્થે આ શબ્દ વપરાય છે.

તત્રવર્તી [સં. તત્રવર્તિન્] વિ. ત્યાં આવેલ.

તત્રસ્થ [સં.] વિ. ત્યાં રહેલું; ત્યાંનું; ત્યાં રહેનાર; ત્યાં રહેલું કે આવેલું

તત્રાપિ ૧. [સં.] અ. તથાપિ; પરંતુ; એમ છતાં પણ; તોપણ; તે છતાં યે.
૨ અ. ત્યાં પણ.

તત્રી સ્ત્રી. રમતિયાળ છોકરી.

તત્રોપધાયી [સં. તત્ર (ત્યાં) + ઉપધાન (રાખને બેસવાનો હાથી)] વિ. અંકુશ વાપરવાથી થાકે એવું. હાથી માટે આ શબ્દ વપરાય છે.

તત્સત્ [સં.] પું. પરબ્રહ્મ.
ૐ તત્સત્. પરબ્રહ્મનાં ત્રિવિધ કે ત્રણ પ્રકારનાં નામ એ. પૂર્વે તેથી જ વેદ બ્રાહ્મણ અને યજ્ઞો ય નિર્માણ છે. ત્રણે તેથી કહેવ યજ્ઞ તપ ને દાનાદિ ક્રીયા ક્રિયા, પ્રારંભાય જ બ્રહ્મવાદીની સદા ૐ એમ ઉચ્ચારતા. તત્ એ શબ્દથી ભારા વિશ્વ કૃત્યની મોક્ષેચ્છા જોડે ભળ્યા. યજ્ઞો દાનની ને કરે તપ ક્રિયા વિવિધ કર્મ ક્રિયા. હોવામા વળી સાધુભાવ માટે એ સત્ શબ્દ યોગ્ય છે, ને કર્મે વપરાય સ્તુત કરવે અર્જુન! સત્ શબ્દ એ.
ગીતાપ્રકાશમૃત

તત્સદ્વ્યવહાર [સં.] પું. (બ્રહ્મ) એક અલંકાર-વર્ધિતની સિદ્ધિને માટે એના સદ્ભાવનો આદર તે તત્સદ્વ્યવહાર અલંકાર કહેવાય છે.

તત્સમ ૧. [સં.] પું. (અલંકાર) ગુજરાતી વગેરે પ્રાકૃત ભાષાઓમાં વપરાતો મૂળ સંસ્કૃત જેવો જ શુદ્ધ રહેલો શબ્દ. કેટલાક શબ્દ મૂળ સંસ્કૃત ભાષામાં વપરાય છે તે જ સ્વરૂપમાં કેટલી ભાષામાં દાખલ થયા છે. એ તત્સમ શબ્દો કહેવાય છે. તત્ એટલે પ્રકૃતિ, મૂળ અર્થાત્ સંસ્કૃત ભાષામા જેવા છે તેવા, માટે એ તત્સમ શબ્દ કહેવાય છે. દર્શન, અગ્નિ, દૃષ્ટિ, શ્રુતિ, ભાષ, ભય, મનુષ્ય, જ્યો વગેરે તત્સમ શબ્દો છે. તત્સમ શબ્દનું પ્રમાણ બંગાળી, ઉડિયા ને મરાઠી ભાષામા વધારે, હિંદી અને ગુજરાતીમાં તેથી ઓછું અને પંજાબી અને સિંધીમાં સહુથી ઓછું છે. ઇતિહાસ તરફ નજર કરતાં આવું કારણ સમજાશે. સિંધ અને પંજાબમાં મુસલમાનની સત્તા બહુ દીર્ઘ કાલ રહ્યાં વહેલી થઈ, તેમ જ તેમાં મુસલમાની ધર્મ પણ વહેલો દાખલ થયો. આ બંને પ્રાંતમાં બ્રાહ્મણની સંખ્યા ઓછી છે.
૨. વિ. તેની બરાબર.
૩. વિ. મૂળ પ્રમાણેનું.
૪. વિ. મૂળ ભાષામાં અને પ્રાકૃતમાં સરખું એવું. શબ્દ માટે વપરાય છે.

તત્સમય [સં.] પું. તે સમય; તે વખત.

તત્સમે અ તે વખતે.

તત્સંમતિ [સં.] સ્ત્રી. તેની સલાહ; તેની સોબત.

તત્સંબંધ [સં. તત્ (તે) + સમ્બન્ધ (સંસર્ગ)] વિ. તેના સબંધી; તેને લાગુવળગતું.

તત્સાધ્ય [સં] વિ. જેનાથી બની શકે તેવું; તેથી સિદ્ધ થાય તેવું.

તત્સ્વરૂપગુણ [સં.] પું. પરમાત્માના ગુણ.

તત્સ્વરૂપી [સં. તત્સ્વરૂપિન્] વિ. અભિન્ન; એકરૂપ; તન્મય

તથ ૧. સ્ત્રી. જન્મદિવસ.
૨. સ્ત્રી. તિથિ; રોજ; મહિનાનો ત્રીસમો ભાગ; એક દિવસ.
૩. સ્ત્રી. પંદરની સંખ્યા માટે વપરાતો એક પવિત્ર શબ્દ.
૪. વિ. સત્ય; તથ્ય; સાચું; ખરું.

તથા ૧. સ્ત્રી. અનબન; કજિયા; ખંત.
૨. સ્ત્રી. મરજી; તમા; રજા; લેવડદેવા; લાગણી; દરકાર; પરવા.
તથા પડવી = મરજી હોવી; ગમેતેમ કરીને એમ હોવું.
૩. સ્ત્રી. ચિંતા, પરવાહ; લાંબો વિચાર; ધ્યાન; પચાત
૪ [હિં.] સ્ત્રી. નિયમ.
૫. સ્ત્રી. લંબાણ; વિસ્તાર.
તથા કરવી-દેવી–મૂકી = વાતનું લંબાણ બંધ કરવું; બસ્સી જેવો લાવવો.
૬. સ્ત્રી. લાંબી વાત.
૭. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય; જોર.
૮. સ્ત્રી. સત્તા.
૯. સ્ત્રી સમ
૧૦ સ્ત્રી. સમાનતા.
૧૧ સ્ત્રી. રીમાં; હદ.
૧૨. [સં.] અ. અને; ને; બે વાક્ય કે બે શબ્દને જોડનાર કેમચાન્વયી અવ્યય.
૧૩. અ. એ જ; તેના જેવું; એના જેવું જ
૧૪. અ. તે પ્રમાણે; તે પ્રકારે; તેમ; તે રીતે
૧૫. અ. નક્કી; નિશ્ચયપૂર્વક.

તથાખ્યાત [સં.] વિ. (જૈન) યથાખ્યાત; જેમાં જેવું જણાવાયું છે તેવું; દોષ રહિત.
યથાખ્યાત અર્થાત્ વીતરાગ ચારિત્ર. અથાખ્યાત અને તથાખ્યાત એના નામો પણ મળે છે
તત્ત્વાર્થસૂત્ર

તથાગત ૧. [સં. તથ્ય (સત્ય) + આગત (જાણેલું)] પું. બુદ્ધ ભગવાન; બુદ્ધદેવ; બુદ્ધ મુનિ; ગૌતમ બુદ્ધ. સર્વજ્ઞ, સુગત, ધર્મરાજ, સમંતભદ્ર, ભગવાન, આરહિત, જોકજિત, જિન, પદ્મજિત, દશબલ, વિનાયક, મુનીંદ્ર, યોધન, જારતા, મુનિ, અદ્વયવાદી વગેરે તેનાં બીજાં નામો છે.
જીવો, બધાને ચાહો, પુરુષ પરમાર્થ ને જુઓદયા; આયુષ્ય, આનંદ ને કલ્યાણ, એ તથાગતનો રાજમાર્ગ.
સર્વમિત્ર
૨. પું. બોધિસત્ત્વના નિયમો પાળનાર એ નામનો એક રાજા.
૩. વિ. જ્ઞાની; સર્વજ્ઞ; નિર્વાણ માર્ગે પહોંચ; બુદ્ધ; જ્ઞાન પ્રાપ્ત કરેલું, પરમપદે પહોંચેલું; જીવન્મુક્ત; બુદ્ધ ધર્મના જ્ઞાનીઓમાં બહુ ઊંચી કોટિએ ગણેલ

તથાગતગુહ્યસૂત્ર ન. નેપાળની અંદર બુદ્ધના મુખ્ય નવ બારસૂત્રને નામે ઓળખાતા નવ ગ્રંથોનો એ નામનો એક ગ્રંથ.

તથાગતમાર્ગ [સં.] પું. (જૈન) બુદ્ધનો માર્ગ.

તથાપિ [સં.] અ. તોપણ; તો ય; છતાં પણ; તે છતાં યે, તેમ પણ.

તથાપ્રકાર [સં.] વિ. તે જ પ્રમાણેનું.

તથાભવ્યત્વનું ન. (જૈન) કાળાદિકના ભેદ વડે આત્માની જે ભવ્યસિદ્ધિ કરી તેના ભાવથી નાના પ્રકારને પામેલું ભવ્યપણું

તથાભૂત [સં.] વિ. તે પ્રમાણે બનેલું.

તથાભૂતિ [સં.] સ્ત્રી સત્યસ્વરૂપ અસ્તિ.

તથારાજ [સં.] પું. બુદ્ધદેવ

તથારૂપ [સં.] વિ. પહેલાંના ગુણને ધરનાર.

તથાવિધ [સં.] વિ. તેવા પ્રકારનું; તે જ પ્રમાણેનું.

તથાસ્તુ અ. પ્ર. તેમ થાઓ, એવું હો; એવમસ્તુ; આશીર્વાદાત્મક એક ઉદ્ગાર, તેમ હો; આમીન; તે જ પ્રમાણે હો, ભવતુ. આ પદનો પ્રયોગ કોઈ પ્રાર્થના સ્વીકારતી વખતે કે આશિષ

વરદાન આપતી વખતે બોલ છે.
તથાસ્તુ. બહાર આત્મસંતાનો !
મપરો તેને ખમો,
તમે માગ્યાં તે સર્વ ધન. નાનાલાલ

તથાસ્વરૂપ [સં.] વિ. તેના જેવું; તેના જેવું

તથાહિ [સં.] અ. તોપણ.

તથી [સં. તિથિ] સ્ત્રી. તિથિ; પખવાડિયાનો ઓકો દિવસ; તમ; દિવસ.

તથૈવ [સં. તથા + એવ] અ. બરાબર; એમ જ; એ રીતે; એ પ્રમાણે.

તથોદ્ગત [સં.] વિ. તેમાંથી ઉત્પન્ન થયેલ.

તથ્ય ૧. [સં.] વિ. ખરી બાતમી; ખરી હકીકત; સિદ્ધ થયેલી હકીકત.
૨. વિ. ઠીક; નિકટ.
૩. વિ. દૃષ્ટાંત; તત્ત્વ; જ્ઞાન; વસ્તુ; વાત; ઘટના
૪. વિ. યથાર્થતા; સાચાપણું; સત્ય; વાસ્તવ.
૫. વિ. સ્વીકારેલી બાબત, સામગ્રી કે પ્રમેય.
૬. વિ. ગુણકારી.
૭. વિ. વાસ્તવિક; ખરેખરું
૮. વિ. સત્ય; સાચું.

તથ્યભાષી [સં. તથ્યભાષિન્] વિ. સાચેસાચું કહેનાર; સત્યવાદી; તથ્ય કે સાચું બોલનાર.

તથ્યમાપનવેત્તા [સં. તથ્ય (ખરું) + માપન (માપવું તે) + વેત્તૃ (જાણનાર)] પું. હિસાબી કામ જાણનાર એક અધિકારી.

તથ્યરંગી [સં. તથ્ય (સાચું) + રંજિન્ (રંગવાળું)] વિ. ઓપવાળું; રંગદોષરહિત; નીરંગ; ઓપરંગી.

તથ્યવાદી [સં. તથ્યવાદિન્] વિ. તથ્યભાષી; સાચું બોલનાર.

તથ્યા ૧. સ્ત્રી. ઠેઠો; ઉઘડો; ખેપો.
૨. સ્ત્રી. ઠીક; વાત; નિંદા; કુથલી.
તથ્યા મેલવી = વાત મૂકવી; વાતને જન્મ દેવો.
૩. સ્ત્રી. બાંધી હકીકત; સપ.

તથ્યાતથ્ય [સં.] વ. સાચું અને ખોટું.

તથ્યાંશ ૧. [સં.] પું. ખરો ભાગ; સત્યનો અંશ.
૨ પું. સત્યાંશ; સત્ય.

તદ [સં. તત્] સ. તે.

તદક્ષરતદર્થગતાગત [સં.] પું. (કાવ્ય) જતાગતનો એક ભેદ.

તદતદ્વિભાગ [સં.] પું. અમુક ગુણના ભાગ કે અભાવ ઉપરથી વિભાગ પાડવા તે.

તદતો અ. તે વખતે.

તદધીન [સં.] વિ. તેને અધીન; પરાધીન; તાબેદાર.

તદધીનતા [સં.] સ્ત્રી. તાબેદારી.

તદન [સં. તત્ (તે) + અન્ન (પાછળ)] અ. નિઃશેષ; સાવ; તમામ; નર્યું; પૂરેપૂરું; અક્ષરશઃ; ઉક; ઉઘાડ; સંપૂર્ણ. તદ્દન.

તદનન્યત્વ [સં.] પું. (વેદાંત) બ્રહ્મસ્વરૂપનો અભેદ; કાર્ય અને કારણની એકતા.

તદનંતર [સં. તત્ (તે) + અન્ (નહિ) + અંતર (છેટું)] અ. તે પછી; ત્યારબાદ; પછી, તે ઉપરાંત; તેના પછી.

તદનુ ૧. [સં.] અ. તદનંતર; તે અનુસાર.
૨. અ. તે પ્રકારે; તેની રીતે.

તદનુકૂળ વિ. તેને માફક આવે એવું; તેને પસંદ આવે એવું.

તદનુયાયી અ. તેને અનુસરીને; તે પ્રમાણે.

તદનુરૂપ [સં.] વિ. તેના જેવું; તેના પ્રમાણનું; તેના રૂપનું.

તદનુસાર [સં.] વિ. તેને અનુકૂળ; તે પ્રમાણેનું; એવું; તેના જેવું.

તદનુસારિણી [સં.] વિ.સ્ત્રી. તેને અનુસરતી, તે પ્રમાણેની.

તદનુસારી [સં. તદનુસરિન્] વિ. તે પ્રમાણેનું; તેને અનુકૂળ; તેને અનુસરતું.

તદન્ય [સં] વિ. તેનાથી બીજું.

તદન્યાધિતાર્થી [સં.] પું. તર્કના પાંચ અવિનો એક પ્રકાર.

તદન્યાધિતાર્થીપ્રસંગ [સં.] પું. (ન્યાય) ન્યાયપ્રસિદ્ધ એક તર્ક. આત્માશ્રય, અન્યોન્યાશ્રય, ચક્રક, અનવસ્થા એ બીજા ચાર તર્ક છે. તદન્યાધિતાપ્રસંગના બે પ્રકાર છે: વ્યાપિગ્રાહક અને વિષયપરિશોધક. જો પુરાવો અગ્નિનો અધિકારી હોય તો તે અગ્નિથી ઉત્પન્ન થયેલો ન હોય એ વ્યાપિગ્રાહક અને પર્વત જો અગ્નિ વિનાનો હોય તો તે પુરાવા વિનાનો પણ હોવો જોઈએ એ વિષયપરિશોધક.

તદપિ [સં. તત્ (તે) + અપિ (પણ)] અ. તોપણ; તથાપિ; તોય; એમ છતાં.
વખા વાળો બીજી તદપિ ન મળ્યા બાવા પ્રભુને,
ન બાળ્યા ચૂંથાળ્યા મદમસ્તમાં મહાન કુબેરે. બિહારી

તદપેક્ષા [સં. તત્ (તે) + અપેક્ષા (આશા)] સ્ત્રી. તેની અપેક્ષા.

તદ્દીન (તદ્દોન) [અ.] પું. ઘટતું તે.

તદબીર ૧. [અ. દબ્બર (તેણે રાજ્ય કર્યું)] સ્ત્રી. અભિપ્રાય; સલાહ.
૨. સ્ત્રી. ઉપાય; કબજે મેળવવાનું સાધન; તરકીબ; ચેરવી; યુક્તિ; રીત; ચાલ; યોજના; કળા.
વકતારથી કો એ કંઈજ ન કરી શકે, પણ તદબીરથી એ શું ન કરે એ સમજવું નથી. મહીપાળદેવ
૧. તદબીરસે = યુક્તિથી; વિવેચનપૂર્વક.
૨. તદબીરે આમ = અગર પછી બાપ જેવી યુક્તિ.
૩. તદબીરે ફાસદ = યુક્તિ; કારતૂક.
૩. સ્ત્રી. ગુલામને તેના માલિકના મરણ પછી આપાતી સ્વતંત્રતાની બહેરાત
૪. સ્ત્રી. તકદીર; નસીબ; દૈવ.
૫. સ્ત્રી. તજવીજ; ગોઠવણ; અવસ્થા.
૧. તદબીરે બિઝા = કરી પાછળથી તે.
૨. તદબીરે મુમલ્લત-સલ્તનત = રાજ્યની અવસ્થા. રાજનીતિ.
૩. મુનાસિબ તદબીર = યોગ્ય ઉપાય.
૪. હુસ્ને તદબીર = સારી અવસ્થા.
૬. સ્ત્રી. ઝેવડ.
૭. સ્ત્રી. ખારવું કામ પાર પાડવાનું સાધન.
૮. સ્ત્રી. રાજગાદીનટ.
૯. સ્ત્રી. વિચારણા.
૧૦. સ્ત્રી. હિસાબમાં.

તદબીરાત ૧. [અ.] સ્ત્રી. બ. ક. નિયમો.
૨. સ્ત્રી બ. ક. સલાહો.

તદભરી સ્ત્રી. અનુકમાણ.

તદરવ ૧. [સં.] પું. મોર કે કુકડાના જેવું એક પક્ષી. તેની બાલ સાથે જોની બાલ સરખાવાય છે.
૨. વિ. કપટી

તદરીજ [અ. દરજ (તે ધીમે ધીમે ગયો)] સ્ત્રી. ધીમે ધીમે વધવું તે.

તદરીસ ૧. [અ.] સ્ત્રી. બાપણે બાપવાં તે.
૨. સ્ત્રી. બાજન દ્વારા શિક્ષણ બાપવું તે.

તદરીસી વિ. શિક્ષણાત્મક.

તદર્થ ૧. [સં. તત્ (તે) + અર્થ] પું. તેનો અર્થ.
૨. વિ. તેને માટેનું, તેને માટે બા.
૩. વિ. તેના જ અર્થનું; તેવું જ.
૪. અ. બાતે; વતી; અર્થે, માટે; સબબે.
૫. [સં. તત્ (પરમાત્મા) + અર્થે (માટે)] અ. વિષ્ણુની બારાધનાને અર્થે; હું જે કંઈ

કરું છું તેનું ફળ ઈશ્વરને અર્પણ કરું છું એવી ભાવનાની રીતે.
આસક્તિ તજી કર્મ આચર સદા તદર્થ.
ગીતાનુશીલન

તદર્થક [સં.] વિ. તે માટેનું.

તદર્પિત [સં.] વિ. પરમેશ્વરને અર્થે કરેલું.

તદર્થે અ. એટલા માટે; તે અર્થે; એ હેતુથી; તેને માટે; તેટલા માટે; તેને જ અર્થે; તેને ખાતર.

તદર્પણ ૧. [સં.] ન. ઈશ્વરને કર્મનું અર્પણ. ૨. ન. આપણી મૂકેલી વસ્તુ આપણે મૂકનારને સોંપવી તે.

તદર્પિત [સં.] વિ. તેને અર્પણ થયેલું.

તદવધિ [સં] અ. ત્યારથી.

તદવિદ વિ. બહુ જ જાણીતું.

તદસે અ. ત્યાંથી.

તદહી અ. તે જ વખતે.

તદહીન [અ. ફ્અ્ન (તેણે ગોળ્યું)] જી. મર્દન કરવું તે; ચોળવું તે.

તદંગ [સં.] અ. તે અંગે.

તદંગભૂત [સં.] વિ. તે બાબતનું.

તદંતર ૧. [સં.] અ. તે ઉપરાંત. ૨. અ. તે પછી; તરત જ; ત્યાર પછી. ૩. અ. સંપૂર્ણ રીતે; તદ્દન.

તદંતર્ગત [સં.] વિ. તેની અંદર રહેલું; તેમાં આવેલું; તેમાં સમાયેલું.

તદંતર્વર્તી ૧. [સં. તદંતર્વર્તિન્] પું. શરીર અને તેમાં રહેનો આત્મા. ૨. વિ. તેની અંદર રહેલું.

તદા [સં.] અ. ત્યારે; તે વખતે; તે સમે.

તદાકાર ૧. [સં] વિ. તન્મય; લીન; એકમ, એકધ્યાન. ૨. વિ તેના જેવા જ આકારનું, તેના જેવું જ; એક સરખું; તેવી આકૃતિવાળું; તદ્રૂપ.

તદાકારતા ૧. [સં] જી. એકત્રિત હોવાની સ્થિતિ; તન્મયતા; વિલીનતા; એકમતા. ૨. જી. તેના જેવા જ આકારનું હોવાપણું.

તદાકારપણું જુઓ તદાકારતા.

તદાકારબ્રહ્મ [સં.] પું. ચોદ ભાંડેનું બ્રહ્માનું એક નામ.

તદાકાલ [સં. તદા (ત્યારે) + કાલ (વખત)] અ. તે વખતે; તે સમે; ત્યારે; એ વખતે.

તદાકાળ જુઓ તદાકાલ.

તદાચુલ (તદાચુલ) ૧. [અ.] ન. અરસપરસ સમજણ થવું તે.

૨. ન. બે જોજનના સમય વચ્ચે કાઈ આવું તે.

તદાત્મ વિ. એમાં આત્મા ભળી ગયો હોય એવું; તલ્લીન; તન્મય; તદ્રૂપ; એકમ.
તદાત્મ થઈ ગોપીજન સર્વે કહેતી કૃષ્ણ કથાય રે.
નિરાંત

તદાત્મ્ય વિ. તદ્રૂપ; તેના જેવું.

તદાત્મ્યન્યાય પું. અભિન્નતા કે અનન્યતાનો સિદ્ધાંત.

તદાત્વિક પું. કમાઈ તેટલું ખાઈ જનાર પુરુષ.

તદાદે (તદાદે) [અ.] અ. સામું એવું તે; અસલ કરતાં તે.

તદાબીર [અ.] પું. બ. વ. વિચારો.

તદારુક ૧. [અ.] પું. ઇલાજ; ઉપાય. ૨. પું. ન્યાય મેળવવાનાં સાધન. જેમકે, સબૂત, વકીલ, સાક્ષી. ૩. પું. ન્યાય મેળવવાની તૈયારી.
૧. તદારુક કરવો = (૧) તૈયારી કરવી. (૨) સામે થવું.
૨. તદારુકે મજીન = સખત પગલાં.
૪. પું. વેરનો બદલો. ૫. [અ. દરક (તેણે બદલો વાળો)] પું. શિક્ષા; દંડ. ૬. પું. સમયસર; પેશબંદી; બદોબસ્ત.

તદાવી [અ.] જી. ઇલાજ; ઉપાય.

તદાસુલ [અ.] પું. ઇતબાર.

તદાત્મયિની [સં.] વિ. જી. તેના સંબંધની; તેને લગતી.

તદાશ્રયી જુઓ તદાશ્રિત.

તદાશ્રિત [સં.] વિ. તેને સંગે રહેલું; તેના આશ્રયે રહેલું.

તદીય ૧. પું. પ્રભુની કૃપાનું બળ જેણે વિચારેલું છે તેનો નિ:સાધન મિથ્યાપુષ્ટિ દોષ. ૨. [સં.] વિ. તેને લગતું; તે સબંધી. ૩. વિ. પ્રભુમય ભજનવાળું.

તદીયતા ૧. [સં.] જી. તેને લગતું હોવાપણું. ૨. જી. પ્રભુમય ભજનવાળું હોવાપણું.

તદીહ વિ. તેનું.
આમ્હા દેહ નહી ય, બળી ભસ્મ વિનસ ય, તાનું તોક **તદીહ**, આપે આપ પ્રભ ભોગિયા.
ગોવિંદ

તદુત્તર [સં.] અ. તે પછી; ત્યાર પછી.

તદુપયોગી [સં. તદુપયોગિન્] વિ. તે સંબંધમાં ઉપયોગી.

તદુપરાંત [સં. તત્ (તે) + ઉપરિ (ઉપર) + અંત (છેડે)] અ. તે ઉપરાંત વધારામાં; વિશેષમાં; વળી.

તદુપરિ [સં.] અ. તે ઉપર, વળી, તે ઉપરાંત; વિશેષમાં

તદુભય [સં] વિ. તે બંને; મિશ્ર.

તદેકતા ૧. [સં.] જી. અનન્યતા; સામ્ય; સારૂપ્ય, અભિન્નતા. ૨. જી. એકરૂપતા; એકવિધતા; 'મોનોટોનિ.'

તદેકત્વ [સં.] ન. તાદાત્મ્ય, એકતા.

તદૈપુન [સં.] પું. પવિત્રતા; સાધુપણું.

તદ્ [સં. તત્] સ. તે.

તદ્ગત ૧. [સં.] વિ. તેની સાથે સંબંધ રાખનારું; તેને લગતું; તેમાં સમાતું. ૨. વિ. તેમાં ચિત્તવાળું; તત્પર; આસક્ત. ૩. વિ. વિશિષ્ટ. સાપેક્ષિક.

તદ્ગુણ ૧. [સં.] પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર. તેમાં વસ્તુ પોતાના ગુણધર્મ છોડી પાસેની બીજી ઉત્તમ વસ્તુના ગુણધર્મ લેતી વર્ણવાય છે. બીજા ધર્મનો સ્વીકાર એ તદ્ગુણ અલંકાર. હે બાલે! આ નાસિકાનું મોતી તારા અધરની કાંતિ વડે પદ્મરાગમણિ સમાન લાલ છે. આમાં તદ્ગુણાલંકાર રહેલો છે. ૨. પું. તેનો ગુણ. ૩. વિ. તે કે તેના ગુણવાળું.

તદ્ગુણસંવિજ્ઞાન [સં. તત્ (તે) + ગુણ (વિશેષણ) + સંવિજ્ઞાન (જેનાથી સાથે સંબંધ બતાવતું જ્ઞાન)] પું. (વ્યાકરણ) બહુવ્રીહિ સમાસનો એક ભેદ. તદ્ગુણસંવિજ્ઞાન અને અતદ્ગુણસંવિજ્ઞાન એવા બે બહુવ્રીહિ સમાસના ભેદ છે. પહેલા પ્રકારમાં વિશેષ્ય સાથે વિશેષણનો સબંધ છે. આવા સમાસના ઉત્તરપદથી અન્યપદને ભીન્ન પદાર્થનું કે પ્રાણીનું સંવિજ્ઞાન થાય છે, તેની જ સાથે ગુણનું પણ સંવિજ્ઞાન થાય છે. જેમકે, સંબંધનું રામાયણને અહીં લાગુ. ત્યાં રામાયણની સાથે તેના સાંભળનાર જ્ઞાન પણ આવે છે.

તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ જુઓ તદ્ગુણસંવિજ્ઞાન.

તદ્દન અ. બિલકુલ; જોઈ; નર્યું.

તદ્દિન [સં.] પું. તે દિવસ.

તદ્દેશીય ૧. [સં] વિ. તે દેશ સંબંધી. ૨. વિ. તેને લગતું; તે સબંધી.

તદ્ધન ૧. અ. તે પેઠ. ૨. [સં.] વિ. કૃપણ; લોભી, કંજૂસ. ૩. અ. લોભથી; કંજૂસાઈપણે.

તદ્ધર્મ ૧. [સં.] પું. તે ધર્મ. ૨. વિ. ધર્માસક્ત; ધર્મવાળું.

તદ્ધિત ૧. [સં. તત્ + હિત] પું. મૂળ નામ, સર્વનામ, વિશેષણ કે અવ્યયને લગાડીને નવો સાધિત શબ્દ બનાવતો પ્રત્યય. નામિક વિભક્તિવાળા પદને જે પ્રત્યય લાગે છે તે તદ્ધિત કહેવાય છે. તદ્ધિતમાં તત્ પદનો અર્થ તે, એટલે નામિક વિભક્તિવાળું પદ છે; તેને હિત તેથી પર જે પ્રત્યય આવે છે તે તદ્ધિત. અર્થાત્ નામ, સર્વનામ, વિશેષણ અને અવ્યયને જે પ્રત્યય લાગે છે તે તદ્ધિત પ્રત્યય કહેવાય છે. એ પ્રત્યય ધાતુને લાગતા પ્રત્યયથી જુદા છે. ધાતુને લાગતા પ્રત્યય પ્રાથમિક છે અને તદ્ધિત પ્રત્યય દ્વૈતીયિક છે. તદ્ધિત પદની અન્વર્થતા કેટલાક વૈયાકરણોએ નીચે પ્રમાણે દર્શાવી છે: તત્ એટલે લૌકિક અને વૈદિક શબ્દો, તેમાં તેનું અનુશાસન કરવું એ જ વ્યાકરણનો વિષય છે. એ શબ્દો જ પ્રકૃત હોવાથી તત્થી એનું ગ્રહણ કરવું યુક્ત છે. એ શબ્દો માટે હિત એટલે ઉપકારક, એની વ્યુત્પત્તિ માટે પ્રત્યયો આવશ્યક છે માટે તદ્ધિત કહેવાય છે. જુ-લાગ-લાવિકઃ પુ-ધર્મ-ધાર્મિકઃ આમાં લાવિક અને ધાર્મિક એ તદ્ધિતાંત છે.

૨. વિ. તેને હિતકારક; તેના હિતનું.

૩. વિ. પ્રત્યય લાગવાથી અસલ શબ્દના જુદા અર્થવાળા શબ્દ બનાવનાર.

તદ્ધિતાર્થ [સં.] પું. દ્વિગુ સમાસનો એક પ્રકાર. તે બહુવ્રીહિ સમાસની પેઠે વિશેષણ તરીકે વપરાય છે. જેમકે, દ્વિત્રાઃ એટલે પાંચ, ત્રિકાઃ એટલે પુરુષ.

તદ્ધિતાંત [સં.] વિ. જેને છેડે તદ્ધિત હોય એવું; છેડે તદ્ધિતવાળું.

તદ્ભક્ષ [સં.] ન. એક જાતનું ભાજન.

તદ્ભવ ૧. [સં.] પું. ગુજરાતી વગેરે પ્રાકૃત ભાષાઓમાં આવતો વિકૃત થયેલો શબ્દ; સંસ્કૃત શબ્દનું અપભ્રષ્ટ રૂપ; મૂળ ભાષામાંથી પ્રાકૃતમાં આવેલો અપભ્રષ્ટ શબ્દ. જેમકે, હત્થ-હાથ, અર્ક-આકડો, કર્પૂર-કપૂર. આમ પણ શબ્દ સંસ્કૃતમાંથી ફેરફાર થઈ ને આવ્યા છે. આવા શબ્દ તદ્ભવ કહેવાય છે. તત્ એટલે તે, પ્રકૃતિ, સંસ્કૃત. તેમાંથી ઉત્પન્ન થયેલા માટે તદ્ભવ. તદ્ભવ શબ્દના બે પ્રકાર છે: એકમાં સંસ્કૃતમાંથી પ્રાકૃત દ્વારા દેશી ભાષાઓમાં આવેલા શબ્દનો સમાવેશ થાય છે. એ શબ્દમાં પ્રાકૃત નિયમને અનુસારે વિકાર થયેલા હોય છે. એ પ્રાચીન તદ્ભવ કહેવાય છે. બીજા પ્રકારમાં સંસ્કૃતમાંથી ફેરફાર થઈ આપણા જ દેશી ભાષાઓમાં રૂઢ થયા થયેલા શબ્દ આવે છે. લોકોએ પોતાના ધર્મસિદ્ધાંત પ્રાકૃતમાં ફેલાવ્યા હતા. આથી ઈ.સ.ના નવમા દસમા સૈકામાં બ્રાહ્મણ ધર્મનું પુનઃ સ્થાપન થયા પછી બ્રાહ્મણોએ દેશી ભાષામાં પણ સંસ્કૃત શબ્દ દાખલ કર્યા. આ શબ્દ સામાન્ય લોકોએ ઉચ્ચાર કરતા ભ્રષ્ટ કર્યા. એવા શબ્દ અર્વાચીન તદ્ભવ કહેવાય છે.

૨. વિ. તેમાંથી થયું કે જન્મેલું.

તદ્વિક્રય [સં.] વિ. તેનાથી જુદું.

તદ્રૂપ ૧. [સં.] વિ. પ્રભુમય; તદાકાર; તલ્લીન. ચિત્ત જેનું ચિદાત્મ તદ્રૂપ છે. નરસિંહ

૨. વિ. સમરૂપ; સમાન; સદૃશ; તેના જેવા જ રૂપનું હોય એવું.

તદ્રૂપ બુદ્ધિ કરીને ધરમે જનારી,
જે અલ્પ જ્ઞાન ચિદનંતપણે અમારી;
પ્રેરે ખુબે સ્વજ્ઞ સાક્ષીરૂપે રહીને,
તેનું અનેક રૂપ ધ્યાન અમે ધરીએ.

બિહારી

તદ્રૂપતા ૧. [સં.] સ્ત્રી. તલ્લીનતા; તદાકારપણું.

૨. સ્ત્રી. સમાકારતા; સમરૂપપણું; સદૃશ્ય; સમાનતા.

તદ્રૂપવેશ [સં.] પું. અભિનયનું એક સહકારી અંગ. અભિનયમાં સહકારી બળો તદ્રૂપવેશ, દૃશ્યસામગ્રી તથા રચના, સંગીત વગેરે છે.

તદ્રૂપાનુભાવ [સં.] પું. અભિનય કલામાં સર્વથા વિશેષ મહત્ત્વનું એક અંગ.

તદ્વત્ [સં.] અ. તે માફક; તે રીતે; તેની પેઠે; તેની જેમ.

તદ્વન ૧. [સં.] ન. વન. તે પ્રાણીઓના સમૂહનો પ્રાણસમાન હોવાથી બહુ જ ગણીને એટલે સારી રીતે સેવા યોગ્ય છે. વનો તદ્વનરૂપે પ્રસિદ્ધ છે, તેથી તે તદ્વન એ રૂપે ઉપાસના કરવાને પાત્ર છે. જે આને આવા રૂપે ઉપાડ્યો છે, તેને બધાં પ્રાણીઓ જરૂર ગાંઠે છે. તદ્વન એટલે સર્વપ્રિય. પ્રાણી માત્રને પરમાત્મા પ્રિય છે. કોઈ એનું સત્ત્વ નથી જેને પરમાત્મા ઉપર દ્વેષ હોય અથવા પરમાત્મા સૌને માટે પરમ પ્રેમનો વિષય છે. બાકી બધું બગડે ન બગડો, પરમેશ્વર સૌનો ચિંતક છે. આથી પરમાત્માની તદ્વન તરીકે ઉપાસના કરતી રહી. તાત્પર્ય કે પ્રાણી માત્રને અહર્નિશ પ્રેમથી ચાહો એવું ઋષિનું નિદાન છે, પરમ દર્શન છે.

૨. વિ. બધાને પ્રિય હોય એવું.

તદ્વાન ૧. [સં. તદ્વત્] વિ. પું. તેની એટલે પ્રભુની ભક્તિ, જ્ઞાન અને ધ્યાનવાળો.

૨. વિ. પું. સૌનો વહાલો.

તદ્વિદ ૧. [સં. તદ્વિદ] પું. પંડિત.

૨. વિ. બ્રહ્મજ્ઞાની.

૩. વિ. નિપુણ; પ્રવીણ.

તદ્વિધ [સં.] વિ. તે પ્રકારનું.

તદ્વિરુદ્ધ [સં] વિ તેનાથી વિરુદ્ધ.

તદ્વિશેષ [સં.] વિ. તેનાથી વધારે.

તદ્વિષયક [સં.] વિ. તે સંબંધી; તે વિષયનું; તે વિષયને લગતું

તદ્વ્યપદેશ [સં.] પું. નામધેયપણાનું એક નિમિત્ત. તત્પ્રધ્ન, તદ્વ્યપદેશ, યોગ અને નામધેય એ ચાર નામધેયપણાના નિમિત્તો છે.

પૂર્વમીમાંસાપ્રવેશિકા

તદ્વ્યંજક [સં.] વિ. તે સૂચવનાર; તેના ખ્યાલ જેમાંથી નીકળે છે તેવું

તન ૧. [સં.] સ. ક્રિ. જન્મ વિનાના બધુ.

૨. સ. ક્રિ. ઢાંકવું.

૩. સ ક્રિ. તાણવું; ખેંચવું.

૪. સ ક્રિ. દુઃખ દેવું.

૫. સ. ક્રિ. (ધાતુ) પાથરવું; ફેલાવવું. તેના ઉપરથી બનેલા શબ્દ: તનય, તનવા, તાંત.

૬. સ. ક્રિ. મદદ કરવી.

૭. સ ક્રિ. સંતાપવું.

૮. સ. ક્રિ. વિશ્વાસ કરવો; માનવું.

તન ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ભોદનવરણ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૨૪ લઘુ મળી ૪૪ અક્ષર અને ૬૪ માત્રા હોય છે

૨. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્તરે વર્ણનો છે. તેના પહેલા પદમાં નગણ, નગણ, જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ, બીજા પદમાં બે તગણ અને રગણ મળી દસ વર્ણ, ત્રીજા પદમાં નગણ, રગણ, સગણ અને ગુરુ મળી દસ વર્ણ અને ચોથા પદમાં બે રગણ, લઘુ અને ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

૩. [સં. તનય] પું. છોકરો; પુત્ર; દીકરો.

૪. પું. મહેનતાણું. શ્રમ.

૫. ન. કાર્ય, કામ.

૬. ન. મન; દિલ

તન ખોલવું = હૃદય ઉઘાડીને જોવું; વિચાર કરવો

૭. ન. શરીર; દેહ. બળ; વપુ. નવજીવનમાં આ સંબંધે ઉલ્લેખ છે કે: તન દુરસ્તનું જ મન દુરસ્ત, ને મન દુરસ્ત તો જ આત્મા દુરસ્ત એ સીધો ન્યાય જણાય છે

તેને કેળવણીમાં મનતણી ચિંતા સદા આપજે,
તેને કેળવણીમાંહી નીતિતણી સદ્‌ગ્રંથ શિખાવજે;
તેને કેળવણીમાંહી તનતણી પુષ્ટિ તો આપજે,
સૌમ્ય એક જ દિવ્ય દેવાકૃતિનું પ્રભાત્વ તું સમજે.

બાલ્યુ

૧. તન આસાની = શારીરિક સુખ; શારીરિક સગવડ.
૨. તન તાકવું = શરીર નિહાળીને જોવું; ધ્યાનપૂર્વક જોવું.
૩. તન તોડવું દેવું = (૧) ખરા જીવથી, અંતઃકરણપૂર્વક શ્રમ કરવું; જાતનો ભોગ આપીને કે જાને મોટી અડચણ વેઠીને શ્રમ કરવું. (૨) ધ્યાન આપીને. (૩) મહેનત લેવી; ઉદ્યોગ કરવો
૪. તન, મન ને ધન = (૧) બહુ જ પ્રિય; પોતાના જેવું જ પ્રિય; બેહદ. (૨) સર્વ પ્રકારે; બધી રીતે, કોઈ વાતે કમ નહિ એમ; બેઠ જીવે.
૫. તનની તપત જુદાવવી = ભૂખ સંતોષવી.
૬. તને તનહા = એકલું.
૭. તનો મન મારવું = ધ્યાન દેવાપી; શાંત બેસવું.

૮. જ. જોની મૂત્રેંદ્રિય; ભગ.
૯. જ. ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય. જેમકે, જાતના; પુરુષાતન.

તનમા [સં. તનયા] જી. (બા. પ્ર.) પુત્રી, દીકરી.
બેઠ પુત્ર તે તનમા વધું.
બેઠ પુત્ર તે બાકીનું બધું. ખાકર

તનરે ૧. [હિ.] જી. (સંગીત) બે નામની બેઠ રાગિણી. તેને કેટલાક મેઘરાગની રાગિણી માને છે.
૨. [સં. તનુ + ક (સ્વાર્થતાદર્શક પ્રત્યય)] વિ. બારીક; ઝીણું; બોલું.
૩. વિ. તુચ્છ; હલકું; સહેજ બોલું.
૪. વિ. નાનું; નાજુક.
૫. જ. ઉંદર; બચ્ચું; બીજા પ્રમાણમાં.

તનકતનક જી. બેઠ જાતની આનંદિત ચાલ; ઠેકતું ઠેકતું ચાલવું તે; કૂદતું કૂદતું ચાલવું તે.

તનકવા કું. અમુક વિષયમાં ગરક થવું તે; તલ્લીનતા.

તનકારો ૧. કું. આનંદ; કેફ; લહેર.
૨. કું. સુખ; સંતોષ.

તનકિયાં ન.બ.વ. મુદ્રાની બીજી; ઉપયોગી વસ્તુ.

તનકીહ (તનકીક) [અ.] જી. ઝીણવટ; ખોળ; તપાસ; શોધ; ન્યાયાલયમાં કોઈ ઉપસ્થિત અભિયોગના સંબંધમાં વિચારણીય કે વિચારપદ વિષયોની તપાસ.

તનકો કું. શરીરમાં ઊપજ થતી ઝણઝણાટી.

તનખ ૧. જી. તણખા; આગ લાગી હોય એવો ચટકો; સણકા; પાકતાં ગડગૂમડમાં અકળ લાગ્યા કરે તે; જાતજાતના સાંધાની વેદના.
૨. જી. બેઠ અને જાતની બેઠ જાતની ખોડ; વગડાપણું.

તનખવું જા. ક્રિ. જાતજાતના સાંધે વેદના થવી.
નખશિખે નકલંકે અકળ તનખી રહી,
પરમ મમ શરણ અબ મરણ ગયું અનમહીં
ગીતગોવિંદ

તનખા ૧. [સં. તનખાહ] કું. અમલદારના જાતના ખર્ચ માટે ઊપજમાંથી મળતું ખરચ; બક્ષ્યું.
૨. કું. કોઈ વસ્તુ બીજાને નામે બંધાવી તે.
૩. કું. ગામડાંમાં બાંધેલું ખોરણ.
૪. કું. તણખો; ચિનગારી; સ્ફુલિંગ.
તનખા કરવા-મારવા = રીસનાં વેણ ઉચ્ચારવાં; બબડો કરીને બોલવું
૫. કું. પગાર; વેતન; મુશારો; મહેનતાણું.
૬. કું. પદવી; બઢતી.
૭. કું. સરકારમાં ભરવાની રકમ.
૮. કું. સિક્કો.
૯. કું. હક્ક; અધિકાર.

તનખાવવું ૧. જા. ક્રિ. ગુસ્સે થવું.
૨. જા. ક્રિ. ચીડવું; ગુસ્સે કરવું.
૩. જા. ક્રિ. તણખા ઊડાડવા.
૪. જા. ક્રિ. બબડવું; સંતાપવું, હેરાન કરવું; કનડવું.

તનખાહ જુઓ તનખા.

તનખાહદાર [ફા.] કું. પગારદાર નોકર; વેતનભોગી.

તનખો જુઓ તનખા.

તનગુખ [અ.] કું. બધું ચાલ કરવું તે.

તનખ્વાહ જુઓ તનખા.

તનખ્વાહદાર [ફા.] કું. પગારદાર નોકર.

તનખ્વાહદારી [ફા.] જી. પગાર બાબો તે.

તનગનાટ કું. મનગમાટ; ઉત્સાહ.

તનઘટ વ. હદય.
ઘસ્તિને વિગતે વાતો, બનવામાં એક જ બાકી;
હાલ સચ્ચિદાનંદ આવે તનઘટ આનંદ ઉપજવે.
વિષ્ણુજ્યોતિ

તનજ કું. મહેલું.

તનજડિત (તનજલિત) વિ. શરીર માટે જોડાયેલું. આત્મા માટે વપરાય છે.

તનજન વ. કટાક્ષના રૂપમાં; મહેણાના સ્વરૂપમાં.

તનજીમ [અ. નજમ (તેણે ગોઠવું)] જી. બંદોબસ્ત વિદ્યા.

તનજૂરીખનાઈ [ફા.] જ. બેઠ જાતનું ઘાસ; નિર્ગિરી

તનજોમ [સં. તનજમન્] જ. બેઠ જાતનું ત્રીજા સુતરાઉ જેવું; સુંવાળું ચીકણું મલમલ.

તનઝિયા [અ.] કું. પ્રેરણા કરવી તે.

તનઝીમ (તનઝીમ) ૧. [અ. નઝમ (તેણે ગોઠવ્યું)] જી. કાબો રચવો તે.
૨. જી. મેતી પરોવવાં તે.
૩. જી. બંદોબસ્ત; રચના; ગોઠવણ.

તનઝીર (તનઝોર) [અ.] જી. બળતું બાવવું તે; સરખાપણું.

તનઝીલ ૧. [અ.] કું. કુરાન.
૨. જી. પ્રેરણા
૩. જી. મુસાફરનો આદરસત્કાર કરવો તે.

તનઝીહ [અ.] જી. પવિત્ર રાખવું તે.

તનઝુબ્બ [અ.] કું. ઉતાવળ; તકરાર.

તનઝુલ ૧. [અ.] કું. ઊંચેથી નીચે આવવું તે.
૨. કું. પડતી; અવનતિ.
૩. કું. ભાડ કરવો તે; ઉપકાર.

તનઝુલી જુઓ તનઝુલ.

તનઝુહ [અ.] કું. ક્યાંક ફરિત હોવું તે.

તનડું (તનડું) ૧. જ. તન; શરીર. આ શબ્દનો પ્રયોગ કવિતામાં વિશેષ થાય છે. કોકમાં પણ તે વપરાય છે.
તનડાં ફરે ફરેરાં ઝરે,
ગણું અંતર બેઠ એનું ગંભીર. ચિંતારી
૨. વિ. બોડકું; સાવ વિનાનું.

તનતનહા [હિ.] વિ. બોડકું; તદ્દન બોડકું.

તનતના ૧. [અ.] કું. અનાજ.
૨. કું. રીતિ.
૩. કું. ક્રોધ; ગુસ્સો.
૪. કું. દંતકથા.
૫. કું. બબડો; દબદબો.

તનતનાટ જી. બળતરા; તમતમાટ.

તનતનાહટ [હિ.] જી. સોળની બળી ચીસ વેદના.

તનતપ કું. શરીરનો તાપ; ગરમી.

તનતપન ૧. કું. શરીરને દાહ કરનાર કે તપાવનાર કામદેવ.
૨. વિ. શરીરને તપાવનાર કે દાહ દેનાર.

તનતાપ ૧. કું. ભૂખ; ક્ષુધા
૨. કું. શારીરિક દુઃખ; શરીર સંબંધી તાપ; શારીરિક કષ્ટ.

તનતોડ (તનતોડ) ૧. સ્ત્રી. શરીર માટે લાગુનીની મહેનત; શરીરની ખૂબ મહેનત.
૨. વિ. બહુ કષ્ટ કરેલું, બહુમ.
૩. ક્રિ. વિ. શરીર તૂટે તેવી રીતે; ખૂબ મહેનત પડે તેમ.

તનત્રાણ [સં. તનુત્રાણ] ન. કવચ; બખ્તર.

તનદરસ્તી સ્ત્રી. (અરબોસ્તી) એક જાતની ઝીણી બંદૂક.

તનદહ પું. બધો ઉદ્યોગી માણસ.

તનદહી ૧. સ્ત્રી. ઉદ્યોગ.
તનદહી કરવી = (૧) ઉદ્યોગ કરવો. (૨) મહેનત લેવી.
૨. સ્ત્રી. ખત.
૩. સ્ત્રી. મહેનત.

તનદંડ પું. (જૈન) જેનાથી આત્મા દંડાય એવી કાયાની પ્રવૃત્તિ કરવી તે; કાયદંડ.
રિદ્ધિ, રસ અને સુખ એ ત્રિકારના અહંપદથી તે વિરક્ત થયા; મનદંડ, વચનદંડ અને **તનદંડ** નિવર્ત્તાવ્યા. રાજ્યખંડ

તનદિલ પું. ખંતીલો, ઉદ્યોગી કે મહેનતુ માણસ.

તનદિલી જુઓ તનદહી.

તનદુરસ્ત ૧. [સં. તન (શરીર) + દુરસ્ત (બરાબર)] વિ. બાનદી; સુદૃઢાંગવાળું.
૨. વિ નીરોગી; તંદુરસ્ત; શરીરે સારું હોય એવું; સ્વસ્થ; રોગ વિનાનું; અરોગ; આરોગ્યવાળું
૩. વિ. પુષ્ટ; ઠોસું; ભર્યું.

તનદુરસ્તી [સં.] સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી; નીરોગીપણું; સુખાકારી; નિરામયતા.

તનદુમ [અ.] પું. પસ્તાવો.

તનધર વિ તનુધારી.

તનધારી [સં. તન + ધારિન્] વિ. શરીર ધારણ કરેલ; શરીરવાળું.

તનન ૧. ન. ગાવામાં થતો એક જાતનો અવાજ.
૨. [સં. તન્ (વિસ્તારવું)] ન. વિસ્તાર.
૩. ન. વીણા વગેરે વાદ્યોના તારની ખેંચાખેંચી.

તનનન ૧. સ્ત્રી. રમતગમત. તાનબાજીના અર્થમાં આનો ઉપયોગ થાય છે.
૨. બ. સારંગી, વીણા વગેરે તંતુવાદ્યનો રણકાર; ઝણકાર; પ્રકંપનની ધ્વન્યાત્મક અનુકૃતિ.

તનનપાત ન. (સંગીત) ગાવાનું એક તાન; મધ્યગ્રામમાં સંચાર કર્યાથી ઉત્પન્ન થતું એક તાન.

તનનીય વિ. તાર ખેંચાય એવું.

તનનીયતા સ્ત્રી. તાર ખેંચી શકાય એવો ગુણ.

તનપરવર ૧. વિ. ભોજનાલયમાં રહેનાર; મોજશોખ માણનાર, લોપીન.
૨. વિ. સ્વાર્થી.

તનપરવરી [ફા.] સ્ત્રી. ભોગવિલાસ; મોજશોખ.
૨. સ્ત્રી. સ્વાર્થ.

તનપાઠ પું. (પારસી) દેહની શુદ્ધિ.

તનપોષક વિ. સ્વાર્થી.

તનફુકુર (તનફુર) [અ. નફર (તેને તિરસ્કાર થયો)] પું. અનબનો; અણબનાવ; અણગમો.

તનફુકુસ (તનફુસ) [અ. નફસ (તેણે શ્વાસ લીધો)] પું. શ્વાસ લેવો તે.

તનબદન ૧. ન. શરીર.
૨. [ફા.] વિ. તનમનરૂપ; દિલ અને દેહરૂપ; એક મનદેહરૂપ હોય એવું.
૩. વિ. દિલોજાન; જીવનજાન; અતિપ્રિય; જેમની વચ્ચે કશો બિનબાવ રહેલો ન હોય એવું; જિગરજાન.
તનબદન મિત્ર = જીવનજાન દોસ્ત.
૪. વિ. મજબૂત; ઘટ્ટ.
૫. વિ. વિશ્વાસુ; વફાદાર.

તનભાજ ૧. [સં.] પું. એ નામનો મહાભારતમાં અજાણેલો એક પ્રાચીન દેશ.
૨. પું. તે નામના દેશનો નિવાસી.

તનભી ન. કૂપના રેંટનું મોતી. તે જરા પોલાણ ઉપર હોય છે.

તનભ્યી સ્ત્રી. આરોટિયું.

તનભ્યુહ ૧. [અ.] પું. કપડાં.
૨. પું. સરંજામપણ.
૩. પું. શિબામણ.

તનજીરત ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાં બારે મહિનું એક ગુણન.

તનમન ૧. ન. શરીર અને મન.
તનમન મારવું = (૧) ધ્યાન એક ઉપર જ રાખવું. (૨) નિશ્ચલ રાખવો; સાધવી દાનવી.
૨. વિ. અર્પાઈ ગયેલું.
૩. વિ. ઉરોરાર્ઝ થયેલું.
૪. વિ. તલ્લીન થઈ ગયેલું.
૫. ક્રિ. વિ. કોઈ બાબતમાં બહુ જ આતુર કે ઉત્સુક થઈ રહેલું હોય તેમ; ખૂબ આતુરતાથી; અધીરાઈથી; મન મન કરી રહેલું હોય તેમ; ફૂદી નાચી રહેલું હોય તેમ; એકતાર ને એક પગે અમુક કામ કરવાને તૈયાર થઈ ચહેલું હોય એમ.

તનમન તનમન ૧. વિ. અર્પાઈ ગયેલું.
૨. વિ. ઉરોરાર્ઝ થયેલું.
૩. વિ. તલ્લીન થઈ ગયેલું.
૪. ક્રિ. વિ. મન મન થાય એમ.

તનમનધન ૧. ન. ન. ન. જિંદગી અને માલમિલકત.
૨. ન ન. ન. શરીર, મન અને સંપત્તિ; પોતાની ઉચ્ચતમ મુરાદ; સર્વસ્વ; બધી શક્તિ, સાધન વગેરે; જેને પોતે સર્વોત્તમ રીતે ધરાવે તે બધું.
૩. વિ. બહુ.

તનમના પું. તનમનાટ.

તનમનાટ ૧. પું. આવેશ; જુસ્સો; અધીરાઈ.
૨. પું. ચંચળતા; તન અને મનની ચંચળતા બતાવવી તે.
૩. પું. ઝણઝણાટી.
૪. પું. તનમન તનમન થઈ રહેલું કે કરવું તે; ઘનઘનાટ; કોઈ બાબત માટે અતિ ઉત્સુકતા; અતિ આતુરતાદર્શક ચેષ્ટાપણ બતાવવું તે; ઔત્સુક્યનો હરખ દેખાડવો તે.
૫. પું. તન્મયતા; ભાવના; લગની.
૬. પું. તાલાવેલી; ઘનઘનાટ.
૭. પું. તીખું લાગતા થતી બળતરા.

તનમનિયાં ૧. ન. ન. ન. એક જાતના ચેલા.
૨. ન ન ન. એક જાતનાં ઊભળક દેખનાં દેદીપ્યમાન, ઝલઝલ હસતાં દેખાતાં હોય એવાં સુંદર ફૂલ; તમેરો. તે ગોમાસામાં થાય છે.
૩. ન. ન ન. ઝળક ઝળક થતાં કાનનાં તરલ ઝુમણાં; ચાલતાં હાલતાં કાનનાં તરલ સુંદર મોતી કે હીરાનાં ઝટકમણિયાં.

તનમનિયું ૧. ન. એ નામનો એક ફૂલછોડ.
૨. ન. એક જાતનું ફૂલ.
૩ ન. ઢોકમાં પહેરવાનું ઓઢણનું એક કપડું; ઢોકિયું સન, કહી.
૪. ન. ઓઢણને કાનમાં પહેરવાનું એક ઘરેણું.

તનમની ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન તલવડીનાં પાન જેવાં ત્રિખંડવાળાં હોય છે. તેમાં સોદર કે ગુલાબી ફૂલ અને ૨ થી ૪ ઇંચ લાંબી ઝીણાની ચિત્ર જેવી લાલ ચિત્ર થાય છે. તેમાં ગુજરાતી સાતડા જેવા આકારનાં કાળાં, નાનાં, તીખાં, કડવાં ને તેલિયાં બીજ હોય છે. એનો છોડ ૧ થી ૩ કે કોઈ વાર પાંચ ફૂટ ઊંચો થાય છે. તેના ઉપર સાદા કે ઝીણા મયણાંવાળા ચીકણા વાળ હોય છે. એ ચીકાશમાંથી અણુતમતી વાસ નીકળે છે.
૨. ન. કાનઝોડીનો છોડ.

તનમાનસા [સં.] સ્ત્રી. જ્ઞાનની સાત ભૂમિકા પૈકીની ત્રીજી ભૂમિકા.

તનમાપક ન. હવામાનો, ભીનાશ વગેરેમાં થતા ફેરફાર માપવાનું યંત્ર 'ટેસિમિટર.'

તનય ૧. [સં.] પું. પુત્ર; દીકરો.
સુત અપત્ય આત્મજ સૂત સુજ તનય જે જાત, નંદ નંદ નાવિરણી ન કર અર્થની વાત. પિન્ગલપ્રકોષ
૨. પું. પુરુષ વગેરે.
૩. પું. (જ્યોતિષ) લગ્નાવધિ પાંચમું સ્થાન; જન્મલગ્નથી પાંચમું ભુવન

તનયા ૧. [સં.] સ્ત્રી. અંગજા; દીકરી; બેટી; સુતા; પુત્રી; કન્યા.
૨. સ્ત્રી પુત્રવધૂ.
૩. સ્ત્રી ગરમાળા નામની વનસ્પતિ.

તનયાજાત [સં.] પું. જેને ત્યાં છોકરી જન્મી હોય તે.

તનયિત્નુ ૧. [સં.] પું. ઉંદરનું વજ્ર.
૨. પું. મેઘ.

તનવી ૧. સ્ત્રી. તળનું દોરડું.
૨. વિ પુત્રપૌત્રવિગેરેવાળું

તનરુચિરા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રુચિરા. અતિરુચિરા; પ્રભાવતી. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે. યોથે અક્ષરે યતિ એટલે વિરામો આવે છે.

તનલગ્ન વિ. લાગણીવાળું.

તનવર પું. કામનો સ્વામી.

તનવંત ૧. પું. આત્મા; શરીરી.
૨. વિ. શરીરવાળું.

તનવાત જુઓ તનવાયુ.

તનવાન ૧. [સં. તનવત્] વિ. પુત્રવાળું.
૨. વિ. શરીરવાળું.

તનવાયુ પું. એક પ્રકારનો વાયુ; તનવાત; ચામડી પરનો વાયુ.

તનવાસ ૧. [હિં.] સ્ત્રી. વૈશ્યોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

તનવી [સં. તન્વી] સ્ત્રી. નાજુક સ્ત્રી.

તનવીન [અ.] સ્ત્રી. ઉચ્ચારની નિશાની. આ નિશાની ફારસી કે અરબી શબ્દને છેડે આવતા અક્ષર ઉપર કરવામાં આવે છે અને તેથી તેનો ઉચ્ચાર ન કરવામાં આવે છે. જેમકે, મકતબન.

તનવીર [અ.] સ્ત્રી. પ્રકાશિત કરવું તે.

તનવેશ જુઓ શરીરરૂપી વેશ.

તનશક્તિ સ્ત્રી. શરીરની શક્તિ; શરીરનું બળ.

તનસ [અ.] ન. ખાસ અંધારું.

તનસહ [હિં.] પું. રફ્ટિક; બિલોર.

તનસીખ (તનસીખ્) [અ.] સ્ત્રી. રદ કરવું તે; બાતલ કરવું તે; મનસ્ખી.

તનસીફ (તનસીફ) [અ.] સ્ત્રી. બે સરખા ભાગ કરવા તે.

તનસુખ ૧. ન. શરીરબંધમાં પૂરેપૂરું સુખ એક જાતનું સુતરાઉ કાપડ.
૨. ન. ઔષધવિલાસ; ભોજમજા.
૩. ન. શરીરનું સુખ.

તનસ્પૂર ૧. [અ.] સ્ત્રી. અરસપરસ મદદ.
૨ સ્ત્રી ખ્રિસ્તી ધર્મમાં બટસાઈ જવું તે.

તનસ્સુલ [અ.] પું. કુળ; વંશ.

તનહા ૧. [ફા. તન્હા] વિ. બાકી એક જ એકલું, એકલું અટૂલું; સાથ વગરનું; તન્હા.
૨. વિ. છપ્પુ રહેનાર; એકાંતવાસી.
૩. અ. પણ, અને.
૪. અ. ફક્ત.

તનહાઈ [ફા.] સ્ત્રી. એકાંત; એકાંતવાસ.

તના ૧ [હિં.] પું. યશ.
૨. [સં.] સ્ત્રી. પુત્ર.

તનાઉ [સં. તનુ] અ. થોડું
દર રુપોક ઈદર અલપ મેદ અનાઉ, આરે સહચરી સન્મુખે હસતી કુંવરી તનાઉ. પિન્ગલપ્રકોષ

તનાકુંજ ૧. [અ.] સ્ત્રી. એક જ મિલકત માટે બે અયોગ્ય કે અસમર્થ માલદારી.
૨. સ્ત્રી. વિરુદ્ધ પડવું તે.

તનાકૂસ [અ.] પું. અરસપરસ બબડાટ.

તનાખ્યા ન. સુખડને લગતું લાકડું.

તનાજપુરી જુઓ તનાખોરી.

તનાખોરી ૧. [ન.] સ્ત્રી. એકાંત જીવન ગાળવું તે.
૨. સ્ત્રી. બાપણનો ભાગ ખમાવી પડવો તે.
૩. (તનાખોરી) [સુ.] સ્ત્રી. નાપસંદગી; અણપસંદગી

તનાગ ન. શરીરનો આગલો ભાગ.

તનાજ જુઓ તનાજા.

તનાજ [અ.] પું ઝઘડો; તકરાર.

તનાજની પું. તહોમત; દાવો.

તનાજા ૧. પું. ભાવતાં; ઝઘડા; વેર; વેમનસ્ય.
૨ [અ.] સ્ત્રી ઝઘડો; તકરાર.
તનાજા થે સરહદી = સીમાવાની તકરાર.
૩ સ્ત્રી. ગેરસમજ.
૪. સ્ત્રી. મતભેદ.

તનાઝુક ૧. [અ.] સ્ત્રી. પડતી; ઓછી કીમત મૂકી તે; ખોટો ઘટાડો તે.
૨. સ્ત્રી. લડવા માટે ઘોડા ઉપરથી કૂદી પડવું તે.

તનાતકુડ [અ.] પું. ખેંચાણ કરેલું તે.

તનાતની [હિં.] સ્ત્રી. તાણતાણી.

તનાદ [અ.] ન. પીખરાઈ જવું તે.

તનાફી (તનાફી) ૧. [અ.] સ્ત્રી. ઝાડી મારવું તે.
૨. સ્ત્રી. નાબૂદ કરવું તે

તનાફુર (તનાફુર) ૧. [અ.] સ્ત્રી. એકબીજા પાસેથી છૂટી જવું તે
૨. સ્ત્રી. સર્વોપરીપણા માટે ન્યાયાધીશ સમક્ષ તકરાર કરવી તે.

તનાબ ૧. [અ.] સ્ત્રી. જમીન માપવાનું એક માપ. આશરે દોરડાનું બનતું.
૧. અરાઝી એક તનાબી = વર્ષમાં એક જ પાક આપે એવી જમીન.
૨. દો તનાબી = એક વર્ષમાં બે પાક આપે એવી જમીન.
૨. સ્ત્રી. તળનું દોરડું.
૩. સ્ત્રી. રસી.

તનાબતું વિ. તનબનાટવાળું; તનબનતું.

તનાબ ૧. [હિં] પું. ખિસ્સાવા; મનોમાલિન્ય; 'ટેન્શન.'
૨. પું. શ્રમ; પરિશ્રમ.

તનાવર [ફા. તન (શરીર) + આવર (લાવનું તે)] વિ. મજબૂત.

તનાવુલ [અ.] પું. ખાવું તે.
તનાવુલ કરવું = ખાવું.

તનાસરી પું. બોલબોલા એ નામનો એક પંખ.

તનાસુખ પું અરસપરસ સંપેલા વગેરે બોલવા તે.

તનાસુબ [અ.] પું. સંબંધ; પ્રમાણ.
૧. તનાસુબે અક્કર્યા = પ્રમાણ.
૨. તનાસુબે આઝા = (૧) જન્માંતરનું પુનર્જન્મ. (૨) શરીરના અવયવનું બરાબર પ્રમાણ
૩. નિસ્બત તનાસુબ = ગુણોત્તર અને પ્રમાણ. અંકગણિતમાં વપરાય છે

તનાસુલ [અ.] પું. કુળ; વંશ; અમુક પેઢીઓથી ચાલ્યો આવતો વંશ.

તનાહ્વાર્પિસંદગી સ્ત્રી. અસ્વાભાવિક નિર્જનનિવાસની ઇચ્છા

તનાહી ૧ [અ.] સ્ત્રી. પૂરું કરવું તે.
૨. સ્ત્રી. મુસાફરીને અંતિમ સ્થાને પહોંચવું તે.

તનાળ સ્ત્રી. જમીન માપવાની અમુક જાતની સાંકળ; જૂના વખતનું જમીન માપવાનું એક સાધન.

તનાંમનાં ૧. ન ન ન. આનંદ; ભોજમજા.
૨. વિ ન ન. તમતમતાં.

તનિક ૧. સ્ત્રી. ચાખવાનું ઇચ્છવું.
૨. [હિં.] વિ. જરા; થોડું; કમ.

૨ વિ. નાનું.
૪ જ જુઓ.

તનિકા [સ.] સ્ત્રી. આંખવાની દોરી.

તનિમા ૧. પું. (પિંગળ) એક નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વાણી. આ છંદ ભગણ ૭નો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ અને ગુરુ મળી કુલ વર્ણ હોય છે.

ન ન સ ગ ગ૨ તનિમામાં. ઋષિપિંગલ

૨. [સં. તનિમન્] પું. નાજુકપણું; દુર્બળપણું; કૃશપણું.
૩. ન. સૂક્ષ્મપણું.

તનિયત પું. નિયમ.

તનિયા ૧. [હિં.] સ્ત્રી. ચટી; ટૂંકી ચોરણી.
૨. સ્ત્રી. લંગોટી

તનિયો ૧. પું. તન ઢંકાય એવું સીવેલું વસ્ત્ર વાયો; અગરખું; ઝભ્ભો; ખમીસ; ઝભલું.
૨. પું. લંગોટ; કૌપીન; નહિયો.
૩. સ્ત્રી. ચોલી.

તનિરો પું. વાજિંત્ર વગાડનાર આદમી.

તનિષ્ઠ ૧. [સં.] વિ. અત્યંત નાનું; અત્યંત સૂક્ષ્મ.
૨. વિ. બહુ જ દુબળું; બહુ જ પાતળું; અતિકૃશ કૃશ.

તની ૧. પું. અન્તર્મંતર; અંતરમંતર; અન્તર્મન.
૨. [સં. તન્ (લંબાવવું)] પું. દોરી; લાંતણો; તાર; દોરો

તનીમાં ગાંઠ દેવી = (૧) મનમાં રાખવું. (૨) સગાઈ કરવી.

૩. સ્ત્રી. કસ
૪. સ્ત્રી. કોઠડી.
૫. સ્ત્રી. ગાઢ; બંધ; બંધન.
૬. સ્ત્રી. તનયા; દીકરી.
૭. સ્ત્રી. જાગીરદારીમાં ભાગ.
૮. ન. શરીર.
૯. ન. ખરાખર.

તનીતન્હા ૧. વિ. એકલું.
૨. ક્રિ. વિ. એકલાં.

તનીન [અ.] પું. ગણગણાટ.

તનીમ ૧. [અ.] પું. ખરડત આપવી તે.
૨. પું. દા કહેવું તે; કબૂલ કરવું તે. જેવા માટે વપરાય છે.

તનુ ૧. [સ.] પું. (પુરાણ) એક નામનો એક ઋષિ. તે ઋષભકૂટ પર્વત ઉપર રહેતો હતો. ઋષભ નામના ઋષિ સાથે એને સંવાદ થયો હતો.
૨. પું. એકસૂત્રક સાંકેતિક શબ્દ. તનુ એટલે શરીર એવો હોવાથી આ સંજ્ઞા થઈ છે.
૩. સ્ત્રી. (જૈન) અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ ચારે ક્લેશોનો એક ભેદ. તેમાં ચિત્તમાં ક્લેશની અવસ્થિતિ તો થાય છે, પણ સાધનસામગ્રી આદિના અભાવે તે ક્લેશની સિદ્ધિ થતી નથી.
૪. સ્ત્રી. ઓરત.
૫. સ્ત્રી. મૂર્તિ.
૬. સ્ત્રી. (જ્યોતિષ) લગ્નસ્થાન; જન્મકુંડળીમાં પહેલું સ્થાન.
૭. સ્ત્રી.,ન. શરીર; દેહ; તનુ; બદન.
૮. ન. ખાલ; ચામડી; ચામ.
૯. વિ. કૃશ; પાતળું; કોમળ; નાજુક.
૧૦. વિ. થોડું; અલ્પ.
૧૧. વિ. નાનું.
૧૨. વિ. વિરલ; આછું.
૧૩. વિ. સુંદર
૧૪. વિ. સૂક્ષ્મ; બારીક.

તનુક ૧. [સં.] પું. બહેરાનું ગાડું.
૨. વિ. કૃશ.
૩. વિ. છૂટુંછવાયું.
૪. વિ. થોડું.
૫. વિ. નાનું.
૬. વિ. બારીક.
૭. ક્રિ. વિ. થોડા પ્રમાણમાં.

તનુકાંતિ [સં.] સ્ત્રી. દેહકાંતિ.

તનુકિસલયિંકિત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ ભગણ, નગણ, ભગણ, નગણ, તગણ, યગણ અને બે ગુરુ મળી ચોવીસ અક્ષરો હોય છે.

આજે આવ્યા આજે છો, જે તનુકિસલયિંકિત
મમ, આવ્યા જાવા લાગ્યા ત્યારે. ઋષિપિંગલ

તનુકૂપ [સં.] પું. ચામડીનું છિદ્ર; રોમકૂપ.

તનુક્ષેપ [સં.] પું. મંત્ર દ્વારા જ સાધી શકાતો યાગ.

તનુક્ષીર [સ.] પું. એક જાતનું વૃક્ષ; આસ્ફોતક વૃક્ષ.

તનુગાત્રી [સં.] વિ. સ્ત્રી. સુકુમાર ગાત્રવાળી. આને માટે વપરાય છે.

તનુચ્છદ [સં.] પું. કવચ; બખ્તર.

તનુચ્છાય ૧. [સં.] પું. ચણાનું ગાડું.
૨. વિ. ઓછી કાંતિવાળું.
૩. વિ. ઓછી છાયાવાળું.

તનુચ્છાયા ૧. [સં.] સ્ત્રી. ઓછી છાયા; ઓછો પડછાયો.
૨. સ્ત્રી. શરીરની કાંતિ.
૩. સ્ત્રી. શરીરની છાયા.

તનુજ ૧. [સં. તનુ (શરીર) + જન્ (ઉત્પન્ન કરવું)] પું. પુત્ર; છોકરો.
૨. પું. (જ્યોતિષ) લગ્નાધિપ પાંચમું સ્થાન.
૩. વિ. દેહથી ઉત્પન્ન થયેલ.

તનુજા ૧. [સં. તનુ (શરીર) + જા (ઉત્પન્ન થયેલી)] સ્ત્રી. પુત્રી; દીકરી; કન્યા.
૨. વિ સ્ત્રી. શરીરથી ઉત્પન્ન થયેલી.

તનુજ્યોતિ [સં. તનુજ્યોતિસ્] પું. સિંધના કલ્હર માંહેનું એક નામ.

તનુત ન. તનુ; શરીર; દેહ.

તનુતનુ જુઓ તનુતન્વી.

તનુતન્વી સ્ત્રી. (જૈન) સિદ્ધમિલા; મુક્તશિલા.

તનુતા ૧. [સં. તનુ (કૃશ) + તા (પણું)] સ્ત્રી. દુર્બળતા; કૃશતા.
૨. સ્ત્રી. નાજુકપણું; કોમળતા.
૩. સ્ત્રી. લઘુતા; નાનાપણું; તનુપણું.
૪. સ્ત્રી. સૂક્ષ્મપણું; બારીકપણું.

તનુત્ર [સં.] ન. બખ્તર; કવચ; તનુત્રાણ.

તનુત્રાણ [સં.] ન. કવચ; બખ્તર.

તનુત્રી ન. એક જાતનું આંબળાવાળું પ્રાણી. તેને પકડતાં મળીને દસ જેવા અર્થ જવાની રૂઢ બોલ છે.

તનુત્વ જુઓ તનુતા.

તનુત્વચા ૧. [સ.] સ્ત્રી. નાની ઓરણી.
૨. સ્ત્રી. બારીક ચામડી.
૩. સ્ત્રી. બારીક છાલ.

તનુધારી [સં. તનુ + ધૃ (ધરવું)] વિ. શરીરી; શરીર ધરનાર; દેહધારી. મનુષ્ય કે પ્રાણી માટે વપરાય છે.

તનુપત્ર ૧. [સં.] પું. ઊનોરિયાનું ઝાડ.
૨. વિ. ઓછાં પાંદડાંવાળું.

તનુપાત [સં.] પું. શરીરમાંથી પ્રાણ નીકળવો તે; મૃત્યુ; મોત.

તનુપૂજા [સં. તનુ (શરીર) + પૂજા] સ્ત્રી. તનુભક્તિ; ઠાકરની ભક્તિ; સ્વયંની ભક્તિ.

તનુપૂજામાં મૂર્તિપૂજા અને પ્રતિમાપૂજા સંમિલિત છે. આ ઉપરાંત પ્રેતપૂજા, પિતૃપૂજા, વિભૂતિપૂજા, વીરપૂજા આદિ પૂજાઓ આ તનુભક્તિમાં આવે છે. પુરુષાર્થબોધિની

તનુપ્રેક્ષ પું. (જરથોસ્તી) પાપના પ્રાયશ્ચિત્તની બંદગી કર્યા બાદ ગુજરી ગયેલ આદમી.

તનુબીજ [સ.] વિ. નાનાં બીવાળું.

તનુભક્તિ [સં.] સ્ત્રી. તનુપૂજા; સ્વયંની ભક્તિ; ઠાકરની ભક્તિ. પુરુષા.બોધિનીમાં કહ્યું છે કે: જેઓ અનન્ય જ્ઞાની નથી બની શકતા હોતા, તેઓ અન્ય આશ્રિને રહે છે, અર્થાત્ તેઓ સમજે છે કે, ઉપાસ્ય દેવ ભિન્ન છે અને હું ભિન્ન છું. આ પ્રકારે જેઓ અજ્ઞાની હોય છે, તેઓ ખુદા

તનુજ

જુદા દેવતાઓની ઉપાસના કરે છે. તેઓ બીજા જુદા જુદા દેવતાઓને ગણે બલ છે. આને તનુશક્તિ કહે છે, અર્થાત્ આ ઘરની શક્તિ છે, કેમકે જેટલાં હૃદય શરીર છે, તેઓ સર્વ તનુ છે અને તનુશક્તિ એ કેવળ સ્થૂલની શક્તિ છે. તનુપૂજામાં મૂર્તિપૂજા અને પ્રતિમાપૂજા સંમિલિત છે આ ઉપરાંત પ્રેતપૂજા, પિતૃપૂજા, વિભૂતિપૂજા, વીરપૂજા આદિ પૂજાઓ આ તનુશક્તિમાં આવે છે.

તનુભવ [સં.] પું પુત્ર; દીકરો.

તનુભવા [સં.] સ્ત્રી પુત્રી; દીકરી.

તનુભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાંનું પહેલું ભુવન; લગ્નભુવન. આ ભુવનમાં શરીરનાં રૂપ, રંગ, જાત વગેરે લક્ષણ, સ્વભાવ તથા ગુણ જોવામાં આવે છે.

તનુભૂમિ [સં.] સ્ત્રી. (બૌદ્ધ) બાધોના જીવનની એ નામની એક અવસ્થા.

તનુમ [અ. તનઅમ] પું. સુખ; આનંદ.

તનુમધ્ય [સં.] વિ. પાતળી કેડવાળું.

તનુમધ્યમા [સં] પું. (પિંગળ) આર્યાની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; તનુમધ્યા; ચૌરસ. તેના દરેક ચરણમાં તગણ અને યગણ મળી ૭ અક્ષર હોય છે.

તનુમધ્યા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ. જુઓ તનુમધ્યમા.

વા યે તનુમધ્યા. અનુપિંગળ

૨. સ્ત્રી. નાજુક કમરવાળી સ્ત્રી.

તનુમંદ [સં.] વિ. મજબૂત.

તનુમંદિર [સં.] ન. દેહમંદિર; શરીર.

તનુમાનસા [સં.] સ્ત્રી. (યોગ) જ્ઞાનની સાત ભાવેની મનની એકાગ્ર સૂક્ષ્મ તન્મયતારૂપ યોગ્ય ભૂમિકા; શુભેચ્છા અને વિચારણાના અભ્યાસથી ઇંદ્રિયોના વિષયોમાં અનાસક્તિ થવાથી મનનું સૂક્ષ્મ બનવું તે. શુભેચ્છા સુવિચારણાપૂર્વક શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી જે શબ્દાદિ વિષયોમાં અનામક્તિ પર્યંત સવિકલ્પ સમાધિના અભ્યાસ વડે બુદ્ધિની તનુતા અથવા સૂક્ષ્મતા પ્રાપ્ત થાય તે તનુમાનસા નામની ભૂમિકા કહેવાય છે.

તનુમાનસાભૂમિકા [સં.] સ્ત્રી. (યોગ) નિદિધ્યાસનના અભ્યાસથી એકાગ્રતા થવાથી મનની સૂક્ષ્મ વસ્તુને ગ્રહણ કરવાની યોગ્યતા. જુઓ તનુમાનસા.

તનુરસ [સં.] પું. ઘામ; પરસેવો; સ્વેદ.

તનુરાગ ૧. [સં.] પું. કેસર, કસ્તુરી, ચંદન, કપૂર, અગર વગેરે વસ્તુઓ મેળવીને બનાવેલ સુગંધી લેપ.

૨. વિ. રાગ્યા રંગનું.

તનુરુહ [સં. તનુ (શરીર) + રુહ્ (ઊગવું)] ન. ઉગાડું; રોમ; વાળ.

તનુલ [સં.] વિ. વિસ્તૃત; પહોળું; ફેલાયેલ; વિસ્તાર પામેલ

તનુલતા ૧. [સં.] સ્ત્રી. નાજુક વેલ.

૨. સ્ત્રી. શરીરરૂપી વેલ.

તનુલૂતા પું કરોળિયો.

તનુવાત ૧. [સં. તનુ (પાતળું) + વાત (વાયુ)] પું. જ્યાં ઘોડો વાયુ હોય એવું સ્થળ.

૨. પું. તે નામે એક નરક.

૩ પું. (જૈન) નરકનો એક આધાર. દરેક નરકની નીચે અનુક્રમે ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ હોય છે.

૪. પું. પાતળો વાયુ.

તનુવાતવલય [સં.] પું. વલયાકારે રહેલ ઘનવાતનો આધારભૂત તનુવાયુ; વલયાકારે રહેલ તનુવાત.

જે ૨૮૦ ઘનવાત તથા સાત તનુવાતવલયો છે, એની જાડાઈ સામાન્ય રૂપથી અસંખ્યાત યોજન પ્રમાણ હોવા છતાં પણ પરસ્પર હીન નથી, અર્થાત્ પ્રથમ ભૂમિની નીચેના ઘનવાતવલય તથા તનુવાતવલયની અસંખ્યાત યોજન પ્રમાણ જાડાઈથી બીજી ભૂમિની નીચેના ઘનવાતવલય તથા તનુવાતવલયની જાડાઈ વિશેષ છે. એ જ ક્રમથી ઉત્તરોત્તર છઠ્ઠી ભૂમિના ઘનવાત, તનુવાતવલયથી સાતમી ભૂમિના ઘનવાત, તનુવાતવલયની જાડાઈ વિશેષ વિશેષ છે.

તત્ત્વાર્થસૂત્ર

તનુવાય જુઓ તનુવાત.

તનુવાયુ જુઓ તનુવાત.

તનુવાર [સં.] ન. બખ્તર; કવચ.

તનુવીર [સં.] પું. વીર બાળક.

એ વીર ઉદાર તનુવીરને કલાવે,
એ દેરાણકા વીર હર્ષે ચડી વખાણે;
એ વર્ધમાન વીર કૃષ્ણ સમાન માની,
રાખે સતિ કૃતિ તનુસરી ગાયવાની.

વીરસ.

તનુવ્યસન [સં.] ન. શરીરની પુષ્ટિને માટે રસાયન આદાની ઇચ્છાના હેતુરૂપ વ્યસન.

તનુવ્રણ [સં.] પું એક જાતનો રોગ; ચામડીનો રોગ.

તનુસ્વર [સં.] પું. પરસેવો; સ્વેદ.

તનુસંચારિણી ૧. [સં.] સ્ત્રી. તણ્ણ ઓ.

૨. સ્ત્રી. નાયિકા; દસ વર્ષની કન્યા.

તનુસ્થાન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીનું પહેલું ભુવન; શરીરસુખ વગેરે જોવાનું ભુવન.

તનૂ ૧. [હિં.] પું. પ્રજાપતિ.

૨. સ્ત્રી. ગૌ; ગાય.

૩. [સં] સ્ત્રી. ચામડી; છાલ; તનુ.

૪. સ્ત્રી. (જ્યોતિષ) જન્મકુંડલી મહિનું પહેલું ભુવન; લગ્નસ્થાન.

૫ સ્ત્રી. જ. શરીર.

તનૂજ [સં.] પું. દીકરો; પુત્ર.

તનૂજા [સં.] સ્ત્રી. દીકરી; પુત્રી.

તનૂન [સં.] પું. પવન; વાયુ.

તનૂનપ [સં.] ન. ઘી; ઘૃત.

તનૂનપાત ૧. [સં. તનૂનપાત] પું. આગ; અગ્નિ.

૨. પું. એ નામનો એક જાતનો યજ્ઞ.

૩. પું. એક જાતનું વૃક્ષ; ચિત્રક.

૪. પું. (પુરાણ) પ્રજાપતિનો એ નામનો એક પૌત્ર.

૫. પું. માખણ.

૬. ન. ઘી; ઘૃત.

તનૂનપાદ જુઓ તનૂનપાત.

તનૂપા ૧. [સં] પું. જઠરાગ્નિ.

૨. વિ. શરીરનું રક્ષણ કરનાર

તનૂપાન [સં.] પું. શરીરનું રક્ષણ કરનાર પુરુષ; અંગરક્ષક.

તનૂપૃષ્ઠ [સં.] પું. એક પ્રકારનો સોમયજ્ઞ.

તનૂર [ફા.] પું. ચૂલો; અગ્ની.

તનૂરી વિ. ચૂલે રાંધેલું કે શેકેલું.

તનૂરુહ ૧. [સં.] પું. દીકરો; પુત્ર.

૨. પું. પાંખ.

૩. પું. વાળ; રોમ; કેશ; રૂંવાટું; પીંછું; રુવાંટું.

તનેતન્યા ૧. વિ. ઓઢવું; તાન ઓઢવું.

૨. ન. પંદોપંડ.

તનેનાં ન. બ. વ. મજા; કૈફરાગ; ઓઢણાસમ; બહેર.

ધનેનાં ત્યાં તનેનાં = જ્યાં પૈસોટકો હોય ત્યાં તાનબાજી થાય.

તનોડો (તનોડો) પું. ઓનું માનની બાળાઓ પહેરવાનું એક જાતનું ઘરેણું; કોકરડું; કારવાનું; કાંપ.

તનોબળ ન. શરીરનું બળ.

તનોમંદ [ફા.] વિ. મજબૂત; તંદુરસ્ત.

તન્ગાયરમ પું. કેન્સર.

તન્જમ [અ. નજમ (તેણે ગણતરી કરી)] સ્ત્રી. જ્યોત; તારાઓની સ્થિતિ ઉપરથી કોઈ માણસનું ભવિષ્ય ભાખવું તે.

તન્ના ૧. [હિં.] પું. તાણો.

૨. સ્ત્રી. એ નામની ગોઠણની એક બટક.

૩. ન. એ નામની બટકનું માપ.

૪. વિ. એ નામની બટકનું.

તન્નાઝ [અ.] વિ. અદેખી; ઈર્ષાળુ.

તન્નિવારણતત્પર [સં.] પું. પુરુષોત્તમનાં કલ્યાર માટેનું એક નામ.

તન્નિષ્ઠ [સં.] વિ. તેને વિષે નિષ્ઠાવાળું.

તન્નિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. તાદાત્મ્ય; એકતા.
૨. સ્ત્રી. સદાત્મકતા; સારા મનવાળું હોવાપણું.

તન્નૂર [અ.] પું. ભઠ્ઠી

તન્મય [સં. તત્ (તે) + મય (ભરેલું)] વિ. એકરસ; અમુકના જેવું જ થઈ ગયેલું હોય એવું; એકસ્વરૂપ; એકરૂપ; તદાકાર; તેના જેવું સરખું જ; એકતાર; દત્તચિત્ત; તેમાં સમાઈ ગયેલું હોય એવું; તલ્લીન; ઓતપ્રોત; તદ્રૂપ; એકધ્યાન; લીન.

તન્મયતા [સં. તત્ (તે) + મય (ભરેલું) + તા (પણું)] સ્ત્રી. એક સ્વરૂપપણું; તદાકારતા; એકતારતા; એકાગ્રતા; તેના સમાન જ થઈ જવાપણું; એકધ્યાન હોવું તે; લીનતા.

તન્મયાવસ્થા [સં. તન્મય + અવસ્થા] સ્ત્રી તલ્લીન અવસ્થા

તન્મયાસક્તિ [સં.] સ્ત્રી. ભક્તિની નવ માંહેની એક અવસ્થા; ભગવાનમાં તન્મય થઈ જવું તે; ભક્તિમાં પોતાના શરીરનું ભાન ભૂલી જવું અને પોતાને ભગવાન સમજવા એવી સ્થિતિ.

તન્માત્ર ૧. [સં.] ન. જેનો પદાર્થ બનેલો છે તે દ્રવ્ય.
૨. ન. તેજ
૩. ન. પરમાણુમાત્ર; અભેદતત્ત્વ.
૪. ન. (સાંખ્ય) પંચમહાભૂતનો સૂક્ષ્મ અંશ; પંચમહાભૂતોનું શુદ્ધ સૂક્ષ્મ રૂપ. તે પાંચ છે: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. સાંખ્યમાં દેખાતી સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમ અનુસાર પહેલા પ્રકૃતિમાંથી મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે. મહત્તત્ત્વમાંથી અહંકાર અને અહંકારમાંથી સોળ પદાર્થની ઉત્પત્તિ થાય છે. આ સોળ પદાર્થ પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, એક મન તથા પાંચ તન્માત્ર છે. આમાંથી પાંચ તન્માત્રમાંથી પાંચ મહાભૂત ઉત્પન્ન થાય છે, અર્થાત્ શબ્દ તન્માત્રમાંથી આકાશ ઉત્પન્ન થાય છે અને આકાશનો ગુણ શબ્દ છે. શબ્દ અને સ્પર્શ એ બે તન્માત્રમાંથી વાયુ ઉત્પન્ન થાય છે અને શબ્દ અને સ્પર્શ એ તેના ગુણ છે. શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ તન્માત્રમાંથી તેજ ઉત્પન્ન થાય છે અને શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ એના ગુણ છે. શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર તન્માત્રના સંયોગથી જળ ઉત્પન્ન થાય છે, જેમાં એ ગુણો હોય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રના સંયોગથી પૃથ્વીની ઉત્પત્તિ થાય છે, જેમાં એ પાંચ ગુણો રહેલા છે. આ સમયે ગીતારહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ પંચ તન્માત્ર, તેમનું મિશ્રણ ન થતા, પ્રત્યેક ગુણના નિરનિરાળાં અતિ સૂક્ષ્મ સ્વરૂપો, એ નિરિંદ્રિય સૃષ્ટિનાં મૂળ તત્ત્વો છે.

> પંચમહાભૂતોના તન્માત્રનું જે શુદ્ધ ચોખાસ અલગ રહી ગયું હતું તેને આ બે મુક્તિએ જોયા કરતા હતા. ગુલાબસિંહ

૫. વિ. તે પ્રમાણવાળું.
૬. વિ. માત્ર એ જ; શુદ્ધ.
૭. અ. તન્માત્ર; સહેજસાજ.

તન્માત્રનસ્તિત્વવાદ [સં.] પું. આત્મવાદ; દેહાભાવાત્મવાદ; નિરાકારવાદ.

તન્માત્રનસ્તિત્વવાદી [સં. તન્માત્રનસ્તિત્વવાદિન્] વિ. આત્મવાદી; નિરાકારવાદી.

તન્માત્રા જુઓ તન્માત્ર.

> સદ્ગુ છે તન્માત્રા અધિક સરસે ઇંદ્રિયથકી, અને તન્માત્રાથી અધિક મન છે સૂક્ષ્મ સદ્ગુથી, બધાથી બે બુદ્ધિ મનથી પણ છે સૂક્ષ્મ વધુ છે, વધુ શી રીતે તે વધુ અધિક બુદ્ધિથી પણ છે. વિહારી

તન્મૂલક [સં.] વિ. મૂળમાંથી ઉત્પન્ન થયેલ; તેમાંથી નીકળેલ.

તન્યતુ ૧. [સં.] પું. એ નામે એક વાદિત્ર.
૨. પું. મેઘનો.
૩. પું. રાત્રિ.
૪. પું. વાયુ. હવા.

તન્વંગી ૧. [સં. તનુ (પાતળું) + અંગ + ઙી (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. નાજુક સુકુમાર સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. નાના નાજુક અંગવાળી; કૃશાંગી; ખૂબસૂરત; નાજુકડી; સુંદર શરીરવાળી.

તન્વી ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; તન્વીસ. તેના દરેક ચરણમાં ભગણ, તગણ, નગણ, સગણ, બે ભગણ, નગણ અને યગણ એમ ચોવીસ અક્ષર હોય છે. તેમાં પાંચમા અને અગિયારમા અક્ષર પછી વિસામો આવે છે.
૨. સ્ત્રી. કશ્મીરની ચંદ્રકુલ્યા નદી.
૩. સ્ત્રી. નાજુકડી સ્ત્રી; નાની અને નાના નાજુક સુકુમાર અંગવાળી સ્ત્રી.
૪. સ્ત્રી. સાલપર્ણિ; સમેરવો.
૫. વિ. સ્ત્રી. કૃશ અંગોવાળી.

તન્વીશ પું. (પિંગળ) ચોવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. જુઓ તન્વી.

તન્હા ૧. [ફા.] વિ. એકલું.
૨. વિ. બાનમતી.
૩. અ. એકલું; માત્ર; ફક્ત.

તન્હાઈ [ફા.] સ્ત્રી. એકલાપણું; એકાંત

તપ ૧. અ. ક્રિ. આત્મબળ કે સામર્થ્ય થવું.
૨. અ. ક્રિ. ઐશ્વર્યવાળા થવું.
૩. અ. ક્રિ. ગરમ થવું
૪. [સં.] અ. ક્રિ. તપવું; સંતાપ પામવો
૫. અ. ક્રિ. પ્રકાશવું; અક્કાની માફક પ્રકાશિત રહેવું.
૬. અ. ક્રિ. પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થવું.
૭. અ. ક્રિ. બળવું.
૮. અ. ક્રિ. (ધાતુ) ગરમી આપવી; ગરમ કરવું; ગરમીથી બાળવું. તે ઉપરથી બનેલ શબ્દ: તાપ, તાપવું, તપન, તપની.
૯. સ. ક્રિ. તપાવવું; સંતાપવું.

તપ ૧. [સં. તપસ્] પું. એ નામનો એક સૌર માસ. હિંદુસ્તાનમાં તે વખતે શિશિર ઋતુ અને ઉત્તર ગોળાર્ધમાં હેમંત ઋતુ તેમજ સૂર્ય કુંભ રાશિમાં હોય છે
૨. પું. જેઠ અને અષાઢ માસ.
૩. પું. વિષ્ણુના કલ્યાર માંહેનું એક નામ.
૪. પું. શાસ્ત્રોપદિષ્ટ માર્ગથી શરીર, ઇંદ્રિય આદિનું શોષણ; આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે શરીરનું શોષણ કરવું તે
૫. પું. શિવનાં કલ્યાર માંહેનું એક નામ.
૬. પું. (પુરાણ) સાત માંહેનો એક લોક.
૭. પુ.,સ્ત્રી. શરીર પીડવું તે; તાપ; તાવ; સહેજ સાજ તાવ, તપન

૧. તપ ઊતરવો = તાવ ઊતરવો.
૨. તપ ચડવો = તાવ ચડવો.
૩. તપસ્યા મૂળ જાના = તાવ પછી ભરો મૂતરી જવો, તાવ ઊતરતાં હોઠ ઉપર ફોલ્લો થઈ આવવો.
૪. તપે ઊભડી-ખાલા = મોઢા ઉપર ખીલ ઊપડી આવવા તે.
૫. તપે ક્ષિપ્ત = ક્ષણ રોજ.
૬. તપે ત્રિક = એકાંતરિયો તાવ.
૭. તપે નોજત-નોજત = અમુક ચોક્કસ મુદતે આવતો તાવ; આંતરિયો તાવ.
૮ તપે મુહરિક = ત્રિનિયો તાવ.
૯. તપે લરઝા = ટાઢિયો તાવ.

૮. ન. અગ્નિ.
૯. ન. આકાશનો ગોળ.
૧૦. ન. આ સંસાર શું છે? હું કોણ? મને સંસારની પ્રાપ્તિ જ કેવી રીતે સમજી શકે? એવો નિત્યપ્રતિ વિવેકયુક્ત વિચાર થવો તે.
૧૧. ન. એક જપનું નામ.

૧૨. ન. એક પ્રકારનું વાદ્ય.

૧૩. ન. (વેદાંત) કૃચ્છ્રચાંદ્રાયણાદિક વ્રત. આકરણ પ્રમાણે તપ્ ધાતુનો અર્થ સંતાપ કરવો થાય છે, એટલા માટે શરીરને સંતાપ આપવામાં ચાંદ્રાયણ વગેરે વ્રતો તપ શબ્દથી કહેવાય છે. શાસ્ત્રોક્ત રીતે કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રત વડે શરીરને સુકાવવું તેનું નામ તપ છે. આ પ્રમાણે સૂત સંહિતામાં તપનું લક્ષણ કહ્યું છે. આ તપ કોઈ પાપ કર્યું હોય તેની નિવૃત્તિ માટે પ્રાયશ્ચિત્તરૂપ છે મુમુક્ષુ માટે ચાંદ્રાયણાદિ તપ ધાતુની વિષમતા દ્વારા હાનિકારક હોવાથી શરીરમાં ઉપદ્રવ થવાનો સંભવ છે; એટલા માટે ભગવાને મુમુક્ષુઓ માટે શરીર, વાણી અને મનથી થતાં ત્રણ પ્રકારનાં તપ ગીતાના સત્તરમા અધ્યાયમાં કહ્યા છે. દેવનું, દ્વિજનું અને જ્ઞાનીનું પૂજન, પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ બધાં શારીરિક અથવા કાયિક તપ છે. કોઈને ઉદ્વેગ ન થાય તેવી, સત્ય, પ્રિય અને હિતકર વાણી બોલવી અને વેદાદિનું અધ્યયન કરવું તથા મંત્રાદિનો જપ કરવો તે બધું વાણીનું તપ છે. મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, ઇંદ્રિયોનો નિગ્રહ અને અંતઃકરણની શુદ્ધિ એને માનસિક તપ કહે છે. એ રીતે તપમાં શારીરિક, વાચિક અને માનસિક એવા ત્રણ ભેદ છે અને પ્રત્યેકમાં સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ ત્રણ ભેદ હોય છે. તપથી પાપ દૂર થાય છે, તપથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે, તપથી મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરી શકે છે. તપથી ઋષિઓએ સ્વર્ગ પ્રાપ્ત કર્યું અને તપથી જ શત્રુઓને નષ્ટ કરી શકાય છે. અધ્યયન કરવું, અભ્યાસ કરવું, જ્ઞાન પ્રાપ્ત કરવું, સત્યપાલન કરવું, સરલતાનું આચરણ કરવું, શાંત રહેવું, ઇંદ્રિયદમન કરવું, વિકારોનું શમન કરવું, યજન કરવું, અનશન કરવું, બ્રહ્મચર્ય પાલન કરવું, વૈરાગ્ય ધારણ કરવો એ બધું તપ છે. વ્રત અને દાન પણ તપ છે. વ્રત કરવામાં અને દાન દેવામાં જે પરિશ્રમ થાય છે તેથી તે તપ છે. ધાર્મિક કર્તવ્ય કરતી વખતે જે કષ્ટ થાય છે તેને આનંદથી સહન કરવું તેનું નામ તપ છે. શીતોષ્ણ સહન કરવાની શરીરની શક્તિ વધારવી તેનું નામ તપ છે. જે તપ પરમ શ્રદ્ધાથી કરવામાં આવે છે તેના પણ ત્રણ ભેદ છે. જે તપ મનમાં ફળાભોગની ઇચ્છા ધરાવી કરવામાં આવે છે તે સાત્ત્વિક તપ કહેવાય છે. જે બીજા દંભથી કરવામાં આવે છે, પોતાનો સત્કાર થાય, માન વધે અને આરે તરફ પોતાની પૂજા થાય, એ હેતુથી જે તપ કરવામાં આવે છે તેવા અસ્થિર અને ચંચળ તપને રાજસ તપ કહેવામાં આવે છે. મૂઢતાથી પોતાની જાતને પીડા કરીને જે કરવામાં આવે છે તથા જેમાં બીજાનો નાશ કરવાનો હેતુ હોય છે તેને તામસ તપ કહે છે. અહીં જે તામસ તપની વ્યાખ્યા કરવામાં આવી છે, તેમાં દૈવી સ્વભાવ બધો જ ખોટો છે, આસુરી ભાવ જ એમાં ભરેલો છે. આ જાતનું તપ દૈવી સંપત્તિમાં આવી શકે નહિ. આ જાતનાં કાર્યને તપ તો કહેવાય, પરંતુ તે આસુરી તપ કહેવાય. કેટલાક બ્રાહ્મણાદિ ગૃહસ્થો ચાંદ્રાયણાદિ વ્રત, ઉપવાસ વગેરે કરે છે; અને કેટલાક સાધુઓ કાંટા ઉપર સૂવું, ધાતની ડાળે ઊંધા લટકવું, મૌન ધારણ કરવું, પંચધૂણી તાપવી, દુષ્કાર કે ફળાહાર કરવો વગેરે ક્રિયા કરી લોકોને પોતાનું ધાર્મિકપણું તથા તાપસી વૃત્તિ બતાવે છે. જૈનમતાનુસાર તપના બાર પ્રકારમાં છ બાહ્ય અને છ અભ્યંતર તપ છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ છ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાયપઠન, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ અભ્યંતર તપ છે. .

પૂજ્ય પંડિત દેવ દ્વિજ ગુરુની સેવે અહિંસા તથા, કહેવાયે તપ દેહનું, સરલતા ને બ્રહ્મચર્ય સદા. જે સાચું પ્રિય વેણ હિતકર ને જેથી ન ઉદ્વેગ કો, કહેવાયે તપ વાણીનું,વળી ચતો અભ્યાસ સ્વાધ્યાયનો. વાણી ચિત્ત પ્રસન્નતા વમ મને ને મૌન ને સૌમ્યતા, કહેવાયે તપ માનસિક વળી તે શુદ્ધ છે ભાવના. અહા શ્રેણથી ત્રોણયુક્ત પુરુષે લાગી હલેબ્બા અને, દીધું એ ત્રણ રીતનું જ તપ તે સાત્ત્વિક કહેવાય છે. દંભે જે તપ માન પૂજના અને સત્કાર અર્થે થતું, ત્યાંયે અસ્થિર નાશવંત વળી જે તે રાજસી તો કહ્યું. આત્માને પીડીને કરાતું તપ જે દુરાગ્રહોથી વળી, બીજાનો કરવા વિનાશ અથવા તેને કહ્યું તામસી.

ગીતાપ્રભાકૃત

૧૪. ન. ગ્રીષ્મ ઋતુ; ઉનાળો.

૧૫. ન. તડકો; ગરમી.

૧૬. ન. લુપ્તાનો લોપ.

૧૭. ન. કષ્ટ મહિનો એક અવયવપર્વ.

૧૮. ન. ઠેકાણ્ટ; આત્મસંયમ; કર્મક્ષય કરવા માટે સહન કરાતી તકલીફ; દેહને કષ્ટકારી વ્રત કે નિયમ; તપસ્યા; કોઈ એક કાર્ય સિદ્ધ કરવાના પક્ષ કરવથી જેટલું પડે તેટલું દેહકષ્ટ વેઠી લેવું તે; તપશ્ચર્યા; વન વગેરેમાં રહી કષ્ટ વેઠવું તે; ઇંદ્રિયદમન; મલિન વૃત્તિઓ નિર્મૂળ કરવા જેવીનું બળ કેળવવા માટે કરવામાં આવતું આત્મદમન. આપણા જૂના આદર્શોમાં વિદ્યા અને તપનું મહત્ત્વ સરખું હતું. તપમાં જ સામર્થ્ય છે, તે આપણા લોકો જાણતા હતા. તેઓ તો એટલે સુધી કહે છે કે તપ એટલે અડતાલપણું, તપ એટલે ઇંદ્રિયનિગ્રહ, તપ એટલે સહનપણું, તપ એટલે ઉદ્યમ, તપ એટલે પ્રાણ અને વીર્ય, તપ એટલે અવિશ્રાંત ઉદ્યોગ, તપ એટલે દુષ્ટ વાસનાનો નાશ. તપ શબ્દના અનેક અર્થભેદ છે એમ વેદ કહે છે, અને એવા અનેક ભેદ માંહેનો એક અર્થ આલોચન થાય છે. એવા આ આલોચનથી આત્માની અવસુખ સમૃદ્ધિ વધી જાય છે. વળી તપ એટલે તપશ્ચર્યા, એ પણ આ તપનો બીજો અર્થ છે. એવી તપશ્ચર્યા એટલે સંસાર અને મિથ્યા વસ્તુ કે પ્રવૃત્તિથી આત્માને અલગ કરી દેવાથી અનુભવને આત્માનંદ અનુભવવાની સુગમતા પ્રાપ્ત થાય છે. એવી તપશ્ચર્યા કરનારો તપસ્વી કહેવાય છે. એવો ખરો તપસ્વી એ જ છે કે જે સ્વહિતવિચારણીય સારી પેઠે હોય. અધ્યાત્મશાસ્ત્ર પણ તેને જ જ્ઞાત અર્થ જાણ છે અને તેની તેવી તપશ્ચર્યા ફલપ્રદ બની જાય છે. તપ એટલે વિચાર. એવો વિચાર એટલે સાધારણ નહિ પણ વારંવાર, અનેક વાર એક વસ્તુનું સાધારણ જ્ઞાન થતાં તે ઉપર ફરી ફરી વિચાર કરવાથી તેનું અધિકતર જ્ઞાન થાય છે. આવી રીતે ઘડી ઘડી વિચાર કરવાથી મનુષ્ય સત્ય તત્ત્વના સંનિધ્યમાં પહોંચે છે. દૃષ્ટાંતરૂપે ભૃગુવલ્લી ઉપનિષદમાં વરુણ દેવે ભૃગુને આવું તપ કહેતાં ઘડી ઘડી વિચાર કરવાનું કહી પંચકોશ સૂઝાવી દીધો અને એ પંચકોશના જ્ઞાનથી તેણે આત્મા એટલે બ્રહ્મને ઓળખી લીધો. પ્રાચીન કાળમાં હિંદુઓ, ખ્રીસ્તીઓ, બૌદ્ધોઓ, ઈસ્લામીઓ વગેરેમાંથી ઘણા લોક એવું કરતા હતા કે પોતાની ઇંદ્રિયો વશ રાખવા તથા દુષ્કર્મોમાંથી બચવા માટે તેઓ પોતાના ધાર્મિક વિશ્વાસ અનુસાર જાતી જોડી જંગલમાં તથા પહાડોમાં રહેતા. ત્યાં પોતાને રહેવા માટે ઘાસની નાની મોટી ઝૂંપડી બનાવી લેતા અને કંદમૂળ વગેરે ખાઈને તથા તરેહ તરેહનાં કાયક્લેશ વ્રત આદિ કરીને રહેતા હતા. કોઈ વાર તો લોકો મૌન રહેતા, કોઈ વાર ગરમી તથા ઠંડી સહેતા અને ઉપવાસ કરતા. તેઓનાં આ બધાં આચરણ તપ કહેવાય છે. પુરાણ વગેરેમાં આ પ્રકારનાં તપ તથા તપસ્વીઓની અનેક કથાઓ છે. કોઈ વાર કોઈ અભિષ્ટની સિદ્ધિ માટે અથવા કોઈ દેવતા પાસેથી વરદાન મેળવવા માટે પણ તપ કરવામાં આવતું. પાતંજલ દર્શનમાં આવા તપને ક્રિયાયોગ કહ્યો છે. ધર્મમંથનમાં ઉલ્લેખ છે કે: હિંદુ ધર્મમાં કમલે કમલે તપ છે. પાર્વતીને શંકર જોઈએ એ તો તેણે તપ કર્યું, શિવથી ધ્રુવ જોઈ તો તેમણે તપ કર્યું. વિશ્વામિત્ર જો તપની

મૂર્તિ હતા. રામ વનમાં ગયા તો ભરતે બોગારૂઢ થઈ ઘોર તપશ્ચર્યા આદરી અને શરીરને નીચોવી નાખ્યું. ઈશ્વર બીજી રીતે મનુષ્યની કસોટી જ નથી કરી શકતો. જો આત્મા દેહથી ભિન્ન છે તો દેહને કષ્ટ આપીએ છતાં આત્મા પ્રસન્ન રહે. અન્ન શરીરનો ખોરાક છે, જ્ઞાન અને ચિંતન આત્માનો. આ વસ્તુ પ્રસંગોપાત દરેક પોતાને સારૂ સિદ્ધ કરવી રહી છે. પણ જો તપાદિની સાથે શ્રદ્ધા, ભક્તિ, નમ્રતા ન હોય, તો તપ એ મિથ્યા કષ્ટ છે. તે દંભ પણ હોય. એવા તપ કરતાં સુખપૂર્વક આનારા પ્રભુભક્ત હજારગણા સારા છે.

૧. તપ કરવું તપવું = (૧) અમુક બાબતમા ધ્યાન રાખ્યા કરવુ. (૨) એકની એક વાત ચલાવ્યા કરવી. (૩) મૂંગે મોઢે હાલ્યાચાલ્યા વિનાની સ્થિતિમાં રહેવું; સ્થિરતાથી ચૂપ રહેવું. (૪) વ્રતનું આગ્રહપૂર્વક આચરણ કરવું.

૨. તપને અંતે રાજ, ને રાજને અંતે તપ – દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ.

૩. તપ કીધે ન્હાવો ન ધોવાય = નામના દેખાવથી બહુ પદ મળતું નથી; માત્ર દેખાવ પૂરતું કંઈ કર્યેથી બહુ પદ આવી જતું નથી

૧૯. ન. (વેદાંત) દુઃખ સહન કરવાની શક્તિ; શીતોષ્ણાદિ દ્વંદ્વ ધર્મનું સહન. પુરુષાર્થબોધિનીમા કહ્યું છે કે: તપનો અર્થ શીતોષ્ણ સહન કરવુ, એ છે. સત્કર્મ કરતી વખતે જે કષ્ટ થાય તે સહન કરવાં એનું નામ તપ છે. પ્રત્યેક કર્મ કરવા માટે શીત ઉષ્ણ, લાભ હાનિ, જય પરાજય, ભૂખ તરસ આદિ સહન કરવાં જ જોઈએ. આ સહન કરવાનું નામ જ તપ છે.

૨૦. ન. નિયમનના પાંચ ભાંહેનો એક પ્રકાર.

૨૧. ન. (જૈન) પ્રાયશ્ચિત્તના નવ ભાંહેનો એક પ્રકાર; અનશન આદિ બાહ્ય તપ કરવું તે.

૨૨. ન. ચાર વર્ષનો વખત.

૨૩. ન. બ્રહ્મ.

આ ઋચામાં તપ એ શબ્દથી મૂળ પ્રકૃતિની જ્ઞાનમય વિલક્ષણ શક્તિ છે અને તેનું જ વર્ણન ઓળી ઋચામા કરેલું છે. બોલરહસ્ય

૨૪. ન. (વેદાંત) મન અને ઇંદ્રિયોની એકાગ્રતા.

૨૫. ન. મન, વચન અને કર્મથી પાપકર્મ ન કરવાપણું.

૨૬. ન. મનની ઇચ્છા પૂરી પાડવા દેવ કે દેવીની કૃપા મેળવવાને કરવામાં આવતું દેહકષ્ટ.

૨૭. ન. માઘ માસ.

૨૮. ન. (જ્યોતિષ) લગ્નથી નવમું સ્થાન.

૨૯. ન. વિચારણા; આલોચન, ઈક્ષણ.

પ્રજાપતિ પ્રજાની ઉત્પન્ન કરનારા થયા. તેણે તપ તપ્યું. તપ તપીને તેણે પ્રકૃતિ અને પ્રકૃતિનું સૃજન સરજ્યું. અને વિચાર્યું કે આ બે મારી અનેક પ્રકારની પ્રજાઓ ઉત્પન્ન કરશે. તપ શબ્દનો અર્થ અહીં એમ થાય છે કે, આલોચા એટલે કે પૂરી વિચારણા કરી. આથી આ સૃષ્ટિનો એક એક પદાર્થ પરમાત્મામા વિચારનુ પ્રતિબિંબ છે. પ્રશ્નોપનિષદ

૩૦. ન વિદ્યાના પાંચ ભાંહેનું એક પર્વ.

૩૧ ન. શરીર અથવા ઇંદ્રિયને વશ રાખવાનો ધર્મ.

૩૨. ન. સાત ભાંહેની એક ક્રિયાશક્તિ. ક્રિયાશક્તિ સાત છે: (૧) ધૃષ્ટ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ, (૫) પુષ્ટ, (૬) તપ અને (૭) દાન.

૩૩. ન. સૂર્ય.

૩૪. ન સૃષ્ટિસંકલ્પ.

આરંભમાં તપ અર્થાત્ સૃષ્ટિસંકલ્પથી અક્ષર બ્રહ્મ પ્રકટિત થાય છે, તપોરૂપ બ્રહ્મમાથી લોગરાક્તિ પ્રકૃતિ ઉપજે છે. પ્રકૃતિમાથી પ્રાણશક્તિ, મહત્તત્ત્વ, ઇંદ્રિયો અને તેના સૂક્ષ્મ વિષયો, ત્રણે લોકો, કર્મ અને કર્મના હોતા. તેમનું અવસ્થ જાવિકૃત અર્થાત્ સુખ અને દુઃખ ઉપજે છે. મુંડકોપનિષદ

૩૫. ન. (વેદાંત) હિતમિત અને પવિત્રાન્નનું ભોજન.

૩૬. વિ. તપ કરનાર.

૩૭. વિ તપાવનાર; બાળનાર.

તપઋદ્ધિ સ્ત્રી. તપ કરવાની શક્તિ.

તપક ૧. [સં.] પું કૂપ; મહેરખાની

૨. પું. મોટો આરે હથોડો.

૩. [સં. તપ (ગરમી)] સ્ત્રી. ગાઢો બાષ્પ; ધૂમ્ર.

૪ સ્ત્રી. બબડાટ.

તપકચી પું. વસ્ત્રાલાત બાળવાની બબરચા માટે નિમાયેલો અમલદાર. આ અમલદારની કુરજો આપણને અકબરીમાં વર્ણવી છે. આ શબ્દની વ્યુત્પત્તિ સંકાયાવી છે.

તપકવું અ. ક્રિ. બબડાટ થવો.

તપકાર ૧. સ્ત્રી. તમાકુ ઉકાળીને કરેલી બૂકો, સૂકવવા માટે બનાવેલું તમાકુચૂર્ણ; તપખીર

૨. સ્ત્રી. વનસ્પતિના કંદનો ઝોટ; સિમોડાનો ઝોટ.

તપકીર ૧. સ્ત્રી તપખીર; નાક સૂંઘવાને માટે તમાકુનું બનાવેલ ચૂર્ણ

૨. સ્ત્રી ;ન. એક રોપો. તેને તીરના આકારના મૂળ હોય છે. તેમાથી મારેલો બૂકો તાકાત આપે છે. મૂળ સ્થાન દક્ષિણ અમેરિકા, હાલમાં હિંદ બાતે બલબાર કિનારો. દૂધમાં નાખવાથી દૂધ પાકુ દેખાય છે.

તપકીરી વિ. તપકીરના રંગનું.

તપકૃશાંગ વિ. તપથી કૃશ થયેલ અંગવાળુ.

તપક્ષેત્ર ન. તપ કરવાની જગ્યા; તપોભૂમિ.

તપખીર ૧. સ્ત્રી. અબીલ.

૨. [સં. તવક્ષીર] સ્ત્રી એક છોડ. તે હાથ બે હાથ જેવો થાય છે. તેનાં પાંદડાં હળદરનાં પાંદડાં જેવાં થાય છે આ છોડ દવામાં વપરાય છે.

૩ સ્ત્રી. કપડાંને દેવામાં આવતો આર; 'રંગ.શે.'

૪. સ્ત્રી. શકરિયાંનો, બીજા કોઈ વનસ્પતિના કંદનો અથવા સિંગોડાનો ઝોટ. તપખીરનું બીજું નામ એરોરૂટ છે. તપખીરનો બહુ બોબો સફેદ ઝોટ જેવો બૂકો આવે છે. તેની ગાંઠો થાય છે. તે ગાંઠોને અમણી જેવા સાધનથી બૂકો કરી તે બૂકાને પાણીમાં પલાળી રાખવામાં આવે છે. ઉપરથી બહું પાણી ભેગાયાં તથા દુસ્તે નિતારી લેવામાં આવે છે એમ બે ત્રણ વખત કરવાથી બોબો ઝોટ જેવો બૂકો બઈ બાય છે તેને તપખીર કહે છે. તે મુખ્યમાં ચોખાના ઝોટને મળતી છે.

૫. સ્ત્રી. સુગંધ માટે બનાવેલું તમાકુનું ચૂર્ણ; ઝીકણી, તમાકુ

તપખીરિયા ૧. સ્ત્રી. સમુદ્રમાં થતી એક વનસ્પતિ.

૨. વિ. તપખીરના રંગનું

તપખીરિયું વિ. તપખીરના જેવા રંગનું; તમાકુ જેવા રંગનું; બબરિયું. ઝીકણીના રંગનું; કબાઈ.

તપખીરિયો પું. એક બાતનો રંગ.

તપખીરી વિ. તપખીરના જેવું; બબરિયું; ઝીકણીના રંગનું, તપખીરના રંગનું.

તપગચ્છ ૧ પું. જૈન ધર્મનો એક ફાંટો કે વિભાગ; મંદિરમાર્ગીઓનો એક સમૂહ.

૨. પું. ઢઢેરાવાસી જૈન સાધુઓનો એક વર્ગ.

તપગ્રહ [સં.] પું. એક બાતનું ગ્રહ; દમનક.

તપજપ ન. ન. દ. ધર્મધ્યાન.

તપટ (તપડ) ૧. વિ. દુબળું; નબળું અને બનેલું. ઢોર માટે વપરાય છે

૨. વિ સ્ત્રી. તડકામાં બહુ ન રહી શકે તેવી, ઓછા દૂધ તેમ જ ઓછા ઘીવાળી અને જોને આવે મોટાં રૈયાં હોય તેવી કસદીવું અને પાણીમા પડી રહેનારી; ગરમીવાળી. ગાય કે ભેંસ માટે વપરાય છે

તપણ અ. તોપણ; છતાં.

તપત ૧. [સં. તપ્ (તપેલું)] સ્ત્રી. બોબો તાપ; ધીકડો; હલકો તાપ; તપારો; તપણ રો; તપ; ગરમી.

૨. સ્ત્રી. મનની બબમતા.

૩. વિ. ગરમ કરેલું.

તપતાલ પું. (સંગીત) એક જાતનો તાલ.

તપતી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષીય એક નદી.

૨. સ્ત્રી. (પુરાણ) વિવસ્વાન સૂર્યની છાયાને પેટ થયેલી એ નામની કન્યા; સૂર્યકુમારી. એ સોમવંશી અજમીઢ રાજાના પૌત્ર અને ઋક્ષ રાજાના પુત્ર સવરણ રાજાને પરણી હતી.

તપસ્યાખ્યાન ન. મહાકવિ પ્રેમાનંદ કૃત એ નામનું નાટક. નરસિંહરાવ વગેરે કેટલાક એમ માને છે કે આ નાટક પ્રેમાનંદનું રચેલું નથી, પણ નીલ કોઈકે તેને નામે ચડાવી દીધું છે.

તપત્રય [સં. તપસ્ + ત્રય (ત્રણનો સમૂહ)] ન. શારીરિક, વાચિક અને માનસિક એવું ત્રણ પ્રકારનું તપ.

તપદુષ્કર ન. આકરું તપ.

તપધારી વિ. તપસ્વી; તપ કરનાર.

તપધ્યાન ન. સમાધિ.

તપન ૧. [સં.] પું. અગ્નિમંથન વૃક્ષ; અરણીનું ઝાડ.

૨. પું. આકડાનો છોડ.

૩. પું. આગિયો.

૪. પું. આંચ; દાહ; તાપ; તપવાની ક્રિયા અથવા ભાવ; તપવું તે.

૫. પું. એ નામનું એકવીસ માંહેનું એક નરક. તેમાં જવાથી જ શરીર બળવા માંડે છે.

૬. પું. એક જાતનું ઝાડ.

૭. પું. (પુરાણ) કર્યું મારેલો પાંચ પક્ષનો એક પાંચાલ.

૮. પું. કોપ.

૯. પું (પુરાણ) મજ યાનરે મારેલો રાવણના પક્ષનો એક રાક્ષસ.

૧૦. પું. ગ્રીષ્મ ઋતુ.

૧૧. પું. (પુરાણ) તાપન ભક્તના પ્રયોજક.

૧૨. પું. (પુરાણ) તે નામે અમરનું રક્ષણ કરનાર એક દેવ.

૧૩. પું. તે નામે એક અગ્નિ.

૧૪. પું. (કાવ્ય) દસ પૈકીનો એક કામ જોરદાર ચોટ, કોઈ કારણસર સંતાપ પ્રકટ કરવામાં આવે એ તપન કામ કહેવાય છે.

૧૫. પું. નાયકના વિયોગમાં નાયિકાથી દેખાતો કામભાવ. તેની ગણના અલંકારમાં કરવામાં આવે છે.

૧૬. પું. વાસ્તવિક રીતે તપ ત્રણ પ્રકારનાં કહેવાથી ત્રણ સ્વરૂપ સાંકેતિક શબ્દ.

૧૭ પું. શિવ.

૧૮ પું સરજમુખી.

૧૯. પું. સૂર્ય; રવિ; આદિત્ય.

૨૦. પું. સૂર્યકાંતમણિ.

૨૧. ન. ગરમી; ધૂપ; તાપ; ખૂબ તડકો પડ્યો તે.

તપનકર [સં.] પું. સૂર્યનું કિરણ; રશ્મિ.

તપનચ્છદ ૧. પું. મંદારનું ઝાડ.

૨. [સં.] ન. સૂર્યમુખી ફૂલછોડ; ચોખરદોડી; આદિત્ય; કુરકુજ; સોંચલી, ગુલે આફતાબ. દરેક જગાએ ઊગતા આ છોડનું વાવેતર કરવું પડે છે. વાવ્યા પછી ચાર મહિને તે તૈયાર થાય છે. તેનાં પાંદડાં કાતરાદાર, હૃદયાકાર, જરા લાંબાં, પાતળાં ને ખરબચડાં હોય છે. પ્રત્યેક પાંદડાની બાજુમાંથી ફૂલ નીકળે છે. ફૂલનો રંગ પીળા કરેણના ફૂલ જેવો હોય છે. આ ઝાડથી બગડેલી હવા સુધરી જાય છે. તેના બિયાંનું તેલ નીકળે છે. તે વાસના રંગનું ને ખાવામાં સારું તેમ જ પથ્યકારક મનાય છે. સૂર્યમુખીના મૂળ ચોટલે બાંધવાથી પ્રસૂતિ જલદી થાય છે. ચુડાણ વગા માટે તેલનું ટીપું ઉપર ટપકું પાડવું અને ચુડાણ બંધ કરવા તેલ વાસણી ચાટ ઉપર ચોપડવું.

તપનતનય ૧. [સં.] પું. કર્ણ.

૨. પું. યમરાજ.

૩. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૪. પું. સુગ્રીવ.

૫. પું. સૂર્યપુત્ર.

તપનતનયા ૧. [સં.] સ્ત્રી. જીલ્લાદીનું ઝાડ.

૨. સ્ત્રી. યમુના નદી.

તપનદેવ [સં] પું. સૂર્યદેવ.

તપનમણિ [સં.] પું. સૂર્યકાંતમણિ.

તપના સ્ત્રી. સૂર્યનો તાપ; આતપના.

તપનાંશુ [સં.] પું. સૂર્યનું કિરણ; રશ્મિ.

તપની ૧. [સં.] સ્ત્રી. ગોદાવરી નદી.

૨. સ્ત્રી. તાપ; ગરમી; ઉષ્મા.

તપનીય ૧. પું. એક જાતના સોનાં.

૨. [સં.] ન. ઇંદ્રનું વિમાનનું નામ.

૩. ન. સોનું.

૪. ન. સોનેરી ધતૂરો.

૫. વિ. તપ કરવા યોગ્ય.

૬. વિ. તપાવવા જેવું.

તપનીયારણો [પ્રા.] પું. તપના ફળમાં સાંસારિક ભોગ ભાગવી લેવો તે.

તપનેષ્ટ [સં.] પું તાડ.

તપનોપલ [સં.] પું. સૂર્યકાંતમણિ.

તપપના સ્ત્રી. (કચ્છી) એક પ્રકારની વેલ. તેમાં કડવાં પાન અને પોળાં સુગંધી ફૂલ થાય છે.

તપપ્રભાવ પું. તપનો પ્રભાવ.

તપબળ [સં. તપોબલ] ન. તપનું બળ; તપનો પ્રભાવ. વિચારરત્નોમાં ઉલ્લેખ છે કે: તલવાર એ રાજા બલવાની હોય તો તે કરતાં પહેલાં ચૌદ વર્ષ વનવાસ ભોગવી તપશ્ચર્યા કરી નિર્બળ થવા. પાંડવોએ પણ વનવાસ ભોગવ્યો. અર્જુનને ઉંદ્ર પાસે જઈ દિવ્ય અસ્ત્ર મેળવવાં પડ્યાં. રાજાબળ પહેલાં તપબળ જોઈએ. એ તે ન હોય તો ભાવારસથી થાય ને જેમ ભાવો પોતે જ પોતાના સ્વજનથી નાશ પામ્યા તેમ આપણાં સ્વજન આપણો જ સંહાર કરે

તપબ્રહ્મલોક પું. ત્રણ માંહેનો એક બ્રહ્મલોક.

તપભૂમિ જુઓ તપોભૂમિ.

તપમંદિર ૧. ન. તપ કરતા દેવનું ચતન.

૨. ન. તપનું મંદિર.

તપયજ્ઞ પું. તપરૂપી યજ્ઞ; કૃચ્છ્રચાંદ્રાયણ, ઉપવાસ આદિ.

તપરલોક જુઓ તપોલોક.

તપરિહાઉ સ્ત્રી. જાગીરમા વધુખેડાયેલી જમીનમાં ખેડાયેલો થોડો ભાગ.

તપરી [હિ.] સ્ત્રી. નાની ઊંચાઈનો ટેકરો.

તપલોક પું. તપોલોક: ઉપરાઉપરી રહેલા સાત માંહેનો ત્રીજો તપસ્વીઓનો લોક.

તપવન ૧. ન. એક છોડ. એ છોડ વેલા જેવા થાય છે. પાન દાડિયા તાંબ અને ઉપરસ ઉપર અપાય છે. તેમા પોળાં સુગંધી ફૂલ આવે છે.

૨. ન. તપોવન; તપ કરવા અનુકૂળ જંગલ.

તપવલ્લી સ્ત્રી. (કચ્છી) એક પ્રકારની વેલ. તેનાં કડવા પાન અને પોળાં સુગંધી ફૂલ થાય છે.

તપવવું ૧. [સં. તપ્] સ. ક્રિ. કોપે ભરાવું કે ગુસ્સે થવું એમ કરવું.

૨. સ. ક્રિ. ગરમ કરવું; ઊનું કરવું; તપાવવું.

૩. સ. ક્રિ. તપવાની ક્રિયા કરાવવી.

૪. સ. ક્રિ. દુ:ખ દેવું; સંતાપવું; કલેશ કરાવવો.

૫. સ. ક્રિ. રાહ જોવરાવવી; લાંબો વખત ખોટી કરવું; વાટ જોવરાવવી.

તપવું ૧. [સં. તપ્] અ. ક્રિ. ઊનું થવું; ગરમ થવું; તમ થવું.

તપી જવું = (૧) ગરમ થવું; ઊનું થવું. (૨) ગુસ્સે થવું.

૨. અ. ક્રિ. ખોટી થવું; લાંબો વખત રાહ જોતા ઊભા રહેવું; વાટ જોતા બેસી રહેવું.

૩. અ. ક્રિ. ગુસ્સે થવું મિજાજ ખોવો; ગરમ કે આકરા થઈ જવું; ચિડાવું; કોપવું.

૪ અ. ક્રિ. તપ કરવું.
૫. અ ક્રિ. તેજ કે તાપ ધારણ કરવો.
૬. અ ક્રિ. દુઃખ પામવું.
૭. અ. ક્રિ. દુઃખથી કે શોષથી બળતરા થવી.
૮ અ. ક્રિ. પુરશ્ચરણમાં પ્રકાશવું.
૯. અ ક્રિ. વ્રત કરવું.
૧૦ અ ક્રિ. કોયલનું.

તપસ્યાલી [સં. તપઃશાલિન્] પું. તપ કરનાર માણસ; યોગી; સાધુ.

તપસ્રિકત સ્ત્રી. તાપ કાઢવાની દવા.

તપસ્વી પું. યોગી; તપશ્ચર્યા કરનાર માણસ.

તપસ્સીલ [અ. તહસીલ (ખુલાસો કરવો)] સ્ત્રી. તહસીલ વિગત; દરેક બાબતની જુદી જુદી હકીકતની હોય; બયાન; વૃત્તાંત; હકીકત વાર વર્ણન.

તપસ્સીલવાર અ. વિગતવાર; વિસ્તારથી.

તપશ્ચરણ [સ.] ન. તપશ્ચર્યા; તપ; તપસ્યા.

તપશ્ચર્યા [સં.] સ્ત્રી. તપ કરવું તે; તપનું આચરણ; તપ કે વ્રત કરવાં અને દેહ દમવો તે; તપસ્યા; વનવાસમાં રહી કષ્ટ વેઠવું તે. પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો તથા મન એ અગિયાર કરણોને અનોખા કર્મમાં ન રોકવાં એ તપશ્ચર્યા છે.

તપસ્યા જુઓ તપશ્ચર્યા.

તપસ્વી પું. તપસ્વી; સાધુ પુરુષ.

તપસ્સ્યા [સં. તપ્ (તપ્યુ)] સ્ત્રી. ધર્મ માટે સહન કરાતું કષ્ટ; તપ.

તપસ ૧. [સં.] પું. આકાશનો છોડ.
૨. પું. કપૂર.
૩. પું. ચંદ્ર
૪ [સં. તપસ] પું. તપ; શરીરનું દમન કરી ધાર્મિક ક્રિયા કરવી તે.
૫. પું. પક્ષી
૬. પું. મનુ પછી ધાર્મિક માણસોથી વસાયેલો પ્રદેશ.
૭. પું. વૈદિક કાળમાં વસંત ઋતુથી શરૂ થતા મધુ વગેરે બાર મહિનાનો અભિયારમો મહિનો
૮. પું. સહમુખ; ફરજ; ધર્મ. જૈનોકે, બાહ્યતપ તપ જ્ઞાન છે અને ક્ષત્રિયનું તપ પ્રજાનું રક્ષણ કરવાનું છે.
૯. પું. સૂર્ય

તપસા ૧. [સં. તપસ્યા] સ્ત્રી. (હિંદી) તપ; તપસ્યા.
૨. સ્ત્રી. તાપી નદીનું બીજું નામ

તપસ્યાલી [સં. તપઃશાલિન્] પું. તપસ્વી; સાધુ પુરુષ.

તપસી ૧.[સં. તપસ્વિન્] પું. તપસ્વી; જોગી; તપ કરનાર માણસ.
૨. સ્ત્રી. એક જાતની માછલી.
૩. વિ તપ કરનાર.

તપસીલ ૧. સ્ત્રી. વિસ્તાર; નિવેદન.
૨. સ્ત્રી જરતિયું; કિસ્માની જોપ
૩. [અ. તફ્સીલ] સ્ત્રી. વિગત; દરેક બાબતની જુદી જુદી હકીકતની હોય; બયાન; વૃત્તાંત; બહોળી વાત બાબત જુદું જુદું જોવી બતાવવું તે.

તપસીલવાર વિ. જેમાં દરેક બાબતનું બયાન હોય એવું; વિગતવાર.

તપસોમૂર્તિ [સં.] પું. (પુરાણ) હરિવંશ અનુસાર ભારમા મન્વંતરના ચોથા સાવર્ણિના સમયના સપ્તર્ષિ માંહેનો એક ઋષિ.

તપસ્કિયા જુઓ તપશ્ચર્યા.

તપસ્તરુ [સં] પું. ઉંદર.

તપસ્તતિ [સં] પું વિષ્ણુ

તપસ્વ ૧. [સં.] પું. અર્જુન.
૨. પું. એક સૌર માસનું નામ. હિંદુસ્તાનમાં તે વખતે શિશિર ઋતુ અને ઉત્તર ગોલાર્ધમા હેમંત ઋતુ હોય છે. સૂર્ય ત્યારે મીન રાશિમાં હોય છે.
૩. પું. કુંદ નામનું ફૂલ.
૪. પું. તપ; તપશ્ચર્યા
૫. પું. (પુરાણ) તામસ મનુના દસ માંહેનો એક પુત્ર.
૬. પું. વસંત ઋતુથી શરૂ થતા વર્ષનો બારમો મહિનો. તેની પૂર્ણિમાએ ફાલ્ગુન નક્ષત્ર હોય છે, તેથી એને ફાલ્ગુન કે ફાગણ કહે છે. એ માસમાં સૂર્યમંડળનો અધિપતિ પર્જન્ય અથવા સવિતા નામનો આદિત્ય હોય છે. ભારદ્વાજ ઋષિ, સેનાજિત અપ્સરા, ઐરાવત નાગ, ઋતુ યક્ષ, વર્ચા રાક્ષસ અને વિશ્વ નામનો ગંધર્વ એ બધા આદિત્યના સમાગમમાં હોય છે.
૭. પું ગાડવું ગામ
૮. વિ. તપમાં હોનાર કે કરનાર.

તપસ્યા ૧. સ્ત્રી. એક જાતની માછલી.
૨. [સં.] સ્ત્રી. તપ; તપશ્ચર્યા; ધર્મ માટે સહન કરાતું કષ્ટ. તે સંબંધે ઉલ્લેખ છે કે: તપસ્યા એ જીવનમાં સૌથી મોટી કળા છે જેણે ઉત્તમ કૃતી અજમાવી તે જ ખરો કળાકાર. ઉત્તમ જીવનના પૂજનથી વિના કળા જો રીતે ચીતરી શકાય ? આત્મપ્રહાર એ પણ એક જાતની તપશ્ચર્યા છે. તેનું મૂળ પુરુષ જ હોય દુશ્મન પર પણ તેની અસર થયા વિના રહેતી નથી. પોતે દુઃખ સહન કરે છે ત્યારે પોતે પવિત્ર બને છે અને બીજાની ઉપર પવિત્ર અસર ઉપજાવે છે. ગીતા હૃદયમાં ઉલ્લેખ છે કે: એક ઈરાની કવિએ કહ્યું છે કે, હે માટી, તું મારા જોડેથી ચુમન મેળવવા ધજ્યે છે શું ? તો પછી પ્યાલાનો આકાર લેઈને જલ્દીમાં તપીને આવ. તો તે પ્યાલો મારા જોડને સ્પર્શ કરી શકશે. હે પ્યાલાના કર્તા, મારા સુંદર કેશકલાપને સ્પર્શ કરવાનું તને મન થાય છે કે ? તો તારી પોતાની જાત ઉપર કરવત ફેરવાવ, કપાવા દે, કાપ પડાવી લે, તું કંસકો બન. પછી તે મારા વાળમા ફરતો, વાળ સાથે રમતો. સારમાં, તપસ્યાથી મૂલ્ય વધે છે. આપણે આપણાને ઠારીએ છીએ, ત્યારપછી તેનો પુરસ્કાર બને છે. ઈશ્વરના હાથમાં સાધન બની શકીએ એટલા માટે આપણે તપસ્યા કરવી જોઈએ
૩. સ્ત્રી. હાડજ માસ.

તપસ્યાઅસ્થ [સં.] પું. એક જાતનું માછલું.

તપસ્યાસ્થાન [સ.] ન. તપ કરવાનું ઠેકાણું.

તપસ્વિત્વ [સં.] ન. તપસ્વીપણું; તપસ્વી અવસ્થાનો ભાવ; વૈરાગ્ય; સંસારત્યાગ.

તપસ્વિતા જુઓ તપસ્વિત્વ.

તપસ્વિની ૧. [સં.] સ્ત્રી. એક જાતનો સુગંધીદાર છોડ; જટામાંસી નામની વનસ્પતિ; જટામા.
૨. સ્ત્રી. કટુરોહિણી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. મકોય.
૪. સ્ત્રી. તપ કે વ્રત કરનારી સ્ત્રી; તાપસી; જોગણ.
૫. સ્ત્રી દયા લાગવા યોગ્ય સ્ત્રી; દુઃખી કે કરીબ સ્ત્રી.
૬ સ્ત્રી. પતિ ગુજરી જતાં કેવળ પોતાનાં સતાનોનું પાલન કરવા માટે સતી ન થતાં અને કષ્ટપૂર્વક પોતાનું જીવન વિતાવનારી સ્ત્રી.
૭. સ્ત્રી. પતિવ્રતા; સતી સ્ત્રી.
૮. વિ સ્ત્રી. તપ કરનારી.

તપસ્વી ૧. [સં. તપસ્વિન્] પું. ઋષિ
૨. પું (પુરાણ) અર્જુનને વહ્વાને પેટે જન્મેલો એક પુત્ર
૩. પું. તપ કે વ્રત કરનારો તાપસ; તપોધન; ઋષિ; યોગી. ગીતા રહસ્યમા આ સંબંધે ઉલ્લેખ છે કે: તપસ્વી લોક કરતાં કર્મયોગી શ્રેષ્ઠ છે. એ શ્લોકમાં તપસ્વી એટલે અરણ્યમા જઈ ઉપાસ્યાદિ કાયક્લેશકર વ્રતોથી દેહદમનના સાધનોથી સિદ્ધિ મેળવવાનો યત્ન કરનાર લોકો એવો અર્થ છે; અને સામાન્ય રીતે પણ આ શબ્દનો આ જ અર્થ છે.

૪. પું. તપસોમૂર્તિ નામના ઋષિનું બીજું નામ.
૫. પું. ૨૬ ચાક્ષુષ મન્વન્તરમાં થનારા સપ્તર્ષિ મંડલનો એક ઋષિ.
૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૭. વિ. ગરીબ.
૮. વિ. તપ કરનાર.

તપસ્વી ખેડકો (તપસ્વી ખેડકો) પું. એક જાતનું કરિયાતું પ્રાણી.

તપસ્સાર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

તપસ્સી જુઓ તપસ્વી.

તપંચા ૧. [કા.] પું. બંદૂક; પિસ્તોલ.
૨. સ્ત્રી. રમાત સ્ત્રી.

તપ:કર ૧. [સં.] પું. એક જાતની માછલી.
૨. પું. તપસ્વી; યોગી.

તપ:કૃશ [સં.] વિ. તપથી દૂબળું થયેલું.

તપ:ક્ષમત્વ [સં.] ન. તપનું દુ:ખ સહન કરવાની શક્તિ.

તપ:પ્રધાન [સં.] વિ. જેનામાં તપ એ જ મુખ્ય ગુણ છે એવું.

તપ:લોક [સં.] પું. એ નામનો એક ઊર્ધ્વલોક. જુઓ તપોલોક

તપ:સાક્ત ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. વિ. તપ કરવામાં મગ્ન.

તપા ૧. પું. પરગણાની નાની કેડીનો એક ભાગ.
૨. [સં. તપસ્] પું. (હિંદી) યોગી; તપ કરનાર ઋષિ; તપસ્વી.
૩. પું. (પુરાણ) વર્ષનો અગિયારમો મહિનો જેની પૂર્ણિમા મઘા નક્ષત્રમાં આવે છે, તેથી તેને માઘ માસ કહે છે. એ માસમાં સૂર્યમંડળનો અધિકારી પૂષા નામનો આદિત્ય હોય છે ઘૃતાચી નામની અપ્સરા, હાહ નામનો રાક્ષસ, ધનંજય નામનો નાગ, સુરુચિ નામનો યક્ષ, ગૌતમ નામનો ઋષિ અને સુપેષ નામનો ગાંધર્વ પૂષાની જોડે સંચાર કરનારાં હોય છે.
૪. પું. બ.વ. હિમાલયમાં સૌથી વધારે ગરમીના દિવસો.

તપાક ૧. [કા.] પું. આવેશ; જોસ; વેગ.
૨. પું. દુ:ખ
૩. પું. ધમકારો.
૪ પું. વાત્સલ્ય; બાળક પ્રત્યેનો પ્રેમ.
૫. પું. હોંસ; ખંત.

તપાગચ્છ પું. એક પ્રકારનો જૈન સમ્પ્રદાય એ નામનો દેરાસરી એક જૈન સમુદાય.

તપાચરણ ન. તપશ્ચર્યા; તપ કરવું તે.
એણે તપાચરણથી વિશેષીઓને વશ નિર્વેર કરી મૂક્યા છે. નવલરામ

તપાચાર પું. (જૈન) તપને લગતો આચાર; તપનું આચરણ. પાંચ માંહેનો એ નામે એક આચાર. તેમાં ૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ બાર પ્રકારનાં તપ માણસ જાતે કરે, કરાવે અને કરનારને અનુમોદે.

તપાચારે જુઓ તપાચાર.

તપાટો પું. તપારો; ગરમ; ઊનાપણું.

તપાઠવું (તપાડવું) ૧. સ. ક્રિ. અગ્નિમાં નાખી લાલચોળ કરવું.
૨. સ ક્રિ. ખોટી કરવું; રાહ જોવરાવવી. ખોટી કરી કરીને વાપરવું
૩. સ. ક્રિ. ગુસ્સો ચઢાવવો; ગુસ્સે કરવું.
૪. સ ક્રિ. તપવાની ક્રિયા કરાવવી; તપ કરાવવું.
૫. સ. ક્રિ. તાપ આપવો; તાપ લાગે એમ કરવું; તાપ ખવરાવવો; ગરમ લાગે એમ કરવું.
૬. સ ક્રિ સતાપ કરવું; દુ:ખ દેવું.
૭. સ ક્રિ. સોનારૂપાને વૈતરામાં નાખી તાવવું.

તપાત્યય [સં.] પું. વર્ષાઋતુ; ગ્રીષ્મ ઋતુનો અંત

તપાન [કા.] ન. ગરમ થવું તે.

તપાનલ [સં.] પું. તપથી ઉત્પન્ન થતું તેજ.

તપાયમાન ૧. વિ. ગરમ; તપાવાળું.
૨. વિ તપાવનાર; અસરકારક
આ અસરકારક ચિહ્નોને પ્રમે કરવાં તથા ન કરવાં એ બને તપાયમાન કરવાં નથી. સુતિ
૩. વિ. તપી ગયેલું.

તપારો પું. તપવું તે; ગરમી.

તપાવ પું. તપવાની ક્રિયા કે ભાવ; તાપ.

તપાવન ન. મીઠાના અગરનો ભાગ.

તપાવવું જુઓ તપાડવું.

તપાસ ૧. સ્ત્રી. તકરો.
૨. સ્ત્રી. પરીક્ષા; અન્વેષણ; વિમર્શ; તપાસવું તે.
૩. સ્ત્રી. મહેનત; શ્રમ.
૪ સ્ત્રી. ચોપ; ખોજ.
૫ [અ. તફ્તીશ (ખોળ)] સ્ત્રી સત્તા-સત્તની ચોકસી કરવી તે; પૃછપરછ; તજવીજ; તલાશ; પૂછપાછ; બારીકોઢાપણાની ચોપ કરવી તે. સને ૧૮૬૦ના હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમે તપાસ શબ્દમાં પોલીસ અમલદાર અથવા ન્યાયાધીશ સિવાય બીજા કોઈ પણ શખ્સને કોઈ ન્યાયાધીશે અધિકાર આપ્યો હોય તે શખ્સે પુરાવો એકઠો કરવા સારૂ આ કાયદા પ્રમાણે ચલાવેલાં સમળા કામનો સમગ્ર ભાગ છે.
૬. સ્ત્રી. સભાળ; દેખરેખ.

તપાસકારિણી વિ. સ્ત્રી. તપાસ કરનારી.

તપાસણી જુઓ તપાસ.

તપાસણી અધિકાર પું. તપાસ કરવાની સત્તા.

તપાસણી કામદાર પું. ચોકસી કરનાર અમલદાર. 'ઑડિટર.'

તપાસણી ચાલું ન. પરીક્ષા સ્થાન; કસોટી સ્થળ; અજમાયશ કરવાનું ઠેકાણું.

તપાસનવીસ જુઓ તપાસનીસ.

તપાસનાર ૧. પું. પરીક્ષક; અન્વેષક; તપાસ કરનાર અધિકારી.
૨. પું. રક્ષક; સભાળ રાખનાર અમલદાર.
૩. વિ. ચોકસી કરનાર; પારખનાર.

તપાસનાંરા ૧. પું. પરગણામાં ચોર, ચોરી વગેરેની તપાસ કરનાર અધિકારી.
૨. પું. હિસાબ તપાસનાર અધિકારી. 'ઑડિટર.'
૩. વિ. તપાસનાર.

તપાસનીસ જુઓ તપાસનીસ.

તપાસપંચ ન. તપાસ કરવા નિમાયેલ મંડળ.

તપાસમુદ્દો પું. તપાસ કરવાની હકીકત.

તપાસરાવવું સ. ક્રિ. તપાસાવવું; તપાસે એમ કરાવવું.

તપાસવું ૧. સ. ક્રિ. કસી જોવું; ખરું કે ખોટું છે તે કટકું છે તે જોવા બાબતમાં ખોજ કરવી; પરીક્ષા લેવી.
૨. સ ક્રિ. બારીકીથી જોવું; ખરેખોટું શું છે તેની તપાસ ચલાવવી; ચોકસી કરવી; બીજા બનરીને જોવું.
૧. ઘર તપાસવું = (૧) જેનો હોય છે તેની પ્રથમ પોતામા તપાસ કરવી; પોતાનું સભાળવું. (૨) ગલ્લું ત્રિચારવું.
૨. સાહો તપાસવો = જુબાની લેવી.
૩. સ. ક્રિ. શોધવું; બાળવું.
૪. સ. ક્રિ. ગરમાની જોવું; મુકાબલો કરવો; મેળવવું.
૫. સ. ક્રિ. સભાળી જોવું; બરોબર છે કે નહિ તે જોવું; તજવીજ રાખવી; સંભાળ રાખવી; સભાળવું.

તપાસસમિતિ સ્ત્રી. તપાસ કરનાર મંડળ.

તપાસાવવું સ. ક્રિ. તપાસે એમ કરાવવું.

તપાસાવું સ. ક્રિ તપાસે એમ થવું

તપાસી તપાસી સ. ક્રિ.વિ. ચોકસીપૂર્વક; પૂરી તપાસ કર્યા પછી, સભાળપૂર્વક, ખ્યાન રાખીને.

તપાહ વિ. પૂરું નહિ કરેલું; અપૂર્ણ.

તપાંચ [રા.] કું. ચપાટ; તપાચક; ચપાક.

તપિત ૧. [સં.] વિ. ગરમ થયેલું; તપી ગયેલું; ગરમ; તપ્ત.
૨. વિ. તપ કરેલું.
૩. વિ. સંતાપ પામેલ; દુઃખી થયેલું.

તપિની ૧. [સં.] સ્ત્રી. એ નામની સૂર્યની બાર માંહેની એક કલા. તપિની, તાપિની, ધૂમ્રા, મરીચિ, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી ને ક્ષમા એ સૂર્યની બાર કલા છે.
૨. સ્ત્રી. એ નામે એક નદી.

તપિયા ન. મધ્ય ભારત, બંગાળ અને આસામમાં થતું એક જાતનું ઝાડ. તેનાં પાન અને છાલ ઔષધિ તરીકે વપરાય છે.

તપિયું વિ. તપ કરનાર; તપસ્વી.

તપિયો ૧. કું. તપ કરનારો પુરુષ.
આરાધે તપિયા દેહને દમી. અખો
૨. વિ. કું. બીજાને માટે જપ તપાદિક કરનાર.

આલ બાલતાં તે બાકુળ અતિ બજબાળા
હૂંતી ફિરે રેમાં તમાલા.

નરસિંહ

તમાલિકર ૧. [સં.] સ્ત્રી. તામ્રવલ્લી નામની લતા.

૨. સ્ત્રી બંગાળમાં આવેલ તે નામે એક દેશ; હાલનું તમલુક.

૩. સ્ત્રી. કોળજાંબલી.

તમાલિની ૧. [સં.] સ્ત્રી. અંધારિયો પ્રદેશ.

૨. સ્ત્રી. કાળા ખેરનું વૃક્ષ; કૃષ્ણ અદિર.

૩. સ્ત્રી. તમાલ વૃક્ષવાળો પ્રદેશ.

૪. સ્ત્રી. તામ્રલિપ્ત દેશનું એક નામ.

૫. સ્ત્રી કોળજાંબલી.

તમાલી ૧. સ્ત્રી. તામ્રવલ્લી નામની એક લતા.

૨. [સં.] સ્ત્રી. વસ્ત્ર રક્ષા.

તમાશગીર ૧. [અ. તમાશા (દ્રશ્ય) + ફા. મીર (લેનાર)] પું. બેલ કે તમાશો વગેરે જોનાર; પ્રેક્ષક

૨. પું. તમાશો કરનાર માણસ; મદારી.

તમાશગીરી [અ.] સ્ત્રી. તમાશગીરનું કામ.

તમાશબીન ૧. [અ.] પું. તમાશો જોનાર માણસ; પ્રેક્ષક.

૨. પું. બહિયારી માણસ; ધંધા માણસ; રંડીબાજ; વેશ્યાગામી.

તમાશબીની ૧. [અ.] સ્ત્રી. તમાશગીરનું કામ.

૨. સ્ત્રી. તમાશો કે મોજ જોવાની વૃત્તિ.

૩ સ્ત્રી. બહિયારું; રંડીબાજી; ધંધાપણું; વેશ્યાગમન; બદકારી.

તમાશા ૧. [અ. મશી (ચાલવું)] પું. દેખાવ; પ્રદર્શન; મજા આવે એવી વસ્તુ.

૧. તમાશા કરવો = (૧) ભોંઠું. (૨) ફજેત કરવું. (૩) બતાવવું; રમત દેખાડવી. (૪) મશ્કરી કરવી.

૨. તમાશાનું તેડું નહિ તે બજારનું મૂલ નહિ = બજારમાં વેચતા બેસવું આબરૂભર્યું હોય નહિ અને પ્રેમની કીમત આંકાય નહિ.

૨. પું. નાટક.

૩. પું. મનોરંજક દૃશ્ય; ચિત્ત પ્રસન્ન કરે તેવો દેખાવ.

૪. પું. મશ્કરી.

૫. પું. ચિલ્લર વ્યાપાર; અદ્ભુત વ્યાપાર; અનોખી વાત.

તમારાઈ ૧ [અ.] પું. દરપ જોનાર માણસ; તમાશો જોનાર માણસ; પ્રેક્ષક.
૨. પું બજિયારી માણસ

તમારાગાહ [ફા.] પું. નાટકશાળા; રંગભૂમિ; તમાશો કરવાનું સ્થળ

તમારાહ ૧. [અ.] પું. ખેલ કરનાર.
૨. પું. દરપ; ખેલ

તમારો ૧. પું. ગમત અર્થે જોવો કૂતવો
૧. તમાશો જોવા કરવો = બીજાને અભાવવ.નો પ્રયત્ન કરવાને બદલે તેની નામોશી થતી જોવા કરવી.
૨. તમાશો જોવો = (૧) દરપ જોવું. (૨) મશ્કરીનો આનંદ લેવો
૩. તમાશો દેખવો = કાંઈ દેખાવ જોવો. પ્રદર્શન જોવું
૪. તમાશો દેખાડવો = સારી રીતે હટકા મારવા.

૨. [અ. મશી (ચાલવું)] પું. ધંધા સોડો બંધા મળે એવો ખેલ કે રમત; સોડ જોવા મળે એવો બનાવ; જાદુગરની, બાજિયાની, બજાવાની અને નાટકો વગેરે ખેલાડીઓની રેલ અને હોંગસોંગવાળી રમત; ખેલ; મૈતુકથી સોડ એકઠાં થઈને જુએ એવો ઠંગરંગ, જોલસાલ કે ધિંગાણું. મૂળ શબ્દ અરબીમાં તમારી છે, ફારસીવાળાઓએ તમાશા શબ્દ બનાવ્યો. તમાશો એટલે સાથે મળીને પગે ચાલવું. હવા આવા કે સહેલ કરવા વગેરે વખતે પગે ચાલીને જ જવાનો દસ્તુર છે, માટે તમાશો શબ્દ સહેલ કરવી ને શોખની સાથે જવું એવા અર્થમાં વપરાયો. વળી એમાં પણ ફેરફાર થઈને તમાશો તાજુબી ને શોખની નજરથી જોવાના અર્થમાં વપરાવા લાગ્યો.

૩. પું. તાણાતાણ; ધાકધમેક; ગડબડ; અર્થ વિનાના.

૪. પું. કજોડી.
તમાશો કરવો = કજોડી ઉઘાડવી.

૫. પું મેળો.

૬. પું. વિનોદ; વિલાસ; ગમ્મત; ઠઠ્ઠા.

તમાસગીર જુઓ તમાશગીર.

તમાસગીરી જુઓ તમાશગીરી.

તમાસબીન જુઓ તમાશબીન.

તમાસબીની જુઓ તમાશબીની.

તમાસુખ (તમાસુખ) [અ] પું. રૂપ બદલવું તે.

તમાસુલ [અ.] પું. મિલકતનો સરખો ભાગ.

તમાસો જુઓ તમાશો.

તમાંચી ન. એક જાતનું અમદાવાદી મલમલ.

તમાંચો ૧. પું. તમાચો
૨. પું. પિસ્તોલ.

તમિ ૧. [સં.] સ્ત્રી. અજ્ઞાન; મોહ.
૨. સ્ત્રી. રાત; નિશા
૩. સ્ત્રી. હળદર.

તમિચર [સં.] પું. નિશાચર; રાક્ષસ; દૈત્ય.

તમિનાથ [સં.] પું. ચંદ્ર.

તમિપતિ [સં.] પું. ચંદ્ર; નિશાકર; કપૂર.

તમિસ ૧. ન. અંધકારનું મૂળ; અજ્ઞાન.
૨. [સં.] ન. અંધારિયું પખવાડિયું.
૩. ન. અંધારું; અંધકાર.
૪. ન. એ નામનું એક નરક.
૫. ન. ક્રોધ; ગુસ્સો

તમિસ્રગુહા સ્ત્રી. (જૈન) તમસ ગુફા; વૈતાઢ્ય પર્વતની વચ્ચે પશ્ચિમ બાજુની એક ગુફા. તેમાં થઈ ચક્રવર્તી ઉત્તર ભરતમાં જૈન સાધવા જાય છે

તમિસ્રપક્ષ [સં.] ન. અંધારિયું પખવાડિયું.

તમિસ્રહા ૧. [સં. તમિસ્રહન્] પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૨. પું. સૂર્યનું એક નામ.

તમિસ્રા ૧. [સં.] સ્ત્રી. અંધારી રાત્રિ.
૨. સ્ત્રી. કૃષ્ણ પક્ષ.

તમીજ ૧. સ્ત્રી. અક્કલ; અદબ.
૨. [અ. તમીઝ] સ્ત્રી. જ્ઞાન; બુદ્ધિ; સારું નરસું જાણવાની શક્તિ.
૩. સ્ત્રી. સભ્યતા; વિવેક.
૪. સ્ત્રી. સારાસાર વિચાર.
૫. સ્ત્રી. સ્વભાવ; મિજાજ

તમીજી [અ.] સ્ત્રી. અક્કલ.

તમીઝ ૧. [અ. મેઝ (જુદું પાડવામાં આવ્યું)] સ્ત્રી. ચુકાપણું; તફાવત.
૨. સ્ત્રી. જ્ઞાન; બુદ્ધિ; સારુંનરસું જાણવાની શક્તિ.
૩. સ્ત્રી. ડહાપણ.
૪. સ્ત્રી. રીતભાતના ધારા પાડવા તે.
૫. સ્ત્રી. વિવેકબુદ્ધિ; સભ્યતા.
૧. તમીઝ કરવું = કર કરવી.
૨. બે તમીઝ = વિવેકશૂન્ય; ઉદ્ધત; ગધું નહિ એવું; અક્કલ વગરનું; બંગલી.
૩. કરે તમીઝ = કિંમતવિશેષણ અવ્યય.

તમીઝદાર ૧. [અ.] વિ. ગધું
૨. વિ. વિચારશીલ; વિવેકી; સારી રીતભાતવાળું; શિષ્ટ સભ્ય.

તમીર ૧. પું. એ નામનો એક રાગ; ભાલો.
૨. ન. અંધારું.

તમીરા [સં. તમિ + પ્રિ] કુ. ચંદ્ર; નિશાપતિ.

તમુક અ. અમુકનો દ્વિર્ભાવ

તમુંસો સ. તમને

તમુંહી સ. તમને

તમુંહે સ. તમને.

તમૂઝ (તમૂઝ) [અ.] પું સિરિયન લોકોનો એ નામનો એક માસ; ભુલાઈ.

તમે ૧. [અ.] પું. લોભ
૨. [સં. ત્વમ્] સ. બ. વ. બીજો પુરુષ સર્વનામ તું નું બહુવચન; તમો. આપ.

તમેણ સ્ત્રી તમણ. તમાણ; ખોટ ખોદીને કરેલો ચૂકો.

તમૈયુઝ [અ.] પું. બજાઈ આવવું તે.

તમો ૧. સ્ત્રી. અજ્ઞાન.
૨. સ. બ. વ. બીજો પુરુષ સર્વનામ તું નું બહુવચન; તમે; આપ.

તમોગુણ ૧. પું. (વેદાંત) અજ્ઞાન, જડતા, આળસ, પ્રમાદ, મોહ વગેરેનાં કારણરૂપ મૂલ; પ્રકૃતિનો એક મુખ્ય સત્ત્વ, રજસ અને તમસ ભાદેનો ત્રીજો મુખ્ય. ગીતાહૃદયમાં એમ ઉલ્લેખ છે કે: જ્યાં મુખ્યમાંથી જે તમોગુણ છે તેનો એકદમ નાશ કરવો રહ્યો તમોગુણ એટલે આળસ. તમોગુણ એટલે અનવસાયના આપણા દેશમાં તમોગુણનું સામ્રાજ્ય ખૂબ જ છે. એકાદ વાત કરવાની કરીએ છીએ અને નિરુત્સાહપણે તે વાતી મૂકી એમ કહીએ છીએ! આ વિસ્મૃતિનો જે રોગ છે તે તમોગુણમાંથી જન્મે છે. તમોગુણથી અજ્ઞાન થાય છે, જ્ઞાનશક્તિ મંદી પડી જાય છે, ઘેરાઈ જાય છે. તે પોતાનું કાર્ય કરી શકતી નથી. જ્ઞાન નહિ હોવાથી મોહ થાય છે. મોહ વગરથી કાર્ય અકર્મનો નિર્ણય થઈ શકતો નથી. શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ જાણી શકાતું નથી. તેથી માણસ પ્રમાદ, જૂઠો અને અશુદ્ધિઓ આચરે છે. તેથી આળસ, નિરુત્સાહ અને સુસ્તી ઉત્પન્ન થાય છે. તે રાત્રંદિવસ નિદ્રા લે છે, કંઈ પણ પુરુષાર્થ કરતો નથી, પડ્યો રહે છે. શરીર, વાણી અને મનનાં કર્મ કરવામાં અરુચિ રહે છે. દૃઢમાં મોહ, નિદ્રાળુતા, અધૈર્ય, ક્રૂરતા, નાસ્તિકતા, આચારભ્રષ્ટતા, યાચના કરવાનો સ્વભાવ અને પ્રમાદ આ બધાં તમોગુણનાં લક્ષણ છે.

વિષાદ એટલે નિરુત્સાહતા એ તમોગુણનો ધર્મ છે. બીજા પણ પણ ધર્મ છે. જેમકે, મોહ, નિદ્રા, મદવા આદિ તમોગુણના ધર્મો છે.

આત્મદર્શન

૨. [સં.] પું. અંધારું.

તમકુમ

૩. પું. ક્રોધ; આકરો સ્વભાવ તીખો ગુણ.
૪. પું. (વેદાંત) મુખ્ય હોઈને બધા તેમાં આવરણ કરવાવાળું હોય તથા તે સાચે મોહ કરવાવાળું હોય તે.

તમોગુણી ૧. [સં. તમોગુણિન્] પું. ચાર માંહેનો એક પ્રકારનો ઓકતા.
૨. સ્ત્રી. ચાર માંહેની એક કળા.
૩. વિ. ક્રોધી; આકરું; ઝાંઝી; અતિ તીખા અને સારાસાર વિચાર વગર જ કાર્ય કરે એવા સહારક સ્વભાવનું; ભરી વારમાં તપી જાય તેવું; તામસી.
૪. વિ. જેનામાં તમોગુણનું પ્રમાણ વધારે હોય એવું.

તમોગુણીભક્તિ સ્ત્રી. નીન્દાને પીડા કરવાને અથવા ઇજા કરવાને માટે ક્રોધ અને મત્સર રાખીને કરવામાં આવતી ભક્તિ.

તમોઘન [સં.] પું. અંધકારરૂપી વાદળું.

તમોઘ્ન ૧. [સં. તમસ્ (અંધારું) + હન્ (હણવું)] પું. અગ્નિ.
૨. પું. આકાશનો છોક.
૩. પું. કપૂર.
૪. પું. ચંદ્ર.
૫ પું. મિત્રક વૃક્ષ.
૬. પું. જ્ઞાન.
૭. પું. દીવો.
૮. પું. પરમેશ્વર.
૯. પું. સુવર્ણ.
૧૦. પું વિષ્ણુ.
૧૧. પું. શિવ.
૧૨. પું. સૂર્ય.
૧૩. વિ. અજ્ઞાનનો નાશ કરનાર.
૧૪. વિ. અંધારાનો નાશ કરનાર.

તમોજ્ઞ [સં. તમોજ્ઞ] પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના અંધક કુળના અસ્રમજ્ઞ શૂરનો એ નામનો પુત્ર.

તમોજ્યોતિ [સં. તમોજ્યોતિસ્] પું. અગ્નિનો છત્યો.

તમોદર્શન ૧. [સં.] પું. પિત્તના પ્રકોપથી આવતો તાવ.
૨. ન. આંખે અંધારાં આવે તે.

તમોદાર [સં. તમસ્ (અંધારું) + દ (મારી નાખવું)] પું. સૂર્ય.

તમોદૃષ્ટિ [સં.] સ્ત્રી. એ નામનો આંખનો એક રોગ. તેમાં આંખ સામે કાળું કુંડાળું દેખાય છે.

તમોધ્વંસ [સં. તમસ્ (અંધારું) + ધ્વંસ (નાશ કરવો)] પું. સૂર્ય

તમોનુદ ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું. ઈશ્વર.
૩. પું. ચંદ્ર.
૪. પું. સૂર્યનાં ઓગણો આઠ માંહેનું એક નામ.
૫. વિ. અજ્ઞાનનો નાશ કરનાર.
૬. વિ. અંધારાનો નાશ કરનાર.

તમોપહારિણી [સં.] સ્ત્રી. ચાવતીની ચોવીસ માંહેની એ નામની એક શક્તિ.

તમોભૂત ૧. [સં.] વિ. અજ્ઞાની.
૨. વિ. અંધકારરૂપ બનેલ.
૩. વિ. મૂર્ખ.

તમોઽગ્નિ ૧. [સં.] પું. એક જાતનો અગ્નિ; મોમેદક અગ્નિ.
૨. પું. પ્રલયકાળ; આગિનો કોડો; પતંગિયું.

તમોમય ૧. [સં.] પું. (જ્યોતિષ) રાહુ ગ્રહ.
૨. વિ. અજ્ઞાનમય; અજ્ઞાનથી ભરપૂર.
૩. વિ. અંધકારમય; પુષ્કળ અંધકારવાળું.
૪. વિ. ક્રોધી.
૫. વિ. તમોગુણયુક્ત.

તમોર [સં. તાંબૂલ] પું. (હિંદી) તાંબૂલ; પાન.

તમોરાશિ [સં.] પું. અંધકાર; અંધકારનો ઢગલો.

તમોરિ [સં. તમસ્ (અંધારું) + અરિ (શત્રુ)] પું. સૂર્ય.

તમોલ [સં. તાંબૂલ] પું. (હિંદી) પાનનું બીડું.

તમોલન [સં. તાંબૂલિની] સ્ત્રી. પાન વેચનારી સ્ત્રી.

તમોલિપ્ત ૧. [સં.] વિ. અજ્ઞાનથી ખરડાયેલ; ઊંડા અજ્ઞાની.
૨. વિ. અંધકારથી ઘેરાયેલ; અંધારાથી ખરડાયેલ.
૩. વિ. તમોગુણથી ભરપૂર.

તમોલિપ્તી [સં.] પું. બંગાળમાં આવેલો એ નામનો એક દેશ; તમલુક નામનો પ્રાંત.

તમોવિકાર ૧. [સં.] પું. અંધારી રાત્રિ.
૨. પું. તમોગુણના પ્રભાવથી ઉત્પન્ન થતો વિકાર; રોગ, આંદળી, નિદ્રા, આળસ વગેરે તમોગુણના વિકાર

તમોવૃત ૧. [સં.] વિ. અંધારાથી ખરડાયેલ.
૨. વિ. મુસ્સામાં આવેલું.
૩. વિ. તમોગુણથી ઘેરાયેલ.

તમોહપહ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચંદ્ર.
૩. પું દીપક; દીવો.
૪. પું. સૂર્ય
૫. વિ અંધારું દૂર કરનાર.
૬. વિ. મોહનાશક.

તમોહર ૧. [સં. તમસ્ (અંધારું) + હ (હરવું)] પું. અગ્નિ.
૨. પું. અંધારાનો નાશ કરનાર સૂર્ય.
૩. પું. ચંદ્ર
૪ પું. જ્ઞાન.
૫. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૬. વિ. અજ્ઞાન દૂર કરનાર.
૭. વિ. અંધકાર મટાડનાર

તમોહંત [સં.] પું ૬૪ માંહેનું એક પ્રકારનું અસ્ત્ર.

તમોંધ ૧. [સં. તમસ્ (અજ્ઞાન) + અંધ (અંધળું)] વિ. (હિંદી) અજ્ઞાની.
૨. વિ. ક્રોધી.

તમૌઘ [સં. તમ (અંધારું) + ઓઘ (સમૂહ)] પું. ઘૂપ અંધકાર.

તય્યી સ્ત્રી. તપખીર.

તય્યિ [અ.] અ. ક્રિ. તે સંપૂર્ણ હતો.

તય્યુર ૧. સ્ત્રી.;ન. અવયવો ઉપરના ચામડાનું કરચલું પડી જવું તે.
૨. સ્ત્રી.;ન. વાતણીના આવેશથી ધ્રુજારી જવાવું તે.
૩. [સં. તિમિર] સ્ત્રી.;ન. સખત આઘાત, નબળાઈ કે ભીના ક્રોધ જેવાના જેવા કારણથી અથવા બહારી વાર એક કેફથી ક્રમમાં રોગથી મગજ ઉપર તીવ્ર અસર થઈ આવી દર્શન અને સંજ્ઞા જતી રહે એવું થવું તે; ઑધારાં; ચક્કર આવતા માથું ફરી જવું તે; ફેર; ચકરી.

તય્યરી જુઓ તમ્મર.

તય્યુલ્ક [અ.] સ્ત્રી પેશાબ; ઘોલત.

તય્યા [અ.] વિ. વાળવું.

તય્યેડી (તય્યેડો) પું. તાંબા કે કાંસાનો ખાલી.

તર ૧. [સં.] અ. ક્રિ. જવું; ગમન કરવું.
૨. ક્ર ક્રિ. જતન કરવું.
૩. ક્ર ક્રિ. રક્ષણ કરવું.
૪. ક્ર ક્રિ. સમાપ્ત કરવું.

તર ૧. [અ. તરી (વાળેલું)] પું. પટ્ટી; પડ; સ્તર.
તર કરવું = (૧) પટ્ટી કરવી; વાળવું. (૨) ચૂપવું; નમ્રતા કરવી. (૩) મુલાકાત કરવી.
૨. [હિં.] વિ નિશ્ચિત; ચોક્કસ; મુકરર.
૩. વિ. સમાપ્ત; પૂરું કરેલું.
૪ ન. સમૂહવાચક નામ બનાવનાર પ્રત્યય.

તરકુડ (તરકુડ) [અ.] ન. ખજૂરનું.

તરકુન (તરકુન) [અ.] ન. ચોક્કસ બનાવેલું તે.

તરકુમ પું. બટેકો.

તયઅમ જી. માટી.

તયમુમ જુઓ તયમ્મુમ.

તયમ્મુમ [અ. યમ્મ (તેણે સાદ કર્યું)] પું. નમાજ પહેલાં જ્યાં પાણી ન મળે ત્યાં હાથ, મોં અને શરીરના ખીલ્લા ભાગો રેતી કે ધૂળથી પવિત્ર કરવા તે; પાણીને બદલે રેતી કે ધૂળથી વજૂ કરવું તે.

તયા ૧. [હિં.] પું. તમાકુ પીતાં ચલમ ઉપર મુકાતું ઠીકરું.

૨. પું. પડ; થર.

૩. પું. પાણી ઠારવા માટે વપરાતું સીસાનું વાસણ.

૪. પું. ઓઢી; તપો.

૫. પું. હિમમાં મેળવાતી એક જાતની ખાદ માટી.

તયાર ૧. [ફા.] વિ. તત્પર; સજ્જ; કાર્ય કરવા ઉપકરણને તમામ સાધન સહિત પરવરીને રાહ જોતું.

૨. વિ. પાકું; પરિપક્વ.

૩. વિ. પૂરું; પૂર્ણતાએ પહોંચેલું; પરિપૂર્ણ; પૂરું થઈ રહેલ હોય એવું.

૪. વિ. વિકસેલું. ખીલું.

૫. વિ. હાજર; તરત રજૂ કરાય એવી સ્થિતિનું.

૬. અ. તત્પર હોય એમ.

૭. અ. તૈયાર.

તયારી ૧. [ફા.] સ્ત્રી. નિર્માણ; બનાવટ.

૨. સ્ત્રી. સિદ્ધતા; તૈયારી.

તયીં અ. ત્યારે.

તર્યે અ. ત્યારે; ત્યારે તો

આવ્યા વાને ઘેર, તર્યે માવીબાનું એણે નહિ. આકાશની પરે ધૂળ, ધણ ઘરે ફરતી ત્યા. કુદો

તર ૧ [સં.] પું. અગ્નિ.

૨. પું. (ચિત્રા) એક વિજમન્નતિ આગમેલ ઘર. તે ભોજનવસ્તુ ઘરનો એક ભેદ છે. તેમાં ૧૧ મુખ અને ૪૨ લઘુ મળી ૫૩ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.

૩. પું. ગતિ.

૪. પું. પશુ; ઢોર.

૫. પું. પત્ર.

૬. પું. રથ

૭. સ્ત્રી. ખુશી; આનંદ.

૮. સ્ત્રી. તરવારની મૂઠ.

૯. સ્ત્રી. દૂધ અને દહીં ઉપર આવતી કે કરતી તેમાંના ચીકણા ભાગ સત્ત્વની એટલે મલાઈની પોપડી.

૧૦. સ્ત્રી. નાની ખાડી.

૧૧. સ્ત્રી. નાવની ઉતરાઈ.

૧૨. સ્ત્રી. પહોળી હોડી; તરાપો; મોટા, ખાદ વગેરેને ઉતારવાના માટની હોડી; સપાટ તળિયાંની હોડી.

૧૩. સ્ત્રી. પાર કરવાની ક્રિયા; તરવું તે; તરી જવું તે; પાર પહોંચવું તે.

૧૪. સ્ત્રી. સાર; સત્ત્વ.

૧૫. ન. ચાંદ્ર કોઠે સાળમાં ચઢેલું વતનું કે વેચવું જોને આવે વીટે છે તે. તેના બે ખીલામાં એક વધિવાળો અને બીજો કાટવાળો હોય છે.

૧૬. ન. હથોડા ઉપરનો ભાગ.

૧૭. વિ. આબાદ.

૧૮. વિ. ઊંચું, ઊંચ; ચડતું.

તરમાં તર અજાતર = સૌથી ઊંચ જ્ઞાન.

૧૯. વિ. પ્રસન્ન થયેલું; આનંદ પામેલું.

વજાદ પણ હતા જો તર મિનલે જ.

મુકતસિંહ

મજલ્સ તર હોવું = સંતોષી અને સુખી હોવું.

૨૦. વિ. ચકચૂર; મસ્ત.

નશામી તર હોવું = નશામાં ચકચૂર હોવું.

૨૧. વિ. ચરબીદાર.

૨૨. વિ. તરી જનાર; તરનાર.

૨૩. વિ. તૃપ્ત; ધરાઈ ગયેલું.

૨૪. વિ. ઠીલું.

૨૫. વિ. પૈસાદાર; ગજવર; તાલેવાન.

ખીસું તર હોવું = પૈસાદાર હોવું.

૨૬. [ફા.] વિ. ભીનું; આર્દ્ર.

તર થવું = ઊંચવું; ભરાવું.

૨૭. વિ. ભોટું.

૨૮. વિ. ઘસું; નહિ સુધરેલું.

૨૯. વિ. રસકસવાળું; ભરપૂર; ભરાયેલું; રસકસથી ભરેલું; તાજું.

૩૦. વિ. સોતળ; ઢીલું.

તર કરવું = (૧) ઢીલું કરવું. (૨) પુષ્ટ કરવું.

૩૧. વિ. હલકું; ઊતરતું.

૩૨. વિ. હોડ બકનાર.

૩૩. અ. ક્રિયાપદને લાગી નામ બનાવનાર પ્રત્યય. જેમકે, બહતર, અચ્છતર.

૩૪. અ. ઝપટ થાય એમ.

૩૫. અ. તદ્દન.

૩૬. અ. ત્યારે; તે વખતે. કવિતામાં વપરાય છે.

૩૭. અ. નીચ

૩૮. અ. વિશેષણને લાગતો અધિકતાવાચક પ્રત્યય. જેમકે, અધિકતર.

તરઈ ૧. [હિં.] પું. તારો.

૨. પું. દોસ્તદારોની મંડળી; મિત્રોનો સમાજ.

૩. પું. નક્ષત્ર

તરક ૧. [ફા.] પું. કપાળ.

૨. પું. ચતુરાઈનું વચન.

૩. પું. ટેકરી; ડિબર.

૪. [હિં.] પું. તર્ક; અનાલ; ઝુદો; કલ્પના.

૫. પું. તુર્ક; તરકડો; હલકી જાતિનો મુસલમાન. તિરસ્કારમાં બોલાય છે

૬. પું. ગાય; ભેંસિયાનો સોયો.

૭. પું. મુસલમાન.

૮. પું. વિચાર.

૯. સ્ત્રી. અડચણ; બાધો.

૧૦. સ્ત્રી. પુલ પુરું થયે નીચે કિનારી ઉપર કે પુલના આરંભમાં શબ્દ સૂચિત કરવાને લખાતો શબ્દ કે અક્ષર.

૧૧. સ્ત્રી. આરોટિયું; આડસર.

૧૨. સ્ત્રી યુક્તિ.

૧૩. સ્ત્રી. અતિક્રમ; ભૂલચૂક.

૧૪. વિ. તરનાર; પાર પામનાર.

તરક બીજુ સ્ત્રી. ત્રીરાખીયું.

તરકડો ૧. [ફા. તરક (બાદી) + ગુ. ડો (સ્વાર્થે પ્રત્યય)] પું. ટપકું; ટીપું.

૨. પું. કુબારો.

૩. પું. વસ્ત્રોમાં ટીપાં ટીપાંવાળી ભાતનું કપડું.

તરકદ્દ સ્ત્રી. કોર્ટને કાગળ કે દસ્તાવેજ માટે રચેલી ભાષા કે રચના; ખોટી બનાવટ કે બળ; કાવતરું, દગો; પ્રપંચ; કપટજાળ; ગુપ્તબાજી; ખાખંડ; પ્રતિમા; કલાબાજી; ફરેબી; ખોટી બનાવટ.

તરકદ્દ ઊભું કરવું–કરવું–રચવું = (૧) કોર્ટને દસ્તાવેજ બનાવટ કે પ્રપંચજાળ ઊભી કરવી. (૨) ખોટેખોટું અથવા ખોટી તોફાન કે પોકળ રચવું.

તરકદ્દખોર [ફા.] વિ. તરકદ્દ કરવાની આદતવાળું.

તરકદ્દિયું ૧. વિ. તરકદ્દ કરે એવું; પ્રપંચી.

૨. વિ. સાચ નહિ એવું; જૂઠું.

તરકદ્દિયો [ફા. તુર્ક] પું. અવાર્ડમાં મવક્કલનો એજ લેનારો અને તરકડાની મારફત એજદેહ ભોગવનારો આણસ; જૂઠખોર; મસ્કરો બાંધ; વિદૂષક; રંગલો.

તરકટી ૧. પું. ખોટી ચાતો બનાવીને કોર્ટને કસાવવાની કળા ઊભી કરનાર આણસ; કાવતરાખોર.

૨. [ફા. તુર્ક] વિ. કુબાંડી; તરકદ્દ કરવાનો જેનો સ્વભાવ હોય એવું; ખોટે ખોટી બાજી બનાવટ ઊભી કરનાર; તરકદ્દ ઊભી કરે એવું; પ્રપંચી; કપટી, તરકદ્દિયું; તરકદ્દ કરનારું; છળકપટવાળું; દગાખોર.

તરકડા (તરકડ્યા) ૧. પું. બ. વ. પોલીસ. પંચમહાલમાં ભીલો પોલીસને તરકડા બોલવા ટેવમાં તરકડા નામે ઓળખે છે.

૨. પું. બ વ. મુસલમાનો.

તરકડિયો (તરકડ્યો) [ફા. તુર્ક] પું. અવાર્ડમાં

મરકરાનો વેશ લેનારો અને તરકટની ચાલ ખેલનાર બોલનારો માણસ; ભાડ; ચિદૂષક; રંગલો.
તરતબુદ્ધિ તરકડો કે મુકો મારે બાય = હાજરજવાબી મસ્કરો પોતાની કરાયેલી મસ્કરીનો તુરત જવાબ આપે છે.

તરકડી (તરકડો) ૧. જી. ખેલ જંગલી વેશ.
૨. [સા. તુર્ક] જી. તુર્કની સ્ત્રી; હલકી જાતના મુસલમાનની સ્ત્રી.
૩. જી. નિર્લજ્જ કે લાકડી અથવા લાવા કે બોલવામાં મર્યાદા કે શરમ રાખે નહિ અને સહેજમાં બિભત્સ લાવા મારે એવા સ્વભાવની કેળવણ સ્ત્રી.
તરકડી સતી થઈ = ખુશ્કી સ્ત્રી પવિત્ર બની.
૪. જી. મુસલમાન સ્ત્રી. તિરસ્કારમાં બોલાય છે.

તરકડું (તરકડું) ૧. ન. ચાર અંગવાળું એક જાતનું માચલું. આ માચલું બીજા રંગનું અને બાંધવાળું હોય છે. તે ઘરિયાને કરી રહે છે અને બીજાથી પડાય છે. ચોરાકમાં તે સાધારણ તાકાતવાળી મનાય છે. તેને કાંટો એક જ હોય છે.
૨. ન. મુસલમાન. તિરસ્કારમાં વપરાય છે.
૩. વિ. નિર્લજ્જ; બેશરમ; ઉદ્ધત.
૪. વિ. કઠોર.

તરકડો (તરકડો) ૧. [સા. તુર્ક] પું. પોલીસ; મુસલમાન સિપાઈ.
૨. પું. ભીલ.
૩. પું. મુસલમાન. તિરસ્કારમાં વપરાય છે.
૪. પું હલકી જાતિનો મુસલમાન.
૫. વિ. નિર્લજ્જ; બેશરમ; ઢોંગ; ચાલાક, ઉદ્ધત

તરકત જી. કૂબડું તે; કૂબડી.

તરકતળાવ વિ. અકરાંતિયું; ધરાય નહિ તેવું

તરકલડો (તરકલડો) ૧. પું. સૂર્યનો તાપ; તડકો.
૨. પું. હમકો મારણ.

તરકસી જી૦ હાથે સૂતર કાંતવાનું સાધન; તકલી.

તરકવું ૧. અ ક્રિ. અંદર ઊંડા વિચાર કરવા; હવામાં કિલ્લા બાંધવા.
૨. સ ક્રિ. તર્ક કરવો; અટકળ કરવી.

તરકસ ૧. [સા. તૂણીર] ન. તીરનું બાથું
૨. વિ પ્રકુલ્લિત.

તરકસબંધ [સા.] વિ. તીર રાખવાનું બાથું પહેરવું

તરકસ્સ જુઓ તરકસ.

તરકસી [સા. તર્કસ] જી. નાનું બાથું.

તરકા [અ.] પું. મરી ગયેલા માણસની અવદાદ; સદ્ગતિ.

તરકાણું ૧. [સા. તુર્ક] ન. તુરાણું; તુર્ક સિપાઈઓની ટુકડી.
૨. ન. તુર્ક; મુસલમાન; બ્લેચ્છ.

તરકારી ૧. જી. ભરણી.
૨. [સા. તર (ઘાસ) + કારી] જી. ઉપયોગમાં લે તેવું ખરચુરણ ઘાસ ઉપરનું ચોડુપણું અગતર બાજે તે.
૩. જી. તાંદળજો.
૪. જી. માંસ; બાવા યોગ્ય માંસ

તરકાવું ૧. [સા. તર (ઘીલું)] જી. ઘીલું ઘાસ; બાજરા જારબાજરા મુખ્ય ઘાસ નહિ પણ સારો લીલો ઘાસચારો.
૬. જી. ઘાસબાજરાની ખેતરે બાગાયત જમીન ઉપર લેવાતો કર.

તરકારોબંડી જી. ઘાસપીઠ; ઘાસબજાર.

તરકી ૧. ન. કાળા રંગનું ઘારસ જેવું ખોરું ચૂનર પંખી. આ પંખી અસલ અમેરિકનું જાતનું છે, પણ હાલ તો તે બધા દેશોમાં ઘરપાળી માફક પાળવામાં આવે છે. પાંખોનો ઉપયોગ તે કલગિત જ કરે છે
૨. [સં. તાડંક] જી. (હિંદી) તાડનાં પાંદડાંનું બનેલું ઓજારોના કામનું એક જાતનું પરચલું.
૩. વિ. તુર્ક સંબંધી.
૪. જી. પ્રગતિ; બઢારો; વૃદ્ધિ.

તરકીડી (તરકીડી) જી. માંકડીના ચાવેતરમાં નુકસાન કરનાર કીડ.

તરકીપ જુઓ તરકીબ.

તરકીબ ૧. જી. ઉપાય; યુક્તિ; ઢંગ; બનાવટ, ગોઠવણ; પદ્ધતિ; રીત; ઢબ; ઢગ; રચના; બનાવટ.
૨. જી (બાકરણ) પૃથક્કરણ.
તરકીબ કરવી = પૃથક્કરણ કરવું.
૩. જી. રીત; ફેશન.
૪. [અ. તર્કીબ] જી. ગોઠવી, તરીકા; રચના; પ્રણાલી.
૧. તરકીબ રેચવી = (૧) આકાર બનાવવો. (૨) બનાવવું; રચવું.
૨. તરકીબથી = (૧) ગમે તેમ. (૨) સમાધાનપૂર્વક; કરકસરથી.
૫. [અ. રકબ (તેને ઘાઈ બાંધામાં આબ્યો)] જી. સવોત્ર.
૬. જી. હુકમનામું; તાકીદપત્ર.

તરકીબબંદ [અ.] પું. કંપનીની કરી.

તરકીબબાજ [અ.] વિ. ખેલાડી; યુક્તિબજુક્તિ કરે તેવું.

તરકીબ [અ.] જી. લખવું તે; નોંધ કરવી તે.

તરકોબળ પું. તુર્ક લોક; તરકો.

તરકોશી ૧. ન. ત્રણ કોણ સાથે બાંધે તેવું નવાણ.
૨. ન. ત્રણ ખૂણાવાળું વહાણ.

તરકોસી જુઓ તરકોશી.

તરકો ૧. [અ. રકી (તે ચઢ્યો)] જી. બાગળ વધવું તે.
૧. તરકી કરવી–દેવી = (૧) બાગળ વધવું. (૨) બેહદર થવું. (૩) ચાલવું.
૨. તરકી બાપવી = ચાલું; ઊંચી પદવી બાપવી.
૨. જી. બઢારી; ઉન્નતિ; વૃદ્ધિ.
૩. જી. સુધારો.

તરકુબ [અ.] પું. વિચાર કરવો તે.

તરક્ષ પું. દીપડો.

તરક્ષુ [સં.] પું. દીપડો; બેક પ્રકારનો વાઘ; મુક વાઘ.

તરખટ ૧. જી. ગોઠવણ; તજવીજ; બનવજ.
૨. જી. તરખટ; બાજબટ; પખાત.
૩. જી. માવજત; ચાકરી; સંભાળ; ઊઘેડ.
૪. વિ. યુક્તિબાળુ.

તરખટ (તરખટ) ૧. જી. ઊઘેડ; માવજત; ચાકરી; સંભાળ.
૨. પું. એ નામના બેક કેળવણીકાર; મોરેશ્વર આત્મારામ તરખટ, બેમ. બે. તરખટ બાજ તરખટ સાહેબના નામથી કાઠિયાવાડમાં તેઓ બહુ જ બાણીતા થયેલ છે. કાઠિયાવાડની પ્રબન્ધપદ્ધતિમાં સારો સુધારા કરવામાં તેમનો હિસ્સો સારો ગણાય છે. કાઠિયાવાડ, મોરબી અને સોરઠના વિદ્યા બધિકારી તરીકે તેમણે મોલિક સુધારાઓ બબી કરી છે. બાબ્બમિક વિદ્યાનું સાત વર્ષને બદલે પાંચ વર્ષમાં પૂરું કરાવી બાપવાનો એમણે બાસ પ્રબન્ધ કરેલ હતો ઉપરાંત રોજેરોજ પાઠચપુસ્તકો બનેરેથી તૈયાર બઈ વિદ્યાર્થી સાધનસામગ્રીનો ઉપયોગ કરી વિદ્યાર્થીબોને બાસ મોટેથી વિદ્યાનું બાપવાની પદ્ધતિના તેબો બાજ હિમાયતી હતા. રાજકુમાર કોલેજમાં પણ તેમણે રાજબોના ગુરુ તરીકે સારી સેવા બજાવી છે.
૩. જી. એ નામની બેક બટક.
૪. જી. બાજબડ; પંચાત; મુશ્કેલી.
૫. જી. બવસ્થા. ગોઠવણ; તજવીજ.
૬. ન. એ નામની બટકનું માપસ.
૭. વિ. એ નામની બટકનું.

તરખડો (તરખડો) પું. ઘોરડાથી બાંધી રાખેલ ત્રણ પાંખડા બાવતા વજન; બટકી ઉપરનું બહુ પાંખિયાંવાળું બાટકું.

તરખણ ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું કઠણ અને ખુલ્લા રંગનું હોય છે. તે બાંધકામમાં વપરાય છે.

તરખલી ૧. [તૃણ (તણખલું) + ઈ (સ્વાર્થિક પ્રત્યય)] સ્ત્રી. ઝીણી સળીનું ઘાસ; ઘોડા વગેરેને માટે વપરાતું ઝીણું નાજુક ઘાસ.
૨. સ્ત્રી. નાનુ તણખલું; ઝીણી સળી; તણખલી.
૩. સ્ત્રી. રજ.

તરખલું ૧. [સં. તૃણ] ન. ઘાસની પાનાં વગેરેનો નાનો ઠૂકડો; તરણું; ઘાસનો ઠૂકડો; તૃણ; તણખલું; ઘાસની સળી.
૨. સ્ત્રી. રજ.

તરખા ૧. [હિં.] પું. તીવ્ર પ્રવાહ.
૨. વિ. ઝડપથી વહેતું. ઝરા વગેરે માટે વપરાય છે.

તરખાટ પું. ગુસ્સો; બળાપો.

તરખાણ ન. તેખું

તરખાન [સં. તક્ષણ (છોલવું તે)] પું. (હિંદી) લાકડાનું કામ કરનાર માણસ.

તરખાંસી સ્ત્રી. એક જાતની આંસતી; ઉપરસ. તેમાં છાતી અને માથું કાયમી જડ્ડ જેવાં રહે છે. મનુષ્ય જે કંઈ ખાય છે તે બધું કફ બનીને બહાર નીકળે છે.

તરખી સ્ત્રી. (કચ્છી) છૂંદણી.

તરખીમ ૧. [સં. રખમ (છેડે કાપવું)] સ્ત્રી. ઉલ્લો અક્ષર તોડી નાખ્યો તે.
૨. સ્ત્રી. ટૂંકું કરવું તે. આકારણમાં વપરાય છે.

તરખૂણિયું વિ. જરા ખૂણાવાળું; જેને જરા ખૂણા હોય એવું; ચોરસ નહિ પણ જરા બાજુવાળું.

તરખેંડ ન. બીજાને કેડના ભાગમાં પહેરવાનું લૂગડું; કસ વગરનો ચણિયો. રબારી અને આહીરનાં બૈરાંઓ આ લૂગડું પહેરે છે.

તરગડ (તરગડ) ન. ઉપર નીચેનો પથ્થર.

તરગાળા ૧. સ્ત્રી એ નામની બ્યાસની એક બટક.
૨. સ્ત્રી. વાઢણની એક જાતિ. આ જાતિ જૈન મંદિરમાં પૂજા અને સંગીતનું કામ કરે છે.
૩. ન. એ નામની બટકનું માણસ.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. વિ. એ નામની બટકનું.
૬. વિ. એ નામની જાતિનું.

તરગાળી સ્ત્રી. તરગાળાની સ્ત્રી.

તરગાળો ૧. પું. ગાવા, નાચવા, બજાવવાનો જે બવાઈનો ધંધો કરનારો એક જાતનો માણસ; ભવાયો; તરગાળાની જાતનો દરેક જણ.
૨. પું. તપોધન.
૩. વિ. પું. ત્રાગું કરનારો.

તરગીબ ૧. [અ. રગીબ (ખૂબ ઇચ્છવું)] જુઓ તીવ્ર ઇચ્છા.
૨. [કા.] સ્ત્રી. લાલચ; પ્રલોભન.

તરગુ ન. ભૂલથી એને જાલે જણ તાર બરાવવા તે.

તરઘટ [તળિયું + ઘટ્ (ઘડવું)] પું. તલઘટ. ઉંબરો; ઊમરો; તળવટ.

તરઘાયો ૧. પું. તરેહવાર આકારનો અને ઊંચકવો ન ગમે તેવો ઘા.
૨. પું. નાતની રસોઈ કરવાનું જગ્યું, ખાડું ને ઝાડ વાસણ; મોટો પહોળા મોંનો ડેમ.
૩. પું. મોટા પહોળા પાત્ર ઉપર ગાયનું ચામડું મઢીને બનાવેલો મોટો ઢોલ; ધીરનંગ, ધીરનંગ, ધીરનંગ જેમ ત્રણ ઉચ્ચારથી વાગતો એક દાંડી અને બે બપાટ મળી ત્રણ ઘાના તાલવાળો ઢોલ. તે મંદિરમાં આરતી વખતે વગાડવામાં આવે છે.
તરઘાનો ઢોલ = મુદ્દલ વખતના બધાને વાગતો ઢોલ.
૪. પું. મોટો અને ભેદોળ જેવો આકાર; મોટી ભેદોળ આકારની વસ્તુ.
૫. પું. સ્થૂળ કે ખાડું, ઝાડ અને સેતા કે ઊંચકાતાં હાથે નહિ એવું ઝોકું.
૬. વિ. ધિંગાણું મચાવનાર.

તરઘીબ ૧. [અ. રગીબ (ખૂબ ઇચ્છવું)] સ્ત્રી. તીવ્ર ઇચ્છા.
૨. સ્ત્રી. લાલચ; પ્રલોભન.
તરઘીબ કરવી = (૧) અસર કરવી; ઉશ્કેરવું, ઉત્તેજન આપવું. (૨) લલચાવવું. (૩) સમજાવવું.

તરઘેલ વિ. ગાંડું; ચિત્તભ્રમ.

તરઘેલું વિ. ગાંડું; ગાંડા જેવું; તોરી.

તરચકો પું. ચચકો; ઝાટકો.

તરજ ૧. પું.; સ્ત્રી. જોર; અભિમાન; તોર.
૨. પું.; સ્ત્રી. તિરસ્કાર કરવાનો ગુસ્સો; બીજાને તુચ્છ ગણવાપણું; અહંકારી વર્તન, તુચ્છકારી કાઢવાનો ભેસ; અભિમાનનો વેગ; તોછડાઈ ભરેલો ગદ.

તરજદ ૧. સ્ત્રી. પ્રવાહી પદાર્થને તળિયે બેઠેલો મેલ.
૨. અ. તદ્દન; બેક; તમામ; નિરવશેષ; સાવ; સર્વ.

તરજન સ્ત્રી. ઇચરો; નકામું જે કાંઈ ફેંકી દેવા જેવું તે.

તરજું [સં. તિરશ્ચીન] વિ. તીરછું.

તરજોડ (તરજોડ) ૧. પું.; સ્ત્રી. તિરસ્કાર; છીછરાર; તરછોડી નાખવું તે; તુચ્છકાર, ધિક્કાર; ધિક્કારવું.
૨. પું.; સ્ત્રી. હાથ પગ જેવા એકાદ અવયવને તરછોડી નાખવા જેવો આંચકો લાગવો તે; હાથ પગ જોરથી વીંઝાવાથી કે તરછોડવાથી થયેલી અસર.

તરજોડવું (તરજોડવું) ૧. સ. ક્રિ. જોરથી તરછોડી દૂર કરવું; વળગેલું તોડીને નાખી દેવું; તાણી તંગ કરીને એકદમ એવી રીતે છોડી દેવું કે જેથી દૂર જઈ પડે; દૂર કરવું
૨. સ. ક્રિ. તિરસ્કાર કરી જોરથી છીછરાર્ને દૂર કરવું; અપમાન કરી કાઢી મૂકવું; તુચ્છકારવું; ધિક્કારવું; તિરસ્કાર કરી સંબંધ તોડી નાખવો; તરછોડી નાખવું; અપમાન કરવું.
મેણાંટોણાંને મારૂ, મેણાં દેશે માનવી,
સાચણ કી સંસાર, વારંને તરજોડતાં. દુહો
તરજોડી નાખવું = (૧) જોરથી આંચકો મારવો. (૨) તિરસ્કારપૂર્વક કાઢી મૂકવું; તુચ્છકારવું.

તરજોડાખોર (તરજોડખોર) વિ. અવિવેક; બિનજરૂરી; તોરી; પતરાજીખોર.

તરજોડાટ (તરજોડાટ) ૧. સ્ત્રી. તરછોડ; તોછડાઈ; તિરસ્કાર.
૨. સ્ત્રી. તરછોડવું તે; દૂર કરવું તે.

તરજોડાવવું (તરજોડાવવું) સ. ક્રિ. તરછોડાય તેમ કરવું; તરછોડવાની ક્રિયા કરાવવી.

તરજોડાવું (તરજોડાવું) અ. ક્રિ. તરછોડવાની ક્રિયા થવી.

તરજોડો (તરજોડો) જુઓ તરજોડાટ.

તરજ ૧. પું. જોર; આવેશ; વેગ; તરજ.
૨. પું. ત્રાસ; ભય.
૩. [અ. તર્જ] સ્ત્રી. (સંગીત) ગાવાની ઢબ.

તરજની ૧. [સં. તર્જની] સ્ત્રી. (હિંદી) અંગૂઠા પાસેની આંગળી.
૨. સ્ત્રી. ભય; ડર.

તરજમા [અ. તરજુમા (તેણે બીજી ભાષામાં અર્થ કર્યો)] પું. તરજુમો; એક ભાષામાંથી બીજી ભાષામાં ઉતારવું તે; ભાષાંતર.

તરજમાનવીસ વિ. ભાષાંતર કરનાર.

તરજવું ૧. અ ક્રિ. કંપવું.
૨. સ. ક્રિ. તિરસ્કાર કરવો; તુચ્છકારવું.

તરજાત ૧. સ્ત્રી. હલકી જાત.
૨. વિ. હલકી જાતનું; અધમ.

તરજાળિયું ન. મકાનના ઓરામાં રખાતું જરા ખાણાંવાળું જાળિયું.

તરજી ૧. સ્ત્રી. (સંગીત) તરજ; ગાવાની ઢબ.

તરછિયું

૨. અ. તિરસ્કાર કરીને.

તરણ્યંધ [અ. રન્ધ્ર (કરી જોવું તે) + બંદ] પું. કવિતાની કડી, જેમાં એકની એક લીટી અમુક અંતરે આવે છે.

તરણ્ય [અ. રન્ધ્ર (તે આત્મા વધ્યો)] સ્ત્રી. ઉપરીપણું; પ્રમુખતા.

તરણ્ય દેવું = પસંદ કરવું.

તરણ્યુમા જુઓ તરજમા.

તરણ્યુમાન [અ.] પું. તરજુમો કરનાર માણસ; દુભાષિયો

તરણ્યુમાની [અ.] સ્ત્રી. દુભાષિયાની પદવી.

તરણ્યુમિયા વિ. ભાષાંતર સંબંધી; તરજુમાને લગતું.

તરણ્યુમિયું ૧. વિ. બીજાનાં પુસ્તકો અને લેખો ઉપરથી ઉદ્ભવેલું અને સૂચવેલું.

૨. વિ. ભાષાની છટા કે ભાવ વિનાનું; માત્ર શાબ્દિક સમાનતાવાળું. ભાષાંતર માટે વપરાય છે.

૩. વિ. ભાષાંતરવાળું.

તરણ્યુમિયો વિ. ભાષાંતરવાળો.

તરણ્યુમો ૧. [અ. તર્જુમહ] પું. એક ભાષાના વાક્યાંશ કે ભાષણને બીજી ભાષામાં શબ્દે શબ્દ ઉતારવું તે; એક ભાષાનું બીજી ભાષામાં અવતરણ કરવું તે; ભાષાંતર; એક ભાષાનો અર્થ બીજી ભાષામાં બોલવો અથવા ઉતારવો તે; અનુવાદ. ફારસી શબ્દ તર્જમાન એટલે સુંદર બોલનાર, સુભાષક ઉપરથી આ શબ્દ અરબ્બીમાં થયો છે એવો મત પણ છે.

૨. પું સાર; પરિણામ.

તરણ્યેબ [કા. તરજિયત (કજાવણી)] વિ. શીખેલું; કાબેલું; વાકેફગાર; માહિતગાર; કસબી.

તરણ્ય ૧. સ્ત્રી. એ નામની અમદાવાદમાં આવેલી સરાઈ.

૨. [ઉદૂ] સ્ત્રી. વર્તણૂક; ચાલ; વર્તન.

તરણ્યમીન [અ.] સ્ત્રી. બીનાસ્તવાળી જમીન.

તરણ્યાળી અ. બાજુ બેરથી.

તરણ્યી [સં] સ્ત્રી. સોલાપુર તરફ થતું એક જાતનું કાંટાવાળું ઝાડ. આ ઝાડ બે માથોડાં ઊંચું થાય છે. તેનાં પાદડાં ખિડાયેલાં ને લાંબાં તેમજ ફળ લાલ રંગનાં ને ઉપર કાંટાવાળાં હોય છે દવાના કામમાં તે વપરાય છે. તેની છાલ મધમાં ચાટવાથી કફ મટે છે. કફ ઉપર તેનો કવાથ પણ દેવાય છે. તરટી મધુર, કડવી, ગુરુ, બલકર અને કફનાશક મનાય છે.

તરણ્ય (તરડ) ૧. સ્ત્રી. તટ, તૈર; કાંઠ; ચીરો; માટીનાં વાસણ, ભીંત કે જાડા પગેરમાં પડતી ફાટ; ચીકણો પદાર્થ સુકાતાં તેના પરમાણુનો સમૂહ જુદો પડી જવો તે.

૨. સ્ત્રી. પક્ષ; તરફ

તરણ્યવું (તરડવું) ૧. અ. ક્રિ. તરડાવું; ફાટવું જવું; ફાટવું.

૨. અ. ક્રિ. વંકાઈને વિરુદ્ધ ચાલવું.

૩. અ. ક્રિ. વાંકું કે ત્રાંસું થવું.

તરણ્યાઈ (તરડાઈ) ૧. પું. અભિમાનજન્ય વંકાઈ; કરડાઈ; વક્રતા; અહંકારી કે હુંપદની વિરુદ્ધતા; અભિમાનથી રીસ ચડાવી અતડા રહેવું તે; કડકી; મરોડ; મરડાઈ; ગર્વ.

૨. પું. તરડાવું તે; તરડ પડવી કે ફાટવું તે.

તરણ્યાવું (તરડાવું) ૧. અ. ક્રિ. તરડ પડવી, ફાટવું; ચિરાવું; ફટકો જવું; ચીકણા પદાર્થનું સુકાતાં ફાટી જવું; અકળાવાથી, અત્યંત ગરમી લાગવાથી અથવા ઇજાથી સંગીન સાંધ કીડણના પડ કે પ્રસ્તારનું ઠેકઠેકાણે ઊખડી જવું.

૨. અ. ક્રિ. વંકાઈને વિરુદ્ધ ચાલવું.

૩. અ. ક્રિ. વાંકું થઈ જવું; વાંસું થઈ જવું; ખેંચાઈ કે તણાઈને કોણબંધ અથવા સમતાબંધ થવો; ઋતસર્ગ જવું

૪. અ. ક્રિ. વિકસવું.

તરણ્યિયા ગુવાર (તરડિયા ગુવાર) પુ. ન. ઘ. અડખાઉ ગુવાર.

તરણ્યિયું (તરડિયું) વિ. તરડાઈ ગયેલું.

તરણ્યિયો (તરડિયો) પું. એક જાતનો ગુવાર; ખેતરાઉ નહિ પણ અડખાઉ ગુવાર.

તરણ્યું (તરડું) ન. તટ; ચીરો; ફાટ.

તરણ્યો (તરડો) ૧. પું. જમીનની અંદરનો ચીરો; ભરોડ.

૨. પું. મુહિદીન આલૂસે ગમે તેમ ઉચ્ચારેલો શબ્દ

એકને અરડો કહે, બેને કહે છે આઉ,
ત્રણને તરડો કહે, ચોથાને કહે ખાઉ.

રામબા

તરણ્ય ૧. [સં. તૃ. (તરવું)] પું. ઉદ્ધાર; નિસ્તાર.

૨. [સં. તરુણ] પું. જુવાન માણસ.

૩. ન. કૂદવું તે.

૪. ન. જેનો ઉદ્ધાર થયો હોય તે.

૫. [સં. તૃષ્] ન. તરસ; તણખ્ખો.

૬. ન. તરવાની ક્રિયા.

૭. ન. તરવાનું સાધન.

૮. ન. તરવું તે; તરી જવું તે.

૯ ન. પરદેશ જવું તે.

૧૦. ન. પાર પહોંચવું તે.

૧૧. ન. સૂર્ય.

૧૨. ન. સ્વર્ગ.

૧૩. ન. હોડી; વહાણ.

૧૪. વિ. તારનાર.

૧૫. વિ. ત્રણ; ૩.

તરણ્યકુંડ [સં] પું. તરવાનો હોજ.

તરણ્યતારણ ૧. પું. પ્રભુ.

૨. વિ. તરનાર અને તારનાર; ઉદ્ધારનાર; ભવસાગર પાર ઉતારનાર; પોતે તરી બીજાને તારી શકે તેવું.

તરણ્યપાત્ર ૧. [સં.] ન. તરવાનું સાધન.

૨. ન. હોડી; નાવ.

તરણ્યશીલ [સં.] વિ. તરી શકે એવું.

તરણ્યશીલતા [સં.] સ્ત્રી. પાણીની સપાટી ઉપર તરવાનો ગુણ.

તરણ્યિ ૧. [સં.] પું. આકાશનો ગોળ.

૨. પું. કિરણ.

૩. પું. તરવાનું સાધન.

૪. પું. તાપું.

૫. પું સૂર્ય; રવિ; આદિત્ય.

૬. સ્ત્રી. એક જાતની કુવાર.

૭. સ્ત્રી. તરણી.

૮. સ્ત્રી. વહાણ; નૌકા; નાની હોડી. ત્રાપો; નાવ.

૯. વિ. એકદમ જનાર; ઉતાવળે જનાર.

૧૦. વિ. તરનાર.

તરણ્યિકુમાર ૧. [સં. તરણિ (સૂર્ય) + કુમાર (પુત્ર)] પું. કર્ણ.

૨. પું. યમ.

૩. પું. શનિ.

૪. પું. સૂર્યનો પુત્ર.

તરણ્યિજ જુઓ તરણિકુમાર.

તરણ્યિજા ૧. પું (ત્રિગણ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સતી. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેનાં દરેક ચરણમાં નગણ અને એક ગુરુ મળી આર અક્ષર હોય છે

૨. [સં.] સ્ત્રી. સૂર્યની પુત્રી યમુના નદી.

તરણ્યિજ [સં. તરણિજ] વિ. (પ્રાકૃત) તરવા યોગ્ય.

તરણ્યિતનય જુઓ તરણિકુમાર.

તરણ્યિતનયા [સં. તરણિ (સૂર્ય) + તનયા (પુત્રી)] સ્ત્રી. યમુના નદી. તે સૂર્યની પુત્રી મનાય છે.

તરણ્યિતનુજા જુઓ તરણિતનયા.

તરણ્યિપાત્રક [સં.] પું. વહાણમાંથી પાણી કાઢવાનું ઝાકડાનું પાત્ર.

તરણિપોત જુઓ તરણિપેટક.

તરણિમણિ [સં] પું. માણેક નામનો મણિ.

તરણિરત્ન જુઓ તરણિમણિ.

તરણિસુત જુઓ તરણિકુમાર.

તરણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની કુંવર.
૨. સ્ત્રી એક જાતનો રેસો.
૩. સ્ત્રી. જેના વડે ત્રાક સાંધે ને ચોગઠને વીંટે છે તે વાંસ; તાણો બનાવવામાં ઉપયોગી વાંસની સોટી.
૪. સ્ત્રી. જેમાં સૂતરનો દોરો તણાઈને તાણો થાય તે સાધન.
૫. સ્ત્રી. તરવાનું સાધન.
૬. સ્ત્રી. તરણી.
૭. સ્ત્રી. વહાણ; નૌકા; નાની હોડી.
૮. સ્ત્રી. વૈતરણી નદી.
૯. વિ. તરનાર.

તરણીજા જુઓ તરણિજા ૧.

તરણીતર [તરણી (વૈતરણી) + તર] વિ. સંસાર તરી જનાર.

તરણું ૧. [સં. તૃણ] ન. ઘાસનું તણખલું; ઘાસની પાનાદાર કટકો; તરખલું, તરણ; તૃણ.

તારા તરણાં ઓરતિમાં, સમદર સ્હેસાં ચાર.
દિલ સાજણિયાં સામરે, દીમાં હંતી વાર.
દુહો

૧. કૂબતો માણસ તરણાને વગાડે = આશા રહિત થયેલ માણસે તુચ્છ વસ્તુ ઉપર ભરોસો રાખવો; કજાતનાં તરકટમાં આવવાં.
૨. તરણા જોવે કુંવર = (૧) કોઈ બાબતનું સહેજ જ્ઞાન થતાં બધું સમજાય છે. (૨) નજીવી વસ્તુ પણ કોઈ વખતે મોટી વસ્તુને ઢાંકી દે છે.
૩. તરણાનો મેરુ કરવો = કામનો વાંધ કરવો; નાનાનું એકદમ મોટું સ્વરૂપ બનાવવું, નાની વાતને એકદમ મોટું રૂપ આપી દેવું; અવનવી ઊપજકપાયક કરી; રૈયતનો રાજા બનાવી દેવો; નીચનું ઊંચ કરી દેવું, અતિશયોક્તિ કરવી; વધારી વધારીને વાત કરવું.
૪. તરણાનો મેરુ ને મેરુનું તરણું = રૈયતમાંથી રાય ને રાયમાંથી રૈયત; નાનાનું મોટું ને મોટાનું નાનું.
૫. તરણાં ચૂસવાં = અતિ પ્રયત્ન કરવો; મુખ્ય મુદ્દાની મૂળને નજીવી વાતમાં બાધ ઘાલીને મહેનત કરવી.
૬. તરણે ચોર, તે તણખલે મોર = નાનો ચોર હોય તે મોટી ચોરી કરે.
૭. મોઢામાં તરણું લેવું = દીનતા બતાવવી; નમ્રતા દર્શાવવી; ક્ષમા માગવી.

૨. સ્ત્રી. તુચ્છ વસ્તુ; લઘુકું કે નમાલું જેવું જે કંઈ તે.
તરણાને તોલે = કંઈ બચતરીમાં ન હોય એવું; તરણા જેવું; તુચ્છ; કંઈ માલ કે કીમત વગરનું; નમાલું; લેખામાં નહિ એવું; તણખલાની કીમતનું; બચતરી વિનાનું.
૩. વિ. (બા. પ્ર.) ચુવાન.

તરણેતર ૧. પું. એ નામના એક શંકર.
૨. ન. કાઠિયાવાડમાં વાન પાસે આવેલું એ નામનું એક ગામડું.
૩. ન. તરણેતરમાં આવેલું એ નામના શિવનું મંદિર.

તરણોપાય ન. તરવાનું સાધન.

તરણોપાય ૧. [સં. તરણ + ઉપાય] પું. તરી જવાનો ઉપાય.
૨. પું. રસ્તાનો રસ્તો; ઊતરવાનો કાયદો.

તરત [સં. ત્વરિત] અ. તે જ વખતે; તુરત; તાત્કાલતોમ; જલદીથી; એકદમ; કટ.
૧. તરત દાન મહા પુણ્ય = કોલાંક કામ ઉતાવળે કરવાથી ફાયદો થાય છે.
૨. તરત મુદતની ઢૂંડી = જેના ઉપર લખી હોય તેની પાસેથી તરત નાણાં મળે તેવી હૂંડી.

તરતચિત્ર ન. એકદમ ઝડપી લેવાયેલું ચિત્ર.

તરતપાસ જો. બારીક તપાસ કે જોખ; તાજી તપાસ; પુખ્તપરખ.

તરતબુદ્ધિ ૧. સ્ત્રી. ઝીણ ક્રમ કે ઓરી સમજણવાળી બુદ્ધિ.
૨. વિ. હાજરજવાબી બુદ્ધિવાળું.

તરતમ ૧. [સં. તર (વધારે) + તમ (સૌથી વધારે)] વિ. ઓછુંવત્તું; ન્યૂનાધિક ભાવવાળું.
૨. [સં.] વિ. તર અને તમ એ બે પ્રત્યય જેમાં લોપ્ય હોય તેવું.

તરતમતા [સં. તરતમ (ઓછુંવત્તું) + તા (પણું)] સ્ત્રી. ઓછાવત્તાપણું.

તરતમભાવ ૧. [સં. તરતમ + ભાવ] પું. ઓછાવત્તાપણું.
૨. પું તર અને તમ એ બે પ્રત્યય જેમાં લોપ્ય હોય એવો ભાવ.

તરતર અ. રાઈ જોઈ જોઈને.
આજણ મુંને સામરો, તરતર વાગે તેણ.
અવગણ એક ન સામરે, રહું ભૂંગા જેણ.
દુહો

તરતરાતા ૧ વિ. બહુ જ ચરબીદાર.
૨. વિ. બહુ જ ભીનું; તરબોળ.

તરતરાવવું ૧. સ. ક્રિ. ધડાકો કરવો.
૨. સ. ક્રિ. સાંધા દુખવા.
૩. સ. ક્રિ. સુસવાટો કરવો.
૪. સ. ક્રિ. બાંસવું.

તરતરાહટ ૧. [હિ.] સ્ત્રી. ગુસ્સો.
૨. સ્ત્રી. ચરચરી છૂટવી તે.
૩. સ્ત્રી. ધડાકો.
૪. સ્ત્રી. બડાઈ

તરતરું વિ. રીસભર્યું; ક્રોધી.

તરતત્ત્વ ૧. [સં. તારતમ્ય] ન. તત્ત્વ; સાર; તારતમ્ય.
૨. ન. મુખ્ય હેતુ

તરતી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

તરતીબ ૧. [અ. તર્તીબ (કરેક વસ્તુને બીજા કોઈને ગોઠવવી તે)] સ્ત્રી. ક્રમ; ગોઠવણ; વર્ગવારી; ક્રમ પ્રમાણે ગોઠવણી.
૧. તરતીબ કરવુ-દેવું = (૧) ક્રમમાં મૂકવું. (૨) વર્ગ પાડવા.
૨. તરતીબથી = ક્રમસર.
૩. તરતીબથી લગાવવું = (૧) ક્રમમાં મૂકવું. (૨) વર્ગ પાડવા.
૨. સ્ત્રી. યુક્તિ; કળા; તજવીજ; ચતુરાઈ.
૩. સ્ત્રી. વિવેક.
૪. [અ. રતબ (તેણે ગોઠવ્યું)] સ્ત્રી. અવસ્થા; ગોઠવણ; જેવી જોઈએ તેવી સારી સમવડ; રચના.
૧. તરતીબવાર = (૧) નિયમિતપણે; વ્યવસ્થાપૂર્વક. (૨) નિયમિત; રીતસરનું.
૨. તરતીબે તહજીબ = કાયદાકાનુનો અનુક્રમ.
૩. તરતીબે નવ = નવી ગોઠવણ.
૪. તરતીબે નંબર = ક્રમાંક
૫. બેતરતીબ = વ્યવસ્થિત નહિ એવું.
૫. સ્ત્રી. શિક્ષા; ચારિત્રનું શિક્ષણ; કેમ બોલવું, બેસવું અને વર્તવું વગેરે સંબંધીનું બાળ શિક્ષણ; કેળવણી; આચાર, રીતભાત વગેરેનું શિક્ષણ.
૬. સ્ત્રી. સંભાળ; સારવાર; માવજત

તરતીબતર ૧. [તરતીબ + તર (ભરપૂર)] વિ. કેળવેલું.
૨. વિ. વ્યવસ્થા રાખી શકાય એવું; માણસ આવે એવું. ગોઠવ.
૩. વિ. સારું; સરસ; ઉત્તમ.
૪. વિ. હોશિયાર; ચતુ તેજસ્વી.
૫. અ. બહુ યુક્તિથી

તરતીબી [અ.] વિ. વ્યવસ્થાવાળું.
૧. બેતરતીબી = અનિયમિતતા.

તરપદરા

૨. ખેતરતીખીએ નાદિશ = અવ્યવસ્થિત ફરિયાદ.

તરતીલ [અ.] વિ. ચોખ્ખા અવાજે બોલવું

તરતુક વિ. તરતનું.

તરતું ૧. વિ. ચડતું; વધતું; બીજાથી વધારે ભણ્યું ગણ્યું હોય એવું.

૨. વિ. પાણી ઉપર રહેતું; પાણીમાં નહિ ડૂબતું.

૩. વિ. સપાટી ઉપર ઊપસી રહેલું, ઊંચું રહેતું; ઉપર રહેલું.

૪. વિ. સારી હાલતમાં હોય એવું; આબાદ; તાનું; આબાદીમાં આવેલું.

તરતું થઈ જવું = પૈસાવાળા થઈ જવું; સુખી થવું.

૫. વિ. સુધારી; સારું.

તરતું દ્વાર ન. હાંડીમાંનું પોતાની મેળે ખૂલે અને બંધ થઈ જાય એવી યુક્તિવાળું બારણું. 'દ્રૌપદિમ વાલ્વ.' તેમાં ધાતુનો પોલો ગોળો પાણી ઉપર તરતો રહે છે. તેની સાથે ઉચ્ચાલનદંડ વડે નળની ચકલી જોડેલી હોય છે. હાંડીમાંનું પાણી ઓછું થાય એટલે ગોળો હેઠે ઊતરે અને ચકલી ખૂલે છે. પાણી ભરાય એટલે પાણીની સપાટી સાથે પોલો ગોળો ઉપર ચડી ચકલી બંધ કરે છે. એ રીતે પોતાની મેળે પાણી ખૂલે ત્યારે પાણી મેલાય અને પછી બંધ થાય છે.

તરતૂક ૧. [અ. તરદુક] સ્ત્રી. ઝળઝળ; ચિંતા; ફિકર.

૨. સ્ત્રી. યુક્તિ; ઉપાય.

૩. સ્ત્રી. સરભરા; વ્યવસ્થા; ગોઠવણ.

તરતેજ [ફા.] પું. તીખાં, ખાર ઘણા એવાં પાંદડાવાળો એક જાતનો છોડ.

તરતેજક જુઓ તરતેજ.

તરતોફાન ન. તોફાન; ધિંગામસ્તી.

તરતો ભાગ પું. એક જાતનો ભગીચો. એ કરમીરની વિશિષ્ટતા છે. આમાં તરણકુંડ, ફાઉન્ટન વગેરે થાય છે. આ ભાગને આપે ત્યારે હોડી સાથે બાંધી બીજે સ્થળે લઈ જઈ શકાય છે.

તરત્સમ [સં.] ન. એ નામનું એક વૈદિક સૂક્ત.

તરત્સમંદીય [સં.] ન. એ નામનું એક વૈદિક સૂક્ત. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, અપ્રતિગ્રહ્ય ધન ગ્રહણ કરવાનો દોષ અથવા નિષિદ્ધ અન્ન ભક્ષણ કરવાનો દોષ આ સૂક્તનો જપ કરવાથી મટે છે.

તરત્સલ [સં.] પું. ઘાસનો ઝૂમો.

તરથી સ્ત્રી. ધરતી; જમીન.

તરદસ્ત [ફા.] વિ. ચાલાક.

તરદસ્તી [ફા.] સ્ત્રી. ચાલાકી.

તરદા [સં.] સ્ત્રી. એક જાતનું કાંટાવાળું ઝાડ.

તરદી જુઓ તરદા.

તરદીદ ૧. [હિં.] સ્ત્રી. ખંડન; પ્રત્યુત્તર; સામે થતું તે.

૨. સ્ત્રી. રદ કરવાની કે કાપવાની ક્રિયા.

હર્યે તરદીદ = એકબીજાને છૂટા પાડનાર ઉભયાન્વયી અવ્યય.

તરદીફ [અ.] સ્ત્રી. પાછળ આવવું તે.

તરદુત ૧. [ફા.] સ્ત્રી. ચોકસપણું; બંદોબસ્ત.

૨. સ્ત્રી. યુક્તિ; ઉપાય; ચેરવી.

૩. [ફા.] વિ. તરબોળ; તાનું.

તરદેય પું. નદી, નાળું કે ખાડી ઓળંગવા માટે બાંધેલું હોડીનું આડું.

તરદુદ ૧. [અ. રદ (પાછું આવવું)] પું. અદલતા; અસ્થિરતા.

૨. પું. આનાકાની.

૩. પું. ખેડાયેલું; ખેડાતી હોય તેવી જમીન.

૪. પું. ચિંતા; ફિકર.

તરદુદને દુન્યવી = સંસારી બાબતોની ચિંતા.

૫. પું. યુક્તિ; ઉપાય.

તરદ્વટી [સં.] સ્ત્રી. એક જાતનું પકવાન.

તરધારી સાપરી [ત્રિ (ત્રણ) + પું (ધારણ કરવું) + સાપરો] સ્ત્રી. વી, ગોળ અને લોટ એ ત્રણે વસ્તુ સરખા વજને લઈ કરેલી સાપરી.

તરધારી સાપરી જુઓ તરધારી સાપરી.

તરધારું ૧. વિ. જેમાં ત્રણ વસ્તુઓ સરખે ભાગે હોય એવું; ત્રણ સરખા ભાગમાં ભરેલું.

૨. વિ. ત્રણ ધારવાળું

૩. વિ. મોટે ભાગે ભરેલું કે ભરપેલું.

તરન ૧. પું. પુત્રો.

૨. પું. (પિંગળ) ભોજનવસ્તુની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૨૨ ગુરુ અને ૨૦ લઘુ મળી ૪૨ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૩. પું. સૂર્ય.

૪. [સં. તરણ] ન. તરવાની ક્રિયા.

૫. ન. તરવાનું સાધન.

૬. ન. તરી જવું તે; મુક્તિ મેળવવી તે.

૭. ન. સ્વર્ગ.

૮. ન. હોડી; વહાણ.

તરનતાર [હિં.] પું. મોક્ષ; મુક્તિ.

તરનતારન ૧. [હિં.] પું. ઉદ્ધાર; નિસ્તાર; મોક્ષ.

૨. વિ. ઉદ્ધાર કરનાર; ભવસાગર પાર ઉતારનાર; તરણતારણ.

તરનદુર્ગા સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી

તરની ૧. [હિં.] સ્ત્રી. જાજવાના પહોળાની દોરી.

૨. સ્ત્રી. હોડી; નૌકા; નાવ.

તરનુમ [અ.] પું. ગાયન.

તરપ ૧. [હિં.] સ્ત્રી. તરપડવું તે; તડફડિયાં.

૨. સ્ત્રી. તતુવાદ્યના મુખ્ય તાર નીચે રણકવા માટે રખાતો તાર કે તારનો સમૂહ; તરબ.

તરપક્રિયા અગ્ર પું બ. વ. કાળા અને બીજા રંગના ઊનાળામાં પાકતા અગ્ર; ઊનાળુ અગ્ર.

તરપડ સ્ત્રી. તડપવું તે; તરપડિયાં.

તરપટહી સ્ત્રી. એક પ્રકારની દેશી રમત; પોકો કૂદામણી.

તરપડ (તરપડ) સ્ત્રી. સામસામા જોરથી બોલીને થતી અપશબ્દાવલી; બ.ઝાપડુપડ.

તરપડા (તરપડા) ૧. સ્ત્રી. પીળારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તરપડાટ (તરપડાટ) ૧. પું. અધીરતા; ઉતાવળ; ચપળતા; આવાડો.

૨. પું. શક્તિ ન હોવા છતાં ખોટું બળ દેખાડીને કોઈની મારવી તે; કંઈ વળે નહિ અને ખાલી બકબકાટ; ખાલી ઠંઠારો; દોરતોરનો દેખાવ; ડોખો; ટેડપેડ.

તરપણ ૧. ન. આંખ ઉપર પોતું મૂકવાની ક્રિયા.

૨. ન. એક પ્રકારનું ઝાડ.

૩. ન. દેવ, ઋષિ કે પિતૃને ઉદ્દેશીને અર્ઘ્ય આપવાની ક્રિયા; તર્પણ.

તરપણી સ્ત્રી. (જૈન) સાધુ કે સાધ્વીઓને પ્રવાહી પદાર્થ વહોરવાનું લાકડાનું કળશા માટલું ઢાંક.

તરપણું વિ. ફૂલણું; ફાતણું.

તરપણ્ય [સં.] ન. નદી વગેરેમાંથી ઊતરવા માટે બાંધેલું હોડીનું આડું; ઊતર.

તરપત ૧. સ્ત્રી તરપડવું તે; તરપડાટ.

૨. [સં. તૃપ્તિ] સ્ત્રી. તૃપ્તિ; સંતોષ; બસ.

૩. વિ. તૃપ્ત; ધરાયેલું; સંતુષ્ટ.

તરપતરપ ન. તરપડિયાં.

તરપદરા ૧ સ્ત્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તરપર [હિં] અ. નીચે ઉપર; એક પછી બીજું એમ.

તરપલું વિ. પાતળું; નમણું; કૃશ.

તરપવું ૧. સ. ક્રિ. તર્પણ કરવું.
૨. સ. ક્રિ. તૃપ્ત કરવું; સંતોષ આપવો; પ્રસન્ન કરવું; ધરવ કરાવવો.

તરપંખડો (તરપંખડો) ૧. પું. ઠરવા જતાં બેસવા માટે પસંદ કરેલી ખાડાખડિયાવાળી ગામ બહારની જગ્યા.
તરપંખડાના તબેલા, આગળગીચે બેસતા; પણ મીઠી ન મલેક, અમચડી યે આરામની. દિલખુશ
૨. પું. રહેવાની ત્રિકોણ ઝૂંપડી.
૩. પું. લાંબો સમય વસવાટ કર્યો હોય તે જગ્યા; રહેઠાણ.
૪. પું. હોજાને બેસવાની ઘુખીસૂકી જણ ઢાળ વચ્ચેની જગ્યા; તરપખુ.

તરપંખું ૧. ન. જણ પંખ્યાંવાળું ઢું.
૨. વિ. જણ પંખ્યાંવાળુ.
૩. વિ. જણ પંખડીવાળુ.

તરપખો ૧. પું. જણ પંખ્યાંવાળું ઢું.
૨. જ પું. જણ પંખડાવાળો.

તરપંડી જુઓ તરપિડી.

તરપાડ (તરપાડ) ૧. સ્ત્રી. પાઢણની ચોરાશી માહેનો એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

તરપાયો પું. ત્રિપાઈ; જણ પાયાવાળી ચોકી.

તરપિડી ૧. સ્ત્રી. પ્રાન્તિક ભાષામાં જણ પિંડદાનવાળું કરવામાં આવતું શ્રાદ્ધ; જણ પિંડનું શ્રાદ્ધ ને તેને લગતી ક્રિયા.
૨. સ્ત્રી. મરનારની તિથિએ કરવામાં આવતી ધાર્મિક ક્રિયા; મરનારની વરસીને દિવસે કરાતી શ્રાદ્ધક્રિયા.

તરપીટ ૧. સ્ત્રી. કડવાં વચનનો મારો.
૨. સ્ત્રી. તડાપીટ; ઉપરાઉપર પડતો પ્રહાર.
૩. અ. ઉપરાઉપરી.

તરપેટ [સં. ત્રિ (જણ) + પથ (રસ્તો)] સ્ત્રી. જ્યાં જણ ગામના સીમાડા કે રસ્તા એકઠા થતા હોય તે સ્થળ; તરભેટો; ત્રિભેટો.

તરપેડ (તરપેડ) જુઓ તરપેટ.

તરપેસા ૧. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તરપોતો પું. જણ ઘાણિયાં આવે સીતીને બનાવેલ કપડું; તરપાળ.

તરફ ૧. પું. ઉમદા અને ઉદાર માણસ.
૨. [અ. તર્ફ] સ્ત્રી. ઊંટે બાંધી રહેતાં બાકી રહેલાં વનસ્પતિનાં કાંખળાં.
૩. સ્ત્રી. કોર; છેવટનો ભાગ; કિનારો.
૪. સ્ત્રી. તરફડવું તે; તરફાટ.
૫. સ્ત્રી. તંતુવાદ્યના મુખ્ય તારની નીચે રણકવા માટે રખાતો તાર કે તારનો સમૂહ.
૬. સ્ત્રી. બાજુ; પક્ષ; દિશા; તરફેણ.
૭. અ. વગ; બાજુ; બાબુએ; મેર; બાજુએ.
૧. જમની તરફ જેવું = પોતાને માનની દૃષ્ટિએ જોવું.
૨. બધા તરફથી = (૧) એક પક્ષમાં. (૨) પોતાના બચાવમાંથી.
૩. જિરકો તરફથી = જેની બાતર.
૪. તરફ થવું = પક્ષમાં ભળી જવું.

તરફડવું (તરફડવુ) ૧. સ. ક્રિ. અસહ્ય વેદના કે દુઃખથી આમતેમ અંગ પછાડવાં કર્યા કરવું; અત્યંત લાચારીથી આમતેમ જોયાં કરવાં, અકળાવકળ થઈ આમતેમ અથડાપછડાઈ કર્યા કરવી; ધમપછાડા કરવા; તરફડિયાં મારવાં.
૨. સ. ક્રિ. મુશ્કેલ કામ પાર પાડવાનાં ફાંફાં મારવાં; તાપઉતાપથી અકળવિકળ થયા કરવું; તરફડવું; અર્થે પ્રયત્ન કરવો.
૩. સ. ક્રિ. ઢોકવું.

તરફડાટ (તરફડાટ) ૧. પું. ગભરામણ; અસહ્ય વેદનાને લીધે કરાતી અથડાપછડા.
૨. પું. તરફડવું તે; આમતેમ વેદના કે ચિંતાથી જોયા ભાળ કરવાં તે.
૩. પું. મુશ્કેલી; કષ્ટ.
૪. પું. અર્થે પ્રયત્ન; આમતેમ ફાંફાં મારવાં તે.

તરફડિયાં (તરફડિયા) ૧. ન. બ. વ. દુઃખમાં હાથપગના મરાતા પછાડા
તરફડિયાં મારવાં–મારવાં (૧) દુઃખને લીધે આમતેમ પછડાવું. (૨) બહાર નીકળવાનો પ્રયત્ન કરવો.
૨. ન. બ. વ. વલખાં; ફાંફાં.

તરફડિવું (તરફડિવું) ૧. ન. તરફડાટ થાય એવું દુઃખ કે દર્દ; ગભરામણ થાય એવું દુઃખ.
૨. ન. દુઃખથી આમતેમ પછાડા ખાવા તે.
૩. ન. વલખું; ફાંફું.

તરફડું (તરફડું) ન. તાવનું દર્દ.

તરફેણ ૧. [અ.] સ્ત્રી. તરફેણ; બાજુ; પક્ષ.
૨. સ. ક્રિ. દાણા વાવવાનું ખેતીનું ઓજાર; જણ દાંતાનો નાનો ચત્તિયો, દાતો.

તરફેણદાર ૧. [અ. તર્ફ + ફા. દાર (વાળું)] વિ. અમુક પક્ષવાળું; તરફેણ કરતું; પક્ષવાળું; પક્ષપાત કરે એવું; પોતાની બાજુનું. પક્ષપાતી.
૨. વિ. હિમાયતી; સમર્થક; ટેકો આપનાર; પક્ષકાર.

તરફેણદારી ૧. [અ. તર્ફ + ફા. દારી (મદદ આપવી તે)] સ્ત્રી. કોઈ એક બાજુ લેવી તે; તરફેણ; પક્ષ. રાખરખાવટ; પક્ષપાત; ઉપરાલું
૨. સ્ત્રી. બીજાના વિચારને પોષવા તેના પક્ષમાં રહેવું તે; વગ; સહાય; કુમક
તરફદારી કરવી ખેંચવી = સામાના મતને પૂરતી આપવી; મદદ કરવી; સહાય થવું

તરફલે સ્ત્રી. તાડના ફળની ચોટલી.

તરફસાની [ફા. તરીફી + સાની (બીજો પક્ષ)] પું. પ્રતિપક્ષ; વિરુદ્ધ પક્ષ.

તરફાડિયું (તરફાડિયુ) ન. અજવાશને માટે ઘરની દીવાલમાં રાખેલાં જણ કે એવા બીજાં બહારા નાના બાકાં.

તરફાળ ૧. [સં. ત્રિ + ફાલ (ખુતરાઉ તમંચો)] પું. ચકામો; જણ પડવાળી પિછોડી; પાંચ પાંચ હાથનાં જણ ટુકડાનું બનાવેલું પાથરણારાનું વસ્ત્ર.
૨. પું. ચોફાળ.

તરફો [અ.] વિ. તરફનું. સમાસમાં વપરાય છે. જેમકે, એકતરફો

તરફોટ ૧. સ્ત્રી. ઝીક.
૨. સ્ત્રી. વરસાદનું સખત ઝાપટું.

તરફોલ [અ.] પું. ખોરાકમાં વપરાતો એક જોડ

તરફેણ ૧. [અ. તર્ફીન (તર્ફનું બહુવચન)] સ્ત્રી. તરફદારી; અમુક એકાદો પક્ષ લેવો તે; એકાદ પક્ષમાં રહેવું તે.
તરફેણ કરવી–ખેંચવી = એક બાજુનું જોસવું; અમુક એકાદ પક્ષને અનુમોદન આપવું
૨. સ્ત્રી. દાણા વાવવાના કામનું જણ દાંતાવાળું ખેતીનું એક ઓજાર; દાંતી.
૩. સ્ત્રી. પક્ષ; બાજુ; તરફ.

તરફેણદારી સ્ત્રી. પક્ષપાત.

તરફેણવાળું ૧. વિ. પક્ષકાર; પક્ષ ખેંચનાર.
૨. વિ. પક્ષપાતી.
૩. વિ. વાદીપ્રતિવાદી.

તરફેણું ન. સાળમાં તરને ઊભાતાં અટકાવવાનું એક સાધન.

તરફેણો પું. સાળમાં તરને ફેરવવાનો લોઢાનો સળિયો.

તરફેન જુઓ તરફેણ.

તરફૈન ૧. [અ.] સ્ત્રી. બંને પક્ષ.
૨. સ્ત્રી. બંને બાજુ.
તરફૈન સિલ સિલહ = શેઠીના છેડાનાં પદ.

તરફોડવું (તરફોડવું) સ જિ. તરફોડા કરવા; તરખોડી નાખવું; છાયુક્ત કે મુસ્તાનુ બોલ બોલવા; તિરસ્કાર બતાવવો.

તરફોડા (તરફોડા) પું. ૧. ન. તરફોડવું તે; તિરસ્કારથી અવગણના કરવી તે; તર્જના; તિરસ્કાર; ધુત્કાર; છાયુક્તો; ઝાકોટો; ધુરકિયાં કરવાં તે; મિજાજમાં બોલવું તે.

તરફોડું (તરફોડું) ૧. ન. અતિ પ્રમત્ત; ઠાંઠાં.
૨. જિ. ઊંત વળું. અધીરું; બેબાકળું

તરફોડો (તરફોડો) ૧. પું. ખોટો ગુસ્સો; માત્ર દેખાવનો ખોટો ક્રોધ.
૨. પું. ઝાકોટો; છાયુક્તો; મિજાજમાં બોલવું તે; ધુત્કાર.
૩. પું. નાહક ઠાંઠાં; અતિ પ્રમત્ત.

તરબ ૧. પું. (સંગીત) સારંગીની મોટી નીચેના તાર મહિનો કરેક.
૨. [અ.] સ્ત્રી. આનંદ.
૧. તરબ અંગેજ = આનંદ ઉત્પન્ન કરનારું.
૨. અહ્લે તરબ = આનંદી મંડળી.

તરબકાવવું ૧. સ. જિ. ખૂબ ખાવું; ગુદવું.
૨. સ જિ. વાપરવું; રખોવું.

તરબડ (તરબડ) ન. કચકાણ.

તરબડવું (તરબડવું) ૧. અ. જિ. ઊકળતાં તળે ઉપર થવું. બાકા પ્રવાહીનું ઊકળવું; બદબદવું.
૨. સ. જિ. લડવું; કજિયો કરવો.

તરબડા (તરબડા) ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩. જિ. એ નામની અટકનું.

તરબડિયાં (તરબડિયાં) ન.બ.વ. ઢોકમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું. તે બેર બોલે પહેરે છે.

તરબતર ૧. [ફા.] જિ. બહુ જ ભરબોદાર.
૨. જિ. ભરપૂર; સંપૂર્ણ; તરબોળ; છેક ચામડી સુધી ભીંજાયેલું; ખૂબ તર; પ્રવાહીથી ભરેલું; બહુ જ ભીનું.
તરબતર થવું = ભીંજાવું, પણ ખાસ કરીને લોહીથી ખરડાવું.

તરબતર જુઓ તરબિયત.

તરબલ ૧. પું. એક જાતનો વેલો. એની ડાંડી ત્રણથી ચાર ધારવાળી હોય છે. તેને કાપતાં સફેદ દૂધ નીકળે છે. એનાં પાન હૃદયાકૃતિનાં અથવા તરેહવાર આકારનાં અને રેચક હોય છે. તેમાં સફેદ મધુરી વાસવાળાં મરિયાના આકારનાં, દોઢ ઇંચ લંબાઈનાં અને પોણા લંબલી મિશ્રિત રંગનાં ફૂલ થાય છે.
૨. પું. નસોતર

તરબલાબૂર સ્ત્રી. કોટીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી.

તરબસાજ ન. એ નામનું એક તંતુવાદ્ય.

તરબા પું. પગનું તળિયું

તરબાઝ જિ. વાદેકાર

તરબાતરડી (તરબાતરડી) ૧. સ્ત્રી. અકળે.
૨. સ્ત્રી. તિલક

તરબિયત ૧. [ફા.] સ્ત્રી. ખાસ કરીને અયોગ્ય ચારિત્રને લગતું શિક્ષણ; તાલીમ; કેળવણી; શિક્ષણ.
૧. તરબિયત કરવું = કેળવવું.
૨. તરબિયત બિગૈર = નમ્ર; વિનયી.
૩. તરબિયત પાકતા = સુધરેલું; ઘડેલું.
૨. સ્ત્રી. ચાલચલગત; વર્તન; રીતભાત.
૩. સ્ત્રી. શિષ્ટાચાર.
૪. જિ કેળવણી આપી તૈયાર કરેલું; કેળવાયેલું.

તરબુઝ [ફા.] પું. તરબૂચ.

તરબૂચ ન. એ નામનું એક ફળ; તડબૂચ; કલિંગ કલિંગડ, નદીમાં, ખેતરમાં કે રેતાળ જમીનમાં તેના વેલા થાય છે. તેનાં પાન કાપેલા પંજા જેવાં, ફૂલ પીળા રંગનાં, ફળ ઘડા જેવડાં મોટાં અને બી કાળાં કે લાલ હોય છે. ફળ મીઠાં, ઠંડાં અને અંદરથી લાલ હોય છે. તરબૂચમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં હોય છે: (૧) પ્રોટેઇન એટલે પિતાજન્ય ૦.૨૮, (૨) ફેટ એટલે ક્ષારજન્ય ૦.૫૬, (૩) કાર્બોહાઇડ્રેટ્સ એટલે ખનિજન્ય ૧૦.૬૪ (૪) કેલોરી ૫ અને (૫) પ્રજીવક ક ૦.૨૮
તરબૂચ જેવું = પોલું, બહું જ ચંચળાઈ વગરનું, કાણું અને કઠપૂતું.

તરબૂચી સ્ત્રી. તરબૂચનો વેલો.

તરબૂજ [હિં.] ન. તરબૂચ.

તરબૂજ જુઓ તરબૂચ.

તરબેજ જિ હોશિયાર; ઝનેબાજ; પ્રવીણ.

તરભો સ્ત્રી. ઘર પૂરવાના મુખ્ય તારની નીચે જોડવેલા સહાયક તાર.

તરભોળ ૧. જિ. આખું ય પલાળે પાણી પાણી થઈ ગયેલું; તળિયાઝોળ; તળિયા સુધી આખું ય રસપ્રચુર થઈ ગયું હોય એવું; પ્રવાહીથી રસોપચો થયેલું.
૨. જિ. તલ્લીન; મશગૂલ.
૩. જિ. ઘરપતવાળું.
૪. જિ. ભરેલું.
૫ અ. તદ્દન, સાવ.

તરભડ (તરભડ) સ્ત્રી. ખોદાચાકી; તકરાર.

તરભડવું (તરભડવું) સ જિ. જોરથી મોટા અવાજે બોલવું; ગુસ્સે થઈને વાત કરવી; લડવું; કજિયો કરવો; આવેશપૂર્વક બોલવું.

તરભાણી [સં. તામ્રભાંડ] સ્ત્રી. નાનું તરભાણું; રકાબી જેવું તાંબા કે કપાનું પાત્ર. તે પૂજનમાં વપરાય છે.

તરભાણું [સં. તામ્રભાંડ] ન. દેવને સ્નાન કરાવવાનું અથવા તર્પણ કરવાનું દેવસેવાને લગતું ચળીમાદુ તાંબા કે કપાનું વાસણ.
૧. તરભાણું ભરાવું = ક્રમ થવું.
૨. ઘર ભરો કે કન્યા ભરો પણ ઓરતું તરભાણું ભરો = બીજાનું બગે તે ચાહો પણ આપણો સ્વાર્થ પૂરેપૂરો સધાવો જોઈએ એવી સ્વાર્થ સાધવાની વૃત્તિ હોવી.

તરભેટ જુઓ તરભેટો.

તરભેટ ન. અંતરિયાળ.

તરભેટો ૧. પું. બધ ગામના સીમાડા કે રસ્તા એકઠા થતા હોય તે જગ્યા; ત્રિભેટો.
૨. પું. બધ વસ્તુનું ભેગું થવું તે.

તરભોમું ન. ભાતરિયું.

તરમતરા જ. અંદરના ભરાવાના જોરથી તંગ થઈ ગયેલું હોય તેમ; તડતડ કે ફાટફાટ થઈ રહેલું હોય એમ; ફૂટવાની તૈયારી ઉપર; તડતડ; પ્રવાહીથી ભરપૂર હોય તેમ.

તરમરાટ પું. તરવરાટ; તરવરવું તે.

તરમરિયાં ન.બ.વ. તનમનિયાં; બળક બળક થતાં કાનનાં ઝુમખાં; ચાલતાં હાલે અને ઝળકે તેવાં બટકણિયાં.

તરમરિયું ૧. ન. એક જાતનું ફૂલ.
૨. ન. કાનનું એક ઘરેણું.

તરમરો ૧. પું. કબેરાતનો હીરાની જાતનો એક ખનિજ પથ્થર. તેની ખોળખ કોરના પાણી ઉપરથી થાય છે. હીરાની કોરનું પાણી તેજદાર હોય છે અને તરમરીની કોરનું પાણી ઓછું હોય છે. હીરાને મોઢામાંથી વરાળ આવવાથી વરાળ તેના ઉપર પડતી નથી, જ્યારે પોખરાજ કે તરમરીની ઉપર પડે છે.

૨. સ્ત્રી. નાનુ કારીગરીવાળું ઘરેણું. તે હીરા જેવો ચળકાટ મારે છે.

તરભું ૧. અ. ક્રિ. પણ પીતવું.
૨. અ. ક્રિ. બહુ પીડા થવી.

તરભારા ન. એક જાતનો છોડવો. તેનાં બી દવાના કામમાં આવે છે.

તરમિઝ ન. તુર્કસ્તાન.

તરમીમ ૧. પું. કોઈ કરારમાં કોઈ શબ્દ મટાડી કરેલ સુધારો; દુરસ્તી; ઉપમસ્તાવ.
૨. [હિ.] પું. બદલાવવું તે; ફેરફાર કરવો તે.
૩. પું. સંશોધન.

તરમુજ ન. તરબૂચ.

તરમેવો પું. ગોળો મેવો.

તરયાન પું. જરથોસ્તી વર્ષના ચોથા માસ તીરના તેરમા દિવસ તરના રોજ આવતો એ નામે એક પારસી તહેવાર. મિનોચેહેર રાજાના વખતમાં ઈરાન અને તુરાનની સરહદ આબત તકરાર ઊભી થઈ હતી. તેનો નિવેડો એરેશ્મા નામના તીરંદાજના તીર ફેંક્યા ઉપરથી થયો હતો. તે ઐતિહાસિક બનાવ સાથે આ તહેવારને સંબંધ હોવાનું મનાય છે.

તરર ન. એક જાતનું ખીજવણ.

તરલ ૧. [સં.] પું. એ નામના દેશનો નિવાસી.
૨ પું. એ નામનો એક દેશ.
૩. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; તરલનયના. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર નગણ મળી બાર અક્ષર હોય છે.
૪. પું. ઘોડો; અશ્વ.
૫. પું તળિયું; નીચેનો ભાગ.
૬. પું રેલો ચાલે તેવું પ્રવાહી.
૭. પું. સૂર્ય.
૮. પું. હાર.
૯. પું હારનો વચલો મણિ; હારનું વચલું રત્ન.
૧૦. પું. ઘીગો.
૧૧. વિ. અસ્થિર; ક્ષણભંગુર.
૧૨. વિ ઓગળું; પોલું.
૧૩. વિ. ભાર; ઉતાવ
૧૪ વિ. ચપળ; ચંચળ
વિહારી જય વિજયે, વિજયની વિશ્વે પ્રબલ પારશે;
આ તારો કુલ ચારણો, તરલ બહુ તારો બની ચારણો
વીરસુ
૧૫ વિ ચળકતું; ચમકતું; કાંતિવાળું.
૧૬. વિ. તરવર તરવર થતુ
૧૭. વિ પ્રજ્વલતું; કંપતું.
૧૮. વિ. પાણી જેવું થયેલું.
૧૯. વિ. પાતળું.
૨૦. વિ. મનોહર; સુંદર.
૨૧. વિ. રંઘીબાજ; કામુક
૨૨. વિ. વિકારશીલ; ફેરફાર થઈ શકે એવું.
૨૩. વિ. વિસ્તીર્ણ; વિશાળ.
૨૪. વિ. દોંશાળુ.
૨૫. વિ. સ્ત્રી. સમજાં થવા ઉતાવળવાળી.

તરલઔષધ [સં. તરલ (પ્રવાહી) + ઔષધ (ઓસડ)] ન. પ્રવાહી દવા.

તરલગતિ [સં.] સ્ત્રી. ચંચળ ચાલ.

તરલજ્યોતિ [સં.] સ્ત્રી. આંખ આંજી નાખે એવી જ્યોતિ

તરલતા ૧. સ્ત્રી. એક જાતનો છંદ.
૨. [સં.] સ્ત્રી. એક ઠેકાણે ઝાઝી વાર નહિ ટકવાપણું; અસ્થિરતા; ચંચળતા; તરલપણું.
૩. સ્ત્રી. કામુકતા; રંઘીબાજ હોવું તે.
૪. સ્ત્રી. ક્ષણભંગુરપણું; અસ્થિરતા.
૫. સ્ત્રી. ઓગળવું કે પોલું હોવું તે.
૬. સ્ત્રી. અકળપણું. ઉતાવળ.
૭ સ્ત્રી. ચળક; કાંતિ
૮. સ્ત્રી. તરવર તરવર થવું તે.
૯ સ્ત્રી. પ્રજ્વલ; કંપ
૧૦. સ્ત્રી. પાતળાપણું.
૧૧. સ્ત્રી. પ્રવાહીપણું; દ્રવત્વ.
૧૨. સ્ત્રી. મનોહરતા; સુંદરતા.
૧૩. સ્ત્રી. વિકારશીલતા; ફેરફાર થઈ જવાપણું.
૧૪ સ્ત્રી. વિસ્તીર્ણતા.
૧૫. સ્ત્રી. સમજાં થવાની ઉતાવળ.
૧૬. સ્ત્રી. દોંશ; દોંશીલુ હોવું તે.

તરલતારક ૧. [સં.] પું. ફરતો તારો.
૨. વિ. ચંચળ આંખવાળું.

તરલતારકમૂત્ર [સં.] પું. ચંચળ આંખવાળું કરવું. તેની પછવાડે વનમાં પારધીઓ ફરે છે.

તરલત્વ જુઓ તરલતા.

તરલદંડક ૧. પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; તરલનયન. તેના દરેક ચરણમાં ચાર નગણ મળી બાર અક્ષર હોય છે. આ છંદ જગતી છંદનો એક ભેદ છે.
૨. [સં. તરલદૃક્] ન. ચપળ નેત્ર.
૩. વિ. ચપળ આંખોવાળું.

તરલનયન ૧. ન. ચંચળ નેત્ર.
૨. વિ. ચપળ નેત્રવાળું.

તરલનયના [સં. તરલ + નયન (આંખ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ચંચળ કે ચપળ આંખવાળી સ્ત્રી.

તરલનયની જુઓ તરલદંડક.

તરલનિવેશ [સં.] પું. આંતર-મિશ્રણ.

તરલપ્રવાહ [સં.] પું. ઘનતાવાળા પ્રવાહીમાં મૂકેલી વસ્તુને ઉપર ઠેલનારું બળ; ઉદ્ધારબળ. પ્રવાહીમાં મૂકેલી વસ્તુ ઉપર વસ્તુએ અસેરેલા અથવા વસ્તુના કદ જેટલા પ્રવાહીના વજન જેટલું બળ ઊપલી તરફ થાય છે, માટે પ્રવાહીમાં રાખેલી વસ્તુનું વજન વસ્તુએ અસેરેલા પ્રવાહીના વજન જેટલું ઓછું થયું જોઈએ એ અથવા પ્રવાહીમાં વસ્તુના બદલામાં થયેલો જણાતો ઘટાડો વસ્તુએ અસેરેલા પ્રવાહીના ભાર જેટલો છે. આ નિયમ કોઈ પણ પ્રવાહીમાં બધે તેટલા ઊંડાણે અને બધે તેમ રાખેલા દરેક વસ્તુ માટે સત્ય છે

તરલબળ જુઓ તરલપ્રવાહ.

તરલભાવ જુઓ તરલતા ૨-૧૬.

તરલમોતીબંધ પું. એક જાતની મોતીની માળા. તેમાં વચ્ચે એક ચળકતો હીરો હોય છે.

તરલમિતિ [સં.] સ્ત્રી. પ્રવાહી પદાર્થનું ગુરુત્વ માપવાનું યંત્ર.

તરલરસ [સં] પું. આખના આગળ પડતા ભાગ ભણેનો પ્રવાહી પદાર્થ.

તરલલોચન ૧. [સં.] ન. ચંચળ નેત્ર.
૨. વિ. ચંચળનેત્રવાળું.

તરલલોચના જુઓ તરલનયના.

તરલવું અ. ક્રિ. બહેકવું જવું.

તરલા ૧. પું. એક જાતનો વાંસ.
૨. [સં.] સ્ત્રી મદિરા; દારૂ.
૩ સ્ત્રી આખી; મધમાખ.
૪. સ્ત્રી. રાત્રિ.
૫ સ્ત્રી. હીરો; રત્ન.

તરલિત [સં.] વિ. પ્રજ્વલતું; ચંચળ; અસ્થિર.

તરલી સ્ત્રી. તારો.

તરલીકરણ ન. દ્રવીકરણ; દ્રવીભવન.

તરવટ ૧. પું. કણબીની જાતિનો એક જોડ.
૨. પું. આવતનો અભ્યાસપાઠ.
૩. પું. ઓઢાનો નીચેનો ભાગ; ઊમેટો
૪ પું. રાગનો સૂર.

તરવન [હિં.] પું. કાનમાં પહેરવાનું એક ઘરેણું. તરકો, કર્ણફૂલ.

તરવર ૧. [સં. તરુવર] ન. એક જાતનો છોડ. તેનાં છાલ ચામડાં રંગવામાં અને પાદડાં દેશી દવામાં વપરાય છે.
૨. ન. તળાવ, સરોવર.

૩. ન. મોટું ઝાડ; તરુવર; વૃક્ષ.

૪. [સં. ત્વરિત] અ. ત્વરાથી ઉપર નીચે સળવળ થતું હોય તેમ; સળવળ; મણ્યા જંતુઓનું ત્વરાથી ઉપર નીચે થવું તેમ.

તરવર તરવર થવું = (૧) અતિ ચંચળતામાં રહેવું; આમતેમ ત્વરાથી જવું, આવવું, ખોસવું ને બહાર પડવું; ત્વરાથી ફરફર કરવું. (૨) ઉપર ઉપર તરવાને મથવું; ઉપર ઉપર તરવું; બહમવું.

તરવરવું ૧. અ. ક્રિ. તત્પર થવું; તલપાપડ થવું; ત્વરાથી અધીરા થવું

૨. અ ક્રિ. તરવું અને તેમાં સૌથી ઉપર દેખાવું; ઉપર ઉપર તરવું; ત્વરાથી ઉપર ઉપર તરવાનો યત્ન કરવો; મણ્યા જીવનું બોકળીઆને દાણી ઉપર ઉપર તરતા રહેવાને ત્વરાથી મથવું.

૩. અ ક્રિ. સ્પષ્ટ દેખાવું

શબ્દ ઉપાડ્યા જેણ, તારા ગણવા રાતડી;
ત્યાં બે બાળા ચેન, મહમહવું મોટું **તરવરે**

દિલશંકર

તરવરાટ ૧. [સં. ત્વરા + વૃત્ત] પું ચૈતન્ય; પાણી; જોસ; તીવ્રતા.

૨. પું. તરફડાટ; ધમપછાડ; કોઈ પણ કામકાજ કરવાની અતિ અધીરાઈવાળી ત્વરિત હિલચાલ; અધીરાઈ; અકળામણ; ખૂબ હાથપગ પછાડવા ને ધમાલ કરી મૂકવી તે; બહારના પડવાને કે ઉપર દેખાવાને માટે ખૂબ હિલચાલ કરવી તે; ધાંધલ; ઉતાવળે દોડધામ કરી મૂકવી તે.

૩. પું. તરવર તરવર કરવું કે થવું તે.

તરવરિયું જિ. ચાલાક; ચંચળ; ચબળ; અધીરું.

તરવરિયું કરવું = કળકળવું.

તરવરો ૧. પું. આંખનો તેજસ્વી દેખાવ.

૨. પું. ઉતાવળે ચાલતો ઘોડો.

૩. પું. પાણીમાં તરતો તેલ વગેરેનો છાંટો

તરવંક ૧. [સં. ત્રિ. (ત્રણ) + વક (વાંકું)] ન વાંકા; વાંકાપણું.

૨. જિ. ત્રિવક્ર; ત્રણે વાંકાં અંગવાળું.

તરવાઈ સિરવાઈ [હિં.] સ્ત્રી. ઊંચી અને નીચી જમીન

તરવાડ (તરવાડ) ૧. સ્ત્રી. રાનીપરજની એ નામની એક જાત. તે તાડી કાઢવાનો અને ખજૂરાં ઉતરવાનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. જિ. એ નામની જાતનું.

તરવાડિયા (તરવાડિયા) ૧. સ્ત્રી. કોળાની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. જિ. એ નામની જાતનું.

તરવાડી (તરવાડી) ૧. [સં. ત્રિવેદી] સ્ત્રી. એ નામની બોલી, ચાલવું અને પોશાકની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. જિ. એ નામની જાતનું.

૪. જિ. ખજૂ વેતનો અજમાસ કરનાર; ત્રિવેદી.

તરવાડો (તરવાડો) પું. તાડ કે ખજૂરાં ઉતરી તેમાંથી તાડી કાઢનારો માણસ.

તરવાયો [સં. ત્રિ. (ત્રણ) + પાદ (પગ)] પું. ત્રણ પગવાળો ઘોડો; ત્રિપાઈ.

તરવાર [સં. તરવારિ] સ્ત્રી. દોઢ બે હાથ લાંબાનું ઊભેથી સહેજ વાંકું, તીક્ષ્ણ ધોધાનું, ધારદાર, કાટખૂણે મારી શકાય એવું, કમરે લટકાવવાનું એક જાતનું હથિયાર; શમશીર; અસ્ત્ર; અસિ.

૧. તરવાર ચલાવવી–મારવી = તરવાર વડે કાપી નાખવું.

૨. તરવાર પકડવી = સામે થવું.

૩. તરવાર પર હાથ રાખવો = (૧) તરવાર ખેંચવા તૈયાર રહેવું. (૨) તરવારના સોગન ખાવા.

૪. તરવાર બાંધવી = (૧) તરવારને કમર ઉપર લટકાવવી (૨) વીર બનવું; સૈનાની થવું; લડવાને અગ્રેસર થવું.

૫. તરવાર મિયાન કરવી = (૧) તરવારને મિયાનમાં મૂકવી. (૨) લડાઈ બંધ કરવી.

૬. તરવારની ધાર = તરવારનો ચકચકાટ; તરવારનો ઝળઝળાટ.

૭. તરવારની જબામાં = સારી રીતે રક્ષાયેલું

૮. તરવારની ધાર પર રહેવું = ઈષ્ટ સટોસટની બેબાકળારીએ ક્રમ કરવું; ચેતતા ને ચેતતા ખૂબ કાળજીવાળા રહેવું; મણ્યા બેબાકળામાં રહેવું; સખ્ત અમલ નીચે રહેવું; કડક અમલમાં બરાબર રહીને ફરજ બજાવવી.

૯. તરવારનું ક્ષેત્ર = યુદ્ધનું મેદાન; રણક્ષેત્ર

૧૦. તરવારનું ફળ = યુદ્ધ સિવાયનો તરવારનો બાકીનો ભાગ.

૧૧. તરવારે ત્રણ ડુબકાં હોવાં = મોટાઈની મગરૂરી કરવી.

૧૨. બે બારી તરવારે રમવું = બંને તરફ હોકડો બજાવવો; બંને પક્ષ તરફ હળી ચાલવું.

૧૩. લટકતી તલવાર = ઝળૂમતો ભય.

૧૪. લાકડાની તરવારે બહિનો ભાવો = ડોળ કે દમામથી ચલાવી લેવું; ખાલી દેખાવ રાખીને જ કામ કર્યા કરવું; ઉપર ઉપરના ખાલી દેખાવે જ કામ કાઢી લેવું; શક્તિ વગર શક્તિવાળા કામનો નિભાવ કરી લેવો.

તરવારડી (તરવારડી) ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા થાય છે. આ વેલો લાંબો અને મજબૂત હોય છે. એને ત્રણ પાનનાં ગુચ્છા આવે છે. વચલું પાન ૬ થી ૭ ઇંચ લાંબું અને બીજાં બે ૩ થી ૪ ઇંચ લાંબાં અંબરોળ હોય છે. તેમાં ઘેરા ગુલાબી રંગનાં ફૂલ અને ૫ થી ૬ ઇંચ લાંબી અને દોઢ ઇંચ જાડી શીંગ હોય છે. તેમાં વાલોળનાં બી જેવાં બી થાય છે. તરવાડી દવામાં વપરાય છે.

૨. સ્ત્રી. તરવાર. તિરસ્કારમાં બોલાય છે.

તરવારપટ્ટ જિ. તરવાર ચલાવવામાં હોશિયાર.

તરવારબાજ જિ. તરવાર ચલાવવામાં પ્રવીણ.

તરવારબાજી સ્ત્રી. તરવારની રમત; તરવાર ચલાવવાની ક્રિયા.

તરવારિ ૧. [સં.] સ્ત્રી. અસિ; તલવાર; તરવાર.

૨. સ્ત્રી. જનોઈ બાંધેલું એક હથિયાર.

તરવારિયા પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધસમ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, બે સગણ, બે જગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.

તરવારિયું ૧. જિ. તરવાર ફેરવનાર.

૨. જિ. તરવારથી રક્ષણ કરનાર.

૩. જિ. તરવારથી સજ્જ થયેલ.

૪. જિ. હિંમતવાળું; બહાદુર.

તરવારિયો ૧. જિ. પું. જાતીવાળો; હિંમતવાળો; શુરાતનવાળો; બહાદુર.

૨. જિ. પું. ઝઘડાખોર સ્વભાવનો.

૩. જિ. પું. ઝટ તલવાર લઈને સામો થઈ જાય એવો; સહેજ સહેજમાં તરવાર ખેંચે એવો.

૪. જિ. પું. તરવાર વાપરવામાં બહાદુર; તરવારથી લડનારો; તરવારથી લડવામાં કુશળ; તરવાર વાપરી જાણનારો.

એના જેવો કોઈ **તરવારિયો** અને તીરંદાજ મેં મારી આખી અવસ્થામાં જોયેલ નથી.

મહીપાલદેવ

તરવારી જુઓ તરવારિયો.

તરવાલો જુઓ તરવરો.

તરવાવું ૧. અ. ક્રિ. અતિશય મહેનતથી, તાપ કે તાપની ગરમીથી અથવા બીજા કોઈ રોગ વગેરેથી બળીને ચિમળાઈ પડી જવું.

૨. અ. ક્રિ. ભાર, જોર, ધોધી વગેરેના કારણે નબળું પડી જવું.

૩. અ. ક્રિ. તણાઈને લટી જવું; આંસુ અથવા બીજી નાકીઓનું ઢીલા પડી જવું.

૪. અ. ક્રિ. પગમાં ઠાંકરા વગેરે લાગવાથી લંગડાવું અથવા દુઃખ થવું; પગ ખાળા થઈ જવાથી દુખવું

તરવું ૧. ન. એક જાતની ખાતુ સીવું.

૨. અ. ક્રિ. એક બાજુ થવું; એક કોરે થવું.

તરી જવું = એક બાજુએ બસી જવું; બસી જઈ માર્ગ આપવો.

૩. અ ક્રિ. ઊંચે થવું; ઉપર નીકળી આવવું. જેમકે, ઠાંઠો તરી આવ્યો.

૪. અ. ક્રિ. જુદુ દેખાઈ આવવું; નોખા પડી જવું.

તરી આવવું–રહેવું = (૧) નોખા પડી જવું; જુદું પડવું. (૨) પાસ થવું; ઉતીર્ણ થવું.

૫. [સં. તૃ] અ. ક્રિ. ડૂબ્યા વિના પાણીમાં સપાટી ઉપર રહેવું; પાણીની અંદર નહિ જતાં ઉપર રહેવું. તરવું એ ગોસા મ.હેની એક કળા છે. તેથી અમાપ જળમા તરનાર બહો ને બહો બહ છે, પાણીમાં પડેલા કોઈ વસ્તુ ડૂબકો મારીને શોધી લાવે છે ને પહોરના પહોર સુધી આપત્તિકાળમાં ડૂબ રહે છે. પાંડવ કૌરવના યુદ્ધને અંતે દુર્યોધન તળાવમાં સંતાઈ બેઠો હતો તે કિ કળાનો પ્રતાપ બતાવ છે

૬. અ. ક્રિ. પાણી ઉપર થઈ ને એક તરફથી બીજી તરફ જવું; પાર કરવું; ઓળંગવું; તરી જવું.

૧. તરી ભીતરવું = સહીસલામત પાર આવવું.

૨. તરી પાર ઊતરવું = (૧) સહીસલામત ઊતરવું. (૨) સંસારની ઝોબમાળ માણી લેવી; સંસારનો લહાવો લઈ પરલા થવું; સંસારનું જોખમ ખેડી ઊલ્લા કિનારે પહોંચવું.

૩. તરી પાર કરવું = (૧) ગુનેગારને વહાણમાં બેસાડી બીજે દેશ મોકલી દેવો; દેશનિકાલ કરવો (૨) નદી કે બાડીમાંથી તરીને બીજા કોડીમા બેસીને સામે પાર જવું.

૭. અ. ક્રિ. પાણી જરાઈ આવેથી ગળવું. જેમકે, તેની આખ તરે છે, તેથી તાવ આવશે એમ જણાય છે

૮. અ ક્રિ. બચવું.

૯. અ ક્રિ. મોક્ષ મળવો; મુક્તિ મળી; તરી જવું; ભવસાગર ઓળંગી જવું; સદ્ગતિ પ્રાપ્ત થવી.

૧૦. અ. ક્રિ. સારી હાલતમાં આવવું; ઉન્નતાવસ્થા પ્રાપ્ત થવી; આબાદીમાં આવવું; નીચી ને નકારી હાલતમાંથી સારી સ્થિતિમાં આવવું.

તરવેણ [સં. ત્રિવેણી] જી. ત્રિવેણી; ત્રણ નદીનો સંગમ.

પ્રભાસમાં પ્રગટે રે તહાં બહ તરવેણ. પ્રીતમ

તરવેણી ૧. [સં. ત્રિવેણી] જી. ત્રણ નદીઓનો પ્રવાહ જ્યાં એકઠો થતો હોય તે સ્થાન. ત્રિવણી; ત્રણ નદીનો સંગમ.

૨. જી (બોલ) ત્રણ નાડીઓ ઇડા, પિંગળા અને સુષુમ્નાનો સમુદાય.

તરવેર જી. તરવાર.

ઘોડા ઘૉબારે ને તરવેર ચમકે,
ચમકે છે ભાલમા ચીજ. પ્રસ્થાન

તરવૈયાપણું ન. તરવાની કુશળતા.

તરવૈયું વિ. તરવામાં કુશળ; સારી રીતે તરતાં આવડતું હોય એવુ

તરવૈયો ૧. પું તરનાર પુરુષ

૨. પું. તરવાનો; ઘડૂચી; ત્રણ પાનની ચોડી.

૩ પું. હોડીની વચ્ચે બેસવાની ચોડી.

૪. વિ પું તરવાવાળો.

તરવોતરો પું. વિક્રમ સંવત ૧૮૦૩માં પડેલો દુકાળ

તરસ ૧. જી. તીવ્ર ઇચ્છા; અમુક વસ્તુ માટે અંદરની સ્વાભાવિક માગ; આતુરતા; લાલસા, ઉત્કંઠા; રટણા; આશા.

૨. [સં. તૃષા; પ્રા. તિસા-તંરિસા] જી પાણી પીવાની ઇચ્છા; સોસ; પાણીની ભૂખ; તૃષા; પાણી પીવાની ઇચ્છા; તરસ; પ્યાસ. ભૂખની પેઠે તરસ પણ સ્વાભાવિક વેગ છે. કોઈ તથા કોઈ સુકાવા આદે એ તેની નિશાની છે. તરસને રોકવાથી કોઠામાં હોસ પડે છે, સાંજગળાની ગ્રંથિ ઓછી થાય છે, ચામડી સૂકે છે અને છાતીમાં પીડા થાય છે, એમ આયુર્વેદશાસ્ત્રનું માનવુ છે.

તરસાહો [તર (બીજું) + સોહર (પ્રભુ)] પું ભાટો

અમે ચડ્યા સકાર, મારેલ મરપલો;
તેના જેવા તરસાહા, સાહિબાના સૂરતા. ભોજકસાહિત્ય

તરસ્યું ૧. જી ન. વ. તરસ; પ્યાસ.

૨. વિ. જેને તરસ લાગી હોય એવું; પ્યાસુ. તરસવાળુ.

તરસ્તોહ ૧. [અ. રસ્તહ (તે બહાર નીકળવું)] પું. મોટો ચોડો વરસાદ.

૨. પું. નીતરવું તે.

૩. પું. પરસેવા વગેરેનું બહાર નીકળવાપણું.

૪. વિ. દેખીતું.

તરસ્તોહ થવુ = (૧) ટપકવું. (૨) દેખાવુ.

તરસ ૧. પું. ક્રોધ.

૨. [હિ.] પું. દયા; કરુણા; રહેમ.

તરસ ખાવી = દયા બતાવવી

૩. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર.

૪. [સં. તૃષા] જી પાણી પીવાની ઇચ્છા; તરસ; પ્યાસ.

૫. [ફા. તરસીદન (બીવુ)] જી. ભય; બીક.

૬. જી લાલસા, તીવ્ર ઇચ્છા; આતુરતા.

૭. ન. એક જાતનું પક્ષી.

૮. [સં. તરસ] ન. તીર; ઠાંઠો.

૯. ન. ઠારી બાનાઈ એક બિકરાળ જંગલી પ્રાણી; મરખ. આ પ્રાણી કુતરાના વર્ગનુ, તેના જેવું ને તેના જેવા કાંબા મોંનું હોય છે. તેનો રંગ બદામી ને પૂછડી વાળવાળી ટૂંકી હોય છે આ જનવર ડુંગરાળ પ્રદેશમાં વસે છે ને રાત્રે શિકારની શોધમાં નીકળે છે તેનો મુખ્ય ખોરાક પડી રહેલા અને સડેલાં મુડદાં છે. મુડદાંની શોધમાં તે રમશાનમાં રખડે છે અને મૂએલાં પ્રાણીને નાશી જાય છે. તેના પાછલા પગ બરાબર વળેલા હોય છે, તેથી આગલો ભાગ બહો ઊંચો દેખાય છે. તરસને બાર નહોર, દાંત પણ મજબૂત, આખા શરીરે આડાઅવળા ચિઓટા અને એનું હાડું મજબૂત હોઈ તે બારે બિકારને વસગ્રહી કહે છે. મૂએલ નાના બાળકની લોથ ખેંદી તેને ખેચી જાય છે, તેથી તેને બોરખોદિયો પણ કહે છે. બોટું તરસ બહુ તો નાના બળદ જેવું હોય છે. તરસની મરબી સાબાના કરડવાળાને માટે ઉત્તમ મનાય છે.

૧૦. ન. બળ

૧૧. [સ.] ન. માંસ.

૧૨. ન. ગોત્ર.

૧૩. ન. વહાણ.

૧૪. ન. વેગ.

૧૫. વિ. બળવાન.

૧૬. વિ. રોગી

૧૭. વિ બંધાયેલુ.

૧૮. અ. સત્વર; ક્ષિપ્ર; શીઘ્ર

આવ્યુ તરસ સહસા ઝટિત,
ત્વરિત વૂર્ણ દુત હોમ;
ઝબર શીમ ને ક્ષિપ્ર બધુ,
તર રપ રંહસ સોમ. પિંગલપ્રકાશ

તરસતિયું ન. બખરણીવાળા ઓના માથે મૂકવાનું એક બરેલું; બખરણિયાત ઓને પહેરવાનું બાબાનુ એક બરેલું.

તરસલડી (તરસલડી) જી. તરસ; તૃષા.

બાગની બાટે મુને તરસલડી લાગે,
સામળા બાવું બગાવ, બાગડ બબું.

ભોજકસાહિત્ય

તરંગ

તરસવું ૧. અ ક્રિ. કોઈ વસ્તુના અભાવથી આકુળ હોવું; અભાવનું દુઃખ સહન કરવું.
૨ [સં. तृष्] અ. ક્રિ. બહુ જ આતુર રહેવું. તલસવું; ઉત્સુક રહેવું; વલવલવું; આતુરતાથી ઇચ્છા કર્યા કરવી, તલપાપડ થવું.
૩. અ ક્રિ. ભય પામવો; ત્રાસવું.
૪. અ. ક્રિ. વેર લેવાને ઢાંપી રહેવું.
૫. સ. ક્રિ. દયા આવી

તરસંકાહરા ૧. સ્ત્રી. બાણિયાની ગોરાણી માહેની એક જાત
૨ ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

તરસા ૧. સ્ત્રી. તૃષા; તરસ; પ્યાસ.
૨. સ. જલદી; ઝટ.

તરસાડ (તરસાડ) સ્ત્રી તાડ કે ખજૂરનાં પાંદડાં; ઝાવલી.

તરસાડું (તરસાડું) ન. તાડનું પાંદડું; ઝાવલી.
તરસાડાનો તાપ ને બતરાનો બાપ = ઘડીકનું ક્ષણપણું; બહુ થોડી વાર ટકે એવી બાબત.

તરસાન [સં.] પું. નાની હોડી; નૌકા.

તરસાહું જુઓ તરસાળું.

તરસાવવું ૧. સ. ક્રિ. પાણીની તરસ બનાડવી.
૨. સ. ક્રિ. તરસવાની ક્રિયા કરાવવી.

તરસાવું અ ક્રિ. તરસવાની ક્રિયા થવી.

તરસાળું ૧. ન. અંદાજ
૨. ન. છેવટનો નિકાલ; પરિણામ.
૩. ન. નીચેનું તળિયું, નીચલો પરિણામી ભાગ; અંત; છેડો.

તરસાળે અ. છેવટે; આખરે; પરિણામે, આખર સરવાળે.
તરસાળે ખોટ ન હોવી = એકંદર છેલ્લે સરવાળે નુકસાન ન હોવું.

તરસાળો ૧. પું. અંદાજ; છેલ્લો પરિણામી આંકડો; છેલ્લો ગુણાકાર કે અંત
૨. પું તાત્પર્ય; તાર્તમ્ય; છેવટનું પરિણામ.

તરસાંજી સ્ત્રી. સાંજ.

તરસી ૧ સ્ત્રી (સંગીત) એ નામની એક રાગણી.
૨. સ્ત્રી. મૂડી; પૂજી; થાપણ.

તરસીર ઝહાલ ન. નીલગિરિ પર્વત ઉપર વસતી ટોડા નામની જાતનું એ નામનું એક તાડ.
ટોડા જાતિમાં બે તાડ છે: (૧, દેવાલયવાળ અને (૨) તરસીર ઝહાલ. થકર

તરસીંગ પું. પોડો.

કહેવાથી દે આવે.
મહા લોભ તરસીંગ. દહો

તરસુ સ્ત્રી. તૃષ્ણા; આશા.

તરસુળ ન. ત્રિફળા.

તરસ્યાં [હિ.] અ ત્રણ અથવા ચારના ગાળે દિવસ

તરસ્કાર પું. તિરસ્કાર, ધિક્કાર
સૈનાપતિનો અસત્ વસ્તુઓ લેવા માટે **તરસ્કાર** કરે એટલે તે સત્રીઓ લાલચ આપીને રાજાને મારવાની વાત એક બે અબલાને બાતમીમાં કહેવરાવે. પુરાતત્ત્વ

તરસ્થાન ૧. ન. ચડતાં કે ઊતરતાં વચ્ચે બેસવાની જગ્યા.
આર્યમા ડેકાલે ડેકાલે **તરસ્થાન** હતા. સરસ્વતીચંદ્ર
૨. [સ] ન દાણા લેવાનું સ્થળ; દાણા લેવાની જગ્યા.
૩. ન. પક્કો; કુરચ્ચે; બંદર.

તરસ્યું ૧. સ્ત્રી વ. ક. તરસ.
કૂવાને કાંઠે હવા આવે ડોકાય,
પણ જોરે **તરસ્યું** ન જાય,
પીપા વિણની પેરસા. લોકસાહિત્ય
૨. વિ. જેને તરસ લાગી હોય એવું; પ્યાસું; પાણી પીવાને ઇચ્છતું; પાણીનું ભૂખ્યું; તરસવાળું.
લોહીનું **તરસ્યું** = (૧) દુઃખ આપ્યા કરે એવું. (૨) લોહી પીવાને આતુર.

તરસ્વિતા [સ] સ્ત્રી. તરસ.

તરસ્વી ૧. [સં. तरस्विन्] વિ. બળવાન.
૨. વિ વેગવાન.

તરસ્સુદ [અ] પું આશા.

તરસ્સુલ [અ.] પું. સહેલાઈથી કરવું તે.

તરહ ૧ [અ] સ્ત્રી. આકાર.
૨ કા એક પ્રકારની ખૂટી, બિલ્લીલોટન.
૩. સ્ત્રી (સંગીત) કવિતાની રાગ કે ઢબ.
૪ સ્ત્રી જાતી.
૫. સ્ત્રી ઢબ; રીત; રીતિ; પ્રણાલી.
૧ ઇસ તરહ-તરહસે = આ પ્રમાણે; આ મુજબ.
૨ કિસ તરહ = કઈ રીતે.
૩. કિસી તરહ = ગમે તે પ્રકારે.
૪. તરહ દેખાડવી = અસર કરવી.
૫. તરહ દેવી = (૧) આંખ આડા કાન કરવા. (૨) દરકાર ન કરવી.
૬. ખૂટી-બે તરહ = ખરાબ રીતે; નિર્લજ્જપણે.

૬. સ્ત્રી. તરેહ; જાત; જાત; પ્રકાર;
૧. તરહ બ તરહ = જુદી જુદી જાતનું; જાતભાતનું.
૨. તરહતરહનું = જુદી જુદી જાતનું; વિધવિધ.
૭. સ્ત્રી. દશા; અવદશા; હાલ; સ્થિતિ.
૮ સ્ત્રી. પામો.
૯ સ્ત્રી. ફેંકો દેવું તે
૧૦. સ્ત્રી. બનાવટ; રૂપરંગ.
૧૧. સ્ત્રી યુક્તિ; ઉપાય; ઇલાજ.
૧૨. સ્ત્રી. યોજના.
૧૩. સ્ત્રી. સૌંદર્ય.
૧૪. ન. લીલું શાક; લીલોતરી.
૧૫. અ. માફક.

તરહક પું. તીર રાખવાનો ભાથો
આપ ખૂટયાં **તરહક** માહ્યાં તીર રે,
આપને સ્નેહ રોળીમો.
રઢિયાળી રાત

તરહખુર્રા ન. ખુરાસાનમાં થતું એક જાતનું ઝાડ.

તરહરવું ૧. અ. ક્રિ. ઘણી વાર સુધી ટકવું.
૨. અ. ક્રિ. જાળવું.
૩. અ ક્રિ. પમવું.

તરહળી ૧. સ્ત્રી. ઘરનું ભોંયતળિયું.
૨. સ્ત્રી તળેટી; પર્વત આગળનો પ્રદેશ.
૩. સ્ત્રી. નદીનો પટ.
૪. સ્ત્રી. પડ; આસપાસનો પ્રદેશ.

તરહદાર ૧. [અ.] વિ. ઝોખીન.
૨. વિ સુંદર; દેખાવડું; સુંદર બનાવટનું.

તરહદારી [અ.] સ્ત્રી. સૌંદર્ય; સારો દેખાવ; સુંદરતા.

તરહવાર વિ તરેહવાર; જાતજાતનું.

તરહસાઝ પું. કવિ.

તરહસે અ. અજબ.

તરહારે ન. કમુંનો ભરેલ પાત્ર.
કમુના પીવાતા હતા, **તરહારની** વાહ્યો ચલી હતી. હરદાન

તરહાવું અ. ક્રિ. જાળવું; પમવું; ઘણી વાર સુધી ટકવું.

તરહોંદ વિ. સોંસરું; આરપાર.

તરહ્કુમ [હિં.] પું. દયા.

તરળ ૧. ન. ઝોલેરા; ઝોલણિયું.
૨. વિ. ચપળ.

તરંગ ૧. પું. અતિ આનંદ; કલ્લોલ.
૨. પું આંદોલન.
૩. પું. ઊર્મિ; એકદમ થતી લાગણી.
૪. પું. એક જાતનો વાજું.

૫. [સં.] પું. ઘોડાની કૂદ; ઘોડાનું કૂદવું તે; ઘોડા વગેરેની ઝંઝ.
૬. પું. ઘોડાનો પાછલો ભાગ; પૂઠ્ય અને કટની વચ્ચેનો ભાગ.
૭. પું. ઘોડો.
૮. પું. ચિત્તનો ઉમંગ; મનની મોજ; ઉત્સાહ કે આનંદની અવસ્થામાં સહસા ઊઠતો વિચાર.
૯. પું. પ્રકરણ.
રાજતરંગિણીના ત્રીજા તરંગમાં નીચેનું વર્ણન છે. પુરાતત્ત્વ
૧૦. પું. અલંકારદર્શક કેખાવાપત્રું; હોજ્ડ ટેસ.
૧૧. પું. ભાગ.
૧૨. પું. મનનો ઘુંટો; ખ્યાલ; કલ્પના; તર્કશક્તિ; કાલ્પનિક વિચારોનાં આવર્તન; તર્કવિતર્ક, વિચારલહરી.
તસ્ય મુહુરંગલુ દસહિસનિ,
કેસ હિસતા સંખ.
આવઇ જા૫ રસાલમણુ,
કરલિ રંગ તરંગ.
મંગલસૂરિ (તેરમી સદી)
તરંગે ચડવું = લહેરે ચડવું; કાલ્પનિક વિચારોને ખરા જેવા માની ખીલવું; અનમનિયમની કલ્પનાઓ કરવી; ખ્યાલની વાતમાં આનંદ લેવો.
૧૩. પું. મોજું; ઘોઘ; ઝોળ; પાણીની લહેર; પાણીનો હિલોળો; વીચિ.
ચંદ્ર તરંગ સમોહ અને વીચિ ઊર્મિ નામ,
લહરી હાથ પસારીને યમુના પરસે ધામ.
વિજયસાગરોપ
૧૪. પું. લહેર; પવનનું મોજું.
૧૫. પું વેગ; ઝપકું.
૧૬. પું. (સંગીત) સ્વરનું ચડવું ઊતરવું તે; સ્વરલહરી; સ્વરોનો આરોહ અવરોહ.
૧૭. વિ. સ્થાયી ન હોય એવું.

તરંગક ૧. [સં.] પું. પાણીની લહેર; મોજું; હિલોળો.
૨. પું (સંગીત) સ્વરલહરી, સ્વરનું ચડવું ઊતરવું તે.

તરંગગતિ [સં.] સ્ત્રી. મોજાંની પેઠ.

તરંગતુંગ [સં.] ન. તરંગશિખર; મોજાંની શિખા અથવા ટોચ.

તરંગપદ્મ [સં.] પું. મોજાંની લહરીની સપાટી.

તરંગભંગ [સં.] પું. મોજાંઓનું વિલય થવાપણું.

તરંગમાલી [સં.] પું. ચૌદમા મનુનો એ નામનો એક દીકરો.

તરંગમય ૧. વિ. મોજાંવાળું.
૨. વિ. વિચારથી ભરેલું.

તરંગમાલા ૧. [સં.] સ્ત્રી. એક પછી એક આવતા વિચારો; વિચારોની પરંપરા.
૨ સ્ત્રી. મોજાંની હાર.

તરંગમાળા જુઓ તરંગમાલા.

તરંગરાજ [સં.] પું. સમુદ્રનાં મોટાં મોજાં.

તરંગલીલા [સં.] સ્ત્રી. મતિલીલા; કલ્પના લાસિલ્ય; કલ્પના.

તરંગવક્ર [સં.] પું. સતતવક્ર; મોજાંનું વક્રીભવન.

તરંગવતી ૧. [સં.] સ્ત્રી. નદી; તરંગિણી.
૨. વિ સ્ત્રી. તરંગવાળી, મોજાંવાળી.
જગપાવનિ તીર્થ તરંગવતી,
વહ અહ્નની રો પીસરામ કરી.
કાન્હડદેપ્રબંધ

તરંગવદની ૧. સ્ત્રી. નદી.
૨. વિ. સ્ત્રી. તરંગોથી છવાયેલા વદનવાળી.

તરંગવાહ [સં.] પું. તેજની ગતિ મોજાંના જેવી હોવાનો મત.

તરંગવાહી [સં. તરંગવાહિન્] વિ. તેજ લહેરની ગતિથી ચાલે છે એવો મત પરાવનાર; તેજની ગતિ મોજાંના જેવી છે એવા મતવાળું.

તરંગવિદ [સં. તરંગવિદ] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

તરંગવિસ્તાર [સં.] પું. મોજાંની હદ.

તરંગવૃત્તિ [સં.] સ્ત્રી. કલ્પના; વૃથા તરંગ.
કલ્પનાના મુખ્યત્વે સાધારણ તથા તરંગવૃત્તિની કહેવતકાર ગણના નથી એમ નથી.
હિ. ગ. અંબારિયા

તરંગશિખર ન. ફીણ; તોરો.

તરંગશીલ [સં.] વિ. તરંગોથી ભરપૂર.

તરંગસરિતા [સં.] સ્ત્રી. વિચારરૂપી નદી.

તરંગસિદ્ધાંત જુઓ તરંગવાદ.

તરંગસૃષ્ટિ [સં.] સ્ત્રી. કલ્પનાસૃષ્ટિ; મનોરાજ્ય.

તરંગાકાર [સં.] વિ. મોજાંના આકારનું.

તરંગાભાસ [સં.] પું. મોજાંનો ખોટો દેખાવ; મૃગજળ.

તરંગાલિ [સં.] સ્ત્રી. નદી.

તરંગાવલિ ૧. [સં.] સ્ત્રી. કલ્પનાની હાર; તરંગો ઉપર તરંગો.
૨. સ્ત્રી. તારાનો સમૂહ.
૩. સ્ત્રી. મોજાંની હાર.

તરંગિણી ૧. [સં. તરંગ (મોજું) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. જેમાં તરંગ ચાલતા હોય એવી લહેરોવાળી નદી; સરિતા.
સરિતા ધ્વનિ તરંગિણી તટિની કાદિની કોઈ;
ઓતા અવની નિમ્નગા આપગા દ્વિરેફા જોઈ.
વિજયસાગરોપ
૨. સ્ત્રી. તળાવડી
૩. વિ સ્ત્રી તરંગવાળી
૪. વિ. સ્ત્રી. વિચારવાળી.

તરંગિત ૧. [સં.] વિ. ચપળ; ચંચળ; ઝૂલતું.
૨. વિ. તરંગવાળું; મોજાં પડતાં હોય એવું; મોજાં જેવું ચાલતું; લહેરો આતું; હાલતું; મોજાંવાળું

તરંગિની જુઓ તરંગિણી.

તરંગિયું ૧. ન. ઘોડાના સામાનનો એ નામે એક ભાગ.
૨. વિ. તરંગવાળું.

તરંગિલી વિ સ્ત્રી. તરંગવાળી.
વિશ્વાસ્યો અવતારિણી,
નવરંગિલી ઈ તરંગિલી. ઝવેર

તરંગી ૧. [સં. તરંગિન્] પું. સમુદ્ર; દરિયો.
૨. વિ. આકર્ષ સૃષ્ટિમા વિહાર કરનાર; કલ્પનાઓ કરનાર; તરંગો એટલે કલ્પનાઓ કર્યા કરનાર.
૩. વિ. કાલ્પનિક; કલ્પનાવાળું
તરંગી મનને તે સંસારની સ્થિતિને સહજ અને પરિચિત છે, તેમા વ્યાવહારિક મન બોલી વાર પણ રહી શકતું નથી. મણિલાલ નભુભાઈ
૪. વિ. ઠોકાયમાન; આસમતેમ ઝલતું; કલ્પનાત્મક.
૫. વિ. બેપરવા; કોઈની દરકાર ન કરે એવું.
૬. વિ. મનના તરંગ પ્રમાણે વર્તનારું; મનમોજી; જેમ મનમાં વિચાર આવે તેમ કરનાર; એક વિચાર કે નિશ્ચય ઉપર દૃઢ નહિ રહેતાં જેમ જેમ જુદા મનમાં ઊઠે તેવા તેવા રંગમાં આવું જણ એવું; કલ્પના ને અભાવ ઉપર કામ કરનાર; અભાવી; જેવો વિચાર આવે તેવા રૂપમા તરાવે જણ એવું; અદ્દલ કે બરાબર મનનું; મનમાં આવે તેમ કરે એવું; મનસ્વી; રખ્ખડી, વાયલ.
૭. વિ. મોજી; લહેરી; આનંદી.
૮ વિ. લહેરવાળું; મોજાંવાળું.
કદી રાત ને કદી તરંગી, છબનસરિતા અનેકરંગી,
નિયમે બહેતા બહેવું પ્રમાણે, ઇત્ત મનની વાતવારે.
ચંદ્રશંકર
૯. વિ વાસનાપ્રધાન; ઊર્મિલ.
૧૦. વિ. વિચારવાળું.

તરંગીપણું ન. તરંગી હોવું તે; તરંગવાળા હોવાની સ્થિતિ.

તરંગીપ્રવાહ પું. મોજાંનો પ્રવાહ; ઊંચે નીચે ઊછળતાં મોજાંનો પ્રવાહ.

તરંગીપૂત્તિ સ્ત્રી. અસ્થિર મન, મનની ચંચળ સ્થિતિ.

તરંગોર્મિ [સં.] સ્ત્રી. મોજાંનો ઊછાળો.

તરંચો પું. બાકડાનું માપ કાઢવું તે.

તરંજબીન [ફા.] પું. લીંબુના રસ વગેરે સાથે મેળવેલું મધ.

તરંડ ૧. [સં.] પું તે નામે એક રેશા.
૨ પું.,ન. માછલાં પકડવાની ટોરી બાંધવાનું બાકડું.
૩. પું.;ન. વહાણ; નૌકા; હોડી.

તરંડક ૧. [સં] પું. (વહાણવટું) તરાપો.
૨. ન. તે નામે એક નીવ.

તરંડપાડા [સં.] સ્ત્રી. એક જાતની નાની હોડી, તરંડી.

તરંડી જુઓ તરંડપાડા.

તરંત ૧. પું. ધૂમસ.
૨ [સં.] પું ભક્ત.
૩. પું રાક્ષસ
૪ પું વરસાદનું ઝાપટું.
૫. પું વહાણ
૬ પું. સમુદ્ર.

તરંતરા ૧. સ્ત્રી. ખૂબ તરવું તે
૨. વિ. પુષ્કળ વીંધાળું. જેમકે, ચૂનમુ વીંધી તરંતરા કર્યું.
૩. અ. તર એટલે ભરેલુ હોય એમ; ખૂબ તર; તરબતર.

તરંતી ૧. સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ; તરતી.
૨. [સં.] સ્ત્રી. હોડી; નૌકા; વહાણ; કિસ્તી.
૩. વિ સ્ત્રી. અધર કલ્પનામાં રેખાની

તરંતુક [સં.] પું. મહાભારતના સભાપર્વનું એક નામનું એક પ્રાચીન તીર્થસ્થાન.

તરંદમ ન. ભરતખંડમાં અગાઉ વપરાતું એક જાતનું કાપડ. આ કાપડ મુખ્યત્વે મુસલમાનો વાપરતા એમ કહેવાય છે.

તરંબુજ [સં.] ન. તરબૂચ; મતિરંગુ.

તરા ૧. સ્ત્રી ભરસો; સમય; વખત.
હરણમાંથી તે તરામાં વિમલ આવ્યું.
જીવતોરામનું રામાયણ
૨. સ્ત્રી. એ નામનો એક ગ્રહ.
૩. સ્ત્રી. એક જાતનું તેલી બી.
૪ જાં તરેહ, જાત.
દેવળનો આકાર હિંદુસ્તાનના બીજા ભાગો કરતાં નવી જ તરતનો છે. પુરાતત્ત્વ
૫. સ્ત્રી. (કન્ડી) તગાવ.
૬. [હિં.] સ્ત્રી. તળિયું; ઊંચે નીચેનો ભાગ; તળ.
૭. સ્ત્રી. દરકાર; પરવા; જરૂર.
૮. [ફા.] સ્ત્રી. ભાજીપાલો; વનોતરી; શાકભાજી.
૯. સ્ત્રી. માંસ.
૧૦. સ્ત્રી. બાકડી વાડી ઉપર નખાતો કર.

તરાઈ ૧. સ્ત્રી. (કન્ડી) તળાવડી.
૨. [સં તારા] સ્ત્રી. તારા; નક્ષત્ર.
૩. [હિં.] સ્ત્રી. પર્વતની તળેટીનો પ્રદેશ; તળેટી; પર્વતની નીચેનું મેદાન, જ્યાં વરસાદનું પાણી ઘણા દિવસ સુધી એકઠું થઈ રહે છે.
૪. સ્ત્રી. ખરી ફરી વળેલી નીચી જગ્યા જેના ઉપર ડાંગર થાય છે.
૫. સ્ત્રી. મેલ્યાણી જગ્યા
તરાઈ ખેવા = પાણીમાં કે પાણી નજીક રહેવું તે.
૬. સ્ત્રી વહાણ; હોડી

તરા એ આજ્ઞા ન. એક જાતનું કરિયાણું.

તરાક (તરાક) ૧. [ફા.] સ્ત્રી. તરક; ફાડ; ચીરો.
૨ [સં. તકુંરી (રોટિનો)] સ્ત્રી. સૂતર કાંતવાની રેંટિયા માંહેની લોખંડની સીધી અણીદાર સળી; ત્રાક; તકું. તેના ઉપર સૂતર વીંટાળવામાં કરે છે.
તરાક કરડાવી = ત્રાક વાંકી વળી જવી.

તરાકડી (તરાકડો) ૧. સ્ત્રી. ત્રાજવાની દાંડી.
૨. સ્ત્રી નાની ત્રાક.

તરાકૃમ [અ.] પું. એકઠું કરવું તે.

તરાખીસ ન. તપાસ.

તરાગ ૧. પું. છેડો; અંત.
૨. પું. ઘેરો.
૩. સ્ત્રી. નળી ભરવાની લોખંડની સળી.

તરાગડિયા (તરાગડિયું) ૧. સ્ત્રી. જનોઈ પહેરનારા સોનીની એક પેટા જ્ઞાત.
૨. ન. એ નામની પેટા જ્ઞાતનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતનું.

તરાગડી (તરાગડો) ૧. સ્ત્રી. ત્રાજવાની દાંડી.
૨. સ્ત્રી. ત્રાજવું; તાજૂરી; નાનું ત્રાજવું.
૩. સ્ત્રી. નાની તરાક.

તરાગડો (તરાગડો) ૧. પું. જનોઈ. તિરસ્કારમાં વપરાય છે.
૨. પું. તાંતણો; તાર; સૂતરનો દોરો.

તરાજવું [ફા. તરાજૂ] ન. ત્રાજવું; તોળવાનો કાટો.

તરાજુ જુઓ તરાજૂ.

તરાજૂ [ફા. તરાજૂ] ન. ત્રાજવું; કાંટો; તોળવાનું યંત્ર; તુલા; દાંડીતુલા.

તરાઝ [અ.] પું. કિનારો; કોર.

તરાજૂ [ફા.] ન ત્રાજવું; તોળવાનું યંત્ર.
૧. તરાજૂ થઈ જવું = તીર બરાબર મારવું.
૨. તરાજૂ થવું = બરાબર જોખાવું.

તરાજૂક સ્ત્રી. ત્રાજવું; તુલા.

તરાટિયું ન. સાંઠીનું બનાવેલું કલતરું.

તરાડ (તરાડ) ૧. પું. તડ; ફાડ; ચીરો; ભેજ; તાડકો.
. તરાડ આવો = ભેજ બનવો.
૨. સ્ત્રી. તરડ; ફાટ; ચીરો.
૩. સ્ત્રી. ફાડ; મોટી ભૂમ; રાડ; બરાડ; ત્રાડ; બબડાટ; ચીસ.

તરાડવું (તરાડવું) અ. ક્રિ. બરાડો પાડવો; ભૂમ પાડવી બાંટો કાઢવો; ત્રાડ નાખવી; ત્રાડવું; ત્રાડના કરવી; રાડ નાખવી; મોટેથી બોલવું.

તરાડો (તરાડો) પું. ભૂમ; રાડ; ત્રાડ.

તરાણ ૧. પું. વિમોટી; આહાર.
૨. ન. ખેવાણ; ખેપ.

તરાણા [સં. તરાના] પું. એક જાતનું બાજનું તરાના.

તરાણ્યો [ફા. તરાના (રાગ રાગણી)] પું રાગ; ગાયન.

તરાતર સ્ત્રી. ચારેવાર તર્યા કરવું તે.

તરાતેજક [ફા.] પું. ભગીચામાં મેદી રોપવાની કોતર.

તરાદડ (તરાદડ) ૧. [અ.] પું.. પાળા બાંધવું તે.
૨ વિ. બમણો ભાર ઉપાડે એવું. ખેપ માટે વપરાય છે.
૩. વિ વચમાં બંધાણ ન પડ્યું હોય એવું.

તરાના ૧. [ફા.] પું. ગાયનનો બબ્બાસપાડ.
૨. પું. (સંગીત) ચતુરંગ પદ્ધતિના ચાર ભાંડેનો એ નામનો એક ભાગ. તે જુદા જુદા તાલમાં ગવાય છે. તેમાં દમ્મો ના, ના, તા, રે, દાની, જોદાની, તાનોમ, વલ્લી, વલુંમ, તદરે દાની એવી જાતના હોય છે. બહાદુર હુસેનખાં, તાનસરખાં અને નથુખાંના બનેક તરાનાઓ પ્રસિદ્ધ છે.
૩. પું. રાગ; સૂર.
૪. સ્ત્રી. (સંગીત) એ નામની એક પદ્ધતિ.

તરાનાપર્દાઝ [ફા.] પું. ગાયન બનાવવું તે.

તરાનો ૧. [ફા. તરાના (રાગ)] પું. એક તરેહનું ગાયન; એક જાતની રાગણી.

૨. પું. (સંગીત) તિહાનો
નામનમા શબ્દોને બદલે જ્યારે દરદર તનતન, દીમદીમ તદાની જેવા શબ્દોનો ઉપયોગ કરવામા આવે ત્યારે તેને તે નામનો તરાનો કહે છે.
હિંદુ સંગીતવિદ્યા

તરાપ ૧. સ્ત્રી. કુદકો; ઠેકા; ઉલંગ.

૨. સ્ત્રી. કોઈ વસ્તુ પકડી લેવા એકદમ તેની ઉપર હાથ નાખવો અથવા ઝપટવું તે; એકદમ કોઈ ઉપર કૂદી પડવું અથવા ઝપટ મારવી તે; પસારો, ઝપટ; એકદમ મારેલી ઝૂટ; ઝડપ; તલપ.
તરાપ મારવી = એકદમ પસારો કરવો; ઝપટ બતાવવી; ઊઠળી પડવું.

તરાપો ૧. પું. એકબીજાને આશ્રયે જોડાયેલો સમુદાય; એકસાથે જોડાયેલો સમૂહ; મંડળ, સમવાયજર તરવાને એકસાથે જોડાયેલું કુદરતી સ્ત્રી, પુરુષ ને તેમનો પરિવાર વગેરે સાથ, અટકો; સંસાર.
તરાપે કૂબવો-બાંધવો-ચેરાવો = એકસાથે જોડાયેલાં બળાબાનું મુખ્ય બળ રહેવું, સમાર બાંધવો; મંડળ કે કુટુંબનું ટકી રહ્યું; સંસારસાગરમાં હેરૂપ તરાપો કૂબી જઈ પૂરબાણી થઈ જવો; જેના આધારથી બધો પહેચાર ચાલતો હોય તે ઢળી જવો. કોઈ જુવાન પુરુષ સુબરી બળ અને તેની પહચાને કોઈ ન હોય ત્યારે તેની સ્ત્રીને વિષે બોલતાં એમ વપરાય છે કે તેનો તરાપો કૂબી ગયો.

૨. પું. માટામાં પકડા બાજણ ઊભાં ને બાબાં રાખવામાં આવતાં લાકડાં માટેનું કરેડ.

૩. [સા. તર (બીનું) + આબ (પાણી)] પું. પાણીને હેલકારે છૂટાં પડી બળ નહિ પણ એકસાથે જ તરતાં રહે તે માટે બબાંક લાકડાં કે વાસને એકબીજાની સાથે બાંધીને બનાવેલો પાટ; વાસ કે લાકડાંને એક એકની સાથે બાંધી લઈને બનાવેલો પાણીમાં તરે એવો સપાટ ભારો; એકસાથે જોડાઈ રહીને તરતાં લાકડાંનો પાટ જેવો પાટ; વાસને દોરડીથી સીકડીને પાણી ઉપર તરાવવાને બનાવેલી વસ્તુ; બાબો; વાસ અથવા લાકડાંને દોરડાથી સાથે સીકડી બનાવેલો પાણી ઉપરનો તરાવવાનો પાટ.

૪. પું. બે હોડીને દોરડાથી સાથે બાંધીને તરતી કરી હોય તે રચના.

તરાફરોશ (તરાફરોશ) [સા.] પું. લાકડાંજ વેચનાર બાદમી; બકાલા

તરાફશા પું. દરજી લોકોનો એ નામનો એક કબીલો.

તરાફો [સ. તરી] પું. એક પ્રકારનું નૌકાયાન.

તરાબહુસ [અ.] ન. દ્વિપોલિનુ એ નામનું ગલેર.

તરાબુર પું. વિચાર.

તરાબોર [હિ.] વિ. તરબોળ; સાવ ભીંજાયેલું.

તરામ અ. અબબ અને કિબાબને બાબતો અધિકતાદર્શક પ્રત્યય.
તર બાને તમ પ્રત્યય સંસ્કૃતમાં વિશેષણ ઉપરાંત નામ, અવ્યય અને ક્રિયાપદને પણ લાગે છે; અવ્યયને અને ક્રિયાપદને લાગે છે ત્યારે તેનુ તસમ્ અને તમામ થાય છે. બૃહદ્ બાકબમ્

તરામજ ન. તારી બાપવા બદલાનું મહેનતાણું.

તરામણી જુબો તરામજ.

તરામણું ૧. ન. કબારાને માટે પાણી.
૨. વિ. તરવું પડે એટલું; તરીને બવું પડે એટલું; ઘણીપૂર બાવવા તેથી વધારે ઊંડું.
૩. વિ. તરી શકાય તેટલું.
૪. વિ. ચોકું; કૂબકું.

તરાર ૧. સ્ત્રી. (કચ્છી) તલવાર.
૨. વિ. ઝડપી.

તરારું ૧. ન. ગમારે કમાબેલું ઘબડું ગામડું.
૨. ન. તંબૂરા વગેરે ઉપર જડવાની બીલી.
૩. ન. ગીતના રટણ માટે રાબેલી કરંડીની દીવાલ.

તરાલ ૧. સ્ત્રી. બીલની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માબૂમ.
૩. વિ એ નામની જાતનું

તરાલુ [સં.] પું. એક જાતની હોડી.

તરાવ પું. તરવું તે.

તરાવટ ૧. [હિં.] સ્ત્રી, કલાંત ચિત્તને સ્વબ્ય કરનાર શીતળ પદાર્થ; કરીરની ગરમી શાંત કરનાર બાહાર વગેરે પદાર્થ.
૨ સ્ત્રી. ઠંડક; શીતળતા.
૩. સ્ત્રી. બીનાશ; બાદેશ; ભેજ.
૪. સ્ત્રી. ગેબ; બબાવટ; ચોબા; રોનક.
૫. સ્ત્રી. લહેજત. કેમકે, બાનપટ્ટીની બરી તરાવટ બાવી છે.
૬. [અ. તરાવત (તાજગી)] સ્ત્રી લીલુછમ ચોબાબટ્ટ; તાજગી.
૭. સ્ત્રી સિનબ્ન ભોજન.

તરાવડિયા (તરાવડિબા) ૧ સ્ત્રી. કબૂતરીની એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું બાબૂમ
૩. વિ. એ નામની અટકનું

તરાવત ૧. સ્ત્રી. પ્રેરણા; તાકાત; શક્તિ; ચેતના; સ્ફૂર્તિ.
૨. સ્ત્રી. ચીકાશ.
૩ [અ.] સ્ત્રી. તાજગી; તાજબટ્ટ; લીલુછમ ચોબાબટ્ટ

૪ સ્ત્રી. ભેજ.

તરાવવું ૧. સ. ક્રિ. તરતું મૂકવું.
૨ સ. ક્રિ. તરે એમ કરાવવું; તરતાં શીખવવું; બીજાની પાસે તોલું તરી બવા એમ કરાવવું.

તરાવિશ [સા.] સ્ત્રી. નીતરવું તે.

તરાવી જુબો તરાવીહ.

તરાવીહ ૧. સ્ત્રી. આરામ.
૨. સ્ત્રી. નામ.
૩. [અ.] સ્ત્રી. રમઝાન મહિનામાં રાતની નમાજ સાથે પઢાતી વધારાની ૨૦ રકાતો; રમઝાનુલ મુબારક એટલે બરબાબી નવમા મહિનામાં પ્રારંભથી અંત સુધી દરેક રાતની નમાજ દાબે વિતરની બણ રકઆત નમાજ પઢબા બગાઉ વધારાની આઠ પઢાતી વીશ રકઆત નમાજ; મુસલમાનોમાં રમઝાન માસમાં પઢાતી વધારે નમાજ.

તરાવો પું. મલબિદ્યામાં કરાતો કુસ્તીનો એક પ્રકારનો દાવ; બીજો તેમાં જોડીદાર પહેલવાને સામા પહેલવાનને નીચે બાબી, બાંબો કરી, તેનો હાથ તેની કમર પાસેથી પકડી, તેની કમર પાસે હાથને બારી તેને બાંબો કરી, પોતે એક પગ ઊંચો રાખી, બીજા હાથે તેને હાથની બરબી મારી ઊંચકાવવો. એ રીતે તે ચીત થાય છે. મુસલમાન લોકો બા દાવને તરાવો અને હિંદુ તેને બીજો કે બિરસો કહે છે. બિરસાની બણી જાત થાય છે: બિરસા સાદા, બિરસા મલબૂદાર, બિરસા ચકુરાસંગી, બિરસા જબેટ, બિરસા નાજબોજ વગેરે. બા કુસ્તીનો દાવ બીજી રીતે એમ થાય છે કે, જ્યારે કરીફ બેઠો હોય ત્યારે તેની પાછળ જઈ કમરની પકડ લેવી અને બીજા હાથે કોણી પકડી તેના ઉપર બાર દઈ જમણી બાજુ તરફ ફરી જઈ ઉપાડવો અને ફરીથી એકકદમ જોર કરી ચીત નાખવો.

તરાશ ૧ [સા.] સ્ત્રી. કાપવાની ઢબ; કપડાંની બેતરબ
૨ સ્ત્રી. બનાવટ; રચના; પ્રકાર.
૩. [સા. તરાશીદન (છોલવું)] વિ. કાપનાર; છોલનારુ
૧ કલમ તરાશ = (૧) કલમ ઘડનાર બાદમી. (૨) કલમ પડવાનો ચપ્પુ.
૨ બુત તરાશ = બાવલા બનાવનાર.

તરારાખરારા (તરાશખરાશ) ૧. [સા.] સ્ત્રી આકાર; દેખાવ.
૨. સ્ત્રી. કપડા વગેરેમાં સફાઈ
૩. સ્ત્રી. છેકાછેકી
તરારાખરારા કરવુ = (૧) છેકી નાખવુ. (૨) બહુ ચલાક બનુ

તરાશા [ફા.] પું. ઠલ્લમત કરાવવી તે.

તરાહ ૧. [અ. તરેહ] સ્ત્રી. પ્રકાર; રીત; ભાત.

૨. સ્ત્રી. ભાત; તરેહ; જુદ્દો.

તરાં ૧. સ્ત્રી. કવિતાની રાહ કે ઢબ.

૨. સ્ત્રી. છબી.

૩. સ્ત્રી. ભાત, પ્રકાર; બાનક; ખૂબી.

૪. સ્ત્રી. પાસો.

૫. [અ. તરહ] સ્ત્રી. ભાત; તરેહ.

૬. સ્ત્રી. યોજના; રીત.

૭. સ્ત્રી. સૌંદર્ય; રૂપ; આકાર.

૮. સ્ત્રી. હાલ; સ્થિતિ.

૯. ન. તરુ; ઝાડ; વૃક્ષ.

તંત તણાં દિય સિય સરાં,
ભદ્ર ભાનવીઆં રાચ,
સતરાં મેં ગણ ગિરિવરાં,
પૂગ્યો કોડ પચાસ. લોકસાહિત્ય

તરાંતરાં સ્ત્રી. ભાતભાત; ઘણી ભાત.

તરાંકુ [સં.] સ્ત્રી. એક ભાતની હોડી.

તરાંસ પું. લાકડાં, કેરડી વગેરે તોળવા માટે બંધાતા મોટા કાટાની લાકડાની દાંડી.

તરાંસું ૧. [ફા. તરાશીદન (છોલવું)] વિ. છોલેલું.

૨. વિ. વાંકું.

તરાંહુ પું. કવિ.

તરિ ૧. [સં.] સ્ત્રી. કપડાની કિનાર.

૨. સ્ત્રી. કપડાં બૂકવાની પેટી.

૩. સ્ત્રી. તરવાનું સાધન; નૌકા; નાવ; વહાણ; હોડી; તરી; મછવો.

વ્રુપ પોત નૌકા પ્લવ તરિ મહિત્ર જલયાન;
નામ નાવ ચડી ઘાવ ઉદધિ તર્યા પ્લવગ પ્લવન.
પિંગલપ્રકાશ

તરિક ૧. [સં] પું. ઉતારૂ પાસેથી દાણ લેનાર અમલદાર.

૨ પું. વહાણ.

તરિકત ૧. [અ.] પું. પારસો.

૨. સ્ત્રી. મુસ્લિમ ધર્મમાં એક ભાતની ભૂમિકા. આ ભૂમિકાના ભક્તો કર્મકાંડને બેખામાં ગણતા નથી એમ કહેવાય છે.

તરિકા [સ.] સ્ત્રી. નાવ; નૌકા; નાની હોડી.

તરિણી [સં.] સ્ત્રી. નાની હોડી.

તરિતા ૧. [સં.] સ્ત્રી. અંગૂઠા પાસેની આંગળી; તર્જની.

૨. સ્ત્રી. આંબો.

૩. સ્ત્રી. આગ.

તરિત્ર [સં.] ન. હોડી.

તરિયા ૧. પું. ન. ક. કસબના તાર. જેમકે, તરિયાતોરણ.

૨. પું. ન. ક. ચોખામાં રહેલા વધેર છડાયેલા દાણા; ચોખામાંના કાંકરના કણ; કાંકર સાથે ભેગેલા સામાની જાતિના બંટ; બટિયા. તે કાંકર ખાંડતાં પણ જેવા ને તેવા રહે છે

૩. પું. ન. ક. જેમાથી તરૂ થાય છે તે દાણા; બીજકણ.

૪. [સં. સ્ત્રી] સ્ત્રી. નારી; સ્ત્રિયા.

ચરણ અપરણ ચમકવો, અતિ અહાર પણ રોમ,
એ તરિયા પાંચ ત્રુટ્ક, પાંચે તરિયા હોય.
મહીપાળદેવ

૫. સ્ત્રી. મુસલમાનોની એ નામની એક પેટા જાતિ.

૬. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૭. વિ. એ નામની પેટા જાતિનું.

૮. વિ. ત્રણ પ્રકારનું.

૯. વિ. ત્રીજું.

તરિયાતોરણ ૧. [તરિયા (કસબના તાર) + તોરણ] ન. જેમા કસબના તાર હોય એવું તોરણ; કસબના તારવાળા ભરતનું તોરણ; જેમા આસોપાલવના પાન, નાગિયેરના વરખ મઢાવેલા કોયા અને કસબના તાર હોય એવું તોરણ. તે શુભ ચિહ્ન તરીકે ઘરને બારણે લટકાવવામાં આવે છે.

તરિયાતોરણ બાંધિયાં લોકગીત

૨. [સં ત્રિક (ત્રણનો સમૂહ)] ન. ત્રણના પોયા સાંઠાનું ત્રિકોણ પાડીને બનાવેલું તોરણ.

તરિયાહોલો જી. તરતું કાંકર આ હોલી અથડાયે જ્યાં વગર તાજ ન પકડે ત્યાં જહાજને થંભાવી દેવા માટે વપરાય છે. લાકર તૂટી જાય કે કુની જાય ત્યારે પણ એ વપરાય છે. એનો દાપડો એ છે કે, એથી જહાજનો મોરો તાજ સામે રહે છે અને જહાજ મોટાં મોજાં ઉપર મોરો કૂદાવી સલામત રહે છે. બર્બર ચાંચિયો આવી હોલી ચાંઢાર કરાવી શિકારની પૂછ પકડતો. સામાન્ય રીતે આ ચાંચિયાઓની ચાલ અતિ તેજ હોતા, પૂરા સઢે, બીજી ચાલતા વેપારી જહાજોનો દેખાવ કરવામાં આવી હોલી અપ લાગતી. રાતના અંધારામાં હોલી ઉપાડી તે શિકાર ઉપર ધસી આવતો. આ તો તરિયાહોલીનો અસાધારણ ઉપયોગ છે, સામાન્ય ઉપયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. આજના કાયદા પ્રમાણે દરેક મોટા જહાજ ઉપર લાઇફ બોટના સંરંજામમાં આવી એક કેતાનની હોલીનો સમાવેશ કરવાજ્યાત કરવો પડે છે.

તરિયાળુ વ. નીચાણે પડવાતો હોય તે જમીન.

તરિયું ૧. ન. (સિલ્પ) કડી.

દ્વાર ઉપરના ઉદય ઉપર જડતર આવે છે તેમાં જે કડી જડવામા આવે છે તે કડી બધના તરિયું દ્વારના ગર્ભમાં આવે તો તે તુલાવેધ કહેવાય. રાજવલ્લભ

૨. [સ. ત્રય] વિ. ત્રણ જાતનું, ત્રણ પ્રકારનું.

૩. વિ. ત્રીજું.

તરિયો ૧. પું. ચોખામાં રહી ગયેલો કાંકરનો દાણો.

૨. પું. જુગારની એક જાતની રમત.

૩. પું જુદા વિચારનો માણસ; ટોળામાંથી જુદો પડી આવે એવો માણસ.

૪. પું. કાંકરનો બોક.

૫. પું. તરિયાચોકાની રમતમાં ચાર બારે કોડીની દગલી કરતા ઉપ્પર ત્રણ કોડી વધે તે જાતનો દાવ

૬. પું. બીજે દહાડે આવતો તાવ; બેકાંતરિયો તાવ; તરિયો તાવ.

૭ [સ. તૃ (તરવું)] પું. પાણીમાં સારું તરતાં આવડતું હોય તેવો આદમી; તરવામાં પ્રવીણ પુરુષ; સારો તરનારો જણ; તારો.

૮. પું. મુસલમાનની એક જાતનો પુરુષ.

૯. વિ પું. જબ્બર તરનારો.

તરિયોચોકો પું. કોડી વડે રમાતી એક જાતની રમત. આ રમત ચાર જણા રમી શકે છે. રમનારાઓમાંથી એક જણ હંકા એટલે એક, એક જણ દૂકી એટલે બે, એક જણ તરિયે એટલે ત્રણ અને એક જણ ચોકો એટલે ચાર એ દાવ પૈકી ખુશી પડે તે દાવ રાખે છે. આ પ્રમાણે દાવ નક્કી થયા પછી એક જણ કોડી વડે પોતાની મૂઠ ભરે છે અને બીજા બધા ખુશી પડે તેટલી કોડી દાવમાં જમીન ઉપર મૂકે છે. તેઓ પૈકી એક જણ તે મૂઠ ભરનારને એક, બે કે ત્રણ કોડી ઊમેરી, અથવા તો એક, બે કે ત્રણ કોડી કાઢી નાખીને અથવા તો મૂઠમા ઊમેર્યા કે કાઢ્યા વગર એમને એમ કોડી નજરવા કહે છે. એટલે તે મૂઠ ભરનાર કયા પ્રમાણે કોડીની વધઘટ કરી ચાર ચારની સંખ્યામાં કોડી મૂકે છે. છેવટે એક કોડી વધે તો હકા દાવ થયો કહેવાય, બે વધે તો દૂકી, ત્રણ વધે તો તરિયો અને ચાર વધે તો ચોકો દાવ થયો કહેવાય છે. જે દાવ નીકળ્યો હોય તે દાવ જો મૂઠ ભરનારનો હોય તો તે દાવમાં મૂકેલી બધી કોડી લઈ લે છે અને તે દાવ તેનો ન હોય તો બાકીના રમનારાઓએ જેટલી કોડી દાવમાં મૂકી હોય તેટલી કોડી તેણે તેમને આપવી પડે છે.

તરિયો તાવ [સં. તૃતીયકજ્વર] પું. ઇ. બીજે દિવસે આવતો ટાઢિયો તાવ. તે મેલેરિઆની એક જાત છે. આ તાવ ૪૮ કલાકને અંતરે આવે છે,

એટલે એક દિવસ આવે અને બીજે દિવસ આવી જાય, પાછે ત્રીજે દિવસે આવે. આ તાવ એક દિવસ આંતરો આઈને આવે છે તેથી તે એકાંતરિયો તાવ પણ કહેવાય છે. તેનો દોષ પેટમાં છે. રાતું ચંદન, વાળો, મોથ, અળો, ધાણા, સૂંઠ, મધ અને સાકર આ રોગ ઉપર અપાય છે.

તરિયોળ ન. તરીપુ

તરિરથ [સં.] પું. વહાણનો સઢ.

તરિષ્ટા સ્ત્રી. ક્રિયા.

તરિસંસ સ્ત્રી. પ્રાચીન સમયની એ નામની એક લિપિ.

તરિસંસ લિપિમતા અનિમિત્ત યક્ષ રાક્ષસી.
વાયવ્યસમય

તરિંગ ૧. ન. ઘોડીનું રેણુ; પલાણની પાછળ ખુલ્લો રહેનો ઘોડાની પીઠનો ભાગ; ઘોડાનો પાછલો ભાગ; પૂંઠનો ભાગ.

૨. ન. તંગ; ઘોડા ઉપરની સજાઈ મજબૂત રહે માટે ઘોડાને પેટે બંધાતો પટો.

તરી ૧. [સં. ત્ર (તરવું)] સ્ત્રી. ઉપર તરતી જેવી પોપડી કે થર.

૨. સ્ત્રી. એક જાતનું પાત્ર; દ્રોણિ.

૩. [સં.] સ્ત્રી. કપડાની કિનાર.

૪. [હિ.] સ્ત્રી. કપડાં રાખવાની પેટી.

૫. [દ્વા.] સ્ત્રી. આંક.

૬. સ્ત્રી. ઝાટો રસ; ઢોપ; પૂર ઊતરી જતાં જમીન ઉપર કરતી ચીકણી મુલાયમ કાળી માટી. તે ઉત્તમ ખાતર ગણાય છે. સિંધુ અને નીલ નદીઓની રેલથી આવ્યા દેશ ઉપર તરી કર છે ને તેથી ત્યાં સારો પાક ઊતરે છે.

૭. [દ્વા. તરી (દરિયાઈ માર્ગ)] સ્ત્રી. જળમાર્ગ, હોડીનો માર્ગ

૮. સ્ત્રી. તરુ; સત્ત્વ; બહાદુર, ચીકણો ને સત્ત્વવાળો પદાર્થ.

૯. સ્ત્રી. તરવાની રીત.

૧૦. [સં. ત્રિક] સ્ત્રી. ત્રણનો પાડો; તેરી; ત્રણનો મડિયો.

૧૧. સ્ત્રી. દરિયાઈ જકાત.

૧૨. સ્ત્રી. દરિયાઈ વહાણનું બળ.

૧૩. સ્ત્રી. દરિયો; સમુદ્ર.

૧૪. સ્ત્રી પુમાડો.

૧૫. સ્ત્રી. નદીના ઓટામાંની ખાવેતર કરવાના ક્રમમાં આવી શકે એવી ખુલ્લી જમીન.

૧૬. સ્ત્રી. પાણી.

તરી સે = જળમાર્ગે.

૧૭. સ્ત્રી. ભીનાશ; ભેજ; આર્દતા.

૧૮. સ્ત્રી. રસદાર હોવાપણું.

૧૯. સ્ત્રી. વાકડાનાં પાટિયાં અગર વાંસ જેવા કરી બનાવેલી પાણી ઉપર તરતી વસ્તુ; તરાપો; ઓથું; નાવડી.

૨૦. સ્ત્રી. વહાણ; નાવ; હોડી.

૨૧. સ્ત્રી. છાક ઉપર તરતુ તેલ કે ઘી.

૨૨. સ્ત્રી (બાહરણ) સંખ્યા સમુદ્રવાચક નામ.

૨૩. સ્ત્રી. સીલ.

૨૪. સ્ત્રી. વરસાદનું પાણી બધા દિવસ ભરાઈ રહેતું હોય તેવી નીચી જમીન; ભેજવાળી જમીન; તાજપ.

૨૫. સ્ત્રી. હલકી જાતની ઘાટડી.

૨૬. વિ. ત્રણગણું. આકામાં વપરાય છે.

૨૭. વિ. પાણીને માર્ગે આવેલું; દરિયાઈ રસ્તાનું; દરિયાઈ

૨૮. વિ. (બાહરણ) સમુદ્રવાચક વિશેષણ. તરી પદ્ય ત્રિક પરથી સ્વર બદલવાથી આવ્યું છે.

૨૯. વિ. સૂચના કે ઇશારો કરતું.

૩૦. વિ હોડી કિનારે સંબંધી.

તરીક (તરીક) ૧. [અ] સ્ત્રી. આચાર; ચાલ; રીત; રિવાજ; કૃતિ.

૧. તરીક વર્તવી = ચોરસ મુજબ કામ કરવું

૨. તરીક અમલ કર આમદ = પ્રથા; રીત; રિવાજ

૩. તરીક કરબાર = રાજ્યનાં ચારાચોરણ.

૪. તરીક મુકર્રરે કાનૂન = કાયદાએ બતાવેલી રીત

૫. તરીક મુનાસિબ = વાજબી રીત.

૬ તરીક હિસાબ = હિસાબની રીત.

૭ બ તરીક = એ પ્રમાણે; એ રીતે.

૮. બ તરીક અનામત = ચાલ્યા તરીક.

૯. બ તરીક મુશ્લિસી = ગરીબની જેમ.

૨. સ્ત્રી. ક્રિયા.

૩. સ્ત્રી. પદ્ધતિ; ઢબ.

૪. [અ. તરક (તેણે રસ્તો બતાવ્યો)] સ્ત્રી. રસ્તો; માર્ગ.

૧. તરીક બતાવવી = (૧) ખરો ઉપાય બતાવવો. (૨) રસ્તો બતાવવો.

૨. તરીકશ્શમ્સ = સૂર્યનો માર્ગ.

તરીકત (તરીકત) ૧. [અ.] સ્ત્રી. તરીકો; રસ્તો; રીત; રિવાજ; પ્રથા; કૃતિ; વિધિ.

૨. સ્ત્રી. નરિતકપણું.

૩. સ્ત્રી. સંપ્રદાય; પંથ.

શરીઅત અને તરીકત એ બે સૂફીઓના અનુક્રમે પહેલી બે કક્ષાઓનું પારિભાષિક નામ પણ છે. પુરાતત્ત્વ

બહલે તરીકત = ભાગ કરીને સૂફી સંપ્રદાયના ધાર્મિક પુરુષો

તરીકત તરીકા (તરીકત તરીક) [અ.] પું. આત્માનું જાહેરમાં ને મુસ્લમાં કલ્યાણ થાય એવી રીતે ભક્તિ કરવાનો રસ્તો.

તરીકહ જુઓ તરીક.

તરીકા (તરીક) ૧. [અ.] પું. ક્રિયા.

૨. પું. ચાલ; રિવાજ; અવહાર.

૩. પું. તરીકો; રીત; પદ્ધતિ; ઢબ.

તરીકા એ તાલીમ = શિક્ષણપદ્ધતિ.

૪. પું. ધર્મ; પંથ.

અહલે તરીક = ધાર્મિક વૃત્તિવાળાં માણસો.

૫. પું. નિયમ; કાયદો.

૬. પું. મરી ગયેલા માણસની મિલકત; વારસો.

૭. [અ. તરક (તેણે રસ્તો બતાવ્યો)] પું. માર્ગ; રસ્તો.

૮. પું કુક્તિ; ઉપાય; તદબીર.

૯. પું. ૧ બ. સારા માણસો.

તરીકે ૧. [અ. તરીક (રસ્તો)] અ. અમુકની સમાન; પ્રમાણે; પેઠે.

૨. અ. ની જગ્યાએ.

૩. અ. પ્રમાણે; મિસાલે.

૪. અ. રૂપે; સ્વરૂપે.

તરીકો (તરીકે) ૧. પું. અનુક્રમ; પરિપાટી.

૨. [અ. તરક (તેણે રસ્તો બતાવ્યો)] પું. માર્ગ; રસ્તો.

૩. પું. રિવાજ.

૪. પું. રીત; પદ્ધતિ.

૫. અ. આદત; પ્રમાણે; સમાન.

તરીખ બલતી સ્ત્રી. પંચાંગની ગણતરીમાં ચૂક.

તરી જહાત સ્ત્રી. દરિયા માર્ગે આવનાર માલનું દાણ.

તરીઝ પું. કપડામાં મુકાતો ત્રાંસો ડાપ.

તરીતરીનું કાપનું ન. નકશીકામનું એક ઓજાર.

તરીતુંડી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

તરીન [દ્વા.] અ. શ્રેષ્ઠતાવાચક એક પ્રત્યય. તે વિશેષણને લાગે છે. જેમકે, બહતરીન, કમતરીન.

તરીપાર [તરી (દરિયાઈ માર્ગ) + પાર (સામો કાંઠો)] પું. સમુદ્રપાર; દેશનિકાલ.

તેઓની સામે પડેલા આક્ષેપોથી જણાવું હતું કે તેમને ૧૪ વર્ષની તરીપારની સજા મળ્યા વિના રહેશે નહિ. નૂરે એલમ

તરીપિજુ સ્ત્રી. પૂરબી સ્ત્રી.

તરીફો પું. વાંસ કે લાકડાને એકબીજા સાથે બાંધી બનાવેલો પાણીમાં તરે એવો પટ જેવો બાટ; તાપો.

તરીઅતરાક ૧. [અ. તુજ્જુરાક (જાપો)] સ્ત્રી. ઠાઠ; ધામધૂમ.

તરુણારાયા

૨ વિ. (જરયોસ્તી) સાદસ્યા; સુખડ.

તરીર અ. અનુક્રમે; ક્રમવાર, વારાફરતી; વારો આવે તેમ.

તરીલું ૧. ન. ચકી કે ઢોસ ઢાકતી વખતે બળદની ડોકમાં નખાતું લાકડાનું ચોકઠું પૌંસરી, ક્રાંદિયુ, પચોળી, સમેલ, પંચોળીબખલું, ચીપટિયાં, ગોબણો અને વાલુ એ તરીલાના ભાગ છે.

૨. ન. ઝબ્બ લોઢી બળદનું જૂથ; જોડિયું.

૩. ન. વધારાનું ધૂંસરું; બે બળદ કે ઘોડાઓથી ન ખેંચાય એટલો ભાર બન્યારે વાહનમાં ભર્યો હોય ત્યારે તે તાણવાને બીજી જોડ માટે લગાડવામાં આવતું વધારાનું ધૂંસરું; ચાર બળદ જોડતી વખતે નાખવાનું બગલી જોડનું વધારાનું ધૂંસરું. તરેલુ.

૪. ન. સંસારની ધુરા; ઘરસંસારનો બોજો; સંસારભારનું વહન; કામનો બોજો; તણાવ તેટલો ભાર તાણ તાણ કરવો તે.

તરીલાં તાણવાં = ઘરસંસારનો બોજો વહન કરવો.

તરીવિદ્યા સ્ત્રી. તરવાની કળા.

તરીષ ૧. [સં.] પું. ઉલ્લોસ.

૨. પું. બરસાત.

૩. પું. સમુદ્ર

૪ ન. નાની બોડી; સુંદર દેખાવનું વહાણ.

૫. ન. સૂકું છાણ; બાઢવું છાણું.

૬. ન. સ્વર્ગ

૭. વિ. સમર્થ

તરીષી [સં.] સ્ત્રી. દુર્ગની એ નામની એક દેવી.

તરુ ૧. પું. (પિંગળ) સાવરતૂની જાતનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૪૫ ગુરુ અને ૧૪ લઘુ મળી ૮૪ માત્રા અને ૪૯ અક્ષર હોય છે.

૨. [સં.] પું. શિવના દસમા અવતારનું એક નામ.

૩. [સં. तृ (૬ઠ્ઠી નીકળતુ)] ન. ઝાડ; વૃક્ષ; અમરકોષના ટીકાકાર ક્ષીરસ્વામી એનો એવો અર્થ કરે છે કે, તરન્તિ આપદઃ અનેન ઇતિ તરુ. તેના વડે મનુષ્યો દુઃખો તરી જાય છે, માટે તે તરુ કહેવાય છે.

સેવક તુ હતા જિ સાલવૃ ભાતમાં નામ,
માલી વેગિ તે આનિઉ શ્રીમલી તરુ ઠામી.
ભાલણ

૪. ન ઘરુ; કાંગર, તમાકુ અને મરચી વગેરેના મૂળવાળા કરીને રોપવાના રોપા.

૫. ન. (જૈન) વનસ્પતિકાય જીવ.

૬. વિ. તરનાર.

૭. વિ. તારનાર.

તરુકદંબ [સં] પું. ઝાડનો સમૂહ; કુંજ

મદનમંદિર સમા તરુકદંબે
રમ રસીલી ! નાખ રહ્યા આપ.
ગીતગોવિંદ

તરુકાલ ૧. [સં.] પું. (જૈન) અનંતકાય.

૨. પું. (જૈન) વનસ્પતિકાય.

તરુકૃષ્ણ [સં.] પું. એક જાતનું પક્ષી.

તરુકોટર [સં.] ન. વૃક્ષની બખોલ.

તરુક્ષ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

તરુખંડ ૧. [સં. તરુ (ઝાડ) + ખંડ (ભાગ)] ન. ઝાડનો ટુકડો.

૨. ન. ઝાડનો સમૂહ.

તરુગર્ભ [સં.] પું. ઝાડનો ગરભ.

તરુચ્છાયા [સં.] સ્ત્રી. વૃક્ષનો છાંયડો.

તરુજ [સં.] વિ. ઝાડમાં ઉત્પન્ન થનાર.

તરુજીવન [સં.] ન. ઝાડનું મૂળ.

તરુડુંડ ૧. ન. ઝાડની ગઠ્ઠા.

૨. ન. વૃક્ષનો સમૂહ.

તરુણ ૧. [સં.] પું. જોરકો.

૨. પું જુવાન પુરુષ; યુવક.

૩. પું. ધોળો જોરકો.

૪ પું ઓઢા ઢાંકણાનું જાડું

૫. ન. રોંસળીનું ફૂલ

૬ વિ. આરંભ કરનાર.

૭ વિ કોમળ.

૮. વિ. ગરમ.

૯. વિ. તાજું.

૧૦. વિ. તેજસ્વી; પ્રફુલ્લિત.

૧૧. વિ ઓછા અનુભવનું

૧૨. વિ. નવીન.

૧૩ વિ. નાનપણ ઊતરી સમજણવાળી ઉમરે આવેલું; જુવાન; જુવાનીમાં આવેલું; જોબનવંતું.

૧૪ વિ. વયમાં નાનું; નાની ઉમરનું.

૧૫. વિ. વયે પહોંચેલું; ઉમરલાયક; ચડતી વયનું; ચડતા લોહીનું.

૧૬. વિ વિકસેલું; ખીલેલું.

• જોબન અવસ્થા અણી,
અતિજ મનોહર તરુણ. ભાલણ

તરુણક ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક સર્પ

૨. ન. જોબન; જુવાની.

૩. વિ. રતનપંથ; નાનુ બાળક.

૪. વિ. કાચું

૫ વિ. નવું.

તરુણકારણ્ડબંધ [સં.] પું. જુવાનીને લીધે બનેલો શરીરનો બાંધો.

તરુણગલગ્રંથિપ્રદાહ [સં.] પું. ગળામાં થતી ગોળિયાની બળતરા.

તરુણચંદ્રાકારગોલ [સં.] પું. બીજ ત્રીજના ચંદ્ર જેવો ગોળ દડકાય.

તરુણજ્વર ૧. [સં.] પું. તાજો તાવ; સાત દિવસની અંદરનો તાવ

૨. પું સાદો તાવ

તરુણતા [સં.] સ્ત્રી. જોબન; જુવાની.

તરુણત્વ જુઓ તરુણતા.

તરુણદધિ ૧. [સં.] ન. તરતનું દહીં; તાજું દહીં.

૨ ન. પાંચ દિવસનું દહીં, વૈદ્યક અનુસાર આવું દહીં બહુ હાનિકારક છે

તરુણપણું જુઓ તરુણતા.

તરુણપીતિકા [સં.] સ્ત્રી મનઃશિલા; એક ખનિજ પદાર્થ

તરુણકુકૂકુસાવરણપ્રદાહ [સં.] પું ફેફસામાં થતી બળતરાવાળો તીવ્ર વ્યાધિ

તરુણબર્હિ ૧ પું. બંબર.

૨. પું. કેરનો.

તરુણબુદ્ધિ [સં.] સ્ત્રી વધારાવળનું સમજણ દુઃખ.

તરુણવયસ્ક [સં.] વિ. તરુણ વયનું

તરુણવયસ્કી [સં.] વિ. સ્ત્રી. તરુણ વયવાળી; જુવાન

તરુણવયી વિ. તરુણ વયવાળું

તરુણસૂર્ય [સં.] પું. મધ્યાહ્નનો સૂર્ય.

તરુણસ્વર ૧. પું. ઉ સ્વરનું નામ.

૨. પું (સંગીત) પાંચ માંહેનો એક પ્રકારનો સ્વર.

૩ પું. પૂર્ણ લાક્ષણિક સ્વર.

તરુણસ્વર હોય તો તે પૂર્ણ લાક્ષ કરે.
રાજનઘંટ

તરુણાઈ સ્ત્રી. જોબન; જુવાની; યુવાવસ્થા.

તરુણાપણ ન. જોબન; જુવાની.

તરુણાવસ્થા [સં.] સ્ત્રી. યુવાવસ્થા; યુવા; જોબન; જુવાની.

તરુણારાયા પું. (પિંગળ) સંકોર્ણ છંદની જાતનો એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નમણ, બે જમણ, રમણ અને ગુરુ એમ તેર અક્ષર, બીજા ચરણમાં બે જમણ, રમણ અને જમણ એમ બાર અક્ષર, ત્રીજા ચરણમાં નમણ જમણ, રમણ અને ગુરુ એમ તેર અક્ષર અને ચોથા ચરણમાં સમણ, બે જમણ, રમણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

તરુણારિષ્ટ [સં. તરુણ (કોમળ) + અરિષ્ટ (લીમડો)] ન કોમળ લીમડો, કુણો લીમડો.

તરુણિકા જી. કાચી વનસ્પતિ.

તરુણી ૧. પું. (પિંગળ) અગિયારમી આવર્તે ઉદ્ગતી જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૮ ગુરુ અને ૪૧ લઘુ મળી ૫૭ માત્રા અને ૪૯ અક્ષર હોય છે.

૨. પું (પિંગળ) પચ્ચા ઉદ્ગતી જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ગુરુ અને ૧૬ લઘુ મળી ૪૬ માત્રા અને ૩૧ અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) અર્ધાંડની જાતનો એક માત્રાદંડક માત્રામેળ છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૭૨ લઘુ મળી ૮૪ અક્ષર અને ૯૬ માત્રા હોય છે

૪ [સં.] જી. એક જાતની કુસ્તર

૫. જી. એક જાતની ભાજી.

૬. જી. યુવાવસ્થા.

૭. જી બીજા નામનું એક સંપદ્રવ્ય.

૮. [સં તરુણ (જુવાન) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] જી. જુવાન સ્ત્રી, જોબનવતી, યુવતી, તરુણ વયની સ્ત્રી, પંદરના; સત્તરથી બત્રીસ વર્ષ સુધીની ઉમરવાળી અને કેટલાકને મતે સોળથી ત્રીસ વર્ષ સુધીની ઉમરવાળી સ્ત્રી.

૯. જી. દ્રાક્ષ

૧૦. જી. ધોળા ગુલાબનું ફૂલ.

૧૧. જી. (સંગીત) મેઘરાગની એ નામની રાગણી.

૧૨. જી. મોટું ઝાળું ઝાડ; કલીજ ઝાડ; તરણીપુષ્પ. જેમ મુસલમાના ફૂલમાં પહેલવહેલી પાંખડીવાળી માત્ર છે, તેમ કલીજ ઝાડના ફૂલમાં પણ પાખડીઓ માત્ર છે, માટે તેને તરણી કહે છે.

૧૩. જી. શેવતી વૃક્ષ.

૧૪. જી સીતાના કલ્પવૃક્ષ માફેનું એક નામ

૧૫. વિ જી. યુવાનીમા આવેલી. જુવાન સ્ત્રી માટે બોલાય છે.

તરુણીકટાક્ષ [સં] પુ પુરુષ સ્ત્રીની પ્રેમ, સંકેત કે લોભભરી વક્ર દૃષ્ટિ.

તરુણીકટાક્ષમાલ [સં.] જી. તિલક વૃક્ષ.

તરુણીકટાક્ષમાલા [સં.] જી. જુવાન સ્ત્રીનો ઉપરાઉપરી કટાક્ષ.

તરુણેંદુશેખર [સં.] પું. શિવ; શંકર.

તરુતર અ. ઝાડ નીચે.
જોઈ હતાં તરુતર ઉદ્યાને હો.
પુરુષોત્તમચરિત્ર

તરુતલ ૧ [સં.] ન. ઝાડની નીચેનો ભાગ.
૨. ન. ઝાડનું મૂળ.

તરુતલવાસ [સં.] પું. ઝાડની નીચે રહેવું તે.

તરુતલવાસી [સં. તરુતલવાસિન્] વિ. ઝાડની નીચે રહેનાર.

તરુતળ જુઓ તરુતલ

તરુતુલિકા [સં.] જી. એક જાતનું પક્ષી; વનકાગડો.

તરુતૂલિકા જુઓ તરુતુલિકા.

તરુદેવ [સં.] ન. ઝાડપર્વત; ઝાડની માફક બીજાને શાંતિ આપવાનું પરોપકારીપણું.

તરુદેવ [સં] પું ઝાડરૂપી દેવ.
આ દેવો ઉપરાંત લોકો વાસે સત્યાનાશ તરુદેવો અને પ્રાણીદેવો પણ જોવામાં આવતા.
હિંદના ઇતિહાસની વાતો

તરુનખ [સં.] પું. ઝાડનો ઝટકો.

તરુપ ૧ પું. દરિયાના કામમાં આવતો એક પ્રકારનો વેલો.
૨. પું. દીપડો.

તરુપતન [સં.] ન. ઝાડ ઉપરથી પડીને મરવું તે.

તરુપર્ણ [સં] ન. ઝાડનું પાંદડું.

તરુપૂજ [સં] પું ઝાડીઓ; વૃક્ષોની ઘટા.

તરુપ્રમિ ન. ઝાડ; ગાડ-ને

તરુબાલા [સં.] જી. ઝાડોની હાર.

તરુમૂલકૃતારોપતદપરાયણ [સં. તરુમૂલકૃતારોપતદપરાયણિન્] પું. પુરુષોત્તમનાં કલ્પવૃક્ષ માફેનું એક નામ.

તરુમૃગ [સં] પું. વાનર; વાંદરો.

તરુયૂકા [સં.] જી. ઝાડની જૂ.

તરુરાગ [સં.] પું. ઝાડનો નવો અંકુર; કૂંપળ.

તરુરાજ ૧. [સં.] પું. કલ્પવૃક્ષ.
૨. પું તાડનું ઝાડ
૩. પું મોટું ઝાડ.
૪. પું. હરડેનું મોટું વૃક્ષ.

તરુરેહા ૧. સ તરુ (ઝાડ) + રહ્ (ઊગવું)] જી એક જાતની વેલ.
૨ જી ઝાડ ઉપર ચડીને ઊગનારી વનસ્પતિ; વેલો.

તરુરોહિણી જુઓ તરુરુહા.

તરુલક્ષણ ન જ્યોતિષ સંબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

તરુલતા ૧ [સં.] જી. ઝાડ અને વેલ.
૨. જી. ઝાડ ઉપર ચડેલી વેલ.

તરુવર [સં. તરુ (ઝાડ) + વર (શ્રેષ્ઠ)] ન. ઝાડોમાં સારું, ઘેઘું ને મોટું ઝાડ; શ્રેષ્ઠ વૃક્ષ.
તરુવર ચલેવર સંત બન્ધ, ચોથા વરસત મેહ,
પરમારથ કારણે, ચારએ ધરિયલ દેહ.
લોકોક્તિ

તરુવરજનિત [સં.] વિ. ઝાડ ઉપરથી ઉત્પન્ન થયેલ.

તરુવલ્લી જુઓ તરુલતા.

તરુવાડી (તરુવાડી) જી. ઘીકોતરીનું વાવેતર કરવાની જમીન; કુવેતરવાળી જમીન.

તરુવિલાસિની [સં.] જી. એક પ્રકારની ચમેલી.

તરુશાચી [સં. તરુ (ઝાડ) + શાખિન્ (રહનાર)] પું. પક્ષી.

તરુશાસ્ત્ર [સં.] ન. ઝાડ સંબંધી શાસ્ત્ર; વૃક્ષાયુર્વેદ.

તરુશ્રી [સં.] જી. વૃક્ષની શોભા.

તરુસાર ૧. [સં.] પું. કપૂર.
૨. પું ઝાડનો સાર; ગુંદ.

તરૂઆર જી (જૂ ગુ.) તરવાર.
વજરાજ કાઢી તરૂઆર,
કહો રહિઓ મંદિર બાર. સામલસમય

તરૂઆરિ જી. (જૂ ગુ) તરવાર.
પોતે પાતલા જોઈ તરૂઆરિ,
કઠિન માહી કરી મારામારી. ઋષભદાસ

તરૂઢ [સં. તરુ (ઝાડ) + ઊઢ (પામેલું)] પું. કમળનો ગાંઠો.

તરૂણક ન. ઊગતું ઝાડ; છોગાનું ઝાડ.

તરે ૧. પું કબ્જ; તાબામત.
૨. પું. બીનાલ; ગે. વરસાદ વરસે સારે જમીન જેટલા તમુ બીની થાય તેને તરે એવો કહેવાય છે.
૩. [સં. તલ] અ. (હિંદી) નીચે.

તરેડવું (તરેડનું) અ ક્રિ. ભોંયનો ઊભારો આવવો; ધરી નીકળવું.
આખો તરત તરેડી વાત. નરસિંહ

તરેડા (તરેડા) ૧. [હિ.] પું. દરેડો; ઊંચાણમાંથી પાણીનું નીચે પડવું તે, નહિંવા વગેરેમાંથી પાણીનું પડવું તે.
૨ પું. બોબું, ખાડા વગેરે તપાસવા માટે પાણીમાં તરતી મુકાતી વસ્તુ.

તરેડાટ (તરેડાટ) જુઓ તરેરાટ.

તરેડી (તરેડી) અ. જુસ્સાબંધ; ક્રમબદ્ધ ઉપલરે એવી રીતે.
આખો તરત તરેડી વાત,
જો એ બાળક બન્યો બલવાન. સામળ

તરેન પું. ભમરો.

તરેરાટ ૧. પું ઝડપાઈ કે તોરનો તનમનાટ; ઝાપટો; ઝપાટો.

વી

૨. પું. કોઈપણ હિલચાલની તેજ; તરવરાટ; તરેહાટ; ધમપછાડ; કામકાજ કરવાની અતિ આતુરતાવાળી હિલચાલ; અધીરાઈ.

૩. પું. ગુસ્સાના ગુસ્સાનો આવેગ; ક્રોધ; ગુસ્સો; ક્રોધનો આવેશ; તપ્તતપ્તી; કેફરી.

૪. પું. ચાલવાનો ચપળતા.

૫. પું. તડતડાટ; તરરર થતું તે.

૬. પું. ધૂમ; ધબ્બો; ભરાકા; ધોકાર; ગર્જના; ધાટો તરડાક બનવ એવી ધૂમ.

તરેરાવવું જ. ક્રિ. આમે આરે રહેવું; પોક મૂકવી.

તરેરી ૧. સ્ત્રી. ગુસ્સો; ક્રોધનો આવેશ; તીખા થઈ તાણીને બોલવું તે.

૨. સ્ત્રી. તણેપણી, ઝણેપણી; રોમાંચ; શરીરે એકદમ કંપનો તરંગ ફરી વળવો તે; ગુસ્સાના આવેશની ધુજારી, તપ્તાર્દ થવું તે.

તરેરી ખાતી = રોમાંચ થવો; ગુસ્સાની ધુજારીનાં તરંગ અનુભવવા; તરરર થવું.

૩. સ્ત્રી. તમ્મર; ફેર.

તરેરું ૧. વિ. ક્રોધી; ઉશ્કેરાટ; આકરું; ઝનાટ; તીખું; મિજાજી; કોપાયમાન; તરેરાયી ગયેલું.

૨. વિ. ગુસ્સાથી ઉશ્કેરાયેલું; ગુસ્સે થયેલું.

તરેલું ૧. જ. ચકી કે હોસ હાંકતી વખતે બળદની ગોકમાં નખાતું આકડાનું ગોકડું. ખોસરી, કરડિયું, પચોળી, સંમેલ, પંચોળી નખાણ, ચીપટિયાં, ગોબરા અને વાસુ એ તરેલાના ભાગ છે.

૨. જ. ઘણ જેવી બનાવટનું ખૂણ ત્રેખિયું.

૩. જ. વધારાનું ધૂમરું; બે બળદ કે ગોડાઓથી ન ખેચાય એટલો ભાર ત્યારે વાહનમાં ભાર્યા હોય ત્યારે તે તાણવાને બીજા ગોદ માટે ઘમાડવામાં આવતું વધારાનું ધૂમરું; ચાર બળદ જોડતી વખતે નાખવાનું આગલા જોડનું વધારાનું ધૂમરું. તરીયું.

૪. જ. સંસારની ધુરા; ઘરસંસારનો બોજો; સંસારભારનું વહન; કામનો બોજો; તપ્તાર તેટલો ભાર તાણ તાણ કરવો તે.

તરેલાં તાણવાં = ઘર સંસારનો બોજો વહન કરવો.

૫. વિ. તરીને ગયેલું; સામે પાર ગયેલું.

તરેવું જ. ક્રિ. તરી જવું; બોજ પ્રાપ્ત કરવો.

કલિજન તરેવા નહિ અવર ઉપાય,
મનપુરુષ હરિના સ્મૃતિ પ્રણ નામ.

ગોપાલદાસ

તરેહ ૧. પું. ઘેરાવ; જમીનમાંની બીનારા; તરે.

૨. [અ. તરહ] સ્ત્રી. ઢંગ; રીત.

૩. સ્ત્રી. ભાત; વેલ, ભુટ્ટા અને ચિત્ર વગેરેની અમુક ભાત; ભાત.

તરેહ તરેહનું = જુદી જુદી ભાતનું; ભાતભાતનું.

તરેહદાર ૧. વિ. અમુક એક જ ભાત, પ્રકાર કે ઘોરણનું નહિ એવું; અમુક પ્રકારનું નહિ એવું; વિચિત્ર; વિલક્ષણ.

૨. વિ. ભાતભાતનું, વિવિધ પ્રકારનું; ભાતભાતનું.

તરેહવાર વિ. ઘણેરી; છટી.

તરેહવાર જુઓ તરેહદાર.

તરૈયા ૧. પું. આખની કીકી

૨. પું. ગ્રહ; તારો; આકાશનો પ્રકાશ.

તરૈયો ૧. પું. તારો; તરનારો.

૨. પું. મુક્તિ મેળવનાર પુરુષ.

તરૈસ [હિ.] પું. ઘોડ ઓનો ચીબ પણીથી ઘયેલ દીકરો

તરો ૧. પું. ખરચો.

૨. પું. (જરથોસ્તી) બાપનું મૂતર; મોબૂત પારસીઓ તેને ધર્મકિયામાં વાપરે છે.

૩. પું. બાગ; બગલ; આંકડો ઓળખાણ.

તરો દેવો = જગા આપવી; ઓળખાણ કરી આપવી. જેમકે, એ નવાબમાં એટલું બધું પણી છે કે, બાર મેલ હોડ છતાં પણી તરો દેતું નથી.

તરોઈ સ્ત્રી. એક જાતનું શાકમાં ઉપયોગી ફળ; તુરિયું.

તરોડિયો (તરોડિયો) પું. વાસણ ઘડનાર કુંભાર સોકોમાં કરેલો ગારાનો ટબ્બો.

તરોતાજગી [ફા.] સ્ત્રી. તાજપ; તાજાપણું.

તરોતાજા ૧ [ફા. તર (તાજુ) + તાજા (તાજા)] વિ. આનંદી.

૨. વિ. સાવ તાજુ; તાજુમાજુ. ઘટપુષ્ટ; તાજુ અને પાકેલ.

તરોદત સ્ત્રી. કળા; હિકમત; યુક્તિ.

તરોદદ ૧ સ્ત્રી કળા; હિકમત; યુક્તિ.

૨. સ્ત્રી. ખેતીવાડી સુધારવા માટે ખાતર, બેડ વગેરે કરી મહેનત કરવી તે. વસલાની ખાતામાં આ શબ્દ વપરાય છે.

૩ જુઓ તદ

તરોપણ ન. સુતારનું એક જાતનું ઓજાર; ટીપણ.

તરોપો ૧. પું. નાનો છોડ.

૨. પું. નાળિયેર.

તરોવડ (તરોવડ) ૧. સ્ત્રી સમજૂતી; ખુલાસો.

૨. વિ. ગરબેસતું; સમોવડ; જોડા સામુ તેવું; એકમેકથી ઊતરે નહિ એવું. સમાન; તોલ.

અધિયાણું રે સરખાર, બે ય તરોવડ રેવીએ,
એકે વણજ વેપાર, બીજે મરમાળાં માનવી.

બે.સે.ઝિ

તરોવડિયું (તરોવડિયું) વિ. બરોબરિયું; સમોવડિયું.

તરોવર ન. (જૂ. ગુ.) તરવર; મોટું ઝાડ; સાલ, ઊંબુ ને મોટું ઝાડ

તરોવાવું જ ક્રિ. પશુમાં અધૂરે વખતે બચ્ચાનો જન્મ થવો; તનેવું.

તરોવું ૧. જ. ક્રિ. તરવાનું; તપ્તાર્દ ને ગળી જવું; માસ સુકાઈ જઈ હાડચામડી થઈ જવું.

૨ જ. ક્રિ. પશુની માદાને ગર્ભપાત થવો; ગાય, ભેંસ વગેરેનો ગાભો ગર્ભ પડી જવો; ઢોરને કસુવાવડ થવી; પશુનો ગર્ભ પડવો.

તરોઈ જવું = (૧) ગાય, ભેંસ વગેરેનો ગાભો ગર્ભ પડી જવો; પશુની માદાને ગર્ભપાત થવો. (૨) તપ્તાર્દને ગળી જવું; માસ સુકાઈ જઈ હાડચામડી થઈ જવું

તરોંના જ. ક્રિ.નું એ નામનું એક આભૂષણ.

તરૌંદા [હિ] પું. ધંટીનો નીચલો પત્થર.

તર્ક ૧. [સં.] જ. ક્રિ. પ્રકારવું

૨. જ ક્રિ. (ધાતુ) અટકળ કરવી, અડસટ્ટો કરવો, માનવું; ખ્યાલ કરવો; કલ્પના કરવી, તર્ક કરવો તે ઉપરથી બનેલ શબ્દ: તક, તાર્કિક.

૩ જ ક્રિ. ખાતરી કરવી; ખાત્રી કરવી.

૪. જ ક્રિ. ખોસવું

૫. જ ક્રિ. ખોસવું

૬. જ ક્રિ નાશ કરવો

૭. જ ક્રિ. હાથમાં રાખવું

૮. જ ક્રિ. વાદ કરવો.

૯ જ ક્રિ. વિવાદ કરવો

૧૦ જ ક્રિ. સારાસાર વિચારવું.

તર્ક ૧. પું. આકાંક્ષા, ઇચ્છા.

૨. [અ. તરક (તોડે તે છોડવું)] પું. ઉદાસી મુક્તિ તે.

૩. પું. ઘાટ, કલ્પના; સજાવના.

૪. પું. ઊહાપોહ.

૫. પું. એક જાતના મુસલમાન; તુર્કી લોક.

૬. પું. એક પ્રકારનો ભાવ

વિષાદ, તર્ક, ગ્લાનિ વગેરે ભાવનું રાખ્યાન છે.

કેશવ કર્ણભ

૭. પું. ઠરવું. સળગ.

૮. પું (ન્યાય) કાર્ય ઉપરથી કારણ ને કારણ ઉપરથી કાર્ય નક્કી કરવાની વિચારસરણી.

૯ પું ચમત્કારપૂર્ણ ઉક્તિ, અનુરાઈ ભરેલી વાત

૧૦. પું જના આકની સત્તા.

૧૧. પું. જાણેલી વાત ઉપરથી તેના અવિજ્ઞ સંબંધી વિચાર બાંધવો તે; લક્ષણ કે ચિહ્ન ઉપરથી નવી વાત મેળવી તે

૧૨. પું. જ્ઞાન, વિચારશક્તિ; અર્થવાદ

૧૩. પું. ત્યાગ; વર્જન; છોડી દેવું તે

૧. તર્ક કરવો = તજી દેવું.

૨. તર્ક થવું = તજાવું; ત્યાગ થવો

૩. તર્કે અલ્પ = વિવેકત્યાગ; ઉદ્ધતાઈ, જંગલીપણું

૪. તર્કે દુનિયા = દુનિયા એટલે સંસાર છોડી દેવો તે; દુનિયા અને તેના ભોગસુખનો ત્યાગ.

૫ તર્કે વતન = દેશત્યાગ; પરદેશગમન, વગેરે ત્યાગી દેવા તે.

૬. તર્કે સ્ત્રીસંગત = સ્ત્રી છોડવી તે.

૧૪. પું. હલીલ; તકરાર.

૧૫. પું. નવા વિચારનો ઝુરો

૧૬. પું. નહિ ધારેલું આવી પડવું તે; અનિષ્ટપ્રાપ્તિ

૧૭. પું. (ન્યાય) ન્યાયના સોળ પદાર્થો પૈકી એક પદાર્થ. જ્યારે કોઈ વસ્તુનું સ્વરૂપ જ્ઞાત ન હોય ત્યારે તેનું સ્વરૂપ જાણવા માટે કોઈ વસ્તુનું અપાદાન કરી તેના ઉપરથી બીજી અનેક અનિષ્ટ વસ્તુનું અપાદાન કરવું તે; ન્યાય મત પ્રમાણે સોળ પદાર્થોના જ્ઞાનથી મોક્ષ મળે છે, તેમાનો એક પદાર્થ; આપ્તનો આદેશ કરીને થતો આપ્તનો આરોપ; આપ્તારોપથી આપ્તનો આરોપ વિષયપરિશોધક અને આત્મિલાભક એમ તર્ક બે પ્રકારનો છે. તેમાં જો આ પર્વત અગ્નિના અભાવવાળો હોત તો તે ધુમાડાના પણ અભાવવાળો હોત, ઇત્યાદિ તર્ક તો વિષયપરિશોધક કહેવાય છે. અને ધુમાડો જો અગ્નિના અભિયોગવાળો હોત તો અગ્નિજન્ય ન હોત, ઇત્યાદિ તર્ક તો આત્મિલાભક તર્ક કહેવાય છે. કેટલાક મંથકારો તર્ક અગિયાર પ્રકારનો માને છે: (૧) આપાત એટલે મૂળ વાતથી વિરુદ્ધ સાબિત થાય તે. (૨) આત્માશ્રય એટલે એક જ વાતની સિદ્ધિ થતી હોય તે. (૩) ઇતરેતરાશ્રય એટલે કોઈ બે વાત અન્યોન્યને આશ્રયે સિદ્ધ થતી હોય તે. (૪) ચક્રિકા અથવા ચક્રકાશ્રય એટલે એક જ પ્રમાણે બેથી વધારે વસ્તુનું હોય તે. (૫) અનવસ્થા એટલે પરિણામ અથવા અંતનો અભાવ. (૬) પ્રતિબંધી એટલે મૂળ વાતને રોકે તેવી વાત સિદ્ધ થાય તે. (૭) કલ્પના ગૌરવ એટલે કાર્ય કરવામાં સમર્થ કારણની અકલ્પતાની કલ્પના હોવાપણું. (૮) કલ્પના લાઘવ એટલે કાર્યના ઉત્પન્ન કરવા વિષે સમર્થ વસ્તુની કલ્પના. (૯) ઉત્સર્ગ એટલે સામાન્ય નિયમ. (૧૦) અપવાદ અને (૧૧) વૈજ્ઞલ્ય એટલે મૂળ વાતથી જુદી જ વાતની સિદ્ધિ. કેટલાક મંથકારોએ તર્કનાં સાત દૂષણ માનેલ છે. જેવાં કે, (૧) આપાતસિદ્ધિ, (૨) આપાદકસિદ્ધિ, (૩) ઉભયસિદ્ધિ, (૪) પ્રતિબિંબસમૂહતા, (૫) મિથસ્તર્કવિરોધ, (૬) ઇષ્ટાપત્તિ અને (૭) વિપર્યયાપર્યવસન.

૧૮. પું. પક્ષ; કલ્પિતાર્થ; પ્રતિજ્ઞા; વાદ

૧૯ પું. (વેદાંત) પ્રતિવાદીના ન ધારેલા અર્થની સિદ્ધિ કરે તે યુક્તિ. જેમ પર્વતમાં ધુમાડાને દેખતા છતાં પણ પ્રતિવાદી તેમાં અગ્નિ ન માનતો હોય તો કહેવું પડે કે, જો આ પર્વતમાં અગ્નિ ન હોય તો તેનું કાર્ય ધૂમ પણ ન હોવો જોઈએ આ તર્ક છે. આમાં અગ્નિના અભાવરૂપ આપ્તનું આરોપણ કરીને ધૂમાભાવરૂપ આપ્તનું અપાદાન કર્યું છે.

૨૦. પું. બુદ્ધિની પહોંચ; અટકળ; ઉતારો; અનુમાન; અડસટ્ટો; એક વાત વિષે મનમાં કંઈ ન સૂઝે, પણ તે બાબ છે એમ ન કહેવાય તે; કેટલીક અનુભવસિદ્ધ જેવી વાતો ઉપરથી બીજી નવી વાતોને વિષે નક્કી કરવાની ક્રિયા; આગમના અર્થની પરીક્ષા કરવી તે; ઇંદ્રિય વડે થયેલા જ્ઞાન ઉપર મનશક્તિ દ્વારે જાગી નવું રૂપ કે નવી મૂર્તિ ઉપજાવી શકે છે તે બાબત; જે કંઈ મનમાં નવું કલ્પેલું તે; પ્રથમ જ્ઞાનને જે રંગ આપ્યો હોય તે

૨૧. પું. વાંધો

તર્ક ઉઠાવવો = વાંધો લેવો.

૨૨. પું. વિચાર; પ્રક્રિયા; મીમાંસારૂપ વિચાર.

૨૩. પું. વેદના આઠ માંહેનો એક ચેટા ભાગ; વેદનાં આઠ માંહેનું એક ઉપાંગ

૨૪ પું. ખેડવારીનો રેજમૂમિ ઉપરથી જતી વખતે કહેવાનો ઉદ્ગાર બોલ.

૨૫. પું. (જૈન) વ્યાપ્તિ એટલે અવિનાભાવ સંબંધનું જ્ઞાન. જ્યાં જ્યાં સાધન એટલે હેતુ હોય ત્યાં ત્યાં સાધ્યનું હોવું અને જ્યાં જ્યાં સાધ્ય ન હોય ત્યાં ત્યાં સાધનના પણ ન હોવાને અવિનાભાવ સંબંધ કે તર્ક કહે છે.

૨૬. પું. સાચ નહિ એવી ખાતરી; અસાચ ખાતરી.

૨૭ પું. સોપારી સડતુ તે.

૨૮. પું. સંભવિત ખુલાસો.

૨૯ પું. સંશય

૩૦. પું. સિદ્ધાંત; વાદ.

૩૧ પું. હિંમત હોવાપણું.

૩૨. ન. જ માંહેનું એ નામનું એક રાગ; તર્કરાગ; કાર્ય ઉપરથી કારણ અને કારણ ઉપરથી કાર્ય નક્કી કરવા સંબંધી રાગ અથવા ક્રિયા, હેતુવાદરાગ; એ નામનું એક જ્ઞાનસ્થાન; અન્વીક્ષિકાવિદ્યા; ન્યાયશાસ્ત્ર; 'લૉજિક.'

તર્કક ૧. [સં.] વિ. તર્ક કરનાર.

૨. વિ. માગણ; ભીખ માગનાર; યાચક.

તર્કકર્મ [સં. તર્કકર્મન્] ન. મોસાળ માંહેની એ નામની એક કળા.

તર્કખંડ [સં.] પું. તર્કરૂપી ઓરડો.

તર્કગર્ભિત [સં.] વિ. તર્કથી ગૂંથાયેલ.

તર્કગર્ભિત અને સરસ ગદ્ય. શુ. સા. પરિષદ

તર્કગ્રંથ [સં.] પું. તર્કશાસ્ત્રને લગતો ગ્રંથ; ન્યાયગ્રંથ; તર્કપ્રધાનગ્રંથ.

તર્કચ્છલયુક્ત [સં.] વિ. તર્ક તથા કપટથી ભરેલ

તર્કજ્ઞલ [સં.] સ્ત્રી. તર્કની જાળ; વાદવિવાદની જાળ.

તર્કજાળ જુઓ તર્કજ્ઞલ.

તર્કજ્ઞ [સં.] વિ. તર્ક જાણનાર.

તર્કટ ૧. ન. તરકટ; બાળ; કાવતરું; પ્રપંચ; કારસ્તાન.

૨. ન. ચુડચાર્ય

તર્કટી સ્ત્રી. ચુડચુ; પક્ષ; દમામોર; બાળ નાખે એવું

તર્કણ [સં.] પું. તર્ક કરવાની ક્રિયા.

તર્કણા ૧ [સં.] સ્ત્રી યુક્તિ; હલીલ.

૨. સ્ત્રી. વિચાર.

તર્કતુરી પું. વિચારરૂપી ઘોડો.

તર્કદીપિકા [સં.] પું. એ નામનો એક ગ્રંથ.

તર્કદૂષણ [સં.] ન. તર્કનો દોષ. આપાતસિદ્ધિ, આપાદકસિદ્ધિ, ઉભયસિદ્ધિ, પ્રતિબિંબસમૂહતા, મિથસ્તર્કવિરોધ, ઇષ્ટાપત્તિ અને વિપર્યયાપર્યવસન એવાં તર્કમાં સાત દૂષણ કેટલાક મંથકારો માને છે.

તર્કદોષ [સં.] પું. કલ્પનાનો દોષ; વિચારદોષ; વિચારપ્રક્રિયાનો દોષ.

તર્કદ્વેષ [સં.] પું. યુક્તિદ્વેષ; બુદ્ધિદ્વેષ; હેતુબુદ્ધિપ્રધા.

તર્કનય [સં.] ન ન્યાયશાસ્ત્ર.

તર્કના ૧. સ્ત્રી. અનુમાન; કલ્પના; મારણા.

ઘણી તર્કના એમ કરે પણ,
એનું કારણ કો ન તો કળે. નિશર

૨ સ્ત્રી. જ્ઞાન; વિચારશક્તિ; અર્થવાદ.

૩ સ્ત્રી. નવા વિચારનો ઝુરો.

૪. સ્ત્રી. બુદ્ધિની પહોંચ; અટકળ.

૫ સ્ત્રી. અવિજ્ઞ સંબંધી વિચાર બાંધવો તે.

૬. સ્ત્રી. હેતુવાદશાસ્ત્ર.

તર્કપટુતા [સં.] સ્ત્રી. વિચારની ચતુરાઈ; વિચાર કરવાવાળાની હોશિયારી.

તર્કપદ્ધતિ [સં.] સ્ત્રી. તર્ક કરવાની રીત.

તર્કપુરઃસર [સં.] અ. તર્ક પ્રમાણે.

તર્કપ્રચુર [સં] વિ. તર્કથી ભરપૂર.

તર્કપ્રણાલી [સં.] સ્ત્રી. તર્કની પદ્ધતિ.

તર્કપ્રધાન [સં.] વિ. જેમાં તર્ક વિશેષ હોય તેવું.

તર્કપ્રવણતા [સં.] સ્ત્રી. ધર્મનિર્ણય; કૂટ તર્ક.

તર્કપ્રામાણ્ય [સં.] ન. તર્ક એટલે વિચારપ્રક્રિયામાં પ્રમાણબુદ્ધિ.

તર્કપ્રામાણ્યવાદ [સં] પું. તર્કમાં પ્રમાણબુદ્ધિ હોવી જોઈએ એવો વાદ; હેતુવાદ; 'રેશનલિઝમ.'

તર્કપ્રામાણ્યવાદી [સં. તર્કપ્રામાણ્યવાદિન્] વિ. હેતુવાદી; બુદ્ધિપ્રામાણ્યવાદી; હેતુક; 'રેશનલિસ્ટ.'

તર્કપ્રિય [સં.] વિ. જેને તર્ક બહાલો હોય એવું.

તર્કબદ્ધ [સં] વિ. ન્યાયયુક્ત; તર્ક સહિત; તર્કની દૃષ્ટિએ વિચારાયેલ; વિશુદ્ધ.

તર્કબલ [સં.] ન. તર્કનું બળ.

તર્કબળ જુઓ તર્કબલ.

તર્કબાજ ૧. વિ. તર્ક કરનાર; કલ્પક; વિચાર ચલાવવામાં હોશિયાર; તર્કમાં કુશળ; ઝીણી નજરવાળું; ચતુર; અટકળ એટલે કલ્પના કરવામાં હોશિયાર.

૨. વિ. દલીલબાજ; વાદશીલ.

૩. વિ. ન્યાયશાસ્ત્રમાં કુશળ.

તર્કબુદ્ધિ [સં.] સ્ત્રી. તર્ક કરવાની બુદ્ધિ.

તર્કભાષ્ય [સં.] ન. રામાનુજાચાર્યે રચેલ એ નામનો એક ગ્રંથ.

તર્કભૂષણ [સં.] પું. તર્કની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાને મળતી એ નામની એક પદવી

તર્કમુદ્રા ૧. [સં.] સ્ત્રી. (યોગ) તર્જની અને અંગુઠાના અગ્રભાગને પરસ્પર અડાડી બાકીની આંગળીઓ લાંબી રાખવાથી બનતી મુદ્રા.

૨. સ્ત્રી. (તાંત્રિક) તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

તર્કરાશિ [સં.] પું. તર્કનો ભંડાર

તર્કવાદ ૧. [સં.] પું. મોસંબી બાફેની એક કઢા. આ કઢા ભાવનાર બીજી વસ્તુની પણ ચારબ કરી શકે છે ને બધો બાજ મેળવે છે

૨. [સં. તર્ક + વાદ (સિદ્ધાંત)] પું તર્કને આધારે સ્થાપેલો વાદ; તર્કવિદ્યાનો સિદ્ધાંત; તર્ક સંબંધી વાદ; તાર્કિક વાદ; તાર્કિક પ્રક્રિયા; 'લૉજિકલ પૉઝિટિવિઝમ.'

તર્કવાદકલ્લા [સં.] સ્ત્રી. મોતેર બાફેની એ નામની એક કલા.

તર્કવાદી [સં. તર્કવાદિન્] વિ. તર્ક કરનાર.

તર્કવિતર્ક ૧. [સં.] પું. વિવિધ પ્રકારે તરેહવાર વિચારો કરવા તે; સારાખોટા અને જાતજાતના વિચાર; ઘર્ષ અને ક્ષોભ વગેરે સંબંધી કલ્પનાના વિચાર; આમતેમ વિચાર દોડાવવા કે ચલાવવા તે; ઊહાપોહ; ગમે તેમ વિચાર દોડાવ્યા કરવા તે.

૨. વિ. વાદવિવાદ.

૩. વિ. વિચાર; ઊહાપોહ.

તર્કવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ગૌતમ અને કણાદકૃત ન્યાયશાસ્ત્ર.

૨. સ્ત્રી. વિચારશક્તિ.

૩. સ્ત્રી. હેતુવિદ્યા; અર્થવાદ.

તર્કવિરુદ્ધ [સં.] વિ. તર્કની સામેનું; અવયાર્થ

તર્કવ્યવસ્થા [સં.] સ્ત્રી. તર્કશાસ્ત્ર; બુદ્ધિવ્યાપારશાસ્ત્ર; પ્રમાણશાસ્ત્ર; 'લૉજિક.'

તર્કવ્યાપાર ૧. [સં.] પું ઉપન્યાસ; નિર્દેશ; નિર્ણય; બુદ્ધિવિવેક; વિચારશક્તિ.

૨. પું. મનનું વિચાર કરવો તે.

તર્કશ [સં.] પું બાણ રાખવાનો બાથો.

તર્કશક્તિ [સં. તર્ક (વિચાર) + શક્તિ] સ્ત્રી. તર્ક કરવાની શક્તિ; કલ્પનાશક્તિ; અર્થવાદ.

તર્કશાસ્ત્ર ૧. [સં.] ન. તર્ક કેમ કરવો તે સંબંધી જેમાં વિચાર હોય તે શાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર; આન્વીક્ષિકી વિદ્યા; સિદ્ધાંતોનાં ખંડનમંડનની શૈલી બતાવનારી વિદ્યા; 'લૉજિક.'

૨. ન. વિચારશાસ્ત્ર.

૩. ન. સમજશક્તિ અને વિચારોના ક્રમવડા દર્શાવતું વિજ્ઞાનશાસ્ત્ર. તેની મૂળ શરૂઆત ઍરિસ્ટોટલે કરી છે. તેના બે ભાગ હોય છે: ઇન્ડક્શન અને ડીડક્શન. ઇન્ડક્શનની અંદર છૂટા છૂટા દાખલાઓમાંથી સિદ્ધાંતો સ્થાપવાના હોય છે અને ડીડક્શનમાંથી દાખલાદલીલથી મૂળ સિદ્ધાંતોને છૂટા છૂટા દાખલાઓમાં ઘટાવવામાં આવે છે. અમુક દાખલા ઉપરથી બુદ્ધિ ચલાવી સામાન્ય નિયમ બાંધવાની પ્રથાને તર્કશાસ્ત્રમાં ઇન્ડક્શન કહે છે. તેનાથી વિરુદ્ધ ડીડક્શન છે, જેમાં સામાન્ય નિયમ ઉપરથી અમુક દાખલા ઉપર અવાય છે.

તર્કશાસ્ત્રી [સં. તર્કશાસ્ત્રિન્] પું. તર્કશાસ્ત્રમાં વિદ્વાન હોય એવો પુરુષ; તર્કશાસ્ત્રના નિષ્ણાત માણસ; ન્યાયશાસ્ત્રી.

તર્કશીલ [સં.] વિ. તર્ક કરવાના સ્વભાવવાળું.

તર્કશુદ્ધ ૧. [સં.] વિ. ચોખ્ખા વિચારવાળું.

૨. વિ. તર્કદોષ વિનાનું; જેમાં શુદ્ધ તર્કવાળી દલીલો હોય એવું; ન્યાયાનુસારી; તર્કસિદ્ધ.

તર્કશુદ્ધિ [સં.] સ્ત્રી. વિચારની શુદ્ધતા.

તર્કસરણિ જુઓ તર્કસરણી.

તર્કસરણી [સં.] સ્ત્રી. તર્કોની પરંપરા; તર્કોનું નીસર્યા કરવું તે.

તર્કસંગઠન ન વિચારસંકલના

તર્કસંગ્રહ [સં.] પું એ નામનું એક પુસ્તક; ન્યાયગ્રંથ.

તર્કસંચારી [સં. તર્કસંચારિન્] પું. એક જાતનો ભાવ.

તર્કસિદ્ધ ૧. [સં.] વિ. અટકળે નક્કી કરેલું.

૨. વિ. તર્કથી સાબિત થયેલું; તર્કથી પુરવાર થયેલ; તાર્કિક.

૩. વિ. ન્યાયાનુસારી; 'લૉજિકલ.'

તર્કા ૧. [અ. તર્ક (તજ્જ રેવું)] પું. ચસિયતનામાથી આપવું તે.

૨. પું. વારસો.

૧. બસ્તકાકે તર્કા = વારસાનો હક્ક.

૨. તર્કામિલ્કા વસિયતનામા = મિલકત.

૩. તર્કામાં આવવું = વારસો મળવો.

૪. તર્કામાં જોડવું = વારસામાં દેવું.

૫. તર્કાયે પિદરી = બાપદાદાની મિલકત.

૩. [સં.] સ્ત્રી. કલ્પના.

૪. સ્ત્રી. તર્ક.

૫. સ્ત્રી સદ્ય.

તર્કાત્તમોત્તરકાર્યકૃત [સં. તર્કાત્તમોત્તરકાર્યકૃત્] પું. પુરુષોત્તમના હજાર બાંહેનું એક નામ.

તર્કાનંદ (સં. તર્ક + આનંદ] પું. બુદ્ધિવિલાસ.

તર્કાનુકૂલ [સં.] વિ. વિચારદૃષ્ટિથી અનુકૂલ.

તર્કાનુગામી [સં. તર્ક + અનુગામિન્] વિ. તર્કાનુસારી; તર્કપુરઃસર; ન્યાયી.

તર્કાનુષ્ઠ [સં.] વિ. પ્રમાણે કે દલીલ કરેલું.

તર્કાનુમેય [સં.] વિ. તર્કથી અનુમાન કરવા જેવું

તર્કાનુરૂપ [સં] વિ. બુદ્ધિસંપન્ન.

તર્કાનુરૂપતા [સં.] સ્ત્રી. યુક્તતા.

તર્કાનુસારિણી [સં.] વિ. સ્ત્રી. તર્કને અનુસરતી.

તર્કાભાસ [સં. તર્ક + આભાસ] પું. ખોટો તર્ક; દુષ્ટ તર્ક; કુતર્ક.

તર્કારી ૧ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અરણીનું ઝાડ; નરવેલ; જવતી વૃક્ષ.

૨. સ્ત્રી. લાલ રાક્ષ; આછપલાનું શાક; તરમરી.

તર્કાશય [સં.] પું. વિચારનો હેતુ.
ઉપેક્ષા કરીને સમાહિત ચિત્ત થઈ તર્કાશય અને મનસ્તાપ ઉદ્ભે. પુરાતત્ત્વ

તર્કાસહપ્રશ્ન [સં.] પું (ન્યાય) જેને બીજાઓ સપ્રમાણ જવાબ એવી સ્થિતિ; નહીંબાસ્તાસ્તાપ, ઉભયતઃપાશારજ્જુન્યાય.
એ પ્રકાર પહેલાંને વિકલ્પાસહ, ઉભયત પાશારજ્જુ વા તર્કાસહપ્રશ્ન કહે છે. હીરાલાલ ઓઝ

તર્કિકતા સ્ત્રી તર્કશક્તિનો વિકાસ; તર્કપટુ.
સહિષ્ણુતા શિક્ષણ બુદ્ધિની નિર્ભેળતા અને તર્કિકતા આપવા માટે છે. દક્ષિણામૂર્તિ

તર્કિત ૧. [સં.] વિ. તર્ક કરેલું; કલ્પના કરેલ; વિચારેલ; અપેક્ષિત; ધારેલું.
૨. વિ. સજ્જ કરેલ.

તર્કિન જુઓ તર્કિ.

તર્કિલ [સં.] પું. આમર્દ વૃક્ષ.

તર્કી ૧. પું. તુર્ક લોકોનો દેશ; તુર્કસ્તાન; તુર્કી.
૨. સ્ત્રી. તાડના ઝાડનાં પાંદડામાંથી બનતું કાનનું એક ઘરેણું.
૩. વિ. કાળા રંગનું, સારસ જેવું, પાંખવાળું, મૂળ અમેરિકનું વતની એક જાતનું પંખી.
૪. [સં. તર્કિન્] વિ. તર્ક કરનાર; મીમાંસક; કલ્પક; તર્ક કરવામાં ચતુર; તર્કવાળું.
૫. વિ. તુર્ક લોકો સંબંધી.
૬. વિ. હોંશિયાર.

તર્કિષ સ્ત્રી. નરમ કરવું તે.

તર્કીબ ૧. [હિં.] સ્ત્રી. બનાવટ.
૨. સ્ત્રી. યુક્તિ; તરકીબ.

તર્કી રેડ [અં. ટર્કી રેડ] વિ. લાલ; મજીઠના રંગનું; કસુંબલ લાલ રંગનું.

તર્કુ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. ચરખો; રેંટિયો.
૩. પું. ત્રાક; તરાક.
૪. પું.; સ્ત્રી. તકલી.

તર્કુક જુઓ તર્કુ.

તર્કુકર્મ [સં.] ન. સૂતર કાંતવું તે. ચરખા ઉપર સૂતર કાંતવાનું કામ.

તર્કુકાર [સં.] પું. સૂતર કાંતવું તે. ચરખા ઉપર કાપડ વણવાને માટે એટલે કાપડ તૈયાર કરવાને માટે મોઢવણી કરવાની રીત.

તર્કુક્ષ [સં.] ન. સૂતર કાંતવું તે.

તર્કુટી [સં.] સ્ત્રી. ચરખો; રેંટિયો.

તર્કુપિંડ ૧. [સં.] પું. રેંટિયાની નીચે તથા બાજુએ ભરાવો વધારે હોય છે તે.
૨. પું. રેંટિયાની ફીરકી.

તર્કુપીઠી જુઓ તર્કુપિંડ.

તર્કુલ ૧ [હિં.] પું. તાડના ઝાડનું ફળ.
૨. પું. તાડનું ઝાડ.

તર્કુલાસક [સં] પું ચરખો ચલાવવાનો હાથો

તર્કુવાણ ૧ [સં.] પું. સરાણ; ચપ્પુ વગેરે સજવાનું ઓજાર.
૨. ન. બાજ વગરનું મૂળ કરજ.

તર્કુશાન પું. ઝાકની બણી કાઢવા માટેની સળી.

તર્કેમચાલત પું. અસલકાર.

તર્કેમચાલ્લાત જુઓ તર્કેમચાલત.

તર્કેશ્વર [સં.] પું. તર્કના પ્રણેતા મનુષ્ય.

તર્કો પું. તર્કો નામનું નર પંખી.

તર્ક્ય [સં.] વિ. વિચારવા લાયક.

તર્ક્ષુ [સં.] પું. રીંછ.

તર્ક્ષ્ય [સં.] પું. ઘોડો.

તર્જ ૧. ન. તાન; સાથ.
૨ ન તરત; તત્કાળ.

તર્જ ૧. [સં] સ ક્રિ. (ધાતુ) તર્જના કરવી; તિરસ્કારવું તે ઉપરથી બનેલ શબ્દ: તર્જક; તર્જન; તર્જના; તર્જની
૨. સ ક્રિ. ધમકી આપવી; બિવડાવવું. ભયભીત કરવું.
૩. સ. ક્રિ. નિંદા કરવી; દ્વેષ દેવું.
૪. સ. ક્રિ. મશ્કરી કરવી.
૫. સ ક્રિ. વઢવું; ઠપકો આપવો.

તર્જ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તમ મનુનો એ નામનો એક દીકરો.
૨. [સં] સ્ત્રી. ગાવાની ઢબ; તરજ.
૩. સ્ત્રી. ઢબ; રૂઢિ; શૈલી; રીતિ.
૪. સ્ત્રી. પ્રસાદ કરેલ રાજસ્ત્રી.
૫ સ્ત્રી રચના; પ્રકાર; બનાવટ.

તર્જક [સં.] વિ. તર્જના કરનાર; તિરસ્કાર કરનાર; ધિક્કારનાર.

તર્જન ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક ઋષિ. તેનાથી તેવી જાતની ઉત્પત્તિ થઈ કહેવાય છે.
૨. ન. ઉતાવળો; ધમકી; ઠપકો દેવો તે; ભય બતાવવાપણું.
તર્જન કરવું = કરાવવું; ભય બતાવવો.
૩. ન. ક્રોધ
૪. ન. ચમકારો
કરી ગાઢ અંધાર ઝર્જનથી,
ચમકે પળ વિદ્યુત તર્જનથી. નરસિંહરાવ
૫. ન. તરખોડ; ધુતકાર; ધીક્કાર; ધિક્કારવું તે; તરખોડી નાખવું છે તર્જની ઉપર કંઈ વળગ્યું હોય તેને જેમ તરછોડીને દૂર કરાય તેમ તરછોડવું તે.
૬ ન. દ્વેષ દેવું તે
૭ ન. નિંદા
૮ ન. ચમત્કાર કરવારૂપ
૯ ન. સામાને હલકું દેખાડી પોતાનું મહત્ત્વ બતાવવું તે; બીજાની અવગણના કરવારૂપ; બીજાને તુચ્છ ગણવા પોતાની સરસાઈ દાખવવી તે; પોતાની શ્રેષ્ઠતા આગળ બીજું તુચ્છ છે એમ તુમાખી સામાનો ધીક્કાર બતાવવો તે.

તર્જનગર્જનકારીવ્યક્તિ સ્ત્રી. લડવાની હોંશ રાખનો માણસ; દુશ્મનોની સામે લડી રાજ્ય કાજી લેવાની ધમકી ધરાવનાર માણસ.

તર્જના ૧. [સં.] સ્ત્રી. અવગણના; તરછોડ; તુચ્છકાર; તિરસ્કાર; અવજ્ઞા; અવહેલના; ધિક્કાર.
૨ સ્ત્રી ઉશ્કેરણી; ઠપકો; ધમકી; ધમકાવવું તે.
૩ સ્ત્રી. નિંદા

તર્જની ૧ પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રમાં પાંચ તારાનો આખો તારો; હસ્ત નક્ષત્રમાં અંગૂઠા પાસેની આંગળીને સ્થાને આવેલો ત્રીજા પ્રહરનો તારો. વિષુવાંશ ૧૨૬ અને ક્રાંતિવૃત્ત ૧૬ ઉપર તે આવેલો છે.
૨ [સં] સ્ત્રી હાથના અંગૂઠા પાસેની આંગળી. બતાવવા કે ધમકાવવામાં તેનો ખાસ ઉપયોગ થતો હોઈ તે તર્જની કહેવાય છે.

તર્જનીનિર્દેશ [સં.] પું. તર્જની આંગળીથી કંઈ પણ બતાવવું તે.

તર્જનીપ્રસારણી [સં.] સ્ત્રી. એ નામની એક નાડી. અંતઃપ્રકોષ્ઠાસ્થિના મધ્યનલાની પીઠ ઉપરથી ઊપડી વહીને તર્જની આંગળી ઉપર જતી કંઠરા સાથે મળી જાય છે. તેનું કાર્ય અંગૂઠાને લાંબો કરીને બહારની બાજુ ઉપર ખેંચવાનું છે. પ્રકોષ્ઠાંતરાલાપ્રસિરા એ તેની પ્રમેષ્ટની નાડી છે.

તર્જનીપ્રવર્તક [સં. તર્જની (એ નામની આંગળી) + પ્રવર્તક (પ્રેરણા કરનાર)] સ્ત્રી. મધ્યમાપ્રસારિણીપ્રેરિકા પેશીઃ તર્જનીપ્રસારિણી પેશી.

તર્જનીપ્રસારિણી જુઓ તર્જનીપ્રસારણી.

તર્જનીમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા. તેમાં ડાબા હાથની મૂઠી બંધ કરી તર્જની અને મધ્યમા ફેલાવવામાં આવે છે.

તર્જવું ૧. સ. ક્રિ. તુચ્છ ગણવું; ધુતકારી કાઢવું; તરછોડવું; ધુતકારવું; ઘૃણા સહિત તિરસ્કાર કરવો.
૨. સ. ક્રિ. ધમકાવવું; ઠપકો આપવો.

તર્જિક [સં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

તર્જિત ૧. વિ. તજ્જ દીધેલું.
૨. [સં.] વિ. તર્જના કરેલ.

તર્જિહ [અ.] સ્ત્રી. ઉપરીપણું મેળવવું તે.
તર્જિહ રાખવી = ચડી જવું

તર્જુમો [અ.] પું. એક ભાતનું પ્રાચ્ય. તેમાં એક લીટી ફરી વાર અમુક અમુક અંતરે આવ્યા કરે છે.

તર્જુમા [અ.] પું. ભાષાંતર; અનુવાદ.

તર્જુમિયું વિ તર્જુમો થયેલું.
સાહિત્યમાં આત્મબળ ઘરડ અબરહા ઉત્પન્ન થયથી
તર્જુમિયાં હબશ્યો તરફ મન આકર્ષાયું.
કમળાશંકર

તર્જુમો પું. અનુવાદ; ભાષાંતર.

તર્જ્ય ૧. [સં] વિ. ડપકાને પાત્ર; ઠપકો આપવા યોગ્ય.
૨. વિ. તિ-રસ્કાર કરવા જેવું.
૩. વિ. નિંદવા લાયક.
૪. વિ. ખિજાવવા યોગ્ય.
૫. વિ. મશ્કરી કરવા જેવું.

તર્ઝ ૧. [અ.] સ્ત્રી. ખિતાબ.
૨. સ્ત્રી. ખૂબસૂરતી.
૩. સ્ત્રી ચાલવાની છટા.
૪. સ્ત્રી ફેશન; ચાલ.
૫. સ્ત્રી. રાજરાજેશ્વરી.
૬. સ્ત્રી. રીત; ઢબ.
૧. તર્ઝે અમલ = કામ કરવાની રીત; કામ ચલાવવાની ચાલાકી.
૨. તર્ઝે ઇબારત-તહરીર = વાક્યરચના.
૩. તર્ઝે કલામ = કહેવાની; ઢબ.
૪. તર્ઝે જવાબદિહી = જવાબની રીત.

તર્ણ [સં] પું. વત્સ; ગાયનું વાછરડું.

તર્ણક ૧. [સં] પું ગાયનું તરતનું જન્મેલું વાછરડું.
૨. પું. બાળક; બચ્ચું; શિશુ.

તર્ત અ. તુરત; તરત; અચાનક; તે જ વખતે; તત્ક્ષણ.

તર્તરા [હિં.] પું. એક ભાતની ભાવાની વાની.

તર્તરાવું ૧ વિ. બહુ બીકણું.
૨. વિ બીનાયવાળું.

તર્તરાહટ [હિં.] સ્ત્રી. ગભરાટ.

તર્તરીક ૧. [સં] ન. એક ભાતનું વહાણ.
૨. વિ. પાર જનાર; તરનાર.

તર્તીબ ૧. પું. ક્રમસો.
૧. તર્તીબ કરવો = ક્રમસો કરવો.
૨. તર્તીબે = સરસ.
૨. [અ.] પું. અવસ્થા.

તર્તીલ ૧. ન. પૃથક્કરણ
૨. [અ] ન. શુદ્ધ અવાજથી ગાવું તે.

તર્દ ૧. [સં] સ ક્રિ. ધ્વંસ કરવો
૨. સ. ક્રિ. મારી નાખવું; હિંસા કરવી.

તર્દના [સં.] સ્ત્રી. હિંસા.

તર્દુક ૧. પું ઉપાય.
૨. પું. બંદોબસ્ત; ગોઠવણ; રચના; વ્યવસ્થા.

તર્પણિ સ્ત્રી ઉંદર.
તર્પણિ દેવી = ઉત્ક્રાંતિ થવું.

તર્પ પું. સંતોષ.
તેને તર્પ કાં અર્પી,
એણે ઉર સંતોષ તારે સખી! મીરાંબાઈ

તર્પક ૧. [સં. તૃપ્ (ખુશ કરવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] ન. તૃપ્ત કરવાની ક્રિયા; પ્રસન્ન કરવું તે.
૨. ન. તૃપ્તિ
૩. ન પાણીની અંજલિ; જલાંજલિ; પિતૃઓની તૃપ્તિ માટે જળ આપવું તે; પિતૃઓનું તર્પણ કરવા આપતી જલાંજલિ; આહુતિ; પાણીના ખોબા ભરી મંત્ર બોલી પિતૃને અર્પે આપવા તે. તેના દેવતર્પણ, ઋષિતર્પણ અને પિતૃતર્પણ એવા ત્રણ પ્રકાર છે.
૧. અહીં બેઠો બેઠો શું તારા બાપનું તર્પણ કરે છે ? = તારો વખત શા માટે બગાડે છે !
૨. તર્પણ કરવું = પાણીના ખોબા ભરી ઠાલવવા.
૪. ન. પિતૃઓને પાણી વગેરે સંતોષ પમાડવાનું કર્મ; પિતૃયજ્ઞ; પંચ માંહેનો એક મહાયજ્ઞ. સ્મૃતિની ઉપાસનાનાં પંચ માંહેનું એક ઉપાંગ શાક્ત સંપ્રદાયમાં તેનો ઉલ્લેખ છે કે: જપ, હોમ, તર્પણ, માર્જન અને મહાભોજન એવાં પાંચ ઉપાયો હોય છે
૫. ન. પિતૃને પાણી પાવાનું કર્મ; પિતા, માતા અને ગીર્ણ છતાં વૃદ્ધોને સંતોષવાને અને સુખી કરવાને જે કર્મ કરવામાં આવે તે કર્મ.
૬. ન. માન આપવાની અથવા પૂજા કરવાની અદાર માંહેની એક રીત. ષોડશોપચાર
૭. ન. સમિધ; યજ્ઞનાં કાષ્ઠ.
૮. વિ. તૃપ્ત કરનાર; પ્રસન્ન કરનાર.
૯. વિ. પિતૃયજ્ઞ કરનાર.

તર્પણવું સ ક્રિ. તૃપ્ત કરવું.

તર્પણાસોડિકા ૧. સ્ત્રી. પાણી અને સાકરનું મિશ્રણ કરતી સ્ત્રી.
૨. ન. સાકરમાં પાણી મેળવીને બનાવું તે.

તર્પણી ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક વૃક્ષ; મુરાલ.
૨. સ્ત્રી ગંગા નદી.
૩. વિ સ્ત્રી. તૃપ્તિ દેનારી.

તર્પણીય [સં.] વિ. તૃપ્ત કરવા યોગ્ય; તૃપ્ત થવાને લાયક.
ન વિનતી માનતી તર્પણીય,
પ્રસન્ન છે તે તુજ મુખ જોતાં;
કરીશ હું જ્યાં લગ પ્રાપ્ત ત્યાં,
માનું જ મેં જે તર્પણીય છે તે. કલેપનિષદ

તર્પયેજ્જુ ૧. [સં.] પું. ભીષ્મ પિતામહ.
૨ વિ. તૃપ્ત કરવા ઇચ્છનાર; પ્રસન્ન કરવાની ઇચ્છાવાળું
૩. વિ. પિતૃયજ્ઞ કરવા ઇચ્છનાર.

તર્પિત વિ. સંતોષ પામેલું.

તર્પવું ૧. સ ક્રિ. તર્પણ કરવું; પિતૃઓની તૃપ્તિ માટે પાણીની અંજલિના દાન આપવા.
૨. સ. ક્રિ. તૃપ્ત કરવું; સંતોષવું; પ્રસન્ન કરવું.
જળે તર્પ્યો ભૂમિએ અણુ અણુ ભૂમી દેહ ધરિયો,
ઓષે તેણે ઓષી સુબગ, પ્રભુને પ્રાણ પૂરિયો.
સંધમિત્રા

તર્પિણી ૧. [સં.] સ્ત્રી. તૃપ્ત કરનારી સ્ત્રી.
૨. સ્ત્રી. પદ્મચારિણી નામનો વેલો.

તર્પિત ૧. [સં] વિ. તૃપ્ત થયેલું; સંતુષ્ટ; સંતોષ પામેલું; પ્રસન્ન થયેલું
૨. વિ. પિતૃયજ્ઞ કરેલું.

તર્પી ૧. [સં. તર્પિન્] વિ. તૃપ્ત કરનાર; સંતુષ્ટ કરનાર.
૨. વિ. પિતૃયજ્ઞ કરનાર.

તર્ફ (તર્ફ) ૧. [અ.] સ્ત્રી. તરફ; બાજુ; બાજુ.
તર્ફે સાની = (૧) દુશ્મન. (૨) પ્રતિવાદી. (૩) બીજી બાજુ. (૪) સ્ત્રી.
૨. સ્ત્રી. દિશા.

તર્ફદાર (તર્ફદાર) ૧. પું. અમિન્દાર; મદદનીશ; વસૂલાતી અને પોલીસનો નીચલો અમલદાર.
૨. વિ. અનુયાયી
૩. વિ. પક્ષ ખેંચનાર; બાજુએ રહનાર; પક્ષપાતી.

તર્ફદારી (તર્ફદરી) [અ.] સ્ત્રી. એકનો પક્ષ કરવો તે; પક્ષ; તરફદારી; પક્ષપાત.
તર્ફદારી કરવી = પક્ષ ખેંચવો; પક્ષે રહવું; મદદ કરવી

તર્ફૈન (તર્ફૈન) [અ.] ન. બંને બાજુ.

તર્બ [સં.] સ અ ક્રિ. ગમન કરવું; જવું.

તર્બ [હિં] સ્ત્રી. સંગીતનો સૂર.

તર્બૂઝ ૧. [સં.] પું. એ નામનું એક ઝાડ; મકમદ.
૨. પું. ચાંદ વત્સર; વર્ષ.

તર્બદ [અ.] પું. ઓઢ જાતનું રેશમ મિશ્રિત કાપડ.

તર્બીઅ ૧. [અ.] સ્ત્રી. ચોરસ આકૃતિ બનાવી તેના ચાર ભાગ પાડવા તે.

૨. સ્ત્રી. તારાઓનો ચોરસ આકૃતિ જેવો દેખાવ.

તર્બુજ [ફા.] ન. તરબૂચ; કલિંગડ.

તર્બૂજ [હિં.] ન. તરબૂચ; કલિંગડ.

તર્રા [હિં.] પું. ચાલુની દોરી.

તર્રાર ૧. [અ.] પું. ઠગ; ખીસાકાતરૂ.

૨. વિ. ચાલાક.

તર્રારફર્રાર (તર્રા-ફર્રાર) વિ. ચાલાક.

તર્રારા [અ.] પું. ઝડપ.

૧. તર્રારા ભરવા = ચાલીકરવું.

૨. તર્રારા મારવા = ફૂદકો માર્યો.

૩. તર્રાર ભરવું = પૂરેપૂરી ઝડપથી ચલુ.

તર્રારી ૧. [અ.] સ્ત્રી. ચાલ.

૨. સ્ત્રી. ઝડપ.

તર્રાહ [અ] પું. ચિકપી.

તર્રાહી [અ.] સ્ત્રી. ચિકપણા.

તર્વૈરત વિ. તરબર થયું; કંપતું.

ઝડા ઝાસથી તર્વરત અધરે, પીડાઈ ચિત્તે ઘરે,
હો આ ઘન્ય અમન્ય કેરી અવધા કું પ્રીતિ તની! રમરે.
અમકતક

તર્રાં [ફા.] ન. ઓઢ જાતનું કાપડ.

તર્ષ ૧. [સં.] પું અભિલાષા; ઇચ્છા.

૨. પું અસંતોષ; તૃષ્ણા.

૩. પું. આકાશનો ઓઢ.

૪. પું. તરસનું સાધન; ઓઢી.

૫. પું. તરસ.

૬. પું. મેળો.

૭. પું. સાલય.

૮. પું. સમુદ્ર.

૯. પું. સૂર્ય.

તર્પક ૧. [સં.] ન. અભિલાષા; ઇચ્છા.

૨. ન. તરસ.

૩. ન. તૃષ્ણા

૪. ન ઘ.સમ.

તર્પિત ૧. [સં] વિ. તૃપ્તપ્રાપ્ત; સાલસાવાળું.

૨. વિ. તરસ્યું.

તર્સ ૧. [હિં.] પું. ડર; રહેમ.

૨. પું. ઉંટ.

૩. [સં. તરસીદન (બીજું)] પું. બીજ; બળ.

તર્સનાક [ફા.] વિ. બીકણ.

તર્સા ૧. [સં.] પું. અગ્નિપૂજક.

૨. પું. ખ્રિસ્તી.

૩. પું. નાસ્તિક.

૪ પું મુસલમાન ન હોય તે માણસ.

તર્સાન [ફા.] વિ. બીકણ.

તર્સીઅ ૧. [અ.] સ્ત્રી. ગમ કે પ્યાલામાં કાલાલુતા કે અસ્વસ્થતા

૨. સ્ત્રી. કબજિયાત અને સોનાથી સણસારવું તે

તર્સીલ [અ.] સ્ત્રી. ઓકવું તે.

તર્સુલ [સં. ત્રિરાત્ર] ન. ત્રણ અહોરાત્રનું આખું આસ કરીને તે લિયનું દક્ષિણાર છે.

તર્સૌ [હિં.] અ. ગયે ત્રીજે દિવસે અથવા આવતે ત્રીજે દિવસે

તર્હ ૧. [સં.] ન. વિ. ભાત

૨. ન. વિ. રહેલ

૩. ન. વિ. સિદ્ધ થયું; પ્રતિજ્ઞા પામવી; સ્થાપન થવ

તલ ૧. [સ] પું અર્ધબહિરિરવમ.

૨. પું. ખેડૂત પાસેથી માલ ખરીદ કરતી વખત દર મણે ૧ થી ૩ શેર સુધીનો માલ પૈસા આપ્યા વગર વધારે લેવો તે.

૩. પું. ખોના ચામડાનો બળ.

૪. પું. ચામડી ઉપરનો તલના જેવો ડાઘો કે લાલ ડાઘ; ચામડી ઉપરનું ટપકું; તલને બળતો ચામડી ઉપરનો ડાઘો.

૫. પું. ગાયે વાયે વાંસા વગડવાપણું.

૬. પું. તરવારની મૂઠ

૭. [સં. તિલ પું. તલના ઓડનાં બીજ; તિલ; ઓઢ તેલી બી. તલ નાના, ચપટા, ત્રિખૂણિયા, કાળા, ધોળા કે લાલરા થાય છે. બજારોની સાથે તેમજ ઓલાો એનો ખાદ કરવામાં આવે છે. કાળા તલ દવાના કામમાં આવે છે. પુનર્વસુ તલ તે પૂર્વા નક્ષત્રમાં વવાય છે. સવારિના તલ તે સવારિ એટલે આદ્રના દિવસોમાં વવાય છે. તલ પૌષ્ટિક છે. તેમાંથી તેલ નીકળે છે. તેલ બલવૃદ્ધિ કરે છે. તલનો ખોળ ઢોરને બલકારક છે. તલ બલકર, સ્નિગ્ધ, ગુરુ, અગ્નિદીપક, સ્તનમાં દૂધ વધારનાર, પિત્તહ, કફને હિતાવહ, બલમૂત્રકારક, નેત્ર વિષે પથ્યકારક, મધુર, તૂરા, મધુર, પાકકાળે તીખા, રક્તદોષ વાત શીત, અતિમદ, દાંતને હિતકારક, વર્ણકર તથા બલકારક મનાય છે. તે નેત્ર તથા વાયુનો નાશ કરે છે. કાળા તલ મુખમાં વધારે છે. ધોળા તલ હીનગુણ બલપ્રદ છે. રાતા તલ બંનેથી તલ મુખમાં હીન છે. બર્ફના રોગમાં તલ ઘાવકારક કહેવાય છે. વાળા ઉપર તલનો ખોળ કાંજીમાં વાટી લેપ કરાય છે. તલનું ચામેતર બલાઢ માસમાં થાય છે.

૧. કાચા તલ ચોરવા = (૧) જેનું બહુ બરાબ કળ મળે એવું હીણું કર્મ કરવું. (૨) વૈતરું કરવું.

૨. જવ તલ વાવવા = મરણની તૈયારી કરી.

૩. તલ બાંધ્યા ને ગાંઠ ચીકણી પડી = કોઈ પણ કાર્યનું પરિણામ ધારીએ એટલી ઝડપથી ન આવવું.

૪. તલમાં તેલ જોવું = ઢાંકણો જોવો.

૫. તલમાં તેલ ન હોવું = સામર્થ્ય જરા રહેવું.

૬. તલમાં ન કર્યા ને તલસરાંમાં શું કરશે ? = બંને તરફથી અસંતોષ બતાવો.

૮. પું. તલનો ઓઢ. તે મુખારે બે હાથ ઊંચો વધે છે. એનાં પાન ખુરશાણીનાં પાન જેવાં હોય છે. તેની બાજી થાય છે. તેમાં પીળાં ફૂલ અને લાંબી સિંગો થાય છે. સિંગમાં ઝીણું બી હોય તે તલ કહેવાય છે. જંગલમાં ઓઢ જાતનો તલના ઓઢ જેવો ઓઢ થાય છે, તે ઔષધના ઉપયોગમાં આવે છે. તલના ફૂલ ઓડને તલસરાં કહેવાય છે.

૯. [પ્રા. તાલ] પું. તાડ વૃક્ષ; તાડનું ઝાડ.

૧૦. પું. તિક્ત ગોક્ષુરાદિ વર્ગની ઔષધોપયોગી એ નામની ઓઢ વનસ્પતિ.

૧૧. પું. થપ્પડ; થપ્પડ.

૧૨ પું (ગણિત) ચારો; ત્રિકોણ વગેરે આકૃતિઓની કોઈ બાજુ ઉપર લંબ દોરવામાં આવે, અથવા તે બાજુની સામેના ખૂણાનો ઉલ્લેખ કરવામાં આવે તો તે બાજુને તે લંબ અથવા ખૂણા પરત્વે તલ કહે છે.

૧૩. પું. પીઠ; આધાર; આશય.

૧૪ પું. પૃષ્ઠ, મુખ.

૧૫. પું. મહાદેવ.

૧૬. પું. વજનમાં કે લંબાઈ પહોળાઈમાં તલ જેટલું માપ; ઓછામાં ઓછું માપ. જેમકે, તલભાર, તલપૂર, તલમાત્ર; તલભર.

૧૭. પું. વેત.

૧૮. પું. સ્વભાવ.

૧૯. પું.; ન. ખાનુબની દોરીના માપનું ચારણ.

૨૦. ન. (સંગીત) ઓઢ પ્રકારનું વાદ્ય.

૨૧. ન. જંગલ; વન.

૨૨. ન. તળિયું. બીજા શબ્દ સાથે જોડાય ત્યારે વપરાય છે. જેમકે, જંતાલ, ભૂમિતલ, કરતલ.

તલ કરવું = (૧) જેઓ બાજુએ મૂકવું. (૨) ચોરવું. (૩) સંતાડવું, છુપાવવું.

૨૩. ન. તળેટી; નીચેનો પ્રદેશ.

૨૪. ન. તાળીનો અવાજ.

૨૫. ન. દુર્યોનું સિંહાસન.

૨૬. ન. નરકસ્થાન. તેના સાત પ્રકાર છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ. વિષ્ટદેહના ક્રમથી નીચેના ભાગમાં સાત તલ નરકસ્થાન છે. કેટલેક ઠેકાણે આ સંખ્યાની નોંધ એકવીસના આંકથી પણ કરેલી છે. સાત તલ આ પ્રમાણે છે: પગ નીચે અતલ, ઉર એટલે સાથળ નીચે વિતલ, જાનુ નીચે સુતલ, જંઘ નીચે તલાતલ, ઘૂંટી નીચે મહાતલ, પગમાં રસાતલ અને પગના તળિયા નીચે પાતાલ એમ જુદાં જુદાં સ્થાનો રહેલાં છે.

૨૭. ન. નીચી જમીન.

૨૮. ન. નીચેનો પ્રદેશ.

૨૯. ન. પડ; થર; બંડ; ભાગ; અધોભાગ.

૩૦ ન. ઢબી ધાન્ય.

૩૧. ન. સપાટી. તેને બાજ હંમાર્ઈ અને પટોળાર્ઈ હોય છે પણ જાડાર્ઈ હોતી નથી.

૩૨. ન સદરાલ.

૩૩ ન. હથેળી.

૩૪. ન. હાથપગનું તળિયું.

૩૫ વિ. ધાતુ ઉપરથી નાર અર્થનું વિશેષણ બનાવનાર એક પ્રત્યય. જેમકે, કેતલ, રમતલ, મારતલ.

૩૬. વિ. સોને પરિચિત.

૩૭. અ. નીચે

૩૮. અ. સર્વત્ર.

તલઅ [અ.] પું. ચહેરો.

પુરુ તલઅ = આનંદદાયક ચહેરાવાળું.

તલઅત જુઓ તલઅ.

તલઆતતી સ્ત્રી. સપાટી ઉપરનું ખેંચાણ

જેમેલા સ્થિતિસ્થાપક પડ પોતે વર્તવાની પ્રવાહીની સપાટીની વૃત્તિને તે પ્રવાહીની **તલઆતતી** કહે છે. પદાર્થવિજ્ઞાન

તલઈમનારની ખાડી સ્ત્રી. કન્યાકુમારી પાસેની ખાડી.

તલઉપર ૧. વિ. ભળગાયેલું.

૨. અ. એકબીજાની ઉપર

૩. અ. તળે ઉપર; ઉપરનું નીચે ને નીચેનું ઉપર.

તલક ૧. [સં.] ન. એક જાતનું ફળ.

૨. ન. ટીલું; તિલક.

૩. ન. તડકો; તેજ; પ્રકાશ; અજવાળું. જેમકે, તલકજાંબડો

૪. ન. તળાવ.

૫ વિ. તરલ; અસ્થિર; જોતજોતામાં ભાગી જનું; તેજના ઝબકારા જેવું.

૬. [હિ.] અ. સુધી; લગી; પર્યંત; તક.

તલકજાંબડો (તલકજાંબડો) ૧. પું. તડકો અને છાંયડો અથવા અજવાળું ને અંધારું એવા બે પક્ષના જોદવાળી એક દેશી રમત; તડકોછાંયડો; અજવાળિયું અંધારિયું; ગુલવાડી કે કુલવાડી; ગોળસાકર; ચારોસૂરજ; તડકારીળુ; તડકોછોગો; તડકોછાંયડ. કુલવાડી; ભીનભીતામણી; સોનવાડો કે દેદવાડો; ફેરાફેરી એમાં રમનારના બે પક્ષ પડે છે. એક પક્ષ તડકો અને બીજો પક્ષ છાંયડો થાય છે. એક અજવાળે ને એક અંધારે રહી રમે છે. આ રમતમા દાવ દેનાર બાંદરબૂચાણી જગ્યામાં ગમે તે ઠેકાણે ઊભો રહે અને બીજાં છોકરાં તેની અને બાજુની સોગાવાણી જગ્યામાંથી ગમે તે એક બાજુ તરફ જતાં રહે. દાવ દેનાર બીજા છોકરાંમાંથી કોઈને પણ બાંદરબૂચાણી જગ્યામા આવી જાય તો તેની માથેથી દાવ ઊતરી જઈને તે જણે તેને માથે દાવ આવે. દાવ દેનાર બાંદરબૂચાણી જગ્યામાં આંગળી ચીંધે એક કુકાળું કાઢે તેને તળાવડી કહે છે. પછી બીજાં છોકરાંઓ તે તળાવડીમાં આંગળી બોળા નાસી જતાં કોઈ પકડાય તો તેને માથે દાવ આવે. ૨. પું. તડકો અને છાંયડો મિશ્ર હોય એવો ઝીણાં પાનવાળા ઝાડનો છાંયો; તડકોછાંયડો

તલકજાંબો જુઓ તલકજાંબડો.

તલકડી (તલકડો) સ્ત્રી. પગનો કડો.

તલકદાર વિ. ઊંડા; તીવ્ર. જેમકે, તલકદાર ભીડી.

તલકખોડિયો (તલકખોડિયો) પું. ખાંડણી અને તલક કરનારનું એક ખિલવાડું.

તલકલા સ્ત્રી આંખની અંદરનો એક જાતનો પડદો; આંખ અંદરની આવરણપડ.

તલકંદો પું. એ નામની એક વનસ્પતિ.

તલકંદ પું ગળજમાં રહેલું જ્ઞાનતંતુઓનું કેંદ્ર.

તલકંદસંધ પું. ગળજમાં રહેલ જ્ઞાનતંતુઓનો સમૂહ

તલકાવવું સ. ક્રિ ચોરી લેવું; જાનું લઈ લેવું.

તલકી [હિ.] સ્ત્રી. એક જાતનું વસ્ત્ર.

તલકીટ [સં] પું. એક જાતનું ઝાડ.

તલકીડી (તલકીડો) સ્ત્રી. વસ્ત્રનો એક ઊભો સપ્રમાણ ઝેરો રંગ

તલકું ૧. ન. ટપકું; ચાંલ્લો; ચિહ્ન.

૨. ન. ઝાપ.

તલકોદ ન. અંકોલ નામનું વૃક્ષ.

તલક્રિયા [સં] સ્ત્રી. સિદ્ધસંહિતામાં વર્ણવેલી ચોથા માર્ગની એક ક્રિયા.

તલખ ૧ સ્ત્રી. ઉતેજના; આતુરતા; ઉગ્ર ભાવના; ઝંખના; તલપ.

૨. સ્ત્રી. તડફડાટ; આકુળતા; આકુળવ્યાકુળ સ્થિતિ જવાપણું.

૩. સ્ત્રી. તરસ; પ્યાસ; તૃષાતુરતા.

૪. [સં. તલ્ખ (કડવું)] વિ. આકરું; તીવ્ર; તીખું. જલદ; ઉત્કટ; તેજ; તલખ.

૫ વિ. ગરમ; ઊનું; ઉષ્ણમતું.

૬. વિ. નાપસંદ પડે એવું.

તલખવલખ અ. પાણી ન મળવાથી અસ્વસ્થ.

તલખવું ૧. [સં. તલ્ (તે) + ક્ષુ (તાકવું)] અ. ક્રિ. અતિ આતુર થઈ રહેવું; તલસવું; ઝંખવું; ઝબ્બવું; તલપાપડ થઈ રહેવું; આહના કરવી; ટળવળવું.

૨. અ ક્રિ. તડફડવું; દરદથી આળોટવું.

૩. અ. ક્રિ. બેચેન રહેવું

તલખાટ પું. તલસવું તે; ઝંખના; આતુરતા.

તલખાવું અ ક્રિ. તલસવું; ટળવળવું; તરફડવું.

ચાર પાંચ બાળક સુદામા કેરાં,
અન્ન વિના રે તલખાય.

બોટાદકર

તલખ્યું સ. ક્ર. ઝંખના; આતુરતા; પ્રાપ્તિ માટેની આકુળતા.

જગપતિ જાણેરા ન થઈ જે,
પરપતીસુ તલખ્યાં. પ્રેમાનંદ

તલગ અ સુધી; લગી.

તલગૂ [સં. તૈલંગ] સ્ત્રી. (હિંદી) તેલંગ કેરની ભાષા.

તલગ્રંથિ જુઓ તલકંદ.

તલઘર પું. ભારી નીચેનો પથ્થર; ભારીનો ઉતરો.

તલચર [સં તલ (તળિયું) + ચર્ (ચાલવું)] વિ. પરિક; પગે ચાલનાર.

તલચુખ્યા ૧. સ્ત્રી. અટકાવ આવવો તે.

૨. સ્ત્રી. ચોમાસામાં તરત જ નરમ અને ચૂસે એવી થઈ જાય તેવી હલકી જમીન.

તલછટ ૧. [હિં.] સ્ત્રી. કાંપ; કચરા કરી રહેલો પદાર્થ; જમાવ.

૨. સ્ત્રી. જમીન ઉપર પડી રહેલો પૂંજો; કચરો.

૩. સ્ત્રી. જેના વડે નીચે બેઠેલા કચરાનો ખ્યાલ આવેલ હોય તે પદાર્થ.

૪. સ્ત્રી. તળિયે બેઠેલો કચરો.

૫. સ્ત્રી. રોગ: ઉચ્છિષ્ટ જાતિ ચીજ.

તલછન જુઓ તલછટ.

તલછૂમલછૂ [હિં.] વિ. ચિંતામગ્ન; આકુળવ્યાકુળ.

તલજિયત [અ.] સ્ત્રી. કરારના શબ્દોનો ખોટો અર્થ.

તલઝુલુઝ (તલઝુલુઝ) [અ.] પું. આનંદ.

તલતાલ [સ.] પું. હથેળી ઠોકીને વગાડવાનું એક વાદિત્ર

તલતાલી ન. તાડનું ઝાડ.

તલતુફ (તલતુફ) [અ.] સ્ત્રી. દયા; કૃપા.
તલતુફ કરવી = દયા બતાવવી.

તલત્રાણ [સં.] ન. હાથની હથેળીનું રક્ષણ કરનાર ચામડાનો એક બંધ; હથેળીનું બખ્તર.

તલત્રિકોણભૂમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) એક પ્રકારની ત્રિકોણભૂમિતિ.
હિંદુ જ્યોતિષીઓના કોયડો ઉપરથી એમ જણાય છે કે પ્રાચીન હિંદુઓને તલ ત્રિકોણભૂમિતિ ઉપરાંત ગોલીય ત્રિકોણભૂમિતિનું જ્ઞાન હતું. પો. સે. રાવ

તલદર્શન [સં.] ન. સપાટી ઉપરનો દેખાવ.

તલધાવડો (તલધાવડો) પું. આંતરાં ઉપરના અને બાજુના ઢાળા કબરાશ પણ તળેના કબરાશ નહિ એવો ઊંડો થઈ ગયેલો આકસ્મિક.

તલન ન. તળેનું માંસ.

તલપ ૧. [સં. તત્ (તે) + લભ્ (મેળવવું)] સ્ત્રી. આતુરતા અને પ્રેમના જોરથી ઊભરાતું તે; ઉમળકો; હૃદયનો ઉભરાટ; ઝંખના; ઉતાવળથી લેવાને પડતું તે; ઊડીને પડતું તે.
તલપ મારવી = (૧) એકદમ ઊભરાઈને પડવું, કૂદવું; ઝંખના મારવી. (૨) ઝડપી લેવા પ્રયત્ન કરવો. (૩) થયેલ ઊંમ ભાવના ઠાલવી દેવી.
૨. સ્ત્રી. આતુરતાભર્યો પ્રયત્ન.
૩. સ્ત્રી ઉત્કટ ઇચ્છા તાલાવેલી, ઊંમ ભાવના; તલખ; તૃષ્ણા; ઇચ્છા
તલપ આવવી = (૧) ખૂબ રસથી ઉપભોગ કરવો. (૨) તાલાવેર રસ ઉત્પન્ન થવો; બહુ જ આતુરતા ઊપજવી. (૩) નિયત સમય થવાથી કેટલી વસ્તુઓ લેવાની તાત્કાલિક ભાવના થઈ આવવી.
૪. સ્ત્રી. ઓચિંતો હલ્લો કરવો તે; છાપો, હુમલો

તલપટ ૧. વિ ઊંધું વાળેલું.
૨. વિ. ચોરાયેલું.
૩. [હિ.] વિ. નાશ થયેલું; બરબાદ. બહુ કરીને ઠોરના કચરવાથી નાશ થયેલા પાકને માટે વપરાય છે.

તલપત જુઓ તલપ.

તલપદ ૧. ન ગામની જમીન.
૨. ન. મૂળ જગ્યા.
૩. ન. સપાટ પ્રદેશ.

તલપદાર વિ. તલપ આપે એવું.

તલપદું વિ. પોતાના ગામમાં કે દેશમાં જોવામું; દેશી.

તલપન ન. તલપવું તે; તલસાટ

તલપવું ૧. અ ક્રિ. આતુર થઈ ઊભરાવું; કૂદવું; ઓળગી જવું; ઝંખના મારવી; એકદમ કૂદવા મારવો.
૨. અ. ક્રિ. આતુર થવું; તલસવું; તલપાપડ થઈ જવું; આતુરતાથી ઠમઠમવું. તીવ્ર ઇચ્છા થવી.
૩. અ. ક્રિ. ત્રાસવું.
૪. અ. ક્રિ. છાપો મારવો; ઓચિંતો હલ્લો કરવો.
૫. અ. ક્રિ. ખેલાવું.
૬. અ. ક્રિ. ઝૂલવું; ફરકવું.

તલપાત્ર ન. ઘરમાં આપવાનું તલથી ભરેલું વાસણ.

તલપાપડ (તલપાપડ) સ્ત્રી. કોઈ ભાવના થતાં તે પ્રાપ્ત કરવાને અત્યંત આતુર; ઉપરનીચે, અતિ આતુર, અકળું; અધીર; બહુ જ ઉત્સુક; આકુળવ્યાકુળ. તલ અને પાપડ જેમ ગરમી લાગતાં તડ તડ થઈ ઝડપથી ઊભરાઈને ઊડે છે તે પ્રમાણે છે તે ઉપરથી આમ બોલાય છે.
સોનલને ઉપાડીને ત્રિભોવનદેવ મૂકી આવી ઈનામ લેવા એ પણ તલપાપડ થઈ રહી હતી.
મર્દાનગીદેવ
તલપાપડ થઈ રહેવું-જવું = તાલાવેલી થવી; તલસવું; અતિ આતુર હોવું.

તલપૂર ૧. વિ. તલ સમાય તેટલું; તલ જેટલું; થોડુંક; તલમાત્ર.
૨. વિ. તલના તોલ જેટલું.
૩. અ. સર્વ જ પણ; તલભાર; લગાર.
મારી દલગીરી આજ સુધી પણ વર્ષ વર્ષ તોય એક તલપૂર પણ ઘસાઈ ગઈ નથી. ઠાકર

તલપે ન. ચોડી ઘરમાં; તરત જ; એકદમ

તલપ્રહાર [સં.] પું. ટાપલી; તમાચો; થપ્પડ.

તલફ ૧. સ્ત્રી. ઇચ્છા; અતિ ઊંમ ભાવના, તાલાવેલી; મન તલપાપડ થઈ રહેવું તે.
૨. સ્ત્રી. ઇચ્છાથી થતી મજૂરીમજૂ.
૩. સ્ત્રી. નઠારી રેખ.
૪. (તલ્ફ) [અ. તલ્ફ] સ્ત્રી. નાશ; બરબાદી.
૧. તલફ કરવું = ઉત્પાટ કરવું.
૨. તલ્ફ થવી = (૧) કમનસીબ હોવું. (૨) ખોટ જવી.
૫. વિ. નષ્ટ બરબાદ.

તલફવું ૧. અ. ક્રિ. આતુર થઈ ઊભરાવું; એકદમ ઝંખના કે ઝાપો મારવો
૨. અ. ક્રિ. આતુરતાથી ઠમઠમવું; તલસવું; તલપવું. આતુર રહ્યા કરવું.
૩. અ. ક્રિ. કષ્ટ કે પીડાથી અંગ પછાડવું; તરફડવું.
જળ વિણ જેવું તલફે મચ્છ.
પ્રેમાનંદ
૪ અ ક્રિ. આકુળ હોવું; બેચેન હોવું; વિકળ હોવું.

તલફી (તલફી) ૧. [ફા.] સ્ત્રી. બરાબી; બરબાદી; નાશ.
૨. સ્ત્રી. હાનિ; નુકસાન.

તલબ્રહ્મ (તલબ્રહ્મ) [અ. બાબ (મોઢામાંથી બહાર કાઢવું)] પું. ઉચ્ચાર; બોલવું તે.

તલબ ૧. પું. પગાર; મુશારો; વેતન.
તલબ બાંધવી = પગાર બાંધવો
૨. [અ. તલબ (તેણે માગ્યું)] સ્ત્રી. અરજ; અવજ્ઞા; વિનંતિ; માગણી.
૩. સ્ત્રી. આવશ્યકતા; જરૂરી.
૪. સ્ત્રી. ઇચ્છાથી થતી મજૂરીમજૂ.
૫. સ્ત્રી ઉત્કટ ઇચ્છા; અતિ ઊંમ ભાવના; અનુભવવાની કે ભોગવવાની અતિ ઊંમ ઇચ્છા; આતુરભાવ; તાલાવેલી; તલપ.
તલબ શુકાવવી = ઇચ્છા સંતોષવી.
૬ સ્ત્રી તલાશ; ખોજ; શોધ.
૭. સ્ત્રી. નઠારી રેખ.
૮. સ્ત્રી પરવા; ગરજ.
૯. [અ. તલબ (તેણે બોલાવ્યો)] સ્ત્રી. બોલાવવું તે; આવાહન; આમંત્રણ; 'સમન્સ.'
તલબ કરવું = (૧) કહાવવું. (૨) તેડાવવું. (૩) બોલાવવું. (૪) માગણી કરવી.
૧૦. સ્ત્રી. મહેસૂલ ખાતાની ઉઘરાણી.
૧૧. વિ કાબેલ; શક્તિવાળું.
૧૨. વિ. શોધનાર. સમાસમાં વપરાય છે.
ગરીબતલબ = (૧) ગરીબ. (૨) ગરીબોનું શોષીન. (૩) ગરીબ શોધનાર.
૧૩. [અ.] સ. ક્રિ. (ધા.તુ) તેણે માગ્યું. એ ઉપરથી બનેલ શબ્દ: મતલબ, તાલિબ, તલબગાર.

તલબગાર ૧. વિ. ઉતેજનાર; ઉત્સુક; તીવ્ર ઇચ્છાવાળું; તત્પર; તૈયાર.
૨. વિ. માગનાર.
૩. [અ. તલબ (માગણી) + ગાર (કરનાર)] વિ. માગનાર.
૪. વિ. શોધનાર; શોધક; તપાસ કરનાર.

તલબગારી ૧. [અ.] સ્ત્રી. આતુર હોવાપણું.

તલવટ

૨. જી. ધન્છનુ તે; ચાહના.

૩. જી. તપાસ

૪. જી. માગણી.

તલબચિઠ્ઠી ૧ જી. આવકનપત્ર; 'સમન્સ.'

૨. જી. લિખિત માગણી.

તલબડા ૧. જી વીસા શ્રીમાળી વાણિયાની એ નામની એક પેટા જ્ઞાત; વીસા શ્રીમાળી વાણિયાનો સાત આઠેનો એક પેટા વિભાગ. અમદાવાદી, કાપોડિયા, પાલણપુરિયા, પટણી, સોરઠિયા, તલબડા અને ચરાડિયા એમ સાત વિભાગ કહેવાય છે.

૨. ન. એ નામની પેટા જ્ઞાતનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતનુ.

તલબદાર ૧. પું. તમાકુ કે ચા પીવાનો બંધાણી.

૨. પું. પગારદાર માણસ.

૩. [અ.] વિ. તીવ્ર ધન્છાવાળું; તલબવાળું.

તલબદારી [અ.] જી. તપાસ; શોધ.

તલબદું વિ. પોતાના ગામમાં કે દેશમાં બનેલું; દેશી.

તલબનામા [હિં.] પું. સમન્સ એટલે આવકનપત્ર આપવા વોરંટનો લિખિત હુકમ.

તલબાજરિયું વિ. બૂરું; બૂરા રંગનું.

તલબાજરી ૧. જી. તલ અને બાજરીનું મિશ્રણ

૨. જી. પોળા અને કાળા મોવાળા.

તલબાના ૧. [ફા. તલ્બીદન (બોલાવવું)] પું. અમુક કામ અધૂરું રહેવા બદલ ચાલતો દંડ; તુમાર પાતર રાખવા બદલ ધારા પ્રમાણે થયેલો દંડ; એક પ્રકારની મોસલી

૨. પું. કામ કરતા બદલ નોકરોને આપવા પડતા પૈસા

૩. પું. મોટેના સમન્સ, વોરંટ વગેરે બજાવનાર નોકરને પક્ષકાર પાસેથી આપવામાં આવતી રકમ.

૪. પું. જમીનદાર તરફથી અપરાધીઓને ખાવાપીવા વગેરે માટે અપાતી ભેટ કે રકમ.

૫. પું જમીનની મહેસૂલ વખતસર નહિ ભરવા માટે જમીનદાર પાસેથી લેવાતી રકમ.

૬. પું. પોલીસ વગેરેનો દરરોજનો પગાર.

૭. પું. સાક્ષીને બોલાવવા માટે અદાલતમાં આપવામાં આવતો ખર્ચ; સાક્ષી ભથ્થું.

તલબાના દાખિલ કરવું = સાક્ષીનું ભથ્થું ભરવું.

તલબાનો જુઓ તલબાના.

તલબાવણ પું. એક જાતની વનસ્પતિ. તેના ફૂલનું અત્તર બને છે. દાંતમાંથી લોહી પડતું અટકાવવા મુખ આથે તે દાંતે દેવામાં આવે છે આનો ઉકાળો પણ વપરાય છે.

તલબાવળી જી. આસરે દસ ફૂટ ઊંચું વંશવૃ એક જાતનું કાંટાવાળું ઝાડ. તેનાં પાન બાવળનાં પાન જેવાં અને ફૂલ પણ બાવળનાં ફૂલની પીળી દડી જેવાં પણ વચમાં રાતી રંગવાળાં હોય છે. તેની સીંગ બરછી પાતળી, આરેક ઇંચ લાંબી. બબૂલ, રતાસ પડતા બૂરા રંગની અને તલ જેવા ઘણાં બીજવાળી હોય છે.

તલબી ૧. જી આવાહન; આમંત્રણ; 'સમન્સ.'

૨. [અ.] જી. માગણી; વિનતિ.

ક્રિયાપદ તલબી = બોલાવાની માગણી.

તલબીસ ૧. [અ. લબસ] પું. કોઈના ઉપર આળ સાબિત ન કરી શકાવું તે.

૨. પું. ખોટું દર્શાવવું તે.

૩ પું ખોટું રૂપ ધારણ કરવું તે.

૪. પું ખોટો કે નકલી સિક્કો.

૫. પું. ગોટાળો.

૬. પું. ઉતરવું તે; દમો.

૭. પું. પડ્યાં કાંકરા.

૮. પું. ધુર્ત્તો માણસ.

૯. પું. ઝલ સતાવવું તે.

તલબેલી [હિં.] જી. કોઈ વસ્તુ મેળવવાની આતુરતા કે બેચેની; તીવ્ર ઉત્કંઠા; તાલાવેલી.

તલભર વિ. તલ સમાય તેટલું; લગાર; તલ જેટલું; થોડું; જરાક.

તલભંગાં ન. બ. વ. તમસરાં; તલના મુખ જેવા.

તલભાર ૧. વિ. તલ જેટલું; થોડું; સહેજ.

૨. વિ. તલ સમાય તેટલું; તલ જરાય તેટલું.

૩. વિ. તલના દાણાના ભાર જેટલું.

૪ ક્રિ. વિ. તલપૂર; સહેજ પણ; લગારે.

તલભાર વિ. તલ કે મગ જેટલું; થોડુંક.

તલભર્મ ન. હથેળીનો ભાગ.

તલમલ ૧. પું. પાણી અથવા બીજા કોઈ પ્રવાહી પદાર્થને તળિયે બેઠેલો મેલ.

૨ વિ. બાકુળ; અજારામેલુ

શબ્દ રૂપેર અનાકુળ પેલો,
તલમલ કીધા પ્રાણ પ્રેમાનંદ

તલમલવું ૧. અ. ક્રિ. અધીરા થવું.

૨. અ ક્રિ. અકળાવું; મુંઝાવું.

૩. અ. ક્રિ. તરફડવું; બેચેન રહેવું.

તલમલાવવું ઉ. ક્રિ. તલમલવાની ક્રિયા કરાવવી.

તલમલાવું અ. ક્રિ. તલમલે એમ થવું.

તલમલાહટ ૧. [હિં.] જી. અધીરાઈ; આતુરતા.

૨. જી. બેચેની; તરફડાટ.

૩. જી આકુળતા; અજંપ.

તલમલી જુઓ તલમલાહટ.

તલમાખણ ન. એ નામની એક વનસ્પતિ; ધ્રુંગખ તે કડવી અને શક્તિવર્ધક દવા છે આ બેડના મૂળિયાં અને બીની ભૂકી શામક અને મૂત્રલ તરીકે વપરાય છે.

તલમાત્ર ૧. [સં.] વિ તલ જેટલું; થોડું; સહેજ

૨. વિ. તલ સમાય તેટલું.

૩. વિ. તલના દાણાના ભાર જેટલું.

૪. અ. તલપૂર; સહેજ પણ; જરા પણ; લેશમાત્ર.

તલમી જી. એક જાતની વિધિ.

તલમીજ [અ.] પું શિષ્ય; વિદ્યાર્થી.

તલમીન [સં.] ન. પાણીને તળિયે રહેલું માણસું.

તલયુદ્ધ [સં. તલ (હથિયાર) + યુદ્ધ (લડાઈ)] ન. તમાચે તમાચે કરવામાં આવતું યુદ્ધ.

તલરવું અ. ક્રિ. તળે રહી જવું; તણાઈ જવું.

તલવિવું અ. તળે રહેવાઈ.

તલરેખા [સં.] જી. આધારશીલા.

તલલોક [સં.] પું. પાતાળ લોક.

તલવ ૧. [સં.] પું. ગાનાર પુરુષ.

૨. પું. હથેળી ઉપર વગાડવાનું વાદિત્ર વગાડનાર માણસ

૩. ન. એક જાતનું વાદિત્ર.

તલવ નામનું વાદ્ય આવે છે તે વગાડનારનો પણ તેમાં સમાવેશ થાય છે. પુરાવસ્તુ.

તલવકાર ૧. [સં.] પું. જૈમિનીનો એ નામનો એક શિષ્ય.

૨. જી.;ન. એ નામની એક ઉપનિષદ; કેન ઉપનિષદ. આ ઉપનિષદ કેન એ શબ્દથી આરંભાતી હોવાથી તેને કેનોપનિષદ પણ કહે છે.

૩. જી.;ન. સામવેદના આરણ્યકભાગ માંહેની એ નામની એક શાખા. કેનોપનિષદ આ શાખાની અંતર્ગત છે.

તલવકાર આરણ્યક ન. સામવેદનું એ નામનું એક આરણ્યક.

તલવકાર બ્રાહ્મણ [સં.] ન. સામવેદનું એ નામનું એક બ્રાહ્મણ; જૈમિનીય બ્રાહ્મણ.

તલવકારોપનિષદ [સં.] જી.;ન. એ નામની એક ઉપનિષદ; કેનોપનિષદ; તલવકાર

તલવટ ૧. પું. જેના ઉપર ઉપલા ચોકઠાનું સપાટ કરાયેલું હોય તે નીચલું પાટિયું; નીચેનો પાટલો; તલપટ; તળવટ; ઉત્તરો.

૨. કું. તળ ખાંડી તેમાં ગોળ ભેળવીને બનાવેલો ખાવાનો પદાર્થ; તલની બનાવેલી ભેજ મીઠાઈ.

તલવણ ન. એક જાતનું ઝાડ; કાનફોડી.

તલવણી સ્ત્રી. ભોમાસામાં જ્યાં ત્યાં ઊગી નીકળતો કડવો અને ઉગ્ર અજીર્ણમટી ગાંઠવાળો છોડ; સુવર્ચલા; સૂર્યભક્તા; વરદા; ભદ્રા; સપ્તાવર્તા; રવિપ્રીતા; વસ્તમધ્ય. તેનાં પાન અને ફૂલ તલનાં જેવાં હોય છે. તેમાં થતી બધુ ચાર ઇંચ લાંબી કીંગળાના ઝાળા નાનાં બોજ કડવાં અને તેલિયા હોય છે. આ વનસ્પતિ શીતલ, સારક, કફઘ્ન, વાતહર, કૃમિઘ્ન અને જ્વરઘ્ન મનાય છે. આકરો, કફ તથા વા ઉપર તે અપાય છે.

તલવન જુઓ તલવણ.

તલવર ૧. કું. (જૂ. ગુ.) સેટવાળ; તલ્લાર.

૨. કું. તળાટી.

૩. કું. રાજાએ બક્ષિસ આપેલો રત્નજડિત સુવર્ણપટ્ટ માથે ધારણ કરનાર ધનવાન ગૃહસ્થ.

તલવલ ૧. વિ. બેચેન; બધ્ર; ચિંતાતુર.

૨. ન. તરફડવું હોય એમ.

તલવલાટ કું. તલપાપડ બચાપણું.

તલવા ૧. [હિં.] કું. બ.વ. પગનાં તળિયાં; પાતલ.

૧. તલવા ખુજલ્યા = પગના તળિયામાં મણ આવવી. મુસાફરી થવાની છે એમ બતાવનારું આ ચિહ્ન મનાય છે.

૨. તલવા ચાટવા–તલવા તળે હાથ ધરવા = ખુશામત કરવી.

૩. તલવામાં આગ લાગવી = ખૂબ ગુસ્સો આવવો.

૨. સ્ત્રી. જરાક બેટપું; સહેજ; થોડુક.

તલવાકું (તલવાકૂ) જુઓ તલવાપુ.

તલવાયું ૧. વ. જેમાં તલ વાવવામાં આવેલા હોય એવું ખેતર.

૨. સ્ત્રી. જેમાં તલ વાવવામાં આવેલા હોય એવું.

તલવાર [સં. તરવારિ] સ્ત્રી. તરવાર. તરવારનો વ્યવહાર બધા દેશોમાં અત્યંત પ્રાચીન કાળથી ચતો આવ્યો છે. ધનુર્વેદ ગ્રંથો જોવાથી માલૂમ પડે છે કે, હિંદુસ્તાનમાં પહેલાં ઘણી સરસ તલવારો બનતી હતી, જેનાથી પથ્થર પણ કાપી શકાતો હતો. પ્રાચીન સમયમાં અટર કેક, અંસ, અંસ, મખ્યગ્રામ, સહગ્રામ, ગ્રહિણ્ડર વગેરે સ્થળો તલવારને માટે પ્રસિદ્ધ હતાં. પુરાતત્ત્વમાં લોઢાની ઉપયોગિતા, તલવારોનું વિવિધ પરિણામ તથા તેને બનાવવાની રીત પણ બતાવવામાં આવી છે પાણી ચઢવા માટે લખ્યું છે કે, ધાર ઉપર મીઠું અથવા ક્ષારવાળી ગોળી માટીનો લેપ કરીને તલવારને અગ્નિમાં તપાવી પાણીમાં બોળી દેવી. ઉશના અને શુક્રાચાર્યે પાણી સિવાય લોહી, ચી, ઊંટનું દૂધ વગેરેમાં બોળી દેવાનું પણ વિધાન બતાવ્યું છે. તલવારના પ્રકારો પ્રમાણે તથા તેના પાના ઉપર જેની જેવા ચોકસા ચિહ્નો પ્રમાણે તલવાર રૂક્ષ, અરૂક્ષ અથવા સારીનરસી હોવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એવા નિર્ણયને માટે કરતી પરીક્ષાને અષ્ટાંગ પરીક્ષા કહે છે તલવાર બનાવવાના લાયક કર્મ બતાવ્યા છે, તેનાં નામ: ધ્રાત, ઉદ્ધ્રાત, આવિદ્ધ, અપ્લુત, વિપ્લુત, સ્ફુત, સંપ્લાત, સમુદીર્ણ, નિમગ્ન, પ્રમગ્ન, પરાવર્તબધ્ન, સંપ્લાત, વક્રતકપ્લાબધ્ન, સુખપ્રમગ્ન, પ્રસૃત, પ્રાપ્ત, વિનત, ભૂમિ, ઉદ્ધતમધ્ય, ગતિ, પ્રસન્નમતિ, આક્ષેપ, પ્રપતન, ઉત્પતન, પ્રધુનિ, સમુના. સૌષ્ઠવ, રોહિત, સ્પર્શ, દૃઢમુષ્ટિતા, તિર્યક્પ્રચાર અને ઊર્ધ્વપ્રચાર. એવી રીતે પટ્ટિકા, મોષ્ટિક, અગ્નિધારા વગેરે તલવારના સત્તર દોષ પણ બતાવવામાં આવ્યા છે. આજકાલ પણ તલવારોના બધા એ દોષ છે. જેમકે, ખાંડા, જે સીધી અને અણી ઉપર પહોળી હોય છે. સેલ, જે વાળી, પાતળી અને સીધી હોય છે દુધારા, જેની બને બાજુ ધાર હોય છે. એવી વિશેષ સ્થાનભેદે પણ તલવારોના કેટલાં યે નામ છે. જેમકે, સિરોહી, જારી, ગુજરાતી વગેરે એક પ્રકારની લચકદાર પાતળા અને ચમકીલી તલવાર ઊના કહેવાય છે, જેને રાજાઓ તકિયામાં રાખતા અથવા કેડ ઉપર લપેટી રાખી શકતા તલવાર દુર્ગાદિપાનું મુખ્ય અસ્ત્ર છે, તેથી કરીને દોર્હ હોય ત્યાં તલવારને દુર્ગા પણ કહે છે.

તલવારડી (તલવારડો) ૧. સ્ત્રી. એક વેલો; પરજોળિયા. એની સીંગ ખાટી, લાંબા અને તરવારની જેમ એક બાજુએ ગોળ અને બીજી બાજુએ પોરવાળી હોય છે. તેનું શાક બને છે.

૨. [તલવાર + ડી (સ્વાર્થે પ્રત્યય)] સ્ત્રી. નાની તલવાર.

તલવારનો પેડ સ્ત્રી. એક ફૂલઝાડ. જેનાં મૂળ ઝાડાચાળે, પાન તલવારના આકારનાં હોય છે તેમાં તરેહ તરેહનાં ફૂલ થાય છે.

તલવારન્યાય કું. પશુબળ; હિંસાવાદ.

ભાષા ભિન્ન ભિન્ન ભિન્ન પરત્વે જે સંપ્રદાયો ચલ્યા, તો ન્યાયે તલવારના, પણ ચાહે એકના બે પ્રેમના; ના કામ્યત્વ અનેકત્વમાં, પણ જો પ્રેમે સ્વપાયે જ છે, દેવું એ જ બાકી કર્મ નથી શું તારો ન આદેશ એ?
આદિ કાવ્ય

તલવારપટ્ટ જુઓ તરવારપટ્ટ.

તલવારબળ જુઓ તરવારબળ.

તલવારબાજ જુઓ તરવારબાજ.

તલવારબાજી સ્ત્રી. તરવારબાજ; તલવારથી કરી લડાઈ; તરવારની કસબકારીગરી.

તલવારિયા જુઓ તરવારિયા.

તલવારિયું જુઓ તરવારિયું.

તલવારિયો કું. તલવાર બનાવનાર માણસ.

પચાસે પાણી ચારીમાંથી પચાસ તલવારિયા નીકળ્યા પચ્યા. મહીપાળદેવ

તલવાર્કું સ્ત્રી. વ.વ. તલવારો, સમશેરો.

જેનું જેથી જે લખ્યું, નિશ્ચલ તેનું થાય;
તલવાર્કું વહી પડે, પાનું હોય તેમ પાય.
ધોરાજિત્ય

તલવાસા [ફા.] કું. બગલબણી.

તલવાસિની સ્ત્રી. સ્ત્રી. પાતાળમાં રહેનારી.

તલવાસો કું. પગના તળિયામાં થયેલ ફોલ્લો.

તલવ્રુન ૧. કું. ચિંતા; ઉપાધિ.

૨. કું. ફરી જાય એવું હોવાપણું; અસ્થિરતા.

૩. [અ. હવન (રંગ)] કું. રંગ બદલવા તે.

તલશય સ્ત્રી. એક જાતનો આબલી; 'ઘોડક.'

સામાન્ય તલશય માબલી આકારભાષી હવા પણ બે છે અને પણી પણ બે છે. પ્રાણીસૃષ્ટિ

તલશરીર ન. શારીરવિજ્ઞાની એક શાખા; શરીરની બહારની સપાટી ઉપરથી તેની અંદર રહેલા બાહ્યો વગેરેનું સ્થાન બતાવનારી શાખા.

તલપવું અ. ક્રિ. અતિ આતુર હોવું; તલસવું; ઝંખવું.

તેને બાપના **તલપી** રહેલા જાનની ઉગ્ર ઝંખનાથી તેણે ઝંપલાવ્યું. પ્રાણજીવન

તલસ સ્ત્રી. ઇચ્છા; આકાંક્ષા; તૃપ્તિ; તૃષ્ણા.

તલસના સ્ત્રી. ઝંખના; તલસાટ.

તલસરાં ૧. વ.વ. ન. તલ બખેરી લીધેલા ડોડવા; તલના ડોડની સૂકી સાંઠી.

તલમાં ન કર્યા તો તલસરામાં શું કરશે? = જેના પિતાથી સંતોષ ન પામ્યા ત્યારે તેના સંતાનમાં શું ભલી વાર હોય?

૨. વ.વ.વ. તલના ડોડમાંથી બાર આનાંવાળી તલની ગિલ્લી. તેમાં તલ થાય છે.

તલસવું ૧. અ. જેમાં તલ થાય છે તે સીંગ

૨. અ. તલ બખેરી લીધા પછીનો સુકાઈ ગયેલો અને બળતણમાં વપરાતો તલનો છોડ.

તલસવલસ ૧. વિ. તલપાપડ; અધીરું.

૨. વિ. પાણી ન મળવાથી અસ્વસ્થ.

તલસવું [સં. તૃષ્યતિ–તર્સિસઙ–તલસે] અ. ક્રિ. અતિ આતુર હોવું; આતુરતાથી ટપટપવું;

આતુર ઇચ્છાને લીધે અકળાવું; આકુળવ્યાકુળ થવા કરવું; તલખવું; ઝંખવું; આંખી વલખાં મારવાં.

તલસંક્રાંતિ જી. મકરસંક્રાંતિ. તે દિવસે તલ ખાવાનો તથા ખાવાનો રિવાજ હોવાથી તેને તલસંક્રાંતિ કહે છે.

તલસંતું વિ. આતુર; ઝંખતુ.

તલસાગણ ૧. જી. કમળની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩ વિ એ નામની જાતનું.

તલસાટ પું. ઉગ્ર ઇચ્છા; આતુરતા; તરફડાટ.

તલસાધિયા ૧. જી. એ નામની ચાંચિયા તથા સુતારની એક જાત
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

તલસારક [સં] ન. ઘોડાનો તંગ.

તલસાવવું સ. ક્રિ તલસે એમ કરવું; આકુળવ્યાકુળ કરવું, તરફડાવવું; અકળાવવું.

તલસાંકળો [સં. નિપા (તલ) + સાંકળી (એક જાતનો પુડો); પ્રા. તિલસમ્મલિ] જી આંક અથવા ગોગળની ચાસણીમાં તલ નાખીને બનાવેલો ખાવાનો પદાર્થ; તલમાં ગોળ, ગોળ નાખીને બનાવેલો પદાર્થ.

તલસી જી. તુલસી; તુલસીનો છોડ.

તલસુખડી (તલસુખડી) જી. તલની બનાવેલી એક મીઠાઈ

તલસ્તાલ [સં.] પું. શિવનાં ઝનૂર માંહેનું એક નામ.

તલસ્પર્શ ૧. [સં] પું. તળિયાનો સ્પર્શ.
૨. પું. બારીક નિરીક્ષણ.
૩. પું. સપાટીનો સ્પર્શ; સપાટીને અડવું તે.
૪. પું. સંબંધ; સમવર્ગ; સબંધ.

તલસ્પર્શિતા [સં.] જી. તલસ્પર્શી હોવાપણું.

તલસ્પર્શી ૧. [સં. તલસ્પર્શિન્] વિ. અગાધ; અનહદ; બહુ જ; પૂરેપૂરું.
૨. વિ. તળિયાનો સ્પર્શ કરતું; તલસ્પર્શ કરતું.
૩. વિ. બોલિક.
૪. વિ. સ્વલ્પ સમજનાર; પૂરેપૂરું જાણનાર, તળિયા સુધીનું એટલે પૂરેપૂરું સમજનાર.
૫ વિ સપાટી ઉપરનું, ઉપરઉપરનું; બહુ ઊંડું નહિ એવું.
૬. વિ. સપાટીને અડતું.
૭. વિ. હૃદય ઉપર અસર કરનારું.

તલહ ૧. ન. (જૂ. ગુ.) અનાજ.
૨. ન. તલ.
તલહ તેલ પોહમ કુસેલ = તલમાં તેલ ને પુષ્પમાં સુગંધ.

તલહટી જી. (જૂ. ગુ.) તળેટી; પર્વતના જગ આજુબાજુનો ભાગ.
ઋ તલહટી ઈ સરોવરી આવી. પ્રાન્હડદેપ્રબંધ

તલહા [હિં.] વિ. તાલ સંબંધી

તલહાટિ જુઓ તલહટી.

તલહિટી જી. (જૂ. ગુ.) તળેટી; પર્વતના મૂળ નજીકની જગ્યા
પ્યાદા છડી ઉછાળે સહી,
તલહિટીમેં મુજ આજ્ય ચઢી ઋષભદાસ

તલહૃદય [સં.] ન પગના તળિયાનો મધ્ય ભાગ.

તલહૃદયપાદમર્મ [સં. તલહૃદયપાદમર્મન્] ન. પગના તળિયાનો મધ્ય ભાગ; બંને પગની વચલી આંગળીની સીધી લીટીમા, પગના તળિયાના મધ્ય ભાગમાં આવેલું, અર્ધા આંગળ વિસ્તારનું કાલાંતર પ્રાણહર માંસમર્મ. આ મર્મને ઈજા થવાથી મરણ થાય છે, મરણ ન થાય તો પણ પાદતલને લોહી મળવામાં અટકાવ થવો તથા ખૂબ પીડા થાય. ઈજા ઓછી હોય તો દરદી બચે, નહિ તો મૃત્યુ થાય આથી તેને કાલાંતરપ્રાણહરમર્મ કહે છે. અહીં માંસના બે જથ્થા પર આવેલા હોવાથી તેને માંસમર્મ પણ કહે છે.

તલહૃદયહસ્તમર્મ [સં. તલહૃદયહસ્તમર્મન્] ન. હથેળીનો વચલો ભાગ; હથેળીની વચમાં વચલી આંગળી-ની સીધી લીટીમાં આવેલું મર્મ. આ જગ્યાએ અંત:પ્રકોપપ્રક્રિયા થવાનો ડોળો આવેલો છે. આ મર્મ કાલાંતરપ્રાણહર તથા વેકલ્પકર છે.

તલાંગ ન. કપાળ; ભાલ.
તલાંગ વિલક ને ચિત્ર તિલકેમણી ચૂક જો
દયારામ

તલા ૧. [હિં.] પું. બોલનું તળિયું.
૨ પું પગ; પાય.
૩. પું. પાયો; તળિયું.
૪. પું. ભાલ ફેંકનારને ડાબા હાથ ઉપર પહેરવાનો ચામડાનો પટો.
૫. પું બોલતળિયું.
૬. પું. વૃક્ષ.
૭. [પં.] સ્ત્રી. ઉચ્ચ શિક્ષણની શાળા.
કન્યા શિક્ષણની શાળાઓ તલાને નામે ઓળખાતી. ત્રિભુવનદાસ

તલાઈ ૧. જી. (જૂ. ગુ.) તળાઈ; ગાદલું
પુલ્યલ સુકમ્ન તલાઈ ભાત. પ્રાન્હડદેપ્રબંધ
૨. જી. નાનું તળાવ; નાનું સરોવર.

તલાઉપ્પી જી ઊપી નામના ઝાડની બે જાતોની બોળી જાત. તેનાં ફળ કેરી જેવાં અને કમળાનાં દોષ છે અને તાવ, કોઢ, ઝાડી અને વિષ તેમ જ બાળા શરીર અને હાડકાંની વેદના મટાડે છે.

તલાક્યાં [કા.] પું. તળાવ.

તલાચ્યો જી નીચી જમીન

તલાક ૧. જી કટ્ટી; દોસ્તીનો ભંગ.
૨. (તલાક) [અ. તલક (તેણે જુદું પાડ્યું)] જી. પતિપત્નીનો વિધાનપૂર્વક સબંધ ત્યાગ, પરણેલાં સ્ત્રીપુરુષે સમજૂતીથી એકમેકનો સંબંધ હંમેશને માટે છોડી દેવો તે; છેડાછૂટકો; છેડો ફાડી આપવો તે; છૂટાછેડા; ફારગતી.
તલાક આપવી-દેવી = છૂટાછેડા કરવા; કોઈને તજી દેવી.
૩ જી. રજા દેવી.
૪. જી. સોગન; કસમ.

તલાકત (તલાકત) [અ.] જી. બોલવાની છટા.

તલાકનામું ૧. ન. છૂટાછેડાનો દસ્તાવેજ; બાનનો છૂટાછેડો કરનાર હુકમ; ફારગતીનો દસ્તાવેજ.
૨. ન. ફારગતી; છેડાછૂટકો.

તલાકી (તલાકો) ૧. [અ.] જી. છૂટાછેડા કરાવેલી બો.
૨. જી. બળવો તે; મુલાકાત.

તલાખ (તલાખ) [કા.] જી. સોગન.

તલાચી [સં.] જી. સાદડી; મટાઈ.

તલાજા અહારસ્થાન ન. તળાજાનું પ્રાચીન નામ.
ઢીમાણા સામળાથી સં. ૧૨૬૪નો લેખ મળી આવ્યો છે. તેમાં તળાજાને **તલાજા અહારસ્થાન** તરીકે ઓળખાવેલ છે. પુરાતત્ત્વ

તલાટા ૧. [અ.] જી. એ નામની એક હલકી જાતિ.
૨. ન. એ નામની હલકી જાતિનું માણસ.
૩. વિ એ નામની હલકી જાતિનું.

તલાટી ૧. [સં. તોલન (જોખવું તે) + ઋત્તિ (વધો)] પું. મહેસૂલ વસૂલ કરનાર સરકારી મહેસૂલ ગામડાની જમાબંધી કરનાર સરકારી નોકર; પુલકરણી
દીધી છે માડવિયાની મ્હી,
દીધો પટેલનો રે હો ખોળો;
દીધો ખોળો તલાટીનો પ્હોળો,
ઘેર રબ્બ લઈ લઈ રે હો જઈએ.
હલકી બોલ-બાજબટાઈ
૨. પું. મુલકી ખાતાની કામગીરી માટે જોકથી વધારે ગામો માટે નિમાયેલ અમલદાર.
૩. જી. તળેટી; ડુંગર પાસેની જગ્યા.
૪. જી. હથેળી.

તલાટીપણું જુઓ તલાટું.

તલાટું ન. તલાટીના હોદ્દાને લગતું ગ્રામકાજ કરવું અને ગ્રામજ કાજવનો તે; તલાટીનું ગ્રામકાજ કે પદ; મકેનાગીરી.

તલાણી ૧. સ્ત્રી એ નામની મેમણ અને લોહાણાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તલાતલ ૧. [સં.] ન. જમીન નીચેનો પ્રદેશ.

૨. ન. પૃથ્વી નીચેનાં સાત માહેનું એક પાતાળ બહાગ્રે નીચેના લોકમાં અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ એ ક્રમ.થી ક્રમાનુસાર સાત નીચના લોકો ઉત્પન્ન કર્યા કહેવ.ય છે.

સુતલની નીચે તલાતલ પાતાલમા ત્રણ પુરનો અધિપતિ મય નામનો મોટો દાનવ રહે છે.

અજવતી જાનવ

૩. ન. સાત માહેનું એક નરક.

તલાતૂમ ૧. [અ.] પું. અથડાવું તે. ખાસ કરીને મહાસાગરનાં મોજાં વિષે બોલાય છે.

૨. પું. ગભરાટ.

તલાઈ પું. બદલો.

તલાકી (તલાકી) ૧. [અ.] સ્ત્રી. બદલો.

૨. સ્ત્રી. લેખનકળા.

તલાકીદાર પું. બદલો વાળનો તે.

તલાકુજ પું. સંવાદ; વાતચીત.

તલાકત ૧. [અ. તલાવત (સક્ષાઈ)] સ્ત્રી. બરાબરી; રપર્ધા; હરીફાઈ

૨. સ્ત્રી. યુક્તિ; ગોઠવણ; પ્રપંચ.

૩. સ્ત્રી. રીતભાત; આચાર

૪. સ્ત્રી. સમોવડિયું; બરોબરિયું; હરીફ; સામાવાળું.

તલાબો પું. બાવાની તુંબડી.

તલાબેલી [હિં.] સ્ત્રી. તાલાવેલી; અધીરાઈ.

તલામિઝ (તલામિઝ) [અ.] પું.બ.વ. વિદ્યાર્થીઓ.

તલાય [પ્રા.] ન. તળાવ, તલાવ; સરોવર.

તલાર ૧. પું. (જૂ ગુ.) કોટવાળ; નગરરક્ષક.

૨. [મ.] ન. નીચે.

તલાર્ક ન. તાસી પાડવી તે.

મહ મંઈ આપ્યા, પ્યન સારવઈ;
મઈ કરઈ તલાર્ક. સીતહરણ

તલાલીન ૧. [સં.] વિ. ડૂબી ગયેલું; તલ્લિને બની ગોઠેલું.

૨. વિ. તલ્લીન; એકતાર બની ગયેલું; નરક.

તલાવ ન. ચોમાસાનું પાણી ભરી રાખવા માટે તળિયેથી ખોદી આસપાસ પાળ બાંધીને બનાવેલો મોટો અને પહોળો ખાડો; એક જાતનું જળાશય; નાનું સરોવર; તળાવ.

તલાવટ સ્ત્રી. દેખાવ; સ્થાનિક શોભા.

તલાવડી (તલાવડો) સ્ત્રી. નાનું તળાવ.

ત્રણ તસુની તલાવડી = બોનિ; ઓની મુલેદિવ.

તલાવડું (તલાવડું) ન. નાનું તળાવ.

તલાવત ૧. [અ. તલવ (તેણે ચાંખ્યું)] સ્ત્રી. કુરાન ચાંખવું તે.

૨. સ્ત્રી. મનન; અભ્યાસ. ખાસ કરીને ધર્મના ક્રામ માટે કુરાન વિષે વપરાય છે.

૩. સ્ત્રી સૌંદર્ય.

તલાવર ન. ચતુરાઈ

તલાવા ૧ [હિં.] પું. બોલાવીને મગેલું વારણ.

૨. પું. પર્વતન.

તલાવિયા ૧ સ્ત્રી. રાનીપરજની કુણબી જાતિમાંથી જુદી પડેલી એક જાતિ. તેઓ પોતે ક્ષત્રિય બ્રહ્મતા હોવાથી કુણબીને કન્યા આપતા નથી

૨. ન એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

તલાવેલી [હિં.] સ્ત્રી. તાલાવેલી.

તલાવો પું. પીજરી નીચેની આડી.

તલાશ ૧. સ્ત્રી. જરૂરિયાત; આવશ્યકતા.

૨. સ્ત્રી. ઝડતી; ઝાડો; અન્વેષણ.

૩. [ફા.] સ્ત્રી. તપાસ; શોધ; તજવીજ; પત્તો; તપાસણી.

બાઝ્યો ફરી ફરી નપે તમારી હું તલાશમા.
અખેતોમિ

૧. તલાશ કરવી = (૧) તપાસ કરવી; શોધવું. (૨) બાતમી મેળવવી.

૨. તલાશે મઆશ = રોજી માટેની તપાસ.

૪ સ્ત્રી. પાળ્યા પડવું તે.

૫. વિ. હીન; નરક.

તલાશા [સં.] સ્ત્રી. એક પ્રકારનું વસ્ત્ર.

તલાશી ૧. પું. ગામના નામ ઉપર આવનાર જનાર મુસાફરોનો માલ તપાસનાર સરકારી નાકેદાર.

૨. સ્ત્રી. ઝડપણથી કાઢી નાખવું તે.

૩. સ્ત્રી. ઝડતી; જપ્તી; કોઈ માણસ, માલ કે ઘરની જપ્તી.

૧. ખાના તલાશી = ચોરાયેલા માલ માટે ઘરની લેવાતી જપ્તી; ઘરની જપ્તી.

૨. તલાશો લેવી = ગૂમ થયેલ વસ્તુ માટે કોઈ સરકાર માણસના ઘરની ખિઝરતની ઝડતી લેવી.

૪. સ્ત્રી. તપાસ; તપાસણી.

૫. સ્ત્રી. વિગેરનું તે.

૬. વિ. તપાસ કરનાર.

૭. વિ. શોધનાર.

તલાશીખર્ચ ન. શોધાઈ ફી.

તલાસ જુઓ તલાશ.

તલાસી જુઓ તલાશી.

તલાસીખર્ચ જુઓ તલાશીખર્ચ.

તલાહિયત સ્ત્રી. લાજ.

તલાહી સ્ત્રી. સત્યનાશ.

તલાંસવું જ.ક્રિ. તળાંસવું; ઢાબવું; માંપવું.

તલિ [સં.] સ્ત્રી. સપ્પા; પથારી.

તાલક સ્ત્રી. એ નામની એક લિપિ; નરસલિક.

તલિકા ૧. [સં.] સ્ત્રી. ચોકનો તંગ.

૨. સ્ત્રી. પગરખાં; મોજડી.

૩. સ્ત્રી. મોઢા ઉપર પડેલી ઢાક.

તલિચ્છક પું પથારી ઉપર ઓછાડવાનો એક જનનો ક્રમગો

તલિત ૧. [સં.] ન. તળેલું એક જાતનું માંસ. હિંદી શબ્દસાગરમાં લખ્યું છે કે, આ શબ્દ સંસ્કૃત નથી જણાતો. કેવળ ભાવપ્રકાશમાં શેકેલા માંસ માટે વપરેલો છે.

૨. વિ. તળિયાવાળું.

૩. વિ. સ્થાપેલ; તૈયાર કરેલ.

તલિતમાંસ [સં.] ન. ઘીમાં તળેલું માંસ.

તલિત [સં. તલિન] સ્ત્રી. પીજણી.

તલિન ૧. [સં.] વિ. ડૂબેલું બાયું.

૨. વિ. દુર્બળ; ક્ષીણ.

૩. વિ ચિરલ; બોદું.

૪. વિ. સ્વચ્છ; સાદ; શુદ્ધ.

તલિમ ૧. [સં.] ન. આંતરવો.

૨. ન. તરવાર.

૩. ન. પલંગ.

૪ ન. સપ્પા; પથારી.

તલિયાતોરણ ૧. [સં. ત્રિક (ત્રણનો સમૂહ) + તોરણ] ન. ખરના પોલા સાંઠાનું ત્રિકોણ પાડીને બનાવેલું તોરણ.

૨. ન. બહનમાલ; ઘરની આગળ શુભ પ્રસંગે બધાની પહર્યું, કુલ, નાળિયેર, કોડિયાં ગોતી વગેરેની માળા.

તલિયાતોરણ સવિ ઝાકલ્યુ,
નગરમાહિ ગૂડી ઊછલ્યુ.
કાન્હડદેપ્રબંધ

તલિયું ૧. ન. તલનું તેલ.

૨. વિ. તલનું.

તલિસ્મ [અ.] પું. જાદુ.

તલિહડૂ (તલિહડૂ) વિ. હલકું; હાથ નીચેનું.

તલી ૧. સ્ત્રી. અષાઢી તલ. તે અષાઢ મહિનામાં વવાય છે અને આશો માસ બેસતાં તૈયાર થાય છે.

૨. સ્ત્રી. કોઈ વસ્તુનું તળિયું.

૩. સ્ત્રી. ચોમાસામાં ઊગી આવતો એક જાતનો ઘણી શાખાઓવાળો ઝુંમર જેવો દેખાતો છોડ. તેનાં હૃદયાકૃતિ પાન ૫ કે ૬ ફૂલ્લાવાળાં, ફૂલ નાનાં, ફોલ્લ ધોળા રંગનાં થાય છે. છોડનો સાધારણ દેખાવ સીંડાના છોડ જેવો છે. તેમાં સીંડાની શીંગ જેવી પાંચ ખંડવાળી સીંગ થાય છે. દરેક ખાનામાં તલ જેવા ૫ થી ૭ બીજ હોય છે. તલ જેવાં બીજને લીધે તે તલી કહેવાય છે.

૪. સ્ત્રી. ભોંડાની અંદરનો ચામડાનો ઝીણો કટકો; તળી.

૫. સ્ત્રી. ભોંયનું તળિયું.

૬. સ્ત્રી. ત્રીજા તલ. તલીનો કાચો ધોળો હોય છે.

૭. સ્ત્રી. દોરને થતો એક જાતનો રોગ. તેથી આંખે ઓછું સૂઝે છે.

૮. સ્ત્રી નાકિની કાચા બાજુ ઉપરનો એક અવયવ; પાંખિયા; બરોળ; બરોળની ગાંઠ. હૃદીના કાચા ભાગને વિષે આમાશયની ઉપર પાણીને વહેનારી નસોનું મૂળ તે છે.

૯. સ્ત્રી પગના તળિયામાં થતી કંપારી.

૧૦. સ્ત્રી. પક્ષ; ઘર.

૧૧. સ્ત્રી. પ્રાચીન સમયનું એક જાતનું ઘરેણું.

૧૨. સ્ત્રી. માણસમાં થતો એક જાતનો રોગ

૧૩ [હિ.] સ્ત્રી. વિવાહ વિધિમાં વરપક્ષના આસન નીચે રાખેલા પૈસા.

૧૪. સ્ત્રી શેરડીમાં થતો એક જાતનો રોગ.

૧૫ સ્ત્રી. રપર્શ કરતાં પણ અંદર ન પડે એવી મુલાયમ વસ્તુ.

૧૬. સ્ત્રી હથેળી.

૧૭ અ તળે; નીચે.

તલીકાઢ (તલીકાઢ) પું. સાવ સાફ કરવું તે.

તલીની સ્ત્રી. ચોમાસામાં દેખાતું એક જાતનું જંતુ

તલીમ સ્ત્રી. છલકાવું તે.

તલીસ ન પૂર્વ હિમાલયમાં ઊગતું એક જાતનું ઝાડ.

તલીસ્માત પું. જાદુ.

> નીલ વસ્ત્રપરિધારણો પણ મોતીનાં અતિ ઉત્તમ મૂલ્યવાન તલીસ્માત તરીકે ગુજરીઓનો ભાગ છે.
> ચિત્રમયજગત

તલુન ૧. [સં. તલ્ (સિદ્ધ થવું)] પું ચુવાન બાઈથી; ચુવાન પુરુષ.

૨. પું. વાયુ.

૩. વિ. ચુવાન; તરુણ.

તલુની [સં. તલ્ (સિદ્ધ થવું)] સ્ત્રી ચુવાન ઓ; તરુણી.

તલુવા [હિ.] ન. તળિયું.

તલ્લા પું. પગનું તળિયું.

તલે ૧. [હિ.] ન. તળિયું; તળી.

૨. ન. પગરખાનું તળિયું

૩. ન. પક્ષ; ઘર.

૪ અ ક્રમમાં પછી.

૫. અ. તળિયે; નીચે.

૧. તલે ઉપર = ઉપરતળે; એકની ઉપર બીજું એમ.

૨. તલે પડવું = (૧) જમીન ઉપર પડવું. (૨) નીચે પડવું. (૩) સંજોગ વખતે જતું રહેવું.

તલેટ્ટણ [સં.] પું. ઝાડ; કુક્કર; સુવર.

તલેટી [હિ] સ્ત્રી. તળાટી; તળેટી; પર્વતની નીચનો ભાગ

તલેઠી સ્ત્રી. હથેળી

તલેતલબાર વિ. રજેરજ; જરીએ જરી; તમામ.

> જેમાં તો તલેતલબારની વાત હું આપને કહી છું. મહીપાળદેવ

તલેબંદબાડી ન. સરવૈયું.

તલેબંદી જુઓ તલેબંદબાડી.

તલેલાં ન. ન ક. રાઈ; ચીસ

> ધરમા બાળક રડવું હતું, તલેલાં નાખવું હતું, ઘરને સાડલ વાસી હતી.
> મણિલાલ બાળસિક્ષણ

તલૈસમ ૧. [ફા. તિલિસ્મ] સ્ત્રી. એક જાતની વિદ્યા; બળના વગેરે ઉપર એવી ચોકીવધ કરવી કે તે બીજા કોઈ માણસના હાથમાં જાય નહિ એવી વિદ્યા. અસલમાં આ શબ્દ ગ્રીક ભાષાનો છે.

૨. ન. અચરજો; નવાઈની વાત.

૩. ન. અમુક ચમત્કારવાળો કાગળ; તાવીજ.

તલૈસ્માત પું. જાદુ

> એક કથામાં તો રૂપીયર આખી આફ્રિકા ખૂંદી ગઈ અને પેલી હબ્બાની કુકલ તો બાપે કોઈ તલૈસ્માતથી તેની આગલી જગાએ ચોકવાઈ ગઈ.
> ન. ચે. ભરુચાત

તલૈસ્માતી વિ. જાદુઈ.

તલૈટો ૧. સ્ત્રી. ઘરનું ચોખતળિયું.

૨ સ્ત્રી. નદીનો પટ.

૩. સ્ત્રી. પક્ષ; આસપાસનો પ્રદેશ.

૪. સ્ત્રી. પર્વતની આસપાસનો પ્રદેશ; તળેટી.

તલૈયા [હિ.] સ્ત્રી. તળાવડી. નાનું તળાવ.

તલૈહા [હિ.] પું. કબૂતર જેવું એક જાતનું પક્ષી.

તલો ૧. પું. પાવડીનો ક્રમણી ઉંડો; કસબ વણવો પાવડીનો ઉંડો.

૨. પું. પલવ; ઉંડો.

૩. પું. બોર્ધદાંડિયાની રમતમાં દાંડિયા વડે જમીન પર બોર્ધ ઊંચે ઉછાળવી તે.

૪. પું. મોટો ચાદલો

તલો કાઢવો = કપાળ ઉપર કંકુનો ચોરસ આકાર કરવો.

તલાદસેબ [સં.] પું. સપાટી ઊંચી થવાપણું.

તલાદરી ૧. [સં.] સ્ત્રી. પાતળા પેટવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. ભાર્યા.

તલાદા ૧. સ્ત્રી દરિયો.

૨. [સં.] સ્ત્રી. નદી.

તલોસણું ન. માનસિક પ્રસંગે કોઈને બોલાવ તરફથી કાંસાની થાળીમાં કંસાર માટેનો ઘોટ, ગોળ, ઘી, મગ, તેલ વગેરે રૂપિયો મૂકીને અપાય છે તે.

તલ્ક (તલ્ક) ૧. [ફા] ન. અપરાધ.

૨. [અ.] ન. છૂટાછેડા.

૩. [અ.] ન. ધન; જગત

તલ્કકઢેર વિ. કજિયાખોર સ્વભાવવાળું.

તલ્કીન ૧ સ્ત્રી. અંતિમ ક્રિયા.

૨ (તલ્કીન) [અ.] સ્ત્રી. અક્કર આપવી તે.

૩ સ્ત્રી. ધાર્મિક શિક્ષણ

તલ્કીન કરવું = શીખવવું.

૪. સ્ત્રી. સમાજના કોઈ પંથમાં માણસને ભેળવવો અને તેની ક્રિયા કરવી તે.

તલ્ખ (તલ્ખ્) ૧. વિ. કડવું; કટુ.

તલ્ખ કરવું = (૧) ઉપર બીજું પાણી રેડવું. (૨) કડવું કરવું (૩) દુશ્મનાવટ વધારવી.

૨. [ફા.] વિ. અરાબ સ્વાદવાળું.

૩. વિ. બેદજનક.

તલ્ખકામ વિ. કડવું.

તલ્ખગો (તલ્ખ્ગો) [ફા. તલ્ખ (કડવું) + ગો (કહેનાર)] વિ. બોબ્બું અને કડવું વચન કહેનાર.

તલ્ખકાના પુ. ન ક. પર્વ વગેરેમાં ઊજવતા છોડના દાણા

તલ્ખમિજાજ (તલ્ખમિજાજ) [ફા.] વિ. અરાબ સ્વભાવનું; ચીડિયું.

તલ્ખરૂ (તલ્ખરૂ) [ફા.] વિ. અફસોસમાં હોય. એવું; ગંભીર.

તલ્પા ૧. પું. ઢોલ્યના નીચેના ઊંચા ઉપર આવેલી ભિત્ત રસને રોકવાની ઠોયળી. ભિત્તાસ્થ.

૨ પું. ઘોડલ, ખાંડિયા અને પછી પાણીમાં બેળવેલ અનાજ.

૩. પું. ઘ. ક. રાંધેલા અને ખાડેલા ચોખા.

તલ્પી (તલ્પી) [ઘ.] સ્ત્રી. કટુતા; કડવાશ.

તલ્લુમલ્લુ [દે.] સ્ત્રી. બેચેની.

તલ્પ ૧. [સં.] ન. અટારી ઉપરનો માળ.

૨. ન. પથારી; શય્યા; બિછાનું; સેજ.

૩. ન. ભાર્યા; પત્ની.

તલ્પક [સં] વિ. શય્યા તૈયાર કરનાર નોકર.

તલ્પકતલ્લજ પું. (પિંગળ) પ્રકૃતિ છંદની જાતનો એક વર્ણમેળ છંદ, તેના દરેક ચરણમાં પાંચ જગણ, જગણ અને મગણ મળી બેંતીસ અક્ષર હોય છે.

તલ્પકીટ [સં.] પું. માંકડ.

તલ્પગ વિ. વિષયી; લંપટ.

ચોર મુકે તલ્પગ મધુપાની બાલહત્યાદિક કરતે. દયારામ

તલ્પજ [સં.] પું. પોતાની સ્ત્રીમાં અન્ય પુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલ દીકરો; ક્ષેત્રજ પુત્ર.

તલ્પન ૧. [સં.] ન. પીઠનું માંસ.

૨. ન. હાથીની પીઠ.

તલ્પલ [સં.] ન. હાથીની પીઠ.

તલ્પારોહણ [સં.] ન. સાત માંહેનું એક જાતનું પાપ. સાત પાપ આ પ્રમાણે છે: સ્તેય, તલ્પારોહણ, ભ્રૂણહત્યા, ધૂણહત્યા, સુરાપાન, દુષ્કૃત કર્મનું પુનઃ પુનઃ સેવન તથા અસત્ય ભાષણ.

તલ્પી વિ. આતુર.

તલ્પ્ય [સં.] વિ. પથારીમાં સૂવાવાળું. વેદમાં વપરાયેલું કદનું એક વિશેષણ છે.

તલ્બ (તલ્બ) [અ.] પું. અભિલાષ.

તલ્બના (તલ્બના) [અ.] ન. તલ્બ; ચાહત.

તલ્બા જુઓ તલ્બના.

તલ્બીક (તલ્બીક) ૧. [અ.] ન. એકઠું કરવાપણું.

૨. ન. સાથે સીવવું તે.

તલ્બાના જુઓ તલ્બાનો.

તલ્બાની જુઓ તલ્બાનો.

તલ્બાખ્યન પું. ઘિંઘ અને સિલોનમાં જોવામાં આવતો એક જાતનો વાર્ષિક છોડ; પ્રસૂતબંધ.

તલ્લ ૧. [અ.] ન. જમીન ઊકળવાળી થયા તે.

૨. ન. ઝાકળ.

૩. ન ટેકરી.

૪. ન. ઢગલો.

૫. ન. તળાવ; જળાશય; પાણીનો ઝાડો.

૬. વિ. તેમાં લીન; તેમાં લય પામેલ.

તલ્લક ૧. સ્ત્રી આતુરતા; ઉગ્ર ભાવના; ઝંખના; ઉતેજના; તલ્લજ.

૨. સ્ત્રી. તડફડાટ; આકુળવ્યાકુળ થઈ જવાપણું.

૩. વિ. રેસો; રેસની બનાવટનું. જેમકે, તલ્લક બીડી.

૪. વિ. શક્તિવાળું; કસદાર.

૫. અ. સુધી; લગી; પર્યંત.

તલ્લજ [સં.] વિ. ઉત્તમ; ઉત્તમ.

તલ્લડ (તલ્લડ) પું. ચેટ.

તલ્લલ [સં.] પું કૂતરો.

તલ્લા ૧. પું. સમીપ હોવું તે; સામીપ્ય.

૨. સ્ત્રી. પ્રેમીની એક રમત.

૩. [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી.

૪. સ્ત્રી. નાની હોડી.

૫. સ્ત્રી. વરુણદેવની પત્ની.

તલ્લાક (તલ્લાક) ૧. [અ. તલ્ક (તેણે બોકળ કર્યું)] સ્ત્રી છુટાછેડા; ફારગતી; તલાક.

આ શબ્દ મળમાં અથવા હલકા કોમન ભાષામાં વપરાય છે. મુસલમાની તરેહમાં તલ્લાક આપવાનો વિધિ છે. પ્રસ્થાન

૨. સ્ત્રી કોમના કસમ.

તલ્લાકનામું (તલ્લાકનામું) ન. છેડાછૂટકનું લખાણ; ફારગતી; સ્ત્રીપુરુષે સમજીને એકબીજાનો સંબંધ છોડી દીધાનો કરાર

તલ્લાચિયો પુ એક જાતની રમત.

તલ્લાસ સ્ત્રી. ખબર; દરકાર; પરવા.

તલ્લાં ન. બ વ. કોડીની એક રમત.

તલ્લિકા [સં.] સ્ત્રી. તાળાની ચાવી; કૂંચી.

તલ્લી ૧ સ્ત્રી. ગુલબ.

૨ [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી; તરુણી.

૩. સ્ત્રી નીચું નાનું તલ.

૪. સ્ત્રી. તલી; ઉદરમાંનો એક અવયવ; પ્લીહા; બરોળની ગાંઠ; ઉદરના ડાબા પડખામાં નવ, દસ અને અગિયારમી પાંસળીને લાગીને રહેલો, વાદળી રંગેટ જેવા રંગનો પાંચ ઇંચ લાંબો અને ત્રણ ઇંચ પહોળો એક અવયવ. તેનું વજન લગભગ ૧૫ તોલા જેટલું છે. તાવ આવવાથી કદ વધતું જાય છે. તેનું કામ રક્તશુદ્ધિનું છે.

૫. સ્ત્રી નૌકા; નાવ.

૬. સ્ત્રી. વરુણની પત્ની.

તલ્લીન [સં. તત્ (તે) + લીન (એકાગ્ર)] વિ કોઈ કામ, ખાસ કે વિચારમાં ગરક થઈ ગયેલું; એકરસ; નિમગ્ન; ડૂબી ગયેલું; એકતાર; એકમન, એકધ્યાન; લીન; પરાયણ; આસક્ત; એકાકાર; ગરક.

તલ્લીનતા [સં] સ્ત્રી એકતત્પરપણું; એકસ્વરૂપતા; નિમગ્નતા; એકધ્યાન હોવું તે.

તલ્લુકાત સ્ત્રી. સંબંધ

આ આખરનો ફેસલો સરકારની સામાની સપાટી તલ્લુકાત બંધ કરવાનો છે. નવલરામ

તલ્લો પું માળ; મજલો.

એની બગલની સીડી પર ચોથે **તલ્લો** એક કમરો આવી છે. પ્રસ્થાન

તલ્લ [સં] ન. સુગંધી પદાર્થ ચોળવાથી અથવા ઘસવાથી નીકળતી સુગંધ.

તલ્લકાર [સં.] પું સામવેદની એ નામની એક શાખા

તલ્લાર પું. (જુ. મુ) ગામ ફોટવાળા; તલાર.

તલ્લ ૧. પું. ચલમમાં તમાકુ ઉપર મુકવું ઠીકરું.

૨ પું. પડ; થર.

૩ પું પાણી ગરમ રાખવા માટે વપરાતું સીસાનું વાસણ.

૪ પું સોડી. ગેટલી પકાવવાની સોઢની તાવડી.

૫ ન. અધિકાર બતાવવાનું બળ.

૬. [સં] ન. તાંદુ. પલ્લામાં વપરાય છે.

૭ [સં. તાવત] અ. ત્યારે; તે વખતે. પલ્લામાં વપરાય છે

તલ્લઅમ [અ] પું બેલડું; બેનું જોડું.

તલ્લક ૧ [અ] પું. તાવડો; કડાઈ

૨. વિ. તાંદુ

તલ્લકા (તલ્લક) [અ તલ્લક (તેણે આલા રાખી)] પું. આસો

તલ્લકીર ૧. સ્ત્રી એ નામના કંદનો સફેદ ભૂકો.

૨. સ્ત્રી એક જાતનો કંદ; આરારૂટ.

તલ્લકીલ સ્ત્રી. એક જાતનો સફેદ પદાર્થ.

તેથી દાળ ઉપર **તલ્લકીલના** જેવી ઘોળ જારી વગે છે. આરોગ્યસાગર

તલ્લકૂફ (તલ્લકૂફ) [ઘ.] સ્ત્રી. વિલંબ; ઢીલ.

તલ્લફુલ [અ તલ્લફુલ] સ્ત્રી બરોસો; ધીરજ ઉપરની આસ્થા; પ્રભુમાં શ્રદ્ધા.

તલ્લફુલ [અ. તલ્લફુલ (ધીરજ ઉપર ભરોસો કરવો)] પું ભરોસો, શ્રદ્ધા

તવક્કા (તવક્કા) [અ. વક્ક્ય (તેણે આશા રાખી)] પું. આશા..

તવક્કુ (તવક્કુ) ૧. [અ.] સ્ત્રી. અરજ.
૨. સ્ત્રી. આધાર.
૩. સ્ત્રી. આશા.

તવક્કુર (તવક્કુર) ૧. [અ. વક્ક્ર (ઊભું રહેવું)] પું. અકડો.
૨. પું આનાકાની.
૩ પું ઢીલ.
૪. પું. ધીરજ.
૫. પું. મુલતવી રાખવું તે.

તવક્કુર (તવક્કુર) [અ] પું. માન.

તવક્કુલ [અ. વક્લ (તેણે ભરોસો)] પું. ઈશ્વરમાં શ્રદ્ધા; વિશ્વાસ.
૧. અલ તવક્કુલ = શ્રદ્ધા રાખીને, અંધવિશ્વાસમાં.
૨. તવક્કુલ પર બેસવું = (૧) આળસુ બેસી રહેવું. (૨) ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી.

તવક્કા જુઓ તવક્કા.

તવક્ષીર ૧. સ્ત્રી. તપખીર; તવખીર.
૨. [સં.] ન. પાણી અને દૂધ.

તવક્ષીરા ૧. [સ.] સ્ત્રી. એક જાતનો વેલો.
૨. સ્ત્રી. વાંસકપૂર; વંશલોચન.

તવખીર ૧. સ્ત્રી એક જાતનો છોડ. તે મલબારમાં બહુ થાય છે. તે બજારમાં બજારે એક માથોડું અને સાધારણ રીતે બે હાથ ઊંચો હોય છે એનાં પાન હળદરના પાન જેવાં હોય છે અને ગાંઠ પણ તેવું જ દેખાય છે તેમાં હળદરના જેવી જ માટ થાય છે. તેને ચૂંટી ઝાડી ઝાપટીમાં ધોયા પછી જરા ક્યારી તડકામાં સૂકવે છે. પછી તેને દળી તેની બારીક બૂકી બનાવાય છે. તે ધોળા રંગની બૂકોને પણ તવકીર કહે છે. અમેરિકામા આ ઝાડ પ્રખ્યાત છે. અમેરિકન લોકો બાણથી કે બીજા શસ્ત્રથી જખમ થાય તો એ ઝેરનું દૂધ ચોપડે છે, માટે એને આરાવટ નામ આપેલું છે અંગ્રેજીમાં આરા એટલે તીર અને રૂટ એટલે મૂળ એવો અર્થ થાય છે તે મધુર, શુક્ર, શીત, સુગંધી, બલકર, પુષ્ટ, પૌષ્ટિક, ધાતુવર્ધક, લઘુ તથા સ્નિગ્ધ છે અને કફ, પિત્તરક્ત, પિત્તદાહ, અરુચિ, ઉપરસ, દમ, તાવ, તૃષા કમળો, પાંડુ, કોઢ, મૂત્રારમરી, મૂત્રકૃચ્છ્ર, મેહ, વ્રણ, કર તથા રક્તદોષનો નાશ કરે છે
૨. સ્ત્રી હળદરની જાતિની એ નામની વનસ્પતિના મૂળમાંથી નીકળતો લોટ જેવો સફેદ પદાર્થ. તે દવા તેમજ ખોરાક તરીકે વપરાય છે. માંદા માણસને તેની ખીર અપાય, મોટું ઝાબું હોય સારે મોંમાં ભભરાવાય, ચાંદાં બળ્યા ખરજવા ઉપર તેની બૂકી બળ્યા તેનો મલમ લગાડાય. દૂધમાં બાફીને તે બવાય છે. એનાથી બનાવાતા એક પદાર્થને બાપડો કહે છે. નાનાં બાળકો તથા રોગીને એ બાપડો બહુ બાય છે. એ પદાર્થ શીતળ અને પૌષ્ટિક છે. તવખીરની ભેળવણીથી તેનું વી બને છે, પણ તે માત્ર બોલ દિવસ જ સારું રહે એમ કહેવાય છે.

તવજ્જા જુઓ તવાજ્જા.

તવજ્જુહ ૧. [અ.] સ્ત્રી. તરફ ફરવું તે.
૨. સ્ત્રી. દયા.
તવજ્જુહ કરવી = અરજ કરવી.

તવજ્જોહ ૧. [અ. તવજ્જુહ (અવધાન)] સ્ત્રી. એકાગ્રતા; લક્ષ; ધ્યાન.
૨. સ્ત્રી. કૃપા.

તવજ્જોહ [અ. વજ્હ (મોઢું ફેરવવું)] સ્ત્રી. તરફ ફરવાની ક્રિયા.

તવજ્જ્રૂ (તવજ્રૂ) ૧. [અ.] સ્ત્રી. પ્રાર્થના કર્યા પહેલા કરેલી શુદ્ધિ.
૨. સ્ત્રી. રજોદર્શન વખતે અસૂસ કરવું જોઈતું સ્નાન.

તવતવવું (તવતવું) ક્રિ. સારખી ઉભરવું; તેવતેવવું

તવતુન ૧. [અ.] પું. પરદેશમાં પોતાનું રહેઠાણ નક્કી કરવું તે.
૨. પું. રહેઠાણ કરવું તે.

તવન ૧. [સં. સ્તવન] ન. જૈન મતની એકાદ કવિતા; સઝઝાય; સ્તવના; સ્તુતિ
શત્રુંજયતિ રાજ્યા શ્રીરનિ.
કુરુ તવન તસ્યા પ્રસંગિ- ભીમ
૨ ન. તાવ.

તવફીક (તવફીક) [અ.] ન. એકતાર થવાપણું.

તવબ્બા [અ.] પું. તોબા; ત્રાસ.

તવર ન. એક જાતનું ઝાડ; ચેર. આ ઝાડ ત્રીસ ફૂટ સુધી ઉંચું વધે છે. તે દરિયાની આડીના કોચડમાં થાય છે અને કાદવવાળી જગ્યાની જંતુઓની દુર્ગંધ દૂર કરે છે. તેનું લાકડ એ માણસની આસપાસ ન આવી શકે તેવું ભારું પણ પોલું હોય છે. પાન અમ્બમ કદનાં અને સામસામાં, ફૂલ સુગંધિત પીળા રંગનાં અને ફળ ગમ્બોડિયા રંગનાં અને આંબલીના કચૂકા જેવા હોય છે. કાચાં ફળ ચોટીસ તરીકે આંબાયથી ચૂસકુ પકવી નાખે છે.

તવરવું ૧. અ. ક્રિ. તરવરવું; તરવું અને તેમાં સૌથી ઉપર દેખાવું, ઉપર ઉપર તરવું; ત્વરા.થી ઉપર ઉપર તરવાનો યત્ન કરવો; બધા જીવનું એકબીજાને હાથી ઉપર ઉપર તરતા રહેવાને ત્વરાથી મથવું.
૨. અ. ક્રિ. ત્વરાથી અધીરા થવું, ઉપરતળે થવું.
૩. અ. ક્રિ. સળી ગયેલા અનાજમાં પડેલાં જીવડાં, કૃમિ વગેરેનું ઉપર તરી આવવું; સળવળવું.

તવરાજ [સ.] પું. એક જાતની સાકર.

તવરાજોદ્ભવ [સં.] પું. એક જાતની ખાંડ.

તવરિયાં ન. બ. વ. ન તવરનાં લાકડાં.

તવરિયું ૧. ન. એક જાતનું ઝાડ; તવર.
૨. ન. તવરનું લાકડું.

તવરેત ન. મુસલમાની ધર્મનું એ નામનું એક પુસ્તક

તવર્ગ [સં.] પું. (બારાક્ષર) પાંચ બાંધ અક્ષરના કરેલા બાર બારોનો ચોથો વિભાગ; ત, થ, દ, ધ, ન એ પાંચ દંતસ્થાની અક્ષરોનો વર્ગ.

તવર્ગીય [સં.] વિ. તવર્ગનું

તવલ ન. એક જાતનું પ્રાચીન વાજું.

તવલત [અ.] સ્ત્રી. લપસવું તે.

તવલિયત ૧. [અ.] સ્ત્રી. દૂરદીપણું; વડીપણું.
૨. સ્ત્રી. બાળકને જવનેર તરીકે નીમવું તે.

તવલિયતનામું ન. દૂરદીપણાનો દસ્તાવેજ.

તવલ્લા ૧. સ્ત્રી. જારના છોકરાને થતો એક રોગ. તવલી થવાથી જાર બોળી પડી જાય છે.
૨. ન. ખેતીને નુકસાન કરતું એક જાતનું ઘાસ. એને માટે ખેતીવાડી માર્ગદર્શિકામાં ઉલ્લેખ છે કે: તવલી બહને કાઢવાને માટે મકાઈનું વાવતર કરીને તેમાં બહ થાય એટલે બહને ફૂલ આવવા પામે તે અગાઉ બેડી નાખવું અને જ્યાંસુધી આ પ્રમાણે ખેતરમાંથી બહનો નાશ થાય ત્યાંસુધી મહાર્ય વાવવી.

તવલાદ ૧. [અ.] સ્ત્રી જન્મ; ઉત્પત્તિ.
૨. સ્ત્રી જન્મ વખતે મદદ કરવી તે.

તવલ્લુદ જુઓ તવલ્લુદ.

તવલ્લા ૧. [અ.] પું. આશા
૨. પું. મોહ.

તવલ્લુદ ૧. [અ. વલદ (તેણે પેદા કર્યું)] પું. બ. વ. જન્મ.
૨. પું. બ. વ. પેઢી દર પેઢીઓ.

૩. વિ. જ-મેલું.
તવલુદ થવુ = જ-મવું.

તવવું [સં. स्तु (સ્તુતિ કરવી)] સ. ક્રિ. સ્તવવું; સ્તુતિ કરવી.

તવસ ૧. [સં. તવસ] વિ. બળયુક્ત; વેદમાં વપરાયેલું ઋનું એક વિશેષણ.
૨. વિ. વહ; ઘરડું.

તવસ્સુત ૧ [અ] પું. ઓળખાણ.
૨. પું. વચ્ચે પડવું તે; કમલગીરી.
૩. વિ. વચ્ચે પડનાર.

તવસ્સુલ ૧. [અ.] પું. ઉપાય.
૨. પું. ઓળખાણ.
૩. પું. લેવી દેવું તે; સંધાન.
૪. પું. વિચાર.
૫. પું. સિફારસ; મુરબ્બીગીરી.

તવહીદ [અ.] જ ઈશ્વરના એકત્વમાં માનવું તે; ઈશ્વર એક જ છે એમ માનવાપણું; એકેશ્વરવાદ.

તવહીદપરસ્તાર [અ.] પું. એક ખુદામાં માનનાર મ.સ્લમ

તવહુમ ૧. [અ.] પું. કલ્પના.
૨. પું. શંકા

તવંગ પું. (સિલ્પ) દેવપ્રાસાદમાં નીકળતો ભદ્ર પાસેનો ખૂણો.
પ્રાસાદને લાગેલા ભદ્ર પાસે તવંગો નીકળેલા હોય છે. કલ્પવલ્લતા

તવંગર ૧. [સં. તવાન (શક્તિ) + કર (કરનાર)] વિ. તાલેવંત; ધનવાન; પૈસાદાર; ધનાઢ્ય; સાહુકાર; શ્રીમંત; તાલેવાન.
તવંગર પાછળ તવાનું–તવંગરના તેજમાં તવાવું = ધનવાનની હા એ હા કરવી; પૈસાદારની શેહમાં ખેંચાવું
૨. વિ. બોધપ્રદ; અસરકારક
૩. વિ. શક્તિવાળું.
અહીં વર્ષની ઉંમરમાં અનેક તવંગર અનુભવો લેને થઈ ગયા છે. વસંત ભાગરિરાસણ

તવંગરી ૧. [સં.] સ્ત્રી. માલદારી; સાહુકારી; શેઠાઈ.
૨. સ્ત્રી. શક્તિ.
૩. સ્ત્રી. સમૃદ્ધિ; નાણું.

તવા ૧. [હિ.] પું. ચલમની ઠોકરી; ચલમમાં તમાકુ ઉપર મૂકાતું ઠીકરું.
૨. પું. તાવડી; લોઢી; તવો.
૧. જીભટા તવા–નેજ તવા = બહુ જ કાળું; કાળું મેશ.
૨. તવા ઉપરનું ઇંડું = (૧) ઊંડી જાતું. (૨) નષ્ટ્રતું; નાનું.
૩. તવા ફસવો = તાવડીમાં નીચે જણાતા રેવતાના ઝીણા તણખા. આને કેટલાક શુકન અને કેટલાક અપશુકન માને છે.
૩. પું. પડ; થર.
૪. પું. પાણી ઠારવા માટે વપરાતું સીસાનું વાસણ.
૫. પું. ઓઢાનો અરીસો.
૬. [સં.] પું કુબ્જની તમાકુ.
૭. સ્ત્રી. ગપ; ગપ્પા; ઊડતી વાત; અખર.

તવાઈ ૧. પું. એક જાતના ગોખા.
૨. [સં. તવાદી (ખરાબી)] સ્ત્રી ક્રમબદ્ધતી; આફત; ધાડ; તાબી નાખે એવો પ્રસંગ; વિપત્તિ; અડચણ.
૩. સ્ત્રી. તારોદ; ધમકી.
૪. સ્ત્રી. તાવડાનું ઢાંકણ.
૫. સ્ત્રી. ધસારો; હુમલો.
૬. સ્ત્રી. નાનો તવો; સપાટ તવી.
૭. સ્ત્રી પાપમાલી, કરબાદી; નાશ.
૮. સ્ત્રી. ભીડ; સંકટ; પીડા.

તવાકડા પું. કેટીના ભાગમાં બાંધવામાં આવતી સાંકળા; મળેબંદ

તવાખીર [હિ.] પું. વંશલોચન; વંશરોચના; વંશકપૂર.

તવાગ [સં.] વિ. અત્યંત વધેલા ભાગવાળું.

તવાજા ૧. [અ. વઝા (આકાર)] સ્ત્રી. (હિંદી) આદર; માન.
૨. સ્ત્રી. અક્કિસ.
૩. સ્ત્રી. મરેમાનદારી; દાવત; આગતા.
૪. સ્ત્રી. સભ્યતા.

તવાજ્જુઅ [અ.] પું. બીજાના કરતાં પોતાને કનિષ્ઠ સમજવું તે.

તવાજ્જુહ [અ.] પું. અરસપરસ આનંદ

તવાઝો પું. પરોણાગાકરી; મહેમાનગીરી.

તવાઝુ (તવાજુ) ૧. [અ.] સ્ત્રી. નમ્રતા; વિનય; વિવેક; સભ્યતા.
તવાઝુ યે ઝબરદંડી = ખોટો વિવેક; ખોટી નમ્રતા
૨. સ્ત્રી. પ્રણામ.
૩. સ્ત્રી. અક્કિસ.
તવાઝુ કરવી = (૧) અક્કિસ ધરવી. (૨) સેવા કરવી.

તવાઝો (તવાઝો) ૧. [અ. તવાજુઅ (બીજાના કરતાં પોતાને કનિષ્ઠ સમજવાનો ગુણ)] પું. આદર; માન.
૨. પું પરોણાગાકરી; મહેમાનગીરી.
૩. પું. અક્કિસ.
૪. પું. સભ્યતા; વિવેક; વિનય.
૧. તવાઝો કરવો = (૧) અર્પણ કરવું. (૨) બીજાનું સભ્યતાથી સ્વાગત કરવું.
૨. તવાઝો યે શિરાઝ = સારો ખોરાક.
૩. તવાઝો યે ઝબરદંડી = ખોટો વિવેક; સભ્યતાનો દેખાવ.

તવાઝ્ઝી સ્ત્રી. સ્ત્રી અને તેના વંશજોનો બનેલો જથ્થો. મહમ્મદ તરફ બોલાય છે.

તવાફ સ્ત્રી. પારણાં અને આજ દાનની જમીન.

તવાતુર [અ.] પું આબરૂ રાખવું તે.

તવાન ૧. [હિ. તવાનિસ્તનનું આજ્ઞાર્થ ૩૫] સ. ક્રિ. શક્તિ; બળ.
૨. વિ. બલવાન; જોરાવર.

તવાના [હિ.] વિ. સશક્ત; જોરાવર; બળવાન; મજબૂત.

તવાનાઈ [હિ.] સ્ત્રી. શક્તિ; બળ.

તવાપૂરી સ્ત્રી. લોઢ, દાળ કે કુળના ભર્જના પુરણને મેદાના લુઆના બે પડ વચ્ચે મૂકીને બનાવેલી પૂરી; ચેમ્પી.

તવાફ (તવાફ) ૧. [અ.] સ્ત્રી. યાત્રા; મક્કા કે એવી બીજી પવિત્ર જગ્યાએ જતા કરવા જવું તે.
તવાફ કરવી = યાત્રા કરવી.
૨. સ્ત્રી. નાચનારી છોકરી.
૩. સ્ત્રી. પ્રદક્ષિણા; આંટા કરવા તે.

તવાફુક (તવાફુક) ૧. [અ.] પું. સંપ; મેળ.
૨ પું (ગણિત) સાધારણ અવયવી. જેમકે, ૬ અને ૮ નો ૨ એ સાધારણ અવયવ છે.

તવાબી [અ.] પું. બ. વ. અનુયાયીઓ.

તવામણ જુઓ તવામણી.

તવામણી સ્ત્રી. તાવી આપવા બદલનું મહેનતાણું.

તવામાન [અ.] પું. જોડકું; મેળકું.

તવાયફ (તવાયફ) ૧. [અ.] સ્ત્રી ગાતી ગાતી નાચનાર છોકરી; તાયફો; નર્તકી; રામજણી.
૨. સ્ત્રી. બ્રાતા; પ્રજા.
૩. સ્ત્રી. વેશ્યા; રંડી.
૧. તવાયફ-ઉલ-મુલ્કી = અંધેર.
૨. તવાયફ થવુ = ભ્રષ્ટ થવું; વેશ્યા બનવું.

તવાર ૧. પું. અવાજ; કાન ઉપર આવતો ઝીણો અવાજ.
૨. પું. ઊડતી વાતના અખર.
૩. પું. બબૂચારો.
૪. પું. સમાચાર; વાવડ.

તવારા [સં.] પું. જલન; દાહ; તાપ.

તવારાં અ. (જૂ.ગુ.) ત્યારે; તે સમે; તે વારે; તે વખતે.

તવારીખ (તવારીખ) ૧. [અ. તારીખ] સ્ત્રી.બ.વ. ઇતિહાસ; ખરી અનેકો અને વર્ષાનુક્રમે ગોઠવેલી રાજકીય વિગત; રાજ્યોની કારકીર્દિનો તારીખવાર હેવાલ, બીના; નોંધ; આખ્યાન; બયાન; વૃત્તાંત.

૨. સ્ત્રી બ.વ. તારીખો.

તવારીખકાર [અ. તવારીખ (ઇતિહાસ) + કાર (લખનાર)] પું. ઇતિહાસવેત્તા, તવારીખ લખનાર.

તવારીખનવીસ (તવારીખનવીસ) [અ. તવારીખ (ઇતિહાસ) + નવીસ (લખનાર)] પું. ઇતિહાસનો લેખક; ઇતિહાસકાર; વૃત્તાંત લખનાર.

તવારીખનવેશ જુઓ તવારીખનવીસ.

તવારીખનામા ન. ઇતિહાસનો ગ્રંથ

તવારીખબાજ પું. ઇતિહાસકાર; ઇતિહાસનો લેખક

તવારીખી વિ. ઐતિહાસિક; તવારીખને લગતું.

તવાકુફ ૧. [અ.] પું. પત્રવ્યવહાર.

૨. પું. પોતાની કવિતામાં બીજાનો અર્થ ઉઠાવ્યા વગર મુલાકાતો તે.

તવારે અ. (જૂ.ગુ) ત્યારે; તે વખતે.

તવાલત ૧. [અ.] સ્ત્રી. અધિકતા.

૨. સ્ત્રી. બખેડો; ટટો.

૩. સ્ત્રી લંબાઈ; દીર્ઘત્વ.

તવાલો [હિં] પું. ચૂર્ણ.

તવાલ્લિયત [અ. તવ્વિયત] સ્ત્રી. પ્રાર્થનાકર્તા.

તવાલી [અ.] સ્ત્રી. આયુ રાખવાપણું.

તવાવું ૧. [સં. તપ્; પ્રા. તव (ગરમ થવું)] અ. ક્રિ. કસોટીમાંથી પાર ઊતરવું.

૨. અ ક્રિ. ઝળવું, નું પાણિ થવું.

૩. અ. ક્રિ. તાવવાની ક્રિયા થવી; તાવે એમ થવું

૪. અ. ક્રિ. ધાતુનું અગ્નિમાં શુદ્ધ થવું; તાપથી મળી જવું.

૫. અ ક્રિ. બગડી જવું; ખરાબ થવું; બરબાદ થવું.

૬. અ ક્રિ. રોગ, દુઃખ કે ચિંતાને લીધે નબળા પડી જવું; સુકાવું; ઝળવું; પાતળા પડી જવું; ચિંતાવું; ચિંતાવું; વજનમાં ઓછા થઈ જવું; નબળા થવું; લેવાઈ જવું; નિસ્તેજ થવું.

તવાશીર [ફા] ન. વાંસકપૂર; વંશલોચન.

તવાહ વિ. પૂરું નહિ કરેલું.

તવાંગર ૧. [સા. તવાન (શક્તિ) + ગર (વાળું)] વિ. ધનાઢ્ય; પૈસાદાર; ધનવાન.

૨. વિ સશક્ત.

તવાંગરી ૧. [સા.] સ્ત્રી. માલું; સમૃદ્ધિ.

૨. સ્ત્રી. શક્તિ.

તવિપુલા પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપવક્ત્રાદિનો ભેદ છે. વિષમપાદે ચોથા અક્ષર પછી તગણ આવે છે. સમપાદમાં જગણ, નગણ, તગણ કે જગણમાંથી કોઈ ગણ આવે છે. આનો વિપુલા મુજબ હોય છે.

તવિયાં ન.બ.વ. પાસાબંધી ઇમારતમાંનો ઓઠા આગળનો ભાગ. કે જે હોવાથી બહુબચને બોલાય છે.

તવિયો પું. ઢાળ, ઢાક વચેરે રાખવાનું માટીનું એક જાતનું વાસણ; પટિયો.

તવિષ ૧. [સં.] પું. બળસાય; ઉદ્યમ.

૨. પું. શક્તિ.

૩. પું. સમૂહ.

૪. પું સ્વર્ગ.

૫. વિ ગણવાન.

૬. વિ. દૃઢ; મોટું.

૭. વિ. વૃદ્ધિ પામેલ; વધેલ.

તવિષા ૧. [સં.] સ્ત્રી. દેવકન્યા.

૨. સ્ત્રી. નદી

૩. સ્ત્રી. પૃથ્વી.

તવી ૧. સ્ત્રી. જલેબી બનાવવાની લોઢાની તાવડી.

૨. સ્ત્રી. નાનો તવો; ઓટી; લોખંડની કડાઈ.

તવાઈ સ્ત્રી. મુલતવી રાખવું તે.

તવોથી સ્ત્રી. નાનો તવેથો.

તવીયો જુનો તવેથો.

તવીલ ૧. વિ. ઠેકાણાવરેલું.

૨. [અ.] વિ. આયુ

તવીસાર ૧. [ફા. તાસ (સંભાઈ)] પું. સાંગી જગ્યા; તબેલો.

૨. પું. ચાલું ઘોરડું; ઢોર બાંધવાનું રાંટવું.

તવુસિ સ્ત્રી. એ નામની એક ફરિનિક્ન લિપિ.

તવે ૧. પું. આર્ય સંસ્કૃત ભાષામાં વપરાયેલ તુમનો એક આદેશ.

આર્ય સંસ્કૃતમાં આ તુમના રૂપો, રોન, અસે, અસેન, કસે, કસેન, અસ્મે, અસ્મૈન, કસ્મે, કસ્મૈન, તસ્મે, તસ્મૈન, તસે, તસેન અને તસેન જેમ અનેક આદેશો થયેલા છે. પુરાતત્વ

૨. પું. તવો; લોઢી.

તવેથો પું. તવા ઉપરથી રોટલો ઉખેડવાનું ચપટા પાનાનું, લાંબા હાથાનું રાંધણિયું ઓજાર; એક છેડે ચપટા પાનાવાળો સળિયો; રસોઈમાં ઉપરતળે કરવાનું કે ઉથલાવવાનું એક સાધન; તાવડા માંહેની ચીજ કે વસ્તુ હલાવવાના ઉપયોગમાં આવતું લાંબા હાથાવાળું એક સાધન; તાવીયો; તવશો.

તવેન પું. આર્ય સંસ્કૃત ભાષામાં વપરાયેલ તુમ્નો એક આદેશ. જુઓ તવે.

તવેલ [અ.] પું. તબેલો; ઘોડાર.

તવેલદાર [ફા. તબ્લદાર] પું. ઢોલકીવાળો આદમી.

તવેહ પું. આર્ય સંસ્કૃત ભાષામાં વપરાયેલ તુમનો એક આદેશ. જુઓ તવે.

તવૈવાહમ [સં.] સ.ન. હું તારો છું. આ પ્રયોગ પંચિર પ્રત્યે બોલાય છે.

તવો ૧. [હિં. તવા] પું. એક પ્રકારની લાલ માટી. તે ફિટમાં મેળવવામાં કામ આવે છે.

૨. પું. ચૂલામાં તપાવું ઉપર મૂકવાની નાની ગોળ ચપટી ઠીકરી.

૩. પું. પોવાણને લીધે ઢબડી ગઈ ગયેલી જમીનનો ભાગ.

૪. [સં. તપક; અપ. તવઓ; પ્રા. તવ] પું. મોટી લોઢી; મોટી તવી; રોટલા શેકવાનું એક પાત્ર; જેના ઉપર રોટલી કે રોટલો શેકવામાં આવે તેનું લોઢાનું ગોળ આકારનું; લોખંડનું કહેવું.

તવા જેવું = (૧) ચોખ્ખું; સ્વચ્છ; તદ્દન સાફ. (૨) પામબાજ; સાવ નાશ થયા જેવું. (૩) લાંછન રહિત; કાપાકૂપી વગરનું. (૪) સપાટ; ખુલ્લાખાખરા વિનાનું.

૫. પું. વીંધ પાડવાનો લોઢાનો કટકો.

તવ્વ સ્ત્રી. છેટેથી લાગતી તડકાની ભાંગ; પરતપો.

ઊનું ટાઢું પાણી નીર કે તવાઈને તવ્વામાં ૨

નિષ્કુળાનંદ

તવ્વસ [સં. તવ્વસ] વિ. સ્તુતિ કરવા યોગ્ય. તે વેદમાં વપરાયેલ કર્તૃ એક વિશેષણ છે.

તવ્વા પું. તાવડો.

તવ્વો [હિં.] પું. નિભાવ.

તવ્વાકુફ [અ.] પું. સંગ્રહ કરવો તે.

તવ્વાખીસ ૧. સ્ત્રી. કીમત આંકવી તે; કીમતનો અડસટ્ટો.

૨. (તશખ્ખીસ) [અ. તશખ્ખસ (તે બાબતમાં તપાસ કરવામાં આવ્યું)] સ્ત્રી. ચિકિત્સા; રોગનું નિદાન.
તશખ્ખીસ કરવું = (૧) કીમત નક્કી કરવી. (૨) નક્કી કરવું. (૩) રોગનું નિદાન કરવું.
૩. સ્ત્રી દ્રાવ; નિશ્ચય.
૪. સ્ત્રી. બારીક વર્ણન.

તશખ્ખુસ (તશખ્ખુશ) [અ.] પું. ખાસ નક્કી કરવું તે.

તશત સ્ત્રી. તાસક; ખૂમચો; થાળી.

તશતરી સ્ત્રી થાળીના આકારનું એક વાસણ; રકાબી.

તશદ્દુદ [અ.] પું. વીખરાવું તે.

તશદીદ ૧. [અ.] સ્ત્રી. અક્ષરને બેવડાવવો તે.
૨. સ્ત્રી. (વ્યાકરણ) ફારસી, અરબી લિપિમાં વપરાતી એક જાતની નિશાની; ~ આવી નિશાની. તેથી અક્ષર બેવડાય છે. જેમકે, કુક્કાન.
૩. સ્ત્રી. મજબૂત કરવું તે.

તશદ્દુદ ૧. પું. મજબૂતીથી પકડવું તે.
૨. [અ. વાદ (તેણે તે વધાર્યું)] પું. મુશ્કેલી; સખ્તી.
૩. વિ. મજબૂત; જોરાવર.
૪. વિ. મંજૂર કરેલું.

તશની ૧. [અ.] સ્ત્રી. નિંદા આણી તે.
૨. સ્ત્રી. મહેણાં મારવાં તે.

તશનુજ ૧. [અ.] પું. આંચકી.
૨. પું. મરકિયા.

તશફ્ફી (તશફ્ફુ) ૧. [અ.] સ્ત્રી. આશ્વાસન દિલાસો
૨. સ્ત્રી. ગુસ્સા પછી શાંત થવું તે.

તશબ્બોહ [અ. તશ્બહ (તેણે તેના જેવું કર્યું)] સ્ત્રી. સરખામણી; ઉપમા.
હવે તશબીહ = સરખામણી કાઈ કહે એવા અક્ષર.

તશબીહ ગુલાલા પું. એક જાતનો ફૂલછોડ.
તશબીહ ગુલાલાનું ફૂલ સુગંધી હોય છે. તેની પાખડી કટાસના ઘાટની હોય છે. તેને બાર વર્ષે ફૂલ આવે છે. તેની માળા સાત આઠ દિવસ વાસ રહી શકે છે. આઇને અકબરી

તશબ્બુહ [અ.] પું. મળતાપણું; તશાબુહ.

તશરોહ [અ.] વિ. જાગીદાર થવું તે.

તશરીફ (તશરીફ) ૧. [અ. કરફ (માન)] સ્ત્રી. આપ સાહેબ
૨. સ્ત્રી. ઇનામઅકરામ આપવા બોલાવ આપવો તે.
૩. સ્ત્રી. કૃપા; દયા.
તશરીફ ફરમાવવી = (૧) કૃપા કરવી. (૨) પધારવું.
૪. સ્ત્રી. બાદશાહ, અમીર વગેરે તરફથી મળતી ખિલ્લત, જેમકે તેથી આબરૂ વધવાનું મનાય છે.
૫. સ્ત્રી. બહારગામ જવાનો આપવો તે.
૬. સ્ત્રી. માન આપવું તે.
૭. સ્ત્રી. મોટા માણસની પધરામણી.
૮. સ્ત્રી. મોટાઈ; મહિમા; ઐશ્વર્યતા. મોટા માણસને પધારો એમ કહેવામાં વપરાય છે.
તશરીફ લાવવી = સરસ વખાણવું.
૯. ન. પધારવું તે.
૧. તશરીફ રાખવી = બિરાજવું; બેસવું
૨. તશરીફ લઈ જવી = જવું; પધારવું.
૩. તશરીફ લાવવી = આવવું; પધારવું.

તશરીહ ૧. [અ.] સ્ત્રી. જાહેર કરવું તે.
૨. સ્ત્રી. ટીકા.
૩. સ્ત્રી. વધારે વિસ્તાર.
૪. સ્ત્રી. વર્ણન; બયાન.
૫. સ્ત્રી. અવયવછેદવિદ્યા
ઇલ્મ-ઇલ્ત-તશરીહ = અવયવછેદવિદ્યા; અંગવિદ્યા
૬. સ્ત્રી. શરીર ચીરવાની વિદ્યા.
૭. સ્ત્રી. સમજાવવું તે; સમજૂત.
તશરીહ કરવી = (૧) પૂરેપૂરી હકીકત આપવી; સમજાવવું. (૨) પૃથક્કરણ કરવું.
૮. સ્ત્રી. હાડપિંજર.

તશરીહવાર અ. બંબાણમાં.

તશરીહી ૧. વિ. મૂળતત્ત્વ વિવેચન સંબંધી.
૨. વિ. અવયવછેદવિદ્યા સંબંધી.
૩. વિ. શરીરચ્છેદનવિદ્યા સંબંધી.

તશર્રુ ૧. [અ.] પું. પયગંબરનાં ફરમાનો ખાસ કરીને મહમ્મદનાં ફરમાન.
૨. પું પયગંબરનાં ફરમાન પ્રમાણે વર્તવું તે.

તશવીર [અ.] સ્ત્રી. મનનું દુઃખ.

તશવીશ જુઓ તશ્વીશ.

તશવ્વુશ સ્ત્રી. દેવલાત; બીક.

તશહીર ૧. [અ. શહર (તે જાહેર થયો)] સ્ત્રી. મુનેજારને જાહેર કરવો તે; કોઈને બદીના ઉપર બેસાડી ગામમાંથી ફેરવો તે.
૨. સ્ત્રી. જાહેર જનતામાં ઉઘાડા પાડવું તે.

તશહ્હુદ ૧. [અ] પું. ખુદા એક જ છે, તે સિવાય બીજો કોઈ દેવ નથી, તેમ હું કબૂલ કરું છું તથા મહમ્મદના ઉપદેશને માનું છું એવી પ્રતિજ્ઞા કરવી તે.
૨. પું. ધર્મના ઉપદેશનું સાર.

તશાંક [અ.] પું. દીવાલમાં રાંક પાડવાનું લોઢાનું એક હથિયાર.

તશાકુલ [અ.] પું. અરસપરસ મળતા આવવું તે.

તશાબુહ [અ.] પું. મળતાપણું; તશબ્બુહ.

તશારીફ (તશારીફ) [અ.] ન. જ. ઇ. માન.

તશિયો પું. ખાટો; ક્ષાર.
મારૂં કામ તે તશિયો દઉં,
મ્હોંનો માગ્યો મુસારો લઉં.
ગરબો

તશી અ. તેમ.
દૂબી ગયો અત્તિયે તશી. પ્રેમાનંદ

તશું [સં. તાદૃશ્ય] વિ તેવું; તેના જેવું
તશું તીર ત્યાદિ કૂરે નિશ્ચાર. પ્રેમાનંદ

તશૈયુઝ [અ.] પું ઈશ્વરોપદેશનું અથવા ઋષિના અનુયાયી હોવું તે.
તશૈયુઝ મઝહબ = નાસ્તિકપણું. તુર્ક, અરબો અને તાતરો બાપે કરીને સુન્ની હોય છે પરિણામો ત્રિયા શોય છે.

તશૈયુખ (તશૈયુખ) [અ.] પું. મોભો દેખાડવો તે

તશોન સ્ત્રી. આસામમાં બોલાતી એ નામની એક ભાષા.

તશોર ૧. સ્ત્રી. ચારસોની ચોરાશી માંહેની એ નામની એક પેટા જાતિ
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

તશ્ત ૧. [અ.] પું. મોટો પ્યાલો.
તશ્ત અઝ બામ થવું = બખર પડવી
૨. પું રકાબી પ્યાલા, રકાબી અને કુલ્લાટકા.

તશ્તડી (તશ્તડી) સ્ત્રી. રકાબી.

તશ્તરી [હિ] સ્ત્રી. રકાબી.

તશ્તોચૌકી સ્ત્રી. ઠમોઠ; પાયખાને જવાની પેઠી.

તશ્દીહ સ્ત્રી. મુકાબલો કરવો તે.

તશ્વીશ ૧. [અ. શવશ (તે મુંઝાયો)] સ્ત્રી. મગજચાટ; મૂંઝવણ.
૨ સ્ત્રી. ગૂંચવણ; મોટાળો.
૩. સ્ત્રી. તપ્દી
૪. સ્ત્રી. મનની અશાંતિ; ચિંતા; દિલગીરી.

તષ્ટા ૧. [સં. ત્વષ્ટૃ] પું. એ નામના એક આદિત્ય.
૨ પું. વિશ્વકર્મા.
૩ પું. સુતાર.

તષ્ટિ ૧. [સં.] સ્ત્રી. જોવું તે; ખાતરી કરવું તે.
૨. સ્ત્રી. પ્રભુને યૂકવાનું ખાસું.

તપ્ત ૧. [સં.] વું. તે નામનો એક આદિત્ય.
૨. વું. વિષ્ણુકર્મા.
૩. વું. સુતાર.

તસ ૧. [સં. ત્રસ્ (બીવું)] વું (જૈન) દુઃખથી ત્રાસ પામી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવાની ગતિશક્તિવાળાં પ્રાણી; ત્રસ જીવ; બેથી પાંચ ઇંદ્રિયવાળા જીવ.
૨. સ્ત્રી. નાની અને ન દેખાય એવી ઝીણી બારીક ફાટ; સોટી; રેખા; તરડ.
૩. સ્ત્રી. (કચ્છી) માટલી; તસલો
૪. [સં. તસ્ય] સ. તેનું
તસ સિર મુગટ મનોહર. વિનયવિજય

તસકાય [સં. ત્રસકાય] વું. (જૈન) બેથી પાંચ ઇંદ્રિયવાળા જીવ; હાલતા ચાલતા જીવ.

તસકીન ૧. [અ. સકન (તેણે આરામ આપ્યો)] સ્ત્રી. આશ્વાસન; દિલાસો; સાંત્વન.
૨. સ્ત્રી. સંતોષ.

તસકો ૧. [સં. તિરસ્ (વક) + કર (કરવું તે)] વું. ત્રાંસો; ત્રસકો; ત્રાંસકો.
૨. વું. કપકો; ઠોક.
તસકો તોડવો = કપકો દેવો.
૩. વું. તિરસ્કાર; તુચ્છકાર.

તસખીર (તસ્ખીર) ૧. સ્ત્રી. ખાદ.
૨. [અ. સખર (તેણે તેને નીચે લીધો)] સ્ત્રી. તાબામાં આણવું તે; પકડવું તે.
૩. સ્ત્રી. પ્રેતને તાબે કરવું અથવા વેત કરવું તે

તસખ્ખુર (તસખ્ખુર) ૧. [અ.] વું. તાબે કરવું તે.
૨. વું. ફાંસી

તસગર વું. તસ્કર; ચોર.

તસગરવું સ. ક્રિ. ચોરવું; છીનવી લેવું; ઊંતરીને પડાવી લેવું.

તસબીર [અ. સખર (તે નાનો કર્યો)] વું સમુદાયવાચક નામ.

તસર [અ.] સ. નાનું ખાલું.

તસરક અ. ઝડપથી, જલદીથી.
ઋતુમ આજેદીન રાજપાટ છોડી પોતાના કાકાને ત્યાં તસરક નાસી ગયો. પુરાતત્ત્વ

તસરી સ્ત્રી. ત્વરા; ઝડપ.

તસતસ ૧. [સં. ત્રસ્ (ત્રાસ પામવો)]
૧ સ. તમ ક્રોધથી થતી લાગણી.
૨ સ. તાપની લાગણી.

તસતસતાપણું ન. તંગપણું; તસતસવું હોવાની સ્થિતિ.

તસતસવું ૧. ક્રિ. અંદરના ભરાવાના ઉછાળાને લીધે ખેંચાઈને તંગ થયેલું; તૂટું તૂટું થઈ રહેલું હોવું એવું; ભચડાવું; તણાઈને ફાટફાટ થવું; તંગ; ખેંચાઈને પરાણે આવી રહેલું એવું. ફાટી જાય તેમ ભરાયેલું; ફાટફાટ થવું હોય એવું તણાવું; ખપોચપ; ફસકસવું
૨. વિ. આતુર; તલપતું.

તસતસાવું ૧. સ. ક્રિ. ફાટફાટ થવું; ફાટું ફાટું થવું; તંગ થઈ રહેવું; ભચડાવું; ભચરડાવું, ફાટી જાય તેમ તણાઈ કે ખેંચાઈને રહેવું; ખિંચાવું, કરચલી રહે નહિ અને પરાણે કે જોરથી ઠાંસેલા અંદરના ભરાવા કે બીજા ભરાવાના કેલાવાના જોરથી તમતમ થઈ રહેવું; તણાવું.
૨. સ. ક્રિ. કુલવું; ઊપસવું; ઠસઠસવું.
૩ સ. ક્રિ. ભરાભર બંધ બેસવું; બધું નજીક રહેવું

તસતસાહ વું. ઊપસાવો; કુલાવું તે; વિસ્તાર; ઠસઠસાટ

તસતસાવવું સ ક્રિ. તસતસવાની ક્રિયા કરાવવી.

તસતીર [અ.] સ્ત્રી. સખ્ત તે.

તસદક (તસદક) [અ. સદન (તેણે સાચું કર્યું)] સ. ક્રાન; ખેરાત.

તસદિયા [અ. સદમ (કષ્ટ્યું)] વું. દુઃખ; મુશ્કેલી.
૧. તસદિયા ઉઠાવવો = મહેનત કરવી.
૨. તસદિયા દેવો = મહેનત આપવી.

તસદી સ્ત્રી. શ્રમ; મહેનત.

તસદીક (તસદીક) ૧. [અ. સદક (સત)] સ્ત્રી ખાતરી કરવી તે; સાબિતી
૧. તસદીક કરવી = (૧) કબૂલ રાખવું. (૨) ખાતરી કરવી.
૨. ખતસદીક = પોતાની સહીથી; સાક્ષીમાં.
૩. સાહિને તસદીક = ખાતરી કરી આપનાર અધિકારી.
૨ સ્ત્રી. (ફારસ) સારત; રવડ.
૩. સ્ત્રી. સચ્ચાઈ; સચ્ચાઈની પરીક્ષા અથવા નિર્ણય; પ્રમાણ વડે પુષ્ટિ.
૪ સ્ત્રી. સાક્ષી; ગવાહેદી; ગવાહી; ગવાહત; સાક્ષી તરીકેની સહી; પ્રમાણ.

તસદીસ ૧. સ્ત્રી ∞ આગમાં વહેંચણી.
૨ [અ.] સ્ત્રી. તારાનો અમુક જાતનો દેખાવ.

તસદીહ [ફિ.] સ્ત્રી. તકલીફ; દુઃખ; કલેશ.

તસદુક જુઓ તસદક.

તસદુક (તસદુક) ૧. [અ. સદક (તેણે સાચું કહ્યું)] સ. ખાસ કરીને ધર્મની પ્રતિજ્ઞા લઈને દાન દેવું તે.
૨. સ. દાન; ખેરાત.

૩. સ. ક્રોધ આપવો તે; આત્મક્રોધ.
તસદુક થવું = ક્રોધ આવવું

તસદૂર જો આંખની મરતી.

તસનાડી [પ્રા.] સ્ત્રી. (જૈન) ત્રસ જીવોને રહેવાનો પ્રદેશ. તે લોકની વચ્ચે એક રાજ પ્રમાણ લોકના નીચના ઉંડાથી ઉપર ઉંડા સુધી છે.

તસનિયા [અ. સની (તેણે બેસવું કર્યું)] વું. દ્વિવચન.

તસનીફ (તસનીફ) ૧. [અ. સનફ (તેણે બનાવ્યું)] સ્ત્રી. ક્રાંપણું.
૨. સ્ત્રી. ગ્રંથની રચના; બનાવવું તે.
ઘરે તસનીફ = પ્રકાશનના સ્વાધીન હક્ક; 'કૉપિ રાઇટ.'

તસનીમ [અ.] વું. સ્વર્ગ માંહેનો એ નામનો એક ઝરો.

તસનિમ [અ. સનમ (તેણે કર્યું)] વું. બનાવટ; રચના; બાંધણી.

તસન્નુઅ [અ.] વું. યુક્તિ; રમત.

તસન્નુમ [અ.] વું. ખુદા ધર્મ સ્વીકારવો તે.

તસફિયા (તસફિયા) ૧. [અ. સફ્ફ (તે ચોખ્ખું કર્યું)] વું. કરજ ચુકાવવું તે.
૨. વું. મન શુદ્ધ કરવું તે; મન પવિત્ર કરવું તે.
૩. વું. સમાધાન કરવું તે; કેસનો ફેસલો કરવો તે; ચોખવટ.
તસફિયા કરવો = સમાધાન કરવું; બચ્ચે પડી ફેસલો આપવો.

તસબી [અ. સબહ (વખાણ કાજે તેની પૂજા કરી)] સ્ત્રી. તસ્બીહ; તસબી; જપવાની માળા; જપમાળા; ગેરખો.

તસબીર સ્ત્રી. છબી.

તસબીહ ૧. સ્ત્રી. ખુદાની બંદગી; પ્રાર્થના.
૨. [અ. તસ્બીહ] સ્ત્રી. મુસલમાનોની જપમાળા; મણકાની માળા; કરબલાની ભૂમિની માટીના પારાને હોરામાં પરોવીને બદલી કરતી વખતે ફેરવવાની માળા. આ માળામાં ૧૦૧ મણકા હોય છે. નબી મહમ્મદની લાડકી દીકરી ફાતેમા બીબીનાં લગ્ન પ્રસંગે અલ્લાહથી એક સિતારો શુક્રનો તારો, જેને અરબસ્તી ઝોહરા કહે છે, તે જીતવો. તે વખતે બીબીએ ૩૪ વખત અલ્લાહો અકબરનો ઉચ્ચાર કર્યો, ૩૩ વખત અલહમ્દોલિલ્લાહ ઉચ્ચાર્યા અને ૩૩ વખત સુબ્હાન અલ્લાહ ઉચ્ચાર્યા. આ તારો જન્નત બીબીના ઘરના ઓટા ઉપર ઊતર્યો તેથી ફરાવ પ્રમાણે તેની સાથે બીબીના લગ્ન થયા. ત્યાંસુધી એ તારો ઓટા ઉપર રોકાયો ત્યાસુધી બીબીએ અલહમ્દોલિલ્લાહ ૩૩ વખત કર્યું. ત્યારે પાછો

એ સિતારો આસમાન તરફ રવાના થયો ત્યારે બીજીએ ૩૩ વખત સુબ્હાન અલ્લાહ કહ્યું આ ઉપરથી ૧૦૧ વાર બીજા બોલ્યાં તેની યાદ તરીકે તસબીહના મણકા રાખવામા આવ્યાનુ કહેવા.વ છે. દમ મારે ઝોહરા નામનો તારો દીતર્યો તે ઉપરથી તે બાબીના નામ સાથે જોડીને બીબી ફાતમા ઝોહરા એમ બોલાય છે મુસલમાન ફકતો અગૂઠો અને તેની પાસેની આગળી તર્જની વડે તસબીહ ફેરવે છે. એક ઠેકાણે કહેવામા આવ્યુ છે કે, મુસલમાન ફકતોએ માળા ફેરવતી વખતે પહેલા બા ફલાકમા સુબ્હાન અલ્લાહનો ઉચ્ચાર મોટા અવાજે, બીજા બા ફલાકમાં ધીમેથી અને ત્રીજા બા ફલાકમા શાંતિથી કરવો જોઇએ અને બાકીનો વખત ઉમ્ર ચિંતનમાં ગાળવો જોઇ એ.

તસબીહ પઢવા–ફેરવવી = (૧) ખુદાના નામનુ રમરણ કે ઉચ્ચારણ કરતાં કરતાં માળા ફેરવવી. (૨) પ્રભુભક્તિ કરવી.

૨ સ્ત્રી. સુબ્હાન અલ્લાહ એ વાકય ફરી ફરીને બોલીને ઈશ્વરની સ્તુતિ કરવાની ક્રિયા.

તસબૂહ સ્ત્રી. માળા ફેરવવી તે.

તસ્માયા [અ.] પું. નામ પાડવું તે.

તસ્માંમ [અ.] સ્ત્રી. દૃઢ નિશ્ચય.

તસમું ન. ચામડાનો પટ્ટો; ચામડાનો તંગ; તસ્મો.

તસ્મો [કા. તસ્મા (ચામડાની વાધરી)] પું. ચામડાનો તંગ; ચામડાનો પટ્ટો; તંગ; પહોળી સાદ.

તસર ૧. [સં.] પું. એક જાતનું રેશમ.

૨. સ્ત્રી. ઝીણી પાર; નાની લીટી.

૩. સ્ત્રી. ઝીણો ઉઝરડો.

૪. સ્ત્રી. ઠસર; રેખા; ઘાટ; સુરખી; કોઈ પણ રંગનો આછો પટ.

૫. સ્ત્રી. નાના ઉઝરડાથી કે ઝીણા લીંટાથી જાહેર આવતી નહિ દેખાતી પ્રથિની રેખા. જેમકે, આખમાં લોહીની તસર આવી છે.

૬. સ્ત્રી રંગની ઝીણી રેખા.

૭. ન. એક જાતનું જાડું રેશમી હલકું કાપડ; ઠસર.

તેમાથી બનતા કાપડની બે મુખ્ય જાતો હતી. એક તસર અને બીજી મોરન્દ્ય. પુરાતત્ત્વ

૮. ન. સાળમાં તાણો ભરવાનું ઓજાર.

તસરપૈક પું. એક જાતનું કાપડ.

તસરીહ ૧. [અ. સરહ (તે ચોખ્ખું થયું)] સ્ત્રી. પુરાવો.

૨. સ્ત્રી. સમજૂતી; સમજાવવુ તે.

૩. સ્ત્રી. હાજિરજવાબ.

તસર્રુફાતી [અ. તસર્રુફાત] સ્ત્રી. અધિકાર; તાબો; કબજો; ભોગવટો.

તસર્રુફ (તસર્રુફ) ૧. [અ. સરફ (ખરસપરસ બદલાવવું)] પું. ઉપભોગ.

તસર્રુફ કરવો = (૧) ઉપભોગ કરવો. (૨) ખર્ચવું (૩) પચાવી પાડવું. (૪) કબજો લેવો.

૨. પું. કબજો; ભોગવટો. માલિકી હક; તાબો.

૩. પું. ખર્ચ.

૪. પું. પવિત્ર પુરુષોની દૈવી શક્તિ.

૫. પું. મિલકત.

તસર્રુફ ઝમિન–ઝામિની = મિલકતના કબજા માટે જમીન.

૬. સ્ત્રી. જમિ.

તસર્રુફાત (તસર્રુફાત) ૧. પું ન. બ. બેહદર ખર્ચ; બધાં ખર્ચનો સરવાળો.

૨. પું ન. બ. પવિત્ર પુરુષોની દૈવી શક્તિઓ.

તસર્રુફી (તસર્રુફી) [અ] સ્ત્રી. નોકરોને આપેલો સામાન્ય ખોરાક.

તસલ્લમાત ૧. [અ. સલમ (તેને આશરો આપ્યો)] પું. બગાઉથી આપેલું નાણું; અમલત; અસેલ હિસાબ; ઉપરટપકે; બહાનામાં આપેલ અવજ; 'એડવાન્સ.'

૨ સ્ત્રી. તાબો; કબજો; ભોગવટો; અધિકાર; સુપરત, ઉપભોગ.

૩. સ્ત્રી. સિલક.

૪. વિ. તાબાનું; અધિકારનું; સુપરતમાંનું.

૫. વિ. વચગાળાનુ; અડકદડકિયું, ઉપલકિયુ.

તસલ્લમાતખાતું ૧. ન. જુદા જુદા બાતાવાર જમા તે.

૨. ન. વચગાળે બોલ્યિું કોઈ ઉપલક ખર્ચ કરવુ પડે તો જેમાથી કરાય એવું બાતું.

તસલ્લા ૧. [કા. તસ્લી + બા (પ્રલય)] પું. કાયરોટ; કબુક બાંધવાનું વાસણ.

૨. પું. રસોઈ કરવાનું વાસણ.

તસલ્લી સ્ત્રી. નાની કાયરોટ.

તસલીમ [અ.] સ્ત્રી. કતલ.

તસલીમ ૧. [અ. સલમ (કુશળતા)] સ્ત્રી. કુશળ સમાચાર.

૨. સ્ત્રી. કોઈ બાતનો બંગીકાર; હાબી.

૩. સ્ત્રી. બીજાના રક્ષણમાં સોંપવાપણું; જરણ.

તસલીમ કરવી = (૧) તાબે થવું. (૨) માન બાપવું. (૩) રાજબુકસોથી કોડી દેવુ.

૪. સ્ત્રી. બાલ કબાલે કરવો તે.

૫. સ્ત્રી સલામ; પ્રણામ; વંદન; નીચા નમી જમણો હાથ બોબે લગાડી. પછી બીમેથી ઉંચો લઈ કપાળે લગાડવો તે પ્રકારની સલામ.

તસલીમનો અર્થ એવો બાય છે કે **તસલીમ** કરનાર બોવાનુ શિર રાહેનસાહની રેબમાં અર્પણ કરવા તૈયાર છે. આઈને અકબરી

તસલીમાત ૧. સ્ત્રી. બ વ સલામ; તસલીમનું બહુવચન

૨. જુઓ તસલમાત.

તસલીસ ૧. [અ. સલસ (ત્રણ)] સ્ત્રી. ત્રણ બાગ કરવા તે.

૨. સ્ત્રી. ત્રણનો સમૂહ; ત્રિપુટી.

તસલો પું. માટીનો મોટો ઘોટલો.

તસલ્લા ૧. [અ. સલી (તેને દિલાસો મળ્યો)] સ્ત્રી દિલાસો.

૨. સ્ત્રી. સતોષ.

તસલ્લી ૧. [અ. સલી (તેને દિલાસો મળ્યો)] સ્ત્રી આશ્વાસન; દિલાસો; સાત્વન; ધીરજ.

૨. સ્ત્રી. બાતરી, ભરોસો, વિશ્વાસ

તસ્લ્લી દેવી = (૧) બાતરી બાપવી. (૨) દિલાસો બાપવો; શાત પાડવું (૩) સાત્ત્વન કરવુ.

૩. સ્ત્રી. મનનું સમાધાન; સતોષ.

૪. સ્ત્રી. બાકુળતાની શાંતિ; બમતાની નિવૃત્તિ.

તસલ્લીમ સ્ત્રી. સલામ; નમન.

તસલ્લુત [અ.] પું. રાજ્ય; બાધિપત્ય સત્તા.

તસલ્વા [અ.] પું. કાયરોટ; કબુક બસણવાનું વાસણ.

તસલ્સુલ ૧. [અ. સલસલ (સાકળની માફક ખખડવું)] પું. અનુક્રમ,

૨. પું. પાણીની જેમ વહેવુ તે.

૩. પું. બધન.

૪. પું. વિચારોનો સંબંધ; સાંકળની જેમ જોડવુ તે.

તસવી [અ.] સ્ત્રી. તસબી; મણકાની જપમાળા; જપવાની માળા; બેરખો.

તસવીદ ૧. [અ.] સ્ત્રી. કાગળનો મુસદ્દો.

૨. સ્ત્રી. કાચું કરવું તે.

તસ્વીર ૧. [અ. તસ્વીર (છબી)] સ્ત્રી. છબી; ચિત્ર; પ્રતિમા; ફોટો.

તસવીર ઉતારવી = ચિત્ર બનાવવું.

૨. સ્ત્રી. રૂપ; ચહેરો.

૩. વિ. ચિત્રના જેવું સુંદર; મનોહર.

૪. વિ. સુંદર બનાવનાર; ચીતરનાર.

તસ્વું સ. ક્રિ. પકાવવું; ચોડવું.

તસવ્વર જી. કલ્પના; વિચાર.

તસવ્વુફ (તસવ્વુફ) [અ.] પું. સૂફીવાદ, સૂફીઓનુ ધાર્મિક તત્ત્વજ્ઞાન; બધા દેવોમાં માનવુ અને જિંદગીમાં તપ કરી સ્વર્ગ મેળવવું એવો મત.

ક્રિ. તસવ્વુફ = વેદાંત; તત્ત્વજ્ઞાન.

તસવ્વુર ૧. [અ. સવર (તેનું ચિત્ર પાડવામા આવ્યું)] પું. કલ્પના; તરંગ.

ક્રિ. તસવ્વુર કરવો = (૧) આસ્તેથી બોલવુ. (૨) કલ્પના કરવી.

૨. પું. ચિંતન; મનન; વિચાર.

૩. પું. જ્ઞાન.

તસહ્હીફ (તસહીફ) ૧. [અ.] જી. ઉચ્ચાર તથા શબ્દનો અર્થ ફરી જાય એવી બોલવામા ભૂલ કરવી તે.

૨. જી. લખવામાં ભૂલ કરવાપણું.

તસહ્હીલ [અ.] જી. સગવડ કરવી તે.

તસહ્હીહ ૧. જી. ખાતરી કરવાપણું.

૨. [અ. સહ્હ (તે સારો થયો)] જી. સુધરવું તે.

તસહ્હીહા [અ.] પું. હાજરી. આસ કરીને ઘોડેસવાર માટે વપરાય છે.

ક્રિ. તસહીહા = ઘોડાને નિશાન કરવાની કોરી.

તસાઉફ [અ.] પું. મુકોબલ થવું તે.

તસાનીફ (તસાનીફ) [અ.] જી. બ. વ. પુસ્તકો.

તસાનીફ જી. કૃતિ; ગ્રામ.

તસામુહ ૧. [અ.] પું અરસપરસ માફી.

૨. પું. દિલગીર.

તસાવી [અ.] જી. સરખાપણું.

તસાવીર [અ.] જી. બ. વ. ચિત્રો.

તસાહુલ ૧. [અ. સહલ (તે નરમ થયું)] પું. જવા દેવું તે; માફ કરવુ તે.

૨. પું. હાથું કારખાનું.

૩. પું. ઢીલ, મડતા; ધીમુ હોવાપણું.

ક્રિ. તસાહુલ કરવું = ઢીલ કરવી.

૪. પું. બેદરકારી.

તસિયો ૧. પું. ગર્ભસ્થાન માહેની બચ્ચાંની રહેવાની કોથળી તેમાં ભર્યું તરતું રહે છે.

૨. પું. ચીરો; તરડ; ફાટ.

૩. પું. ટસિયો; તસર; આંખમાંની રાતી રેખા; આખના ડોળા ઉપર પડેલ લાલ લીટો.

૪. પું. આંતરો; આંટો; લપ

રમમાંણે સભા ઠીજિયે,
જણ જણનો તસિયો લીજિયે. સામળ

૫. પું. રેખા; લીટી; આંકો; લીટો; માટી કે કાગ વગેરેનાં વાસણમાં પડેલી ઝીણી ફાટ.

તસી [હિ.] જી. ગધ મળત ખેડેલું ખેતર.

તસુ ૧. [સં. ત્રિ + શુ (જરના જેવું ઓછું કહેવું ગમ)] પું.; જી. જમીનો ચોરીઆમો ભાગ; આગળ ઇંચ; આઠ આંગળ જેવડું માપ; અ. તરસુજ એટલે ચોરીઆ માફેનો ભોક ભાગ એ ઉપરથી તસુ શબ્દ ઉત્પન્ન થયાનું પણ મનાય છે

૧. તસુ ચલાવવો = ખૂબ વિચાર કરવો.

૨. તસુ ભોંય ન સૂઝવી = સંપૂર્ણ અજ્ઞાન હોવુ

૩. અરે સો ગજ પણ તસુ ન ફાડે = બાતોના ભોટાં ગપ્પાં મારે પણ કાંઈ ભ્રમ કરી બતાવે નહિ; બોલવુ ઘણું પણ કરવું કાંઈ નહિ.

૨. સ. (જૂ મુ.) તેનું.

તસુ વંસજમ્પ્ય વિગત દુષ્ય. કાન્યસંગ્રહ

તસું [સં. તાદૃશ] વિ. તેવું; તેના જેવું. કવિતામાં વપરાય છે.

તસૂ [હિ.] પું. જમીનો ચોરીઆમો ભાગ; તસુ.

તસો ન. ખપવાનું ઓક સાધન.

તસોતસ અ. બહુ તેમ; તસતસે જેમ; તેમ.

તસ્કર ૧. [સં.] પું. ઓક જાતનું ઝાડ.

૨. પું. ચોર; ચપ્પુ.

૩. પું. ચોર નામનું ઓક ગંધદ્રવ્ય.

૪. પું. ચોરી કરનાર માણસ; ચોર; બદમાશ; દુષ્ટ

જેને તસ્કરની પડી રૂચ ન,
અણદત્ત અડે અહમેવ ન. ભોજપ્રબંધ

૫. પું. દમનક વૃક્ષ.

૬. પું. ખાડખાડુ; લુંટારો.

૭. પું. (જ્યોતિષ) બૃહત્સંહિતા અનુસાર ઓક પ્રકારના સાંધા અને સફેદ કેતુ. તે પદ્મ છે અને શુક્રના પુત્ર મનાય છે.

૮. પું ઓરિસ્સી જેવું ઓક નાનું ઝાડ. તે નેપાળમાં થાય છે. માણસના પસ્તવથી ચેની જાતિને સંતોષાઈ જતું હોવાથી તે તસ્કર કહેવાય છે.

૯. પું ગદન વૃક્ષ; ભીંડાનું ઝાડ.

તસ્કરતા ૧. [સં. તસ્કર (ચોર) + તા (પણું)] જી. ચોર હોવાપણું; લુંટારાનો ગુણ; ચોરપણું.

૨. જી. ચોરી; લૂંટ.

તસ્કરત્વ જુઓ તસ્કરતા.

તસ્કરપણું જુઓ તસ્કરતા.

તસ્કરપ્રયોગ [સં] પું (જૈન) અદત્તાદાન વ્રતનો બીજો અતિચાર. ચોરને પ્રેરણા કરવી તે.

તસ્કરવિદ્યા [સં.] જી. ચોરી કરવાની કળા; તસ્કરી.

તસ્કરવું ૧. સ ક્રિ. ચોરવું; છાનું લેવું; પરહરવું; અપહરણ કરવુ; ચોરીછપીથી કે યુક્તિ લગાડી સામો માણસ જાણે નહિ તેમ લઈ લેવું; હરવુ; ચોરી લેવુ.

રાજાં પાર્યા ને પારખું,
નાહી ને વળી ન્હાય,
તરકું. તસ્કરવું ને તંતરવુ.
તે આઠે આપ કહાય. બોગોક્તિ

૨. સ. ક્રિ. હોસયારી પટાવીને લઈ લેવું; ઉતરપિંડી કરીને લઈ લેવું.

તસ્કરસ્નાયુ [સં.] પું. ઓક જાતનો પેશો; કાકનાસા નામની હાડ.

તસ્કારા ૧. [અ. તસ્કરા] પું. તકરાર.

૨. પું. કરિયાદ.

૩. પું. યાદ લાવવું તે; સંભારવું તે.

તસ્કરી ૧. [સં.] જી. ચોપી જી.

૨. જી. ચોર જી; ચોર હોય એવી જી.

૩. જી. ચોરની જી.

૪. જી. ચોરી; ચોરનો ધંધો; તસ્કરનું કામ.

૫. વિ. ચોરી સંબંધી.

તસ્કી જી. આશ્વાસન; દિલાસો.

મરી ગોળો તસ્કી જવા દેતે ભમ્યો,
દયા દેતે ભમ્યો, દુઆ લેતે ભમ્યો.

તસ્કીન [અ.] જી. દિલાસો.

તસ્કીનબખ્શ [અ.] વિ. દિલાસો આપે એવું; દુઃખ ઓછું કરે એવુ.

તસ્ખીર (તસ્ખીર) [અ.] જી. વશ કરવું કે છતી લેવુ તે.

ક્રિ. તસ્ખીરે મુલ્ક = દેશ છતવાં તે.

તસ્મર [સં. તસ્કર] પું. ચોર.

તસ્ત ૧. [ફા. તસ્ત (થાળ)] ન. ઓક જાતનું વાસણ.

૨. ન. ભોજળા વગેરેનું પાણી ઝીલવાનું વાસણ; પિંજાની.

૩. ન. મળમૂત્ર ઝીલવાનું વાસણ.

તસ્તરી ૧. જી. નાના પદા જેવું વાસણ.

૨. જી. રકાબી.

૩. જી. ઓટી; નાનો કળશિયો.

તસ્તકું ૧. ન. ભોજન વગેરેનું પાણી ઝીલવાનું વાસણ.
૨. ન. પિત્તળના ગરમા જેવું વાસણ.
૩. ન. મળમૂત્ર ઝીલવાનું વાસણ.

તસ્તાનું ૧. [જુ. તસ્ત] ન. ભોજન વગેરેનું પાણી ઝીલવાનું વાસણ; પાળું. તસ્ત; તસ્તકું.
૨. ન. ગરમા જેવું વાસણ.
૩. ન. મળમૂત્ર ઝીલવાનું કાચ, માટી કે ધાતુનું વાસણ.

તસ્તેલી સ્ત્રી. વી અને તેલ રાખવાની કસલી.

તસ્થિયવાન ૧. [સં. તસ્થિવસ્] વિ. ઊભુ રહેલ.
૨. વિ. બેઠેલું.

તસ્થુ [સં.] વિ. સ્થાવર; સ્થિર રહેનાર.

તસ્દીઅ ૧. [અ. સદ્અ (તેણે પીડવું)] સ્ત્રી. તકલીફ; મહેનત; શ્રમ.
૨. સ્ત્રી. દુઃખ; મુશ્કેલી; હરકત; અડચણ; બખેડો; પીડા.
તસ્દીઅ દેવી = (૧) દુઃખ આપવું. (૨) મહેનત કરાવવી.
૩. સ્ત્રી. આપું દુખવું તે.

તસ્દીઆત [અ.] સ્ત્રી. બ. વ. તકલીફો; હરકો.

તસ્દીક (તસ્દીક) ૧. [અ.] ખાતરી કરવી તે.
૨. સ્ત્રી દાન
૩. [અ. સદક (તે સાચો ઠર્યો)] સ્ત્રી. સચ્ચાઈ, સાચાપણું.

તસ્દીકનામું (તસ્દીકનામું) [અ.] ન. મુચરકો; એકરારનામું

તસ્દીદિલ [અ.] વિ. દુઃખ આપે એવું.

તસ્નીફ (તસ્નીફ) [અ.] સ્ત્રી. રચના; ગ્રંથરચના; બનાવટ.

તસ્નીફાત (તસ્નીફાત) [અ.] સ્ત્રી બ વ. ગ્રંથરચનો.

તસ્ફિયા (તસ્ફિયા) [અ.] ન. બબરચા.
તસ્ફિયા કરવું = બબનાવવુ.

તસ્ફિયા (તસ્ફિયા) ૧. [અ.] પું. પવિત્ર કરવુ તે.
૨. પું. ભેગું કરવુ તે; મેળ કરવો તે; સંપ.

તસ્ફિયાનામું (તસ્ફિયાનામું) ૧. [અ.] ન. ગ્રંથરચના સંબંધી દસ્તાવેજ.
૨. ન. તોડગ્રેહનું બાત; સમાધાનલેખ.

તસ્બિહ જુઓ તસ્બીહ.

તસ્બી સ્ત્રી. તસ્બી; જપ કરવાની માળા. જોરખો.
અંદર કાળા, પુણ્ય આત્મ, તસ્બી, અજુત. બાપને. દિવસો મહીં કારણ સ્નાનનુ એ નિશાન નટે નટે અબોતોમિ

તસ્બીર ૧. [અ. તસ્વીર] સ્ત્રી. છબી; મૂર્તિ.
૨. સ્ત્રી. મુસલમાનોની જપ કરવાની માળા.

તસ્બીહ ૧. [અ.] સ્ત્રી. મુસલમાનોની જપ કરવાની માળા.
૨. સ્ત્રી. સુબ્હાન અલ્લાહ એમ વારંવાર બોલીને ખુદાનાં વખાણ કરવાની ક્રિયા

તસ્બીહખાન (તસ્બીહખાન) ૧. પું. બીજાને માટે બંદગી કરવા બાકે રાખેલ માણસ.
૨. વિ. બંદગી કરનાર

તસ્બીહખાના (તસ્બીહખાના) ન. માળા ફેરવવાનું સ્થળ.

તસ્બીહખાની (તસ્બીહખાની) સ્ત્રી. માળા ફેરવવાનું સ્થળ.

તસ્મા ૧. [જુ.] સ્ત્રી.;ન. ઘોડાના સામાનનો એક ભાગ; ઘોડાના ગાલ ઉપર આવતી ચામડાની પટી.
૨. સ્ત્રી ;ન. ચામડાનો પટો
તસ્મા ખેંચવુ = પટો તંગ કરવો.

તસ્માકશ [જુ.] પું. મળે ફાંસો દેનાર માણસ

તસ્માત્ [સં.] અ. તેટલા માટે; તે કારણથી, તેથી.

તસ્માખાઝી સ્ત્રી. ચામડાના ગેળામાં લાકડી અને ચામડાના પટા વડે રમાતી એક જાતની રમત.

તસ્મું ન. કાનસના ઉપલા ભાગમાં આવતી કાચની ત્રિકોણાકાર તકતી.

તસ્મૈ સ્ત્રી. ખીર.

તસ્લિમાન વિ. વિનયવાળું.

તસ્લીમ ૧. [અ. સલ્મ (તે સહીસલામત હતો)] સ્ત્રી. નમરકાર; શિર નમાવવું તે; સલામ; વંદના; પ્રણામ.
૨. સ્ત્રી. માન્ય કરવું તે; કબૂલ રાખવું તે.
૧. તસ્લીમ કરવી = (૧) દલીલની બાતર કબૂલ રાખવું. (૨) સલામ કરવી.
૨. તસ્લીમ ન કરવી = વાંધો લેવો.
૩. સ્ત્રી. સલામ કબૂલ કરવી તે.

તસ્લીમાત [અ.] ન. બ. વ. સલામ; તાજમ; પ્રણામ.

તસ્લેમાત સ્ત્રી. મુસલમાનોમાં હજરત જેવી વિદ્યા.

તસ્લેમાતી ન (કચ્છી) એક જાતનુ ઝાડ; સીંધસરો એનાં પાન હાથમાં ચોળી પ્રથમ બાણી જોતા ઉપર નાખે તે અળસમ બની જાય એમ કહેવાય છે.

તસ્વી ૧. સ્ત્રી એ નામની વાણિયાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું

તસ્વીર ૧. [અ. સવર (તેણે ચિત્ર પાડયુ)] સ્ત્રી. છબી; ચિત્ર; ફોટો.
૧. આકસે તસ્વીર = ફોટોગ્રાફ.
૨. તસ્વીર ખેંચવી = (૧) છબી પાડવી; છબી ચીતરવી; ફોટો પાડવો. (૨) મૂર્તિ બનાવવી.
૩. રંગદાર તસ્વીર = ચીતરેલી છબી.
૪. સાદી તસ્વીર = ચિત્ર.
૨. સ્ત્રી. પ્રતિમા; મૂર્તિ.
૩. વિ. સુંદર; રૂપાળુ.

તસ્સત [અ.] ન. નાનું ખાલું

તસ્સૂ [હિ.] પું. લગભગ એક ઇંચનું માપ.

તસ્સેરા ૧. સ્ત્રી. ચૌહાણ રાજપૂતોની એ નામની એક શાખા.
૨. ન. એ નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું

તહ ૧. [પ્રા.] પું. દાસ; નોકર.
૨. [જુ. તહ (ખાલી)] પું.;સ્ત્રી.;ન. ગોઠવણ; ગોઠવણ માટે બોડી વાર જાય બંધ રહેવી તે; બોડા દહાડા સારૂ કરેલી સલાહ; સુલેહ.
૩. પું.; સ્ત્રી ; ન. બે પક્ષ વચ્ચે થયેલો કરાર; સપ: મૈત્રીનું જાહેરાત; સલાહનો ગોઠવણ.
તહ મેળવવા = પક્ષોઓની ભેળી ભેગી કરવી.
૪. સ્ત્રી. અંદરનો ગુપ્ત અર્થ.
૫. સ્ત્રી. ઊંડાણ.
૬. સ્ત્રી. કરચલી, ચડી.
૧. તહ કરવી = (૧) અભેરાઈ ઉપર મૂકવું. (૨) ચડી કરવી. (૩) નક્કી કરવું.
૨. તહ જમાવવી = (૧) એક પછી એક પ્યાલો પી જવો. (૨) ચડી કરવી.
૭. સ્ત્રી. તળિયું.
તહ ઊડાવવી–તોડવી = પાણી ચાટી જવી.
૮. સ્ત્રી. પડ; સ્તર; સપાટી.
૯. સ્ત્રી. રાજકીય બંદોબસ્ત, રાજનૈતિક વ્યવસ્થા.
૧૦. સ્ત્રી. હવેલી જેવાં મંદિરોમાં સિંહાસન તથા ગાદી નીચે બિછાવવામાં આવતી રૂ ભરેલી નાની ગાદી.
૧૧. ન. તારૂં.

૧૨. અ તથા; તેમ જ.
મેં કીધો તહ પર ઉપકાર. પ્રેમાનંદ

તહકે ન. એક જાતનું ચીમડું.

તહકીક (તહકીક) ૧. [અ. હક (તે સાચો હતો)] સ્ત્રી. ખાતરી; તજવીજ; બારીક તપાસ.
૨. સ્ત્રી. ચર્ચા; વાતચીત; પ્રશ્નોત્તરી.
૩. સ્ત્રી જિજ્ઞાસા
૪. સ્ત્રી નિશ્ચય; નક્કીપણું.
૫. સ્ત્રી સત્ય; વાસ્તવિકપણું; યથાર્થતા.
૬. સ્ત્રી. સત્યનું શોધન.
૭. વિ. ખરું; દેખીતું, વાસ્તવિક.
૮. વિ. ચોક્કસ; ખાતરીવાળું.
એતહકીક = ચોક્કસ નહિ એવું; નક્કી નહિ એવું.
૯. વિ સંભાળપૂર્વક સ્થાપેલું.
તહકીક રાય = સંભાળપૂર્વક બાંધેલો વિચાર.
૧૦. અ. ખરેખર; ચોક્કસ; નક્કી; નિઃસંદેહ.

તહકીકાત (તહકીકત) ૧. [અ. તહકીકનું બહુવચન] સ્ત્રી. બારીક તપાસ; શોધખોળ.
૧. તહકીકાત કરવી = બારીક તપાસ કરવી
૨. તહકીકાને પ્રતિતહાર્દ–માકબલ = પહેલી અથવા રાફ્યાતની તપાસ.
૨. સ્ત્રી સત્ય શોધી કાઢવું તે; સત્યાન્વેષણ; ચોકસી.

તહકીકાતા (તહકીકાતા) [અ.] ન. સત્ય હકીકત પ્રમાણે.

તહકીકી (તહકીકી) [અ.] ન. ચોક્કસ; ખાતરીબંધ.

તહકીબ [અ. તહકીક (સત્ય) + હક (બરાબર હતું)] વિ. ચોક્કસ; નક્કી; પાયાદાર

તહકીમ [અ. હુકમ (સત્તા)] પું. પતાવટ કરવા માટે પંચ તરીકે આપાતો અધિકાર.

તહકીર (તહકીર) [અ. હકર (તે ધિક્કારને પાત્ર હતો)] સ્ત્રી. ધિક્કાર; ધિક્કારત.
૧. તહકીર કરવી = ધિક્કારવું.
૨. તહકીરે અદાલત = ન્યાયની કોર્ટમાં ન્યાયાધીશની સામે ઊભવું તે.

તહકુબ ૧. પું. વિચ્છેદ ભાગ.
૨. [અ. તબ્અકુબ (પાછળ નાખી દેવું)] ન ઓકૂફ; મુલતવી; બંધ; થોડી વાર બંધ હોય એવી હાલતમાં, કામની તપાસ થતાં સુધી કામ ઉપરથી બંધ રહેવાની સ્થિતિમાં; થોડી વાર વહેમજાવું રહે એવી હાલતમાં; અટવટ બંધ રાખવું કે કરવું તેમાં; અધૂરે બંધ કરવું તેમ.

તહકુબી ૧. [અ. તબ્અકુબ (પાછળ નાખી દેવું)] સ્ત્રી. મોકૂફી; તહકુબ રાખવું તે; બંધ પડવું તે; વિલંબ; મુદ્દત; સ્થગિતકરણ.
મહેસૂલ તહકુબી કરવી = અમુક મુદત માટે તપાસ થતાં સુધી મહેસૂલ મુલતવી રાખવી.
૨. સ્ત્રી. સલાહ; સંપ; સંધિ.

તહકુબ જુઓ તહકુબ.

તહકુબી જુઓ તહકુબી.

તહકુક (તહકીક) [અ.] પું. ચોક્કસ ખબર.

તહકુબ જુઓ તહકુબ.

તહકુમ ૧. [અ. હકમ (તેણે તેને હાથમાં રાખ્યો)] સ્ત્રી. પંચની ઉપરવાની સત્તા
૨. સ્ત્રી. રાજસત્તા.
૩. સ્ત્રી સત્ય કરવી તે.
૪. સ્ત્રી. હકૂમત.
તહકુમ કરવી = હુકમ કરવો.

તહખાનું [ફા. તહખાના] ન. ભોંયરું; જમીનની સપાટી નીચેનું ઘર; તહદર્દ તલઘર.

તહગીરી ૧. [ફા.] સ્ત્રી. ખાલી; તગીરી.
૨. સ્ત્રી ખંતરહી.

તહજીબ [હિં] સ્ત્રી. શિષ્ટાચાર.
તહજીબ ફિરંગ = અંગ્રેજી સભ્યતા; અંગ્રેજ સમાજનો શિષ્ટાચાર.

તહજીબ સ્ત્રી. સભ્યતા.

તહજ્જુદ પું પાછલી રાતની નમાજ.

તહજ્જુદ [અ. હજ્જ] સ્ત્રી. ભોંયરું.
દુરે તહજ્જુદ = મૂળાક્ષરો.

તહજ્જુદ ૧. [અ.] પું. ગાઢ નિદ્રા લેવાપણું.
૨. પું ખંખરવું.
૩. પું. મધરાત પછીની રાતમાં કરવામાં આવતી નમાજ.

તહઝીબ ૧. સ્ત્રી શિષ્ટ આચાર; શિષ્ટતા; સભ્યતા.
૨. [અ. હઝબ] સ્ત્રી. સુધારો; સુધારવું તે.
૧. તહઝીબ પામેલું = ભણેલું, સુધરેલું.
૨. તહઝીબે અખલાક = સુધારો; સારી રીતભાત; સંસ્કૃતિ.

તહઝીર (તઝ્ઝીર) [અ.] સ્ત્રી. ધમકી.

તહડું (તહડું) વિ. (જૂ. ગુ.) તેવું જ; તેના જેવું.

તહત ૧. [અ. તહત (નીચે)] પું. કબજો; તાબો.
૧. તહતમાં = (૧) તાબામાં. (૨) નીચે, પગમાં.
૨. તહતમાં આવવું = કોઈની સત્તા નીચે આવવું.
૩. તહતમાં રાખવું = કબજે રાખવું; તાબામાં રાખવું
૪. તહતમાં લાવવું = તાબે કરવું; પોતાની સત્તામાં લાવવું.
૫. તહતે તસર્રફ–ફરમાન–હકૂમત = તાબો.
૨. પું. નીચલું બિંદુ; પાતાળ.
તહત ઉસ સરાઈ = જમીન નીચેનો ભાગ; પાતાળ.
૩. પું. પ્રાંત.
૪. પું. સત્તા
તહત ઉશ્શમ્સ = (૧) ચંદ્રનું સૂર્ય સાથે જોડાણ. (૨) સૂર્ય અને ચંદ્રમાં થતા ફેરફાર.
૫. પું. હદ્દ ભાગ
૧. તહત લફ્ઝી = ઓઢાનો તરજૂમો; શબ્દાર્થ પ્રમાણેનો અક્ષરે અક્ષર તરજૂમો.
૨. તહત લફ્ઝી તરજૂમા = શબ્દાર્થ પ્રમાણે ભાષાંતર.
૬. [ફા. તાહદ] અ. સીમાંત; સુધી; તહત.

તહતાની [અ.] વિ. ટૂંકા કદનું; નાનું.

તહત્તિ [સં. તથા + ધ્વનિ] અ. (જૈન) તે પ્રમાણે માન્ય; પ્રમાણ; કબૂલ; સૂત્રનું પ્રતિપાદન કરતી વખતે બોલવાનો શબ્દ.

તહત્તુક ૧. [અ.] પું. આબરૂને નુકસાન પહોંચાડવું તે; ઇજ્જત લેવી તે.
૨ પું. કલંક.
૩. પું. બોલાચાલી; તકરાર.
૪. પું. કપટેલું હોવું તે.

તહદ [ફા. તાહદ] અ સીમાંત; સુધી; તહત.

તહદરજ [ફા.] વિ. તાજું; નવું.

તહદર્દ જુઓ તહદરજ.

તહદર્દ [ફા.] ન. તહખાનું; ભોંયરું.

તહદીદ [ફા.] સ્ત્રી. ધમકી.

તહદેગી [ફા.] સ્ત્રી. વાસણનો કાઢેલો ભાગ.

તહનશીન [ફા.] પું. નીચે બેસવું તે.
તહનશીન થવું = (૧) નીચે બેસવું. (૨) મનમાં ઊતરવું.

તહનામું [ફા. તનામહ (સંધિપત્ર)] ન. વૈરીના કરારનો લેખ; સંધિપત્ર; સલાહના કરારનો લેખ; કોલકરાર; દોસ્તીનું લખાણ; સુલેહનો કોલકરાર કે લેખ; સંધિનો દસ્તાવેજ; બે દુશ્મન પક્ષની સંમતિથી થયેલ દસ્તાવેજ; અમુક અમુક શરતો કબૂલ રાખી બે દુશ્મન પક્ષ વચ્ચે સમાધાનીનું થતું લખત; વિગ્રહની શાંતિનો કરાર.

તહનાલ [ફા. તહ્નાલ] ન. તરવારના મ્યાનની નીચે ભાલુમાં બેસાડેલું ટોપણ.

તહનિયત [અ. હત (લેપ કરવું)] સ્ત્રી. અભિનંદન; મુબારકબાદી.

તહનિશીન [ફા.] વિ. બેસાડેલું; જડેલું. ખાસ કરીને સોનાથી લોઢાને જડવા માટે વપરાય છે.
તહનિશીન થવું = નીચે બેસવું

તહપિ [સં તથાપિ] અ. (પ્રાકૃત) તોપણ.

તહપેચ [ફા.] પું. પાઘડી નીચે પહેરાતી ટોપી કે લૂગડું

તહપોશી [ફા.] સ્ત્રી. મુસલમાન સ્ત્રીઓ પોતાની સાડી નીચે પહેરે છે તે લૂગડું.

તહબજારી જુઓ તહબાજારી.

તહબતહ ૧. [ફા.] વિ. ચૂરચૂરા કરેલું.
૨. વિ. પડમાં પડ હોય એવું
તહબતહ કરવું = એક ઉપર એક એમ ઢગલો કરવો.
૩. અ. ઠરેઠ કરવલીઓ; ઠરેઠ પડે.

તહબંદ [ફા.] પું. પટાની જેમ કેડની આજપાસ પહેરાતું લૂગડું; લગોટી

તહબાજાર સ્ત્રી. બજારનો ચોક.

તહબાજારી [ફા.] સ્ત્રી. બજારમાં દુકાનનું જમીનભાડું; તહબજારી.

તહબડ [ફા.] પું. પટાની માફક કેડની આજપાસ બંધાતો પટો.

તહમીદ [ફા.] સ્ત્રી. અલહમ દુલિલ્લા એ વાક્ય બોલવું તે.

તહમીલ ૧. [અ.] સ્ત્રી. ભાર ઊઠવો તે.
૨. સ્ત્રી. હજ કરતા વખતે આપણી.

તહમ્મુલ [અ. હમલ (તેણે ઊંચકયું)] સ્ત્રી. સહનશક્તિ; સહનશીલતા.

તહરાં ન.ક વિ. (જરબોરતી) તરેહ; ભાત.

તહરીક ૧. [અ. હરક (તે કર્યું)] સ્ત્રી ચળવળ; હિલચાલ.
૨. સ્ત્રી. સમજાવવું તે; ઉશ્કેરણી.
૧. તહરીક કરવી = ઉશ્કેરવું; સમજાવવું.
૨. તહરીક દેવી = ઉત્તેજન આપવું.

તહરીફ (તહરીફ) ૧. [અ હરફ (બદલાવવા)] સ્ત્રી. અક્ષર અને શબ્દો બદલાવવા તે.
૨. સ્ત્રી. બદલાવવાપણું.
૩. સ્ત્રી. ભૂલ.
૪. સ્ત્રી. લાગ આપીને મન ફેરવવું તે.
૫. સ્ત્રી. શબ્દોના અક્ષર ઉલટાવી નાખવાથી બનેલો શબ્દ.

તહરીફાત (તહરીફાત) [અ.] સ્ત્રી. ન.વ. બદલાઓ.

તહરીમ [અ.] પું. બંદગી શરૂ કરવી તે.

તહરીમી વ. એ નામનું એક રાજ્ય. ચુમારી માણસ ફ્રાન્સિસ ગણાય છે અને ફ્રાન્સિસ માણસ પ્રાચીન સમાજ પદ્ધતિને મારફત તહરીમી સમજ્યુ છે.

તહરીર ૧ [અ. હર (તેણે લખ્યું)] સ્ત્રી. કોર્ટને માટે કર્યું લખી આપવા અપાતી લખાણ
૨. સ્ત્રી. છુટકારો; બંધનમોક્ષ.
૩. સ્ત્રી. લખાણ; લખેલી હકીકત.
૧. તહરીર કરવું = લખવું.
૨. તહરીરે ઝોકરી = ઠોકરો
૪. સ્ત્રી. લખાવટ; લખવાની રીતી.
૫. સ્ત્રી. લખેલું પ્રમાણપત્ર; લેખનદ્ધ પ્રમાણ.
૬. સ્ત્રી. લીટીઓ દોરવી તે.
તહરીર ઉખ્તેદસ = ભૂમિતિ.
૭. સ્ત્રી લેખ; દસ્તાવેજ.
૮. સ્ત્રી. સીસાપેનથી ચીતરવું તે.
૯. વિ. લખેલું.

તહરીરી ૧. [ફા.] સ્ત્રી. હકીકત.
૨. વિ. લખેલું; લેખિત; લિખિત.

તહરીસ [અ.] સ્ત્રી. ઉત્તેજન.
તહરીસ કરવી = લલચાવવું.

તહરુ [ફા.] પું. ઘોડા ઉપર નાખવાના ઝૂલ માટે ભરેલા ગાભા.

તહરૂફ પું. બજારહ.

તહરે ૧ સ્ત્રી. તરેહ; ભાત; વેલ, ભુટ્ટા અને ચિત્ર વગેરેની અમુક જાતની ભાત.
૨. સ્ત્રી. રીત; પ્રકાર; ઢબ.

તહર્રુક [અ.] પુ હિલચાલ.

તહલીફ (તહલીફ) [અ.] સ્ત્રી. સોગદ લેવરાવવા તે.

તહલીલ ૧. [અ હલ (ઓડવું)] ન. પત્થુ તે, પાચન.
૨. ન. પરીક્ષા; ચિકિત્સા.
૩ ન. પ્રશ્નનો ઊકેલ.
૪ ન લા ઇલાહ ઇલ્લલ્લાહુ ન મુહમ્મદું રસુલુલ્લાહી, એમ બોલીને ખરા ઈશ્વરનો સ્વીકાર કરવો તે.
૫. ન. હલાલ બનાવવું તે, કાયદાને અનુસરીને કરવું તે.
૧. તહલીલ કરવું = (૧) ઉતારવું; છૂટું પાડવું (૨) પાચન થવું જવું. ખાધા જેવું થઈ જવું.
૨. તહલીલ થવું = નકામું બગાડવું.

તહલુકા ૧. [અ.] પું. ચેતવણી.
૨ પું. દુઃખ.
૩. પુ નાશ.

તહલુઆ પું. ઘરનું કામકાજ કરનાર માણસ. નોકર.

તહલુઈ સ્ત્રી ઘરનું કામકાજ કરવાળી નોકર સ્ત્રી.

તહલ્કા ૧. [અ. હલ્કા (નાશ પામવું)] પું. આફત; દુઃખ
૨ પું. બરબાદી; નાશ
૩. પું. મોત; મૃત્યુ.

તહવરી વ. એક જાતનું વહાણ.

તહવીલ ૧. [અ. તહ્વીલ (હવાલે કરવું)] સ્ત્રી. અનામત; આપણ; 'ડિપોઝિટ.'
૨ સ્ત્રી, તિજોરી.
૩ સ્ત્રી. પાર્શ્વ મોકલવું તે.
૪ [અ. હવલ (તેણે બદલ્યું)] સ્ત્રી. બદલી.
૫ સ્ત્રી. મૂડી; પૂજી.
૬. સ્ત્રી. ગેરહ નાણું.
૭. સ્ત્રી વિશ્વાસ; ભરોસો.
૮. સ્ત્રી. ચૂર્ણ, ચાંદ અથવા સોનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે.

તહવીલદાર ૧. [અ. તહવીલ (તિજોરી) + ફા દાર (રાખનાર)] પું. બજાનચી, કોષાધ્યક્ષ.
૨. પું. સુકાનો કરનાર; પેઢિયર.
૩ પું. જેની પાસે કોર્ટના રૂપિયા જમે રહેતા હોય તે માણસ.
૪ પુ વસૂલાતી અધિકારી.

તહવીલદારી ૧ સ્ત્રી. કોષાધ્યક્ષની પદવી.
૨. સ્ત્રી. બજાનચીની જગ્યા.

તહવ્વુઅ [અ] પું. પેટની બીમારી.

તહવ્વુર ૧ [અ.] પું ઉતાવળ.
૨. પું. કોર્ટ પણ પ્રકારનો વિચાર કર્યા વગર સાહસ ખેડવું તે.
૩. પું ગુન્હો
૪. પું જુલમ
૫. પું હિંમત.

તહસનહસ ૧ [હિં.] પું નાશ, પાયમાલી.
૨. વિ. નાશ પામેલું.
૩. વિ. બરબાદ થયેલું.

તહસીન ૧. [અ હસન (તે સુંદર હતો)] સ્ત્રી. આનંદનો પોકાર; જયજયકાર.
૨. સ્ત્રી. વખાણ.

તહસીલ ૧. [અ. હસલ (તેણે મેળવ્યું)] સ્ત્રી. ઉઘરાવેલી જમાબંધી; રેવન્યુ ઉપજ.
૨. સ્ત્રી. ગામધાર આતેદારનું પત્રક.
૩. સ્ત્રી. તહસીલદારની કચેરી.

૪. સ્ત્રી. પ્રાપ્તિ; બરકત; મળતર; નફો.
૫. સ્ત્રી. મહેસૂલની વસૂલાત; જમાબંધી ઉઘરાવવી તે
૬. સ્ત્રી. સરકાર તરફથી જમીન ઉપર લેવાતો કર; જમીન મહેસૂલ; જમાબંધી સલામી.
૭. સ્ત્રી; ન. જમીનનો આકાર નક્કી કરીને બનાવેલો રેખાનો નાનો આંક; વસૂલાની બાતનો પ્રાંત વિભાગ; મહાલ; તાલુકો; પરગણું.

તહસીલદાર [અ. તહસીલ (મહેસૂલ) + ફા. દાર (વાળું)] પું. પરગણા અથવા તાલુકાની મહેસૂલ ઉઘરાવનાર અમલદાર; આમલતદાર; મહાલકારી; રેવન્યુ અધિકારી; જમાબંધી ઉઘરાવનાર અમલદાર.

તહસીલદારી ૧. સ્ત્રી. કર કે મહેસૂલ વસૂલ કરવાનું કામ; તહસીલદારનું કામ; આમલતદારી; મહાલકારીનું કર્તવ્ય.
૨. સ્ત્રી. આમલતદારનો હોદ્દો; તહસીલદારનું પદ
૩ સ્ત્રી. સબ કલેક્ટરની જગ્યા, કચેરી કે હકૂમત.

તહસીલનામું ૧. [અ. તહસીલ (મહેસૂલ) + ફા. નામા (કાગળ)] ન. જમાબંધી ભરનારનું ખાતું.
૨. ન. જમાબંધીનો આંકડો.
૩. ન. જમાબંધીનો ચોપડો.

તહસ્સુર ૧. [અ.] પું. અફસોસ; દિલગીરી.
૨. પું. દિલાસો

તહહયાત જુઓ તહાહયાત.

તહા [સં. તથા] અ. (પ્રાકૃત) તેની રીતે; તે પ્રકારે

તહાકૂફ (તહાકુફ) [અ.] સ્ત્રી. બ. ક. નાજુક વસ્તુઓ; પસંદગીની ચીજો.

તહાન સ્ત્રી. તૃષા; તરસ

તહારત ૧. [અ. તહર (તે પવિત્ર બનો)] સ્ત્રી. આખુ અથવા થોડું ધોવું તે.
તહારત કરવું = ગુદ્ય ધોવી.
૨. સ્ત્રી. પવિત્રતા.
૩. સ્ત્રી. સ્નાન.
૪. સ્ત્રી સ્વચ્છતા, વગે.

તહાલુફ (તહાલુફ) ૧. [અ.] ન. ઝઘડો.
૨. ન. વાદી અને પ્રતિવાદીએ સેવાની પ્રતિજ્ઞા.

તહાવુન [અ.] સ્ત્રી. બેદરકારી.

તહારી [અ.] સ્ત્રી. કબૂલાત; હા પાડવી તે.

તહાહયાત ૧. [ફા. તા (સુધી) + હયાત (જિંદગી)] વિ જિંદગી પર્યંતનું.
૨. અ. જીવનપર્યંત; મરણ સુધી; જિંદગીભર; આયુષ્ય હોય ત્યાંસુધી; આજન્મ; મરણાંત.

તહાં ૧. [સ.] વિ. સ્થાનિક; તે સ્થળનું.
૨. [સં. તત્ર] અ. ત્યાં; જે ઠેકાણે; તહીં. કવિતામાં વપરાય છે.
પંચમી પણ સામીપ્ય અર્થમાં વપરાય છે. (તરમાન્-તહાં-ત્ય) તેથી પંચમ્યન્ત અવ્ય. મજકૂરનું માહા-ત્મ્ય-માં થઈ શકે.
બૃહદ્ ભાષાવિજ્ઞાન
૧ જ્યાં તહાં = અહીંતહીં; જ્યાંત્યાં; દરેક જગ્યાએ; સર્વ સ્થળે
૨. તહાં તહાન = દરેક જગ્યાએ.

તહાંસરા ૧. અ. ઠેકાણે.
૨. અ. તે તરફથી.

તહાંહયાત જુઓ તહાહયાત.

તહિમાહ પું. ભરતાહાસનો એ નામનો બાપ.

તહિરિ ૧. પું. એ નામનો એક રાજવંશ.
૨. પું. એક બ્રહ્મના કામણ. તહિરિ વંશના રાજાઓના માનમાં આ નામ પાડવામાં આવ્યાનું જણાય છે.

તહિં જુઓ તહીં.

તહી ૧. [ફા.] ન. તળિયું.
૨. [સં. તપ; અવ. તેત્યુ-તનુ] અ. ત્યાં.

તહીખાના (તહીખાના) [ફા. તહી (તળિયું) + ખાના (મકાન)] ન. ભોંયરું.

તહીયત [અ.] સ્ત્રી. સલામ; મુબારકબાદી.

તહીં [સં. તત્ર; પ્રા. તહ–તહીં] અ. ત્યાં; તે જગ્યાએ; તે ઠેકાણે. પદ્યમાં વપરાય છે.
અદ્ભુતરૌદ્રનું ઐક્ય. મહાન અનોખા છે.
જિમ જો ધૃતિ નીતિ અચલ તહીં રહે છે.
બિહારી

તહીંઈ અ (જૂ. ગુ.) ત્યારે.

તહીંયા [અ.] પું. તૈયારી.

તહૂર [અ] ન. પવિત્ર કરવું તે.
સુગને તહૂર = પવિત્ર પીવું.

તહેકુબ વિ. મુલતવી; હાલ બંધ રાખેલ; બોકૂફ.

તહેકુબી ૧. સ્ત્રી. મહેતલ; સમય.
૨. સ્ત્રી. મુકદ્દમાને મુલતવી રાખવો તે.

તહેત [સં. તથેતિ; પ્રા. તહત્તિ] અ. (જૈન) તેમ જ; સૂત્રનું પ્રતિપાદન કરતી વખતે બોલાતો એક શબ્દ. આખ્યાનકાર આખ્યાન કરે તે પ્રમાણભૂત છે એમ જણાવવા માટે શ્રોતા આ શબ્દ વાપરે છે.

તહેનાત ૧. સ્ત્રી. અડદલી.
૨. [ફા. અતઅનાત (સેવા કરવા હાજર રે હાજર રહેવું)] સ્ત્રી. ખિદમત; તાબેદારી; સેવાચાકરી; ખાનગરદાસ; સેવાચાકરી કરવાને મોટા માણસની આજ્ઞા હાજર ને હાજર રહેવું તે; સેવા કરવાને તત્પર હોવું તે; સેવાચાકરી કરવા માટેની હાજરી
મને મહારાજે કહ્યું છે કે અહીં બેસવું અને તમે જાઓ ત્યારે તમારી તહેનાત બજાવવી
ગુલાબસિંહ

તહેનાતી ૧. [અ.] પું. સેવાચાકરી કરનાર માણસ; તાબેદારી ઉઠાવનાર નોકર; હજૂરિયો; સેવક.
૨. સ્ત્રી. તાબેદારી; સેવાચાકરી.
૩. વિ સેવા કરનાર.

તહેર પું. અકડી.

તહેરીર [અ. તહરીર] સ્ત્રી. લખાવટ; લખાણ; તહરીર.

તહેવાર [ફા. તિહ (ખાલી) + વાર (નામ બનાવનાર પ્રત્યય)] પું તેહેવાર; મુસલમાની દીનમાં ઇબાદતનો પાક દિવસ; ઠાકું; ખુશાલીનો દિવસ; પરબ.

તહેવીલ જુઓ તહવીલ.

તહેવીલદાર જુઓ તહવીલદાર.

તહેશ પું. આવેશ; જુસ્સો; ઉભરો.

તહેસીલ જુઓ તહસીલ.

તહેસીલદાર જુઓ તહસીલદાર.

તહૈયુર [અ.] પું. અજાયબી.

તહોબાલા ૧. [ફા.] વિ ક્રમમાં ન હોય એવું.
૨. અ. ઉપરતળે; ઊંધુંચત્તું.

તહોમત ૧. [અ. તુહ્મત (ખોટા કલંકની)] ન. આળ; આરોપ; અપવાદ; બદો
તહોમત મૂકવું = આળ ચઢાવવું; અમુક ખોટું કામ કર્યું છે એમ કહેવું
૨. ન. કર્મનો આરોપ; ગુનો; દોષ; અપરાધ; તહોમત.

તહોમતદાર [અ. તુહ્મત (ખોટા કલંકની) + ફા. દાર (વાળું)] વિ. અપરાધી; ગુનેગાર; આરોપી; આરોપ મુકાયેલું; દોષી; જેના ઉપર આરોપ મુકાયેલો હોય તેવું.

તહોમતદારજી વિ. સ્ત્રી. ગુનેગાર.

તહોમતનામું ૧. [અ. તુહ્મત (ખોટા કલંકની) + નામહ (કાગળ)] ન. આરોપનામું; ગુનેગાર ઉપર મુકાયેલ આરોપ સબબી કામણ; આરોપ મૂક્યા બાબતનું લખાણ.
૨. ન. એક પક્ષે દોષ થયેલો છે એવો મત; તહોમત એક તરફથી સ્થાપિત થયું છે એવો ન્યૂનાધિક આરોપોને જણાવવો તે.

તહોમતી ૧. [અ. તુહ્મત (એબ લગાડવી)] વિ. આરોપ મૂકાયો હોય એવું; આરોપી; ગુનેગાર. ૨. વિ. દોષ મૂકનારું, આળ ચડાવે એવું, આરોપ મૂકનારું.

તહોમે અ. તળિયે; નીચે.

તહ્રિક [અ.] સ્ત્રી. ચાલુ ક્રમ.
તહ્રિક દેવી = ચલાવવું.

તળ ૧. ન. જન્મસ્થાન.
૨. [સં. તલ] ન. તળિયું; નીચલી સપાટી; તળું; નીચલો ભાગ.
નહિ રાવણ આરે રામનામા નહિ જવનમાં નહિ સુવનમા,
નહિ જળપળે નહિ તળ તલે અનલે નહિ નહિ અનલમાં. નિહારી
૧. તળ તપાસવું = કસ કેટલો છે તે જાણવું.
૨. તળ રહેવું = (૧) કામ રહેવું; અપી જવું; મરણજરણ થવું. (૨) રોકાઈ જવું.
૩. તળ રાખવું = (૧) ઠાર કરવું; કામ કરવું. (૨) પખાણી પાવું; પાણી ન આપવું; મહિષ થઈને બેસવું.
૪. તળ હાલવું = દૂરથી આવેલા ઢોરનું આહરી જતાં દુબળું થઈ જવું.
૨. ન. નીચેનો પ્રદેશ; તળેટી.
૪. ન. પાયો; જે વિસ્તાર ઉપર બાંધકામ કરેલું હોય તે સ્થળ.
૫. ન. પાંચ આંગળનું માપ.
૬. ન. મૂળ; અસલ સ્થિતિ.
૭. ન. સપાટી.
૮. ન. (જ્યોતિષ) સૂર્ય કે ચંદ્રની આસપાસ કોઈ કોઈ વાર દેખાતું કંઈકેરંગી ઓછું કુંડાળું; જળકુંડું. નાનું કુંડાળું ખળ કહેવાય છે.
૯. ન. સ્થાન; ઠામ; અસલ જગ્યા; તળપદ.
૧૦. અ. તળિયે; નીચે.

તળકોડી (તળકોળી) સ્ત્રી. મોસને મૂળમાંથી ખાઈ જતી જમીનની અંદર રહેતી એક જાતની ઇયળ.

તળગજ ૧. પું. ઉંબરો; ઘરના ઊંબરાનું ઘડેલું લાકડું.
૨. પું. કુંભી.
૩. પું. જેના ઉપરથી ઇમારતનો પાયો મજબૂત તે ખેરનું જાડું લાકડું.
૪. પું. જેની ઉપર ઉપલા ચોકઠાનું સંધટન કરાયેલું હોય તે નીચલો મજબૂત પાટ.
૫. પું. પૂતળા બનવા બાંધવાને માટે બાંધવામાં આવતું ઊંચું સ્થાન; ઊંચો ઓટો; નકશીની ચોરસ પુરસી.

તળગજ જુઓ તળગટ.

તળઘર ન. ભોંયરું; ભૂમિગૃહ.

તળઘાટ પું. પર્વતની તળેટી.

તળજમીન સ્ત્રી. તળિયાની જમીન.

તળપર ૧. [સ. તલ + પર (પરવું)] પું. બીજાએ આપેલી તળજમીન ઉપર રહેનાર; સાથી; ખેડૂત.
૨. પું. વસવાયો.
૩. વિ. ઓશિયાળું; તાબેદાર; દબાયેલું.
૪. વિ. કરજદાળું; દેવાદાર; ઋણી.

તળપ ૧. [અ. તલબ] સ્ત્રી. ઇચ્છા; ભાવના; તલબ; તલપ.
૨. સ્ત્રી. ખાડા; ફાળ; કૂદકો, ઠેકડો.

તળપટ પું. ઉંબરાનું લાકડું.

તળપદ ૧. ન. અસલ જગ્યા; મૂળ જગ્યા; અસલ સ્થળ.
૨. ન. ગામતળિયું; જે જમીનના તળ ઉપર ગામ વસેલું હોય તે જગ્યા; ગામના તળની જમીન; ગામતળું.
૩. ન. ગામના તાબાની જમીન; ગામ, ખેતરો વગેરેવાળી સપાટ જમીનનો ભાગ.
૪. ન. જેની ઉપર ખેતીવાડી કરનારા લોકોની વસતી હોય તે પ્રદેશ; ગામડિયાઓને રહેવાનો પ્રદેશ; ગામડી ભૂમિભાગ.
૫. ન. જેનું પૂરું બહેસલ લેવાતું હોય એવી એટલે કે બાલસા જમીન.
૬. ન. સપાટ જમીન.

તળપદવાળું ન. જાતિસારુ; જાતિને લગતું જ્ઞાન; 'સેક્સનિઝમ.'
બાલીબૂઝને આગવાળા આવડું **તળપદવાળું** (સેક્સનિઝમ) તો ગુરબાઈ છે. કૌમુદી

તળપદા ૧. સ્ત્રી. કણબી અને કોળી વચ્ચેની એ નામની એક જાતિ. સ્થળપદ–તળપતિ એટલે જમીનના માલિક હોવાથી આમ કહેવાય છે.
૨. સ્ત્રી. ખાલપું, કોળી અને વાઘરીની એ નામની એક અટક.
૩. સ્ત્રી. ખાલપું, કોળી અને વાઘરીની એ નામની એક પેટા જાતિ.
ચુંવાળિયા, પાટણવાડિયા, તળપદા, ખાંટ વગેરે જાતી જાતના મળી ગુજરાતમાં લગભગ ૧૨ લાખ કોળી વસે છે. પ્રસ્થાન
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. ન. એ નામની જાતિનું માણસ.
૬. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.
૮. વિ. એ નામની જાતિનું.
૯. વિ. એ નામની પેટા જાતિનું.

તળપદું ૧. વિ. અસલ મામ વસતીનું; તળ નામને એક સ્થાને રહેતી અને ખેતીવાડી કરનારી ખેડૂત જાતિનું.
તળપદી ભાષા = અસલ ખેડૂત કોકો પોતાના વાસમાં બોલતા હોય તે ભાષા; ગામડી ભાષા
૨. વિ. અસલી; મૂળ વતનનું; સ્વાભાવિક; તળપદનું.
૩. વિ. દેશી; દેશોત્પન્ન; ગામડી.
૪. વિ. પોતાના દેશનું; મૂળ દેશનું. જ્યાં જે વસ્તુ ઉત્પન્ન થતી હોય ત્યાંની તે વસ્તુને એ શબ્દ કામકાજમાં આવે છે.

તળપદો પું. એ નામની એક જાતની તમાકુ.

તળપવું ૧. અ. ક્રિ. કૂદવું; ઠેકડો મારવો; ઓળંગી જવું; છલંગ મારવી.
૨. સ. ક્રિ. ઇચ્છા કરવી; અાતુરતા બતાવવી.

તળપુ ન. ઓબોને કાનની બૂટમાં પહેરવાનું એક ઘરેણું.

તળબદા પું. ન ન મધ્યમ કદના એક જાતના બળદ. તે વિશેષે કરીને ખેતીના કામમાં વપરાય છે.

તળબદું જુઓ તળપદું.

તળભૂકો પું. તરભૂક.
પુર્વે મિન્યો રીંગણો,
ખાદીત કાન્યો તળભૂકો. બોલી ગીત

તળભજલો પું. મકાનનું ભોંયતળિયું.

તળભળવું અ. ક્રિ. તલપાપડ થવું; ઉપર નીચે થઈ રહેવું.

તળવકારોપનિષદ [સં. તલવકારોપનિષત્] સ્ત્રી. એ નામની એક ઉપનિષદ; કેનોપનિષદ. આદ્ય શબ્દ કેન ઉપરથી આ ઉપનિષદનું નામ કેનોપનિષદ પડેલું છે. શાબા પરત્વે એનું બીજું નામ તળવકારોપનિષદ છે.

તળવટ ૧. [સં. તુલા + વૃત્તિ (વર્તન)] પું. ઉંબરો; ઊંબરાનું ઘડેલું લાકડું; તળગટ.
૨. પું. જેના ઉપર ઇમારતનો પાયો મજબૂત તે ખેરનું જાડું લાકડું.
૩. સ્ત્રી. અધવત તાપ અને ઘાક લાગવાથી સખલખ થઈ જવું તે; ગરમીથી સૂકા થઈ જવું તે; અસ્વસ્થતા; બેચેની.
૪. સ્ત્રી. ઝાપરના મોભને ટેકવવા સામસામી ભીંતો ઉપર જોડીને રખાતું આડું લાકડું.
૫. સ્ત્રી. જમીનની સપાટી; તળાવટ.
૬. સ્ત્રી. તળિયું.
૭. સ્ત્રી. તાપ અને બાફથી પાનનાં તળિયાનું તવાવું તે; પાનના તળિયાંનું તળવું તે.
૮. સ્ત્રી. બાજવા ઉપર રખાતો પાટડો; તલવટ.

તે બધું કરીને રાયણના લાકડાનો હોય છે.

૬. જી. સપાટીનું સ્વરૂપ.

તળવળ જુઓ તળવળાટ.

તળવળાટ જી. અસ્વસ્થ સ્થિતિ; વિહ્વળતા; બેચેની; ઊંચુંનીચું થતું તે; સંતાપ; તળે ઉપર થવાની સ્થિતિ. ચટપટી.

તળવાવું ૧. અ. ક્રિ. અત્યંત તાપ ને ગરમી લાગવાથી સખ્ખત થઈ જવું; બહુ ગરમીથી પગના તળિયાં આળા થઈ જવાં; વધારે પડતા પ્રકાશથી કે તાપથી પગનાં તળિયાનું બળવું થવું; બહુ ચાલવાથી પગનાં તળિયા કોમળ રહ્યા; તાપ અને ગરમી પગનાં તળિયાંનું શોકાઈ જવું; દાઝીને રૂક્ષ થઈ જવું

૨. અ ક્રિ. દાઝવું; બંપાવું.

૩ અ. ક્રિ. પશુને ગર્ભભાવ થવો; ગર્ભ પકડવો; તરેલું.

તળવાસિની [સં. તલ (તળિયું) + વાસિની (રહેનારી)] જી. પગનાં તળિયાનું રક્ષણ કરનારી એ નામની એક દેવી.

તળવી ૧. જી રાનીપરજ લોકની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તળવું ૧. ન તળિયું.

૨. ન. મૂળસ્થિતિ; તળ.

૩ સ. ક્રિ. ઘી અથવા તેલને ગરમ કરી તેમાં અનાજ, શાક કે વઘારવાનાં પકવવાં; કઢેલાવેલા ઘી કે તેલમાં પકવીને ખરું કરવું; શેકી લેવું; કકડતા તેલ કે ઘીમાં ઝબોળી રાંધવું.

તળસરો પું કરેક માળ ઉપર ભીંતના આરંભમાં દેવતામાં આવતો ભદ્રો ઘર.

તળસવું જુઓ તલસવું.

તળસંઢ અ ઠેઠ તળે; તદ્દન નીચે.

તળસી [સં. તુલસી] જી. એક જાતની વનસ્પતિ, તુલસી.

તળહાથ પું. હથેળી.

તળાઈ ૧. પું તાડનું ઝાડ. તાડમાં નર અને માદા ઝાડ હોય છે. તેમાં નર ઝાડને તળાઈ ને માદા ઝાડને તાડ કહે છે.

૨. [સં તૂલિકા: પ્રા. તૂલિઆ] જી. રૂ કે કપાસને બનાવેલું સૂવાનું ગાદલું; રૂ ભરેલી ભાડી ને પોચી ગાદલી કે ગાદલું; રૂથેલ બિછાનું કે પથારી. જેનાં બંને પડ સાચા લૂગડાનાં અને એક જ રંગનાં હોય તે જ તળાઈ કહેવાય એમ કેટલાક માને છે.

તળાજ [સં. તાલધ્વજ] ન. સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે શેત્રુંજી નદીને કાંઠે આવેલું એક ઐતિહાસિક ગામ. નજીકની સુંદર રમણીય ટેકરીની ઉત્તર અને પશ્ચિમ બાજુએ બૌદ્ધ ગુફાઓના જેવા ગુફાઓ કોતરી કાઢેલી છે. આમાની એક ગુફા મોટા ચોરસખંડની છે અને તેનો અગલો ભાગ ચાર મોટા ચોરસ થાંભલાથી ટેકવેલો હોય એમ લાગે છે. આ થાંભલાઓ હાલ હયાત નથી. આ થાંભલા ઉપરના પથ્થરના પાટડાઓ ઉપર ચોરસ ચોકડીઓ પાડી તે ઉપર નાની કમાનો બનાવી એક પ્રકારની શોભા આપેલી છે. કહેવાય છે કે, આવા પ્રકારની શોભાવાળુ પ્રાચીન બૌદ્ધ સ્થપતિઓને બહુ જ પસંદ પડતી. જૂનાગઢના વિષ્ણુભક્ત નાગર નરસિંહ મહેતાનો જન્મ આ ગામમાં થયો હતો.

તળાજિયા ૧. જી ખારવણની એ નામની એક પેટા જાતિ

૨. જી. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

તળાજી જી. તળાંજા પાસે આવેલી નદી

તળાજી નામની નદી ઓળંગવી પડે છે અને તળાજામા દાખલ થવાય છે. પુરાતત્ત્વ

તળાટી ૧. પું. ગામની જમાબંધી ઉઘરાવનાર અને જમીન તથા મહેસૂલ વગેરેનું દફતર રાખનાર સરકારી નોકર; પુલકરણી; ગામ ઉપર રહી ગામની વસૂલાત સંબંધીનું કામકાજ કરનાર મહેતો; ગામની વસૂલાતનો તથા તે સંબંધી બીજા ખર્ચનો હિસાબ રાખનાર કારકુન; રૈયત્ત પાસેથી જમીન ઉઘરાવનાર મહાલકારી નીચેનો નોકર; વસૂલાતનો હિસાબ કરનાર અને વિશોટી ઉઘરાવનાર મહેતો; કામદાર; તલાટી.

૨. [સં. તુલ્ (તોળવું)] પું. માંડવિયો; ઊપજ જોખનાર આદમી.

૩. જી. પર્વતની નીચેનો પ્રદેશ; ડુંગરનો નીચલો ભાગ; તળેટી.

ત્રિરિ તળાટી ને કુંડ દામોદર. નરસિંહ

તળાદું ૧. [સં. તુલ્ (તોળવું)] ન. ઊપજ જોખવાની ફી; માંડણી.

૨. ન. તળાટીના હોદ્દાનો અમલ.

૩. ન તળાટીનું કામ; તળાટીના હોદ્દાને લગતું કામકાજ; મહેતાગીરી.

તળાદો પું. તળિયું.

તળાતળ ન. સાત પાતાળમાંનું એ નામનું બીજું પાતાળ; તલાતલ.

તળાતાંદળા ૧. પું. બ.વ. તલેલા કે શેકેલા તાંદુલ; ચમરા; ડાંગરની ધાણી.

તળાતાંદળા કરવું = શેકેલા તાંદુલના જેવું ઝોકબીજાને જરા પે લાગતું વળગતું રહે નહિ એવું કરવું; એકબીજાને સંબંધ ન રહે એમ કરવું; ફનાફાતિયા કરવું; એકબીજાને લગારે સ્નેહ રહે નહિ એમ કરવું; છૂટ્ટેદુટ્ટ કરવું.

૨. અ. છૂટ્ટેદુટ્ટ; લગારે વળગણ ન રહે એમ.

તળાતૂહ ૧. વિ બધે આઘાર કરનાર; બહુ જ ખાનાર.

૨. વિ. તૂટેલ તળિયાવાળું; ખાલી

તળાપત પું. ખપકો; ઠાઠ.

તળામણ જ. તળી આપવા બદલનું મહેનતાણું.

તળામણી જુઓ તળામણ.

તળાવ ૧. [સં. તડાગ–તટાક–તલાઉ તલાવ] જ. એક જળાશય; વરસાદનું પાણી ભરાઈ રહેતું હોય એવો જમીન ઉપરનો કુદરતી ખાડો; બજર બાંધેલું કુદરતી જળાશય; નાનું સરોવર; પાણીનો કુદરતી વિશાળ ખાડો તળાવ બે પ્રકા વસ્તરનું અથવા ચારેમેર બાંધેલું પણ હોય છે. પ્રાચીન સાહિત્યમાં છ જાતનાં તળાવ બતાવેલાં છે: (૧) અર્ધચંદ્ર અથવા અર્ધમોળ, (૨) ભાલસર, (૩) પદ્મ, (૪) ચતુષ્કોણ, (૫) ઘટ અને (૬) સુભદ્ર. તળાવ બનાવવું એ એક જાતનો ધર્મ યજ્ઞ છે. ગીતા પંચામૃતમાં ઉલ્લેખ છે કે: બાગ, કૂવા, તળાવ, દેવમંદિર, અન્નદાન, આરામસ્થાન, પૂર્ત, શરણાગતરક્ષણ, પ્રાણીઓની અહિંસા, તીર્થ કે અઢારવેદિકા, દાન પ્રભાદિ ધર્મયજ્ઞો છે.

૭ અધિમણ હલ્લ બલ પરટ પરટી બાંડ કઠારી બારહટ પાનટા રૂપ **તલાવ** રોપા કરાવ્યાં અનુમોદ્યાં. સંવત ૧૪૯૬નું તામ્રપત્ર

૧. તળાવ તરસ્યું = (૧) જો સ.પને દુઃખી. (૨) બહુ જ તરસ્યુ.

૨. તળાવે જવું = દિશાએ જવું; ઝાડે કરવા જવું. ગામડાનાં માણસો તળાવની આસપાસ ખરચુ જતા હશે ને તે ઉપરથી આ રૂઢિ થઈ હશે એમ મનાય છે.

૨. જ. તાંબા કે પિત્તળનું મોટામાં મોટું તપેલું; આઠ દશ મણ પાણી સમાઈ શકે એવો ટોપ.

તળાવ અંદર, તળાવ બહાર જી. એ નામની એક રમત. તેમાં બાળકોએ વર્તુળમાં ઊભા રહી એકબીજાના હાથ પકડવા. પહેલો ઊભેલા ઊભેલા રમનારનો હાથ પકડે એટલે બાકીનાં આપોઆપ વર્તુલમાં આવી જશે. વર્તુલ બના પછી બધાંએ હાથ છૂટા રાખી ઊભા રહેવું. મુખીએ વચ્ચે ઊભા રહી કહેવું કે ભેરવાંઓ, તમે બધાં એક તળાવને કાંઠે ઊભાં છો એવી કલ્પના કરો અને જ્યારે હું તળાવ અંદર એવું બોલું ત્યારે તમારે તળાવમાં એટલે વચ્ચા વર્તુલમાં કૂદવું મારવો અને હું જ્યારે તળાવ

બજાર એવું બોલ્યું ત્યારે તમારે પાછળ કૂદકો મારીને ફરી બજાર કરી આવવું. હું બજારનવાર તળાવ અંદર બધવા તળાવ બજાર બોલીશ તેનો અર્થ સમજીને તમારે કૂદકો મારવો બજર બીજાં રહેવું. પારો કે કોઈ વખત હું તળાવ અંદરને બદલે તળાવ બજાર એવું બોલું, બજર તમે અંદર હો છતાં હું તળાવ બજારને બદલે તળાવ અંદર એવું બોલું તો તમે ભૂલીને ગાફલપણામાં બાજળ કે પાછળ કૂદકો મારશો તો તમે બાદ થશો. માટે હું શું બોલું છું, તમે ક્યાં બીજાં છો તેનો વિચાર કરી સાવધ રહીને વર્તન કરવું. જેઓ ચૂકીને અંદર કે બજાર બોટો કૂદકો મારે તેને વર્તુલમાં જ નીચે બેસી રહેવું. આ રીતે વારંવાર ગાફલ થતાં છોકરાઓ રમતમાંથી બાદ થતાં છેવટે જે એક બાકી રહે તે જીતવું બહુધા.

તળાવટ ૧. સ્ત્રી.;ન. બોટી યુક્તિ; ઠંગ; ઠોંગ; લુચ્ચાઈ; બમૂક કાર્ય સાધી લેવાની બનાવટ; તજવીજ; ચતુરાઈ; યુક્તિ.

૨. સ્ત્રી.;ન. ગામની બાંધણી.

૩ સ્ત્રી.;ન. જમીન કે તેની સપાટીનો પ્રકાર.

૪. સ્ત્રી.;ન. જમીનનું તળ; વસી શકાય કે નહિ તે દૃષ્ટિએ વિચારેલી જમીનની સપાટી.

તળાવડી (તળાવડી) ૧. સ્ત્રી. તળાવડું; નાનું તળાવ; વગર બાંધેલું કુદરતી બળાશય; જેમાં પાણી બારમાસ રહેતું હોય એવો ખાડો.

૨. સ્ત્રી. ઓની ગુહ્ય ઇંદ્રિય; યોનિ.

તળાવડું (તળાવડું) જુઓ તળાવડી.

તળાવનો ધોધ પું. એક જાતની બાતશબાજી. તેમાં જમ્યાબાદ ગોઠવેલી મેતાબને વચ્ચેવચ્ચે તળાવમાંથી પાણી પડતું હોય એવો દેખાવ થાય છે.

તળાવવું જી.ક્રિ. તળાવ જેમ કરાવવું; કડકતા થી કે તેલમાં રોકવી લેવું.

તળાવા ૧. પું.બ.વ. બાડાની પીંજણી નીચેની બાદીઓ.

૨. પું.બ.વ. જેની અંદર પૈડું રહે છે તે બે બાદીને જડેલા બાકડાના બે બીજા; તળાવા.

તળાવિયા ૧. સ્ત્રી. લેહિઆ કણબીની અને ક્વાનમમા રહેતા કોળીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું બાષણ.

૩. વિ એ નામની બટકનું

તળાવિયો પું. એક જાતનો કોળી.

તળાવું જ ક્રિ. તળાવાની ક્રિયા થવી; કડકતા થી કે તેલમાંથી પસાર થવું.

તળાઈ જવું = પત્રનાં તળિયાંમાં બાંધેલા પડવા કે પત્ર બાળા થઈ જવા.

તળાવો ૧. પું. જેની અંદર પૈડું રહે છે તે બે બાદીને જડેલા બાકડાના બે બીજા બાદેનો દરેક બીજો; તળાવો.

૨. પું. ઘરી સાથે સબધ રાખતી બાકાની પીંજણી નીચેની બાદી.

કોના તળાવા રે કોની પીંજણીઓ,
બજદ બાકયા બે બાગીઓ.
રેમાનંદ

૩. પું. ઘાર પાડવાનું એક બોજાર.

તળાસવું જી.ક્રિ. પત્રનું તળિયું ધીમે ધીમે દાબવું; ચાંપી કરવી.

તળાંચું ૧. ન. બક્ષરમાં ચોકઠાના પત્થરનો નીચેનો ભાગ.

૨. ન. તળિયું.

તળાંચો ૧. પું. બક્ષરમાં ચોકઠાના પત્થરનો નીચેનો ભાગ.

ઉતરંગના તળાંચાથી ચોકઠાના કાનો ઊચા થવા જોઈએ. રાજાવલ્લભ

૨. પું. તળિયું.

તળાંટિયાં ન.બ.વ. બાડાની ઊંચેથી ઢાંકવા સુધીની પટ્ટી; બાખણાં; બાડાની નીચેનો વચલો ભાગ.

તળાંસવું ૧. [સં. તલપર્શ–તલઙ્કુ–તલઙ્કંસુ–તલાંસવું] સ ક્રિ. પત્રના તળિયાં ધીમે ધીમે બાપવાં; ચાપી કરવી; પત્રને દાબવા અને પંપાળવા.

રાવન કર્યું સુખ રાખ્યા સ્વામી,
ચરણ તળાંસ્યા દાસી. બાલારામ

૨ ઉ ક્રિ. કહેણાથી ધીમે ધીમે પગ ઓગાસવો; હાથ ફેરવવો; પંપાળવું, પસવું.

બહમીજ તળાસે રે, પાવન તારાં પાવલા.
નરસિંહ

તળિયા પું. બ.વ. તબેલા ચૂરબાના બાડુ.

તળિયા બળિયા બાય
તેનના જબતા જોયા છે. નિષ્કુળાનંદ

તળિયાઝંટ બ. તળિયું ખુલ્લું થઈ જાય તેમ; ખુલ્લેખુલ્લું; પૂરેપૂરું ખુવાર.

તળિયાઝાટક ૧. વિ. બાલી તળિયાવાળું; બાલીબાલ; તદ્દન બાલી; સાવ સાફ.

૨. વિ. જડમૂળથી ઉખેડી નાખ્યું હોય એવી રીતે નાશ પામેલું; મોટી બાફતમાં બાવી ગયેલું; બાબરૂની ગયેલી હોય એવી હાલતનું.

૩. વિ. નિર્ધન થઈ ગયેલ.

૪. બ. બારપાર; બતમ; સાવ; તદ્દન.

૫. બ. છેક તળેના ભાગ સુધી બધે સાવરણી ફેરવી હોય એમ; તળિયું ખુલ્લું થઈ જાય તેમ; ખુલ્લેખુલ્લું; પૂરેપૂરું ખુવાર; તળિયાઝંટ; તળિયા ઝાટક

તળિયાટ બ. તળિયું ખુલ્લું થઈ જાય તેમ; તળાસ; બનવરોધ; તળિયે પણ કંઈ રહેવા પામેલું હોય નહિ તેમ; બધું ફના થઈ ગયેલ હોય તેમ.

ઈ હાડ ને ઈ હાડ, ઈજ ચોમ ઈ બાડપણ.
બારેખડ ઉઘાડ, **તળિયાઝાટક** તેજપુરી. બિહારી

તળિયાટી સ્ત્રી. બાર નીચેની જમીન.

તળિયાટો પું. છેવટનો ભાગ; નીચેનો ભાગ

તળિયારું ૧. ન. બરથ.

૨. ન. તળિયું; તળું; નીચેનો કે બંદરનો ભાગ.

૩. ન. નીચેનો ભાગ.

૪. ન. પેટ દસરામાં બા બર્થમાં વપરાય છે.

૫ વિ. બંદરબાનેથી ભરપૂર; બાલી દેખાતું છતાં ભરેલું.

તળિયારું ઢાકું હોવું = (૧) બાંકે બરથ થવો કે હોવો; બંદરબાનેથી ભરપૂર હોવું; દમડી બકુ હોવી (૨) સંતોષ થવો કે હોવો; નિરાંત થવી; તૃપ્તિ થવી કે હોવી.

તળિયાંમૂળ ન. ઉખેડ્યું બીજું મૂળિયું.

દુબળો રબે તો નિહાલ કરે
નહિતર કાઢે **તળિયાંમૂળ** લોકોક્તિ

તળિયું ૧. ન. બસલ સ્થાન; બાસન.

૨. ન. બંત.કરબ.

૩. ન. ઊંડાબુનો ભાગ; જેની ઉપર બાધાર રખાય તે ભાગ; મૂળ

તળિયાના ભાગમાં = નીચલા ભાગમાં

૪. ન. એ નામનું એક જાતનું સાકરટેટી જેવું ફળ; તડબૂચ; રેતીમાં થતું એક જાતનું ચીકડું; બાકાશું; નદી બથવા બેતરમાં વવાતાં બિયાંના વેલાનાં ફળ; દશાગુલ; બર્બુજ.

૫. ન. કોઈ પણ ચીજનો તળેનો ભાગ; ઊભી નીચલી સપાટી; બૂધુ; નળ; તળું; નીચેનો ભાગ; કોઈ ચીજનો છેક નીચેનો ભાગ.

૧. તળિયાં ચાટવાં = બહુ ખુશામદ કરવી; બહુ મેરબાનદારી કરવામાં લાગ્યું રહેવું.

૨. તળિયું ઝાલવું = (૧) ખૂબ પ્રયત્નપૂર્વક; કોક દર્ઈ હસકું પડવું. (૨) સાફ કરી નાખવું; સપાટ કરવું; ઉઘાડી દેવું; તળિયાઝાટક કરવું; ખુટાડી દેવું; બત્તીબમ કરવું.

૬. ન. જોડાની નીચેનું તળું

૭. ન. ચાળું; નવ.ચુની ઊંડાઈનો છેડો.

૮. ન. પત્રનો છેક નીચેનો ભાગ, પત્રની પાની; પત્રનો જમીનને અડતો ભાગ

તળિયું બજવાળવું = પત્રના તળિયામાં બળ બાવવાથી બજવાળવું. બાને માન્યનું સૂચક માનવામાં બાવે છે.

૯. ન. પાયો; પરથાર; મંડાણવાળો ભાગ.

૧૦. ન. ચેપણી; પડવી.

૧૧. વ. બાજુ; નદીનું તળિયું.
૧૨. વ. વહાણનું ખોખું.
૧૩. વ. વિશ્રાંતિનું સ્થાન; સર્વ સાધનનું મૂળ. જેમકે, તળિયું ટાઢું કરીને બેસો વાનપ્રસ્થ થયો છે.
૧૪. વ. હદ; છેડો; પાર.

તળિયે ૧. અ. ઊંડાણે; ઊંચેરું; આખરે.
૨. અ. નીચે; હેઠળ.

તળી ૧. સ્ત્રી. અસ્તર; રંગનું નીચે ઢંકાઈ જતું પડ; રંગનો પહેલો હાથ.
૨. સ્ત્રી. ભોંયની અંદર બંધબેસતો ગામડાનો ઘરનો ઢાલો; તળની ભોંયલે ભોંયમાં પગના તળિયાને અડીને રહેતી ગામડાની ચુંવાળી પટી; મુખતળી; પગરખાં માંહેની નીચેની પટી.
૩. સ્ત્રી. ભોંયનું તળિયું; ગામ. જેમકે, ઓક તળીનો ભોંયો
૧. તળી પહરી = પગના તળિયાં ઝાળાં થવાં.
૨. તળી મારવી = ગામ ગયાની રીપેર કરવું.
૪. સ્ત્રી. (વહાણવટું) પારી; ખૂપાનું સાધ બેસાડવા માટે બાકી પાડી પાણ ઉપર રાખવામાં આવતી લાકડાની લાબચોરસ પાટલી; 'બારક સ્ટેપ.' જેમાં બીજા નથી ભરાતા.
૫. સ્ત્રી. સરોવર કે તળાવમાં પાણી સુકાઈ ગયા પછી સુકાયેલી માટીનો થર; નદી કાંઠા પાસેનો નીચાણો ભાગ. તળીની માટી ખાતર તરીકે બહુ ઉપયોગી છે.
૬. સ્ત્રી. સિમેંટના થાટામાં કે ભોંયા પથ્થરની પાટો અને ચૂનો નાખી સરખું બનાવવું તે.

તળીચૂરી સ્ત્રી. તળ્યું ચૂરમું

તળુયાં ન. બ વ. તળિયાં; તળાં.
બુએ નાર તળુયાં ઉિસે પમ પગે.
પ્રેમાનંદ

તળું ૧. ન. જેની ઉપર ઊપણી બનાવટ જોવાની હોય તે ગંડાણું; પાયો; તલસ્થાન.
૨. ન. ભોંયાનું નીચેનું પડ; તળિયું; નીચેનું ગામડાનું પડ.
૩. ન. ઢોલાણ.
૪. ન. તડબૂચ.
૫. ન. પગનું તળિયું.
૬. ન. ભોંયણી; નીચાણો ભાગ પટ ભોંયીને રહેતો ભાગ; તળ; મૂળ; તળિયું; ઊંડા નીચેનો ભાગ.
૭. ન. ઝીણી ચુના ઈંટિમ.

તળે ૧. અ ક્રમમાં પછી.
૨. [સં તલે] અ. નીચે; હેઠે; તળિયે; હેઠળ.
૧. તળે તળે ઠેબવું = છુપી રીતે ભોંવું
૨. તળે પડવું = (૧) જમીન ઉપર ચવું. (૨) નીચે પડવું. (૩) કાદામાં પડવું; પરસ્વાધીન થઈ જવું; બીજાને કબજે પડવું; સ્વાતંત્ર્ય ગુમાવી બીજાને વશ કે આધીન રહેવું પડે એવી સ્થિતિમાં પડવું. (૪) સંબોગ વગરે ચવું સૂવું.

તળે ઉપર ૧. વ. બેચેની; તાલાવેલી; અજંપો; ઉત્સુકતા.
૨. વિ. ઉત્સુક.
૩. વિ બેચેન; ગભરાયેલું.
૪. અ. ઉપરનું નીચે અને નીચેનું ઉપર; ઊલટપાલટ; હેઠ ઉપર; ઉપર નીચે.
૧. છત્ર તળે ઉપર થયો = છત્ર ગભરાયો.
૨. તળે ઉપર થવું-થઈ રહેવું = બહુ જ આતુર થઈ જવું; જરા પણ વાર થતાં અકળાઈ જવું; બહુ આતુરતાથી રાહ જોવી; તલપાપડ થઈ જવું; વિલંબ થવાથી કે બીજા કોઈ કારણથી તાલાવેલી લાગી; તલસી રહેવું; ઊંડા પાણે થઈ રહેવું; ચુસ્સાવાનું થવું; અધીરા બનવું
૩. તળેની જમીન ઉપર લાવી = બધી મૂંઝવણ આપવી. બહુ ગભરામણ બતાવવા માટે વપરાય છે.

તળેટી સ્ત્રી. પર્વતની નીચેનો ભાગ કે પ્રદેશ; ડુંગરનો નીચેનો ભાગ; પર્વતની આજુબાજુનો નીચાણનો પ્રદેશ; તળાટી.

તળેઠું ન ગામની જમીન.

તળેપિયા ૧. સ્ત્રી. ગુજરાત તરફ રહેતી અને મજૂરી અથવા ખેતીનો ધધો કરતી એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

તળોઢ ૧. પું. તળિયાનો ઢોલો ભાગ; તળિયે રહી પડેલો કૂચોકચરો; કચલાંબંધ કોઈ વસ્તુનો તળિયાનો ભાગ.
તળોઢનો માલ = તળિયે પડી રહેલો હલકા પ્રકારનો માલ.
૨. ન. ભોંયમાટીમાં સપરમા ઉપરના ભોંયના પગલા ખીલાની મજબૂતી જળવાઈ રહે.

તળોટી પું. (કચ્છી) જકાત લેનાર.

તળ્યુંતાવ્યું વિ. તળેલું અને તાવેલું એવું; ઘી, તેલ વગેરેમાં અગ્નિમાં પાકેલું એવું; શુદ્ધ અભક્ષ્ય નહિ એવું; પવિત્ર; અમૃતબાદી. એમ કહેવાય છે કે, તળેલું અન્ન અભક્ષ્ય નથી.
તળ્યુંતાવ્યું અને કારીગરે જઈ આવ્યું એનો લેખ નહિ, તે પવિત્ર જ ગણાય. લોકોક્તિ

તં ૧. [સં.] સ્ત્રી. નાવ; નૌકા.
૨. અ. (બ્રજ) તેમ.
તં બણી રહ્યો વીનવાઉ સ્વામિ,
ઊપર કાંઈ પાઉ ઠવઈ.

તંઈ અ. ત્યારે; તેંયે; તો પછી.

તંઈ ૧. [સં.] વ. ક્રિ. મુરલીમાં રહેલું, મંત્રપૂર્વક ફૂંકવું.
૨. વ. ક્રિ. સહન કરવું; ખમવું.
૩. વ. ક્રિ. હસવું

તંઉ ૧. [સં.] પું. મંત્રપૂર્વક ફૂંકવું તે.
૨. પું. કુદાકો.
૩. પું. જપ.
૪. પું. તાપ.
૫. પું. દુઃખ.
૬. પું. પથ્થર કાપવાનું ટાકણું.
૭. પું. પહેરવાનું વસ્ત્ર.
૮. પું. પ્રિય ચિહ્ન.
૯ પું. ભય; બીક.
૧૦. પું વિરોધ.

તંઉન ૧. [સં.] વ. મંત્રપૂર્વક ફૂંકવું તે.
૨. વ. પહેરવું તે; સહન કરવું તે.
૩. વ. હસવું તે.

તંઉરા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૩૦ ગુરુ અને ૪૯ ગુરુ મળી ૭૯ અક્ષર અને ૧૨૮ માત્રા હોય છે
૨. સ્ત્રી. (સંગીત) મેઘ રાગની એક રાગણી.

તંકારી સ્ત્રી. એ નામનું એક ઝાડ; ટંકારી. તે જંગલમાં બહુ થાય છે. તેનાં પાંદડાં સંપોતસ્ત હોય છે. ફૂલના બેદને લીધે તેની બણી જાત થાય છે. કોઈમાં લાલ, કોઈમાં ગુલાબી અને કોઈમાં ધોળાં ફૂલ આવે છે. ફૂલ મુગ્ધકાર હોય છે, તે ખરી જાય એટલે ફળોના ગુચ્છા આવે છે. તેનો સ્વાદ કટુ હોય છે. તે વાત અને કફને મટાડનાર તેમ જ અગ્નિદીપક મનાય છે. તંકારી ઉદરરોગ અને વિસર્પરોગમાં પણ અપાય છે.

તંકિયા ૧. [અ.] પું. અનાજ સોવું તે.
૨. પું. નિશ્ચય; ઠરાવ.
૩. પું. રેમ લેવો તે.

તંકીદ ૧. [અ. નક્ક (નર ખેંચવું)] સ્ત્રી. (વૈદક) આતરડાં સાફ કરવાં તે.
૨. સ્ત્રી. તકરારનો ફેંસલો કરવો તે.
તકીદ કરવું = નક્કી કરવું.
૩. સ્ત્રી. તપાસ કરવી તે.
૪. સ્ત્રી. સાફ કરવું તે.
૫. સ્ત્રી. હિસાબ તપાસવો તે.

તંખ્યું ન. તબૂચલું; વાસણનો નાનો કટકો.

તંખવાહ જી ટૂંકી; 'ડૂક.'

તંગ ૧. પું. ઘોડાની પીઠ ઉપરનો સામાન ખોગીર, જીન વગેરે બસી બધ નહિ તે માટે તેની આગી અને પેટ વચ્ચે ખેંચીને બાંધવામાં આવતો બંધ; ઘોડાને પેટે બાંધવાનો પટો; કમરબધ. ઊંટને પણ આવો પટો બાંધવામાં આવે છે

૧. તંગ કસવો-ખેંચવો = ઘોડાનો પટો તાણવો; ખેંચીને પટો બાંધવો.

૨. તંગ મોકળા થવા-રહેવા = એકદમ બહુ જ ભયભીત દશામાં આવી પડવું.

૩. તંગની સેર = ઘોડાના જીનનો એક ભાગ; તંગની સામી બાજુનું તસમુ.

૨. [સં.] પું. ઝાલરું; ઘોડા, બળદ કે ઊંટના કારનો બધો ભાગ.

૩. સ્ત્રી. બે બાજુ પાનાં તથા વચમા બાંધવાળું રેખાને મળતું હથિયાર; તંગફરમા તંગ મારવાનું હથિયાર; સિક્કિમ બનાવવાનું એક હથિયાર.

૪. વિ. બહુ.

૫. વિ. કઠણ; વિષમ.

૬. વિ. કસી કે ખેંચીને બાંધેલું; જિકાતું; સીકવાતું; તાણેલું; ખેંચેલું; સંકુચિત; ચપસીને આવી રહેતું; તાણીને ખેંચેલું; કસેલ

૭. વિ. કાયર; કંટાળેલું.

૮. વિ. ટૂંકું અને પરાણે પહોંચી રહે એવું; અપર્યાપ્ત.

આહ બહુ.ઈની સ્તબ્ધ ! કેવી તું સંગ દિલથી થું ?
પ્રેમ તેમ-કુરબાન બધે ! દિલ મેહમાન કે ન કે !
અજેદોમિ

૯. વિ. નાણાં કે વેપારની બાબતમાં તંગીની હાલત હોય એવું; ઘટ વગરનું.

૧૦. વિ. નિર્ધન; ગરીબ.

૧. તંગ હાથ થવું = નિર્ધન બનું.

૨. હાથ તંગ હોવો = પૈસા ન હોવા; ધનહીન હોવું.

૧૧. વિ. બે વસ્તુની વચમાં કંઈ પણ અંતર ન રહેતાં ઊભા જ પાસે આવી રહેલું હોય તેવું.

૧૨. વિ ખેસતું; બંધબેસતું; કરવથી વગરનું, તણાઈ ને આવા રહેતું

૧૩. [સં.] વિ. મજબૂત; સખત; તદ્દિગતુમ; સજ્જડ; તણ તું; દઢ.

આ તંગ અંગે અંગ પ્રભુપદ પંકજે પ્રણમાય ના;
કયા ચિત્ર અવકાપણીડભજન જાનથી ય જાલય ના.
વિહારી

૧૪. વિ. મુશ્કેલ.

૧ તંગ આવવું-થવું = (૧) મુશ્કેલીમા આવવું. (૨) હેરાન થવું; પજવાવું.

૨. બ તંગ આવવું = તંગ થવું.

૧૫. વિ. સાકડું.

જીવ તંગ થવો-રહેવો-હોવો થવો = (૧) આતુર રહેવું કે થવું. (૨) પૈસા બરબાદમાં મન સાંકડું કરવું. (૩) ગેરેની લાગણી.

૧૬ વિ. હવાથી પણ આવજા ન થાય એવું; અધિકાર; વાયુપ્રતિબંધક; વાતાગમ; વાતાભેદ.

૧૭. વિ. (જાર) હેરાન; દુઃખી.

૧. તંગ આવવું = દુઃખી થવું.

૨ તંગ કરવું = (૧) જુલમ કરવો. (૨) દુઃખ દેવું. (૩) હરજ પહોંચી. (૪) મજબૂત કરવું; ખેંચવું. (૫) સકોચવું.

તંગખુલ ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. પ્ર. એ નામની જાતનું માણસ. આ જાતના લોકો મણિપુર રાજ્યમાં વસે છે. પ્રવાસીના જેવો દેખાવ થાય તેમ તેઓ પોતાના વાળ મૂકે છે. તેઓ ઊંચા અને દેખાવે સુંદર હોય છે

૩. વિ. એ નામની જાતનું.

તંગચરમ [સં.] વિ. બોળી; કંજૂસ

તંગચાઈ ૧. [સં.] સ્ત્રી. ગરીબાઈ; દુઃખ.

૨. સ્ત્રી. બોજા.

૩. સ્ત્રી. સંકડામણ.

તંગડી (તગડી) ૧. [સં. તંગ] સ્ત્રી. ચીજવસ્તુ ઉપાડવાનું દોરડાનું બનેલું જાળવું. તે ઝાડની સૌંદરીને ગૂંથીને બનાવવામાં આવે છે. જાડવી લોકો તેમાં બકાલાના ટોપલા ઘોડા ઉપર લાવવા બનાવે છે.

૨. સ્ત્રી. દાંતિયા કંકાલ જેવી બેસતી ને દૂરી ઓરણી; સંપણી; ચડ્ડો; લેવી, બખિયું.

૩. સ્ત્રી. દાંતિયો; પક્ષ; ટંગડી

તંગડું (તગડું) જુઓ તંગડી

તંગડો (તગડો) પું. તંગ; ઘોડાનો પટો.

તંગણ પું. (પુરાણ) એ નામનો એક ભારતવર્ષીય દેશ.

તંગતોડ (તગતોડ) પું. ઘોડાની એક ખોટ; ઘોડાને તંગની બહાર રહેતી બગરી.

તંગદરા સ્ત્રી. બે ટેકરી વચ્ચેનો સાંકડો માર્ગ.

તંગદસ્ત ૧. [સં. તંગ (ખેંચાણો) + દસ્ત (હાથ)] વિ. કંજૂસ; બખીલ; મક્ખીચૂસ; કૃપણ.

૨. વિ. ગરીબ; દરિદ્રો; નિર્ધન.

૩. વિ. મુફલિસ; લાચાર.

તંગદસ્તી ૧. [સં.] સ્ત્રી. કૃપણતા; કંજૂસાઈ.

૨. સ્ત્રી. લાચારી; મુફલિસી.

૩. સ્ત્રી. હાથની ખેંચ; હાથની સાકડાશ, તગી, ગરીબાઈ; નિર્ધનતા; દારિદ્ર.

તંગદસ્તી ભોગવી = હાથ ન પહોંચવો; નિરાધાર હોવું; લાચારી ભોગવવી; ગરીબ હોવું.

તંગદહન ૧. [સં.] સ્ત્રી. માણસનું એક ઉપનામ.

૨. વિ. નાના મુખવાળું.

તંગદિલ ૧. [સં. તંગ (સાંકડું) + દિલ (મન)] વિ. કંજૂસ; બોળી; કૃપણ; બખીલ; સાકડા મનનું.

૨. વિ ગરીબ; નિર્ધન.

૩. વિ. વૈમનસ્યવાળું.

તંગદિલી ૧. [સં.] સ્ત્રી. કંજૂસાઈ; બોળ.

૨. સ્ત્રી. ગરીબાઈ

૩. સ્ત્રી. વૈમનસ્ય.

ક્યાં બદા કરે તેવી ચિંતો ધીમે ધીમે એક પછી એક આવતી ગઈ, તેમ તેમ તે બાજીને બાલુ તંગદિલીમાં વધારે થતો જતો હતો.
હરિજનબધુ

તંગપડ (તગપડ) પ્ર. પૃથ્વીનું પડ. એને માટે વિજ્ઞાનમાં એમ ઉલ્લેખ છે કે: પૃથ્વીના તંગપડનું ઠલાણ અને ઊંચુંનીચું થવું એ બવંકર બળ છે.

તંગફેલફેલ [અ. ટંગ (જીભ) + ફલાહ (વીસી મારવાનું એક હથિયાર)] પ્ર. વીસી મારી ચતો પાટિયાનો સાંધો.

તંગફેલફેલ જી. એ નામનું ઘોડાનું એક હથિયાર; લાકડાના પાટિયાની ધાર બંધબેસતી કરવાનું સાધન.

તંગબજાર સ્ત્રી. બજારની બબર; બજારમાં માલ કરતાં માલ ઓછો આવે તે સ્થિતિ. બજારમાં માગ કરતાં માલ ઓછો આવે ત્યારે બજાર તંગ થઈ કહેવાય છે.

તંગલ ૧. [અ.] પું. નાનું તળાવ.

૨. સ્ત્રી. તરવાર.

રોહ્યાની માનસાઈ તંગલ બબાનાં બાબાં બઈ રહી છે.
દાદાકાની વાતો

૩. સ્ત્રી.બ. એકવડા બાબાનું જોકરનિ કમને પહેરવાનું કુંડળ; કાનમાં પહેરવાનું એક જાતનું બાળી કે કડી જેવું ઘરેણું

કાક કુંડળ કો કાનમેં, ત્યાંહા તંગલ લોરાતાર,
મુખર્યું મુગટ શિર ઉપરે, મન્ય મન્ય ઘરે મોરાર.
નિષ્કુળાનદ

તંગવકરા પું. બડીનો પ્રસંગ; કટોકટીનો પ્રસંગ; કટોકટીનો સમય કે મામલો.

તંગહાલ ૧ [સં.] વિ. નિર્ધન; ગરીબ.

૨. વિ. બીમાર; રોગગ્રસ્ત.

૩. વિ. વિપદગ્રસ્ત; વિપત્તિમાં આવી પડેલું.

૪. વ. બહુ જ બરાબ સજોગોમાં.

૫. વ. મરી જવાની તૈયારીમાં.

તંગહાલી [સં.] સ્ત્રી. ગરીબાઈ.

તંગા [હિ] પું. બે પૈસાની કીમતનો એક સિક્કો.

તંબારા ૧. સ્ત્રી. તાપ; તંબી; બીક; સંકોચ; ઓછપ; ક્રમીના; તોટો; અછત; ખામી.
૨. સ્ત્રી. નાણાની બીકથી થતી મૂંઝવણ.

તંબિયો ૧. પું. તંબ રહે એવો કળણે.
૨. પું. તંબડી; નાની સૂયણી; ખંબિયો; પુરુષને ગોઠણ સુધી પહેરવાનું સીવેલું કપડું; નાની સૂંયણી; કેડથી તે ખંભ સુધી બેસતું આવતું સીવેલું લૂગડું; ચકો; ચોયી; સુરવાળ; કૅન્ટર; પામળમો.

તંબી ૧. સ્ત્રી. અછત; ઓછપ; કોતાર્ય; તાપ; ન્યૂનતા.
તંબી પડવી = તાપ પડવો; ઓછું મળવું. અછત પડવા.
૨. [કા.] સ્ત્રી. અરીનો વખત.
૩. સ્ત્રી. કોયળી
૪ સ્ત્રી. કરીનાઈ, નિર્ધનતા; નાણાની બીકની કે મોંઘવારીની મૂંઝવણ; આડી હાલત; લાચારી. પૈસા અથવા કરકોડ ચીજનું ઓછું હોવું તે.
તંબી કરવી = ગોબી થવું.
૫. સ્ત્રી. ઘોડાના કાનને બાંધવામાં આવતો ચામડાનો કે કપડાનો પટો.
૬. સ્ત્રી. તંગાશ; બીક; સંકોચ; ખેંચ; સંકડાશ.
તંબી ચડવી = બીક સહેવી કે ભોગવવી.
૭. સ્ત્રી. દુઃખ; તકલીફ; ક્લેશ.
તંબી એ ગીર = કામની સંકડામણ; કામની તકલીફ.

તંબુલ સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષા.

તંબીન ન. આકાશકરકરમાં ઊગતું એ નામનું એક પ્રેરી ઝાડ. આ.ઉ આકાશકરકરમાં દોષિત માણસના ગુના અથવા નિર્દોષતાની ખાતરી કરવા તે વપરાતું.

તંમ્ ૧. [સં] અ ક્રિ. જવું.
૨. અ. ક્રિ. સનોબાનું; આમતો ભાવો.

તંમજહા [પ્રા.] અ. તે આ પ્રમાણે.

તંબ્બરી ૧. સ્ત્રી. તાન્જોર કે તંબ્બર નામના લોકની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩ ન. એ નામનું દક્ષિણ હિંદનું એક ગામ.
૪. વિ. એ નામની જાતનું.
૫. વિ તાન્જોર કે તંબ્બરનું; તાંબ્બર સબંધી.

તંબ્બુ પું. પરમાણુના મુખ્ય ભાગોનો એક શબ્દ.

તંબ્બેબ [ફા.] સ્ત્રી ભરતખંડમાં પૂર્વે થતું એક જાતનું કાપડ; એક પ્રકારનું મલમલ.

તંમ ૧. [અ] સ્ત્રી. આનંદ; મશ્કરી.
૨. સ્ત્રી મહેનત મારવા તે.
તંમ કરવું = મહેનત મારવું.

તંમઅન ૧. [અ.] અ. કટાક્ષમાં.
૨. અ. મહેનત મારીને; મહેનતાંરપે.

તંમીમ ૧. [અ.] સ્ત્રી. એકસૂત્ર કરવું તે; સંગઠન.
૨. સ્ત્રી. મુસલમાન લોકોની સંગઠનની ચળવળ

તંલ્લ ૧. [અ.] પું. કંજિયો.
૨. વિ. પાપી.

તંલ્લબારી [અ.] પું. કંજિયાખોર માણસ.

તંલ્લા જુઓ તલ્લ.

તંવિ પું. વજીર.

તંહો પું. ટહો; કંજિયો.

તંક ૧. [સં] પું. એ નામનો એક ઋષિ.
૨. [સં. તાંડવ] પું. નૃત્ય; નાચ.

તંકક ૧. [સં.] પું. બંજર પથ્થર; દીવાળી પોડો.
૨. પું ડમરો.
૩. પું. બહુરૂપી પુરુષ.
૪. ન. ઘર બાંધવું તે કામ; ઘરનો સીધો બાંધકામ.
૫. ન. ઝાડની મોટી શાખા.
૬. ન. પરિષ્કાર
૭. ન. પુષ્કળ સમાસવાળું વાક્ય.
૮. ન. ઘીયુ.
૯. વિ. કતલ કરનાર; પાસે રહી બાતમી કરનાર
૧૦. વિ. મારવાળી; કપટી બદમાશ.

તંકવ [સં. તાડવ] ન. (પ્રાકૃત) નૃત્ય; નાચ.

તંકા [સં.] સ્ત્રી. પ્રહાર; માર.

તંકિ [સં.] પું. (પુરાણ) અંગિરસ કુળમાં થયેલો એ નામનો એક ઋષિ. તેણે દસ હજાર વર્ષ તપ કરીને શિવને પ્રસન્ન કર્યા હતા. એની મારફત ઉપમન્યુ ઋષિને શિવસહસ્રનામયુક્ત દીક્ષા મળી હતી.

તંકુ ૧. [સં.] પું. શિવનો એક અનુચર. તે સંગીત કળામાં પ્રવીણ હતો. તેણે તાંડવ નૃત્ય શોધ્યું હોવ એમ મનાય છે. એમ પણ કહેવાય છે કે તાંડવના કર્તા જો મહાદેવે તંકુ મુનિને તાંડવ નૃત્ય શીખવ્યું હતું અને તંકુ મુનિએ અપ્સરા, ગંધર્વ વગેરેને શીખવ્યું હતું.
૨. પું. શિવનો દ્વારપાળ નંદિકેશ્વર.

તંકુરણ [સં.] પું. ચોખાનું પાણી.

તંકુરોષ્ણ ૧. [સં.] પું. દીવો.
૨. ન. ચોખાનું ધોયું કે પાણી.
૩. વિ. મૂર્ખ, અધમ; નીચ

તંકુલ ૧. [સ.] પું. એક જાતનું વજન; આઠ ધોગા સરભર વજનનું વજન. હીરા, રત્ન વગેરે તોળવા માટે તે વપરાય છે.
૨૦ તંકુલ = ૧ પગ્લ.
૮ તંકુલ = ૧ માસા અથવા માષ.
૧૬ માષ = ૧ કર્ષ
૨. પું. એક જાતનું ઝાડ.
૩. પું. ચોખા; ચાવલ; ભાત; તંકુલ. ડાંગરને ખાંડીને કાઢેલા કણ
૪ પું. દીંબરૂનું ઝાડ.
૫ પું. હોતરાં વગરનું ધાન્ય.
૬. પું. ચાવડિગ.

તંકુલજલ [સં.] ન. (વૈદક) ચોખાનું પાણી. તે બહુ હિતકર મનાય છે. તે બે પ્રકારે તૈયાર થાય છે. (૧) ચોખાને કૂટી આઠગણા પાણીમાં પકાવી ગળી લેવા. આ રીત ઉત્તમ મનાય છે. (૨) ચોખાને થોડો વખત પાણીમાં ભીંજવી ગળી લેવા. આ રીત સાધારણ મનાય છે

તંકુલપરીક્ષા [સં] સ્ત્રી. એક જાતનું દિવ્ય; ચોર વગેરેએ ચોરી કરેલી છે કે નહિ તે માટે અમુક મંત્રેલા ચોખા ચવરાવી પરીક્ષા કરવી તે.

તંકુલપેલા સ્ત્રી. પીપર.

તંકુલબીજ પું તાંદળજો.

તંકુલમજ્જ ન. હીરાની કીમત કરવાનું એક માપ.
૨૦ તંકુલમજ્જ = ૬૦૦૦ ગ્રામ્યાંશુ.

તંકુલા [સં.] સ્ત્રી. ચાવડિગ તે તાંદળજા જેવા સ્વરૂપમાં થાય છે. તેનાં ફળ એક ગ્રામ્યસ્ત્રીએ ચટણી છે માટે તેને તંકુલા કહે છે.

તંકુલાંબુ [સં તંકુલ (ચોખા) + અંબુ (પાણી)] ન. ચોખાનું ધોયું કે પાણી.

તંકુલિકાક્રમ [સં.] પું. તે નામનું એક તીર્થ.

તંકુલિયા (સં. તંકુલ] સ્ત્રી. (હિંદી) એક જાતનું ઝાડ; ચોલાઈ.

તંકુલી જુઓ તંકુલીય.

તંકુલીક જુઓ તંકુલીય.

તંકુલીય ૧. [સં] પું. એક જાતનો ખનીજ પદાર્થ.
૨. પું. ડીમડો; એક જાતની ભાજી.
૩. પું. તાંદળજો.
૪. પું. ચાવડિગ.

તંકુલીયક જુઓ તંકુલીય.

તંકુલૈરક જુઓ તંકુલીય.

તંકુલોદક [સં. તંકુલ (ચોખા) + ઉદક (પાણી)] ન. ચોખાનું ધોયું કે પાણી.

તંકુલોદ્ભવ ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; તવખીર.
૨. ન. ચોખાના લોટમાંથી નિતારીને કાઢેલું તત્ત્વ.

તંદોલ પું. ચારવો; ખલાસી.

તંત ૧. પું. આતુરતા.
૨. પું. કંજિયો; કંકાસ.
૩. પું. પેઢો; પીઢો; ભાર.
૪. પું. ખેંચતાણ.
૫. પું. જરૂરનું તત્ત્વ; ખાસ સિદ્ધાંત.
૬. પું. ઠકઠક કરતાં જેનો પાર જ આવે નહિ એવી લાંબી તકરાર; કંટાળો ઉત્પન્ન કરે એવી પંચાત; દલીલ; વાદ; વાદવિવાદ.
તંત તાણવો–લાંબવો = વાદ કરવો.
૭. પું. ટાંટું; ખરો પ્રસંગ.
૮. પું. તત્ત્વ; સાર.
૯. પું. તંતુવાદ્ય.
૧૦. પું. (હિંદી) તંત્રવાદ્ય.
૧૧. પું. તાંતણો. તાર; લાંબો દોરો; તંતુ; ખેંચતાં જેનો પાર કે છેડો આવે નહિ એવો તાંતણો.
તંત તાણ્યો = દોરો ખેંચ્યો.
૧૨. પું. તેરની સંખ્યા.
તંત તસાં, ત્રિયસિય સસં, રૂદ્ર માનવિયાં રાચ;
સતસાં મે અદ્ધ ત્રિસ્વિસ, પૂગ્યો ઈંદ્ર પચાસ.
હોરસહિત
૧૩. પું. પ્રબળ ઇચ્છા.
૧૪. પું. ક્રમ; ટેક; હઠ; આગ્રહ; વારંવાર એકની એક કે એની એ જ બાબત આગ્રહ ભાણી કંજિયો લંબાવ્યા કરવો તે.
તંત લેવો = ની પાછળ પડવું.
૧૫. પું. મંત્ર.
૧૬. પું. વશ; અધીનતા.
તાબું નહિ મરી તત, દુલાસનમાં પડી ધોંસ;
એવા પર પડી એક, ન ઈપ્યું મારી હથેળ.
કાન્હરાજ
૧૭. પું. ચાલિત્ર; તાંતવાળું વાદ્યિત્ર.
૧૮. પું. વાત.
સહદેવ જોશી બલે તત. પ્રેમાનંદ
૧૯. પું. વિદ્યા.
૨૦. પું. વેદ અને શાસ્ત્ર; ક્રમનિયમ.
૨૧. પું. રોગ.
૨૨. પું. સમાધિ.
૨૩. પું. સૂત્ર; શાસ્ત્ર.
૨૪ વિ. અત્યંત; અતિશય.
૨૫ વિ. ખિન્ન થયેલ; બેદ પામેલ.
૨૬. વિ. આખું ને આખું; એકસરખું; લાંબું; અનંત.
૨૭. વિ. પછીનું.
૨૮. અ. તાન
૨૯. અ. પૂર્ણ રીતે.
૩૦. અ. પોતાની જાતને; આત્મસ્વરૂપને.
૩૧. અ. સમ્યક્ રીતે.

તંતડીક (તંતડીક) જ. કોકડું.

તંતનાહટ ૧. [જ.] પું. અભિમાન, મગરૂરી
૨. પું. નકામો ગુસ્સો.
૩. પું. મગરૂરીનો આનંદ; મજા.
૪. પું. સત્તાનો દેખાવ.

તંતનાહટ સ્ત્રી સોજાથી થતી તીવ્ર વેદના.

તંતની ૧. સ્ત્રી. એક પક્ષી.
૨. સ્ત્રી. તારવાળું એક વાદ્યિત્ર; તુનતુની.
એસેકું ખોટા તેસ, તેસેકું બીજા વાઈ,
તીન હોકે તંતની બનઈ. લોકોક્તિ

તંતર ૧. જ. કંટાળા ભરેલું કામ.
૨. જ. કંટાળો ઉત્પન્ન કરે એવો વાદવિવાદ; ટકટક કરતાં જેનો પાર જ આવે નહિ એવી લાંબી તકરાર.
૩. જ. તત્ત્વ
૪. [સં. તન્તુ] જ. તાર; લાંબો દોરો; તાંતણો, તંત
૫. જ. ધાર્મિક ક્રિયા; પોરણ; પ્રાનથી ઊલટી ક્રિયા.
૬. જ. મન સંબંધી અથવા આધ્યાત્મિક પ્રયત્નથી ઊભું કરીને થતું કર્મ.
૭. જ. ક્રમ; ટેક; હઠ; આગ્રહ; વારંવાર એકની એક અથવા એની એ જ વાત આગ્રહ ભાણી કંજિયો લંબાવ્યા કરવો તે.
૮. જ. મંત્ર.
૯. જ. મુખ્ય સિદ્ધાંત.
૧૦. જ. વહીવટ.
૧૧. જ. લાગવગબાજી.

તંતરબંધી સ્ત્રી. જાદુ જેવો ખેલ

તંતરવું ૧. અ. ક્રિ. ઊતરવું; ઓગળવું; તંત્રાદિથી વશ કરી ક્રમમાં નાખીને પૂરી લેવું; બાંધ્યા નાંખવું; ભોગવીને પોતાનું કરી લેવું.
૨. સ. ક્રિ. સંબોધ કરવો; પ્રેર્ય કોને ઉદ્દેશીને તેની સાથે સંબોધ કરવો.

તંતરી પું. તંત્રી; તંતુવાદ્ય બજાવનાર માણસ.

તંતરીખ જ. એ નામનું એક ઔષધ.

તંતવ પું. ભોળા ભક્તોના પ્રમાણે વિષ્ણુના સત્તર માંહેનો પંદરમો અવતાર.

તંતવાદ્ય જ. તંતુવાદ્ય; તાંત કે તાર ચડાવેલું વાદ્ય. સારંગી, સિતાર, તંબૂરો, દિલરુબા, સિતાર, બીન વગેરે તંતુવાદ્ય કહેવાય છે.

તંતસમા પું. ખરો વખત.

તંતા ૧. પું. ઊંટ, ઘોડા વગેરેની દોરી.
૨. પું. ઝાર.

તંતાઝેં સ્ત્રી. તકરારી.

તંતિ ૧. પું. (પુરાણ) ધ્રુવ પરાશર કુળનો એ નામનો એક ઋષિ.
૨. પું. વસુકર
૩. [સં.] સ્ત્રી. ગૌ; ગાય.
૪. સ્ત્રી (જા. ગુ.) ચિંતા
૫. સ્ત્રી લાંબી પ્રસારેલી હરોળ

તંતિપા પું. (ઔદિ) ચોરાશી મહદિનો એ નામનો એક સિદ્ધ

તંતિપાલ ૧. પું. ગાયોની પરીક્ષા કરનાર પુરુષ.
૨. [સં.] પું. ગાયોની રક્ષા કરનાર પુરુષ; ગોવાળ.
૩. પું. ઘોડાનો અજ્ઞાતવાસ; નિકુલ.
૪. પું. (પુરાણ) પાંડવ મહદેવે અજ્ઞાતવાસમાં વિરાટને ત્યાં ધારણ કરેલું નામ.

તંતિપાલક [સં.] પું. પાંડવ નકુલ.

તંતિર જ (જા. ગુ.) તાંતણો; તંતુ.

તંતિલોય પું. એ નામનો એક રૂપેરી પદાર્થ.

તંતી ૧. સ્ત્રી એ નામની ક્ષુપજાતિની એક અટક.
૨. [પ્રા.] સ્ત્રી. તાંત; ચામડાની દોરી.
૩. સ્ત્રી વીણા.
૪. જ. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું
૬ વિ. તંત કરનાર; કડીલું; દુરામણી; જાકી.
તંતી ગાવું ન તાણીએ, તાણ્યે તૂટી જાય,
એ દટણા પણી સાંધીએ ગાંઠ પડે વચમાંય.
દલપતરામ

તંતીરો પું. એક ઇચ્છનું; કથીરો.

તંતીલું વિ. તંતવાળું; જાકી; કડીલું; વાદીલું; દુરામણી; જિદ્દી.

તંતુ ૧. [સં.] પું. અસલ; મૂળ; બીજાંકુર; જેમાંથી વૃક્ષ કે વંશ વધીને મોટો થાય છે તે મૂળભૂત રેસો.
૨. પું. એક જાતનો મોટો મત્સ્ય; માદા; સૂઅ નામે જળચર પ્રાણી.
૩. [સં. તન્ (પ્રસરવું)] પું. કરોળિયાની જાળ.
૪. પું. કુળ; વંશ.
૫ પું. જ્ઞાનતંતુ; મજ્જાતંતુ.
૬. પું. તાંત
૭ પું. તાંતણો, રેસો; સૂતરનો તાંતણો; તાર; દોરો; બારીક તાંતણો; ઝીણો ને પાતળો દોરો તાર; વાળ જેવો લાંબો રેસા કે દોરાનો આકાર.
૮. પું. પાતળા દોરા જેવો અને લાંબો કીડો; વાળો.
૯. પું. પાતળી નસ; ઝીણી નસ કે નાડી; રગ.
૧૦. પું. પુરુષને હોતી એક કીડની અથવા ગ્રંથી.
૧૧. પું. હાસો.
૧૨. પું. મૂલનો એક ભાગ.
૧૩. પું. વંશની પરંપરા.

૧૪ પું. વંશપરંપરા.

૧૫. પુ (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.

૧૬. પુ. શરીરમાંના સૂત્રરૂપ નાજુક અવયવો અથવા સૂત્રરૂપ નાની નાડીઓનો સમૂહ.

સઘળા તંતુ કામે લગાડવા = ખૂબ જેટલો પ્રયાસ કરવો; ખૂબ જેટલું કામ કરવું.

૧૭. પુ. સંતતિ; સંતાન; ઔલાદ; બાળબચ્ચાં.

તંતુક ૧. (સં.) પું. તંતુનો ઝીણો તાર; બહુ ઝીણો તંતુ; સૂક્ષ્મ તંતુ.

૨. પું. રાઈ.

૩ પું સરસવ.

૪ સ્ત્રી. નાડી.

તંતુકરમ [સં. તંતુ (તાંતણો) + કૃમિ (કરમિયો)] ન. મચ્છર જેમ જ મોટા માણસના આંતરડામાં ઊછરતાં, તાંતણા જેવાં, પાંચ ઇંચ લાંબાં કૃમિ. તેમાં નર અને માદા ભિન્ન હોય છે અને તે બધે ભાગે સહરામા અને મોટા આંતરડામાં ઊછરે છે અને કોઈ વાર મચ્છરના પેટામાં જોવામાં આવે છે

તંતુકા [સં.] સ્ત્રી. નાડી; નસ.

તંતુકાર ૧. [સં.] ન. કપડાં વગેરે સાફ કરવાની પીંછી.

૨. ન. ચિત્રકારની પીંછી.

૩. ન. વણકરનું એક સાધન.

તંતુકી ૧. સ્ત્રી કરોળિયાના પેટ આગળનો અવયવ. તેની મદદથી કરોળિયો પોતાના જાળાને માટે તાંતણા કાઢે છે. કોઈ કરોળિયાને આવા ચણ, પણ કેટલાકને ફક્ત બે અવયવ હોય છે.

૨. [સં.] સ્ત્રી. નવ માસની એક નાડી; નસ; રક્તવાહિની.

તંતુકીટ ૧. [સં. તંતુ (તાંતણો) + કીટ (કીડો)] પું. કરમ, પાતળી તાંતણા જેવો કીડો.

૨. પું. રેશમનો કીડો; કોશેટો.

તંતુકીટારિ [સં. તંતુકીટ (રેશમનો કીડો) + અરિ (દુશ્મન)] પું. રેશમના કીડાને ખૂબ ભાવે એવો એક જાતનો રોગ.

તંતુકૃમિ [સં.] ન. તંતુ જેવાં પ્રાણીઓનો સમૂહ તેનું શરીર લાંબુ અને પાતળું તથા અણીદાર છેડાવાળું હોય છે તેમાં પોતાનું પેશીને ઉપાસ્તર હોતું નથી અને ઉદર તથા પીઠપૃષ્ઠીય મજબૂત હોય છે. તે સ્વતંત્ર જીવન ગાળવે છે, તેમ જ આખી જિંદગીમાં પરોપજીવી તરીકે પણ રહે છે. કૃમિથી માંડીને એક વાર જોવાં લાંબા આ જીવડાં હોય છે. કરમ, વાળા વગેરેનો તંતુકૃમિના સમૂહમાં સમાવેશ થાય છે.

તંતુખંડ પું. પેશી.

તંતુગંડ જુઓ તંતુગ્રંથિ.

તંતુગ્રંથિ [સં.] સ્ત્રી તંતુઓનો જથ્થો; શિરાઓનો સમૂહ. શિરાગ્રંથિ: ગરદનની તે છેક મૂલાધિષ્ઠ સુધી પહોંચતા કરોડના અગ્ર ભાગમાં આવેલા તંતુઓના જોડાં. આ શિરાગ્ર તંતુગ્રંથિ મગજ અને કોઈ કોઈ બીજા અવયવોમાં પણ હોય છે. તેના તંતુઓ મગજના ત્રેમ જ રજ્જુઓના તંતુઓ સાથે મળે છે. રક્તાશય, રક્તનળીઓ, આંતરડાં, કલેજું, મૂત્રપિંડ, મૂત્રાશય વગેરે અંદરના અવયવોમાં આ તંતુગ્રંથિઓમાંથી નીકળેલા તંતુઓ વહેંચાય છે.

તંતુચક્ર ૧ [સં.] ન. તંતુનું જાળું.

૨. ન નાડીતંત્ર; તંતુતંત્ર; નાડીતંત્રસ્થાન; ચિકરજ્જુતંત્ર, 'નર્વસ સિસ્ટમ'.

તંતુજ [સં.] ન. વસ્ત્ર; કપડું.

તંતુજાલ [સં.] સ્ત્રી. તંતુઓની જાળ કે સમૂહ.

તંતુજ્ઞ [સં.] પું. મચ્છર.

તંતુજ્યો પું. એક જાતનું તંતુવાદ્ય.

તંતુતંત્ર [સં.] ન. તંતુચક્ર; ચિકરજ્જુતંત્ર; 'નર્વસ સિસ્ટમ.'

તંતુદાસ [સં.] પું. કરોળિયો; લૂતા; ઊર્ણનાભ; મર્કટક.

તંતુન જુઓ તંતુનામ.

તંતુનાગ [સં.] પું. એક જાતનું જળચર પ્રાણી; મોટું મૂક મગર.

તંતુનાભ [સં.] પું. કરોળિયો.

તંતુનિર્યાસ [સં.] પું. તાજું ઝાડ.

તંતુપક્ષ (તંતુપક્ષ) ન. (વૈદક) દરેક મગજના તંતુની આસપાસ આવેલું પડ, જેનાથી તેનું રક્ષણ થાય છે

તંતુપત્ર [સં.] ન. તંતુઓનું બનેલું પાંદડું.

તંતુપર્વ [સં. તંતુપર્વન્] ન. રક્ષાબંધન; જનોઈ; શ્રાવણી પૂર્ણિમા તે દિવસે રાખડી બાંધવામાં આવે છે

તંતુપાયી [સં.] પું. તાંતણારૂપી સૂંઢવાળો.

તંતુપુચ્છ [સં. તંતુ + પુચ્છ (પૂછડું)] ન. તંતુનો છેડો.

તંતુપુટ પું. તંતુનું પડ.

તંતુપેશી [સં.] સ્ત્રી. તંતુની પેશી કે ગાંઠ.

તંતુપ્રતાન ૧. પું. એક માનસિક પ્રક્રિયા. આ અર્થને મૂળિલાલ નથુભાઈ લખે છે કે: વૃત્તિમાં સર્વ પ્રકારનાં સુખદુ:ખનો સમાસ છે. પ્રથમે, એ શબ્દના અર્થમાં તંતુપ્રતાનના સાક્ષાત્ ફળરૂપ એ અંત:કરણની સ્થિતિઓ, જેમને સામાન્યત: સુખદુ:ખના પ્રસંગ, જેવા કે ક્ષુધા, તૃષાના કહેવાય છે તેનો સમાસ થાય છે.

૨. [સં.] પું. તંતુનો વિસ્તાર.

તંતુપ્રવાહ [સં. તંતુ + પ્રવાહ (વહેણ)] પું. શિરાઓનો વિસ્તાર.

તંતુબંધ [સં.] પું. મગજના ગોળાર્ધને જોડનાર સંધિસ્થાન વિષય તંતુઓનો મોટો બંધ કે પટો; 'કોર્પસ કેલોસમ.'

તંતુભ ૧. [સં.] પું. ગાયનું નાનું વાછરડું.

૨. પું. રાઈ

૩. પું. સરસવ.

તંતુમય [સં.] વિ. અનેક તાંતણાઓની કુમળૂયણીરૂપ; જટિલ; 'કૉમ્પ્લેક્સ.'

તંતુમાન [સં. તંતુમત્] પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ.

તંતુમાર્ગ [સં.] પું. તંતુ જેવો બારીક માર્ગ; 'નર્વસ કનેક્શન.'

તંતુમેહ પું. એક જાતનું પેશાબનું દરદ. તેમાં પેશાબના બારણે તંતુ કિંવા ગોળી પડે છે અને તે સળીથી ઊંચકીએ તો હાથ બે હાથ લંબાઈનો તાર આવે છે. તેને તારમેહ કે લાલામેહ પણ કહે છે.

તંતુર [સં.] ન. મૃણાલ; કમળનો દાંડો; કમળનાલ.

તંતુરસ [સં.] પું. શરીરના જ્ઞાનતંતુઓમાં પ્રસરતો એક પ્રકારનો રસ; 'નર્વ સબસ્ટન્સ.'

તંતુરેખા [સં.] સ્ત્રી. નાડી.

તંતુલ જુઓ તંતુર.

તંતુલક ૧. [સં. તંતુલા (કમળનું રેસાવાળું મૂળ) + ક (અધુનાદર્શક પ્રત્યય)] ન. કમળનું રેસાવાળું મૂળિયું.

૨. ન. કાંટાવાળા વાળ જેવો પગ.

૩. ન. કુમળી કાંખળી.

૪. ન. બીજા જીવજંતુની મૂછ.

તંતુલાશ્મ [સં. તંતુલા (કમળનું રેસાવાળું મૂળ) + અશ્મન્ (પથ્થર)] પું. એક જાતનો રેસાવાળો ખનીજ પદાર્થ.

તંતુલીયક [સં.] પું. ચાર્વાક.

તંતુલીયિકા જુઓ તંતુલીયક.

તંતુવર્ધન ૧. [સં.] પું. પરમાત્મા; પરમેશ્વર.

૨. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તંતુ એટલે તાર અને વર્ધન એટલે વધારો કરનાર. આ વિસ્તૃત જગતરૂપી તંતુનો વધારો કરે છે અથવા તેનો નાશ કરે છે તેથી તે તંતુવર્ધન

કરેવાય છે અક્તિ જીવોને સંસારનું ભ્રમત્વ અને મોહ માયા વધારનારા શ્રી વિષ્ણુ છે પુનઃ સંસારમાં અલિપ્ત રહીને સંસારને તરીને પાર મોક્ષ પણ તે જ છે. પુનઃ સંસારની તંત કરનારા એટલે ફરી ફરીને ઉત્પન્ન કરનારા પણ તે જ હોવાથી શ્રી વિષ્ણુ તંતુવર્ધન કહેવાય છે.

૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. વિ. સંતતિ કે સંસારનો ઉચ્છેદ કરનાર.

૫. વિ. સંતતિ વધારનાર; સંસારને વધારનાર.

તંતુવર્ધનક્ષમતા [સં. તંતુ (તાંતણો) + વર્ધન (વધવું તે) + ક્ષમતા (શક્તપણું)] સ્ત્રી. તાર ખેંચી શકાય એવો ગુણ.

તંતુવર્ધનીય [સં.] વિ. તાર ખેંચાય એવું.

તંતુવાદક [સં.] પું બીન વગેરે તંતુવાદ્ય વગાડનાર માણસ; તંત્રી.

તંતુવાદ્ય [સં.] ન. (સમાસ) તંતુથી વાગતું વાદ્ય; ધાતુના તારનું વાદ્ય; તાર બાંધીને વગાડવામાં આવતું વાદ્ય; તાર ઉપર વગાડવાનું વાદ્યું; તંત્ર તારના ઘડકાટથી અવાજ કાઢે એવું વાદ્ય; ચાર માંહેનું એક પ્રકારનું વાદ્ય; તાર વડે વગાડી શકાય તેવું વા.હ. તેનાં નામ આ પ્રમાણે છે: વીણા, બીન, કચ્છપીણા, સારંગી તાઉસબીન, સારમઙળ, સિતાર, એકતારી વીણા, તાઉસ, રાવણહથ્થો, સરોદ અથવા સરવત, રબાબ, તંબૂર ચોતાર, મદનમઙળ, તાનપૂરો, કીનરી, ચીકારા, જંતર, મલ્લારો, સરોદો, ઘુંઘરી, ચીકાર, રવાજ.

તંતુવાય ૧. [સં.] પું. કરોળિયો.

૨. પું. વણકર.

તંતુવાય ૧. [સં.] પું. કરોળિયો.

૨. પું. વણકર.

૩. ન. વણતર; વણાટ; ગૂંથણ.

તંતુવાયદંડ [સં.] પું. વણકરનું એક સાધન; વેમા.

તંતુવાયશાલા [સં] સ્ત્રી. વણાટશાળા.

તંતુવિગ્રહ [સં] પું. કેળાનું ઝાડ; કેળ.

તંતુવિગ્રહા [સં.] સ્ત્રી. કેળ.

તંતુવિચિત્ર [સં. તંતુ (તાંતણો) + વિચિત્ર (ઝભરવીનરો રૅગ)] પું. એક જ રૅગની ઊનનો પાગળો.

તંતુવ્યાપાર [સં.] પું. જ્ઞાનતંતુની પ્રવૃત્તિ.

તંતુશાલા [સં.] સ્ત્રી. વણવાનું સ્થાન, શાળખાનું; વણાટશાળા.

તંતુસમુદાય [સં.] પું. ચિકરણતંત્રઃ 'નર્વસ સિસ્ટમ.'

તંતુસંતત વ. સોંઘેલ ઝપડ.

તંતુસાર [સં.] પું. સોપારીનું ઝાડ.

તંતુસ્થિત [સં. તંતુ + સ્થિત (ગોઠવેલું)] વિ. ગોઠવેલું; સંધાયેલું; તંતુ વડે સંલગ્ન.

તંતેતંત ૧. જા. એક પછી બીજું એમ; ક્રમશઃ; એક રેસા કે ઊનની પાળ બીજા રેસા કે તારનો છેડો સાધેલો જ હોય તેમ; એક એકની પાછળ ચાલુ ને ચાલુ જ રહેલું હોય તેમ; હારબંધ.

૨. જા. ટોચ સુધી; છલોછલ; પૂરેપૂરું; મીઠોમીઠ. મધોમધ ભરાઈ ગયેલું.

૩. જા. બરાબર; સંખ્યા પ્રમાણે; એકસરખું હોય તેમ; જેટલું હોય તેટલું પૂરતું.

તંતોતંત જુઓ તંતેતંત.

તંત્ ૧. [સં.] ન. કિ. કુટુંબનું પોષણ કરવું.

૨. ન. કિ. (ધાતુ) રાજ્ય ચલાવવું; શાસન કરવું; પ્રજામાં રાખવું. તે ઉપરથી બનેલ શબ્દઃ તંત્ર; તંત્રી.

તંત્ર ૧. [સં.] પું. અધિકાર.

૨. પું. અધીનતા; પરવશતા.

૩. પું ઉદ્દેશ; પ્રયોજક.

૪. પું. ઉપાય.

૫. પું. એ નામનું હિંદુઓનું ઉપાસના સંબંધી શાસ્ત્ર; શક્તિવાદના વિચારની અને ક્રિયાની પદ્ધતિ જેમાં સવિસ્તર વર્ણવી હોય તેવો ગ્રંથ. દેવતાનાં સ્વરૂપ, મુખ, કર્મ વગેરેનું ચિંતન જેમાં કરવામાં આવ્યું હોય, તેને લગતા મંત્રોનો ઉદ્ધાર કરવામાં આવ્યો હોય, તે તે મંત્રોને કેવા પ્રકારના યંત્રમાં જોડવી દેવતાનું ધ્યાન કરવું, એ દર્શાવવામાં આવ્યું હોય, તે તે દેવતાની ઉપાસનાનાં પાંચ અંગો પટલ, પદ્ધતિ, કવચ, નામસહસ્ર અને સ્તોત્ર અવશ્યિતરૂપે દર્શાવવામાં હોય તેવો ગ્રંથ. તેમાં મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર બહુ ભાર મૂકવો છે. તે શિવ અને દુર્ગાના સંવાદરૂપે છે. તેઓ તાંત્રિકોના મુખ્ય દેવ છે. લોકોમાં એવી માન્યતા છે કે આ શાસ્ત્ર શિવપ્રણીત છે. આ શાસ્ત્રે ત્રણ ક્રમમાં વહેંચાયેલ છે: ક્રમક્રમ, યામલ અને મુખ્ય તંત્ર. આ શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે કલિયુગમાં વૈદિક મંત્રો, જપ અને યજ્ઞ વગેરેનું કાંઈ ફળ મળતું નથી. આ યુગમાં બધા પ્રકારનાં કાર્યોની સિદ્ધિ માટે તંત્રશાસ્ત્રમાં વર્ણવેલા મંત્ર તથા ઉપાયો વગેરેથી સહાયતા મળે છે. આ શાસ્ત્રના સિદ્ધાંત બહુ ગુપ્ત રાખવામાં આવે છે અને તેની શિક્ષા લેવાને માટે મનુષ્યને પહેલાં દીક્ષિત થવું પડે છે. ભાજનપ્રસ્થ પહેલે ભાગે મારણ, ઉચ્ચાટન, વશીકરણ વગેરે માટે તથા અનેક પ્રકારની સિદ્ધિઓ વગેરેનાં સાધન માટે તંત્રોક્ત મંત્રો તથા ક્રિયાઓનો પ્રયોગ કરવામાં આવે છે. આ શાસ્ત્ર મુખ્યત્વે શાક્તોનું છે અને તેઓના મંત્ર પહેલે ભાગે અર્થહીન અને એકાક્ષર હોય છે. જેમકે, હ્રીં, ક્રીં, શ્રીં, સ્થીં, ક્રૂં. તાંત્રિકોના મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન એ પાંચ મકાર તથા ચક્રપૂજા પ્રસિદ્ધ છે. તાંત્રિકો બધા દેવતાની પૂજા કરે છે પણ તેમની પૂજાનું વિધાન બધાથી જુદું તથા સ્વતંત્ર છે. ચક્રપૂજા તથા બીજી અનેક પૂજાઓમાં તાંત્રિકો મદ્ય, માંસ અને મત્સ્યનો બહુ જ અવશ્ય કરે છે. તંત્રમાં ખાસ વિશિષ્ટતા એ છે કે તેમાં જ્ઞાનયુક્તિને વિશેષ પડતું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તંત્રપૂજા સામાન્ય રીતે બગાળા અને પૂર્વ હિંદમાં પ્રચલિત છે. કેટલાકના મત મુજબ તંત્ર ચોસઠ જાતનાં છે. તેમાંનાં કેટલાંક આ પ્રમાણે છે: (૧) મહામાયાકલ્પ, (૨) યોગિની જાલકલ્પ, (૩) તત્ત્વકલ્પ, (૪) ભૈરવાષ્ટક, (૫) ભૂતડામરાષ્ટક, (૬) યામલાષ્ટક, (૭) ગારુડજ્ઞાન, (૮) માયાતંત્ર, (૯) મહાસમોહન, (૧૦) વામજુષ્ટ, (૧૧) મહાદેવ, (૧૨) વારુણ, (૧૩) વાગીશોત્તર, (૧૪) હરભેદ, (૧૫) તંત્રભેદ, (૧૬) ગુહ્યતંત્ર, (૧૭) ક્રમિકા, (૧૮) કલાવાદ, (૧૯) કલાસાર, (૨૦) અનંગકુસુમમત, (૨૧) મતોત્તર, (૨૨) દીક્ષાખ્યચોતક, (૨૩) ચોતક, (૨૪) ચોતકોત્તર, (૨૫) પંચામૃત, (૨૬) કપભેદ, (૨૭) ભૂતોડામર, (૨૮) કુલાચાર, (૨૯) કુલોદ્દીપ, (૩૦) કુલ ચૂડામણિ, (૩૧) સર્વજ્ઞાનોત્તમ, (૩૨) મહાકાલીમત, (૩૩) અક્ષોભ્ય, (૩૪) યોગિનીજા, (૩૫) ત્રિકુટીશ્વર, (૩૬) પૂર્વ, (૩૭) પશ્ચિમ, (૩૮) દક્ષ, (૩૯) ઉત્તર, (૪૦) નિરુત્તર, (૪૧) વિમલ, (૪૨) વિમલોચ્છ અને (૪૩) દેવીમત. તંત્ર કહેતાં બધાખરા લોકો કેવળ કુત્સિત આચારો જ સમજે છે, પરંતુ મહાનિર્વાણ, કુલાર્ણવ, વિશ્વસાર વગેરે તંત્રો ઊંચા જ્ઞાનથી ભરપૂર છે. જે જ્ઞાન કેવળ વેદાંતાદિ શાસ્ત્રોમાં અને પંડિતોના મગજમાં બંધ હતું તે જ્ઞાન સરળ, સહજ ભાષામાં સમાજના હલકામાં હલકા વર્ગના માણસોમાં પણ ફેલાવા માટે આ તંત્રનો આશ્ચર્યજનક પ્રયત્ન નિહાળતાં ખરેખર વિસ્મય ભની જવાય છે.

૬. પું. (અલં) એ નામનો એક અલંકાર.

નાના કુલયુક્ત જે પ્રયત્ન એ તંત્ર અલંકાર છે.
કાવ્યરાજ

૭. પું. કાર્યસાધક કોયડાની રીત કે યુક્તિ.

૮. પું. કુટુંબના ભરણપોષણનું કાર્ય; કુટુંબનું સરક્ષણ.

૯. પું. તંત્રશાસ્ત્રના ચાર મોટા ભાગોનો એક વિભાગ. તેમાં સૃષ્ટિ, લય, મંત્રનિર્ણય, દેવતાઓનાં સંસ્થાન, યંત્રનિર્ણય, તીર્થ, આશ્રમધર્મ, કલ્પ, જ્યોતિષ સંસ્થાન, વ્રત કથા, શૌચ અને અશૌચ, ઔપુરુષ લક્ષણ, રાજધર્મ, દાનધર્મ, યુગધર્મ, વ્યવહાર તથા આધ્યાત્મિક વિષયોનું વર્ણન છે. જૂદા જૂદા વિદ્વાનો તંત્રના ચાર પેટા ભાગ પાડે છે: સિદ્ધાંતતંત્ર, વામતંત્ર, યોગતંત્ર અને ભૂતોત્તર યોગતંત્ર. આ ઉપરાંત કેટલાકના મત પ્રમાણે બીજા બે વધારે છે: મહાયોગ તંત્રયાન અને અતિયોગ તંત્રયાન.

૧૦. પું. દોર; ભાવ.

આજે અન્ય પ્રકારે આ મણું નમે,
નમતો સાથે આત્માનો બે તાર જો.

અખિરાકર ભટ્ટ

૧૧. પું. ધન; સંપત્તિ.

૧૨. પું. પદ; પ્રમાણ.

૧૩. પું. બંદોબસ્ત; રાજ્યના રક્ષણ માટે અને મોટાઈ માટે રાખેલું સૈન્યબળ.

૧૪. પું. યોજનાપૂર્વક ચાલતું કામ; યોજનાપૂર્વકની ગોઠવણ; આયોજના; પ્રબંધ; વ્યવસ્થા.

૧૫ પું. લગામ

૧૬. પું વસ્ત્રકર.

૧૭. પું. શપથ; સોગન.

૧૮. પું. શ્રેણિ; વર્ગ, કોટી

૧૯. ન. અવશ્ય કરવા યોગ્ય કર્મ.

૨૦. ન. આયુર્વેદ શાસ્ત્ર.

૨૧. ન. એ નામની એક વેદશાખા.

૨૨. ન. એક પ્રકારનો હોમ.

૨૩. ન. એકબીજાના આશ્રયે રહેલી ઘણીક વસ્તુઓ કે ભાગતોનો એક કાર્યનિર્વાહક સમુદાય સબંધ, પ્રબંધ; વ્યવસ્થા; સંયોજના; રચનાવાળી ઘટના; વ્યવહારના સારા કાર્યભાર અને નિભાવને માટે કરેલી ગોઠવણ

૨૪. ન. એક વખત કરવાથી અનેનો ઉપકાર કરે એવું કર્મ; એક વખત ઉચ્ચારેલું અનેકને ઉપકારક અને તેવુ ક્રમ.

૨૫. ન (ન્યાય) એક વાર ઉચ્ચારેલા શબ્દનું અનેક અર્થનું પ્રતિપાદન.

૨૬. ન. ઔષધિ; દવા

૨૭. ન. ઔષધનું કામ કરનાર મંત્ર.

૨૮. ન. કર્તવ્યની સમાપ્તિ; કૃતિકર્તવ્યતા.

૨૯. ન. કર્મપદ્ધતિ ગ્રંથ.

૩૦. ન. કેટલાક ભરેલું વિસ્તારવાળું ક્રમ.

૩૧. ન કુળ, વંશ; કુટુંબ.

૩૨. ન કોઈને ભોળવવા કે ભરમાવવાનો એક ચમત્કારિક પ્રકાર; મંત્રશાસ્ત્રનો એક પ્રયોગાત્મક ભાગ; મોહ પમાડવો, વશ કરવું, પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય થાય એમ કરવુ વગેરે કેટલીક અર્થસિદ્ધિઓની સાધનાનો એક યૌગિક પ્રકાર; મારણ, ભરણ, મોહન વગેરેની એક વિદ્યા.

૩૩. ન. ખટલો.

૩૪. ન. ઘર.

૩૫. ન. ઘૃત; ઘી.

૩૬. ન. ચોસઠ માણેનું એક વિજ્ઞાન.

૩૭ ન. જથ્થો; સમુદાય; સમૂહ; ટોળો.

૩૮. ન. તાર; દોરો; તાંતણો; સૂતર.

૩૯. ન. તારીજ; માદળિયું.

૪૦. ન. નિશ્ચિતાર્થ; નિશ્ચિત સિદ્ધાંત.

૪૧. ન. નીતિનો એક અવયવ

૪૨. ન. પદ્ધતિ; પદ્ધ.

૪૩. ન. (ન્યાય) પરિચ્છેદ.

૪૪. ન. પારકા છંદને અનુસરવું તે.

૪૫. ન. પુષ્પમાલા વગેરેનુ જય દેખાડી આપનારું કરવામાં આવનું ચિહ્ન

૪૬. ન. (ન્યાય) પોતાના રાષ્ટ્રની ચિંતા.

૪૭. ન. ભંડારણ; રાજ્યનું ભંડારણ.

૪૮. ન. બને અર્થવાળો એક પ્રયોગ.

૪૯. ન. ભાગ; પ્રકરણ

૫૦. ન. માનસિક અથવા આધ્યાત્મિક કાર્યની વિરુદ્ધતાવાળું શારીરિક કૃત્ય.

૫૧. ન. રાજ્યાદી કાર્ય; રાજ્યનો કબજો.

૫૨. ન. રાજ્યનું રાજકારભાર; રાજ્યપદ્ધતિ. આ સંબંધે ગોંડલની ઇતિહાસની સ્વાધ્યાયવલીમા ઉલ્લેખ એમ છે કે: રાજ્યના વિકાસનો અભ્યાસ કરીનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડશે કે રાજ્યો અને તે ચલાવવાની પદ્ધતિઓમાં અનેક જાતના ફેરફારો થયા છે. રાજાશાહી, પ્રજાશાહી અને સરમુખત્યારશાહી વગેરે સ્વરૂપે થયાં અને રાષ્ટ્રવાદ, પ્રજાતંત્રવાદ, સમાજવાદ, અરાજકવાદ, સામ્યવાદ, ફેસિસ્ટવાદ, નાઝિવાદ, આંતરરાષ્ટ્રવાદ, શાંતિવાદ અને અહિંસાવાદ વગેરે અનેક રાજકીય વાદો અને આદર્શો જગત પાસે રજૂ થયા છે. દરેક તંત્ર અને આદર્શ પોતાના સમય અને સંજોગોનું પરિણામ હોય છે. કોઈને પૂછવાનું મન થશે કે આ બધાં તંત્રોમા કયું તંત્ર સારું? આંગ્લ કવિ એલેકઝાન્ડર પોપ આ પ્રશ્નોનો યોગ્યરીતે આંશિક પ્રત્યુત્તર આપતા હોય તેમ જણાય છે. તેનો કહેવાનો ભાવ એવો છે કે: વધુમાં વધુ મનુષ્યોને વધુમાં વધુ સુખ, સ્વતંત્રતા અને સલામતી આપી શકે તે તંત્ર સારામાં સારું, પછી તે રાજાશાહી હોય, પ્રજાશાહી હોય કે સરમુખત્યારશાહી હોય. રાજ્યનું અમુક સ્વરૂપ સારું કે ખરાબ તે અમારા અનુકૂળ કે પ્રતિકૂળ નીવડે તેમ માનવુ ભૂલભરેલું છે. સમયના ફેરફાર સાથે સ્વતંત્રતાની વ્યાખ્યામાં તથા તેના મૂલ્યાંકનમા અને રાજ્યના સ્વરૂપોમાં ફેરફાર થતા જ રહે છે. આ વસ્તુ ૧૯૧૪ના મહાયુદ્ધ પછી બદલની સ્થિતિ જોતાં આપણને માલૂમ પડશે.

૫૩. ન. રાષ્ટ્ર; દેશ.

૫૪. ન. વજ્ર; કપડું.

૫૫. ન. વેદની એક શાખા.

૫૬. ન. વ્યવહાર.

૫૭. ન. શાસ્ત્ર.

૫૮. ન. સત્તા; બળ.

૫૯. ન. સબબ; હેતુ; કારણ.

૬૦. ન સહેલાઈ; સુગમપણું.

૬૧. ન. સાધન.

૬૨. ન. સાજ; વસ્તુની એક સામગ્રી.

૬૩. ન. સુખ.

૬૪. ન. સુગંધ

૬૫. ન. સૈન્ય; સેના; ફોજ; લશ્કર.

૬૬. ન. સ્વરૂપ.

૬૭. ન. સ્વાધીન.

૬૮. ન. હાજી હા કરવું તે.

૬૯. ન. (ન્યાય) હેતુ; સિદ્ધાંત.

૭૦. વિ. અધીન.

૭૧. વિ. તાબાનું.

૭૨. વિ. પ્રધાન; મુખ્ય.

તંત્રક ૧. [સં.] પું. કપડું; વજ્ર.

૨. પું. (શિલ્પ) તાંતર; પાટડાનો ઉપલો ભાગ. એના ઉદયમાંથી કનેરી નીકળે છે. તે ઉદયના નવ ભાગે નવ ભાગનો ઉપલો ભાગ છે. તેમાં પોણો ભાગ સાદો અને બાકીનો તાંતરવાળો હોય છે.

હવેલીના (રાજમહેલ) ઉદયના નવ ભાગો કરવા અને તે નવમાંથી એક ભાગની કુલ કરવી. સવા ભાગનો પાટડો કરવો. પાટડાનો પોણો ભાગ સાદો રાખી ઉપરના અર્ધ ભાગમાં તંત્રક અથવા તાંતર કરવો અને તે તંત્રક ઉપર અર્ધાંતિકા કરવી.

રાજવલ્લભ

૩. ન. નવું વજ્ર.

તંત્રકાર [સં.] વિ. તંત્ર રચનાર.

તંત્રખેલ [તંત્ર + ખેલ (રમત)] પું. બહુરૂપો ખેલ; બહુરૂપી રમત.

તંત્રગ્રંથ [સં.] પું. તંત્ર સંબંધી પુસ્તક; મનની તમોવૃત્તિ કરનારા રહસ્યમયાદિ તંત્રગ્રંથો.

તંત્રજંત્ર ૧. ન. અંતરમંતર; બહુરૂપી તાવીજ.

૨. ન. રાજકારભાર.

તંત્રણ [સં.] ન. અવસ્થા રાખવી તે; રાજ્યતંત્ર નિયંત્રણ; શાસન કે ગોઠવણ વગેરે કરવાનું કામ.

તંત્રતા ૧. [સં. તંત્ર (અધીન) + તા (પણું)] સ્ત્રી. અધીનતા; તાબેદારી; વશપણું.
૨. સ્ત્રી. એક ક્રિયામાં અનેક વિધિ
૩. સ્ત્રી. (વેદાંત) એક વાર બોલાયેલું હોઈને અનેક અર્થનું બોધકપણું.
૪. સ્ત્રી. તંત્રવિદ્યાનો ગુણદોષ.
૫. સ્ત્રી. તંત્રશાસ્ત્રનું કર્મ.
૬ સ્ત્રી. તંત્રશાસ્ત્રપણું.
૭. સ્ત્રી. સ્વાધીનપણું.

તંત્રત્વ જુઓ તંત્રતા.

તંત્રદૃષ્ટિ [સં.] સ્ત્રી. ગોઠવણની દૃષ્ટિ; અવસ્થાની નજર.

તંત્રધારક ૧. [સં.] પું. કર્મસ્વરૂપ જણાવનાર માણસ
૨. પું. પુસ્તકને ધારણ કરનાર માણસ.
૩. પું. યજ્ઞ આદિ કર્મોમાં કર્મકાંડ આદિનાં પુસ્તક લઈને યાજ્ઞિક આદિની સામે બેસનાર પુરુષ. સ્મૃતિઓ અનુસાર યજ્ઞ આદિમાં આવા માણસની હાજરી આવશ્યક છે.

તંત્રધારી [સં. તંત્રધારિન્] વિ. તંત્રને ધારણ કરનાર

તંત્રધુરા [સં.] સ્ત્રી. રાજ્યવહીવટ.

તંત્રનિષ્ઠ ૧. [સં.] વિ. તંત્રને વફાદાર.
૨. વિ. નિયમને વશ રહેનાર; શિસ્તપાલક.

તંત્રનિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. તંત્ર પ્રત્યેની વફાદારી.
૨. સ્ત્રી. નિયમવશતા; શિસ્ત.

તંત્રપણું ન. અધીનતા; તાબેદારી.

તંત્રપતિ [સં.] પું. હનુમાન, કેમકે તે મંત્રતંત્રના અધિષ્ઠાતા મનાય છે.

તંત્રપુરાણ [સં.] ન. શાક્ત સંપ્રદાયનું એક શાસ્ત્ર.

તંત્રબાહ્ય [સં.] વિ. તંત્ર વિરુદ્ધ; નિયમની વિરુદ્ધ; અવ્યવસ્થિત.

તંત્રભાર [સં.] પું. અવસ્થા રાખવાનો બોજો.

તંત્રભેદ [સં.] ન. બોસડા માફેનું એક જાતનું તંત્ર.

તંત્રમંત્ર [સં.] પું. જંતરમંતર; જાદુ.

તંત્રમાર્ગ [સં.] પું. તાંત્રિક સંપ્રદાય.

તંત્રયાન [સં.] પું. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મનો એક પંથ. તે આશરે પાંચમી સદીમાં શરૂ થયો હતો.

તંત્રયુક્તિ [સં.] સ્ત્રી. આયુર્વેદ શાસ્ત્રમાં કહેલ યુક્તિ; જેની સહાયતાથી મોટું વાક્યનો અર્થ વગેરે મેળવવામાં કે સમજવામાં આવે છે તે યુક્તિ. સુશ્રુત સંહિતામાં તંત્રયુક્તિઓ આ પ્રમાણે ગણાવી છે: અધિકરણ, યોગ, પદાર્થ, હેત્વર્થ, પ્રદેશ, અતિદેશ, અપવર્ગ, વાક્યશેષ, અર્થાપત્તિ, વિપર્યય, પ્રસંગ, એકાંત, અનેકાંત, પૂર્વપક્ષ, નિર્ણય, અનુમત, વિધાન, અનાગતવેક્ષણ, અતિક્રાંતાવેક્ષણ, સંશય, વ્યાખ્યાન, સ્વસંજ્ઞા, નિર્વચન, નિદર્શન, નિયોગ, વિકલ્પ, સમુચ્ચય અને ઊહ.

તંત્રયુદ્ધ ન. પ્રાચીન યુદ્ધવિદ્યાના જાણ માહેનો એક પ્રકાર; શરીરબળથી સામાના નાજુક ભાગોનો ઘાત કરી તેને નિર્બળ કરવો કે મારવો તે.

તંત્રવાદ [સં.] પું. તંત્ર વિદ્યાને માનવાનો મત.

તંત્રવાદી [સં. તંત્રવાદિન્] વિ. તંત્રવાદમાં માનનાર.

તંત્રવાય ૧. [સં.] પું. કરોળિયો.
૨. પું. વણકર.
૩. ન. વણકરની સાળ.

તંત્રવાય ૧. [સં.] પું. કરોળિયો.
૨ પું. તાંત.
૩. પું. વણકર; તંતુવાય.
૪. પું.; ન. વણકરની સાળ.

તંત્રવાર્તિક ૧. [સં.] ન. એ નામનો ગ્રંથ; કુમારિલભટ્ટનું લખેલું એ નામનું એક પુસ્તક. તેના ઉપર મહાદેવના પુત્ર સોમેશ્વરે ન્યાયસુધા નામની ટીકા લખી છે.
૨. ન. ત્રિનીય સૂત્ર ઉપરના શાબર ભાષ્યની કુમારિલકૃત ટીકાનો એક ભાગ.

તંત્રવાહક [સં.] પું. અગ્રેસર; મુખી; વ્યવસ્થાપક.

તંત્રવિદ [સં. તંત્રવિદ્] વિ. પ્રયોગ જાણનાર; જંતરમંતર જાણનાર; જાદુગર.

તંત્રવિદ્યા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનો કુનર; જાદુઈ વિદ્યા.
૨. ન. તંત્ર; એક જાતનું શાસ્ત્ર.

તંત્રવિરુદ્ધ [સં.] વિ. તંત્રબાહ્ય; નિયમબાહ્ય; નિયમની વિરુદ્ધ; અવ્યવસ્થિત

તંત્રશાસ્ત્ર [સં.] ન. તંત્ર; એક પ્રકારનું શાસ્ત્ર.

તંત્રસંસ્થા [સં.] સ્ત્રી. રાજ્યનું શાસન અથવા પ્રબંધ કરનાર મંડળ; સરકાર.

તંત્રસ્કંધ [સં.] પું. જ્યોતિ-શાસ્ત્રનું એક અંગ; ગણિત જ્યોતિષ. તેમાં ગણિત દ્વારા ગ્રહોની ગતિ વગેરેનું નિરૂપણ કરવામાં આવે છે.

તંત્રસ્થિતિ [સં.] સ્ત્રી. રાજ્યશાસનની પ્રણાલી.

તંત્રહોમ [સં.] પું. તંત્રશાસ્ત્રના મંત્ર પ્રમાણેનો એક પ્રકારનો યજ્ઞ.

તંત્રા [સં.] સ્ત્રી. તંદ્રા; ઘોડી નિદ્રા.

તંત્રાધિકારી [સં. તંત્રાધિકારિન્] પું. તંત્રનો અધિકારી.

તંત્રાંતર [સં.] વિ. (જૈન) તંત્ર પ્રમાણે ન હોય એવું.
તંત્રાંતરની પરિભાષા પ્રમાણે જ્યાંસુધી આત્મ શક્તિના અનુબંધે કરીને અસ્થિમાદિક ભાવોની જેઓને પ્રાપ્તિ ન થઈ હોય તેવા કોઈને પણ દીક્ષા આપવી નહિ. જૈન પ્રવચનદીપિકા

તંત્રિ ૧. [સં.] સ્ત્રી. તંદ્રા; ઘોડી નિદ્રા.
૨. સ્ત્રી. વીણા; એક જાતનું વાદ્ય.

તંત્રિકફ ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મગો.
૨. સ્ત્રી. તાંત.

તંત્રિણી [સં.] સ્ત્રી. સ્ત્રી તંત્રો; તંત્ર ચલાવનારી સ્ત્રી.

તંત્રિપાલ ૧ [સં.] પું. (પુરાણ) અજ્ઞાતવાસ દરમિયાન પાંડવ સહદેવે રાખેલું નામ; તંતિપાલ.
૨. પું. ગાયોની રક્ષા કે પાલન કરનાર પુરુષ.

તંત્રિપાલક [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા; જયદ્રથ રાજા.

તંત્રિલ [સં.] વિ. હોશિયાર.

તંત્રી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રગણ અને યગણ મળી ૭ વર્ણ હોય છે.
૨. [સં. તંત્રિન્] પું. ભર્યો.
૩. પું. છાપાનો સંપાદક; વર્તમાનપત્ર ચલાવનાર માણસ.
૪. પું. તંત્ર કરનાર એટલે તાંત્રિક પુરુષ.
૫. પું. તંત્ર ચલાવનાર પરમાત્મા. આત્મકથામાં ઉલ્લેખ છે કે: તંત્રની સામે અમો બોલે, તંત્રીની સામે અમો કરવો તે પોતાની સામે કર્યા બરાબર છે, કેમકે અમો એક જ પીંછીથી દોરાયેલા છીએ, એક જ ખમીરી પ્રજા છીએ. તંત્રીમાં તો અનંત શક્તિ રહેલી છે. તંત્રીનો અનાદર કે તિરસ્કાર કરવા જતાં જે તેમ થતાં તંત્રીને તેમજ જગતને નુકસાન પહોંચે.
૬. પું તંત્ર ચલાવનાર માણસ.
૭. પું. તંત્રશાસ્ત્રી.
૮ પું. મંત્રી; કારભારી; સંપાદક; મુનશી; 'સેક્રેટરિ'
૯. પું. વ્યવહાર ચલાવનાર માણસ; કાર્ય કરનાર વ્યક્તિ; તંત્ર ચલાવનાર પુરુષ.
૧૦. સ્ત્રી. એ નામની એક નદી.
૧૧. સ્ત્રી. એક તંતુવાદ્ય; જેમાં બજાવવા માટે તાર હોય તેવું વાદ્ય; વીણા.
૧૨. સ્ત્રી. એક વનસ્પતિ; મગો.
૧૩. સ્ત્રી. દોરડી.

૧૪. સ્ત્રી. ધનુષની દોરી; પણછ.
૧૫. સ્ત્રી. નાડી; નસ; રગ.
૧૬. સ્ત્રી. વીણાનો તાર; તંતુવાદ્યનો તાર.
કાન જેવી લહાસ મીત મંત્ર, તે તંત્રી ઉપર રહે છે ને એમાંના તાર ઝણઝણી ઊઠે છે.
નાનાલાલ
૧૭. સ્ત્રી. સૂતરની દોરી.
૧૮. ન. યંત્ર.
૧૯. વિ. અધીન.
૨૦. વિ. આળસુ.
૨૧. વિ. તંત્રવાળું.
૨૨. વિ. દોરાનું બનાવેલું; દોરાવાળું.
૨૩. વિ. વશેલ.
૨૪. વિ. વ્યાવહારિક કાર્ય ચલાવનાર; બહારનો ચલાવનાર, યોજના કરી વ્યવસ્થાપૂર્વક કામ ચલાવનાર; તંત્ર ચલાવનાર

તંત્રીજંત્રી વિ. જતરમતર કરનાર; ભટકુંચર.

તંત્રીતંત્ર ન. તંત્રીમંડળ.

તંત્રીદ્વય [સં. તન્ત્રિન્ (તંત્રી) + દ્વય (બેપણું)] પું. ષ. ત. બે તંત્રી; તંત્ર ચલાવનાર બે માણસ.

તંત્રીદ્વયી [સં. તન્ત્રિન્ (તંત્રી) + દ્વયી (બેપણું)] સ્ત્રી. ષ. ત. બને તંત્રી બોબો.
બને પક્ષોની કહેવું હોય તો કહેજો; પણ એના તંત્રીદ્વયી બોબો ન હોય તો હું બેઠ બાંબો કામણ કબી બેના તંત્રોને પૂછવાનો કે વાચકોને તમે બેટલા બધા અજ્ઞાન માનો છો?
સુવર્ણમાળા

તંત્રીદ્વાર ન. ગળા બહેની સ્વરતંત્રીઓ વચ્ચેનો ત્રિકોણાકાર બાલી જાગ. અધિજિહ્વિકા આ દ્વારનું હમેશા રક્ષણ કરે છે. સાત્તર પેશીઓમાની અભિવાર તો તંત્રીદ્વાર સાંકડું કે પહોળું કરવામાં સહાયભૂત થાય છે. જુદા જુદા વ્યાપારોની અંદર, તંત્રીદ્વારના કદ અને આકારમાં ફેરફાર થાય છે સ્વરસંજ્ઞાથી દવા આવજા કરે છે અને તેથી શરીરની બે મુખ્ય ક્રિયાઓ શ્વાસોચ્છ્વાસ અને શબ્દોચ્ચારણ થઈ શકે છે. જ્યારે આપણે શાંત રીતે શ્વાસ લેતા હોઈએ ત્યારે તંત્રીદ્વાર ત્રિકોણાકાર હોય છે. આ ત્રિકોણની ટોચ કોકની આગલી બાજુ તરફ અને પાયો તેની પાછલી બાજુ તરફ હોય છે. જ્યારે ઉચ્ચ સ્વરે ગાઈએ ત્યારે અને મુખ્ય સ્વરતંત્રીઓ એકદમ પાસે પાસે આવી જાય છે અને તંત્રીદ્વારનો આકાર એક સીધી લીટી જેવો બની જાય છે એથી ઊલટું એકદમ ઊંડો શ્વાસ લઈએ તો તે પહોળું થઈને લગભગ ગોળ બની જાય છે. બ્રીઓ કરતાં પુરુષોના તંત્રીદ્વારની લંબાઈ વધારે હોય છે, પરંતુ બ્રીઓની સ્વરતંત્રીઓ વધારે સકોચ વિકાસ પામી શકતી હોવાથી તેઓ ઉચ્ચ સ્વરે ગાઈ શકે છે, જ્યારે પુરુષોમાં જુવાની આવતાં સ્વરતંત્રીઓ વધારે જાડી બની તેમનો અવાજ બેસૂરો થઈ જાય છે કાયમ થઈ જાય છે.

તંત્રીનાડ પું. કંસોપનિષદમાં બતાવેલું એક પ્રકારનું વાદ્ય.

તંત્રીપદ ૧. ન. અધિપતિપણું; તંત્રીની જગ્યા; તંત્રીપણું.
૨. ન. તંત્રીની ગંભીરી.

તંત્રીપાલ જુઓ તંતિપાલ.

તંત્રીમંડળ ન. તંત્ર ચલાવનારાઓનો સમૂહ.

તંત્રીમુખ [હિ.] ન. હાથની એક પ્રકારની મુદ્રા

તંત્રીલક્ષણ ન. તંત્રીસ્થાનેથી કરેલ લખાણ.

તંત્રીવાદ્ય ન. તંતુવાદ્ય; તંતુથી વાગતું વાદ્ય.

તંત્રીવાદ્ય જુઓ તંત્રવાદ્ય.

તંત્રીસ્થાન [સં.] ન. અધિપતિની જગ્યા.

તંત્રોક્ત [સં. તંત્ર + ઉક્ત] વિ. તંત્રમાં કહેલું.

તંત્યાધિરાજ પું. મુખ્ય તંત્રી.

તંદર ૧. [ચા.] પું. બુલબુલ પક્ષી.
૨. પું. ઘંટણ

તંદરસ્તિ સ્ત્રી. (જરથોસ્તી) લગ્ન કિયાને અંતે પાઠક આશમાં કરવામાં આવતું લગ્નવિધિ. તેમાં વરકન્યાને શારીરિક બળ મળવાનો આશીર્વાદ હોય છે.

તંદાન [હિ.] પું. એક પ્રકારની મોટી અંબૂર. તે કચેટાની આસપાસ થાય છે. તેને સકરીને ડિસમિસ બનાવવામાં આવે છે.

તંદુ પું. સિતનો એ નામનો એક અનુચર. તે સંગીતમાં નિપુણ હતો. તાંડવ નૃત્ય તેણે શોધ્યું હતું એમ કહેવાય છે.

તંદુરસ્ત ૧. [ચા. તન (શરીર) + દુરસ્ત (બરાબર)] વિ. આરોગ્યવાળું; બીમારી રહિત; નીરોગી; તંદુરસ્તી ભોગવતું; સ્વસ્થ.
તંદુરસ્ત કરવું = સાજું કરવું; રોગ મટાડવો.
૨. વિ. સાવધ.

તંદુરસ્તી [ચા.] સ્ત્રી. રોગ વિનાની હાલત; આરોગ્ય; સુખાકારી; સ્વાસ્થ્ય; નીરોગીપણું.
આજીતા ડાક્તરોએ કહ્યું છે કે, તંદુરસ્તી માટે બારીક ૧૨ રોજ બીજુ વરસે વપરાતું જોઈએ. ઉપયુક્તિનોનાં હવાપાણીમાં તબિયતને માટે, રહેત કે રહેતોમાં કઠિનોમાના કરતા વધારે બીજુ જોઈએ.
હરિજનબંધુ

તંદુરસ્તી ખાતાદાર પું. આરોગ્યખાતાનો અધિકારી; 'હેલ્થ ઓફિસર.'

તંદુરસ્તીશાસ્ત્ર ન. આરોગ્ય સમજાવનાર ગ્રંથ.
અત્યાર સુધી વૈદકશાસ્ત્ર એટલે રોગશાસ્ત્ર હતું અને અવિદ્યમાં વૈદકશાસ્ત્ર એટલે તંદુરસ્તીશાસ્ત્ર બનુ જોઈએ.
કૌમુદી

તંદુરસ્ત જુઓ તદ્દરસ્ત.

તંદુરસ્તી જુઓ તદ્દરસ્તી.

તંદુલ ૧. [સં. તણ્ડુલ] પું. એ નામની એક જાતની ઘાસી વનસ્પતિ.
૨. પું. ચોખા; ચાવલ; ભાત; તાંદુલ; ડાંગરને ખાંડીને કાઢેલા દાણ
૩. [ચા.] પું. ચોખાના જેવડા શરીરવાળો એક જાતનો મચ્છ.
૪ પું. ભડો; ચૂતો.
૫. પું. ઠંડો જોખવા વપરાતું આડ સરસવ જેવડનું એક તોલું.

તંદુલકુસુમજલીવિકારકળા સ્ત્રી. ચોસઠ મહેની એક પ્રકારની કળા; ચોખા વગેરેનાં બાળ કાઢવાની ચતુરાઈની જરતકળા. એ કળા જેને આવડતી હોય તે એક મૂઠીભર રંગ લઈ જીભ કે કોઈ બાંધિયા ઉપર એવી રીતે ફેરે કે તેથી લાલી, ચોક્ષ વગેરે ચિત્ર આબેહૂબ પડી જાય ને જોનારને મોહ ઊપજે.

તંદુલજળ જુઓ તંદુલજલ.

તંદુલમચ્છ [ચા.] પું. ચોખાના દાણા જેવડો મચ્છ.

તંદુલમત્સ્ય જુઓ તંદુલિયો મચ્છ.

તંદુલવૈચારિક ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર.

તંદુલિકાશ્રમ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

તંદુલિયો મચ્છ પું. મોટા મગરમચ્છની આંખની પાંપણમાં થતો એ નામનો એક મચ્છ. તેનું શરીર તંદુલ એટલે ચોખા જેવડું નાનું અને આયુષ્ય અંતરમુહૂર્તનું એટલે બહુ ઓછું હોય છે. મનમાં તે હિંસાના જ વિચાર કરે છે.

તંદુલી [સં. તંદુલી] સ્ત્રી. તાંદળજાની ભાજી.

તંદુલીય ૧. [સં. તંદુલીય] પું. તાંદળજો.
૨. પું. વાવડિંગ.

તંદુલીયક [સં. તંદુલીયક] પું. તાંદળજો.

તંદુલીયકા [સં. તંદુલીયકા] સ્ત્રી. વાવડિંગ.

તંદુલુ ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. ખાડેલું અને ઝાટકેલું અનાજ.
૩. પું. ચોખા; તાંદુલ.
૪. પું. વાવડિંગ.

તંદૂર [હિ.] પું. એક જાતનો મબો ઊંચો ચોટી જેવો સળગોરસ ચૂલો. તે પંજાબમાં ખૂબ વપરાય છે. તેમા સખ્ત ભાઠો સળગે ત્યારે તેની અંદરની ચારે બાજુ ઉપર એકેકાથી પ્રતીક્ષ

જેટલી રોટી ચોડવવા મુકાય છે. તેને ચડતાં પૂરી પાંચ મિનિટ પણ થતી નથી. આ રોટી બાસ કરીને તદ્દન રોટી કહેવાય છે.

તંદૂરી ૧ [હિં.] ન. એક પ્રકારનું બહુ પોચું અને સુવાળું રેશમ. તે રંગે પીળું હોય છે.

૨. વિ તદ્દન સબબી; તદ્દનું. જેમકે, તદ્દરી રોટલી.

તંદ્રાહી ૧. [સં. તનદ્રિકા] સ્ત્રી. (હિંદી) પરિશ્રમ; મહેનત.

૨. સ્ત્રી. પ્રયત્ન; પ્રોત્સિય

૩ સ્ત્રી. સૂચના; તાકીદ.

તંદોડા (તંદોડો) પું. ઓના કાનનું એક ઘરેણું.

તંદ્ર [સં.] ન. (પિંગળ) તે નામે એક છંદ; પંક્તિ છંદ.

તંદ્રા ૧. [સં.] સ્ત્રી. આળસ; સુસ્તી; મરપજુ. ગ્લાનિ.

જે કરી ના પ્રવર્તું હું તંદ્રા ભરી જ કર્મમાં,
તો બનો સર્વદેશ પાર્થ ! મારે માર્ગે અનુસરે.

ગીતાનુરોધન

૨. સ્ત્રી (વૈદક) એક પ્રકારનો મૂર્છારોગ. તમોગુણ વાયુ અને કફથી તંદ્રા થાય છે. કૃત્રી પ્રકૃતિ, મગજમાં કરકરી, મગજની નબળાઈ, હૃદયમાં દૂષિત રજકણો, ચિંતા, ભય, શોક, દુર્બળતા, આતરડામાં જતુનુ બગડવુ, વીર્યના કે આર્તવમાં દોષ, લોહીનો પુષ્કળ બગાડો, બહુ શ્રમ વેઠવો, અને લોહીમાં બગાડ થવાથી તંદ્રા, થાક અને તેથી કંટાળો ભેગોથી ઉપજે થાય. તેથી બંને જ્ઞાનપટિયાં ઉપરનો જ્ઞાનતંતુઓનો મગજ સાથેનો સંબંધ તૂટે છે. બગાડપમાં પડેલા બગાડથી નબળા રજકણો મગજ ભણી ધસે છે, હૃદય ઉપર સોજા આવે છે ને સ્વચ્છ લોહીનો જમાવ થાય છે અને નાડીની ગતિ થડકતી થાકે છે. આમાં માણસને બહુ બાકુળતા થાય છે, દિંદ્રનો જ્ઞાન રહેતુ નથી, બગાસાં આવે છે, શરીર ભારે જણાય છે, બોલી શકાતું નથી. કડવી, તીખી, કષનાશક વસ્તુ બાવાથી તથા કસરત વગેરે કરવાથી તંદ્રા દૂર થવાનુ કહેવામાં આવે છે.

૩. સ્ત્રી કૃત્રિમ નિદ્રા; મોહનિદ્રા; ચાટક કરનાર બીજી વ્યક્તિમાં ઉત્પન્ન કરે છે તે નિદ્રા; અમુક ક્રિયા આરક્ષત બીજાઓને મોહમાં નાખી તેઓમાં ઉત્પન્ન કરવામાં આવતી નિદ્રા; પ્રાણીચુંબકમના પ્રયોગથી તંદ્રાજાજનની અનુક્રમે થતી છ અવસ્થાઓ પૈકી પહેલી સ્થિતિ. આ પ્રયોગનો આરંભ કર્યા પછી થોડા સમયમાં સહેજસાજ પ્રાણના બદલાબદલીથી તંદ્રાજાજનની જે અવસ્થા થાય છે તે તંદ્રાની છે. આ અવસ્થામાં તંદ્રાજાજન આપ્યુ હોય અને જો પ્રયોગ બંધ રાખવામાં આવે તો તે થોડી વારમાં પોતાની મેળે જ બગત થઈ જાય છે.

૪ [સં.] સ્ત્રી. નિદ્રાનુ પૈનુ; શારીરિક અથવા માનસિક થાકને લીધે આવતી આળસ; બગત અને સુષુપ્ત વચ્ચેની અવસ્થા; આછી ઊંઘ; ઊંઘનું પૈનુ; નિદ્રાનું પૂર્વ રૂપ; નિદ્રાની અસર.

પળી બીમે ધામે બોલી તંદ્રા ચરા માડની.

મુક્તાબસિંહ

તંદ્રાઆળો પુ. આળસનો સમય.

તંદ્રાધીન [સં.] વિ. તંદ્રાને તાબે; પૈનમાં હોય એવું; નિદ્રાધીન.

તંદ્રાબાજન [સં.] ન. (યોગ) પ્રાણવિનિમયનો પ્રયોગ જેની ઉપર બજમાવવામાં આવતો હોય તે માણસ, શરીરમાં રહેલી વિદ્યુતનો આંખ દ્વારા જેના ઉપર પ્રયોગ કરવામા આવે તે બકિત. પ્રયોગ દ્વારા તેની તંદ્રા, સુષુપ્તિ, ગાઢ સુષુપ્તિ, બનુવૃત્તિ, દિવ્યદૃષ્ટિ અને બતર્દૃષ્ટિ એમ ક્રમશ:છમે છ બવસ્થા થાય છે.

તંદ્રારોપક [સં] વિ. (યોગ) શરીરમાં રહેલા વિદ્યુતનો આંખ દ્વારા બીજા ઉપર પ્રયોગ કરનાર.

તંદ્રાલુ ૧. [સં.] વિ. તંદ્રાવાળું; નિદ્રાળુ; આખમાં ઊંઘ ભરાયેલી હોય એવી હાલતનુ. થોડી નિદ્રાવાળુ

૨. વિ. સુસ્ત; બાળસુ; મંદ.

તંદ્રાવસ્થા [સં.] સ્ત્રી. તંદ્રાવાળી સ્થિતિ કે બવસ્થા. તંદ્રાવસ્થા એટલે નિદ્રાના બારંભમાં સામાન્ય બંધકાર હોય છે, પણ વિશેષ બંધકાર હોતો નથી, મરણ કે તે વખતે હું પું એવી પ્રતીતિ થાય છે; પણ હું બમુકનો પુત્ર પું તમા બમુક જ્ઞાતિવાળો પું ઇત્યાદિ પ્રકારની વિશેષ પ્રતીતિ હોતી નથી. માટે જેમ તંદ્રાવસ્થામાંથી નિદ્રાવસ્થામાં જવા વખતે કેવળ સામાન્ય બંધકાર જ રહે છે, તેમ તંદ્રા વિના પણ જે વિશેષ બંધકારની નિવૃત્તિ થઈ હોય, તે બંધકારરહિત નામની ત્રીજી ભૂમિકા જાણવી.

તંદ્રાળુ જુઓ તંદ્રાલુ.

તંદ્રિ ૧ [સ.] સ્ત્રી તંદ્રા; થોડી નિદ્રા; આળસ.

૨. સ્ત્રી ભૂ; ભૂકુટી.

ભૂ તંદ્રિ ભૂકુટી ત્રિકુટી ભોહ, હસત નિજ બાલ.
બહો કાલ બીજા પછી, સેજ હસી ગુહ બાલ.

ત્રિભળભધુકોષ

તંદ્રિક પું. સન્નિપાતના તેર ભાંહેનો એક ભેદ.

તંદ્રિક સન્નિપાત [સં.] પું. તેર સન્નિપાત ભાંહેનો પચીસ દિવસની મુદતનો રોગ ઉપચારથી સાધ્ય મનાતો ત્રિદોષજ્વર. આ તાવમાં ઊંઘ બહુ આવે, તાવ જોરથી ચડે, તરસ બહુ લાગે, જીભ કાળી અને ખરસટ થઈ જાય, દરદ બહુ આવે અને કાનમાં દરદ થાય

તંદ્રિક [હિં.] સ્ત્રી. તંદ્રા.

તંદ્રિજ [સં] પું (પુરાણ) કનવક નામે યદુવંશી રાજાનો એ નામનો એક પુત્ર.

તંદ્રિત ૧. [સં] વિ. તંદ્રાવાળુ; બાળસુ.

૨. વિ. થોડી નિદ્રાવાળું.

તંદ્રિતા ૧. [સં.] સ્ત્રી. તંદ્રાવાળી સ્થિતિ.

૨. વિ.સ્ત્રી. તંદ્રાવાળી; બાળસુ.

૩ વિ સ્ત્રી. થોડી નિદ્રાવાળી.

તંદ્રિલ જુઓ તંદ્રિત

તંદ્રી [સં] સ્ત્રી. તંદ્રા.

તંધેષા પુ. (બ્રહ્મ) ચોરાશી માહેનો એક સિદ્ધ.

તંનૂર [બ તનૂર] પુ. ચૂલો.

બબર તંનૂરમાં રાઝ, પહેના બબ ફોર લા.

કલાપી

તંપા [સં] સ્ત્રી. બાલ; ચંદ્ર

તંપુરાસ ન. એક તનુવાદ્ય.

તંબ ૧. સ્ત્રી. એક જાતની મચ્છી; તંબુસા. તે તામ્બા જેવા ઝાંખરા રંગની હોય છે અને ઓકટોબર માસ પછી મળી બાવે છે.

૨. [સં. તામ્ર] ન. તાંબુ.

૩ વિ ચતુ.

તંબક (તમક) પું. પેટ.

તંબક ફાડવું = ખૂબ મરી જવું.

તંબા ૧. [ફા.] પું. બણી પહોળી, બગબગ થાબના જેવી સુરવાળ; લેબો.

૨. [સં.] સ્ત્રી. ગાય.

૩. [બ.] સ્ત્રી. બાજ કે શિકારના પક્ષી માટેનો ખોનાક.

તંબાકુ ૧. [સ. તામ્રકૂટ] સ્ત્રી. એ નામના છોડનાં પાનની બનાવટ; સૂકો; તમાકુ; તપખીર. તે બીડી, સીગ્રેટ વગેરેમાં વપરાય છે. તેને મરાઠીમાં તંબાખુ, હિંદીમાં તમાખુ, બંગાળીમાં તમાકુ, ફારસીમાં તંબાકૂ અને અંગ્રેજીમાં ટોબેકો કહે છે.

૨. સ્ત્રી. એક જાતનો છોડ; પહોળાં જાડાં પાંદડાનો એક નાનો છોડ. તે શુમારે દોઢેક ઊંચો વધે છે અને તેને પેંત બેવંત લાંબાં અને પહોળાં પાન બાવે છે. તે પાનનાં ચૂરાની તંબાકુ થાય છે તે બીડી કે ચલમમા નાખી પિવાય છે. તે એક જાતની કેફ કે દુર્વ્યસન છે. તંબાકુ કાપી લીધા પછી જે કાંડા

રહે છે તેને પણ પાદડાં ફૂટી બી આવે છે. તે બધું કરીને સર્વ પ્રાતોમા થાય છે. મૂળ તે અમેરિકની પેદાશ છે. તમાકુનું અસલ અમેરિકન નામ ટોબેકો હતું, પણ તેની બીડીને ટોબ્બાકો કહે છે, તે ઉપરથી તમાકુ એવું નામ દુનિયામાં ચાલુ થયેલું છે. અમેરિકમાં લોકો આ વનસ્પતિની ખેતી કરતા અને તેનો ચાવવામાં, સૂંઘવામાં અને પીવામા ઉપયોગ પણ કરતા હતા. યુરપિયનોને અમેરિક જતાં એનું વ્યસન લાગ્યું અને તેણે પછી દુનિયા ઉપર ફેલાવો કર્યો જેમ બીજી નઠારી વસ્તુ કે વાત ઝટ ફેલાય છે, તેમ તેની ખેતી અને ઉપયોગ હિંદુસ્તાનમાં ફેલાઈ ગયો તમાકુમાં ઝેરી તેમ જ હાનિકારક દ્રવ્ય રહેલાં છે. અમેરિકથી મર ચોકટર રેલે નામનો અંગ્રેજ રાણી એલિઝાબેથના વખતમાં સૌથી પહેલાં ઇંગ્લંડમાં તંબાકુ લાવ્યો હતો અને ત્યારથી અકબર બાદશાહના સમયમાં હિંદમા દાખલ થયેલ છે. તે ખાવાથી મોંમાં દુર્ગંધ આવે છે અને દાંતને નુકસાન થાય છે, છતા પણ માણસોને તે ચાવવાની ખૂરી આદત પડી ગયા છે અને તેથી કરીને જ્યાંત્યાં થૂકયા કરે છે. કોઈ તેને ચૂનામાં ભેળવીને પણ મોંમાં રાખે છે. તે પીવાથી છાતીમાં દર્દ ઉત્પન્ન થાય છે, પિત્ત થાય છે, આંખોને નુકસાન થાય છે અને કાળજું બગડી જાય છે. છતાં મોટા ભાગના માણસો તેને બીડી, સિગારેટ, ચલમ કે હોકામાં નાખી પીએ છે અને આનંદથી મોઢા કે નાકમાંથી ધુમાડાના ગોટેગોટા કાઢતા આનંદ પડે છે. કેટલાક તેની છીંકણી એટલે ભભર બનાવી સૂંઘે છે. તે બે જાતની થાય છે: કાળી, પીળી, રાતી વગેરે તે ઘિલાસ, તીક્ષ્ણ, ઉષ્ણ, અરિતશોષક, મદકર, ભ્રમક, કડવી, દૃષ્ટિમાદ્યકારક, સારક, વામક, તીખી, રુચિકર તથા ધાતાનુલોમન છે અને કફ, ઉપગ્રસ, દમ, વાયુ, કોઢાનો વાયુ, કૃમિ, કંતરોગ, શુક્રરોગ, દૃષ્ટિરોગ, ઘીંચ, જૂ, વીંછીનું વિષ તથા સોજાનો નાશ કરે છે. તંબાકુના ગુણદોષનો વિચાર કરતાં એનાં વાવેતરને નજરની દૃષ્ટિએ જ દૂર કરવાનો જે એકપક્ષી રિવાજ પડતો જાય છે તે ઉપર અંકુશ મૂકવાની રાષ્ટ્રના આગેવાનોને જરૂર પડી છે અને તેથી તેનો ગ્રાણવટથી વિચાર કરીને તેના વાવેતરો ઘટાડવા માટે પ્રયાસ પણ થઈ રહ્યા છે. વ્યસન માત્ર આદરણીય ન હોઈને કોઈ પણ વ્યસન બાંધવાને નામે પણ પ્રચાર પામે તેમા રાષ્ટ્રનું કલ્યાણ નથી એવો પણ એક સ્પષ્ટ મત છે. કુમારપાળનાં પ્રમાણભૂત દૃષ્ટાંતો પણ આ સંબંધમા અભ્યાસ કરવા પાત્ર જણાય છે. આ સંબંધમાં તેઓ હરિજનબંધુમાં લખે છે કે: કપાસ કે તંબાકુના જેવા કેવળ પૈસાની દૃષ્ટિથી કરવામાં આવતા પાકને બદલે દરેક ગામે પોતાની જરૂરિયાત પૂરતું અનાજ તથા ગામ લોકોની પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડવા માટે જરૂરી કાચો માલ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તંબાકુ, ચણા, કેરડી વગેરે વેપારી એટલે કે નાણાં માટેના પાકો જે રીતે નુકસાનકારક છે એને લીધે માણસને જરૂરી અનાજની, તેમ જ ઢોરના ખોરાક માટેના ઘાસચારાની ખેદાશ ઓછી થાય છે. કેમકે નાણાં માટેના પાકને બદલે અનાજના પાક લેવામાં આવે તો તેમાંથી ઢોરોને માટે ઘાસચારો પણ મળી રહે છે.

ત્રા. સ્ત્રી. સુખડી; ચીકણી.

તંબાકુગર કું. તંબાકુ બનાવનાર.

તંબાકૂ જુઓ તંબાકુ.

તંબાન જુઓ તંબા.

તંબાલ ૧. [સ.] ન. પાણી માટે નાનું, મોળ પિત્તળનું વાસણ.

૨. ન. રાંધવાનું માટીનું વાસણ

૩. ન. હિંદુઓ ખોરાક રાંધે છે તે પિત્તળનું વાસણ.

તંબિકા જુઓ તંબા.

તંબિયા [હિં.] કું. તાંબાનો પ્યાલો.

તંબી [અ. તંબિયા] સ્ત્રી. ધર્મકાર્યો કરાવનું તે; શિક્ષા.

તંબીર [સં.] કું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

તંબીહ [અ.] સ્ત્રી. શિક્ષા; શિક્ષામણ; કપડે; મારવું તે; પીટવું તે; દંડ; નસીહત.

તંબીહ કરવી–દેવી = શિક્ષા કરવી; મારવું; પીટવું.

તંબૂ ૧. [સ.] કું. કપડું, ટાટ, કેનવાસ આદિનું બનાવેલું અને વાંસલાને આધારે ઊભું કરેલું મ્રમણકાલે ઘરઃ દોરડાં અને વાંસલાના ટેકે તાણેલું ઝાડી ઘાટનું મુસાફરી ઘર; બાદ્ય દોરાના કપડાનું ઘુંમટદાર ઘર; કનાત બાંધીને કરેલું ઘર; પટમંડપ; એમાં રેશ. નાના તંબૂને રાવટી કહે છે. એક વાંસલાવાળા તંબૂને મિયલ બેસ અને બે વાંસલાવાળા તંબૂને કનાત પોલ કહેવામાં આવે છે. ચોરસ તંબૂને ચમિયાણો કહેવામાં આવે છે.

૧. તંબૂ ઠોકવો = તંબૂના કપડાના ઊંડા બાંધવાને માટે મોટા વાસલા વાંસલાની આસપાસ ખીલીઓ મારવી.

૨. તંબૂ તાણવો = વચમાં મોટો વાંસલો ઊભો કરી તેની ચારે બાજુએ ઘુંમટની બાહ્ય કપડું ખેંચીને મ્રમણસ્થાન ઘર કરવું; તંબૂ ઊભો કરવો

૩. તંબૂ મારવો = તંબૂ ઊભો કરવો.

૨. સ્ત્રી. એ નામની એક જાતની મચ્છી.

તંબૂનગર ન. લોક વખત માટે તંબૂનું બનાવેલ નગર.

તંબૂમચ્છી સ્ત્રી. એક જાતની માછલી.

તંબૂર ૧. કું. (સંગીત) એક પ્રકારનું તતવાદ્ય; એક તંતુવાદ્ય; નારદી વીણા; તંબૂરો.

૨. [જ્ઞા.] કું. એક પ્રકારનો નાનો ઢોલ.

તંબૂરચી [સ. તંબૂર + ચી (કર્તૃવાચક પ્રત્યય)] કું. તંબૂર બજાવનાર માણસ.

તંબૂરા [હિં.] કું. એક સંગીતવાદ્ય; એક પ્રકારનું તંતુવાદ્ય

તંબૂરાતોપ [હિં.] સ્ત્રી. એક પ્રકારની મોટી તોપ.

તંબૂરાની [અ.] કું. તંબૂરો બનાવનાર માણસ.

તંબૂરાપેટી સ્ત્રી. સુરપેટી; સૂર પૂરવાનું પેટીના આકારનું વાદ્ય.

તંબૂરી [જ્ઞા. તંબૂર (સારંગી)] સ્ત્રી. (સંગીત) એક પ્રકારનું તતવાદ્ય; તુંબડાની બનાવેલી નાની સારંગી; નાનો તંબૂરો; કિન્નરી; એકતારો. આ વાદ્ય તંબૂરા ઉપરથી જ ઉત્પન્ન થયું છે, પણ તંબૂરો બેસીને વગાડાય છે, જ્યારે તંબૂરી ઊભાં ઊભાં હરિકીર્તનકાર બુવાઓ વગાડે છે.

તંબૂરુ કું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

તંબૂરો ૧. કું. (સંગીત) એક પ્રકારનું તંતુવાદ્ય; તંબૂરઃ તુંબડીવાળું; તુંબડાને કાણું પાડી તેમાં એક દંડ ઘાલી પણ લોઢાના અને એક પિત્તળનો તાર બાંધી બનાવેલું એક વાદ્ય. તેને નારદી વીણા પણ કહે છે. એ આદિવાદ્ય હોઈ, આધુનિક સમયમાં પ્રચલિત તતવાદ્યોમાં મૂળરૂપે છે. આ વાદ્યના ઉત્પાદક તુંબરુ ગંધર્વ હોવાનું એ વાદ્યના નામ ઉપરથી અનુમાન થાય છે. તંબૂરાને તુંબડું હોઈ તેની ઉપરની સપાટીએ બાવળનો કટકો જડી લઈ તેને લાંબી દાંડી જડેલી હોય છે. તે તુંબડાની ઉપરના સપાટીવાળા ભાગને તબલી કહે છે અને તેની ઉપર તારની બેસણી હોય છે તેને ઘોડી કહે છે. તંબુરાની ઉપરનો જે ખરો ભાગ દાંડી કહેવાય છે તેના ઉપર છેક બરાબર કેટલીક ખૂંટીઓ હોય છે. તેને તારનો એક છેડો વીંટી, બીજો છેડો વાળના મૂળમાં બાંધેલો હોય છે. દાંડીની ઉપર ખૂંટીઓમા બાંધેલો તાર એક પટ્ટીની વચ્ચેના કાણામાંથી નીકળી બીજી પટ્ટી ઉપર બેસાડેલ ઘોડી તરફ જાય છે. આ બીજી પટ્ટીને સંસ્કૃતમાં મેરુ અને હિંદીમાં તારદાન કહે છે. મેરુથી ઘોડી સુધી જેટલો તાર હોય છે તેને

છેડવાથી અવાજ કે ધ્વનિ ઉત્પન્ન થાય છે, અથવા અર્ધગોળાકાર પોલા લાકડાંની જોડથી ચાર કૂટ લાંબી દાંડી ઉપર સહેજ ગોળાકાર પાટિયું જડી, તે વાદ્યની દાંડ તૈયાર કરવામાં આવે છે. આમાં તુંબી ફળનો પા હિસ્સો કાપી બાકી રહેલા ભાગ ઉપર સહેજ ગોળ પાટિયું જડી, તબલી તૈયાર કરી, દાંડી સાથે તેની જોડ કરવામાં આવે છે. આ પ્રમાણે તૈયાર થયેલ તંબૂરમાં લાકડાંની ઘુડજ તબલી ઉપર અને લાકડાંનો ગોફ દાંડના અગ્ર ભાગે જોડવામાં આવે છે. તુંબાના મૂળમાં તમૂ બાંધવા માટે ગોફ ખીલી રાખેલી હોય છે. તબલી ઉપર રાખેલી ઘુડજ ઉપરથી પ્રમાણસર પાડેલા આંકામાં થઈ ચાર તાર તેવા જ પ્રકારના ગોફમાં રાખેલા આંકામાં થઈ મથાળે રાખેલી ખૂંટીને બાંધવામાં આવે છે. આમ કરવાથી તાર ઊંચા રહી શકે છે અને તેના ઉપર આઘાત કરવાથી સ્વર નીકળે છે. આ વાદ્યને પડદા હોતા નથી, પરંતુ માત્ર ચાર તારમાંથી અનુક્રમે નાદ ગ્રહણ કરવામાં આવે છે. આ વાદ્યનો તુંબાનો ભાગ શરીરની જમણી બાજુએ અને દાંડનો ભાગ ડાબી બાજુએ રહે, એ પ્રમાણે ઓઢણી વાદ્યની જમણી બાજુથી અનુક્રમે ૧-૨-૩-૪ તાર ગણવામાં આવે છે. તે મેળવવાની રીતઃ તંબૂરામાં પહેલો તાર પિત્તળનો હોય છે, તે મદ્યસપ્તકના પંચમ સ્વરમાં મેળવવો. બીજો અને ત્રીજો એ બે તાર લોખંડના હોય છે. તે બંને મધ્યસપ્તકના ષડ્જમાં મેળવવા. એને જોડના તાર કહે છે. ચોથો તાર પિત્તળનો હોય તે મદ્યસપ્તકના ષડ્જમાં મેળવવો. આમાં મુખ્ય તાર તે વચમાંના બે લોખંડના જોડના તાર મધ્યમ છે. એ તાર જેટલો જાડો હોય તેટલી જ બરાબર પિત્તળનો પહેલો તાર રાખવો અને તેથી જમણો જાડો પિત્તળનો ચોથો તાર રાખવો. તંબૂરાની બનાવટ જે પ્રમાણે હોય તે પ્રમાણે તાર બરાબર પાતળા રખાય છે. એ વાદ્ય બનાવવાની રીત ઘણી સરળ છે અને કોઈ પણ બિનઅનુભવી માણસ તેનું વાદન કરી શકે છે. વાદ્યની જમણી બાજુથી ૧-૨-૩-૪ તાર જમણા હાથની અનામિકા, મધ્યમા અને તર્જનીથી અનુક્રમે સ્પર્શ કરી વગાડવામાં આવે છે. આ વાદ્યને મેળવવામાં સ્વરજ્ઞાનની સંપૂર્ણ કસોટી થાય છે. આ કારણથી સંગીત વિષયમાં પૂર્ણતા પામેલા માણસો માત્ર એ વાદ્યનો બધે અંતે ઉપયોગ કરતા જણાય છે.

૨. પું. ભાંગ ને ધૂળી મળેલું એવું જે તે.

તબરા જેવું = (૧) ખાઈ પીને તાબું થયેલું એવું. (૨) સ્થૂલ; ભાંગ ને ભોળ.

૩. પું. જીવન; જિંદગી; દેહ.

ઉપર આવે તંબૂરાનો તાર,
ભજન અમૂક રે રહ્યું ભગવાનનું. ભજન

૪ પું. યોની જનનેંદ્રિય; યોનિ.

તંબૂલ [સં. તાંબુલ] પું. નાગરવેલનું પાન.

તંબૂલી સ્ત્રી. નાગરવેલ.

તંબૂસા સ્ત્રી. એક જાતની મચ્છી

તંબેડી (તંબેડો) પું. તાંબાનો કે પ્રસાદનો પ્યાલો.

તંબોલ જુઓ તંબોળ.

તંબોલન જુઓ તંબોળણ

તંબોલિન ૧. સ્ત્રી. એ નામનું એક ઝાડ.

૨. સ્ત્રી. તંબોળણ

તંબોલિયા જુઓ તંબોળિયા.

તંબોલી જુઓ તંબોળી.

તંબોળ ૧. પું. મળાનો એક રોગ. કેથા ખાવું પાકા જેવું છે.

૨. પું. મોટો લાલ રેશમ.

૩. પું. (સંગીત) નારદીય. તંબૂરામાં દાંડ ઉપર જે મથાળે ખૂંટીઓ હોય છે તેની નજીક પણ દાંતની અથવા હાડકાની અથવા તો લાકડાની પાતળી પટ્ટી કરી ગોઠવામાં આવે છે. તેની ઊંચાઈ લગભગ બોદીના સરખી હોવી જોઈએ. તેને તંબોળ કહે છે.

૪. [સં. તામ્બૂલ] પું. નાગરવેલનું ખાવાનું પાન; પાનપટ્ટી; પાનબીડું; નાગરવેલના પાનનું બીડું

આવો મુખ તંબોળની બક્ષાનંદને આશ. બક્ષાનંદ

૫. પું. પાન, કાથો, ચૂનો ને સોપારીનો લાલ નિશાણ લાલ પ્રવાહી, આંબેલા પાન સોપારીનો રસ.

તંબોળ છાંટવો = લગ્નમાં વરકન્યાએ પાન ચાવી તેના લાલ નિશાણની ગોઠણીના ઉપર પાનની પિચકારી મારવી અથવા કન્યાએ પાન ચાવી તેનો લાલ નિશાણ વરની ઉપર ઓદર્યો પિચકારી મારીને નાખવો. નાગર, દક્ષિણી વગરે ઘણી કોમમાં આવો રિવાજ હોય છે.

૬. પું. લગ્ન, જનોઈ વગેરે સાંસ્કારિક અવસરો ઉપર ગામારી લોકોને શુકન તરીકે અપાતાં પાન, પતાસાં કે સોપારી.

તંબોળ પહોંચવો = લગ્ન, જનોઈ વગેરે શુભ પ્રસંગો ઉપર પાન, પતાસાં કે સોપારી પહોંચવાં.

૮. પું. (પિતાથી) વિવાહ વખતે વરને આપવામાં આવતું ધન, ચાંદલો.

૯. સ્ત્રી. મીઠા પાણીમાં થતી એ નામની છીપમાં વસનારી નાની માછલી. તે ઘણી ચીકાશદાર હોય છે

તંબોળણ ૧. [સં. તામ્બૂલિની] સ્ત્રી. તંબોળની સ્ત્રી; પાન વેચનારની સ્ત્રી.

૨ સ્ત્રી. તંબોળી જાતિની સ્ત્રી.

તંબોળતંબોળ પું. લગ્ન પ્રસંગે કેટલીક જાતોમાં કરવામાં આવતી પાનની અમુક વિધિ.

તંબોળાવું અ ક્રિ. તબૂર્ણ જવું.

તે વખતે બરાબર પાણી મળવાથી ડાંગો ખેડી પડી જાય છે, તે વખતે ખેડૂતો કહેતા તંબોળાઈ ગયું બધું છે. ખેતીવાડી પદ્ધતિ

તંબોળિયા [હિ.] સ્ત્રી પાનના આકારની એક પ્રકારની માછલી તે મોટે ભાગે ગંગા અને જમના નદીમા થાય છે.

તંબોળિયું ૧. વિ. તંબોળ અથવા તંબોળાને લગતું; તંબોળ સબંધી.

૨. વિ. પાનનું, તંબોળનું.

તંબોળિયો ૧. પું. કીલું રેશમ.

૨. પું. તંબોળિયો નાગ. જુઓ તંબોળિયો સાપ ૨.

૩. [સં. તામ્બૂલિક] પું. તંબોળણ; પાન સોપારી વેચનારે માણસ.

૪ પું ચકલનમાં પાન, સોપારી કે પતાસાં વહેંચનારો માણસ. લગ્ન વગેરે શુભ પ્રસંગે પાન, સોપારી, પતાસા આપનાર માટે વપરાય છે.

૫. વિ. પાન ઉપરનું.

તંબોળિયો ક્ષય પું. (વૈદ્યક) એક જાતનો ક્ષય રોગ; જઠરમાં સાથે લાલ પડતુ હોય તેવું ક્ષયનું દરદ. જ્યારે પરૂ સાથે મળેલું લોહી પણ પડે છે ત્યારે વૈદ્ય તેને તંબોળિયો ક્ષય કહે છે. કહેવાય છે કે આ રોગ તંબોળિયો નાગ ન.મનો ટુકડો ખાવામા આવી ગયો હોય તો થાય છે.

તંબોળિયો નાગ જુઓ તંબોળિયો સાપ.

તંબોળિયો સાપ ૧. પું. મળાનો એક પ્રકારનો રોગ.

૨. પું. નાગરવેલના પાનમાં થતો એક જાતનો ઝીણો સાપ જેવો કીડો. તે સૂતરના તાંતણા જેવો હોય છે અને પાનની વચલી નસને વળગી રહે છે. કહેવાય છે કે એ જીવડો ખાવામાં આવે તો ક્ષય રોગ થાય.

તંબોળી ૧. [સં. તામ્બૂલિક] પું. નાગરવેલનાં પાન અને મુખવાસનો બીજો સરસામાન

વેચનાર માણસ; પાનવાળો; પાન સોપારી વેચનાર વ્યક્તિ; તાંબુલ વેચનાર માણસ.
૨. સ્ત્રી. એક જાતરની જ્ઞાતિ. તેઓ નાગરવેલનાં પાન અને મુખવાસ વગેરે વેચવાનો ધંધો કરે છે.
૩. સ્ત્રી. નાગરવેલ.
૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૫. વિ. એ નામની જ્ઞાતિનું.

તંબોળી ખાઈ [સં. તામ્બૂલ (નાગરવેલનું પાન) + ક્ષય (એક રોગ)] પું. એક જાતનો ક્ષય રોગ. નાગરવેલના પાનમાં થતો તંબોળી નામ આલામાં આવી જવાથી આ ક્ષય જેવો રોગ થતો મનાય છે.

તંબોળીવાડ (તંબોળાવાડ) સ્ત્રી. ચોરાસી મંદિરનું એક ચૌદું; શહેરના જે વિભાગમાં તંબોળી એટલે પાન વેચનારાઓ વસતા હોય તે ભાગ.

તંભ [સં. સ્તંભ] પું. સુથાર રસોના દસ માંહેનો એક સાત્ત્વિક ભાવ.

તંભન જુઓ તંભ.

તંભાવતી [સં.] સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક રાગણી. તે રાતના બીજા પહોરે ગવાય છે.

તંબેડી (તંબેડો) પું. તાંબાનો કે કાંસાનો પ્યાલો.

તંયે અ. ત્યારે.

તંવર ૧. સ્ત્રી. એ નામની રજપૂતોની એક જાત.
૨. ન. એ નામની એક જાતનું માણસ.
૩. વિ. એ નામની એક જાતનું.

તંવાર ૧. [હિં.] સ્ત્રી. ભાષામાં અક્ષર આવવા તે.
૨. સ્ત્રી. કરારતા; જબરાઈ; તાવની ગરમી.

તંવાલા સ્ત્રી. મૂર્છા.

તંવુર પું. ચૂલો; ભઠ્ઠી.

તંસ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) કહેવું. તે ઉપરથી અનેક શબ્દો બનતા.

તંસ વિ. ત્રિકોણ જેવા આકારનું.

તંસક પું. ગળાનો કાંઠો; ખોબિયો; છાજલા મૂળ આગળની ભાઠ.

તંસકદાહ પું. એક જાતનો રોગ; ગળાનો કાંઠો આવી જવો તે.

તંસીફ [અ. નસફ (અરધું)] સ્ત્રી. (ગણિત) બે સરખા ભાગ કરવા તે.

તંસુ પું (પુરાણ) પુરુવંશી એક રાજા; સોમવંશી ત્રસદસ્યુનો દીકરો. એની માનું નામ કૌશિકી અને એનું નામ રથંતરી હતું. ઇલિન, ઇતિ, ઋક્ષો, ઇલિલ એવાં એનાં નામ હતાં. દુષ્યંત, સુર, ભીમ, પ્રવસુ અને વસુ એ નામના એને પાંચ દીકરા હતા.

ત: ૧. [સં.] અ. નામને લાગતાં 'માંથી' ની દૃષ્ટિએ, એના અર્થનું અવ્યય બનાવતો પ્રત્યય. જેમકે, મૂલત:; તત્ત્વત:.
૨. અ. સર્વનામને લાગી તેને અવ્યય બનાવતો એક પ્રત્યય. જેમકે, અત:; તત:.

તા ૧. [અ. તે] પું. અરબી ભાષાનો ત્રીજો અને ફારસીનો ચોથો અક્ષર. અબજદ પ્રમાણે તેની કીમત ૪૦૦ છે.
૨. [અ. તોય] પું. અરબી ભાષાનો સોળમો અક્ષર. તે શુદ્ધ ફારસી ભાષામાં આવતો નથી. અબજદ પ્રમાણે તેની કીમત ૯ છે.
૩. પું. ઉતાવળ.
તામાં ને તામાં = (૧) ઉતાવળમાં ને ઉતાવળમાં. (૨) ગુસ્સામાં ને ગુસ્સામાં.
૪. પું. ગુસ્સો; રોષ.
૫. પું. અજરકો.
૬. પું. (સંગીત) તબલાંનો બોલ. તાલની ખાલી માત્રાઓ ઉપર તે આવે છે. તે હંમેશ તબલાં ઉપર જ વગાડવામાં આવે છે.
૭. પું. તાપ; ગરમી; ગરમાનો આપણે તે.
બપોર તાયા વા, હાથી હેઠાં હલબલ્યાં,
સાથે આવ્યો તા, ભેળા હલ્યાં ચેતનમાં,
ઝિલણ
૧. તા આપવો = ગરમ કરવું.
૨. તા લાગવો = ગરમી લાગવી.
૮. [ઇ.] પું. તાપ; પ્રકાશનું કદ; પ્રકાશનો મોટો કટકો; એક પ્રકાશ; તારા; પ્રકાશના એક માનનો ૨૪મો ભાગ.
૯. પું. (સંગીત) પખાવજના બોલોમાં આવતો એક શબ્દ. પખાવજના કિનારા ઉપર એટલે જેને ચાંદ કહે છે ત્યાં જમણા હાથની પહેલી આંગળી મારવાથી નીકળે છે અને ત શબ્દનાં રૂપ પણ બારાખડી પ્રમાણે કરે છે. જેમકે, તરકિટ, તથા, તિરકિટાન, તીતા, તુના ઇત્યાદિ. કરે આધુનિક બોલોમાં મિશ્ર કરેલા શબ્દોમાંથી ૨ અને ૪ તે તની માફક જ નીકળે છે.
૧૦. પું. પરમાણુના મુખ્ય શબ્દો માંહેનો એક.
૧૧. પું. હાથ; ખડાર્થ બતાવવાને મૂળ ઉપર હાથ ફેરવવો તે; કુદરત હાથવતું તે; વિજ્ઞાનનું અભિમાન લેવું કે પોતે પોતાને પ્રત્યક્ષ આપવો તે.
ઇજાદ મૂકે તા કઈ ચમત્કાર વધા લાગ્યા.
સુંદરમ્.ઉદ્ધ
મૂકે તા કેવો = મૂકે હાથ કેવો.
૧૨. સ્ત્રી. તામિલ શબ્દનું ટૂંકું રૂપ.
૧૩. [સં.] સ્ત્રી. લક્ષ્મી દેવી.
૧૪. [સં. તત્] સ. તે.
૧૫. [હિં.] સ. તેને; તેણીને.
૧૬. વ. જજ ભાષામાં અને જૂની હિંદી ભાષામાંનું ત્રીજા પુરુષ એકવચન સર્વનામનું રૂપ.
૧૭. વિ. ગરમ; તેજ.
તા ઘાઈ જવું = ગરમ કે તેજ થઈ જવું.
૧૮. અ. એટલા માટે કે.
૧૯. અ. તથા.
૨૦. અ. પણ; તોપણ.
૧. તા હનોઝ = તોપણ.
૨. તા હમ = તેમ છતાં પણ.
૨૧. અ. વિશેષણનું ભાવવાચક નામ બનાવતાં લગાડાતો એક સંસ્કૃત પ્રત્યય. તેનો અર્થ પણ થાય છે. જેમકે, મિષ્ટ-મિષ્ટતા, દુષ્ટ-દુષ્ટતા, ચોક્ષ-ચોક્ષતા, ચતુ-ચતુતા, નિપુણ-નિપુણતા, નમ્ર-નમ્રતા.
૨૨. અ. સુધી; લગી.
૧. તા કુજા = ક્યાં સુધી ?
૨. તા કે = જ્યાંસુધી કે જ્યાંસુધી.
૩. તા ચંદ = કેટલા ?
૪. તા ચંદ બાર = કેટલી વખત ?
૫. તા ચૂનીન = એમસુધી.
૬. તા જિંદગી = જીવતાં સુધી.
૭. તા હમે જિસ્ત = જ્યાંસુધી જીવ રહે ત્યાંસુધી.
૮. તા ખાર્ઈ = કેટલું ?
૯. તા બાદ્ = બની શકે તેટલું.
૧૦. તા બજિસ્ત = જ્યાંસુધી જીવ રહે ત્યાંસુધી.

તાઅત ૧. સ્ત્રી. તાબેદારી.
૨. [અ.] સ્ત્રી. ભક્તિ; ભક્તિ.

તાઅલા [અ.] વિ. મહાન; સર્વશક્તિમાન.
ખુદાએ તાઅલા = સર્વશક્તિમાન પ્રભુ; મહાન ઈશ્વર.

તાઅલ્લાત ૧. [અ.] પું. સમૂહ; જથ્થો.
૨. સ્ત્રી. બ. વ. ભક્તિનાં કાર્યો.

તાઅસ્સા ૧. [હિં.] પું. ખાનો મોટો ખાર્ઈ.
૨. ન. એળ આકારનું બિલ.

તાઅસ્સુબ પું. તરફદારી; ભેદ.

તાઈ ૧. [સુ. તાઈ (પાતળો દોરો)] પું. (જરબોસ્તી) ધાર્મિક ક્રિયામાં જરથોસ્તી જોડે હાથ વપરાતો ધાતુનો તાર.
૨. પું. મુસલમાનની એક હલકી જાત; વણકર; વણનાર; સાળવી; પીંજનારો; કે પીંજનાર; હિંદુ

તથા મુસલમાન ધર્મમાં જોવામાં આવતી કેટલીક જાતો માંહેની એક. જેમકે, તાઈ, રંગારા, પખાલી, હજામ, નાલબંધ, સલાટ, સોની, મણિયાર. મહાત્મા કબીર આ જાતના હતા.

તાઈ પીંજારા = હલકા કોડ; કારવાડિયા કોડ

૩. સ્ત્રી. એ નામની સખી અને પ્રેમપાત્રની એક અટક.

૪. સ્ત્રી એક વજન.

નીમા એક તાઈ ને આખી કોટ,
તલપણ સીવી જાણું કોણ?

વિષ્ણુદાસ

૫. સ્ત્રી. માસી.

૬. સ્ત્રી. ચીનની ભાષાના એક વર્ગની શાખા.

૭. સ્ત્રી. તબી.

૮. સ્ત્રી. બહેન.

૯. [હિ.] સ્ત્રી. બાપના મોટા ભાઈની પત્ની; બાજુ.

૧૦. સ્ત્રી. માટીનું રાંધવાનું વાસણ.

૧૧. સ્ત્રી. હલકો તાવ.

૧૨. ન. એ નામની અટકનું માણસ.

૧૩. ન. એ નામની જાતનું માણસ.

૧૪. વિ. એ નામની અટકનું.

૧૫. વિ એ નામની જાતનું

૧૬. ન ગુણવાચક નામ બનાવવામા વપરાતો પ્રત્યય. જેમકે, લઘુતાઈ.

૧૭. ન. સુધી; લગી.

તાઈઝ દેશ પું. હિંદુસ્તાન માંહેનો એ નામનો એક દેશ.

તાઈડઝૂન ૧. સ્ત્રી. મોસીના ઉત્તર પ્રદેશમા વસતા લોકોની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તાઈત ૧. [અ. તઅ્વીજ] પું. તાવીજ; નજર ન લાગે એટલા માટે મંતરીને તૈયાર કરેલો કાગળ. તેને એક નાની કબીમાં નાખી બાળકોને ગોઠે બાંધવામાં આવે છે.

૨. પું. પ્રિય પાત્ર.

તાઈદ ૧. [અ. અઈદ (તેણે મદદ કરી)] પું. સહાયક કર્મચારી; નાયબ.

૨. [અ. ઇદ (તેણે મજબૂત કર્યું)] સ્ત્રી. ટેકો; મદદ; પક્ષ; અનુમોદન; સમર્થન; પુષ્ટિ.

તાઈદ કરવી = (૧) અનુમોદવું. (૨) મજબૂત બનાવવું; સાચું બનાવવું. (૩) મદદ કરવી.

૩. સ્ત્રી. દાવાની સાબિતી માંહેનું લેખિત બોજરિયું; 'લઉઅર'.

૪. સ્ત્રી. પક્ષપાત; તરફદારી.

૫. સ્ત્રી. સાબિતી.

૬. [હિ.] ન. હિજડાઈ માણસ.

તાઈદનવીસ [અ.] પું. મદદનીશ અરજીનવીસ.

તાઈદાત [અ.] સ્ત્રી.બ.વ. મદદો.

તાઈદેકલામ [અ.] પું. એક બાબતનો ટેકો.

તાઈદેદાવા [અ.] પું. દાવાનો ટેકો.

તાઈન [અ.] પું. ચાકિયો; નિદભોર.

તાઈફ (તાઇફ) ૧. [અ.] ન. રાતની રોન.

૨ ન. શેતાનના હલકા વિચારો.

૩. ન રમખાનું દરપ.

૪. ન. હિજાઝનું એક શહેર.

તાઈફો ૧. પું. એ નામની એક જાત

૨ પું. કપડાની જોડસરખી જોડી

૩ (તાઇફા) [અ. તવઇ (ગોળ જવું)] પું જમાવ, ટોળુ ભાસ કરીને ગાનાર કે નાચનારીઓને માટે વપરાય છે.

૪. ન. એ નામની જાતનું માણસ

૫. વિ. એ નામની જાતનું.

તાઈબ [અ] વિ અફસોસ કરતું

તાઈબીમ ન લાકડાની બખીમ. નીચે આરેથી આરપટિયાથી પાતળુ લાકડું

તાઈર ૧. [અ. તયર (તે ઊડ્યું)] પું. પક્ષી.

૨ ન. ઊડવું તે.

તાઈરા [અ] વિ. બાપના મોટા ભાઈથી જન્મેલું

તાઈરાઅહિન [હિ.] સ્ત્રી. બાપથી મોટા ભાઈની દીકરી.

તાઈરાભાઈ [હિ.] સ્ત્રી. બાપથી મોટા ભાઇનો દીકરો.

તાઈસોક પું તાઈ દેશમાં રહેનારા લોકો. તેઓ કેપ્યુક પહેરનારા અને અસિ કિસિ અલિ એમ બોલનારા મનાય છે.

તાઈસાસુ સ્ત્રી. નણદ.

તાઈ જુઓ તાઈ

તાઉ ૧ વિ તો, ગરમ; જલદ, આકરું. આકરા મિજાજનું; તીખુ, કોમી; ઉગ્ર; પ્રચંડ; ક્રુદ્ધ; ક્રોધી; જરાજરામા ઊતરી પડનાર.

ભલા વગર વિચારના તાઉ સ્વભાવના માણસ આવા મુદ્દાની બાબતે કરેલી પ્રાર્થનાને 'હા' જ કહે. મુનશી

૨. વિ. કડેલા; મેજરલાઉ.

તાઉ ૧. પું. ઊપરી.

૨. [હિ.] પું. કાકો.

૩. પું. બાપનો મોટો ભાઈ.

તાઉન [અ.] પું. મરકો; પ્લેગ.

તાઉસ ૧. [અ.] પું. મોર; મયૂર.

૨. ન. મોરના જેવું જાણે એવુ એક તંતુવાદ્ય; એક ઉંડે મોરનો આકાર હોય એવુ વાદ્ય; નીચલી બાજુએ મોરના મુખ જેવો આકાર ને ઉપલી બાજુએ પીંછા લગાડેલાં હોય એવો આકાર બનાવી કરેલો તબૂરો; સારંગી અને સિતારને મળતું એક વાદ્ય. આ વાદ્યનો ઉપલો ભાગ સિતાર જેવો અને નીચલો ભાગ સારંગી જેવો હોય છે. સિતાર અને સારંગીના મિશ્રણથી આ વાદ્ય ઉત્પન્ન થયું લાગે છે ઘોડાની પૂછડીના વાળ બેગા કરી તે વાળ એક લાકડીને છેડે બાંધી તેનાથી તાર ઉપર ઘર્ષણ કરીને વગાડવામાં આવે છે. તેને મજ પણ કહે છે. તાઉસ અને દિલરુબામા લેશમાત્રનો પણ ફરક નથી, પરંતુ ઝોડીને બદલે તાઉસ એકલે મયૂરની આકૃતિ હોવાથી તેને તાઉસ નામ આપેલ છે. તેની વાદનક્રિયા પણ દિલરુબા જેવી જ છે.

તાઉસબાજ ૧. [અ. તાઉસ + ફા. બાજ (વગાડનાર)] પું. તાઉસ નામનું વાદ્ય વગાડનારો માણસ; તાઉસી; તાઉસ વગાડી જાણનાર આદમી

૨. વિ તાઉસ વગાડી જાણનાર.

તાઉસબીન ન. એક જાતનું તંતુવાદ્ય.

તાઉસી ૧. [અ.] પું. તાઉસબાજ; તાઉસ વગાડનાર માણસ.

૨. સ્ત્રી એક જાતના રોબાવાળા અક્ષર.

૩. વિ. મોરના જેવું.

તખ્તે તાઉસી = મયૂરાસન; દિલ્હીના બાદશાહોનુ તખ્ત. તે હીરાથી જડપાયેલુ હતું અને મોરની કલાને મળતું હતું.

૪. વિ. મોરના રંગનું; મોરના રંગને મળતું.

તાઓ ન (જરથોસ્તી) એક પ્રકારનું વાસણ.

તાઓફો ૧ પું. નાટારંગ; જોવા જેવો બનાવ.

૨. સ્ત્રી. નાયકપણ અને તેની સાથેનો સાજ.

૩. સ્ત્રી. રામજળી; કલાવંતી.

તામ્બો ૧. [હિં] પું આખો કાગળ.

૨. પું. ગરમી; તાપ.

તામ્બો દેવો = (૧) તપાવવું. (૨) મુઠ્ઠો મરડવો. (૩) વળ દેવો.

૩. પું. જુસ્સો.

૪ પું. કપ.

૫ પું. પરમાણુના મુખ્ય માંહેનો એક કણ.

૬. પું. વળ.

૭. પું. વૈભવ.

તાઓઇઝમ પું લાઓટ્સ નામના સંતે ચીન દેશમાં સ્થાપેલો એ નામનો ધર્મ. તેનો જન્મ ઈ.સ. પૂર્વે ૬૦૪માં થયો હતો. ચીનાઓ તાઓ નામના દેવને માને છે. આ ધર્મના શાસ્ત્રનું નામ તાઓ તેહ કિંગ છે.

તાઓધર્મ જુઓ તાઓઇઝમ.

તાઓલા પુ. ઉતાવળો માણસ.

તાઓલીકાઆરા જુઓ તાઓલા.

તાક ૧. પું પલાજી; ઉપાય.

૨. પું. ગાત્ર; અંગ
તાક બોકળા રહેવા = ઘણી જ બીક લાગવી.

૩. [હિં.] પું. મોખલો; અભિયો.
તાકે અસરફ = સ્વર્ગનું આસમાની ઝોંપરું.

૪. પું (જરથોસ્તી) કૂવર રૈમાનની ક્રિયામાં વપરાતો કમાનદાર મોખલો.

૫. પું. લાગ; તાકડો.

૬. પુ. વાહ.

૭. સ્ત્રી. ધજ્જા.
નાક રહેવી = ધજ્જા બતાવવી.

૮. સ્ત્રી. બેઠી સંખ્યા.

૯. સ્ત્રી. કાચી કેડી; બનાવેલી જાગ્યા.

૧૦. સ્ત્રી. કૂતરો કે બિલાડી બતાવવી તે.

૧૧. સ્ત્રી. ગોળ વાંકી અર્ધચંદ્રાકાર કમાન; દરવાજો.

૧૨. સ્ત્રી. ધ્વજ.

૧૩. [અ.] સ્ત્રી. જાત; તક.

૧૪. સ્ત્રી. તાકવાની ક્રિયા; અવલોકન.
તાક રાખવી = નિગેહ રાખવી; નિરીક્ષણ કરતા રહેવું.

૧૫. સ્ત્રી. તાજા કલમનું ટૂંકું રૂપ. જખ્મ પૂરું થઈ ગયા પછી તેમાં તાજેતર સુધારો પાછળથી કરવાનો હોય છે ત્યારે વપરાય છે. જેમકે, તા. ક. અત્યારે હજુ હમણાં જ આપના તરફથી પત્ર મળ્યો

૧૬. સ્ત્રી. ત્રાક; રૂંટિયાની સોય; તરાક; તાગ; સૂતર કાંતવાની લોખંડની લાંબી સોય.

૧૭. સ્ત્રી. ખેમ; નેમ; ચોટ; નિશાન પાડવાની સારી આવડ; લક્ષ; લાગ.

૧૮. સ્ત્રી. નજર; અંકમ; પારખું.
તાક જમાવવી = નજરમાં માલવું; રાહ જોવી; લાગ માટે નજર રાખવી.

૧૯. (તાક) [અ.] સ્ત્રી. બારી; કમાન.

૨૦. સ્ત્રી. માઢા.

૨૧. સ્ત્રી. ભીંતમા ચાળવાનું સાધન.

૨૨. [ફા.] સ્ત્રી. વેલી.

૨૩. સ્ત્રી. સરત; લોપ.

૨૪. સ્ત્રી. સરહદનો વાંકો; ત્રીજાઓ દર્શાવનાર નિશાન.

૨૫. સ્ત્રી. સ્થિર દૃષ્ટિ; તીક્ષ્ણ નજર.
તાક બાંધવી = (૧) દૃષ્ટિ સ્થિર કરવી. (૨) રાહ જોવી; લાગ માટે નજર રાખવી.

૨૬. વિ. અપૂર્વ.

૨૭. વિ. જેની હરીફાઈ ન થઈ શકે એવું; અદ્વિતીય.

૨૮. વિ. વિષમ.

૨૯. અ. ઝાઝું બતાવનારો પ્રત્યય. જેમકે, હોતાક એટલે જેવડું. કેતાક એટલે તેવડું.

તાકચા ૧. પું. નાનકડો કબાટ; દીવાલમાં બાંધેલો નાનકડો કબાટ.

૨. (તાકચા) [અ.] પું. નાની કમાન; તાકનું લઘુતાદર્શક રૂપ.

૩. પું. નાનો મોખલો.

તાકચે (તાકચે) [તાક + ચે (લઘુતાદર્શક પ્રત્યય)] સ્ત્રી. તાકનું લઘુતાદર્શક રૂપ; નાની કમાન.

તાકજીફત સ્ત્રી. ઓકો બેકોની રમત.

તાકઝાંક ૧. સ્ત્રી. તાક; કૂતરો કે બિલાડી બતાવવી તે.

૨. સ્ત્રી. તીક્ષ્ણ નજર.

તાકડાધિક્યા (તાકડાધિક્યા) સ્ત્રી. નિશ્ચિંતતાની મોજ.

તાકડા (તાકડ્ય) ૧. સ્ત્રી. અગવચ.

૨. સ્ત્રી. મુસીબત.

૩. સ્ત્રી. વિચાર.

૪. વિ. મજબૂત.

તાકડી (તાકડો) ૧. સ્ત્રી. જેના ઉપર સૂતર, દોર વગેરે વીંટળાય છે તે; પરીટો.

૨ સ્ત્રી ત્રાક; રૂંટિયાની તરાક.
કોઈ કહે હલકો, કોઈ કહે ભારી,
મેં તો લીધો છે, તાકડીએ તોલ.
ભોળાભાઈ

તાકડુ (તાકડ્ય) ન. તાક; લાગ.

તાકડું (તાકડું) ૧. ન. ખેતરણી ઉખેડવાનું સાધન.

૨. ન. લોઢાનો પાતળો સળિયો. તે વીંધ પાડવાના કામમાં આવે છે.

તાકડે (તાકડે) અ. ટાણે; વખતે; સમયે; મોજ વખતે; ખરે વખતે પ્રસંગ ઉપર.

તાકડો (તાકડો) ૧. પું. અણીવેળા; અણી ઉપર વાત હોય તે ક્ષણ.

૨ પું. અવસર; વખત; ખેવવાર્યું; તક; મોજ મોટનો વખત; લાગ; સંધિ; ટાણું; ઢાંકણું.

૧. તાકડે તાકડો આવવો = ખેલાનખેલ આવી મળવો.

૨. તાકડે બાઝવો = ખેલ આવવો; સન્નેપ્ત બનવો.

૩. તાકડો માંડવો = જરૂરનો કે કસોટીનો પ્રસંગ.

૪. તાકડો સાંધવો = મોજ વખત જોઈને કામ કરવું.

૩. પુ. ખેસ; સાંસા.

૪ પુ. ગોકવચ્છ; પ્રપંચ.

૫. પુ તંબોળિ બાથી જરા જાડું રેશમ.

૬. પું. તાગડો; તાંતણો; સૂતર વગેરેનો દોરો.

તાકડ્યિું વિ. તાકેલું.

તાકણે [સં. તત્ક્ષણ] અ. એકદમ; તત્ક્ષણ.

તાકત (તાકત) ૧. [અ.] સ્ત્રી. ઉત્સાહ; હિંમત.

૨. સ્ત્રી. તાકાત; શક્તિ; બળ; જોર; મગદૂર; સામર્થ્ય.
૧. તાકત કરવી = બળનો ઉપયોગ કરવો.
૨. તાકતથી તાક થવું = નબળા થઈ જવું.
૩. તાકતે જિસ્માની–જહની = શારીરિક બળ.

૩. સ્ત્રી. સત્તા.

તાકતવર (તાકતવર) [અ.] વિ. બળવાન; જોરાવર; શક્તિવાળું.

તાકતવાર જુઓ તાકતવર.

તાકતી જુઓ તાકત.

તાકધૈયો પુ. (સંગીત) એક જાતનો તાલ.

તાકત જુઓ તાકત.

તાકબાક સ્ત્રી. અણીનો વખત.

તાકરી [હિં.] સ્ત્રી. નાગરી લિપિને મળતી એક લિપિ. અટકની પેલી બાજુથી માંડીને સતલજ અને જમના નદીના કિનારા સુધી આ લિપિ પ્રચલિત છે. કશ્મીર અને કાંગડાના પહાડોમાં તેનો પ્રચાર હજુ સુધી છે.

તાકલતોકલ પું. ઉધાર બનથી સોદો કરનાર.

તાકલે ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તાકવું ૧. સ. ક્રિ. અમુક લાભ ખાતર એકદી બાજુ તરફ ખૂબ લક્ષ રાખવું; લાભની કે ચોરી પકડવાની દૃષ્ટિ માંડવી.

૨. સ. ક્રિ. આશા રાખવી.
ને વળી કહને તાકી, કંઈ કાજે જ થશે જે;
બન્યો, ભારતમેઃ ! બધુ તે થશે રાજન્.
ભોળાભાઈ

૩. સ. ક્રિ. આંખ મારવી.

૪. સ. ક્રિ. ઇચ્છવું; ચિંતવવું; ધારવું
બોલે તાકે તેનું બૂરું થાય. લોકોક્તિ

૫. સ ક્રિ. જોવું; બારીકાઈથી તપાસવું; તાકીને જોવું; કોઈ હેતુસર ધારી ધારીને જોવું; કોઈ ચીજ તરફ તે લેવા અથવા પાડવા એકી નજરે કે હસે જોવા કરવું; નિશાન આંખવું; સરત જોડવી; નિશાન ધારીને જોવું; નિશાન લેવું.
તાકવું તીર આગવું = ધારેલો વિચાર પાર પાડવો; ધાર્યું કામ થવું; મહેનત બર આવવી. નિશાન તાકવું હોય તે શિકાર પડે ત્યારે જ શિકારીનું તાકવું તીર આગવું કહેવાય, તે ઉપરથી કોઈ કામ કે વિચારની સિદ્ધિ દર્શાવવા માટે આમ કહેવાય છે.

૬. સ. ક્રિ. દેખાડવું.

૭. સ. ક્રિ. બીજા ઉપર આધાર રાખવો.

૮. સ. ક્રિ. જાળવું; ને માટે પ્રયત્ન કરવો.

૯. સ. ક્રિ. રાખવું.

૧૦. સ. ક્રિ. સાંધવું.

૧૧. સ. ક્રિ. હેતુ હોવો.

તાકણાં ન. બ. ક. બખ્તર ઘોડા; બિલ્લાઓ.

તાકતી સ્ત્રી. જ્યોતિષ વસ્તુઓની ફેરબદલી.

તાકતા (તાકડા) [અ.] પું. રેતમી કે ગરમ કપડાનો ટુકડો.

તાકડોપી સ્ત્રી. માથાના ઉપલા ભાગ ઉપર પહેરવાની નાની ટોપી.

તાકાત (તાકાત) ૧. સ્ત્રી. આત્મબળ; અંતરનું કોઈ જેવી બળ.
બાપ રે ! હું ચઢીને બહેર કરતો બતું હું કે, તમારાં મજબૂત અને તાકાતવાળાં દિલ સિવાય બીજું કોઈ તમને સલામતી આપી શકે એમ નથી. હરિજનબંધુ

૨. [અ. તાકતનું બ. વ.] જુઓ તાકત.

તાકાતદાર ૧. વિ તાકાત આપનાર.

૨. વિ. તાકતવાળું.

તાકાતવાન વિ. શક્તિવાળું; સબળ; તાકાતવાળું; જોરવાળું.

તાકાતાકી [સં] સ્ત્રી. અરસપરસ તાકીને જોવું તે.

તાકાદ જુઓ તાકત.

તાકાદી જુઓ તાકત.

તાકિ [હિં.] અ. બહેતર માટે; જોવી કરીને.

તાકિયા (તાકિયા) ૧. [અ.] પું. બેઠક બનાવી મોટી ટોપી.

૨. પું. રવેશ.

તાકી ૧. પું. એક પ્રકારની બખની જેમ. તેની એક આંખમાં કેરી હોય છે અથવા એક આંખ સફેદ હોય છે. તે ઘોડાની ખોટ ગણાય છે.

૨. પું. ત્રાંસી નજરનો માણસ.

૩. પું. માંજરી આંખવાળો ઘોડો.

૪. સ્ત્રી. એક બતની મોટી ટોપી.

૫. સ્ત્રી. બે જુદા જુદા રંગની આંખો હોવી તે.

૬. સ. તેને.

૭. વિ. ત્રાંસુ; ત્રાંસી નજરનું.

૮. વિ. માંજરી આંખવાળું.

તાકીચો પું. દીવા, માલેક કે બીજાંના કોઈ પણ બતની પહેલ ઓટલે બસેલા આગ વિનાનું મોટું નેમ. આવો બીપેક હોય તેને બીજવાળો કહે છે.

તાકીચોક ૧. પું. નિશાનબાજ.

૨. સ. ઓબ્બાન; એક નજરથી જોવું તે.

તાકીદ ૧. [સ.] સ્ત્રી. ઉતાવળ; જલદી; ત્વરા; તરત જલ્દ હોવી તે.

૨. સ્ત્રી. કબજા રાખવું તે.

૩. સ્ત્રી. કોઈ બાબતનો બરાબર કરવો તે; બરાબરપૂર્વક કોઈ બાતની બાતા બરાવા બનુરોધ.

૪. સ્ત્રી. રેખરેખ રાખવી તે; બંદોબસ્ત.

૫. સ્ત્રી. ફરજ.

૬. સ્ત્રી. બાર.

૭. સ્ત્રી. મનાઈ હુકમ; સૂચના; ચેતવણી; ખૂબ ચેતવણી સાથે કરેલ વાત; ધમકી; 'બજબૂતી; સખ્તાઈ; ભૂલચૂક કરશે કે બશે બરાવા જોવી બાતા છે તે પ્રમાણે બરાબર નહિ થાય તો બામ બશે કે તેમ કશે તેવી જોહુકમી કે ચેતવણીસૂચક ધમકી.
૧. કામચલાઉ તાકીદ = બોડા વખત માટેનો કોર્ટનો હુકમ. કોઈ પ્રકાર ફરિયાદમાંની કોઈ પણ તકરારી મિલકતનો નાશ કરશે, બરાવા તેને નુકસાન કરશે એવી દહેશત હોવાની ફરિયાદ ઉપરથી કોર્ટ જે હુકમ કરેલો હોય, જેનો કે તમારે તે કૂલ કરવું નહિ, તેવા હુકમને કામચલાઉ તાકીદ કહે છે.
૨. તાકીદ બજાવણી = મનાઈ હુકમ બજાવવો.
૩. તાકીદ બજાવણી = મનાઈ હુકમ બજાવવો.
૪. તાકીદ કરવી = (૧) બાગ્રહ કરવો. (૨) ઉતાવળ કરવી. (૩) દબાણ કરવું. (૪) સૂચવવું; સૂચના બરાવી.
૫. તાકીદ કરાવવી = વધારે ધ્યાન બાપે એમ કરવું.
૬. તાકીદે મજકૂર = સખ્ત હુકમ.

૮. સ્ત્રી. હરીફાઈ.

૯. સ્ત્રી. હુકમ; ઉપરી તરફથી તાબાના નોકરને બાપાતો હુકમ; હુકમ તાબેદારોએ બજવવાનું કહેવું તે; ફરમાન; વખત વિલંબે કટ કરવાની બાતા.

તાકીદદાર [સ. તાકીદ + દાર (રાખનાર)] પું. રખેવાળ; સંરક્ષક.

તાકીદન બ. સખ્ત રીતે.

તાકીદપત્ર ૧. [સ. તાકીદ + પત્ર] પું. હુકમનો તાકીદે બમલ કરવાનો પત્ર; શાસનપત્ર; સનદ.

૨. પું. નિરોધાજ્ઞા; મનાઈ હુકમ; નિરોધાજ્ઞા.

૩. પું. બાત બગ બાવવા કેવાનો હુકમ કે પરવાનો.

૪. પું. હુકમ; બાજ્ઞા.

તાકીદી ૧. વિ. જરૂરનું; ઉતાવળનું.
૧. તાકીદી ચિઠ્ઠી = બેબ્બિત હુકમ.
૨. હુકમે તાકીદી = જરૂરી હુકમ.

૨. [અ.] ક્રિ (બાકરણ) બારપૂર્વક.

તાકીને બ. ઝીણવટથી જોઈને.

તાકું ૧. બ. ટાંકું; ભીંતમાનો મોટો બોખલો; બારબારાનો ભીંતમાં કરેલ કબાટ; બંકારિયું; બટિયું; કબારિયું.

૨. સ. તેનું.
બબાં બખડ ને લોઢ કરાં, બાવતાં પૈસાં;
ઈ ચે પે કામ સ્હે, તાકાં વજ દૈબાં.
બદીપાળદેવ

૩. [હિં.] સ. તેને.

તાકૂબ [અ. તબકુબ] બ. પકડ્યા પહેલું તે.

તાકે ૧. સ. તેને.

૨. બ. વખતે.

તાકેકુ (તાકેકુ) ૧. [તાકવું + પકુ (કરિયાર)] પું. તાકવામાં કદી ચૂકે નહિ એવો માણસ; બરાબર નિશાન તાકનારો માણસ.
૨ વિ. તાકવું નિશાન પાકનાર; ધારેલું કે તાકેલું નિશાન ચૂકે નહિ તેવું.

તાકેદારી સ્ત્રી કાળજી; સંભાળ.
નમ બનતાં નમાલાપણું ન પેસે તેની તાકેદારી રાખવી. વિશ્વજ્યોતિ

તાકો ૧. [અ. તાક (કમાનું એક નમ)] પું. વજાટકામનું એકસરખી પહોળાઈનું લાંબું પહોળું પટ; અમુક બગ, હાથ કે માપનું વણેલું પટ; થાન; કાપ્યા વિનાનું લાંબુ એકસરખું વસ્ત્ર.
તાકો પડી કરવો = (૧) કપડાનો તાકો વિખાઈ ગયો હોય તેને સરખી પડી કરવી. (૨) બરવાની તૈયારી કરવી; મરી જવું.

૨. સ. તેને.
તાકો કેવ્વા પણ મરી ગયો. કેવા બમત

તાકોડિયો (તાકોડિયો) જુઓ તોડો.

તાકોડી (તાકોડી) વિ. તાકવું નિશાન ચૂકનાર; મારેલું કે તોડેલું નિશાન ચૂકે એવું; નિશાન ચૂક નહિ એવું.

તાકોડું (તાકોડું) કું. તાકવામાં કોઈ વખત નિષ્ફળ ન થવો હોય તે.

તાક્પા સ્ત્રી. નેપાળમાં બોલાતી એ નામની ભાષા.

તાક્ષ કું. શિવ; શંકર; ત્રિલોચન; ત્રિપુરાંતક; ત્રિનેત્ર.

તાક્ષી સ્ત્રી. ગરુડની મા.

તાખ ૧. [ફા.] કું. અંધારું.

૨ કું. આકરું.

૩ કું. લાજ.

તાખડી (તાખડી) ૧. સ્ત્રી. આતુર સ્ત્રી.

૨. [ત્રિ (ત્રણ) + કડી] સ્ત્રી. ત્રાજવું.

તાખત સ્ત્રી. હૂંટ

તાખતિ જુઓ તાખત.

તાખી ૧. સ્ત્રી. ટોપી.

૨. સ્ત્રી. ફરમાનનું ટોપકું.

૩. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિયનું ટોપકું

તાખીર [અ. અખ્બર (પાણી જવું)] સ્ત્રી. ઢીલ; વિલંબ; મોડું; વેર.

૧. તાખીર કરવી = ખુલતી રાખવું. ઢીલ કરવી.

૨. તાખીર થવી = ઢીલ થવી; મોડું થવું. વિલંબ થવો.

તાખ્ત ૧. સ્ત્રી. મારપેટ

૨. [ફા. તાખ્તન (કૂમકો કરવો)] સ્ત્રી. કુમકો, મદદ.

તાખ્તતારાજ જુઓ તાખ્તોતારાજ.

તાખ્તતારાજી જુઓ તાખ્તોતારાજ.

તાખ્તાતારાજ ૧. કું અનર્થ.

૨. કું. કતલ; નાશ; વિધ્વંસ; પ્રલયલીલા.

૩. કું. મારપેટ

તાગ ૧. કું. અંત; છેડો; માપ; પાર; નિચોડ.

૨. કું. એક જાતનું રાખવું કપડું.

૩ કું. જનોઈ

૪. કું. (ચારણી) તલવાર.

૫. કું. તળિયું; તળિયાની રેતી, કાંસ વગેરે ધરતુ.

૧. તાગ લાવવો = ડૂબકી મારીને તળિયાની રેતી વગેરે લાવવું.

૨. તાગ લેવો = (૧) તળિયું તપાસવું. (૨) મન પામવું.

૬. કું. દોરો; પાગો; તાગડો

૭. કું. નિચોડ; નિષ્કર્ષ; ફેંસલો; છુટકારો

૮. કું. પરણીને વિદાય થતા વર તરફથી સસરાના ગામના બાળકોને લાડુ વગેરે આપવામાં આવતી દક્ષિણા.

૯. કું. પાણીની ઊંડાઈ

મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ત્યાંથી પાર; સાંજ અડધમ પે દરિયો ઠેલે પાણીનો ત્યાંથી તાગ; કાસમ લારી પીજણી રે ભરપૂર દરિયે વેરણ થઈ. લોકસાહિત્ય

તાગડ (તાગડ) [સં ત્રિ + ગુણ] સ્ત્રી. (વહાણવટું) વહાણની અંદરના ભાગમાં તાડી, પાસ વગેરે ઉપર જડવામાં આવતાં લાંબાં પાટિયાં

તાગડધિધા (તાગડધિધા) ૧. કું બ.વ. બાનબાનની ચિંતા ન હોવી તે; બાઈપીને ગાનતાનમાં મસ્તગૂલ રહેવા જેવી સ્થિતિ હોવી તે; બનાદિકની પુષ્કળ સોઈ સગવડ હોવી તે.

૨. [સં. તાક્ધિધા (નરવાનું મહોરું)] ન. બ બ.વ. ચેનબાજી; તલબ; વગાડતાં જે અવાજ થાય છે તેવી મજા, મોજમજા; મઝા; લહેર; રંગરાગ, આનંદ.

૩. ન બ.વ. ખરો પૈસે કરાતો આનંદ

તાગડધિધા કરવાં = મારે પૈસે આનંદ કરવો, મોજમજા ઉડાવવી.

તાગડી (તાગડી) ૧. [હિ.] સ્ત્રી. કમર ઉપર પહેરવાનો રેશમી દોરો; કટિસૂત્ર.

૨. સ્ત્રી. કાંસ ઉપર પહેરાતી સોનાની કે રૂપાની સાંકળી; ઝિકણી; ક્ષુદ્રઘંટિકા.

તાગડો (તાગડો) ૧. કું ઝડસટ્ટો.

તાગડે તેવડ રાખવી = (૧) જોઈ વિચારીને ખર્ચ કરવો; પરિણામ ઉપર ખર્ચનો ઝડસટ્ટો બાંધવો; જેવડે શું થશે તેનો વિચાર કરવો, આગે છેડે શું થશે તેનો વિચાર રાખવો. (૨) સલાહીને તાગડો બાંધવો.

૨ કું. જનોઈ.

તાગડો નાખી દેવો = જનોઈ આપી દેવી, યજ્ઞોપવીત સંસ્કાર કરવા

૩. કું. તાંતણો, તાંતુ; તાણો; સૂતરનો દોરો, ત્રાગડો

૪. કું. દાવ, પેંતરો

૫. કું. પ્રપંચ; નરી બનાવટ; યુક્તિ; છેતરપિંડી, કાંસો.

તાગડો રચવો = પ્રપંચ કરવો; નરી બનાવટ કરવી; કાવતરું કરવું; કોઈ ન બનવું જેવી ગોઠવણ કે રચના ઘડવી

૬. કું. પ્રસંગ; તાગડો.

૭. કું. લાગ; ઘાટ, તા.

તાગલું ન. રેણ.

તાગપાઠ [હિ. તાગા + પાઠ (રેશમ)] કું. એક પ્રકારનું ઘરેણું.

તાગર ૧. ન. (વહાણવટું) ન. વહાણમાં કુમ્પા વાડ ઉપરનો લાકડાનો એક ભાગ.

૨. ન. વહાણમા કુમ્પા વાડ ઉપરનો લાકડાનો એક ભાગ.

તાગવું ૧. અ. ક્રિ. તાગ કાઢવો; પાણી કેટલું ઊંડું છે તેનું માપ કે આકારો કાઢવો; તાગ લેવો; ઊંડાઈ જાણવી.

કૂવા હોય જો તાગીએ રે,
સમદર તાગ્યા નવ જાય. મહીપાળદેવ

૨. અ ક્રિ. પરવારવું; છૂટા થવું. જે કોઈ કામ કરવાનું હોય તે પૂરું કરી તેમાંથી મોકળા થવું.

૪. અ. ક્રિ. બળનું અ.પ્ર કરવું; શક્તિનું પારખું કરવું.

૫. અ ક્રિ. મનની વાત જાણવી; તરસાળે કાઢવો

તાગી જોવું = અજમાયશ કરી જોવી.

૬. સ. ક્રિ. છોડી દેવું; તજી દેવું; મૂકી દેવું; ત્યાગવું; વર્જવું.

૭. સ. ક્રિ. આપવું; તાગ લેવો; જાણવું.

એણે મહીપાળદેવની મનોદશા તાગી લીધી. મહીપાળદેવ

તાગા ૧. [હિ.] કું દોરો; સીવવાનો દોરો.

તાગા પેરાવવો = સોયમાં દોરો નાખવો.

૨. કું. મ.થાંભરો.

આમા તાગા લેવા = (૧) પુછપરછ કરવી. (૨) મહેમાનનો આદરસત્કાર કરવો. (૩) હિસાબ માગવો

તાગાઈત [ફા.] અ. પર્યંત; સુધી, .

તાગાદાતોડ (તાગાદાતોડ) સ્ત્રી. એક પ્રકારની સિલાઈ.

તેના ભગત, ભગિયા, તારદાઈ, તાગાદાતોડ, આદિના કામો બધી ઉત્તમ જેણીના બલા હતા સુખસુખ્ય

તાગાયત જુઓ તાગાઈત.

તાગિયું વિ. સળગેલું.

તાગિયો ૧. કું. રેશમને તાણનાર કે સુધારનાર કારીગર, રેશમના તાર સમારનારો માણસ; રેશમને ઠીક કરી કે કરાવી તૈયાર કરનાર કારીગરવર્ગ.

૨. કું. રેશમનો વેપારી,

તાગિયાનું મહાજન = રેશમનો વેપારી.

તાગી ૧. પું. ધનવીર; દાન આપનારો માણસ; દાતા.
૨. પું. સંન્યાસી; વૈરાગી; બાવો; અતિ; જેણે સંસારનો ત્યાગ કરેલો હોય તે; જોગી; સાધી.

તાગીસ વિ. કૃપા વિનાનું; અકૃપાળુ.

તાગું ૧. ન. તાગું; ન્યાય મેળવવાને માટે પોતાના હક ઉપર જોરાવરી કરવી તે; દેણદાર નાણું ન આપતો હોય તો તેને આંગણે બાંધણ કરીને બારણે બેસવું તે; વાયદો કરે તે કબૂલ કરતાં આપે તો જ ઊઠવું એમ નક્કી કરી પોતાના હકને દબાવો તે; કરે આદ કરાવવાને કે કોઈ જાતનો જુલમ અટકાવવા સારૂ પોતાની જાત ઉપર જબરજસ્તી કરવી કે બાળકોને મારવાં તે; રાજાની પાસે ઇન્સાફ મેળવવાને પણ જ્યાંનાં કેટલાકે હક આપવો અથવા હક આપવાને તૈયાર થવું તે; સામાની પાસે પોતાનું ધાર્યું કરાવવાને માટે સામાને બચિયારથી કે જોરથી મારઝૂડ કર્યા વગર તેની સામે પોતાના હક ઉપર જોર કરવું તે; બીજા પાસેથી પોતાને ગમતું કાર્ય કાઢી લેવાને બળ નહિ વાપરતાં સામાને દયા ઊપજે તેવું પોતે દુઃખ જોવું તે. જુલમ અટકાવવા, દેવાં, લહેણાં કે જમીનગીરીઓ પતાવવા અને આત્મકલ્યાણ સાધવા આદ વગેરે ઓછો અગાઉ તાગાં કરતા હતા. આદ ભરનારો પોતાનો ધાર્મિક કર લેવા જતાં તે નહિ મળવાથી મારું ઓડી ઓડી મારતા તેને તાગું કહેવામાં આવતું.
તાગું કરવું = હક ઉપર જોરાવરી કરવી.
૨. ન. દમનું તે; દમન.
નરસૈંયાના સ્વામી, સમણ થયા અગ્નિને,
અવર ઉપાય નહિ રૈદ તાગે
નરસિંહ
૩. ન. ત્રિશૂલ; ત્રિશાલ; ટંકો; તોફાન, દોર
તાગું કરવું = તોફાન મચાવવું; ટંકો કે ત્રિશૂલ કરવી; દોર કરવો.

તાગો ૧. પું. તાગડો; તંતુ; તાંતણો; તાંતો. દોરો.
૨. પું. પારહ ઉંડો; તાગ.
તાગો આવવો = પાર પામવો; ઉંડો આવવો.
૩. પું. બીજાને કેફાણે લાવવા પોતાના કદીર ઉપર કરેલ જુલમ.
કરો કરો વિચાર, તનકું કે તાગો જાણો ?
પત્ય તેનો અપહર, તાગો રાખી જન જાણે.
લોકસાહિત્ય
૪. પું. બાગ; તાકડો.

તાજ ૧. પું. એક જાતનું ઘરેણું.
૨. પું. ઘરેણું.
૩. પું. બાજટાની મોડી.

તાજા ૧. પું. તાજો ઘા; તરતનો લા.
૨. અ. તુર્ત; તરતજ.
તત્કાળાં = તરતમાં; તરતોતરત.

તાજી ૧. [અ.] પું. જગલખોર.
૨. પું. જગલખોરોનો સરદાર.
૩. વિ. દુરાગ્રહી; હઠીલુ.

તાજીર વિ. બાવું; ઊંડું; દૂર.
તાજીર કરવું = જગાએથી દૂર કરવું.

તાજખાનું ૧. ન. તાહજતખાના; પાક બનાવવાની જગ્યા.
૨. ન. સંગ્રહ; જાજરો; તાજખાનું; તાજજાનું; પાયખાનું

તાજ ૧. [સ. तप् (ઊલવું), પું. ઊલનો અકારાટ; ઓપ, ઊલની ઝગારી; ચકચકાટ; ધણી કે રાજાને આપેલો ઓપ.
તાજ મારવો = ઊલીને ચળકાટ કરવું; તાજવું; ઝગારી આપવી.
૨. જી. ટાંકણાથી પોતી પથ્થરની કટકો; ચકચકતી કરવા; ઊલ; પથ્થર ટાંકતાં પડતો કટકો
૩. જી. ઢાળીના ઊલતાં પડતો ઊલ.
૪. જી. સાદક ઉપર નાખવાની કાંકરી; મોરમ.
૫. જી. સોનારૂપાના દાગીનાને ટાંકણાથી ઊલતાં પડેલ પત્રા.
૬. વિ. જરકસી; કસબના તારવાળું.

તાજખાનું જુઓ તાયખાનું.

તાજવું ૧. સ. ક્રિ. ઊલવું; સોરવું; મૂંઠી નાખવું; ઉજરડીને સાદ કરવું
૨. સ ક્રિ. ટાંકણાથી ખોતરવું; ઊલનિ ચકચકતું કરવું; મારવાળા ઓજારથી ઊલ ઉપેડીને ચકચકતું કરવું; સમારવું; ઝગારી આપવી; હાંસ પાડવી; ઓપ આપવો; તાસવું
તાજિયું ન. કસબ જેવો ગાલો કાપેલો સાંકાનો કુચ્ચો.

તાજું ૧. ન. પેટે જનું રાખીને બનાડવાનું એક જાતનું નમકરે; તજ
૨. વિ. ઠીકઠું; મોડી લિંડાર્વિનું.

તાજેલ જો. તજની; રહ.
તાજેલ મારવી = લજની લજકારી; ઓહ પમાડવો.

તાજોડો (તાજોડો) પું. દાજોડો; પોચા પાણાનો ચૂરો

તાજ ૧. પું. આગાનો તાજમહાલ
૨. પું. બંજારાની રમતમાં વતી માગણી.
૩. પું. બંજારાનાં પાનાંનો આઠ માણેનો એક રંગ. બંજારામાં આઠ રંગ હોય છે. દરેક રંગમાં રાજા અથવા મીર, વજીર અને એકથી દશ ઢાણાવાળાં પાનાં એમ દરેક રંગમાં બાર જોળ પાનાં હોય છે તેમાં મીર સૌથી ઊંચું અને વજીર બીજા નંબરનું પાનું ગણાય છે. રંગના બે વર્ગ પાડવામાં આવ્યા છે: (૧) જેતાજર અને (૨) કજર કહેવાય છે. પહેલા વર્ગમાં મીર અને વજીર પછી ૧૦ થી ૧ સુધીની સંખ્યાનાં પાનાં હોય છે. તેમાં મોટી સંખ્યા સૌથી વધારે ભાગ્યવાન ગણાય છે. તેનો ક્રમ: ૧ તાજ એટલે ટોપી, ૨. કરે સુદેરી એટલે રૂપેરી સિક્કો અથવા ચંદ્રમા, ૩. શમશીર એટલે તલવાર અને ૪. ગુલામ એટલે નોકર એ પ્રમાણે છે. રંગનો બીજો વર્ગ કેજર કહેવાય છે. તેમાં ૧ થી ૧૦ સુધીની સંખ્યાનાં પાનાંમાં નીચી સંખ્યા સૌથી વધારે ભાગ્યવાન હોય છે. તેનો ક્રમ: ૧. કિમાશ એટલે રોટલો, ૨. ખાત એટલે આકાશનત્ર, ૩. ચંગ એટલે તંબૂરો, ૪. કરે સુર્ખ એટલે સોનાનો સિક્કો અથવા સૂર્ય એ પ્રમાણે છે. દરેક રંગનો મીર ઉખ્યાસને તખ્ત ઉપર અને વજીર ઘોડા ઉપર બેઠો હોય છે કરે સુર્ખ સિવાયનો મીર હાથ ઉપર સવારી કરેલો સૂર્ય બતાવે છે અને વજીર પણ હાથ ઉપર સવારી કરે છે. ગુલામનો મીર હાથી ઉપર અને વજીર બળદ ઉપર સવારી કરે છે. ચંગનો વજીર ઊંટ ઉપર સવારી કરે છે.
૪. પું. બંજારામાં રાજચિહ્નવાળું પાનું.
૫. [ફા. તાજિયાના] પું. ઘોડાને મારવાનો ચાબુક.
૬ પું. ટોચ; શિખર.
૭. [અ.] પું. તખ્ત
૮. પું. ભાગ; તજી રેવું તે
૯. [ફા] પું. મુગટ; રાજાના માથાનો મુગટ; રાજાનું શિરોભૂષણ; રાજાને માથે પહેરવાનું એક હીમતી રાજચિહ્ન: રાજમુગટ.
તાજબખ્શ = (૧) તાજ પહેરાવનાર. (૨) સાર્વભૌમ રાજા; શહેનશાહ.
૧૦ પું. મોર, કૂકડો વગેરે પક્ષીના માથા ઉપરની શિખા.
તાજે ખરોચ = કૂકડાની કલગી.
૧૨. પું. ગગન
૧૨. પું સર્વથી ચડિયાતું કે ઉપરીપણાની શોભાનું ચિહ્ન આ શબ્દ બીજા શબ્દ આગળ જોડાઈ શ્રેષ્ઠત્વ, કે સર્વોપરી શોભાના અર્થે વપરાય છે. જેમકે, શિરતાજ.
૧૩. જી. એ નામની એક મુસલમાન કવિયત્રી. તેણે સત્તરમી સદીના પ્રથમ ભાગમાં કૃષ્ણભક્તિ

તાજમહાલ

વિષયક અનેક સુંદર પદો રચ્યાં છે. તે વૈષ્ણવ ધર્મ પાળતી.

૧૪. વિ. તાજરાજ; ઉત્સાહ; બળીને ખરમ થઈ ગયેલ; નામનિશાન પણ ન હોય તેવું; પાયમાલ; ફના; ખાસ; જમીનદોસ્ત; નષ્ટપ્રાય.

વહારે ચઢ તું વહેલી વહેલી, નહિ તો તા થાયો તાજ.
નરસિંહ

૧૫. વિ. સાજ્ય; લાભ કરવા જેવું; વર્જ્ય

તાજક ૧. [ફા.] પું. જ્યોતિષ સંબંધી એ નામનો એક ગ્રંથ. અકબરે મુકમ્મલખાન પાસે મૂળ પુસ્તકનું અરબીમાંથી ફારસીમાં ભાષાંતર કરાવી એ ગ્રંથનું નામ પણ તાજક રાખ્યું હતું.

૨ પું. યવનોએ રચેલ જ્યોતિષનો એક પ્રસિદ્ધ ગ્રંથ. તે પ્રથમ અરબી અને ફારસીમાં હતો. રાજા સમરસિંહ, નીલકંઠ વગેરેએ તેને સંસ્કૃતમાં ઉતાર્યો. તેમાં બાર રાશિઓના અનેક વિભાગ કરી ફળ આદેશનો નિશ્ચય કરવાની રીતિઓ બતાવી છે.

૩. ન. (જ્યોતિષ) વર્ષફલ કાઢવાનું જ્યોતિઃશાસ્ત્રનું એક અંગ.

ભલા, તાજક, મુહૂર્ત એ જ્યોતિઃશાસ્ત્રની શાખાઓમાં મનુજને દૂર અહ માનેલો છે.
જ્યોતિર્વિલાસ

તાજગી સ્ત્રી. મોટાપણું; મોટાઈ.

તાજખરોજ [ફા.] એક જાતનું ઝાડ; સાગ.

તાજખાનું [અ.] ન. તાયખાનું; તાજખાનું; સંડાસ; કોટિયો; જાજરૂ; પાયખાનું

તાજગી ૧. [ફા. તાજહ્ (તાજુ) + ગી (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આનંદ; તર થવું તે.

૨. સ્ત્રી. ઉમેદ; ઉત્સાહ; પ્રફુલ્લતા; સ્વસ્થતા; ચિત્તપ્રસન્નતા કે શરીરનો અભાવ; સ્ફૂર્તિ; તેજી.

૩ સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય; ક્ષેમકુશળતા.

૪. સ્ત્રી. તાજ્યપત્ર; તાજા ઘોડીની તેજી કે હોંશિયારી; આરામ મળવાથી આવેલી નવી સ્ફૂર્તિ, નવીનતા; નવાપણું. તાજી.

૫ સ્ત્રી. વાન; રંગ.

૬. સ્ત્રી. વિશ્રામો; આરામ.

તાજગી તાકાત આપે, તાનમાહીં તાજ થાપે,
તાજથી તાપ કાપે, કાલમાં ઉત્તમ છે.
કાન્હરસિંહ

તાજગીદાર [ફા] વિ. તાજાયુક્ત; તાજાવાળા; કૃપાળુ; તાજગીવાળું.

તાજગીબર જુઓ તાજગીબર્યું.

તાજગીબર્યું વિ. તાજગીથી ભરેલું; સુખાકારી સહિતનું; આરોગ્ય સહિત.

તાજજી સ્ત્રી. એક ઉત્તમ જાતની કાઠિયાવાડી ઘોડી; એ નામની એક પ્રખ્યાત જાતની કાઠિયાવાડી ઘોડી; પોતાના વછેરાને ખાઈ જાય અને કદી જીવ ઉપર બેસે કે સુએ નહિ એવી કાઠિયાવાડી ઘોડીની ઓલાદ, તેજણ. કાઠિયાવાડમાં ઘોડીઓની બહુ ઊંચી જાતો છે અને તે બહુ જણીતી અને ખ્યાત છે. રાજકોટના રૌક્ષ સવજી વાલજીવાળા જાદવજીભાઈના હસ્તલિખિત સમાદમાં સોરઠી સાહિત્યનું એક પ્રાચીન કવિત છે અને તેમાં ૨૮ જાતની જુદાં જુદાં નામની પ્રખ્યાત ઘોડીની જાતનાં નામો એમ છે કે:
મુલક કાઠિયાવાડમાં ઘોડી ઊંચી જાત, નામ ટોચ વર્ણન કરું છે કચ્છની પ્રખ્યાત. છે કચ્છની પ્રખ્યાત ૧તાજજી ઝાલી સારી, જેતપુરમાંથી ૨જમાલ ચોટલે ૩ચાંગી ભારી માણિયાની જ ૪હીરાલ નામ સતારીશ આડમાં, છે ઘોડી બહુ સરસ મુલક કાઠિયાવાડમાં. દશા ૫રાગલી ૬આણીકી અદ્ભા ઉચ્ચઅરદાળ, જસદણ ૮રંડી ૯ભૂતડી ગોસઢમાં ૧૦રેલમાળ. ગોસઢમાં કુલમાળ ૧૧શીંગાળી બખતર, ચૂડે ૧૨બાદલી બળુ ને ૧૩રણમ સોમાસર. ૧૪લક્ષ્મી ધાપલપુર ૧૫ખેરી મૂળી મેવાસા, ભાડલે ૧૬અલપતી ૧૭રાગલી ૧૮માણકો હંસા બીમોરે ૧૯કુસર અને ૨૦નારણ આંબલિયાળ. ૨૧ઢેલ સરસ છે ખારે અને લીંબડી ૨૨લાલ. અને લીંબડી લાલ ૨૩રામપાસા બળવંતી, દડવામાંથી ૨૪લાલ ૨૫મની બન્ને સુંદરબુની ૨૬લખી આણી ભેગા બગસ ૨૭વાંકરી, પડિયાદની ૨૮હરણ જુઓ બીમારે છે ૨૯સર.

તાજનિયો પું. એક જાતનો કાઠિયાવાડી ઉત્તમ ઘોડો.

તાજણો ૧. પું એક જાતનો કાઠિયાવાડી ઉત્તમ ઘોડો.

તેજી ન ચહે તાજણો, શૂરો ન ચહે માર
નંદશંકર

૨. [ફા. તાજિયાના] પું. ચાટડો, ગારડો; ચાબુક.

તાજદાર ૧. [ફા. તાજ (મુગટ) + દાર (રાખનાર)] પું. મુગટ ધારણ કરનાર રાજા, નરેંદ્ર, બાદશાહ.

તાજદારે મદીના = મદીનાના રાજા; નબીઓના શિરોમણિ; પયગમ્બરોના મુગટમણિ, હજરત રસુલ ખુદા મહમ્મદ.

૨. વિ. તાજધારી; મુગટધારી

૩. વિ. તાજવાળું જેવું.

તાજદારી [ફા.] સ્ત્રી. બાદશાહી; રાજપણું.

તાજદી [અ. તસદીઅ] સ્ત્રી. જુલમ.

તાજદારી જુઓ તાજદાર.

તાજન [ફા. તઝિયાના] પું. ચાબુક.

તાજપ સ્ત્રી. તાજગી; તાજાપણું.

તાજપરા ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તાજપોશી [ફા. તાજ (મુગટ) + પોશી (પહેરાવવું તે)] સ્ત્રી. બાદશાહે બેસતી વખતની તાજ પહેરાવવાની ક્રિયા; રાજ્યાભિષેક.

તાજબખ્શ [ફા. તાજ (મુગટ) + બખ્શ (આપનાર)] પું. તાજ પહેરાવનાર સાર્વભૌમ રાજા; સમ્રાટ.

તાજબીબી સ્ત્રી. શાહજહાંની અત્યંત પ્રિય અને પ્રસિદ્ધ બેગમ મુમતાજ મહાલ. તેણીની યાદગીરીમાં શાહજહાંને તાજમહાલ બંધાવ્યો છે.

તાજબ્રખ વિ. જેનો રાજમુકુટ ઝૂંટવી લેવામાં આવ્યો હોય તેવું; પદભ્રષ્ટ.

તાજમ [અ. તઝમીમ] સ્ત્રી. વિવેક; અદબ; નમ્રતા; મોટા માણસને વિવેકપૂર્વ માન આપવાની રીત.

તાજમહાલ ૧. [ફા. તાજ (મુગટ) + મહલ (મકાન)] પું. આગ્રામાં શાહજહાને પોતાની પ્રિય રાણી મુમતાજ બેગમની કબર ઉપર બંધાવેલી સુપ્રસિદ્ધ ઇમારત. એવું કહેવાય છે કે, મુમતાજ બેગમને એક રાત્રે સ્વપ્ન આવ્યું, તેમાં તેણે જોયું કે તેના ગર્ભમાંનું બચ્ચું કોઈ દિવસ નહિ સાંભળેલ એવી રીતે રૂએ છે. બેગમે બાદશાહને કહ્યું કે મારું મોત નજીક જણાય છે. આપને મારી પ્રાર્થના છે કે મારા મૂઆ પછી આપે બીજી બેગમ સાથે નિકાહ ન કરવો, મારા દીકરાને જ સિંહાસનનો અધિકારી બનાવવો અને મારો મકબરો એવો બનાવવો કે જેની જોડ જૂમડળ ઉપર ન હોય પ્રસવ થયા પછી બીજા દિવસે જ બેગમ મરણ પામી. બાદશાહે બેગમની અંતિમ ઇચ્છા અનુસાર યમુના નદીને કિનારે વિશાળ અને અનુપમ ભવન બંધાવ્યું. તે મકાન બાંધવાને માટે મુખ્ય મિસ્ત્રીઓ ઘણા જુદા જુદા દેશમાંથી આવ્યા હતા. મુખ્ય કડિયાઓ બગદાદ, દિલ્હી અને મુલતાનમાંથી, ઘુમટ બાંધનારાઓ સમરકંદ અને એશિયાઈ તુર્કસ્તાનમાંથી, જડતર કામ કરનારા કનોજ અને બગદાદમાંથી તથા પથ્થર ઉપર લખાણ કરનારા લહિયાઓ શિરાઝમાંથી આવેલ હતા. હિંદુસ્તાનના દરેક ભાગે અને અન્ય એશિઅઈ દેશોના બાંધકામના પદાર્થોમાં ફાળો આપ્યો. જયપુરે આરસ આપ્યો,

ફતેહપુર સીક્રીમાંથી રાતો રેતાળ પથ્થર, પંજાબમાંથી સૂર્યાસ્ત પથ્થર, ચીનમાંથી એક જાતનો લીલો, મજબૂત અને પારદર્શક પથ્થર, તિબેટમાંથી લીલો, મજબૂત ભૂરાશ પડતો કીમતી પથ્થર, સિલોનમાંથી જુદા જુદા આકારનો રંગના લેપીસ લઝલી અને સોદાલર્સ, અરબસ્તાનમાંથી એક જાતનો ચુનાળ પથ્થર અને માણેક, બુદેલખંડમાંથી પન્ના અને હીરાઓ અને પર્શિયામાંથી એક જાતનો અભ્રક અને કીમતી જાંબુડા રંગનો પથ્થર આવ્યો. એની બાંધણી ઉત્તમ પ્રકારની છે. તે આખું મકાન સંગેમરમરનું છે. તેમાં નાના પ્રકારના બહુ કીમતી રંગીન પથ્થરોના ટુકડા જડી વેલ ભાતનું એનું સુંદર કામ બનાવ્યું છે કે આપણને તે ચિત્ર હોય એવું જણાય છે. પંદરાની નકશી સુદ્ધાં તેમાં જોવામાં આવે છે તે મકબરો બનાવતાં ૩૦ વર્ષ લાગ્યાં હતાં અને આશરે બીજા કબર દેશો વિદેશી કારીગરો કામે લાગ્યા હતા. મજૂરી, ચીજો વગેરે આજના પ્રમાણમાં તે વખતે બહુ સસ્તા હોવા છતાં પણ તે મકાન બાંધવાનો અર્થ રૂપિયા ૩,૧૭,૩૮,૦૨૪ થયો હતો અંદરનાં હીરા, માણેક વગેરે કીમતી રત્નો ભાદ કરતાં તાજમહાલની કીમત ૫૦ લાખ પૌંડ અત્યારે આંકવામાં આવે છે. કબરને મથાળે ઉપનિષદની પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે વગેરે ઋચાઓ બાદ લાવતી તે જ શાશ્વત છે, તે જ સંપૂર્ણ છે એ પંક્તિ છે. કુરાનમાંથી નીચેનો દુહરો છે: એ જ પરમેશ્વર છે, એનાથી બીજો કોઈ પર નથી રુમમાં ગુમ અને જે અદૃશ્ય છે તે એ જાણે છે. એ દયાળુ અને કૃપાળુ છે. આ મકાન બંધાતું હતું તે વખતે ટેવર્નિયર નામનો ફરિશ્તાન મુસાફર દિલ્હીમાં જ હતો. તે આ અનુપમ મકાન જોઈને મુગ્ધ થઈ ગયો હતો. કામ કોકોનો નાશ કરનાર કર્નલ સ્લીમન જ્યારે તાજમહાલ જોવા પોતાની સ્ત્રી સાથે ગયો હતો ત્યારે તેની ઓના મુખમાંથી એવું નીકળી ગયું હતું કે, જો મારા ઉપર પણ આવો જ મકબરો બને તો હું આજ મરવાને તૈયાર છું. આર્યાવર્ત યાત્રામાં. તેનો ઉલ્લેખ છે કે: આગ્રામાં આજે જોવા લાયક તાજમહાલ છે. મુમતાજ રૂપાળી હતી. મુસાફરીના દરેક પ્રસંગમાં શાહજહાનની સાથે રહેતી, ચડાઈ વગેરેને પ્રસંગે પણ તેની સાથે રહેતી, રાજકાજમાં પણ બાજ સારી શકતી અને ઉદાર અને સ્નેહાળ હતી. તેની કીમતી કબર તાજના મુખ્ય ઓરડામાં છે, તેની પાસે જ શાહજહાનની કબર છે. મુમતાજની કબર ઊંચા સંગમરમરની અદ્‌ભુત કારીગીરીવાળા કીમતી પથ્થરો જડી સુશોભિત બનાવેલી છે. ચિત્રપટ્ટાનો એક નમૂનો આ તાજ છે અને પ્રાચીન ચિત્રપટ્ટીઓની અલૌકિક શક્તિ માટે માન ઊપજે છે. દુનિયાની ઉત્તમ કારીગીરીના નમૂનામાં તાજમહાલની ગણના છે. તાજ કદી કમાણું જ કેમ બંધારો હોય નહિ, એવો નવો ને નવો જ લાગે છે. દુનિયાની સાત અજાયબી કે નવાઈઓમાંની એક આ તાજમહાલ છે. બંને કબરો ઉપર કુરાનનાં ધાર્મિક વચનો અને પ્રભુનાં નામો લખેલા છે. કબર ઉપરનું કપડું પણ અમૂલ્ય મોતીથી ભરેલું ઝવેરાતથી કબરના ઝવેરાતરૂપ છે. દરરોજ ૨૦,૦૦૦ કારીગરો અને મજૂરો નિરંતર આ કામકાજમાં લાગ્યા હતા અને તે ૧૭ વરસે પૂરું કર્યું હતું. આ કારીગરો વગેરેને રહેવાને માટે પાસે જ એક સુંદર નાનું શહેર વસાવ્યું હતું, જે તે વખતે મુમતાજાબાદ કહેવાતું અને અત્યારે તાજગંજના નામથી પ્રખ્યાત છે. તાજમાં વપરાયેલી ચીજોનો એકંદર અંદાજ આંકડો કાઢવો મુશ્કેલ છે, પણ કહેવાય છે કે તેના કારીગરો અને મજૂરો વગેરેને ચૂકવવાની રકમ ૫૦ લાખ પૌંડ એટલે સાડાસાત કરોડ રૂપિયા થયા હતા. આ ઉપરાંત તેમાં વપરાયેલ સંગેમરમર આદિ કીમતી પથ્થરો, આરસ અને અંદર વપરાયેલાં જડાયેલાં હીરા, માણેક, રત્નો વગેરેનો આંક તો જુદો જ છે. કબરની આસપાસ પડેલા રત્નજડિત સોનાનો કઠેડો હતો. હાલ ત્યાં અને બીજે કેટલેક સ્થળે આરસની આરપાર કોતરેલી પડદીઓ છે, જેનું નકશીદાર કામ ઉત્તમ છે. તાજનો દરવાજો લાલ પથ્થરનો વચમાં વચમાં આરસથી બનેલો ત્રણ મજલાનો ૧૦૦ ફુટ ઊંચો છે. દરવાજામાં પેસતાં વચ્ચે નાનકડો હોજ અને બંને બાજુએ ઓરડીઓ આવે છે તેમાં ધાર્મિક ગ્રંથના સરનામાં, નાકરાં, વકરાં વગેરે અને બીજાંવાળા વાંસની પટારીઓ છે. આગળ બગીચામાં ફુવારા પણ છે. સામે જ પ્રસિદ્ધ તાજમહાલ છે. ચારે તરફ ખૂણે ચાર મિનારા છે, જેની ઊંચાઈ ૧૬૧ ફુટ છે. આ તાજમહાલ જોઈને કવિ વિહારી આર્યાવર્ત યાત્રામાં લખે છે કે:

આ તે ચેતન ભાવના જડની કે આ દેહની ભાવના,
આકારે કંકોરો સંગે મરમર કે દરકે મિજબાન શું આ?
આ અદ્વૈત અત્યંત કે જિયાની ભૂખી જૂદી વાંછના,
આ તે સૂક્ષ્મ પ્રીતિ વિશુદ્ધ હૃદયે કે રસૂલની રહેલમા?
કયાં છે જ્યોતિ ચકક ઝગરે અનાજ જે પ્રતિસ્થળે,
એમાં કયા છે મજની પતિને નૈવેદ્ય ભાવના યે;
સૌંદર્યે ત્યાં નથી હૃદયનાં માત્ર શારીરી ત્યાં છે,
માધુર્યે ત્યાં ન મર્મમયતાં ખીલતાં ઉર પુખે.
જોજસ આત્મમનના નથી જગત તે બહારાં ઉજાગરાં,
વીર્યોદ્‌ભૂત ન પ્રેમસૌંદર્યે સમૃદ્ધિ-સત્તા વિલાસોદ્‌ભૂતા,
દિલે દિલની વેરતો થી નમૂને સ્થાપત્ય સૌંદર્યનો,

આવે એ જ નમું ઉપાસક તને સૌંદર્યનો આ હું તો!

કવિ નાનાલાલ તાજને બહુ લાગણીથી લખે છે કે: પ્રેમની કવિતા કેરો? કે એ બહોજલાલીનો? સૌંદર્યનો? કલાનો? કે તાજ આ મુમતાજીનો? એ પ્રમાણે તાજ એ પ્રેમની કવિતાનો, બહોજલાલીનો, સૌંદર્યનો, કલા નો અને મુમતાજીનો સર્વનો છે; તેમાં પ્રેમની કવિતા છે, બહોજલાલી છે, સૌંદર્ય છે, કલા છે અને મુમતાજી પણ છે. આમ તેમાં પ્રેમની કવિતા છે, પણ સ્થૂલ પ્રેમની, સૂક્ષ્મ પ્રેમની નહિ; સૌંદર્ય છે, પણ શરીરનું, હૃદયનું નહિ. એમાં પ્રથમ પાંગરતાં પ્રેમશૌર્ય નથી, આખરની અદૈત ભાવના નથી. એમાં સતીત્વની સળગતી જ્યોતની ઝલક નથી કે નથી એમાં કુટુંબરની ગાળોની છૂટની ગાલકોચાળા જેવડી ભાવના. છે તે બધુ યે અહીંનું અનિત્ય છે, અલૌકિક અનંત કંઈ યે નથી; એમાં સ્ત્રીઓનો કરકે કટકો નથી કે પ્રભુઅકલોની અદ્વિતીય પ્રેમભક્તિ નથી અને તેથી તેના સ્થૂળ સૌંદર્ય માટે તેને અભિનંદન ઘટે, પણ હૃદયનાં અલૌકિક અભિનંદન તો ન જ ઘટે

ર. [કા. તાજ (મુગટ) + અ. મહલ (મંદિર)] પું. મુગટ મંદિર.

તાજમહેલ જુઓ તાજમહાલ.

તાજમી [અ. તઅઝીમ] વિ. માન કે મોટાઈ આપેલું હોય એવું; માનવંત; આબરૂદાર.

તાજમી સરદાર = માન અથવા પુરસ્કાર આપવામાં આવેલ હોય તેવો સરદાર.

તાજર [અ. અજર (બદલો વાળવું)] પું. વેપારી; સોદાગર.

તાજવર [કા.] પું રાજા.

તાજવરી [કા.] સ્ત્રી. રાજપણું; બાદશાહી.

તાજવી સ્ત્રી. તારાજી; પાયમાલી; વિનાશ.

તાજવું ૧. [કા. તરાજૂ] ન. કાંટો; જોખવું પલવું; તાજવુ

૨. ન છૂટણાની એક આકૃતિ: સ્ત્રીઓ હાથ પગ ઉપર રંગની આકૃતિ પાડી સોઈથી ત્રોફી પડાવે તે છૂંદણું.

તાજવું ટોચાવવું = છૂંદણું છૂંદાવવું.

૩. [સં. ત્યજ્] સ. ક્રિ. તજવું; છોડી દેવું; ત્યાગવું; વર્જવું.

૪. સ ક્રિ. તાજ પહેરાવવો; ગાદીએ બેસાડવું.

તાજસંરચના સ્ત્રી. કૃત અથવા તો સર્વ કોઈથી આવેલો મુલક. આવું રાજ્ય પ્રજાસત્તાક રહેતું નથી, પણ જેના નીચે તે ગણ હોય તે રાજ્ય તેના કાયદા માટે જવાબદાર હોય છે.

તાજહીન વિ. મુગટ વિનાનું; બેતાજ.

તાજા ૧. [ફા. તાઝા] વિ. નવું; કરમાઈ ન ગયું હોય એવું.

૨. વિ. હોશિયાર.

તાજાઈ જુઓ તાજગી.

તાજાકલમ [ફા. તાઝા (તાજ્ઝ) + કલમ (કલમાહુ)] સ્ત્રી. તા. ક.; પુનર્લેખ; અનુલેખ; પુરવણી; મુખ્ય લેખ પૂરો થયા પછી બાદ આવેલી વધારાની બાબત જેમ કે ઉમેરી તે, ઉમેરો; છેલ્લે કરેલો વધારો; નવું લખાણ; 'પોસ્ટ સ્ક્રિપ્ટ'

તાજાકીલાવ ૧. સ્ત્રી. ચીનની નૈર્ઋત્યે આવેલા કવાઈબાવ નામના મુલકમાં રહેતી એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

તાજાજ પું. (કચ્છી) આગ્રખો.

તાજાતવાના [ફા. તાઝા (તાજ્ઝ) + તવાના (શક્તિવાળું)] વિ. તાજું અને શક્તિમાન; સુખી; નીરોગી.

તાજાતાતા વિ. હૃષ્ટપુષ્ટ; માનેલું

તાજિક ૧. પું. અફઘાન મારેનો એ નામનો એક દેશ.

૨. [સં.] ન નીલકંઠ વગેરેએ રચેલ એક જ્યોતિષ ગ્રંથ.

તાજિયો [અ. તઝ્મિયા] પું. તાજુત; ઢોલો, તાજ કે ઘુંમટદાર કબરનો આકાર. મહમ્મદ પૈગમ્બર સાહેબના દૌહિત્ર એટલે દીકરીના દીકરા હસન અને હુસેન જ્યારે લડતાં વીરમરણે કરબલાના રણક્ષેત્રમાં શહીદ થયા હતા. તેમની યાદગીરીમાં મુસલમાન લોકો મહોરમના શોક રમારંભ પહેલા અગિયાર દિવસો દરમિયાન જે કબર જેવો બાદ બનાવે છે તે તાજિયો કહેવાય છે. વાંસની છોબો ઉપર રંગબેરંગી કાગળ, અબરખ વગેરે ચોટી મકબરાના આકારનો મડપ બનાવવામાં આવે છે અને તેમાં ઇમામ હુસેનની કબરનો આકારદર્શક નમૂનો બનાવેલ હોય છે. મહોરમના દિવસમાં શિયા મુસલમાન તેની આરાધના કરે છે અને છેલ્લે દિવસે ઇમામના મરણનો શોક કરતા કરતા તેને રસ્તાઓ ઉપર ફેરવે છે અને નકકી કરેલા સ્થાને લઈ જઈ તેને દાટ કે દફન કરે છે. તાજિયા કાઢવાની પ્રથા કેવળ બિદના શિયા મુસલમાનોમાં છે. એવી વાત જાણીની છે કે તૈમુર કોઈ જાતિઓનો નાશ કરવા માટે જ્યારે કરબલા ગયો હતો ત્યારે તે ત્યાંથી કોઈ ચિહ્ન લાવ્યો હતો. તે ચિહ્ન તે પોતાની સેનાની આગળ તે આગળ લઈ તે ચાલતો હતો, ત્યારથી આ પ્રથા પડી છે.

તાજિયા કાઢ્યા = (૧) કોઈ મોટા માણસનું મરણ થવું. (૨) તાજિયા દફનાવવા (૩) નાસીપાસ થવું, નાહિંમત થવું.

તાજિર [અ. તજર (વાસ્તો વાજવું)] પું. વેપારી; સોદાગર; વિણજારો.

તાજિરાત [ફા.] પું. વેપાર.

તાજી ૧. [ફા.] પું. ઉત્તમ પ્રકારનો અરબી ઘોડો; મદ દેશનો ઘોડો.

૨. પું. શિકારી કૂતરો.

૩. સ્ત્રી. અરબસ્તાનની ભાષા; અરબી ભાષા.

૪. વિ. અરબી. અરબનું; અરબ સંબંધી.

તાજીક ૧. સ્ત્રી. એ નામની એક જાતિ

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

તાજીમ [અ. તઝ્ઝીમ] સ્ત્રી. મોટા માણસને વિવકસર માન આપવાની રીતિ, તાજમ; માન, આદરસર આપવાની રૂઢિ. વિવેક; અદબ; રાજ્યાદરદાઢની મુલાકાત દરમિયાન વિવકય. તેમને માન આપવાની રીત.

તાજીમતવાજી જુઓ તાજીમતવાજો.

તાજીમતવાજો [અ. તઝ્ઝીમ (માન) + તવાજો (નમ્રતા)] પું વિનય; રાજા બાદશાહને મુલાકાત દરમિયાન વિવકથી માન આપવાની રીત.

તાજી જુઓ તાજગી.

તાજીસરદાર પું દરબારમાં વિશેષ પ્રતિકા હોય એવો સરદાર

તાજીરાત [અ] પું અપરાધ અથવા દંડ સંબંધી કાયદાનો સમૂહ, દડવિધિ

તાજીસવાર પું. મુઘલના સમયનો એક મોટો સવાર.

તાજુબ ૧. [અ. તઅ્જ્જુબ (નવાઈ પામેલું)] ન. વિસ્મય; આશ્ચર્ય; અચરજ. અચરજ; નવાઈ; ચમત્કાર; અચનચો એટલે નહિ ધારેલો કારણે બનાવ બનેલો હોઈ કે સાંભળીને લાગેલો નવાઈ

૨. વિ. ચકિત; દિમૂઢ વિસ્મય ઉપજેલો હોય તેવું, જેમાં થઈ ગયેલું; નવાઈનું; અદ્ભુત; આશ્ચર્યચકિત.

તાજુબી સ્ત્રી. વિસ્મયતા; અચંબો; નવાઈ; અજાયબી; આશ્ચર્ય

તાજુમ ન. માન; નમ્રતા; વિવેક

તાજું ૧. [ફા. તાઝા] વિ તરતનું; નવું, તરત બનાવેલું, થયેલું કે પ્રકટેલું હોય એવું, જેને ઘણો વખત થયો ન હોય એવું

તાજો તે તો લવનો, તાજો હોશે થાય, તાજે થાય યાદ ઊગ્યો, તાજો ખાઈપી થાય. લોકસાહિત્ય

૧ તાજું કરવું = (૧) આનંદ લેવો. (૨) નવેસરથી જેવું, ફરીથી ઉપસ્થિત કરવું, નવું ઉત્પન્ન કરવું (૩) સ્મરણ કરાવવું; યાદ દેવડાવવું

૨. તાજું થવું = (૧) ફરીથી, ઉપસ્થિત થવું. (૨) વધારે આકરી.

૨. વિ. થાકેલું કે શિથિલ નહિ એવું; સ્ફૂર્તિ અને ઉત્સાહથી ભરપૂર, પ્રફુલ્લિત; યાદ ઊતરી જઈને સ્મૃતિમાં આવેલું.

૩. વિ. પૈસાથી ભરપૂર, તર

ઘરનો તાજો માણસ = (૧) પૈસાદાર. (૨) સત્ત્વવાળું

૪. વિ. ભરપૂર; ભરેલું; પૂર્ણ

૫. વિ. લીલું, નહિ કરમાયેલું, અમ્લાન.

૬. વિ. સોહ્યો માસથી ભરપૂર, બાળપણને મજબૂત બનેલું

૭ વિ. વાસી નહિ તેવું.

૮. વિ. સત્ત્વવાળું

તાજુતમ વિ. એકદમ તાજું.

તાજુતવાનુ [ફા. તાજાતવાના] વિ. તાજુમાજુ.

તાજુનબોદ ન. ઓખ્યું પાણી.

તાજુમાજું વિ. હૃષ્ટપુષ્ટ; માનેલું.

તાજૂડ (તા.જૂડ) ન. છૂટણ

મેલ્યા મુનિવર રાખા રે, ગારી તારે તાજૂડ. નરસિંહ

તાજૂડી (તા.જૂડી) ૧. સ્ત્રી. નાનું છૂંદણું; તાજવું

૨. [તાજવું + ડી (લઘુતાદર્શક પ્રત્યય)] સ્ત્રી. નાનું તાજવું.

તાજૂડું (તા.જૂડ) ન. તાજવું; છૂંદણું.

તાજેકલમ જુઓ તાજાકલમ

તાજેતર ૧. [ફા. તાજા + તર (વિશેષતાવાચક પ્રત્યય)] વિ તરતનું, હાલનું; જેને બિલકુલ વખત લાગ્યો ન હોય તેવું

૨. વિ. તાજેતરનું; જૂનું કે સડી ગયેલ ન હોય તેવું, નવું જ હોય તેવું, નવું

૩. વિ. બાજરો; જુવારબાજરું

તાજેતરમાં અ. હમણાં જ; બીજા વખત ઉપર.

તાજેતાજું જુઓ તાજેતર.

તાજેમ જુઓ તાજીમ.

તાજેર ૧. [અ.] પું. વેપારી.
૨. પું. વોરો; એક જાતનો મુસલમાન.
તાજેરા જી. અફસોસ.
તાજેસ ન. પ્રાયશ્ચિત્ત
તાજેસરથી અ. પહેલેથી; શરૂઆતથી.
તાજેતપ્ત ન. રાજગાદી; તાજ અને તખ્ત.
તાજ્જુબ ૧. [હિ.] પું. આશ્ચર્ય; નવાઈ.
૨. વિ. ચકિત; દંગ.
તાજ્ય [સં. વ્યજ્ (તજ્જું)] વિ. ત્યાજ્ય; તજવા યોગ્ય; છોડી દેવા જેવું.
તાઝ [ફા.] ન. ઘોડવું તે; ઘોડ.
તાઝગી ૧ [ફા.] જી. આનંદ.
૨. જી. કુણાપણું; કૂણું હોવું તે; કોમળતા.
૩. જી. ભડાર.
૪ જી: તંદુરસ્તી; આરોગ્ય.
૫. જી. તાજાપણું; તાજું હોવાપણું; તાજપ.
૬ જી. નવીનપણું; નવાપણું; નવીનતા.
૭ જી. ફરી ચાલુ કરવું તે
૮. જી હોંશ હોવું તે; હોંશિયારપણું; હોંશિયારી.
૯ જી શાંતિ
૧૦. જી, સ્મૃતિ.
તાઝા ૧. [ફા.] વિ. કાચું; અપાક.
૨. વિ. કુમળું; કોમળ.
૩. વિ. ઉંચકી લાવેલું.
૪. વિ. બાદ
૫. વિ. તાજું; તરતનું.
૬. વિ. નવું.
તાઝા કરવું = નવું ઉત્પન્ન કરવું.
૭. વિ. સુખી; આબાદ.
તાઝાકાર [ફા.] વિ. નવું કરનાર.
તાઝાકારો [ફા] જી. નવું કરવાની ક્રિયા.
તાઝાદમ [ફા.] પું આનંદ; હર્ષ.
તાઝાદમ થવું = નવું બળ મેળવવું.
તાઝાબતાઝા [ફા.] વિ. તાજેતાજું; તાજું અને ખીલતું.
તાઝાવાહિદ [ફા] વિ. નવું આવનાર; તાજા વિલાયત.
તાઝા વિલાયત વિ. નવું આવનાર; પરદેશી
તાઝિયા ૧. પું દુલદલ; કારખાનું.
૨. જુઓ તાજિયો.
તાઝિયાદારી ૧. જી. તાજિયા બનાવવાનું કામ.
૨. જી. મોહરમના દિવસો પાળવા તે.
તાઝી ૧. [અ. તાજ્ન (ઘોડવું)] પું. અરબી મોટો કે કૂતરો.
૨. જી. અરબી ભાષા.
૩ વિ. અરબી; અરબસ્તાનનું.
૪ વિ. ઊંચી જાતનું.
૫. વિ. તાજું; તરતનું.
૬. વિ. નવું.
૭ વિ. બીજું; કુમળું.
૮. વિ. સુખી; આબાદ.
તાઝીઆકના [ફા.] સ્ત્રી. ચાબુક; ફટકો; નેતર.
તાઝીઆના મારવા-લગાડવા = ફટકા મારવા; શારીરિક શિક્ષા કરવી.
તાઝીઆના અરદાર [ફા.] પું. ફટકા મારનાર અમલદાર.
તાઝીક ૧. [ફા.] પું વર્ણસંકર વહેરો; બીજા દેશમા ઉછેરેલો અરબી ઘોડો
૨ વિ. ફારસી ભાષા નહિ બોલનાર.
તાઝીકુત્તા પું. શિકારી કૂતરો.
તાઝીખાના ન. કૂતરાખાનું.
તાઝીમ જુઓ તાજીમ
તાઝીમતવાજ જુઓ તાજીમતવાજ.
તાઝીમતવાજી જુઓ તાજીમતવાજી.
તાઝીમતવાજો જુઓ તાજીમતવાજો.
તાઝીમી જુઓ તાજીમી.
તાટ ૧. પું. મોટી ટૂંકા કાંઠાની થાળી; મોટી તાસક; ખૂમચો; વિલાયતી થાળી. ટાટ; જીભરી મોટી થાળી.
૨. ન. રેસાના વણાટનું કપડું; શણનું કપડું; ટાટ; સુણપાટ. તેના કોથળા, તાટપત્રો વગેરે થાય છે.
૩. વિ. અક્કડ; અનમ્ય; કડક; કેઠ કે ગર્વની અસરવાળા હોય તેવું.
૪ ન. બાવાનું; સાધનો કાપવું, ઝટ ઉપડે નહિ એવું. ટીપવું નહિ એવું, સક્કમ.
૫ વિ સોંકડું પડવું હોય એવું; સંકડાવું; ભિડાવું; એમનું; નમ; ખીચોખીચ.
તાટક પું. તાટકાસુર
તાટકવું ૧. અ ક્રિ. ખાનકવું, ઊંચેથી કૂદકો મારવો
૨ અ ક્રિ. વચ્ચે બોલી ઊઠવું.
તાટકા જી. (પુરાણ) રામાયણ પ્રસિદ્ધ એ નામની એક રાક્ષસી. તે સુકેતુ નામના યક્ષની કન્યા હતી, અને બધી બળવાન હતી અને જલના પુત્ર સુંદને પરણી હતી. સુંદથી એને મારીચ અને સુબાહુ નામે બે પુત્ર થયા હતા તેનામાં બલના વરદાનથી હજાર હાથીનું બળ હતું. સુરે અગસ્ત ઋષિનો કોઈ અપરાધ કરવાથી તેમના કોપને લીધે એ બળને ભરમ થયો હતો. મલદ અને કરુષક એ બંને દેશ પાસે પાસે આવેલા છે ત્યાં પોતાના બને પુત્રો સુબાહુ અને મારીચને લઈને રહીને તે અગસ્ત્ય ઋષિને અનેક પ્રકારે પીડા કરતી હતી. એટલે ઋષિએ શાપ દીધો તેથી તે રાક્ષસપણાને પામી અને આથી ઘોડા કાળમાં એ બંને દેશ ઉજ્જડ થઈ ત્યાં મોટું અરણ્ય થઈ ગયું. એ અરણ્યની પાસે વિશ્વામિત્ર ઋષિ રહેતા હતા. એ ઋષિ જ્યારે જ્યારે યજ્ઞનો આરંભ કરતા ત્યારે ત્યારે તાટકા પોતાના બે પુત્રો સહિત ત્યાં આવીને યજ્ઞનો વિધ્વંસ કરતી તેનાથી કંટાળીને વિશ્વામિત્ર ઋષિ અયોધ્યાથી દશરથ રાજા પાસે ગયા અને તેમના પુત્ર રામ અને લક્ષ્મણ બંનેને માગી લઈ પોતાને આશ્રમે આવ્યા હતા. એટલામાં માર્ગમાં તાટકાએ એમને જોયા. વિશ્વામિત્ર ઋષિ ઉપર એ ધસી આવતાં એમણે રામને હાકી એને મરાવી. પછી યજ્ઞકાર્ય કરતાં સુબાહુ મરણ પામ્યો અને રામના બાણના પૂંછડાના પવનથી મારીચ ફેંકાઈને સમુદ્રમાં પડ્યો. ત્યારથી મારીચ અરણ્યમાં પાછો આવ્યો જ નહિ અને ત્યાંનું જંગલ થઈ રહ્યું.
તાટકાસુર પું. (પુરાણ) એ નામનો એક અસુર.
તાટકેય પું. (પુરાણ) તાટકાનો પુત્ર; સુબાહુ અને મારીચ.
તાટપત્રી ૧. જી. એક જાતનું વરસાદમાં પલળે નહિ તેવું કપડું.
૨. જી. તાડનું પાંદડું.
તાટપાટ [ગ] પું. થાળી અને પાટલો.
તાટલી જી. રકાબી, ભોજનપાત્ર.
તાટલીક પું. ભાગ; કારખાનું; છૂપાઘેડા.
તાટસ્થ્ય ન. તટસ્થતા; અલગતા; અલગપણું; માધ્યસ્થ; તટસ્થપણું.
આ બંને પ્રકારોમાં લક્ષ્ય અને લક્ષક વચ્ચે જાતની પ્રતીતિરૂપ **તાટસ્થ્ય** એટલે અલગપણું નથી. વિજયરાય
તાટસ્થ્યનાશકમત પું ભેદકમત; ભાગકામત; 'ડાયિડિંગ રૂલ.'
તાટંક ૧. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તેના દરેક ચરણમા ૩૦ માત્રા હોય છે અને ૧૬ તથા ૧૪ માત્રાએ યતિ હોય છે. અંતમાં ગગણ હોય છે. ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ આવે છે.
૨ પું. (પિંગળ) એક જાતનો વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે ૧૮ પદી ઝપમ છંદનો ભેદ છે. તેને તાલાંક છંદ પણ કહે છે.

૩. પું. (પિંગળ) છપ્પયનો ૩૧ નામનો એક ભેદ

૪. [સં.] ન. કાનનું એક જાતનું ઘરેણું; બુટ્ટી; તોટી; કર્ણફૂલ.

અવસુ રપરાં તાટંક મણિ, સુકૌસ્તુભરપરૈં ઉર. કાન્હરાત્ન

તાડિકા ૧. સ્ત્રી. એક જાતનું કેતરકામ. જુઓ અન્વય ૧૩.

૨. જુઓ તાટકા.

તાડી ૧. સ્ત્રી. કામઠાનો પડદો; તટ્ટી; ટટ્ટી; આંતરો.

૨. સ્ત્રી. બકરું.

૩. સ્ત્રી. વાંસનું ચોકઠું; વાંસનું પિંજર; ખોખું.

તાર્ડું ૧. ન. ટાડું; વાંસ અથવા વાસની નાની ચટાઈ કે પડદો; વાંસની ચીપો કે કામઠાંનો પડદો, ઝાંખરા અથવા વાંસને આડા ઊભા એકએકની સાથે બાંધી બનાવેલું બારણું; ઝાંપો; ઊભા અને આડા વાંસ અથવા કામઠાં સરકી જઈ બનાવેલો પડદો.

૨. ન. નાનું તાડજાતનું ઝૂંપડું; પર્ણકુટી; ઝૂંપડી.

૩. ન. બકરું.

તાડ (તાઽ) ૧. [સં. તાલ] પું. આસકરીને દરિયા કિનારા ઉપરની જમીનમાં ઝાળાં બાંધ્યાં વગર ખૂબ ઊંચું વધતું ખજૂરી કે નાળિયેરીની જાતનું એક ઝાડ.તે ગરમ પ્રદેશમાં કુંવર ઉપર, જંગલમાં કે દરિયા કિનારે થાય છે. આફ્રિકા, સિલોન અને ઈરાની અખાતમાં બંને કિનારા ઉપર અને દક્ષિણ હિંદુસ્તાનના બંને કિનારા ઉપર તાડ પુષ્કળ ઊગે છે. તે એકદળ વનસ્પતિ હોઈ તેની કલમ થઈ શકતી નથી. વાવ્યા પછી દશ બાર વર્ષે તે ફળે છે. તેનો સોટો ૪૦થી ૫૦ હાથ ઊંચો અને સરળ હોય છે; તેનું થડ કાળું અને કઠણ હોય છે. એને વચમાંથી ડાળાં ફૂટેલાં હોતાં નથી, પણ ઉપર ટોચ ઉપર ૧૫ કે ૨૦ જેટલાં પાંદડા હોય છે. તેને સોટો તાડબાં કહે છે. ચૈત્ર માસમાં તેને ફૂલ આવવા લાગે છે અને વૈશાખમાં ફળ આવવા લાગે છે. ભાદરવામાં તે ખૂબ પાકી જાય છે. તેનાં ફળને તાડિયા કહે છે. તે નાળિયેરથી સહેજ નાનાં હોય છે. તે તાડગોળા પણ કહેવાય છે. તેમાંથી કોપરાં જેવો રેસાદાર મીઠો ગર્ભ નીકળે છે. તે ગલેફી કહેવાય છે અને ખાવાના કામમાં આવે છે. ફળમાંથી ત્રણ કે ચાર ગોટલાં નીકળે છે તે તાડફળી કહેવાય છે. તાડગોળા કુમળા હોય ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. જૂના તાડગોળા ખાવાથી અતિસાર થાય છે. તેની અંદર નાળિયેરીની પેઠે પાણી હોય છે. તે પિવાય છે. તામિલ ભાષામાં તાલ વિલાસ નામનો એક ગ્રંથ છે. તેમાં ૭૦૧ પ્રકારના તાડ ગણાવ્યા છે. તેની મુખ્ય જાત નીચે પ્રમાણે છે: (૧) નાળિયેરની જાત, (૨) સોપારીની જાત, (૩) જરબી સોપારીની જાત, (૪) પરદેશી તાડિયાની જાત, (૫) ખજૂરીની જાત, (૬) ગલેફી તાડની જાત અને (૭) નેતરની જાત. તાડનું દરેક અંગ કંઈ ને કંઈ કામમાં આવે છે. એક તામિલ કવિ કહે છે કે તાડમાંથી ૮૦ જાતની જુદી જુદી બનાવટ બનાવવામાં આવે છે. તેનાં ફળ ખાવાના કામમાં લાગે છે. ઉપરાંત તેમાંથી પારદર્શક ગાંઠો જે રસ નીકળે છે તે પીવાથી વધુ લાગતી નથી. તેથી મદ્રાસ અને સિલોનમાં લોકો તે ખૂબ પીએ છે. તેમાંથી દારૂ ખેંચવામાં આવે છે તે તાડી કહેવાય છે. તે ઔષધમાં કામ લાગે છે. તાજો રસ ઉકાળવાથી ગોળ, માઠ અને સરકો પણ બને છે; પણ તે શેરડી જેવા મીઠા લાગતાં નથી. ખજૂરીમાંથી ખજૂર અને તાડમાંથી તાડગોળ મળે છે. દર વર્ષે તાડ એક મણ અને ખજૂરી દર ત્રીજે વર્ષે ૬ શેર ગોળ આપે છે. ગજ્જન નામક લખે છે કે: તાડગોળની પેદાશ વધારવા સારૂ વધારે તાડનું રોપણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ. બે છોડની વચ્ચે દશ ફૂટ જેટલું અંતર રાખવાની જરૂર છે. જંગલની જેમ તેને વધવા દઈએ તો નીરો ઓછો મળે. ઝાડ વચ્ચેના ગાળાઓમાં ગમે તે અનાજ થઈ શકે અને ઝાડને કે અનાજને નુકસાન પહોંચે નહિ. વાવ્યા પાછી દર વરસે તાડનાં ફૂલ અને ફળ આવવા લાગે છે. તે વખતે તેમાંથી રસ કાઢી તાડી બનાવે છે. તાડી માટે એકાતરે વરસે તાડને આરામ આપી રસ કઢાય છે. ગરીબ લોકો વરસાદ ન લાગે તેટલા માટે એ તાડનાં પ્હેલાની ઝૂંપડી ઉપર નાખે છે. એ તાડળામાંથી બનેલી બનેલી ચીજો બને છે. તેમાંથી ઘૂંપરા, ચટ્ટાઈ, ભોંદાથી બચાવવાની પિપૂડી, હવા ખાવાના પંખા, જમીન ઉપર પાથરવાની સાદડી, મીઠાઈ મૂકવાની ટોપલી, ટોપલા, સાવરણી વગેરે બનાવવામાં આવે છે. અસલના વખતમાં આપણા ઋષિમુનિઓ તાડનાં કે તાડપત્ર ઉપર જ ગ્રંથો લખતા હતા, કેમકે તેમના વખતમાં કાગળ હતા જ નહિ. તાડનાં પાંદડાં તૈલચિત્ર, કલ્પોટક અને સિલોનમાં હજુ કાગળ તરીકે વપરાય છે અને તેની ઉપર પુસ્તકો લખાય છે. કહે છે કે કુમારપાળ રાજાએ ગુજરાતમાંથી તાડનું નિકંદન કઢાવ્યું હતું. તેનાં પાતરાના કાંડલાંમાંથી ચટ્ટા, ટોપલા, ટોપલીઓ વગેરે બનાવવામાં આવે છે. તેના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે અને તેનું લાકડું મજબૂત હોઈ છાપરામાં વપરાય છે. તેના સોટા પાણી બનાવી પરનાળો કરવાના ઉપયોગમાં આવે છે. તેમાંથી નાની હોડી પણ બને છે. તાડીની પોટીસ ગૂમડા તથા જખમ ઉપર બહુ ગુણકારી મનાય છે. તાડપત્રરસ નામની તેની એક જાત સિંહલદ્વીપમાં થાય છે. તે ૮૦ વર્ષ ટકે છે. એટલા વખતમાં તે એક જ વખત ફળે છે. બ્યજનતાડ કરીને એક તાડની જાત છે. તેનાં ઝાડ દક્ષિણ અમેરિકામાં બહુ છે. એ સાદડીઓ તથા પંખા કરવાના કામમાં આવે છે. દર વરસે એક એકરનાં તાડનાં આરોપણની ફળ આવતાં સુધી માવજત કરતાં રૂા. ૨૦ થી ૨૫નું ખર્ચ થાય છે. એક એકરે એકદરે ૩૫૦૦ તાડફળ થાય છે. ૮૦ વરસનો તાડ થાય ત્યારે એક એકરનાં તાડનાં ઝાડની કીમત રૂા. ૫૦૦ની ગણાય છે. કાઠિયાવાડ, ગુજરાત, કચ્છ, સિંધ અને કોંકણમાં તાડનાં વાવેતર થાય છે. તાડીનો ઠરાવ કરવામાં આવે તોપણ દરેક ઝાડ દર વરસે રૂપિયા ૧૦ આપે. તે મધુર, શીતળ, મારક, પુષ્ટિકર, શુક્ર, કફકર, બલકર, મેદકારક, વૃષ્ય તથા સારક છે અને પિત્ત, દાહ, શોષ, ચિત્ત, શ્રમ, કૃમિ, રક્તદોષ તથા વાયુનો નાશ કરે છે. તેનાં કુમળાં ફળ સ્નિગ્ધ, સ્વાદુ, ગુરુ, મલ.વરોધક, બલકર, શીતલ, ધાતુવર્ધક, વૃષ્ય, તૃપ્તિકારક, માંસલ તથા કફકર છે અને વાયુ, શ્વાસ, રક્તપિત્ત વધુ, દાહ, હૃત, પિત્ત, ક્ષય તથા રક્તદોષનો નાશ કરે છે. તેનાં પાકાં ફળ દુર્જર એટલે પચવાં મુશ્કેલ તથા મૂત્રલ છે અને શુક્ર, પિત્ત, કફ, નેત્રાભિષ્યંદ તથા રક્તને કરનારાં છે. તેનું લીલું ટોપરું મૂત્રલ, શીતલ, રસકારી અને પાકે મધુર તથા સારક છે અને વાતપિત્તનું નાશક છે. જૂનું ટોપરું કફકર, મદકારક, લઘુ, સ્નિગ્ધ, મધુર, સારક અને વાતપિત્તનાશક છે. તાડના મસ્તકમાંનું માંજર ધાતુવર્ધક અને વાતપિત્તનું નાશક તથા બસ્તિ શુદ્ધ કરનારું છે. તાડી અતિ મારક, સ્નિગ્ધ, ગુરુ તથા વૃષ્ય છે. ખાટી થઈ હોય તો તે પિત્તકર અને વાતનાશક છે. તેનાં મૂળ કષાયકાળે સ્વાદુ અને રક્તપિત્તનાશક છે. હરિવંશકોષમાં લખે છે કે, તાડ કે ખજૂરીના ઝાડના બે પ્રકાર છે. ઝાડ તરીકે બાબતમાં બંને સરખાં છે ને ઉપરાંત તેમાંથી ગોળ ને ખાંડ બને છે. તાડના જુદા જુદા ભાગોમાંથી રોજના વપરાશની ચીજો જેવી કે, ટોપલા, સાવરણી, સાદડીઓ, પંખા વગેરે બનાવી શકાય છે. ખજૂરીમાંથી ખજૂર મળે છે અને તાડમાંથી તાડગોળ મળે છે. દર વર્ષે તાડ એક મણ અને ખજૂરી દર ત્રીજે વર્ષે આઠ શેર ગોળ આપે છે. શેરડીની જેમ તાડ કે ખજૂરીને પાણી ને ખાતર આપવાની અને જંગલી પશુઓથી રક્ષણ કરવાની જરૂર રહેતી નથી. એક વાર ઝાડ

રોપ્યુ હોય પચ્ચાસ વર્ષથી વધારે જીવે છે અને ફોળ આપ્યા કરે છે. એમને તેરી વેરાન જમીનમાં તે ઊગે છે. શેરડીની જેમ તેને રસાળ જમીનના ખેતરની જરૂર પડતી નથી. તાડફોળની પેદાશ વધારવા સારૂ વધારે મજૂરી તેમજ તાડનું રોપણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ. બે છોડ વચ્ચે દશ ફૂટ જેટલું અંતર રાખવાની જરૂર છે. જગલની જેમ તેને વધવા દઈએ, તો નીરો ઓછો મળે. ઝાડ વચ્ચેના ગાળાઓમાં ગમે તે અનાજ થઈ શકે તેથી ઝાડને કે અનાજને નુકસાન પહોચવું નથી.

૧. તાડ ઉપર ચડાવવુ = હદથી વધારે તારીફ કરવી
૨. તાડ જેવું = લાંબું; ઊચું.
૩. તાડનો ગોળો ઝાડ = ઘણું ઊંચુ.

૨. પું. ગૂમડું ખૂબ રોષ કરી બધ તેની અસર

૩. પું. જોરથી કરેલો અવાજ; ઝર્જના; નાદ.

૪. પું. તાડો; તતઝાડ.

૫. પું. પર્વત.

૬. પું. મારવું તે; ઠોકવું તે.

૭. પું. મૂઠી જેટલી તૃણની મૂઠી.

૮. પું. મૂર્તિનિર્માણવિદ્યામાં મૂર્તિના ઊપરના ભાગનું નામ.

૯. સ્ત્રી. સમજ; સમજણ; બુદ્ધિ.

૧. તાડપાત્ર = બુદ્ધિહીણો.
૨. તાડપાત્રી = તીવ્ર બુદ્ધિ હોવી તે; કુશાગ્ર બુદ્ધિ.

૧૦. ન. એક જાતનું પંજાબી તંતુવાદ્ય. તેને તીડ પણ કહે છે. આ વાદ્ય દેવદારના લાકડામાંથી બનાવવામાં આવે છે.

૧૧. વિ. પાડનાર; પાડ કરનાર.

૧૨. વિ. શિક્ષા કરનાર.

તાડક (તાડક) ૧. સ્ત્રી. ડાક; ઢાઢક.

૨. વિ. મારનાર.

તાડકણું (તાડકણ) જ. ક્રિ. તડકવું.

તાડકા (તાડકા) ૧. સ્ત્રી વિશ્વામિત્રના યજ્ઞમાં વિઘ્ન કરનાર એક રાક્ષિકા. જુઓ તાટકા.

વસ્યામા હતી તાડકા જમ હરી હુતો કર્મો પંમને,
માર્યાં રાક્ષસ યજ્ઞ દુઃખ કરતા સુબાહુ મારીચને
રામાયણસાર

૨. સ્ત્રી. ઝંઝા.

તાડકાફેલ (તાડકાફલ) [સં.] ન. મોટી એલાયચી.

તાડકાયન (તાડકાયન) [સં.] પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.

તાડકારિ (તાડકારિ) [સ. તાડકા + અરિ (દુશ્મન)] પું. શ્રી રામચંદ્ર.

તાડકાવધમોક્ષદ (તાડકાવધમોક્ષદ) પુ પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.

તાડકાસુર (તાડકાસુર) પું. એ નામનો એક રાક્ષસ.

તાડકેય (તાડકેય) [સં.] પું. (પુરાણ) તાડકાનો પુત્ર. તેને મારીચ અને સુબાહુ એમ બે પુત્ર હતા.

તાડગ્ય (તાડગ્ય) [સં.] ન. તળાવનુ જળ.

તાડગોળી (તાડગોળ) પું. તાડીમાંથી બનાવાતો ગોળ. તાડગોળના ઉદ્યોગ વિષે ગજ્જનન નામક હરિજનબંધુમાં લખે છે કે: તાડગોળનો ઉદ્યોગ રાષ્ટ્રના ખોરાકના ઉત્પાદનમાં ભારે ફાળો આપનાર થઈ પડે. આજે શેરડીના પાકને માટે રોકાતી ૪૦ લાખ એકર જેટલી ફળદ્રુપ જમીન ધાન્ય પકવવા માટે તે છૂટી કરી શકે. ફાઈનેન્સ ને સાખી મહદ્રરૂપ છે. તાડ તથા મજૂરીના સમજપૂર્વકના ઉપયોગ દ્વારા તરવડાની ખરીનો પ્રશ્ન તે સારી પેઠે હળવો બનાવશે. જેનાથી મૂડીદાર લોકોને જ લાભ થાય એવા શેરડીના ઉદ્યોગ જેવો એ નથી. એ સાચો ગ્રામઉદ્યોગ છે અને એને યોગ્ય રીતે સંગઠિત કરવામાં આવે તો ગ્રામપ્રજા ઉપર તે દૂરગામી અને હિતકારી અસર કરનાર થઈ પડશે. જે જાતના તાડ તથા મજૂરીઓના રસમાંથી ગોળ બનાવી શકાય, તેમને કક્કા લાગ્યા વિના છૂટ આપવી જોઈએ; અને તેવાં ઝાડો ચાકળેલ પદ્ધતિથી ઉછેરવાનો પ્રયત્ન થવો જોઈએ. વળી ધધાઓનુ શિક્ષણ આપનારી શાળાઓમાં ગોળ બનાવવાની કિયા પ્રયોગો દ્વારા શીખવવાની સગવડ આપવી જોઈએ. બિનીમાં ગામ ન આવે એવા સરકારની માલિકીની પડતર જમીનનો તાડ તથા મજૂરી ઉછેરવામાં ઉપયોગ કરવો જોઈએ, જેથી તાડગોળ શેરડીના ગોળનુ સ્થાન લઈ શકે.

તાડગોળા (તાડગોળા) જુઓ તાડગોળો.

તાડગોળો (તાડગોળો) પું. તાડફળ; ગલેલી. બદામ છોલાકામાં અને સિલોનમા તે ખોરાક તરીકે વપરાય છે. એ ગોળા વધુ ઠડા હોય છે, તેથી ટેટલાક લોકો ગરમી સવાથી તે ખાય છે. તેથી પેશાબ સાફ આવે છે અને બળતરા મટે છે. તે કુમળા હોય ત્યારે સ્વાદિષ્ટ લાગે છે જૂના તાડગોળા ખાવાથી અતિસાર થાય છે. તેની અંદર નાળિયેરની જેમ પાણી હોય છે, જે પિવાય છે. તાડગોળામાંથી દારૂ બનેવામાં આવે છે તે તાડી કહેવાય છે. તેના રસમાથી ગોળ, ખાંડ અને સુરકો પણ બને છે.

તાડજ્ઞ (તાડજ્ઞ) ૧. [સં.] પું. જલ્લાદ.

૨. પું. તાલ બજાવનાર માણસ

તાડપું (તાડપું) ૧. ન. તાડનું પાંદડું; તાડપત્ર.

૨. ન. તાડપત્રની કોઈ બનાવટ. જેમકે, પખા., બાવલી.

૩ ન. લાબુ ચિપટિયું; પાતળું આગનું કે ચીપ જેવુ લાકડું

તાડન (તાડન) ૧. [સં.] ન. ગુણવું તે.

૨. ન. તાડવું તે; સોટી કે લાકડીથી મારવું તે; માર; પ્રહાર; ઠોક.

શીખ શીખવતાં મૂરખને, શીખે સમજુ તાડણ;
તાડન કરતા દઈને, તેજપુ તજે કુચાલ.
દલપતરામ

તાડન કરવુ = (૧) જુલમ ગુજારવો. (૨) મારવુ.

૩. ન. દીક્ષાના અંગરૂપ એક મંત્ર; મત્રોના અક્ષર ચદન વડે લખી પ્રત્યેક મત્રને પાણી વડે વાસુમ્ભ પછી મારવાનો વિધાન.

૪. ન. શાસન; હક.

૫. ન. સરકાર.

તાડનકુંડ (તાડનકુંડ) ન. (પુરાણ) એ નામનો સિત્તોતેરમો નરકકુંડ. તે સોળ મનુષ્ય પ્રમાણમાં છે. તેમાં પડેલ પાપીઓને યમદૂતો ધોકાથી મારે છે.

તાડનતર્જન (તાડનતર્જન) જુઓ તાડન.

તાડના (તાડના) ૧. [હિં.] પું. શારીરિક શિક્ષા; કડકા મારવા તે; પ્રહાર; માર.

૨. પું. શાસન; હક.

તાડની (તાડની) [સ.] સ્ત્રી ઘોડા વગેરેને મારવાની આકુડી

તાડનીય (તાડનીય) ૧. [સં.] વિ. ગુણવા યોગ્ય.

૨. વિ. ઠોકવા જેવુ

૩. વિ. મારવા લાયક; માર ખાવા લાયક; મારને યોગ્ય, દડનીય

તાડનીયતા (તાડનીયતા) સ્ત્રી. તાડનીયપણું.

તાડપત્તર (તાડપત્તર) જુઓ તાડપત્ર.

તાડપત્તી (તાડપત્તી) જુઓ તાડપત્રી.

તાડપત્ર (તાડપત્ર) ૧. [સં. ત.લપત્ર] ન. એક જાતનું જાનવું ધરેણું.

૨. ન. એક જાતનું કપડ.

૩. ન. તાડના પાંદડા ઉપર લખેલો દસ્તાવેજ.

૪. ન. તાડનું પાંદડું; તાડપુ. તાડનાં ઝાડ બે પ્રકારનાં થાય છે: ખરતાડ અને શ્રીતાડ. ગુજરાતની ભૂમિમાં જે તાડના ઝાડ અત્યારે છે

તે ખરતાડ છે. આ ઝાડનાં પત્રો સ્થૂલ, લગભગ પહોળાઈમાં ટૂંકાં તેમ જ નવા હોય ત્યારે પણ સહેજ ટક્કર કે આઘકો લાગતાં તૂટી જાય તેવા એટલે કે બરડ હોય છે, માટે પુસ્તક લખવાના કાર્યમાં તેનો ઉપયોગ કરાતો નથી બીતાડનાં ઝાડ મદ્રાસ, ઓરિસ્સા વગેરેમાં થાય છે. તેનાં પત્રો જાડાં, લાંબાં, પહોળાં તેમ જ સુકુમાર હોવાથી ઘણાં લાંબામાં આવે તોપણ લાંબાપણાનો ભય રહેતો નથી. જોકે કેટલાક તાડપત્રો જાડાં તેમ જ લાંબાં પહોળાં હોવા છતાં કાંઈક બરડ હોય છે, તોપણ તેના દેકારોપણા માટે અંદેશો રાખવા જેવું નથી રહેતું. આ બીતાડનાં પત્રોનો જ પુસ્તક લખવા માટે ઉપયોગ કરાતો અને હજુ પણ તે તે દેશમાં પુસ્તક લખવા માટે તેનો ઉપયોગ કરાય છે. તાડનાં પાંદડાંના પાનાં જેવા કટકા કરી દૂધ પાણીમાં તેને ઉકાળી તેના ઉપર ખીલાથી લખવામાં આવે છે. હિંદમાં બહુ જૂના કાળથી તાડપત્ર ઉપર પુસ્તકો લખાયેલાં માલૂમ પડે છે. બ્રાગળ કરતાં તાડપત્ર ઘણો લાંબો વખત સુધી રહી શકે છે. અમલના પુસ્તક ભંડારમાંથી હજુ પણ જૂનાં પુસ્તકો તે ઉપર લખાયેલાં મળે છે. એમ પણ માનવામાં આવે છે કે, તાડપત્ર ઉપર સોયા જેવી અણીદાર કલમે અક્ષર કોતરતા અને પછી તે ઉપર રંગદાર બૂકી ભૂસતાં તે બૂકી આડામાં ભરાઈ જઈ અક્ષરો સ્પષ્ટ થતા. જૂનામાં જૂના તાડપત્રના ગ્રંથો આપણને મળે છે તે સંવત્ ૧,૧૦૦ની લગભગના હોય છે. એથી વધારે જૂના તાડપત્રોના ગ્રંથો મળતા નથી.

તાડપત્રઅંક (તાડપત્રઅંક) પું. તાડપત્ર ઉપર લખવામાં આવતો આંકડો. જુદાં જુદાં દેશમાં તાડપત્રનાં પુસ્તકો, શિલાલેખો વગેરેમાં આવતા અંકોની સંપૂર્ણ માહિતી અને તેની આકૃતિ આ પ્રમાણે છે:

એકમ અંકો

તાડપત્રીય	આધુ
સ્ત્ર સ્ત્ર કે શ્રી ૧ ૧	૧
સ્ત્રિ, સ્ત્રિ કે શ્રી ૨ ૨	૨
શ્રી, શ્રી કે શ્રી	૩
એક કે એક	૪
ર્લૃ કે લૃ	૫
ર્મૃ કે મૃ	૬
ર્ગ્રા, ર્ગ્રૈ, ર્ગ્ર કે ગ્ર	૭
દ્રા, દ્રૈ, દ્ર કે દ્ર	૮
૯	૯
૦	૦

દશક અંકો

તાડપત્રીય	આધુ
ર્લૃ કે લૃ	૧
ત્રા કે ત્ર	૨
ક્ષ્રા કે ક્ષ	૩
ર્સ્રા, ર્સ્રૈ, સ્રા કે સ્ર	૪
૫	૫
ર્ધૃ કે ધૃ	૬
ર્મૃ કે મૃ	૭
૮	૮
૯	૯
•	-

સો અથવા શતક અંકો

તાડપત્રીય	આધુ
ઙ	૧
ઙૃ કે ઙ્ગ	૨
ઙ્ક્ર	૩
ઙ્ક્તો	૪
ઙ્ક્તી	૫
ઙ્ક્તં	૬
ઙ્ક્તઃ	૭

જેમ આપણા આધુ અંકો એક લીટીમાં લખવામાં આવે છે તેમ તાડપત્રના સાંકેતિક અંકો એક લીટીમાં નથી લખાતા પણ ઉપર નીચે લખવામાં આવે છે. જેમકે, ૧૪૪ લખવું હોય તો

ઙૃ	૧
ર્ત્રા	૪
એક	૪

એકમ, દશક, સો અંકોમાં ૧, ૨, ૩ એમ પૃથક્ પૃથક્ આપવાનું કારણ એટલું જ છે કે, એક, બે, ત્રણ આદિ એકમ સંખ્યા લખવી હોય તો એકમ અંકોમાં આપેલા એક, બે, ત્રણ આદિ લખવામાં આવે છે. દશ, વીસ, ત્રીસ આદિ દશક સંખ્યામાં એક, બે, ત્રણ એમ નવ સુધી લખવા હોય તો દશક અંકોમાં બતાવેલા એક, બે, ત્રણ લખવા. સો, બસો, ત્રણસો વગેરે સો અથવા શતક સંખ્યામાં એક, બે, ત્રણ આદિ લખવા હોય તો શતક અંકોમાં લખેલા એક, બે, ત્રણ આદિ લખવા. એકમ દશકમાં શૂન્ય આવે તો ત્યાં શૂન્ય જ લખાય છે.

તાડપત્રવૃક્ષ (તાડપત્રવૃક્ષ) ન. સિંહલદ્વીપમાં થતું તાડની જાતનું એક ઝાડ. એની ઊંચાઈ આશરે ૧૨૫ હાથ હોય છે ને ઝાવલી પંદર વીસ હાથ લાંબી હોય છે. એક ઝાવલીથી તાપ કે વરસાદમાં વીસ પચ્ચીસ માણસોનું રક્ષણ થઈ શકે છે એનું આયુષ્ય ૮૦ વર્ષનું કહે છે અને તે દરમિયાન એક જ વખત તે ફળે છે. એનાં ફળ દ્રાક્ષના ગુચ્છા જેવડાં હોય છે. તેમાં તાડગોળા જેવો ગર હોય તે ખોડો ખાય છે. એનાં પત્ર તે તાડપત્ર તેનો પુસ્તક લખવામાં ઉપયોગ થતો ને હજુ પણ થાય છે. લખવાના ઉપયોગમાં લીધા પહેલાં પાંદડાંને દુધમાં ઉકાળી કાઢે છે. પત્ર ઉપર લોખંડના ખીલાથી લખવામાં આવે છે. બ્રાગળ કરતાં એ પાંદડાં ઘણાં વર્ષ ટકે છે. અંજન તાડ નામનાં ઝાડ દક્ષિણ અમેરિકામાં થાય છે, તેનાં પંખા અને સાદડીઓ સરસ થાય છે.

તાડપત્રી (તાડપત્રી) ૧. સ્ત્રી. એક જાતનું કાપડ. વરસાદમાં પલળે નહિ તે માટે માલ વગેરે ઉપર ઢાંકવાનું મજબૂત કપડું; 'ટારપોલીન.'

૨. સ્ત્રી તાડનાં પાંદડાનું ઝાલર જેવડું

તાડપત્રીય (તાડપત્રીય) ૧. વિ. તાડપત્રનું.

૨. વિ. તાડપત્રમાં લખાયેલ.

તાડફલ (તાડફલ) જુઓ તાડફળ.

તાડફળ (તાડફળ) ૧. ન. તાડનું ફળ.

૨. ન. તાડનો સ્વાદિષ્ટ મગજ.

તાડફળી (તાડફળી) સ્ત્રી. તાડના ફળની ગોટલી.

તાડવન (તાડવન) ન. તાડનાં ઝાડની ઝાડી; તાડનાં ઝાડ ઉગાડવામાં આવ્યાં હોય તે જંગલ.

તાડવું (તાડવું) ૧. [સં. ત્રાડ્] અ. ક્રિ. તડૂકીને બોલવું; બરાડવું; તાડૂકવું; ગર્જવું; મોટેથી ધુરકવું; ઝાટે ઘાટે બોલવું; ત્રાડવું.

૨. [સં. તાડ્] અ. ક્રિ. માર્યું; ઝિંદા કરી. પીટવું; ઠોકવું.

તાડંક (તાડંક) [સં] ન. કાનનું એક જાતનું ઘરેણું; કર્ણફૂલ. અમારે તે તાડનું પાંદડાનું બનતું હતું.

તાડા (તાડા) ૧. પું. ધંગારો.

૨. સ્ત્રી. એ નામની લેહુઆ કસુમ્બીની એક જાત.

૩. ન. એ નામની ઝાટકનું માપ્યુ

૪. વિ. એ નામની ઝાટકનું.

તાડાદિવર્ગ (તાડાદિવર્ગ) પું. તાડ જેમાં મુખ્ય છે એવાં ઝાડનો વર્ગ

તાડાવાઢ (તાડાવાંક) પું. (વહાણવટું) વહાણના ઉપરના ભાગનો વાંક.

તાડાસન (તાડાસન) [સં.] ન (યોગ) ચોગાસી આસનું એક યોગાસન. તેને તાલાસન, લોલાસન કે પૃક્ષાસન પણ કહે છે. આ આસન

સિદ્ધ કરવા માટે પ્રથમ મકાનની દીવાલ સાથે પીઠ અડાડીને સીધા ઊભા રહેવું. માથાનો પાછલો ભાગ, બરડો, નિતંબ ને પગની એડી એ સપાટી અગો બરાબર દીવાલને અડી રહેવાં જોઈએ. આ પ્રમાણે કર્યા બાદ દીવાલના આધાર વિના ઊભું, કેડ આદિ સમસ્ત શરીર સીધું સમરેખામાં રહેવું જોઈએ. આરોગ્ય ને ઓજ માટે પીઠની કરોડ સીધી રાખવાનું અત્યંત આવશ્યક છે. સીધા ઊભા રહીને, તાડનાં પાદડાં ચારે પ બાજુ રહેલા હોય તે પ્રમાણે હાથને શરીરની જુદી જુદી દિશાએ રાખવાની ક્રિયા કરવી. પ્રથમ હાથને તદ્દન ઓટલો ઊંચો છતને અડવાનો યત્ન કરતા હોઈએ તેમ રાખવો. પછી હાથને જુદી જુદી દિશામાં જેટલા બની શકે તેટલા ખેંચીને રાખવા. આ આસન કરતી વખતે મન અસ્વસ્થ ન હોવું જોઈએ, તેમ જ અત્યંત શાંતિ રાખવાની આવશ્યકતા છે. શ્વાસ તથા ઉચ્છ્વાસ દીર્ઘ, ગંભીર તથા મંદમંદ લેવાવા જોઈએ. બંને પગ પાસે પાસે અથવા થોડા દૂર રાખીને પણ આ આસન કરી શકાય છે. ખાસ કરીને પૃષ્ઠવંશ, મરડો કે કરોડને સમરેખામાં રાખવાનું આ આસનમાં અત્યંત આવશ્યક છે. વળી હાડીને કાંપણમાં સમાડવી, તેમ જ એક વાર ડાબા ખભા ઉપર ને બીજી વાર જમણા ખભા ઉપર આડાવી. માથું બની શકે તેટલું પીઠ તરફ ઝુકાવી દેવાનો પ્રયત્ન કરવો. જ્યારે આ આસન કરવાનું હોય ત્યારે બાંધા કરેલા હાથની મૂઠી જ્યારે કોણી સાથેનો ભાગ મહા મહેનતે દબાવતા હોઈએ ત પ્રમાણે ખૂબ જોર કરીને વાળવી. તેમ જ બળાત્કારે ઉઘાડતા હોઈએ તેમ જોર કરીને ધીમે ધીમે ઉઘાડવી. આથી રક્તપ્રવાહને ઘણી મદદ મળે છે ને સ્નાયુઓને આરામ મળે છે. બેસીને પણ હાથથી ઉપર પ્રમાણે સ્થિતિ રાખવાથી પણ તાડાસન થાય છે. હાથમાં તથા ઉદરમાં આ આસનથી બળ વધે છે અને તેથી સ્નાયુ બળવાન થાય છે. ઓફિસમાં જેટલાં જેટલાં કામ કરીને થાકી ગયા હોઈએ ત્યારે પાચ્છ મિનિટ આ આસન કરવાથી સુસ્તી ઊડી જાય છે ને થાક દૂર થાય છે. આ આસન બાળ, પુરુષ, બાળ, વૃદ્ધ આદિ સર્વ અવસ્થાવાળાઓને લાભદાયક છે. ખાસ કરીને પેટ ઉપર તેની સારી અસર થાય છે.

તાડાંગી (તાડાંગી) સ્ત્રી. (યોગ) પચ્ચીસ મારેની એક મુદ્રા. મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનબંધ, જલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોનિ, વજ્રોણી, શક્તિચારિણી, તાડાગી, માડવી, શાંભવી, પચધારિણી, અશ્વિની, પાશિની, કાકો, માતંગી, ભુજંગિની વગેરે બોતની મુદ્રાઓ છે.

તાડિ (તાડિ) જુઓ તાડી.

તાડિત (તાડિત) ૧. [સં.] વિ. મુક્કેબાજ.
૨. વિ. ઈજિત; ત્રાસિત.
૩. વિ. માર્યું; ઠોકેલ.

તાડિયા (તાડિયા) પું. જે વડે તલવાર વગેરે પકડાય છે તે ઓજાર; મૂઠિયો; પકડ.

તાડિયું (તાડિયું) ૧. ન. તાડના પાનનો કટકો; ચીપ; કટિયું.
૨. ન. તાડનું પાંદડું.
૩. ન. તાડી બનાવવાનું કારખાનું.
૪. ન. તાડીનું ઝાડ.
૫. ન. માલ ઢાંકવા વપરાતે નાના મોતિયા ઘાટનું નળિયું.
૬. ન. રાયણતાડ નામના ઝાડનું ફળ.
૭. ન. રેંટિયાનું પાખું; રેંટિયાના ચક્રરના પાતળા આરાઓનો એકાદ આરો; રેંટિયાના આરાની વાસની ચીપ.
૮. ન. સોપારીનું કતરિયું.
૯. વિ. તાડ જેવું ઊંચું

તાડિયો (તાડિયો) પું. તાડનું ઝાડ.

તાડી (તાડી) ૧. સ્ત્રી. (કમ્બી) આંગળી; આંગળિયો.
૨. [સં.] સ્ત્રી. એક આભૂષણ; કાનનું એક ઘરેણું.
૩. સ્ત્રી. એક જાતનું તાડ વૃક્ષ; એક પ્રકારનો નાનો તાડ.
૪. [હિં.] સ્ત્રી. ખજૂરની મૂડ
૫. સ્ત્રી. તાડનો રસ; તાડ, નાળિયેરી, ખજૂરી વગેરેનો કેફી રસ. ખજૂરી અને એ જાતનાં ઝાડવાં જે ખજૂરાં કહેવાય છે તેને દુંખમાંથી ઉદ્દેવાથી તેમાંથી રસ ઝરે છે, તેને ઝાડવા બાંધી તેમા ઝીલવામા આવે છે, તેને તાડી કહેવામાં આવે છે. તાજા રસને નીરો કહે છે. સૂર્યાસ્ત થયા પછી એ રસને ઠીલ્લુ ચડી ઊભરો આવે છે અને જો રાખી મૂકવો હોય તો ખૂબ આટો સરકો થાય છે તાડી કેફી હોવાથી લાકો કેફી પીણા તરીકે વાપરે છે. એમાંથી દારૂ પણ બનાવે છે. તાજા રસમાં ચૂનો નાખવાથી તે ઊભરાતો કે આટો થતો નથી. તેને ઉકાળીને ખાંડ કે ગોળ બનાવવામાં આવે છે. આના સંબંધમાં ધરિજન બંધુમા ઉલ્લેખ છે કે: વળી, ખજૂરી વગેરે ઝાડો તાડીને માટે છેદવાને બદલે નીરો કાઢવાને માટે છેદવાં અને તે નીરામાથી ગોળ બનાવવો. તેથી આપણા મુલકને જરૂરી છે તે સસ્તું સાકરનુ તત્ત્વ મળી રહેશે અને તેને મોટો ફાયદો થશે. તાડીનો ગોળ શેરડીના ગોળ કરતાં પસંદ કરવા જેવો છે.
૬ સ્ત્રી. (વહાણવટું) મજવા ઉપરના લાકડાના કટકા કે વાકિયા વીર.
૭. સ્ત્રી. પત્થર ઉપરનો છીછરો ખાડો.

તાડીના મુંઢા (તાડીના મુઢા) ન.બ.વ (વહાણવટું) વહાણના લાકડાના અમુક ભાગ.

તાડીવાલા (તાડીવાલા) પું. તાડીના ઝાડ ઉપર ચઢનાર અને તેમાથી રસ કાઢનાર માણસ.

તાડુકાવવું (તાડુકાવવુ) સ. ક્રિ. તાડુકવાની ક્રિયા કરાવવી.

તાડુકાવું (તાડુકાવુ) અ. ક્રિ. તાડુકવાની ક્રિયા થવી.

તાડૂ (તાડૂ) જુઓ તાડૂણાઝ.

તાડૂકવું (તાડૂકવુ) ૧. અ. ક્રિ. ગર્જના કરવી; તાર્ણને બોલવું; જોરથી બોલવું; ગર્જવું, ભારે કે મોટે ઘાંટે અવાજ કરવો; ત્રાડવું, તડૂકવું.
૨. અ. ક્રિ. ગુસ્સે થઈ બોલવું; ગુસ્સાથી બોલવું.
૩. અ. ક્રિ. મોટેથી કે મોટે સાદે બાજીને કોપી બરાડે ને કપડો કેવો.

તાડૂકો (તાડૂકો) પું. ત્રાડ; બરાડ; ખૂમ; હાકલ; તાડૂકવું કે તાડૂકીને બોલવું તે; ગર્જના; મોટી ખૂમ; તતડીને બોલવું તે; તડૂકો; મોટો ઘાંટો; હાકોટો; ગુસ્સામાં આવી નિષેધ કે વારણ કરવાને પાડેલી ખૂમ; કપડા અર્થે ભારે ને મોટે ઘાટે બોલવું તે.

તાડૂબાઝ (તાડબાઝ) વિ. ચતુર; બુદ્ધિશાળી.

તાડો (તાડો) ૧. પું. આઘાત; ઘા; કુસાતુસી.
૨. પું. માર; દુરમનાવટ, જૂનો ઝઘડો.
૩. પું. ચામડીની અંદરના માંસના સોજાથી ચામડી તણાઈ ને થતી પીડા; સોજાની સાથેનો દુખાવો; પાક ઉપર આવતાં ગૂમડામાં થતું દુ ખ.
૪ પુ ફાટફાટ થવું તે; તતડવું તે; તતડાટ; ફાટ. અડચણ. ત્રાડ
૫. ન. તાડનું.
૬ ન દોર, રેખ
૭. ન. ધમકી, જોરો.
૮. ન. બળ કરવું તે.

તાડ્ય (તાડ્ય) ૧. [સં.] વિ. મુખવા જેવું.
૨. વિ. દબવા યોગ્ય.
૩. વિ. મારવા યોગ્ય; ઠોકવા જેવું.

તાડ્યમાન (તાડ્યમાન) ૧. [સં.] પું. દાંડી વગેરેથી બજાવવા યોગ્ય નગારું ઢોલ, વગેરે.

૨. વિ. યુવાન.

૩ વિ. મારનું; ઠોકનુ.

તાજ્યા (તાઝ્યા) વિ. ચતુર; બુદ્ધિશાળી.

તાટક જી ટાટક; કકક.

તાઢી જી. ટાઢી; રાખ; ભસ્મ; ભારી; મરેલાંની રાખોડી.

ત.ઢી કારવી-વાળવી = પિતાની રાખ વિસર્જન કરવી.

તાઢું વિ. ટાઢું. કડું

તાઢો પું. (જૂ. પ્ર.) ઉલાસો.

પ્રભુ ખોજ લિહા તાઢો દિયેં.
પ્રભુ ભાટે રે વળી રીતલ નીર.

નયનસુંદર

તાણ ૧. [સં. તન્ (તાણવું)] જી. આગ્રહ; હઠ; તાણીને રાખવુ તે; ઇજાણુ; ખેંચપકડ.

ઘરઘરે ખેંચ ને તાણ કતાં. કાલ

તાણ કરવી = આગ્રહ કરવો.

૨. જી. આસક્તિ.

૩. જી. તંગી; ખેંચ; અછત; ખામી.

બાપનું મકાન અને ઉપલાની તાણ.

લોકોક્તિ

તાણ પડવી = ખેંચ પડવી; પૂરતું નહિ મળવું.

૪. જી. (ચારણી) નજર.

૫. જી. વાર્યું; ફેફરું; હિસ્ટિરિઆ; શરીર તણાવ અને મોઢે ફીણ આવે એવો એક જાતનો વાયુનો રોગ; મૃગી; અપસ્માર.

તાણ આવવી = રહી રહીને શરીરમાંના સ્નાયુઓ વાયુના જોરથી ખેંચાવા; હિસ્ટિરિઆનો હુમલો થવો.

૬. ન. અણગમતાપ.

૭. ન. કેફ.

૮. ન. કૂવાનું પગું; કોસ હરકવાનું અંતર; કોસ હાંકવાની સજાઈ.

૯. ન. ખેંચ; આંચકીનું દર્દ; શરીરની રગો, કાયપ્રદેશ ને અરજાની કરોડનું તણાઈ કે ખેંચાઈ જવું તે; શરીરના સાંધાઓનું ખેંચાણ; શરીરની રગોની ખેંચ.

૧૦. ન ખેંચાણ; વલણ.

૧૧ ન. ખેંચાણ અટકાવવા વાસ્તે નાખવામાં આવતો લોઢા કે લાકડાનો સળિયો.

૧૨. ન. ખોળે

૧૩. ન માત તાણ; સરાસરી તાણ.

૧૪. [સં. ત્રાણ] ન. રક્ષણ; બચાવ.

૧૫ ન વહેતા પાણીના પ્રવાહનું જોર; નદીના વહેણનું જોર; પાણીનું જોરથી વહેતુ તે; પાણીના વહેણનું જોર.

૧૬. ન. શરણ.

૧૭. ન હરકોઈ બોલે થઈ જવાનું અંતર.

૧૮. વિ. ત્રણ.

કૈકેયા, સુમિત્રા, કૈકેયી તાણ રાજને રાણી કુણી રે. ભાલ રામાયણ

૧૯. વિ. ત્રાણું; ૯૩.

૨૦. વિ. શિવની પાસે રહેનાર.

તાણખેંચ ૧ જી. આગ્રહ; હઠાણુ.

૨. જી. જોરથી આમતેમ ખેંચવુ કે તાણવુ તે; ખેંચતાણ.

૩. જી. ઘસઘસાટ.

તાણઘટક વિ. કંકરાસટક; કંકરા બનાવનારું.

તાણટપલા પું. ૪. ૪ મહેણાંટોણાં.

તાણપત્ર ન. સ્થિતિસ્થાપક સ્નાયુ.

તાણબોલણિયું ૧. ન. અવાજને તાણીને બોલી સંભળાવનાર યંત્ર; ધ્વનિવર્ધક યંત્ર; 'લાઉડ સ્પીકર.'

૨. વિ. અવાજને તાણીને બોલી સંભળાવનાર.

તાણમતાણ જુઓ તાણુંતાણ.

તાણમતાણા જુઓ તાણુંતાણા.

તાણવું ૧. [સં. તન્ (લાંબું કરવું)] સ. ક્રિ. અર્થનો અનર્થ કરવો.

૨. સ. ક્રિ. આગળ ચલાવવું; વધારવું; નિભાવવું.

૩. સ. ક્રિ. આગ્રહ કરવો; ખેંચતાણ કરવી; ખેંચી પકડવું; હઠ કરવી.

તાણી કરેલું = (૧) અસ્વાભાવિક જન્મે જન્મેલું. (૨) દુર્બળ ને પાતળું છોકરું કે માણસ (૩) નિર્માલ્ય; અક્કલ વગરનું; મોડા વગરનુ

૪ સ. ક્રિ. ખેંચવું, જોરથી ખેંચવું.

૫. સ. ક્રિ ખરી કાઢવું; નિકાલવુ, કરવુ, કાઢવુ જેમકે, પાણી તાણવુ.

૬ સ. ક્રિ. દમડવું, ગબડાવવુ, જોરથી આગળ વધારવુ કે સર્ક જવું; ઉપાડીને અદર અથવા જમીનને અડતું રહે એમ સર્ક જવુ; ઉઠાવી જવું; ઊચકી કે ઊપાડી જવું, જેમકે, બળદ ગાડું તાણે છે.

૭. સ. ક્રિ. ટીપીને પાતળું કરવું.

૮. સ. ક્રિ. દોરવુ; આકવું.

લીટી તાણવી = (૧) પૂરું કરવું; બંધ કરવું. (૨) લીટી દોરવી.

૯. સ ક્રિ. પક્ષ કરવો; તરફેણ કરવી; નો પક્ષ રાખવો જેમકે, તું તારા મિત્રનુ તાણે છે.

૧૦. સ ક્રિ. પડદા જેવી કોઈ વસ્તુને ઉપર ખેંચી આખરી અથવા ઢાંકવી.

તંબૂ. તાણવો = તંબૂ. ખેંચીને ઊભો કે ખડો કરવો.

૧૧. સ. ક્રિ. પરાણે લાગુ કરવું; મારી મચડીને બેસાડવુ.

૧. તાણી બેસાડવું = આડુંઅવળું જેમતેમ કરીને ખુકતે ખુકતું આણવું; ઠેકાણાસર આણવુ કે લાવી મૂકવું; યુક્તિથી બંધબેસતું કરવુ.

૨ તાણીને અર્ધ કાઢવો = મારી મચડીને અર્ધ બેસાડવો.

૧૨. સ. ક્રિ. પોતાના તરફ આણવુ; આકર્ષવું.

૧૩. સ. ક્રિ. ખીલી પીવી.

૧૪. સ. ક્રિ. મારવા માટે કોઈ હથિયાર ઉપાડવુ.

૧૫. સ. ક્રિ. લાંબું કરવું; લંબાવવું; વધારવુ.

તાર તાણવો = તાર લાંબો કરીને વધારવો.

૧૬. સ. ક્રિ. ચઢવુ.

૧૭. સ. ક્રિ. ઠોસ તેટલું જોર વાપરવું

૧. ખોટો તાણવો = જોરથી અવાજ કરવો.

૨. તાણીને = મોટેથી. જેમકે, તાણીને બોલવું.

૩. તાણીને કહેવું = ખમકાવવુ; ઠપકો આપવો.

૪. બહુ તાણીએ તો તૂટી જાય = અતિ બધું તજવા જેવુ છે; બહુ કાંઈ સારું નહિ.

૫. લાલા, તાણુ = બીજાની દયા ઉપર છોડી દેવું.

તાણવુંતૂરાવું સ. ક્રિ. ગમે તેમ કરી બંધ બેસાડવું.

તાણવુંતૂસવું જુઓ તાણવુંતૂરાવું.

તાણશામક વિ. તાણ મટાડનાર.

તાણુંતાણુ ૧. જી આમતેમ ખેંચી તાણી જવું તે, એક આમ ખેંચે અને બીજો બીજી રમ ખેંચે એવુ થવુ તે; સામસામો આગ્રહ; તાણની હા ના, ખેંચાખેંચ; તાણુમતાણુ.

તાણુંતાણ કરવી-થવી = બને બાજુથી આગ્રહ થવો; તણાવું તે.

૨. જી. ખેંચાખેંચ; જેને ફાવે તેમ તાણી જવા એવી સ્થિતિ; લૂંટાલૂંટ.

૩. જી બધો જ આગ્રહ; પુષ્કળ ઇજાણુ.

૪. જી. મારે તારે.

જ્યાં લગી હજીની વાત બણી નથી,
ત્યા લગી તાણુંતાણ રહે છે. ભોજો

તાણુંતાણા જુઓ તાણુંતાણુ.

તાણાખાતું ન. તાણુને લગતું ખાતું. વણવામાં ઊભા તારને તાણો કહે છે.

તાણાતાણુ જુઓ તાણુંતાણુ.

તાણાવાણા જી. તાણુંતાણું; ખેંચાખેંચ.
જળ ગોકુંમ પ્રીતનું બળી, કુઈ છે તાણાવાણા.
તૂ પી ! તૂં પી ! કરી કરી, દાનુ છકે આણા.
પ્રેમાનંદ

તાણાવાણા પું ૧ વ, વસ્ત્રોમાં ઊભા અને આડા તાર

તાણાંમાણાં ન. વ ૧ વ. આયાસ.

તાણિયો ૧. પું. એ નામનો વમનો એક હુન. તાણિયાં ને વળી હરણિયો. નિષ્કુળાનંદ
૨. પું. છાપરાં, કઠેરા વગેરેને તાણી બાંધવા મુકાતો સળિયો; 'જોઇટ.'
૩. પું. જંતરડાંથી ખેંચીને ધાતુના તાર બનાવનારો પુરુષ; ધાતુના તાર તાણનારો માણસ; ટીપીને તાર કરનારો આદમી.
૪ પું. તાણો પૂરનારો પુરુષ.

તાણી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, ગુરુ અને લઘુ એમ આઠ અક્ષર હોય છે
તાણી મા ભા ર ન ય.
૨. પું. (પિંગળ) ત્રણ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; નારી. તેના દરેક ચરણમાં એક મગણ હોય છે.
૩. સ્ત્રી. વસ્ત્રને તૈયાર કરેલો તાણો; વસ્ત્ર માટે તાણેલા લાંબા કે ઊભા તાર. આડા તારને વાણો કહે છે.

તાણીતૂશી જુઓ તાણીતૂશીને.

તાણીતૂશીને [સં. તન્ (તાણવું)] અ. ખેંચી ખેંચીને; ખૂબ ખેંચીને; મારી મચડીને; બહામહેનતે; પરાણે; મુશ્કેલીથી, જેમતેમ કરીને; પરાકાષ્ઠાએ; આમતેમ કરીને; માંડમાંડ; મુશ્કીબતથી.

તાણીતૂશીને જુઓ તાણીતૂશીને.

તાણીતોડી (તાણીતોડ્યે) જુઓ તાણીતૂશી.

તાણીતોડીને (તાણીતોડ્યને) જુઓ તાણી તૂશીને

તાણીતોશીને જુઓ તાણીતૂશીને.

તાણીતોસીને જુઓ તાણીતૂશીને.

તાણીને ૧. અ. ખેંચીને; વધારીને.
તાણીને લાંબું કરવું = વાત ચૂથવી; ટૂંક કરી પતાવી દેવાને બદલે વધારીને મોટું રૂપ કરવું
૨. અ. ભારપૂર્વક.
૩. અ. મોટેથી; ખૂબ ચડીને. મોટે સાદે; ઘાટો કાઢીને.

તાણી બાંધવું સ ક્રિ. દુરાગ્રહ કરવો

તાણીમિલી જી. (જૂ પ્ર.) તાણુંતાણું. સામસામું તાણવું તે.

તાણીમેલીને અ. માંડમાંડ; તાણીતૂશીને; મહામહેનતે.

તાણુ જુઓ તાણું.

તાણું ૧. ન. મહોરું. એનો મૂળ અર્થ ભાલાની અણી એવો થાય છે. મતલબ કે જે ભાલાની અણી જેવું ખૂંપે તે મહોરું અથવા તાણું
૨. [સં. ત્રિ (ત્રયુ) + નવતિ (નેવું] વિ. નેવું ને ત્રણ; ત્રાણું; ૯૩.

તાણુજ્ઞ પું. આકૂત; ઇરાદો.

તાણો ૧. પું. કાપડમાં આવતા ઊભા તાર ભરવાનું એક યંત્ર. આ યંત્રમાં એકો સાથે ૫૧૦ તાર આવે તેવી ગોઠવણ કરેલી હોય છે. એને વારપિય પણ કહે છે
૨. પું. (જરથોસ્તી) પારસી નામધારી ક્રિયામાં વપરાતી ૧૦૧ ગ્રીક્ષા સૂતરના ધાગાની બનાવેલી દોરી.
૩. પું. મહોળું; ઢોલો; તાનો.
૪ [સં. તંતુ] પું. વસ્ત્ર માટે તાણેલ કે સાળ ઉપર ચડાવેલ લાંબા અને ઊભે પટે આવનારા તાર કે તાંતણા.

તાણોવાણો [તાણો + વાણો] પું. તાણો અને વાણો; વસ્ત્ર માટે સાળ ઉપર ચડાવેલા આડા અને ઊભા તાર; આડા પને આવતા તાર કે તાંતણા, જેથી કપડું વણાય છે તે વાણો કહેવાય છે અને લાંબા ઊભે પટે આવતા તાર કે તાંતણા તાણો કહેવાય છે. આડા ઊભા તાર સાથે બોલતાં તાણોવાણો કહેવાય છે

તાણ્ય જુઓ તાણ્ય

તાત ૧. [સં.] પું. અર્જુનને સંબોધવા માટે ગીતામાં વપરાયેલ શબ્દ
૨. પું પિતા; બાપ; જનક.
તાત જનક સંચિતા, પિતા બાપા તુજ અણબામ,
નવ કર મારી નંદલાલને નિયમ દેવો આમ
વિનયવિજયકોષ
૩. પું પુત્ર; બચ્ચું.
સુનુ અપત્ય આત્મજ સૂત તનુજ તનય ને તાત,
નંદ નંદ સોબિદણી ન કર ચર્ચની વાત
વિમળવિજયપુત્રેમ
૪. [સં. તન્ (સંતાવવું)] પું. પુત્રરૂપે પોતાને સંતાને તે; પુત્ર, શિષ્ય, તનુ જેટલે બેસવું. પિતાને જરા પણ પોતે ખેંચીને બનાવેલો પુત્ર, માટે તે તાત અને પિતા પણ તાત. બેબસેલો, માટે તો બનાવરણ સરકારમાં બાપુજીને ઉદ્દેશીને આ શબ્દ વપરાયો છે. ગીતા પ્રવામૃતમાં ઉલ્લેખ છે કે: પિતા જ પુત્રરૂપે છે, માટે પુત્ર પણ તાત કહેવાય છે. શિષ્ય પણ પુત્રના જેવો છે માટે તે પણ તાત કહેવાય છે.
ન કહેવાય કરનારો કુમતિ તાત ! પામતો.
ગીતાનુક્રમ

૫. પુ પૂજ્ય અર્થમાં. ગુરુ
૬ પુ આદરણ વડીલને બહાલથી બોલાવવામાં વપરાતા કુટુંબ પ્યારનો એક શબ્દ. તે બાપુ, બાબુ, ઇષ્ટ મિત્ર માટે વપરાય છે. આમ કરીને ઘણા નીચેનાં માણસો, શિષ્યો કે બાળકો માટે આ સંબોધન વપરાય છે.
૭ વિ ગરમ; તપાવેલું.
૮ વિ દયા કરેલ. લાયક
૯. વિ. પૂજ્યતા લાયક.
૧૦. વિ. ગ્રહણ કરનાર.

તાતકાળે અ. તરતમાં. તુરત

તાતજ ૧. [સં.] પું. કાર્તિકેય.
૨. વિ. બાપનું; પિતાના હિતનું.

તાતજનયિત્રી ૧. [સં.] સ્ત્રી. પિતાની માતા.
૨. સ્ત્રી. બાપ અને મા; માબાપ.

તાતન [સં.] પું. બ્રહ્મન પક્ષી.

તાતની ૧. [સં.] સ્ત્રી. બ્રહ્મન પક્ષિણી.
૨. [હિં.] સ્ત્રી. તેનું.

તાતનો જુઓ તાતની.

તાતપર્જ જુઓ તાત્પર્ય.

તાતબદ્ધ પું. પિતામહ.

તાતરવું અ. ક્રિ. ઝપને નાસી જવું.

તાતરિયા ૧. સ્ત્રી. એ નામની મેમણ અને મુસલમાનની અટક.
૨. ન એ નામની અટકનું માણસ
૩. વિ એ નામની અટકનું.

તાતલ ૧. પું. ગરમી.
૨. [સં.] પું મનનો વેગ.
૩. પું. રસોઈ.
૪ પું. રોગ.
૫. પુ. લોખંડી સોગો, લોઢાનો સોટો.
૬. વિ. ગરમ, તામ; તપાવેલ; તપેલ.
૭. વિ. પિતાનું; પિતા સંબંધી.

તાતવું અ. ક્રિ. પાણીનું ગરમ થવું.

તાતવેલું વિ. તપાવેલું.

તાતહક ન. જૈન ઓસવાળ જાતિનું એક ગોત્ર.

તાતા ૧. પું. આબો; માનો બાપ.
૨. પું. ઓઢણી દિસાવાણી વસ્તુ.
૩. પું જમશેદજી નસરવાનજી નામના એક પારસી ગૃહસ્થ. તેઓ નવસારીના વતની હતા.

ગ્રેજ્યુએટ થયા તે વખતે તેની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમના પિતા નસરવાનજી ટોરાકોરમા અફીણનો મોટો વેપાર કરતા હતા. એમની એ પેઢીમાં રહ્યા રહ્યા તેમણે જપાન, અમેરિકા અને યુરપની ઔદ્યોગિક પરિસ્થિતિ અને પ્રગતિનો અભ્યાસ કર્યો અને એ પ્રગતિમાં હિંદનું સ્થાન કયા અને કેમ હશે એ વિશે ચકાસ તેનાં સ્વપ્ન ઘડ્યા. એવામાં અમેરિકામાં આંતરવિગ્રહ શરૂ થયો, તેથી અમેરિકનુ રૂ ઇંગ્લંડ મોકલી શકાતું નહિ, તેથી ઇંગ્લંડના મિલમાલિકોને હિંદના રૂની જરૂર પડી અને મુંબઈ રૂનું મથક થઈ પડ્યું. તેણે પોતાના પિતાની માથે રૂનો વેપાર શરૂ કર્યો. જમશેદજી શેઠે બ્રિટિશ મિત્રો માટે હરીફાઈમાં ઊતરવા માટે કાપડની મિલ નાગપુરમા નાખી. દેશદાઝની ખુમારીથી જપાનવાસીઓને દેશમાનો ઉદ્યોગ ખીલવવાને બોલાવ્યા અને નદીઓની બીનમાં કુદરતના જેવું રૂ ઉત્પન્ન કરવા પ્રયત્ન આદર્યા. તેમણે મુંબઈમાં તાજમહાલ નામની વિશાળ હોટેલ બંધાવી અને બહારનાં માણસો માટે ઊતરવા રહેવાની સગવડ કરી આપી. મિલોના ધુમાડાને લઈ મુંબઈ બહુ ગંદું રહેતું. વળી યાંત્રિક શક્તિનું બધું વધારે કામવાથી ઉદ્યોગો ખીલી શકતા નહિ, તથા માલ લાવવા લઈ જવાની મુશ્કેલી પડતી; તેથી એક લાખ ઘોડેસ પાવર જેટલી શક્તિ પેદા કરવાનું તાતા કારખાનું ઇલેક્ટ્રિક વર્કસ બાંધ્યું. પાટના પર્વતમાં પુષ્કળ વરસાદ થાય છે. પર્વતની ત્રણ બાજુ બંધ બાંધી એ પાણીનો ઉપયોગ આ વર્કસ ચલાવવા કરે છે. દેશમાં વૈજ્ઞાનિક શોધખોળ અને ખેતીવાડીની મુશ્કેલી બાબતમાં લઈ તેમણે ત્રીસ લાખ રૂપિયા અર્પી બેંગલોરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ સ્થાપ્યું. લોખંડનો અતિ ઉપયોગી ઉદ્યોગ હિંદમાં વિકસાવવા માટે ઇંગ્લંડ, અમેરિકા વગેરે દેશોમાં જઈ અનેક મુશ્કેલીઓ વેઠી જે સાહસ ખેડ્યું તે બજાળ નાગપુર રેલવે લાઇન ઉપર સાક્ચીનજર એટલે હાલનું જમશેદપુર ઊર્ફે તાતાનગરમાં જોઈ શકાય છે. ને હિંદને ભારોટા, બામલા, રેલવેના પાટા વગેરે પૂરાં પાડે છે. હિંદ તેમજ એશિઆમાં તેનો જોટો નથી. આ કારખાનામા બસ્સારે ચારીશ હજાર માણસો કામ કરે છે હિંદની બધી મિલોનું ધણખરું કાપડ ચીન જતું અને પી. એન્ડ ઓ. એટલે પેનિન્સ્યુલર એન્ડ ઓરિએન્ટલ નામની બ્રિટિશ કંપનિ એકલી જ એ કાપડ કરિયાર્ડ રસ્તે લઈ જવાનુ કામ કરતી. તેથી નૂરના ભાવ બહારે પડતા. ઘણી વાર કંપનિને વિનતિ કરવામાં આવી, પણ નૂરના ભાવ ઓછા કર્યા નહિ. આથી તાતા પોતે જપાન ગયા અને સાંની એક કંપનિ સાથે નક્કી કરેલ ભાવે કાપડ આપવુ એવો કરાર કર્યો. તેથી કંપનિએ એક ટનની મજૂરી રૂપિયા ૧૬ને બદલે રૂપિયા ૨૪ી આપવા લઈ જવાનું કર્યું. તાતા હમેશા હકીકત જોવી કર્યા જ કરતા. પોતે મુસાફરી ખૂબ કરતા અને પુષ્કળવાચન કરી નવું જાણી લેતા. આખી જિંદગી આ પુરુષે પોતાનાં સ્વપ્નો સિદ્ધ કરવા સતત પરિશ્રમ ઉઠાવ્યો હતો. સને ૧૯૦૪માં તેઓ જર્મનિમા મુજરી ગયા.

૪. પું. તાતઃ બાપ.

પુત્રઃ સમો તાતા નહિ
ધરમાર્થ સમું ન પુણ્ય. સામળ

૫. પું. નાચવાના તાનનો ઉદ્ગાર. તાતા થેઈ નાચવાના તાલ શીખવાનો એક શબ્દ.

૬. પું. બે હથેળી એકબીજા સાથે અફાળતાં નીકળતો અવાજ.

૭. પું. બે હથેળી વચ્ચે ટીપીને બનાવેલો રોટલો; આખર. આ શબ્દ બાળકો બોલે છે.

૮. [સં. તપ્ત] વિ. ગરમ; ઉષ્ણ.

૯. વિ. ચમકતું; તેજસ્વી.

૧૦. વિ. તાજું.

૧૧. વિ. તીક્ષ્ણ.

૧૨. વિ. તેજ

૧૩. વિ. દાતાર; દાનેશ્વરી.

તાતાતાના સ. ક્ર. ક્રિ. નાચવું.

તાતાથઇયા જુઓ તાતાથઈ.

તાતાથઈ ૧. સ્ત્રી. નાના બાળકને ઊભા રહેતાં કે ચાલતાં શીખવતાં વપરાતો શબ્દ.

૨. સ્ત્રી. નૃત્યનો કે નાચવાના તાનનો ભાવ દર્શાવનારો શબ્દ; નાચવાના તાનનો એક બોલ: તતથેઈ

૩ સ્ત્રી. સંગીત કે નાચમાં તાલ આપવાનો વખત

૪. ન. એવો અવાજ.

તાતાથેઈ જુઓ તાતાથઈ.

તાતાથૈયા જુઓ તાતાથઈ

તાતાપાણી [તાતા (ગરમ) + પાણી] ન. ઊનાં પાણીનું ઝરણું.

સલ્તનત નદીનો પ્રવાહ વહે છે ત્યાં તાતાપાણી નામે જગ્યા છે. તાતાપાણી એટલે ઊનાં પાણીનાં ઝરણાં. કૌમુદી

તાતાર ૧. [સ.] પું. એ નામનો મધ્ય એશિઆનો એક દેશ.

૨ પું. તે નામના દેશના લોકો. સાધારણ રીતે બધા તુર્ક અને મોગલ તાતાર કહેવાય છે.

તાતારી ૧. [સ.] પું. તાતાર દેશનું માણસ.

૨. વિ. તાતાર દેશનું; તુર્કી, તુર્કસ્તાનનું; તાતાર દેશ સંબંધી.

તાતિ ૧. [સં.] પું. પુત્ર, દીકરો.

૨. [સં. તતિ] સ્ત્રી. (જૂ. ગુ) ચિંતા.

૩. સ્ત્રી. વાર્તા; વાત

૪. સ્ત્રી. વૃદ્ધિ; ચડતી; વધારો.

૫ સ્ત્રી. સ્તુતિ; વખાણ.

૬ સ્ત્રી. હોડ; સરખામણી.

તાતિયા જોડા (તાતિયા જોડા) પું. ન જ એક જાતના જોડા; આગળ ચાંચવાળા જોડા

તાતિયા ટોપી જુઓ તાતાટોપી.

તાતીયૈયા જ. નૃત્યનો ઠેકો.

તાતીલ [અ.] સ્ત્રી. રજનો વખત; છુટ્ટી; ' વેકેશન '

તાતું ૧ [સં. તપ્ત] વિ. આકળા સ્વભાવનું; ગરમ મિજાજનું; આકળું; ઉગ્ર; ચંડ; જલદ.

૨. વિ. ખૂબ ગરમ; ઊનું; તપેલું; બગબગતું; ગરમાગરમ; લાલચોળ

એક લુહાર લાલ તેલમાં,
ફરી તેલ તાતું નવ થાય,
ગમાગમ હોતની. નિષ્કુળાનંદ

તાતું તેલ = ખૂબ ગરમ કે ઊકળતું તેલ.

૩. વિ. ગરમ લોહીવાળું.

૪. વિ. ઝળાં ઝળાં લાલ રહે એવું; તાનું ઓપેલું હોય એવું; પ્રકાશિત; તેજસ્વી; ચમકતું; ઝળહળતું.

૫. વિ. તાજું; તરતનું.

તાતે પાઝે = તરત જ વગર વિલંબે; ઉતાવળમાં; એકદમ; એક સપાટે; અમુક બનાવ બન્યો હોય તેને સમયે જ; આવેલે વખતે; ચોક્ક પ્રસંગે. ખીલો કે લોઢાની કોઈ બીજી વસ્તુ ગરમ કર્યા પછી જ મારીએ તો તેને જેમ વાળીએ તેમ વળી શકે છે, પણ ઠંડી પડ્યા પછી મારવાથી વળી શકતી નથી.

૬. વિ. તુરતનું સળગેલું; તીવ્ર મારવાળું; તીક્ષ્ણ; તીવ્ર.

ઘરનારી તાતી ભરી, નિતનિત કાંયે કાજ;
જેના કહ્યા રામજી, તે ઘરનારી ઘર જય.
લોકોક્તિ

૭. વિ. તેજ; ચમકદાર; પાણીવાળું.

પાંચાલના ઘોડલાં એટલે તાતાં તોખીંગ.
મહીપાળદેવ

૮. વિ. નવરોજ; ચોકું ચોકું ઊનું

૯. વિ. મદ ખીલ્યાથી ઊભરાતું; મદ ઝરેલું.

૧૦. વિ. મસાલેદાર; તીખું તમતમતું.

૧૧. વિ. રાતુંમાતું; અભિમાનભર્યું.

દાનવ દટ્ટે રે, આતમ ખાણી તાતાં મદ.
પ્રેમાનંદ

૧૨. વિ. વેગવાન; ચપળ.
અલૂપડ ખરહટ અંગ, અતી ઓની ખતડી,
તીર કામઠે વંગ, તાતું નીપુ તીરલું.
વિહારી

તાતું'માતું ૧. વિ. અરમાઅરમ. .
૨. વિ. જબરજસ્ત; જબરદસ્ત; મદથી ભરેલું.
૩. વિ. તાજું ને ભરેલું એવું; પુષ્ટ; મામલ ને તેજસ્વી; શરીરે આરોગ્ય.

તાતે અ. તે ને તે જ વખતે; સારે ને સારે
પ્રાણનાથ આવે નહિ તાતે,
વ્યાકુળ થઈ મજબાના. નરસિંહ
૧. તાતે પાગે = એક જ ઘાટે; એકદમ
૨. તાતે પાગે બધું થાય = લહમી ચાંલ્લો કરવા આવે સારે મોં ધોવા ન જવું.

તાતેલું વિ. ઉકળેલું; ખળખળતું; અરમાઅરમ.

તાતો ૧ પું. રોટલો. ખાળકોની ભાષામા બોલાય છે
૨. વિ પું. ઉતાવળિયો; આકરો
પીરજથી પાગો નબે, તાતો તોડે વંત.
દલપતરામ

તાત્કાલિક ૧. [સં.] વિ. તે કાળ કે સમયનું; તે કાળે હોનાર કે થનાર; તે કાળ કે સમય સંબધી
૨. વિ. તુરતનુ, તાબડતોબ.
૩. વિ. થોડા વખત માટેનું; હંગામી; કામચલાઉ.
૪. વિ. વખતસરનું.
૫. વિ. સમકાલીન; એક સાથે બનેલું.

તાત્કાલિકગતિ ૧. [સં.] સ્ત્રી (ગણિત) કોઈ ગતિવાળો પદાર્થ કોઈ સમયે અત્યત અલ્પ કાળમાં જેટલું ચાલે તેટલું અંતર અને તે કાળ એનું ગુણોત્તર.
૨. સ્ત્રી વિભેદન, અવચ્છેદ કરવો તે.

તાત્કાલિકબંધન [સં.] ન. હંગામી તાબો; કામચલાઉ તાબો; અનિત્ય તાબો, અચિર કદ; અચિર બધન; અસ્થાયી કેદ, તાબો કે બંધન; હંગામી ઢબાબો.

તાત્કાલિકભિક્ષાન્ન [સં.] ન. સર્વ પરિગ્રહ ત્યાગનાર સંન્યાસી માટે પાંચ પ્રકાર મા.ટેનુ એક ભિક્ષાન્ન; ભિક્ષાટનના થત્ન પછી કોઈ અકલ્પને ભિક્ષા માટે પ્રાર્થના કરી આપેલ ભિક્ષાન્ન

તાત્કાલિકમુપપૂર્દગી સ્ત્રી. તુરત જ પહોંચતુ કરવુ તે.

તાત્કાલિકીકરણ ન. (ગણિત) તાત્કાલિક ગતિ કાઢવાની ક્રિયા અથવા તે ક્રિયાનુ પરિણામ.

તાત્કાળ [સં. તત્કાલ] અ. તત્કાળ; તરત જ; વગર વિલબે; તે જ વખતે.

તાત્કાળિક જુઓ તાત્કાલિક

તાત્કાળિકઉપાય પું. તરતનો ઉપાય; 'ફર્સ્ટ એઇડ'

તાત્તાતાવલા વિ. ઉતાવળિયુ.

તાત્ત્વિક ૧. [સં.] વિ. આધ્યાત્મિક; આત્મા સબંધી; આત્મતત્ત્વ વિષયક.
૨. વિ. આવશ્યક; જરૂરનું
૩. વિ. તત્ત્વસંબધી; તત્ત્વને લગતું; મૂળતત્ત્વ સબધી; તત્ત્વજ્ઞાન સંબધી.
૪. વિ. મૂળના સિદ્ધાતવાળું.
૫. વિ. સાચું; સાચું; ખરું; વાસ્તવિક; યથાર્થ; મુજાનુ.
૬ વિ. સારરૂપ
૭. વિ. સ્વાભાવિક; મૂળ પ્રકૃતિનું.

તાત્ત્વિકસિદ્ધાંત પું. તત્ત્વનો સિદ્ધાંત. હરિજન બધુમાં ઉલ્લેખ છે કે: જેમ ભૂમિતિમાં લીટીની જે તાત્ત્વિક વ્યાખ્યા કરવામાં આવી છે, તેની સાથે માણસની દોરેલી લીટીનો કદી પૂરો મેળ બેસતો નથી, તેવુ જ તાત્ત્વિક સિદ્ધાતનું ને માણસને લાગે વળગે તેના અમલનું છે.

તાત્પર્ય ૧. પું. (અલ્પ) એ નામનો એક અલકાર. અનેકના કથનમાં એકમાં તાત્પર્યની ધન્યા એ તાત્પર્ય અલકાર છે.
૨. ન. અભિપ્રાય.
૩ ન. અર્થ.
૪. ન. ઇરાદો; આશય; હેતુ; ધારણા; ઉદ્દેશ; મુદ્દો.
૫ ન. કારણ
૬. ન ગજ.
૭ ન જરૂરિયાત.
૮ ન તાત્પરપણુ.
૯ ન. પ્રસગ તક.
૧૦ ન ભાવાર્થ.
૧૧. ન. મતલબ. શીખ; બોધ; ટૂકામાં બતાવેલી નસીહત. વાક્યનુ બોધ કે કહેવા પૂરતો જ ભાગ જુદો તારવી લેવાય એને તાત્પર્ય કહે છે. બાસ કરીને બોધવચન તારવી લેવાય તો આ પ્રકાર બને છે.
૧૨. ન મહિમા
૧૩. ન. (વેદાત) લેખક અથવા વક્તા જે કહેવા માગે તે જ પ્રમાણે સમજવાનુ તે, શ્રોતા પુરુષને આ અર્થનો બોધ થાઓ એ પ્રકારની વક્તાની ઇચ્છા. તાત્પર્ય શબ્દ બોધનો હેતુ છે. જો તાત્પર્ય શબ્દ બોધનો હેતુ ન હોય તો સૈંધવ લાવો. આ એક પ્રકારના વાક્યથી કોઈ સ્થળમાં તો સૈંધવ પદ વડે શ્રોતા પુરુષને લવણનો બોધ થાય છે અને કોઈ સ્થળમા સૈંધવ પદ વડે ઘોડાનો બોધ થાય છે, તે ન થવો જોઈએ, પણ સર્વત્ર લવણનો કે સર્વત્ર ઘોડાનો જ બોધ થવો જોઈએ તેથી એ વિલક્ષણ બોધની સિદ્ધિ માટે તાત્પર્યજ્ઞાનને શબ્દબોધનો હેતુ માનવો જોઈએ. એ તાત્પર્યજ્ઞાન શ્રોતા પુરુષને પ્રકરણથી થાય છે જેમ ભોજન પ્રકરણમા સૈંધવ પદનો અર્થ લવણ સમજવો જોઇએ, તેમ ગમન પ્રકરણમા સૈંધવ પદનો અર્થ ઘોડો સમજવો જોઇએ
૧૪. ન. વિષય
૧૫. ન. સારાશ, સત્ત્વ; સાર; ભાવાર્થ, નીતિસાર; રહસ્ય.

તાત્પર્યદીપિકા [સં.] સ્ત્રી. બીજા અર્થ ઉપર પ્રકાશ ફેંકનારી; ઉપનિષદોમાં આવતી એ નામની વ્યાખ્યા

તાત્પર્યપ્રકાશ ૧. [સ.] વિ ટૂંકામાં બતાવેલી નસીહતનારું.
૨. વિ. ભાવાર્થ સૂચવનાર.
૩. વિ. હેતુ કે આશય બતાવનાર.

તાત્પર્યબાધ [સં.] પું. મુખ્ય અર્થનો એક જાતનો બાધ.

તાત્પર્યવૃત્તિ [સં.] સ્ત્રી. એ નામની એક વેદાતપ્રસિદ્ધ વૃત્તિ.

તાત્પર્યાનુપપત્તિ [સં.] સ્ત્રી. (વેદાંત) મુખ્ય અર્થની પ્રતીતિ કરાવનાર છતાં તાત્પર્ય સિદ્ધ થવું ન હોય તે.

તાત્પર્યાર્થ [સં.] પું. ભાવાર્થ; સાર; શિખામણ; રહસ્યાર્થ, આશય.

તાત્પૂરતી વિ કામચલાઉ.

તાત્યાટોપી પું. હિંદી પ્રજાનો ઈ સ. ૧૮૫૭ના બળતોપમાં મોખરે રમેલ એક આગેવાન.

તાત્વરૂપ [સ.] પું. એક વ્યજનાત્મક ઉપાધિ. તેમાં જે વસ્તુનું કથન કર્યું હોય તે વસ્તુમા રહેનારી વસ્તુનો અર્થ ગ્રહણ કરવામાં આવે છે. જેમકે, આખું ઘર ગયુ છે એટલે કે તે ઘરનાં બધાં માણસો ગયા છે.

તાથઈ પું. નૃત્ય કરતી વખતે કરવામાં આવતો એક ઝણિતનાદ; નેપુરનો ઝણકાર; ઘૂઘરાનો અવાજ. એક જાતનો તાલ
ઝનક ઝનક તાથઈ રે, નાચે નાચે નંદનો નાનડિયો.
મીરાબાઈ

તાથૈર્ય પું. (પુરાણ) કશ્યપનું બીજું નામ.

તાથૈઈ ૧. અ. તતાથૈઈ; નાચવાના તાનનો એક બોલ; તતથૈઈ.
૨. અ. નાના બાળકને ઊભુ થતાં શીખવતાં વપરાતો શબ્દ.

તાથ્ય જ. તત્ત્વ.

તાદાત્મ્ય [સં] પું (સંગીત) શ્રુતિઓમાંથી સ્વર થયા કે સ્વરોમાંથી શ્રુતિઓ થઈ એ વિષયના સબંધમાં પ્રાચીન કાળમાં પ્રચલિત પાંચ માંહેનો એક પક્ષ.

તાદર્થ્ય ૧. [સં તત્ (તે) + અર્થ (હેતુ) + ય (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] જ. એ હેતુથી હોવું તે.

૨. જ. (આકાંક્ષા) તેને માટે હોવાપણું; તેના અર્થે બનવાનો ચોથી વિભક્તિનો અર્થ. જેમકે, તે હવા આવા મહાનગીધર જાય છે. એ વાક્યમાં આવા શબ્દ તાદર્થ્યે વપરાયો છે.

૩. જ. હેતુ; હેરફેર; ખાખ્યા.

તાદર્શ વિ. તાદશ; તેના જેવા દેખાવનું

તાદાત્મ્ય ૧. [સં. તત્ + આત્મ્ય] જ. (આકરણ) અભ્યવસાન; તદ્રૂપતા; એકતા; તદેવતા; અભિન્નતા; સમરૂપતા; તત્સ્વરૂપ; અભેદ સંબંધ; તદાકારતા; એકરૂપતા; સમાનતા; અભેદપણું; એક વસ્તુનું બીજી વસ્તુ સાથે ભળીને એકરૂપ થઈ જવું તે; પદાર્થનું પરસ્પર એકરૂપપણું. જ્યારે બે પદાર્થોની એટલી બધી એકતા કલ્પવામાં આવે કે એકનો બીજા તરીકે જ નિર્દેશ કરાય ત્યારે તાદાત્મ્ય કહેવાય.

૨. જ. (વેદાંત) જે પદાર્થથી જે વસ્તુ ભિન્ન પ્રતીત થાય છે અને જે પદાર્થની સત્તાથી જે વસ્તુની સત્તા ભિન્ન હોતી નથી તે પદાર્થ વિષે જે તે વસ્તુનો સંબંધ. જેમકે, ઘટાદિક વસ્તુઓનું પોતાના ઉપાદાન કારણરૂપ મૃત્તિકા વગેરે સાથે તાદાત્મ્ય છે

૩. જ. તેની તે વાતમાં ભિન્ન નામ પાડવાથી તેમનું એકપણું મટે નહિ એવો સંબંધ.

૪. જ. (વેદાંત) ભેદને સહન કરનાર અભેદપણું; ભિન્ન પ્રતીતિ થવા છતાં વસ્તુતઃ અભિન્નપણું. એ તાદાત્મ્ય ત્રણ પ્રકારનું છે: (૧) જાતિજ તાદાત્મ્ય, (૨) કર્મજ તાદાત્મ્ય અને (૩) સહજ તાદાત્મ્ય.

૫. જ. સમતા; એકસરખું સ્વરૂપ.

૬. વિ. (ન્યાય) તેની તે વાતમાં ભિન્ન નામ પાડવાથી તેમનું એકપણું મટે નહિ એવું.

૭. વિ. (કાવ્ય) વસ્તુતઃ એક છતાં જુદા જુદા ભાવમાં આવે છતાં જેમા જરા યે ભેદ ન જાણે તેવું

તાદાત્મ્યતા સ્ત્રી. તદાત્મ હોવાનો ભાવ

તાદાત્મ્યનિયમ જુઓ તાદાત્મ્યન્યાય.

તાદાત્મ્યન્યાય [સં.] પું. એકતાનો નિયમ.

તાદાત્મ્યપ્રતિ [સં.] સ્ત્રી. એકાત્મતાની પ્રતિ.

તાદાત્મ્ય સંબંધ [સં.] પું. (વેદાંત) અભેદ નામે સ્વરૂપ સંબંધ; ભેદ રહિત પદાર્થોનો સબંધ. એ અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ સર્વ પદાર્થોના પોતાના સ્વરૂપમાં રહે છે. પોતાના સ્વરૂપથી ભિન્ન પદાર્થમાં કોઈ પણ વસ્તુનો તાદાત્મ્ય સંબંધ રહેતો નથી. જેમ ઘડાનો તાદાત્મ્ય સંબંધ પોતાના ઘટ સ્વરૂપમાં જ રહે છે, તે ઘટથી ભિન્ન એવા પટાદિકમાં રહેતો નથી અને એ જ પ્રમાણે ઘટનો અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ પોતાના ઘટ સ્વરૂપમાં જ રહે છે, ઘટથી ભિન્ન પટાદિકોમાં રહેતો નથી. એ પ્રકારે જેટલા દ્રવ્ય, ગુણાદિ પદાર્થો છે, તે સર્વ પદાર્થોનો અભેદ તાદાત્મ્યરૂપ સંબંધ પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે, બીજા કોઈમાં રહેતો નથી.

તાદાત્મ્યાધ્યાસ [સં. તાદાત્મ્ય (તે રૂપ) + અધ્યાસ (ભ્રાંતિ)] સ્ત્રી. (વેદાંત) અસત્યમાં સત્યરૂપપણાની ભ્રાંતિ.

તાદાત્મ્યાપત્તિ [સં] સ્ત્રી. તાદાત્મ્યનો ભાવ; અભેદ સબંધ હોય એવું કૃત્રિમ થવાપણું.

અજ્ઞાનિય અભિનયથી તાદાત્મ્યાપત્તિ એવો અર્થ કરે છે. મરસ્થાન

તાદાત્મ્યાભાવ ૧. [સં.] પું. એકાત્મતાનો અભાવ.

૨. પું. (વૈશેષિક) કોઈ સ્થળરૂપ તે પદાર્થ ન હોય તે; અન્યોન્યાભાવ; પાંચ માંહેનો એક અભાવ. તે નીચે પ્રમાણે છે: (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસાભાવ, (૩) અત્યન્તાભાવ, (૪) તાદાત્મ્યાભાવ અને (૫) સંસર્ગાભાવ.

તાદાત્મ્યાભિમાન [સં.] જ. આત્માની અભિન્નતા કે તદાકાર જ્ઞાનથી પ્રગટ થતું અભિમાન

તોપણ પ્રતિબિંબ રૂપે ચૈતન્યનો પ્રવેશ થતા ચૈતન્યને એ શરીરમાં હું પણું એવું તાદાત્મ્યાભિમાન ઉત્પન્ન થાય છે. ભગવદી ભાસ્કર

તાદાત્વિક પું. કમાય તેટલું ખાઈ જનાર માણસ.

તાદાદ ૧. [હિ] સ્ત્રી. ગણતરી

૨. સ્ત્રી. બકુમતી.

૩ [અ. તઅદાદ] સ્ત્રી. સંખ્યા; શુમાર

તાદિ [સં તાદ્] પું. (ધોઈ) અરહન્ત.

તાદીશ ૧. [અ અદશ (ને વિનશૈ બદો)] સ્ત્રી શિક્ષા; સુધારણા; સુંવારો; સુધારવું તે.

તાદીશ કરવી = સુધારવું; શીખવવું.

૨ સ્ત્રી. સમજણ.

તાદીશખાના જ. ગાંડા માણસને સુધારવાનું સ્થળ.

તાદીર જ. એ નામનું ગામ. તેમાં રામાનુજાચાર્યની નિમણા નામની ગાદી છે.

તાદૃક જુઓ તાદશ.

તાદૃગ જુઓ તાદશ.

તાદૃગ્‌ભાવ પું. જીવન્મુક્તતા.

તાદૃશ [સં. તત્ + દૃશ્ (જોવું)] વિ. તેના જેવા દેખાવનું; તાદક; તેના સરખું; તે સરખું; તેવું; તે જેવું; તેના જેવું જ; આનેહુબ.

તાદૃશતા સ્ત્રી યાર્તવિકતા; યથાર્થદર્શન.

તાદૃશવાદ પું. જેવું હોય તેવું માનવાનો સિદ્ધાંત.

તાદૃશવાદી [સં તાદશવાદિન્] પું તાદશવાદમાં માનનારો માણસ.

તાદૃશી ૧. વિ. પ્રભુમય જીવન ગાળનાર; ભગવદીય.

૨. વિ યથાર્થ જોનાર.

૩. [સં] વિ. સ્ત્રી. તેવી; સરખા જ દેખાવની.

તાદૃશ્ય જુઓ તાદશ.

તાદૃશ્યતા જુઓ તાદશતા.

તાન ૧. પું. ઓગણપચાસ સૂચક સાંકેતિક શબ્દ; ઓગણપચાસની સંજ્ઞા. વાસ્તવિક રીતે તાન ઓગણપચાસ હોવાથી આ સંજ્ઞા જોઈએ છે.

૨. [અ.] પું. મહેણું.

તાન તોડવું = મહેણું મારવું.

૩. સ્ત્રી. અતિ આસક્તિની બેદરકાર.

તાન લાગવી = કોઈ વિષયમાં મશગૂલ રહેવું; કોઈ બાબતમાં નિમગ્ન રહેવું; ધ્યાન લાગ્યું રહેવું.

૪. સ્ત્રી. ઉન્માદ; મસ્તી; મસ્તાઈ; તોફાન; તોર; ગર્વ.

તાનમાં આવવું = લહેરમાં કે મસ્તીમાં આવવું.

૫. સ્ત્રી. ઉદ્યમ.

૬. સ્ત્રી. એ નામની વનસ્પતિ; પાટલા.

૭. સ્ત્રી. એ નામની વેલ; પાતાળ ગરુડી.

૮. સ્ત્રી. ગાડાની ધરી.

૯. સ્ત્રી. તરસ.

૧૦. સ્ત્રી. ઝભર ચૂથવી તે.

૧૧ જ. આક્ષેપ.

૧૨. જ (સંગીત) કોઈ એક મૂર્છના લઈ તેના ક્રમસર આરોહ કરવા તે; એકથી વધારે સ્વરોનું ત્વરાથી આરોહણ થવું તે. રાગવૃદ્ધિ અર્થે રાગમાં આવતા સ્વરોને છૂટા પાડતાં ત્વરાથી શ્રુતિના ધ્વનિ સાથે આરોહાવરોહ કરવામાં આવે છે તેને તાન કહેવામાં આવે છે. મૂર્છનાથી થતા આરોહ અવરોહમાંથી અવરોહ બાદ કરીએ તો બાકી રહેતા બધા આરોહો તે તાન કહેવાય છે. તાનના સાત પ્રકાર છે: ૧. સંપૂર્ણ એટલે સાત સ્વરનું તાન. ૨. ષાડવ એટલે છ સ્વરનું તાન. ૩ ઔડવ એટલે પાંચ સ્વરનું તાન. ૪. સુરતર એટલે ચાર સ્વરનું તાન. ૫. સ્વામિક એટલે ત્રણ સ્વરનું તાન.

૬. આર્થિક એટલે બે સ્વરનું તાન અને ૭. આર્થિક એટલે એક સ્વરનું તાન આરોહ ક્રમવાળી મૂર્છના મધ્યમ ગ્રામમાં બીજી, ષડ્જ ગ્રામમાં ચૌદ અને ગાંધાર ગ્રામમાં પંદર એમ ૪૯ તાન કહેલા છે

૧૩. [સં.] ન (સંગીત) ગાતાં કે વગાડતાં આવતા પલટા; ગાયનમાં કે વગાડવામાં આવતા પલટા ગાવાની એક રીત. આલાપ; ગાનની એક તરેહ; સૂર; સુરતાવલાપ; ગાયનનું એક અંગ; સંગીતના સૂરને અમુક પ્રકારે સંભાવવા તે; જેનાથી રાગનો વિસ્તાર કરી શકાય તે; મૂર્છના આદિ દ્વારા રાગ યા સ્વરનો વિસ્તાર; સ્વનો વિસ્તાર; અનેક વિભાગ કરીને સૂરને ખેંચવો તે.

તાન મારવી = ગળામાંથી સૂર કાઢી બતાવવા

૧૪. ન. જોસ; બળ; ઉત્તેજિત જુસ્સો; શૌર્ય, જોર; જયક

તાન ચડવું = કોઈને ઉત્તેજના આપવાથી ખૂબ જુસ્સો કે જોર આવવું

૧૫. ન. જ્ઞાનવિષયક વિચાર.

૧૬. ન. તાણો; તંતુ; વણવામાં ઊભો તંતુ.

૧૭. ન. બધા પ્રકારનું સુખ; ઐશઆરામ, ખાનપાન અને માનતાનનું સુખ.

૧૮. ન. ધૂન; લહર; કોઈ કામ કરવામાં દિલ લાગી રહેવું તે; ઐકાગ્રિતા; લગની; તલ્લીનપણું.

૧૯. ન. રહ; મોહ; ખૂબ આસક્તિ.

૨૦. ન. રસનો આવેશ.

૨૧. ન. વિસ્તાર; ફેલાવ; પ્રસરવું તે.

૨૨. ન. શરીર; તનુ; દેહ

૨૩. ન. સંગીત; ગાયન કે વાદન.

તાનટપ્પા પું. ન. બ. વ. (સંગીત) સંગીતપ્રસિદ્ધ તાન અને ટપ્પા.

જો એને બે તાનટપ્પા સાંભળતાં આવડતા હશે તો પોતાના હાથમા સારંગી લઈને જરા વાર પોતાની અનોખી અમૂલ્ય સૂચનાઓને આલાપી પણ બતાવશે. ગુલામઅલિ

તાનતરંગ [સં.] સ્ત્રી. આલાપચારી; લયની લહર.

તાનપલટા પું. ન. બ. (સંગીત) સંગીતમાં ગાવામાં થતા પલટા. મૂર્છનાના સાત સ્વરો હોય છે, પણ જ્યારે તેને ૬ સ્વરોની એટલે ષાડવ અને પાંચ સ્વરોની એટલે ઔડવ જાતિના તેનાથી પણ ઓછા સ્વરોની કરવામાં આવે છે ત્યારે તેને તાનપલટા કહેવામાં આવે છે.

તાનપલટો પું. (સંગીત) ગાવામાં કે વગાડવામાં આવતો પલટો

તાનપૂર પું. જુઓ

તાનપૂરક પું. (સંગીત) સંગીતપ્રસિદ્ધ એક નિપાત.

ઉત્તમ પ્રબંધનો તાનપૂરક એ નિપાત નોખો પડે છે. ગોકુળોદિત

તાનપૂરો પું. (સંગીત) ગાયનમાં તાન પૂરતું વાદ્ય; તંબૂરો; તમ્બૂરીબુ; તંબૂર; એક પ્રકારનું તતવાદ્ય; તમ્બૂરીબુ; સિતારના આકારનું એક વાદ્ય. તે અવેધો કાન પાસે રાખીને વગાડે છે. સૂર જાળવવામાં તે અવેધને બહુ મદદ આપે છે. તેને બે, ચોથાના અને બે ત્રિગણના એમ ચાર તાર હોય છે

તાનમાપક પું. એ નામનું એક યંત્ર.

તાનસેન પું. અકબર બાદશાહના સમયનો એ નામનો એક પ્રસિદ્ધ અવેધ. તે બ્રહ્મે બાદશાહ હતો કહેવાય છે કે પહેલાં તેનું નામ ત્રિલોચનમિશ્ર હતું. તેને સંગીત માટે બહુ પ્રેમ હતો, પણ તેને ગાતાં નહોતું આવડતું. જ્યારે તે વૃંદાવનમાં પ્રસિદ્ધ સ્વામી હરિદાસને ત્યાં ગયો અને તેનો શિષ્ય થયો ત્યારે તે સંગીતમાં કુશળ થયો ધીમે ધીમે તેની ખ્યાતિ વધવા લાગી. પહેલાં તે આટલા રાજા રામચંદ્ર બાઘેલાના દરબારમાં નોકર રહ્યો. કહેવાય છે કે ત્યાં તેને કરોડો રૂપિયા મળ્યા. પ્રયાગીય લોકોએ તેને પોતાને ત્યાં બોલાવવાની ઘણી માગણી કરી, પણ તે ગયો નહિ. છેવટે અકબરે રાજગાદી ઉપર બેઠા પછી ૬૪ વર્ષે તેને પોતાના દરબારમાં સન્માનપૂર્વક બોલાવ્યો. જે દિવસે તેણે બાદશાહને પહેલવહેલું ગાયન સંભળાવ્યું, તે દિવસે બાદશાહે તેને બે લાખ રૂપિયા આપ્યા. બાદશાહના દરબારમાં આવ્યા પછી કેટલેક દિવસે તે મથુરાજીમાં જઈને મહમ્મદ ગૌસ નામના એક મુસલમાન ફકીર પાસે ક્રમો પકડીને મુસલમાન થઈ ગયો. ત્યારથી તે મિયાં તાનસેનના નામથી પ્રસિદ્ધ થયો. તે મુસલમાન થયો તે સંબંધમાં એક જનશ્રુતિ છે. કહેવાય છે કે, પહેલાં તે બાદશાહ સામે ગાતો નહોતો. એક દિવસ બાદશાહે પોતાની સાહ્યબી તેની સામે ધરી રાખી. તેના સૌંદર્ય ઉપર મુગ્ધ થવાથી તેની પ્રતિભા વિકસિત થઈ ગઈ અને તેણે એક એવું અપૂર્વ ગાયન સંભળાવ્યું કે સાહ્યબી પણ ભોંદિત થઈ ગઈ. અકબરે તેનો વિવાહ કરી દીધો. તાનસેનના મરણ સંબંધી પણ એક અલૌકિક ઘટના પ્રસિદ્ધ છે. કહેવાય છે કે, તેની અદ્વિતીય શક્તિ જોઈને દરબારના બીજા અવેધો બળતા કરતા હતા અને તેને મારી નાખવાનો પ્રયત્ન સેવતા હતા. એક દિવસ બધાએ મળીને એવો વિચાર કર્યો કે, તાનસેન દીપક રાગ ગાય તો પોતાની મેળે બળી જઈ બચવા આવા વિચારથી એક દિવસ બધા અવેધોએ દરબારમાં દીપક રાગની વાત છેડી. બાદશાહને ઘણી ઉત્કંઠા થઈ અને તેણે દીપક રાગ ગાવાનું કહ્યું. બધા અવેધોએ કહ્યું કે, તાનસેન સિવાય બીજો કોઈ દીપક રાગ ગાઈ શકતો નથી. તેથી બાદશાહે તાનસેનને આજ્ઞા કરી. તાનસેને બહુ કહ્યું કે જો તમે મને ચાહતા હો તો મારી પાસે દીપક રાગ ગવરાવો નહિ. જ્યારે બાદશાહે ન માન્યું ત્યારે તેણે મલ્હાર રાગ ગાવાને માટે પોતાની દીકરીને પોતાની પાસે બેસાડી કે જેથી દીપક રાગથી પ્રજ્વલિત થતી અગ્નિ મલ્હાર રાગ દ્વારા શાંત થાય. દીપક રાગ ગાતાંવેંત દરબારમાના બધા જુકાર્ય અવેધ દીવા સળગી ઊઠ્યા અને તાનસેન પણ બળવા લાગ્યો. ત્યારે તેની દીકરીએ મલ્હાર રાગ શરૂ કર્યો. પણ પોતાના પિતાની દુર્દશા દેખીને તેનો સૂર અટકી ગયો અને તાનસેન બળીને ભસ્મ થઈ ગયો. તેના શબને આગ્રામાં લઈ જઈ ત્યાં દફનાવવામાં આવ્યું. તેની કબર પાસે એક આંબલીનું ઝાડ છે. આજે પણ અવેધાઓ તે કબરે જાય છે અને આંબલીનાં પાંદડાં ચાવે છે. તેઓ માને છે કે આથી કંઠરસ ઉત્પન્ન થાય છે.

તાનસેનજી જુઓ તાનસેન.

તાનસેનીપદ્મંજરી સ્ત્રી. (સંગીત) પદ્મંજરી રાગિણીની બે ભાર્યાની એક જાતિ. જુઓ પદ્મંજરી.

તાના ૧. [હિં.] પું. તાણો; ઊભો દોરો.

૨. સ્ત્રી (જરથોસ્તી) દખ્માનો પાયો નાખવાની ક્રિયા. પારસીની આ ક્રિયામાં સુતરના ૧૦૧ તારણાની બનેલી દોરી વાપરવામાં આવે છે.

તાનાઅળની સ્ત્રી. બહેનપોણાં.

તાનાજી પું. શિવાજીના વખતમાં થઈ ગયેલ એ નામનો એક મરાઠા સરદાર.

તાનાઝન વિ. બહેનું મારનાર.

તાનાઝની સ્ત્રી. બહેનું મારવું તે.

તાનાતરેજ [સં.] વિ. કમનસીબ; દુર્ભાગી.

તાનાતિરમા [સં.] પું. બહેનું; ટોણો.

તાનાબાઈ જુઓ તાનાઝની.

તાનામાના પું. બ. વ. આનંદ; હર્ષ.

તાનામેજૂ જુઓ તાનાતિરમા.

તાનારીરી સ્ત્રી. ગાયનની એક તરેહ; તરાણા; અત્યારના સાધુ; રાગ; આલાપ.

તાનાવાલ પું. શેત્રુંજાના ચોરાશી મંદિરનો એ નામનો એક પેટા મંદિર

તાનારીરાહુ [જ્ઞા.] પું. અશુભ ફલન આપનારું એનું નામ.

તાનાં ૧. ન. બ વ. મજા; રૈંજરામ; ગેરુજારામ. લહેર.

૨. ન. બ. વ. મહેણાટોણા.

તાનાંવાનાં ન. બ. વ. બનાવટ; કુદાકૂદી.

આજરી બજારમા ને તાવડી તાનાંવાનાં કરે.
લોકોક્તિ

તાનિસ [અ.] સ્ત્રી નારીજાતિ

તાની ૧. [હિં.] સ્ત્રી. અંબરનું કે ગોદડીની તની કે કસ.

૨. સ્ત્રી. તાણો; બીજો દોરો.

૩. સ્ત્રી. વણવા માટે આપેલી મજૂરી.

૪ વિ. તાનવાળું.

તાની કહે વિના દુઃખી, પંડિત વિણ વાણી.
ઝવેરદેવ

તાનુડી (તાનુડો) સ્ત્રી. કાને પહેરવાનો સ્ત્રીઓનો એક જાતનો દાગીનો.

તાનું ન. મહેણું

તેની ગોરા હન્નરની હોલત જે તે લાવી હતી તેનું તાનું મારતી. ગુલાબસિંહ

તાનૂર ૧ [સં.] પું. પાણીનું પોતાની મેળે ઘૂમવું તે પાણીમાં પડતી ઘૂમરી

૨. પું. વાયુની ઘૂમરી.

તાનો ૧. [અ. તઅના (મહેણું)] પું. ટોણો; મહેણું; કટાક્ષ.

૨. પું. તામસ લાગણીના કોપનો આવેશ; ગુસ્સો; કોપ.

તાપી [હિં.] પું. હમેશાં મારનાર માણસ.

તાન્વ ૧. [સં] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે તનુનો પુત્ર હતો

૨. પું. તનુજ; પુત્ર; દીકરો.

૩ ન. છોડ્યા પવિત્ર કરેલ વસ્ત્ર.

તાન્વપાર્થ્ય પું. ઋગ્વેદના દશમા મંડલના ૯૬મા સૂક્તનો કર્તા એક ઋષિ.

તાન્વયતા સ્ત્રી પ્રસારણ યોગ્યતા; તાર એમાં તેવો ગુણ; તન્યતા.

તાન્વિક પું. એ નામનો એક સ્મૃતિકાર.

તાપ ૧ [સં.] પું. અપમાન થવાથી મન કલુષિત થવાને લીધે થતો તીવ્ર સંતાપ; મનની પીડા, સંતાપ; કષ્ટ; કલેશ, દુઃખ. તાપ ત્રણ પ્રકારના છે. (૧) આધ્યાત્મિક, (૨) આધિદૈવિક અને (૩) આધિભૌતિક. કામ, ક્રોધ લોભ, મોહ, ઈર્ષા અસૂયા, રાગ દ્વેષથી જ આંતરદુઃખ તથા તનની પીડા, અતિસાર વગેરેથી જે શારીરિક દુઃખ થાય છે તેનું નામ આધ્યાત્મિક તાપ. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, અગ્નિદાહ, જલપ્લાવન, વિદ્યુતપાત વગેરેથી જે દુઃખ થાય છે તેનું નામ આધિદૈવિક તાપ. સાપ, વીંછી, સિંહ, વાઘ, ચોર, લૂંટારા, રાજા તથા રાજ્યાધિકારી વગેરેથી જે દુઃખ થાય છે તેનું નામ આધિભૌતિક તાપ છે.

હૃદયમા વસેલા ઈશ્વરનું જે જ્ઞાન થાય છે તે જ જ્ઞાન તે ત્રિવિધ તાપમાથી મુક્ત થાય છે. હરિજ્ઞાનબંધુ

૨. પું. (વેદાંત) અમુક પદાર્થમા પ્રતિકૂળતાનું જ્ઞાન.

૩. પું. એક પ્રકારનો રસ્તે એટલે પરસેવો.

૪. પું. એક પ્રાકૃતિક શક્તિ. તેનો પ્રભાવ પદાર્થોને ઓગાળવામાં તથા વરાળ બનાવવા વગેરે વ્યાપારોમાં જોવામાં આવે છે. તેનો અનુભવ અગ્નિ, સૂર્યના કિરણ આદિના રૂપમાં પડિયોને થાય છે. અગ્નિનો તે સામાન્ય ગુણ છે, જેની અધિકતાથી પદાર્થ બળે અથવા પીગળે છે. તાપ એક ગુણ માત્ર છે, તે કોઈ દ્રવ્ય નથી. કોઈ વસ્તુને તપાવવાથી તેના તોલમાં કાંઈ ફરક પડતો નથી. વિજ્ઞાનાનુસાર તાપ અતિસૂક્ષ્મ શક્તિનો એક ભેદ છે. તાપનો મુખ્ય ગુણ એ છે કે, તેનાથી પદાર્થનો વિસ્તાર કાંઈક વધે છે.

૫. પું. કુમ્ભ; મુકોલા.

૬. પું. ગરમી; ઉષ્મા; અગ્નિની ગરમી; આંચ; દેવતાનો ધખધખાટ; અગ્નિનો ભડકો.

૭. પું. પામ; ઉકળાટ; ગરમીનો ભભરાટ.

૮. પું. ગુસ્સાનો આવેશ; ક્રોધ

૯ પું. જેનાથી શરીર ગરમ થાય છે એવો એક વ્યાધિ; જ્વર; તાવ.

૧૦. પું. ગ્રથની સંજ્ઞા

૧૧. પું. દાહ; બળતરા.

૧૨ પું. પ્રતાપ; દોર; હાક; ધાક; કર; શૌર્ય, પ્રભાવ; કહેર.

૧. તાપ આપવો-દેવો = (૧) જેનું કરી લેવું. (૨) ધમકી આપવી; કર દેખાડવો.

૨. તાપ છૂટવાનો-મળવો-સહેવો = દોર કે રૂઆબ જોડવો.

૧૩ પું બળવું તે, બળવાની ક્રિયા.

૧૪ પું બાળવું તે.

૧૫ પું ક્રોધ

૧૬. પું. સૂર્યની ગરમી. સૂર્યપ્રકાશ. તડકો; ધૂપ.

તાપઉજાગર ન. વરાળયંત્ર; ' હીટ એંજિન.'

તાપઉત્પાદન [સં. તાપ (ગરમી) + ઉત્પાદન (ઉત્પન્ન કરવું તે)] ન. તાપની ઉત્પત્તિ. તાપ ત્રણ પ્રકારથી ઉત્પન્ન થાય છે: (૧) બે વસ્તુના ઘર્ષણથી, (૨) વસ્તુઓના બળવાથી અને (૩) વિદ્યુત પ્રવાહથી.

તાપક ૧. [સ] પું. તાવ; જ્વર

૨. પું. રજોગુણ.

૩. વિ. ઉત્તેજક; ઉશ્કેરનું; ગુસ્સો ઉપજાવનું.

૪. વિ. તપાવનાર; બાળનાર.

૫. વિ સંતાપ પમાડનાર.

તાપકારી જુઓ તાપક ૩–૫.

તાપક્રમ [સ.] પું. વરસના જુદે જુદે સમયે સૂર્યનો તાપ વધતો ઓછો પડે તે સંબંધી નિયમ.

તાપક્ષેત્ર [સં.] ન. પૃથ્વીના જે ભાગ ઉપર સૂર્ય પ્રકાશતો હોય તે પ્રદેશ.

તાપગ્રસ્ત ૧. [સં.] વિ. તાપથી ગભરાયેલું.

૨. વિ. પરિતાપમાં હૂબેલ; દુઃખી.

તાપગ્રાહિતા [સં] સ્ત્રી. કોઈ વસ્તુની ગરમી એક અંશ ઊંચી કરવા માટે જોઈતી કેલોરી ગરમી.

તાપજનક [સ] વિ. તાપ ઉત્પન્ન કરનારું.

તાપજનનમાન [સં.] ન. કોઈ પણ ઉષ્ણતાના એક ડિગ્રીમાનનું પૂર્ણ ગરમીકરણથી ઉત્પન્ન બનાવું પરિમાણ. જેમકે, બાકુ ૫૦૦૦ કેલોરી, બનિજ કોલસો ૮૦૦૦ કેલોરી

તાપડ વિ. ગરમ મિજાજનું; આકરા સ્વભાવનું; તેજ; ગુસ્સાદાર; જલદ; તામસી.

તાપડ (તાપડ) સ્ત્રી. ખૂબ આવું તે.

તાપડ કેવી = બરાબર આવું.

તાપડવું (તાપડવું) સ. ક્રિ. ખૂબ આવું; ખૂબ ઉકાવવું.

તાપડિયાં (તાપડિયાં) ૧. ન બ. વ. આંખનાં તપોડિયાં.

૨. ન બ વ. તાપને લીધે થતાં ચૂમડાં; ઉનાળામાં ગરમીથી થતાં ચામિયાં ચૂમડાં.

૩. ન. બ. વ. લાખા, જાડાં ને ચોમારી ઝાલનાં ફોલ્લા.

તાપડિયું (તાપડિયું) ન. તાપોડિયું; તાપને લીધે થતો ફોલ્લો; ઉનાળામાં ગરમીથી નીકળતું ચૂમડું; તાપોટો.

તાપડું (તાપડ) ન. રાઈ અથવા ગાયના ભાદા વઘારનું કપડું; ચૂબુપાટ

નાખી પહેરે તાપડું ને ભૂખી થાય બી.
લોકોક્તિ

તાપણી ૧. સ્ત્રી. ઘાસ, સરોડાં, કરાંઠી કે પાતળાં લાકડાંનું બળતું; તાપવાને માટે જમીન ઉપર સળગાવેલો ઢગલો; તાપવા માટે સળગાવેલો અગ્નિ.

૨. જો ઢગલા પડેલો કે ભરેલો હોય એવી તાપવાની જગ્યા અથવા પાત્ર; સગડી.

પરલાસ છે પાપણી, તાપણી ગેરી એહ;
કરે આપણી કાપણી, તાપણી દુઃખની તેહ.
બીજાં કૂવાં

તાપણી તાપરી = (૧) ટાઢ ઉડાડવા માટે અગ્નિ પાસે બેસવું. (૨) ધણીધણિયાણીમાંથી એકનું મૃત્યુ થતાં પુનર્લગ્ન કરવા માટે થોડા દિવસ બોજારવું.

તાપણું ૧. ન આશરા ઉપર નભવું તે; ભવિષ્યમાં લાભ થશે એમ વિચારી દિવસ વિતાવવા તે.
તાપણે તાપવું = આશરા ઉપર નભવું
૨. ન. તાપણી, ભડકે બળે પણ અંગારા પડે નહિ એવો ઝાડવિનો ટેકરા; મડ ઓગાર્યા બાદ તેનું બાકીનું બળતું; અગ્નિનો ભડકો; તાપવા માટે ફૂસ વગેરેનો સળગેલો અગ્નિ.
ઘાસફૂસનું તાપણું અને કર્તારનો મોર = ઓછી આયુષ્યવાળું
૩. ન. ધૂણી

તાપતકુંડ પું. એ નામનો હિમાલય ઉપર આવેલ ગરમ પાણીનો કુંડ. તેના પાણીનું ઉષ્ણતામાન ૧૨૨° ફે. હોય છે. કહેવાય છે કે, તેના પાણીમાં પણ રોગ નાબૂદ કરવાની શક્તિ રહેલ છે.

તાપતલ્લી સ્ત્રી. બરોળ; પાણ્યથરી; તલ્લી; પ્લીહા; 'સ્પ્લીન.' તે પેટના ડાબા પડખામાં નવ, દસ, અને અગિયારમી પાંસળીને લાગી રહેલી હોય છે. તે બારણી રૂપનો પાંચ ઇંચ લાંબો અને ત્રણ ઇંચ પહોળો અવયવ છે. તેનું વજન સરેરાશ ૭૫ તોલા જેટલું હોય છે. તે રક્તશુદ્ધિનું કામ કરે છે. તેનું કદ નાનું મોડું થાય છે. જ્યારે તાવ આવે ત્યારે તેનું કદ વધે છે.

તાપતા [ફા. તાફ્તા] પું. એક પ્રકારનું ચમકવાળું રેશમી વસ્ત્ર; ટાફેટા.

તાપતિલ્લી જુઓ તાપતલ્લી.

તાપતી ૧. સ્ત્રી. એ નામની એક નદી; તાપી તે સાતપુડા પર્વતમાંથી નીકળી પશ્ચિમ તરફ વહેતી વહેતી ખંભાતના અખાતમાં પડે છે.
૨. સ્ત્રી. (પુરાણ) સૂર્યની છાયાથી થયેલી દીકરી. તે કુરુની માતા હતી. તેના પતિનું નામ સંવર્ણ હતું.

તાપત્ય ૧. [સં.] પું. કાંજ્ય
૨. પું. તપતી નામની સૂર્યકન્યાનો પુત્ર એક ક્ષત્રિય.
૩. પું. તપતીનો વંશજ અર્જુન.
૪. ન. તપતી નામની સૂર્યકન્યાનું આખ્યાન.

તાપત્રય [સં.] પું. આત્મિ, આધિ અને ઉપાધિ એ ત્રણ જાતનાં દુઃખ; આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સંતાપ.

તાપત્રિષા જુઓ તાપત્રય.

તાપત્રિવિધ જુઓ તાપત્રય.

તાપન [સં.] પું. તડકો દેનાર સૂર્ય.

તાપદર્શક [સં.] વિ. ઉષ્ણતાદર્શક; ગરમી બતાવનાર

તાપદર્શકયંત્ર [સં.] ન. ગરમી બતાવનારું યંત્ર, 'થર્મોસ્કોપ.'

તાપદાયિની [સં.] વિ.સ્ત્રી. તાપ આપનારી, વ્યાધિ ઉત્પન્ન કરનારી
વિદ્વત્તાએ ચિતાને ચિંતા કરતા પણ વિશેષ તાપદાયિની બતાવી છે. મલ્લિકાદેવી

તાપદીપન [સં.] ન. ઉષ્ણપ્રબલતા; અતિ ગરમીથી ઝમઝમાટ મારવો તે.

તાપદીપ્તિ [સં.] સ્ત્રી. કાર્બન, પ્લેટિનમ વગેરે પદાર્થોને વીજળીનાં કિરણોથી તપાવવામાં આવે ત્યારે તે પદાર્થનો ચમકાટ

તાપદુઃખ [સં.] ન. (યોગ) યોગ સૂત્રકાર પતંજલિએ દર્શાવેલ ત્રણ જાતનું એક પ્રકારનું દુઃખ. દુઃખના ત્રણ પ્રકાર: તાપદુઃખ, સંસ્કારદુઃખ અને પરિણામદુઃખ

તાપન ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. ટોપ.
૩. પું. તંત્રમાં એક પ્રકારનો પ્રયોગ. તેથી શત્રુને પીડા થાય છે.
૪. પું. સૂર્ય.
તેજે તાપનયશે સતિખવિ. મેઘરાજજી
૫. પું. સૂર્યકંપતમણિ.
૬. ન. ઇંદ્રિયસંયમ.
૭. ન ઉષ્ણપણું; ગરમી.
૮ ન. એ નામનું એક નર્ક.
૯. ન. કામદેવનાં પાંચ બાણોનું એક બાણ. સમોહન, ઉન્માદન, શોષણ, તાપન અને સ્તંભન એ કામદેવનાં પાંચ બાણ કહેવાય છે.
૧૦. ન આગનું તે.
૧૧ ન તાપ કરવો તે; તપવવું તે.
૧૨. ન. સળગાવવું તે
૧૩. ન. સંતાપ પમાડવો તે; દુઃખ આપવું તે.
૧૪ ન સૂર્યનો પ્રકાશ.
૧૫. વિ. તપાવનાર; ગરમ કરનાર.
૧૬ વિ. સળગાવનાર.
૧૭. વિ. સંતાપ પમાડનાર.

તાપનણી સ્ત્રી. ગરમી માપનારું યંત્ર, ઉષ્ણતામાપક યંત્ર; ઉષ્ણતામાપક યંત્ર; પારાશીશી; 'થરમોમિટર.'

તાપનીય ૧. [સં.] સ્ત્રી.;ન. એ નામની એક ઉપનિષદ. તેમાં એમ કહેવામાં આવે છે કે નૃસિંહની માયા આ સમગ્ર જગતને સર્જે છે, પાળે છે અને સંહાર કરે છે.
૨. ન. એક જાતનું સોનું.
૩. વિ તપાવેલા જેવું.
૪. વિ સોનાનું; સોનાનું બનાવેલ.

તાપનીય ઉપનિષદ જુઓ તાપનીય ૧

તાપપંચક [સં.] ન. પંચધૂણી; પાંચ જાતનો તાપ. સૂત સંહિતામાં તાપપંચકને ગ્રીષ્મ ઋતુમાં સેવવા કહ્યું છે. તેમાં ચારે બાજુએ અગ્નિની ચાર તાપણીઓ અને મસ્તક ઉપર સૂર્યને તપવા દેવો એમ કહેવામાં આવ્યું છે

તાપપ્રકર્ષ [સં.] પું. ગરમીનું પ્રમાણ; ઉષ્ણતા.નો વધારો
ઉષ્ણ જલની નજીક શીતલ જલ મૂકાય તો બને પાત્રોમાંનું જલ સરખ. તાપપ્રકર્ષથી જાય સાહિત્યપરિષદ રિપોર્ટ

તાપપ્રવાહ [સં.] પું ગરમીની મદદથી વીજળીનો પ્રવાહ અંતિમાં મોકલવો તે

તાપબલવાયુભારમાપકયંત્ર [સં.] ન. ગરમી અને વાયુભાર માપવાનું યંત્ર; 'થરમોબેરોમિટર'.

તાપભાગ [સં.] પું. દુઃખની ભાગણી.

તાપમાન [સં.] ન ઉષ્ણતામાન; 'ટેમ્પરેચર.'

તાપમાનયંત્ર [સં.] ન. ઉષ્ણતામાપક યંત્ર; ગરમી માપવાનું યંત્ર; 'થરમોમિટર.'

તાપમાપક [સં.] વિ. ગરમી માપનારું.

તાપમાપકયંત્ર જુઓ તાપમાનયંત્ર.

તાપમારી સ્ત્રી. એક જાતનો સુંદર છોડ

તાપયંત્ર [સં] ન. વાયુકાર્યંત્ર; પ્રયોગશાળાનું ગરમ રેતીનું બાસણ. તેમાં તપાવવ.નાં વાસણો બોળવામાં આવે છે.

તાપયા પું. તપસ્વી; તપ કરનાર ઋષિ.
તાપયાના તપ ચૂકે,
તવી ચૂકે જેવ. ગામણ

તાપરંભપ્રકાશ [સં] પું. ઉષ્ણોદય.

તાપરસાયન [સં] ન. ઉષ્ણરસાયન શા.જ્ઞ, 'થરમોકેમિસ્ટ્રિ.'

તાપરી સ્ત્રી. ઝપટ.

તાપલ [સં. તાપ (ગરમી)] પું ક્રોધ

તાપવિકિરણયંત્ર [સં] ન. ગરમી ફેલાવનારું યંત્ર; 'રેડિયેટર.'

તાપવિશ્લેષણ [સં.] ન ઉષ્મવિશ્લેષણ; ઉષ્માપૃથક્કરણ, 'થરમોએનેલિસિસ.'

તાપવું ૧ [સં. તપ] ક્રિ. કિ. અગ્નિની આંચથી શરીરને ગરમ કરવું; દેવતા આગળ કે તડકામાં બેસીને ગરમ થવું; અગ્નિથી ટાઢ ઉડાડવી
આપ્યું અને તાપ્યું કેટલા દી? = તાપ્યું અને આપ્યું કોઈનું ઝાઝો વખત ટકે નહિ.
૨. ક્રિ. કિ. ઉશ્કેરાવું; ગરમ થવું.

૩. અ. ક્રિ. ક્લેશ ઉપજાવવો; સંતાપવું; દુઃખ દેવું; પીડવું.

રજમાં રોષ સજ્ય સજ્યતાં શું વળી તાપો ગરમાઈ.
નયન વસીલાં પડી ગોબીલા તુજ અને ગોચાઈ.
ગીતગોવિંદ

૪. અ. ક્રિ. તપ કરવું; દેહ દમીને વ્રતાદિક કરવા.

તાપવ્યમિતા સ્ત્રી. તાપનો ઉપયોગ.

તાપવ્યંજન પું. તપસ્વી કે સાધુના વેશમાં ફરનાર ચુગલખોર.

તાપશમન [સં.] ન. જ્વરશમન.

તાપશાસ્ત્ર [સં.] ન. એક પ્રકારનું શાસ્ત્ર.

તાપશાળી [સં. તાપશાલિન્] વિ. પ્રતાપી; પ્રૌઢ.

તાપશી સ્ત્રી. ટાપશી; ઘાણીની અંદર સમાય તેટલું અનાજ.

તાપશ્રિત [સં.] પું. એ નામનો પ્રાચીન સમયમાં કરવામાં આવતો એક પ્રકારનો યજ્ઞ.

તાપસ ૧. પું. એ નામનો મહાવીર સ્વામીના પિતા સિદ્ધાર્થનો મિત્ર.

૨. પું. એક જાતની ચોરડી.

૩. [સં.] પું. એક જાતનું ઝાડ.

૪. પું. તપસ્વી; તપ કરનાર ઋષિ; મુનિ; યોગી.

ઋષિ ભિક્ષુક તાપસ યતિ, તપી મુનિજન જોગ;
યોગી યોગારુઢાસથી પ્રતિદિન શોધત તેહ.
પિંગળગ્રંથો.૫

૫. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ કે મત.

૬. પું. બગલો પક્ષી.

૭. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૮. ન. તમાલપત્ર.

૯. વિ. તપ કરવાના સ્વભાવવાળું; ઋષિ; દેહદમન કરનાર.

૧૦. વિ. તપશ્ચર્યા કરતું.

૧૧. વિ. તપસ્વી કે ઋષિ સબંધી.

તાપસક ૧. [સં.] પું. નિત્ય તાપસ; ઢોંગી તાપસ.

૨. પું. સામાન્ય અથવા નાનો તપસ્વી; જેની થોડી તપસ્યા ઢોંગ જેવો તપસ્વી.

તાપસકર્મ [સ. તાપસ (તપસ્વી) + કર્મન્ (કામ)] ન. તપસ્વીનું કર્તવ્ય. તપ; યોગ; તપશ્ચર્યા.

તાપસક્ષેત્ર [સં. તાપસ (તપસ્વી) + ક્ષેત્ર (ભૂમિ)] ન. તપ કરવાનું સ્થાન; તપોભૂમિ

તાપસતરુ [સ. તાપસ + તરુ (ઝાડ)] ન. ઉંબરાનું ઝાડ, ગૂલરિયાનું ઝાડ. તાપસ લોકો વનમાં ઉંબરાનું તેલ કામમાં લેતા હતા, તેથી તેનું આ નામ પડ્યું કહેવાય છે.

તાપસતિય સ્ત્રી. ગૌતમ ઋષિની પત્ની અહલ્યા.

તાપસદ્રુમ [સં.] ન. ઉમરિયું; ઉમરિયાનું ઝાડ; તાપસતરુ.

તાપસપુરાણ [સં. તાપસ + પુરાણ] ન. એક પ્રકારનું પુરાણ; તપસ્વીનું પુરાણ.

તાપસપ્રિય ૧. [સ.] પું. એક જાતનું ઝાડ; ઉંબરાનું ઝાડ.

૨. પું પિત્તપાપડો.

૩. વિ. તાપસને પ્રિય; તપસ્વીને વહાલું.

તાપસપ્રિયા ૧. [સં.] સ્ત્રી. દ્રાક્ષ; દ્રાક્ષ.

૨. સ્ત્રી. તપસ્વીની પ્રિયા.

૩. સ્ત્રી. ધરિયાળી; તાપસ શરીરમાં ચોટી ગરમી, બિનવા, પ્રમેહ તથા તરસની ગરમીમાં ધરિયાળીનું શરબત પીવાથી શાંતિ થાય છે. તે ગરમીવાળાને બહુ જ પ્રિય છે, માટે તેને તાપસપ્રિયા કહેવામાં આવે છે.

૪. સ્ત્રી. વાયવાડી નામની વનસ્પતિ.

તાપસયંજન [સં.] પું. તાપસનો વેશ ધારણ કરી ખેપૂત, ચોવાગિયા, ચોપારી તથા સરકારી અમલદારોની હિલચાલ ઉપર નજર રાખતો જાસૂસ.

તાપસવૃક્ષ જુઓ તાપસતરુ.

તાપસવેશ [સં.] પું. સાધુવેશ; સાધુનો પોશાક; તપસ્વીનો વેશ.

તાપસી ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.

૨. સ્ત્રી. તપ કરનારની સ્ત્રી.

૩. સ્ત્રી. તપસ્વિની. તપ કરનારી સાધ્વી સ્ત્રી; યોગિની; તપોવનમાં રહેતી અને તપ આચરતી સ્ત્રી

તાપસીવેશધારિણી [સં.] વિ. સ્ત્રી. તપ કરનાર તાપસીનો વેશ ધારણ કરનારી.

તાપસીવેશધારી [સં. તાપસીવેશધારિન્] વિ. તાપસીનો વેશ ધારણ કરનાર.

તાપસેક્ષુ [સં.] સ્ત્રી. એક પ્રકારની ચોરડી.

તાપસેષ્ટ ૧. ન. ચારોળી.

૨. [સં.] વિ. તાપસને પ્રિય.

તાપસ્નેહ [સં.] પું ઘેની, વજ્ર, બાજ, ઠીકરું, સૂરજનો મોટો કે ક્રરકોર્સ પ્રકારની ગરમી પ્રકાશાદી ઉત્પન્ન કરેલો પરસેવો.

તાપહ પું. સૂર્ય

તાપહર ૧ [સં.] વિ ગરમીને દૂર કરનાર; તાપ હરનાર; શીતળ

૨. વિ. સંતાપ મટાડનારું.

તાપહરા વિ. તાપને હરનાર; ગરમી ઓછી કરનાર.

તાપહરી [સ.] સ્ત્રી. વૈદ્યકપ્રસિદ્ધ એક અંજન કે ચાર્ણ; કળાદર નામની વીમાં તલેલ મીઠું અને સાકર ખાલી કરેલ એક જાતનો પદાર્થ.

તાપહારી [સં. તાપહારિન્] વિ. તાપનો નાશ કરનાર; સંતાપ દૂર કરનાર.

તાપાઢ [ફા.] પું. પ્રેમ; મિત્રતા.

તાપાણી ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

તાપાભેદ્ય [સં. તાપ + અભેદ્ય (ભેદવું અશક્ય)] વિ. અધર્મવાદી; ગરમી પસાર થવા ન દેનાર; 'એરટમેનસ.'

તાપાવરોધી [સં. તાપ + અવરોધિન્ (અટકાવનાર)] વિ. ગરમી આપે નહિ અથવા ગરમી લઈ રાકે તેવું

તાપોક [સં. તાપ + ઓક] ન. ગરમીનું આપ; 'રેડીએરી.'

તાપિક [સં.]' વિ. ગ્રીષ્મ ઋતુમાં હોનાર કે થનાર.

તાપિચ્છ ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; એક ઝાડવું; તમાલ વૃક્ષ; તમાલપત્ર. સંસ્કૃત કાવ્યોમાં તેનાં વર્ણન આવે છે.

કાલગંધ તાપિચ્છ અને તિલક નામ તમાલ,
ખેરાતા વન સાથમાં વસંતણ મોહનવાલ.
પિંગળગ્રંથો

૨. પું. સુવર્ણમાક્ષિક ધાતુ.

૩. પું. સોનામુખી.

તાપિચ્છ જુઓ તાપિચ્છ

તાપિત ૧ [સ.] વિ તપ્ત; તપેલું; તપાવેલું; તાપેલું

૨. વિ. ત્રાસ પામેલું; સંતપ્ત થયેલું.

૩. વિ. દુ ખી; અસંતોષ ભોગવતું; ચિંતાગ્રસ્ત; પીડા પામેલું.

સ્મર જ્વરે તાપિત વહુ છે,
ઉગારી લો અંગસુધા વહે એ. ગીતગોવિંદ

તાપિની ૧. [સં] સ્ત્રી. અથર્વવેદની એ નામની એક ઉપનિષદ.

૨. સ્ત્રી સૂર્યની હૃદય આંહેની એ નામની એક કલા. તાપિની, તાપિની, ધૂમ્રા, મરીચી, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી ને ક્ષમા એ સૂર્યની દ્વાદશ કલાનાં નામ છે

૩. વિ.સ્ત્રી. તપાવનારી; તાપ આપનારી; ગરમ કરનારી.

તાપિયા ૧. સ્ત્રી. પારસીની એ નામની અટક.
૨ ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તાપિયો ૧. પું. એક જાતનું કરિયાણું.
૨. પું. તડકામાં ન ચાલી શકે તેવો બળદ.
૩. પું તપસ્વી.

તાપિચ્છ જુઓ તાપિછ.

તાપિછ ૧. [સં.] પું. તમાલવૃક્ષ.
૨. પું. સુવર્ણમાક્ષિક ધાતુ.
૩. પું. સોનામુખી.

તાપિજ જુઓ તાપિછ.

તાપી ૧. [સં. તાપિન્] પું. સૂર્યદેવ.
૨. પું. મોટું સાપુ
૩. સ્ત્રી. કડિયાનું એક ઓજાર; સુતાળું.
૪. સ્ત્રી. જમના નદી.
૫. [સં.] સ્ત્રી. સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળતી એ નામની નદી. એના કિનારા ઉપર સુરત શહેર આવેલું છે. તે હિંદની અઢાર મુખ્ય પવિત્ર નદીઓમાંની એક ગણાય છે. સંસ્કૃત પૌરાણિક ગ્રંથોમાં એનું માહાત્મ્ય વર્ણવેલું છે.
તાપી ડૂબો કરવો = ડૂબો તળાવ કરવો; તાપી નદીમાં કે ડૂબામાં પડી આપઘાત કરવો.
૬. સ્ત્રી. સૂર્યની કન્યા; તપ્તિ.
૭. સ્ત્રી. (પુરાણ) સૂર્યે પોતે ઉષ્ણતાથી પોતાનું રક્ષણ કરવાને ઉત્પન્ન કરેલી નદી. તે મુલતાઈના સંગેશ્વરમાંથી નીકળે છે.
૮. વિ. ગરમ કરેલું.
૯. વિ. જેમાં તાપ હોય એનું.
૧૦. વિ. તાપ દેનાર; તાપક

તાપીજ ૧. [સં.] પું. માક્ષિક ધાતુ.
૨. પું. સોનામુખી.

તાપીદ સ્ત્રી. મદદ.

તાપીર [અ.] સ્ત્રી. અમર; અમર થવી તે.

તાપીસમુદ્ભવ [સં.] પું. તાપીસભવ; માક્ષિક ધાતુ.

તાપીસંભવ [સં] પું. માક્ષિક ધાતુ.

તાપીસાતમ સ્ત્રી. એ નામનું એક વ્રત. આ વ્રત અષાડ સુદિ સાતમના રોજ નામર તાતિમાં પરણેલ કન્યા પરણ્યા પછી પહેલાં સાત વરસ સુધી કરે છે.

તાપુરી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુણ્ડ છંદ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં તગણ અને લઘુ મળી ચાર વર્ણ હોય છે.

તાપૂ [હિં.] પું. ભેટ; દીપ; ટાપુ.

તાપૈ પું પિતા; બાપ

તાપેં [હિ.] અ. તે ઉપર.

તાપેંદ્ર [સં.] પું. સૂર્ય.

તાપોજ્જ્વલ [સં.] વિ. ઉષ્માપ્રકાશ.

તાપોજ્જ્વલ લેખ ન. ફિટ્સન લાઇટની બત્તી; ફોટોમેક્સ બત્તી.

તાપોડો ૧. પું ઉનાળામાં ગરમીને લીધે થતો ફોલ્લો; તાપને લીધે થતો ફોલ્લો.
૨. પું. તાપનો ગુસ્સો; તાપની સારે ગરમી; ધામ; સખત તાપ; કારો; બરા મધ્યાહ્નના તડકાની ખૂબ અસર.
તા.પોટાની વીજળી = તડકા બહુ પડી એમ બતાવનારી વીજળી.

તાપોડિયું (તાપોડિયુ) ૧ વિ. ઉનાળામાં તાપને લીધે થયેલું ચૂમકું; ગરમી કે ધામને લીધે થતો ફોલ્લો; વૈશાખ અને જેઠ માસમાં બપ્પા કારાના તાપથી કધિર ગરમ થઈ શરીર ઉપર આવી આવતા ચાગૂમડાં; તાપોટો; તાપડિયું.
૨. ન. ગરમીને લીધે આંખોમાં થતો ઝીણી ઝીણી ફોલ્લીનો રોગ.
૩. ન. લાંબું ને ખાડી ખલનું કેળું; વચમાં ખાડી નસ હોય તેવું કેળું; આસડિયું કેળું.

તાપોદ્દીપન [તાપ + ઉત્ + દીપન] ન. અતિ ગરમી

તાપ્ય ૧. [સં.] પું. એક ખનિજ પદાર્થ; તાપી નદીમાંથી મળતી એક ધાતુ; હીરાકસો.
૨. પું. માક્ષિક ધાતુ.
૩. વિ. તપાવવા યોગ્ય.
૪. વિ સંતાપ પમાડવા જેવું.

તાફેતો [ફા. તાફ્તા] પું. એક જાતનું રેશમી કપડું; એક જાતનું રેશમ ને સૂતરનું કપડું; તાફ્તો. મૂપજાંવા નામનું રેશમી કાપડ.

તાફ્રો [અ. તાઈફા] પું. મડળી; ટોળી.

તાબિઝ ન. અપમાન; ઠલક.

તાબિહ (તાબિહ) ૧. [અ] વિ. ખૂબ ડાર પીધેલ.
૨ વિ. છલકાતું. તળાવ માટે વપરાય છે.

તાફેતા ૧. [ફા. તાફ્તન (પ્રકારવું)] ન. એક પ્રકારનું રેશમી વસ્ત્ર; ટફેટા.
૨. ન. કપૂતર અને ઘોડાનો એક રંગ; 'ઝોકમિ કોમ કલર.'

તાબ ૧ પું. અમમંજસ.
૨. પું તાપ; ગરમી.
૩. પું. તાવ; બુખાર.
૪ સ્ત્રી. ગુસ્સો.
૫ [ફા. તાફ્તન (પ્રકારવું)] સ્ત્રી. તેજ અજવાળું. પ્રકાશ. અમાસમાં વપરાય છે જેમકે, આફતાબ, માહતાબ.
૬. સ્ત્રી. પ્રભાવ; શક્તિ; બળ; શૌર્ય.
૭. સ્ત્રી. બળ; વાળવું તે.
તાબ દેવી = વાળવું.
૮. સ્ત્રી ચોકસ
૯. સ્ત્રી સહન કરવાની શક્તિ; ધૈર્ય; સહનશીલતા.
૧૦. વિ પ્રકાશનાર.
૧૧ [અ] વિ ખુશ, મસ્ત

તાબડતોડ (તાબડતોડ) ૧. [હિં.] અ અપવસ્થિતપણે.
૨ અ એક પછી તરત બીજું; અખંડિત ક્રમમાં; અનુક્રમે.
૩. અ એકદમ; તાબડતોબ.
૪. અ. વારંવાર

તાબડતોબ (તાબડતોબ) અ. તરત ને તરત જ; એકદમ; જલદી; ઝટપટ; જરા પણ વિલંબ વગર; ફટકમ થતાં વાર; તુરતાતુરત; જરા વારમાં; ઉતાવળથી; ઝપટી વગાડતાં જલદીથી; ખળમાં; તુર્ત.

તાબડતોબિયું (તાબડતોબિયું) ૧. વિ. ઉતાવળું.
૨. વિ. ઝડપવાળું.

તાબડો (તાબડો) પું. સાબળની ઉપર બંને બાજુએ વાગતો અવાજ.
તાબડો ફોડવો = સાબળ ઉપર બંને બાજુએ વગાડીને જાહેરાત કરવી. તાળી પાડવી; ટાબડો ફોડવો.

તાબતાફેતા [વિ] સ્ત્રી. શક્તિ.

તાબનિદ્દકી જુઓ તાપનિદ્દકી

તાબદાન ૧ [ફા.] પું. અજવાળિયું
૨. પું. રેંજિત કામના કટકાવાળી ઝરી.
૩. ન આકારનું અજવાળું.
૪ ન દિવાલની અંદરનું કાણું.
૫ ન બારી.

તાબદાર ૧ [ફા] વિ. તેજદાર; તેજસ્વી.
૨ વિ ચળકતું.

તાબનાક ૧. [ફા.] વિ ગરમ
૨ વિ તેજસ્વી.

તાબરેજ (તાબરેજ) ૧. વિ. મૂર્ખ.
૨. અ. એકદમ; તુરત.

તાબરતોડ (તાબરતોડ) જુઓ તાબડતોબ.

તાબંદગી [ફા.] સ્ત્રી તેજસ્વીપણું.

તાબંદા [ફા.] વિ. ચળકતું; પ્રકાશતું.

તાબા [ફા.] પું. તપો; લોઢી.
૨. સ્ત્રી. એ નામની કઠણીની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. [અ. તાબિઅ (પરતંત્ર)] ન. નિયત્રણ; કબજો. અમલ.
૫. વિ. એ નામની અટકનું.

તાબાની જુઓ તાબદગી.

તાબાલાંબુ ન એક જાતનું લીંબુ.

તાબાં [ફા.] વિ. ચકમકિત; તેજસ્વી.

તાબિઅ [અ.] વિ. તાબે હોય એવું; આશ્રિત.
તાબિઅ કરવું = શ્રુતવું.

તાબિઅદાર [અ.] પું. અનુયાયી.

તાબિઅદારી [અ.] સ્ત્રી. આજ્ઞાંકિતપણું.

તાબિક [અ.] વિ. મળતું આવતું

તાબિખ [અ. તબ્ખ (તેણે રાંધ્યું)] પું. રસોઇયો.

તાબિરા ૧. [ફા.] સ્ત્રી. અહસોસ; ખેદ.
૨. સ્ત્રી. ગરમી.
૩. સ્ત્રી. વૈભવ.
૪. સ્ત્રી. શોભા.

તાબિસ્તાન [ફા] પું. ઉનાળો.

તાબિસ્તાની ૧. [ફા.] વિ. ઉનાળા જેવું આકરું
૨. વિ. ઉનાળાને મળતું આવતું.

તાબી ૧. [ફા. તાબ (તાપ)] પું. ઉનાળુ પાક.
૨. જુઓ તાબા ૧, ૪.

તાબીઇન પું બ. વ. અનુયાયીઓ. આ શબ્દ આમ કરીને મહમદ પૈગંબરના અસહાબના સીધા અનુયાયીઓ હતા તે મુસલમાનો માટે વપરાય છે

તાબ્રીઝીન જુઓ તાબીઇન

તાબીન [અ. તાબિઅ (આશ્રિત)] વિ. આજ્ઞામાં; સ્વાધીન.

તાબીર ૧. પું. અર્થ; ઉકેલ.
૨. પું ગુણ

તાબૂત ૧. [તા (કાજળ) + બૂત (મૂર્તિ)] પું. તાજિયો
૨. પું. મરાઠી રાજ્યમાં મુસલમાનો ઉપર તાબૂત ફેરવવા બદલ લેવાતો કર
૩. ન. શબરૂપ એટલે ન હાલે ન ચાલે તેવું પૂતળા જેવું માણસ.
તાબૂત જેવું = જડ, ચૈતન્ય રહિત; દિગ્મૂઢ થઈ ગયેલું હોય એવું.

તાબૂતગર [ફા.] વિ. તાબૂત બનાવનાર.

તાબૂસ જુઓ તાબૂત.

તાબે ૧. વિ. અનુયાયી
૨. [અ. તાબિઅ] વિ. આજ્ઞા ઉઠાવે એવું; આજ્ઞાધીન; આજ્ઞાંકિત.
૩. વિ. કબજે હોય તેવું; વશ; સર; કોઈની સત્તામાં હોય તેવું; આધીન; તાબાનું; હાથ હેઠળનું.
૧. તાબે કરવું-લેવું = (૧) અમલ નીચે લાવવું. (૨) વશ કરવું
૨. તાબે થવું = (૧) વશ થવું; આજ્ઞામાં રહેવું; અમલ નીચે આવવું. (૨) શરણે આવવું, તાબે થવું; હથિયાર હોડવાં.
૪. વિ. નરમ સ્વભાવનું; નમતું આપે એવું.
૫. વિ. નિમકહલાલ; કરજ અદા કરનાર.
૬. સ્ત્રી. અમલદારી; સત્તા તળે; તાબામાં, કબજામાં

તાબેદાર [અ. તાબિઅ (આશ્રિત)] પું. જ બ. મહમદના એક અથવા બધારે અસહાબ સાથે ઓળખાણવાળા મુસલમાનો.

તાબેદાર ૧. [અ. તાબિઅ (તે પાછળ પંજાબી અર્થ) + ફા. દાર (રાખનાર)] પું. સેવક; નોકર; અનુચર. આ શબ્દ મોટો છે. ખરો શબ્દ તાબુદાર છે. એ જ અર્થમાં કર્માન્દાર શબ્દ ચાલે. તાબે શબ્દનો અર્થ પણ એવો જ છે. ઉર્દૂ ભાષામાં મોટો પ્રયોગ છતાં તાબેદાર શબ્દ વપરાય છે.
૨. વિ. ઊતરતા દરજ્જાનું; હુકમમાં કે સત્તામાં રહેનાર; આજ્ઞાંકિત; આજ્ઞા ઉઠાવે એવું.
૩. વિ. તાબામાં હોય તેવું; હાથ કે સત્તા નીચેનું; આધીન; પરાધીન; પોતાની મરજી પ્રમાણે નહિ વર્તી શકનાર
તાબેદાર કરવું-બનાવવું = કરજ પાડવી, તાબે કરવું.
૪. વિ. દબાયેલ; દાબેલ.
૫. વિ. નરમ સ્વભાવનું, નમતું આપે એવું.
૬ વિ. નિમકહલાલ, કરજ અદા કરનાર

તાબેદારી ૧. [અ. તબઅ (તે અનુસર્યો)] સ્ત્રી અધીનતા, સેવા, નોકરી; તાબે હોવાપણું; મુલાયમી, બીજાના તાબામાં હોઈએ એવી હાલત; પરાધીનતા; પરતંત્રતા; તાબેદારપણું; બીજાની સત્તા નીચે રહીને તાબેદાર કર્મચારી તે, સેવાધર્મ. નોકરી. અમલ કે હુકમમા રહીને તે બતાવે તે પ્રમાણે વર્તવાની હાલત ખિદમદ; સેવા.ચાકરી.
તાબેદારી કરવી = સેવા કરવી, ચાકરી કરવી; નોકરી બજાવવી.
૨. સ્ત્રી. માન; પૂજ્યભાવ
૩. સ્ત્રી. સેવકધર્મ; આજ્ઞાંકિતપણું.

તાબો [અ. તાબીઅ] પું. કબજો; હવાલો; ઇલાકો; સત્તા; અધિકાર; ભોગવટો; સ્વામિત્વતા; અધિકારીની તળે રહેતાં ગામડાં ઉપરની સત્તા.
તાબાનું માણસ = કબજાનું માણસ; નોકર; સેવક; વશ હોય તે.

તાબોટો પું તાળોટો; તાળી, જોરથી બે હાથની હથેળીઓ એક ઉપર એક અફળી મોટો અવાજ કરવો તે, અવાજ કરતી પડતી તાળી; ટાબોટો.
તાબોટા પાડવા = તાળી પાડી સામાની મશ્કરી કરવી; કજેતી કરવી; હાંસી કરવી.

તાબોતાકત [તાબ + તાકત] સ્ત્રી. સત્તા અને શક્તિ.

તામ ૧. [હિ.] પું. અંધકાર; અંધારું
૨. [સં. તામસ] પું. ક્રોધ; રોષ; ગુસ્સો.
૩. [સં.] પું. ગ્લાનિ; ન્યૂનતા.
૪. પું. દુર્ગુણ.
૫. પું. દુઃખ; કલેશ; વ્યથા.
૬. પું. દોષ; ભૂલ, વિકાર.
૭. પું. પ્રીતિ; ચાહના.
૮. પું. બનવું કારણ.
૯. પું. ભીખણ; ભયંકર.
૧૦. પું. મનોવિકાર; ચિત્તનો ઉદ્વેગ; વ્યાકુળતા; બેચેની.
૧૧. વિ. ગ્લાનિકારક; કંટાળો ઉપજાવનાર.
૧૨. વિ. દુઃખી; વ્યાકુળ; હેરાન.
૧૩. વિ. ભયંકર.
૧૪. અ. (જૂ. ગુ.) તે વારે; ત્યારે.
૧૫. અ. (જૂ. ગુ.) ત્યાં.
૧૬ અ. (જૂ. ગુ.) ત્યાંસુધી.

તામઅમ્મુદ ન. અવગણના; આજ્ઞાનું પાલન નહિ કરવું તે

તામઅમ્મૂર [ફા. તા (સુધી) + મઅમ્મૂર (તાબાત)] અ. શક્ય હોય ત્યાંસુધી; શક્તિ અનુસાર.

તામચીની સ્ત્રી. ઢબનામવાળું તાંબુ; તાંબા ઉપર કરેલું મીનાકામ.

તામજન પું. એક જાતની પાલખી, માચી કે ઢોળી. તે લાકડાની ખુરશીના આકારની હોય છે.

તામઝામ [હિ.] પું. એક દેશી વાદન. તેને બે છેડે બે વાસડા હોય છે અને બે માણસ બંને ઉપાડે છે.

તામડા (તામડા) ૧. [હિ.] પું ખોપરી; માથું

૨. પું. ઢાંકેલું માથું.
૩. પુ. તાંબા જેવો રંગ. કબૂતર માટે વપરાય છે.
૪. પું. માણેક જેવો એક જનાવરી પથ્થર
૫ પું. સ્વચ્છ આકાશ.

તામડી (તામડી) ૧ સ્ત્રી. તાંબડી; તાંબાનું પહોળા મોંનું નાનું જળપાત્ર; એક જાતનું ગોળ વાસણ; નાનો તાંબડો; વટલોઈ.
૨. ન. એક જાતનું કેળું.

તામડું (તામડું) ૧. ન. તાંબડી; વટલોઈ
૨. વિ તાંબાના રંગનું

તામડો (તામડો) ૧. પું. તાંબડો; દાંડો; કેતડો; પાણી ભરવાનું મોટું વાસણ; એક જાતનું ગોળ વાસણ.
૨. પું. લાલ રંગનો મૂલ્યવાન પથ્થર.
૩. સ્ત્રી. તાંબાના રંગની ઝાંખવાળી લાલ રંગવાળી ઈંટ

તામણ ૧. પું. પ્રમથનું ઝાડ.
૨. ન. એક જાતનું ઘાસ.

તામન ન. બેજવાળા પ્રદેશમાં ઊગતું એ નામનું ઝાડ; જારૂલ.

તામર ૧. પું. (પિંગળ) એ નામનો બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ.
૨. [સં.] ન. બી.
૩. ન. પાણી.
૪. વિ. લાલ; રક્ત.

તામરનેત્ર વિ. તાંબા જેવી રાતી આંખવાળું.

તામરસ ૧. પું. (પિંગળ) એ નામનો એક ચિત્ર રચનાવાળો છંદ.
૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ અને યગણ એમ બાર અક્ષર હોય છે. પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તેને અલિતપદ તામરસ કે ઉલિતપદ પણ કહે છે.

ન જ જ ય યાય જ **તામરસ** તો.
રણપિંગળ

૩. પું. તાંબાનો રસ.
૪. પું. સારસ.
૫. ન. કમળ; લાલ કમળ.

પુંડરીક પુષ્કર જલજ અબ્જ અંભોજ,
પંકજ સારસ **તામરસ** કુવલય કંજ સરોજ
પિંગળપ્રકાશ

૬. ન. તાજુ.
૭. ન ધતૂરો.
૮. ન. સોનું.

તામરી સ્ત્રી. એક જાતનું તાંબાનું વાસણ.

તામલકી [સં.] સ્ત્રી. જોષ્ટ્યામલકી; જૂની આંબલી.

તામલકીદલ ન. તાલીસપત્રનું પાંદડું. તે ખાવાથી મામરચેલના પાનની ગરજ સારે છે. ગુણમાં કરક છે.

તામલિપ્ત [સં. તામ્રલિપ્ત] પું બંગાળની દક્ષિણમાં આવેલો એ નામનો એક પ્રાંત.

તામલુક [સં.] પું. બંગદેશનો મેદનીપુર જિલ્લામાં આવેલો એક ભાગ; તામલિપ્ત.

તામલેટ ૧. [અં ટેબલર] પું. ઢિનનો ગ્રાસ. તેના ઉપર ચળકતો રોગાન ચઢાવો હોય છે.
૨. ન. ટબ.

તામલેહ જુઓ તામલેટ.

તામલોહ જુઓ તામલેટ

તામસ ૧. [સં.] પું. અંધકાર; ગાઢ અંધકાર.
૨. પું. એક પ્રકારનું જળચર જીવ.
૩. પું. (જ્યોતિષ) કલ્પના ચૌદ મન્વંતરો એ નામનો એક મનુ. જુઓ મનુ.
૪. પું. ગુસ્સો; અવિચારી ક્રોધ; શીઘ્રકોપ; સહેજસાજમાં એકદમ ખૂબ ગુસ્સે થઈ જવાપણું; અતિ ક્રોધવાળો ગુણ.
૫. પું. ધુવડ.
૬. પું. ચૌદ મન્વંતરો એ નામનો એક મન્વંતર; ૩૦,૮૪,૪૮,૦૦૦ વર્ષનો થતી ગણેલ એ નામનો ચોથો મન્વંતર.
૭. પું. તમોગુણી પુરુષ.
૮. પું. તેત્રીસ પ્રકારના કેતુ, જે સૂર્ય અને ચંદ્રમામાં દૃષ્ટિગોચર થાય છે.
૯. પું. દુષ્ટ મનુષ્ય
૧૦. પું. રાહુનો પુત્ર તામસકીલ.
૧૧. પું. વરાહકલ્પ ગણાયેલા એ નામનું એક અસુર
૧૨. પું સર્પ
૧૩. પું. સાત મનુ માંહેનો એ નામનો ચોથો મનુ; પ્રિયવ્રતનો એ નામનો દીકરો
૧૪ ન. અજ્ઞાન.
૧૫ ન તમોગુણ. શોક. મોહાદિ ભાવ.

નાથ. **તામસ** તે વંશાદી એ ત્રણ ગણેલા સારા,
સાળો કે સસરો કહેવાથી તામસ કરે તમામ રે,
સૌનો સાળો—સૌનો સસરો છે, દ્વિજ દલપતરામ રે
દલપતરામ

૧૬. ન. મોહ.
૧૭. વિ અંધારિયું; અંધારાવાળું; અંધકારમય.
૧૮. વિ. ખરાબ; દુષ્ટ.
૧૯. વિ. તમસનું બનેલું; તમોગુણમાંથી ઉત્પન્ન થયેલું.
૨૦. વિ તમોગુણી; તમોગુણવાળું; તમોગુણને લગતું. પદ્મપુરાણમાં કેટલાંક શાસ્ત્રો, જેવાં કે કણાદનું વૈશેષિક, ગૌતમનું ન્યાય, કપિલનું સાંખ્ય, જૈમિનિનું મીમાંસા વગેરેની ગણના તામસશાસ્ત્રોમાં કરવામાં આવી છે બૃહસ્પતિનું ચાર્વાકદર્શન, જૈનોનું બૌદ્ધશાસ્ત્ર, શંકરનું વેદાંત બધાંદિ તત્ત્વજ્ઞાન સંબંધી ગ્રંથને પણ સામ્પ્રદાયિક દૃષ્ટિથી તામસ જણાવવામાં આવેલ છે. પુરાણોમાં મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, અગ્નિ અને સ્કંદ એ છને તામસ પુરાણ કહેવાય છે. સામુદ્ર, સ્વપ્ન, યમ, ઔશનસ આદિ કેટલીક સ્મૃતિઓ તથા જૈમિનિ, કણાદ, બૃહસ્પતિ, જમદગ્નિ, શુક્રાચાર્ય આદિ મુનિઓને પણ તામસ કહી નાખ્યા છે એ રીતે પ્રકૃતિના ત્રણ ગુણ અનુસાર અનેક વસ્તુઓ અને આચારોના વિભાગ કરવામાં આવ્યા છે. નિદ્રા, આલસ્ય, પ્રમાદ આદિથી ઉત્પન્ન થતા સુખને તામસ સુખ અને પુરોહિતાઈ, અસત્પ્રતિગ્રહ, પશુહિંસા, ચોરી, મોહ, અહંકાર આદિને તામસકર્મ કહેલ છે. વિષ્ણુ સત્ત્વગુણમય, બ્રહ્મા રજોગુણમય અને શિવ તમોગુણમય મનવામાં આવે છે. તામસની ઉપાસના, ભોજન, વસ્ત્ર, તપ, દાન, કર્મલાગ, જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ, ધૃતિ અને સુખ અનુક્રમે ભૂતપ્રેતોપાસના, ઉચ્છિષ્ટ કે વાસી, અહંકારરહિત, ખીજાના નાશ માટે, કુપાત્રમાં દીધેલું, મોહથી, મિથ્યાજ્ઞાન, હિંસાદિ દોષયુક્ત, વિષાદી, વિપરીત ભાવયુક્ત, શોકમોહયુક્ત અને નિદ્રાલ્યોત્પન્ન હોય છે.
૨૧. વિ. મૂર્ખ.

તામસ અહંકાર પું. એક જાતનો અહંકાર; સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના અહંકાર માંહેનો એક. તેમાંથી પાંચ તન્માત્રા ઉત્પન્ન થાય છે.

તામસ આહાર પું. તામસી ખોરાક; ઠાર્યું, શીતળ, વાસી, અષ્ટું, જેને રાખ્યા પછી એક પ્રહર વીતી ગયો હોય તેવું તથા અપવિત્ર અન્ન અને તેના જેવા બીજા આહારો તામસ આહાર કહેવાય છે.

ઠાર્યું ઠારેલું પહોર લગી, શીતળ વાસી થાય,
અષ્ટું અને અપવિત્ર અન્ન ભોજન **તામસ** ખાય.
લોકસાહિત્ય

તામસકર્મ [સં. તામસકર્મન્] ન. તમોગુણયુક્ત કર્મ. પશુહિંસા, ચોરી, મોહ, અહંકાર આદિને તામસકર્મ કહ્યા છે. જે કર્મ પરિણામનો, હાનિનો, હિંસાનો, પોતાના બળનો વિચાર કર્યા વિના મોહને વશ થઈને આરંભે છે તે તામસ કર્મ કહેવાય છે.

તામસ કર્તા [સં. તામસ (તમોગુણી) + કર્તૃ (કર્તા)] પું. અવ્યવસ્થિત, અસંસ્કારી, ગમગીન અને દીર્ઘસૂત્રી કર્તા. તામસ કર્તાનું પ્રધાન લક્ષણ અજ્ઞાન અને મોહ છે. તે કારણથી તેનામાં યોગ અર્થાત્ કર્મમાં કુશળતા હોતી નથી. તેથી તેને અયુક્ત એટલે જેનામાં કર્મની કુશળતા નથી એવો અકુશળ, કળાકૌશલ્યહીન પુરુષ કહે છે. જેનામાં કર્મસંકલ્પ નથી હોતું, તેનાથી કોઈ પણ કાર્ય યથાયોગ્ય રીતે થઈ શકતું નથી અને યોગ્ય રીતે કર્મ નહિ થવાથી તેને સફળતા મળતી નથી. તામસ કર્તા પોતાના અજ્ઞાનને લીધે પ્રાકૃત એટલે સરકારહીન હોય છે.

જે અવ્યવસ્થિત, અસંસ્કારી, ગમગીન અને દીર્ઘસૂત્રી છે તે તામસ કર્તા કહેવાય છે.

અનાસક્તિયોગ

તામસકીલક [સં.] પું. (જ્યોતિષ) એક પ્રકારના કેતુ, જેને રાહુના પુત્ર માનવમાં આવે છે. તેઓની સંખ્યા તેત્રીસની મનાય છે. તેનાં વર્ણ, આકાર, તથા સ્થાન ઉપરથી તેનાં ફળનો નિર્ણય કરવામાં આવે છે. જો સૂર્યમંડળમાં દેખાય તો તેનું ફળ અશુભ અને ચંદ્રમંડળમાં દેખાય તો તેનું ફળ શુભ મનાય છે.

તામસ જ્ઞાન [સં.] ન. કોઈ પણ એક બીજ અતિ અલ્પ હોવા છતાં તેમ જ મૂળતત્ત્વરૂપ ન હોવા છતાં તેમાં કોઈ પણ પ્રમાણ વિના આગ્રહ રાખી સંપૂર્ણતા માની લેવી એટલે કે કોઈ પણ ચીજને જગતનું મૂળકારણ માનવું અથવા મૂળકર્તા એટલે ઈશ્વર તરીકે માન્ય કરવો તે.

કોઈ એક જ કાર્યમાં અતુ ગણી હેતુ વિના રૂઢે બંધી, જે તત્ત્વાર્થ રહિત અલ્પ કહું છે તે જ્ઞાનને તામસી.

ગીતા પંચામૃત

તામસ તપ [સં. તામસ (તમોગુણી) + તપસ્ (તપ)] ન. કનિષ્ઠ પ્રકારનું તપ; રાક્ષસી તપ; તમોગુણયુક્ત તપ; જે તપ પિડાઈને, દુરાગ્રહથી અથવા પારકાના નાશને અર્થે થાય છે તે તામસ તપ કહેવાય છે. ગીતામાં તેની વ્યાખ્યા એમ છે કે: મૂઢતાથી પોતાની જાતને પીડા કરીને જે કરવામાં આવે છે તથા જેમાં બીજાનો નાશ કરવાનો ઉદ્દેશ હોય છે તેને તામસ તપ કહે છે. અહીં તામસ તપની વ્યાખ્યા કરવામાં આવી છે, તેમા દેવી ભાવ ઘણો ઓછો છે, આસુરી ભાવ જ એમાં ભરેલો છે. આ જાતનું તપ દૈવી સંપત્તિમાં આવી શકે નહિ. આ જાતના કાર્યને તપ તો કહેવાય, પણ તે આસુરી તપ કહેવાય.

તામસ ત્યાગ [સં.] પું. તમોગુણયુક્ત ત્યાગ. જે ત્યાગ મોહને વશ થઈને અથવા કે વિપરીત બુદ્ધિથી કર્મો હોય તે તામસ ત્યાગ કહેવાય છે. નિયત કર્તવ્યકર્મનો ત્યાગ કદી પણ કરવો જોઈએ નહિ; પરંતુ મોહથી તથા અજ્ઞાનથી જે લોકો આવશ્યક કર્તવ્ય કર્મનો પણ ત્યાગ કરે છે અર્થાત્ કર્તવ્ય પણ કરતા નથી અને કર્મનો ત્યાગ કરવાને લીધે પોતાને સન્યાસી કહે છે, તેમનો એ ત્યાગ તામસ અર્થાત્ અજ્ઞાનજન્ય છે. કર્તવ્યકર્મનો ત્યાગ દુઃખકર છે. ગીતામાં જે ત્યાગ કરવાનો આદેશ છે તે કર્તવ્યકર્મનો ત્યાગ નથી, પરંતુ કર્મના ફળનો ત્યાગ છે.

તામસ દાન [સં.] ન. તમોગુણયુક્ત દાન. દેશ કાળ શાસ્ત્રમા કહેલ હોય તેથી રહિત તેમ જ આદરસત્કાર વિના જે દાન દેવાય તે તામસદાન કહેવાય.

વિના દેશ કે કાળ જોઈ, દાન આપવું વ્યાજ; વણ આદરસત્કાર જ્યાં, તામસ દાન ગણાય.

ગીતા

તામસ દેહ [સં.] પું. તમોગુણયુક્ત શરીર. તે સર્પપ્રિય હોય છે.

તામસ પુરાણ ન. તમોગુણી પુરાણ. પદ્મ પુરાણમાં કેટલાંક શાસ્ત્રને તામસ બતાવ્યાં છે. કણાદનું વૈશેષિક, ગૌતમનું ન્યાય, કપિલનું સાંખ્ય, જૈમિનિનું મીમાંસા, એ બધાંની ગણના તે પુરાણ પ્રમાણે તામસ શાસ્ત્રોમાં કરી છે. એ પ્રમાણે બૃહસ્પતિનું ચાર્વાકદર્શન, શાક્ય મુનિનું બૌદ્ધશાસ્ત્ર, શંકરનું વેદાંત પ્રભાદિ તત્ત્વજ્ઞાન સંબંધી ગ્રંથો પણ સાંપ્રદાયિક દૃષ્ટિથી તામસ મનાય છે. પુરાણોમાં મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, અગ્નિ અને સ્કંદ એ છ તામસ પુરાણ કહ્યાં છે. સામુદ્ર, શંખ, યમ, ઔશનસ આદિ કેટલીક સ્મૃતિઓને પણ તામસ સ્મૃતિઓ કહેવામાં આવે છે.

તામસબ્યાજ ૧. પું. બદનું પ્રેમ કરનાર માણસ. ૨. જિ. હોશિયાર.

તામસ ભક્તિ [સં.] સ્ત્રી. તમોગુણી ભક્તિ.

તામસ ભાવ [સં.] પું. કનિષ્ઠ પ્રકારનો ભાવ. પુરુષાર્થબોધિનીમાં કહ્યું છે કે: સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ ઈશ્વરમાંથી જ પ્રકટ થાય છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે ઉદાહરણ લઈએ. વૃક્ષમાં પત્ર, પુષ્પ, ફળ હોય છે, પરંતુ કેવળ પત્રમાં, કેવળ પુષ્પમાં કે કેવળ ફળમાં સંપૂર્ણ વૃક્ષ નથી હોતું. બીજથી વૃક્ષ બને છે, કિંતુ વૃક્ષના લાકડામાં બીજ પ્રચ્છન્ન દેખાતું નથી. એ જ પ્રમાણે પરમાત્માથી સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ જન્મ્યા છે, તથાપિ એમાંમાં પરમાત્મા નથી. વાદળોમાંથી જળ થાય છે, પરંતુ જળમાં વાદળ નથી. વાદળોના સંઘર્ષણથી વીજળી ઉત્પન્ન થાય છે, પરંતુ એ વીજળીમાં વાદળ પણ નથી રહેતું અને જળ પણ નથી હોતું. અગ્નિમાંથી ધુમાડો નીકળે છે, પરંતુ ધુમાડામાં અગ્નિ નથી હોતો. આ જ પ્રમાણે સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ ઈશ્વરમાંથી થયા છે, પરંતુ એમાંના આશરે પરમેશ્વર નથી.

તામસ મદ્ય પું. જૂનો શરાબ.

તામસ મનુ [સં.] પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાને બીજી સ્ત્રીથી થયેલા ત્રણ માંહેનો બીજો પુત્ર. એ ચાલુ શ્વેતવારાહકલ્પમાં થઈ ગયેલો ચોથો મનુ છે. એના સત્તાકાળને તામસ મન્વંતર કહ્યો છે. એને દશ પુત્રો હતા. એના સત્તાકાળમાં સ્વર્ગમાં ત્રિશિખ નામનો ઇંદ્ર હતો. હરિમેધા નામના બ્રાહ્મણની હરિણી નામની બીજી ઉદરથી હરિ નામે વિષ્ણુનો અવતાર ઇંદ્રની સહાયતા કરવા થયો હતો. એ અવતારે વિષ્ણુએ ગજેંદ્ર અને મકરનો ઉદ્ધાર કર્યો હતો. એ મન્વંતરમાં ગજેંદ્રમોક્ષ થયો હતો.

તામસ મુનિ [સં.] પું. તમોગુણી મુનિ. જૈમિનિ, કણાદ, બૃહસ્પતિ, જમદગ્નિ, શુક્રાચાર્ય આદિ કેટલાક મુનિઓને તામસ કહેલા છે.

તામસ યજ્ઞ [સં.] પું. તમોગુણયુક્ત યજ્ઞ. જે યજ્ઞ અન્ન વિના, દક્ષિણા રહિત, મંત્રવિધિ અને શ્રદ્ધા વિના, અન્નની ઉત્પત્તિ વિના, લાગ વિના થાય તે તામસ યજ્ઞ કહેવાય છે. જે યજ્ઞ અશ્રદ્ધાથી કરવામાં આવે છે, શાસ્ત્રવિધિ તરફ પૂર્ણ દુર્લક્ષ કરીને કરવામાં આવે છે, જેમાં અન્નદાન તથા દક્ષિણાનું દાન હોતું નથી અને યથાયોગ્ય રીતે મંત્રોનું ઉચ્ચારણ પણ જેમાં કરવામાં આવતું નથી તેનું નામ તામસ યજ્ઞ છે. આ પ્રકારનો યજ્ઞ કરવાથી કરનારને યજ્ઞ મળતો નથી તેમ જ બીજાનું પણ હિત થતું નથી, ઊપરાંત સદાય બંનેનું અહિત થવાનો સંભવ છે. તેથી તામસ યજ્ઞને અત્યંત હીન માનવામાં આવે છે.

વિના દાન પણ દક્ષિણા, મંત્રવિધિ વણ સિદ્ધ; શ્રદ્ધા વણ મખ જે કરો, તામસ યજ્ઞ પ્રસિદ્ધ.

ગીતાનુવાદ

તામસવાજ [સં.] પું. એ નામનું એક યજ્ઞ.

તામસ વૃત્તિ [સં.] સ્ત્રી. તમોગુણયુક્ત વૃત્તિ. અવિવેક, ત્રાસ, આળસ અને મૂઢપણું આદિ વૃત્તિઓ તામસ વૃત્તિઓ કહેવાય છે.

તામસ સુખ [સં.] ન. તામસી સુખ. આરંભમા અને પરિણામે આત્માને મૂર્છા પમાડનારું અને નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી ઉત્પન્ન થયેલું હોય તે તામસ સુખ કહેવાય છે.

તામસિક [સં.] ૧. વિ. અંધારિયું; અંધારવાળું.
૨. વિ. તમોગુણના કાર્યરૂપ.
૩. વિ. તમોગુણનું; તમોગુણ સંબંધી.
૪. વિ. તામસી, ક્રોધી.

તામસિક કર્મ [સં. તામસિક કર્મન્] ન. તમોગુણપ્રધાન કર્મ કર્તવ્યાકર્તવ્યનો વિચાર છોડી દેવો, શાસ્ત્રવિધિનો વિચાર ન કરવો, વિધિ છોડીને યજ્ઞ કરવો, અન્નદાન તથા કર્મકર્તાને દક્ષિણા ન આપવી, શ્રદ્ધા ન હોવી અને મનઘડત કર્મ કરવું એ તામસ કર્મનાં લક્ષણ છે.

તામસી [સં.] ૧. સ્ત્રી. અંધારી રાત્રિ.
૨. સ્ત્રી. એક પ્રકારની માયા વિદ્યા. તે વિષે નિકુંભિલા નામના યજ્ઞથી પ્રસન્ન થઈ મેઘનાદને આપી હતી.
૩. સ્ત્રી. જટામાંસીનો છોડ. તે અત્યંત ખિન્નતાથી લાગે છે, માટે તે તામસી કહેવાય છે.
૪. સ્ત્રી. તમોગુણી સ્ત્રી જા.
૫. સ્ત્રી. દુર્ગાનું એક નામ; દુર્ગાદેવી.
૬. સ્ત્રી. મહાકાલી દેવી.
૭. વિ. ઉગ્ર પ્રકોપી સ્વભાવનું, બહુ જ જલ્દ મિજાજનું; ક્રોધના આવેશવાળું; આકળું; સહેજમાં તપી જાય એવું; ચીડિયું; ખાલ્લાઉ; ક્રોધી, તમોગુણી.
૮. વિ. ગરમ મિજાજનું; ક્રોધી.

તામસી આહાર પું. તમોગુણયુક્ત આહાર. જે આહાર લેવાથી આપણા શરીરમાં તદ્દન વિકિયા થાય તે તામસી આહાર કહેવાય છે.

તામસી કર્તા પું. તમોગુણયુક્ત કર્તા. જે પામર, મદ, યાચકોનું, સ્તબ્ધ, દ્વેષથી ભરેલ, વિષાદી, દીર્ઘસૂત્રી અને શઠ હોય તે તામસી કર્તા કહેવાય છે.
જે છે પામર મંદ યોગ્યહીનું ને સ્તબ્ધો ભર્યા દ્વેષથી, વિષાદી વળી દીર્ઘસૂત્રો રાહને કર્તા કહે તામસી.
ગીતાપ્રસાદ

તામસી કર્મ [સં. તામસી કર્મન્] ન. તમોગુણયુક્ત કર્મ. જે કર્મ હિંસાયુક્ત, વિચાર્યા વિનાનું અને મોહથી આરંભેલ હોય તે તામસી કર્મ કહેવાય છે.
હિંસા ને પરિણામ પૌરુષ બળી નાશો ન વિચારીને, આરંભે વળી કર્મ મોહ થકી જે કહે તામસીકર્મને.
ગીતાપ્રસાદ

તામસી દાન [સં] ન. તમોગુણયુક્ત દાન. દેશ, કાળ અને પાત્રનો વિચાર કર્યા વિના, માન વિના, તિરસ્કારથી આપવામાં આવેલું દાન તામસીદાન કહેવાય છે.

તામસી ધૃતિ [સ.] સ્ત્રી. તમોગુણયુક્ત ધૃતિ. જે ધૃતિ થકી દુર્બુદ્ધિ મનુષ્ય નિદ્રા, ભય, શોક, નિરાશા અને મદ છોડી નથી શકતો તે તામસી ધૃતિ છે.
દુર્બુદ્ધિ જન જે ધૃતિથી ભય ના ના નિદ્રા શોકને, ત્યાગે ખિન્ન નહિ, નહિ મદ ધરે, તે તામસી પાર્થ છે!
ગીતાપંચામૃત

તામસી બુદ્ધિ [સં.] સ્ત્રી. તમોગુણવાળી બુદ્ધિ. ગીતામાં આની વ્યાખ્યા એમ છે કે: જે બુદ્ધિ અંધકારથી ઘેરાયેલી છે, અધર્મને ધર્મ માને છે અને બધી વસ્તુને ઊલટી જ જુએ છે તે તામસી બુદ્ધિ છે.

તામસી વિદ્યા ૧. [સં.] સ્ત્રી. અદૃશ્ય થવાની વિદ્યા.
તામસી વિદ્યા ઋષિએ આપી,
પછી પાઠ પ્રેમદાની સ્થાપી. પ્રેમાનંદ
૨. સ્ત્રી. ઊંઘ લાવવાની વિદ્યા; ઊંઘમાં નાખવાની વિદ્યા.

તામસી વિધિ [સં.] સ્ત્રી. તમોગુણપ્રધાન વિધિ.

તામસી શ્રદ્ધા [સં.] સ્ત્રી. તમોગુણયુક્ત શ્રદ્ધા. સદ્‌ગુરુના ને સત્‌શાસ્ત્રના વચનમાં જે વિવેક વિચારથી રહિત મૂઢતાયુક્ત આગ્રહપૂર્વક નિશ્ચય તે તામસી શ્રદ્ધા કહેવાય છે.

તામસી સુખ ન. તમોગુણયુક્ત સુખ, જે સુખ પ્રારંભે અને પછી પણ ચિત્તને મોહમાં નાખે છે, અને નિદ્રા, આળસ અને પ્રમાદથી મેળવાય છે તેને તામસી સુખ કહે છે.
પ્રારંભે ને પછી ય સુખ જે મોહમાં ચિત્ત- નાખે, નિદ્રાઆલસ્યે થયું ગણતે તામસી સુખ તે છે.
ગીતાપંચામૃત

તામા પું. તાબૂ.

તામાલ ૧. પું. જુ ત ત પ્રમાણે
૨. પું. ત ત સંજ્ઞાવાળા શબ્દો.

તામ્રાન ૧. સ. ઉનાળામાં બે માસમા ખીલતો એ નામનો એક ફૂલછોડ. તેનાં ફૂલ જુદા જુદા રંગની ઝાંયવાળા હોય છે. તેમાં આછા ગુલાબી રંગની ઝાંયવાળાં ફૂલ સૌથી સુંદર ગણાય છે.
૨. [સ.] સ. ત ત સ. કાર્તિકેયનું નામ

તામ્રિ [સ.] વિ. ક્રોધી, ગુસ્સાવાળું.

તામ્રિક જુઓ તાર્મિક.

તામ્રિલ ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. સ્ત્રી. અર્વાચીન અક્ષરોની એ નામની એક લિપિ. જુઓ આર્મિનિઅન.
૩. સ્ત્રી દ્રવિડના એક દક્ષિણ ભારતની એ નામની એક જાતિ. તે હાલ મોટે ભાગે મદ્રાસ પ્રેસીડન્સીમાં રહે છે. તે દ્રવિડ જાતિની એક શાખા છે. ઘણા વિદ્વાનોનો મત છે કે, તામિલ શબ્દ સંસ્કૃત દ્રવિડમાંથી નીકળ્યો છે. મનુસંહિતા, મહાભારત આદિ પ્રાચીન ગ્રંથોમાં દ્રવિડ દેશ અને દ્રવિડ જાતિનો ઉલ્લેખ છે. માગધી, પ્રાકૃત કે પાલીમા આ દ્રવિડ શબ્દનું રૂપ દામિલ થઈ ગયું. તામિલ વર્ણમાલામાં ત, થ, દ આદિના એક જ ઉચ્ચારણના કારણથી દ્રમિલનું તામિલ થયું. શંકરાચાર્યના શારીરિક ભાષ્યમાં દ્રમિલ શબ્દ આવે છે. તામિલ વ્યાકરણ અનુસાર દ્રમિલ શબ્દનું રૂપ તિરમિઝ થાય છે. આજકાલ કેટલાક વિદ્વાનોનો મત છે કે, આ તિરમિઝ શબ્દ જ પ્રાચીન છે, જેમાંથી સંસ્કૃતવાળાઓએ દ્રવિડ શબ્દ બનાવ્યો. કૌનોના કાશુજ્જ માહાત્મ્ય નામના એક ગ્રંથમાં દ્રવિડ શબ્દ ઉપર એક વિલક્ષણ કલ્પના કરવામાં આવી છે. તે પુસ્તક પ્રમાણે આદિ તીર્થંકર ઋષભદેવનો દ્રવિડ નામનો પુત્ર જે ભાગમાં વસ્યો તે ભાગનું નામ દ્રવિડ પડી ગયું પણ મનુસંહિતા આદિ પ્રાચીન ગ્રંથોથી જણાય છે કે, દ્રવિડ જાતિના નિવાસના કારણથી તે ભાગનું નામ દ્રવિડ પડ્યું. તામિલ જાતિ અત્યંત પ્રાચીન ગણાય છે. પુરાતત્ત્વવિદોનો મત છે કે, આ જાતિ અનાર્ય છે અને આર્યોના આવ્યા પહેલાં ભારતવર્ષના અનેક ભાગોમાં વસતી હતી. રામચંદ્રે દક્ષિણમાં જઈ જે લોકોની સહાયતાથી લંકા ઉપર ચઢાઈ કરી હતી અને જેને વાલ્મીકિએ વાંદરા લખ્યા છે, તે આ જાતિના હતા. તેમના કાળા વર્ણ, ચિપ્ટ આકૃતિ તથા વિકટ ભાષા આદિના કારણથી આર્યોએ તેમને વાંદરા કહ્યા હશે. પુરાતત્ત્વવેત્તાઓનું અનુમાન છે કે, તામિલ જાતિએ આર્યોના સંસર્ગ પહેલાં જ થોડી ઘણી સભ્યતા મેળવી હતી. આર્યોના સંસર્ગે પછી પૂર્ણ રીતે સભ્યતા મેળવી. એવું કહેવાય છે કે અગસ્ત્ય ઋષિએ દક્ષિણમાં જઈ ત્યાંના રહેવાસીઓને ઘણી વિદ્યાઓ શીખવી. આ જાતિના લોકો ઠીંગણા, ચુસ્તિશાળી અને કાર્યકુશળ વેપારી હોય છે.
૪. સ્ત્રી. હિંદુસ્તાનની મુખ્ય તેર માંહેની તામિલનાડ પ્રાંતની એ નામની એક ભાષા; એક પ્રકારની દ્રવિડી ભાષા. આ ભાષા ૧,૬૫,૨૫,૫૦૦ માણસોથી બોલાય છે
૫. વ. એ નામની જાતિનું માણસ
૬. વિ. એ નામની જાતિનું.
૭. વિ. ગીધ કે મડદાનું.

તામિલતુલૂ સ્ત્રી. એક પ્રકારની લિપિ.

તામિલનાડ (તામિલનાડ) પું. મદ્રાસ આસપાસનો તામિલ ભાષાભાષી પ્રદેશ.

તામિલનાડુ (તામિલનાડુ) જુઓ તામિલનાડ.

તામિલલિપિ જી. દક્ષિણ હિંદીની જ માંહેની એક પ્રકારની લિપિ. આ લિપિ મદ્રાસ ઇલાકામાં જ્યાં જ્યાં પ્રાચીન ગ્રંથલિપિનો પ્રચાર હતો ત્યાં ત્યાં માલૂમ પડે છે. ઉપરાંત મલબારમાં પણ કયાંક કયાંક માલૂમ પડે છે. આ લિપિના ઘણાખરા અક્ષર ગ્રંથલિપિને મળતા આવે છે આમાં ફેરફાર થતાં થતાં હાલની તામિલ લિપિ બની ગઈ. આથી તેનું નામ તામિલલિપિ પડયું છે

તામિલવાસી વિ. તામિલ પ્રદેશમાં રહેનારું કે વસનારું.

તામિસ્ર ૧. [સં.] પું. (વેદાંત) એ નામની એક અવિદ્યા; દુઃખનું સાધન વિદ્યમાન છતાં પણ મને કંઈ પણ દુઃખ ન થાઓ એવો એક પ્રકારનો વિપર્યય કે ક્લેશ. તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર એ અવિદ્યાનાં પાંચ પર્વ એટલે ભાગ છે.

૨. પું એ નામનો એક રાક્ષસ.

૩. પું. ક્રોધ; ક્રોધની પ્રજ્ઞાપૂર્તિમાં હરકત પડવાથી ઉત્પન્ન થતો ક્રોધ.

૪. ન. એકવીશ માંહેનું એ નામનું એક નરક. પરદ્રવ્ય અને પરસ્ત્રી હરણ કરનારને આ નરકમાં જવું પડે છે. આ નરકમાં ગાઢ અંધકાર હોય છે.

પરધન પરદારા પામી હરે પરનાં ભાળ
એહ પાપે એહ છપને નાખે તામિસ્રમાં કાળ.
નિષ્કુળાનંદ

૫. ન. ઘોર અંધારું

૬. ન. દેવ. યોગ વડે અષ્ટવિધ ઐશ્વર્યને પામી સિદ્ધ થઈ આ લોકના પાંચ વિષયોને તથા સ્વર્ગના પાંચ વિષયોને હું ભોગવીશ, એવા અભિપ્રાયથી પ્રવૃત્ત થયેલાને ક્રોધ પ્રતિબંધ પ્રાપ્ત થવાથી તેના ચિત્તમાં અણિમાદિ આઠ ઐશ્વર્યની ઉત્પત્તિ થતી નથી અને તે ઐશ્વર્યના અભાવથી દશ વિષયોની તેને અસિદ્ધિ થાય છે એવી રીતે તે અહારની અસિદ્ધિથી પ્રતિબંધ કરનાર વિષય ઉપર જે ક્રોધ થાય છે તે અહાર પ્રકારનો તામિસ્ર નામનો દ્વેષ કહેવાય છે.

તામિસ્ર એટલે દ્વેષ. તેના ૧૮ ભેદ છે, અને અંધતામિસ્ર એટલે અભિનિવેશ, તેના ૧૮ ભેદ છે.
સાખ્યદર્શન

તામિસ્રી [સં.] સ્ત્રી અંધારી રાત્રિ.

તામીઝ ૧. ન. તકાવત; ફરક.

૨ ન સહાઈ

૩ વિ. નજરબાજ.

તામીઝ કરના = જાણવું, પિછાનવું.

તામીર [અ. અમર (તે રહેવો હતો)] સ્ત્રી. મકાન.

તામીર કરના = મકાનમાં રહેવું.

તામીલ ૧. [અ. તઅમીલ (હુકમ પળાવો)] સ્ત્રી. આજ્ઞા માનવી તે; હુકમનો અમલ, આજ્ઞાંકિતપણું, તાબેદારી; કામ અમલમાં મૂકવું તે; બજાવવું તે.

૧. તામીલે કુર્નિતસ્લીમ = હુકમ બોજવવો તે.

૨. તામીલે કુર્નિતસ્લીમ હોના = બેહાની રૂએ સત્તાનો ભોગવટો.

૨. જુઓ તામિલ.

તામુલ પું. ખાંખો વિચાર.

તામૂલ [અ. તઅમ્મુલ] પું. વિચાર.

તામે [અ.] વિ. બોબી; લાલચુ.

તામે ચાલીસા સ્ત્રી. લગ્નોત્સવની ઉજાણી. આ શબ્દ મુસલમાનોમાં વપરાય છે.

તામેસરી ૧. [હિ.] પું. દાણેલું આથું.

૨. સ્ત્રી. એક પ્રકારનો તામડો રંગ, જે ગેરુના મોરથી બને છે.

તામેસ્વર પું. તામ્રભસ્મ.

તામોસ ન. સહન કરવું તે.

તામોસ કરવું = સહન કરવું.

તામ્મ [અ.] વિ. સંપૂર્ણ.

તામ્મુલ ૧. [અ. અમલ (આજ્ઞા રાખવું)] પું. ગેરવણી.

૨. પું. હીલ; આનાકાની.

૩. પું. નિશ્ચયનું અહંપદ.

૪. પું. પાર્શ્વ લાવું તે.

૫. પું. વિચાર; મનન.

૬ પું રાહ; સવાલ.

તામ્ર ૧ [સં.] પું. અત્યંત રક્ત આદિત્ય રંગ; વેદમાં વપરાયેલું કંઈક એક નામ.

૨. પું. એ નામનો એક બેટ.

૩. પું. (પુરાણ) એ નામનો દૈત્ય. તે બધા બોલાઓનો અધિપતિ અને મહિષાસુરનો ધનાધ્યક્ષ હતો.

૪. પું. એક જાતનો કોઢનો રોગ; રક્તપિત્તનો રોગ.

૫. પું. નવ માંહેનો એ નામનો એક ખંડ.

૬. પું. (પુરાણ) સુર દૈત્યના સાત માંહેનો એ નામનો એક પુત્ર.

૭. પું. રાતું ચંદન કે રતાંજળી.

૮. પું. લાલ રંગ.

૯. પું. લાલ રંગવાળો ઘોડો.

૧૦. સ્ત્રી અરણી.

૧૧. ન. ચામડીનાં સાત માંહેનું તાંબાના રંગનું એક પડ. તેની જાડાઈ જવનાં ૨ જેટલી હોય છે.

૧૨. ન. મુખ્ય અહાર માંહેની રાતા રંગની એક અમલ ધાતુ; તાંબુ. આર્યો તામ્રની, કલાઈની અને જસતની પણ ભસ્મ કરી જાણતા

૧૩. વિ. લાલ; લાલવર્ણું; રાતું.

તામ્રક [સં.] ૧. પું. એ નામનો એક બેટ.

૨ ન. તાંબુ.

તામ્રકર્ણી [સં.] વિ. રાતા કાનવાળું

તામ્રકર્ણી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી

૨. સ્ત્રી. પશ્ચિમ દિશાના હાથીની પત્ની હાથણી; અંજના; પશ્ચિમ દિગ્ગજ અંજનની સ્ત્રી.

૩. સ્ત્રી. ખિસ્કા.

૪. વિ સ્ત્રી. રાતા કાનવાળી.

તામ્રકા પું. એક પ્રકારનો ચાર છેદિયવાળો છત્ર.

તામ્રકાર ૧. [સં. તામ્ર (તાંબુ) + કાર (બનાવનાર)] પું. કંસારો; તાંબાપિત્તળનાં વાસણો બનાવનારો વેપારી; તાંબું ઘડનાર માણસ; તાંબા ઉપર કામ કરનારો આદમી.

૨. સ્ત્રી. પશ્ચિમના દિક્પાલની સ્ત્રી; અંજના.

તામ્રકોલ [સં.] પું. ઉદુમ્બર ઝાડ.

તામ્રકુંડ ૧. [સં.] પું. એ નામનો નરકનો કુંડ. જે મહામૂઢ માણસ ગર્ભવાળી સ્ત્રીનો ગર્ભ કરે તે સો વર્ષ સુધી અત્યંત તાપવાળા તામ્રકુંડમાં રહે છે.

૨. પું. તાંબાનો કુંડ; એક જાતનું કેફસેવાનું પાત્ર.

તામ્રકૂટ ૧. [સં.] પું. કંસારો; તાંબાપિત્તળનાં વાસણ બનાવનારો માણસ; તાંબા ઉપર કામ કરનારો આદમી.

૨. ન. તમાકુ; ઝીંકણી.

૩. ન. તમાકુનો છોડ.

તામ્રકૂર્મિ જુઓ તામ્રકોલ.

તામ્રક્ષાર [સં.] પું. (વૈદક) તાંબામાંથી બનતો એ નામનો ક્ષાર. તે તામ્રભસ્મ બે ભાગ, સંચળ બે ભાગ અને આબલીક્ષાર ચાર ભાગ એ બધાને મેળવી ચૂર્ણ રૂપે બનાવાય છે. પકૃત અને બરોળની વૃદ્ધિ ઉપર તથા પેટમાં ચૂંક આવતી હોય ત્યારે ૧થી ૨ ગ્રેનની માત્રામાં તે આપવામાં આવે છે

તામ્રગર્ભ ન. તુત્થ; તૂતિયા; નીલાંજન; મયૂરક; મોરયૂથુ

તામ્રગંધકિત ૧. ન. સાત ધાતુ માંહેની એક ધાતુ; મોરયૂથુ; તુત્થ.

૨. વિ. તાંબું મિશ્રિત ગંધકના ગુણવાળું.

તામ્રચૂડ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. કૂકડો
૩. પું. બોડિયો કલ્લર.
૪. વિ. રાતી કલગીવાળું; લાલ શિખાવાળું.

તામ્રચૂડા ૧. પું. ભૈરવ; શિવ.
૨. સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા

તામ્રચૂડી [સં.] સ્ત્રી. કૂકડી.

તામ્રતનુ [સં] વિ. તાંબા જેવા શરીરવાળું.

તામ્રતમ [સ.] પું. (પુરાણ) રોહિણીની કુખે કૃષ્ણને થયેલા પુત્રોમાનો એ નામનો એક.

તામ્રત્રપુજ [સં.] ન. કાંસું.

તામ્રદુગ્ધા [સ.] સ્ત્રી. ગોરક્ષદુગ્ધા નામની એક વનસ્પતિ; અમરસજીવની

તામ્રદ્વીપ [સં.] પું. (પુરાણ) સિંહલદ્વીપ; સિલોન; લંકા. રાજસૂય યજ્ઞના દિગ્વિજયમા સહદેવ અહીં ગયો હતો

તામ્રધ્વજ [સ.] પું. કૃષ્ણભક્ત મયૂરધ્વજ રાજાનો એ નામનો એક દીકરો. તેણે અર્જુનને મૂર્છા પમાડી હતી.

તામ્રનખ [સં.] પું. તાંબાના રંગ જેવો નખ.

તામ્રપક્ષા સ્ત્રી. એ નામની સત્યભામાની પુત્રી.

તામ્રપટ્ટ જુઓ તામ્રપટ્ટ.

તામ્રપટ્ટ ૧. [સં.] પું. તાંબાના પતરા ઉપર લખેલો લેખ.
૨. ન. તાંબાનું લેખ લખવાનું કે લખેલું પતરું; નાશ ન પામે તે માટે લેખ કોરેલું તાંબાનું પતરું. આગળના રાજાઓ બ્રાહ્મણ વગેરેને જમીન, વર્ષાસન, ઇનામ, જાગીર, કોઈ જાતના હક કે અધિકાર આપતા હતા તે બાબત કે અધિકાર વંશપરંપરા ચાલે તે માટે તાંબાના પતરા ઉપર લેખ કરી આપતા.

તામ્રપણ ૧. [સં.] પું. અર્ધો આનો.
૨. પું. પૈસો.
૧૬ નિષ્પાવિકા = ૧ તામ્રપણ.
૧૪ તામ્રપણ = ૧ રૌપ્યપણ.
૧૬ રૌપ્યપણ = ૧ કોવર્ણપણ.

તામ્રપત્ર ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. તાંબાનું લેખનપત્ર; તામ્રલેખ.
૩. ન. લાલ કૂંપળ; નવપલ્લવ જુઓ તામ્રપટ્ટ.

તામ્રપત્રી વિ સ્ત્રી. તાંબાના પતરા ઉપર લખી આપેલી.

તામ્રપર્ણ જુઓ તામ્રપર્ણી.

તામ્રપર્ણિક ન. (શિલ્પ) તામ્રપર્ણી દેશમા બનતું મોતી. તામ્રપર્ણી નદીમાંથી નીકળતું એક જાતનું મોતી.

તામ્રપર્ણિકા જુઓ તામ્રપર્ણી.

તામ્રપર્ણી ૧. [સં.] પું. મદ્રાસ પ્રાંત. તેની નદીમાંથી મોતી નીકળે છે
૨. સ્ત્રી. એ નામની દક્ષિણ હિંદની એક નાની નદી. તે મદ્રાસ પ્રેસીડન્સી તિનેવલી જિલ્લામાં થઈ વહે છે. તેની લંબાઈ લગભગ ૭૦ માઈલ છે.
૩. સ્ત્રી. એ નામે એક શિલા.
૪. સ્ત્રી. એક જાતની વાવ.
૫. સ્ત્રી. તળાવ.
૬. સ્ત્રી. પ્રાચીન હિંદની એ નામની એક નગરી.
૭. સ્ત્રી ભારતવર્ષમાં મુખ્ય અઢાર માંહેની એ નામની એક નદી.
૮. સ્ત્રી. લંકા; તામ્રદ્વીપ; સિંહલદ્વીપ; સિલોન. આ ટાપુમાં તામ્રપર્ણી નામનું ગામ હતું. તેથી આખો બેટ તે નામ ઉપરથી ઓળખાયો. પ્રથમ આર્ય રાજ્યની સ્થાપના અનુરાધાપુરમાં ઈ. સ. પૂર્વે ૪૩૭માં સ્થપાઈ અને તે વખતથી લંકાનું બીજું નામ સિંહલ અથવા સિંહલ તથા તામ્રપર્ણી પડ્યું.

તામ્રપલ્લવ ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ; લાલ કૂંપળવાળું ઝાડ.
૨. પું. લાલ કૂંપળ.

તામ્રપાત્ર [સ.] ન. તાંબાનું વાસણ.

તામ્રપાદી [સં.] સ્ત્રી. હંસપદી નામની વનસ્પતિ; લાલ રંગની સાલ્વણ.

તામ્રપુષ્પ ૧. [સં.] પું એ નામનો એક છોડ; મલનું; ભોંય ચંપો; કેવતાર; કેતકાર.
૨. પું. એક જાતનો સાગ.
૩. ન. રાતું ફૂલ
૪. વિ. રાતા ફૂલવાળું.

તામ્રપુષ્પા ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક જાતનું ફૂલ
૨. સ્ત્રી. પાડળ વનસ્પતિ.
૩. સ્ત્રી. રાતું નસોતર.

તામ્રપુષ્પિકા જુઓ તામ્રપુષ્પા ૨, ૩.

તામ્રપુષ્પી ૧. [સં.] સ્ત્રી. કાંકમ.
૨. સ્ત્રી. ધાવણી; ધાવડીનું ઝાડ.
૩ સ્ત્રી પાડળ વનસ્પતિ.
૪. સ્ત્રી. રાતું નસોતર.
૫. ન. ધાવડીનું ફૂલ.
૬. ન. વેલ પાટલાનું ઝાડ.

તામ્રફલ ૧. [સં.] ન અકોલ વૃક્ષ; અખરોટનું ઝાડ; અક્ષોટક વૃક્ષ.
૨. ન. રાતું ફળ.
૩. વિ. રાતા ફળવાળું.

તામ્રબીજ ૧. [સ.] પું. કુલત્થનો છોડ; કુળથી; કળથીનો છોડ.
૨. ન. રાતું બી.

તામ્રભસ્મ [સં. તામ્ર (ત.પુ) + ભસ્મ (રાખ)] સ્ત્રી. (વૈદક) તાંબામાંથી બનેલી ભસ્મ. તાંબાની રાખ કે ખાખ. તે તાંબાને મારીને તેમાંથી બનાવવામાં આવે છે ને ઔષધ તરીકે વપરાય છે. તે પૌષ્ટિક, બળવર્ધક અને કાંતિપ્રદ છે. તે દમ, શ્વાસ, ખાંસી, છાતીની નબળાઈ, અજીર્ણ, મંદાગ્નિ અને આંતરડાની નબળાઈ દૂર કરનાર મનાય છે. સેવન કરવાવાળાએ ખસલ કરીને ઘી અને દૂધનો મહાવરો રાખવો પડે છે અને તેટલા માટે તેને મુખ્યત્વે કરીને ચરબીવાળો ખોરાક આપવો પડે છે તામ્રભસ્મ ઔષધ તરીકે સવાર સાંજ ઘી, માખણ મધ કે દૂધ સાથે લેવાય છે. તેની માત્રા ૧ થી ૨ રતીની છે. ઊલટી કરવા માટે પણ વાપરી શકાય છે.

તામ્રમય [સં.] વિ. તાંબાનું.

તામ્રમાક્ષિક [સં.] પું એ નામનો એક ખનિજ પદાર્થ. તેમાંથી તાંબું નીકળે છે.

તામ્રમાક્ષિકા સ્ત્રી. એક જાતની ખનિજ.

તામ્રમુખ [સં.] વિ. તાંબા જેવા લાલ મુખવાળું. અંગ્રેજ માટે આ શબ્દ વપરાય છે.
ભક્તિરાજ, અવિધ્ય બ્રાહ્મણરાજો વર્તાશે કરી ગયા હતા કે કળિમા **તામ્રમુખ** લોક રાજ્ય કરશે.
સરસ્વતીચંદ્ર

તામ્રમુખદુષિકા [સં.] સ્ત્રી એ નામનો એક મુખરોગ. તે થવાથી લાલ લાલ ફાલ્લીથી મોઢું ભરાઈ જાય છે અને જન્મ પછી મુખ ઉપર ગરમીની અથવા બળતરાની અસર જણાય છે.

તામ્રમુખી ૧. સ્ત્રી. ચોરાશી માંહેનુ એક જાતનુ પ્રમેહરોગ.
૨. વિ. તામ્રવર્ણા મુખવાળા ઘોડો. અંગ્રેજો માટે બોલાય છે.
સુશિની ઉત્પત્તિથી માંડીને **તામ્રમુખી** લોકોના હિંદુસ્થાનમા આવવા સુધીની બધી વસ્તુઓ પુરાણોમા છે. પૂર્વરંગ

તામ્રમુદ્રા ૧. [સ.] સ્ત્રી. તાંબાનાણું; પાઈ પૈસો. તાંબાનો સિક્કો
૨. સ્ત્રી તાંબાને તપાવીને છાપ પાડવી તે.

તામ્રમૂલા ૧. [સં.] સ્ત્રી. જવાસો. ધમાસો.
૨ સ્ત્રી. મજીઠ.
૩. સ્ત્રી. રિસામણીનો વેલો

તામ્રમૂલી જુઓ તામ્રમૂલા.

તામ્રયજ્ઞ [સં.] પું. એ નામનો એક યજ્ઞ

તામ્રયુગ [સં.] પું. તાંબાનાં હથિયારો બન્યાં તે સમય. પ્રાચીન શોધખોળો ઉપરથી વિદ્વાનોએ મનુષ્યની દશાની સંક્રાંતિ કે ખટકા પ્રમાણે ઇતિહાસને દસ્તરો વર્ષના યુગમાં વહેંચી નાખ્યો છે. સૌથી પ્રથમ માણસે પૃથ્વીના વનચર વર્ગમાંથી વસાહત કરી સમાજ જેવી રચના કરી તે નૂતન પાષાણયુગ આજથી બીસ હજાર વર્ષ પહેલાં શરૂ થયો માનવામાં આવે છે. એ પાષાણયુગમાંથી અનુભવ ને જ્ઞાન વધતા સમાજની કાચી રચના તૈયાર થઈ. એવામાં માણસને તાંબું હાથ લાગ્યું. પછી એ પથ્થરની જગ્યાએ વપરાતું થયું. એ તાંબાના વપરાશની માનવદશાનો યુગ તે તામ્રયુગ.

> સિંધુયુગ પછી મધ્યમાં કાંસ્યયુગ બેઠો હતો અને અહીં આ દેશમાં તામ્રયુગ એટો.
>
> પુરાતત્ત્વ

તામ્રયૂક પું. (જૂલ) એક હાથથી થતા અઠ્ઠાવીસ માહેનો એક જાતનો અભિનય.

તામ્રયોગ [સં.] પું વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.

તામ્રરૂપ ન. તાંબા નાણું.

તામ્રલિપક જુઓ તામ્રલિપ્ત.

તામ્રલિપિ જુઓ તામ્રલિપ્ત ૩.

તામ્રલિપ્ત ૧. [સં.] પું. (પુરાણ) કર્ણાટ દેશાધિપતિ એક રાજા.

૨. પું મહાભારતના સમયનો એ નામનો એક પ્રાચીન દેશ.

૩. ન. મગધરાજાની એક મુખ્ય વ્યાપાર નગરી; બંગાળા પ્રદેશના મેદનીપુર જિલ્લામાં આવેલ તમલૂક કે તમલુકનું પ્રાચીન નામ. તે સમાર્ઈ અને કુપ્તાલી નદીઓના સંગમની ઉપત્યકાસે આવેલું છે. પ્રાચીન કાળમાં બેપારનું અને બૌદ્ધવિહારનું તે મોટું મથક હતું. અગરુ, રેશમ તથા તાંબું ત્યાંથી નિકાસ થતાં. તાંબાની સાથે સંબંધ હોવાથી તેનું નામ તામ્રલિપક, તામ્રલિપિ, તામ્રલિપ્ત કે તામ્રયુક્ત પડેલું જણાય છે. ભૂકંપમાં જોવાથી વિદિત થયું છે કે, અહીંથી સિંહલ, સુમાત્રા, ચીન બ્રહ્મદિ દેશો તરફ વેપારીઓનાં જહાજ જતા થતાં. મહાભારતમાં તામ્રલિપ્તને કલિંગ સાથે લાગેલ સમુદ્રતટપ્રદેશ એક દેશ લખેલ છે પાલી ગ્રંથ મહાવંશથી જણાવા મળે છે કે, ઈ સ. પૂ. ૪૬૦ વર્ષે તામ્રલિપ્ત નગર ભારતવર્ષનાં પ્રસિદ્ધ બંદરોમાનું એક હતું. અહીં જહાજ ઉપર ચઢીને સિંહલનો રાજકુમાર પ્રસિદ્ધ બોધિદ્રુમને લઈને સ્વદેશ તરફ પ્રસ્થાન કરેલું હતું, અને મહારાજ અશોકે સમુદ્રતટ ઉપર ઊભા રહી આંસુ સારેલાં હતાં. ઈ સ ની પાંચમી શતાબ્દિમાં ચીની યાત્રાળુ ફાહિયાન બૌદ્ધ ગ્રંથની નકલ વગેરે લઈને તામ્રલિપ્તથી જ જહાજ ઉપર બેસી સિંહલ ગયેલ હતો રામાયણમાં તામ્રલિપ્તનો કોઈ ઉલ્લેખ નથી, પણ મહાભારતમાં વારે સ્થળે છે. અહીંના નિવાસી તામ્રલિપ્તક ભારતયુદ્ધમાં દુર્યોધનના પક્ષમાં રહી લડ્યા હતા તેની મજબૂતી ભ્લેચ્છ જાતિઓની સાથે થઈ છે

તામ્રલિપ્તિ જી બંગરેજની એ નામની એક નગરી જુઓ તામ્રલિપ્ત ૩.

તામ્રલિપ્તી જુઓ તામ્રલિપ્ત ૩.

તામ્રલેખ [સં.] પું. તાંબાના પતરા ઉપરનો લેખ.

તામ્રલોચન [સં.] પુ. (પુરાણ) એ નામનો એક શિવગણ.

તામ્રવનસ્પતિ [સં.] જી વનસ્પતિની એક જાત કે વર્ગ.

તામ્રવર્ણ ૧. [સં. તામ્ર (તાંબું) + વર્ણ (રંગ)] પું. એક જાતનું ઘાસ.

૨. પું. તાંબાનો રંગ; લાલાશ પડતો રંગ.

૩. પું. પુરાણો અનુસાર ભારતવર્ષનો એક દ્વીપ; સિંહદ્વીપ; સિલોન. મેગેસ્થનીસે આ દ્વીપનું નામ તપ્રોબેન લખ્યું છે.

૪. પું. વૈદ્યક અનુસાર મનુષ્યના શરીરની એ નામની ચોથી ત્વચા.

૫. વિ. રાતા રંગવાળું, રાતું; તાંબાના રંગનું; લાલચોળ.

તામ્રવર્ણા [સં.] જી. મલય પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી. હાલ એને તામ્રરવારી કહે છે.

તામ્રવર્ણી ૧. [સં.] જી. જટા.

૨. જી. તલનું ફૂલ.

૩. જી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી ને કલના તિનેવેલીમાં આવેલી છે

૪. વિ તાંબાના રંગનું; તાંબા જેવું રાતું.

તામ્રવર્ણું વિ તાંબાના રંગનું, લાલાશ પડતા રંગનું.

તામ્રવલ્લી ૧ [સં] જી ચિત્રકૂટ પ્રદેશમા થતી એક લતા.

૨ જી. મજીઠ

૩ જી હરડોઈ રાતી વેલ

તામ્રવૃક્ષ ૧. [સ.] ન કમળીનો છોડ.

૨ ન રક્તચંદન વૃક્ષ. રેતાંજલીનું ઝાડ.

૩. ન. હરડોઈ રાતું ઝાડ.

તામ્રશાસન [સં.] ન. તાંબાના પતરા ઉપર કરી આપેલો લેખ, તામ્રપટ.

તામ્રશિખ ૧ [સં તામ્રશિખિન્] પું. રાતી કલગીવાળો કુકડો.

૨ વિ રાતી કલગીવાળું; લાલ શિખા.વાળું.

તામ્રશિલાજિત [સ તામ્ર (તાંબુ) + શિલાજિત] ન એક પ્રકારનું શિલાજિત તે રંગે મોરના કંઠ જેવું, તીક્ષ્ણ અને ઉષ્ણ હોય છે.

તામ્રસાર ૧. [સં] પુ લાલ ચંદનનું વૃક્ષ.

૨ જી રતાંજલી. તેને ગમે તે અવયવમાંથી કાપો તોપણ તે તામ્ર જેવી લાલ જ નીકળે છે, માટે તેને તામ્રસાર કહે છે.

૩. ન. તાંબાનો સાર.

૪. ન. લાલ સારવાળું કે ખેરી, ગુંદર વગેરે.

૫ વિ લાલ સારવાળું; લાલ ગુંદરવાળું.

તામ્રસારક ૧ [સં] પુ લાલ ખેર.

૨. પું. લાલ ચંદનનું ઝાડ.

૩. ન. રતાંજલીનું ઝાડ.

૪. વિ. રાતા સાર કે ગુંદરવાળું.

તામ્રા ૧. પું. તાંબાના જેવા રંગનો હલકી કીમતનો એક જાતનો હીરો.

૨. [સં.] જી. (પુરાણ) દક્ષ પ્રજાપતિની એ નામની એક કન્યા. તે કશ્યપ ઋષિની સ્ત્રી હતી. એને કપોની, ભાસી, સુગ્રીવી, શુચિમ્રા, શુચિ, ગૃધ્રી અને ધૃતરાષ્ટ્રી નામની કન્યાઓ હતી.

૩ જી ધોળો અને રાતો મોર જાય તેવી ગામડી.

૪ જી (પુરાણ) મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૫. જી. રાતી વેલ.

૬. જી. (પુરાણ) વસુદેવની એ નામની એક સ્ત્રી.

૭. જી. સિંદલી પીપળ; સિંદલી વનસ્પતિ.

તામ્રાકૃ [સ] પું અઢાર માહેનો એક ઉપદ્વીપ.

તામ્રાક્ષ ૧. [સં.] પુ કોયલ પક્ષી.

૨ વિ. રાતી આંખવાળું.

તામ્રાક્ષી [સ] જી. કોયલ પક્ષિની.

તામ્રાખ્ય જુઓ તામ્રદ્વીપ.

તામ્રાદિમાલ્યલંકારક [સં.] પું. પુરુષોત્તમનાં દસ્તર માહેનું એક નામ.

તામ્રાભ ૧. [સં તામ્ર (તાંબું) + આભા (કાંતિ)] પું લાલ ચંદન; રતાંજલી. આકાશમાં સૂર્યોદય તથા સૂર્યાસ્ત વખતે થતાં લાલ વાદળાં જેવો રંગ હોવાથી તામ્રાભ કહેવાય છે.

૨. વિ. લાલ કાંતિવાળું; દેખાવનું.

તામ્રારુણ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

તામ્રાર્દ્ધ [સં.] પું. પાંસું.

તામ્રાલેખન [સં. તામ્ર (તાંબું) + આલેખન (લખવું તે)] ન. તાંબા અને પિત્તળના ઉપર કોતરણી કરવી તે.

તામ્રિક ૧. [સં.] પું. કંસારો.
૨. વિ. તાંબાની બનાવેલી વસ્તુ.
૩. વિ. તાંબાનું; તાંબા સંબંધી.

તામ્રિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું વાદિત્ર કે જાજો; તાંબાની મટકી.
૨. સ્ત્રી. ચણોઠી.
૩. સ્ત્રી. વખત માપવાનું તાંબાનું એક વાસણ. તે તળિયે એક નાના બાકોરાવાળું તાંબાનું અમુક માપનું એક પ્યાલું હોય છે. તે વખત બતાવે છે. તેને પાણી ભરેલા એક વાસણમાં મૂકવામાં આવે છે. પ્યાલો ધીમે ધીમે તેમાં ભરાય છે અને પ્યાલું ડૂબે તેટલો અમુક વખત ગયો એમ કહેવાય છે.

તામ્રી [સં.] સ્ત્રી. તાંબાનું એક જાતનું વાદિત્ર કે જાજો.

તામ્રેશ્વર [સં.] પું. તામ્રભસ્મ.

તામ્રેશ્વરરસ [સં.] પું. (વૈદક) એ નામનો રસ. આ રસ બાફ કરીને ત્વકરોગ માટે ઉપયોગી બનાવે છે. તેની બનાવટ: તામ્રભસ્મ, લોહભસ્મ, શુદ્ધ પારદ, ગંધક અને શુદ્ધ મરી એ દરેકને સમભાગે લઈ તેને લીંબડાનાં પંચાંગની, અરમાળાના મરની ને ત્રિફળાના ક્વાથની ભાવના દેવી અને પછી તૈયાર કરી રાખી મૂકવું. આ રસ બે રતીની માત્રામાં લેવાય છે.

તામ્રોષ ૧. પું. (પુરાણ) એ નામનો એક અસુર.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

તામ્ય ૧. [સં.] વ. ક્રિ. પામવું.
૨. સ. ક્રિ. ફેલાવવું; વિસ્તારવું, લંબાવવું.
૩. સ ક્રિ. રક્ષણ કરવું.

તાય ૧. પું. ગરમી; તાપ.
૨. પું. જ્વર.
૩. પું. (જૂ. ગુ.) તાત; પિતા.
૪. પું. ધૂપ.

તાયફો (તાયફો) ૧. [ઇ.] પું. ટોળી.
૨. પું.;સ્ત્રી. નાચી ગાન કરનાર વેશ્યાઓની મંડળી.
૩. પું.;સ્ત્રી વેશ્યા; રંડી.

તાયફાવાળા પું. હિંદુસ્તાનના વાયવ્ય સરહદ પ્રાંતમાં રહેતી એ નામની પ્રજા.

તાયફાવાળો પું. હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચેના ભાગમાં સરહદ ઉપર રહેતા તાયફા એટલે ટોળીનો આદમી.

તાયફાવેડા (તાયફાંવેડા) ૧. પું. ન. વ. ઉપરઉપરથી; વહી ગયેલા જેવું વર્તન.
૨. પું. ન. વ. દુરાચાર; ઉચ્છૃંખલ હોવું તે
૩. પું. ન વ. મોજમજા; ચેન ઉડાવવી તે; રંગરાગ; મોજશોખ; ઠોકર્યા; નિરંકુશ બાવું તે.

તાયફો ૧. [અ. તાયફા (માણસોનું ટોળું)] પું. હોમ; જલ્સા.
૨. પું. બાનારીઓની જોડ.
૩. પું. બાજા બજાવવાનું કામ કરનાર રામજણી અને તેના સાજના વગેરેનો સમૂહ. જાનાર બજાવનાર મંડળ; રામજણીઓનો સમૂહ.
૪. પું. ચોવિહારની ટોળી.
૫. પું. ટોળામાં રહેતી પ્રજાઓનો એક સમૂહ; ટોળાં કે કૌટુંબિક સમૂહવાળી ભટકતી કોમ. કુટુંબ એટલે બૈરાંછોકરાં સાથે આ કુટુંબ કે કોમ હમેશ ભટક ભટક કરે છે.
૬. પું. ટોળું; સમૂહ; મંડળ; જથ્થો; સમવાય.
૭. પું. બારોટ કોમ.
૮. પું. વેશ્યા; રાંડ; નાચકા. કોઈ બાઈ જરા વિશેષ ગેનચાળા કરતી બાલતી જણી હોય છે તો તેને ઉદ્દેશીને કહેવાય છે કે, જુઓ આ તાયફો આવ્યો. અહીં તાયફો વેશ્યાના અર્થમાં વપરાય છે.

તાયર પું. (જૂ. ગુ.) તારો; ચાંદરડું.

તાયલું ન. તાર.

તાયસ સ્ત્રી સસરાના મોટા ભાઈની સ્ત્રી.

તાયા ૧. [હિ.] પું. ઉપરી.
૨. પું. કાકો.
૩. પું. બાપનો સૌથી મોટો ભાઈ

તાયાસરા જુઓ તાયસ.

તાયુ [સં] પું. ચોર; લૂંટારો.

તાયેફ (તાયેફ) [અ. તવ્ફ (પ્રદક્ષિણા કરવી)] પું. ઇસ્લામમાં મક્કા પાસેના એક પ્રદેશનું નામ. મનાય છે કે, હિજર બિબાઈલે આ પ્રદેશને હાથમાં લઈ પ્રભાની આસપાસ ગોળ ચક્કર ફેરવ્યો હતો.

તાયેરખાના (તાયેરખાના) ૧. [અ. તાઈર (પક્ષી) + ફા. ખાના (ઘર)] પું. પક્ષીગૃહ.
૨. પું. પાદશાહી પક્ષીગૃહના ખર્ચ પેટે રૈયત પાસેથી મુખ્ય શહેનશાહતમાં લેવાતો કર.

તાર ૧. પું. અખંડ પરંપરા.
૨. તાર તૂટવો = (૧) અટકાવ આવવો; હરકત આવવી. (૨) ચાલતો આવતો ક્રમ બંધ થવો. (૩) જુદું પડવું. (૪) સમાધિ કે સંપર્કમાં વિક્ષેપ પડવો.
૨. તાર બાંધવો = વચમાં અટકાવ પડ્યા વગર કામ કર્યા કરવું; તૂટ્યા વગર ચાલુ રહેવું.
૩. તાર સાધવો = મિત્રો સાથે સબંધ રાખવો.

૨. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક વર્ણમેળ છંદ.

૩. પું. અનુક્રમ; એક પાછી એક.

૪ પું. ઉદ્ધાર; અંત; ઉકેલો; મુક્તિ.

૫. [સં.] પું. ઊંચો શબ્દ.

૬. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ વૃત્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, તગણ, યગણ, સગણ, ભગણ અને ૨ ગુરુ મળી ૨૦ અક્ષર હોય છે.

૭. પું. એક જાતનો વાનર.

૮. પું. એકચિત્ત; તલ્લીનતા; ધ્યાન.

૯. પું. કરોળિયાની જાળનો પાતળો ઝીણો તંતુ કે તાંતણો.
તારે બંધ્યાત = કરોળિયાનું જાળું.

૧૦. પું. કસબ; રેશમના અને ધાતુના પાતળા તંતુઓને સાથે મેળવીને બનાવેલો લાંબો દોરડો; જરદ; તાર; ચાંદી કે સોનાનો તાર.

૧૧. પું. કાગળની કાપલી

૧૨. પું. કામળાનો એક મોટો કટકો; તા; તાવ; એક કામળ.

૧૩. પું. કિનારો; સામો કાંઠો; નદીની સામેનો કાંઠો
દમા પ્રીતમ કરતા છતને
પર તિનકો સામે તાર દયારામ

૧૪ [અ. હાર] પું. ક્રીમ; પ્રવાહી હાડર, રાળ જેવો એક પદાર્થ.

૧૫. પું. કોઈ વેન ચારે ગોવા પીણાની ખુમારી; કેફની ખુમારી; તાન; લેહ; રંગ. કેફ કરવાથી જે અસર થાય તેને તાર આવવો કહે છે.
એકતાર થવું = લેહમાં એકરૂપ થઈ જવું; એકલક્ષ કે એકજીવ થવું; લેહ જામી જવો.

૧૬. પું. ગોળ, ચાંદ અને બીજી ચીકણી વસ્તુઓનો તંતુ જેવો પાતળો ભાગ; ચીકટનો તંતુ; કોઈ પણ ચીકણી વસ્તુનો લાંબો અને ઝીણો ભાગ.

૧૭. પું. પહેલો ઊંચો સ્વર; તીણો સ્વર.

૧૮. પું. જસ્તાનો ટુંક.

૧૯. પું. ટેલિગ્રાફ. દૂર દેશમાં વીજળી મારફત સંદેશો લેવા દેવાનું સાધન કે યંત્ર.

૨૦. પું તરવું તે.

૨૧. પું. તરી શકાય એવી પૂરના જળની હાલત; ચાલું પૂર નહિ એવી સ્થિતિ; પાણીની તરી શકાય એવી સ્થિતિ.

તાર ન હોવો = તરાય એવો પ્રવાહ ન હોવો; તરવા યોગ્ય પ્રવાહ કે પરિસ્થિતિ ન હોવી.

૨૨. પું તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ પ્રણવ; ૐકાર.

૨૩. પું. તારણો.

૨૪. પું. તારતમ્ય; સાર; મુખ્ય આશય.

૨૫. પું. તારા; તારાથી ભરપૂર ખોબાજળ.

૨૬. પું. તાળ; મજીરા.

૨૭. પું તાણ અને બીજી ધાતુના બેઠકસાથે બાંધેલા લાંબા તંતુઓ કે દોરડાં

સરિસ્તાએ તાર બડીં = બીજણ ધાતુ

૨૮ પું તીર.

૨૯. પું ઋષ્ય મતંગનું એક સ્વરસ્થાન; ઉત્તમ સ્વર; આહત નાદના ત્રણ ભાદેનો એક પ્રકાર. સ્થાનભેદને કારણે નાદ મંદ, મધ્ય અને તાર એવા ત્રણ પ્રકારનો થાય છે. ગળાને વિષે કરનો વાયુ મંદ સ્વર ઉત્પન્ન કરે છે, હૃદયમાં કરનો મધ્યમ સ્વર ઉત્પન્ન કરે છે અને મૂર્ધસ્થાનને વિષે કરતો તાર સ્વર ઉત્પન્ન કરે છે. તેમાં મંદ કરતાં મધ્યનો અવાજ બેવડો, મધ્ય કરતાં તારનો બેવડો એ પ્રમાણે હોય છે.

૩૦. પું. દેવીનું બીજું નામનું ભાજન.

૩૧. પું. ધાતુને ઘડી અથવા ખેંચીને બનાવેલો લાંબો અને પાતળો આકાર; વાળો; તાંતણો આકાશગંગાના પ્રદર્શનમાં ઓલ્યુમિનિયમનો એક તાર મેટલર્જિ એટલે ધાતુવિદ્યા અને એન્જિનીઅરિંગની પ્રક્રિયાઓ કેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી છે તેની પ્રતીતિ કરાવે છે. આ તાર એટલો ઝીણો હોય છે કે, મનુષ્યનો વાળ પણ તેના કરતાં ૬૦૦ ગણા કદનો હોય છે તેનો આશ એક ઇંચના દસ હજારમા ભાગ જેટલો કહેવાય છે. વજનમાં તે એટલો હલકો હોય છે કે આ વાળાના કુલ સવા રતલભારની લંબાઈ પૃથ્વીની ૨૪,૦૦૦ માઈલની પ્રદક્ષિણા કરી રહે. નરી આંખે તો આ તાર દેખાય જ શાનો ? પ્રદર્શનમાં સૂક્ષ્મદર્શક યંત્ર નીચે તેને મૂકયો છે આની બનાવટમાં કેટલી બધી ચતુરાઈ વપરાઈ હશે ! આ તાર એક ઔંસના સાડાછ કરોડ રૂપિયાના ભાવે વેચાય છે. ભૂપર્કમા તેલના જથ્થાના અન્વેષણ માટે અવાજના પ્રતિધ્વનિ ઉપર આધાર રાખતી એક રીતમાં તેનો ઉપયોગ થાય છે.

૩૨. પું. મનુષ્યના હૃદયના મધ્યમાં રહેલ બાવીસ પ્રકારના ધ્વનિ માંહેનો મસ્તકમાં રહેલો ધ્વનિ.

૩૩ પું. (પુરાણ) મયાસુરનો સાથી એક દૈત્ય

૩૪. પું. મહાદેવ.

૩૫. પું. મોતીની છીપ.

૩૬. પું. મોતીનું ઉંમદાપણું.

૩૭. પું. મોતીનું તેજ.

૩૮. પું. (પુરાણ) રામની સેનાનો અધિપતિ એક મોટો વાનર. તેની કન્યા રુમા સુગ્રીવની સ્ત્રી હતી વળી એમ કહેવાય છે કે તે તારાનો પિતા હતો અને ભૂદરપતિના અંશથી ઉત્પન્ન થયો હતો.

૩૯. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો બીજો સેનાધ્યક્ષ વાનર.

૪૦. પું. રેશમ અને કપાસની બનાવટ પાતળા ઝીણા તંતુઓ; તંતુ; દોરો; તાંતણો.

૪૧. પું. રૂંટિયામાંથી નીકળતો રૂનો ધાગો; દોર, તાંતણો

રાજના તૂટલે સાંધ્યા અમા દોર વારવાર છ, આ તૂટલે મારા રંક હિંદીના રૂંટિયાને એક તાર. વિહારી

૪૨ પું વાળની લટ.

૪૩ પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સંસારસાગરથી તારે છે, તેથી તે તાર કહેવાય છે. વળી પોતે સર્વાંશ એકતાર છે, અખંડ અને અવિચ્છિન્ન છે. પુનઃ ભવસાગરના તારનારા પણ પોતે છે. તાર એટલે તારસૂતત્ત્વ પોતે છે. અ, ઉ, મ્ અર્ધમાત્રા એવા ૐકારરૂપ સર્વજ્ઞ, સર્વવ્યાપક તત્ત્વ પણ પોતે છે. માળાના મણકાના તારની પેઠે સર્વમાં પરોવાઈ રહેનારા અથવા સર્વને ધારણ કરનારા ૐકારતત્ત્વ પણ પોતે છે. પુનરાવૃત્તિપાસથી મુક્ત કરનારા પણ પોતે છે. ભવસાગરને તરનારા અને મુમુક્ષુ જનોને તારનારા પોતે છે. તાર એટલે એકાક્ષરમા આપણ, માળાના છેવટના તળિયા સુધી મણકા લેનારા, તાર એટલે તારક મંત્ર ૐકાર અને તાર એટલે જ્ઞાતજનોને જન્મમાં એકતાર એટલે અવિચ્છિન્ન કરનારા અને સંસારસાગરનો પાર લેનારા વિષ્ણુ પોતે હોવાથી તાર કહેવાય છે.

૪૪. પું. વીણા વગેરેનો તાર; તંતુવાદ્યમાં વપરાતો લોઢા કે પિત્તળનો લાંબો.

તાર મારવો = તાર મારી વાટો કરવો

૪૫ પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.

૪૬. પું. શુદ્ધ મોતી.

૪૭. પું (સંગીત) સંગીતમાંનું એ નામનું એક સપ્તક કે સાત સ્વરોનો સમૂહ. તે મધ્યમ સપ્તકથી ચડતું ઊંચા સૂરનું સપ્તક છે. તેને ટીપ પણ કહે છે.

૪૮. પું સંદેશો; તાર મારફતનો સંદેશો; બીજણથી મોકલાતો તાર; ધાતુના તંતુઓમાંથી વિદ્યુચ્છક્તિ મારફતે મોકલાતો સંદેશો; તારનો સંદેશો. તેમાં બીજણને બદલે ભિન્ન ધાતુની મારફતે એક કેકાણેથી બીજા જગ્યાએ સંદેશા મોકલાય છે. ઈ. સ. ૧૮૩૬માં પ્રથમ નીડલ ટેલિગ્રાફ કુક અને વીટસ્ટોને શરૂ કર્યું. પછી દોરડાં એક સ્ટેશનથી બીજા સ્ટેશન સુધી જોડી ચાલુ કર્યે બીજણી મારફત સંદેશા લેવા દેવાનું શરૂ થયું. મોર્સના બનાવેલા તાર ઘોડે જાગે ત્યાર પછી વપરાવાનું શરૂ થયું. તેના માટે અમુક અવાજ નિર્ણીત કરી તે પરથી અક્ષર ઓળખાવા સબમરિનમાં તારના સમાચારનું ક્રમબદ્ધ જોડે કેબલોને શરૂ કર્યું. તે સબમરિનમાં અનિયમિત ઓલ્ટર્ઓમાં પણ ક્રમબદ્ધ આપે છે. દોરડા વગરના તાર પણ આ જ સિદ્ધાંત ઉપર શરૂ થયા છે. વગર દોરડાએ તાર મોકલવાનું સાંચાકામ માર્કોની નામના ૨૨ વર્ષના યુવાને ૧૯૦૧ માં શોધી કાઢયું. દોરડાં વગરના તાર પણ આ જ સિદ્ધાંત ઉપર શરૂ થયા છે. તેમાં ઇલેક્ટ્રોમેગ્નેટ રેડિએશન મારફત સંદેશા પહોંચે છે. હાલમાં ફોટોગ્રાફ પણ તાર મારફત જાય છે, તેમાં ટપકાંઓ મોકલાય છે.

દુહો હજરતી હાલ, નોબારાની ઓષડી;
દુહો તાર ટપાલ, દુહો દૂત દરબારનો.

વિહારી

૧. તાર કાઢવો = ખબર મેળવવી.

૨. તારની કૂંડી = જેમાં મોકલવાનાં નાણાં તારથી મોકલવાના હોય તેવી કૂંડી.

૪૯. પું. સંપ.

૫૦. પું. સાધારણ વાતચીત વખતે વપરાય છે તે કરતાં તીણો કે ઊંચો સ્વર.

૫૧. પું. સાંખ્ય અનુસાર એક પ્રકારની ગૌણ સિદ્ધિ; ગુરુ પાસે વિધિસર વેદાભ્યાસ કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિ.

૫૨. પું. સૂતર, રૂ અથવા ઊનને કાંતી હાથે વળ ચડાવીને કરેલો પાતળો લાંબો તંતુ; તાંતણો; દોરો; રેસો

૫૩. પું. સૂતરનું એક ચલણ; આર કૂટ લાંબો તાતણો. હરિજનબંધુમાં આ સંબંધે ઉલ્લેખ છે કે: ગામડાની સામાન્ય જનતા જે કાપડનો ઉપયોગ કરે છે તેને ખ્યાલમાં રાખી તે નંબરનું સૂતર જ નાણાં તરીકે શરૂ કરવું. સૂતર નાણાનું કોષ્ટક આવું રાખવું:

૪ કૂટ = તાર
૯૦ તાર = લટ
૪ લટ = પીલો
૧૦ પીલો = દિવસ

૫૪. સ્ત્રી. એક પ્રકારની સિદ્ધિ; અભ્યાસ પોતે સાક્ષાત ગુરુ પાસે ભણવા ન જતાં બીજાના પાઠ સાંભળવાથી જે તત્ત્વજ્ઞાન થાય છે તે અભ્યાસ. તેને તારતાર પણ કહે છે.

૫૫ સ્ત્રી. (સામ્ય) એક પ્રકારની સિદ્ધિ; જેમ. પૂર્વજન્મના સારા સંસ્કારને લીધે કોઇ જ ઉપદેશથી તત્ત્વજ્ઞાન થવું તે એક સિદ્ધિ છે અને તેને તાર નામ આપવામાં આવ્યું છે.

૫૬. ન. આંખની કીકી.

૫૭. ન. ઊંચા ટીપના સ્વરોથી બનાવ તે.

૫૮. ન. એ નામનું એક યંત્ર. રાજસૈન્યોમાં અર્હત દુસ્તર અને સર્વ ક્રિયાઓમાં ચારેવાર વપરવા જોગ આ યંત્ર સર્વે મનુષ્યોએ બનાવવું જોઇએ

૫૯. ન. ચળકતું ત્રિશૂલ.

૬૦. ન. ચોથા નરકનો બીજો નરકવાસો.

૬૧. ન. નક્કર સોનાનું કડું; હાથની કોણી ઉપરનું એક ઘરેણું.

૬૨. ન નક્ષત્ર.

૬૩. ન. રાજનાં દક્ષ મહિનું એ નામનું એક વૃક્ષ.

૬૪. ન. રૂપું; રજત.

૬૫. ન. (સંગીત) હારમોનિયમનાં બધા સમક માહેનું તીણું, ઊંચા કે કોમળ અવાજવાળું સાત સમક માહેનું એક.

૬૬. વિ. અંધારાવાળું; તારીક.

૬૭. વિ. ઉજ્જ્વળ.

૬૮. વિ. ઉત્તમ; એક.

૬૯. વિ. ઊંચા શબ્દવાળું.

૭૦. વિ. ઊંચું.

૭૧. વિ. કર્કશ.

૭૨. વિ ચળકતું, ચકમકિત.

૭૩. વિ. પું. તીક્ષ્ણ; તીણું; ઊંચું સ્વર માટે વપરાય છે.

૭૪. વિ નિર્મળ, સ્વચ્છ.

૭૫. વિ. સુંદર.

તાર ઓફિસ [તાર + ઓફિસ (કચેરી)] સ્ત્રી. તારથી સદેશો મોકલવાનું કાર્યાલય.

તારક ૧. [સં.] પું. આંખની કીકી; કોળો. પૂતળી; તારો.

૨. પું. એ નામનો એક દૈત્ય; તારકાસુર.

૩. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેમા ચાર સગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

ચ્યલે કનિ તારક સાસસગા ગે. અપ્પિગળ

૪. પું. કાન.

૫. પું. (પિંગળ) ચિત્રરચનાનો એક છંદ.

૬. પું. (સંગીત) તારષડ્જ. વીણાના જેટલા ભાગમા ધ્વનિ થાય તેના બરાબર મધ્ય ભાગમા તારક રહે છે.

૭. પું. તારો; તારલો; ચાદરડું. તારા એ મૂળ સૃષ્ટિની ઉત્પત્તિ સમયે જળ ઉપર તરતા માટે તે તારા કહેવાય છે.

ન આ સૂર્ય પ્રકાશે છે, ન ચંદ્ર તારકો અહીં;
ન આ વિદ્યુત પ્રકાશ, અગ્નિની પણ વાત કયા ?
મુક્તેશ્વરનંદ

૮. પું. (જૈન) નવ બાહેના બીજા પ્રતિવાસુદેવ. અશ્વગ્રીવ, તારક, મેરક, મધુ, નિશુમ્ભ, બલિ, પ્રહ્લાદ, રાવણ અને જરાસંધ એમ નવ પ્રતિવાસુદેવ છે.

૯. પું. આંતરોળ અથવા અંતરોળ ક્રાચ; 'લેન્સ.'

૧૦. પું. ચક્ષુ.

૧૧. પું. શિવનાં ઇશ્વર બાહેનું એક નામ.

૧૨. પું. (જ્યોતિષ) સૂર્ય આદિ નવ ગ્રહ.

૧૩. ન. આખ.

૧૪. ન. જ્ઞાન; વિવેકજન્ય જ્ઞાન.

૧૫. ન. ત્રિકોણચિહ્ન; મનુષ્યના હાથમાં રહેલુ » આવુ ચિહ્ન.

હાથના હસ્ત જોતાં મુખના સ્થાન ઉપર તારક અથવા ત્રિકોણ ચિહ્ન થયું જોવામા આવે છે.
હસ્તપરીક્ષા

૧૬. ન. રામ નામનો છ અક્ષરનો મંત્ર.

૧૭. વિ. તરનાર; તારો.

૧૮. વિ. તારનાર; ઉદ્ધાર કરનાર; ઉદ્ધારક; પાપથી છોડાવનાર; મુક્તિદાતા; મુક્તિ આપનાર; પાર ઉતારનાર; રક્ષણ કરનાર, તારણ કરનાર.

તારકમાત્ર પું. ટીપ; સા રી ગ મ ના સ્વરની વર્ત્તમાનને આમ કહે છે તેમાનો ત્રીજો ક્રામ.

તારકજિત [સં. તારકજિત્] પું. તારકાસુરને જીતનાર; કાર્તિક સ્વામી

તારકજ્ઞાન [સં.] ન. એક જાતનું જ્ઞાન.

તારકટોડી (તારકટોડો) પું. (સંગીત) એ નામનો એક રાગ. તેમાં ઋષભ અને કોમળ સ્વર આવે છે. પંચમ વર્જિત હોય છે.

તારકડા ૧. પું. ખેંચી તાર બનાવનાર માણસ જમનગરનું સોનેરી અને ચાખણીનુ ક્રામ બહુ વખણાય છે. સોનરીનુ ક્રામ કરનારા તારકડા કહેવાય છે. તેમોને મુસલમાન રાજાઓના સમયમા એક સૂબાએ અમદાવાદથી જામનગર આપ્યા હતા.

૨. સ્ત્રી. એ નામની લેજિમ્મ કવાયતની એક જાત

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ એ નામની જાતનું.

તારકતાર સ્ત્રી. તાર ખટવાની કે ખેંચવાની ક્રિયા.

તારકતત્ત્વ ૧. ન. તરવાનુ સાધન.

૨. ન. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનો રેંટિયાનો ઉપયોગ.

તારકતીર્થ [સં.] ન. ગયા તીર્થ.

તારકતોડી (તારકતોડો) [તારક + તોડી] સ્ત્રી. સંગીતશાસ્ત્ર માહેની એક જાતની રાગણી.

તારકદર્શક [સં. તારક (ચાદરડું) + દર્શક (દેખાડનારું)] ન. એક જાતનું દૂરબીન.

તારકનાથ [સં. તારક (તારનાર) + નાથ (ધણી)] પું. તારનાર પ્રભુ.

તારકપટલ ન. ટીપકીવાળું વસ્ત્રું.

તારકપદ [સં.] ન. મોક્ષ; મુક્તિ

તારકપૂજ્ય ૧. [સં.] પું. તારાનો જથ્થો; નક્ષત્રનાં તારાઓનો ઝુમખો.

૨. પું. તેજોબિંબ.

તારકબલી વિ. સ્વર્ગદ્વાર ઉઘાડનાર અથવા તારનાર.

તારકબ્રહ્મ [સં.] પું. રામનો છ અક્ષરી મંત્ર; રામતારક મંત્ર.

તારકમત્સ્ય પું. એક જાતનું દરિયાઈ પ્રાણી; એક જાતની તારા જેવી માછલી; કેટલામાં વર્ગનું એક પ્રાણી, 'રેડાયકિટા.' એને પાંચ આરા જેવા પાંચ સમ્મિત હાથ હોય છે. તે ત્રિકોણાકાર તથા વચ્ચે ગોળ ચપટા અને વચ્ચે બધા જેવા થયા હોય છે, એટલે ઘરી જોતુ દેખાય છે. એ ગોળ મધ્યની નીચલી બાજુએ મુખ હોય છે. એ હાથ દેહકંદની બાજુબાજુની અને બીજા અંગોની વૃદ્ધિ હોય છે. મુખને જડબાં હોતાં નથી. દરેક હાથની નીચલી બાજુએ ચાટ હોય છે ને તેમાં તેના પગ હોય છે તેથી એ પ્રાણી તરી શકે છે ને શિકારને પકડે છે. એનો ખોરાક મૃદુકાય પ્રાણીઓનો હોય છે. કાળુ માછલીનો તો તે બાજુ કાઢી નાખે છે.

તારકમંડળ [સં. તારકમણ્ડલ] ન. તારાઓનુ મડળ. તેના ત્રણ ક્રામ પાડવામાં આવે છે: (૧) રાશિચક્ર, (૨) ઉત્તર તરફનું નક્ષત્રમડળ અને (૩) દક્ષિણ તરફનું નક્ષત્રમડળ

તારકમંત્ર [સં.] પું. જે મત્ર જપવાથી સંસાર તરી જવાય એટલે મોક્ષ મળે તે મત્ર; રામ નામ; ઈશ્વરનું સ્મરણ

તારકમાપક [સં] ન. આખની કીકી માપવાનું યંત્ર; 'પ્યુપિલોમિટર.'

તારકમાળા જુ. તારાઓની માળા.

તારકમુખસ્વસ્તિક પું. તરસના મોઢા જેવો ચાપિયો.



પ્રાચીન

અર્વાચીન

તારકમૃગ [સં.] પુ (જ્યોતિષ) મૃગશીર્ષ નક્ષત્ર

તારકવર્ષ [સં.] ન. નક્ષત્ર વર્ષ.

તારકવૃંદ [સં.] ન. તારાઓનો સમૂહ.

તારકશ જુઓ તારકસ.

તારકશરાપુરાણ ન. (પુરાણ) અઢાર માહેનું એ નામનું એક પુરાણ

તારકશી ૧. સ્ત્રી. એક જાતનું તારનું વાદ્યિંત્ર.
૨. સ્ત્રી. તાર ખેંચ્યો તે; તાર ખેંચવાનું કામ.
તારકશી કરવા = તાર ખેંચવા.

તારકશૂન્ય [સં.] વિ. તારા વિનાનું.

તારકસ ૧. [સં. તાર + કસ્ (ખેંચવું)] પું. રેશમના તાંતણા ઉપર ચાંદી કે સોનાના તાર ખેંચીને કસબ તૈયાર કરનાર માણસ; સોનાચાંદીનો કસબ કરનાર વ્યક્તિ; કસબ ને ભરતનું કામ કરનાર પુરુષ; તારને તાણી એટલે સાફ કરી સોનાચાંદીના તાર ખેંચીને ચડાવવાનો ધંધો કરનાર આદમી. અમદાવાદ, સુરત, પૈઠ, પાટણ વગેરે મોટાં શહેરોમાં કસબ તૈયાર કરનારા તારકસોની વસતી પુષ્કળ છે.
૨. પું. સોનેરી રૂપેરી ગોત કે કિનારી.

તારકસબ પું. સોના ચાંદીના તાર તથા કસબ.

તારકસબત્રવાળો પું. તારકસબનો ધંધો કરનાર આદમી.

તારકસમ [સ. તારક (તારા) + સમ (જેવું)] વિ. પ્રકારનું.

તારકસ્નાન [સં.] ન. તારાઓના પ્રકાશરૂપી જળથી કરવામાં આવતું સ્નાન; તારાઓના પ્રકાશમાં ખુલ્લું રહેવું તે.

તારકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેનો મહામહિની છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેરમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. સ્ત્રી. આંખ.
૩. સ્ત્રી. ઉદવાસણી.
૪. સ્ત્રી. એ નામનો એક છંદ; નારાચ.
૫. સ્ત્રી. ટીકી.
૬. સ્ત્રી. ચક્રપત્ની.
૭. સ્ત્રી. નક્ષત્ર; તારો.
૮. સ્ત્રી. વાદીની બો તારા.

તારકાકૃતિ [સં.] સ્ત્રી. (સ્થાપ) અષ્ટાદ્ર.
અષ્ટાદ્ર અથવા તારકાકૃતિ મંદિરોમાં આ રીતેજ ગોતરકામની શોભા ગોઠવવાનો રિવાજ હતો.
ગુજરાતનાં વીરસ્મારકો

તારકાક્ષ ૧. [સં.] પું. કાર્તિક સ્વામીનો એ નામનો એક અનુચર.
૨. પું. (પુરાણ) તારકાસુરના ત્રણ માંહેનો સૌથી મોટો પુત્ર. એનું બીજું નામ તારાક્ષ પણ હતું.

તારકાગુચ્છ [સં. તારક (તારો) + ગુચ્છ (ગુચ્છો)] પું. તારાઓનો જથ્થો કે સમૂહ. બહુ ભારીક તારા દૂરબીનમાંથી દેખાય છે. તે સર્વે એકસરખા પથરાયેલા નથી. તેમનાં મોટે ભાગે બીચોબીચ ગૂમખાં થયેલાં હોય છે, તેને તારકગુચ્છ કહે છે. જે ગુચ્છમાં બહુ બીચોબીચ અને બહુ ઝીણા તારા હોય છે તે નરી આંખે નાનો ધુમસનો પટ્ટો કે વાદળું હોય તેવા દેખાય છે. પુખ્ય નક્ષત્રની પશ્ચિમે ત્રણચાર અંશ ઉપર આવો એક ગુચ્છ દેખાય છે. વૃષભપુંજમાં એક ગુચ્છ છે મૂળ નક્ષત્રના ત્રીજા તારા આગળ એક ગુચ્છ છે. દક્ષિણ ત્રિકોણમાનો પાંચમો તારો અને તેની ઉત્તરના ગુમારે ૧૫ અંશ ઉપરનો એક તારો આ બંનેની મધ્યે એક ભારીક તારો દેખાય છે. તેની આસપાસ દેખાતા ધુમાડા જેવા ગુચ્છના જોટલો આખા આકાશમાં બીચોબીચ, વિસ્તૃત અને રમ્ય ગુચ્છ બીજો કોઈ નથી. તેમાં અસંખ્ય તારા છે, તથાપિ તે સર્વે મળીને નરી આંખે તો મોથી પ્રતિનો એક તારો દેખાય છે. વસ્તુતઃ તે આપણા સૂર્ય સમાન અથવા તેથી મોટો છે એવું મનમાં આવતાં મન દિગ્મૂઢ બની જાય છે.

તારકાપુંજ [સં. તારક (તારો) + પુંજ (ટોળો)] પું. તારાઓનો જથ્થો. પૃથ્વી ઉપરના પ્રદેશો ઉપરથી આકાશમાંના તારકાપુંજનાં નામો પડ્યાં. આ સિદ્ધાંતનો પહેલો આધાર આપણને અનાદિ વેદમાંની તૈત્તિરીય સંહિતામાં મળતો છે.

તારકામય ૧. [સં.] પું. શિવ; મહાદેવ.
૨. ન. સોમ એટલે ચંદ્ર બૃહસ્પતિની પત્ની તારાનું હરણ કરી જવાથી તે બે વચ્ચેની લડાઈ.

તારકાયજ્ઞ [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

તારકાયુગ્મ [સં.] ન. જોડ તારા; તારાઓનું જોડકું. નરી આંખે જ્યાં એક તારો દેખાય છે ત્યાં દૂરબીનમાંથી બે તારા દેખાય છે. કેટલાક તારા ત્રણ ત્રણનાં અને કેટલાક ચાર ચારનાં જોડકાં હોય છે. યુગ્મમાંના એક અથવા બંને તારા પોતાની મેળે જ યુગ્મ હોવાને લીધે આવાં યુગ્માંતરાં ત્રિક અને ચતુષ્ક થયેલાં છે. રોહિણી માંહેનો ચોથો તારો, મૃગમાંનો પહેલો, ચોથો, પાંચમો, છઠ્ઠો, આર્દ્ર પુનર્વસુમાંનો પહેલો, મઘાનો પાંચમો, ત્રિકોણનો બીજો, દક્ષિણ ત્રિકોણનો સાતમો, આર્દ્ર અને જ્યેષ્ઠનો બીજો તારો એ જોડ તારા છે. એમાંના કેટલાક તારાનાં યુગ્મ નાના દૂરબીનમાંથી દેખાય છે, કેટલાકનાં યુગ્મ મોટા દૂરબીનમાંથી જ માત્ર દેખાય છે. જે તારાઓની જોડીમાં ૧૫ વિકલા કરતાં વધારે અંતર હોય છે તે નરી આંખે એક દેખાય છે, છતાં દૂરબીનમાંથી બહુ ઓછે ઓછે દેખાય છે. આને લીધે જ્યોતિષીઓ આવા તારાને જોડ તારા કહેતા નથી. હાલમાં ગુમારે ૭ હજાર જોડ તારાઓની શોધ થઈ છે. બહુ થોડે અંતરે હોનારી જોડોના તારાઓ વચ્ચે વાસ્તવિક કોઈ સંબંધ છે કે કેમ એ સર્વે વિષયમાં નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. કેટલીક જોડીઓ પૃથ્વીથી એકસરખી રેખામાં હોય છે, એટલે જ એવી રીતે દેખાય છે, પરંતુ જે જે જોડામાં બહુ જ થોડી વિકલાનો અંતર છે તેમાં નાના તારાઓને કોઈ પણ જોતિક સંબંધ હોવો જોઈએ એવું દેખાય છે. તેમાંના તારા પોતાના યુગ્મકમધ્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે. આવી જોડીને મિથુનમાલા કહે છે. ગુમારે બાર મિથુનમાલાનો પ્રદક્ષિણાકાળ નિશ્ચિત થયેલો છે. તે ગુમારે ૨૫ થી ૧૦૦ વર્ષ પર્યંતનો છે. કેટલાકનો પ્રદક્ષિણાકાળ સેકડો વર્ષનો હોય છે. જે જોડાનો પ્રદક્ષિણાકાળ થોડો છે, તેમાંના તારા બહુ જ નિકટ છે.

તારકાવલિ [સં. તારક (તારો) + આવલિ (પંક્તિ)] સ્ત્રી. તારા.
કલાકરની રાત જાય ઘડી ઘડી
પ્રભાતાર્થ લોકને જગે પાછરી ગયા
લોક તેને તારકાવલિ કહે છે. ઉદયભાર

તારકાસુર ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ રાજા.
૨. પું. (પુરાણ) ત્રિપુરમાંનો એક દૈત્ય. એને

તારાક્ષ અથવા તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલી એવા ત્રણ પુત્રો હતા.

૩. પું. (પુરાણ) દનુપુત્ર એક દાનવ.

૪ પું. (પુરા.જ્ઞ) વજ્રાંગ દૈત્યને વરાંગીને પેટે થયેલો એ નામનો પુત્ર. અઘ પરિયાત્ર પર્વત ઉપર રહીને ઉગ્ર તપ કર્યું અને બ્રહ્મદેવને પ્રસન્ન કરીને એમની પાસે અમરત્વ માગ્યું. એ બ્રહ્મદેવે માન્ય કર્યું નહિ. આ ઉપરથી એણે ફરી માગ્યું કે, સાત દિવસના છોકરા સિવાય બીજા કોઈના હાથે મારું મૃત્યુ ન થાય એમ કરો. બ્રહ્મદેવ તથાસ્તુ કહીને સ્વલોકે ગયા ત પછી એણે ત્રૈલોક્યને પીડા કરવાનો આરંભ કર્યો. એની સેનામાં જજ્ઝ, ઝુજ્ઝ, ઝુંજર, મહિષાસુર, મેઘ, કાલનેમિ, નિમિ, મકન, જજ્ઝક અને શુંભ એ મુખ્ય નાયકો હતા. છેવટે બધાને એનો ઉપદ્રવ બહુ થયો ત્યારે કાર્તિકેયનો અવતાર થયો અને એણે પોતાની વયના સાતમે દિવસે એને મારી નાખ્યો. વળી એમ પણ કહેવાય છે કે, તે તાર અસુરનો પુત્ર હતો. તેણે એક હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યું અને કોઈ રીતે ન મરવું ત્યારે તેના માથામાંથી એક બહુ પ્રચંડ તેજ નીકળ્યું તેનાથી દેવો ભાગવા લાગ્યા ઇંદ્ર પણ તેના આસન ઉપરથી ખેંચાવા લાગ્યો દેવોની પ્રાર્થનાથી બ્રહ્મા તારકની પાસે ગયા. તારકાસુરે બ્રહ્મા પાસે બે વરદાન માગ્યાં. પહેલું એ કે સંસારમા મારા જેવો કોઈ બળવાન ન હોય. બીજું એ કે મારું મોત થાય તો શિવથી ઉત્પન્ન થયેલ હોય તેના હાથે થાય. આ બે વરદાન મેળવી તે ઘોર અન્યાય કરવા લાગ્યો. આથી બધા દેવતા મળી બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ કહ્યું કે, શિવના પુત્ર સિવાય કોઈ તેને મારી શકશે નહિ. તેથી હિમાલય ઉપર પાર્વતી શિવ માટે તપ કરે છે ત્યાં જઈ એવો ઉપાય કરો કે શિવ સાથે તેનો સંયોગ થાય. આથી દેવતાઓની પ્રેરણાથી કામદેવ શિવનું ચિત્ત ચલાવ. કર્યું અને શિવનો પાર્વતી સાથે વિવાહ થયો. પછી દિવસ સુધી શિવથી પાર્વતીને પુત્ર ન થયો ત્યારે દેવતાઓએ ગણેશને અગ્નિને શિવની પાસે મોકલ્યો. કપોતના વેશમા અગ્નિને શિવે જોઈને કહ્યું કે, તું મારા વીર્યને ધારણ કર એમ કહીને શિવે તેના ઉપર વીર્ય નાખ્યું. તેમાંથી કાર્તિકેય ઉત્પન્ન થયા. તેને દેવોએ પોતાનો સેનાપતિ નીમ્યો. ઘોર યુદ્ધમાં કાર્તિકેયે તારકાસુરને માર્યો.

તારકાંતક [સં.] પું કાર્તિક સ્વામી

તારકિણી **૧.** [સં] સ્ત્રી. રાત્રિ.

૨. વિ. સ્ત્રી. તારાથી ભરેલી.

તારકિત **૧.** [સં.] વિ. તારા જેમા ઊગ્યા છે એવું; તારાઓથી ભરેલું; તારા કે નક્ષત્રોવાળું.

તારકિત રજની પટે ભવ્ય સોહાતો મુજે.
સ્વરચનાસંહિતા

૨. વિ. તારાથી જડેલું.

તારકી સ્ત્રિ. તારકિત

તારકીટ પું એક જાતનો વાળા જેવો કીડો. તે ખરાબ પાણી પીવાથી શરીરમાંથી નીકળે છે.

તારકેટ [સ તાર (ચાંદી) + કૂટ (બનાવટી)] પુ ચાંદી અને પિત્તળની મેળવણીથી બનેલી એક ધાતુ.

તારકેશ્વર **૧.** [સ] પુ. (વૈદક) એ નામનું એક રસૌષધ તે અકસ્માતના રોગ ઉપર કામ આવે છે.

૨ પું. કલકત્તા પાસેનું એ નામનું એક શિવલિંગ.

૩. પુ. શિવ.

તારકોલ પું. દારૂ; કામર.

તારક્ષ [સં. તાર્ક્ષ્ય] પું એક જાતનું પક્ષી. ગરુડ.

તારક્ષ પ્રતાપ દેખી સાપ સંતાપ છે.
હનુમત્પ્રકાશ

તારગિરિ [સ પુ પશ્ચિમ દિશામા આવેલો એ નામનો એક દેશ. ત્યાં ક્લેચ્છોનો નિવાસ છે.

તારઘ **૧.** [સ. તાર્ક્ષ્ય] પુ. ગરુડ.

૨. ન તાળવું

તારઘડા (તારઘડ્યા) **૧.** સ્ત્રી. એ નામની વનસ્પતિ એક અટકા.

૨ ન એ નામની અટકનું માણસ.

૩ વિ એ નામની અટકનું.

તારઘાતું ન તાર વિભાગ; વિદ્યુતસંકેત વિભાગ; ટેલિગ્રાફ ખાતું.

તારઘેવો પું. જરીનું વણેલું કાપડ, જરિયાન વસ્ત્ર. તે જામનગર, સુરત અને બનારસનું પ્રસિદ્ધ છે. તે સાડી, પોલકાં તેમ જ માથાના માટે વપરાય છે.

તારઘો પુ રૂપિયો તે ચાંદીનો સાંકેતિક શબ્દ છે.

તારગતિ સ્ત્રી. આડું ઊતરવું તે.

પ્રવાહ કરતાં વખતે દરણ કે નહેરની તારગતિ થાય ત. તે પણ સારી છે એમ સમજવું.
ગ્રામવહેવાર

તારઘર ન. તારના સંદેશા મોકલવા લેવાનું કામ થતું હોય એવું કાર્યાલય; તાર ઓફિસ; ટેલિગ્રાફ ઑફિસ.'

તારઘાટ પું. કાર્યસિદ્ધિનો યોગ, અવસ્થા; આયોજન.

તારચરબી [હિ.] પું. ચીન, જપાન આદિ દેશોમાં થતું એક જાતનું ઝાડ. તેના દૂધમા પણ બીજકોષ હોય છે. તેમાંથી એક જાતનો ચીકણો પદાર્થ નીકળે છે તેને ચરબી કહે છે. આ ચરબીમાંથી ચીન અને જપાનમા મીણબત્તી બનાવવામાં આવે છે. બીજકોષમાંથી ચરબી ઉપરાંત એક પ્રકારનું પીળું તેલ નીકળે છે. તે દવા અને રોગાનમાં કામ આવે છે.

તારચૂંક જો એક જાતની ચૂંક; વાળા ખાણી.

તારટપાલ ન. સ. ત. તાર અને ટપાલ.

તારડા (તારડા) પું. જોગવાઈ.

તારણ **૧** પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ઓગણીસ અક્ષરો હોય છે.

૨. પું. જામીન; જામીનગીરી; પ્રતિભૂ; દાવો ચાલ્યા પહેલાં કે ચાલતા દાવામાં જેટલા પૈસા અથવા બીજી મિલકત અનામત રાખવા અથવા હુકમનામું થયા રહે ત્યાંસુધી કોર્ટે પણ વખતે હાજર રહેવા માટે કોર્ટ તરફથી લેવામાં આવતી બાંહેધરી. જે શખ્સની પાસેથી તારણ આપવામાં આવ્યું હોય તે શખ્સને અસલ હુકમમાં ફરમાવ્યા પ્રમાણે નવું તારણ આપવાનો હુકમ કરવાની કોર્ટને મુખત્યાર છે.

૩. પું. તરવાનું સાધન; નૌકા; વહાણ; તરાપો; હોડી.

૪. પું. બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ માંહેનું એ નામનું અઠાવનમું વર્ષ; પ્રભવથી ૧૮મો સંવત્સર.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સંસારસાગરથી તારે છે માટે તારણ કહેવાય છે. મનુષ્યોને ભવસાગરથી તારનાર પણ પોતે જ છે. વળી જેનું નામસ્મરણ અને જપ ભક્તજનોને ભવસાગર તારનાર નૌકારૂપ છે. વળી અધમનો ઉદ્ધાર કરનારા પણ પોતે જ છે. પ્રાણાંતપ્રસંગે તેમનું નામસ્મરણ સદ્ગતિરૂપ છે. સર્વ દૃશ્ય જગતમાં તારણ એટલે સારરૂપ એટલે આત્મવસ્તુ પણ પોતે જ છે અને તારણ અને તારણરૂપ નૌકા પણ પોતે જ છે. માટે વિષ્ણુ તારણ કહેવાય છે.

૬. ન. ઉદ્ધાર; મુક્તિ; છુટકારો; રક્ષણ; તારવું તે; બચાવ; પાર ઊતારવાની ક્રિયા.

૭. ન. ખુલાસો.

૮. ન. જમાનતી રકમ; કોર્ટ માણસ કોર્ટ વેપારીની મારફત સોદો કરવા માગે ત્યારે તે વેપારીને ત્યાં નફા નુકસાન પેટે જમે કરાવવી પડતી રકમ; માલ ઉપર આડતિયા કે વેપારી પાસે નાણાં આગે લેવાય છે, તેમાં અમુક ટકા ઓછા અપાય છે તે રકમ. માલ ઉપર કરજાઉ નાણા લેતા માલની કીમતના પ્રમાણમા અનામત રાખવી પડતી રકમ; સટ્ટો વગેરે રમનારાઓને વાયદા વખતે ખોટ જાય તો તે પૂરી કરવા

માટે આગળથી અનામત રાખવા પડતાં નાણાં. ભઠાનું; નુકસાની બદલ આપેલી રકમ; બીજીન બદલ મૂકેલી રકમ; નાણાં ઉપાડતાં બાનમાં મૂકેલ દાગીનો કે વસ્તુ. વધુ ભાવ ઘટે ને બાકી નાણા લેનાર વધુ રકમ તારણની ન મોકલે તેવે વખતે આડતિયો તે વેચી નાખે છે.

૯. ન. જેમાં અમુક ચીજ તારવવામાં આવેલી હોય તે પાણી, વસ્તુ તારવી કાઢવા પછી રહેતુ પ્રવાહી.

૧૦. ન. તારવી કાઢેલું જે તે; સાર; બાકી રહેલો માલ; તાત્પર્ય; તારીજ; તારવવું તે.

તારણ કાઢવું = તાત્પર્ય કાઢવું; તારવણી કરવી.

૧૧. ન. બાકાતતા; બિલકતા; પુષ્ટિ.

૧૨. ન. યજ્ઞનુ એક સાધન.

૧૩. ન. રૂના વેપારમા કરાતો કરાર.

૧૪. ન. બેલ.

૧૫. વિ. તારનાર; પાર ઉતારનાર, ઉદ્ધાર કરનાર; ઉદ્ધારક; તીરે લઈ જનાર.

તારણતરણ ૧. વિ ઉદ્ધારક; બચાવનાર; તારનાર; મુક્તિ આપનાર; મોક્ષપ્રાપ્તિ આપનાર.

તારણતરણ ત્રણ લોકના સ્વામી કર્યા સુખ સિવ લહ્યો. સામળ

૨. વિ. બચાવનાર અને બચનાર.

તારણનિધિ [સં.] સ્ત્રી. સંરક્ષિત નિધિ, સિલકી અનેજ.

તારણમંત્ર [સં. તારણ (ઉદ્ધાર કરવો તે) + મન્ત્ર] પું. ઉદ્ધારનો રસ્તો.

તારણમુક્તિબાધકવાદ [સં.] પું. ગીરો છોડાવવાનો હક્ક રદ કરવાનો દાવો.

તારણશક્તિ [સં.] સ્ત્રી. તારવાની શક્તિ; બચાવવાની શક્તિ; 'બૉયન્સિ.'

તારણહાર વિ. ઉદ્ધારક; સ્વતંત્રતા અપાવનાર; તારનાર; ઉગારનાર; તારો; બચાવનાર

તારણિ જુઓ તારણી.

તારણિયા પું બ.વ. બપેડા; બાપરા ઉપર બાંધવામા આવતી વાંસને ઊભા ઠાડીને બનાવેલ બપાટો.

તારણિયાખીલા પું. બ.વ એક જાતના ખીલા.

તારણી ૧. [સં.] સ્ત્રી (પુરાણ) એ નામની કશ્યપની એક સ્ત્રી. તે ગાય અને ઊખાજની માતા હોવાનું કહેવામ છે

૨. સ્ત્રી. નૌકા; નાની હોડી.

૩. સ્ત્રી. લોઢાની જડ બનાવવાના તથા ખીલા તારવવાના ક્રમમા આવતું એક સાધન.

૪. વિ. સ્ત્રી તારવનારી; ઉદ્ધાર કરનારી

તારણો પું. લોઢાના પતરામાં નાનાં નાના કાણાં પાડવાના ક્રમમાં આવતું એક જાતનું સાધન.

તારણોપાય [સં. તારણ + ઉપાય] પું. તારણનો ઉપાય; તરવાનો ઉપાય; મોક્ષ મેળવવાનો ઉપાય.

તારતખાના [અ.] પું. પાયખાનું; સંડાસ, શૌચકૂપ.

તારતમ ૧. ન. (સંગીત) સાત સ્વરસમકો અહેનું એ નામનું તારતર સમકથી ચડતું સમક. તેના સૂરો વિશેષ તીણા ને સૌથી ઊંચા હોય છે.

૨. વિ. (સંગીત) તારતરથી ચડતું.

૩. વિ. વધુમાં વધુ તાર સ્વર હોય એવું.

તારતમ્ય ૧. ન. (ગણિત) બેજીબ્રા ઉપર આધાર રાખતાં પરિમાણોનું ગુણોત્તર. બે પરિમાણો બેજીબ્રા ઉપર આધાર રાખતાં હોય ત્યારે એકના મૂલ્યમાં અત્યંત અલ્પ ફેરફાર થવાથી બીજાના મૂલ્યમાં પણ અત્યંત અલ્પ ફેરફાર થાય છે. આવા ફેરફારોનું ગુણોત્તર તે તારતમ્ય કહેવાય છે.

૨. [સં. તર (અધિકતાવાચક પ્રત્યય) + તમ (શ્રેષ્ઠતાવાચક પ્રત્યય) + ય (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] ન. ચઢિયાતાપણું.

૩. ન. જીવ.

૪. ન તત્ત્વ

૫. ન. તત્ત્વતા; ફેર.

૬. ન. તરી આવવું તે.

૭ ન. ન્યૂનાધિકતા; ઓછાવત્તાપણું; ચઢિયાતા ઊતરતા અંશોની તારવણી; ચડાવઊતાર; ચડઊતર.

૮. ન. પરિણામ.

૯. ન. પ્રમાણબુદ્ધિ; પ્રમાણની સમજશક્તિ.

૧૦. ન. બે કે વધારે વસ્તુનો ગુણ, પ્રમાણ વગેરેનો પરસ્પર મેળ કે મુકાબલો.

૧૧. ન. મતલબ; સાર; ભલવાર્થ; મુદ્દો; સારાંશ; તાત્પર્ય; ખુલાસો.

૧૨. ન. સાપેક્ષ અગત્યતા

૧૩. ન. સાર-અસાર વિચાર.

તારતમ્યતા [સં.] સ્ત્રી. તત્ત્વતા; ફેર.

તારતમ્યપત્રક ન. ભૂમિપર્યમૂલ્યપત્રક.

તારતમ્યબોધ [સં.] પું. સાપેક્ષ સંબંધ જ્ઞાન; સારાનરસાપણાનું ભાન.

તારતમ્યભાવ પું. પ્રમાણની સમજશક્તિ; ગુણ બાબતની સમજણ.

તારતમ્યભેદ [સં.] પું. ન્યૂનાધિકતાનો ભેદ.

નામરૂપાત્મક આત્મતત્ત્વના તારતમ્યભેદથી અચેતન અને સચેતન એવા બે ભેદ થાય છે ગીતારહસ્ય

તારતર ન. (સંગીત) સાત સ્વરસમકો અહેનું તાર સમકથી ચડતું એ નામનું એક સમક. તેના સૂર કર્કશ વધારે ઊંચા અને ઝીણા હોય છે

તારતંદુલ [સં.] પું એક જાતની ડાંગર.

તારતા [સં.] સ્ત્રી. તીક્ષ્ણતા.

તારતાર ૧. [સં.] પું. (સાંખ્ય) એક બૌદ્ધ સિદ્ધિ; અભ્યાસ કરેલા શાસ્ત્ર વગેરેની તર્ક દ્વારા યુક્તિપૂર્વક પરીક્ષા કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિ

૨. પું. તાતારિયો; તાતાર દેશનો માણસ.

૩. સ્ત્રી. (સાંખ્ય) એક પ્રકારની સિદ્ધિ, અધ્યયન; પોતે સાક્ષાત્ ગુરુ પાસે ભણ્યા ન જતાં બીજાના પાઠ સાભળવાથી જે તત્ત્વજ્ઞાન થાય છે તે અધ્યયન.

૪. ન. સાંખ્યપ્રસિદ્ધ એક પ્રકારનું વાદ્ય.

૫. [ફા.] અ. કટકટાટા; કાફોદોફા, બેદાનબેદાન; છિન્નભિન્ન.

તારતાર કરવું = કટકટાટા કરી નાખવા.

૬. ન. હરિવંશનુ એક જાતમા.

તારતોડી (તારતોડ઼ી) સ્ત્રી વજનિર્માણકળામાં એક પ્રકારની ક્રિયા.

તારદાન ન. (સંગીત) મેરુ; તંબૂરમાં ખૂંટીઓ પાસેની પટ્ટી, તારદાની; તંબૂરમાં તુમ્બાના મૂળમાં સર્વ તારોને રહેવાને બનાવેલી ગુંજવાણી જેવો તે; તાર રહેવાની જગ્યા; તંતુવાદ્યનો ખૂંટીએ વીંટેલો તાર કાણામાં થઈને જે પટ્ટી ઉપરથી પસાર થાય છે તે પટ્ટી

તારદાની સ્ત્રી. (સંગીત) તાંતવાદ્યની તાર વીંટાળેલી સળી

તારદ્યુતિ [સં.] ન. તારાનું તેજ.

તારન ૧. [હિ.] ન. વરસ નામ્યા પહેલાનું ઘરના બપરાનું વાસણનું બોખું

૨. વિ. (ચારણી) તારણ; તારનાર; તારવાપણું

તારન કરવું = પાપમાંથી મુક્ત કરવું.

તારનતરંગખાં પું. તાનસેનનો એ નામનો એક પુત્ર.

તારનાર વિ. બચાવનાર, રક્ષણ કરનાર; ઉદ્ધારક; ઉત્કર્ષક; ઉગારનાર; મુક્તિ આપનાર.

તારપછી અ. સારપછી; તે બાદ; વખત વીત્યા પછી.

તારપતાર વિ વીખરાયેલું, છૂટું પડેલ; છિન્નભિન્ન થયેલું.

તારપત્રી સ્ત્રી. એક જાતનું ઝાપટ.

તારપરા ૧ સ્ત્રી. એ નામની કચ્છીની એક બોલી

૨. ન. એ નામની બોલીનું માણસ.

૩. વિ. એ નામની બોલીનું.

તારપીન પું ટરપેન્ટાઇન તેલ; તરપીટિણ.

તારપુ ન. એક પ્રકારનું સુષિર વાદ્ય.

તારપુષ્પ [સં.] પું. મોગરાનો છોડ.

તારફણી ન એક પ્રકારનું તલવારનું મિયાન. દરજીવતારી તલવારનું મિયાન તારફણી છે.

તારબતાર [જા. તારતાર] વિ. વિકીર્ણ; છિન્નભિન્ન; ધૂળધાણી. છૂટેછવાયું.

તારબર્કી ૧. સ્ત્રી તારનો સંદેશો.

૨. સ્ત્રી. વીજળીક તાર; વિદ્યુત શક્તિ દ્વારા સંદેશો પહોંચાડનાર તાર; 'ટેલિગ્રાફ.'

તારબસ્ત ન. આમળો. વળ; મરોડ.

તારબંધ સ્ત્રી બલેજીની ચામણી

તારબંબારવ પું. એક પ્રકારનો અવાજ.
ગબર્ન આવી તારબંબારાવ કીધો.
શ્રુ. આ. પરિષદ

તારબાબુ પું. તારમાસ્તર; 'સિગ્નલર'.

તારમંડલ ૧. ન. તારનું ગૂંચળું.

૨ વિ. ચક્રાકાર; સર્પિલ.

તારમંદ પું. શબ્દનો એક પ્રકારનો ભેદ.

તારમાક્ષિક [સં.] સ્ત્રી. સાત ગૌણ ધાતુની એ નામની એક ધાતુ; રૌપ્યમાક્ષિક; રૂપામખી

તારમાપણી સ્ત્રી. તાર માપવાનું એક જાતનું યંત્ર; 'વાયરગોજ.'

તારમાસ્તર પું. તારનો સંદેશો લેનાર અને મોકલનાર માણસ; તારના સંધા ઉપર સંદેશા લેવા મોકલવાનું કામ કરનાર અધિકારી; 'સિગ્નલર.'

તારમેઘ પું. એક જાતનો પ્રમેહ. તેને તંતુમેહ પણ કહેવામાં આવે છે.

તારમોડિયો (તારમોડિ્યો) સ્ત્રી એ નામની એક જાતની માછલી. ભૂમલા નામની માછલી કરતાં નાની હોય ત્યારે તેને તારમોડિયો કહે છે.

તારયંત્ર ન. તારથી સંદેશા મોકલવા લેવાનું યંત્ર

તારયિતા [સં. તારયિતૃ] પું તારનાર માણસ; ઉદ્ધાર કરનાર વ્યક્તિ.

તારરજ્જુ ન. વીજળીના પ્રવાહને લઈ જનાર તાર; સમુદ્રતાર; ટેલિગ્રા.,

તારલ ૧. [સં.] પું. તારો.

૨. વિ અસ્થિર; ચંચળ.

૩. વિ. વિષયલંપટ.

તારલા પું. બ. વ. તારા; આદરડાં.

તારલિયાળું વિ તારાનું; તારાવાળું.
ચૂંદડીમાં તારલિયાળી ભાત,
કે ચૂંદડી કોણે ઓઢવી રાજ ? કુમાર

તારલિયો પું. તારો; ચાંદરડું. ભાવિસ્તવાચક શબ્દ છે.
રાજા સરીખુમ સેરડા, એનાં રાતાં તારલિયાનાં તેજ રે. ભોટાદકર

તારલી સ્ત્રી તારો; ઝીણો તારો; નાનો તારો.
હવા શું વરસી ને વંટા શું રમતી,
તારલી શું રમતી આતુર રે
શ્રુ. આ. પરિષદ

તારલો પું. તારો.

તારલ્ય ૧. [સં.] ન. ચંચળતા; ચપળતા.

૨. ન ક્ષયરોગ. પ્રવાહીપણું.

તારવણી ૧. સ્ત્રી. તારવવાની ક્રિયા.

૨. સ્ત્રી. તારવવું તે. હિસાબ માટે વપરાય છે.

૩. સ્ત્રી. ચાંદરણું

તારવણું ન. જરિયાન કાપડ.

તારવલ ન. (અંધારા) વળાંક.

તારવવું ૧. સ. ક્રિ. ઉપર ઉપરથી લઈ લેવું.

૨. સ ક્રિ એક બીજા બીજી સંમિશ્ર ચીજોમાંથી ઉપર આણી જુદી કાઢી દેખાડવી; એકાદી ચીજ બીજામાંથી તારવી જુદી પાડવી; જુદું કરવું.

૩ સ. ક્રિ. એક બાજુએ બસેડવું. એક તરફ કરવું

૪. સ. ક્રિ. સંભાળવું.

૫. સ. ક્રિ. આતાવાર/જમે ઉધારનો આંકડો નક્કી કરવો

૬. સ ક્રિ. ચૂંટી કાઢવું; વીણી કાઢવું.

૭. સ. ક્રિ. જાડું પાતળું. વિખૂટું પાડવું.
લેવું દેવાં દોર, ઠોબેથી તારવીએ નર્યું;
મોરી સોતા મોર, ઠોરી ઠીબાં દેવરા.
દુહો

૮. સ ક્રિ. દબાઈ ગયેલી ચીજને ઊંચી આણવી

૯. સ ક્રિ. નફોનોટો કાઢવો.

૧૦ સ. ક્રિ. પાણીમાં તારવી લેવું; ભૂસું ધોવા પછી છૂટું કરી પાણી સોંસરું કાઢી લેવું; ભોગા કાઢવું.

૧૧. સ. ક્રિ. માર્ગ બતલાવો.

તારવાયુ [સં.] પું. અતિ ઉચ્ચ શબ્દવાળો પવન; સુસવાટવાળો વાયુ.

તારવાળો પું. તાર પહોંચાડનારો સિપાઈ; તારનો સંદેશો પહોંચાડનારો માણસ

તારવિભાગ પું. તારખાતું; વિદ્યુતસંકેત વિભાગ; ટેલિગ્રાફ ખાતું.

તારવિભાસા [સં.] સ્ત્રી. એ નામની એક ઉપધાતુ; તારમાક્ષિક.

તારવું ૧. ન. (સંગીત) એ નામનું એક સુષિરવાદ્ય વાદ્ય. મયૂરકૃતિના સાંબા તુંબાને બોબર પ્રમાણે બે વાંસની ઝિંડવાળી નળીઓ લગાવી તેને વાંસની જિહ્વા વાળી ઉપરના છેડે મૂકી વગાડાય નીચેને છેડે તાડપત્રનું ગોળ ભૂગળ લગાડવામાં આવે છે. વાદન સરળ છે. બંગાલ પ્રદેશના લોકો વધે આગે આ વાદ્યનો ઉપયોગ કરે છે

૨ સ. ક્રિ. જ્ઞાનબોધથી સંસારમાંથી મુક્તિ અપાવવી; ઉદ્ધારવું; ભવબંધનમાંથી જ્ઞાનબોધ આપી છૂટું કરવું; ઉગારવું.

૩ સ ક્રિ. નદીને પાર બળદ એમ કરવું; સંકટમાંથી કાઢવું કે પાર ઉતારવું; પાપ, દુઃખ, મુશ્કેલી વગેરેમાંથી મુક્ત કરવું.

૪. સ. ક્રિ. તરે એમ કરવું; કૂદતું બચાવવું.

૫ સ. ક્રિ. (વહાણવટું) નવા વહાણને પાણીમાં તરતું કરવું

૬. સ. ક્રિ પડી ગયેલી હાલતમાંથી ઉચ્ચ હાલતમાં આણવું; નરમ હાલતમાંથી ઊંચી હાલતમાં લાવી જવું.

૭. સ. ક્રિ. પિતૃઓની મુક્તિ થાય તેમ કરવું; બચાવવું; રક્ષણ કરવું.

તારવૈયો વિ. તારનાર

તારશુદ્ધિકર [સં.] ન. સીસું.

તારશ્રુતિ સ્ત્રી. (સંગીત) બાવીસ શ્રુતિની એ નામની એક શ્રુતિ.

તારસપ્તકના જુઓ તારસપ્તકના.

તારસપ્તક ન. (સંગીત) મધ્ય સપ્તકથી ચડતું સપ્તક; મધ્ય સપ્તકથી ઊંચા અથવા તીણા અવાજના સ્વરોનો સમૂહ; મધ્યમ સપ્તકના ષડ્જથી દ્વિગુણ આંદોલનવાળા ષડ્જ અને તેને અવલંબી રહેલા નિષાદ સુધીના શુદ્ધ વિકૃત સ્વરોનો સમૂહ. આનું બીજું નામ ટીપસપ્તક પણ છે.

તારસવન [સં] ન. વેદનાં ત્રણ માહેનું એક પ્રકારનું સવન. વેદનાં ત્રણ સવન છે: પ્રાતઃસવન, મધ્યાહ્નસવન અને તારસવન.

તારસાર [સં] સ્ત્રી.; ન. એકસો આઠ માહેનું એ નામનું યજુર્વેદનું એક ઉપનિષદ.

તારસ્થાન ન. સંગીતના ત્રણ માંહેનું એ નામનું એક સ્થાન; તીવ્ર સૂરવાળું સ્થાન.

તારા

તારસ્વાનીય વિ (સંગીત) તીવ્ર સૂરનું.

તારસ્વર પું. ઊંચો સ્વર.

> અગ્નિ વાયુને ઘેરે છે અને વાયુ જલીને વિષે ફરતો મંદસ્વર ઉત્પન્ન કરે છે અને કઠમાં ફરતો મધ્યસ્વર ઉત્પન્ન કરે છે અને મૂર્ધસ્થાનને વિષે ફરતો તારસ્વર ઉત્પન્ન કરે છે.
>
> બૃહદ્ભાકરવ્ય

તારહાર ૧. [સં.] પું. મોટાં મોતીનો બનાવેલો હાર.

૨. પું. રૂપાનો હાર.

તારવુ ન. રાનીપરજનું એ નામનું એક વાજિંત્ર; ઢોલ.

તારંગ પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; તાલાંક. તે ૬૮પદીઉપપ્રભેદ એક ભેદ છે.

તારંગા સ્ત્રી. એ નામની ગુજરાતમાં આવેલી એક ટેકરી. તે જૈન લોકોનું તીર્થસ્થાન છે.

તારા ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમગતિ માત્રામેળ છંદ તે પંચા છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૦ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) મલ્લિનાથે નામ આપેલ દંડકને મળતો એ નામનો એક છંદ. દંડકમાં ૨૭ કે તેથી વધારે અક્ષરો જોઈએ. આમાં ૧૮૪ છે. બાકી બધી રીતે આ છંદ રગણાત્મક દંડકનું નાનું રૂપ છે.

૩. પું. સ. વ. આંખની કીકી; ડોળા; ચક્ષુમણિ.

૪. પું. સ. વ. કસબી કામમાં વપરાતા સોના રૂપાના તાર.

૫. પું. સ. વ. આંદરડાં; આંત્રાવયવ. ઝળુકતા ગોળા, તારા અથવા ગ્રહ; ગ્રહો અથવા નક્ષત્રોનો સમૂહ. તત્ત્વજ્ઞાની આચાર્ય કણાદ માને છે કે, નિહારિકા તારાનું પ્રથમ સ્વરૂપ છે. તેની વરાળ ધીમે ધીમે ટાઢી પડી જવાથી, ગ્રહ થઈને આખરે તારા બન્યા છે. દૂરદર્શક યંત્ર વડે તે આપણને વાયુરૂપ જ લાગે છે. આ શોધ પણ નવીન નહોતી, કારણકે હજારો વર્ષ ઉપર એવું કથન થયેલું હતું કે, વાયુઃ સર્વમિદં જગત્ એટલે આ સર્વ જગત વાયુ જ છે, એ સૂત્રથી સિદ્ધ થાય છે. કેટલાકનું એમ માનવું છે કે, તેજોમેઘમાની ઉષ્ણતા ધીમે ધીમે ઘટતી જઈ તેનું ઘનીભવન થઈ તારાની ઉત્પત્તિ થાય છે. તારો જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તે વાયુનો મોટો ગોલક હોય છે. શરૂઆતમા તેનો રંગ નારંગી હોય છે. ત્યારપછી તે કદમા નાનો અને વધારે ઘન બનતો જાય છે. તેની સાથે રંગ પણ પીળો, ત્યારપછી ધોળો અને ઊંચે વાદળી થાય છે, જ્યારે સૌથી વધારે ગરમી તે પામે છે. ત્યારપછી ગરમી ઓછી ઓછી થઈ તે વધારે સંકુચિત બને છે. છેવટે તે નાશ પામે છે. જેમ તારાનો રંગ વધારે ધોળો તેમ તે વધારે ગરમીવાળો હોય છે. જેમ જેમ તેનો રંગ વધારે રાતો હોય તેમ તેમ તે વધારે ઠંડો મનાય છે. કેટલાક તેજોમેઘના તારાજીવનની ક્રિયા શરૂ થઈ નથી, કેટલાકમાં માત્ર શરૂ જ થઈ છે અને કેટલાકના તારાગુચ્છ થયેલા છે. કેટલાક તારાના વર્ણલેખ ઉપરથી દેખાયું છે કે, તેમના ઘટક અર્જુન પરમાણુ ૩૦થી ૪૦ માઈલ અંતર ઉપર છે. આ ઉપરથી તેજોમેઘમાથી કાલાંતરે તારા બને છે એ કહેવામાં સમર્થન મળે છે. કેટલાકનો એવો મત છે કે, ગ્રહ અથવા તેજોમેઘનું તારા સાથે યુદ્ધ થઈને તેને પરિણામે તારા સળગતા હોવા જોઇએ. તારાના અંતર સબધમાં એવો શુમાર કઢાયો છે કે, પ્રથમ પ્રતિના તારાઓથી પૃથ્વી ઉપર પ્રકાશ આવવાને સરાસરી ૧૫ વર્ષ લાગે, બીજી પ્રતિના તારા ઉપરથી ૨૮ વર્ષ, ત્રીજી પ્રતિના તારા ઉપરથી ૪૩ વર્ષ અને ચારમા પ્રતિના તારા ઉપરથી ૬૫૦૦ વર્ષ લાગે છે. વર્ણલેખક યંત્ર વડે તારાઓની ગતિ સબધમા જણાયું છે કે, કેટલાક તારાઓ ઓછીવધતી તિર્યક રેખાઓમાં આપણા તરફ આવતા હોય છે અને કેટલાક આપણાથી દૂર જતા હોય છે. કાટખૂણાવાળા ત્રિકોણની કર્ણરેખાથી બનતી તેમની ગતિ આપણને તેની બે બાજુઓમાંથી દેખાય છે, એટલે કે આકાશમાં આડી દેખાય છે અને બીજા તારા તરફ જોવાની આપણી જે દિશા અર્થાત્ દર્શનરેખા તેમાં અનુભવાય છે. આ પૈકી આડી એટલે આકાશમાં પૂર્વ પશ્ચિમ અથવા કોઈ પણ દિશામાં દોરાતારી ગતિને વાસ્તવગતિ કહે છે. તે ગતિ કેટલાક તારાની વર્ષમાં ૪ થી ૭ વિકલા છે અને બસ્સોએક તારાની સો વર્ષમાં બેકીક વિકલા છે. આ ગતિ સર્વ તારાનો એક નિયમ પ્રમાણે થાય છે એવું નથી. તેમના માન અને દિશા જુદા જુદાં છે અને તે સાંધી લીટીમાં છે. આ ગતિ કેટલાક તારાપુજની બણીબરી એકસરખી છે. કૃત્તિકા અને રોહિણી એ બેની વચ્ચના સર્વ તારાઓની વાસ્તવગતિ સમાન છે. તેવી જ રીતે સપ્તર્ષિમાંના મરીચિ અને ક્રતુ એ બે ગ્રહ કરતાં બાકીના પાચની ગતિ સમાન છે. દર્શનરેખામાની ગતિ વર્ણલેખક યત્ર વડે શુમારે ઈ. સ. ૧૮૬૫થી સમજવામા આવી છે. કેટલાક તારા સેકડે ૪૦થી ૫૦ માઇલના વેગથી આપણી તરફ આવ્યા જાય છે અને કેટલાક તારા ૧૫થી ૨૦ માઈલના વેગથી આપણાથી દૂર જતા જાય છે. આમાં બાબતની ગતિમાં ચમત્કાર દેખાયો છે. પ્રથમ દર સેકડે શુમારે ૨૦ માઈલ પ્રમાણે તેનું નિર્ગમન થતું હતું, પરંતુ તે વેગ કમી થઈ જઈને હવે તેનું આગમન થવા માંડયું છે. બીજા તારા પ્રમાણે આપણા સૂર્યને પણ ગતિ છે. હોરી નામે પુંજમાં એક બિંદુ તરફ આપણો સૂર્ય સપરિવાર જાતો છે. આ ગતિ બહુ જ ઓછી એટલે ૧૦૦ વર્ષમાં શુમારે ૩૭ વિકલા છે. દર સેકડે તે ૨૦ થી ૪ માઈલ જાય છે, એવો કોઇ કોઇનો મત છે. કોઇ કોઇના મતે એની ગતિ આના કરતા વધારે ઝડપવાળી છે. સૂર્ય જે તરફ જાય છે સામો તારો આપણા તરફ આવે છે અને ઊલટી દિશાથી દૂર જાય છે એવું સામાન્યતઃ દેખાયું છે એટલે આપણા સૂર્યની ગતિને લીધે તેમાં ગતિ દેખાય છે, પરંતુ તેમની સઘળી જ ગતિ ભાસમાત્ર નથી. તેનો કંઈક અંશ વાસ્તવ છે એવું સિદ્ધ થયું છે. અનેક તારાઓ બેવડા હોય છે. સામાન્ય દૂરદર્શક યત્રથી એને નોખા જોઇ શકવા એ પણ ઘણી વાર અશક્ય બને છે. સામાન્ય રીતે બેવડા તારામાં મોટો તારો વિશેષ ઝાંખો હોય છે, પણ જ્યારે મોટો તારો નાના તારા આડો આવી ગ્રહણ કરે છે ત્યારે જ મોટો તારો માલૂમ પડે છે, નહિતર નાના તારાના તેજમાં તે બેવો મુશ્કેલ છે. તારાના અંગમાં ગતિ છે એવો હાલમાં મત છે, પરંતુ અદ્યાપિ તારો એક અદૃશ્ય મહાસૂર્ય આસપાસ ફરતો હોવો જોઇએ, એવું એક જ્યોતિષીએ પોતાના મતથી જ માત્ર સિદ્ધ કર્યું છે. બાબ અને તેનો સહચર તારો એ બેની ગતિ વચ્ચે અનિયમિતપણું દેખાવા માંડયું છે અને દર્શનરેખામાની બાબની ગતિ બદલવા માંડી છે. મતલબ કે સૂર્યમાળામાં જેવી ઈશ્વરની યોજના બ્યવસ્થિત દેખાય છે તેવી જ તારાઓમાં છે કે કેમ એનો નિર્ણય કાલાંતરે થાય તો ખરો જાણે! વિશ્વરચનામાં જે કંઇ પ્રકાર સાદૃશ્ય દેખવામાં આવે છે તે ઉપરથી જ તારા આપણા સૂર્ય સરખા હશે એવું કેટલાંક વર્ષો પહેલાં અનુમાન હતું. પરંતુ વર્ણલેખક યંત્ર ઉપરથી પણ તારાની ભૌતિક ઘટના સામાન્યતઃ આપણા સૂર્ય સરખી જ છે એવું જણાઈ આવ્યું છે. કેટલાક તારા આપણા સૂર્યથી બહુ મોટા છે, કેટલાક તેના જેવડા છે અને પુષ્કળ તારા તેનાથી નાના છે. આપણા સૂર્ય ઉપર જેવા ડાઘ દેખાય છે તેવા ડાઘ કેટલાક તારા ઉપર અતિશય છે અને તેને લીધે તે કોઈ વાર દેખાય છે, કોઈ વાર દેખાતા નથી અને કેટલાક તો જાણે તેમના નિર્માણનો હેતુ પૂરો થયો હોય તેને લીધે નષ્ટ વીર્ય અને નષ્ટ તેજ થઈ રહ્યા છે. તારાની જુદી

જુદી માણા એક એક મહાસૂર્યની આસપાસ ફરતી હશે અને તે સૂર્ય બહુ મોટા પરંતુ અપ્રકાશિત છે, એવો કોંટ પછી લેમ્બર્ટ નામે એક તત્ત્વવેત્તા થયો તેનો મત હતો. પરંતુ તારાનો સમુદાય દેખાતો હોવાથી તેમનાથી બહુ મોટા એવા મહાસૂર્ય તેજસ્વી ન હોવાથી દેખાતા નથી, આવું હોવું સંભવતું નથી. કેટલાક તારાસમૂહોની ગતિ સરખી દેખાય છે ખરી, તોપણ આજ સુધીના વેધ ઉપરથી તે સમૂહ એક એક મધ્ય આસપાસ ફરતા હશે એવું દેખવામાં આવતું નથી. સિવાય આકાશમાં એકલા એકલા પથરાયેલા કેટલાક તારા છે, તેમની ગતિમાં કંઈજ નિયમ દેખાતો નથી. આમ છે તો જુદી જુદી માણા હોવી એ પણ સંભવતું નથી પ્રત્યક્ષ જ્યોતિષીઓએ આકાશમાંના તારાના શુમારે ૧૦૬ રાશિ અથવા પુંજ કલ્પેલા છે તેમાંના ૪૮ પ્રાચીન છે. બાકીના તારા ગયા ત્રણસે વર્ષમાં કલ્પેલા છે. ૪૮માં જ ક્રાંતિ પ્રદેશની મેષાદિ બાર રાશિ આવે છે. સત્તાવીસ નક્ષત્રોના પુંજ બાર રાશિમાં આવી જાય છે. જ્યોતિષીઓએ તે નક્ષત્રોને જુદાં જુદાં નામ આપેલાં છે. ક્રાંતિ પ્રદેશમાંની બાર રાશિ અને બીજી ૭ સાત રાશિઓ એ સર્વેમાંના બધાખરા તારા અને બાકીની રાશિઓના બધા જ પહેલા વર્ગના તારાઓ આપણા પ્રાચીન ગ્રંથોમાં ગણી આવે છે. એક એક ચંદ્રના અઠ્ઠાવીસ નક્ષત્ર, અઠ્ઠાવીસ ગ્રહ અને છાસઠ હજાર નવસો ને પચોતેર કોટાકોટિ તારાઓ છે. પૃથ્વિની અલ્પતા અને અનંતતાનાં દર્શન જેવાં આકાશમાં થાય છે તેવાં બ્રહ્માંડ બીજે કયાંય થતાં નહિ હોય. આકાશમાં બધા તારા સરખા હોતા નથી. કેટલાક વધારે ચળકતા, તો કેટલાક વધારે ઝાંખા હોય છે તેથી પ્રકાશના પ્રમાણમાં તારાઓના ફરજ્જા કરવામાં આવ્યા છે. શુક્ર જેવા સૌથી વધારે ચળકતા તારા પહેલા ફરજ્જાના ગણાય છે. તેનાથી સહેજ ઝાંખા તે બીજા ફરજ્જાના, તેનાથી સહેજ ઝાંખા તે ત્રીજા ફરજ્જાના. આમ છઠ્ઠા ફરજ્જા કરવામાં આવ્યા છે. સાતમા અને તેનાથી આગળના ફરજ્જાના તારાઓ નરી આંખે દેખી શકાતા નથી. તેમને જોવાને દૂરબીનની મદદ લેવી પડે છે. ચંદ્રના પ્રકાશમાં કેટલાક તારાઓનું તેજ ઝળી જવાથી તેઓ દેખી શકાતા નથી. તેથી તારાદર્શન માટે અંધારી રાત વધારે ઠીક પડે છે; તેમાં પણ અમાસની રાત ઉત્તમ છે, કેમકે તે આખી રાત ચંદ્રના પ્રકાશ વિનાની હોય છે રવીન્દ્રનાથ કહે છે કે: પરમેશ્વર ફૂલને સ્વરૂપે, તારાઓને સ્વરૂપે, આકાશમાંના અનંત રંગોના સ્વરૂપે, પંખીઓને સ્વરૂપે, વાયુ લહરીને સ્વરૂપે, આપણને કમલે ને કમલે, ક્ષણે ક્ષણે સંદેશો મોકલે છે, પત્રો પાઠવે છે, પરંતુ એ વાંચનાર કોણ? કલાપી પણ કહે છે કે:

તારા ઉપર તારક જ્યાં કૂખી રહ્યાં જે મૂખનાં,
તે યાદ આવે આખને ગેબી કશેરી આપની.
કલાપી

૧. આંખોના તારા = અતિપ્રિય.

૨. તારા બબૂચા = ઉજાગરો કરવો; નિદ્રા ન આવવી; ચિંતા વગેરેને લીધે બેચેનીમા રાત કાઢવી.

૩. તારા તૂટવા = ઉલ્કાપાત થવો.

૪. તારા બતુ = (૧) આકાશ જેટલું ઊંચું હોવું. (૨) તારા જેટલું નાનું દેખાવું.

૫. તારા દેખાડવા = (૧) આખ ઉપર તમાચો મારી તે ઉઘાડતાં તારા જેવી ઝીનમારીઓ દેખાય તેમ કરવું. (૨) પ્રસૂતાને આકાશ તરફ નજર કરાવવી. મુસલમાનમાં પ્રસૂતા સ્ત્રીને છઠ્ઠીને દિવસે બહાર લાવી આકાશની તરફ નજર કરાવવામા આવે છે, કે જેથી જિન, ભૂત આદિનો ડર ન રહી જાય

૬. તારા દેખાડી દેવા = કંઈ વાતચીતથી પોતાની નજર આગળ બત્તી નામની ઠોબ જેમ બાળવું.

૭. તારા ભરી રાત = તારા પ્રકાશતા હોય એવી રાત.

૮. તારાની જ્યોં = બળકું; પરોઢિયું.

૯. તારાનો દિવસ = તારાના ઉદયકાલથી અસ્તકાલ સુધીનો સમય.

૧૦. દિવસે તારા જોવા-દેખવા = બારે મુશ્કેલી કે દુઃખ આવી પડવું.

૧૧. રંગિત તારા = એક કેસો આતશબાજી. તે લાલ, લીલા અને સફેદ રંગની ગોળીઓ કરી બનાવવામાં આવે છે.

૬. [સં.] સ્ત્રી. ઉલ્કા; ઊંજણડિયું.

૭. સ્ત્રી. એ નામની એક મદાનદી.

૮. સ્ત્રી. એ નામની દેવી.

કિષ્કિંધ પર્વતમા તારા નામની દેવીની પાઠ છે. ભાગવતી ભાગવત

૯. સ્ત્રી (જૈન) એ નામની એક શક્તિ.

૧૦. સ્ત્રી ચકચકતી ગોળ ચકતી કે ટીપકી.

૧૧. સ્ત્રી મિઠા નામે એક મધદ્રવ્ય.

૧૨ સ્ત્રી. તત્ત્વવિલાસિની એ નામે એક રચિકા.

૧૩. સ્ત્રી. દશ બાકેની એ નામની બીજી મહાવિદ્યા.

૧૪. સ્ત્રી (જ્યોતિષ) નક્ષત્ર.

૧૫. સ્ત્રી. પાર્વતીજીનું એક નામ; દુર્ગા; શિવપત્ની.

૧૬. સ્ત્રી. પ્રમાણ વખતે હાથી બાજુથી ઊંડી જમણી તરફ ઊતરે એવી દેવચકલી.

૧૭. સ્ત્રી. બૌદ્ધ ધર્મની એ નામની દેવી. તેણીને અઢાર હાથ હોવાનું મનાય છે. બે મુખ્ય હાથમાં ધર્મચક્ર મુદ્રા ધારણ કરે છે.

૧૮. સ્ત્રી. (જ્યોતિષ) મઘાથી અનુરાધા સુધી ગણીને ત્રણ ત્રણ નક્ષત્રના એક એવા નવ જથ્થા સ્થાપવા તે. નવ તારાનાં નામ: જન્મ, સમ્પત, વિપત, ક્ષેમ, પ્રત્યરિ, સાધક, વધ, મિત્ર અને અતિમૈત્ર. જન્મ તારામાં જાહ, ઔષધિનું સેવન અને યાત્રા કદી કરવી નહિ. વિપત અને પ્રત્યરિ તારામાં યાત્રા નિષિદ્ધ છે. વધ તારામાં સર્વ કર્મ નિષિદ્ધ છે. બાકીના બધા તારા શુભ છે.

૧૯. સ્ત્રી મોતી.

૨૦ સ્ત્રી. (પુરાણ) રોહિણી; બૃહસ્પતિની બે માંહેની નાની બ્રી; તારા તેને સોમ એટલે ચંદ્ર ઉપાડી ગયો હતો. તેથી બૃહસ્પતિ અને ચંદ્ર વચ્ચે યુદ્ધ થયું. બ્રહ્માએ આ લડાઈ અટકાવી અને નિવેડો આપ્યો. તારા બૃહસ્પતિને પાછી સોંપી દીધી, પરંતુ તેણીને સોમથી થયેલ એક બાળક પેટમાં હતું. આ બાળકનું નામ પાછળથી બુધ રાખ્યું.

૨૧. સ્ત્રી. વાલિની પતિવ્રતા પત્ની. તે સુષેણ નામના વાનરની કન્યા હતી. તેના પુત્રનું નામ અંગદ.

પુરસે વાલી ગયો તથાપિ વિનવે તારા મોટી વાલીથી,
બાલા સુગ્રીવ સાથ એકય કરીને છોડો ભીતિ આંધી.
રામાયણસાર

૨૨. સ્ત્રી. (જ્યોષ) વાસ્તુરાજાના કામે બ્રાહ્મણનો એક આંકડો. ઘરધણીના જન્મનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રથી ઘરનું જે નક્ષત્ર કરાવ્યું હોય તે નક્ષત્ર સુધી ગણતાં જેટલો આંક આવે તેટલા આંકને નવ વડે ભાગવાથી શેષ જે રહે તેટલામી તારા સમજવી અથવા જન્મનક્ષત્રથી દિનનક્ષત્ર સુધી ગણી તેને નવે ભાગતાં જે શેષ રહે તે તારા સમજવી. તે નવ છે: ૧ જાંતા, ૨ મનોહરા, ૩ કૂરા, ૪ વિજયા, ૫ કલ્યાણિકા, ૬ પદ્મિનિ, ૭ રાક્ષસી, ૮ ભારા અને ૯ આનંદા. તેમાં જન્મની બીજી, ચોથી, છઠ્ઠી, આઠમી અને નવમી એ ૭ તારાઓ ભલી એટલે કલ્યાણકારક જાણવી.

૨૩. સ્ત્રી. સદ્દદૃષ્ટિના આઠ માંહેનો એક વિભાગ.

૨૪ સ્ત્રી. (પુરાણ) સુગ્રીવની પત્ની

૨૫. સ્ત્રી હરિશ્ચંદ્ર રાજાની સ્ત્રી તારામતી.

૨૬. સ્ત્રી. હીરાના ત્રીજી પહેલ પાડેલી કટકો.

૨૭. ન. સતારો; ભાગ્ય; કિસ્મત.

તારાકાલ પું. નક્ષત્ર દિવસ.

તારાકૂટ [સં.] ન. સ્ત્રીપુરુષના વિવાહમાં શુભાશુભ જણાવનાર એક કૂટ.

તારાકૃતિ [સં.] સ્ત્રિ. તારાના આકારનું; તારા જેવું; તારાને મળતું; તારાની આકૃતિવાળું.

તારાક્ષ ૧. [સં.] પું. (પુરાણ) તારકાક્ષ દૈત્યનું બીજું નામ.

૨. પું. (પુરાણ) તારકાસુરનો પુત્ર; એક દૈત્ય.

તારાક્ષરી જી. તારારૂપી અક્ષરો.

તારાક્ષરી પણ રચે કવણની જેવી. બલિત

તારાખચિત વિ. તારાથી ભરપૂર; બીજોબીજ તારા હોય એવું.

આકાશમાં **તારાખચિત** જે જાતનું કું દર્શન કરી શકતો નથી તે સાચું આકાશ નથી. મહાદેવ દેસાઈ

તારાગણ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. તારાનો જત્થો કે ઝૂમખું. તેની સાથે અમુક આકૃતિ જેવી કે રીત કે સિદ્ધ હોય છે. બીજા જોડો આવા ૪૮ ઝૂમખાં જાનતા અને તેમ. બાર રાશિનો સમાવેશ થઈ જતો. અત્યારે ઉત્તરમાં ૨૮ અને દક્ષિણમાં ૪૯ ઝૂમખાં છે

ઉરમાહી આળડી રે **તારાગણ** થાય ભલે,
જનની જર જેવો રે બીજો મુજ જાય ભલે
દાસતરંગિણી

તારાગણમધ્યવર્તી વિ. એક તારાની ચમકાનું. તારામંડળમધ્યવર્તી.

તારાગુચ્છ પું. તારકાગુચ્છ; તારાનાં ઝૂમખાં.

કેટલાક તેજોમેઘના **તારાગુચ્છ** થયેલા છે.
જ્યોતિર્વિલાસ

તારાગોળી જી. એ નામની એક આતશબાજી; રંગબેરંગી તારા નીકળે એવી દારૂખાનાના એક બનાવટ. તે વાંસના કાતરાની થાય છે. તેના ઉપર બાજુનું વજન ભરી વળોટવામાં આવે છે. તે ઊંચે ચડીને ફાટે છે અને તેમાંથી રંગબેરંગી તારા નીકળે છે.

તારાગ્રહ [સં.] પું. (જ્યોતિષ) મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એ પાંચ ગ્રહોનો સમૂહ.

તારાચક્ર [સં.] ન. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ દીક્ષા આપવા યોગ્ય મંત્રનું શુભાશુભ સૂચવનાર એક ચક્ર.

તારાચંપા જી. એ નામની એક જાતની આતશબાજી

તારાચિત્ર ન. (જ્યોતિષ) તારાઓનો નકશો.

તારાજ ૧. પું. નાશ; ખસ; જડમૂળથી નાશ થવો તે.

૨. [ફા.] પું. ઠગ.

તારાજ કરવું = (૧) લૂંટવું. (૨) વેરાન કરવું.

૩. પું. કરાવવું તે.

૪. વિ. જાણે જરૂર થઈ ગયેલું હોય કે નામ નિશાન પણ રહેલું ન હોય એવું; પાયમાલ; ફનાહ; ધૂળધાણી; લાસ; જમીનદોસ્ત; નષ્ટપ્રાય. ખેદાનમેદાન; ઉજ્જડ; નાશ પામેલ; ભાગી પડેલ.

તારાજી જી. પાયમાલી; બરબાદી.

તારાજૂમખી ૧. જી. (જ્યોતિષ) આકાશગંગા.

૨. જી. ઉડુમધુ, તારાનું ઝૂમખું.

તારાટપકી ૧. જી. કલમમાં વપરાતા સોનેરી રૂપેરી તારા; નાની નાની ટીકડી કે ટપકી; ચાલ્લા તરીકે કે જરતમાં વપરાતી ધાતુની ચાકચિક્ય ટીપકી; રૂપેરી સોનેરી તારા જેવો આકાર; સુરમાના જરતમા વપરાતી ઝીણી ગોળ ટપકી

૨. જી. તારાની માફક ચકમક થાય એવી નાની ઓપેલી ધાતુની ચકતી

૩. જી ઓઢિયાની બનાવટમાં વચ્ચે વચ્ચે ટાંકે તેવી કૃતિ.

તારાતાર વિ. ઠિબાંકિબાં; ઠટોકટબ.

તારાતેજ ન. તારાનો પ્રકાશ.

તારાત્રિકનક્ષત્ર [સં.] ન. આકાશમાં કૃત્તિકાની ઉત્તર તથા દક્ષિણ તરફના તારાઓનો સમૂહ.

તારાદિન પું. નક્ષત્રદિન.

તારાદૂરીમાપક ન તારાંતરમાપક યંત્ર; તારાઓનું અંતર માપવાનું યંત્ર.

તારાદેવી જી. એ નામની એક દેવી. બૌદ્ધ ધર્મના વજ્રિનો આ દેવીને પોતાના ધર્મમાં આવી પડેલાં વિઘ્નો નાશ કરનારી માને છે.

તારાધિપ ૧. [સં.] પું. આંખની કીકી.

૨. પું. એક જાતનું સુગંધી દ્રવ્ય.

૩. પું. કપૂર.

૪. પું. ચંદ્ર.

૫. પું. નક્ષત્રોના અધિપતિ અશ્વિનીકુમાર.

૬. પું. બૃહસ્પતિ.

૭. પું ચન્દ્રમા.

૮. પું. શિવ.

૯. પું. સુગ્રીવ.

તારાધિપતિ જુઓ તારાધિપ.

તારાધીશ જુઓ તારાધિપ.

તારાનાથ જુઓ તારાધિપ.

તારાનાથ તર્કવાચસ્પતિ પું. કલકત્તાની સંસ્કૃત વિદ્યાલયના આશરે સાઠના એ નામના એક પ્રોફેસર. તેમણે સિદ્ધાંત કૌમુદીની સરલા નામની આખ્યા લખેલી છે.

તારાનિર્દિષ્ટ [સં] વિ તારાલક્ષિત.

તારાનીચ ન. (જ્યોતિષ) પર્યાસ્તિ; પોતાના સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ ફરતા દેખાતા જે બિંદુ આગળ ગ્રહોળીબળથી સૌથી ઓછું નજીક હોય તે બિંદુ

તારાપતિ ૧. [સં.] પું. ગજરાતની પ્રાચીન રજતમાંના બાર માંહેનો એક રાજા.

૨. જુઓ તારાધિપ.

તારાપથ ૧. [સં.] પું. આકાશ; ગગન.

૨. પું. વાતાવરણ

તારાપરિમાણ [સં.] ન. તારાનાં, તેજસ્વીપણાનું માપ

તારાપીડ (તારાપીડ) ૧. [સં.] પું. એ નામનો કાશ્મીરનો એક રાજા.

૨. પું કપૂર.

૩. પું. ચંદ્ર; ચંદ્રમા.

૪. પું. બાણભટ્ટકૃત કાદમ્બરી કથાના નાયકનો પિતા.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશાન વંશમાં જન્મેલા ચંદ્રાવલોક રાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ચંદ્રશ્રી હતું

તારાપુર ન. એ નામનું એક ગામ. તારક નામના અસુર ઉપરથી આ નામ પડેલું માનવામાં આવે છે. એમ કહેવામાં આવે છે, કે આ ગામ હાલ ખંભાત સંસ્થાનમાં ખંભાતની ઉત્તરે આવેલું છે. તારક અસુરનો વધ મહી નદીને કાંઠે થયેલો.

તારાપૂજ [સં.] પું. (જ્યોતિષ) નક્ષત્ર; તારામંડળ; તારાનાં ઝૂમખાં. તારાપુંજના સાત ભાગ પાડવામાં આવેલ છે. તે દરેક ભાગને નાડિ કહે છે. તે સાત ભાગના નામ નીચે મુજબ છે: (૧) યામ, (૨) અતિયામ, (૩) હાન, (૪) સૌમ્ય, (૫) નિશા, (૬) અહ અને (૭) અમૃત.

તારાપોરચાળા ૧. જી. એ નામની પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

તારાપ્રતિકૃતિ જી. આંખની કીકીમાંથી તેજનું થતું પરાવર્તન.

તારાપ્રમાણ [સં] ન. અશ્વિની વગેરે નક્ષત્રોના સ્વરૂપને જણાવનારી અમુક સંખ્યા

તારાબળ ન. (જ્યોતિષ) આકાશનું બલ.

તારાબારસ જી. મરનારની બારમી તિથિ, મરણ પછવાડે બારમે દહાડે રાત્રે તારાનાં દર્શન કરી જે કરવામાં આવતી વિધિનો દિવસ.

તારાભ [સં.] પું. નારદ.

તારાભવન [સં.] ન. તારારૂપ બનવું તે.

કેટલાક તેજોમેઘના **તારાભવન**ની ક્રિયા થઈ નથી. જ્યોતિર્વિલાસ

તારાભૂષા [સં.] સ્ત્રી. રાત્રિ.

તારાજ [સં. તારા (નિર્મળ) + અજ (ચાકળું)] પું. કપૂર.

તારામતિ [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક સતી. તે સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની રાણી હતી. તે પોતાના પતિની ટેક રાખવા માટે અરણ્યનગરમાં વેચાણી હતી. તેના પુત્રનું નામ રોહિત હતું.

તારામત્સ્ય [સં.] પું. એ નામની એક માછલી; 'રટાર ફિશ'

તારામધ્યવર્તી [સં. તારામધ્યવર્તિન્] વિ. તારાની વચમાંનું.

તારામધ્યાવકાશ [સં. તારા (ચાંદરડું) + મધ્ય (વચલું) + અવકાશ (જગ્યા)] પું. તારાની વચમાંની જગ્યા.

તારામંડલ ૧. [સં.] પું. એક જાતનો અકીક પથ્થર. તેની અંદર બીજા તારા જેવા આકર્ષિત પરમાણુઓ તેમને લીધે ચળકતા દેખાય છે. લાલ ઘૂમરો રંગ અને અંદરના તેજદાર પરમાણુઓને લીધે તે તારામંડળ જેવો લાગે છે. તેની બીજીઓને પહેરવાની બંગડીઓ, વીંટીઓ, નંગ અને રમકડાં થાય છે. તેની બંગડીઓને તારામંડલની બંગડીઓ કહેવામાં આવે છે.

૨. પું. એક પ્રકારનું કપડું.

૩. ન. આકાશ; ગગન.

૪. ન. આંખની કીકીની આજુબાજુનો પડદો.

૫. ન. એક પ્રકારની આતશબાજી

તારામંડલનું ઝાડ = એક જાતની રેકો આતશબાજી. તેનો નાના ફોડા જેવો દેખાવ થાય છે. તેમાં તારામોળીના કાતરા ફરતા બાંધી વાટ પાર્ટ વળીમાં બાંધી ઊભા વાંસથી રેંટમેરેંટી છૂટે છે.

૬. ન. તારાનું ખિળ.

૭. ન. નક્ષત્રમંડળ; નક્ષત્રસમૂહ; બધા તારાનો સમૂહ; આકાશમાં દેખાતું ગ્રહમંડળ: ગ્રહો, નક્ષત્રો વગેરેનો સમુદાય.

૮. ન. મંદિરનો ઘુમ્મટ.

તારામંડલસોપ પું. નેત્રપટલનો સોજો.

તારામંડલી ન. એક જાતનું અમદાવાદી ફિનબાફ.

તારામંડળ જુઓ તારામંડલ

તારામંડળસોપ જુઓ તારામંડલસોપ.

તારામંડળી જુઓ તારામંડલી.

તારામંદૂર [સં.] ન. (વૈદક) એક જાત પ્રકારનું મદૂર. તે બધાં દ્રવ્યોની મેળવણીથી બને છે.

તારામાન [સં. તારા (ચાંદરડું) + માન (માપ)] ન. આકાશી પદાર્થોની સ્થિતિ દર્શાવતું યંત્ર.

તારામાપક [સં. તારા (ચાંદરડું) + માપક (માપનાર)] ન. કોઈ પણ અત્યંત નાનું આકાશીય માપ માપવાનું યંત્ર. આ યંત્ર દૂરબીનમાં સૂર્યનો બિંબ આપવા માટે બનાવવામાં આવ્યું હતું. તેને હેલિયો મિટર કહેવામાં આવે છે.

તારામાલા [સં.] સ્ત્રી. તારા અને તેઓની આસપાસ ફરતા નાના વગેરેનું મંડળ.

આપણી સૂર્યમાલા પ્રમાણે તારામાલામાં પણ બહુ હશે અને તેમના પેટા કોઈ ઉપર પ્રાણી પણ હોઈ શકે. જ્યોતિર્વિલાસ

તારામિશુનમાલા [સં] સ્ત્રી. કેટલાંક બે તારાનાં જોડાં. તેઓ પોતાના સામાન્ય ગુરુત્વમધ્યબિંદુની આસપાસ પ્રદક્ષિણા ફરે છે.

તારામુખી સ્ત્રી. શીખમાણી; રૂપામખી.

તારામૃગ [સં.] પું. (જ્યોતિષ) મૃગશીર્ષ નક્ષત્ર.

તારામૈત્ર સ્ત્રી. આંખનાં મિલનથી બંધાયેલ મિત્રાઈ

તારામૈત્રક ૧. [સં.] ન. આંખે આંખનું મિલન; આંખે આંખ મળવી તે; નેત્રપલ્લવી; ઓચિંતી આંખે આંખ મળતાં ઉત્પન્ન થયેલી પ્રીતિ, નહિ કે પ્રેમની મૈત્રી; આંખે આંખ મળતાં જીપજેલી અન્યોન્ય પ્રતિ સ્નેહની પ્રજ્ઞા; આંખના અનુસારથી થયેલી પ્રીતિ; ચાર આંખ એક થતી તે; આકસ્મિક પ્રેમ.

તારામૈત્રક દ્વારા એક હૃદય-બોલતાર બંધાય; પ્રથમ સાક્ષાત્કાર વિષયમાં બોલતાર ઘડી રાકાર કલા-સંગીત, ચિત્ર, કાવ્ય ઇત્યાદિ બોલતારની ભૂમિકા છે. ગુલાબસિંહ

૨. ન. મનની અનુકૂળતાને લીધે થયેલી પ્રીતિ કે સંબંધ.

તારામૈત્રકચક્ષુરાગ [સં] પું. ચાર આંખ એકી થતાં જ અરસપરસ સ્નેહ બંધાયો તે.

તારામૈત્રી જુઓ તારામૈત્રક.

તારાયજ્ઞ [સં.] પું. આકાશ.

તારાયંત્ર [સં.] ન. તારા જોવાનું યંત્ર.

ઈ. સ. ૧૮૬૧-૬૨માં સાપ ઉપર પુષ્કળ કામ કરીને લીધે લાસ્યંત્રનું કામ અટકી પડ્યું હતું. જ્યોતિર્વિલાસ

તારારીહ સ્ત્રી. કાપકૂપ; ચાલાકપ.

તારારૂઢિત [સં.] વિ. તારાનિર્દિષ્ટ.

તારારૂઢ ૧. [સં.] ન. આંખે આંખ મળવાથી થયેલી પ્રીતિ.

૨. ન. આંખે આંખ મળવી તે; નેત્રપલ્લવી.

તારાલોચની ૧. સ્ત્રી. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની રાણી; તારામતી.

૨. વિ સ્ત્રી. તારા જેવા ચળકતાં નેત્રોવાળી.

તારાવર્ષ ન. સૌરવર્ષ.

તારાવલી ૧. સ્ત્રી. એ નામનું એક ધાન્ય.

૨. સ્ત્રી. (પિંગળ) પ્રસ્તારની બાંય માંહેની એક ગતિ. તેમાં બે અંક હોય છે.

તારાવાડ (તારાવાડ) સ્ત્રી. સંયુક્ત કુટુંબ; અવિભક્ત કુટુંબ.

તારાવાણ્યાબુદ્ધી ન. ભુટીદાર તારાવાણ્યાનું પોત.

તારાવિદ્યા [સં.] સ્ત્રી. ખગોળ શાસ્ત્ર.

તારાસૂત્રક ન. તારા દેખાય ત્યાં સુધી જ પાળવાનું સૂતક.

તારાસ્થિતિપત્રક [સં.] ન. તારાઓની સ્થિતિ બતાવનાર પત્રક; નક્ષત્રસ્થિતિપત્રક; તારાઓનું પત્રક

તારાસ્નાન [સં] ન. બળસકે તારા અદૃશ્ય ન થાય ને પહેલાં કરવું આકાશ નીચે સ્નાન.

તારાહ પું. નમૂનો.

તારાંક પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ: તારાંક, આ છંદ કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૮૨ લઘુ અને ૭ ગુરુ મળી ૮૯ અક્ષર અને ૯૬ માત્રા હોય છે.

તારાંકિત વિ. તારાંકિત; તારા વડે અંકાયેલું; તારાવાળું.

તારાંગણ ન. વેધગૃહ; વેધશાળા.

તારાંતરઆપક જુઓ તારાંતરમાપકયંત્ર.

તારાંતરમાપકયંત્ર [સં.] ન. બે તારા વચ્ચેનું અંતર અથવા સૂર્યનું પ્રતિબિંબ આપવાનું યંત્ર. તે એક જાતનું દૂરબીન છે. તેમાં ગોળ કાચના અરાબર બે કટકા એવી રીતે હોય છે કે એક અર્ધગોળ બીજા અર્ધગોળ ઉપર સહેલાઈથી ફરી શકે. આ બે અર્ધની ગતિ ઉપરથી બે તારા વચ્ચેના અંતરની સમજ પડે છે.

તારાંત:પુર [સં.] ન. તારા એટલે અદ્રપત્નીઓનું અંત:પુર.

તારિક ૧. [અ.] પું. સાધુ; સંન્યાસી

૨. [સં] ન. દૂર; આઘું; અજાત.

૩ વિ. ત્યાગ કરનાર.

તારિકા ૧. સ્ત્રી. અત્યંત વહાલી વસ્તુ.

૨ સ્ત્રી આખની કીકી.

૩. સ્ત્રી. એ નામની દેવી.

૪. [સં.] સ્ત્રી. તાડીનો ઘડો.

૫. સ્ત્રી. તારો.
કો રાતે સખિ તારિકાની રૂપલા વેણી ગૂંથાતી હતી. નાનાલાલ
૬. સ્ત્રી. તારાની જ્યોતિ.
૭. જુઓ નાટક કે સિનેમામાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્ત્રીપાત્ર.
૮. સ્ત્રી. નાનો તારો

તારિકાજ્યોતિ [સં.] સ્ત્રી. તારાનો પ્રકાશ; તારામંડળમાંથી મળતી રોશની.

તારિકુ દુનિયા ૧. [અ.] પું. તપસ્વી સ્ત્રી.
૨. ન. સંસાર છોડી દેવો તે.

તારિણી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શક્તિ.
૨. સ્ત્રી. એ નામની જોડ રેલી.
૩. સ્ત્રી. એક જાતની હોડી; અઠતાળીસ હાથ લાંબી, પંચ હાથ પહોળી અને ૮૪ હાથ ઊંચી નાવ.
૪. સ્ત્રી. જૈનોની એ નામની એક દેવી.
૫. જુઓ. તારા દેવી.
૬. સ્ત્રી. દસ માહેની બીજી મહાવિદ્યા.
૭. સ્ત્રી. દુર્ગા.
૮. વિ સ્ત્રી. તારનારી; ઉદ્ધાર કરનારી.
મા તું અદ્ભુત્ત જગતારિણી,
જનની દુરમત સંહારિણી,
નમું તવ તારિણી,
વંદું હું આજને. રાજુગીત

તારિફ સ્ત્રી. ટામકો.

તારિમ [સં.] પું. મોળ આકારનું ઠમાનવાળા જાપરાવાળું મકાન.

તારિયા ૧. [પ્રા.] સ્ત્રી. આંખની કીકી.
૨. [સં તરિકા] સ્ત્રી. (પ્રાકૃત) એ નામની દેવી.
૩. સ્ત્રી. એ નામની કારવઝની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

તારી ૧. [સં.] સ્ત્રી આંખ.
૨. સ્ત્રી કૂંચી.
૩. જુઓ. તાળી પાડવી તે.
૪. સ્ત્રી નિદ્રા.
૫. સ્ત્રી. સમાધિ; ધ્યાન.
૬. સ. બીજો પુરુષ સર્વનામ 'તું'નું સ્ત્રી વિભક્તિનું નારીજાતિનું રૂપ.
૭. [સં. તરિન્] વિ. તારનાર; પાર લઈ જનાર.
૮. [અ.] વિ. ભીનું.
૯. વિ. વચ્ચે આવતું.
૧૦. વિ જો તાર નીકળે એવી. ચાસણી કેવા પ્રકારની થઈ છે તે જોવા ચમચ કહેવામાં આવે છે. ૭. જોખો, ઓકતારી, જોતારી, ચકતારી.
૧. ઓકતારી ચાસણી = જે ચાસણી કરતાં એક તાર વાધ તેવી ચાસણી.
૨. ચકતારી ચાસણી = જે ચાસણી કરતાં ચકુ તાર વાધ તેવી ચાસણી.
૩. જોતારી ચાસણી = જે ચાસણી કરતા બે તાર વાધ તેવી ચાસણી
૧૧. વિ જુઓ તારવાળી; જેના તાણાવાણાની વણાટ કરી હોય તેવી. ખાદીની વણાટ કેટલા તાણાવાણાની કરવામાં આવેલ છે તે તપાસતા કહેવાય છે કે ઓતારી, ચોતારી.
૧. ચોતારી ખાદી = જેમાં ચાર તાણાવાણા હોય તેવી ખાદી.
૨. બતારી ખાદી = બે તાણાવાણા હોય તેવી ખાદી

તારીક ૧. પું. રામ નામનો મંત્ર.
૨. વિ. અજવાળું.
૩. વિ સ્ત્રી.
૪. [સં.] વિ. સ્ત્રી. અંધારી; અંધારાવાળી.

તારીકઅરમ [સં.] વિ. અધર્મી

તારીકી [સં.] સ્ત્રી અંધારું; તિમિર; અજ્ઞાન.

તારીખ ૧. [અ. અરખ (સમય નક્કી કરવાની ક્રિયા)] સ્ત્રી. આખો દહાડો; રોજ; તિથિ; મિતિ; ઈસ્વી ને મુસલમાની સન મહિનાની રીતે મહિનાનો અકેકો દહાડો. તેને હિંદુઓ તિથિ, પારસીઓ રોજ અને મુસલમાન અને ખ્રિસ્તીઓ તારીખ કહે છે
૧. તારીખ ચઢાવવી = તિથિ લખવી.
૨. તારીખુલ ફિજરત = હિજરી સન.
૨. સ્ત્રી. ઇતિહાસ. ઐતિહાસિક બનાવની તારીખ જાણવા માટે અરબી ભાષાના ૨૮ અક્ષરોની કીમત છે. તેને અબજદ પદ્ધતિ કહેવામાં આવે છે. તારીખનું બહુવચન તવારીખ થાય છે.
૩. સ્ત્રી. એક દિવસનું ખાજ.
૪. સ્ત્રી. મુદ્દત; સમય; અવધિ.
૫. સ્ત્રી. કોઈ કામને માટે નક્કી કરેલો દિવસ. જેમકે, આજે કેસની તારીખ છે.
તારીખ પડવી = કોઈ કામ માટે દિવસ નક્કી થવો.
૬. સ્ત્રી. મુખ.

તારીખકાળ પું. તારીખ ઉપરથી નક્કી થતો સમય.

તારીખવાર ૧. વિ. રોજનું; દરરોજ લખાયેલું હોય તેવું; મિતિએ મિતિનું; તારીખે તારીખનું.
૨. ક્રિ. વિ. તારીખ કે તિથિનો અનુક્રમ સાચવીને, તારીખના અનુક્રમથી; તિથિનો અનુક્રમ સાચવીને, તારીખ પ્રમાણે.

તારીખિયું ૧. ન. તારીખ છાપવા માટેનું યંત્ર; તારીખનો સિક્કો.
૨. ન. તારીખ દર્શાવનારી ચોપડી; તારીખ બનાવ કરેલી યોજના; 'કૅલેન્ડર.'

તારીખે અલફી [સં. તારીખ (ઇતિહાસ) + અલફ (એક હજાર)] ન. એક હજાર વર્ષના ઇતિહાસનો ફારસી ગ્રંથ. શહેનશાહ અકબરના ફરમાનથી તે સમયના ઓલિયાઓએ જગતનો એક હજાર વર્ષનો ઇતિહાસ તૈયાર કરી એ ગ્રંથનું નામ તારીખે અલફી રાખ્યું.

તારીખે હિંદ ન. એ નામનો એક ગ્રંથ, તે તારીખે હિંદ અથવા હકીકે હિંદને નામે ઓળખાય છે. તેમાં હિંદુસ્તાનનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. હિંદુસ્તાનની તવારીખમાં તે એક ચાદગાર ગ્રંથ છે

તારીજ ૧. [અ. તઅ્રીજ (ગોઠવેલ ને ક્રમ ઉપર બનાવેલ)] સ્ત્રી. જમેઉધારનું સારરૂપ તારણ; મોટા હિસાબી ખાતાનો છેવટનો જમેઉધારનો એક નક્કો આંકડો; જમેઉધારનો હિસાબ તારવી કાઢી ટૂંકામાં બતાવેલો આંકડો; ઓકાત સરવાળો.
૨. ન. ટૂંકાણમાં બતાવવું તે.

તારીઝ (તારીઝ) ૧. [અ.] સ્ત્રી. પ્રખ્યાત બનાવવું તે.
૨. સ્ત્રી. વધારો કરવો તે.

તારીફ (તારીફ) ૧. સ્ત્રી. જાહેરનામું; હાજી કે મહેસૂલનો દર બતાવનાર પત્રક.
૨. સ્ત્રી. જણાવવું તે.
૩. [અ.] સ્ત્રી. લક્ષણ; પરિભાષા.
૪. સ્ત્રી. વખાણ; પ્રશંસા; સ્તુતિ; યશોગાન; કીર્તન; કીર્તિ ગાવી તે; શાબાશી.
તારીફ કરવી–ગાવી = વખાણ કરવાં; હોશિયારીનાં કે પ્રતાપનાં ગાણાં ગાવાં.
૫. સ્ત્રી વર્ણન; વિવરણ.
૬. સ્ત્રી. સમજાવવું તે.

તારીફદાર (તારીફદાર) વિ. પ્રશંસનીય.

તારીફનામું (તારીફનામુ) [અ. તઅ્રીફ (વખાણ) + ફા. નામા (લખાણ)] ન. પ્રસ્તાવ; પ્રસિદ્ધિપત્ર.

તારીફી (તારીફી) ૧. [અ.] વિ. જણાવવા જેવું.
૨. વિ. વખાણવા જોગ.

તારીમારો સ્ત્રી. અધમ પ્રકારની ખાણાખાણી; મારામારી

તારોજ ૧. [સં.] પું સમુદ્ર.
૨. પું. સોનું
૩. પું. સ્વર્ગ.

તારીણી [સં.] સ્ત્રી. (પુરાણ) તે નામે ઉદની એક કન્યા.

તારુક્ષ્ય [સં.] પું. (પુરાણ) તરક્ષ નામના ઋષિનો એ નામનો પુત્ર.

તારુડિયો (તારુડિયો) ૧ પું. પરોઢિયે ઊગતો શુક્રનો તારો શુક્ર પરોઢિયે ઊગે છે ત્યારે તેનું નામ તારોડિયો, ભળકડિયો, છોકરાંટીનોડિયો, તારડિયો વગેરે નામે ઓળખાય છે.

૨. પું. પ્રકુરુષ; 'હોસ્ટ્રસ.'

તારુણ્ય [સં.] પું. જુવાનનો ઝોકરો.

તારુણ્યિયો [સં. તરુણ] પું જુવાન; યુવક.

તારુણ્યી ૧. સ્ત્રી. ચળાટ; ઓપ આપવાની ક્રિયા.

૨. [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી; તરુણી. જોબનવતી સ્ત્રી.

તારુણ્ય [સં.] ન. જુવાની; યૌવન; જોબન; તરુણત્વ.; તરુણ્યવસ્થા; યુવત્વસ્થ.; તારુણ્યપદ.

તારુણ્યપિટિકા [સં.] સ્ત્રી. મોઢા ઉપરના ખીલા; જુવાનીમાં મોઢા ઉપર થતા ખાલ.

તારુણ્યમુખ્યા [સ.] સ્ત્રી યુવાનીવાળી સ્ત્રી.

તારુણ્યવાદ [સં.] પું. યુવકવૃત્તિ; જુવાનીને સ્થિર માનવી તે.

તારુણ્યાવસ્થા [સં.] સ્ત્રી. જુવાનીવાળી અવસ્થા.

તારુસુર ૧. સ્ત્રી. એ નામની ઝાડવાની એક જાત.

૨. ન. એ નામની જાતનું માખણ.

૩. વિ. એ નામની જાતનું.

તારું [સં. ત્વદીયક] સ. બાનો પુરુષ સર્વનામ 'તું' નું બદલી વિભક્તિનું નાન્યતર જાતિનું રૂપ; તમારૂંનું એકવચન.

૧. તારું મારું સહિયારું ને મારું મારા બાપનું = સ્વાર્થનો ભાવ

૨. તારું સાચું ને કૂતરાનું કાચું = તિરસ્કાર વાચક ભાવ.

તારુંમારું વિ. અહંભાવ; આ તારું અને આ મારું એવી અસમાનતા; ભેદાભેદ; હકની અસમાનતા

તારૂ ૧. પું. તરિયો; માણીમાં તરી પાર ઊતરે એવો માણસ; તારો

૨. સ્ત્રી. એ નામની એક જાતિ. તે અહમદનગર તરફ વસે છે. તેઓ એક અને નાવિકનો ધંધો કરે છે.

૩. વિ. તારનાર; તારણહાર.

તારે અ. તે વખતે; ત્યારે.

તારેકુદુનિયા [અ. તારિકદુનિયા] વિ. સંસારથી વિરક્ત; વૈરાગી; સંસારત્યાગી.

તારેતાર ૧. પું. દરેક તાર; પ્રત્યેક તાર.

૨. ન. અસ્તવ્યસ્ત; વેરવિખેરપણું.

તારેય ૧. [સં.] પું. (પુરાણ) તારા અને વાલીનો પુત્ર અંગદ.

૨. પું. (પુરાણ) બૃહસ્પતિનો એ તારાનો પુત્ર બુધ.

તારૈ હવાઈ સ્ત્રી. આકાશરેખા; ખોમરેખા.

તારો ૧. [સં. તારક] પું. આકાશી પદાર્થ; ગ્રહ; ચાંદરણું; સિતારો; નક્ષત્ર; આકાશમાં રાત્રે ચળકતો ઝીણો પદાર્થ; આકાશમાં જણાતો ગોળો. જુદા જુદા તેજવાળા આકાશી પદાર્થોની દૂરબીનથી શોધ થયા કરે છે. સૂર્યની વાર્ષિક ગતિને લીધે તેનો દેખાવ બદલાય છે. તેમાના કેટલાક ઉપર વખત સમજવાનો આધાર રહેલો છે. તારાઓને પણ સહેજસાજ ગતિ હોય છે, પરંતુ તે ગતિ એટલી તો ધીમી હોય છે કે બે હજાર વર્ષ જેટલો લાંબો ગાળો પસાર થતા પણ તે ગતિનો જેવો કાંઈ જણાવા જોગ કે ખ્યાલ જેવો અનુભવ થતો નથી. એટલા માટે તેને સ્થિર માનવામાં આવે છે. તારાની સ્થિતિમાં એક મિનિટમાં ભાગ્યે જ કલાકનો એટલો ફરજોજ સમજવા માટે મિનિટનો ફરક પડે છે, કેમકે તે દરરોજ એક બંધ પશ્ચિમ તરફ ખસતો જણાય છે. નરી આંખે જે પ્રતિના તારા જણાય છે. જે ઉંચા પ્રમાણના દૂરબીનમાથી ગુમારે ૧૪ પ્રતિના તારા દેખાય છે અને પૃથ્વી ઉપરના અતિ મોટા દૂરબીનમાથી ૧૬ પ્રતિના તારાઓ દેખાય છે. કોઈ કોઈએ તારાના ૨૦ વર્ગ તના પ્રતિ કર્યા છે. કોઈ એક પ્રતિના તારાનું તેજ બીજી પ્રતિના ચોક્કસ તારાના તેજ કરતાં કેટલીએ પોણાત્રણગણું થાય. તેમજ અમુક ચોક્કસ પ્રતિના તારાની સંખ્યા આકાશમાં જેટલી છે તેમાથી ગુમારે ૨૫ પટ કે ૩ પટ જેટલી સંખ્યા તે તારાથી નીચલી પ્રતિના તારાની છે. કોઈ એક ચોક્કસ પ્રતિના સર્વ તારા એકદા કર્યા હોય તો તેનાથી ચડતી પ્રતિનો ગુમારે એક તારો થાય. આ અનુમાનો કેવળ આંખે દેખાતા તેજ ઉપરથી કરવામાં આવ્યાં છે. પ્રકાશમાપક નામે યંત્ર નીકળેલું છે, તે ઉપરથી તેજનું માન સૂક્ષ્મ સમજાય છે, પરંતુ તે ઉપરથી તારાના પ્રતિ હજી સુધી નિશ્ચિત થયા નથી. નરી આંખે જ્યાં એક તારો દેખાય છે ત્યાં મધ્યમ દૂરબીનમાથી સરાસરી ૧૦૦ તારા દેખાય છે. દૂરબીનમાથી દીસનારા અસંખ્ય તારાની આકાશગંગા થયેલી છે. આવા તારા આકાશગંગાથી બીજા પ્રદેશમાં થોડા જ છે. નરી આંખે દીસનારા તારા પણ આકાશગંગામાં વધારે છે. આકાશગંગા સિવાય બીજા પ્રદેશમાં પણ કોઈ કોઈ જગ્યાએ તારા બહુજ ખીચોખીચ છે. તારાનો ચકચકાટ માપવાનો તેના અંતર અને તે માપવા વપરાતા યંત્ર ઉપર આધાર રાખે છે આ કામમાં કોઈ વખત ફોટોગ્રાફ પણ વપરાય છે. ફોટોગ્રાફ ઉપરથી તેનો ફેસપટ તૈયાર થાય છે. તારાના પ્રકાશના પૃથક્કરણના ચિત્ર ઉપરથી માલૂમ થાય છે કે, તેમાં નિસરણીનાં પગથિયાની જેવી લીટીઓ અને છે. આ લીટીઓનાં સ્થળ, અંતર, તીવ્રતા અને પનતા ઉપરથી કોઈ પણ અગોળજ્ઞાઓ તે તારાનું અંતર તેનાં જથ્થો, વજન, ચળકાટ, ઉષ્ણતા, ગ્રહ, પરિભ્રમણની ગતિ અને હવાનું દબાણ કરી શકે છે. આકાશમાં સૌથી ઊજળો તારો સીરીઅસ છે. તેની સાથે એક નિયમિત ગ્રહ છે કે જે તેની આસપાસ ૫૦ વર્ષમા એક વખત ફરે છે. તારાઓ અવકાશમાં રહેલ ધૂળનાં વાદળાંના બન્યા હોય એમ મનાય છે. આ ધૂળ કયાંથી આવી એ અગોળજ્ઞાઓ કહી શકતા નથી. તારાઓ ધીમે ધીમે ઠંડા પડતા જાય છે.

૧. તારો અસ્ત થવો = પડતી દશા આવવી; પડતી થવી; દહાડા વાદ્યા થવા.

૨. તારો ઊગવો–ખીલવો = (૧) ચડતી થવી. (૨) તાગનું બજાર આવવું

૩. તારો ટૂટવો = આકાશમાથી તારો ખરવો.

૪. તારો ફૂટ્યો = તારા બાબત ગ્રહનું બાયમનું.

૫. તારો દેખાડવો = બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે કરવામાં આવતી મુસલમાનોની એક ક્રિયા. સુવાવડી બાઈ પોતાના ખોળામાં બાળક લઈને બહાર આવે છે અને એક બાજણીમાથી તારવાળા આકાશ તરફ જુએ છે. તે દરમિયાન બીજી બાજુ બે બાઓ ઊપાડી તરવારે તેની પાસે હાજર રહે છે.

૬. ફુમકાર તારો = ધૂમકેતુ; પૂછડિયો તારો.

૨. પું. આખમાંનો તેજસ્વી ગોળ કર્ણપુ જેવો ભાગ; આંખમાનુ તેજળ ટપકું; આંખની કીકી. તેનાથી જોઈ શકાય છે.

૩. પું. એક જાતનો ઘોડો.

૪. પું. ચળકતી નાની ગોળ ચીજ; તેજસ્વી બિંદુ કે બિંદુ જેવું રૂપ અથવા આકાર.

૫. પું. ચંદ્રક; ચાંદો.

૬ પું તરનાર માણસ; તરવામાં ઘણો હોશિયાર તરિયો, તારનાર વ્યક્તિ; પાણીમા તારવામાં કુશળ અથવા એવો પુરુષ.

૭. પું. તારાટપકો; ચાલ્લા તરીકે કે ભરતમાં વપરાતી ધાતુની ચાર્ચકિત ટીપકી.

૮. પું. (કચ્છી) તાળું.

૯. પું. દીવે એવો પુરુષ દીવો; હીરો.

૧૦. પું. કૂદડી; ચોકડી; તારા જેવી નિશાની.
૧૧. પું. ભોમિયો, માર્ગપ્રદર્શક માણસ; વટાવો; વટાવિયો.
૧૨ સ. બીજો પુરુષ સર્વનામ 'તું'નું છઠ્ઠી વિભક્તિનું નરજાતિનું એકવચનનું રૂપ.
૧૩. વિ. વૃદ્ધ્યાળો, દીર્ઘ એવો.

તારોડિયું (તારોડિયું) સ. અટક વર્ગના આતાનન વધુનું એક પક્ષી. એનાં પૂંછડીમાંનાં સોખંડના તાર જેવાં બે સાંળા પીંછા ઉપરથી ગુજરાતમાં વાપરી સોકો એને તારોડિયું કહે છે. ઉપરથી એમનો રંગ ઘેરો ચળકતો આસમાની, નીચેનો રંગ ધોળો, માથું લાલ, ચાંચ કાળી, પગ કાળા હોય છે. પૂછડીનાં બંને પડખાંનું એકેક પીછું ઉપરથી સાવ આંગળ જેટલું લાંબું વધેલું હોવાથી પૂછડીમાં ભળે બે તાર ઓરયા હોય તેવું લાગે છે. આપણાં પંખીઓમાં આવાં તાર જેવાં પીંછાં માત્ર નીલકંઠને હોય છે. એના પગ નિર્બળ હોવા છતાં એને સપાટ સ્થળ ઉપર બેસવાની આવશ્યકતા પડતી નથી. એના બોની ફ્રાય પહોળી હોય છે, છતાં અળાબીય જેટલી વિશાળ હોતી નથી. પાંખો શરીરથી લાંબી અને ઉડવામાં અણિદાર હોય છે. તે અત્યંત ખૂબસૂરત છે. આપણે ત્યાં આ સ્થાયી પંખી છે. એનું નિવાસસ્થાન જળાશય નજીક હોય છે. પાણી ઉપરનાં નાળાં, પુલ કે કૂવામાં તે માળા બાંધે છે. તેમાં માત્ર પોતે જ આવે અવ એટલી ઓકાબારી હોય છે. બે પથ્થર વચ્ચે કે પાણી ઉપરની છત નીચે માટીના લપકાનો બનાવેલો અરધી રકાબી જેવો માળો એ ચોટાડે છે. એમાં મદુ પીંજની પથારી કરી તેના ઉપર તે કબૂતરનાં ઈંડાંવાળાં કદ ઈંડાં મૂકે છે. એનો પ્રજનનકાળ ફેબ્રુઆરીથી ઓગસ્ટ હોય છે. આ પંખી સ્વભાવે એકલપેટું હોવાથી એના માળા છૂટાછવાયા નજરે પડે છે. જળસ્થાનનું અત્યંત ગોપનીય છતાં પ્રવેશિત નિર્જન સ્થાન ઉપર પણ તે જઈ વસે છે.

તારોડિયો (તારોડિયો) ૧. [સં. તારક] પું. તારો.

ગગને જોતાં જોયવાં તારોડિયાના તેજમાં
આસપાસનાં વૃક્ષોના ઝુંડ વસ્ત્ર દઈ ઢંકો.
મહીપાળદેવ

૨. પું. પરોઢિયે ઊગતો શુક્રનો તારો; તારોડિયો.

અમર ચંદનની રાત, અમર ચંદનની રાત,
તારોડિયો તે કયારે ઊગશે. જિલુભાઈ

તારોતાર ૧. વિ. છૂટુંછવાયું; વિખરાત; વીખરાયેલું; તદ્દન છિન્નભિન્ન.
૨. વિ. તારનો દ્વિર્ભાવ; દરેક તાર જુદો પડ્યો હોય એવું; છૂટા છૂટા તારવાળું.
૩. અ. તાંતણેતાંતણા છૂટા થાય તેમ; વેરમવેર.
૪. અ. ચારોચર; બોબ.
૫. અ. વાળેચાળ; સપાટાબંધ.
તારોતાર જવું = (૧) સપાટાબંધ જવું; વચ્ચમાં અટક્યા વગર સીધેસીધું દોડવું. (૨) મુકેલી વજર કામ કરવું.

તારોદય પું. ચાંદરાનું ઊગવું તે; કોઈ પણ તારો સૂર્યની નજીક આવવાને લીધે અથવા બીજા કારણથી અદશ્ય થાય ત્યારપછી તે કારણ દૂર જતાં ફરીને તેનું દેખાવા માંડવું તે.

તારોળા ૧. સ્ત્રી. એ નામની ચાણિયાની એક અટક.
૨. સ. ચાણિયાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તાર્કવ વિ. કેટિમાથી બનેલ. સાર વગેરે માટે વપરાય છે

તાર્કિક ૧. [સં.] પું. તત્ત્વવેત્તા; તર્કવાદી; દાર્શનિક; નૈયાયિક; તર્કશાસ્ત્ર જાણનાર માણસ. જુદા જુદા છ તાર્કિક સંપ્રદાય છે: (૧) વૈશેષિક, (૨) બૌદ્ધમત, (૩) ચાર્વાકમત, (૪) નાસ્તિક, (૫) બૌદ્ધાગમિક અને (૬) ચાર્વાક.
૨. વિ. અગોચર; અમૂર્ત.
૩. વિ. કેવલ; નિર્વિશેષ; આત્મામાત્ર.
૪. વિ. તર્ક સંબંધી; તર્કને લગતું.
૫. વિ. તર્કવાદી; હેતુવાદી.

તાર્કિકતરુ [સં.] સ. એક જાતનું ઝાડ.

તાર્કિકપ્રક્રિયા જુઓ તર્કવાદ.

તાર્કિકમુખ [સં.] પું. તર્કનો જબાનો.

તાર્કિકવાદ જુઓ તર્કવાદ.

તાર્કિકવ્યાપાર [સં.] પું. તર્કથી વિચાર કરવો તે.

તાર્ક્ષ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક યક્ષ.
૨. પું. (પુરાણ) કશ્યપ મુનિ.
૩. પું. (પુરાણ) કશ્યપનો પુત્ર ગરુડ.

તાર્ક્ષ્ય ૧. [સં.] પું. (પુરાણ) અરિષ્ટનેમિ નામના ઋષિનું બીજું નામ.
૨. પું. અશ્વમેધ યજ્ઞ.
૩. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.
૪. પું. (પુરાણ) કશ્યપથી વિનતાને થયેલો પુત્ર; ગરુડ.
૫. પું. ગરુડનો મોટો ભાઈ; અરુણ.
૬. પું. ઘોડો.
૭. પું. તૃણ બિંદુનો એ નામનો પુત્ર.
૮. પું. દક્ષ પ્રજાપતિનો એ નામનો જમાઈ.
૯. પું. જકતોની રક્ષાને માટે તરત પહોંચનાર પરમાત્મા.
૧૦. પું. મહાદેવ; શિવ.
૧૧. પું. રથ.
૧૨. પું. રસાંજન; રસવંતી; એક જાતનું અંજન.
૧૩. પું. સર્પ.
૧૪. પું. સૂર્ય.
૧૫. પું. સોનું.

તાર્ક્ષ્યકેતન [સં. તાર્ક્ષ્ય (ગરુડ) + કેતન (ધ્વજ)] પું. વિષ્ણુ.

તાર્ક્ષ્યજ [સં.] સ. રસવંતી; તાર્ક્ષ્ય પર્વતમાં બનતું રસાંજન.

તાર્ક્ષ્યધ્વજ જુઓ તાર્ક્ષ્યકેતન.

તાર્ક્ષ્યનાથ [સં.] પું. ગરુડ.

તાર્ક્ષ્યનાયક [સં.] પું. ગરુડ.

તાર્ક્ષ્યપ્રસવ [સં.] પું. અશ્વમેધ યજ્ઞ.

તાર્ક્ષ્યશૈલ [સં.] પું. રસવંતી; રસાંજન.

તાર્ક્ષ્યુની ૧. સ્ત્રી. મોહની એ નામની એક જાતિ.
૨. સ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની એક જાતનું.

તાર્ણ ૧. [સં.] પું. ઘાસના પૂળાનું ઉપરથી અપેલ કર.
૨. પું. ઘાસનો અગ્નિ.
૩. વિ. ઘાસનું; ઘાસ સંબંધી.

તાર્ણક [સં.] વિ. ઘાસવાળા પ્રદેશમાં હોનાર કે થનાર.

તાર્ણબિંદુ [સં.] પું. (પુરાણ) તણબિંદુ ઋષિનો પુત્ર.

તાર્ણસ સ. એક જાતનું ચંદન. તેનો રંગ પોપટની પીંછ જેવો અને વાસ આમલી અથવા કેરી જેવી હોય છે.

તાર્ણાયન [સં.] પું. તૃણ ઋષિનો ગોત્રજ પુત્ર.

તાર્તર ૧. પું. તાતાર દેશના લોક.
૨. પું. તાતાર નામનો દેશ.
૩. વિ. તાતાર નામના દેશનું.

તાર્તરી જુઓ તાર્તર.

તાર્તીય [સં.] વિ. ત્રીજું.

તાર્તીચીક [સં.] વિ. તૃતીયને લગતું; ત્રીજું.

તાર્તીચીક ધાતુ જુઓ તાર્તીયીક સાધિત.

તાર્તીચીક સાધિત પું. દ્વૈતીયીક સાધિત ધાતુ ઉપરથી ફરી બનેલો સાધિત ધાતુ. જેમકે, પડ-પાડ-પડાવ. તેમાં પડાવ તાર્તીયીક સાધિત છે.

તાર્પ્ય પું. રેતાળી જમીન.

તાર્ય ૧. [સં.] ન. તરવા માટે આપવામાં આવતું દ્રવ્ય અથવા કર.

૨. વિ. તરવા યોગ્ય; તરવા જેવું .

તાર્ક્ષી પું. પટેલ; મુખી.

તાલ ૧. પું. (સંગીત) અમુક વખતને અંતરે બંને હાથથી નિયમિત રીતે તાળી મારવી તે. એકતાલ, દ્વિતાલ, ધાવણી, દાદરો, તેવરો, ઝડપ, રૂપતાલ, સુલફાક, એકો, પ્રૌઢ ચૌતાલ, આડચૌતાલ, ધમાર, હોરી દીપચંદી, ઝૂમરો, જલદ ત્રિતાલ, પંજાબી, તિલવાડો, ખ્યાલ, ઠપ્પો, સવારી, ફરોદસ્ત વગેરે જુદી જુદી માત્રાને અંતરે આપતા તાલ છે.

૨. પું. અવસર; તક; મોકો; યોગ્ય સમય; લાગ.

૩. પું. અંગૂઠાથી મધ્યમા આંગળી સુધીનું પ્રમાણ.

૪. પુ. એ નામનું એક નરક.

૫. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; કર્પેનિકા. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૬. પું. (સંગીત) એક જાતની ક્રિયા; કાલ, માર્ગ, ક્રિયા, અંગ, ગ્રહ, જાતિ, કલા, લય, યતિ અને પ્રસ્તાર એ દસ પ્રાણથી અભિમાન થઈ બે હાથના સંયોગ અને વિયોગથી પ્રવર્તતી ક્રિયા; ગીત ગાતી વખતે અને નૃત્ય કરતી વખતે હાથની આંગળીઓને સંકોચવી કે લંબાવવી એમ અંગોની ક્રિયાથી થાતું અને નાચવું તે. કાલ અને તાલમાં ભેદ છે, તોપણ બંનેને નિકટ સંબંધ છે. કાલમાં ગીતના બંધારણનું માપ છે અને તાલમાં કાળનું માપ છે.

૭. પું. એક જાતનું વાદ્ય; કરતાલ.

૮. પું. (પિંગળ) એક ચરણવાળ ગીતિ માત્રામેળ છંદ. તે રૂપકક ગીતિનો ભેદ છે. તેમાં સત્તર ગુરુ અને ત્રીસ લઘુ મળી સુડતાલીસ અક્ષર અને ચોસઠ માત્રા હોય છે.

૯. પું. (પિંગળ) એકસો એકવીસ વર્ણનો એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે સવૈયાનો ભેદ છે

૧૦. પું. કાસી એડ; છબલીયા.

૧૧. પું. ગાયનના ઠોકનું માપ. ગાયનમાં અથવા વાદ્યમાં જેમ ઊંચા તથા નીચા સ્વર છે, તે જ પ્રમાણે દીર્ઘ તથા હ્રસ્વ સ્વર પણ હોય છે. આ દીર્ઘ તેમ જ હ્રસ્વ સ્વર ગાવામાં અથવા વગાડવામાં જે નિયમિત અવકાશ બોલવામાં આવે છે તેને તાલ કહે છે. સ્વર બોલવાને વખતે હાથથી અથવા કાંસ્યપાત્રની બે નાની વાટકી લઈને તે વડે એકસરખા એક પછી એક ઠેકા દેવામાં આવે છે, તેને પણ તાલ કહેવાય છે. આવી રીતે એક પછી એક ઠેકા દીધાથી એકજ પ્રકારનો તાલ વાગે છે અને તેનો વિસ્તાર થતો નથી. માટે ત્રણ ઠેકાનો એક, ચાર ઠેકાનો એક, પાંચ ઠેકાનો એક, એમ જોડે ઠેકો વધારીને ઘણા પ્રકારના તાલના વિસ્તાર કરીને એમનાં જુદાં જુદાં નામ યોજવામાં આવ્યાં છે. મુખ્ય સાત તાલ છે: ધ્રુતાલ, મઠતાલ, રૂપકતાલ, ઝંપાતાલ, ત્રિપુટતાલ, આડતાલ અને એકતાલ. આ સાતે તાલને દક્ષિણ હિંદુસ્તાનના લોકો આડાચક્રતાલા, સુલફાક, રૂપકતાલ અથવા એકો ઝપાતાલ, ત્રિપટ અથવા નિતાલા અથવા તિલવાડા, ચૌતાલ અને એકતાલા કહે છે. દરેક તાલમાં પાંચ જાતિ હોય છે, એટલે સાત તાલ મળીને દરેક તાલ પાંચ તરેહથી ઠેકા દઈને બોલાય છે. આ પાંચ જાતિ એટલે ચતસ્ર, તિસ્ર, મિશ્ર, ખંડ અને સંકીર્ણ મળીને એકંદર પાંત્રીસ તાલ બને છે. સંગીતના સંસ્કૃત ગ્રંથોમાં તાલના બે પ્રકાર માનેલા છે: માર્ગ અને દેશી. ભરત મુનિના મત પ્રમાણે માર્ગ ૧૭ છે: ચંચત્પુટ, ચાટપુટ, ષટ્પિતાપુત્રક, ઉદ્ઘટ્ટક, સંનિપાત, કંક્ષ, કોકિલારવ, રાજકોલાહલ, રંગવિદ્યાધર, રાગપ્રિય, પ્રકરીસોચન, રાજચૂડામણિ, જયશ્રી, ચાદરાકુલ, કંદર્પ, નલકૂબર, દર્પણ, રતિલીન, મોક્ષપતિ, મીરંગ, સિંહવિક્રમ, દીપક, મલ્લિકામોદ, જયન્તીલ, ચર્ચરી, મુકુંદ, વિજયાનંદ, વીરવિક્રમ, ટેમિક, રંગાભરણ, શ્રીકીર્તિ, ધનમાલી, ઋતુભૂષણ, સિંહનંદન, નંદીશ, ચંદ્રશેખર, દ્વિતીયક, જયમંગલ, ઋષભ, મકરંદ, ત્રિભંગી, રતિતાલ, વસંત, જયરૂપ, મારવિ, કવિશેખર, ભોષ, હરવલ્લભ, ભૈરવ, મતપ્રલયાગત, મલ્લતાલી, ભૈરવમસ્તક, સરસ્વતીકંઠાભરણ, દીપ્ત, નિઃસારુ, મુક્તાવલી, રંગરાજ, ભારતાનંદ, અદિતાલક અને સંપર્ણેષ્ટ. તે જ પ્રમાણે દેશી તાલ ૧૨૦ પ્રકારના છે.

૧૨. પું. ગોળ હાથ; અરબાનો હાથ; 'સેન્સ.'

૧૩. પું. ઘાટ; રચના.

૧૪. પું. કમ્મરે; ચકરો; નાટીનો વેગ.

૧૫. પું. ઢાળ; સૌંદર્ય.

ઓદરણી ઢરે સરસ, નાક નેણનો તાલ,
આર હાથનો ચોટલો, પટ નેવો પાચાળ.
મહીપાલદેવ

૧૬. પું. (સંગીત) ઠેકો; ગ્રંથોત લેખનમાં ગાતાં વગાડતાં નિયમિત અંતરે તાલ આપવા આવતી —આવી નિશાની.

૧૭ પું. તરવારની મૂઠ.

૧૮. પું. તાડનું ઝાડ.

૧૯ પું. તાડનું ફળ.

૨૦. પું. તાળું.

૨૧. પું. નાકમાં આઠ આંટેનું એક સૂત્ર

૨૨. પું. પરીક્ષા કરી સત્ય કરવું તે; સાબિત કરવું તે; પુરવાર કરવું તે.

૨૩. પું. પ્રબંધનાં છ આંટેનું એક અંગ.

૨૪. પું. કુલાલ; બગરીમાં મૂકના વાળ ઊંચા ચડાવવા તે; મૂકે તાલ દેવો તે.

૨૫ પું. બાર આંગળની લંબાઈ.

૨૬. પું. ભારતવર્ષનો એ નામનો એક દેશ.

૨૭. પું. મનઃશિલ

૨૮. પું. મહાદેવ; શંકર.

૨૯. પું. સલેજતા; મજા; રસ; રંગ; મેળ.

૩૦. પું સાત સ્વયં સાંકેતિક સંજ્ઞા.

૩૧. પું. સાપળ કે હાથ ઉપર હથેળી મારવાથી થતો અવાજ. કુસ્તી વગેરેમાં હારવા માટે જ્યારે કોઈને પડકારવામાં આવે છે ત્યારે આ પ્રમાણે હાથ મારવામાં આવે છે.

૩૨. પું. સોમલ; સોમલખાર.

૩૩. પું. હથેળી; પંજો.

૩૪. પું. હાથ દેવો તે; મરડવું તે; તા.

પાંચ હાથ પૂરા પીર, સો સોના ગામનું નાક
રાખવા માટે આવ્યા હોય એમ મૂછે તાલ દઈને
ફરવા લાગ્યા. મહીપાલદેવ

૩૫. પું. હાથીનો કાન ફફડાવવાનો અવાજ.

૩૬. સ્ત્રી. કાળની ક્રિયાનું માપ. તાલની ઉત્પત્તિ વિષે એમ કહેવાય છે કે, જ્યારે દેવ દાનવે મળીને સમુદ્રનું મંથન કર્યું ત્યારે તેમાંથી અમૃત નીકળ્યું. તે વખત દેવ તથા દાનવો અમૃતપાનની લાલસાના આનંદમા વિવિધ પ્રકારે નૃત્ય કરવા લાગ્યા અને તેમાંથી દેટલાએક પ્રકારની તાલની ગતિ ઉત્પન્ન થઈ. તેમાં જે દેવ લોકોએ નૃત્ય કર્યું તેમાથી સમગતિ તાલ અને દાનવોએ નૃત્ય કર્યું તેમાંથી વિષમગતિતાલ ઉત્પન્ન થઈ. પ્રાચીન વખતમાં ૩૬૦ જાતિની તાલ હતી એમ કહેવાય છે. તમામ નાની મોટી તાલોનું પ્રમાણ માત્રા ઉપર છે. હરકોઈ તાલની અંગ ગતિમાં દસ વસ્તુઓ રહેલી છે. તેને તાલનાં અંગ કહે છે. તેનાં નામ: કાળ, માર્ગ, ક્રિયા, અંગ, ગ્રહ, જાતિ, કાળ, લય, યતિ અને પ્રસ્તાર.

૩૭. સ્ત્રી. ભેલ; યુક્તિ; પ્રપંચ.

૩૮. સ્ત્રી. ઝોકવણ; જમાવટ; સોર્ટ; સગવડ.

૩૯. સ્ત્રી. માથા ઉપર જે જગાએથી વાળ જતા રહ્યા હોય તે જગા; માથાની ટાલ.

૪૦. સ્ત્રી. મુખ્ય અઢાર મંડેની એક ધાતુ; અભ્રક.

૪૧. સ્ત્રી. કરતાલ. તેમાં અમુક અંશે સોમલ હોય છે.

૪૨. સ્ત્રી. હાથથી તાળી વગાડવી તે.
૪૩. ન. એક જાતનું ગ્રહનું આભરણ.
૪૪. ન. ચોપિસા જેવું રાજકિયાનું હથિયાર. તેના ૭ વિભાગ પાડવામાં આવ્યા છે: સ્વસ્તિક, અંદક, તાલ, નાડી, ગલ્લા અને ઉપમંત્ર.
૪૫. ન. તળાવ; જળાશય.
હર પુષ્કરિણી કરસર સર સરસી તાલ તડાગ,
સખી લેને આ માનસર કૂલ્યું તવ અનુરાગ.
વિજયવિજયોદય
૪૬. ન. દુર્ગા દેવીનું સિંહાસન.
તાલચ્ચ [અ. તલચ્ચ (તે ઊખો)] પું. નસીબ; ભાગ્ય.
તાલચ્ચઅશિનાસ [અ. તાલચ્ચ (નસીબ) + ફરમિનાસ (જાણવું તે)] પું. જ્યોતિષી; નસીબ જોઈ આપનાર માણસ.
તાલચ્ચંગ ન. તાલનાં દસ મહેનું એક અંગ.
તાલક ૧. [સં] પું. આગળિયો; દરવાજો બંધ કરવાનું સાધન; ભોગળ.
૨. પું. (પિંગળ) એ નામનો કર્ણાટકી માત્રામેળ છંદ.
૩. પું. તાડનું ઝાડ.
૪. સ્ત્રી. જાહેરાત.
૫. સ્ત્રી. માથાનું તાલકું ઢાંકનારી ટોપીનો ભાગ.
૬. સ્ત્રી. હરતાલ નામની ઔષધિ.
૭. ન. ગોપીચંદન.
૮. ન. તાળું; બારણાં બંધ રાખવાનું સાધન.
૯. ન. તુનેર ધાન્ય.
તાલકટ ૧. [સં.] પું. એ નામે એક દેશ.
૨. પું. નિજામપુર પાસેનું તાલીકોટ ગામ.
તાલકંદ [સં.] ન. તાલમૂલી; મૂસળી.
તાલકા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કલ્પતરુ. તેને કર્ણાટકમાં ભોગારી, ઉત્તરપથમાં સિહરવર્ણ, અને પૂર્વ તરફના લોકો ધાતુવેધી કહે છે.
તાલકાલ ૧. [સં] પું. બીજો રંગ.
૨. વિ. બીજા રંગવાળું; બીજું.
તાલકી ૧. સ્ત્રી. તાડી; તાલરસ.
૨. [સં.] સ્ત્રી. તાડીનો છોડ.
૩. સ્ત્રી. તાલકું; તાળવું.
૪. સ્ત્રી. તાલકું ઢંકાય એવી ટોપી; બાળકની માથે પહેરવાની નાની ટોપી.
તાલકોટોપી ન. ટોપીવાળું નાનું બાળક.
તાલકું ૧. ન. ટોપી; માથા ઉપર આવતો ભાગ; ગંડો.
૨. ન. માથાનો વચમાંનો ઉપલો ભાગ તાળવું; ટાલકું.
તાલકૂટિયો પું. કીર્તન કરનાર ભક્ત.
તાલકૃત પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
તાલકેતુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક યક્ષ.
૨. પું. (પુરાણ) મુખ્યે મારેલો એ નામનો એક રાક્ષસ.
૩. પું. જેની ધજા ઉપર તાડના ઝાડનું ચિહ્ન હોય તે.
૪. પું. બળરામ.
૫. પું. ભીષ્મ પિતામહ.
તાલકેશ્વર [સં.] પું. એ નામની વનસ્પતિ; કલ્પતરુ.
તાલકેસરી રસ પું. (વૈદક) હરતાલમાંથી બનતી એ નામની એક દવા. તે બનાવવા શુદ્ધ હરતાલ, શુદ્ધ સુવર્ણ માક્ષિક, પારદ ગંધક, ટંકણ અને સિંધવ એ દરેક ઔષધ લાગ લેવાં અને તે બધાને બીજાના રસમાં એક દિવસ સુધી ખલ કરવાં. તે બધાં ઔષધના વજનથી ત્રીજમો ભાગ વછનાગ નાખતાં તૈયાર થાય તે તાલકેસરી રસ કહેવાય છે. આ રસ તમામ જાતના મુખ રોગ ઉપર બહુ ઉપયોગી મનાય છે. તે યોગ્ય માત્રાથી ભક્ષના બી સાથે ખવરાવવામાં આવે છે. આ દવા પછી બે આનીભાર ડાળટરી આપવાને અપાય છે. દવા ચાલતી હોય ત્યારથી દરદીને મીઠું, મરચું, તેજ, હિંગ, કોળું વગેરે બરબ બીજ બંધ કરવામાં આવે છે અને દૂધ, સાકર, ઘી વગેરે ખોરાક અપાય છે.
તાલક્રિયા સ્ત્રી. સંગીતમાં તાલ આપવામાં વપરાતી ક્રિયા.
તાળી પાડવામાં બધેકર તાલક્રિયા બહુ વાર બાલમ પડે છે. કૌમુદી
તાલક્ષમ વિ. તાલ સહન કરે એવું.
તાલક્ષીર ૧. [સં.] ન. એક જાતની સાકર.
૨. ન. તાડના ઝાડમાંથી નીકળતું દૂધ.
તાલક્ષીરક જુઓ તાલક્ષીર.
તાલગર્ભ [સં.] પું. તાડના ઝાડની અંદરનો એક પદાર્થ.
તાલગીર વિ. તાલ આપવાવાળું
તાલચુલ્લી સ્ત્રી. મોર્દાબિયાની રમત.
તાલચ્છટના સ્ત્રી. તાલની પટના; તાલ આપવાની રીત.
તાલચૃત [સ.] ન. એક જાતનું ગાયણ; 'પામ બટર.'
તાલચર ૧. [સં.] પું. એ નામે એક દેશ.
૨. પું. એક મનુષ્ય જાતિ; આરણ.
૩. પું. તાલચર દેશના રાજા.
૪ પું. તાલચર દેશના લોક.
૫ વિ. તાલોટા વગાડી નાચનાર.
તાલચરકર્મ [સં. તાલચરકર્મન્] ન. તાલક્રિયા; નૃત્યકર્મ
તાલજ ૧. સ્ત્રી તાડી
૨. સ્ત્રી. સોમલ.
૩. [સં.] વિ. તાડમાંથી ઉત્પન્ન થનાર.
તાલજટા [સં.] સ્ત્રી તાડના વૃક્ષમાંથી નીકળતા જટાના આકારના લાંબા રેસા; તાડના ઝાડની સેર.
તાલજડ (તાલજઙ્ઘ) પું. (પુરાણ) ઋર્ષાતિનો એ નામનો પુત્ર
તાલજ્ઞ [સં.] પું. તાલ સૂર મેળવનાર માણસ.
તાલજંઘ ૧. પું (પુરાણ) અવંતીનો એ નામનો રાજા અને જયધ્વજનો દીકરો. તે હૈહય જાતિનો હતો. તેને સો પુત્ર હતા. તેઓને પણ તાલજંઘ જ કહેતા. એમાંના એક વીતિહોત્ર સિવાય બધા વધવાનથી બળી મૂઆ હતા.
૨. [સં.] પું. એ નામના દેશનો નિવાસી.
૩. પું. એ નામનો એક દેશ.
૪ પું. એક જાતના ક્ષત્રિય.
૫. પું. (પુરાણ) એક બહુવડી રાજા. તેના પુત્રોએ સગર રાજાના પિતા અસિતને પદભ્રષ્ટ કર્યો હતો
૬. વિ. તાડના જેવી લાંબી જંઘાવાળું.
તાલજંત્ર ન. (પુરાણ) બળરામનો ધ્વજ.
તાલતલાચ્ચ સ્ત્રી. યુક્તિ; પેચ; પ્રપંચ.
તાલતંત્રી વિ. તાલ બતાડનાર.
તાલતૈલ [સં.] ન. તાડના ઝાડમાંથી બનતું એક જાતનું તેલ; 'પામ ઓઇલ.'
તાલધારી [સં. તાલધારિન્] પું. તાલ આપનારો માણસ.
તાલધ્વજ ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.
૨. પું. કનોજનો એ નામનો એક રાજા.
૩. પું. જેની ધજા ઉપર તાડના ઝાડનું ચિહ્ન હોય તે.
૪. પું. (પુરાણ) બળદેવ; બળરામ. તેની ધજામાં તાલ વૃક્ષનું ચિહ્ન હોય છે.
૫. પું. ભીષ્મ.
૬. પું. રથયાત્રા વખતે જગન્નાથપુરીમાં નીકળતો એ નામનો બલભદ્રનો રથ. ચૌદ પૈડાવાળો આ રથ ૩૭½ ફૂટ ઊંચો, ૩૬½ ફૂટ પહોળો અને ૩૪½ ફૂટ ઊંચો છે.
૭. ન. તળાજા નામનું કાઠિયાવાડમાં આવેલું એક ગામ.

તાલધ્વજગિરિ ૧. [સં] પું. તળાજા ટેકરાનું પ્રાચીન નામ.
૨ પું. તળાજાનો ડુંગર.

તાલધ્વજા [સ.] સ્ત્રી. એ નામે એક ગામ; તળાજા

તાલનવમી [સ.] સ્ત્રી ભાદરવા સુદિ નોમ.

તાલનાદ ૧. પું. હંસોપનિષદ પ્રમાણે નાદના દસ મંડ્રોનો એક પ્રકાર; અપ્સરાઓ ગાયન ગાતી વખતે તાલીઓ પાડે તેના અવાજ જેવો નાદ. તેના અનુભવથી અમૃતવૃષ્ટિ થતી મનાય છે.
૨. ન. હંસોપનિષદમાં કહ્યાવેલું એક પ્રકારનું વાદ્ય.

તાલપટ્ટ ન. તાડના પાંદડાનો પટ્ટો

તાલપત્ર ૧. [સં.] ન. તાડનું પાંદડું; તાડપત્ર
૨. ન. સોનાનું પોલું અને નળાકાર કાનમાં પહેરવાનું એક ઘરેણું. તાટક. તે વિધવાઓ પહેરતી નથી.

તાલપત્રિકા જુઓ તાલપર્ણી.

તાલપત્રી જુઓ તાલપર્ણી.

તાલપદ્ધતિ [સં.] સ્ત્રી. સારીગમના અક્ષર ઉપર તાલ આપી બોલવું, હાથ પછાડવો, પગ પછાડવો, ઠોક હલાવવા વગેરે ક્રિયા.

તાલપર્ણી ૧. [સં.] ન. એક જાતનું ઘાસ.
૨ ન. તાડનું પાંદડું
૩. ન. મુરા નામે એક જાતનું ગંધદ્રવ્ય; તાડપત્ર; તાપીસપત્ર.

તાલપર્ણી ૧. સ્ત્રી, ઉદરકની નામની વનસ્પતિ.
૨. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ, મધુરિકા.
૩. સ્ત્રી. કપૂરકાચલી.
૪. સ્ત્રી. મૂસળી.
૫. સ્ત્રી. વરસાદ પડતો હોય ત્યારે કોઈ વસ્તુ ભીંજે નહિ તે માટે તેના ઉપર ઢાંકવાનું સાધન. તાડપત્રી

તાલપિશાચ [સં.] પું. એક જાતનું ભૂત. લાંબી કાયાવાળો રાક્ષસ

તાલપુટ [સં.] ન. એક જાતનું ભયંકર ઝેર, તત્કાળ પ્રાણ હણે તેવું ઝેર; તાળવું પાડી નાખે એવું વિષ.

તાલપુટકવિષ જુઓ તાલપુટ

તાલપુષ્પ [સં.] ન. તાડનું ફૂલ.

તાલપુષ્પક ૧. [સં.] ન. આંખને ઠંડક કરવાનું એક જાતનું નેત્રાંજન.
૨. ન. તાડનું ફૂલ.

તાલપ્રદ [સ.] વિ. જ્યાં તાડનાં ઝાડ ઘણાં ઊગતાં હોય એવું.

તાલપ્રદાન [સં] ન ગાયક ઉપર તાલ બતાડવે તે; તાલ આપવો તે.

તાલપ્રધાન [સ.] વિ. જેમાં તાલ મુખ્ય અંગ હોય એવું.

તાલ પ્રમાણે ખુરસી ફેરવી સ્ત્રી. એક જાતની રમત. એક વર્તુલમાં જેટલા રમનાર હોય તેના કરતા એક ઓછી એટલી ખુરસી ગોઠવવી અને તેની આસપાસ બધા રમનારાઓએ ઊભા રહેવું. શરૂઆત કરતાં બધા છોકરાઓએ ગાયનના તાલ પ્રમાણે વર્તુલમાં ફરવું. એ ગાયન રમાડનાર બન્ને બોલે. અમુક વખત ગાયા પછી વચ્ચે અટકો બોલ અને તે જ વખતે રમનારાઓ ખુરસી ઉપર બેસી બોલ. જે એક બેસવામાં પાછળ રહે તે નીકળી બોલ. ફરી એક ખુરસી ઓછી કરી ગાયન શરૂ થાય અને જે એક પાછળ રહે તે નીકળી બોલ. એવી રીત આગળ ગાયતાં જે એક છોકરો છેવટ રહે તે છતો બોલાય.

તાલપ્રલંબ [સં.] ન. તાડ વૃક્ષમાંથી નીકળતા જટા જેવા રેસા

તાલબદ્ધ ૧. [સ.] વિ તાલયુક્ત; ઢાળસર. તાલની સાથે બેસતું. તાલને અનુસરીને થયેલ બંધનવાળું; ઢાળ પ્રમાણેનું
૨. વિ. યથાપ્રસંગ; યુક્તિસર; લાગસર.
૩. ન. પદ્ધતિસર.
૪. ન. સંગીતમાં તાલ પ્રમાણે; તાલ અનુસાર; તાલ ચૂક્યા વિના.

તાલબદ્ધતા [સં.] સ્ત્રી. તાલમાં હોવું તે

તાલબદ્ધેં વિ. સંગીતમાં તાલને બરાબર ન પારખી શકે એવું.

તાલબંધ જુઓ તાલબદ્ધ.

તાલબૈતાલ વિ. તાલ વગરનું; બેસૂરું.

તાલબર જુઓ તાલબદ્ધ.

તાલભેગ [સં.] પું. સંગીતમા તાલ ન જળવાવો તે

તાલભૃત [સ. તાલભૃત] પું. (પુરાણ) બળદેવ; બળરામ.

તાલમ ૧. સ્ત્રી. તાલીમ; અભ્યાસ; મહાવરો.
૨ ન. કુસ્તીનું શિક્ષણસ્થાન.

તાલમખાણું જુઓ તાલમખાના.

તાલમખાના [હિં.] પું. એખરો; ઔષધિમા વપરાતો એક જાતનો છોડ.

તાલમાર્ગ ન. અખાડો; કસરત કરવાની જગ્યા; રમતગમતની જગ્યા.

તાલમય ૧. [સં.] વિ. બધું તાડનાં ઝાડવાળું.
૨. વિ. તાડનું; તાડમાંથી બનાવેલ.

તાલમર્દલ [સ.] ન. એક જાતનું વાદ્યયંત્ર.

તાલમાત્રા [સ.] સ્ત્રી. તાલની અંદરની માત્રા.

તાલમાન [સ.] ન. વૃક્ષમાં તાલનું માપ.

તાલમાપ જુઓ તાલમાન

તાલમાપક [સ.] ન સ્વરનું માપ લેવાનું યંત્ર

તાલમાપન જુઓ તાલમાન.

તાલમિત્ર પું. તાલીમ લેનારો શિષ્ય; વિદ્યાર્થી

તાલમુક્ત [સ.] વિ સંગીતના ચાલુ તાલ સાથે પડતા ન હોય એવું

તાલમૂલ ન. હાલ જેવું ઝાડવાનું એક સાધન.

તાલમૂલય [પ્રા.] ન. તાડ વૃક્ષના મૂળની પેઠે નીચે વિશાળ અને ઉપર સાંકડું એવું એક જાતના પ્રાણીનું ઘર.

તાલમૂલિકા [સં.] સ્ત્રી. મસળી.

તાલમૂલી જુઓ તાલમૂલિકા.

તાલમેલ ૧. પું. અનુકૂળ સગવડ; ઉપયુક્ત અવસર.
૨. પું. કલ્પિતતા; સ્વીકાર; હા પાડવી તે.
૩. પું. મેળ; મૈત્રી; સહકાર; સંપ.
૪. સ્ત્રી. ઢોંગસોગ; ઉપર ઉપરની સહાનુભૂતિ અને અંદરથી પણ અંદર પ્રપંચ હોય એવી દેખાડવાની યુક્તિ; અનિયમિત યુક્તિથી રચાયેલો ઢાંકપિછોડો યુક્તિ.
૫. સ્ત્રી. બધું ઠીકઠાક હોય એની ગોઠવણ.
૬ સ્ત્રી. બહાનું; નિમિત્ત.
૭. સ્ત્રી. બહુ સારી યુક્તિથી રચાયેલો ઢાંકપિછોડો; અગડી તરેહથી કરેલી મળની ગોઠવણ; સોઈ; સગવડ; ટાપટીપ.

તાલમેલિયું વિ. પ્રસંગને અનુસરતો ઢોંગસોગ કરી જાણનાર; ભોંકુ; ઉપર ઉપરથી સારું દેખાડી ધામધૂમ કરી પોતાનું કામ કાઢી લેનાર; ભોટ; ઉપર ઉપરના બનાવવાળું, તાલમેળવાળું.

તાલમેળ પું. તાલનું મળવું તે.

તાલયંત્ર ૧. [સં.] ન. કુંચી; ચાવી.
૨. ન. વૈદકપ્રસિદ્ધ એક યંત્ર; ચીપિયો.

તાલરસ [સં.] પું. તાડી; તાડનો રસ.

તાલરંગ [સં.] ન. એક પ્રકારનું વાજું. તે વડે તાલ દેવાય છે.

તાલરેચન [સં.] પું. નકામા ભાગને દૂર કરનાર માણસ.

તાલલક્ષેણ્ય [સં.] પુ. બળરામ; તાલધ્વજ; બળદેવ.

તાલલયશાસ્ત્ર ન. (સંગીત) તાલ અને લય સબંધી વિદ્યા.

તાલવન ૧. [સ.] ન. તાડનાં ઝાડોનું જંગલ. ૨ ન. વૃંદાવન પાસે મથુરામંડલની અંદરનું એક વન. તે ગોવર્ધનની ઉત્તરે જમુનાના કિનારા ઉપર છે. અહીં બળરામે ધેનુક નામના અસુરનો વધ કર્યો હતો.

તાલવા પું સુવાવડી સ્ત્રીને સાકર, ફળ વગેરેની અપાતી ભેટ.

તાલવાદન [સં] ન. નાલ ઉપર તાલ વગાડવો તે.

તાલવાદ્ય [સં.] ન. તાલ આપવા માટેનું વાજિંત્ર.

તાલવાયણું ન. ચોસઠ માંહેનું એક વિદ્યાન; તાલવાહન.

તાલવૃક્ષ [સં.] ન. તાડનું ઝાડ તે હિંદના ઉષ્ણ પ્રદેશ અને બંગાળમાં ઊગે છે. દક્ષિણ હિંદમા તેનો રસ તાડી ખાડને બદલે વપરાય છે તે ઉત્તેજક અને પ્રાણવર્ધક છે. તાજી તાડી સ્વાદિષ્ટ અને તાકાત આપનારી છે. તે જલ્દીકર અને ગૂમડાં મટાડે છે. દરરોજ સવારમાં લેવાથી તે દરદ સારૂ લાવે છે અને મૂત્રવહ હોવાથી પ્રમેહમાં ઉપયોગી છે. મધુપ્રમેહમાં તાડી અપવામાં આવે છે. દુર્બળતા અને મરવાડમાં તે શક્તિ માટે આપવામાં છે. તાડનું મૂળ શીતળ અને તાકાત આપનાર છે. દાંત અને પેઢાં મજબૂત બનાવવા માટે તાડની છાલના ઉકાળાના કોગ્યા કરવામાં આવે છે.

તાલવૃંત ૧. [સં.] પુ. તાડના પાદડાનો પંખો; વીંજણો

૨. પું. સોમની ચોવીસ માંહેની એક જાત.

૩. ન. અસલના વખતનું એક જાતનું હાથિનું હથિયાર

તાલવેચન જુઓ તાલવેધન.

તાલવૈચિત્ર્ય [સં.] ન. જુદી જુદી જાતના તાલ હોવા તે.

તાલવૈતાલ પું.બ.વ. વિક્રમ રાજાએ સિદ્ધ કરેલા એ નામના બે યક્ષ. તેઓ અને વિક્રમ રાજાની બરાબર સેવા બજાવતા હતા.

તાલવ્ય [સં.] વિ. તાલુસ્થાની; તાલુસ્થાનમાંથી ઉચ્ચારાતું; તાળવાનું; તાળવા સબંધી; જેનો ઉચ્ચાર તાળવે જીભ અડકોને થતો હોય એવું. ચ, છ, જ, ઝ, ઞ એ તાલવ્ય અક્ષર છે

તાલવ્યશબ્દ ૧. [સં.] પું. ઊંચેથી બોલેલો શબ્દ. ૨ પું. તાડના અથડાવાથી થતો અવાજ. ૩. પું. તાળી આપવાથી થતો અવાજ.

તાલશર્કરા [સં.] સ્ત્રી. એક જાતની સાકર; 'પામ સુગર.'

તાલશાસ્ત્રી પું. તાલ સંબંધી શાસ્ત્ર જાણનાર મનુષ્ય.

તાલસમ ૧. ન. સરખા તાલમાં ગાવું તે. ૨. વિ. તાલ અનુસાર સ્વરવાળું.

તાલસર્જ ન. તાડનું ઝાડ.

તાલસંચો પું. યુક્તિપ્રયુક્તિ; જાદુપટ.

તાલસંપુટ પું. તાડના પાંદડાનો પડિયો.

તાલસંભૂત [સં. તાલ (તાડ) + સંભૂત (ઉત્પન્ન થયેલું)] ન. તાડના ઝાડમાંથી નીકળતી તપખીર.

તાલસ્કંધ [સં] પું. વાલ્મીકિ રામાયણમાં જણાવેલું એક જાતનું અસ્ત્ર.

તાલસ્તંભ [સં. તાલ + સ્તંભ (ઊભી લીટી)] પું સંગીત લેખનમાં સ્વરોની વચ્ચે પ્રદેલી | આવી ઊભી રેખા.

તાલહીન [સં. તાલ + હીન (વિનાનું)] નાનાં નાનાં ચૂની જનાઈ. ગાયકના મુખ્ય ચોદ ગુણોનો તે એક દોષ છે.

તાલાંક પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તે રસિકા છંદનો એક ભેદ છે.

તાલાંકિણી પું (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; તાલકો તે રસિકા છંદનો એક ભેદ છે. તેમાં સાત લઘુ અને ત્રણ ગુરુ મળી તેસઠ અક્ષર અને બસો માત્રા હોય છે.

તાલાંકિની પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રેવા જાતનો એક ભેદ છે. તેમાં એકસો ઓગણીસ માત્રા અને નવ પદ હોય છે.

તાલાંડી જુઓ તાલાંકિણી.

તાલાંત ન. સોનાનું તાલું.

તાલાકટ પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

તાલાકૂજી સ્ત્રી. એ નામની ઝોકરાની એક રમત.

તાલાખ્યા [સં.] સ્ત્રી. મુરા નામે એક ગવૈયાની; તાલીમપત્ર.

તાલાચર ૧. [પ્રા.] પું. તાલ આપનાર પ્રેક્ષક. ૨. વિ. તાલોટા વગાડી નાચનાર.

તાલાદિ [સં.] પું. વ્યાકરણપ્રસિદ્ધ શબ્દસમૂહ.

તાલાનુરોધ [સં. તાલ + અનુરોધ (પ્રમાણે હોવું તે)] પું. તાલ જળવાઈ રહેવો તે; તાલ મુજબ હોવાપણું

તાલાબ ૧ [હિં.] ન. ટાંકો; હોજ ૨. [સં. તડાગ] ન. તળાવ; જળાશય; સરોવર.

તાલાબંગળા ન. મંદિરનાં ક્રમાડનાં તાળાં બંધ કરવાં તે.

તાલાયર જુઓ તાલાચર.

તાલાવેલિયું વિ. અસ્થિર; ચંચળ; તાલાવેલી લાગી હોય એવું.

તાલાવેલી ૧. સ્ત્રી. અધીરાઈ; આતુરતા; અરપટી; બાલાવેલી; જીવનું તલપાપડ થવું તે.

સર્યાં દૂબળાં વૃંદ, ખેદન વહ્યાં સાગર બળી,
તે દીઠી તમેય, **તાલાવેલી** હરવરે.
ત્રિભોવન

૨. સ્ત્રી. આવેશ; ઉશ્કેરણી.

૩. સ્ત્રી. અભરાઈ; ઉદ્વેગ.

૪. સ્ત્રી. પ્રીતિ; લગની.

તાલાશ [તુ.] સ્ત્રી. તપાસ; ખોળ; ખોળ.

તાલાસન [સં. તાલ (તાડ) + આસન] ન. ચોસનું એ નામનું એક આસન; તાડાસન.

તાલાંક ૧. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે સાત છંદનો એક ભેદ છે. તેમાં ઓગણીસ લઘુ અને સાત ગુરુ મળી સાઠ અક્ષર અને સો માત્રા હોય છે.

૨ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; તારંગ; તાટક. તે ષટ્પદી જાતિનો એક ભેદ છે. તેમાં અઠ્ઠાવન લઘુ અને સુડતાલીસ ગુરુ મળી ૧૦૫ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. કેરવત.

૪. પું. પુરતક; ખોપરી; માથું.

૫. [સં. તાલ (તાડ) + અંક (ચિહ્ન)] પું (પુરાણ) બળભદ્ર; બળરામ. તેમની ધ્વજામાં તાડનું ચિહ્ન હતું.

૬. પું. મહાદેવ; શિવ.

૭. પું. શુભ લક્ષણવાળો મનુષ્ય; આબાદીનાં નિશાનવાળો પુરુષ.

૮. વિ. તાડના ચિહ્નવાળું.

તાલાંકુર [સં] પું. એક જાતનું દ્રવ્ય; મન શિલ.

તાલાંગી પું. (પિંગળ) સત્તાવીસ ગુરુ અને અઠ્ઠાવન લઘુ મળી પંચાશી વર્ણનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે ત્રોપદી છંદનો એક ભેદ છે.

તાલિ ૧. [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; જોય આળવી.

૨ સ્ત્રી. ખાન.

તાલિઞ્ચ ૧. [અ.] પું. આબાદી ચડતી.

૨. પું. દેખાવું તે.

૩. પું. નસીબ; ભાગ્ય.

૪. પુ. પરોઢિયું; મળસકું.
૫ પું. સૂર્યનું ઊગવું તે.
૬ સ્ત્રી. દોલત; સંપત્તિ.

તાલિઅત જુઓ તાલિઆ.

તાલિઆદ ૧. [સં. તાલિઅ (આબાદી) + મદ (વાળું)] વિ. આબાદ; ચડતી દશાવાળું.
૨. વિ. નસીબદાર; ભાગ્યવાન.
૩. વિ. પૈસાદાર; ધનવાન.

તાલિઆદી ૧. [અ. તાલિઅ (આબાદી) + મંદી (હોવું તે)] સ્ત્રી ચડતી; આબાદી.
૨. સ્ત્રી. દોલત; પૈસો.
૩. સ્ત્રી. નસીબદારી; ભાગ્યવંતપણું.

તાલિઆવર જુઓ તાલિઅમદ.

તાલિઆ ૧. [અ.] પું. જાસૂસ; ખાતમીદાર.
૨. પું. ગુનો ને માટે આગળથી મોકલેલ સિપાઈનો ટુકડી.
૩. વિ. આજ્ઞા રાખી શકાય નહિ એવું.

તાલિક ૧. [સં.] પું ઊપાડેલો હાથ પહોળો હાથનો પંજો.
૨. પું. તલાક દેનાર માણસ
૩. પું. થપ્પડ; તમાચો
૪. પું. મીણ; મુદ્રા.

તાલિકા ૧. [સં.] સ્ત્રી. કદપલ્લ. એક જાતની વનસ્પતિ. તેને કબૂલિકામાં ભોગારી, ઉત્તરાપથમાં સિહરવર્ણ, પશ્ચિમના લોકો ધાતુવેધી અને સ્વર્ગમાં કદપલ્લ, કદપતરુ કે સ્વર્ણ વિભણતરુ કહે છે.
૨. સ્ત્રી. ગોઠો; કોષ્ટક.
૩. સ્ત્રી. તુવેર.
૪. સ્ત્રી. જોખમાબલી.
૫. સ્ત્રી. મજ્જક.
૬. [હિ.] સ્ત્રી મૂરણી.
૭. સ્ત્રી. યાદી; નોંધ.
૮. સ્ત્રી. હાથથી તાળી પાડવી તે.

તાલિત ૧. [સં.] ન. એક જાતનું વાદ્ય.
૨. ન. દોરી; રસ્સી; બંધ.
૩. ન. રંગેલું વસ્ત્ર.
૪. વિ. તાલ આપેલું; તાલવાળું.

તાલિબ ૧. પું. ચેલો; શિષ્ય; વિદ્યાર્થી.
૨. પું. તપાસ કરનાર; શોધ કરનાર; શોધક. તાલિબે ઉકબા = સ્વર્ગની શોધમાં ફરનાર.
૩. વિ. પ્રપંચકાર; પ્રપંચ રચનાર.
૧. તાલિબે ઝર = પૈસાનું પ્રેમી.
૨. તાલિબે દીદાર = ભાગ્યક; પ્રેમી.
૩. તાલિબે દુનિયા = સંસારના વિષયસ્વાદુ.
૪. [અ. તલબ (તેણે માગ્યું)] વિ. માગનાર; માગણી કરનાર.

તાલિબઇલ્મ ૧. [અ.] પું. વિદ્યાર્થી, અભ્યાસી, શિષ્ય.
૨. પું. વિદ્વાન; પંડિત.

તાલિબઇલ્મી ૧. [અ.] સ્ત્રી. અભ્યાસ; જ્ઞાનની શોધ.
૨ સ્ત્રી. વિદ્યાર્થી અવસ્થા.
૩. સ્ત્રી. શિષ્યાણે હોવાપણું.

તાલિમ [હિ.] સ્ત્રી. શપથ; પ્રતિજ્ઞા.

તાલિમખ્વાનું ન. ઓખરાનું બી.

તાલિમા ન. એક પ્રકારનું વાદ્ય.

તાલિયામાર પું પાણી દૂર કરવા માટે બનાવેલ કે નાનો આમલો આકાર

તાલિરા [સં.] પું. પર્વત; પહાડ.

તાલિલ [પ્રા.] વિ. તેવું; તેવા પ્રકારનું. તાદલ.

તાલિલ [અ.] વિ. દુષ્ટ; અધમ, નીચ.

તાલી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટમા છંદનો એક ભેદ છે
૨. પું. (પિંગળ) સત્ત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં અંક અગણ હોય છે.
૩. [સં. તાલિન્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૪ [સ.] સ્ત્રી. કૂચી.
૫. સ્ત્રી. ગોઠો; કોષ્ટક
૬ સ્ત્રી. આંક; અંક.
૭. સ્ત્રી. તાડનું ઝાડ.
૮. સ્ત્રી તાડીનો દારૂ.
૯. સ્ત્રી. તાલપલ્લી નામની વનસ્પતિ.
૧૦. સ્ત્રી. તાલ.
૧૧. સ્ત્રી. દોરવણી; મિત્રાચારી.
૧૨. સ્ત્રી. પ્રીત; ગાઢ; રેહ.
૧૩. સ્ત્રી. બંને હથેલીઓને એકબીજા ઉપર મારવાથી થતો અવાજ; તાળી.
૧૪. સ્ત્રી જોખમાબલી.
૧૫. સ્ત્રી. મૂરણી.
૧૬. વિ. જેણે તાલ આપેલ હોય એવું; તાલવાળું.
૧૭. વિ. તલ ઋષિએ કહેલાનું અધ્યયન કરનાર.

તાલીક ૧. [અ. તઅલીક] સ્ત્રી. નકલ.
૨ સ્ત્રી સંબંધ

તાલીકનામા પું. આકારપત્ર; આદેશપત્ર

તાલીકકુ સ્ત્રી. મકાનની એક જાતની ક્ષમવિધિ. તેમાં ચારની દોરીમાં ગૂંથેલો સોનાનો નાનો દાણો કન્યાની ડોક પર બાંધે છે. આને તે ક્ષમવિધિ છે, છતાં વર કન્યાકાર પર તરીકે માન્ય રહેતો નથી. કન્યા ભવિષ્યમાં પોતાની મરજી પ્રમાણે ભરથારની પસંદગી કરે, સ્વયંવરી આ મનુષ્ય પર તરીકે કામ કરે છે.

તાલીકૂન [ફા.] ન. મંસું.

તાલીતરુ ન. તાડનું ઝાડ.

તાલીતલ ન. જોખમાબલીનું મૂળ.

તાલીન [સં. તાલિન્] પું. શિવ.

તાલીપત્ર જુઓ તાલીકપત્ર.

તાલીફ ૧. [અ. અલ્ફ (સાથે લાવવું)] સ્ત્રી. પ્રેમ બનાવવો તે.
૨. સ્ત્રી. ધણી ભાગતનો સમૂહ.
૩. સ્ત્રી. મિત્રતા બાંધી આપવી તે; સબંધ જોડાવાપણું

તાલીમ ૧. [અ. અલમ (તેણે તે જાણ્યું)] સ્ત્રી. અભ્યાસરતનું શિક્ષણ; અંગ વાળવાની કસરત કરવા તે; કળાવત; શારીરિક કેળવણી
૨. સ્ત્રી. ઉપદેશ; કેળવણી; હુન્નરકળા, નાચ, ગાયન, ઉદ્યોગ વગેરે બધાને લગતું બાલ્યકાળે શિક્ષણ; કારીગર કે ધંધાદારીના હાથ તળે રહીને લેવાતું પ્રાથમિક જ્ઞાન કે શિક્ષણ. આ સબંધે હરિજનબંધુમાં ઉલ્લેખ છે કે: આપણી તાલીમ ગામડાંના કારીગરો જોડો માટે છે, તેમના કામની છે. તેઓ કુદરતની નજીક રહે છે, છતાં કુદરતી જીવનના કશા ભાગતા નથી; જેઓ ભણે છે તે પાળતા નથી. તેથી તેમનું જીવન નજર સામે રાખીને આપણે નવી તાલીમ શરૂ કરી. આ તાલીમનું જ્ઞાન આપણને પુસ્તકોમાંથી ઓછું જ મળે છે? જે મળે છે, તે કુદરતના પુસ્તકમાંથી મળે છે આનો સાર એ છે કે, આપણે સ્વચ્છતાના નિયમો જાણી લઈને પાળીએ અને રોજ ખોરાક લઈએ તો આપણે પોતે આપણા ડાક્તર બની ગયા. સાચું જોતાં કેળવણીમા ઉદ્યોગ, તંદુરસ્તી, જીવતર અને કળાનું મિશ્રણ છે, સુમેળ છે નવી તાલીમની દૃષ્ટિમાં ઉદ્યોગ અથવા ઉદ્યમ અને જીવતર, સ્વાસ્થ્ય અને કળાના વિભાગ નથી. પણ એ બધાનો મેળ મળીને સર્વ રહે ત્યાંથી માંડીને બાલ્યવસ્થા લગીમાં માણસ ખીલીને પૂર્ણ વિકસિત ફૂલ જેવું સુંદર અને એનું નામ નવી તાલીમ. વિચારરત્નોમાં ઉલ્લેખ છે કે આપણને વસ્તર, તાલીમ વસ્તર, સંયમ વસ્તર ખુટકારો નથી, આજ્ઞા નથી. તાલીમ વસ્તરનો એકલો આત્મલોગ પણ ફોગટ જશે. અગ્નિ અથવા પાણીના ચોખ્ખો ઠાર કરામત કર્યા વિના જેમ ઉપયોગ ન થાય તેમ તાલીમ વિનાની બાલ્યવૃત્તિ પણ નકામી છે.
૩. સ્ત્રી. કસરત કરવાનું કે અંગ વાળવાનું કેકાણું; તાલીમખાનું અખાડો.

૪. સ્ત્રી. ગુરુ પાસે શીખવું કે અભ્યાસ કરવો તે.
૫. સ્ત્રી. શિસ્ત; નિયમન.

તાલીમખાનું ૧. ન. અખાડો; કસરતશાળા.
૨. ન. એક જાતના ઝાડનું બીજ
૩. ન. એમરો. તેનો છોડ બે હાથ ઊંચો થાય
૪. તે પૌષ્ટિક ઔષધ મનાય છે.
૪ ન. તાલીમ આપવાનું ઠેકાણું; નિરાળ

તાલીમગૃહ જુઓ તાલીમખાનું ૧, ૪.

તાલીમપ્રાપ્ત વિ. અવસ્થિત; તાલીમ લઈને તૈયાર થયેલું; કેળવણી પામેલું.

તાલીમપ્રાપ્તતા સ્ત્રી. તાલીમ પામેલું હોવું તે.

તાલીમબાજ ૧. વિ. કસરત લેનારું; કસરતી. ઘણી તરેહની કસરત જાણનારું.
૨. વિ. ધૂર્ત; ઊંધુંચતું સમજાવીને કામ કાઢી લેનાર; ખેપાડી; ઠગ.

તાલીમબાજી ૧. સ્ત્રી. આડુંઅવળું સમજાવી, ધૂર્તતા કરીને કામ સાધી લેવું તે; કામસાધુ; બાપ દેવાની યુક્તિ; ધૂર્તપણું; યુક્તિથી અને કોઈ ધૂર્તતાથી કામ કાઢી લેવાની કળા.
૨. સ્ત્રી. ઘણી તરેહની કસરત જાણવાપણું.

તાલીમયાફ્તા [ફા.] વિ. માહિતગાર; શીખેલું, કેળવણી પામેલું.

તાલીમિત્ર કું. મદદ નહિ કરતાં માત્ર તાલી આપે એવો આકસ્મિક સંબંધ.

તાલીમી વિ. તાલીમ સંબંધી; તાલીમને લગતું.

તાલીયા ન. કેપ; નાની ચીજો વહાણમાં લેવા માટે ઉપાડવાનું લાકડાનું સાધન.

તાલોલ [અ. અલ (અલ્લાવતું)] સ્ત્રી. જ્વર મટિ.

તાલીશ ૧. [સં.] કું. એક જાતની વનસ્પતિ. હિમાલયના ગરમશીતોષ્ણ પ્રદેશમાં તે ઊગે છે. તેનાં પાન લાંબાં અને મોટાં હોય છે. તેને તાલીસપત્ર કહે છે. તે દવામાં વપરાય છે. બચ્ચાંને દાંત ફૂટતી વખતે આવતા તાવમાં તેનાં પાનનો તાજો રસ ૫ થી ૧૦ ટીપાં મધની સાથે આપવામાં આવે છે. ખાંસી અને દમમાં તેનાં સૂકાં પાનનો ભૂકો ½ થી ૨ ગ્રામ અને મધ સરખે ભાગે લઈ તેમાં ગરમ પાણીથી ઘણો જ કફ પડતો થાય છે. તેનાં પાન ખાવાથી મુખમાં સુગંધ આવે છે. તે મધુર, કડવું, ઉષ્ણ, લઘુ, તીક્ષ્ણ, સ્વર્ય, હલ્ય, અગ્નિદીપક અને પૌષ્ટિક છે તથા દમ, ઉધરસ, કફ, વાયુ, શ્વાસ, અરુચિ, રક્તદોષ, ઊલટી, આમદોષ, અગ્નિમાંદ્ય, પિત્ત તથા મુખરોગનો નાશ કરનાર મનાય છે.
૨. કું. ખોખાંબાલી.

તાલીશપત્ર જુઓ તાલીશ

તાલીશપત્રી સ્ત્રી. એક જાતનો સુગંધી દ્રવ્યનો છોડ.

તાલિશાદિ ચૂર્ણ ન. (વૈદક) તાલીસપત્ર, ત્રિફળા, રતાંજળી, સૂંઠ, ચવિક, ઈરૂં, કપૂર, હરડે, આમળા, મરી, પીપર, ચારકપૂર, તજ, એલચી, તમાલપત્ર અને નાગકેસર એ દરેક બબ્બે તોલા અને બાકીનો ગોળ તોલા સર્વ એકત્ર કરી જે વજન થાય તેટલી સાકર સર્વ બનાવેલું ચૂર્ણ તે ૧ ગ્રામની માત્રામાં ખાંસી, શ્વાસ, અરુચિ, અજીરણનો વધારો અને દમ ઉપર અપાય છે. ખાધું બરાબર ચયું હોય તે ઉપર પણ તે હાજરો કરે છે. બીજી રીતે પણ તે બનાવી શકાય છે. તાલીસપત્ર એક તોલો, મરી એક તોલો, લીંડીપીપર ત્રણ તોલા, સૂંઠ ચાર તોલા, વંશલોચન પાંચ તોલા, એલચી અને તજ બધાં અર્ધાં અર્ધાં તોલો અને સાકર બત્રીસ તોલા સર્વ બધાને મેળવી ચૂર્ણ કરવું. તેની માત્રા બે આનીથી પાવલીભાર છે. તે ઉત્તેજક, કફઘ્ન, રેચક અને ધાતુપરિવર્તક છે. અતિસાર, ઊલટી અને હૃદ્રોગમાં પણ તે અપાય છે.

તાલીશાદ્યચૂર્ણક [સં.] કું. વૈદકપ્રસિદ્ધ એક જાતના ઔષધરૂપ ચાટુ

તાલીસ જુઓ તાલીશ

તાલીસપત્ર જુઓ તાલીશ.

તાલીસપત્રી જુઓ તાલીશપત્રી.

તાલીસાદિ ચૂર્ણ જુઓ તાલીશાદિ ચૂર્ણ.

તાલીસાદ્યચૂર્ણક જુઓ તાલીશાદ્યચૂર્ણક.

તાલીસાદિ વટી સ્ત્રી. (વૈદક) તાલીસપત્ર, ત્રિફળા અને મરી ચાર તોલા, પીપર અને પીપરીમૂળ આઠ તોલા, સૂંઠ ચાર તોલા, ચાતુર્જાત અને વાળો આઠ તોલો, એ સઘળાંના ચૂર્ણની અંદર તેથી અધધણો ગોળ નાખી બનાવાની ગોળી. માત્રા બે આનીથી પાવલીભારની હોય છે.

તાલુ ૧. ન. કાંબળી; કપડાં ઉપરનો ઝાડી ઝાંખરાનો ભાગ.
૨. [સં] ન. તાળવું; મોની અંદરનો ઉપલો ભાગ તે અંજનનાં પાંચ રપર્શનાં સ્થાન માંહેનું એક છે.
૩. ન. તાળું; સાંકળવું.

તાલુઅર્બાલ કું. ઘોડાને થતો એક રોગ.

તાલુઅર્બુદ [સં.] કું. તાળવાનો નવ જાતોનો એક રોગ.

તાલુક ૧. કું. ગરાસ; ગામધિરત.
૨. કું તાલુકો.
૩. [અ.] કું. સાપેક્ષપણાનું હોવું તે; સંબંધ.
૪. [સં.] ન તાળવું

તાલુકદાર [અ. તઅલ્લુકદાર + ફા. દાર (વાળું)]
૧. કું. ગામ અથવા તાલુકાનો વહીવટ કરનાર સરકારી અમલદાર; ગામનો મુખી. અગાઉ વખતમાં જમાબંદી માથે લેનાર મુખત્યાર થતા. તેઓ વખત જતાં તાલુકાના ધણી થઈ પડતા. તેવા મુખત્યારો તાલુકદાર કહેવાતા.
૨. કું. જેના કબજામાં થોડાંક ગામ કે પરગણું હોય એવો ગરાસિયો; એક નાના ગામગરાસનો ધણી; રાજા; મુખી; ઠાકોર; તાલુકાનો ધણી.

તાલુકદારી ૧. સ્ત્રી. તાલુકાની મહેસૂલ કે જમાબંદી વગેરેના મુખત્યારનું કામકાજ.
૨. [અ. તઅલ્લુકદારી] સ્ત્રી. તાલુકાનો વહીવટ કરવાનું કામ કે પદ; તાલુકદાર તરીકે વહીવટ.
૩ વિ. તાલુકદાર સંબંધી; તાલુકદારને લગતું.

તાલુકંટક [સં.] કું. એક જાતનો રોગ; ઝાલું પડવું તે. તે બચ્ચાંને તાળવામાં થાય છે. તેમાં તાળવામાં કાંટા જેવું થઈ આવે છે. આથી બચ્ચું ઘણી મુશ્કેલીથી ધાવી શકે છે. આ રોગ થાય ત્યારે બચ્ચાને પાતળા દસ્ત આવે છે.

તાલુકો ૧. [અ. તઅલ્લુક] કું. જમાબંદી અને મહેસૂલની ઉઘરાતની સગવડ માટે સરકારે પાડેલા કેટલા નાના નાના ગામ માંહેનો દરેક; પરગણું; પંથકો; જિલ્લો; જિલ્લાનો નાનો ભાગ.
૨. કું. તાબો; કબજો.
તાલુકો ધરાવવો = નો ઉપર સત્તા હોવી.
૩. કું. સંબંધ; સાપેક્ષપણું હોવું તે.

તાલુકેય [સં.] કું. (પુરાણ) તક્ષક ઋષિનો પુત્ર.

તાલુછિદ્ર [સં.] ન. તાળવાની અંદરનું કાણું.

તાલુજાતુક [સં.] ન. નાસાગુહાની બહારની દીવાલ ઉપર આવેલા ઊર્ધ્વસુરંગ નામના પોલા માર્ગના પાછલા ભાગમાં આવેલું એક છિદ્ર. તેમાં થઈને એ નામની નાડી તથા ધમની નાસાગુહામાં દાખલ થાય છે.

તાલુજાતુકગ્રંથિ [સં] સ્ત્રી. તાળવામાં થતી એક જાતના રોગની ગાંઠ.

તાલુજિહ્વ ૧. [સં.] કું. એક મોટું જળચર પ્રાણી; મગરમચ્છ; મગર.
૨. કું. ઘડિયાળ.

તાલુતજની સ્ત્રી. તાળવાનો એક જાતનો રુનાઝ.

તાલુતંસની પેશી જુઓ તાલુતંસની.

તાલુદેશ [સં.] પું. તાળવાનો ભાગ; તાળવું.

તાલુપટલ [સં.] ન. તાળવાનું પડ; તાલુ તે મોંના છાપરાની ગરજ સારે છે. તે ઊર્ધ્વ-વસ્થિઓનાં તાલુકલકો તથા તાલ્વસ્થિઓનાં હ્રસ્વપત્રકો પરસ્પર જોડાઈને બનેલું છે. તેના મધ્ય ભાગમાં એક ઊભી તથા એક આડી એમ બે સમાન રેખાઓ એકબીજાને છેદતી હોવાથી ચાર સંધિઓ દેખાય છે. એ સંધિઓ સ્વસ્તિક સીમંત નામે ઓળખાય છે. ઊભી સમાન રેખા બને હ્રસ્વપત્રકો તથા બંને તાલુકલકોનું પરસ્પર સંધાન સૂચવે છે; જ્યારે આડી સમાન રેખા એક ભાલુ ઉપર રહેલા હ્રસ્વપત્રક તથા તાલુકલક વચ્ચેનું સંધાન સૂચવે છે. તાલુપટલ ઉપર તેની મધ્ય રેખામાં આગલા ભાગમાં કર્તનક દાંતોની પછવાડે અમતાલુખાત નામે ખાડો આવેલો છે. તેની વચ્ચે રહેલાં બે છિદ્રોમાંથી નાસાતાલુકા નામની નાડીઓ, જ્યારે તેની ભાલુ ઉપર આવેલા બે છિદ્રોમાં થઈને એ નામથી ઘમનીઓ અનુક્રમે નાસાગ્રહ તથા તાલુપટલમાં પેસે છે. આડી સમાન રેખાને દરેક છેડે આવેલું છિદ્ર પશ્ચિમ તાલુ વિવર નામે ઓળખાય છે. તેમાં થઈને તાલુ નાડીઓ તથા ઘમનીઓ તાલુપટલમાં પેસે છે. તાળવાની પાછલી સીમા ઉપર મધ્ય રેખામા એક કંટક આવેલો છે, જે તાલુપ્રકંટક તરીકે ઓળખાય છે. તેને કાકલક પેશી લાગેલી છે.

તાલુપાક [સં. તાલુ (તાળવું) + પાક (પાકવું તે)] પું. તાળવામાં અપલુ ગૂમડું; તાળવાનો કોઈ ભાગ પાકવો તે. આ રોગમાં ગરમીથી તાળવું પાકી આવે છે અને તેમાં પા જેવું થઈ જાય છે

તાલુપિટિકા [સં.] સ્ત્રી. તાળવામાં થતી ફોલ્લી

તાલુપુષ્પુટ [સં. તાલુ + પુષ્પુટ (ફોલ્લો)] પું. એક જાતનો રોગ; તાળવાનો સોજો

તાલુપૂય [સં.] સ્ત્રી. તાળવાની સપાટી.

તાલુપૃષ્ઠકંટક [સં.] પું. તાળવાની પાછલી સીમા ઉપર મધ્યરેખામાં આવેલો એક કંટક. તેને કાકલક પેશી લાગેલી છે

તાલુભંગ [સં.] પું. તાળવામાં ખંડન થયું તે.

તાલુભેદ [સં.] પું. તાળવામા ચીરો પડવો તે

તાલુમંડલ ન. મોની અંદર તેના છાપરામા અથવા ઉપલા ભાગમા રહેલું તાળવું. તે બે મુખ્ય ભાગનું બનેલું છે તેનો આગલો ભાગ કઠણ હર્ડ કોમલતાલુ તરીકે ઓળખાય છે. તાળવાનો આકાર અર્ધલિંબના જેવો અંતર્ગોળ છે. તાળવા સાથે સંબંધ રાખનારી કુલ નવ પેશીઓ છે. તેમાંની તાલુતોયની, તાલુતંસની, તાલબિંબિકા તથા ગલતાલુકા એ નામની ચાર પેશીઓ તેને દરેક ભાલુ ઉપર પેસે છે. તે કંપાસ્થિના અશ્મકૂટ ભાગ ઉપરથી ઉત્પન્ન થઈને મધ્ય રેખામાં, એ જ નામની સામેની ભાલુની પેશી સાથે જોડાઈ જાય છે. બીજી પેશી જતૂકાસ્થિના અંદરના અરણ્યકલક ઉપરથી ઉત્પન્ન થઈને તે કલકના અંકુશ જેવા વળેલા અગ્ર ભાગના આધારે રહેલી હોઈ, તાળવાને ખેંચીને તંગ કરે છે. બીજી બે અનુક્રમે તેઓ કાકલનું મૂળ તથા મલબિલની દીવાલને ઊંચે તાળવા નજીક ખેંચીને અનાજના કોળિયા નીચે પડેલે છે તથા ગળદ્વારને પહોળું કરી તેમાં તેને મોકલી આપે છે, જ્યારે પ્રકલકિની પેશી કાકલકને તંગ રાખે છે અને તાલુના મધ્યબિંદુમાંથી લટકે છે, એ પેશી વડે કોમલતાલુ અનાજના કોળિયાને ઊંચે નાક તરફ જવા દેતુ નથી. તાલુપ્રદેશમાં કેટલીએક ગ્રંથિઓ પણ થાય છે. તેમાંની કેટલીએક પ્રાણઘાતક હોય છે, જ્યારે કેટલીએક ફક્ત પીડાકારક હોય છે. અપૂર્ણમાં તથા જન્મની ખોડવાળાં છોકરાંઓમાં તાળવામા ઊભો ચીરો જોવામાં આવે છે. એને લીધે નાક તથા મોં એકબીજાના સીધા સંબંધમાં આવે છે. આવાં છોકરાંઓને ધાવવામાં બહુ મરકેલી નડે છે. કોઈ કોઈમાં તાળવાની સાથે હોઠમાં પણ ઊભો ચીરો જોવામાં આવે છે. આ ખોડ શસ્ત્રક્રિયા વડે સુધારી શકાય છે. જો કિરંજ રોગ આગળ વધે તોપણ તાળવામાં કાણું પડે છે. કપોલિણી અથવા દ્વીપ્યાસ્થિના કરડમા તાળવાના કોમળ ભાગ તાન નિર્જેષ બની જાય છે, જેથી ખાતાં ચૂસતાં ખોસે છે અને ખોરાક નરોબર ગળે ઉતારી શકતું નથી.

તાલુમૂલ [સં. તાલુ (તાળવું) + મૂલ (મૂળ)]. ન. તાળવાનું મૂળ; તાળવાનો મૂળનો ભાગ.

તાલુમૂળ જુઓ તાલમૂલ.

તાલુર [સં.] પું. પાણીની ઘુમરી; પાણીનુ ચક્રાકાર ભમવુ તે; આવર્ત.

તાલુરોગ [સં. તાલુ (તાળવું) + રોગ (રોગ)] પું. એક જાતનો તાળવાનો રોગ; તાળવાનો સોજો.

તાલુશોષ [સં. તાલુ (તાળવું) + શુષ (સુકાવું)] પું. એક જાતનો તાળવાનો રોગ; તાળવામાં સોસ પડવો તે.

તાલુસ્થ [સં. તાલુ (તાળવું) + સ્થ (રહેલું)] વિ. તાળવાનું; તાળવામાં રહેલું.

તાલુસ્થાન [સં. તાલુ (તાળવું) + સ્થાન (ઠેકાણું)] ન. તાળવાનો પ્રદેશ.

તાલુસ્થાની [સં. તાલુ (તાળવું) + સ્થાન (ઠેકાણું) + ઇન્ (નું)] વિ. તાળવામાંથી બોલાતું; બોલતાં તાળવાનો ઉપયોગ કરવો પડે એવું; તાલુસ્થાનમાંથી ઉચ્ચારાતું. તાલવ્ય, ઈ, ચ, છ, જ, ઝ, ઞ, ય્ અને શ્ એટલા તાલુસ્થાની અક્ષર કહેવાય છે.

તાલૂ ૧. ન. કાપડામાં મુકાતો એક જાતનો કસબી કટકો.

૨. ન. ટોપીના અંદરના ભાગમાંનું પડ; અસ્તર.

તાલૂ ૧. પું. ઘોડાની એક ચેષ્ટા.

૨. [સં. તાલુ] ન. ખોપરીની નીચેનો ભાગ.

૩. ન. મોઢાની અંદરની ઉપલી છત; તાળવું

તાલુઅંજર [હિં.] પું. તાળવાથી બોલાતા અક્ષર.

તાલુક [અ. તઅલ્લુક્] પું. લાગતુંવળગતું હોવું તે; સંબંધ.

તાલુકાત જુઓ તાલુક.

તાલુષક [સં.] ન. તાળવુ.

તાલે ૧. [અ. તલઅ્ (તે ઊગ્યો થયો)] ન. નસીબ; પ્રારબ્ધ; ભાગ્ય.

૨. અ. હેઠળ; નીચે.

તાલેબંધ પું. મહાલ કે બીજી કચેરીનો હિસાબ મેળવવાનો એક જાતનો ચોપડો.

તાલેમ જુઓ તાલીમ.

તાલેમખાનું જુઓ તાલીમખાનું.

તાલેમંદ ૧. [ફા.] વિ. ઊગી રહેલું.

૨ વિ. નસીબદાર; ભાગ્યવાન.

૩ વિ. પૈસાદાર; તવંગર; મીમત.

તાલેરો પું. લોઢાનો ખીલો.

તાલેવર જુઓ તાલેમંદ.

તાલેવંત જુઓ તાલેમંદ.

તાલેવાન જુઓ તાલેમંદ.

તાલેવારી ૧. સ્ત્રી. ઉતાવળ; ચડતી; આળાઈ.

૨. સ્ત્રી. ભાગ્ય; નસીબ.

૩. સ્ત્રી. મીમતાઈ; સાહુકારી.

તાલૈક્ય [સં. તાલ + ઐક્ય (એકતા)] ન. તાલની એકતા; એકસરખો તાલ હોવો તે.

તાલોટો પું. ખૂબ તાળીઓ પેટી તે.

તાલોદ્ઘાટની સ્ત્રી. તાળાને ઉઘાડવાની ચિલ્લી.

તાલોદ્ધાન [સં. તાલ (નાદ) + ઉદ્ધાન (વાદી)] ન. તાલનું વજન.

તાલોપતાપર્લંગિત પું. ઘોડાને થતો એક રોગ.

તાલોપલાપ પું. ઘોડાને થતો એક રોગ.

તાલ્વારોળ જી. રોકકળ; ખૂમાખૂમ.

તાલ્વર્બુદ [સં. તાલુ (તાળવું) + અર્બુદ (ગાંઠ)] પું. એક જાતનો રોગ. તેમાં તાળવામાં કમળના આકારનો એક મોટો અંકુર કે ગાંઠ જેવું નીકળી આવે છે તેમાં બહુ પીડા થાય છે.

તાલ્વસ્થિ [સં. તાલુ (તાળવું) + અસ્થિ (હાડકું)] ન. તાળવાનું હાડકું.

તાલિચકો પમનો જી. તાળવામાં પસાર થતી એ નામની એક પોરી નસ.

તાવ ૧. [સં. તાપ] પું. એક જાતનો રોગ; જ્વર; શરીરની અંદરની ગરમી કોઈ અંદરના વિકારથી વધી જઈ શરીરનું બીજું કે ગરમ થવું તે; તાપ; બુખાર. તાવના જુદા જુદા ભેદ છે જેમકે, ટાઢિયો, એકાંતરિયો, તરિયો, ચોથિયો વગેરે. આ રોગમાં કેક, ઇંદ્રિયો અને મનને સંતાપ થાય તથા શરીરના બધા અવયવમાં એક જ વખતે પ્રલાતર કે દુઃખ થાય. મિથ્યા આહાર વિહારથી વિકાર પામેલા આમાશયમાં આમિશ ભરી રહેલા દોષો જ્વર.મિને જ્વરમાંથી બહાર કાઢી રસ અને સોઠીમાં મળી જવાથી તાવને ઉત્પન્ન કરે છે. તેના પ્રકાર નીચે પ્રમાણે પણ છે: વિષમજ્વર, મધુરા જ્વર, આગંતુક જ્વર, વિષજન્ય આગંતુક જ્વર, ગ્રામજ્વર, ભૂતાભિષંગ જ્વર, દુર્જનજનિત જ્વર, સપ્તધાતુગત જ્વર, પ્રાકૃત તથા વિકૃત જ્વર, દ્રષ્ટાર્થ જ્વર, અદ્રષ્ટાર્થ જ્વર, ઊભરેલો જ્વર, વાતજ્વર, પિત્તજ્વર, કફજ્વર વગેરે.

૧. ઝાંઝો તાવ = માણસને ઝાંઝો કરી મૂકે અને બચારી કરાવે એટલો બધી મહેનો આકરો તાવ; મગજને અસ્થિર કરી મૂકે એવો સખત તાવ.

૨. તાવ આવો = (૧) ગુસ્સે થવું; ઉશ્કેરાવું. (૨) ભણી જવું. (૩) ચોકી તપી જવું.

૩. તાવ દેવો = (૧) તપાવવું; ગરમ કરવું. (૨) મૂકે હાથ લગાડવો. (૩) વળ દેવો

૪. મૂઠ પર તાવ દેવો = સાક્ષાત્કારના અભિમાનમાં મૂછો મરડવી; પરાક્રમ, બળ વગેરેના અભિમાનમાં મૂછો ઉપર હાથ ફેરવવો.

૨. પું. ભાગળનો બાજો પહોળો છૂટો કટકો; તા; એક ભાગળ. એવા ૨૪ તાવનો એક થા થાય છે.

૩. પું. ગુસ્સો, કોપ.

૪. પું. ઝપ; વેગ.

૫. પું. તડકો.

૬. પું. તપાવવું તે; તાપ દેવો તે; અંગ શેકવું તે.

૭. પું. નીચા વળેલા મૂઠના અંકોડા ઊંચા ચડાવી અભિમાન લેવું તે; બાજના મરોડને સમારવા તે; મૂછે તાવ દેવો તે.

૮. પું. શક્તિ; સત્તા.

૯ પું. શોભા; સૌંદર્ય.

૧૦. પું સંતાપ; દુઃખ.

૧૧ પું સાબિતી.

૧૨. [સં. તાવત્] અ. (પ્રાકૃત) લાંબુપણે.

૧૩. ન. પહેલાં.

તાવક [સં.] વિ. તારું; તારા સંબંધી.

તાવકી ટાઢોડ (તાવકી ટાઢોડ) જી. એક જાતની જમીન.

તાવકીન જુઓ તાવડ.

તાવગ્રસ્ત વિ. તાવ આવ્યો હોય એવું; તાવમાં સપડાયેલું.

તાવડ (તાવડ) ૧. પું. તડકો; તાપ.

૨. પું તાવ; શરીરની ગરમી.

૩. પું. સૂર્ય; સૂરજ.

૪. વિ. પ્રચંડ; બહુ જ ગરમ.

તાવડિયો પંપ (તાવડિયો પંપ) પું. એક જાતનું ખેતીના કામમાં વપરાતું ઓજાર. તેમાં જાડી લોખંડની તાવડી બે વિભાગમાં જુદી જુદી પડી ઉપર જોડવેલી હોય છે. પાણીના ભામમાં હાંકનારને બેસવા માટે બેઠક હોય છે. આ ઓજાર જમીન બેસવા પાડી દેવાં તથા રોપાં ભાંગવાને ઉપયોગી છે.

તાવડી (તાવડી) ૧. જી. અર્ધગોળાકૃતિ પાત્ર; પડા વગેરેની આકારી ઠીબ.

૨. જી. એક જાતની જમીન.

૩. જી. પેથી; કડાઈ.

૪. જી. ઘોનોગ્રાફની મીણ ઉતારેલ પૂતી.

૫. જી. બરફો પ્રસ્થાપવું કે બાલપુડા કરવાનું ગોળ મોટું વાસણ.

૬. જી. રોટલી કરવાનો નાનો તવો.

૭. જી. રોકવા તળવા વગેરે કામનું લોખંડ, માટી કે ધાતુનું કામ.

તાવડી તડાક કરવી–બારવી = બોલ્યા બાદ ન હોવું.

તાવડો (તાવડો) ૧. પું. ઉકાળો; ઝોલ.

૨. પું. તડકો; તાપ.

૩. પું. પેથો; ઝાયું; દુઃખ, જી વગેરે ઉકાળવાનું ગોળના બરણા બાજ જેવું મોટું વાસણ.

૪. પું. મોટી તાવડી.

તાવણ ૧. જી. કસાર; તપી.

૨. જી. કસોટી; પરીક્ષા.

૩. જી. જી તાવવાનું વાસણ.

૪. જી. તળવું તે.

૫. [સં. તાપન] જી. તાવવાની કે કકડાવીને શુદ્ધ કરવાની ક્રિયા; તાપ આપીને શુદ્ધ કરવું તે.

૬. જી. દંડ; નુકસાનીનો બદલો.

૭. જી. માખણનું જી બનાવવાની ક્રિયા.

તાવણી જુઓ તાવણ.

તાવતરિયો પું. તાવ અને તાવ જેવા રોગાદિ; રોગદોગ; બનારોગ્યતા; તાવ વગેરે રોગ

તાવતિક [સં.] વિ. તેટલાથી બરાબર; તેટલું; તે પ્રમાણેનું.

તાવતિથ [સં.] વિ. તેટલાની સંખ્યાને સંપૂર્ણ કરનાર; તેટલું.

તાવત્ ૧. [સં.] વિ. તેટલું; તેનું; તે પ્રમાણનું.

૨. વિ. સર્વ; સઘળું.

૩. અ. બરોબર; બરાર.

૪. અ. સારસુધી; લાંબુપણે.

૫. અ પહેલાં તો.

૬. અ. સંબંધમાં.

૭. અ. હવે; એ દરમિયાન.

તાવત્કાલિક [સં.] અ. તેટલા વખત સુધી.

તાવદન ૧. ન. આજ્ઞાપત્રિકા.

૨. ન. કાગળપત્ર રાખવાની બનાવણી પેટી.

૩. ન. પુસ્તકોના પાટની પાછળી.

૪. [સં. તાવ્દાન (બળવાનું આપવાનું બળિયું)] ન. બારીનો કામ; કામનો કકડો.

૫. વિ. નબળું; કાચાં પોચણાં દેખાતાં હોય એવું.

તાવદાન જુઓ તાવદન.

તાવદાનપણું ન. તવાચેલાપણું; કાચાં પોચી બળે હોય એવી સ્થિતિ.

તાવદાની ૧. જી. એક જાતની રોકનાર્ડ.

૨. વિ. દુબળું; નબળું; કાચાં પોચણાં દેખાતાં હોય એવું; કાચપિંજર જેવું.

તાવદાની રોકનાર્ડ જી. એક જાતની આતશબાજી. તેમાં કામની કમાનમાં બરીસાઓ બનાવીને તેમાં દારૂનું કામ કરવાની બનાવટ રાખવામાં આવે છે.

તાવદ્વા [સં.] અ. તેટલા પ્રમાણે.

તાવદ્વયસ ૧. [સં. તાવદ્વયસ] વિ. તેટલા પ્રમાણનું.

૨. વિ. તેટલી ઉમરનું.

તાવન ૧. [જુ.] પું. દંડ; નુકસાનનો બદલો.

૨. પું. વેર લેવું તે.

તાવન્માત્ર [સં.] વિ. તેટલું; તેનું; તે પ્રમાણનું.

તાવભાવ ૧ પું. અવસર; પ્રસંગ; પરિસ્થિતિ.
૨. વિ. થોડું થોડું.

તાવર [સં.] ન. ધનુષની દોરી

તાવરખું વિ. તામસી; આકરા સ્વભાવનું.

તાવરવું ૧. ન. પહેલી વાર જ ખેડવામાં આવેલી જમીનનું પહેલું મહેસૂલી વર્ષ.
૨. વિ. પહેલી ખેડનું. ખેતર માટે વપરાય છે.

તાવરા ન. માથેક અને પગનું પહેલ પાકેલું નંગ.

તાવરી ૧. સ્ત્રી. તાપ; દાહ; જ્વલન.
૨. સ્ત્રી. ધૂપ.
૩. સ્ત્રી. બુખાર; જ્વર; તાવ.
૪. સ્ત્રી. મૂર્છા.

તાવલ ૧. [હિ.] સ્ત્રી. અજપો.
૨. સ્ત્રી. અધીરાઈ.
૩. સ્ત્રી. ઝડપ; વેગ.

તાવલા ૧. [હિ.] પું. ઉતાવળિયો માણસ.
૨. ન. ઝડપથી

તાવલી સ્ત્રી જ્વરાંજ્વર; થોડો ધીમો તાવ, ધીકડી, હળવો જ્વર

તાવવું વિ. તાવવાળું; તાવ આવ્યો હોય એવું.

તાવવું ૧. સ. ક્રિ. કસોટી કરવી; કીમત કરવી; કસી જોવું; ખરાખોટાની પરીક્ષા કરવી.
૨. સ ક્રિ. કોઈ કહાવવા પ્રયત્ન કરવો.
૩. સ. ક્રિ. ચીડવવું; સતાવવું.
૪. [સં. તપ્] સ. ક્રિ. તપાવવું; ગરમ કરવું; ભોગાવવું.
૫. સ. ક્રિ. તાપ દઈ નાણી લેવું.
૬. સ. ક્રિ. ઠમઠોર ઊલટસૂલટ તપાસ કરવી.
૭. સ. ક્રિ. ધમકો આપવી.
૮. સ. ક્રિ. ધાતુને તેના ઘાટ પાડવાને ગરમી કરવી.
૯. સ. ક્રિ. શુદ્ધ કરવાને ખૂબ ઊંચું કરવું; હીણી ખરાબ ધાતુ ભેળાયેલી હોય તો ચોખ્ખી વસ્તુ જુદી કાઢવાને કે તે લેવાને તેને ગરમી આપવી. તાવી જોવું = તાવવું.
૧૦. સ. ક્રિ. સતાવવું; દુઃખ પહોંચાડવું; દુઃખ આપવું

તાવ્ય [પ્રા.] અ. સાંસુધી; તાવત્.

તાવા ૧. સ્ત્રી. એ નામની ખાટકોની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તાવાન જુઓ તાવન.

તાવાની ૧. [ફા.] સ્ત્રી. કરજ; દેવું.
૨. સ્ત્રી. ઈંડ; નુકસાનનો બદલો.
૩. સ્ત્રી. વેર લેવું તે.
૪. સ્ત્રી. બાજે ઊભીની લીધેલી રકમ.

તાવાંપ ન. ચકરી; ગાયું ફરવું તે.

તાવિન્હ [પ્રા.] પું.;ન. તમાલ વૃક્ષ; તાપિન્છ.

તાવિત ૧. [સં. તાપિત] વિ. તાવેલું; જેની શુદ્ધિ અશુદ્ધિની તપાવીને તપાસ કરેલી હોય એવું; શુદ્ધ; ચોખ્ખું.
૨. વિ. રોકડું; કબદાર.

તાવિષ ૧. [સં.] ન. સમુદ્ર; દરિયો.
૨. ન. સ્વર્ગ.

તાવિષી ૧. [સં.] સ્ત્રી. ઉદધિ પુત્રી.
૨. સ્ત્રી એ નામની એક નદી.
૩. સ્ત્રી. દેવકન્યા.
૪. સ્ત્રી. પૃથ્વી.

તાવી [સં. તાપિકા, પ્રા. તાવિઆ] સ્ત્રી. નાનો તવો; કોરી; ધાતુનું રોટલી શેકવાનું ચૂલે મૂકવાનું કપેલું.

તાવીજ ૧. ન. કલર ઉપર મૂકવામાં આવતો પથ્થર.
૨. ન. જંતર; બાજ.
૩. [અ. તઅવીજ] ન. તાવીત; ભૂત, પ્રેત, બાજ કે રોગપીડાને દૂર કરનાર તંત્ર; ભૂતપીડા, રોગપીડા કે બીજી પીડાને દૂર કરવા તથા ભવિષ્યમાં બનારી બાજ વગેરેની અસરને અટકાવવા કોજપત્ર વગેરે ઉપર મંત્ર કે આકૃતિઓ પાડેલી ચિઠ્ઠી કે ચીજ.
૪. ન. ભંતરજંતરનો દોરો કે માદળિયું.
૫. ન. રક્ષણ માટે કાગળના ટુકડામાં લખેલો શ્લોક

તાવીઝ જુઓ તાવીજ.

તાવીત જુઓ તાવીજ.

તાવીતવી સ્ત્રી. તાવડો; કડાઈ; નાનું ભાજનવિશેષ.

તાવીયો ૧. પું. તવેથો; લોઢાનું કે બીજી ધાતુનું તવીમાંથી રોટલો ઊખેડવાનું હથેળા જેવા આકારવાળું રાંધણીનું એક ઓજાર; એક છેડો ચોરસ હોય એવું પતળા પાનાવાળું અને પાના આગળ ધાતુના સળિયા જેવા હાથાવાળું વતરણું; રસોઈમાં ઉપર તળે કરવાનું કે ઉથલાવવાનું એક સાધન.
૨. પું. દાઝવાથી ચામડી ઉપર પડેલ ડાઘ; ચાઠું; ચામોઠું.

તાવીલ ૧. [અ. અવલ (અર્થ કરવું)] પું. અર્થ; ખુલાસો; સમજૂતી.
૨. પું. ખોટી દલીલ.

તાવુરિ [સં.] પું. (જ્યોતિષ) વૃત્ત રાશિ.

તાવુરી પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; કુલ તેના દરેક ચરણમાં તગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.

તાવેથો જુઓ તાવીયો.

તાવો ૧. પું. ઊનું તેલ
૨. પું. કુંભારોનું નૈવેદ્ય
૩. પું. ખાતરી કરી જોવી તે; તપાસ; ચોકસી.
૪. પું. તાપ; તેજ.
૫. પું. માખણનું ઘી બનાવવા તેને ઊનું કરવાની ક્રિયા.

તાશા ૧. [હિં] પું. મજાકની એક જાતની રમત.
૨. પું. મજાકો
૩. પું. ખાલું.
૪. પું. બાદલાનું જરીબનત વણેલું કાપડ; તાણો રેશમનો અને વાણો બાદલાનો હોય એવું કાપડ; જરબફત; કિનખાબ.
૫. સ્ત્રી. પથ્થરની બૂકી.
૬ સ્ત્રી રેતીવાળી બીની ધૂળ.

તાશા ૧. [હિં.] પું. આનક; મઢેલ એક જાતનું વાજું. તે ગળે લટકાવી પાતળી જોડો વડે વિવાહ વગેરે શુભ પ્રસંગે બજાવવામાં આવે છે.
૨ ન. એક જાતનું સુતરાઉ કાપડ.
૩. સ્ત્રી. સ્વાદ; મજા; લહેજત.

તાશેકરી પું. તાશા નામનું નગારું વગાડનાર માણસ

તાશેરો ૧. [અ. તાસીર] પું અવાજ.
૨ પું. ઘાટ; તાસ; તાલ; તાસીરો.
૩. પું. તપાસ; શોધ.
૪. પું. બીજાનું, કપાઝપી.

તાસ ૧. પું. ઝાડી મકી જેટલો વખત.
૨. પું. એક જાતનું રેશમી કાપડું; તાસતો; કિનખાબ.
૩. પું. કલાક; 'અવર.'
૪ પું. ઠામણ; તાવ.
૫. પું. ગંજીફાની એક જાતની રમત.
૬ પું. મજાકો.
૭. પું. ઝોલ; ઝોલની ઝાડકી; કરચી.
૮. પું. તારો.
૯. પું. તાસક જેવી કાંસાની ઘડિયાળ; ઝાલર; પિત્તળનું વગાડવાનું ઘડિયાળ.
૧૦. પું. પાણીનું ખાલું.
૧૧. [પ્રા.] પું. ભય; બીક; ત્રાસ.
૧૨. પું. લહેજત; સ્વાદ; મજા; રંગ.
૧૩. પું. લાગ; મેળ.
૧૪. પું. સમજ; બુદ્ધિ.
૧૫. સ્ત્રી. ઓપવાળો કલાબ.

૧૬. સ્ત્રી. ચળકાટ; ઓપ.
૧૭. [અ.] સ્ત્રી તાસક; તાટ; તબક; રકાબી.
૧૮. સ. તેને; તેનું.
૧૯. અ. તેની સાથે, સંગાથે.

તાસક ૧. [જુ.] સ્ત્રી. અફાણી; ચા પીવાની તબકડી; રકાબી.
૨. સ્ત્રી. મિત્ર અથવા જ્ઞાતબાળી પાન મુખવાસ મૂકવાની સુંદર પકોળી બનાવટ.
૩. સ્ત્રી. તપેલી ઉપર ઢાંકવાનું પતરાનું વાસણ, છીબું.
૪. સ્ત્રી. ધાતુના પતરાની ઝાઝરી વાળી; તાટ; ધાતુની તાવડી.

તાસકડી (તાસકડી) સ્ત્રી. નાની તાસક; તબકડી.

તાસકી સ્ત્રી. તબકડી; નાની તાસક; તાસકડી.

તાસચી પું. ઝાકના ઢંકા બનાવનારો માણસ.

તાસણ ૧. સ્ત્રી. ઝોલવાની મરીત્તરી.
૨. સ્ત્રી. દાગીના ઝોલવાનું યંત્ર; અપોટી.

તાસણી ૧. સ્ત્રી. ઓપ; ચળકાટ.
૨. સ્ત્રી. ઝોલવાનું સાધન; છીણી; ઝોલણી.
૩. સ્ત્રી. વાંસલો; સુતારનું એક હથિયાર

તાસનો [જુ. તાસ્તક] પું. એક જાતનું રેશમી કે સુતરાઉ કપડું; તાસ્તો.

તાસતોપીંજન ન. છોકરાંની એક જાતની રમત.

તાસન વિ. ત્રાસ ઉપજાવનાર.

તાસનાસ ન. સત્યનાશ; પાયમાલી.

તાસવું ૧. સ. ક્રિ. ઓપ આપવો; ચળકાટ આપવો; છોલીને ચકચકતું કરવું.
૨. સ. ક્રિ. ખેતરવું.
૩. સ. ક્રિ. ખોદું ખોદું કરવું
૪. [સં. તક્ષ્ (છોલવું)] સ. ક્રિ. હજામત કરવી.

તાસળું ન. ચકાણું; વાટકો.

તાસું ન. નાનું નગારું.

તાસાસિલક સ. એક જાતનું રેશમ; સાધારણ રેશમના કીડા કરતાં બીજી જાતના કીડાના બનાવેલા કોશેટામાંથી કાઢેલું રેશમ. આવા રેશમનું બનાવેલું કપડું ચીન અને બંગાળમા બહુ વપરાય છે.

તાસિક સ્ત્રી. તાસક; રકાબી; તબકડી.

તાસિય [સં. ત્રાસિત] વિ. ત્રાસ પામેલ.

તાસીર ૧. [અ.] સ્ત્રી. અસર; પ્રભાવ; ગુણ.
૨. સ્ત્રી. આકાર; ઘાટ.
૩. સ્ત્રી. આસિયત; ટેવ; સ્વભાવ.
૪. સ્ત્રી. ખૂબી; નવાઈ.
૫. સ્ત્રી. છાપ; તરેહ; પ્રતિબિંબ.
૬ સ્ત્રી. બાંધી બસાર થતુ તે.
૭. સ્ત્રી. સિકલ; રૂપ.
૮ જો સ્વાદ ઉપજે એવી જમાવટ; રસ ઉપજે કે સ્વાદ લાગે તેવી યુક્તિ; તદબીર.
મોજને અસર ને તુકમે તાસીર = બાપ એવા બેટા, ચક એવા ટેટા.

તાસીરો ૧. [અ. તાસીર] પું. તાસીર; તાસ; ઘાટ; મળતા; લક્ષેજત
૨. પું. ખેંદકનો અવાજ
૩. પું. વૈભવ; ઠનાઠની.

તાસુ સ. (બજ) તેને.

તાસુન [સં.] પું શબ્દનો ઝેર.

તાસ્સુબી [અ. તઅસ્સુબ] સ્ત્રી. ધર્માધિપણું; ધર્માંધતા

તાસું ૧. [અ. તાસ] સ. તાસક કે બેથી બેવા મોટીના કે ધાતુના વાસણને મોંએ તંત્ર વાસકું મઢી જાડિને બનાવેલું એક જાતનું નગારું; લાકા દંડૂકાથી નહિ પરંતુ પાતળી સોટીઓથી પેટ ઉપર ચર્મ રાખીને વગાડવાનું વાજું; તાસ ઉપર ચડેલા ચામડાનું વાજું, નાના તાસાંને તારકો કહે છે.
૨. સ. તેને; તેનાથી.

તાસે ૧. [હિ.] સ્ત્રી. રકાબી.
૨. સ. તેને.

તાસ્કતી પું. એક જાતનો સાડલો.

તાસ્કર્ય [સં.] ન. ચોરી; ચોરપણું.

તાસ્તો ૧. પું. જૂના વખતમાં હિંદુસ્તાનમાં વણાતું એક જાતનું સુતરાઉ કાપડ.
૨. પું. તાસ્તાપીંજણની રમતમાં એક દાવ
૩. પું. તાસ્તાપીંજણની રમતમાં વપરાતો એકની સંખ્યા માટેનો શબ્દ.

તાસ્તોપીંજણ સ્ત્રી. હાથનાં આંગળાં વડે રમાની એક દેશી રમત. આ રમત બેથી પાંચ છોકરાં રમી શકે છે. તેઓ એક કુંડાળામાં બેસી એક હાથનાં ખુલ્લી પડે તેટલાં આંગળાં સાંબાં રાખી, બીજા આંગળાં વાળી દઈ તેને બીજા હાથની હથેળી વડે ઢાંકો દે છે. આ પ્રમાણે બધા છોકરાં આંગળાં મૂકી રહે એટલે પછી મોટું છોકરું દાવ તે બધાને ઢાંકેલી હથેળી ઉપાડી લેવા કહે. પછી બધાનાં સાંબાં રાખેલાં આંગળા પ્રથમ તે અનુક્રમમાં એકને બદલે તાસ્તો, બેને બદલે પીંજણ, ત્રણને બદલે ખાર, ચારને બદલે બળૂતર અને પાંચને બદલે ઠોલી શબ્દો વપરાય છે. આ પ્રમાણે બધાનાં છેવટે તાસ્તો, પીંજણ વગેરેમાંથી જે દાવ રહે તે દાવ જેણે રાખ્યો હોય તે બીજા બધા છોકરાં પાસેથી દાવ લે છે. દાવ લેવાની રીત એવી છે કે. દાવ દેનાર બધે હથેળી જોડી દાવ લેનાર સામે લંબાવી રાખે. દાવ લેનાર તેને તે જોડેલા હાથ ઉપર પોતાની હથેળીથી સપડાક મારે. દાવ દેનાર તેને ઝૂલવવા માટે પોતાના હાથ પાછા ખેંચે. તેમાં દાવ લેનારની સપડાક ખાલી જાય એટલે કે દાવ દેનારને વાગે નહિ તો તેને બાકીથી દાવ ફીતરે. આ પ્રમાણે બીજા છોકરાંઓ પાસેથી દાવ લે. બધાં પાસેથી દાવ લેવાઈ રહે એટલે ફરીથી રમત રમે અને ઘણે સારે રમત બંધ કરે.

તાસ્થિયાનાનું ન. જોવણ; વ્યવસ્થા.

તાસ્સ પું. ઈશ્વર; ભગવાન.

તાસ્સુફ [અ. અસફ (તે દિલગીર થયો)] પું. અફસોસ; દિલગીરી

તાહ ૧. [જુ.] સ્ત્રી. ઘડી.
૨. સ્ત્રી. ચૂંબચપ્પુ.
૩. અ. તે.

તાહમ ૧. સ. તોપણ.
૨. [જુ.] અ. હજુ.

તાહયાત અ. જિંદગી સુધીનું; જીવનના અંત સુધીનું.

તાહર અ. ત્યારે; જે વખતે.

તાહાલ [જુ.] અ. અદ્યાપિ; આજ પર્યંત; આજ સુધી.

તાહાં અ. ત્યાં; તે ઠેકાણે. તાહાં, તિહાં અધિકરણાર્થે રૂપો દોઈ તહીં રૂપના પર્યાય છે. ઉલ્લું રૂપ તહીં પ્રાકૃતમાંથી અપભ્રંશમાં અને અપભ્રંશમાંથી ગુજરાતીમાં ઊતરી આવ્યું છે. તાહાં અપભ્રંશમાં તહાં સ્વરૂપે દેખાય છે. તહાંમાં મકાર આગંતુક છે.

તાહિ [હિ.] અ. તેને.

તાહિર [અ.] વિ. પવિત્ર.

તાહિરી ૧. [હિ] સ્ત્રી. એક જાતની આવાની વાની
૨. [અ.] સ્ત્રી. હલદર સાથે રંગેલા ચોખા.

તાહિં અ. ત્યાં; તે ઠેકાણે. સંસ્કૃતમાં તદ્ સર્વનામનું સપ્તમીનું એકવચન તસ્મિન્ થાય છે. એ રૂપ ઉપરથી પ્રાકૃત અને અપભ્રંશનું રૂપ તાહિં થયું છે.

તાહુક [અ. તઅહ્હુક] ન. ઠરાવ.

તાહે [પ્રા.] અ. ત્યારે; તદા; તે વખતે.

તાહેયાત અ. હયાતી સુધી; આમરણાંત; જીવતાં સુધી

તાહોડો પું. મુદ્દત; સમય.

તાળ ૧. પું. (સંગીત) માપનું માપ.

૨. [સં. ત.ત] પું. તાલ લેવાની ક્રિયા; મજરાં; તાલ આપવાનું હાથનાં આંગળાંના માલી વગાડવાનું નાનું ચામડું; ઢોંસાની નાની બંદી તાલમાં અથડાવવાની ઘાલીઓ; કરતાલ.

૩ સ્ત્રી. ગાયનમાં રાગ વગેરેમાં અમુક સ્વર ઉપર ભાર દેવાને કે ગતિ બતાવવાને તાળી કે ટેકો દેવો તે. તાલ; ઠેક

૪. સ્ત્રી માંથેથી વાળ ઊખડી જવાથી થયેલ ખોડું માથું; ટાલ

૫. સ્ત્રી. સહેજતા; મજા

૬. સ્ત્રી. ખુશાલી; આનંદ; હર્ષ

૭. ન. તળાવ; તળાવ; સરોવર

તાળપુટ વિ. હાથમાં લેવાથી તાળવું ઢાંકી જાય એવું

તાળવી ૧ સ્ત્રી. માથાના ગૂંચિયા તથા હાથપગની બંને બાજુએ હોવાની ધરીનું કાણાંવાળું જડવામાં આવતું સાધન.

૨. સ્ત્રી. યોનિમુખ; ભગદ્વારમાં ગર્ભાશય નીચે ઊતરી જવાનો રોગ

તાળવું ૧. ન. મોઢાના ઉપલા ભાગનો ઊંચો ઉપલો ભાગ; ખોપરી; માથાનું તાલકું.

૨. [સં. તાલુ] ન. મોંની અંદરનો ઉપલો ઘુમટ જેવો ભાગ; મોંની અંદરનો ઉપલો આડા પડતો ભાગ. તાળવું શબ્દ ગળાની બારીથી માંડીને ઉપલા દાંતના મૂળની ટોચ સુધીના અંદરના ઘુમટને સામાન્ય રીતે લાગુ છે; પરંતુ તાલુ શબ્દ તો આગલા ઉપલા દાંતના મૂળની ટોચ નજીકના ભાગને જ લગાડવાનો છે.

૧. તાળવે જીભ ચોંટાડવી–લગાડવી = લાચાર બતાવવું; મીઠું મીઠું બોલી આકાંક્ષા આપવી.

૨. તાળવે જીવ = બેચેની; ચિંતા; ચિંતા.

તાળાકૂંચી ૧. સ્ત્રી. છોકરાંની એક જાતની રમત. આ રમતમાં બે છોકરાઓ સામસામા બેસી પગ લાંબા કરી અરસપરસ એકબીજાની કેડ આગળ મૂકે છે એટલે ત્રીજો છોકરો તે બેના પગ કેડ આગળ મૂકતાં જે બે ભેગા થાય તેમાં પોતાના બે પગ ઘાલે છે. પછી બેઠેલા બે જણ પગ ઉપાડે છે અને પગ ઘાલનારો પગ કાઢી લેવા પ્રયત્ન કરે છે. તેથી ખેંચતાણ થાય એમાં પગ છૂટી જાય છે અને પગ ઘાલનારો પોતાનો પગ બહાર કાઢી લે છે

૨. સ્ત્રી. તાળું અને કૂંચી.

તાળા કૂંચી કરવી = (૧) કોઈ વસ્તુને સુરક્ષિત રાખવી. (૨) ખૂબ સંભાળ ચોકસી કરવી. (૩) સંભાળી અરોબર બંધ કરવું

૩. સ્ત્રી. બાજનો પકડો.

૪. સ્ત્રી. સુરક્ષિત ઠેકાણું; મોજ સ્થાન.

તાળાખાલાઝણી સ્ત્રી. કરજે રૂપિયા આપવા પેટીનું તાળું ખોલવાને નામે લેવાતો ચરાડી બાબો

તાળાબંધ વિ. તાળું દીધું હોય એવું

તાળિયું વિ. તાળી પાડી વેગળું રહે એવું. સગા, મિત્ર કે સાથી માટે વપરાય છે.

તાળિયો મિત્ર પું ખરકીમાં કે અનુમતિ તરીકે તાલી આપનારો મિત્ર. ઉપર ઉપરનો મિત્ર. અંતઃકરણથી મદદ ન કરે એવો મિત્ર.

તાળી ૧ સ્ત્રી પણ કે હથોડી ઉપર જડાતો સારી જાતના ચળકતા લોઢાનો ટુકડો

૨. સ્ત્રી. ખાન.

૩. સ્ત્રી. બે હથેળીઓને એકબીજી સાથે અથડાવીથી થતો અવાજ

હું કેમ તો તા બાબ, તાળી તમાન પણી,
બાબા દરે વગાડ્ય, મિત્ર દુ:ખે હસ્યા !
મહીપાળદેવ

૧. તાળી આપવી = (૧) ટેકો આપવો, વચન આપવું. (૨) બીજાને હસવું. (૩) હર્ષમાં મિત્રના હાથમાં હાથ મારી આનંદ અભિમાન લેવું

૨ તાળી દેવી = (૧) સાથે અથડાવું. (૨) હાથમાં હાથ ભેગવવા; સમત થવું; મળતા થવું

૩. તાળી પડવા = કે બોલાવી; કહેવી થવી; મશ્કરી થવી; હાંસી થવી.

૪. તાળી પડાવવી = કહેવી કરાવવી

૫. તાળી પાડવી = (૧) ઉત્તેજન આપવું. (૨) કે બોલાવવી (૩) તાળી પાડી લોકોમાં કહેવી કરવી; બીજાને હસાવવું; મશ્કરી કે હાંસી કરવી. (૪) હર્ષનાદ કરવો. (૫) હાથમાં હાથ પછાડી અવાજ કરવો.

૬. તાળી લેવી = (૧) બીજાની કે વિરુદ્ધ પક્ષની હારના આનંદની ખુશાલીથી મલકાવું અને મશ્કરી કરવી. (૨) હાર્યા હા ભેળવવા

૭. તાળી વાગવી = (૧) અવાજ કરવો; સત્તા હોવી; હુકમ ચલાવો. (૨) મદદ થવાય.

૮. તાળીનો અવાજ = લોકોનાં વખાણ.

૯. હાથ તાળી દઈને નાસી જવું = વચનભંગ કરવો.

૪. સ્ત્રી. લેહ. લગની; રંગ; રહ.

૫. સ્ત્રી. (સંગીત) સંગીતમાં આવતો તાલ ગાયન ગાતાં જે તાળી લેવાની તે બે હાથને એકબીજા ઉપર મારીને લેવામાં આવે છે. તાલ તરીકે. આનંદના અભિનય તરીકે. વધાવી લેવાને તથા ઉત્સાહ કે ઉત્તેજન આપવાને પણ તાળી પાડવામાં આવે છે. નવરાત્રિમાં ગરબા પ્રસંગે બહેનો અને પુરુષો ગોળ ફરતાં ને તાળી પાડતાં ગરબી અને ગરબા ગાય છે

૬ સ્ત્રી. હાંસ; કબૂલાત; કોલ.

૭. સ્ત્રી. કુસ્તાની ચલમની કોઠીની આજુબાજુ ચોકું ઢાંકવા કરેલું ઢોબ છે તે ભાગ

તાળીકોઠ (તાળીકોટ) સ્ત્રી. બાજઠના બે મોટા ચ.ભલા સાંધવા માટે દરેક ચ.ભલાના છેડાને અઢધો કાપી બંનેને સજ્જડ કરવામાં આને ત રીત.

તાળીનાદ પું. તાળીઓથી વાદવાદ કરવું તે; જયજયકાર

તાળીનો ખોડો (તાળીનો બોડો) પું. બે નામની એક રમત. તેમાં બધી છોકરીઓએ એકમેકના તરફ પીઠ કરીને ઊભા રહેવ પછી એક છોકરીએ જમણા પગ ઉપર ઊભા રહી ડાબો પગ ઓડબ્રાથી વાળી ઊંચો લેવો અને બીજી છોકરીએ ડાબા પગ ઉપર ઊભી રહીને જમણો પગ ઊંચો લેવો. એ બંને છોકરીઓએ પોતાના એ ઊંચા લાંબા પગ એકમેકની સાથે અડાવવા. પછી ત્રીજી છોકરીએ પણ પોતાનો પગ ઊંચકીને પહેલી બેના પગમાં ભરાવવો. એ બધે છોકરીઓની સામે બીજી બધી છોકરીઓએ ઊભા રહેવું. એ બહાર ઊભી રહેલી છોકરીઓએ બંને હાથ વચ્ચે ઊભી રહેલી છોકરીઓને બે હાથે તાળી દઈને અને તેમની ફરતું કુંડાળું કરીને ગોળ ફરવું. બધીએ છોકરીઓએ પોતાના હાથ ઊંચા કરી બે બાજુની છોકરીઓને તાળી આપવી

તાળીસાંધો પું. બે પાટિયાને છેડે ઉપરના ભાગમાં ને બીજાને છેડે નીચેના ભાગમાં બાંધા પાડી કરાતો સાંધો

તાળુ ૧. [સં. તાલુ] ન. તાળવું; તાલુ.

૨. વિ. અક્ષરનો એક ભેદ.

તાળુઅસ્થિ [સં. તાલ્વસ્થિ] ન. તાળવાના ભાગના ભાગમાં આવેલું ઘુમટના આકારનું હાડકું.

તાળવાનો આગલો ભાગ કઠણ છે. અને તે ઉપલા જડબા તથા તાલુઅસ્થિનો બનેલો છે.
ત્રિભુવનદાસ

તાળુદેડક [સં. તાલુ (ત.ત્વાલુ) + દલક (પાટિયું)] ન. તાળવું.

તાળું ૧. [સં. તાલક; પ્રા તાલય] ન. ઊઘડે નહિ એવું એક જાતનું યંત્ર. ઘરનાં કે પેટી પટારાના બારણાં બીજાથી ન ઊઘાડી શકાય તે માટે લગાડવામાં આવતી ધાતુ કે લોઢાની કળ; ઠરેવાળ; કૂંચી કે બીજી વસ્તુ પેટી અથવા બારણું ઊઘડી શકે નહિ એવી બારણા અથવા પેટીને દેવામાં આવતી બીડાતી એક કળવાળી બનાવટ.

૧ તાળું તોડવું = કોઈ બીજાની વસ્તુ

ચોરવા માટે તેના ઘર કે પેટી વગેરેને લગાડેલ તાળું ભાંગવું

૨. તાળું દેવાવું = (૧) ઉઘેડિયા વધુ; કુટુંબ કે વંશપરંપરા ચાલતી બંધ પડી જવી; ન સંતાન જન્મવું. (૨) કર્મબંધવહાર બંધ પડવો; આખર જવી; કજેતી થવી. (૩) બાજમ કોઈ વાપરનાર ન હોવું. (૪) ભડું થવું; લાગ્ય ફરી વળવું. (૫) બોલવાનું બંધ થઈ જવું; ડરમથી, કપકાની ધાસ્તીથી અથવા થયેલી કજેતીથી મોઢું બંધ થવું. (૬) મરકારી જપ્તી આવવી.

૩. તાળું ભાંગવું = (૧) ચોરી કરવાને ઘર ફોડવું. (૨) જોર જુલમથી કે બળજોરીથી ભ્રમ કરવું

૪. તાળું બીડવું = તાળું બંધ કરવું

૫. તાળું મારવું = ઊઘડે નહિ એવી કળ લગાડવી; બંધ કરવું.

૬. તાળું વાસવું = નિર્વંશ કરવું; જડમૂળથી ઉખેડી નાખવું.

૭. નસીબે તાળું દેવાવું = લાગ્ય ફરી વળવું, પડતી બેસવી; આવી બનવું.

૨. ન. મર્યાદા; ડરમ.

૩. ન. ડરમથી, કપકાની ધાસ્તીથી અથવા થયેલી કજેતીથી બોલવું બંધ થવું તે.

તાળુંચી ૧. સ્ત્રી. બાળાઓને રમવાની એક જાતની દેશી રમત. તેમાં ત્રણ છોકરીઓ એકમેકની તરફ પીઠ કરીને ઊભી રહે. પછી તે દરેક છોકરી એક પગ ઊંચકીને પાછળ બાજુએ બીજી છોકરીના પગમાં ભરાવે. પછી ત્રણે એક એક પગ ઉપર ઊભી રહે અને બોળ કરે. ભરાવેલો પગ છૂટવા દેવાતો નથી.

૨. જુઓ તાળાકૂંચી.

તાળેબંદ જુ. ચાવિયા હિસાબનું પત્રક; બાકી પડી કરેલી હિસાબની રજૂઆત.

તાળેબંધ જુઓ તાળેબંદ.

તાળો ૧. પું. મેળ; સમતોલ.

૨. પું. કળો; હિસાબ ખરો છે કે ખોટો તે જાણવાની યુક્તિ.

તાળો મેળવવો = (૧) બંને બાજુનો સરવાળો એકસરખો આવી રહે તેમ કરવું; મેળ મેળવવો; મેળ સાધવો. (૨) ઘર વધુના પ્રહોનું સાનુકૂલ્ય હોવું.

૩. પું. પરીક્ષા; કસોટી.

૪. પું. મળતું કે બંધબેસતું હોવાપણું; સાનુકૂલ્ય.

૫. પું. સાબિતી; પ્રમાણ; દાખલો.

તાળોદા ૧. પું. બ. ઘ. તાળોટા.

૨. પું. ન. ઘ. વહવાયની તાળીઓ.

તાળોટો ૧. [સં. તાલ] પું. હાથોટો; જોરથી બે હાથની હથેલીઓ એક એક ઉપર અફાળી મોટો અવાજ કરવો તે; તાળીથી મોટો અવાજ

મઠ ચોસ મંદિર, તાળોટો ઈપાય છે;
નહિ ખાલ નહિ મીર, હુકમ વિનાના બરદા.
વિહારી

તાળોટા પાડવા = સામાની મશ્કરી કરી હસવું કે ખખાવવું; હાંસી કરવી; કજેતી કરવા.

૨. પું. બ. વ. ત્રિગ; ગપ.

તાળોટા કે ગપ્પાં, તાળોટા ગપ કહેવાય;
તાળોટા તાળી અને, તાળોટા ગપની રાસડો થાય.
લોકગીત

તાં ૧. [સં. તાવત્] અ. તો; ત્યારે. આ અવ્યય અર્થ દઢ કરવા માટે વપરાય છે.

૨. અ. ત્યાં; તે ઠેકાણે.

તાંઈ ઉ. તેને.

એ રાણ કહત તાંઈ. અખો

તાંકી [હિ.] પું. ખાખના મોટા ભારૂ.

તાંકેક (તાકેક) અ. વહું; કપડું.

તાંખ પું. ભરોખરિયો; ભેખિયો.

મન પન તારો વાન, પન પન તારી ભલટી.
તું ત્રિકમનો તાંખ, દેશમાં દીયો દાવલા.
દુહો

તાંગલવું (તાગલવું) સ. ક્રિ. ઉઘાડવું.

તાંગડી (તાંગડો) સ્ત્રી. ગોદા ઉપર બાર બાજવાની દોરીની ગૂંથ.

તાંગા સ્ત્રી. ચાબખી ઝિપ.

તાંગી ન. એક જાતનું હથિયાર.

કચ્છરાજના મીઠાપુર જિલ્લામાં બનતું લોખી નામની એક ભાઈએ તેના પ્રથમ પર તાંગી ઘડે હુમલો કર્યો. કાદી. દાર્પણ

તાજલબો પું. તાજળિયો; એક જાતની ભાજી. તે ભાવથી કરત સાફ આવે છે.

તાંજળિયો પું. એક જાતની ભાજી. તે દરેક ઋતુમાં થાય છે. ચોમાસું બસ્સ આવે ત્યારે જમીન ખૂબ ખેડી ખાતર નાખી ક્યારા બાંધી એક ક્યારમાં એક શેર બી આશરે વવાય છે. પાણી પાઈ દોઢ મહિને તૈયાર થતાં તે કાપી લેવામાં આવે છે.

તાંજોર ન. એ નામનું દક્ષિણ હિંદનું એક શહેર. તાંજોર, શ્રીરંગમ, રામેશ્વર અને વેલોરનાં મંદિરો અને નવમાથી પંદરમા સૈકા સુધીમાં બનેલાં રાજપૂત શ્રીમંતોનાં જયપુર ક્રાંગ્રા અને કાંગડા કલમનાં ખૂબીદાર ચિત્રો પણ કળાપ્રેમમાં ઉચ્ચ સ્થાન લે છે.

તાંડીમ સ્ત્રી. અવસ્થા; બંદોબસ્ત; પ્રબંધ.

તાંટી પું. વણકર.

તાંડ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. પાણીની આળીને લીધે નહિ વવાતી ઊંચી જમીન.

૩. પું. બંગાર્ધનું એક માપ.

૪ પું. ઝાડી; ઘોટો

૫. પું. વખતનું એક માપ.

૬. પું. સૌરાષ્ટ્રની એક ભાષા.

૭. પું. હલેસું.

૮. ન. નૃત્યરાજ.

તાંડવ ૧. [સં.] પું. એક જાતનું તૃણ કે ઘાસ.

૨. પું. એક જાતનું વીરરસ ભરેલું નૃત્ય. તે શિવને બહુ પ્રિય છે. કોઈ કોઈ તંડુ અથવા નંદીને તેના પ્રવર્તક માને છે. નૃત્યના બે ભેદ છે: મધુર તે લાસ્ય અને ઉદ્ધત તે તાંડવ. કલ્પને અંતે સૃષ્ટિનો સંહાર કરી હજાર હાથવાળા રુદ્ર ભગવાન ઉદ્ધત તાંડવ નૃત્ય કરે છે એમ કહેવાય છે. કૈલાસના મત મુજબ શિવે તે તંડુ મુનિને અને મુનિએ અપ્સરા, ગાંધર્વ વગેરેને આ નામ સીખવી પ્રચલિત કર્યાનું મનાય છે. તેમા બહુ જ અંગને વાળવું પડે છે. તે શરીરના ખૂબ તનમનાટ સાથે વીરત્વ અને ક્રોધનો ભાવ પ્રદર્શિત કરે છે. જગતની આસુરી ભાવના ઉપર તે દૈવી ભાવનાનો વિજય દાખવે છે અને આનંદોર્મિ દર્શાવે છે. સંગીત સાથે તાંડવ નૃત્ય અમુક પ્રકારના નાટકના પ્રારંભનો પણ સૂચક છે. ગહેરાના ભાવભાવવાળું નૃત્ય તે બહુરૂપ તાંડવ નૃત્ય કહેવાય છે. નૃત્યશાસ્ત્રમાં તાંડવ નૃત્યના સાત પ્રકાર છે: આનંદ તાંડવ, સંધ્યા તાંડવ, ઉમા તાંડવ, ગૌરી તાંડવ, કાલિકા તાંડવ, ત્રિપુર તાંડવ અને સંહાર તાંડવ. કવિતાની અંદર વર્ણવેલો ભાવ જો વીર, રૌદ્ર, ભયાનક જેવા ઉગ્ર કઠોર રસવાળો હોય તો તે ભાવ પુરુષના અંગમાંથી પ્રકૃતિ રીતે વધારે સારી રીતે સ્પષ્ટ થઈ ખીલી શકે છે. માટે પુરુષના નૃત્યને તાંડવનૃત્ય કે મર્દાની નામ કહેવામા આવે છે.

૩. પું. (પિંગળ) એક સમમાત્રિક વર્ણમેળ છંદ. તે મત્ત છંદનો ભેદ છે.

૪. પું. ખેલ; તોફાન; રમત.

૫. પું. (પિંગળ) ત્રણ હ્રસ્વાક્ષરનો એક જાતનો છંદ.

તાંડવકર [સં.] પું. તાંડવ નૃત્ય કરનાર શંકર.

તાંડવતાલિક પું. નટ.

તાંડવનૃત્ય જુઓ તાંડવ ૨.

તાંડવપ્રિય ૧. [સં.] પું. શિવ; મહાદેવ; શંભુ.
૨. વિ. નાચ જેને બહાલો હોય એવું.

તાંડવરોગ ૧. પું. આમવાતનો રોગ; વાતિક રોગ. તેમાં હોઠ ખૂણામાંથી ખેંચાઈ જુદા પડી જાય અને ભમર ઉપર ચડી જાય છે.
૨. પું. ઉદ્ધત વૃત્તિ.

તાંડવરૌદ્ર [સં.] પું. રોષ જેનો સ્થાયી ભાવ છે તે રસ.

તાંડવી [સં.] પું. સંગીતના ચૌદ માંહેનો એક તાલ.

તાંડા ૧. [હિં.] પું. અયોધ્યા પ્રાંતનું એ નામનું એક સ્થળ.
૨. પું. અરસપરસ મદદ મારે સારૂ મુસાફરી કરતા વેપારી
૩. પું. બળદ, ખચ્ચર અને ઊંટ ઉપર લઈ જવાના માલનો કાફલો
૪. પું. વણજારાનો માલ.
૫. પું. વેચવાના માલની ખેપ.
૬. સ્ત્રી. માથે બાંધવાની એક જાતની પાઘડી. પૂપછાંયા.

તાંડિ ૧. [સં.] પું. (પુરાણ) તંડુ ઋષિનો પુત્ર.
૨. પું. તંડુ મુનિનું બાંધેલું યજ્ઞસત્ર.
૩. પું. યજ્ઞસત્રનો કર્તા તાંડિ મુનિ.

તાંડિત [સં.] સ્ત્રી. એ નામની શ્રુતિ.

તાંડિયો પું. બળદ.

તાંડી ૧. [સં. તાંડિન્] પું. યજુર્વેદનો એ નામનો એક કલ્પસૂત્રકાર.
૨. વિ. સામવેદની તાંડ્ય શાખાનો અભ્યાસ કરનાર; તાંડિ મુનિના પુત્ર તાંડિ કહેલ વેદશાખાનું અધ્યયન કરનાર.

તાંડુ ન. ચોમાસે ઢોરનું ટોળું.

તાંડેલ ૧. [મ.] પું. મજૂરની ટોળીનો મુકાદમ.
૨. પું. વહાણના ખારવાઓનો નાયક; ટંડેલ.

તાંડો પું. વણજાર; કાફલો. વણજારનાં બળદના જથ્થાને થાંડા કહે છે. ને ઉપરથી માલ, માણસ ને પોટલા સમૂહને તાંડો કહે છે.

નાયક હું નાગરી, હકાર જઈ તાંડો તુર્ત,
હું છું વનસ્થામ કરો વૃદ્ધિ જઈ શ્રાવણમાં.
કલ્પતરુ

તાંડ્ય ૧. [સં.] પું. તાંડિ મુનિનો વંશજ.
૨. પું. (પુરાણ) વેદોપાધ્યાય ઋષિનો એક શિષ્ય.
૩. ન. સામવેદનો એ નામનું એક બ્રાહ્મણ.

તાંત ૧. [સં. તંતુ] પું.;સ્ત્રી. આંતરડામાંથી કાઢેલી ઝીણી આંતરડાની દોરી.
૨. પું.;સ્ત્રી. આંબલી બનાવેલી ચીંથરાની દોરી.
૩. પું.; જુઓ ઈંડાની અંદરનો ભાગ.
૪. પું.; જુઓ. એક જાતનો હીરા વગેરે નંગથી જડાવ કામનો; સેથાની બંને બાજુએ વાળને લટકતું રહે એવું સ્ત્રીઓને માથા ઉપર પહેરવાનું સોનાનું ઘરેણું.
૫. પું.; સ્ત્રી. ગળામાં બાજવા જાતીમાં કહની ચીકાશ જરાઈ જવાથી શ્વાસ લેતાં સણણ સણણ થતો અવાજ.
૬. પું.; જુઓ ચીકણા પદાર્થનો તંતુ; ચીકણો તાર.
૭. પું.; સ્ત્રી. ચીકણી પાતળી ગામડીની રસી; ત્વચાનો તૂટે નહિ એવો પાતળો રસ કે નાડી જેવો લાંબો તંતુ.

૧. એક તાંત થવું = એકમેકમાં ભળી જવું; મેળાઈ જવું; મળી જવું; સંપી જવું.
૨ તાંત જેવું = ખૂબ ચીકણું. તાણતાં લાંબું થાય પણ તૂટે નહિ એવું.
૩. તાંત તૂટવી = આશાનો તંતુ તૂટી જવો; કુસંપ થવો; ભેદ પડવો.
૪. તાંત બાંધવી = ભરાઈ કરનારને ચૂપ કરી દેવો

૮. પું ; જુઓ ધનુષની દોરી.
૯. પું ; સ્ત્રી નિંદા; ખરાબ વાતનો પીછો લેવો તે.
૧૦. સ્ત્રી. વાદ્યોનો તાર; સારંગીનો તાર.
૧૧. સ્ત્રી જુઓ.
૧૨. [સં.] વિ. કોમળ
૧૩. વિ. તાણવાથી તૂટે નહિ એવું; ચીકણું.
૧૪. વિ. થાકો ગયેલું.
૧૫. વિ. પીડા પામેલું.
૧૬. વિ. ગ્લાનિ; ગ્લાનિ પામેલું.
૧૭. વિ. સુસ્ત; ઢીલું; ધીમું.

તાંતણ [સં. તંતુ] પું. નાનો તાર; તંતુ; દોરો; તાંતણો; રેસો

તાંતણિયું ૧. ન. તાંતણો; તંતુ.
૨. વિ. જેમાં તાંતણા જોવ એવું.

તાંતણો ૧. [સં. તંતુ] પું. જનોઈ.
૨. પું. રેસો; વનસ્પતિની જાતનો લાંબો તાર.
૩. પું. સૂતર, રેશમ વગેરેનો નાનો તાર; તંતુ; દોરો; દોગડો; તાર.

સૂતરને તાંતણે સ્વરાજ છે. હરિજનબંધુ
૧ તાંતણે જીવ ટંગાયો = કમણાં શું થશે ને શું નહિ એની ફિકરમાં રહેવું; ઉચાટ થવો
૨. તાંતણે પ્રાણ વળગી રહેવો = (૧) ખવાઈ જવું; ખરખરી જવું; જર્જરી જવું (૨) બહુ જ માંદું. (૩) જીવ બહુ જ ઊંચો રહેવો; બહુ જ આતુર રહેવું; અધીરા થવું. (૪) નાશ પામવાની કે મરી જવાની તૈયારીમાં આવી રહેવું.
૩. તાંતણો છે કે તોડી નખાય ? = જીવન કઈ તાંતણા જેવું સહેજમાં નાશ કરાય એવું નથી.
૪. તાંતણો તૂટવો = આવરદા પૂરી થવી.

તાંતરડી (તાંતરડો) ૧. સ્ત્રી. તાંતણાને બેંચતાં પાતળો થવા છતાં પણ તૂટે નહિ એવો ચીવટ તંતુ; વાઘરડી.
૨. સ્ત્રી. દોરડી જેવું સુકાયેલું અને બેડોળ શરીર.
૩. સ્ત્રી. પાતળો ઝીણો લાંબો તાંતણો; બેંચાઈ બેંચાઈને સૂક્ષ્મ થઈ ગયેલો તાર.
૪. વિ. તરવાઈ ગયેલું; નાજુક બાંધાનું; કૃશ; હાથ પગ દોરડી ને પેટ ગાગરડી એવા સ્વરૂપનું.

તાંતરવું ૧. સ. ક્રિ. આડાઅવળા આમતેમ તાંતણા નાખવા; તંતુજાળથી ગૂંથવું; કસાવવું; તંતુ વડે બાંધવું કરવું.
૨ સ. ક્રિ. થોડું થોડું સમજાવીને વાર્તા કહેવું.
૩. સ. ક્રિ. ફોસલાવીને ખાર્યું કરવું.
૪. સ. ક્રિ. મંત્રતંત્રાદિકથી ભમાવવું; તંત્રવિદ્યા વડે વશ કરવું; તંતરવું; ભમમાં નાખવું; ઊંતરવું.

ગાર્યા પાર્યા ને પ્રારબ્ધાં,
નાવી ને વળી ન્યાય;
તરવું, તાંતરવું ને વળી તરકટવું,
એ આવે આપ કળાય.
બોધોક્તિ

તાંતરો પું. તંત્રક. એના ઉદરમાંથી કનેરી નીકળે છે.

તાંતવ ૧. [સં.] વ. વસ્ત્ર.
૨ વિ તંતુ કે તારવાળું.

તાંતવડું (તાંતવડું) વ. ક્રોધ; ગુસ્સો.

તાંતવતા સ્ત્રી. તનતીવતા; તાર જેવી લાગણી એવો ગુણ; ' ફ્રૂટિલિટિ.'

તાંતવાય [સં.] પું. વણકરનો છોકરો.

તાંતવ્ય [સં.] પું. (પુરાણ) તંતુ ઋષિનો પુત્ર.

તાંતા પું. શ્રેણી; પંક્તિ; કતાર; હાર.

તાંતાનંદ ૧. વિ. અનુકૂળ; અનુરૂપ; વિરોધ વિનાનું.
૨. વિ. એક રાગનું; સંપીલું.

તાંતી ૧. [હિં.] પું. વણકર.
૨. સ્ત્રી. ઉત્કલમાં રહેતી એ નામની એક જાત. આ સંબંધમાં હરિજનબંધુમાં લખ્યું છે કે: ઉત્કલમાં તાંતી લોકોની સંખ્યા સારી પૌ છે. કાયદાથી તેઓ હરિજન મનાય છે, ને પાનતાંતીના નામથી ઓળખાય છે. તેમનો કેટલોક વિભાગ ગંજામ જિલ્લાના કોલહણ તાલુકામાં નિર્વાહને અર્થે રહે છે. તેઓ પોતાને પાનતાંતી નથી

કરેવડાવતા. આલી તાંતી નામથી ઓળખાને છે. પરિણામ એ આવ્યું કે, બિહારના હરિજનોમાં તેઓ ગણાતા નથી. મારી દૃષ્ટિએ આ વાત બરાબર છે. હરિજન એટલે અસ્પૃશ્ય ગણવાનો મોહ શા સારૂ ? તેથી કાયદો શો ? એટલે જ ને કે, તેથી મતાધિકાર મળે, સરકારી નોકરી મળે તાંતીને બાનતાંતી થવાની જરૂર નથી. ઉપર તો પ્રજાની સરકાર છે

૩. સ્ત્રી. પંક્તિ; કતાર; હાર.

૪. સ્ત્રી. બાજરાની જાત, ઓલર.

૫. ન. એ નામની જાતનું માણસ.

૬. વિ. એ નામની જાતનું.

તાંતું સ્ત્રી. જ. ઘ. તાંત

ગમે ગમે તે ગોઠડી, નવ તાંતુમાં નેહ,
વાલા ચેન્નમૂંઠના ઢુંબડાં, આશા હૈયામાં છેહ
કલાપ્રભ પ્રમેસિંહ

તાંતેડી (તાંતેડો) જુઓ તાંતરડી.

તાંતો ૧. પું. તાંતણો; તાર; દોરો; તંતુ

૨. પું. પંક્તિ; હાર; કતાર.

૩. પું. બંધારણ; સબંધ.

૪ પું. બેસેરી વણેલી દોરીને તેને ઉકેળી તેમાં બાજ સેર મેળવતી તે. બેસેરી તે આતો ને ત્રીજી સેરી તે તાંતો

તાંત્ય જુઓ તાંત.

તાંત્ર ૧. [સં.] વિ. તંત્ર શાસ્ત્ર સંબંધી.

૨. વિ. દોરીવાળું; તારવાળું.

તાંત્રિક ૧. પું. ત્રિદોષ; એક જાતનો સન્નિપાત.

૨ [સં.] પું. તંત્રશાસ્ત્રજ્ઞવેત્તા; મંત્રતંત્રાદિક જાણનારો માણસ. મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે પ્રયોગ કરનાર પુરુષ. ઈ. સ. નવમા સૈકા પછી કાશ્મીર અને બંગાળમાં પુષ્કળ તાંત્રિક સાહિત્ય ઉત્પન્ન થયું છે. પણ ગુજરાતમાં તો ઠેઠ ઈ. સ. ૧૭૨૪માં આરકરરામ નામના તાંત્રિકાચાર્યે પહેલ વહેલી નોંધ શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતાએ લીધી છે.

એક બાબાએ તાંત્રિકે આ વાત સાંભળતાં જણાવ્યું કે, ગુલાબસિંહ વિદ્યુતનો અમને ઉપયોગ કરતાં કરો. ગુલાબસિંહ

૩. વિ. ઔદનલિક; માપિક; ચમત્કારિક; ગુણ વિદ્યાને લગતું

૪. વિ. તંત્ર સંબંધી; તંત્રશાસ્ત્રનો લગતું.

તાંત્રિક અભિસરણ [સં.] ન. લોહીનું નિયમસર ફરવું તે

તાંત્રિકકાલ [સં.] પું. તંત્રશાસ્ત્રમાં માન્યતાવાળો જમાનો.

તાંત્રિકદીક્ષા [સં.] સ્ત્રી. ગુરુ પાસેથી તંત્રશાસ્ત્રનાં વ્રત, નિયમ કે મંત્ર લેવાની ક્રિયા.

આ સમય આવ્યું ન્યાય છે ત્યારે ગુરુ તેને તંત્રમાર્ગમાં જોડાને ૬ છે અને તાંત્રિકદીક્ષા આપે છે પુરાતત્વ

તાંત્રિકપ્રાણાયામ [સં.] પું. રેચક, પૂરક અને કુંભકના ક્રમથી કરવામાં આવતો પ્રાણાયામ.

તાંત્રિકબીજ [સં.] પું. તંત્ર શાસ્ત્રના ગૂઢ શબ્દ કે વાક્ય.

તાંત્રિકમાર્ગ ૧. [સં.] પું. જૂતપ્રેતને મંત્ર જંત્રથી વશ કરવાની માન્યતાવાળો માર્ગ

૨ પું. વામમાર્ગ; શાક્ત પંથ

તાંત્રિકવિદ્યા [સં.] સ્ત્રી. જાદુ; ઈંદ્રજાળ.

તાંત્રિકવિમાન [સં.] ન. એક પ્રકારનું તંત્રથી ચાલતું વિમાન.

તાંત્રિકવિમાનો ૬૪ તંત્રશાસ્ત્રોમાં કહેલી રીત પ્રમાણે બનાવવામાં આવે છે. અને સિદ્ધો તેનો ઉપયોગ કરે છે. ગુ. સા. પરિષદ

તાંત્રિકાચાર [સં.] પું. આચારના નવ ભેદોનો એક પ્રકાર; તંત્રરાજ બાણુનાર માણસની ક્રિયાવિધિ.

તાંત્રિકાચાર્ય [સં.] પું. ઈ. સ. ૧૭૨૪માં ગુજરાતમાં થઈ ગયેલો આરકરરામ નામનો તાંત્રિક. તેની નોંધ શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતાએ લીધી છે. આ તાંત્રિકાચાર્યે સુરતમાં તાંત્રિક દીક્ષા લીધી હતી

તાંત્રિકી વિ. સ્ત્રી. તંત્રશાસ્ત્રને લગતી; તંત્રરાજ પ્રમાણની

બાકી રહેલના પણ મૈથિલી અને તાંત્રિકી એવા બે ભેદ છે. ગુજરાતી સાહિત્ય

તાંદન [સં.] પું. વાયુ.

તાંદળજો [સં. તંદુલીક] પું. લીલાં ટૂંકાં લંબગોળ પાનની એક જાતની ભાજી. આ છોડ બે વેંત ઊંચો થાય છે. એનાં પાન નાનાં અને પંખાના આકારનાં અને ડાંખળાં લાલ હોય છે. આ ભાજી મૂત્રલ, રેચક, શોધક, શીતળ, અગ્નિદીપક અને દોષઘ્ન ગણાય છે. તેનાં પાન વાટીને ચૂમડાં ઉપર ચોપડાય છે. ગાંઠ તથા અરોગ ઉપર તેનો રસ પિવાય છે. પિત્તવિકારને તે મટાડે છે. તે સ્વાદે ખટ્ટી સારી અને પથ્યકારક છે. તે કફ, પિત્ત, શ્રમ, દાહ, રક્તદોષ, ઉન્માદ, રક્તપિત્ત, શીતપિત્ત, ત્રિદોષ, તાવ, કૃમિ, ઉપરસ તથા અતિસારનો નાશ કરે છે. તાંદળજાની ભાજી બનાવવાનો પ્રકાર: તાંદળજાની ચોવીસ મૂઠિયાભાર કોરી ભાજી ચોખ્ખી કરી ઝીણી સમારીને પાણીથી સ્વચ્છ ધોવી. પછી તેમાં એક મૂઠિયાભાર મીઠું નાખી ચૂલા ઉપર મૂકવી. ચડે એટલે તેને પાણીમાં ગાળી લઈ તેમાંનું પાણી નિચોવી કાઢવું અને તેમાં એક મૂઠિયાભર ચોખાનો લોટ ભેળવવો. ચૂલા ઉપર એક વાસણ મૂકી તેમાં બે મૂઠિયાભાર ઘી નાખવું. ઘી તપે એટલે તેમાં એક મૂઠિયાભાર અડદની દાળ અને પાંચ સૂકાં મરચાંના કટકા નાખી દેવા અને તેનો વઘાર થાય એટલે તેમાં ઉપરની ભાજી વઘારી દેવી. પછી તવથાપી તળે ઉપર હલાવી તૈયાર થાય એટલે નીચે ઉતારી લેવી. અડદની દાળને બદલે તુવેરની દાળ નાખીને પણ આ ભાજી બનાવાય છે. બીજી રીતે બનાવવા માટે તેને બાફીને નિચોવી નાખી દઈ મિનિટ સુધી એક કઢાઈમાં પકોળા કરી મૂકવી. તેમ જ બે મૂઠિયાભાર ઘીને બદલે અડધ મૂઠિયાભાર ઘીનો વઘાર ઉપર પ્રમાણે કરીને તેમાં ભાજી વઘારી દઈ તપે ઉપર હલાવીને ચોડવવી

તાંદળા ૧. [સ. તંદુલ] પું. બ. ઘ. બરડેલાં મરીની દાંડલીઓ; બરડેલાં મરી.

૨. પું. બ. ઘ. ડાંગ; ડાંગ અને બીજાં અન્ય ધાન્યને ખાંડતાં ઝોડાં ઊખડી જઈ નીકળતા ચોખ્ખા કણ; ચોખા, ડાંગ, ખાખટા, ઝોદરા વગેરેમાંથી ઝડી કાઢેલા દાણા

તાંદળિયો જુઓ તાંદળજો.

તાંદુલ ૧. [સં તંદુલ] પું બ ઘ. ખાંડ્યા અને ઝાટકેલા પછીનું ડાંગ કે બીજાનું ધાન્ય.

૨. પું બ ઘ. ચોખા; તંદુલ; ડાંગરને ખાંડતાં નીકળતા કણ; તાંદળા.

૩. સ્ત્રી. એક જાતની પથ્થરની ઝાડી.

તાંદ્ર [સં.] વિ. તંદ્રાવસ્થાને લીધે ઊપજેલું; તંદ્રાને લીધે થયેલું; તંદ્રા સંબંધી.

તાંબટ ૧. સ્ત્રી. એક જાતની કુંજરાઈ વનસ્પતિ.

૨ સ્ત્રી કંસારાનો ધંધો કરતી દક્ષિણ તરફની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. ન. તાબુ.

૫. વિ. એ નામની જાતનું.

તાંબટકાર પું. કંસારો.

તાંબડ ૧. ન. તાંબાની બનાવટ.

૨. ન. તાંબાપિત્તળનું દેવસેવાનું વાસણ; તરભાણું; દેવપૂજન કે તર્પણમાં ઉપયોગી એક જાતનું વાસણ.

તાંબડ (તાંબડ) [સં. તામ્ર] ૧. સ્ત્રી. એક જાતની તાંબાના રંગની ધૂળ.

૨. વિ. તાંબાના રંગનું; લાલ; સફેદ રંગનું.

તાંબડા (તાંબડા) ૧. [હિં.] પું. ઢાંકણું આવું.

૨. પું. તાંબા જેવો રંગ.

૩. પું. માણેક જેવો એક જાતનો બનાવટી પથ્થર.

૪. પું. ચાડું; ખોપરી.

તાંબડિયા (તાંબડિયા) ૧. સ્ત્રી. એ નામની કઠવા કબુતરની એક જાત.

૨. ન. એ નામની જાતનું મલ્યુસ.

૩. વિ. એ નામની જાતનું.

તાંબડિયો (તાંબડિયો) પું. તાંબડી લઈને માગનાર માણસ.

તાંબડી (તાંબડી) ૧. [સં. તામ્ર; અપ. તંબિર] સ્ત્રી. એક જાતનું ગોળ વાસણ; નાનો તાંબડો; તાંબાનું પહોળા મોનું પાણીનું પાત્ર; વટલોઈ.

૧. તાંબડી ફેરવવી = (૧) વટલોઈ ફેરવવી; ભીખ માગવી. (૨) વટલોઈઓથી પીરસવું.

૨. તાંબડી લેવી = ભીખ માગવી; ભોટ માગવા જવું.

૩. તાંબડીયો કાઢવું = તાંબડીમાં આગ સળગાવીને નનામી રમશાને લઈ જવી. પૈસાવાળા માણસને તાંબડીયો કાઢવામાં આવે છે અને ગરીબ માણસને દોણીયો કાઢવામાં આવે છે.

૨. સ્ત્રી. ચાર આંકેની એક પ્રકારની લાલ જમીન. તે ચિત્રકામ માટે અત્યંત પ્રકારની જમીન ગણાય છે.

તાંબડું (તાંબડું) વિ. તાંબાના રંગનું; સહેજ રાતું.

તાંબડો (તાંબડો) [સં. તામ્ર; અપ. તંબિર] પું. વધારે મોટું પાણી ભરવાનું વાસણ; દેગડો; હાંડો.

તાંબા [સં. તામ્ર] ન. (હિંદી) તાંબું.

તાંબાનો રૂપિયો = (૧) કીમત વગરનું; વિશ્વાસપાત્ર નહિ એવું. (૨) ખોટો રૂપિયો.

તાંબાકૂંડી ૧. સ્ત્રી. એક જાતની કુકતુતુને મળતી રમત; દમગોટીલો. તેમાં તાંબાકૂંડી નજ જાય ઊંડી એમ બોલવું પડે છે.

૨. સ્ત્રી. તાંબાપિત્તાળનું બેસણીવાળું જાડું પાણી કાઢવાનું વાસણ; તાંબાનું તગારું; કથરોળું નાહવાનું પાણી કાઢવાનું તાંબાપિત્તાળનું પહોળા મોનું એક વાસણ.

તાંબાગોળી જુઓ તાબડો.

તાંબાઘડો (તાબાઘડો) ૧. પું. તાંબાનું પાણી ભરવાનું વાસણ.

૨. પું. તાજુ પકડનાર કુમારો.

કુમારોમાં કોઈ તાંબાઘડા ને કોઈ પિત્તળઘડા કહેવાય છે. ગુ. સર્વસંગ્રહ

તાંબાનાણું [સ. તામ્ર (તામ્ર) + નાણું (નાણું)] ન. તાંબાનો સિક્કો; પૈસો; જનાદી.

તાંબાપતરું જુઓ તાંબાપત્ર.

તાંબાપત્ર [સં. તામ્રપત્ર] ન. તાંબાનું પતરું.

તાંબાપત્રે લેખ કરી પતરું એના હાથમાં આપ્યું. ભાલણ:દશમસ્કંધ

તાંબામહોર સ્ત્રી. તાંબાનું સીલ; તાંબાની છાપ.

તાંબારાય સ્ત્રી. તાંબાની બનાવેલી રેણુ કે ઝારણ; રેણવા માટે તાંબાના રજની મેળવણી.

તાંબાવર્ણું વિ. લાલ રંગનું.

તંબાકુ છે તાંબાવર્ણું, ચૂના અમલ કામ;
એ તંબાકુનું દાન કરે તો, સમાજમાં નામ.
લોકોક્તિ

તાંબાવાટકો પું. તાંબિયો; તાંબાનો વાટકો.

તાંબાવાડકો જુઓ તાંબાવાટકો.

તાંબિયો ૧. પું. કાંસિયો; વાટકો; મોટી વાટકો.

૨. પું. તાંબાનો ઓટો; તાંબાનું પાણીપાત્ર; કળશિયો.

૩. પું. તાંબાનો સિક્કો; પૈસો.

૧. તાંબિયાના તેર ગેવાનું = કોઈથી કામ ન પુગવો; હડપૂત થવું.

૨. તાંબિયાની ઠોસી, ઠીબનો ખુંખાસ = કીમત ઓછી અને ભભ વધારે.

તાંબી ૧. પું. તાંબાનો ઓટો.

૨. સ્ત્રી. તાંબાની કડછી.

તાંબું [સં. તામ્ર અપ. તંબ–તંબઅ] ન. આછા રાતા રંગની એક અસલ ધાતુ; તામ્ર. એમ કહેવાય છે કે લોઢાની પણ પહેલાં તાંબું શોધી કાઢવામાં આવ્યું હતું. તાંબું અને કાર્બનના મિશ્રણમાંથી વાસણો અને હથિયારો બનતાં. ઇજીપ્તથી તાંબું અને તાંબાની બનાવટો આવવા માંડી તે પહેલાં હિંદુસ્તાનના દરેક ભાગમાં તાંબાની ખાણો અને તેને શુદ્ધ કરવાની ક્રિયાઓ ચાલતી હતી. હાલ હિંદુસ્તાનને તાંબા માટે બીજા દેશો ઉપર આધાર રાખવો પડે એવી સ્થિતિ છે. રજપૂતાના અને બીજે ઠેકાણે કેટલેક કાળ તે કાઢવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ દુનિયામાં સૌથી વધુ તાંબું પૂરું પાડે છે. તાંબાને જસત અને કલાઈ સાથે મેળવવાથી પિત્તળ, જર્મન સિલ્વર અને કાંસું થાય છે. આ ધાતુનો રંગ રાતો છે. તે ખાણમાં સંયોગ, કોલું અને બીજા દ્રવ્યો સાથે મળેલી મળી આવે છે. તેને ટીપવાથી તે વધે છે. તેનો તાર પણ ખેંચી શકાય છે. તાપ અને વિદ્યુતના પ્રવાહનો સંચાર તાંબા ઉપર બહુ અધિક થાય છે, તેથી તેના તારનો ઉપયોગ ટેલિગ્રાફ વગેરેમાં થાય છે. તાંબા સાથે બીજી ધાતુઓ જોગ પ્રમાણમાં મેળવવાથી કેટલીક મિશ્રિત ધાતુઓ થાય છે. એક પ્રકારનું વિલાયતી સોનું પણ તાંબામાંથી થાય છે. ખૂબ ઠંડી જગ્યામાં તાંબું અને જસત સરખેસરખાં લઈ જાળવાં. પછી તે ગળેલી ધાતુને ખૂબ ઘૂંટવી અને થોડુ જસત વધારે મેળવવું. ઘૂંટતાં ઘૂંટતાં ચોડી વારમાં તેનો રંગ ધોળો નીકળશે અને તે પછી થોડી વારમાં સોનાના જેવો પીળો થઈ જશે. હિંદુઓ તાંબાને પવિત્ર ધાતુ માને છે. તેથી પૂજાનો સામાન તાંબાનો બહુ બને છે. વૈદકમાં પણ તાંબું વપરાય છે. તાંબાનાં પતરાંને ખૂબ ટીપી તેમાં છાણ ઓસવાથી તે સોંસરી ચાલી જાય તેવાં બારીક પતરાં કરવાં. આ કેટકવેધી પતરાંને ત્રણ કલાક સુધી ગોમૂત્રની અંદર ઊકાળવાથી શુદ્ધ થાય છે. તે શુદ્ધ કરેલાં પતરાંને ગંધક અને લીંબુના રસનો લેપ કરી તેનો એક ગોળો બનાવી વાલુકા યંત્રની અંદર બાર કલાક સુધી મૃદુનું મોં બંધ કરી ખૂબ તાપ દેવો. સ્વાંગ શીત થાય ત્યારે તેને કાઢી લેવો. આવી રીતે તામ્રભસ્મ થાય છે. આ તામ્રભસ્મને કાંજીમાં બાફ કરીને તેનો ગોળો કરવો અને સૂરણના કકડાનો પટ દઈ અજપુટથી તેને ફૂંકી દેવો. આવી રીતે શુદ્ધ તામ્રભસ્મ થાય છે. તામ્રભસ્મનો રંગ જાંબુડી કાળા રંગનો થાય છે. તેની ત્રીજી ત્રીજી ત્રાંચડી ખાવી જોઈએ. બધી ધાતુમાં સૌથી ઉત્તમ તાંબું છે. તાંબામાંથી સ્વર્ણગંધકીરેવ રસ, શુદ્ધમારાનાલ રસ, તામ્રસિંદૂર રસ, હરપાર્શ્વેય રસ, વિશ્વતાપહરણ રસ અને શીતારિ રસ બને છે. તાંબું પૌષ્ટિક, ક્ષોધક અને બલવર્ધક મનાય છે. તાંબું સાધારણ રીતે પુષ્ટિની ઉપયોગી દવા મનાય છે. તામ્રભસ્મ ઉપર ખાસ કરીને બી અને દૂધનો અઠવાડીયો રાખવાની જરૂર છે. તાંબું જુદી જુદી જાતના તાવનો અને ખાસ કરીને વિષમજ્વરનો અકસીર ઉપાય મનાય છે. તાવ અને તેથી થતાં ચીર્ણ દરદમાં પણ તાંબું અત્યંત ઉત્તમ દવા મનાય છે. ઉદરરોગ અને તેમાં ખાસ કરીને જ્યારે પેટની અંદર ગુલ્મ થાય છે તેને માટે તાંબું ઉત્તમ ઇલાજ છે. રક્ત ઉપર તાંબું બહું સરસ છે ત્રિદોષજ્વરની દેહકી ઉપર પણ તે ગજબનો કરે છે. તાંબું દમના વ્યાધિમાં બહુ વખણાય છે. ત્વકદોષની અંદર તાંબું બહું ઉપયોગી છે. તામ્રભસ્મની માત્રા સોળથી ચોસઠ ચોખા જેટલી અને ઘીસટી કરવા માટે ત્રણ વાલની છે. તામ્રભસ્મ સેવન કરવાવાળાને ખાટો ખોરાક પચે છે અને તેટલા માટે તેને મુખ્યત્વે કરીને ખારીવાળો ખોરાક આપવો પડે છે.

૧. તાંબાની તોલડી તેર વાનાં આગે = ઘર ચલાવવામાં ઘણી વસ્તુઓની જરૂર પડે છે

૨ તાંબાનો રૂપિયો = (૧) ખોટા રૂપિયા જેવું; બાદલું. (૨) બાબો વખત ટકે નહિ એવું; આખરે ખોટું પડવાનું હોય એવું.

૩. તાંબું ખાવું = વીર્યવાન કે જુવાન બનવું

તાંબૂલ ૧. [સં.] ન. કાથાચૂનાવાળી પાનની પટી; પાનબીડું; નાગરવેલનું આવાનું પાન; નાગરવેલના પાનની કાયો, ચૂનો, સોપારી વગેરે નાખી વાળેલી બીડી.

તાંબૂલ ચિક અહિવલ્લરી, દ્વિજ મુખમંડન પાન; તપખાતી આયુખાની અલિ, શેષ જરી અભિમાન.
પિંગળપ્રકોષ

૨ ન. તંબોલી પાનનો વેલો.

૩. ન. કાથનો છોડ.

૪. ન. સોપારી.

૫. ન. સોપારીનું ઝાડ.

તાંબૂલકરંક [સં.] ન. પાનદાની; પાન રાખવાનું પાત્ર.

તાંબૂલદાન [સં.] ન. પાનનું બીડું આપવું તે.

તાંબૂલનિયમ [સં.] પું. (જૈન) પાન, સોપારી, સચિત્ત, એલચી વગેરે ખાવાના પ્રમાણ સંબંધી નિયમ.

તાંબૂલપત્ર ૧. ન. અકબ્બા નામની લતા.

૨. [સં.] ન. નાગરવેલનું પાન.

તાંબૂલરાગ ૧. [સં.] પું. પાન ખાવાથી થયેલો રંગ.

૨. પું. મસૂર નામનું ધાન્ય.

તાંબૂલવદન [સં.] વિ. મોઢામાં પાન ખાવેલું હોય એવું.

તાંબૂલવલ્લિકા [સં.] સ્ત્રી. નાગરવેલ.

તાંબૂલવલ્લી [સં.] સ્ત્રી. નાગરવેલ.

તાંબૂલવાહક [સં.] પું. પાન ખવરાવનાર નોકર; પાનનાં બીડાં લઈને સાથે ચાલનાર નોકર

તાંબૂલવાહિની [સં.] સ્ત્રી. પાન વગેરે ખાવા લઈ જવાનું કામ કરનારી તંબોલણ.

તાંબૂલસંક્રાંતિવ્રત [સં.] ન. સક્રાંતિને દિવસે બ્રહ્મપૂજન કરી એક વરસ સુધી તાંબૂલ ખવરાવવાનું વ્રત.

તાંબૂલિક ૧. [સં.] પું. તંબોળી.

૨. વિ. પાન વેચનાર.

૩. વિ. પાનબીડાં બનાવવામાં હોશિયાર.

૪ વિ. પાનબીડા સંબંધી

તાંબૂલી ૧ પું. તંબોળી.

૨. પું. પાન તૈયાર કરનાર અને આપનાર નોકર.

૩. સ્ત્રી તંબોળણ પાન.

૪. [સં.] સ્ત્રી. નાગરવેલ.

તાંબૂલી અહિવલ્લરી દ્વિજ પાનની વેલી, સરસ થઈ નવ દરસથી અલ્પ મુખ પર મેલી.
પિંગળપ્રકોષ

૫. સ્ત્રી. સોપારીનું ઝાડ.

તાંબો ૧. સ્ત્રી. એ નામની દક્ષિણી આફ્રિકાની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તાંબોકારી સ્ત્રી. એક જાતનો લાલ રંગ.

તાંબોરડ ન. જાંટલાંમાં થતો એક જાતનો રોગ. આ રોગની ઉત્પત્તિ માઇટ નામનાં સૂક્ષ્મ જંતુથી થાય છે. જાંટલાંનાં પાંદડાંની નીચેના ભાગ ઉપર તેમજ ટોચે કુમળા પાન ઉપર જંતુઓ હોય છે. ઈંડામાંથી નીકળતું જંતુ પ્રમાણ જેવું, પણ એનાં પગવાળું હોય છે. પ્રૌઢ જંતુનું શરીર ખુલ્લા પીળા રંગનું હોઈ પગની ચોથી જોડ પણ આવે છે. નર જંતુ માદા કરતાં જુદા જ આકારનું હોય છે. આ જંતુમાં ઇયળ અવસ્થા હોતી જ નથી. આ રોગ મરચાં, ટમેટાં વગેરેમાં પણ થાય છે. આ રોગ લાગુ પડે ત્યારે પાનનાં પાંદડાં કિનારી બાજુથી કરતાં ગોળ વળેલા દેખાય છે. છોડની ટોચનો કુમળો ભાગ તદ્દન બળી જઈને ચૂંથળું થઈ ગયેલો દેખાય છે. આ રોગને મુજરાતમાં દુદરા અને દક્ષિણમાં તાંબેરા કહે છે. તેના ઉપાય તરીકે બે ભાગ કળાચૂનો અને એક ભાગ ગંધક ભેગો કરી કાળો પડેલ હોય ત્યારે તેની ભૂકો છાંટવી અથવા ચૂનો અને ગંધકમિશ્રિત પ્રવાહી જેને લાઇમ સલ્ફર વૉશ કહે છે તે છાંટવી.

તાંબોલ પું. હાલકારનો.

તાંબોળી (તાંબોરી) પું. તાંબાનો કે કાંસાનો પ્યાલો.

તાંબોલોજી [ઇ.] સ્ત્રી. નાગરવેલનાં પાન વેચનારી સ્ત્રી.

તાંમ અ. ત્યાં; તે ઠેકાણે

તાંવર ૧. સ્ત્રી. તાપ; જ્વર.

૨. સ્ત્રી. મૂર્ચ્છા.

તાંસ પું. તાંબાનું પાણીના ઘાટનું પહોળું વાસણ.

તાંસલું ન. કઠોરો; પ્યાલો; વાટકો.

તાંસવું ૧. સ. ક્રિ. ત્રાસ દેવો; સતાવવું.

૨. સ. ક્રિ. ધમકાવવું; આખ્ય બતાવવી.

તાંસળવું સ. ક્રિ. સાંતળવું; શેકવું.

તાંસળિયું ૧. ન. એક જાતનું કીમતી રેશમી કાપડ.

૨. ન. તાસળું, ભાણું.

તાંસળી ૧. સ્ત્રી. કાંસાની વાટકી; તાંસિયો; નાનું તાસળું; કાંસાનો મોટો પહોળો વાટકો.

૨. સ્ત્રી. ભાવાનું વાસણ; ભાણું.

૩. સ્ત્રી. લડાઈમાં માથાના રક્ષણ માટે પહેરવાનું તાંસળા જેવું સાધન. કાઠી મરાસિયાઓ જ્યારે પોંગાલું કરવા જતા ત્યારે માથાના રક્ષણ માટે ટોપીની ઉપર તાંસળી ઓઢી લેતા. તેથી માથા ઉપરનો તલવારનો ઘા તાંસળી ઝીલી લેતી.

તેર તાસળી = (૧) એક ભાણે જમનારી જુદી જુદી તેર જાતઃ કાચબી, કોળી, કાઠી, સમર, રબારી, ભરવાડ, આહીર, વાઢેર, સુથાર, સુદાર, દરજી, ચારણ અને બારોટ. (૨) સંખ્યાબંધ લોકો.

તાંસળીઓ ન. જ ન. તાંસળીઓ

પી પી બાજુએ બલીહા, ભરભર તાંસળીઓ; બાજો પાણો મેં ઘલિયાં, ઝરઝર કાંતણીઓ.
ઝવેરી

તાંસળું ૧. ન. ચોખી જોવો ઊંડો કાંસાનો પહોળો મોટો વાટકો, તાંસળી; પહોળી વાટકી; તાંસિયો.

૨. ન. રાંધેલું અન્ન ખાવા લેવાનું વાસણ; ભાણું.

તાંસિયું ૧. ન. કાંસિયો; વાટકો; તાંસળું; કાંસાનો મોટો ઊંડો પહોળો વાટકો.

૨ વિ. ખાડું; ત્રાંસુ.

તાંસિયો પું. કાંસિયો; કાંસાનો મોટો ઊંડો પહોળો વાટકો

તાંસું ન. એક જાતનું વાસ.

તાંહાં ૧. અ. તે દરમિયાન.

૨. અ. ત્યાં; તે સ્થળે. કવિતામાં આ શબ્દ વપરાય છે.

તાંહાં નિભાવ્યા કોલનું દુઃખ,
સામે હસતું દીધું નિજ મુખ. પ્રેમાનંદ


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)

તિ ૧. સ્ત્રી. સમાપ્તિ; અંત; છેડો.
૨. સ. તે; પેલું.
૩. [સં, ત્રિ] વિ. ત્રણ.
૪. [સં. પ્રતિ] અ. આ પ્રમાણે; એ રીતે. આમ.
૫. અ. સા.
૬. અ. ત્રણ વાર.
૭. અ. નામ બનાવનાર પ્રત્યય. જેમકે, કૃતિ, પ્રીતિ.

તિઆહુ જ. મરણ પછી પીસ્તાલીસમે દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ.

તિઇંદિય જુઓ તિઇંદિ.

તિઇંદ્રિય જુ. ત્રણ ઇંદ્રિયવાળો જીવ.

તિકઇ ૧. [અં. ટિકેટ] સ્ત્રી. અધિકારપત્ર; ઓળખપત્ર.
૨. સ્ત્રી દિશિ; રખેવિણી; પાસ.
૩. સ્ત્રી. દવાના ડબ્બા ઉપર ચોંટાડવાની સરકારી છાપની નાની ચિઠ્ઠી.
૪. સ્ત્રી. માલની જાત અથવા કીમત દર્શાવનારી ચિઠ્ઠી.

તિકઠમ (તિકડમ) જ. ચોરી; નિયમ વગેરેમાંથી છટકવાની યુક્તિ કે ચાલાકી.

તિકણુ જ. તે; પેલું.
મુઠા ભરે રા ખાઇ, બાઇ તિકણુ બાહ્યો બિરાદઃ
બાબ બાબ બગલાઇ, પાળે રણુ પ્રતાપ રઉ.
કાન્હડદેપ્રબન્ધ

તિકતિક [હિં.] જ. બળદને ચલાવવા વપરાતો શબ્દ.

તિકમ જુ. જમીન વગેરે ખોદવામાં વપરાતું અણીવાળું સાધન.

તિકાર [હિં.] જુ. ત્રણ વખત બનેલું તે.

તિકોણ ૧. જ. ત્રિકોણ; ત્રણ ખૂણાવાળી આકૃતિ.
૨. [મા.] ન. ત્રિકોડાનું ફળ.

તિકોણિયું વિ. ત્રણ ખૂણાવાળું; ત્રિકોણાકાર.

તિકોન જુઓ તિકોણિયું.

તિકોર [હિં.] જુ. પોટીસ; લોપરી.

તિક્ક [હિં.] જુ. ટકડો; ટુકડો.

તિક્કડ (તિક્કડ) જુ. ત્રણ બેઠોળ રોટલો, ભાખરો; હાથ વડે ટીપીને બનાવેલો રોટલો; ટિક્કડ.
તિક્કડ ટીપવા = (૧) બેકાર પુરુષે કંટાળાથી કે અનાવડતથી જેમતેમ રાંધી નાખવું. (૨) રોટલા કરવા; રાંધવું.

તિક્કામલ્લિ સ્ત્રી. રોગમારી.

તિક્કી [હિં.] સ્ત્રી. તીડી; તીખડી; ગંજાવરનું એક પાનું. તેના ઉપર ત્રણ ત્રણ ચટ્ટી કાટી હોય છે.

તિક્ખ ૧. [સં. તીક્ષ્ણ] વિ. કોર.
૨. વિ. તીખું.
૩. વિ. તીવ્ર બુદ્ધિવાળું, તેજ; ચાલાક.
૪. વિ. ધારવાળું; ચમકીદાર.
૫. વિ. નિષ્ઠુર; દયા વિનાનું.
૬. વિ. વેગવાળું.

તિક્ખુત્તો [સં. ત્રિકૃત્વસ્] અ. (પ્રાકૃત) ત્રણ વાર; ત્રણ વખત.

તિક્ત ૧. [સં.] જુ. કરિયાતું.
૨. જુ. કાળો બેર.
૩. જુ. કુરજ વૃક્ષ.
૪. જુ. પિત્તપાપડો.
૫. જુ. બીજાવરણ.
૬. જુ વરણ વૃક્ષ
૭. જુ. સુગંધ; સુવાસ.
૮. ન. કડવાશ
૯. ન. કડુ.
૧૦. ન. પરવળ.
૧૧. ન. મરી.
૧૨. વિ. આકરું; આમળી બળે એવું.
૧૩. વિ. કડવું; કડવાશવાળું. વૈદકમાં તિક્ત રસને છેદક, રુચિકારક, દીપક, શોષક તથા મૂત્ર, મેદ, રક્ત, વમન આદિનું રોધક કરનાર ગણેલ છે. જ્વર, ખૂજલી, કોઢ, મૂર્છા વગેરેમાં તે બહુ લાભકારી મનાય છે. હળદર, ઉંદરજવ વગેરે તિક્ત રસમાં આવે છે.
૧૪. વિ. તીખું. હોકશાસ્ત્ર કહે છે કે: સંસ્કૃતમાં કટુ એટલે કડવું અને તિક્ત એટલે તીખું એવા અર્થો છે અને તે પ્રમાણે સંસ્કૃત વૈદક ગ્રંથોમાં વાગ્ભટ સૂત્ર અનુસાર કટુ અને તિક્ત એના અનુક્રમે કડવું અને તીખું, એ આપણા અર્થોસો છે; પણ આપણી પ્રાકૃત ભાષાઓમાં એ અર્થો અદલબદલ થયેલા છે. આ વાત શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વની છે.
૧૫ વિ. સુગંધીદાર; સારી વાસવાળું.

તિક્તક ૧. [સં.] જુ. એક જાતનો દૂધીનો છોડ.
૨. જુ. કરિયાતું.
૩. જુ. કડવો રસ.
૪. જુ. કરિયાતું
૫. જુ. કાળો બેર.
૬ જુ. પરોલ વૃક્ષ.
૭. જુ. લીમડો.
૮. ન. ઉંબરિયાનું ઝાડ.
૯. વિ. કટુ.

તિક્તકર્કટિકા [સં.] સ્ત્રી કડવી કાકડી.

તિક્તકા [સં] સ્ત્રી. કડવી તુળસી.

તિક્તકાન્વિતા [સં.] સ્ત્રી. કડવાશ ઉપર પ્રીતિ.

તિક્તકોચાટિકી સ્ત્રી કડવી ખિસોટી.

તિક્તગંધા ૧. [સં] સ્ત્રી. રાસ્ન
૨. સ્ત્રી. વરાહી કંદ

તિક્તગુંજા [સં.] સ્ત્રી. કરેજ.

તિક્તગોશૃંગ [સં.] જુ. ઊભા ગોખરુનો છોડ.

તિક્તઘૃત [સં.] ન. વૈદક પ્રસિદ્ધ ઔષધરૂપ એક ઘી. તે ત્રિફળા, ગુગળ, અરડી, મહાપંચ વગેરેનાં અપાય છે.

તિક્તપુષ્પી [સં.] સ્ત્રી. અડખોડી; ડોડીનો વેલો. તેની શીંગ અખંડ છે, માટે તેને અડખોડી કહે છે.

તિક્તતંડુલા ૧. [સં.] સ્ત્રી. પીપળાનું ઝાડ પીપળ.
૨. સ્ત્રી. લાંડીપીપર.

તિક્તતંદુલા [સં. તિક્ત (તીખું) + તંદુલ (ચોખા) + આ (સ્ત્રીલિંગનિર્દેશ પ્રત્યય)] સ્ત્રી. લાંડીપીપર. ચોખા જેવડી નાની હોવાથી તે તિક્તતંદુલા કહેવાય છે.

તિક્તતા ૧. [સં.] સ્ત્રી. કડવાશ.
૨. સ્ત્રી તીખાશ.

તિક્તતૃણી ૧. [સં.] સ્ત્રી. કડવી ચોલી.
૨. સ્ત્રી. કડવી તુળસી

તિક્તતુમ્બી [સં.] સ્ત્રી. કડવી તુંબડી.

તિક્તદુગ્ધા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સ્વયંક્ષીરા; સોનામુખી.
૨. સ્ત્રી. મગડાશિંગી.

તિક્તધાતુ ૧. [સં.] સ્ત્રી. ક્ષારિણી; સ્વર્ણક્ષારી વનસ્પતિ.
૨. સ્ત્રી. પિત્ત ધાતુ.
૩. સ્ત્રી. મરડાશિંગી.
૪ સ્ત્રી. મોટીભાવળ.
૫. સ્ત્રી. સોનામુખી.

તિક્તપત્ર ૧. [સં.] જુ. કાકરોળ નામની વનસ્પતિ.
૨. ન. કડવું પાંદડું.
૩. વિ. કડવાં પાંદડાંવાળું.

તિક્તપર્ણન જુઓ તિક્તપર્ણી.

તિક્તપર્ણી ૧. [સં. તિક્તપર્ણિન્] સ્ત્રી. એક જાતની ભોંયકાકડી.
૨. સ્ત્રી. એક જાતની વાલભાજી.

તિગ્મ

૩. જી. મરી.
૪. જી. જેઠીમધ.

તિક્તબદ્રક [સં.] પું. પટોલ વૃક્ષ; એક જાતનો વેલો.

તિક્તયષ્ટા [સં.] જી. કાંચિણી.

તિક્તરોહિણિકિકા [સં.] જી. કડુ નામની વનસ્પતિ.

તિક્તરોહિણી જુઓ તિક્તરોહિણિકા.

તિક્તશાક જી. ચિરાયતાં; કાંચિની.

તિક્તવર્ગ ૧. પું. તીખારસવાળો પદાર્થ.
૨. [સ.] પું તીખી મસાલેદાર વસ્તુઓનો સમૂહ

તિક્તવલ્લી ૧. [સં] જી. કડવી વેલડી.
૨. જી. મોગલેસનો વેલો.

તિક્તવીજા [સં.] જી કડવી તુંબડી.

તિક્તશાક ૧ [સં] ન કડવું શાક.
૨ ન ખેરનું ઝાડ.
૩ ન. વરણ વૃક્ષ.
૪ ન વાવડિંગ

તિક્તશિમ્બુ [સં] ન. કડવા સરગવાનું ઝાડ.

તિક્તસાર ૧. [સં.] પું. કડવો રસ
૨. પું. ખેર.
૩. ન. એક જાતનું ઘાસ.
૪. વિ. કડવા રસવાળું; કડવા સારવાળું.

તિક્તા ૧ [સં.] જી. આસંધ નામની વનસ્પતિ.
૨. જી કડુ.
૩. જી. કાંકણી.
૪. જી પવાડમૂગ નામની વનસ્પતિ.
૫. જી મરચી; મરી.
તિક્તા ઔષધા કોમા કમ્પૂસ્થા એ નામ.
મરચી ભાંડું મેળવી બધુ કહું કું નામ.
પિત્તબધુમ્રોષ

તિક્તાખ્યા [સં.] જી કડવી તુંબડી.

તિક્તાદિકવાષ [સં] પું. કડુ અને બીજી દવાઓનો ઉકાળો.

તિક્તાદિયત [સં] ન દૂધવાળ અને ઘારાં ઉપર મલમ તરીકે લગાડવામા આવતું એક જાતનું ઘી. ને બનાવવા કરંજનાં પાન અને ફળ, કડુ મીણ, હળદર જેઠીમધ, પટોળાનાં પાન, માલતી અને ચંપેલો એ બધાં સમભાગે લઈ તેનો કલ્ક કરી તે કલ્કથી ચોગણું ઘી અને ચોગણાં પાણી લઈ રીતસર ઘી સિદ્ધ કરવું.

તિક્તાદ્રય [સં] ન કડુ અને પીલુડી.

તિક્તાલાબુ [સં] જી કડવી તુંબડી.

તિક્તારિષ્ટક ન. એક જાતનું ઝાડ; વરણો.

તિક્તાસ્યતા ૧. [સં.] જી. પિત્તજન્ય એક રોગ.
૨. જી. મોઢું કડવું થઈ જવું તે.

તિક્તાંગા [સ.] જી. ભાતાપત્રાહડી નામની લતા.

તિક્તિકા ૧. [સં.] જી. કડવી તુંબડી.
૨. જી. કડુ.

તિક્તોપેક્ષા [સં.] જી. કડવી તુંબડી.

તિક્તોરક જુઓ તિક્તારક

તિક્ષ્ણ [સં] વિ તીક્ષ્ણ, તેજ

તિખટ ૧. [સં. તિક્ત] જી. તીખી વસ્તુ.
૨. જી. મરચું.
૩. જી. મરી
૪. વિ આકરું; ચામડી રવરવ થાય એવું.
૫. વિ કડવા રસનું.
૬ વિ. તીખું

તિખપ ૧. જી ઝોપ; તીખાપણું.
૨ જી તીખાશ; તીખુ ઢોબાપણું.

તિખલ ૧. ન. ગડબડ; ખાખલ.
૨. ન અવ્યવ; કાદવ; ઠેકડી.

તિખલી ૧. વિ. ખાંખણ આવવા ગડબડ મચાવનાર.
૨. વિ. અવ્યવ કે કાદવ કરનારું.

તિખળ જુઓ તિખપ.

તિખળી જુઓ તિખલી.

તિખાઈ જી. તીક્ષ્ણતા; તેજ.

તિખારવો પું દેવતાનો તણખો.

તિખારો પું. તણખો; તિખારવો.
ઓકારા આદી ઔંત, સાત ખાતળે રોહણાં;
તીખો તિખારો પ્રીત, ગાળી ગાબ્યો ભારણે.
ગોકારાહિત્ય

તિખાસ ૧. જી. તીખાપણું; તીખુ ઘમાડે એવો વસ્તુનો ગુણ; તીખું લાગવું તે.
૨. જી. સ્વભાવની ઉગ્રતા; આકરાપણું; જલદપણું.

તિખૂંટ ૧. [હિં.] પું. ત્રણ ખૂણાવાળી આકૃતિ; ત્રિકોણ.
૨. પું. ત્રિકોણ આકારની આરી પૂરી.

તિખૂંટનાથ જી. ત્રિકોણમિતિ; 'ટ્રિગોનોમેટ્રિ.'

તિખૂંટવિદ્યા જુઓ તિખૂંટનાથ.

તિખૂંટસા વિ. ત્રિકોણાકાર.

તિગડું (તિગડું) વિ. ત્રણ ટકવાળું.

તિગતિગ [સં. તિક્ (ભવું)] અ. ઢોરને ભગાડવામાં બોલાતો શબ્દ.

તિગલ જી. (સંગીત) લયના ૭ માત્રાનો એક નામનો એક ભેદ. ત્રિગુણલય. આમાં ધ્રુપદ માત્રો ૩૩ કરી ચાર આવૃત્ત એટલે અઠ્ઠાવીસ માત્રામાં પૂરા થતા ધ્રુપદના બોલોને ૧૧ માત્રામાં પૂરા કરે તો તે તિગલ કહેવાય છે.

તિગના [સ. ત્રિગુણ] વિ. તગણું; ત્રણગણું.

તિગમ પું. (પિંગળ) નાગપિંગળ મા.છંદનો એક નામનો એક માત્રામેળ છંદ

તિગળ જી. તાદીર નામના ગામમાં સ્થાપેલી રામાનુજાચાર્યની એ નામની ગાદી.

તિગળા ૧. જી. બેલગામ પારવાડ તરફ વસતી અને બેડનો ધધો કરતી એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

તિગિચ્છ [સં. ચિકિત્સક] પું. ચિકિત્સા કરનાર વ્યક્તિ; વૈદ્ય.

તિગિચ્છક [સં. ચિકિત્સક] પું. (પ્રાકૃત) ચિકિત્સા કરનાર માણસ; વૈદ્ય.

તિગિચ્છણ [સં. ચિકિત્સન] ન. (પ્રાકૃત) ચિકિત્સા કરવી તે.

તિગિચ્છય જુઓ તિગિચ્છક.

તિગિચ્છા [સં. ચિકિત્સા] જી. (પ્રાકૃત) રોગની તપાસ; ચિકિત્સા.

તિગિચ્છિય જુઓ તિગિચ્છક.

તિગિંછિકૂટ પું. એ નામનો એક દ્રહ. નિષધ પર્વત ઉપર બંતર નિકાયની ધી દેવીના નિવાસવાળો ૪,૦૦૦ યોજન લાંબો, ૨,૦૦૦ યોજન પહોળો અને ૧૦ યોજન ઊંડો આ દ્રહ આવેલો છે.

તિગુણ ૧. પું. સંગીતનો સૂર.
૨. [સં. ત્રિગુણ] વિ. ત્રણગણું; તગણું; ત્રેગડું

તિગુણા વિ. ત્રણગણું.

તિગુત્ત [સં. ત્રિગુપ્ત] વિ. (પ્રાકૃત) મન, વચન અને કાયાથી સુરક્ષિત.

તિગુત્તિ [સં. ત્રિગુપ્તિ] જી. (પ્રાકૃત) મન, વચન અને કાયાને પાપથી રક્ષવારૂપ ત્રણ ગુપ્તિ.

તિગુના જુઓ તિગુણા.

તિગ્મા [ગુ.] પું. ચોરેલો રેવા બોલેલ ઝોકરો.

તિગ્મી [હિં.] જી. ઝોકરાંઓની એ નામની એક રમત.

તિગ્મ ૧. [સં.] પું. પુરુવંશીય એ નામનો એક ક્ષત્રિય.

૨. ન. ઉષ્ણપણું; ગરમી.
૩. ન. તીક્ષ્ણ સ્પર્શ.
૪. ન. તીક્ષ્ણપણું.
૫. ન. તીખાપણું.
૬. ન. વજ્ર.
૭. વિ. અત્યંત તીખું.
૮. વિ. ઊગ્રતાવાળું.
૯. વિ. ગરમ.
૧૦. વિ. જલદી કોપ પામે એવું.
૧૧. વિ. તામસી.
૧૨. વિ. તીક્ષ્ણ સ્પર્શવાળું; તીક્ષ્ણ; ઉદ્વેગની શક્તિ જેમાં તીક્ષ્ણ હોય એવું.

તિગ્મકર ૧. પું. આકડાનો છોડ.
૨. [સં. તિગ્મ (ગરમ) + કર (કિરણ)] પું. સૂર્ય.

તિગ્મકેતુ [સં.] પું. (પુરાણ) ધ્રુવ વંશોદ્ભવ વત્સર રાજાને સુનીથાથી થયેલા છ માંહેનો એ નામનો બીજો દીકરો.

તિગ્મતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત તીખાપણું.
૨. સ્ત્રી. ઊગ્રતા.
૩. સ્ત્રી. ગરમ હોવાપણું.
૪. સ્ત્રી. જલદી કોપ પામે એવું હોવાપણું.
૫. સ્ત્રી. તામસીપણું.
૬. સ્ત્રી. તીક્ષ્ણપણું; તીક્ષ્ણતા.

તિગ્મત્વ જુઓ તિગ્મતા.

તિગ્મદીધિતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. [સં. તિગ્મ (ગરમ) + દીધિતિ (કિરણ)] પું. સૂર્ય.

તિગ્મમન્યુ ૧. [સં. તિગ્મ (ઉગ્ર) + મન્યુ (ગુસ્સો)] પું. શિવ; મહાદેવ.
૨. વિ. તીક્ષ્ણ કોપવાળું.

તિગ્મરશ્મિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. [સં. તિગ્મ (ઉગ્ર) + રશ્મિ (કિરણ)] પું. તીક્ષ્ણ કિરણ.
૩ પું. સૂર્ય.
૪. વિ. તીક્ષ્ણ કિરણવાળું.

તિગ્મા ૧. [સં. તિગ્મ (તીખું) + આ (નારીપ્રત્યયનો પ્રત્યય)] સ્ત્રી. તીખાશ.
૨. [સં. તિગ્મ (અત્યંત ગરમ)] સ્ત્રી. પીપર.
કોલા કપ્પા માગધી તિગ્મા તુંડિકા હોઈ,
નેરેલી રવાખા કપ્પા ચૌંઠ પીપર સોઈ.
ધન્વન્તરિનિઘંટુ
૩. વિ. તમતમતું.
૪. વિ. તીક્ષ્ણ.
૫. વિ. તીખું.

તિગ્માંશ ૧. [સં. તિગ્મ (તીક્ષ્ણ) + અંશુ (કિરણ)] પું. સૂર્ય.

સુર દિવાકર વિભાકર દિનકર ભાસ્કર ઇંદ્ર.
મિહિર તિમિરહર સહસ્રકર ઉષ્ણરશ્મિ તિગ્માંશુ.
વિશ્વપ્રકાશકોષ
૨. જુઓ તિગ્માંશુ.

તિગ્માંશુ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. [સં. તિગ્મ (તીક્ષ્ણ) + અંશુ (કિરણ)] પું. તીક્ષ્ણ કિરણ; ઉગ્ર કિરણ.
૩. પું. સૂર્ય; સૂરજ.
૪. વિ. તીક્ષ્ણ કિરણવાળું.

તિઘરા [સં. ત્રિઘટ] પું. (હિંદી) મટકી. તેમાં દૂધ દહીં રાખવામાં આવે છે.

તિચેહલ્લાકી [ઇ.] પું. અક્કો.

તિજ સ. (આકરણ) વિભક્તિ. પાણિનિ સુપ્ અને તિઙ્ બંનેને વિભક્તિ કહે છે. સુપ્ એટલે નામને જે પ્રત્યયો લાગે છે તે અને તિઙ્ એટલે ધાતુને કાળ અને અર્થના પ્રત્યયો લાગે છે તે. સુપ્ને નામિકી ને તિઙ્ને આખ્યાતિકી વિભક્તિ કહે છે.

તિચ્છકાકું વિ. ટચૂકડું; બાળબચ્ચું; બટકબોલું.

તિચિયા [હિં.] પું. (જ્યોતિષવિદ્) વહાણ ઉપરનો આકાશમાંનાં નક્ષત્ર જોવા કરનારો માણસ.

તિચ્છન વિ. તીક્ષ્ણ; તેજ.

તિચ્છમ વિ. પ્રચંડ; ઉગ્ર.

તિજ ૧. [સં.] સ. કિ. ઉપેક્ષવું.
૨. સ. કિ. ક્ષમા કરવી; માફ કરવું.
૩. સ. કિ. તીક્ષ્ણ કરવું; તેજ કરવું; ધારવાળું કરવું.
૪. સ. કિ. (ધાતુ) સહન કરવું; ખમવું; જોવું. તે ઉપરથી બનેલ શબ્દ: તિતિક્ષા, તિતિક્ષુ.

તિજ સ્ત્રી. વસ્તુ

તિજખ [સં. ત્રિજગત્] પું. (પ્રાકૃત) ત્રણ લોક.

તિજરા [સં. ત્રિ (ત્રણ) + જ્વર (તાવ)] પું. (હિંદી) જે ત્રણ દિવસે આવતો તાવ.

તિજરી [સં. ત્રાહિક] પું. તરિયો તાવ; ત્રીજે ત્રીજે દિવસે ટાઢ સાથે આવતો તાવ.

તિજવાંસા [હિં.] પું. ત્રણ મહિને ઉજવવામાં આવતો સીમંતનો ઉત્સવ.

તિજાર જુઓ તિજરા.

તિજારત ૧. [અ.] સ્ત્રી. આપલે; અવજવર; લેવડદેવડ.
૨. સ્ત્રી. વરાડો; ખપત; ઉઘાવ.
૩. [ઝ.] સ્ત્રી. વેપાર; માલ લેવો દેવો તે સોદાનું વેચાણ; રોજગાર.
૧. ફોગ તિજારત = વેપાર સંબંધી ગમગાજ.
૨. તિજારત કરવી = વેપાર કરવો; માલનું વેચાણ કરવું.
૩. તિજારતે બરી = દરિયાઈ વેપાર.
૪. તિજારતે બહરી = જમીન ઉપરનો વેપાર.

તિજારતગાહેબ્બાલી સ્ત્રી. વેપારનું મથક.

તિજારતી [અ.] વિ. વેપાર સંબંધી; વેપારનું.

તિજારિયત સ્ત્રી. વ્યાપારવાદ.

તિજારી [સં. ત્રાહિક] સ્ત્રી. (હિંદી) તરિયો તાવ; ત્રીજે ત્રીજે દિવસે ટાઢ સાથે આવતો તાવ.

તિજિજન ૧. [સં] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. પું. રાક્ષસ.

તિજુ સ. તને.

તિજોરર [અ. ટ્રેઝરર] પું. ફોજદાર; અજનબી; ગમદાર, ભાડારી; કોશાધિપતિ; કોષ.ભક્ષ; ધનાધિકારી; ખજાનદાર.

તિજોરી ૧. [અ. ટ્રેઝરિ] સ્ત્રી. નગદ નાણાં.
૨. સ્ત્રી. નાણાં રાખવાની જગ્યા; ભંડાર; ગમદારખાનું; કોષ; કોષાગાર; ધનકોષ; ખજાનો; તોશાખાનું.
૩. સ્ત્રી. નાણું લેવા આપવાનું સ્થાન.
૪. સ્ત્રી. રોકડ નાણાં, હાંડીના અને દસ્તાવેજ વગેરે કીમતી માલમત્તા રાખવાની મજબૂત લોખંડની પેટી.

તિજોરી કારકુન પું. સરકારી તિજોરીનો કારકુન.

તિઠી [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; નલોતર.

તિડકુડા (તિડકૂડા) પું. સૂંઢ.

તિડા (તિડ્ય) પું. બ. વ. વાંસાનાં હાડકાં.

તિડી (તિડ્ડી) [સં. ત્રિ (ત્રણ)] સ્ત્રી. મંજરીનું ત્રણ ખૂણીવાળું ખાનું.

તિડીકપ્રમેહ (તિડીકપ્રમેઢ) પું. એક પ્રકારનો પ્રમેહ; તણખિયો પ્રમેહ.

તિડીબિડી (તિડોબિડો) [હિં.] સ્ત્રી. ગરબડ; ગોટાળો.

તિડો (તિડ્ડો) ૧. પું. વાંસો.
૨. સ્ત્રી. (કચ્છી) ટેક.

તિઢ [પ્રા.] પું. તીડ.

તિણ ૧. [સં. તૃણ] અ. (પ્રાકૃત) વાસ્તે; માટે.

૨. સ. તે.
૩. અ. તે વખતે.

તિમ્બરુ [સં. ત્રિનયન] પું. (પ્રાકૃત) શંકર, શિવ.

તિમ્બિરિસ [સં] પું એક જાતનું ઝાડ; ગોંદ વૃક્ષ

તિમ્બી સ. તેણે.

તિમ્બે સ. તેણે.

તિમ્હા [સં. તૃષ્ણા] સ્ત્રી. (પ્રાકૃત) તૃષ્ણા; પિપાસા

તિય [સં. તત્ર] અ. (હિંદી) ત્યાં

તિયઉ ૧. [સં.] પું. આલવણી.
૨. ન. છત્ર; છત્રી.
૩. ન. (શિલ્પ) મુખ્ય અટ્ટાર માંહેનું એ નામનું એક કરણ

તિયગ્ગી સ્ત્રી. જાપ દોરાનું બનાવેલું દોરડું.

તિયડીક (તિયડોક) પું. કોકમ.

તિયના ૧. વિ. તેટલું.
૨. [સં. તાવત્] અ. (હિંદી) તેટલું; તેના જેટલું.

તિયરઞ્ચિયર ૧. [હિં] વિ. અન્યવસ્થિત; અસ્તવ્યસ્ત.
૨. વિ. વીખરાયેલું; નેરાનુંકેરાનું.
૩. અ. આમતેમ.

તિયરાત [હિં.] પું. એક જાતનું ઝાડ. તેનું મૂળિયું ઔષધિ તરીકે વપરાય છે.

તિયલી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ. તે મધુ વગેરેના ખેતરમાં ઊગે છે. તેનો ઉકેડ ઢાંક સમારાવ જેટલો થાય છે. તેની પાતળી પત્તી અને બીજ દવાના કામમાં આવે છે.
૨. સ્ત્રી. એક જાતનો સુંદર કીડો અથવા પતંગિયું. તે ભમરીઓના કુળમાં બેસે છે અને તેના પરાગ અને રસ ઉપર નિર્વાહ કરે છે. તેને ૬ પગ હોય છે. મોં ઉપરના બે બાજુના મુખ જેવા વાળ વડે તે ફૂલોનો રસ ચૂસે છે. બંને બાજુ મળીને મળી ચાર મોટી પાંખ હોય છે. જુદાં જુદાં પતંગિયાંની પાંખો જુદા જુદા રંગની હોય છે. કોઈ કોઈ પતંગિયાંની પાંખમાં સુંદર ભુટ્ટીઓ હોય છે. પાંખ સિવાય તેનું બાકીનું શરીર બહુ સૂક્ષ્મ કે પાતળું હોય છે કે તે દૂરથી દેખી શકાતું નથી. રેશમના કીડા વગેરેની જેમ પતંગિયાંના શરીરનું પણ રૂપાંતર થાય છે. ઈંડામાંથી નીકળ્યા પછી તે અમુક દિવસો સુધી ઇયળના રૂપમાં રહે છે. એવી ઇયળ બહુ કરીને છોડનાં પાંદડાંની બાજુ ચોંટી બેસેલ માલૂમ પડે છે. તે ઊગતા છોડને ક્યારેક ક્યારેક મોટું નુકસાન પહોંચાડે છે. છ અઠવાડ્યા ઉપરાંત તેને કેટલાક બીજા પગ પણ હોય છે. ઇયળ પછી તેનું રૂપાંતર થઈ પતંગિયું બની ઊડવા માંડે છે.

તિયલોઆ [હિ.] સ્ત્રી. કડવી તુંબડી.

તિયલોકી જુઓ તિયલોઆ.

તિયસી ૧. સ્ત્રી. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્રનો બીજો તારો.
૨. સ્ત્રી. (જ્યોતિષ) વિષુવાંશ ૫૮ અને ઉત્તર ક્રાંતિ ૨૪માં આવેલો ત્રાંબા જેવા રંગનો તારો

તિયંબા ૧. [હિં.] પું. અડચણ; નડતર; કુરેલી.
૨. પું. કચરોપૂંજ.
૩. પું. કરગડ, અબવરણ.
૪. પું. ઝંઝટ; તકરાર.
૫. પું. બંધો. ક્રમ.
૬. પું. મતભેદ
૭. પું. રીત.
૮. પું. સપડામણ; ફસાઈ જવું તે.
૯. પું. સરસામાન.
૧૦. પું. સંભાળ.

તિયારા ૧. [હિ.] પું. સિતારની જાતનું એક વાજું
૨. વિ. જાણ તારવાળું.

તિયાલ વિ. જેતરનારું; ખુશ્કું.

તિયાલા પું. (સંગીત) ચતુસ્ર જાતિનો ત્રિપુટ તાલ. તેને ત્રિપટ અથવા ત્રાપ્યા પણ કહે છે. તેની પણ પ્રકારની ગતિઓ છે.

તિયાલિયું ૧. વિ. આમતેમ ગમે તેવું બોલી કે અમલ કરે એવું; તડતક સમજ્યું ન સમજ્યું બોલી કે એવું.
૨. વિ. ઉકાંજણું; ત્રાટીત્રણ પાંસળીનું; ઊકરવાદિયું; ત્રિભાવણું; નાદાન.
૩. વિ. કોપી; ઝટ ગુસ્સે થઈ જાય એવા સ્વભાવ મિજાજનું.

તિયાલી ૧. સ્ત્રી. કપટ; જેતરવું તે.
૨. જુઓ તિયાલિયું.

તિયાલીસ [સં. ત્રિચત્વારિંશત્] વિ. તેતાલીસ; ૪૩.

તિતિક્ષ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. વિ. ક્ષમાશીલ; સહનશીલ; સહન કરનાર.
૩. વિ. ટાઢ અને તાપ સહેનાર.

તિતિક્ષા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, જગણ, બે નગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર આવે છે.
૨. [સં] સ્ત્રી ઉષ્ણ શીત, સુખ દુઃખ, માન અપમાન, નિંદા સ્તુતિ વગેરે દ્વંદ્વ ધર્મો સહન કરવા તે; સુખદુ ખરૂપ દ્વંદ્વભાવના મિથ્યા છે એમ યથાર્થ સમજી પ્રવર્તવું તે
૩. [સં તિજ્ (સહન કરવું)] સ્ત્રી. ક્ષમા; માફી.
૪. સ્ત્રી આમ; ઓડી રેવું તે.
૫. સ્ત્રી. ધીરજ; સહિષ્ણુતા; આમોસ; સહનશીલતા. માતવલેકર કહે છે કે: જે તિતિક્ષા અર્થાત્ સહનશીલતા કડીગરીના સબંધમાં આવશ્યક છે, એ જ સુખ દુઃખ, હાનિ લાભ, જય પરાજય, આદિ અનેક દ્વંદ્વોના સંબંધમાં આવશ્યક છે. સહનશક્તિથી જ આ દ્વન્દ્વોનાં કષ્ટ દૂર કરી શકાય છે. આ દ્વંદ્વ સહન કરવાની શક્તિથી મનુષ્ય ખરું સુખ પ્રાપ્ત કરી શકે છે.
૬. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં દક્ષે ધર્મઋષિને પરણાવેલી તેર માંહેની એ નામની એક કન્યા. તેના પુત્રનું નામ ક્ષેમ હતું.

તિતિક્ષાબ્બલ [સં.] ન. સહન કરવાની શક્તિ.

તિતિક્ષાવાદ પું. મનુષ્યોએ ઉદાસીનતા, વિરક્તપણું અને વૈરાગ્ય પાળવાં એવો મત.

તિતિક્ષિત [સં. તિજ્ (ક્ષમવું)] વિ. ધીરજ ધરનાર; આમોસ પકડનારું; સહિષ્ણુ; ક્ષમાશીલ.

તિતિક્ષુ ૧. [સં] પું (પુરાણ) ૧૬૫ રેવતા ચંદ્રવંશી મહારાજના નામના ચાવર્તી રાજાનો એ નામનો પુત્ર; ઉગ્રસેનનો ભાઈ.
૨. વિ. ક્ષમાશીલ; સહન કરનાર; સહનશીલ; ક્ષમા કરનાર; તિક્ષિતાવાળું.

તિતિભ [સં] પું. ઉદ્ભોપ કીડો

તિતિર [સં] ન. તેતર પક્ષી.

તિત્તિણ ૧. [સં.] ન. એક જાતનું માટીનું વાસણ.
૨. ન. એક પ્રકારનું તેજમિશ્રિત પકવાન; તલસાંકળી.
૩. ન. (જ્યોતિષ) સાત માંહેનો એક કર્યું.

તિત્તિભા ૧. [હિં.] પું. પરિશિષ્ટ; ઉપસંહાર.
૨. પું. પાખંડ; આડંબર
૩. પું. સેર; બાકી વધેલું તે.

તિત્તીર્ષુ [સં. તૃ (તરવું)] વિ. તરવાની ઇચ્છા રાખનાર; તરવાને અભિલાષી

તિતુલા [હિં.] પું. આંબલીના પૈડાનો આરો.

તિતુલિ જુઓ પતંગિયું

તિતુલિયા ૧ સ્ત્રી તરિયા તાવમાં અપાતી એક જાતની દવા.
૨. સ્ત્રી. તેતરની માદા.

૩. સ્ત્રી પતંજિલ.

૪ સ્ત્રી. સાપકાબખ લુગડા પહેરેલી સ્ત્રી.

તિતુલી જુઓ તિતુલિયા.

તિત્તડીક (તિત્તડીક) ન. ડોકમ

તિત્તર ન. વેદનાં ૬૯ માંહેનું એક ઉપનિષદ.

તિત્તરતીન જુઓ તિતરત્તિતર.

તિત્તાલ પું. ધુત્કો માણસ.

તિત્તાલી સ્ત્રી. ઉતરે એવું હોવાપણું

તિત્તિડા (તિત્તિડા) સ્ત્રી. એક જાતનું ઝાડ.

તિત્તિર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે વેદવ્યાસનો શિષ્ય હતો.

૨. ન. એક જાતનું જાનવર. તે ચકલીનો શિકાર કરે છે.

૩. ન. તેતર પક્ષી; મરઘાં કૂકડાંના જેવું એક સીમક્ષેત્રવાસી પંખી.

તિત્તિરિ ૧. પું. એ નામનો એક દેશ

૨. [સં.] પું. (પુરાણ) એ નામનો એક મુનિ. સ્વયંભૂ વ્યાસનો સંપૂર્ણ યજુર્વેદ ભણનારો શિષ્ય વૈશંપાયન હતો. તે વેદની ૮૬ શાખા કરીને ૮૬ શિષ્યોને ભણાવતો હતો, તેમાંની એક શાખાનું અધ્યયન કરનારો એનો જ ભાણેજ યાજ્ઞવલ્ક્ય ઋષિ હતો. તેની પાસેથી એણે કોઈ અપરાધ નિમિત્તે એ શાખા પાછી લીધી. તે પ્રખર ભૂમિ ઉપર પડી. પછી વૈશંપાયને પોતાના બાકીના શિષ્યોને આજ્ઞા કરી કે, તમે બધા મળીને આ પ્રખર શાખા જલદી ગ્રહણ કરો, નહિતર એ હમણાં જ ગુમ થઈને સ્વર્ગલોકમાં જશે. તે ઉપરથી એ બધાઓએ આ જ્વલંત શાખા ચણવાને તેતરનાં રૂપ લીધાં અને શાખા ચણી લીધી. પછી વૈશંપાયને અંગિરસ કુળનો કોણ તિત્તિરિ ઋષિ હતો તેને આ શાખા ભણાવી અથી યજુર્વેદની શાખાઓમાં એને અગ્રગણ્ય કરી. તેથી જ તે દિવસથી એ શાખા જ મુખ્ય યજુર્વેદ ભણાય છે. આ તિત્તિરિ ઋષિને તૈત્તિરિ નામે પુત્ર હતો.

૩. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૪. પું. તેતર પક્ષી.

૫. પું. યજુર્વેદ.

૬. વિ. ઈશ્વરકૃપાથી સંતુષ્ટ ઈશ્વરની મરજીને અધીન

તિત્તીસ [સં. ત્રયસ્ત્રિંશત્] વિ. તેત્રીસ; ૩૩.

તિત્રી સ્ત્રી. પતંજિલ.

તિથ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. કામદેવ

૩. પું. કાળ; સમય, વખત.

૪. પું. ચિત્રક છોડ.

૫. પું. ચોમાસું; ચોમાસુ.

૬. સ્ત્રી. તિથિ, દિવસ; તારીખ

તિથિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. પદર સૂર્યક સાંકેતિક શબ્દ

૩. સ્ત્રી. ઔર્ધ્વદેહિક ક્રિયા કરવાને માટે ઠરાવેલો અવસરમાં આવતો બારમાનો દિવસ

૪. સ્ત્રી. ચંદ્રની ગતિને અનુસરતો દિવસ, તારીખ; મિતિ; અહિનાનો ઓછો દિવસ; પખવાડિયાનો પંદરમો ભાગ. અમાસને દિવસે સૂર્ય અને ચંદ્ર એક રેખાએ આવે છે. એક ચાંદ્ર માસમા તેની ગતિ ૩૬૦ અંશ હોય છે. આ ૩૬૦ અંશની ૩૦ તિથિ ગણાય છે. સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર ૧૨ અંશ વધે તેટલા વખતની એક તિથિ થાય. ચંદ્ર સૂર્યનું પૂર્વ પશ્ચિમ અંતર શૂન્ય હોય, ત્યારે સુદિ પડવાનો આરંભ થાય છે અને ચંદ્ર સૂર્યની પૂર્વે ૧૨ અંશ જાય ત્યારે પડવો પૂરો થઈ બીજ બેસે છે ને ચંદ્ર સૂર્યની પૂર્વે ૨૪ અંશ જાય ત્યારે બીજ પૂરી થઈ ત્રીજ બેસે છે. એમ ચંદ્ર સૂર્યની પૂર્વે ૧૪૮ અંશ જાય ત્યારે વદિ ચૌદશ પૂરી થઈ અમાસ બેસે છે અને ચંદ્ર સૂર્યની પૂર્વે ૩૬૦ અંશ જાય અર્થાત્ ચંદ્ર સૂર્યનું પૂર્વ પશ્ચિમ અંતર શૂન્ય થાય ત્યારે અમાસ પૂરી થઈને સુદિ પડવો બેસે છે. એટલે એક તિથિએ ચંદ્ર અને સૂર્યની વચ્ચે ૧૨ અંશનું અંતર પડે છે. આ અંતર પડવાને મધ્યમ માન પ્રમાણે આશરે ૫૪ ઘડી, ૨ પળ લાગે છે. આ પ્રમાણે કોઈ ચોક્કસ દિવસે ચંદ્ર સૂર્ય એકત્ર આવ્યાથી તે પાછા ફરીથી એકત્ર થાય ત્યાંસુધીમાં ૩૦ તિથિ થાય છે. આર ચાંદ્ર માસના ૩૫૪ દિવસ થાય છે અને તેટલા કાળમાં તિથિ ૩૬૦ થાય છે. અર્થાત્ તિથિની ક્ષયવૃદ્ધિ વર્ષે એકંદર ૬ દિવસ ક્રમતી થાય છે. ચંદ્રની ગતિ કોઈ વાર ઉતાવળી તો કોઈ વાર ધીમી હોય છે. તેને લીધે એક તિથિ બદલે કોઈ વાર ૬૬ ઘડી કાળ ભોગવાય છે તો કોઈ વાર ૬૦ ઘડી કાળ ભોગવાય છે. તિથિનું માન કોઈ કોઈ વાર ૬૦ ઘડીથી પણ વધારે થાય છે. તે કારણથી તિથિની વૃદ્ધિ થાય છે. જેમકે, સોમવારે ૫૮ ઘડી દ્વિતીયા છે એવી કલ્પના કરીએ. ત્યારપછી ૧૨ અંશ અંતર પડવાને ૬૫ પલટિકા હોય તો સોમવારે પરોઢિયાથી ૫૮ પલટિકા સુધી બીજ રહે, ત્યારપછી બાકી ઘડી શરૂ થાય. તે સાથે સોમવારને જ દિવસે ત્રીજ શરૂ થાય. તે પ્રમાણે જ્યારે સોમવારના દિવસની બાકી રહેલી બે ઘડી, મંગળવારના આખા દિવસની ૬૦ ઘડી અને બુધવારે સૂર્યોદય પછી ત્રણ ઘડી એવી રીતે એકંદર ૬૫ ઘડી જ્યારે ત્રીજ પૂરી થાય ત્યારે ચોથ શરૂ થાય. સૂર્યોદયે જે તિથિ વગેરે હોય તે પંચાંગમાં લખાય છે. આ ઉદાહરણમાં સોમવારે બીજ લખી મંગળવાર અને બુધવારે ત્રીજ લખવી પડશે, કારણ બને દિવસે સૂર્યોદય વખતે ત્રીજ હશે. એ રીતે વધેલી તિથિ ત્રણ વારને સ્પર્શ કરે છે, તેથી તેને ત્રિસ્પૃક કહે છે. તિથિનું માન ૬૦ ઘડીથી ઓછું હોય ત્યારે ક્ષય થાય છે. જેમકે, રવિવારે સૂર્યોદય પછી બે ઘડી પછી દશમ પૂરી થઈ અને ત્યારપછી શરૂ થતી અગિયારસનું માન ૫૫ ઘડી છે. અર્થાત્ રવિવારને જ દિવસે સૂર્યોદયથી પાંચ ઘડી બાદ પછી અગિયારસ પૂરી અને બારસ શરૂ થઈ. તે વખતે રવિવારે સૂર્યોદય વખતે દશમ હતી અને સોમવારે સૂર્યોદય વખતે બારસ આવી. એકાદશી થવાને સૂર્યોદયકાળ રવિ અને સોમ વચ્ચે મળ્યો નહિ. તેથી એકાદશીનો ક્ષય થયો. એકાદશીની તિથિ સૂર્યોદય વખતે કોઈ પણ દિવસે નથી અને તેથી જ તેનો ક્ષય માન્યો એવી રીત છે. આવે વખતે ઉપવાસ કરવા માટે બે અગિયારસ આવે છે, સ્માર્ત લોકો રવિવારે જ ઉપવાસ કરશે, પરંતુ વૈષ્ણવો સોમવારે એકાદશી કરશે. તેમનો એવો નિયમ છે કે, પ્રાતઃકાળે થોડીક દશમ હોય અથવા સૂર્યોદય પહેલાં ૭ ઘડી દશમ હોય તો તે દિવસે ઉપવાસ કરવો નહિ. આવી અગિયારસને તેઓ દશમીવિદ્ધ અગિયારસ કહે છે અને ઉપવાસ બીજે દિવસે કરે છે તિથિના પાંચ વર્ગ કર્યા છે: પ્રતિપદા, પડવો અને એકાદશીનું નામ નંદા; દ્વિતીયા, બીજ અને દ્વાદશીનું નામ ભદ્રા; તૃતીયા, ત્રીજ અને ત્રયોદશીનું નામ જયા; ચતુર્થી, ચોથ અને ચતુર્દશીનું નામ રિક્તા અને પંચમી, છઠ્ઠી અને પૂર્ણિમા અથવા અમાવાસ્યાનું નામ પૂર્ણા છે. રિક્તા તિથિ શુભ કાર્ય કરવામાં વર્જ્ય છે. બાકીની તિથિઓ પોતપોતાનાં નામ પ્રમાણે ફળ આપનારાણી છે.

જોમ પામ્યે પરદશો, છઠ્ઠ કમિરમાં ભણ્યું;
એમ જ તિથિ તે વારનું નિયે પ્રભુ પ્રમાણ.
ગયો ભણી ગાંધી દલ્યો, રામ ગમાડ્યા રાન;
અઠ જનમડા લે તેહને, કળિકાળ તું માન.
.અઢીપાત્ર

ગઈ તિથિ બોલ્યો પણ ન જુએ = ભૂતકાળ ભૂલી જવો.

૫. સ્ત્રી. મરણાદિનો સાંવત્સરિક દિવસ; સંવત્સરીનો દિવસ.

તિથિઓ પું. આરંભમાં તિથિઓન. અંક મૂકવા હોય એવું બાજન.

તિથિકલ્પ પું. તિથિરૂપ કાળ.

તિથિકલ્પ અને દિનકલ્પમા અત્યંત ભેદ હોવાથી તિથિકલ્પોની અંદર દિનકલ્પરૂપ પક્ષ આદિનું મંડણ થાય નહિ એવો સિદ્ધાંત છે.

અમરવાણી આગમન

તિથિકૃત્ય [સં.] ન. તિથિએ કરવાનું કામ.

તિથિક્ષય ૧. પું. અમાસ.

૨. [સં. તિથિ + ક્ષય (વિનાશ)] પું. તિથિ ઘટવી તે. તિથિનું માન ૬૦ ઘડીયો ઓછુ હોય ત્યારે ક્ષય થાય છે. રવિવારે સૂર્યોદય પછી બે ઘડી પછી દશમ પૂરી થઈ બારપછી રાજ થતી અગિયારશનું માન ૫૫ ઘડી હોય તો રવિવારને દિવસે સૂર્યોદયથી ૫૯ ઘડી ગયા પછી અગિયારસ પૂરી થઈ અને બારશ શરૂ થઈ, તે વખતે રવિવાર સૂર્યોદય વખતે દશમ હતી અને સોમવારે સૂર્યોદય વખતે બારશ આવી. એકાદશી વખતે સૂર્યોદયમાત્ર રવિ અને સોમ વચ્ચે મળતો નહિ. તેથી એકાદશીનો ક્ષય થયો. બે સૂર્યોદયમા બધ્ધ તિથિઓ આવે ત્યારે બે તિથિ સૂર્યના ઉદયકાળમાં ન આવે તો ક્ષય ગણાય છે. જુઓ તિથિ ૪

તિથિગણિત [સં.] ન. તિથિ ઉપરથી ગણતરી કરવાનું શાસ્ત્ર.

હવે આપણે તિથિગણિત (તિથિની ગણતરી) વિષે કંઈક કહીએ છીએ તે અનુમાન ૨૯૫૦ને સુમારે બન્યું. પુરાતત્ત્વ

તિથિગ્રહણ [સં.] પું. (જ્યોતિષ) પ્રતિપદાથી પાક્ષ પાંચ તિથિ ગણતાં પાંચમ, દશમ અને પૂનમ અથવા અમાસ આવે તેની ગણતરી એક જોડ ઘડી.

તિથિતત્ત્વ [સં] ન. આરકાચાર્યે રચેલો જ્યોતિષનો એ નામનો એક ગ્રંથ.

તિથિતાલ પું. (સંગીત) એક ગતભ્રમતિ પર માત્રાનો, તાલ તેના તાલસ્થાન ૧, ૯, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૫, ૩૧, ૩૪, ૩૭, ૪૦, ૪૪, ૪૮, ૫૦, ૫૨ માત્રા ઉપર છે. કોટડીના બોલ:

૧	૨	૩
ધા તાકિટ	તરકિટ તાકિત	ધિન્ના ધાકિટ ધીંત્રક
૪	૫	૬ ૭
ધીંત્રક	ધીંત્રક ધીંના	ધા તાકિટ તાધીંના ધા
૮	૯	૧૦ ૧૧
તાકિટ	તા ધિધિંના	ધિધિંના ધિધિંના ધિન્ના
૧૨	૧૩	૧૪ ૧૫
ધાકિટ	ધિન્ના ધાકિટ	ધીંત્રક ધીંત્રક ધીંધી.

તિથિદાન [સં.] ન. તિથિએ આપવાનું દાન.

તિથિપતિ [સં.] પું. તિથિઓનો સ્વામી દેવ. જુદા જુદા ગ્રંથ પ્રમાણે આ દેવ જુદા જુદા છે. જે તિથિનો જે દેવતા હોય તેનું તે તિથિએ પૂજન થાય છે. જુદી જુદી તિથિના દેવ નીચે પ્રમાણે મનાય છે:

તિથિ	દેવતા બૃહત્સંહિતા પ્રમાણે	 વસિષ્ઠ પ્રમાણે
૧	અગ્નિ	અગ્નિ
૨	વિધાતા	વિધાતા
૩	હરિ	ગૌરી
૪	યમ	ગણેશ
૫	નાગ	સર્પ
૬	કાર્તિકેય	કાર્તિકેય
૭	સૂર્ય	સૂર્ય
૮	વસુ	મહેશ
૯	દુર્ગા	દુર્ગા
૧૦	ધર્મ	યમ
૧૧	વિશ્વેદેવા	વિશ્વેદેવા
૧૨	વિષ્ણુ	હરિ
૧૩	કામ	કામ
૧૪	શિવ	શિવ
પૂર્ણિમા	વિશ્વેદેવા	ચંદ્રમા
અમાવાસ્યા	પિતર	પિતર

તિથિપત્ર [સં.] ન. પંચાંગ; તિથિઓની વિગત બતાવનારું પત્રક; જેમા તિથિઓની વિગત લખેલી હોય એવો કાગળ કે ચોપડી

તિથિપત્રી જુઓ તિથિપત્ર

તિથિપ્રભૂતી ૧. [સં.] પું. કપૂર.

૨. પુ. અહ

તિથિયુગ્મ [સં.] ન. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

તિથિવૃદ્ધિ [સં.] સ્ત્રી. તિથિનો વધારો; બે સૂર્યોદય આવે તે તિથિ. જુઓ તિથિ ૪.

તિથિશુદ્ધિ [સં.] સ્ત્રી. ચૈત્ર માસના આરંભથી ભેષ સંક્રાંતિ સુધીનો સમય.

તિથિસંક્રમણ [સં] ન એક તિથિ પૂરી થઈ બીજી શરૂ થવી તે. બીજ તિથિસંક્રમણ દ્વારા ગ્રહનું જે ભ્રમણમાપ અવકાશમાં પ્રાપ્ત થયેલું છે તને ચાંદ્રમાસ કહે છે

તિથિસંસ્કાર [સં.] પું. ગર્ભસંસ્કારમાં આવતો એક સંસ્કાર.

તિથ્યર્ધ [સં.] ન. (જ્યોતિષ) કરણ.

તિથ્યાત્મકમાસ [સં] પું. ચાંદ્રમોલકનો માસ.

તિદ્દક સ્ત્રી. રકમ.

તિદરા [સિં.] ન. ઘણું બારણાંવાળું ઘર.

તિદરી જિ ઘણું બારણાંવાળું.

તિદંડ ૧. [મા.] પું. સંન્યાસી, ત્રિદંડીની લાકડી ધારણ કરનાર.

૨. પું. સંન્યાસીનું એક જાતનું ઉપકરણ; ત્રિદંડીની લાકડી.

તિદંડી [મા.] પું. ઘણા દંડ ધારણ કરનાર સંન્યાસી; ત્રિદંડી.

તિદાઢ ૧. પું. જડબાની.

૨. પું. સંખ્યા.

તિદારી ૧. સ્ત્રી. નદી કિનારે રહેનારી જાતની જાતની ચકલી.

૨. ન. એ નામનું એક વાજું.

ઊઠ્યા બધાં નર વાજ કેરા રણસીંગ **તિદારી** તેહ.
નિષ્કુળાનંદ

તિદ્દા ૧. સ્ત્રી. અપેડી.

૨. [અ.] સ્ત્રી. નીડ.

તિદ્દી ૧. સ્ત્રી. અપેડી.

૨. [અ] સ્ત્રી નીડ.

૩. સ્ત્રી., બાજરાનો ડોડો

તિધર [સિ.] અ. ત્યાં; તે સ્થળે

તિધારા ૧. [સિ.] પું. એ નામનો એક છોડ.

૨. પું. ઘણી નદીઓનો સમૂહ; ત્રિવેણી

તિધારું જિ. ઘણું ધારવાળું.

તિન [સિ] સ. તેમને.

તિનકા [સં. તૃણ] ન. (હિંદી) પરાળ.

તિનકાર [ફા.] પું. ઠંડાપ્રકાર.

તિનખવું અ. ક્રિ. ગુસ્સે થવું.

તિનખો [સં. તૃણ] પું. પરાળ

તિનતેરાહુ સ્ત્રી. કાટકૂટ; કજિયો.

તિનફાલ્લા ૧. સ્ત્રી. એક જાતની કેરી.

૨. વિ સ્ત્રી. વર્ષમાં ત્રણ વખત ફાલ આપે તેવી.

તિનબુના [સિ.] પું તિનિશનું ઝાડ.

તિનાદી અ. ત્યાં; તે સ્થળે.

તિનો ૧. જિ. તેટલું.

૨. જિ ના જેટલું.

તિનાશક [સં.] પું તિનિશનું ઝાડ.

તિનિદારા [સિ.] પું. ઘણા બારણાંવાળું ઘર.

તિનિશ [સં] પું સીસમની જાતનું એક ઝાડ; તણછ; કરમો. તેનાં પાંદડાં રાખી કે ચેરનાં જેવાં હોય છે તેનું લાકડું મજબૂત હોઈ કમાડ, ગાડી વગેરે બનાવવાના કામમાં આવે છે. રક્તાતિસાર, કોઢ, દાહ, રક્તવિકાર વગેરેમાં તેની છાલ, પાંદડાં કામ આવે છે.

તિન્નક ન. નાનું જોકરું; બાળક.

તિન્ના ૧. પું (ચિત્રણ) એક જાતનો સમકૃત વર્ણમેળ છંદ; કન્યા. તે પ્રતિષ્ઠા છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

૨. [હિ.] પું. ચોટલી સાથે બાંધવાનું ઘરેણાનું ઝૂમખું

તિજી [સં. તૃણ] સ્ત્રી. (હિંદી) એક જાતના ચોખા; એક પ્રકારનું જંગલી ધાન્ય. તે તળાવમાં એની મેળે ઊગી નીકળે છે. તેનો છોડ ત્રણ ચાર હાથ ઊંચો વધે છે. આ ચોખા બાફવામાં નીરસ અને શુષ્ક લાગે છે. ઋતુ વગેરેમાં તે અવાય છે.

તિત્રોન ૧. પું. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.

૨. [અ.] પું. મોટો સર્પ.

તિપત્યા [હિ.] વિ. ત્રણ પંક્તિવાળું.

તિપહર પું. દિવસનો ત્રીજો પહોર.

તિપંચ [હિ.] વિ. પંદર; ૧૫.

તિપાઈ સ્ત્રી. ત્રણ પાયાનું આસન; ત્રણ પગની બેઠી, ત્રણ પગવાળું નાનું ટેબલ.

તિપાની [સં. ત્રિપર્ણી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના નાના વેલા વાડ ઉપર અને ઝાડોની આજુબાજુના ખેતરમાં પણ થાય છે. તેનાં પાંદડાં ભારીક અને આકારે જોંધળિયાના પાંદડાં જેવાં હોય છે. એ વેલાને ત્રિદલ પાંદડા આવે છે. એ વેલો મધુર તથા શીત છે અને શ્વાસ, દમ, કાસ, ત્રણ તથા વિષનો નાશક મનાય છે. તેના પાન ગૂમડું પોડવા કામ આવે છે. ત્રણ ઉપર આ પાંદડાંની રાખ છંટાય છે.

તિપારી ૧. [હિ.] સ્ત્રી. એ નામનો છોડ; મકાઈ. તે વરસાદમાં એની મેળે જમીનમાં ઊગી નીકળે છે. તેની પત્તી નાની અને માથે વાળવાળા હોય છે. તેમાં કણેદ્રણના મુખ્ય આવે છે. દૂધ સપુટના આકારનાં થાય છે. તે ઉપર પાતળું પડ હોય છે.

૨ સ્ત્રી. એક જાતનું ખાવાનું ફળ. સાધારણ રીતે તેનું નામ કેપ ગુસબેરી અથવા જાડિઅમેરી છે.

તિપિટક [સં. ત્રિપિટક] ન. બૌદ્ધ ધર્મનો ગ્રંથસંગ્રહ. પાલી ભાષામાં બાદ્ધ ગ્રંથો ઘણા પ્રાચીન છે એમ સામાન્ય માન્યતા છે. તેમાં ખાસ કરીને તિપિટક એ મહત્ત્વનો ગ્રંથ છે. તિપિટક એક પુસ્તકનું નામ નથી, તેમાં તો અનેક પુસ્તકોનો સમાવેશ થયેલો છે. જેમ સનાતનધર્મીઓ માટે વેદ અને જૈનો માટે આગમો છે, તેમ હીનયાન પંથના બૌદ્ધો માટે તિપિટક પ્રમાણભૂત ગ્રંથો છે. તિપિટકનું કદ મહાભારત કરતાં લગભગ ત્રણગણું થાય. તે કયારે અને કયાં રચાયાં, કોણે રચ્યાં વગેરે કહેવું મુશ્કેલ છે. કેટલાકની માન્યતા એવી છે કે, તેમની રચના પણ પાટલિપુત્રમાં થઈ હતી અને પછી અશોક રાજાનો પુત્ર મહેંદ્ર જ્યારે ધર્મપ્રચાર કરવા સિલોનમાં ગયો ત્યારે તે તેમને સાથે લઈ ગયો હતો. આ ગ્રંથનાં ભાષાંતરો અને રૂપાંતરો સિંહલી, બર્મી, ચીની, જાપાની વગેરે ભાષામાં થયેલાં છે. એને ત્રિપિટક કહેવાનું કારણ એ છે કે તેમાં ત્રણ પિટકો એટલે સમૂહ છે: ૧. સુત્તપિટક, ૨. વિનય પિટક અને ૩. અભિધમ્મ પિટક. એક મત એવો છે કે, પ્રથમ સુત્ત અને વિનય એમ દ્વિપિટક એટલે બે જ પિટકો હતાં.

તિપુર ૧. સ્ત્રી. આસામ બંગાળ તરફ બોલાતી એક ભાષા.

૨ સ્ત્રી. નવરાંકરીની રમત.

તિપ્પા ૧ વિ. ત્રણ પડવાળું.

૨. વિ. ત્રિગુણ; ત્રણગણું.

તિપ્પા સ્ત્રી. (સંગીત) તાલ આપવા માટેની લાકડાની દાંડી.

તિફેરહા ૧. [અ. ફરક (જુદું પાડવું)] પું. અણબનાવ; કુસંપ.

૨. પું. છૂટું પાડવું તે.

તિફ્લ [અ.] ન. બાળક; બચ્ચું

તિફ્લાના [અ] વિ. બાળકબુદ્ધિનું; બોદરબુદ્ધિનું.

તિફ્લી ૧. [અ.] સ્ત્રી. બાલ્યપણું; બાળકપણું; બાળકની સ્થિતિ.

૨. સ્ત્રી. મૂર્ખાઈ

તિબ્બત પું. તાબ્બત; તર્વજ્યો.

તિબ્બાબત સ્ત્રી. વૈદું; વૈદનો ધધો.

તિબ્બાર ૧. [હિ.] પું. ત્રણ ભારણાવાળો ઓરડો

૨. ન. ત્રણ વખત.

તિબ્બારહ [સં. ત્રિ (ત્રણ) + બાર (વખત)] વિ. ત્રણગણું; ત્રેવડું.

તિબ્બારહ જુઓ તિબ્બાર.

તિબ્બારી ૧. સ્ત્રી. ત્રણ કરવાળવાળો ઓરડો

૨. સ્ત્રી. મંદિર બાજણની અને પડખેની ઓસરી.

તિબ્બારી [હિ.] સ્ત્રી. ત્રણ દિવસનું પાતર; વાસી

તિબ્બિયા વિ વૈદ્યનું; વૈદક સંબંધી.

તિબ્બેટ [સં. ત્રિબોટ] પું. હિમાલયની ઉત્તરે આવેલો એ નામનો એક દેશ. તે ત્રણ કાંઠે હોઈ ત્યાં ઘાટ વગેરે ત્રણ ઓજાં થાય છે. ત્યાંના રહેવાસી તાતારીઓને મળતા છે અને મુખ્યત્વે ઊનના ધાબળા, કપડાં વગેરે બનાવીને પોતાનો નિર્વાહ કરે છે. આ દેશ કસ્તૂરી અને ચામર માટે પ્રસિદ્ધ છે. સુરા ગાય અને કસ્તૂરી મૃગ ત્યાં ઘણા છે. ત્યાંના રહેવાસી બધા મહાયાન શાખાના બૌદ્ધ છે. ત્યાં બૌદ્ધ ધર્મના અનેક મઠ તથા મહંતો છે. કૈલાસ પર્વત અને માન સરોવર તિબેટમાં છે. તે હિંદુ તેમ જ બૌદ્ધો બંનેનાં તીર્થસ્થાન છે. કેટલાક લોકો તિબેટને ત્રિવિષ્ટપ એટલે સ્વર્ગનું અપભ્રંશ બનાવે છે.

તિબ્બેટન ૧. સ્ત્રી. તિબેટની એ નામની ભાષા.

૨. વિ. તિબેટ દેશનું; તિબેટ સંબંધી.

૩. વિ. તિબેટમાં રહેનાર.

તિબ્બેટી જુઓ તિબેટન.

તિબ્બ્ય ૧. [અ.] સ્ત્રી. દવા.

૨ સ્ત્રી. વૈદક શાસ્ત્ર.

તિબ્બ્યત [હિં.] ન. એ નામનો એક દેશ; તિબેટ; ચામિદા. જુઓ તિબેટ.

તિબ્બ્યતી ૧. પું. તિબેટમાં રહેનાર.

૨. સ્ત્રી. તિબેટની ભાષા.

૩. [હિ.] વિ. તિબેટ દેશનું

તિબ્બ્યી વિ. વૈદક સંબંધી; વૈદકનું.

તિમ ૧. [સં.] ન વિ. (ધાતુ) ભીનું થયું; પલળવું.

૨ ન વિ. ભીનું કરવું; પલાળવું.

તિમ ૧. પું. એક જાતનો મત્સ્ય.

૨. પું. નમાઈ; કુદુબિ.

૩. [સં. તથા] અ. તેમ.

જિમ જિમ હરિ જઈ છે રે,
તિમ તિમ ઊભી ચલતી બાળ. મોવિંદમન

તિમર ૧. ન. અજ્ઞાન.

૨. [સં. તિમિર] ન. અંધકાર.

તિમસલ્લ [અ.] સ્ત્રી. ચિત્ર, છબી.

તિમળિયા ૧. સ્ત્રી. સુથારનો ધધો કરતી સુરત તરફ રહેતી એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તિમંગળ ૧. પું. દૈત્ય; રાક્ષસ.

૨. [સં. તિમિંગિલ] પું. મગરમચ્છ; ઘણો મોટો મત્સ્ય

૩. પું. વરેલ નામની માછલી.

૪. વિ. મારું જબરું; બહુ મોટું.

તિમારદારી સ્ત્રી. બીમારની સેવાચાકરી, માંદાની માવજત.

તિમારી ૧. [હિં.] સ્ત્રી. ચાળીસ અવસારનો એક તોલ. તે પહાડી દેશોમાં પ્રચલિત છે.

૨. સ્ત્રી. ત્રણ માસાહારનો એક જાતનો તોલ.

તિમિ ૧. પું. આંખનો એક રોગ; રતાંધળાપણું.

૨. [સં.] પું. મચ્છ.

૩. પું સમુદ્રમાં જન્મેલ એક જાતનું માછલું; મગરમચ્છ.

સકરી અનિમિષ મચ્છ તિમિ પૂપુરોમા પાઠીન, મકર ઉલૂપી અંડજ વેસાસ્થિ ગ્રભ મીન. પિંગલપુરે. ૨

૪ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પાંડ્યવંશીય દુર્વ નામના રાજાનો એ નામનો પુત્ર. ૫ જી. વહેલ જાતની માછલી.

૬. ન. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર; વિષુવાંશ ૯૦થી ૧૩૫ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૬૦થી ૭૫માં આવેલું એક તારામંડળ.

તિમિકોષ [સ] પું. સમુદ્ર; દરિયો

તિમિજ [સં.] ન. તિમિ નામના માછલામાંથી નીકળતું એક જાતનું મોતી

તિમિત ૧ [સં.] વિ. અચળ; નિશ્ચલ; સ્થિર. ૨. વિ. ભીનું; ભીનાશવાળું.

તિમિધ્વજ [સં.] પું (પુરાણ) પું. દંડકારણ્ય નજીકની વૈજયંત નામની નગરીનો રાજા; શંબર તે અસુરોના પક્ષમાં ભળીને ઇંદ્રની સામે યુદ્ધ કરતો હતો ત્યારે શું કરવું એવા વિચારમાં પડીને ઊભો ઇંદ્ર દશરથ રાજાને પોતાની મદદે બોલાવ્યા. દશરથે ઘોર યુદ્ધને અંતે અસુરો સહપર્વતમાન તિમિધ્વજનો કેળવ પરાજય કર્યો. પણ ગૌતમ ઋષિ દશરથને એક અપંથર બાણ વાગી તે મૃત્યુના સમી મૂર્છામાં પડ્યા. આ પ્રસંગે દશરથની સ્ત્રી કૈકેયી એની સાથે હતી. એણે બહુ ચતુરાઈથી રથને એક બાજુએ લઈ જઈ રાજાને સાવધ કર્યા. સાવધ થતાં એણે જોયું કે અસુરો સહિત તિમિધ્વજ નાસી છૂટ્યો છે અને પોતે મૂર્છિત થયા ત્યારે કૈકેયીએ પોતાનું સરક્ષણ કર્યું છે. આથી ખુશ થઈ એણે કૈકેયીને બે વરદાન માગવાનું કહ્યું. કું બીજી ગમે તે વેળા માગીશ એમ કહીને કૈકેયીએ તે વખતે કાંઈ માગ્યું નહિ. પછી કૈકેયી સાથે દશરથ અયોધ્યામાં પાછા આવ્યા. છેવટે દશરથના પુત્ર રામચંદ્રે આ વૈરને મારી બહેન ઝાલેથી હિંમતથી મેળવ્યું હતું.

તિમિન પું. (પુરાણ) એ નામનો એક કાલ્પનિક મત્સ્ય.

તિમિપતિ ૧ [સં.] પું. માછલાંનો સ્વામી. ૨. જી. ગંગા નદી.

તિમિપુચ્છ પું (જ્યોતિષ) વિષુવાંશ ૪ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૬માં આવેલો ત્રીજા મહત્ત્વનો તા.રો

તિમિર ૧ ન. અજ્ઞાન.

૨. [સં.] ન. અંધકાર; અંધારું.

તિમિર જયું ને જ્યોતિ પ્રકાશ;
વિષ્ણુને કરમાં જ્યો જ્યો ૨. નરસિંહરાવ

૩. ન. આંખના ૮૮ માંહેનો એક રોગ, આંખે અધારું આવવાં તેજ તમ્મર; આંખ આડે પડદા હોય અથવા મૃગજળ દેખાતાં હોય એવાં કૂંડાળાં વળવાં તેજ સ્પષ્ટ નહિ દેખાવું તે. દશમૂળથી સિદ્ધ કરેલા ઘીમાં ચોપટ દૂધ અને ત્રિફળાનો કલ્ક નાખી તે ખાવાથી વાતજ તિમિરનો નાશ થાય છે. ગરમમા ગુટિકા પાણી સાથે ઘસી આંખમાં આંજવાની પણ તિમિર નામના આંખના રોગનો નાશ થાય છે

૪. ન. એક જાતનું ઝાડ; ચેરિયાં.

૫ વિ. અંધારાવાળું

તિમિરકરા વિ જી. અંધારું કરનારી

આપી હમે અલ્પ દૃષ્ટિ પણ તિમિરકરા
નરસિંહરાવ

તિમિરટાળો વિ. અંધારું દૂર કરે એનું'

તિમિરનાશન ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨ પું. દીવો

૩. પું. સૂર્ય

૪. વિ. અંધારાનો નાશ કરનાર.

૫. વિ. તિમિર નામના આંખના રોગનો નાશ કરનાર

તિમિરનિધિ [સં.] પું. અંધકારનો ભંડાર.

તિમિરનિષૂદન જુઓ તિમિરનાશન.

તિમિરનુદ જુઓ તિમિરનાશન.

તિમિરપૂર ન. તિમિરનિધિ; અંધકારનો ભંડાર.

સંસારની સોહામણી પ્રભુતા તેમ દૂબી હતી તિમિરપૂરમાં. નાનાલાલ

તિમિરભેદન જુઓ તિમિરનાશન.

તિમિરરિપુ જુઓ તિમિરનાશન.

તિમિરરોગ [સં] ન. આંખે પડળ આવવાનો રોગ. ડોળામાં પડદા છે તેની અંદર રોગ જવાથી આ રોગ થાય છે. તેમાં દરદી જાતજાતની આકૃતિઓ જુદા જુદા રંગે જુએ છે, દૃષ્ટિ સામે કૂંડાળાં દેખે છે, છેટે હોય તે પાસે અને પાસે હોય તે છેટે દેખે છે. તે મટાડવા આંજણાં, રસવતી અને મધ ઘૂંટીને આંજવાં. હીરાબોળ તથા મોરથૂથુ લીંબુના રસમાં ઘૂંટીને આંજવું.

તિમિરલોપક જુઓ તિમિરનાશન

તિમિરહર [સં.] પું સૂર્ય. જુઓ તિમિરનાશન.

સુર દિવાકર વિભાકર દિનકર ભાસ્કર ઇંદ્ર, મિહિર તિમિરહર સહસ્રકર ઉષ્ણકરિમ તિગ્માંશુ. પિંગલપ્રકોષ

તિમિરારિષ્ટ જુઓ તિમિરનાશન.

તિમિરારિ જુઓ તિમિરનાશન.

તિમિરાવરણ જુઓ તિમિરનાશન.

તિમિરાવલિ [સં.] પું અંધકારનો સમૂહ.

તિમિરાવલી જુઓ તિમિરાવલિ.

તિમિરાવૃત [સં. તિમિર (અંધારું) + આવૃત (ઘેરાયેલું)] વિ. અંધકારવાળું; અંધારાથી ઘેરાયેલું

તિમિરાશય જુઓ તિમિરાવલિ.

તિમિરાંતક જુઓ તિમિરનાશન.

તિમિરાંધકાર [સં.] ન. ગાઢ અંધારું.

તિમિરિ [સં.] પું. એક જાતનું મોટું માછલું.

તિમિરોદ્ગતિ [સં. તિમિર (અંધારું) + ઉદ્ગતિ (ઉત્પન્ન થવું તે)] જી. અંધારાનું આવવું તે

તિમિલા જી એક જાતનું વાદ્ય; ઝાલર.

તિમિવર્ગ [સં. તિમિ (માછલું) + વર્ગ (સમૂહ)] પું. વહેલ વગેરે દરિયાઈ પ્રાણીનો વર્ગ.

તિમિવિદ્યા [સં. તિમિ (માછલું) + વિદ્યા (જ્ઞાન)] જી. વહેલ વગેરે દરિયાઈ પ્રાણી વિષેનું જ્ઞાન.

તિમિષ ૧. [સં.] પું. તરબૂચ.

૨. જી. દૃષ્ટિ.

તિમિંગલ ૧. [સં. તિમિંગિલ] પું. એ નામનો એક દ્વીપ.

૨. પું. (પુરાણ) પારિયત્ર સમયનો રામચંદ્ર પર્વત ઉપરનો એ નામનો રાજા.

૩. પું. મોટું માછલું; મગરમચ્છ; મગર.

ગોલે મોટે તિમિંગલે વિષમ જે માર્યો કહે આપણે
કેશવ કર્ણદ

૪. પું. રાક્ષસ

શાંત તિમિંગલ ન વધે સીધા. કેશવકૃતિ

૫. પું.,ન. રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે ગોલાર્ધમાં આવેલ એક તારાસમૂહ; વિષુવાંશ ૦ થી ૪૫ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૦ થી ૩૦માં આવેલું તારામંડળ; 'સીટસ.' તેનો આકાર મોટા માછલા જેવો છે.

અશ્વિનીથી ચોથેક દક્ષિણે તિમિંગલ મંડલ અતિવેલું છે. આના તારાઓ ઝાંખા ઝાંખા છે.
આકાશદર્શન

તિમિંગલારાન જુઓ તિમિંગિલારાન.

તિમિંગળો જુઓ તિમિંગલ.

તિમિંગિલ જુઓ તિમિંગલ.

તિમિંગિલગિલ [સં.] પું. એક જાતનું મોટું માછલું. તે તિમિંગલ જાતિના માછલાને પણ ગળી જાય છે.

તિમિંગિલારાન ૧. [સં.] પું. એ નામના દેશનો રહેવાસી.

૨. પું. દક્ષિણમાં આવેલો એક દેશ. તેની અંદર હંસા વગેરે છે અને ત્યાંનાં રહેવાસી તિમિંગિલ મત્સ્યનું ત્યાં થાય છે.

તિમી ૧. [હિં.] સ્ત્રી. તિમિ માછલું.

૨. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની કન્યા. તે કશ્યપની સ્ત્રી હતી

તિય ૧. પું. કાંઠો.

તિય જિન નીર ગભીર,
મીન બસે સબ નીરમેં.

ઓમપદ

૨. સ્ત્રી. ઓરત; નારી; સ્ત્રી.

તરુણી રમણી સુંદરી
સીમંતિની પણ હોઈ,
તિય તજ સમ ત્રણ લોકમાં
રમી વિરચી ન કોઈ.

પિંગળપુરોપ

તિયતરા [હિં.] પું. ત્રણ દીકરી પછી અવતરેલો દીકરો.

તિયા ૧. [હિં.] સ્ત્રી. ગંજીફામાં ત્રણ ચકીવાળું પાનું; તીઢી.

૨. સ્ત્રી. પત્ની; ભાર્યા.

૩. સ્ત્રી. બૈરી; સ્ત્રી.

૪. સ્ત્રી. માદા પક્ષી.

૫. સ્ત્રી. શ્રાવણ સુદિ ત્રીજને દિવસે ઊજવાતો એક હિંદુ તહેવાર.

૬. સ્ત્રી. સુદિ કે વદિનો ત્રીજો દિવસ.

તિયાગ જુઓ ત્યાગ.

તિયાગી [સં. ત્યાગિન્] વિ. ત્યાગ કરનાર.

તિયાને સ્ત્રી. જમાબંદીમાં લેવાતી એક નાની રકમ.

તિયાં અ. તે ઠેકાણે. સાં.

ખેતર ખાખરે ખાટ,
તિયાં રખોલાં હોય કરે. ભોજાદહિલ

તિયાંસી [સં. ત્રયશીતિ] વિ. ત્યાશી; ૮૩.

તિર પું. (જરથોસ્તી) એ નામનો એક ફિરસ્તો.

તિરકણું વિ. વાંકું.

તિરકરા ન. બાજુનું બાવું.

તિરકસ ૧. ન. ગોળનો વાંકો બાજુ વાંક.

૨. [પ્રા.] ન. ભીંતમાનું બાકું બાકું; ભીંતમાં આડી કે વાંકી ઈંટો મૂકીને બનાવેલું નાનું બખોલિયું. આ બાકું એક ઈંટ જેટલું પહોળું ને જેટલું જ ઊંચું હોય છે અને વચમાં એક ઈંટ ઊભી મૂકેલી હોય છે.

હવાની અવરજવર માટે એક મુખ્ય બારણા ને કેટલક્રમ તિરકસો હતા.

મુદ્રા અને પ્રકીર્ણ

૩. વિ. વાંકું; વાંકું એખેલ તીર જેવું; કટારાકું; તીરકું.

તિરકસદેડે પું. ઉંટ કવાયતનો એક દાવ. તેમાં ઉપલો ભાગ જમણું બાજા બાજા અને નીચલો ઊંટો ડાબા હાથ તરફ રહે એમ દોને વાંસો સામસામાં આવે છે.

તિરકસિયું ૧. ન. બંદૂકની ગોળી નીચેની બાજુએ મારવાનું બિલાડા કોઠામાંનું વાંકું કાકું.

૨. ન. ભીંતમાં આડી કે વાંકી ઈંટો મૂકીને બનાવેલું નાનું બખોલિયું.

૩. વિ. તીરકું; વાંકું; વક્ર; વાંકું.

તિરકસું જુઓ તિરકસ.

તિરખા ૧. [સં. તૃષા] સ્ત્રી. તરસ; પ્યાસ.

૨. સ્ત્રી. વાંછના; ઇચ્છા.

તિરખાવંત ૧. વિ. ઇચ્છાવાળું

૨. વિ. તરસ્યું.

તિરખૂંટ ૧. સ્ત્રી. ત્રણ બાજુવાળી આકૃતિ; ત્રિકોણ.

૨. સ્ત્રી. ત્રિકોણ આકારની બારી પૂરી.

૩. વિ. ત્રણ બાજુવાળું.

તિરખૂંટી [હિં.] વિ. ત્રણ બાજુ બીજી હોય એવું.

તિરજ [હિં.] પું તિનિશ વૃક્ષ; તણજ.

તિરજ ૧. ન. એક પ્રકારનું રેશમી કાપડ. તે અસ્તરના કામમાં આવે છે.

૨. વિ. વાંકું; વાંકું.

૩. વિ. મૂર્ખ; જેવુંતેવું.

૪. વિ. હઠીલું; જક્કી.

તિરછાયું ન. વિ. મરવાનું; વંકાવું.

તોરણે બાંધ્યાં કદલીનાં પત્ર ઊંચે જોઈ,
વધૂ તરસ્યા નિરખતી એ તાજા આ અક્ષતમુખ તેજું.

ગીતગોવિંદ

તિરછી બેઠક સ્ત્રી. મલખંભની એક જાતની કસરત.

તિરછું ૧. [સં. તિર્યક્-તિરશ્ચ-તિરશ્ચ-તિરછું] વિ. તીરના જેવું.

૨. વિ. વાંકું; વાંકું, બાકું; કતરાતું

નયન તિરછાં ચેનાનાં એ નિહાળી રહ્યાં હતાં.

કલાપી

તિરજંચ ૧. [સં. તિર્યંચ્] ન. પક્ષી.

૨. વિ. વાંકું; વાંકું.

તિરથલ [મ.] પુ. જમીનદાર અથવા દરબારને રેવાનો ખેતરની નીપજનો ત્રીજો ભાગ.

તિરથલી [મ.] પું. નીપજનો ત્રીજો ભાગ જમીનના માલિકને આપવાની શરતે જમીન ખેડવા રાખનાર ખેડૂત.

તિરપ [હિં.] સ્ત્રી. વૃક્ષમાં એક પ્રકારનો તાલ.

તિરપટ [હિં.] વિ. મુશ્કેલ; વિકટ; અઘરું.

તિરપાઈ ૧. [સં. ત્રિપદ] સ્ત્રી. ત્રણ પાયાવાળી ખોડી; સ્ટૂલ.

૨. સ્ત્રી. માંચી; ખાટલી.

તિરપૌલિયા ૧. [હિં.] પું. એક જ બીજીમાં ત્રણ કરવાળ હોવા તે.

૨. પું. ત્રણ બારણાં અને ત્રણ કમાનવાળું મકાન.

તિરબાચરી સ્ત્રી. (કચ્છી) એક પ્રકારની વનસ્પતિ; તલબાવળી.

તિરબેની [સ. ત્રિવેણી] સ્ત્રી. (હિંદી) ત્રણ નદીનો સંગમ; ત્રિવેણી.

તિરભો [હિં.] સ્ત્રી. સિંધ દેશની એક જાતની હોડી.

તિરભવન [સં. ત્રિભુવન] પું. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોક.

તિરમિરા ૧. [હિં.] પું. ઘી, તેલ વગેરેનું પાણી ઉપર તરતું તે

૨. પું. તેલનો ડાઘ.

૩. પું દૃષ્ટિને અવરોધનાર તત્ત્વ.

તિરમિરાહટ સ્ત્રી. આંદોલન; ફુલ્લરી.

તિરમિરી ૧. [સં. તિમિર] સ્ત્રી. અંધારું.

૨. સ્ત્રી. આંખે અંધારાં આવવાં તે.

તિરયાક [અ.] વિ. ઝેરનો નાશ કરે એવું.

તિરવટ [હિં.] પું. એક જાતનો રોગ.

તિરવન સ્ત્રી. (સંગીત) હિંડોળ રાગની બાર માંહેની એક પુત્રવધૂ; એ નામની એક રાગિણી.

તિરવાહ ૧. [હિં.] પું. નદીનો પટ.

૨. અ. કિનારે કિનારે; કાંઠે કાંઠે.

તિરવું ક્રિ. વિ. તરવું; પાર ઊતરવું.

મહા નદી તાપી તિરિ, ઉતરા આવા તામ.

કેસરાજમુનિ

તિરશ્ચી ૧. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૨. [સં.] સ્ત્રી. ઋગ્વેદના આઠમા મંડલનું ૬૫મું સૂક્ત રચનાર એક ઋષિ.

૩. સ્ત્રી હલકી જાતિની સ્ત્રી.

તિરશ્ચીધુતાન સ્ત્રી. ઋગ્વેદના આઠમા મંડલનું ૬૫મું સૂક્ત રચનાર એક ઋષિ.

તિરશ્ચીન ૧. પું. ગરદન હલાવવાના ચાર માંહેનો બીજો પ્રકાર; સાપની જેમ બાજુ ગરદન ઊંચી કરવી તે.

૨. [સં.] વિ. અનિયમસર.

૩. વિ. એક બાજુનું.

૪. વિ. તીરકું; વાંકું, વાંસું.

તિરશ્ચીનગતિ [સં.] સ્ત્રી. કુસ્તીમાં એક જાતનો પેંતરો; મલ્લયુદ્ધની એક ગતિ.

તિરસ્ ૧. [સ.] અ. છાની રીતે.
૨. અ. તિરસ્કાર દર્શાવતો પૂર્વપ્ર.
૩. અ. વાંકું, આડું, તીરછું.

તિરસ્કર [સ.] વિ. ઢાંકનાર; આચ્છાદક.

તિરસ્કરણ [સં.] ન. તિરસ્કાર; ધિક્કાર; હડધૂત કરવું તે.

તિરસ્કરણી જુઓ તિરસ્કરિણી.

તિરસ્કરણીય [સં] વિ. ધિક્કારને પાત્ર.
વિદ્યાર્થીને અનુકૂળ પડ્યું, તેના માનસ પરિવર્તન દ્વારા જ તેના માટેની શિક્ષણપદ્ધતિની યોજના કરવી, એ વિચાર વહ્યો કેળવણીમાં તિરસ્કરણીય નહિ તો હાસ્યાસ્પદ તો જરૂર ઠેરવાતો. દક્ષિણામૂર્તિ ત્રિમાસિક

તિરસ્કરવું સ. ક્રિ. ધિક્કારવું; અવજ્ઞાના કરવી.

તિરસ્કરિણી ૧. [સં.] સ્ત્રી. અદૃશ્ય થવાની વિદ્યા
૨. સ્ત્રી. અદૃશ્ય બનાવતી ઇંદ્રજાલ શક્તિ
૩. સ્ત્રી. અંતરપટ, કનાત, પડદો, ચાદર; તંબુની વસ્ત્રની ભીંત.

તિરસ્કાર ૧. [સં.] પુ. અનાદર; અપમાન; ધિક્કાર; હિકારત; દ્વેષ વગેરે કારણોથી મનમાં ઉત્પન્ન થયેલો અમુક પ્રકારનો કે પદાર્થ તરફનો અણગમો ધિક્કાર મનમાં ઊંડો બેઠેલો હોય છે અને તે ખુલ્લી રીતે બોલી બતાવાતો નથી. તિરસ્કાર તુચ્છકારના શબ્દ વડે બોલી બતાવાય છે.
૨. પું. અનાદરપૂર્વક ત્યાગ.
૩. પું. આચ્છાદન; ઢાંકવું.
૪. પું. (કાવ્ય) એક જાતનો અલંકાર. મુખ્યથી કરીને પ્રસિદ્ધનો પણ કોઈ કોઈવિશેષના સંબંધથી દ્વેષ એ તિરસ્કાર અલંકાર છે. જેમકે, શ્રી ન આવું ભાગવંતની, ભક્તિ દિયે ભુલાવી
૫ પું. ઢાંકવાપણું તે
૬ પું. તરછોડી કે તુચ્છ ગણી નાખવું તે; તુચ્છકાર.
તિરસ્કાર કરવો = તુચ્છકારવું, તરછોડી નાખવું; તુચ્છકાર કરવા.
૭. પું. નિંદા.
૮. પું. અપ્તર
૯. વિ. ઢાંકનાર.
૧૦. વિ. તિરસ્કાર કરનાર; અનાદર કરનાર.

તિરસ્કારપૂર્વક [સ] અ. તિરસ્કાર સાથે, તિરસ્કાર કરીને; તિરસ્કારથી.

તિરસ્કારયુક્ત [સ.] વિ. ધિક્કારવાળું, અવજ્ઞાના ભરેલું.

તિરસ્કારવાચક [સં] વિ. તિરસ્કાર દર્શાવનારું, ધિક્કાર બતાવનાર.
પ્રત્યયો બહુધા ગાલપ્રદાયક, સંપુટાવસ્થાદ કે તિરસ્કારવાચક હોય છે. કમળાશંકર

તિરસ્કારવું સ. ક્રિ. તિરસ્કાર કરવો; ધિક્કારવું.

તિરસ્કારશીલ [સ.] વિ. તિરસ્કારયુક્ત; પ્રકૃતિ કે આદત કે તિરસ્કારશીલ કોણ બધે ફરી પણ શરમાવની એની કાયરતા પણ અને તો બહુ જેની જ લાગે. કૌમુદી

તિરસ્કારશીળ જુઓ તિરસ્કારશીલ.

તિરસ્કારિણી જુઓ તિરસ્કરિણી.

તિરસ્કારી ૧. [સં. તિરસ્કારિન્] વિ. ઢાંકનાર.
૨. વિ તિરસ્કાર કરનાર; અનાદર કરનાર.

તિરસ્કાર્ય ૧. [સં.] વિ. ઢાંકનાર.
૨. વિ. તિરસ્કાર કરનાર; અનાદર કરનાર.
૩. વિ. તિરસ્કાર કરવા યોગ્ય; ધિક્કારને પાત્ર.

તિરસ્કૃત ૧. [સં.] પું તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર
૨. વિ. અનાદરપૂર્વક ત્યાગ કરેલું.
૩. વિ. ગુમ; આચ્છાદિત; ઢાંકેલું.
૪ વિ. તિરસ્કારેલ, અપમાન કરેલ; તરછોડેલું તુચ્છ ગણી કાઢી નાખેલું.

તિરસ્કૃતિ જુઓ તિરસ્કાર.

તિરસ્ક્રિયા ૧. [સં.] સ્ત્રી. અનાદર; અપમાન; તિરસ્કાર
૨. સ્ત્રી. ઢાંકવું; આચ્છાદન.
૩. સ્ત્રી. પરદો

તિરહુત પું. બિહાર પ્રદેશ. તેની અંદર હાલના મિદ્વારના મુઝફ્ફરપુર તથા દરભંગા એ બે જિલ્લા આવેલા છે.

તિરહુતિયા ૧ પું. તિરહુતનો નિવાસી
૨ સ્ત્રી તિરહુતની ભાષા
૩. વિ. તિરહુતનું; તિરહુતમાં બનેલું

તિરંગી પુ. ખલાસીઓમાં વપરાતો એક જાતનો બંધ; ગલરાગ

તિરાઈ સ્ત્રી. ટેકરીની તળેટીમાં આવેલી જમીન; તળેટી.

તિરાકૃત પુ. ત્રાસિત; ગભરાયેલો આયુલ.

તિરાજ ૧. [અ.] પું સોનેરી ભરતકામ.
૨. વિ. કલાબતૂનું; સોનેરી આપવું.

તિરાઝી [અ.] સ્ત્રી. રાજીનામું તે.

તિરાડ [જા.] ન. ચાસવું.

તિરાનમેં [સં. ત્રિનવતિ] વિ. ત્રાણું; ૯૩.

તિરાનવ્વો જુઓ તિરાનમેં.

તિરાના સ્ત્રી. (સંગીત) એક જાતનું સંગીત. દર, દર દર, તનનન, દીમ દીમ, નારે નારે ઇત્યાદિ શબ્દોથી જ જે ગીત ગવાતી હોય તેને તિરાના અથવા તિલાના કહે છે

તિરાનો જુઓ તિરાનમેં.

તિરાપત સ્ત્રી. સંતોષ.

તિરામ પું. જ્વર; તાવ.

તિરાય પું. તરવું તે; તરવાની ક્રિયા.

તિરાલ ૧. પું. ત્રાસ; ભુલભ.
૨. સ્ત્રી. તરસ; તૃષા.
૩. સ્ત્રી. બીક; ભય.

તિરાસી [સં. અશીતિ] વિ (હિંદી) ત્યાસી, ૮૩.

તિરાહા [હિં.] પું. ત્રિભેટો; ત્રણ માર્ગનો સંગમ; ત્રણ રસ્તા જ્યાં મળે તે જગ્યા.

તિરાહિત વિ. ત્રાસિત; પરાસું; અળપરયું; જેને કાંઈ સંબંધ ન હોય એવું.

તિરાહી [હિ.] સ્ત્રી. તિરાહ નામના સ્થાનમાં બનેલા કટાર કે તરવાર.

તિરિંદ [સં.] પું. શેલડીના સાંઠામાંની ગાંઠ.

તિરિપ પું. (સંગીત) પંદર માંહેનો એ નામનો એક રાગ; કુતના એવા ગાયના વેગથી સ્વરને કંપાવવો તે.

તિરિયા ૧. [હિં.] પું. એક પ્રકારનો વાંસ.
૨. સ્ત્રી. ઓરત; સ્ત્રી.
૩. સ્ત્રી. પત્ની.

તિરિયાક ૧. પું. અકસીર ઇલાજ; રામબાણ ઉપાય.
૨. પું. ઝેર ઉતારવાનું ઓસડ.
૩. (તિરિયાક) [અ.] પું. સર્પનો મહોરો; મણિ.

તિરિયાકી (તિરિયાકી) [અ.] પું. અહીફણનો બનાવટી.

તિરિયાચરિત્ર ન. સ્ત્રીઓની કળા.

તિરિયાબેદ પું. બેરાચાજ.

તિરિયારાજ ન. સ્ત્રીઓનું રાજ્ય.

તિરિયો પું. એક જાતનો સફેદ મળતો પથ્થર.

તિરો [સ. ત્રિ] વિ. ત્રણ; ૩.

તિરીટ ૧. [સ.] ન. શોખરનું ઘરેણું.
૨. ન. શિરોભૂષણ; મુકુટ; તાજ; કિરીટ.

તિરીટક [સં.] ન. સોમ વૃક્ષ; સોદર.

તિરીફલ ૧. [સં.] ન. કંટી વૃક્ષ.
૨. ન. ધાણા અને મધ સાથે ત્રિફળાનું ચાટણ.
૩. ન. નેપાળનું ઘાસ.

તિરુવરુર ન. એ નામનું સામરાજ્યના મશહૂર મંદિરથી તીર્થધામ બનેલું દક્ષિણ હિંદનું એક ગામ દક્ષિણ હિંદમાં આવેલા તિરુવરુરના શ્રી ત્યાગરાજના મશહૂર મંદિરમાં જઈને પૂજન કરી. દક્ષિણનબંધુ

તિરુવલ્લુવર પુ. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક પ્રસિદ્ધ તામિલ ભાષાનો કવિ. તેણે કુરલ નામનો ગ્રંથ લખ્યો છે, જે વેદની માફક પવિત્ર મનાય છે.

તિરુકકુલતાર પુ. હરિજનો; દે. જેમ મહાત્માજીએ અંત્યજોને હરિજન નામ આપ્યું છે, તેમ રામાનુજાચાર્યે તિરુકકુલતાર એટલે કોઈ જાતિના લોક એવું નામ આપ્યું છે

તિરુવનઈકાવલ ન. ત્રિચિનાપલ્લી અને શ્રીરંગમની વચ્ચે આવેલું એક તીર્થસ્થળ. પ્રાચીન સમયમાં તેને જમ્બુકેશ્વર કહેતા.

તિરેંદા [હિ.] પુ મચ્છી મારવાનું એક સાધન.

તિરેખા પું. તરિયો તાપ.

તિરોજનપદ [સં.] પું. બીજા દેશનો મનુષ્ય; વિદેશી

તિરોદશી [સં. ત્રયોદશી] વિ. તેરમ; પૂર્તિ કે વદિનો તેરમો દિવસ.

તિરોદતી [સં. તિરસ્ (ત્રાંસું) + દંતિન્ (દાંતાવાળું)] વિ. તિરછા દાંતાવાળું.

તિરોધા જુઓ તિરોધાન ૧.

તિરોધાન ૧. [સં.] ન અંતર્ધાન; દેખાતું બંધ થઈ જવું તે; લોપ; અદશ્ય થવું તે.

આંબલીને ભીનું લગાડવાથી જેમ તેનું ખાટાપણું તિરોધાન પામે છે તેમ અંતઃકરણની રજોગુણપ્રધાન વૃત્તિમાં આત્માનો આનંદ સ્વભાવ તિરોધાન પામે છે. પંચદશીસારસંગ્રહ

૨. ન. આચ્છાદન; ઢાકણ.

તિરોભાવ ૧. [સં.] પું. અદશ્ય હોવાપણું; અપ્રકટતા; અંતર્ધાન થવું તે.

૨. પું. અભાવ; નહિ હોવાપણું; ગેરહાજરી.

૩. પું. છુપા રહેવું તે.

૪. પું. નાશ.

૫. પું. પ્રતિવર્તન; પ્રતિગમન; તીવ્ર રોગનાં બહારનાં લક્ષણો બંધ થવાં તે.

તિરોભાવશક્તિ [સં.] સ્ત્રી. ભક્તની અજ્ઞાનની હસ્તી અદશ્ય કરવાની શક્તિ.

તિરોભૂત ૧. [સં.] વિ અદશ્ય; અપ્રકટ; અલોપ; ગુપ્ત

૨. વિ ગેરહાજર. અભાવવાળું.

૩. વિ ઢકાયેલું.

૪ વિ નાશ પામેલું.

તિરોમુખી જુઓ તિરોદતી.

તિરોચર્તી જુઓ તિરોદતી.

તિરોધા પું. રોકાણ; અટકાયત

તિરોરસી જુઓ તિરોદશી.

તિરોહિત ૧. [સં.] વિ. અદશ્ય; દેખાય નહિ એવું, અંતર્હિત; અવિદ્યમાન; અલોપ; ગુપ્ત.

અંત તિરોહિત અંતર્હિત, ગૂઢ કુબ્રહ્મ નિર્ગુન, હુકાજન છપી રખી, એહિ બે વિધિ ભીન. વિનયવિજયોપ

૨. વિ. આચ્છાદિત; ઢાંકેલું.

૩. વિ. મહત; મૂઢ.

તિરોહિતતા ૧. [સં.] સ્ત્રી. અદશ્યપણું; અંતર્ધાનપણું; ગુપ્તપણું.

૨. સ્ત્રી. મહત્તા; મૂઢપણું.

૩. સ્ત્રી. ઢાંકેલું હોવું તે.

તિરોહિતત્વ જુઓ તિરોહિતતા

તિરૌંદા ૧. પું. પાણીમાં તરવું લાકડું કે ભોયું.

૨. પું. માછલી મારવાની અણીમાં દાંટિયાથી હાથ દોઢ હાથ ઉપર બાંધેલી પાંચ છ આંગળની લાકડી. તે પાણીમાં તરતી રહે છે. તે દૂબવાથી માછલી ફસાઈ ગઈ એવી ખબર પડે છે.

૩. પું. હોડી; નાવ.

૪. વિ. સમુદ્રમાં તરતું હોય એવું

તિર્તા વિ. ત્રણવું.

તિર્તાલીસ વિ. તેતાલીસ; ૪૩.

તિર્તિરા વિ. ત્રીજું

તિર્ફલા જુઓ ત્રિફળા.

તિર્ભાયક પું. ત્રણ વખત ભણ કરેલ કરાર.

તિર્મા'તીન ન. હરપેન્ટાઇન નામનું તેલ.

તિર્મિદ [ફા.] ન. એક જાતનું રેશમ દેશી મૂળિયું.

તિર્મેની ૧. [સં. ત્રિવેણી] સ્ત્રી. ત્રણ નદીઓનો સંગમ; ત્રિવેણી.

૨. સ્ત્રી. ત્રણની ત્રણ ઓલડી લટ.

તિર્ભંગી ૧. [સં. ત્રિભંગી] પું. એક જાતનો છંદ.

૨ પું. કૃષ્ણનું એક નામ.

તિર્મિરી ૧. સ્ત્રી. આંખરેજ તરફ રહેતી ભિખારીનો ધંધો કરતી એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ એ નામની જાતનું.

તિર્મિરા ૧. [હિં.] પું. આંખનો તેજસ્વી દેખાવ.

૨ પુ પાણીમાં તરતો તેલ વગેરેનો છાંટો.

તિર્યક ૧. [સં. તિર્યક્] પું. (ગણિત) ત્રણ અથવા વધારે સમાંતર સીધી લીટીઓને કાપનારી કોઈ પણ સીધી લીટી

૨ ન. ચોટે ચાલનારું હલકું પ્રાણી. મનુષ્યથી હલકી જાતનું પ્રાણી; પશુ, પક્ષી વગેરે પ્રાણી.

૩. ન સભોગનાં સાત મહેનું એક આસન.

૪ વિ અટકાવવું, નિરોધ

૫. વિ આડું; વાંકું, સીધું નહિ પણ વાંકવળું, તીરછું; ત્રાંસું, તિરશ્ચ

૬ વિ (ગણિત) આપેલી લીટીને અથવા સપાટીને બળતી વખતે કાટખૂણા સિવાયનો ખૂણો કરનારું

૭. અ. ઊલટું

૮. અ. બોદું કરવાને; આડી રીતે

૯ અ. વાંકી રીતે; તીરછી રીત.

તિર્યક્કોણ [સં] પું. (ગણિત) કાટખૂણો ન હોય એવો ખૂણો

તિર્યક્ગમન [સં.] ન. વહતા; વક્રોલ્લંઘન.

તિર્યક્ગુણો ન તિરકમ ગુણાકાર કરવો તે.

તિર્યક્તા ૧. સ્ત્રી. આપેલી લીટીને અથવા સપાટીને બળતી વખતે કાટખૂણા સિવાયનો ખૂણો બનાવવો તે

૨. [સં.] સ્ત્રી. તીરછાપણું; વક્રતા

૩. સ્ત્રી. તિરોધા; અટકાવેલું હોવું તે.

૪. સ્ત્રી. પશુપણું.

૫. ન. સૂર્યને ફરવાનું ક્રાંતિવૃત્ત વિષુવવૃત્તને તિરછા રીતે કાપવાપણું.

તિર્યક્ત્વ જુઓ તિર્યક્તા.

તિર્યક્પતન ૧. [સં.] ન. ટપકારૂપે પડવું તે.

૨. ન. ત્રાંસું પડવું તે

તિર્યક્પરિચ્છેદ [સં.] પું. આસપાસ કરેલો ત્રાંસો કાપ.

એ પ્રકાર આવરણની દીવાલના એક ભાગના તિર્યક્પરિચ્છેદની આકૃતિથી સ્પષ્ટ થાય છે. શરીરયંત્રનું રેખાદર્શન

તિર્યક્પરિવર્તન [સં.] ન આક્રમણ; નિરૂપદ્રવ; ટપકે ટપકે પડવું તે

તિર્યક્પર્વત [સં.] પું. વચમાં પડેલો પર્વત; માર્ગને અટકાવનાર પર્વત

તિર્યક્પાતનયંત્ર [સં.] ન. (ચૈદ્ય) દવા બનાવવાનું એક જાતનું યંત્ર. ઊર્ધ્વપાતનમાં કહેલાં બોલડિયાં સાથે પારાને ઘૂંટી એક ઘડાને તળિયે કાણું પાડી તે ઘડાની ઉપર ઢાકણું ઢાકી સાંધો બંદી તે ઘડાને ચૂલા ઉપર ચડાવવો એક બીજો ઘડો લેવો. તે જમીન ઉપર મૂકવો અને તેના મોં ઉપર કાંબળી ઢાકી બંને મળતા કરવા

પાડી વચાળે લોઢાનું બૂંગળુ નાખવું અને સાંધ બાંદી દેવી. ચૂલા ઉપરના પડા નીચે અગ્નિ બાળવો અને જમીન ઉપરના પડામા ઠંડુ પાણી ભરવુ. ઊંચા પડામાં ઊકેલો પારદ બૂંગળા વાટે પાણીવાળા પડામાં પડશે. લોઢાનું બૂંગળું પાણીમાં બૂડેલુ રાખવું અને પાણી ગરમ થાય તેમ કાઢી ઠંડુ પાણી રેડામ તેમ કરવુ.

તિર્યક્‌પ્રાચૈજાનુબંધ [સં.] પું. એક જાતનો રનાયુ.

તિર્યક્‌પ્રયમનકોશી સ્ત્રી. એક જાતનું જાડી જેવું સ્નાયુ. તે એક બેત ઊંચી અને તળે નીચેના ભાગમાં ચાર આંગળ સમચોરસ જેવી કાચી ઈંટોથી ચણવામાં આવે છે. તેમાં કોયલા અને પદાર્થ ભરી ત્રાંસા નાળચાથી ધમવામાં આવે છે. તે બનીજ પદાર્થમાંથી સત્વ કાઢવામાં ઉપયોગી છે.

તિર્યક્‌યોનિ ૧. [સં.] સ્ત્રી પશુ, પક્ષી વગેરે જાતિનાં જીવ.

તમોગુણની અધિકતા હોય તેને તિર્યક્‌યોનિમાં જવું પડે છે. ગીતારહસ્ય

૨. વિ. પશુ, પક્ષી વગેરે જાતિનું.

તિર્યક્‌રેખા [સં.] સ્ત્રી. ત્રાંસી લીટી.

તિર્યક્‌સ્રોતસ્‌ [સં.] પું. પશુ, પક્ષી વગેરે; જેના પેટમાં આથેલો ખોરાક આઠો ભાગ છે તેવો જીવ. પુરાણોમાં જીવસૃષ્ટિના ઊર્ધ્વસ્રોતસ્‌, તિર્યક્‌સ્રોતસ્ર વગેરે પણ વર્ગ કહેલા છે. ભાગવતમાં તિર્યક્‌સ્રોતસના ૨૮ પ્રકાર બતાવેલ છે.

તિર્યગ [સં. તિર્યક્‌] વિ. ત્રાંકુ. જુઓ તિર્યક.

તિર્યગ જાતિમાં અજ્ઞાત ધ્વનિ જે કામ આપવે છે, તેના જેવું જ કામ જંગલી મનુષ્યમાં અજ્ઞાત વાણી આપે છે. સુ. સા. પરિષદ

તિર્યગ્‌જનન ૧. [સં. તિર્યચ્‌ (પશુપક્ષી) + જનન (ઉત્પત્તિ)] ન. જુદી જુદી બે જાતનાં પ્રાણી ઉપરથી નવી ત્રીજી જાત પેદા કરવી તે. જેમકે, અશ્વાર.

૨. ન. બે જુદી જાતના રોપ ઉપરથી ત્રીજા જાતનો રોપ ઉત્પન્ન કરવો તે.

તિર્યગ્‌માર્ગ [સં. તિર્યક્‌ (આડુ) + માર્ગ] પું. તિરકસ રસ્તો.

તિર્યગ્‌યોનિ જુઓ તિર્યગ્યોનિ.

તિર્યગ્‌ગતિ ૧. [સં.] સ્ત્રી. કર્મવશ પશુયોનિ પામવી તે.

૨. સ્ત્રી. તિર્યંચની ગતિ.

૩. સ્ત્રી. તીરછી ચાલ; આડુ ચાલવું તે.

તિર્યગ્‌ગમન [સં.] ન. ત્રાંસું જવું તે, પક્ષીજીવન.

તિર્યગ્‌જાતિ ૧ [સ., સ્ત્રી પશુ, પક્ષી વગેરે જીવ.

૨. વિ. પશુ, પક્ષી વગેરેની જાતિનું.

તિર્યગ્‌દિશા [સં. તિર્યગ્‌દિશ્‌] સ્ત્રી પૂર્વ આદિ દિશા.

તિર્યગ્‌ભિત્તિ સ્ત્રી. વચલી ભીંત.

તિર્યગ્‌યોનિ ૧. [સં] સ્ત્રી. પશુ, પક્ષી વગેરે જાતિનાં જીવ.

જે લોક બોડા પશુ સાક્ષાત્કાર પુરુષાર્થમાં ન કરતા સંસારમા ચાલ્યાજાય કપુણ્યવશ બોટલ પાપનુ આચરણ કરવામાં ચુકાઈ જાય છે તે આ ભવમાથી કોઈ પણ માર્ગે જઈ શકતા નથી. મુવા પછી તેઓ બોટલ પશુ પક્ષી વગેરે તિર્યગ્યોનિમા જન્મ લે છે. કિંવા ફરીફરીને ચમલોકમાં બોટલ નરકમાં જાય છે એમ ઉપનિષદોમા સ્પષ્ટ રીતે કહ્યું છે. ગીતારહસ્ય

૨. વિ. પશુ, પક્ષી વગેરેની જાતિનું

તિર્યગ્‌રેખા [સં. તિર્યક્‌ (આડુ) + રેખા (લીટી)] સ્ત્રી. બે અથવા તેથી વધારે સીધી લીટીઓને છેદનારી આડી લીટી: 'ટ ...'

ઉપરની આકૃતિમાં ક્ષ, ત્ર, જ્ઞ એ ત્રણ લીટીઓને ય, લીટી છેદે છે. ય લીટી તિર્યગ્રેખા છે

તિર્યગ્‌ષાઢ ૧. પું. (જૈન) અઠ્યાવીસ જોજન પ્રમાણે ત્રિજ્યો લોક.

૨. પું. મર્ત્યલોક; મધ્યલોક

તિર્યગ્‌લોકસિદ્ધ [સં] વિ (જૈન) તિર્યગ્‌ભાવથી આત્માને સિદ્ધ થયેલ.

ઊર્ધ્વલોકસિદ્ધ સૌથી થોડા હોય છે. અધોલોકસિદ્ધ તેથી સંખ્યાતગુણ અને તિર્યગ્‌લોકસિદ્ધ તેથી સંખ્યાતગુણ હોય છે. તત્ત્વાર્થસૂત્ર

તિર્યગ્‌વ્યતિક્રમ [સં.] પું. (જૈન) શ્રાવકના દિગ્વિરમણ વ્રતના પાંચ મારેનો એક અતિચાર દોષ; તીરછા જવાનું પ્રમાણ નક્કી કરી તેનો ભોદવશ ભંગ કરવો તે

તિર્યક્‌ જુઓ તિર્યક્‌

તિર્યચ્ચ જુઓ તિર્યક્‌.

તિર્યક્ક જુઓ તિર્યક્‌.

તિર્યક્યોનિ જુઓ તિર્યગ્યોનિ.

તિર્યગ્યોનિક વિ. તિર્યગ્‌ યોનિમાં ઉત્પન્ન થયેલ.

તિર્યચ ૧ [સ તિર્યચ્‌] ન જનાવર, મનુષ્ય સિવાયનું પ્રાણી, પશુ, પક્ષી વગેરે પ્રાણી.

૨. ન. મર્ત્યલોક; મધ્યલોક.

તિર્યગ્‌ગતિ [સ તિર્યચ્‌ (પશુપક્ષી) + ગતિ] સ્ત્રી (જૈન) સંસારની ચાર ગતિની એક ગતિ, હલકી યોનિમા જન્મ લેવો તે. ઝાડ, જાડ, પ્રપચ વગેરે કરીને જીવ સિંહ, વાઘ હાથી, મૃગ, ગાય, બેસ, બળદ વગેરે શરીર ધારણ કરે છે. તિર્યંચગતિમાં ભૂખ, તરસ, તાપ, વધબંધન, તાડન, ભારવહન વગેરે દુઃખ સહન કરવાં પડે છે.

તિર્યગ્યોનિ જુઓ તિર્યગ્યોનિ

તિર્યચવૃત્ત [સં. તિર્યચ્‌ (પશુપક્ષી) + વૃત્ત (વર્તુળ)] ન. (જૈન) આડુ વર્તુળ; ત્રાંસુ કુંડાળુ

તિર્યચાનુપૂર્વી ૧. [સં. તિર્યગ્‌ (પશુપક્ષી) + અનુપૂર્વી (પાછળ જનાર)] સ્ત્રી (જૈન) પશુપક્ષીની યોનિમાં જઈને ત્યાં અમુક કાળ રહેવું પડે એવી જીવની ગતિ

૨. સ્ત્રી. (જૈન) પ્રાકૃત ગદ્યવૃત્તી ૮૨ માંહેની એ નામની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ સીધો તિર્યંચગતિમાં જાય.

તિર્યંચાયુષ જુઓ તિર્યંચાયુષ્ક.

તિર્યંચાયુષ્ક [સ.] ન. (જૈન) જનાવરનું આવખું; જનાવરના ભવ.

તિર્યંચી [સં.] સ્ત્રી. પશુપક્ષીઓની માદા.

તિર્યા ૧. સ્ત્રી. પત્ની

૨. સ્ત્રી. ભાવડી; ઓ.

તિર્યાક (તિર્યાક્‌) ૧. [અ.] પું. અણીવાળુ.

૨. પું. ગજદાદમાં બનતો એક જાતનો મોણ.

૩. પું. ગામલાણ દવા.

તિર્યાકકરાદ્દ (તિર્યાકરાદ્દ) [અ.] પું. એ નામનું એક અંગવસ્ત્ર, ગેરનું મારવાડ.

તિર્યાકી (તિર્યાકી) [અ.] પું. અણીવાળો બંધાણી.

તિર્યારાજ ૧. ન. ઘરમાં બીનું અસબાબ.

૨. ન. ઓબ્બોનું રાજ.

તિર્યોદશી [સં. ત્રયોદશી] સ્ત્રી. સુદિ કે વદિ તેરસ.

તિર્સું વિ. ત્રેસઠ; ૬૩.

તિર્સુલ [સં. ત્રિશૂલ] પું. ત્રણ અણીવાળું ભાલું. ખાસ કરીને તે શિવનું વધિયારે ગણાય છે.

તિલ ૧. પું. (જ્યોતિષ) અઠ્યાવીસ માંહેનો ત્રીજો ગ્રહ.

૨. પું. આંખનો ડોળો.

૩. પું. કોઈ વસ્તુનો બોડામાં થોડો જથ્થો, તલના જેવડું અલ્પ પ્રમાણ.

૪. પું. ક્ષણ; મિનિટ; પળ.

૫. પું. (પિંગળ) છ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કર્મદા. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ અને સમણ મળી છ અક્ષર હોય છે.

૬. [સં.] પું. જેમાંથી તેલ કાઢવામાં આવે છે તે બી; તલ. વનનું ધાન્ય. તલના છોડ ચપટા અને બહુ નાના હોવાને લીધે અલ્પત્વ બતાવવાને વપરાય છે. ઉદ્ભિજ્જ શાસ્ત્રજ્ઞોનું એવું અનુમાન છે કે, તલનું આદિસ્થાન આફ્રિકા છે ત્યાં આજ પણ જંગલી તલ થાય છે. પણ તિલ શબ્દનો વ્યવહાર સંસ્કૃતમાં પ્રાચીન છે. એટલો પ્રાચીન કે જ્યારે બીજી કોઈ ઓજમાંથી તેલ કાઢવામાં નહોતું આવતું ત્યારે તલમાંથી કાઢેલું તેલ પડ્યું. અથર્વવેદમાં તલ અને ધાન્ય દ્વારા તર્પણ કરવાનો ઉલ્લેખ છે. વૈદકમાં તલ ભારે, સ્નિગ્ધ, ગરમ, કફપિત્તકારક, બલવર્ધક, સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર, મળરોધક અને વાતનાશક મનાય છે. તલનું તેલ વધારે પિવાય તો રેચક છે.

૭. પું. તલ જેવું ચામડી ઉપરનું લાખું; શરીર ઉપરની તલના જેવી નિશાની; ચામડી ઉપરનો કાળા રંગનો નાનો ડાઘ. પુરુષને જમણી બાજુ અને સ્ત્રીને ડાબી બાજુ આવો ડાઘ હોય તો તે શુભ મનાય છે. હથેળીમાં તે હોય તો તે સૌભાગ્યસૂચક મનાય છે.

૮. પું. રજ; કણ.

૯. ન. એક જાતનું વસ્ત્ર; તલવાર.

તિલક ૧. પું. એ નામના અઢારપુરાના એક સુપ્રસિદ્ધ દેશભક્ત; બાલ ગંગાધર તિલક. તેમનો જન્મ રત્નાગિરિ જિલ્લાના ચિખલ ગામમાં ઈ.સ. ૧૮૫૬માં થયો હતો. તેઓ મહાન દેશભક્ત, સત્યવક્તા, નીડર અને બુદ્ધિશાળી હતા. ગણિત અને સંસ્કૃતનું તેમનું જ્ઞાન અગાધ હતું. શરીરે દુબળા હોવાથી અખાડાની કસરત કરતા. વકીલાતની પરીક્ષા પસાર કર્યા છતાં તેઓ અદાલતમાં ગયા નહીં, પણ દેશની સ્વરાજની લડતમાં જોડાઈ દેશ માટે આખું યે જીવન લડ્યા છે. સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક છે એમ પ્રત્યેક હિંદીને તેઓએ શીખવ્યું છે. ૭ વર્ષ સુધી જેલ ભોગવી પ્રભાવશાળી હિંદી પ્રજામાં તેમણે પ્રાણ પૂર્યા છે.' ઈ.સ. ૧૮૭૯માં બી.એ.ની પરીક્ષા પસાર કરી તેમણે લોકસેવા શરૂ કરી. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ, ડેક્કન કૉલેજ, કેસરી અને મરાઠા પત્ર વગેરેમાં તેમણે પોતાની સેવા ક્રમશઃ આપી હતી. ઈ.સ. ૧૮૯૧માં તેમણે કેસરી પત્રની માલિકી લીધી. ૧૮૯૨માં ઓરાયન અથવા વેદકાલનું પ્રાચીનત્વ, ૧૯૦૩માં 'આર્ક્ટિક હોમ ઑફ ધ આર્યન્સ' અથવા આર્યોનું મૂળસ્થાન અને ૧૯૧૫માં ગીતારહસ્ય નામના અદ્વિતીય ગ્રંથો બનાવ્યા. તેમને નાનપણથી જ ભગવદ્ગીતાનો અભ્યાસ હતો. તે ગ્રંથમાંના અલૌકિક સિદ્ધાંતોની તેમના મન ઉપર બહુ જ ઉત્તમ છાપ પડેલી હતી અને ગીતારહસ્ય તેમના પચ્ચીસ વર્ષના અભ્યાસનો પરિપાક છે. ઈ.સ. ૧૮૯૭માં મરાઠી તિલક ઉપર રાજદ્રોહનો કેસ માંડ્યો. હિંદુસ્તાન દેશ બ્રિટિશના હાથમાં ગયા પછી રાજદ્રોહનો આ પ્રથમ કેસ હતો. તિલકે કેસરી પત્રમાં અનેક રાજકીય પ્રશ્નો ઉપર લેખ લખી લોકોને રાજકીય શિક્ષણ આપવાની પહેલ કરી. કેસરીમાં રાજનું દુર્દૈવ નામનો લેખ લખવા માટે ફરીથી તેમના ઉપર કેસ ચલાવવામાં આવ્યો તેમનામાં પ્રામાણિકપણું, પરોપકાર, લોકહિતાર્થે દુઃખ સહન કરવાની તત્પરતા અને દેશ માટે લાગણી એ ગુણો બહુ બહાર પડતા હતા. વળી તેમનામાં ધૈર્ય, સ્થિરબુદ્ધતા, સ્પષ્ટ વક્તાપણું, નિરભિમાનતા, દૃઢ નિશ્ચય, સ્વાર્થત્યાગ એ ગુણો ખૂબ ખીલ્યા હતા. તેઓ રાષ્ટ્રીય જાગૃતિમાં આગળ પડતા હોવા ઉપરાંત સમાજ સુધારણામાં પણ પૂર્વજોનું બંધન કર્યા વિના સારો ભાગ લેતા. વળી તેમને હિંદુ ધર્મનું પૂર્ણ અભિમાન હતું. એટલા હિંદમાં જ નહિ, પણ જગત આખામાં તેમની એક મહાન બુદ્ધિશાળી તરીકે બહુતરી થઈ છે. એમની દેશદાઝ, એમનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ, એમની સેવાભાવના અદ્ભુત છે. સમાજસુધારણા સંબંધમાં તિલક એમ કહેતા કે, સમાજ ઉપર સુધારણા માટે તૂટી પડવાની કોઈ બે જરૂર નથી. સુધારણા કરવી જોઈએ, પણ ધીમે ધીમે. સમાજસુધારણા માટે રાષ્ટ્રદાનો અભાવ તો નજ આવવો જોઈએ, એવો એમનો ખાસ આગ્રહ હતો. ઈ.સ. ૧૯૨૧ના ઑગસ્ટ માસની પહેલી તારીખે એમનો સ્વર્ગવાસ થયો. લોકોએ તેમને લોકમાન્યનો માનવંતો ખિતાબ આપ્યો હતો.

અમે તીરપુરજનમાં નીરખ્યા રે,
હાર હાથે કાલેલ માથે મર્યા રે,
અમે તિલક તિલકને કર્યા રે. નિહારી

૨. પું. એ નામનો એક દ્વીપ.

૩. પું. એ નામનો એક સમુદ્ર.

૪. પું. (સંગીત) એ નામનો ભૈરવ રાગનો પુત્રરાગ. તે દિવસના ત્રીજા પહોરે ગવાય છે તેની જાતિ ઓડવ છે. તેમાં આરોહમાં તીવ્ર અને અવરોહમાં કોમળ સ્વર આવે છે. તેમાં ઋષભ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, નિષાદ ઉતરી ચડી બે આવે છે, એટલે અવરોહમાં ઊતરી નિષાદ અને આરોહમા ચડી નિષાદ આવે છે. ધૈવત સ્વર વર્જિત છે તથા આરોહમાં રિષભ પણ વર્જ્ય છે. તેને કોઈ સપૂર્ણ પણ લખે છે, પણ તેથી તેનું રૂપ રહેતું નથી. તેનો વાદ સ્વર ગાંધાર છે તથા ન્યાસ પણ ગાંધાર છે.

૫. [સં] પું. એક જાતનો રોગ.

૬. પું. એક જાતનો ચોડો.

૭. પું. કાળો સરવા; બિડલવણ.

૮. પું. ચામડી ઉપરનો તલ જેવો કાળા રંગનો ડાઘ.

૯. પું. ટીકા; કોઈ પણ ગ્રંથની અર્થસૂચક વ્યાખ્યા.

પર્વ મક્ષ તિલક તે કામિની પહિલક પુત્ર આગે ઈ. જ્ઞાનપ્રકાશ

૧૦. પું. તલનો છોડ.

૧૧. પું. (સંગીત) ધ્રુપદના સોળ તાલોનો એક પ્રકાર. તેના દરેક પાદમાં ૨૫ અક્ષર હોય છે.

૧૨. પું. મરચો.

૧૩. પું. સિનેમણિ; શ્રેષ્ઠ વ્યક્તિ.

૧૪. સ્ત્રી. તલભાવણી. તેના ફૂલ દવાના કામમાં આવે છે.

૧૫. સ્ત્રી. દક્ષિણી આબલ્યની એ નામની એક અટક.

૧૬. સ્ત્રી. આંખ વિનાનો કાણકો.

૧૭. ન. (સિલ્પ) ઉત્તરમાં પહોલાઈ એટલે બે પીઢાં તથા ચાર સ્તભવાળી ઓરડી અને પૂર્વ તથા દક્ષિણે બે પરસાળ હોય તેવું ઘર.

નંદપરના આપવર્કમાં પહોલાઈ આવે તો તે તિલક નામે ઘર થાય. રાજવલ્લભ

૧૮. ન. એ નામની અટકનું માણસ.

૧૯. ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઇમારતી કામમાં આવતું નથી.

૨૦. ન. કપાળ ઉપર કરવામાં આવતું ધર્મપંથસૂચક અથવા શોભાનું ચિહ્ન; ટીલું; ચાંલ્લો; ત્રિપુંડ્ર. ધર્મસંપ્રદાય દેખાડવાને તેના અનુયાયીઓ કપાળમાં ચંદનાદિકથી જે અમુક તરેહનું ચિહ્ન કરે છે. જિન જિન સંપ્રદાયનાં તિલક જિન જિન આકારનાં હોય છે: વૈષ્ણવો ઊભું તિલક કરે છે, શૈવો આડું તિલક કરે છે, શાક્ત લોકો રક્તચંદનનું આડું તિલક કરે છે. તિલક પ્રાચીન કાળમાં શૃંગાર માટે કરવામાં આવતું હતું, પણ પછી ઉપાસનાનું ચિહ્ન સમજવા લાગ્યું.

તિલક કરવા રેજન વજ્ર રે જપમાળાનાં નામ ઘણાં. અખો

૨૧. ન. કપાળ ઉપર પહેરાતું સોના કે રૂપાનું એક ઘરેણું.

૨૨. ન. ગાદીએ બેસાડવું તે; રાજ્યાભિષેક.

૨૩. ન. નાટચકળામાં મતું એક જાતનું કરણ જુઓ કરણ.

૨૪. ન. નિશાની; ચિહ્ન.

૨૫. ન. હેતુ.

૨૬. ન. ચૂનો; ચાનૂગાર; ચોખા. સમાસમાં વપરાય છે. જેમકે, રઘુકુળતિલક રામચંદ્ર.

૨૭. ન. મૂત્રાશય.

૨૮. ન. સગપણ કર્યા પછી કન્યા પક્ષ તરફથી વરને આપવામાં આવતી ભેટ.

૧. તિલક કરવું = (૧) કોઈને જવાની રજા આપવી. (૨) ગાદીએ બેસાડવું. (૩) સમાપ્ત કરવી.

૨. તિલક ધારણ કરવું–ધારવું = તિલક કરવું.

૨૯. ન. સગપણ સંબંધ નક્કી કરવાની રીત.

૩૦. વિ. એ નામની અટકનું.

૩૧. વિ. તલના ચિહ્નવાળું

તિલકકરણી [સં. તિલક + કૃ (કરવું)] સ્ત્રી. કપાળે તિલક કરવાની સળી.

તિલકકામોદ ૧. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમાં આરોહમાં સા રિ મ પ નિ સા અને અવરોહમાં સા નિ પ પ મ ગ સા એમ સ્વર આવે છે. આરોહમાં ગ પ અને અવરોહમાં રિ વર્જ્ય છે. નિ અનેમાં ગ્રાહ્ય છે. તે સોરઠ તથા દેશનું અંગ વિશેષ છે. તેનો અંશ સ્વર પ, વાદી સ્વર સા, સંવાદી સ્વર પ અને ન્યાસ સ્વર નિ છે. તે ગાવાનો સમય રાત્રિનો બીજો પહોર છે. તે શૃંગાર, વિયોગ અને કરુણ રસ ઉત્પન્ન કરે છે અને મધ્યમ પ્રકૃતિવાળો છે. આ રાગમાં સિંદૂરા, દેશ અને ખિલારીનો કેટલેક સ્થાને ભાસ થાય છે.

૨. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તે ગાવાનો વખત રાત્રિનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. આ રાગિણી કામોદ અને વિચિત્ર અવયવ કાન્હડાકામોદ તથા મલ્હોત્ર મળીને થયેલી છે.

તિલકકુમાર [સં.] પું. પાટવી કુંવર; જેને તિલક થવાનું છે તે કુંવર.

તિલકગીતા ૧. સ્ત્રી. લોકમાન્ય તિલકે ગીતા ઉપર લખેલ ભાષ્ય.

૨. સ્ત્રી. લોકમાન્ય તિલકે માનેલ નીતિ; હક્ક અને ફરજની પ્રણાલિ. તાત્પર્ય કે, ફરજ અને હક્ક ઉભય માટે મનુષ્યે તત્પર રહેવું જોઈએ. વસ્તુતઃ ફરજ અથવા કર્તવ્યનું ફળ હક્ક છે; અર્થાત્ ફરજ વિના હક્ક સંભવે જ નહિ. નવજીવનમાં ઉલ્લેખ છે કે: સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક્ક છે, એ તિલકગીતાનો પૂર્વાર્ધ છે; સ્વદેશી અમારી જન્મનિર્મિત ફરજ છે એ ઉત્તરાર્ધ છે.

તિલકટ [સ.] પું. તલના પુષ્પનો પરાગ.

તિલકતુટ પું. બોળુ ટીલું હોય પણ વચ્ચે અંતર હોય તેવો બોડો

તિલકધમની સ્ત્રી. ફેફસાંની રક્તવાહિની

તિલકધારી ૧. [સં. તિલકધરિન્] પું. તિલક પહેરનાર માણસ.

૨. વિ. ટીલાં છાપાં કરનાર; તિલક કરનાર, ટીલધારી; કપાળમાં ખાસ્સાક ચિહ્ન કરનાર.

> **તિલકધારી** ઠંડીબંધ વૈષ્ણવ અથવા વિભૂતિ અને રુદ્રાક્ષની માળાથી વિભૂષિત સંધ્યા સ્નાનાદિક નિયમસર કરનાર હિંદુ અને નિત્યાચ પરહેજગીર મુસલમાન સહોદર સહી શકે નવજીવન

તિલકપટલ ન. ફેફસાનું પડ.

તિલકપંચાંગ ન. તિલક મહારાજે કરેલું પંચાંગ.

તિલકબિંદુ [સં. તિલક (ટીલું) + બિંદુ (ટીપું)] ન. અતિ કૃદ અવસ્થામાં શરીર દેખાતાં કાળાં ચાઠાં.

તિલકમંજરી [સં.] સ્ત્રી. ગોપની મંજરી.

તિલકમાપક ન. ફેફસું માપવાનું યંત્ર.

તિલકમુદ્રા [સં.] સ્ત્રી. ચંદન વગેરેનું ટીલું અને શંખ, ચક્ર વગેરેની છાપ. ભક્ત લોકો તે કરે છે.

તિલકરત્ન [સં.] ન. એક પ્રકારનું તિલક

તિલકલક્ક [સ.] પું. તલનો ખોળ; પીસેલા તલ.

તિલકવૃક્ષ [સં.] ન. પંદર હોકમાં આવેલું એ નામનું એક ઝાડ.

તિલકવ્રત [સં.] ન. ચૈત્ર માસમાં ઐશ્વર્યપ્રાપ્તિ માટે કરવામાં આવતું એ નામનું વ્રત.

તિલકશિરારા સ્ત્રી. ફેફસાની નસ.

તિલકા ૧ [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં બે સગણ પછી જ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. અર્હ તોટક, તિલકના, દંડલય, ભ્રમર, તિલક, ડિલ્લ, ખંડલયા, ડિલ્લા, વનિતા, તિલ્લા વગેરે તેનાં બીજાં નામ છે.

૨. પું (પિંગળ) નગણપિંગળ માહેનો માત્રામેળવાળો એક છંદ.

૩. સ્ત્રી. એક જાતનો હાર.

૪ સ્ત્રી. ચોરાશી જ્ઞાતિઓની માહેની એ નામની એક પેટા જ્ઞાતિ.

૫. સ્ત્રી ગજાવેલું એક માપ.

૬. વ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૭. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

૮. વિ. કાબાચાળુ

૯. વિ. મુખ્ય

તિલકાકાર [સં.] વિ તિલકના આકાર જેવું.

તિલકાભિસરણ [સ.] ન. ફેફસામાં લોહીનું ફરવું તે

તિલકામોદ પું. (સંગીત) એક ચતુરસ્રજાતિ સોળ માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩, ૧૫ માત્રા ઉપર છે.

તિલકાયત વિ. ગાદીએ બેસાડવું; જેને રાજતિલક થવાનું હોય એવું; તિલક કરી ગાદીએ બેસાડાય એવું

તિલકાલક ૧. [સં.] પું. આખી ઉપરનો કાળો ડાઘ. શરીર ઉપર થતો તલ

૨. પું. તલનાં ચિહ્ન જેના શરીર ઉપર છે તે માણસ.

તિલકાવરણ સ્ત્રી. ચામડીની આસપાસની પાતળી ચામડી. કુદરતીઆવરણ.

તિલકાવરણકલાદ [સં.] પું. ચામડીની અંદર આવેલું તે; ઉરોગ્રહ; વક્ષોગ્રહ; ફેફસાના પડનો સોજો

તિલકિટ્ટ [સં.] પું. તલનો ખોળ.

તિલકિત [સં.] વિ. તિલક જેને હોય એવું; તિલકવાળું

તિલકિયું ૧. ન. ચંદન, કેસુ વગેરે ભીજવવા રાખવાનું પાત્ર; કેસરવાટી.

૨. ન. તિલક કે ટીલું કરવાનું બીબું; મુદ્રા; ટીલું કરવાનો તાંબા પિત્તળનો એક ઘાટ.

૩. ન. તિલક રાગ

૪. વિ. તિલક કરનારું; ટીલધુ.

તિલકુટ ૧. પું. તલનો ખોળ.

૨. [હિ.] સ્ત્રી. ખોળ કે ખાંડની સાથે ખાંડેલા તલ; તલપટ.

તિલકુટક જુઓ તિલકુટ

તિલકુટ્ટી [મરા] સ્ત્રી. તલપટ

તિલક્ષાર પું. મુખ્ય અઢાર મસાલાનો એક ક્ષાર. જુઓ ક્ષાર.

તિલખલિ સ્ત્રી તલનો ખોળ

તિલખી સ્ત્રી. ટપકું. તલ, ચિહ્ન. નિશાની.

એ રાતની તિલખી પરે,
ગૃહરાજ યે ચાંદો ધરે. બદીઉ

તિલગુડ (તિલગુડ) પું. સંક્રાંતિને દિવસે સાકરના પાકમાં ખોળને તૈયાર કરેલા તલ. પરસ્પર પ્રેમ

અને મૈત્રી વધારવા માટે આ તિલગુડ આપવાનો રિવાજ હજુ ચાલુ છે.

તિલગોળા ન. નાનું પાતળું ફળ.

તિલઘર ન જમીનની અંદર બનાવાતું ઘર. તેમાં જેનું મહેસૂલ ન ચૂકવેલ હોય એવો ઘરવખરી રાખવામાં આવે છે.

તિલચટા [હિં.] પું. એક જાતનું જીવડું; વાદો. ઝીંગુર

તિલચટ્ટા જુઓ તિલચટા.

તિલચાવલી ૧. સ્ત્રી. ચોખા અને તલની બનતી એક ખાવાની વાની

૨. સ્ત્રી. માથા કે દાઢી ઉપરના કાળા અને ધોળા વાળ.

૩. વિ. કાંઈક ધોળા અને કાંઈક કાળા રંગનું

તિલચૂરી સ્ત્રી. એક જાતની મિઠાઈ; ગોળ કે ખાંડની સાથે ખાંડેલા તલ.

તિલચૂર્ણ ૧. [સં.] ન. તલનો ભોગ.

૨ ન. તલવટ; ખાંડેલા તલ.

તિલડા (તિલડો) [હિં.] પું. ત્રણ સેરવાળો હાર.

તિલડી (તિલડો) [હિં.] સ્ત્રી. ત્રણ સેરવાળો હાર.

તિલતર્પણ [સં.] ન. મૃત પિતૃકોને તલથી તૃપ્ત કરવા તે.

તિલતંડુલક ૧. [સં.] પું. ફોતરાં વગરના તલ.

૨. ન. એક પ્રકારનું આલિંગન.

તિલતંદુલ જુઓ તિલતંડુલક.

તિલતાર પું. સ્થિતિ; હાલત.

તિલતાંદુલ [સં. તિલ + તંડુલ] પું. તલ અને ચોખા.

તિલતાંદુલ ત્રિયા પૂતનો હવન કરો
શ્રીધરસ્વામી

તિલતિલ ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક [illegible].

૨. વિ. તલ જેવડું.

૩. ક્રિ. વિ. ધીરે ધીરે, ધીમે ધીમે.

તિલતિલપટ્ટણ ન ગૌડલ રાજ્યમાં આવેલ હાંક નામનું એક પ્રાચીન નામ. ત્યાં જૈનની પ્રાચીન મહત્તાના અવશેષો હાલમાં તો ખાસ દેખાતા નથી, પણ જ્યારે જ્યારે ત્યાં ખોદકામ કરવામાં આવે છે ત્યારે પ્રાચીન ઘરોના પાયા અને બિંબ અને જૈન મૂર્તિઓ મળે છે. હાલના ટાંકની પાસે એક ખડકવાળી ટેકરી છે. તેની પશ્ચિમે ખડકની બાજુમાં થોડીક નાની ગુફાઓ અને એની બાજુ ખડક ઉપર શિલ્પોની શ્રેણિ છે. જર્જેસે ઈ. સ. ૧૮૧૩માં કરી હતી.

તિલતૈલ [સં.] ન. તલનું તેલ.

તિલદાન [સં.] ન. તલનું દાન કરવું તે.

તિલદાની [હિં.] સ્ત્રી. દરજીની કોથળી. તેમાં તે સોય, દોરો, અંગૂઠી વગેરે રાખે છે.

તિલદ્વાદશી [સં] સ્ત્રી. જેમાં તલ ખાવાનો નિયમ હોય તેવી બારસ

તિલધેનુ ૧. [સં.] સ્ત્રી. દાન દેવા માટે તલની બનાવેલી ગાય. તે હંમેશ જાતના બ્રાહ્મણને ભેટ અપાય છે.

૨. સ્ત્રી. રકતચંદન.

તિલપપડી (તિલપપડ઼ી) સ્ત્રી. તલપાપડી; તલસાંકળી; તલમાંથી બનાવેલી ખાવાની એક વાની.

તિલપર્ણ ૧. ન. એક જાતની દવા; 'ટર્પેન્ટાઇન'.

૨. [સં.] ન. ચંદન.

૩. ન. તલના છોડના જેવાં પાંદડાંવાળું એક જાતનું ઝાડ.

૪. ન. તલના છોડનું પાંદડું.

તિલપર્ણિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ભાજી.

૨. જુઓ તિલપર્ણી.

તિલપર્ણી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક નદી.

૨. સ્ત્રી. પીળા તલવણીનો છોડવો.

૩. સ્ત્રી. રકતચંદન; રતાંજલી.

તિલપર્પટિકા સ્ત્રી. તલની બનાવેલ એક ખાવાની ચીજ; તલસાંકળી.

તિલપાત્ર [સં.] ન. તલથી ભરેલું વાસણ.

તિલપિઞ્જક [સં.] પું. તલપાપડી નામનું એક પકવાન.

તિલપિષ્ટક [સં. તિલ (તલ) + પિષ્ટક (પીસનાર)] પું. ઘાંચી.

તિલપિષ્ટ [સં. તિલ (તલ) + પિષ્ટ (લોટ)] પું. તલવટ; તલ અને ગોળની બનાવટ

તિલપિંજ ૧. પું. એક જાતનું ઝાડ઼ું.

૨. [સં.] પું. તેલ ન નીસરે એવા તલ

૩. પું. નિષ્ફળ એવું તલનું ઝાડ; વાંઝિયા તલનું ઝાડ.

તિલપીડ (તિલપીડ઼) [સં.] પું. ઘાંચી; તેલી.

તિલપુષ્પ ૧. [સં.] ન. તલનું ફૂલ.

૨. ન. ભટેકું. ભટેકાનાં ફળ તોલદાર થાય છે અને તેમાં તલનાં ફૂલ જેવી ત્રણ ત્રણ કળીઓ થાય છે. આથી તેને તિલપુષ્પ કહે છે.

૩. ન. વામનચ.

તિલપુષ્પક ૧. [સં.] પું. નાક.

૨. પું. ભટેકાનું ઝાડ.

૩. ન. તલનું ફૂલ.

તિલપુષ્પવર્ણ [સં] ન (જ્યોતિષ) આચાસી મહેનો એ નામનો મહ.

તિલપૂર ૧. વિ. તલ સમાય તેટલું; તલ જેટલું ચોકું; તલપૂર.

૨. ન. સદેજ પણ.

તિલપેજ જુઓ તિલપિજ.

તિલપ્રાય જુઓ તિલપૂર.

તિલફરસ [હિં.] પું. સરાભહાર નામનો નાનો સુંદર છોડ.

તિલબર જુઓ તિલપૂર.

તિલભાર ૧. [સં.] પું. એ નામનો એક દેશ

૨ પું. વજનમાં જેક થોડું હોવું તે.

તિલભક્ષ ૧. [સં.] ન. તલિયું તેલ.

૨. વિ. તલમાંથી બનાવેલ; તલના વિકારવાળું.

૩. વિ. પણ તલવાળું

તિલમયૂર [સં.] પું. એક જાતનો મોર તે પક્ષીના શરીર ઉપર તલના જેવાં કાળા ચિહ્ન હોય છે.

તિલમાત્ર ૧. વિ. તિલપૂર; તલમાત્ર; તલ જેટલું; થોડું; જરાક.

૨ ન તલપૂર; સહેજ પણ.

બહુપતિને બસે સૌ નારી,
અમને આપને તિલમાત્ર. પ્રેમાનંદ

તિલમાપટ્ટી સ્ત્રી. એક જાતનો કપાસ.

તિલમિશ્રા ૧. [હિં.] પું. આંખનો તેજસ્વી દેખાવ

૨. પું પાણીમાં તરતો તેલ વગેરેનો કચરો.

તિલમોડક [સં.] પું. તલનો લાડુ.

તિલય ૧. [સં. તિલક] ન. માથાની ઉપરનો તલ

૨. ન ચાંલ્લો; ટીલું.

તિલયર ન. એક જાતનું પક્ષી; ગુલાબી મેના.

તિલરસ [સં.] પું. તલિયું તેલ.

તિલરોટી સ્ત્રી. તલના પલેટથી વણેલી મોટી રોટલી.

તિલવટ ૧. પું. ઘરનો ઉંબરો.

૨ પું તલ ખાંડી તેમાં ગોળ નાખીને બનાવેલો ખાવાનો પદાર્થ; કચરિયું; તલપટ.

તિલવટ્ટ (તિલવટ્ટ) પું. (સંગીત) એક જાતનો તાલ.

તિલવણી જુઓ તિલવન.

તિલવન [સં.] જી. એક જાતનું ઝાડ. જંગલ અને અમીચામાં થતું આ ઝાડ બે જાતનું હોય છે: એક સફેદ ફૂલવાળું અને બીજું નીલી ઝાંય પડતા પીળા રંગના ફૂલવાળું. તેને લાંબી લાંબી સિંગો થાય છે. તેનાં બી, ફૂલ વગેરે દવાના કામમાં આવે છે. વૈદકમાં તિલવન ગરમ અને વાત, મૂત્ર વગેરેને દૂર કરનાર મનાય છે. પીળા તિલવન આંખના અંજનમાં પડે છે.

તિલવા ૧. [સં.] પું. તલનો ઝાડ.

૨. પું. રાતનો પહેરો.

૩. જી. એક જાતની મોટી દાસ; ધોકા તથા સવારને હાકે એવડી મંગતવર હલ.

૪. જુઓ તિલવટ ૨.

તિલવાડો (તિલવાઠો) પું. (સંગીત) એ નામનો અઠ તાલ. તે ચતુરસ્રજાતિ ૧૧ માત્રાનો છે અને ત્રિતાલનો એક પ્રકાર છે. આ તાલની માત્રા, તેનાં અંગ અને સ્વરૂપ ત્રિતાલ પ્રમાણે છે. આમાં અરતાલ અને બ્યાલ ટપ્પાનાં ગાયન બજાય છે. દક્ષિણ તથા ઉત્તર હિંદુસ્તાનમાં બ્યાલ નામની એક પ્રકારની કવિતા બોલવામાં આવે છે. તે તાલમાં આ ગતિનો ઉપયોગ કરાય છે. આ ગતિના બોલ ઉપર જે આંકડા મૂકવામાં આવે છે તે પ્રત્યેક બોલની કેટલી માત્રા છે તે બતાવવા માટે છે. જે જે અક્ષર ઉપર એકનો આંક આવે તે તે અક્ષરો એક માત્રાના સમજવાના હોય છે.

તિલવાકરી જી. તલસાંકળી.

તિલવાપુલિકા [સં.] જી. તલસાંકળી.

તિલવાપુલી [સં.] જી. તલની રોટલી.

તિલવાપુલિયા [સં. તિલવાપુલિકા] જી. (પ્રાકૃત) તલસાંકળી.

તિલવાસું ન. તલના ફોતરાનું સુકાઈ ગયેલું રાડું.

તિલવેહ [સં.] પું. તલનું તેલ.

તિલસ્મ ૧. [ઘ. ટેલ્સમા] પું. અદ્‌ભુત અથવા અલૌકિક કામ; કરામત; ચમત્કાર.

૨. પું ઇંદ્રજાળ; જાદુ.

૩ [અ.] પું. મંત્રવિદ્યા.

તિલસ્માત જુઓ તિલસ્મ.

તિલસ્માતી જુઓ તિલસ્મી.

તિલસ્મી ૧. વિ ચમત્કારિક; અદ્‌ભુત; અલૌકિક.

૨. વિ. જાદુ સંબંધી; જાદુઈ.

તિલહન [સં.] ન. તેલી બિયું.

તિલહર્ષ જી. તેલવાળું હોવાપણું.

તિલહેરા ૧. જી. તેલ વેચવાનો ધંધો કરતી એક જાત.

૨ ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તિલાંગ પું. (સંગીત) એક જાતનો રાગ; ભૈરવ રાગના આઠ પુત્રો માંહેનો એક રાગ. રાત્રિના બીજા પહોરે તે ગવાય છે. તે બપોરે ચાટમાંથી ઉત્પન્ન થાય છે. આ રાગનો ગ્રહ સ્વર સા, વાદી સ્વર મ, સંવાદી સ્વર નિ અને ન્યાસ સ્વર ગ છે. તે ગુસ્સાર અને કરણ રસ ઉત્પન્ન કરે છે તથા ચપળ પ્રકૃતિવાળો છે. આ રાગમાં રિષભ, પૈવત વર્જ્ય છે. આરોહે શુદ્ધ તેમ જ અવરોહે કોમળ નિષાદનો પ્રયોગ થાય છે વિવાદી સ્વર તરીકે તીવ્ર મધ્યમનો ઉપયોગ થાય છે. એ સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં કેટલેક સ્થળે નિદ્રામ અને ઝમાજનો ભાસ થાય છે

તિલાંગની [સં.] જી. એક જાતની માદાઈ

તિલાંબા ૧. [સં.] પું. અમેરિકા વગેરેનો દેશો સિપાઈ. શરૂઆતમાં ઈસ્ટ ઇંડિઝ કંપનિએ મદ્રાસમાં કિલ્લો કરી લાંબા તિલંગોની પોતાના વસ્તરમાં ભરતી કરી હતી. આથી અંગ્રેજ લોકના દેશી સિપાઈઓ તિલંગા કહેવાયા.

૨. [સં. તૈલંગ] પું. તૈલંગ દેશનો વતની.

૩. વિ. તૈલંગ દેશનું; તૈલંગ દેશ સંબંધી.

તિલાંગી ૧. જી. એક પ્રકારની પતંગ.

૨. જી તેલુગુ ભાષા.

૩. વિ. તૈલંગ દેશનું

તિલા ૧. [સં.] પું. ચિકિત્સા દૂર કરવા શિરોવિંદ ઉપર છાંટવામાં આવતું તેલ.

૨. [જા.] પું. સોનેરી કોર.

૩. ન. સોનું

તિલાઈ ૧. જી. દીવી ઉપર તેલ રેડવું તે.

૨. જી. નાનો તાવડો; પેણો

૩. વિ. સોનાનું; સોનાનું બનેલું

તિલાઈ તહરીર જી. સોનાથી અક્ષર લખવા તે.

તિલાક [અ. તલ્લાક] જી. છૂટાછેડા. મુસલમાનો વગેરેમાં જેઓ નિયમ છે કે, તેઓ જરૂર પડતાં પોતાની પરણેલી સ્ત્રી સાથે એક ખાસ નિયમ અનુસાર સંબંધ તોડી દે છે. આવી દશામાં સ્ત્રી અને પુરુષ બંનેને બીજા બીજા વિવાહ કરવાનો અધિકાર મળે છે.

તિલાકાર [જા.] પું. સોનાનો ઓપ ચડાવવાનું કામ કરનાર માણસ.

તિલાકારી જી. સોનાનો ઢોળ ચડાવવાની ક્રિયા; ઓપ ચડાવવાનું કામ.

તિલાગ્નિ [સં.] પું તલના ફોતરાનો અગ્નિ.

તિલાટ ૧. પુ. માદીનો વારસ રાજકુંવર; પાટવી કુમાર; તિલાવટ.

૨. વિ. પૂલ્ય; પહેલી પૂજાને યોગ્ય.

૩. વિ. રાજ્યતિલકને યોગ્ય, પાટવી; વડું.

તિલાણો પું. (સંગીત) કોમળ સ્વર જેમાં વધુ આવે એવો એક રાગ; જેમાં ત, ધ, ન, મ, દ, ર એવા ક્રમના અને રચનારે કરનાર અક્ષર કે સ્વર વારેવારે આવે તેવું ગાયન.

તિલાદાની [જા.] જી. ગૃહિણી; ઘરની; પત્ની.

તિલાના જુઓ તિલાણો.

તિલાન્ન [સં.] ન. તલમિશ્ર અન્ન; તલની ખાચડી.

તિલાપત્યા [સં. તિલ (તલ) + અપત્ય (બાળક) + આ (નારીજાતીનો પ્રત્યય)] જી. કાણીકુરી. તેનું બી તલના જેવું હોય છે.

તિલાબાકૂરી (તિલાબાકરી) [જા.] જી. સોનાનો તાંતણો.

તિલામ [અ.] પું બ. વ. નોકરો

તિલાયા [અ.] પું. પહેરો; ચોકી.

તિલાયાના [જા.] વિ. સોનાનું; સોનાનું બનેલું.

તિલારવડી (તિલારવો) ૧. જી, જવ ઉત્પન્ન કરે તેવું સ્થાન.

૨. જી. સપાટાની નજીકમાં ઢોરાયી વસેલ એક મેદાન.

તિલાવત [અ. તલવ (તેણે વાંચ્યું)] જી કુરાન વાચવું તે. કુરાનનો પાઠ.

જેનો કંઠ મીઠો બધો મધુર હતો કે જ્યારે તે કુરાનની તિલાવત (પાઠ) કરતો ત્યારે બોલાઓની આંખમાંથી અશ્રુ ટપકતાં. સુપર્ણાખ્યાન

તિલાવા ૧. [સં.] પું. મોટો કૂવો.

૨. પુ. ચોમેરા સમયે કોટવાળા વગેરેનું શહેરમાં કરવું તે; ચોકી.

તિલાસાજ જુઓ તિલાકાર.

તિલાસાજી જુઓ તિલાકારી.

તિલાંજલિ ૧. [સં.] જી. છોડી દેવું તે; રુખસદ.

નહિ તો મારા નામની તિલાંજલિ જ માનો. બાલાવબોધ

તિલાંજલિ આપવી રૂઢી = (૧) જરૂર પડ્યે સબંધ ન રાખવો. (૨) અંત કરવું; છોડી દેવું. લાગ કરવો

૨ જી. તલમિશ્રિત પાણીની અંજલિ આપવી તે; મૂએલાને અર્પાતાં તલ અને પાણી; મૃતક સંસ્કારનું એક અંગ; હિંદુઓમાં મૃતક સંસ્કારની એક ક્રિયા. મૂડદું બાળી રહ્યા પછી સ્નાન કરીને તે કરવામાં આવે છે. તેમાં હાથની અંજલિમાં જળ ભરીને તલ તેમાં તલ નાખીને જે મરનારના નામ ઉપર છાંટવામાં આવે છે.

તિલાંજલિ [સં. તિલ (તલ) + અંજલિ (પાણી)] ન. તર્પણ માટેનું તલમિશ્રિત પાણી; તિલાંજલિ.

તિલિત્સ [સં.] પું. એક જાતનો મોટો સાપ; અજગર; મોનસ.

તિલિત્સા જુઓ તિલિત્સ.

તિલિમ [સં.] પુ. એક જાતનું વાદ્ય.

તિલિયર [હિ.] પું. પોડ; અંગ્રેજી ભણેલી નાજુકનો મુખ્ય સિક્કો.

તિલિસ્મ ૧. [અ.] પું. જાદુ.
૨. પું. મંત્રવિદ્યા.

તિલિસ્માત ૧. [ય. ટેલિસ્મન] પું. ચમત્કાર; કરામત.
૨. પું. જાદુ; ઇંદ્રજાળ.

તિલિસ્માતી ૧. વિ ચમત્કારી; અદ્‌ભુત.
૨. [અ.] વિ. જાદુઈ.

તિલિસ્મી જુઓ તિલિસ્માતી.

તિલિંગ પું. તૈલંગ દેશનો રહેવાસી.

તિલી ૧. સ્ત્રી. ગોળ વાંસની ચીપ.
૨. [સં. તિલ] સ્ત્રી. તલ.
૩. સ્ત્રી. ખરેલ; ખરોળ.
૪. સ્ત્રી. વણકરનું તાણો સાફ કરવાનું સાધન.
૫. સ્ત્રી. સળિયો.

તિલુઆ સ્ત્રી. એક જાતની ભીડાર્ય. સૂર્ય ઉત્તરાયણના યામ લાગે ત્યારે હિંદુઓ તે યામ છે.

તિલેડાની ૧. સ્ત્રી. સોયદોરા રાખવાની નાની કોથળી.
૨. જુઓ તિલાદાની.

તિલૈયા પું. કાચબો.

તિલૌરી [હિ.] સ્ત્રી. હોળીના તહેવાર પછીનો દિવસ.

તિલોક જુઓ ત્રિલોક.

તિલોકપતિ [સં. ત્રિલોકપતિ] પું. વિષ્ણુ.

તિલોકી ૧. [સ ત્રિલોકિન્] સ્ત્રી. (પિંગળ) બત્રીસ માત્રાનો એક ઉપજાતિ છંદ. તેના પ્રત્યેક ચરણને અંતે લઘુ ગુરુ આવે છે.
૨. જુઓ ત્રિલોકો.

તિલોગ જુઓ ત્રિલોક.

તિલોચન [સં. ત્રિલોચન] પું. શંકર.

તિલોટિયા ૧. સ્ત્રી. ચોરાસી માંહેની ભાટજ્ઞાતિની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

તિલોત્તમા [સં.] સ્ત્રી (પુરાણ) એ નામની એક પરમ રૂપવતી અપ્સરા. તેના સર્જનમાં એવું કહેવાય છે કે, બ્રહ્માએ આખા સંસારના બધા ઉત્તમ પદાર્થોમાંથી એક એક તલ જેટલો અંશ લઈ તેમાંથી તેને બનાવી હતી. પૂર્વજન્મની તે એક બ્રાહ્મણી હતી. તેને બ્રહ્માએ સ્નાન કરવાથી શાપ થયો હતો, તેથી તેને અપ્સરાની યોનિ પ્રાપ્ત થઈ હતી. તેના જન્મનું કારણ એ હતું કે, હિરણ્યાક્ષના પુત્ર સુંદ અને ઉપસુંદે બહુ ઉગ્ર તપ કરી શિવ અને બ્રહ્માનો પ્રસન્ન કર્યા. તેમણે વર માગ્યો કે, અમે કોઈથી મરીએ નહિ. અમારે અમારે બે ભાઈઓને વિરોધ થાય ત્યારે મરીએ. એ બે ભાઈઓમાં પરસ્પર એવો સ્નેહ હતો કે વિરોધ થવાનો સંભવ જ ન હતો. પછી એ દૈત્યોએ દેવોને દુઃખ દેવામાં મણા રાખી નહિ. એમણે ઇંદ્રને સિંહાસન ઉપરથી ઉઠાડી મૂક્યો. દેવતાઓ બ્રહ્મદેવ પાસે રાડ કરવા ગયા. બ્રહ્માએ તલ તલ જેવડા રત્નથી એક સુંદર સ્ત્રી બનાવી અને તેનું નામ તિલોત્તમા પાડ્યું. સુંદ અને ઉપસુંદ વિંધ્યાચળ ના પ્રદેશમાં રહેતા હતા. બ્રહ્માએ એ તિલોત્તમાને એ પ્રદેશમાં મૂકી એ જોઈ બંને ભાઈઓ દોડ્યા અને એક હાથ સુંદે અને બીજો ઉપસુંદે પકડ્યો એ ઝપાઝપીમાં લડાઈ થઈ અને એકબીજા ઉપર ગદા ઝીંકાઈ, તેથી બંને મરણ પામ્યા.

તિલોદક [સં તિલ (તલ) + ઉદક (પાણી)] ન મૂએલાને અર્પાતાં તલ અને પાણી, તિલાંજલિ, તર્પણ માટેનું તલમિશ્ર પાણી; તલ અને પાણી વડે કરાતું તર્પણ.

તિલોપા પું. (બૌદ્ધ) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ તે મહાપંડિત નારોપાનો ગુરુ હતો.

તિલોરી સ્ત્રી. એક જાતનું મેના પક્ષી

તિલોલા ૧. સ્ત્રી. કસુંબીની એ નામની એક ભાટક.
૨. ન એ નામની ભાટકનું માણસ.
૩. વિ. એ નામની ભાટકનું.

તિલોંસા [હિ.] વિ તેલ વાટમાં વપરાઈ ચૂકે એટલા માટે દીવા તરફ હાળવાળું.

તિલૌદન [સં. તિલ (તલ) + ઓદન (ભાત)] ન. તલની ખીચડી; તલમિશ્ર ચોખા.

તિલૌંડા જુઓ તિલોંસા.

તિલ્કા ૧ [અ.] પું ટપકું.
૨. પુ બડાશમાં સામા થવું તે.

તિલ્ચર પું. એક જાતનું પક્ષી.

તિલ્ય ૧. [સં] ન. તલનું ક્ષેત્ર જેમાં તલ નીપજ્યા હોય તેવું ખેતર.
૨. વિ. તલના હિતનું; તલ માટેનું.

તિલ્લ ૧. પું (પિંગળ) ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; તિલ્લા. તે માત્રામેળ છંદનો એક ભેદ છે.
૨. [પ્રા.] ન. તેલ.

તિલ્લકુદ્દી [પ્રા] સ્ત્રી. તલવટ.

તિલ્લગ [સ તૈલક] વિ. (પ્રાકૃત) તેલ વેચનાર.

તિલ્લના પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તિલ્લા. તે માત્રામેળ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ મળી ૭ અક્ષર હોય છે.

તિલ્લપુષ્પ [સં. તિલપુષ્પ] પું. (પ્રાકૃત) તેલના માલપુઆ, તેલપુઆ.

તિલ્લમલ્લો [પ્રા.] સ્ત્રી. તલનો ખોળ.

તિલ્લા ૧. [અ.] પું પાઘડી, સાફી કે દુપટ્ટાનો સોનેરી છેડો
૨ જુઓ તિલ્લના.

તિલ્લાદાની સ્ત્રી સોયદોરા રાખવાની કોથળી.

તિલ્લાના ૧. [હિ.] પુ. ગાવનનો અભ્યાસ; પદ.
૨. પું. રાગનું ગીત.

તિલ્લી ૧ [હિ] સ્ત્રી એક પ્રકારનો વાંસ.
૨. સ્ત્રી. તલ.
૩. સ્ત્રી. ખરોળ. આસની પોલી ગાંઠના આકારનો આ અવયવ બાસણીઓની નીચે પેટના ઢાંકા લાગમાં આવેલો છે તેનો સબંધ પ.ઢાસય સા.થે છે અ.વેશ પદાર્થનો બનેલો રસ ગોઠા વખત સુધી તેમાં રહે છે અ.સુધી તે રસ તેમાં રહે છે ત્યાંસુધી તિલ્લી ફૂલેલી રહે છે. અ્યારે ગોઠી તે રસને ચૂસી લે છે ત્યારે તે પાછી મૂળ રૂપમાં આવે છે. તાવની અસરથી તિલ્લી વધે છે તાવને લીધે તેમાં લોહી વધારે આવે છે. આ રોગમાં દરદી દિન પ્રતિદિન દુબળો થતો જાય છે, મોઢું સુકાઈ જાય છે અને પેટ નીકળી પડે છે. વૈદ્યક અનુસાર દારૂકારક અને કફકારક પદાર્થનું વિશેષ સેવન કરવામાં આવે ત્યારે ત્રિદોષ કુપિત થઈને ખરોળ વધે છે. તલ્લી વધે ત્યારે મંદાગ્નિ, જ્વરાંબર વગેરે રોગ સાથે થઈ આવે છે.

તિલ્વ ૧. [સં.] પું. ધોળા લોધ્રનું ઝાડ.
૨. પું. રાતા લોધ્રનું ઝાડ.
૩. પું. લોધ્ર વૃક્ષ.

તિલ્વક જુઓ તિલ્વ.

તિલ્હારી [હિં.] સ્ત્રી. ઘોડાની આંખો ઉપર મચ્છી ન બેસે તેટલા માટે તેના મોઢા ઉપર બાંધવામાં આવતો ઝાલરના જેવો પડદો, નુકતો.

તિવ પું એક જાતનો ઘોડો

તિવર્ગ [સં. ત્રિવર્ગ] પું. (પ્રાકૃત) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ.

તિવડા (તિવડા) પું. (સંગીત) એક જાતનો તાલ; ત્રિપુટ; તેવરો. આ તાલને સાત માત્રા છે. તેમાં પહેલી, ચોથી અને છઠ્ઠી માત્રા ઉપર તાળી આવે છે.

તિવડો (તિવડો) પું. (સંગીત) પ્રાચીન જાત માહેનો એ નામનો એક તાલ; તેવરો.

તિવર જ. હિંદુસ્તાન, બર્મા અને અંદામાન દ્વીપોમાં જોવામાં આવે છે. તે દરિયાની ખાડીમાં એક કે બે માણેક જેવો ઢાંકણાવાળો થાય છે. તેનાં ઝાકડાં તમાકુ વગેરે ખાવાના કામમાં વપરાય છે. તે મજબૂત હોઈ હમારતમાં પણ વપરાય છે. તેની છાલ રંગના કામમાં લેવાય છે. અછબડા ઉપર તેના ઝાકડાની રાખ ભભરાવવાથી ફાયદો થાય છે. તે પોવાના કામમાં પણ વપરાય છે.

તિવલા [અ.] જ. બાદુ.

તિવલિ [સં ત્રિવલિ] સ્ત્રી. (પ્રાકૃત) પેટ ઉપરના ત્રણ વાટા.

તિવલિયા ૧. [સં. ત્રિવલિકા] સ્ત્રી. કોખને બખને કપાળ ઉપર પડતી ત્રણ લીટી.
૨. સ્ત્રી. પેટ ઉપર પડતા ત્રણ વાટા.

તિવરી [સં. ત્રિવલી] સ્ત્રી. (પ્રાકૃત) પેટ કે કપાળ ઉપર પડી ત્રણ રેખા.

તિવસ જ. એક જાતનું ઝાડ. તે હમારતના કામમાં આવે છે

તિવાડી (તિવાડો) ૧. સ્ત્રી. બાહ્મણની એ નામની એક અટક; ત્રિપાડી; ત્રિવેદી.
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તિવારઈ જ. સારે.

તિવારા પું ત્રણ બારણાંવાળો ઓરડો.

તિવારો જુઓ તિવાડી.

તિવાશી ૧. સ્ત્રી. ત્રિવાસના; જેના ઉપર બેસ બુદ્ધનાં ત્રિ ઢોર્યા હોય એવું આસન.
૨. સ્ત્રી. નાની ભરતકામવાળી શેતરંજી.

તિવાસ [સં. ત્રિવાસર] પું. ત્રણ દિવસ.

તિવિહ [સ ત્રિવિધ] વિ. (પ્રાકૃત) ત્રણ પ્રકારનું.

તિવિહાર પું. (જૈન) પાણી સિવાય બધું આહારનો ત્યાગ.

તિવ્રા ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ.
૨. સ્ત્રી. (સંગીત) બાવીસ માહેની એક શ્રુતિ.

તિશ ૧. સ્ત્રી. ઇચ્છા.
૨. સ્ત્રી. તરસ; તૃષા.

તિશાનીઅ [અ. તનઅ] પું. ઠપકો.

તિશ્ય પું. (જ્યોતિષ) છઠ્ઠા મુખ્ય ત્રિરત્ના આરેદારના ત્રણ હમકારમાંનો એ નામે એક. તેને તીર પણ કહે છે.

તિશનગાન [ફા.] વ.વ ન તરસ્યાં માણસ

તિશનગી [ફા.] સ્ત્રી. તરસ; તૃષા.

તિશના ૧. [સં. તૃષ્ (ઇચ્છવું)] સ્ત્રી. તરસ; તૃષા.
૨. સ્ત્રી. લાલચ; લોભ.
૩. [ફા.] વિ. તરસ્યું.
૪. વિ. લાલચુ.

તિશ્ત ૧. [સં. તિષ્ય] પું. શંકર; મહાદેવ.
૨. વિ. ઊભેલું.

તિશ્ઠદ્ગુ ૧. [સં.] પું. ત્રણ ચરીને પાછી પોતાને બીજે આવે તે સમય; સંધ્યા; સાંજ; ગોધૂલી.
૨. પું. ત્રણ કોહવાનો વખત.

તિશ્ઠદ્ગોમા [સં.] સ્ત્રી. એ નામે એક વત.

તિશ્ઠા [સં.] સ્ત્રી. તિસ્તા નામની નદી. તે હિમાલયની પાસેથી નીકળી નવાબગંજ પાસે ગંગાને મળે છે.

તિષ્ફલા સ્ત્રી. આંબળાનું ઝાડ.

તિષ્ય ૧. [સં.] પું. (પુરાણ) બ્રસિયુત્ર.
૨. જ. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર; તીરના આકારનું અશોકનું નક્ષત્ર; સત્તાવીસ માંહેનું આઠમું નક્ષત્ર. તેમાં ત્રણ તારા હોય છે.
૩. જ. પોષ મહિનો.
૪. વિ. પુષ્ય નક્ષત્રમાં ઉત્પન્ન થયેલું.
૫. વિ. મામલત; કલ્યાણકારી; શુભ.

તિષ્યક [સં.] પું. પોષ માસ.

તિષ્યપુષ્પ [સં.] પું એક જાતની હરડે.

તિષ્યપુષ્પા [સં.] સ્ત્રી. આંબલીનું ઝાડ.

તિષ્યફલ જ. આંબળું.

તિષ્યયુગ [સં] પું. કળિયુગ.

તિષ્યરક્ષિતા સ્ત્રી. અશોકની એ નામની રાણી.

તિષ્યા [સં.] સ્ત્રી. આંબલીનું ઝાડ.

તિસ ૧. [સં. તૃષા] સ્ત્રી. ઇચ્છા.
૨. સ્ત્રી તૃષા; તરસ
૩. [અ. તહ] જ. તે. જે.
૪. [અ.] વિ નવ

તિસઉરા ૧. જ્ઞો જૈન મત પ્રમાણે ઓરાણી માહેની એક જાતિ
૨. જ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

તિસકી [અ મરુન (તેને આરંભ અપાયો)] સ્ત્રી. આરામ; વિશ્રાંતિ

તિસત્તકખુત્તો [સં ત્રિસપ્તકૃત્વસ્] અ. (પ્રાકૃત) એકવીસ વાર; એકવીસ વખત.

તિસના [હિં.] સ્ત્રી. તૃષ્ણા; ઇચ્છા.

તિસમારખાં ૧ પું. આડંબરી માણસ; મોટા પરાક્રમોની બડાશો મારનાર બાદશી
૨. વિ. બડેશ; ચૂરાતનનો ઢોંગ કરનાર; ખોટી બડાઈ બતાવનાર.
૩ ક્રિ વમોયુગી; ગરમ મિજાજનું; તુંડ મિજાજી.
૪. વિ કુલબૂડ, બદાર્ખોર.

પરમા ઠકાના બધુ રાર અને બાહાર તિસમારખાં. જોર,ત્રિ

તિસર ૧. [સં. ત્રિસર] પું. (પ્રાકૃત) ત્રણ સરવાળી માળા
૨. પું. ત્રણસરો હાર.

તિસરવા [સં. ત્યાહિક] પું. (હિંદી) તરિયો તાવ.

તિસરા ૧. [હિં.] પું. ત્રાહિત માણસ.
૨. [સં. ત્રિસરા] સ્ત્રી. (પ્રાકૃત) માળવા પકડવાની જગા.
૩. વિ. ત્રીજું.

તિસરાયત જુઓ તિસગ.

તિસરું [સં. તૃતીય] જ. ત્રીજાને ભાગ.

તિસવૈત ૧. [હિં.] પું ત્રણ કે ચાર માણસનું નિમાયેલું પંચ.
૨. પું. ત્રીજા હિસ્સાનો માલિક.
૩. પું. ત્રીજો માણસ; તટસ્થ; મધ્યસ્થ.

તિસલા [સં. ત્રિશલા] સ્ત્રી. (પ્રાકૃત) મહાવીર સ્વામીની માતાનું નામ.

તિસલ્લ [પ્રા.] જ. (જૈન) ત્રણ શલ્ય: માયા, નિયાણ અને મિથ્યાદર્શન એ નામનાં ત્રણ શલ્ય.

તિસવાંસી સ્ત્રી. બિસવાસીનો ત્રીસમો ભાગ.

તિસા [સ. તૃષા] સ્ત્રી (પ્રાકૃત) તૃષા; તરસ.

તિસાત્રિંશત [સ.] વિ. બત્રીસ, ૩૨.

તિસાયા [હિ.] વિ. તરસ્યું.

તિસાલગ [સ. ત્રિશાલક] ન. (પ્રાકૃત) ત્રણ પડાળવાળું ઘર.

તિસાલા [મ] વિ ત્રણ વર્ષનું; ત્રિવાર્ષિક.

તિસિય [સ તૃષિત] વિ. (પ્રાકૃત) તૃષિત, તૃષાતુર; તૃષાયુક્ત.

તિસિયું વિ. (જૂ ગુ) તરસ્યું; તૃષાતુર.
તિસિયો જાયે સરોવરે ૨. કેશવજી મુનિ

તિસી [હિ.] સ્ત્રી. અળસી.

તિસુદ્ધિ [સ. ત્રિશુદ્ધિ] સ્ત્રી. (જૈન) સમકિતની ત્રણ શુદ્ધિ; દેવ, ગુરુ અને ધર્મ સિવાય બાકીની સાંસારિક વસ્તુમાત્રને તુચ્છ એટલે નિઃસાર માનવી તે.

તિસુત [હિ.] પું. એક જાતની દ્રવ્ય.

તિસૂલ [સ. ત્રિશૂલ] ન. (પ્રાકૃત) ત્રિશળ.

તિસૂલિયા ૧ [સ. ત્રિશૂલિકા] સ્ત્રી. નાનું ત્રિશૂળ.

૨. સ્ત્રી. લાખી ગુણ.

તિસોત્તર ન. નસોતર નામની વનસ્પતિ.

તિસોરા ૧. સ્ત્રી. વણિક જાતિની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

તિસ્તા સ્ત્રી. એ નામની મહાભારતમાં જણાવેલી અને બંગાળની ઉત્તરે આવેલી એક નદી; અત્રેયી.

તિસ્ર પુ. (સંગીત) તાલની અગિયાર માંહેની એક જાતિ. તેમાં ત્રણ માત્રા હોય છે અને પહેલી માત્રા ઉપર તાલ આવે છે. જે તાલના પહેલા અંગમાં ત્રણ માત્રાઓ આવતી હોય તેને તિસ્રજાતિ તાલ કહે છે.

તિસ્રજાતિ જુઓ તિસ્ર.

તિસ્રા [સ.] સ્ત્રી. ભોંયકુષ્માંડી નામની વનસ્પતિ.

તિસ્સ [સં તિષ્ય] પું. અશોક રાજાના સગા ભાઈનું નામ.

તિસ્સત [અ.] ન. નાનું ખાલું.

તિસ્સા [અ. તિસ્અ] વિ. નવ, ૯.

તિસ્સૈન [અ.] વિ. નેવું; ૯૦.

તિહ વિ. બાકી.

તિહત્તર [સ. ત્રિસપ્તતિ] વિ તોંતેર; ૭૩.

તિહદા [હિ.] પું. ત્યાં ત્રણ હદ ભેગી થતી હોય એવું સ્થાન; ત્રિભેટો.

તિહરા ૧. [હિ] સ્ત્રી. દહીં જમાવવાનું કે દૂધ દોહવાનું માટીનું વાસણ.

૨. [સ. ત્રિ (ત્રણ)] વિ તેવડું, ત્રણગણું

તિહરાવટ [હિ.] સ્ત્રી. ત્રણગણું હોવાપણું.

તિહરે [હિ.] ન. તમારું.

તિહવાર [હિ] પું તહેવાર; પર્વ.

તિહવારે અ (જૂ ગુ) ત્યારે.

તિહા ૧. [સ. તિહન્] પુ ચોખા.

૨ પુ. ધનુષ.

૩. પુ. રોમ.

૪ પું સારો સ્વભાવ.

તિહાઈ ૧. [હિ.] સ્ત્રી. ખેતીની ઊપજ

૨ [સ. તૃતિ] સ્ત્રી. ત્રીજો ભાગ.

તિહાઠંબ્બર પું. તરિયો તાવ.

તિહાઅંત પુ. ત્રીજો પુરુષ.

તિહાડા (તિહાડ) સ્ત્રી ખેતીની ઊપજના ત્રણ સરખા ભાગ. તેમાં એક ભાગ મહાલકને હોય છે અને બે ભાગ ખેડૂતને રહે છે.

તિહાપ [પ્રા.] અ. ત્રિધા; ત્રણ પ્રકારે.

તિહાયત ૧ [હિ.] પુ. તટસ્થ, મધ્યસ્થ; ત્રાહિત.

૨ પુ. તપાસ કરનાર કર્મચારી

૩. પુ પંચાતિયો, લવાદ; વચ્ચે પડનાર માણસ.

તિહાર અ. ત્રણ વાર.

તિહારો સ્ત્રી. એક જાતનું પહોળું.

તિહાર્યું [હિ.] ન. તાંસું.

તિહાલ [અ] સ્ત્રી. બરોળ, તલ્લી.
મર્જે તિહાલ = તાવ સાથે કે તાવ પછી બરોળનું વધવું તે.

તિહાલી [હિ.] સ્ત્રી. કપાસનું એક જાતનું ઝીંડવું.

તિહાવ [હિ.] પું. ક્રોધ; કોપ, ગુસ્સો.

તિહાં [સ. તત્ર] અ. ત્યાં; તે સ્થળે.

તિહાંકણે અ. તે જગ્યાએ; તે સ્થળે.
નગર વસાવ્યું તિહાંકણે ૨
રાસવત, વજ્ર નામ. નેમવિજય

તિહિ [સં. તિથિ] સ્ત્રી. (પ્રાકૃત) તિથિ, દિવસ.

તિહી [હા.] વિ. બાકી.

તિહીકાર ન. તા.જુ
દ્વાર બંને બુજવા કીધાં, બળતું મૂક્યું તિહીકાર,
આવે મૂલક માઠુ દીધું, ત્યારે હરી કુમારુ.
પ્રેમાનંદ

તિહીદસ્ત [હા. તિહી (બાકી) + દસ્ત (હાથ)] વિ. મરીજા.

તિહીદસ્તી [હા.] વિ મરીજાઈ.

તિહીદિમાઘ [હા. તિહી (બાકી) + દિમાઘ (મગજ)] વિ નાદાન, બાકી મગજનું; મૂર્ખ

તિહીમગજ જુઓ તિહીદિમાઘ

તિહુયણ [સ ત્રિભુવન] પુ. (પ્રાકૃત) ઊર્ધ્વ, અધો અને તિર્છા એ ત્રણે લોક; ત્રિભુવન.

તિહું [હિ] વિ. ત્રણ; ૩.

તિહુઆ પું. ગોળ અને ખજૂરના રસમાં તલ નાખીને બનાવવામાં આવતો એક જાતનો ખાદ્ય પદાર્થ.

તિહુઆસકાંતિ સ્ત્રી એ નામનો પોષ માસમાં આવતો એક તહેવાર. તે દિવસે તિહુઆ બનાવવામાં આવે છે.

તિંક સ્ત્રી ઈંતડી.

તિંટી [સ] સ્ત્રી. નસોતર

તિંડીક સ્ત્રી. આમલીનું ઝાડ.

તિંતિડ (તિંતિડ) ૧. [સં.] પુ. આંબલીનું ઝાડ.

૨ પુ (પુરાણ) તે નામે એક દેશ.

તિંતિડિકા જુઓ તિંતિડી.

તિંતિડી (તિંતિડો) [સ] સ્ત્રી. આંબલી.

તિંતિડીક ૧ [સં.] પુ. આમલી.

૨. પુ. ક્રોધ.

૩ પું. તેતરની પાંખ બાણા કરેલું એક જાતનું આભરણ.

તિંતિડીકા (તિંતિડીકા) જુઓ તિંતિડી.

તિંતિણી જુઓ તિંતિડી.

તિંતિલી જુઓ તિંતિડી.

તિંતિલીકા જુઓ તિંતિડી.

તિંતુડો (તિંતુડો) પુ. આખા ચણાનું પલાળીને કરેલું શાક

તિંદિશ ૧. [સ] સ્ત્રી એક જાતનું ઝાડ.

૨. [વિ] સ્ત્રી. એક જાતની શાકભાજી.

તિંદુ ૧ [સં] પું. એક જાતનું સીસમનું ઝાડ.
૨ પું.ન. વૈદક દૃષ્ટિએ એક કર્ષ બરાબરનું માપ

તિંદુક ૧. [સ.] પું. એક જાતનું ઝાડ; તમાલ.
૨. પુ. કંપનીસાહી એક રૂપિયાભારનું વજન; એક કર્ષનું વજન ગણ, પિચુ, ચાલિતલ, ત્રિંશિતપાલિ, ભિલાપદ, પોડશિકા, કરમધ્યા, દશપદ, સુવર્ણ, કવલગ્રહ અને ઉદુમ્બર વગેરે તેના બીજા નામ છે.

૩. પું. બહુ બીજવાળાં ફળવાળું એક જાતનું ઝાડ.
૪. ન. એક જાતની વનસ્પતિ; ટીંબરુ.

તિંદુકતીર્થ [સં.] ન. જજ્જરદેશમાંનું એ નામનું એક તીર્થ.

તિંદુકિ [સ.] સ્ત્રી. એ નામનું વૃક્ષ.

તિંદુકિની [સ.] સ્ત્રી. તે નામે એક વનસ્પતિ.

તિંદુકી ૧. [સં.] સ્ત્રી. ટીમરુ; તેંદુનું ઝાડ; ટોપરાનું ઝાડ.
તિંદુકીના ઝાડવાને પલ્લવ કર્યે જાતની પ્રાપ્તિ થાય. દામોદરલાલ
૨. સ્ત્રી. તિંદુક ઝાડનું ફળ.

તિંદુરુ [સં.] પું. તિંદુક નામનું વૃક્ષ.

તિંદુષ ન. બે અસ્થિવાળું ઘર.

તી ૧. પું. તલ.
૨ [હિં] પું. (સંગીત) મનોહર છંદનું એક નામ; ભીમરાવળી; નલિની.
૩. સ્ત્રી. બૈરું; પત્ની.
૪. સ્ત્રી. સ્ત્રી, બૈરું, ઓરત.
૫. સ. ત.
૬. [સં ત્રિ] વિ ત્રિ; ત્રણ; ૩.
૭ અ. એટલે; સારું.
તી પશ્ચિમ હિંદીમાં, તી પૂર્વ હિંદીમાં છે. તી ગુજરાતીમાં પણ વપરાય છે. પૃથક્ ન્યાયસુ

તીઅત [સં. તૃપ્યન્] સ્ત્રી. (હિં.) તાપ; ભ.જ; તરતારી.

તીઅરચલણી સ્ત્રી. એ નામની એક વેલ, તેને ગોળ ઊંડાં પીળાં ફૂલ આવે છે.

તીઆ પું. સીમડો, હદની નિશાની.

તીકેરી ૨ પું. ક્રોધ, ગુસ્સો.
૨. સ્ત્રી. કરચલીવાળું કપાળ.

તીકડી (તીકડો) સ્ત્રી. ચકતી; ચોટી; રોટલીના આકારની ગોળ ચપટી કોર્ડ પણ વસ્તુ.

તીક્રમ ૧. [સં વિક્રમ] પું. ત્રીકમ.
૨ પું ઢાંચાની બંને બાજુએ પાનાં કાઢેલા હોય એવી જાપીન વગેરે ઓઢવાની કોટાળી; ઓઢણી. જાપીન ઓઢવાનું એક ઓજાર.

તીકાર પું. ઝાડ વગેરે ખેડવું તે.

તીકું વિ તેવું; એના જેવું.
કરવી તીક્ષ્ણ કું આદરે. આનંદકાવ્યમહોદધિ

તીકુર સ્ત્રી. કેફમાંથી નીકળતો એક જાતનો સ્વાર્થ કે કાંજીવાળો પદાર્થ.

તીકા [હિં.] પું ચકિયા નાના કોટા કટકા તે.

તીક્ષ જુઓ તીક્ષ્ણ.

તીક્ષક ન. સીસું.

તીક્ષ્ણ ૧ પું ગરમી, ઉતાપ.
૨. [સં.] પું. જવખાર.
૩. પું. તીક્ષ્ણ સ્વભાવનો માણસ.
૪ પું. ધોળો દર્ભ.
૫. પું. મનુષ્યનો પિતરાઈ.
૬. પું. ધોળી.
૭ પું લોઢું; સજ્જનેલ; પોલાદ.
૮ પું વત્સનાભ, વછનાગ.
૯. પું. સિંદૂર.
૧૦. સ્ત્રી ભાલકણપણું. તે બાબામાં તીક્ષ્ણ હોય છે.
૧૧. ન. આંકડો વૃક્ષ.
૧૨. ન અત્તર
૧૩ ન. કાંટાનો રોગ; કોમળિયું.
૧૪ ન. ઝેર.
૧૫. ન. તીક્ષ્ણ સ્વર્ણ.
૧૬. ન. નક્ષત્રમંડળ.
૧૭. ન. (જ્યોતિષ) પૂર્વા તથા ઉત્તરા ભાદ્રપદ, રેવતી, અશ્વિની અને રેવતી નક્ષત્રોમાં ધ્રુવની ગતિ.
૧૮. ન. મરચું.
૧૯ ન. (જ્યોતિષ) મૂલ, આર્દ્રા, જ્યેષ્ઠ અને અનુરાધા નક્ષત્ર.
૨૦. ન. ધુતૂરો.
૨૧. ન. શુક્ર.
૨૨. ન. સમુદ્રનું મીઠું.
૨૩. વિ. અસહ્ય; સહન ન થઈ શકે એવું.
૨૪ વિ. આત્મસાત્મી.
૨૫. વિ. બાળક વગરનું; નિરાલસ્ય.
૨૬ વિ ઉગ્ર, તેજ, તરત અસર થાય એવું.
૨૭ વિ. ઉત્સાહવાળું; ઉમંગી.
૨૮ વિ કડવું, કઠોર, આકરું, તીખું તિખૂર
૨૯ વિ ગુસ્સે થયેલું.
૩૦ વિ. કડવું; વેગવાન.
૩૧. વિ તરત સામી બાબત એવું, બારીક ધારવાળું; ખૂબ બારીક ધારનું; ભેદવા કે કાપવાની શક્તિ વિશેષ હોય એવું; તેજ; અણીદાર.
૩૨. વિ. તરત સમજી જાય એવી બુદ્ધિનું; સુબુદ્ધિ; ચાલાક; ચાલાક; કુશાગ્ર બુદ્ધિવાળું.
૩૩. વિ તીખા સ્વાદવાળું.
૩૪. વિ. દાહક; ગરમ.
૩૫ વિ. પાણીદાર; ધારદાર.
અહલ્યાના વખતમાં પોકળા વગ્ર પ્રકાર ધારવામાં આવ્યા હતા તીક્ષ્ણ, ભદ્ર અને મંદ. નરેંદ્રભાઈ જો
૩૬. વિ. મજબૂત.
૩૭. વિ લાગણી દુભવનારું.

તીક્ષ્ણ આત્મઘાત પું તીક્ષ્ણ સંધિવા.

તીક્ષ્ણક ૧. [સં.] પું. ધોળા સરસવ.
૨. પું. ધતૂરો.
૩. ન. પીલુ.

તીક્ષ્ણકર્મા [સં. તીક્ષ્ણકર્મન્] વિ ખંતીલું આલાક; હોંસીલું

તીક્ષ્ણકંટક ૧. [સં.] પું. ઊંચુડી વૃક્ષ
૨. પું. ખાખરો.
૩. પું. બાવળ.
૪. પું. વાંસ.
૫. પું.ન. તીક્ષ્ણ કાંટો
૬. વિ. તીક્ષ્ણ કાંટાવાળું

તીક્ષ્ણકંદકકુંડ [સં.] પું. એ નામનો જબાદી માર્ગનો એક નરકકુંડ
જે બદમાશો બાબુસ સ્વભાવ કરવા વચનોથી પોતાના સ્વામીને પ્રહાર દે છે તે બાબુસ તીક્ષ્ણકંદકકુંડમાં કાંટા ખાઈને રહે છે. જગતની બાબવલ

તીક્ષ્ણકંટકા [સં.] સ્ત્રી. કંથારિયાનું ઝાડ.

તીક્ષ્ણકંદ [સં.] પું ડુંગળી; પલાંડુ; પ્યાજ.

તીક્ષ્ણકાંતા [સં] સ્ત્રી કાલિકા પુરાણ અનુસાર તારા દેવીનું એક નામ. તેના પૂજનથી અણીજ સિદ્ધ થવાનું મનાય છે.

તીક્ષ્ણકેતકિ [સં.] પું. પ્રથમ કોટિના કીડાની અંદાજે ૩૦ જેની એક જાત.

તીક્ષ્ણક્ષય [સં.] પું. જ્વરના બે ભાંદેનો એક ભાર

તીક્ષ્ણક્ષાર પું. કેળાની રાખ.

તીક્ષ્ણક્ષીરી [સં] સ્ત્રી. વંશલોચન.

તીક્ષ્ણગંધ ૧. [સં.] પું. નાની એલચી.
૨. પું. રાની તુલસી.
૩. પું. લોબાન.
૪. પું. સફેદ તુલસી
૫. પું. સરસવનું ઝાડ.

તીક્ષ્ણગંધક ૧. [સં.] પું. ધોળો સરસવો.
૨. જુઓ તીક્ષ્ણગંધ.

તીક્ષ્ણગંધા ૧ [સં.] સ્ત્રી. અજમાનો છોડ.
૨. સ્ત્રી. કંથારિયાનું ઝાડ.
૩. સ્ત્રી જંગલી વૃક્ષ
૪. સ્ત્રી ધોળો વજ.
૫. સ્ત્રી. નાની એલાયચી
૬. સ્ત્રી રાસ્ના
૭. સ્ત્રી. સરસવો; કોબાંજન.

તીક્ષ્ણગાદિ પું (વૈદક) નબળો; ગરીબો વા.

તીક્ષ્ણજઠરાગ્નિ [સં.] પું. (વૈદક) ચિત્તપ્રકોપને લીધે જઠરાગ્નિનું તીક્ષ્ણ થવું તે; એક પ્રકારનું અજીર્ણ

તીક્ષ્ણજ્વર [સં.] પું. સખત તાવ.

તીક્ષ્ણતંડુલા [સ.] સ્ત્રી. પીપર.

તીક્ષ્ણતા ૧. [સં. તીક્ષ્ણ + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. આકરી ધાર કે અણી હોવી તે.

૨. સ્ત્રી. ચપળપણું; ચાલાકી.

૩. સ્ત્રી તીવ્રતા; પ્રખરપણું, પ્રચંડતા.

વિષય સેવવી તમામ સુખ સંસારણથી વિશિષ્ટ હોવાને લીધે તેમા કોઈ પણ એક જાતની પ્રતિકૂળતા રૂપે જણાતી **તીક્ષ્ણતા** હોય છે, અને બુદ્ધિમાન પુરુષો જ તેનો અનુભવ કરી શકે છે.

સિદ્ધાન્તસંદોહ

૪. સ્ત્રી સ્વભાવની કઠોરતા; સખ્તાઈ, ઉગ્રતા; આકરાપણું.

તીક્ષ્ણતાપ [સં.] પું. મહાદેવ; શિવ.

તીક્ષ્ણતૈલ ૧. [સં.] ન. ઘોરનું ઝીર.

૨. ન. મદિરા, દારૂ; શરાબ.

૩. ન. રાળ.

૪. ન. સરસવનું તેલ.

તીક્ષ્ણદર્શી [સં. તીક્ષ્ણદર્શિન્] વિ. બારીક નજરવાળું.

તીક્ષ્ણદંત [સં.] પું. કાતરી કે કરડી ખાનાર ત્રીજા દાતવાળાં પ્રાણીનો વર્ગ.

તીક્ષ્ણદંતી જુઓ તીક્ષ્ણદંષ્ટ્ર

તીક્ષ્ણદંષ્ટ્ર ૧. [સં.] પું. વાઘ.

૨. વિ. તીક્ષ્ણ દાઢવાળું.

તીક્ષ્ણદંષ્ટ્રા [સં.] સ્ત્રી. તીક્ષ્ણ દાઢ.

તીક્ષ્ણદંષ્ટ્રી [સં.] સ્ત્રી. વાઘણ.

તીક્ષ્ણદુગ્ધા [સં.] ન. કુવારનું ઝાડ.

તીક્ષ્ણદૃષ્ટિ ૧. સ્ત્રી. સૂક્ષ્મ નજર; ઝીણી દૃષ્ટિ.

૨. [સં] વિ. જેની દૃષ્ટિ ઝીણામાં ઝીણી વાત ઉપર પહોંચી હોય એવું; સૂક્ષ્મદૃષ્ટિ.

તીક્ષ્ણધાતુ ન. લોઢું.

તીક્ષ્ણધાર ૧. [સં.] સ્ત્રી. તરવાર.

૨. વિ. આણીદાર; તીણી ધારવાળું.

તીક્ષ્ણનજરલો જુઓ તીક્ષ્ણદૃષ્ટિ.

તીક્ષ્ણપત્ર ૧. [સં.] પું. ગોખરુ; ખાખરાની ભાજી.

૨. પું. તુંબુરુ વૃક્ષ.

૩. ન. તીક્ષ્ણ પાંદડું

૪. વિ. તીક્ષ્ણ પાંદડાવાળું.

તીક્ષ્ણપત્રા [સ.] સ્ત્રી. વજ. વજના ઝાડનાં પાંદડા બહુજ તીખાં હોય છે, માટે તેને **તીક્ષ્ણપત્રા** કહે છે.

તીક્ષ્ણપાષાણકુંડ [સં.] પું. એ નામનું એક નરક.

અટવાટીરાનો **તીક્ષ્ણપાષાણકુંડ** અસ્ત્રની ધાર જેવા તીક્ષ્ણ પથરાઓથી બનાવેલો છે.

ભગવતી આરાધના

તીક્ષ્ણપુષ્પ ૧ [સં] પું. તીક્ષ્ણ ફૂલ

૨. પું. સવિતા.

૩. વિ. તીક્ષ્ણ ફૂલવાળું.

તીક્ષ્ણપુષ્પા [સ.] સ્ત્રી. કેતકી, કેવડાનું ઝાડ

તીક્ષ્ણપ્રિય [સં.] પું જવ.

તીક્ષ્ણફલ ૧. [સ.] ન તીક્ષ્ણ ફળ.

૨. ન. બાણ.

૩. વિ તીક્ષ્ણ ફળવાળું

તીક્ષ્ણફૂલા [સં.] સ્ત્રી. રાઈ.

તીક્ષ્ણબુદ્ધિ ૧. [સ.] સ્ત્રી. તેજ બુદ્ધિ; કુશાગ્ર બુદ્ધિ

૨. વિ. જેની બુદ્ધિ બહુ તેજ હોય એવું; કુશાગ્ર બુદ્ધિવાળું, બુદ્ધિમાન

તીક્ષ્ણમંજરી [સ] સ્ત્રી પાનનો વેલો.

તીક્ષ્ણમૂલ ૧. [સં] પું. સરગવો.

૨. વિ. જેનાં મૂળિયામાં બહુ તેજ ગંધ હોય એવું; તીક્ષ્ણ મૂળિયાવાળું.

તીક્ષ્ણરશ્મિ ૧. [સ.] પું. આકડાનો છોડ.

૨. પું. તીક્ષ્ણ કિરણ.

૩. પું. સૂર્ય.

૪. વિ. બહુ આકરાં કિરણવાળું.

તીક્ષ્ણરસ ૧. [સં.] પું. જવખાર; સુરેખાર.

૨. વિ. તીક્ષ્ણ રસવાળું.

તીક્ષ્ણલોહ [સં.] ન. સજ્જવેલ, પોલાદ.

તીક્ષ્ણવલક [સ.] ન. ચીગલ. તેના પાંદડાં મોટા અને તીખાશવાળાં હોય છે, માટે તેને **તીક્ષ્ણવલક** કહે છે.

તીક્ષ્ણવૃક્ષ [સ.] ન. પીલુ.

તીક્ષ્ણવેગ ૧. [સ.] પું. બહુ ઝડપવાળી ગતિ.

૨ પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.

તીક્ષ્ણસંજ્ઞા [સ.] સ્ત્રી (જ્યોતિષ) નક્ષત્રની એક સંજ્ઞા

મૂળ, અશ્વિની, મઘા અને આર્દ્રા એ ચાર નક્ષત્રોની દારુણ અથવા **તીક્ષ્ણસંજ્ઞા** છે.

જ્યોતિષસાર

તીક્ષ્ણસંધિવા પું. એક પ્રકારનો સંધિવા. તેમા પહેલાં એકાદ દિવસ તાવ આવી પછી તે વધી પડે, શરીર ઉપર ફોલ્લો થાય, નાડી જોરથી ચાલે, ઝાડો કબજ, પેશાબ ઓછો અને લાલ રંગનો ઊતરે. પહેલું દરદ એકાદ મોટા સાંધા જેવા કે ઘૂંટણ, કોણી, ઢાંકું, ખભો વગેરેમા થાય. સાંધા રાતા થઈ સૂજી આવે અને તેમા એટલું તો દરદ થાય કે દરદીથી તેના ઉપરનું કપડું પણ સહન ન થાય. દરદને લઈને દરદીને ઊંઘ આવે નહિ, તેમ હાથ પગ પણ હલાવી શકે નહિ અને આકરાની આફરા અકારણે પડ્યો રહે. પરસેવો બેટકો થાય કે ભિજાવું પડીનાઈ જાય. તાવની ગરમી ૧૦૧ થી ૧૦૫ અંશ રહી રહે અને ક્વચિત્ અસાધારણ ગરમીના તાવ આ દરદમાંથી થઈ આવે અને તેથી તાવની ગરમી ૧૧૦ થી ૧૧૨ સુધી જાય. સાંધાનું દરદ એકમાંથી કમી થઈ બીજામાં અને ત્રીજામા જાય, તેમ જ કરીથી પહેલા સાંધામાં પાછું આવે. રક્તાલય અને તેના પડમા આ રોગ જાય ત્યારે દરદો જોખમમા આવી પડે અને દરદી બચી જવા પછી તોપણ તે જીવનભર રોગી થઈ પડે છે.

તીક્ષ્ણા ૧ [સ] સ્ત્રી તાર, રેસાનું એક નામ.

૨ સ્ત્રી નાગદમણ.

૩. સ્ત્રી. મોટી આલકાંણી.

૪. સ્ત્રી. વજ.

૫. સ્ત્રી. સર્પકાકોલિકા.

તીક્ષ્ણાગ્નિ ૧ પું. અજીર્ણ રોગ.

૨. [સં.] પું. અગ્નિ.

૩. પું. અગ્નિ તે અને જેટલું ખાય તે પચી જવાપણું; પ્રબળ જઠરાગ્નિ

૪. [સ તીક્ષ્ણ + અગ્નિ (દેવતા)] પું દેવું જાણવું તે; દેવ.ઓળ.

તીક્ષ્ણાગ્નિજરારુજક [સ] પું (વૈદક) એક પ્રકારનો જરમક રોગ. તે પિત્ત દોષે કરી થાય છે. તેમા ભૂખ બહુ લાગે છે અને ખોરાક વધ્યા જાય છે.

તીક્ષ્ણાગ્ર ૧. [સ] પું ઝીંટકટાર નામનો એક ઝાડવાળો છોડ.

૨. વિ. જેનો આગલો ભાગ ધારદાર હોય તેવું.

તીક્ષ્ણાયસ ૧. [સં.] ન. પોલાદ.

૨ વિ. પોલાદમાંથી બનેલ

તીક્ષ્ણાંશુ [સં.] પું. સૂર્ય

તીક્ષ્ણીભૂત [સં] વિ. જ્વાળાવટ થઈને ઝીણું બનેલું.

ચર્ચાસ્પદતાથી **તીક્ષ્ણીભૂત** બનતાં દલિખિતની તાજગી અને સૌંદર્યની ચમક વધે સુલક્ષ્મ એવા રા. મુનશીકૃત વહ્નિ અને ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ આકર્ષકતાએ કરીને, એ બે મંથ નવા ચોકા આસન. સાક્ષરીય વાઙ્મયમાં આસન પકી આપે એવા તો છે જ.

કૌમુદી

તીક્ષ્ણપુ ૧ [સ] પું શરર; મહાદેવ.
૨. વિ તીક્ષ્ણ બાણવાળું.

તીખ ૧. ન. પોલાદ.
૨. વિ. ઉગ્ર, આકરું.
૩. વિ ચપળ, ચાલાક.
૪. વિ. ચતુરતુ.
૫ વિ. જલદ, તેજદાર; ધારીવાળું.
૬. [સ. તીક્ષ્ણ-તિક્ત તિક્ત] વિ. જીભ કે ચામડી ઉપર ચરચરાટ કરે એવું; તિખ; જીભને ઝણઝણ થાય એવા સ્વાદવાળું; જીભ ચમરે એવું
૭ વિ બારીક; તીક્ષ્ણ
૮. વિ માનેલું; નવજુવાન.
૯ વિ. સડો કરી નાખે એવું; નાશક.
૧૦. વિ. સુદર.

તીખક ૧. સ્ત્રી. તીખાશ આવે એવો અસારો
૨. વિ. તીખું; તીખાશ ઉપર હોય એવું; તીખા સ્વાદનું.

તીખડું (તીખડું) જુઓ તીખું

તીખાદ ૧. પું તીખો સ્વાદ.
૨. પું. સ્વભાવની ઉગ્રતા.

તીખારવો પું તણખો; અંગારો.
આ તો હોકલી પીતાં પાત્રું **તીખારવો** ઊડ્યો
ઝિણાભાઈ

તીખારો પું. અંગારો; ચિનગારી; દેવતાનો નાનો તણખો; તીખારવો.
બીબ લાઈને બાપ, બહ્મા હોયે જનતમા;
તોં તો દેઉ બાલ્, **તીખારો** તુજ તેજનો.
લોકગીત

તીખાશ ૧. [સં. તિક્તાંશ] સ્ત્રી. તીખાપણું.
તીખું લાગે એવો વસ્તુનો ગુણ.
૨. સ્ત્રી. સ્વભાવની ઉગ્રતા; આકરાપણું.

તીખાં ૧. પું. સુદર યુવાન પુરુષ.
૨. સ્ત્રી. એક જાતનું લોઢું; પોલાદ.
૩. ન ન બ. એક જાતનો તેજાનો; મરી; કાળી મીરચ. જેનાં પાન નાગરવેલનાં પાન જેવાં હોય છે તેમાં ત્રીજા ફળના ગુચ્છા આવે છે. મરીની કાળી તથા ધોળી બે જાત છે. તીખાં સ્વાદમાં તીખાં હોય છે. તેની દવા તથા ઘર ઉપયોગમાં ઘણી વપરાશ થાય છે.
૪. ન. બ. વ. મરચા.
તીખા લેવાં = આવેશમાં કરવી; નાહક લોહી ઉકાળો કરવો.
તીખાં સ્વાદે હોય તે,
તીખા કામ ખાળા તેહ;
તીખાં બોલો હોય તે,
તીખા સ્વભાવનો એહ. ભાલણ

તીખી ૧. સ્ત્રી એક જાતની ચોકી.
૨. સ્ત્રી. (સંગીત) એક તીવ્ર સ્વર.
૩. સ્ત્રી. કાગા મરી.
૪ વિ સ્ત્રી અકરી, મોઢું બગે એવી
૫. વિ. સ્ત્રી ઉગ્ર સ્વભાવની.
૬. વિ સ્ત્રી. તેજ; ઝેરી.

તીખી ભાજી સ્ત્રી. એક જાતનું શાક, અશેળિયાની ભાજી.

તીખુર [સં. તવક્ષીર] સ્ત્રી. હળદરની જાતનું એક કાદ. તે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ભારતમાં વધારે થાય છે.

તીખું ૧. વિ. તીક્ષ્ણ ધારવાળું.
૨. વિ. તેજ; તીવ.
૩ વિ. સ્વાદમાં બહુ જલદ; આકરું; મરચાંની માફક મોઢું બગે તેવા સ્વાદવાળું.

તીખું આગ ૧. ન તીખા સ્વભાવનું માણસ.
૨. વિ. આગ જેવું ગરમ.
૩. વિ. ઝટ ઉશ્કેરાઈ જાય એવું; તપી જાય એવું

તીખુંતમ વિ ખૂબ તીખું; ચરમાગરમ; મરચાની માફક મોઢું બગે તેવા સ્વાદવાળું.

તીખુંતમતમતું જુઓ તીખુતમ.

તીખુંતમતમું જુઓ તીખુતમ.

તીખું મરી વિ. તીખાં અથવા મરી જેવા ગરમ સ્વભાવનું

તીખું લોઢું ન. એક પ્રકારનું લોઢું. જેનો ઝટ કાટ ખાઈ જેવો લાગે, જડ અને ચિવટ વિનાનો હોય છે.

તીગવું સ. ક્રિ. જોવું; નજર કરવી.

તીગીછાપત ન. (જ્યોતિષ) ઉત્તરાભાદ્રા નક્ષત્ર.

તીઙ્ગ વિ. તીક્ષ્ણ; તેજ.

તીઙ્ગું સ. ક્રિ. ખેતરમાં ઊગાડી નાખવાં.

તીજ ૧. [સં. તૃતીયા] સ્ત્રી. પખવાડિયાનો ત્રીજો દિવસ; સુદિ કે વદિનો ત્રીજો દિવસ; ત્રીજ તિથિ.
૨. સ્ત્રી. માદા પક્ષી.
૩. સ્ત્રી અશ્વિન સુદિ ત્રીજને દિવસે ઊજવાતો હિંદુ તહેવાર.
૪. સ્ત્રી. હરતાલિકા તૃતીયા; ભાદરવા સુદિ ત્રીજ.

તીજ ૧. પું. તીડ; ચણા દાણાનું પણ કે પાકો.
૨. [હિં.] પું. મુસલમાનોમાં મરણથી ત્રીજો દિવસ. તે દિવસે મરી ગયેલા માણસને નામે અન્નક્ષેત્ર કરેલી ચીજનું દાન દેવાય છે.
૩ વિ. તૃતીય; ત્રીજું.

તીજું [સં. તૃતીયક-તિજ્જઉ તીજું] વિ. ક્રમમાં બેની સંખ્યા ઉપરનું; બે એ સંખ્યાનો ક્રમ બતાવનારું. ત્રીજું.

તીટ ન કાજળ; મેશ.
તીટનો ટુચકો કરવો = ગાલ ઉપર અથવા ચહેરા ઉપર એકદમ નજરે પડે તેવી રીતે મેશનું ટપકું કરવું. નજર ન લાગે માટે ખૂબસૂરત છોકરાને અથવા બરને આવું ટપકું કરવામાં આવે છે.

તીડ (તીડ) ૧. ન. એક જાતનું તંતુવાદ્ય. આ પલાશ વાદ્ય દેવદારના લાકડામાંથી બનાવવામાં આવે છે.
૨. ન. એક જાતનો પાખાળો જીવ; વનસ્પતિ અને પાકનો નાશ કરનારું તીતીઘોડાની જાતનું ઊડતું જીવડું. આ જીવડાં એક મોટી આફત જેવા ગણાય છે, કારણ કે તે એટલી મોટી સંખ્યામાં ઉત્પન્ન થાય છે કે કોઈ કોઈ વાર તેઓ પાક અને વનસ્પતિ આઈ જઈ મોટા પ્રાંતોના પ્રાંતો ઉજ્જડ કરી નાખે છે. મોટા વાદળાં જેવા તેના ટોળાં આકાશને ઢાકી દે છે અને જ્યાં વનસ્પતિ અને પાક દેખે છે ત્યાં ઊતરી પડે છે. મજબૂત મોઢું જાડ પણ તેની ઉપર પડેલાં તોડને ઝાડ ખાલી પડે છે અને જે ખેતરમાં તે ઊતર્યાં હોય તે ખેતરમાં એક સોંસરું પાંદડું કે પાકનો કણ પણ તેમનાથી બચવા પામતો નથી. ગરમ તેમ જ ઠંડા મુલકોમાં બંને જાતે ઉતારી પડે છે. ઘણા પ્રાચીન કાળથી તીડને એક મોટી આફત સમાન ગણાય છે. હિંદમાં પાલમ્બ સરહદ, રજપુતાના, સહ્યાદ્રિની તળેટીઓ અને બીજા રેતાળ પ્રદેશોમાં તીડો ઉત્પન્ન થાય છે. કચ્છનુનો વરસાદ બહુ રેતી જીવડા એટલે તીડની મા૰ા તેમાં દર ઘડી જોજ પ્રયાગથી સો ઈંડાં મૂકે છે અને એક અઠવાડિયામાં તે પુખ્ત ઉમરે પહોંચે છે. આસપાસની વનસ્પતિ ખાઈ તે ફરીને ઈંડાં મૂકે છે. તેઓ મોટાં ટોળાંમાં પાક ઉપર તૂટી પડે છે. એક દિવસમાં ૪૬ માઈલ લગી તે ઊડે છે. હિંદુસ્તાન, ચીન, મિસર, બરપ અને આફ્રિકામાં વારંવાર તેઓ પાકનો બાકી કાઢી નાખે છે. જેવા ઝપાટે તે ઉત્પન્ન થાય છે તેવા જ ઝપાટાભેર મરી જાય છે તેમનાં ઈંડાંનાં ખોખાંથી ઢગલા બગડી ઉજ્જડ થયેલો દેશ પાછો મરકો જેવા રોગમાં ફસાય છે. અગણિત સંખ્યાને લીધે અત્યંતતા બતાવવાને તીડનાં ટોળાં એમ કહેવાય છે. તીડના ખોખાનો ખોરાક તરીકે પણ કેટલાક જંગલી લોકો ઉપયોગ કરે છે. તીડને લીધે અનાજનો જ નહિ પણ વનસ્પતિ

સુધાનો નાશ થાય છે. પાકવાળા મુલકોમાં જ્યારે તે ઊતરી પડે છે ત્યારે ત્યાં ત્રાસ ત્રાસ થઈ રહે છે. તેનું મૂળ વતન સિંધ અને રજપૂતાના છે. ઈંડાંમાંથી નીકળતાં તીડ કાળાશ પડતાં પાંખ વિનાનાં હોય છે. સેવાયા પછી બીજા દિવસે નાનાં તીડો એક જગ્યાએ એકઠાં થઈ મોટા લશ્કર માફક ખેતરો તરફ કૂચ કરે છે. પાંખ વિનાની અવસ્થા ૪૦ માસ ચાલે છે. પાંખો આવ્યા પછી તેઓ મોટા મોટાં ટોળામાં નવીન જગ્યા તરફ ઊડતાં જાય છે. પીળાં કે જાંબુડા રંગનાં તીડોનું ટોળું દેખાય ત્યારે સમજવું કે ઈંડા મૂકવા કયાંક બેસવાનું. ઈંડાં મૂકતી વખતે માદા ચીકણો પદાર્થ કાઢે છે. તેથી ઈંડાં જમીનમાં બંધાઈ જાય છે. બચ્ચાં તીડો ઈંડાં પાસે પાસે મૂકતાં હોવાથી ચોડા ઊંડા જમીનમાંથી ૨ મણ એટલે ૪૦ લાખ ઈંડા એકઠાં કરી શકાય. તેના ઉપાય તરીકે ઈંડાં મૂકેલી જગ્યા ખોદી નાખવી અને ઈંડાં દાટી દેવાં. સેવાયા બાદ તરત જ તીડો ઠારી નાખવાં. પાંખ વિનાનાં તીડો જે તરફ આવતાં હોય ત્યાં એક મોટી ખાળી આડી કરી રાખવી, એટલે તીડો તેમાં પડતાં જશે. પછી પૂળાથી દાટવાં. પાંખવાળા તીડો માટે બારદાન કે કેરાની ઝાપટી વાડ કરવી. તીડોને તેમાં દાટી મૂકી વાડ સળગાવી દેવી. પાંખવાળા નાનાં તીડો આવે ત્યારે નગારાં, ઢોલ વગેરેનો ખૂબ અવાજ કરવો, એટલે તીડ બીજી દિશામાં જતાં રહેશે. ધૂમાડા કે વાવટાથી તેને ખિજવણી નકામી. માદા ડાંગરના ખેતરના શેઢાની જમીનની અંદર ઓકટોબરથી નવેમ્બર સુધી લીલા અને પીળા રંગનાં ઈંડાં મૂકે છે. નાનાં તીડોનો રંગ સહેજ લીલો પીળો હોય છે. શરૂઆતમાં શેઢા ઉપર ઘણું ઘાસ આવવાનું તે શરૂ કરે છે અને પછી ડાંગર ખાય છે. ચોથી વખત ચામડી બદલ્યા પછી તીડનો રંગ વધારે લીલો થાય છે અને પાંખ આવવી શરૂ થાય છે. પછી તીડનો રંગ ડાંગરનાં પાદડાં જેવો થઈ જાય છે.

તીડનાં ટોળાં = અગણિત સંખ્યા. જેમકે, તીડના ટોળાની માફક શત્રુનું દળ દેશ ઉપર ચઢી આવ્યું.

તીડિયું (તીડિયુ) ન. તીડ; તીડકું; ટીડકું.

તીડી (તીડો) સ્ત્રી. જેમાં ઘણું ઘાણા હોય તેવું ગંજીફાનું પાનું.

તીડીમતડાક (તીડોમતડાક) વિ ઉંચાઊંચીવાળું, વરણાગિયું

તીણ પું. એક જાતનો છોડવો. તેનાં ફૂલ પોળાં, મુલાયમ કે જાંબુડા રંગનાં હોય છે. તેની ભાખરી સ્વાદ આપે છે.

તીણવાર અ. તે વખતે. ત્યારે.

તીણારા સ્ત્રી. ધારવાળું હથિયાર તે.

તીણી સ્ત્રી. તીણી; છિદ્ર; નાનું કાણું.

તીણું ૧. [સં. તીક્ષ્ણ] વિ. અણીદાર; ઝીણી ધારવાળું.

૨. વિ. જાડું કે ભારે નહિ એવું છતાં તીવ્ર; આરપાર નીકળી જાય એવું; ઊંડે જતું રહે એવું; ઝીણું ને ઝાળુ.

તીણું વિ. કારમું; ભયાનક.

તીત ૧. [સં.] સ્ત્રી. આકરું; સખત. તડકાના સબંધમાં આ શબ્દનો પ્રયોગ થાય છે.

૨. [સં. અતીત] વિ. (પ્રાકૃત) ભૂતકાળનું. ભવા વખતનું.

તીતણું વિ. ભીનું; ભેજવાળું.

તીતપતિતા સ્ત્રી એ નામની એક રમત. ચીબોડી દાવવાળી ટોળીના છોકરા,ઓમાંથી એક જણ કોઈ ઉપર હાથ દઈ ઘોડાની પેઠે ઊભો રહે. તેની પાછળ તેની કેડ આગળનો ભાગ ઝાલી બીજો, તેની પાછળ ત્રીજો, તેની પાછળ ચોથો એ પ્રમાણે એક એકની પાછળ ભળતા હારમાં ઘોડાની જેમ હાથ દેનારા ઉભા. પછી દાવ લેનારો એક બેકરો ફોડતો આવી, ઉભેલાના વાંસા ઉપર હાથનો ઝપારો ટેકો દઈ, કૂદકો મારી પહેલાના વાંસા ઉપર બેસી જાય. એમ એક પછી એક બધાએ બેસે. કૂદીને સવાર થનાર છોકરો બેસવામાં કંઈ ભૂલ કરે એટલે એકાદ બાજુએ નમી જાય, પડવા જેવી પડે તો તેનો હક જાય અને તેણે બેઠાં બેસવું પડે. જ્યારે બધા રમતમાંથી દૂર થાય ત્યારે પોડા બનાર દાવ લે.

તીતર ૧. [સ. તિત્તિર] પું. કૂકડાની જાતનું ખેતર અને સામમા રહેતું પાળવાળું મધ્યમ જૂનર અને પક્ષી; તેતર. તેની બે જાત થાય છે: ડાળરબાંતરે અને બીજું કાળું. તેનું પેટ કાઈક ભારે, પૂછડી નાની અને પગમા ચાર આંગળી હોય છે. સૂઝના વખત સિવાય બધો વખત તે અહીંતહીં ફર્યા કરે છે. તે બહુ અચળ હોય છે. તે જમીનમાં માળો બાંધે છે. તેનાં ઈંડાં ચીકણાં અને પાણાવાળાં હોય છે. માદા સફેદ અથવા લીલા રંગનાં ૧૪ થી ૨૦ ઈંડા મૂકે છે. તેની સંભાળ સવારથી હોટ કૂટની છે. તે નાની ચકલીનો શિકાર કરે છે. ચોર ચોરી કરવા જતો હોય ત્યારે તીતરનો અવાજ જમણી બાજુએ સાંભળવા તો શુકન અને ડાબી બાજુએ સંભળાય તો અપશુકન મનાય છે.

તીતર આગળ ચડે૨ પહરો પાણીવાળી જગ્યા વિશેષ પસંદ કરે છે. પ્રાણીમાત્રનું વર્તણૂક

તીતરને મોટે લક્ષ્મી = ઓછી સમજણવાળા માણસને મોટું કામ કરવા સોંપવું

૨. પુ. મધુપર્ક; અર્ઘ્ય.

તીતરડી (તીતરડો) ૧. સ્ત્રી. કાણું પાડવા માટેનું ઓજાર; સારડી

૨. સ્ત્રી. ચીચરડો; અળતરા; વેદના.

અરધી અરડાની હીરડી હૈયામાય,
તનમા તીતરડી, પાસળિયું ખડકાવે પૂતળી.
લોકસાહિત્ય

તીતરબીતર વિ. આડુંઅવળું; અસ્તવ્યસ્ત; છૂટુંછવાયું.

તીતરી ૧. સ્ત્રી એ નામની એક ઔષધિ.

૨. સ્ત્રી. તેતરની માદા

૩. સ્ત્રી. પતંગિયું.

૪. સ્ત્રી. અપરાધપત્ર ,ગુનાનાં પટ્ટેલા સ્ત્રી.

તીતરું વિ. પ્રખરચીતરા રંગનું

તીતલી સ્ત્રી. તીવ્ર ઇચ્છા; મનોરથ.

તીતા ૧. [સ. તિક્ત] વિ. કડવું.

૨. વિ. તીખું.

૩. વિ. ભીનું.

તીતાલ પું. (સંગીત) ગાયનમાં એક જાતનો તાલ. ત્રિતાલ.

તીતાલવેડા (તીતાલપડા) પું ૧ ન. ખોટેખોટું રોજ તેઃ રોવાનો ઢોંગ કરવો તે.

તીતાલી ૧. વિ. આછકલું; છબરડા પેટનું.

૨. વિ. ખોટો કકળાટ કરી મૂકે એવું.

૩. વિ. રિસાળ; તિતાવિયું.

૪. વિ. સ્વરુચિ; મરજી; મનસ્વી.

તીતિયો રાફડો પું. એ નામની એક દેશી રમત; તીતિ,કબૂતર, તેલતબોળી; લાકડી મોકલવી. રમવાની જગ્યામાં દસ મુકરર કરી બિસોટો કરી બે ભાગ પડાય છે. તેમાં એક તરફ દાવવાળો છોકરો અને બીજી તરફ બાકીના રમનાર છોકરાઓ ઊભા રહે છે. પછી દાવવાળો છોકરો તીતિયો રાખ્યો, બારનો દાવો એમ બોલતો બોલતો સામાની હદમા જઈ એક છોકરાને અડે, જેથી તેને માથે દાવ આવે અને તેની જગ્યાએ દાવવાળો છોકરો બને. દાવવાળા છોકરાએ સામાની હદમાં અડવા જતાં તીતિયો રાખ્યો, બારનો દાવો બોલતાં અટકવું ન જોઈએ. જો એ શબ્દો બોલતાં શ્વાસ મૂકે તો તેનાથી બીજાને અડાય નહિ અને તે પોતાની હદમાં પાછો બને ત્યાંસુધી બીજા છોકરા તેને ટપલા મારે.

તીતી ૧. સ્ત્રી. ચકલી
૨ સ્ત્રી. તેતર
૩. ન. પક્ષી, પખી.
૪ અ. મોરને બોલાવવાની સંજ્ઞા.

તીતીકબૂતર જુઓ તીતિયો રાજો.

તીતીઘોડો (તીતીઘોડે) ૧. પું. ઘાસ ઉપર થતુ લાંબા પગ અને નાના પાંખવાળું લીલા પીળા રંગનું એક જીવડું તે આમતેમ કૂદતુ અને કયારેક થોડુ ઊડતું હરે છે. તીતીઘોડાની ઘણી જાત થાય છે. તે વનસ્પતિ તથા જીવડાં ખાય છે અને કપડાં, ચામડાં વગેરે ખાઈ જઈ તેમાં કાણાં પાડે છે.
૨ પું. દરેક કામમાં ઉતાવળ કરનાર, ચંચળ મનનુ ને આમતેમ દર્યા કરતું માણસ; ઉતાવળિયું માણસ.
તીતીઘોડા જેવુ = ખાસી ખાપલ કરનારું અને માલ વગરનું; અસ્થિર મનનુ.

તીતીલીતી સ્ત્રી ઊંચલપાચલ; અસ્તવ્યસ્તતા.

તીતુવા [અ.] ન. એક જાતનું જળચર પક્ષી.

તીતું ૧. [સં. તિક્ત] વિ. કડવું.
૨. વિ. તીખું.
૩. વિ. ખીનું.

તીતૂ જુઓ તીતુવા.

તીતૂલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનો છોડ જમીન ઉપર પથરાયેલો હોય છે. ફૂલ પીળાં, બાળા ને નળીનાળાં થાય છે.

તીન [સં. ત્રિ.] વિ. ત્રણ; ૩.

તીનકઠિયા ન. ચંપારણનું ત્રણ કઠાનું વાવેતર. આ સંબંધે આત્મકથામાં ઉલ્લેખ છે કે: પોતાની જ જમીનના કુલ ભાગમાં ચંપારણના ખેડૂતો ગળીનું વાવેતર તેના મૂળ માલિકોને સારુ કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ તીનકઠિયા કહેવાતું હતું. વીસ કાનો જમીનો એક એકર અને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર એનું નામ તીનકઠિયાનો રિવાજ. ચંપારણ જનક રાજાની ભૂમિ છે. ચંપારણમાં જેમ આંબાનાં વન છે, તેમ ત્યાં સને ૧૯૧૭માં ગળીનાં ખેતર હતાં.

તીનગીની સ્ત્રી. એક જાતની ઔષધિ.

તીનત ૧. [અ.] સ્ત્રી. માટીનો કટકો.
૨. સ્ત્રી. સ્વભાવ; પ્રકૃતિ.

તીનતાલ પું. (સંગીત) એક જાતનો તાલ; ત્રિતાલ. તેના જલદ ત્રિતાલ અને ધીમો ત્રિતાલ એમ બે ભાગ છે. ત્રિતાલને દક્ષિણમાં ત્રિપટ કહે છે. ત્રિતાલને જો જલદીથી બોલીએ તો જલદ ત્રિતાલ કહેવાય છે. આ તાલ ત્રિતાલથી સ્વતંત્ર નથી, તોપણ કેટલાક હિંદી ગ્રંથમાં તેમ રાગકલ્પદ્રુમ જેવા સંસ્કૃત અને બંગાળા મિશ્ર ગ્રંથોમાં ત્રિતાલનાં જલદ અને ધીમા એવાં બે નામ જુદા જુદા આપ્યાં છે. જલદ ત્રિતાલની $\frac{1}{2}$ ૨ $\frac{3}{0}$ ૪ ૫ $\frac{1}{0}$ ૭ $\frac{8}{0}$ એ પ્રમાણે ૮ માત્રા અને ત્રણ તાળીઓ છે તેમાં ૩ અંગ છે. તેમાનું પ્રથમ ૨ માત્રાનું, બીજું ૪ માત્રાનું અને ત્રીજું ૨ માત્રાનું અંગ છે. ધીમો ત્રિતાલ સાધારણ વ્યવહારમાં બહુ જ ચાલે છે તેનાં ઉદીક્ષણ, મૃગતાલ, અદ્ધા, વઝતીતાલા એટલા નામ પડેલાં છે. કેટલાક ગ્રંથોમાં તેનાં વિલંબ ત્રિતાલ કે બૃહત્ ત્રયતાલ એવાં પણ નામ જોવામાં આવે છે. એમાંનાં ઉદ્ગ્રાહરી નામ જલદ ત્રિતાલથી આ તાલ ક્રમનો મોટો હોવાના કારણથી પડેલાં જણાય છે. આ ઉપરથી એ અનુમાન થાય છે: એક તો એ કે, જલદ ત્રિતાલ મૂળથી જ વ્યવહારમાં ચાલુ હોવ અને તેની અપેક્ષાથી આ તાલ ક્રમનો છે, માટે ધીમો, વિલંબ, બૃહત્ વગેરે વિશેષણ તેને માટે વપરાયાં હશે અથવા બીજું અનુમાન એવું થાય છે કે, આ તાલ વ્યવહારમાં મૂળથી જ ચાલુ હોય અને તેની અપેક્ષાથી ૮ માત્રાનો ત્રિતાલ તે જલદ એવા નામથી પકાયો હોય. આ તાલની $\frac{1}{0}$ ૨ ૩ ૪ | $\frac{5}{0}$ ૬ ૭ ૮ | ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧૩ ૧૪ ૧૫ ૧૬ આ પ્રમાણે સોળ માત્રાઓ છે. તેમાં ત્રણ તાલીઓ મારવામાં આવે છે, તેથી તેનાં ત્રણ અંગ છે પ્રથમનું અંગ ૪ માત્રાનું, બીજું ૮ માત્રાનું અને ત્રીજું ૪ માત્રાનું હોવાથી એ ત્રણે અંગ મળી ત્રિતાલનું | ૬ | આવું સ્વરૂપ થાય છે.

તીનતિતાલા પું. ત્રણની સંખ્યા.

તીનતિહાઈ પું. બે તૃતીયાંશ ભાગ.

તીનતિહાયત ૧. [હિં.] પું. ત્રણવડો માણસ.
૨ પું. ત્રણ કે ચાર માણસનું બનાવેલું બંચ.

તીનતેરસ ૧. વિ. ઉજ્જડ; વેરાન.
૨ વિ બુમાવેલું; નાશ પામેલું.
૩. વિ. ત્રણ અને તેરની સંખ્યાનું.
૪. વિ. વીખરાયેલું; છૂટુંછવાયું.

તીનત્રણ સ્ત્રી. એ નામની ઈશ્વરાની ૧૨મી ચોક શુદ્ધ.

તીનથલ ન. ત્રણ માળવાળું મકાન.

તીનથાન પું. પુરુષની મુલેન્દ્રિય; શિશ્ન.

તીનપત્તાશિયું વિ. દબો; ડોળો; આડંબરી; ખોટો દેખાવ કરનારું.

તીનપરિયું જુઓ તીનપરિયુ.

તીનપાત જુઓ તીનપાંત.

તીનપાસ જુઓ તીનપાય

તીનપાંત ૧. સ્ત્રી. અહંકાર; ટકપક; મિથ્યાભિમાન; ગર્વ.
૨. સ્ત્રી ખોટો ગેડ
૩ સ્ત્રી પતંગબાજ; રીખી; આપવડાઈ.
૪ સ્ત્રી વાદવિવાદ; પ્રપાત.

તીનબેર ક્રિ. વિ. ત્રણ વખત.

તીનલોક પું. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણ વિશ્વ.

તીનવેદી ૧. ન. દક્ષિણ હિંદનું એ નામનું ગામ
૨ ન. દક્ષિણ હિંદનો એ નામનો એક પ્રાંત.

તીની ૧. સ્ત્રી. ચાયુ, ડિશ.
૨. વિ. માટીનું બનેલું

તીનીશ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શીશો ઉરમો. ડોડ, પ્રમેહ, બધ ઉપર તેનાં મૂળ કામ આવે છે

તીનું ૧. ન. માલું; ઊંટ; ડિંડ.
૨. [સં. તીક્ષ્ણ; પ્રા. તિપ્પઅ] વિ. તીક્ષ્ણ; તીખ.

તીનોં ૧. પું. વૃષણ; અંડ.
૨. [હિ.] વિ. ત્રણે ય; બધાં ત્રણ.

તીનોંધાન પું. વૃષણ સહિત પુરુષની ઇંદ્રિય.

તીપક્ષ (તીપક્ષ) [હિ.] પું. રેશમી કાપડ બનાવનારનું એક ઓજાર.

તીપાતી સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન ભાવનગરનાં પાન જેવાં હોય છે. તે દવામાં વપરાય છે

તીમ ૧. [અ.] પું. અત્તર; સુગંધીદાર પદાર્થનો અર્ક.
૨. પું. સત્ત્વ.

તીમ [સં.] અ. ક્રિ. ધીનું બનું; ભેજવાળું બનું; આર્દ્ર થવું.

તીમત ૧. સ્ત્રી. પત્ની, ભાર્યા.
૨. સ્ત્રી. સ્ત્રી, નારી.

તીમર પું. તમ્મર; ચક્કર; ફેર; અંધારાં.

તીમરો સ્ત્રી. પોલો ફૂટ લંબાઈનો, કાચા રંગની, ઝીણકારણી માછલી. તે દરિયાને કાંઠે રહે છે. ખોરાકમાં સાધારણ તાકાતવાળી મનાય છે.

તીમાર ૧. [ફા.] પું. ચિંતા; ફિકર.
૨. પું. બનાવટ; સજાવટ.

તીમારદારી [ફા.] સ્ત્રી. રોગીની સેવાનું કામ.

તીમી જુઓ તીમત.

તીય ૧. [સં. અતીત] પું. (પ્રાકૃત) ભૂતકાળ.
૨ [હિં.] સ્ત્રી. સ્ત્રી; ઔરત; નારી.
૩. [સં. તૃતીય] વિ. (પ્રાકૃત) ત્રીજું.
૪ વિ. ભૂતકાળનું; ગયા વખતનું.

તીયલ [હિં.] સ્ત્રી. સ્ત્રીની કમરની નીચેનો ભાગ; સાથળ, પીઠનું અને પાછળનો.

તીયલતક્કમ જુઓ તીયલ.

તીયા ૧. પું. સીમાડો કે હદની નિશાની.
૨. [હિં.] સ્ત્રી. ઔરત; સ્ત્રી.
૩. સ્ત્રી. બંદૂકમાં તીડીનું પાનું.
૪ સ્ત્રી. ઘણું ઢાણવાળો પાસો.
૫. વિ. ત્રીજું

તીયાબંદી સ્ત્રી. સીમાડો કે હદ નક્કી કરવી તે.

તીયો પું મુસલમાનોમા મરણ પછીનો ત્રીજો દિવસ. તે દિવસે મરી ગયેલા માણસને નામે અર્પણ કરેલી ચીજનું દાન દેવાય છે.

તીર ૧. પું. (વહાણનું) અગિયાર પૂર્વ કે એક ચતુર્થાંશ અંશનો ખૂણો દેખાડતી નિશાની
૨. [સં] પું. (પુરા.નું) ઉર્વશીને પુરુરવાથી થયેલો એ નામનો એક દીકરો. પુરુરવાથી ઉર્વશીને સર્વ રહસ્યથી ઉર્વશીને ચિંતા થઈ કે હવે મારે રાજાનો વિયોગ થશે. તેથી તેણે ગર્ભાધારણ ટાળી, એક સુકુમાર પુત્રનો જન્મ આપી, ચ્યવન ઋષિના આશ્રમમાં રહેતી સત્યવતી નામે તપસ્વિનીને સોંપ્યો. પુરુરવાએ દીકરો ન હોવાથી ઘણાં દાન અને યજ્ઞયાગ કર્યા અને પટરાણી સાથે ગંગા કિનારે સ્નાન કરવા ગયો ત્યા કાંઠે મૂકેલાં કપડાંમાથી ઊંચી કીમતનાં લાલ રંગનાં સંગમમણિ એક ગીધ પક્ષી ચાંચમાં લોચો ઘાલી ઉપાડી ગયુ. પણ નક્ષત્રના બળથી કોઈ તીર નામના કુમારે તીરથી તેને મારી તે મણિ રાજાને આપ્યો. આ કુમાર કોઈ રાજા બહુ રાજા થશે. ત્યા તો સત્યવતીએ આવી વાત કરી કે, આ પુત્ર ઉર્વશીનો છે અને કોઈ કારણસર મને સોંપેલ. આ જાણી રાજા બહુ જ ખુશ થયો, પણ ઉર્વશી રોવા લાગી. રાજાએ પ્રશ્ન પૂછતાં પોતાને થયેલ શાપની વાત કરી. રાજા બેચેન બન્યો. એવામાં પુરુરવાના મિત્ર ઇંદ્રે સ્વર્ગમાથી નારદજી સાથે ઉર્વશીને આપી જન્મારો રાજાની સ્ત્રી થવાનું સંભળાવતાં સૌ રાજી થયાં.
૩. પું. (જરથોસ્તી) એ નામે એક યઝદ.
૪. પું છઠ્ઠા મુખ્ય ફિરસ્તા ખોરદાદના નવ માહેનો એ નામે એક હમસ્તર.
૫. પું. જરથોસ્તી માસનો તેરમો દિવસ.
૬. પું. જરથોસ્તી વર્ષનો એ નામે ચોથો માસ.
૭. પું. દરેક મહિનાની તેરમી તારીખ.
૮. પું. બાણ.
૯. પું ખુબ મહ.
૧૦. [ફા.] પું. મુસલમાનનો ચોથો મહિનો.
૧૧. પું વહાણના લાકડાનો એક ભાગ; વહાણનું મરતૂક, જેમાથી આગળ જતું સઢ બાંધવાનું લાકડું
૧૨. પું.,ન. આડટેડી; વાંકી ફૂંદ; કાપડમાં મુકાતું એક જાતનું આડું લાકડું; કાપડનો ટેકો; ચાંપલ્લ.
૧૩. [સં] પું., ન નદી, તળાવ વગેરે જળાશયનો કાંઠો; કિનારો; પુરતો.
જિહ્વા છે તીર સરિતને રેતીના ભારીઓ ભા, ને ઉલેચે શિર પર ઝીણે કોરિ કારીગરી કર્યા, એવા સુતાં અતલ કરવું દિવ્ય એ સુખ કેટ ? ચિર્ણ ચિર જેની પ્રકટી ભૂમિ રમ્ય વિના ઘડેલ.
નિહાલ
૧૪. [સં.] ન. કલહ
૧૫. ન. કુશળ માણી બાણી બેચલ કોય વાપરવાને બદલે કૂતરાને કાઢે બાંધલો દોરી તેના ઉપર સાગડી મોટી બનાવેલું ચપ. તેનો તીરના જેવો દેખાવ લાગતો હોવાથી આ નામ પડ્યુ હશે.
૧૬. ન. તીરના જેવી લાકણામાં વપરાતી નિશાની. તીરકું; તીરના જેવું નાનું ચિહ્ન. →
૧૭. ન. બાણ; ભાલા જેવું કંઈ લગાડેલી બરુ અથવા સરકટની એક બાર બાંધી સોડી. તે મનુષ્ય ઉપર ચલાવી દૂર ફેંકાય છે

પ્રભાતને સમય રમવા તીર ને કામઠી દે,
સાંજટ ને રસ્તી ભરણી ને અંતિમ દાવ દેજે.
વીરસ

૧. તીર ચલુ = નાસી જવું.
૨. બાંધ્યું તીર = તીર જેવું સીધું.
૩. વાગ્યું તો તીર નહિ તો તુક્કો = કાર્ય થયું તો ઠીક અને ન થયું તોપણ ઠીક. યત્ન તો કરવો જ એ અર્થે વપરાય છે.

૧૮ ન. મીંડુ.
૧૯. અ પાસે; નજીક; સમીપ.

તીરઅંડિરતી જુ. (ખોખાવટ) ખૂલો.

તીરકમ વિ. વાંકું; વાકું.

તીરકમું જુઓ તીરકમ.

તીરકમાનિયું વિ. મનુષ્યના જેવું વાંકું.

તીરકરા જુઓ તીરકસ.

તીરકસ ૧. ન. આડી વાંકી ઉંટી મૂકીને બનાવેલું નાનું ખાતિયું; જળપાણને માટે ખીતમાં રાખેલું વાંકું બાંકું. તે એક ઉંટ જેટલું ઊંચું અને પહોળું હોય છે. વચ્ચે એક ઉંટ જેવી મૂકલી હોય છે.
૨. ન. ગોળનો એકાદો ભાગ; વાંક.
૩. ન. બાણનો ભાથો.
૪. [સં. તિર્યક્] વિ. વાંકું; ખેંચેલા તીર જેવું; બન્નમાં ખેંચીને ચાલેલું; ત્રાંસું; વક્ર; આડું; કામકાજમાં જેમ આડું તીર હોય તેમ રહેલું.

તીરકામઠું ન. બાણ અને ધનુષ્ય.

તીરકું ન. તીરકસું; તીરના આકારનું નાનું ચિહ્ન. →

તીરકુંજ સ્ત્રી. કાંઠા ઉપર આવેલી ઝાડની વાડ.

તીરખાડી [ફા.] સ્ત્રી. એક જાતનું હલકું અને નાના માપવાળું બાણ.

તીરખી સ્ત્રી પાદરાંવાળા સ્ત્રીની ઝાંખી.

તીરખુર્દા [ફા.] વિ તીરથી બચાવેલું.

તીરખું ન. ઝાડની નાની ડાળી.

તીરખૂટી સ્ત્રી આંખની બે ભમર વચ્ચેની જગ્યા.

તીરગર [ફા.] પું. તીર બનાવનાર કારીગર; બાણ બનાવનાર માણસ.

તીરગરી [ફા] સ્ત્રી. તીર બનાવવાની કળા.

તીરગો પું તીર બનાવનાર માણસ; તીરગર.
તીરગરા વસારી ગઢ પતી,
પાસુ બનાવ સાનકર્ણ ગિરી.
કાનદડદેપ્રબંધ

તીરગી [ફા.] સ્ત્રી અપ્રમિત હોવાપણું.

તીરગાયર વિ. તીર પહોંચી શકે તેટલું છેટું.

તીરગ્રહ [સં.] પું એ નામે એક દેશ

તીરઘોટી પું. આડી રીતે પહોળા અને સીધા દમામથી પોતાવાળા નકશીવાળું દરબિયાર; એક જાતની તલવાર

તીરછું ૧. વિ. તીક્ષ્ણ; અણીદાર
૨. [સં. તીર્યક્] વિ. તીરની માફક આડું રહેલું; વાકું; ટેબ્યું પડતું; આડું; કતરાતું; ત્રાંસુ.

તીરડું (તીરડું) ન. બાણ, તીર.

તીરઢક [સં.] ન કરંજનું ઝાડ.

તીરઢિકિયા સ્ત્રી. ઢાંકી ઢંકી.

તીરથ ૧. ન ખેતર
૨. ન. ઘાટ; ઉતરાણ; આરો.
૩. [સં. તીર્થ] ન. જાત્રાનું સ્થળ; તીર્થ; યાત્રાનું સ્થાન; ધર્મક્ષેત્ર.
માછ નવસો નવાણું નીર નદીને તીરથ રહે ર હોય, માછ હાલે ત્રિવિધ વાય સંત.ય પાપ જનમનના ટળે ર હોય.
ત્રિકાળી મરુએ

તીરથપતિ [સં. તીર્થ + પતિ (ધણી)] પું. પ્રયાગ નામનું મુખ્ય તીર્થ.

તીરથરાઉ જુઓ તીરથરાજ.

તીરથરાજ ૧. પું ત્રિવેણી નદી ઉપર આવેલ પ્રયાગ; અલ્લાહાબાદ
૨. પું. કોઈ તીર્થ

તીરથવાસી ૧. વિ. તીર્થમાં વાસ કરી રહેલું, વાનપ્રસ્થ; તીર્થસ્થાનમાં રહેનારું.
૨. વિ. તીર્થયાત્રામાં ફરતું, તીર્થ કરનાર યાત્રાળુના અર્થમાં વપરાય છે.

તીરનાપદી સ્ત્રી. એક જાતનો છોડ.

તીરપર્તાણ્ય [સં.] પું. બાણની હદ; બાણ પહોંચે તેટલી મર્યાદ..

તીરપાઈ સ્ત્રી. નાનું વહાણ જેવડું; બોડી; ત્રિપાઈ; નાનું ગોળ ટેબલ.

તીરફલ ન. એક જાતનું કરિયાણું.

તીરફળ જુઓ તીરફલ.

તીરબારાન [સં.] સ્ત્રી. એક જાતની શિક્ષા. તેમાં ગુનેગારને તીર મારવામાં આવે છે.

તીરભુક્તિ [સં.] પું. ગંગા, ગંડકી અને કૌશિકી એ ત્રણ નદીઓથી ઘેરાયેલો તિરહુત દેશ.

તીરમાર [સં.] પું. એક જાતનો ઝેરી સાપ.

તીરમીરા ન. એક જાતનું કઠોળ. તેનાં બી સફેદ, ગોળ, કઠણ અને બંને બાજુના મધ્ય ભાગમાં ઢબાયેલ હોય છે. તેને મધ્યમાં કાણું હોય છે. તે સ્વાદે તીખ હોય છે. તેનાં બી પોષણકારક અને બળવર્ધક મનાય છે અને જંતુઓના ડંખ તથા ચૂસડાં ઉપર જલદી ફાયદો લાવવા માટે વપરાય છે.

તીરમ્બન સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોલ રાગની આઠ પુત્રવધૂ પૈકીની એક રાગિણી.

તીરવર્તી ૧. [સં. તીર (કાંઠો) + વર્તિન્ (હોનાર)] વિ. કાંઠા ઉપર રહેનાર.
૨. વિ. પાસે રહેનાર; પાડોશી

તીરવા ૧. સ્ત્રી. તીર મારવાની નિશાની.
૨. વિ. તીર જેટલું લાંબું; બાણ જેટલું લાંબું કે ઊંચું
૩. અ. તીર મારતાં તે પહોંચે તેટલે અંતરે; બાણ જાય એટલે અંતરે.

તીરવૈયો પું. બાણ મારવામાં કુશળ માણસ, તીરંદાજ.

તીરવો ૧. [સં. તીર (બાણ) + વાટ (રસ્તો)] પું. બાણમાર્ગ; બાણ જ્યાંથી છૂટી જેટલે પડે તેની વચલો માર્ગ કે છેડો, શરમાર્ગ; તીર ફેંકવાથી જેટલે દૂર જાય તેટલી જગ્યાનું છેવું; તીર જેટલે અંતરે જઈ શકે તેટલું અંતર.
૨. સ્ત્રી સિંધ દેશની એ નામની એક નદી.

તીરસ [સં. તૃષા] સ્ત્રી. તરસ

તીરસ્થ ૧. [સં.] પું. નદીને કાંઠે રહેલ આવેલ મોતની અણી ઉપરની અંકિત. કેટલીક જાતિઓમાં એવી પ્રથા છે કે, રોગી જ્યારે મરવાની તૈયારીમાં હોય ત્યારે તેનાં સબંધીઓ તેને નદીને કાંઠે લઈ જાય છે; કારણ કે નદી કિનારે મરવું તે ઉત્તમ મનાય છે.
૨. વિ. કાંઠા ઉપર રહેલું.

તીરહી સ્ત્રી. તૃષા; તરસ.

તીરહુત ૧. પું. બિહાર પ્રાંતનો ઉત્તર ભાગ. તે અસલ મિથિલા નામથી ઓળખાતો. તેનો વિસ્તાર નેપાળની ઉત્તર સીમા સુધી છે.
૨. ન. એ નામનું એક સ્થળ. ત્યાં અશોકે બૌદ્ધ ધર્મની આજ્ઞાઓ મોટા પત્થર ઉપર કોતરાવેલી છે.

તીરંગમ [સં.] વિ. પાર જનાર; પારગામી; સામે કાંઠે જનાર.

તીરંદાજ ૧. [ફા.] પું. તીર જેટલે દૂર જાય એટલું અંતર.
૨. પું. તીર મારવામાં કુશળ માણસ, બાણાવળી, નિશાનબાજ; જેને તીર મારતાં બહુ સારું આવડતું હોય તે માણસ, ધનુર્ધર.

ભાષે ન મારી જેવડી ને જેટા તિરંદાજ
કબીરવચન

તીરંદાજી [ફા.] સ્ત્રી. તીર ચલાવવાની ક્રિયા; તીર ફેંકવાની કુશળતા; બાણ મારવાની વિદ્યા, ધનુર્વેદ; બાણ ફેંકવાનો હુન્નર; તીરંદાજપણું.

હવે તીરંદાજીમાં આપણે વિજય મેળવીએ.
મહીપાળદેવ

તીરંબાજ જુઓ તીરંદાજ.

તીરંબાજી ૧. સ્ત્રી. અગાઉના જમાનામાં થતી એક કૂર શિક્ષા; અપરાધીને ગોઠો જમીનમાં દાટીને તીરથી મારવાની એક કૂર શિક્ષા. રાજદ્રોહ અથવા લોકદ્રોહના અપરાધીને વસતીવાળી જાહેર જગ્યાએ જમીનમાં અરધો દાટવામાં આવતો તે પછી જેને તેને તેની ઉપર તીર મારવાનું ફરમાન થતું. તીરંબાજો ચારે તરફથી તીર મારી તેને વીંધી નાખતા અને અપરાધી રિબાઈ રિબાઈને મરણ પામતો. હાલમાં સરકારના અપરાધીઓને ગોળીબારનો હુકમ થાય છે તેમાં અપરાધી રિબાતો નથી; પરંતુ તરત તેનો કજ્જો જાય છે
૨. સ્ત્રી. અમુક નિશાન ભોંડી તેને તીર મારવાની કસરતની રમત; તીર મારતા કેમ આવડે છે તેની પરીક્ષાને લગતી કવાયત કે તાલીમ.

જે જારે કહેવાનું હોય તે જલદીથી ટૂંકાણી નાખી આ સંસ્કારગામક તિરંબાજી અટાડ.
કાંવ

૩. સ્ત્રી. ચારે તરફથી ખૂબ રંજાડવું કે હેરાન કરવું તે; કાયર કરવું તે; પંચઈટાળી કરવી તે.
તીરંબાજી કરવી = (૧) ખૂબ હેરાન કરવું; પંચઈટાળી કરવી; કાયર કરવું (૨) ચારે તરફથી તીર મારી મારીને મારી નાખવું.

૪. [ફા. તીર + બાજ્તન (રમવું)] સ્ત્રી. તીરથી નિશાન પાડવાની કળા કે ચતુરાઈ, ધનુર્વિદ્યા; તીર મારવાની વિદ્યા.

૫. સ્ત્રી. નિશાન તીરથી ઉડવાની રમત કે શરત

તીરા ૧. [સિં.] પું. તીર.
૨. વિ. કાણું, કાળા રંગનું.

તીરાઈ ૧. સ્ત્રી. આડાઈ, વહતા.
૨. સ્ત્રી. ખેંચાઈ; ખેંચામણ.
૩. સ્ત્રી. ફુલાણ.

તીરાડ (તીરાડ) સ્ત્રી. તડ; ફાટ; ચીરો.

તીરાદિલ ૧. પું. નાત બહાર કાઢેલ માણસ.
૨ વિ. ઠેબી; મનનું મેલું.

તીરાબજ્ત વિ. દુર્બાગી; કમનસીબ; અભાગિયું

તીરાંદોજી સ્ત્રી. કમનસીબી; બદનસીબતા.

તીરાંતર [સં.] ન. બીજો કાંઠો; સામો કિનારે પેલો પાર.

તીરિય ૧. [પ્રા.] વિ. પાર ઉતરેલ.
૨. વિ. સમાપ્ત, પૂર્ણ કરેલું.

તીરિયાકેરૂઅ ન. જેઠીમધના શીરા જેવી એક વનસ્પતિ. તે સ્વાદે મીઠી અને તેની સુગંધ પણ મીઠી હોય છે. આ ઔષધિ વા, ઝીણી, જુલાબ વગેરેમાં ઉપયોગી તેમજ કોલેરામાં બહુ જ ગુણકારી મનાય છે.

તીરિયું ૧. ન. તીર.
૨. ન. વાંસના છાપરામાં ખોબાથી ઢીંચણ સુધી છાપરું ટેકવવા માટે ત્રાંસી રીતે નખાતો વાકડાનો કે લોઢાનો આધાર.

તીરિયોકાંદો પું. બોર્દાડિયાની રમતમાં ત્રીજે ટિપ્પે બોલાતો શબ્દ.

તીરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું બાણ.
૨. સ્ત્રી. તાડી; ઝાડની સસ્તાનું ગળ્યાનું પડ.
૩. સ્ત્રી. મરડરી.

તીરીદ્રામ ૧. [ફા. તેરા (મુસલમાનની એક જાત) + દ્રામ (સિક્કો)] પું. મુસલમાન યુગનો સોનાનો એક સિક્કો.
૨. સ્ત્રી એક જાતનું બાણ.

તીરીપકંદન પું. લખોટાની સિત્તાદાવ નામની રમતમાં ત્રીજે ટિપ્પે બોલાતો શબ્દ.

તીરીસેપકતા જુઓ તીરિયોકાંદો.

તીરુ ૧. [સં.] પું. શિવ.
૨. પું. શિવની સ્તુતિ.

તીરુપતિ ન. એ નામનું હિંદુઓનું યાત્રાનું સ્થળ. આર્યાવર્ત યાત્રામાં આ સ્થળે ઉલ્લેખ છે કે, ત્યાં કપિલગંગા તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના ત્રણ કુંડ છે. એક કુંડ ચોતરફથી બાંધેલો બહુ સુંદર છે. તે કુંડમાં એક ખૂણા ઉપર નાની દેરીઓ જેવું છે, તેના મુખ પાસે કુંડમાં નાહવાનું માહાત્મ્ય છે. એક દેરીમાંથી પાણીના ઝરણાંથી સતો એક ઘોષ બહેનો ચાલ્યો આવે છે. કાંઠે તથા બહાર નાનાં નાનાં મંદિર છે. અહીં ચાર મૂર્તિઓ છે અને તેનું સરવસ ઉત્સવ વખતે સ્નાનમાં આવે છે. અહીંનો રથ બધો ઊંચો છે.

તીરુપતિબાલાજી પું. દક્ષિણ હિંદમાં તિરુમાલા નામના વેંકટાચલ ઉપર રહેતા બંધારેય ભગવાનની મૂર્તિ. આ બાલાજીના મંદિરને ફરતા ત્રણ કોટ છે. તેના દરવાજા ઉપર સુંદર ગોપુરો છે. કિલ્લાની વચ્ચે ઘૂમટવાળું મંદિર છે. આ મંદિરની નજીક સ્વામી પુષ્કરણી નામનું તળાવ છે. તેમાં તીર્થસ્નાન કરવામાં આવે છે. આ બાલાજીનું મંદિર બહુ પ્રાચીન છે. મંદિરમાં બાલાજીની બાજુએ ભગવાનની રાખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલી સાત ફૂટ ઊંચી મૂર્તિ છે, જે અતિ મનોહર છે. તેને કોમળી વસ્ત્રાભૂષણ તથા હીરા માણેકના દાગીના પહેરાવવામાં આવે છે. બાલાજીથી ત્રણ માઈલ પાપનાશિની નામ છે. ત્યાં પર્વત ઉપરથી પડતા પાણીનું જોમ એટલું બધું છે કે લોકોની સાંકળો ઝાલી સ્નાન કરવું પડે છે. માણસના શરીર પર જોસબંધ પડતું પાણી સફેદ થઈ જતું હોવાથી તેનાથી પાપ ધોવાતાં કહેવાય છે. આ જગન્નાથપુરી ચોટી અહીં પણ પ્રસાદ લેવામાં જ્ઞાતિભેદ નડતો નથી.

તીરુમલા પું. બાલાજી પાસે આવેલ એ નામનો એક ડુંગર વેંકટાચલ. તે હિંદુઓનું યાત્રાનું સ્થળ છે. આર્યાવર્ત યાત્રામાં આ સ્થળ ઉલ્લેખ છે કે: નાની મોટી સાત ટેકરી આવે છે ત્યારબાદ ઉપર જતાં સુંદર પગથિયાં આવે છે અને પછી કોઈ કોઈ સ્થળે છેટે છેટે કાપી કોતરીને પહોળાં પગથિયાં જેવું કર્યું છે. દરેક અતિ સુંદર છે. કુદરતની કારીગરી અને રમણતા સંપૂર્ણ સ્વરૂપમાં જાગ્રતમાં છે.

તીરે અ. કાંઠે કે સુવાડવા માટે વપરાતો શબ્દ.

તીરેનિગાહ સ્ત્રી. તીર જેવી તીક્ષ્ણ નજર.

તીરોધાન [સં.] ન. અદૃશ્ય થવું તે; અંતર્ધાન.

તીરોભાવ જુઓ તીરોધાન.

તીર્ણ ૧. [સં. तॄ (તરવું)] વિ. ઉતરેલું, પાર ઊતરેલું; તરેલું; પાર પહોંચેલું; પાર ગયેલું, તરી ગયેલ; પાર પામેલ.
૨. વિ. ઝડપાતું થયેલું; ટપી ગયેલું.
૩. વિ. તરબોળ થયેલું.
૪. વિ. પરાજય પામેલું.
૫. વિ. સીમા ઓળંગી ગયેલું.

તીર્ણપદા [સં.] સ્ત્રી. તાલમૂલ; મૂસળી.

તીર્ણા [સં.] પું. (પિંગલ) ચાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; सती तिना ક્રમ્યા; તરણિ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.

તીર્થ ૧. [સં.] પું. અવતાર.
૨. પુ. અવસર; સમય.
૩. પુ. ઉપદેશ; બોધ.
૪ પુ. ઉપાધ્યાય; ગુરુ.
૫. પું. ઉપાય.
૬. પું. ખાતાનો ઉપરી અધિકારી; મંત્રી. અગાઉ અમલનાં અને બ્રિટિશ અમલનાં ખાતાંના ઉપરીઓ અદ્દાર તીર્થોને નામે ઓળખાતા. સોમદેવસૂરિએ આપેલા ભારતવર્ષમાં તીર્થોને ન્યાય તથા બાકીના બાબતમાં ખાતાંના અમલદાર કહ્યા છે. એટલું તો નક્કી જ છે કે, ખાતાના ઉપરીને તીર્થ કહેતા. અર્થશાસ્ત્રમાં અઢાર તીર્થ જણાવ્યા છે: (૧) મંત્રી, (૨) પુરોહિત, (૩) સેનાપતિ એટલે લશ્કર ખાતાનો મંત્રી, (૪) યુવરાજ, (૫) દૌવારિક, (૬) અંતર્વંશિક એટલે અંતઃપુરનો મુખ્ય અધિકારી, (૭) પ્રશાસ્તા એટલે કેદખાનાને લગતા ખાતાનો અધિકારી, (૮) સમાહર્તા એટલે મહેસુલ ખાતાનો મંત્રી, (૯) સન્નિધાતા એટલે તિજોરી ખાતાનો મંત્રી, (૧૦) પ્રદેષ્ટા, (૧૧) નાયક એટલે લશ્કરનો મુખ્ય સેનાપતિ, (૧૨) પૌર એટલે પાટનગરનો મુખ્ય, (૧૩) વ્યાવહારિક એટલે ન્યાયાધીશ, (૧૪) કાર્મ્માંતિક એટલે ખાણો અને કારખાનાંનો અમલદાર, (૧૫) મંત્રી પરિષદ અધ્યક્ષ એટલે રાજ્યસભાનો અધ્યક્ષ, (૧૬) દંડપાલ એટલે લશ્કરની બાકી બોગસોની વ્યવસ્થા રાખનાર અમલદાર, (૧૭) દુર્ગપાલ એટલે રાજ્યના બચાવ માટે વ્યવસ્થા રાખનાર અમલદાર અને (૧૮) અંતપાલ અથવા રાષ્ટ્રાંતપાલ એટલે રાજ્યની સરહદ ઉપર દેખરેખ રાખનાર અમલદાર.
૭. પું. ઘાટ; પાર ઊતરવાનો માર્ગ; ઓવારો; નદી વગેરેમાં ઊતરવાનો રસ્તો.
૮. પું. તારનાર પુરુષ; ઉદ્ધારક.
૯. પું. તીર્થંકર.
૧૦. પું. પુરુષ રામ.
૧૧. પું. પ્રભુ; ઈશ્વર.
૧૨. પું. જૈન શાસ્ત્રથી વિરુદ્ધ શાસ્ત્ર.
૧૩. પું. બ્રાહ્મણ, વિપ્ર.
૧૪. પું. મહેમાન; અતિથિ.
૧૫. પું. માતાપિતા.
૧૬ પું. યાત્રા કરનાર માણસ.
૧૭. પું. રાજસેવક. જેમકે, મંત્રી, પુરોહિત, સેનાપતિ વગેરે.
૧૮. પું. સંન્યાસીઓની એક ઉપાધિ; સન્યાસીને નામનું એક વિશેષણ.
૧૯. ન. અગ્નિ.
૨૦. ન. આશ્રમ.
૨૧. ન. ઋષિએ સેવેલ પાણીવાળું પાત્ર.
૨૨. ન. કુરુક્ષેત્રના રામહૃદ વગેરે પવિત્ર કુંડ.
૨૩. ન. ક્ષેત્ર.
૨૪. ન. ઘાટ; ઘડો.
૨૫. ન. મંત્રોચ્ચારપૂત; દેવસ્નાનજળ.
૨૬. ન. જગાશયથી એક વેંત જેટલો પ્રદેશ
૨૭. ન જળાશયમાં ઊતરવા યોગ્ય ક્રમે ક્રમે નીચો નીચો થયેલો ભૂમિભાગ.
૨૮. ન. તરવાનું સ્થાન.
૨૯. ન. (જૈન) તીર્થંકર નામ; એ નામનું કર્મ; નામ કર્મની એક પ્રકૃતિ. તેને લીધે જીવ તીર્થંકરપદને પામે.
૩૦. ન. દર્શન; મત.
૩૧. ન. પવિત્ર વિષય
૩૨. ન. પાદોદક; વિષ્ણુ, બ્રાહ્મણ, સંન્યાસી વગેરેનું સ્નાનોદક.
૩૩. ન. પુણ્ય સ્થાન; ધર્મક્ષેત્ર; પાપમુક્તિ થાય એવું પવિત્ર સ્થાન; પુણ્ય ભૂમિ; યાત્રાનું સ્થાન; યાત્રાની જગા. તીર્થ ત્રણ જાતના છે: ૧. જંગમ, ૨. માનસ અને ૩. સ્થાવર. તીર્થની ભાવના કઈ કેવળ બ્રાહ્મણોએ વિકસાવેલી નથી. જૈનીની બાબતમાં વિકાસમાં બૌદ્ધ ધર્મનો હિસ્સો ઘણો મોટો છે. કદાચ તીર્થયાત્રાની ભાવના માટે હિંદુ ધર્મ બૌદ્ધ ધર્મનો ઋણી પણ હોય. ભગવાન બુદ્ધ જે સ્થળે જન્મ્યા, જે સ્થળે પીપળાના ઝાડ નીચે એમને જ્ઞાન થયું, જે સ્થળે ભગવાન બુદ્ધે પ્રથમ ધર્મોપદેશ કર્યો અને જે સ્થળે પોતે પરિનિર્વાણ પામ્યા, તે સ્થળો એમના પરિનિર્વાણ પછી તરતમાં જ પવિત્ર મનાવા લાગ્યા હશે. મહારાજા અશોકે આ સ્થળે તથા બીજાં અનેક સ્થળોએ ભગવાન બુદ્ધના શરીરના અવશેષો ઉપર સ્તૂપો બંધાવ્યા હતા એ પ્રસિદ્ધ છે. એટલે ઈ.સ. પૂર્વે સોળ સદીથી આ દેશનાં કેટલાંક સ્થળો બૌદ્ધ ધર્માનુયાયીઓમાં આમ પવિત્ર સ્થાનો અથવા તીર્થસ્થાનો મનાવા લાગ્યાં હતાં.

૧. તીર્થે કરવું = પાપથી છૂટવા માટે પુણ્ય ભૂમિમાં ફરવું, પવિત્ર નદીઓ ને જળાશયોમાં સ્નાન કરવાં તથા દેવસ્થાનોમાં દર્શન કરતા ફરવું.

૨. તીર્થે મૂંડાવું = જ્યાં બ્રાહ્મણ હોય ત્યાં જ તે કાર્ય કરવું; બીજે સ્થળે સુલભ હોય તે નહિ કરતાં અમુક જગાએ ખરચવાપણે કરવું પડવું; સ્થાન ઉપર ગેરલાભે પણ ગમ કરવાની ફરજ પડવી.

૩૪. ન. વત.

૩૫. ન. યોનિ.

૩૬. ન. વિદ્યા.

૩૭. ન. અવિનની ચિકિત્સા; નિદાન; કારણ.

૩૮. ન. (જૈન) શાસન; તીર્થંકરનું સામ્રાજ્ય.

૩૯. ન. ક્ષેત્ર.

૪૦. ન. ક્ષેત્ર ગતનો એ નામનો એક વિભાગ.

૪૧. ન. (જૈન) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી ચાર સમુદાય કે સંઘ.

૪૨. ન. ઓરજ.

૪૩. ન. સ્નાન કરવાથી પાપ જાય અને પુણ્ય થાય એવાં ભાગીરથી, ગોદાવરી વગેરેનાં જળ. જળપ્રધાન હોય તે તીર્થ કહેવાય અને સ્થળપ્રધાન હોય તે ક્ષેત્ર કહેવાય.

૪૪. ન. ઉપરોક્ત સંપ્રદાય.

૪૫. ન. હાથનું કોઈ ખાસ સ્થાન. જમણા હાથના અંગૂઠાનો ઉપલો ભાગ બ્રાહ્મતીર્થ, અંગૂઠા અને તર્જનીનો મધ્ય ભાગ પિતૃતીર્થ, ટચલી આંગળીનો નીચેનો ભાગ પ્રાજાપત્યતીર્થ અને આંગળીઓનો આગલો ભાગ દેવતીર્થ મનાય છે. આ તીર્થો વડે અનુક્રમે આચમન, પિંડદાન, પિતૃકાર્ય અને દેવકાર્ય કરવામાં આવે છે.

૪૬. વિ. પવિત્ર.

તીર્થઆરો પું. તીર્થનો કિનારો.

કરમાવરો તો ગિરિદરમાં
ઘમ્મરો તો કાશીને તીર્થઆરે
નાનાલાલ

તીર્થંકર ૧. [સં. તીર્થ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર) + કર (સ્થાપનાર)] પું. (જૈન) જિન દેવ; જૈનોના ઇષ્ટદેવ.

૨. પું. શિવ.

૩. પું. વિષ્ણુ. તીર્થ વિદ્યાને કહે છે. ભગવાન ચૌદ વિદ્યા અને વેદ સિદ્ધાંતના કર્તા તથા વક્તા છે, તેથી તે તીર્થંકર કહેવાય છે.

૪. પું. શાસ્ત્રનો ઉપદેશ કરનાર ગૌતમ, કપિલ, કણાદ વગેરે.

૫. વિ. શાસ્ત્રકાર; તીર્થ પ્રવર્તાવનાર.

તીર્થંકાક [સં.] પું. તીર્થમાં ભમતા જેવો લોભી મનુષ્ય. તીર્થભાંડ, તીર્થભક્ષક આવા સંસ્કૃત સમાસ જેમ સૂચવે છે કે, પ્રાચીન સમયે પણ બ્રાહ્મણો જેઓ તીર્થમાં અનેક રીતે ઉપયોગી થઈ પડે છે તથા ભરણપોષણ કરે છે તેઓ યાત્રાળુઓને ત્રાસદાયક લાગતા.

તીર્થંકાર [સં.] પું. પવિત્ર પુરુષ.

તીર્થંકીર્તિ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૨. પું. વિષ્ણુ.

તીર્થંકૃત ૧. [સ. તીર્થંકૃત્] પું. જિન દેવ.

૨. વિ. પવિત્ર કરેલ.

૩. વિ. શાસ્ત્રકાર; તીર્થ પ્રવર્તાવનાર.

તીર્થંકોટિસમાદ્રુય [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

તીર્થંક્ષેત્ર [સ.] ન. તીર્થની જગ્યા. હિંદુસ્તાનમાં ૧૮ મુખ્ય તીર્થક્ષેત્ર ગણાય છે: ગંગાદ્વાર, પ્રયાગપુર્ણા, બદરિકા, પ્રભાસ, સરસ્વતી, ગિરનાર, શાલિગ્રામ, ગોદાવરી, ભાનતુંગ, શિવગયા, પુષ્કર, પ્રભાસ, પુરુષોત્તમ, મહેંદ્ર, રામકોલ્લા, મોહેલ, કાંચી અને રામેશ્વર.

તીર્થંગામી [સં. તીર્થંગામિન્] પું. જત્રાએ જનાર માણસ; જાત્રાળુ; તીર્થયાત્રી.

તીર્થ છું તીર્થંગામીઓનું
મોક્ષ છું મુમુક્ષુઓનો. નાનાલાલ

તીર્થંગુરુ [સં.] પું. પંડ્યો; ગોર.

તીર્થંગોર પું. તીર્થોના સ્થાનમાં ગોરપદું કરનાર બ્રાહ્મણ; તીર્થક્ષેત્રમાં રહેનાર ગોર.

તીર્થંજલ [સં.] ન. જાત્રાના સ્થળનું પાણી.

તીર્થંજળ જુઓ તીર્થજલ.

તીર્થંદેવ [સં.] પું. શિવ; મહાદેવ.

તીર્થંદેવચિંતામણિ [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ

તીર્થંધ્યાક્ષ જુઓ તીર્થધ્યક્ષ.

તીર્થંનાથ [સં.] પું. (જૈન) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે તીર્થનાં શિરોમણિ; તીર્થના અધિષ્ઠાતા; તીર્થંકર.

શાસન નાયક શ્રી મહાવીર,
તીર્થનાથ ત્રિભુવન મણી. રામચન્દ્ર

તીર્થનામા [સં. તીર્થનામન્] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

તીર્થપતિ [સં.] પું. પ્રયાગ; તીર્થરાજ.

તીર્થપરિક્રમણ [સં.] ન. જાત્રા માટે ફરવું તે.

તીર્થપાદ [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

તીર્થપાદીય [સં.] પું. વૈષ્ણવ.

તીર્થપુરોહિત [સં.] પું. પંડ્યો; ગોર.

તીર્થપ્રતિગ્રહી [સ. તીર્થપ્રતિગ્રહિન્] વિ. તીર્થમાં દાન લેનાર. ક્ષેત્ર આદિ તીર્થમાં જે બ્રાહ્મણ આપત્કાળ નહિ હોવા છતાં પોતાની ઇચ્છાથી પ્રતિગ્રહ કરે તે તીર્થપ્રતિગ્રહી બ્રાહ્મણ કુંભીપાક નરકમાં પડે છે.

તીર્થભાવના [સ.] સ્ત્રી. યાત્રા કરવાની પવિત્ર લાગણી બ્રાહ્મણ ધર્મમાં ભક્તિમાર્ગના ઉદય પહેલાં તીર્થભાવનાનો ઉદય માનવાનું કારણ નથી. ભક્તિમાર્ગનો ઉદય ઉપનિષદોના ઘેલા થઈ વખતે થયો છે. ઈ સ. પૂર્વે બીજા શતકમાં પુષ્પમુખ વગેરે કુંગ વંશના રાજાઓના વખતમાં વિષ્ણુ અને શિવ ભક્તિનો સારો પ્રચાર થયો હોય એમ વરનો અને હાથી પણ એ ધર્મ સ્વીકારે છે એ ઉપરથી લાગે છે. આ વખતના બ્રાહ્મણ ગ્રંથોમાં પણ પ્રાચીન સરકારવાળા સ્થાનોને તીર્થરૂપ આપવા માટેનું ઢરો એમ અનુમાન થાય છે.

તીર્થભૂત [સં.] વિ. તીર્થના જેવું પવિત્ર.

તીર્થભૂમિ [સં.] સ્ત્રી. પવિત્ર અને પૂજનીય સ્થાન.

તીર્થભેદ [સં.] પું. (જૈન) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થના ભેદ પાડ્યો તે.

તીર્થમયતા [સં.] સ્ત્રી. પવિત્રતા; પવિત્ર હોવાપણું.

નર્મદાની તીર્થમયતાનો પ્રવાહ આવવા માટે એટલું કહેવું બસ થશે.
ગુજરાતનાં તીરસ્થાનો

તીર્થમાહાત્મ્ય [સં.] ન. યાત્રાના સ્થાનનો મહિમા.

તીર્થયાત્રા ૧. [સ.] સ્ત્રી. પવિત્ર સ્થાનોમાં દર્શન, સ્નાન વગેરે માટે જવું તે; તીર્થાટન; તીર્થોમાં ફરવું તે; પુણ્ય પવિત્ર દેવસ્થાનાદિક સ્થળોમાં પ્રવાસ કરવો તે; તીરયાત્રા, તીર્થગમન.

૨. સ્ત્રી મહાભારતના વનપર્વનું પેટા પર્વ.

તીર્થયાત્રી ૧. [સં. તીર્થયાયિન્] પું. તીર્થ કરનાર પુરુષ; યાત્રાળુ

૨. વિ. તીર્થ કરનાર. જંબુદ્વીપમાં તીર્થયાત્રીના બેસવાના ઢેરા ઉપર તેનું નામ, ગામ, મંદિર અને તીર્થ સ્થળવાનો રિવાજ છે.

તીર્થરાજ ૧ [સ.] પું જૈનોનું શત્રુંજય તીર્થ.

૨. પું. તીર્થોનો રાજા; ઉત્તમોત્તમ તીર્થ; જાત્રા કરવાનું મોટું સ્થળ.

૩. પું. તીર્થોમાં શ્રેષ્ઠ પ્રયાગ. ત્યાં ગંગા, યમુના અને સરસ્વતી એ નદીઓનો ત્રિવેણી સંગમ આવેલો છે અને તે સર્વોત્તમ તીર્થસ્થાન તરીકે મનાય છે.

૪. ન. વહાણવટું

તીર્થરાજિ જુઓ તીર્થરાજ.

તીર્થરાજ [સં] સ્ત્રી. કાશી નગરી.

તીર્થરૂપ ૧. પું આપ; પિતા.
૨. [સં] પું શિવનાં ઢગ્ગર ગાદેનું એક નામ.
૩ વિ. તીર્થ જેનું પવિત્ર; પૂજ્ય; તીર્થ સમાન. વડીલો માટે પત્રમાં આ શબ્દ માનસૂચક રીતે વપરાય છે.

તીર્થરૂપતા જુઓ તીર્થમયતા

તીર્થવતી [સં] સ્ત્રી. દ્વીપ દ્વીપની એ નામની નદી. અજપા, અમૃતોપા, આર્યકા, તીર્થવતી, વૃત્તિકપવતી, શુક્લા અને પવિત્રવતી એ દ્વીપની સાત નદી છે.

તીર્થવારિ [સં.] ન. તીર્થોદક; યાત્રાના સ્થળનું પવિત્ર પાણી

તીર્થવાસી ૧. [સં. તીર્થવાસિન્] વિ. તીર્થ કરવા આવેલું
૨ વિ. તીર્થસ્થાનમાં રહેનારું.

તીર્થશુદ્ધૈકનિલય [સં.] પું. પુરુષોત્તમના ઢગ્ગર મહેનું એક નામ.

તીર્થશૌચ [સં] ન. તીર્થ વગેરેના પાદનો છત્યાહાર

તીર્થસિદ્ધ [સં.] પું. (જૈન) તીર્થ સ્થાપના પછી થનાર સિદ્ધ.

તીર્થસેનિ [સં.] સ્ત્રી. કાર્તિકેયની અનુચર એક માતૃકા.

તીર્થસેવિની [સં] સ્ત્રી. ગંગા.

તીર્થસેવી [સં. તીર્થસેવિન્] વિ. તીર્થોની યાત્રા કરનારું.

તીર્થસ્થલ [સં.] ન. યાત્રાનું પવિત્ર ધામ

તીર્થસ્થાન [સં] ન. યાત્રાનું ધામ. અત્યારે તીર્થસ્થાનમાં મુખ્ય વસ્તુ દેવમંદિરો હોય છે. જેને પાસે નદી કે તળાવ ન હોય એવું તીર્થ ભાગ્યેજ હશે; જ્યાં અત્યારે તો તીર્થયાત્રામાં મુખ્ય સ્વરૂપ મંદિરોમાં દેવદર્શનનું હોય છે. પણ કદાચ જૂના કાળમાં અમુક પવિત્ર મનાતી નદીના જળથી પિતૃતર્પણ એ વાત મુખ્ય હશે. ઉત્તર હિંદુસ્તાનમાં પ્રાચીનતમ તીર્થો પ્રયાગ, હરદ્વાર, પુષ્કર વગેરે આવાં જળતીર્થો જ છે.

તીર્થસ્પર્શી જુઓ તીર્થસેવી.

તીર્થસ્વરૂપ જુઓ તીર્થરૂપ.

તીર્થંકર ૧. [સં. તીર્થ (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર) + કર (સ્થાપનાર)] પું (જૈન) જૈનધર્મપ્રવર્તક અર્હંત; જિન; જિનેશ્વર; સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થને સ્થાપનાર; ત્રિકાલવિદ્, પરમેષ્ઠી; અધીશ્વર; સંભુ; સ્વયંભૂ; જગત્પ્રભુ; સ્યાદ્વાદી, અભયપદ; સાર્વ; સર્વજ્ઞા; સર્વદર્શી, કેવલી; ક્ષોપદ; વીતરાગ; આપ્ત. ચાલુ અવસર્પિણી કાળમાં થયેલ જૈનોના ચોવીસ તીર્થંકરનાં નામ: ઋષભદેવ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમી, નેમી, પાર્શ્વનાથ અને મહાવીર અથવા વર્ધમાન સ્વામી.
૨. પું. તત્ત્વજ્ઞાની પુરુષ.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શિવના ઢગ્ગર ગાદેનું એક નામ.

તીર્થંકરગોત્ર જુઓ તીર્થંકરનામગોત્ર

તીર્થંકરતા [સં.] સ્ત્રી. તીર્થંકર હોવાપણું.

તીર્થંકરનામ ન. (જૈન) ધર્મતીર્થ પ્રવર્તનાવાળી વ્યક્તિ અર્પનાર કર્મ; નામકર્મની આઠ પ્રકારની એક પ્રકૃતિ.

તીર્થંકરનામગોત્રકર્મ ન. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ, જેને લીધે જીવ તીર્થંકર નામગોત્ર પામે.

તીર્થંકરપણું જુઓ તીર્થંકરતા.

તીર્થંકરપદ [સં] ન. તીર્થંકરનું સ્થાન.

તીર્થંકરસિદ્ધ પું. (જૈન) તીર્થંકર પદ પ્રાપ્ત કરીને સિદ્ધ થનાર.

તીર્થાટન [સં.] ન. તીર્થયાત્રા; યાત્રા માટે ફરવું તે.

તીર્થાધિપ પું. (જૈન) અનુત્તર તીર્થના અધિપતિ; તીર્થંકર.

તીર્થિક ૧. [સં] પું. તીર્થનો જાણનાર; પંડો.
૨ પું. તીર્થંકર.
૩. પું. જૈન અનુસાર એ ધર્મનો વિરોધી પાખંડી.

તીર્થિયા [હિં.] પું. તીર્થંકરોને માનનાર મનુષ્ય; જૈન

તીર્થીય ૧. પું. કોઈ પણ દર્શનનો અનુયાયી.
૨. પું દાર્શનિક; કોઈ પણ દર્શનનો વિદ્વાન.

તીર્થોદક [સં. તીર્થ + ઉદક (પાણી)] ન. પવિત્ર પાણી

તીર્થોપવાસ ૧. [સં. તીર્થ + ઉપ (પાસે) + વાસ (વસવું તે)] પું. તીર્થસ્થળમાં રહેવાની પ્રથા
૨ [સં. તીર્થ + ઉપવાસ (અનશન)] પું. યાત્રાના સ્થળમાં કરાતી તીવ્ર પ્રથા.

તીર્થ્ય [સં] પું. એ નામનો એક ઋષિ.

તીર્થાષ્ટાવળી સ્ત્રી. એક પ્રકારનો તલવારનો નમનો.

તીલવાણુ ન. એ નામની એક વનસ્પતિ; દુલદુલ.

તીલા પું. માટીનો ઢગલો.

તીલારી સ્ત્રી. એક જાતનું ગળામાં પહેરવાનું ઘરેણું.

તીલાવા [અ.] પું. રાતનો પહેરો.

તીલોઢ ૧. સ્ત્રી. ચાલિયાની ગોરાણી માદેની એક નાત.
૨. ન. એ નામની નાતનું માણસ.
૩ વિ. એ નામની નાતનું.

તીલોર ન. એક જાતનું પક્ષી.

તીવ [સં. સ્ત્રી] સ્ત્રી. ઔરત.

તીવટા પું. એક જાતનો ગાનાનો રાગીનો; મધ્યકાલીન રાગ.

તીવન ૧. [હિં.] પું. પકવાન.
૨. પું. રસાવાળી તરકારી.
૩. પું. સ્વાદ.

તીવર ૧. [સં] પું. બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર રાજપૂત માતા અને ક્ષત્રિય પિતાથી ઉત્પન્ન થયેલ તથા પરાશરના મતાનુસાર રાજપૂત માતા અને શૂદ્ર પિતાથી ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર અંત્યજ જાતિ. કેટલાક લોકો તીવર અને પીવરને એક માને છે. સ્મૃતિ અનુસાર તીવરના સ્પર્શથી સ્નાન કરવાની આવશ્યકતા છે.
૨. પું. માછીમાર.
૩. પું. શિકારી; પારધી.
૪. પું. સમુદ્ર.
૫ સ્ત્રી. સ્ત્રીનાં કપડાંનો સમૂહ: સાડી, પોલકું અને ઘાઘરો.
૬. ન. એક જાતનું સુંદર ઝાડ. તેને સુંદર રાતા રંગનાં ફૂલ આવે છે. કોંકણ તરફ થનારું પ્રદેશમાં તે ઊગે છે.
૭. જુઓ તીવ્ર.

તીવરી [સં.] સ્ત્રી સિપાહીની સ્ત્રી.

તીવ્ર ૧. પું. અચાનક મરણ નીપજે તેવો રોગ.
૨. પું. કડવો રસ.
૩. [સં] પું શિવ; મહાદેવ.
૪. ન કસર્ણ.
૫. ન. કિનારો; કાંઠો.
૬. ન. ગરમી; ઉષ્ણતા.
૭. ન. તીર.
૮. ન. પોલાદ.
૯. ન. લોઢું
૧૦. ન. સીસું.
૧૧. વિ. અતિ ઊંચું; ગરમ.

૧૨. વિ. અત્યંત, ગાઢ.
૧૩ વિ કડવું, ખારું, સખ્ત.
૧૪ વિ. કઠણ; કઠું
૧૫. વિ. ચાલાક; ચંચળ.
૧૬. વિ. જે સ્વર પોતાના શુદ્ધ સ્વરથી ચઢતા નાદનો હોય એવું.
૧૭. વિ. તીક્ષ્ણ; તીણ
૧૮. વિ દુઃસહ, સહન થઈ શકે નહિ એવું.
૧૯. વિ. નિતાંત, બેહદ; અતિશય.
૨૦. વિ. પાણીવાળું; તેજદાર; તીખું.
૨૧. વિ. પ્રચંડ; ઉગ્ર.
૨૨. વિ રૌદ્ર.
૨૩. વિ. વેગયુક્ત; ઉતાવળું.

તીવ્રકલાભિનિવેશ ૧. [સં.] પું. કામભોગ માટે તીવ્ર વાસના.
૨. પું. શ્રાવકના ચોથા અણુવ્રતના પાંચ મહેનો એક અતિચાર.

તીવ્રકલાભિલાષ જુઓ તીવ્રકલાભિનિવેશ.

તીવ્રકષાભિનિવેશ જુઓ તીવ્રકલાભિનિવેશ.

તીવ્રકષાભિલાષ જુઓ તીવ્રકલાભિનિવેશ.

તીવ્રકંઠ [સં.] પું. સારસ નામનું કામરૂ.

તીવ્રક્ષાર [સં.] પું. ક્ષારમૂલક દ્રવ્ય ખાર; અબ્રિહા.

તીવ્ર ગ પું. (સંગીત) તીવ્ર ગાંધાર; શુદ્ધ ગાંધાર; ખાર મહેનો પાંચમો સ્વર.

તીવ્રગતિ ૧. [સં.] પું. વાયુ; પવન.
૨. વિ. ઉતાવળે ચાલું હોય એવું.

તીવ્રગંધ ૧. [સં.] પું. ઉંચાટ વાસ.
૨. વિ. તીવ્ર ગંધવાળું.

તીવ્રગંધા [સં.] સ્ત્રી. અજમોદ.

તીવ્રગજ્ઞ [સં.] સ. નક્ષત્રવિશેષ.

તીવ્રજ્વાલા [સં.] સ્ત્રી. પિત્તનું રોગ. કહેવાય છે કે, તેને અડવાથી શરીરમાં જબરજસ્ત પીડા થાય છે.

તીવ્રતમ ૧. વિ. (સંગીત) પોતાની પાસેના આગલા સ્વરની બીજી શ્રુતિ ઉપર આવ્યા જવાય તેવું.
૨. [સં] વિ. સૌથી વધારે તીવ્ર.

તીવ્રતમ ઋષભ પું. (સંગીત) મધ્યમની પહેલી શ્રુતિ ઉપર થઈ તેવો ઋષભ.

તીવ્રતમ ઋ પું. (સંગીત) તીવ્રતર ગ અને મની વચ્ચેનો સ્વર.

તીવ્રતર ૧. વિ. (સંગીત) પોતાની પાસેના આગલા સ્વરની બીજી શ્રુતિ ઉપર આવ્યા જવાય તેવું.
૨. [સં.] વિ. વધારે તીવ્ર.
હા તીવ્રતર દહિ ચરે કરતા પ્રતીક્ષા આજની. ખોટાદકર

તીવ્રતર ઋષભ પું. (સંગીત) ગાંધારની બીજી શ્રુતિ ઉપર થઈ તેવો ઋષભ.

તીવ્રતર ઋ પું. (સંગીત) રિષભ ખાર સ્વર માંહેના ઋ અને ગની વચ્ચેનો સ્વર.

તીવ્રતા ૧. [સં.] સ્ત્રી. આકરાપણું.
૨. સ્ત્રી. ઉતાવળ.
અસિત દેવલ હતાશો અને અસોક પોતે બોહપંથી બન્યો ત્યાર પછી તુરત જ તે તીવ્રતાથી ધર્મપ્રચાર અને ધર્મોપદેશ કરવા લાગ્યો. અશોકચરિત
૩. સ્ત્રી. ગરમી; ઉષ્ણતા.
૪. સ્ત્રી. ક્રૂરતા
૫. સ્ત્રી. તીક્ષ્ણતા; પ્રખરતા; તેજી.
૬. સ્ત્રી. તીખાશ, કડવાશ.
૭. સ્ત્રી. દુઃસહતા.
૮. સ્ત્રી. પ્રાબલ્ય; વિપુલતા, પ્રચંડપણું

તીવ્ર ધ પું. (સંગીત) તીવ્ર ધૈવત; ખાર મહેનો છઠ્ઠો સ્વર; શુદ્ધ ધૈવત.

તીવ્ર નિ પું. (સંગીત) તીવ્ર નિષાદ; કડી નિષાદ; શુદ્ધ નિષાદ; ખાર મહેનો ઉંચો સ્વર.

તીવ્રનિષ્ઠ [સં.] સ્ત્રી. અત્યંત આસ્થાપૂર્વકની શ્રદ્ધા.

તીવ્રબુદ્ધિ ૧. [સં.] પું. પૂરી સમજણવાળો માણસ.
જેમની બહુ કરતાં તીવ્રબુદ્ધિ છે. કૌમુદિમિત્રલાભ
૨. વિ. સતેજ બુદ્ધિવાળું.

તીવ્રભાવ [સં] પું. કર્મબંધનમાં કર્મના પરિણામની તીવ્રતા.
તીવ્રજ્ઞાન, મંદજ્ઞાન, જ્ઞાતજ્ઞાન, અજ્ઞાતજ્ઞાન, વીર્ય અધિકરણના ભેદથી કર્મબંધની વિશેષતા થાય છે. તત્ત્વાર્થસૂત્ર

તીવ્ર મ પું. (સંગીત) પ્રાચીન ભારતીય શ્રુતિઓના સ્વરની અપેક્ષાએ એક નામ; કડી મધ્યમ; તીવ્ર મધ્યમ; ખાર મહેનો સાતમો સ્વર.

તીવ્રરથ પું. (પુરાણ) સુમતિનો એ નામનો પુત્ર.

તીવ્ર રિ પું. કડી રિ; શુદ્ધ ઋષભ; તીવ્ર ઋષભ; ખાર મહેનો ત્રીજો સ્વર.

તીવ્રવાદી [સં. તીવ્રવાદિન્] વિ. ઉદ્ધત વિચારો ધરાવનાર.

તીવ્રવેગી [સં. તીવ્રવેગિન્] વિ. અત્યંત ઝડપવાળું.

તીવ્રવેદના [સં.] સ્ત્રી. અત્યંત પીડા; બહુ જ દુઃખ.

તીવ્રવૈરાગ્ય [સં.] પું. (વેદાંત) આ જન્મમાં અમને ઐહિકસુખનાદિક પદાર્થો પ્રાપ્ત ન થાઓ એવી સ્થિર બુદ્ધિ થઈ તે વિષયોના ત્યાગની ઉત્કટ

તીવ્રવ્રત [સં.] પું. એક દિવસમાં થઈ શકે તેવો એક પ્રકારનો વ્રત.

તીવ્રસંક્રોચ [સં.] પું. અત્યંત ખેદ.

તીવ્રા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી કડુરોહિણી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. મહદ્વર્ા નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. તીખ સ્ત્રી.
૫. સ્ત્રી. તુલસી.
૬. સ્ત્રી. દીપ્રા શ્રુતિનો એક અવાંતર ભેદ.
૭. સ્ત્રી. માલકાંગણી. તે ખાવાથી ઠંડક તમતમે છે, માટે તેને નીલા કહે છે
૮. સ્ત્રી. રાત્રિ.
૯. સ્ત્રી. ષડ્જ સ્વરની ચાર મહેની પહેલી શ્રુતિ.
૧૦. સ્ત્રી. સરસ્વતી
૧૧. અ. તીવ્ર રીતે, પુષ્કળતાથી.
૧૨. અ. રાક્ષસી પ્રકૃતિથી.

તીવ્રાઘાત ૧. [સં.] પું. સખ્ત આઘાત.
૨. પું. સખ્ત મારઃ જોરથી પડેલો ઘા.

તીવ્રાનંદ [સં.] પું. ચિત્તનો ઉત્કટ માંહેનું એક નામ.

તીવ્રાનુરાગ ૧. [સં.] પું. (જૈન) એક પ્રકારનો અતિચાર; પરણ્યો કે પરપુરુષ ઉપર અત્યંત સ્નેહ કરવો તે.
૨. પું. વિષયવાસનાની દૃષ્ટિ માટે કસ્તૂરી વગેરે ખાવું તે.

તીવ્રાયસ [સં. તીવ્ર (આકરું) + આયસ (લોઢું)] ન. પોલાદ; જબરજસ્ત તીખું લોઢું.

તીવ્રોષ ન. એક જાતનું રાસાયણિક તત્ત્વ.

તીવ્રો પું. (સંગીત) એક જાતનો તાલ.

તીસ્ત [તુ. તીક્ષ્ણ (ઝાત)] ન. ઝીંક જેવું ધાતવિકાર કુળનું.

તીસ ૧. [સં. તૃષા] સ્ત્રી. તરસ; તૃષા.
દોહિલી તીસ આ ધૂખની,
દોહિલો વખ્યો વાસ હો. કસરાજ મુનિ
૨. સ. તેઃ એ.
૩ સ. તેનું.
૪. વિ. ત્રીસ; ૩૦.

તીસકમ [પ્રા.] પું. બારબારટ ચૌદ દિવસોના ઉપવાસ.

તીસ્કિન અ. કરગરીને; હમેશા.

તીસમારખાં ૧. પું. બધો બહાદુર પુરુષ.
૨. પું. સરદાર.
૩. વિ. અભિમાની.
૪. વિ. બહેમા; ઠોઠી; તમોગુણી; ગરમમિજાજી.
૫. વિ. લોહુકમી કરનાર.
૬. વિ. બદાર્ખોર; કૃતઘ્ની.
૭. વિ. બહાદુર; હિંમતવાન.

તીસરા [હિં.] વિ. ત્રીજું.

તીસરા ઉતાર [હિં.] પું. (ગણિત) ધનમૂળ.

તીસરા ચઢાવ [હિં.] પું. (ગણિત) ઘન.

તીસરી ૧. સ્ત્રી. કજિયોદુતવો.
૨. સ્ત્રી. બે વાતમાંથી ત્રીજી જિના બનવી તે.

તીસરે અ. ત્રીજે; ત્રીજી રીતે.

તીસવાં [હિં.] વિ. ત્રીસમું.

તીસા [સં. ત્રિંશત્] સ્ત્રી. (પ્રાકૃત) ત્રીસની સંખ્યા.

તીસી ૧. [હિં.] સ્ત્રી. અળસી.
૨ સ્ત્રી. રાઈ.

તીસૂડા (તીસૂડા) ૧. સ્ત્રી. વાણિયાની ચોરાસી માહેની એક નાત.
૨. ન. એ નામની નાતનું માણસ.
૩. વિ. એ નામની નાતનું.

તીસેં અ. ત્યાં.

તીસોંકલામ ન. કુરાને શરીફ. તેમાં ૩૦ આમ છે, તેથી તેને તીસોંકલામ કહે છે.

તીસોંદિન અ. દરરોજ; હમેશા.

તીહરા [હિં.] વિ. તેવું; ત્રણગણું.

તીહા પું. તસલ્લી; આશ્વાસન.

તીહારી સ્ત્રી. એક નામનું પક્ષી.

તીહાર્ ન. તાર.

તીહાં અ. ત્યાં.

તીહી સ્ત્રી. એક જાતનું પક્ષી.

તીહીછીન અ. તે ઘડીએ; ત્યારે.

તીહું અ. ત્યાં.

તીળ ન. એક જાતનું ઝાડ.

તીંગમતીંગાં વિ. ખૂબ તલ્લાકીને તંગ બનેલું.

તીંગહતીંગાં અ. પરસ્પરમાં મેળ ન હોય તેમ; સહવાસમાં રહેવા છતાં એકબીજાની પરવાર કે દરકાર ન રાખતાં હોય તેમ; કુટુંબમાં કોઈ કોઈનું ન માને અને સૌ પોતપોતાની ખુમારીમાં જ રહે તેમ.

તીંત ૧. [સં. તિક્ત] વિ. કડવું.
૨. વિ. તીખું; તેજ.
૩. વિ. નીનું.

તુ ૧. સ્ત્રી. એક જાતની રમત.
૨. જ. તું.
૩. અ. સુદાપણું, ભેદ અને અંતર બતાવનાર અવ્યય.
૪. અ. તેમ.
નુ અધિકું ઉછવા લાંબાઈ,
તુ આવું અક્ષરે ભર્યું. જ્ઞાનસમુદ્ર
૫. અ. નિશ્ચયે; જરૂર.
૬. અ. પક્ષાંતર, સમુચ્ચય, પૂરણ, ભેદ, અવધારણ, નિશ્ચય, પ્રશંસા, વિનિમય વગેરે બતાવનાર અવ્યય.
૭. અ. પણ; પરંતુ; કિંતુ.
૮. [સં.] અ ક્રિ. આપવું.
૯. અ ક્રિ. જવું, ગમન કરવું.
૧૦. અ ક્રિ. વધવું.
૧૧ અ. ક્રિ. વર્તવું.
૧૨. અ. ક્રિ. દુઃખ દેવું.
૧૩. અ ક્રિ. પૂર્ણ કરવું.
૧૪. અ ક્રિ. હિંસા કરવી; મારી નાખવું; હાર મારવું.

તુઅર [અ.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; તુવેર; તુવર.

તુઆર જુઓ તુઅર.

તુર્ક ૧. પું. ઓરડો ઉપર.
૨. પું. લાલ માણસનો નાનો પોષાક.
૩. સ્ત્રી. અત્યંત મધુર ગાનાર પક્ષીનો અવાજ.
૪. સ્ત્રી. એ નામની વાસણિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; કાળો ઓરડુસો.
૫. સ્ત્રી. એક જાતનું વાદ્યિંત્ર. તે અગાઉ ધીગાણામાં વગાડાતું
૬. સ્ત્રી. કસબની જાતની સાંની દોરી; સોનેરી કે રૂપેરી ગોત; તોર્ય
૭. સ્ત્રી. કોર; કિનાર.
૮. સ્ત્રી. બાકડાનો બનાવેલો ટચલી આંગળીમાં આવે એવા આકારવાળો ટકડો.

તુએથી સ્ત્રી. નાનો તવેથો; રોટલો ફેરવવાનું લોઢાનું સાધન; તવેથી.
અંત લોહમય કંઠક બીજે તુએથી પકડાયે રે.
પ્રેમાનંદ

તુએર સ્ત્રી. તુવેર; લાલ અને પીળા છોડવાળું, અંદર પીળા દાણા કે મીંજવાળું એક દ્વિદળ ધાન્ય; તુવર. તે જાતની સાથે અવાય છે. તેની ત્રણ જાત છે: રાતી, પીળી અને કાળી.

તુક ૧. [હિં.] સ્ત્રી. પદ્યના બંને ચરણોના અંતિમ અક્ષરોનો પરસ્પર મેળ; અક્ષરમૈત્રી; અંત્યાનુપ્રાસ.
૨. સ્ત્રી. કવિતાની કડી; પદ; ચરણ.
૩. સ્ત્રી. ટૂક; પર્વતનું શિખર.
૪ સ્ત્રી. લાજ; શરમ.
૫. સ્ત્રી. સ્વાભિમાનનું ટેક; સ્વમાનની લાગણી.
૬. ન. દ્રાક્ષ; પળ.
૭. ન. પત્ર.
૮. ન. મીઠાઈનું ચોસલું.

તુકડી (તુક્ડી) સ્ત્રી. ટુકડી; ટોળી; અમુક નાની સંખ્યાનો એક જથ્થો; માણસોની મોટી સંખ્યામાંથી જુદો પાડેલો અમુક સંખ્યાનો એક વિભાગ.

તુકડો (તુક્ડો) પું. ટુકડો; વિભાગ; કટકો.

તુકબંદી [હિં.] સ્ત્રી. કાવ્યનો મુદ્દો ન હોય તેવું પદ્ય.

તુકમ ૧. ન. વંશ; કુળ.
તુકમે તાસીર અને સોબતે અસર = જેનું બીજ હોય એવો આકાર અને જેની સોબત હોય તેની મન ઉપર અસર થાય છે.
૨. [ફા. તુખ્મ] ન. બીજ; બીજ; જેમાંથી પ્રાણીની ઉત્પત્તિ થાય તે તત્ત્વ

તુકમરિયાં [ફા. તુખ્મ (બીજ) + રયહાન (ફૂલ)] ન. બ. વ. એક જાતનાં મરીના જેવાં બીજ; તકમરિયાં. તે ઔષધ તરીકે વપરાય છે. તેમાં પાણી અને ખાંડ નાખવાથી ઠંડું પીણું બનાવાય છે. તેના ઘોડ બારમાં થાય છે. ઘાસ ઉપરથી ડાળીઓ નીકળી ઊંચે ઉપર માંજર આવે છે. તેમાં ઝીણા દાણા દાણા થાય છે. તેનાં પાન તુલસી જેવાં સંપગોળ અણીવાળાં હોય છે.

તુકમા ૧. પું. કારસી મરાઠી ટોપ.
૨. [ફા.] પું. બટન; ગુંદી.

તુકમાબાજીલુગા ન. એક જાતનું કરિયાણું.

તુકમીરીહાન [ફા.] ન. બ. વ. તકમરિયાં.

તુકમે સ્ત્રી. એક પ્રકારનું કરિયાણું.

તુકલપીકલ પું. બાજબર; બાબાપી.

તુકલી [હિં] સ્ત્રી. બાળકની નાની પતંગ.

તુકા ૧. પું. નાનું ઘર.
૨. પું. પક્ષીનો માળો.
૩. [અ.] સ્ત્રી. પવિત્રતા.

તુકાક્ષીરી સ્ત્રી. વંશલોચન.

તુકારવું સ ક્રિ. તું તું કરી સબોધવું; અરિષ્ટ સબોધન કરવું.

તુકારામ પું. મહારાષ્ટ્રના એ નામના એક સંત. તેમના અભંગ મહારાષ્ટ્રમાં ઘણી શ્રદ્ધા અને પ્રેમથી ગવાયા આવે છે. તેમનો જન્મ સંવત ૧૬૬૫માં ઇન્દ્રાયણી નદીના કિનારા ઉપર

આવેલા રેહૂ નામના ગામમાં થયો હતો. લગભગ તેર વર્ષની ઉંમર સુધી માતાપિતાની સુખદ છત્રછાયામાં પોતાનું જીવન વિતાવ્યું. તેર વર્ષની ઉંમરે તેમને પરણ્યાની માતાપિતાએ ઘરનો ભાર તેમના ઉપર નાખ્યો અને તેઓ શાંતિપૂર્વક ભજનમાં જીવન વિતાવવા લાગ્યા. ચાર વર્ષ સુધી તેમણે સારી રીતે ગૃહસ્થાશ્રમ ચલાવ્યો અને માતાપિતાની ખૂબ સરસ સેવા કરી. પડોશીપાડોસી અને ગામના લોક તેમની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. પરંતુ ત્યારબાદ તેમના માતાપિતાનો દેહાંત થયો અને એકેક કરતાં અનેક વિપત્તિઓ તેમના ઉપર તૂટી પડી. આ વિપત્તિઓ પણ તેમણે ધીરજપૂર્વક સહન કરી લીધી અને હરિપ્રેમમાં દિનપ્રતિદિન આગળ વધવા લાગ્યા. કથાકીર્તન, સંતસમાગમ અને પરહિત સાધવામાં તે તલ્લીન રહેવા લાગ્યા. હરિકીર્તન કરતાં કરતાં ઈશ્વરના પ્રસાદરૂપ અભંગ વાણી તેમના મુખમાંથી નીકળવા લાગી. તુકારામ પ્રાયઃ જીવનભર મહારાષ્ટ્રમાં નિરંતર ભક્તિ મંત્રને વહાવતા વહાવતા લોકોનું કલ્યાણ સાધતા રહ્યા. અંતમાં સંવત ૧૭૦૬ની ચૈત્ર વદિ બીજને દિવસે સ્વધામ ગયા. તુકારામ જાતે શૂદ્ર હતા. તેમના પિતા અનાજના વેપારી હતા. પંઢરપુરના વિઠોબાના એ ભક્ત હતા. તેમણે કાવ્ય અને સરકૃત તથા લોકભાષામાં સદ્ગત જનને પ્રેમ અને સુનીતિનો લોકોના હૃદયમાં પ્રચાર કર્યો હતો. તેના રચેલા અભંગ મહારાષ્ટ્રના જનોને કંઠસ્થ હોય છે. શિવાજી તેમની પ્રત્યે સન્માનની દૃષ્ટિએ નિહાળતા.

તુકાંત પું. (પિંગળ) અંત્યાનુપ્રાસ; અંત્યયમક; કવિતાના ચરણને અંતે મળતા વર્ણ આવવા તે

તુકલ જી. ટુકડા; મોટી પતંગ; મોટો પતંગ; પટ્ટી અને નાનું ફાનસ ધારણ કરી હોય એવો મોટો પતંગ. તેની દોર પણ જાડી હોય છે.

તુકારા [સં.] પું. બાજનું બચ્ચું.

તુકા જી. ટેકરી; ઊંચાણવાળી જમીન.

તુક્કો ૧. પું. ટચકારો; અદાવાનો અવાજ.
૨. પું. ટૂકો ગપ; ખોટો તડાકો; ઉપાદસ વાત તેની ગપ્પી વાત
૩. પું. ખોટું તીર; માર્યે ઊભોઈ બાલેલું તીર. વાગ્યું તો તીર નહિ તો તુક્કે = થયું તો ઠીક અને ન થયું તોપણ ઠીક; વાત કર્યામાં શું થયું ?
૪. પું. મનનો તરંગ; વિચાર.
૫. પું. ઘુમટાનો કટકો.
૬. પું વાતનો ટુચકો; નાની વાત.

તુક્ષ [સં તુષ] પું. ભૂસું; ફોતરી.

તુખમ જુઓ તુકમ.

તુખમે બતમી ન. એક જાતની ઔષધિ. ખૂના દરદમાં અથવા ગુસ્સામાં પડ્યા થાય ત્યારે બગાસી, તુખમેબતમી તથા મેથી દરેક અરધો અરધો તોલો લઈ, તેને ખોખરાં કરી તે ઉપર બરાબરનું પાણી રાખ નાના બાટલા પેટી તેની ચા તૈયાર કરવી અને તેમાંથી રાખ બાટલ કરી દહાડામાં રાખ ચાર આપવી.

તુખમે તાસીર જી. જેવું બીજ તેવી પટના.

તુખાર ૧. [સ.] પું. એ નામના દેશનો વતની.
૨ પું. એ નામનો એક પ્રાચીન દેશ. તેનો ઉલ્લેખ અથર્વવેદ પરિશિષ્ટ, રામાયણ, મહાભારત વગેરેમાં છે. બધા મળે ઉપરથી જણાય છે કે આ દેશ હિમાલયની ઉત્તર પશ્ચિમમાં હોવો જોઈએ. ત્યાં બારે માસ હિમ પડે છે ને બરફનાં તોફાન થાય છે, તેથી તેનું નામ તુષારસ્થાન પડ્યું છે. કાળા ઘોડા પ્રાચીન કાળમાં બહુ સારા મનાતા હતા
૩. પું. ઘોડો. હાલની નવસારીમાં જેને તોખારીસ્થાન કહે છે, તેનું અસલ નામ તુષાર છે. ઘોડદોડ અને ઘોડાવેપાર વચ્ચે આ મુલક આખો હતો. તે તરફના ઘોડાને તુખાર કહેવામાં છે.
૪. પું. કપૂર. બરફાની બરફની જેવું
૫. પું. વિષ્ણુપુરાણમાં વસતી એક જાતિ. હરિવંશ અનુસાર જ્યારે મહર્ષિઓએ વેણુનું મંથન કર્યું, ત્યારે આ અપમર્યાદ અસભ્ય જાતિની ઉત્પત્તિ થઈ હતી; પણ તે મંત્રમાં તે જાતિનું નિષાદસ્થાન વિષ્ણુપુરાણ પર્યંત લખ્યું છે, જે બીજા ગ્રંથોની વિરુદ્ધ પડે છે.

તુખ્મ (તુખ્મ) ૧. પું. અંડકોષ.
૨. પું. ઈંડું.
૩. પું. બીજ.
૪. [સ.] પું. બીજ; ગિરિયો.
૫. પું. વીર્ય; ધાતુ.

તુખ્મખરસા [ફા.] ન. અમરવેલનાં બીજ.

તુખ્મખંજ [ફા.] ન. ખુરાસાની અજમો.

તુખ્મમાહી [ફા] ન. માછલીનાં ઈંડાં.

તુખ્મમાં ન. ન. ન એક જાતનું પીતાં કડવું આવે તેવું બીજ; તકમરિયાં.

તુખ્મરેઝ વિ. બી વાવનાર; વાવણી કરનાર.

તુખ્મરેઝી જી. વાવણી; બી વાવવાં તે.

તુખ્મરેહાં [ફા] ન ન. ન. તુલસીનાં બી.

તુખ્મરૈયાં જુઓ તુખ્મરાં.

તુખ્મરૈહાં જુઓ તુખ્મરાં.

તુખ્મરામતીલ [ફા.] પું. એક જાતનું બીજ મેથી. તે વધારવામાં અને વસાણામાં વપરાય છે.

તુખ્મરાહતરા [ફા.] પું. પિત્તપાપડાનું બી.

તુખ્મસતરાખ [ફા.] પું. પાલકનું બી.

તુખ્મસોખ્ત જી. જેમાં બીજા કઠણ ન કૂટ્યા હોય તેવી જમીન.

તુખ્મહિંદુવાનહ [ફા] પું. તરબૂચનું બી.

તુખ્યા (તુખ્મા) [અ.] પું. અપયશ; બદનામી.

તુખ્મીકસૂસ જી. એ નામની વેલ, આકાશવેલ.

તુખ્મે કતાન જી. અળસી.

તુખ્મે બદ વિ. નીચ કુળનું.

તુખ્મે રૈહાં જુઓ તુખ્મરાં.

તુગર પું. પત્ર; કાગળ.
પ્રભુ આદરાહ અલ્લી બારબાર પોતાને હાથે લખેલા પ્રકારબાબત તુગરસ (પત્રો) તેના પર મોકલવામાં આવ્યા. મિરા અહમદી

તુગા [સં.] જી. વંશલોચન; વાંસકપૂર.

તુગાક્ષીરી જુઓ તુગા.

તુગાખ્યા જુઓ તુગા.

તુગ ૧. [સં.] પું. (પુરાણ) વૈદિક કાળનો એક રાજર્ષિ. તે અશ્વિનીકુમારનો ઉપાસક હતો. તેણે ભીલ દ્વીપના શત્રુઓને હરાવવા માટે પોતાના પુત્ર શ્રુત્યુને વહાણમાં મોકલ્યો હતો. માર્ગમાં મોટું તોફાન નડતાં શ્રુત્યુએ અશ્વિનીકુમારની સ્તુતિ કરી. અશ્વિનીકુમારોએ સંતુષ્ટ થઈ શ્રુત્યુને સેના સહિત તેના વહાણ ઉપર લાવ્યો અને રાત્ર દિવસમાં તેના બાપ પાસે પહોંચાડી દીધો.
૨. પું. હિંસા કરનાર, બળવાન, ધન વગેરે મેળવવાની ઇચ્છા કરનાર અથવા ધરબાર કરીને રહેનાર માણસ.

તુગીય શ્રુત્યુ પું. તુગ રાજાનો એ નામનો પુત્ર.

તુચ્છ ૧. [સ.] પું. તુગ વંશનો પુરુષ; તુગ વંશજ.
૨. પું. તુગનો પુત્ર શ્રુત્યુ.
૩. ન. પાણી.

તુચયાન [અ.] પું. બળવો.

તુચયાની [અ.] જી. પૂરા કલકાવું તે.

તુચ [સં. ત્વચ્] પું. ચામડી; છાલ.

તુચ્છારું પું. ઓરડો.

તુચ્છ ૧. [સ.] પું. ગણીનો છેડ.
૨. જી. ચોથ, નોમ અને ચૌદસ એ બધી તિથિ.
૩. જી. નાની એલચી.

૪. ન. પરાળ.
૫. ન. ફોતરું
૬. વિ. અતિ અલ્પ જેની કાંઈ ગણના ન હોય તેવું; ઘોડું.
૭. વિ. અપૂર્ણ; અધૂરું.
૮. વિ. અસલ; જૂનું.
૯ વિ. અંદરથી ખોખલું.
૧૦. વિ. કંઈજ કામનું નહિ એવું; માલ વગરનું; જેથી કંઈ ણાય તેવું; નજીવું.
૧૧. વિ. ઊંચ નીચી જાતનું; સત્ત્વ વગરનું; તુચ્છકારને પાત્ર; સાર વગરનું.
૧૨. વિ. મંદ; ધીમું.
૧૩. વિ. શૂન્ય; ખાલી.
૧૪. વિ. હલકું, અધમ, કમજાત.

તુચ્છ ૧. [સં.] વિ. નિર્બિજ; તોછડું.
૨. વિ. ગંભીરતા વિનાનું.
૩. વિ. નિર્ધન; દરિદ્ર.
૪. વિ. હલકું.

તુચ્છકર્મ [સં.] ન. સકામ કર્મ; ફલપ્રાપ્તિની ઇચ્છાથી થતું કર્મ.
ફલપ્રાપ્તિની તીવ્ર ઇચ્છાથી, વિષયજ્ઞાનનાથી પ્રેરાઈને પોતાના ભોગ સમારંભના હેતુથી જે કર્મ કરવામાં આવે છે એને સકામકર્મ, કેવળ કર્મ કે તુચ્છકર્મ કહે છે. પુરુષાર્થબોધિની

તુચ્છકાર ૧. [સં.] પું. અનાદર; અવગણના; ધિક્કાર; તુંકારે બોલવું તે.
તુચ્છકાર કરવો = તિરસ્કાર કરવો; હલકું માલ વગરનું છે એમ માની કાઢી મૂકવું; અવગણના કરવી.
૨. પું. તિરસ્કાર; તુચ્છ ગણી નાખવું તે.
૩. પું. નાનપ.

તુચ્છકારવું ૧. સ. ક્રિ. તુચ્છ ગણી કાઢવું; તિરસ્કાર કરવો; ધુત્કારી કરી નાખવું; અવગણના કરવી; લાગ કરવો; તજી દેવું.
૨. સ. ક્રિ. બોદામોદ, હલકટ અને કાંઈ માલ વગરનું છે એમ કહી કાઢી મૂકવું; ઉતારી પાડવું; હલકું ગણી કાઢવું.

તુચ્છકારો જુઓ તુચ્છકાર.

તુચ્છગ જુઓ તુચ્છક.

તુચ્છતા ૧. [સં.] સ્ત્રી. ઓછાપણું; અલ્પતા.
૨. સ્ત્રી. હીનતા; નીચપણું; ક્ષુદ્રતા.

તુચ્છત્વ જુઓ તુચ્છતા.

તુચ્છદુમ [સં.] પું. ઓરડો.

તુચ્છભાજન [સં.] પું. અમુક વસ્તુ કે ભક્તિ હલકી છે એવી જાણથી.

તુચ્છા ૧. [સં.] સ્ત્રી. ગુજરાતી એકતંત્રી; નાની એકતંત્રી.
૨. સ્ત્રી. ચોથ, નોમ અને ચૌદશની તિથિનું નામ.
૩. સ્ત્રી. નીલનું ઝાડ.

તુચ્છાતિતુચ્છ ૧. [સં.] વિ. અત્યંત હીન; અત્યંત ક્ષુદ્ર.
૨. વિ. નાનામાં નાનું.

તુચ્છોસાહલકભણયા [પ્રા.] સ્ત્રી. (જૈન) જેમાં નાખી દેવાનું ઘણું હોય અને આવવાનું થોડું હોય એવી તુચ્છ વસ્તુ આણી તે. જેમકે, શેરડી, સીતાફળ. આવશ્યના સાતમા વ્રતનો આ એક અતિચાર છે.

તુચ્છૌષધિ [સં.] સ્ત્રી. જેમાંથી આહાર પદાર્થ બહુ ઓછો નીકળે અને ભાગે મોટો ભાગ ઢોરા દેવો પડે તેવી વનસ્પતિ.

તુચ્છૌષધિભક્ષણ જુઓ તુચ્છોસાહલકભણયા.

તુજ [સં. ત્વદીય] સ. તારું.

તુજને સ. તને.

તુજનું સ. તારું.

તુજી સ્ત્રી. એક જાતનો ઘરેણો

તુજોહ [હિ.] સ્ત્રી. ધનુષ; કમાન; હાકલું.

તુજ્જાર પું. વેપારી.

તુઝ [હિ.] સ. તારું; તું શબ્દનું પરેલી અને જૂની વિભક્તિ સિવાયની વિભક્તિઓમાં થતું રૂપ.

તુટક ૧. [તુ.] પું. આત્મકથા.
૨. પું. બોલો.

તુટકમુટક જુઓ દરેક જણ.

તુટકી સ્ત્રી. શાલના જેવી એક જાતની વસ્તુ.

તુટુક ૧. [તુ.] પું. બાદશાહો.
૨. પું. બ. વ. પાદશાહો; નિયમો.

તુડે [હિ.] સ. તને; તું કર્મ અથવા સંપ્રદાન રૂપ.

તુડ ન. કેતૂરનું ઝાડ.

તુડપડો પું. ઓઢ ઉપર તુટકતુટક ધોળા રંગના પટા હોય તેવો ધોડો.

તુડિયંગ ન. વીણા, સારંગી વગેરે બધી જાતના વાદ્યોનું.

તુડિતુડ [સં.] પું. શિવ.

તુડીમાર ૧. પું. મૈત્રોલંગ.
૨. પું. સોગઠાબાજીની રમતમાં એક પાસા ઉપર બધુ અને બીજા ઉપર એક એમ ચાર પડે તે દાવ.

તુડુમ [સં.] પું. ઉંદર

તુતૂષ [પ્રા.] ન. વિનોદ; પ્રયત્નકરવું

તુટ્ઠ [સં. તુષ્ટ] વિ. (પ્રાકૃત) સંતોષ પામેલું, ખુશી થયેલું.

તુટ્ઠિ [સં. તુષ્ટિ] સ્ત્રી (પ્રાકૃત) સંતોષ; તૃપ્તિ.

તુટ્ઠી [સં. તુષ્ટિ] સ્ત્રી (પ્રાકૃત) સંતોષ; તૃપ્તિ.

તુડ ૧. [સં] સ. ક્રિ. ઈજા કરવી.
૨. સ. ક્રિ. કાપવું
૩. સ ક્રિ. ખેંચવું.
૪. સ. ક્રિ. માર મારવું.
૫. સ. ક્રિ. (ધાતુ) તોડવું; ભાંગવું; કટકા કરવા. તે ઉપરથી અનેક શબ્દ: તોડવું, તોડ.
૬. સ. ક્રિ. કાઢવું.

તુડ (તુડ) પું. કાંઠો, કિનારો, તટ.

તુડમ (તુડમ) ૧. પું. ઝાડોળ; પૂંછ.
૨. પું વસ્ત્રચિહ્ન; બ્યૂગલ.

તુડલ (તુડલ) ન. કાગળની પતંગ.

તુડવાઈ (તુડવાઈ) સ્ત્રી. હદસરી; કમિશન.

તુડિય (તુડિય) ૧. [પ્રા.] ન. અંતઃપુર.
૨. ન. (જૈન) ચોરાસી લાખ પૃર્વિતાંગ પ્રમાણનો કાળ વિભાગ.
૩. ન. તૂરી, વાજા આદિ વાદ્યિત્ર.
૪. ન. બાજુબંધ; બેરખો.

તુડિયંગ (તુડિયંગ) ૧. પું. ચોરાસી લાખ પૂર્વનો કાળ વિભાગ.
૨. પું. જેમાંથી વાદ્યિત્ર જેવો અવાજ નીકળે તેવું કલ્પવૃક્ષ.

તુડિયા (તુડિયા) સ્ત્રી. હાથનું એક આભૂષણ; બાજુબંધ.

તુણ ૧. [સં.] સ. ક્રિ. દગલબાજીથી વર્તવું.
૨. સ. ક્રિ. વાંકું થવું.
૩. સ. ક્રિ. વાંકું કરવું

તુણક પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને રગણ મળી પંદર અક્ષર આવે છે.

તુણતુણો પું. એક જાતનું તંતુવાદ્ય; આનંદલહેરી; રાવણહત્થો; રાવણમલ્લુ.

તુણાવવું સ. ક્રિ. તુણવાની ક્રિયા કરાવવી.

તુણાવું સ. ક્રિ. તુણવાની ક્રિયા થવી.

તુણિ ૧. [સં.] પું. એક જાતનું ધમારતી વાદ્યકાનું ઝાડ.
૨. પું. એક જાતનો રોગ.

તુણ

૩. પું ગજ ઉપરના આઠમા અંકનું નામ.
૪. પું. નંદિ વૃક્ષ.

તુણિક [સં.] નંદિ વૃક્ષ.

તુણિયાર જુઓ તુણિયાર.

તુણિયાર-૧. પું. તૂણવાનું કામ કરનાર માણસ; તૂણિયો; તુનારો.
૨. પું. પરચૂરણ વેપાર કરનારો આદમી.

તુણી [સં. તુણક] સ્ત્રી. આપીન; તુણિક; કચ્છક; કાંતલ્લ; નંદિ વૃક્ષ; નંદક. તેની છાલ મોળી. શીતળ અને વૃષ્ય છે તથા વમન અને રક્તદોષ મટાડે છે.

તુણીર ન. બાણનું ભાથું.

તુણીરા વિ. તિરકસ; ત્રાંસું.

તુણુંમ ન. એક જાતનો વાજાંનો અવાજ.
તબલાં વાગે ધડુમ, ધડુમ, ધડુમ; વાજું વાગે તુણુંમ, તણુંમ, તુણુંમ. નિરુભાઈ

તુત ન. અમુસ્તિસ્તાનમાં થતું એક જાતનું ફળ; શેતૂર. આ ફળ જલ્દી બગડી જતું હોવાથી બહાર મોકલી શકાતું નથી. આ ફળ તથા તેની છાલ મૃદુ અને વિરેચક છે. તે બંને તાવમાં કાઢો દેનાર છે. તેનું શરબત બનાવી રાખવામાં આવે છે. મીઠી જાત ઔષધિમાં વાપરવામાં આવે છે અને ખાટી જાત પિત્ત અને રક્તવિકાર કરનારી છે.

તુતઈ [હિં.] સ્ત્રી. નાળચાવાળો નાનો માટીનો કુંજો.

તુતકારવું અ. ક્રિ. અસ્પષ્ટ ઉચ્ચારણ કરવું; તૂટક તૂટક શબ્દ બોલવો; અસ્પષ્ટ બોલવું.

તુતકારા [હિં.] સ્ત્રી. પાણી વરસ કરવાનું વાસણ; કોટલી.

તુતકારી જુઓ તુતકારા.

તુતંગ ૧. ન. કુતૂહલ ઉત્પન્ન કરે એવું બાષ્પ.
૨. ન. ખોટી બનાવટી બાબત; પ્રપંચ; કાવતરું; તરકટ.
૩. ન. વૃત્ત; બૂડાબૂડું; બનાવટી વાત.

તુતા [હિં.] સ્ત્રી. નાળચાવાળું વાસણ; કોટલી.

તુતાણ વિ. બોઠું.

તુતાર વિ. કાટેલું કપડું બગડ ન પડે એવી રીતે સાંધનાર.

તુતારકામ ન. કાટેલું કે ચિરાયેલું કપડું બગડ ન પડે તે રીતે સાંધનાર અથવા દુરસ્ત કરી આપનારની દુકાન કે બગડ.

તુતિયા [હિં.] સ્ત્રી. ખોટી બગડ; ચાટી.

તુતુડ (તુતુકું) ૧. ન. નાનું કૂતરું; નાનું ગલૂડિયું.
૨. ન. વાળ વાગવાનો અવાજ.

તુતુતુક સ્ત્રી. ચંચળતેલ નામની એક દેશી રમત.

તુત્થ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું એ નામનો એક પર્વત. તેમાંથી રસ નીકળે છે.
૩. પું. પત્થર.
૪. ન. એક જાતનું અંજન.
૫. ન. સાત માહેની એક ઉપધાતુ; મોરથૂથુ

તુત્થક ૧. [સં.] ન. બાષ્પરિયું.
૨. ન. મોરથૂથુ.

તુત્થા ૧. [સં.] સ્ત્રી. ગળી નામે વનસ્પતિ.
૨. સ્ત્રી. નાની એલચી.

તુત્થાંજન [સં.] ન. રસનાંજન; મોરથૂથુ

તુત્થોદ્ભવ ન. તુત્થ નામના પર્વતમાંથી નીકળતું એક જાતનું રસું.

તુન પું. મુખ અને સ્તિમાં સખત નીકળવાનો રોગ.

તુથ ૧. [સં.] પું. બકરો; બકરોદેવ.
૨. પું. બકરારૂપ ધરીને ઋષિજન.
૩. વિ. હણનાર; વધ કરનાર.

તુદ ૧. [સં.] સ. ક્રિ. ચીડવવું; બાજરી દુખવવી.
૨. સ. ક્રિ. જખમ કરવો.
૩. સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.

તુદ [સં. તુદ (પીડવું)] પું. (પ્રાકૃત) બાજરો.

તુદન [સં.] ન. દુઃખ; બથા; પીડા.
કદન વિધુર સોદર તુદન,
મદન વજ્રન બથ નામ;
દુઃખ દેખાં તું નાખને,
હે બારી સુખધામ. વિજયમધુકોષ

તુદશ્રીક પું. એક પ્રકારનો પિત્તાનિલાવનો રોગ.

તુપ્પાની [અ.] સ્ત્રી. પૂર; પાણીથી ઊભરાઈ જવું તે.

તુબ ૧. [સં. તુબ] પું. (હિંદી) એક જાતનું ઝાડ. તેનું લાકડું ફર્નિચર બનાવવામાં અને પીળો રંગ રંગવામાં વપરાય છે.
૨. ન. કાટેલ વસ્ત્રનું બારીક રીતે સાંધવું તે.

તુબક ૧. [ફા.] સ્ત્રી. પાતળી પૂરી.
૨. વિ. નબળું; નાજુક; પાતળું.

તુબકઝર્દ ૧. વિ. બગડ લાવનાર.
૨. વિ. છીછરું.
૩. વિ. પીણુથી એકદમ કેફ ચડેલું.

તુબકમિજાજ વિ. ધખેલિયું; ચીકિયું; બાજ વારમાં તપી બગડ જેવું.

તુબકહુવાસ વિ. એકદમ બગડ થાય તેવું; કોમળ હૃદયનું.

તુબકહુવાસી સ્ત્રી. કોમળ હૃદયના હોવાપણું.

તુબકા [હિં.] પું. પરાળ.

તુબકાબોજ [હિં.] પું. નાનો સમુદ્ર.

તુબકી [ફા.] સ્ત્રી. પાતળી રોટલી.

તુબતુબ અ. તંબૂરા જેવા વાદ્યનો અવાજ.

તુબતુબી ૧. [અ. તંતનહ્ (તંબૂરા વગેરેનો અવાજ)] સ્ત્રી. બિપૂટી; જેમાંથી તુબતુબ કરતો અવાજ નીકળે તેવું તંબૂરા જેવું વાદ્ય.
૨. સ્ત્રી. લાંબા પગવાળું એક જાતનું લીલું પક્ષી.
૩. સ્ત્રી. સારંગી.

તુબાઈ ૧. સ્ત્રી. તૂણવાની ક્રિયા.
ચરખામંડળની સાથે એક ચરખાવર્ત બોલવાનો પણ પ્રયત્ન થઈ રહ્યો છે. તેમાં તુબાઈથી માંડી પ્રાતઃ સુધીની બધી ક્રિયાઓ શીખવવામાં આવે છે. હરિજનબંધુ
૨. સ્ત્રી. તૂણવાની મજૂરી.

તુબારવાડો (તુબારવાડો) પું. તુબારા જોડી રહેતા ઢોર તેવો શહેરનો ભાગ.

તુબારો પું. તૂણિયો; ચૂબર; તૂણવાનું કામ કરનાર માણસ; તુનિયાર.

તુબાવવું સ. ક્રિ. તૂબવાની ક્રિયા કરાવવી.

તુબાવા સ્ત્રી. એક જાતની વાંસળી.

તુબ્યું . ક્રિ. તૂબવાની ક્રિયા થયી.

તુનિયાર જુઓ તુનિયાર.

તુનિયાર ૧. પું. તુબારો; તૂણવાનું કામ કરનાર માણસ.
૨. પું. પરચૂરણ વેપાર કરનાર માણસ.

તુની પું. ગુદા ભાગનો એક રોગ. તેમાં ગુદાદ્વાર અને વૃષણની વચ્ચેના ભાગમાં ઢલાવતાં દુખાવો થાય છે. ઊપસ્યના ઊંડા ઊપર પણ દુખાવો થાય છે. પ્રોસ્થગ્રંથિમાં સોજો આવે છે. દરદીને વારંવાર પેશાબ કરવા જવું પડે છે અને તેમાં તેને કષ્ટ પડે છે.

તુનુક ૧. [ફા.] વિ. ચોકું; જવા.
૨. વિ. નબળું; પાતળું.

તુનુબ [અ.] ન. તંબૂનું દોરડું.

તુનેડો પું. કાનેરાતની ચોરાશી માંહેની એક જાત.

તુબ્ન ૧. [સં.] પું. એ નામના ઝાડનું ફળ. તે પીળો રંગ બનાવવામાં વપરાય છે.
૨. પું. એક જાતનું ઝાડ. તેનું લાકડું મેહોગની જેવું હોય છે અને ફર્નિચર બનાવવામાં વપરાય છે.
૩. વિ. ઉદાયેલું; કપાયેલું.
૪. વિ. પીડિત; બથા પામેલ દુઃખ પામેલ.

તુમડ ૧. [સં.] પું. નદિ વૃક્ષ
૨. વિ. ઢેદાયેલ; કપાયેલ.
૩. વિ. બધા પામેલ; દુ ખ પામેલ.

તુમણ [પ્રા.] ન. તૂણવું તે; સાંધો કરવો તે.

તુમણાર [સં.] પું. તૂણનાર વ્યક્તિ; વસ્ત્રના ફાટેલ ભાગને તૂણીને સીવનાર માણસ.

તુમા સ્ત્રી. એક જાતની ઘેરા રાતા રંગની માછલી. તે ખાવામાં વપરાય છે.

તુમાગ [પ્રા.] પું. તૂણનાર વ્યક્તિ; વસ્ત્રના ફાટેલ ભાગને તૂણીને સીવનાર માણસ.

તુમિત વિ. તૂણનારે તૂણીને ઠીક પૂરેલ; સાંધેલ.

તુમ્બ ૧. [હિં.] સ્ત્રી. નાની તોપ.
કાળ તોપથી મહીં તુમ્બ દઇ અનમ કરાળ, તુલસી સવસઈ
૨. સ્ત્રી. બંદૂક.

તુમ્બચી ૧. પું. તોપ ફોડનાર માણસ.
૨. સ્ત્રી. મહેસૂલ ઉઘરાવનાર માણસ.

તુમ્બરિયા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અતિબલા; બલ્યપ્રોક્તા; કંકતિકા; નાગબલા. દૂધ સાકર સાથે તેનાં બીજ આપવાથી પ્રમેહ મટે છે. મૂત્રરોગ ઉપર તે ખાસ ઉપયોગી મનાય છે.

તુર્કી પું. એક જાતના લોક. તેઓ એશિયા ખંડના પૂર્વ ભાગમાંથી બીજા મધ્યવાસી લોકોમાંથી પહેલાં ઉત્તર અમેરિકામાં અને પછી દક્ષિણ અમેરિકામાં ફેલાયા.

તુર્પ ૧. [પ્રા.] ન. થી.
૨. વિ. ઘીથી બસબેતું; ઘી લગાડેલું.
૩. વિ. સ્નિગ્ધ; સ્નેહયુક્ત.

તુર્રે ૧. પું. ધુંવ.
૨. [ફા.] પું. શાપ.
૩. અ. ધિક્કાર ! શરમ !

તુર્રેહઈ [ફા.] અ. ધિક્કાર ! શરમ !

તુર્રંગ [ફા.] સ્ત્રી. બંદૂક.

તુર્રંગચી [ફા.] પું. બંદૂક મારનાર માણસ.

તુર્રંગી [ફા.] સ્ત્રી. બંદૂક ફોડવી તે.

તુર્રાક સ્ત્રી. બંદૂક.

તુર્રાન ૧. ન. અવાજ.
૨. ન. ઊંઘાડિયું
૩. ન. આંસુ.
૪. ન. નિદ્રા; ઘારી.
૫. [અ. તવક્ (તે ગોતરફ ગયો)]
ન. પવન અને વરસાદનું ફૂકાવું તે; ઝાપટ.
૬. ન. પૂર.
૭. ન. સમુદ્રમોજ.

તુર્રેનખોર જુઓ તુરાની.

તુર્રેની ૨. વિ. આગ લગાડનાર.
૨. વિ. ઉપાળા મારતું.
એ તપસ્વી ઉભો થયો અને સમુદ્રના તુર્રાની વરસ પર તેલની ધાર પડે ને શાંતિ થાય એમ શાંતિ ફેલાઈ ગઈ. દુમકેતુ
૩. વિ. કજિયાળું.
૪. વિ. ચાડિયું.
૫. વિ. તોફાની.
૬. વિ. નિંદા કરનાર.
૭. વિ. ખળવાખોર.

તુર્રાનીબારકસ પું. મસ્તીખોર છોકરો.

તુર્રાને બેતઝીમ પું. ઠોબાંડા; ધાંધલ; પ્રવર્તન.

તુર્રેલિયત [અ.] સ્ત્રી. બાલપણ; નાનપણ.

તુર્રેલ્લ ૧. [અ. તુર્રુપ્પ] પું.; સ્ત્રી. આશ્રય; આશરો.
૨ પું.;સ્ત્રી. કૃપા; મહેરબાની.
પણ આખરે તમારા તુર્રેલ્લે કુર અબ ! નરસિંહરાવ મળી આવે અને. કલાપી

તુર્રૈયા ૧. [અ.] પું. વગર આમંત્રણે બીજાની સાથે મિજબાનીમાં જનાર માણસ.
૨. પું. બચ્ચે પડ્યું તે.
૩. વિ. બહુ ખાનાર; બાઘિયું.
૪. અ. ને લીધે; વડે; માટલ.

તુર્રૈલિયા [અ.] પું. વગર આમંત્રણે જનાર માણસ.

તુર્રૈલી ૧. [અ.] વિ. બહુ ખાય એવું.
૨. વિ. વગર આમંત્રણે જનાર.

તુલ્યા ન. જિજ્ઞતમાનું આશીર્વાદ પામેલું વૃક્ષ, કલ્પવૃક્ષ.

તુલ્સી [પ્રા.] સ્ત્રી. તળાઈ; સેજ; શય્યા.

તુલ્ય ૧. [સં.] સ કિ. ઈજા કરવી; પીડા કરવી; દુ:ખ દેવું; હરકત કરવી.
૨. સ. ક્રિ. હિંસા કરવી; મારી નાખવું.

તુલ્ય [સં.] પું. ભારો.

તુમ ૧. [સં.] સ. ક્રિ. ઉપેક્ષા કરવી.
૨. સ. ક્રિ. હણવું; મારી નાખવું

તુમ [સં. ત્વમ્] સ. પું.
સ્વામિ આહરે છે સ્વામિની, તે તુમ તેડે નજરામિની. ભાલણ

તુમતડાક (તુમતડાક) [ફા.] પું. દેખાવ; બનાવો.

તુમતુરાક [ફા.] પું. બનાવો; ઠાઠ.

તુમન ૧. [ફા.] પું. ટોળું; હરકર.
તુમન બાંધવો = હરકર જેવું કરવું.
૨. પું. લશ્કરિયો; સંઘ.

તુમનદાર ૧ [ફા.] પું. બટ્ટો રાખનાર માણસ.
૨. પું. હરકરનો સરદાર.

તુમનદારી [ફા] સ્ત્રી. હરકરની સરદારી.

તુમરચી ન. એક જાતનું શિકારી પક્ષી

તુમરજ ન. એક જાતની વનસ્પતિ. તેનાં સૂમા પાદડાંનો ભૂકો ઔષધિમા વપરાય છે. સ્ત્રીઓના હિસ્ટીરિયા દરદ ઉપર તેનો ધુમાડો ફાયદાકારક મનાય છે

તુમરા [હિ] સ. તમારું

તુમરું ન. એક જાતનું વાજું.

તુમરો સ્ત્રી. માણસની ખોપરી.

તુમલ ૧. ન. એક જાતનું ઘણઝાડ. તેને મેમ્રિલ માસમાં પોળા ફૂલ આવે છે. તેનાં ફળ મોળા દહા જેવાં, રેસે પીળા અને સ્વાદે ખાટા હોય છે.
૨. [સં. તુમુલ] વિ. જબરું, ઘણું ભારે; તુમુલ.
શું કહું ખબર લાવે છે ! તુમલ યુદ્ધ પછી તે વાતને ખાધો છે. પુરાતત્ત્વ

તુમા ૧. [અ.] પું. ઉદરવરણી. ઉદરપણ. તેનું ઉત્પત્તિસ્થાન પ્લાસ્ય, સિરિયા અને મેડીટેરેનિઅન કિનારો છે.
૨. પું. બોરાક.

તુમાઈરિયા ૧ સ્ત્રી. બળ,ચટ.
૨ સ્ત્રી. મિજબાન; પતરાજી.

તુમાઝ પું. ઉગ્ર સ્વભાવ; આકરો મિજાજ.

તુમાખી ૧. સ્ત્રી. અભિમાન; ગર્વ; મગરૂરી.
૨. સ્ત્રી. ઉગ્ર સ્વભાવ, મગજમાં પવન રાખવો તે.
૩. સ્ત્રી. ઉદ્ધતપણું, ઉદ્ધતાઈ
૪. વિ. અહંકારી; અભિમાની.
૫. વિ. ઉગ્ર સ્વભાવનું, મગજમાં પવન રાખનારું; મિજાજી
૬. વિ. ઉદ્ધત; અવિનયી.

તુમાખીદાર જુઓ તુમાખી ૪, ૫, ૬.

તુમાખીપણું જુઓ તુમાખી ૧, ૨, ૩.

તુમાન ૧. પું. સિક્કો.
૨. [તુ. તૂમાન (ખેરદાર સુરવાળ)]
પું.,સ્ત્રી. સેલ્લી; ચોરણો; મોટી ઢીલી સુરવાળ.

તુમાનતોક [હિ.] પું. એક જાતનો લાંબો વાવટો.
તુમાનતોક એક પહેલી દર્શક ખાસ માણસ છે અને તે પ્રથમ દરજ્જાના હરકરી સરદારોને જ બક્ષવામા આવે છે. આઇને અકબરી

તુમાનદાર પું. જમીનદાર.

તુમાનનૌક સ. એક જાતનું આદશાહી રાજચિહ્ન. તે પહેલા દરજ્જાના ફોજી સરદારોને જ બક્ષવામાં આવે છે.

તુમાર ૧. [ફા.] પું. ઑફીસર અમલદારોની નોંધવાળો બે પક્ષ વચ્ચેનો પત્રવ્યવહાર; નિકાલ માટે સરકાર આગળ રજૂ કરેલી અરજ અને તેની ઉપર જુદી જુદી પાવરીના અધિકારીઓએ આપેલા અભિપ્રાયનું દફ્તર.

તુમાર ચલાવવા = (૧) હાલના અમલદારને તરફ મોકલી કામ લંબાવવું (૨) પત્રવ્યવહાર ચલાવવો. (૩) લિખિત અભિપ્રાય મંગાવવો. અમુક નિર્ણય કરતા પહેલાં થયેલા પ્રશ્ન ઉપર અમલદારોના અભિપ્રાય મંગાવી જોવા.

૨. પું. રકમ.

તુમારા [હિં.] સ. તમારું

તુમારિયું સ. તુમાર.

બિનનું મુખ એ) તુમારિયાથી સરકાર ચાલે કામ જે. મેઘધનુષ્યકાવ્ય

તુમારી ૧. સ્ત્રી. તુમારનું કામકાજ

૨. વિ. તુમારને લગતું; તુમાર ચાલતો હોય તેવું.

તુમી સ. તું જ; તમે જ.

તુમીત જુઓ તુમી.

તુમુર ૧. [સં.] પું. સૈન્યસૈન્ય વચ્ચે ભારે યુદ્ધ કરવું તે.

૨ પું. ક્ષત્રિયોની એ નામની એક જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

૫. વિ. તુમુલ; તીવ્ર; ભયંકર લાગે તેવું; બિહામણું લાગે તેવું.

તુમુલ ૧. [સં.] પું. ભયંકરનું ઝાડ.

૨. પું. સૈનાનો કોલાહલ; લડાઈની ધોંધાટભરી હિલચાલ; યુદ્ધનો શોરબકોર.

૩ ન. બિહામણું કરે તેવું યુદ્ધ.

૪. વિ. ધાંધલ અને ધમાચકડીવાળું; જેમાં વિવિધ પ્રકારના કોલાહલ અને માણસ, પશુ વગેરેની ધમાલ થઈ રહેલી હોય એવું; રણસંગ્રામ; મરણતિયું

૫. વિ ભયંકર; ડરામણું; સખત; કપરું; બીક પેદા કરી રહેલ હોય તેવું.

તુમુલક પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ૭ નગણ મળી અઠ્ઠાવીસ અક્ષર હોય છે.

તુમુલસોમ પું. એ નામનો એક બૌદ્ધ વિહાર.

તુમેલ વિ. સારી રીતે વણેલું.

તુમ્બી [હિં.] સ્ત્રી. કરડી; પ્લેગ.

તુમ્હ [પ્રા.] સ. તું; તમે

તુમ્હારા [હિં.] સ. તમારું.

તુમ્હેં [હિં.] સ. તમને.

તુમ્હો [હિં.] સ. તમે.

તુય સ્ત્રી. અતીત અવાજે વગાડવાનું તાંબાનું વાદ્ય ગૂંગળાવાળું વાદ્યિત્ર.

તુયુરી [અ.] પું. પક્ષીઓનો વેપારી.

તુયર [અ.] સ. વ. ન. પક્ષીઓ.

તુર ૧. [સં. તુર (ત્વરાવાળું)] પું. ઘોડો.

૨. પું. વેગ; ત્વરા.

૩. વિ. ત્વરાવાળું; ઉતાવળિયું.

૪. ન. લોહ.

તુરઈ ૧. પું. એક જાતનું વાદ્યિત્ર.

૨. પું. ઝાડોળ; પૂછ.

૩. સ્ત્રી. એક જાતનું ઓજું. તે લંબગોળ આકારનું, ૧૮ થી ૨૪ ઇંચની લંબાઈવાળું અને નીચેના ભાગમાં વધારે જાડું હોય છે.

૪. [હિં.] સ્ત્રી. ચિસોટાનો વેલો. તેને પાણી બહુ જોઈએ, તેથી ચિરોડે કરીને તેને વરસાદમાં વાવવામાં આવે છે. ઉનાળામાં પણ કયારા કરીને ઠેઠવાર તેને વાવે છે. પણ તે જેવો બરસીથી બચવા માટે જમીનની અંદર રેવાય છે અને ફળે છે. તેને પીળાં ફૂલ હોય છે. સંખ્યા વખતે તે ખાવામાં છે.

તુરક ૧. પું. ઇસ્લામી લડવૈયો.

૨. પું. ઘોડો.

૩. પું. તુર્કસ્તાન દેશ.

૪. પું. તુર્કસ્તાનનો રહીશ; તુર્ક.

૫. પું. મુસલમાન.

તુરકટકી [તુરકટકો] સ્ત્રી. સફેદ લીલાશ પડતી એક જાતની કાકડી. તે આકારે ૧૫ ઇંચ લાંબી હોય છે. ખાંડની સાથે ઝટપી ખાવાથી તે બહુ સ્વાદિષ્ટ લાગે છે. જન-ફુબરિ અને ફેબ્રુઆરિ માસમાં તે બજારમાં ખાવા વેચાય છે.

તુરકાણ સ. તુર્ક ઘોડાની જાતવંશી.

તુરકાણું સ. (જૂ. ગુ.) તુર્ક ઘોડો; મુસલમાન.

મુજરાતીનું ભોજન કરે જો,
તુરકાણું ખાવું કરવું. કાન્હડદેપ્રબંધ

તુરકાન [હિં.] પું. તુર્ક જાતના મુસલમાનોની વસતી.

તુરકી ૧. સ્ત્રી. તુર્કસ્તાનની ભાષા.

૨. વિ. તુર્ક; તુર્કસ્તાન સંબંધી.

તુરકી ચાલ સ્ત્રી. ઘોડાની એક જાતની ચાલવાની રીત. તે તુરકી ઘોડાઓમાં ખાસ જોવામાં આવે છે.

તુરકી ટોપી સ્ત્રી. મુસલમાન લોકોની એક જાતની ઘેરાવાળી ટોપી.

તુરકી રેવાલ જુઓ તુરકી ચાલ.

તુરગ ૧. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે છે.

૨. [સં.] પું. ઘોડો.

૩. પું. સાતની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

૪. ન. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.

૫. ન. મન; ચિત્ત.

તુરગગંધા [સં.] સ્ત્રી. અશ્વગંધા; આસંધ નામની વનસ્પતિ.

તુરગદાનવ [સં.] પું. કેશી નામનો દૈત્ય. તે કંસની આજ્ઞાથી કૃષ્ણને મારવા માટે ઘોડાનું રૂપ ધારણ કરીને ગયો હતો.

તુરગપ્રિય [સં.] પું. અશ્વ.

તુરગબ્રહ્મચર્ય [સં.] ન. ઘોડાના જેવું બ્રહ્મચર્ય; જ્યાં ન બનતી હોય એટલે તેના જાતીય બ્રહ્મચર્ય.

તુરગલીલક [સં.] પું. સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક તાલ.

તુરગસંઘ ૧. [સં.] પું. ઘોડાઓનો સમૂહ.

૨. પું. ઘોડાની બરદાસ.

તુરગસ્તરણ [સં.] ન. ઘોડાની પીઠ ઉપર ઢાકવાનો કામળો.

તુરગા [સં.] સ્ત્રી. આસંધ નામની વનસ્પતિ.

તુરગાનન ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય.

૨. પું. ઘોડાના જેવા મુખવાળા એક ગંધર્વ જાતિ.

તુરગારિ ૧. [સં. તુરગ (ઘોડો) + અરિ (દુશ્મન)] પું. કરેણનું ઝાડ; કમખાર; અશ્વઘ્ન.

૨. પું. પાડો.

તુરગી ૧. [સં. તુરગિન્] પું. ઘોડેસવાર; અશ્વારોહી.

૨. પું. જલદી ચાલનાર ઘોડો.

૩. સ્ત્રી. આસંધ નામની વનસ્પતિ; અશ્વગંધા.

૪. સ્ત્રી. ઘોડી.

તુરગુલા [હિં.] પું. લટકણ; કાનનું અર્બુદ નામનું બગડેલું; લોલક.

તુરછી સ્ત્રી. તુલસી.

તુરટ વિ. તૂરું; તૂરા સ્વાદનું.

તુરટી સ્ત્રી. ફટકડી.

તુરકામ પું. એક જાતની વનસ્પતિ. આ છોડને અણીવાળાં લાંબાં ગોળ પાન, પીળાં ફૂલ અને તેમાં ત્રણ કે ચાર દાણાવાળી સિંગ થાય છે. દાણો લીલો ચણોઠી જેવડો થાય છે.

તુરખ (જૂ. ગુ.) વિ. ઉતાવળું.
બીજ પ્રભાત તણ તુરખી નારી, કાન્હડદેપ્રબંધ

તુરત ૧. [સં. ત્વરિત] અ. તરત; જલદી; ઝડપથી; શીઘ્ર; તત્ક્ષણ.
૨. અ. હમણાં; આ વખતે.

તુરતની દર્શનીય વિ. દેખાવ કરે નાખી મરે તેવી જાતનું. ફૂંકી મારે આ શબ્દ વપરાય છે.

તુરતફુરત [હિ.] અ. ઝડપથી; ચટપટ.

તુરતાતુરત અ. એકદમ; જલદી; ઝડપથી.

તુરતુરા ૧. વિ. ઉતાવળિયું.
૨. [હિં.] વિ. ચાલાક; હોશિયાર.

તુરતુરો પું. એક જાતનું ઝાડું વાગ્યિત. સાધારણ રીતે મરણ પ્રસંગે તે વગાડાય છે.

તુરતુર્યા જુઓ તુરતુરા.

તુરપ ૧. પું. એક જાતનું તૃણાજ; એકદમ ફૂટી આગળ જતું અને પછી સુંદર અણિનમ સહિત પાકું આવતું તે; ઉરપ.
૨. સ્ત્રી. (સંગીત) ગાયન કે વાદનમાં કોઈ સ્વરોને પીંદાતાં ઊતરવું તે; મુરપ.

તુરપઈ [હિં.] સ્ત્રી. એક પ્રકારની સિલાઈ; તુરપન.

તુરપન ૧. [હિં] સ્ત્રી. એક પ્રકારની સિલાઈ; તુરપઈ.
૨. સ્ત્રી. ચોટવું તે.

તુરફુરા જુઓ તુરતુરા.

તુરફેરબ્યો પું. વહાણની સાળમાં તુરને ફેરવવાની વાસની અથવા લોઢાની નાની ભાકડી.

તુરબત ૧. સ્ત્રી. એક જાતનું કરિયાણું.
૨. [અ. તુર્બત] સ્ત્રી. ગોર; કબર.

તુરભા ન. એ નામનું એક ગામ. ત્યાં ઇડરી ચાહોના કબીલા રહે છે.

તુરમુરતુર પું. જરથોસ્તનો એ નામનો એક દુશ્મન.

તુરમેદ સ્ત્રી. સખત રેસ આપવામાં વપરાતી એક ઔષધિ.

તુરમ ૧. [સં. તુરમ] પું. (હિંદી) તુરફી એક જાતનું વાદ્યિત્ર.
૨. પું. ભડોળ; પુષ્ઠ.

તુરમચ્યો ન. એક જાતનું શિકારી પશુ.

તુરમતી ન. રતાશ પડતું અને ઝાકરા જેવું એક પક્ષી

તુરમની [હિ.] સ્ત્રી. નાળિયેર બગલુવાની બગલી.

તુરમ [સ. તુરંગ; જુ પ.ગુ.]

તુરલી [સં. ત્વર, સ્ત્રી. (હિંદી)] એક પ્રકારનું વાજું; બ્યૂગલ

તુરંક પું. (જૂ. ગુ.) ઘોડો
કરીઓ પરણ, ઉકળ્યા હાથી, તુરંક ચઢ્યા ત્રટ બાંધ્યાં. કાન્હડદેપ્રબંધ

તુરંગ ૧. પું. કલ્પના; ધૂરાદો; મનોવૃત્તિ; ઝાડે નરસું, ખરું ખોટું ઇત્યાદિનો સમજ્યો મનમા તોલ કરવો તે; મનમાં તોલ્યા બંધાયો નિશ્ચય બાબતનો અભિપ્રાય.
૨. [સં.] પું. ઘોડો; અશ્વ.
ચપળ ચપલ ચમકતો,
અતિ અહંકાર પણ શોભ.
એ તુરગ પાંચ ગુણ. મહીપાલદેવ
૩. પું. મનરૂપી વિચાર તર્ક, ઇચ્છા ખયાલ.
૪. પું. (પિંગળ) ચોમદલ વર્ણમેળ જાતિનો એક છંદ.
૫. પું. સાતની સંખ્યા.
૬. [ગુ.] સ્ત્રી. કેડખાનું; કારણ. જેલ.
૭. ન. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.
૮. ન. તરંગ; મોજું.
૯. ન. મન.

તુરંગકારભદાર પું. જેલનો અધિકારી; તુરંગાધીશ

તુરંગખાનું ૧. [ગુ. તુરંગ (જેલ) + ખાના (સ્થાન)] ન. કેદખાનું; જેલ.
૨. ન. ઘોડાનો તબેલો.
૩. ન. મન; મગજ.

તુરંગગંધા [સં.] સ્ત્રી. અશ્વગંધા; આસંધ વનસ્પતિ.

તુરંગગાઢ (તુરંગગાઢ) [સં.] પું. ઔષ રાગનો એક ભેદ. તે-વીર અથવા રૌદ્ર રસનો એક રાગ છે.

તુરંગટ્ટેખિણી [સં.] સ્ત્રી. જેસ; અહિણી.

તુરંગની [હિં.] સ્ત્રી. એક જાતની ઝેરી માખી.

તુરંગપ્રિય [સં.] પું. જવ; યવ.

તુરંગમ ૧. [સં.] પું. એ નામનો ખાસિક દેશની જાતનો, કપાળમાં ત્રિકોણાકાર જવ જેવા ચાંદાવાળો તાજા રંગનો ઉત્તમ ઘોડો.
૨. પું. (પિંગળ) એક જાતનો છંદ. તેના પ્રત્યેક ચરણમાં બે નગણ અથવા બે ભુરુ આવે છે. અને તુંગ કે તુંગા પણ કહેવામાં આવે છે.
૩. પું. મિત્ર.
૪. પું. સાતની સંખ્યા.
૫. વિ. જલદી જનારું.

તુરંગમરક્ષી [સ તુરંગમ (ઘોડો) + રક્ષિન્ (રક્ષણ કરનાર)] પું. ચાલતા ઘોડાનું રક્ષણ કરનાર માણસ

તુરંગમશિક્ષા [સ] સ્ત્રી ઘોડા સંબંધી વિદ્યા; હયવિદ્યાન

તુરંગમુખ જુઓ તુરંગવક્ત્ર

તુરંગવક્ત્ર [સ] પું. ઘોડાના જેવા મુખવાળી અમર્ત્ય જાતિ. કિન્નર; અશ્વમુખ

તુરંગવદન જુઓ તુરંગવક્ત્ર

તુરંગશાલા [સં.] સ્ત્રી તબેલો; ઘોડાર.

તુરંગારિ ૧. [સં.] પું. ઝેબ્રા; હયમારક; અશ્વારિ; કરભ; શતકુંભ
૨ પું પાડો

તુરંગારોહણ [સં. તુરંગ (ઘોડો) + આરોહણ (સવાર થવું તે)] ન. ઘોડે બેસવું તે.

તુરંગી ૧. [સં તુરંગિન્] પું. ઘોડેસવાર
૨. સ્ત્રી આસંધ નામની વનસ્પતિ; અશ્વગંધા.
૩ સ] સ્ત્રી. ઘોડી
૪ વિ ચંચળ મનમાં આવ્યું હોય તેમ કરનાર; મનમોજી; સ્વચ્છંચારી; સ્વચ્છંદી

તુરંગીપણું ૧. ન ચંચળપણ
૨. ન. મનસ્વી હોવાપણું.

તુરંજ ૧. પું. એક જાતનું ફીણ.
૨. [ફા. તુર્ંજ] પું. જરી ભરેલો ઝુગાનો કટકો.
૩. પું. મોસંબી; નારંગી.

તુરંજબીન ૧. [ફા.] સ્ત્રી. ખુરાસાન દેશમાં ઊંટકટારાના ઝાડ ઉપર જામતી એક પ્રકારની ખાડ
૨. ન. લીંબુના રસનું શરબત.

તુરંજબીના [ફા.] સ્ત્રી. જવાસો.

તુરંજી પું. ઊન અને રેશમી વસ્ત્રોનો એક જાતનો રંગ.

તુરંત [સ. ત્વરિત] અ. ઉતાવળથી; જલદી; હમણાં; આ વખતે; તરત.

તુરા ૧. [સં. તુરંગ] પું. ઘોડો.
૨. પું. ન બ. ઝાંખ.
૩. પું. બ.વ. તુવેરના દાણા.
૪ સ્ત્રી. (પુરાણ) નર્મદા નદીને મળનારી એક નાની નદી.

તુરાઈ ૧. સ્ત્રી. મિલોદી કેડની અને બીડી એવી તેની બે જાત થાય છે. તેમાં કડવી રેચક છે. કમળો થયો હોય ત્યારે તેનાં ટીપાં નાકમાં નખાય છે.
૨. સ્ત્રી. જડ; માથા વિનાનો બીજો.

૩. સ્ત્રી. મુખેથી ફૂંકીને વગાડવાનું એક જાતનું વાજું; શરણાઈ; રણશિંગું.
૪. સ્ત્રી. કે બરેલું ગાડલું.
૫. સ્ત્રી. સાળવીનું એક ઓજાર; તૂરી.

તુરાહ ૧. [હિ.] પું. ખોડો.
૨. પું. તૂરો સ્વાદ; તૂરાપ.

તુરાન ન. મધ્ય એશિયામાં આવેલો એ નામનો એક પ્રદેશ.

તુરાના પું. ન. બ. આઠેક અને ૫૬ પાણીમાં બીજ દિવસ સુધી રાખેલા ચોખા.

તુરાનિયન ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.
૨. સ્ત્રી. પૃથ્વી ઉપરના લોકોની ત્રણ મોટેની એક પ્રકારની જાતિ.

તુરાની ૧. પું. ઋગ્વેદમાં કહેલા તુરાન દેશમાંથી આવેલા એ નામના લોકો.
૨. વિ. તુરાન દેશનું.

તુરાબ [અ.] પું. જમીન; માટી.

તુરાબી [અ.] વિ. માટીનું.

તુરાષાઢ ૧. [સં.] પું. પ્રાચીન સમયમાં કરવામાં આવતો એક જાતનો યજ્ઞ; અસંગ. તે ચૈત્ર સુદિ ૫ અને વૈશાખ સુદિ પના રોજ થાય છે
૨. પું. હરકોઈ વસ્તુ ઉપર આસક્તિ; હરકોઈ વિષય, ચીજ વગેરેની ઇચ્છા.

તુરાષાટ [સં. ત્વરાવત્] વિ. વેગવાળું; વેગયુક્ત.

તુરાષાડ [સં. તુરાષાડ્] પું. ઇંદ્ર.

તુરાષાહ [સં. તુરાષાહ્] પું. ઇંદ્ર.

તુરાસાહ [સં. તુરાસાહ્] પું. ઇંદ્ર.

તુરિ ૧. [સં.] સ્ત્રી. ચિત્રકારની પીંછી.
૨. સ્ત્રી. વણકરનું વણવાનું એક સાધન; સાળરીનો કાંઠલો કે કૂચડો.

તુરિય ૧. [સં. તૂર્ય] ન. ભેરી, મૃદંગ, કરતાલ વગેરે વાદ્યિત્ર
૨. [પ્રા.] ન. શીઘ્ર ગતિ.
૩. [સં. તુર્ય] વિ. ચોથું; ચોથા નંબરનું.
૪. વિ. શીઘ્ર, ઉતાવળું.

તુરિયા [પ્રા.] સ્ત્રી. મન જેવા વેગવાળી દેવતાની એક પ્રકારની જાતિ.

તુરી ૧. પું. ખોડો; અશ્વ.
૨. પું. ઠેઠ લોકોનો ભવાયો.
૩. પું. બે તરફ અણીવાળો ખીલો.
૪. પું. ભવાઈનું એક જાતનું વાજું.
૫. પું. સવાર; અસ્વારોહી.
૬. પું. સાળનો કાંઠલો; વાણો ભરવાનું સાળવીનું ઓજાર.
૭. સ્ત્રી. ગુજરાતમાં રહેતી એક જાતની દલિત કોમ. અંત્યજોમાં તુરીનો સમાવેશ થાય છે.
૮. સ્ત્રી. નારી.
૯. સ્ત્રી. ગમાર.
૧૦. સ્ત્રી. હિંદની વાયવ્ય સરહદ તરફ કુરમવેલીમાં વસતી એક લડાયક કોમ.
૧૧. ન. એ નામની કોમનું માણસ.
૧૨. વિ. એ નામની કોમનું

તુરીઆ [અ.] ન. (વહાણવટું) કૃત્તિકા નક્ષત્ર.

તુરી બાં સ્ત્રી. પાસાઓની રમતમાં રખાતી લાગી બાજી.

તુરીય ૧. [સં.] સ્ત્રી. તુર્યાવસ્થા; જીવાત્માની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા એ ચાર માંહેની છેલ્લી અવસ્થા. તેમાં સમસ્ત જ્ઞેયજ્ઞાનનો નાશ થઈ જીવાત્મા બ્રહ્મસ્વરૂપ બની જાય છે.
૨. સ્ત્રી. વૈખરી વાણી. વેદમાં વાણીના ચાર ભેદ છે: પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી.
૩. ન. અનુર્યા રા; ચોથો ભાગ.
૪. ન. બ્રહ્મ.
૫. વિ. ત્વરિતવાળું; ત્વરા કરતું; જલ્દ.
૬. વિ. ચોથું.

તુરીયકાઢ [સં.] ન. તુર્યાવસ્થાનું પદ.

તુરીયભાગ [સં.] પું. ચોથો ભાગ.

તુરીયયંત્ર [સં.] ન. આકાશના તારા વગેરેની ઊંચાઈ માપવાનું યંત્ર; દિવસ માપવાનું યંત્ર; સૂર્યયંત્ર.

તુરીય વર્ણ [સં.] પું. ચોથો વર્ણ; શૂદ્ર જાતિ.

તુરીય શરીર [સં.] ન. જે દ્વારા સમાધિમાં આત્મા સર્વાનંદમય પરબ્રહ્મનો આનંદ ભોગવે છે તે શરીર.

તુરીયા ૧. સ્ત્રી. એક જાતનું ઊંટનું પ્રમાણ.
૨. જુઓ તુરીયાવસ્થા.

તુરીયાતીત ૧. [સં.] પું. બ્રહ્મ; ઈશ્વર.
૨. વિ. ચોથની ચોથી અવસ્થાને પસાર કરી ગયેલું; બ્રહ્મપદને પ્રાપ્ત થયેલું.

તુરીયાતીતાવધૂત [સં.] ન. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

તુરીયાદર્શન જુઓ તુરીયાવસ્થા.

તુરીયાવસ્થા [સં.] સ્ત્રી. (વેદાંત) બ્રહ્મસ્વરૂપ; સ્વપ્નમાં સ્વપ્ન જાગ્રત જોઈ શકે, સાંભળી શકે અને અનુભવી શકે એવી સ્થિતિ; સમાધિ અવસ્થા; જીવાત્માની બ્રહ્મસાયુજ્યની ચોથી અવસ્થા. તેમાં સમસ્ત જ્ઞેયજ્ઞાનનો નાશ થઈ આત્મા બ્રહ્મ બની જાય છે. કૌંસરની ત્રણ માત્રાઓનો પ્રયોગ ઓકારીબ્રહ્મ સાથે મિશ્રિત કરીને થાય, અમર તો ભિન્ન ભિન્ન કરાય, એટલે કે અ, ઉ, મ નામની ત્રણ માત્રામાંથી એકનો કે એકીવખતે બેનો કે ત્રણનો મળીને ઉચ્ચાર કરવામાં આવે. જો ઉચ્ચાર અથવા જપ ઉચ્ચ સ્વરે, ધીરે સ્વરે કે મનોમય રીતે કરવામાં આવે તો તે માત્રાનો અક્ષરપ્રાર જન્મમરણના અંતથી અંપતો નથી. તેવો પુરુષ જાણે છે કે, આ ત્રણે માત્રાઓનું ફળ વિનાશી છે અને એ ત્રણે માત્રાઓને આધારે મળતી જે અમાત્ર અવસ્થા અર્થાત્ તુરીય સ્થિતિ તેનું જ તે શરણ ગ્રહણ કરશે. એ તુરીયાવસ્થામાં તો કંઈ કરજ નથી, કેમકે, ત્યાં તો મૃત્યુ જ મરી ગયા છે.

તુરુક ૧. [હિ.] પું. મુસલમાન.
૨. [અ.] સ્ત્રી. ન બ. રીતો.

તુરુખણિ સ્ત્રી. એ નામની એક નજરી.

તુરુખાતિ પું. એક જાતનું ઘરપનું જાજમ પક્ષીઓ એક જાતનો સક્કરો.

તુરુષ્ક ૧. [સં.] પું. એક જાતનો લોબાનઃ સિલારસ.
૨. પું. તુર્કસ્તાન દેશ.
૩. પું. તુર્કસ્તાનનો ઘોડો.
૪. પું. તુર્કસ્તાની લોક.

તુરુષ્કર સ્ત્રી. ખુરાસાની અજમો.

તુરુષ્કી સ્ત્રી. એક જાતની લિપિ.

તુર્કંજ સ્ત્રી. નારંગી.

તુર્કંતી પું. બાજના જેવું એક જાતનું પક્ષી.

તુર્કેમ [ફા.] પું. કેદખાનું; જેલ.

તુર્કેનિયન ૧. સ્ત્રી. વરપ અને એશિયાની મુખ્ય ત્રણ માંહેની એક ભાષા
૨. વિ. તુરાની; તુરાન દેશનું.

તુર્રે સ્ત્રી. (સંગીત) એક જાતનું વાદ્યયંત્ર.

તુર્રૈયા ૧. સ્ત્રી. (સંગીત) એક જાતનું વાદ્ય.
૨. સ્ત્રી. તૂરિયું; વિસોડું.

તુર્રૈયું ન. વિસોડું.

તુરોઈ સ્ત્રી. વિસોડું; તૂરિયું.

તુર્ક ૧. [ફા.] પું. તુર્કસ્તાનનો રહીશ.
૨. પું. હલકો જાતનો મુસલમાન.
૩. સ્ત્રી. એ નામની તુર્કસ્તાનમાં રહેતી જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું.

તુર્કતાજ ૧. [ફા.] પું. ખોટો ગુસ્સો; ઢોંગથી કરેલ ક્રોધ.
૨. પું. ગુમડો.

તુર્કતાઝી જુઓ તુર્કતાજ.

તુર્કમાન ૧. [હિં.] પું. તુર્ક જાતિનો મનુષ્ય.
૨. પું. તુર્કી ઘોડો.

તુર્કમિજાજ ૧. [ફા.] પું. લડવૈયો.
૨. પું. લુંટારો.
૩. વિ. જંગલી; ખાતડી.
૪. વિ. દુષ્ટ; અધમ.

તુર્કવેરો પું. અગાઉ લેવામાં આવતો એક જાતનો કર.

તુર્કસવાર ૧. પું. ઘોડા ઉપર બેસીને લડનાર યોદ્ધો.
૨. પું. ઘોડેસવાર.

તુર્કસ્તાન [ફા.] ન. તુર્ક ઘોડાનો દેશ.

તુર્કસ્તાન ન. તુર્કી ઘોડાની નાહવાની પદ્ધતિ. મુંબઈ, દિલ્હી વગેરે શહેરોમાં આવા સ્નાન માટે ઘણાં સ્નાનાગારો છે, જેમાં ફી ભરી વિધિથી સ્નાન કરાવવામાં આવે છે.

તુર્કાની ૧. [ફા.] સ્ત્રી. તુર્ક દેશની રહેવાસી સ્ત્રી.
૨. સ્ત્રી. મુસલમાન સ્ત્રી.

તુર્કિન ૧. [હિં.] સ્ત્રી. તુર્ક જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. તુર્કની સ્ત્રી.

તુર્કિસ્તાન જુઓ તુર્કસ્તાન.

તુર્કી ૧. સ્ત્રી. અઢારમા સૈકાની એક લિપિ; તુર્કી લિપિ.
૨. સ્ત્રી. તુર્કસ્તાની ભાષા.
૩. ન. કાળા રંગનું મોરથી નાનું અને કૂકડાથી મોટું એક પક્ષી. આ પક્ષી અસલ અમેરિકાનું વતની છે, પરંતુ હાલ તે બધે ઠેકાણે પાળવામાં આવે છે. એની ચાંચની નીચે ગળા આગળ ભડકાના ગળાના આંચળ જેવી લાંબી લબડતી હોય છે.
૪. ન. તુર્ક ઘોડાનો મુલક; તુર્કસ્તાન. તે હાલમાં વરપમાંના ઘરસામી રાજ્યના મુલક તરીકે ઓળખવામાં આવે છે. તુર્કીના બે ભાગ પડેલા છે, તેમાં પહેલો ભાગ બોસફરસની સામુદ્રધુનીની પહેલી તરફ વરપમાં છે અને બીજો તે જ સામુદ્રધુનીની પૂર્વે એશિઆમાં આવેલો છે. તે બંનેનાં ટૂંકાં નામ વરપીય તુર્કસ્તાન અને એશિયાઈ તુર્કસ્તાન છે.
૫. [ફા.] વિ. ઘોડાની એક જાતનું. આ જાતના ઘોડા ઊંચા અને મજબૂત હોય છે.
૬. વિ. તુર્કસ્તાનનું; તુર્કસ્તાનને લગતું.
૧. તુર્કી ચાલ = ટૂંકાં ટૂંકાં પણ ઊંચાં ઊંચાં પગલાંથી પાણીના રેલાની માફક દોડતો હોય તેવી ઘોડાની ચાલ.
૨. તુર્કીનો જવાબ તુર્કીમાં આપવો = જેવાની સાથે તેવા થવું.

તુર્ત અ. તરત; તાબડતોબ; જલદી.

તુર્તમ જુઓ તુર્ત.

તુર્તાતુર્ત અ. તરત જ; ઝટપટી; એકદમ.

તુર્તી સ્ત્રી. એ નામની ભાજી વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

તુર્તી કુર્તી અ. ઝટપટી.

તુર્તુરા [હિં.] વિ. ચાલાક; ચબળ; ચંચળ.

તુર્તુરી સ્ત્રી. એક જાતનું વાદ્ય; તૂર્ઈ.

તુર્કુગી [અ.] સ્ત્રી. અણવણી કરેલું હોવાપણું.

તુર્કુનુકમ્બીન ન. આંખનો પલકારો.

તુર્કુરી ૧. પું. અંકુશનો મારનારો ભાગ.
૨. સ્ત્રી. વિઘાતક શક્તિ; નાશક શક્તિ
આકર્ષણ-ભાગ જેમાં તુર્કુરી એવી બે શક્તિઓ છે. પહેલી પોષક અને બીજી નાશક કે વિઘ્ન વિનાશક શક્તિને તુર્કુરી અથવા પ્રહરી કહે છે. કુ. સા. પરિષદ
૩. વિ. હણનાર; હિંસા કરનાર.

તુર્કૃ ૧. [અ.] વિ. અણવણી કરેલું; વિચિત્ર.
૨ વિ. વૃદ્ધાવસ્થા જેનું.

તુર્કૃ આજૂન [અ.] પું. વિચિત્ર વસ્તુ; અજાયબી.

તુર્ક ૧. પું. એક જાતનું ઝાડ; મૂળી.
૨. સ્ત્રી. માટી; જમીન.

તુર્કત [અ. તરજ (તેના ઉપર ખૂબ હતી)] સ્ત્રી. કબર

તુર્કતી [અ.] વિ. કબરનું.

તુર્કદ [ફા.] પું. એક જાતનું રેચક દેશી મૂળિયું. નિશોથ.

તુર્કતિ જુઓ તુરમતિ.

તુર્મિક્ષ [ફા.] સ્ત્રી. એક જાતની ભાજી.

તુર્ય ૧. પું. અગ્નિ, વરુણ, વાયુ વગેરે ચાર તત્ત્વોરૂપી દેવ.
વાયુ વહ્નિ આદિ તુર્ય રે પ્રેમાનંદ
૨. પું. ચારની સંખ્યા.
૩. [સં.] સ્ત્રી. જીવાત્માની ચોથી અવસ્થા. તેમાં સમસ્ત ભેદજ્ઞાનનો નાશ થઈ આત્મા બ્રહ્મચૈતન્યમય બની જાય છે. જુઓ તુરીય.
૪. ન. એક જાતનું વાદ્ય.
૫. ન. ચોથો ભાગ.
૬. વિ. ચોથું.

તુર્યગા [સં.] સ્ત્રી. (યોગ) સાત ભૂમિકા પૈકીની ચોથી ભૂમિકા. આગલી છ ભૂમિકાના અભ્યાસથી અને પદાર્થોના અનુભવ ન હોવાથી પોતાના અસલી સ્વરૂપમાં નિરંતર સ્થિત રહેવાનું નામ તુર્યગા છે. જીવન્મુક્તને આ અવસ્થાનો અનુભવ થાય છે. વિદેહમુક્તિ આ અવસ્થાથી જુદી છે. છ ભૂમિકાના અભ્યાસને લીધે જેટલાપણાનું જ્ઞાન બિલકુલ શમી જવાથી જે એક માત્ર સ્વભાવનિષ્ઠા પ્રાપ્ત થાય છે તે તુર્યગા. આ સાતમી તુર્યગાવસ્થા જીવન્મુક્તમાં હોય છે.

તુર્યગોલ [સં.] પું (જ્યોતિષ) ખગોલના માપનું ગોળાના આકારનું એક યંત્ર.

તુર્યદેહ [સં.] પું. ઈશ્વર; બ્રહ્મ.

તુર્યપદ [સં.] ન. પરબ્રહ્મ; મોક્ષ; મુક્તિ.

તુર્યબ્રહ્મ [સં. તુર્ય + બ્રહ્મન્] ન. બ્રહ્મનું એક સ્વરૂપ.
તુર્યબ્રહ્મ તે જ ઈશ્વર છે, જેનાં તો કંઈ નથી, વિશ્વકોશ

તુર્યયંત્ર જુઓ તુર્યગોલ

તુર્યલોષ્ટ સ. તુર્ય (ચોથો ભાગ) + લોષ્ટ (માટીનું ઢેકું)] સ્ત્રી. અગિયાર માદેની એક જાતની ઈંટ

તુર્યવાહ પું. બેતાલીસ માસનો ખળદ.

તુર્યવેગ ન. એક જાતનું ઝડપવાળું.

તુર્યા જુઓ તુર્યાવસ્થા.

તુર્યાતીત ૧. [સં.] સ્ત્રી. તુર્યગા પછીની આઠમી અવસ્થા.
૨. ન. બ્રહ્મ
૩ ન. મુક્તિ પ્રબોધિની એ નામની એક ઉપનિષદ.

તુર્યાવસ્થા [સં.] સ્ત્રી. યોગ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા એ ચાર માદેની છેલ્લી અવસ્થા; જાગ્રતમાં પણ સુષુપ્તિ જ થાય તે અવસ્થા. સુષુપ્તિની અંદર જ્યારે વાયુ પ્રવેશ કરે છે, ત્યારે મનની સ્થિરતા થાય છે, અર્થાત્ ધ્યેયાકારવૃત્તિનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. એવી સ્થિતિને જ તુર્યાવસ્થા કિંવા મનોન્મની અવસ્થા કહે છે. રાજયોગ, ઉન્મની, મનોન્મની, ચિત્તવ્યાપારાભાવ, આત્મવ્યાપારાભાવ, ચિત્તપ્રલય, અમરત્વ, લય, તત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ, અમનસ્કભાવ, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, જીવન્મુક્તિ, સહજાવસ્થા અને તુર્યાવસ્થા એ સમાધિના પર્યાય છે.

તુર્યાશ્રમ [સં.] પું. સંન્યાસાશ્રમ; ચતુર્થાશ્રમ.

તુર્યોંહિ સ્ત્રી. બેતાલીસ માસની ગાય.

તુર્રા ૧. [હિં.] પું. એક જાતનું ઝુલઝુલ. તે આઠ નવ આંગળ લાંબું હોય છે. ભારતવર્ષના પૂર્વ ભાગમાં તે જોવામાં આવે છે અને ગરમીની ઋતુમાં તે ચીન અને સાઇબિરિયામાં જાય છે.

૨. [અ] કું. કલગી.
૩. કું. કિનારો.
૪. કું. પામડીમાં રાખવામાં આવતો ચોખ્ખો ઘી
ગુગ્ગળ.
૫. કું. મકાનની છત.
૬ કું મુખ્યત્વે નામનું પુરુષ જટાધારી.
૭. કું. ચાળની ઝટ.
૮. કું. સારામાં સારી અલ્પક.
૯. વિ. અનોખું; અદ્‌ભુત
૧૦. વિ. ખરાબ સ્વભાવવાળું.

તુરંદાર ૧. [અ.] વિ. કલગીવાળું.
૨. વિ. ચાળની ઝટવાળું.

તુરી [દિ.] સ્ત્રી. કરવું તે.

તુર્વશ [સં.] કું. (પુરાણ) ચંદ્રવંશી યયાતિ રાજાનો એ નામનો દીકરો.

તુર્વસુ ૧. [સં.] કું. (પુરાણ) સોમવંશી આર્યપુરોત્પન્ન યયાતિ રાજાને દેવયાનીની કૂખે થયેલા બે પુત્રોનો નાનો પુત્ર. એણે પણ મોટાની માફક જ પિતાની અવજ્ઞા કરવી નહિ, તેથી એને પણ, નિર્વાસન વગેરે મિશ્રો પ્રાપ્ત થયાં ન હોતાં. એનો અધિકાર યદુનો ઉપર હતો. એના પુત્રનું નામ વહ્નિ હતું.
૨. સ્ત્રી એ નામની એક આર્ય જાતિ.
પણ વિદ્વાનોનું એવું માનવું છે કે યદુ, તુર્વસુ વગેરે કબીલે કબીલે હિંદમાં આવતી જાતિઓએ આ દેશમાં આગળ ધર્મનો પ્રચાર કર્યો.
બુદ્ધિપ્રકાશ

તુર્શ ૧. [ફા.] વિ. ખાટું.
૨. વિ. ચીડિયું; ખિન્નતા સ્વભાવનું.

તુર્શતબ્અ જુઓ તુર્શ ૨.

તુર્શમિજાજ જુઓ તુર્શ ૨.

તુર્શરૂ જુઓ તુર્શ ૨

તુર્શાઈ ૧. [ફા.] સ્ત્રી. ખટાશ.
૨. સ્ત્રી. ચીડિયાપણું

તુર્શી જુઓ તુર્શાઈ.

તુર્શીદંદાં [ફા.] સ્ત્રી. ઘોડાના દાંતમાં કીડ જે મેલ જામવાથી થતો એક જાતનો રોગ.

તુર્શીબાદી સ્ત્રી. તેજાબ.

તુર્શીમાઈલ વિ. સહેજ ખટાશ પડતું.

તુર્શી સ્ત્રી એક જાતનું ઘાસ; તુરાઈ.

તુલ ૧. [સં.] કું. ઉંચ.
૨. કું. કપાસ.
૩. કું. બેતરની પહોળાઈ.
૪. ન. એક જાતનું વજનનું માપ.
૧ તુલ = ૧૦૦ પલ.
૨૦ તુલ = ૧ ભાર.
૫. ન. કરતાલ; મોલ.
૬. ન. દરા ઉપરનાં કોતરો; ભોંકો; ખાનો.
૭. ન. (વહાણવટું) રેખાંશ.
૮. વિ. જમીનની એક જાત.
વધી તુલ, મેસર વણ મોરાડ ન રેલણ જમીનમાં પણ બે જેવી રાખે છે.
કેસરો ભગીચો

૯. વિ. તુલ્ય; જેવું; સરખું.
૧. તુલ જેસવું = (૧) કીમતી ચીજોની જોખાવું. તે ચીજોનું વાજબી દાન કરવામાં આવે છે. (૨) રીઝવા અને બરાબર જોસવું.
૨. તુલ રહેવું = સાચું ઊભું રહેવું.

તુલ આર્યક વિ. સરખા અર્થવાળું.

તુલઈ સ્ત્રી. ખાલ; ઝાટકો.

તુલક જ. મુખી

તુલજા સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાનક તુળજાપુરમાં છે

તુલજાપુર ન. તુલજા દેવીનું એ નામનું પ્રસિદ્ધ સ્થાન

તુલજ્ઞા [પ્રા.] સ્ત્રી. તુલના; સરખામણી.

તુલતરીલ જિ ઢાંકુ.
તુલતરીલ ઇમારત = ઢાળી ઢાંકી ઢાંકા.

તુલન ૧. ન. જોખવું તે.
૨. ન. પરીક્ષા
૩. ન. વજન કરવું તે.
૪. ન. સરખામણી.

તુલના ૧. સ્ત્રી. ઉપમા.
૨. [સં. તુલ્ (તોળવું)] સ્ત્રી. એક વસ્તુને બીજી વસ્તુ સાથે સરખાવવી તે; સરખામણી; એક વસ્તુને બીજી વસ્તુ સાથે સમજણમાં મૂકી બન્ને વચ્ચેના સૂક્ષ્મ ભેદોનું અવલોકન કરવું તે.
તુલના કરવી = (૧) કદર કરવી; ગુજ જાણવી. (૨) કીમત કરવી; સરખાવી જોવું; સમાનતા કરી જોવી; સરખાવવું.
૩. સ્ત્રી. તોલ; કદર; કીમત; ગુજ.
૪. સ્ત્રી. સરખાપણું; સમાનતા; બરોબરી.

તુલનાત્મક [સં.] વિ. સરખામણીરૂપ; જેમાં તુલના કરવામાં આવી હોય તેવું.

તુલનાત્મકદેહધર્મવિદ્યા [સં.] સ્ત્રી. દેહધર્મ વિદ્યાની એ નામની એક શાખા. એક જ પ્રાણીના અથવા પ્રાણિઓના એક વર્ગના અભ્યાસથી પણ જોવનનાં દરવોની સમજૂતિ આપી શકાતી નથી, પરંતુ તુલનાત્મક દેહધર્મવિદ્યા નામની શાખામાં એ સર્વે જ્ઞાન ગ્રંથિત કરી શકાય છે.

તુલનાત્મકધર્મ [સં.] કું. અન્યસાપેક્ષ ધર્મ.

તુલનાત્મકભાષારચના [સં.] સ્ત્રી. જુદી જુદી ભાષાઓની તુલના કરનારું શાસ્ત્ર.

તુલનાત્મક રૂપ [સં.] ન. (વ્યાકરણ) વિશેષણ સરખામણી દર્શાવનારું રૂપ. તર અથવા ઈયસ્ પ્રત્યય લગાડવાથી અધિકતાદર્શક તુલનાત્મક રૂપ થાય છે અને તમ તથા ઇષ્ઠ પ્રત્યયો લગાડવાથી શ્રેષ્ઠતાદર્શક તુલનાત્મક રૂપ થાય છે.

તુલનાત્મકશરીરશાસ્ત્ર [સં.] ન. શરીરની રચના ઉપરથી તુલના કરી, પ્રાણીઓના વિભાગ કરી, તેના અભ્યાસનું નિરૂપણ કરતું શાસ્ત્ર.

તુલનાબુદ્ધિ [સં.] સ્ત્રી. સરખામણી કરી જોવાની શક્તિ; અનુભવોને મનથી તોળવાની શક્તિ; સરખાપણે નિર્ણય કરવાની બુદ્ધિ.

તુલનાવાચક [સં.] વિ. સરખામણી બતાવનારું; મુકાબલો કરનારું; તુલના બતાવનારું.

તુલનાશક્તિ [સં.] સ્ત્રી. સરખામણી કરવાની શક્તિ; ન્યાયબુદ્ધિ.

તુલબ્ધ [અ.] કું બ.વ. વિદ્યાર્થીઓ.

તુલભ [સં.] કું. એ નામે એક આયુર્વેદાચાર્ય સંપ.

તુલરાશિ સ્ત્રી. એ નામની એક રાશિ; તુલા. ૨૩મી સપ્ટેમ્બરથી ૨૨ ઓક્ટોબર સુધી તે રાશિમાં સૂર્ય રહે છે.

તુલલી સ્ત્રી. કરવું તે.

તુલવા [તુ.] કું. લશ્કરના ખોખરાનો ભાગ.

તુલવાઈ સ્ત્રી. તોળવા કે જોખવાની મજૂરી.

તુલવું સ.ક્રિ. તોળવું; વજન કરવું.

તુલવૈયો કું. જોખવાવાળો માણસ.

તુલસારિણી [સં] સ્ત્રી. તૃણ; તણખલું.

તુલસિકા [સં.] સ્ત્રી. તુલસી.

તુલસી ૧. કું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૩૪ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૩૦માં આવેલો બીજા મહત્ત્વનો તારો; 'રેગ્યુલસ સેન્ટોરિસ.'
૨. કું. સુવિખ્યાત કવિ શ્રી તુલસીદાસનું ટૂંકું નામ. જુઓ તુલસીદાસ.
૩. ન. ગળામાં પહેરવાનું સોનાનું પદરેલું; તુલસી. સામાન્ય રીતે ઓખો જ તે પહેરે છે.
૪. સ્ત્રી. હિંદુઓમાં પવિત્ર મનાતો એક જાતનો છોડ. તેમાં કાળા અને ધોળા એવી બે જાત છે. તુલસીને જે પૂજા આપે છે તેને મંજર કહે છે. તે પાકતાં તેમાં તાજમરિયાને મળતાં બી આવે છે. કાળી તુલસીનો છોડ કાળા રંગનો હોય છે. કાળી તુલસી ધોળી તુલસી કરતાં વધારે ગુણવાળી મનાય છે. તેનાં પાન અનેક પ્રસંગે ઔષધિ તરીકે વપરાય છે. વળી તે વિષ્ણુને અત્યંત પ્રિય છે. તેનાથી બનતા મુગટ આપ છે,

જે કારણને લઈને હિંદુઓ તેને પોતાના આંગણામાં રાખે છે. તેનો રસ વીંછીના દંશ ઉપર પણ ચોપડવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં તુલસીનું મહત્ત્વ ઘણું છે. ધર્મમાં એનો મહિમા ગવાયો છે, એટલું જ નહિ પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ તેનું ઘણું મહત્ત્વ છે. પુરાણોમાં તુલસીનો અનેક જગ્યાએ ઉલ્લેખ કરાયો છે. આયુર્વેદમાં પણ તુલસીનો માનપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે. તુલસીનાં અનેક નામો છે, પરંતુ તુલસી એ નામ જ અતિ પ્રચલિત છે. જેની તુલના ન થઈ શકે તે તુલસી, એવો તેનો અર્થ કરવામાં આવે છે. તુલસીનું આ નામ તેની અતિ ઉપયોગિતાને લઈને જ રાખવામાં આવ્યું છે તુલસીનાં સંસ્કૃતમાં નીચે પ્રમાણે નામ છેઃ સુરસા, ગ્રામ્યા, સુલભા, બહુમંજરી, ગૌરી, કૃષ્ણા, સુભગા, તીવ્રા, પાવની, વિષ્ણુવલ્લભા, કાયસ્થા, હરિપ્રિયા, સુરભિ, બહુપત્રો, શ્યામા, અરસા, વૃંદા, અમૃતા, લક્ષ્મી વગેરે. બંગાળી, ગુજરાતી, મરાઠી, તામિલ, તેલુગુ, કાનડી વગેરે ભાષાઓમાં તે પણ ફરીને તુલાશા, તુલસી અથવા તો તુલસિક એ નામોથી ઓળખાય છે. પ્રાચીન ચિકિત્સાશાસ્ત્રોમાં તેનો સુરસા નામથી ઉલ્લેખ કરાયો છે. વિદ્વાનોનું એવું કહેવું છે કે, તુલસી નામ તો પુરાણોએ આપેલું છે. અમે તેમ કોઈ પણ એ વાતમાં સહમત નથી કે, તુલસી હિંદમાં વર્ષોથી નહિ, પરંતુ યુગોથી સુપરિચિત છે તુલસીના પાનની વાસમાં ઝેરી કીડાનો નાશ કરવાની શક્તિ રહેલી છે. શાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે, જે ઘરમાં કે ઘરની સામે તુલસી હોય છે તે ઘરમાં પ્રાણનાશક વ્યાધિઓ ટકતી નથી. તુલસીની ગંધ લઈ જતી હવા જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં હવા શુદ્ધ થાય છે અને વિષના કીડા મરી જાય છે. આયુર્વેદની દૃષ્ટિએ તુલસીનો રસ કાઢી તેનું બહુપાન કરવાથી તે કૃતિ વધારે છે, ધીમો રેચ આપે છે, ભૂખ વધારે છે, વીર્યવૃદ્ધિ કરે છે, તેમ જ પિત્ત અને કફનો નાશ કરે છે અને હૃદયને પણ તે લાભદાયક હોય છે. શ્વાસ, હેડકો, ઊલટી, દુર્ગંધ, અરુચિ, અતિસાર, મૂર્છા, રતાંધળા, કૃમિરોગ, મૂત્રકૃચ્છ, રક્તદોષ, બહુમૂત્ર, પેટનો દુખાવો, કાનનો દુખાવો, દાંતનો દુઃખાવો, તાવ, મેદોરોગ, અગ્નિમાંદ્ય, પાંડુરોગ, શીતપિત્ત, તરસ, બરોળ, પ્રમેહ, શીતજ્વર, મુખરોગ, નેત્રરોગ, બંધકોશ વગેરે તુલસીના સેવનથી નાબૂદ થાય છે. તુલસીમાંથી એક જાતનું તેલ તૈયાર થાય છે, તેને અંગ્રેજીમાં 'બેસિલ ઇમ્પર' કહે છે. તુલસીના પાનમાં એક એવું તત્ત્વ છે કે જે ત્યારીરોગનો નાશ કરે છે. મચ્છર, સાપ, કીડા વગેરે એનાથી દૂર ભાગે છે. કેટલાક લોકો તુલસીમાં પારો હોવાનું માને છે. આ કારણને લીધે તુલસીનાં પાન ખાવવાની સમતિ આપતા નથી. આવું કારણ એ જ બતાવે છે કે, પારો દાતને નુકસાનકારક છે, પરંતુ આયુર્વિજ્ઞાને પ્રયોગો દ્વારા સિદ્ધ કરી આપ્યું છે કે, તુલસીના પાનમાં પારો નથી. તેનાથી દાતને નુકસાન થતું નથી, પરંતુ લાભ થાય છે. કાળી તુલસીથી મેલરિયનો ઉપદ્રવ ઓછો થાય છે તથા તાવના ઝેરી જંતુઓનો નાશ થાય છે. આયુર્વેદમાં તુલસી સાપના ઝેર માટે ઉપયોગી જણાવવામાં આવી છે અને તુલસીથી સાપનું ઝેર ઉતારી શકાયું હતું. જો તુલસીના છોડને સાવચેતીપૂર્વક ઉછેરવામાં આવે તો સર્વ જંતુઓમાં તે સારી રીતે રહી શકે છે. માત્ર તુલસીનાં પાન જ નહિ, પણ એનાં બાંધે બંધે કામમાં આવે છે. તુલસીનો શરીર સાથે સ્પર્શ થાય તો તેનાથી પણ અમુક રોગો દૂર થાય છે. કેડમાં તુલસીની માળા પહેરવાનું આ જ કારણ હોવું જોઈએ. તુલસી માનવજાતનું અપૂર્વ કલ્યાણ કરે છે એમાં કાંઈ શંકા નથી. મનને સાત્ત્વિક બનાવવાની એનામાં અદ્ભુત શક્તિ રહેલી છે વૈષ્ણવો તુલસીને બહુ જ પવિત્ર માને છે. ગોકોરજની પૂજા તુલસીપત્ર વિના કદી થઈ શકતી નથી. ચરણામૃત વગેરેમાં પણ તુલસીદલ નાખવામાં આવે છે. તુલસીની ઉત્પત્તિ વિષે બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યા છે કેઃ તુલસી નામની એક ગોપિકા ગોલોકમાં રાધાની સખી હતી. એક દિવસ રાધાએ તેને કૃષ્ણ સાથે વિહાર કરતી જોઈને તેને શાપ આપ્યો કે, તું મનુષ્ય શરીર ધારણ કર. આ ઉપરથી તે ધર્મધ્વજ રાજાની દીકરી થઈ. તેના રૂપની તુલના કોઈની સાથે થઈ શકતી ન હતી, તેથી તેનું નામ તુલસી પાડ્યું. તુલસીએ વનમાં જઈ ઘોર તપ કર્યું અને બ્રહ્માની પાસેથી એવું વરદાન માગ્યું કે, હું કૃષ્ણની પતિથી કદી દૂર નથી થઈ. હું તેને પતિરૂપે મેળવવા ચાહું છું. બ્રહ્માએ કલ્પનાનુસાર તેને શંખચૂડ નામના રાક્ષસ સાથે પરણાવી. શંખચૂડને એવું વરદાન હતું કે તેની સ્ત્રીનું સતીત્વ ભંગ થયા વિના તેનું મૃત્યુ નહિ થાય. જ્યારે શંખચૂડે બધા દેવોને પરાસ્ત કર્યા ત્યારે બધા વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ શંખચૂડનું રૂપ ધારણ કરી તુલસીનું સતીત્વ નષ્ટ કર્યું. આ ઉપરથી તુલસીએ નારાયણને પથ્થર થઈ જવાનો શાપ આપ્યો. જ્યારે તુલસીને ખબર પડી કે, મેં જેને શાપ આપ્યો તે તો સાક્ષાત વિષ્ણુ ભગવાન છે, ત્યારે તે તેના પગમાં પડી ને બહુ રોયા લાગી. ત્યારે વિષ્ણુએ તેને કહ્યું કે, તું આ શરીર છોડીને લક્ષ્મી સમાન મારી પ્રિયા થઈશ. તારા શરીરમાંથી ગંડકી નદી અને કેશમાંથી તુલસી વૃક્ષ ઉત્પન્ન થશે. તે ઉપરથી શાલિગ્રામ ગંડકીનદીમાં પુષ્કળ થઈ અને તુલસીદલ તેના મસ્તક ઉપર ચડવા લાગ્યાં. તેથી જ વૈષ્ણવો તુલસીના લાકડાની માળા અને કંઠી ધારણ કરે છે, કાર્તિક માસમાં તુલસીનો પુષ્કળ ઘેરઘેર થાય છે, કેમકે કાર્તિક માસની અમાવાસ્યા તુલસી ઉત્પન્ન થવાની તિથિ મનાય છે. વળી તે જ માસમાં શુક્લ એકાદશીને દિવસે તુલસી શાલિગ્રામના વિવાહ પણ કરવામાં આવે છે. તે દિવસ દેવદિવાળીના નામથી ઓળખાય છે. તુલસી સંબંધી પદ્મપુરાણમાં એક જાતની આશ્ચર્યજનક માન્યતા પ્રવર્તતી. એમ મનાતું કે, જોની જમવાની થાળીની નીચે તેનો નાનો છોડ મૂકયો હોય તો તેમાંથી તે કદી પણ ખાઈ શકે નહિ. પ્રોસમાં પ્યુરિટન ચર્ચ નામના સંપ્રદાયમાં તુલસીના છોડની પૂજા થતી. સેઠ એલિઝાની જયંતીના દિવસે ઓબો આ છોડના ગુચ્છ દેવળમાં ધરાવવા લઈ જતી અને તેની પ્રસાદી લાવી નવું વર્ષ આગમચાણી નીચે એ આશાથી તેને ઘરમાં ચેરતી. કોઈ પણ જાતનો વ્યાધિ ન થાય, એ હેતુથી તે મુગ્ધ કુટુંબમાં આવામાં આવતો અને કપડાને સુંદર કે ઊપર્સ ન બગાડે એ હેતુથી તેનો ખોડો આજ કબાટમાં પણ મૂકવામાં આવતો. પદ્મપુરાણમાં વળી તુલસીની ઓળ કહ્યા છે કેઃ જલંધર નામનો એક મોટો દાનવ. એની પત્ની વૃંદા મહાસતી હતી. તેને પ્રતાપે તેને બહુ લોકમાં કોઈ હણી ન શકતું. વિષ્ણુએ કપટ રચી વૃંદાના પતિવ્રતનો ભંગ કર્યો. તેથી તે ચિતાપ્રવેશ કરી બળી મરી. એ ચિતામાં એક છોડ ઊગ્યો તે તુલસી. વિષ્ણુ ભગવાનને પોતાના કૃત્યનો પાછળથી બહુ પસ્તાવો થયો અને તુલસીના છોડ ઉપર તે બહુ મમત્વ રાખવા લાગ્યા. ત્યારપછી વૃંદા રુક્મિણી તરીકે જન્મી અને વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણને પરણી. કાર્તિક સુદિ એકાદશીએ તુલસીનાં ભગવાન શાલિગ્રામ સાથે પ્રથમ લગ્ન થયા પછી જ લગ્નસરા શરૂ થાય છે. પત્નીના સહકારથી ચલિત થયો ત્યારે જલંધર હાર્યો; માટે ઓને સહચરી બનવા જોઈએ, અનુચરી નહિ, એ આ કથાનો સાર છે.

તુલસી ઝટપર્ણ—પું [તુલસી ઝંટવા ∞ ખુશામદ કરવી; આખ્યા ચોપડવું; મીઠા વચન સંભળાવી સામા માણસને કુલાવવું.

ક્ષ. ન. સોનાનું ઘરેણું પહેરવાનું એક ઘરેણું; તુસી. સામાન્ય રીતે તે ઓછું જ પહેરે છે

તુલસીકંઠી સ્ત્રી. તુલસીના ઝાડવાની બનાવેલી માળા.

તુલસીકાષ્ઠ [સં.] ન. તુલસીનું લાકડું. તેની ડોકમાં પહેરવાની માળા બને છે.

તુલસીકૃત વિ. કવિ તુલસીદાસજીનું રચેલું.

તુલસીકૃત રામાયણ ન. હિંદી ભાષાના મહાન કવિ તુલસીદાસજીએ શ્રાવ્યમય હિંદીમાં રચેલું રામાયણ. તેમણે આ બોધપ્રદ ગ્રંથ ૩૧ વર્ષની ઉમરે શ્રાવણ મુકામે રચ્યો હતો. જગતભરના પ્રથમ પંક્તિનાં મહાકાવ્યોમા પણ આ ગ્રંથનું સ્થાન ઘણું ઊંચુ ગણાય છે. માત્ર હિંદુસ્તાનની ભાષાઓમાં જ નહિ, પરંતુ બીજા દેશોની ભાષાઓમાં પણ આ ઉત્તમ ગ્રંથનાં ભાષાંતરો થયેલ છે. હિંદુ ધર્મના પ્રથમ પંક્તિના બે ગ્રંથોમાં શ્રીમદ્ ભગવદ્ગીતા અને તુલસીકૃત રામાયણની ગણના થયેલી છે. મહાત્મા ગાંધીજી પણ આ બે ગ્રંથોને હિંદુ ધર્મના અતિ મહત્ત્વના ગ્રંથો તરીકે વર્ણવે છે. આ ગ્રંથનું મૂળ નામ શ્રી રામચરિતમાનસ છે.

તુલસીક્યારો પું. જ્યાં તુલસીનો છોડ રોપવામાં આવ્યો હોય તેની જગ્યાએ તુલસીનો ઢગારો.

૨. સ્ત્રી. ઝાલરણી.

તુલસીગૃહ [સં.] ન. તુલસીક્યારો. ધાર્મિક ક્રિયા વગેરે હેતુથી સ્થાપન કરીને દિગ્પ્રદેવતા, ભદ્રક, ક્ષેત્રપાલ, યોગિની, માતૃકા, તુલસીગૃહ, વિષ્ણુ અને શહેરનું પૂજન કરાય છે.

તુલસીતૈલ [સં.] ન. (વૈદક) નાકના ભાગ ઉપર ઉપયોગી એ નામનું તેલ. તે બનાવવા તુલસીનાં પાનનો રસ, કોરિંગડીનું મૂળ, દંતી મૂળ, વજ, સરગવાની છાલ, સૂંઠ, મરી, પીપર અને સિંધાલૂણ એ બધાં સમભાગે લઈ તે બધાંનાં વજનથી ચોગણું તેલ અને ચોળણું પાણી નાખી રીતસર તેલ સિદ્ધ કરવું.

તુલસીયાનું જુઓ તુલસીક્યારો.

તુલસીદલ [સં.] ન. તુલસીપત્ર. વૈષ્ણવો આ પત્રને બહુ જ પવિત્ર માને છે અને ઠાકોરજીને ચડાવી પ્રસાદરૂપે ભક્તોમાં વહેંચે છે. બીજા પ્રસાદોમાં પણ વિષ્ણુને તે ધરતા પહેલા તેમાં તુલસીદલ નાખવાની પ્રથા છે, કારણ કે વિષ્ણુને તે અત્યંત પ્રિય મનાય છે.

તુલસીદલતુલા [સં.] સ્ત્રી. તુલસીનાં પત્રોથી જોખાતું તે.

તુલસીદાણા ન. એક જાતનું ધરેણું.

તુલસીદાન ન. વિષ્ણુ ભગવાનને તુલસીપત્ર ચઢાવવાં તે.

તુલસીદાસ ૧. પું. નાગર જ્ઞાતનો એ નામનો એક કવિ. સંવત ૧૬૬૪માં તેનો જન્મ થયો હતો. તે બને શારસ્વત બ્રાહ્મણ હતો. તેની કૃતિઓ: મૃગાખ્યાન, સીતાજીનો સોહલો અને રામલીલા. તેમાં છેલ્લી બે કૃતિઓ અપ્રસિદ્ધ છે

૨. પું. ભારતવર્ષનો એ નામનો એક મહાન કવિ. અમર આર્યાવર્તમાં ઉલ્લેખ છે કે: તેમનો જન્મ બાંદા જિલ્લાના રાજાપુર ગામમાં એક ગ્રામકુળ બ્રાહ્મણને ઘેર થયો હતો. જન્મતાં જ મોરારજી તુલસીદાસજીના મુખમાં બત્રીસે દાંત જણાયા એમ મનાય છે. તુલસીદાસનો પોતાની સ્ત્રી માટેનો પ્રેમ અનહદ હતો. તેને મળવા માટે એક ઘોર અંધારી રાત્રે તુલસીદાસ જંગલોમાં ઉઘાડે પગે ભમે છે. વચ્ચે નદી આવતાં બે કાંઠે પૂર દોડતા છતાં પણ તે એક તણાતા આવતા મૂડદાને લાકડું જાણી તે ઉપર બેસી સામે કાંઠે તરી જાય છે. ગોખમાં લટકતા નાગને દોરડું માની તેના આધારે તે પોતાની સ્ત્રી પાસે જઈ પહોંચે છે. એકબીજા મળે છે ત્યાં તો સામેના દીવામાં એક પત્ર પડીને ચડચડ થઈ બળી ભસ્મ થાય છે. એ ઉપરથી તુલસીદાસની સ્ત્રી તેને બોધ આપે છે કે, આ દુનિયા ફાની છે; માટે હે તુલસી ! તું મારો બદી રામનો થા:

જૈસી પ્રીત મમ દેહમેં,
તૈસી હરિમેં હોય;
ચલે જાય વૈકુંઠમેં,
બાંહ ગહે ના કોય.

આ આર્ય સંસ્કૃતિને અમર કરતાં કવિ કહ્યાપી કહે છે કે:

ત્યાં હોલાનો ભૂત ઉપરથી
ઝૂલતો એક દીઠો,
હાંડીમાંથી સરકો નીકળ્યો
પુત્રનો રવાજ મોટો;
તે જોઈને દુઃખ થઈ જરા
ઉચ્ચરે આમ રમામા,
મ્હારા વ્હાલા ! પ્રિય ! હૃદયથી
દાસ તું રામનો થા !

બસ, તે જ ક્ષણે તુલસીદાસજીની આંખો ખૂલી ગઈ અને સ્ત્રી પ્રતિ જે પ્રેમધારા તેના હૃદયમાં તીવ્ર ગતિથી વહેતી હતી તે હવે ભગવાન પ્રતિ વહેવા લાગી. તે હવે આયુષ્ય સિત્યી ભગવાનની શોધમાં લાગી ગયા. તેણે નરહરિદાસને પોતાના ગુરુ બનાવ્યા અને તુલસીદાસજી તરત જ એક ઉચ્ચ કોટિના સંત ગણાવા લાગ્યા. તેમની કીર્તિ દિગ્દિગંતમાં ફેલાઈ ગઈ અને હજારો લોકો તેમનાં દર્શન માટે આવવા લાગ્યા. તેમણે કેટલા યે ભક્તિપ્રધાન ગ્રંથો લખ્યા છે. તેમાં શ્રી રામચરિતમાનસ જેટલે જેને ઘણાં લોકો તુલસીકૃત રામાયણ કહે છે તે બને વિનયપત્રિકા વગેરે પણ જ પ્રસિદ્ધ છે. તેમાંના પહેલા ગ્રંથની ગણના તો અતિ ઉચ્ચ કોટિના સદ્ગ્રંથોમા થાય છે. આજે હજુ હિંદમા જ નહિ, પરંતુ વિદેશોમાં પણ અસંખ્ય મનુષ્યોનું જીવન ઉચ્ચતર બનાવવામા આ ગ્રંથ સહાયક થઈ રહ્યો છે આથી લોકો તુલસીદાસજીને વાલ્મીકિના અવતારરૂપ માને છે. તેમણે કાશીના અસી ઘાટ ઉપર દેહત્યાગ કર્યો. સંયુક્ત પ્રાંતની સરકાર પાસે થયેલ માગણી અનુસાર મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન આદિની સમિતિએ મોરારજી તુલસીદાસજીના પવિત્ર સ્મરણ સાથે સંકળાયેલી ભૂમિ રાષ્ટ્રીય અમાનત હોઈ તેના રક્ષણ માટે યોજનાઓ રજૂ કરી હતી. તે અનુસાર 'વદેમાતરમ્'ની વાદી બજાવે છે કે: પવિત્ર રામાયણના અમર આલેખક મોરારજી તુલસીદાસજીનો જન્મ સંયુક્ત પ્રાંતના બાંદા જિલ્લામાં, યમુનાને તીરે આવેલા રાજાપુર ગામમાં થયો હતો. એમનો જીવનકાળ પણ ત્યાં જ વીતો હતો. રાજાપુરમાં જ રહીને એમણે હિંદુ ધર્મગ્રંથોને અતિ પ્રિય એવી અને રસિકજન સાહિત્યકારોની દૃષ્ટિએ લોકસાહિત્યનું ગરવું અભિધાન પામેલી કૃતિ રામાયણનું અને અન્ય હિંદી સાહિત્યિક કૃતિઓનું આલેખન કર્યું હતું. મોરારજી તુલસીદાસજીનું જન્મતીર્થ રાજાપુર, યમુનામાં વર્ષોવર્ષ આવતા પ્રચંડ પૂરમાં ધીમે ધીમે ધોવાતું જાય છે. તેના આ રીતે થઈ રહેલા હ્રાસને પરિણામે હિંદીભાષી આલમમાં ભારે ઉગ્ર અકળામણ વ્યાપી રહેલી છે. પ્રથમ સમય દરમિયાન રાજાપુર વેપારરોજગારનું ધામ બન્યું હતું. મોરારજી તુલસીદાસજીનો જન્મ કેટલાક સંશોધકો માને છે તે પ્રમાણે સોરોન ખાતે નહિ પણ રાજાપુર ખાતે જ થયો હતો. રાજાપુર સાથે તુલસીદાસજીના ગાઢ સંબંધો રહેલા હતા, એ દર્શાવનારા સંખ્યાબંધ દસ્તાવેજો પુરાવા તો પોતા જ છે, પણ તેમા ઉમેરો કરતો એક વધુ પુરાવો પણ મોજૂદ છે: મહાકવિ તુલસીદાસજીનો એક શિષ્ય પંડિત ભવાનત ઉપાધ્યાય કરીને હતો. તેમના એક સીધા વંશજ પંડિત પદ્મદત્ત તિવારી કરીને હાલમાં જીવંત છે. તુલસીકૃત રામાયણની હસ્તપ્રતનો કેટલોક ભાગ એમણે પોતાની પાસે આજ પર્યંત જાળવી રાખ્યો છે. એક એવી કથા પણ પ્રચલિત છે કે, એક વાર કોઈ એક ધનાઢય વ્યક્તિએ આ હસ્તપ્રત આપવા માટે ખૂબ જ કીમતી ભેટો આપવાનું જાહેર કર્યું હતું. એ ભેટોની લાલચથી લલચાઈ ને એક સાધુ રામાયણની મૂળ હસ્તપ્રત ઉઠાવીને ચાલી નીકળ્યો હતો. એ હસ્તપ્રતના માલિકને આ વાતની જાણ થતાં તે ઊંડાવગીર સાધુનો પીછો

પીળો પડ્યો હતો. એ વેળા સાધુ હસ્તપ્રત ક્ષતિ નદી પાર કરી રહ્યો હતો. પોતાને પકડવા માટે પાછળ ધરવા આવતા માણસોથી ડરી જઈને એ સાધુએ રામાયણની હસ્તપ્રત નદીમાં પડતી મૂકી. તે આઠ દિવસ પર્યંત શોધખોળ કરવા જતાં હાથ લાગી નહિ. આઠ દિવસને અંતે એ હસ્તપ્રત હાથ લાગતાં રામાયણના અયોધ્યાકાંડ અને બાલકાંડનાં કેટલાક પાનાં સિવાયની આખી ય હસ્તપ્રતનો પાણીમાં નાશ થયો હતો. ૧૯૧૦ની સાલમાં તુલસીદાસજીના રહેઠાણની જગ્યાએ ખોદવામાં આવેલા એક સ્થળે આ હસ્તપ્રત રાખવામાં આવેલી છે. આજ પર્યંત એ હસ્તપ્રત ખુલ્લી રહેતી હતી, પણ તાજેતરમાં જ સંયુક્ત પ્રાંતના શિક્ષણપ્રધાન શ્રી સંપૂર્ણાનંદ તરફથી એ હસ્તપ્રત જળવવા માટે એક ખાસ તિજોરી ભેટ આપવામાં આવી અને હવે એ પ્રત તિજોરીમાં સુરક્ષિત છે. તુલસીદાસજીના રાજપુર ખાતેના નિવાસ દરમિયાન એમની કેટલીક રેવો સાથે સંકળાયેલી કેટલીક પ્રણાલિકાઓ હસ્તપ્રાયે આ પ્રદેશમાં ફેલાવા પામી છે. તુલસીદાસજી પોતાની પડોશમાં કોઈને ખાલું ઘર અજમાવવા દેતા નહિ, એવી એક માન્યતા છે. એ માન્યતા અનુસાર આજ પણ એમના નિવાસસ્થાનની આજુબાજુમાં કોઈ પાકાં ઘર ચણાવતું નથી. રાજપુરની વસતી નાચ મુજરા કરી ગુજરાન કરતી છોકરીઓ પાસેથી આમોદપ્રમોદ મેળવે એ પણ તુલસીદાસજીને પસંદ નહોતું, એમ કહેવાય છે. તુલસીદાસજીની આ જાતની માન્યતાનો ભંગ કરવા માટે સંખ્યાબંધ માણસો ઉપર આફતો આવી પડી હોવાના દાખલાઓ આજ પણ એ પ્રદેશના લોકો ટાંકી બતાવે છે. વળી આનાથી પણ વધુ રસમય એક માન્યતા છે કે, પટવા જેવા ખીજા કેટલાક મકાનદારોનો વિવાદ દરમિયાન રાજપુરમાં રહી શકે છે અને ધંધોરોજગાર ચલાવી શકે છે, પણ રાત્રિ પડતાં તેમણે રાજપુર છોડી બીજે કરી ચાલ્યા જવું પડે છે. એમ કહેવાય છે કે, આ માન્યતાનો ભંગ કરનાર ઉપર અને એના કુટુંબ ઉપર ભારે આફતો ઊતરી પડે છે. રાજપુર સાથે તુલસીદાસજી ગાઢપણે સંકળાયેલા હતા, એવા ઐતિહાસિક પુરાવાઓ પણ સાંપડે છે. અકબરના અમલ દરમિયાન અકબરે રાજપુરની જાગીરમાંથી અને ખાટ ઉપરથી કાયદા ઊઘરાવવાના હક્કો એનામત કર્યા હતા. આજે પણ એ હકોમાંથી ઊપજતી રકમ વાર્ષિક ૧૪ થી ૧૭ હજાર રૂપિયા જેટલી થવા જાય છે. તુલસી સ્મારકનાં મકાનોના રક્ષણ પેટે એમાંથી ૬૪૮ રૂપિયા અલગ રખાઈને બે આખી ય રકમ આજે સરકાર તરફથી વાર્ષિક સેવામાં આવે છે. તુલસીદાસજીના મંદિરથી થોડેક અંતરે હનુમાનજીનું મંદિર આવેલું છે. તુલસીદાસજી એ મંદિરની પૂજા કરતા એમ પણ કહેવાય છે. રહિમમાં રામાયણનાં આખ્યાનો ચમાં છે અને રહિમના સાહિત્યકારો તુલસીદાસજીને કોકકવિ તરીકે ખિતાબ છે. રાજપુરમાં સંખ્યાબંધ પ્રાચીન અવશેષો અને ગુફા કે તે અગાઉના સમયના સિદ્ધાવશેષ છે. આંધ્ર નાટકકાર શેક્સપીયરની યાદ તાજી રાખવા માટે જેમ ઇંગ્લંડમાં એવિશયરી ઓક્ટોબર ગ્રામ દરમિયાન સ્ટ્રેટફોર્ડ ઓન એવોન ખાતે મેળો ભેગવામાં આવે છે અને તેમાં ઇંગ્લંડના સમગ્ર સાહિત્યકારો જેમ જાય છે તેમ રાજપુરમાં પણ રામનવમી પ્રસંગે મેળો ભેગવો જોઈએ અને એ રીતે પવિત્ર રામાયણના અમર આલેખક ગોસ્વામી તુલસીદાસજીની પુણ્ય સ્મૃતિ તાજી રાખવી જોઈએ. રાજપુરમાં જ્યાં લોકકવિ તુલસીદાસજીનો જન્મ થયો હતો ત્યાં આજે યમુનાજીનાં જળ પથરાયેલાં છે.

તુલસીદ્વિપા [સં.] સ્ત્રી. એક જાતનું ચંદન; વનતુલસી.

તુલસીની આ સ્ત્રી. તુલસીનાં પાદડાં ઉકાળી કરેલ ક્વા. તુલસીનાં પંદર્યા સુમારે એક તોલો અથવા તેથી વધારે લઈ અર્ધા શેર પાણીમાં નાખી તે પાણી અર્ધું અથવા ચતુર્થાંશ બળવું અને પછી પીવું. આ ક્વા તાવ, બાળસ, સુસ્તી, અરુચિ, દાહ, વાતવિકાર અને પિત્ત ઉપર ફાયદાકારક મનાય છે. આ ક્વા બીજી રીતે પણ બને છે. ઉપર પ્રમાણે ઉકાળો કરી તેમાં તેટલું જ દૂધ, એક કે બે તોલા સાકર્યમિશ્રી અથવા સાકરમિશ્રીને બદલે સાકરમિશ્રી અને એક બે એલચીનું ચૂર્ણ કરી તે નાખીને કાઢો પીવો. આથી ઉત્તમ પુષ્ટતા પ્રાપ્ત થાય છે, મોંમાં સ્વાદ આવે છે અને અનેક રોગો દૂર થાય છે. આ તુલસીની ક્વા પરદેશી નિઃસત્ત્વ અને રક્તશોષક ચા કરતાં ગુણમાં હજાર ગણી ચડે કહેવાય છે.

તુલસીપત્ર ન. [સં.] ન. કોઈ જાતની દ્વિદલો વર્ગમાં જ્યારે બંને પક્ષના મત સરખા ઊતરે ત્યારે ગમે તે એક પક્ષને પ્રાબલ્ય આપવા માટે પ્રમુખનો અપાયેલો ખાસ મત. સામાન્ય સંજોગોમાં પ્રમુખને મત આપવાની છૂટ નથી હોતી, પરંતુ કટોકટીને વખતે અનિચ્છિતતા દૂર કરવા માટે પ્રમુખને ખાસ હક્ક હોય છે. જેના પક્ષમાં એક મત વધી જતાં તે પક્ષનો વિજય જાહેર થાય છે. અને અંગ્રેજીમાં 'કાસ્ટિંગ વોટ' કહે છે.

> શ્રીકૃષ્ણને જોખવી વખતે રુક્મિણીએ તુલસીપત્ર નાખીને બીજું પલ્લું ભારે કર્યું હતું. એ પૌરાણિક પ્રસંગને જીવતો રાખવા માટે આપણે 'કાસ્ટિંગ વોટ'ને તુલસીપત્ર કેમ ન કહીએ?
>
> કાલેલકર

૨. સ. તુલસીનું પાન.

તુલસીપાટિયાં ન. બ વ. સ્ત્રીઓની કોટનું એક ઘરેણું; તુલીપટિયાં.

તુલસીપુર સ્ત્રી. મધ્યમ વર્ગની એક જાતની ખાડ.

તુલસીપૂજા સ્ત્રી. તુલસીના છોડની પૂજા.

તુલસીફુલ પું. બ. વ. એક ઊંચી જાતના આસમની ચોખા. તેની તુલસી જેવી ગંધ ઉપરથી તે ચોખાનું નામ તુલસીફુલ પડ્યું છે.

તુલસીબાગ જુઓ તુલસીકુલ.

તુલસીભક્ત [સં.] પું. તુલસીનો ઉપાસક માણસ.

તુલસીમાળા [સં. તુલસી + માલા (હાર)] સ્ત્રી. તુલસીની માળા.

તુલસી રામાયણ ન. તુલસીદાસકૃત રામાયણ; મહાત્મા તુલસીદાસજીએ હિંદી ભાષામાં રચેલું રામાયણ.

તુલસીવન ૧. [સં.] ન. તુલસીનું જંગલ, તુલસીના છોડનો સમૂહ હોય તેવું સ્થળ.

૨. સ. વૃંદાવન.

તુલસીવર [સં.] પું. શ્રીકૃષ્ણ.

તુલસીવિવાહ ૧. [સં.] પું. તુલસીનો સાલિગ્રામ અથવા વિષ્ણુ સાથે કાર્તિક સુદિ અગિયારસને દિવસે થતો વિવાહ. આ નિમિત્તે વિવાહવિધિ ક્રિયા, હોમ વગેરે કરવામાં આવે છે.

૨. પું. હિંદુઓનો એક ધાર્મિક દિવસ; કાર્તિક સુદિ અગિયારસ.

તુલસીવ્રત [સં.] ન. કન્યાએ કરવાનું એક વ્રત. દેવપ્રબોધ, ગૌરીવ્રત, તુલસીવ્રત, બાલ્યાવસ્થા ઇત્યાદિ વ્રતોનું રહસ્ય તથા તેનું વર્તન આફ્રિકાની કન્યાની સંસ્કૃતિ કલ્પના પ્રકટાવે છે

ગુ. સા. પરિષદ

તુલસીશ્યામ [સં. તુલસી + શ્યામ (કાળું)] ન. કાઠિયાવાડમાં ધારીથી દક્ષિણ તરફની ગીરમાં આવેલું યાત્રાનું એક પ્રસિદ્ધ ધામ. તેની આસપાસ ડુંગરાઓ આવેલા છે અને તેની નજીકમાં ગરમ પાણીના સાત કુંડ છે. તેથી પુરાણકાળમાં ઋષિમુનિઓ તેને તપ્તોદક કહેતા. શ્યામ તુલસીનાં વનો ઉપરથી ઋષિઓએ તેનું નામ શ્યામતુલસી રાખ્યું હતું; પરંતુ પાછળથી બોલચાલમાં તેનું આજનું નામ તુલસીશ્યામ ઉપસ્થિત થયું હોય એમ અનુમાન થાય છે. વળી તેના નામ બાબતમાં નીચેનું અનુમાન પણ

કરવામાં આવે છે: શ્યામ એ શ્રીકૃષ્ણનું એક નામ છે. આ સ્થળે શ્રીકૃષ્ણની એક કાળા પથ્થરની મૂર્તિ છે અને તુલસી નામની એક સતી સ્ત્રીને આપેલા વરદાન મુજબ તે શ્રીકૃષ્ણની મૂર્તિને પૂજામાં તુલસીદલ ચઢાવવામાં આવે છે. તેથી તુલસી અને શ્યામનું દલ ત્યાં તીર્થરૂપે રહેલ છે તે તુલસીશ્યામ.

તુલસીસતસઈ ન. તુલસીદાસજીએ રચેલ ૭૦૦ દોહરાવાળું એક બોધપ્રદ પુસ્તક

તુલસીસુતવેકુંઠ જુઓ તુલસીદાસ ૧.

તુલસીહાર [સં.] પું. એક અલંકાર; એક જાતનો હાર.

તુલા ૧. [સ.] પુ. આઠ માશેનો એક પ્રકારનો સ્તંભ.
૨. પું. વશ્ચિક; વાંછિયો.
૩. સ્ત્રી. એક જાતનું ઘરેણું
૪. સ્ત્રી. એક જાતનું વજન.
૧૦૦ પલ = તુલા
૪૦૦ રૂપિયાભાર = તુલા
૫. [સં. તુલ્ (તોળવું)] સ્ત્રી. કાંટો; તોળવાનું યંત્ર; ત્રાજવું.
૬. સ્ત્રી. ઘરનો ઓજ.
૭. સ્ત્રી ચિતરવાની પીંછી.
૮. સ્ત્રી. તુલના; સરખામણી.
૯. સ્ત્રી. તોલ; વજન; માપ; પ્રમાણ.
૧૦. સ્ત્રી. પુણ્ય માટે, કોઈ દોષ નિવારણાર્થે કે રાજ્યાભિષેક સમયે સોનું વગેરે વસ્તુઓની બરોબર પોતાનું વજન કરાવી તેનું દાન કરી દેવું તે.
તુલા કરાવવી = પોતાની બારોબાર બીજી ચીજ જોખાવવી
૧૧. જ્યા. (જ્યોતિષ) બાર મહિનાની એક રાશિ.
૧૨. સ્ત્રી. (જ્યોતિષ) મનુષ્યના હાથમાં માલમ પડતું ત્રાજવાના આકારનું એક રેખાચિહ્ન.
૧૩. જ્યા. વસ્ત્ર.
૧૪. સ્ત્રી. સત્ય અસત્યના નિર્ણયની એક પરીક્ષા; વાદી પ્રતિવાદીની એક દિવ્ય પરીક્ષા. પ્રાચીન કાળમા તે પ્રચલિત હતી.
૧૫. સ્ત્રી. સાદૃશ્ય; સમાનતા; સરખાપણું.
૧૬. વિ. સમતોલ; સરખું.
તુલા રહેવું = વચમાં સરખા રહેવું.

તુલાકૂટ ૧. [સ.] ન. તોલામાં ઓછાપણું હોવું તે; ન્યૂનતાવાળું તોલું.
૨. વિ. ઓછું તોળનાર.
૩. વિ. ખોટાં તોલાં બનાવનાર.

તુલાકોટિ ૧. [સં.] સ્ત્રી. અબુર્દ સંખ્યા; દસ કરોડ.
૨. સ્ત્રી. એક જાતનું માપ; વજન.
૩. સ્ત્રી. પગનું એક જાતનું ઘરેણું; ઝાંઝર; નૂપુર

તુલાકોટી [સં.] સ્ત્રી. પગના પગનું એક જાતનું ઘરેણું; ઝાંઝર; નૂપુર.

તુલાકોરો ૧. [સં.] પું. અનાજના અમુક દમલામાં ઓળવવાનું વપરાતું જાડું લાકડું.
૨. પું. તુલાથી કરાતી પરીક્ષા.

તુલામાહી [સં. તુલામાહિન્] વિ. હાથમાં જેણે ત્રાજવું ધારણ કરેલું હોય તેવું.

તુલાટી પું. તલાટી; કામદાર.

તુલાદંડ [સ.] પું. ત્રાજવાની દાંડી.

તુલાદંડિત ૧. પું. મજૂર; દમડો.
૨. પું. હાથમાં દંડ ધારી કરનાર ચાપુ.
૩. પું. હાથો.
૪. સ્ત્રી. ત્રાજવાની દાંડી.
૫. સ્ત્રી. ચાબખી.
૬. ન. કૂવાની દાંડી; ગજર.

તુલાદાન [સં.] ન. રાજ્યાભિષેક વગેરે પ્રસંગે સોનું, રૂપું અથવા બીજી કોઈની સાથે બારોબાર જોખાઈને તે વસ્તુઓ દાન તરીકે આપવાની ક્રિયા.

તુલાધર જુઓ તુલાધાર.

તુલાધાર ૧. [સં.] પું. આકાશનો એક.
૨. પું. (પુરાણ) એ નામનો એક ધર્માત્મા વણિક. જાજલિ નામના ઋષિને પોતાના તપનું પહેલું અભિમાન હોવાથી એને તુલાધાર પાસે મોકલવામાં આવ્યો હતો. તુલાધાર જોડે સંવાદ થતાં જાજલિનું અભિમાન ઊતરી ગયું હતું. ગીતાહૃદયમાં એને માટે ઉલ્લેખ છે કે: મહાભારતમાં તુલાધાર વૈશ્યની વાત છે. તેની પાસે જાજલિ નામે એક જ્ઞાનયુક્ત જ્ઞાન મેળવવા આવ્યો. તુલાધાર બોલ્યો, મારી પાસે શાનું જ્ઞાન ? જ્ઞાન હોય તો એક જ છે; અને તે પણ મારા ત્રાજવાની દાંડીએ મને શીખવેલું છે. આ ત્રાજવાની દાંડી જે પ્રમાણે સીધી હોય છે તે પ્રમાણે મારું મન સમિ રાખતાં હું શીખ્યો છું. શત્રુ હો, મિત્ર હો, સ્વજન હો, પારકાં હો, ત્રાજવાની દાંડી સીધી તે પ્રમાણે મારું મન રહેવાનું. તુલાધારને તેના વેપારના સ્વધર્મમાંથી જ ચિત્તશુદ્ધિ મળી ને મોક્ષનું જ્ઞાન પણ મળ્યું.
૩. પું. (જ્યોતિષ) તુલા રાશિ.
૪. પું. વશ્ચિક; વાંછિયો; ત્રાજવાના ઉપયોગથી પોતાની ઉપજીવિકા કરનાર માણસ.
૫. પું. સૂર્ય.
૬. વિ. તુલા ધારણ કરનાર; કાંટાથી જોખનાર.

તુલાન પું. ઉત્તમ જાતિના ઘોડાના ત્રણ માંહેનો એક ભેદ.

તુલાની વિ. મિથ્યા બોલું; બબાણિયું.

તુલાપરીક્ષા [સં.] સ્ત્રી. એક જાતની દિવ્ય પરીક્ષા. સ્મૃતિઓમાં તુલાપરીક્ષાનું વિધાન વિસ્તારપૂર્વક બતાવેલ છે. તે માટે એક ખુલ્લા સ્થાનમાં મજબૂતની એક મોટી તુલા ઊભી કરવામાં આવતી અને આરે બાજુ તોરણ વગેરે બાંધવામાં આવતાં. પછી મંત્ર પાઠ કરી દેવતાઓનું પૂજન કરવામાં આવતું. જે માણસના સત્યાસત્યનો નિર્ણય કરવો હોય તેને તે ત્રાજવાના એક પલ્લામાં બેસાડવામાં આવતો. પછી માટી વગેરેથી તેનો તોલ કરવામાં આવતો. તોલ કર્યા પછી તેને ઊતારી બીજી વાર પછી તેને બીજી વાર જોખવામાં આવતો. જો તેનું પલ્લું નમે તો તેને દોષિત માનવામાં આવતો, અને જે વજનવાળું પલ્લું નમે તો તે નિર્દોષ છૂટતો અને જો વજન પહેલાના જેટલું જ રહે તો પણ દોષિત મનાતો.

તુલાપુરુષ ૧. [સં.] પું. બલિની સિદ્ધિમાં પુરુષની મૂર્તિ.
૨. પું. ત્રાજવામાં કે કાંટામાં તોળેલો પુરુષ.

તુલાપુરુષદાન [સં.] ન. સોળ મહિનું પહેલું મહાદાનમાં તુલાદાન.

તુલાપુરુષવ્રત [સં.] પું. એક પ્રકારનું વ્રત. તેમાં ચિત્રકાક, ભાત, મઠો, જળ અને ઋતુ એ પ્રત્યેક ક્રમાનુસાર ત્રણ ત્રણ દિવસ ખાવામાં આવે છે. આ વ્રત પંદર દિવસ પાળવાનું હોય છે. પણ આ વ્રત ૨૧ દિવસ કરવાનું લખ્યું છે. આનું પૂરું વિધાન પાદ્મપુરાણ, હારીત આદિ સ્મૃતિઓમાં આપવામાં આવ્યું છે.

તુલાપ્રમાણ [સં.] પું. કાંટા કે ત્રાજવાની દોરી.

તુલાપ્રમાણ જુઓ તુલાપ્રમાણ.

તુલાબીજ ન. ચણોઠી; રતી.

તુલાભદ્રાની ૧. [સં.] સ્ત્રી. કૂર્મપુરાણના અનુસાર એ નામની નગરી.
૨. સ્ત્રી. એ નામની એક નદી.

તુલામાન ૧. [સ.] ન. તોળીને કાઢેલું માપ; ધન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થોનું વજનમાં કાઢેલું માપ.
૨. ન. ત્રાજવાની દાંડી.

તુલાયષ્ટિ [સં.] સ્ત્રી. ત્રાજવાની દાંડી.

તુલાયંત્ર ૧. [સં.] ન. ત્રાજવું; કાંટો.
૨. ન. રાસાયણિક ક્રિયાઓ કરવાનું એક જાતનું યંત્ર. રીંજણીના આકારની બે મૂસ કરવી. તેમાં

ઝોકના ગળાની નીચે પ્રદેશ માત્ર એટલે આશરે ૭ ઇંચ જૂગણી રાખવી અને માટીથી સાંધી બંધ કરવી. તેમાં એક મુખમાં પારદ અને બીજામાં ગંધકનો ભૂકો નાખવો. બન્નેનાં મુખને કાપડ માટી વગેરેથી બંધ કરી વાલુકાયંત્રમાં તેને મૂકીને નીચે અગ્નિ સળગાવવો. મનઃશિલ, ત્રાયક, હરતાલ અને બીજા અનિજ પદાર્થનું પારદમાં જારણ કરવા માટે આ યંત્ર ઉપયોગી છે

તુલાયંત્રઉચ્ચાલન [સં.] ન. કાંટાને એક છેડે વજન હોય, તેને ઊંચકવાને બીજે છેડે બળ લગાડેલું હોય અને બે ઉંદાની વચમાં ઠોઈ ઠેકાણે કાંટાનો આધાર હોય એવી રચનાવાળું યંત્ર.

તુલાર્થક [સં.] વિ. સમાન અર્થવાળું.

તુલાલ જી. તામિલ પ્રદેશમાં પ્રચલિત એક જાતનું નાટક.

તુલાવટિયા જી. તોલ કરવાવાળી સ્ત્રી.

તુલાવા જું. માપનો એક ભાગ; તમાવો. તેના ઉપર આખા માપાનો ભાર હોય છે.

તુલાવિધિ [સં.] જી. કોઈ પણ કીમતી વસ્તુથી માણસને તોલવાની ક્રિયા.

તુલાવિષમ [સં.] ન. ખોટું ત્રાજવું; દગાબાજીનું ત્રાજવું.

તુલાવિષુવ [સં.] ન. હેમંતવિષુવ; શરદસંપાત; જલવિષુવ; તુલા રાશિમાં સૂર્યને આવવાનો સમય; 'ઓટમ્ન ઇક્વિનોક્સ.' તે આશરે ૨૨ મી સપ્ટેમ્બરે આવે છે.

તુલાસા જુઓ તુલસી ૩.

તુલાસંક્રાંતિ [સં.] જી. તુલા રાશિમાં સૂર્યને પ્રવેશવાનો સમય; તુલાવિષુવ.

તુલાસંપાત ૧. [સં.] જું. વિષુવવૃત્ત અને ક્રાંતિવૃત્ત ગોલમંડલને જે બે બિંદુઓમાં કાપે છે તે બિંદુનો એક બિંદુ. તેની આગળ સૂર્ય ઉત્તર તરફથી દક્ષિણ તરફ જાય છે; પરંતુ આકાશમાં વિષુવવૃત્ત દર્શાવનારી રેખા ક્રાંતિવૃત્તની ઉત્તર તરફ ખસતી જાય છે

૨. જું. સૂર્યને તુલા રાશિમાં આવવાનો સમય. એ વખતે રાત્રિ અને દિવસ આખી પૃથ્વી ઉપર સરખા હોય છે.

તુલાસૂચિકા [સં.] જી. ત્રાજવાની દાંડીની મધ્યમાં રહેલો સૂતો.

તુલાસૂત્ર [સં.] ન. ત્રાજવાની દોરી કે સાંકળ.

તુલાહીન [સં.] વિ. વજનમાં ઘટતો; ઓછું વજન.

તુલિ ૧. [સં.] જી. બિલાડીની પીંછી.

૨. જી. વસ્તુકરનું વસ્તુનું એક સાધન.

તુલિકા [સં.] જી. બજન પક્ષીને મળતું એક જાતનું નાનું પક્ષી.

તુલિત ૧. [સં.] વિ. તોળાયેલું; વજન કરાયેલું.

૨. વિ. સરખું; સમાન; બરોબરીનું

તુલિતાસન [સં.] ન. (યોગ) ચોરાસી બેઠકનું એક આસન. તેનાથી શરીરની અને મનની સ્થિરતા પ્રાપ્ત થાય છે.

તુલિની [સં] જી. એક વનસ્પતિ; રોમળો.

તુલિપ્રેક્ષા ૧. [સં.] જી. રેશમ જેવા કુણી પેદાશ જેમાંથી થાય છે તેવો કપાસનો એક છોડ.

૨. જી. રોમળાનું ઝાડ.

તુલિયો જું. તુલસીદાસજીનું બહુનાદર્શક ટૂંકું નામ.

તુલી ૧. [સં.] જી. ચિતારાની પીંછી.

૨. [હિં.] જી. તંબાકુ.

૩. જી. નાનું ત્રાજવું.

૪. જી. પલ્લું.

૫. જી. પાટડો; બાજ.

૬ જી. લોઢાનો વાર.

૭. જી. વસ્તુકરનું તાણો સાફ કરવાનું એક સાધન.

૮. જી. વાંસની ગોળ ચીપ.

તુલીક અ. સુધી; લગી; પર્યંત.

તુલીખ જુઓ તુલીક.

તુલીયાસ ન. એક જાતનો છોડ.

તુલુઅ [અ. તલઅ (સૂરજ ઊગ્યો)] જું. સૂરજનું ઊગવું તે; સૂર્યોદય.

તુલુપ [સં.] જું. સહ્યાદ્રિ અને સમુદ્ર વચ્ચે આવેલ એ નામનો પ્રદેશ; ઉત્તર કાનડાનું પ્રાચીન નામ

તુલુંગ જું. એક જાતનો ચોરો.

તુલ્ જુઓ તુલુઅ.

તુલે વિ. સમાન; બરોબર.

નીરખ, બસત, પુરુષદાસ, તુલે ન નામકે સમાન
અક્ષરાનંદ

તુલે આફ્તાબ [ફા.] જું. સૂર્યોદય.

તુલે મિલે ઝોર ન. બ. ક. સમતોલપણે રહેલાં બળો.

તુલૈ જી. ઘાટડો; બાજ.

તુલોતવીલ [અ.] વિ. બહુ લાંબું; વિસ્તીર્ણ; સવિસ્તર.

તુલોત્પાદન [સં.] ન. અનાજ ઉત્પન્ન કરવું તે.

તુલ્ય ૧. જી. ગોદાવરી નદીનો એ નામનો ફાટો. ગોદાવરી નદીના મુખ આગળ તેના સાત ફાંટા પડે છે, તેમાં આ ફાટો બીજા ૭ ફાટા બરાબર છે. તેથી તેનું નામ તુલ્ય રાખેલ છે.

૨. [સં. તુલ્ (વજન કરવું)] વિ. સરખું; સમાન; બરોબરીનું; સમોવડિયું; સદૃશ; સધર્મ; સમ

તુલ્યકાલત્વ [સં.] ન. સમકાલીન હોવાપણું; સમકાલત્વ.

તુલ્યચતુર્ભુજ [સં] જું (ગણિત) ચારે બાજુ સરખી હોય તેવી આકૃતિ; સમચતુર્ભુજ, 'રોમ્બસ.' તેની બાજૂઓ સરખરેખાની બનેલી અને એક જ સપાટી ઉપર આવેલી હોય છે.

તુલ્યજાતિ ૧ [સં] જી સરખાપણું.

૨. વિ સમાન જાતિનું; મળતી જાતિવાળું; મળતી કે સરખી જાતિનું

તુલ્યજાતીય [સં.] વિ. સમપરિમાણ; સમમાત્રી; સરખા પ્રમાણવાળું; 'હોમોલોગસ.'

તુલ્યતર્ક [સં.] ન. નાટકનાં ૩૬ માંહેનું એક લક્ષણ.

તુલ્યતા ૧. જી. તોલ; વજન.

૨. [સં.] જી. સરખાપણું; બરોબરપણું.

૩. જી. સમાનતા; સદૃશપણું.

તુલ્યત્વ ૧. ન. (વેદાંત) એક નિયમે કરીને હોવાપણું. ઘટ અને કલશ એ બને એક અર્થવાચક શબ્દ છે. તેમાં આ ઘડો, આ ઘડો એવી અનુગત પ્રતીતિ પણ થાય છે તથા આ કળશ, આ કળશ એવી અનુગત પ્રતીતિ પણ થાય છે. આ બે પ્રકારની પ્રતીતિથી એક જ ઘટમાં ઘટત્વ અને કલશત્વ એવા ધર્મ જણાય છે, પણ તે બને ધર્મ જાતિરૂપ નથી, પરંતુ ઘટત્વ ધર્મ જ જાતિરૂપ છે. કલશત્વ ધર્મના જાતિપક્ષમાં તુલ્યત્વ દોષ આપક છે. કેમકે સ્વ એટલે કલશત્વથી ભિન્ન જે ઘટત્વ જાતિ છે, તે ઘટત્વ જાતિનું સમનિયતપણું કલશત્વમાં રહેલું છે એટલી ઘટ વ્યક્તિઓમાં ઘટત્વ ધર્મ રહે છે તેટલી ઘટ વ્યક્તિઓમાં કલશત્વ ધર્મ પણ રહે છે એ જ કલશત્વ ધર્મમાં ઘટત્વનું એટલે સમનિયતપણું એક નિયમે કરીને હોવાપણું છે. એ સમનિયતપણાને જ તુલ્યત્વ કહે છે. એટલે એ તુલ્યત્વ દોષ કલશત્વપક્ષના જાતિધર્મનો બાધક છે.

૨. જુઓ તુલ્યતા ૨, ૩.

તુલ્યનિંદાસ્તુતિ [સં.] વિ. જેને નિંદા અને સ્તુતિ સમ હોય તેવું; સ્તિતપ્રજ્ઞ.

તુલ્યપાન [સં.] ન. રસ્સાદિ સોડો સાથે ઘણીબધીને ખાવુપીવું તે.

તુલ્યપ્રાધાન્ય [સં.] કું. (કા.શા) અમ્મમ કાવ્યના આઠ મારેનો એક ભેદ. તેમાં વાચ્ય અને અંગ્ય સરખાં પ્રગટ થાય છે.

તુલ્યપ્રાધાન્યવ્યંગ્ય [સં] કું. જેમા વાચ્યાર્થ કે વ્યગ્યાર્થ બનેનાર કોય તે વ્યમ્ય.

તુલ્યબલ ૧. [સ.] ન સમાન બળ.
૨. વિ. સમાન બળવાળું.

તુલ્યમલ્લવિરોધ [સ.] કું. (વેદાંત) બહુદી જુદી જન્મ.એ રહેનારા બે પદાર્થ એટલે બે વસ્તુનો, બે વાક્યો વગેરે પોતપોતાના સ્થળમાં બળવાળાં છતાં તે બંને એક વખતે એક જ સ્થળમાં આવે ત્યારે તે બંને વચ્ચે જણાતો વિરોધ.

તુલ્યભાવ [સં.] કું. સરખો ભાવ

તુલ્યભાવન [સ] ન. સરખા પદાર્થનું એકીકરણ.

તુલ્યયોગિતા [સં.] કું. (કા.શા) કાવ્યના ૪૫ મારેનો એ નામનો એક અલંકાર. જ્યાં કોઈ અથવા કર્યાંય તુલ્યધર્મનો યોગ થાય ત્યાં તુલ્યયોગિતા અલંકાર છે. માત્ર પ્રસ્તુતોના અથવા માત્ર અપ્રસ્તુતોના સાધારણ ધર્મનું એક વાર કથન કર્યું હોય તે પણ તુલ્યયોગિતા કહેવાય છે.

તુલ્યયોગી [સં. તુલ્ય (સમાન) + યોગિન્ (જોડાયેલું)] વિ. સમાન સમય રાખનાર.

તુલ્યરચનાત્મક [સં.] વિ. સમાન બનાવટવાળું, 'હોમોમાર્ફિક.'

તુલ્યલંબક [સ] કું. (ગણિત) સમલંબક, સમાંતરદ્વિબાજુ ચતુષ્કોણ; 'ટ્રેપેઝિયમ.'

તુલ્યવિત્તિવેદ્યત્વ [સં.] ન. એક જાતનું જ્ઞાન વિષયત્વ

તુલ્યસ્પર્શીવક્ર [સં.] કું. (ગણિત) જે વક્રની સ્પર્શરેખાનું સ્પર્શબિંદુ અને એક આપેલી સીધી લીટી વચ્ચેનો ભાગ અમુક નિશ્ચિત સંજ્ઞાર્થનો હોય તે વક્ર; એક સીધી દોરી જેનાં બે છેડા ઉપર હોય તેનાથી કાઢખૂણાની દિશામાં તેના એક છેડાને ખેંચવાથી થતો વક્ર. 'ટ્રેક્ટ્રિક્સ.'

તુલ્યાનુરાગ [સં. તુલ્ય (સમાન) + અનુરાગ (પ્રીતિ)] કું. સમાન પ્રીતિ.

તુલ્યાર્થતા [સં. તુલ્ય (સમાન) + અર્થ (ભાવ) + તા (પણું)] સ્ત્રી. સરખાપણું.

તુલ્યાવરોહરૂપ વિ. (સંગીત) કોઈ સ્વર તેની આગળના સ્વરની શ્રુતિઓમાં જાય તો તે આગલો સ્વર અને જે કદાચ પાછલા સ્વરની શ્રુતિઓમા જઈ પાછો ફરે તો તે પાછલો સ્વર, તે બંને આગલા તથા પાછલા સ્વરોના સમાનપણાની અવસ્થારૂપ.

તુલ્યાંતર [સ.] વિ સમકાલીન, એકજ સમયનું.

તુલ્લ ૧. ન. (પ્રાકૃત) માપ.
૨. [સ. તુલ્ય] વિ. બરાબર, સરખુ.

તુલ્લભાગ [સં.] કું. સરખો ભાગ

તુલ્લાદુઆ ન. એ નામની કોઠીએ રમવાની એક રમત.

તુલ્લી [હિ] સ્ત્રી ઝરણ તે.

તુલ્વલ [સ] પુ એ નામનો એક ઋષિ

તુવર ૧. [સ] પુ. તુવેરનો છોડ.
૨. કું. તૂરો રસ.
૩. કું. દાઢીમૂછ વગરનો નપુંસક.
૪. કું. લીંબડાં વગરનો બગાદ.
૫ સ્ત્રી એ નામની અવાસની એક અટક.
૬ સ્ત્રી. એ નામની રજપૂતોની એક પેટા જાત.
૭. સ્ત્રી. તુવેર; એક જાતનું કઠોળ. તુવેરમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં છે: (૧) પ્રોટેઈન એટલે પિત્તજન્ય ૬·૨૪૪, (૨) ફેટ એટલે મૂજન્ય. ૪૩૬, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય ૧૬·૦૧૬, (૪) કેલોરી ૬૫૦, (૫) મૂજાંક ૦ ૧૧·૬, (૬) મૂજાંક ૦ ૪૨, (૭) મૂજાંક ૬ ૦ અને (૮) આયર્ન એટલે લોહ ૦.
૮. સ્ત્રી. કટકડી.
૯. ન. એ નામની અટકનુ માણસ.
૧૦. ન. એ નામની એક પેટા જાતનુ માણસ.
૧૧. વિ. એ નામની અટકનું.
૧૨ વિ. એ નામની એક પેટા જાતનું
૧૩. વિ. કસાયેલુ
૧૪. વિ. તૂરું; તૂરાશવાળુ
૧૫. વિ. દાઢી મૂછ વગરનું.

તુવરફળ ન. એક જાતનું વૃક્ષ. એનાં પાન સીમળાનાં પાન જેવાં અને ઝાડનો બાટ પણ સીમળાના જેવો હોય છે. ઝાડમાં દરેળા જેવડા પહોળા કાંટા હોય છે. તેમાં અણીદાર જેવડા ફળ થાય છે. તે કાંઈક તીખાં હોય છે. પાકવા પછી તે લાલ રંગનાં બની જાય છે. તે ફળમાંથી તેલ કાઢવામાં આવે છે. તેની ઊપજ કર્ણાટક પ્રાંતમાં થાય છે. તે વાતરોગમાં ઔષધ તરીકે આપવામાં આવે છે. તેનું ઝાડું પાણું ચીકણું હોય છે. ચામડાં કાઢવા માટે આ લાકડાની તકતીઓ બનાવવામાં આવે છે. તેના ફળની છાલ મસાલામાં નખાય છે.

તુવરિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ચાટદાર ગોપીચંદન.
૨. સ્ત્રી. તુવેર; અરહર
૩. સ્ત્રી. કટકડી

તુવરી જુઓ તુવરિકા.

તુવરફળ ન. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ મધુર, કડવા, દીપ્તિજ્ઞ, અગ્નિદીપક, ઉષ્ણવીર્ય, મૂત્રકૃચ્છ્રનાશક, રૂક્ષ, તીખાં, રુચિકર, લઘુ, વિદાહી તથા હલકાં હોય છે. તે કફ, વાયુ, ગુલ્મ, ઉદરરોગ, કૃમિ, પેટ ચડવું, કૃમિ, નેત્રરોગ, કર્ણરોગ, મસ્તકરોગ, કંઠરોગ, ઊલટી, કોઢ, પ્લીહા, શ્વાસ, અર્શ તથા અપતંત્રક વાયુનો નાશ કરનારું મનાય છે.

તુવાચા [હિ.] કું. એ નામનું એક પક્ષી.

તુવિ [સં.] સ્ત્રી. તુમ્બી; તુંબડી.

તુવેર [સં. તુવર] સ્ત્રી. એક જાતનું દ્વિદળ કઠોળ. તેના દાણા ગોળ થાય છે. તેની ઉપરનું છોડું લાલ કે બોળું હોય છે. અંદરનાં મીંજની બે ફાડ થાય છે, તે પીળા રતાશ પડતા રંગની હોય છે. રસોઈમાં તેની દાળ બનાવવામાં આવે છે અને તે મિષ્ટાન્ન, રોટલી, પૂરી અને ભાત સાથે ખાવામાં આવે છે. તુવેર ચોમાસામાં વવાય છે અને છેક સિયાળામાં કે તેના ઉનાળાના પ્રારંભમાં પાકે છે. કઠોળમાં તુવેર સૌથી ઉત્તમ છે અને લોકો તેનો ઉપયોગ પણ બહુ કરે છે. તુવેરની વાવણી ગુજરાત અને દક્ષિણમાં બહુ થાય છે. દર વર્ષે બનારા છોડ બે અઢી હાથ ઊંચા થયે છે. જે છોડ બે વર્ષ રહે છે તે પાંચ છ હાથ ઊંચા થાય છે. તેના છોડ પહેલાના કરતાં બમણા થાય છે. તુવેરમાં રાતી અને પોળા એમ બે જાત હોય છે. સુરતી તુવેરની દાળ બેસ્વાદ મનાય છે. તુવરની દાળનું પુરચ્યું મિષ્ટાન્ન તરીકે બહુ લોકો વાપરે છે અને તેના પાણીનું ઓસામણ દાળ તરીકે ઉપયોગમાં લે છે. આ કઠોળ બહુ ભારે લોહપ્રિય છે, છતાં તેની પૌષ્ટિકતા અન્યના કરતાં માત્ર અરધી જ છે. સામાન્ય તુવેર કિંચિત્ મધુર, વાતઘ્ન, તૂરી, ગુરુ, રુચિકર, બાલક, કફ, વર્ધક તથા શીતળ છે અને કફ, ત્રિદોષ, પિત્તજ્વર, રક્તદોષ, ગુલ્મ, વાયુ તથા અર્શનો નાશ કરે છે. એનું ઘી સાથે સેવન કરવાથી વાયુ, ત્રિદોષ નાશ પામે છે. તેના લેપનથી કફપિત્તનો તથા રેચનથી કફ અને મેદનો નાશ થાય છે. પોળી તુવેર ગુરુ છે અને વાયુ, પિત્ત, રક્તપિત્ત તથા આમાનને ઉત્પન્ન કરનારી છે. તે બાલક અને પથ્યકર છે. રાતી તુવેર રુચિકર, બલકર, પથ્ય તથા જ્વરનાશક મનાય છે. તે પિત્ત અને સંતાપાદિ અનેક રોગોનો નાશ કરે છે. કાળી તુવેર બળકર અને અગ્નિદીપક છે તથા પિત્ત અને દાહનો નાશ કરે

છે. તુવેરના છોડને ત્રણ પાંખડીવાળાં નાનાં પાન થાય છે અને આગળ બે આંગળની ચોળ નાના ચીવાળી શીંગ થાય છે. તુવેરની લીલી શીંગોને ચોલા તેમાંથી દાણા કાઢી તેનું શાક કરવામાં આવે છે. સર્પના ઝેર ઉપર તુવેરનાં મૂળ ચાવી આવાથી ફાયદો થાય છે. તુવેરની દાળનો પુલાવ બનાવવાની એક રીત એમ છે કે: પહેર રૂપિયાભાર તુવેરની દાળને પાણીથી સાફ કરી તેમાં છ માસા મીઠું અને એક શેર પાણી નાખી ઓઢવવાં. પાણી બળી જાય એટલે બીજી તપેલી ચૂલા ઉપર મૂકી તેમાં દશ રૂપિયાભાર ઘી અને પાંચ રૂપિયાભાર કાંદાની ચકતીઓ નાખી વઘાર કરી તેમાં તે નાખી દેવી. પછી તરત જ તેમાં બે માસા લજ્જ, બે માસા લવિંગ, તેટલી જ એલચી અને તેટલાં જ મરી વાટી નાખી દઈ તપેલાથી ઢબાવવું. પછી તેને એક ઓબરણીમાં ભરી, તેના ઉપર એક શેર ચોખા પાણીથી ધોઈ સાફ કરીને નાખવા. પછી તેના ઉપર બીજી રૂપિયાભાર ઘી અને એક શેર પાણી રેડી ઓબરણી ચૂલા ઉપર મૂકવી. તે અડે એટલે તેના ઉપર સાધારણ રૂપિયાભાર ઘી અને પાંચ રૂપિયાભાર કાંદાની ચકતીઓ, એનો વઘાર કરી રેડી દેવો. પછી ઓબરણીને ઢાંકી દઈ, તેને આંગારા ઉપર મૂકો સીઝે એટલે ઢાંકી લઈ બરમાબરમ પીરસવો. બ્રહ્મની અને અન્યની દાળનો પુલાવ પણ એ જ રીતે થાય છે. આ પુલાવ બનાવવાના બીજા પ્રકાર પણ છે.

તુવેરો પું. તુવેર.

તુશ ન. એક જાતનું સાદું કાપડ.

તુશાર ન. એક જાતનું રેશમ.

તુશાર કોશેટો પું. તુશાર રેશમનું ઘર; કસરનો કોશેટો.

તુશાર રેશમ ન. ખોરડી, પીપળો વગેરેનાં પાન ખાઈ કીટકોએ બનાવેલું રેશમ.

તુશિયો પું. બીજાને બળે પહેરવાનું એક જાતનું ઘરેણું; ટૂંપિયો.

તુશી સ્ત્રી. બીજાને બળે પહેરવાનું એક ઘરેણું; હાંસડી; સાંકળી.

તુશીપાદિયાં સ્ત્ર. બ. વ. તુશીનાં બહેરિયાં; બીજાને કોટ પાસવાનું એક ઘરેણું; તુશો.

તુષ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) સંતોષ પામવું. તેના ઉપરથી બનેલ શબ્દો: તુષ્ટ, તોષ, સંતોષ, તુષ્ટિદાયક.

તુષ ૧. [સં.] પું. અનાજનું ફોતરું; ડાંગરનું ભૂસું; કણકું; ભૂસ.

અન્યમ અક્તિરે કે હરિ જાણ,
તુષને ત્યાગે રહે તે દાણ. અખો

૨. ન. ઝાકળ.

૩. પું. બહેડાનું ઝાડ.

૪. ન. ઝરી, કોદરો વગેરે હલકું ધાન્ય.

તુષમણ ૧. [સં. તુષ (ફોતરું) + મણ્ (પ્રત્યય)] પું. અગ્નિ

૨ પું. ચોખ્ખાનું ઝાડ.

તુષારઘાતી વિ. પાણી વલોવનાર; કૂતરાં કૂટનાર; જેમાં કંઈ અર્થ ન હોય તેવું કામ કરનાર માણસ

તુષકાક્ષ [સં.] ન. ફોતરાં બાળવાની જગ્યા.

તુષમાન [સં. તુષ્યમાન] વિ. સંતુષ્ટ થયેલું; સંતોષ પામેલું; પ્રસન્ન થયેલું, તુષ્યમાન.

તુષમાનતા [સં. તુષ્યમાનતા] સ્ત્રી. પ્રસન્નતા.

તુષસાર જુઓ તુષાક્ષ.

તુષા ૧. [સં.] સ્ત્રી. કમોદ, કોદરા વગેરેનું ફોતરું

૨. સ્ત્રી. બહેડાનું ઝાડ.

તુષાનલ ૧. [સં. તુષ (ફોતરું) + અનલ (અગ્નિ)] પું. ડાંગનાં ફોતરાં, ઢુંસાં વગેરેનો અગ્નિ; ભૂસાનો અગ્નિ.

૨. પું. પ્રાયશ્ચિત્તરૂપે ભૂસું, ફોતરાં વગેરેના અગ્નિમા બળી મરવાની ક્રિયા. કુમારિલ ભટ્ટ તુષાગ્નિમાં બળી ભરમ થયો હતો.

૩. પું. સૂકું પરાળ ગુનેગારનાં અંગો ઉપર દાંટી તેને બાળી નાખવો તે; અપરાધીની આજ્ઞાપાળ તણખલાં, ફોતરાં વગેરે ઓઢાડી તેને બાળી નાખવાની દેહાંતદંડની શિક્ષા.

તુષાર ૧. [સં] પું. આકાશમાં ઠરી જવા પછી કોરારૂપ થઈ પડતું હિમ; કરો.

૨. પું. એક જાતનું કપૂર; ચીનિયા કપૂર.

૩ પું. ઝાકળ; ઓસ; પાણીનાં ઝીણા બિંદુ.

૪. પું. ઠરી ગયેલું પાણી; સખત ઠંડીને લઈ પાણીનો થઈ ગયેલ બરફ.

૫. પું. ઠંડો સ્પર્શ.

૬. પું. કાટ; ચીકો; ચિરાડો.

૭. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ. એ દેશનાં લોકો પણ તુષાર કહેવાય છે. એ લોકો ઉપરથી જ દેશનું નામ તુષાર પડ્યું છે. આ દેશને તોખારીસ્તાન પણ કહે છે તે ઉત્તમ પ્રકારના ઘોડા માટે પ્રખ્યાત છે. તુષાર અગર તોખાર લોકો મૂળ શક હોવાનું અનુમાન છે. એ લોકોએ એક લોકો પાસેથી એકટ્રન જીતી લીધું હતું.

૮. સ્ત્રી. તુષાર દેશમાં રહેતી એ નામની એક જાતિ.

૯. વિ. ઠંડા સ્પર્શવાળું; હિમવાળું; શીતલ.

તુષારઉષ્ણતાંક [સં તુષાર (ઠંડા) + ઉષ્ણતા (ગરમી) + અંક (આંકડો)] પું તુષારબિંદુ; 'ડયૂ પોઇન્ટ'

તુષારકક્ષ [સં] પું હિમનાં નાના નાના રજકણ. ઝાકળ

તુષારકર ૧ [સં] વિ. કપૂર

૨. પું. ચંદ્ર; હિમકર

તુષારકાલ [સં તુષાર (બરફ) + કાલ (સમય)] પું બરફની ઋતુ; શિયાળો.

તુષારકાળી જુઓ તુષારકાલ.

તુષારકિરણ જુઓ તુષારકર.

તુષારક્ષેત્ર [સં. તુષાર (બરફ) + ક્ષેત્ર (પ્રદેશ)] ન. હિમક્ષેત્ર; જ્યાં મોટા જથ્થામાં બરફ પથરાયેલો હોય તેવી જગ્યા; 'સ્નો ફીલ્ડ.'

તુષારગિરિ ૧. [સં. તુષાર (બરફ) + ગિરિ (પર્વત)] પું. બરફથી છવાયેલો પર્વત; હિમાલય.

૨ પું. હિમાચ્છાદિત પર્વત

... આઈ તુષારગિરિની પ્રચંડ હાર ઓળંગી
... તરફ કૂચ કરવા સામે ધરયો. કેશવ હર્ષદ

તુષારગૌર [સં.] પું. કપૂર

તુષારતુલ્ય [સં] ન. બરફની કરચ; બરફનો કટકો; હિમકણ.

તુષારનદી [સં] સ્ત્રી. હિમનદી; હિમપ્રવાહ; હિમસરિતા.

તુષારપર્વત જુઓ તુષારગિરિ.

તુષારપાષાણ ૧. [સં. તુષાર (બરફ) + પાષાણ (પત્થર)] પું. પત્થર જેવો સખત બરફ.

૨. પું. બરફનો ભંગડો.

તુષારબિંદુ જુઓ તુષારઉષ્ણતાંક.

તુષારભંડિત [સં. તુષાર (બરફ) + મંડિત (શોભાવેલ)] વિ. બરફથી છવાયેલું.

તુષારમૂર્તિ [સં. તુષાર (ઠંડી) + મૂર્તિ] પું. ઠંડકની મૂર્તિ; ચંદ્ર

તુષારરશ્મિ [સં. તુષાર (ઠંડું) + રશ્મિ (કિરણ)] પું. ચંદ્ર. તેનાં કિરણ ઠંડાં હોય છે.

તુષારરાશિ [સં. તુષાર (ઝાકળ) + રાશિ (જથ્થો)] પું. પુષ્કળનું વાદળ; પુષ્કળનો જથ્થો.

તુષારવર્ષા [સં. તુષાર (બરફ) + વર્ષા (વરસાદ)] સ્ત્રી. બરફનો વરસાદ; કરા પડવા તે.

તુષારસ્થાન [સં. તુષાર (બરફ) + સ્થાન (સ્થળ)] પું. તુષાર દેશ; તોખારીસ્થાન. ત્યાં બરફ બહુ પડે છે.

તુષારા જિ. ઠંડું

તુષારાચલ જુઓ તુષારગિરિ

તુષારાદ્રિ જુઓ તુષારગિરિ.

તુષારાવૃત્ત [સં. તુષાર (બરફ) + આવૃત્ત (ઢંકાયેલ)] જિ. બરફથી ઢંકાયેલ.

તુષારાંક જુઓ તુષારદીધિતિકાંક.

તુષારાંશુ જુઓ તુષારકિરણ.

તુષાવઘાત [સં. તુષ (ફોતરું) + અવઘાત (ખાંડવું તે)] પું. ફોતરાં ખાંડવા તે; કંઈ પણ લાભ વગર મહેનત કરવી તે.

કામ કર્યે કરતા અતિ બળવાન છે એમ કહેવું નિષ્ફળ છે, તુષાવઘાત તુલ્ય છે, એવા કામને સ્તવવાનો મર્મ જડતો નથી. ગીતાજ્ઞાનકોષ

તુષોષ્ણ વિ. [સં. તુષ (ઘૂસું) + ઊષ્ણ (પાણી)] ન. ફોતરાંવાળું પાણી; ડાંગરનું ધોણ; ચોખાના ઘૂસાનું પાણી.

૨. ન. ઘૂસા સહિત જવનો લોટ કરી તેની બનાવેલી કાઢ. વૈદકમાં હોને અગ્નિદીપક, પાચક, હૃદયગ્રાહી અને તીક્ષ્ણ માનેલ છે.

તુષિત ૧. [સં.] પું. એ નામના જનીસ દેવતાઓનો અધુ કે સમુદાય.

૨. પું. (પુરાણ) એ નામના દેવ. દક્ષિણાને યજ્ઞ ભગવાનથી બાર દીકરા થયા હતા. તે બારે પુત્રો સ્વાયંભૂ મનુના સમયમાં તુષિત નામના દેવ તરીકે પ્રસિદ્ધ થયા હતા. મન્વંતરો અનુસાર એમનાં નામ બદલવામાં આવે છે.

૩. પું. વિષ્ણુ.

૪. પું. સહકારી કુષિત્રયું; સહકારી ભેટુમંડળ. તેમાં ૩૬ સભ્યો હોય છે.

૫. ન. જૈન મત પ્રમાણે એ નામનું એક સ્વર્ગ.

તુષિત નામના સ્વર્ગમાં બોધિસત્ત્વ પૃથ્વી ઉપરના પોતાના છેલ્લા જન્મની રાહ જોતા બેઠા હતા. હરભાઈ

૬. વિ. ફોતરાંવાળું.

તુષિતભવન ન. જૈન મત પ્રમાણે એ નામનું એક સ્વર્ગ.

બોધિસત્ત્વ તુષિતભવનમાં રહ્યા રહ્યા વિચાર કરે છે. પુરાતત્ત્વ

તુષિતા [સં.] સ્ત્રી. (પુરાણ) સ્વારોચિષ મન્વંતરમાંના બે સિરા નામના ઋષિની એ નામની સ્ત્રી.

તુષોદક જુઓ તુષાંબુ.

તુષ્ટ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. એક માત્ર પરમાનંદસ્વરૂપ હોવાથી તે તુષ્ટ કહેવાય છે.

૨. પું. (પુરાણ) હસ્તિનાપુર રાજાનો એ નામનો પ્રધાન.

૩. વિ. સંતોષ પામેલું; પ્રસન્ન થયેલું.

તુષ્ટતા [સં.] સ્ત્રી. પ્રસન્નતા; સંતોષ.

તુષ્ટપુષ્ટ ૧. [સં. તુષ્ટ (પ્રસન્ન) + પુષ્ટ (સુદૃઢ)] વિ. રાજીખુશી.

૨. વિ. સુખી; સમૃદ્ધિવાળું.

તુષ્ટમાન વિ. પ્રસન્ન, સંતોષ પામેલ. રાજીખુશી

તુષ્ટિ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; અનંતની સ્ત્રી. વિષ્ણુપુરાણમાં તુષ્ટિ નામની દેવીની પ્રીતિ છે.

૨. સ્ત્રી. ચંદ્રની સોળ માહેની એક કળા. અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, પૂર્તિ, રાકિણી, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા એ ચંદ્રની સોળ કળાનાં નામ છે

૩. સ્ત્રી. જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે સિવાય બીજા પદાર્થમાં તુચ્છપણાની બુદ્ધિ; તૃપ્તિ; સંતોષ; ઇચ્છા પરિપૂર્ણ થવાથી તૃપ્તિની થતી લાગણી; આનંદ; પ્રસન્નતા. ચાર પ્રકારની આધ્યાત્મિક ને પાંચ પ્રકારની ઐંદ્રિક તૃપ્તિ મળી નવ પ્રકારની તુષ્ટિઓ થાય છે. સાંખ્યકારિકામાં એમ બતાવ્યું છે કે: પ્રકૃતિ જ મુક્તિનું હેતુભૂત વિવેકજ્ઞાન આપવી એમ ધારી આત્મચિંતનમાં સંતોષ માનવો તે કામ તુષ્ટિ. માત્ર સંન્યાસ લઈ સંતોષ માનવો તે ઉપાદાન તુષ્ટિ વિવેકજ્ઞાનની પરમ સમાધિરૂપ મેઘ નામક સમાધિ થયે સંતોષ માનવો એ ભાગ્ય તુષ્ટિ. એ ચાર તુષ્ટિઓને આધ્યાત્મિક તુષ્ટિઓ કહે છે, અને તેનાં અંભસ, સલિલ, અમ્બ અને વૃષ્ટિ એવાં નામ રાખવામાં આવ્યાં છે. શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ એ પાંચ વિષયોના અર્જન અક્ષોભ પ્રાપ્તિ, રક્ષણ, ક્ષય, ભોગ અને હિંસારૂપી દોષ જોઈ ઉપરામ પામવો એથી પાંચ ઇંદ્રિયતુષ્ટિઓ થાય છે. આ સંબંધે ગીતા રહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: જ્યારે અલક્ષ્મી આસીર્વાદ આપે છે ત્યારે માત્ર શાંતિ આપો એમ કહીને બેસી રહેતા નથી, પણ શાંતિ, પુષ્ટિ અને તુષ્ટિ પણ આપો એમ કહે છે. એટલે શાંતિની સાથે પુષ્ટિ અને તુષ્ટિ પણ જોઈએ જ એમ પરંપરાથી મનાતું આવ્યું છે. માત્ર શાંતિથી જ તુષ્ટિ થતી નથી એ જેવો જો આશીર્વાદોનો અભિપ્રાય હોય તો તે આશીર્વાદ સ્વરૂપમાં પુષ્ટિ એ પદ દાખલ કરવાનું કંઈ કારણ ન હતું. તથાપિ પુષ્ટિની જોડલે આધિભૌતિક સુખની, બેશુમાર દાનધર્મ રાખવી એ પણ જોગ નથી. માટે શાંતિ અને પુષ્ટિ તથા તુષ્ટિ એ બધે યોગ્ય પ્રમાણમાં તમને પ્રાપ્ત થાઓ અને તે તમારે ગેબનશીન જ જોઈએ એવો આ સ્વરૂપનો આશીર્વાદ છે.

૪. સ્ત્રી ભગવાનની બાર માહેની એક શક્તિ. દેવીરહસ્યમાં ભગવાનની બાર શક્તિઓનાં નામ આ પ્રમાણે આપ્યાં છે: ધી, કીર્તિ, પુષ્ટિ, ગિરા, કાંતિ, તુષ્ટિ, ઉષા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા.

૫. સ્ત્રી. સોળ માહેની એ નામની એક માતૃકા.

૬. સ્ત્રી. સ્વાયંભૂ મન્વંતરમાંના દક્ષે ધર્મ ઋષિને આપેલી દસ માહેની એ નામની એક કન્યા. એના પુત્રનું નામ સંતોષ હતું.

તુષ્ટિદાન [સં.] સ્ત્રી. સંતોષ આપવો તે; સંતોષવું તે.

તુષ્ટિદાયક વિ. સંતોષ આપનારું.

તુષ્ટિપુષ્ટિ [સં.] સ્ત્રી. સંતોષ આપી પ્રસન્ન કરવું તે; મનનું સમાધાન કરી પોતે પ્રસન્ન થવું તે

તુષ્ટિપ્રદ [સં.] વિ. સંતોષ આપનારું; તુષ્ટિ અર્પનારું.

તુષ્ટિભાજન [સં.] વિ. કૃપાપાત્ર; મહેરબાનીને યોગ્ય.

તુષ્ટિમાન પું. (પુરાણ) ઉગ્રસેનના નવ માહેનો એ નામનો એક પુત્ર; કંસનો ભાઈ.

તુષ્ઠ [સં.] પું. એક જાતનું દર્ભજાતીય ઘાસ; કામમાં પાથરણ કરવાનો એક કાંસકો.

તુષ્ણ પું. શિવનાં હજાર માહેનું એક નામ.

તુષ્ણીક [સં.] વિ. મૌનધારી.

તુષ્ય [સં.] પું. મહાદેવ.

તુષ્યમાન [સં. તુષ્યમત્] વિ. સંતુષ્ટ; પ્રસન્ન થયેલું. તુષ્ટમાન. તુષ્યમાન શુદ્ધરૂપ છે, જ્યારે તુષ્ટમાન એ અશુદ્ધ છે.

તુસ ૧. [સં.] પું. તુષ; અનાજનું ફોતરું; ઘૂસું.

૨. [પ્રા.] પું. ભરી, ડોલરો આદિ હલકું ધાન્ય.

૩. [અ.] ન. નવમો ભાગ.

તુસખાર [પ્રા.] સ્ત્રી. ફોતરાં બાળવાની જગ્યા.

તુસમતિ સ્ત્રી. બરફનું એક જાતનું પક્ષી.

તુસારકર [પ્રા.] પું. ચંદ્ર; તુષારકર.

તુસિત [પ્રા.] પું. (જૈન) લોકાંતિક દેવોની નવ માહેની એ નામની એક જાતિ.

તુસિયો પું. એક જાતનું ધરેણું.

તુસી ૧. [હિં.] સ્ત્રી. વહી.

તુલ્યપાન [સં.] ન. સ્વજાતિ લોકો સાથે ભળીભળીને આનુપીનું તે.

તુલ્યપ્રાધાન્ય [સં.] કું. (કાવ્ય) અપ્રધાન કાવ્યના આઠ મહેનો એક ભેદ તેમાં વાચ્ય અને વ્યંગ્ય સરખાં પ્રગટ થાય છે.

તુલ્યપ્રાધાન્યવ્યંગ્ય [સં] પુ. જેમાં વાચ્યાર્થ કે વ્યંગ્યાર્થ બરાબર હોય તે વ્યંગ્ય.

તુલ્યબલ ૧. [સ.] ન. સમાન બળ.
૨. વિ. સમાન બળવાળું

તુલ્યબલવિરોધ [સં.] કું. (વેદાંત) જુદી જુદી જગ્યાએ રહેનારા બે પદાર્થ એટલે બે વચ્ચનો, બે વાક્યો વગેરે પોતપોતાના સ્થળમાં બળવાળાં છતાં તે બંને એક વખતે એક જ સ્થળમાં આવે ત્યારે તે બને વચ્ચે જણાતો વિરોધ.

તુલ્યભાગ [સં] કું. સરખો ભાગ.

તુલ્યભાવન [સં.] ન. સરખા પદાર્થનું એકીકરણ.

તુલ્યયોગિતા [સં] કું. (કાવ્ય) કાવ્યના ૪૫ મહિનો એ નામનો એક અલંકાર. જ્યાં કદી અથવા કર્યાંય તુલ્યધર્મનો યોગ થાય ત્યાં તુલ્યયોગિતા અલંકાર છે. માત્ર પ્રસ્તુતોના અથવા માત્ર અપ્રસ્તુતોના આધારથી ધર્મનું એક વાર કથન કર્યું હોય તે પણ તુલ્યયોગિતા કહેવાય છે.

તુલ્યયોગી [સં. તુલ્ય (સમાન) + યોગિન્ (જોડાયેલું)] વિ. સમાન સંબંધ રાખનાર.

તુલ્યરચનાત્મક [સ.] વિ. સમાન બનાવટવાળું; 'હોમોમોર્ફિક.'

તુલ્યલંબક [સં] કું. (ગણિત) સમલંબક; સમાંતરદ્વિબાજુ ચતુષ્કોણ; 'ટ્રૅપેઝિયમ.'

તુલ્યવિત્તિવેદ્યત્વ [સં.] ન. એક જાતનું જ્ઞાન વિષયત્વ.

તુલ્યસ્પર્શવક્ર [સં.] કું. (ગણિત) જે વક્રની સ્પર્શરેખાનું સ્પર્શબિંદુ અને એક આપેલી સ્થિતિથી બીજી વચ્ચેનો લંબ અમુક નિશ્ચિત લંબાઈનો હોય તે વક્ર; એક સીધી દોરી જેતલ ઉપર હોય તેનાથી કાટખૂણાની દિશામાં તેના એક છેડાને ખેંચવાથી થતો વક્ર; 'ટ્રેક્ટ્રિક્સ.'

તુલ્યાનુરાગ [સં. તુલ્ય (સમાન) + અનુરાગ (પ્રીતિ)] કું. સમાન પ્રીતિ.

તુલ્યાર્થતા [સં. તુલ્ય (સમાન) + અર્થ (ભાવ) + તા (પણું)] સ્ત્રી. સરખાપણું.

તુલ્યાવરથારૂપ વિ. (સંગીત) કોઈ સ્વર તેની આગળના સ્વરની શ્રુતિઓમાં જાય તો તે આગલો સ્વર અને બે કદાચ પાછળ સ્વરની શ્રુતિઓમાં અર્ધ પાછો હઠે તો તે પાછળો સ્વર, તે બંને આગલા તથા પાછલા સ્વરોના સમાનપણાની અવસ્થારૂપ.

તુલ્યાંતર [સ.] વિ. સમકાલીન; એકજ સમયનું.

તુલ્લ ૧. ન. (પ્રાકૃત) માપ.
૨ [સ. તુલ્ય] વિ બરાબર; સરખું.

તુલ્લભાગ [સં.] કું. સરખો ભાગ.

તુલ્લાદુઆ ન. બે નામની કોડીએ રમવાની એક રમત.

તુલ્લી [હિ.] સ્ત્રી. ઝરણ તે.

તુલ્વલ [સં.] પુ. એ નામનો એક ઋષિ.

તુવર ૧. [સં.] કું. તુવેરનો છોડ.
૨. કું. તૂરો રસ.
૩. કું. દાઢીમૂછ વગરનો નપુંસક.
૪. પુ. સીંગડા વગરનો બળદ.
૫. સ્ત્રી. એ નામની અપ્સરાની એક જાત.
૬. સ્ત્રી. એ નામની રજપૂતોની એક પેટા જાત.
૭. સ્ત્રી. તુવેર; એક જાતનું કઠોળ. તુવેરમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં છે: (૧) પ્રોટેઇન એટલે પિષ્ટજન્ય ૨૨૪, (૨) ફેટ એટલે ચરબી ૪૦૬, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે ચોખ્ખાજન્ય ૧૬૦૧૬, (૪) ક્ષારો ૬૫૦, (૫) પ્રજારક અ ૬૧૬, (૬) પ્રજારક બ ૪૨, (૭) પ્રજારક ક ૦ અને (૮) આયર્ન એટલે લોહ ૦
૮. સ્ત્રી. કટકડી.
૯. ન. એ નામની અટકનું માણસ.
તૃપ્રતાદિ ચૂર્ણ ન. એક જાતનું દવામાં ઉપયોગી મિશ્રણ. તેમાં મુખ્ય આંપધિ તૃપ્રત, ઉદુમ્બર, પીપળા, સંઠ, મુનક્ક અને મધ છે. તે રેચક, પ્રતિપરિવર્તક, પેટનો આફરો મટાડનાર અને કફજિયત, અપચો તથા અતિવાત દૂર કરનાર મનાય છે. સંધિવા, પક્ષઘાત, જલોદર અને વિષાદપૂર્ણ ઉન્માદમાં પણ તે વપરાય છે. દરેક વિરેચક ઔષધમાં તૃપ્રત હોય છે. તે ½ થી ૧ તોલાની માત્રામાં પાણીની સાથે અપાય છે.

તૃપ્રનાઈ સ્ત્રી. તૃષ્ણા; તીવ્ર ઇચ્છા.

તૃપ્રિર પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

તૃપ્રી સ્ત્રી. ઢોકમાં પહેરવાનું એક ઘરેણું.

તૃપ્ર ૧. [સં.] સ્ત્રી. એ નામે કામધેનુની કન્યા.
૨. અ. ક્રિ. (ધાતુ) તરસ લાગવી. તે ઉપરથી અનેક શબ્દ: તૃષા, તૃષિત, તૃષાર્ત, તૃષ્ણા, તરસ, તલસવું.
૩. અ. ક્રિ. તીવ્ર ઇચ્છા પ્રગટવી; ઝંખવું.

તૃપ્રમાન [સં.] વિ. સંતુષ્ટ; ખુશી.

તૃપ્રા ૧. સ્ત્રી. (વૈદક) એક જાતનો રોગ. તરસ બહુ લાગવી એ તાવનું મુખ્ય ચિહ્ન છે. જ્યારે તાવ ચડે છે ત્યારે સખત તરસ લાગે છે. તે સિવાય કોઢરાના દરદીને અને મધુપ્રમેહના દરદીને તરસ બહુ સખત હોય છે. તેઓ ગમે તેટલું પાણી પીએ તોપણ તેમની તૃષા છીપતી નથી. કેટલીક વખતે સખત તૃષા લાગવાની સાથે સખત ઊલટી પણ હોય છે અને કરડી પાણી પીએ કે તરત ઊલટી વાટે કાઢી નાખે છે.
૨. [સં] સ્ત્રી. કામધેનુની એ નામની પુત્રી.
૩. સ્ત્રી. તરસ; પિપાસા, પ્યાસ.
૪. સ્ત્રી. તૃષ્ણા; તીવ્ર ઇચ્છા; આકાંક્ષા; સ્પૃહા; મનકામના; મરજી; વાસના.
૫. સ્ત્રી. લાંબરિકી; એક જાતની વનસ્પતિ; ક્ષોપ
૬. સ્ત્રી. લોભ; લાલચ.

તૃપ્રાક્રાંત [સં. તૃષા (તરસ) + આક્રાંત (હુમલો)] વિ. બહુ તરસ લાગી હોય એવું.

તૃપ્રાજન્ય [સં.] વિ. તરસથી ઉત્પન્ન થયેલું.

તૃપ્રાતુર ૧. [સ] વિ. તરસથી પીડાતું; તરસથી આકુળ; તરસ્યું.
૨. વિ. તીવ્ર ઇચ્છાવાળું; આકાંક્ષી.

તૃપ્રાનલ [સં. તૃષા (તરસ) + અનલ (અગ્નિ)] પું. તરસ કે તૃષ્ણારૂપી અગ્નિ.

તૃપ્રાનાશક [સં.] વિ. તરસ મટાડનાર.

તૃપ્રાભાવ [સ.] પું. તરસ ન લાગવી તે.

તૃપ્રાભૂ [સં.] સ્ત્રી. મૂત્રાશય; પેટમાં જળ રહેવાનું સ્થાન; કોથમ; હરસના નીચેના ભાગમાં પેટની અંદર માંસપિંડના આકારનો અવયવ.

તૃપ્રાર્ત ૧. [સં.] વિ. આકાંક્ષી; ઇચ્છાવાળું; અભિલાષાવાળું.
૨. વિ. તરસથી પીડાતું, તૃષાતુર; તરસ્યું, તરસથી આકુળ.

તૃપ્રાર્ત્ત જુઓ તૃપ્રાર્ત.

તૃપ્રાલુ [સં.] વિ. તરસ્યું; તૃષિત; તૃષાર્ત; તૃષાવાળું; પ્યાસી.

તૃપ્રાવંત જુઓ તૃપ્રાલુ.

તૃપ્રાવાન જુઓ તૃપ્રાલુ.

તૃપ્રાસ્થાન જુઓ તૃપ્રાગૃ.

તૃપ્રાહ ૧. [સં.] ન. પાણી; જળ.
૨. ન. મધુરિકા; વરિયાળી.

તૃપ્રાહારા [સં.] સ્ત્રી. વરિયાળી. તરસ લાગી હોય તો વરિયાળી ખાવાથી તરસ છીપે છે માટે તે તૃપ્રાહારા કહેવાય છે.

તૃપ્રાળુ જુઓ તૃપ્રાલુ.

તૃપ્રિત ૧. [સં.] ન. તરસ લાગવાનો એક જાતનો રોગ.
૨ વિ આકાંક્ષાવાળું; ઇચ્છુક; અભિલાષી.
૩. વિ. તરસ્યું, તૃષાલુ; પ્યાસી.
૪. વિ. લોભી; લાલચુ.

તૃપ્તિતોત્તરા [સં] સ્ત્રી ગોકર્ણીનું વેલ; અસનપર્ણી, પટસન.

તૃપ્ત્રુ જુઓ તૃપ્રુ.

તૃપ્રુજ ૧. [સં.] વિ. તરસ્યું.
૨. વિ. લોભી, લાલચુ; તૃષ્ણાવાળું.

તૃપ્રુષ્ણા ૧. [સં.] સ્ત્રી. અતિઇચ્છા; અભિલાષા; કામના, લાલસા
આશાથી બંધાયા રાય નહિ ભીખંતને પણ ભીખંતને, તૃપ્રુષ્ણા તથાપિ તેજ થઈ ખારા મહીં નહિ અંત જે;
તત્ત્વ આ નહિ જનરાયને અધિરાયને પણ રાજતા, રે ચક્ષ મૃત્યુ બોલ બોલું હાલ હુંગી અરાય ના. વિહારી
૨. સ્ત્રી. એક જાતનો રોગ
૩ સ્ત્રી. તૃષા; તરસ; પિપાસા.
૪. સ્ત્રી. લોભ, લાલચ.

તૃપ્રુક્ષય [સં.] પું. નિર્વાણ; શાંતિ; તૃષ્ણા ન રહેવાપણું; મનની ઇચ્છાઓનો નાશ.

તૃપ્રુક્ષાતુર [સં.] વિ. ઇચ્છાવાળું; આકાંક્ષાવંત.

તૃપ્રુત્પવિકત્ય [સં.] ન. ખૂબ કપડાં ઢોરી તે.

તૃપ્રુત્પારિ ૧. [સં.] પું પિત્તપાપડો.
૨. વિ. તૃષ્ણાનો નાશ કરનાર

તૃપ્રુત્પાલુ ૧. [સં.] વિ. તરસ્યું.
૨. વિ. તૃષ્ણાવાળું; લાલચુ; લોભી.

તૃપ્રુત્પાશામક જુઓ તૃપ્રુત્પારિ.

તૃપ્રુત્પાળુ જુઓ તૃપ્રુત્પાલુ.

તૃપ્રુત્પીયુદ્ધ [સં.] ન. એક જાતની લડાઈ. તેમાં ષડ્યંત્ર દ્વારા સામા મુખ્ય મુખ્ય માણસને પોતાના પક્ષમાં લેવામાં આવે છે.

તૃસદસ્યુ [સં] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

તૃહ્ ૧. [સં.] સ. ક્રિ. ઈજા કરવી.
૨. સ. ક્રિ. મારવું; મારી નાખવું; હિંસા કરવી; વધ કરવો.

તૃહની [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

તૃ ૧. [સં.] અ. ક્રિ. અધિષ્ઠાતા અર્થ.
૨. અ. ક્રિ. જીવવું.
૩. અ. ક્રિ. (ધાતુ) તરવું; પાર જવું. તે ઉપરથી અનેક શબ્દ: તરણ, અવતાર, ઉત્તર, તરવું, તરંગ.
૪. અ. ક્રિ. પરાભવ કરવો.

તે ૧. પું. અરબી ભાષાનો ત્રીજો અને ફારસી ભાષાનો ચોથો અક્ષર. અબજદ પદ્ધતિ પ્રમાણે તેની ૪૦૦ની કીમત છે.
૨. [સં. તદ્] સ. વાત કરનાર અને સાંભળનાર નહિ પણ જેને માટે વાત થતી હોય એ વ્યક્તિ;

બે જણ વાત કરતા હોય તેમાં તેઓ જે ત્રીજા વિષે બોલતા હોય તે; ત્રીજો પુરુષ એકવચન સર્વનામ; પ્રાણી, વસ્તુ કે વિષય વગેરે ઓળખાવનારો નામને ઠેકાણે આવતો શબ્દ.

૩. વિ. એ; પેલું.

૪. [સં.] અ. તારા વડે; તારાથી; તું વડે.

તેજસ્વી [પ્રા.] વિ. તેજસ્વી; શરીરના તેજવાળું.

તેજન્યા પું. તરિયો તાવ; જણ જણ દિવસને અંતરે આવતો તાવ.

તેજેંદ્રિય [પ્રા.] પું. શરીર, મોઢું અને નાક એ ત્રણ ઇંદ્રિયવાળો જીવ.

તેજેં દ્રિયકાય જુઓ તેજેંદ્રિય.

તેજેસ વિ. તેજીલું; રૂડું.

તેઉ ૧. પું. અગ્નિ.

૨. પું. ગરમી; તાપ; અંગારો.

૩ [સં. તેજસ્] ન. તેજ; પ્રાણબળ.

તેઉકાય [સં. તેજસ્કાય] પું. (પ્રાકૃત) અગ્નિનો જીવ; અગ્નિકાય.

તેઉલેસા [પ્રા.] સ્ત્રી. તેજુલેશ્યા.

તેઉલેસ્સા જુઓ તેજુલેશ્યા.

તેઓડી (તેઓડ઼ી) સ્ત્રી. ગુસ્સે થવું તે.

તેઓલેસ્સા જુઓ તેજુલેશ્યા.

તેઓંઢા વિ. ઝાંખી નજરવાળું.

તે કરતાં ૧. અ. એથી વધારે.

૨. અ. તોપણ; એમ છતાં પણ.

તેખ ૧. સ્ત્રી. ખંત.

૨. સ્ત્રી. તજવીજ; ખોજ.

૩. સ્ત્રી. તેખડું; જણની ટોળી; જણનો સમૂહ.

૪. સ્ત્રી. જણ જણ વચ્ચે કરાવેલું કન્યાનું સાટું

૫ સ્ત્રી ત્રેવડ; કરકસર.

તેખડ (તેખડ઼) જુઓ તેખ.

તેખડું (તેખડ઼) ૧. ન. જણ જણ વચ્ચે કરાવેલું કન્યાનું સાટું; જણ અથવા વધારે પશુ વચ્ચે એક જાતનો કન્યા લેવા દેવાનો કરાર; તેખાળું.

૨. ન. જણની ટોળી; જણનો સમૂહ.

તેખતાડો (તેખતાડ઼ો) પું. રોફ; મિજાજ.

તેખળાં જુઓ તેખડ઼

તેખાળું જુઓ તેખડ઼

તેખાર પું જણ વખત ખેડવું તે.

તેખાર્યું વિ. તીક્ષ્ણ; ધારવાળું.

તેખે અ. તે જગ્યાએ; ત્યાં.

તેખેડું (તેખેડ઼ું) ૧. ન. જણ જણ વચ્ચે કરાવેલું કન્યાનું સાટું.

૨. ન. જણની ટોળી; જણનો સમૂહ.

તેગ ૧. પું. અવાજ.

૨. [અ] સ્ત્રી. તરવાર; શમશેર; ખડ્ગ.

તેગડા (તેગડ઼ા) સ્ત્રી. એક જાતની સુંદર વેલ, ત્રિપુટી; વિષદાઈ, નિશોત.

તેગડિયો (તેગડ઼િયો) જુઓ તેગડી.

તેગડી (તેગડ઼ી) પું. એક જાતનો ઘોડો.

તેગધર વિ. જગવાન; મજબૂત

તેગમ અ. તે તરફ; લા, તે બાજુ.

તેગા ૧. પું. કમાનવાળો દરવાજો.

૨. પું. ચલકુરતીનો એક ઢાળ.

૩. [સં.] સ્ત્રી. એ નામે એક દેવતા.

૪. સ્ત્રી. કટાર.

૫. સ્ત્રી. તરવાર.

તેગાર પું. વિત્ત; ધન.

તેગિચ્છા [સં. ચિકિત્સા] સ્ત્રી. (પ્રાકૃત) ચિકિત્સા; રોગની તપાસ.

તેગિચ્છિયસાલા [સં. ચૈકિત્સિકશાલા] સ્ત્રી. (પ્રાકૃત) દવાખાનું; ઔષધશાલા.

તેગું ન. જણું; શક્તિ.

તેગો ૧. પું. નાની તરવાર; કટાર.

૨. પું. શક્તિ; હાજરી; ગેરહ.

તેજ ૧. [સ.] સ્ત્રી. કિ. તીક્ષ્ણ કરવું.

૨. સ્ત્રી. કિ. પાણીદાર; રસદાર કરવું.

તેજ ૧. [સં. તેજસ્] પું. અગ્નિ; ચૈતન્યાત્મક જ્યોતિ.

૨. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૧૮ લઘુ મળી ૪૧ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૩. પું. ગંજીફાનાં પાનાનો આઠ માંહેનો એ નામનો એક રંગ.

૪. પું. વિષ્ણુના સત્તર અવતાર માંહેનો દશમો અવતાર.

૫. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૭. ન. અપમાન વગેરે ન સહન કરવારૂપી નામકના આઠ માંહેનો એક સાત્વિક ગુણ.

૮. ન. ઉત્સાહ; હોંશ; ખત.

૯ ન. ગરમી; ઉષ્ણતા; તાપ.

૧૦. ન. ગુસ્સો.

૧૧. ન. ઘોડાનો વેગ.

૧૨. ન. (જૈન) છ માંહેની એક લેશ્યા. કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ એ ૬ પ્રકારની લેશ્યા છે.

૧૩. ન. જળ; પાણી.

૧૪. ન. જોમ; બળ; જોર; પરાક્રમ; વીર્ય. પ્રભાવ.

૧૫. ન. તેજી; પ્રચંડતા.

૧૬. ન. દમદાટો. દમામ; ભભકો, દાબ.

૧૭. ન. પાંચ ભાવેનું એક ઝગઝગતું તત્ત્વ; પંચમહાભૂતોમાનું એક તત્ત્વ; અગ્નિતત્ત્વ.

૧૮. ન. પિત્ત

૧૯ [સ.] ન. પ્રકાશ; રોશની; ઝગઝગાટ; ચળકાટ. તેજનાં મોજાંની ગતિ દર સેકંડે ૧,૮૬,૩૨૫ માઈલ છે. તેજ પદાર્થ નથી, પરંતુ તે એક શક્તિ અથવા ગતિ છે. તેજોમય વસ્તુના બધા જ કીણ અણુઓ કંપી રહે છે. આ કંપન ઈથરમાં ગતિ ઉપજાવે છે. આ ગતિ પાણીનાં મોજાંઓને મળતી છે. સાંખ્ય મતમા તેજમાં જણ ગુણ માનેલા છે: રૂપ, શબ્દ અને સ્પર્શ. ન્યાય કે વૈશેષિક મત પ્રમાણે તેજના બે પ્રકાર છે: નિત્ય અને અનિત્ય. પરમાણુરૂપમાં તે નિત્ય અને કાર્યરૂપમાં તે અનિત્ય છે. શરીર, ઇંદ્રિય અને વિષયના ભેદથી અનિત્ય તેજ જણ પ્રકારનું થાય છે. આખા શરીરમાં વ્યાપ્ત તે શરીરતેજ. જોવાની, સાંભળવાનું તેજ. જેથી રૂપ આદિનું જ્ઞાન થાય તે ઇંદ્રિયતેજ. જેમકે, નેત્રનું તેજ. વિષયતેજ ચાર પ્રકારનું છે: ભૌમ, દિવ્ય, ઔદાર્ય અને આકરજ. બાર્યા વગેરે બાણવાથી બનતું તેજ તે ભૌમ તેજ. જેવી શક્તિથી કે આકાશમા દેખાય તે દિવ્ય તેજ. જેમકે, વીજળી. ઉદરમાં રહેનું અને ખોરાક પચાવનું તેજ તે ઔદાર્ય તેજ. બનીજ પદાર્થોમાંનું તેજ તે આકરજ તેજ. જેમકે. સોનાનું તેજ. શરીરમાં તેજ રહેવાથી સાહસ અને બળ આવે છે, ખોરાક પચે છે અને શરીર સુંદર બને છે.

૧. તેજ પડવુ = (૧) બળવાનું પડવું; પ્રકાશ આવવો. (૨) ઝબાઈ જવું; શેહ પડવી; દબાઈ જવુ. (૩) ઝાંખું પડવું. (૪) પ્રકાશવુ, ચોળવુ.

૨. તેજ પાડવુ = દબાણ પાડવો; છાપ મારવી; શેહ પાડવી.

૩. તેજ મારવુ = ચમકવું; દીપવુ.

૪. તેજમાં આંબવુ = શરમ પડી જવી, દબાઈ જવું; સામા મોટા માણસના રોફ કે શેહથી નહિ બોલાવું.

૨૦. ન. બીજાને અજિલવ પમાડવાનું સામર્થ્ય.

૨૧. ન. માખ્યુ.

૨૨. ન. માન; પ્રતિષ્ઠા; શેહ; જામા; શરમ. તેજસ્વિતા, તેજસ્વી વૃત્તિ દરેક મનુષ્યમાં હોવી જોઈએ. અપમાન સહન નહિ કરવું જોઈએ. અહિંસા, અક્રોધ, ક્ષમા વગેરે શબ્દોથી તથા ખાસ કરીને 'નાતિમાનિતા' શબ્દથી અપમાન સહન કરવું તથા દુઃખ, કષ્ટ, અપમાન સહન કરવુ એવો કેટલાક લોકો અર્થ કાઢે છે; પરંતુ

ગીતાને એ અર્થ અનીષ્ટ નથી. તેજસ્વિતા સાથે નાતિમાનિતાનો સંબંધ જોવો જોઈએ. તેજસ્વીપણું એ દૈવી સંપત્તિનું પ્રધાન અંગ છે. દૈવી સંપત્તિવાળા ઉત્તમ પુરુષોની અમુક પ્રકારની પ્રભા પડે છે, જેને લઈને તેમની હજરીમાં આસુરી પ્રકૃતિવાળા વિષયી પુરુષો પોતાનાં બરાબર આચરણ કરતા શરમાઈ જઈને, તેવા શ્રેષ્ઠ પુરુષોના કહેવા પ્રમાણે સારા કામ કરે છે. આનું નામ તેજ કહેવાય છે. વૈરાગ્યવાન દૈવી સંપત્તિવાળા પુરુષ કે જેની વિવેક દ્વારા વિષયાદિક માયિક પદાર્થોમાં દોષની દૃષ્ટિ થઈ ગઈ હોય છે, તે પુરુષોને જે પ્રકારે સ્ત્રીધન વગેરે માયિક તુચ્છ પદાર્થો લલચાવી શકતા નથી, તેને પણ તેજ કહે છે.

૨૩. ન. શોભા; દેદીપ્યમાનપણું.

૨૪. ન. સત્ત્વ ગુણથી બનાર લિંગ દેહ.

૨૫. ન. સમવાય સંબંધે કરીને ઉષ્ણ સ્પર્શવાળું દ્રવ્ય.

૨૬. ન. સાર; સત્ત્વ.

૨૭. ન. સોનું.

૨૮. સ. તે અરૂ; એ જ; માત્ર તે.

૨૯. વિ. ચંચળ; સ્ફૂર્તિવાળું; જાગૃતિવાળું.

૩૦. વિ. ઝડપવાળું; નહિ મંદ એવું; અબુસ્તુ.

૩૧. વિ. જોરવાળું; બહું આતુર; બહું ઉત્સુક.

૩૨. વિ. તીક્ષ્ણ; તીખું; આકરું; ઉગ્ર; જલદ.

૩૩. વિ. સામુ. કુલની સામાન્યતઃ બે જાત હોય છેઃ સાચાં ને ખોટાં. જેમકે, ગુલાબ, ડોલર, ચંપેલી આદિ સાચાં કુલો કહેવાય છે અને કરેણ, તગડ વગેરે ખોટા પુષ્પો કહેવાય છે.

પરાગે તેજ પુષ્પોની ઝાકળી હિલની ખિલી,
ખૂશ્બો ગુણી સમા કેને અમારાં કૂલડાં હિલી.

(પદ્મ.ટી)

તેજઅંબાર પું. તેજનો ઢગલો.

તેજઓઘ જુઓ તેજઅંબાર.

તેજકલા જુઓ તેજકિરણ.

તેજકિરણ [સં] ન. પ્રકાશની રેખા.

તેજકુંડલ [સં.] ન. પ્રકાશનું કુંડાળું.

તેજકુંડળી જુઓ તેજકુંડલ.

તેજકુંડાળું જુઓ તેજકુંડલ.

તેજગી જો, બાલી; સુગંધી; તેજી

તેજગોલક [સં.] પું. સૂર્ય; સરજ.

તેજઘેન ન. તેજથી ઓઢાઈ જવું તે.

તેજચક્ર [સ.] ન. તેજનું કુંડાળું.

બુદ્ધના મસ્તકને ફરતું તેજચક્ર છે. એ તેજચક્ર જેની જાતનું છે કે તેમની નિયમિત આકૃતિઓ, તેમના વાંકડિયા વાળ, તેમનો પદ્મરંગ અને આશ્ચિનાંકનો તેમનો અભિનય વગેરે સારી તેનાં એ ખ્રિસ્તી દેવમોમાના સંગેનું આબેહૂબ ચિત્ર ખડું કરે છે. પુરાતત્ત્વ

તેજજ્વાલ વિ. તેજસ્વી; તેજોમય.

તેજડિયો (તેજડિયો) પું. તેજના ભાવમાં વેપાર ખેલનાર આબુસ.

તેજણ જો. એક જાતની કાઠિયાવાડી ઘોડી, ચનચનાટ કરતી ઘોડી.

સિંહભૂમિ સુવર્ણભૂમિ તીખી તેજણ તારોતાર,
પ્રેમસૌંદની ઘડવીર ભૂમિ કરે કુદા ઘણકાર.
સહુ મુજ સોરઠના ઘણઘાટ.

વિહારી

તેજતિમિર [સં.] ન. તેજ અને અંધકાર.

તેજદાર ૧. વિ. ચાલાક; ચબરા.

૨. વિ. તેજવાળું; તેજસ્વી; ચમકદારવાળું, પ્રકાશિત.

૩. વિ. બળવાળું.

તેજધારી [સં. તેજધારિન્] વિ. તેજસ્વી, પ્રતાપી; જેના ચહેરા ઉપર તેજ હોય એવું.

તેજન ૧. પું.;ન. ઘાસ; અનાજ.

૨. [સં.] પું.;ન. મુંજ ઘાસ; કાસ ઘાસ.

૩. પું.;ન. ઘાસ.

૪. ન. તાંબું.

૫. ન. તેજ કરવું તે; તીક્ષ્ણ કરવું તે.

૬. ન. પાનબાજરિયું.

તેજનક [સં.] ન. મુંજ ઘાસ; કાસડો.

તેજનિધાન [સં.] પું. તેજનો ભંડાર.

તેજની ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો, મોરવેલ.

૨. સ્ત્રી. તેજબલ નામની વનસ્પતિ.

૩. વિ. મૂર્ખ.

તેજન્યા જુઓ તેજની ૧, ૨

તેજપત્તા પું. દાલચીનીની જાતનું એક ઝાડ. તે લંકા, દાર્જિલિંગ, કાંગરા તથા આસિયા પર્વતની ઝાડીમાં થાય છે. તેનાં પાન દાળશાકમાં મસાલા તરીકે નખાય છે. જ્યાં અમુક વખત સુધી સારો વરસાદ વરસ્યા પછી આકરો તાપ પડે છે ત્યાં આ ઝાડ સારી રીતે ઘણે છે. પરેલાં સાત સાત કૂટને અંતરે આ ઝાડ વાવવામાં આવે છે. પાંચ વર્ષનું થયા પછી તેના રોપને બીજે સ્થાને વાવે છે. રોપ્યા પછી પાંચ વર્ષે ક્રમ આવે એવાં પાંદડા તેને આવવા લાગે છે. દર વર્ષે આસોથી માગશર સુધી અને કોઈ કોઈ વાર ફાગણ સુધી તેનાં પાંદડાં તોડવામાં આવે છે. સાધારણ ઝાડનાં પાંદડા દર વર્ષે અને જૂનાં તથા દુર્બળ ઝાડનાં પાંદડાં દર બીજે વર્ષે લેવામાં આવે છે. દરેક ઝાડમાંથી દર વર્ષે ૧૦થી ૨૫ શેર પાંદડાં મળે છે. પાંદડાં સુગંધી હોવાથી મસાલા તરીકે દાળશાક વગેરેમાં નાખવામાં આવે છે. પાંદડાં દવામાં પણ વપરાય છે. વૈદ્યકમાં તેને લઘુ, ઉષ્ણ તથા કફ, વાત, આમ અને અર્શને દૂર કરનાર મનાય છે.

તેજપત્ર ૧. ન. એક જાતનું ઝાડ તેના પાન ચાર પાંચ આંગળ લાંબાં અને એકાદ આંગળ પહોળાં હોય છે. તેનો મસાલામાં ઉપયોગ થાય છે, તે રાનિદાયક, ઉત્તેજક અને સુગંધી છે. તેનું તેલ સુગંધી માટે ગરમ મસાલામાં નાખવામાં આવે છે. તેની ઝૂકી ઝૂખ ન લાગતી હોય અને ઊલટી થતી હોય ત્યારે આપવામાં આવે છે તે મધ્ય હિમાલય, પૂર્વ બંગાળ અને બરમામાં ઊગે છે.

૨. [સં.] ન. તમાલપત્ર.

તેજપંજર પું. તેજનો ઢગલો.

તેજપાત ન. તમાલપત્ર.

તેજપાત ૧. પું. તજ

૨. પું. તમાલપત્ર.

તેજપુંજ ૧. પું. તેજની મૂર્તિરૂપ નારદ મુનિ.

૨. પું. તેજનો ઢગલો.

૩. પું. વરસાદ થતાં પહેલાં અંતરિક્ષ પાણીના ભારથી ઝાંઝાંઝાં થઈ રહે તે તેજનો સમૂહ; ઝાંઝાંગટ.

તેજપ્રસારક સામર્થ્ય ન. રશ્મિશક્તિત્વ; રેડિયમ ધર્મ. આ સામર્થ્ય કેટલાક પદાર્થોમાં છે. જેમકે, યૂરેનિયમ, થારણલવણ, રેડિયમ, થોરિયમ, પ્લેનિયમ, ઍક્ટિનિયમ. આ પદાર્થો દ્રવ્ય પ્રકાશની સાથોસાથ પોતાના તેજોમય સૂક્ષ્મ પરમાણુ પણ બહાર ફેંકે છે.

તેજપ્રસારક્ષ સામર્થ્ય જુઓ તેજપ્રસારક સામર્થ્ય.

તેજબલ ૧. ન. ઊંચા આવવાળું બળ.

૨. ન. ચેપારે બજારોકાર આસતો હોય તે સ્થિતિ.

તેજબલ જી એક જાતની વનસ્પતિ. તે તીખી, ઉષ્ણ, કડવી, અગ્નિદીપક, પાચક, અરુચિહર, કૃમિને હિતકર તથા કેશહિતકારક છે. કફ, વાયુ, પિત્ત, ઉધરસ, દમ, વિષ, ઊલટી, અગ્નિમાદ, અર્શ તથા મુખ રોગનો તે નાશ કરતી મનાય છે. દાંતનો દુખાવો, અવાળુ સડવાં, મોઢું આવી જવું વગેરે રોગોમાં તે મોંમાં રાખવાથી આરામ થતો મનાય છે. આ છોડ ગંગોત્રી અને હરદ્વારના અરણ્યમાં થાય છે. તેનાં પાન નાનાં ઝીણાં અને ડાળ પરથી તીખી, રાતા રંગની અને ચોમી હોવાથી મરચાંને બદલે વપરાય છે. તેને ચૂંદવાથી

રસ નીકળે છે. છાલ લીલી ને લીલી તથા રસ બરાબર દેખાય તેટલા માટે ચાંપી ચોડો તે ઉપર પાણી છાંટે છે. આ છાલ ચેટપીડ, ચૂંક, અજીર્ણ વગેરે ઉપર અપાય છે. મદાગ્નિને તે પ્રદીપ્ત કરે છે. તેની માત્રા ૧ થી ૨ વાલની છે.

તેજબાસ કું. પ્રકાશનો દેખાવ.

તેજમતુરી ૧. [સં.] સ્ત્રી. રાખ.
૨. સ્ત્રી. સોનાની રેતી.

તેજમાન ૧. ન. પ્રકાશનું માપ.
૨. વિ. તેજસ્વી; પ્રકાશવાળું.

તેજરેખા [સં.] સ્ત્રી. પ્રકાશનું કિરણ.

તેજલ ૧. [સં.] પું. પક્ષિજન્ય પક્ષી; તેતર.
૨. પું. ચાતક; પપૈયો.
૩. વિ. તેજવાળું; પ્રકાશમય.

તેજવત્ જુઓ તેજવાન.

તેજવતી [સં.] સ્ત્રી. સરપીપર નામની વનસ્પતિ.

તેજવર્ધક [સં.] વિ. શક્તિ આપનારું.

તેજવર્ધક ૧. [સં.] પું. સૂર્ય; સૂરજ.
૨. વિ. તેજ વધારનારું.

તેજવવું ૧. સ. ક્રિ. દીપાવવું; શોભાવવું.
૨. સ. ક્રિ. પ્રકાશમય કરવું.

તેજવંત જુઓ તેજવાન.

તેજવાન ૧. વિ. ઉત્સાહી.
૨. [સં. તેજવત્] વિ. ચમકાટવાળું; તેજવાળું; બળકાટદાર; તેજસ્વી; કાંતિવાન.
૩. વિ. પુષ્ટ.
૪. વિ. વીર્યવાન; પરાક્રમી; બળવાળું; તાકાતવાળું.

તેજવાહક જુઓ તેજવાહી.

તેજવાહી વિ. તેજને વહન કરનાર; તેજ ફેલાવનાર.

તેજવૃત્તિ સ્ત્રી. ગુસ્સો.

તેજસ્ જુઓ તેજ.

તેજસ ૧. પું. અગ્નિ.
૨. પું. (જૈન) તેજસ શરીરને યોગ્ય પુદ્ગલસ્કંધનો સમૂહ.
૩. ન. તેજસ શરીર; ખોરાકનો રસ નિષ્પન્ન પચાવી પરિણમાવનાર શરીર.

તેજસકર ૧ [સં.] વિ. તેજ કરનાર; કાંતિ કરનાર.
૨. વિ. પ્રદીપ્ત કરનાર; ઉત્સાહ આપનાર.
૩. વિ. ચમકારક; શક્તિ આપનારું

તેજસકરનિધિ [સં.] પું. શિવના ઘરેણા માંહેનું એક નામ.

તેજસકણિકા સ્ત્રી. (જૈન) તેજુલેશ્યા ઉત્પન્ન કરવાની શક્તિ

તેજસકસમુદ્‌ઘાત સ્ત્રી. (જૈન) સાત માંહેની એ નામની એક સમુદ્‌ઘાત; તેજસસમુદ્‌ઘાત.

તેજસકામ [સં.] વિ. તેજ ઇચ્છનાર.

તેજસતત્ત્વ [સં.] ન. શરીરમાં રહેલાં પાંચ માંહેનું એક તત્ત્વ. તેનો રંગ રાતો છે, પ્રસરવા રૂપ ગુણ છે, ત્રિકોણના જેવી આકૃતિ છે અને ભેદાગ્રય ઊર્ધ્વદિગ્વ્યાપાર છે.

તેજસત્વ [સં.] ન. તેજનો ગુણ

તેજસપતિ [સં.] પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

તેજસ્ય [સં.] પું. અગ્નિદેવ; શિવ

તેજસ્વિતા ૧. [સં.] સ્ત્રી. તેજ; તેજસ્વીપણું; ચમકાટ; ઝગઝગાટ; શોભા; ઉજ્જ્વળતા
૨. સ્ત્રી ઇચ્છા, આકાંક્ષા, રોહ પડે એવો ભારી દેખાવ.

તેજસ્વિની ૧. [સં.] સ્ત્રી. ચાંદની રાત
૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.
૩. સ્ત્રી. તેજદાર કે. તેજસ્વી સ્ત્રી.
૪. સ્ત્રી. તેજબલા નામની વનસ્પતિ.
૫. સ્ત્રી. નક્ષત્રાદિક ઝગઝગાટ કરી રહ્યાં હોય એવી રાત્રિ.
૬. સ્ત્રી. માસકલાયણી.
૭. વિ. સ્ત્રી તેજસ્વી; તેજવાળી

તેજસ્વી ૧. [સં. તેજસ્વિન્] પું. (પુરાણ) ઇંદ્રનો એ નામનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઇંદ્ર. વર્તમાન કાળમાં આ ઇંદ્રનું રાજ્ય ચાલે છે
૩. પું. (પુરાણ) ભોકુણનો એ નામનો એક ગોપ અને કૃષ્ણનો મિત્ર.
૪. પું. (પુરાણ) વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ
૫. વિ. ઉમદા; જાનદાર.
૬. વિ. કોઈને પણ રોહ પડે એવું; રૂઆબી દમામદાર દેખાવનું.
૭. વિ. ચબરાક, ઉત્સાહી, ચાનચાકુ
૮. વિ. તેજદાર; ચમચમ થઈ રહે એવું, પ્રકાશિત; ચકચકિત; ઝગારું; બળકાટદાર.
૯. વિ. પ્રભાવશાળી; પરાક્રમી, પ્રતાપી, બળવાન.
૧૦. વિ. સુંદર, શોભાનું; રૂઆબું, દેખાવડું; ભવ્ય

તેજસ્સમુદ્‌ઘાત પું. (જૈન) તેજુલેશ્યા મૂકતી વખતે જીવ પ્રદેશનું વિસ્તરવું અને પ્રકૃત પ્રકૃતિનું નિર્જરવું તે.

તેજસ્સંક્રાંતિવ્રત [સં.] ન. સંક્રાંતિને દિવસે સુંદર કોડિયું તૈયાર કરી તેમાં દીવો કરી ઉપર લાડુ રાખી બ્રાહ્મણને તે આપવાનો વિધિ

તેજહારી [સં. તેજસ્ (તેજ) + હારિન્ (હરનાર)] વિ. સત્ત્વ હરી લેનારું; તેજ લઈ લેનારું

તેજહીન વિ. તેજ વિનાનું.

તેજાંબાર પું. તેજનો જથ્થો

તેજાકાય ૧. [સં.] પું. (જૈન) ત્રસજીવના બે માંહેનો એક ભેદ. અગ્નિકાય; અગ્નિનો જીવ.
૨. વિ. અગ્નિમાં ઉત્પન્ન થનું.

તેજાકાયિક જુઓ તેજકાય.

તેજાપુદ્‌ગલપરાવર્ત [સં.] ન. (જૈન) જીવના સર્વ પ્રકારના તેજસ શરીરરૂપે જેટલા વખતમાં પરિણમવાને છોડી દેવાને તેટલા વખત.

તેજાપુંજ ૧. [સં.] પું. પ્રકાશનો ઢગલો
૨. વિ. ઘણું તેજસ્વી

તેજાપ્રધાન [સં.] વિ. તેજવાળું.

તેજાફૂલ [સં.] ન. તેજબલા વૃક્ષ; એક વનસ્પતિનું ઝાડ.

તેજાબ ૧. [સં.] ન. ખમાસ સૂર્યમંડળ વખતે સૂર્ય ચિત્રમય થી નીકળતી વિવિધ આકારની સળ જ્વાળા.
૨. ન. સુવર્ણના તેજોનાશની આસપાસ કરવતના દાંતા જેવું તેજોમય આવરણ. તેજો કટકાવરણ કહે છે. તે કટકાવરણના વચલા ભાગમાંથી લાલ અથવા રૂપાળી કેસની જ્વાળા બહાર આવે છે. આ જ્વાળાઓ કોઈ વાર ચોડી હોય અને કોઈ વાર વધારે હોય છે. સૂર્ય ઉપર ડાઘ નથી હોતા તે વખતે આ જ્વાળાઓ પણ મુદલ હોતી નથી. તેજોગોળથી તે કોઈ કોઈ વાર પાસસો માઈલ ઊંચી હોય છે અને કોઈ વાર એક લાખ માઈલ ઊંચે જાય છે. શુમારે બસો વર્ષ પહેલાના એક અનુમાનમાં તેજઃક્ષુબ્ધ દેખાવાનો ઉલ્લેખ છે, પરંતુ તે તરફ જ્યોતિષીનું વિશેષ લક્ષ ગયાને તો શુમારે એક સૈકો જ થયો છે.
૩. ન. સૂર્યમાંથી નીકળતી જ્વાળા

તેજાશૌચ [સં.] પું. અગ્નિ વગેરેથી કરાતી પવિત્રતા

તેજા ૧ [?] પું. ચૂનો બનાવતા બનાવેલ એક પ્રકારના કાળો રંગ. તેનાથી રંગેલા મોરપંખી રંગ બનાવે છે.
૨ સ્ત્રી કૃષ્ણ પક્ષની રાત્રિ.
૩. સ્ત્રી. ચાબુક; ચાબુકની સ્ત્રી.

તેજાવલી ૧. સ્ત્રી. એ નામની ઇલાયચીજાતિ વનસ્પતિ, ફળની તથા બીજની લટકા.

૨. ન એ નામની અટકનુ માણસ

૩. વિ એ નામની અટકનુ.

તેજધીરા વું ભાવન જલરશ્મિ દેવતા માદેનો એ નામનો એક.

તેજનો પું. જે આધાથી શરીરમા હોશિયારી ને ગરમી આવે તેવુ વનસ્પતિદ્રવ્ય; જે આધાર્યા શરીરને ભાગૃતિમાં રાખી બળ આપે તે વશાણ; તજ, લવિંગ, બલાયચી વગેરે ગરમ મસાલા, શરીરને તેજ આપે, ધમધમાટ કરી નાખે એવુ દ્રવ્ય.

તેજાબ [ફા. તેજ (તીક્ષ્ણ) + આબ (પાણી)] પું. અત્યત ખાટુ જલદ પ્રવાહી; અમ્લદ્રાવ; ગંધક વગેરે કેટલાંક દ્રવ્યમાંથી બનતું અતિ જલદ પ્રવાહી સત્ત્વ. તેજાબનુ વિશિષ્ટ લક્ષણ એ છે કે, ક્ષાર નામનો મધ્યસ્થ પદાર્થ બનાવવાને તે ક્ષરમ નામના રસાયણયુક્ત સંયુક્ત પદાર્થની સાથે મળી શકે છે. તેજાબ એક રસાયણ છે, જેમાં ઉદ્જનક વાયુ એક ભાગ તરીકે રહેલા હોય છે. અથવા ઉદ્જનક વાયુની જગ્યા કલેટ્રો પોઝિટિવ તત્ત્વો અથવા ધાતુઓ લઈ શકે છે. તેજાબ જ્યારે પાણીમાં ઓગળે છે ત્યારે ઉદ્જનક વાયુના અણુઓ પાણીમાં ઉત્પન્ન કરે છે. લેવોઝિયર અને બીજા અગાઉ એમ માનતા હતા કે, તેજાબમાં પ્રાણવાયુ હોવો જ જોઈએ, પણ આ બાબત તેજાબના ખાસ ગુણ તરીકે નથી, એટલે કે તેજાબમાં પ્રાણવાયુ હોય અથવા ન હોય, પણ ઉદ્જનક વાયુ તો છે જ. તેજાબમાં ઉદ્જનક વાયુ હોવો જ જોઈએ તે સાથી પહેલાં ડેવી અને ડ્યુલોન્ગે શોધી કાઢ્યું. આ શોધના ટેકારૂપે તેણે કહ્યું કે, એક જ તેજાબમાં જો એકથી વધારે ઉદ્જનક વાયુના અણુઓ હોય તો આ બધા અણુઓની જગ્યા એક જ તત્ત્વ લઈ શકે અને નોર્મલ સોલ્ટ બનાવે; અથવા તેના અમુક ભાગની જગ્યા લઈ શકે અને એસિડ સોલ્ટ બનાવે; અથવા જુદાં જુદાં તત્ત્વો ઉદ્જનક વાયુના જુદા જુદા અણુઓની જગ્યા લઈ શકે અને કમ્પાઉન્ડ સોલ્ટ બનાવે. ઓર્ગેનિક તેજાબમાં હમેશા કાર્બોક્સિલ નામની જોડી હોય છે. આ જોડીમાંના ઉદ્જનક વાયુની જગ્યા ધાતુ લે છે અને સોલ્ટ બનાવે છે. ઓક્સિડનો ખાસ ગુણ બધુ લિટમસને લાલ કરવાનો છે. આર્ય લોકો ગંધકનો તેજાબ, સુરા અને બીજાના તેજાબની બનાવટથી જાણીતા હતા. સુરોબારનો તેજાબ એ અણુતત્ત્વનો એક ભાગ, નત્રવાયુનો એક ભાગ અને પ્રાણવાયુના ત્રણ ભાગના સંયોજનથી બનેલો સંયુક્ત પદાર્થ છે.

તેજાબી [ફા.] વિ. તેજાબ સંબંધી.

તેજાયરસ [સં ન. તેજનું લાંછણ.

તેજાળ ૧. ન. સત્ત્વ; સાર; તત્ત્વ.

૨. વિ. તેજવાળું; પ્રકાશિત.

તેજાળું વિ. તેજવાળું.

તેજાંબર [સં. તેજસ્ (તેજ) + અંબર (લૂગડું)] ન. તેજરૂપી લૂગડું.

તેજિત ૧. [સં.] વિ. ચાલાક; તેજયુક્ત.

૨. વિ. તેજ કરાયેલું; ઉશ્કેરાયેલું; ઉત્તેજિત.

૩. વિ. તેજસ્વી; તીક્ષ્ણ કરેલ; બળવાન કરેલ.

તેજિની [સં.] સ્ત્રી. તેજેતરી; તેજબળ નામની વનસ્પતિ

તેજિષ્ઠ ૧. [સં.] વિ. અતિ તીક્ષ્ણ.

૨. વિ. અતિશય તેજસ્વી.

૩. વિ. પુષ્કળ પરાક્રમવાળું.

૪. વિ. બહુ જ પુષ્ટિકારક.

તેજી ૧. [ફા. તાજ (અરબી ઘોડો)] પું. અરબ; તીખા સ્વભાવનો ઘોડો; તુરગ.

તેજીને ટકોરો ને બંદૂકને ઠપકો = ચંચળ અથવા જોને સ્વાભિમાનની તીવ્ર લાગણી હોય તેને થોડું કહેતાં પણ સમજી જાય અને મૂર્ખ સ્વાભિમાન રહિત હોય તે માર મારતા પણ સમજે નહિ.

૨. સ્ત્રી. આશ્ચર્યની ચાલી અને સ્ફૂર્તિ.

૩. સ્ત્રી. ઉત્સાહ.

૪ સ્ત્રી. ઉત્કર્ષ; ચઢતી; બઢતી; આબાદી.

૫ સ્ત્રી. ઉત્સાહ; જાગૃતિ; હોંશ; સ્ફૂર્તિ.

૬. સ્ત્રી. ચઢતો ભાવ બોલાવો તેજ ઘરાક; ભાવતાલનું ઊંચે જવું કે વધવુ તે; મોંઘા; મોંઘવારી.

૭. સ્ત્રી. તેજસ્વિતા; તેજ; પ્રકાશ; ચળકાટ.

૮. સ્ત્રી. પ્રચંડતા; પ્રબળતા; ઉગ્રપણું.

૯. સ્ત્રી. ક્ષીણતા; ઉતાવળ.

૧૦. વિ. તીક્ષ્ણ; ઉગ્ર; આકરું; તીખુ

૧૧. વિ. તેજવાળું; ચપળ; સ્ફૂર્તિવાળું; ચાલાક.

૧. દડુ માર્યે તેજી કરે = નાના અથવા હલકાને કાંઈ કહેતાં મોટુ અને ચંચળ હોય તે કરે કે રખેને મારી ઓ વસે થાય, તેથી ઘટતી ચાલે ચાલે.

૨. તેજી ન સહે ચાબખો, શૂર ન સહે હુકાર = ચાલાક માણસ સહેજ પણ ઠપકો અને શરવીર માણસ જરા પણ માનભગ સહન કરતો નથી.

૩. તેજીએ તેજી અને મંદીએ મંદી દેખાય = મનના જેવા વિચાર તેવી દૃષ્ટિ હોય.

તેજીમંદી સ્ત્રી. ચઢતીઉતર થતા ભાવની રૂખ; ભાવની વધઘટ થવી તે; ભાવની ચઢતીઉતર. ચઢતો ભાવ તે તેજી ને ઊતરતો ભાવ તે મંદી કહેવાય.

તેજીલું ૧. વિ. ચપળ; ચાલાક; હોશિયાર.

૨. વિ. તેજ; તીક્ષ્ણ ધારવાળું. પાણીદાર.

૩. વિ. તેજસ્વી. પ્રકારવાચક.

તેજુલેશ્યા સ્ત્રી. (જૈન) નપથી મળતી એક જાતની શક્તિ, જેના વડે કોઈને શાપની પેઠે બાળી શકાય.

તેજેયુ [સં] પું (પુરાણ) એ નામનો એક રાજા; રૌદ્રાશ્વનો એ નામનો પુત્ર.

તેજો ૧. પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

૨. પું. પેટ ચાલતુ એક જાતનુ જંતુ.

તેજોગતગુણ [સં.] પું. (વેદાંત) રૂપ, સ્પર્શ, સખ્યા, પરિમાણ, પૃથકૃત્વ, સયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ અને વેગ એવા તેજમાં રહેલા અગિયાર ગુણ

તેજોગોલ ૧. પું. દૂરબીનમાંથી સૂર્યને જોતાં તેના બિબની આસપાસ વાયુરૂપ દેખાતાં આવરણો ભાદ કરતાં બાકીનો મધ્ય ભાગ આવતો બિબરૂપ ભાગ; ફોટો સ્ફીઅર.'

૨. પું સૂર્ય; સૂરજ.

તેજોગોળો જુઓ તેજગોલ.

તેજોજવલ [સં.] વિ. તેજથી ઉજ્જવલ બનેલું.

તેજોદાયક [સં.] વિ. બલવર્ધક; શક્તિ આપનારું.

તેજોદુર્બલતા [સં.] સ્ત્રી. નિઃસત્ત્વપણું; બાદીનતા.

તેજોદુર્બળતા જુઓ તેજોદુર્બલતા.

તેજોદ્રવ્ય [સં.] ન. (વેદાંત) પ્રકાશ. તે બે પ્રકારનું છે: નિત્ય તેજ અને અનિત્ય તેજ. તેમાં પરમાણુરૂપ તેજ નિત્ય છે અને દ્વયણુકાદિ કાર્યરૂપ તેજ અનિત્ય છે. અનિત્ય તેજ તૈજસ શરીર, તૈજસ ઇંદ્રિય અને તૈજસ વિષય એમ ત્રણ પ્રકારનું છે. તેમાં તૈજસ શરીર અયોનિજ છે અને તે સૂર્યલોકમાં પ્રસિદ્ધ છે. રૂપનું ગ્રહણ કરનાર ચક્ષુ ઇંદ્રિય તે તૈજસ ઇંદ્રિય કહેવાય છે. તૈજસ વિષય ભૌમ, દિવ્ય, ઔદર્ય અને આકરજ એમ ચાર પ્રકારનો છે. તેમાં પ્રસિદ્ધ અગ્નિનું નામ ભૌમ તેજ છે. વિદ્યુત વગેરે દિવ્ય તેજ છે, જઠરાગ્નિ એ ઔદાર્ય એટલે પેટમાનું તેજ છે અને સુવર્ણાદિ આકરજ એટલે ખાણમાંથી નીકળેલું તેજ છે. તેજમાં રૂપ અને સ્પર્શ ગુણ રહેલા છે. તે ઉપરથી તેના ચાર પ્રકાર થઈ શકે છે: ઉદ્ભૂતરૂપ ઉદ્ભૂત સ્પર્શવાન. જેમકે, સૂર્ય, અગ્નિ વગેરે. અનુદ્ભૂતરૂપ અનુદ્ભૂત સ્પર્શવાન. જેમકે, ચક્ષુ; ઉદ્ભૂતરૂપ અનુદ્ભૂત સ્પર્શવાન. જેમકે, સુવર્ણ, ઉદ્ભૂત સ્પર્શ અનુદ્ભૂત રૂપવાન. જેમકે, ઉષ્ણોદક.

તેજોદ્વેષ [સં.] કું. કોઈની ચડતી સહન ન થવાપણું; કોઈના ઉત્કર્ષની અદેખાઈ થવી તે.

તેજોનાથ [સં.] કું. એ નામનું એક તીર્થ.

તેજોનિધિ [સં.] કું. તેજનો ભંડાર.

તેજોપહારી ૧. [સં. તેજોપહારિન્] કું. શિવનાં ઝનૂર માંહેનું એક નામ.
૨. વિ. તેજસ્વી; પ્રકાશમય.

તેજોપ્રકાશાપક [સં.] ન. પ્રકાશનું જ્ઞાન આપવાનું સાધન.

તેજોબિંદુ [સં.] સ્ત્રી; ન. એકનો આઠ ભાગનું એ નામનું એક ઉપનિષદ. કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ.

તેજોબિમ્બ જુઓ તેજોમંડલ.

તેજોભંગ [સં.] કું. પ્રતિષ્ઠાનો ભંગ; માનહાનિ.

તેજોમય ૧ [સં.] કું શિવનાં ઝનૂર માંહેનું એક નામ.
૨. વિ. તેજરૂપ; તેજયુક્ત; તેજસ્વી; ખૂબ તેજવાળું; પ્રભાવશાળું; તેજથી ભરેલું.

તેજોમયમૂર્તિધર [સં.] કું. શિવનાં ઝનૂર માંહેનું એક નામ.

તેજોમંડલ ૧. [સં] કું. સૂર્ય.
૨. ન. સૂર્ય, ચંદ્ર વગેરે આકાશીય પદાર્થોની આસપાસનું તેજનું કૂંડાળું; દીપ્તિમંડલ; પ્રભામંડલ.

તેજોમંડળ જુઓ તેજોમંડલ.

તેજોમંથ [સં.] કું. ઝવેરીનું કામ.

તેજોમાલા [સં.] સ્ત્રી. દીપ્તિ.

તેજોમૂર્તિ ૧. [સં.] કું. આકાશનો ગોળ.
૨. કું. રવિ; સૂર્ય; સૂરજ.
૩. વિ. તેજમય; તેજની મૂર્તિ જેવું; પુષ્કળ તેજવાળું.

તેજોમૂર્ત્તિ જુઓ તેજોમૂર્તિ.

તેજોમેઘ [સં.] કું. અતિ પ્રકાશમય વાયુનો અથવા વરાળનો સ્વયંપ્રકાશપુંજ; અગ્નિમેઘ. તદ્દન સ્વચ્છ આકાશમાં નરી આંખે કદીક મેઘ જેવા અથવા આકાશમંડળ જેવા તેજના નાના નાના પુંજ દેખાય છે, તે અતિ પ્રદીપ્ત વાયુના અથવા વરાળના સ્વયંપ્રકાશપુંજ છે. આવા ઘુમાડે બાંધ્યા ઝનૂર તેજોમેઘ૨ો પણ્યો લાગ્યો છે. કેટલાક તેજોમેઘના આકાર મઢના જેવા ગોળ હોય છે. તેમને મઢાકાર તેજોમેઘ કહે છે. કેટલાક આવર્તાકાર એટલે ચાણીમાની ભમરી જેવા અને કેટલાક વલયાકાર એટલે અંગૂઠી આકાર ગોળ વીંટી જેવા હોય છે. કેટલાકના આકાર અનિયમિત હોય છે. એકાદો તેજોમેઘ એકાદા તારાની આસપાસ પથરાયેલો હોય છે. તેજોમેઘની ઉત્પત્તિ સંબંધમાં હોકીંસર નામે પ્રખ્યાત અંગ્રેજ જ્યોતિષીનો મત આ પ્રમાણે છે: તેજોમેઘ, તારા, ગ્રહ, ધૂમકેતુ, અગ્નિ એ બધાની ઘટના મુખ્યતઃ એક જ દ્રવ્યમાંથી થઈ છે આરંભમાં આકાશમાં એક પ્રકારનાં વાયુઓનાં અતિ સૂક્ષ્મ પરમાણુ પ્રસરેલાં હતાં. તેમાંથી પહેલી હાઇડ્રોજન અથવા હાઇડ્રોજનના જેવો જેવો વાયુ ઉત્પન્ન થયો. આમાંનાં પરેલાં તત્ત્વ તેજોમેઘમાં અને સૂર્યના અતિ ઉષ્ણ ભાગોમાં હાઇડ્રોજન સાથે યુક્ત થયાં. આ બે તત્ત્વમાંથી સૂક્ષ્મ રજકણ ઉત્પન્ન થયાં. તેમાંથી મેગ્નેશીયમ, કાર્બન, ઓક્સિજન, લોખંડ, સીલીકોન, ગંધક એ તત્ત્વો ઉત્પન્ન થયાં. આ રજકણ હાલમાં પણ આકાશમાં ઘોડાં ઘોડાં નથી. આકાશમાં આ જે રજકણ ઉત્પન્ન થયાં તેને આપણે અગ્નિ પરમાણુ કહીએ છીએ. તેમાં આકર્ષણ અને અતિ ઘોરને લીધે તેના જુદા જુદા સમુદાય બનીને તેમના અંશમાં અક્ષમમય અતિ ઉત્પન્ન થાય છે. આ રજકણ સમુદાયનું આકર્ષન થવાને લીધે તેમ જ જુદા જુદા સમુદાયોનું મિલન થતાં તે પરસ્પર અથડાવાને લીધે તેમા ઉષ્ણતા થઈ તેમનું ગરીબવન થઈ જાય છે. એવા રજકણ સમુદાયોનો તેજોમેઘ બનેલો છે અને પછી તેના તારા બને છે. તેજોમેઘ, ધૂમકેતુ અને તપ્ત અગ્નિકણ એ ત્રણેના વર્ણપેક્ષોમાં ઘણું મળતાપણું દોષ છે. માલમ પડે, એક અતિ સૂક્ષ્મ તત્ત્વમાંથી હાઇડ્રોજન, તેમાંથી તેજોમેઘ અને તેમાંથી તારા અને ગ્રહ ઉત્પન્ન થયેલા છે અને અગ્નિ પરમાણુમાંથી જ ધૂમકેતુ અને અગ્નિ થયા છે. હજીયે ઘુમારે પાંચ હજાર તેજોમેઘ જોયા કહેવા છે. જ્યાં તારા બહુ બીચાબીચ ત્યાં તેજોમેઘ તદ્દન ઓછા અને જ્યાં તારા બહુ છૂટાછવાયા ત્યાં તેજોમેઘ સમજવા છે. આકાશગંગાના અભ્યાસી બંને તરફ પંદર પંદર અંશ જેવો ગોળ અંશનો પટો લઈએ આકાશમાં પસંદ કરેલો હોઈએ તો તેમાં આકાશના એકદર ક્ષેત્રનો ઘુમારે ચોથો ભાગ આવે છે. દેવયાનીપુંજમાં એક તેજોમેઘ છે. અર્ધ પાનડાંના કાચમાંથી નરી આંખે તે દીવા જેવો દેખાય છે. અભિજિતના અભિજોધના બે તારામાં વલયાકાર તેજોમેઘ છે નૌકાપુંજમાનો કૃષ્ણવિકારી તારો અને મૃગમાનો આદ્રા અને નવમો તારો, એની આસપાસ એક એક તેજોમેઘ છે. કૃત્તિકાના ચોથા તારાની દક્ષિણે એક તેજોમેઘ છે મૃગના છઠ્ઠા તારાની આસપાસ બહુ પ્રસિદ્ધ એવા એક તેજોમેઘનો ભાગ આવે છે. હાલના અતિ મોટા દૂરબીનમાંથી આમાં સેકડો તારા દેખાય છે, તોપણ વર્ણલેખ ઉપરથી દેખાયું છે કે તે ઘન પદાર્થ નથી, તપ્ત વાયુ છે અને તેમાં હાઇડ્રોજન અને નાઇટ્રોજન આ બંને વાયુનું મિશ્રણ છે.

તેજોમેઘમત [સં.] કું તેજોમેઘ વિષેની માન્યતા. તેજોમેઘમત પ્રમાણે પૃથ્વી ઉપર પાણી ઉત્પન્ન થયાને આશરે એક કોટિ વર્ષ થયાં છે અને સૂર્યનું વયોમાન બહુ તો બે કોટિ વર્ષ છે. પરંતુ ભૂસ્તરવિદ્યા સંબંધી શોધ ઉપરથી દેખાય છે કે, પૃથ્વીના કવચમાં જે થર છે તે બહુ જલદી બન્યા હોય તો યે તેને ઓછામાં ઓછાં સાત કોટિ વર્ષ થયાં હોવાં જોઈએ અને ધીમે ધીમે બન્યાં હોય તો તેને અઢાવન કોટિ વર્ષ થયાં હોવા જોઈએ. કોર્લ કોર્લનો મત તો તેજોમેઘમત પ્રમાણે સૂર્યથી પૃથ્વી જુદી થયાને આશરે ૬૦૦ કોટિ વર્ષ થયાં છે એવો છે. આ કાળ તંતુજ્યોતિઃશાસ્ત્ર પ્રમાણે જગત ઉત્પત્તિથી પ્રલય થવાને ૪૩૨ કોટિ વર્ષ આગે છે તે કાળથી પણ વધારે છે. તેજોમેઘમાંની ઉષ્ણતા ધીમે ધીમે ઘટતી જઈ તેનું ઘનીભવન થઈ તારાની ઉત્પત્તિ થાય છે, એવો હર્શલનો મત હતો. કેટલાક તેજોમેઘના તારાભવનની ક્રિયા શરૂ થઈ નથી, કેટલાકમાં માત્ર શરૂ જ થઈ છે અને કેટલાકના તારાગુચ્છ થયેલા છે. હાલના વર્ણપેક્ષયંત્ર ઉપરથી તેજોમેઘ સ્વયંપ્રકાશ અને અતિ તપ્ત વાયુરૂપ છે એવું જોવામાં આવ્યું છે અને તેમના રૂપાંતરની જુદી જુદી સ્થિતિ હર્શલને જણાયા પ્રમાણે દેખાય છે. આ ઉપરથી તેના મતને પુષ્ટિ મળે છે અને તેજોમેઘ એ જ નિયમોના જ્યોતિઓનું પૂર્વરૂપ દેખવામાં આવે છે. લાપ્લાસ નામે નામાંકિત ગણિતજ્ઞ ફ્રાન્સમાં થઈ ગયો. તેનો પ્રસિદ્ધ તેજોમેઘમત એવો છે કે, આપણો સૂર્ય પૂર્વે એક પ્રચંડ તેજોમેઘ હતો. તેની આસપાસ વરુણની કક્ષાપર્યંત પ્રસરેલું વાતાવરણ હતું. તેજોમય દ્રવ્ય અને વાતાવરણનાં દ્રવ્ય એ બનેનાં અંશમાં, આકાશમાં આગળ જવાની અને મધ્યની આસપાસ ફરવાની ગતિ હતી. તે બંને ધીમે ધીમે ઠંડાં થયાં. તે યોગને લીધે તેમ જ આકર્ષણ નિયમથી સંકોચ તે પામતાં હતાં. તેથી કરીને વસ્તુસ્થિતિના નિયમ પ્રમાણે અક્ષમમય વેગ વધતો હતો. આમ થતાં થતાં તેમની તદ્દન ઉપરનાં દ્રવ્યના અંશમાં, આકર્ષણથી ઉત્પન્ન થયેલ મધ્યાભિસામિની ગતિ કરતાં અધોનુસારિણી ગતિ વધી જઈને તે સર્વે બીજાં દ્રવ્યથી છૂટાં પડી ગયાં. તે છૂટાં પડેલાં દ્રવ્યોનું એક વલય થયું હોવું જોઈએ. તે વલય અથવા વલયો સૂર્યના વલય પ્રમાણે સૂર્યના શેષ ભાગની આસપાસ ફરતાં રહેલાં હોવાં જોઈએ. તે શેષ ભાગ

આકુંચિત થતે થને જુદાં જુદાં વલયો થયાં હોવાં જોઈએ. ત્યારપછી તે વલયોમાંના વિશેષ ઘન ભાગની આસપાસ બીજા ભાગ ભળી જઈને ગ્રહ બન્યા હોવા જોઈએ. ગ્રહોમાંથી આજ રીતે ઉપગ્રહ થયા હોવા જોઈએ. સૂર્યના વાતાવરણના દ્રવ્યમાનો જે ભાગ બહુ જ વિરલ હશે તેના ક્રાંતિતેજ બન્યાં હોવા જોઇએ.

તેજોયંત્ર ૧. [સં.] ન. અગ્નિ બનાવવાનું એક જાતનું સાધન; સગડ.

૨. ન. મેરુ પર્વત ઉપર આવેલી અગ્નિની એ નામની નગરી.

તેજોરાશિ ૧ [સં.] પું. તેજનો ઢગલો. તેજ પુંજ.

૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. સૂર્ય.

તેજોરૂપ ૧. [સં.] પું. પરબ્રહ્મ; પરમાત્મા.

૨. ન. અગ્નિ કે તેજનું સ્વરૂપ.

૩. વિ. તેજોમય સ્વરૂપવાળું

તેજોલેશ્યા સ્ત્રી. (જૈન) તેજુલેશ્યા; તપોજન્ય એક જાતની શક્તિ. જેના ઉપર તે મૂકવામાં આવે તેને તેનાથી બાળી શકાય.

તેજોવતી ૧. [સં.] સ્ત્રી. અમિરેવની નગરી તે અઢી હજાર યોજન વિસ્તારવાળી છે. તેની સર્વ બાજુએ તેને જ અનુસરતી આઠ લોકપાલોની દિશાઓને યોગ્ય અને રૂપને યોગ્ય એવી અઢી હજાર યોજન વિસ્તારવાળી આઠ નગરીઓ આવેલી છે. અગ્નિ પુરાણમાં અગ્નિની તેજોવતી પુરી છે

૨. સ્ત્રી. ગજપીપર.

૩. સ્ત્રી. તેજબલા; માલકાંકણી નામની વનસ્પતિ.

તેજોવત્સર [સં.] પું. વખતનું એક જાતનું માપ. પ્રકાશ એક વરસ સુધી એટલે કે ત્રણ હરોડ, અગિયાર લાખ ચાર હજાર સેકંડ સુધી દોડીને જેટલું અંતર કાપે તેટલા માર્કલનું અંતર પ્રકાશની ગતિના વિચારમાં નાનામાં નાનો એકમ ગણાય છે ૫,૭૮,૮૪૦ હરોડ માર્કલનું અંતર એ તારાઓનું અંતર માપવાનો એક કામ છે. આ અંતરને તારા જ્યોતિષમાં તેજોવત્સર કહે છે

તેજોવધ [સં.] પું. માનહાનિ; સ્વમાનભંગ.

તેજોવલય [સં.] ન. દીપ્તિમંડળ; પ્રભામંડળ.

તેજોવિકારી [સં. તેજોવિકારિન્] વિ. જેનું તેજ ઓછુંવત્તું થાય એવું

તેજોવિધાન [સં.] ન. તેજમાં ખુલ્લું રાખવું તે.

તેજોવિંદુ [સં.] પું. એ નામે એક ઉપનિષદ.

તેજોવૃક્ષ [સં.] ન. નાની અરણીનું ઝાડ.

તેજોવૃત્ત ૧. [સં.] ન. ઉત્તમ બળ; ઉત્તમ તેજ.

૨. ન. તેજને અનુસરતું ચરિત્ર.

તેજોવૃષ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. આદિત્યરૂપથી વિષ્ણુ સદા તેજ એટલે જલની વર્ષા કરે છે તેથી તે તેજોવૃષ કહેવાય છે.

તેજોવૈશ્યસ્વર્ણલેખક ન. એક જાતનું યંત્ર; જુદી જુદી જાતની ધાતુ પારખવાની તરકીબો વખારે ઓછા પ્રકાશમાં સારો કોટોગ્રાફ લેવા માટે કેટલો વખત ખુલ્લી રાખવી તે બતાવનાર યંત્ર.

તેજોહરણ [સં.] ન. તેજ દૂર થઈ જવાપણું.

તેજોહીન ૧. વિ. જ્ઞાન વિનાનું.

૨. [સં.] વિ. તેજ વગરનું; પ્રકાશ વગરનું; પ્રકાશ રહિત.

તેજોહ્વા [સં.] સ્ત્રી. તેજોવતી; તેજબળા; તેજસ્વિની નામની લતા.

તેઝક પું. એક જાતની સળી.

તેઝો સ્ત્રી. એક જાતનો ઘોડો.

તેઝ જુઓ તેજ.

તેઝઅકલ (તેઝઅકલ) [જા. તેઝ (તેજસ્વી) + અ. અકલ (બુદ્ધિ)] વિ. બુદ્ધિવાળું; ચાલાક.

તેઝકદમ (તેઝકદમ) [જા. તેઝ (ઝડપી) + અ. કદમ (પગલું)] વિ. ઝડપથી ચાલનાર.

તેઝતર્રા જુઓ તેઝઅકલ.

તેઝતાબ જુઓ તેઝઅકલ.

તેઝનાખુન વિ. અણીદાર નખવાળું.

તેઝનિગાહ વિ. તીક્ષ્ણ નજરવાળું.

તેઝપર વિ. ઝડપથી ઊડતું.

તેઝફેહ્મ વિ. સમજવા જેવું.

તેઝબુદ્ધ વિ. બુદ્ધિવાળું; ચાલાક.

તેઝબુદ્ધી સ્ત્રી. તીક્ષ્ણ બુદ્ધિ.

તેઝમિજાજ ૧. વિ. ચાપલ; ચંચળ.

૨. વિ. તમોગુણી; તીખા સ્વભાવવાળું

તેઝમિજાજ જુઓ તેજમિજાજ.

તેઝરફ્તાર વિ. પવનવેગી; ઝડપી.

તેઝી ૧. [ફા.] પું. મુસલમાની વર્ષનો બીજો મહિનો. તે અઘરમુબ્રનિયળા ગણાય છે, કારણ કે મહમ્મદ પેગમ્બર એ મહિનામાં બહુ માંદા હતા.

૨. સ્ત્રી. ઝડપ; તંગી.

૩. સ્ત્રી. અણીવાળું હોવાપણું.

૪. સ્ત્રી. આવેશ; વેગ.

૫. સ્ત્રી. ઉતાવળ; ઝડપ.

૬. સ્ત્રી. ગરમી.

૭. સ્ત્રી. ગુસ્સો; કોપ.

૮. સ્ત્રી. ચડતી; ચડતા ભાવ.

૯. સ્ત્રી. ખુમ્સો; ઉત્સાહ.

૧૦. સ્ત્રી તીખાશ; તીક્ષ્ણતા.

૧૧. સ્ત્રી. બુદ્ધિચાતુર્ય.

૧૨. સ્ત્રી. બોધુ હોવાપણું.

તેઝલામાં ૧. અ. તે વખતમાં; તે વેળાએ જ; તે સમે.

૨. અ. તેટલા વખતમાં; દરમિયાન.

તેટલું [સં. તાવત્ – તેત્તુલ – તેત્તિલ – તેતલુ] વિ. અમુકના જેટલું; અમુક પ્રમાણનું; અમુક માપ, વજન અને સંખ્યાવાળું; કઈ સંખ્યા વગેરેમાં અમુક જેટલું કે અમુક અરાબર.

તેટલે ૧. [સં. તાવત્; અપ. તેત્તહે] અ. તે વખતે; તેટલામાં; ત્યારે; દરમિયાન.

૨. અ. તેટલાથી.

તેઠ (તેઠ) ૧. [સં. તટ] સ્ત્રી. કાંઠો; કિનારો; તીર; તટ

૨. સ્ત્રી કોર; હાંસિયો

૩. સ્ત્રી. તેડવું કે બોલાવવું તે.

૪. સ્ત્રી. પક્ષપાત.

૫. સ્ત્રી. બાજુ; પક્ષ; તરફ.

તેઠકણું (તેઠકણું) વિ. તેડાવવાની ટેવવાળું.

તેઠકું (તેઠકું) ૧. ન. તેડવા આવેલું માણસ.

૨. ન. તેડવાથી જ્યાં રાજી રહેતું બાળક; તેડાવવાની ટેવ પડી ગયેલ બાળક.

૩. વિ. બાળકને કેડે બેસાડી રાખવાની ટેવવાળું.

તેઠણ (તેઠણ) વિ. તેડાવનાર; તેડવા જનાર.

તેડવું (તેડવુ) ૧. સ. ક્રિ. કામરે, બગલે કે બાથે ઊંચકવું; કામરે બેસાડવું.

૨. સ. ક્રિ. જોડે લેવું; સંગાથે લેવું; સાથે લેવું; સામેલ રાખવું.

૩. સ. ક્રિ. નોતરવું; કોઈ જગ્યાએ કોઈને બોલાવવું; આવવાનું કહેવું; ન્યોતવું આપવું; આમંત્રવું.

૪. સ. ક્રિ. બાજુએ બોજાને બોલાવી મંગાવવું; બોલાવવું.

તેડા વિ. (કચ્છી) તેવું.

તેડાઈ (તેડાઈ) સ્ત્રી. ખોટું અભિમાન; અકડાઈ.

તેડાગર (તેડાગર) વિ. તેડી લાવનાર; તેડા કરનાર.

તેડાતેડ (તેડાતેડ) સ્ત્રી. ઉપરાઉપરી બોલાવવું તે; બૂમ પાર તેડવું તે; આગ્રહપૂર્વક વધુ વધુ વાર તેડાવવું તે; વધુ તેડા બોલાવ્યા તે.

તેડાવવું (તેડાવું) ૧. સ. ક્રિ. આમંત્રણ કરવું; નોતરવું; બોલાવવું.
૨. ઇ. ક્રિ. તેડવાની ક્રિયા કરાવવી.

તેડાવાવું (તેડાવાવુ) અ. ક્રિ. આમંત્રણ મળવું; નોતરાવું; બોલાવાવુ.

તેડાવું (તેડવું) અ. ક્રિ. ઊંચકાવું; ઊંચકી શકાવું; ઊંચકી કમરે બેસાડાવું.

તેડી વિ. સ્ત્રી. (કચ્છી) તેની.

તેડું (તેડું) ૧. ન. આફ્રિ.
૨. ન. પ્રેષણ; આમંત્રણ; નિમંત્રણ; નોતરું; બોલાવવું તે.
૩. ન. હાજર થવાનો હુકમ; હુકમ થતાં આવનાર સારું જવાનો મામલો; તેડી કે ઊંચકી જનારનું તેડી જવાનું કહેણ.
૪. [સં. તિર્યક્] વિ. ઊભાર્થમાં વાંકું
૫ વિ. વાંકું; આડું.

તેડુંદડાકું (તેડુંદડાકું) ન. ઢોકારીને બોલાવવું તે.

તેડે (તેડે) અ. પડે, પખવાડે.

તેડો વિ પું. (કચ્છી) તેનો.

તેઃ ૧. [હિં.] સ્ત્રી. આકાર્ષ; વાંકાપણું.
૨. સ્ત્રી. વેર; દુશ્મનાવટ.

તેઢા [મ.] વિ. વાંકું.

તેઢું વિ. વાંકું; આડું.

તેઢો ૧. વિ પું. ચારસાના સંબંધમાં સપિ.
૨. વિ પું. વાંકો.

તેણ ૧. [સં. સ્તેન] પું. (પ્રાકૃત) ચોર; તસ્કર.
૨. સ. તેનો.
નીલાઅંબર બંગ્રેજપટધું, હું પણ એ તેણ.
નરસિંહ
૩. અ. થી; મથી.
૪. અ. સુધી.

તેણપબંધ [સં. સ્તેનબંધ] પું. (પ્રાકૃત) બીજાને જાણવામાં ન આવે એવી રીતે બાંધવું તે; ચોરિયોબંધ.

તેણાહડ (તેણાહડ) [સં. સ્તેનાહૃત] ન. (પ્રાકૃત) શ્રાવકના ત્રીજા વ્રતનો એ નામનો એક અતિચાર દોષ; ચોરી આણેલ માલ લેવો તે.

તેણિય [સં. સ્તૈન્ય] ન. (પ્રાકૃત) ચોરી; અદત્ત વસ્તુનું ગ્રહણ.

તેણી સ. તેનું સ્ત્રીલિંગનું રૂપ; બીજો પુરુષ એકવચનનું સ્ત્રીલિંગનું રૂપ. પારસી અને સુરત તથા મુખ્ય તરફના હિંદુઓ સ્ત્રીને માટે વાપરતા તેણી શબ્દ બોલે છે. પારસી લેખકો જ નહિ પણ હિંદુ લેખકો પણ વાપરે છે, પરંતુ એ રૂપ શિષ્ટ ગણી શકાય તેમ નથી. ભાલ, ગમ, પાસ, ભેર, તરફ, વાર વગેરે અનુગોની પૂર્વે તેને ઠેકાણે પણ તેણી બોલાય છે.

તેણીકોર અ. તે બાજુ; તેણીગમ; લાં; તે તરફ.

તેણીગમ અ. તે તરફ; તે પાસ; તે બાજુ.

તેણો તરફ જુઓ તેણીગમ.

તેણોમેર અ. તે તરફ; તે પાસ; તે બાજુ.

તેણોવાર અ. તે વખતે.

તેણે ૧. [સં. તેન; અપ. તેણ] સ. તેનું ચોથું વિભક્તિનું એકવચન.
૨. અ. તેથી કરીને.

તેણે કરીને અ. એ કારણથી; એથી કરીને; તેટલા માટે; તેને લીધે.

તેણેત્ર [પ્રા.] અ. સ્ત્રી.

તેતર ૧. [સં. તિત્તિર] સ. કુકડા જેવું, પાંખોવાળું, ખેતરોમાંથી દાણા વીણી ખાનારું, એક જાતનું જંગલ પંખી; તીતર. આ પક્ષી જુદા જુદા દેશમાં જાય છે. કાળા તેતરની લંબાઈ ૧૩ ઇંચ હોય છે. નરનું માથું અને કોક કાળા ભૂરાં, ગળાની આજુ, દાઢી અને ગળું કાળાં, ગળાની આસપાસ ચળકતા ભૂરા રંગનો પટ્ટો, પીઠનો ઉપરનો ભાગ કાળો, પીછાંની કોર બદામી અને અંદર સફેદ ટપકાં, પીઠથી પૂછ સુધી કાળો રંગ અને તેમાં ત્રીજી સફેદ લીટી, ગળાના પટ્ટથી નીચલાં પીછાં ઘેરા કાળા રંગનાં અને છાતીની બાજુઓ અને તેના નીચલા ભાગ ઉપર સફેદ ટપકાં હોય છે. માદાને ઉપરના ભાગનાં પીછાં, પાંખો અને પૂછ નરનાં જેવાં પણ કાળાને બદલે ઘેરા ભૂરા રંગનાં અને પટ્ટને બદલે તેને એક બદામી ચાંદું જ હોય છે. તેતર એશિઆ માઇનોર, ગ્રીસ, મેસોપોટેમીઆ અને ઉત્તર હિંદુસ્તાનથી બ્રહ્મપુર સુધી જોવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં આ માનીતું શિકારનું પક્ષી છે. આ પક્ષી ખેતરોમાં જૂથ જૂથ વસ્તીમાં રહે છે. એ ચાર ઇંડાંમાંથી આને ઉકાડી શકાય છે. ઊડે ત્યારે આખું ટોળું એકી સાથે ઊડતું નથી પણ જાણે જથ્થે જથ્થે ઊડે છે. તેની ઈંડા મૂકવાની સંખ્યા ચારથી દસ છે.
૨ [સં તૃતીય] વિ. ત્રીજું.

તેતરબાંધો ૧. પું. ગાનો પટ્ટ નહિ જેવો બાંધો; તલમાં તલબાંવાળો બાંધો.
૨. પું. ચોરી ચારમાં આવે અને ચોરી ચારમા ચાલ્યો જાય એવો બાંધો.

તેતરવો (તેતરવો) જુઓ તેતર.

તેતરવરણું વિ. તેતરના રંગ જેવા રંગનું, ઝીણી ઝીણી ભાતવાળું.

તેતરિયું વિ. તેતરના જેવા રંગનું.

તેતરીસ જુઓ તેત્રીસ.

તેતરીસો ૧. પું. તેત્રીસ બાર સોની સંખ્યા.
૨ વિ પું તેતરીસમો; તેતરીસની સાલનો. જેમકે, તેતરીસો દુકાળ.

તેતરું ૧. [સં તિત્તિર] ન. તેતર; કબૂતરના જેવું, કાળા વીણી ભાતાઈ એક જાતનું પંખી.
૨. ન. સવા ફૂટ લંબાઈની પીળા રંગની ભીંગડાવાળી માછલી. તે દરિયાનો મધ્યમાં રહે છે. ખોરાકમાં તે સાધારણ, તાસ્રતવાળી અને તેમાં કાંટા ખૂબ હોય છે. બળથી તે પકડાય છે.

તેતલિ ૧. પું. એક જાતનું વૃક્ષ.
૨. પું. અંધર્વ સેનાનો નાયક.
૩. પું. મનુષ્યની એ નામની એક જાત.

તેતલિપુત્ર પું (જૈન) તેતલિપુર નગરના રાજા કનકરથનો એ નામનો પ્રધાન.

તેતલિપુર ન. એ નામનું એક નગર.

તેતલે અ. ત્યારે; તે વખતે.

તેત્તીસ [પ્રા.] સ્ત્રી. તેત્રીસની સંખ્યા; ૩૩.

તેત્તિર [સં. તિત્તિર] પું (પ્રાકૃત) તેતર પક્ષી.

તેત્તીસ [પ્રા.] સ્ત્રી. તેત્રીસ; ૩૩.

તેત્રા ૧. ન. એક જાતનું હથિયાર.
૨. [સં. તૃતીય] વિ. ત્રીજું.

તેત્રીસું કઠિયા પું. (પિંગળ) તેત્રિસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ વર્ણવૃત્ત છંદ. તેમાં લઘુ ગુરુનો નિયમ નથી

તેત્રીસ [સં. ત્રયસ્ત્રિંશત્] વિ. ૩૩; ત્રીસ ને ત્રણ.

તેત્રીસમું ૧. વિ. તૃતીયમ; ત્રીજું જ; બાર્યા કરતા જુદું.
તેત્રીસમું આવવું–આમવું–થવું = કાંઈ અણધાર્યું આવી પડવું; બાર્યા કરતાં જુદું જ પરિણામ આવવું.
૨. [સં. ત્રયસ્ત્રિંશત્તમ; અપ. તેત્તીસમ] વિ. તેત્રીસ આંકનું ઊતરતું. ૩૩મું.

તેથી અ. તે માટે; વાસ્તે; સારૂ; તેને લીધે; તેટલા માટે; તે કારણે; તેટલા સારૂ.

તેથી કરીને અ તેને લીધે; તેટલા માટે, તે કારણે.

તેદની [સં.] સ્ત્રી. એ નામે એક દેવતા.

તેધા સ્ત્રી. તલવારની ધાર.

તેન ૧. [સં.] પું. માથાનું એક અંગ.
પગ પાદ, જંઘ, ઉરુપદ, ચિત્ર, તેન, ભિક્ષ ઇત્યાદિ કરણોની આજ્ઞા, ભોજરાજ મુનો પણ

તેમનો ગાયનમાં કેવી રીતે ઉપયોગ કરવો તેનો ક્રમ બતાવી એ અધિકરણ સમાપ્ત કર્યું છે.
પુરાતત્ત્વ

૨. અ. તે માટે; તેથી; તે વારતે; તે સારૂ; તેને લીધે.

તેનક ૧. ન. ગાયન ગાવાની રાગાત્મક નવૈયાઓ જે તનનનરી તોં તનનન વગેરે શબ્દો બોલીને ગાય છે તે; આલાપ.

૨. ન. પ્રબંધના છ અંગોનું એક અંગ.

તેનકસાઈ કું. ભક્તિભોજન કરવા જતાં ઉચ્ચ નીચનો વિચાર ઉત્પન્ન થયો તે.

તેનપાત ન. એ નામનું એક ઔષધ.

તેનવે [સં. ત્રિનવતિ] વિ. ૯૩; ત્રાણું.

તેનાત ૧. સ્ત્રી. તાબેદારી; સેવાચાકરી.

૨. સ્ત્રી સેવાચાકરી કરવા માટેની હાજરી.

તેનાવું અ. ક્રિ. તૈયાર થવું; પક્વ થઈ જવું; પાકવું; પાકી જવું.

તેનાઈ જવું = પાક ઉપર આવી જવું; ફળ કે ઓજર આવવો; તૈયાર થઈ જવું.

તેનું [સં. તસ્ય] સ. (વ્યાકરણ) તેનું બધી વિભક્તિનું એકવચન; તેમનું.

તેન્સી ન. દુધીની જાતનું એક શાક.

તેપચી સ્ત્રી. એક જાતની સિલાઈ.

તેપન [સં. ત્રિપઞ્ચાશત્] વિ. પચાસને ત્રણ; ૫૩.

તેમુનિયાત વિ. બદમાશ; કરામખોર; શુરચું.

તેમ ૧. ન. તાજગી; ચીલાચમપણું.

૨. ન. બીનાક્ષ; બીનાપણું; આર્દ્રત્વ.

૩. [સં. તથા; પ્રા. તહા-તહ; અપ. તિમ-તિવૅ-તેમ-તેવૅ] અ. તે રીતે; તે પ્રમાણે.

તેમણે સ. (વ્યાકરણ) તેનું ત્રીજી વિભક્તિનું બહુવચન.

તેમન ૧. [સં.] ન. ભીનું કરવું તે; આર્દ્ર કરવું તે.

૨. ન. ભેજ; ભીનાશ.

૩. ન. બ્યજન.

૪. ન. શાક કઢી વગેરે પાકું ભોજન.

તેમનું સ. (વ્યાકરણ) તેનું બધી વિભક્તિનું બહુવચન.

તેમ ને તેમ અ. જેમ હોય તેમ જ; મૂળ પ્રમાણે જ; અસલ સ્થિતિમાં.

તે માટે અ. તે લીધે, તે કરણે.

તેમાસિય [સં. ત્રૈમાસિક] વિ. (પ્રાકૃત) ત્રણ માસમાં થનારું

તેય ૧. [સ. તેજસ્] ન (પ્રાકૃત) અગ્નિ.

૨ [સં. સ્તેય] ન. (પ્રાકૃત) ચોરી.

૩. ન. તાપ; સૂર્યનો તડકો

૪. ન. તેજ; કાંતિ; પ્રકાશ.

૫. ન. (જૈન) નામકર્મની એ નામની એક પ્રકૃતિ, જેથી જીવ તેજસ શરીર પામે છે.

૬. ન. (જૈન) સાત માઠેની એ નામની એક સમુદ્‌ઘાત; જુઓ તેજસસમુદ્‌ઘાત.

તેયંસિ [સં. તેજસ્વિન્] વિ. (પ્રાકૃત) તેજસ્વી.

તેયાણુબંધિ [સં. સ્તેયાનુબન્ધિન્] ન. (પ્રાકૃત) ચોરને મારવા સબંધીનું રૌદ્ર ધ્યાન.

તેયાલ [પ્રા.] વિ. તેતાળીસ; ૪૩.

તેયાલિ ન. એક જાતનું ઝાડ.

તેયાલી [પ્રા.] વિ. તેતાળીસ; ૪૩.

તેયાલીસ [પ્રા.] વિ. તેતાળીસ.

તેયાહિય [પ્રા.] કું. તરિયો તાવ; ત્રણ દિવસે આવતો તાવ.

તેર [સં. ત્રયોદશ; પ્રા. તેરહ] વિ. દસ ને ત્રણ, ૧૩.

તેરખરી ગ્રીશ (તેરખડી ગ્રીશ) સ્ત્રી. ગોપાટમાં તર આનાં જથ્થાં ત્રીશ જથ્થાની એક રીત.

તેરસ (તેરમ) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલ સુંદર દેખાવનાં અને રંગે પીળાં અથવા રાતાં હોય છે.

તેરસુ ન. એક જાતનો કુલછોડ. તેને રાતા રંગનાં ફૂલ આવે છે. ફૂલમાં વાસ હોતી નથી. આ ફૂલથી ગાઢ સુશોભિત લાગે છે. તે કડવું, રવાદુ અને શીતળ છે તથા ઊલટી, વણ અને બરાબ સ્વરનો નાશ કરે છે.

તેરતાંસણી સ્ત્રી. ૧. એક ભાલે જમે એવી તેર જાત. તેર તાંસળીમાં બળતી હોમ રબારી, આહીર, ગમર, કરડિયા, સમવારા, ચૌહિયા કોળી વગેરે છે.

૨. સ્ત્રી. ગબુમેળો.

તેરતૂહ સ્ત્રી. સુથારમાં ચાર જણાથી રમાતી રમત.

તેરબારાહ (તેરબારહ) સ્ત્રી શહેરના જે વસ્તામાં તેરબારો એટલે તેરમું સરાવનારા બાહ્મણો વસતા હોય તે વસ્ત; ચોરાસી બારેનું એ નામનું એક ચોટું.

તેરમું ૧. [સં. ત્રયોદશમ] ન. માણસના મૃત્યુ પછીનો તેરમો દિવસ.

૨. ન. મૃત્યુ પછી તેરમા દિવસે કરવામાં આવતું જ્ઞાતિભોજન.

૩. વિ. ક્રમમાં ૧૨ પછીનું

તેરમે ટોચ કું. ચબરી-ની સિત્તેરિયા નામની રમતમાં તેરમે ટિપ્પે બોલાતો શબ્દ.

તેરમો કું. મૃત્યુ પછીના તેરમા દિવસની વિધિ કરાવનારો બ્રાહ્મણ.

તેરવર્ષી વિ. તેર વરસે આવતું કે થતું.

તેરવાડિયા (તેરવાડિયા) ૧. સ્ત્રી. મુસલમાન તથા બાંધીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

તેરવાં [હિં] વિ. તેરમું; ૧૩મું.

તેરશ ૧. સ્ત્રી. ધનતેરસ; આસો વદિ ૧૩, જ્યા વણપૂછ્યું મુહૂર્ત ગણાય છે.

પુનમનો પડવો ને અમાસની બીજ,
વણપૂછ્યું મુહૂર્ત તે તેરશ ને બીજ.
ઉદા. જોષી

૨. [સં. ત્રયોદશી; પ્રા. તેરસી] સ્ત્રી. સુદિ કે વદિનો ૧૩મો દિવસ; પખવાડિયાની તેરમી તિથિ.

તેરસ જુઓ તેરશ.

તેરસી [સં. ત્રયોદશી] સ્ત્રી. (પ્રાકૃત) તેરમી તિથિ; તેરશ.

તેરહ [સં. ત્રયોદશ] વિ. (હિંદી) તેર; ૧૩.

તેરહતેળી કું. મુસલમાની વર્ષનો બીજો મહિનો. તે અપશુકનિયાળ ગણાય છે

તેરહવીં સ્ત્રી. મરણ પછીનો તેરમો દિવસ. આ મરણની ઉત્તરક્રિયા પૂરી કરવામાં આવે છે.

તેરા ૧. કું. એ નામનો એક ધાર્મિક સંપ્રદાય.

૨. વિ. તારું

૩. વિ. તેર; ૧૩.

તેરાઈ ન. નેપાળની તળેટીમાં આવેલું એ નામનું જંગલ

તેરાતાલી ૧. સ્ત્રી. પ્રસિદ્ધ વેશ્યા.

૨. સ્ત્રી. બહુ જ કળાકાજ કરી.

૩. સ્ત્રી. સપૂર્ણ નાચનાર સ્ત્રી.

તેરાતેળી જુઓ તેરહતેળી.

તેરાપંથ કું. એ નામનો જૈન સ્થાનકવાસીનો એક પંથ. પોતાના ગુરુ રઘુનાથજી મહારાજથી છૂટા પડ્યા પછી જોધપુરમાં ભીખનજી મહારાજ પાસે તેર સાધુઓએ સ્થાનકને બદલે બજારમાં પોસ કરેલા તથા ભીખનજી મહારાજ સાથે તેર સાધુ હોવાથી તે મતનું નામ તેરાપંથ પડ્યું. અથવા ભીખનજી મહારાજે ભગવાનની પ્રાર્થના કરી કે, પ્રભો! મે તેરા પંથ હૈ તેથી તેનું નામ તેરાપથ પડ્યું. આ સંપ્રદાયનો પ્રચાર સૌરાષ્ટ્ર તરફ નથી

તેરાપંથી વિ. તેરાપંથ નામના જૈન સમુદાયનો અનુયાયી.

તેરિંદિય [પ્રા.] વિ. ત્રણ ઇંદ્રિયવાળું; શરીર, જીભ અને નાક એ ત્રણ ઇંદ્રિય જેને હોય તેવું

તેરીખ ૧. સ્ત્રી. આજ ગણવાનો દિવસ; આજ ગણવાનો સમય.

૨. સ્ત્રી. આજનો દૈનિક ચુમાર; આજનો દર

અંગ્રેજી રીત પ્રમાણે દર સેંકડે એક વર્ષના આજને આજનો દર કહે છે. હિંદુસ્તાનમાં સો રૂપિયે એક મહિને અમુક આના અથવા એક રૂપિયે દર મહિને અમુક કોકડા કે પૈસા ઠરાવવામાં આવે છે. તેને ટૂંકામાં અમુક આનાની તેરીખ એમ બોલાય છે જેમકે, આઠ આનાની તેરીખ કહીએ તો રૂપિયા ૧૦૦નું દર માસે આઠ આના આજ સમજવું. એક કોકડાની કે પૈસાની તેરીખ કહ્યું હોય તો એક રૂપિયાનું એક માસનું આજ એક કોકડો અથવા એક પૈસો સમજવું. તેરીખ ઉપરથી દર વરસે દર સેંકડે કેટલા ટકા આજ એ શોધી કાઢવું હોય તો જેટલા આનાની તેરીખ કહી હોય તેના પોણા આજ જેટલા રૂપિયા દર વરસે દર સેંકડે આજનો દર થાય. જેમકે, ૮ આનાની તેરીખ કહી હોય તો આઠ પૈસે છ માટે દર વરસે દર સેંકડે છ ટકા આજનો દર થાય. તે જ રીતે કોકડાને બારે ગુણતાં અને પૈસાને પોણોઓગણીસે ગુણતાં જે આવે તેટલા રૂપિયા દર વરસે દર સેંકડે આજનો દર થાય.

તેરીજ ૧. [અ. તજરીજ] સ્ત્રી. જમા ઉધારનું સરવરૂપ તારણ; તારીજ.

૨. સ્ત્રી. તેરીખ; આજનો દર

તેરીમેરી ૧. સ્ત્રી. ગાળભેળ; તુમારેહુંમારે બોલચાલ થવી તે; બોલાચાલી; ગાળાગાળી; તારીમારી.

૨. સ્ત્રી. દોરતોર બતાવવો તે; બેહુકમી.

તેરુસ ન. આવતું કે ગયેલું ત્રીજું વરસ.

તેરું જ. તોપણ.

તેરો ૧. પું. ટેરો; અંતરપટ; પડદો.

૨. પું. પાવડો

૩. વિ.પું. તારો. તું નું જૂની ગિજરાતનું રૂપ.

૪. વિ.પું. તેરની સાથનો.

તેરોડો પું. એક જાતનો ચાબિયો.

તેલ ૧. જ. એ નામનું એક ગોત્ર.

૨. [સં. તૈલ] જ. એક જાતનો સ્નિગ્ધ પદાર્થ. તે વનસ્પતિ, પ્રાણી કે જમીનમાંથી મળે છે. તેલમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં છે: (૧) પ્રોટેઇન એટલે પિતજન્ય ૫-૧૨૪, (૨) કેટ એટલે કાર્બજન્ય ૧૨-૧૨૪, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય ૧૦-૦૫, (૪) કોલોરી ૧૧૦, (૫) પ્રજ્યક અ ૨૮, (૬) પ્રજ્યક અ ૦, (૭) પ્રજ્યક ક ૦ અને (૮) આયર્ન એટલે લોહ ૨ ૬૪. તેલ ત્રણ પ્રકારનું છે: (૧) વનસ્પતિ અને જંતુમાંથી નીકળતું, (૨) ગીદી ખનિજ તેનું અને (૩) ખનિજ. તલ, મગફળી, કોપરાં, એરંડી, અળસી, સરસવ વગેરે વનસ્પતિમાંથી નીકળતું તેલ ખાવાના, બાળવાના તથા દવાના કામમાં આવે છે. પ્રાણીમાંથી મળતું તેલ દવાના કામમાં આવે છે જમીનમાંથી નીકળતું તેલ બાળવાના કામમાં આવે છે. તેલ પાણીથી હલકું હોય છે. પાણીમાં તે ભળી જતું નથી. અધિક ઠંડીમાં મોટે ભાગે તે જામી જાય છે અને અધિક ગરમીથી બળી જાય છે. તેમાં ચોકીપણું પણ હોય છે. જુદા જુદા પ્રકારનાં તેલનો ગુણ વગેરે પણ જુદા જુદા હોય છે. આયુર્વેદમાં બધા તેલને વાયુનાશક માનેલ છે. વૈદક અનુસાર શરીરમાં તેલ લગાડવાથી કફ અને વાયુનો નાશ થાય છે, ધાતુ પુષ્ટ થાય છે, તેજ વધે છે, ચામડી નરમ બને છે, ઠંડ ખાધે છે અને ચિત્ત પ્રસન્ન થાય છે. પગનાં તળિયાં ઉપર તેલ ઘસવાથી સારી નિદ્રા આવે છે અને આયું તથા આંખ ઠંડા રહે છે. માથામાં તેલ નાખવાથી માથાનાં દરદ દૂર થાય છે, અસ્તિષ્ક ઠંડું અને વાળ કાળા રહે છે. આ બધાં કામોમાં સરસવનું અથવા તલનું તેલ અધિક ઉત્તમ તથા ગુણકારી મનાય છે. તેલમાં તળેલી ચીજને વૈદક અનુસાર ગરમ, પિત્તકર, ત્વચાદોષ ઉત્પન્ન કરનાર અને વાયુ તથા દૃષ્ટિને માટે અહિતકર મનાય છે. ચોકું તેલ ગરમ કરી તેની અંદર એટલું જ મધ મેળવી તેનું પોતું થા ઉપર મૂકી પાટો બાંધી દેવાથી ઘા રુઝાય છે. લીંબડાનું તેલ: આ તેલ લીંબડાની લીંબોળીમાંથી કાઢવામાં આવે છે. તે વાપરવું જ કડવું હોય છે. ચાંદી, ચાંદાં અને નાસુર ઉપર તે ચોપડવામાં આવે છે. સુગંધી તેલો: જે જાતનું સુગંધી તેલ બનાવવું હોય તે જાતનાં ફૂલ લઈ તેલની અંદર તે નાખી, બોટા દિવસ રહેવા દઈ, પછી તે તેલને ધીમા તાપથી ગરમાણા લેવાથી તે ફૂલની જાતનું સુગંધી તેલ બને છે.

૧. તેલ કાઢવું = (૧) ખૂબ મહેનત આપીને થકવી નાખવું; હંફાવવું; ઘણી જ મહેનત કરાવવી. (૨) તેલીબિયાં પીલવાં. (૩) સત્ત્વ ખેંચી લેવું

૨. તેલ વાસવું = કીડાઓએ કોક મૂકવો. કોઈ સજીવ પદાર્થમાં કીડાઓને કોક મૂકવો હોય છે, ત્યારે તેઓ માંસ જેવા તેલ વાસવાનું બંધ રાખે છે. તે કોક મૂક્યાની નિશાનીમાં પાકું તેલ વાસવું એ કરે છે.

૩. તેલ ચઢાવવું = (૧) હનુમાનજીની મૂર્તિ ઉપર તેલ રેડવું. (૨) હજામવાળા તેલથી વરઘન્યાનાં માથું, ખભા, હાથ અને પગ ચોળવાં; પીઠી ચોળવી.

૪. તેલ જોવું, તેલની ધાર જોવી = (૧) ચલાકી વાપરવી. (૨) ધીરજ રાખીને બધી બાબત તપાસી જોવી

૫. તેલ નીકળવું = તલની પેઠે ખૂબ પિલાવું. કોળા નીકળી જવા; અતિશય શ્રમ કરી થાકી જવું; ખૂબ મહેનત કે કસાકૂટ પડવી. પસીનો નીકળવો

૬. તેલ પણી કરવી = (૧) જેમ તેમ કરીને ગુજરાન ચલાવવું; આકુપાતળું જે આવતું મળે તેથી સંતોષ ધરવો. (૨) પણી પણી તેલ વેચવું; આવતી જરચૂરણ ચીજ વેચવી; તેલની ફેરીનો વેપાર કરવો

૭. તેલ પૂરવું = (૧) ઉજારીને વધારવું; નહિ ઓલવાવા દેવું; ઉજેરવા આપવું, બળતામાં ઘી હોમવું. (૨) બે કનકવા જ્યારે પેચ થયા હોય ત્યારે ત્રીજાએ તેમાં પોતાનો કનકવો નાખી પેચ કરવા.

૮. તેલ કાઢવું = તેલ કઢાવવું; તેલ પડાવવું.

૯. તેલ માપ ઊતારવા = તેલમાં મોઢું જોવાવાની ક્રિયા કરવી. મુસાફરીઓથી પાત્ર કરેલા અજાણ્યા રોગમાંથી સાજા થઈ ગયેલા માણસને તેનું મોઢું જોવાના બોટા ઢાંકણા નાખેલા તેલમાં જોવાવામાં આવે છે અને પછી તે તેલ દેહ બંધીને આપી દેવાય છે.

૧૦. તેલ રેડાવું = (૧) અદેખાઈ થવી; કાળજામાં બરોબર પડવો; બળતરા ઊઠવી. (૨) ઉત્તેજના બળવું; ઉત્તેજિત થવું. (૩) કાણ પડવી; ચું થવી અને કેમ કરવું જોવી ચિંતા ઉત્પન્ન થવી.

૧૧. તેલ લેવા જવું = હલકી બાબને પાત્ર થવું.

૧૨. તેલના કૂવા = જેમાંથી તેલ નીકળે છે તેવા કૂવા. સૌથી પ્રથમ તેલનો કૂવો ઈ સ. ૧૮૫૯માં કર્નલ ડ્રેક ખોદાવ્યો હતો. વેસ્ટ વર્જિનિયામાં કેરમાઉન્ટમાં આવેલ કૂવો દોઢ માઈલ ઊંડો છે અને તે દુનિયામાં સૌથી ઊંડો છે. દુનિયામાં સૌથી વધારે કીમતી તેલનો કૂવો કેસિકોર્નિયામાં છે. ગરમાતમાં તેમાંથી દરરોજના ૨૦,૦૦,૦૦૦ ગેલન તેલ નીકળતું.

૧૩. તેલની માખી = એ નામની એક જાતની માખી. આ જીવડું આકારે એક ઇંચ લાંબું અને ½ ઇંચ પહોળું હોય છે. ચામડી ઉપર ફોલ્લા ઉઠાડવા માટે આ જીવડાનો ઉપયોગ થાય છે. ગોમાસાની શરૂઆતમાં આ જીવડાને પકડી મારી નાખી રાખી મૂકવામાં આવે છે.

૧૪. તેલમાં માખી બૂડવી = તેલમાં બૂડેલી માખીની પેઠે ગાત્ર શિથિલ થઈ જવાં; ઢીલું

પડી જવું; નીચું જોઈ જવું ઓળ ઓતરવી; એકદમ શાંત થઈ જવાનું; ચૂપ થઈ જવું, નહિ બોલાય ચલાય એવી રોક પડી જવી; ઠમાઈ જવાનું.

૧૫. પેટમાં તેલ રેડ્યું = (૧) તેલ રેડ્યું હોય એવી સ્થિતિ થવી; અકરમાત અણચિંતવી ચિંતા થઈ બેઠવી; કાળજામાં ચરકો પડ્યો; ચિંચરવટો પેદા થવો. (૨) કાળ પડવો.

૧૬. પેટમાં હોળી સળગવી – (૧) બળતી અદેખાઈ થવી, બીજાનું સારું થવાથી દિલમાં દિજરાવું. (૨) ખારતી ઊપજવી; ધ્રાસકો પડવો; ભુરસાથી અકળાવું, બારતીથી બોબો ઊઠવું.

૩ ન. તડકામાં ફરવાથી અથવા બહુ મહેનત કરવાથી શરીરમાંથી નીકળતો ચીકણો પરસેવો.

૪ ન. તેલમાં કાઢેલું સત્ત્વ.

૫. ન. દમ; અડદાવો.

૬. [હિ.] પું. નપુંસકતા માટે વપરાતો લેપ કે મર્દન.

તેલકઢણિયું ન. તેલ કાઢવાનું યંત્ર.

તેલકાપડ (તેલકાપડ) ન. તેલવાળું મિશ્રણ લગાડેલું કાપડ; મીણિયું; મીણકાપડ.

તેલકાબોડી (તેલકાબોડી) સ્ત્રી. મિયાંટણની બોડી નામની એક દેશી રમત.

તેલકૈલા [પ્રા.] સ્ત્રી. તેલ રાખવાનું પાત્ર.

તેલચટ્ટુ ૧. સ્ત્રી. એ નામની એક પ્રકારની લિપિ.

૨. સ્ત્રી. તૈલપ દેશની ભાષા; તેલંગણના લોકોની ભાષા.

તેલચુલ્હાડિયા ૧ સ્ત્રી. ખારવાડ તરફ રહેતી અને વેપારખપો કરતી એક કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

તેલજંધિ સ્ત્રી. અગ્નિની અર્ચિ.

તેલજુવાર સ્ત્રી. ઘાસની એક જાતની ક્રિયા.

તેલડા ૧. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી ગોત્રની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

તેલડી (તેલડો) સ્ત્રી. તેલનું નાનું વાસણ.

તેલડું (તેલડું) ન. તેલ.

તેલણ સ્ત્રી. તેલવાળી, ઘ.બ્ય; તેલીની સ્ત્રી; તેલ વેચનાર સ્ત્રી; ઘ.બ્રીની સ્ત્રી.

તેલતપાકાલા વિ. કડાઈ જેવું કાળું.

તેલતંબોળી સ્ત્રી. તાંતિયો રાજો નામની એક દેશી રમત.

તેલતંકપણી સ્ત્રી. એ નામની એક દેશી રમત.

તેલત્રિયા સ્ત્રી. સ્ત્રીને પીઠી ચોળતી તે.

તેલદાણા પું. ઘ. બ. ન તેલીબિયાં

તેલધરિયું ન. રંગિત કકડવટી જેવું લાકડાનું તેલ રાખવાનું સાધન.

તેલન ૧. સ્ત્રી. ગરી સ્ત્રી.

૨. સ્ત્રી. ઘાણી ફાકનારની સ્ત્રી.

તેલપડો (તેલપડો) પું. તેલ રાખવાનું વાસણ; તેલ ભરેલું વાસણ.

તેલપરી જુઓ તેલપણી ૩

તેલપણી ૧. પું. તેલ વેચવાનું કામ કરનાર માણસ

૨. પું. નાનોસનો વેપાર.

૩. સ્ત્રી. એ નામની ખુલ્લી જગ્યામાં રમવાની એક દેશી રમત. તેમાં પ્રથમ એક છોકરા માથે દાવ કરાવવામાં આવે અને તે દાવ દેનાર એક જગ્યાએ કૂંડાળું કરી કૂંડાળા બહાર ઊભો રહે. બીજા બધા કૂંડાળાની અંદર ઊભા રહે. પછી દાવ દેનારો તેલપણી રે તેલપણી એમ બોલે. ઉત્તરમાં કૂંડાળા બહારના છોકરા પૂછે, કોને માથે હળી? ત્યારે દાવ દેનારો કૂંડાળામાંના છોકરામાંથી એકનું નામ આપે. તે નામનો છોકરો કૂંડાળામાંથી તુરત બહાર નીકળે. તેને નીકળતાં વાર લાગે તો તે નીકળે ત્યાંસુધી કૂંડાળામાંના બીજા છોકરાઓ તેને પજવ્યા મારે. તે બહાર નીકળેલો છોકરો તથા દાવ દેનારો છોકરો બંને એકબીજાના હાથ ઝાલી મૂંગે મોઢે ઓડંબતા ઓડંબતા કૂંડાળાની અંદરના છોકરાઓને અડવા જાય. તેઓ જોને અડે તે કૂંડાળાની બહાર નીકળે. આમ કૂંડાળામાંના બધા છોકરાઓને તે બે છોકરાઓ પકડીને બહાર કાઢે એટલે રમત પૂરી થાય. જો ફરીથી આ રમત રમવી હોય તો ઉપરના બે છોકરાએ પ્રથમ જે છોકરાને પકડ્યો હોય તેણે દાવ આપવો પડે.

તેલપાવણું ન. પાવળું પાવળું તેલ વેચીને ધંધો કરવો તે

તેલપાણી સ્ત્રી. પગથી તેલ વેચવું તે; પરચૂરણ ગંધિયાણાની ફેરી કરવી તે.

તેલપૂરણ ન. તેલ પૂરવું તે; તૈલીકરણ; સ્નેહાજન.

તેલફેલ પું. લાંચની ભેટ; વરરાજા પરણવા આવ્યા પછી બીજે વખતે કન્યાને નાળિયેર, તેલ વગેરેની મોકલાતી ભેટ.

તેલબૂચા સ્ત્રી. એ નામની એક વેલી

તેલમર્દન ન. તેલ ચોળવાનું તે.

તેલયંત્ર ન. તેલથી ચાલતું યંત્ર.

તેલવાહન ન. ખનિજ વાહન; 'ઑઇલ વીહિકલ.'

તેલવાહી વિ. તેલવાળ

તેલવાળું વિ. જેમાં તેલ હોય તેવું, તેલાળ

તેલવાસેલ ન. સુગંધી વસાણા ઉકાળી ગાળેલું તેલ.

તેલસ્ફટિક ન. અંબર. આ સુગંધી દ્રવ્ય વ્હેલ માછલીમાંથી મળે છે.

તેલહંડ્ય [હિ.] પું. તેલ રાખવાનું માટીનું મોટું વાસણ.

તેલહૂડી [હિ.] સ્ત્રી. તેલ રાખવાનું માટીનું નાનું વાસણ.

તેલંગ પું. એ નામનો એક દેશ. જુઓ તૈલંગ.

તેલંગણ પું. આંધ્ર દેશ; આંધ્રનગરીથી દક્ષિણના સમુદ્ર કિનારા ઉપરના પ્રદેશનું પ્રાચીન નામ.

તેલંગા પું. તેલંગણ અથવા આંધ્ર દેશનો વતની.

તેલંગી ૧. સ્ત્રી એક જાતની કૃમિ.

૨. સ્ત્રી એક પ્રકારની દ્રાવિડી ભાષા.

તેલા [વિ.] પું. લાગલાગટ ત્રણ દિવસના ઉપવાસ

તેલાકર ૧. પું. (જૈન) ભાદરવા સુદિ ત્રીજનો દિવસ; સંવત્સરી અગાઉનો ત્રીજો દિવસ.

૨. પું. સુદિ ત્રીજનો દિવસ.

તેલાણું ૧. વિ. તેલવાળું; ચીકણું; ચીકટાયેલું; તેલથી ચીકણું બનેલું.

૨. વિ. તેલિયું.

તેલાં ૧. ન. બ. ક. (જૈન) એક જાતનું વ્રત. આ વ્રતમાં ત્રણ ઉપવાસ લાગલાગટ કરવામાં આવે છે. તે નિર્જળા કરાય છે અથવા ઉકાળેલું પાણી પીને થાય છે.

૨. ન. બ. ક. નવરાત્રિ દરમિયાન કરવામાં આવતું માતાનું એક વ્રત; નવરાત્રિના દિવસમાં તેલની કરી પાળી કરવાનું ત્રણ ઉપવાસનું વ્રત; નવરાતમાં માતાના વ્રત નરીો કરતા ત્રણ ઉપવાસ. એ ત્રણ ઉપવાસ દરમિયાન કરાયામા પણ તેલનો ઉપયોગ કરવામાં આવતો નથી.

૩. ન. બ. ક. રાતા રંગનાં, તેલ જેવા સ્વાદવાળાં એક જાતના બિયાં.

તેલિતવેલ્યાલ ન. એક જાતની વેલ. આ વેલ દ્રાક્ષના વાંચેતરમાં નકતરરૂપ બને છે

તેલિન [હિ.] સ્ત્રી. તેલ વેચનારની સ્ત્રી.

તેલિયર પું. કાળા રંગનું એક જાતનું પક્ષી. તેના આખા શરીર ઉપર સફેદ ટીપકો હોય છે.

તેલિયા ૧. [હિ.] પું. કાળા અને ચળકતા રંગનો બોડો.

૨. પુ. કાળો, ચીકણો અને ચળકતો રંગ.
૩ વિ. ચીકણું
૪ વિ. તેલવાળું.

તેલિયાકુમૈત [હિં.] પુ. ઘોડાનો એક જાતનો રંગ

તેલિયાકાંકેડી પુ. ઘેરો બદામુડિયો રંગ.

તેલિયાચકી સ્ત્રી. તેલ કાઢવાની ઘંટી; તેલીબિયાં પીલવાની ચક્કી.

તેલિયાબાજુલ પું. એક જાતનો બાજ.

તેલિયા બાચા ન. પાણીટ ક્રમ કરનારું એક જાતનું પક્ષી.

તેલિયા સુરંગ [હિં.] પું. આછા રાતા ભૂરા રંગનો ઘોડો

તેલિયાં મૈના સ્ત્રી. પેટનાં ભાગનું એક જાતનું પક્ષી. એનું આખું શરીર ચમકતા કાળા રંગનું હોય છે અને પીઠ પીછે અદ્ભુત જેવા ત્રીજા પીળા બિલોરા કે તિલરેખા હોય છે. એને લીધે તે ઉત્તર હારતમાં નકશી તેલિયા પણ કહેવાય છે. એની ચાંચ સોનાના ક્રીમિયા જેવી પેલા રંગની અને તેના પગ ઘેરા બદામી હોય છે. કદમા કાબર જેવું પણ દેખાવે નમણું લાગતું આ પંખી કૈલીફોર્નિયા અને મધ્ય એશિયાનું વતની છે. હિંદમાં તે શિયાળો બેસતાં એટલે દિવાળી ચળકમ આવે છે અને વસંતના આરંભે પાછું સિધાવી જાય છે. ઉત્તર ગુજરાતમાં નદી તળાવ જેવાં જળાશય પાસે એ બચ્ચે રમતે નજરે પડે છે. મહીસાગરના કોતરમાં તો એ પંખી ટોળે ટોળે રહેતાં દેખાય છે. રવજાને સમૂહચર એટલે ટોળે વળી ફરનાર છે અને ખેતરના પાક ખાઈ જાય એવી જમ છે. ચળકાટની રંગબેરંગીઓના કારણે એની ઉપજતો થયી છે.

તેલિયું ૧. વિ. ચીકણું; ચીકટ.
૨. વિ. તેલ જેમાં હોય એવું; તેલવાળું; તેલ જ્યાતું હોય તેવું.

તેલિયું એતર ન. મંદિરના દીવામાં તેલ પૂરવા બદલે અપાયેલું એતર.

તેલિયો ૧. પું. કાળા અને ચમકતા રંગનો ઘોડો.
૨. પું. ચાંચી; તેલ પીલવાનો ને વેચવાનો ધંધો કરનાર માણસ.
૩. પું. તેલ પૂરનારો નોકર; સંચા વગેરેમાં તેલ ઊંજવાના ક્રમ ઉપર રાખેલો નોકર.

તેલિયો કંઈ ૧. પું. એક જાતનો છોડ; કોમિયો. તેનાં પાન લંબગોળ અને ફૂલ ઝાંખા પીળા રંગનાં હોય છે. તેની ચમકતી જેવા કાળી ચિમોમાં મગ હોય છે, જે પાકવા પછી રાતો થાય છે. મગમાં ગઈ જેવાં કાળાં બીજ હોય છે. બીજના મૂળમાં તેલનો અંશ હોય છે.
૨. પું. કમળાકંદ જેવો એ નામનો એક જાતનો કંદ. આ કંદને તૈલકંદ, સિદ્ધિકંદ કે વિષ્ણુકંદ કહે છે. તેનાં પાંદડા પણ કમળ જેવાં જ થાય છે અને તેમાંથી તેલનાં ટીપાં પણીમાં પડતાં હોય છે. તે બીનો જ રહે છે. તેમાં આઠ જાતનાં ઝેર ઉતારવાનો ગુણ હોય છે. કંદ જ્યાં હોય છે તેની આસપાસનું જળ તેલ જેવું લાગે છે. તેમા સોય બોકવાથી સોય પણ ઓગળી જાય છે.

તેલિયો કાચો પું. એક પ્રકારનો કાચો. તે અંદર કાળો હોય છે.

તેલિયો કપાડો (તેલિનો કપાડો) ૧. પું. ઘેરા લાલ રંગનો ઘોડો. તેના ચારે પગ કાળા, સાયગનો રંગ કાળી ઝાંયવાળો લાલ અને કેશવાળી તથા પૂંછડું કાળાં હોય છે.
૨. પું. ઘોડાનો એક જાતનો ઘેરો રાતો રંગ.

તેલિયો ખાર પું. જમીન ખોદીનો એક જાતનો ખાર.

તેલિયો દેવદાર પું. એક જાતનો દેવદાર. તે રક્તદોષ તથા પીનસનો નાશ કરનાર મનાય છે.

તેલિયો રાજા ૧. પું. તેલની સાપુ.
૨. પું. શરીર ઉપર અને શુશ્રામાં તેલથી ભરાયેલો અને તેમાં જોઈ અવિશ્વ કહેનારો એક તાંત્રિક ભિખારી; તેલથી નાહનારો ભગવ; તેલથી નાહનાર અને તેલથી તરબોળ વસ્ત્રો પહેરનાર માણસ; તેલમાં જોઈ ગુજરેલી વાત કહેનાર તાંત્રિક.

તેલિયો ઢોમકંદ પું. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; કાળો કઠિયો. તેના મૂળમાં તેલ જેવો અંશ હોય છે.

તેલિલ ૧. પું. તેલુગુ દેશ.
૨. પું. તેલુગ દેશવાસી.

તેલી ૧. પું. ગંદો માણસ.
૨. [સં. તૈલિક; પ્રા. તેલીઅ] પું. ઘાણી કાઢવાનો અને તેલ વેચવાનો ધંધો કરનાર માણસ; ઘાંચી.
તેલીનો બેલ = (૧) ક્રમમાં લાગો રહેનાર માણસ; મફત મજૂરી કરનાર માણસ. (૨) ઘાંચીનો બળદ.
૩. પું. ઉત્તરિય દિશા તરફથી વાતો પવન.
૪. પું. હિંદુઓની એક જાતિ. બ્રહ્મવૈવર્ત પુરાણ પ્રમાણે આ જાતિની ઉત્પત્તિ કોટક ઓ અને કુમાર પુરુષથી થઈ મનાય છે.
૫. સ્ત્રી. એ નામની મેમળની એક ઝટક.
૬. ન. એ નામની ઝટકનું માણસ.
૭. ન. એ નામની ઝટકનું.
૮ વિ. તેલિયું; જેમાં તેલ રહેલ હોય એવું; ચીકણું; તેલવાળું

તેલી ખારચ જી. તેલના ગંદાવાળી ખારચ જાતની જમીન.

તેલીચડી (તેલીચડો) સ્ત્રી. પીળી ચોમેલ કન્યા.

તેલીતંબોડી (તેલીતંબોડો) જુઓ તેલીતંબોળી.

તેલીતંબોળી પું. હલકો માણસ; દુષ્ટ જન

તેલીબિયું ન. અંદર તેલ રહેલ હોય એવું બી.
તેલીબિયાંનું તેલ = વનસ્પતિ ઘી. આ સબંધે હરિજનબંધુમાં ઉલ્લેખ એમ છે કે: ઘીના જેવું મદ અને તાસુથી હાઇડ્રોજનમાંથી પસાર કરવામાં આવ્યું હોય એવા 'વનસ્પતિ' અર્થાત્ કહેવાતા વનસ્પતિ 'ઘી'ને અડ્યું અડ્યું તો પચી ન શકે એવું તેલ બિયાંનું તેલ કહી શકાય. આ રીતે હાઇડ્રોજનમાંથી પસાર કરવામાં આવેલું તેલ અસલ ઘીમાં ભેળસેળ કરવા માટેનું અનુકૂળ સાધન બને છે તે સિવાય હાઇડ્રોજનની પ્રક્રિયામાંથી પસાર થયેલ, શુદ્ધ વનસ્પતિ તેલમાં નીચે કહ્યો ગુણ હોતો નથી. વનસ્પતિ તેલ અને ઘી વચ્ચે તફાવત એ છે કે, ઘી પ્રાણિજ પદાર્થ છે અને વિટામિન 'એ' ઘણે અંશે કેવળ પ્રાણિજ તત્ત્વ છે. એથી કરીને જેમાં વિટામિન હોવાનો દાવો કરવામાં આવે છે એવું વનસ્પતિ ઘી કોડ લિવર ઓઇલ અને શાર્ક લિવર ઓઇલ જેવા વિટામિન 'એ'થી ભરેલાં પ્રાણિજ તેલોમાંથી કાઢેલાં વિટામિન ઉમેરીને જ વિટામિનવાળું કરી શકાય. પોષક દ્રવ્યો સંબંધી વિચારણા કરનાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે, વિટામિનના અભાવવાળા પદાર્થોનો વધુ પડતો ઉપયોગ શરીરની તંદુરસ્તીને નુકસાનકારક છે. એટલા માટે કોડ લિવર ઓઇલ કે શાર્ક લિવર ઓઇલમાંથી કાઢેલા વિટામિનના અભાવવાળું તેલીબિયાંનું તેલ કે વનસ્પતિ ઘી પણ નુકસાનકારક છે.

તેલી રાજા ૧. પું. એક જાતનો સાપુ. તે તેલની ભિક્ષા માગે છે અને પોતાના માથા અને કપડાં ઉપર તેલ રેડે છે
૨. પું. ગંદો માણસ.

તેલીવાડ (તેલીવાડ) સ્ત્રી. કહેરના જે ગરતામાં તેલ કાઢનારા લોકો વસતા હોય તે ભાગ; ચોરાસી મહોલ્લાનું એક ચોટું.

તેલુ [સં.] પું. એ નામે એક રાજા.

તેલુગુ ૧. પું. કૃષ્ણા અને ગોદાવરીની વચ્ચેનો દેશ; તૈલંગણ; આંધ્ર.
૨. સ્ત્રી. તેલંગણ લોકની ભાષા; તેલંગણ અથવા આંધ્ર દેશની દ્રાવિડ લોકની ભાષા.

૩. જી. દક્ષિણી શૈલીની ૭૭ માહેની એક પ્રકારની લિપિ. તે મુખ્યત્વે કર્ણાટકના દક્ષિણ વિભાગમાં એટલે મદ્રાગપટ્ટ, ગોલકુપર, બીજાપુર, બેલગામ, ધારવાડ અને કારવાર જિલ્લામાં, હૈદરાબાદ રાજ્યના દક્ષિણ ભાગમા, મૈસૂર રાજ્યમા, મદ્રાસ પ્રાંતના ઉત્તરપૂર્વ વિભાગ એટલે વિજાગપટ્ટમ, ગોદાવરી, કૃષ્ણા, કર્નૂલ, બેલ્લારી, અનંતપુર, કડપ્પા અને નેલ્લોર જિલ્લામાં ફેલાયેલ છે. ઈ. સ. પાચમી સદીથી ચૌદમી સદી સુધી તેમા ફેરફાર થતાં તેમાથી કાલની તેલુગુ અને કાનડી લિપિ ઉત્પન્ન થઈ છે; તેથી તેને તેલુગુ કાનડી લિપિ કહે છે.

તેલુગુકાનડી (તેલુગકાનડી) જી. અક્ષરોના માહેની એક અર્વાચિન લિપિ. જુઓ તેલુગુ ૩.

તેલું ૧. ન. (જૈન) એક સાથે ત્રણ દિવસના ઉપવાસ; અઠમ.

૨. ન. ત્રણ સંખ્યા દોય તે; ત્રણનું ગુમખું.

૩. ન. નવરાત્રિના દિવસોમાં તેલની કરી પાળી કરવાનું ત્રણ ઉપવાસનું વ્રત.

તેલ્લ [સં. તૈલ] ન. (પ્રાકૃત) તેલ.

તેલ્લકેલા જુઓ તૈલકેલા.

તેલ્લચમ્મ જુઓ તૈલચર્મ.

તેલ્લપલ્લ જુઓ તૈલપલ્લ.

તેલ્લપૂય જુઓ તૈલપૂપ.

તેવ્ ૧. [સં.] સ. ક્રિ. અફસોસ કરવો.

૨. સ. ક્રિ. (ધાતુ) રમવું; ખેલવું; ક્રીડા કરવી. તે ઉપરથી સંસ્કૃત શબ્દ: તેવન.

૩. સ. ક્રિ. રોવું; રડવું.

તેવડ જી. (સંગીત) સાત દીર્ઘ અથવા ચૌદ લઘુ માત્રાઓનો એક તાલ. તેમાં ત્રણ આઘાત અને એક ખાલી રહે છે. તેના તબલાના બોલ:

ધિન્ ધિન્ ધકિટે, ધિન્ ધિન્ ધા,
તિન્ તિન્ તાકિટે, ધિન્ ધિન્ ધા ધા.

તેવડ (તેવડ) ૧. જી. તજવીજ; ગોઠવણ; સોધ; સગવડ; ગેવડ

૨. જી ત્રણ વળની ગૂંથણી.

૩. જી. ધર્મ, અર્થ અને કામ તેમ જ વધારો, ખોટ અને નિભાવ એ બધી બાબતનો વિચાર કરીને વર્તવું તે

૪. જી. શક્તિ; સામર્થ્ય.

૫. વિ. ત્રણગણું.

તેવડતેવડું (તેવડતેવડું) જુઓ તેવનેવડું.

તેવડવું (તેવડ્વ) ૧ સ. ક્રિ. ત્રણ પડ થાય તેમ કરવું; ત્રણ પડ કરવાં.

૨. સ ક્રિ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ સબધાય તેમ કરવું; સંસારીને કરકસરથી ત્રણ વહેવારને બાધ આવે નહિ તેમ વહેવાર ચલાવવો.

૩. સ. ક્રિ. બહેન બાહેલને અને દીકરી જમાઈ વગેરેને બવહારનુસાર નોતરવાં અને તેમનો સત્કાર કરવો; રીતભાત વગેરે કરવાં; બાવહારિક રીતભાત કરવી; બવહાર કરવો; સગાવહાલાને યોગ્યતા પ્રમાણે સારેનરસે પ્રસગે તેડવાં.

૪. સ. ક્રિ. લેખવવું; ગણવું; ગણના કરવી.

તેવડું (તેવડું) ૧. [સં. તાદૃત્; પ્રા. તેત્તિઅ–તેત્તિઅ–તેત્તિઅ–તેવ્વડ; અપ. તેવડ–તેવુલ] વિ. તેના જેવડું; તેના જેટલું. સંબધી અર્થમાં બબાઈ, પહોળાઈ, ઊંચાઈ અને પ્રમાણ વગેરે બતાવે છે.

૨. વિ. ત્રણ પડવાળું.

૩. વિ. ત્રિપટ; ત્રણગણું.

તેવડ્ય સ. તે; તેઓ

તેવતેવડું (તેવનેવડ) વિ. સરખે સરખું; સરખી ઉમરનું; તેવડ તેવડ, સમવયસ્ક.

તેવન ૧. [સ.] ન. ક્રીડા; રમત.

૨. ન. બગીચો; ક્રીડાનો બાગ; રમતની વાડી; રમત કરવાનું રથળ.

તેવનાલી [હિ. તૂફીનારી] જી. સારી ધરરખુ બો.

તેવન્ન [પ્રા.] વિ. ત્રેપન; ૫૩.

તેવર ૧. [હિ.] કું. ક્રોધકારી નજર.

૨. કું. ચહેરો.

૩. કું. ઝભર; ભપકો.

તેવરસ ન. ત્રણું કે આવતું ત્રીજું વર્ષ.

તેવરા કું. એક જાતનો વેલો.

તેવરી ૧. જી. કરચલીવાળું કપાળ.

૨. જી. ગુસ્સાની દૃષ્ટિ કરડી નજર.

તેવરો કું. (સંગીત) એક તાલ. તેની સાત માત્રા છે. તેમાં બીજી અને છઠ્ઠી માત્રા ઉપર તાલ આવે છે.

તેવહાર કું. તહેવાર; પર્વ.

તેવહારી જી. તહેવાર ઉપર આપેલી ભેટ.

તેવાન કું. ચિંતા; ફિકર.

તેવામાં અ. તે વખતે; તેટલામાં; તેવે અમુક કાર્ય બની રહ્યું હોય તે દરમિયાન.

તે વાર અ. ત્યારે; તે સમયે; તે પ્રસંગે.

તે વારે જુઓ તેવાર.

તે વારેને અ. તે માટે; તેથી; તેને લીધે; તે કારણથી.

તેવિજ્જસુત્ત ન. બૌ નામનું સૂત્ર

કર્મમાર્ગી વૈદિક બ્રાહ્મણ સાથે વાદ કરતા પોતાનો સન્યાસપર મત સિદ્ધ કરવા માટે 'તમારા બ્રહ્મને તો જેવાં ઝોકરાં કે રાગ હોય નહીં તો જેવા ઝાકરામા રહીને યજ્ઞ યજ્ઞાદિ કાર્ય કમ કરતા તમને બ્રહ્મપ્રાપ્તિ થશે રીત બતાવો ' આવી તેમની યુક્તિવાદ બુદ્ધ કરે છે એવું તેવિજ્જસુત્તમાં વર્ણન છે. ૦ તારકરત્ન

તેવીસ [સં ત્રયોવિંશતિ] વિ. વીસને ત્રણ; ૨૩.

તેવું ૧. [સં. તાદૃશ; પ્રા. તારિસ; અપ. તવ્વસ] વિ. અમુક જેવું; તેના સરખું; જેવું; અમુકના જેવા ગુણ, ધર્મ, રૂપ, રંગવાળું; તે પ્રકારનું; તેના જેવ, અમુકને મળતું

જેવુ તેવ = સાધારણ, કામચલાઉ, વિશિષ્ટ ગુણવાળું નહિ એવું; સામાન્ય.

૨. અ. તરત; તે વખતે

તેવે ૧ અ તરત; તત્કાળ.

૨. અ. તે વખતે; તેટલામાં; તે વખત દરમિયાન; તે સમયે; ત્યારે.

તેસર [ફા] જી. સુતારની એક જાતની કુહાડી.

તેષ ન. કાંતિ; તેજ.

તેસઠી [પ્રા.] વિ. ત્રેસઠની સંખ્યા; ૬૩.

તેસઠ [સં. ત્રિષષ્ટિ] વિ. સાઠને ત્રણ; ૬૩; ત્રેસઠ

તેસરિયું ન. આઠ માહેનો એક જાતનો સટ્ટ.

તેસીતિ [સં. ત્રયશીતિ] વિ. (પ્રાકૃત) ત્યાસી; ૮૩.

તેહ ૧. [હિ.] કું. અહંકાર; ઘમંડ.

૨. કું. ગરમી.

૩. કું. ગુસ્સો; ક્રોધ.

૪. કું. લુબ્ધ; બળાત્કાર.

૫. કું. તેજી; પ્રચંડતા.

૬. સ. તે. કવિતામાં વપરાય છે.

તેહકીક (તેહકીક) [ફા.] જી. ચોકસાઈ; તપાસ, તલાશ; શોધ.

તેહખાનું (તેહખાનું) [ફા. તહખાના] ન. ભોંયરું.

તેહનિયતનામા ન. ખુલ્લખબરનો કાગળ; સુથારકડાદીનો પત્ર.

તેહર [હિ.] જી. ઓની ખૂંટીની આસપાસ પહેરાવું એક જાતનું ઘરેણું.

તેહરા [હિ] વિ. ત્રેવડું, ત્રણગણું.

તેહસીલ ૧. [અ. તહસિલ] જી જમીનનું સરકારી ખાતું; મહેસૂલ

૨. સ્ત્રી. જમીનનો કર ઉઘરાવવાને મોટા વિસ્તારમાં પડેલો નાનો ભાગ; તાલુકો; જમાબંદીની સગવડ માટે પાડેલો મુલકનો એક ભાગ, પ્રાંત; પરગણું; મહાલ.

૩. સ્ત્રી. જમીનનો કર ઉઘરાવવો અને સરકારી તિજોરીમાં ભરવો તે; વસૂલાત.

૪. સ્ત્રી. વસૂલાતી કચેરી.

તેહસીલદાર પુ. તાલુકા કે પરગણાની મહેસૂલ ઉઘરાવનાર સરકારી અમલદાર, મહાલકારી. મામલતદાર; વહીવટદાર.

તેહા ૧. [હિં.] પું. અહંકાર, ટેખી, અભિમાન; ઘમંડ.

૨. પું. ગુસ્સો; ક્રોધ.

૩. પું. જુલમ, જબરાઈ.

તેહિય ૧ [સં. આહ્નિક] પું. તરિયો તાવ; બીજે બીજે દિવસે આવતો તાવ.

૨. વિ. ત્રણ દિવસનું.

તેહી ૧. [હિં.] વિ. અભિમાની; ઘમંડી.

૨. વિ. ગુસ્સો કરનાર; ક્રોધી.

૩. અ. તરત જ; તત્ક્ષણ.

તેહેનાત ૧. [અ. તઅ્હીનાત; ફા. તઅ્યીનાત] સ્ત્રી. તાબેદારી; આધીનતા.

૨. સ્ત્રી. મોટા માણસની આજ્ઞા ઉઠાવી લેવાને અને તેનું કામકાજ સેવા ચાકરી કરવાને તેની પાસે રહેવું તે; ખિજમત; સાન્નિધ્ય; સમુપસ્થિતિ. કોઈ મોટો અમલદાર, મોટો માણસ કે બાંધા માણસની સેવાચાકરી માટે તેની નજીક ને નજીક તેને લગતું કરવું આપણને ફરમ થાય તે ઉઠાવવાને રજા કરવું તે; સેવામાં રહેવું તે.

તેહેનાતમાં રહેવું = સેવાચાકરી કરવાને કે હુકમ ઉઠાવી લેવાને હાજર ને હાજર રહેવું; ખિજમતમાં રહેવું.

તેહેનાતી ૧. પું નોકરિયો; તહેનાત કરનારો નોકર; ખિજમતદાર.

૨. જુઓ તેહેનાત.

તેહેવાર ૧. પું. દહાડો, અવસર; પ્રસંગ.

૨. પું. મુસલમાનની દીનનો પાક દિવસ.

૩. પું ગત, ઉત્સવ વગેરે પાળવાનો અને આનંદ માણવાનો દિવસ; આજુ બાજુ ધમધંધો નહિ કરતા ખુશાલીમાં અને આબાદીમાં આનંદભેર રહેવાનો દિવસ.

તેળા ન. ત્રણ વસ્તુનું સાથે હોવાપણું.

તૈં ૧. [સં. ત્વયા] સ. તું સર્વનામનું ત્રીજી વિભક્તિનું એકવચન. સંસ્કૃતમાં તૃતીયા એકવચનનો પ્રત્યય એન છે, એ ઉપરથી ન બોપાઈ મરાઠીમાં અનુનાસિકને બદલે પૂર્વસ્વર ઉપર અનુસ્વાર થઈ એ થયો છે. ગુજરાતીમાં એ થયો છે, અનુસ્વાર જતું રહ્યું છે. સર્વનામમાં અનુસ્વાર રહ્યું છે, જેમકે, મૈં, તૈં.

૨, અ. ઉપર.

૩. અ. થી.

તૈંગ ન. કોરડીને મળતું એક જાતનું ઘાસ. તે વાઘ બનાવવામાં ઉપયોગી છે.

તૈગાળ પું.;ન. એક કઠોળ વાળાનું બરછું.

તૈંદું ૧. સ. તું. અભિમાનના બોલને આ શબ્દ લગાડવામાં આવે છે.

૨. વિ. પાતળું.

૩. વિ. માલ વગરનું; આબરૂ; અસલી; કહેર; જેનાથી કઈ બની શકે નહિ એવું, નિર્માલ્ય.

તૈંતાલીસ જુઓ તેંતાળીસ.

તૈંતાળીસ [સં. ત્રિચત્વારિંશત્; પ્રા. તેત્તાલીસા] વિ. ચાળીસ ને ત્રણ; ૪૩; તેતાળીસ.

તૈંતીસ [સં. ત્રયસ્ત્રિંશત્] વિ. ત્રીસ ને ત્રણ; ૩૩; તેત્રીસ.

તૈંત્રીસ [સં. ત્રયસ્ત્રિંશત્] વિ. ત્રીસને ત્રણ. ૩૩. તેત્રીસ.

તૈંદુ [હિં.] પું. ટીમરું; ટીમરુનો

તૈંદુઆ [હિં.] વિ. નિકાળી કે ચિંતાની જાતનું એક માઠું હિંસક પ્રાણી. તે બાર્કિક તથા એસિઆના માઠ જંગલોમાં જોવામાં આવે છે. બળ અને ભયંકરતામાં સિંહથી પણ તે ચડી જાય છે. આ પ્રાણી ચિંતાથી નાનું હોય છે. તેની બંધારણ બધું કરીને બાંધ મૂઠ હોય છે તેના શરીરનો રંગ પીળાશ પડતો ભૂરો હોય છે તેના આખા શરીર ઉપર કાળાં ટોળ ધાબાં હોય છે. કોઈ કોઈ જનવર કાળા રંગનું પણ હોય છે.

તૈંસઠ [સં. ત્રિષષ્ટિ] વિ. ત્રણ ને સાઠ; ૬૩; તેસઠ

તૈંહકી અ. તેમ, તે પ્રમાણે.

તૈંહડું (તેહડું) વિ. તેટલું.

તૈકક્ષયન [સં.] પું. તિક ઋષિનો વંશજ કે શિષ્ય.

તૈક્ષ્ણ્ય જુઓ તૈક્ષ્ણ્ય.

તૈક્ષ્ણ્ય ૧. [સં.] ન. ઉષ્ણપણું.

૨. ન. ક્રૂરતા; સખ્તાઈ.

૩. ન. તરબી; તીખાશ.

૪. ન. તીક્ષ્ણપણું.

તૈક્ષ્ણ્ય ૧. [સં.] ન. ઊનાપણું; ગરમપણું.

૨. ન. તીખાપણું.

૩. ન. તેજસ્વીપણું.

તૈજસ ૧. [સં.] પું. આહારને રસમાં અને રસને ધાતુમાં ફેરવનાર શારીરિક શક્તિ.

૨. પું. ઓષ્ણકરનો બીજો પાદ.

૩. પું. પ્રત્યેક શરીરનો અભિમાની પ્રાણ; રાજસ અવસ્થામાં થતો અહંકાર. તે જ્યારે સૂક્ષ્મ શરીરમાં અભિમાન રાખનારો થાય છે ત્યારે તે તૈજસ કહેવાય છે.

૪. પું. તેજસ્વી લોક.

૫. પું. મણિ અથવા એવા પ્રકારનો ક્રોધ બગડતો બદાયું.

૬. પું. સાખ્યપ્રસિદ્ધ રજોગુણ વિકાર.

૭. પું. સુમતિનો એ નામનો એક પુત્ર.

૮. ન. અંત:કરણ.

૯. ન. એ નામનું એક તીર્થ. અહીં દેવોએ તારકાસુરના વધ માટે કાર્તિકેયને અભિષેક કર્યો હતો.

૧૦. ન. બી.

૧૧. ન. રજોગુણથી ઉત્પન્ન થયેલ પદાર્થ.

૧૨. ન. બાહ્ય સૂક્ષ્મ શરીરનું અભિમાની ચૈતન્ય, તેજસ તથા હિરણ્યગર્ભનું સ્વરૂપ સમજવા માટે જીવ તથા ઈશ્વરનાં ઉપાધિભેદે થતા ચાર સ્વરૂપો જાણવાની અગત્ય છે. જેમ સૂર્યનું પ્રતિબિમ્બ શુદ્ધ જળ ઉપર, શુદ્ધ કાચ ઉપરના તે પ્રતિબિમ્બનું પરાવર્તન કોઈ ધાતુના ચળકતા પતરા ઉપર અને તેનું પુનઃ પરિવર્તન ચૂનો દીધેલી ધોળી ભીંત ઉપર થાય છે, તેમ ચૈતન્યનું પ્રતિબિમ્બ માયામા પડે છે, તે માયોપહિત ચૈતન્યનું પરાવર્તન સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિમાં અને તેનું પુનઃ પરાવર્તન સમષ્ટિ સ્થૂલ ઉપાધિમાં થાય છે. માયોપહિત ચૈતન્યને ઈશ્વર, સમષ્ટિ સૂક્ષ્મ શરીરના અભિમાની ચૈતન્યને હિરણ્યગર્ભ અને સમષ્ટિ સ્થૂલોપાધિના અભિમાની ચૈતન્યને વિરાટ કહે છે. પ્રત્યક્ ચૈતન્યનું પ્રતિબિમ્બ અવિદ્યામાં પડે છે તે પ્રાજ્ઞ, પ્રાજ્ઞનું વ્યષ્ટિ સૂક્ષ્મોપાધિમાં પરાવર્તન તે તૈજસ અને તૈજસનું પુનઃ પરાવર્તન વ્યષ્ટિ સ્થૂલોપાધિમાં થઈ તે વિશ્વ કહેવાય છે. આ વાત દર્શાવનારો સાંકેતિક અક્ષર ૐ છે, તેથી જ તેને શબ્દબ્રહ્મ કહે છે.

૧૩. વિ અગ્નિનું; અગ્નિ સંબંધી.

૧૪. વિ. આલવામાં વેગવાળું.

૧૫. વિ. તેજમાંથી ઉત્પન્ન થતું; તેજ સંબંધી; તેજનું બનેલું.

૧૬ વિ. તેજવાળું; તેજસ્વી; પ્રકાશતું; રૂપાળું.

૧૭. વિ. પરાક્રમી, જોરાવર.

તૈજસષ્ટય [સં.] પું. સૂક્ષ્મ અને કારણ એવાં બને શરીરની ઉપાધિવાળું ચૈતન્ય.

તૈજસદેહ [સં] પું. અવિદ્યારૂપી મનુષ્યનો દેહ.

તૈજસવર્ગણા સ્ત્રી. (જૈન) ઔદારિક અને વૈક્રિય શરીરને કાંતિ આપવાવાળું તૈજસશરીર જે વર્ગણાથી એટલે કર્મપરમાણુના સમૂહથી બને તે.

તૈજસવિષય [સ] પું સમવાય સંબંધે કરીને ઉષ્ણ સ્પર્શવાળો વિષય.

તૈજસશરીર [સ.] ન ઉષ્ણ સ્પર્શવાળું શરીર. ઉષ્ણ સ્પર્શનું સમાનાધિકરણ અને દ્રવ્યત્વની વ્યાપ્ય એવી તૈજસત્વ જાતિવાળું શરીર; જે તેલેમય હોવાથી ખાધેલા આહાર વગેરે પચાવવામાં અને દીપ્તિમાં કારણભૂત થાય છે તે શરીર.

તૈજસસમુદ્‌ઘાત [સં. તૈજસ (અગ્નિનું) + સમુદ્‌ઘાત (એકીસાથે પ્રબળપણે જીવ પ્રદેશથી કર્મ પુદ્ગળને આકર્ષી ભોગવી અજરવા તે)] પું. (જૈન) તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા. પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી ચારમાં વધુ સંખ્યાન જોજન દીર્ઘ અને પોતાના શરીર પ્રમાણે જાડો પહોળો દંડાકાર કરી તૈજસનામકર્મના અંશોને પ્રબળ ઉદીરણાવડે ઉદયમાં લાવી ક્ષય કરવાં તે.

તૈજસાવર્તની [સં] સ્ત્રી. સોનું વગેરે ગાળવાની મૂસ કે કુલડી.

તૈજસી ૧. [સં.] સ્ત્રી. ચળપિપ્પલી નામની વનસ્પતિ.

૨. ન. એક જાતનું મોતી. તે તેજમાં ઓછું હોય છે.

તૈજસેંદ્રિય સ્ત્રી. ઉષ્ણ સ્પર્શવાળી ઇંદ્રિય; ઉષ્ણ સ્પર્શનું સમાનાધિકરણ અને દ્રવ્યત્વની વ્યાપ્ય એવી તેજસત્વ જાતિવાળી ઇંદ્રિય.

તૈટીક પું. એ નામનો એક પ્રાચીન વ્યાકરણકાર.

તૈડ (તૈડ) સ્ત્રી. તરડ; તડ; ફાટ; ચીરો.

તૈડાવું (તૈડાવું) ૧ અ. ક્રિ. ઊંચકાવું. વિરુદ્ધ રહેવું; વિરુદ્ધ હોવું; વાંકા ચાલવું.

૨. અ. ક્રિ. તરડાવું; ફાટવું; ચિરાવું; ભૂકું થવું.

૩. અ. ક્રિ. તરડાવું; વંકાવું; વાંકું થઈ જવું.

તૈડિયું (તૈડિયું) ૧. ન. તડ, તરડ; ફાટ.

૨. ન. તરડવાળી સોપારી.

તૈડિયો (તૈડિયો) ૧. વિ. પું. આકરા સ્વભાવનો

૨. વિ.પું. તરડાઈ ગયેલો; ઉંમરપણાથી બળગો થઈ ગયેલો.

૩. વિ પું તરડાઈ, ફાટી કે ચિરાઈ જાય એવો.

૪. વિ પું. બળતો ન રહે એવો; બતડો.

તૈણ ૧ સ્ત્રી. એક જાતનું ઘરો બેસવું ઝીણું ઘાસ. તેને બાળી તેલ સાથે ચોપડવાથી બરજનું મટે એમ મનાય છે

૨. વિ બે ને એક બેટલી સંખ્યાનું; ત્રણ; ૩.

તૈણી સ્ત્રી. તાણો તાણવા વપરાતી સોટી.

તૈણું ૧. [સં. તૃણ] ન. તરબલું. તૃણ. ઘાસની પાતળી પાનદ વગેરેની કટકી; તરણું.

૨. ન. તુચ્છ વસ્તુ; હલકી ચીજ.

તૈતક્ષ [સં.] વિ. તિતિક્ષાથીજ; સહનશીલ.

તૈતલ ૧. [સ] પું (પુરાણ) એ નામનો એક ઋષિ

૨. પું. અદ્રયુમ્નના વખતમાં નગર ઘોડા માટે વખણાતો એક દેશ.

૩. ન. જ્યોતિઃશાસ્ત્રમાં અભિચાર માંહેનું ચોથું કરણ; વાસ્તુના કામમા એક શુભ કરણ.

તૈતિક્ષ્ય [સં.] પું. (પુરાણ) તિતિક્ષ ઋષિનો પુત્ર.

તૈતિર [સં.] પું. તેતર પક્ષી.

તૈતિરિ [સં.] સ્ત્રી.;ન. એ નામનું એક ઉપનિષદ.

તૈતિરી [સં.] સ્ત્રી. તેતર પક્ષિણી.

તૈતિલ ૧. [સં.] પું. એંડો.

૨. પું. દેવ.

૩. પું. પશુ.

૪. ન. જ્યોતિષનાં અભિચાર માંહેનું ચોથું કરણ. આ કરણમાં જન્મનાર કળાકુશળ, રૂપવાન, વક્તા, ચુસ્ત, સુશીલ અને ક્ષમી થાય છે.

તૈતિલી [સં. તૈતિલિન્] પું. એ નામે એક પ્રવર.

તૈત્તિર ૧. [સં.] પું. તેતર પક્ષી.

૨. ન. તેતર પક્ષીઓનો સમૂહ.

૩. વિ. તેતર સંબંધી.

તૈત્તિરિ ૧. [સં.] પું. કુરુવંશી એક રાજા.

૨. પું. કૃષ્ણ યજુર્વેદનો પ્રવર્તક એક ઋષિ.

તૈત્તિરી ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે તિત્તિરિ ઋષિનો પુત્ર હતો. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો શિષ્ય વૈશંપાયન એનો વડવાજ હતો.

૨. સ્ત્રી. તેતર પક્ષિણી.

તૈત્તિરીય ૧. [સં.] પું. તૈત્તિરીય વેદ શાખાનું અધ્યયન કરનાર બ્રાહ્મણ; યજુર્વેદી.

૨. સ્ત્રી.;ન. કૃષ્ણ યજુર્વેદની ૮૬ માંહેની એક શાખા. તે આત્રેય અનુક્રમણિકા તથા પાણિનિ અનુસાર તિત્તિરિ ઋષિએ કહેલી છે. પુરાણોમાં આ સંબંધી લખેલું છે કે, એક વાર વૈશંપાયને બ્રહ્મહત્યા કરી હતી. તેના પ્રાયશ્ચિત્ત માટે તેણે તેના શિષ્યોને વ્રત કરવાની આજ્ઞા કરી. બધા શિષ્ય વ્રત કરવા તૈયાર થઈ ગયા, પણ યાજ્ઞવલ્ક્ય તૈયાર ન થયા. તેથી તેમને વૈશંપાયને કહ્યું કે, તું મારું શિષ્યપદ છોડી દે અને ગુરુસે થઈને પોતે શીખવેલો યજુર્વેદ પાછો આપવા માટે કહ્યું. યાજ્ઞવલ્ક્યે તેની બળતા અંગારા જેવી ઋચાઓ ઓકો કાઢી અને વૈશંપાયનના શિષ્યોએ તિત્તિર પક્ષીના રૂપ લઈને તે ઋચાઓ ચણી કાઢી. માટે તે શાખા તૈત્તિરીય કહેવાઈ એમ આખ્યાયિકા છે. તૈત્તિરીય ઉપનિષદમાં પરમાત્માનું વિશ્વરૂપ બતાવતા કહ્યું છે કે, ૐકાર આ સર્વ છે અને ૐકાર જ બ્રહ્મ છે. તેમાં વિસ્તારમાં કહ્યું છે કે: પૃથ્વી, અંતરિક્ષ, દ્યો, દિશાઓ, ઉપદિશાઓ, અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્રમા, નક્ષત્રો, જળ, ઔષધિ, વનસ્પતિ, આકાશ અને આત્મા એ વિશ્વના ભૂતોમા તથા શરીરમાં પ્રાણ, અપાન, ઉદાન, સમાન, ચક્ષુ, શ્રોત્ર, મન, વાણી, ત્વચા, ચર્મ, માંસ, સ્નાયુ, અસ્થિ અને મજ્જા એ બધું મળીને જે થાય છે તે ૐકાર વાચ્ય છે. આ ૐકાર જ બ્રહ્મ છે, અર્થાત પૃથ્વી આદિ રૂપ ૐકારનાં જ છે. બનેલે ૐકાર વાચ્ય બ્રહ્મનું જ વિશ્વરૂપ આ સર્વ છે. આગળ આ ઉપનિષદમાં બ્રહ્મનું સ્વરૂપલક્ષણ બતાવ્યું છે કે, જેનાથી આ સર્વ ભૂતમાત્ર ઉત્પન્ન થાય છે, જેનાથી એ સર્વ જીવે છે અને જેનામાં અને એ સર્વ સમાઈ જાય છે તે બ્રહ્મ છે. આ ઉપનિષદ ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. આ ઉપનિષદને શિક્ષાધ્યાય, બ્રહ્માનંદ અને ભૃગુ એ નામની ત્રણ વલ્લી છે. આ બધ્ધ વલ્લીઓના કુલ ૩૧ અનુવાક નામના પેટા ભાગ છે.

૩. વિ. તિત્તિરિ ઋષિએ કહેલું.

તૈત્તિરીય આરણ્યક [સ.] ન. જૂનામાં જૂનું વેદ ઉપરનું એક પુસ્તક. તેમાં દસ પ્રપાઠક કે પ્રકરણ છે. તેનાં નામ: ભદ્ર, સદ્ય, મિત્ર, યુજ્યે, કેવલે, પરે, શિક્ષા, બ્રહ્મવિદ્યા, ભૃગુ અને નારાયણીય. સાતમા, આઠમા અને નવમા પ્રકરણનું તૈત્તિરીય ઉપનિષદ બનેલું છે. આ પ્રકરણના અનુવાક જેવા ભાગ પાડ્યા છે અને તે કુલ ૧૭૯ છે.

તૈત્તિરીયક ૧. [સં.] પું. તૈત્તિરીય ઉપનિષદ ભણનાર બ્રાહ્મણ

૨. સ્ત્રી. યજુર્વેદરૂપ જ એ વેદની શાખા

તૈત્તિરીય બ્રાહ્મણ [સં.] ન. કૃષ્ણ યજુર્વેદનું એક પ્રાચીન બ્રાહ્મણ. શુક્લ યજુર્વેદના શતપથ બ્રાહ્મણ પછી તેના અનુકરણ તરીકે તે રચાયું હતું. આ બ્રાહ્મણ પણ સ્વરકારવાળું છે. તેની શૈલી શતપથ કરતાં પણ જૂની લાગે છે. એનું કારણ એ છે કે, કૃષ્ણ યજુર્વેદ કે જેમાં મંત્ર અને બ્રાહ્મણ બને જોવામાં આવે છે તેનું અનુકરણ કરેલું છે. બધા બ્રાહ્મણોની માફક એમાં શબ્દોની અને વાક્યોની પુનરુક્તિ, તરંગી

ખુલાસા અને વ્યુત્પત્તિ જોવામાં આવે છે. તે આખુ બ્રાહ્મણ એકીવખતે રચાયું લાગતું નથી. તેના ત્રીજા કાંડમાં પુરુષમેધનું વર્ણન કરેલું છે, તેથી તે પાછળથી ઉમેરેલો છે. પહેલા બે કાંડ સૌથી પ્રાચીન છે. તે શતપથ પછી અને છાંદોગ્ય ઉપનિષદ પહેલાં રચાયું અને તેથી તેનો સમય ઈ. સ. પૂર્વે ૨૮૦૦ થી ૨૫૦૦ સુધીનો ગણી શકાય. તૈત્તિરીય ઉપનિષદ અને નારાયણ ઉપનિષદ તેના ભાગ છે. તેના પહેલા કાંડમાં અગ્ન્યાધાન, ચયનમયન, વાજપેય, સોમ, નક્ષત્રેષ્ટિ અને રાજસૂય વિષેનાં પ્રકરણ છે. બીજા કાંડમાં અગ્નિહોત્ર, ઉપહોમ તેમ જ સૌત્રામણિ અને ત્રીજો કાંડ જે પાછળથી ઉમેરાયો છે તેમાં નક્ષત્રેષ્ટિ વગેરે વિષે વિસ્તારથી આપવામાં આવી છે.

તૈત્તિરીય સંહિતા [સં.] સ્ત્રી. વેદની એ નામની એક સંહિતા.

તૈત્તિરીયા [સં.] સ્ત્રી. યજુર્વેદની એક શાખા; કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ.

તૈત્તિરીયારણ્યક [સં.] ન. તૈત્તિરીય શાખાનો એક ભાગ. તેમાં વાનપ્રસ્થો માટે ઉપદેશ છે.

તૈત્તીર્ય જુઓ તૈત્તિરીય.

તૈથિક પું. (પિંગળ) પંદર માત્રાનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેની પ્રસ્તાર ભેદથી ૬૮૭ વૃત્તિ થાય છે.

તૈનાત ૧. [અ.] સ્ત્રી. ચાકરી સરદારી.
૨. સ્ત્રી. સામાન્ય બંદોબસ્ત.
૩. વિ. નીમેલ; નિયુક્ત; નિયત; મુકરર.

તૈનાતી ૧. સ્ત્રી. કોઈ કામ ઉપર લાગવાની ક્રિયા અથવા ભાવ; નિયુક્તિ.
૨. વિ. તહેનાતી; તહેનાતમાં રહેનાર.

તૈપગ્રો (તૈપગ્રો) પું.;ન. એક જાતની વનસ્પતિ; ગુવાર.

તૈમત ૧. સ્ત્રી. એક જાતની કવાયત.
૨. સ્ત્રી. કેડની આસપાસ પહેરાતો પટો.

તૈમિર ૧. [સં.] પું. એક જાતનો આંખનો રોગ.
૨. વિ. અંધકારનું; અંધકાર સંબંધી.

તૈમિરિક ૧. [સં.] વિ. તિમિર નામના આંખના રોગવાળુ.
૨. વિ. તિમિર નામના નેત્રરોગ સંબંધી; તિમિર નામના રોગનુ

તૈમુર [તુ. તીમુર (પોલાદ)] પું. એ નામનો એક બાદશાહ. જુઓ તૈમુર લંગ.

તૈમૂર લંગ પું એ નામનો એક બાદશાહ. તે મુગલ જાતિનો હતો અને તાર્તર મુલકમાંથી હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો હતો. તે લગડો હતો.

જંગીસલ્તનત, હલાકૂખાન, તૈમુર લૂંગ એ ભીમકાય વડવાઓએ ઝાંખો પાડ્યો ન હોત તો બાબરશાહ જગત નેતાઓમાં ગણાત. નાનાલાલ

તૈયા [હિં.] પું. કપડાં છાપવાના-રંગ રાખવાનું માટીનું વાસણ; અહર.

તૈયાર ૧. ન. ગળાનો એક ઘરેણાનો.
૨. ન. પારો.
૩. ન. પાંખવાળું પ્રાણી.
૪. વિ. ઊડતું; પવનવેગી. ઘોડા ને તીર માટે વપરાય છે.
૫. [અ.] વિ. તરત રજૂ કરાય એવી સ્થિતિનું, તરત રજૂ કરાય એવું; હાજર.
તૈયાર કરવું = (૧) ગોઠવવું; વ્યવસ્થા કરવી. (૨) બનાવવું; ઉપયોગમાં આવે એમ કરવું; પૂરું કરવું; સંપૂર્ણાવસ્થામાં આણવું.
૬. વિ. પરિપૂર્ણતાએ પહોંચેલું; પૂરું થઈ રહેલ હોય એવું; રજૂ કરવા કે ઉપયોગમાં લેવા જેવું.
૭. વિ. મોજૂદ; ઉપસ્થિત.
૮. વિ. સજ્જ; તત્પર; સાબદું; કાર્ય કરવાને કે ઉપાડવાને તમામ સાધન સહિત પરવારીને રાહ જોતું હોય એવું.
તૈયાર થવું = (૧) ઉપયોગમાં લેવાય એવું થવું. (૨) કામકાજથી પરવારી તમા સાધન સામગ્રી એકઠી કરીને કોઈ પણ કામ કરવાને સજ્જ થવું; તત્પર થવું. (૩) પાકવું; પરિપક્વ થવું.
૯. વિ. હૃષ્ટપુષ્ટ; તાજુ.
૧૦. અ. તત્પર હોય એમ.

તૈયારકૂવો ન. કોઈ ઉપયોગ કે કામકાજ માટે ઢંકને જમીન ઉપરથી ઉપાડી લેવાનો ફુરમ; ઢંક કવાયતનો એ નામનો ફુરમ.

તૈયારપણું ૧. સ્ત્રી. ભાર્યું હોવાપણું; સ્ફૂર્તતા.
૨. સ્ત્રી. તત્પરતા.
૩. સ્ત્રી. મોટું સરધસ; મોટો જલસો.

તૈયારાત [અ.] ન. ઊડવું તે.

તૈયારી ૧. સ્ત્રી. કાર્ય કરવાનો કે નિર્ણય જણવાનો વખત કે નજીક આવી રહેવો તે.
૨. [અ.] સ્ત્રી. કાર્ય થવાનો કે બનાવ બનવાનો વખત કે નજીક આવી રહેવો તે.
૩. સ્ત્રી. કોઈ પણ કાર્ય પાર પાડવાને માટે તેનાં સઘળાં સાધન વગેરે મેળવી એકઠાં કરી સજ્જ થવું તે; સજ્જાઈ; સજ્જ થઈ રહેવું તે; તત્પરતા.
૪. સ્ત્રી. ઉત્સવો સમય; મરણ સમય.
૫. સ્ત્રી. ભાર્યું હોવાપણું; સ્ફૂર્તતા
૬. સ્ત્રી. નિર્માણ; બનાવટ.
૭. સ્ત્રી. મોટું સરધસ, મોટો જલસો
૮. સ્ત્રી. વ્યવસ્થા

તૈયિબ [અ.] વિ. સારું.

તૈયુનાત ૧. [અ.] પું. નિમણૂક.
તૈયુનાત કરવું = નીમવું.
૨. પું. ચાકરની ટુકડી.

તૈયુનાતી જુઓ તૈયુનાત.

તૈર ૧. [અ.] પું. ઊડવું તે.
૨. પું. પક્ષી.
૩. [સં.] ન. એક જાતનું ધાન્ય; કળથી.

તૈરણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મેદી.

તૈરતા વિ. તરતું.

તૈરાક [હિં.] પું. તરનાર; તાર.

તૈરાકી સ્ત્રી. તરવાની વિદ્યા.

તૈરાન ૧. [અ.] પું. ઊડવું તે.
૨. પું. ન. ઘ. ઘ. પક્ષીઓ.

તૈરાની [અ.] વિ. પક્ષીનું.

તૈરૈયા ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તૈર્થ ૧. [સં.] ન. તીર્થમાં કરવાનું કાર્ય.
૨. વિ. તીર્થ સંબંધી.
૩. વિ. તીર્થમા આપવા જેવુ.

તૈર્થક [સં.] વિ. તીર્થ પ્રદેશમાં હોનાર કે બનાર.

તૈર્થિક ૧. [સં.] પું. શાસ્ત્રકાર; સિદ્ધાંતવેત્તા; દર્શનશાસ્ત્ર બનાવનાર.
૨. વિ. તીર્થ સંબંધી; તીર્થનું.
૩. વિ. તીર્થમાં હોનાર કે બનાર.
૪. વિ. તીર્થે જનારું.

તૈર્થ્ય [સં.] વિ. તીર્થની સમીપમાં હોનાર કે બનાર.

તૈર્યગયનિક [સં.] ન. એ નામનું એક સૂત્ર.

તૈર્યગ્યોન [સં.] વિ. પશુપક્ષીની જાતિનું; પશુપક્ષીની જાતિ સંબંધી.

તૈર્યગ્યોન્ય જુઓ તૈર્યગ્યોન.

તૈર્યગ્યોનિક [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ.

તૈલ ૧. [સં.] ન. તેલ; તલનું તેલ.
૨. ન. પીલીને અથવા ગરમીની મદદથી યંત્ર વડે ખેંચીને કાઢવામાં આવતું ઔષધનું તેલ. તે માત્ર લગાડવાના જ કામમાં આવે છે.

૩. ન. શિલાજિત.

તૈલક ૧. પું. પ્રાણી અને વનસ્પતિસૃષ્ટિ એ બંનેમાં પુષ્કળ જથ્થામાં માલૂમ પડતો મેદ. સ્વાભાવિક ઉષ્ણામાનમા તે પ્રવાહી હોય છે, પરંતુ શૂન્યશત.શની નીચેના ઉષ્ણામાનમાં તે ઘનીભૂત થાય છે. ૩૦° થી ૪૦° શતાંશ ઉષ્ણામાને ખાસ કરીને તે ઘનીભૂત મેદોને દ્રવિત કરે છે. રાસાયણિક દૃષ્ટિએ જોતાં તૈલક એ તૈલકામ્લનો મધુકિલ છે.

૨. [સં.] ન. થોડું તેલ.

તૈલકદક [સં. તૈલ (તેલ) + કદક (કચરો)] પું. તલનો ખોળ.

તૈલકદકજ [સં] વિ. તલના ખોળમાંથી બનાવ.

તૈલકંદ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. તેલિયો કંદ; સિદ્ધકંદ. આ કંદને વિષકંદ પણ કહે છે. તે કમળકંદ જેવો થાય છે. પાંદડાં પણ કમળ જેવાં જ થાય છે. તેમાંથી તેલનાં ટીપાં પાણીમાં પડતાં હોય છે. તેમાં આઠ જાતનાં ઝેર ઉતારવાનો ગુણ છે. આસપાસનું પાણી તેલ જેવું લાગે છે. તેમાં સોમ જોડવાથી સોમ ઓગળી જાય છે.

તૈલકાર [સં.] પું. ઘાંચી; તેલી; તેલ કરનાર. બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર આ જાતિની ઉત્પત્તિ કોટક જાતિની સ્ત્રી અને કુંભાર પુરુષથી થયેલી મનાય છે.

તૈલકિટ્ટ ન. તલનો ખોળ.

તૈલકીટ ૧. [સં.] પું. એક જાતનો કીડો.

૨. ન. તેલનું કોહું.

તૈલકેલા [સં.] સ્ત્રી. તેલ રાખવાનું ઠામ.

તૈલકષ [સં.] ન. તિલકપણું.

તૈલગંડૂપ [સં.] પું. તેલનો કોગળો.

તૈલગંડૂષના સેવનથી દાંત મજબૂત થાય છે. અસ્થાલ

તૈલગોમય [સં.] ન. તેલ અને છાણનું મિશ્રણ.

તૈલચર્મ [સં. તૈલચર્મન્] ન. જેના ઉપર બેસી તેલનું માલિશ કરાય તે ચામડું; તેલનું માલિશ કરવાને બેસવાનું આસન.

તૈલચિત્ર [સં.] ન. તેલમાં મેળવેલા રંગથી કાઢેલું ચિત્ર; તેલ મિશ્રિત કરેલા રંગ વડે દોરેલું ચિત્ર.

તૈલચોરિકા જુઓ તૈલચૌરિકા.

તૈલચૌરિકા [સં.] સ્ત્રી. એક જાતનો કીડો.

તૈલજ્ય [સં] ન. તેલનો ગુણ; તેલપણું.

તૈલજ [સં.] વિ. તેલ બનાવટ.

તૈલજવાયુ ૧. [સં.] પું. એક પ્રકારનો કોષ્ઠમાં રહેલો વાયુ. તે સળગાવવાના કામમાં ઉપયોગી થાય છે.

૨. પું. તેલમાંથી ઉત્પન્ન થતો વાયુ.

તૈલદ્રવ્ય [સં.] ન. તેલી ચિજ.

તૈલદ્રોણી [સં.] સ્ત્રી. તેલની કોઠી. પ્રાચીન કાળમાં માણસની લંબાઈ જેવડી લાકડાની કોઠી બનાવવામાં આવતી હતી. તેમાં તેલ ભરીને ચિકિત્સા માટે રોગીને સુવાડવામાં આવતો તથા મડદું અટકાવવા માટે અંદર રાખવામાં આવતું. દશરથ રાજાના શરીરને કેટલોક વખત તૈલદ્રોણીમાં રાખવામાં આવ્યું હતું.

તૈલધાન્ય ૧. [સં.] ન. જેમાંથી તેલ નીકળે તેવું ધાન્ય.

૨. ન. ધાન્યનો એક વર્ગ. તેની અંદર ત્રણ પ્રકારના સરસવ, બે પ્રકારની રાઈ, અળસ અને કુસુમનાં બીજ આવે છે.

તૈલનલિકા [સં.] સ્ત્રી. તેલનળી.

તૈલપ પું. (પુરાણ) એ નામના એક અગ્નિ.

તૈલપક [સં. તૈલ (તેલ) + પ (પીવું)] પું. એક જાતનો કીડો.

તૈલપર્ણિક [સં.] પું. એ નામનું ઝાડ; અંજિપર્ણ વૃક્ષ.

તૈલપર્ણિક ૧. [સં.] પું. એક જાતનો સુગંધી પદાર્થ. અશોકઝામિક, નેપાલ, મામેરક, સૌવર્ણકુસુમક, માતુલુંગ, પૂર્ણદીપક, અંતરવલ્કલેપક, ઔત્તરપર્વતક એ બધા તૈલપર્ણિક પદાર્થો છે.

૨. પું. ખોળું અને ટાઢું ચંદન.

૩. સ્ત્રી. તગરની વાંઢ.

૪. ન. એક પ્રકારનું વસ્ત્ર.

૫. ન. લાલચંદન; હરિચંદન.

૬. ન. સુખડ; ચંદન.

તૈલપર્ણિકા [સં.] સ્ત્રી. ચંદન.

તૈલપર્ણી ૧. [સં.] સ્ત્રી. ચંદન.

૨. સ્ત્રી. દેવદારનું ઝાડ.

૩. સ્ત્રી. ધૂપ.

૪. સ્ત્રી. સિલારસ.

તૈલપત્ય [સં.] ન. એક જાતનું સૌરાષ્ટ્ર પ્રસિદ્ધ તેલનું ઠામ; સૌરાષ્ટ્ર પ્રસિદ્ધ સૂરમય તેલનું ભાજન.

તૈલપા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કીડો; તૈલચોરિકા.

૨. વિ સ્ત્રી. તેલ પીનારી.

તૈલપાયિકા જુઓ તૈલપા.

તૈલપાયિની [સં.] સ્ત્રી. એક જાતનો કીડો.

તૈલપાયી [સં. તૈલપાયિન્] પું. એક જાતનો કીડો.

તૈલપિપીલિકા [સં] સ્ત્રી. એક જાતની નાની રાતી કીડી

તૈલપિષ્ટક [સં.] પું. ખોળ.

તૈલપિંજ [સં.] પું. ખોળ તલ.

તૈલપીત [સં. તૈલ (તેલ) + પા (પીવું)] વિ. જેણે તેલ પીધું હોય એવું.

તૈલપુટ પું. તેલની કોથળી; પ્રાણીના શરીરમાંની તેલની ગ્રંથિ.

તૈલપૂપ [સં.] ન. માલપૂઆ.

તૈલપેષણી [સં.] સ્ત્રી. ઘાણી.

તૈલપ્રકારા [સં.] પું તેલથી પેદા થતો પ્રકાર.

તૈલપ્રતિકૃતિ [સં.] સ્ત્રી. તૈલચિત્ર.

તૈલપ્રદ [સં.] વિ. તેલ આપનારું.

તૈલફલ ૧. [સં.] ન. ઉપલેટ; ઇંગોરિયાનું ઝાડ.

૨. ન. તલ.

૩. ન. બહેડું.

તૈલફલા ૧. [સં.] સ્ત્રી. ઉપલેટનું ઝાડ.

૨. સ્ત્રી. બહેડાનું ઝાડ.

તૈલબાષ્પકર [સં.] વિ. તેલની વરાળ કરનાર.

તૈલભાવિની ૧. [સં.] સ્ત્રી. ચમેલીનું તેલ.

૨. સ્ત્રી. જાતીપુષ્પ વૃક્ષ.

તૈલમર્દન [સં.] ન. તેલ ચોળવું તે.

તૈલમાપક [સં.] ન. તેલ માપવાનું સાધન; કોઈ પણ પદાર્થમાં તેલનું પ્રમાણ અથવા તેલની સ્વચ્છતા માપવાનું યંત્ર; સિક્થમૂલ્યદર્શક.

તૈલમાલી [સં.] સ્ત્રી. ફાનસની વાટ; દીવાની દીવેટ.

તૈલયંત્ર ૧. [સં.] ન. તલ પીલવાનો ઘાણી.

૨. ન. તેલથી ચાલતું યંત્ર.

તૈલયંત્રચલન [સં.] ન. તેલથી ચાલતું યંત્ર ચલાવવું તે

તૈલરંગ [સં.] પું. તેલમાં વાટીને કરેલો રંગ.

તૈલવક [સં.] પું. તેલુ રાજાનો દેવ.

તૈલવલ્લી [સં] સ્ત્રી. લઘુ શતાવરી; શતમૂલી.

તૈલવાયુ [સં.] પું. તેલમાંથી બનાવેલો વાયુ.

તૈલસાધન [સં.] ન. કલોલ નામે ગંધદ્રવ્ય.

તૈલસ્ફોટિક ૧. [સં.] પું. ગોમેદ નામનો એક મણિ

૨. ન. અંબર નામનું ગંધદ્રવ્ય.

તૈલસ્થંડા [સં.] સ્ત્રી. શ્વેત ગોકર્ણી; કાકોલી નામની વનસ્પતિ.

તૈલંગ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૫૨ ગુરુ અને ૪૮ લઘુ મળી ૧૦૦ વર્ણથી ૧૫૨ માત્રા હોય છે.

૨. [સં. ત્રિકલિંગ] પું. કર્ણાટક; દક્ષિણ હિંદનો એક પ્રાચીન દેશ. આ દેશમાં કાળેશ્વર, શ્રીશૈલ અને ભીમેશ્વર નામના ત્રણ પહાડ છે, જેના ઉપર ત્રણ શિવલિંગ છે. કેટલાકોનું કહેવું માનવું છે કે, આ ત્રણ શિવલિંગના કારણથી આ દેશનું નામ ત્રિલિંગ પડ્યું. તેનું નામ ત્રિકલિંગ હતું. મહાભારતમાં કલિંગ શબ્દ આવે છે. પાછળથી કલિંગના ત્રણ વિભાગ પડ્યા, જેથી તેનું નામ ત્રિકલિંગ પડ્યું.

૩. [સં.] પું. તૈલંગ દેશનો રહેવાસી.

૪ પું. તૈલંગણ દેશ.

૫. જ્ઞા. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાત. તૈલંગ બ્રાહ્મણના ૭ પ્રકાર છે: (૧) વેલનાડુ, (૨) રવેગીનાડુ, (૩) મૂર્તિનાડુ, (૪) કર્ણકમો, (૫) તિર્લંગણી અને (૬) કરસાલનાડુ.

૬. ન. એ નામની જ્ઞાતનું માણસ.

૭. વિ. એ નામની જ્ઞાતનું.

૮. વિ. તિલંગ દેશનું; તિલંગ સંબંધી.

તૈલંગણ ૧. પું. આખો દેશ.

૨. પું. તૈલંગણ; પ્રાચીન તૈલંગ દેશ.

તૈલંગા પું. તૈલંગનો રહેવાસી.

તૈલંગી ૧. પું. તિલંગ દેશવાસી.

૨. જ્ઞા. તૈલંગ દેશની ભાષા.

૩. જ્ઞા. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાત.

૪. ન. બ્રાહ્મણની એ નામની જ્ઞાતનું માણસ.

૫. વિ. તિલંગ દેશનું; તૈલંગણનું; તૈલંગ દેશને લગતું.

૬. વિ. બ્રાહ્મણની એ નામની જ્ઞાતનું.

તૈલંગીકંદ જ્ઞા. તુવેરની દાળ બનાવવાની એક રીત.

તૈલંપાત ૧. [સં.] ન. પિતૃશ્રાદ્ધ.

૨. વિ. તેલમાં ઝોકું હોનાર.

તલંપાતા ૧. [સં.] જ્ઞા. એક જ્ઞાતનું નામદાન

૨. જ્ઞા. પિતૃક્રિયા.

૩. જ્ઞા. સ્વધા.

૪. જ્ઞા. સ્વધાને લક્ષીને થતું શ્રાદ્ધ.

તૈલાગુરુ [સં.] પું. એક જ્ઞાતનું અગર.

તૈલાટી [સં.] જ્ઞા. ભમરી.

તૈલાધ્યાય [સં. તૈલ (તેલ) + અધ્યાય (પ્રકરણ)] પું. તેલ સંબંધી પ્રકરણ.

તૈલાભ્યંગ [સ] પું શરીરે તેલનું મર્દન કરવું તે; તેલ ચોળવું તે. માથા ઉપર, પગના તળિયામાં અને કાનમાં તેલ લગાડવાથી સારો ફાયદો થવાનું મનાય છે.

તૈલાભ્યંગસ્નાન [સં.] ન. તેલ ચોળીને નાહવું તે.

તૈલાલેખ પું. તેલથી કરાયેલ લખાણ.

તૈલાલેખન ન. તેલથી લખવાની ક્રિયા.

તૈલાંબુકા [સં.] જ્ઞા. એક જાતનો કીડો.

તૈલિક ૧. [સં.] પું. ઘાંચી.

૨. પું. તેલ; તેલ વેચનાર.

૩. વિ. તેલ સંબંધી

તૈલિકયંત્ર [સં.] ન. ઘાણી.

તૈલિની ૧. [સં.] જ્ઞા. એક જાતનો કીડા.

૨. જ્ઞા. તેલણ

૩. જ્ઞા દીવાની વાટ.

તૈલિરંગ પું. તેલના ચિકણાપણાનો રંગ; તેલમાં વાટીને કરેલો રંગ.

તૈલિશાલા ૧. [સં.] જ્ઞા. ઘાંચીનું ઘર; જ્યાં તેલ કાઢવાની ઘાણી ચાલતી હોય તે જગ્યા.

૨. જ્ઞા. તેલની ઘાણી.

તૈલી ૧. [સં. તૈલિન્] પું. ઘાંચી; તેલ વેચનારો, તેલી.

૨. જ્ઞા. ભેગણ, ચોરા તથા લોહાણાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ચીકણું, ચીકટ.

૬. વિ. તેલવાળું, જેમાં તેલ હોય એવું.

૭. વિ. પાનદરોડ.

૮. વિ. લપસણું.

તૈલીન [સં.] ન. તલ વગર બીજા બધા ખેતર; તલનું ક્ષેત્ર.

તૈલૌક પું. (પુરાણ) પ્રથમ મન્વંતર કાળમાં થયેલ એ નામનો એક ઋષિ.

તૈલોક્ય પું. (પિંગળ) પદ્મનંદમ; ચૌદગીસ માત્રાનો એક માત્રાવૃત્તિ છંદ.

તૈલ્યાભ્યંગ જુઓ તૈલાભ્યંગ.

તૈરા [અ.] પું. આવેશ; ક્રોધ; ગુસ્સો.
તૈશમાં આવવું = ગુસ્સે થવું.

તૈષ [સં.] પું. પોષ માસ. પોષ માસની પૂર્ણિમાને દિવસે તિષ્ય એટલે પુષ્ય નક્ષત્ર હોય છે, તેથી તેનું નામ તૈષ પડ્યું છે.

તૈષી [સં.] જ્ઞા. પોષ માસની પૂનમ; પુષ્ય નક્ષત્રવાળી પૂર્ણિમા.

તૈસ ૧. [અ.] પું. ભારો

૨. પું. સાગર.

તૈસા ૧ [સં. તાદૃશ] વિ. (હિંદી) તેના જેવું

૨. અ. તે જ વખતે

૩. અ. તેવી જ રીતે.

તૈસી [હિં.] વિ. જ્ઞા. તેવી

તૈસે [હિં.] અ. તેવી રીતે; તેમ.

તૈહુ ૧. [કા.] પું. નાનું પારેવું.

૨. વિ. ખાલી.

તૈહેન [સં. તાદૃશ] વિ. તેવું

તૈં ૧. [હિં.] સ. તું

૨. અ. તહીં, ત્યાં

તૈંસા ન. એક પ્રકારનું ગાયન. તેને પટણી પણ કહે છે.

તૈંતીસ [હિં.] વિ. તેત્રીસ; ૩૩.

તૈયે ૧ અ. ત્યારે; તર્ત, તો પછી.

૨. અ. સાંપણ.

તૈલ ૧. [કા.] જ્ઞા. અંદરનો ગુપ્ત અર્થ.

૨. જ્ઞા. પદ.

૩. જ્ઞા. સપાટી; તળિયું.

તો ૧. [પ્રા.] સ. તું

૨. અ. કૂતરાને બોલાવવામાં કે હાકી કાઢવામાં વપરાતો શબ્દ

૩. [સં. તતઃ] અ. 'જો'ના પ્રતિયોગીરૂપે વપરાતો અવ્યય. 'જો' સાથે કે એકલું, બન્ને વાક્યમાં તે વપરાય છે. જેમકે, તો ચાલશે.

૪. [હિ.] અ. તોપણ.

૫. અ ત્યારે; તે વખતે

૬. અ નિશ્ચયાર્થવાચક અવ્યય. જેમકે, રૂપિયા હોય તો ખરા, પણ આપવાના નથી.

૭. અ. ભાર બતાવનાર શબ્દ. જેમકે, હું મર્યો તો હતો.

૮. અ. ઘાટ અને મરકરીના અર્થમાં વપરાતો અવ્યય જેમકે, પાસે તો આવ.

૯. અ. ધાર્યો બતાવવા વપરાતો શબ્દ.

તોઈ ૧. [અ] જ્ઞા. ઉતાવળ

૨. જ્ઞા. તુર્કી કસબની કિનારી; સોનેરી કે રૂપેરી લેસ

૩. અ. તથાપિ; તોપણ; તેમ છતાં.

તોઓ [સં. તતોઽપિ પ્રા. તોઓ] અ. તથાપિ; તોપણ. તેમ છતાં.

તોક ૧. પું. પુત્ર.

૨. પું. પહાડમાં ખૂણા તથા જમીન ઉપર બાંધવામાં આવતો ભીંતે ખૂણો.
૩. પું. શ્રીકૃષ્ણચંદ્રનો એ નામનો એક મિત્ર.
૪. સ્ત્રી. ઠોકર; હળપૂણી.
૫. [જ. તવક (ગલપટો)] સ્ત્રી. જાડી અને ભારે બેડી; લોઢાની ભારે સાંકડી; ભણામાં નાખવાની વજનદાર બેડી; જજીર.
તોક પહેરાવવી = બેડી નાખવી; કેદ કરવું, બંદીવાન બનાવવું.
૬. [સં.] ન. બાળક; બચ્ચું; શિશુ; અપત્ય.

તોકક ૧. [સં.] પું. ચાતક પક્ષી; બપૈયો.
૨. ન. બાળક; બચ્ચું.

તોકરા [હિં.] સ્ત્રી. એક જાતની લતા. તે ભાંગેલાને જોડને પાટો તેને સૂકવી નાખે છે.

તોકરાવો સ્ત્રી. સવારનો ટાઢો તાપ.

તોકલ ૧. પું. ઊંચા ઉપરની આરસો.
૨. [અ. તવકુલ] પું. ભરોસો; ઇતબાર; વિશ્વાસ.

તોકલી ૧. વિ. ઠોબી.
૨. વિ. દુઃખમિશ્રિત; તોછડા સ્વભાવનું.
૩. વિ. બોજું; ઉધાર; નિખાલસ

તોકવું ૧. સ. ઊપડવું; ઉપાડવું.
૨. સ. ક્રિ. ભેખવું; ઠોળવું.
૩. સ. ક્રિ. ટોકવું; દોષ કાઢવો

તોકીર [અ. તવ્કીર] સ્ત્રી. મોટપ; મોટાઈ; આબરૂ.

તોકે અ. તો; ઉત્તરમાં કહે છે; એટલે; એમ કે; તોપણ.

તોકમ ૧°. [સં.] પું. કુંપળ; પલ્લવ; અંકુર.
૨. પું. મેઘ; વાદળ.
૩. પું. બીજો અને ત્રીજો જન્મ.
૪ પું. બીજો દેવ.
૫. પું. કાનનો મેલ.
૬. [સં. તોકમત્)] પું. નવા જન્મના અંકુર; જવારા
૭. ન. બાળક; બચ્ચું

તોખ [હિં.] પું. તોષ; સંતોષ.

તોખમ ૧. સ્ત્રી બીજ; મૂળ.
૨. ન. ભુસ્સો.
૩. ન. વંશ; કુળ.

તોખવું ૧. [સં. તુષ્] સ. ક્રિ. સંતોષ પામવો; ધરાવું.
૨. સ ક્રિ. સંતોષવું; રાજી કરવું.

તોખા ૧. સ્ત્રી. (જ્યોતિષ) તુલા.
દોષ રાત્રિઅર ભીનો કે તોખાનો હોય;
વિશેષ રાત્ર ક્ષય પ્રબ્ધ, ધિરવા કાજે જોય.
ભડલી

૨. [હિં.] ન. જે હદ પૂરી થતી હોય ત્યાં પોતપોતાની હદ બાંધી લેતી તે.

તોખાર ૧. પું. ઘોડો; અશ્વ; તુરિ.
ઊપટવાટિ ઊપઝ્યા ચાલઈ બાન તણા તોખાર.
કાન્હડદેપ્રબંધ
૨. પું. લોહદ્વાર અને બાવિયન વચ્ચે આવેલો મુલક. ભારે માલ લાં તુમાર ઓટલે બરફના તોફાન થાય છે.

તોખારિયો પું. એક જાતનો ઘોડો.

તોગ ન. દુઃખ; પીડા.

તોગડિયા (તોગડિયા) ૧. સ્ત્રી. ઘેલુઆ કચ્છીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તોગરા સ્ત્રી. એ નામની એક લિપિ.
તોગરા લિપિમાં લખેલી પહેલી બે લીટી બાકી બીજી હોય છે આઇને અકબરી

તોગું ન. ઓકું બહાનું.

તોગો પું. પાંદડાંવાળો શેરડીનો સાંઠો

તોછડાઈ (તોછડાઈ) ૧. સ્ત્રી. ઉદ્ધતાઈ; બેશરમી; અમર્યાદપણું; અવિવેક; અસભ્યતા.
૨. સ્ત્રી. તોછડાપણું; વિવેક રહિત બોલવાચાલવા અને વર્તવાની રીત; હલકાઈ; દોઈના બાર બોજ વગર તુંકારે બોલાવવું તે.

તોછડાપણું (તોછડાપણું) જુઓ તોછડાઈ.

તોછડું (તોછડું) ૧. વિ. આધાર વિનાનું.
૨. વિ. ઉદ્ધત; નિર્લજ્જ; અસભ્ય.
૩. વિ. ટૂંકું; અસપૂર્ણ.
૪. વિ. તિરસ્કારયુક્ત; અસભ્ય; વિવેક રહિત; અમર્યાદ; બેશરમ; ઉદ્ધત.
૫. વિ. નાનું; ઓછું.

તોજબળ ન. તેજબલ નામના ઝાડની છાલ. આ ઝાડનાં ફળ મરી જેવાં થાય છે. તે પૌષ્ટિક, ઉષ્ણ, દીપક તથા સુગંધી હોય છે. તેજબળ પાક તથા ચૂર્ણમાં વપરાય છે.

તોજી ૧. [અ. તવૂજહ] સ્ત્રી. જમીનનો કર; મહેસૂલ; સાંચ; વજે; વિશોટી; જમીન વાવવા આપતાં તેના બદલામાં લેવાનું નાણું.
૨. સ્ત્રી. સાર; સત્ત્વ; રસ; તત્ત્વ.
૩. ન. ત્રણ માલેનું એક પ્રકારનું દફતર. તેમાં સરકારી ખાતાના મુખ્ય અધિકારીનો ખરડો અને તે અર્થ માટે આપેલી નિમણૂક અને જાગીરોનો જમાખર્ચ રહે છે.

તોજેરો સ્ત્રી. નિવારણ; પક્ષપાત.
અધિકારીના બજુન બાપની બાકી બજવાની
તોજેરો નથી. સાંજ વર્તમાન

તોઝ ૧. ન. દવાનું ચૂર્ણ.
૨. ન. ધૂળ.

તોટક ૧. [સં.] પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વૃત્ત છંદ. તેમાં ચાર સગણનું એક એક ચરણ હોય છે. આ છંદ જગતી છંદનો એક ભેદ છે તેને નંદિણી છંદ પણ કહે છે. આ વૃત્ત રચનાર એક બ્રાહ્મણ હતો. પોતે નિરક્ષર હતો, પણ ગુરુની સેવાથી તેની જીભ ઉપર સરસ્વતી વસી એના પ્રભાવે તેણે તોટક છંદ રચ્યો. તે ઉપરથી તેનું નામ તોટકાચાર્ય પડ્યું.
રચ્યો છંદ તોટક સાલસસે. રણછિમલ
૨. પું. શંકરાચાર્યના મુખ્ય ચાર માંહેનો એક શિષ્ય. તેનું નામ નંદીશ્વર પણ હતું.

તોટકસવૈયા પું (પિંગળ) દરેક લીટીમાં પચીસ અક્ષરવાળો એક છંદ. તેમાં સોળા અક્ષરે વિસામો આવે છે.

તોટકા [હિં.] પું. બટ્ટા.

તોટકાચાર્ય [સં.] પું. શંકરાચાર્યનો ગિરિ નામનો એક શિષ્ય. તે નિરક્ષર હતો, પરંતુ ગુરુની સેવાથી તેની જીભ ઉપર સરસ્વતી વસી. એના પ્રભાવે તેણે તોટક છંદ રચ્યો, જે ઉપરથી તેનું નામ તોટકાચાર્ય પડ્યું. તેણે તોટકવૃત્તથી આત્મતત્ત્વ પ્રતિપ્રાદન કર્યું હતું.

તોડા ૧. પું. ટોટી
૨. [હિં.] પું. નુકસાન.
૩. પું. મીંજુબત્તીનો છોડો.

તોડાવું [સં. તુદ્ (કષાવું)] અ. ક્રિ. ટચકું પડવું; ઓછું રહેવું; કમી પડવું; ખૂટી પડવું; તોટો પડવો.

તોટી ૧. પું. ગળાનો દરદિયો.
૨ સ્ત્રી. ભમરી.
૩. સ્ત્રી ટોટી; ખાર; ચુમણી; ડીટડી.
૪. સ્ત્રી ટોટો; ખોટ; ઓછા કમીના.
૫. સ્ત્રી. નળી; પરનાળ; નાળચું.
૬. સ્ત્રી. નુકસાન.

તોટો ૧. [સં. સ્તોક (ઓછું)] પું. ક્ષતિ; ન્યૂનતા; કમતી; ટોટો; કમી પડવું કે આવવું તે.
૨. પું નુકસાન; ખોટ.
૩. પું દરદિયો
ભંગાર, બાપા બલે તો તોટો પાસે.
તોટો પીસવો = બગાડ્યો દેવો; બળું દબાવવું.

તોડ (તોડ) ૧. પું. ઉપાય; રસ્તો.
૨. પું. ઊંચપ.
૩. પું. કુસ્તીનો એક દાવપેચ

૪. પું. કોઈ પ્રભાવ આદિને નષ્ટ કરનાર પદાર્થ કે કાર્ય. પ્રતિકાર.

૫. પું. ચોપાટની રમતમાં સામાવાળાની કાંકરી મારવાનો પ્રથમ પ્રસંગ. ચોપાટની રમતમા સામા પક્ષવાળાની કાંકરી પહેલી વખત મારવામા તોડ થયો એમ કહેવામ છે.

ચાર પડે તો મામા ! હમણાં તોડ.
સંતઢી સમરોર

૬. પું. ઝોક.

૭. [સં. તોડ્ (તોડવું)] પું. તોડવાની ક્રિયા કે ભાવ.

૮. પું. તોડીફોડીને કાઢેલો રસ્તો; ઉબટનું પરિણામ.

૯. પું. કૂવાનું પાણી; ઝાલ.

૧૦. પું. ધોધનો જોસ; નદી આદિના જળનો તેજ પ્રવાહ.

૧૧. પું. પગના માંસલ ભાગમાં થતી પીડા; પગમાંના માંસના લોચાઓ અને રગોના સંકોચની પીડા.

તોડ થવી = પગના માંસના લોચાઓમાં એમ જેની પીડા થવી; કળતર થવુ.

૧૨. પું. પાણીના રસ્તાની કોરણો આંગીને અને પાણીને ખેતરમાં આવવા દઈ ખેતરને પાયેલુ પાણી.

૧૩. પું. ફેંસલો; ચુકાદો; ન્યાય; નિકાલ; દલીલનો રદિયો આપવો; ફડચો.

૧. તોડ આણવો–કરવો–કાઢવો–પાડવો–લાવવો = નિકાલ કરવો કે કાઢવો; અમુક નિશ્ચય ઉપર આવવું; તોડીફોડીને ઉબટનો નિકાલ લાવવો; ઝોક કે બીજી રીતે ઉબટ લાવવું; સમાધાન કરવુ.

૨. તોડ ઉતારવો = અમુક નિશ્ચય ઉપર આવવું.

૧૪. [સં. તુદ્ (ભાંગવું)] પું. ખંડક વગેરેથી બનેલ બાંધો.

૧૫. પું. બંદોબસ્ત; વ્યવસ્થા.

૧૬. પું. ભોલે.

૧૭. પું. ભરતી કે પૂરનું વહેણ.

૧૮. પું. સમજૂત; અવયવમાંથી નીકળવાની યુક્તિ; યુક્તિ.

તોડ મૂકવો = ઝોક માર્ગ કાઢી આપવો; માંડવાળ કરવી.

૧૯. પું. સમાધાન; માંડવાળ; માઠી વાળવું તે.

૨૦. પું. હાથ, પગ, કરીનું તૂટવું તે.

૨૧. સ્ત્રી. એક જાતનું કઠોળ.

૨૨. સ્ત્રી. ઓની પાલખી ઉપર નાખેલ ભણીવાળું કપડું

તોડકો (તોડ્કો) પું. (શિલ્પ) ટોડો.

મદનોના રક્ષણ માટે એ મદનો નીચે તોડકાઓ (ટોડા) મૂકવા જોઈએ. રાજવલ્લભ

તોડક્રોડ (તોડ્ક્રોડ) ૧. પું. ભોડવણ.

૨. [કિ.] પું. દાવપેચ; ચાલ; યુક્તિ; પોતાની મતલબ સાધવા માટે કોઈને ભેગની લેવાનુ અને કોઈને છટા પડાવવાનું કાર્ય; બીજાને લડાવી પોતાનું કામ કઢી લેવુ તે.

૩. પું. રસ્તો

૪. પું. વિચાર.

૫. પું. સમાધાન; નિકાલ; તડજોડ.

૬. પું. સાધન.

૭. સ્ત્રી. આપલે; લેમૂક; માંડવાળ; પરજોડ.

૮. સ્ત્રી. ભાગ કરીને પાકુ સાધવું તે; તોડીને સાધવુ તે; તોડવું જોડવું તે.

૯. સ્ત્રી. બાંધણ.

તોડટા (તોડ્ટા) જુઓ તોડતા.

તોડજોડાર (તોડ્જોડાર) વિ. તોડનાર.

તોડતા (તોડ્તા) સ્ત્રી. બી માટે રાખેલી તોડીની સુકાઈ ગયેલ ચિમ.

તોડનાડ (તોડનાડ્) ૧. પું. ચોખ્ખે ચોખ્ખુ બોલવું તે.

૨. પું. કજી લેવું તે.

૩. પું. ભાગવુ અને નાસ કરવું તે; ઉન્નડ કરવાપણુ.

૪. પું. લલચાવવું તે; લલચામણી.

તોડન (તોડ્ન) ૧. ન. તોડવું તે; ભેદવું તે; ચીરવું તે; ફાડવું તે

૨. [સં. તોદન] ન. પીડા કરવી તે.

૩. ન હિંસા; મારવું તે.

તોડની (તોડ્ની) સ્ત્રી. ઉપરાણી.

તોડની રેવી–લગાવવી = કુ:ખ દેવુ.

તોડફોડ (તોડ્ફોડ્) જુઓ તોડફોડ.

તોડફોડ (તોડ્ફોડ્) ૧. સ્ત્રી. કજી લેવું તે.

૨. સ્ત્રી. નાશ; ઉજ્જડ બનાવવું.

૩. સ્ત્રી. ભાગવું હોવું તે; ભાંગફોડ; તૂટફૂટ; તોડવું ફોડવું તે.

૪. સ્ત્રી. લલચાવવુ તે.

તોડમચોડ (તોડ્મચોડ) ન. પરાણે પરાણે.

તોડમરોડ (તોડ્મરોડ) સ્ત્રી. તાણવુતૂસવું તે.

તોડલ ૧. પું. કમ્મ ઉપર પહેરાતી મોટી બંગડી કડી.

૨. [સં] ન. તોડવું તે.

૩ ન. ભેદવું તે.

૪. વિ. તોડનાર.

તોડડી (તોડ્ડી) સ્ત્રી. અડકતાળી જેવ.ન. ઊભતો એક જાતનો વલો. તેને ધોળાં ફૂલ આવે છે. તેના રાતા ફળ ખવાય છે

તોડચાર્ઈ (તોડ્ચાર્ઈ) સ્ત્રી. નાણું વટાવવાની આપવી પડતી કીમત; આપવો પડતો વટાવ.

તોડવું (તોડ્વુ) ૧. [સં. તોડ્] સ. ક્રિ. આઘાત અથવા ઝાટકાથી કોઈ પદાર્થના બે અથવા વધારે ખંડ કરવા; ભાગ પાડવા; ખંડિત કરવુ; ટુકડા કરવા

૨. સ. ક્રિ. આખુ લેવું.

૩. સ ક્રિ. આણસુ જીવન ગુજારવું.

૪ સ ક્રિ ઉખેડી નાખવુ; ખેંચી નાખવુ.

૫. સ. ક્રિ. કસરત કરવી.

૬. સ. ક્રિ. કોઈ સ્ત્રી સાથે પ્રથમ સમાગમ કરવો; કોઈનુ કુમારીત્વ ભંગ કરવું.

૭. સ ક્રિ. ખુડદો કરવો.

૮. સ ક્રિ. ખૂટવુ.

૯ સ ક્રિ. ખેડવુ; ખેતીમાં હળ હાંકવુ.

૧૦. સ. ક્રિ. લોઢાયેલું હોય તેને ખેંચીને છૂટું પાડવું; ચૂટવું. તંતુવાળા ને ચીકણી ચીજનો એકાદ ભાગ તેના મોટા ભાગમાથી ખેંચી જુદો કરવો; જુદું પાડવું.

૧૧. સ ક્રિ. તૈયારી કરવી.

૧૨ સ. ક્રિ. દલીલમાં કરાવવું.

૧૩. સ. ક્રિ. નિયમથી વિરુદ્ધ આચરણ કરવું; નિયમનું ઉલ્લંઘન કરવુ.

૧૪. સ. ક્રિ. પાકી નાખવું.

૧૫. સ. ક્રિ. ભંગ, પ્રભાવ, મહત્વ આદિ ઘટાડવું કે નષ્ટ કરવુ; ક્ષોભ, દુર્બળ કે અશક્ત કરવુ.

૧૬. સ. ક્રિ. બધ બધું બધ એમ કરવુ.

૧૭. સ. ક્રિ. બોલેલું બોડવુ કરવુ.

૧૮. સ ક્રિ ભાગવુ; ફોડવુ.

૧. તોડવુ જોડવુ = કરવું અને કરાવવું.

૨. તોડી નાખવુ–પાડવુ = (૧) અપમાન કરવું. (૨) ભાગી નાખવુ; ભાગવુ.

૩. તોડી ફોડીને જુદુ કરવુ = તકરાર રહે નહિ એમ કરી આપવુ; માઠી વાળવુ.

૪. તોડી ફોડીને કહેવુ = ચોખ્ખું કહેવું.

૫. તોડી લેવુ = સખ્ત તોડવો; બાય તે કરી લેવુ

૧૯. સ. ક્રિ. મારી નાખવુ.

૨૦ સ. ક્રિ. મરડી દેવુ; ઝોડી દેવુ; બધ કરવું.

૨૧. સ. ક્રિ. લૂંટ કરવી.

૨૨. સ. ક્રિ. વીખવુ; સમારવુ.

૨૩. સ. ક્રિ. સ્થિર કે દૃઢ ન રહેવા દેવુ; કાયમ ન રહેવા દેવુ.

તોડહિયા (તોડ્હિયા) સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.

તોડા ૧. [હિ.] પું. અજ્ઞત.
૨. પું. (સંગીત) એ નામનો એક રાગ.
૩. પું. એક હલ્કર રૂપિયાની થેલી.
૪. પું. કિનારો.
૫. પું. ટાપુ. બેટ
૬. પું. દોરડાનો ટટ્ટો.
૭. પું. નિશાન.
તોડાયે તૂફાન = (૧) મુનાનું તહોમત. (૨) નિંદાખોર; ચાડિયો.
૮. પું. (સંગીત) પખવાજના બાંધેલા અમુક જાતના બોલ.
૯. પું. બંદૂકની જમજરી.
૧૦. પું. સળિયો.
૧૧. પું. હાથ.
૧૨ પું. વ. વ. તાણો કરતાં તામઝામનો ઝાડી નાખવામાં આવતો દુપ્પો, પૂણી બનાવતાં પડતો કચરો.
૧૩. પું. બ. વ. ઓઓને પગમાં પહેરવાનું એક જાતનું સોનારૂપાનું ઘરેણું. તે બે જાતના થાય છે: સિંધિયા અને બોરબાળા તથા નકાર અને પોલા
૧૪. સ્ત્રી. વસ્ત્ર વખત વિયાયેલી ગાય.
તોડાઈ (તોડાઇ) સ્ત્રી. કૂવા વગેરે તોડવા માટે આપવી પડતી મજૂરી; તોડવાનું મહેનતાણું.
તોડાગિરાસ ૧. પું. ગરાસદારે ગરાસને ભરવાનો એક જાતનો વેરો.
૨. પું. બંદૂક દેખાડીને લેવાતો ગરાસ; કોઈ જાતનો નિકાલ લાવીને કે જુલમથી ઠરાવેલો રોકડ ગરાસ.
તોડાગીર (તોડાગીર) પું. મંદિર તોડનાર માણસ.
તોડાવવું (તોડાવવુ) ૧. સ. ક્રિ. કોમત બોલી કરી નાખવી
૨. સ ક્રિ. તોડવાની ક્રિયા કરાવવી.
૩. સ ક્રિ. વટાવવું.
તોડિકા સ્ત્રી. (સંગીત) વસંત રાગની ૭ બાંદેની એક રાગણી.
તોડિયા (તોડિયા) [હિં.] પું. રાગનો ભેદ.
તોડી ૧. પું. (સંગીત) દસ મહિનો એ નામનો એક રાગ. તેમાં ભૂપાળ, ગુર્જરી, તોડી, મિયાની તોડી અને મુલતાનીનો સમાવેશ થાય છે. તેમાં સાતે સ્વર આવે છે. રિ, ગ, ધ કોમલ અને મ તીવ્ર છે. તેનો ગ્રહ સ્વર ધ, વાદી સ્વર ગ, સંવાદી સ્વર ધ અને ન્યાસ સ્વર ગ છે. કેટલાક ધ ને ગ્રહ અને ગ ને સંવાદી કહે છે. તે ગાવાનો વખત સવારે બીજે પહોર છે. તે ભક્તિ અને વિપ્રલંભ કુમાર રસ ઉત્પન્ન કરે છે.
૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. માલકોશ રાગની પત્ની ગાયો માલેની એક રાગિણી.
૩. સ્ત્રી. નાનો તોડો; પગનું સાંકળું
૪. વ. એક જાતનું ધાન્ય; રાઈ.
૫. વ. સુંવાળી; લગી.
તોડીયાટ (તોડીયાટ) જુઓ તોડી ૧.
તોડેઅંકોડે (તોડેઅંકોડે) જુઓ તોડેમરોડે.
તાડેદાર સ્ત્રી. જમજરી.
તોડેમંકોડે (તોડેમરોડે) [તોડ + મન + કોડ] વ. બંદૂક ભરી કોટને ફાકરે તૈયાર થઈ ઊભા રહેવું તેમ; કાર્ય કરવાને એકદમ ઉતાવળિયા થઈ રહેવું તેમ; અધીરાઈથી; એક પગે.
તોડો ૧. પું. (સંગીત) અંતરો. જેમ માપનમાં અસ્તાઈ ને અંતરો આવે છે તેમ સિતારમા અસ્તાઈને ગત અને અંતરાને તોડો કહે છે.
૨. પું. ઝરૂખાદાર ઊંચો સ્તંભ; ટોલ્લો
૩. પું. ટોડો; ખોખરો; આમોળ.
૪. પું (સંગીત) ઠેકો પૂરો થતા સમના તાલ ઉપર આવી પડવા માટે બજાડવામાં આવતો બોલોનો ટુકડો; બોલરો.
૫. (તોડે) પું. પરાક્રમ બદલ મળેલી પગમાં પહેરવાની ઘરેણાની જાહિરા. બહાદુર વીર અને પરાક્રમી પુરુષોને રાજાઓ તેમના વીરત્વ અને પરાક્રમ માટે મોટો મેળાવડો કરીને તોડો પહેરાવતા. હાથ પણ બાટ બોલે તે પહેરે છે.
૬. (તોડો) પું. પુરુષો એક પગે પહેરવા પહેરે છે તે મોટું બારે સાંકળું; ટોડો; પગનું સાંકળું.
૭. પું. પૂણી કાંતતાં પડેલો ડોઘો.
૮. પું. બંદૂકની જમજરી.
૯. પું. કિનારા; મિનારો; કાંગરો.
૧૦. (તોડે) પું. હાથીના પગમાં શોભા માટે પહેરાવવાનું સોના કે ચાંદીનું સાંકળું.
૧૧. પું. હલ્કર રૂપિયાની થેલી.
તોડું (તોડું) વ. માટીનું રાંધવાનું વાસણ; તોયડી.
તોણ ૧. [સં. વૃત્ત] પું. ખાવું રાખવાનો ખાડો.
૨. સ્ત્રી. મહદ તરીકે કોઈ ચીજ દેવી તે; બોરાકોપોપાકી.
તોણું ૧. વ. ટોણું; મહેણું; માર્મિક વચન.
૨. વિ. ગાભુતાગ્યુ.
તોણ્ડુ ૧. સ્ત્રી. એ નામની એક દિશા.
૨. સ્ત્રી. ફ્રુટ કાંટો
તોત ૧. પું. સમૂહ; જથ્થો.
૨. વ. સેતૂરનું ઝાડ.
તોતડાટ (તોતડાટ) પું. બોલતાં ઠીક અટકાવી તે.
તોતડાપણું (તોતડાપણુ) ન. તોતડુ બોલવાપણું
તોતડાવું (તોતડાવુ) અ ક્રિ. તોતડુ બોલવાની ટેવ હોવી; તોતડુ બોલવું, બોલવા ઇચ્છા ચોટવી; બોલતાં ઇચ્છા અટકાવી.
તોતડુ (તોતડુ) વિ. તોતડું; બોલતાં તોતડાતુ
તોતરંગી સ્ત્રી. કૂકડાની પૂછડી જેવા નાની પૂછડી અને ટૂંકો પાંખવાળુ એક જાતનું જંગલી ઘરગાળ પક્ષી
તોતલા સ્ત્રી. એ નામની એક દેવી, તુલજાભવાની. તે તોતળું બોલવાની આખી દૂર કરતી મનાય છે.
તોતલી સ્ત્રી. બાળકના જેવી કાલી અસ્પષ્ટ બોલી.
તોતલું ૧. વિ અશુદ્ધ; બરોબર નહિ ઉચ્ચારાતું.
૨. વિ તોતળુ, બોલતાં જેની ઇચ્છા અટકાતી હોય એવું; અરધા અને પ્રાણા બોલ બોલતુ.
તોતળા જુઓ તોતલા.
તોતળાપણું જુઓ તોતડાપણુ.
તોતળામુખ જુઓ તોતલું.
તોતળાવું જુઓ તોતડાવુ.
તોતળું જુઓ તોતલું.
તોતા ૧. [હિ.] પું. પોપટ; કીર. તેના શરીરનો રંગ લીલો અને આગ લાલ હોય છે. તેની પૂછડી ટૂંકી અને પગમાં આગળ બે અને પાછળ બે એમ કુલ ચાર આંગળીઓ હોય છે. મનુષ્યની ભાષાની સારી રીતે તે નકલ કરી શકે છે અને તેટલા માટે લોકો તેને પાળે છે. તે દ્રાક્ષ અથવા મુલાયમ અનાજ ખાય છે. તે ફળાહારી તેમ જ માંસાહારી પણ હોય છે.
૨. પું. બાળકને બોલાવવાનો વહાલસૂચક શબ્દ.
૩. પું. બંદૂકનો ધોડા.
૪. પું. માટીનો ગાડવો.
તોતાચરમ ૧. [હિ.] વિ. પોપટની માફક ભાષા ફેરવનાર.
૨. વિ. બેવફા; નિમકહરામ.
તોતાચશ્મી ૧. [હિં] સ્ત્રી. પોપટની જેવી આંખ ફેરવવી તે.
૨. સ્ત્રી. બદલી જવું તે; ફરી બેસવું તે; સબંધ છોડી દેવો તે; બેવફાઈ.
તોતાદ્રિ ન. તીનેવલ્લીથી ૬૪ ગાઉ દૂર આવેલ વિષ્ણુનું એક ધામ.
નીલમિયા હરિ તોતાદ્રિ ધામ ક. દાસરામ
તોતાપુરી સ્ત્રી. એક જાતની કેરી. તે દેખાવ અને રંગમાં બહુ સુંદર, પીળા રંગની, રાતા ઝાકાવાળી, પોપટના આકારની અને લાંબે વખતે પરિપક્વ થાય તેવી હોય છે. વજનમા તે દોઢ શેર સુધીની હોય છે.

તોતાકૂણી જુઓ તોતાપુરી.

તોતાયના સ્ત્રી. અથર્વવેદની નવ બહેનો એ નામની એક શાખા.

તોતિંગ વિ. મોટું; મહાન; પ્રચંડ; બહુ મોટા કદનું

તોતિંડ જુઓ તોતિંગ.

તોતી ૧. [હિ.] સ્ત્રી. ઉપપત્ની; રાખેલી સ્ત્રી, રખાત.

૨. સ્ત્રી. તોતાની માદા; એક જાતનું ગાનારું પક્ષી.

તોતીન પું. અગ્નિ.

તોતેર [સં. ત્રિસપ્તતિ; પ્રા. તત્તેત્તરિ] વિ. તોંતેર; ૭૩.

તોતો ૧. પું. પોપટ; શુક; તોતળું તોતળું પણ માણસના જેવું બોલનારું પંખી.

૨. પું. રીંછ.

૩. સ્ત્રી. ટપ્પો.

૪. અ. કૂતરાને બોલાવવામાં કે હાંકી કાઢવામાં વપરાતો શબ્દ.

૫. અ. ત્યારે; તોપછી.

પિતા બાલે **તોતો** ના કહે,
ઈ બેર બલજ કમમ રહે. લોકબોલ

તોત્ર ૧. [સં.] ન. ચાબુક; ચાબખો.

૨. ન. પરોણો; બાઠી; બાકડી.

તોત્રક જુઓ તોત્ર.

તોત્રયેત્ર [સં.] ન. વિષ્ણુનું એ નામનું એક હથિયાર.

તોત્રોપયાજ્ય [સં.] ન. દાર્યાગ્નિ યોદ્ધાના બાંધુને પણ થતું તે.

તોદ ૧ પું. ચાબખો; ચાબુક.

૨. [સં.] પું. સોય જોંકવા જેવી વેદના; વ્યથા, પીડા; દુઃખ.

૩. વિ. પીડા કરનાર; કષ્ટદાયક.

તોદક વિ. વ્યથા ઉપજાવનાર; પીડા કરનાર.

તોદન ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. ન. પ્રોત્સો; ચાબુક

૩. ન. મુખ; મોટું.

૪ ન વ્યથા; પીડા; દર્દ; દુઃખ.

મદન બિધુર સંકટ **તોદન** નહિન દૂસિત અધ નાસ,
દુઃખ રેમાં તું નાખને કે મારી સુખશાન્ત.
પિત્રબહુબોધ

૫ વિ. વ્યથા ઉપજાવનાર; દુઃખ કરનાર; પીડનાર.

તોદપર્ણી [સં.] સ્ત્રી. દવાના પ્રકારનું એક જાતનું ધાન્ય.

તોદરી ૧. [સં.] સ્ત્રી. કંસારામાં થતો એક જાતનો સુગંધી છોડ. તે વસંત ઋતુમાં ફળીઓમાં થાય છે અને તેને નારંગી કે બદામી રંગનાં ગુચ્છારૂપ ફૂલ થાય છે. તેનાં ચપટાં બી ઔષધમાં કામ આવે છે. તેનાં બીજા ત્રણ પ્રકાર છેઃ લાલ, સફેદ તથા પીળાં. ત્રણે પ્રકારનાં બી રક્તશોધક, બાષ્પિક અને બળવર્ધક મનાય છે.

૨. સ્ત્રી. દીવાલ ઉપર ઊગતું એક જાતનું ફૂલ

તોદા ૧. પું. ખેતરની હદ.

૨. [સં.] પું. નિશાન; લક્ષ્ય; સંધાનબિંદુ

૩. પું. માટીનો ઢગલો.

તોનઢીન પું. એક જાતનો કટાકડો.

તોનાર પું. તલવારના મિયાનને ઓઢે રહેતો ચાંદીનો બનાવટનો ખોખરો.

તોપ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૮૨ લઘુ મળી ૮૬ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૨. પું. બહુ જ ભલો માણસ.

૩. પું. આખાનું કઠણથી ચણેલું થાય એવી ધાતુની ટોપી; બખતર.

૪. સ્ત્રી. બડાશ; ખોટી મોટી વાત; મોટી ગપ; ગપગોળો.

૫. સ્ત્રી. દારૂના જોરે ફૂટ થાતુ કે પથ્થરના ગોળા ફેંકવાનું મોટું નળાકાર યંત્ર; બંદૂકના જેવી પણ તેથી ઘણી મોટી વજુ ઉપર ગોળા ફેંકવાની નલિકા જેવી બનાવટ; મોટી પૈડાંવાળી બંદૂક; દારૂગોળો ફેંકવાનું સાધન. અઢારમા વખતમાં જુદા જુદા પ્રકારની તોપ બનાવવામાં આવતી. તેમાં કેટલીક ભારે વજનદાર તો કેટલીક ઓછા વજનની પણ હતી. કોઈક તો એટલી હલકી હતી કે માણસ તેને ઊપાડીને ગાડે લઈ જતો. નીચલા પ્રકારની તોપ એ વખતમાં પ્રકટપણે દૃષ્ટિએ પડે છેઃ ઝુરજી તોપ, કોલકડ, ગાવકડ, મરદુમકડ, ચિતુરનાલ અને નરનાલ. ઝુરજી તોપઃ તે ઘણી વજનદાર અને મોટા મારાની તોપ હતી. તેને એક જગાથી બીજી જગાએ લઈ જવાનું કામ બહુ મુશ્કેલ હતું. એ કારણે ઘણે ભાગે કિલ્લાના બુરજો ઉપર તે મૂકવામાં આવતી હતી. કોલકડઃ તેને હાથી ખેંચતા હતા. એ કિલ્લા તોડનારી અને મેદાની બંને પ્રકારની હતી. ગાવકડઃ તેને બળદો ખેંચતા. મરદુમકડઃ આ તોપ નાની અને હલકી હતી. તે તોપ માણસ ઊપાડી શકતા હતા. ચિતુરનાલઃ આ તોપ ઊંટ ઉપર લઈ જઈ શકાતી હતી. નરનાલઃ તે એક માણસ આરામથી માથા ઉપર મૂકીને ઉઠાવીને લઈ જતો. નાની, મોટી, મેદાનમા વાપરવાની, વહાણ ઉપર રાખવાની, પહાડી એવી અનેક જાતની તોપ હોય છે હાલ પાશ્ચાત્ય દેશોમાં વપરાતી મોટી એવી અજગર, મેદાની તથા કિલ્લા તોડનારી તોપો બનાવવામાં આવે છે. તેમાંથી કેટલાકના ગોળા તો ૭૫ માઈલ દૂર જાય છે. આ સિવાય બાઝુકિકા, મોટર, વિમાન વગેરે ઉપરથી ફોડવાની તોપો પણ બનાવવામાં આવે છે. રાજકુળમાં કોઈનો જન્મ થાય ત્યારે અથવા એવા કોઈ મહત્વના પ્રસંગે તોપમાં માત્ર દારૂ ભરી અવાજ કરવામાં આવે છે

૧. તોપ ચલાવવી-છોડવી-દાગવી-મારવી-સલામી = (૧) ખરો ખોટો હલ્લર અવાજ કર્યા કરવો. (૨) ખોટી વાત ફેલાવવી; જૂઠ્ઠાણું અફવા ઉડાડવી; ખોટું કે બનાવટી તરકટ કહેવું; કોઈના હુકમને આંચકો લાગે એવી ખોટી વાત કહેવી; ઉંચાસ હાંકવી; ગપ મારવી; ગપ ઠોકવી. (૩) તોપ ફોડી અવાજ કરવો.

૨. તોપથી ઉડાડવું = ગોળીએ મારવાની શિક્ષા કરવી.

૩. તોપના મોઢા ઉપર રાખી ઉડાડવું = બહુ કઠણ પ્રાણદંડ દેવો.

૪. તોપને મોઢે બાંધવું = ગુનેહગારને તોપને મોઢે બાંધી તોપ ફોડી તેને મારી નાખવો.

૫. તોપનો મારો = મારે તરફ તોપ ફોડવી તે; ' બોમ્બાર્ડમન્ટ. '

૬. વિ. અસાધારણ કદવાળું; કદથી બનાવટનું.

તોપગંદાજ પું. તોપ ફોડનાર માણસ.

તોપક ન. બંદૂક.

તોપખાનું ૧. ન. ગપગોળો.

૨. ન. ઘણીક તોપો અને તે ફોડવાનો સરસામાન; તોપો અને તેનો સરંજામ.

૩. ન. તોપ અને દારૂગોળો રાખવાનું ઠેકાણું; તોપ તથા તેનો સરંજામ રાખવાની જગ્યા.

૪. ન. લશ્કરમાં તોપની હલચલ માટે બનાવેલી ટુકડી.

તોપગોળો ૧. પું. તોપનો ગોળો

૨. પું. મોટી ગપ

તોપચી ૧. પું. બહુ ઉડાડનાર માણસ; ગપ્પી માણસ; ગપાટી.

૨. પું. તોપની નેમ એટલે નિશાન બાંધનારો માણસ; તોપ ફોડનારો માણસ; ગોલંદાજ; તોપમાંથી ગોળા મારનાર માણસ.

તોપચૂર્ણ ન. બહુ કે તોપમાં વપરાતો દારૂ

તોપછી જ તો; ત્યારે.

તોપડા (તોપડ્ય) ૧. [હિં.] પું. એક જાતનું કપૂત્ર.

૨. પું. માખી

તોપણ અ. તેમ છતાં; તથાપિ; તોય; એમ છતાં.

તોપનોકરા સ્ત્રી. જેમાં રસાણ માટે તોપો ગોઠવલી હોય એવી હોડી.

તોપવું સ. ક્રિ. ત્રાજવાં પાકતાં ધીરે ધીરે સોય મારવી.

તોપસાઝી સ્ત્રી. આતશબાજી.

તોપા [હિં.] પું. એક ટાંકાની સિલાઈ.

તોપાઈ [હિં.] સ્ત્રી. ટાંકવાની ક્રિયા કે ભાવ.

તોપાસ ૧. [હિં.] પું. વાગનાર માણસ.

૨. સ્ત્રી. ટાંકવાની મજૂરી.

તોપો પું. મુનો; વાંક.

તોફગી [અ. તોદ્ય] સ્ત્રી. ઉમદા હોવાનો ભાવ; ખૂબી; સારાપણું.

તોફવું જુઓ તોપવુ.

તોફો ૧. પું. નખ; અણવા.

૨. પું. મકાન અથવા સોપારી ઉપરનાં ઝોતરાં.

૩. પું. હાથે પાડવામાં આવતું ત્રાજવું.

૪. સ્ત્રી. ખેટ.

૫ વિ. અવલ; પહેલા નંબરનું.

૬. વિ. સારું; કીમતી; સુંદર; અસાધારણ.

૭. વિ. સર્વોત્તમ; સરસ; ઉત્તમ; ઉત્કૃષ્ટ.

તોફાતાયફ પું. નજર; નજરાણું.

તોફાન (તોફાન) ૧. [અ. તૂફાન] ન. ઉદ્ધત વર્તન; અશાંત વર્તન; મસ્તી; ધિંગાણું; ધાંધલ; ઊંધાચત્તી; આગ્રહોડ; હુલ્લડ; ઠોકાઠોકી; અજંપો

૨. ન. ધમસાણ; ધમ્માચકડી; ભમેડો.

તોફાન કરવું-મચાવવું = ઉદ્ધતાઈ બતાવવી; મસ્તી કર્યા કરવા

૩ ન. ટોળું.

૪. ન ન બદલાતા જોરથી સામા વહું તે.

૫ ન. બદૂકની જામગરી.

૬. ન લડાઈ; મારામારી.

૭ ન. વાવાઝોડું; વટોળિયો; પવનનું જોરથી વહુ તે

૮. ન ઉત્પાતની ક્રોયણી.

તોફાનમસ્તી જુઓ તોફાન ૧, ૨, ૬.

તોફાની ૧. પું. (વહાણવહું) તોફાનવાળો પવન.

૨. વિ. ઉપદ્રવાતું. ઊધમાતું; ઉન્માદવાળું; બદપટી.

૩. વિ. બહુ પવનથી મસ્તીમાં આવી જઈને ઉછળનાર.

૪. વિ. તોફાન કરનારું; હુલ્લડી; મસ્તીખોર.

૫. વિ. મારામારી કે દંગિનો કરનાર.

તોફારી ૧. વિ પરચૂરણ.

૨. વિ. બેબાસ્તેનસુ; ખીચડો, મિશ્ર.

તોફે [અ. તોદ્ય] વિ. ઉમદા; સર્વોત્તમ; અસાધારણ; ઉત્તમ.

તોફેઅત [અ. તુહ્ફત] સ. નજરાણું.

તોફો જુઓ તોફો.

તોફોદિયો પું. રાયરચીલું; ઘરવખરી.

તોબા ૧. પું. બહુ જ ખરો માણસ

૨. સ્ત્રી. બદુક.

તોબકડું (તોબડું) સ. નક્કી કરેલ જમીનના મહેસૂલમાં બાકીયો કરેલો વધારો

તોબડો (તોબડો) ૧. પું. ઘોડાને ચરી બ્યાડવા માટેની કોથળી.

૨. પું. લાગ.

૩. પું. પરતાપો; પ્રભાવ.

૪. પું. મોં બગાડવું તે.

તોબરી સ્ત્રી. ભલેચી; ઉત્પાતની કોથળી

તોબહું સ. મોં; મોઢું.

તોબરો ૧. [ફા. તુબ્રહ] પું. ઘોડાને ચરી બ્યાડવાની કોથળી. તેમાં ચણા વગેરે ભરી ઘોડાનું મોં આવી રહે તેમ પહેરાવવામાં આવે છે.

૨. પું. રીસે ભરવા કોચે ચુમરાયેલું કે ચડેલું મોઢું

૧. તોબરો ઊતરવો = રીસ ઊતરવી; પાછું ઠેકાણે આવી જવું; ગુસ્સો મટી જવો.

૨. તોબરો ચડવો = (૧) મોં ગંભીર થવું. (૨) રીસ ચડવી; મોઢા ઉપર ગુસ્સાનાં ચિહ્ન જણાવાં.

૩. તોબરો ચડાવવો = ઘોડાને તોબરો ચડાવતા તેનું જેમ મોં ફૂલે છે તેમ મોઢું રીસમાં ફુલાવવું; દાયરો ચડાવવો; રીસમાં મોઢું ચડાવવું; નાખુશ થવું; ગુસ્સે થવું.

૪. તોબરો ચડાવો એટલે હવાહવાટ થશે = લાંચ રિશ્વત આપી એનું કંઈ કરો એટલે બધાબરો નહિ.

તોબંદ પું. એક જાતનો ઘાઘરો.

તોબા ૧. [અ. તવ્બા] સ્ત્રી. અફસોસ; દિલગીરી.

૨. સ્ત્રી. બોટું કામ નિવારણ થવાને માટે કરેલી પ્રાર્થના; માફીને માટે કરેલી અરજ.

રહી રાત્રિ રે સવાર સાજ છે નહી રે,
પડે વાપ જ બાપોરે તોબા તે વહી રે.

નરસૈંયો

૩. સ્ત્રી. ત્રાસ.

૪. સ્ત્રી. પોતે કરેલાં પાપ કે દુષ્કૃત્યો બાદ કરી પશ્ચાત્તાપ કરવાની અને ભવિષ્યમાં એવાં પાપ કે દુષ્કૃત્ય નહિ કરવાની દૃઢ પ્રતિજ્ઞા; પસ્તાવાનો શબ્દ.

૫. [અ.] સ્ત્રી હવે દૂર થઈ એવો અર્થ બતાવતો ત્રાસ કે કંટાળાનો ઉદ્ગાર; ઉ.ત. કંટાળાટી; કિલાવાથી અથવા જુલમ કે સીતમ થવાથી ત્રાસને લીધે બોલાતો બોલ; ત્ર.ક્રિ.

૧. તારાથી તો તોબા = તે તો હદ કરી; તે તો જબરદસ્તી અણ ન રાખી.

૨. તોબા કરવી = (૧) પશ્ચાત્તાપ કરવો. (૨) માફી માગવી.

૩. તોબા પોકરાવવી-બોલાવવી = પજવવું; તોફાન કરવું.

૪. તોબા પોકારવી = ત્રાસ ત્રાસ થઈ રહેવો, જુલમમાંથી કંટાળી શરણ શોધવું.

૫. તોબાની તાળી = ત્રાસ કે ઘણું દુ:ખ આપી થકવનારી સ્ત્રી.

તોબાખત ૧. સ. ફોજને ફેરવાન કરી લખાયેલો દસ્તાવેજ; જોરજુલમથી કે બળજબરીથી લખાવી લીધેલું ખત.

દયા પ્રીતમ અને કાયર કરીને તોબાખત લખાવ્યુ. દયારામ

૨. સ. માફીપત્ર.

તોબાતોબા અ ત્રાહિ પોકારી કંટાળાનો ઉદ્ગાર કાઢવો તેમ; અફસોસ; અરે અરે.

તોબારૂ પું. બલથી બચાવની ના પાડવી અને પાછળથી પશ્ચાત્તાપ કરવો તે.

તોબાહ પું. કટાણી જવું તે.

જીવન અકારણ આ ઝાડને, ખાતા તુજ ખાડુ કોમી છે,
હવે તોબાહ સદા કરજે, મુદા માફી તને બખ્શે.

કલાપી

તોબી સ્ત્રી. કોઈના ઉપર પરાણે થતું દબાણ; તવાઈ.

તોબ્બો પું. ભમેડો.

તોબ્બાં જુઓ તોબા.

તોબ્લી [હિં.] સ. તોપખ્ખ

તોમ ૧. [સં. સ્તોમ] પું. સમૂહ.

૨. સ્ત્રી. અકબરના વખતમાં થયેલી એ નામની એક માણિસ. તોમ અને તાના એ બે બહેનો હતી. અકબર બાદશાહે તેમને માગા મોકલાવી તેથી તેમણે આત્મહત્યા કરી. તે ઉપરથી તાનસેને તરાના રાગ બનાવ્યો.

૩. ન. તુમ્બડું

તોમડા (તોમડા) [હિ.] સ્ત્રી. તુમ્બડી

તોમડી (તોમડી) ૧. સ્ત્રી. તરબૂચમાંથી બનાવેલું ઓઢણી પોતું ફાનસ

૨. [સં તુમ્બી] સ્ત્રી. તુંબડી.

૩ સ્ત્રી પોલા વાસણમાં દારૂ ભરેલો હોય એવી આકારવાળી.

તોમન પું એ નામનો એક સિક્કો. તેની કીમત અગિયાર રૂપિયા જેટલી થાય છે.

તોમર ૧. [સં.] પું. એ નામના દેશનો રહેવાસી.

૨. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેના દરેક ચરણમાં સત્રણ અને બે જગણ મળી નવ અક્ષરો હોય છે.

૩ પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૪. પું. એ નામનો એક પ્રાચીન રાજવંશ. તેનું રાજ્ય દિલ્હીમાં ૮થી ૧૨ સૈકા સુધી હતું પ્રસિદ્ધ રાજા અનંગપાળ આ વંશનો હતો. પાછળથી તોમરોએ કનોજમાં રાજધાની કરી હતી કનોજમાં આ વંશનો પ્રસિદ્ધ રાજા જયપાળ થયો હતો

૫. પું. (સંગીત) એ નામનો એક રાગ

૬. પું. એક જાતનો ધરીની સિક્કો.

૭. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ આનંદલક્ષણ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૫ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૮. પું. (પિંગળ) બાર માત્રાનો એક છંદ. તેના અંતમાં એક ગુરુ અને એક લઘુ હોય છે.

૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૩૪ અને ઉત્તર ક્રાન્તિવૃત્ત ૧૨માં આવેલો મોટા મહત્ત્વનો એક તારો.

૧૦. પું. હાથી ઉપર રખાની એક લડાયક સામગ્રી; મુદ્ગર.

૧૧. ન. એક પ્રકારનું શસ્ત્ર; ભાલું; છત્રીસ આયુધોમાંનું એક શસ્ત્ર; જેને ગડાસા અથવા સાવળી કહે છે તે અસ્ત્ર.

પરિઘ, પ્રસરી, ગદા, તોમર, ખડ્ગ, ભાલા, ચક્ર
ત્રિવિક્રમ

૧૨. ન. પોલાદના તીક્ષ્ણ કાંટાવાળું માથું લગાડેલી લાકડી, કડિયાળી; ભાલા જેવાં ફળાંવાળી લાકડી. રથૈયાના આકારનું એક જાતનું શસ્ત્ર. અગ્ર તોમર ત્રિધાર ભાયુધ વિશિખ શિલીમુખ બાણ; ધનુ મર્ગણ નારાચ ધનુ પત્રી રોસન બાન.
પિંગળપ્રકાશ

તોમરધર [સં.] પું. તોમર હથિયાર ધારણ કરનાર માણસ.

તોમરધર ૧ [સં] પુ. અગ્નિ.

૨. પુ ત્રિશંકુ ઝાડ.

૩ પું તોમર અસ્ત્ર ધારણ કરનાર માણસ

તોમરાતા જુઓ તોમરી. તોમરમાં થતી એ નામની એક જાતની કેરી. તે વજનમાં ૫૦ તોલા હોય છે. તેની છાલ પાકવા પછી લીલી જ રહે છે. મુરબ્બા તથા શાક માટે તે ઉત્તમ ગણાય છે.

તોમરિકા ૧ [સં] સ્ત્રી. એક જાતની ખુશબોદાર માટી.

૨. સ્ત્રી. તુવેર.

તોમરી [હિ.] સ્ત્રી. તુંબડી.

તોમા [સં તુમ્બા] ન. તુમ્બડું.

તોમાન ૧ પુ ઈરાનનો એક સોનાનો સિક્કો. તેની કીમત દશ રિયાલની બરાબર છે.

૨. પું દશ હજાર અશરફી ફૂકવા જેટલી રકમ.

૩ પું દશ હજાર લડાયક માણસો પૂરા પાડે એવો રાજ્યનો પ્રાંત.

૪. [ફા.] પું. દશ હજારની સંખ્યા.

તોમી ન. તુમ્બડું.

તોમીર સ્ત્રી. એક જાતની કેરી; તોમરાતા.

તોય ૧ પું. અરબી લિપિનો સોળમો અક્ષર. શુદ્ધ ફારસી ભાષામાં તે આવતો નથી. અબજદ પદ્ધતિ પ્રમાણે તેની કીમત ૯ છે.

૨. [પ્રા.] પું. પીડા.

૩. પું. વાળો.

૪. [સં.] ન. પાણી.

ત્યારે મને અમૃત તોયજ તોય જેવી,
સૌન્યે ભરિયે અમને વરસાદ વેરી.
વિહારી

૫. ન. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર.

૬. ન. (જ્યોતિષ) ગ્રહમંડલીમાં ચોથું સ્થાન.

૭ [સં. તતોડપિ; અપ. તોહિ] અ. તોપણ; તથાપિ, તે છતાં.

સહજથી સજ્જન દીસે, સમૂધા લક્ષ્મા નહિ ભેદ
અમો તોય રાક્ષસ થયો, રાખ્યુ ચારે વેદ.
દયારામ

તોયકર્મ [સં. તોયકર્મન્] ન. તર્પણ; જલ વડે કરાતું તર્પણ.

તોયકામ ૧. [સં] પું. પાણીને ચાહનાર માણસ.

૨. પું. પાણીમાં ઊગતું નેતર.

૩. વિ. પાણીની ઇચ્છાવાળું.

તોયકુંભ ૧. [સં.] પું. પાણીનો ઘડો.

૨ પું શેરડી.

૩. પું. રોગાળ.

તોયકૃચ્છ્ર [સં] ન એક મહિના. સુધી પાણી જ પીને કરવાનું એક વ્રત. કેવળ પાણી પીને અમુક વખત કાઢવો એવું એક જાતનું પ્રાયશ્ચિત્ત

તોયજ [સં તોય (પાણી) + જ (જન્મેલું)] ન કમળ, પોયણું, પદ્મ

તોયડિંબ [સં] પું વરસાદનો કરો.

તોયડિંબક જુઓ તોયડિંબ

તોયડી (તોયડી) સ્ત્રી. ચિતામાં અગ્નિ મૂકવા માટે લઈ જવાતા અગ્નિ રાખવાની દાંડલી.

તોયણ ન તોરણ.

તોયદ ૧. [સં.] પું. મોથ, વાળો.

૨ [સં. તોય (પાણી) + દા (આપવું)] પુ.ન પાણી આપનાર મેઘ; વરસાદનું વાદળું; વાદળ.

૩. ન ઘી; ઘૃત.

૪. વિ. પાણી આપનાર; જળ દેનાર.

૫. વિ. વિધિપૂર્વક જળદાન કરનાર

તોયદાગમ ૧. [સં.] પું વરસાદ.

૨. પુ. વર્ષા ઋતુ.

તોયધર ૧. [સં.] પું. એક જાતની ચોકખાઈ.

૨. પું. મેઘ; વાદળ

૩. પું મોથ.

૪. પું વરસાદ.

૫. વિ. પાણી ધારણ કરનાર.

૬. વિ. પાણીવાળું.

તોયધરા જુઓ તોયધરા.

તોયધાર ૧. [સં.] પું. પાણીની વૃષ્ટિ.

૨. પું મેઘ.

૩ પું મોથ.

૪. વિ. પાણી ધારણ કરનાર.

૫. વિ પાણીવાળું.

તોયધારા સ્ત્રી. (જૈન) ભવન માલેની એ નામની એક દિક્કુમારિકા.

તોયધિ ૧ [સં.] પું. ચારની સંખ્યા.

૨. [સ. તોય (પાણી) + ધિ (ભંડાર)] પું. દરિયો, સમુદ્ર.

તોયધિપ્રિય [સ.] ન. ચવિત.

તોયનિધિ ૧. [સં.] પું. ચારની સંખ્યા, કેમકે સાગર ચાર છે: (૧) પૂર્વ તોયનિધિ, (૨) પશ્ચિમ તોયનિધિ, (૩) ઉત્તર તોયનિધિ અને (૪) દક્ષિણ તોયનિધિ

૨ [સ. તોય (પાણી) + નિધિ (ભંડાર)] પું. દરિયો; સમુદ્ર.

૩. પું પાણીનો ભંડાર.

તોયનીવિકા [સં.] સ્ત્રી. પૃથ્વી.

તોયનીધી [સં.] સ્ત્રી. પૃથ્વી.

તોય પણ અ. છતાં; તથાપિ; તોપણ.

તોયપક્ષી પું. એક જાતના ચોખા.

તોયપિપ્પલી [સં. તોય (પાણી) + પિપ્પલી (પીપર)] સ્ત્રી. જલપીપર.

તોયપુષ્પી ૧. [સં.] સ્ત્રી. કાંચકીનું ઝાડ.
૨. સ્ત્રી. પાટલા વૃક્ષ. પાડલ.

તોયપ્રસાદન ૧. [સં.] પું. નિર્મળીનું ઝાડ. તેનાં બીથી પાણી સ્વચ્છ થાય છે.
૨. ન. નિર્મળીનું ફળ.
૩. વિ. પાણીને સ્વચ્છ કરનાર.

તોયપ્રસાદનફલ [સં.] ન. નિર્મળી

તોયફલા [સં.] સ્ત્રી. એક જાતની કાકડી; સફરજંદી.

તોયબિંબ [સં.] ન. પાણીમાં પડતું પ્રતિબિંબ.

તોયભ [સં.] ન. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર.

તોયમંથી [સં. તોયમન્થિન્ , વિ. પાણી વલોવનાર.

તોયમુચ ૧. [સં. તોયમુચ્] પું. મેઘ.
૨. પું. મોથ.
૩. વિ. પાણી છોડનાર, પાણી મૂકનાર.

તોયયંત્ર ૧. [સં. તોય (પાણી) + યંત્ર (સંયો)] ન. પાણીથી ચાલતું ઘડિયાળ; પાણીના પડવાથી કે વહેવાથી વખત બતાવનારું યંત્ર.
૨. ન. પાણીનું યંત્ર; કુવારો.

તોયરાજ ૧. [સં. તોયરાજ્] પું. વરસતો મેઘ.
૨ પું સમુદ્ર.

તોયરાશિ ૧. [સં. તોય (પાણી) + રાશિ (જથ્થો)] પું. પાણીનો સમૂહ.
૨. પું સમુદ્ર.

તોયવલ્લિકા [સં.] સ્ત્રી. કારેલાનો વેલો.

તોયવલ્લી ૧. [સં.] સ્ત્રી. એક જાતની દૂધી.
૨. સ્ત્રી. કારેલાનો વેલો.

તોયશુક [સં. તોય (પાણી) + શુક (પોપટ)] પું. શેવાળ

તોયશુક્તિકા [સં. તોય (પાણી) + શુક્તિકા (છીપ)] સ્ત્રી. પાણીની છાપ.

તોયશુક્તી [સં.] સ્ત્રી. પાણીની છીપ.

તોયશૂક [સં.] પું. શેવાળ.

તોયસૂચક ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. તેથી વરસાદ થવાની સૂચના મળે છે.
૨. [સં. તોય (પાણી) + સૂચક (બતાવનાર)] પું. દેડકો.
૩. વિ. પાણીને સૂચવનાર.

તોયા સ્ત્રી. એ નામની એક નદી.

તોયાત્મા [સં. તોયાત્મન] પું. પરમેશ્વર.

તોયાધાર [સં.] પું. જળાશય. જેવાં કે, કૂવો, ટાંકો, તળાવ, પુષ્કરિણી, હોજ.

તોયાધિવાસિની [સં.] સ્ત્રી. પાટલા વૃક્ષ.

તોયારાય [સં. તોય (પાણી) + આલય (સ્થળ)] ન. જલાશય.

તોયે ૧. અ. તને.
૨. [સં. તતોઽપિ; અપ. તોઈ] અ. છતાં; તથાપિ; તોપણ.

તોયેશ ૧. [સં.] પું. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર
૨. [સં. તોય (પાણી) + ઈશ (અધિપતિ)] પું. વરુણ દેવ.
૩. પું. (જ્યોતિષ) શતભિષા નક્ષત્ર.

તોયેશ્વર જુઓ તોયેશ.

તોયો [હિ.] પું. શિયાળ.

તોયોત્સર્ગ [સં. તોય (પાણી) + ઉત્સર્ગ (ત્યાગ)] પું. વરસાદ.

તોયોત્થા સ્ત્રી. જળ સંબંધી સિદ્ધિ.

તોર ૧. [અ. તવર્ (રીતભાત)] પું. અહંકાર; મિજાજ; કુપદ; રૂપ, યૌવન, ધન, જ્ઞાન વગેરેનો ગર્વ; અભિમાનનો અગારી; ઠાંકો.

> કહ્યું અમદાવાદ, બહાઈ કર તું તારી;
> નાણાનો છે તોર, લીમાં નથી જળમાં ઝારી.
> નર્મદાશંકર

૨. પું. આવેગ; ઉત્સાહ.

> જ્યાંનીના તોરમાં નીતિમર્યાદા જેની સ્થિતિ હોય છે તેની એનામાં તે સ્થિતિ ન હતી.
> મુનશી

૩. પું. ગાંડપણ; મસ્તી; મદ.
૪. પું. ઘાટ; ઢોળ; સ્વરૂપ.
૫. પું જોર; બળ.
૬. પું ફંગોળ.
૭. પું. ફિસિયારી; ફુલાશ; બડેશી.
૮. પું. બળકટ કાઠ; દમામ; ખોટો ઠોળ; ઠોસ. દમ.
૯. પું. ભારેખમપણું
૧૦. પું. મનનો તરંગ; ખુટ્ટો
૧૧. પું. વણવું કાપડ વીંટવા માટે વપરાતો લાકડાની રીલ. સાળમાં વણાયેલું કપડું તે રીલ ઉપર વીંટાય છે.
૧૨. સ્ત્રી. એક જાતનું કઠોળ; તુવેર.
૧૩. સ્ત્રી. એક જાતનું પાસ.
૧૪. સ્ત્રી. એક જાતનો વેલો.
૧૫. સ્ત્રી. તરુ મલાઈ; સત્ત્વ.
૧૬. સ્ત્રી. નહો; બાજ; કાપડો.
૧૭. સ્ત્રી. રીત.
૧૮. [સં. તવ] સ. (હિંદી) તારું; તમારું.

તોરઈ ૧. પું. તુરિયું.
૨. [હિ.] સ્ત્રી. ગાદલું; ૩ ઇંચ કરતાં જાડું.

તોરઈ સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તે ભારતના ગરમ પ્રદેશોમાં તથા બંગલામાં થાસની સાથે થાય છે. પશ્ચિમ ભારતમાં દુષ્કાળના દિવસોમાં લોકો તેના દાણાની રોટલી બનાવીને ખાય છે.

તોરડા (તોરડા) સ. તારા; તમારા.

> એક અવનતી ધરા, દેવ ઘામોદરા;
> બહુ શ્રમ તોરડા, કમ્મ વાણી.
> વિશ્વનાથ

તોરડી (તોરઠી) ૧. સ્ત્રી. કાળું માટીનું વાસણ રાખવાનું માટીનું વાસણ.
૨. સ્ત્રી. રમઝટમાં ગર્ભ જવાની રેવતાની હાંલ્લી.
૩. સ્ત્રી. ઓનું પગે પહેરવાનું એક જાતનું ઘરેણું
૪. જુ. તરી.

તોરડું (તોરડું) સ. તારું.

તોરણ ૧. પું. મંડિકા; કોટપ્રદેશ; ગોખ; ઝીણા.
૨. પું. નાહવાના સ્થાન પાસે ભીંત સરખો ઊંચો પ્રદેશ.
૩. પું. બારણું આગળનું.

> પ્રભાસ વખતે રેવતાની જે પુત્રો તોરણ ઉપર ઓલે, પર્વત ઉપર ઓરે જો તે શુભ ફળ આપનાર છે.
> રાજ્યવ્યવહાર

૪. પું. મહાદેવ; શિવનાં ઉજ્જૈન માહેનું એક નામ.
૫. પું. ભોળા સાંઢાને આધાર આપતો એક ત્રિકોણ.
૬. પું. શોભાની કમાન.
૭. ન. એક જાતનું ઝાડ. તે કુમરાળ પ્રદેશોમાં થાય છે અને આકડા, આકું, ઉખ્ખ, લપુ, અગિદીપક અને પિત્તહ છે. આ ઝાડ કરમદીના ઝાડ જેવું હોય છે. તેને કુલના તોરા આવે છે. મુખ્યબદાર ઉપર તેનાં ફળ વપરાય છે. પાકે ત્યારે તે ખવાય છે. એ ફળ ખાવાથી સારો ઝાડો આવે છે. એનાં પાકાં ફળ મધુર, સ્નિગ્ધ તથા તૂરાં છે અને કફ તથા વાયુનો નાશ કરનાર મનાય છે. ગાંગેરક જાતનું તોરણ તૂરું, આકું, ઉખ્ખ, ગુરુ, રક્તપિત્ત તથા કફ કરનાર, સારક અને વાતનાશક મનાય છે. પાકેલું ગાંગેરક તોરણ રુચિકર, ગુરુ, વાતરક્તનાશક અને પિત્તહારક લેખાય છે.
૮. ન. કોસના ગંડાસુમાં અને ઠોઠ ઉપર ગરેડી માટે મૂકવાનું લાકડાનું આડસર; ગરેડીવાળું કોસનું લાકડું.

૯. ન. નકશીમ. કમાન જેવો ઘાટ
૧૦ ન નકશીવાળી ઓતરંગ આગળની પટ્ટી.
૧૧. ન. પરણવા જેવાની ચોરી; માંડવો
તલવારનાં તોરણ આપ્યાં, આલે પોળાવ્યા વીર; શિર સોંઘાં છે હાથમાં, પૂગે રહ્યે શરીર
મકરંદ દવે
૧. તોરણ આવવું = વરે પરણવા માટે માંડવે આવવું
૨. તોરણે આવવું = (૧) અમુક કાર્ય પાર પાડવાને લગભગ તેની નજીકમાં જવું. (૨) વરનું પરણવા માટે માંડવે જવું
૧૨. ન. (જ્યોતિષ) મનુષ્યના હાથમાં હોતું કમાનના આકારનું એક ચિહ્ન
૧૩. ન. મુખ્ય દરવાજો.
૧૪. ન. (પુરાણ) રામાયણમાં વર્ણવેલું અયોધ્યા પ્રાંતનું એ નામનું એક ગામ.
૧૫. ન. વળગણીએ ટુવાલ અજંતરિયત નાખવા તે.
૧૬. ન. શુભ પ્રસંગે અથવા પર્વને દિવસે બારણે, દરવાજે કે બારીએ આમોપાલવનાં લીલાં પાંદડાંની બાંધવામાં આવતી માળા; મંગળ પ્રસંગ બતાવવાને બારણાને શોભાવવા બાંધવામાં આવતી કપડાંની, કાગળની કે લીલાં પાંદડાંની માળા; શોભા માટે બંધાતો કાગળ, પાન વગેરેનો હાર.
બીજું શુકન તો રહ્યું બિલે તોરણ ઘેર બંધાય.
શામળ
૧ તોરણ બાંધવું = લગ્ન પ્રસંગે કન્યાને ઘેર દરવાજે બાંધેલ આમોપાલવનાં પાંદડાંના તોરણમાંથી વરરાજાએ પાન તોડવું.
૨. તોરણ બાંધવાં = (૧) બારણાને દીપાવવાને કૃત્રિમ પાનનો શણગાર કરવો. (૨) વધામણાંના આનંદના આડા હાર કરવા; પોતાની વધામણી બતાવવી.
૩. લીલે તોરણે પાછું ફરવું = (૧) કોઈ પણ લીધા વગર નાસીપાસ થઈને પાછા ફરવું. (૨) તોરણ કરમાય તે પહેલાં કન્યા વગર વરને પાછા ફરવું.
૧૭. ન સિંહાસનનો શોભાનો એક ભર.
તોરણઘોડો (તોરણઘોડો) પું. બખોડો તોરણે આવે ત્યારે બાળોટને અપાતો એક જાતનો લાગો.
તોરણદ્વાર [સં.] ન. મુખ્યદ્વાર; મુખ્ય દરવાજો.
મસ્ત મહાભવનના તોરણદ્વારનાં પેસતાં એક વિશાળ અને સુંદર દ્રશ્યમાં જતું પડતું.
સરસ્વતીચંદ્ર
તોરણધારી [સં. તોરણધારિન્] વિ. તોરણ ધરનાર
તોરણધારી સિપાઈઓ પોતાના ડાબા હાથમાં ઢાંકણ ધનુષ ધરી રહ્યા
હિંદના ઇતિહાસની વાતો
તોરણપટ્ટો (તોરણપટ્ટો) પું. મોતી, સળી વગેરેથી ભરેલ તોરણવાળો પટ્ટો.
તોરણમાલ જુઓ તોરણમાળ.
તોરણમાળ ૧. પું. અર્વાચીનપુરી.
૨. પું. કોસ હાંકવા માટે સજ્જ કે ટોડલા ઉપરનું આડું લાકડું. તેની ઉપર પૈડું રાખવામાં આવે છે
૩. [સં તોરણ + માલા] જ્રી. તોરણ અને માળા.
કુદરતની શોભા મૂકતી તોરણમાળની અનુપમતા ધારણ કરે છે
પુરાતત્ત્વ
૪. જ્રી. તોરણ જેવા આકારનો મણકાનો દાગીનો.
૫. જ્રી. તોરણોનો હાર.
તોરણશિર ન. કળામય કમાન.
તોરણશિરા જ્રી શોભાની કમાન.
તોરણસાંકળું ન. સોના કે રૂપાના ઝાળાથી જોડેલ અને નીચે ઝૂલતી તોરણના આકારની સાંકળીવાળું સ્ત્રીઓનું પગમાં પહેરવાનું ઘરેણું.
તોરણસ્તંભ [સં.] પું. તોરણવાળો થાંભલો.
આવા તોરણસ્તંભો હાલ સિદ્ધપુરમાં, વડનગરમાં અને કપડવંજમાં અખંડ છે.
કુમાર
તોરણસ્વરૂઢિકા [સં.] જ્રી. પાંચોની મજબૂતીવાળી સજા રેખાને ઈર્ષ્યાથી દુર્યોધને બનાવેલી સજા.
તોરણહાર [સં.] પું. સોનાના ઝગડાવાળું અને તોરણના આકારની સાંકળીવાળું એક જાતનું ઘરેણું.
તોરણા પું. એ નામનો કિલ્લો.
તોરણાકાર [સં. તોરણ + આકાર] વિ. કમાનદાર; મહેરાબદાર.
તોરણિકા [સં. તોરણ (કમાન) + ઇક (વાળું) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] જ્રી. પશ્ચિમકુંડની બને બાજુ તરફ આવેલી પથ્થરના જેવી વાડી બન્યે બારેની દરેક રેખા.
તોરણિયા ૧. પું. એક જાતનું ઘાસ. તેના મૂળસ્થાનમાં એક પછી એક દાણા બંધાય છે.
૨. પું. ન જ. કોસ ફેરવવાના પૈડાને આધાર આપવા મણકાવાળા લાકડાના ડાંડિયા કે ડંડા.
તોરણિયું ૧. ન. આંગણા આગળનો બહોળાનો ભાગ.
૨. જ. તોરણ.
૩. ન. સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું એક ગામ.
૪. વિ. તોરણવાળું; જેને તોરણ બાંધેલું હોય એવું
૫. વિ. મોખરાનું; મુખ્ય.
તોરણી મહાધમની જ્રી. મહાધમનીનો તોરણ જેવો ભાગ. આ ભાગ જાડો અને લાંબો છે અને મહાધમનીના આરોહી તથા અવરોહી ભાગોને જોડે છે તે ઉપર ડાબા સાથેના સાંધા આગળથી કંઠ અર્ધ ને પહેલા ઊંચે, પાછળ જાણુ તેમ જ ડાબી બાજુ તરફ બાજુની માફક ત્રાસી રીતે જાય છે અને કલોમનલિકાની આગળ બાજુ ઉપર થઈ પસાર થાય છે. ત્યારપછી તે કલોમનલિકાની ડાબી બાજુ ઉપર વધારે ને વધારે પાછળ બાજુ તરફ જાય છે અને છેવટે ચોથી પૃષ્ઠકરૂઢકની ડાબી બાજુ ઉપર નીચે ઊતરવા માંડે છે અને અવરોહી ભાગ બંને મળી જાય છે. તોરણી મહાધમનીના આ અર્ધચંદ્રાકાર ભાગ નીચે ડાબી કલોમકાર્ડિકા તથા બે મુખ્ય શાખાઓમાં વહેંચાઈ જતી ફુપ્ફુસાભિસ્રા ધમની માલૂમ પડે છે મહાધમનીની તથા ફુપ્ફુસાભિસ્રા ધમનીની વચ્ચે સેતુધમનિકા નામની એક શુષ્ક ધમની નજરે પડે છે. તે સેતુધમની ગર્ભમાં રહેલા બાળકમાં નજરે પડતી ધમનીનો અવશેષ છે. તોરણી મહાધમનીની ટોચ ઉપરથી જમણી બાજુએ કાંઠમુદ્રા નામની એક મોટી ધમની નીકળે છે, જ્યારે ડાબી બાજુએ ડાબી મહામાતૃકા તથા ડાબી અક્ષાધરા નામની બે કાંઠ શાખાઓ નીકળે છે. જમણી બાજુ ઉપરની કાંઠમુદ્રા ધમની, જમણા અક્ષકોરકસંધાનની પાછળ બે કાંઠ શાખાઓમાં વહેંચાઈ જાય છે. જેઓ જમણી મહામાતૃકા તથા જમણી અક્ષાધરા તરીકે ઓળખાય છે. આ પ્રમાણે સીધી કે આડકતરી રીતે તોરણી મહાધમનીમાંથી ચાર કાંઠ શાખાઓ ઉત્પન્ન થાય છે. આ શાખાઓથી જમણી તથા ડાબી બે મહામાતૃકા ધમનીઓ ઊભી જાય છે અને માતૃકા નામની ધમનીઓમાં વહેંચાઈ જાય છે. તેમની નાની મોટી અનેક શાખા મુખ્યત્વે ડોક તથા માથાને લોહી પૂરું પાડે છે, જ્યારે બને અક્ષાધરા ધમનીઓ બાહુની બાજુ તરફ જાય છે અને ત્રાંસી રીતે બગલમાં ઊતરે છે. ત્યાં જતા જતાં રસ્તામાં તેઓ ડોક તથા માથાના બોડા ભાગને તથા છાતીના ભાગને લોહી પૂરું પાડે છે. બગલની અંદર કક્ષાધરા ધમની તરીકે, ત્યારે હાથના ઉપરના ભાગમાં તેઓ બાહુ ધમની તરીકે ઓળખાય છે. દરેક બાહુ ધમની કુર્પર સંધિની આગળ, બે શાખામાં વહેંચાઈ જાય છે પ્રકોષ્ઠની અંદરની તેમ જ બહારની સીમા ઉપર તેઓમાની એક એક શાખા ચાલી જાય છે. આ ધમનીઓની શાખા તથા તેમની અનુશાખાઓ વડે આખા હાથને લોહી મળે છે
તોરત ન. યહૂદી લોકોનું ધર્મપુસ્તક; બાઇબલનો જૂનો કરાર. તોરાત

તોરનિયાં ન. બ. ૧. તોરણો. ૨ણું તોરણ.

તોરમાણ વ. એ નામનું એક રાજપૂત કુળ.

એ કુળમાંથી ઉપર કહ્યા તોરમાણ રાજાથી બીજો જ આગળ થઈ ગયો છે. પુરાતત્ત્વ

તોરમાના પું. એ નામનો હૂન પ્રજાનો એક રાજા

ત્યારબાદ તોરમાના રાજાનો પુત્ર મિહિરકુલ કાશ્મીરમાં ગયો છે, અને ત્યાં પોતાની સત્તા સ્થાપે છે. પણ હૂન રાજ્ય લાંબો વખત ચાલતું નથી. કુ. સા. ધનિયાદ

તોરલ ૧. પું. અસાડે કલ્પેલ કરેલો એક દેશ.

૨. સ્ત્રી. કચ્છ અંજારના જેસલ જાડેજા નામના એક પ્રાચીન રજપૂત બહારવટિયાને સુધારનાર તેની પવિત્ર સ્ત્રી.

તોરસમા [સં. તોરત્રમત્] પું. અત્રિકુળ ઋષિનું એક નામ.

તોરહ પું. મુસલમાની કાયદો.

તોરહી [હિ.] પું. રજસ્વિનું.

તોરંગ પું. ઘોડો; તુરંગ.

તોરા ૧. [અ.] પું. પ્રકરણ. જેમકે, કુરાન ૧૧૪ સૂરા કે તોરામાં છે.

૨ પું કુકમ.

૩. [તુ.] પું. બ. વ. વિવાહ પ્રસંગે પિયારે માણસોને લાથી ભેટ અપાતી જુદી જુદી જાતની વાનીઓની રકાબીઓ.

૪. સ્ત્રી. અભિમાન.

તોરા માનવું = અભિમાની થવું.

તોરાબાદ છરો પું. એક પ્રકારનું શસ્ત્ર.

તોરાબંદી સ્ત્રી. ખોરાકની વહેંચણી.

તોરાવાળો ૧. પું. તુરાવાળો; લાવણી ગનારો.

૨. પું. મોટો તોરાવાળો માણસ.

તોરાહ ૧. [હિ.] પું. અભિમાન.

૨. પું. અમીર.

૩. પું. મોટા માણસો તરફથી ભીલ્લોને ભેટ અપાતી એક જાતની વાની.

તોરાહપોસ [હિ.] પું. ઘૂમટાને ઢાંકવાનું વસ્ત્ર.

તોરાહબંદી સ્ત્રી ભેટ તરીકે આવતી વસ્તુના ઘૂમટા બોલાવ્યા તે.

તોરિ પું. હિંદના બધા ભાગોમાં ખૂબ ખાસ કરીને બંગાળ અને દક્ષિણ હિંદમાં ઊગતો એક જાતનો છોડ.

તોરિંગ ૧. [સં. તુરગ] પું. અશ્વ ઘોડો; તુરગ; તોખાર; વાજી; હય.

૨. પું. તરંગ. વિચાર.

તોરી ૧. પુ. ઘોડી; તુરી

૨. [હિ.] પું. તુરિયું વિસોતું.

૩. સ્ત્રી. અહંકાર. ગર્વનો છાક. મદ.ઘેનો.

૪. સ્ત્રી. એક જાતનું વાદ્ય.

૫. સ્ત્રી. કસાદી માણસ રાતે તીખો અવાજ કરનાર એક જાતનું જીવડું; કેસારીના જેવું એક જીવડું.

૬. સ્ત્રી. કાળા સરસવ.

૭. સ્ત્રી. (સંગીત) માલકોષ રાગની ૭ મહેની એ નામની એક રાગણી.

૮. સ્ત્રી. મિલ્કત; રોફ; રીસ, છણક; ઉદ્ધતપણું. ઝાઝ.

૯. સ. તારી

મરવું માણસને કજા, મરવૂસના મનમાય નહિ,
તોય બનું તોરી પાસ, રેશા જેમ ચીંટાઈ રયું
હું.

૧૦. વિ. ઉદ્ધત; મિલ્કતી, તોરવાળું; અહંકારી; અભિમાની

૧૧. વિ. તરંગી; વાયલ.

૧૨. વિ. અભરાવાળું.

૧૩. વિ. સ્વાભિમાનની કકરીવાળું; કક્કો મિલ્કતનું

તોરીખેલ ૧. સ્ત્રી. એ નામની તાણાવાળાની એક જાત.

૨. સ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તોરીલું ૧. વિ. અહંકારી; અભિમાની; તોરી.

૨. વિ. ઉચ્છૃખલ; ઉદ્ધત; ઉગ્ર પ્રકૃતિવાળું.

૩. વિ મિલ્કતી.

તોરુચાર [તા.] પું. ગોચણ; ચરવાઉ.

તોલું ૧. સ. એક જાતનું ઘાસ.

૨. સ. (સંગીત) એક જાતનું વાદ્ય.

૩. સ. તારું

તોરૂપુલા પું. સુતરાઉ કાપડનો એક રંગ.

તોરે સ. તારે.

તોરેત સ. એ નામનું એક ધાર્મિક પુસ્તક.

તોરો ૧. પું. અહંકાર; ગર્વ.

૨. પું. આગેવાન; મુખ્ય; અગ્રણી; મુખી; સરદાર.

૩. પું. કપાસ.

૪. પું. કેટલાંક ફૂલ, પાન સાથે ગાંથીને બનાવેલો ગુચ્છ; ગોટો; ગજરો; ફૂલનો ગોટો; કલગી.

ધર્યો તોરા અહમદ શૌક્ત કને રે,
અબ્ બોલીરે બખાન્યા બોલીલાલને રે;
બાયા આહાની કાસ દર્શન કર્યાં રે. બિહારી

૫. પું. દૃષ્ટિ; નજર.

૬. [અ. તુર્રા)] પું. પાઘડીનો કલગી.

૭. પું. ચાલાક ઘોડું; શિરપેચ.

૮. પું. ઘૂમટો.

૯ પુ. બબડો; રૂઆબ; દમામ. મિલ્કત; તોર.

૧૦. પું. રીસ; ક્રોધ; ઉદ્ધતાનો છણકો. ફુંફાડનો ગુસ્સો

૧૧. પું. લાકડાનો રહે તેમ પાઘડીમાં ખોસવાનો ફૂલનો ટૂકો બારડો

૧૨. પું. (સંગીત) લાવણીનો એક ભેદ: તુરો.

૧૩. સ. તારો. તું સર્વનામની છઠ્ઠી વિભક્તિનું રૂપ.

તોરો બગલો ૧. પું એક જાતનું પક્ષી. ધોળા શરીરનું બગલું.

૨. વિ તોરાવાળું; કલગીવાળું.

તોલ ૧. પું. કીમત.

૨. પું. કચાસ; પરીક્ષા. તુલના; સરખામણી.

૩. [સ. તુલ્ (તોલવું) , પું. તોલવાની ક્રિયા; તોળવું તે; વજન કરવું તે.

૧. તોલ કરવું-કરવો = (૧) કીમત આંકવી. (૨) તોળવું; જોખવું; વજન કરવું

૨. તોલ કરાવવો = કીમત કરાવવી; પોતાને માટે સામાના મનમાં હલકો વજનરહિતપણાનો વિચાર આવવો.

૪. પું તોળવાનું વજન; વજન કરવાનું સાધન.

૫. [સં.] પું. બાર માસા બરાબરનું એક જાતનું વજન.

૬. પું. આરપણું, કાંટે જોખીને કરેલું માપ; નક્કી વજન.

૧. ઉંચી તોલ = ઘોડુક ઓછું વજન.

૨. કચ્ચી તોલ = ખરા તોલથી થોડોક ઓછો તોલ.

૩. કચ્ચી તોલ = ઓછું તોલું

૪. ચૂકતી તોલ = થોડુંક વધારે તોલ.

૫. તોલાની બાબત = તોલામણીની બાબત; તોળવા બદલ ખેડૂત પાસેથી અપાવાનું અનાજ કે મહેનતાણું.

૬. પક્કી તોલ = ખરો તોલ.

૭. પૂરી તોલ = પૂરેપૂરો તોલ.

૭ પું. માપિયું.

૮. પું. સરખો માણસ; બરોબરિયો.

૯. પું. સોળ માસા અને પાંચ રતી બરોબરીનું સોનું રૂપું તોલવાનું એક જાતનું વજન.

૧૦. પું.;વ. એવી રતીનું એક માપ; કર્ષ. ઝવેરાતનો તોલ:

૧ ગોખાક્ષાર = આનો
૧૬ આના = રતી
૨૪ રતી = ટંક

૧૧. સ. આરબોજ; પ્રતિમા; આરવક્કર; શાખ; આબરૂ.

તોલ રાખવું-રાખવો = પોતાનું સન્માન જાળવવું

૧૨. ન. સમાનતા; બરોબરપણું.

૧૩. વિ. સરખું; બરાબર; જેવું.

ગામ ભલે મોટી માતા ન મરજો,
સુખ નથી માલસુખ તોલ જો. લોકોક્તિ

૧૪. પ્ર. હાથીનો પાછલો પગ ઊંચો કરવામાં વપરાતો શબ્દ

તોલઈ જ ક્રિ. (જૂ. ગુ.) તોલે.

સોવન બરાબર તોલઈ તેમ,
પણિ ખરી કરૈ વીરય મેમ;
ઇંદ્રમાલ પહરાવૈ માય,
પુણ્ય ઉદયઇ તોઈ ન જાય. ઋતુરસાગર

તોલક [સં] ન. તોલું; કાટલું.

તોલકી ૧. સ્ત્રી. ઢીંચણનું નાનું હાડ.

૨. સ્ત્રી. માથાનો પાછલો ભાગ.

તોલકું ૧. ન. તોલું; માપું.

૨. વિ. અવિવેકી; અસભ્ય.

તોલકાટી કરનિસ સ્ત્રી. તોળીને જેનો હિસાબ થાય તે પ્રકારનો મિક્કો.

તોલક (તોલડ) વું. કામઢાળ માણસ; મૂર્ખ માણસ.

તોલડિયા (તોલડિયા) ૧. સ્ત્રી. એ નામની કપાસની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

તોલડી (તોલ્ડી) ૧. સ્ત્રી. કાળું માટીનું વાસણ; દોણી; નાનું કોડસું; રાંધવાનું માટીનું કાળું વાસણ.

૨. સ્ત્રી. સ્મશાનમાં કાર્ય કર્યાની આગળની ક્રિયા.

૧. દહાની તોલડી તેર વાનાં માગે = સંસાર ચલાવવાને સો ચીજ જોઈએ.

૨. તોલડી તનનતન કરી = બાયનું ઘૂઘવું; મરીબાર્ય આવવી.

તોલડું (તોલ્ડું) ૧. ન. તોલડી. '

૨. ન. નાનું માટીનું વાસણ; કોડસું.

૩. ન. કૂવાકોડ વાપરવાનું કેડું.

૪. ન. ભિક્ષાપાત્ર; ભિક્ષાનું પાત્ર.

તોલદાર ૧. [તોલ + દાર (વાળું)] વિ. કોમળ

૨. વિ. ચલાવવાળું

૩. વિ. પાત્ર; લાયક.

૪. વિ. વજન પડતું હોય એવું; વજનવાળું; મોજાદાર.

૫. વિ. વજનદાર; ભારે.

તોલદાર નાળિયેરી સ્ત્રી. એ એક જાતની નાળિયેરી તેનાં ફળ ઉપયોગી છે.

તોલદારી ૧. સ્ત્રી. પ્રતિષ્ઠિતપણું.

૨. સ્ત્રી. મજબૂતી.

૩. સ્ત્રી વજનદારી

તોલન ૧. ન જોખવું તે.

૨. [સં. तुल् (તોળવું)] ન. કીમત.

દેશના ભૂતકાળની યથાર્થ કલ્પના અને તેનું તોલન ભવિષ્યનો વારસો લેવા માટે થાય. તે જ યથાર્થ કરી શકે. કરસેનભાઈ

૩. [સં.] ન. તોળવું તે; વજન કરવું તે; જોખવું તે.

આપણે નાનાં બાળકોને ચાલતાં જોયું તો માલમ પડશે કે તેઓ શરીરનું તોલન બહુ ઓછું હોય છે. ગાંધીજી

૪. ન. માપ.

૫. ન. સરખામણી, તુલના.

તોલનપદ્ધતિ [સં.] સ્ત્રી. સરખામણી કરવાની રીત.

તોલનયંત્ર [સં.] ન. ભાર વગેરે તોળવાનું યંત્ર.

તોલનશાસ્ત્ર [સં.] ન. તોલ કરવાનું શાસ્ત્ર.

તોલના જુઓ તોલન.

તોલબારદાન ન. તોલ અને બારદાન.

તોલમસાર સ્ત્રી. એક જાતની તરવાર.

વિક્રમાદિત્ય રાજાએ એવી કાઠિયાવાડમાંથી તોલમસાર મંગાવીને લાવ્યા હતા. ચારણ

તોલમાળ વું. ઢોલ એવા ઘાટ ઊભા કરેલા મંડાણ ઉપરનો એક ભાગ.

તોલવાડી (તોલવાડ્ય) સ્ત્રી. કિનારી.

તોલવું જુઓ તોળવું.

તોલા [હિં.] વું. એક કુપ્રિયાક્ષરનું વજન; બાર માસા અથવા સો રતીનું વજન.

ગ્રેન ટ્રોય

૪ પૈસા = બાના = ૯૪૬૧
૪ બાના = રતી = ૧૩૮૧૧૬
૮ રતી = માસો = ૧૧૦૩૩૩૩
૧૨ માસા = તોલા = ૧૩૮૦૦૦૦૦

તોલાર વું. તોળનારો; તોળવાનું કામ કરનારો માણસ.

તોલાડકાસ (તોલાઉકાસ) વું. ખાવે તોલો કરાવેલ માણસ. આ શબ્દ મશ્કરીરૂપે વપરાય છે.

તોલાદાર વિ. જોખનાર.

તોલાબણી સ્ત્રી. તોળવા બદલ આપવી રકમ કે ચીજ.

તોલાબણીની બાજત = ખર્ચ કરવા માટે માપ, પાવી વગેરે નવા કોઠો, તોલાં, ઝૂળિયાં વગેરે સામાન જોઈએ તે જે મેપારી લાવી બધાં ભરી કે તોળી બધા તે બદલ બેનું પાસેથી અપાવાતું અનાજ કે મહેનતાણું.

તોલાવવું જુઓ તોળાવવું.

તોલાવું જુઓ તોળાવું.

તોલાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન. મત્સ્યાસનમાં બતાવ્યા મુજબ સૂઈ જવું. હાથ કમ્મરની આજુબાજુમાં રાખવા. ત્યારપછી મૂઠી વાળીને કમ્મરના ભાગને જમીનથી અધર ઉપાડવો. કમ્મર ઊપડી કે તરત કોણીઓથી મૂઠી સુધીના હાથના ભાગને કમ્મર નીચે રાખી. કેવો કે આખા શરીરને હાથના આધારથી જમીન ઉપર કડક રાખવું. આંખથી પગને જોવા. શ્વાસ આવું રાખવો. ઢીંચણ તથા માથાનો ભાગ સમ પ્રમાણમાં કોવાં જોઈએ એ અર્થાત્ માથાનો ભાગ ઢીંચણથી ઊંચો નહિ તેમ જ નીચો પણ નહિ. આખા શરીરને હાથ ઉપર તોલવું પડે છે, તેથી આ આસનને તોલાસન કહે છે. આ આસનથી પેટનો ભાગ વધારે કડક થશે, શરીરનો દરેક સ્નાયુ જોરથી શ્રમ કરશે અને પેટના અવયવોમાં શક્તિ આવી જશે. આ આસન એક દિવસ સુધી રોજ સવારે સ્નાન કર્યા પછી આમાંપીયા વિના ૧ મિનિટ કરવું. ૧થી ૬ દિવસ સુધી ૧૫ મિનિટ, ૬થી ૧૪ દિવસ સુધી ૩ મિનિટ, ૧૪થી ૨૦ દિવસ સુધી ૨૫ મિનિટ, ૨૦થી ૨૬ દિવસ સુધી ૩ મિનિટ, ૨૬થી ૩૮ દિવસ સુધી ૪ મિનિટ અને ૩૮ દિવસ પછી પ્રકૃતિ અનુસાર ૪થી ૫ મિનિટ સુધી કરવું.

તોલાંગુલાસન [સં.] ન. (યોગ) કોરાણી માફેનું એ નામનું એક આસન.

તોલિયું ન. ઊંચના ઘેસ ઉપર કોડો રાખવાનું સાધન.

તોલિયો વું રાંધવાનું માટીનું વાસણ; કોડસું.

તોલી સ્ત્રી બીની વાટી.

તોલું ૧. ન એક કુપ્રિયાક્ષરનું વજન; તોલો

ચિતા બાંધી કાષ્ઠની, આસ બદ્ધે આય;
આપણે રતી રતી કરી જિવાળે, ઈ તોલું બર થઈ જાય.
મહીપાલદેવ

૨. ન બી ભરવાનું નાનું વાસણ; નાનું પાટલું; બીનું પાટલું

૩. ન. ઝોકું; ઊંઘ કે આળસમાં આવું ઝૂકી જવું તે.

૧. તોલાં બહુવાં = ઊંઘવાની તૈયારી કરવી; ઝોકાં આવાં.

૨. તોલાં લેખવાં = ઝોકાં આવાં. પહેલું જેમ આવ્યું નીચે નમે છે તેમ નિદ્રાના આવ્યું નીચું નમે છે.

૩. તોલું થવું = તોલાં લેખવાં.

૪. ન. તોળવાનું માપ; વજન કરવાનું માટલું; તોલ.

તોલાની સટ = ચડતાં ઊતરતાં તોલાંનો જથ્થો; આર શેરથી સવા રૂપિયાભાર સુધી તોળવાના માપનો જથ્થો. જેમકે, આર શેર, પ્રથ શેર, અશેર, શેર, અધ્ધેર, પાશેર, નવટાંક, અધોળ, સવા રૂપિયાભાર.

૫. ન. દશ શેર વજન.

૬. ન. મધુ.

તોહુડું ન. માથું; તોલડું.

તોહે ૧. અ. કૂતરાને બોલાવવામાં કે હાંકો મારવામાં સીટી જેવો શબ્દ.

૨. [સં. તુલ્ય; પ્રા. તુલ્લ] અ. બરોબરીમાં; સમાનતામાં; સરખાપણામાં; સરખી રીતે; સરખામણીમાં.

અહંકાર છે મનમાં અધિકો,
આગે નહિ કો મારે તોહે. વલ્લભ

તોહૈયો પું. કામદાર; તલાટી.

દરેક મહંતને તેના કામમાં વતનદાર અથવા પરંપરાગત અમલદાર અને તુલાટી,તોહૈયા'ઓ મદદ આપતા. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન

તોહો ૧. [સં. તોલા] પું. ૭ વતી જેટલું વજન; ૩૨ વાલભાર કે ૧૨ માસાભાર વજન; બે ગદિયાણા જેટલું વજન; એક રૂપિયાભાર; ૧૮૪ ગ્રેનનું વજન.

૨. પું. બેની સંખ્યા.

૩. પું. માથાનો વચલો ભાગ.

૪. પું. મૂંડો કરાવેલ માથું.

૫. પું. રૂપિયાભારનું માટલું.

૬. ન. બેસ ફ્રમ નામના જકરી ક્ષારયુક્ત તથા નૂસમાં વપરાતા ઢોલને વગાડવા માટે વપરાતું એ નામનું સાધન. આ તોહાની સંખાઈ આકારે બે ફૂટ હોય છે. એક છેડે ચિન જેવો પદાર્થ ચીટકેલો હોય અને તે છેડો વગાડવાના ભાગમાં વપરાય છે.

૭. વિ. બોળું.

તોલ્ય ૧. [સં.] ન. તોલ; વજન.

૨. ન. તોળવું તે; જોખવું તે.

૩. વિ. તોળવા યોગ્ય; જોખવા જેવું.

તોવર ન. રાજપૂતનું એક નામનું એક કુળ.

તોષાદકા સ્ત્રી. ખીર.

તોષે અ. એટલે

તોસ ૧. પું. એક જાતનું નાનું કૂંડું.

૨. [સં.] પું. હિંસા.

૩. [પ્રા.] સ્ત્રી. ભગ.

૪. વિ. હિંસા કરનાર; હિંસક.

તોસક ૧. [તુ.] સ્ત્રી. ખોળામાં રૂ, નાળિયેરની જાલોતરાં વગેરે ભરીને બનાવેલું ગાદલું કે બિછાનું; ભરવું ગાદલું.

૨. સ્ત્રી. સાદડી.

તોસકખાના [હિ.] પું. તોશાખાનું.

તોસકચી પું. બિછાનાં સંભાળનાર.

તોસદાન ૧. [જા. તોસાદાન] પું. કારતૂસ રાખવાની કોથળી.

૨. પું. જલપાન આદિ આવશ્યક વસ્તુઓ રાખવાની સૈનિકની થેલી.

૩. પું. દફ્તરચેટી.

૪ પું. વખારનો દારોગો રાખવાની સિપાઈની કોથળી

તોસલ પું. (પુરાણ) એ નામનો એક મલ્લ.

ક્રુદ્ધે ચાણૂર, મુષ્ટિક, શલ અને તોસલ
નામના મલ્લોને મારી. ભાગવતી ભાગવત

તોસલક પું. (પુરાણ) કંસની સભામાંનો કૃષ્ણે મારેલો એ નામનો એક મલ્લ. એનું બીજું નામ તોશળ હતું.

તોસાળ જુઓ તોશલ.

તોસાહ ૧. [જા. તોસા] પું. મુસાફરીનું ભાથું કે ખોરાકી

૨. પું. રાતની સાથે લઈ જવાનું એક દિવસનું ખાવું. તે કબર ખોદનારને અને બીજા મરીતોને ખેરાત તરીકે આપવા છે, એમ ધારીને કે તેથી મરી ગયેલ આત્માને તેની બીજી દુનિયાની મુસાફરીમાં રસ્તો મળશે.

૩. સ્ત્રી. જીનની એક જાતની બારીક શાલ.

તોસા જુઓ તોરાક.

તોસાખાના (તોશાખાના) ૧. [તુ. તોશક + જા. ખાના (સ્થાનસૂચક પ્રત્યય)] ન. કીમતી વસ્તુઓનું સંગ્રહસ્થાન; જવાહિરનો ભંડાર.

૨. ન કોઠાર, ભંડાર; વખાર; સામાન મૂકવાની જગ્યા.

૩. ન. વાસણો તથા બીજીચીજો રાખવાનો ઓરડો.

૪. ન સરકારની તિજોરી; સરકારી માલમિલકત અને નાણાં જ્યાં રહેતાં હોય તે જગ્યા.

તોસાખાનું જુઓ તોશાખાના.

તોસાહ જુઓ તોશાખાના.

તોસીસ સ્ત્રી. ત્રાસ; પીડા; દુઃખ.

તોષ ૧. [સં. તુષ્ (સંતોષ પામવું)] પું. આનંદ; સુખ; ખુશી; પ્રસન્નતા.

૨. પું તુષ્ટિ; જે કંઈ બન્યું કે બનવું હોય તેટલું બસ છે એવી મનની તૃપ્તિ; સંતોષ.

૩. પું. વહને દક્ષિણથી વગેરેના ભાર માંહેનો એ નામનો એક દોરડો.

૪. પું (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરનો એ નામનો એક દેવતા.

૫. વિ. અલ્પ; થોડું.

તોષક ૧. [સં.] વિ. તૃપ્ત કરનાર; સંતોષ પમાડનાર.

૨. વિ. પ્રસન્ન કરનાર; આનંદ આપનાર.

તોષણ ૧. પું (પુરાણ) કંસનો એ નામનો એક મલ્લ. તેને ધનુર્યજ્ઞમાં શ્રીકૃષ્ણે માર્યો હતો.

૨. [સં.] ન. તુષ્ટિ; સંતોષ

૩. ન. પ્રસન્નતા; ખુશી.

૪. ન. સંતોષ ઉપજાવવો તે.

૫. વિ. સંતોષ ઉપજાવનાર; સંતોષકારક.

તોષણી [સં.] સ્ત્રી. સંતોષ ઉપજાવનારી સ્ત્રી.

તોષપત્ર [સં.] ન. બક્ષિસનામું

તોષલ [સં.] ન. એક જાતનું અત્તર; મુશ્કાબ.

તોષવું ૧. [સં તુષ્] સ. ક્રિ. તૃપ્ત કરવું; સંતોષ પમાડવો; સંતુષ્ટ કરવું; સંતોષવું

૨ સ. ક્રિ પ્રસન્ન કરવું; ખુશી કરવું.

તોષિત ૧. [સં.] વિ. તુષ્ટ; તૃપ્ત; સંતોષ પમાડેલ.

૨. વિ. પ્રસન્ન કરેલ; ખુશી કરેલ.

તોસ સ્ત્રી. તરસ; તૃષા.

તોસદાન ૧. ન. કોઈ પણ મોટી તોતિમ બીજ કે પદના.

૨. ન. ખોળપાપડી; સુખડી.

૩. [જા. તોશદાન] ન. દફ્તર રાખવાનો કોથળો. ચોપડી રાખવાની થેલી; જોસદાન; દફ્તર.

૪. ન. વખારનો દારૂ, ગોળાઓ વગેરે રાખવાની સિપાઈની ચામડાની બગલેથી.

તોસલ પું. અદ્યારું ભાંગેનો એ નામનો એક દેશ; તોસલી.

તોસલક પું. (પુરાણ) એ નામનો એક મલ્લ. કૃષ્ણે કંસની હાજરીમાં તેને મારી નાખ્યો હતો.

તોસલી પું. દક્ષિણ કોસલ દેશનું એક પ્રાચીન નામ

તોસાખાર જુઓ તોશાખાનું.

તોસે ૧. [હિ.] સ. તને.

૨ અ. સારથી.

તોસેક સ્ત્રી. બગાળમાં થતી ઊંચા પ્રકારની કેરીની એ નામની એક જાત.

તોસ્તાન જુઓ તોસદાન.

તોસ્તાલ વિ. બહુ વજનદાર; બહુ ભારે અને મોટું.

તોસ્તાલો પું. માથું; મૂંડો.

તોહડું (તોહડું) વિ. તેનું; તેના જેવું.

તોહફગી (તોહફગી) ૧. [અ.] સ્ત્રી. ભલાઈ; સારાપણું.
૨. સ્ત્રી. યશગાન; સ્તુતિ.

તોહફો (તોહફા) ૧. પું. ભેટ; ઉપહાર.
૨ [અ. તહફ (ઢેખાવવું)] પું. વિચિત્ર વસ્તુ, ત્રિરસ ચીજ.
૩. વિ. સારું; સુંદર; ઉત્તમ.

તોહફો જુઓ તોહફા.

તોહમત ૧. [અ.] સ્ત્ર. અપરાધ; ગુનો; દોષ.
તોહમત નાખવું-મઢવું = (૧) અપરાધી બનાવવું. (૨) આરોપ મઢવો.
૨. સ્ત્ર. આળ; બદી; તહોમત; આરોપ; કલંક.
૩. સ્ત્ર. નિંદા; ચાડીચૂગલી
૪. ન. વહેમ; સંશય.

તોહમતદાર ૧. [અ.] પું. અપરાધી, આરોપી, ગુનેગાર.
૨. પું. કલંક લગાડનાર માણસ; આળ મઢાવનાર માણસ.
૩. પું. નિંદા કરનાર પુરુષ.
૪. પું. વહેમી પુરુષ; શંકાળી માણસ.

તોહમતનામું ન. તહોમતનામું; આરોપ મૂકવા અંગેનું લખાણ

તોહમતી જુઓ તોહમતદાર.

તોહર [સં. તવ] સ. (હિંદી) તારું.

તોહિ જુઓ તોહી.

તોહી ૧. [હિં.] સ. તને; તારે માટે.
૨. અ. તોપણ.
દૂર રહ્યા તોહી ઢુંકમાં રે. બંસરિજય

તોહીદ સ્ત્રી. ઇસ્લામી સંસ્કૃતિ.

તોહીન [ફા.] સ્ત્રી. બદનક્ષી; બદનામી.

તોહે [હિં.] સ. તને; તારે માટે.

તોહોમત જુઓ તોહમત.

તોહોમતદાર જુઓ તોહમતદાર.

તોળવું ૧. [સં. તુલ] સ. ક્રિ. ઉપાડવું; ભાર ઝીલવો; ઊંચકવું; ધારણ કરવું.
૨. સ. ક્રિ. જોખવું; વજન કરવું; ભારેપણાનું પરિમાણ કાઢવું.
૩. સ. ક્રિ. તુલના, વિચાર કે કીમત કરવી.
૪. સ ક્રિ. ન્યાય કરવો.
૫. સ ક્રિ. બીજાની સાથે બરોબરી કરી જોવી; સરખાવવું; સમાનતા કરી જોવી.
તોળવાનાં જુદાં અને દેખાડવાનાં જુદાં = બતાવવું કાંઈ અને આપવું કાંઈ; કહેવું કાંઈ અને કરવું બીજું.
૬. સ ક્રિ. વિચારવું.

તોળા ૧. સ્ત્રી. એક જાતનું માણસ અને બીજી જાતનું સોનું, રૂપું, જવાહિર વગેરે મૂકી તોલ કરવાની ધાર્મિક ક્રિયા
૨ [સં. તુલા] સ્ત્રી. (જ્યોતિષ) તુલા રાશિ.
૩. સ્ત્રી. તોળવાનું પત્થર, કાટલું; વજનું; તુલા.
૪. સ્ત્રી. તોળવું તે, વજન કરવું તે; માપ કાઢવું તે.
૫. સ્ત્રી વજન; માપ; પ્રમાણ.
૬ સ્ત્રી. સરખાપણું; સમાનતા; સાદૃશ્ય
તોળાઈ રહેવું = લટકો રહેવું; આથે પડું પડું થઈ રહેવું

તોળાટ પું. તોલાટ; જોખનારો માણસ; તોળવાનું કામ કરનારો માણસ; મપારો.

તોળામણ સ્ત્ર. તોળવા કે જોખવાનું મહેનતાણું; તોળવાની મજૂરી; જોખામણી.

તોળામણી જુઓ તોળામણ

તોળાવવું સ. ક્રિ. તોળવાની ક્રિયા કરાવવી

તોળાવું અ. ક્રિ. તોળવાની ક્રિયા થવી.

તોળું સ. (ગરવી) તારું.

તોળૈયો પું. તોળનાર માણસ; તોલાટ.

તોડમરોડવું વિ. અકબારવું; ટૂકાવામાં કરી નાખેલું; ટૂંકું કરેલું

તોં ૧. સ્ત્રી. જોખવાનો દંડકો.
૨. સ. પું.
૩. અ. તે રીતે; તેમ.

તોંગમ (તોંગ્મ) ૧. વિ. ઉદ્ધત; અવિનયી.
૨. વિ. ખોટી બોટાઈ રાખતું.

તોંગડાઈ (તોંગડાઈ) ૧. સ્ત્રી. ખોટી બોટાઈ.
૨. સ્ત્રી. તોંગડાઈ; અવિનય.

તોંગર ૧. વિ. ગંભીર
૨. વિ. તકરાર; સાટુકાર.

તોંગરાવું ૧. અ. ક્રિ. મરડાવું; કરડવું.
૨. અ. ક્રિ. રીસે ભરાઈ ચાલ્યા જવું.

તોંગરેલ ૧. વિ. ક્રોધના આવેશમાં આવેલું.
૨. વિ. સરખો જવાબ ન આપે તેવું

તોંગું ૧. વિ. ઉદ્ધત; અવિનયી.
૨. વિ. કપટી; લુચ્ચું.
૩. વિ તોફાની; ઘોંડું.

તોંડી ૧. સ્ત્રી. ગજવાનું ટેરવું
૨. [હિં.] સ્ત્રી. દૂતી.

તોંતરો ૧. પું. તોંતેરની સાલ.
૨ પું તોંતેરની સાલનો દુકાળ.

તોંતેર [સ ત્રિસપ્તતિ] વિ સિત્તેરને બદલે ૭૩

તોંદ સ્ત્રી ફાંદ; મોટું પેટ; દુંદ

તોંદલ વિ ફાંદવાળું; જેનું પેટ બહાર નીકળી આવ્યું હોય એવું, તોંદવાળું, મોટા પેટવાળું

તોંદા ૧. [હિં.] પું. તગારાથી માટી નીકળવાનો માર્ગ
૨. [ફા] પું માટીની દીવાલ, જેના ઉપર તીર કે બંદૂક ચલાવવાનો અભ્યાસ કરવા નિશાન કરવામાં આવે છે.
૩. પું. રાશિ

તોંદાર જુઓ તોંદલ.

તોંબા ૧. પું. તરભૂયમાંથી બનાવેલું અંદરથી પોલું ફાનસ
૨. [હિં.] પું તુંબડી.
૩. પું. પોલા વાસણમાં દારૂ ભરેલો હોય એવી આતશબાજી.

તોંબી ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય. તે મદારી વગાડે છે.
૨. સ્ત્રી. નાનું તુંબડું.

તોંબ્રી ૧. સ્ત્રી. તરભૂયમાંથી બનાવેલું અંદરથી પોલું ફાનસ
૨. [સં. તુમ્બી] સ્ત્રી. તુંબડું.
૩. સ્ત્રી. પોલા વાસણમાં દારૂ ભરેલો હોય એવી આતશબાજી.

તોંવર ૧. સ્ત્રી. રાજપૂતોની એ નામની એક અટક
૨. સ્ત્ર. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

તોંસ સ્ત્રી. બહુ તરસ લાગવી તે.

તોંડી [સં. તદાનિ] અ. એકદમ; તરત જ.

તો ૧. અ. ઉપરાંત; વળી.
૨. અ. તે વખતે
૩. અ. વારું; ઠીક.

તૌઅમ [અ.] સ્ત્ર. જોડકું; બેલડું.

તૌર્ [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

તૌક (તૌક) ૧. [અ.] પું. કોલર; ગળપટો,
૨. પું. ગળાનું ઘરેણું

તૌકીદ (તૌકીદ) ૧. [અ.] સ્ત્રી. ભેર રાખવું તે.
૨. સ્ત્રી જાપ્ત કરવું તે.

તૌકીર (તૌકીર) [અ.] સ્ત્રી. માન આપવું તે.

તૌકોલ [અ.] સ્ત્રી. પોતાનો પક્ષ બીજાને સોંપવો તે.

તૌકોજંબર સ્ત્રી. ખેડી માટેની બેડી અને સાંકળ.

તૌક્વિક [સં] સ્ત્રી (જ્યોતિષ) ધન રાશિ.

તોચા પુ. એક પ્રકારનું ઘરેણું.

તૌજિહ સ્ત્રી. ધ્યાન ખેંચવું તે; સમજાવવું તે.

તોજદ્દ ૧. [અ.] સ્ત્રી. અદેખાઈ; હરીફાઈ.
૨ સ્ત્રી. પેનક.
તોઝી જુઓ તોજદ્દ
તોડી (તોડી) સ્ત્રી. કરગઠીયાનું કમાળ.
તોતાતિત ૧. પું કુમારિલ ભટ્ટનું એક નામ.
૨. પું. જૈનોનો એક ભેદ.
૩. [સં.] ન તુતાત ભટ્ટે કરેલ એ નામનું એક શાસ્ત્ર.
તોતિક ૧. [સં.] ન. મોતી
૨. ન. મોતીની છીપ.
તોતિકા જુઓ તોતિક.
તોડી ૧. [સં.] સ્ત્રી. એક જાતની કુવાર.
૨. સ્ત્રી. કાઢી મૂકવું તે.
૩. સ્ત્રી. સલામ; પ્રણામ.
તોદક ૧. સ્ત્રી. ગાહણની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
તોન [હિં.] અ. તે જ.
તોનાકી સ્ત્રી. સારી બરવાળ સ્ત્રી.
તોની [હિં.] સ્ત્રી. રોટલી શેકવાની નાની તવી.
તોપ (તોપ) ૧. [અ.] પું. મેરો વાગ્યો તે.
૨. પું. જાત્રા; મુસાફરી.
૩. પું. મક્કાની મસ્જિદની આસપાસનું સરમસ.
તોફીક (તોફીક) ૧. [અ.] સ્ત્રી. ઈશ્વરની કૃપા.
૨. સ્ત્રી. પોતાની ઇચ્છા પૂરી પાડવી તે.
૩. સ્ત્રી. શક્તિ; બળ.
૪. સ્ત્રી. સદ્બુદ્ધિ.
તોફીર (તોફીર) ૧. સ્ત્રી. સવાસ્ત્ય; કસ્તૂરી.
૨. [અ.] સ્ત્રી. વધારો; બરકત.
તોબા જુઓ તોબા.
તોબીખ ૧. [અ.] સ્ત્રી. કપાસ.
૨. સ્ત્રી નિંદા.
તોબી [હિ.] ન. ઢબુ; તોપચું.
તોર ૧ [હિં.] પું. અવસ્થા; દશા; હાલત.
૨. [અ.] પું રિવાજ; કેદિ.
૩. પું. રીત
૪. પું. વર્તણૂક; ચાલચલગત.
૫. પું ઢંગ
૬. [સં] ન. એ નામનો એક યાગ.
તોરણવાન [સં] ન. એકદમ જનાર માણસ; ત્વરાથી જનાર ગતિ
તોરઅયસ [સં.] પું. તોરઅવસ ઋષિએ જોયેલ સામવેદનો ભાગ
તોરાત પું બાઇબલનો જૂનો કરાર. યહૂદીનો આ મૂળ ધર્મગ્રંથ મનાય છે.
તોરાયણિક [સં.] પું. તુરાયણ યજ્ઞ કરનાર માણસ.
તોરી ન. સારંગીની જાતનું વાજું; ઇસરાર.
તોરૂપ પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે રંગે પીળો રાતો અને નરમ હોય છે.
તોર્ય ૧. પું. ઢોલ, મંજીરા વગેરે વાજાં.
૨. [સં] ન. ગાયન, નૃત્ય અને વાદ્ય એ ત્રણનો સમૂહ.
૩. ન. મૃદંગ વગેરેનો અવાજ.
તોર્યત્રિક ૧. ન. ગાયન, નૃત્ય અને વાદ્ય એ ત્રણનો સમૂહ.
ગાયન, વાદ્ય અને નર્તન એ ત્રણે અંગોને સંગીત કહેવામાં છે. કેટલાક પ્રાચીન ગ્રંથોમાં **તૌર્યત્રિક** એવું નામ આપવામાં આવ્યું છે.
ગોવર્ધનરામ પંડ્યા
૨. વિ. વાદ્યિત્ર સંબંધી
તોલ ૧. [સં.] પું. જોખવું માપિયું; તોલું; કટલું.
૨. પું. જોખવાની ક્રિયા.
૩. પું. (જ્યોતિષ) તુલા રાશિ.
૪. પું. ત્રાજવું.
૫. [હિં.] પું. વજન; તોલ.
તોલતાલ પું. જોખવું અને માપવું તે.
તોલનિક વિ. તુલનાત્મક; ઝોકમીજાની સાથે સરખામણી કરી નકી કરેલું.
દેશોના જુદા જુદા ભાગમાંથી પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થો મેળવી તેમની **તોલનિક** સમીક્ષા કરી અને શુદ્ધ મૂળ પાઠનો નિર્ણય કર્યો. ઝોકરી
તોલવાઈ સ્ત્રી. જોખવાની મજૂરી.
તોલા ૧. [હિં.] પું. અનાજ તોળનાર મનુષ્ય.
૨. પું. મહુડાના ઝાડના ફૂલમાંથી બનાવેલ નશો આપે એવો દારૂ.
૩. પું. માટીનું વાસણ.
તોલાઈ [હિં] સ્ત્રી. જોખવાની મજૂરી.
તોલિક ૧. પું. બાર કર્ષનું વજન પ્રાચીન તોળવાનું વજન.
૨. [સં.] પું. ચિતારો; ચિત્રકાર.
તોલિકિક [સં.] પું. ચિતારો; ચિત્રકાર.
તોલિયા [હિં.] પું. શરીર લુછવાનો રૂમાલ; ટુવાલ.
તોલી ૧. [સં. તોલિન્] પું;ન. (જ્યોતિષ) તુલા રાશિ.
૨. સ્ત્રી. એક જાતનું વાસણ; માટીની નાની પ્યાલી.
તોલીદ [અ.] સ્ત્રી. જન્મ.
તોલેય પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
તોલ્ય ૧. [સં.] ન. તુલ્યતા; સમાનપણું.
૨. વિ. તોલાથી જોખેલ; વજન કરેલ.
તોલ્વલિ [સં.] પું. (પુરાણ) તુલ્વલ ઋષિનો પુત્ર.
તોવઈ ૧. સ્ત્રી. જખેલા દેવીનું એક નામ.
૨. ન. તુવેર.
તોવરક ૧ [સં.] ન. તુવેર.
૨. વિ. તુવેર સબંધી.
તોવરી સ્ત્રી. તુવેરની દાળનો છોડ.
તોવિલિકા [સં.] સ્ત્રી એ નામે એક ઔષધિ.
તોષાયજ્ઞ [સં.] વિ. યજ્ઞનાં હોતરાંની પ્રસંનું.
તોષાર ૧. [સં.] ન. તુષારનું પાણી.
૨. ન. હિમ; બરફ.
૩. વિ. હિમ સંબંધી, હિમનું.
તોસન ૧. [ફા.] પું. ઉમદા યુવાન ઘોડો.
૨. વિ. જંગલી.
તોસીફ (તોસીફ) [અ.] સ્ત્રી. પ્રશંસા; વખાણ.
તોહી અ. ત્યારે પછી; તે વખતે.
તોહીત જુઓ તોહીદ.
તોહીદ ૧. સ્ત્રી. દેવની એકતામાં માનવું તે; પ્રભુનું એકપણું.
૨. [અ. વહ્દ (તે એક હતું)] સ્ત્રી. સંપ.
તોહીદ ઇલાહી સંપ્રદાય પું. એ નામનો અકબરે સ્થાપેલો એક ધર્મ.
તોહીન ૧. [અ.] સ્ત્રી. અપમાન; આબરૂનો ઓછપ.
૨. સ્ત્રી. નિંદા.
તોહૂ અ. તોપણ; છતાં.
તોં અ. તેમ; તે રીતે.
તોંબરચી [સં. તોમરવિન્] પું. તુંબરાએ રચેલ રાગનો અભ્યાસી.
તોંબી સ્ત્રી. એક જાતનું પીળું; દુધિયું.
તોંસો [હિં.] અ. સાંભળી.
તોંસ [સં. તૃષા] સ્ત્રી. તરસ.
તોંસા [હિ.] પું. અધિક તાપ; અતિશય ગરમી.
ત્તિમિમિંગ ન. સિતારનો અવાજ
ત્તિય સ્ત્રી. સ્ત્રી; નારી.
ત્મા [સં. त्मन्] પું આત્મા.
ત્યક્ત ૧. [સં] વિ. તજેલું; છોડી દીધેલું; ઉત્સૃષ્ટ; તજાયેલું.
૨. અ. દાન આપીને; વહોરાવીને; નિષ્કામભાવે.
ઈશોપનિષદમાં 'ત્યક્તેન ભુઞ્જીથા:' ત્યક્તનો મંત્ર છે અને તેનો અર્થ દાન આપીને વહોરવાનો ભોગ કરે એમ થાય છે. પુરુષાર્થબોધિની

ત્યક્તકર્મા ૧. [સં. ત્યક્તકર્મન્ , વિ. કર્મનો ત્યાગ કર્યો હોય એવું.
૨. વિ. સરકારી કામ મૂકી બેઠ મૂકીને બેઠેલું.

ત્યક્તજીવિત [સં.] વિ. જેણે પોતાની જિંદગી ત્યજી હોય એવું; જીવ ત્યાગ કરેલું.

ત્યક્તપુનઃસ્વીકૃત [સં. ત્યક્ત (છોડેલું) + પુનઃ (ફરીને) + સ્વીકૃત (સ્વીકારેલું)] વું. (કાવ્ય) ત્રેવીસ માઠેનો એક જાતનો અર્થદોષ.

ત્યક્તમના [સં. ત્યક્તમનસ્] વિ. ત્યાગ કરવાના મનવાળું.

ત્યક્તલજ્જ [સ.] વિ. જેણે લાજનો ત્યાગ કરેલ હોય એવું; જેણે શરમ છોડી હોય એવું.

ત્યક્તવૃષભ [સં.] વું. તજેલો સાંઢ; વૃષોત્સર્ગ. ઉત્સૃષ્ટ સાંઢ.

ત્યક્તવ્ય [સં.] વિ. તજવા જેવું; ત્યાજ્ય.

ત્યક્તસર્વપરિગ્રહ [સં.] વિ. જેણે સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો હોય એવું; અપરિગ્રહી. આ આદર્શ સંબંધે પુરુષાર્થબોધિનીમાં એમ ઉલ્લેખ છે કે: દોષોના જનક અતિસંગ્રહને દૂર કરવા માટે ત્યક્તસર્વપરિગ્રહનો આદર્શ ભાગવદ્ગીતા દ્વારા જનતાની સન્મુખ રાખવામાં આવ્યો છે. સંગ્રહત્યાગ કે અપરિગ્રહનું વ્રત લેવાનો અર્થ એ છે કે, પોતાની પાસેના વસ્તુસંગ્રહને સમગ્ર જનતાના ભલા માટે સમર્પણ કરવો અને પછી જીવનનિર્વાહ માટે જેટલો જરૂરનો હોય તેથી વિશેષ સંગ્રહ ન કરવો.

ત્યક્તા ૧. [સં.] સ્ત્રી. પતિએ જેને તજી હોય એવી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. તજાયેલી.

ત્યક્તાગ્નિ ૧. [સં.] વું. જેણે અગ્નિહોત્ર કરવો છોડી દીધેલ હોય એવો દ્વિજ.
૨. વું. સંન્યાસી.

ત્યક્તાધિકારી [સં. ત્યક્ત (છોડેલું) + અધિકારિન્] વું. અધિકાર છોડ્યો હોય તેવો અધિકારી, સરકારી કામ છોડી બેઠ બેઠેલ માણસ.

ત્યજ ૧. સ. ક્રિ. અવગણના કરવી.
૨. સ. ક્રિ. (ધાતુ) તજવું; છોડી દેવું; મૂકી દેવું; જતું કરવું. તે ઉપરથી બનેલા શબ્દઃ ત્યક્ત, ત્યક્તા, ત્યાજ્ય, ત્યાજ્યો, ત્યાજ્ય.

ત્યજ્ય [સં. ત્યજ્] વું. ત્યાગ.

ત્યજન [સં.] ન. ત્યાગ કરવો તે; દાન; ત્યાગ.

ત્યજનીય ૧. [સં.] વિ. ત્યાગ કરવા જેવું; ત્યાજ્ય.
૨. વિ. દાન કરવા જેવું.

ત્યજ્યમાન [સં.] વિ જેનો ત્યાગ કરવામાં આવ્યો હોય એવું.

ત્યત [સ. ત્યત્] વિ. (વેદાંત) જેવી વસ્તુ; અમૃત. આ સંબંધે ગીતારહસ્યમાં ઉલ્લેખ છે કે: તૈત્તિરીય ઉપનિષદમાં દ્રશ્ય સૃષ્ટિને સત્ અને દ્રષ્ટાની જેવી વસ્તુ જે છે તેને સત્ એટલે જેવી વાસ્તુ અથવા અમૃત એટલે આપે ન દેખાનારું એ શબ્દો લગાડી, જે કંઈ મૂળ આરંભમાં હતું તે જ દ્રશ્ય સત્ય અને અમૃત એ બે પ્રકારે બનેલું છે અવું વર્ણન આપેલું છે. દ્રશ્ય સૃષ્ટિને સત્ કહી પરબ્રહ્મને અસત્ અથવા સત્ કહેવાની જે તૈત્તિરીય ઉપનિષદની ખૂબી પરિભાષા તેની નિશાનીઓ હજી તદ્દન નષ્ટ થઈ નથી. કૈં તત્ સત્ એવો જે બ્રહ્મનિર્દેશ ગીતામાં આપેલો છે તેનો મૂળ અર્થ શો હશે તેનો બંધ ખૂની પરિભાષાથી સારો ખુલાસો થઈ શકે છે. કૈં આ એક મૂલમંત્રરૂપી વૈદિક મંત્ર છે અને ઉપનિષદમાં તેનાં અનેક રીતનાં આખ્યાન કરેલાં છે. તત્ એટલે તે કિંવા દ્રશ્ય સૃષ્ટિની જેવી વાસ્તુ દૂર રહેનારું અનિર્વાચ્ય તત્ત્વ અને સત્ એટલે આંખ આગળની દ્રશ્ય સૃષ્ટિ. આ સર્વ મળી સર્વ બ્રહ્મ જ છે એવો આ સંકલ્પનો અર્થ છે.

ત્યદ ૧. [સં. ત્યદ્] સ. તે; પેલું.
૨. વિ. અમૂર્તિ; નિરાકાર.
૩. વિ. પ્રસિદ્ધ.

ત્યમ અ. તેમ; એ રીતે; તે પ્રમાણે.

ત્યહાં અ. તે સ્થળે.

ત્યા ૧. સ્ત્રી. પત્ની.
૨. સ્ત્રી. સ્ત્રી.

ત્યાગ ૧. [સં.] વું. આપી દેવું તે; બીજાના લાભમાં જતું કરવું તે.
૨. વું. મૂકી મૂકવું તે; છુટાછેડા કરવા તે.
૩. વું. તજી દેવું તે; છોડવું કે મૂકી દેવું તે. ત્યાગ એટલે પદાર્થનો અંતર અને બાહ્ય બને પ્રકારનો ત્યાગ. અંતર્ત્યાગ એટલે ઘર, ખેતી, ધન આદિ દરેક પ્રકારના પરિગ્રહની કામનાનો અભાવ. બહિર્ત્યાગ એટલે પદાર્થોનો ત્યાગ કરવો તે. શ્રુતિમાં કહે છે કે: સર્વ વસ્તુત્યાગીઓને માટે ત્યાગ જ મોક્ષનું ઉત્તમોત્તમ સાધન છે. હિંદુઓના ધર્મગ્રંથોમાં ત્યાગનું જબ્બર માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. ત્યાગ કરનાર મનુષ્ય નિષ્કામબુદ્ધિ હોવાથી પરોપકાર તથા અન્યાન્ય શુભ કર્મ કરે છે તેમ જ વિષયવાસના કે સુખોપભોગ આદિ કોઈ પણ પ્રકારનો સંબંધ રાખતો નથી. આવો મનુષ્ય મુક્તિનો અધિકારી મનાય છે. ગીતા અનુસાર ત્યાગને એક સંન્યાસની અવસ્થા માનવામાં આવે છે. એ અનુસાર આર્ય ધર્મનો પરિત્યાગ તે સન્યાસ અથવા કર્મોની ફળથી અથવા ન રાખવી તે ત્યાગ. મનુ અનુસાર બીજી ચીજનો ત્યાગ થઈ શકે, પરંતુ માતા, પિતા, સ્ત્રી, પુત્ર ત્યાજ્ય નથી. ગાંધીજીના વિચારરત્નોમાં કહ્યું છે કે: ધનનો, માનનો, કુટુંબનો, પ્રાણનો ત્યાગ કરવો પણ સત્યનો ને અહિંસાનો ત્યાગ કદી ન કરાય એવું સર્વ ધર્મોનું કહેવું છે.
૪. વું. દાન

> સમ્યક્ બુદ્ધિથી યુક્ત જ્ઞાની લોક કર્મોથી ઉત્પન્ન થનારા ફળનું ત્યાગ અર્થાત્ દાન કરીને જન્મ બંધનથી મુક્ત થઈ દુઃખ રહિત સ્થાનને પ્રાપ્ત થાય છે. ગીતા

૫. વું. રાજીનામું.
૬. વું. લગ્ન વગેરે પ્રસંગે અપાતો ખારોટનો લાગો.
૭. વું. વિષયવિરાગ પામેલ તપસ્વી.
૮. વું. સન્યાસ, વૈરાગ્ય; સંસાર અને માયાની ભાવનાઓથી અળગા રહેવાપણું.
૯. વું. ફરજોમાં કર્મ કર્યા પછી 'ન મમ' કરવું તે; દશ માઠેનો એક અવયવધર્મ; તે માટે નથી એવું જ્ઞાન કે ઇચ્છા.

ત્યાગતોષ ૧. [સં. ત્યાગ (છોડી દેવું તે) + તોષ (સંતોષ)] વું. ત્યાગમાં સંતોષ માનવો તે.
૨. વું. દાન અપવામાં સંતોષ માનવાપણું.

ત્યાગદશા [સં.] સ્ત્રી. સન્યાસ; વૈરાગ્ય.

ત્યાગધર્મ [સં.] વું. સન્યાસીનો ધર્મ; મુનિધર્મ.

ત્યાગપત્ર ૧. [સં] વું. જેમાં કોઈ પ્રકારના ત્યાગનો ઉલ્લેખ હોય એવો પત્ર.
૨ વું. તલાકનામું; સ્ત્રીને છોડી દેવાનો દસ્તાવેજ.
૩. વું. નોકરી છોડવાની દરખાસ્ત.

ત્યાગપ્રધાન [સં.] વિ. ત્યાગ જેમાં મુખ્ય હોય તેવું.

ત્યાગબુદ્ધિ [સં.] સ્ત્રી. વૈરાગ્યની ભાવના.

ત્યાગભાવ [સં.] વું. ફળત્યાગ; નિષ્કામકર્મ; વૈરાગ્ય; સ્ત્રીપુત્રાસક્તાનો ત્યાગ. સ્વાર્થી ભોગોનો ત્યાગ કરવો એ જબ્બરો ત્યાગ છે. એનું જ નામ કર્મફળત્યાગ છે. ફળભોગની જે સગવૃત્તિ છે તેનો ત્યાગ કરવો એ જ મોટું સાધન છે. એ ત્યાગભાવથી નિર્લોભવૃત્તિ અર્થાત્ અલોલુપત્વ સિદ્ધ થાય છે અને ત્યારપછી અનુક્રમે અપૈશુન, અક્રોધ અને અહિંસા સિદ્ધ થાય છે, તેથી ઉન્નતિ સાધનામાં ત્યાગનું મહત્ત્વ વિશેષ છે. ત્યાગભાવનાથી જ દૈવી સંપત્તિની સિદ્ધતા થઈ શકે છે. જ્યાં ત્યાગ ન હોય ત્યાં આસુરી વૃત્તિ પ્રબળ છે એમ સમજવું. ગીતામાં કહ્યું છે કે: જ્ઞાનમાર્ગ અભ્યાસથી શ્રેષ્ઠતર છે, જ્ઞાનથી ધ્યાન વિશેષ છે, ધ્યાનથી કર્મફળનો

ત્યાગ શ્રેષ્ઠ છે, કેમકે ત્યાગથી તત્કાળ શાંતિ મળે છે. અહીં યોગાભ્યાસ, ધ્યાન, જ્ઞાન આદિથી કર્મબંધનનો ત્યાગ અધિક શ્રેષ્ઠ છે, કેમકે આ ત્યાગભાવથી જ શાંતિ પ્રાપ્ત થાય છે.

ત્યાગમાત્રોપલંભન [સં.] પું. પુરુષોત્તમના હજાર માંહેનું એક નામ

ત્યાગમાર્ગ [સં.] પું. વૈરાગ્યનો રસ્તો

ત્યાગમૂર્તિ ૧. [સં.] સ્ત્રી. ત્યાગની મૂર્તિરૂપ માણસ.
૨. સ્ત્રી. વિધવા.

ત્યાગલક્ષી [સં. ત્યાગલક્ષિન્] વિ. ત્યાગની નેમવાળું; ત્યાગના હેતુવાળું.

ત્યાગવાન [સં. ત્યાગવત્] વિ. ત્યાગી, જેણે કંઈ ત્યાગ કર્યો હોય એવું.

ત્યાગવું [સ ત્યજ્] સ ક્રિ. તજવું; છોડી દેવું; વર્જવું. ત્યાગ કરવો.

ત્યાગવૃત્તિ [સં.] સ્ત્રી. ત્યાગની ભાવના.

ત્યાગશીલ [સં.] વિ. ત્યાગ કરનું; દાન કરતું, આપતું; દાનશીલ.

ત્યાગશીલતા [સં] સ્ત્રી. ઉદારતા, ત્યાગીપણું. દાતાપણું.

ત્યાગશીલત્વ જુઓ ત્યાગશીલતા.

ત્યાગસ્વીકાર ૧. [સં.] પું. તોડજોડ; માંડવાળ.
૨. પું. સોમૂડ; આપલે.

ત્યાગહેતુ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ત્યાગાંગ [સં.] પું. અંતરયજ્ઞના ત્રણ મહિનો એક ભેદ. અંતરયજ્ઞના ત્રણ ભેદ યોગાંગ, ભોગાંગ અને ત્યાગાંગ.

ત્યાગિત્વ [સં.] સ્ત્રી. ત્યાગીપણું; દાનીપણું.

ત્યાગિમ ૧. [સં.] વિ. છોડેલું; ત્યાગ કરેલું.
૨. વિ. મૂકી દીધેલું.

ત્યાગી ૧. [સં. ત્યાગિન્] પું. જેણે સંસાર, સાંસારિક સુખો અને માયાનો ત્યાગ કરેલો હોય એવો માણસ; સંન્યાસી; સાધુ; વિષયનો ત્યાગ કરનાર માણસ. પુરુષાર્થચોવિસીમાં ભોગી અને ત્યાગીનું વર્ણન એમ છે કે: બે પ્રકારે કેદી અને અધિકારી બંને કારાગૃહમાં હોય છે, પરંતુ એક જ સ્થાનમાં રહેતા છતાં કેદી બંધનમાં રહે છે અને અધિકારી સ્વતંત્ર રહે છે, એ જ પ્રકારે ભોગી અને ત્યાગી વિષયભોગ કરે છે; પરંતુ ભોગી એમાં આસક્ત થઈને ભોગ લે છે, એટલે ચિત્તને દૂષિત કરે છે અને ત્યાગી અસંગવૃત્તિથી અતિ અલ્પ પ્રમાણમાં વિષયસેવન કરે છે, એટલે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. બંનેના દૃષ્ટિકોણમાં ભેદ છે. સામે ત્યાગી કેવો હોય છે તે સંબંધે ગીતા કહે છે કે: એ સાચો ત્યાગી મેધાવી અર્થાત્ બુદ્ધિમાન હોય છે. ધારણાવતી બુદ્ધિનું નામ મેધા છે. જે અધ્યયન કર્યું હોય તેને મગજમાં જે ધારણા કરી રાખે છે અને જે પોતાનું જ્ઞાન હમેશા તેજસ્વી રાખે છે, સદા ઉપસ્થિત રાખે છે, ભૂલતો નથી તે મેધાવી કહેવાય છે. એવો મેધાવી જ સાચો ત્યાગી થઈ શકે છે.
૨. પું. દાનવીર; દાન આપનારો માણસ; દાતા.
૩. વિ ત્યાગ કરનારું; છોડનારું.
૪ વિ દાન આપનારું; દાન કરનારું.
૫ વિ અધિક કરનાર.
૬ વિ ઉદાર.

ત્યાગેચ્છુ [સં ત્યાગ + ઇચ્છુ (ઇચ્છાવાળું)] વિ. ત્યાગની ઇચ્છાવાળું.

ત્યાગોદ્યોગપ્રધાન [સં.] વિ. જેમાં ત્યાગ અને ઉદ્યોગ મુખ્ય હોય એવું.
સ્વરાજની રાજ્યસત્તા આ ત્યાગોદ્યોગપ્રધાન સંસ્કૃતિ ઉપર જ આધાર રાખે છે. કાલેલકર

ત્યાજ્ય [સ ત્યજ્ (છોડવું)] કું છોડવું તે; ત્યાગ.
કે રાખે કરી આહાર
ચરે ફેરી ત્યાજ્ય. પ્રેમાનંદ

ત્યાજ્ય ૧ પું. (પુરાણ) ભાર માંહેનો એ નામનો એક ભારાંશ દેવ.
૨. વિ. કરેલા કર્મમાં છોડવા યોગ્ય ચૌર્યવૃત્તિ, અતીપાત વગેરે યોગ.
૩ વિ. અનર્થક; અઘટિત; અયોગ્ય.
૪. વિ. દાનવા જોગ. રદ કરવા યોગ્ય ખાતલ કરવા જેવું.
૫. [સં. ત્યજ્ (તજવું) + ય (વિધાર્થે પ્રત્યય)] વિ. તજવા યોગ્ય; તજી દેવાનો સ્વભાવ હોય એવું. છોડી દેવા જેવું; નહિ રાખવા લાયક.
ત્યાજ્ય વસ્તુનો સર્વથા ત્યાગ કરવામાં કેમ હાનિ દોષ નથી? અક્ષયાનંદ
૬ વિ. દાન દેવા જેવું.

ત્યાજ્યાત્યાજ્યત્વ [સં. ત્યાજ્ય (તજવા જેવું) + અત્યાજ્ય (નહિ તજવા જેવું) + ત્વ (પણું)] ન. ત્યાગ કરવા તથા ત્યાગ નહિ કરવાપણું.
રાનિનો અસ્ત વ્યવહારને નકામો ન હોવાથી જ ધર્મશાસ્ત્રકારોએ રાત્રિ સંબંધી ત્યાજ્યાત્યાજ્યત્વનો વિચાર કર્યો નથી. નરોત્તમદાસ

ત્યારકેડે (ત્યારકેડે) અ. તે પછી; ત્યારબાદ; આગળ જતાં.

ત્યારથી અ. તે વખતથી.

ત્યારપછી અ. તે પછી; ત્યારે; પછીથી.

ત્યારબાદ જુઓ ત્યારપછી.

ત્યારલગી અ. ત્યાંસુધી; તે વખત સુધી; તે સમય પર્યંત.

ત્યારસુધી જુઓ ત્યારલગી.

ત્યારસોઈ અ. ત્યાંસુધીમાં; તે વખત દરમિયાન.
અહિરાજ-પ્રધાનજી, હવે ત્યાર વેર પધારો. આપના વૈધર્યમાં કુટુંબને અંતરાયી કરી. હું પણ ત્યારસોઈ આવી જઈશ. ગોવર્ધનરામ

ત્યારે ૧. [સં. તદા–તદ્‌વારે–તિવારઇ–તિહારઇ–ત્યારે–સ્યારે] અ. તે વખતે; તે વેળાએ. આ અવ્યય અનુક્રમે તદ્ ઉપરથી આવેલ છે. તે ત્યારેનું સંક્ષિપ્ત રૂપ છે અને તત્ત્વારે એવો એનો અર્થ છે.
૨. અ. તો; તે સ્થિતિમાં; તો પછી.

ત્યાશી [સં. ત્રિ (ત્રણ) + અશીતિ (એંશી)] વિ એંશી ને ત્રણ; ૮૩.

ત્યાસી જુઓ ત્યાશી.

ત્યાં ૧. [સં. તસ્મિન્; પ્રા. તિહાં; ત્યાં] અ. તે ઠેકાણે, તે જગ્યાએ; તત્ર.
૨. [સં. તસ્માત્; અપ. તહિં.] અ. તે સંજોગોમાં. તત્રના અપભ્રંશમાં તે તુ આવેલ છે. તરમાદ્ ઉપરથી તમ્હાં થઈ તહીં થાય છે ને ઉપરે તાં થઈ ઉચ્ચારની સરળતા ખાતર ય ઉમેરાઈ ત્યાં થાય છે.

ત્યાં આગળ અ. તે ઠેકાણે.

ત્યાંકણે ૧. અ. તે ઠેકાણે; તે સ્થળે; ત્યાં.
૨. અ. તે તરફ; તે બાજુ.

ત્યાંકણ અ. ત્યાંથી; તે ઠેકાણે.

ત્યાંજોગું વિ. ત્યાંને લાયક.
વળી મારા સ્વામી ત્યાંજોગું કામ ફરમાવશો. અદ્‌ભુત વંઠાણે

ત્યાંથી ૧. અ. તે જગ્યાએથી.
૨. અ. તે સ્થાન, સમય કે સંબંધ સુધી.

ત્યાંલગી જુઓ ત્યાંસુધી.

ત્યાંવાળું વિ. ત્યાંનું.

ત્યાંસુધી [સં તાવત્; અપ. તાહિ–તામ–તાવં] અ. તે સ્થાન, સમય કે સંબંધ સુધી.

ત્યાંહાં ૧. અ. તેટલામાં.
૨. અ. ત્યાં; તે સ્થળે.

ત્યું જુઓ ત્યોં.

ત્યોરી [હિં.] સ્ત્રી. અવલોકન; ચિંતવના; દૃષ્ટિ; નિગાહ.

ત્યોહાર [સં. તિથિ + વાર] પું. (હિંદી) પર્વતિથિ.

ત્યોહારી [હિ.] સ્ત્રી. તહેવારને લિસ્સે નાનાં બાળકો, આશ્રિતો તેમજ નોકરોને આપવામાં આવતું ધન.

ત્યોં ૧. [સં. તત્ + એવમ્] અ. તે પ્રમાણે; તેવી રીતે; તેમ.

૨. અ. તે સમયે; ત્યારે; તત્કાળ.

ત્યોંધા [હિ.] વિ. ટૂંકી નજરવાળું.

ત્યોંહાર [હિ.] કું. તહેવાર.

ત્યોંનાર [હિ.] કું. ઢંગ; તર્જ.

ત્યૌહાર [હિ.] કુ. તહેવાર; પર્વનો દિવસ.

ત્યોં અ. તેની માફક; તે પ્રકારે.

ત્યોં ત્યોં અ. તેમ તેમ.

ત્યૌર કું. (સંગીત) સોળ માત્રાનો એક નામનો એક તાલ

ત્ર અ. સર્વનામ કે વિશેષ્યને લાગી સ્થલવાચક ક્રિયાવિશેષણ બનાવનાર પ્રત્યય. જેમકે, સર્વ–સર્વત્ર; તત્–તત્ર.

ત્રઈડવું (ત્રઈડનું) ન. તલેથી ચીજ કાઢવાનો સળિયો.

ત્રઈરાસિકા સ્ત્રી. ત્રિરાશિ.

ત્રઈલોક્ય ન. ત્રિલોક; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ.

ત્રક [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

ત્રક કું ઘોડાને થતો એક જાતનો રોગ.

ત્રકટ ન. તરકટ.

ત્રકટબંધ વિ. તરકટવાળું

ત્રકરાજીદેવ કું. એક જાતનો દેવ. તેનું વાહન બેલ મનાય છે.

ત્રકી સ્ત્રી. પ્રગતિ.

ત્રકુટ કું. ત્રણ રેખા.

કકકટ રટ ત્રકુટ ત્રકુટ મુખ ભ્રમ કર ત્રપટ ત્રપટ દ્રમ ત્રમટ ત્રમ. સુકાવ્ય સંદ્રહની

ત્રકુટબંધ કું. ડિંગળનું એક જાતનું ગીત.

ડિંગળના રીતિ ગ્રંથોમાં ૮૫ પ્રકારનાં ગીતોનું લક્ષણ-ઉદાહરણ અપે છે. ગંગડો, પાલવણી, ભાખરી, ભાખડો, ઓરીનમ, મુખમરો, ત્રકુટબંધ, ઝોટો સાબોર આદિ ગીતો મુખ્ય છે. સારસ

ત્રક્ષ ૧. કું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

૨. [સં. ત્ર્યક્ષ] કું. શિવ.

ત્રખ્ [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

ત્રખ સ્ત્રી. તૃષા; તરસ.

ત્રખાતુર વિ. તૃષાતુર.

ત્રગ્ [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

ત્રગટ જુઓ ત્રકુટ.

ત્રગડી (ત્રગ્ડી) ૧. સ્ત્રી. ઘોડાની કાંધ ઉપર એક તરફ એક અને બીજી તરફ બે મળી ત્રણ ભમરી.

૨. સ્ત્રી. ત્રણ અક્ષરની હોળક ત્રિપુટી.

ત્રગડો (ત્રગ્ડો) ૧. કું. ત્રણનો આંક; ત્રણનું સંખ્યાદર્શક ચિહ્ન; તગડો.

૨. વિ. કું. બાઉંડ; અણમરત.

ત્રગણું વિ. ત્રણગણું; ત્રણ વાર વધારે એવું; ત્રણે ગુણવાથી આવે તેટલી સંખ્યા કે પ્રમાણનું.

ત્રગારો કું. તેજ; ઝળઝળાટ.

ત્રગાળો કું. ઝભ્ભો

ત્રગ્ધો ૧. કું. ત્રુક્સાન.

ત્રગ્ધા ખેડવા = નુકસાનમાં ઊતરવું

૨. કું. પ્રવાહીનો ત્રાગ પડે તેવો જોરથી ઊઠેલો ઝાંટો.

ત્રજડ (ત્રજ્ડ) સ્ત્રી. તલવાર.

ત્રડ ૧. કું. કિનારો; પટ; તટ; કાંઠો. આ શબ્દ તટનું અપભ્રંશ લાગે છે. આ રીતે રકાર ધરાવી વાર ઘૂસી જાય છે. જેમકે, ચોળવું પ્રયોગ.

૨. ન. તટનું જે.

ત્રડકવું ૧. અ. ક્રિ. (બા. રૂ.) ગુસ્સે થવું.

૨. અ. ક્રિ. ઘટકવું; બગાસાંથી બસવું.

૩. અ. ક્રિ. તાડૂકવું.

૪. અ. ક્રિ. નેવાનું; તડ પડવી.

ત્રડકાવવું અ. ક્રિ. મારવું.

ત્રડકાવું અ. ક્રિ. કડાકાઈ જવું.

બારે રેડિયાનો બાકસો ત્રડકાવ્યો.

વાલજી દેસાઈ

ત્રડકો ૧. કું. અનાજ સાફતાં અંદર પડતો કંઈ કે કાંકું.

૨. કું. કુદી જાય તેવી વસ્તુમાં પડેલી ત્રીજી તડ.

૩. કુ. રોજથી અરધુ.

ત્રડ કું. કિનારો; તટ.

ત્રડતીર કું. પાળનો કાંઠો.

રેલ પાજ બાંધી જળ ઉતરીમા ત્રડતીર.

સામળ

ત્રડાકો (ત્રડ્ડાકો) ૧. કું. ઉઘાટો.

૨. કું. કડાકો.

૩. કું. ખૂબી વાત; ગપ.

૪. કું. કપાટો; સપાટો; મેચ.

૫. કું. ઝોક.

૬. કું. રખડપટ્ટ.

ત્રડુકવું (ત્રડ્કવું) અ. ક્રિ. તાડૂકવું; તડૂકવું.

ત્રણ ૧. કું. એક પ્રકારનો છોડ. તેનાં ફૂલ ધોળાં, ગુલાબી કે જાંબુડા રંગનાં હોય છે. તેની લાલ ચામડીમાં મેળવી ગૂમડાં, ચાંદાં ને ઘાવ ઉપર વપરાય છે.

૨. [સં. ત્રિ] વિ. બે ને એક; ૩. ત્રણ એ સંખ્યા પ્રાચીન કાળની ધર્મની ગૂઢ સંખ્યા મનાય છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ; જ્ઞાન, ક્ષેય ને જ્ઞાતા; ધ્યાન, ધ્યેય ને ધાતા; કર્તા, કર્મ ને ક્રિયાપદ વગેરે અનેક જાતની ત્રિપુટી ત્રણમ છે. વહિ પણ ત્રણ પ્રકારના ગણ્યા છે. વળી રજ, સત્ત્વ ને તમ એ ત્રિગુણ કહેવાય છે.

૧. ત્રણ ખૂણાની ટોપી = જેમ ફેરવીએ તેમ ફેરવાય એવું; બધી બાજુએ સરખું હોય એવું.

૨. ત્રણ દહાડું = હમકું; નીચું; ઊભરા કે ઉમળકા ન હોય એવું; લેખામાં નહિ એવું; હિસાબ વગરનું.

૩. ત્રણ ટીંબણ ને ઢળપેબળ = ત્રણ બણ હોય ત્યાં નક્કી કામ થાય નહિ.

૪. ત્રણ તે તેત્રીસની બરજ સારે = ચોડે ઘણું કામ થતું.

૫. ત્રણ પચીસનો તાસેવત = પાસે પૈસા ન હોવા છતાં પૈસાનો ડોળ.

૬. ત્રણ પાવાતુ = (૧) અયોગ્ય મનનું; કપટવૃત્ત વાર્તા બનવ એવું. (૨) માંકુમેઢા; સમજણ રહિત; ડામાડોળાવાળા કે ઠંગધડા વિનાનું.

૭. ત્રણ પાંચ કરવી = કજિયો કરવો; તકરાર કરવી.

૮. ત્રણ બદામનું = હમકું; તુચ્છ; કીમત વિનાનું; બજારુ વગરનું.

૯. નહિ ત્રણમાં નહિ તેરમાં નહિ છપ્પનના મેળામાં = અટકચાળિયું; કોઈ જાતની ગણતરીમાં નહિ એવું

ત્રણકડો કું. એક જાતનો છોડવો.

ત્રણ કાળ ૧. કું. પ્રભાત, બપોર અને સાંજ.

૨. કું. વર્તમાન, ભૂત અને ભવિષ્ય.

ત્રણ ખૂણિયું ન. એક જાતની દેશી રમત. રમવાની જગ્યામાં ધૂળ વડે એક ત્રિકોણ કરે છે. ત્રિકોણના દરેક બાજુ દરે દાવ લાખી હોય છે. એની એક બાજુના બે છેડા ઉપર ધૂળની ઢગલીઓ કરે છે. બાકીની બે બાજુ ઉપર મધ્ય ભાગમાં અડેક છોકરો ઊભે છે. બાકીના છોકરા ત્રિકોણની અંદર ઊભા રહે છે. પછી તેઓ ઊભેલા છોકરા અડે નહિ એમ બહાર નીકળવા ભાગ છે. તેઓથી જે બાજુએ છેડે ઢગલી કરી હોય તે બાજુએ થઈ બહાર નીકળાય નહિ. જો અડાયા વિના બહાર નીકળી જાય તો તે છોકરા કહેવાય છે અને નીકળતી વખતે બાજુ ઉપરના છોકરા અડી જાય તો અડનાર છોકરા છટ્ટા કહેવાય છે.

ત્રણગણું વિ. ત્રગણું; ત્રણ વાર વધારે એવું; ત્રગણું.

ત્રણગુપ્તિ સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકી મોક્ષની રાખવાં તે.

ત્રણચતુર્થાંશ વિ. પોણું. નવકવનમાં ઉલ્લેખ છે કે: જ્યારે આપણી વાચા ખૂલે, આપણાં વર્જિત છપાય અને આપણે સઘો છૂટથી ભનાવી શકીએ ત્યારે આપણે છૂટા જેવા જ છીએ; ત્યારે ત્રણચતુર્થાંશ સ્વરાજ્ય સ્થપાઈ ચૂકયું.

ત્રણચૌલંતર વિ. ત્રણસો ચાર; ૩૦૪.

ત્રણછકલંતર વિ. ત્રણસો છ; ૩૦૬.

ત્રણતારાપદ્ધતિ સ્ત્રી. વિદ્યુત પ્રવાહનો એક પ્રકાર. તેમાં ત્રણ તાર હોય છે: ધનતાર, ઋણતાર અને નપુંસકતાર. મોટી ઇમારતોમા જ્યાં એક વિદ્યુત પૂરવામાં આવે છે ત્યાં આ પદ્ધતિ અજમાવવામાં આવે છે.

ત્રણ તારી ૧. સ્ત્રી. એક પ્રકારની આંકની ચામણી. તર્જની અને અંગુઠા વડે તપાસી જોતાં તે ચામણીમાથી ત્રણ તાર નીકળે છે.
૨. વિ. સ્ત્રી. ત્રણ તારવાળી.

ત્રણતારું ૧ વિ. ત્રણ તારવાળું.
૨. વિ. ત્રણગણું; ત્રણવું.

ત્રણતાસે અ. બહુ સારી રીતે.

ત્રણ તેત્રીસાં વિ. ત્રણસો તેત્રીસ; ૩૩૩.

ત્રણત્રણ સ્ત્રી. ત્રણની જોડી.

ત્રણધા પું. એક જાતનો ઝોકડો.

ત્રણધારી ૧. સ્ત્રી. તરવારી જાપટી.
૨. ન. ત્રેવું.
૩. ન. કપાનો એક જાતનો દાગીનો.
૪. વિ. ત્રણ ધારવાળું.
૫. વિ. સ્ત્રી. ત્રણ સરખા ભાગથી બનેલી.

ત્રણ નેત્રાં વિ. ત્રણસો નેવું; ૩૯૦.

ત્રણ પક્ષ પું. ચોમાસું, ચિયર અને ઝોસાળ ઋતુ.

ત્રણપત્રી સ્ત્રી. બે જણે પોતાનો એક પત્ર સારે ખાંધી દોડવાની રમત.

ત્રણ પચાસિયું પું. ઓછી મડીમાં પોતાને સાહુકાર માનનાર માણસ.

ત્રણ પનડોતેર (ત્રણ પનડોતેર) વિ. ત્રણસો પંદર; ૩૧૫

ત્રણ પાણે વિ. પોણું; ૭૫.

ત્રણ બારાં વિ. ત્રણસો બાર; ૩૧૨.

ત્રણ ભ્રી ન. એક જાતનું ઝાડ. તેના ઉપર અંગ્રેજીમાં ત્રણ 'બી' અક્ષરનું નિશાન હોય છે.

ત્રણ રત્ન ન. (જૈન) જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

ત્રણ રામ પું. પરશુરામ, રામચંદ્ર અને બળરામ.

ત્રણશેરી સ્ત્રી. ત્રણ શેર વજનનું માટલું.

ત્રણસાચાર સ્ત્રી. એક જાતની બેઠકાની રમત.

ત્રણસો વિ. ત્રણ વખત સો; ૩૦૦.

ત્રણેક [સં. ત્રિ + એક] વિ. ત્રણને આશરે; આશરે ત્રણ.

ત્રતક ન. અજંતરણ; કોઈ પણ પ્રકારના ખોરેલા કે બગેલા ભોજ ઉતારવા વપરાતું કહેવા તે.

ત્રપાકું ન. મરણ; મૃત્યુ
કામારોળ કાને સણી, આવી બીજ બાર્યું છ:
વિવાહથી વાલેક સારે, ભરયુ ત્રપાકું છ.
નિષ્કુળાનંદ

ત્રપારું વિ. ત્રણ પારવાળું.

ત્રપુ [સં.] અ. ક્રિ. (ધાતુ) શરમ થવી; શરમાવું; લજ્જવું. તે ઉપરથી અનેક શબ્દ: ત્રપા, અપત્રપા.

ત્રપ ૧. [સં.] પું. લાજ; શરમ; લજ્જા.
૨. સ્ત્રી. બેરખા; કુલટા.
૩. વિ. લાજવાળું; શરમાળ.

ત્રપકવું અ. ક્રિ. ટપકવું.

ત્રપટું ન. ત્રણ આખવાળું શેરડીનું બી.

ત્રપટો ૧. પું. ત્રણ સંતાવાળું દંતાળ.
૨. પું. દંતાળના વચ્ચેના બે દાંતા મારી બાકીના ત્રણ દાંતા સાથે ત્રણ કાંઠવાં અને ઓરણી રાખી વાવેતર કરવું તે. આને વખડિયું વાવેતર પણ કહે છે.

ત્રપડ (ત્રપડ) સ્ત્રી. શરમી સહન ન કરી શકે એવી બાબણી કવાંટીયાણી જાત.

ત્રપડા (ત્રપડા) ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ત્રપડિયું (ત્રપડિયું) ૧. ન. એક જાતના મગ.
૨. વિ. ત્રણ પડવાળું.

ત્રપણ [સં. તર્પણ] ન. તર્પણ.

ત્રપત ૧. [સં. તૃપ્તિ] સ્ત્રી. સંતોષ.
૨. [તૃપ્ત] વિ. ધરાયેલ; સંતુષ્ટ

ત્રપતિ [સં. તૃપ્તિ] સ્ત્રી. સંતોષ.

ત્રપત્રપતું વિ. તરબોળ; ટપકતું; ઝમઝમતું.

ત્રપન ન. એક જાતનું નીલીના જેવું ઝાડ. તેનાં ફૂલ ગાજરી લીલુ જેવાં મત્ત છે. તેની છાલ પથરીના રોગ ઉપર વપરાય છે.

ત્રપની સમેરચો પું. એક જાતનો ઝોડવો. તેનાં પાન ત્રણ ત્રણ જેગાં હોય છે. ફૂલ ઝોકા મુલાયી, શીંગ વાંકો, ચપટી અને કાપાઓવાળી હોય છે.

ત્રપર પું. ત્રિપુરાસુર.

ત્રપંડી સ્ત્રી. પિતૃને તૃપ્ત કરવા ત્રણ આલણ બનાવવા તે; તરપંડી

ત્રપા ૧. [સં.] સ્ત્રી. કીર્તિ; આબરૂ
૨ સ્ત્રી. જાત; કુટુંબ; કુળ
૩ સ્ત્રી. જેના આચરણથી સઘળા કુટુંબને કલંક પહોંચ્યું હોય તેવી ત્રિનાળવી સ્ત્રી; કુલટા.
૪. સ્ત્રી. લજ્જા; શરમ.

ત્રપાક ૧. [સં] સ્ત્રી. એક જાતની ક્લેચ્છ જાતિ.
૨ ન. એ નામની જાતિનું માણસ
૩. વિ. એ નામની જાતિનું.

ત્રપાકર [સં.] વિ. લજ્જાવનાર; શરમાવનાર.

ત્રપાનિરસ્ત [સં] વિ નિર્લજ્જ; બેશરમ.

ત્રપાન્વિત [સં.] વિ. લાજવાળું; શરમાળ.

ત્રપાપ્રદા [સં.] સ્ત્રી. વેશ્યા સ્ત્રી.

ત્રપાવર્જિત [સં] વિ. લાજ વગરનું; બેશરમ.

ત્રપાહીન [સં.] વિ. શરમ વગરનું; નિર્લજ્જ.

ત્રપિત [સં.] વિ. લાજવાળું; શરમવાળું; શરમાળ; શરમિંદું.

ત્રપિષ્ઠ ૧. [સં.] વિ. અત્યંત તૃપ્ત થયેલ; પૂર્ણ જ સંતુષ્ટ.
૨. વિ. અત્યંત લાજવાળું; પૂર્ણ જ શરમાળ.

ત્રપુ ૧. પું. દશમા સૈકામાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.
૨. ન. એક જાતનું ધાતુ.
૩. [સં.] ન. લજ્જા.
૪. ન. સીસું.

ત્રપુકકેટી [સં.] સ્ત્રી. એક જાતની કાકડી.

ત્રપુટી [સં.] સ્ત્રી. નાની એલચી.

ત્રપુબંધક [સં.] ન. સીસું.

ત્રપુરી [સં.] સ્ત્રી. નાની એલચી.

ત્રપુલ [સં.] ન. કલાઈ ધાતુ.

ત્રપુષ ૧. [સં.] ન. કલાઈ.
૨. ન. કાકડી.
૩. ન. ત્રીજાં
૪. ન. મોટું ઈંડવાગણ

ત્રપુષી [સં] સ્ત્રી. કડવી કાકડી; મદ્રેલવાલણી નામની વનસ્પતિ.

ત્રપુસ જુઓ ત્રપુષ.

ત્રપુસી જુઓ ત્રપુષી

ત્રપ્સા [સં] સ્ત્રી. મદ નાની ત્રપેજ કરે, બળખા વગરે.

ત્રપ્સ્ય [સં.] ન. ખાડું નહિ એવું ઘી.

ત્રફેરો (ત્રફોરો) પું. ઉપરાઉપર; તરફડિયું.

ત્રબકવું અ. ક્રિ. ટપકવું; ગળવું; ચૂવું.

ત્રબાહ ન. ડમરો; પ્રાબલ્ય; જોરનું વાવ્યું.

ત્રભાવું [સં. તર્પણપાત્ર] ન. પિતૃને તર્પણ કરવાનું તાંબાનું ચમચા જેવું પાત્ર; તરભાણું; ત્રાંબટ. તેમાં દેવસ્નાન પણ કરાવાય છે.

ત્રમેટ જુઓ ત્રમેટો.

ત્રમેટા પું. ત્રણ ગામના સીમાડા કે રસ્તા જેમા મળતા હોય એવી જગ્યા; ત્રંબટ.

ત્રમઝટ ૧. સ્ત્રી. ઝડી; ધોધમાર પ્રવાહ; મોટ ઝાપટું.

૨. ક્રિ. વિ. ઉપરાઉપરી પડવું કે વરસવું એ રીતે, ઝાપટે ઝાપટાં; પુષ્કળ; ધોધમાર.

ત્રમઝીક જુઓ ત્રમઝટ.

ત્રમઝૂટ જુઓ ત્રમઝટ.

ત્રમાણું [સં. ત્રિગુણ] વિ. ત્રણગણું; ત્રમણ.

ત્રય ૧. [સં.] ન. તેમનું; ત્રણનું જોડું; ત્રણનો સમૂહ.

૨. વિ. ત્રણ; ૩.

ત્રયઋષિગણ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ત્રયનેત્ર [સં. ત્રિનેત્ર] પું. ત્રંબક; શિવ; હોર. તેમને ત્રણ આંખ હોવાનું મનાય છે.

ત્રયબ્રહ્મ [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ત્રયવિધ [સં.] વિ. ત્રણ પ્રકારનું.

મહિમા માગી આકરી, મુકાણ કી મુક્તરાજ,
પ્રતીત સાચ્ચ ને સોરણે, ત્રયવિધ તાપીકાજ.
મહનમોહના

ત્રયસ પું. (સંગીત) ત્રણ માત્રાને અંતરે પડતો તાલ.

ત્રયસ્ત્રિંશ ૧. [સં. ત્રયસ્ત્રિંશત્ , વિ. તેત્રીસ; ૩૩.

૨. [સં.] વિ. તેત્રીસમું.

ત્રયસ્ત્રિંશત [સં. ત્રયસ્ત્રિંશત્] સ્ત્રી. તેત્રિસની સંખ્યા.

ત્રયસ્ત્રિંશદ્પતિ ૧. [સં.] પું. ઉદ. તે તેત્રીસ કરોડ દેવતાનો ઉપરી છે.

૨. પું. પ્રજાપતિ.

ત્રયસ્ત્રિંશદ્રત્નામ [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

ત્રયસ્ત્રિંશિ [સં. ત્રયસ્ત્રિંશિન્] ન. તેત્રીસ ઋગાઓથી ગવાતું એક સામ.

ત્રયસ્ત્ર [સં.] પું. ત્રીજો અનુબંધ; ત્રાહિતક; અન્ય રાખ્ય.

ત્રયંકુશ પું રક્તાક્ષવની જમણી કર્ણિકા અને જર્વનાભ વચ્ચેનો ત્રિકુ ઉપરનો પડદો.

ત્રયઃપંચાશત્ [સં.] વિ. ત્રેપન; ૫૩.

ત્રયાનન ૧. [સં. ત્રય (ત્રણ) + આનન (મોં)] પું. દત્તાત્રેય, જેમને તેને ત્રણ મુખ હોવાનું કહેવાય છે.

૨. વિ. ત્રણ મોંવાળું.

ત્રયાલીસ [સં. ત્રયશ્ચત્વારિંશત્] વિ. તેતાળીસ; ૪૩.

ત્રયાંગી [સં. ત્રયાંગિન્] વિ. ત્રણ અંગવાળું; ત્રણ અવયવવાળું

ત્રયી ૧. સ્ત્રી. અધ્યાત્મ વિદ્યા.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. સોમરાજ જાતા.

૩. [સં] સ્ત્રી. જ્ઞાન

૪. સ્ત્રી. ત્રણ વેદ; ઋક, યજુર ને સામ.

૫ સ્ત્રી. ત્રિક; તેમનું; ત્રણનો સમુદાય.

૬. સ્ત્રી. દુર્ગા.

૭. સ્ત્રી. પણી અને છોકરાંવાળી સ્ત્રી.

૮. સ્ત્રી. બ્રાહ્મણ, ઉપનિષદ અને ગીતા એ ત્રણનો સમુદાય. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ ૬ વેદનાં અંગ; ઋક, યજુર, સામ અને અથર્વ એ ચાર વેદ; મીમાંસા, ન્યાયશાસ્ત્ર, મનુ આદિકનાં ધર્મશાસ્ત્રો અને પુરાણ વગેરે પુરાણો, આ સર્વ પણ ત્રયી કહેવાય છે.

૯ સ્ત્રી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ દેવનો સમૂહ.

ત્રયીઅંગ ૧. પું. સૂર્ય.

અહન વિરોચન વિભાવસુ માર્તંડ ત્રયીઅંગ;
દિનમણિ અંબરમણિ તરણિ સવિતા પતંગ.
પિંગળપ્રકાશ

૨. જુઓ ત્રયીતનુ.

ત્રયીતનુ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું. પરમેશ્વર.

૩. પું. બ્રાહ્મણ

૪. પું. શિવ

૫. પું. સૂર્ય.

૬. વિ. વૈદિકધર્મરૂપ.

ત્રયીધર્મ ૧. પું. ત્રણ વેદના યજ્ઞયાગાદિ શ્રૌત ધર્મને પાળનાર અને શ્રાદ્ધ ઉપભોગની અભિલાષા રાખનાર લોક.

૨. [સં.] પું. વૈદિક ધર્મ; વેદોક્ત ધર્મ. આ સંબંધે ગીતારહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: આ યજ્ઞયાગ ત્રણે વેદોમા વિહિત હોવાથી આ માર્ગનું નામ ત્રયીધર્મ એવું એક જૂનું નામ છે અને તે યજ્ઞો શી રીતે કરવા તેનું બ્રાહ્મણ ગ્રંથોમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવેલું છે. પણ જુદાં જુદાં બ્રાહ્મણોમાં યજ્ઞના વિધિઓનાં જુદી જુદી રીતે વર્ણન કરેલાં હોવાથી તેમાંનો કયો વિધિ ગ્રાહ્ય છે એ બાબત સંકાઓ થવા માંડતાં, જૈમિનિએ પરસ્પર વિરુદ્ધ વાક્યોની એકતા કરી રીતે કરવી તે બાબત અર્થનો નિર્ણય કરનારા નિયમોનો સંગ્રહ કર્યો છે. જૈમિનિનાં આ સૂત્રોને મીમાંસાસૂત્રો અથવા પૂર્વમીમાંસા કહે છે અને તેને લગતા આ પ્રાચીન કર્મકાંડને પણ આગળ જતાં મીમાંસક માર્ગ એવું નામ મળેલું છે. મીમાંસા એ શબ્દ જોકે પાછળથી પ્રચારમાં આવ્યો છે તોપણ યજ્ઞયાગનો આ કર્મમાર્ગ અત્યંત પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. ગીતામાં મીમાંસા શબ્દ કોઈ પણ સ્થળે આવેલો નથી. તેને બદલે ત્રયીધર્મ કિંવા ત્રયીવિદ્યા એ નામો ઉપભોગમાં આવ્યાનું પણ આ જ કારણ છે.

ત્રયીમય જુઓ ત્રયીતનુ.

ત્રયીમયી [સં.] વિ. સત્ત્વ, રજસ અને તમોગુણવાળું.

આ પ્રમાણે આવા વાક્ય સાંભળીને ત્રયીમયી જગદંબા સાસ્વતીએ ભક્તિપુરઃસર મારું પૂજન કર્યું. સૂતસંહિતા

ત્રયીમુખ [સં.] પું. બ્રાહ્મણ; વિપ્ર.

ત્રયીમૂર્તિ જુઓ ત્રયીતનુ.

ત્રયીવિદ્યા ૧. [સ.] સ્ત્રી. ઋક, યજુર અને સામ એ ત્રણ વેદનો સમૂહ. ગીતારહસ્યમાં આ સંબંધે એવો ઉલ્લેખ છે કે: યજ્ઞયાગ ત્રણે વેદોમાં વિહિત હોવાથી આ માર્ગનું નામ ત્રયીધર્મ એવું એક જૂનું નામ છે આ પ્રાચીન કર્મકાંડને પણ આગળ જતાં મીમાંસક માર્ગ એવું નામ મળ્યું છે. કોઈ બહાને સૂર્ય, અગ્નિ, ઇંદ્ર, વરુણ, રુદ્ર વગેરે વૈદિક દેવતાઓનું યજ્ઞ કરીને પૂજન કરી તેમના પ્રસાદથી આ લોકમાં પુત્રપૌત્રાદિ સંતતિ અને ધાન્ય, ઘોડા વગેરેની અથવા ધન ધાન્ય વગેરે સમૃદ્ધિ પ્રાપ્ત કરીને મરણ પછી સદ્ગતિ મેળવવી એવો મૂળ અર્થ છે. મીમાંસા એ શબ્દ જોકે પાછળથી પ્રચારમાં આવ્યો છે તોપણ યજ્ઞયાગનો આ કર્મમાર્ગ અત્યંત પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. ગીતામાં મીમાંસા શબ્દ કોઈ પણ સ્થળે જોવામાં આવતો નથી, તેને બદલે ત્રયીધર્મ કિંવા ત્રયીવિદ્યા એ નામો ઉપભોગમાં આવ્યાનું પણ આ જ કારણ છે.

૨. જુઓ ત્રયીધર્મ.

ત્રયોદશ ૧. [સં. ત્રયોદશન્] વિ. તેર; દસ ને ત્રણ; ૧૩.

૨. [સં.] વિ. તેરમું.

ત્રયોદશા ૧. [સં.] સ્ત્રી. તેરમું; મરણ પ્રસંગની પાળ તેરમે દિવસે કરવામાં આવતી ધર્મક્રિયા.

૨. સ્ત્રી મરણ પછીનો તેરમો દિવસ.

૩. સ્ત્રી. માસની તેરમી તિથિ; તેરસ.

ત્રયોદશાંગ [સં.] વિ. તેર અંગવાળું; જેમાં તેર વસ્તુઓ આવતી હોય એવું.

ત્રયોદશિક ૧. [સં.] વિ. તેરમે દિવસે કરેલ.
૨. વિ. તેરશે કરેલ.

ત્રયોદશી ૧. [સં.] સ્ત્રી. તેરસ; તેરમી તિથિ. પુરાણ અનુસાર આ તિથિ ધાર્મિક કાર્ય કરવા માટે બહુ સારી મનાય છે
૨. સ્ત્રી. મહાવીર સ્વામીની જન્મતિથિ ચૈત્ર શુક્લ તેરસ.

ત્રય્યારુણ [સં.] પું. (પુરાણ) સૂર્ય વંશમાં થયેલ સુધન્વાનો એ નામનો પુત્ર.

ત્રય્યારુણ ૧. [સં.] પું. (પુરાણ) આઠમા મન્વંતરમાંનો પંદરમો ભાસ.
૨. પું. (પુરાણ) ભાંધાતાના વંશનો એક રાજા
૩. પું. (પુરાણ) સૂર્ય વંશના ધ્રુવાશ્વ કુલોત્પન્ન સંભૂત રાજાનો પૌત્ર અને ત્રિધ્વના રાજાનો પુત્ર.

ત્રય્યારુણિ ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન ઋષિ. ભાગવત અનુસાર તે ધૌમ્યઋષિ ઋષિનો શિષ્ય હતો.
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુવંશજ દુષ્યંત રાજાના કુળમાં ઉત્પન્ન થયેલ દુરિતક્ષય રાજાના ત્રણ ભાઈઓનો મોટો પુત્ર. તપ કરીને તેણે બ્રાહ્મણપદ મેળવ્યું હતું.

ત્રયૂઢ જુઓ ત્રયૂઢ.

ત્રયૂઢ ૧. વ. જ્યાં ત્રણ રસ્તા મળતા હોય એવી જગ્યા; ત્રિપથ; ત્રિભેટો.
૨. વિ. ત્રણ વાટ જ્યાં એકઠી થતી હોય તેનું.

ત્રયોઢો પું. ત્રણ રસ્તા મળતા હોય એવી જગ્યા; ત્રિભેટો.

ત્રવાડી (ત્રવાડી) ૧. [સં. ત્રિવેદી] સ્ત્રી. એ નામની બ્રાહ્મણ તથા ચોરાશી એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. ત્રણ વેદ જાણનાર.
ત્રવાડીના ત્રણસે કુવા તોય ત્રવાડી તરસે મૂઆ = સાધન હોવા છતાં પણ દોઢડહાપણમાં રહેવા જતાં કશું મળે નહિ કે કાર્ય થાય નહિ.

ત્રશકાર [સ.] પું. લોઢીનું ટીપું; રક્તાભિદુ; લોઢીનો છાટો.
તેના ઉડેલ ત્રસકાર, લોપાયાં અમારાં હુતડા.
લોકોક્તિ

ત્રશા [સં. તૃષા] સ્ત્રી. તૃષા; તરસ.
વામા પણી ત્રિભુવના વામી, ક્ષુધા ત્રસાને દુઃખે.
નિષ્કુળાનંદ

ત્રસ્તુ પું. (પુરાણ) એ નામનો સોમવંશી એક રાજા; ધ્રુવિલનો બાપ.

ત્રસ્નો પું. (પુરાણ) સોમવંશી ત્રસ્નુનો દીકરો. એની માતાનું નામ ત્રસ્નિકા અને એનું નામ સ્વયંતરી હતું. ધ્રુવિલ, ધ્રુવિ, ધ્રુવિલ, તંતુ એવાં એનાં નામ હતાં. દુષ્યંત, શૂર, ભીમ, પ્રવસુ અને વસુ એ નામના એને પાંચ દીકરા હતા.

ત્રષ્ણા ૧. [સં. તૃષ્ણા] સ્ત્રી. તૃષા; તરસ; પિપાસા.
૨. સ્ત્રી. મનની ઇચ્છા; કામના; વાસના.

ત્રસ્ ૧. [સં.] અ ક્રિ. (ધાતુ) ત્રાસ પામવું; બીવું; ભય પામવું. તે ઉપરથી થયેલ શબ્દ: ત્રાસ, ત્રસ્ત, ત્રસન.
૨. અ. ક્રિ. દોડવું; ભાગદોડથી ભવું.
૩. અ ક્રિ. પકડવું, ઝટકવવું.
૪. અ. ક્રિ. પ્રકાશવું; ચળકવું.
૫. અ. ક્રિ. ભયથી ચકિત થવું; ધ્રૂજવું.

ત્રસ ૧. [સં.,] પું. (જૈન) પોતાની મેળે હાલીચાલી શકે એવો જીવ. જીવના સ્થાવર અને ત્રસ એવા બે ભેદ થયા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર કહેવાય છે. તે સિવાયના પોતાની મેળે હાલીચાલી શકે તેવા બધાં પ્રાણી ત્રસ કહેવાય છે. ત્રસ બે પ્રકારના છે: લબ્ધિ ત્રસ અને ગતિ ત્રસ. જેમને ત્રસનામકર્મનો ઉદય થયો હોય તે લબ્ધિ ત્રસ કહેવાય છે. એ જ મુખ્ય ત્રસ છે. જેમકે, દ્વીંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવો. સ્થાવરનામકર્મનો ઉદય હોવા છતાં પણ ત્રસના સરખી ગતિ હોવાથી ત્રસ કહેવાય છે. તે ગતિ ત્રસ. એ કેવળ ઉપચારથી જ ત્રસ કહેવાય છે. જેમકે, તેજ.
તથાપિ હવે નિરપરાધી ત્રસ જીવોનો વધ કરવાનું હું આપની પાસે પ્રત્યાખ્યાન કરું છું.
કુમારપાળ
૨. વ. વન; જંગલ; અરણ્ય; રાન.
૩. વિ. જંગમ; ચલ; હાલતુંચાલતું.

ત્રસકાય [સ.] પું. (જૈન) સર્વ પ્રકારના જંગમ ભાવના ચર પ્રાણી; છ માંહેનો એ નામનો એક જીવભેદ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ ૬ જીવભેદ છે.

ત્રસકારવું જ ક્રિ. ભરી જવું.

ત્રસકો ૧. પું. ત્રાસો; તસિવો; ફાટ.
૨. પું. ઝાટકો; ઝબકો; ઝોલ્લે.
૩. પું. જંપ; નિરાંત.
૪ પું. નિસાસો.

ત્રસજીવ જુઓ ત્રસકાય.

ત્રસત્રસવું અ. ક્રિ. ત્રરવું; નીતરવું; ઘરસવું.

ત્રસત્વ [સં.] ન. ત્રસપણું. ઉદયપૂર્વક એક સ્થાનથી બીજા સ્થાન ઉપર જવાની અથવા હાલવાચાલવાની શક્તિ એ ત્રસત્વ.

ત્રસદસ્યુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋગ્વેદિક રાજા.
૨. પું. (પુરાણ) માંધાતા રાજા. તેનાથી રાક્ષસ અને ચોર ત્રાસ પામતા, તેથી તેનું ત્રસદસ્યુ એવું નામ પડ્યું છે.
૩. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.
૪. પું. સામવેદનો એક ઋષિ.

ત્રસદોષ પું. હીરાના દશ માહેનો એક પ્રકારનો દોષ.

ત્રસદ્દસ્યુ ૧. પું. ઋગ્વેદના નવમા મંડલના ૧૧૦મા સૂક્તનો કર્તા એક ઋષિ.
૨. પું. (પુરાણ) પુરુનામના પુત્ર માંધાતાનું બીજું નામ.
૩. પું (પુરાણ) સૂર્યવંશી ધ્રુવાશ્વ કુલોત્પન્ન માંધાતાના પૌત્ર પુરુકુત્સ રાજાના બે માંહેનો નાનો પુત્ર. એને પૌરુકુત્સ પણ કહેતા. એ રાજ કરતો હતો ત્યારે અગસ્ત્ય ઋષિ એની પાસે દ્રવ્યની યાચના કરવા આવ્યા હતા. પરંતુ પાસે એ વેળાએ કાંઈ પણ દ્રવ્ય ન હોવાથી એણે ઋષિને પોતાની આવક અને ખર્ચનો હિસાબ બતાવ્યો. અગસ્ત્યને લાગ્યું કે એની પાસેથી દ્રવ્ય લેવાથી એની પ્રજાને પીડા થશે, માટે હું ઇલ્વલ પાસે જઉં. અગસ્ત્ય પ્રથમ ધુતવાં અને ભ્રાતૃવ્ય રાજા પાસે ગયા, તેમની પાસે દ્રવ્ય ન હોવાથી તેમને લેવા કાજે ત્રસદસ્યુ પાસે આવ્યા હતા. ત્રસદસ્યુએ સાંભળ્યું કે ઇલ્વલ પાસે બહુ જ દ્રવ્ય છે, માટે ત્યાં જઈ એને હરાવી દ્રવ્ય લાવીએ. પછી બધા ગયા અને દ્રવ્ય આણ્યું. પોતાને જોઈતું દ્રવ્ય રાખી બાકીનું ઋષિએ આ રાજાઓને વહેંચી આપ્યું હતું. ત્રસદસ્યુને નિષ્ણુદ્ધ અને અનરણ્ય એમ બે પુત્ર હતા.

ત્રસન ૧. [સં.] પું. ઉદ્વેગ; ચિંતા.
૨. પું. ભય; ડર.
૩. વિ. ત્રાસવાળું; બીકણ.

ત્રસનાડી (ત્રસનાડી) સ્ત્રી. (જૈન) ત્રસ જીવોને રહેવાનો પ્રદેશ. તે લોકની વચ્ચે ચૌદ રાજૂ ઊંચી અને એક રાજૂ લાંબી પહોળી છે.

ત્રસનામ ૧. વ. (જૈન) નામકર્મની બેતાલીસ માંહેની એક પ્રકૃતિ. તેના ઉદયથી સ્વતંત્રપણે ત્રસન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.
૨. વિ. ત્રસ નામનું; જેથી ત્રસપણું પ્રાપ્ત થાય એવું.

ત્રસનામકર્મ ન. (જૈન) ત્રસપણું પ્રાપ્ત કરાવનાર કર્મ, જે કર્મના ઉદયથી દ્વીંદ્રિયાદિ જીવોમાં જન્મ થાય તે કર્મ. દુઃખને ઓછી કરવાની અને સુખને

ત્રાગવું

મેળવવાની પ્રવૃત્તિ જ્યાં સ્પષ્ટ દેખાય ત્યાં ત્રસનામકર્મનો ઉદય સમજવામાં આવે છે.

ત્રસયોનિ ૧. [સં.] સ્ત્રી. ત્રસ જીવોનું ઉત્પત્તિસ્થાન.

૨. વિ. ત્રસ જીવોમાં ઉત્પત્તિવાળું.

ત્રસર [સં.] પું વસ્ત્રરનું વસ્ત્રાનું સાધન; તાસળી

ત્રસરેણુ ૧. [સં.] પું જાળિયામાંથી આવતા સૂર્યના પ્રકાશમાં ઊડતો દેખાતો રજકણ; અણુ; કોડી વગેરે ચાલતાં તેના પગથી ઊડતી રજ; બાણમતો ૬૪મો ભાગ; રથરેણુનો આઠમો ભાગ; ત્રીસ પરમાણુરૂપ એક રજકણ. કેટલાકના મતે તે ૭ પરમાણુનો બનેલો છે.

૨. સ્ત્રી સૂર્યની સ્ત્રીનું નામ.

ત્રસરેણુક જુઓ ત્રસરેણુ

ત્રસાળો પું. ઊમેરો; સરવાળો.

ત્રસ્ત ૧. [સં. ત્રસ્ત] વિ. પીડિત.

૨. વિ. ભયભીત; ડરેલ.

ત્રસિંગ ૧. પું. સિંહ.

૨. વિ. બીકુ; ભયભરહસ્ત.

ત્રહુ જુઓ ત્રણ.

ત્રહુર [સં.] વિ. ત્રાસવાળું; બીક; બીહ્ય; ડરપોક.

ત્રસૂકવું અ. ક્રિ. ત્રાસવું; બીવું.

ત્રસેનસ ન. દવામાં વપરાતું એક જાતનું વજન; જવના દાણાના ત્રૈમાં આવું વજન.

ત્રસેંથિયું ન. દામણી; ગળે લટકી રહે તેવો ગૂંથી તેમાં પરેગનું એક જાતનું સોનાનું ઘરેણું.

ગોરે ગળકી ગોને સેંથો;
ત્રસેંથિયાં રીયા કુલ્લ. પ્રેમાનંદ

ત્રસ્ટી ૧. સ્ત્રી. એક જાતનું કરમીરમાં બનતું કપાનું કામ

૨. [અં.] વિ. વાપલની સંભાળ નામનાર.

ત્રસ્ત ૧. [સં.] ન. ત્રાસ; ભય; ઉદ્વેગ.

૨. વિ. ત્રાસેલ; ભય પામેલ; ગભરાયેલું; બીનેલું.

૩. વિ. પીડિત; દુઃખી.

૪ વિ. બીકણ; બીકુ; ડરપોક.

૫ વિ. શીઘ્ર; તુરત.

ત્રસ્તુ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી અંશુમાનનો એ નામનો પુત્ર. એની માતાનું નામ સુગ્યવતી હતું. કાસિદી એની સ્ત્રી થાય. એના પુત્રનું નામ ધ્રુવસિંધ હતું.

૨ વિ. બીકણ, બીનાર; ત્રાસ પામનાર.

ત્રહ ન. એક પ્રકારનો અવાજ.

ત્રહકવું ૧. અ ક્રિ. મુંજવું.

૨. અ. ક્રિ. નીતરવું; ટપકવું.

ત્રહત્રહાટ જુઓ ત્રહત્રહાટિ.

ત્રહત્રહાટિ ૧. સ્ત્રી. ત્રાસ; ભય.

ઝંખકરે ત્રહત્રહાટિ બહે ત્રિભઈ ત્રિભુવન ઠલટલિયા લાગ. પૃથ્વીચંદ્ર સં. ૧૩૭૮

૨. સ્ત્રી. મુંજારો.

ત્રહું વિ. (જૂ. ગુ.) ત્રણ.

ત્રંખ ૧. પું. કંકર.

૨. જુઓ ત્રપો

ત્રંગ ૧. [સં.] ન. એ નામનું એક પ્રાચીન નગર. તે પહેલાં હરિશ્ચંદ્ર રાજાનું નગર હતું.

૨. વિ. ત્રણ અંગવાળું.

ત્રંગા જુઓ ત્રંગ.

ત્રંબક ૧. પું. તાંબાનો ઢોલ કે નોબત.

આહેડે આડપ શેપીએ, વાગે ત્રંબક વર.
સોરઠી બહારવટિયા

૨. [સં. ત્રંબક] પું. શિવ; ત્રંબક. તેને ત્રણ આંખો બનાવ છે.

૩. ન. મુળાઈની નૈઋત્યમાં સિત્તેર માઈલ દૂર આવેલું એ નામનું એક તીર્થસ્થાન. ગોદાવરી ત્રંબક પાસે વહે છે.

૪. ન. શિવનું ધનુષ્ય.

ત્રંબકડો (ત્રંબકડો) ન. ડિંગલનું ગીત.

ત્રંબકડો, પાલખણી, સાખડી, સાવઝડો, મોટીબંધ,
સુપખરો, ગહનબંધ, ઝોટો સાબોર આદિ બીજો
મુખ્ય ગણાય છે. સારદા

ત્રંબકીચાન વિ. ત્રિનેત્ર જ્ઞાનના આકારનું.

ત્રંબકીચાન નિરાલ. ભક્તમાલ

ત્રંબકેશ્વર [સં. ત્રંબકેશ્વર] પું. ત્રણ નેત્રવાળા શંકર.

ત્રંબવું અ. ક્રિ. શરીરના પડિયા ભાગમાં ઝીણી ઝીણી વેદના થવી.

ત્રંબાવતી સ્ત્રી. ખંભાતનું બીજું નામ.

નગર ત્રંબાવતી સાજે.
દુઃખિયા નરનો આધારો.
નિજપુર મધ્યે આવે,
તે અહીં બહુ ધન પાવે. ત્રાપ્પદાસ

ત્રંબાસ સ્ત્રી. ત્રાસ.

ત્રંબાળુ ૧. ન. તરબાટું; તાંબાનું તપેલું કરવાનું વાસણ.

૨. ન તાંબાની મોટી નોબત; તાંબાનું વાજિંત્ર.

ત્યારે બોલ્યો ઇંટ, મારે માથે તો ત્રંબાળુ વાગે.
દલપતરામ

૩. ન. મહાદેવે જન્મકો આપેલું અને રામે આપેલું એ નામનું ધનુષ્ય.

૪. વિ તાંબાનું બનેલું.

૫. વિ. ત્રંબકનું; મહાદેવનું.

ત્રંબાળું જુઓ ત્રંબાળુ

ત્રંભવું અ. ક્રિ. વેદના થવી

ત્રંભેડો (ત્રંભેડો) પું. સાવઝનું કબૂતરનું તે.

ત્રઃ [સં] અ. ક્રિ. રક્ષણ કરવું, જતન કરવું.

ત્રાક સ્ત્રી. તરાક. સૂતર કાંતવાની લાંબી રૅટિયા સોય; જેના ઉપર સૂતર કેનાય છે તે સોયો.

રેટિયો ને વળી ત્રાક બને ચરમાળે બંધાય છે,
એમ ફેરા ફરે બંતથી તેમ તેમ મંગલ વરતાય.
બિહારી

ત્રાકડ ન. તરકટ; કાવતરું; દગો; પ્રપંચ.

ત્રાકડિયું (ત્રાકડિયું) સ્ત્રી. જ. ન. ત્રાજવાં.

ત્રાકડી (ત્રાકડી) ૧. સ્ત્રી. ત્રાજવું.

૨. સ્ત્રી. સૂતર કાંતવાની ફરકડીમાંની સળી; નાની તરાક.

ત્રાકડો (ત્રાકડો) પું. મોટી તરાક; સૂતર કાંતવાનો રૅટિયાનો સળિયો.

ત્રાગ ૧. પું. ઝેડો; ઝંત.

૨. પું. જનોઈ.

૩. પું. જેની ઉપર સૂતરને વળ આપવામાં આવે તે ફીરકી; વળ દેવાની ફરકડી.

૪. પું. તાંતણો; તંતુ; દોરો; તાર; તાગડો.

અનની સિપી ખોરવી, તનના કીધા ત્રાગ;
જોવા જનમની જોગણી, નીકળ આવી નાગ.
કબીર

૫. પું. ક્રેવડ; વેત

૬. પું. ખેળ.

ત્રાગડ (ત્રાગડ) ૧. પું. જનોઈ વણનારો માણસ.

ત્રાગડ રે ત્રાગડ વળી સોની અને સુતાર.
રત્નકોશ

૨. પું. તંતુ; દોરો.

૩. સ્ત્રી. સોનીની એક જાત. ત્રાગડ સોની સૌથી ઊંચા મનાય છે. તેઓ પૂર્વે શ્રીમાળી બ્રાહ્મણ હતા

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

ત્રાગડું (ત્રાગડું) ૧. ન ત્રાગું કરવાનું સાધન.

૨. ન. ઘડાં, પૂરી વગેરે તળી કાઢવાનો જાળી સોયો; તળેલી વસ્તુ પેણીમાંથી કાઢવાનું એક ઓજાર; સોયો; તરકડું.

ત્રાગડો (ત્રાગડો) ૧. પું. તાંતણો, દોરો; તંતુ.

આખરે કોઈએ ગળાનો ત્રાગડો નાખ્યો ત્યારે પડ પડ્યું. રસધાર

૨. જુઓ ત્રાગ

ત્રાગવું ૧. અ. ક્રિ. તળિયે પહોંચવું; તાગ લેવો.

૨. ન કિ. નિહાળવું; લક્ષીલક્ષણોને ઝોકનજર કરી જોવું.

એક તાજે બીજું ત્રાગવે, લાગી નેણે નેણાં;
જે સમ માણે સરાહિયા, બે આપણે નહિ માણ. દયે

૩. સ. ક્રિ. લાભવું; ત્રાગું કરવું.

ત્રાગાળું વિ. ત્રાગું કરનારું

ત્રાગાળો પું. ભવાયો; તરગાળો.

ત્રાગું ૧. ન. જબરદસ્તી, બળાત્કાર.

૨. ન. ત્રાજવું.

૩. ન. દેણદારની આબરૂ જવાની બીકથી દેવું આપી દે એવા હેતુથી લેણદારે તેને લખી મોકલવું તે.

૪. ન. બીજાની પાસેથી પોતાને ગમતું કાર્ય કઢી લેવાને બળ નહિ વાપરતાં કળા ઉશ્કેરે અને સામાને દીનરૂ લાગે એવું પોતે દુઃખ વેઠવું અથવા પોતાના જીવ ઉપર જોખમદારી કરવી તે; કર માફ કરાવવાને કે ગુલામ બહલાવવાને માટે બાળકોને મારવા કે પોતે પોતાની ઉપર જબરદસ્તી કરવી તે. આગળ જુલમી રાજાઓના વખતમાં રાજાના જુલમ કે અન્યાય સામે બાદ અને ધરણાં કે છોકરા છત્ર આપતાં તે ત્રાગું કહેવાતું. બાદ બોલો ત્રાગું કરવામાં બ્રાહ્મણ પડતા.

૫. ન. દુઃખ; દુઃક.

ત્રાગો જુઓ ત્રાગ.

ત્રાજવડાં (ત્રાજવડાં) ન. બ. વ. ઢુંઢણા; ત્રાજવાં

ત્રાજવડું (ત્રાજવડ) ન. ત્રાજવું; ઢુઢણું.

ત્રાજવાતોળ વિ. તોળી તોળીને આપેલું; બરોબર સરભર.

તેઓ પરસ્પર વ્યવહારમાં ત્રાજવાતોળ હિસાબ નથી રાખતા. શિક્ષણ અને સાહિત્ય

ત્રાજવાં ન. બ. વ. ઢુંઢણાં.

ત્રાજવાં સોહાવવાં = ઢુંઢણાં પડાવવાં.

ત્રાજવી સ્ત્રી. નાનો કાંટો, ત્રાજવડી.

ત્રાજવું ૧. ન. ઢુંઢણું; શરીર ઉપર ઢુંઢાવેલું ઢુંઢણું.

૨. [સં. તરાજૂ] ન. જોખવાનું યંત્ર; જોખવાનું બે પલ્લાવાળું સાધન. આત્મકથામાં ઉલ્લેખ છે કે: અદાલતોનું ચિહ્ન ત્રાજવું છે. તેને ગ્રહનાર એક નિષ્પક્ષપાતી, આપણા પક્ષ કાંઈ હોવી છે. તેને વિધિએ આંધળી પટ્ટી છે, જેથી તે બીં જોઈને ટીપું ન કરે, પણ જે યુક્તે સીધ્ય હોય તેને જ ટીપું કરે.

૧. ત્રાજવું ચડવું = માન, પ્રતિષ્ઠા આદિ વધવાં.

૨. ત્રાજવું નમવું = સુબાગી થવું; સારો દિવસ આવવો; પ્રતિષ્ઠા વધવી; સુખ કે ચડતીના દહાડા આવવા; પાસરી કે સ્થિતિમાં ચડતા થવું.

૩. ત્રાજવું ભારે થવું = (૧) ભક્તિ થવું. (૨) પૈસાદાર થવું. (૩) માર આવાની નિશાની થવી અથવા એવા ગુણ ધારણ કરવા.

૩. ન. ત્રાજવાની બે બાહેની એક જોખની ટોપલી; પલ્લું.

ત્રાજિયા પું. ભરત.

ત્રાજીડી સ્ત્રી. કરુણારસપ્રધાન નાટક: 'ટ્રેજડિ.'

રમૂજ અને તાજો આરે છે કે તમે ત્રાજીડીને તાબે જતા જતામાં કોંગ્રાઈ પડો જો. ત્યારે આ મહોબ્બત અને મુસીબત એ શું છે? પીગમ

ત્રાજ્ય ૧. ન. છંદ:.

૨. ન. ત્રાજવું.

ત્રાજ્વાઈ ન. (જૂ. ગુ.) ત્રાજવું.

ઊભા રહિ જિસી ત્રાજ્વાઈ,
વનિતા વિર કાજિ ધરિ હોઈ. ત્રાજ્યસમય

ત્રાજ્વડી (ત્રાજ્વડી) ૧. સ્ત્રી. ઢુંઢણું.

૨. [સં. તરાજૂ] ન. નાનું ત્રાજવું.

ત્રાજ્વું (ત્રાજ્વું) ૧. ન. ઢુંઢણું; શરીર ઉપર ઢુંઢાવેલું ઢુંઢણ.

ખિજુક ત્રાજ્વે ચિત્ત ચલે મુનિરાજ,
મંદ હાસ્ય કરે મોઢા મોગી લોભાય.

દયારામ

૨. [સં. તરાજૂ] ન. તાજવું. ત્રાજવું; જોખવાનું બે પલ્લાવાળું સાધન; પલ્લું.

ત્રાટ ૧. સ્ત્રી. ચોમાની એક ભાજી.

૨. સ્ત્રી. ચાળી; તાટ; રક્ષાળી; બહાર ફેરવાળી મોટી ચાળી.

ત્રાટ કરે કરિ કનકમઈ,
સખી, મોતીકે પૂરુ ચોક કિ. કનકકટોલમય

ત્રાટક ૧. ન. કવચ.

૨. ન. તૂટી પડવું તે; ઝાપો; અચાનક હલ્લો કરવો તે.

યુદ્ધના આગે ત્રાટક દેને

સોરઠી બહારવટિયા

૩. ન. (યોગ) હઠયોગની એક ક્રિયા; દૃષ્ટિને સ્થિર કરીને કોઈ મૂર્તિની સામે અથવા તો નાસિકાના અગ્રભાગ ઉપર આંખમાં પાણી આવે ત્યાંસુધી એકાગ્રચિત્તે જોઈ રહેવું તે; તાકોને એક જ સ્થાને જોઈ ચિત્ત એકાગ્ર કરવાની યોગની એક ક્રિયા; એકાગ્ર દૃષ્ટિથી કોઈ સૂક્ષ્મ વસ્તુને આંખમાંથી નેત્રોમાં પાણી ન આવે ત્યાંસુધી જોયા કરવી તે. આંખમાં પાણી આવે તે પહેલાં બંધ કરવી એને મત્સ્યેંદ્રાદિ ત્રાટક કહે છે. હઠયોગમાં ત્રાટકની આખ્યા એમ આપી છે કે: એકાગ્રચિત્ત કરીને નિશ્ચલ દૃષ્ટિ રાખી, સૂક્ષ્મ લક્ષ્યના ઉપર એકોટસે જોવું. આંસુથી નેત્રમાં પાણી ન આવે ત્યાંસુધી જોયા કરવું. નેત્રમાં પાણી આવતાં જ બંધ કરવું. આને ત્રાટક કહે છે. આનાથી રોગ દૂર થાય છે અને તંદ્રા પણ આવતી નથી. કેટલાક પ્રથમ નાસાગ્ર સ્થાનમાં જોવાનો અભ્યાસ કરી ભ્રૂમધ્ય કિંવા ભ્રકુટિ જોવાનો અભ્યાસ કરે તેથી પણ ત્રાટક સિદ્ધ થાય છે. ત્રાટકનો અભ્યાસ હમેશા કરવાથી દૃષ્ટિ સ્થિર થાય છે, નેત્રરોગ મટે છે, નેત્રનું બળ વધે છે, આળસ અને નિદ્રા ઉપર જય થાય છે, તંદ્રા અને તમોગુણની ચિત્તવૃત્તિનો પ્રતિબંધ દૂર થાય છે.

યોગ અભ્યાસ જેને ત્રાટક એ નામથી ઓળખે છે તે મુદ્રા સાધવાથી દૃષ્ટિ આવી બને છે. એ મુદ્રા સાધવા રીતે કહીએ તો એવી છે કે કોઈ વસ્તુ સામે સ્થિર અને અનિમિષ નજરથી જોવાની ટેવ પાડવી. પ્રાણવિનિમય

ત્રાટક કરવું = આખનું મટકું માર્યા વિના સન્મુખ તાકીને જોઈ રહેવું.

૪. સ. એકદમ; ધસારાબંધ; બિલકુલ અટકચા વગર.

ત્રાટકણી સ્ત્રી. મુસાફરોને લૂંટનારી સ્ત્રી.

ત્રાટકણીનો સ. મુસાફરોને લૂંટનાર; ધોધમાર; બહુ જોરથી. જેમકે, આજે વરસાદ તો ત્રાટકણીનો પડ્યો.

ત્રાટકવું ૧. અ. ક્રિ. ઊતરી પડવું; કોઈના ઉપર અણધાર્યું તૂટી પડવું; ખૂબ જોરથી ઊતરી પડવું.

૨. સ. ક્રિ. ખાળકવું; ઝંપલાવવું

૩. સ. ક્રિ. ઝાપો મારવો; હલ્લો કરવો; અણધાર્યો ધસારો કરવો, ઓચિંતો હુમલો કરવો.

ત્રાટકા પું. બ. વ. ઠઠારા.

ત્રાટકો પું. (ત્રાટકી) નાસપિંગળ માંહેનો એક જાતનો માત્રામેળ છંદ.

ત્રાટલી પું. (જૂ. ગુ.) ટોપલો.

હતી ગુરી પટકુલની,
ત્રાટલી ભાખીયાં લોરણ ભારિ.

ત્રાગવસમય

ત્રાટવું ન. જખ્મો.

જેમ સતી ચાલી બહારે બળવા,
જેવા ભરી લીધે જળ ત્રાટવા,
આવ્ય લાગે ઉઠી જાગશે,
હોલની વસ્તુના ત્રાટવાં.

૩. સા. પરિષદ

ત્રાટી ૧. સ્ત્રી. આડશ; પડદો.

મે બળવું કરિ દૂર કે, કરિ હમ કુદરથી માહીં,
આરે ત્રાટી કપટકે, તાસે દીસત નાહીં.

કબીર

ત્રાપો

૨. સ્ત્રી. વાંસની ચીપોનો બનાવેલો પડદો; ટટ્ટી; તાકું; આડશ; તાકું; ગ્રામડીનો પડદો.

૩. સ્ત્રી. સાંઠી કે કડબની નાની વાડ.

ત્રાકું ૧. ન. આડશ.

૨. ન. ગ્રામડીની આડ, ભીંત કે પડદો; વાંસ, સરાડી વગેરેનો આંતરો; ટટ્ટી; તાકું.

ઘરની ઓસરીમાં સાંઠીઓનું ત્રાકું બાંધ્યું હતું તેમાંથી રહ્યમે વસ્ત્ર ડોકિયું કર્યું ઝોલવર્ત

ત્રાકવું ૧. અ. ક્રિ. ત્રાટકવું.

૨. અ ક્રિ. ત્રાસ પામવું.

૩. અ. ક્રિ. નાસી જવું; ભાગી જવું; ખોવાઈ જવું.

ત્રાકું ૧. વિ. પૂરજોશમાં; ઝડપથી.

૨. વિ. બીધેલું, ફેણ આવેલું; ત્રાસ પામેલું, ભય પામેલું.

ત્રાક (ત્રાક) ૧. સ્ત્રી. ખૂટિયાનું તાકવું તે.

ત્રાક મારવી = ગર્જના કરવી.

૨. સ્ત્રી. ગુમમારણ; ચોરલાકોર.

૩. સ્ત્રી ભારે ત્રાસ; રાડ; મોટી ધૂમ; ગર્જના; તાણીને ભારે ઘાંટે પાડેલી મોટી ધૂમ; ભય ઉપજાવવા અથવા ભય લાગવાથી પડાતો મોટો ઘાંટો; ભયંકર ચીસ.

૪. સ્ત્રી. સોજો.

ત્રાકળ (ત્રાકળ) સ. ત્રાકવું તે; ત્રાક મારવી તે; ગર્જના; રાડ

ત્રાકવું (ત્રાકવું) ૧. અ. ક્રિ. તાણીને મોટે ભારે ઘાંટે બોલવું; તકતકીને ભારે અવાજ કાઢવો; ખિજાઈને ક્રોધથી સામાને ત્રાસ પડે એમ જોરથી બોલવું

૨. અ ક્રિ. ભયંકર મોટી ધૂમ મારવી; ગર્જવું, મોટેથી ઘુરકવું; ગર્જના કરવી.

અમરો સાવજ ચિતા વાઘ કે કેસરી ત્રાકવી રે હોય. નિષ્કારી

૩. અ ક્રિ. મારી પાડવું; તાકવું.

ત્રાકા (ત્રાકા) ૧. સ્ત્રી. એ નામની લેઉવા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ત્રાકિયું (ત્રાકિયું) ન. માંડી કે બારામાં સંરક્ષણ માટેનું એક સાધન.

ત્રાકુકવું (ત્રાકુકવું) અ. ક્રિ. ગર્જના કરવી; તાકુકવું કે ત્રાકવું.

ત્રાકો (ત્રાકો) ૧. પું. ત્રાસક; ઘર.

૨. પું. ભૂતો ડાકો.

૩. પું. તકો; સોનીની ત્રાકડી ને સાંસના ઘોચા ભેગાઈને થતું દુઃખ; ચૂમકું ફેણાવાથી ને સોનું જોર હોવાથી ત્રાકડીમાં તરબ તરબ થતું તે; એક અવયવને દુઃખ થતાં તેની રજે રજ આખેય જીવ અવયવ ઉપર થતું દુઃખ અતિ વેદના; સોનીને લીધે ત્રાકડી તપ્યાર થતી પીડા; તતકટ.

ત્રાક્ષ ૧. ન. કવચ.

૨. ન. કવચ; બખ્તર; રક્ષણનું સાધન.

તપ સંગ્રામનું ત્રાક્ષ, નિયમ ઉરિતની ગુપ્તિ; ક્ષમાબ્રહ્મ ઉદ્ધિમાળીની, મરી તે ધર્મ સારથિ. પ્રતિમાનાટક

૩. ન. ત્રાયમાણા નામની વનસ્પતિ.

૪. [સં.] ન. રક્ષણ; બચાવ; પાલન; રક્ષા.

આંધે આપજ આપને, તેહ કરે જાં ત્રાક્ષ. તુલસીસતસઈ

૫. ન. ઢાલ; આગર.

૬. વિ. રક્ષણ કરેલ; બચાવેલ.

ત્રાક્ષક [સં.] પું. રક્ષક.

ત્રાક્ષકર્તા ૧. [સં. ત્રાક્ષકર્તૃ] વિ. ઓઢાનાર; ઢોદાર કરનાર.

૨. વિ. રક્ષણ કરનાર.

ત્રાક્ષા [સં.] સ્ત્રી. ત્રાયમાણા નામની લતા.

ત્રાક્ષી વિ. રક્ષણ કરનાર.

ત્રાક્ષ્ય [સં. ત્રિનપતિ-ત્રયોનપતિ-તેજપર્ણ] વિ. નેવું ને ત્રણ; ૯૩; ત્રાણું.

ત્રાણું જુઓ ત્રાક્ષ્ય.

ત્રાત ૧. [સં.] ન. આશ્રય; શરણ.

૨. ન. રક્ષણ; બચાવ.

૩. વિ. રક્ષણ કરેલું; બચાવેલું; ત્રાતન કરેલું.

ત્રાતવ્ય [સં.] વિ. રક્ષા કરવાને યોગ્ય; બચાવવાને લાયક.

ત્રાતા ૧. [સં. ત્રાતૃ] પું. પુરુષોત્તમનો ઉત્તર માર્ગનું એક નામ.

ત્રાતા માર્ગ ખાલ સો ગાઉ,
અંતરિયે ઘોર અંધારું છે. સાક્ષ

૨. પું. રક્ષણ કરનાર; રક્ષણકર્તા; સંરક્ષક; બચાવનાર.

૩. વિ. તારક; રક્ષક.

૪. વિ. દયાળુ.

૫. વિ. પાલક.

૬ વિ. મોટું.

૭. વિ. શરણ આપનાર.

ત્રાતાર [સં ત્રાતૃ] પું. રક્ષક.

ત્રાન્સફેર ડીડ [અં.] ન. શેરમાંનું એક નામ કરી બીજું કરવાનો દસ્તાવેજ.

ત્રાન્સફેર ડીડમાં લખેલી કલમ ઉપર સ્ટાંપ ફી આપવી પડશે. ઝોલવર્ત

ત્રાપ ૧. સ્ત્રી. ત્રાંસ; ટેકો.

૨. સ્ત્રી. કુમળો.

તે રાજા જો નાનાં છોકરાંને અણસમજમાં મારી નાખવાલાયક ખૂન હકો પર ત્રાપ પાડી શકે છે. સૌરાષ્ટ્ર કેસરી

ત્રાપ મારવી = (૧) ત્રાંસ મારવી; ટેકો મારવો. (૨) ઠુંઠી દેવું

ત્રાપટ સ્ત્રી. ઘણો ખોરાક ખાઈ જવો તે; અતિ આહાર કરવો તે.

ત્રાપડ (ત્રાપડ) ૧. પું. ગરમી સહન ન થઈ શકે તેવો શરીરને થતો એક જાતનો રોગ.

૨. સ્ત્રી. અકરાંતિયાપણું.

ત્રાપડ કેવી = ખૂબ ખાવું.

૩. ન. ચૂલ્હાપાટ; ત્રાપડું.

૪ ન. ભક્ષા રેસાઓનું કપડું; ભીંડી, કાચ વગેરેના રેસાના વણાટનું કપડું.

ત્રાપડવું (ત્રાપડવું) સ. ક્રિ. ખૂબ ખાવું.

ત્રાપડું (ત્રાપડું) ૧ [સં. તરાણ] ન. ભક્ષા રેસાનું કપડું; ઝલિયું; ચૂલિયું; કાચના ગોબલાનું કપડું; ભીંડી, કાચ વગેરેના રેસાના વણાટનું કપડું; ચૂલ્હાપાટ; ત્રાપડ.

૨. ન. તરાપો; વાંસ કે લાકડાને ગોઠવીબાંધીને બનાવેલો પાણીમાં તરે તેવો પાટ જેનો માલ ચાપે.

ત્રાપડી (ત્રાપડી) સ્ત્રી. ઘોબાવાળી; ખૂબ ખાવું તે.

ત્રાપમાન જુઓ ત્રાપમાન.

ત્રાપમાન ન. એક જાતની વનસ્પતિ; જંગલી સિતાબ.

ત્રાપા પું. સિક્કાની

ત્રાપિજોઇડ ન (ગણિત) જેની કોર્ડ બે બાજુ સમાંતર ન હોય તેવી ચાર બાજુની આકૃતિ; 'ટ્રપિજોઇડ'.

ત્રાપિજ્યમ ન. (ગણિત) બે સામસામી બાજુ સમાંતર હોય અને બીજી બે સમાંતર ન હોય તેવી ચાર બાજુની આકૃતિ; 'ટ્રપિઝિયમ.'

ત્રાપુષ ૧. [સં.] વિ કથીરનું બનાવેલ, કથીરવું.

૨. વિ. સીસાનું બનાવેલ.

ત્રાપો ૧. પું. જથ્થો; સમૂહ.

૨. પું ઢગ; ઢીમ.

ત્રાપો તરવાને અને ત્રાપો માણસનો ભેગ;
ત્રાપો ભેગાને હોમ તે, ત્રાપો કારમાને ભેગ.

૧. ત્રાપો જામવો = ઘણી ભીડ થવી; મજકૂબ ભેગાભાવે બનવું.

૩ [સં ત્ર (તરતુ)] પું. તરાપો; ત્રાપો; નદી વગેરે પાર ઊતરવા માટે કરેલ ગોઠવું; વાંસ કે લાકડાંને ગોઠવીબાંધીને

બનાવેલો પાણીમાં તરે તેવો પાટ જેવો પદાર્થ; નદી ઓળંગવા માટે તરવાનું કરેલ સાધન.

માગે પવિત્ર જળ કૃષ્ણ કરી યમુના,
આપ્યો કરી ઊતરી વહાણ વાંસનો ત્યાં.

રામાયણસાર

૪. પું. તાપણાં કાળાં, વાંસ કે લાકડી બાંધીને બનાવેલું સપાટ સાધન. કઠિયા, સુતાર વગેરે કારીગર ઊંચાઈએ કામ કરવાનું હોય ત્યારે પોતાને બેસવા ઊભવા માટે આવા પાટા અહર બાંધે છે.

૫. પું. થાન; કાચું નાળ; એકબીજાને આશ્રયે જોડાઈ રહેલો સમુદાય; સંસારસાગર તરવાને એક સાથે જોડાયેલું કુટુંબ; એકબીજાની સહાયથી તરતો કે ચાલતો વહેવાર કે વહીવટ.

આપો તૂટ્યો ન સંસાર આત્મનો; કુટુંબના
બંધનું તૂટી જવું.

૬. પું. શરીર ઉપર ભભેસો પડ્યો મેલ; શરીર ઉપરનો મેલનો થર.

આય ૧. પું. રક્ષણ કરનાર માણસ; બચાવનાર વ્યક્તિ; પાલક; તારનાર પુરુષ.

૨. પું. શરણ આપનાર માણસ

૩. [અં. ટે] સ્ત્રી. બાળ; તાલક.

૪. અ. બહુધા; બાલ; બરાબર; પાકું કરીને.

તેમ આવા ને અન્ન સહજ સરજ્યું,
જે આય પોતાના બચ્યા. અખો

આયબણ જુઓ આયમાણ.

આયમાણ ૧. સ્ત્રી. ઊખ, દીપન અને મૂત્રલ એક જાતની વનસ્પતિ. તેનો છોડ આશરે બેત હોઈ બેત ઊંચો થાય છે. તેમાં કાંટા હોય છે તેનાં ફૂલ પીળાં અને ફળ અને બિયાંમાં વેંચાઈ ગયેલા હોય છે. ઔષધમાં તેનું પંચાગ વપરાય છે અને તે રેચવાના કામમાં ઉપયોગી છે. તેમાંથી પીળો રંગ તૈયાર થાય છે. કેટલાક લોકો તેનો બસાલા તરીકે ઉપયોગ કરે છે અને બીજી ચીજો સાથે પાકમાં અને પાચનના ચૂર્ણમાં તે પડે છે. તેથી પીડાની શાંતિ થાય છે. જરૂરમાં, કમળામાં અને કેટલીક જાતના શોથમાં તે વપરાય છે. જખની સાથે તેની પોટીસ કરવામાં આવે છે અને પાકયુક્ત સોજા ઉપર તે લગાડાય છે. આ વનસ્પતિ કડવી, રેચક, શીતળ છે અને પિત્ત રોગ, ઊલટી, તાવ, ગોળો, કૃમિ, વિષ, ક્ષય, ભ્રમ, રક્તરોગ, કુષ્ઠ, આનિ, તૃષ્ણ, હૃદ્રોગ, રક્તપિત્ત તથા ત્રિદોષનો નાશ કરે છે. એની શળાઓ અને ફૂલો રેચની કપડાં રંગવાના કામમાં આવે છે.

૨. [સં.] વિ. રક્ષણ કરતું; બચાવતું.

આયમાણા [સં.] સ્ત્રી એક જાતની લતા; આયમાણ લતા.

આયમાણી સ્ત્રી. સુવાદાણી.

આયમાન જુઓ આયમાણ.

આયસિરા જુઓ આયસિરાક.

આયસિરાક પું. (જૈન) એક જાતના દેવ. તેના ૮૬ લાખ આલિકોનાં વિમાનો, દેવો વગેરે સર્વની ચિંતા કરનાર હોવા સાથે શાંતિક, પૌષ્ટિક કર્મ કરનારા હોઈ મંત્રી અને પુરોહિત કે રાજ્યોરનું કામ પણ કરનારા હોય છે. તેઓની તેત્રીસની સંખ્યા મનાય છે.

આયસિરાત જુઓ આયસિરાક.

આયસિરાપતિ [સં.] પું. જુઓ.

આયંતી ૧. [સં.] સ્ત્રી. આયમાણ નામની વનસ્પતિ.

૨. વિ. સ્ત્રી. રક્ષણ કરતી.

આયે પું. બાળ; ભોર.

આરાકડો (આરકડો) પું. ગ્રાહ્ય ભીનને કોઠામાં આવવા પોતાના ઉપર કરેલી જબરદસ્તી.

આરા ૧. પું. ઉદ્દનીલ રત્નના સાત ભાદેનો એક દોષ.

૨. પું. કમકમાટી.

૩. પું. કંટાળો; બજવણી.

૪. પું. ચીક.

૫. પું. ભુલમ.

૬. પું. કબેરાત ભાદેની એક જાતની ભેજ.

૭. પું. તાસ; તાસક; છીછરી થાળી; કમરોટ.

૮. પું. ગાજવું; કાંટો.

૯. [સ.] (બહુ) પું. બાકા; કર; બાજ; બીક.

૧૦. પું. પીડા; કષ્ટ તકલીફ; દુઃખ.

૧૧. પું. બાંકપણું.

૧૨. પું. (જૈન) સંસારી બાબતના તેત્રીસ ભાદેનો એ નામનો એક ભેદ.

૧૩. સ્ત્રી. તરસ.

૧૪. વિ. રેચવાળું.

આરાક ૧. સ્ત્રી. તાસક; નાની છીછરી થાળી; બીબું; રકાબી.

૨. વિ. દૂર કરનાર; નિવારક.

૩. વિ. પીડાકારી.

આરાકર [સં.] વિ. કબેરક; ત્રાસ ઉપજાવનાર.

આરાકારક ૧. વિ. કમકમાટ ઉપજાવે એવું.

૨. વિ. બુલમગાર.

૩ [સં.] વિ. ત્રાસ આપે એવું; પજવનારું, કંટાળા ભરેલું.

૪. વિ. કબેરક; બીક ઉત્પન્ન કરે એવું.

આરાકારી જુઓ આરાકારક.

આરાકોષ ૧. પું. દોષવાળા હીરા વાપરવાથી થતું અનિષ્ટ

૨. પું. હીરા મહેની એક પ્રકારની બાબી.

આરાજન ૧. [સં.] પું. મહાદેવનું એક નામ.

૨. ન. ત્રાસ પમાડવો તે; ભય ઉપજાવવો તે.

૩. ન. દુઃખ દેવું તે.

૪. વિ. ત્રાસ ઉપજાવનાર; બબેરક; નિવરાવનાર.

આરાગ્રહ [સં.] વિ. ત્રાસ આપનારું.

એ બૌબર રાજના સમયના ત્રાસગ્રહ બોબ્બો
તે કૂવો સંભરે છે. કેરાવ ધબંક

આરાજાત [સં. આરાજત્] વિ. ભયભીત.

આરાવાદ [સં.] પું. ત્રાસ દેવાય એમ કરવાથી દુઃખ છે એવો રાજકીય મત; ટેરરિઝમ.

આરાવાદી [સં. આરાવાદિન્] પું. ત્રાસ દેવાય એમ કરવાથી દુઃખ છે એવા રાજકીય મતમાં માનનાર.

આરાવાદીઓની પદ્ધતિ સામે કોઈને કશી જેના
કેમ નથી. મહાદેવ દેસાઈ

આરાવું ૧. [સં. ત્રસ્ (બીવું)] અ. ક્રિ. કમકમવું; ત્રાસ પામવું.

૨. અ. ક્રિ. કંટાળવું.

૩. અ. ક્રિ. બજારવું; મૂંઝાવું; અકળાવું.

૪. વિ. બીવું; ભય લાગવો; ગભરવું; ડૂબવું; ગભરી જવું.

૫. અ. ક્રિ. હબકી જવું.

આરાસંચારી [સં. આરાસંચારિન્] પું. એક પ્રકારનો ભાવ. અણચિંતવ્યું અહિત પ્રાપ્ત થવાથી અવિચારિત ચિત્તવિકારને આરાસંચારી કહે છે.

આરાવા વિ. બીવેલું.

આરાસિક વ. એ. જાતનું હથિયાર.

આરાસિત ૧. [સં.] વિ. કમકમાટીવાળું; ત્રાસેલું; ત્રાસ પામેલું.

૨. વિ. કંટાળેલું.

૩. વિ. ગભરાયેલું; બજારેલું.

૪ વિ. બીધેલું; ભયભીત; ભય પમાડેલું; નિવપ્રવેલ.

૫. વિ. હબકી ગયેલું.

આરાસી [સં. ત્રાસિન્] વિ. પોતે બીએ અને બીજાને બિવડાવે તેવું; ભયવાળું; ત્રાસવાળું.

આરાસું ૧. વિ. કોળો તરડાઈ ગયો હોય એવું; કતરાવું બેતું; ભાડું.

૨. વિ. વાકું; તિરકસ; ત્રાસું.

આરાસ્ત વિ. બીધેલું.

ત્રાહુ ૧ અ. દયા બતાવનાર ઉદ્‌ગાર.
૨. અ. દયા લાવો; બચાવો.

ત્રાહિ ૧. [સં.] અ. તારો, રક્ષણ કરો, બચાવો, એવો ઉદ્‌ગાર.
૨. અ. તોબા; ગજબ એવો કંટાળા ને ત્રાસનો ઉદ્‌ગાર.

ત્રાહિકાર [સં.] પું. દયાને માટે બૂમ.

ત્રાહિત ૧. પું. પંચ; તટસ્થ આદમી.
૨. [સં. તિરોહિત] વિ. ઓળખાયું કે સંબંધવાળું નહિ એવું; પરાયું; પક્ષકાર કે જણથી જુદું કોય એવું; અજાણ્યું; સંબંધ કે લાગતું વળગતું ન હોય એવું; બે જણ અથવા કજિયામાં જે બે પક્ષ પડેલા હોય તેમાંના કોઈના તરફનું નહિ એવું; પક્ષકારોથી જુદું
૩. વિ. તટસ્થ.

ત્રાહિતોબા [ત્રાહિ (બચાવો એવો ઉદ્‌ગાર) + તોબા (ત્રાસ કે કંટાળાનો ઉદ્‌ગાર)] અ. બચાવો, હવે કદ બસ એવો ઉદ્‌ગાર.

ત્રાહિ ત્રાહિ [સં.] અ. રક્ષણ કરો, બચાવો બચાવો એવો ઉદ્‌ગાર.
લોકોમાં હાહાકાર થઈ ગયો, ત્રાહિ ત્રાહિની ચારે કોર થઈ રહી, રાજાનાં માણસ આવીને કરવા આમતેમ આથડ્યા. કનકતુમ
ત્રાહિ ત્રાહિ કરવું = દયા બચવા રક્ષા માટે પ્રાર્થના કરવી; ફરિયાદ કરવી.

ત્રાહિ મામ [સં.] અ. મને બચાવ, મારું રક્ષણ કર, મને તાર એવો ઉદ્‌ગાર.
ત્રાહિ મામ કરાવવું = તોબા પોકરાવવા.

ત્રાહ્યે અ. ત્રાહિ; તોબા; ત્રાહ; રક્ષણ કરો, બચાવો એવો ઉદ્‌ગાર.

ત્રાહ્યેત જુઓ ત્રાહિત.

ત્રાહ્યે ત્રાહ્યે અ. ગુજરાતનો પોકાર.

ત્રાહ્યો જુઓ ત્રાહિ.

ત્રાંક જુઓ ત્રાક.

ત્રાંગડે (ત્રાંગડે) અ. મેલા રેલા ન હોય એવી રીતે; મોદરકારીથી.

ત્રાંગડે ઘા (ત્રાંગડે ઘા) પું. બીજાની દરકાર ન હોય એવી વૃત્તિ; બીજાનું ગમે તેમ થાય પણ પોતાનું ભલાનું રાખવું એવું વલણ.

ત્રાંજ્ય (ત્રાંજ) સ્ત્રી. સારી જાતના પ્રકારની રતાશ પડતા રંગની માટી.

ત્રાંજ્યાં (ત્રાંજ્યું) ન. વ. ઘ. તાંબા પિત્તળનાં વાસણ.

ત્રાંબડિયા (ત્રાંબડિયા) ૧. સ્ત્રી. એ નામની કડવા કબૂતરની એક જાત.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ત્રાંબડિયાવાડ (ત્રાંબડિયાવાડ) સ્ત્રી. તાંબાનાં વાસણ બનાવી વેચનારાઓની દુકાનોવાળો હરતો; ચોરાસી પેઢીનું એક ચોટું.

ત્રાંબડિયો (ત્રાંબડિયો) પું. તાંબાનાં વાસણનો વેપારી.

ત્રાંબડી (ત્રાંબડી) ૧. સ્ત્રી. એક જાતનું માણેક.
૨. સ્ત્રી. પગતા મોટાનું તથા પહોળા ચેટાળનું ઢાંકણ; તાંબા પિત્તળની વાટલોઈ; ઝમરો; તાંબડી; તાંબાનું પ્રવાહી ભરવાનું કે બી પીરસવાનું પાત્ર.
ત્રાંબડી ફેરવવી = (૧) ઉપર બી પીરસવું. (૨) બીજા આગળી.

ત્રાંબ્રું (ત્રાંબ્રું) ન. તાંબા પિત્તળનું વાસણ.

ત્રાંબ્રો ઘા (ત્રાંબ્રો ઘા) પું. કાંઈ પણ નુકસાની ન હોવાપણું

ત્રાંબાકાંદો [તાંબું + કાંદો (ત્રાલ્યુ)] પું. તાંબાના વેપારીઓવાળો હરતો; ચોરાસી પેઢીનું એક ચોટું.

ત્રાંબાકૂંડી સ્ત્રી. તાંબાકૂંડી.

ત્રાંબાચાર સ્ત્રી. એક જાતની ઝીંજર.

ત્રાંબાનાણું ન. તાંબાનાણું.

ત્રાંબામહોર ૧. સ્ત્રી. તાંબાનાણું; તાંબાનો સિક્કો.
૨. સ્ત્રી. તાંબાની સીલ.
૩. સ્ત્રી. પૈસો; ૧ આનો.

ત્રાંબારાખ સ્ત્રી. ધાતુમાંની કાટ પૂરવા માટે તાંબાના ભૂકા સાથે મેળવણી કરી બનાવેલ રેણ; તાંબારાખ.

ત્રાંબાલુ ન. તાંબાના કોપ ઉપર બહેલ હોય; નોબત; કંઠો.

ત્રાંબાલેખ પું. તાંબાના પતરા ઉપરનો લેખ.

ત્રાંબાવરણું વિ. રાતું; તાંબાના રંગનું.
અમ સહુ અમ બીયડું, ત્રાંબાવરણું જેહ;
અમે મગાનું જોકતા? આણી આપે એહ.
દુહો

ત્રાંબાસાળ પું. એક જાતની ઝીંજર.

ત્રાંબાહર પું. (જા. પ્ર.) તાંબું પકડનાર માણસ; તાંબાવાળો; કંસારો.
કંસારા ત્રાંબાહર સબડે,
ચાલ્યે કાર નાક જરડે. કનકદેવપ્રબંધ

ત્રાંબાળુ ૧. પું. તાંબાનો ઢોલ; તાંબાનું નગારું; નોબત.
૨. વિ તાંબાનું બનાવેલ; તાંબાનું

ત્રાંબિયો ૧. પું. તાંબાનો લોટો; કળશિયો.
૨. પું. પૈસો, તાંબાનો જૂજ કીમતનો સિક્કો; દોકડો; જનાદિ
આવું છે પરમજાદા,
આવડો આવડસે ફેર,
એક લાખ દેવાં ના મળે,
એક ત્રાંબિયાના તેર લોકસાહિત્ય

ત્રાંબી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ત્રાંબું ન. એ નામની એક ધાતુ; તાંબુ.
ત્રાંબાનો રૂપિયો = (૧) અસાધ્ય રોગવાળો બીમાર માણસ. મરો માણસ ન કહી એમ કોય ત્યારે આખરે તાંબાનો રૂપિયો છે એમ બોલાય છે. (૨) ચાંદીને બદલે તાંબાના સિક્કા ઉપર કોપ ચડાવેલો રૂપિયો.

ત્રાંસ ૧. પું. તાંબાની રકાબી; તાસક.
૨. પું. તાંસળી; તાંબાનો મોટો વાટકો.
૩. પું. ત્રાંસાપણું; વાંક; વક્રતા.
૪. પું. માણસને સૂંઘણાવવા તેના નાક ઉપર નાખવામાં આવતું દોરડું કે લૂગડાનો કટકો; આડ; આંતરો; રીકડવું તે; બંધ કરવું તે; ફાળીને માર્ગ બંધ કરવો તે; ઉેક; ફાંસ; ફાંસો.
૫. પું. બજનું કાટલું.

ત્રાંસલ વિ. ત્રાંસું.

ત્રાંસળિયાં ન વ. ઘ. તાંસળીઓ.

ત્રાંસળિયું સ્ત્રી. વ. ઘ. તાંસળીઓ.
ત્રાંસળિયું અઢખડી પડવી = બજારોના રોટલા ટળી જવા.

ત્રાંસળી સ્ત્રી. ચલાણું; ગંજિયાના જેવો વાટકો; તાંસળી; પહોળો વાટકો
કાકરને વાળી નહિ, નહિ ત્રાંસળીનું નામ;
જે બનાવનું ધાન, રોમાં બાવું સામળા.
સામળો

ત્રાંસણું ન. તાંસળું; ત્રાંસાનો જીણકો વાટકો.

ત્રાંસાબાંકું વિ. વાકુંચૂકું; બૂરા પાકવું.

ત્રાંસાં [અ. તાક] ન વ. ઘ. તાકો; પહોળા ને ચપટા નગારાં; પેટ ઉપર રાખી નેતરની પાતળી સોટીઓથી વગાડવાનાં નગારાં. તેનો આકાર કંકના જેવો પણ ચપટો ને નીચલો ભાગ ધાતુનો બનેલો હોય છે. તે બંને જેરવી નેતરથી વગાડાય છે. હિંદુઓમાં લગ્ન વખતે જાન વાજા સામેના તથા વરઘોડા વખતે પણ બંને હોય ત્યારે વગાડવામાં આવે છે. નાના ત્રાંસાને ત્રાંસો કહે છે.

ત્રાસિયો ૧. પું. ઢંસાનો પહોળો મોટો ચાટડો.
૨. પું. તાંબાની રકાબી; તાસક
૩. પું. ત્રાંસાપણું; વાંક.
૪. પું. હાસ; હાસો.
૫. પું. વજન; કાટલું.
૬. વિ. પું. ત્રાંસું જોનારો

ત્રાંસું ૧. ન. એક જાતનું નગારું; તાસું. જુઓ ત્રાંસાં.
૨. વિ. ડોળો તરડાઈ ગયો હોય એવું; કતરાતું જોતું; ખાડું.
૩. વિ. વાંકું; કતરાતું; ત્રિરોળ પડે એમ રહેતું; અકડાતું; આડું; ખૂણા પડતું.

ત્રાંસ્યાં ન. બ. વ. ઢાળ ઓળવાની એક પદ્ધતિ.

ત્રિ ૧. [સં.] વિ. ત્રણ.
૨. અ. ત્રણ વખત.

ત્રિઅવયવી વિ. ત્રણ અવયવવાળું.

ત્રિઅંકી વિ. ત્રણ અંક કે ભાગવાળું.

ત્રિઆત્મા સ્ત્રી. બોડાની એક પીગી ચાલ. તેમાં બોડો હાથ અને માથું ટટ્ટાર રાખે છે. આ મૂર્તિમાં તે કદાચ ત્રણ પગ વાપરે છે.

ત્રિઆલય પું. જમીનનો ત્રણ તરેહના પડાળો ભાગ. જર્મનિ તથા પશ્ચિમ યુરપમાં આવા ભાગ સ્પષ્ટ દેખાય છે અને તેમાં ખુલ્લા રાતા ઈંટના બેળુપાષાણ, જિપ્સમ અને સિમેન્ટનાં પડોવાળા માટીનાં પડો અને ચૂર્ણપાષાણ જોવામાં આવે છે.

ત્રિઆસિક પું. ત્રિઆસ એટલે ત્રણ તરેહનાં પડો જ્યાં તે સમય. આ સમયમાં અમુક જાતના પ્રકોપ વડે જ્વાળામુખીઓ ફાટી નીકળ્યાનું પણ જણાય છે.

ત્રિઉત્પાત પું. ભૂમિના ભૂકંપાદિ, અંતરિક્ષના ઉલ્કાપાતાદિ અને આકાશના અકસ્માતિકાદિ એવા ત્રણ પ્રકારના ઉત્પાત.
ત્રિઉત્પાત કેસે ન ભેદ,
જાયે સર્વ તહાં જ્યાં ઉદ. પ્રેમાનંદ

ત્રિઉષ ૧. [સં.] પું. ગોખરુ.
૨. ન. ઓં; ૐ; પ્રણવ.
૩. ન કરોડનો નીચલો ભાગ; કરોડ નીચેનાં ત્રણ અકડાં; ત્રિકોત્થાસ્થિ; ત્રિકાસ્થિ; કેડનો પાછલો ભાગ, જ્યાં કરોડ, શ્રોણિફલકો તથા ત્રિકાસ્થિ પરસ્પર જોડાય છે; કમર.
૪. ન. ત્રણ માર્ગ ભેગા થતા હોવું સ્થળ; ત્રણ રસ્તાનો સંગમ.
૫. ન. ત્રણ વસ્તુનો સમુદાય; ત્રણનું ટોળું; ત્રિપુટી; ત્રય.
૬ ન. ત્રિકટુ; સૂઠ, મરી અને પીપર.
૭. ન. ત્રિફળા; હરડાં, બેડાં ને આંબળાં.
૮. ન. પીઠનો સાંધો.
૯. ન. ગોખરુ.
૧૦. વિ. ત્રીજું.

ત્રિકક ન. ત્રણનો સમૂહ.

ત્રિકકુકુદાદ્રિક પું. પગનો એ નામનો એક રનાયુ.

ત્રિકકુત પું. (પુરાણ) સોમવંશી અયુપુત્ર અનેનાનો એ નામનો પ્રપૌત્ર. એને ધર્મસારથિ નામે પુત્ર હતો.

ત્રિકકુદ ૧. [સં. ત્રિકકુદ્] પું. ત્રણ શિખરવાળો પર્વત; ત્રિકૂટ પર્વત.
૨. પું. દસ દિવસમાં બનારો એક પ્રકારનો યજ્ઞ.
૩. પું. વિષ્ણુ.
૪. વિ. ત્રણ ખૂંધવાળું.
૫. વિ. ત્રણ શિખરવાળું.

ત્રિકકુન્મંત્ર [સં.] પું. શિવના ઉત્તર માર્ગનું એક નામ.

ત્રિકકુબ્ધામ [સં. ત્રિ (ત્રણ) + કકુભ્ (ઓલા) + ધામન્ (સ્થળ)] પું. વિષ્ણુના ઉત્તર માર્ગનું એક નામ. ઊંચે, નીચે અને મધ્યમાં અનુક્રમે સ્વર્ગ, ભૂમિ અને પાતાળ લોકમાં અનુક્રમે આ લોક, પરલોક અને અપવર્ગમાં, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે સ્થિતિઓમાં અધિકારી, એકની એક સ્થિતિમાં રહેનાર અધિષ્ઠાનરૂપ પણ વિષ્ણુ જ છે. તેથી તેમનું આ પદ કહ્યું છે.

ત્રિકકુભ ૧. [સં. ત્રિકકુભ્] પું. ઉદાન વાયુ. તેનાથી ઓડકાર આવે છે.
૨. પું. એ નામનો નવ દિવસમાં બનારો એક પ્રકારનો યજ્ઞ.

ત્રિકકૂટ ૧. [સં.] પું. ત્રણ શિખર હોય તેવો પર્વત.
૨. પું. ત્રિકૂટ પર્વત.
૩. પું. વિષ્ણુ.

ત્રિકગુહા [સં.] સ્ત્રી. ત્રિકાસ્થિનો અંદરનો પોલો ભાગ.

ત્રિકગ્રહ [સં.] પું. ત્રિકનું જકડાઈ જવું તે.

ત્રિકજઘનસંધિ [સં.] પું. પેડુ અને થાપાનાં હાડકાંનો સાંધો.

ત્રિકજઘનિક પું. ત્રિકાસ્થિની દરેક બાજુએ આવેલા એ નામના બબે માંહેનો દરેક રનાયુ. આગલા બંને રનાયુ અગ્રિમ ત્રિકજઘનિક અને પાછલા બંને રનાયુ પશ્ચિમ ત્રિકજઘનિક તરીકે ઓળખાય છે. તેઓ જાડી પટ્ટી જેવા અને અત્યંત મજબૂત હોય છે.

ત્રિકટ ૧. [સં.] પું. ગોખરુ.
૨. પું. ગોખરુનો છોડ
૩. પું. હિંદુસ્તાનના મુખ્ય અઢાર માંહેનો એ નામનો એક પર્વત.

ત્રિકટક વિ. જેમાં ત્રણ કાંટા હોય તેવું

ત્રિકટુ [સં.] ન. કટુત્રિક. ત્રણ પદાર્થ; ત્રણ તીખાં અને ગરમ ઔષધો; સૂંઠ, મરી અને પીપર. તે ઉષ્ણ, દીપન, પાચક અને વાતહર તરીકે ૨૦થી ૬૦ પ્રકારની માત્રામાં અપાય છે.

ત્રિકટુક [સં.] ન. સૂંઠ, મરી અને પીપર એ ત્રણ ઔષધિ.

ત્રિકણી વિ. ત્રણ ધારવાળું

ત્રિકત્રય [સં.] પું. ત્રિકથા, ત્રિકટુ અને ત્રિભેદ; હરડાં, બેડાં ને આંબળાં, સૂંઠ, મરી ને પીપર તથા મોથ, ત્રિફળા અને વાવડિંગ એ બધાંનો સમૂહ.

ત્રિકદ્રુક ૧. [સં] પું. જ્યોતિ, આયુષ અને ગો એ ત્રણ પાક. જ્યોતિર્યોગ, ગોયોગ અને આયુર્યોગ એ ત્રણ યોગ ત્રિકદ્રુક કહેવાય છે.
૨. પું. પીવાનું પાણી

ત્રિકનચિક ૧. વિ. (જૈન) ત્રણ નયવાળું સૂત્ર.
૨. વિ. (જૈન) દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક અને ઉભયાર્થિક એમ ત્રણ નયનો આશ્રય કરનાર.

ત્રિકનાડીજાલ (ત્રિકનાડીજ્વાલ) પું. ત્રિકના ભાગમાં આવેલી નાડીઓનો સમૂહ.

ત્રિકપક્ષ પું. ત્રિકાસ્થિનો તેની બાજુએ આવેલાં છિદ્રોની બહારનો પ્રદેશ.

ત્રિકપટ્ટિકપાદ પું. ત્રિપટકપાદ; ત્રિદલકપાટ.

ત્રિકપશ્ચિમગામિની નાડી (ત્રિકપશ્ચિમગામિની નાડી) સ્ત્રી. ત્રિકાસ્થિની પાછલી બાજુએ આવેલાં છિદ્રોમાંથી નીકળતી નાડી.

ત્રિકપશ્ચિમા [સં.] સ્ત્રી ત્રિકાસ્થિની બાજલી બાજુ ઉપર આવીને અધિશ્રોણિકા આભ્યંતરીને મળતી એ નામની શિરા.

ત્રિકપાદ [સં.] પું. ત્રિકાસ્થિનો નીચલો ખૂણો અનુત્રિકાસ્થિના ઉપલા ભાગ સાથે જ્યાં જોડાય છે ત્યાં બંને બાજુએ આવેલા બે ગોળ ઊપસેલા ભાગમાંનો દરેક.

ત્રિકપાર્શ્વિકા [સં.] સ્ત્રી એ નામની એક ધમની. તેની ઊંચે અને નીચે જતી બે અનુશાખા

ત્રિકસ્થિ ઉપર આવેલાં છિદ્રો મારફત તેમાં પેસી તેમાં રહેલી નાડીઓને પોષણ આપે છે. સામાન્યપણે એ જ છિદ્રો મારફત બહાર નીકળી ત્રિકાસ્થિની પીઠ ઉપર બધા છે અને તેના ઉપર આવેલી પેશીઓને તેમ જ ચામડીને લોહી પૂરું પાડે છે.

ત્રિકપાર્શ્વિકા ધમની જુઓ ત્રિકપાર્શ્વિકા.

ત્રિકપુચ્છાસ્થિસંધિ [સં.] પું. પૂંછ અને પૂછડાના હાડકાનું જોડાણ.

ત્રિકપુરોગામિની નાડી (ત્રિકપુરોગામિની નાડો) સ્ત્રી. ત્રિકાસ્થિની આગલી બાજુ ઉપર સંધાનરેખાના છિદ્રોમાંથી બહાર નીકળતી એ નામની નાડી.

ત્રિકપુષ્ટિકાકલા સ્ત્રી. કટિપૃષ્ઠચ્છદા પ્રાવરણી.

ત્રિકભિન્ન સ્ત્રી. (સંગીત) ગમકના સાત પ્રકારોનો એ નામનો એક પ્રકાર. એક સ્વરનો સ્પર્શ માત્રથી કરવું સાથે તેનાથી નીચા બીજા સ્વર ઉપર મુરકીઓ સાથે આવી, ને સ્વરનો ધ્વનિ ઉત્પન્ન કરી, તેનાથી નીચા ત્રીજા સ્વરથી ગૌણ સ્વર ઉપર વિરામ પામવું તેને ત્રિકભિન્ન નામની ગમક કહેવામાં આવે છે.

ત્રિકમ ૧. [સં. ત્રિ (ત્રણ) + ક્રમ (પગલું)] પું. વિષ્ણુ; વામનરૂપ; ત્રણ પગલામાં બધું સમાવી દેનાર પ્રભુ. વામન અવતારમાં ત્રણ પગલાંથી સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ જીતી લીધું હતું તે ઉપરથી તેમનું આ નામ પડ્યું છે

આને બળવું કેહ, આદિ અવની એહના,
બોલી બીજા મેહ, ત્રિકમ હાલી આવશે.
દિનકર

૨. સ્ત્રી. જમીન ખોદવાનું ખોદાનું હથિયાર.

ત્રિકમજી જુઓ ત્રિકમ ૧.

ત્રિકમધ્યમાધમની [સં.] સ્ત્રી. કેડના ભાગમા આવેલી એ નામની એક ધમની.

ત્રિકમધ્યા [સં.] સ્ત્રી. એ નામની એક સ્ત્રિયા. આ સ્ત્રિયા ગ્રીવી અધિશ્રોણિકા સાધારણી સ્ત્રિયામા ભોંકી દાબવે છે. તે મહાધમનીના બે વિભાગ થયા પહેલાં, તેની પાછલી બાજુ ઉપરથી નીકળે છે અને ત્રિકાસ્થિ તથા અનુત્રિકાસ્થિની આગલી બાજુએ મધ્યરેખામાં નીચે ઊતરે છે. તે ત્યાં આવેલા ધમિ અને સિરાઓના મૂલભૂત, પગોનાં નાના ધમિ જેવા એક નાડીકંદને તેમ જ ગુદાને પોષણ આપે છે.

ત્રિકમૂલ [સં.] ન. ત્રિકાસ્થિનો નીચલો ખૂણો. તે અનુત્રિકાસ્થિના ઉપલા છેડા સાથે જોડાય છે.

ત્રિકમૂળ જુઓ ત્રિકમૂલ.

ત્રિકરણ [સં.] ન. (જૈન) મન, વચન અને કાયા એ ત્રણ કરણ.

ત્રિકરણયોગ [સં.] પું. (જૈન) ત્રણ કરણ ને ત્રણ જોગ. કરવું, કરાવવું અને કરતાં રાજી થવું એ ત્રણ કરણ અને મન, વચન અને કાયાનો આપણે તે ત્રણ યોગ કહેવાય છે

ત્રિકરણશુદ્ધિ [સં.] સ્ત્રી. મન, વચન અને કાયા એ ત્રણેની શુદ્ધિ.

ત્રિકર્ણ [સં.] પું ત્રણ કાનવાળો ઘોડો.

ત્રિકર્ષી [સં. त्रिकर्षिन्] પું. કાળી કીકીવાળો અને કાનની પાસે કાન જેવા ચિહ્નવાળો ઘોડો.

ત્રિકર્મા ૧. [સં. त्रिकर्मन्] પું. દાન, યજ્ઞ તથા અધ્યયન એ ત્રણ કર્મ કરનાર દ્વિજ.

૨. વિ દાન, યજ્ઞ તથા અધ્યયન એ ત્રણ કર્મ કરનાર.

ત્રિકલ ૧. [સં.] પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ; રાસક્રિયા. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૩૦ લઘુ મળી ૩૬ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૨. પું. ત્રણ આંકાનો એક શબ્દ; પ્રણવ.

૩. વિ જેમાં ત્રણ કળા હોય એવું.

ત્રિકલસાં ન ન. બ. મહેલમાં ઊંચામાં ઊંચી ભોંયની જગ્યા. તેના ઉપર નાના નાના ત્રણ ઘૂંમટ અને કળશ હોય છે.

ઉપરિ વસી ત્રિકલસાં પણ્યાં,
અલકા દીસઈ આવા વણ્યાં.
અબ્દુલરહેમાન

ત્રિકલિંગ [સં.] પું. તેલંગ.

ત્રિકવાદ પું. વરેણ્ય, ભર્ગ અને ધી તે ત્રણેનો સમન્વય.

ત્રિકશા [સં.] ન. ત્રણ પ્રકારના ત્રણ પ્રકાર.

ત્રિકશાક ૧. સ્ત્રી. પ્રાચીન હિંદની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ એ નામની જાતનું.

ત્રિકશુદ્ધિયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ

ત્રિકશૂલ [સં.] ન. પીઠના ભાગમાં થતો વાતનો રોગ; કટિશૂલ; ટચકિયું; એક જાતનો વાતરોગ. તેમાં કમરનાં ત્રણ હાડકાં. પીઠના ત્રણ હાડકાં અને કરોડમાં પીડા થાય છે

ત્રિકશૂળ જુઓ ત્રિકશૂલ.

ત્રિકસંધિ [સં] ન. ત્રિકાસ્થિનાં એ નામનાં બે માથેનું દરેક સંધિપ્રવર્ધનક. તેમને પાંચમી કટિકશેરુકાના સંધિપ્રવર્ધનો સાથે જોડાય છે. આ બંનેની બાજુ તથા તેમની વચ્ચે ત્રિકરોધ નામનો ભાગ રહેલો છે.

ત્રિકસ્થાલક ન. જઘન પ્રદેશના અંદરના પાસાના પાછલા ભાગ ઉપર આવેલી એ નામની કાનના જેવા આકારની જગ્યા; કર્ણાકારપૃષ્ઠ.

ત્રિકસ્થિ જુઓ ત્રિકાસ્થિ.

ત્રિકંદ ૧. [સં.] પું. મોથરું.

૨. પું. મોથરનો છોડ.

ત્રિકંદક ૧. [સં.] પું. એક જાતનું ઘાસવું.

૨. પું. બત્તાસો.

૩. પું. ત્રિફળા.

૪. પું. (વૈદક) સૂંઠ, મરી અને પીપરો એ ત્રણ વસ્તુનો સમૂહ.

૫. ન. એક જાતની વનસ્પતિ; મોથરનો છોડ. તેના ઉપર ત્રણ ગાંઠા હોય છે.

૬. વિ. ત્રણ ગાંઠાવાળું.

ત્રિકંદસ્નાનસૂત્ર ન. એ નામનો એક પરસૂત્ર ગ્રંથ.

ત્રિકા [સં.] સ્ત્રી. કૂવા પાસે પાણી કાઢવાનું એક યંત્ર.

ત્રિકાગ્નિકાલ [સં] પું. અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂતરૂપ તાપત્રયના હણનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

ત્રિકાચ [સં.] પું. શુક્ર દૈત્ય.

ત્રિકાધિક [સં.] ન. ઘી, અતિવિષની કળી અને મોથ એ ત્રણનો સમૂહ.

ત્રિકાલ ૧. [સં.] પું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ.

૨. પું. વાસ્તવિક રીતે કાળ ત્રણ હોવાથી ત્રણ સૂચક કાલોક્તિક શબ્દ.

૩. પું. સવાર, બપોર અને સાંજ એ ત્રણે સમય.

૪ પું સૃષ્ટિરૂપી પુરુષના ત્રણ કાળ. પ્રાત:કાળ, મધ્યાહ્નકાળ અને સાંજ સાયંકાળ મનાય છે.

ત્રિકાલજ્ઞ ૧. [સં. ત્રિ (ત્રણ) + કાલ (વખત) + જ્ઞ (જાણનાર)] પું. દેવ.

૨. પું. ઋષિ.

૩. પું. શુક્રનું એક નામ; ત્રણે જાતની સ્થાપના કરનાર પુરુષ.

૪. પું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણનાર માણસ; જોશી; જ્ઞાની.

૫. વિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન ધરાવનાર.
૬. વિ. સર્વસાક્ષી, સર્વજ્ઞ.

ત્રિકાલજ્ઞતા [સં.] સ્ત્રી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળની વાતો જાણવાની શક્તિ અથવા જ્ઞાન.

ત્રિકાલજ્ઞાન [સં.] ન. ત્રણે કાળનું જ્ઞાન.

ત્રિકાલજ્ઞાની [સં ત્રિકાલજ્ઞાનિન્] વિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન ધરાવનાર; સર્વવેત્તા; સર્વજ્ઞ; ભવિષ્યવેત્તા.

ત્રિકાલદર્શક ૧. [સં.] પું. ઋષિ.
૨. વિ ત્રિકાલજ્ઞ; ત્રણે કાળને જાણનારું.
૩. વિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ બતાવતું

ત્રિકાલદર્શિતા [સં.] સ્ત્રી. ત્રણ કાળની વાત જાણવાની શક્તિ અથવા જ્ઞાન; ત્રિકાલજ્ઞતા.

ત્રિકાલદર્શી ૧. [સં. ત્રિકાલદર્શિન્] પું. ઋષિ.
૨. પું. બુદ્ધનું એક નામ.
૩. [સં. ત્રિ (ત્રણ) + કાલ (વખત) + દૃશ્ (જોવું)] વિ. ત્રણ કાળ જોઈ શકનાર; ત્રિકાળજ્ઞ; જ્ઞાની; જેને ત્રણ કાળનું જ્ઞાન હોય એવું; સર્વવેત્તા; સર્વજ્ઞ.

ત્રિકાલવર્તી [સં. ત્રિકાલવર્તિન્] વિ. ત્રણે કાળમાં હોય એવું.

ત્રિકાલવિદ ૧. [સં. ત્રિ (ત્રણ) + કાલ (વખત) + વિદ્ (જાણનાર)] પું. અર્હંત; જિન; ક્ષીણાષ્ટકર્મા; પરમેષ્ઠી; જૈન તીર્થંકર.
૨. પું. ઋષિ.
૩. પું. પુરુષોત્તમ.
જે સઘળે ઠેકાણે છે, બધાથી, બધાંથી, કાયમી સત્ય જે આધારે છે તે પરમેશ્વરને ઓળખે છે, તેથી તે ત્રિકાળદર્શી કહેવાય છે, તેને આ દેહે મોક્ષ છે. વિચારસાગર
૪. પું. શંભુ.
૫. પું ત્રણે કાળને જાણનારું.

ત્રિકાલાબાધ જુઓ ત્રિકાલાબાધિત.

ત્રિકાલાબાધિત [સં.] ૧. પું. ત્રણે કાળમાં બાધ પામ્યા વિના એક જ સ્વરૂપે રહેનારું નિર્વિકારી પદાર્થ.
૨. પું પરમાત્મા; ઈશ્વર.
૩. વિ. ત્રણે કાળમાં બાધ ન પામે તેવું; ત્રણે કાળથી અબાધ એવું; કાલાતીત.
૪. વિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાં હયાત એવું; નિત્ય; શાશ્વત.

ત્રિકાલાબાધ્ય જુઓ ત્રિકાલાબાધિત.

ત્રિકાલિક ૧. [સં.] ન. કપૂરના સાથે ભેગામેળાં કેફના બાબતમાં આગમાં રહેલાં બે હાડકાં મહેતું ઉપલું હાડકું; ત્રિક; ત્રિકોણાસ્થિ.
૨. ન. ખોપરીની શ્રોણિગુદાનો એક ભાગ.

ત્રિકાહ [સં. ત્રિક (ત્રણ) + અહન્ (દિવસ)] પું. ત્રણ દિવસ.

ત્રિકાળ જુઓ ત્રિકાલ.

ત્રિકાળજ્ઞ જુઓ ત્રિકાલજ્ઞ

ત્રિકાળજ્ઞાન જુઓ ત્રિકાલજ્ઞાન.

ત્રિકાળજ્ઞાની જુઓ ત્રિકાલજ્ઞાની.

ત્રિકાળદર્શક જુઓ ત્રિકાલદર્શક.

ત્રિકાળદર્શિતા જુઓ ત્રિકાલદર્શિતા.

ત્રિકાળદર્શી જુઓ ત્રિકાલદર્શી.

ત્રિકાળાબાધ જુઓ ત્રિકાલાબાધ.

ત્રિકાળાબાધિત જુઓ ત્રિકાલાબાધિત.

ત્રિકાળાબાધ્ય જુઓ ત્રિકાલાબાધ્ય.

ત્રિકાળવર્તી [સં. ત્રિકાલવર્તિન્] વિ. ત્રણે કાળમાં હોય એવું.

ત્રિકાળવિદ જુઓ ત્રિકાલવિદ.

ત્રિકાળી વિ. ત્રણે કાળનું; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળનું. જેમકે, ત્રિકાળી ખરુંખોટું, એટલે કે ત્રણે કાળનો ઇતિહાસ રજૂ કરતો ખરોખોટો

ત્રિકાંડ ૧. [સં.] પું. અમરકોષનું બીજું નામ. અમરકોષમાં ત્રણ કાંડ છે, તે ઉપરથી તેનું આ નામ પડ્યું છે
૨. પું. ત્રિપુટી: ત્રણ વાનાં. જેમકે, કર્મ, ઉપાસના અને જ્ઞાન; જોનાર, જોવાનું ને જોવું; જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન; કર્તા, કર્મ ને ક્રિયા; રજ, તમ ને સત્ત્વ; બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ.
૩. પું. નિરુક્તનું બીજું નામ. નિરુક્તમાં ત્રણ કાંડ છે, માટે તેનું આ નામ પડ્યું છે.
૪. વિ. ત્રણ પ્રકરણવાળું; ત્રણ કાંડ કે વિભાગવાળું.

ત્રિકાંડજ્યોતિ [સં.] ન. (જ્યોતિષ) મૂળત્રીજ નક્ષત્રના મધ્ય ભાગમાં સીધી લીટીમાં આવેલા ત્રણ તારાઓનો સમૂહ.

ત્રિકાંડી ૧. સ્ત્રી. ત્રણ કાંડ કે ત્રણ ભાગ.
૨. સ્ત્રી. વેદ. તેમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રણેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ત્રિકાંત ન. હિમાલય પર્વત ઉપરનું એ નામનું એક ઊંચું શિખર.

ત્રિકૂટ ૧. પું. (પુરાણ) મેરુપર્વત પાસેનો એ નામનો એક.
૨. પું. લંકાનો એ નામનો એક પર્વત; લંક.

ત્રિકુટી ૧. પું. બે ભ્રમરોના ભાગની વચ્ચેનો ઊંચો ભાગ.
૨. સ્ત્રી ત્રેવડ
૩. સ્ત્રી ચાડી, ચોરી અને ઠગાઈ એ ત્રણ ખરાબ ટેવ
૪. વિ. ત્રણ વસ્તુના સમુદાયવાળું.

ત્રિકુલ [સં. ત્રિ (ત્રણ) + કુલ (કુટુંબ)] ન. પિતૃકુળ, માતૃકુળ અને શ્વશુરકુળ

ત્રિકુંડીશ્વર [સં.] પું. સોરઠ પાસેનું એક તીર્થ.

ત્રિકૂટ ૧. [સં.] પું. એ નામનો એક પ્રસિદ્ધ પર્વત. તે સુમેરુ પર્વતનો પુત્ર મનાય છે. વામન પુરાણ અનુસાર તે ક્ષીરોદ સમુદ્રમાં છે. ત્યાં દેવર્ષિઓ રહે છે અને વિદ્યાધર, કિન્નર તથા અપ્સરાઓ વગેરે ક્રીડા કરવા આવે છે તેનો પ્રથમ શિખર છે. એક શિખર સોનાનું છે, તેમાં સૂર્ય આશ્રય લે છે. બીજું શિખર ચાંદીનું છે, જેના ઉપર ચંદ્ર આશ્રય લે છે. ત્રીજું શિખર બરફથી ઢંકાયેલું રહે છે અને વૈદૂર્ય, ઇંદ્રનીલ વગેરે મણિઓની પ્રભાની જેમ ચળકતું રહે છે. આ શિખર સૌથી ઊંચું છે.
૨ પું ખારા સમુદ્ર વચ્ચે આવેલ એ નામનો એક પર્વત.
૩. [સં ત્રિ (ત્રણ) + કૂટ (શિખર)] પું. ત્રણ શિખરવાળો પર્વત.
૪ પું. (પુરાણ) મેરુની દક્ષિણે આવેલો એ નામનો એક પર્વત.
૫. પું. યોગશાસ્ત્રમાં મસ્તકનાં ૭ મર્મોનું પહેલું મર્મ.
૬. પું. (પુરાણ) લંકાનો એ નામનો એક પર્વત; લંક. દેવી ભાગવત અનુસાર તે એક પીઠસ્થાન છે અને ત્યાં કમલસુંદરીના રૂપમાં ભગવતી નિવાસ કરે છે
૭ પું. (જૈન) વપ્રવિજયની પશ્ચિમ સરહદ ઉપરનો વૈતાઢ્ય પર્વત; જંબુદ્વીપના મેરુની પૂર્વે આવેલી સીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં આવેલો એક વૈતાઢ્ય પર્વત.
૮. ન. ઈશ્વર મીઠું
૯. વિ. ત્રણ શિખરવાળું; ત્રણ ખૂંપવાળું.

ત્રિકૂટલવણ [સં. ત્રિકૂટ (એક પર્વત) + લવણ (મીઠું)] ન. સંચળ મીઠું

ત્રિકૂટા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૨. સ્ત્રી. એ નામે એક જૈનદેવી દેવી.

ત્રિકૂટાચલ [સં.] પું લંકામાં આવેલો એ નામનો એક પર્વત. જુઓ ત્રિકૂટ ૬.

ત્રિકૂટાચળ જુઓ ત્રિકૂટાચલ.

ત્રિકૂટી ૧. સ્ત્રી. ભ્રકુટિ; ભમ્મર.
૨. [સં. ત્રિકૂટ (એક પર્વત) + ઇન્ (વાળું)] વિ. ત્રિકૂટ પર્વત જેવો આકાર જેના કપાળમાં હોય એવું

ત્રિકૂટધર [સ.] ન. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર. તેમાં કાપાલિક સિદ્ધાંતના જ એક આગમરૂપ દિગંબર મતનું કથન છે.

ત્રિકૂર્ચક [સં] ન. વૈદકશાસ્ત્રપ્રસિદ્ધ એક ચૂર્ણ. તે ફોલ્લા ચીરવામાં વપરાય છે.

ત્રિકોટિ ન. નર્મદા નદીને કાંઠે આવેલું એક પ્રાચીન તીર્થ. ચેતારૂપ, કુંડકોણ, મધ્યાર્જુન, આત્રેયીર્થ, હૃદયસ્થાન અને મણિવંધક એ તેની સાથેનાં બીજાં પવિત્ર સ્થાન છે.

ત્રિકોણ ૧. પું. એ નામનું નક્ષત્રમંડળ.

૨. [સં.] પું. જ્યોતિષકુંડલી માંહેનું લગ્નસ્થાનથી પાંચમું તથા નવમું ભવન.

૩. પું. ત્રણ ખૂણાવાળું ક્ષેત્ર; ત્રિભુજક્ષેત્ર.

૪. [સં. ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો)] પું. (ગણિત) ત્રણ બાજુ અને ત્રણ ખૂણાવાળી આકૃતિ; △.

૫. પું. (જ્યોતિષ) માણસના હાથમાં હોવું △ આવું ચિહ્ન.

૬. પું. મોક્ષ; મુક્તિ.

૭. પું. ચીભડાનું ફળ.

૮. પું. ઓની ચોનિ.

૯. ન. ત્રણ રૂપ ધૈવતવાળું એક તીર્થ. તે સિદ્ધ પીઠ મનાય છે.

૧૦. વિ. ત્રણ ખૂણાવાળું.

ત્રિકોણક [સં. ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + ક (વાળું)] પું. ત્રણ ખૂણાવાળો પિંડ.

ત્રિકોણકંદક [સં. ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + કંદક (કાંટો)] ન. જળચરશરીરની આગલી બાજૂની ટોચે આવેલું એક ત્રિકોણાકાર પ્રવર્ધનક. તે ભર્ગેરાસ્થિના આપરા જેવા આગ્ર ભાગની પાસે સાંધે જોડાય છે.

ત્રિકોણખંડા [સં. ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + ખંડા (ખાંડણી)] પું. (હિંદી) લોઢાના સળિયાનું ત્રિકોણાકાર બાજું. તે લોઢાના બીજા ટુકડાથી ઘસાઘસીમાં આને છે.

ત્રિકોણપરિગતકેંદ્ર [સં. ત્રિકોણ (એક આકૃતિ) + પરિ (આસપાસ) + ગત (ગયેલું) + કેંદ્ર (મધ્યબિંદુ)] ન. (ગણિત) ત્રિકોણના ત્રણે કોણબિંદુઓમાં જઈને પસાર થાય એવી રીતે દોરેલા વર્તુળનું મધ્યબિંદુ.

ત્રિકોણપરિગતવર્તુલ [સં. ત્રિકોણ (એક આકૃતિ) + પરિ (આસપાસ) + ગત (ગયેલું) + વર્તુલ (કૂંડાળું)] ન. (ગણિત) ત્રિકોણના ત્રણે કોણબિંદુમાંથી પસાર થાય એવી રીતે દોરેલું વર્તુળ.

ત્રિકોણપરિગતવર્તુળ જુઓ ત્રિકોણપરિગતવર્તુલ.

ત્રિકોણફલ [સં. ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + ફલ (ફળ)] ન. સીંગોડું.

ત્રિકોણફળ જુઓ ત્રિકોણફલ.

ત્રિકોણબદ્ધિ-રપર્શોન્મુક્ત [સં. ત્રિકોણ (એક આકૃતિ) + બદ્ધિ: (બહાર) + સ્પર્શિન્ (અડનારું) + મુક્ત (વર્તુળ)] ન. (ગણિત) કોઈ પણ ત્રિકોણની બે બાજૂને વધારીને તેને સ્પર્શે કરે તેમ જ નહિ વધારેલી બાજૂને પણ સ્પર્શ કરે એવું વર્તુળ. આવાં ત્રણ વર્તુળ દોરી શકાય. તેના કેંદ્રને ત્રિકોણબદ્ધિ:સ્પર્શોન્મુક્તકેંદ્ર કહે છે.

ત્રિકોણભવન [સં.] ન. જન્મકુંડલીમાં લગ્નથી પાંચમું તથા નવમું સ્થાન.

ત્રિકોણભાવ જુઓ ત્રિકોણભવન.

ત્રિકોણમિતિ [સં. ત્રિકોણ (એક આકૃતિ) + મિતિ (માપવું તે)] સ્ત્રી. (ગણિત) બાજૂઓ અને તેના મેળાપના ખૂણાઓ ઉપરથી માપ લેવાની ગણિત પદ્ધતિ; ત્રિકોણ ઉપરથી કરવામાં આવતી ગણતરીનું શાસ્ત્ર; ત્રિભુજના ખૂણા, બાજુ અને વિસ્તાર વગેરેનું માપ કાઢવાની રીત દેખાડવામાં આવી હોય એવો ગણિતશાસ્ત્રનો વિભાગ; ભૂમિતિને મળતું શાસ્ત્ર; 'ટ્રિગોનોમેટ્રિ.' ત્રિકોણ કરી બતા ગણિતને ત્રિકોણમિતિ કહે છે. ત્રિકોણમિતિથી આકાશી પદાર્થોનાં અંતર કે સૂર્ય ચંદ્ર વગેરેનાં કદમાં માપ્યાં એ સામાન્ય છે, પરંતુ તેના પ્રભાવથી બાળ ગંગાધર તિલક જેવા ધર્મધુરંધરે ઓરાયન લંબી ગીતા, ઉપનિષદ તે વેદવેદાંગના ગ્રંથના નિર્ણયો કરી આપ્યા છે. પ્રકાશકિરણનાં અંતર અને માપ આ વિદ્યાથી થાય છે. દરિયાઈ બાતામાં તોપના ગોળાનો ફેંકવાને અને નિશાન નક્કી કરવામાં પણ આ વિદ્યા બહુ ઉપયોગી થઈ પડે છે ત્રિકોણમિતિના વિષયમાં કેટલીએક દિશામાં ગ્રીક કરતાં હિંદુ ગણિતજ્ઞાઓનો આગળ વધેલા હતા. જ્યા, કોટિજ્યા અને ઉત્ક્રમજ્યા એ સર્વેનાં કોષ્ટકો બનાવવામાં હિંદુઓ પ્રથમ હતા. જ્યાને માટે અંગ્રેજીમાં વપરાતો સાઇન શબ્દ સંસ્કૃત ઉપરથી આરબોએ કરેલા અપભ્રંશનું ફળ લાગે છે. ગ્રીક ગણિતજ્ઞાઓનો બ્રહ્માના ઉપયોગથી પરિચિત નહોતા. તેઓ પૂર્ણ જ્યા-ચાપઅર્ધની સહાયથી ગણતરી કરતા. હિંદુ જ્યોતિષીઓનાં કોષ્ટકો ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે, પ્રાચીન હિંદુઓને તબ્જિત્રિકોણમિતિ ઉપરાંત ગોલીય ત્રિકોણમિતિનું પણ જ્ઞાન હતું.

ત્રિકોણસ્થાન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં નવમું તથા પાંચમું ભુવન.

ત્રિકોણાકાર ૧ [સ ત્રિ (ત્રણ) + કોણ (ખૂણો) + આકાર (આકૃતિ)] પુ. ત્રણ ખૂણા જેમાં હોય એવો આકાર; ત્રિકોણના જેવો આકાર.

૨. વિ. ત્રિકોણના આકારનું

ત્રિકોણાકૃતિ જુઓ ત્રિકોણાકાર

ત્રિકોણાસન [સ] ન. (યોગ) યોગાક્ષી યોગાસન માંહેનું એ નામનું એક આસન તેમાં નિતંબ જમીન ઉપર અને બંને પગ તેની બને બાજૂએ રાખી એક પગને ઢીંચણની સીધી લીટીમાં લાવવો અને બીજા પગને પણ તે જ પ્રમાણે વિરુદ્ધ દિશામા રાખવો આ આસન અઘરું છે, માટે બહારથી કરવું નહિ. આ આસનથી ઢીંચણનો દુખાવો, સંધિવા આદિ રોગો થતા નથી અને થયા હોય તે દૂર થાય છે. બંને પગને ઢીંચણથી ઘણા જમણા પાછા દબાવીને હાથ જોડીને સીધા બેસવું તે ત્રિકોણાસન કહેવાય છે. એક એક પગ ફેલાવવાથી અર્ધત્રિકોણાસન થાય છે; વામ ત્રિકોણાસન તથા દક્ષિણ ત્રિકોણાસન કરીને બેસવું તે પૂર્ણ ત્રિકોણાસન કહેવાય છે. તેમાં બને પગને ફેલાવી એવી રીતે બેસવું કે જમણા પગ ઉપર જમણા હાથને ઊભો રાખી તેના પંજા ઉપર માથું રાખી સૂવાય. બાદ ડાબા પગને માથે ડાબા હાથને લાંબો કરવો.

ત્રિકોણારિષ્ટ ૧. [સ.] ન. ત્રિક: ત્રિકારિષ્ટ.

૨. ન. નાસાગુદાની વચલી દીવાલમાં રહેલું હાડકું.

ત્રિકોણાંતર્ગતવર્તુલ [સં.] ન. (ગણિત) ત્રિકોણની અંદર દોરવામાં આવેલું વર્તુળ. તે એવી રીતે દોરવામાં આવેલું હોય કે તે વર્તુળ ત્રિકોણની ત્રણે બાજૂને સ્પર્શ કરે અથવા ત્રણે બાજુઓ વર્તુળની સ્પર્શરેખા બને.

ત્રિકોણાંતર્ગતવૃત્તકેંદ્ર [સ.] ન. (ગણિત) ત્રિકોણની ત્રણે બાજૂને સ્પર્શ કરે એવી રીતે ત્રિકોણની અંદર દોરેલા વર્તુળનું કેંદ્ર.

ત્રિકોણિક જુઓ ત્રિકોણિક સ્નાયુ.

ત્રિકોણિક સ્નાયુ પું. એ નામનો એક સ્નાયુ; અંસતુંડના પાછલા અર્ધ ભાગમાંથી નીકળી અક્ષાસ્થિના બાહ્યાર્ધની નીચલી બાજુએ રહેલા અર્બુદને લાગેલો એ નામનો સ્નાયુ

ત્રિકોણિકા સ્ત્રી. માતૃકાપરિખા નામની આર્યમા રહેલી એ નામની શિરાસરિતા. જાનુપ્રદેશની દરેક બાજૂએ માતૃપરિખામા જઈને એક એક ત્રિકોણિકા શિરાસરિતા વહે છે. શિરાસંસ્થાનના ભોકાઓમાં આ સૌથી મોટું ભોકું છે.

આ સરિતાનો આકાર કરતાં તેનો ઘેરાવો ત્રિકોણાકાર માલૂમ પડવાથી તેનું આ નામ પડેલ છે. દરેક ત્રિકોણિકા અનુકારિણના પશ્ચાતરાલ ભાગથી શરૂ થઈને રોમકારિણના અરમભાગના અગ્ર ભુંથી પહોંચે છે. આ શિરાસરિતાને ભેદીને અંતર્ભાતૃકા ઉપરની પસાર થાય છે. તેની નજીકમાં ત્રીજી, ચોથી, પાંચમી ભૂરી કલા વડે ઢંકાયેલી મજ્જની નાડીઓ તથા થોડા કલાના તંતુઓ માલૂમ પડે છે. આંખની તથા મસ્તિષ્કીય શિરાઓ આ સરિતામાં લોહી ઠાલવે છે. અસ્થતટિની શિરાકુલાઓ વડે તેમનું લોહી અનુપાર્શ્વિકા નામની શિરાસરિતાઓમાં જાય છે.

ત્રિકોણિકાયોજની સ્ત્રી. એ નામની બે શિરાકુલમાં આંહેની દરેક. તે અગ્રિમા અને પશ્ચિમા તરીકે ઓળખાય છે. તે અનુકારિણ-ઉપોષ્ણિકાખાતની અનુક્રમે આગળ અને પાછળ વહેતી હોઈને બંને ત્રિકોણિકા શિરાસરિતાઓને પરસ્પર જોડે છે.

ત્રિકોણિકાશિરાસરિતા જુઓ ત્રિકોણિકા.

ત્રિકોણિકાસિરાસરિતા જુઓ ત્રિકોણિકા.

ત્રિકોણી ૧. વિ. કોઈ કોઈ નદીના મુખ આગળ બનતો ત્રિકોણાકાર પ્રદેશ.

૨. વિ. ધનાની બાજુનો ત્રિકોણાકાર એક પથ્થર.

૩. વિ. ત્રણ ખૂણાવાળું.

ત્રિકોણી ૧. વિ. ત્રણ કોણ સાથે સાંકળે તેવું. જેમકે, ત્રિકોણી કૂવો.

૨. વિ. ત્રણ કોણવાળું; જેને ત્રણ કોણ હોય એવું.

ત્રિકોણી વિ. જેને ત્રણ કોણ હોય એવું.

ત્રિકોણ [સં. ત્રિ + કોણ (કોણ)] પું. ત્રિકાસ્થિની ઉપલી બાજુનો બાજુ પડતો ભાગ; ત્રિકાસ્થિનો કોણ.

ત્રિક્કાર [સં.] ન. ત્રાડકાર, જયકાર અને ટંકારકાર એ ત્રણ કાર.

ત્રિક્કુર [સં.] પું. એક જાતનું ઘાસ.

ત્રિક્ષ્ [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

ત્રિક્ષ [સં.] ન. સીસું.

ત્રિક્ષ્ણ [સં.] ન. ત્રણ ખાટલા.

ત્રિક્ષ્ણી [સં.] સ્ત્રી. ત્રણ ખાટલા.

ત્રિક્ષ્વ ૧. [સં.] પું. સામવેદની એક શાખાનું અધ્યયન કરનાર માણસ.

૧. [સામવેદની એક શાખાનું અધ્યયન પ્રકાર.

ત્રિખંડ ૧ પું. ત્રણકમરો.

ધર્મશાળા એટલે વિવિધ જનસમાજ, જ્યાં ત્રિખંડોની પાર્ટી ચાલે છે. કાલેલકર

૨. પું [સં.] પું. ત્રણ ખંડનો સાંધો.

૩. [સં.] પું. ત્રણ ખંડ; એશિયા, આફ્રિકા અને યુરપ.

૪. પું. ત્રિપુટ.

૫. પું. ત્રિવર્ગ.

૬. પું. સ્વર્ગ, પાતાલ અને પાતાળ.

ત્રિખંડચુચ્છ પું. ત્રણખંડ. તે મણિબંધ અથવા કલાઈમાં હોય છે.

ત્રિખંડત્રિવેણી [સં. ત્રિ (ત્રણ) + ખંડ (ભાગ) + ત્રિવેણી] સ્ત્રી. એશિયા, યુરપ અને આફ્રિકા એ ત્રણ ખંડના સમાગમરૂપી ત્રિવેણી

ત્રિખંડપંડિત [સં.] પું. શ્રેષ્ઠ પંડિત.

ત્રિખંડવજ્ર પું. (સંગીત) ઓગણીસ માત્રાનો એક ખંડગતિ તાલ. તેનાં તાલસ્થાન ૧, ૬, ૧૧, ૧૩ અને ૧૫ માત્રા ઉપર છે.

ત્રિખંડવેણું ન. ત્રણ ખંડની સપાટી; ત્રણ ખંડરૂપી કલ્પ.

મારે છે ધર્મજ્ઞાન આજ ત્રિખંડવેણ,
અમારા આર્યુનનો કોણ ખોખરો.
સંજીવિત

ત્રિખંડાધિપ [સં.] પું. ત્રણ ખંડનો ધણી.

ત્રિખંડી ૧. ન. એક જાતનું કાપડ.

૨. [સં. ત્રિખણ્ડિન્] વિ. ત્રણ ખંડવાળું; ત્રણ ભાગવાળું; ત્રણ ભાગતાવાળું.

ત્રિખંડીસ્તરકર્મ પું. પ્રાચીન જીવનયુગના વહેલામાં વહેલા વિભાગને તથા પ્રાચીન જીવનયુગના આદ્યોત્ત નીચામાં નીચા તંત્રને લગતો ક્રમ. એ ક્રમમાં વહેલી રચનાઓ ઊભરા સાગરજળની સ્થિતિ અને લાંબા વખતનો ક્રમ બતાવે છે. વનસ્પતિના જીવશેષ આગળ જ ઓળખી શકાય છે, પણ પ્રાણીજીવનની નોંધ બતાવે છે કે, પ્રાણીનો વિકાસનો મોટો ભાગ આ ક્રમ પહેલાં સધાયો હતો. પૃથ્વીની સિલ્યનના દરેક મોટા પ્રાણીનો પ્રકાર આ ક્રમના જીવશેષમાં જણાય છે.

ત્રિખા [સં. તૃષ્] સ્ત્રી. (હિંદી) તરસ; તરસ.

ત્રિખૂણિયું વિ. ત્રણ ખૂણાવાળું; ત્રિકોણાકાર.

ત્રિખૂણીપોટિયાલ પું. (કચ્છી) એક પ્રકારનો વેલો.

ત્રિગડા (ત્રિગડું) સ્ત્રી. ત્રણ પ્રકારના ઘાટવાળું; રૂપાનો ચક્ર અને સોનાના કાંગરા, સોનાનો ચક્ર અને હીરાના કાંગરા અને હીરાનો ચક્ર અને મણિરત્નના કાંગરા એવા ત્રણ ચક્રવાળું.

ત્રિગડાં (ત્રિગડું) સ્ત્રી. ઘઉં, બાજરી તથા મગના લોટની મસાલાદાર રોટલી.

ત્રિગડું વિ. ત્રણ ચક્રવાળું.

ત્રિગણ ૧. [સં. ત્રિ (ત્રણ) + ગણ (સમૂહ)] પું. સંસારી જીવનના ત્રણ પુરુષાર્થ ધર્મ, અર્થ અને કામ; ત્રિવર્ગ.

૨. વિ. ત્રણગણું.

ત્રિગત ૧. સ્ત્રી. વીણાવાદનનો એક પ્રકાર; શ્રુતિના જોડલે અવાજના સામ્યથી અનેક જાતની કલ્પના.

૨. [સં.] ન. જેમાંથી ત્રણ અર્થ નીકળે એવું વાક્ય.

૩. વિ. ત્રણ રસને લગતું.

૪. વિ. ત્રણ રીતે કરેલું.

૫. વિ. ત્રણગણું.

ત્રિગર્ત ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા. તેના સુશર્મા, સુરથ, સત્યજિત્, સુબાહુ અને સુધન્વા એ પાંચ પુત્રો મહાભારતના યુદ્ધમાં કૌરવપક્ષમાં સંશપ્તક હતા.

૨. પું. (પુરાણ) ત્રણ હિલ્લાવાળો પ્રદેશ; ઉત્તર તરફનું કુંજરી રાજ્ય કોટકે. કાંગડા પણ કોઈ કોઈને ત્રિગર્ત કહે છે. પણ જનરલ કનિંગ્હેમ ખાતરીપૂર્વક કહે છે કે જલંધર દોઆબ અને કાંગડા તે જ આ પ્રદેશ. વિરાટ રાજાએ તેના સેનાપતિ કીચકની બહાદુરીથી આ દેશ જીત્યો હતો. ઉદમપુરની ઉત્તરે અને પશ્ચિમે આવેલો હોવાથી એના ઉત્તર ત્રિગર્ત અને પશ્ચિમ ત્રિગર્ત એવા બે ભેદ છે.

૩. પું. સુશર્મા નામના રાજાનો દેશ; પંજાબના એક પ્રદેશનું પ્રાચીન નામ; હિંદુસ્તાનના વાયવ્ય ખૂણે આવેલ જલંધરનું પ્રાચીન નામ. આ પ્રદેશ અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતી લીધો હતો.

૪. ન. એ નામનું એક અરણ્ય. તે સતલજ અને સરસ્વતીની વચમાં હતું.

ત્રિગર્તરાજ [સં.] પું. (પુરાણ) સુશર્મા.

ત્રિગર્તા ૧. [સં.] સ્ત્રી. અત્યંત કામી સ્ત્રી; છિનાળ સ્ત્રી; પુંશ્ચલી; પુરુષપ્રસંગની વિશેષ ઇચ્છાવાળી સ્ત્રી; મૈથુનની ઇચ્છાવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. એક જાતનો નાનો કીડો.

૩. સ્ત્રી. મોતી.

ત્રિગર્તિ પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

ત્રિગર્ત્ત ૧. પું. એ નામનો એક ઋષિપુત્રનો વંશ. જુઓ ત્રિગર્તવંશ.

૨. [સં.] પું. જલંધર દેશ.

ત્રિગર્તક [સં.] પું. એ નામનો એક દેશ; જલંધર.

ત્રિગર્તષષ્ઠ [સં.] પું. ૭ ત્રિગર્તનો સંઘ; એ નામનો એક આયુધજીવી સંઘ; કૌડોપરથ, દાંડકી, કૌષ્ટકિ, જલામનિ, આજયુધ અને જનકિ.

(૧) ૩૬, (૨) ચક્રમિત્ર, (૩–૮) ત્રિગર્તષષ્ઠ [કૌણ્ડોપરથ, દામ્ડકી, કૌષ્ટકિ, જલામનિ, આજયુધ અને જનકિ], (૯) યૌધેય અને બીજાઓ અને (૧૦) પર્શ્વ અને બીજાઓ. પાણિનિ આ સઘળાને આયુધજીવી સંઘ કહે છે.
હિંદુરાજ્યતંત્ર૦૨૭૦

ત્રિગર્તી જુઓ ત્રિગર્તા.

ત્રિગીત [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ત્રિગેમા [સં.] સ્ત્રી. મંદાકિની, ભાગીરથી અને ભોગાવતી એ ત્રણ નદીનો સમૂહ. આ ત્રણેય મળી ત્રિગેમા કહેવાય છે.

ત્રિગેમાસ્થાન [ષ] ન. હરદ્વાર, પ્રયાગ તે ગંગાસાગર.

ત્રિગ્રહાંતયોગ [સં. ત્રિગ્રહાન્ત (જ્યોતિષ પ્રસિદ્ધ તિથિ, નક્ષત્ર વગેરેનો એક સમય) + યોગ (અવસર)] પું. (જ્યોતિષ) નક્ષત્રગંડાંત, તિથિગંડાંત અને લગ્નગંડાંત એ ત્રણ અવસર.

ત્રિગ્રંથક [સં.] ન. ત્રણ ગ્રંથ કલ્પ; તજ, એલચી અને તમાલપત્ર.

ત્રિગ્રંથિક પું. એ નામનો એક જાતનો ક્ષાર.

ત્રિગંભીર [સં.] પું. સુલક્ષણો પુરુષ; જેનાં સ્વર, નાભિ અને સત્ત્વ એ ત્રણે ગંભીર હોય તેવો પુરુષ.

ત્રિગુચ્છી જિ. ત્રણ ગુચ્છવાળું.

ત્રિગુણ ૧. [સં.] પું. ત્રિજ્યા.

૨. પું. વાસ્તવિક રીતે મૂળ ત્રણ હોવાથી ત્રણસમાન સાંકેતિક શબ્દ.

૩. પું. બ. વ. ત્રણ ગુણ; સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો.

૪. જિ. ત્રણ ગુણવાળું.

૫. જિ. ત્રણથી ગુણેલું; ત્રણગણું; ત્રેવડું

૬. જિ. બંધ, સુમંથી અને ક્ષીરસ્ય એમ ત્રણ ગુણવાળું.

૭. જિ. મુખ્ય.

ત્રિગુણનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) એકબીજા વચ્ચે હોય તેવા ત્રણ તારાવાળું નક્ષત્ર.

ત્રિગુણપતિ [સં.] પું. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણનો અધ્યક્ષ.

ત્રિગુણભય ૧. [સં.] ન. ત્રણ ગુણથી ભરપૂર જગત; મનોમય વિજ્ઞાનમય જ્ઞાનેંદ્રિય અને અગ્નિ વગેરે દેવો સત્ત્વવિકારી, પ્રાણ વગેરે અને કર્મેંદ્રિય રજોવિકારી, આનંદમય અને અન્નમય તમોવિકારી એ પ્રમાણે ત્રણ ગુણવાળા સ્થૂળ સૂક્ષ્મ કારણ કોશરૂપે રહેલું સર્વ જગત.

૨. જિ. ત્રણ ગુણવાળું; ત્રણ ગુણથી ભરેલું.

ત્રિગુણમયી [સં.] જિ. સ્ત્રી. સત્ત્વ, રજસ અને તમોગુણવાળી.

જે પક્ષ પકડે હું તેમને આંધું છું તે ત્રિગુણમયી માયા છે, અને તે માયામાંથી તેમને છોડનાર યોગ્ય હું જ છું. સપ્તસંહિતા

ત્રિગુણલય પું. (સંગીત) સાતના છ મહિનો એ નામનો એક ભેદ. એક માપક કુપદ ગાવો શરૂ કરી ચાર ગોટલે કે આકારોવાળા માત્રામય પૂરા થતા કુપદના બોલોને સોળ માત્રામાં પૂરા કરે તો તે ત્રિગુણલય કહેવાય છે.

ત્રિગુણવ્યામ્નાવરોધ [સં.] સ્ત્રી. જગતના પ્રારંભમાં ત્રણે ગુણોની સરખી રહેલી સ્થિતિ.

ત્રિગુણા ૧. [સં.] સ્ત્રી. દુર્વા દેવી.

૨. સ્ત્રી. (વેદાંત) માયા.

ત્રિગુણાકૃત [સં.] જિ. ત્રણ વખત ભેગું. બેતર માટે વપરાય છે.

ત્રિગુણાતીત ૧. [સં. ત્રિગુણ (સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ) + અતીત (વીતી ગયેલું)] પું. બ્રહ્મ, પરમે, પ્રભુ અને પાતાલ એ ત્રણ લોક, સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ સ્થિતિ, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવ એ તમામથી પણ પર છે એટલે કે અતીત છે તથી તે ત્રિગુણાતીત છે.

૨. જિ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણની પેલી પાર પહોંચેલું; નિર્ગુણપર; રજસ, સત્ત્વ અને તમસ ત્રણ ગુણોથી મુક્ત. આ સંબંધે ગીતારહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: દેહેંદ્રિય અને બુદ્ધિ તેમાં પ્રથમ સત્ત્વગુણનો ઉત્કર્ષ થાય છે, પછી ચઢતાં ચઢતાં આખરે ત્રિગુણાત્મક પ્રકૃતિ નિરાળી અને હું નિરાળો એવું જ્ઞાન જે પુરુષને થાય તે પુરુષને સાંખ્યતત્ત્વજ્ઞો ત્રિગુણાતીત એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણની પેલી પાર પહોંચેલો એમ કહે છે. આ ત્રિગુણાતીત અવસ્થામાં સત્ત્વ, રજસ કે તમસ તે ત્રણેમાનો કોઈ પણ ગુણ બાકી રહેતો નથી. ગીતારહસ્યમાં એમ ઉલ્લેખ છે કે: સત્ત્વ ગુણને છતવો એટલે તેના અંધકારને છતવો. આ રીતે સત્ત્વ સ્થાપન કરવાની. ત્રિગુણાતીત અવસ્થા. ગીતાના ચૌદમા અધ્યાયને છેડે ત્રિગુણાતીતનાં લક્ષણો આપેલાં છે. બીજા અધ્યાયને છેડે સ્થિતિપ્રજ્ઞનાં લક્ષણો, બારમા અધ્યાયમાં ભક્તનાં લક્ષણો અને ચૌદમામાં ત્રિગુણાતીતનાં લક્ષણો; એમ એ બધાં લક્ષણો એક જ છે. આનો અર્થ એ કે જે કર્મયોગી છે, જે ભક્ત છે, જે જ્ઞાની છે તે બધા એક જ છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન એ જાણે કે જુદાં જુદા નથી. ત્રિગુણાતીત અનવું એટલે વૈરાગ્ય ગણી પકડો. નાળિયેરની અંદરનો ગોટો જેમ અખરે છે તેમ પ્રમાણે આ દેહની આસક્તિમાંથી આત્માને સંપૂર્ણપણે અલગ પાડવો. ત્રિગુણાતીત બનીને પ્રભુના ધામમાં એક સાધન બનીને રહેવાનું છે. આનું એ મહાન ધ્યેય છે. આ પરમ પુરુષાર્થ મેળવવાનો છે.

ત્રિગુણાત્મ જિ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણવાળું.

ત્રિગુણાત્મક ૧. [સં.] ન. (વેદાંત) અજ્ઞાન.

૨. ન. (સાંખ્ય) પ્રધાન.

૩. જિ. ત્રણ ગુણવાળું.

૪. જિ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણનું બનેલું; જેમાં સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણ રહેલા હોય તેવું; રજસ, તમસ અને સત્ત્વ એ ત્રણ ગુણવાળું.

ત્રિગુણાત્મક પ્રકૃતિ [સં.] સ્ત્રી. માયા. આ સંબંધમાં ગીતારહસ્યમાં ઉલ્લેખ છે કે: માયા એ સામાન્ય શબ્દ છે અને તેના જ દેખાવોને નામરૂપ અને આપણને કર્મ એવાં વિશિષ્ટ અર્થસૂચક નામો આપવામાં આવે છે એવો સૂક્ષ્મ ભેદ કરી શકાય છે; નથી જ કરી શકાતો એમ નહિ. પણ સામાન્ય રીતે આ ભેદ બતાવવાની જરૂર ન હોવાથી આ ત્રણે શબ્દોનો ઘણી વાર સમાનાર્થક પ્રયોગ કરવામાં આવે છે. પરબ્રહ્મના એક ભાગ ઉપર વિનાશી માયાનું જે આચ્છાદન કિંવા ઉપાધિ ઊપર મોહક પ્રાગટ્ય આપણી આંખે દેખાય છે તેનું સાંખ્યશાસ્ત્રમાં ત્રિગુણાત્મક પ્રકૃતિ એવું નામ છે.

ત્રિગુણાત્મક પ્રસ્ફુરિત [સં.] પું. નવસાર અને સુરત શહેરના મિશ્રણવાળો પ્રસ્ફુરિત ક્ષાર.

ત્રિગુણાત્મિકા ૧. [સં.] સ્ત્રી. જી. ત્રણ ગુણને જણનારી.

૨. સ્ત્રી. જી. ત્રણ પ્રકારના ગુણવાળી.

૩. સ્ત્રી. જી. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ પ્રકારના ગુણવાળી.

ત્રિગુણાત્મી વિ. સ્ત્રી. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણવાળી.
માયા તો છે ત્રિગુણાત્મિકા, ત્રિગુણાત્મી, તમોરૂપી દેહે-લોકે-હું-મારાના ભાવનું એક કારણ.
ત્રિકમજી

ત્રિગુણાધિપતિ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ત્રિગુણિત [સં] વિ. ત્રણગણું; ત્રણથી ગુણેલ; ત્રણ વખત ગણેલ.

ત્રિગુણી ૧. [સં.] સ્ત્રી. ભીલીનું ઝાડ. ભીલીનાં પાંદડાં ત્રણ ત્રણ સાથે હોય છે, તેથી તેનું આ નામ પડ્યું છે
૨. વિ સ્ત્રી ત્રણગણી.
૩. જુઓ ત્રિગુણાત્મક.

ત્રિગુપ્ત [સં.] વિ. (જૈન) મન, વચન અને કાયાથી સુરક્ષિત

ત્રિગુપ્તિ [સં.] સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયાને પાપથી ગોપવવારૂપ ત્રણ ગુપ્તિ.

ત્રિગુલ્ય ન. સ્કાન્દપુરાણ. હિંદના એક તીર્થસ્થાન તે પ્રદેશ આવેલો છે.

ત્રિગૂઢ [સં ત્રિ (ત્રણ) + ગૂઢ (સંતાડવું)] ન. સ્ત્રીનો વેશ લઈ ગૂઢ વગેરે કરનાર પુરુષ; સ્ત્રીના વેશમાં પુરુષનું કાર્ય.

ત્રિગૂઢક ન. કાવ્યાંગનો એક પ્રકાર; સ્ત્રીવેશધારી પુરુષોનાં સૌમ્યપદ તથા સમકક્ષતાથી સંકલિત અભિનય.

ત્રિગોનેલ્લા સ્ત્રી મેથા.

ત્રિઘટ પું. ત્રણ લોક.

ત્રિઘંટા [સં] સ્ત્રી. હિમાલયના શિખર ઉપર અવસ્થિત માનવામાં આવતું એક કલ્પિત નગર.

ત્રિઘાત [સં] પું. (ગણિત) એકની એક સંખ્યા ત્રણ વાર લઈ ગુણાકાર કરવાથી આવતી સંખ્યા; ઘન.

ત્રિઘાતપદી [સં] સ્ત્રી (ગણિત) જે પદીનું દરેક પદ ત્રણ ઘાતનું હોય અથવા જે પદીનું એક પદ ત્રણ ઘાતનું હોય અને બાકીના પદોમાંનું કોઈ પણ ત્રણથી વધારે ઘાતનું ન હોય તેવી પદી: 'કયૂબિક એક્સપ્રેશન.'

ત્રિઘ્ન [સં.] પું. અગ્નિકીકુમારોનો રથ.

ત્રિચક્રો [સં ત્રિ (ત્રણ) + ચક્રિન્ (પૈડાવાળું)] સ્ત્રી ત્રણ પૈડાવાળી નાની ગાડી; 'ટ્રાઇસિકલ.'

ત્રિચક્ષુ ૧. પું. (જૈન) અક્ષુરિન્દ્રિય, પરમ શ્રુત અને પરમ અવધિ એમ ત્રણ જ્ઞાનરૂપી ચક્ષુ ધરનાર તપારૂપના આપ્ત.
૨ [સં. ત્રિ (ત્રણ) + ચક્ષુસ્ (આંખ)] પું. મહાદેવ. જેને ત્રણ નેત્ર હોય છે.

ત્રિચતુર [સં.] વિ. ત્રણ કે ચાર.

ત્રિચત્વારિંશ [સં. ત્રિ (ત્રણ) + ચત્વારિંશત્ (ચાળીસ)] વિ. તેતાળીસમું.
ત્રિચત્વારિંશોઽધ્યાય તો, હવો પૂર્ણવિરામ અત્ર.
પ્રેમાનંદ

ત્રિચત્વારિંશત્ [સં. ત્રિચત્વારિંશત્] સ્ત્રી. તેતાળીસની સંખ્યા; ૪૩.

ત્રિચિત ૧. [સં.] પું. એક પ્રકારનો ગાર્હપત્ય અગ્નિ.
૨. [સં. ત્રિચિત્] પું. ત્રણ અગ્નિનું ચયન કરનાર માણસ.

ત્રિચિનોપોલિ ન. મદ્રાસ પ્રાંતમાં આવેલું એ નામનું એક શહેર. એને ઉરગપુર અથવા ઉરાર્યપુર પણ કહે છે. સાતમી સદીમાં એ પાંડવ રાજાઓની રાજધાની હતું. રામાનુજાચાર્યે રચેલા રંગનાથ સ્તોત્રમાં ત્રિચિનોપોલ્લિ અથવા શ્રીરંગપટ્ટણની મૂર્તિની સ્તુતિ છે. આ મંદિર રામાનુજ સંપ્રદાયનું છે અને તોતાદ્રી જેટલું જ પવિત્ર મનાય છે. જંબુકેશ્વર રહેવાન નજીક મોટા રોક ઓટલે સુવર્ણનો પહાડ છે, જેમાંથી અગાઉના વખતમાં સોનું નીકળતું. એ પહાડને તામિલ ભાષામાં પુનમલાઈ કહે છે. શ્રીરંગપટ્ટના પ્રખ્યાત મંદિરને ફરતા સાત કોટ આવેલા છે. પહેલા કિલ્લામાં શ્રીરંગપટ્ટનું નિજમંદિર છે, જેને સોળ સુવર્ણશિખર છે. પહેલા કિલ્લામાં કાવેરી નદીનો કાંટો આવેલો છે, જેમાં યાત્રાળુઓ સ્નાન કરીને અગાઉ દર્શનાર્થે જાય છે. બીજા કિલ્લામાં બ્રાહ્મણોનાં મકાનો અને બજારો આવેલાં છે. શ્રીરંગપટ્ટના મંદિરમાં શેષશાયી ભગવાનની મૂર્તિ છે અને સપ્તભૌમ તથા વિભીષણ આગળ જોવા છે. આ મૂર્તિ અપૂર્વ ભાવવાહી અને આકર્ષક છે આ સંબંધે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: ત્રિચિનોપોલિથી શ્રીરંગપટ્ટનું મંદિર આઠેક ગાઉ દૂર છે. વચ્ચે કાવેરીનો પટ આવે છે. ત્રિચિનોપોલિનો કિલ્લો પણ જોવા લાયક છે અને તેના ઉપર હનુમાનજીનું મંદિર છે. તેનો પટ જે માણસો દોરડું ખેંચી ચઢાવી શકે એવડો મોટો છે. શહેરની મધ્યમાં એક ઊંચા ટેકરા ઉપર ગઢ સાથે બાંધેલાં સુંદર પત્થરિયાંવાળું માતૃભૂતેશ્વરનું ભવ્ય મંદિર છે. ત્યાં પાર્વતીનું તથા હનુમાનજીનું, કાર્તિક સ્વામીનું વગેરે મંદિરો પણ છે. મંદિરો બહુ સારાં અને રસ્તા ઉપરથી દેખાય છે. અડધા ઊતરવાને લગભગ ૬૪ સીધી પગથિયાં છે અને તેથી ચડવા ઊતરવામાં હરકત પડતી નથી.

ત્રિચક્કું વિ. તીરછું; વાંકું. આડું.

ત્રિછું વિ. તીરછું.
અધો ઉર્ધ્વ ત્રિછી દશા, કહું માત્ર આ કાયઃ
રૂપ જૂદે આવડ નહિ, જોપે સહુ ઇચ્છાય.
સમાધિલેખ

ત્રિજટા સ્ત્રી જ.જ ત્રણ દુનિયા.

ત્રિજગ જુઓ ત્રિજગત.

ત્રિજગત ૧. [સં. ત્રિ (ત્રણ) + જગત્ (દુનિયા)] સ્ત્રી ત્રિભુવન; ત્રણ લોક; ત્રણે દુનિયા; સ્વર્ગ, મૃત્યુ, પાતાળ.
૨. ન. વાસ્તવિક રીતે લોક ત્રણ હોવાથી ત્રણ સૂચક સાંકેતિક શબ્દ.

ત્રિજગતી જુઓ ત્રિજગત.

ત્રિજગત્પાલ [સં. ત્રિ (ત્રણ) + જગત્ (દુનિયા) + પાલ (પાળનાર)] પું. ત્રિભુવનપાળ; ત્રણે જગતનો પાલક; ઈશ્વર.

ત્રિજગત્પાળ જુઓ ત્રિજગત્પાલ.

ત્રિજગદ્ધરી પું. ત્રણ જગતનો નાશ.

ત્રિજટ ૧. [સં] પું. (પુરાણ) અયોધ્યામાં રહેનો આર્ય કુળનો એ નામનો એક બ્રાહ્મણ. એ ઘણો જ વૃદ્ધ હતો. રામ જ્યારે વનવાસ જવા નીકળ્યા ત્યારે એને એની સ્ત્રીએ કહ્યું કે તમે રામ પાસે જઈને એમની પાસે કાંઈ માગો. આ ઉપરથી તે બ્રાહ્મણ ધીરે ધીરે લાકડીને ટેકે ટેકે ચાલતો રામ પાસે આવ્યો. રામે જાણ્યું કે આ બનાવી છે, પણ કાંઈ વિનોદ કરીએ. એમ મનમાં આણીને એમણે ત્રિજટને કહ્યું કે, હે બ્રાહ્મણદેવ! આ તમારી આગળ આવેલું ટોળું ઊભું છે તેમાં તમારી લાકડી ફેંકો અને લાકડી જ્યાં પડશે એની આ બાજુની બધી ગાયો હું તમને આપીશ. એ ઉપરથી બ્રાહ્મણે કમર બાંધીને પોતાની લાકડી એટલા જોરથી ફેંકી કે એમની સામે ઊભેલા સોધનને ઓળંગી તેની પેલી તરફ ઊભેલા બીજા સોધનના પણ પેલી તરફ જઈને પડી. રામને અને બીજા જનોને આશ્ચર્ય થયું કે આ બ્રાહ્મણ કેટલો બળવાન છે! રામે એને વંદન કરીને કહ્યું કે મેં વિનોદ ખાતર લાકડી ફેંકવાનું કહ્યું તેથી ગુસ્સે ન થશો. પછી રામે એને એ બને સોધનની ગાયો અને પુષ્કળ દ્રવ્ય આપ્યું. રામને આશીર્વાદ દઈ બ્રાહ્મણ પોતાને ઘેર ગયો.
૨. પું. શિવ; મહાદેવ; શિવનાં હજાર માંહેનું એક નામ.

ત્રિજટા ૧. [સં.] સ્ત્રી (પુરાણ) અશોક વનમાં સીતાની ચોકી કરનારી એ નામની એક રાક્ષસી;

વિભીષણની બહેન. પંચવટીમાંથી બળાત્કારે પકડી આણીને રાવણે સીતાને અશોક વનમાં રાખ્યાં હતાં, ત્યાં સીતાના રક્ષણ માટે ત્રિજટાને રાખી હતી. એ દુરજો, ત્રાસી, સલાટાસી આદિ અનેક રાક્ષસીઓની ઉપરી હતી. એક વખત ત્રિજટાએ સ્વપ્નમાં રાવણ, કુંભકર્ણ અને ઇંદ્રજિતને ગધેડા અને ઊંટ જેવાં અમંગળ વાહનો ઉપર બેઠેલા અને દક્ષિણ તરફ જતા દીઠા. બીજી વારે એ બધા વાહનો ઉપરથી નીચે ભાંયથી ઝરેલ ખરામાં બૂડ્યા. વળી એણે તેમ્બોને નાગા, માંડ થઈ ગયેલા અને તેલ ચોપડેલા દીઠા. બીજી વારે બીજા સ્વપ્નમાં એણે રામ અને લક્ષ્મણને શ્વેત વસ્ત્ર ધારણ કરેલા, ગજ વગેરે ઉત્તમ વાહનો ઉપર બેઠેલા અને ઉત્તર તરફ જતા દીઠા. આ ઉપરથી એ જાગી ગઈ. એણે નિશ્ચય કર્યો કે, આ સ્વપ્નો રામનો ઉત્કર્ષ અને રાક્ષસોનો વિનાશસૂચક સમજવે છે. ત્યારપછી એ સીતાને કોઈ પણ તરેહથી દુઃખ થવા દેતી નહોતી. એણે પોતાનું સ્વપ્ન બીજા રાક્ષસીઓને પણ જાહેર કર્યું, જેથી એ બધી પણ સીતાની સંભાળ લેતી અને એને કશી પીડા થવા દેતી નહોતી.

૨. સ્ત્રી. એક પ્રકારની વેલ.

૩. સ્ત્રી. બીલીનું ઝાડ.

ત્રિજટી [સં. ત્રિજટિન્] પું. મહાદેવ.

ત્રિજડ (ત્રિજડ) ૧. [હિં.] પું. કટારી.

૨. પું. તરવાર.

ત્રિજન્ન ન. તિર્યંચ; મનુષ્યથી હલકી જાતનું પ્રાણી.

ત્રિજન્મકૃત [સં. ત્રિ (ત્રણ) + જન્મ (માણસ) + કૃત (કરેલું)] વિ. ત્રણ જણ વચ્ચે થયેલું; ત્રિપક્ષી.

ત્રિજન્મરાજ્ય [સં.] ન. ત્રણ જણ સાથે રાજ કરવાનું રાજ્ય; ત્રણ જણથી ચલાવાતું રાજ્ય.

ત્રિજનિ [સં. ત્રિ (ત્રણ) + જનિ (જોડ સુતરથી કળ)] ન. ત્રણ કેસરવાળાં ફૂલોના પટેલા તેર મોહોનો ત્રીજો વર્ગ.

ત્રિજાદક સ્ત્રી. ત્રણ જાતની દવા.

ત્રિજાત ૧ [સં.] સ્ત્રી. (વૈદક) તજ, તમાલપત્ર અને એલચીથી બનતી દવા; તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણેનું સમભાગ ચૂર્ણ. વૈદકમાં એને રેચક, નીરણ, ઉષ્ણવીર્ય, મોઢાની દુર્ગંધ દૂર કરનાર, પિત્તપ્રકોપક, દીપક તથા વાયુ અને વિષનાશક માનેલ છે.

૨. ન. તજ, એલચી અને તમાલપત્ર.

ત્રિજાતક જુઓ ત્રિજાત.

ત્રિજાતકાદિ ચોળી સ્ત્રી (વૈદક) તજ, તમાલપત્ર અને એલચી અરધો અરધો તોલો, પીપર બે તોલા અને સાકર દસ, જેઠીમધ અને ખજૂર દરેક અડધ તોલો એ બધાને મિશ્ર કરી બારીક ચૂર્ણ બનાવી મધની સાથે બનાવેલી નાના બોર જેવડી ગોળી. તે મોઢામાં રાખવાથી ઉધરસને બહુ ફાયદો કરતી મનાય છે.

ત્રિજામા [સં. ત્રિ (ત્રણ) + યામ (પહોર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રાત્રિ. તેના આગલી, મધ્ય અને પાછલી એમ ત્રણ પ્રકાર છે.

ત્રિજ્યા [સં. ત્રિ (ત્રણ) + જ્યા (જ્યા)] સ્ત્રી. ત્રણ રાશિઓની જ્યા.

ત્રિજોડ (ત્રિજોડ) વિ. જેની ત્રણ જોડ હોય એવું.

ત્રિજોડર [અં. ટ્રેઝરર] પું. ખજાનચી.

ત્રિજ્ઞાન [સં. ત્રિ (ત્રણ) + જ્ઞાન] ન. (જૈન) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનનો સમૂહ.

ત્રિજ્ઞાની [સં. ત્રિ (ત્રણ) + જ્ઞાન + ઈન (વાળું)] વિ. (જૈન) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનવાળું

ત્રિજ્યા ૧. સ્ત્રી. પગરખાં બનાવવાની દોરી.

૨. [સં.] સ્ત્રી. (ગણિત) મધ્યબિંદુથી પરિધ સુધીની સીધી લીટી; આરાની લીટી; વર્તુલના વ્યાસનો અર્ધભાગ. 'રેડિયસ.'

ત્રિજ્યાકોણ [સં. ત્રિજ્યા (વ્યાસાર્ધ) + કોણ (ખૂણો)] પું. (ગણિત) કોઈ પણ વર્તુલમાં ત્રિજ્યા જેટલી લંબાઈવાળા કોઈ પણ ચાપના બંને છેડાને કેંદ્ર આગળ મળવાથી જે સીધી લીટીઓ કેંદ્ર આગળ જોડવાથી ખૂણો કરે તેવડો ખૂણો; 'રેડિયન.'

ત્રિજ્યાચાપ [સં.] પું. કોઈ પણ બે ત્રિજ્યા વચ્ચેનો કોસ.

ત્રિજ્યાધિગમની [સં.] સ્ત્રી. હાથની કોણીથી કાંડા સુધી આવેલી પોરી નસ.

ત્રિજ્યાવૃત્ત [સં. ત્રિજ્યા (વ્યાસાર્ધ) + વૃત્ત (વર્તુલ)] ન. શંકુ જેટલી લંબાઈનો હોય તેટલી લંબાઈની ત્રિજ્યાએ બેય પીઠ ઉપર દોરાતો ભોગ.

ત્રિઠ ૧ સ્ત્રી. કલમ.

૨. સ્ત્રી. પીડા; દુઃખ.

આપ્યું તો કાંઈ નહિ ત્રિઠ આપી નહિ,
તે ત્યારે શોચ હૃદયે જ ધરવો.

નરસિંહ

ત્રિડુ જુઓ તરુ.

ત્રિણકર્ણી પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ત્રિણચિકેત ૧. [સં.] પું. નારાયણ.

૨. પું. યજુર્વેદના એ નામના ભાગનો અનુયાયી.

૩. પું. યજુર્વેદનો એ નામનો એક વિશેષ ભાગ.

ત્રિણત [સં] ન. ખાસપણું, તૃણભાવ.

ત્રિણત્ય પું. સત્તાવીસ વખત ગણેલ એક સામરતોમ.

ત્રિણાચિકેત ૧. [સં.] પું. એ નામનો એક અગ્નિ. તેનું વર્ણન પ્રશ્નોપનિષદમાં આવે છે

૨. પું. જેણે ત્રણ વાર નાચિકેત નામના અગ્નિની ઉપાસના કરી હોય અથવા જે નાચિકેત અગ્નિના જ્ઞાન, અધ્યયન અને અનુષ્ઠાનવાળો હોય તેવો ગૃહસ્થ.

૩. પું. યજુર્વેદનો એક ભાગ.

ત્રિણાચિકેતા જુઓ ત્રિણાચિકેત

ત્રિત ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તે ઋગ્વેદના પહેલા મંડળના ૧૮૫મા સૂક્તનો દ્રષ્ટા છે. તે સૂક્ત વિશ્વેદેવોની સ્તુતિના રૂપમાં છે. શાખાયનીઓના કહ્યા પ્રમાણે આ સ્તુતિ તેમણે કૂવામાં પડેલા વારે ચંદ્રના ત્રિરશ્મ કૂવામાં આવતાં જોઈને કરેલ હતી. અગ્નિએ હવિ હોમેલા અંગારા પાણીમાં નાખ્યા વારે તેમાંથી એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ ભાઈઓ ઉત્પન્ન થયા. તેઓ ત્રણ જેટલે પાણીમાંથી ઉત્પન્ન થયા માટે તેમનું નામ આપત્ય પડ્યું. ત્રિત એક દિવસ કૂવે પાણી ભરવા ગયો અને એમાં પડી ગયો. અસુરોએ કૂવા ઉપર દાંડવું દઈ દીધાં કે જેનાથી બહાર નીકળાય નહિ, પણ ત્રિત બહુ સહેલાઈથી તેમાં થઈને બહાર આવ્યો. નીતિમંજરીમાં આ વાત પાડોશે આપી છે. એકત અને દ્વિત તરસ્યા થવાથી ત્રિત પાણી લેવા ગયો. એણે પાણી લાવીને પોતાના ભાઈઓને આપ્યું. ત્રિતનો ભાગ પચાવી પાડવાના હેતુથી ભાઈઓએ એને કૂવામાં કેદી દીધો અને ઉપર મોટું પૈડું દાબી દીધું અને પોતે ચાલતા થયા. ત્રિતે દેવોની બહુ પ્રાર્થના કરી તેથી એ બહાર નીકળ્યો. મહાભારતમાં એમ લખેલું છે કે, ગૌતમ ઋષિને એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ પુત્ર હતા. તેમના તપ, નિયમ અને ઇંદ્રિયનિગ્રહથી ગૌતમ તેમના ઉપર પ્રસન્ન રહેતા. ગૌતમના મરણ પછી તેના બ્રહ્મજ્ઞાન સાથ તેના બધે પુત્રનું સન્માન કરવા લાગ્યા. આ ત્રણેમાં વૈદિક કર્મકાંડ અને અધ્યયન વગેરેમાં ત્રિત પોતાના પિતા જેવો સર્વશ્રેષ્ઠ હોવાથી બધા મુનિઓ તેનો આદરસત્કાર કરતા. પછી

એકત અને દ્વિતે વિચાર કર્યો કે, આપણે ત્રિતને સાથે રાખી યજમાનો પાસે જઈ કરાવી સોમરસ પીએ અને પુષ્કળ પશુઓ તથા ધનનું દાન મેળવીએ. આવો વિચાર કરી એ ત્રણે મહર્ષિઓ પોતાના યજમાન પાસે યજ્ઞ કરાવવા ગયા અને તેમની પાસેથી દક્ષિણામાં ઘણું પશુ મેળવ્યાં. એ બધાં પશુ લઈને તેઓ પૂર્વ દિશા તરફ ચાલ્યા. ત્રિત હરખાતો હરખાતો સૌથી આગળ ચાલતો હતો અને તેના બંને ભાઈઓ પશુઓને હાંકતા પાછળ આવતા હતા. એકત અને દ્વિતનો વિચાર ત્રિતને છેતરી આ બધાં પશુઓ સાથે લઈને નાસી જવાનો હતો. આ પ્રમાણે ચાલતાં રાત્રે એક વડ સાથું મળ્યું. તેનાથી દૂરીને ત્રિત સરસ્વતીના કિનારે આવેલા મોટા કૂવા તરફ અજાણપણામાં દોડ્યા અને તેમા પડી ગયો. આમાં પડીને ત્રિતે ઘણી ચીસો પાડી. તેના ભાઈઓ તે સાંભળવા છતાં પશુઓના લોભથી ત્રિતને ત્યાં પડતો મૂકીને ચાલ્યા ગયા. આ પ્રમાણે કૂવામાં રહેલા ત્રિતે શું યજ્ઞ કરવાનો વિચાર કર્યો. કૂવામાં લટકતી એક વેલને સોમવેલ તરીકે કલ્પી પોતાના આત્માને હોતા બનાવી લીધો અને ભગવાનું ચિંતન કરી અગ્નિની પણ માનસિક કલ્પના કરી લીધી. પછી વિધિપૂર્વક યજ્ઞ કરે કર્યો. સ્વર્ગમાંથી બધા દેવતાઓ પણ ત્યાં આવ્યા અને ત્રિત મુનિએ દેવોની પ્રાર્થના કરી તેમને યજ્ઞભાગ આપ્યો. દેવો પણ વિધિપૂર્વક પોતાના યજ્ઞભાગ મેળવી પ્રસન્ન થયા અને ત્રિત મુનિને વરદાન માગવાનું કહ્યું પ્રથમ તો પોતાને કૂવામાંથી બહાર કાઢી રક્ષણ કરવાનું વરદાન ત્રિતે માગ્યું અને બીજું એ કે એ કૂવામાં જે નહાય તેને સોમરસ પાન કરનારની ગતિ પ્રાપ્ત થાય. ત્રિત મુનિએ આમ કહેતાં કૂવામા મોટા તરંગવાળી સરસ્વતી નદી ઊછળી આવી અને ત્રિત મુનિને બહાર કાઢ્યા. દેવો તથાસ્તુ કહી પોતાને સ્થાને ગયા. ત્રિત મુનિએ પોતાના ભાઈઓ પાસે જઈ તેમને શાપ આપ્યો કે તમે પશુલોભી થયા માટે જંગલમાં કરનારા મોટી દાઢીવાળા વરુ થશો અને તમારી પ્રજા બાંદરાં અને વાનર થશે. જળદેવે યાત્રા વખતે આ કૂવામાં સ્નાન કર્યું હતું.

૨. પું. (પુરાણ) બહદ્રથનો એ નામનો એક માનસ પુત્ર

ત્રિતકૂપ જુઓ ત્રિતતીર્થ.

ત્રિતતીર્થ [સ. ત્રિત (એક ઋષિ) + તીર્થ (પવિત્ર સ્થાન)] ન. સરસ્વતી નદીના તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

ત્રિતનુ [સં. ત્રિ (ત્રણ) + તનુ (શરીર)] ન. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એમ ત્રણ શરીર.

ત્રિતય ૧. [સં.] પું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણનો સમૂહ.

૨. પું. વાત, પિત્ત અને કફ એ ત્રણ ધાતુનો સમૂહ

૩. ન. ત્રણની સંખ્યા; ત્રણનો સમૂહ.

૪. વિ. ત્રણની સંખ્યાવાળું.

૫. વિ. ત્રીજું.

ત્રિતલકોષ [સં. ત્રિ (ત્રણ) + તલ (અપટી) + કોષ (ખણો)] પું. કોર્ષ વન પદાર્થની ત્રણ પાર્ટી એક જ બિંદુમાં મળે ત્યારે તે બિંદુ પાસે તેમના મળવાથી બનતો ખૂણો

ત્રિતંત્રી [સં. ત્રિ (ત્રણ) + તંત્રી (વીણાનો તાર)] સ્ત્રી. ત્રણ તારવાળી એક પ્રકારની વીણા.

ત્રિતા ૧. [સં.] સ્ત્રી. ત્રણપણું.

૨. સ્ત્રી. ત્રિત મુનિએ કૂવામાંથી બહાર આવવા દેવોને કરેલી પ્રાર્થના.

ત્રિતાપ ૧. [સં. ત્રિ (ત્રણ) + તાપ (દુઃખ)] પું આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક અથવા આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણ જાતનાં દુઃખો; તાપત્રય

૨. વિ. બહુકષ્ટવું; બહુમોલું

ત્રિતાપહર [સં ત્રિ (ત્રણ) + તાપ (દુઃખ) + હર (દૂર કરનાર)] વિ. ત્રણ પ્રકારનાં દુઃખ દૂર કરનાર.

ત્રિતારકમંત્ર પું. મંત્ર જાપે તે મંત્ર આપનાર સદ્ગુરુનું અને મંત્રદેવતાનું ધ્યાન પણ મૂર્તામાં રાખવું એવો મંત્ર

ત્રિતાલ ૧. પું. ઘોડાની એક ચાલ. તેમાં માત્ર ત્રણ પગ વપરાય છે

૨. [સં.] પું. (સંગીત) સોળ માત્રાનો એક તાલ

૧	૨	૩	૪
તા	ધિન	ધિન	ધા
૫	૬	૭	૮
તા	ધિન	ધિન	ધા
૯	૧૦	૧૧	૧૨
તા	તિન	તિન	તા
૧૩	૧૪	૧૫	૧૬
તા	ધિન	ધિન	ધા

તેના બે ભાગ છે: બલદ ત્રિતાલ અને ધીમો ત્રિતાલ. ત્રિતાલને જો બલદી બોલીએ તો બલદ ત્રિતાલ કહેવાય છે. તેની આઠ માત્રા છે તેમાં પહેલી, ત્રીજી અને સાતમી માત્રા ઉપર તાલ અને પાંચમી માત્રા ઉપર ખાલી આવે છે. આને દક્ષિણમાં ત્રિષ્ટ કહે છે. બીજા ત્રિતાલમાં પહેલી, પાંચમી અને તેરમી માત્રા ઉપર તાલ અને નવમી ઉપર ખાલી આવે છે.

ત્રિતાલવિસંધિત પું. (સંગીત) એક પ્રકારનો તાલ.

ત્રિતાળ જુઓ ત્રિતાલ.

ત્રિતુલ [સં. ત્રિ (ત્રણ) + તુલ્ (સરખામણી કરવી)] વિ. (કૌન) મન, વચન અને કાયા એ ત્રણની તુલના કરીને જીતનાર.

ત્રિત્રિકોણભાવ ન. (જ્યોતિષ) કુંડલીમાં નવમો ભાવ. તેમાં ૫ થી ૯ તે દરેક ભાવ ત્રિકોણભાવ કહેવાય છે અને ૯મો ભાવ ત્રિત્રિકોણ કહેવાય છે.

ત્રિત્રિયક પું. એકાંતરિયો તાવ.

ત્રિત્વ [સં.] ન. ત્રણપણું.

ત્રિત્સુ પું. એ નામની એક આર્ય જાતિ; ઋગ્વેદમાં દર્શાવેલ આર્ય જાતિના પાંચ માણેનો એ નામનો એક વિભાગ.

ત્રિદલ [સં. ત્રિ (ત્રણ) + દલ (પાદડું)] પું. બીલીનું ઝાડ. તેને ત્રણ ત્રણ પાંદડાંના ઝૂમખા હોય છે.

ત્રિદલકપાટ ૧. પું ત્રિપટકપાટ; ત્રિકપર્દિકપાટ.

૨. સ્ત્રી. મોખાપટી; હંસપદી

ત્રિદલા [સં.] સ્ત્રી. એક જાતની લતા; શાલપાળુ.

ત્રિદલિકા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ત્રિદશ ૧. [હિં.] પું. છત્ર.

૨. [સં.] પું. છત્ર.

૩. પું. તેત્રીસ કરોડ દેવતા. આઠ આદિત્ય, આઠ વસુ, અગિયાર રુદ્ર અને બે અશ્વિનો મળીને તેત્રીસ કોટિના એટલા જાતના દેવો માન્યા છે. પણ કોટિ શબ્દનો અર્થ કરોડ પણ થાય છે તેથી કોઈમાં દેવોની સંખ્યા તેત્રીસ કરોડની મનાવા લાગી.

૪. પું. તેત્રીસ પ્રકારના દેવમાંથી પ્રત્યેક.

૫. પું. દેવ; અમર; સુર.

૬ પું. તિબેટનાં હજાર માણેનું એક નામ.

૭. ન. (વિહંગ) એક પ્રકારનું ત્રિકાળ ઘર. ત્રિકાળ ઘર આગળ એક પણ હોય તો તે હસ્તિની શાળા કહેવાય છે, પણ હસ્તિની શાળાનું મુખ ઉત્તર બાજુ હોય તો તે ત્રિદશ નામનું ઘર કહેવાય.

૮. વિ. તેર.

૯. વિ. તેરમું.

૧૦ [સં ત્રિ (ત્રણ) + દશન્ (દસ)] વિ. ત્રણ દસ; ત્રીસ

ત્રિદશગુરુ [સં. ત્રિદશ (દેવતા) + ગુરુ] પું. બૃહસ્પતિ; દેવોના ગુરુ.

ત્રિદશગોપ [સં.] પું. ઇન્દ્રગોપ કીડો.

ત્રિદશતરંગિણી જુઓ ત્રિદશદીર્ઘિકા.

ત્રિદશદીર્ઘિકા ૧. [સં] સ્ત્રી. આકાશગંગા; સ્વર્ગગંગા.

૨. જો ભાગીરથી; ગંગા નદી.

ત્રિદશાન [સં. ત્રિ (ત્રણ) + દશન (દાંત)] વિ. ત્રણ દાંતવાળું.

ત્રિદશાનદી [સં. ત્રિદશ (દેવ) + નદી] સ્ત્રી. ગંગા નદી.

ત્રિદશપતિ [સં. ત્રિદશ (દેવ) + પતિ (અધિપ)] પું. ઇંદ્ર; દેવોનો રાજા.

ત્રિદશપુષ્પ [સં.] ન. ધાવિંડ.

ત્રિદશમંજરી [સં.] સ્ત્રી. તુલસી.

ત્રિદશાવધૂ [સં. ત્રિદશ (દેવ) + વધૂ (વહુ)] સ્ત્રી. અપ્સરા; દેવાંગના; સ્વર્ગની વેશ્યા.

ત્રિદશાવનિતા [સં. ત્રિદશ (દેવ) + વનિતા (સ્ત્રી)] સ્ત્રી. અપ્સરા; દેવાંગના.

ત્રિદશાસ્ત્રનૌ [સં. ત્રિદશ (દેવ) + અસ્ત્રિન (આર્મ)] ન. આયુધ.

ત્રિદશાંબાપી [સં. ત્રિદશ (દેવ) + આપી (વાવ)] સ્ત્રી. ગંગા નદી.

ત્રિદશાચાર્ય [સં. ત્રિદશ (દેવ) + આચાર્ય (ગુરુ)] પું. બૃહસ્પતિ; દેવોના ગુરુ.

ત્રિદશાધિપ ૧. [સં. ત્રિદશ (દેવ) + અધિપ (રાજા)] પું. ઇંદ્ર.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ત્રિદશાધ્યક્ષ ૧. [સં. ત્રિદશ (દેવતા) + અધ્યક્ષ (ઉપરી)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ત્રિદશ એટલે ત્રીજા અને સત્ત્વ, રજસ તથા તમસ ગણીને તેત્રીસ કોટિ દેવતાઓના અધ્યક્ષ પણ તે છે. તેમ જ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે દશાના અધ્યક્ષ આત્મા પણ તે જ છે.
૨. પું. સર્વસાક્ષી બ્રહ્મ.

ત્રિદશાશન [સં.] પું. વિષ્ણુ.

ત્રિદશાસુધ [સં. ત્રિદશ (દેવ) + આયુધ (હથિયાર)] ન. ઇંદ્રનું વજ્ર; ઇંદ્રધનુષ.

ત્રિદશારિ [સં. ત્રિદશ (દેવતા) + અરિ (દુશ્મન)] પું. અસુર; રાક્ષસ.

ત્રિદશાલય ૧. [સં. ત્રિદશ (દેવ) + આલય (સ્થાન)] ન. મેરુ પર્વત; સુમેરુ પર્વત.
૨. ન. સ્વર્ગ; દેવોને રહેવાનું સ્થાન.

ત્રિદશાવાસ [સં.] ન. (સમાસ) એક પ્રકારનું ત્રિશાળ ઘર. જે ઘરને ત્રણ શાળા હોય એવા ત્રિશાળ ઘર આગળ એક પણ હોય તો તે હસ્તિની શાળા કહેવાય છે. પણ હસ્તિની શાળાનું મુખ પૂર્વ સામે હોય તો તે ત્રિદશાવાસ કહેવાય.

ત્રિદશાહાર [સં. ત્રિદશ (દેવતા) + આહાર (ખોરાક)] પું. અમૃત.

ત્રિદશાંકુશ [સં.] ન. વજ્ર.

ત્રિદશી [સં.] સ્ત્રી તેરસ.

ત્રિદશેશ જુઓ ત્રિદશેશ્વર.

ત્રિદશેશી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ત્રિદશેશ્વર [સં. ત્રિદશ (દેવ) + ઈશ્વર (અધિપતિ)] પું. ઇંદ્ર.

ત્રિદશેશ્વરી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૨. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એ નામની એક કલા.

ત્રિદશૌંદ [સં. ત્રિદશ (દેવ) + ઔંદ (અધિપતિ)] પું. દેવતાના અધિપતિ; ઇંદ્ર.

ત્રિદળ ૧. [સં. ત્રિદલ] પું. બીલીનું ઝાડ.
૨. પું. ત્રણ પાંદડાં.

ત્રિદંડ ૧. [સં.] પું. ત્રણ દંડ.
૨. પું. ત્રણ દંડનો સમુદાય.
૩. પું. ત્રણ પાયાની બેઠણી.
૪. પું. મન, વાણી અને શરીરનો નિગ્રહ; મન, વાણી અને કર્મ એ ત્રણેનું દમન કરવું તે.
૫. પું. સંન્યાસ આશ્રમ.
૬. પું. સંન્યાસ આશ્રમનું ચિહ્ન; મજાળે બે નાની નાની લાકડીઓ બાંધી હોય એવો વાંસનો દંડ, વાગ્દંડ, મનોદંડ અને કાયદંડ એ ત્રણ સંયમ ધારણ કર્યાની નિશાનીરૂપ સંન્યાસીનો દંડ.
૭. પું. સંન્યાસવૃત્તિ.
૮ પું. (જૈન) સંન્યાસી; ત્રિદંડ ધારણ કરનાર માણસ.

ત્રિદંડધારણ [સં] ન. ત્રણ દંડ ધારણ કરવા તે; સંન્યાસનો સ્વીકાર.

ત્રિદંડધારી જુઓ ત્રિદંડી.

ત્રિદંડિક [સં. ત્રિ (ત્રણ) + દંડિક (દંડ ધારણ કરનાર)] ન. સંન્યાસીને રાખવાની લાકડી તેના બોજથી તે ત્રિદંડી કહેવાય છે.

ત્રિદંડી ૧. [સં. ત્રિદંડિન્] પું. ત્રિદંડ ધારણ કરનાર સંન્યાસી; વાચા, મન અને આચરણ એ ત્રણ જેના સ્વાધીનમાં છે એવો સંન્યાસી; વાગ્દંડ, મનોદંડ અને કાયદંડ ધારણ કરનાર માણસ; વિશુદ્ધાત્મા, જિતાત્મા અને જિતેંદ્રિયતા એ ત્રણથી સૂચવાતા ત્રણ દંડ ધારણ કરનાર વ્યક્તિ. મિતાહાર વડે શરીરને, પ્રાણાયામ વડે મનને અને વાણીના નિરોધ વડે વાણીને જે દંડ આપે તે ત્રિદંડી કહેવાય. જેણે સુદૃઢ વાગ્દંડ, મનોદંડ અને કાયદંડને ધારણ કર્યા હોય એવો અને તે દેખાડવાને ત્રણ દંડને એકઠા બાંધીને જે જમણા હાથમાં રાખે છે તે ત્રિદંડી સન્યાસી કહેવાય છે.
૨. પું. યજ્ઞોપવીત; જનોઈ.
૩. સ્ત્રી. એક પ્રકારની વેલ. એને ત્રણ ત્રણ પાન પાંદડાં હોય છે. ધારણબંધન માટે તે ઉપયોગી મનાય છે
૪. વિ. ત્રણ દંડવાળું.

ત્રિદંડીમત પું. શારીરકાચાર્યે ચલાવેલો એક મત. તે મત પ્રમાણે અદ્વૈતનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ સત્ય છે પણ તે અમુક ઉપાધિને લીધે દ્વૈત બતાવે છે.

ત્રિદંતી [સં.] સ્ત્રી. મહાભેદાદંત.

ત્રિદાહ [સં.] પું. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવા ત્રણ પ્રકારના તાપ.

ત્રિદિન [સં. ત્રિ (ત્રણ) + દિન (દિવસ)] ન. ત્રણ દિવસ.

ત્રિદિનસ્પૃશા [સં. ત્રિ (ત્રણ) + દિન (દિવસ) + સ્પૃશ્ (અડકનું)] પું. ત્રણ દિવસને સ્પર્શ કરતી તિથિ; જેનો થોડોઘણો અંશ ત્રણ દિવસમાં હોય તેવી તિથિ; બુધ દિવસ. આવા દિવસે સ્નાન અને દાન સિવાય બીજું કોઈ શુભ કામ કરાતું નથી.

ત્રિદિનાત્મક [સં.] ન. એ નામનું જાતિક માસમાં થતું એક વ્રત.

ત્રિદિવ ૧ [સં.] ન. આકાશ.
૨. ન. સુખ.
૩. ન. સ્વર્ગ.

ત્રિદિવા ૧. [સં.] સ્ત્રી ગંગા નદી
૨. સ્ત્રી. મહાભારતમાં કહ્યાવેલી એ નામની એક પ્રાચીન નદી.

ત્રિદિવાધીશ ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. પું. હરકોઈ દેવ.

ત્રિદિવાધીશ્વર જુઓ ત્રિદિવાધીશ.

ત્રિદિવેશ ૧. [સં] પું ઇંદ્ર; દેવોનો રાજા.
૨. પું. દેવ; અમર; ત્રિદશ; વિબુધ; સુર.

ત્રિદિવોદ્ભવ [સં.] વિ. સ્વર્ગમાં હોનાર કે બનાર.

ત્રિદિવોદ્ભવા ૧. [સં. ત્રિદિવ (આકાશ) + ઉદ્ભવ (જન્મ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગંગા નદી.
૨. સ્ત્રી. મોટી એલચી. ત્રણ દીવાની હારો જેમ્રી બાય અને જે દરેય બાય જેવો એલચીનો આકાર હોવાથી તે ત્રિદિવોદ્ભવા કહેવાય છે.

ત્રિદિશ ૧ [સ. ત્રિ (ત્રણ) + દિશ્ (દિશા)] પું. દેવ.
૨. સ્ત્રી. ચાર મહિનો ગર્ભ ને ત્રણ દિશા.
૩. વિ. ત્રણ દિશામાંથી આવેલું; ત્રણ દિશાનું.

ત્રિદૃશ ૧. [સ. ત્રિ (ત્રણ) + દૃશ્ (નેત્ર)] પું. શિવ; શંકર. તેને ત્રણ નેત્ર હોય છે.
૨. વિ. ત્રણ નેત્રવાળું.

ત્રિદેવ [સં.] પું. બ. વ. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ.

ત્રિદેવત્વ [સં.] ન. ત્રણ દેવ હોવાનો મત; ત્રિદેવવાદ; દેવત્રયવાદ; દેવત્રય મત; દેવત્રય પક્ષ; પિતા, પુત્ર અને પ્રાણ એ ત્રણે જુદા ઈશ્વર છે એવો મત.

ત્રિદેવપૂજન [સં.] ની. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ દેવની પૂજા. આ ત્રણ મુખ્ય દેવ મનાય છે. અઢાર પુરાણો પણ આ ત્રણ દેવતાઓના સંબંધમાં છે. વિષ્ણુ, નારદીય, ભાગવત, ગરુડ, મત્સ્ય અને વરાહ પુરાણ વિષ્ણુના સંબંધમાં, મત્સ્ય, કૂર્મ, લિંગ, વાયુ, સ્કંદ અને અગ્નિ પુરાણ શિવના સંબંધમાં અને બ્રહ્માંડ, બ્રહ્મ વૈવર્ત, માર્કંડેય, ભવિષ્ય, વામન અને બ્રહ્મ પુરાણ બ્રહ્માનાં સંબંધમાં બનાવ્યા છે.

ત્રિદેવવાદ [સં. ત્રિ (ત્રણ) + દેવ (દેવતા) + વાદ (મત)] પું. ત્રિદેવમત; પિતા, પુત્ર અને પવિત્રાત્મા મળીને એક જ ઈશ્વર નહિ પણ ત્રણ દેવ છે એવો મત.

ત્રિદેવવાદી [સં. ત્રિદેવવાદિન] વિ. ત્રિદેવવાદમાં માનનાર.

ત્રિદેહ પું. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર. સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર તથા કારણ શરીર એમ મનુષ્યનાં ત્રણ શરીર હોય છે. સ્થૂલ શરીરનો જન્મ થાય છે અને નાશ પણ થાય છે. જન્મ તથા મૃત્યુ કેવળ સ્થૂલ શરીરનાં જ છે, એની સાથે સૂક્ષ્મ શરીરનો કોઈ સંબંધ નથી હોતો. સૂક્ષ્મ શરીરની પણ ઉત્પત્તિ તથા વિનાશ થાય છે. સ્થૂલ શરીરની જેમ સૂક્ષ્મ શરીર પણ ભિન્ન છે. આ બંને શરીર બને છે અને ભાંગે છે. જીવનું બીજું કારણ શરીર છે, તે મુક્તિ મળતાં સુધી રહે છે. દેહધારીમાં જે ગુણ પ્રભાવશાળી હોય છે તે એ ત્રણે દેહોમાં પ્રભાવશાળી હોય છે. સ્થૂળ શરીર અન્નમય દેહ છે, સૂક્ષ્મ શરીર વાસનામય દેહ છે, મનોમય દેહ છે અને કારણ શરીર જ્ઞાનમય દેહ છે. આ દેહ ઓકળીઓની અંદર હોય છે. સૌથી બહાર સ્થૂલ દેહ છે, તે અન્નથી બને છે. તેમાં સૂક્ષ્મ વાસનામય દેહ અને મનોમય દેહ છે; અને તેમાં કારણ દેહ અન્નથી બુદ્ધિરૂપ કે જ્ઞાનરૂપ દેહ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહોમાં એક જ ગુણ પ્રભાવશાળી હોય છે, તેથી સ્થૂળ શરીર છૂટી જાય ત્યારે બીજાં બે શરીર જીવાત્મા સાથે રહે છે અને તેમાં મરણ વખતે જે ગુણ પ્રભાવશાળી હોય તે જ ગુણ રહે છે. વસ્તુતઃ જોઈએ તો સ્થૂળ શરીર કરતાં સૂક્ષ્મ અને કારણ શરીરમાં ગુણોનો પ્રભાવ વિશેષ હોય છે. તેથી મરણ પછી સૂક્ષ્મ દેહની અંદરનો ગુણ તેને પોતાની તરફ આકર્ષિત કરીને જ્યાં જઈ જન્મ પામે છે ત્યાં લઈ જાય છે.

ત્રિદોષ ૧. [સં.] પું. કફ, વાત અને પિત્ત એ ત્રણ દોષ.
૨. પું. (જૈન) રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષ.
૩. પું. વાત, પિત્ત અને કફ એ ત્રણેના પ્રકોપથી થતો રોગ; સન્નિપાત; કફથી આવતી જડાઈ જાય અને વળી તાવનું જોર પણ હોય એવો રોગ મૂંઝારો.

ત્રિદોષઘ્ન [સં. ત્રિદોષ (સન્નિપાત) + ઘ્ન (નાશ કરનાર)] વિ. વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષનો નાશ કરનાર; સન્નિપાતને મટાડનાર.

ત્રિદોષજ ૧. [સં. ત્રિદોષ (વાત, પિત્ત અને કફ) + જ (જન્મેલું)] પું. સન્નિપાત.
૨. વિ. કફ, પિત્ત અને વાત એ ત્રણ દોષથી થયેલું; ત્રિદોષમાંથી થયેલું; વાત, પિત્ત ને કફ એ ત્રણ દોષને લીધે ઉત્પન્ન થયેલ.

ત્રિદોષજજ્વર [સં. ત્રિદોષ (વાત, પિત્ત અને કફ) + જન્ય (ઉત્પન્ન થતું) + જ્વર (તાવ)] પું. સન્નિપાતનો તાવ.

ત્રિદોષદાવાનલરસ [સં. ત્રિદોષ (સન્નિપાત) + દાવાનલ (અગ્નિ) + રસ] પું. (વૈદક) સન્નિપાત ઉપર વપરાતી એ નામની દવા. તે બનાવવા દ્વિગુણ ગંધક ૬૪ રતિ તોલા ૬, લોહભસ્મ તોલા ૮ અને વજ્રનાગ તોલો ૧ એ ત્રણે વસ્તુને તાંબાના વાસણમાં નાખી તેમાં જ લીંબુનો રસ કુંવર, આકરી, ભાંગ, માકણાં તથા મોરનું એમ પાંચ પિત્ત અથવા માકણાં, ગાય, બોકડો, હરણ તથા ભોંયનું એ પાંચ પિત્ત તથા ભાંગરીજણી અને આદુના રસની ભાવના આપવી.

ત્રિદોષમર્યાદા [સં.] સ્ત્રી. સામાન્ય રીતે ત્રિદોષ જ્વરમાં ધાતુપાક થઈને મૃત્યુની કે મલપાક થઈને સારા થવાની મુદત. દરેક સન્નિપાત માટે જુદી જુદી મુદત હોય છે. સામાન્ય વાતપ્રધાન ત્રિદોષમાં સાત દિવસ, પિત્તપ્રધાન ત્રિદોષ જ્વરમાં દસ અને કફપ્રધાન ત્રિદોષ જ્વરમાં બાર દિવસ કે તેથી ભળ્યા અને કદાચિત્ ત્રણ્યા કે ચારગ્યા દિવસે ધાતુપાક થઈને દર્દી મરી જાય છે અથવા તો મલપાક થઈને દર્દી સારો થાય છે.

ત્રિદોષવાદ [સં.] પું. શરીરમાં કફ, પિત્ત અને વાત એવા ત્રણ દોષ હોવાનો મત.

આયુર્વેદનો ત્રિદોષવાદ ઋગ્વેદના ઋષિના જમાનામાં હતો એમ કહે; પણ એ સંમત નથી.
પુરાતત્વ

ત્રિદોષવિકૃતિ [સં. ત્રિદોષ (કફ, પિત્ત અને વાયુ) + વિકૃતિ] પું. સત્તર પૈકી એક પ્રકારનો કેડારોગ.

ત્રિદોષસિદ્ધાંત [સં.] પું. શરીર કફ, પિત્ત અને વાયુ એવા ત્રણ દોષયુક્ત હોવાનો સિદ્ધાંત. પ્રાચીન કાળમાં ગ્રીક અને રોમન લોકોએ વાત, પિત્ત અને કફનો સિદ્ધાંત હિંદુઓ પાસેથી ગ્રહણ કર્યો, પણ તેનું બરાબર સ્વરૂપ સમજી શકાયા નહિ અને તેને લઈ ને પાશ્ચાત્ય વૈદ્યક વિદ્યા જાણનારાઓ આ સિદ્ધાંતની ઘણી અવગણના કરી રહ્યા. આયુર્વેદ મુજબ શરીરની સર્વ ક્રિયાઓમાં મુખ્ય ભાગ લેનાર વાત, પિત્ત અને કફ નામના ત્રણ દોષ છે. તેઓ વિકાર પામે તો શરીરમાં વિવિધ જાતનાં દરદ ઉત્પન્ન થાય અને જ્યાંસુધી સમાન અવસ્થામાં રહે ત્યાંસુધી શરીર આરોગ્ય રહે. સંપૂર્ણ પાચનક્રિયા માટે એ ત્રણે દોષ પોતપોતાના પ્રમાણમાં જ જોઈએ. આપેક્ષ અવસ્થામાં પિત્તનું, બાલ્યાવસ્થામાં કફનું અને વૃદ્ધાવસ્થામાં વાતનું જોર વિશેષ હોય છે. વાત એટલે વાયુ, પિત્ત એટલે હલેજામાં ઉત્પન્ન થતું પિત્ત અને કફ એટલે બરડીમાં નીકળતો બળખો એવો અર્થ બહુ સંકુચિત અને અપૂરો છે. ખરી રીતે તેમનો અર્થ વિસ્તૃત છે.

ત્રિદોષહર ૧. વિ. ત્રણ દોષનો નાશ કરનાર.
૨. વિ. સન્નિપાતને મટાડનાર.

ત્રિદોષાત્મક [સં.] વિ. કફ, વાયુ અને પિત્ત એ ત્રણે દોષવાળું.

ત્રિદ્રુત [સં. ત્રિ (ત્રણ) + દ્રુત (ઝડપના કરતાં ઝડપથી બોલતાં વપરાતો કાળ)] ન. (સંગીત) તાલનું એ નામનું એક અંગ; પાંચ માત્રાનું લઘુવિરામ અંગ.

ત્રિધન વ. ત્રેવડી ઝડપથી ગાવું તે.

ત્રિધની [સં.] પું. એક પ્રજાપતિની રાણિણી.

ત્રિધન્વા ૧. [સં. ત્રિધન્વન્] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલ પુરુકુત્સ રાજાના બે પુત્રોમાંના મોટા વસુદ રાજાનો પૌત્ર, સંભૂતિ રાજાનો પુત્ર અને ત્રય્યારુણનો પિતા.
૨. પું. (પુરાણ) હરિવંશ અનુસાર સુધન્વા રાજાનો એ નામનો એક પુત્ર.

ત્રિધર્મા [સં. ત્રિધર્મન્] પું. મહાદેવ; શિવ.

ત્રિધા ૧. [સં.] વિ. ત્રણ પ્રકારનું.
૨. અ. ત્રણ પ્રકારે; ત્રણ રીતે; ત્રણ ભાગે; ત્રેધા.

ત્રિધાતુ ૧. [સં.] પું. ત્રણપતિ; ત્રણેક.
૨. પું. ત્રણ ધાતુ; સોનું, ચાંદી અને તાંબું એ ત્રણ ધાતુનો સમુદાય.
૩. પું. વાત, પિત્ત અને કફ.

ત્રિધાતુક [સં.] પું. ત્રણેય; ત્રણપતિ.

ત્રિધાતુચલનવાદ [સં. ત્રિ (ત્રણ) + ધાતુ + ચલન (ચાલવું તે) + વાદ (મત)] પું. રાજ્યમાં પ્રવર્તતાં સિક્કા ત્રણ ધાતુમાં હોવા જોઈએ એવો મત.

ત્રિધાતુવાદ જુઓ ત્રિરોપવાદ.

ત્રિધાપુષ્પી [સં. ત્રિધા. (ત્રણ રીતે) + પુષ્પિન્ (ફૂલવાળું)] વિ. એક જ ઝાડ ઉપર ત્રણ જાતનાં ફૂલવાળું

ત્રિધામ ૧. ન. ત્રણ ધામ.
૨. [સં. ત્રિધામન્] પું. સ્વર્ગ.
૩. વિ. ત્રણની સંખ્યાવાળું.
૪. વિ. ત્રણ સ્થાનવાળું.

ત્રિધામા ૧. [સં. ત્રિધામન્] પું. અગ્નિ.
૨. પું. (પુરાણ) એ નામનો એક આસ; ચાક્ષુ મન્વંતરનો દસમો આસ.
૩. પું. ચિત્રક વૃક્ષ.
૪. પું. ચમ્પક.
૫. પું વિષ્ણુ.
૬. પું. શિવ; મહાદેવ.

ત્રિધામી [સં.] સ્ત્રી. ત્રણ ધામ.

ત્રિધામૂર્તિ [સં. [ત્રિધા (ત્રણ પ્રકાર) + મૂર્તિ] પું. પરમેશ્વર, જેમણે તેની અંદર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણે છે; બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એવા ત્રણ પ્રકારની મૂર્તિવાળો પરમેશ્વર.

ત્રિધાર [સં.] વિ. ત્રણ ધારવાળું.

ત્રિધારક [સં.] પું. એક જાતનું ઝાડ.

ત્રિધારગ્રંથિ સ્ત્રી. ખોપરીના તળિયા આંહેની એ નામની એક ગ્રંથિ.

ત્રિધારગ્રંથિપ્રપાત સ્ત્રી. ખોપરીના તળિયામાં પાંચમી નાડીઓની ગ્રંથિઓ માટેના બે બારા આંહેનો દરેક. આ બે બારા સંભારિયઓના અસમકૂટ ભાગોની ટોચે આવેલા છે.

ત્રિધારસ્નુહી [સં.] સ્ત્રી. એક જાતનો થોર.

ત્રિધારા [સં] સ્ત્રી. ગંગા નદી; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકમાં વહેનારી ગંગા. ગંગાજીના ત્રણની ત્રણ ધારા છે, જે ઉપરથી તેને ત્રિધારા કહેવામાં આવે છે.

ત્રિધારા નાડી (ત્રિધારા નાડી) સ્ત્રી. ખોપરીના તળિયા આંહેની એ નામની એક નાડી.

ત્રિધારી વિ. ત્રણ ધારવાળું

ત્રિધારી થોર પું. એક જાતનો થોર. ત્રિધારી અથવા ત્રણધારીના થોરનાં ડીંડવાંને બાફી તેનો રસ કાઢી બરબરાટે સાકરપૂરી, ઉપરસ તથા દમ ઉપર ઔષધમાં આપવામાં આવે છે. તેનાથી ઊલટી અને ઝાડો થાય છે.

ત્રિધારીવસ્ત્ર પું. (કચ્છી) એક પ્રકારનો ચેલો. એના ઉપર ઊભી ત્રણ લીટી હોય છે. તેનાં બોગાં ફૂલ ત્રિકોણ ગોબળા, ઝોળા કે પોપટી જેવાં હોય છે.

ત્રિધારીહાડસાંકળો સ્ત્રી. એક જાતનો ચેલો.

ત્રિધારું ૧. [સં. ત્રિ (ત્રણ) + ધારા (ધાર)] ન. ત્રિશૂલ
૨. વિ. ત્રણ ધારવાળું; ત્રણ આયુધવાળું; ત્રણ ધારવાળું.

ત્રિધારો થોર જુઓ ત્રિધારી થોર.

ત્રિધાવસ્થા [સં. ત્રિધા (ત્રણ રીતે) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. એક જ ઝાડ ઉપર ત્રણ જુદી જાતનાં ફૂલ હોવાપણું.

ત્રિધાવિશેષ ૧. [સં.] પું. સાંખ્યમત પ્રમાણે સૂક્ષ્મ, માતાપિતૃજ અને મહાભૂત ત્રણ પ્રકારનું રૂપ ધારણ કરનાર શરીરી.
૨. પું. સૂક્ષ્માદિ ત્રણ રૂપ વિશેષ.

ત્રિધાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. ત્રણ પ્રકારની વૃત્તિ; ત્રણ પ્રકારનો વિચાર.
૨. સ્ત્રી. ત્રણ વાર આવૃત્તિ.

ત્રિધાસર્ગ [સં.] પું. ત્રણ પ્રકારની સૃષ્ટિ.

ત્રિનયન ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં પાંચ ગણ મળી પંદર અક્ષર હોય છે.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને સારંગી છંદ કહે છે.
૩. [સં. ત્રિ (ત્રણ) + નયન (આંખ)] પું. મહાદેવ; શિવ; શંકર. તેને ત્રણ નેત્ર છે. મહાદેવનું ધ્યાન ભંગ કરવા કામદેવ આવ્યો ત્યારે ભાલપ્રદેશે ત્રીજું નેત્ર ઉપજવી તેણે તેને બાળ્યો હતો.

ત્રિનયન ત્રણક ત્રિપુરઅરિ ઈશ ઉમાપતિ હોઈ;
અરી ત્રિનાકી પૂજનિ રુદ્ર રૂપવન્ત સોઈ.
ત્રિનયનમુકુરોપ

૪. ન. નારિયેર. તેની ચોટલી નીચે ત્રણ આંખ જેવાં બે ખોટાં અને એક ખરું છિદ્ર હોય છે.
૫ વિ. ત્રણ નેત્રવાળું; ત્રણ આંખવાળું.

ત્રિનયનયોજિત ૧. [સં. ત્રિ (ત્રણ) + નયન (આંખ) + યોજિત (જોડાયું)] પું. શંકર; શિવ.
૨. વિ. ત્રણ આંખ વડે જોયું.

ત્રિનવતા [સં.] સ્ત્રી. દુર્ગા; ચામુંડી.

ત્રિનરાપત્ય જુઓ ત્રિત.

ત્રિનવતિ [સં. ત્રિ (ત્રણ) + નવતિ (નેવું)] સ્ત્રી. ત્રાણુંની સંખ્યા; ૯૩.

ત્રિનાક ૧. [સં.] ન. ઉત્તમ સ્થાન.
૨. ન. ત્રીજું સ્વર્ગ.

ત્રિનાથ [સં.] પું. વિષ્ણુ.

ત્રિનિષ્ક [સં. ત્રિ (ત્રણ) + નિષ્ક (સોનાનો સિક્કો)] વિ. ત્રણ સોનામહોરથી ખરીદેલું.

ત્રિનેત્ર ૧. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય. તે મદ્વિષાસુરના પક્ષનો હતો.
૨. [સં.] પું. કુબેરકંદ નામની વનસ્પતિ.
૩. પું. ત્રણ સૂચક સાંકેતિક શબ્દ.
૪. [સં. ત્રિ (ત્રણ) + નેત્ર (આંખ)] પું. મહાદેવ; શંકર, જેમને તેને ત્રણ આંખ હોય છે. ત્રીજી આંખથી તેણે કામદેવને બાળી ભસ્મ કર્યો હતો.
૫. ન. ત્રણ આંખ.
૬. ન. નારિયેર. તેની ચોટલી નીચે ત્રણ આંખ જેવાં બે ખોટાં અને એક ખરું છિદ્ર હોય છે.
૭. ન. પારો.
૮. ન. સોનું; સુવર્ણ.
૯. વિ. ત્રણ આંખવાળું.

ત્રિનેત્રચન્દ્રમણિ ૧. [સં.] પું. કપૂર.
૨. [સં. ત્રિનેત્ર (શિવ) + ચૂડામણિ (મુકુટનો મણિ)] પું. ચંદ્ર. તે શંકરના લલાટમાં ચામરરૂપ છે.

ત્રિનેત્રતા ૧. સ્ત્રી. ચોસઠ આંહેની એ નામની એક યોગિની.
૨. સ્ત્રી. ત્રણ આંખ હોવાપણું.
૩. સ્ત્રી. શંકરપણું.

ત્રિનેત્રરસ [સં.] પું. વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનું રસાયન. તે સંનિપાત રોગમાં વપરાય છે.

ત્રિનેત્રા જુઓ ત્રિનેત્રતા.

ત્રિનેત્રી ૧. [સં. ત્રિ (ત્રણ) + નેત્ર (આંખ) + ઙીપ્ (પ્રાણું)] પું. મહાદેવ; શિવ. તેને ત્રણ આંખ છે.
૨. સ્ત્રી. બોખરે ત્રણ ભત્તીવાળી વીજળી માટી.

ત્રિપક્ષ ૧. પું. એક જાતનો થોડો.
૨. [સં. ત્રિ (ત્રણ) + પક્ષ (પખવાડિયું)] પું. ત્રણ પખવાડિયાં; દોઢ મહિનો.
૩. પું. ત્રીજો પક્ષ.

ત્રિપક્ષી ૧. પું. બાજરિયા જોખરડાનો છોડવો. તેનાં પાન વાટીને સંધિવાના સોજા ઉપર ચોપડાય છે.
૨. સ્ત્રી. આંહેની એક જાતની વંધ્યા.

૩. જો દોઢ મહિને ઋતુ આવે એવી સ્ત્રી.
૪. [સં. ત્રિ (ત્રણ) + પક્ષ (પખવાડિયું) + ઇન્ (વાળું)] ન. ત્રણ પખવાડિયાં પછી મરનાર પાછળ કરવાનું શ્રાદ્ધ; મરનારને જે દિવસે ત્રણ પખવાડિયાં થતાં હોય તે દિવસે કરવાનું શ્રાદ્ધ; ત્રિપખી.
૫. વિ. ત્રણ પખવાડિયાનું.

ત્રિપટ ૧. [સં. ત્રિ (ત્રણ) + પટ (પડ)] વિ. ત્રણ પડવાળું.
૨. વિ. ત્રણવર્ણું.

ત્રિપટક [સં. ત્રિ (ત્રણ) + પિટક (સ્વાધ્યાયનો સમૂહ)] ન. બૌદ્ધ ધર્મનો જે નામનો મોટામાં મોટો ગ્રંથ. તેનાં મૂળ સૂત્રોની ભાષા ખુદ્દે કર્યાનું મનાય છે.

ત્રિપટલી [સં. ત્રિ (ત્રણ) + પટલ (પડ) + ઇન્ (વાળું)] વિ. ત્રણ પડવાળું.

ત્રિપટ્ટ ૧. [સં.] પું. કાવ્ય.
૨. પું. (સંગીત) મુખ્ય સાત તાલોનો જે નામનો એક તાલ.

ત્રિપત વિ. ત્રિલોક; જેની ત્રણ લોક હોય એવું.

ત્રિપતાક ૧. પું. એક જાતનો મોખ. તેને ખૂનિ હોતી નથી.
૨. [સં. ત્રિ (ત્રણ) + પતાકા (નિશાની)] પું. ત્રણ રેખાવાળું કપાળ; લલાટ.
૩. પું. મધ્યમા અને અનામિકા વાળી દઈને બાકીની આંગળીઓ ઊંચી રાખેલ હોય તેવો ત્રણ આંગળીવાળો હાથ; ત્રણ સીધી આંગળીવાળો હાથ.
૪. વિ. ત્રણ પાંદડાંવાળું.

ત્રિપતાકા [સં. ત્રિ (ત્રણ) + પતાકા (નિશાની)] સ્ત્રી. હાથની એક જાતની મુદ્રા. હાથની ત્રીજી આંગળી વાળીને હથેલીની મધ્યમાં અંગૂઠા સાથે જોડી દેવામાં આવે તો તે ત્રિપતાકાહસ્ત બને છે. કેટલીક વાર ત્રીજી આંગળી અંગૂઠા સાથે જોડવામાં નથી પણ આવતી. આ મુદ્રા શિવની છે. તે દેવોનું વાહન અને અવતાર સૂચવે છે.

ત્રિપતિપુરી [સં.] ન. દક્ષિણ હિંદમાં આવેલું બાલાજીનું એક મોટું ધામ.

ત્રિપદ ૧. ન. કાશ્મીરથી મરવાળા મુલકમાં ૪૦૦૦થી ૫૦૦૦ ફૂટની ઊંચાઈએ જોવામાં આવતો એક જાતનો ઘોડ. જો કોઈ પ્રાણીઓ તે ખાધો હોય તો તેના મોંમાંથી લાળ છૂટે છે અને ક્વચિત્ તે પ્રાણી મરણ પણ પામે છે.
૨. [સં. ત્રિ (ત્રણ) + પદ (પાદ)] ન. ત્રણ પાંદડાંનો સમૂહ
૩. ન. પલાશ; ખાખરો; કિંશુક.
૪. ન. બીલીનું ઝાડ. તેને ત્રણ ત્રણ પાંદડાંના ત્રિપત્રક જુઓ ત્રિપત્ર
ત્રિપત્રકપાટ પું. એ નામનું હરણના દક્ષિણ નિતંબનું એક હાડ; આઠકસ્રોતકપાટ; ત્રિલકપાટ
ત્રિપત્રકમાડ (ત્રિપત્રકમાડ) જુઓ ત્રિપત્રકપાટ.
ત્રિપત્રી [સં. ત્રિ (ત્રણ) + પત્ર (પાંદડું) + ઇન્ (વાળું)] વિ. ત્રણ પાંદડાંવાળું.
ત્રિપથ ૧. [સં. ત્રિ (ત્રણ) + પથ (માર્ગ)] પું. કર્મ, જ્ઞાન અને ઉપાસના એ ત્રણ માર્ગનો સમૂહ.
૨. પું. ત્રણ માર્ગનો સમુદાય.
૩. પું. ત્રણ રસ્તા મળતા હોય તે સ્થળ; તરભેટો.
૪. પું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ.
૫. પું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે ઠેકાણે વહેતી નદી; ગંગા.
ત્રિપથગ [સં. ત્રિ (ત્રણ) + પથ (રસ્તો) + ગ (જનાર)] વિ. ત્રણ રસ્તે જનાર.
ત્રિપથગા ૧. [સ. ત્રિ (ત્રણ) + પથ (રસ્તો) + ગા (જનારી)] સ્ત્રી. સ્વર્ગ, મૃત્યુ ને પાતાલ એ ત્રણ ઠેકાણે વહેતી નદી; ગંગા, ભાગીરથી
૨. વિ.સ્ત્રી. ત્રણ રસ્તે જનારી.
ત્રિપથગામિની જુઓ ત્રિપથગા.
ત્રિપથા જુઓ ત્રિપથગા.
ત્રિપદ ૧. પું. તાવરૂપી રાક્ષસ. તેને ત્રણ પગ અને ત્રણ હાથ હોય એમ મનાય છે.
૨. [સં.] પું. પરમેશ્વર; પ્રભુ ૐકારની અ, ઉ અને મ્ એવી ત્રણ માત્રારૂપ, વેદોના ઋક્, સામ અને યજુર એવા ત્રણ પાદરૂપ અવસ્થામાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ; લોકમાં ભૂ:, ભુવ: અને સ્વ:રૂપ; આ લોક, પરલોક અને અપવર્ગરૂપ; પ્રભુમાં રજસ, તમસ અને સત્ત્વરૂપ; સત્તામાં પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિકરૂપ; વેદમાં ઋક્, વિષ્ણુ અને મહેશ્વરરૂપ ભગવાન વિષ્ણુ જ છે. વળી કર્તા, કર્મ અને ક્રિયા; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટીરૂપે ત્રણ ત્રણ પદવાળા વિષ્ણુ છે.
૩. પું. યજ્ઞની વેદી બાંધવાનું પ્રાચીન કાળનું એક માપ. તે ત્રણ હાથથી કાંઈક ઓછું હતું.
૪. પું. વિષ્ણુનાં હજાર આઠેનું એક નામ.
૫. ન. ત્રણ પગવાળી ચોકી.
૬. વિ. જેને ત્રણ પદ કે ચરણ હોય એવું.
૭. [સં. ત્રિ (ત્રણ) + પદ (પગ)] વિ. ત્રણ પગવાળું; ત્રણ પગવાળું.
૮. વિ. ત્રણ પાંદડાંવાળું.

ત્રિપદપદ્ધતિ [સં. ત્રિ (ત્રણ) + પદ (પગલું) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની જે નામની એક પદ્ધતિ: 'સેગ્મેન્ટ મેથડ.' આળકો જે ક્રમે પોતાની મેળે જ્ઞાન મેળવે છે તે ક્રમના અવલોકન અને અભ્યાસ ઉપર આ પદ્ધતિ સેગ્મેન્ટ નામના ફ્રેન્ચના શિક્ષણકાર યોજેલી છે. પહેલાં બાળકનો વસ્તુ સાથે પરિચય થવા દેવો, ત્યારપછી ત્રણ પગલાં આ પ્રમાણે લેવા: ૧. વસ્તુને સંજ્ઞા સાથે જોડવી, ૨. સંજ્ઞા બોલો વસ્તુપરિચયની ખાતરી કરવી. ૩. વસ્તુસંજ્ઞાનું જ્ઞાન થયું છે કે નહિ તે તપાસો કરવું.

ત્રિપદમહાવાક્ય [સં. ત્રિ (ત્રણ) + પદ (ચરણ) + મહત્ (મુખ્ય) + વાક્ય] ન. તત્, ત્વમ્ અને અસિ શબ્દો મળી બનેલું તત્ત્વમસિ વાક્ય.

ત્રિપદા ૧. [સં. ત્રિ (ત્રણ) + પદ (પગ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગાયત્રી મંત્ર. તેમાં કેવળ ત્રણ પદ હોવ છે, તેથી તેનું આ નામ પડ્યું છે
૨. સ્ત્રી. ચોવીસ અક્ષરનો વૈદિક છંદ; ગાયત્રી છંદ. તેમાં ત્રણ પદ હોય છે.

ત્રિપદિકા ૧ [સં. ત્રિ (ત્રણ) + પદ + કા (સ્વાર્થે)] સ્ત્રી. ત્રણ પગવાળી ચોકી, દેવપૂજન વખત રાખ રાખવાની ધાતુ વગેરેની ત્રણ પગવાળી ચોકી.
૨ સ્ત્રી. (સંગીત) સદીનું રાગનો એ નામનો એક ભેદ

ત્રિપદી ૧ નું (ત્રિગણ) એક સમમાત્રિક કર્ણાટકી ચાર્યાગેય છંદ.
૨. સ્ત્રી (જૈન) ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણ પદોનો સમૂહ.
૩. [સં.] સ્ત્રી. ત્રિભંગ.
૪ સ્ત્રી એક જાતની વેલ.
૫. સ્ત્રી. કૂદવાનો એક પ્રકાર.
૬. સ્ત્રી. ગાયત્રી.
૭. સ્ત્રી. ઘોડા વગેરેનું ત્રણ પગે ઊભા રહેવું તે; ઘોડાની એક પ્રકારની ચાલ.
૮. સ્ત્રી ત્રણ પદવાળો તાલનો એક ભેદ.
૯. સ્ત્રી. પહેલવાનની એક પ્રકારની ચાલ.
૧૦. સ્ત્રી. સૂર્યનારાયણને અર્ઘ્ય દેવાનું વાસણ મૂકવાની ત્રણ પાયાની ચોકી; ત્રિપાઈ.
૧૧. સ્ત્રી. હસપદી.
૧૨. સ્ત્રી. હાથીનું પલાણ બાંધવાનું દોરડું; હાથીનો તંગ.
૧૩. સ્ત્રી. હાથીને પગે બાંધવાની દોરી કે સાંકળ.
૧૪. [સં. ત્રિ (ત્રણ) + પદ (પગ) + ઇન્ (વાળું)] વિ. ત્રણ પગવાળું.
૧૫. વિ. ત્રણ પાદ કે ચરણવાળું.

ત્રિપન ન. એક જાતનું ઝાડ; વાયવરણો.

ત્રિપક્ષ [સં.] પું. ચંદ્રમાના દરેક માહેનો એ નામનો એક ધોળો.

ત્રિપરિક્રાંત [સં.] પું. યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ એ ત્રણ કર્મ કરી રહેનાર બ્રાહ્મણ.

ત્રિપરિમાણુ [સં.] ન. (ગણિત) લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ એ ત્રણ માપ; 'થ્રી ડાયમેન્શન્સ.'

ત્રિપર્ણ ૧. [સં.] ન. કેસૂડાનું ઝાડ; પલાશનું વૃક્ષ, ખાખરો.
૨. ન. બીલીનું ઝાડ. તેને ત્રણ ત્રણ પાંદડાંના ગૂચ્છા હોય છે.
૩. [સં. ત્રિ (ત્રણ) + પર્ણ (પાદડું)] વિ. ત્રણ પાંદડાંવાળું.

ત્રિપર્ણક જુઓ ત્રિપર્ણ.

ત્રિપર્ણિકા ૧. સ્ત્રી. જંગલી ચમેલી.
૨. [સં. ત્રિ (ત્રણ) + પર્ણ (પાન) + ક (વાળું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ત્રણ પાંદડાંવાળો ઝીણો પણ જોડ.
૩. સ્ત્રી. બીલીનું ઝાડ.
૪. સ્ત્રી. ભાલકાંકણી. તેને બીલીપત્ર જેવાં ત્રણ પાંદડાંનો ગુચ્છો હોવાથી ત્રિપર્ણિકા કે ત્રિપર્ણી કહે છે.
૫. સ્ત્રી. મોરવેલ નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. વનકપાસ, એક જાતની વનસ્પતિ.
૭. સ્ત્રી. શાલપર્ણી.
૮. સ્ત્રી. સમેરવો.
૯. સ્ત્રી. હંસરાજ.

ત્રિપર્ણી જુઓ ત્રિપર્ણિકા.

ત્રિપર્ણિની સ્ત્રી. એક જાતની વેલ. તે જમીન ઉપર ફેલાઈ જાય છે. તેનાં પાન વાસોળનાં પાન જેવાં ત્રણ ત્રણના ઝૂમખામાં ગોઠવેલ હોય છે. તેને લાંબી સળી ઉપર લાંબી સાંઠા હોતાં પીળાં નાનાં ફૂલ થાય છે અને જે બીયાળા વાસોળના જેવી શીંગ થાય છે. તે દવામાં વપરાય છે. આ વેલને ફમળવેલ, ફાળિયાવેલ અથવા પાનવેલ પણ કહે છે.

ત્રિપંખી જુઓ ત્રિપક્ષી ૪.

ત્રિપંચ [સ. ત્રિપંચન્] વિ. પંદર; ૧૫.

ત્રિપંચાશ [સં.] વિ. ત્રેપનમું.

ત્રિપાઈ સ્ત્રી. ત્રણ પાયાની બેઠી; ટિપાઈ.

ત્રિપાઠ [સં ત્રિ (ત્રણ) + પાઠ (વિસ્તાર)] ન મધ્ય ભાગમાં મોટા અક્ષરથી મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરથી ઉપર તથા નીચે ટીકા લખવામાં આવે તેવું પુસ્તક.

ત્રિપાતિત વિ. ત્રણ સાથે સંબંધ ધરાવતું; ત્રણને લગતું; ત્રિખંડી.

ત્રિપાઠ [સ. ત્રિ (ત્રણ) + પાઠ (બોલવું તે)] પું. વેદનાં પદ, ક્રમ અને સંહિતા એ ત્રણનો પાઠ.

ત્રિપાઠી ૧. [સં. ત્રિપાઠિન્] પું. ત્રણ વેદ ભણનાર પુરુષ.
૨. પું. વેદનો પાઠ કરવાની સંહિતા, પદ અને ક્રમ એ ત્રણ રીત ભણનારો બ્રાહ્મણ.
૩. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક; ત્રવાડી; ત્રિવેદી.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. ટીકા, મૂળ અને ટીકા એમ ત્રણ વિભાગનું લખેલું; ઉપર ટીકા, વચ્ચે મૂળ અને નીચે પાછી ટીકા એમ લખેલું.

ત્રિપાઠ્ય ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. [સં.] ન. ત્રણ વાર પાણી ચમેલ હોરો.
૪. ન. વાકલ; ભાલ.
૫. વિ. એ નામની અટકનું.

ત્રિપાત ૧. [સં. ત્રિ (ત્રણ) + પત (જવું)] પું. ઇંદ્રિય, આયુષ્ય અને દેહનો નાશ કરવો તે.
૨. પું. (જૈન) મન, વચન અને કાયા એ ત્રણનું પડવું તે.
૩. વિ. ત્રિપાદ; ત્રણ પાયાનું; ખાલ વગરનું; લૂલું; કાખી સાજાનું.
૪. વિ. સાડીત્રણ પાંસળીનું; બેકલ.

ત્રિપાતન જુઓ ત્રિપાત.

ત્રિપાતના જુઓ ત્રિપાત.

ત્રિપાદ ૧. [સં. ત્રિપાદ] પું. અગ્નિ.
૨. પું. ત્રિફળ વૃક્ષ.
૩. પું. તાવરૂપી રાક્ષસ; સાન્નિપાત જ્વર. તેને ત્રણ પગ અને ત્રણ હાથ હોય એમ મનાય છે.
૪. પું. ત્રેતા યુગનો ધર્મ.
૫. પું. પરમેશ્વર.
૬. પું. પોણો ભાગ. આ સંબંધે ગીતારહસ્યમાં ઉલ્લેખ છે કે: પરમેશ્વરની વ્યાપ્તિ દરેક જગતની બહાર કેટલી છે તે બતાવવા માટે દશાંગુલમ્ ત્રિપાદ એ શબ્દો જોકે પુરુષસૂક્તમાં બોલેલા છે તોપણ તેનો અર્થ અનંત એવો જ વિવક્ષિત છે. પરંતુ વસ્તુતઃ જોતાં દેશ અને કાળ, વજન અને માપ અથવા સંખ્યા તે પણ નામરૂપનો જ પ્રકાર છે અને પરબ્રહ્મ એ સર્વ નામરૂપની પેલી પારનું જ છે. પરમેશ્વર કિંવા પરબ્રહ્મમાં સર્વવ્યાપી છે તો તે નિરવયવ, એકરસ અને નામરૂપ વિનાના એટલે અવ્યક્ત અને અવિકારી છે અને તેથી તેના જુદા જુદા ભાગ એટલે છૂટા છૂટા ટુકડા થવા એ સંભવતું નથી. એટલે ચારે તરફ ગીચોગીચ ભરેલું આ એકરસ પરબ્રહ્મ અને મનુષ્યના શરીરમાં રહેલો આત્મા, તે બે વચ્ચેનો ભેદ બતાવવા માટે શારીરાત્મા એ પરબ્રહ્મનો જ અંશ છે એમ લોકવ્યવહારમાં કહેવું પડે છે તોપણ અંશ અથવા ભાગ કિંવા પાદ એ શબ્દનો કાંઈ કાઢેલો અલગ ટુકડો અથવા હાડમાંના અનેક દાણામાંનો એક દાણો એવો અર્થ ન કરતાં મહાકાશ, ઘટાકાશ એવા જેમ એક જ સર્વવ્યાપી આકાશ ભાગ હોય છે તેવો જ આત્મા એ પરબ્રહ્મનો ભાગ છે એવો તાત્ત્વિક દૃષ્ટિએ તેનો અર્થ કરવો જોઈએ.
૭. પું. વિષ્ણુ.
૮. [સં. ત્રિ (ત્રણ) + પાદ (પગ)] ત્રણ પગવાળું.
૯. વિ. ત્રણ પાદ કે ચરણવાળું

ત્રિપાદરથ [સં.] ન. (ગણિત) ત્રિકોણના ફરતે બાજુનું પદ.

ત્રિપાદિકા ૧. [સં.] સ્ત્રી. હંસપદીનો વેલો.
૨. સ્ત્રી. હંસરાજ.

ત્રિપાદી ૧. સ્ત્રી. ત્રણ પાયાની બેઠી.
૨. સ્ત્રી. હંસરાજ.

ત્રિપાદ્વિભૂતિમહાનારાયણ [સં.] ન. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

ત્રિપાર્શ્વ ૧. [સં. ત્રિ (ત્રણ) + પાર્શ્વ (બાજુ)] પું. ત્રણ પાસા; ત્રણ બાજુ.
૨. પું. (ગણિત) બે સરખા અને સમાંતર ત્રિકોણ વચ્ચે આવેલી ત્રણ સપાટીવાળી ઘન આકૃતિ.
૩. સ્ત્રી. ત્રણ બાજુએ પાસાદાર હોય એવો કાચનો કટકો.
૪. ન. ખિલોર કાચનું કોયડા; દરપણ.

ત્રિપાર્શ્વકાચ પું. ત્રણ પાસાવાળો કાચ. તેમાંથી જોતાં તરેહનરેહના રંગો દેખાય છે.

ત્રિપાર્શ્વદૂરદર્શક [સં. ત્રિ (ત્રણ) + પાર્શ્વ (બાજુ) + દૂર (છેટે) + દર્શક (દેખાડનાર)] ન. ત્રણ પાસાવાળા બે કાચ જોડી કરીને બનતું યંત્ર. તેમાં ત્રણ પાસાવાળા બે કાચ એવી રીતે ગોઠવેલા હોય છે કે તેમાંથી જોતાં પદાર્થો એક દિશામાં લંબાયેલા દેખાય.

ત્રિપાર્શ્વવાન [સં ત્રિ (ત્રણ) + પાર્શ્વ (પાસું) + વત્ (વાળું)] વિ. ત્રણ પાસાવાળું.

ત્રિપાર્શ્વિક [સં. ત્રિ (ત્રણ) + પાર્શ્વ (બાજુ) + ક (વાળું)] વિ. ત્રણ પાસાના કાચ જેવું ત્રિકોણાકાર.

ત્રિપાર્શ્વિકાધમની [સ.] સ્ત્રી. ત્રિકપાર્શ્વિકાધમની; અધિશ્રોણિકા આભ્યંતરી ધમનીની પાછળ સાથળમાંથી નીકળતી ત્રણ શાખાની એ નામની એક પ્રશાખા. આ ધમનીની ઉપરે તથા નીચે જતી બે અનુશાખા, ત્રિકાસ્થિ ઉપર આવેલા છિદ્રો મારફતે તેમાં પેસી તેમા રહેલા નાડીઓને પોષણ આપે છે. ત્યારપછી તે જ છિદ્રો મારફતે બહાર નીકળી ત્રિકાસ્થિની પીઠ ઉપર જાય છે અને તેના ઉપર આવેલી પેશીઓને તેમ જ ચામડીને લોહી પૂરું પાડે છે.

ત્રિપાલ વિ. જેનાં પાંદડાને ત્રણ મોળ ભાગ હોય તેવું.

ત્રિપાલિકા સ્ત્રી. એક જાતનું પ્રાણી.

ત્રિપારિત [સં. ત્રિ (ત્રણ) + પારિત (પારથી બાંધેલ)] વિ. દોરાના ત્રણ આંટાથી બાંધેલ.

ત્રિપિંડી વિ. ત્રણ પીંજના આકારનું. ત્રણ પીંજના જેવા આકારની ગોઠવણવાળું.

ત્રિપિટક [સં.] પું. સૂત્ર, વિનય અને અભિધર્મ એ ત્રણ પ્રકારના બૌદ્ધ ગ્રંથોનો સમૂહ. બુદ્ધ ભગવાનના મૃત્યુ પછી તેમના શિષ્યો અને અનુયાયીઓએ તેમના ઉપદેશનો સમૂહ સમયે સમયે કર્યો છે અને તેને બૌદ્ધ લોકો પોતાનો પ્રધાન ધર્મગ્રંથ માને છે. તેના ત્રણ ભાગ છે, જેને પિટક કહે છે. તે ભાગનાં નામ સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક છે. સુત્તપિટકમાં બુદ્ધે જિનજિદા અવસરોએ કરેલા નાના મોટા ઉપદેશોનો સંગ્રહ છે. વિનયપિટકમાં ભિક્ષુઓ અને શ્રાવકો આદિના આચાર સંબંધી વાતો છે. અભિધમ્મપિટકમાં ચિત્ત, ચૈતસિકધર્મ અને નિર્વાણનું વર્ણન છે. આ અભિધમ્મ બૌદ્ધદર્શનનું મૂળ છે. બૌદ્ધ બૌદ્ધ ધર્મના મહાયાન, હીનયાન અને મધ્યમયાન નામના ત્રણ યાનોનો પંથ ચાલે છે અને તે પ્રમાણે ત્રિપિટકમાં ત્રણ સંસ્કરણ હોવાં જોઈએ, તોપણ આજકાલ મધ્યમયાનના સંસ્કરણ મળતાં નથી. હીનયાનનું ત્રિપિટક પાલી ભાષામાં છે અને બહુદેશ, સિવાય તથા લંકાના બૌદ્ધોમાં તે પ્રધાન અને માનનીય ગ્રંથ છે. મહાયાનનાં ત્રિપિટકનું સંસ્કરણ સંસ્કૃતમાં છે અને તેનો પ્રચાર નેપાલ, તિબેટ, ભૂતાન, આસામ, ચીન, જપાન અને સૈબીરિયાના બૌદ્ધોમાં છે. બુદ્ધના ઉપદેશનો સંગ્રહ પહેલવહેલો તેના શિષ્યોએ તેના નિર્વાણ બાદ રાજગૃહની સપ્તપર્ણ ગુફામાં કર્યો હતો. તે પછી બીજું સંસ્કરણ અશોકે પોતાના સમયમાં બૌદ્ધોનો એક મોટો સંઘ ભેગો કરીને કરાવ્યું હતું. હીનયાનવાળા પોતાના સંસ્કરણ તરીકે આ સંસ્કરણ જણાવે છે. બીજું સંસ્કરણ કનિષ્કના સમયમાં થયું હતું, જેને મહાયાનવાળા પોતાનું સંસ્કરણ માને છે

ત્રિપિત્ત વિ. (જૂ. પ્ર.) ત્રણ.

ત્રિપિત્ર જુઓ ત્રિપિત્ત.

ત્રિપિત્ત [સં.] પું. ત્રાંબા સ્નાયુવાળો બોકડો.

ત્રિપિષ્ટપ ૧. [સં. ત્રિદશ (દેવ) + પિષ્ટપ (શુદ્ધન)] પું. આકાશ.
૨. પું. સ્વર્ગ.

ત્રિપિંડ [સં. ત્રિ (ત્રણ) + પિંડ (પિતૃ નિમિત્તે વાળેલો ભાત કે લોટનો ગોળો)] પું. પાર્વણ શ્રાદ્ધમાં પિતા, પિતામહ અને પ્રપિતામહને ઉદ્દેશીને દેવાતા ત્રણ પિંડ: પાર્વણ શ્રાદ્ધ.

ત્રિપિંડી ૧. [સં. ત્રિપિંડિન્] ન. પિતા, પિતામહ અને પ્રપિતામહ અગર તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને ઉદ્દેશીને કરાતું શ્રાદ્ધ.
૨. ન. પિતૃને તૃપ્ત કરવા માટે ત્રણ બ્રાહ્મણને જમાડવા તે.

ત્રિપુ [સં.] પું. ચોર.

ત્રિપુર ૧. [સં.] પું. એ નામની એક જાતની વનસ્પતિ: ત્રિપાંડ.
૨. પું. એક જાતનું વસ્ત્ર.
૩. પું. એક જાતનો વટાણો.
૪. પું. ઓઢો; કિનારો.
૫. પું. ચોખરનો ઝોડ.
૬. પું. (સંગીત) ચતુરસ્રજાતિ આઠ માત્રાનો એક તાલ. કોટડીના બોલ: ધાધી ધાત્રક તુના કત્તા. તાલનાં સ્થાન અનુક્રમે ૧, ૫, ૭ માત્રા ઉપર છે.
૭. [સં. ત્રિ (ત્રણ) + પુટ (પડ)] વિ. ત્રણવાળી એવડી. તેના ઢાંકણા ઉપર ત્રણ પડ હોય છે.
૮. પું. તાળું.
૯. પું. (સંગીત) તિસ્રજાતિ સાત માત્રાનો એક તાલ; તિલ્લા; તેવરો. તેના કોટડીના બોલ નગર ૧: ધા ધિન ધિન. નગર ૨: ધા ધિકત નગદી કિટતક. તોડો તકિટધા તકિટધા તકિટધા તા૩ ધરત ધા તરકિટ નક તરકિટ તકધા તરકિટ નક તરકિટ તક ધા નક તરકિટ તકધા નક તરકિટ તકધા. આ તાલને કોઈ ૬પક પણ કહે છે અને તીવરો આઠ માત્રાનો ગણે છે. પહેલો તાલ કે જેના ઉપર સમ છે તે પહેલી માત્રા ઉપર આવે છે અને બીજો અને ત્રીજો તાલ ચોથી અને છઠ્ઠી માત્રા ઉપર અનુક્રમે આવે છે.
૧૦. પું. ત્રણ જાતનું ઓજા.
૧૧. પું. નસોતર.
૧૨. પું. બાજુ, તીર
૧૩. પું. મકાઈ.
૧૪. પું. મંજરી.
૧૫. પું. હથેળા.
૧૬. પું. હસ્તપ્રમાણ.
૧૭. વિ. ત્રણ પડવાળું; ત્રણ પુટવાળ

ત્રિપુટક ૧. [સં.] પું. ત્રિકોણ.
૨. ન. બે ભાગ રૂપું અને એક ભાગ સોનું એના મેળથી થયેલ મિશ્રણ.
૩. વિ. ત્રણ ખૂણાવાળું. આવું મોતી અશુભ મનાય છે.

ત્રિપુટકાવસિત ન. બે ભાગ રૂપું અને એક ભાગ તાંબું સોનામાં ભેળવી તેટલા ભાગનું ઓખ્યું સોનું કાઢી લઈ સોની લોકોની દગો કરવાની એક રીત.

ત્રિપુટા ૧. સ્ત્રી. (તાંત્રિક) એ નામની એક દેવી. તે ઇચ્છેલી વસ્તુ આપનાર મનાય છે.
૨. સ્ત્રી. ઘોળું નસોતર.
૩. [સં. ત્રિ (ત્રણ) + પુટ (પડ)] સ્ત્રી. નાની એલચી. તેના ઢાંકણા ઉપર ત્રણ પડ હોય છે.
૪. સ્ત્રી. બીલીનું ઝાડ.
૫. સ્ત્રી. મોટી એલચી.
૬. સ્ત્રી. રાતું નસોતર.

ત્રિપુટી ૧. સ્ત્રી. એક સુંદર વેલ; નિશોત; ત્રિવલાઈ; તેજપત્તા; ધોળું નસોતર. તે ભેજવાળા પ્રદેશમાં ઊગે છે. તેને પુષ્કળ ધોળાં ફૂલ આવે છે.
૨. [સં. ત્રિપુટિન્] સ્ત્રી. એરંડાનું ઝાડ.
૩. સ્ત્રી. (વેદાંત) ત્રણનું ત્રૂમખું; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, ભોક્તા, ભોગ્ય, અને ભોગ, ભોક્તા, ભોગ્ય અને ભોગ, એમ ત્રણનો સમુદાય; ત્રણ પુટનો એટલે જ્ઞાનના પ્રકારનો સમુદાય
વિસારી ત્રિપુટી સમાધિ ધરીને ધ્રુવકંપને ધારશે, બીજ્યાન કરી બીજ્ય બીજનું બીજામના ભ્હાશશે. બીરસ
૪. સ્ત્રી. ત્રણનો સમૂહ.
૫. સ્ત્રી. નાની એલચીનો વેલો.
૬. સ્ત્રી. બે ભમર વચ્ચેની જગ્યા.
૭. સ્ત્રી. બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ દેવ.
૮. સ્ત્રી. મિતિ, માતૃ અને મેયના વિષયવાળું પ્રમા.
૯. સ્ત્રી. ત્રાગ.
૧૦. ન. ત્રણ પુટ.
૧૧. વિ. જેને ત્રણ પડ ઢાંકેલા હોય એવું.

ત્રિપુટીફલ ૧. [સં.] પું. એરંડાનું ઝાડ. તેનાં ફળમાં ત્રણ પડ હોય છે.
૨. પું. એરંડાનું ફળ.

ત્રિપુર ૧ પું (પુરાણ) શિવે મહારેલ એ નામનો એક દૈત્ય; બાણાસુર; શિવે મારેલો એક રાક્ષસ. ૨. પું. ત્રિપુરાસુર વગેરે. ૩. [સં.] સ્ત્રી. ઋગ્વેદનું એ નામનું એક ઉપનિષદ ૪. સ્ત્રી એ નામની પ્રાણાયામની એક અટક ૫. ન. એ નામની અટકનું માણસ. ૬. ન. ચંદેરી નગર. ૭. [સ. ત્રિ (ત્રણ) + પુર (શહેર)] ન ત્રણ નગર; ત્રણ શહેરનો સમુદાય. ૮. ન. ત્રણે લોક ૯. ન (પુરાણ) બાણાસુરની નગરી; બલિના પુત્ર બાણાસુરનું નગર. ત્રિપુર નર્મદા કિનારે આવ્યું, પણ જેમ અગસ્ત્યના આશ્રમો હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોવાળા પોતપોતાના પ્રદેશમાં અગસ્ત્ય હોવાનું માને છે અને તે નામનાં સ્થાનક સ્થળે સ્થળે છે, તે જ પ્રમાણે બાણાસુરના નગર વિષે પણ બન્યું છે. ૧૦. ન. (પુરાણ) મય-સુરે રાક્ષસો માટે આકાશ, અંતરિક્ષ અને પૃથ્વી ઉપર બાંધેલાં સોના, ચાંદી અને લોખંડનાં ત્રણ શહેર. પૂર્વ કૈલાસવાસીને ઘણા કાળ પર્યંત સંગ્રામ થતાં દાનવોનો પરાજય થયો. હારપાછી પોતાના તારક અને વિદ્યુન્માલી નામના બે મિત્રોને જોડે લઈ મયાસુરે બ્રહ્મા પાસે સુષ્ટી તપ કરીને મહાદેવને પ્રસન્ન કર્યા અને વરદાન માગ્યું કે, સો સો યોજનને અંતરે ફરતાં ઊડતાં રહી શકે અને દેવોથી તેમ જ બ્રાહ્મણોના શાપથી અભેદ્ય હોય. વખત છે ને મહાદેવના બાણે કરીને કોઈ ભાગનો નાશ થઈ જાય, તોપણ બાકીના ભાગને કરી બરાબર ન આવે એવાં હોય. તથાસ્તુ કહીને મહાદેવ સ્વસ્થાને ગયા. પછી મયાસુરે પુષ્પ નક્ષત્રને દહાડે લોઢું, રૂપું ને સોનું એમ એક ઉપર એક એમ સરખે અંતરે ત્રણ પુર નિર્માણ કર્યાં અને તારકાસુર, કમલાક્ષ અને વિદ્યુન્માલીને અનુક્રમે તેમનું અધિપતિપદ્ધ સોંપ્યું. વળી એ ત્રણ શહેરની પાસે બીજું કેટલાંક અંતરિક્ષ પુર બનાવી ત્યાં બીજા અસુરોને રહેવાની સોંપ કરી. એ બધાંથી ઊંચા ભાગમાં એક બહુ દિવ્ય પુર નિર્માણ કરી તેમાં મયાસુર પોતે રહ્યો. પહેલાં તો તેઓ આચાર પ્રમાણે વર્તતા હતા, પણ ધીમે ધીમે ઉન્મત્ત બનીને અધર્મ કરવા લાગ્યા. તેથી મહાદેવની પાસે દેવો ગયા અને પ્રાર્થના કરીને મહાદેવ પાસે ગયા. મહાદેવે એ ઉપરથી પૃથ્વીને રથ કલ્પી પ્રજાપતિને સારથિ કલ્પ્યા. બીજા દેવોને જે જે સ્થાને યોગ્યતા હતા તે કલ્પી વિષ્ણુને બાણ કલ્પ્યા. પછી જ્યારે પુષ્પ નક્ષત્ર આવ્યું અને બધાં શહેરો કૃત્તિકાર સમસૂત્ર સ્થિતિમાં આવ્યાં કે તે જ્ઞણ આપીને મહાદેવે ત્રણે પુરનો નાશ કર્યો. પોતે પરમ નિયમશાળી અને ધર્મપ્રતિપાલક હોવાથી મયાસુર એકલો બચ્યો ૧૧. ન. (સિદ્ધ) મુખ આગળ બે અશ્વિનો, પછીને તથા જમણી બાજુ અષ્ટક અશ્વિદ અને વચ્ચે બટકારૂ હોય એવું હસ્તિનીસાળાવાળું પર

સતત પરની બાજીએ એક અશ્વિદ આવે - જે તે પરના મુખ આગળ બે અશ્વિનો આવે તેમ જ તે પરની જમણી તરફ પણ એક અશ્વિદ આવે વચમાં બટકારૂ આવે તો તેથી સતત પરનું રૂપ બદલવાથી તે ત્રિપુર નામે પર થાય.

રાજવલ્લભ

૧૨. ન. કાશ્મીરનો ખંભાળા પ્રાંત. ૧૩ ન. ન. ન. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર. ૧૪. પ્રા. એ નામની અટકનું.

ત્રિપુરઅરિ [સં. ત્રિપુર (એક અસુર) + અરિ (દુશ્મન)] પું. મહાદેવ; શિવ; શંકર.

ત્રિનયન ત્રણેય ત્રિપુરઅરિ હોય ઉમાપતિ હોઈ; જરી ગિરાડી પૂજેતિ કરૂ રૂપબજ સોઈ.

વિઠ્ઠલપુરોપ

ત્રિપુરગંજન [સં. ત્રિપુર (એક દૈત્ય) + ગંજન (નિસ્કારનાર)] પું. ત્રિપુરાસુરને હંફાવનાર શંકર; મહાદેવ.

ત્રિપુરઘ્ન [સં. ત્રિપુર (ત્રણ શહેર) + ઘ્ન (હણનાર)] પું. મહાદેવ. તેણે મયાસુરના ત્રણ પુરનો નાશ કર્યો હતો.

ત્રિપુરજિત [સં. ત્રિપુર (એક અસુર) + જિત્ (જીતનાર)] પું. શંકર; મહાદેવ. તેણે ત્રિપુરાસુરને જીત્યો હતો.

ત્રિપુરદહન [સં.] પું. મહાદેવ. તેણે મયાસુરનાં ત્રિપુર બાળ્યાં હતાં.

ત્રિપુરદાસ પું. એ નામનો એક હરિભક્ત. ત્રિપુરદાસ ભક્ત કેરી જાદવી રીત આખી. દયારામ

ત્રિપુરદીપક [સં. ત્રિપુર + દીપક (દીવો)] ન. ત્રિપુરાસુરના નાશને દિવસે સાયંકાળે કરાતો દીવો. શંકરે ત્રિપુર નામના ત્રણ પુરનો સાયંકાળના સમયે નાશ કરેલો, તેથી તે દિવસે સખા સમયે લોકો રુદ્રનાદિથી શુદ્ધ કરી ઘરના અભ્યુચ્ચ ભાગમાં કરી ત્રિપુરદીપક પ્રગટાવે છે.

ત્રિપુરપતિ [સં.] પું. ત્રણ પુરનો ધણી.

ત્રિપુરભૈરવરસ પું. (વૈદક) સંનિપાતના રોગમાં અપાતું એ નામનું એક ઔષધ.

ત્રિપુરભૈરવી [સં.] સ્ત્રી. તે નામે એક દેવી

શ્રીશ્રમું (ક્રમણ દેવમાં) સતીના યોનિમંડલરૂપ અને કામાખ્યા એવા નામથી પ્રખ્યાત ત્રિપુરભૈરવીનું સ્થાન છે. જગતી જાગવત

ત્રિપુરમલ્લિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. એક જાતનો ફૂલછોડ.

ત્રિપુરમાલિની [સં.] સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ જલંધર નામના પીઠસ્થાનમ. છે.

ત્રિપુરસુંદરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; ત્વરિત ફલ આપનાર, ભોગ અને મોક્ષદાત્રી એ નામની શક્તિ.

ત્રિપુરસૂદન [સં. ત્રિપુર (ત્રણ પુર) + સૂદન (નાશ કરનાર)] પું. મહાદેવ. તેણે ત્રિપુરનો નાશ કર્યો હતો.

ત્રિપુરહર [સં.] પું. શંકર; ત્રિપુરારિ; મહાદેવ.

ત્રિપુરા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. ક્રમાખ્યા દેવીની એક મૂર્તિ

૩. સ્ત્રી. ષોડશ માતૃકાની એ નામની એક યોગિની.

૪. સ્ત્રી. જગતની ઉત્પત્તિ કરવાની ઇચ્છાશક્તિ. ભૂ:, ભુવ: અને સ્વ: એ ત્રણ ભુવન અને તેના ભોક્તૃભોગ્ય પદાર્થો જેમાં સમાય છે એ ત્રિલોકોની ભાવના જન્માવનારી ત્રિપદા સાવત્રી, સાંખ્ય શાસ્ત્રના ત્રોતીસ અક્ષરો વડે ત્રોતીસ તત્ત્વોને સ્પષ્ટ કરનારી, ત્રિપદા ઉપરાંતની ત્રિપાદ ઊર્ધ્વ નારાયણસ્વરૂપને જણાવનારી સાવત્રી સંસારના રાગ અને જૈનિક રજસ્ત્રી પર વસ્તુનો પ્રબોધ કરનારી ત્રિપુરા છે.

૫. સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ ત્રિપુર નામના તથા ત્રિપુરા નામના પીઠસ્થાનમાં છે.

૬. ન. ઋગ્વેદનું એ નામનું એક ઉપનિષદ.

૭ ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો જમણો હાથ પડ્યો હતો

ત્રિપુરાતાપન [સં.] પું. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

ત્રિપુરાતાપિની [સં.] સ્ત્રી. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

ત્રિપુરાંતક પું. ત્રિપુરનો નાશ કરનાર શિવ.

ત્રિપુરારિ [સં. ત્રિપુરારિ] પું. શંકર, ત્રિપુરારિ; ત્રણ પુરોના શત્રુ; શિવજી. મહાદેવે સોના, રૂપા અને લોઢાનાં ત્રણ શહેરો બાંધેલા. તેમાં વસતા દાનવને ત્રિપુર કહેતા. દેવોના કલ્યાણ શિવે એ સર્વનો સહાર કર્યો હતો તથી ત્રિપુરનો તે શત્રુ ત્રિપુરારિ કહેવાય છે

ત્રિપુરારિ [સં ત્રિપુર (અસુરોનાં ત્રણ શહેર) + અરિ (દુશ્મન)] પું ત્રિપુરનો દુશ્મન શિવ; મહાદેવ; શંકર; ત્રિપુર. દૈત્ય અને તેનાં ત્રણ નગરનો નાશ કરનાર મહેશ ત્રિપુર નામનો રાક્ષસ, જેને અગ્નિ, સોમ અને જળથી અભેદ્ય

જોનાં ત્રણ નગર હતાં, તેનાં નગરનો કિલ્લો કાર્તિક સુદિ ૧૫ના રોજ નાશ કર્યો હતો.

ત્રિપુરારિપુનેમ જુઓ ત્રિપુરીપૂર્ણિમા.

ત્રિપુરારિપૂનમ જુઓ ત્રિપુરીપૂર્ણિમા.

ત્રિપુરારિરસ [સં.] ન. (વૈદક) જે નામનું એક ઔષધ તે તાંબુ, પારદ, લોહ, અભ્રક વગેરેના યોગથી બને છે અને પેટના રોગ ઉપર અપાય છે.

ત્રિપુરાસુર [સં.] પું. ત્રિપુર નામનો અસુર.

ત્રિપુરાસુરી સ્ત્રી. આકાશમાં હરિબંદનું નગર; ગન્ધર્વનગર.

ત્રિપુરાંતક ૧. [સં. ત્રિપુર (અસુરોનાં ત્રણ શહેર) + અંતક (નાશ કરનાર)] પું. શિવ; મહાદેવ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. પું. રજો, સત્ત્વ અને તમસ્ રૂપી ત્રણ દેહને મારનાર મનુષ્ય

ત્રિપુરાંતકારી [સં. ત્રિપુર (અસુરનાં ત્રણ શહેર) + અંતકારિન્ (નાશ કરનાર)] પું. મહાદેવ. તેમણે મયાસુરનાં ત્રણ પુરનો નાશ કર્યો હતો.

ત્રિપુરી ૧. [સં.] સ્ત્રી. ચેદીનું મુખ્ય શહેર. હાલ તેવાર નામનું ગામડું નર્મદા નદીના કિનારે આવેલું છે તે જગ્યા ઉપર આ શહેર આવેલ હતું.

૨. સ્ત્રી. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના દેવની શક્તિજનેતા.

ત્રિપુરીપૂર્ણિમા [સં.] સ્ત્રી. કાર્તિક સુદિ પુનેમ; ત્રિપુરારિપુનેમ; ત્રિપુર એટલે ત્રણ નગરને મહાદેવે બાળ્યાનો દિવસ.

ત્રિપુરુષ ૧. [સં.] પું. ત્રણ પુરુષ.

૨. પું. ત્રણ પુરુષનું ટોળું.

૩. પું. બાપ, દાદો અને વડવો એ ત્રણ પેઢી; પિતા, પિતામહ ને પ્રપિતામહ.

ત્રિપુરુષાગત [સં. ત્રિપુરુષ (ત્રણ પેઢી) + આગત (આવેલું)] વિ. ત્રણ પેઢીથી ચાલી આવેલું.

ત્રિપુરેશ્વર [સં.] પું. જૈનનું એક નામ. તેની મૂર્તિ મગધ તથા ત્રિપુરા નામના પીઠસ્થાનમાં છે.

ત્રિપુરેશ્વરી [સં.] સ્ત્રી. ત્રિપુરારિ શંકરની અર્ધાંગના; ભટ્ટારિકા

ત્રિપુરોત્સવ જુઓ ત્રિપુરીપૂર્ણિમા.

ત્રિપુરોદય સ્ત્રી. (સંગીત) ગાયન કે વાદનમાં કોઈ સૂરને જુદી ગતિથી ગળામાંથી કે વાજિંત્રમાં કાઢવાની એક ક્રિયા; ગળામાંથી અથવા તાર ઉપર આઘાત કરી અંગળીથી સ્વરને મસળવો તે; મસક. તે ગમકનો એક ભેદ છે.

ત્રિપુષા [સં.] સ્ત્રી. કાળું નસોતર.

ત્રિપુષ્કર ૧. [સં.] ન. જે નામનું એક તીર્થ.

૨. ન. (જ્યોતિષ) એક પ્રકારનો યોગ. પુનર્વસુ, ઉત્તરાષાઢા, કૃત્તિકા, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ અને વિશાખા એ નક્ષત્રો, રવિ, મંગળ અને શનિ એ વારો તથા બીજ તિથિ એટલે બીજ, સાતમ અને બારસ એ તિથિઓ એમાંથી કોઈ એક નક્ષત્ર, કોઈ એક વાર અને કોઈ એક તિથિ જેવા આવવાથી થતો યોગ. આ યોગમાં દાનીના મહાત્મ્ય, શુભ કર્મ કરવાનું, પણ આ યોગમા મરણ થાય તો ઘરના માણસોના જીવનને હાનિ પહોંચે એમ મનાય છે.

ત્રિપુષ્કરયોગ જુઓ ત્રિપુષ્કર ૨.

ત્રિપુષ્ટ [સં.] પું. જે નામનો એક રાગ.

ત્રિપુષ્પી [સં. ત્રિ (ત્રણ) + પુષ્પિન્ (ફૂલવાળું)] વિ. ત્રણ ફૂલવાળું.

ત્રિપુંજ [સં.] પું. (જૈન) શુદ્ધ, અશુદ્ધ અને મિશ્ર એ ત્રણ પુદ્ગલનો સમૂહ.

ત્રિપુંડ જુઓ ત્રિપુંડ્ર.

ત્રિપુંડ્ર [સં.] ન. એક જાતનું ટીલું; ત્રણ પાંખિયાવાળું ટીલું; ત્રણ લીટીનું તિલક; ભસ્મનો, ચાંદલા, ચંદન વગેરેનું આડા ત્રણ પટ્ટાવાળું શિવકલ્પિતના ઉપાસકથી કરાતું ટીલું. આ ટીલામાં ત્રણ આડી લીટી કપાળમાં, છાતી ઉપર, હાથ ઉપર તથા શરીરના બીજા ભાગ ઉપર દોરવામાં આવે છે.

ત્રિપુંડ્રક [સં.] ન. ત્રિપુંડ્ર; આડું ત્રણ રેખાવાળું તિલક; ત્રણ લીટીનું તિલક.

ત્રિપુંડ્રકમંડિત [સં. ત્રિપુંડ્રક (ત્રણ લીટીનું તિલક) + મંડિત (શોભાવેલું)] વિ. ત્રિપુંડ્રથી અંકિત કરેલ.

ત્રિપુંડ્રધારી [સં. ત્રિપુંડ્ર (ત્રણ લીટીનું તિલક) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. જેણે કપાળે ત્રિપુંડ્ર કર્યું હોય એવું.

ત્રિપૂટક ન. ત્રણ ખાંચાવાળું મોતી.

ત્રિપૃષ્ઠ ૧. પું. (જૈન) ચાલુ ચોવીસીના એ નામના પ્રથમ વાસુદેવ. મહાવીર સ્વામીનો જીવ એક ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે હતો.

૨ પું. (જૈન) આવતી ચોવીસીના નવમા વાસુદેવનું નામ.

૩. ન. સત્ત્વ લોક.

ત્રિપેડી સ્ત્રી. એ નામની એક ઔષધિ.

ત્રિપોઢ પું. તાપ; તાવનો રાક્ષસ. તેને ત્રણ પગ અને ત્રણ હાથ હોવાનું મનાય છે.

ત્રિપોળિયું ૧. ન. ત્રણ દરવાજા.

૨. વિ. ત્રણ પોળવાળું; ત્રણ દરવાજાવાળું.

ત્રિપોળિયો વિ પું. ત્રણ પોળવાળો; ત્રણ દરવાજાવાળો.

ત્રિપૌરુષ ૧. [સં] વિ. ત્રણ પુરુષનું; ત્રણ પુરુષ સબંધી.

૨. વિ. ત્રણ પેઢીનું; ત્રણ પેઢી સંબંધી.

૩. વિ. પિતા વગેરે ત્રણ પુરુષોમાં આવ.

ત્રિપૌલિયા [હિં.] પું. ત્રણ પોળ અથવા દરવાજાવાળું મકાન.

ત્રિપ્રકાર [સં.] પું. ઉત્તમ, મધ્ય ને કનિષ્ઠ એવા ત્રણ પ્રકાર.

ત્રિપ્રત્યવતાર [સં. ત્રિ (ત્રણ) + પ્રતિ (ઉપસર્ગ) + અવતાર (અવતરવું તે)] પું મૂળ નામ કાયમ રાખી અન્ય વિશેષણ લગાડી ત્રણ વાર તે નામને ઉતારવું તે.

ત્રિપ્રદેશ ૧. પું. (જૈન) ત્રણ પરમાણુનો સ્કંધ. ત્રણ, બાર આદિ અસંખ્ય અસંખ્ય પરમાણુઓના મળવાથી ત્રિપ્રદેશ, ચતુષ્પ્રદેશ આદિ સ્કંધ થાય છે. દ્વિપ્રદેશ સ્કંધની સાથે એક પરમાણુ મળવાથી ત્રિપ્રદેશ તથા દ્વિપ્રદેશ અથવા ત્રિપ્રદેશ સ્કંધની સાથે અનુક્રમે બે અથવા એક પરમાણુ મળવાથી ચતુષ્પ્રદેશ સ્કંધ બની શકે છે.

૨. [સં.] વિ. જેમાં ત્રણ પ્રદેશ હોય એવું; ત્રણ પ્રદેશવાળું; ત્રણ પ્રદેશથી બનેલ.

ત્રિપ્રમેય [સં.] પું. (ગણિત) દિક્ એટલે દિશા, દેશ એટલે સ્થલ અથવા આકાશ રેખાંશ અને કાલ એટલે સમય સંબંધી પ્રશ્ન. અક્ષોળના વ્યાવહારિક ઉપયોગને આપણા જૂના ગ્રંથો ત્રિપ્રમેય એટલે દિક્, દેશ અને કાળ એ ત્રણ બાબતોનો પ્રશ્ન કહે છે. આકાશના અવલોકનથી આપણે દિશા અને સમય જાણી શકીએ છીએ, તેમ જ આપણે પૃથ્વીના કયા ભાગમાં એટલે કયા અક્ષાંશ રેખાંશમાં રહીએ છીએ તે જાણી શકીએ છીએ. આ જાણવા માટે ચંદ્ર, સૂર્ય, મંગળ તેમ જ તારાઓનું અવલોકન આપણને ઉપયોગી છે. ધરવ અબેરિકની વેધશાળાઓ તેમ જ આગબોટોમાં પણ આ તત્ત્વોને માટે બહુજ સરળ અને બહુ જ કીમતી યંત્રો હોય છે.

ત્રિપ્રમોક્ષ [સં. ત્રિ (ત્રણ) + પ્રમોક્ષ (ઝરેલું)] પું. શિશ્ન, ગુદામાર્ગ અને નેત્ર એ ત્રણ સ્થાનમાંથી ઝરતા મદવાળો હાથી.

ત્રિપ્રાપ્તિલ ન. જૈનના મિશ્રશ્રુતમાં પ્રાભૃતપ્રાભૃતના ત્રણ ભાગ હોય એવો પદાર્થ.

ત્રિપલક્ષ [સં.] પું. વૈદિક મંત્રોમાં જણાવેલ એ નામનો એક દેશ.

ત્રિફણી [સં. ત્રિ (ત્રણ) + ફણિન્ (ફેણવાળુ)] પું. ત્રણ ફેણવાળો નાગ.

ત્રિફલ [સં. ત્રિ (ત્રણ) + ફલ (ફળ)] ન. હરડાં, બેડાં અને આંબળાં; ત્રિફલા.

ત્રિફૂલક ૧. [સં. ત્રિ (ત્રણ) + ફલક (પડ)] પું. સોનાની ત્રણ પાંદડી વચ્ચે જડેલ હીરો.
૨. વિ. ત્રણ રત્નોના ઝપટા પદકવાળું. ત્રણ રત્નોનો ઝપટો પદક ત્રિફલક અને પાંચ રત્નોનો ઝપટો પદક પંચફલક કહેવાય છે.

ત્રિફલા ૧. [સં. ત્રિ (ત્રણ) + ફલ (ફળ)] સ્ત્રી. (વૈદક) હરડાં, બહેડાં અને આંબળાંનું ચૂર્ણ કે મિશ્રણ. તેનો ગુણ શીતળ, પિત્તશામક, શોષક અને દાહશામક છે. ત્રિફલા બે રીતે ઉપયોગમાં આવે છે: ખાવાની દવા તરીકે તથા બહાર લગાડવાની દવા તરીકે. શરીરમાં ખોટી ગરમી રહેતી હોય, ચૂમસ, બળાઈ, તપોડિયાં, ચૂમડાં વગેરે ઊપડી આવતાં હોય, આખા શરીરમાં ખરજ આવ્યા કરતી હોય ત્યારે ત્રિફલાનું ચૂર્ણ મધમાં લેવાથી ફાયદો થાય છે. તેની માત્રા ૧ તોલો છે.

૨. ન. રામાનંદી સાધુનું એક પ્રકારનું તિલક; બે ભોંણા લીટી અને વચ્ચે લાલ લીટી ભેગી કરેલું તિલક.

૩. ન. ત્ર. બ. (વૈદક) હરડાં, બહેડાં ને આંબળાં એ ત્રણ ફળ.

ત્રિફલાકષાય [સં. ત્રિફલા (હરડાં, બહેડાં અને આંબળાં) + કષાય (ઉકાળો)] પું. (વૈદક) અભયા એટલે હરડે, આમલક એટલે આંબળાં અને વિભિતક એટલે બહેડાં એ ત્રણનાં ચૂર્ણનો ઉકાળો. તે કફજન્યિત દરદનાર છે અને કમળા તથા તાવ ઉપર અપાય છે. તેની માત્રા અર્ધાથી બે તોલા છે. આખ તથા ચૂમડાં ધોવા માટે તેનો ઉકાળો કરી ગાળીને વપરાય છે.

ત્રિફલાગુગ્ગુલ [સં. ત્રિફલા (હરડાં, બહેડાં અને આંબળાં) + ગુગ્ગુલ (ચૂમણ)] પું. (વૈદક) ત્રિફલા અને ચૂમણથી બનતી દવા. તે બંદર ઉપર ઉપયોગી છે. તે બનાવવા હરડાં, બહેડાં, આંબળાં અને પીપર દરેક બાર તોલા અને શુદ્ધ ચૂમણ ૨૦ તોલા લઈ તેને બરાબર ખેાંણી તેની ગોળી કરવી. તેની માત્રા ૨ થી ૪ માસા છે.

ત્રિફલાગૂગળ જુઓ ત્રિફલાગુગ્ગુલ.

ત્રિફલાઘૃત [સં. ત્રિફલા + ઘૃત (ઘી)] ન. (વૈદક) હરડાં, બહેડાં અને આંબળાંનું ઘી; આંખના રોગ ઉપર ઉપયોગી એક જાતનું ઘી. તેની બનાવટ: હરડાં, બહેડાં ને આંબળાં એ ત્રણેનો સ્વરસ ચોસઠ ચોસઠ તોલા લઈ તે ન મળે તો ૩૨ તોલા હરડાં, ૩૨ તોલા બહેડાં ને ૩૨ તોલા આંબળાં એ ત્રણે અષ્ટકચરાં કરી તેમાં ૭૬૮ તોલા પાણી નાખી તે ઉકાળતાં જ્યારે ચોથો ભાગ એટલે ૧૯૨ તોલા બાકી રહે ત્યારે ઉતારી લેવું. પછી તેમાં ૬૪ તોલા અરડૂસીનો રસ, ૬૪ તોલા ભાંગરાનો રસ અને ૬૪ તોલા બકરીનું દૂધ એ બધાં મેળવી તેમાં ૬૪ તોલા ઘી નાખવું અને પાણીથી તેમાં હરડાં, બહેડાં, આંબળાં, દ્રાક્ષ, પીતચંદન, સિંધાલૂણ, ચીકણુંમૂળ, મરી, સૂંઠ, સાકર, સાટોડી, દારુહળદર, હળદર, કાકોલી, ક્ષીર-કાકોલી અને મેદા એક એક તોલો મેળવી તેની પુલ્ટી કરી ઘીમાં નાખવી અને જ્યારે પાક કરતાં ઘી બાકી રહે ત્યારે તે ઘી ગાળીને ગાળી લેવું આ ઘીની માત્રા ૧ થી ૨ તોલા છે.

ત્રિફલાચૂર્ણ [સં] ન. (વૈદક) એ નામનું એક પિત્તશામક ચૂર્ણ; ત્રિફલામાંથી બનાવાતું એક જાતનું ચૂર્ણ. આંખનો દુખાવો, કલ્લિજાત, નેત્રરોગ તથા ખોટી ગરમી ઉપર તે વપરાય છે. તેમાં મુખ્ય ઔષધિ હરડાં, બહેડાં અને આંબળાં છે. તે ધાતુપરિવર્તક, સંકોચક અને મૃદુ વિરેચક છે. તે આંતરડાંને નિયમમાં લાવે છે. અજીર્ણ, જૂનું અતિસાર, હેડકી અને પેટના દુખાવામાં તે અપાય છે. આંખનાં દરદ અને અંદરના રક્તસ્રાવમાં તે ખાસ ઉપયોગી બનાવ છે. તે ½ થી ૧ તોલાની માત્રામાં દૂધમાં સવારે કે સાંજે અપાય છે.

ત્રિફલાદિક્વાથ [સં.] પું. (વૈદક) ત્રિફલા, દેવદાર, મુસ્ત અને રિસામણનો ઉકાળો. તે ધાતુપરિવર્તક, રેચક અને જતુઘ્ન મનાય છે. કૃમિમાં બહુ કરીને આસ અપાય છે. તેની માત્રા ½ થી ૨ તોલા છે.

ત્રિફલાદિચૂર્ણ [સં.] ન. (વૈદક) હરડાં, બહેડાં, આંબળાં, તજ, નેપાળમેષ અને મહુડાનાં ફૂલનું બનાવેલું ચૂર્ણ. સર્વ પ્રકારના નેત્રરોગ, ગળા ઉપરના ભાગના સર્વ રોગ, હરસ, અજીર્ણ અને પ્રમેહ ઉપર તે અપાય છે. તેથી કફ કાબૂમાં આવે છે.

ત્રિફલાદિલોહ [સં.] ન. (વૈદક) ઔષધોપયોગી એક જાતની લોહ.

ત્રિફલાદ્યઘૃત [સં.] ન. (વૈદક) એક જાતનું ઔષધપયોગી ઘી.

ત્રિફલાદ્યગલેહ [સં. ત્રિફલા + આદિ (વગેરે) + અવલેહ (ચાટણ)] પું. (વૈદક) પાંડુરોગ, વિષમજ્વર, કૃમિ, મોહ અને પ્રમેહ ઉપર ઉપયોગી એક પ્રકારનું ચાટણ.

ત્રિફલાદ્યિપ્પલીચૂર્ણ [સં.] ન. (વૈદક) ત્રિફલા અને પીંપરીપીપરનું ચૂર્ણ.

ત્રિફલી [સં.] સ્ત્રી. હરડાં, બહેડાં અને આંબળાં.

ત્રિફળક ન. એક જાતનું ઘરેણું. તેમાં સોનાનાં પતરાં ઉપર ત્રણ રત્નોનો ઝપટો પદક હોય છે.

ત્રિફળા જુઓ ત્રિફલા.

ત્રિફળાકષાય જુઓ ત્રિફલાકષાય.

ત્રિફળાગૂગળ જુઓ ત્રિફલાગુગ્ગુલ.

ત્રિફળાઘૃત જુઓ ત્રિફલાઘૃત.

ત્રિફળાચૂર્ણ જુઓ ત્રિફલાચૂર્ણ.

ત્રિફળાદિક્વાથ જુઓ ત્રિફલાદિક્વાથ.

ત્રિફળાદિચૂર્ણ જુઓ ત્રિફલાદિચૂર્ણ.

ત્રિફળાં જુઓ ત્રિફલા.

ત્રિફળાંચૂર્ણ જુઓ ત્રિફલાચૂર્ણ.

ત્રિફળી જુઓ ત્રિફલી.

ત્રિફળું વિ. ત્રણ ફળ એટલે પાનવાળું.

ત્રિબ્જ ન. લગ્ન બીજી ચમતે લેવાતો હીરાનો ટાકો.

ત્રિબલિ [સં. ત્રિ (ત્રણ) + બલિ (પડખાને લીધે શરીર પડતી કરચલી)] સ્ત્રી. પેટ ઉપર પડતી ત્રણ કરચલી.

ત્રિબલિક ૧. [સં.] પું. ભણદાર.
૨. પું. વાયુ.

ત્રિબલી જુઓ ત્રિબલિ.

ત્રિબલીક [સં.] ન. ગુદા.

ત્રિબંગભસ્મ સ્ત્રી. (વૈદક) પ્રમેહ, વીર્યદોષ, ધાતુની નબળાઈ, અશક્તિ, પ્રદર કે ગર્ભાશયનાં દરદ માટે વપરાતી એક જાતની દવા. બાળકને દૂધ સાથે સવાર સાંજે તે ૨ થી ૬ રતી અપાય છે.

ત્રિબંધન ૧. [સં.] પું. જીવાત્મા.
૨. પું. (પુરાણ) નિબંધન રાજાનું બીજું નામ; અયોધ્યાના રાજા અસમંજસનો એ નામનો દીકરો.

ત્રિબારી સ્ત્રી. (શિલ્પ) મંદિરના શિખરમાં બનાવાતી નાની નાની ત્રણ બારી.

ત્રિબાહુ ૧. [સં.] પું. એ નામે રુદ્રનો એક અનુચર.
૨. પું. તરવારનો એક હાથ.

ત્રિબુલીક [સં.] ન. ગુદા; અપાનદ્વાર.

ત્રિખૂટ [અં.] જી. ખંડણી.

ત્રિખ ૧. [સં.] પું. પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને હસ્ત નક્ષત્રવાળો ફાગણ માસ.
૨. પું. રેવતી, અશ્વિની અને ભરણી નક્ષત્રવાળો આશ્વિન માસ.
૩. પું. શતભિષા, પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદવાળો ભાદરવો માસ.
૪. જી. સીવણમાં ભરાતો દોરાનો ત્રીજો ટાંકો, ત્રીજો ટેકો.
૫ ન. ત્રણ રાશિનો સમૂહ.
૬. વિ. ત્રણ નક્ષત્રવાળું.

ત્રિખગી વિ. ત્રણ ભાગ ભેળા કરેલું. ત્રણ જાતની ભેગી દાળ રાંધેલ હોય તે ત્રિખગી અથવા ત્રેવડી દાળ કહેવાય છે.

ત્રિખટ્યા જુઓ ત્રિખન્યા.

ત્રિખન્યા [સં.] જી. ત્રિખા; બાસનો અર્ધ ભાગ.

ત્રિખડ [સં. ત્રિ (દંતક્ષત, મર્દન અને આલિંગન એ ત્રણ) + ખડ (ખાડ)] ન. સુરત; મૈથુન; સ્ત્રીપુરુષનો સંયોગ.

ત્રિખંગ ૧. [સં] પું. અનંગ; કામદેવ.
૨. પું. (પિંગળ) એક જાતનો છંદ; ત્રણ ઠેકાણે યતિ આવે એવું વૃત્ત.
૩. પું. પેટ, કમર અને ગરદન એ ત્રણ ઠેકાણે વાંકા રહે તેવી ઊભા રહેવાની રીત. કૃષ્ણ આવી રીતે ઊભા રહીને બંસી બજાવતા.
૪. પું. શ્રીકૃષ્ણનું એક નામ.
૫. વિ. ત્રણ ઠેકાણેથી વળેલું; ત્રણ જગ્યાએ વાંકું
૬. વિ. બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ સ્વરૂપવાળું.

ત્રિખંગી ૧. [સં.] પું. (પિંગળ) એક જાતનો છંદ. તેનું માપ ૬૨ માત્રાનું છે. તેમાં અંતે ગુરુ અને ૧૦, ૮, ૮, ૬ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે. પહેલા ત્રણ યતિના પ્રાસ મળતા આવે છે. ત્રિખંગી એ નામ તેમાં આવતા ત્રણ યતિના અનુપ્રાસવાળા ખંડો ઉપરથી પડ્યું છે. આ છંદ ભાવણી, વસંત, કલ્યાણ, ભુજંગી અને કાલિકાદો એટલા રાગમાં અને દીપચંદી તથા ઠુમરી એ બે તાલમાં આવી શકે છે.
૨. પું (પિંગળ) એક જાતનો દંડક. તેના દરેક ચરણમાં ૬ નગણ, ૨ સગણ, જગણ, મગણ, સગણ અને ઉપલે ગુરુ એમ ૨૪ અક્ષર હોય છે.
૩. પું. એક પ્રકારનું વૃત્ત. તેના દરેક ચોથો ભાગ ગુરુ હોય છે.
૪. પું. (સંગીત) તાલના મુખ્ય સાત આંદોનો એક ભેદ. તેમાં એક ગુરુ, એક લઘુ અને એક પ્લુત માત્રા હોય છે.
૫. પું. (સંગીત) ગૂઢ રાગનો એક ભેદ.
૬. પું. શ્રીકૃષ્ણ, કેમકે ત્રણ અંગ વાંકીને તેઓ બંસરી બજાવતા.
૭. વિ. ત્રણ ઠેકાણેથી વળેલું.

ત્રિખંડી [સં.] જી. બોલું નસોતર.

ત્રિખાગ [સં.] પું. ત્રીજો ભાગ; તૃતીયાંશ.

ત્રિખાગબિંદુ [સં.] ન. (ગણિત) જે બિંદુ આગળ દોરેલ સીધી લીટીનો ત્રીજો ભાગ થાય તે બિંદુ.

ત્રિખાગવું સ. ક્રિ. ત્રણ સરખા ભાગ કરવા.

ત્રિખાગસત્તા [સં.] જી. રજસ, સત્ત્વ અને તમસ એવા ત્રણ ગુણની સત્તા.

ત્રિખાગા [સં.] જી. (પુરાણ) મહેંદ્ર પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

ત્રિખાજનક [સં.] વિ. ત્રણ સરખા ભાગ કરનાર; ત્રિભાજનારૂં; 'ટ્રાઝેક્ટર.'

ત્રિખાજવું સ ક્રિ. ત્રણ સરખા ભાગ કરવા.

ત્રિખાનુ [સં.] પું. (પુરાણ) યયાતિના પુત્ર તુર્વસુના વંશમાં થયેલો એ નામનો એક રાજપુત્ર; સોમવંશી તુર્વસુકુળના ભાનુમાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કરંધમ હતું.

ત્રિખાવ [સં.] પું. ત્રણે કાળમાં વર્તનો કોઈ પદાર્થ.

ત્રિખાંતર [સં. ત્રિભ (ત્રણ રાશિ) + અંતર (ઊંડું)] ન. (જ્યોતિષ) ગ્રહ અને સૂર્ય વચ્ચે ત્રણ રાશિનું એટલે આખા આકાશના બીજા ભાગ જેટલું અથવા દશ આકાશના અર્ધા ભાગ જેટલું અંતર.

ત્રિખિજ પું. (સંગીત) પંદર માત્રાનો એ નામનો એક તમક.

ત્રિખુક્તિ [સં.] પું તિરહત અથવા મિથિલા દેશ.

ત્રિખુજ [સં. ત્રિ (ત્રણ) + ભુજ (બાજુ)] પું.; ન. ત્રણ બાજુ અને ત્રણ ખૂણાવાળી આકૃતિ; ત્રિકોણ.
૧. વિષમબાહુ ત્રિભુજ = જેની ત્રણે બાજુ સરખી ન હોય એવો ત્રિકોણ.
૨. સમકોણ ત્રિભુજ = જેમાં એક ખૂણો ૯૦° નો હોય એવો ત્રિકોણ.
૩. સમદ્વિબાહુ ત્રિભુજ = જેમાં બે બાજુ સરખી હોય એવો ત્રિકોણ.
૪. સમબાહુ ત્રિભુજ = જેમાં ત્રણે બાજુ સરખી હોય એવો ત્રિકોણ.

ત્રિખુજખંડલ [સં.] ન. જમીનની માપણી કરતી વખતે તેના ત્રિકોણ જેવા ભાગ કરવા તે.

ત્રિખુજબલ [સં.] ન. ત્રિકોણનું બળ.

ત્રિખુવન [સં. ત્રિ (ત્રણ) + ભુવન (લોક)] પું.; ન. સ્વર્ગ, મૃત્યુ, પાતાળ; ત્રિલોક; ત્રણે ભુવન.
આજ તું દ્વિદ હિતેમરી માત,
હલકી હેતથી ર્‌ હોલ;
આજ તારા મુખ ત્રિખુવન ગાય,
જગતમાં જોટો નથી ર્‌ લોલ.
ત્રિકમ ગરબો

ત્રિખુવનકીર્તિરસ [સં.] પું. (વૈદક) તાવ તથા ખાંસી મટાડનાર એક ઔષધ; ત્રણે લોકમાં જેની કીર્તિ હોય એવો રસ. તેની માત્રા ૨ થી ૪ ગોળી છે અને તે મધ કે પાણી સાથે લેવાય છે.

ત્રિખુવનનાથ ૧. [સં. ત્રિ (ત્રણ) + ભુવન (લોક) + નાથ (ધણી)] પું. ઈંદ્ર.
૨. પું. જગદીશ; પરમેશ્વર.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શિવ.

ત્રિખુવનપતિ જુઓ ત્રિખુવનનાથ.

ત્રિખુવનસુંદરી [સં.] જી. દુર્ગા; પાર્વતી.

ત્રિખુવનિયું ન. ઘરને નજર ન લાગે તે માટે બાલ ઉપર ચોટાડેલો સતારો.

ત્રિખુવનેશ્વર જુઓ ત્રિખુવનનાથ.

ત્રિખૂમ [સં.] પું. ત્રણ માળવાળો મહેલ; ત્રણ માળનું મકાન.

ત્રિખેટ જુઓ ત્રિખેટો.

ત્રિખેટો પું. જ્યાં ત્રણ રસ્તા મળતા હોય એવી જગ્યા; ત્રિપથ.

ત્રિખોનલગ્ન [સં. ત્રિ (ત્રણ) + ઊન (ઓછું) + લગ્ન (રાશિ) + ઊન (ઓછું) + લગ્ન] ન. જ્યોતિષનું જે બિંદુ પૂર્વ ક્ષિતિજને લાગેલું હોય તે બિંદુથી પશ્ચિમ તરફ ૯૦ અંશ ઉપર આવેલું બિંદુ.

ત્રિખોક ૧. જી. અતળ, વિતળ અને સુતળ એ ત્રણ ભૂમિ.
૨. જી. ત્રિભુવન; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ.
૩. વિ ત્રણ ભૂમિવાળું; અતળ, વિતળ અને સુતળ એ ત્રણ ભૂમિવાળું.

ત્રિખોમું ૧. [સં. ત્રિ (ત્રણ) + ભૂમિ] ન. મકાનનો ત્રીજો માળ.
૨. વિ ત્રણ માળવાળું. મકાન માટે વપરાય છે.

ત્રિખ પું. સતારનો અવાજ.

ત્રિમત [સં.] કું. દ્વૈત, અદ્વૈત અને વિશિષ્ટાદ્વૈત એ ત્રણ મતનો સમૂહ.

ત્રિમદ ૧. [સં.] કું. વિદ્યામદ, ધનમદ અને કુળમદ એવું ત્રણ જાતનું અભિમાન.

૨. ન. અફીણ ઉપર ઉપયોગી એક જાતનું ચૂર્ણ. તે બનાવવા ત્રિકટુ, ત્રાવડિંગ, નાગરમોથ એ ત્રણે બરાબર ભાગ લઈ બરાબર મેળવવાં. તેની માત્રા ૪ થી ૮ વાલની છે.

ત્રિમધુ ૧. [સં.] કું. ઋગ્વેદનો એ નામનો એક ભાગ.

૨. કું. ઋગ્વેદનો ત્રિમધુ નામનો અંશ વિધિ પ્રમાણે ભણનાર માણસ.

૩. [સં ત્રિ (ત્રણ) + મધુ (મધુર)] કું. ઘી, મધ અને સાકર અથવા દૂધ, ઘી અને મધ એ ત્રણનો સમૂહ.

ત્રિમધુર જુઓ ત્રિમધુ ૩.

ત્રિમસ્તક [સં.] કું. હાથની પાછળની બાજૂએ ત્રણ રેસાથી બનાવેલી પટ્ટા સાથે બંધાયેલો ત્રણ માથાવાળો એક રત્નાયુ.

ત્રિમંગલેશ [સં.] કું. મહાદેવ; શિવ.

ત્રિમંડલા [સં.] સ્ત્રી. એક જાતની જૂ; ચીપ.

ત્રિમાતૃ [સં.] સ્ત્રી. ત્રણ છોકરાની માતા.

ત્રિમાત્ર [સં.] ન. (સંગીત) તાલનાં છ માત્રાનું બાંધવું અંગ; પ્લુત સ્વર; કૂકરી; પક્ષુક્રિયા; દીપ્ત.

ત્રિમાત્રિક [સં. ત્રિ (ત્રણ) + માત્રા + ઇક (વાળું)] વિ. ત્રણ માત્રાનું; ત્રણ માત્રાવાળું, પ્લુત.

ત્રિમાદક [સં.] ન. સુરાપાન, કુપાત્ર માણસના હાથનું ધન અને ચંચળ ચિત્તવાળી સ્ત્રી એ ત્રણે મદ ઉત્પન્ન કરનારી ત્રણ વસ્તુ.

ત્રિમાર્ગ [સં.] કું. ત્રણ રાંટાવાળો રસ્તો.

ત્રિમાર્ગગા ૧. [સં. ત્રિ (ત્રણ) + માર્ગ (રસ્તો) + ગા (જનારી)] સ્ત્રી. ગંગા નદી.

૨. સ્ત્રી. તુંગભદ્રા નદીનું બીજું નામ.

ત્રિમાર્ગગામિની જુઓ ત્રિમાર્ગગા.

ત્રિમાર્ગગામી જુઓ ત્રિમાર્ગગા.

ત્રિમાર્ગા જુઓ ત્રિમાર્ગગા.

ત્રિમાર્ગી ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.

૨. સ્ત્રી. તુંગભદ્રા નદી.

૩. સ્ત્રી. ત્રણ માર્ગનો સમુદાય

ત્રિમાસિક ૧. [સં.] ન. ત્રણ ત્રણ માસે બહાર પડતું સોપાનિયું

૨. વિ. ત્રણ ત્રણ મહિને પ્રસિદ્ધ થતું.

૩. વિ. ત્રણ માસનું.

ત્રિમાસિકઉપવાસ ન. ત્રણ માસના ઉપવાસ.

ત્રિમાસિકો સ્ત્રી. (જૈન) ભિક્ષુની ત્રીજી પડિમા. તેમાં એક મહિના સુધી ત્રણ દાત જળની અને ત્રણ દાત પાણીની લઈ રહેવાય.

ત્રિમાસી જુઓ ત્રિમાસિક.

ત્રિમુકુટ [સં.] કું. ત્રણ શિખરવાળો પર્વત; ત્રિકૂટાચલ પર્વત.

ત્રિમુખ ૧. [સં.] કું. શાકલ્ય મુનિ

૨. સ્ત્રી. ચોરીસ માંહેની એક મુદ્રા.

૩. વિ. ત્રણ મોંવાળું.

ત્રિમુખા [સં.] સ્ત્રી. (જૈન) એ નામની એક દેવતા.

ત્રિમુખી ૧. સ્ત્રી. પુરુષસંગ વખતે યુવા સ્ત્રીમાથી પાણી ઝરે એવી સ્ત્રી; વધ્યા માદેની એક જાતની વંધ્યા.

૨. [સં.] સ્ત્રી. બુદ્ધની માતા; માયાદેવી. મહાયાન સાધકવર્ગ જેઓ તેની દેવીરૂપે ઉપાસના કરે છે.

૩. સ્ત્રી. અણિદોપની અંદર આવેલ ચોરસ માંહેની એક રેખા.

૪. વિ.સ્ત્રી. ત્રણ મુખવાળી.

ત્રિમુનિ ૧. [સં.] કું. વાલ્મિનિ, કાત્યાયન અને પતંજલિ એ ત્રણ ઋષિ.

૨. ન. વાલ્મિનિ વગેરે મુનિઓએ રચેલ ગ્રંથરત્ન.

ત્રિમૂર્તિ ૧. [સં.] કું. (પુરાણ) ઉદ્ગમઋષિ નામના ઋષિનું બીજું નામ.

૨. કું. પરમેશ્વર; પ્રભુ.

૩. કું. સૂર્ય; સૂરજ.

૪. સ્ત્રી. ત્રણ વ્યક્તિનો સમૂહ.

૫. સ્ત્રી. ત્રણ વર્ષની ઉમરની કન્યા.

૬. સ્ત્રી. ચોહની એક રેખા.

૭. સ્ત્રી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ દેવનો સમૂહ. તેઓ સત્ત્વ, રજસ અને તમસ ત્રણ ગુણના અધિપતિ અને સ્થિતિ, બંધ અને મોક્ષના કારણરૂપ છે. ઉત્પત્તિ દેવ બ્રહ્મા, રક્ષક દેવ વિષ્ણુ અને સંહારક દેવ શિવ છે.

ત્રિમૂર્તિની [સં.] સ્ત્રી. ત્રણ વર્ષની ઉમરની કન્યા.

ત્રિમૂર્તિરાજ્ય [સં.] ન. ત્રિજ્ઞાનસત્તાક રાજ્ય; ત્રણ જણાઓથી ચલાવાતું રાજ્ય. પોપી એસિરિઆમાં કૂતેહ જેવાની પહેલો રોમ ગયો, પણ રાજસત્તાએ તેની કૂતેહને મંજુરિયાત આપી નહિ. તે ઉપરથી તે સીઝરને મળ્યો. પછી તે બે સત્તાધીશોએ ધનવોબી ક્રોસસને પોતાની સાથે ભેળવ્યો. એ ત્રણે જણે રોમના મોટા રાજ્યની સત્તા પોતાને હાથ રાખવાને પરસ્પર સમજ આપી. એ ઐક્ય પ્રકટ નહોતું પણ તેઓની વર્તણૂક ઉપરથી તે પ્રકટ થઈ ત્રિમૂર્તિરાજ્ય કહેવાયું.

ત્રિમૂર્દ્ધ [સં. ત્રિ (ત્રણ) + મૂર્ધન્ (માથું)] વિ. ત્રણ મસ્તકવાળું.

ત્રિય [સં. સ્ત્રી] સ્ત્રી. પત્ની; સ્ત્રી.

ત્રિયજ્ઞ [સં. ત્રિ (ત્રણ) + યજ્ઞ (જજ્ઞ)] ન. ત્રણ જજ્ઞભારનું વજન.

ત્રિયષ્ટિ [સં] કું. એક જાતની ઔષધિ

ત્રિયંબક [સં.] કું. શિવ; હર.

ત્રિયા [સં. સ્ત્રી] સ્ત્રી. પત્ની; સ્ત્રી; ઔરત.

ત્રિયાત ન. ત્રાકિત; ત્રીજી અકિત; બે પક્ષ વચ્ચેની તકરારનો તોડ લાવનાર ત્રીજી વ્યક્તિ અગર વ્યક્તિઓનો સમૂહ; પંચ.

ત્રિયાન [સં.] કું. બૌદ્ધોના ત્રણ પ્રધાન ભેદ; મહાયાન, હીનયાન અને મધ્યમયાન.

ત્રિયામક [સં.] ન. પાપ; પાતક.

ત્રિયામા ૧. [સં.] સ્ત્રી. ત્રણું નક્ષોતર.

૨. સ્ત્રી. યમુના.

૩. સ્ત્રી. જમના નદી.

૪. [સં. ત્રિ (ત્રણ) + યામ (પહોર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રાત્રિ; રજની. રાતની પડેલા ચાર દંડની અને ઉગવા ચાર દંડની ત્રણેરી દિવસમાં આવે છે, જેથી રાત્રિમાં માત્ર ત્રણ પહોર રહે છે, તેથી તે ત્રિયામા કહેવાય છે.

૫. સ્ત્રી. હળદર.

ત્રિયારાજ્ય ન. સ્ત્રીઓનું રાજ્ય.

ત્રિયુગ ૧. [સં.] કું. વજ્રપુરુષ; પરમાત્મા.

૨. કું. વસંત, વર્ષા અને શરદ એ ત્રણ ઋતુઓનો સમૂહ.

૩. કું. વિષ્ણુ.

૪. કું. શિવના ઢગર માંહેનું એક નામ.

૫. કું. સત્ય, દ્વાપર અને ત્રેતા એ ત્રણ યુગ.

ત્રિયુજ કું. અંગારિત; ચૂનો, ઢાવું સીસું વગેરેમાં માલમ પડતો અંગારામ્લનો ક્ષાર.

ત્રિયૂથ [સં.] કું. પીંજણા અથવા સણ્ણ રેસનો બોરો.

ત્રિયૂથી [સં.] સ્ત્રી. પીંજણો કે સણ્ણ રેસની બોરી.

ત્રિરત્ન ૧. [સં.] કું. (જૈન) બુદ્ધ, ધર્મ અને સંઘનો સમૂહ.

૨. ન. (સ્થાપ) ત્રિફાલા અને ઇક્ષુ બંનેને મળતું એક જાતનું મકાન. આ જાતની ઓલાદ આગળના ભાગમાં મુખ્ય ભંડો અને પાછળના ભાગમાં વપરાસના ખાનાની પટ્ટી મૂકવાથી બને છે.

ત્રિ. જ. (જૈન) સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષસાધનરૂપ ત્રણ રત્ન.

ત્રિરસક [સં.] જ. મદ્ય; મદિરા.

ત્રિરંગી ૧. વિ. સફેદ, લીલો અને કાલ એ ત્રણ રંગવાળો રાષ્ટ્રધ્વજ.

૨. વિ. ત્રણ રંગનું.

ત્રિરંગી ખો જી. એ નામની એક રમત. તેમાં બોદ, સત્તર કે વીસ એવી બાજાઠોની સંખ્યા લેવી કે જેથી ત્રણ ત્રણ બાજાઠોની હારો થતાં બે બાજાઠે બાકી વધે. રમવાની જગ્યાએ એક જ મધ્યબિંદુમાંથી બે વર્તુલ જમીન ઉપર પાડવાં. અંદરનું વર્તુલ ૨ૄ ફૂટ વ્યાસનું અથવા તેથી મોટું રાખવું. અંદરના વર્તુલના પરિધ ઉપર બે છોકરાં રાખીને બાકીનાને અંદરની બાજુએ મોઢાં રાખીને ઊભાં રાખવાં. સિસોટી થતાં એક ને ત્રણ નંબરવાળાં બાજાઠ એકમેકના તરફ મોઢાં કરી ઊભાં રહે અને બે નંબરવાળાં દરેક જોડીની વચ્ચે તેમના હાથની વચમાં રહે. પરિધ ઉપર બાકી રાખેલાં બે છોકરાં બાકીના એક ઉપર દાવ કરાવવો અને બીજાને નાસનારો બનાવવો. સિસોટી થતાં નાસનારો નાસવા માંડે અને દાવવાળો પકડવા દોડે. એ બંનેએ બહારના વર્તુલની હદમાં જ રહેવું. એ હદની બહાર જાય તે બાદ થાય. પકડનાર છોકરો નજીક આવ્યો હોય ત્યારે નાસનાર છોકરાએ બે જણના હાથની વચ્ચે ઊભેલા કોઈ પણ છોકરાને વર્તુલની અંદર રહીને ખો આપવી. એવી રીતે ખો મળેલા છોકરાએ નીચા નમી હાથ નીચે કાઈ બહાર નીકળવું અને ખો આપનારે તેની જગ્યાએ રહેવું. પકડનાર છોકરો કોઈ છોકરાના હાથ નીચેથી આવા દેતો નથી, પણ બે જોડીની વચ્ચેથી બહાર નીકળી નાસનાર છોકરાને પકડી શકે છે. નાસનારો કોઈ વચલા છોકરાને હાથ અડાડે તો પકડનાર તેને પકડી શકે નહિ. ખો મળે તેને તે બહાર નીકળ્યા પછી પકડી શકે.

ત્રિરંગી ધ્વજ પું. હિંદનો રાષ્ટ્રધ્વજ. આજાદ હિંદનો આ રાષ્ટ્રધ્વજ સમાન પ્રમાણમાં લેવાયેલા ઘેરા કેસરી, શ્વેત અને ઘેરા લીલા રંગનો છે. શ્વેત પટ્ટાની મધ્યમાં ચરખાના પ્રતીકરૂપે સારનાથના અશોકસ્તંભ ઉપર જે ચક્ર છે તેવું જ વાદળી ચક્ર છે. ધ્વજના મધ્ય ભાગ બાકીની શુભ્રતા પ્રકાશ, સત્ય અને સાદાઈ દેખાડે છે. કેસરી રંગ ત્યાગ અને નમ્રતાનું નિદર્શન કરાવે છે અને લીલો રંગ ભૂમિ સાથેનો આપણો સંબંધ બતાવે છે. રાષ્ટ્રવિધાન મહાસભા



માંથી૨૯ે ત્રિરંગી ધ્વજની ઉત્પત્તિ દર્શાવતાં સને ૧૯૨૧માં લખ્યું છે કે: ઘેલાં ચાર વરસથી મહાસભાની દરેક બેઠક મેળાએ અખિલહીંદપટ્ટમના રાષ્ટ્રીય મહાવિદ્યાલયવાળા વેંકૈયા આ રાષ્ટ્રીય ધ્વજનો સવાલ જે અખંડ ઉદ્યમ તથા ઉમંગપૂર્વક ચર્ચતા તે જોઈ જોઈ હું હમેશા રાજતો છતાં તે વિષે મારા અંતરમાં કદી ઉમળકો ઊઠતો નહિ. આખા રાષ્ટ્રનું અંતર હલાવે એવું કશું એમના એ નમૂનામાં હું જોઈ શકતો નહોતો. એની ચિત્તાકર્ષક સૂચના કરવાનું આજ તો એક પંજાબી મુહરબંદ હતું. જલંધરવાળા લાલા હંસરાજે મારી જોડે રૌંટિયાના આપીની ચર્ચા કરતાં અનાયાસે જ સૂઝી દીધું કે એને આપણા સ્વરાજ ધ્વજ ઉપર કાં સ્થાન ન મળે? તેમની આ સૂચનામાં રહેલી નવીનતાથી હું અચરજ પામ્યો. બેઝવાડામાં મેં બી વૅંકૈયાને લાલ (હિંદુઓનો રંગ) અને લીલો (મુસલમાનોનો રંગ) ફોન ઉપર રૌંટિયાનું ચિત્ર દોરેલો એક ધ્વજ તૈયાર કરી આપવા કહ્યું. વધુ વિચાર કરતાં અને લાગ્યું કે આપણા રાષ્ટ્રીય ધ્વજની કોર ઉપર બીજા ધર્મોને પણ સ્થાન મળવું જોઈએ. તેથી મારી સૂચના એવી છે કે આપણા રાષ્ટ્રીય ધ્વજની કોર પોળી, લીલી તેમજ લાલ રહે. પોળો રંગ બીજા ધર્મોને સૂચવશે. કોથી ઓછી સંખ્યાવાળાનો રંગ સૌથી પહેલો, મુસલમાની રંગ બીજો અને હિંદુઓનો રંગ છેલ્લો રહે. આનો અર્થ એ રહે કે જે સૌથી પધારે ભગવાન છે તેણે સૌથી છોટા ભગવાનની દાસ બનીને રહેવું. આ ઉપરાંત પોળો રંગ પવિત્રતા અને શાંતિ પણ સૂચવે છે. આપણા રાષ્ટ્રીય ધ્વજમાં બીજી વસ્તુઓ ન હોય તો તેનો કોઈ અર્થ જ નથી. વળી આપણામાંના નાનામાં નાનાની મોટામાં મોટાની જોડે સમાનતા સૂચવવાને સારૂ એ ત્રણે રંગ આપણા રાષ્ટ્રીય ધ્વજમાં સરખી જગ્યા રોકે. વળી સર્વપલ્લી રાધાકૃષ્ણ આ રંગોનું રહસ્ય એમ બતાવે છે: બીજો રંગ આપણા જીવનની સર્જનાત્મક બાજુ બતાવે છે. તપશ્ચર્યા અને આત્મસંયમ દ્વારા જ જીવનમાં કોઈ પણ જાતનું સર્જન કરી શકાય છે. લાલ રંગ હમેશા, છેક મહાભારતના સમયથી લઈ આજ સુધી, દુઃખ અને તપશ્ચર્યાનું પ્રતીક રહ્યો છે. તપશ્ચર્યામાંથી આપણે આપણાં જીવનની સાદાઈ અને ઉચ્ચ આદર્શોનાં પ્રતીક સમા પારદર્શક શ્વેત રંગમાં લેવાઈએ છીએ. હું બોધપ્રદ માનું છું કે આ ધ્વજ આ વસ્તુઓને જ રજૂ કરે છે. કોઈ કોમોનું પ્રતીક એ નથી જ. વળી એમણે હિંદની બંધારણસભામાં એમ પણ સૂચવ્યું હતું કે: ધ્વજના મધ્ય ભાગમાં ચુક્ર પણ હોવું જોઈએ. આ ચુક્રતા પ્રકાશ, સત્ય અને સાદાઈ દેખાડે છે. આપણું એક સદ્ભુત, ધર્મ અને સત્યનું ઝોતક છે. એક રાષ્ટ્રને મંત્રતોયના સદ્ભાવથી બચાવે છે. કેસરી રંગ ત્યાગ અને નમ્રતાનું નિદર્શન કરાવે છે અને લીલો રંગ ભૂમિ સાથેનો આપણો સંબંધ દર્શાવે છે.

ત્રિરાજિક જ. ફાનનું એક જાતનું ધરેણું.

ત્રિરાત્ર ૧. [સં.] પું. એ નામે એક યજ્ઞ.

૨. સ્ત્રી. ત્રણ રાત્રિનો સમુદાય.

૩. જ. ત્રણ દિવસનું વ્રત.

ત્રિરાત્રિ ૧. [સં.] પું. મહાશિવરાત્ર નામનો વ્રત.

૨. સ્ત્રી. એક જાતનું વ્રત. તેમાં ત્રણ દિવસ સુધી ઉપવાસ કરવો પડે છે.

૩. સ્ત્રી. ત્રણ રાત્રિ.

૪. સ્ત્રી. મરણ પછી ત્રીજે દિવસે કરવામાં આવતી ક્રિયા. તે દિવસે મરણ પામેલા માણસની રાખ નદીમાં નાખવામાં આવે છે.

૫. સ્ત્રી. સાવરણી.

ત્રિરામ ૧. [સં.] પું. પરશુરામ, બળરામ અને રામ એ ત્રણ મહાપુરુષ.

૨. જ. બરડે, ઢોંક અને મોળ મિશ્રિત દવા.

ત્રિરાવ પું. (પુરાણ) ભરતનો એ નામનો એક પુત્ર

ત્રિરાવૃત્ત્યાવર્તી જ (સંગીત) તાલનાં મુખ્ય છ આવેનું ચોથું અંગ; આઠ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

ત્રિરાશિ ૧. [સં] સ્ત્રી. (ગણિત) આપેલી ત્રણ ઉપરથી ચોથી સંખ્યા કાઢવાની રીત.

૨. સ્ત્રી. (જૈન) ઉત્પાદ, અસ્તિત્વ અને ધ્રુવાસ્તિત્વ એમ ત્રણ ગણિ એટલે પદાર્થનો સમૂહ.

ત્રિરૂપ [સં] પું. અષ્ટમેરુ વ્રતનો બીજો.

ત્રિરેખ ૧. [સં.] પું. શંખ.
૨. ન. ત્રણ રેખા.
૩. વિ. ત્રણ રેખાવાળું.

ત્રિલ [સં. ત્રિ (ત્રણ) + લ (લઘુનું ચિહ્ન)] પું. છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ નગણ; ત્રિલઘુ.

ત્રિલઘુ [સં.] પું. (પિંગળ) નગણ. તેમાં ત્રણે અક્ષર લઘુ હોય છે.

ત્રિલઘ્વારામભિન્ન ન. (સંગીત) સંગીતલેખનમાં તાલ બે જતાં વચ્ચે ત્રણ માત્રાનો અવગ્રહ છોડીને પછી સ્વર જોડવા વપરાતી આવી S O – નિશાની.

ત્રિલવણ [સં.] ન. સિંધાલૂણ, સંચળ અને બિડલવણ એ ત્રણ વસ્તુનો સમૂહ.

ત્રિલિંગ ૧. [સં.] ન. એક જાતનું દૂધ; ભહેડું.
૨. ન. તૈલંગ શબ્દનું જનાવટી સંસ્કૃત રૂપ.
૩. ન. નર, નારી અને નપુંસક એવી ત્રણ જાતિ.
૪. વિ. ત્રણ લિંગ કે જાતિવાળું.
૫. વિ. સત્ત્વાદિ ત્રણ ગુણ જેનાં સિદ્ધ છે એવું.

ત્રિલિંગી [સં. ત્રિલિઙ્ગિન્] વિ. જેને ત્રણ જાતિ લાગુ પડતી હોય એવું; ત્રણ લિંગવાળું.

ત્રિલોક [સં.] પું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ; ત્રિભુવન; ત્રણ લોકનો સમુદાય.

ત્રિલોકગામિની ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.
૨. વિ. સ્ત્રી. ત્રણ લોકમાં ગમન કરનારી.

ત્રિલોકપાત્રી ૧. [સં.] સ્ત્રી. બ્રહ્મિદીપની અંદર આવેલી ૬૪ માહેની એક કલા.
૨. વિ. સ્ત્રી. ત્રણે લોકનું ભરણપોષણ કરનારી.

ત્રિલોકપૂજ્ય [સં. ત્રિલોકપૂજ્ય] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ત્રણે લોકને પોતાના સ્વરૂપની અંદર ધારણ કરનારા ત્રિલોકાત્મક પણ તે છે.

ત્રિલોકનાથ ૧. [સં.] પું. બ્રહ્માનો છોડ.
૨. પું. રુદ્ર.
૩. પું. કૃષ્ણ.
૪. પું. ત્રણ લોકના ધણી; ઈશ્વર; પરમેશ્વર.
૫. પું. રામ.
૬. પું. વિષ્ણુનો કોઈ અવતાર.
૭. પું. શિવ.
૮. પું. સૂર્ય; ત્રિલોકેશ.
૯. ન. કાંસરા જિલ્લાના ચેટા વિભાગ કુલુમાં આવેલું એક સુપ્રસિદ્ધ યાત્રાનું સ્થળ. આ કૈલાસ કૂટ નામના ગામમા કુંગર ઉપર ચઢવાના અણવા ત્રિનાળ નદીના ડાબા કિનારા ઉપર છે. તેમાં અત્રલોકિતેશ્વર મહાદેવની મૂર્તિ છે.

ત્રિલોકપ ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. પું. ત્રિપનાં હજાર માહેનું એક નામ.
૩. વિ. ત્રણે લોકનું પાલનપોષણ કરનાર.

ત્રિલોકપતિ જુઓ ત્રિલોકનાથ.

ત્રિલોકભોગ જુઓ ત્રિલોક.

ત્રિલોકમોહન ૧. પું. (સંગીત) ગોવવું એક તાન; મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત લગવાથી ઉત્પન્ન થતું એક તાન.
૨. [સં.] પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુ.

ત્રિલોકરક્ષી ૧. [સં. ત્રિલોકરક્ષિન્] પું. ઈશ્વર.
૨. વિ. ત્રણ લોકનું રક્ષણ કરનાર.

ત્રિલોકવેધી [સં. ત્રિલોકવેધિન્] વિ. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ ત્રણે લોકને ભેદી જાય એવું.

ત્રિલોકાત્મા [સં. ત્રિલોકાત્મન્] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. અંતર્યામીરૂપથી ત્રણે લોકના આત્મા હોવાથી અથવા ત્રણે લોક જરી રીતે જોનારી જુદા નથી તેથી તે ત્રિલોકાત્મા કહેવાય છે.

ત્રિલોકિત [સં.] વિ. ત્રણે લોકમાં આવેલું.

ત્રિલોકી ૧. પું. (પિંગળ) બોતેર માત્રાનો એક ઉપજાતિ છંદ. તે પ્રથમ અને આંદ્યાવસ્થની ભેળવણીથી થાય છે. તેના દરેક ચરણના અંતમાં લઘુ, ગુરુ હોય છે.
૨. [સં.] સ્ત્રી. ત્રણ લોક; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળનો સમૂહ; બ્રહ્માંડ.
૩. વિ. જેની અંદર ત્રણ લોક આવેલા છે એવું.

ત્રિલોકીતિલક [સં.] પું. એ નામનો એક મંત્ર.

ત્રિલોકેશ ૧. [સં.] પું. બ્રહ્માનો છોડ.
૨. પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ભગવાનની આજ્ઞાથી ત્રણે લોક પોતપોતાનાં કર્મમાં લાગી રહે છે, તેથી તે ત્રિલોકેશ કહેવાય છે.
૪. પું. શિવ.
૫. પું. સૂર્ય.

ત્રિલોકેશ્વર જુઓ ત્રિલોકેશ.

ત્રિલોચન ૧. [સં. ત્રિ (ત્રણ) + લોચન (આંખ)] પું. શિવનાં હજાર માહેનું એક નામ; શંકર; મહાદેવ.
૨. પું. સૂર્ય.
૩. ન. ગ્રહોમાં ચોવીસ માહેનું એક મહાબિંબ.
૪. વિ. ત્રણ આંખવાળું.

ત્રિલોચના ૧. [સં.] સ્ત્રી. એ નામે જૈન મતની એક દેવી.
૨. સ્ત્રી. દુર્ગા.

ત્રિલોચનાષ્ટમી [સં.] સ્ત્રી. જેઠ વદિ આઠમ.

ત્રિલોચની [સં.] સ્ત્રી. ગૌરી; પાર્વતી; દુર્ગા.

ત્રિલોહ [સં.] ન. (વૈદક) સોનું, રૂપું અને તાંબું એ ત્રણ ધાતુ.

ત્રિલોહક જુઓ ત્રિલોહ.

ત્રિવક્રા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કંસની કુબ્જા નામની દાસી.
૨. સ્ત્રી. (પુરાણ) દ્રૌપદીની દાસી મંથરાનું એક નામ.

ત્રિવટ ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ; ત્રિતાલ. તેની આઠ માત્રા છે. તેમાં પહેલી, બીજી અને સાતમી માત્રા ઉપર તાલ અને પાંચમી માત્રા ઉપર ખાલી આવે છે.
૨. પું. (સંગીત) ચતુરંગ પદ્ધતિના ચાર માહેનો એક ભાગ.

ત્રિવટું ન. જ્યાં ત્રણ રસ્તા મળે તે સ્થળ; ત્રિભેટો.

ત્રિવટો (ત્રિવટે) જુઓ ત્રિવટ.

ત્રિવર્ણ [સં.] પું. સંપૂર્ણ જાતિનો એક રાગ. તે ગાવાનો સમય બીજા પહોરનો છે. કેટલાક તેને હિંડોલ રાગનો પુત્ર માને છે.

ત્રિવર્ણી સ્ત્રી. (સંગીત) બીરાગની એક રાગણી. તેની ષાડવ જાતિ છે, વિષાદ અવરોહમાં લેવાય છે અને ધૈવત આરોહમાં લેવાય છે. હનુમાન મત પ્રમાણે તેની સંપૂર્ણ જાતિ કહી છે.

ત્રિવત્સ [સં. ત્રિ (ત્રણ) + વત્સ (વર્ષ)] પું. જ્યોતિષ આસનો દ્વાદશ.

ત્રિવત્સા [સં.] સ્ત્રી. ત્રણ વર્ષની ગાય.

ત્રિવર્ગ ૧. પું. (સંગીત) એ નામનો એક અલંકાર.
૨. પું. ગાયત્રી.
૩. [સં.] પું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થનો સમૂહ.
૪. પું. જહાજો રચેલો રાજનીતિનો એ નામનો ગ્રંથ.
૫. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ પ્રધાન જાતિ.
૬. પું. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ.
૭. પું. સૂંઠ, મરી અને પીપર એ ત્રણ ઔષધિ.
૮. પું. સ્થિતિ, ક્ષય અને વૃદ્ધિ એમ ત્રણ ભાવ.
૯. પું. હરડાં, બહેડાં અને આંબળાં એ ત્રણ ઔષધિ.

ત્રિવર્ગસ્વર્ગસાધન [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

ત્રિવર્ણ ૧. પું. (સંગીત) એ નામનો એક અલંકાર. તેમાં પહેલા અને બીજા સ્વરની એક અને ત્રીજા સ્વરની ત્રણ આવૃત્તિ કરી અનુક્રમે ત્રણ ત્રણ સ્વરો સાથે લેવામાં આવે છે. જેમકે, સારિગમમ | રિગમમમ | ગમપપપ | મપધપપ | પધનિનિનિ | ધનિસસસ |

૨. [સં.] ન. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણ.

ત્રિવર્ણમવરોહી પું. (સંગીત) એ નામનો એક અલંકાર. તેમાં પહેલાં પહેલો અને બીજો સ્વર અનેક વાર અને ત્રીજો સ્વર ત્રણ વાર એમ ત્રણ ત્રણ સ્વર ઊતરતા ક્રમમાં સાથે લેવાય છે. જેમકે, સનિધપમ | નિધપપપ | પમગગગ | મગરિરિરિ | ગરિસસસ |

ત્રિવર્ણક ૧. [સં.] પું. કાળો, લાલ અને પીળો રંગ.

૨. પું. ગોખરુ.

૩. પું. ત્રિફળા: હરડાં, બહેડાં અને આંબળાં.

૪. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ જાતિ.

૫. પું સોનું, પીપર અને મરી.

૬. વિ. ત્રણે વર્ણનું.

ત્રિવર્ણી ૧. [સં. ત્રિ (ત્રણ) + વર્ણ (અક્ષર) + ઈન્ (વાળું)] વિ. ત્રણ અક્ષરવાળું.

૨. [સં. ત્રિ (ત્રણ) + વર્ણ (રંગ) + ઈન્ (વાળું)] વિ. ત્રણ રંગનું; ત્રિરંગી.

ત્રિવર્તુ [સં.] ન. સૂર્યનું તેજ.

ત્રિવર્ષ ૧. [સં.] પું.;સ્ત્રી. (જૈન) ત્રણ વર્ષની પ્રવ્રજ્યાવાળો સાધુસાધ્વી.

૨. ન. ત્રણ વર્ષ.

૩. વિ. ત્રણ વર્ષનું.

ત્રિવર્ષા [સં.] સ્ત્રી. ત્રણ વર્ષની ગાય.

ત્રિવર્ષિકા [સં.] સ્ત્રી. ત્રણ વર્ષની ગાય.

ત્રિવર્ષીય [સં.] વિ. ત્રણ વર્ષમાં હોનાર કે બનાર.

ત્રિવલિકા ૧. [સં.] સ્ત્રી. ક્રોધ કરતી વખતે કપાળ ઉપર પડતી ત્રણ લીટી.

૨. સ્ત્રી પેટ ઉપર પડતા ત્રણ વાટા.

ત્રિવલી જુઓ ત્રિવલિકા.

ત્રિવલ્ય [સં.] પું. બહુ પ્રાચીન કાળનું એક પ્રકારનું વાજું.

ત્રિવાર ૧. [સં.] પું (પુરાણ) એ નામનો મરુતનો એક પુત્ર

૨. વિ. ત્રણ આવૃત્તિ; ત્રણ વખતનું.

ત્રિવાર્ષિક [સં.] વિ. ત્રણ ત્રણ વર્ષનું; ત્રણ વર્ષે થતું.

ત્રિવિક્રમ [સં.] પું. વિષ્ણુનાં ઉત્તર માર્ગનું એક નામ. જેનાં ત્રણે વિક્રમ એટલે પગલાં ત્રણે લોકમાં વ્યાપ્ત છે, જેણે ત્રણે લોકનું ક્રમણ એટલે લંઘન કરેલ છે તે ભગવાન ત્રિવિક્રમ કહેવાય છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર; સ્થૂલ, સૂક્ષ્મ અને તત્ત્વાતીત: પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તા: વ્યક્ત, અવ્યક્ત અને સનાતન: ભૂ:, ભુવ: અને સ્વ:; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જેવા ત્રણ ક્રમને કરનારા પણ ભગવાન જ છે. ત્રણ પગલાથી ત્રિલોકો જગતને માપી લેનારા વામન અવતારધારી પણ તે જ છે.

ત્રિવિક્રમરસ [સં.] પું. (વૈદક) ઝેરની બનાવટની એક દવા. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક અને તામ્રભસ્મ એ દરેક સમભાગે લઈ તેને નગોડના રસની ભાવના દેવી. તેના કલ્કને વાલુકાયંત્રમાં જરા તાપ આપવો. આ ઔષધ મૂત્રાઘાત ઉપર ઉત્તમ મનાય છે. તેની માત્રા એક વાલ છે. તે મૂત્રાઘાત તથા મૂત્રપિંડનાં દરદ મટાડે છે અને પથરીને ઓગાળી કાઢી નાખતો મનાય છે.

ત્રિવિક્રમાનંદ પું. એ નામનો એક કવિ. તેનું નામ સુરતમાં મશહૂર છે. તેમનાં બનાવેલાં પદો ભજન રત્નાવલિ નામક પુસ્તકમાંથી મળી આવે છે. તેમનું બીજું કેટલુંક સાહિત્ય હજુ તેમના મંદિરનાં જૂનાં પુસ્તકોમાં અપ્રસિદ્ધ જ પડી રહેલું છે.

ત્રિવિદ ૧. [સં.] પું. ત્રણ વેદ જાણનાર દ્વિજ.

૨. વિ. ત્રણે વેદ જાણનાર.

ત્રિવિદ્યા ૧. [સં. ત્રિ (ત્રણ) + વિદ્યા] પું. આયુર્વેદ, ધનુર્વેદ અને ગાંધર્વવેદ.

૨. સ્ત્રી. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ એ ત્રણ વેદ. અથર્વ વેદ એક હતો અને તે ઋગ્વેદ. પછી એકના ત્રણ વેદ થયા. ઋક, યજુર અને સામ. એ ત્રિવિદ્યા કહેવાઈ.

> સકલ સુલક્ષણ વિદ્યા છે. સુવિચાર વિદ્યા છે; અન્તર્વિદ્યા સત્કર્મવિદ્યા છે અને સામવિદ્યા ઉપાસના વિદ્યા છે. આ ત્રિવિદ્યાથી મનુષ્ય સુસંસ્કારસંપન્ન થાય છે. સદ્વિચાર, સત્કર્મ અને સદુપાસના વડે મનુષ્યે પોતાનું જીવનધન કમાવા જોઈએ છે. પુરુષાર્થત્રયોધિની

ત્રિવિધ ૧. [સં.] પું. શિવનાં ઉત્તર માર્ગનું એક નામ.

૨. [સં. ત્રિ (ત્રણ) + વિધા (રીત)] વિ. ત્રણ પ્રકારનું; ત્રણ જાતનું.

૧. ત્રિવિધ આહાર = સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ જાતનો ખોરાક.

૨. ત્રિવિધ કર્મ = સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ કર્મ.

૩. ત્રિવિધ ચંદ્રકળા = જ્યોત્સ્ના, કૌમુદી અને ચંદ્રિકા.

૪. ત્રિવિધ તપ = કાયિક, વાચિક અને માનસિક તપ. ગીતાહૃદયમાં ઉલ્લેખ છે કે: શરીર, મન અને વાણીનું તપ. શરીરને નિર્મળ રાખો, ઇંદ્રિય ઉપર કાબૂ રાખો, જ્ઞાન મેળવો, બ્રહ્મચર્યના ઉપાસક બનો, નવા નવા વિચારોનો અભ્યાસ કરો, આળસ ના કરો. આવું ત્રિવિધ તપ છે. સેવા કરવાને માટે શરીર સતેજ હોવું જોઈએ, વાણી મધુર હોવી જોઈએ, વિચારોની પૂંજી જોઈએ, હૃદય ઉદાર જોઈએ. આ બધી વાતો ત્રિવિધ તપમાં આવે છે.

૫. ત્રિવિધ તાપ = દૈહિક, દૈવિક અને ભૌતિક દુ:ખ; અધિભૂત, અધિદૈવ અને આધ્યાત્મિક એ ત્રણ જાતનાં દુ:ખ.

૬. ત્રિવિધ દાન = સાત્ત્વિક, રાજસી અને તામસી દાન.

૭. ત્રિવિધ નરકદ્વાર = કામ, ક્રોધ અને લોભ એવાં નરકનાં ત્રણ દ્વાર.

૮. ત્રિવિધ નાયિકા = સ્વકીય, પરકીય અને સામાન્ય નાયિકા.

૯. ત્રિવિધ પરિચ્છેદ = દેહપરિચ્છેદ, કાલપરિચ્છેદ અને વસ્તુપરિચ્છેદ.

૧૦. ત્રિવિધ પ્રારબ્ધ = સ્વેચ્છિત, પરેચ્છિત અને અનિચ્છિત પ્રારબ્ધ.

૧૧. ત્રિવિધ ફળ = ઇષ્ટ, અનિષ્ટ અને ઇષ્ટાનિષ્ટ ફળ.

૧૨. ત્રિવિધ મદ = સાત્ત્વિક, રાજસ અને તામસ મદ.

૧૩. ત્રિવિધ શ્રદ્ધા = સાત્ત્વિક, રાજસી અને તામસી શ્રદ્ધા.

૧૪. ત્રિવિધ સમીર = શીતળ, મંદ અને સુગંધી વાયુ.

૩. ન. ત્રણ પ્રકારે.

ત્રિવિષ્ટપ ૧. [સં.] પું. શિવનાં ઉત્તર માર્ગનું એક નામ.

૨. ન. સ્વર્ગ; દેવલોક.

૩. ન. હાલનું તિબેટ.

ત્રિવિષ્ટપારસ્થાન [સં.] ન. દેવોની સભા.

ત્રિવિષ્ટબ્ધ [સં.] ન. ત્રણ બારીઓરૂપ ત્રણ ટેકણ.

ત્રિવિસ્ત [સં.] વિ. ત્રણ તોલા સોનાની કીમતને યોગ્ય.

ત્રિવિસ્તીર્ણું [સં.] પું. લલાટ, કમર અને છાતી પહોળાં હોય એવો પુરુષ. આવા મનુષ્યને ભાગ્યવાન સમજવામાં આવે છે.

ત્રિવીરા સ્ત્રી. પોળા ઊભી જોરિંગડી.

ત્રિવૃત ૧. [સં. ત્રિવૃત્] પું. એક પ્રકારનો પક્ષ.

૨. પું. ત્રણ સૂતર એકઠાં કરેલ દોરી.

૩. પું. હરકોઈ ત્રણ વસ્તુનો મેળાપ.

૪. સ્ત્રી. અગ્નિ, જળ અને પૃથ્વી એ ત્રણ તત્ત્વ.

૫. સ્ત્રી. ઋગ્વેદના નવમા મંડલના અગિયારમા મંત્રની સાંભળવાની રીતિ.

૬. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નસોતર.

૭. ન. દસ માલેનો મોતીનો એક દોર. આવા મોતી ઉપર એક ઉપર એક એમ વધ હોય છે.

૮. વિ. ત્રણ ગણું.

૯. વિ. ત્રણ દોરીનું

૧૦. વિ. ત્રણ વખત ગણેલું

૧૧. વિ. ત્રણગણું.

ત્રિવૃતા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ, નસોતર.

ત્રિવૃતાદિચૂર્ણ [સં.] ન. રેચ માટે અપાતું એક ચૂર્ણ. તે બનાવવા પાંચ ભાગ નસોતર, એક ભાગ સૂંઠ અને નવ ભાગ સંચળ લઈ તેનું ચૂર્ણ કરવું. તેની માત્રા બાવી આ તોલો છે.

ત્રિવૃત્કરણ ૧. [સં.] ન. અગ્નિ, જળ અને પૃથ્વી એ તત્ત્વોમાંથી દરેકમાં બાકીનાં બે તત્ત્વોનો સમાવેશ કરી પ્રત્યેકને અલગ અલગ ત્રણ ભાગોમાં વિભક્ત કરવાની ક્રિયા. આ પદ્ધતિ અનુસાર પ્રત્યેક તત્ત્વમાં બાકીનાં તત્ત્વોનો પણ સમાવેશ માનવામાં આવે છે. અગ્નિમાં અગ્નિ, જળ અને પૃથ્વી એ ત્રણેનો સમાવેશ મનાય છે. અગ્નિની સાબિતી તેમાં અગ્નિતેજ હોવાનું, તેની સોંદર્યમાં જળ હોવાનું અને તેની રાખમાં પૃથ્વીતત્ત્વ હોવાનું મનાય છે.

૨. ન. ત્રણરૂપે કરવું તે.

૩. ન ત્રણ વસ્તુનું મિશ્રણ.

ત્રિવૃત્તા જુઓ ત્રિવૃતા.

ત્રિવૃત્તાદિચૂર્ણ જુઓ ત્રિવૃતાદિચૂર્ણ.

ત્રિવૃત્પર્ણી [સં] સ્ત્રી. એક જાતની શાકભાજી.

ત્રિવૃષ [સં.] પું. (પુરાણ) આઠ મન્વંતરનો અગિયારમો ગાળો.

ત્રિવેણિ જુઓ ત્રિવેણી.

ત્રિવેણિસંગમ જુઓ ત્રિવેણીસંગમ.

ત્રિવેણી ૧. [સં.] સ્ત્રી. ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણ નદીઓનો સમુદાય.

૨. સ્ત્રી. ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણ નદીઓ.

૩. સ્ત્રી. ગંગા, યમુના અને સરસ્વતીનો જ્યાં સંગમ થાય છે તે પ્રયાગ; પ્રયાગ.

૪. સ્ત્રી. બાજની ત્રણ લટ.

૫. સ્ત્રી. (સંગીત) શ્રીરાગની એક રાગણી. હિંડોલ રાગની આઠ માર્ગની એક પુત્રવધૂ. તેની સ્થિતિ સંપૂર્ણ છે, એટલે આરોહ શુદ્ધ, ત્રિભંગ ગોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. પંચમ વાદી સ્વર છે. ગાંધાર અને નિષાદ સંવાદી સ્વર છે. ધૈવત અનુવાદી સ્વર છે. ગાવાનો વખત સાંજનો છે. આ રાગણી કેદારા, ગૌરી અને પૂરબીથી મિશ્ર છે, માટે તેનું નામ ત્રિવેણી અથવા તિરવન પડેલું છે. તેને કોઈ લલિત અથવા બિલાસથી મિશ્ર છે એમ પણ માને છે

ત્રિવેણીસંગમ [સં.] પું. ત્રણ નદીઓ સાથે મળતી હોય તે જગા.

ત્રિવેણુ [સં.] પું. રથના આગલા ભાગનો અવયવ.

ત્રિવેદ ૧. [સં.] પું. ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ.

૨. પું. ત્રણ વેદ જાણનાર બ્રાહ્મણ.

ત્રિવેદના મર્મના જાણી બ્રહ્મ,
સૌ બ્રહ્મણથી આપવાને જ પામે. કવિમાતા

ત્રિવેદી ૧. સ્ત્રી. એ નામની બાજરણ અને ચોરાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

૪. વિ. ત્રણ વખત સાંભળવાથી મોઢે કરી શકનાર.

૫. [સં. ત્રિવેદિન્] વિ. ત્રણ વેદ જાણનાર.

ત્રિવેલા [સં.] સ્ત્રી. નસોતર.

ત્રિશક્તિ ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા એ ત્રણ ઈશ્વરી શક્તિ.

૨. સ્ત્રી. ત્રાયણી.

૩ સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ત્રણ દેવી.

૪. સ્ત્રી. પ્રધાન, પ્રકૃતિ અને માયા એ ત્રણનો સમૂહ.

૫. સ્ત્રી. પ્રભાવ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણથી બનતી રાજકીય શક્તિ.

ત્રિશક્તિપૂત ૧. [સં. ત્રિશક્તિપૂત] પું. પરમેશ્વર.

૨. પું. વિજિગીષુ રાજાનું એક નામ.

ત્રિશત [સં] વિ. ત્રણસો: ૩૦૦.

ત્રિશતધ્યાન [સં.] ન. રામાનુજસંપ્રદાયે સ્વીકારેલ એ નામનો એક ગ્રંથ.

ત્રિશરણ પું. બુદ્ધદેવ.

ત્રિશરરા સ્ત્રી. માથાનો પક્ષવાની બીમારી.

ત્રિશર્કરા ૧. [સં.] સ્ત્રી. ગોળ, સાકર અને ખાંડ એ ત્રણેનો સમૂહ

૨. સ્ત્રી. ત્રણજાતની સાકર.

ત્રિશલા [સં.] સ્ત્રી. ભગવાન મહાવીર સ્વામીની માતાનું નામ.

ત્રિશલાનંદ [સં.] પું. ત્રિશલાના પુત્ર મહાવીર સ્વામી.

ત્રિશલાનંદન જુઓ ત્રિશલાનંદ.

ત્રિશલ્ય ન. (જૈન) માયા, નિદાન અને મિથ્યાદર્શન એ ત્રણ શલ્ય.

ત્રિશંકુ ૧. [સં.] પું. કાચબો.

૨. પું. ચાતક પક્ષી.

૩ પું. તીડ.

૪. પું. પતંગિયું.

૫. પું. બિલાડો.

૬. પું. રાત્રિના અથવા નક્ષત્રચક્રની બીજામાં આવેલો એક તારાસમુદાય; સ્વસ્તિક; 'સપ્તર્ષિ હોસ.' તેનો આકાર ત્રિકોણ જેવો છે. તેમાં ચાર તારા છે. આ તારામંડળ વિષુવવૃત્ત ૧૩૫ થી ૧૬૦ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૫૫ થી ૬૫માં આવેલું છે. તેનો નીચેનો સૌથી પ્રકાશિત તારો ત્રિશંકુ ઊર્ધ્વ માર્ગે જતો હોવાનું છે. તે તારાથી આપણા ઉપર પ્રકાશ આવતાં ૬૫ વર્ષ લાગે છે.

૭. પું. ત્રિશંકુ હોવાનું માનેલું એક નામ.

૮. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસિદ્ધ પુરાણ અયોધ્યા રાજાનો પૌત્ર અને નિષધ રાજાનો જ્યેષ્ઠ પુત્ર. એનું મૂળ નામ સત્યવ્રત હતું. એ નાનપણથી નઠારે રસ્તે ચઢેલો હોવાથી બાપદાદાની વિદાયિત ઓલ્યો ઠરી ગયો હતો. તેથી તેના પિતાએ તેને રાજની બહાર કાઢી મૂક્યો અને પોતે રાજપાટ મંત્રીઓને સોંપી અરણ્યમાં તપ કરવા ચાલી નીકળ્યો. આથી અયોધ્યામાં રાજા ન હોવાને લીધે પ્રજા અધર્મી બની ગઈ અને બાર વર્ષ સુધી દુકાળ પડ્યો. આ દુકાળમાં વિશ્વામિત્રની સ્ત્રી અને ત્રણ પુત્રોને મોઢા આગળથી માંસ વગેરે પૂરું પાડી જિવાડ્યા હતા. એક વખત વસિષ્ઠની ગાય એનાથી કપાઈ ગઈ. વસિષ્ઠે એને શાપ દીધો કે ચાંડાલણની ઓલ્યોનું દૂધ પી, પિતાનો ક્રોધ અને મોહત્યા આ ત્રણે ચોર પાતકોને લીધે તારું નામ ત્રિશંકુ પડશે. આ વખતથી એની બુદ્ધિ અધિક ભ્રષ્ટ થતી ચાલી અને તેણે અરણ્યમાં પિશાચની માફક ભટકવા માંડ્યું. પછી એના પિતાએ એને પોર

બોલાવ્યો અને ત્રિભામણ આપી મહીંએ બેસાડ્યો. ત્રિશંકુએ ઘણા કાળ સુધી નીતિથી સારું રાજ્ય ચલાવ્યું. તેને હરિશ્ચંદ્ર અને અંબરીષ એમ બે પુત્રો થયા. ત્રિશંકુને સશરીર સ્વર્ગમાં જવાની ઇચ્છા થઈ. આથી તેણે યજ્ઞ કર્યો. પણ ઇંદ્ર અને બીજા દેવતાઓના વિરોધથી તે સ્વર્ગે જઈ ન શકયો. રામાયણમાં લખ્યું છે કે, સશરીર સ્વર્ગમાં પહોંચવાની કામનાથી ત્રિશંકુએ પોતાના ગુરુ વસિષ્ઠને યજ્ઞ કરવાની પ્રાર્થના કરી. તેમણે પ્રાર્થના ન સ્વીકારી. પછી તે વસિષ્ઠના પુત્રો પાસે ગયો. તેણે પણ વાત ન માની; ઊલટું તેઓએ શાપ દીધો કે તું ચાંડાલ થઈ જા. તે પ્રમાણે તે ચાંડાલ થઈને વિશ્વામિત્રને શરણે ગયો અને હાથ જોડી પોતાની અભિલાષા પ્રકટ કરી. આથી વિશ્વામિત્રે ઘણાએક ઋષિઓને બોલાવી તેઓને યજ્ઞ કરવા કહ્યું. ઋષિઓએ વિશ્વામિત્ર ઋષિના કોપના ભયથી યજ્ઞનો આરંભ કર્યો. તેમાં વિશ્વામિત્ર અભર્યું બન્યા. જ્યારે વિશ્વામિત્રે દેવતાઓને હવિર્ભાગ આપવા પ્રાર્થ્યું ત્યારે કોઈ દેવતા ન આવ્યા. આથી વિશ્વામિત્ર બહુ ખિજ્યા અને કેવળ પોતાના તપના બળે ત્રિશંકુને સશરીર સ્વર્ગમાં મોકલી દીધો. ઇંદ્રે તેને ઊર્ધ્વલોકમાં પાછો ધકેલ્યો. ત્રિશંકુ જ્યારે ઊંધે મસ્તકે નીચે પડવા લાગ્યો ત્યારે વિશ્વામિત્રે તેને આકાશમાં જેમનો તેમ રાખી દીધો અને ગુસ્સે થઈને દક્ષિણ તરફ બીજા સપ્તર્ષિ તથા નક્ષત્રોની રચના કરવી શરૂ કરી. બધા દેવતાઓ ભયભીત થઈ વિશ્વામિત્ર પાસે ગયા. વિશ્વામિત્રે કહ્યું કે, ત્રિશંકુને સશરીર સ્વર્ગે મોકલવાની મેં પ્રતિજ્ઞા કરી છે, માટે તે જ્યાં છે ત્યાં તે રહેશે. દેવતાઓએ તેની વાત સ્વીકારી. ત્યારથી ત્રિશંકુ આકાશમાં ઊંધે માથે લટકે છે અને નક્ષત્રો તેની પ્રદક્ષિણા કરે છે

ત્રિશંકુજ [સં.] કું. ત્રિશંકુનો પુત્ર. રાજા હરિશ્ચંદ્ર.

ત્રિશંકુયાજી [સં. ત્રિશંકુ + યાજિન્ (યજ્ઞ કરનાર)] કું. ત્રિશંકુને યજ્ઞ કરાવનાર વિશ્વામિત્ર ઋષિ.

ત્રિશાખ [સં.] વિ. ત્રણ શાખાવાળું; ત્રણ અમ્રપાળું

ત્રિશાખપત્ર [સં. (ત્રિ (ત્રણ) + શાખા + પત્ર (પાંદડું)] ન. બીલીનું ઝાડ.

ત્રિશાલ જુઓ ત્રિશાળ.

ત્રિશાલક ૧. [સં.] ન. એક જાતની વનસ્પતિ. ૨. ન. (શિલ્પ) જેની ઉત્તર બાજુએ બીજું કોઈ મકાન ન હોય તેવી પ્રસારત.

ત્રિશાળ ન. (શિલ્પ) ત્રણ તરફ બાજુએ આવેલ, મુખ્ય આગળ રસ્તો અને મધ્યે અટારો હોય એવું ઘર. ત્રિશાળ ઘરને ત્રણે દિશાઓમાં બે બે દ્વાર હોય છે તથા તે ઘરના મુખ આગળ બીચિ હોય છે અને મધ્યે અટારો હોય છે. રાજવલ્લભ

ત્રિશિખ ૧. [સં.] કું. (પુરાણ) તામસ મન્વંતરમાંનો ઇંદ્ર.
૨. કું. મુગટ; કલગી; કિરીટ; તાજ ત્રણ શિખાવાળું એક જાતનું શિરાભૂષણ.
૩. કું. (પુરાણ) રાવણનો ત્રિશીર્ષક નામનો પુત્ર.
૪. [સં. ત્રિ (ત્રણ) + શિખા (ટોચ)] ન. ત્રણ ટોચવાળો ઘરમાંનો સ્તાપ; કોણી અને બીજા વચ્ચેનો હાથનો એક સ્નાયુ; 'ટ્રાઇસેપ્સ.'
૫. ન. ત્રિશૂલ નામે વસિયાર.
૬. ન. (પુરાણ) યજુર્વેદનું એક ઉપનિષદ.
૭. વિ. ત્રણ માથાંવાળું.
૮. વિ. ત્રણ શિખાવાળું.

ત્રિશિખદલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ત્રિશિખબ્રાહ્મણ [સં.] ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ.

ત્રિશિખર [સં. ત્રિ (ત્રણ) + શિખર (ટોચ)] કું. ત્રણ શિખરવાળો પર્વત; ત્રિકૂટ પર્વત.

ત્રિશિખી [સં.] ન. શુક્લ યજુર્વેદનું એક ઉપનિષદ.

ત્રિશિર ૧. કું. ત્વષ્ટા પ્રજાપતિનો એ નામનો પુત્ર; વિશ્વરૂપ. તેને ઇંદ્રે હણ્યો હતો.
૨. કું. (પુરાણ) હરિવંશ અનુસાર એક અસુર પુરુષ. તેને દાનવોના આગ્રહને મદદ કરવા માટે મહાદેવજીએ ઉત્પન્ન કર્યો હતો. તેને ત્રણ માથાં, ત્રણ પગ, છ હાથ અને નવ આંખ હતી.
૩. [સં. ત્રિશિરસ્] ન. તાજ; મુગટ; કલગી.
૪. ન. ત્રિશૂળ.
૫. વિ. ત્રણ માથાંવાળું.

ત્રિશિરસ્ક [સં.] કું. ત્રણ શિરવાળો હાથ માંહેનો સ્નાયુ; 'ટ્રાઇસેપ્સ.'

ત્રિશિરસ્કા [સં.] સ્ત્રી. હાથના ઉપલા ભાગની પાછલી ઉપર આવેલી એ નામની લાંબી અને મોટી પેશી. તેનાં ત્રણ માંસમય માથાં વડે તેનું આવું નામ પડ્યું છે.

ત્રિશિરસ્કા દીર્ઘશિખા [સં] સ્ત્રી. અંસોદ્ગમ્ય સંધાનની નીચે આવેલી એ નામની એક માંસપેશી.

ત્રિશિરસ્કા બાહ્વી [સં.] સ્ત્રી. હાથના ઉપલા ભાગની અગલી બાજુ ઉપર આવેલી એ નામની એક માંસપેશી.

ત્રિશિરસ્ત્વાષ્ટ્ર ૧. [સં.] કું. (પુરાણ) ઋગ્વેદના દશમા મંડલના આઠમા અને નવમા સૂક્તનો કર્તા એક ઋષિ.
૨. કું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ત્રિશિરા ૧. [સં. ત્રિશિરસ્] કું. કુબેર.
૨. કું. ખર નામના દૈત્યનો એક સેનાપતિ.
૩. કું. જવર; તાવ; મૂર્તિમાન જ્વર.
૪. કું. ત્વષ્ટા નામના પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપનું બીજું નામ. તેને ત્રણ શિર હતાં તે એક મુખે વેદાધ્યયન, એક મુખે સોમપાન અને એક મુખે સુરાપાન કરતો. તે દૈત્યનો આજેજ હતો, એટલે દેવ તેમજ દૈત્ય તરફ તેની સગાઈ હતી. ઇંદ્ર કેટલોક વખત તેને પોતાનો પુરોહિત બોલ્યો હતો.
૫. કું. રામે મારેલો એક રાક્ષસ; ઢાળ રાક્ષસના ચાર માંહેનો એક અમાત્ય
૬. કું. રાવણનો પુત્ર ત્રિશિર્ષ.
૭. કું. સૂર્યનું એક નામ.
૮. વિ. ત્રણ માથાંવાળું.

ત્રિશિર્ષ કું. રાવણનો એ નામનો પુત્ર. તેને મારુતીએ માર્યો હતો.

ત્રિશિર્ષા જુઓ ત્રિશિરા ૨.

ત્રિશિલા [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી

ત્રિશિવ વિ. ત્રણ માથાંવાળું.

ત્રિશીર્ષ વિ. ત્રણ મસ્તકવાળું.

ત્રિશીર્ષક ૧. [સં.] ન. ત્રિશૂળ.
૨. વિ. ત્રણ મસ્તકવાળું

ત્રિશીર્ષપેશી જુઓ ત્રિશિરસ્કા.

ત્રિશુક્લ [સં.] કું. જિનનાં ત્રણ કલ્યાણક માંહેનું એક નામ.

ત્રિશુચ ૧. [સં. ત્રિશુચ્] કું. ધર્મ. તેનો પ્રકાશ સ્વર્ગ, અંતરિક્ષ ને પૃથ્વી ત્રણે સ્થાનોમાં છે.
૨. વિ. આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણ શોકવાળું.

ત્રિશુદ્ધિ [સં. ત્રિ (ત્રણ) + શુદ્ધિ] સ્ત્રી. (જૈન) દેવ, ગુરુ અને ધર્મરૂપી સમકિતની ત્રણ શુદ્ધિ; દેવ, ગુરુ અને ધર્મ સિવાય બાકીની સામાન્ય વસ્તુ માત્રને તુચ્છ કે નિઃસાર માનવી તે.

ત્રિશૂલ ૧. કું. અલમોરાની પશ્ચિમ સીમાએ આવેલો એક પર્વત. એનાં શિખરોનો ઘાટ ત્રિશૂળ જેવો હોવાથી તેનું એવું નામ પડેલ છે.
૨. ન. અંગૂઠો અને ટચલી આંગળીને જોગી કરી બાકીની ત્રણને ઠેકાવવાથી થતી એક મુદ્રા.
૩. [સં.] ન. ત્રણ અણીવાળું એક શસ્ત્ર; પિનાક. મહાદેવનું આ માનીતું શસ્ત્ર મનાય છે.
૪. ન. દૈહિક, દૈવિક અને ભૌતિક અથવા કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારનું દુઃખ.
૫. ન. (જ્યોતિષ) મનુષ્યના હાથમાં માલૂમ પડતું ત્રિશૂળના આકારનું એક ચિહ્ન.

૬. ન. હાથ વડે થતા ૨૮ માંહેનો એક અભિનય.
૭. વિ. ઊંડો ત્રણ અણીદાર પાનાં કે ફળાવાળું.

ત્રિશૂલપાત જુઓ ત્રિશ્રપાત.

ત્રિશૂલપાત [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક તીર્થ. ત્યાં સ્નાન તથા તર્પણ કરવાથી ત્રણપુરુષ દેહ પ્રાપ્ત થવાનું કહેવામ છે.

ત્રિશૂલધર ૧. [સં.] પું. મહાદેવ; શંકર. તે હાથમાં ત્રિશૂળ રાખે છે.
૨. વિ. ત્રિશૂળ પાસે રાખનાર; ત્રિશૂલધારી.

ત્રિશૂલધારિણી ૧. [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.
૨. વિ. સ્ત્રી. ત્રિશૂલ ધારણ કરનારી.

ત્રિશૂલધારી જુઓ ત્રિશ્રધર.

ત્રિશૂલપાણિ જુઓ ત્રિશ્રપાણિ.

ત્રિશૂલપાણિ ૧. [સં. ત્રિશૂલ + પાણિ (હાથ)] પું. હાથમાં ત્રિશૂળ ધારણ કરનાર; શંકર; મહાદેવ; શિવ.
૨. વિ. હાથમાં ત્રિશૂલ ધારણ કરેલ હોય એવું.

ત્રિશૂલમુદ્રા [સં.] સ્ત્રી. એ નામે એક મુદ્રા.

ત્રિશૂલા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
૨. સ્ત્રી. એ નામની દેવીનું સ્થાનક. તે જાલેશ્વરમાં આવેલું છે.

ત્રિશૂલાકાર [સં.] વિ. ત્રિશૂલના આકારનું.

ત્રિશૂલિકા ૧. સ્ત્રી. નાનું ત્રિશૂલ.
૨. સ્ત્રી. સાંખી શાક.

ત્રિશૂલિની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; દુર્ગા.
૨. સ્ત્રી. ગોખરુ.

ત્રિશૂલી ૧. [સં. ત્રિશૂલિન્] . શિવ; મહાદેવ.
૨. સ્ત્રી. દુર્ગા દેવી.
૩. ન. કાશ્મીરથી નીચે જામરી તરફ આવેલ હિમાલય પર્વતનું એ નામનું એક શિખર; ત્રિશૃંગ.
૪. વિ. ત્રિશૂલ ધારણ કરનાર.

ત્રિશૂળ જુઓ ત્રિશૂલ.

ત્રિશૂળખાત જુઓ ત્રિશ્રપાત.

ત્રિશૂળપાત જુઓ ત્રિશ્રપાત.

ત્રિશૂળધર જુઓ ત્રિશ્રધર.

ત્રિશૂળધારિણી જુઓ ત્રિશૂલધારિણી.

ત્રિશૂળધારી જુઓ ત્રિશૂલધારી.

ત્રિશૂળપાણિ જુઓ ત્રિશ્રપાણિ.

ત્રિશૂળપાણિ જુઓ ત્રિશ્રપાણિ.

ત્રિશૂળમુદ્રા જુઓ ત્રિશ્રમુદ્રા.

ત્રિશૃણ્ણ જુઓ ત્રિશ્રણ.

ત્રિશૃણ્ણાકાર જુઓ ત્રિશ્રણાકાર.

ત્રિશૃણિની જુઓ ત્રિશ્રણિની.

ત્રિશૃણી જુઓ ત્રિશ્રણી.

ત્રિશૃંગ ૧. [સં.] પું. આબુની પર્વતની ઉત્તરનો એ નામનો એક પર્વત.
૨. પું. એ નામનો એક પર્વત; ત્રિકૂટ પર્વત. તેના ઉપર લંકા વસેલી હતી એમ મનાય છે.
૩. પું. (ગણિત) ત્રિકોણ.
૪. [સં. ત્રિ (ત્રણ) + શૃંગ (શીખર)] વિ. ત્રણ શિખરવાળું.
૫. [સં. ત્રિ (ત્રણ) + શૃંગ (શીંગડું)] વિ. ત્રણ શીંગડાંવાળું.

ત્રિશૃંગી ૧. [સં. ત્રિશૃઙ્ગિન્] પું. એક જાતનું માંસું. તેના મસ્તક ઉપર ત્રણ કાંટા હોય છે.
૨. વિ. ત્રણ શિખરવાળું.
૩. વિ. ત્રણ શીંગડાંવાળું.

ત્રિશોક ૧. [સં.] પું. (પુરાણ) કશ્યપ ઋષિનો એ નામનો એક પુત્ર. જુઓ ત્રિશોકકાશ્યપ.
૨. પું. કષ્ટ; દુઃખ; ત્રણ તેને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારના શોક હોય છે.
૩. પું. શુકલ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.
૪. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ત્રિશોકકાશ્યપ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૪૫મા સૂક્તનો કર્તા એક ઋષિ. તે કશ્યપ ઋષિનો પુત્ર હતો.

ત્રિશ્રુતિ ૧. [સં.] સ્ત્રી. (સંગીત) એક જ સ્વરના ત્રણ ચેટા વિભાગ.
૨. વિ. ત્રણ શ્રુતિવાળું.

ત્રિશ્રુતિક [સં.] વિ. ત્રણ શ્રુતિવાળું.

ત્રિશ્રુતિગાંધાર [સં.] પું. (સંગીત) ત્રાર માંહેનો એક વિકૃત સ્વર. મધ્યમ સાધારણમાં મધ્યમની પહેલી શ્રુતિને ગાંધાર અડધ કરે ત્યારે તે ગાંધાર પોતે બે શ્રુતિવાળો છતાં ત્રણ શ્રુતિવાળો થાય છે. તેને સાધારણ ગાંધાર એવું નામ આપ્યું છે.

ત્રિશ્રુતિત્વ [સં.] ન. (સંગીત) ત્રૈસ્વિકપણું; ત્રણ શ્રુતિવાળુ હોવાપણું.

ત્રિશ્રુતિનિષાદ [સં.] પું. (સંગીત) ત્રાર માંહેનો એક વિકૃત સ્વર. ષડ્જ સાધારણ વખતે નિષાદ ષડ્જની પ્રથમ શ્રુતિમાં રહેવાથી પોતે બે શ્રુતિવાળો હોય છે, તે ત્રણ શ્રુતિવાળો થાય છે. તે વિકૃત રૂપને ત્રૈસ્વિક એવું નામ પણ આપવામાં આવે છે.

ત્રિશ્રુતિપંચમ [સં.] પું. (સંગીત) ત્રાર માંહેનો એક વિકૃત સ્વર; કૈશિકપંચમ.

ત્રિશ્રુતિમધ્યમ [સં.] પું. (સંગીત) ત્રાર માંહેનો એક વિકૃત સ્વર. તે સંદીપની નામની શ્રુતિથી શરૂ થાય છે. તેમાં ત્રાર શ્રુતિ હોય છે.

ત્રિશ્રમ [સં.] વિ. હ્રસ્વ; નાનું.

ત્રિશ્રવણ ૧. [સં.] ન. ત્રણ કાળ; ત્રિકાળ.
૨. વિ. પ્રાતઃસ્નાન, મધ્યાહ્નસ્નાન અને સાયંસ્નાન દિવસમાં કરાય છે તે ત્રણ કાળ.

ત્રિશ્રવણસ્નાયી [સં. ત્રિશ્રવણસ્નાયિન્] વિ. ત્રણ વખત સ્નાન કરનાર.

ત્રિશ્રષ્ટ [સં.] વિ. ત્રેસઠ; ત્રેસઠની સંખ્યાવાળું.

ત્રિશ્રષ્ટિ સ્ત્રી. ત્રેસઠ.

ત્રિશ્રષ્ટિતમ [સં.] વિ. ત્રેસઠમું.

ત્રિશ્રંચત્સર [સં.] ન. ત્રણ વર્ષે સાધ્ય એક સત્ર.

ત્રિશ્રુપર્ણ [સં.] પું. ષડ્વિધ વેદભાગ.

ત્રિશ્ટુપ જુઓ ત્રિશ્રુભ.

ત્રિશ્રુભ ૧. [સં. ત્રિશ્રુભ્] પું. (પિંગળ) ઋગ્વેદમાં આવેલ એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેનું ગોત્ર કૌશિક, વર્ણ લોહિત, સ્વર ધૈવત, દેવતા ઇંદ્ર અને ઉત્પત્તિ પ્રજાપતિના માંસમાંથી મનાય છે. તેના જુદા જુદા ૨૦૪૮ ભેદ થઈ શકે છે. તેના પ્રત્યેક ચરણમાં ૧૧ વર્ણનો મેળ કરવા માટે ત્રણ ત્રણ અક્ષર અને બે બે ગુરુ, લઘુ અથવા એક ગુરુ અને એક લઘુ વર્ણ તેની રચના કરવામાં આવે છે. આ છંદ ઇંદ્ર સૌથી કાઢ્યો હોય એમ મનાય છે. વેદમાં ઇંદ્રની સ્તુતિ સૌથી વધારે છે અને આ છંદ સૌથી વધારે વપરાયેલ છે. વેદનો લગભગ ½ ભાગ આ છંદમાં રચાયેલ છે. તેથી આવો માન્યતા ઉત્પન્ન થઈ હોય છે. ગાયત્રીના ૨૪ છંદ માંહે પણ આ છંદની ગણના કરવામાં આવે છે. તેના મુખ્ય બે ઇંદ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા અને ઉપજાતિ છે. તે ઉપરાંત તાલિની, ભ્રમરવિલસિત રથોદ્ધતા, વાતોર્મિ, સ્વાગતા, મત્તા, સુમુખી, માલી, અનુકૂલા, સૈનિકા, સ્વાગતા, બલિત અને મયૂર એ પણ તેના પ્રસિદ્ધ ભેદ છે.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઇંદ્ર.
૩. પું. તિબેટ દેશ.
૪. સ્ત્રી. અક્ષિગારની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

ત્રિશ્લોક [સં.] પું. એ નામે એક યજ્ઞ. તે ક્ષેત્રપૂર્તિ યજ્ઞની પહેલા અને પછી કરવામાં આવે છે.

ત્રિશ્ન ૧. [સં.] પું. ત્રણ પૈડાંવાળો રથ.
૨. વિ. ત્રયમાં રહેલું.

ત્રિષી [સં. ત્રિષિન્] વિ. વિદ્યા, દાન અને યજ્ઞ એ ત્રયમાં સ્થિતિ કરનાર.

ત્રિસહી [સં. ત્રિષષ્ટિ] સિ. ત્રેસઠ; ૬૩.

ત્રિસહ્યા [સં. તૃષ્ણા] સ્ત્રી. તૃષ્ણા; તીવ્ર ઇચ્છા.

ત્રિસત્ય ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

૨. ન. કાયિક, વાચિક અને માનસિક સત્ય.

ત્રિસમ ૧. [સં.] ન. કોઈ પણ એકબીજા તત્ત્વ, વસ્તુઓ કે પ્રાણીઓનો સમૂહ. જેમકે, ૧૨ મહિના + ૫ ઋતુ + ૩ લોક + ૧ આદિત્ય અથવા ૫ મહાભૂત + ૫ પ્રાણ + ૫ જ્ઞાનેંદ્રિય + ૫ કર્મેંદ્રિય + ૧ અંતઃકરણ.

૨. ન. ત્રણ ત્રણના ભૂથમાં આવતાં સાત ભૂથ. જેમકે, પૃથ્વી, અંતરિક્ષ અને દ્યો એ ત્રણ લોક; તેના અધિષ્ઠાતા અગ્નિ, વાયુ અને આદિત્ય; ત્રણ ગુણ સત્ત્વ, રજસ અને તમસ; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એમ ત્રણ દેવ.

૩. ન. સાત સાતના ભૂથમાં આવતાં ત્રણ ભૂથ. જેમકે, સાત ઋષિ, સાત મદ, સાત છંદ.

ત્રિસ્પતિ [સં.] સિ. તોંતેર; ૭૩.

ત્રિસમ ૧. [સં.] ન. ત્રણ વર્ષનો સમુદાય.

૨. ન. (વૈદક) હરડાં, બેહડાં અને આમળાં એ ત્રણે સરખે ભાગે મિશ્ર કરવામાં આવ્યાં હોય તેવું ઔષધ.

ત્રિસર ૧. [સં.] પું. તલની ખીચડી.

૨. પું. ત્રણ સેરવાળી માળા.

૩. ન. એક જાતનું ઘરેણું; ત્રણ સેરો હાર.

ત્રિસરક [સં.] ન. ત્રણ વાર મદિરાપાન.

ત્રિસરી પું. શરીર ધોળું અને માથું કાળું હોય તેવો ઘોડો.

ત્રિસર્ક સિ. ત્રેવડું; ત્રણગણું.

ત્રિસર્ગ [સં.] પું. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ પ્રકૃતિની સૃષ્ટિ.

ત્રિસંગમ [સં.] પું. ત્રિવેણી; ત્રણ નદીઓ જ્યાં મળતી હોય તે સ્થાન.

ત્રિસંધિ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું કૂલ.

૨. ન. પૂર્વ, અપર અને મધ્યમ સંધિ.

૩ સિ. આદિ, મધ્ય અને છેડે સાંધાવાળું.

ત્રિસંધ્ય [સં.] ન. સવાર, બપોર અને સાંજ; પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાંજ એ ત્રણ સંધ્યાનો સમૂહ.

ત્રિસંધ્યકુસુમા [સં.] સ્ત્રી. એક જાતનું કૂલઝાડ. જાસૂદ.

ત્રિસંધ્યવ્યાપિની [સં.] સિ. સ્ત્રી. બરાબર સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આવતી તિથિ. તે શુદ્ધ અને સારા કામો માટે શુભ મનાય છે.

ત્રિસંધ્યા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેમનું સ્થાન કુરુક્ષેત્રમાં છે.

૨. સ્ત્રી. પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાંજ એ ત્રણ સંધ્યાનો વખત; સવાર, બપોર અને સાંજ એ ત્રણે સમયનો સંધિકાળ.

૩. સ્ત્રી. સવારે, બપોરે અને સાંજે કરાતો સંધ્યાવિધિ.

ત્રિસાનુ પું. (પુરાણ) તુર્વસુ રાજાનો એ નામનો પ્રપૌત્ર.

ત્રિસામા ૧. [સં. ત્રિસામન] પું. પરમેશ્વર.

૨. [સં.] સ્ત્રી. સામગ્રી આમવત્ત અનુસાર ભારતખંડની એ નામની એક પવિત્ર નદી. તે મહેન્દ્ર પર્વતમાંથી નીકળે છે. ચર્મણ્વતી, સિંધુ, અર્પિકલ્યા, ત્રિસામા વગેરે ભારતખંડની પવિત્ર નદીઓ છે.

ત્રિસાહસ્ર ૧. [સં.] સ્ત્રી. મહેન્દ્ર પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

૨. સિ. ત્રણ હજારના આંકવાળું; ત્રણ હજાર જેટલું.

ત્રિસિતા ૧. [સં.] સ્ત્રી. ત્રણજાતી સાકર.

૨. સ્ત્રી. (વૈદક) દૂધરી, ગળો અને જુવારના સાંઠાની સાકર એ ત્રણેનું મિશ્રણ; ત્રિશર્કરા.

ત્રિસિરપુરી સ્ત્રી. ત્રિચિનોપલ્લીનું પ્રાચીન નામ.

ત્રિસુગંધ [સં.] સ્ત્રી. ત્રણ સુગંધી વસ્તુઓનું મિશ્રણ. જેમકે, તજ, તમાલપત્ર અને એલચી.

ત્રિસુગંધિ જુઓ ત્રિસુગંધ.

ત્રિસુગંધી જુઓ ત્રિસુગંધ.

ત્રિસુપર્ણ ૧. [સં.] પું. ઋગ્વેદના ત્રણ વિશિષ્ટ મંત્રોનું નામ.

૨. પું. ત્રિસુપર્ણનો અભ્યાસ કરનાર વિપ્ર; ત્રિસુપર્ણને અનુસરનારો બ્રાહ્મણ.

૩. પું. યજુર્વેદના ત્રણ વિશિષ્ટ મંત્રોનું નામ.

ત્રિસુવર્ચક ૧. [સં.] પું. આંગિરસ અવતારરૂપ અગ્નિ.

૨. સિ. જેને ત્રેવડું તેજ હોય એવું.

ત્રિસૂત્રી [સં.] સ્ત્રી. ત્રણ સૂત્રોનો સમૂહ.

સ્વતંત્રતા, સમાનતા, બંધુતા એ ફ્રેંચ રેવોલ્યુશનના ઉદ્‌ઘોષની ત્રિસૂત્રીમાં નીતિ ચોપડ અંતરા છે.

સુવર્ણમાલા

ત્રિસેંધિયા પું. એક જાતનું ઘરેણું; ઢામણી.

ત્રિસોપાન [સં.] ન. ત્રણ દિશામાં પગથિયાંનો સમૂહ.

ત્રિસૌપર્ણ ૧. [સં] પું. પરબ્રહ્મ.

૨. ન. સુપર્ણ ઋષિએ કરેલ એક મંત્ર.

ત્રિસ્કંધ ૧. [સં] પું. (જ્યોતિષ) સંહિતા, તંત્ર અને હોરા એ ત્રણનો સમૂહ

૨. ન. જ્યોતિષશાસ્ત્ર.

ત્રિસ્કંધીય [સં.] સિ. ત્રણ સ્કંધવાળું.

ત્રિસ્તન [સં] પુ. એ નામે એક ઋષિ.

ત્રિસ્તની ૧. [સં.] સ્ત્રી. ગાયત્રી.

૨. સ્ત્રી. ત્રણ સ્તનવાળી રાક્ષસી

૩. સિ. સ્ત્રી. ત્રણ પાર્શ્વવાળી.

ત્રિસ્તનન [સં.] પું. ત્રણ દિવસમાં બનારો એક જાતનો યજ્ઞ.

ત્રિસ્તબાસન [સં.] ન. (જૈન) પ્રત્યાખ્યાનની ચોરાસી આદિનું એ નામનું એક આસન. બંને પગને ઢીંચણથી વાળી, બંને હથેરા ઉપર રાખી અને પગની પાનીઓ તે હથેરાને અડાડીને બેસવું તેને ત્રિસ્તંભાસન કહે છે.

ત્રિસ્તાપા [સં.] સ્ત્રી. અગ્નિમેધ યજ્ઞની એક જાતની વેદી. સાધારણ યજ્ઞની વેદી કરતાં તે ત્રણગણી મોટી હોય છે.

ત્રિસ્થલ ૧. [સં.] ન. ત્રણ સ્થળનો સમૂહ; ત્રિભેટો.

૨. ન. પ્રયાગ, કાશી અને ગયા એ ત્રણ પવિત્ર ધામ.

૩. સિ. ત્રણ ઠેકાણાનું.

ત્રિસ્થલયાત્રા ૧. [સં.] સ્ત્રી. કાશી, પ્રયાગ અને ગયાની યાત્રા કરવી તે.

૨. સ્ત્રી. ત્રણ સ્થળની યાત્રા.

ત્રિસ્થલી ૧. [સં.] સ્ત્રી. કાશી, પ્રયાગ અને ગયા એ ત્રણ ધામ.

૨. જુઓ ત્રિસ્થલયાત્રા.

ત્રિસ્થળ જુઓ ત્રિસ્થલ.

ત્રિસ્થળયાત્રા જુઓ ત્રિસ્થલી.

ત્રિસ્થળી જુઓ ત્રિસ્થલયાત્રા

ત્રિસ્થાન ૧. પું. (જૈન) કર્મનો ત્રિઠાણિયો રસ.

૨. [સં.] પું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકમાં રહેનાર પરમેશ્વર.

૩. ન. (સંગીત) જેનો અવાજ ત્રણ સપ્તક સુધી સાફ રહે, જેમાં ત્રણ કેકાણે ભગડે નહિ એવું.

૪. ન. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ.

૫. ન. હૃદય, કંઠ અને મસ્તક એ સ્વરનાં ત્રણ સ્થાન.

ત્રિસ્થાનક [સં.] સિ. (સંગીત) ત્રણે સ્થાનમાં એકરૂપ રહે એવું મનોહર. સ્વર માટે વપરાય છે.

ત્રિસ્થાના [સં.] સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય ગ્રામ માંહેની પંદરમી મૂર્છના.

ત્રિરિષતિક [સં.] વિ. સંત્યાર્ઈ, પ્રોલાર્ઈ અને ઊંચાર્ઈ અથવા લાર્ઈ એ ત્રણે પરિમાણવાળું; ઘન.

ત્રિરસૂણ [સં. ત્રિ (ત્રણ) + સ્પૂણા (ચાંચવો)] વ. વાત, પિત્ત અને કફરૂપી ત્રણ રસને આધારે રહેલું શરીર.

ત્રિરાત્રાન ૧. [સં.] ન. એક પ્રકારનું વ્રત. ૨. ન. સવાર, બપોર અને સાંજ એ ત્રણેય વખતે સ્નાન કરવું તે. વાનપ્રસ્થ આશ્રમવાળા માટે આ સ્નાન આવશ્યક છે.

ત્રિરપર્શી પું (જૈન) આઠ સ્પર્શમાંના ત્રણ સ્પર્શ.

ત્રિરપૂરાસ [સં.] સ્ત્રી. ઉદયકાળ વખતે ચોદીક અમિયારસ હોય અને રાત્રિને અંતે તેરસ હોય તેવી અમિયારસ. આવી અમિયારસ બહુ ઉત્તમ મનાય છે. આને ત્રિરપૂસા આરસ પણ કહેવામાં આવે છે.

ત્રિસોતસી જુઓ ત્રિસોતા.

ત્રિસોતા [સં. ત્રિ (ત્રણ) + સ્રોતસ્ (પ્રવાહ)] સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં વર્ણવેલી એ નામની એક નદી; ગંગા નદી; ત્રિપથગા. ભાગીરથી, અલકનંદા અને મંદાકિની એ ત્રણ મુખ્ય પ્રવાહોની તે બનેલી હોવાથી તેને આવું નામ આપવામાં આવેલ છે. આ શબ્દનો અર્થ એમ પણ બેસાડવામાં આવે છે કે, સ્વર્ગાશ્રમ પહેલાં અતિ સુમધુરે વહેતી, સ્વર્ગાશ્રમ પછી હરદ્વાર સુધી બેઆડી વહેતી અને હરદ્વારથી આગળ પોતાની અન્ય બહેનોને લઈ પ્રતિવહે દોડતી વહેતી ગંગા નદી ત્રિસોતા કહેવાય છે.

ત્રિસ્વર [સં.] વિ. ત્રણ સ્વરવાળું.

ત્રિસ્વરી જુઓ ત્રિસ્વર.

ત્રિસ્વરૈકત્વ [સં.] ન. (સંગીત) ત્રણ સ્વરોનો મેળ.

ત્રિહૃદય [સં] ન. ત્રણ વાર હળાથી ખેડેલ ખેતર.

ત્રિહાયણ [સં. ત્રિ (ત્રણ) + હાયન (વર્ષ)] પું. ત્રણ વર્ષનો બળદ.

ત્રિહાયણી ૧. [સં.] સ્ત્રી. ત્રણ વર્ષની ગાય. ૨. સ્ત્રી. દ્રૌપદી.

ત્રિંશ ૧. [સં ત્રિંશતિ] વિ. દસની સંખ્યા ત્રણ વખત લઈએ તેવડી સંખ્યા; ૩૦. ૨. [સં] વિ ત્રીસમું.

ત્રિંશક [સં.] ન. ત્રીસ સિક્કા આપી ખરીદ કરેલી વસ્તુ.

ત્રિંશત [સં. ત્રિંશત્] વિ. ત્રીસ. ૩૦.

ત્રિંશતિ [સં.] સ્ત્રી. ત્રીસની સંખ્યા.

ત્રિંશત્તમ ૧. પું. (જૈન) લાગલાગટ ત્રીસ ક્ષિણોના ઉપવાસ. ૨. [સં.] વિ. ત્રીસમું.

ત્રિંશાંશ ૧. [સં.] પું. (જ્યોતિષ) કુંડલી માંહેનો લગ્નભુવનનો ત્રીસમો ભાગ. ૨. પું. કોઈ ત્રીજનો ત્રીસમો ભાગ. ૩. પું. કોઈ રાશિનો ત્રીસમો ભાગ.

ત્રિંશાંશચક્ર [સં.] ન. (જ્યોતિષ) કુંડલી ઉપરથી આયુષ્ય સંબંધી વિગત જોવા માટેનું એક યંત્ર.

ત્રીકટબંધ પું. (ચારણી) ત્રિગળ બાંધેનો એક રાગ. તે ગાવામાં બહુ અઘરો પડે છે.

ત્રીકમ ન. માટી ખોદવા માટેનું બંને છેડે અણીદાર લોઢાનું ઓજાર; તીકમ.

ત્રીક્ષ્ણ જી. રીસ; ક્રોધ.

ત્રીખા [સં. તૃષા] સ્ત્રી. તરસ.

ત્રીખું ૧. વિ. તિરકસ વાંકું. ૨. વિ. વચલું.

ત્રીજ ૧. સ્ત્રી. અખાત્રીજ; વૈશાખ સુદિ ૩. ૨. [સં. તૃતીયા] સ્ત્રી. પખવાડિયાનો ત્રીજો દિવસ; ત્રીજ તિથિ. ૩. સ્ત્રી. સુદિ ત્રીજનો ચંદ્ર. ૪. વિ. ત્રીજું.

ત્રીજંચ [સં. તિર્યંચ્] પું. પશુ; જનવર.

ત્રીજું ૧. [સં. તૃતીય] વિ. ક્રમમાં બીજા પછીનું; ક્રમમાં જેને ત્રણની સંખ્યા આપવામાં આવે એવું

૧. ત્રીજું નેત્ર ઊઘડવું = ગરમ થવું; ગુસ્સે થવું.

૨. ત્રીજું માણસ = અહિત માણસ; દરમિયાનગીરી માટે નીમવામાં આવેલ બે પક્ષની બહારનું કોઈ પણ માણસ.

૨. વિ. ત્રણની સંખ્યા ઉપરનું.

ત્રીજું સ્વરસ્થાન ન. (સંગીત) સ્થાયી સ્વરથી બમણો સ્વર અથવા તાર સપ્તક બનો હોય તે, અને તેનાથી બમણો સ્વર એટલે દ્વિગુણ સ્વર એ બંનેની વચમાં રહેલા સ્વરોને ગણતાં હરી સ્થાયી સ્વરમાં આવી જાવું તે.

ત્રીજો પુરુષ પું. (વ્યાકરણ) એક પ્રકારનું પુરુષવાચક સર્વનામ.

ત્રીજો માર્ગ પું. યમલોક; નરક; તિર્યગ્યોનિ. આ સંબંધે ગીતારહસ્યમાં કહ્યું છે કે: જે લોક લોકમાં પણ શાસ્ત્રોક્ત પુરુષાર્થ ન કરતાં સંસારમાં યાવજ્જીવન કપૂતચરણ એટલે પાપનું આચરણ કરવામાં મૂર્ખાઈ રહે છે તે કેવળ તે પિતૃયાન એ બેમાંથી કોઈ પણ માર્ગે જઈ શકતા નથી. મૂવા પછી તેઓ એકદમ પશુપક્ષી વગેરે તિર્યગ્યોનિમાં જન્મ લે છે કિંવા ફરી ફરીને યમલોકમાં એટલે નરકમાં જાય છે એમ ઉપનિષદમાં સ્પષ્ટ રીતે કહેલું છે. આને જ ત્રીજો માર્ગ કહે છે.

ત્રીજો યુગ પું. ગુજરાતી કાવ્યના વિકાસનું ત્રીજું પગથિયું. આ યુગમાં સત્તરમા તથા અઢારમા સૈકાઓનો સમાવેશ થાય છે. વળી આ યુગમાં આખ્યાનકવિ પ્રેમાનંદ પ્રથમ પંક્તિના કવિઓમાં આસનસ્થ છે, તેથી તેને પ્રેમાનંદ યુગ પણ કહી શકાય. આ યુગમાં પ્રથમ પંક્તિના બીજા કવિઓમાં તરવટ આખો અને કથાનિપુણ શામળ પ્રેમાનંદથી ઊતરતું સ્થાન ભોગવે છે. એ સિવાય વલ્લભ, નાકર, વિરતિ, રત્નેશ્વર વગેરે ઊતરતી પંક્તિના બીજા ઘણા કવિઓ આ યુગને શોભાવે છે

ત્રીજો હાથ પું. ૭ માંહેના એક પ્રકારની નિજમની કસરત. તેમાં નિજમને ઊંચે ચડી ગળામાં નાખી પછી બજાર કાઢે છે. હરીથી એક હાથ તરફ હલાવી ગળામાં વાસી હરીથી કાઢી બીજા હાથ તરફ હલાવી એ પ્રમાણે વારંવાર કરાય છે.

ત્રીડ ૧. ન. બાજરિયાત; ગરજ. ૨. ન. પીડા; દુઃખ.

ત્રીડ બાજવી = કોઈની દયાજનક સ્થિતિ પારખવી; કોઈની મુશ્કેલી બાનમાં લઈ બનતી મદદ કરવી.

૩. ન. મદદ; પક્ષ બેંચવો તે.

ત્રીપંચ્ય ન. (સંગીત) એક જાતનું તંતુવાદ્ય. કરબી વીણાનું અનુકરણ કરીને આ વાદ્ય બનાવવામાં આવેલ છે. એનો તુંબો ચપટો અને લાકડાનો બનાવવામાં આવે છે.

ત્રીપત્ત ન. એક જાતની વનસ્પતિ. તેને વરખો પણ કહેવામાં આવે છે.

ત્રીપળ ૧. સ્ત્રી. ત્રણ લોટી બળદનું બૂચ. ૨. સ્ત્રી. ત્રેહિમાં; તરીબા.

ત્રીશ [સં. ત્રિંશતિ] વિ જીઓ; ત્રણ વખત દસની સંખ્યા લેવાથી બનતી સંખ્યા; ૩૦.

ત્રીશમું [સં. ત્રિંશત્તમ] વિ. ક્રમમાં ઓગણત્રીસ પછીનું.

ત્રીશરી પું. એક જાતનો ઘોડો.

ત્રીશાં ન. બ. વ. ૨૧ × ૧ થી ૩૦ × ૧૦ સુધીના બાર.

ત્રીશી સ્ત્રી. ઓગણત્રીસથી આડત્રીસ વર્ષ સુધીની ઉંમરનો ગાળો.

ત્રીશું જંત્ર ન. આંખોને બહારી પ્રકાશ કરાવવા માટેનું એક યંત્ર.

ત્રોણિ ૧. [સં. ત્રિ (ત્રણ) + ધનુ (બાણ)] સ. ત્રણ બાણવાળું ધનુષ્ય.
૨. વિ. ત્રણ બાણ જેટલા માપનું.

ત્રૌષ્ટક [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ સંબંધી અગ્નિ.

ત્રૌસ જુઓ ત્રૌક્ષ.

ત્રિસમું જુઓ ત્રૌક્ષમું.

ત્રિસાં જુઓ ત્રૌસાં.

ત્રૌસી જુઓ ત્રૌસી.

ત્રૌસું કવિત પું. (પિંગળ) ત્રૌસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેમાં ગુરુ, લઘુનો નિયમ નથી. અને ૧૬ ને ૧૪મા અક્ષર ઉપર યતિ જેટલે વિસામો આવે છે.

ત્રુકાળી વિ. સ્ત્રી. અવાજવાળી; અવાજ ઉત્પન્ન કરે એવી. બંદૂક માટે વપરાય છે.

ત્રુકાળીબોંકાળી જુઓ ત્રુકાળી.

ત્રુજાડિયા પું. (કચ્છી) એક પ્રકારનો મેવો.

ત્રુટ ૧. [સં.] અ. ક્રિ. તૂટવું
૨. સ. ક્રિ. કાપવું; ઉતરવું; તોડવું.
૩. સ ક્રિ. દુઃખ દેવું.
૪. સ. ક્રિ. દંડાનું સમાધાન કરવું.

ત્રુટ સ્ત્રી. ત્રુટી; ખામી; દોષ.

ત્રુટિ ૧. સ્ત્રી. (સંગીત) અનુદ્રુતને બોલતાં જેટલો વખત લાગે તેટલા જ વખતમાં સરખી રીતે બે અક્ષરનું ઉચ્ચારણ કરવામાં એક અક્ષર બોલતાં લાગે તેટલો વખત.
૨. [સં.] સ્ત્રી. અસ્પષ્ટતા; સંશય.
૩. સ્ત્રી. ઊણપ; ખામી; દોષ.
૪. સ્ત્રી. એ નામની કાર્તિકેયની એક માતૃકા.
૫. સ્ત્રી. (સંગીત) તાલનું એક માપ.
૬. સ્ત્રી. નાની એલચી.
૭. સ્ત્રી. નાશ; ક્ષય.
૮. સ્ત્રી. સમયનું એક માપ. ખગોળવેત્તાઓનો સૌથી નાનો અંશ તે સેકંડના ૩૨૪૦૦મા ભાગની બરાબર છે. એને ત્રુટિ કહેવામાં આવતો
૮ ક્ષણ = લવ
૮ લવ = કાષ્ઠા
૮ કાષ્ઠા = નિમેષ
૮ નિમેષ = કલા
૮ કલા = ત્રુટિ.
૯. સ્ત્રી. સર્વેક્ષિરસુમાં રેખાતું રજકણ.
૧૦ વિ. થોડું; અલ્પ.

ત્રુટિત [સં.] વિ. ખંડિત; ભાંગ્યુંતૂટ્યું; કપેલું; છેદેલું; તોડેલું.

ત્રુટિબીજ [સં.] ન. એક જાતનું મૂળ.

ત્રુટી જુઓ ત્રુટિ.

ત્રુટો પું. તોટો; ખોટ; નુકસાન.

ત્રુઠવું જ. ક્રિ. રૂઠે એમ કરવું.

ત્રુઠમાન [સં. તુષ્યમાન] વિ. પ્રસન્ન થયેલું; ખુશી થયેલું.

ત્રૂ ન. ઔષધોપયોગી એક વનસ્પતિ; ખોરું ઉંદામણ.

ત્રૂર્ણ સ્ત્રી. ફૂંકીને વગાડવાનું એક વાદ્ય; રણશિંગું.

ત્રૂટ ૧. સ્ત્રી. અછત; ખોટપણું.
૨. સ્ત્રી. ત્રૂટી; ખામી; દોષ.
૩. ન. (વૈદક) પિંડી વગેરે માંસલ સોગાનોને લાગેલો ઘાટ; પ્રકાર. તેનાથી માંસના લોચા જલ્દીથી તૂટી પડતા હોય તેમ લાગે છે અને તેથી તે વખતે ક્રમ કરવાને અશક્ત છે એમ જણાવી આપે છે.

ત્રૂટક વિ. છૂટુંછવાયું; વેરવિખેર.

ત્રૂટકત્રૂટક વિ. આંતેઘાતે.

ત્રૂટવું [સં. તૃટ] અ. ક્રિ. તૂટવું.

ત્રૂઠમાન વિ. પ્રસન્ન; સંતોષ પામેલું.

ત્રૂઠવું ૧. અ. ક્રિ. કુરબાન થવું.
૨. સ. ક્રિ. પ્રસન્ન થવું; રીઝવું; વારવું.

ત્રૂસકું (ત્રૂસકું) ન. ઉંદરસણ. આ વનસ્પતિના વેલા થાય છે. તેનાં પાન તરબૂચનાં પાન જેવાં હોય છે. પોકળ ફળનો રેસ પીળો હોય છે. એની બે જાત થાય છે. એક ફળ શુમારે કેરી જેવાં અને બીજી જાત બીજુ જેવાં થાય છે. આ ફળ અતિસાર કરવાં હોય છે. ગામડામાં ત્રૂસકાંના વેલા પુષ્કળ થાય છે. તે તીન રેચક ગણાય છે. પાક વખતે તે તીખાં, કડવાં, શીત, સારક, ઉષ્ણવીર્ય અને લઘુ છે; તથા ગુલ્મ, પિત્ત, ઉદર, કૃમિ, કોઢ, જ્વર, લઘુ શ્વાસ, કાસ, મંદી, મેદ, મૂઢગર્ભ, કમળો, પ્લીહા, શુક્રગર્ભ, ગલગ્રહ, વિષ, અનાહવાયુ, અષ્ઠીલું, આમદોષ, કર્ણ ઉદરરોગ અને શ્લીપદ વગેરે રોગનો નાશ કરનાર મનાય છે.

ત્રે [સં. ત્રિ] વિ. ત્રણ.
સ્વર્ગથી યે સોહામણું,
માનવીને મુલકાંય;
ત્રે ગાઉ ભૂમિનું,
જરા મરણ ને વિજોગ. ભક્તકવિ નરસૈંયો

ત્રેખડ (ત્રેખડ) ૧. સ્ત્રી એક વરની કન્યા બીજાને, બીજાની ત્રીજાને અને ત્રીજાની પહેલાને એમ ફેરબદલી કરવાની ગોઠવણ.
૨. સ્ત્રી. ખતા; ઝગડો
૩. સ્ત્રી. તજવીજ; ખોજ; શોધ.
૪ સ્ત્રી. ત્રણ વચ્ચે કરાયેલું સાટું.
૫. સ્ત્રી. ત્રિપુટી; ત્રણનો સમૂહ.
૬. સ્ત્રી. ત્રેવડ.
૭. સ્ત્રી મુશ્કેલીવાળી પરિસ્થિતિ.
૮. સ્ત્રી. સંભાળભરી કરકસર.
૯. સ્ત્રી. બીના ચોટલાની ત્રણ આંટીવાળી ચૂળણી.

ત્રેખડું (ત્રેખડું) ૧. ન. ત્રણ વર વચ્ચે અરસપરસ કન્યાઓની ફેરબદલી કરવાનું સાટું; એકની બીજાને, બીજાની ત્રીજાને અને ત્રીજાની પહેલાને એ પ્રમાણે કન્યાની લેવડદેવડનું સાટું.
૨. ન. ત્રણનો સમૂહ.

ત્રેખડો મેલો (ત્રેખડો મેલો) પું. એક પ્રકારનો મેલો. તે પણ લાંબો થાય છે. તેનાં પાન સાદાં અથવા સંયુક્ત આંધ્રવાળાં હોય છે. ફૂલ પીળાં અને ફળ તો બાજરીના દાણા જેવાં પણ ભીંજડાંઓ મળીને બનેલાં હોય છે. બાને ડોર મોરવેલ પણ કહે છે. તેના પાનનો રસ દરાજ ઉપર ચોપડવામાં આવે છે.

ત્રેજરી [અં. ટ્રેઝરિ] સ્ત્રી. ખજાનો; તિજોરી.

ત્રેજરીબિલ્લ [અં. ટ્રેઝરિ બિલ] ન. ખજાનાની નાણાચિઠ્ઠી.

ત્રેઠવા પું. ન. બ. બાજેલા અડદના દાણા.

ત્રેઠવું જુઓ ત્રૂઠવું.

ત્રેતા ૧. [સં.] પું. (પુરાણ) આહવનીય, દક્ષિણાગ્નિ અને ગાર્હપત્ય અગ્નિનો સમૂહ.
૨. પું. (પુરાણ) ચાર લાખનો બીજો યુગ, પુરુષાનુસાર આ યુગનો આરંભ કાર્તિક સુદિ નોમથી થાય છે. આ યુગમાં બધા જ ધર્મપરાયણ હોય છે. આ યુગમાં લોકોનું આયુષ્ય દસ હજાર વર્ષનું અને મનુ અનુસાર ત્રણસો વર્ષનું હોય છે. આ યુગમાં કુલ ૧૨,૯૬,૦૦૦ વર્ષ હોય છે. પરંતુ દેવોની ગણતરી પ્રમાણે તેના ૩૬૦૦ વર્ષ લેખવામાં આવે છે. વળી, આ યુગના આદિ, અંત, સંધિ અને સંધ્યાંશ વગેરેના સમયની ગણતરી કરતાં તેનું પરિમાણ દેવોનાં ૪૩૨૦ વર્ષ જેટલું થાય છે. આ યુગની ઉત્પત્તિ વૈશાખ સુદિ ૩ સોમવારના બીજા પહોરમાં રોહિણી નક્ષત્ર તથા કોલવ યોગમાં થયેલી મનાય છે. વિષ્ણુના પ્રસિદ્ધ અવતાર વામન, પરશુરામ અને શ્રીરામચંદ્ર આ યુગમાં થઈ ગયેલ છે. આ યુગમાં પુરુષ પદર અને સ્ત્રી પાંચ હતું, એટલે કે પુરુષપ્રમાણ ગુણોત્તર ૩ : ૧ હતું. મનુષ્યના શરીરનું પ્રમાણ સોળ હાથનું હતું. પાત્ર રૂપાના તથા દ્રવ્ય સોનાનું હતું. માણસો ઈશ્વરના ભક્ત હતા અને અરિષ્ટમય એમના પ્રાણ હતા. તીર્થ નૈમિષારણ્ય પ્રસિદ્ધ હતું. આ યુગમાં સર્વપ્રથમ અક્ષરસો

અને ચંદ્રમહલ્લ અધિકાર ઠલ્લર થયાં હતાં. એક વખત બી વાવવાથી સાત વખત લણણી થતી. પ્રસવ ત્રણ થતા અને રાજા ધર્મિષ્ઠ તથા સૂર્યવશી કુળના જ હતા. જેવા કે, વિક્રમ, ભગીરથ, દિલીપ, રઘુ, અજ, દશરથ, રામચંદ્ર, લવકુશ વગેરે. તપોબલ અને વચન જ પ્રમાણ હતાં. બીજા એક મત પ્રમાણે આ યુગનો આરંભ ભાદરવા વદિ ચૌદશ મુકવારના રોજ થયો હોવાનું મનાય છે. તે વખતનું નક્ષત્ર પુષ્ય હતું. તેમાં થયેલા ત્રણ અવતારોની વિગત આ પ્રમાણે છે: વામન અવતાર: ધાતૃ સંવત્સર, ભાદરવા સુદિ બારશ અને શુક્રવાર, દક્ષિણાયન, શ્રવણ નક્ષત્ર વરિયાન યોગ, દિવસે, ઘટી પંદર, પલ બસને સમયે થયો. વિષ્ણુએ આ અવતારથી બલિ રાજાને પાવન કરી યજ્ઞાદિ કર્મોના ફોયો જે દેવ ને મળતા ન હતા તે છોડાવ્યા. પરશુરામાવતાર: પાર્થિવ સંવત્સર, ઉત્તરાયણ, વૈશાખ સુદિ ત્રીજ, સોમવાર, રોહિણી નક્ષત્ર, સુકર્મા યોગ, રાત્રિ, ઘટી નવ, પલ ત્રીસને સમયે થયો હતો. વિષ્ણુએ આ અવતારે એકવીસ વખત પૃથ્વી નક્ષત્રી કરી ક્ષત્રિયોનું અભિમાન નષ્ટ કર્યું હતું. રામાવતાર: નારણ સંવત્સર, ઉત્તરાયણ, ચૈત્ર સુદિ નવમી, શુક્રવાર, પુનર્વસુ નક્ષત્ર, વરિયાન યોગ, દિવસે, ઘટી પદર, પલ પાંચને સમયે થયો હતો. તેમણે રાવણ, કુંભકર્ણ વગેરે રાક્ષસોનો સહાર કર્યો હતો અને એ રીતે દેવોને દુ:ખમાથી બચાવ્યા હતા. આ યુગમાં અનુઓને બરોબર પુત્ર અને પુત્રો મળી માત્ર બે જ સંતતિ થતી. ધર્મ ત્રણ ચતુર્યાંશ એટલે ૩ ચરણનો હતો. પંદર રીસા પુણ્ય અને પાચ રીસા પાપ હતું. આ પ્રમાણે મનુઓની પ્રવૃત્તિમાં ફેરફાર થતો. વરસાદનું પ્રમાણ પણ આ રીસા ઉપર જ અવલંબે છે; તે ધર્મપાલન ઉપર જ અવલંબે છે. ગાય એક ગાયર દૂધ દેતી. તપોનિષ્ઠ બ્રાહ્મણ અને પતિવ્રતા સ્ત્રીઓની સંખ્યા તે વિભાગના ત્રણ ચતુર્યાંશ જેટલી રહેતી. બ્રાહ્મણાદિકના શાપ દશ દિવસે સફળ થતા. દાતાઓ યાચકોને સન્માનથી બોલાવી દાન આપતા.

૩. પું. જુગારમાં ત્રણના અંકવાળા પાસાનું પડવું તે.

૪ પું. ત્રેતા યુગનો મૂર્તિમાન દેવ.

૫. પું. સૂર્યના એકસો બાર માંહેનું એક નામ.

ત્રેતાગ્નિ ૧. [સં.] પું (પુરાણ) આહવનીય, દક્ષિણ અને ગાર્હપત્યનીય એ ત્રણ પ્રકારના અગ્નિનો સમૂહ.

૨. પું. ત્રિકુટીમાં ત્રણ અને કપાળના મધ્ય ભાગમા એક જમરી હોય તેવો ઘોડો.

ત્રેતાર વિ. ત્રણ તાર કરીને બનાવેલું.

ત્રેતાયુગ જુઓ ત્રેતા ૨.

ત્રેતાયુગાદ્ય [સં.] પું. કાર્તિક સુદિ ૯. તે દિવસે ત્રેતાનો જન્મ કે આરંભ થયો મનાય છે. તેની ત્રણના પુણ્ય તિથિમાં મનાય છે.

ત્રેધા ૧. [સં.] સ્ત્રી. શક્તિ; તાકાત; દમ; જોર.

૨. સ્ત્રી. હોશકોશ.

૩. અ. ત્રણ પ્રકારે; ત્રણ રીતે.

ત્રેપન [સં. ત્રિપંચાશત્] વિ. પચાસમાં ત્રણ ઉમેરવાથી જે સંખ્યા આવે છે તે; પચાસ ને ત્રણ; ૫૩.

ત્રેપનમો પું. પરલોક.

> આકનો સપનો વિસ્તાર,
> ગયા ત્રેપનમો ભાઈ પાર. અખો

ત્રેમું વ. મરણ પછી ત્રીજે દિવસે મરેલાની દાઢી કરવી તે.

ત્રેલકું અ. ક્રિ. ગાડીના ધૂસરાથી અલગ બળદ કે ઘોડા જોડવા.

ત્રેલિયું વ. તરેલિયું; વધુ બળદ જોડવા માટે બનાવાની ધૂંસરી.

> પ્રભુ આગળે કેસરી સોળ જોડ્યા,
> બાણે બાણકે ત્રેલિયાં ખૂબ ખોડ્યા. પ્રેમાનંદ

ત્રેલું ૧. વ. ગાડાને ત્રણ બળદ જોડવા તે.

૨. વ. ત્રણ બાંધણનો સમૂહ.

ત્રેવટી [સં. ત્રિપુટી] સ્ત્રી. ત્રણ જુદાં જુદાં કોળની બેળી દાળ.

ત્રેવડો [સં. ત્રિપથ] પું. તરભેટો; ત્રણ રસ્તા ભેગા થતા હોય તે જગ્યા.

ત્રેવડ (ત્રેવડ) ૧. સ્ત્રી. કરકસર; કરકસરથી ઘર ચલાવવાની ને ખરચ કરવાની ચતુરાઈ કે આવડત.

> ત્રેવડ ગીને ખાઈ ન કરકસર કરવી તે ત્રીજે ખાઈ કમાઈને આપતો હોય તેની સમાન છે.

૨. સ્ત્રી. પહોચો; ક્રમ સર પડવું તે.

૩. સ્ત્રી. તજવીજ; જોગવાઈ; યુક્તિ; સમવડ; બનવરચા.

૪. સ્ત્રી. શક્તિ; ગુંજાશ; ગજું.

> ત્રિભવન ત્રેવડમાં રહે, કલ્પ વધું છે કામ છ.
> નરસિંહ

ત્રેવડવું (ત્રેવડવું) ૧. અ. ક્રિ. ચારે દિશામાં ખૂટીનો બાધી જમીનની ચોરસાઈ માપવી કે મેળવવી.

૨. સ. ક્રિ. ત્રણ તાર ભેગા કરી વણવું; સૂતરના બેકતારા ત્રણ ઘેરા ચડી તેને વળ દેવો.

૩. સ. ક્રિ. ત્રણ ત્રણ વખત વિચારી જોવું; સપૂર્ણ રીતે તપાસ કરી જોવી.

૪. સ. ક્રિ. ત્રણગણું કરવું

૫. સ. ક્રિ. ત્રેવડ કરવી; સમવડ કરવી.

૬. સ. ક્રિ. કુટિને અનુસરતી રીતે અતિથિ, પહોન, જાણેજ, પુત્રી કે સગાંવહાલાંનો સત્કાર કરવો કે તેમની સાથે વહેવાર સાચવવો; જેને જેમ ઘટિત હોય તેમ આપવું, મેલવું, નોતરવું કે દાન દક્ષિણાથી સત્કારવું.

૭. સ. ક્રિ. વિસ્તારમાં લેવું; ગણના કરવી.

ત્રેવડાવવું (ત્રેવડાવવું) સ. ક્રિ. ત્રેવડવાની ક્રિયા કરાવવી.

ત્રેવડાવું (ત્રેવડાવું) અ. ક્રિ. ત્રેવડવાની ક્રિયા થવી.

ત્રેવડિયું (ત્રેવડિયું) ૧. વિ. ગોઠવણ કરનાર; તજવીજ કરનાર.

૨. વિ. ત્રેવડવાળું.

ત્રેવડિયો (ત્રેવડિયો) પું. ત્રેવડથી ગોઠવણ કરનારો પુરુષ; ત્રેવડ કરનારો માણસ.

ત્રેવડું (ત્રેવડું) ૧. વિ. ત્રણગણું; ત્રમણું; ત્રેવડું.

૨. વિ. ત્રણ જાતનું

૩. વિ. ત્રણ પડવાળું.

ત્રેવીસ વિ. વીસ ને ત્રણ; ૨૩.

ત્રેવીસાંસો વિ. એકસો ત્રેવીસ; ૧૨૩.

ત્રેવીસ જુઓ ત્રેવીસ.

ત્રેવીસાંસો જુઓ ત્રેવીસાંસો.

ત્રેસઠ વિ. (ત્રિષષ્ટિ) સાઠ ને ત્રણ; ૬૩.

ત્રેહ પું. ભેજ; ભીનાશ.

> પ્રભુજી દેશ પૂરણી પરે મેહ,
> આસ પાસ તેહનો રહે ત્રેહ. અખમદેવ

ત્રેહડો પું. દડિયો; બિંદુ.

ત્રેહેકત સ્ત્રી. અજપો; ચેન ન પડવું તે; અસ્વસ્થતા.

ત્રેહેકવું ૧. અ. ક્રિ. ગડથલવું; અવાજ થવો; વાગવું.

૨. અ ક્રિ. ચેન ન પડવુ, અસ્વસ્થ થવુ.

૩. અ ક્રિ જોર કરવું; અટાયેલું હોવાથી કકડાવું થવું

ત્રેહેકાવવું સ ક્રિ. ત્રેહેકવાની ક્રિયા કરાવવી.

ત્રેહેકાવું અ ક્રિ. ત્રેહેકવાની ક્રિયા થવી.

ત્રેંતાલીસ વિ. ચાલીસ ને ત્રણ; ૪૩.

ત્રેંતાળીસ જુઓ ત્રેંતાલીસ.

ત્રૈદ્વિય [સં ત્રિ (ત્રણ) + (દ્વિય)] વિ. (જૈન) સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય અને ઘ્રાણેંદ્રિય એ ત્રણ ઇંદ્રિયોવાળું.

ત્રૈ ૧. વિ. ત્રણ.

૨. સ. ત્રણ વખત.

૩. [સં.] સ. ક્રિ. (ધાતુ) રક્ષવું કરવું; બચાવવું; પાળવું. તે ઉપરથી થયેલ શબ્દ: ત્રાત, ત્રાતા, પરિત્રાણ, ત્રાયમાણ.

ત્રૈકકુદ [સં] ન. ત્રિકકુદ પર્વતમાં થતું એક જાતનું અંજન.

ત્રૈકાલિક ૧. [સં] વિ. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રિકાલ સંબંધી; ત્રણ કાળને લગતું, ત્રિકાલનું.

૨. વિ. સવાર, બપોર અને સાંજ એ ત્રણે વખતનું.

ત્રૈકાલ્ય ૧. [સં.] ન. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળ.

૨. ન. સવાર બપોર અને સાંજ એ ત્રણે વખત.

ત્રૈકૂટક [સં.] પું. કલચૂરિ રાજવંશ સમયનો એ નામનો એક રાજવંશ.

ત્રૈકૂટક સંવત પું. ભારતીય ૬૪ માંહેનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૨૪૯થી શરૂ થાય છે. તેને કલચૂરિ સંવત કે ચેદિ સંવત પણ કહે છે. આ સંવત કોઈ રાજાએ ચલાવ્યો લાગે છે, પણ તેવો કાંઈ પત્તો મળતો નથી. એ સંવત દક્ષિણ ગુજરાત, કોંકણ અને મધ્ય પ્રદેશના લેખો વગેરેમાં મળી આવે છે. એ લેખો ગુજરાત વગેરેના ચાલુક્ય, ગુર્જર, સેંદ્રક, કલચૂરિ અને ત્રૈકૂટક વંશોના ચેદિ દેશ ઉપર રાજ્ય કરવાવાળા કલચૂરિ હૈહયવંશી રાજાઓના છે. આ સંવતવાળા પચાસ લેખો કલચૂરિનો હૈહયો પાસેથી મળી આવે છે અને તેમાં કલચૂરિ સંવત અથવા ચેદિ સંવત લખેલ હોય છે. આ ઉપરથી સંભવે છે કે આ સંવત કલચૂરિ વંશના કોઈ રાજાએ ચલાવ્યો હશે. આ સંવત ઈ. સ. ૧૧૦૭ સુધીના લેખોમાં મળે છે. પછી તે નષ્ટપ્રાય થઈ ગયો લાગે છે.

ત્રૈક્ષોણિક [સં.] વિ. ત્રણ ખૂણાવાળું.

ત્રૈગર્ત્ત ૧. [સં.] પું. ત્રિગર્ત્ત દેશનો રાજા.

૨. વિ. ત્રિગર્ત્ત દેશમાં રહેનાર.

ત્રૈગર્ત્તક [સં.] વિ. ત્રિગર્ત્ત દેશની સમીપના પ્રદેશમાં હોનાર.

ત્રૈગર્ત્તિયશોધરા સ્ત્રી. (પુરાણ) પુરુવંશમાં થઈ ગયેલ હસ્તીની પત્ની.

ત્રૈગુણિક ૧. [સં.] વિ. ત્રણ ગુણવાળું; ત્રણ ગુણ સંબંધી.

૨. વિ. ત્રણ જાતનું.

૩. વિ. ત્રણગણું.

ત્રૈગુણ્ય ૧. [સં.] ન. ત્રણથી ગુણવું તે.

૨. ન. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણનો સમુદાય; આત્માના ત્રણ ગુણનો સમૂહ; ત્રૈગુણ્ય એટલે સંસારનો વિષય જેમાં પ્રકાશ કરેલો છે તે. ત્રણ ગુણનું કાર્ય ઊર્ધ્વ, મધ્ય અને અધોગતિરૂપ સંસરણ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ તથા રાગદ્વેષ, મોહ, લોભ એ તેનાં કાર્ય તથા તેનું ફળ એ સર્વનું એકનું સ્વરૂપ તે સંસાર.

૩. વિ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ સંબંધી.

ત્રૈત ૧. [સં.] પું. ત્રણ પશુઓ એકસાથે જન્મ્યાં હોય તેમાંનું કોઈ એક પશુ.

૨. ન. ત્રણનો સમૂહ; ત્રિક.

૩. ન. સંસાર. તે માત્ર ત્રણ ગુણનો સમુચ્ચય જ છે.

ત્રૈતન [સં.] પું. અત્યંત નિર્બળ દાસ.

ત્રૈતવાદ [સં.] પું. બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ એ ત્રણે નિત્ય માનવાનો મત.

ત્રૈદશિક ૧. [સં. ત્રિદશ (દેવ)] ન. દેવતાઓ જેના દેવ છે તેવું મનુષ્યોના અભક્ષ્યારૂપ તીર્થ.

૨. વિ. દેવનું; દેવ સંબંધી.

ત્રૈધ ૧. [સં.] વિ. ત્રણ પ્રકારનું; ત્રણ રીતનું; ત્રણ તરેહનું.

૨. સ. ત્રણ પ્રકારે; ત્રણ રીતથી; ત્રણ તરેહથી.

ત્રૈધર્મ્ય [સં.] ન. જ્યોતિષોમ વગેરે યજ્ઞરૂપ કાર્યકર્મ.

ત્રૈધાતવી [સં.] સ્ત્રી. એ નામની એક ઇષ્ટિ.

ત્રૈધાતવીય [સં.] ન. અમુક એક ઇષ્ટિના અંગરૂપ કોઈ કર્મ.

ત્રૈધાતુક [સં.] વિ. સોનું, રૂપું અને તાંબું એ ત્રણ ધાતુઓનું બનેલ.

ત્રૈનિષ્કિક [સં.] વિ. ત્રણ સોનામહોરથી ખરીદેલ.

ત્રૈપુર ૧. [સં.] પું. ચેદિ દેશનો એ નામનો રાજા.

૨. પું. ત્રિપુર દેશ.

૩. પું. ત્રિપુરાસુર.

ત્રૈપુષ્કર પું. એ નામનો એક ચોર.

ત્રૈફલ [સં.] પું. (વૈદક) એક પ્રકારનું ઘી. તે ત્રિફલા વગેરેના સંયોગથી બનાવાય છે અને તેનો ઉપયોગ પ્રદર આદિ રોગોમાં થાય છે.

ત્રૈબલિ [સં.] પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

ત્રૈમાતુર [સં.] પું. લક્ષ્મણ. લક્ષ્મણ સુમિત્રાના ગર્ભથી ઉત્પન્ન થયો હતો, પરંતુ સુમિત્રાએ ગર્ભનો જે અંશ ખાધો હતો તે પહેલાં કૌશલ્યા અને કૈકેયીને આપવામાં આવ્યો હતો અને તે બંને પાસેથી સુમિત્રાને મળ્યો હતો. તેથી લક્ષ્મણનું નામ ત્રૈમાતુર પડ્યું છે.

ત્રૈમાસિક ૧. [સં.] ન. દર ત્રીજે મહિને પ્રસિદ્ધ થતું છાપું.

૨. વિ. ત્રણ ત્રણ મહિને આવતું કે થતું; દર ત્રણ મહિને પ્રકટ થતું.

૩. વિ. ત્રીજા મહિનાને પ્રાપ્ત થયેલ; ત્રણ માસનું.

ત્રૈયંબક ૧. [સં.] પું. એક પ્રકારનો હોમ.

૨. વિ. મહાદેવનું; મહાદેવ સંબંધી.

ત્રૈયંબિકા [સં.] સ્ત્રી. માતંગી.

ત્રૈરાશિક ૧. [સં.] સ્ત્રી. આત્માની શુદ્ધ દશા.

૨. સ્ત્રી. (ગણિત) ત્રિરાશિ; ત્રણ રકમ ઉપરથી ચોથી રકમ શોધી કાઢવાની રીત.

૩. ન. પ્રસિદ્ધ લીલાવતી ગણિત; પ્રમાણ, ઇચ્છા અને ફલ માંહી કરાતું એક પ્રકારનું ગણિત.

ત્રૈરૂપ્ય ૧. [સં.] ન. ત્રણ પ્રકારનું રૂપ.

૨. વિ. ત્રણ રૂપવાળું; ત્રણ પ્રકારનું.

ત્રૈલિંગ [સં.] વિ. પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ એ ત્રણ લિંગ સંબંધી.

ત્રૈલોક [સં.] પું. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોક; પૃથ્વી, અંતરિક્ષ અને દ્યૌ એમ મળીને બનતા ત્રણ લોકનો સમૂહ.

ત્રૈલોકપ્ય ૧. પું. (પિંગળ) એકવીસ માત્રાનો એક છંદ.

૨. [સં.] ન. ત્રણ લોકનો સમુદાય; ત્રૈલોક.

ત્રૈલોક્યચિંતામણિ [સં.] પું. (વૈદક) એ નામની એક ઔષધિ. તે સોનું, ચાંદી અને અભ્રકભસ્મથી બને છે. તેનો ઉપયોગ જ્વર, ખાંસી, પ્રમેહ, કુષ્ઠ્વણવર, ઉન્માદ વગેરે રોગ ઉપર થાય છે. તે ૨ થી ૪ રતીની માત્રામાં આદુના રસ તથા મધ સાથે અપાય છે.

ત્રૈલોક્યચિંતામણિરસ જુઓ ત્રૈલોક્યચિંતામણિ.

ત્રૈલોક્યદર્શી [સં. ત્રૈલોક્યદર્શિન્] વિ. ત્રણ લોકને જોનાર.

ત્રૈલોક્યપાવની [સં.] વિ. સ્ત્રી. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે લોકને પાવન કરનારી.

ત્રૈલોક્યપ્રકાશક [સં.] વિ. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે લોકમાં પ્રકાશનાર.

ત્રૈલોક્યપ્રજ્ઞપ્તિ [સં.] સ્ત્રી. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે લોક સંબંધી વર્ણન.

ત્રોડવો

ત્રૈલોક્યમંગલ ૧. [સં.] ન. (પુરાણ) ઇંદરે પનસાને આપેલું એ નામનું એક કવચ.
૨. વિ. ત્રિલોકમાં કલ્યાણ કરનાર.

ત્રૈલોક્યમોહન [સં.] ન. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક તારાકવચ.

ત્રૈલોક્યવાસી [સં. ત્રૈલોક્યવાસિન્] વિ ત્રિલોકમા રહેનાર. બહા વગેરે માટે વપરાય છે.

ત્રૈલોક્યવિજય પું. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મનો એ નામનો એક દેવ.

ત્રૈલોક્યવિજયા [સં.] સ્ત્રી. બાંગ.

ત્રૈલોક્યસુંદર ૧. [સં.] પું. (વૈદક) એક ખનનો રસ. તે હીરા, અભરખ, લોહ અને ત્રિફલા વગેરેમાંથી બને છે. તેનો ઉપયોગ પાંડુ, કુષ્ઠ, જ્વરાતિસાર વગેરે રોગમા થાય છે.
૨. ન. (શિલ્પ) એક પ્રકારનું ત્રિકાળ ઘર. જે ત્રિકાળ ઘરના મુખ આગળ સાત અલિંદ હોય અને ઘરની જમણી તરફ બધ અલિંદ તથા ડાબી તરફ પણ બધ અલિંદ હોય તે ત્રૈલોક્યસુંદર ઘર કહેવાય.

ત્રૈલોક્યાડંબર [સં.] ન. (શિલ્પ) એક પ્રકારનું ત્રિકાળ ઘર. મહાદેવ તથા મહાપતિને આવું ઘર હોય છે. જે ત્રિકાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય, તે બે અલિંદ આગળ બે મંડપ હોય, તે ઘરની જમણી તરફ બે અલિંદ હોય, તેમ જ ડાબી તરફ પણ બે અલિંદ હોય, તો તે ૭ અક્ષરના નામવાળું ત્રૈલોક્યાડંબર ઘર કહેવાય.

ત્રૈલોક્યાત્મા [સં. ત્રૈલોક્ય (ત્રણ લોક) + આત્મન્ (આત્મા)] પું. પરમેશ્વર.

ત્રૈવણ [સં.] વિ. ત્રણ વન સંબંધી.

ત્રૈવલ્લિ [સં.] પું. (પુરાણ) ત્રિવણ ઋષિનો પુત્ર

ત્રૈવર્ગિક ૧. [સં] ન. ધર્મ, અર્થ અને કામ એ ત્રણની સાધના અર્થ કરી એનું કર્મ.
૨. વિ ત્રિવર્ગનું; ત્રિવર્ગ સંબંધી.

ત્રૈવર્ણિક ૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી
૨ [વિ.] ન. બ્રાહ્મણાદિ ત્રણ વર્ણ.
૩ વિ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણ સબધી

ત્રૈવર્ષિક [સં] વિ. ત્રણ વર્ષમાં બનાર; ત્રણ વર્ષનું; ત્રણ વર્ષમાં થયેલ; ત્રણ વર્ષ સબંધી.

ત્રૈવર્ષિક જુઓ વૈવર્ષિક

વૈવિક્રમ ૧. [સ.] પું. ત્રિવિક્રમ અવતાર; વિષ્ણુ
૨. ન. ત્રણ પગલા પ્રમાણનું ગમન.
૩. વિ. ત્રિવિક્રમ સંબંધી; વિષ્ણુનું; ત્રિવિક્રમનું.

ત્રૈવિદ્ય ૧. [સં.] ન. ત્રણ વેદરૂપ ત્રણ વિદ્યા.
૨. ન. ત્રણ વેદનો સમુદાય.
૩. વિ. ત્રણ વેદ જાણનાર.

ત્રૈવિદ્યા ૧. સ્ત્રી એ નામની બાહ્મણની એક અટક.
૨. [સં] સ્ત્રી. ત્રણ વેદરૂપ ત્રણ વિદ્યા
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ત્રૈવિધ [સં.] ન. ત્રણ પ્રકાર.

ત્રૈવિષ્ટપ ૧. [સં.] પું. સ્વર્ગમાં રહેનાર; દેવતા.
૨. વિ. સ્વર્ગનું; સ્વર્ગ સબંધી.

ત્રૈવિષ્ટપેય [સં] પું. દેવ.

ત્રૈવૃષ્ણ [સં.] પું. એ નામે એક રાજા.

ત્રૈવૈદિક ૧. [સં.] ન. ત્રણ વેદ ભણવા માટેનું વ્રત.
૨. વિ. ત્રણ વેદ સંબંધી.

ત્રૈશંકવ [સં.] પું. હરિશ્ચંદ્ર રાજા.

ત્રૈશોક [સં.] ન. ત્રિશોક અધિપે ભોગવેલ રાજ્ય.

ત્રૈષ્ટુભ ઉપજાતિ પું. (પિંગળ) એ નામનો એક ત્રિષ્ટુભ છંદ.

ત્રૈસાનુ પું. એ નામે યુધિષ્ઠિર વંશનો રાજા.

ત્રૈસોતસ [સં.] વિ. ત્રણનું; ત્રણ સંબંધી.

ત્રૈસ્વર્ગ્ય [સં.] ન. ત્રણ સ્વર્ગ.

ત્રૈસ્વર્ય [સં.] ન. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણ સ્વર.

ત્રૈહાયણ ૧. [સં. ત્રિ (ત્રણ) + હાયન (વર્ષ)] ન. ત્રણ વર્ષ.
૨. વિ. ત્રણ વર્ષ સંબંધી.

ત્રોટક ૧. પું. (સંજ્ઞા) ઉપરૂપક એટલે ઊતરતી ભાતના નાટકના અઢાર ભાદેનો એક ભેદ. તેમાં ૫, ૭, ૮ અથવા ૯ અંક હોય છે. દરેક અંકમાં વિદૂષક રહે છે. આ નાટક શૃંગારરસપ્રધાન હોય છે અને તેનો નાયક કોઈ દિવ્ય પુરુષ હોય છે.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અષ્ટિકલ્પલતા. તે અષ્ટિનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, રગણ, બે જગણ અને ગુરુ મળી ૧૬ વર્ણ આવે છે.

ન જ ર જ ગા ત્રોટકે ઉ અષ્ટિ કલ્પ લતા.
અષ્ટિકલ્પ
૩. પું. (સંજ્ઞા) દશ સંજ્ઞાના ૨૩ ભાદેનો એ નામે એક ભેદ.

દશ સંજ્ઞામાં નાટક અને ત્રોટક, વસ્તુ વગેરે રૂપોનો સમાવેશ થાય છે. સંજ્ઞાસાર

૪. ન. ક્રોધ કરેલું જોવું તે.
૫. વિ. તોડનાર; ઊંડનાર.

ત્રોટકાચાર્ય પું. એ નામના જગવ્યાત આદિ શંકરાચાર્યના શિષ્ય એક આચાર્ય. તેણે શૈવ મતનો ભારતી નામે એક વિભાગ સ્થાપેલ છે. શ્રી શંકરાચાર્યની આજ્ઞાથી તેમને અકસ્માત્ વિદ્યાવિભાવ થયો હતો

ત્રોટકી [સં.] સ્ત્રી. (સંગીત) એક ખતની રાગિણી. તે પૂર્વહનટ રાગ સાથે સંબંધ રાખે છે.
તોડી ત્રોટકી નઈ ગુણ્યા,
ટાઢિમ ટળી ઝળી ભાગ. વિનયપ્રબંધ

ત્રોટન ન. તૂટવું તે; ભંગ.

ત્રોટિ ૧. [સં.] સ્ત્રી. એક ખતનું પક્ષી.
૨. સ્ત્રી. એક ખતનું માછલું.
૩. સ્ત્રી. કાચબો.
૪. સ્ત્રી પક્ષીની ચાંચ.
૫. સ્ત્રી. ઓના કાનનું એક ઘરેણું; કર્ણફૂલ.

ત્રોટિહસ્ત [સં.] પું. હરકોઈ પક્ષી.

ત્રોટિહસ્તી [સં.] સ્ત્રી. હરકોઈ પક્ષિણી.

ત્રોટી ૧. સ્ત્રી. ઘેનો પટો; કમરબંધ; કમર પટો.
કરી ત્રોટી કંદોરે મૂસરીના ચોર. [illegible]
૨. જુઓ ત્રોટિ.

ત્રોડ (ત્રોડ) ૧. પું. ઊલ્લા; પ્રતિકાર; ઉપાય; તોડ; નિકાલ.
૨. સ્ત્રી. પગમાં કે શરીરમાં થતી કળતર; શરીર આખું તે; મૂઢ; સાંધામાં દુઃખ થવું તે.
૩. વિ. નાશ કરનાર.

ત્રોડજોડ (ત્રોડ્જોડ) પું. સમાધાન.

ત્રોડવું ૧. સ. ક્રિ. ઊભેલી નાખવું; ચોમી નાખવુ.
૨. સ. ક્રિ. જોડાયેલું હોય તેને ખેંચીને જુદું પાડવું; ખેંચવું.
૩. સ. ક્રિ. બંધ કાઈ બધ એમ કરવું.
૪. સ. ક્રિ. ખોવેલું ખોવું કરવું; વચન તોડવું.
૫. સ. ક્રિ આંબવું; ઓકવું; તોકવું; તોડી નાખવું.
૬. સ. ક્રિ. મૂકી દેવું; છોડી દેવું.
૭. સ. ક્રિ. સમારવું; સાફ કરવું.

ત્રોડવો (ત્રોડવો) પું. કળતર; શરીરની તૂટ. વાયુના તાવમાં બગાસાં, ત્રોડવો, ભોંમાં ઊંઘરા, મુખમાં વિરસતા, ભ્રાંતી, માથા તથા શરીરમાં પીડા, બંધકોષ, મળ તથા મોનું સુકાવું, તાવનું ઓછાવત્તાપણું, શરીરનું કુખ્યું અને કંપવા વગેરે ચિહ્નો થાય છે. ઓઓને ઋતુદર્શન થવાને સમય થાય તે પહેલાં ત્રણ ચાર દિવસ અગાઉથી જ પણી વેળા શરીરમાં ત્રોડવો

જવાનાં ચિહ્ન દેખાય છે. ઋતુદર્શન દરમિયાન આ ત્રોવાનો ચાલુ રહે છે અને ઋતુનો પ્રથમ નેમ બોજો થતો બન્ધ તેમ ત્રોવાની અસર પણ ઓછી પડતી બન્ધ. આ પ્રકારનો ત્રોવાનો ખાસ કરીને કેટલા ભાગ ઉપર વધારે જોરમાં દેખા દે છે.

ત્રોફ સ. બાલ રાખવાનું ઓજાર.

ત્રોફણી સ્ત્રી. વાળવાનું ફૂંકું.

ત્રોતલ ૧. [સં.] ત્રોસઠ આંકનું એક નંબરનું એક તંત્ર.
૨. વિ. તોતડું; બોલતાં વારંવાર અટકતું હોય એવું.

ત્રોતારી સ્ત્રી. બન્ધ તારવાળું વાજું.

ત્રોતારું વિ. બન્ધ તારવાળું.

ત્રોત્ર ૧. [સં.] ન. અંકુશ.
૨. ન. એક જાતનો રોગ.
૩. ન. ચાબુક, પરોણો.
૪. ન. હરકોઈ દબિયાર.

ત્રોત્રો સ. બળદ, ઘોડા વગેરેને પાણી પાતાં ઉચ્ચારાતો શબ્દ. આ શબ્દના ઉચ્ચારણમાં બંને હોઠ ફૂલે છે.

ત્રોનબોવડ (ત્રોનબોવડ) સ. એ નામનો ઘોડાના સામાનનો એક ભાગ

ત્રોપડ (ત્રોપડ) પું. ગરમીવાળો વાય. આ વાયનાં ફેફસાં બોદાં હોય છે અને તે ગરમી બરવા તડકો સહન કરી શકતો નથી. ઊલાંઝમ જન્મસમાં જે વાય નજરે પડે છે તે આ જાતનો નથી હોતો. આવો ત્રોપડ વાય તો સામાન્ય રીતે શુષ્ક અને અર્ધશુષ્ક જન્મસમાં જ જોવામાં આવે છે.

ત્રોફણ ૧. ન. ફૂંકણું; વાજવું.
૨. ન. ત્રોફવાની ક્રિયા.
૩. ન. સારણી; ગીરમીટ.

ત્રોફણી ૧. સ્ત્રી. ત્રોફવાનું સાધન.
૨. સ્ત્રી. ત્રોફવું તે.

ત્રોફવું ૧. અ. ક્રિ. આમળી ઉપર સોયથી ત્રાજ્યાં પાડવાં; ફૂંકવું ફૂંકવાં.
ઘાઘર હત લે હેત, ત્રોળત્રોળ કરવાં ત્રોફણે,
ઊભાં કર્યાં વરેઠ, ત્રોફ્યાં ન કંઈ ત્રાજવાં.
દુહો
૨. અ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.

ત્રોફો ૧. પું. અવું લીલું નાળિયેર. પોકલા નાળિયેર અવસ્થા સુધ્ધ કોપરા કરતાં તેમાં પ્રાણવાયુ તત્ત્વો વિશેષ પ્રમાણમાં હોય છે. પ્રવાહ ઘાટો હોય ત્યારે આવા અવા નાળિયેરનું પાણી પિત્તરાવવાથી શાંતિ રહે છે.
૨. પું. ફૂંકવું; વાજવું.
૩. પું. સોપારીની જાંબટ: સોપારીનો ત્રોફો નાળિયેરમાં ત્રોફાની બહાર ઓથી બધુ ઉંચ સુધીની હોય છે, બ્યારે સોપારીમાં તેની બહાર ૧ ઇંચ કે તેથી ઓછી હોય છે. કળ સુધાર તેમ આ બહાર ઓછી થતી બન્ધ છે
૪. સ્ત્રી. જેની સાથે કદી સહવાસ થયો ન હોય એવી સ્ત્રી.
ત્રોફા સોપારીના અને ત્રોફા સ્ત્રીઓના તેહ,
ત્રોફ દેવ પ્રકટતા, ત્રોફ દેવરાવવા જેહ.
બદવટ

ત્રોફાભજુ સ. ત્રોફવા માટે પૈસા દેવા તે: ત્રોફવાની મજૂરી

ત્રોફાવવું સ. ક્રિ. ત્રોફવાની ક્રિયા કરાવવી; ફૂંકાવવું; અગ્નિબાળા દબિયાર થતી ખોદાવવું; ત્રોફી જેમ કરાવવું.
તનું બાલ લાલ કર્યા ત્રોફાવ્યું, હો પખીડા!
કાન્હડદે પ્રેબન્ધ

ત્રોબાડ (ત્રોબાડ) સ્ત્રી. કડરપી સ્ત્રી.

ત્રોરડી (ત્રોરડી) સ્ત્રી. તોબડી; હાંલડી; માટીનું વાસણ.

ત્રોરમ ૧. સ્ત્રી. વાડ.
૨. સ્ત્રી. નામના; આબરૂ.
૩. સ્ત્રી સુગમ.
ત્રોરમ તે સુખને છે, ત્રોરમ વાડ છે એહ;
ત્રોરમ ગારી ન ગીજવી, ત્રોરમ કાંઈ તેહ.
બદવટ

ત્રોવડ (ત્રોવડ) વિ. શક્તિવંતા; ભરોસાપાત્ર; સમોવડ; સરખું.
સુરજ ન રોકાય બે ય ત્રોવડ બાપ.
રસધાર

ત્રોવર ૧. ન. ગામ બથવા આખાનું સ્થાન.
૨. ન. તબવરે; મોટું ઝાડ.
મર બાપી ગતી મરી, (મેં) સોંપી સીસોદરા!
જેણે ત્રોવરે ઓસ, પત્ર ન બાલ્યા પીડિયા!
દુહો

ત્રોવું ૧. અ. ક્રિ. તરોઈ બવું; પશુનો ગાભો બહાર બવો: તરવાવું; પશુનો ગર્ભપાત થવો.
૨. અ. ક્રિ. શરીર દુર્બળ થઈ નબળાઈ બવુ, તબિયતને બહી બવું; શરીરે દુબળા થવું.

ત્રોસ પું. ક્રોધ; ગરમીને લઈ બવું સુખવું તે.

ત્રોહુ સ. હોરને પાણી પાતાં બોલાતો શબ્દ.

ત્રોહો વિ. બહુ; ઘ.
બાપ બાપ ત્રોહો, બન્ધ બાપ બનાદિ બંધે.
સામળ

ત્ર્ય પું. અગ્નિબારસના ચોતિરે શબ્દ.

ત્ર્યક્ષ ૧. [સં. ત્રિ (ત્રણ) + અક્ષ (આંખ)] પું. શિવનાં ઢબ્બર આંખેનું એક નામ.
૨. પું શિશુપાલ.
૩. પું. (પુર.બ) હિરણ્યકશિપુની રાજસભાનો એ નામનો એક રૈત્ય.
૪. વિ. બહુ આબબાળું.

ત્ર્યક્ષર ૧. [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર; પ્રણવ; ઓંકાર.
૨. ન. બહુ અક્ષર
૩. ન. (પિંગળ) બબ્બા નામનો છંદ.
૪. વિ. બહુ અક્ષરવાળું.

ત્ર્યક્ષરા [સં.] સ્ત્રી. વિદ્યા.

ત્ર્યક્ષરી નામ ૧. ન. બહુ અક્ષરનું નામ; ત્રિવિધ નામ.
૨. ન. પ્રણવ; ઓંકાર.

ત્ર્યક્ષી ૧. [સં. ત્ર્યક્ષિન્] પું શંકર.
૨. પું. શિશુપાલ.
૩. [સં.] સ્ત્રી. (પુરાણ) અશોક વનમંદી એ નામની એક રાક્ષસી
૪. વિ. બહુ આંબબાળું

ત્ર્યક્ષેત્રવા પું. તિબેટી ભાષાનો એ નામનો એક મંત્ર. તે કમાના સ્વરૂપમાં બંધાય છે.

ત્ર્યજમેદક પું એક જાતનો રાસાયણિક પદાર્થ. બંધારણના બધા ભાગ સાથે અર્દ્રજનાકના પ્રબંધ ભાગથી બનતા મુખ્ય મધુદર્મદ્રાવકનો ત્ર્યજમેદ.મની સાથે બ્યારે સંયોગ થાય છે ત્યારે એ મધુદ્રાવ પદાર્થને ત્ર્યજમેદક કે ત્ર્યજમેદિત મધુદર્મદ્રાવક કહે છે. ત્ર્યજમેદ.મા ત્ર્યજમેદકમાંથી મળી બ્યારે છે અને ત્ર્યજમેદક એ પ્રાણીઓની તથા કેટલીક વનસ્પતિઓની રાસાયનું એક બદલા છે. વનસ્પતિ કે ત્ર્યજમેદકનું વિશેષ પ્રમાણ છે અને તે બ્યારે પુખ્તા બન્ધ.માં હોય છે ત્યારે તે ચરબીને વધારે સખત બનાવે છે અને તેના ઉત્પાદન બિંદુને પહોંચવા માટે વધારે ઉષ્માની જરૂર પડે છે.

ત્ર્યજમેદિત મધુદ્રમૂલિક જુઓ ત્ર્યજમેદક.

ત્ર્યણુક ૧. [સં.] ન. બહુ દ્રબાણુકનો સમૂહ.
૨. ન. (જૈન) બહુ પરમાણુ એકત્ર થઈ બતો દ્રવ્ય પદાર્થ.
બહુ પરમાણુઓનો સ્કંધ ત્ર્યણુક કહેવાય છે.
તત્ત્વાર્થસૂત્ર

ત્ર્યધિક [સં.] વિ. બહુ વધારે.

ત્ર્યધિપતિ [સં.] પું. વિષ્ણુ.

ત્ર્યધિષ્ઠાન ૧. [સં.] પું. દુષ્ટાત્મા.
૨. ન. દુષ્ટત્વ ચૈતન્ય.
૩. વિ. બહુ અધિષ્ઠાનવાળું.

ત્ર્યધ્વગા [સં. ત્રિ (ત્રણ) + અધ્વન્ (માર્ગ) + ગ (જનારી)] સ્ત્રી. ગંગા નદી

અષ્ટ ૧. [સં. ત્રિ (અષ્ટ) + અક્ષ (વર્ણ)] જ. અષ્ટ વર્ણ.
૨. વિ અષ્ટ વર્ણનું.

અષ્ટમૂતયોગ [સં] પું. (જ્યોતિષ) એ નામે જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ. રવિ કે મંગળવારે પડવો, છઠ કે અગિયારસ હોય તથા સ્વાતી, શતભિષા, આર્દ્રા, રેવતી, ચિત્રા, અશ્લેષા કે મૂલ એમાંનું કોઈ નક્ષત્ર હોય; શુક્ર અથવા સોમવારે બીજ, સાતમ કે બારસ હોય તથા આર્દ્રા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ કે ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હોય, બુધવારે ત્રીજ, આઠમ કે તેરસ હોય તથા મૃગશીર્ષ, શ્રવણ, પુષ્ય, અશ્વિની, ભરણી, અભિજિત કે અશ્વિની નક્ષત્ર હોય, ગુરુવારે બીજ, નોમ કે બારસ હોય તથા ઉત્તરાષાઢા, વિશાખા, અનુરાધા, મઘા કે પુનર્વસુ નક્ષત્ર હોય; શનિવારે પાંચમ, દશમ, પૂનમ કે અમાસ હોય તથા રોહિણી, હસ્ત કે ધનિષ્ઠા નક્ષત્ર હોય ત્યારે અમૃતયોગ થાય છે. આ યોગ ખેતી માટે બહુ ઉત્તમ મનાય છે અને અનીપાત વગેરે દોષ પણ દૂર થાય છે.

અષ્ટાજિત ૧. [સં.] પું (પુરાણ) ઇક્ષ્વાકુ વંશના ત્રિશંકુનો એ નામનો એક પુત્ર. એક વખત એ રથમાં બેસીને જતો હતો. તેનો પુરોહિત રથ હાંકતો હતો. એક ગાંધર્વનો ઘોડાનો રથમાં કચરાઈને મરી ગયો. આથી એ હત્યાનો ભોગભાગીદાર હોવા એ ક્રમ ઊંચો. ત્યારે ઇક્ષ્વાકુઓના પગે પુરોહિતને ગુનેગાર ઠરાવ્યો. પુરોહિતે પોતાના તપોબળે એ છોકરાને જીવતો કર્યો. ઇક્ષ્વાકુએ આ ન્યાય પક્ષાપક્ષીથી કર્યો ગણીને પુરોહિત બહુ ગુસ્સે થયો. આથી ઇક્ષ્વાકુઓના ઘરમાં અગ્નિએ પોતાનું કર્તવ્ય તજી દીધું. એમનું અન્ન પણ રંધાય નહિ. ઇક્ષ્વાકુઓ પુરોહિતને શરણે ગયા. તેમની પ્રાર્થના પર પુરોહિત જ્યાં ગયા ત્યાં અગ્નિએ પોતાનાં કામ કરવા માંડ્યાં. ભાષ્યકાર સાયણે આ વાત વૈદિક મંત્ર ઉપર ટીકા કરતાં કહી છે.
૨. પું ઋગ્વેદના નવમા મંડળના ૬૧મા સૂક્તનો કર્તા એક ઋષિ.

અષ્ટાજૈત્રાશ્વ પું. ઋગ્વેદના પાંચમા મંડળના ૭૨મા સૂક્તનો કર્તા એક ઋષિ.

અષ્ટારા [સં.] સ્ત્રી. અષ્ટ ગ્રહસ્પોની ગ્રાસકક્ષા.

અષ્ટારા પરિષદ સ્ત્રી. અમુક જોગ્યતાવાળા ખાસ અષ્ટ વિદ્વાનોની સભા.

એટલા ન મળે અને અમુક જોગ્યતાવાળા ખાસ અષ્ટ વિદ્વાનો મળે તોયે ગ્રામ પંચાયતી સહાય જેવી પણ અવસ્થા હતી, એને અષ્ટાર પરિષદ કહેતા. કાલેલકર

અષ્ટિ ૧. [સં.] પું. આઠ માસનું પશુ.
૨. વિ. અષ્ટે સોકમાં આપી રહેલું.

અષ્ટીતિ [સં.] સ્ત્રી. એંસી અને અષ્ટ; ૮૩.

અષ્ટક [સં.] ન. પાણી મૂકવાનું સ્થાન.

અષ્ટા ૧. પું (સંગીત) એક જાતનો તાલ. ગાતી વખતે તાનમાં જે જુદા જુદા સ્વર કે વર્ણ આવે છે તેમના સમૂહ કે તેનાં અવયવ પખવાજ ઉપર ઠેકાના જે અક્ષર કે પદન વગાડવામાં આવે છે તેમના વર્ણોના સમૂહ જાતિ કહેવાય છે. તેની એક તાલની અગિયાર જાતિ માહેની એક અષ્ટા છે. તેમાં અષ્ટ માત્રા હોય છે અને પરેલી માત્રા ઉપર તાલ આવે છે.
૨. [સં.] પું. (ગણિત) ત્રિશ્રેણિ; અષ્ટ આનુપાતી આકૃતિ.
૩. ન. અષ્ટ ખૂણાવાળું મોતી.
૪. ન. ત્રિકોણ નાટ્યમુદ્રા.

અષ્ટાઅષ્ટક ન. એક પ્રકારનું નાટ્યમુદ્રા.

અષ્ટાકર્ણકરાંકુ પું (ગણિત) આઠ ત્રિકોણાકાર સપાટીઓથી બનેલી ઘન આકૃતિ.

અષ્ટાસ્રભેદ [સં.] ન. એક પ્રકારનું નાટ્યમુદ્રા.

અષ્ટાહાવહ [સં.] ન. એક જાતનું નાટ્યમુદ્રા.

અષ્ટાહ [સં. ત્રિ (અષ્ટ) + અહન્ (દિવસ)] પું. અષ્ટ દિવસ; અષ્ટ દિવસનો સમૂહ.

અષ્ટાહસ્પર્શ ૧. [સં.] પું. દિનક્ષય.
૨. વિ. અષ્ટ દિવસનો સ્પર્શ કરનાર.

અષ્ટાહસ્પૃક [સં. ત્રિ (અષ્ટ) + અહન્ (દિવસ) + સ્પૃક્ (સ્પર્શ કરનાર)] વિ. અષ્ટ સાવન દિવસોમાં જેનો સ્પર્શ થયો છે એવું તિથિ માટે વપરાય છે અષ્ટ વાર્ને સ્પર્શ કરે તેને અષ્ટસ્પૃક કહે છે. એક સૂર્યોદયથી બીજે સૂર્યોદય પહેલાં કોઈ પણ તિથિનો આરંભ થાય, તે સૂર્યોદય પછી તે તિથિનો સમય આશુ રહે, ઉપરાંત તે તિથિ તેની પછીના બીજા દિવસના સૂર્યોદય પછી પૂરી થાય. આવી રીતે જે તિથિનો સમય જોડાયેલો હોય તે તિથિ અષ્ટસ્પૃક કહેવાય છે. જેમકે, સોમવારે ૫૮ ઘડી દિવસે બીજ હોય, ત્યારપછી સૂર્ય અસ્ત વચ્ચે ૧૨ કલાક અંતર પડતાને ૬૫ ઘટિકા હોય તો સોમવારે પરોઢિયાથી ૫૮ ઘટિકા સુધી બીજ રહે. ત્યારપછી ૫૯ મી ઘડી શરૂ થાય તે સાથે સોમવારને જ દિવસે ત્રીજ શરૂ થાય. તે પ્રમાણે બાકીના સોમવારના દિવસની બાકી રહેલી બે ઘડી, મંગળવારની સાઠ ઘડી અને બુધવારે સૂર્યોદય પછી ૬ ઘડી એમ રીતે ૬૫ ઘડી કલાક ત્યારે ત્રીજ પૂરી થાય. આવી ત્રીજની વૃદ્ધિ થઈ. એ રીતે વધેલી તિથિ બાર વારને સ્પર્શ કરે છે તેથી તેને અષ્ટસ્પૃક કહે છે. આવી તિથિ વિવાહ કે યાત્રા વગેરે માટે નિષિદ્ધ છે, પણ સ્નાન, દાન વગેરે માટે સારી મનાય છે.

અષ્ટસ્પૃશા જુઓ અષ્ટસ્પૃક.

અષ્ટાહિક [સં.] વિ. અષ્ટ અષ્ટ દિવસે પ્રગટ થતું.

અષ્ટાહિકારિષ્ટ [સં.] પું. (વૈદક) એક પ્રકારનું ઔષધ. તેમાં ધાવો, ગંધક, હરડે વગેરે આવે છે. દર આઠે દિવસે આવતા તાવ ઉપર તેનો ઉપયોગ થાય છે.

અષ્ટાહીન [સં.] પું. અષ્ટ દિવસમાં બની શકે તેવો એક યજ્ઞ.

અષ્ટાહોઢક [સં.] વિ. જેની પાસે અષ્ટ દિવસ નિર્વાહ પૂરતું ધન રહેતું હોય એવું.

અષ્ટિકા ૧. [સં.] પું. ઈંચર.
૨. ન. એક જાતનું અંજન.
૩. ન. એક પ્રકારનું શરીર.

અષ્ટુરા [સં.] પું. રક્તાભિસરણદ્વાર પાકો. તે એવી જાતનો પાકો છે કે તે પ્રવાહીને એક તરફ જવા દે છે અને બીજી તરફ જતાં અટકાવી દે છે. તેથી તે રક્તને નિયમિત વહન કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

અષ્ટ્ય ન. (સંગીત) તાલના મુખ્ય ૭ ભાગોનું પાંચમું અંગ; ત્રિમાત્ર; બાર માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

અષ્ટાંગ ૧. [સં.] પું. એક જાતનું અંજન.
૨. પું. અષ્ટ કોરીવાળા આકાર; અષ્ટ કોરીવાળું શરીર.
૩. પું. મહાદેવ; શિવ.

અષ્ટાંગુલ [સં.] વિ. અષ્ટ આંગળ પ્રમાણનું; અષ્ટ આંગળનું.

અષ્ટાંજન [સં.] ન. કાલાંજન, રસાંજન અને પુષ્પાંજન એ અષ્ટ અંજન.

અષ્ટાંજલ [સં.] ન. અષ્ટ અંજલિ; ઓકઠા કરેલ અષ્ટ ખોબા.

અષ્ટાંજલિ જુઓ અષ્ટાંજલ.

અષ્ટાંબક ૧. [સં. ત્રિ (અષ્ટ) + અંબક (આંખ)] પું. (પુરાણ) અગિયાર માહેનો એ નામનો એક રુદ્ર; વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ; મહાદેવ; શંકર; અષ્ટ નેત્રવાળા શિવ. તેને સોમ, સૂર્ય અને અગ્નિ એમ અષ્ટ આંખ હોવાથી તે અષ્ટાંબક કહેવાય છે. ત્રીજી આંખથી તેણે કામદેવને બાળીને ભસ્મીભૂત કરેલ હતો.
ત્રિનયન અષ્ટાંબક ત્રિપુરારિ, ઉમા રમાપતિ હોઉં જો જિતારી પૂર્ણાદિ, રુદ્ર રુપાબજ જોઉં. વિનયચન્દ્રસૂરિ

૨. ન. એ નામનું મહાદેવનું આપેલ એક જ્યોતિર્લિંગ.

પુરો બધુ રહિત રોસહના નરટ્ઠે,
રોપું પ્રમાણ રવપુરી પ્રતિ આવનારે;
પહોંચ્યા પછી પરશુરામ પુકારપડ્યિ,
રોપે બરાઈ અતિ ત્ર્યંબક તોડયુ નાખી.

રામાયણસાર

૩. ન. (પુરાણ) એ નામનું યાત્રાનું સ્થળ. તે જનસ્થાનની પાસે આવ્યું છે. નાસિકથી બાર આઠ દૂર ઊંચા પર્વતની તળેટીમાં ત્ર્યંબક ગામ આવેલું છે. અહીં દર બાર વરસે જત્રા ભરાય છે. આ સંબંધે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: આ ગામ બહુ મોટું નથી. અહીં કુશાવર્ત કુંડ ચોતરફથી પાકો બંધાવેલ સુંદર પાટપાળો છે કુંડનું પાણી સ્વચ્છ રહે છે, કેમકે પહાડમાંથી ઝરણાં વાટે આમાં પાણી આવે છે. ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર સામની વચ્ચોવચ્ચ છે. ત્ર્યંબકેશ્વર દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક છે. સામેની દીવાલમાં મહાદેવની મૂર્તિ છે. જ્યારે સમય પૂજા થાય છે, તેમ જ જ્યારે વખત જોગ પરાય છે. અહીં ગોદાવરીનું મૂળ છે, બ્રહ્મગિરિ શિખર ઉપર છે. ગામના મુખ્ય જોવા જાકારથી પહાડમાંથી ઝરણું આવે છે, જ્યાં એક કુંડ છે. ચારેને પત્થરિયાં બાંધેલાં છે. ચારતાં પહાડમાંથી ઝરતાં અનેક ઝરણાં દેખાય છે અને બાંધેલા પત્થરિયાં ઉપરથી પણ ચારમાં ઝરે છે. પાણી શીતળ અને મધુર છે. આ બધાં ઝરણાં એકઠાં થઈ નીચે ગોર્ય રૂપણ ગોર્ય અરપણ રીતે વહેતાં વહેતાં બોડે દૂર જતાં મોટી નદીરૂપ થઈ રહે છે, જે ગોદાવરી નદી છે. આ સ્થળે કાંઠા ઉપર અનેક શિવલિંગો છે. ઉપર દર્શાવેલા ગોદાવરી નદીનું મૂળ જ્યાં છે, તે બ્રહ્મગિરિ શિખર ઉપર ઊંચાણ તથા સીધું ચારતાં ચારતાં ગ્રહેરથી બારથી ૭ માઈલ થાય છે. બ્રહ્મગિરિ પર્વત ઉપર શંકરે જટા ઝાટકોને ગંગાજી પ્રકટ કર્યાનું કહેવાય છે. અહીં ચારમાં કેટલેક ઠેકાણે પત્રરિયાં છે અને કેટલેક સ્થળે કેડીઓ છે. ચારતાં ચારતાં ગંગાદ્વારે પહોંચાય છે, ત્યાં એક નાની કૂરીમાં ગંગાજીની મૂર્તિનાં દર્શન થાય છે. જગ્યા બહુ રમણીય અને સુંદર છે. અહીંથી બ્રહ્મગિરિ ઉપર જવાય છે. બ્રહ્મગિરિ પાસે એક કુંડ છે અને ત્યાં બ્રહ્મગિરિ મહાદેવનું મંદિર પણ છે. બોડે દૂર પાણીમાં ડોતરેલી મહાદેવજીની જટા પણ છે. તે જગ્યાએ બે પત્થર છે, જે પત્થર ઠેઠ ગંગાદ્વાર સુધી નીચેથી ઉપર સુધી રહ્યા છે અને બંનેની સાંધમાં બિસોટારૂપે ગોદાવરી ગંગાદ્વાર સુધી સીધાં નીચે ચાલ્યાં આવે છે. ગંગાદ્વારનો તેમ જ બ્રહ્મગિરિનો આખે સૃષ્ટિસૌંદર્યથી આનંદ ભરપે છે. દૃશ્યની ઘટાઓ, વાંસની ઝાડીઓ, જંગલી રેજબેરેની પુષ્પના ઝોકો, જલપ્રવાહમાંથી ઝરતાં નાનાં નાનાં ઝરણાં એ બધું મનને પ્રફુલ્લિત કરે છે. સામની પાસે જ નીલ પર્વત વગેરે બીજા ટેકરીઓ પણ છે. નીલગિરિ ઉપર બીલેશ્વર મહાદેવ, નીલાંબિકા માતા અને નીલકંઠેશ્વર મહાદેવનાં મંદિરો છે.

૪. ન. એ નામનું શિવનું એક લિંગ.

ત્ર્યંબકપતિ પું. રામ.

ત્ર્યંબકસખા [સં. ત્ર્યંબક (શંકર) + સખિ (મિત્ર)] પું. કુબેર; ધનાધિપ; કિન્નરેશ; વૈશ્રવણ; પૌલસ્ત્ય; નરવાહન.

ત્ર્યંબકા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ત્ર્યંબકી જુઓ ત્ર્યંબા.

ત્ર્યંબકેશ જુઓ ત્ર્યંબકેશ્વર.

ત્ર્યંબકેશ્વર [સં. ત્ર્યંબક (શંકર) + ઈશ્વર] ન. એ નામનું બાર મોટું એક જ્યોતિર્લિંગ. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: ત્ર્યંબકમાં ત્ર્યંબકેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર સામની વચ્ચોવચ્ચ છે. સામેની દીવાલમાં મહાદેવની મૂર્તિ છે. જ્યારે સમય પૂજા થાય છે, તેમ જ ભોજ પરાય છે.

ત્ર્યંબર ૧. વિ. ત્રણ કનિષ્ઠવાળું.
૨. [સં. ત્રિ (ત્રણ) + અંબર (કપડું)] વિ. ત્રણ કપડાંવાળું.

ત્ર્યક્ષાયણ ૧. [સં.] પું. શિશુપાલનો પુત્ર.
૨. પું. શિવનો પુત્ર.

ત્ર્યાદિઅધિક [સં. ત્રિ (ત્રણ) + આદિ (વગેરે) + અધિક (વધારે)] વિ. ત્રણ, ચાર વગેરે અધિક સંખ્યાવાળું.

ત્ર્યાદિઅધિકજ્ઞાનગોચર [સં.] વિ. ત્રણથી ત્રણ, ચાર વગેરે અધિક સંખ્યાનું.

ત્ર્યાયુષ [સં. ત્રિ (ત્રણ) + આયુસ (આયરણ)] ન. બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ પ્રકારનું આયુષ્ય.

ત્ર્યાહજ [સં.] પું. એક જાતનું પક્ષી; વિષ્કિર.

ત્ર્યાહાય [સં.] પું. એ નામનો એક દેશ.

ત્ર્યાહ્નિક ૧. [સં.] વિ. ત્રણ દિવસમાં થનાર.
૨. વિ. ત્રણ દિવસમાં હોનાર કે થનાર.

ત્ર્યાહ્નિકજ્વર [સં.] પું. ત્રણ દિવસે આવતો તાવ; ત્રણ દિવસનો તાવ.

ત્ર્યુદય [સં.] ન. સોમ દ્રવ્ય.

ત્ર્યુષણ [સં.] ન. (વૈદક) સૂંઠ, મરી અને પીપર એ ત્રણ ગરમ દ્રવ્ય.

ત્ર્યૂષણ ૧. [સં.] ન. (વૈદક) ગરમ અનુસાર એક પ્રકારનું ઘી. તે સૂંઠ, પીપર અને મરીમાંથી બને છે.
૨. ન. સૂંઠ, પીપર, અને મરી.

ત્ર્યૂષણા જુઓ. ત્રિકટુ; સૂંઠ, પીપર અને મરી.

ત્ર્યૈણી [સં.] સ્ત્રી. ત્રણ સ્થાને કાબરચિતરા ઠેકાણાવાળી સ્ત્રી.

ત્ર્યૈકરૂપ ન. ત્રણ મળી એક મૂર્તિ.

ત્ર્યૈલોક્યનાથ [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

ત્વગ્દોષાંગમૂલાગ પું. (વૈદક) સંધિવા, ભસવા, પક્ષઘાત, ગિરસ્તંભ વગેરે વાનાં દરદ ઉપર અપાતી એક ઔષધિ. તેની ૨ થી ૩ ગોળી મધ, દૂધ કે પાણી સાથે અપાય છે.

ત્વહેકાવું અ. ક્રિ. કંટરાવું.
તમારી આંખો ત્વહેકાય છે, તમારે સ્વર ઘડાય છે અને શરીર મૂકે છે. સારવતીચંદ્ર

ત્વ ૧. [સં.] વિ. બિજા; અન્ય; બીજું; જુદું.
૨. ન. જાતિવાચક નામ કે વિશેષણ ઉપરથી ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય; તા. જેમકે, દાસત્વ; પુરુષત્વ; અમરત્વ; ગુરુત્વ.

ત્વક ૧. પું. સોળ માંહેનો એક વિકાર.
૨. સ્ત્રી. (તાંત્રિક) ચોસઠ માંહેનું એ નામનું અલંકારનું તત્ત્વ.
૩. [સં. ત્વચ્] સ્ત્રી. ચામડી.
૪. સ્ત્રી. તજ; દાલચીની.
૫. સ્ત્રી. પાંચ જ્ઞાનેન્દ્રિય માંહેની એક; ચામડીની ત્વચા.

ત્વકાર [સં.] પું. તુંકારનું કે એવો ઉચ્ચાર.

ત્વક્ષીરા જુઓ ત્વક્ષીરી.

ત્વક્ષીરી [સં.] સ્ત્રી. વાંસકપૂર; વંશલોચન. બજાળ, મધ્યમાંત, મુક્તાર્ધ અને પૂર્વ હિમાલયનાં જંગલમાં તે થાય છે. તે રક્તિવર્ધક અને ખાસ કરીને ફેફસાંને પોષિત છે. ખાંસી, તાવ, દમ, ટબ્બરિવત અને કમળામાં તે વપરાય છે અને હરસની બળતરા અને જુરસો મંદ પડી હોય ત્યારે પણ અપાય છે. તે દૂધ સાથે ૧૫ થી ૬૦ ગ્રેનની માત્રામાં અપાય છે

ત્વક્ષ્ય [સં.] ન. બખ્તર.

ત્વક્પક્ષ [સં.] પું. પાતળી પાંખવાળો કીડાનો એક વર્ગ.

ત્વક્પત્ર [સં.] ન. દાલચીની; તજ.

ત્વક્પાક [સં.] પું. ચામડીનું પાકવું તે; એક જાતનો ચામડીનો રોગ. તેમાં ચિત્ત અને રક્તદોષને લીધે શરીરમાં ફોલ્લા થઈ આવે છે.

ત્વક્‌શૂન્યતા [સં.] સ્ત્રી. ચામડી ઉપર કાંઈ અસર ન થાય તે રોગ. રક્ષાં કરવાની વચ્ચે

ચામડીને દાઢાની, ઊનાની, કૂણાની કે કઠણની અસર જ પડે નહિ તેને ત્વક્‌સ્થતા કહે છે.

ત્વક્ષ ૧. [સં.] વ કિ. છોલવું; છાલ ઉતારવી.

ત્વક્‌સાર ૧. [સં.] પું. તજ.
૨. પું. વાંસ. તેની છાલમાં જ સાર હોય છે.
૩. પું. શીશમ વૃક્ષ.

ત્વક્‌સારગોદિની [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

ત્વક્‌સારા [સં.] સ્ત્રી. વાંસકપૂર; વંશલોચના; વાંસની છાલના રસનો સાર.

ત્વક્‌સુગંધ [સં.] ન. નારંગી. તેની છાલમાં સુગંધ હોય છે.

ત્વક્‌સુગંધા [સં.] સ્ત્રી. તે નામે એક ગંધદ્રવ્ય.

ત્વક્‌સ્નેહ [સં.] પું. ત્વચામાંથી ઝરતો ચરબી જેવો પદાર્થ.

ત્વક્‌સ્નેહોત્પાદક [સં.] વિ. ત્વચામાંથી ઝરતો ચરબી જેવો પદાર્થ ઉત્પન્ન કરનાર.

ત્વક્‌સ્થાતા સ્ત્રી. તજ; દાલચીની.
૨. સ. કિ. વાઢવું; કાપવું.

ત્વગ જુઓ ત્વક્.

ત્વગસ્થિમાત્રશેષ [સં. ત્વચ્ (ચામડ) + અસ્થિ (હાડકું) + માત્ર (ફક્ત) + શેષ (બાકી રહેલો ભાગ)] વિ. જેમાં માત્ર હાડકાં ચામડાં બાકી રહ્યાં હોય એવું.

ત્વગાક્ષીરી [સં.] સ્ત્રી. વજસોચના.

ત્વગિંદ્રિય [સં.] સ્ત્રી. સ્પર્શની ઇંદ્રિય; ચામડી.

ત્વગ્‌ભાગ [સં.] પું એક જાતનું ચામડીનું દરદ. તેમાં ચામડી કાળી અને બહુ જાય છે.

ત્વગ્‌જ ૧. [સં. ત્વચ્ (ચામડી) + જ (જનું)] ન. ઘેરાવું.
૨. ન. ઓઢી.

ત્વગ્‌દોષી [સં. ત્વગ્‌દોષિન્] વિ. ચામડીના દોષવાળું; ખોડિયું; કોઢવાળું.

ત્વગ્‌દોષ ૧. [સં.] પું. કોઢનો રોગ; ચામડીનો રોગ.
૨. પું. ખરજવું.

દફ્તરખાના કા.મહાર પુ. દફ્તરખાનાનો કારકૂન; ' રેકર્ડ કીપર.'

દફ્તરખાનું ૧. [ફા. દફ્તરખાનહ્] ન. દફ્તર રાખવાની જગ્યા કે ઓરડો.
૨. ન. પુસ્તકાલય; કિતાબખાનું; ' લાઇબ્રેરિ.'
૩. ન. વાંચવા કે અભ્યાસ કરવાનું સ્થળ.

દફ્તરદાર ૧. પું. દફ્તરી કામ કરનારાઓનો ઉપરી અમલદાર.
૨. પું. સરકારી જમાબંદીનો પડીવટ કરનાર અને તેની નોંધ વગેરે રાખનાર અધિકારી; જમાબંદીનો પડીવટદાર.

દફ્તરદારી ૧. સ્ત્રી. દફ્તરદારના હોદાને લગતા કામકાજનો પડીવટ; દફ્તરનું કામ.
૨. ન. દફ્તરદારનું પદ કે હોદો.

દફ્તરનવીસ [ફા.] પું. દફ્તર લખનાર માણસ.

દફ્તરપેટી સ્ત્રી. કામળ, લખવાનાં સાધન કે ચોપડીઓ રાખવાની પેટી.

દફ્તરબંધ પું દફ્તરની મેજમૂક કરનાર અધિકારી.

દફ્તરી ૧. [ફા.] પું કામદી; કામળ તથા લખવાનાં સાધન વેચવાનો ધંધો કરનાર માણસ.
૨. પું. દફ્તર રાખનાર, સાચવનાર કે લખનાર માણસ.
૩. સ્ત્રી. એ નામની ચામડાની એક જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું
૬. વિ. દફ્તર સંબંધી; દફ્તરનો લગતું.

દફ્તરીન ૧. [અ.] સ્ત્રી. ચોપડી બાંધવા માટેનું પાટિયું.
૨ સ્ત્રી પૂઠાનો કાગળ.

દફ્તી ૧. [અ. દફ્તીન] સ્ત્રી. ચોપડી બાંધવા માટેનું પાટિયું.
૨. સ્ત્રી. પૂઠાનો કાગળ; પુઠિયકાગ.

દફ્તીન જુઓ દફ્તી.

દફ્ન [અ.] ન. મુડદાને દાટવું તે; ભૂમિદાહ; દફન.

દફ્નક્રિયા સ્ત્રી. મુડદાં દાટવાનું કામ; દાટી દેવું તે.

દફ્નગાહ ન. કબરસ્તાન; મુડદાં દાટવાનું સ્થળ.

દફ્નાવવું ૧. [અ. દફ્ન] સ. ક્રિ. જમીનમાં બાકી ખોદી અંદર કોઈ ચીજ મૂકી તે ઉપર ધૂળ માટી નાખી બાકી બંધ કરવો; જમીનમાં ખોદી બાકવું; ગાડવું; દાટી દેવું. દફનાવવું એ શબ્દ માણસના શબને જમીનમાં દાટવું એને માટે વપરાય છે. દાટવામાં કોઈ ચીજનો ઘોડો કે પત્તો બાજ જાહેર પણ હોય, પણ દફનાવવામાં કોઈ પણ જાહેર ન હોય અને તે ફક્ત શબને જ માટે વપરાય છે. દફનાવવાની જગ્યાએ દાટવું શબ્દ વપરાય, પણ દાટવાની જગ્યાએ દફનાવવું શબ્દ કદી વપરાતો નથી.
૨. સ. ક્રિ. દૂર કરવું.

દફ્નાવું અ. ક્રિ. દાટવું; જમીનમાં બંધ થવું.

દફ્રમલ્યા ૧. [અ.] પું. રમાવાનું ચામડું.
૨ પું. રમાડ વગરનું ખાલું.

દફ્લ [ફા.] ન. નાનો ઢોલ.

દફ્લા સ્ત્રી. આસામના ઉત્તર ભાગમાં જોવાતી એક જાત.

દફ્લો [ફા.] પું. તબૂરો.

દફ્ર ૧. [અ.] સ્ત્રી. કામઢ બારો; કાપડો.
૨. સ્ત્રી. નાટ.
૩. સ્ત્રી. દફ્રો; 'પેરેમાઇ.'
૪. સ્ત્રી. વર્ગ; વિભાગ.
૫. સ્ત્રી. વારો; વખત.
૬. વિ. દૂર કરેલ; તિરસ્કૃત.

દફ્રાજ્ ન. ઘણું; બહુત.

દફ્રાતેં [અ. દફ્રાત] ન. રમવાપરવીને બનેલા બનાવોની ટાંચણી કે નોંધ.

દફ્રાદાર જુઓ દફ્તરદાર.

દફ્રાદારી જુઓ દફ્તરદારી.

દફ્રિના [અ.] ન. ઢાંકેલ ધન; દફન કરેલું ધન.

દફ્રીના જુઓ દફ્રિના.

દફ્રે ૧. સ્ત્રી. વાર; વખત
૨ ન. આમતેમ ફેંદી નાખીને માંડી વાળવું તે.
૩. ન. દૂર કરેલું તે; ટાળવું તે.
૪. વિ. નાશ કરેલું.
૫. વિ. પતાવેલું; પરિપૂર્ણ કરેલું; માંડી વાળેલું.
૬. જિ પ્રમાણ અર્થ આમતેમ ખોદવું; વીખેરી નાખેલું.
રફેદફે કરવું = (૧) આડુંપાડું કરવું. (૨) દૂર દૂર કરી નાખવું; કામમાં આવે નહિ એમ દૂર પાડી નાખવું.
૭. અ. જલ્દી; ઝડપથી રીતે; સાથે.

દફ્રે કરવું ૧. [અ.] સ. ક્રિ. અટકાવવું.
૨. સ ક્રિ. આડુંપાડું કરવું; દૂર કરવું; વેગળું કાઢવું.
૩. સ. ક્રિ. કાઢી નાખવું.
૪. સ. ક્રિ. દાટવું; દફન કરવું.
૫. સ. ક્રિ. પાયમાલ કરવું; બેરડીયેર કરવું.
૬ સ ક્રિ. પૂરું કરવું; નાશ કરવો.
૭. સ. ક્રિ. કાઢી નાખવું.

દફ્રેદાર ૧. [અ. દફ્અહ્ (કામ) + દાર (વાળું)] પું. બરકરી સિપાઈઓની નાની ટુકડીનો ઉપરી.
૨. પું શહેર પોલીસમાં ઊંચા દરજ્જાનો સિપાઈ; પોલીસ ખાતાનો અમલદાર.

દફ્રેદારી ૧. સ્ત્રી. દફ્રેદાર તરીકે કામ કરવું તે; દફ્રેદારનું કામકાજ.
૨. સ્ત્રી. દફ્રેદારના હોદાનું કામ.
૩. સ્ત્રી. દફ્રેદારનો અધિકાર કે હોદો.

દફ્રેરફે ૧. સ્ત્રી. કરજની પતાવટ.
૨. સ્ત્રી. અવસ્થા.
દફ્રેરફે કરવું = (૧) આડુંપાડું કરવું. (૨) કામમાં ન આવે એમ દૂર પાડી નાખવું.

દફ્રેવા ૧. [અ.] પું. અટકાવવું તે.
૨. પું. પ્રતિબંધ.
૩. પું. પાછું કાઢી મૂકવું તે.

દફ્રોળ વિ. બેવકૂફ; મૂર્ખ; કામઢાઉ; ન સમજે તેવું.

દફ્રોળચંદ ૧. પું. ખરો.
૨. પું ઢોંગ; મૂર્ખ; ઠોઠ આદમી.
૩ વિ. મૂર્ખ; કામઢાઉ.

દબક સ્ત્રી ધાતુ વગેરેને સાંધી કરવાની કે દીપવાની ક્રિયા.

દબકગર પું ધાતુના તાર ખેંચનાર માણસ.

દબકન ૧. સ્ત્રી. ગીચ ઝાડી.
૨. સ્ત્રી. સંતાવાની જગ્યા.

દબકની જુઓ દબકન.

દબકર [ફા.] સ્ત્રી. ભાગ.

દબકવું ૧. સ. ક્રિ. તાર દીપવો.
૨. સ. ક્રિ. નજર ચૂકવીને નાસી જવું.
૩. સ. ક્રિ. સંતાડવું.

દબકાવવું સ. ક્રિ. સંતાડવું.

દબડી સ્ત્રી. કુલડી.

દબકેલ ૧. પુ. લાંઠકીનું ટોળું.
૨. પુ. સમૂહ; જથ્થો.

દબગર ૧. [હિ.] પું. ગામડાંના કૂવા બનાવનાર માણસ
૨. પુ. ઢાલ બનાવનાર માણસ, ડબગર.

દબચવું જા. ક્રિ. છુપાવવું; સંતાડવું.

દબઝ [ફા.] વિ જાડું; પ.

દબટાવું અ. ક્રિ. દબાવું.

દબડામણી (દબામણી) જી. દબાવવું તે; ખોટી રીતે ડર બતાવવો તે.

દબડાવવું (દબાવવું) ૧ સ. ક્રિ. દાબીને કે ચાંપીને ખાવું.
૨. સ. ક્રિ. ધમકાવવું; ધમકી આપવી; તતડાવવું.
૩ સ ક્રિ. સત્તાના જોરથી દમ દઈ ગભરાવવું કે ડરાવવું.
૪. સ. ક્રિ. ઢબકું પાડવું.
૫. સ. ક્રિ. હોડી હંકારવી, ડબકારવું.

દબડાવું (દબાવું) અ. ક્રિ. ભયભીત થવું, બી જવું.

દબડી (દબડી) જી. નાનું દબડું.

દબડું (દબડું) ૧. ન. આમડાની કુંડલી.
૨. ન. ટેકું; ઓસલું.
૩. ન. દાબડી; ડાબલી.

દબડૂબુસડૂ (દબડૂબુસડૂ) ૧. [હિ.] વિ. છૂપું; સંતાડી રાખેલું.
૨. વિ. કરપોક; બીકણ.
૩. વિ. પરતંત્ર; પરાધીન.
૪. વિ. લાચાર; નિરુપાય.

દબડ્યાકોરડો (દબડ્યોકોરડો) જી. સોનગઢ તરફ રમાતી એ નામની એક રમત; દમગોટીઓ.

દબદબાભરેલું ૧. વિ. ઠોળવાળું; આડંબરી.
૨. વિ. પ્રભાવશાળી; ગૌરવાન્વિત; ઐશ્વર્યવાન.
૩ વિ. બળકાટદાર; વૈભવશાળી.

દબદબો ૧. [સં. દબ્દબ] પું આડંબર; ઠોળ.
૨. પું. ગૌરવ; પ્રભાવ; વિભૂતિ
૩. પું. પેટમાંનું અપરિપક્વ અન્ન; અપચો; અજીર્ણ; અદહજમો.
૪. પું. મોઢાની કે પહેરવેશની શોભતી ઢાંકમાંક; બાપદો, ઠમામ; વૈભવ; બાહોબજાવી; ધામધૂમ.

દબબેડબડ (દબબેડબડ) જી. પૂનામાં બની એક જાતની બબ્બે રેસાવાળી કેરી. તેનો રંગ લાલ પીળો અને રસ કેસરિયો પીળો અને બહુ મીઠો હોય છે.

દબમો [હિ.] પું. હિમાલયમાં થતો એક જાતનો મૃગ.

દબરદીંગ વિ. જાડું અને કદરૂપ, બેડોળ.

દબરા ૧. ન. બાબોચિયું.
૨. ન. પાસવાળા ભીની જમીન.
૩. ન. નાનું ખેતર

દબલી જી. દાબડો.

દબવું ૧. અ. ક્રિ. દબાઈ જવું; દબાવું
૨. અ ક્રિ. નરમ પડી જવું; રૌદ્ર પડવું; ધમકીથી અધીન થવું, નમવું; તાબે થવું

દબ્બો પું. જલાલી જરપા રૂપિયા જેવડા ચાંદીનો એ નામનો એક સિક્કો

દબંગ ૧. પુ. ધિક્કાર; મરજાદી માણસ.
૨. પુ. સીરજોર કરનાર પુરુષ.
૩. વિ. અસભ્ય; બરાબ રીતભાતવાળું; ઉદ્ધત.
૪. વિ. કજિયાખોર.
૫. વિ. મૂર્ખ; ગમારફક્કડ

દબા ૧. [હિ.] સું. છાપું અખબાર.
૨. પુ. જમીન ઉપરનું પટ.
૩. પું. ઝાડી

દબાઈ જા., દબાણ, દાબ.

દબાઉ ૧. વિ. ચારમાં બાજીના બાજીમાં વધારે બારવાળું.
૨. વિ. દબાવનાર; દબાવે એવું.

દબાણ ૧. ન. અંકુશ; અંકુશની અસર; કોઈ પણ જાતના અંકુશથી દબાઈ રહેવું તે.
૨. ન. આગ્રહ; ઓસ; કોઈને દબાવીને કહેવું તે.
૩. ન. આહાર નીચે હોવાપણું; કોઈએ કરેલા ઉપકારથી ઋણમાં તે.
૪. ન. ઉપર બારબોજ હોય તેવી હાલત.
૫. ન. ઉપરનું જોરદાર ઢાંકણ.
૬ ન. કોવત; જબરાઈ; બળ.
૭. ન. દબાવવાને માટે વસ્તુ ઉપર મૂકવાનું વજન; ભાર; બોજો.
૮. ન. ધમકી.
૯. ન. સંયમ; નિરોધ.

દબાણમાપક વિ. દબાણનું પ્રમાણ બતાવનારું

દબાણમાપકયંત્ર ન. કેટલું દબાણ છે તે બતાવનાર યંત્ર.

દબાતા ન. બાપખાનું

દબામણ ૧. ન. આગ્રહ.
૨. ન. કોઈ વસ્તુ દબાવરાવવાને માટે આપવું પડતું લવાજમ; દબાવવાનું મહેનતાણું.
૩. ન. દબાવું કે તાબે રાખવું તે.
૪. ન. દબાવવાની વસ્તુ કે બોજ; દબાણ; વજન.
૫. ન. ધાસ્તી; ધમકી, દાબ.

દબામણી જુઓ દબામણ.

દબાયેલ ૧. વિ. દબાણ નીચે આવેલું.
૨. વિ. દબેલું; અણબાર નીચે આવેલું

દબાયેલું જુઓ દબાયેલ.

દબાવ ૧. પુ કાબૂ; અંકુશ
૨ પું ભાર
૩. પું. જોર, તાન.
૪. પુ. દબાણ, ભાર; વજન.
૫. પું. દબાવવાની ક્રિયા; આપ.
૬ પુ સત્તા.

દબાવવું ૧ સ ક્રિ. નમ્ર કરવું; બોસ કરી; કરજ પાડવી, શરમમાં નાખવું
૨ સ. ક્રિ. આભાર લેવો; બદલે પાડવું.
૩ સ. ક્રિ. ઢબકવું; દાબીને કે ચાંપીને બાવું.
૪. સ ક્રિ. કોઈ બીજ ઉપર વજન કરવું.
૫ સ ક્રિ કોઈ વાતને ફેલાવા ન દેવી.
૬. સ ક્રિ. કોઈની બીજ ઉપર અન્યાયથી પોતાનો અધિકાર બેસાડવો; બળજે કરવું; તાબે કરવું.
૭. સ ક્રિ. કોચવવું; મંત્રવવું; ગભરાવવા
૮ સ ક્રિ. છીનવી લેવું.
૯. સ. ક્રિ. દબડાવવું; ધમકી આપવી; ધાસ્તી આપવી; દહેશત લગાડવી; ડરાવવું; ધુરકાવવું.
૧૦. સ. ક્રિ. દાબવાનું કામ બીજા પાસે કરાવવું, દાબવાનું કામ કરવા કોઈને પ્રેરવું.
૧૧. સ. ક્રિ. નીચું વાળવું
૧૨. સ. ક્રિ. બળવો શમાવવો
૧૩. સ. ક્રિ. ભાર તળે મૂકવું; ચાંપવું; ચાપટ થાય તેમ કરવું; ઉપરોલું કોય તેને નીચે બેસાડવું; ચોક્કા વિસ્તારમાં સમાવવું; ચગદવું. અંદર ઠાંસવું; જોરથી કોઈ બેસાડવું.
૧૪. સ. ક્રિ. વધારે જોસથી હાંકવું.
૧૫. સ. ક્રિ. ઘાત કરવું; નિગ્રહ કરવો.

દબાવું અ. ક્રિ. દાબવાની ક્રિયા થવી.

દબાવો પું. દાબ; દબાણ.

દબિસ્તાન જી પ્રાથમિક શાળા.

દબિગ ૧. [હિ.] વિ. અસભ્ય, બેશરમ.
૨. વિ. દુરાચારી.

દબીઝ [ફા.] વિ. જાડું; સ્થૂળ.

દબીર ૧. [ફા.] પુ મહારાષ્ટ્રના બ્રાહ્મણની એક ઉપાધિ.
૨. પું. મંત્રી
૩. પું. મુનશી, સિક્રેટરી
૪. વિ. મુક્તિ આપનાર.
૫. વિ. સમજાવનાર.

દબૂર ૧ [અ.] પું. પવનની લહેર.
૨. પુ. પશ્ચિમનો પવન.

દબૂસ [અ.] પું. બદો; ઠેબું; સોટો.

દબૂસો ૧. [હિં.] પું. વહાણની પ્રજિત.
૨. પું. વહાણનો પાછલો ભાગ.

દબેલું વિ. ડામોડી; ડામોડિયું; કોઈ પણ કાર્યમાં ટાપો હાથ વધારે ફાવતો હોય એવું.

દબેલ ૧. વિ. અધીન, તાબાનું; તાબેદાર.
૨. વિ. આભાર તળે આવેલું; ઓશિંગણ; ઓશિયાળું; કોઈના ઉપકારમાં હોય એવું.
૩. વિ. ડરી ગયેલું; ધાસ્તી પામેલું.
૪. વિ દબાયેલું; દબી ગયેલું.
૫. વિ. નબળું.

દબેલું જુઓ દબેલ.

દબેર જુઓ દબેલ

દબોચવું ૧. સ. ક્રિ. કોઈને અચાનક પકડીને દબાવી દેવું; ગળું દબાવવું, ગળચીપ દેવી.
૨. સ. ક્રિ. સંતાડવું.

દબોટો પું. એક જાતની આંબ.

દબોલ [હિં.] પું. ચકમક; અગ્નિપ્રસ્તર; ચકમકનો પથ્થર.

દબ્બા ૧. [અ.] પું. જમીનનું ઉપરનું પડ.
૨. પું. તેલ ભરવાનું ચામડાનું ડાબ.

દબ્બાઘ પું. ચમાર; ચામડાં રંગવાનો ધંધો કરનાર માણસ; ચામડિયો

દબ્બૂ ૧. [હિં.] વિ. ડરપોક; બીકણ; ભાયલું.
૨. વિ. દબાઈ ગયેલું.

દભ્ ૧. [સં.] સ. ક્રિ. કપટ કરવો; પીડા કરવી.
૨. સ. ક્રિ ઊતરવું, ઠગવું.
૩. સ. ક્રિ. ઠગારવું.

દભ ૧. સ્ત્રી. એ નામની સંપીની એક જડક.
૨. ન. એ નામની જડકનું માપુસ.
૩. વિ. એ નામની જડકનું.

દભ્ભ વિ. ઊંડવું છૂટે નહિ એવું; મજબૂત; કાણ.
અહતા મમતાની દભ્ભ ગાંઠો તારી ભગ છે.
કોપનિષદ ભાષ્ય

દભ્ર ૧. [સં.] પુ. સમુદ્ર.
૨. વિ. ગોટું; અલ્પ

દભ્રા [સં.] સ્ત્રી. ઉત્તર દિશા

દમ ૧. [સા. દમીદન (શ્વાસ લેવો)]
પુ. આકાંક્ષા; ઇચ્છા.
૨. પું. (પુરાણ) આંગિરસ નામનો દેવ.
૩. [સં.] પું. ઇંદ્રિયોને દમવી કે તાબે રાખવી તે; ઇંદ્રિયનિગ્રહ; ઇંદ્રિયદમન; બાહ્યવૃત્તિનો નિરોધ; વૃત્તિ માત્રને અટકાવી અંતર્મુખ કરવી તે; પ્રસન્નદૃષ્ટિ. ઇંદ્રિયો પોતાના દુર્ગુણો ન છોડે તો તેને મનની ઉપર હઠ કરી બળજબરીએ રોકીને તેમના દોષો શાંત કરવા તેને દમ કહે છે.
૪. પું. ઉત્સાહ; ખત.
૫. પું. (પુરાણ) એ નામના એક ઋષિપુત્ર.
૬. પું. ઔષધિમાંનો અસર કરનારો ગુણ; રસ.
૭. પું. કબજો; ગળ; કાબૂ.
૮. પું. કામ દેવાની શક્તિ.
૯. પું. શ્વાસ; ઘળ; મિનિટ; એક વાર શ્વાસ લેવામાં લાગતો વખત.
ધમ દમ = (૧) બડબડ; ઝટ; તરત. (૨) દમણા જ. (૩) દમેલ.

૧૦. પું. ખામોશ; સબૂરી; ધીરજ; ક્ષમા.
૧૧. પું. ગરમી.
૧૨. પું. ગૃહ; ઘર.
૧૩. પું. જાતીનો એક તીક્ષ્ણ રોગ; શ્વાસ; હાંફણ. જ્યારે તે ઊપડે છે ત્યારે દરદીનો શ્વાસ ઘૂંટાય છે અને તેને પોતાના હાથ ઉપર જોર રાખી પણ બેસવી શ્વાસ લેવો પડે છે. તેનાથી સ્પષ્ટ બોલચાલ થઈ શકતી નથી. દમ સાધારણ રીતે રાત્રિના પાછલા પહોરમાં ઊપડે છે. ફેફસાંમા કંઈ ખરાબી જવાથી શ્વાસ લેવા મુશ્કેલી પડે છે. બ્રોન્કાઇટિસની દિવા લોહીઝિ તેથી વધારે માઠે તેને દમનો રોગ કહેવામાં આવે છે. બારી, ફેફસાંનો સોજો, કૃમિ, રક્તાશયનું દરદ વગેરેમાં પણ શ્વાસ જણાય છે. તે મટાડવા સારું, મરી, પીપર તથા હરડેનું ચૂર્ણ આપું. સરસિયું તેલ તથા ગોળ ૨૧ દિવસ આપવાં. બકરીનો રસ તથા પીપર કે કસ્તૂરી અને જોરીમબનો ક્ષીરો આપો.
૧. દમ ચાલ્યો = (૧) દમના રોગવાળાને દરદનો હુમલો થયો. (૨) શ્વાસ જલદી ચાલવો; હાંફવું
૨. દમ થયો = દમનો રોગ થયો.

૧૪. [સં. દંશ] પું. ઉત્તરપિડિ પ્રપંચ.
૧. દમમાં આપવું = ઊતરવું.
૨. દમમાં લાવવું = (૧) જાળમાં ફસાવવું. (૨) લલચાવવું.

૧૫. પું. જિંદગી.
૧૬. પું. જોર; કૌવત; શક્તિ; બળ; પાણી; સત્ત્વ.
૧. દમ કાઢવો = (૧) ઉતાવળ કરાવવી. (૨) કટાળો આપવો; થકવી નાખવું. (૩) બહુ શ્રમ કરાવી હેરાન નાખવું. (૪) સતાવવું; સતાપવું.
૨. દમ જોવો = શક્તિ જોવી.

૧૭. પું. જોરથી ચલમ કે બીડીની ફૂંક લેવી તે; જોરથી ધુમાડો ખેંચવો તે.
૧. દમ લગાવવો = બીડી પીવી.
૨. દમ લાગ્યો = (૧) અસર આવી. (૨) બીડી પીવી.

૧૮. [ફા.] પું તલવારની ધાર.
૧૯. પું. દમન; નિગ્રહ.
૨૦. પું. દંડ; શિક્ષા; સજા.
૨૧. પું. ધમકી; ડરામણી
૨૨. પું. ધીમા તાપ નીચે બફાવવું કે પકાવવું તે.
દમ કરવું = રસોઈ બફાવા પકાવા પછી તેને ધીમે તાપે પકાવવી.

૨૩. પું. પાણીનો ઘૂંટડો.
૨૪. પું. પ્રાણવાયુ; જીવ.
૨૫. પું. ગુલતુ એક નામ.
૨૬. પું. ભારભોજ; તોલ; વજન; કિમાળ; ઉપરનું જોર; બાપડો.
૧. દમ ભરાવવો-બિડાવવો = (૧) ખાલી કિમાળ દેખાડવો. (૨) દબડાવવું; ધમકાવવું; ધાસ્તી આપવી.
૨. દમમાં ને દમમાં ક્રમ લેવું = બાકી કિમાળથી ચલાવી લેવું

૨૭. પું. (પુરાણ) ભીમક રાજાનો એ નામનો પુત્ર; દમયંતીનો એ નામનો ભાઈ.
૨૮. પું. મનની સ્થિરતા કરવી તે.
૨૯. પું. (પુરાણ) મરુત રાજાનો એ નામનો પૌત્ર. તે અર્જુની દીકરી ઉદ્ગ્રેનાના ગર્ભમાં ઉત્પન્ન થયો હતો. કહેવાય છે કે તે નવ વર્ષ સુધી માતાના ગર્ભમાં રહ્યો હતો. તેનો પુરોહિત સમજી ગયો હતો કે જેની માતાને આ પ્રમાણે નવ વર્ષ સુધી ઇંદ્રિયદમન કરવું પડ્યું છે તેનું બાળક પણ બહુ જ દમન કરનારું હોવું જોઈએ તેથી તેણે તેનું નામ દમ રાખ્યું હતું તે વેદ વેદાંગમાં બહુ પ્રવીણ અને ધનુર્વિદ્યામાં બહુ પ્રવીણ હતો.
૩૦. પું. બાલ; બાળ સત્ત્વ.
૩૧. પું. બાલસ્વાન.
૩૨. [અ.] પું. હોડી.
૩૩. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. અર્વાચીનભાષામાં ઇંદ્રિયોનું દમન કરનારા, અપરાધીને દંડ દેનારા, પાપીઓને યમયાતના અને નરકવાસની શિક્ષા કરનારા, ઇંદ્રિયોને જીતવા માટે ક્રમદમ નામનું સાધન બરાબર જ છે.
૩૪. પું. વિસામો; આરામ.
૧. દમ આપવો-દેવો = (૧) આરામ દેવો. (૨) મંજૂર કરવી. (૩) જાળમાં ફસાવવું. (૪) જીવતું કરવું. (૫) કુ ખ દેવું. (૬) ધમકી આપવી; સજાની બીક બતાવવી; ધમકાવવું; ધાસ્તી આપવી. (૭) ધીમા તાપ નીચે પકાવવું. (૮) પોતાને પાણી ચડાવવું (૯) પ્રેમમા પડવું. (૧૦) મરી જવું (૧૧) ગોઠ બદલવો. (૧૨) લલચાવવું

દમડી

૨. દમ ધરવો = (૧) શ્વાસ ખાવો; વિસામો લેવો; અટકવું. (૨) ધીરજ ધરવી; હિંમત રાખવી.

૩૫. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો પૌત્ર અને નરિષ્યંત રાજાના બે ભાઈનો એક પુત્ર. તેના પુત્રનું નામ તૃણબિંદુ રાજર્ષિ હતું.

૩૬. પું. શાંતિ રાખવી તે; દમ; શાંતિગુણ.

૩૭. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૩૮. પું. શ્વાસ; જીવન; જીવન; પ્રાણ.

દમ ભય ને હોય વાગે,
ને લોહ ખાડે જે વિનાશ;
ભય આવ્યે ભાગ પીને,
ઓહલે કર્યા દીયા.

ઈંદુકસંગ્રહ

૧. દમ અટકવો = શ્વાસ બંધ પડવો; મરી જવું.

૨. દમ ખાવો-પડવો = (૧) શ્રમ ખાવો, હેરાન કરવું. (૨) ખીમ્મા તાપ નીચે પકાવવું (૩) ધીરજ ધરવી; સબૂરી રાખવી. (૪) વિસામો ખાવો; વિશ્રાંતિ લેવી; થાક ખાવો. (૫) શાંત રહેવું; ચૂપ થવું. (૬) શાંતિથી સહન કરવું. (૭) શૈદ ખાવી; મરી જવું. (૮) શ્વાસને ધીમો પાડવો.

૩. દમ ચોરવો = ભણીગણીને શ્વાસ ફૂંકવો.

૪. દમ ચોરાવવો = (૧) કામથી ભાગે ભાગવું. (૨) મરી જવેલ જેવો હોંશ કરવો. (૩) ભાન ભુલાવવો.

૫. દમ છોડવો = (૧) આશા, વિશ્વાસ કે હિંમત છોડી દેવી; હિંમત હારી જવી. (૨) મરી જવું.

૬. દમ જવો = શ્રમ ઊતરવો; થાક ખમવું.

૭. દમ તૂટવો = (૧) મરી જવું. (૨) શ્વાસ ખેંચવાની શક્તિ ન હોવી.

૮. દમ તોડવો = અંત ઉપર હોવું; છેલ્લી ઘડીએ હોવું.

૯. દમ નાકમાં આવવો = બહુ દુઃખી થવું; બહુ તંગ કે પરેશાન હોવું.

૧૦. દમ નાકમાં લાવવો = બહુ કષ્ટ દેવું, પરેશાન કરવું.

૧૧. દમ નીકળવો-નીકળી જવો = (૧) શ્રમ ઊતરવો; મરી જવું. શ્વાસ અટકી રહેવો. (૨) પ્રેમ માટે મરવું. (૩) ભેગા થવું કે ઉપર આવી જવું. ઠેકાણે જવું; થાકો જવું

૧૨. દમ ભરવો = (૧) કોઈ પણ સ્વરનું ઉચ્ચારણ કરતા રહેવું. (૨) ધમકી જવું. (૩) માનવું; કબૂલ કરવું

૧૩. દમે મૂકવો = મરી જવું

૧૪. દમ રમી જવો = પ્રાણ નીકળી જવા; મૃત્યુ થવું.

૧૫. દમ લેવો = (૧) ખૂબ સતાવવું; દુઃખ દેવું, હેરાન કરવું. (૨) થકવી નાખવું. (૩) ધીરજ ધરવી. (૪) શાંતિ લેવી; શાંતિથી રહેવું. (૫) શ્વાસ ઊંચો નીચો કરવો. (૬) શ્વાસ ઘાટી નાખવો.

૧૬. દમ સૂટાવો = બહુ જ જલને લીધે બિલકુલ ચૂપ થઈ જવું; બહુ જ બીકને લીધે શ્વાસ પણ ન લેવો; જલને લીધે સ્તબ્ધ થઈ જવું.

૧૭. દમમાં દમ આવવો = (૧) મૂર્છા જવી. (૨) સદ્ગુણ થવું.

૧૮. દમી જવું = થાકી જવું

૩૯. પું. પ્રાણોચ્છ્વાસ; પ્રાણીઓની નાક વાટેની હવાની લેણ-દેણ

૧. દમ ઊલટવો = (૧) ગભરાવું. (૨) મૂંઝાવું.

૨. દમ ખેંચવો = (૧) મંજાની ચલમ પીવી; બીડી પીવા માટે શ્વાસ ખેંચવો. (૨) ચૂપ રહેવું. (૩) ખુટકારાનો શ્વાસ લેવો. (૪) શ્વાસ ઉપર ચડાવવા.

૩. દમ ઘૂંટવો = (૧) મૂંઝાવું. (૨) શ્વાસ રોકવો; શ્વાસ અંદર ઘૂંટવો; શ્વાસને અંદર રોકવો.

૪. દમ ચડાવવો = શ્વાસ અંદર ખેંચવો

૫. દમ તાણવો-ખેંચવો મારવો = (૧) ચૂપ રહેવું; (૨) ચૂપકીથી સહન કરવું

૬. દમ પીસવો = શ્વાસ ઘૂંટવો; શ્વાસ અંદર રોકવો.

૭. દમ બાંધીને કામ કરવું = ખરા હૃદયથી કામ કરવું

૮ દમ બાંધીને ચાલવું = ઉતાવળે ચાલવું.

૯. દમ ફૂંકવો = શ્વાસ અંદર ઘૂંટવો; શ્વાસને અંદર રોકવો

૧૦. દમ લઈ નાખવો = સંતાપવું; હાયર કરવું; સતાવવું; દુઃખ દેવું.

૧૧. દમ સાધવો = (૧) ધાર્મિક ક્રિયા માટે કલાકો સુધી શ્વાસ ફૂંકવો; શ્વાસની ગતિને રોકવી; શ્વાસ રોકવાનો અભ્યાસ કરવો. (૨) મૌન પાળવું; ચૂપ રહેવું.

૪૦. પું. સદ્ગુણ. અસાર્થ.

૪૧. પું. (પુરાણ) ઓનો સંગ કરતાં જ તમારું મૃત્યુ મરો એવો પાંડુ રાજાને શાપ દેનાર એ નામનો ઋષિકુમાર.

૪૨. પું. હિંમત; ધૈર્ય; ધૃતિ.

દમ ભીડવો = હિંમત બતાવવી.

૪૩. પું. ફુંપદ; અહંકાર.

૧. દમ આવ્યો = (૧) અભિમાન કરવું; બીક દેખાડવી; ડોળ કરવો. (૨) બાંધે કે ચરસ વગેરેને ચલમ ઉપર રાખી તેનો ધુમાડો ખેંચવો. (૩) થાક ખાવો. (૪) ધીરજ રાખવી. (૫) શ્વાસ રોકવો; શ્વાસ અંદર ઘૂંટવો

૨ દમ રાખવો = (૧) તન, મન કે ધનના બળનું અભિમાન રાખવું. (૨) થાક ખાવો. (૩) ધીરજ કે હિંમત રાખવી. (૪) રૂઆબ દેખાડવો; ડોળ પાડવો કે રાખવો. (૫) શ્વાસ અંદર ઘૂંટવો

દમક I સ્ત્રી ઝગમગ, ચમક, તેજનું ઝબકારીને, ઝબૂક, ધમક

૨ સ્ત્રી સ્ફૂર્તિ

૩. વિ. દબાવનાર; રોકનાર.

૪. વિ. પાગનાર

૫. વિ. પીડનાર; દુઃખ દેનાર; દમન કરનાર; શિક્ષા કરનાર.

૬. વિ. શાંત કરનાર

દમકડું (દમકડું) ન. ગાડામાં નાખવાનો લાકડાનો પાતળો ગાળ ટુકડો

દમકત પું. ઝીણીનો ચમકારો.

દમકદમ I પું. જીવ; ચૈતન્ય; પ્રાણ.

૨. પું. હયાતી; અસ્તિત્વ.

દમકદાર જિ. દમકવાળું; તેજસ્વી

દમકલ I. પું. આગ હારવાનું યંત્ર; બંબો; પંપ. તેમાં ઝોર કરતાં પાણી નળ દ્વારા પાછળથી હવાના દબાણથી ઉપર ફેંકવામાં આવે છે.

૨ પું. બજન કિંમતનો સમો; 'કેન.'

દમકલ્પ I. ન. દમકલના સિદ્ધાંત ઉપર બનાવવામાં આવતું એક મોટું પાત્ર. તેના વડે મોટી મહેફિલમાં સોડા ગુલાબજળ કે રંગ આદિ છાંટે છે.

૨. બહુવ્રી દમકલ.

દમકવું I. અ. ક્રિ. અવાજ થવો; વાગવું.

દમદમાટ દહદમ દમકાટ,
દમદમ દમદમ દમ દમકાર. મંજર

૨. અ. ક્રિ. ઝળકવું; ઝબકવું; ચમકવું; પ્રકાશવું; તેજ મારવું

૩. અ. ક્રિ. સત્તા કે વગવગણી ઠકાઈ હોવું.

૪. અ. ક્રિ. ફફડવું.

દમકની [કા. દમકણી] સ્ત્રી. શ્વાસ ફૂંકવો તે

દમકા [હિ.] પું. નાની ટેકરી; નાનો કુંવર.

દમકાર પું. ચમકવું તે; અવાજ થવો તે

ઢાલ મારદંગ દમકારથી
જેવી પુરુષ ઓપાસ. શા.મા.

દમકાવવું જ ક્રિ. દમકે એમ કરવું.

દમકી સ્ત્રી. તેજ; ઝબકારો

દમખમ (દમખમ) [હિં.] પું. નાકમાં વપરાતો હાકડાનો ગોળ પાતળો ટુકડો

દમખમ ૧. પું. જીવનશક્તિ; પ્રાણ.
૨. પું. તલવારની ધાર કે તેનો ઝુકાવ.
૩. પું. તલવારની ધારનું પાણી.
૪. [ફા.] પું. દૃઢતા; મજબૂતી.
૫. પું. શક્તિ; બળ.

દમગાજ ન. મોટી સવારીની ધમાલ.

દમગોટીલો પું. એક જાતની દેશી રમત; અડિયુંદડિયું; અડીદડી; આદમજાતો કોરડો; કોરડો મુકામણી; ગોટીલો; ગોટેગોટા; ચેતનબોડી; ટોપી છુપામણી. તગતગડી; દબદબ કોરડો; ધમકોરડો; ધમાલગોટો. આ રમતમાં દાવ આપનાર સિવાય બાકીનાં છોકરાં એક ગોળ કૂંડાળામાં નીચું મોં રાખી બેસે છે. દાવ દેનાર એક ગોટીલો હાથમાં લઈ પોતાના પહેરેલા ગૂદામાં સહેજસાજ સંતાડી કૂંડાળામાં બેઠેલાં છોકરાંઓની પાછળ ફર ફર કોરડો ફટકાવતો જાય છે તેને ચમકાવવા એમ બોલતાં બોલતાં ગોળ ચક્કરમાં ફરે છે અને કોરડો કોઈની પાછળ મૂકતા પહેલાં કોઈ રમનાર ફરીને પાછળ જુએ તો તેને કોરડો મારે છે. એ પ્રમાણે ફરતાં ફરતાં કોઈ રમનારની પાછળ તે જલ્દી નહિ એમ કોરડો મૂકે છે. પછી આડો ફરી ત્યાં કોરડો મૂકયો હોય ત્યાં આવી બેઠેલા છોકરા કે છોકરીને કોરડો મારે છે, એટલે તેના ઉપર દાવ આવે છે અને કોરડો મારનાર તેની જગ્યાએ બેસે છે

દમઘોષ પું. (પુરાણ) મહાભારત કાળનો ચેદિ દેશનો રાજા અને શિશુપાળનો બાપ. તે વસુદેવની બહેન શ્રુતશ્રવાને પરણ્યો હતો. તે દમયંતીનો ભાઈ હતો. તેનું બીજું નામ શ્રુતશ્રવા પણ હતું.

દમઘોષજ [સં.] પું. શિશુપાળ.

દમઘોષપુત્ર [સં.] પું. શિશુપાળ.

દમઘોષસુત [સં.] પું. શિશુપાળ.

દમચા [હિં.] પું. ખેતરના ખૂણા ઉપર બાંધવામાં આવેલ માચણ. તેના ઉપર બેસી બેડૂત ખેતરનું રખોપું કરે છે.

દમજેડા (દમજેડા) [હિં.] સ્ત્રી. તલવાર.

દમજની [ફા.] સ્ત્રી. બાયલો ધારણ કરવી તે.

દમજાંસા [હિં.] સ્ત્રી. ખેતરપિડી; જબકપટ.

દમડા (દમડા) [હિં.] પું. રૂપિયા; ધન; દ્રમ; દોલત.

દમડી (દમડી) ૧. સ્ત્રી. એ નામનું એક પક્ષી; મોલચીલ.
૨. સ્ત્રી. હિંદી વિદ્યાસભામાં જગીનના બદલા લીધેલો રૂપિયો આઠ.
૩. સ્ત્રી. જૂનો કોમતનો એક જાતનો સિક્કો; પૈસાનો ચોથો ભાગ. તે આજથી બાર કોડીની કીમતનો હોય છે. હાલ તે ચલણમાં નથી.
૪ કવડિયાં = બદા
૪ બદા = દમડી; કાકિણી
૪ દમડી = પૈસો
૧. અમડી તોડે પણ દમડી ન તોડે–અમડી તૂટે પણ દમડી ન છૂટે = છેક જાય પણ પૈસો ન ખર્ચે.
૨. દમડી દમડી કરતાં રૂપિયો થાય = કાંકરે કાંકરે પાળ બંધાય; પૈસે પૈસે પૈસાદાર થવાય.
૩. દમડી સારૂ દમણ જવું = ઓછી પેદાશ માટે પણ મહેનત કરવી.
૪. દમડીએ ઊંટ મળે પણ દમડી કયાં ? – પૈસો એવી ચીજ છે કે તેથી સૌ મનેા સોંપું હોય તે કોઈ દમડીએ ઊંટ વેચે પણ પૈસા વગર તે લેવું શેણે ? પૈસાની કીમત બતાવે છે. બધું મળતું હોય પણ જ્યાં પૈસા ન હોય એવા અર્થમાં વપરાય છે.
૫. દમડીના દસ ફેરા = બધી મહેનતે ઓછી પેદાશ
૬. દમડીની તીન તીન = બધુ જ સોંઘું.

દમડીચુસ્ત (દમડીચુસ્ત) વિ. પૈસા મેળવવાનું જ બાકાબંધ; પૈસા મેળવીને ગમે ન જવા દેવું; સોળી.

દમડીનું (દમડીનું) વિ. નમાલું; બાલ વગરનું.

દમડીપૂર (દમડીપુર) ૧. વિ. જરાક; જરા જેટલું.
૨. વિ. દમડી જેટલા વજનનું.
૩. અ. કાંઈ જ નહિ

દમડીમાર (દમડીમાર) જુઓ દમડીપૂર.

દમડો (દમડો) ૧. પું. એક જાતનું ઔષધ.
૨ પું. ધન; પ્રાણ; દમ.
૩ પું પૈસો; હલકો સિક્કો; દમડી

દમણ ૧. [સં. દમનક] ન. એક જાતનો સુગંધી ફુલછોડ; મોગરો.
૨. ન. દક્ષિણ ગુજરાતમાંનું પોર્ટુગીઝ તાબાનું એ નામનું એક બંદર.
૩. ન. પીડા; સતાવણી; દમવું તે; દમન.

દમણિયા સ્ત્રી. દમણથી આવેલા સોનીની એક પેટા જાતિ.

દમણી ૧. સ્ત્રી. એક જાતની જળની નાની માછી; દમણી, નાનું દમડિયું.
૨. સ્ત્રી. પીડા; દુઃખ.

દમણું ૧. ન. પીડા; સંતાપ; દમન.
૨. ન. મોટું ગાદલું; દમણિયું.

દમણો પું. એક જાતનું કરિયાણું; કિરમાણી અજમો, નાકકીડલી; નાગદમણો.

દમદ ૧. વિ. પુષ્કળ; બહું
૨. અ. એકદમ, જલદી.

દમદમા ૧. [અ.] પું. નોબત; નગારૂં.
૨. પું. બંધ; પુસ્તો.
૩. પું. બાસોન્સ્ટીઅન.

દમદમાટ ૧. પું. ખાલી વાત; ધતિંગ.
૨. પું. દબદબો; ઠાઠમાઠ; આડંબર; બબકો.
૩. પું. રોફ, બેદુકબી; દમ.
૪ અ. દમદમ થાય તેમ; દમામબંધ; સાડસાટ; સપાટાબેર; ઝડપથી.

દમદમાટી જુઓ દમદાટી.

દમદાટી સ્ત્રી. ધમકી અને ડરામણી.

દમદાર ૧. [હિં.] વિ. આબરૂદાર; દમ.
૨. વિ. તેજ; ધારવાળું; પાણીવાળું.
૩. વિ. પૈસાદાર; તાલેવંત.
૪. વિ. મજબૂત.
૫. વિ. ઝાંખી મૂતવાળું.

દમદિલાસો ૧. પું. ખોટી આશા આપવી તે.
૨. પું. હોંસલાવવા માટે કહેવી વાત.
૩. પું. સાંત્વન માટે એવા શબ્દો.

દમન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક મહર્ષિ. તેની કૃપાથી ભીમ રાજાને દમ, દાંત, દમન એ નામ કુમાર અને દમયંતી નામે કન્યા પ્રાપ્ત થયાં હતાં.
૨. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.
૩. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; દમનક. તે આઠથી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ મળી છ અક્ષર હોય છે.
૪. પું. તત્ત્વવેત્તા; તત્ત્વજ્ઞાની માણસ.
૫. પું. (પુરાણ) દુષ્યંતના પુત્ર ભરતનું બીજું નામ.
૬. પું. નળ રાજાનો એ નામનો એક પ્રધાન. દમન નલનિ, રાયનિ લિખ બાહણ તે અતિ સૌમ્ય.
૭. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.
૮. પું. વાસના ઉપર જય. મેળવે તેવો વીર પુરુષ.
૯. પું. (પુરાણ) વિદર્ભ દેશના રાજા ભીમના ત્રણ પાંડેનો નાનો દીકરો; દમયંતીનો ભાઈ.
૧૦. પું. વિષ્ણુ; વિષ્ણુનાં દશાવ પૈકીનું એક નામ. જગતરક્ષાની વ્યવસ્થા ભગવાન માટે

ઘોડાપાળ આદિ દેવતાઓને શિક્ષા કરનારા પણ તે છે. વળી મન અને ઇંદ્રિયોનું દમન કરીને તેમને વશ કરનારા પણ તે છે. પોતાના અધિકારમાં પ્રમાદ કરનાર પ્રજાને વિદ્વત્તાન એટલે સૂર્યના પુત્ર યમ વગેરે રૂપથી દમન કરવાનો ભગવાનનો સ્વભાવ છે. તેથી તે દમન કહેવાય છે.

૧૧. પું. શિવ; મહાદેવ.

૧૨. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૧૩. પું. સારથિ; રથ હાંકનાર માણસ.

૧૪. ન. દબાવવા અથવા રોકવાની ક્રિયા.

૧૫. ન. નાશ; વધ.

૧૬. ન. પીડા; સંતાપ; દુઃખ.

૧૭. ન. બળતરા; દાઝ.

૧૮. ન. ઘોડરાનો છોડ.

૧૯. ન. રગડીને વશ કરવું તે; દબી દબીને વશ કરવું તે; તાબે રાખવું તે; નિગ્રહ; કાબૂમાં રાખવું તે.

૨૦. ન. શાંત થવું તે.

૨૧. ન. શિક્ષા; દંડ; શાસન.

૨૨. વિ. છતવાવાળું

૨૩. વિ. ધીર; પરાક્રમી

૨૪. વિ. શાસન કરનાર; દમનાર; શિક્ષા કરનાર

૨૫. વિ. શાંત.

૨૬ વિ. સત્તા સ્થાપનાર.

દમનક ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ નગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં બીજા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને ઉપવહ્નિ, દમન, મદનક, મદન, મદકલ છંદ પણ કહે છે. તેમાં બે નગણ મળી ૬ વર્ણ હોય છે.

ન ન દમનક. ઉપેન્દ્રવજ્રા

૩. પું. ઘોડરાનો છોડ.

૪ વિ. દમન કરનાર; દમનશીલ

દમનચક્ર [સં.] ન. દુઃખ દેનારું સાધન.

દમનનીતિ [સં] સ્ત્રી. બ્રિટિશ સરકાર તરફથી પ્રજાને પીડવાની ક્રિયા; કાયદાને કે ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ. ગાંધીજી કહે છે કે: મારો અભિપ્રાય એવો છે કે, દમનનીતિ એટલે આપણું મોઢું બંધ કરવું, સંધો વિખેરવા અને આપણાં વાજિંત્રો તોડી પાડવાં; અથવા જ્યારે જ્યારે અમુક સ્થિતિને પહોંચી વળવાને સારૂ જોઈએ તે કરતાં વધારે વેગવાળાં પગલાં ભરવામાં આવે ત્યારે તે અવશ્ય દમનનીતિ કહેવાય. લોકોનો માલ લૂંટવો, નિર્દોષ લોકો ઉપર હુમલા કરવા, કેદીઓની તરફ ખાતરી રીતે વર્તવું, એમને કટકા મારવા એ કોઈ પણ રીતે કાયદેસર, ન્યાય અથવા તો આવશ્યક ન જ ગણી શકાય. આ પ્રમાણે સત્તાવાળા જ્યારે મર્યાદાનો ભંગ કરે ત્યારે તેને નિરંકુશ દમનનીતિ એ જ વિશેષણ આપી શકાય.

દમનપૂર્ણિમા [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ પૂનમ.

દમનબ્રાહ્મણ [સં.] પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમ મંડલનું ૧૬૫મું સૂક્ત રચ્યું છે.

દમનશીલ [સં.] વિ. સંયમી; દમન કરનાર; જેની પ્રકૃતિ દમન કરવાની હોય તેવું.

દમના ૧. સ્ત્રી. એક જાતનું સંધાણ.

૨. સ્ત્રી. દ્વારકા અને કુરંગા વચ્ચે આવતી એક જાતની ખાડી

દમનાળ સ્ત્રી. બાસનળી; દમ લેવાની નળી, શ્વાસમાર્ગ.

દમની ૧. સ્ત્રી. છાકડો; નાની ગાડી.

૨. સ્ત્રી. ઠોરડી; દામણી.

૩. [સં. દમન] સ્ત્રી. સંકોચ; સંકલ્પ.

દમનીય [સં.] વિ. દમવા યોગ્ય; શિક્ષા કરવા જેવું; દંડવા લાયક.

દમનૈષ્ય [સં.] ન. શત્રુ સામે યુદ્ધ કરવા કરેલી એકસંપી.

દમનોત્સવ ૧. [સં.] પું. એ નામનો એક ઉત્સવ. તે દિવસે પ્રભુને હિંડોળામાં બેસાડી હીંચોળવામાં આવે છે. ચૈત્ર સુદિ ૧૨ ને દિવસે તે ઊજવાય છે.

૨. પું. એ નામનો દેવીનો એક ઉત્સવ. ચૈત્ર સુદિ પૂનમને દિવસે તે ઊજવાય છે.

દમપટ્ટો [હિં.] સ્ત્રી. કપટ; કરેણ; છળ.

દમપર વિ. અક્ષર; અક્ષરનામ; નામે નહિ એવું.

દમપરદમ ૧. પું. ન. બ. બહુમતના ઉપરાઉપરી પક્ષા દમ; એક ઉપર એક બહુમતના સપાટા.

૨. અ. વારંવાર; ઉપરાઉપરી; કરીકરીને.

દમપા વિ. ભાંડું; ચરણીવાળું.

દમપુષ્ટ ૧. [સં.] ન. એક જાતનું મુગજાર્ડ ખાવાનું; એક જાતનો ખાદ્ય પદાર્થ.

૨. ન. વરાળમાં પકાવેલું તે.

૩. વિ. વરાળમાં પકવેલું.

દમબદમ [સં.] અ. વારંવાર; દરેક ક્ષણે; કર પળે. ઉપરાઉપરી, દરેક બાજુની સામે.

દમબાજ ૧. [સં.] વિ. છેતરનાર; પ્રપંચી.

૨ વિ. દમદાટીથી ભ્રમ કરાવી લેનાર

દમબાજી ૧. સ્ત્રી. છેતરપિંડી; પ્રપંચ.

૨. સ્ત્રી. દમ ભરાવવાની કે ભરવી આપવાની પ્રક્રિયા.

દમભગિની [સં.] સ્ત્રી. દમયંતી; વિદર્ભ દેશના ભીમક રાજાની દીકરી; નળની પત્ની.

દમભર ૧. અ. જોરથી; બળ કરીને.

૨ અ. કટકટ, ઉતાવળે, દમ ભીડીને; કમકોર.

દમમોર જુઓ દમભર.

દમમારો જુઓ દમભાર

દમયંતિકા [સં.] સ્ત્રી. મદનબાજ વૃક્ષ.

દમયંતી ૧. સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ, દમયંતિકા.

૨. [સ.] સ્ત્રી. (પુરાણ) નળરાજાની પત્ની; વિદર્ભ દેશના ભીમક રાજાની પુત્રી. તેને દમ, દાંત અને દમન એમ ત્રણ ભાઈ હતા.

૩. સ્ત્રી. (પુરાણ) સૂરજ રાજાની કન્યા; પર્વત ઋષિના મામા નારદ ઋષિની સ્ત્રી.

દમયિતા ૧. પું. વિષ્ણુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. યમ અને રાજા વગેરે રૂપથી પ્રજાનું તે દમન કરે છે તેથી ભગવાન દમયિતા કહેવાય છે. અધર્મી, અન્યાયી અને પાપી લોકોને દમન કરનારા યમરાજરૂપે પણ તે છે, વળી પ્રજાને કાબૂમાં રાખનારા લોકપાલ પણ તે છે.

૨. [સં. દમયિતૃ] વિ. દમનાર; શિક્ષા કરનાર.

૩. વિ. વશ કરનાર.

દમરો [સં. દમનક] પું. એક જાતનો સુગંધી છોડ; દમરો.

દમલવું સ. ક્રિ. દુઃખ દેવું; દમવું; પીડા કરવી.

દમલું વિ. દમના રોગવાળું; દમિયલ.

દમલેશ ૧. વિ. દમના રોગવાળું; દમના દરદથી પીડાતું. દમિયલ.

૨. વિ. નિર્બળ; અશક્ત; કમજોર.

દમવસ્ત ૧. સ્ત્રી. સંયુક્ત પ્રાંતમાં રહેતા એ નામના રજપૂતોની એક જાત.

૨. ન. એ નામના રજપૂતોની જાતનું માણસ.

૩. વિ. એ નામના રજપૂતોની જાતનું.

દમવો ૧. પું. ઘોડાનો એક જાતનો રોગ.

૨. વિ. ઘોડીથી ખરડાયેલું.

દમવું ૧ [સં. દમ્] સ. ક્રિ. આકરાથી મન મારવું; ભાવનાઓ તોડવું; મન, ઇંદ્રિયોને વશ કરવી, કાબૂમાં રાખવું.

૨. સ. ક્રિ. ઓછી કરવું; ઊતરતી કરવી.

૩. સ. ક્રિ. ગળાવવું, પ્રકારવું.

૪ સ ક્રિ નાશવું; વશમાં આવી જાંસાં કરવાં કરવી

૫. સ. ક્રિ. પીડવું; સતાવવું; રગડવું; દુઃખ દેવું.

દમકાર્ઈ પું. સમાધાન કરાવી શાંત પાડવું તે.

દમકસવું ૧. સ. ક્રિ. પ્રહારવું; ચમકવું.
૨. સ ક્રિ. સ્ફુરવું, પ્રેરણા થવી.

દમકાજ ૧. [હિ] પું. ગવૈયાનો ગળામાં સાથ પુરાવનાર માણસ.
૨. પું. ગાઢ મિત્ર.
૩ વિ. ખાનગી; છાનું, કોઈની જાણમાં ન હોય એવું.

દમા [હિ.] પું દમ; ખાંસી. એક જાતનો રોગ. તેમા શ્વાસવાહિની નળીના અંતિમ ભાગમાં શ્વાસ લેવામાં બહુ જ કષ્ટ પડે છે. ખાંસી આવે ત્યારે પ્રાણ બહુ જ કષ્ટ પછી ધીમે ધીમે નીકળે છે. લોકો માને છે કે આ રોગ કોઈ રીતે સારો થતો નથી.

દમાઉ [અ. દિમાગ] પું. શેઠ પડે એવો દેખાવ; રોફ; અપકો; દબદબો; ઠાઠમાઠ.

દમાકી [અ. દિમાગ] સ્ત્રી. ઠંબી; ઠોબો; આડંબરી.

દમાગ જુઓ દમાઉ.

દમાગી જુઓ દમાકી.

દમાત પું. ખોરાકમાં અજાર માટેનો એક પ્રકારનો દોષ; જેથી શ્વાસને લીધે કૂતરાને પણ દીર્ઘની પેઠે બોલવો તે.

દમાદ [હિ.] પું. જમાઈ; દીકરાનો પતિ.

દમાદમ ૧. પું. ઢોકરો.
૨ પું ઢોલનો અવાજ.
૩. પું. તોપનો ધડાકો.
૪. પું. તોફાન, મરતી.
૫. પું. અપકો; ઠાઠમાઠ.
૬. [ફા.] અ. ક્રિ. દરેક ક્ષણે.

દમાન [હિ.] પું. પાલખ; ઊંડો.

દમામડ ૧. [ફા.] સ્ત્રી. એક જાતની ભંડુક.
૨. સ્ત્રી. તોપોનું ચાલુ કૂટવું તે.

દમામ પું. રોફ; અપકો; ઠાઠમાઠ; દબદબો.

દમામદાર વિ. અપકાદાર; દબદબાવાળું; જબ્બર.

દમામો ૧. [ફા. દમામહ] પું. એક જાતનું રણવાદ્ય; ઢોલ; નોબત.
૨. પું. અપકો; દેખાવ; ઠાઠમાઠ.

દમામી વિ. દમામવાળું; અપકાદાર; તેજ ઠાઠમાઠવાળું.

દમાર [અ.] વિ. વેરાન; ઉજ્જડ.

દમારિ [સં. દામનક] પું (હિંદી) જંગલની આગ; દાવાનળ.

દમાવતિ જુઓ દમવતી

દમાવવું ૧. સ ક્રિ. ધાર કઢાવવી.
૨. સ ક્રિ. હેરાન કરાવવું; પરેશાન કરાવવું; સતાવવવું.

દમાવું ૧. અ ક્રિ. ધાર કઢાવવી.
૨. અ ક્રિ. સતાવાવું; દુઃખ દેવાવું.

દમારકહ ૧. સ્ત્રી. એક જાતની તલવાર.
૨. સ્ત્રી એક જાતની ભંડુક.

દમારકસ ૧. ન. તલવારને સજાવવાનું એક પ્રકારનું પારણું.
૨. ન. સીરિઝમા આવેલું જૂનામાં જૂનું એક નામનું એક શહેર.

દમાહ [હિ] પું. બળદનો એક રોગ.

દમિઆજ પું. મદદગાર; મદદ કરનાર માણસ.

દમિત ૧ [સં.] વિ. દમેલ; દમન કરેલું.
૨. વિ. નિગ્રહ કરેલું.
૩. વિ. પાળેલું.
૪. વિ. વશ કરેલ; નિગ્રહ કરેલ; તાબે કરેલું.
૫. વિ શાસન કરેલું.
૬. વિ સર્વે દુઃખ, ચિંતા વગેરે સહન કરનાર.

દમિતેન્દ્રિય [સં.] વિ. ઇંદ્રિયોને કાબૂમાં રાખી હોય એવું.

દમિયલ ૧. ન. દમનું રોગી; દમવું, દમની બીમારીવાળું માણસ.
૨. વિ કમાલ; નિર્બળ.
૩. વિ દમના રોગવાળું; દમિયું.

દમિયેલ જુઓ દમિયલ.

દમી ૧. [ફા] સ્ત્રી. ચુંગી, ચલમ.
૨ સ્ત્રી. ભાંગ પીવાની નળી.
૩ સ. દમિન્] વિ. ઇંદ્રિય નિગ્રહ કરનાર; જિતેંદ્રિય.
૪. વિ. દમ લગાવનાર; ચલમ પીનાર; ગંજેરી.
૫. વિ. દમન કરનાર; દમન કરવાના સ્વભાવવાળું; દમનશીલ.
૬. વિ દમના રોગવાળું.
૭. વિ. પાળનાર.

દમીદ [ફા.] વિ. કુલેશું; ઝપમેલું.

દમીદકાર પું. ઝમદેવ.

દમીશ્વર [સં.] પું. જિતેંદ્રિયમાં અગ્રેસર; એક યોગી

દમુના [હિ.] પું. અગ્નિ; આગ.

દમેકરી પું. શ્વાસનો રોગ; દમ.

દમોડા (દમોડો) પું. દમ; ગૂમડું; ફોલ્લ.

દમોદમ [ફા.] અ. અટકાવ વગર સતત ચાલ્યું જાય તેમ; સરખાઈથી, લગોલગ હરીફાઈથી, ચડસાચડસીથી.

દમોદમિયું વિ. પૂરું પહોંચનાર; પહોંચનારું ભરોસાનું કરનાર.

દમોદરી સ્ત્રી સરસાઈ. હરીફાઈ.

દમ્મ ૧. પું (જુ. મ.) દમ, નાકું.
મંથ દમ્મ પાપુ વીસ પ્રસિદ્ધ.
દમ્મ રોઈ લય બહુત્તરિ સિદ્ધ. ભ.વજ્રસ્વામ
૨ પું પોતે અધાર્મિક છતાં ધાર્મિકપણું પ્રકટ કરવાની ઇચ્છા; બીજાઓની આગળ પોતાનાં ધર્મ, જપ, ધ્યાન વગેરેનું પોતાની પૂજા તથા ખ્યાતિ થવાના હેતુથી પ્રકટ કરવું તે.
૩. પું. વેષ, ભાષા, ક્રિયા, ચતુરાઈ વગેરેથી પોતાના મહત્વને પ્રકટ કરવું તે

દમ્ય ૧. [સં.] પું. ગોધો; વાઘરો; ઠાર મેરવવાની અવસ્થાએ પહોંચેલ જુવાન બળદ.
૨. પું. તાલીમ પામતો હાથી.
૩. વિ. દમવા યોગ્ય કે દમી શકાય એવું.
૪. વિ. બૂસરીએ જોડી શકાય એવું.
૫. વિ. પાળેલું.
૬. ધ. વશ કરવા યોગ્ય, તાબે કરવા જેવું.
૭ વિ. શિક્ષા કરવા યોગ્ય.
૮ વિ. શીખવી શકાય એવી ઉંમરનું.

દમ્યાશ્વ [સં.] ન. બાલ્યાવસ્થા; બચપણ.

દમ્યહસ્તીપ્રૂદ પું. પાળી શકાય તેવો બારબરદારી બળદ.

દય ૧. [સ.] અ. ક્રિ. જાવું, ખસવું.
૨. સ ક્રિ. પ્રેરિત કરવી.
૩. સ. ક્રિ. ચાલવું, શોખ થવો.
૪ સ. ક્રિ. દયા કે લાગણી થવી.
૫ સ ક્રિ. બક્ષવું; આપવું; ઇનામમાં કરવું
૬ સ ક્રિ. રક્ષણ કરવું.

દય ૧ [સં] પું. કમળ રસ.
૨. સ્ત્રી. દયા; કૃપા; કરુણા.

દયજ્ઞ ન. દેખણી. આપવું તે.
જેનાં સુખદા તેહના,
તેહનાં તેહને દયજ્ઞ ૫૮૨

દયણું ન. દળવાના દાણા; દળણું.

દયનીય [સં.] વિ. દયાને પાત્ર; દયાજનક

દયપાદર પું. જરથોસ્તી મહિનાનો એ નામનો આઠમો દિવસ.

દયયર [ફા.] પું. (વહાણવટું) હોડો.

દયા ૧. [સ., સ્ત્રી. કરુણા, સહાનુભૂતિનો ભાવ, અનુકંપા; પારકું દુઃખ દૂર કરવાની ઇચ્છા; પોતાના શરીરને દુઃખ થાય તે પ્રમાણે પ્રાણીમાત્રના દુઃખને જાણવું મનન, કરુણા અને અને તેટલો પ્રયત્ન કરી તે દુઃખથી તેને છોડાવવાનો પ્રયત્ન કરવો તે. જૈન મત મુજબ વ્યવહારધર્મમાં દયા મુખ્ય છે આ મહાવ્રત પણ દયાની રક્ષા માટે છે. દયાના બાર ભેદ છે (૧) દયાદવા– કોઈ પણ ક્રમ કરવું તે

યત્નાપૂર્વક જીવરક્ષા કરીને કરવું તે. (૨) જાણીજોઈ - ભોળા જીવને દુર્ગતિએ જતો દેખીને અનુકંપા બુદ્ધિથી ઉપદેશ આપવો તે. (૩) સ્વદયા– આ આત્મા અનાદિ કાળથી મિથ્યાત્વથી ગ્રહાયો છે, તત્ત્વ પામતો નથી, જિનાજ્ઞા પાળી શકતો નથી, એમ ચિંતવી ધર્મમાં પ્રવેશ કરવો તે. (૪) પરદયા– છકાય જીવની રક્ષા કરવી તે. (૫) સ્વરૂપદયા સદ્‌ભાવિવેકથી સ્વરૂપ વિચારવું તે. (૬) અનુબંધદયા - ગુરુ કે શિક્ષક શિષ્યને કઠણ વચનથી ઉપદેશ આપે એ દેખવામાં તો અયોગ્ય લાગે છે, પરિણામ, કલ્યાણ કારણ છે. તેનું નામ અનુબંધદયા. (૭) વ્યવહારદયા– ઉપયોગપૂર્વક અને વિધિપૂર્વક દયા પાળવી તે. (૮) નિશ્ચયદયા– શુદ્ધ સાધ્ય ઉપયોગમાં એકતાભાવ અને અભેદ ઉપયોગ તે.

દયા ગણવાને બાબત = દયા કરવી. જેમ કે દસાઈ જવાબ.

૨. સ્ત્રી. નરમાશ, રહેમિયત, દયાભાવ; નરમ સ્વભાવ.

૩ સ્ત્રી. મહેરબાની, કૃપા.

૪ સ્ત્રી. (પુરાણ) રવાયજી અન્તર્ગતમાંના દક્ષની કન્યા અને ધર્મ ઋષિની સ્ત્રી. તેના પુત્રનું નામ અભય હતું.

દયાકર ૧. [સં.] પું. ઈશ્વર; પ્રભુ.

૨. પું. દયાનો ભંડાર, બહુ દયાળુ માણસ.

૩ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪ વિ. દયાળુ' માબાપુ.

દયાકરા જુઓ દયાકર.

દયાકરણ સ્ત્રી. દયારૂપી વજ્ર ધારણ કરનુ તે

દયાકૂટ [સં.] પું. શુદ્ધ દેવ.

દયાકૂર્ચ [સં.] પું. શુદ્ધ દેવ.

દયાજનક [સં.] વિ. દયા ઉત્પન્ન કરે એવું.

દયાતુર [સં.] વિ. દયાની ઇચ્છાવાળું.

દયાદાન [સં.] ન. રહેમ કરવી અને પુણ્ય તરીકે દાન આપવું તે.

દયાદૃષ્ટિ [સં.] સ્ત્રી. રહેમનજર; મહેરબાનીની નજર, કોઈ તરફ કરવામાં કે અનુગ્રહનો ભાવ.

દયાધન ૧. [સં.] પું. પ્રભુ; ઈશ્વર.

૨. વિ. દયાવાળું; દયાથી ભરેલું.

દયાધર્મ [સં.] પુ. પ્રાણી માત્ર ઉપર દયા રાખવાની ફરજ.

દયાધર્મી [સં. દયા + ધર્મિન્ (ધર્મવાળું)] વિ. દયા એજ ધર્મ છે એમ માનનાર; દયાધર્મવાળું.

દયાનંત [અ.] સ્ત્રી. સહાનિશા; ઈમાન.

દયાનંતદાર [અ.] વિ. ઈમાનદાર. સાચું.

દયાનંતદારી [અ.] સ્ત્રી. ઈમાનદારી. સચ્ચાઈ.

દયાનંદ જુઓ દયાનંદ સરસ્વતી.

દયાનંદ સરસ્વતી પું. એ નામનો વેદોનો પ્રખર અભ્યાસી પુરુષ. આ મહાપુરુષ સૌરાષ્ટ્રના મોરબી તાલુકાના ટંકારા ગામમાં ઈ સ. ૧૮૨૪માં બ્રાહ્મણને ત્યાં જન્મ્યો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ મૂળશંકર હતું. બાલ્યમાં વર્ષમાં એમનો યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યો હતો તે વખતે એમને ગાયત્રી, સંધ્યા વગેરે આવડતાં હતાં. ચૌદ વર્ષની ઉંમરે એમણે યજુર્વેદ સંહિતા કંઠસ્થ કરી લીધી હતી. વિક્રમ સંવત ૧૮૯૪ મહા વદિ ૧૪ના રોજ શિવરાત્રિનું વ્રત હતું, ત્યારે એમના જીવનમાં મહાન પરિવર્તન આવ્યું. તે વખતે શિવમંદિરમાં પૂજા કરતી વખતે શિવલિંગ ઉપર ઊંદરોને ફરતા જોતાં જે દેવની એ પૂજા કરે છે તે દેવ ઊંદરને પણ હટાવી શકતો નથી, એવા વિચારથી મૂર્તિપૂજા પ્રત્યે રોષ ઊપજ્યો. અમૃત તરવરતા મૂળશંકરે ગૃહનો ત્યાગ કરી ૨૧ વર્ષની વયે સંન્યાસ લીધો. પોતાના પરિભ્રમણમાં પ્રથમ તેમણે સાયલે નામના ગામમાં એક બ્રહ્મચારીનાં દીક્ષાથી દીક્ષા લઈને પોતાનું નામ 'શુદ્ધચૈતન્ય બ્રહ્મચારી' રાખ્યું. છેવટે નર્મદા કિનારે પૂર્ણાનંદ સરસ્વતી નામના વિદ્વાન સાધુ પાસેથી સંન્યાસ લઈને શુદ્ધચૈતન 'સ્વામી દયાનંદ સરસ્વતી' બની ગયા. આ દરમિયાન તેઓ વિદ્વાનો પાસેથી આકરણ તથા અન્ય શાસ્ત્રોનું અધ્યયન કરતા રહ્યા હતા. એમને ગુરુએ આદેશ કર્યો કે: દેશનો ઉદ્ધાર કરો, સત્યશાસ્ત્રોનો ઉદ્ધાર કરો, અન્યમતાંતરોની અવિદ્યા મટાડો અને વૈદિકધર્મ ફેલાવો. આ ઉપદેશને પરિણામે તેમણે મૂર્તિપૂજાનું ખંડન કરી, વેદધર્મનું રહસ્ય સમજાવી હિંદના ઉદ્ધારનો માર્ગ દર્શાવ્યો, આર્યસમાજની ઠેરઠેકાણે સ્થાપના કરાવી હતી. આ ધર્મસુધારો વેદધર્મ સમજાવી સમાજમાં જાગૃતિ આણી છે. 'સત્યાર્થ પ્રકાશ' એ વેદમાર્ગે એમની દૃષ્ટિએ સમજાવતું એમનો મુખ્ય ધર્મગ્રંથ છે. તે ગ્રન્થ મૂર્તિનો ચિતાર આપવામાં આવે છે કે: લાંબો બાંધો, ઘાટીલું શરીર, પહોળી છાતી, સુંદર અને પ્રભાવશાળી ચહેરો, સિંહની આંખને આંટ નાખવાવાળી આંખો, ઊંચું અને વિશાળ લલાટ મહર્ષિ દયાનંદ સરસ્વતીનું સ્મરણ કરાવે છે. તેઓ કેવળ એક લંગોટી જ ધારણ કરતા હતા. પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને નિત્યકર્મથી પરવારી સ્વામીજી સમાધિમાં લિપ્તાજ જતા હતા. ત્યારપછી એકત્ર થયેલી જનતાને વૈદિક ધર્મનો ઉપદેશ આપતા હતા. એમના જેવો પ્રખર સુધારક સૌરાષ્ટ્રને ભાગ્યે જ બીજો સાંપડ્યો એમ પણ કહેવાય છે. પણ મહાત્મા આર્ષદ્રષ્ટા એમના અધૂરા રહેલા ધર્મકાર્યો સુસંગત, પરિપૂર્ણ કર્યા છે. જેમ કે, અસ્પૃશ્યોદ્ધાર, સ્ત્રીઓને ઉદ્ધારણા, રાષ્ટ્રીયપ્રચાર અને આર્યસંસ્કૃતિનો પુનરુદ્ધાર. એમને અંજલિ અર્પતાં ગાંધીજી કહ્યું છે કે: મહર્ષિ દયાનંદ હિંદુત્વના આધુનિક ઋષિઓમાં, સુધારકોમાં અને શ્રેષ્ઠ પુરુષોમાં એક હતા. રવીન્દ્રનાથ ટાગોર કહ્યું છે કે: મારા સાદર પ્રણામ હો તે મહાન ગુરુ દયાનંદને, કે જેની દૃષ્ટિએ ભારતના આખ્યાં મહા ઇતિહાસમાં સત્યને અને એકતાને જોયા અને જેના મને ભારતીય જીવનના બધા ભાગોને આલિંગન દીધા. હું આધુનિક ભારતના માર્ગદર્શક જે દયાનંદને આદરપૂર્વક મહાજંલિ અર્પું છું, કે જેણે પતિતવરણમાં પણ હિંદુઓને પ્રભુની ભક્તિ અને માનવસમાજની સેવાના સાચા તેમ જ સાચા માર્ગનું દિગ્દર્શન કરાવ્યું. અરવિંદ ઘોષ કહે છે કે: તે ઈશ્વરજ્ઞાનનો સાચો મિનિક, વિશ્વને પ્રભુની શરણમાં લાવવાવાળો પોતા અને મનુષ્ય તથા સંસ્થાઓનો શિલ્પી તથા પ્રકૃતિ દ્વારા આત્માના માર્ગમાં ઉપસ્થિત થતી મુશ્કેલીઓનો વીર વિજેતા હતો. સુભાષચંદ્ર બોઝ કહે છે કે: સ્વામી દયાનંદ સરસ્વતી તે મહાપુરુષોમાંથી એક હતા, કે જેમણે આધુનિક ભારતનું નિર્માણ કર્યું. હિંદુ સમાજનો ઉદ્ધાર કરવામાં આર્ય સમાજનો મહત્ત્વનો મોટો ફાળો છે. સ્વામી દયાનંદને હું એક ધાર્મિક તથા સામાજિક સુધારક અને કર્મયોગી માનું છું. સમાન કાર્યોના સામર્થ્ય અને પ્રચારની દૃષ્ટિએ આર્ય સમાજ એક અનુપમ સંસ્થા છે.

દયાનાથ ૧. [સં.] પું દયાભાવ ધરાવતા સ્વામી કૃષ્ણ.

૨. વિ દયાળુ, દયાવાળુ

દયાનિધાન ૧. [સં.] પું. જેનામાં બહુ દયા હોય એવો માણસ; બહુ દયાળુ આણસ; દયાનો ખજાનો

૨. પું. પ્રભુ, ઈશ્વર

દયાનિધિ ૧. [સં.] પું. ઈશ્વર, પરમાત્મા.

૨ પું. દયાનો ખજાનો, બહુ દયાળુ પુરુષ.

દયાપાત્ર [સં.] વિ. દયા ખાવાલાયક માણસ.

દયાપ્રચારક વિ. દયાધર્મનો ફેલાવો કરનાર.

દયાપ્રભુની ન પ્ર પ્રભુની દયા હોજો!! ટૂંક રૂપ. ભિક્ષા માગવા આવનાર આ પ્રમાણે આશીર્વાદાત્મક શબ્દ બોલે છે.

દયાળ પુ. આત્મબળ; સત્યાગ્રહ. ગાંધીજી કહે છે કે: કવિ તુલસીદાસજીએ ગાયું છે કે,

દયા ધર્મ કો મૂલ હૈ, દેહ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાડીએ, જબલગ ઘટમેં પ્રાન!

મને તો આ વાક્ય રાજકારણને જોતું જણાય છે. જેમ બે ને બે તે ચાર જ હોય, તેટલો ભરોસો ઉપરના વાક્ય ઉપર પડે છે. દયાળ તે આત્મબળ છે, તે સત્યાગ્રહ છે. અને આ બળના પુરાવા ડગલે ડગલે નજરે આવી રહે છે તે બળ ન હોય તો પૃથ્વી રસાતળ પહોંચી ગઈ હોત.

દયાકંડુ [સં.] પું. દયાવૃત્તિથી સેવા કરનાર માણસ; સ્વયંસેવક.

દયાકગિની [સં.] સ્ત્રી. દયાની નજર રાખનાર બહેન; સ્વયંસેવિકા.

દયાકાવ ૧. [સં.] પું. દયાળુ સ્વભાવ; માયાળુ વર્તન.

૨. પું. મહેરબાની; રહેમનજર.

દયાકીનું વિ. દયા વડે ઓળખેલું; દયાળુ; દયાર્દ્ર.

દયાકૂપક [સં.] વિ. દયા જેની કોખા છે એવું; અત્યંત દયાળુ.

દયાકહું ૧. વિ. ગરીબ; દીન; કરીબીથી કે દુઃખથી વિહ્વળ બનેલું હોય એવું.

૨. વિ. દયા ઉપજાવે એવું; કરુણ; જેને જોઈ દયા ઊપજે તેવું; દયાપાત્ર; કરુણા યોગ્ય.

દયાકય ૧. [સં.] પું. ઈશ્વરનું એક નામ.

૨. વિ. દયાથી ભરેલ; દયાળુ; દયાથી ભરપૂર.

દયાકૂલક [સં.] વિ. દયા જેનું મૂળ હોય એનું.

દયાકૂક્ત [સં.] વિ. દયાળુ; માયાળુ; દયાથી ભરેલું.

દયાકુત જુઓ દયાયુક્ત.

દયાર ૧. [ઝા. દારનું બ. વ.] પું. દેશ. પ્રદેશો; પ્રાંત; પ્રદેશ.

૨. ન. દેવદારનું ઝાડ.

દયારામ પું. પ્રથમ પંક્તિનો એ નામનો એક ગુજરાતી કવિ. તે નર્મદા કાંઠે આવેલા ચાણોદમાં સાઠોદરા નાગર જ્ઞાતિમાં ઈ. સ. ૧૭૭૬માં જન્મ્યો હતો. તેના પિતા પ્રભુરામ તેને દસ વર્ષનો મૂકી ગુજરી ગયા હતા. તેથી તે માતા રાજકુંવરબાઈને ન ગમતાં મનસ્વી, રખડેલ ને મોજીલો બન્યો હતો. ઈ. સ. ૧૮૪૪માં માતાના મરણ પછી એ મામાને ત્યાં કલોલ આવીને રહ્યો. મામાને ત્યાં રહેતાં દયારામ યુવાન થયો અને સંગીતનો શોખ કેળવ્યો, છતાં રખડવાની ટેવ છૂટી ન હતી. યૌવનનો તનમનાટ, વિકારની ભરતી અને સાથે ઉંમર ઉપરની ટાપટીપથી ફરતા સ્વતંત્ર અને મોજીલા છોકરાને લોકો જેમ રાકથી ખુશે તેમ દયારામને સૌ જોતાં. એક વખત કરનાળી જતાં યુવાન દયારામને કેશવાનંદ સાધુનો ભેટો થયો હતો. તેણે ફકડ યુવાનને ઠપકો દઈ ને ઠેકાણે આણ્યો. લાલપોળી ગોકુલેશ્વરાજી છબ્બારામ ભટ્ટજીનો પરિચય દયારામને થયો. તેમની આજ્ઞાથી એ ૧૮ વર્ષની ઉંમરે પહેલી યાત્રાએ નીકળ્યો અને ચાલીસ વર્ષ સુધીમાં તેણે ચાર વાર પરિક્રમા કરી. પ્રવાસમાં ઘણો અનુભવ તેણે મેળવ્યો. અદરિકાશ્રમ, જગન્નાથપુરી, રામેશ્વર અને દ્વારકા એ ચાર ધામ ઉપરાંત તેણે શ્રીનાથજીની યાત્રા સાત વાર કરી હતી અને ચાર વખત જમનાપાર કર્યું હતું. દયારામનો કુલધર્મ વૈષ્ણવનો હતો. આ વૈષ્ણવ ધર્મના જન્મસંસ્કાર તેનામાં ઉત્તરોત્તર વિકાસ પામતા ગયા. તેનાં શ્રીકૃષ્ણપ્રેમ, વ્રજવાસ અને વ્રજની ગોપી બની રહેવાની તલસતી ભાવનાવાળાં પદ અને ગરબી ઉત્તરોત્તર ભાવમાં, ભાવનામાં અને પ્રેમના આલેખનમાં ખૂબ સુંદર થતાં ગયાં. તેની કૃષ્ણલીલાની ગરબી વધતી ઓછે અંશે પુષ્ટ થયે તે આરૂઢ વૈષ્ણવ બન્યો પાકો મરજાદ લીધા પછી તે રતનબાઈ સોનારજી નામની એક બાઈ સાથે રહેતો. તેના આ સહવાસ તરફ કેટલાક સંકાની દૃષ્ટિથી જુએ છે; પરંતુ કવિની ઉત્તર અવસ્થા, આંખોનું ઝાંખું થવું, મરજાદની સાપ્રદાયિક રૂઢિ તથા દયારામનું અનન્ય પુષ્ટિભક્ત તરીકેનું જીવન એ બધાનો સમન્વય કરીએ તો તેમાં નીતિ વિરુદ્ધ કંઈ જણાતું નથી. દિવ્ય પ્રભુપ્રેમમાં અને રસેદ્રાજ્ઞાની ક્રીડામાં ક્રીડા અન્વેષણો આ સ્થાનસિદ્ધ ભક્ત કવિએ જે પોતે અનુભવ ઉપરથી લખ્યા છે, તેટલાં બીજાં કોઈ ગુજરાતી કવિમાં જણાયાં જણાતાં નથી. તેના ગરબીઓનું મોહક તત્ત્વ તો આ માનુષસ્વભાવનું સાચું ભાવ આલેખન છે. કવિ અને પુરુષ હૃદયનાં મથન તે અજબ કલાથી આલેખે છે. પોતે બહુ સારો ગવૈયો અને બજવૈયો હોઈ તે પોતે પદ રચીને ગાતો. વળી ભાવને અનુરૂપ શબ્દોની પસંદગી અને વાણીને અનુરૂપ સુંદર ઢાળનો એમાં સુયોગ હોવાથી દયારામની કેટલીક ગરબીઓનું માધુર્ય અદ્વિતીય છે. દયારામ એકલો ગુજરાતી કવિ નથી. તે વ્રજ ભાષાનો હિંદી કવિ પણ છે. તેના સાતસોથી વધુ દુહા, કાવ્યરાજેન્દ્રના નિયમને અનુસરતા અલંકારોનો ઉત્તમ ગ્રંથ છે. તેનો સંપ્રદાયિક ગ્રંથ રસિક વલ્લભ પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો સારી રીતે પ્રતિપાદન કરે છે. છતાં ગુજરાતી કવિઓ તો દયારામને તેની ગરબીઓ તથા સહિયણી વિવાહથી જ વધારે પ્રસારી રાખશે. ઈ. સ. ૧૮૫૧માં તેનું મરણ નીપજ્યું હતું.

દયાર્દ્ર [સં.] વિ. દયાથી તરબોળ થયેલું; દયાથી પીગળી ગયેલું; દયાળુ; કૃપાળુ.

દયાર્દ્રતા [સં.] સ્ત્રી. દયાળુ હોવાની સ્થિતિ.

દયાલ ૧. [સં.] પું. કિનારાનું તૂટી પડવું તે; કાંઠાનું તૂટી જવું તે.

૨. વિ. દયાવાળું; કૃપાળુ.

૩. વિ. મહેરબાન.

દયાલા વિ. દયાળુ.

દયાલુ [સં.] વિ. દયાળુ; માયાળુ; દયાવાળું; કૃપાળુ.

દયાલુતા [સં.] સ્ત્રી. મહેરબાની; કૃપા; રહેમ; દયા.

દયાલુત્વ જુઓ દયાલુતા.

દયાલુપણું જુઓ દયાલુતા.

દયાવતી ૧. સ્ત્રી. (સંગીત) ઋગ્વેદ શ્રુતિનો એક અવતાર ભેદ; ઋષભની બે નામની એક શ્રુતિ; ત્રાવીસ મારેની એક શ્રુતિ.

૨. સ્ત્રી. (સંગીત) મીરાંની આઠ મારેની એક પુત્રવધુ.

૩. [સં.] વિ. સ્ત્રી. દયા કરનારી.

દયાવત્સલ [સં.] વિ. દયાળુ; કૃપાળુ.

દયાવંત ૧. [સં. દયા + વત્ (વાળું)] વિ. કૃપાળુ; દયાવાળું; દયાળુ.

૨. વિ. જેને દયા ઊપજતી હોય તેવું.

દયાવાન જુઓ દયાવંત.

દયાવીર ૧. [સં.] પું. કોઈનું દુઃખ દૂર કરવા માટે પોતાનો પ્રાણ સુધ્ધાં આપે એવો માણસ. સાહિત્ય અથવા કાવ્યમાં વીરરસની અંદર યુદ્ધવીર, દાનવીર વગેરે જે ચાર જાતના વીર ગણાવ્યા છે તેમાં દયાવીર પણ છે.

૨. પું. દયાયુક્ત વીરરસ.

૩. પું. દયાયુક્ત વીરરસવાળો કોઈ નાટક.

૪. વિ. દયા વડે શૂરવીર.

દયાવૃત્તિ [સં.] સ્ત્રી. દયાની લાગણી.

દયાશીલ [સં.] વિ. દયાળુ; કૃપાળુ.

દયાશીલતા [સં.] સ્ત્રી. દયાવાળું હોવાપણું.

દયાશૂન્ય [સં.] વિ. દયા વિનાનું; નિર્દય; ક્રૂર.

દયાસભ [સં.] વિ. દયાળુ; દયાવાળું.

દયાસંપન્ન [સં.] વિ. દયા ભરેલું; દયાળુ.

દયાસાગર ૧. [સં.] પું. અત્યંત દયાળુ માણસ; દયાનો ભંડાર.

૨. પું. ઈશ્વર.

૩. વિ. બહુ જ દયાવાળું.

દયાસિંધુ જુઓ દયાસાગર.

દયાહીન [સં] વિ. દયા વગરનું; નિર્દય; ક્રૂર.

દયાળ ૧. સ્ત્રી. એ નામની ચોરાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. ન. એક જાતનું પક્ષી. તે બહુ સારું બોલે છે.
૪. વિ. એ નામની અટકનું.
૫. વિ. દયાળુ; દયાવાળું, કૃપાળુ.

દયાળદાસ પું. સુરતનો સરબી લખનારો એક કવિ.

દયાળુ જુઓ દયાલુ.

દયાળુતા જુઓ દયાલુતા.

દયાળુત્વ જુઓ દયાલુતા.

દયાળુપણું જુઓ દયાલુતા.

દયિત ૧. [સં. દય્ (ચાહવું)] પું. પતિ; વલ્લભ; ધણી; પ્રીતમ.
૨. વિ. પ્રિય; વહાલું; ખાસ.

દયિતા ૧. [સં.] સ્ત્રી. પત્ની; લગ્ન કરેલી સ્ત્રી.
વદ્યા દયિતા વલ્લભા પ્રિયા પ્રેયસી હોય,
તુજ સમ પ્રભુવિની કાનને અન્ય ન દેખી હોય.
પિત્રભક્તપુરોધ
૨. સ્ત્રી. વહાલી સ્ત્રી; પ્રિયા; પ્રેયસી; પ્રિયતમા.

દયિતાધીન [સં.] વિ. સ્ત્રીને વશ; સ્ત્રીના સ્વાધીનમાં રહેલ; સ્ત્રીતને તાબે વર્તતું.

દયિતૃ [સં.] વિ. દયાળુ; દયાવાળું.

દયૂ [સં.] વિ. દીધા કરનાર; રમનાર; ખેલનાર.

દયેન [હિં.] ન. દેવું; કરજ.

દયેનદાર [હિં.] વિ. દેવાદાર; કરજદાર.

દયોમયો પું. પ્રાણી માત્ર ઉપર દયા બતી તે.

દર ૧. પું. કર; મેરો.
૨. પું. બારવાણી જમીન; બારોટ; બારો પાકવાની જમ્યા; અજર.
૩. પું. બાટ; રસ્તો; આડું બાટ.
૪. [ફા.] પું. દ્વાર; બારણું; દરવાજો.
૧. દર ઊઘડવું = (૧) માર્ગ ઊઘડવો; દ્વાર ખુલ્લું થવું. (૨) મંત્રો મળવો.
૨. દર પાકવું = (૧) પ્રવેશ કરવો. (૨) રસ્તો જાહવો.
૫. [સં.] પું. ભય; બીક; ડર; ત્રાસ.
દર ખાવાનો આવો બધ મેં દીધો તે વાર,
કરતી કરતી સહચરી ચઈ કુંવરીની પાસ.
પિત્રભક્તપુરોધ
૬. પું. ભાવ; કીમતનો આંકાર; નીરખ.
૭. પું. શંખ
મહા બાહ પંચજન્ય દર ધર. ભારામ
૮. પું. સેનાં; સમૂહ; દળ.
૯. સ્ત્રી. ધરતી; પૃથ્વી; ભૂમિ.
૧૦. સ્ત્રી. પ્રમાણ.
૧૧. સ્ત્રી. માન; કદર; પ્રતિષ્ઠા; મહત્ત્વ; મહિમા.
૧૨. ન. ઉદર; પેટ.
૧૩. ન. કોઈ પ્રાણીએ જમીનમાં રહેવા કરેલું બાકું કે બિલ; જમીન, દીવાલ વગેરેમાં પડેલું બાકું; બાકું; બોકડ; સાપ, ઉંદર, કીડી વગેરે જીવજંતુને રહેવાનું ઘર.
૧૪. ન. ખીણ; ઊંડાણ.
૧૫. ન. મુદ્રા; કદરા.
૧૬. ન. વિષ; ઝેર.
૧૭. ન. અંદર; માંહે; માં.
૧૮. અ. થોડું; અલ્પ; જરા.
દર સ્વોક ઈચ્છ બહમ રમક બંદ મનાઓ,
ત્યારે સહચરી સન્મુખે હસતી કુંવરી લાય.
પિત્રભક્તપુરોધ
૧૯. ના. પ્રત્યેક; દરેક; એકેએક જુદું જુદું એમ.

દરઆમદ ૧. [ફા.] સ્ત્રી. અંદર આવવું તે; દાખલ થવું તે.
૨. સ્ત્રી. આવક.

દરઆમદ બરઆમદ [ફા.] સ્ત્રી. આવકજાવક.

દરએક વિ જુદું જુદું; અલેહદું; દરેક.

દરકદ ૧. પું. ચાલાકી; હોશિયારી.
૨. [અ. દર્ક] પું. વિચાર; ખોરણ.
૩. પું. વચમાં પડવું તે; દખલગીરી.
૪. પું. વિચાર.
૫. પું. હક્ક; સત્તા.
૬. વિ. કરનાર; બાકીનું; બીજું; કરવેલું.

દરકટી ૧. સ્ત્રી. પાતિ; અણિયની એક રીત.
૨. [હિં.] સ્ત્રી. ભાવ કરાવ્યો તે.

દરકત ૧. [અ.] ન. તજિયું.
૨. ન. કાટી જવું તે.

દરકમના ૧ સ્ત્રી. આહલ્યની ચોરસી માંહેની એ નામની એક જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ
૩. વિ. એ નામની જાતિનું

દરકરિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કતાવરી.

દરકા [હિં.] પું. કાટ; તટ; ઓરો.

દરકાત [અ.] ન. પખવિયું.

દરકાર ૧. સ્ત્રી. અગત્ય; પરવા; તમા; મરજ; જરૂરિયાત.
૨. સ્ત્રી. ઉપયોગિતા; ઉપયોગીપણું.
૩. [ફા. દર (અંદર) + કાર (કામ)] સ્ત્રી. કાળજી; ચિંતા, ફિકર.
૪. વિ. આવશ્યક; અપેક્ષિત; જરૂરી.

દરકારી વિ. જરૂરનું; આવશ્યક.

દરકિનાર ૧. વિ. જુદું; નોખું; કિનારાનું.
૨. વિ. બેદરકાર; દૂર; છેટું

દરકૂષ્માંડ પું. એક જાતની વનસ્પતિ; અરોડિયો.

દરખ ન. દર્શન; ભક્તિભાવથી જોવું તે.

દરખાઠકર ૧. સ્ત્રી. ઔદીચ્ય બાહ્મણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

દરખત [ફા.] ન. ઝાડ; તરુ; વૃક્ષ.

દરખશંદા [ફા.] વિ. પ્રકાશતું, ચમકતું; ઝગમગતું.

દરખશાન [ફા.] વિ. પ્રકાશતું; ચળકતું.

દરખશાની [ફા.] સ્ત્રી. ચળકાટ; તેજ.

દરખસસક [રા.] પું. બોબાન.

દરખાના ન. ૨૨ મણકા; 'રેડ કાર્ડ'

દરખાલ [હિં.] પું. ઢોરનો વાડો.

દરખાસ ૧. સ્ત્રી. ઘમ્મત; મામલો; કજોશ.
૨ સ્ત્રી. દરખાસ્ત; નમ્રતાથી કરેલ અરજ કે સૂચના.
૩. સ્ત્રી. કુકમનામું અમલમાં આવવા માટે કરેલી અરજ

દરખાસ્ત ૧. [ફા.] સ્ત્રી. અમુક આમ કરવું એવી નમ્ર સૂચના; બીજાના અભિપ્રાયને માટે રજૂ કરેલો પોતાનો મત; પ્રતિજ્ઞા; પ્રમેય; પ્રસ્તાવ; કર્તવ્ય નિર્દેશ; મંજૂરી માટે રજૂ કરી સૂચના.
૨. સ્ત્રી ઘમ્મત; મશ્કરી
૩. સ્ત્રી. દર.વ. દરખાસ્ત પસાર થતાં તે દરાવ કરેવાય છે
૪. સ્ત્રી. નિવેદન; કોઈ બાબતની પ્રાર્થના; અરજ; નમ્રતાથી કહેવું તે.
૧. દરખાસ્ત કબૂલ કરવી-મંજૂર રાખવી = અરજ મંજૂર રાખવી
૨. દરખાસ્ત કરવી-મૂકવી = (૧) અરજ ગુજારવી. (૨) માગવું. (૩) વકીલ મૂકવો.
૩. દરખાસ્ત બાકવી = અરજ કરવી, માગણી કરવી.
૫. સ્ત્રી. સરકારી હુકમનો અમલ કરવા કેાની અરજ; પ્રાર્થનાપત્ર; હુકમનામું બજાવવાની અરજી.
દરખાસ્ત કેસ = પ્રાર્થનાપત્ર આપવું

૬૨૬૬ [ફા.] પું. ઝાડ; વૃક્ષ.

૬૨૬૭ [ફા.] સ્ત્રી. વિનતિ, અરજ.

૬૨૬૮ [ફા.] વિ. મળેલું, પ્રાપ્તિત.

૬૨૬૯ ૧. [ફા. દર્ગાહ] સ્ત્રી. કબર; રોજો; મકબરો; સિદ્ધ પુરુષનું સમાધિસ્થાન.
૨. સ્ત્રી. દરબાર; મોટા માણસનું ઘર.
૩ સ્ત્રી. પીરની કબરની જગ્યા; પીરને પૂજવાનું ઠેકાણું.
૪ સ્ત્રી ફળિયું, આંગણું
૫ સ્ત્રી. બારણું; ઊમરો
૬. સ્ત્રી. મઠ; મંદિર.
૭. સ્ત્રી. મસ્જિદ.
૮. સ્ત્રી. રાજસભા; કચેરી; દોર્બાર.

૬૨૭૦ જુઓ દરગા.

૬૨૭૧ [ફા.] વિ. ઉત્તેજક; ઉશ્કેરણી કરે એવું.

૬૨૭૨ ૧. [ફા. દર્યંજર] સ્ત્રી. માફ કરવું તે; સાંખી જવું તે; ક્ષમા કરી દોષ દોષ તે લક્ષમાં નહિ લેવા તે; હવે એમ કહેવું તે; ક્ષમા માફી
૧. દરગુજર કરવું = (૧) જવું કરવું, જોવું ન જોવું કરવું. (૨) માફ કરવું; ક્ષમાની દૃષ્ટિએ સામાના દોષો જતા કરી ચલાવી લેવું; સાંખવું.
૨. દરગુજર બાહરી = માફી આપવી.
૨. વિ. માફ કરેલું; સાંખી લીધેલું.

૬૨૭૩ ૧. અ. ક્રિ. અટકવું, દૂર રહેવું.
૨. અ. ક્રિ. પાછું જવું.
૩. સ. ક્રિ. છોડી દેવું; જવા દેવું; માફી આપવી.
૪. સ. ક્રિ. રજાનામું આપવું.

૬૨૭૪ [અ.] ઘ. પ્ર. તું મરી જા.

૬૨૭૫ જુઓ દરગા.

૬૨૭૬ પું. એ નામનો એક પર્વત; ગઢો.

૬૨૭૭ ૧. [ફા. દર્રહ] પું. ખોબાંતની ઓરડી.
૨. પું. ખીણો; તરડ
૩. પું. પર્વતિયું.
૪. પું. ઢોલો; રસાન; દરબળો.

૬૨૭૮ સ્ત્રી. ઊંટો વચ્ચેની હદ કે જગ્યા ચૂનાથી ભરી દેવી તે.

૬૨૭૯ ૧. સ્ત્રી. દરજી જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. દરજીની સ્ત્રી.
૩. સ્ત્રી. સીવવાનો ધંધો કરનારી બાઈ.

૬૨૮૦ ન. બાર નંગ; કજન.

૬૨૮૧ [ફા. દરજવાજ] પું. બજાર; ઉતારો.

૬૨૮૨ ન. જમીન ચેટા ચેડુતને ઝાડ આપવા તે.

૬૨૮૩ અ. દરજાને અનુક્રમે, લાયકીનો અનુક્રમ જળવીને.

૬૨૮૪ ૧. [ફા. દર્ઝી] પું. કપડાં સીવવાનો ધંધો કરનાર માણસ; મેરાઈ; સાઈ.
૨. સ્ત્રી. કપડાં સીવવાનો ધંધો કરનારી એ નામની એક જાતિ.
દરજીનો દીકરો છરે લાંબુથી સીવે = જિંદગીના અંત સુધી ક્રમ કર્યે રાખવું.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. ન. ચકલીથી અર્ધા કદનું એક જાતનું નાનું પણ સુંદર પક્ષી. તેનો અવાજ મોટો હોય છે. તેના માથા તથા ગાંયનો રંગ રતાશ ઉપર, પાંખો અને ભરડાનાં પીંછાંનો રંગ ખૂલતા પોપટિયા જેવો, પેટ તદ્દન સફેદ, ચાંચ પાતળી અને અણીદાર, પૂછડીની વચ્ચેનાં બે પીંછાં બીજાં પીંછાં કરતાં મોટાં અને બહાર નીકળતાં હોય છે. આ પક્ષી ઝાડનાં બે અથવા ત્રણ પાનને દોરા, પરાળ અથવા કપોલિયાનાં જળાં વગેરે સીવી માળા બનાવે છે. ઘણી વાર જો પાન બહુ મોટું હોય તો એક પાનનો પણ માળો બનાવે છે. પોતાની અણીવાળી ચાંચનો સોય તરીકે ઉપયોગ કરી તે પાનને ભરાબર સીવી માળાને મજબૂત બનાવે છે. પછી અંદરના ભાગમાં રૂ, ઊન કે બીજો કોઈ પોચો પદાર્થ ભરી બચ્ચાંને રહેવા લાયક બનાવે છે. બચ્ચાં મૂકવાની ઋતુમાં નરની પૂંછડીનાં વચલાં બે પીંછાં મોટા થાય છે સૌરાષ્ટ્રમાં કોઈ વાર તેને દરજીડો પણ કહે છે.

૬૨૮૫ (દરજીડો) જુઓ દરજી ૧, ૪.

૬૨૮૬ અ. વધારેમાં વધારે.

૬૨૮૭ ૧. સ્ત્રી. દરજી જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. દરજીની સ્ત્રી
૩. સ્ત્રી. દરજીનો એટલે સીવવાનો ધંધો કરનારી સ્ત્રી

૬૨૮૮ [અ.] અ. અનુક્રમે.
૨. અ. ધીમે ધીમે.

૬૨૮૯ જુઓ દરબળો.

૬૨૯૦ [અ.] અ. દરજાને અનુક્રમે, લાયકીનો અનુક્રમ જળવીને

૬૨૯૧ વિ. ખરી સત્તા ઉચ્ચ દરજ્જો ધરાવતા માણસોના હાથમાં હોય એવું.

૬૨૯૨ ૧. [અ. દરજ (તે બરાબર પગથિયે પગથિયે ચઢ્યો)] પું. અધિકાર; હોદો; પદવી. સાંપીઠ લખે છે કે: એકબીજા પોતાને ઊંચનીચ માને એ અસલ છે. એક કંપિર ઊંચો, બાપકો બધા નીચા. કંપિરના દરબારમાં દરજ્જા હશે તો તે કર્મ પ્રમાણે જેણે વધારે સેવા કરી હશે તે ઊંચા, જેણે ઓછી કરી હશે તે નીચા, એટલે ત્યાં તો સેવક એ સરદાર બનશે.
૨. પું. કાંબોજ નજીકનો એ નામનો એક દેશ.
૩. પું પંક્તિ; પાવરી; હોરિ; વર્ગ
૪. પું પ્રમાણ; અદા
૫ પું. માનમતરબો; પ્રતિષ્ઠા; મોભો
૬. પું લાયકાત, યોગ્યતા.

૬૨૯૩ ૧. [અ] સ્ત્રી નીચો; તડ.
૨. સ્ત્રી. ઘીગડું.
૩. ન. સીવવું તે.

૬૨૯૪ ૧. [ફા.] પું. દરવાજે બખાવનાર માણસ.
૨. સ્ત્રી. સોવ

૬૨૯૫ [ફા.] સ્ત્રી. દરજણ; દરજી જાતિનું. સ્ત્રી.

૬૨૯૬ જુઓ દરજ્જો.

૬૨૯૭ જુઓ દરજી.

૬૨૯૮ (દરડ) ૧. સ્ત્રી ઢાળ રેતાળ જમીન
૨. સ્ત્રી દોડ; દોડવાની ક્રિયા.

૬૨૯૯ ૧. [સં.] પું. તોડી નાખવું તે.
૨. પું. દળવાની કે પીસવાની ક્રિયા
૩. વિ. ખસ; વિનાશ.

૬૩૦૦ ૧. [સં.] પું. પાણીનો પ્રવાહ
૨. પું ,સ્ત્રી. નદી વગેરેના કિનારાનું તૂટી પડવું તે.

૬૩૦૧ ન. ઢળાવું; ઢળવાના ઢાબા.

૬૩૦૨ વિ. ત્રાસું; વાંકું

૬૩૦૩ ૧. [સં.] પું. આડો.
૨. પું. દિશાઓમાં ફેલાવું તે.

૬૩૦૪ ૧. સ્ત્રી. વાઘિયાની ઓરાણી મ.હેની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ
૩. વિ એ નામની જાતિનું

૬૩૦૫ ૧. [સં.] પું. કશ્મીરની સરહદ ઉપર અને હિંદુકુશ નજીક આવેલ એક દેશ; કશ્મીર અને હિંદુકુશ પર્વતની વચ્ચેના પ્રદેશનું પ્રાચીન નામ. બૃહત્સંહિતામાં આ દેશની સ્થિતિ ઈશાન કોણમાં બતાવી છે, પણ હાલ દારદ નામની જે પહાડી જાતિ છે તે ગિલગિત, ચિત્રાલ, નાગરહુન વગેરે સ્થાનમાં જોવામાં આવે છે. પ્રાચીન યૂનની તથા રોમન લેખકો અનુસાર પણ આ જાતિનું નિવાસસ્થાન હિંદુકુશ પર્વતની આસપાસ જણાય છે.
૨. પું. બહ. બી., ઇ.
૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

૪. પું.;ન. હિંમળો; હિંગળોક.
૫. સ્ત્રી. એક મ્લેચ્છ જાતિ. મનુસ્મૃતિમાં લખ્યું છે કે: પૌંડ્રક, ઓડ્ર, દ્રાવિડ, કાંબોજ, યવન, શક, પારદ, પહ્લવ, ચીન, કિરાત, દરદ અને ખસ પહેલાં ક્ષત્રિય હતા. પછી સંસ્કાર વિદ્યા વગરથી તથા બ્રાહ્મણોનાં દર્શન ન થવાથી શૂદ્રત્વને પામ્યા. હાલ દરદ નામની જે જાતિ છે, તેનાં લોકો મોટે ભાગે મુસલમાન ધર્મ થયા છે; પણ તેઓની ભાષા તથા નીતિરીતિ જોતાં ઓખ્યું જણાય છે કે, તેઓ આર્યકુલોત્પન્ન છે. તેઓ મુસલમાન ધર્મ થયાં હોવાથી લખવા કરવામાં ફારસી અક્ષર વાપરે છે, તોપણ તેઓની ભાષા કાશ્મીરીને બહુ જ મળતી છે
૬. ન. એ નામની જાતિનું માણસ
૭. ન. કરુણા; દયા; સહાનુભૂતિ.
૮. ન. ચિંતા; અંતર સંતાપ; શોક; દિલગીરી; ઉદ્વેગ; ખેદ; મજબરાટ.
૯. ન. પીડા; વ્યથા; વ્યાધિ; શરીરને થતું દુઃખ; રોગ.
૧૦. ન. મર્મ; છપો ભેદ; છપી મતલબ; ખૂબી; રસ.
૧૧. ન. મોટો રોગ; મરકી.
૧૨. વિ. એ નામની જાતિનું.
૧૩. વિ. ભયંકર; ભયંકર; ડર આપનાર
દરદ ન. એક જાતનું ઝેર.
દરદપૂર પું. (વિકળ) એક વિષમશક્ત વનસ્પતિનું છોડ. તેના પહેલા ચરણમાં બે નગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર, બીજા ચરણમાં સગણ, જગણ, નગણ અને રગણ એમ બાર, ત્રીજા ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ અને ગુરુ એમ તેર અને ચોથા ચરણમાં તગણ, નગણ, રગણ, નગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.
દરદમંદ [ફા.] વિ. સહાનુભૂતિવાળું; સહૃદયી.
દરદર અ. દરવાજે દરવાજે; જગ્યાએ જગ્યાએ.
દરદરી સ્ત્રી. પૃથ્વી; જમીન; ધરતી.
દરદહ્યું વિ. અધકચરું; કરકરું. આમતેમ આથડેલું.
દરદલિપિ સ્ત્રી. લલિત વિસ્તરમાં જણાવેલ ચોસઠ માંહેની એ નામની એક લિપિ.
દરદવંત વિ. કૃપાળુ; દયાળુ; સહાનુભૂતિ રાખનાર
દરદાગીનો પું. પૈસોટકો અને ઘરેણાંગાંઠું; અલંકાર વગેરે.
દરદારિપુષ્પપાક પું (વૈદક) હિંગળામાંથી બનતી એક જાતની ઔષધિ. તે બનાવવા શુદ્ધ હિંગળો એક ભાગ, અહીફેણ દોઢ ભાગ, ટંકણખાર અર્ધો ભાગ, બધાના એક ભાગ એ ચારેને ભેગાં કરી પુટપાકની રીતિ પ્રમાણે તેની અક્ષુ જેવી ગોળી કરવી. તે ગાયના દૂધ સાથે આપવા છે. તેથી અતિસાર મટે એમ મનાય છે. તેની માત્રા ૧ થી ૨ રતી છે.
દરદામન પું. પાયરાનો પટો.
દરદારિ પું. વૈદ્ય; હકીમ; 'ડોક્ટર.'
રોગ જાણ છે રસાયણ, ઔષધ વિના દરદારિ રે
નિષ્કુળાનંદ
દરદાચો ૧. [ફા. દમ્મહ] પું. ઢબ્બો; તોફાન.
૨. પું. હક; ધમાકો; અધિકાર.
અરજ લાયક સૂબી આઠમર લિખી મૂબે હુ અમારો દરદાચો નહિ. સં. ૧૭૨૪ ભાવસર
દરદી ૧. વિ. જેના દિલમાં દુઃખ થતું હોય તેવું.
૨. વિ. દરદની જાણ કરનારું; સમજુ
૩. વિ. દુઃખી; પીડિત.
૪. વિ. પ્રેમપીડાથી પીડિત; ઘાયલ.
દરદીની ગત દરદી જાણે = કોઈ બાબતનું બરાં જ્ઞાન તો જેને તે બાબતનો અનુભવ થયો હોય તેને જ થઈ શકે.
૫. [ફા. દર્દી] વિ. માંદું; રોગી, દરદવાળું; દરદથી પીડાતું.
૬. વિ. રસિક; અનુભવી.
દરદેસર [ફા.] ન. માથાનો દુખાવો; શિરોવેદના, શિરઃશૂળ.
દરદ્યાવું વિ. લાગણીવાળું; સહાનુભૂતિ બતાવું
દરપ [સં. દર્પ] પું. અહંકાર, અભિમાન; ગર્વ.
દરપઈ [અ.] અ. પાછળ; પછવાડે.
દરપણ ન. દર્પણ; અરીસો; આયનો.
દરપદરી ૧. વિ. બાનગી; છપું.
૨. અ. બાકાતરી રીતે.
૩ અ. છપી રીતે.
દરપવું ૧. અ. ક્રિ. ગર્વ કરવો
૨. અ ક્રિ. દર્પ કરવો; ગર્વ કરવો; અહંકારી થવું; અભિમાનથી ફુલાવું.
દરપેશ ૧. [ફા.] અ. તપાસ ચાલતી હોય એમ.
૨. અ. જોર ઉપર.
૩. અ. સામે; આગળ.
દરફતો પું. એક પ્રકારનું ઝાડ.
દરફરાન [ફા.] વિ. ચાલાકું; તેજસ્વી.
દરબ ૧ [સં. દ્રબ્] પું. ધન; દોલત.
૨. [હિં.] પું. ધાતુ.
૩. પું. મોટી કિનારવાળી ચાદર.
દરબદર ૧. [ફા.] અ. એક બારણેથી બીજે બારણે.
૨. અ. ઘેરઘેર.
દરબર અ. ઉતાવળથી; જલદી.
દરબલી ૧. સ્ત્રી. નાનું ઓબરું.
૨. સ્ત્રી. માટીની બનાવેલી નાની કોઠી.
દરબહું જુઓ દરબલી.
દરબસત [ફા.] વિ. દઢ; મજબૂત.
દરબસી ૧. [ફા.] વિ. સબળું; બહુ.
૨. અ. તદ્દન.
દરબહરા [હિં.] ન. એક પ્રકારનું મલ્લ. તે કોઈ વનસ્પતિને સોડવી બનાવવામાં આવે છે.
દરબંદ [ફા] પું. ઠમાઠ વાસવાની જોગવાઈ અથવા સાંકળ.
દરબંદી [ફા.] સ્ત્રી. કોઈ પણ ચીજનો દર કે ભાવ નક્કી કરવાની ક્રિયા.
દરબા ૧. [સં દ્વાર (બારણું)] પું. (હિંદી) બખ્તરખાનું.
૨. પું. દીવાલ, કાચ વગેરેનું પોલાણ. તેમાં કોઈ પણ કે છત્ર રહે છે.
દરબાન [ફા. દર્બાન (દ્વારપાળ)] પું. દરવાજે બેઠેલો પહેરગીર; દરવાનું દોઢીદાર; બારણે બેસનાર ચોકીદાર.
દરબાની [ફા.] સ્ત્રી. દરવાનનું કામ કરવું તે; દ્વારપાળનું કર્મ.
દરબાબ્ય [ફા.] અ. વિષે; સબબમાં; બાબતમાં.
દરબાર ૧. પું અમૃતસરમાં જેમાં શીખોના ગ્રંથ સાહેબ રાખેલ છે તે મંદિર.
૨. પું. ઇન્સાફ ચલાવવાનું ઠેકાણું; ન્યાયમંદિર.
૩. પું. જ્યાં સરકાર તરફના મુખ્ય અધિકારીઓ લોકોને ઓકહા મેળવવા હોય તે ઠેકાણું અથવા એવો મેળાવડો; રાજસભા.
૪. પું. દેશી રાજ્યમાં અમલ કરનારી સરકાર.
૫. પું. નાનો રાજ્યપ્રદેશ; નાનું રાજ્ય.
૬. પું. રાજા; બાદશાહ; ઠાકોર; તાલુકદાર; આસિબો.
૭. પું. રાજા જેવો ઉદાર, ઉદાર અને મોટા માણસ: જોગો, ઉદાર, ખુલ્લા દિલનો માણસ.
૮. [ફા. દર (બાં) + બાર (ઠેકાણું)] ■ રાજાની કચેરી; રાજ્યનું કામકાજ ચલાવવાનું ઠેકાણું.
૧. દરબાર ઠામઠામ કરવું = જામ કરવું.
૨. દરબાર બાંધવો = સ્થિરવાસ નક્કી કરવો.
૩. દરબારને બાર દર = રાજાના શબ્દ ઉપર વિશ્વાસ રાખી શકાય નહિ.
૯. પું. રાજાને રહેવાનું મકાન; રાજમહેલ.

દરબારખંડ પું. દરબાર ભરવાનો ઓરડો.

દરબારગઢ ૧. પું. પુરુષની ગુહ્યેંદ્રિય.
૨. પું. યોનિ
૩. પું. રાજાનો મહેલ.
૪ પું. રાજ્યનું પ્રામકાજ કરવાનું સ્થળ; કચેરી.

દરબારદારી ૧. સ્ત્રી. કોઈ જગ્યાએ વારંવાર જવાનું, બેસવાનું કે ખુશામદ કરવાનું કામ.
૨. સ્ત્રી. રાજસભામાં હાજરી આપવી તે.

દરબારવિલાસરી [હિં.] પું. દ્વારપાલ; દરવાન.

દરબારસાહેબ ૧. પુ. રાજા; બાદશાહ.
૨. પું. ક્ષીબ મર્મભેદ.

દરબારા [ઇ.] અ. ને લગતું; બાબતમાં.

દરબારી ૧. [ફા. દ્બારી] પુ. અમીર; દરબારનો રાજપુરુષ.
૨. પું. (સંગીત) આશાવરી થાટમાંથી ઉત્પન્ન થતો એક જાતનો રાગ. તેનું આરોહ અવરોહ સ્વરૂપ નિ૮ ગ, રિ, ગ૮, રિ, ગ ૫, ધ૮, નિ૮ ગ| ગ ધ૮ નિ૮૫, ગ ૫, ગ૮ ગ, રિસ| છે. તે ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પ્રહર છે. તેનો વાદી સંવાદી સ્વર રિ, ૫ છે.
૩. પું. કચેરીમાં બેસનાર આબરૂદાર. રાજસભાનો સભાસદ.
૪ પું. રાજાનો અંગત નોકર; ઠલૂરિયો.
૫. વિ. દરબારનું; દરબારને લગતું; દરબાર સંબંધી.
૬. વિ. દરબારને યોગ્ય.
૭. વિ. દરબારમાં બેસતું.
૮. વિ. સભાને લગતું; કચેરી બાબતનું.

દરબારી કાનડો જુઓ દરબારી કાનડો.

દરબારી તોડી (દરબારી તોડી) પું. (સંગીત) તોડી થાટમાંથી ઉત્પન્ન થતો એક જાતનો રાગ. તેનું આરોહ અવરોહ સ્વરૂપ ગ ૫ ધ૮ નિ સ, રિ૮ ગ, ગ૮ ગ ૫, ધ૮ નિ સ' સ નિ ધ૮, નિ ધ૮ ૫, ગ૮ ગ, ગ૮ રિ<સ|' છે. વાદી સંવાદી સ્વર સ, ૫ છે. તે ગાવાનો સમય દિવસનો બીજો પ્રહર છે. મંદ સ્થાનમાં આ રાગ દરબારી લાગે છે.

દરબારું ન. રાજતંત્ર ચલાવવાનું કામ.

દરબારે આમ પું.; સ્ત્રી.; ન. આમસભા; દીવાને આમ

દરબારે ખાસ પું.; સ્ત્રી ; ન. અમીર ઉમરાવોના પ્રતિનિધિઓની સભા; દીવાને ખાસ.

દરબોડો પું. લીલા કે પીળા રંગનું આવું લૂગડું.

દરભ ૧. [હિં.] પું. વાંદો.
૨. [સં. દર્ભ] પું. દર્ભ; એક જાતનું ઘાસ. તે તર્પણ કરવાના ઉપયોગમાં આવે છે.

દરભંગા ૧. પું. એક જાતનો આંબો.
૨. ન. એ નામનું ઉત્તર હિંદનું એક રાજ્ય તથા તેનું શહેર. અહીં સીતાજીનો જન્મ થયાનું મનાય છે.

દરભાઈ પું. એની એ જ ઓનો ઉપભોગ કરનાર ભાઈ પુરુષ.

દરભિયો પું. કાચંડિયો; કલાક વર્ષના બિંદુઓની રમઝાનકિયા કરાવનાર જાદુગર; કલાકી બનાતી વર્ષાની મરજીકિયા કરાવનાર જાદુગર.

દરમ [ફા. દિરમ] પું. પ્રાચીન કાળનો એક જાતનો સિક્કો.

દરમહા ૧. પું. દરેક મહિને થતો પગાર.
૨. [ફા. દર્માહ] અ. દરેક મહિનામાં.

દરમા ૧. [હિં.] પું. ભનાર; ઘાસ.
૨. પું. એક જાતની સાદડી.
૩. સ્ત્રી. તીરકટમાં થતી એક જાતની ગોળાકાર કેરી. તેના રસનો સ્વાદ ચેનીયા જેવો હોય છે.

દરમાન ૧. [હિં.] પું. ઇલાજ; ચિકિત્સા.
૨. પું. ઔષધિ; દવા.

દરમાયો [ફા. દર (માં) + માહ (મહિનો)] પું. માસિક પગાર; નોકરીને આપવાનું માસિક લવાજમ; મહિના માટે આપવાની ભલામણી મહેનતની રકમ; પગાર; વેતન.

દરમાવું અ. ક્રિ. ચીમળાવું

દરમાહા [ફા.] પું. માસિક પગાર, દરમાયો.

દરમાં પું. ઇલાજ.

દરમાંડગી [ફા.] સ્ત્રી. લાચારી; કમનસીબી.

દરમાંદું ૧. વિ. ગરીબ; નિર્ધન.
૨. વિ. બાકેલું.
૩. વિ. દુઃખી; લાચાર; મૂંઝાયેલ.

દરમિયાન [ફા. દર (માં) + મિયાન (વચલો ભાગ)] અ. અમુક નિર્મિત કાળની અંદર; વચલા વખતમાં; વચગાળે; માં; પહેલાં અમુક સમયની અંદર.
૧. દરમિયાન રેવા = લગાદ તરીકે નીમવું; વિશ્વાસસ્થાન તરીકે આપવું.
૨. દરમિયાન લાવવું = (૧) વચમાં લાવવું. (૨) સમાવેશ કરવો.

દરમિયાનગીરી [ફા.] સ્ત્રી. વચમા પડીને કામ કરવું તે; વચ્ચે રહેવાપણું; વચ્ચે હોવાપણું.

દરમિયાની ૧. [ફા.] પુ. બોલે જણ; મધ્યસ્થ; વચમાં પડનાર બ્રાહ્મિ.
૨. પું. દલાલ.
૩. પું. દુભાષિયો.
૪. વિ. અંદરનું.
૫. વિ. વચલું, મધ્યનું
૬. વિ. સાધારણ.

દરમેલ સ્ત્રી ભાવનગરી તાલુકાનાં કેટલાંક ગામમાં જાદાને આડે આપવાની એક પ્રથા

દરમોળવું ૧. સ. ક્રિ. અગ્નિથી બોકું બોકું દઝાડવું.
૨. સ ક્રિ. કાંટાવાળા ઝાડવાના કોઠા સળેજ અગ્નિથી દઝાડી ખેરવી નાખવા.

દરમ્યાન જુઓ દરમિયાન.

દરયક [ફા.] અ. દરેક; પ્રત્યેક.

દરયાઝા ૧. [ફા.] ન. બારીબારણું.
૨. ન. નાનું સરોવર.

દરયાફ્ત (દરયાપ્ત) ૧. [ફા.] સ્ત્રી. તપાસ; તજવીજ.
૨. સ્ત્રી. વિચાર; મનન.

દરયાફ્તની (દરયાપ્તની) ૧. [ફા.] સ્ત્રી. આલમ પડવું તે.
૨. સ્ત્રી. સહી લેવું તે; સહન કરવાપણું.

દરયાવરાર સ્ત્રી. માટીચણી પોચી જમીન.

દરયાવ [ફા.] પું. દરિયો; સમુદ્ર.

દરયુઝી [ફા.] સ્ત્રી. ભિક્ષા માગવી તે.

દરર [અ.] ન. મોતી

દરરા [ફા.] પું. ખીણ; ખો.

દરરાજ [અ.] સ્ત્રી એક જાતની નાની સાકડી.

દરરોજ [ફા. દરરોઝ] અ. દરદમેશ; નિત્ય; પ્રતિદિવસ; દરરોજ; રોજરોજ; હમેશ.

દરવ ૧. પું. આળાદી.
૨. પું. તરવ.
૩. પું. પદાર્થ; વસ્તુ.
૪. પું. પૈસો; લ્યા; નાણું; ધન.

દરવડો (દરવ્ડો) પું. જુવારની ડોળીનો કુમળો; દરેડો.

દરવર [સં.] પું. ભગવાન વિષ્ણુનો શંખ; પાંચજન્ય.

દરવેદ ૧. પું. નાસ્તિક માણસ.
૨. વિ. બીજા ધર્મનું; જુદા સંપ્રદાયનું.

દરવાજો ૧. પું. દરવાજાના આકારની એક જાતની આતશબાજી.
૨. [ફા. દર્વાજા] પું. દ્વાર; બારણું.
૩. પું. માર્ગ; રાહ; રસ્તો.
૪. પું. રાજાના મહેલનું અથવા નગરનું મોટું બારણું.
૫. પું. શહેર, ગામ અથવા મોટા મકાનનું જવા આવવા માટે રાખેલું મોટું બારણું.
૧. દરવાજા ઉઘાડા હોવા = જેને જેથી તરફ જવું હોય તેને તેથી તરફ જવાની છૂટ હોવી; જ્યારે જોઈ જાતનો અટકાવ કે પ્રતિબંધ ન હોવો; રસ્તા મોકળા હોવા; ગમે તે રસ્તે જવા દેવાની છૂટ હોવી.
૨. દરવાજાને મોંએ ઊંટ = કામ કરે તેને સો કામ સોંપે.
૩. દરવાજે રેખાટનો = બહાર ઢાંકી રાખવું.

દરવાજા જુઓ દરવાજો.

દરવાજી [ફા.] પું. દરવાજાની ચોકી કરનાર પગી

દરવાણ જુઓ દરવાણી.

દરવાણી [ફા. દર્બાન] પું. દ્વારપાળ; દરવાજે સાચવનાર માણસ, દરવાન.

દરવાન ૧. [ફા. દર્બાન] પું. દરવાજે સાચવનાર સિપાઈ; દ્વારપાળ.
૨. સ્ત્રી. એ નામની માલ્કોશની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

દરવાનકરી જુઓ દરવાન.

દરવારી ૧. સ્ત્રી. દર પ્રમાણે આકાર ભેસાડવાનું પત્રક.
૨. જો નકી કરેલ દર પ્રમાણે લેવાતો કર.

દરવિદલિત ૧. [સં.] વિ. બોડ; ચિરાયેલ.
૨. વિ. બોડ; જાનેલ કે તૂટેલ.

દરવેજી [ફા.] સ્ત્રી. બીજ; બિક્ષા.

દરવેશ ૧. [ફા. દર (દરવાજો) + આવેખ્તન (જાકવું)] પું. ફેરા ફેરા દરનારો મુસલમાન ગાયક; ભિક્ષા માગવા કેરો ફેરા કરતો ફકીર; મુસલમાન ફકીર.
૨. સ્ત્રી. એ નામની મેખ્ય અને સૈયદની એક જાત
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

દરવેશી [ફા.] સ્ત્રી. ફકીરી હાલત; દરવેશ તરીકેનું ત્યાગી જીવન.

દરશ ૧. ન. જોવાની ક્રિયા; દર્શન.
૨. ન. દેખાવ; દરબ.
૩. ન. (જૈન) ભાવ; શ્રદ્ધા.
૪. ન. રાજ્ય.
૫. ન. બરાબર; જેવું.

દરશણિયું ન. ઓજારોને તેમજ બાળકોને કાંડે બાંધવાનું કાચ કે રહિકના ગોળ દાણા અને વચ્ચે વચ્ચે સોનાના દાણાનું ગેરખા જેવું એક ઘરેણું.

દરશન ૧. [સં. દર્શન] ન. જોવાની ક્રિયા; નજર
૨. ન. દેખાવ; દરબ.
૩. ન. (જૈન) ભાવ; શ્રદ્ધા.
૪. ન. મુલાકાત.
૫. ન. હિંદુનાં ધાર્મિક છ મંતવ્યોનું એક દાર્શ.

દરશનિયું ન. કાચ, રહિક અને સોનાના મણકાનું ઓળો અને બાળકોને કાંઠે અને કાંડે પહેરવાનું ગેરખા જેવું એક ઘરેણું.

દરશની ૧. વિ. દેખાડ વગાં પૈસા મળે એવું. ઈંડી માટે વપરાય છે.
૨ વિ. દેખાવડું; સુંદર.

દરશવું [સં. દૃશ્ (જોવું)] અ. ક્રિ. નજરે પડવું; દેખવું; દૃષ્ટિગોચર થવું.

દરશાવવું સ. ક્રિ. દર્શાવવું; બતાવવું; જણાવવું; દેખાડવું.

દરશ ૧. [અ.] ન. ઉપરોક્ત; ઉલ્લેખ.
૨. ન. છબી.
૩. ન. દર્શન; દીદાર; દેખાવ.
૪. ન મુલાકાત; મિલન.
૫. ન. રૂપ; સુંદરતા.

દરસની [હિં.] સ્ત્રી. દર્પણ; આયનો; અરીસો.

દરસની ફૂંડી ૧. [હિં.] સ્ત્રી. જેનાં નાણાં મળવાની મિતિને દશ દિવસ કે તેથી ઓછા દિવસ બાકી હોય તેવી હૂંડી.
૨. સ્ત્રી. દેખાવનો કોઈ બીજો વસ્તુ પ્રકાર વાચ એવો વસ્તુ.

દરસવું અ. ક્રિ. દેખાવું; દૃષ્ટિગોચર થવું.

દરસાન [સં.] પું. ચોત; પ્રકાશ.

દરસાલ ક્રિ. વર્ષોવર્ષ; દર વરસ; દર વર્ષે; પ્રતિવર્ષ.

દરસોડવું (દરસોડ્વું) સ ક્રિ. રાડાક કરીને બચવું.

દરસોળવું સ. ક્રિ. બાળવું.

દરહમ ૧. [અ.] પું. ગુસ્સો; રોષ.
૨. પું. પૈસો; નાણું.
૩. પું. રૂપાનો સિક્કો.

દરહમબરહમ ૧. [ફા.] વિ. ઊલટપાલટ; ઊલટસૂલટ.
૨. વિ. ગુસ્સે થયેલ.
૩. વિ. ચૂરચારેલું; ભાંગેલું.

દરહમી ૧. [ફા.] સ્ત્રી. ભૂંગળ.
૨. સ્ત્રી. ગેરબંદોબસ્ત.

દરહલદ સ્ત્રી. એક જાતનો છોડ. આ સુંદર છોડનાં પાદડા પણાં ચકમચિત હોય છે. તેને બધાં નાના પીળાં ફૂલ આવે છે. પારસનાથ અને હિમાલયમાં તે ઊગે છે. તેનું મૂળ ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાય છે.

દરહાલ ક્રિ. એકદમ; જલદી.

દરહારું સ. ક્રિ. ભણી જવું.

દરહી સ્ત્રી. એક જાતની માખી.

દરહેરુ ન. દેખાવ; હાલહવાલ.

દરંગ ૧. પું. ધોકો.
૨ પું. હમલો.
૩. પું. રાજા.

દરંદા ૧. [ફા.] વિ. ફાડી નાખે તેવું જંગલી પ્રાણી
૨. વિ. ફાડી ખાય એવું

દરા ૧. [ફા.] પું. મુકામ; બીજ.
૨. પું. ઘાટ; માર્ગ; ખોરી રસ્તો.
૩. પું. જંગલ; વન.
૪. પું. તડ; ફાટ; ચીરો.
૫. પું. રેતીનો ટેકરો.

દરાઈ ૧. સ્ત્રી. એક જાતની ઊંડાણવાળી, મીઠા પાણીમાં રહેનારી, વચ્ચેથી સહેજ પહોળી, નાની માછલી તેને કાંટા બધા હોય છે
૨. સ્ત્રી. ચિરોંજ.

દરાખ [સં. દ્રાક્ષ] સ્ત્રી. દ્રાક્ષ; એક જાતનો મેવો. દરાખના વેલા દોય છે. એ વેલા વાવ્યા પછી ત્રણ વર્ષે ફલ દે છે. દ્રાક્ષ બધું કરીને બધા ખંડોમાં થાય છે. હિંદુસ્તાનમાં જે દ્રાક્ષ થાય છે, તેમાં ત્રણ જાત છે: લીલી, કાળી અને પીળી. પીળી દ્રાક્ષ બધી મધુર હોવાથી મોંઘી હોય છે. આ

દેશમાં જે દ્રાક્ષ થાય છે તે લીલી ને લીલી જ ખપી જાય છે. અરબસ્તાન, ઈરાન અને મરક્કત, એ સ્થળોમાં ઘણી દ્રાક્ષ પાકે છે, તેથી તેને સૂકવી બહારગામ ખાતે વેચવા મોકલવામાં આવે છે. એદાણા, મુનક્કા, કિસમિસ જેવાં સૂકી દ્રાક્ષનાં નામ હોય છે. જેટલા દ્રાક્ષ જરા પોચી હોય છે અને તેમાં બી હોતાં નથી. મુનક્કા દ્રાક્ષ કાંઈક કાળી હોય છે અને કિસમિસ નાની હોય છે. દ્રાક્ષ ઉષ્ણ દેશમાં લોહીની ખૂબ તથા તરસનું શમન કરવાને ઘણી ઉપયોગી થઈ પડે છે. દ્રાક્ષનાં પાંદડાં ફોરને અવરાવાય છે. તેનાં બાકડાંનો કોઈ કોઈ કાળો રંગ બનાવે છે. પાકી દ્રાક્ષ સ્વરને હિતકારક, મધુર, તૃપ્તિકર, પાકકાળે સ્નિગ્ધ, અતિ રુચિકર, મૂત્રલ, ગુરુ, તૂરી, સારક, બાટી, ઘૃષ્ય, શીતળ તથા શ્રમનાશક છે. તે પિત્ત, શ્વાસ, ઉપરસ, ઊલટી, સોજો, ભ્રમ, જ્વર, દાહ, મદાત્યય, વાતપિત્ત, કફક્ષય, હેડકી, વાતરક્ત, રક્તપિત્ત તથા અધ્યમાન વાયુનો નાશ કરનાર મનાય છે. લીલી દ્રાક્ષ કફકારક, ગુરુ, બાટી, પિત્તહ, ઉષ્ણ, રક્તપિત્તકારક, રુચિકારક, દીપન અને વાતનાશક મનાય છે. સૂકી અથવા કાચી દ્રાક્ષ વિદાહ, ઉષ્ણ, તીખી, પિત્તહ અને રક્તદોષકારક મનાય છે. ખાંજવાળી દ્રાક્ષ શીતળ, હલકી, ઘૃષ્ય, ગુરુ, વાતાનુલોમન, સ્નિગ્ધ, હૃદયપ્રદ તથા શ્રમનાશક છે અને દાહ, ભ્રમ, મૂર્છા, કૃમ, ઉપરસ, કફ, પિત્ત, તાવ, રક્તદોષ, તૃષા, ઊલટી તથા હૃદયજ્વરનો નાશ કરનાર મનાય છે.

દ્રાક્ષ ૧. પું. બાનું. તેમાં કોઈ બીજ રાખી તેને તાળું દઈ સાચવાય છે.

૨. પું. સુતાર લોકોનું બાકડામાં ખોબણ પાડવાનું વક્રા જેવું ઓજાર. તેમાં દેકારી નાનું દાંતવું હોય છે.

૩. [મા.] સ્ત્રી. ચામડી ઉપર થતો ખૂજલી આપ્યા કરે એવો મોળ ચકરડાં કે ચાકાનો રોગ; દાદર; મજ્જકરણ.

૪ વિ. લાંબું; દીર્ઘ.

દ્રાક્ષિયું વિ. દ્રાક્ષ જેવા દાદરના રોગવાળું; લૂખસિયું; જેને દ્રાક્ષ થઈ હોય એવું.

દ્રાક્ષી ૧. [મા.] સ્ત્રી. એક જાતનો ચામડીનો રોગ, દ્રાક્ષ.

૨. સ્ત્રી. લવાર્ક

દ્રાક્ષ જુઓ દ્રાક્ષ.

દ્રાક્ષગોસ ૧. [મા.] પું. ગળોડો; લંબકર્ણ

૨. પુ. સસલું.

દ્રાક્ષદસ્ત [મા.] વિ. મહાબાહુ; લાંબા હાથવાળું.

દ્રાક્ષદસ્તી [મા.] સ્ત્રી જુલમ; જબરદસ્તી.

દ્રાક્ષી [મા.] સ્ત્રી. લંબાઈ; વિસ્તાર.

દ્રાઘ (દ્રાઘ) [સં. દ્રાઘ્] સ્ત્રી. ચીરો; તડ.

દ્રાઘ જુઓ દ્રાઝ.

દ્રાન [મા.] વિ. ચીરવું; ફાડવું.

દ્રાનતી [હિ.] સ્ત્રી. છાતરું.

દ્રાબ્ય [સ. દ્રાવિન્] પું. સિક્કા મારીને નાણું પાડનારો માણસ.

દ્રામણે [મા.] સ. (ક્રિયાપદ) ઝવરાંગ; ઝાડાના ધાબાની ઊંચાઈ વધારવા માટે બાજુના ઉપર રાખવામાં આવતું પાટિયું.

દ્રામદ ૧. સ. આક્રમણ; આવવું તે.

૨. સ. દાબલ કરવું તે.

દ્રાર ૧. [સં. દ્રાઘ્] સ્ત્રી. ચીરો; તડ.

૨. સ્ત્રી. મોટા ચીરા પડી ગયેલી જમીન.

૩. સ. નક્કો; જરૂર.

દ્રાવ સ. ચીજ વસ્તુ રાખવાનું બાનું.

દ્રાવક (દ્રાવ્ય) ૧. સ્ત્રી. બાઝણની ચોરાશી માહેની એ નામની એક જાતિ.

૨. સ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

દ્રાવાં સ. રાનીપરજની સ્ત્રીઓથી ગળામાં પહેરાતી પચરાની માળા.

દ્રાંતી [સં. દાત્ર] સ્ત્રી. દાતરડું.

દ્રિ ૧. [સં.] પું. કોતર.

૨. પું. ડુંગર.

૩. પું. (પુરાણ) તક્ષક નાગના કુળમાં ઉત્પન્ન થયેલો એ નામનો એક સાપ.

૪. સ્ત્રી. ફર; બાકું.

દ્રિર્ય નવિ મોહ પ્રમદર્ય
ક્રિયા નીકરઈ સાપ. કાન્હડદેપ્રબંધ

દ્રિત ૧. [સં.] વિ. ચિરાયેલ; ફાટેલ.

૨. વિ. ખીજવ્યું.

૩. વિ. બાજ પામેલ.

૪. વિ. બાજ કરેલું.

દ્રિદ્ર ૧. [સં.] પું. નિર્ધન અને નિરુત્સાહી માણસ, માઠ નસીબનો માણસ.

૨. સ્ત્રી. કંગાલિયત; ગરીબાઈ; દરિદ્રપ; દાદર.

૩. વિ. ખોટી; બાજરૂ.

૪. વિ. ગરીબ; દીન; કંગાલ; નિર્ધન.

૫. વિ. ચલણમાં નહીં જેવું; અમૈતન; જડ.

૬. વિ. દુઃખી.

૭. વિ. ખૂબ.

દ્રિદ્રન [સં. દરિદ્રા] વિ. સ્વયં વિરક્ત; કેવળ અહેત. જેમાં રહેવા માટે બહ નિરીપયોગ વપરાયેલું છે.

દ્રિદ્રતા ૧. સ્ત્રી. બાળસુખપણ

૨. [સં. દરિદ્ર (ગરીબ) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. કંગાલિયત; ગરીબી; દૈન્ય; ગરીબાઈ.

૩. સ્ત્રી. તંગી.

૪. સ્ત્રી. હાજતવાળું.

દ્રિદ્રત્વ જુઓ દરિદ્રતા.

દ્રિદ્રનારાયણ ૧. પું. ઈશ્વર.

૨. પું. ગરીબ માણસ.

૩. પું. દુખિયાનો બેલી; દરિદ્રબંધુ.

૪. પું. રોટલો.

દ્રિદ્રપણું ન. દરિદ્રતા; કંગાલીપણું.

દ્રિદ્રબંધુ જુઓ દરિદ્રનારાયણ.

દ્રિદ્રશાલા [સં. દરિદ્ર (ગરીબ) + શાલા (ઘર)] સ્ત્રી. ગરીબ લોકોને રાખવાનું સ્થળ. ત્યાં તેમની પાસેથી કામ લેવામાં આવે છે.

દ્રિદ્રાલય જુઓ દરિદ્રશાલા.

દ્રિદ્રાવસ્થા [સં. દરિદ્ર (ગરીબ) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. ગરીબાઈ; ગરીબ હાલત.

દ્રિદ્રિત [સં.] વિ. દરિદ્ર; કંગાલ; ગરીબ.

દ્રિદ્રિત જુઓ દરિદ્રિત.

દ્રિદ્રી ૧. વિ. બાળસુ; ઓદી.

૨. [સં. દરિદ્ર] વિ. કંગાલ; ગરીબ; નિર્ધન.

૩. વિ. બાવા, પીવા અને રહેવાની તંગીમાં જબ્બાતું હોય તેવું.

દ્રિદ્રીકરણ ૧. [સં.] ન. ગરીબ બનાવવું તે.

૨. ન. નિર્ધનતા; દરિદ્રતા.

દ્રિદ્રીપણું જુઓ દરિદ્રપણું.

દ્રિયા ૧. [મા.] પું. દરિયો; સાગર; સમુદ્ર; સિંધુ.

૨. પું. નદી.

નેડી કર ઔર દ્રિયામેં ડાલ = બબાદ કર અને દરિયામાં નાખ; બદબાની બાકી રાખ્યા વિના બબાદ કરવી; નિષ્કામ કર્મ કરવું.

દ્રિયાઈ ૧. [હિ.] સ્ત્રી. પતંગને બાંધવો દેવો તે, ઝોલી; ખુડેમા.

૨. સ્ત્રી. સાટીન નામનું રેશમી કાપડ. તે દરિયા ઉપર બાંધે આવતું.

૩. વિ. દરિયાનાં મોજાં જેવો દેખાવ જબ્બાતો હોય તેવું કાપડ.

૪ [મા. દર્યાઈ (દરિયાનું)] વિ. દરિયાને લગતું; સમુદ્રને લગતું. દરિયા સંબંધી.

૫. વિ. નૌકા સંબંધી; નૌકાવિષયક.

૬. વિ. સમુદ્રવિષયક; સમુદ્ર સંબંધી.

દરિયાઈ અરણી સ્ત્રી. એક જાતનું ઝાડ. તે દરિયા કિનારે ખારી જમીનમાં થાય છે. તેનાં ફૂલ ધોળાં, લાંબી સળીઓમાં અને સુગંધી હોય છે.

દરિયાઈ ઉંદર પું. એક જાતનો દરિયાઈ જીવડો તે લગભગમાં અઢારે પાંચ ઇંચથી વધારે હોય છે અને તેનું બાકીનું શરીર બધા ટૂંકા વાળથી ઢંકાયેલું હોય છે

દરિયાઈ ઊંદર જુઓ દરિયાઈ ઉંદર.

દરિયાઈ કહ ન. એક જાતનું દરિયાઈ પ્રાણી.

દરિયાઈ કાકડી (દરિયાઈ કાકડી) સ્ત્રી. એક જાતનું કાકડીને મળતું દરિયાઈ પ્રાણી; મહાના આકાર જેવું કેટલુંયમીના જાતનું એક પ્રાણી.

દરિયાઈ કાંસકો (દરિયાઈ કાંસકો) પું. એક જાતનું ઘાસ. તે દરિયા કિનારે ઊંડી રેતીના ઢગ ઉપર ઊગે છે એની દાંડી પાતળી, લાંબા સાંધાવાળી, લીસી ને સેરડો હાથ લાંબી હોય છે. ફૂલની ચમરી મકી ચોખા ઘાસની ચમરી જેવી હોય છે.

દરિયાઈ કાંસા ન. દરિયાઈ કાંસકા જેવું એક જાતનું ઘાસ. તેની દાંડી સાંધે સાંધે મૂળિયા મૂકી જમીનમાં ખોસાતી વધતી જાય છે. તેનાં પાન ઝીણાં અને અણિદાર હોય છે. તેની ચમરી મકી ચોખાની ચમરી જેવી પણ વધારે પોલી હોય છે.

દરિયાઈ ખાતું ન. સમુદ્ર સંબંધી ખાતું; વહાણો, બંદરો વગેરેને લગતું ખાતું.

દરિયાઈ ખિખ સ્ત્રી. (કચ્છી) એક જાતનું ઝાડ. તે બેથી પાંચ ફૂટ ઊંચું થાય છે. તેના રસનું ટીપું નાખવાથી કાંટો આવ્યા કામ નીકળી જાય છે.

દરિયાઈ ગાય સ્ત્રી. એક જાતનું ગાય જેવું દરિયાઈ પ્રાણી. અફ્રિકાની સામુદ્રધુની પાસે આ જનાવર માલૂમ પડ્યું. તેને ભાડી, ઢાળી, વાળ વગરની ચામડી હતી. તેને તેલ તથા માંસ માટે મારી નાખવામાં આવતી.

દરિયાઈ ઘોડો (દરિયાઈ ઘોડો) પું. એક જાતનું ઘોડાને મળતું દરિયાઈ પ્રાણી; 'હિપોપોટેમસ' જેવાની જાતનું ભદ્દી ચામડીવાળું આ જનાવર આફ્રિકાની નદીઓના કિનારા ઉપરની ભીની જગ્યાઓ તથા ઝાડીઓમાં રહે છે. તેના પગમાં ખરીના આકારની ચાર ચાર આંગળીઓ હોય છે. મોઢાની અંદર દાઢો તથા તીક્ષ્ણ દાંતો હોય છે. શરીર નીચું, મોટું, વજનદાર અને બેડોળ હોય છે. તેને ચામડી ઉપર વાળ હોતા નથી. નાક ઊપસેલું અને આંખ તથા પૂછડું નાનાં હોય છે. તે ઝાડના મૂળિયાં તથા અંકુર ખાઈને રહે છે અને રાતના ખોરાકની શોધમાં નીકળે છે. દિવસના તે ઝાડી તથા કોચ્યમાં સંતાઈ રહે છે. તે ખેતી વગેરેને નુકસાન પહોંચાડે છે, પણ તે નદીથી બહુ દૂર જતો નથી અને જરા પણ અખડાટ કે અવાજ થાય તો જર્બને નદીમા ડૂબકી મારી જાય છે, પણ પાણીમાં તે ઝાઝો વખત રહી શકતો નથી. શ્વાસ લેવા ડોકું બહાર કાઢે છે અને પાણી ઉડાડી મારે છે. નિર્જન સ્થાનમાં તે ટોળાં બાંધે રહે છે. કોઈ કોઈ લોકો આશા ખોટી તેનો શિકાર કરે છે. રાત્રે બારે તે બાકામાં પડીને મૂર્છાઈ જાય ત્યારે લોકો તેને મારી નાખે છે. અમારી નાઇલ નદીને કાંઠે આ પ્રાણી બહુ જોવામાં આવતાં, પણ શિકાર વધતા જાયછે તે હવે કમી થઈ ગયેલ છે.

દરિયાઈ ઘોડ (દરિયાઈ ઘોડ) પું. દરિયામા ઊગતો એક જાતનો ઘોડ. દરિયામાં પણ અનેક જાતનાં નાના મોટા ઘોડ થાય છે. પ્રશાંત મહાસાગરમાં કેટલાક ઘોડવાઓનાં ૩૬ ૧૫૦૦ ફૂટ જેટલાં લાંબાં હોય છે. દરિયા ઉપર મસમોટું આવેલ ઘોડને ખાળી તેનું ખાતર કરવામાં આવે છે. અમુક ઘોડ ઢોરના ખોરાક માટે વપરાય છે અને અમુક ઘોડનો માણસ પણ ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

દરિયાઈ ઝાઈ પું. એક જાતનો દરિયાઈ ઘોડ. તેને ધોળાં સુગંધી ફૂલ આવે છે આ ઘોડ દરિયાકાંઠે ઊગે છે. તાવ ઉપર દવા તરીકે કેટલાંક માણસો તેનો ઉપયોગ કરે છે. તેના પાકડાં સુવાળાં અને અંડાકાર હોય છે. સ્વાદમાં તે ખૂબ કડવા હોય છે.

દરિયાઈ ડુક્કર ન. ગંગા, સિંધુ વગેરે નદીઓમા જોવામાં આવતું એક જાતનું પ્રાણી. તે ગંગા માતાનું વાહન મનાય છે. એ છ ફૂટ લાંબુ હોય છે.

દરિયાઈ તારો પું. એક જાતનું દરિયાઈ પ્રાણી. તે અરધા ભીતર્યા ચીકણા પદાર્થના લોચા જેવું દેખાય છે. તેને સેરડો નાના પગ અને ચૂસક નળીઓ હોય છે. તેથી તે ખડકને ઝાલી ઝાલી ચાલે છે.

દરિયાઈ તોતા [જ.] પું. રાજહંસ જેવું એક જાતનું પક્ષી.

દરિયાઈ નાગ પું. હિંદ અને પ્રશાંત મહાસાગરનું એક જબરું પ્રાણી. લંબાઈમાં તે ૩ થી ૮ ફૂટ હોય છે અને શરીર ઉપર ચળકતા રંગના પટા હોય છે. તેને જમીન ઉપર ચાલતાં બહુ મુશ્કેલી પડે છે, પણ પાણીમાં ઘણી ઝડપથી ચાલે છે અને ઘણો વખત અંદર રહી શકે છે તેનો ડંખ બહુ ઝેરી હોય છે

દરિયાઈ નાળિયેર ન. એક ઝાડથી ઊપજેલું ને બીજા ઝાડથી જાપડું નાળિયેર. તેની અંદરનો ગર્ભ સાધારણ નાળિયેરના જેવો જ પણ સૂકો અને સ્વાદમાં ફિક્કો હોય છે. તે આફ્રિકા અને અમેરિકામાં સમુદ્રને કાંઠે કાંઠે થાય છે. તેનો ગર્ભ તથા કોટલું સૂકાતાં પથ્થર જેવા કાણ થઈ જાય છે. ગર્ભ દવાના કામમાં આવે છે. કોટલાંના બનતાં વાસણ સંન્યાસી અને ફકીર રાખે છે. દરિયાઈ નાળિયેરના ફળનું વજન લગભગ ૪૦ શેર થાય છે અને તે ૪થી ૬ વરસમા પાકે છે. તેનો ઉપયોગ ખોરાક અને દવા તરીકે કરવામાં આવે છે. તે અતિસાર અને મરડામા અપાય છે

દરિયાઈ નૂર પું. કોહિનૂરની જાતનો એક કીમતી હીરો તેનો ઇતિહાસ એમ છે કે, મૂળ તો કોહિનૂર અને દરિયાઈ નૂર નામના હીરાઓની જોડ હતી અને તેની માલિકી દિલ્હીમા રાજ કરી જનાર અફઘાન લોદી વરાની હતી. સને ૧૫૨૬મા ઇબ્રાહીમ લોદીને પાણીપતના મેદાનમાં હરાવીને બાબરે મુઘલ વંશની સ્થાપના કરી તે વખતે એ મેદાનમાંથી આ હીરા મળી આવ્યા હતા ને બાબરથી મુઘલ બાદશાહના હાથમાં રહ્યા. સને ૧૭૩૯માં ઈરાનના નાદિરશાહે મુઘલોને હરાવ્યા ને ત્યારથી એ હીરા ઈરાનના તાજમાં જોડાઈ ગયા. દરિયાઈ નૂર હજી પણ ઈરાનમાં હોવાનું મનાય છે

દરિયાઈ પંખો પું. એક જાતનું પંખા જેવું દરિયાઈ પ્રાણી, 'સી ફેન.'

દરિયાઈ પિત્તા ન. છીપમાં રહેનારું એક જાતનું પ્રાણી. ભૂમધ્ય સમુદ્ર તથા બીજા કેટલાક મહાસાગરમાં તે થાય છે.

દરિયાઈ પૂર્તિ સ્ત્રી. એક જાતનો દરિયાઈ ઘોડ; 'સી હર્સ.'

દરિયાઈ પેન ન. એક જાતનું દરિયાઈ પ્રાણી; 'સી પેન.'

દરિયાઈ પોથણ ન. એક જાતનો દરિયાઈ ઘોડ. 'સી સિલી'

દરિયાઈ બતક ન. એક જાતનું દરિયાઈ પક્ષી

દરિયાઈ બીમારી સ્ત્રી. વહાણના હલનચલનથી થતી ઊલટી અને સુસ્તીની લાગણી.

દરિયાઈ ભેંસર ન. દરિયાઈ કાકડી જેવું જિંદા મહાસાગરમાં મળી આવતું કટકચર્મી પ્રાણી, ત્રિપક્ષ. ચીના લોકો એને સૂકવીને ખાય છે.

દરિયાઈ મોજ ન. એક જાતનું ઝાપટ.

દરિયાઈ શંખલો પું. એક પ્રકારની વનસ્પતિ. તેના ફૂલ સૂક્ષ્મ ગુલાબી કે જાંબુડા રંગના થાય છે. ફૂલ શંખલા જેવાં હોઈ તેને દરિયાઈ શંખલો કહે છે.

દરિયાઈ શેળો પું દરિયામાં વસતું કંટકચર્મી એક જાતનું પ્રાણી; 'સી અર્ચિન.' ને ગોળાકાર હોય છે. તેને પાતળી કાટવાળી સીપ એમ હોય છે. એનું મુખ નીચલી બાજુએ વચ્ચે આવેલું હોય છે. તેને પંચ વીંધ્યાં જેવાં જડબાં હોય છે. તે દરિયાના તળિયે અથવા ખડકો ઉપર રહે છે અથવા રેતીમાં દટાયેલા રહે છે અને સીપની અંદર જે પ્રાણી હોય છે તેમાંથી પગ બહાર કાઢીને ચાલે છે. તે નાનાં નાનાં જીવતાં તેમ જ મરેલ અવસ્થાને ખાય છે. એ પ્રાણીઓને કેટલાક લોકો ખાય છે.

દરિયાઈ સાપ પું દરિયામાં રહેતો સાપ. જમીન ઉપરના સાપ કરતાં આ સાપ વધારે ઝેરી હોય છે. એની ચપટી હલેસા જેવી પૂછડીને લીધે એ પાણીમાં તરી શકે છે.

દરિયાઈ સિંહ પું એક જાતનું સિંહને મળતું દરિયાઈ પ્રાણી; 'સી લાયન.' તેને અણીવાળું મોઢું અને શરીરે ચામડિયા વાળની કેશવાળી હોય છે. એની ગર્જના પણ સિંહના જેવી હોય છે.

દરિયાઈ સેનાપતિ પું દરિયાઈ સૈન્યનો ઉપરી; 'એડમિરલ'

દરિયાઈ હાથી પું. હાથીની જાતનું એક દરિયાઈ પ્રાણી. દક્ષિણ મહાસાગરમાં તેનો વસવાટ છે. એનામા ઉપલો હોઠ સૂંઢ જેવો આકાર કરવાની શક્તિ હોય છે. એની લંબાઈ ત્રીસેક ફૂટ અને શરીરનો ઘેરાવો આશરે પંદર ફૂટ હોય છે.

દરિયાખેડ (દરિયાખેડ) સ્ત્રી. દરિયાની મુસાફરી; સમુદ્રગમન.

દરિયાખેડુ (દરિયાખેડુ) ૧. પું. ખલાસી; વહાણવટી.
૨. વિ દરિયો ખેડનાર.

દરિયાદયા ૧. સ. સંજ્ઞાવર અવ્યય; બહું મોટું અક્ષર.
૨. સ. દરિયાઈ અક્ષર.

દરિયાદાસી [હિં.] પું. નિર્ગુણ ઉપાસક સાધુઓનો એક સમુદાય. તે દરિયા સાહેબ નામના માણસે ચલાવ્યો હતો કહેવાય છે કે આ સમુદાયના લોક અર્ધા હિંદુ અને અર્ધા મુસલમાન હોય છે.

દરિયાદિલ ૧. [ગુ.] વ વિશાળ મન; મોટું મન.
૨. વિ. ઉદાર મનવાળું, મોટા મનવાળું; ઉદાર; દાની.

દરિયાદિલી ૧. [ગુ.] સ્ત્રી. મનની વિશાળતા; મોટાઈ; ઉદારતા.
૨. વિ. ઉદાર હૃદયનું; મોટા મનનું.

દરિયાપરજ સ્ત્રી. દરિયા કાંઠે વસતી પ્રજા; દરિયા કિનારા ઉપર રહેનારી વસતી.

દરિયાપરી સ્ત્રી. દરિયાઈ પરી.

દરિયાપીર પું. દરિયાના દેવતા

દરિયાફ [ફા. દર્યાફ્ત (નક્કી કરવું)] સ્ત્રી ઠરીને વિચાર કરવો તે. સારા ખોટાનો તોલ કરવો તે; ધારણા.

દરિયાફ્ત (દરિયાફત) ૧. [ફા] પું. વિચાર; વિવેક; દર્યાફ્ત.
૨. વિ માલૂમ; જણાયેલું; જ્ઞાત.

દરિયાફ્તી (દરિયાફતી) જુઓ દરિયાફી.

દરિયાફી ૧. [ફા. દર્યાફ્ત] સ્ત્રી. તપાસ; તજવીજ.
૨. સ્ત્રી વિચાર; તર્ક; ધારણા.

દરિયાબુર્દ [ફા] સ્ત્રી. વરસાદથી ધોવાયેલ જમીન.

દરિયાબુર્દી [ફા.] સ્ત્રી. ધોવ.

દરિયામહેલ ૧. પું દરિયાની વચ્ચે અથવા દરિયા કિનારે બાંધેલો મહેલ
૨. પું. મોટો મહેલ

દરિયાલાડ ૧. પું. દરિયાનો દેવ
૨ પું. દરિયો.

દરિયાવ ૧. પું. દરિયો; સાગર.
૨ વિ. ઉદાર; મોટું.
ઘણા દિલનો દરિયાવ ઈશ્વર આપોને,
દેવાણી રાણીરાવ, કુબડા કાપોને.
ઇ. સ. સા.
૩ વિ. દરિયાના જેટલું ઊંડું અથવા વિશાળ.

દરિયાવ બાં ૧. પું. દરિયાનો ઉત્સાહ.
૨. પું. બાતોનો અને આડંબરનો અતિશય ઢોંગ કરનાર માણસ.

દરિયાવ દિલ ૧. [ગુ.] વ. વિશાળ મનનો મોટું મન.
૨. વિ ઉદાર દિલનું; દાની.

દરિયાવ દિલી ૧. સ્ત્રી. દરિયાવ દિલ હોવાપણું; ઉદાર હૃદયના હોવું તે; મોટું મન હોવાપણું.
૨. વિ. ઉદાર હૃદયનું, મોટા મનનું.

દરિયાવર્દી વિ. દરિયાનું; સમુદ્રને લગતું.

દરિયાવાંક સ્ત્રી (વહાણવટું) કુંડી.

દરિયાવેલ પું. એક જાતનો વેલો; આરવેલ, મર્યાલવેલ. તે દરિયા કિનારાની રેતીમાં દસ્તાઓ ઉપર આપોઆપ ઊગે છે. તે આશરે સો ફૂટ લંબાઈમા હોય છે. તેને ખાટાનાં પાન જેવાં ફળવાળાં, લીલા ચળકતાં બાજાં પાંદડાં હોય છે. તે દરિયા કિનારાની ઊંચી રેતી ખટકાવે છે આ વેલ ઔષધિ તરીકે વાળાના સોજા ઉપર, બરડા ઉપર અને ઓઓને ગર્ભ ધારણ કરવાને અપાય છે તેનાં પાન ચૂમડાં અને ભાજાં ઉપર બંધાય છે.

દરિયાસારંગ પું. કુશળ વહાણવટી; નૌકા કોવિદ

દરિયા સાહેબ પું. ચારસો વર્ષ પહેલા ભારતવર્ષમાં થયેલ જે માંહેનો કોઈ એક સંત જેમનો જન્મ મારવાડમાં અને બીજાનો સિંધમાં થયો હતો અને સૂફી સંપ્રદાયના હતા. હિંદુ તેમ જ મુસલમાન બંને તેમની પૂજા કરતા જનતામાં તેઓ દરિયા સાહેબના નામથી જાણીતા હતા.

દરિયો ૧. પું. ખાંડ અને ઘઉંના લોટને ઘીણીને બનાવેલી ખાવાની વાની.
૨. [ગુ.] પું. પૃથ્વી ઉપરનો ખારા પાણીનો જળાશયવિસ્તાર; મોટો વિશાળ જળસમુચ્ચય; સમુદ્ર; સાગર; જલધિનધિ.
૧. દરિયા જેવું-જેનું = (૧) ઉદાર. (૨) જે હોય તે સમાવે એવું વિશાળ. (૩) સહન કરે એવું; સહનશીલતાવાળું
૨. દરિયાની રાણી = ઉજ્જૈન. ઉજ્જૈનનું દરિયામાં સર્વોપરીપણું હોવાને લીધે આમ બોલાય છે.
૩. દરિયાને કુબામાં બંધ કરવો = (૧) અશક્ય વસ્તુની કોશિશ કરવી. (૨) બોલા શબ્દોમાં પણ કહેવું
૪. દરિયામા બસબસ જેટલું = બહુ જ ઓછું.
૫. દરિયામા કુમકો-ઘોટ = (૧) પત્તો ન લાગે એવી હોય કે બને. (૨) પરિણામની સમજ ન પડતી હોય એવું આરંભેલું મોટું કાર્ય.
૬. દરિયામાં દુબકી મારવી = કોઈ ન કરે તેવી મહેનત કરવી.
૭. દરિયામાં ડૂબવું = (૧) પાપી બનું; કરમ બાંધવાં; સંસારની ઝંઝામાં રિબાવા કરવું. (૨) મોટી મુસીબતીમાં આવી પડવું; પસ્તીમા આવવું.
૮ દરિયામા રહેવું ને મગર સાથે વેર રાખવું એ કેમ પાલવે ? = સંપ કરીને રહેવું જોઈએ; જેમાં રહેવું તેની સાથે વેર કરવાથી કશું ન વળે
૯. દરિયો ઓળંગવો = (૧) દરિયો ઓળંગવા જેવું કોઈ મહાકાયરત કામ પાર પાડવું. દરિયો ઓળંગવામાં અઢળ, વિલક્ષ પ્રાણી વગેરેની નડતી અનેક આપત્તિઓ સામે ઝઝી જ્યારે કિનારે પહોંચાય ત્યારે નિરાંત થાય; તેમ જે કામમાં અનેક આપત્તિઓ આવી પડતી હોય તે બધીને પારખું કામ પાર પાડવું (૨) સમુદ્ર ઉપર થઈ ને સામેના ખંડમાં જવું; દરિયાની સફર કરવી.

દરિયેહ્વર

૧૦. દરિયો કે દરબાર = દરિયાનો અથવા દરબાર એટલે રાજનો આશ્રય લીધો હોય તો જ દાણદર કોટે.

૧૧. દરિયો કોઠે પડ્યો = દરિયાની બધી રમત બાજુએ; દરિયો એના હૃદયમાં રહ્યો હોય એવી સ્થિતિ હોવી. જ્યાંપનાહ ! એ તો પરદેશી, દરિયો એને કોઠે પડ્યો, ત્યાં આપણે શું કરીએ ?–સોરઠી સમસ્તેર.

૧૨. દરિયો ખેડવો–સેવવો = દરિયાપારનો વેપાર કરવો; દરિયાપારના દેશો સાથે વેપાર કરવા જવું; દરિયામાં મુસાફરી કરવી.

૧૩. દરિયો ડહોળવો–ડોળવો = (૧) નકામી મહેનત કરવી. (૨) મહામહેનત કરવી.

૧૪. દરિયો લાગ્યો = દરિયાની મુસાફરીની અસર થવી; દરિયાની સફરમાં ઊલટી થવી કે ફેર આવવા.

૧૫. મધ્ય દરિયામાં વહાણ ડોલું = ઘણી દુઃખી હાલત થવી.

૩. પું. પેટાભાગ તરફ રમાતી એ નામની એક રમત.

૪. પું. મોટી નદી.

૫. વિ. ઘાયું; પુષ્કળ.

કને ધરપત ઉપર પ્રીત,
એને દુઃખ દરિયા કે. અજ્ઞાત

દરિયો ઘાય પું. એ નામની એક રમત; નિસરણી.

દરિસ્સાવરણીઉ [સં. દર્શનાવરણીય] ન. (પ્રાકૃત) કર્મના આઠ ભાંહેનો એ નામનો બીજો પ્રકાર. દર્શનાવરણીય કર્મ; આત્માની દર્શન શક્તિને દબાવનાર કર્મ.

દરિંગ [જુ. દિરંગ] પું. વિલંબ; મોડું; દીલ.

દરિદ્ર [સં.] વિ. વિકરાળ; ખાતડીઃ ઘાટી ખાનારું.

દરિયા ૧. [સં.] પું. ઘાટી નાભે એવું જનાવર પ્રાણી.

૨. વિ. હિંસક; ઘાટી નાભે એવું.

દરી ૧. [સં.] સ્ત્રી. ગુફા; દરિ; કોતર; બોલ.

૨. સ્ત્રી. મોઢાની પીઠ ઉપર નાખવાની ઊન ગાળીને બનાવેલી ગાદલી.

૩. સ્ત્રી. રેશમી બનેલું વસ્ત્ર

૪. [સં.] સ્ત્રી. નાની કોતરંજ; બનાવ.

૫. સ્ત્રી. પાણીનો ઝરો; વહેળો.

૬. [સં. દ (ફાડવું)] વિ. ફાડનાર; ચીરનાર,

૭. વિ બીકણ; ડરપોક.

દરીખાન ૧. પું. ઘણાં બારણાંવાળો મહેલ.

૨. પું. મુખ્ય અમલદારનો આવાસ; અમલદારને રહેવાની જગ્યા.

દરીખાના [જુ. દરખાના] ન. ઘણાં બારણાંવાળું ઘર.

દરીચા ૧. [સં.] પું. ખડકી.

૨. પું. ચોર દરવાજો.

૩. પું. ઝરખો.

૪. પું. નાનું બારણું.

૫. પું. બારી.

દરીડા (દરીડો) ૧. સ્ત્રી. એ નામની સોનીની એક ઓજાર.

૨. ન. એ નામની ઓજારનું માપમ.

૩. વિ. એ નામની ઓજારનું.

દરીચી જુઓ દરીચા.

દરીત [સં.] વિ. ફાડી નાખેલ; ચીરી નાખેલ.

દરીતૃ [સં.] વિ. ફાડી નાખનાર; ચીરી નાખનાર.

દરીદ [જુ.] વિ. ફાડેલું; ચીરેલું

દરીદના [જુ.] સ. ક્રિ. ચીરવું; ફાડવું.

દરીદાગીના પું. ન. ન. બખોલિયર; બખિયાનાઃ બખેરાત.

દરીબા [હિ.] પું. પાનની બજાર.

દરીભૂ [સં.] સ્ત્રી. ગુફાની જમીનઃ ગુફાનો પ્રદેશઃ કોતરની ભોમ.

દરીભૂત [સં. દરીભૂ] પું. પર્વતઃ પહાડ.

દરીમુખ ૧. [સં.] પું. ગુફાનું મુખ.

૨. પું. (પુરાણ) રામની સેના માહેનો એ નામનો એક વાનર.

દરીસાઝી [જુ.] સ્ત્રી. કોતરકામનો બનાવવાની કળા.

દરીં [જુ.] અ. માં; અંદર.

દરે ૧. [સં. દ્વ (બાદ)] ન. બોલઃ રોપો.

આ બાજુના કામકાજના દરે (ભાવ) ને જોયા પછી દેશી રાજ્યના દરે કરતાં બમણી પાઘડી આપવું પડે છે. ચિતોડગઢ વિજ્ઞાન

૨. ન. બી

અમારી બધા દેખરેખ નીચે બારસ વઢિયાર કરાવેલું કનેરીયા કુંવળીનું દરે (બી) ઘણા જ બગાડ્યા વેચવાનું છે. સયાજીવિજય

દરેચા ૧. પું. બખોલ.

૨. પું. બારણું

દરુસ્ત ૧. વિ ઠીક.

૨. વિ દુરસ્ત

૩. વિ. બાજબી.

દરૂજ વિ. હલકું; નીચ.

દરૂદ ૧. [જુ.] સ્ત્રી. આશીર્વાદ.

૨. સ્ત્રી. મુબારકબાદી

દરૂદગર જુઓ દરૂદગર.

દરૂદગારી જુઓ દરૂદગરી

દરૂદગર [જુ.] પું. સુતાર

દરૂદગરી [જુ.] સ્ત્રી. સુતારી કામ.

દરૂપ [જુ.] ન. ખૂડ; અસલ.

દરૂન ૧. [જુ.] પું. આતરડું.

૨. પું. હૃદય.

૩. સ્ત્રી. (જરથોસ્તી) જરથોસ્તી ધર્મની અમુક ક્રિયામાં વપરાતી પવિત્ર નિશાનીઓવાળી રેશમી થેલી. તેનું વજન ૩૧ ટાંકનું હોય છે.

૪. વિ. અંદરનું.

૫. અ. અંદર; મા.

દરૂનજ ન. એક જાતનું ઝેરિયાળું.

દરૂના ૧. [જુ.] પું. હૃદય.

૨. વિ. અંદરનું.

દરૂની ૧. [જુ.] સ્ત્રી. અંતઃપુર.

૨. વિ. અંદરનું.

દરૂબંકી [જુ.] પું. અંત પુરનો દ્વારપાળ.

દરૂહા [જુ.] પું. દારિદ્રિયો.

દરેક ૧. [હિ.] ન. બધાનું ગણ.

૨. [જુ. દર્જહ] વિ. પ્રત્યેક; દરેક; બોબો.

દરેકે દરેક જુઓ દરેક ૨.

દરેગ ૧. [જુ.] પું. અફસોસ; દિલગીરી.

૨. પું. દરોગર.

દરેગા [જુ.] પું. અફસોસ.

દરેઘ ૧. [જુ.] પું. અભાવ.

૨. પું. દિલગીરી.

દરેજ [જુ.] સ્ત્રી. એક જાતનું ઝાપટા; જાપેલ મજબિન.

દરેડવું (દરેડ્યુ) ૧. અ. ક્રિ. ભળવું; ચૂંદું; ભરવું.

૨. અ. ક્રિ. દરેડે પડવું; વહેવું.

૩. સ ક્રિ. અનાજ વાવવાની ઓરણીના બીબાં મૂકીને મૂકીને દાણા નાખવા.

૪. સ. ક્રિ. ધારા પડે એમ કરવું; દરોડો પડે તેમ કરવું.

દરેડાવવું (દરેડાવ્યુ) સ. ક્રિ. દરેડવાની ક્રિયા કરાવવી.

દરેડ્યું (દરેડાયુ) અ. ક્રિ. દરેડવાની ક્રિયા થવી.

દરેડો (દરેડો) ૧. પું. બોબડો, બાબોડો; ધારા નાનો બોબા પ્રવાહી પદાર્થની ભારે ધારા.

૨. પું. હલ્લો; આક્રમણ; ધાડપાડ.

દરેબા [હિ.] પું. દુકાન.

દરેમેહ્વર ૧. પું. (જરથોસ્તી) અગ્નિમંદિર; અગિયારી, પારસીમંદિર.

૨. પું. (જરથોસ્તી) આતશબહેરામમા બસ્ત, વિસ્પરદ, વંદિદાદ તથા બાજ નામની ધાર્મિક ક્રિયા કરવા માટે રાખેલી ખાસ જગ્યા.
૩. પું. મેહેરનો દરવાજો; પુદાર્ઈ પ્રકાશ અને ઇન્સાનનું મકાન. મેહેર એ પ્રકાશ અને ઇન્સાનનો હિરસ્તો મનાય છે.
૪. પું. ડુગાર્યા; કપડાં; વસ્ત્ર.
૫. [હિં.] સ્ત્રી. એક પ્રકારની છીંટ; ફૂલદાર છાપેલું કપડું.
૬. [અં.] વિ. તૈયાર.
૭. અ. અનુક્રમે; દારમાં.

દરેરો જુઓ દરેડો.

દરેસ ૧. [અં. ડ્રેસ] પું. પોશાક; લેબાસ; પહેરવેશ.
૨. સ્ત્રી. એક પ્રકારની છીંટ; ફૂલદાર છાપેલ કપડું.
૩. વિ. તૈયાર.

દરેસી ૧. પું. પાટાપિંડી કરનાર માણસ.
૨. [હિં.] સ્ત્રી. દુરસ્તી; મરામત.
૩. સ્ત્રી. સપાટપણું.

દરેહમહેર જુઓ દરેમેહેર.

દરૈયા ૧. [હિ.] વિ. ખાતક; વિનાયક.
૨. વિ. જાનાર.

દરો ૧. પું. ડેરો.
એની આસપાસ રેતીના ઢગ અને કેડાનાં બૂંડ હતાં. પ્રસાદ
૨. પું. નદીના વહનમાં અંદરની બાજુએ પાણીનો ઊંડો ખાડો; જળાશયમાંનો ઊંડો ખાડો.
૩. [સં. દ્વાર] સ્ત્રી. એક જાતનું ઘાસ; પ્રો. ધરો; દરોઈ.
૪. સ્ત્રી. મૂગેરા પાળ્યા બાદરવા સુદિ સાતમ આઠમમાં ત્રિદુગ્રોમાં કરવામાં આવતી એક ક્રિયા.

દરો આઠમ સ્ત્રી. બાદરવા સુદિ આઠમ; પ્રો આઠમ; દુર્વા અષ્ટમી; ધરો આઠમ. તે દિવસે બ્રાહ્મો દરોની પૂજા કરે છે.

દરોઈ [સં. દુર્વા] સ્ત્રી. દરો; પ્રો; ધરો; એક જાતનું ઘાસ. વરસાદ નહિ પડવાથી બીજાં બધાં સુકાઈ જાય તોપણ આ ઘાસનાં મૂળ લીલા જ હોય છે. દુકાળના વખતમાં આ ઘાસનાં મૂળ ઠોરને ખવરાવવાના કામમાં આવે છે. ઔષધમાં પણ તેનો ઉપયોગ થાય છે. ઔષધિ તરીકે પણ તે ઉપયોગી છે. સાધારણ દરોઈ તૂરી, શીતળ, મધુર તથા તૃપ્તિકારક છે અને પિત્ત, તૃષા, બેચેની, દાહ, રક્તદોષ, શ્રમ, મદ, મૂર્છા, અરુચિ, વિસર્પ તથા મૂત્રાઘાતનો નાશ કરતી મનાય છે.

દરોગ ૧. [અ.] પું. જૂઠ; અસત્ય.
૨. વિ. જૂઠું.

દરોગહલફણી ૧. [અ.] સ્ત્રી. ખોટી સાક્ષી દેવાની ક્રિયા
૨. સ્ત્રી. સત્ય બોલવાના કસમ લઈ જૂઠું બોલવું તે.

દરોગી ૧. [ફા.] પું. જૂઠો પુરુષ.
૨. વિ. બોટાબોલું.

દરોગો ૧. પું. જકાતી અમલદાર, જકાત ખાતાનો ઉપરી.
૨. પું. બેદાર; તુરંતની દેખરેખ રાખનાર અમલદાર; જેલનો ઉપરી.
૩. [ફા. દારોગહ (સિપાઈઓનો ઉપરી)] પું. તપાસ રાખનારો અધિકારી; તપાસનાર માણસ; નિરીક્ષક.
૪. પું. દેખરેખ રાખનાર અધિકારી; સરકારી ખાતાનો મુખ્ય અમલદાર. જેમકે, તિજોરી દરોગો.
૫. પું. પોલીસ અમલદાર; પોલીસ ઇન્સ્પેક્ટર.

દરોચ ૧. [ફા. દુ (બે) + રૂખ (મોં)]
પું. જૂઠું; અસત્ય.
૨. વિ. બે મોઢાવાળું; જૂઠું.

દરોઝગો [ફા.] પું. જૂઠાબોલો માણસ.

દરોબા જુઓ દરોગો.

દરોબાઈ સ્ત્રી. દરોગાનું.

દરોજ અ. દરરોજ; હમેશા.

દરોડ (દરોડ) ન. પણું; ગોલ ઓલાણ; દોસ દાંતાં બળદને ચલાવવાની જગ્યા.

દરોડાખોર (દરોડાખોર) પું. લૂંટારો.

દરોડો (દરોડો) ૧. પું. એક જાતનું ઘમારતી હાથકું.
૨. [સં. દ્રુ (દોડવું)] પું. એકસાથે જ બધાનું એકસાથે ધસી પડવું તે; દરોડો; ધસારો.
દરોડો પાડવો = (૧) એકીસાથે તૂટી પડવું. (૨) ધાડ પાડવી. (૩) વચ્ચે પડવું.
૩. પું. ઘેર; ધાડ.
૪. પું. વહી જવું તે.

દરોદર [સં.] પું. રમણનો પાસો.

દરોબસ્ત ૧. [ફા. દર (અંદર) + બસ્તન (બાંધવું)] વિ. અખંડ; સંપૂર્ણ; કાંઈ પણ બેડબાંધણ વિનાનું; બરાબર.
૨. વિ. કાંઈ પણ બાકી નહિ એવું; તમામ. તદ્દન; બધું; પૂરેપૂરું.
૩. વિ. જેમ જોઈએ તેમ કરેલું કે ગોઠવેલું હોય એવું.
૪. વિ. પ્રસન્નને અનુકૂલ.
૫. વિ. બીજા કોઈના સાથ વિનાનું; એકલાનું.

દરોરા ૧. સ્ત્રી. વણિકની એ નામની એક ચેટ જાતિ.
૨. વ. એ નામની ચેટ જાતિનું માણસ.
૩. વિ. એ નામની ચેટ જાતિનું.

દરોરો જુઓ દરોડો.

દરોશ ૧. પું. ધ્રુવક પક્ષી.
૨. પું. નરતર.

દરોસ્ત [ફા.] વિ. દુરસ્ત.

દર્ક ૧. [અ.] પું. ગાળો; ઠંસો.
૨. પું. ચાબાકો
૩. પું. જ્ઞાન.
૪. પું. દખલગીરી; વચમાં પડવું તે.

દર્કાર [હિ.] વિ. આવશ્યક; જરૂરી.

દર્ખાસ્ત [ફા.] સ્ત્રી. માગણી.

દર્ગા સ્ત્રી. હજરો; સમાધિ; છત્રી; રોબીતી કબર.

દર્ગાહ [ફા.] સ્ત્રી. દરગાહ.

દર્ગુજર [ફા.] વિ. બાકી બાપાયેલું; દરગુજર.

દર્જા ૧. [અ.] પું. ઊંચાઈ નીચાઈના ક્રમના વિચાર પ્રમાણે નક્કી થયેલું સ્થાન; કોટિ; શ્રેણિ; દરજ્જો.
૨. પું. કોઈ વસ્તુનો ઉપર નીચે ક્રમમાં હોય એવો વિભાગ.
૩. પું. પદ; હોદ્દો.
૪. અ. માટે; મુબલિત. જેમકે, આ ચોપડી તેના કરતાં હજાર દરજ્જે સારી છે.

દર્જેબંદી સ્ત્રી. શ્રેણિવિભાગ; વર્ગીકરણ.

દર્દ ૧. [ફા.] પું. અત્યિયો; ઠાંઠો.
૨. સ્ત્રી. ચીસો; તડ; ફાટ.
૩. વિ. નોંધેલ; લખેલ; કાગળ ઉપર ચઢાવેલ.

દર્દન ૧. [ફા.] સ્ત્રી. દરજીની ઓ; ટેબલ.
૨. [સં. દ્રુમન] ન. ખારનો સમૂહ; દ્રમન.

દર્દી ૧. [ફા.] પું. કપડાં સીવનાર પુરુષ; દરજી; ટેબો
૨. સ્ત્રી કપડાં સીવનારની જાતિ; દરજી; એ નામની એક જાતિ
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

દર્દ ૧. સ્ત્રી. ચામડીનો એક જાતનો રોગ; દાદર.
૨. [ફા.] ન. તકલીફ; મુશ્કેલી.
દર્દની જે મજે તે કૈં, દર્દની વાતથી મજે,
દર્દોની જે કથામા લો, દર્દનો મજુનાં જડે.
બાપા
૩. ન. મનનું દુઃખ; અંતર સંતાપ; ચિંતા.
૪. ન. મર્મ; ઘૂપો ભેદ.
૫. ન. રોગ, બ્યાધિ.
૬. ન. લાગણી. પ્રેમ.
૭. ન. બળાપો; દુઃખ.

૧. દર્દ ઊઠવું = દુઃખ થવું; પીડા થવી.
૨. દર્દ જાગવું = પ્રસૂતિની વેદના થવી.
૮. ન. સહાનુભૂતિ, કરુણા; દયા.
દર્દ આવું = દયા આવી.

દર્દનાક ૧. [ફા. દર્દ (દુઃખ) + નાક (ભરેલું)] વિ. દુઃખથી ભરેલું; દર્દથી ભરેલ.
૨. વિ. ભિક્ષામાગું; ભયાનક; ભયાર.
૩. વિ. ભાગથી ઉત્પન્ન થાય એવું.

દર્દભર્યું વિ. કરુણ; દર્દથી ભરેલ.

દર્દમંદ ૧. [ફા.] વિ. દયાવાન; ભાગણીવાળું, સહાનુભૂતિવાળું; બીજાનું દર્દ સમજે એવું
૨. વિ પીડિત; દુઃખી.

દર્દમંદી સ્ત્રી દયા. ભાગણી; સહાનુભૂતિ.

દર્દર ૧. [સં.] પું. પર્વત.
૨. ન. આઘાત.
૩. ન. ઘાપો મારવો તે.
૪. ન. દાદરો.
૫. ન. ઘાસ; ઘાવું
૬. વિ. ઉગાર ભાંગેલું; તૂટેલું.

દર્દરક ન. એક પ્રકારનું ઘાસ.

દર્દરાક્ષ [સં.] પું. એક જાતનું કરિયાણું

દર્દરાર્દ્ર [સં.] ન. એક જાતનું આભૂષણ.

દર્દરિકા ન. એક પ્રકારનું ઘાસ.

દર્દરીક ૧. [સં.] પું. દેડકો.
૨. પું. મેઘ; વાદળું.
૩. પું. મોર.
૪. ન. વાદ્યું; વાદિત્ર.

દર્દશરીક વિ. ભાગણીવાળું.

દર્દા પું. (પુરાણ) એ નામનો એક દેશ.

દર્દી ૧. [ફા.] વિ. દુઃખી; પીડિત; દરદવાળું.
૨. વિ. બીજા જાણનાર; બીજાનું દર્દ સમજનાર; દયાવાન; સહાનુભૂતિવાળું.
૩. વિ. માંદું; રોગી; રોગવાળું.

દર્દુર ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. [હિં.] પું. એક જાતનું કાળું અગરુ. અગ્નિમાં નાખવાથી તેનો દેડકાના જેવો અવાજ થાય છે.
૩. પું. એક પ્રકારનું ઝાડ અવાજનું વાજું; રામઢોલ.
૪. પું. (પુરાણ) કૃષ્ણનો આશ્રિત એ નામનો એક દૈત્ય.
૫. પું. દેડકો; ઘાદુર.
૬. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન પર્વત; પૂર્વમાટનો દક્ષિણ દિશાનો પહાડ.
૭. પું મેઘ; વાદળું.
૮. પું. મોર.
૯. સ્ત્રી. એક જાતના ચોખા.
૧૦. ન. એક જાતનું માટીનું વાસણ.
૧૧. ન. એક જાતનું વાદિત્ર; મોરલી, વાંસળી, પાવો વગેરે ફોર્મ એક વાદ્ય.
૧૨. ન. ભિક્ષામાનું ઝાડ.

દર્દુરક જુઓ દર્દુર.

દર્દુરચ્છદા [સં.] સ્ત્રી. ઝાડો નામની વનસ્પતિ.

દર્દુરપુર [સં.] પું. એક જાતનું વાદ્ય.

દર્દુરા ૧. [સં.] સ્ત્રી. એક જાતના ચોખા.
૨. સ્ત્રી. દુર્ગા દેવી; પાર્વતી

દર્દુરિકર [સં. દર્દુરી] સ્ત્રી. દેડકી.
ન્યૂબ્જિતા ઘરિત્રણ નવિ સમૂર્ટ.
જિહ્વા દર્દુરિકા નવિ ગણૂર્ટ. ભીમ

દર્દૂ [સં.] પું. એક જાતનો રોગ; દાદરનો રોગ.

દર્દૈહિલી સ્ત્રી. દરદનું દુઃખ.

દર્પ ૧. [સં. દૃપ્ (કૃત્વુ)] પું. અભિમાન; ગર્વ; અહંકાર; અમરારી.
રાવણ દર્પ અહંકાર મદ ગર્વ રૂમય અભિમાન,
માન ગણિકા કુંજરીનું કલ્પ વદા કલ્પાન્ત. પિંગળશૂરોપ
૨. [સં.] પું. ઉત્સાહ; ઉમગ.
૩. પું. એ નામનો પર્વત.
૪. પું. એક જાતનો મૃગ.
૫. પું. (પુરાણ) કશ્યપ અને ઊર્જાતનો એ નામનો એક દીકરો.
૬. પું. કસ્તૂરી.
૭. પું. (પિંગળ) ૨૫ છંદની જાતનો એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૮૪ લઘુ અને ૬ ગુરુ મળી ૯૦ અક્ષર અને ૯૬ માત્રા હોય છે.
૮. પું. મરમી.
૯. પું. ઘમંડ; ડોળ.
૧૦. પું. દવા; રોગ; દિમાગ.
૧૧. પું. ધર્મમર્યાદા ઓળંગવી તે.
૧૨. પું. બેદરકારી; બેતમા.

દર્પક ૧. [સં.] પું. કસ્તૂરી.
૨. પું. કામદેવ; મદન.
૩. પું. કામવાસના.
૪. પું. ગર્વ કરનાર માણસ.
૫. પુ. સિંહ.
૬. ન. (સ્થિર) એક જાતનું ત્રિકાળ ઘર. ગર્ભવ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે દર્પક નામે ઘર કહેવાય અથવા ત્રિકાળ ઘર મધ્યે જે ષટ્કોણ હોય તે ત્રિકાળ ઘરના મુખ આગળ સાત અક્ષિક હોય, તે અક્ષિક આગળ એક ખાડ હોય તે ઘરની જમણી તરફ પણ એક અક્ષિક હોય એવા ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે દર્પક નામનું ઘર કહેવાય.
૭. વિ. ગર્વ કરનાર.
૮ વિ મોહ કરનાર.

દર્પક [સં. દર્પ (અભિમાન) + ક (નામ કરનાર)] વિ. ગર્વનો નાશ કરનાર.

દર્પણ ૧. [સ.] પું. એ નામનો એક પર્વત.
૨. પું. એ નામે એક નદી; એ નામની એક મોટી નદી.
૩. પું. (સંગીત) તાલના સાત ભાંહેનો એ નામનો એક ભેદ
૪. પું. નમનો. આદર્શ
૫. પું. શિવનાં હજાર ભાંહેનું એક નામ.
૬. [સં દૃપ્ (પ્રકાશવું)] ન. અરીસો; આયનો; આરસો
૭. ન. આખ; નેત્ર, ચક્ષુ.
૮. ન. (સ્થિર) ધર્મપુરુષાર્થમાં કહેલી બત્રીસ ભાંહેની એક જાતની કળા.
૯. ન. સદીપન, ઉદીપન.

દર્પણ ધાતુ સ્ત્રી. તાંબુ અને કલાઈના મિશ્રણથી બનતી એક કાચ ધાતુ.

દર્પહ ૧. [સં] પું. વિષ્ણુના હજાર ભાંહેનું એક નામ. ગર્વવાન અભિમાનનો નાશ કરે છે તેથી દર્પહ કહેવાય છે. વળી ગર્વ દેનાર પણ છે એટલે કે સાત્ત્વિક ગર્વ, જે મનના નિશ્ચયરૂપ છે તેવા ગર્વના આપનાર પણ ભગવાન જ છે તેથી તે દર્પહ કહેવાય છે
૨. પું. શિવનાં હજાર ભાંહેનું એક નામ.
૩. વિ. અભિમાનનો નાશ કરનાર; ગર્વનાશક.
૪. વિ. ગર્વ દેનાર; અભિમાન ઉત્પન્ન કરનાર.

દર્પહારિણી [સં.] વિ. સ્ત્રી. અહંકારનો નાશ કરનારી.

દર્પહારી [સ. દર્પહારિન્] વિ. અહંકારી; અભિમાની.

દર્પોદ્ભાત [સં.] વિ. ગર્વથી ફૂલેલ.

દર્પપ્રબંધ પું. (કાવ્ય) એક જાતનું ચિત્રકાવ્ય.

દર્પમાલા પું. (પિંગળ) અતિજગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દર્પમાલા. તેના દરેક ચરણમાં બે નગણ, બે રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. તેમા છઠ્ઠા અક્ષર ઉપર વિસ.મો આવે છે
ન ન ર ર ગે છે રાનથી દર્પમાલા.
રણપિંગળ

દર્પવું સ.ક્રિ. દર્પ કરવો; ગર્વ કરવો; અભિમાનથી ફુલાવું; ઉન્મત્ત.

દર્પહ [સં.] વિ. ગર્વનો નાશ કરનાર.

દર્પહર ૧ [સં.] પું. વિષ્ણુ. તે ધર્મવિરુદ્ધ માર્ગમાં રહેનારાઓનો દર્પ નષ્ટ કરે છે અથવા ગર્વિષ્ઠ લોકોના ગર્વનો નાશ કરનારા છે તેથી /દર્પહર કહેવાય છે

૨. પું. શિવનાં ઢગર માંહેનું એક નામ

૩. [સં. દર્પ (અભિમાન) + હર (લઈ જનાર)] વિ. ગર્વ હરનાર; અહંકાર હર કરનાર; ગમરી નાબૂદ કરનાર.

દર્પહા જુઓ દર્પહર.

દર્પા સ્ત્રી. કસ્તૂરી.

દર્પિણી [સં.] વિ સ્ત્રી અહંકારવાળી; અભિમાની.

દર્પિત [સં.] વિ. અહંકારી; દર્પવાળું; ગર્વી; અભિમાની; ગર્વિષ્ઠ.

દર્પિષ્ઠ [સં.] વિ. ગર્વિષ્ઠ; અહંકારી.

દર્પી ૧. પું. સાપ; નાગ.

આશીવિષ વિષધર ફણી,
અહિ વિલેશય ભોગ;
એટલા દર્પી અહિના,
તેહિજ કેવળ નામ.
વિમલપ્રબંધોદય

૨. [સં. દર્પિન્] વિ. અહંકારી; ગર્વિષ્ઠ; દર્પવાળુ.

દર્પેશ જ. અગ્રે; સામે; મોખરે.

દર્ભ ૧. પું. આળાઈ; સમૃદ્ધિ.

૨. પું. ઝાંઝીનો એક સિક્કો.

૩. [હિં.] ન. દ્રવ્ય; ધન; દોલત.

૪. ન. ધાતુ; ખનિજ.

૫. ન. નમકીન.

દર્ભ ૧. [સં.] પું. એક જાતનું મારવાળું પાનડોનું ઘાસ; કુશ; દરભ; દાભ. ડાભ. આ ઘાસ પવિત્ર મનાય છે. જેથી સંધ્યા, તર્પણ, યજ્ઞ, શ્રાદ્ધ અને કર્મકાંડ વગેરેમાં વપરાય છે. તેનાં પાનની બેઉ કોર દાભ કે ધારમા વાગે એવી તીક્ષ્ણ હોય છે. યજ્ઞમૂર્તિ વરાહ જગતને પોતાનું શરીર પ્રગટાવતાં જે રુવાંટાં બર્યાં તે દર્ભ અને ઘાસ નામના લીલા રંગના ઘાસરૂપે ઊગી નીકળ્યાં એમ કહેવાય છે. જે સ્થળે આ રુવાંટા બર્યાં તે નર્મદામતી નામના તીર્થથી પ્રસિદ્ધ છે. બીજું ઘાસ ન મળે ત્યારે જ આ ઘાસ દોર આવે છે. વળી એમાંથી દોરી, દોરડાં, આસનમાં વગેરે બને છે. તેનાં મૂળ ઔષધમાં કામ આવે છે. અહલ્યા વગરે બાબ પદાર્થો અભડાય નહિ એવી માન્યતાને લીધે દરેક વસ્તુની અંદર દર્ભની સળી મૂકવાનો ચાલ છે.

૧. દર્ભ આપવો = મૃત્યુ પામેલનાં સગાં-વહાલાંઓના લાભ માટે ધાર્મિક ક્રિયા કરવી.

૨. દર્ભ પાથરીને સૂવું = ઘર બારણા છોડવાં મરણે મરવું.

૩. દર્ભની સળી સરખી ન પામવી = એકાએક મૃત્યુ થવું; આત્માની ઉન્નતિ માટે કોઈ પણ જાતની ધાર્મિક ક્રિયા વિના મૃત્યુ પામવું

૨. ન. કુશનું આસન; કુશાસન.

દર્ભક પું. (પુરાણ) પ્રિયવ્રતમાં ક્રિયુનામ વંશના અજાત રાજાનો એ નામનો એક દીકરો.

દર્ભકુસુમ પું. ક્ષારમાં ઉત્પન્ન થતો એક જાતનો કૃમિ.

દર્ભકેતુ પું. જનક રાજાનો એ નામનો ભાઈ; કુશધ્વજ.

દર્ભટ [સં.] ન. એકાંત મઠ.

દર્ભપત્ર [સં.]. ન. કાચો નામનું ઘાસ.

દર્ભપુષ્પ [સં.] પું. એક જાતનો સાપ.

દર્ભમાલા જુઓ દર્ભમાળા.

દર્ભમૂલ [સં.] ન. દાભનું મૂળિયું.

દર્ભમૂલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

દર્ભર ૧. [સં.] ન. એક જાતનું પ્રાણી.

૨. વિ. દાભની પાસેનું.

દર્ભવતી સ્ત્રી. હળોર્ડ નામનું એક પ્રાચીન નામ.

વસ્તુપાળે ગુજરાતનાં મુખ્ય શહેરોમાં જેનાં કે ધોળકા, ખંભાત, દર્ભવતી (હળોર્ડ), ભરુચમાં નવા મંદિરો બંધાવ્યાં હતાં. સુકૃતસંકીર્તન

દર્ભવારી [સં. દર્ભવારિન્] પું. શિવનાં ઢગર માંહેનું એક નામ.

દર્ભવાહ પું (પુરાણ) અજરત્ન પુત્રમાં થયેલો એ નામનો એક ઋષિ.

દર્ભશાટકા [સં.] સ્ત્રી. દર્ભની સળી.

દર્ભાગ્ર ૧. [સં. દર્ભ + અગ્ર (અણી)] પું. દર્ભના છેડાનો ભાગ.

૨. વિ. દર્ભની અણી જેવું બુદ્ધિશાળી; કુશાગ્ર; બુદ્ધિવાળું.

દર્ભાનૂપ [સં.] પું દાભથી ભરપૂર નિર્જળ પ્રદેશ.

દર્ભાયન ન. (જ્યોતિષ) ઉત્તરાષાઢા નક્ષત્રનું એ નામનું એક ગોત્ર.

દર્ભાવતી સ્ત્રી. હળોર્ડ નામનું પ્રાચીન નામ. તેરમી સદીમાં તે ગુજરાતમાં આવેલ મોટાં શહેરોમાંનું એક હતું.

હાલમાં હળદરી ચોમાસા તે વખતના કિલ્લાઓમા ઉત્તરમાં કિલ્લાકાંઠો અને દક્ષિણમાં હળોર્ડ (દર્ભાવતી) નો કિલ્લો છે. કુ. સા. પરિષદ

દર્ભાસન [સં. દર્ભ (દરભ) + આસન (બેસવું)] ન. દર્ભનું બનાવેલું આસન; દર્ભની બેઠક; કુશાસન; દાભનું બાંધવું.

દર્ભાંકુર [સં.] પું. દર્ભ જેવું એક જાતનું ઘાસ; મૂંજ ઘાસ.

દર્ભિ [સં.] પું. (પુરાણ) એ નામનો એક મહા તપસ્વી બ્રહ્મર્ષિ. તેણે એક વખત સમુદ્રોને બોલાવીને કહ્યું કે, તમે બાતે ને બાણને એક એવું તીર્થ ઉત્પન્ન કરો કે જ્યાં સ્નાન કરવાથી બાતે સમુદ્રમાં સ્નાન કરવાનું ફળ મળે. એ ઉપરથી એમણે ભારતવર્ષમાં અર્બુદાચલ નામનું એક તીર્થ ઉત્પન્ન કર્યું હતું.

દર્ભિકાગ્રમ ૧. પું. ઘાસની ચૂંપડી.

૨. પું. પંખીનો માળો.

દર્ભોદક [સં.] ન. જેમાં દાભ નાખેલો હોય એવું પાણી.

દર્ભી [સં.] વિ. ચીરી નાખનાર; ફાડી નાખનાર.

દર્ભીને જ સાથોસાથ.

દર્ભોચ્ય [સં.] પું. નાનું સરોવર.

દર્યાપ ૧. [સં. દર્યાહત] સ્ત્રી. અવલોકન.

૨. સ્ત્રી. સમજણ.

દર્યાપી જુઓ દર્યાપ.

દર્યાપ્ત જુઓ દર્યાહત.

દર્યાપ્તી [સં.] સ્ત્રી. તપાસ; તજવીજ; દરિયાપો.

દર્યાકુવીર પું. ક્ષારસમુદ્ર.

દર્યાફ્ત ૧. [સં.] સ્ત્રી. પૂછપરછ

૨. સ્ત્રી. વિવેક; વિચાર.

દર્યાર્ધ [સં.] વિ. દરિયા ઉપરનું.

દર્યાવર્દી [સં.] પું. ખલાસી; ખારવો.

દર્યો [સં. દર્યા] પું. દરિયો; સમુદ્ર.

દર્રા ૧. [હિં.] પું. નાની વસ્તુઓનું બનેલું ખાલું.

૨. [સં.] પું. પહાડી રસ્તો.

દર્રાના [હિં.] જ બહારીથી; બીજે વખત.

દર્વિ ૧. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં] પું. રાક્ષસ.

૩. પું. હિંસા.

૪. પું. હિંસા કરનાર માણસ.

૫. સ્ત્રી. એ નામની એક પ્રાચીન જાતિ. તેનું નિવાસસ્થાન પંજાબની ઉત્તરે હતું.

૬. ન. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનું.

૮. વિ. હિંસક.

દર્વક [સં.] પું. કડછો; મોટી કડછી

દર્વટ [સ.] પું. કોજદાર; કોટવાળ.

દર્વરીક ૧. [સં] પું. ઉંદર.
૨. પું. એક જાતનું વાદિત્ર.
૩ પું વાયુ

દર્વા ૧. પું. એ નામનો એક પ્રાચીન દેશ.
૨ [સં.] સ્ત્રી. (પુરાણ) ઉશીનર રાજાની એ નામની સ્ત્રી.

દર્વાફલં ૧. સ્ત્રી. શ્રીખંડ.
૨. ન. એ નામનું એક ભોજ્ય.

દર્વિ જુઓ દર્વી.

દર્વિકા ૧. [સં.] સ્ત્રી. ઝાપટનું ઝાડવું.
૨. સ્ત્રી. કડછી.

દર્વિરા [સં.] પું. ચોર; સાધુ; દર્વેશ

દર્વિહોમ જુઓ દર્વીહોમ.

દર્વી ૧. [સ.] સ્ત્રી. કડછી; ચમચો; ખપ્પો.
૨. સ્ત્રી. લેસી; લેપ લાપરવાનું કડિયાનું ઓજાર. લોઢાની કે લાકડાની લાંબી દર્વી એટલે લાંબી વાટે વાપરે હાથે ઘાલો લપાકાનો. પુરાતત્ત્વ
૩. સ્ત્રી. સર્પની ફેણ.

દર્વીકર [સં.] પું ફેણવાળો સાપ. કહેવાય છે કે ધોળા રંગના આવા સાપની ફણા માથે રક્ત, પૂછડી, મુખ, ગળની બરી, ઉદર, સર્વાંગો, અંકુશ વગેરે ચિહ્ન હોય છે.

દર્વીપક્ષ [સં. દર્વી (ચમચો) + પક્ષ (પાંખ)] પું. એક જાતનો કીટક. તે બટાટા, કંદા અને કપાસનાં પાંદડાં ઉપર નિર્વાહ કરે છે અને પાંદડાંની અંદર ઈંડાં મૂકે છે.

દર્વીસંક્રમણ [સં.] ન. મહાભારતમાં જણાવેલ ભારતવર્ષનું એ નામનું એક પ્રાચીન તીર્થ.

દર્વીહોમ [સં.] પું. કડછીથી કરાતો હોમ; કડછીથી યજ્ઞમાં અપાતી આહુતિ.

દર્વેશ જુઓ દરવિશ

દર્વ્યાદિકવાય પું. (વૈદક) એક જાતની ઔષધીય બનાવટ; દર્વી, રક્તાંજન, મુષ્ટ, ભાલક, ખિલ, ક્રિરાત અને વાસા એ ઔષધિઓના મિશ્રણથી બનાવેલો ઉકાળો. આ કષાય કફનો, કફપ્રધાન વિષનો, કફપ્રધાન કૃમિનો, સડોવાળા અને ઊલટ્યા છે ઝાડાનો અને મૂત્રાશયનાં દરદોમાં તે આપવા છે. પ્રદરની પીડાથી થતો માથાનો દુખાવો અને અરુચિ મટાડે છે. અરબાથી બે તોલા સુધીની માત્રામાં દિવસમાં બે વખત લેવાય છે.

દર્શ ૧. [સ.] પું. અમાવાસ્યા; અમાસ.
સ્વર્ગ લોકમાં સૂર્યાદિની ગતિ નહિ હોવાથી દર્શાદિ કાલનો અસદ્ભાવ કપાય છે. અજુકાલ્ય

૨. પું. અમાસને દિવસે કરવાનો એક જાતનો યજ્ઞ.
૩. પું. અમાસને દિવસે કરવાનું એક જાતનું શ્રાદ્ધ.
શ્રાદ્ધ કરાય કઈ પેર દર્શ રે. પ્રેમાનંદ
૪. પું. અમાવાસ્યાનો બિલ્કુલ છેડા પ્રહર સુધીનો વખત.
કર્મલોચને અમાવાસ્યાના ત્રણ ભાગ કરી પ્રથમ પ્રહરને સિનીવાલી, બીજાથી ત્રણ પ્રહરને દર્શ અને સાતમા, આઠમા પ્રહરને કુહૂ કહેલ છે.
સિદ્ધરાજસિદ્ધિમા
૫. પું. (પુરાણ) કર્દમિદીને કુમુદ્વતી થકેલો એ નામનો પુત્ર.
૬. [સં. દૃશ (જોવું)] પું. જોનાર પુરુષ.
૭. પું. દૃષ્ટિ; નજર.
૮. પું. દૃષ્ટિવિષયક જ્ઞાન.
૯. પું. દેખાવ; દર્શન.
૧૦. પું. (પુરાણ) ધાતા નામના આદિત્યનો એ નામનો પુત્ર.
૧૧. પું. બીજ; દ્વિતીયા તિથિ.

દર્શક ૧. [સં.] પું. દારપાળ
૨. પું. નિરીક્ષક.
૩ પું નિશાન.
૪. પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.
૫. પું. મુલાકાત લેનાર પુરુષ.
૬. પું. (પુરાણ) શિશુનાગ વંશના અજાતશત્રુનો એ નામનો દીકરો.
૭. પું. (ગણિત) સંખ્યાના ઘાતમૂળ વગેરે દેખાડનારો સંખ્યાની ઉપર મૂકેલો આંકડો.
૮. ન. બીજી વસ્તુઓ સહેલાઈથી જોવાનું સાધન; સૂક્ષ્મદર્શક યંત્ર.
૯. ન. બતાવનાર વસ્તુ
કેસરીઓ અને ભૌહર સૂચિત કીર્તિનાં એ બાબત દર્શકો. ગોવર્ધન
૧૦. ન. (બાકરણ) સર્વનામના ઘાત આઠેનો એક પ્રકાર. જુઓ દર્શક સર્વનામ.
૧૧. વિ. કુશળ હોશિયાર; નિપુણ.
૧૨. વિ જોનાર; દેખનાર.
૧૩. વિ. દેખાડનાર, બતાવનાર; જણાવનાર.
૧૪. વિ. મુખ્ય; પ્રધાન.
૧૫. વિ. સમજાવનાર.
૧૬. ન. જોવાનું; દેખવાનું.

દર્શક તારા પું. ન. વ. (જ્યોતિષ) સપ્તર્ષિ મંડલના આકાશના કેતુ અને પુલહ નામના બે તારા.
સપ્તર્ષિના આકાશના બે તારા કેતુ અને પુલહને મેળવીને સીધી લીટી દોરીએ તો તે મુકતા તારાને અડે. આ રીતે ધ્રુવનો તારો સોધી શકાય છે, તેથી બહેતા બે તારાને દર્શક તારા કહે છે.
આત્મદર્શન

દર્શક સર્વનામ ન. (બાકરણ) દૂરનો કે પાસેનો પદાર્થ દર્શાવવા માટે નામને બદલે વપરાતો શબ્દ. જેમકે, આ, એ, તે, પેલું, ઓલ્યું. દર્શક સર્વનામના બે ભાગ છે. (૧) પ્રત્યક્ષ પદાર્થવાચક, જેમકે, આ, એ પેલું. (૨) પરોક્ષ પદાર્થવાચક, જેમકે, તે.

દર્શકા પું. (પુરાણ) એ નામનો એક દેશ.

દર્શક્રિયા સ્ત્રી. પ્રમાદને લીધે રાજભાવથી ખૂબસૂરત માલિક જોવાની થતી ખબર.

દર્શન [સં. દર્શન] ન. દેખાવ; દર્શન
જગતના કલ્યાણને અર્થે ઈશ્વર જે રૂપરંગે દર્શન દે છે, અને તેમાં બીજું સ્વરૂપ પરમ ગુરુરૂપે છે.
સુતસંહિતા

દર્શાણી સ્ત્રી. ભીલ જેવા પગવાળું એક જાતનું પક્ષી. જેની ચાંચ એવી રીતે વળેલી હોય છે કે તે કપાળ પાસે બોળા સપાટી બાદક બની રહે છે અને જોડિયા માથા જેવો દેખાવ આપે છે.

દર્શત ૧. [સં.] પું. આકાશનો ગોળ.
૨. પું. કપૂર
૩ પું ચંદ્ર.
૪. પું સૂર્ય.
૫. વિ. જોવા લાયક.
૬ વિ. દર્શન કરવા યોગ્ય.
૭. વિ દેખાવડું.

દર્શતા સ્ત્રી. કૃષ્ણપક્ષની ચૌદ રાત્રિ

દર્શતિથિ [સં.] સ્ત્રી. અમાવાસ્યા; અમાસ.

દર્શન ૧. [સ.] પું. જિજ્ઞાસુ દ્વારા માર્ગનું એક નામ
૨. ન. અભિપ્રાય.
૩. ન. (જ્યોતિષ) આકાશી પદાર્થનો ઉદય.
૪ ન. આશ્રમ.
૫. ન. ઉપદેશ.
૬. ન. છ મુખ્ય સાંપ્રતિક શબ્દ; છ ની સંખ્યા.
૭ [સં. દૃશ (જોવું)] ન. જોવાની ક્રિયા; દેખવું તે.
૮. ન. જ્ઞાન; અનુભવાપણું; સંવેદ.
૯. ન. તત્ત્વજ્ઞાન સબંધી પુસ્તક; તાર્કિક વિચારનાં સમાવેશવાળો ગ્રંથ; કણ, જૈમિનિ અને પતંજલિ સબંધી તાત્ત્વિક નિર્ણય કરનારું શાસ્ત્ર. પહેલા પ્રાચીન આર્યો અનેક પ્રકારના યજ્ઞ તથા કર્મકાંડ દ્વારા ઇંદ્ર, વરુણ, સૂર્ય પ્રજાપતિ દેવતાઓને પ્રસન્ન કરી સ્વર્ગ મેળવવા વગેરેના પ્રલોભમાં લાગ્યા રહેતા. પાછળથી સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેના સબંધમાં તેમના મનમાં પ્રશ્ન ઊઠવા લાગ્યા. આ પ્રકારના સમાધાનો પ્રશ્નો વેદમંત્રોમાં છે. ઉપનિષદ્ભાગમાં બ્રહ્મ, સૃષ્ટિ, મોક્ષ, આત્મા, ઈંદ્રિય વગેરે વિષયોની

ચર્ચા બહુ થઈ. પણ ગૂઢ દાર્શનિક સિદ્ધાંતોનો આભાસ ઉપનિષદોમાં જોવામા આવે છે ઉપનિષદો પછી સૂત્રરૂપમાં તત્ત્વોનું ઋષિઓએ સ્વતંત્રતાપૂર્વક નિરૂપણ કર્યું અને છ દર્શન ઉપસ્થિત થયાં. વેદમાં જે કહેલું છે તે જોવા માટે જુદા જુદા અ.ઞ્ઞ શાસ્ત્રકારોએ છ દર્શન એટલે જોવાનાં સાધન રચ્યાં છે. તેનાં નામ સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એટલે વેદાંત. (૧) સાંખ્ય શાસ્ત્રમાં તત્ત્વોની સંખ્યા પચ્ચીસ કલ્પામાં આવી છે. એના પ્રણેતા કપિલાચાર્ય મનાય છે. આ શાસ્ત્ર પ્રમાણે મૂળતત્ત્વોના બે વર્ગ પડે છે: (૧) પુરુષ એટલે ચેતન, જે માત્ર શક્તિસ્વરૂપ છે. (૨) પ્રકૃતિ એટલે જડ. તે ત્રિગુણાત્મિકા-સ્વરૂપ છે. તેનું બીજું નામ પ્રધાન છે. પ્રકૃતિ અને પુરુષ નિત્ય છે. પ્રકૃતિનું સ્વરૂપ સત્ત્વ, રજ અને તમ એ ગુણોનું સામ્ય છે. પ્રકૃતિના પહેલા વિકારને મહત્ કહે છે. તેમાંથી અહંકાર, અહંકારમાંથી દશ ઇંદ્રિયો, મન, પાંચ તન્માત્રા અને પાંચ તન્માત્રામાંથી પૃથ્વી વગેરે પાંચ ભૂતો મળી એકંદરે ચોવીસ જડ તત્ત્વોની સંખ્યા થાય છે. તે પ્રકૃતિમાંથી ઉદય, સ્થિતિ અને લય પામે છે. પચ્ચીસમો પુરુષ તે સ્વતંત્ર દ્રષ્ટા છે. આ બંને વિવેક જોને થાય તે મુક્ત, અને જેને અવિવેક રહે તે બંધ પામેલ એટલે જીવ કહેવાય એમ સાંખ્ય શાસ્ત્ર કહે છે. સાંખ્ય આત્માને પુરુષ કહે છે અને તેને અકર્તા, સાક્ષી અને પ્રકૃતિથી ભિન્ન માને છે. પણ આત્મા એક નહિ, પણ અનેક છે. આથી સાંખ્યમાં પરમાત્મા એટલે કે ઈશ્વરનું પ્રતિપાદન નથી. પ્રકૃતિને જગતનું મૂળ માની તેના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો અનુસાર સંસારના બધા વ્યાપાર માનેલ છે. સૃષ્ટિને પ્રકૃતિની પરિણામપરંપરા માનવાના કારણથી આ મત પરિણામવાદ કહેવાય છે. સૃષ્ટિ સંબંધી સાંખ્યનો આ મત પ્રતિસંચર, પુરાણ વગેરે બધે સ્થળે સ્વીકારાયો છે. (૨) યોગ દર્શન એ સાંખ્ય દર્શનમાં કહેલાં તત્ત્વોનો સ્વીકાર કરે છે. તેના પ્રણેતા પતંજલિ ગણાય છે. સાંખ્યની વિચારમયી પદ્ધતિને ચિત્તના નિરોધ વડે અનુભવમાં લાવવા સારૂ આ શાસ્ત્ર છે. એ દર્શનમાં નિત્યસિદ્ધ અને નિત્યમુક્ત પુરુષનો સ્વીકાર કરે છે. તેનું બીજું નામ ઈશ્વર છે. તેનું સ્વરૂપ અને ધ્યાન કરીને મોક્ષ મેળવવાની પદ્ધતિ આ શાસ્ત્રમાં બતાવી છે. યોગ દર્શનમાં ક્લેશ, કર્મવિપાક અને આશયથી રહિત એવો પુરુષ વિશેષ એટલે કે ઈશ્વરને માનેલ છે. યોગ દર્શનમાં કોઈ મત ઉપર વિશેષ તર્કવિતર્ક કે આગ્રહ નથી. મોક્ષપ્રાપ્તિના નિમિત્તરૂપ યમ, નિયમ, પ્રાણાયામ, સમાધિ ઇત્યાદિના અભ્યાસ દ્વારા પરમાવસ્થાની પ્રાપ્તિનાં સાધનોનું વિસ્તારપૂર્વક વર્ણન છે. (૩) વૈશેષિક શાસ્ત્રના પ્રણેતા કણાદ મનાય છે. એમાં વિશ્વનું વર્ગીકરણ દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એવા છ પદાર્થમાં કરવામાં આવ્યું છે. પાછળથી અભાવ પદાર્થ ઉમેરીને સાત પદાર્થોનું વર્ગીકરણ થયું છે. આ શાસ્ત્ર પણ આત્મા પ્રમેયનું એટલે જેય જગતનું ચિંતન કરે છે અને પ્રમાણમાં ન્યાયને અનુસરે છે. વૈશેષિકમાં દ્રવ્યો અને તેના ગુણોનું વિશેષરૂપે નિરૂપણ છે. પૃથ્વી, પાણી વગેરે ઉપરાંત દિક્, કાળ, આત્મા અને મનને પણ દ્રવ્ય માનેલ છે. ન્યાયની માફક વૈશેષિકમાં પણ જગતની ઉત્પત્તિ પરમાણુઓથી બતાવી છે. ન્યાયમાં અને વૈશેષિકમાં તફાવત બહુ ઓછો છે. તેથી વૈશેષિક મત પણ ન્યાયનો મત કહેવાય છે. તે બંને સૃષ્ટિના કર્તાને માને છે, તેથી તેઓનો મત આરંભવાદ કહેવાય છે (૪) ન્યાય દર્શનના પ્રણેતા ગૌતમ મનાય છે. તેમાં સોળ પદાર્થોમાં જગતનાં તત્ત્વોનો સમાસ કર્યો છે અને તર્ક વડે વસ્તુ નિર્ણય કરવાનું પ્રમાણશાસ્ત્ર તેમાં અંતર્ગત કરવામાં આવ્યું છે. ન્યાય દર્શનમા યુક્તિ યા તર્ક કરવાની પ્રણાલી બહુ વિસ્તારથી સ્થિર કરવામાં આવી છે, જેનો ઉપયોગ પંડિતો શાસ્ત્રાર્થ કરવામાં સારી રીતે કરે છે. ખંડનમંડનનો નિયમ આ શાસ્ત્રમાં મળે છે, જેનો મુખ્ય વિષય પ્રમાણ તથા પ્રમેય છે. ન્યાયમાં ઈશ્વરને નિત્ય, સર્વજ્ઞ, જ્ઞાન વગેરે ગુણયુક્ત અને કર્તા માન્યો છે. જીવને કર્તા ને ભોક્તા બંને માનેલ છે. (૫) પૂર્વમીમાંસાના સૂત્રકાર જૈમિનિ ગણાય છે. વેદના કર્મકાંડના મંત્રો અને બ્રાહ્મણોના અર્થના નિર્ણયો ન્યાયાનુસાર શી રીતે કરવા, વેદનું પ્રામાણ્ય કેવા પ્રકારનું છે, તર્કનું સ્થાન કેટલા અંશમાં છે, ઓછી યજ્ઞ અથવા વૈદિક કર્મને લગતી વિદ્યાનું શાસ્ત્ર એ પૂર્વમીમાંસા છે. મતલબ કે તેમાં વૈદિક કર્મ સંબંધી વાક્યોનો અર્થ નક્કી કરવાના નિયમનું તથા વિરોધોનું સમાધાન કરવાના નિયમનું નિરૂપણ છે. તેનો મુખ્ય વિષય વૈદિક કર્મકાંડની આજ્ઞા છે. તેથી યજ્ઞમીમાંસા, અધ્વરમીમાંસા અને કર્મમીમાંસા એવાં એનાં બીજાં નામ કહેવાય છે. એમાં બાર અધ્યાય છે. (૬) ઉત્તરમીમાંસા એટલે વેદાંતના પ્રણેતા ભગવાન વ્યાસ મનાય છે. એ શાસ્ત્રમા વેદના ભાગને લગતું ચિંતન છે. તેના સૂત્રકાર બાદરાયણ મનાય છે. આ શાસ્ત્રને વેદાંત શાસ્ત્રનું ન્યાય પ્રસ્થાન કહે છે, કેમકે વેદાંત કે ઉપનિષદનાં વાક્યોના અર્થનો નિર્ણય ન્યાયની રીતિએ તેમાં કરવામાં આવ્યો છે. આ શાસ્ત્રના ચાર અધ્યાય છે અને દરેક અધ્યાયના ચાર પાદ છે. આ શાસ્ત્ર ઉપર અનેક આચાર્યોએ ભાષ્યો કર્યાં છે, તેમાં શ્રીમચ્છંકરાચાર્યનું ભાષ્ય હાલ ઉપલબ્ધ છે. આ શાસ્ત્ર ઉપર કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, અચિંત્યભેદાભેદ એવા તત્ત્વચિંતકના પણ મત બંધાયા છે. ઉત્તરમીમાંસા એ ઘણી જ ઊંચી કોટિની વિચારપદ્ધતિ દ્વારા એક માત્ર બ્રહ્મને જગતનું અભિન્ન-નિમિત્તોપાદાન કારણ બતાવે છે, એટલે કે જગત અને બ્રહ્મની એકતાનું પ્રતિપાદન કરે છે. તેથી તે મત વિવર્તવાદ અને અદ્વૈતવાદ કહેવાય છે. ભાષ્યકારોએ આ સિદ્ધાંત દ્વારા જીવ ને આત્મા અને પરમાત્માની એકતા સાબિત કરી છે. અગ્નસ્તાન, ઈરાન આદિ દેશોમાં આ મત સૂફી મતને નામે પ્રસિદ્ધ થયો. આજકાલ યુરપ, અમેરિકા વગેરે દેશોમા પણ આ મતની વિશેષ પ્રવૃત્તિ છે. યુરપમાં મૂલ્યાન આ શાસ્ત્રના વિવેચનમાં સૌથી પહેલો હતો. અઢી સો વર્ષ પહેલાં દર્શનનો પત્તો લાગ્યો હતો. ત્યાં સોક્રેટીસ, પ્લેટો, ઑરિસ્ટોટલ વગેરે મોટા મોટા દાર્શનિક થઈ ગયા. આધુનિક કાળમાં યુરપમાં દર્શનની મહાન ઉન્નતિ થઈ છે. પ્રત્યક્ષ જ્ઞાનનો આશ્રય લઈ દાર્શનિક વિચારની આપત વિજ્ઞાન પ્રણાલી ત્યાં નીકળી છે. પૂર્વકાલથી એટલે આપણે અહીં હજાર વર્ષથી આત્માનાત્મ વિચારના શાસ્ત્રોને દર્શન એવું નામ આપવામાં આવ્યું છે. તેટલા જ સમયથી દર્શનના બે ભાગ પડી ગયા છે. તેમાંનાં એકને વૈદિક અથવા આસ્તિક દર્શનો કહે છે અને બીજાને અવૈદિક અથવા નાસ્તિક દર્શનો કહે છે સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ છ આસ્તિક દર્શન કહેવાય છે અને બાકીનાં મત, જૈન મત, બૌદ્ધના ચાર સામ્પ્રદાયિક મતો, વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક એ નાસ્તિક દર્શન કહેવાય છે. ભારતીય દર્શનો મુખ્યપણે વૈદિક, જૈન અને બૌદ્ધ એમ ત્રણ ભાગમાં વહેંચાય છે. તેરમા સૈકામા થઈ ગયેલા માધવાચાર્ય (૧) ચાર્વાક, (૨) બાહ્ય, (૩) આર્હત, (૪) રામાનુજ, (૫) પૂર્ણપ્રજ્ઞ, (૬) નકુલીશ પાશુપત, (૭) શૈવ, (૮) પ્રત્યભિજ્ઞા, (૯) રસેશ્વર, (૧૦) ઔલૂક્ય (૧૧) અક્ષપાદ, (૧૨) પાણિનિ, (૧૩) સાંખ્ય, (૧૪) પાતંજલ અને (૧૫) શાંકર એ પ્રમાણે પંદર દર્શનો ગણે છે. કાલેલકર કહે છે કે, જેમ અત્યારની અવસ્થા સ્મૃતિઓમાં થઈ તેમ ધાર્મિક અને તાત્ત્વિક વિચારની અવસ્થા દર્શનોમાં થઈ છે. આત્માનું દર્શન કરવા માટે આ ગ્રંથો ઉપયોગી છે, એમ જાણી આ ગ્રંથોને જ દર્શન કહેવા લાગ્યા. સાંખ્ય અને વૈશેષિક એ બે દર્શનો બુદ્ધ પહેલાં હતા તેમ અનુમાન થઈ શકે છે. પરંતુ બાકીના બધાં દર્શન બુદ્ધની પછી ઉત્પન્ન થયાં છે એવો એક મત છે. અર્વાચીન સમયના ગુદ્ધના સમય પછી વૈષ્ણવ ધર્મ અને બૌદ્ધ ધર્મ

વચ્ચે થતા વિવાદોએ દર્શનોના સિદ્ધાંતોને પદ્ધતિસર કરવાની આવશ્યકતા ઊભી કરી હોય એમ જણાય છે.

૧૦. ન. દર્પણ; અરીસો.

૧૧. ન. દૃષ્ટિ; નજર.

૧૨. ન. દેખાવ; આભાસ. કોઈ પ્રકારથી કોઈ વસ્તુના સ્વરૂપજ્ઞાન થવાને દર્શન કહે છે. કાવ્યશાસ્ત્રમાં એના (૧) શ્રવણ, (૨) ચિત્ર, (૩) સ્વપ્ન અને (૪) પ્રત્યક્ષ એવા ચાર ભેદ કહેલ છે અને બીજે મતે તેના સાક્ષાત, સ્વપ્ન અને ચિત્રદર્શન એવા ત્રણ ભેદ માનેલ છે.

પરમાત્મા પ્રત્યક્ષ, જેમ શક્તિ કે અવયવથી પ્રાપ્ત નથી. એ સર્વ આવરણ છે. પણ પ્રથમદર્શન તરીકે જ. ખાલી તો પરમાત્મા જેને પસંદ કરે છે તેને તે જોવા મળે છે. અર્થાત્ પરમ કૃપાળુ પરમાત્મા પોતાની પસંદગીના ભક્ત આગળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે, તેને દર્શન દે છે. મુક્તાનંદનિબંધ

૧. દર્શન દેવાં = સ્થૂલ સ્વરૂપે પ્રગટ થવું; પ્રત્યક્ષ થવું; દેખાવમાં આવવું.

૨. નામ મોટાં ને દર્શન ખોટાં = બાહ્યો ભારી, ને બીસાં બાલી

૧૩. ન. ધર્મ; પંથ.

૧૪. ન. (જૈન) ધર્મમાં શ્રદ્ધા; ભાવ; વિશ્વાસ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ જૈન ધર્મના ત્રણ રત્ન કહેવાય છે. હિંદુધર્મના ત્રણપોથી

૧૫. ન. નેત્ર; લોચન; આંખ.

૧૬. ન. બુદ્ધિ.

૧૭. ન. ભક્તિભાવથી જોવાની ક્રિયા; દેવ સાધુ વગેરેને ભાવથી જોવા તે.

૧૮. ન. મકાનનો આગલો દેખાવનો ભાગ.

પરથામાએ પોતાના બનતા દર્શનને દર સાલ નવો રંગ લગાડવો જોઈએ. મરજીબાલ

૧૯. ન. મંદિરમાં નિત્ય સાંજ સવાર કાકડારતીને જુદે જુદે રૂપે દેખાડાય છે તે. જેમકે, ઉપાપન, અભંગ, શયનસાર, રાજભોગ, સેન અથવા શયન અને આરતી

૨૦. ન. મિલન; ભેટ; મુલાકાત; મેળાપ.

૨૧. ન. મૈથુનના આઠ માઠેનો એક પ્રકાર.

સ્ત્રીનું વખાણ, કથા, રમણ, હોડા, દર્શન, અધ્યવસાન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે. આર્યકુમાર મહાસભા

૨૨. ન. રૂપ

૨૩. ન વર્ષ. રમ.

૨૪. ન. સ્વપ્ન.

દર્શન આર્ય પું. નવ માહેના એક પ્રકારના આર્ય. જુઓ આર્ય.

દર્શનકાર ૧. [સં.] પું. તત્ત્વજ્ઞાનના અભ્યાસી; ધર્મસ્થાપક.

દરેક દર્શનકારો-ધર્મના સ્થાપકો અને પ્રબોધકોએ જગતના ભલા માટે જે પાઠનો લાભ કરવાનો ઉપદેશ કર્યો છે. આદમને ઓળખો

૨. પું. વાદી.

દર્શનકારિકા [સં.] પું. સાંખ્ય શાસ્ત્રનો એ નામનો એક ઉત્તમ ગ્રંથ; સાંખ્યકારિકા. તેના ઉપર શંકરાચાર્યના ગુરુ શ્રી ગૌડપાદાચાર્યનું ભાષ્ય છે.

દર્શનકોષ [સં.] પું. દૃષ્ટિબિંદુ.

દર્શનક્રિયા ૧. [સં] સ્ત્રી. જોવાનું કામ.

૨. સ્ત્રી. (જૈન) સામસ્ત સર્વ રૂપ જોવાની વૃત્તિ.

દર્શનજન્ય [સં.] વિ. દર્શનદ્વારથી મેળવી શકાતું.

દર્શનતંતુ [સં.] પું. બંને આંખનાં પોલકમાંથી નીકળી મગજના મધ્ય પ્રદેશના અગ્રસ્થાનમાં સંયુક્ત થઈ મગજને ખબર આપનાર તંતુ; દૃષ્ટિતંતુ. તેના ઉપર આંખનો જોવાનો મુખ્ય આધાર રાખે છે.

દર્શનપદ્ધતિ [સં. દર્શન (જોવું તે) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની એ નામની એક પદ્ધતિ. આનો ઉપયોગ ભાષાશિક્ષણમાં થાય છે. વાક્યશિક્ષણ અને મૂળાક્ષરોથી કરે કરવાને બદલે શબ્દોથી આખાં વાક્યોથી કરે કરીને શીખવવામાં આવે છે. આખું વાક્ય કે શબ્દ આખા સામે પાટિયા ઉપર લખી તેના શબ્દો કે અક્ષરો શીખવ્યા પહેલાં તેની આખા પાસે તે વંચાવવું. પછી રેખ પાડે બાળક લખશે. આમ દર્શન કરાવીને શીખવવાની પદ્ધતિને દર્શનપદ્ધતિ કહે છે.

દર્શનપરિગ્રહ પું. (જૈન) સમકિતનો પરિગ્રહ.

દર્શનપરીક્ષા [સં. દર્શન + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. રોગીને નજરે જોઈ રોગ નક્કી કરવો તે.

દર્શનપ્રકૃતિ [સં. દર્શન (જોવું તે) + પ્રકૃતિ (પ્રેમી)] વિ. દર્શનાતુર; દેખતો.

દર્શનપ્રતિભૂ [સં. દર્શન (જોવું તે) + પ્રતિભૂ (જામીન)] પું. હાજરજામીન.

દર્શનપ્રતિમા સ્ત્રી. (જૈન) શ્રાવકે એક માસ સુધી અતિચાર રહિત સમ્યક્ત્વનું પાલન કરવું તે.

દર્શનપ્રાતિભાવ્ય [સં.] ન. સાક્ષીપ્રજ્ઞા, જ્ઞાનીનગીરી.

દર્શનપ્રાતિભાવ્યચક્ષુ [સં.] ન. એક જાતનું ચક્ષુ. તે દર્શનપ્રતિભૂની સાખ ઉપર લેવામાં આવે છે.

દર્શનભૂષણ [સં.] પું. વિદ્વાની એ નામની એક ઉપાધિ.

દર્શનભેદિની સ્ત્રી. (જૈન) સમકીતને ભેદનારી વિદ્યા.

દર્શનભ્રષ્ટ વિ. તત્ત્વાર્થની યથાર્થ શ્રદ્ધાથી પતિત

દર્શનમાત્ર ન. ચક્ષુદર્શન; આંખો; આભાસ.

દર્શનમાર્ગણા સ્ત્રી. (જૈન) જીવોનું અન્વેષણ એટલે બોધ કરવાનું દર્શનરૂપી સાધન. તેના ચાર ભેદ છે: ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

દર્શનમોહ [સં.] પું. (જૈન) મોહનીય કર્મનો એ નામનો એક પ્રકાર. તેના ત્રણ ભેદ છે, સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને તદુભય સમ્યક્મિથ્યાત્વ.

દર્શનમોહનીય કર્મ [સં.] ન. (જૈન) એ નામનું એક જાતનું મોહનીય કર્મ. સતનું જ્ઞાન ભુલાવનાર કર્મને મોહનીય કર્મ કહે છે. તેના દર્શનમોહનીય ને ચારિત્રમોહનીય એવા બે ભેદ છે. દર્શનમોહનીયના સમકીતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એવા ત્રણ ભેદ છે અને ચારિત્રમોહનીયના ક્રોધ, માન, માયા, લોભ વગેરે મળી પચ્ચીસ ભેદ છે. સમકીત એટલે શુદ્ધ જ્ઞાનમાં મૂંઝાવનાર કર્મને દર્શનમોહનીયકર્મ કહે છે અને ચારિત્રને અટકાવનાર કર્મને ચારિત્રમોહનીય કર્મ કહે છે.

દર્શનયાદી સ્ત્રી. બહાળુ.

દર્શનવિજય પું. સંવત ૧૬૩૬માં થઈ ગયેલો નાગર પુરુષનો એ નામનો એક કવિ.

દર્શનવિદ્યા [સં.] સ્ત્રી. દૃષ્ટિવિદ્યા; દૃષ્ટિશાસ્ત્ર; 'ઑપ્ટિક્સ.'

ન્યૂટને સિદ્ધ કર્યું કે પ્રકાશ કિરણોથી બનેલો છે ને કિરણોમાં જે પ્રમાણે રંગો રહેલા છે તેના મેળા પ્રકારનું પ્રમાણ કિરણ વાંકા, પોલો અને વાદળી એ ત્રણ મુખ્ય રંગોના કિરણનું બનેલું છે; તથા આ ત્રણ કિરણોમાંનું એક, બીજા બે કિરણ કરતાં વધારે અથવા ઓછું વક્રગતિ પામે એવું છે. એવો મનોહર શોધ કર્યાથી દર્શનવિદ્યાનો પાયો નંખાયો. મહીપતરામ

દર્શનવિનય [સં.] પું. (જૈન) આર માંહેનું એક પ્રકારનું વિનય તપ; તત્ત્વની યથાર્થ પ્રતીતિરૂપ સમ્યગ્દર્શનથી ચલિત ન થવું અને તેમાં આવતી શંકાઓનું સંશોધન કરી નિઃશંકપણે જોગવવું તે.

દર્શનવિશુદ્ધિ [સં.] સ્ત્રી. (જૈન) વીતરાગે કહેલાં તત્ત્વો ઉપર નિર્મળ અને દૃઢ રુચિ.

દર્શનવૃત્તિ [સં.] સ્ત્રી. નિરીક્ષણ કરવાની ટેવ.

દર્શનશક્તિ [સં.] સ્ત્રી. અવલોકન કરવાની શક્તિ.

દર્શનશાસ્ત્ર [સં.] ન. જ્ઞાનવિજ્ઞાન અથવા તત્ત્વજ્ઞાન સંબંધી શાસ્ત્ર; આધ્યાત્મિક શાસ્ત્ર, તત્ત્વશાસ્ત્ર; ફિલસૂફી. જુઓ દર્શન ૫.

જ્યારે ભૌતિકશાસ્ત્ર માત્ર અનુભવાતા દરેકના ઉદય તથા અસ્તનું સ્વરૂપ અને તેમાં પ્રવર્તતા નિયમો ચર્ચવે છે, ત્યારે આ દર્શનશાસ્ત્ર એ વસ્તુ પ્રતીતિઓનું એટલે કે દ્રવ્ય, દ્રવ્ય અને દૃષ્ટિ, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટીનું વસ્તુતઃ કેવા પ્રકારનું સ્વરૂપ છે તે સમજવાનો પ્રયત્ન કરે છે.

નર્મદાશંકર

દર્શનશાસ્ત્રી [સં.] પું. દર્શનોનો અભ્યાસી.

દર્શનશ્રાવક પું. (જૈન) શ્રાવકની અગિયાર પ્રતિમાની પહેલી પ્રતિમા આદરનાર શ્રાવક. તે એક માસ સુધી શંકાદિ રહિત નિર્મળ સમકિતનું પાલન કરે છે.

દર્શનસમય ૧. [સં.] પું. ઉદયકાળ; દેખાવાનો વખત.

૨. પું. દેવાલયમાં દર્શન કરવા જવાનો વખત.

દર્શનસંસ્કાર [સં.] પું. જે દર્શનોનું જ્ઞાન.

દર્શનસ્થિતિ [સં] સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્ર પોતાની સગભગ એક જ બાજુ પૃથ્વી તરફ રહે છે, તેથી કોઈ વખત ચંદ્રની જરા પૂર્વ તરફની તો કોઈ વખત જરા પશ્ચિમ તરફની બાજુ વધારે દેખાય તેવી અવસ્થા.

દર્શનહુંડી સ્ત્રી. તરત મુદતની હુંડી.

દર્શનાચાર [સ. દર્શન (શ્રદ્ધા) + આચાર] પું. (જૈન) જૈન ધર્મ તરફ વફાદારીને લગતા પાળવાના આચાર. દર્શનાચારના નિઃશંકિત એટલે તત્ત્વમાં નિઃશંકપણું, નિઃકાંક્ષિત એટલે અતત્ત્વને ગ્રહણ કરવાની અનિચ્છા, નિર્વિચિકિત્સા એટલે કરણીના ફળનો અસંદેહ, અમૂઢદૃષ્ટિ એટલે દૃષ્ટિનો અસંમોહ, ઉપબૃહા એટલે શક્તિનું અગોપવવું તે, સ્થિરીકરણ એટલે પતિતને સ્થિર કરવો તે, વાત્સલ્ય એટલે સ.ધર્મી પ્રત્યે વત્સલભાવ રાખવો તે અને તીર્થપ્રભાવના એટલે ધર્મની પ્રભાવના કરવી તે એવા આઠ ભેદ છે.

દર્શનાચારી જુઓ દર્શનાચાર.

દર્શનાતીત [સં.] વિ. દેખી ન શકાય એવું.

દર્શનાતુર [સં.] વિ. દર્શન કરવા માટે આતુર.

દર્શનાત્મા પું. (જૈન) દર્શનરૂપ આત્મા.

દર્શનાદિ [સં. દર્શન + આદિ] ન. બ. ન. દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર.

> આત્મા દર્શન, શ્રવણ, મનન, મનનો વિષય નથી એટલે એમ ન સમજવું કે દર્શનાદિ વગેરેનો ઉપયોગ નથી. એ બધાનો ઉપયોગ છે અને તે હૃદયની શુદ્ધિ પૂરતો. શુદ્ધ હૃદયમાં વાસ્તવિક આત્મસ્વરૂપનો સ્વયંપ્રકાશ થાય છે.
>
> કેનોપનિષદ્ભાષ્ય

દર્શનાનુશાસન [સં.] ન. દર્શનવિદ્યા; દૃષ્ટિવિદ્યા.

દર્શનાભિલાષી [સં. દર્શન + અભિલાષિન્ (ઇચ્છનાર)] વિ. મળવા ચાહનાર; મળવાને આતુર; દર્શનની ઇચ્છાવાળું.

દર્શનાર્ત [સં.] વિ. દર્શન માટે પીડાતું.

દર્શનાર્થિની [સં.] વિ. સ્ત્રી. દર્શનની ઇચ્છાવાળી.

દર્શનાર્થી જુઓ દર્શનાભિલાષી.

દર્શનાલંકાર પું. વિદ્યાની એ નામની એક ઉપાધિ.

દર્શનાવરણ ૧. ન. આત્માની દર્શનશક્તિને દબાવનાર કર્મ.

૨. [સં. દર્શન (શ્રદ્ધા) + આવરણ (ઢાંકણ)] ન. (જૈન) ધર્મની શ્રદ્ધા અથવા વિશ્વાસનું ઢાંકણ.

દર્શનાવરણીય ૧. [સં.] ન. એક જાતનું કર્મ. જુઓ દર્શનાવરણીય કર્મ.

૨. વિ. દર્શનાવરણને લગતું.

દર્શનાવરણીય કર્મ [સં. દર્શન (શ્રદ્ધા) + આવરણ (ઢાંકણ) + કર્મ (લગતું) + કર્મન્ (કર્મ)] ન. (જૈન) આત્માની દર્શનશક્તિને દબાવનાર કર્મ, જેનાથી દર્શન એટલે સામાન્ય બોધ અવરાય તે કર્મ; જૈન ધર્મમાં શ્રદ્ધા, વિશ્વાસ કે સમકિત ઢાંકનાર કર્મ; ઇંદ્રિયોથી ને આત્માથી જોવાતા વિષયને રોકે તે કર્મ. નિદ્રા આવવી, આંખળાવવું, બગાસાં વગેરે આ કર્મનાં ફળ ગણાય છે. આ કર્મના નવ ભેદ છે: ચક્ષુર્દર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવલદર્શનાવરણીય, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ.

દર્શનાંતર [સં.] ન. અન્ય દર્શન.

> જ્ઞાનમીમાંસા કે નવનું સ્વરૂપ નિરૂપવું છે તેનું દર્શનાંતરમાં કથાય નથી. સુખલાલજી

દર્શનિક ૧. વિ જોવા જેવું; રૂપાળું; દેખાવડું.

૨. વિ. પ્રગટ; ખુલ્લું; ઉઘાડું.

દર્શનિકા ૧. [સં.] સ્ત્રી. દર્શનશાસ્ત્ર.

૨. સ્ત્રી. દર્શન; અવલોકન.

દર્શનિયું ૧. ન. કમાનના દેખાવના આગળનું પથ્થરનું ગડદું.

૨. [સં. દર્શન] ન. દર્શન; દૃષ્ટિ.

૩. ન. દર્શન કરનાર માણસ.

૪. ન. ઓઢણી અને બાળકોને કાંડે પહેરવાનું એક જાતનું ઘરેણું; દરડિયું. તેમાં મણકા કોડીઓ, કોબીયા અને દોરાને બદલે સોના, રૂપા કે તાબાના વાળામાં હોય છે.

દર્શનિયો ૧. વ્રુ દર્શન કરનાર માણસ.

૨. પું. ઢાંકણના કાંઠા ઉપર પહેરવાનો ઘેરાવો.

દર્શની ૧. [સં] સ્ત્રી. દુર્ગા દેવી.

૨. વિ. કાંતિવાન; સોહામણું; દેખાવડું; રૂપાળું.

૩. વિ. (જૈન) તત્ત્વમાં શ્રદ્ધાવાળું.

૪. વિ. પ્રગટ; ખુલ્લું; દેખીતું.

૫. વિ સ્ત્રી. તરત મુદતની, દેખનની, જોતાંવેંત શિકારવાની. જેમકે, દર્શની હુંડી.

દર્શનીનાથ પું. એક પ્રકારનો નાથ આવો. તે કાનની અંદરમાં ઘૂરી વતી કાનું પાછી કુંડલ પહેરે છે અને ગોરક્ષનાથની ઉપાસના કરે છે.

દર્શની આલુ સ્ત્રી. ઇમારતનો આગલો ભાગ; કર્મ્યમુખ; મુખભાગ.

દર્શની ભાગ જુઓ દર્શની આલુ.

દર્શનીય ૧. [સં.] વિ. જોવા યોગ્ય; દર્શન કરવા જેવું.

૨. વિ. પ્રગટ; ખુલ્લું; દેખીતું.

૩. વિ. સુંદર; મનોહર; દેખાવડું.

દર્શનીયમાની ૧. [સં. દર્શનીયમાનિન્] વિ. ડોળો; દંભી.

૨. વિ. પોતાને દેખાવડું માનનાર.

દર્શનીહુંડી સ્ત્રી. તરત દેખાતી હુંડી; બતાવતી વખતે જ પૈસા મળે એવી જાતની હુંડી.

દર્શનેંદ્રિય [સં.] સ્ત્રી. સામળા દરય પદાર્થોના રૂપનું જ્ઞાન કરાવનાર ઇંદ્રિય; આંખ; નેત્ર; ચક્ષુ.

દર્શનોત્સુક (સં. દર્શન (જોવું તે) + ઉત્સુક (આતુર)] વિ. જોવાને આતુર.

દર્શનોપયોગ ન. (જૈન) વિશેષ જ્ઞાન થતાં પહેલાં કંઈક છે એવું જણવું તે. તેના ચાર પ્રકાર છે: ચક્ષુર્દર્શન; અચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવલદર્શન.

દર્શપ [સં.] પું. એક જાતની વેલ્લતિ.

દર્શપૂર્ણમાસ ૧. [સં.] પું. પહેલો, પૂનમ કે અમાવાસ્યાને દિવસે કરાતો એક જાતનો યજ્ઞ. તે બધું કરી અષાઢ માસમાં કરવામાં આવે છે.

૨. પું. હિંદુ જાતિનો એ નામનો એક સંસ્કાર.

દર્શપૌર્ણમાસ જુઓ દર્શપૂર્ણમાસ.

દર્શયજ્ઞ [સં.] પું. અમાસને દિવસે કરાતો યજ્ઞ.

દર્શયાગ [સં.] પું. અમાવાસ્યાનો દૃષ્ટિયાગ. તેમાં ત્રણ હવિષો હોય છે. અગ્નિમાં આહુતિ માટે બાર કપાલ, ઉંદ માટે દહીં, ઉંદ માટે દૂધ. પડવાને દિવસે દહીં થાય તે માટે અમાસની રાતે ગાયો દોહવી. તે દોહવાને સવારમાં સૌથિક દોહન થાય તે પહેલાં ગાયો આણે કરતાં વાછરડાં ગાયોથી પલાશની ડાળી વડે દૂર કરવાં.

દર્શયામિની [સં.] સ્ત્રી. અમાસની રાત; અંધારી રાત.

દર્શયિતા ૧. [સં. દર્શયિન્] પું. દેખાડનાર માણસ; ભોમિયો.

૨. પું. દારપાળ.

૩. વિ. દર્શન કરનાર; જોનાર.

૪. વિ. દેખાડનાર; બતાવનાર.

દર્શયિતુકામ [સં.] વિ. દેખાડવાને ઇચ્છતું.

દર્શાયિત્વા ૧. [સં.] અ. ખુલ્લું કરીને.

૨. અ. દેખાડીને, બતાવીને.

દર્શરતિ સ્ત્રી. અનિમેષ દૃષ્ટિથી રતિયુક્ત જોવું તે.

દર્શવિષદ ૧. [સં. દર્શવિષદ] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

દર્શાવું અ. ક્રિ. દેખાવું; દરસવું.
વિશ્વ દર્શી જેહના,
વિશ્વરૂપ રૂપે જેહ. પ્રેમાનંદ

દર્શાશ્રાદ્ધ [સં.] ન. અમાવાસ્યાનું શ્રાદ્ધ.

દર્શાસ્પર્શી [સં.] પું. દર્શન અને સ્પર્શ.
સાદે સમયનો સ્નેહી સામટા,
દર્શાસ્પર્શી કરે હરિચરણનાં. નિષ્કુલાનંદ

દર્શાહારી સ્ત્રી. એ નામની એક દેવી.

દર્શિત ૧. વિ. દેખતું; જોતું.
૨. વિ. દેખાતું; જોવાતું.
૩. વિ. પ્રગટ; પ્રસિદ્ધ.
૪. વિ. સુંદર; દેખાવડું.

દર્શી સ્ત્રી. શુક્લ પક્ષની પહેલી રાત્રિ.

દર્શોદર્શ [સં. દર્શ + અદર્શ] વિ. ઘડીમાં દેખાય અને ઘડીમાં અદશ્ય થાય એવું.

દર્શાવવું ૧. સ. ક્રિ. બતાવવું.
૨. [સં. દૃશ્ (જોવું)] સ. ક્રિ. પ્રગટ કરવું; બતાવવું; દેખાડવું.
૩. સ. ક્રિ. સૂચવવું; સૂચના કરવી; જણાવવું.

દર્શાંત [સં. દર્શ (અમાસ) + અંત (છેલ્લો)] પું. અમાવાસ્યા પૂરી થાય તે સમય; અમાસનો અંત.

દર્શિકા [સં.] સ્ત્રી. બાદી; સૂચિ.

દર્શિત ૧. [સં.] વિ. દેખાડેલું, બતાવેલું, દાખવેલું; પ્રગટ કરેલ.
૨. વિ. જોયેલું.
૩. વિ. સમજાવેલું.

દર્શિની ૧. [સં. દર્શિન્ + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. જોનારી.
૨. વિ.સ્ત્રી. બતાવનારી.

દર્શી ૧. [સં. દર્શિન્] વિ. જોનાર; અવલોકનાર. સમાસને અંતે વપરાય છે. જેમકે, દીર્ઘદર્શી, તત્ત્વદર્શી
૨. વિ. બતાવનારું.
૩. વિ. વિચાર કરનાર.

દર્શેષ્ટિ પું. પ્રજાપતિ.

દર્સ ૧. પું. ઉપદેશ.
૨. [અ. દરસ (તેણે વાંચ્યું)] પું. પાઠ; વાચન.
૩. [સ. દર્શ] પું. (હિંદી) દેખાવ.
૪. પું. શિક્ષણ.

દર્હમ વિ. ગુસ્સે થયેલું; ક્રોધાયમાન.
દર્હમ દર્હમ કરવું – બબડવું.

દલ્ ૧. (સં.) ન ક્રિ. વિદારવું થવું.
૨. સ ક્રિ. ઉઘાડું કરવું
૩. સ. ક્રિ. તોડવું
૪. સ. ક્રિ. ફાડવું.
૫. સ ક્રિ. બતાવવું
૬ સ ક્રિ. (ધાતુ) ભાગ કરવા. તે ઉપરથી થયેલ શબ્દો: દલ, દલન, દલણી.
૭. સ. ક્રિ. સમજવવું.

દલ ૧. પું. આપણા ચરણનો સંતાદર્શક શબ્દ.
૨. પું (પિંગળ) ત્રિચરણનાગણો એક છંદ.
૩ પુ. (પિંગળ) જગતીની જાતનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, જગણ, સગણ અને જગણ મળી બાર અક્ષર હોય છે. કવિ દલપતરામે આ વૃત્ત પોતાના નામનું નવું બનાવ્યું છે.
મૂ જ સ ય આણ દલ વૃત્ત માહે.
દલપિંગળ
૪. પું. જગતી ચોખા.
૫. પું. પરીક્ષિત.
૬. પું. (પિંગળ) મોહનવરતુની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૩૦ ગુરુ અને ૪ લઘુ મળી ૩૪ વર્ણની ૬૪ માત્રા હોય છે.
૭. સ્ત્રી. એ નામની સિપાઈ અને સપોની એક જાત.
૮. [સં.] ન. બખ્તર ઉપરનું આચ્છાદન; કોપ.
૯. [હિં.] ન. ઢાલ ઉપરનું આચ્છાદન; કોપ.
૧૦. ન. ઉપાદાન કારણ.
૧૧. ન. ઉંચાઈ.
૧૨. ન. એ નામની જાતનું માણસ.
૧૩. ન. (સિક્કા) એક જાતનું કોતરકામ.
૧૪. ન. ઘટકો.
૧૫. ન. ઘોળતા દાણાનો ભરણ ભાગ. દા.ત.
૧૬. ન. (જૈન) કર્મના જાડનો સમૂહ.
૧૭. ન. કલેજું.
૧૮. ન. કાપવું તે; ભેદવું તે; તોડવું તે.
દલ મારવું = પત્ર નીચે કરવું.
૧૯. ન. ખરાબ પદાર્થનું મિશ્રણ કરવાથી સારો પદાર્થ ખરાબ કરવો તે.
૨૦. ન. આહેરા; કબ્જા.
૨૧. ન. ગુણ.
૨૨. ન. બકરું વગેરેના ચોટને ચાખી, રોહો તથા ખારીને બનાવેલો ચૂકો; ચૂનું.
૨૩. ન. (પિંગળ) છંદના બે ચરણનો એક ભાગ; બે લીટીના છંદમાંની એક લીટી. આખા છંદના ચાર ભાગ કે ચાર લીટી હોય તેમાંના દરેકને ચરણ કહે છે. તેમ આખા છંદના બે ભાગ કે બે લીટી હોય તેમાંના દરેકને દલ કહે છે.
૨૪. ન. દગલો
૨૫ ન. તમાલપત્ર
૨૬. ન. તરવારનું પાન.
૨૭. ન. છા., ભાડારા: ધનતા; ભાડાપણું
૨૮. [સં. દિલ] ન. દિલ; ચિત્ત; મન; હૃદય; આત્મા કરવું
મન મે માન, દલ ભરી દીયાં નહિ,
મદર નહિ મલાપુ, સબપુ દોરડિયો અલે.
રાવો
૨૯. ન. ધન.
૩૦. ન. પાણીમા થતું એક જાતનું ઘા.સ.
૩૧. ન. પાદડું; પર્ણ; પાન; પત્ર.
પત્ર પર્ણ દલ આંક છદ, પાન કરે ખખડાટ;
ભલે આવી વાંધિયા, ચમકી જોતાં વાટ.
વિશ્વનાથપુરોહિત
૩૨. ન. પુષ્પની પત્તી; ફૂલની પાંખડી; પાદડી.
૩૩. ન. ભાગ; ખંડ.
૩૪. ન. વન.
૩૫. ન. વાદળ.
૩૬. ન. શરીરની નસોનો ઝીણો તાંતણો.
૩૭. ન. સમૂહ; જથ્થો; યૂથ; મંડળી.
૩૮. ન સૈન્ય; મોટું લશ્કર; દળ.
એકાએકિ લવમણ પડ્યઈ, કિહનઈ લોહ ન લાગ;
કર એકિ કમણ ચીનવઇ, દેખ વધુ દલ આગ.
તીનસઇપ્રબંધ
૩૯. વિ. એ નામની અટકનું.

દલક ૧. પું. (અણિત) બે સરખા ભાગ પાડનારી સીધી લીટી.
૨. [હિં.] સ્ત્રી. આઘાતથી થતો ફેફરાનો; ધબધબાટ.
૩. (દલક) [અ.] સ્ત્રી ગોદડી.
૪. સ્ત્રી. ઝાટકો.
૫. સ્ત્રી. નકશી સાફ કરવાનું એક ઓજાર. તે ઝરીના આકારનું હોય છે, પરંતુ મધ્યમાં ચપટું હોય છે.
૬. સ્ત્રી. પ્રકાશ; તેજ.
૭. સ્ત્રી. રહી રહીને થતું દર્દ; ચમક.
૮. સ્ત્રી સોનાનું વજન.
૯. ન દળવાની ક્રિયા; દલકન.

દલકન ૧. [હિં.] સ્ત્રી. ઝાટકો; આઘાત.
૨. ન. દળવાની ક્રિયા; દલક.

દલકપાદ [સં.] પું. ફૂલની પાંખડી.

દલકર્ણિત પું. (અણિત) કોઈ પણ આપેલી સીધી લીટીના બે સરખા ભાગ કરનારી તથા આપેલી લીટીની સાથે કાટખૂણો કરનારી સીધી લીટી.

દલકવું ૧. અ. ક્રિ. ફૂલવું, ફેફસે મારવો.
૨. અ. ક્રિ. ધ્રૂજવું; થરથરવું.

દલકોબી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનું શાક થાય છે. ઘરખમાં શિયાળાની વપરાશ માટે ખૂબ વાવવામાં આવે છે, કારણ કે તે પૌષ્ટિક છે. વળી જ્યારે બીજી કોઈ જાતની શાકીય ભાજી નથી, ત્યારે આ સારી સ્થિતિમાં રહી શકે છે. તેને સામાન્ય કોબીજની માફક જ ઉછેરવામાં આવે છે.

દલકોષ ૧. [સં.] પું. ચમેલીનો છોડ.
૨. પું. મોગરાનો છોડ.

દલગ્રહો પું. હૃદયની ઉદારતા; મનની મોટાઈ.

દલગર ૧. [હિ.] પું. જંગલી ચોખા; પસાઈ.
૨. પું. જડાઈ.
૩. પું. પાંદડું; પર્ણ
૪. પું. મોટું લશ્કર, દળ; કટક

દલગંજન ૧. [સ.] પું. એક જાતનું અનાજ.
૨. વિ. વીર; બહાદુર; રુદ્ર.

દલગંધ [સં.] પું. એક જાતનું ઝાડ; સતિવન.

દલગીર [ફા. દિલગીર] વિ. અપ્રસન્ન; ઉદાસ; ચોકાતુર; નારાજ; નાખુશ.

દલગીરી [ફા. દિલગીરી] સ્ત્રી. ઉદાસી; નાખુશી; અપ્રસન્નતા; દિલગીરી.

દલડું (દલ્લું) [ફા. દિલ] ન. હૈયું; અંતઃકરણ; મન; હૃદય; દિલ; હૈયું.

અવળાં ચોરાંટે અવળું શું બોલી,
અવળાં બોલે રે દલડાં ઊતરી રે.
લોકગીત

દલડો (દલ્લો) જુઓ દલડું.

દલણી વિ. સ્ત્રી. (જુ. રૂ.) ચૂર્ણ કરનારી; ભાંગનારી.

દિલ દલણી તું વિષમાં રે.
આનંદકાવ્યમહોદધિ

દલતા [સં. દલનૃ] વિ. બે ભાગ કરનાર; ચીરનાર; ફાડનાર; તોડનાર.

દલયંભન [હિ.] પું. કિનખાબ બનાવનારનું વસ્ત્રનું એક ઓજાર.

દલદલ ૧. [હિ.] સ્ત્રી કીચડ; કાદવ; પંક.
૨. સ્ત્રી. ઝોરણી.
૩. સ્ત્રી. ભેજવાળી પોચી જમીન; બહુ ઊંડે સુધી પાણી હોય અને જેમાં પગ ઝટ પડે એવી જમીન.

દલદલવાયુ પું. અનૂપવાયુ; ભેજવાળો પવન.

દલદલા [હિ.] વિ. પોચું; નરમ.

દલદલાહટ [હિ.] સ્ત્રી. ખુશ્કારી; કંપારી.

દલદહૃદય [સં.] ન. તૂટેલું હૃદય.

દલદાર વિ. દળદાર; જાડું; જાડાઈવાળું; જાડા થરનું.

દલદ્દરી ૧. સ્ત્રી. ગરીબાઈ; દારિદ્ર્ય.
૨. સ્ત્રી. મહેનત; મજૂરી; વૈતરું; વેઠ.

દલન ૧. પું. દાંતનો સખત દુખાવો.
૨. [સં.] ન. દળી નાખવાનું કામ; ખૂબો કરવો તે; દળવું તે, કચ્ચરું તે; દળી નાખવું તે; ચૂરેચૂરા કરવા તે.
૩. ન. કાપવું તે; તોડવું તે; ભેદવું તે; ચીરવાપણું.
૪. ન. વિનાશ; સંહાર.
૫. વિ. ભાંગનાર; તોડનાર; ચીરનાર.

દલનકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.
મહાવૈરણ દલનકુંડમાં એક મન્વંતર સુધી પીડા ભોગવે છે. ભાગવતી ભાગવત

દલનકૂજ ન. ચમેલી; ડોલો ચમો.

દલનિ [હિ.] સ્ત્રી. દળવાની ક્રિયા કે ઢંગ.

દલનિર્ભેદ [સં.] પું. ભોજપત્રનું ઝાડ.

દલની ૧. [સં.] સ્ત્રી. દળનારી સ્ત્રી.
૨. સ્ત્રી. માટીનું રેકું
૩. સ્ત્રી. માટીનો ઓરો.

દલપ ૧. [સં.] પું. દલપતિ; આગેવાન; મોવડી કે સેનાનો નાયક; સેનાપતિ.
૨. પું. ફોનું.
૩. ન. પ્રકાર કરવો તે; ઘા.
૪. ન. યુદ્ધ
૫. વિ. ચીરનાર; તોડનાર; ફાડનાર.

દલપત જુઓ દલપતરામ.

દલપત યુગ પું. કવિ દલપતરામનો સમય; ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ.

દલપતરામ પું. ગુજરાતી ભાષાનો એ નામનો એક પ્રસિદ્ધ કવિ. તેનો જન્મ ઈ સ. ૧૮૨૦માં વઢવાણમાં શ્રીમાળી વાણિજ્ય કુળમાં થયો હતો. તેમણે નાનપણમાં સામવેદ તથા વાણિજ્યનાં નિત્યકર્મનો અભ્યાસ તેના પિતા ડાહ્યાભાઈ પાસે કર્યો હતો તથા ગામડી નિશાળમાં કેળવણી લીધી હતી. ચૌદ વર્ષની વયે સ્વામીનારાયણ સાધુ દેવાનંદ સ્વામીનો પરિચય થતાં તેમની પાસે તે કવિતા કરતાં શીખ્યા. ત્યાંથી તે અમદાવાદ આવ્યા અને ત્યાં અત્યારે અમોહાપ્રસાદની પ્રેરણાથી સંસ્કૃત શીખ્યા. ૧૮૪૮માં હાર્બર્સ સાહેબે રાસમાળાનાં સાધનો ભેગાં કરવાનું કાર્ય તેમને સોંપ્યું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના પણ તે જ સાલમાં થઈ. ૧૮૫૫માં એ સોસાયટીના અસિસ્ટંટ સેક્રેટરિ નિમાયા. તેમની કવિતાઓથી તથા વ્યાખ્યાનોથી સોસાયટિને મહાન તથા બીજા નાણાની પુષ્કળ મદદ મળી. ૧૮૬૨માં જ્ઞાનપ્રસાર ફંડની સ્થાપના કરી તેમાં સભ્ય નિમાયા અને પછી તેમની મદદની કદર તરીકે સી. આઈ. ઈ. થયા. હોપ સિરીઝમાંની કે. ઇ. સા.ની સંસ્થાવાળી કવિતાઓ તેમની છે. એમણે દલપતકાવ્ય, અંગઉધારનો ગમગો, અદલબદલ, કુબરખાનની બહાર, હાર્બર્સ વિલાસ, હાર્બર્સ વિરહ, અશ્વશાસ્ત્રાખ્યાન (હિંદી), બાળવિવાહ નિષેધ, પુનર્વિવાહ નિષેધ, ભૂત નિબંધ, મિથ્યાભિમાન નાટક, વેનચરિત્ર, કથનાવલી, ભરબાવળીઓ, કૈવદર્પણ, કવિતા વિલાસ, સત્ય લક્ષ્મી સંવાદ વગેરે ગદ્યપદ્યાત્મક ગ્રંથો રચેલા છે. દલપતરામની કવિતા કાંત બુદ્ધિની, અલંકારમાં કુશળ, ચતુરાઈ ભરેલી અને સજ્જનરંજની જણાય છે. એ નવે રસમાં પ્રસંગોપાત વિચરે છે, પણ તે શાંતિ અને વિવેકની સાથે. તેની કવિતામાં કોઈ પણ રસની અતિ જોવામાં આવતી નથી. કાવ્યનું સ્વરૂપ, અર્થાળાં કટકા, વાણીની મીઠાશ અને રચનામાં વિવિધ પ્રકારનાં ચાતુર્ય એ બધાં વડે દલપત શૈલીનાં શાંત અને સુબોધક પદ્યનો ગ્રંથસંગ્રહ રહેલાં છે. દલપતરામ સુધારક હોવા છતાં લોકવૃત્તિને ઓળખીને કામ લેનાર હતા. એમનામાં જૂનાં અને નવાં તત્ત્વોનું બીજ સમિશ્રણ થયેલું હતું. તેમનામાં જૂના કવિઓની અસર દેખીતી છે. આજ કરીને શ્યામળ જેમનો આદર્શ કવિ હતો. નવલરામે કહ્યું છે તેમ તેમની લેખનશૈલી સજ્જનરંજની અને હિંદને અનુસરતી છે. તેથી એમની ભાષાની સરળતા, શબ્દરચનાનું સૌંદર્ય અને લેખપ્રવાહની ઝપટ એ હિંદીના જ્ઞાનને લીધે છે.

દલપત શાનસાઈ સ્ત્રી. કવિ દલપતરામના જે કાવ્યોનો સમૂહ.

દલપતશાહી વિ. દલપતરામ કવિના જેવું.
બીજા બાબુએ દલપતશાહી સજ્જનરંજની કવિતાથી જરૂ જુદી નથી. કૌમુદી

દલપતિ ૧. [સં.] પું. મંડળી કે સમુદાયનો પ્રધાન માણસ; મંડળીનો મુખી; આગેવાન; સરદાર.
૨. [સં. દલ (લશ્કર) + પતિ (ધણી)] પું. સેનાપતિ

પદ પ્રહાર કર ભૂમિ હિલાઉ,
કૌરવ દલપતિ પૂજ મિલાઉ. વીર અભિમન્યુ

દલપરિચારક પું. મજૂર રાંધનો અવસ્થાપક.

દલપુષ્પા [સં.] સ્ત્રી. કેવડાનો છોડ; કેતકી.

દલપૂપી સ્ત્રી. એક જાતનું ઝાડ.

દલભલ [સં.] ન. લશ્કર; ફોજ.

દલભા ૧. [હિ.] પું. એક જાતનું પક્ષી; તીતરજાત.
૨. વિ. ઢરાવેલું.

દલબાદલ ૧. [હિ.] પું. મોટું લશ્કર.
૨. પું. મોટો તંબૂ; ઘણો મોટો રાવિસાનો.
૩. પું. વાદળાંનો સમૂહ.

દલબંગા સ્ત્રી. ઘણી મોટી અને પાકતાં વાર લાગે એવી એક જાતની કેરી.

દલભંજન [સં.] વિ. લશ્કરને તોડનાર.

દલભાવ પું. દિલનો ભાવ; અંતરની લાગણી.

દલમર્દ ન. એક જાતનું અફીણ. તે કેટલીક જાતનાં કૂલમાંથી ઝરી પાન ઉપર એકઠું થાય છે. એમાં ઊલટી બંધ કરવાનો ગુણ હોવાનું મનાય છે.

દલમસલ જિ. દબાયેલું; કચરેલું.

દલમાલિની [સં.] સ્ત્રી. કોમી.

દલમાલી [સં.] વિ. એક જાતનું લાકડું; કોમીયું; કોમી.

દલરખું વિ. મન રાખનારું.

દલરેખ [સં દલ (પાંદડું) + રેખ (છિદ્ર)] ન. પાંદડાંઓની વચ્ચેનું માર્ગ.
દલરેખામાંથી પવન પણ થાય શબ્દ કરતો કારમો.
બાદરાયર

દલવડું (દલવડું) જ. ક્રિ. દોડવું.
લખ નારી કો આવી દલવડી, રાખે ન દીઠી ને અવડી.
આવી દમયંતીને કાજે, કો એક નળ આ મંદિરે વડે
આખ્યા

દલવાઈ [હિ.] સ્ત્રી. દળામણ; દળાવવાની કીમત.

દલવાડિયા (દલવાડિયું) ૧. સ્ત્રી. કોળી-ની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું

દલવાડી (દલવાડી) ૧. પું. ઈંટ પકવનાર માણસ; ઈંટવાડો કરનાર માણસ; કુંભાર.
૨. પું ઈંટ લાવી આપનાર માણસ.
૩. સ્ત્રી. કોળી, સથવારા અને આટકોની એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

દલવાહું (દલવાહું) જ. મરી ગયેલ ઢોર તાણી જવા દેવાના ખંડલામાં અમાર લોકોએ તેના માલિકને પાછો આપવાનો ગામડાનો હકડો.

દલવારિણી [સં. દલ (લશ્કર) + વારિન્ (અટકાવનાર) + ઈ (સ્ત્રીબોધનો પ્રત્યય)] વિ. સ્ત્રી. દુશ્મનો અટકાવ કરનારી.

દલવારી [મ.] પું. લશ્કરની ટુકડીનો ઉપરી.

દલવાલ [હિ.] પું. લશ્કરનો સરદાર; ફોજનો ઉપરી, સેનાપતિ.

દલવું ૧. જ. ક્રિ. દલન કરવું.
૨. સ. ક્રિ. દળવું; ભરડવું.

દલવૈયો [હિ.] પું. દળનાર પુરુષ.

દલશિરા સ્ત્રી. પાંદડાની નસ.

દલસાકિયા ૧. સ્ત્રી. કડવા કજુરીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દલસી સ્ત્રી. ગોવામાં થતી એક જાતની કેરી તેની છાલ પોપટિયા લીલા રંગવાળી પીળાશ પડતી, વજન આશરે ૩૦ રૂપિયાભાર અને રસ મીઠો પીળો ઘેરો રેસા વગરનો હોય છે.

દલસુચિ ૧. [સં] પું. જેનાં પાંદડાંમાં કાંટા હોય તેવું વૃક્ષ.
૨ પું પાંદડાનો કાંટો.
૩. સ્ત્રી. કાંટો

દલસૂચા [હિ.] સ્ત્રી. પાંદડાની નસ; દલશિરા

દલસ્નસા [સં.] ૧. સ્ત્રી. પાંદડાની રેખા.
૨. સ્ત્રી. પાંદડાનો રેસો.

દલહન [હિ.] ન. કઠોળ ધાન્ય.

દલહરા [હિ.] પું. દાળ વેચનાર.

દલહારા ૧. [હિ.] પું. અનાજ વેચનાર માણસ; અનાજનો વેપારી.
૨ પું. ચણા વેચનાર પુરુષ.
૩. પું. દળનાર માણસ.

દલ્ટ્રીનફ્લા [હિ.] સ્ત્રી. મુસ્લી બારેક.

દલાઈલામા પું (બૌદ્ધ) તિબેટ ઉપર ધર્માધિકાર ચલાવનાર પુરુષ.
આજકાલ કુહુરા નામે તિબેટનો દલાઈલામા થાય કરે છે. પુરાતત્ત્વ

દલાઢ્ય [સં.] પું. ધાણા.

દલાદિત [સં.] વિ. પાંદડાથી ઢકાયેલું.

દલાટી સ્ત્રી. બીનાસવાળી જગ્યા.

દલાડવું (દલાડવું) ૧. સ. ક્રિ. આનંદ કરાવવો. રમાડી ખુશ કરવું.
૨. જ. ક્રિ. ઉત્તેજિત કરવું; ચેતન આપવું.
૩. સ. ક્રિ. દિલાસો આપવો ધીરજ આપવી; મન વળાવવું.
૪. જ. ક્રિ. નચાવવું.
૫. જ. ક્રિ. વીંઝારવું.
૬. સ. ક્રિ. સમજાવવું; સમજૂતી કરવી.

દલાડિયા (દલાડિયું) ૧. સ્ત્રી. ભોંયની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દલાઢક ૧. પું. ગજકરણી; એક પ્રકારની વનસ્પતિ.
૨. [સં.] પું. આર્દ્ર.
૩. ગામનો મુખી.
૪. પું. ચેરો.
૫. પું. ચમેલી.
૬. પું નાગકેસર.
૭. પું. હોથ.
૮. પું. મહાવત.
૯. પું. ભોગરો.
૧૦. પું. મોટો પવન; ઝંઝાવાત.
૧૧. પું. રાની તલ; જંગલી તલ.
૧૨. પું. વાઘરડો.
૧૩. પું. હાથીનો માન.
૧૪. વિ. ઘણું મોટું

દલાઢ્ય ૧. [સ.] પું. કાદવ.
૨. વિ. ઘણું મોટું
૩. વિ. પાંદડાંવાળું.

દલાઢ્યક [સં.] પું. ભોગરો.

દલાજી ૧. સ્ત્રી. એ નામની ભોંડાણાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

દલાન [ફા.] પું. મોટો ઓરડો.

દલાબલ [સં.] ન. એક જાતની વનસ્પતિ.

દલામું [જ્ઞા. દમામા] ન. દદામું; ઢોલ; નોબત.

દલામ્લ [સં.] ન. લીંબુની ખાટ.

દલારવું ૧. સ ક્રિ. કોઈ પ્રકારની આશા બતાવી જેમ તેમ કરીને નિકાલી લેવું; ક્ષુબ્ધદૃષ્ટિએ પાણીપોપીને મોઢું કરવું; ધંધારવું; પાણીપોપીને ઉઠેરવું.
૨. જ. ક્રિ. ધીરજ આપવી; મન વળાવવું.
૩. સ ક્રિ. નચાવવું.

દલાલ ૧. [અ. દલ્લાલ (રસ્તો બતાવનાર)] પું. સારું ખોટું સમજાવી આપનાર માણસ; વેપારધંધામાં આપલે કરનાર વચ્ચે સારું કરાવનાર અભ્યસ્ત પુરુષ; આકૃતિઓ; બે જણને મોટો કરવાવાળી કીમતના પ્રમાણમાં દલાલી લેનાર આદમી, અર્વાચીનકોની પરિભાષામાં લખ્યું છે કે: જે માણસો માલની સીધી ઉત્પત્તિ નથી કરતા પણ કરતા માલનો વિનિમય કરવામાં મદદ કરે છે, ઓટલે માલ ઉત્પન્ન કરનાર અને વાપરનાર વચ્ચે વ્યવહાર ચલાવે છે, તેમને આકૃતિઓ, દલાલ કે વેપારી કહી શકાય.
દલાલને દેવાળું નહિ = માલમાં ખોટ વતન અથવા રૂપિયા આપનાર જાતે પણ તેમાં દલાલને કાંઈ નુકસાન હોય નહિ.
૨. પું. સ્ત્રીપુરુષનો અનુચિત સંયોગ કરાવનાર માણસ; કૂટણું કરાવનાર માણસ; કૂટણો; ભડવો.
૩. સ્ત્રી. દલાલીમાળી વાલ્વિયા, મેમણ અને જાટની એ નામની એક અટક.

૪. વ. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું

દલાલણ સ્ત્રી. બડવણ; દૂટણી.

દલાલત ૧. [અ.] સ્ત્રી. પ્રધારત.
૨. સ્ત્રી. ખાતરી.
૩. સ્ત્રી. દલાલી
૪. સ્ત્રી. દલીલ.
૫. સ્ત્રી. નિશાની.
૬. સ્ત્રી. વકીલાત.

દલાલા સ્ત્રી. બોબોને બોળવી ઊલટે માર્ગે દોરી જનાર રંડા

દલાલિયું ૧. વિ. દલાલી આનારું; દલાલી આપીને કામ કરનારું; દલાલી ઉપર જીવનારું; દલાલી કરનારું.
૨. વિ. દલાલીનું; દલાલીને લગતું.

દલાલિયો પું. દલાલ; મારફતિયો.

દલાલી ૧. [અ. દલાલહ્] સ્ત્રી. દલાલની મહેનતનો બદલો, દલાલ તરીકેનું મહેનતાણું; દલાલની હકમાર્ફ; આડત; કમિશન.
૧. કોપલાની દલાલીમા હાથ કાળા = બરાબ કામમાં દલાલી કરવાથી બાજને બદલે ખેરવાળ થ.ય
૨. દલાલી આપી = સોદો કરાવવાની તેમાંથી હકમાર્ફ લેવી; ચોકકું બેસાડી હકસાર્ફ લેવી.
૨. સ્ત્રી. દલાલનું કામ; મારફત.

દલાલીનું ઠોબલું ન. બેઠ છોકરું દલાલ બાપ ને બીજુ વેપારી થઈને બીજાનાં નામ લે એવી બેઠ રમત.

દલાલું ન. દલાલનું કામ; દલાલી.

દલાવું ઉ. ક્રિ. (રાનીપરજ) બાવવું.

દલાસો પું. હિંમત; ધીરજ; દિલાસો.

દલાહા જુઓ દલાસો

દલાહું પું. નાગરવેલ.

દલાહ્વય [સં.] પું. નાગરવેલ.

દલાંટી સ્ત્રી. પટી.

દલિ ૧. [સં.] પું. માટીનું ઢેકું.
૨. સ્ત્રી. રાજપૂતની એ નામની બેઠ જાત.
૩. વ. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

દલિક ૧. [સં.] પું. કમારની બાકરું.
૨. ન. (જૈન) અવયવ; વિભાગ.
૩. ન. કર્મના પરમાણુનો સમૂ.
પુદ્ગલ કર્મના દલિક જે,
ફીલ્યા રહે સર્વત્ર. આનંદાબ્ધિલહોરિયે

દલિચો પું. ખોટલો.
હરિમંડપ દલિચા દે રે,
બેસવા આવ્યા છે. નિષ્કુળાનંદ

દલિત ૧. સ્ત્રી. એ નામની મેમલ જાતે ચોરાની બેઠ બટક.
૨. વ. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.
૪. [સં.] વિ. ચૂર્ણિત; દળેલું; ભાંજેલું; તોડેલું; ચિરાયેલ; ત્રોલ.
૫. વિ. છુંદેલું.
૬. વિ. નાશ કરવામાં આવેલું.
૭. વિ. પીડિત; ત્રાસદાયેલ; દબાયેલું; કચરાયેલું.
૮. વિ. રોક; મરીબ.
૯. વિ. વિકસેલ; ખીલેલ; બિબરેલ.
૧૦. વિ. હલકું; અધમ.

દલિત કોમ સ્ત્રી. હલકી જાતિ.

દલિત દશા સ્ત્રી. દબાયેલાની હાલત; હલકી દશા.

દલિતોદ્ધાર [સં. દલિત (કચરાયેલ) + ઉદ્ધાર (ઉન્નતિ)] પું. પતિતોની ઉન્નતિ કરવી તે; ગરીબ લોકોનો ઉદ્ધાર.

દલિદર [સં. દારિદ્ર] પું. દરિદ્ર. ગરીબાઈ; દલદર.

દલિદ્ર ૧. વ. કમનસીબ.
૨. [સં. દરિદ્ર] ન. દારિદ્ર; ગરીબાઈ.

દલિયા ૧. [હિ.] પું. ભાંગી વસ્તુઓનું ભેગું બાળું
૨. [સં. દલિક] પું.વ વ. કર્મના પરમાણુ.
૩. વિ. ભરેલું દળેલું; ભરેલું.

દલિહન [સં.] ન. જેના બે બાગ થઈ શકે એવું અનાજ; કઠોળ.

દલી ૧ સ્ત્રી. દિલ્લી.
૨. [સ] સ્ત્રી. માટીનું ઢેકું.
૩. સ્ત્રી. વડ; પત્તી.
૪. [સં. દલ (પાદડું) + ધન્ (વાળું)] ન. ઝાડ; વૃક્ષ.
ડાળી વિટપી અનોકહ, દ્રુમ તરુ પાદપ કહેવાય;
અહીં દલી પત્રી ફળી, વૃક્ષ અકોલ્ય બાય
પિંગલપ્રકાશ

૫. વિ. દળવાળું.
૬. વિ. પાંદડાંવાળું.

દલીલ ૧. [અ. દલ્લ (તેણે વાદ કર્યો)] સ્ત્રી. કોઈ બાબતની મુદ્દાસર તકરાર; અમુક બાબત આમ હોવાથી આમ પુરવાર થાય છે એમ બતાવવું તે; વાતના રેટામાં દલીલેલો સબબ.
દલીલ કરવી-લાવવી = વિવાદ બતાવવો; મુદ્દા રજૂ કરવા; સાબિતી ધરવી.
૨. [હિ.] સ્ત્રી. તર્ક; યુક્તિ.
૩. સ્ત્રી. બાનું.
૪. સ્ત્રી. ચાલાકીપૂર્ણ.
૫. સ્ત્રી. ચાલબિચાલ.
૬. સ્ત્રી. વાંધો.
દલીલ મૂકવી = વાંધો કાઢવો.
૭. સ્ત્રી. સાબિતી; કારણ આપવું તે.

દલીલખોર વિ. દલીલો કર્યા કરવાની ટેવવાળું.

દલીલન [અ.] અ. સાબિતીપૂર્વક

દલીલબાજ વિ. દલીલ કરે એવું.

દલીલબાજી ૧ સ્ત્રી. વાંધો ઉઠાવવાની યુક્તિ.
૨. સ્ત્રી. સામસામી દલીલોની ફેંકાફેંકી.

દલેગંધિ [સં.] વ. સાતપુડાનું ઝાડ; સમપર્ણી વૃક્ષ.

દલેનતિ સ્ત્રી. પટી.

દલેપંજ ૧. [હિ.] પું. ઘોડાની જિંદગીની જેલી સ્થિતિ.
૨. પું. વૃદ્ધ આદમી; ઘરડો માણસ.

દલેર [અ.] વિ. બહાદુર; હિંમતવાન.

દલેરી [અ.] સ્ત્રી બહાદુરી.

દલેલ [અં. ડ્રિલ] સ્ત્રી. જમીનની અંદર કરવામાં આવતી ડ્રિલ.

દલેહું ન. તેલીબિયાંના બદલામાં તેનું અમુક તેલ આપવું કે લેવું તે.

દલ્લે અ. ગાડીને પાછી પાતાં વપરાતો શબ્દ.

દલો પું. વર; પતિ; ધણી.

દલોદલી સ્ત્રી. બેઠાં બેઠાં રમી શકાય એવી છોકરીઓની બેઠ રમત. તેમાં વિના ખર્ચે પ્રાણાયામનો લાભ મળી રહે છે.

દલ્લોદ્ભવ ૧. [સં.] ન. બેઠ જાતનું મધ.
૨. વ. બેઠ જાતનો ઘા.
૩. વિ. પાંદડામાંથી ઉત્પન્ન થયેલ.

દલ્લ (દલ્લ) [અ.] પું. પોલાક.

દલ્લ ૧. [સં.] પું. કપટ; દગો; કનાઈ.
૨. પું. ચક્ર; પૈડું
૩. પું. તે નામે બેઠ ઋષિ.
૪. પું. પાપ.
૫. પું. પ્રતારણા; પોબો.

દલ્લાર વ. લીમડાની જાતનું બેઠ ઝાડ.

દલ્લિમ ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. ઉંદરનું બચ્ચું.
૩. પું. શિવ.

દલ્લ્ય વિ. પાદરની સમીપના પ્રદેશને લગતું.

દલ્લાચાંક પું. ચક્રાણમાં તળિયાના કાચાનો પાંક.

દલ્લા સ્ત્રી. ધરતી; પૃથ્વી.
ઉપર આભ ને નીચે દલ્લા = (૧) ઉપર આભને નીચે ધરતી; નિરાશ્રિત; આધાર વિનાનું; બેઠ પ્રશ્નના રહસ્યવાળું. (૨) આધાર; નિરુપાય.

દલ્લાક ૧. [અ.] પું. ચંપી કરનાર માણસ.
૨. પું. કળમ; વાળદ.

દલ્લાડી ૧. [અ.] પું. ઝભ્ભો; સદ્રિયો.
૨. વિ. કળમને લગતું.

દલ્લાલ [અ.] પું. દલાલ

દલ્લાલો જુઓ દલાલી.

દલ્લી ૧. સ્ત્રી. દળી; ચાદી.
૨. સ્ત્રી. દિલ્હી શહેર.

દલ્લો પું. ચાપણ; મૂડી; પુંજી; મિલકત.

દલ્વ [અ.] પું. (જ્યોતિષ) કુંભ રાશિ.

દલ્વા [અ.] સ્ત્રી. ઠેલ; ખાલદી.

દલ્હાડવું (દલ્હાડવું) સ.ક્રિ. માર્યા કર્યા વિના નાના બાળકને સમજાવવું; સમજૂતીથી કામ લેવું.

દવ ૧. પું. ઝોસ; ઝાકળ; કપાસે મજિત કરતી કપાસની પાણીરૂપ ભેજી વરાળ; પુરમસ.
૨. [સં.] પું. વન; જંગલ; અરણ્ય; રાન.
૩. પું. વનમાં એની મેળે સળગી ઊઠેલી આગ; વાંસે વાંસ અથવા ઝાડને ઝાડનાં ઘસારાથી ઉત્પન્ન થતો અગ્નિ; દવાગ્નિ; દાવાનળ.

પાવક વહ્નિ દહન દવ, જ્વલન ધનંજય જ્વાલ;
શિખી હવ્યભુક વાયુસખ, પીતિહોત્ર મેઘમાલ.
પિંગલાક્ષરપ્રકાશ

૧. દવ ઊઠવો-બળવો-લાગવો = (૧) જંગલ બળવું. (૨) મહાદુઃખમાં આવી પડવું. (૩) મોટી પાયમાલી કરનારો બનાવ બનવો.
૨. દવ બાળવો = તકરાર કરવી.
૩. દવ ચલાવવો = (૧) અગ્નિ મૂકી જંગલનાં ઝાડ વાંસ વગેરે બાળી નાખવાં. (૨) મિલ્કતો કરાવવી; લડાઈ ઊભી કરાવવી. (૩) નાશકારક કામ કરાવવું; ઉત્પાત થાય એમ કરવું.
૪. પું. સંતાપ; પીડા; બળતરા.
૫. વિ. દૂરનું; દૂરનું.
૬. વિ. વહેલું.

દવકર્મ ન. કર્યું પણ વસ્તુ બાળી મૂકવી તે.

દિયે દાવાનલ તે દવકર્મ,
કિમ પામઈ તે જિનવર ધર્મ.
જ્ઞાનસમુદ્રમય

દવડા પું. ન.વ. ઝોક જાતની વનસ્પતિનાં બી. દેમદાન, કવિજ, દવડા, વજ્રકાચરા અને એલચી એ પદાર્થોના મિશ્રણથી સારું અગરબત્તી તૈયાર થાય છે. જ્ઞાનપ્રકાશ

દવડો પું. ઝોક જાતનો ઝોડ; ફિરમાણી અજમો. તે ૩ થી ૬ હાથ ઊંચો થાય છે.

દવથુ ૧. [સં] પું. તાપ; સંતાપ; પરિતાપ.
૨. પું. દાહ; બળતુ તે.
૩. પું. નેત્રપાક. તેમા આંખો વગેરે ભાગ લાલ બળ છે.

દવદગ્ધ [સં.] વિ. વનમાં બળેલ; દાવાનળથી બળેલું.

દવદગ્ધક [સં.] ન. ઝોક જાતનું ઘાસ.

દવદહન [સં.] પું. દાવાનળ.

શીતદીધિતી દવદહન, જેનો પતિ છે પાસ,
શીત દીધિતી દવદહન, જેનો પતિ નથી પાસ.
કામશાસ્ત્ર

દવદંતિ સ્ત્રી. (જૂ. પ્રા.) દમનની.

દવદંતિ પતિ ગયો નાસ કુમરણ.
આનંદકાવ્યમહોદધિ

દવન ૧. [સં.] પું. નાશ.
૨. પું. મોગરાનો ઝોડ.
૩. ન. દહન; બળતુ તે.
૪. ન. વાદન.

દવનપાપડા (દવનપાપડા) [સં. દમનપર્ણ] પું. (હિંદી) પીતપાપડો.

દવર ૧. પું. (જૂ. ગુ.) રેબજુ; છોકરું.
૨. પું. (વાદ્યવિશેષ) ઢોલ્યરિયો તેમ જ વસ્તુ મોટું નાનું બેંગવાનું સાધન.

દવરા ૧. સ્ત્રી. એ નામની કપાસની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દવરામણ ન. દવરાવવાનું મહેનતાણું; પશુને મકાણ કરાવવા બદલ લેવાતી રકમ.

દવરાવવું ૧. સ ક્રિ. નસાડવું; દોડાવવું.
૨. સ ક્રિ. આવા નરપશુને બતાવવો; નર દેખાડવો, બાપાન કરાવવું; પશુમાં બીજ નખાવવું.

દવરેખા [સં.] સ્ત્રી. જંગલમાં આગથી રક્ષણ કરવામાં આવતી મર્યાદા. ઓટલા જાતમાંથી પાસ કાપી નાખવામાં આવે છે એટલે લાંબી દવ આગળ ફેલાઈ શકતો નથી.

દવરેષા જુઓ દવરેખા.

દવલું વિ. અગત્યનું; અગત્યનું; અગત્યનું.

દવા ૧. પું. અરાજ વા; વાવર.
૨. [અ. દવ (તે માટે પત્રો)] સ્ત્રી. ઉપાય; ઇલાજ; ઉપચાર; તદબીર.
૧. દવા કરવી = (૧) ઉપાય કરવો. (૨) ઓસડ કરવું. (૩) સખત પત્રો ભરી દેવાલે લાવવું.
૨. દવા લાગવી = દવાની અસર થવી.
૩. સ્ત્રી. ઓસડ; જડીબુટ્ટી; રસાયનનું ઔષધ.
૪. સ્ત્રી. દુઆ; આશિષ; આશીર્વાદ.
૫. સ્ત્રી. રોગ.

દવાઈ ૧. [અ.] સ્ત્રી. ઓસડ; ઔષધ; દવા.
૨. સ્ત્રી. દુઆ; આશિષ; આશીર્વાદ.
૩. સ્ત્રી. દુવાઈ; હુકમ; આજ્ઞા; આણ.

રાતે બહાર ન જશો બાઈ,
રાજની તો ફરે દવાઈ રામળ

૪. વિ. દવા સબંધી.

દવાઈર [અ.] પું. કેદાણુ.

દવાખાના [અ. દવા + ફા. ખાના (સ્થળ)] પું. દવા મળવાનું ઠેકાણું, ઔષધશાળા; ઔષધાલય.

દવાખાનું જુઓ દવાખાના.

દવાગીર [અ. દુઆ (આશિષ) + ગીર (લેનાર)] વિ. આશીર્વાદ લેનાર; દુઆગીર; આશિષ લેનાર.

દવાગો જુઓ દવાગીર.

દવાગ્નિ [સં.] પું. દવ; દાવાનળ; વનમાં લાગતી આગ.

દવાજો પું. કજેતો; ઢાસી.

દવાડ (દવાડ) પું. દવ; દાવાગ્નિ; દાવાનળ; જંગલનો અગ્નિ.

દવાડિયું (દવાડિયુ) [સં. દવ (અગ્નિ)] વિ. અર્ધદગ્ધ; અરધુપરધુ બળેલું; બળ્યું ન બળ્યું હોય એવું; દાઝોડિયું.

દવાડો પું. દવ; દાવાનળ.

દવાત ૧. [અ.] પું. મસિપાત્ર; શાહીનો બરિયો; મસિદાની
૨. પું. રસોઇનપેનો બરિયો ને કલમદાન.
૩. સ્ત્રી. સાહી.
૪. સ્ત્રી. ઓની ગુહ્યેંદ્રિય.

દવાતી ૧. [અ. દવાત (બરિયો)] પું. બરિયો કલમ રાખનાર માણસ; બરિયો કારકુન; મહેતો.
૨. પું. જેને આમંત્રણ અપાયું હોય તે માણસ; મહેમાન.
૩. સ્ત્રી. ભેટી.

દવાતુર [સં. દવ (વનદાનો અગ્નિ) + આતુર (પીડાતું)] વિ. વનદાના અગ્નિથી પીડાતું.

દવાદચિરા [ફા.] સ્ત્રી. મહેનત મજૂરી.

દવાદની પું. જ ,ર.

દવાદશી [સં. દ્વાદશી] સ્ત્રી. બારસ; પખવાડિયાનો બારમો દિવસ.

દવાદારૂ ન. ઓસડરેસડ; સારવાર; ઓસડ અને ઉપાય કરવો તે.

દવાન [ફા.] વિ ડોલતું.

દવાપાણી જુઓ દવાદારૂ.

દશાપિછોર [અ.] વિ. સાચું મપાતા સમજવાનું.

દશાફેરોરા [અ.] પું. દશા બેચનાર માણસ; ભાંખી

દશામ [અ.] પું. કામમ હોવાપણું.

દશામાજગત જુઓ દશાદારૂ.

દશામી [અ.] વિ. ચિરકાલ; સ્થાયી; કાયમનું.

દશાલ [હિ.] પું. દશ; વનમાં લાગેલી આગ; દાવાનળ.

દશાલિબ [ફા] ન. પૈડું.

દશાલું વિ. આકરું; મુશ્કેલ.

દશાલો પું. ખોટી સોનેરી ઝોર. તે સાડલા ઉપર મુકાય છે.

દશાવાલા ૧. સ્ત્રી એ નામની મેમણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

દશાવાળો પું. દશા બેચનાર માણસ; 'કેમિસ્ટ.'

દશાવું સ. ક્રિ. દીકું પડવું; સુકાવું; ચીમળાવું.

દશાશાળા સ્ત્રી. દશાવાનું; જ્યાં દશા મળતી હોય એવું સ્થળ.

દશાસુ [સં. દશ (ડાકળા) + અશ્રુ (આંસુ)] ન. ડાકળાનાં બિંદુરૂપી આંસુ.

દશાસાજ [ફા.] પું. દશા મેળવી તૈયાર કરનાર માણસ; 'કમ્પાઉન્ડર.'

દશાસાળી સ્ત્રી. દશાની મેળવણી.

દશિરામ ન. (સંગીત) તાલનું ત્રણ માત્રાનું અંગ; ત્રણ માત્રાને અંતરે તાલ આવે તે ક્રમ; દ્રુતવિરામ; અવિરામ; ચાર્મદ્રુત; ત્રિમાત્રદ્રુત.

દશિષ્ક [સં.] વિ. ખૂબ દૂરનું; અત્યંત દૂરનું.

દશિંદા [ફા.] વિ. દોડનાર.

દશે ૧. [સં. દ્વિવેદી] પું. ચાર સંહિતા એ વેદ જાણનાર બ્રાહ્મણ.

૨. સ્ત્રી. ચાકળવું અને ઠેકમરોળાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

દશેમ ૧. [સં. દશ] પું. દશ; વેર.

૨. પું. બળાપો; ઊંડો ઉમકારી સંતાપ; મનસ્તાપ.

દશેરા ૧. સ્ત્રી. એ નામની ટેઢની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દશેહર પું. રેતીમાંથી મેળવાતો એક જાતનો અમ્લ; 'સિલિસિક ઍસિડ.' રાસાયની દૃષ્ટિએ તે ચીકણો પદાર્થ છે. તે બહુ ઍરિયર છે. તેને સહેલાઈથી સુકવીને ચાપુરૂપ બનાવી શકાય છે; તોપણ તેમાંથી પણ રચાયી ક્ષારો બને છે. તેમાં ટેલકનો એક ભાગ અને આઈજનટ તથા પ્રાણવાયુ એ દરેકના ચાર ચાર ભાગ હોય છે.

દશૈયા પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ તેમાં ૭ ક્રમણ અને બે ગુરુ મળી ૨૮ માત્રા હોય છે. તેમાં બારમી માત્રા ઉપર યતિ એટલે વિસામો આવે છે.

દશ્વર [અ.] સ્ત્રી. (બહાનૂવદું) દોરડાં વીંટવા માટેની ટેકણીવાળી ગોળ દરી કે એની બરખી; પવર.

દશ૧ ૧. સ્ત્રી. ઉપમા, રચતો; સૂક્ત.

૨. સ્ત્રી. દશાની સૌકેતિક સંજ્ઞા.

૩. સ્ત્રી. દિશા; દિવ.

દશ પડી = દિશાઓ ઝાંખી થઈ જવી; સૂરજ ઊગ્યો ન હોય અને બધે અંધકાર હોય એવો ભરાત દિવસ લાગ્યો.

૪. [સં. દશન્] વિ. વેદ ક્રમિત ઓજસ્વીત મહેનો એક સંખ્યા, પાંચમાં ક્રમથી સંખ્યા; આઠ ને બે; દસ; ૧૦

દશાઊઠણ ન. જોને છોકરું સાપત્રા પછી દશમે દિવસે અસૂતિ કાઢવી તે, જોને બાળક સાપત્રા પછીથી દશમે દિવસે કરાવાતી શુદ્ધિ.

દશક ૧. પું દશ સંખ્યો મળતાં સમાનું કામ ચલાવવાની વ્યવસ્થાવાળો સંઘ.

૨. [સં. દશન્ (દશ) + ક (સમૂહવાચક પ્રત્યય)] પું. દશકો; દસનો જથ્થો.

૩. પું. દશમો ભાગ કે ક્રમ; એક આખી રકમનો દશમો ભાગ.

૪. વિ. દશ જેટલું.

દશકડું (દશકડું) ન દશકો; દશકો.

દશકપદ્ધતિ સ્ત્રી. સંખ્યા લખવાની ચાલુ રીત. તેમાં દરેક આંકડાનું સ્થાન તેની જમણી તરફના આંકડાના સ્થાન કરતાં દશગણું હોય છે ને તેમાં ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ એમ દશ આંકડા હોય છે.

સંખ્યા લખવાની દશકપદ્ધતિ વેદકાળથી જ પ્રચલિત હોવાથી ગણિતને વિસ્તાર કરવો સરળ થયેલો હતો. ગાડેકર

દશકર્મ [સ. દશકર્મન્] ન. ગર્ભધાનથી વિવાહ સુધીના દશ સંસ્કાર; દશ પ્રકારના સંસ્કાર. ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકરણ, ઉપનયન અને વિવાહ એ દશકર્મ ગણાય છે.

દશકંઠ [સં.] પું. રાવણ, કેમકે તેને દશ માથાં હોવાનું મનાય છે.

દશકંઠારિ [સં. દશકંઠ (રાવણ) + અરિ (શત્રુ)] પું. રામચંદ્ર.

દશકંધર જુઓ દશકંધર.

દશકંધર [સં. દશન્ + ધર (ધારણ કરનાર)] પું. દશ માથાવાળો પુરુષ; રાવણ.

દશકામજવ્યસન [સં.] ન. સ્વેચ્છાથી ઉત્પન્ન થનારાં દશ વ્યસન. તેનાં નામ: જુગાર, દિવસે નિદ્રા, સ્ત્રિનાનું, મદમત્તપણું, શિકાર, ગીત કે નાચો જોવી, જુત્ય, ગાયન, વાદ્ય અને ફંફ.

દશકુમારચરિત [સં.] ન. મહાકવિ દંડીનું બનાવેલ એ નામનું એક સંસ્કૃત પુસ્તક.

દશકો ૧. પું. દશ વર્ષનો સમય.

૨. પું. દશનો જથ્થો, દશક.

૩. પું. સ્થિતિ; હાલત.

દશકોણ [સં.] પું. (ગણિત) દશ બાજુથી નિર્ધમિત થયેલી આકૃતિ; દશ સીધી લીટીઓથી જેની હદ બંધાયેલી હોય એવી આકૃતિ.

દશકોણાકૃતિ જુઓ દશકોણ.

દશકોષી સ્ત્રી (સંગીત) ૨૬ તાલના અભિસાર મહેનો એ નામનો એક ભેદ.

દશક્ષીર [સ.] ન. દશ પ્રકારનું દૂધ. ભેંસો, ગાયનું, ભેંસનું, બકરીનું, ઊંટડીનું, ગાધરનું, ઘોડીનું, ઓતુ, હાથણીનું, મજલીનું અને ગધેડીનું દૂધ.

દશખોટું વિ. જમણી દિશાએ ચાલતાં અપકાય એવું; દશજવું.

દશગાત્ર ૧. [સં.] ન. મરેલાની પાછળ કરવામાં આવતી એક વિધિ; મરનારની પાછળ દશ દિવસ સુધી કરવામાં આવતું કર્મ. તેમાં રોજ પિંડદાન દેવામાં આવે છે. પુરાણમાં કહ્યું છે કે, આ પિંડ દ્વારા કમે કમે પ્રેતનું શરીર બને છે અને દશમે દિવસે તે પૂરું બની રહે છે. જેમકે, પહેલા પિંડથી માથું, બીજાથી આંખ, કાન, નાક વગેરે.

૨. ન. શરીરના મુખ્ય દશ અંગ.

દશગુણ [સં.] વિ. દશગણું.

દશગ્રંથ [સં. દશન્ (દશ) + ગ્રંથ (ચોપડી)] પું. ન. ઋ. વેદસંહિતા, વેદ, બ્રાહ્મણ, આરણ્યક, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિઘંટુ, છંદ અને નિરુક્ત એમ દશ પુસ્તકો.

દશગ્રંથી [સં. દશગ્રન્થિન્] વિ ચાર વેદ અને છ વેદાંગ એમ દશ ગ્રંથ કંઠસ્થ કર્યા હોય એવું.

દશગ્રામ [સં.] ન. દશ ગામડાંનો સમૂહ.

દશગ્રામપતિ [સં.] પું. દસ ગામનો ધણી; રાજા તરફથી નિમાયેલો દસ ગામનો અધિપતિ અથવા શાસક. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, રાજા પહેલાં પ્રત્યેક ગામનો એક મુખ્ય અથવા શાસક નીમે, પછી તેથી વધારે પ્રતિષ્ઠા અને યોગ્યતાવાળા કોઈ માણસને દસ ગામનો અધિપતિ નીમે. આ પ્રમાણે વીશ, સત્તર વગેરે સુધીનાં ગામોના હાકેમ નીમવાનું વિધાન છે.

દશગ્રામિક ૧. [સં.] પું. દસ ગામની પાસેનો પ્રદેશ.
૨. પું. દસ ગામનો ધણી.
૩. વિ. દસ ગામ સંબંધી.

દશગ્રીવ ૧. પું. દસ ગળાવાળો પુરુષ.
૨. [સં. દશન્ (દસ) + ગ્રીવા (ડોક)] પું. દસ ગળાંવાળો રાવણ.
સંમત્ર વખતે કે રાજસભા જેવા ખાસ પ્રસંગે તે દસ ગળાં ધારણ કરતો, જેથી તેનું નામ દશગ્રીવ પડ્યું. લહેરાનો હોળિયો

દશચન્દ્ર પું. વેદનો એ નામનો એક ઋષિ.

દશજપ્ય વિ. અમળથી દિશામાં ગણતાં અવાય એવું; દસખોડું. જાપ માટે વપરાય છે.

દશજ્યોતિ ૧. [સં. દશજ્યોતિસ્] પું (પુરાણ) એ નામનો એક અગ્નિ. ધૂમ્રા, અર્ચિ, ઉષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરૂપા, કપિલા અને હવ્યકવ્યવહા એ દસ કલાયુક્ત હોવાથી અગ્નિનું આવું નામ પડ્યું છે.
૨. [સં.] પું. (પુરાણ) સુપ્રાજ રાજાનો એ નામનો એક પુત્ર.

દશત ૧. [ફા. દસ્ત] પું. જંગલ.
૨. પું. દસનો સમૂહ.

દશતયી [સં.] પું. ઋગ્વેદ. ઋગ્વેદનાં દસ મંડલ હરવામાં આવ્યાં હોવાથી તે દશતયી કહેવાય છે.

દશતિ [સં.] સ્ત્રી. સોની સંખ્યા; શત; ૧૦૦.

દશતી [ફા.] વિ. દાડી આનાઈ; જંગલી.

દશદરિયા સ્ત્રી. પાંચ કે વધારે બાળકોની કૂદવાની એક રમુજી ભેદાની રમત. તેમાં રમનાર છોકરાઓ રમવાની જગ્યામાં ધૂળ વડે અથવા ખીલ્લા કાંકરીથી અગર્ભે હાથના બાજવાળાં લંબચોરસ દસ કૂંડાળાં કરે છે, તે જેવી રીતે કે બે કૂંડાળાં વચ્ચે એક હાથ જગ્યા રહેતી આવે. પછી વારા પ્રમાણે દરેક છોકરો પોતાં કૂંડાળાંમાં પગ ન પડે એમ લોઢ પગે એકદમ તે કૂંડાળું કૂદી જાય. એમ દસે કૂંડાળાં કૂદી જાય તે છલ્લો અણાય.

દશદલચક્ર [સં.] ન. (યોગ) નાભિસ્થાનમાં રહેલું જ્ઞાનતંતુઓનું ગૂંચળું; મણિપુરચક્ર; સૂર્યચક્ર. તેના અધિપતિ ભગવાન વિષ્ણુ મનાય છે.

દશદહનિકા [સં.] સ્ત્રી. (જૈન) દસ દસક એટલે સો દિવસનું અભિગ્રહ તપ. તેમાં અમુક દિવસે અથવા દસ દસ દિવસે અનશનની અમુક હાર વધારી એક હારથી દસ હાર સુધી લઈ જવાય છે.

દશદિગંતવિજયી [સં. દશદિગન્તવિજયિન્] વિ. દસે દિશામાં વિજય મેળવનાર.

દશદિશ [સં. દશદિશ્] સ્ત્રી. ચાર દિશા, ચાર ખૂણા, આકાશ તથા પાતાળ એમ દસ દિશા: ઉત્તર, ઈશાન, પૂર્વ, અગ્નિ, દક્ષિણ, વાયવ્ય, નૈર્ઋત, પશ્ચિમ, આકાશ અને પાતાળ એ દસ બાજુઓ.

દશદિશા જુઓ દશદિશ.

દશદ્વાર [સં.] ન. શરીરનાં દસ છિદ્ર: ૨ કાન, ૨ આંખ, ૨ નાક, ૧ મુખ, ૧ ગુદા, ૧ લિંગ અને ૧ બ્રહ્મરંધ્ર.

દશધર [સં.] પું. દસ બાણવાળો રાવણ.

દશધર્મ [સં.] પું. (જૈન) ક્ષમા, નિર્લોભતા, આર્જવ, મૃદુતા, નિરભિમાન, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ એ દસ સદ્ગુણોનો સમૂહ.

દશધા [સં.] અ. દસ પ્રકારે; દસ રીતે; દસવિધ.

દશનામસંન્યાસિસંપ્રદાય [સં.] પું. પુરુષોત્તમના હસ્તાર ભારતું એક નામ.

દશન ૧. [સં] પું.; ન. હાત.
૨. પું.; ન. બત્રીસની સંખ્યાની સાકેતિક સંજ્ઞા.
૩. ન. ઠવચ; અખ્તર.
૪. [સં. દશ્ (કંખવું)] ન. કરવું તે; હાતથી કરડવું તે.
૫. ન. પર્વતનું શિખર.

દશનચ્છદ [સં. દશન (દાંત) + છદ (હાડવું)] પું. હોઠ.

દશનપદ [સં.] ન. દાતરડાનું રમાન; દાંતના કરડ્યાની નિશાની.

દશનપંક્તિ [સં.] સ્ત્રી. દાંતની હાર.

દશનબીજ [સં.] ન દાડમ; અનાર.

દશનવસન ૧. [સં.] ન. ઉપરનો હોઠ.
૨. ન. ચૂમી; બચ્ચી; ચુંબન.

દશનાડી (દશનાડી) સ્ત્રી. (યોગ) શરીરમાં રહેલી દસ નાડી: પ્રજ્ઞા, ચિત્રજા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, યશસ્વિની, અલંબુષા, કુહૂ, કપિની અને પુષા.

દશનાદ્ય [સં.] વિ. દાતવાળું.

દશનાદ્યા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વજ્રી.

દશનાયી ૧. સ્ત્રી. એ નામની નાવાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દશનામ ૧. [સં.] પું. સંન્યાસીના દસ માંહેનો એક ભેદ. સંન્યાસીનાં દસ નામ: ગિરિ, પર્વત, સાગર, વન, અરણ્ય, તીર્થ, આશ્રમ, પુરી, ભારતી અને સરસ્વતી.
૨. સ્ત્રી. એ નામની બાપડાનો એક અટક.
૩. ન. એ નામનો અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું

દશનામી પું. શંકરાચાર્યે સ્થાપેલ શૈવધર્મનો સન્યાસી. શંકરાચાર્યના પદ્મપાદ, હસ્તામલક, મંડન અને તોટક એમ ચાર પ્રધાન શિષ્ય હતા. તેમાં પદ્મનાભના તીર્થ અને આશ્રમ એમ બે શિષ્ય હતા. હસ્તામલકના વન તથા અરણ્ય એમ બે શિષ્ય હતા. મંડનના ગિરિ, પર્વત અને સાગર એમ ત્રણ શિષ્ય હતા. તોટકના સરસ્વતી, ભારતી અને પુરી એમ ત્રણ શિષ્ય હતા. બધા મળીને ઘરેલા આ દસ શિષ્યોનાં નામ ઉપરથી સન્યાસીઓના દસ ભેદ ઉત્પન્ન થયા છે. શંકરાચાર્યે ચાર મઠ સ્થાપ્યા હતા, જેમા આ દસ પ્રસિદ્ધિઓની શિષ્યપરંપરા ચાલી આવે છે. પુરી, ભારતી અને સરસ્વતીની શિષ્યપરંપરા શૃંગેરી મઠમાં છે; તીર્થ અને આશ્રમની પરંપરા શારદા મઠમાં છે; વન અને અરણ્યની પરંપરા ગોવર્ધન મઠમાં છે તથા ગિરિ, પર્વત અને સાગરની પરંપરા જોશી મઠમાં છે. જોકે દશનામી પણ અખા નિર્ગુણના ઉપાસક તરીકે પ્રસિદ્ધ છે, તોપણ તેમાંથી ઘણા શૈવધર્મની દીક્ષા લે છે. આ દશમાંથી જેઓ હાથમાં દંડ રાખે છે, તેઓ દંડી કહેવાય છે અને તે શ્રેષ્ઠ મનાય છે.

દશનાવલિ [સં. દશન (દાંત) + આવલિ (હાર)] સ્ત્રી. દાતની હાર; દંતપંક્તિ.

દશનાંશુ [સં.] પું. દાંતનું કિરણ.

દશનોચ્છિષ્ટ ૧. [સં.] પું. હોઠ.
૨. ન. ચુંબન.
૩. ન. નિ શ્વાસ; નિસાસો.
૪. વિ. દાંત વડે એંઠવાડ થયેલું.

દશપ [સં.] પું. દસ ગામડાનો અમલદાર.

દશપર્ણી ૧. ન. દસ પત્રવાળું એક માણસી; દસ દિશ નામની માજલી.
૨. વિ. દસ પત્રવાળું.

દશપટી જુઓ દશપર્ણી.

દશપરાધિક [સં.] પું. પોતાની હકમાં થતા અમુક જાતના દસ અપરાધ માટે દંડ ભરવાનો અધિકાર ધરાવનાર અધિકારી.

દશપારમિતાધ્વર [સં.] પું. બુદ્ધ દેવ.

દશપુર ૧. [સં.] પું. માળવા દેશનો અમુક એક પ્રાચીન વિભાગ. તેમાં દશ નગર આવેલ હતાં.
૨. ન. ઉજ્જયિનીથી ચાર્મેશ્વર વચ્ચેના રસ્તામાં ચંબલથી જરા ઉત્તરે આવેલું એક શહેર મલ્લિનાથની માન્યતા પ્રમાણે તે રંતિદેવ નામના રાજાની રાજધાની હતું. તેને રંતિપુર, રિંતિપોર કે રંતંપોર પણ કહે છે. કેટલાક તેને અજ્જોસર કે મંદસોર પણ માને છે.
૩. ન. એક જાતની ભોંય.

દશપૂર્ણિમાસ [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ.

દશપૂર્વી પું. (જૈન) દશ પૂર્વ ગ્રંથોનો અભ્યાસી.

દશપેય [સં.] પું. એક જાતનો યજ્ઞ.

દશબલ [સં.] પું. બુદ્ધ ભગવાન. તેને દાન, શીલ, ક્ષમા, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા, બલ, ઉપાય, પ્રણિધિ અને જ્ઞાન એ દશ બલ હોવાનું મનાય છે.

દશાંકંધ ૧. [સં.] પું. દાવની રકમના દશમા ભાગ જેટલો દર.
૨. વિ. દશગણું.

દશબાહુ ૧. [સં.] પું. શિવનાં ઉજ્જર માહેનું એક નામ.
૨. સ્ત્રી. દશ ભુજાવાળી દુર્ગા દેવી.
૩. વિ. દશ હાથવાળું.

દશભુજ ૧. [સં.] પું. (ગણિત) દશ ખાનાંઓવાળી આકૃતિ.
૨. વિ. દશ હાથવાળું.

દશભુજા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; દુર્ગા. તેને દશ ભુજા હોવાનું કહેવાય છે.

દશભૂમિગ [સં.] પું. દાન વગેરે દશ ભૂમિઓનું બળ પ્રાપ્ત કરનાર બુદ્ધ દેવ. જુઓ દશબલ.

દશભૂમીશ [સં.] પું. બુદ્ધ દેવ.

દશભૂમીશ્વર ૧. પું. નેપાળની અંદર બુદ્ધનાં નવ બારસ્વરૂપને નામે ઓળખાતા નવ ગ્રંથોનો એક ગ્રંથ.
૨. [સં.] પું. બુદ્ધ દેવ.

દશભોજન પું. દશ ઇંદ્રિયોરૂપી જેનાં દશ ભુવન છે એવો દેહ; શરીર.
દા દરી ચાલ, ચતુરજ પર ચતુર,
દશભોજન તે કેલવાં કોળતાં માત્ર ચોતે.
નરસિંહ

દશમ ૧. પું. ભાગવતનો દશમો સ્કંધ.
અઢારહ પુરાણ વિષે છે, શિરોમણિ શ્રી ભાગવત;
તે માંયે દશમની લીલા, કેવળ જાવનું તત્ત્વ.
પદબંધ ભાગવત
૨. સ્ત્રી. પખવાડિયાની દશમી તિથિ.
૩. ન. ચાર ઉપવાસ.
૪. [સં.] વિ. દશમું.

દશમદશા [સં.] સ્ત્રી. સાદિસતા રસનિરૂપણમાં વિલોમીની એક દશા. તેમાં પ્રાણ ત્યાગ કરવો પડે.

દશમન્યાય [સં.] પું. (ન્યાય) એક જાતનો ન્યાય. દશ મનુષ્ય એકીસાથે નદી તરીને સામે પાર ગયા. ત્યાં જઈને પોતાનામાંથી કોઈ ખૂટી રહ્યા નથીને તપાસ કરવા પોતાને ગણવા લાગ્યા. ગણતરી કરનાર પોતાને ગણે નહિ એટલે નવ થાય, દશ ન થાય. છેવટે એક મુસાફરે તેને માટે બધા જોવા લાગ્યા. તેવામાં એક ચતુર મુસાફર આવ્યો, તેણે તેમને ફરીથી ગણવા કહ્યું. એક જણે ઊભીને નવ લગી ગણ્યા ત્યારે મુસાફરે કહ્યું કે દશમો તું. આથી બધા રાજી થયા. તત્ત્વમસિ એટલે તે તું એવો ગુરુ પાસેથી ઉપદેશ સાંભળતાં અજ્ઞાન અને તેને લીધે થતું દુઃખ દૂર થાય છે. એ બતાવવા વેદાંતીઓ આ ન્યાય વાપરે છે.

દશમભક્ત [સં.] ન. (જૈન) ચાર ઉપવાસ જેવા કરવા તે.

દશમભાવ [સં.] પું. (જ્યોતિષ) જન્મકુંડળીમાંનું દશમું સ્થાન.

દશમલવ [સં.] પું. દશાંશ; દશમો ભાગ.

દશમલવપ્રણાલી જુઓ. દશાંશની રીત. દશાંશપદ્ધતિ.

દશમસ્કંધ [સં.] પું. શ્રીમદ્ ભાગવતનો દશમો સ્કંધ. તેમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર આવે છે.

દશ મસ્તક ૧. [સં.] પું. દશ માથાંવાળો રાવણ.
૨. વિ. દશ માથાંવાળું.

દશમસ્થાન ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાંનું દશમું ભવન.

દશ મહાવિદ્યા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ દશ મહાવિદ્યારૂપ દશ દેવી.

દશમાત્ર [સં] ન. એક મિટરના દશમા ભાગનું માપ કે ૦.૦૩૩૭ ઇંચનું માપ.

દશમાલ ૧. [સં.] પું. દશ માળાઓનો સમૂહ.
૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; દશમાલિક.

દશમાલિક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; દશમાલ.

દશમાલિકા જુઓ દશમાલિક.

દશમાસ્થ [સં.] વિ. દશ મહિના ગર્ભમાં રહેલું.

દશમાંશ ૧. પું. ઊપજના દશમા ભાગ તરીકે લેવાતો એક જાતનો કર.
૨. [સં.] પું. દશમો ભાગ; દશમો હિસ્સો.

દશમિક [સં.] સ્ત્રી. દશાંશપદ્ધતિ.

દશમિકભગ્નાંશ [સં.] પું. (ગણિત) અંકગણિતની એક ક્રિયા; દશમલવ

દશમિતિ જુઓ દશમાન.

દશમી ૧. [સં] સ્ત્રી. આયુષ્યનાં સો માહેનાં છેલ્લાં દશ વર્ષ.
૨. સ્ત્રી. કામની છેલ્લી સ્થિતિ
૩. સ્ત્રી. દુઃખમાં બનાવેલ રોટલી; ચોપડ. ગુજરાતમાં કેટલીક કોમી કોમમાં લાંબે દુઃખના ચોપડાં, આનકાં, કેમરાં, પોતૈયાં કે બાખરી બનાવવાનો ચાલ હોય છે. દુઃખનાં બનાવનું કારણ એ છે કે જાતિના રિવાજને અનુસરીને નાહ્યા વિના પણ તે આઈ શકાય. હિંદુઓમાં દશમીને દિવસે સાંજે ભોજન ન કરવું, એકાદશીએ ઉપવાસ કરવો અને દ્વાદશીએ પારણાં કરવાં એ અનુકૂળ મત છે. દુઃખનું બનાવવું દૂધ જેવું મનાય છે, એટલે આ મતને અને દશમીને દિવસે દુઃખનું બનાવેલું જેવું કે ચોપડાં, ઘેપમાં કે એવું બીજું કંઈ આવાનો રિવાજ પડ્યો હોય એ સહેજ સમજાય એવું છે. એટલે જ્યારે સાંજના દુઃખનું કંઈ હોય ત્યારે અમે તે તિથિ હોય તોપણ બારશીથી દશમી કરી છે એમ કહેવાય; કારણ કે દશમને દિવસે પેલા મતને માટે સાંજે દુઃખનું જમવાની રીત પ્રચલિત છે. આ ઉપરથી અમે તે તિથિએ સાંજના દુઃખનું જમવાની રીત પ્રચલિત હોય તે દશમી કરી એમ કહેવાય છે.
૪. સ્ત્રી. પખવાડિયાની દશમી તિથિ; દશમ.
૫. સ્ત્રી. (પુરાણ) બહાર્યની એ નામની એક માનસ કન્યા.
૬. સ્ત્રી. મરણાવસ્થા.
૭. સ્ત્રી. રોગના છેલ્લાં દશ વર્ષ.

દશમીવિદ્ધએકાદશી [સં.] સ્ત્રી. પ્રાતઃકાળે બોડીક દશમ હોય અથવા સૂર્યોદય પહેલાં ૬ ઘડી દશમ હોય એવી એકાદશીની તિથિ.

દશમીસ્થ ૧. [સં.] વિ. નેવું વર્ષ ઉપરની ઉમરવાળું; અશક્ત. દુઃખું; પાકું ઘરડું; મરવાના ત્રિકાળ ઉપર આવેલ.
૨. વિ. વિરક્ત; નિર્મોહ; આસક્તિ વિનાનું.
૩. વિ. વિરમરણોન્મુખ; જૂની [illegible] રહ્યાવાળું.

દશમુખ ૧. [સં.] પું. રાવણ. એને દશ મોં હતાં એમ કહેવાય છે. આ સંબંધે માન્યતા એવી છે કે: દશ માથાંવાળો રાક્ષસ આજ સુધી જગતમાં થયો નથી અને થવાનો નથી એમ

બાળકોની પાસે સ્પષ્ટ કર્યા પછી એવો રાવણ થઈ ગયો હોય એમ ધારી લઈ ને રાવણની વાત કર્યે જતી તેમાં હું સ્વસ્થ કે રસની હાનિ જોતો નથી. બાળકો સમજે જ છે કે દસ માથાંવાળા રાવણને આપણા હૃદયમાં રહેલી દસ નહિ પણ હજાર માથાંવાળી દુષ્ટ વાસનાઓ છે.

૨. વિ. દસ ઓઢાવાળું.

દશમુખરિપુ [સ] પુ. રામચંદ્ર.

દશમુખા [સં.] સ્ત્રી. દસ મુખવાળી દેવી.

દશમુખાંતક [સં.] સ્ત્રી. દસ ઓઢાંવાળું.

દશમુખી જુઓ દશમુખ.

દશમુદ્રા [સં.] સ્ત્રી. આંગળીમા પહેરવાનું એક ઘરેણું.

દશમુદ્રિકા સ્ત્રી. એક જાતનું ઘરેણું.

દશમું ૧. [સં. દશમ] ન. મરનારની પાછળ મરણ પછી દસમે દિવસે કરવામાં આવતી ક્રિયા.

૨. વિ. ક્રમમાં નવમાની પછી આવતું.

૩. વિ. દસમા દિવસ ઉપરનું

દશમૂત્રક [સં.] ન. વૈદકમાં ઉપયોગી મનાતાં દસ પ્રાણીના મૂત્ર. જેમકે, ગાય, બૈલ, બકરી, ઘેટી, ઘોડી, હાથણી, ગધેડી, ઘેટણી અને અનુક્રમ સ્ત્રીનું મૂત્ર. કેટલાક હાથી, બૈલ, ઊંટ, ગાય, બકરો, ઘેટો, ઘોડો, ગધેડો, મનુષ્ય અને સ્ત્રી એમ દસનાં મૂત્ર લેવાનું કહે છે.

દશમૂલ [સં.] ન ક. ન. (વૈદક) ઔષધમાં વપરાતાં દસ જાતનાં મૂળિયાં; દસ જાતના ઝાડનાં મૂળને ખાંડીને બનાવેલ દવા; લઘુપંચમૂળ અને બૃહત્પંચમૂળનું મિશ્રણ. શાલપર્ણી, પૃશ્નીપર્ણી, બૃહતી, કુટા અને ગોખરુ એ પાંચ છોડવાનાં મૂળ લઘુપંચમૂળ કહેવાય છે અને બીલી, અગ્નિમંથ એટલે અરણી, અરડૂસો, કાશ્મરી અને પાટલા એટલે પાડલ એ પાંચ વૃક્ષનાં મૂળ બૃહત્પંચમૂળ કહેવાય છે. આર્યભિષક્‌માં બીલી, અરણી, ઊભી અને જેઠી જોરિંગડી, સાલવણ, પીઠવણ, ગોખરુ, રીંગણ, પાડલ અને પુષ્કરમૂળ એ દસનાં મૂળને દશમૂળ કહેલ છે. શોનગ્રિતામણિમાં બિલાવણી, મોટી રીંગણી, જોપરીંગણી, ગોખરુ, બીલી, પાડલ, અરણી, અરડૂસો એટલે અરલુ અને કાશ્મરી એ દસનાં મૂળને દશમૂળ કહેલ છે. કેટલાક સાલવણ, પીઠવણ, જેઠી જોરિંગડી, ઊભી જોરિંગડી, ગોખરુ, બીલી, રીંગણ, પાટલા એટલે કાશ્મ, અરણી ને અરલુ એ દસનાં મૂળને દશમૂળ કહે છે. અન્ય મતે સમેરુનો, બધીસમેરુનો, જોરિંગડી, મોટી રીંગણી, ગોખરુ, બીલી, અરડૂસો એટલે અરલુ, રીંગણ, પાડલ અને અરણી એ દસનાં મૂળને દશમૂળ કહેલ છે.

દશમૂલકષાય [સં.] પું. (વૈદક) દશમૂળનો બનાવેલો ઉકાળો; દશમૂળને સુધ્ધે વજને લેવાં કરી તેમાથી બે તોલા લઈ ૩૨ તોલા પાણીમા નાખી આઠ ભૂમિવાલાર પાણી રહે ત્યાંસુધી કરેલો ઉકાળો. તેમાથી ૧થી ૨ તોલા દિવસમાં બે વખત લેવાય છે. કુસકુસ જ્વર, બાસનળીનો સોજો, દમ, કંપવૃલ્મ-ગ્રા, વાતજ્વર, ક્ષય અને મૂત્રકૃચ્છ્ર રોગ, તાવ, આંસી, બાદી, સરદી, વાયુ, ઊલટો, માથાનો દુખાવો, સોજો અને સ્નાયુશૂલમાં તે ઉપાય છે. આની માફક તેના ઉકાળામા થોડુક દૂધ નાખી પીવા રેવાથી શરીરમાં શક્તિ આવે છે.

દશમૂલઘૃત [સ.] ન. (વૈદક) ઔષધરૂપ એક જાતનું ઘી.

દશમૂલતૈલ [સં.] ન. (વૈદક) ઔષધરૂપ એક જાતનું તેલ.

દશમૂલાદિકષાય જુઓ દશમૂલકષાય

દશમૂલારિષ્ટ [સં.] ન. (વૈદક) દશમૂળ વગેરે ઔષધોનો બનાવેલો આસવ. દશમૂળ એટલે બીલી, શ્રીપર્ણી, પાટલ, અરણી, અરલુ, શાલપર્ણી, પૃશ્નપર્ણી, મોટી કટેલી, નાની કટેલી અને ગોખરુ એ દરેક ૨૦ તોલા, ચિતામૂળ ૧૦૦ તોલા, પોહકરમૂળ ૧૦૦ તોલા, પહાણી ગોળ ૮૦ તોલા, ત્રિફલો ફરી ૮૦ તોલા, અંકળાં ૬૪ તોલા, ધમાસો ૪૮ તોલા ખેરસાર ૩૨ તોલા, વિજયસાર ૩૨ તોલા, હરડે ૩૨ તોલા, મૂઠ, ભંજિષ્ઠ, દેવદાર, ચાવડિંગ, જેઠીમધ, આરેગી, ધૈય, ભહેડા, વિષખપરા, બલા, બાલછડ, પ્રિયંગુ, અનંતમૂળ, કાળીદ્રાક્ષ, નિસોતા, નિર્ગુંડીનાં બી, રાસના, પીપર, સોપારી, કચૂર, હળદર, સુવર્ણપુષ્પી, પદ્માખ, નાગકેસર, નાગરમોથ, દેવજવ, કાકડાશિંગી અષ્ટવર્ગ એટલે જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, ઋદ્ધિ, વૃદ્ધિ, મેદા અને મહામેદા એ દરેક આઠ આઠ તોલા, પાણી ૨૦૬ શેર ૨૫ શા.ભાર, એ સર્વને પકાવીને જ્યારે બાવન શેર ૧૬ શા.ભાર રહે ત્યારે ૬ શેર મોટી દ્રાક્ષનો ૨૪ શેર પાણીમાં ક્વાથ કરી ૧૮ શેર બાકી રહે ત્યારે ઉતારી પહેલાં બનાવેલ ક્વાથમા મેળવી દેવું. ફરી બધ ૩ શેર ૧૦ તોલા, ગોળ ૪૦ શેર, તામ્રપુષ્પીના ફૂલ ૩ શેર, કેસર, નેત્રબાલા, સફેદ ચંદન, બલામૂળ, અવિત્ર, દાલચીની, મોટી એલાયચી, તેજપાત, નાગકેસર, પીપર દરેક આઠ આઠ તોલા, કસ્તૂરી ૪ માસા નાખવી. એક માસ સુધી તે રાખવું. પછી ગાળીને ઉપયોગમાં લેવું. સુવા રોગ ઉપર આ આસવ બાસ અકસીર બધાય છે.

દશમૂલી [સં. દશમૂલિન્] સ્ત્રી. એક જાતનો ઝાડ. તે ચારેક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન ૧થી ૧૰ ઈંચ લાંબાં અને ૨થી ૪ ઈંચ પહોળાં બાય છે. તેની શાખા ચોપડી હોય છે. તેમાં આસમાની રંગનાં ફૂલની કલગી નીકળે છે. તેની શીંગ અરધો ઇંચ લાંબી થાય છે. આ છોડ ચોમાસામાં બહુ કરી બાવળ નીચે ઊગી નીકળે છે તેની નીચે ઝીણાં મૂળનો ઝૂમખો થાય છે, એટલે જ તેને દશમૂલી કહે છે.

દશમૂલીસંમહ [સં.] પું. ચરકસંહિતના બખતમાં આવ સામે ઉપાય તરીકે તૈયાર રાખવામાં આવતાં દસ ઔષધોનો સમૂહ. તે દસ આ પ્રમાણે છે: પંચવલ્ક, કુશ, કાશેળી, પરવડ, ગર્દભ, અંકુશ, કમ, ગળસી અને દર્ભ.

દશમૂળ જુઓ દશમૂલ

દશમૂળકષાય જુઓ દશમૂલકષાય.

દશમૂળઘૃત જુઓ દશમૂલઘૃત.

દશમૂળતૈલ જુઓ દશમૂલતૈલ.

દશમૂળાદિક્વાથ જુઓ દશમૂલાદિકષાય.

દશમૂળારિષ્ટ જુઓ દશમૂલારિષ્ટ.

દશમૂળી જુઓ દશમૂલી.

દશમૂળીસંમહ જુઓ દશમૂલીસંમહ.

દશમે પાસ ન. સપોટીની સિનાદાવ નામની રમતમાં દશમે દિવસે બોલાતો શબ્દ.

દશમોડ (દશમોડ) ૧. પું. દિશાક્રમ બતો દે.

૨. વિ. દિગ્મૂઢ; મજારાયેલું.

૩. વિ. મૂર્ખ; દિશાઓની બબર ન હોય એવું.

દશમો દુવારો પું. દશમું દ્વાર; બાલરામ.

સહુ સંસે તહો વિશ્રામ, દશમો દુવારો દે.
નરસિંહ

દશમૌલિ [સં.] પું. રાવણ.

દશયોગ [સં.] પું. (જ્યોતિષ) વિવાહ વગેરેમાં ત્યાજ્ય એ નામનો એક યોગ.

દશયોગગર્ભિત [સં.] પું. (જ્યોતિષ) કથિત જ્યોતિષમાં બતાવેલો એક નક્ષત્રયોગ. તેમાં વિવાહ વગેરે શુભ કાર્યો થઈ શકતાં નથી. જે નક્ષત્રમાં સૂર્ય હોય અને જે નક્ષત્રમાં કર્મ કરવાનું હોય એ બે નક્ષત્રોનાં બબુતરીમાં જે સ્થાન હોય તેનો સરવાળો કરતાં બે ૧૫, ૪, ૧૧, ૧૬, ૨૭, ૧૮ કે ૨૦ આવે તો દશયોગગર્ભિત થાય એમ કહેવાય છે.

દશરત્ની સ્ત્રી. મૂઠી વાળેલ હાથ જેટલી લંબાઈનું માપ; મૂંઠો હાથ.

ઘોડાની રાળાનો કદમ દશરત્નીનો એટલે મૂઠી વાળેલ હાથનો બબવા મૂંઢા હાથનો કરવો અને તે રાળાનાં વિસ્તાર અઢાર રત્નીનો કરવો.

દાબ્દાલય

દશરથ ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો. ૨ પું. જીવાત્મા. આત્મરામાયણમાં દશરથને જીવાત્મા કહેલ છે.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન મૂલક અથવા નારીકવચ નામના રાજાનો એ નામનો એક દીકરો. એના દીકરાનું નામ શતધ્વ અથવા ધ્રુવસ્ધિ હતું.

૪. [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલ રઘુ રાજાનો એ નામનો પૌત્ર અને અજ રાજાને વિદર્ભરાજની કન્યા ઇંદુમતીથી થયેલ પુત્ર. એ અયોધ્યામાં રાજ્ય કરતો હતો. તેણે દેવતાઓ તરફથી ઘણી વાર અસુરો સામે લડીને તેઓને પરાસ્ત કર્યા હતા. દશરથ રાજાને કૌસલ્યા, કૈકેયી અને સુમિત્રા એ ત્રણ પટરાણીઓ અને ૩૬૦ બીજી રાણીઓ હતી. ઘણા કાળ સુધી તેને કોઈ સંતતિ થઈ ન હતી. એથી તેણે પોતાના મુખ્ય કુળગુરુ વસિષ્ઠની સલાહ લઈને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવાનો વિચાર કર્યો ને ઋષ્યશૃંગ ઋષિને લાવી સરયુ નદીને કિનારે યજ્ઞ કરાવ્યો. યજ્ઞ સમાપ્ત થતાં અગ્નિકુંડમાંથી પ્રાજાપત્ય પુરુષ નીકળ્યો. તેણે રાજાને ક્ષીરપાત્રનું પાત્ર આપ્યું. રાજાએ એ પોતાની ત્રણે રાણીઓને અવરાવવાથી ત્રણે ગર્ભિણી થઈ. કૌસલ્યાએ ચૈત્ર સુદિ નોમને દિવસે રામને જન્મ આપ્યો. કૈકેયીને ભરત અને સુમિત્રાને લક્ષ્મણ તથા શત્રુઘ્ન એમ પુત્ર અવતર્યા. એ પહેલાં રાજાને શાંતા નામની એક દીકરી થઈ હતી, તે તેમણે પોતાના મિત્ર અંગ દેશના રાજા રોમપાદને દત્તક પુત્રી તરીકે આપી હતી. રોમપાદે તેને ઋષ્યશૃંગ સાથે પરણાવી હતી. વસિષ્ઠે રામ વગેરે ચારે પુત્રોને વેદ વેદાંગમાં પારંગત કરી ધનુર્વિદ્યામાં પ્રવીણ બનાવ્યા. તેવામાં વિશ્વામિત્ર ઋષિએ આવીને મારીચ અને સુબાહુ નામના રાક્ષસોથી પોતે કરેલા યજ્ઞનો વિનાશ કરવા માટે રામની માગણી કરી. આ સાંભળીને પ્રથમ તો પુત્ર ઉપરના મોહને લીધે દશરથે ના પાડી, પણ પાછળથી પોતાની ફરજનો વિચાર કરીને રામલક્ષ્મણને વિશ્વામિત્રને સોંપ્યા. મિથિલામાં વિદેહરાજકુમારી સીતાનો સ્વયંવર થતાં તેમાં શંકરના ધનુષ્યનો ભંગ કરી રામ સીતાને પરણ્યા. દશરથે ઉત્તરોત્તર વૃદ્ધાવસ્થાને લીધે આગળ જતાં વસિષ્ઠની સલાહ લઈ રામને યૌવરાજ્યાભિષેક કર્યો. આથી બધાં ખુશી થયાં. મંથરા નામની દાસીની શિખવણીથી માત્ર કૈકેયીને વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થવાથી તે રોષે ભરાઈ ગઈ. તેણે દશરથને કહ્યું કે, તમે મને પૂર્વે બે વરદાન આપવાનું કહ્યું છે, તે મારે બાબે જોઈએ છીએ. પહેલું એ કે તમે ભરતને યુવરાજપદ આપો અને બીજું એ કે રામને ચૌદ વર્ષ વનવાસ મોકલો. રાજાને આથી અત્યંત દુઃખ થયું અને આથી પ્રાણ પણ અત્યંત શોકમાં ડૂબી ગઈ. રામ કૈકેયીની આજ્ઞા માથે ચઢાવી વનમાં જવાને તૈયાર થયા અને સીતા અને લક્ષ્મણના અત્યંત આગ્રહથી તેમને પણ સાથે લઈ ગયા છેવટે વિયોગ સહન ન કરી શકવાથી પુત્રશોકમાં દશરથે ઓ રામ, એમ એકાએક ઉચ્ચાર કરી પ્રાણત્યાગ કર્યો. એક વખત યૌવનાવસ્થામાં દશરથ રાજાએ શબ્દને ધ્વનિના ભ્રમથી શબ્દવેધી બાણ વડે મારી હતો આથી તેના વૃદ્ધ અને અંધ માબાપે જે પ્રમાણે અમે પુત્રવિયોગથી મરીએ છીએ તે પ્રમાણે તું પણ પુત્રવિયોગના દુઃખથી મરણ પામીશ એવો શાપ દીધો. એને પરિણામે દશરથનું રામના વિયોગમાં મૃત્યુ થયું મનાય છે.

૫. પું. (પુરાણ) સોમવંશી ધર્મરથ અથવા પૃથુરથ રાજાના દીકરા રોમપાદનું એક નામ.

૬. પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર દ્રોણના ત્રણમાંના ત્રણ વંશમાં જન્મેલા નવરથ રાજાનો એક દીકરો. એને શકુનિ નામે દીકરો થયો હતો.

૭. ન. (જ્યોતિષ) અશ્વિનિજાત નક્ષત્ર.

દશરથતનય [સં.] પું. રામચંદ્ર.

દશરથતનુજ [સં] પું રામચંદ્ર.

દશરથનૂજ જુઓ દશરથતનુજ

દશરથનંદન [સં.] પું. રામચંદ્ર.

દશરથપુત્ર [સં.] પું. રામચંદ્ર.

દશરથલલિતા [સં.] સ્ત્રી. આશ્વિન માસની વદિ ચોથ.

દશરથલલિતાવ્રત [સં.] ન. આસો મહિનાની વદિ ચોથને દિવસે દેવીનું પૂજન કરીને કરવાનું એક વ્રત.

દશરથલીલાવ્રત જુઓ દશરથલલિતાવ્રત.

દશરથસુત [સં.] પું. રામચંદ્ર.

દશરથસૂનુ [સં.] પું. રામચંદ્ર.

દશરથાત્મજ [સં.] પું. રામચંદ્ર.

દશરથિયું ન. એક જાતનું પક્ષી; રાકો; ' નાઘ્રટ જાર. '

દશરથિયું કે રાખી દૂર દીર્ઘ દીક્ષિત પ્રભાતની રાહ જોવાં સ્વપ્નોદ્ગાર કથયિત કરે છે.
ચિત્રમયજગત

દશરશ્મિશત ૧. [સં.] પુ. આકડાનો એક.
૨. પું. સૂર્ય.

દશરા પું.;સ્ત્રી. એ નામનો એક તહેવાર, વિજયાદશમી; આસો સુદિ દશમ. જુઓ દશેરા. મહાભારતના વિરાટપર્વમાં દશરાની ઉત્પત્તિ સંબંધી કથા વર્ણવેલી છે.

દશરાત્ર ૧. [સં.] પું દસ દિવસ સુધી કરાતો એક જાતનો યજ્ઞ.
૨ પું. દસ રાત્રિઓ; દસ રાતનો સમુદાય.

દશરૂપક ૧ [સં] પું ધનંજય કે અવલોકરાજાનો એ નામનો એક મધ્ય સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યશાસ્ત્રનાં ઘણાં પુસ્તક લખાયા છે, તેમાંના મોટાંઓના નામ અને કર્તા નીચે પ્રમાણે છે.

પુસ્તક	કર્તા
અલંકાર સર્વસ્વ	રાજા રુય્યક
અક્ષર સારસમુચ્ચય	ઉદ્ભટ
ઔક્તાવલિ	વિદ્યાધર
કાવ્યપ્રકાશ	મમ્મટ
કાવ્યાદર્શ	દંડી
કાવ્યાલંકાર	ભામહ
કાવ્યાલંકાર	રુદ્રટ
કાવ્યાલંકાર સૂત્ર	વામન
ચંદ્રાલોક	પીયૂષવર્ષ
ચિત્રમીમાંસા	અપ્પય દીક્ષિત
દશરૂપક	ધનિક
ધ્વન્યાલોક	આનંદવર્ધન
નાટ્યશાસ્ત્ર	ભરત
પ્રતાપરુદ્રયશોભૂષણ	વિદ્યાનાથ
રસગંગાધર	જગન્નાથ
સરસ્વતી કંઠાભરણ	ભોજ
સાહિત્યદર્પણ	વિશ્વનાથ

આમાં મમ્મટનો કાવ્યપ્રકાશ પ્રૌઢ ગ્રંથ ગણાય છે. જેમ ઉપનિષદના જ્ઞાન વગર વેદાંતશાસ્ત્ર સારી રીતે સમજાય નહિ, તેમ કાવ્યશાસ્ત્રના જ્ઞાન વગર કાવ્ય કે નાટકની ખૂબી સમજી શકાય નહિ.

૨. પું. નાટ્યશાસ્ત્રના સંબંધી એ નામનો એક ગ્રંથ.

દશલક્ષણ ૧. [સં.] ન. દસ લક્ષણનો સમુદાય.
૨. વિ. દસ લક્ષણવાળું; દસ લક્ષણવાળું.

દશલક્ષણક ૧. [સં.] પું. ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ એ દસ લક્ષણવાળો ધર્મ.
૨. વિ. દસ લક્ષણવાળું

દશલક્ષણપર્વ ન. (જૈન) પર્યુષણ
ચૈત્ર સુદિ પાંચમથી ચૌદશ સુધી ગિરનારી જૈનો દશલક્ષણપર્વ એટલે પર્યુષણપર્વ પાળે છે
ઝવેરાતનો ઝોળિયો

દશલાક્ષિણ્ય ૧. સ્ત્રી. એ નામની કસ્તૂરીની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપ.
૩ વિ. એ નામની જાતનું.

દશાલીલાવિનોદી [સં. દશલીલાવિનોદિન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

દશાવક્ત્ર ૧. [સં. દશન્ (દસ) + વક્ત્ર (મુખ)] પું. રાવણ.
૨. વિ. દસ મોઢાંવાળું.

દશાવાજી ૧. [સં. દશવાજિન્] પું. કપૂર.
૨. પું. ચંદ્ર; ચાંદો.

દશાવાયુ [સં.] પું. શરીરમાંના જુદી જુદી જાતના દસ વાયુ. જેવા કે, પ્રાણવાયુ, અપાનવાયુ, ઉદાનવાયુ, વ્યાનવાયુ, સમાનવાયુ, દેવદત્તવાયુ, કૂર્મવાયુ, નાગવાયુ, ધનંજયવાયુ અને કૃકલવાયુ.

દશાવાર્ષિક [સં.] વિ. દસ વર્ષનું; દસ વર્ષમાં હોનાર કે થનાર.

દશાવાલું ન. હોમ થયા પછી ઉચ્ચ હિંદુ જાતિમાં આઠમે દિવસે મિષ્ટ ભોજન સાથે કરાતો ઉત્સવ.

દશાવિધ [સં.] વિ. દસ પ્રકારનું; દસ જાતનું.

દશાવિધજ્ઞાની [સં. દશવિધજ્ઞાનિન્] પું. દસ પ્રકારના જ્ઞાની પુરુષ. જ્ઞાની જ્ઞાનીના દસ પ્રકાર જૈમિ વર્ણવે છે કે: સુખજ્ઞાની, દુઃખજ્ઞાની, પિતૃજ્ઞાની, ખલજ્ઞાની, ભેદજ્ઞાની, ભ્રમજ્ઞાની, હાસ્યજ્ઞાની, રાજ્ઞાની, મૂઢજ્ઞાની અને મુદ્રજ્ઞાની.

દશાવિધરૂપ [સં.] પું. પરમાત્માનું એક નામ, જેમણે તે દસ અવતાર ધરનાર મનાય છે.
જય કેશવ, દશવિધરૂપ, જય જગદીશ હરે !
ગીતગોવિંદ

દશાવીર ૧. [સં.] પું. એક જાતનો ચરુ.
૨. ન. એ નામનું એક સૂત્ર.

દશાશ્વમેધિક ન. (જૈન) ઉત્તરાધિક સૂત્રો માંહેનું એ નામનું પહેલું; અંગબાહ્ય સૂત્ર માંહેનું એક સૂત્ર. તેમાં જૈન મુનિના આચાર સંક્ષેપમાં સમજાવવામાં આવ્યા છે.

દશાશ્વજ [સં.] પું. એ નામનો એક ઋષિ.

દશાસ્ત [સં.] વિ. એક હજાર; દસ સો.

દશાસ્યનેત્ર [સં.] પું. (પુરાણ) ઉંદરનું એક નામ. શાપથી થયેલાં હજાર ભગસ્થિની જગાએ હજાર નેત્ર થવાથી ઉંદરનું આવું નામ પડ્યું કહેવાય છે.

દશાસ્તરશ્મિ ૧. [સં.] પું. આકાશનો ઘોડો.
૨. પું. સૂર્ય.

દશાસ્તાંબિ [સં.] સ્ત્રી. શતમૂલી; શતાવરી નામની વનસ્પતિ.

દશાસ્યાક્ષ [સં.] ન. કવિતા રેતની ભાષામાં આર કર્ષ અક્ષરો એક પદનું વજન.

દશાશિર [સં. દશન્ (દસ) + શિરસ્ (માથું)] પું. રાવણ.

દશાશીર્ષ ૧. [સં.] પું. રાવણ.
૨. ન. અક્ષરોના અર્થને નિષ્ફળ કરનાર એક અર્થ

દશાસીરા જુઓ દશશીર્ષ.

દશાસોર વિ. દસ શેરના વજનનું કદાવું.

દશાસેરી ૧. સ્ત્રી. દસ શેરના વજનનું કદાવું.
૨. સ્ત્રી. આયુ.

દશાસેરો જુઓ દશાસેરી.

દશાસ્યેતા [સં.] સ્ત્રી. સામવેદનો અમુક ભાગ.

દશાસહસ્ર [સં.] ન. દસ હજાર.

દશાસ્રાવર્ષિ પું. (પુરાણ) સાત માંહેનો એ નામનો એક મનુ

દશારથંદન [સં. દશન્ (દસ) + રથન્દન (રથ)] પું દશરથ.

દશાહરા ૧. [સં. દશા (દસ જાતનાં પાતક) + હર (હરનાર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગંગા નદીનું એક નામ.
૨. સ્ત્રી. જેઠ સુદિ પડવાથી દશમ સુધીનું ગંગાજન્મનું પર્વ કે મતે: મંગોત્સવ. પુરાણો ઉપરથી જણાય છે કે જેઠ સુદિ દશમ, મંગળવાર અને હસ્ત નક્ષત્રમાં ગંગાએ સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આગમન કરવા શિવની જટામાં અવતરણ કર્યું હતું. તેથી તે દિવસે ગંગાસ્નાનમાં અતિ પુણ્ય મનાય છે. ચોર બાપણ, અસત્ય બાપણ, ચાડી, વૃથા બોલવું, ચોરી, હિંસા, અનીતિમય વિષયભોગ, પારકી વસ્તુની ઇચ્છા, અનિષ્ટ ચિંતન અને દુરાગ્રહ એ દશ પાપ મનાય છે. ચોર વળી ચોરી, હિંસા, પરસ્ત્રીસેવન, ચોર વાણી, જૂઠ બોલન, ચાડી, અસંબદ્ધ પ્રલાપ, પારકી વસ્તુની નિરંતર ઇચ્છા, અનિષ્ટ ચિંતન અને દુરાગ્રહ એ દશ પાપ માને છે. ગંગાસ્નાન એ દશ પાતકને હરે છે, માટે આ ઉત્સવ કે પર્વનું નામ દશહરા પડ્યું છે. તેમાં જેઠ સુદિ પડવેથી દશમ સુધી રોજ સ્નાન કરવું, ગંગાની પૂજા કરવી અને દશમે દિવસે દશ બ્રાહ્મણોને દાન વગેરે આપવું એ આ પર્વનો મુખ્ય વિધિ ગણાય છે.
૩. સ્ત્રી. દશેરા; વિજયાદશમી; આસો સુદિ દશમનો દિવસ; દુર્ગાપૂજનના આસો માસના પહેલા દસ માંહેનો છેલ્લો દિવસ.
૪. વિ. સ્ત્રી. દસ જાતનાં પાપ ટાળનારી.

દશાહાર્થિયું ન. મસ્તાપટી સપનું એક પ્રાણી, 'રિક્થક.' તેનું શરીર આશરે દસ હાથ લાંબું હોય છે. તેની સીપ હાથ જેવી આકૃતિની હોય છે. તેને ગદા તરીકે વાપરવામાં આવે છે. નોવારકોરીઝના જંગી દશહાર્થિયાના આગલા પગની અંગળીઓ ૪૦ ફૂટ લાંબી હોવાનું કહેવાય છે.

દશા ૧. પું. જલાલી રૂપિયાના દસમા ભાગની કીમતનો એક જાતનો ચાંદીનો સિક્કો.
૨. સ્ત્રી. બાંધી જિંજવા માટે પૈડામાં બાલવાની તેલવાળી ચીંદરડી.
૩. [સં.] સ્ત્રી. ચિત્ત; મન.
૪. સ્ત્રી. દીવાની દીવેટ.
૫. સ્ત્રી. પડતી હાલત.
૬. સ્ત્રી. મનુષ્યના જીવનની અવસ્થા. માનવજીવનની દશ અવસ્થા માનેલી છે: ગર્ભવાસ, જન્મ, બાલ્ય, કૌમાર, પૌગંડ, યૌવન, સ્થાવિર્ય, જરા, પ્રાણરોધ અને નાશ.
૭. સ્ત્રી. (જ્યોતિષ) મનુષ્યના જીવનમાં દરેક ગ્રહનો નિયત ભોગકાળ; જ્યોતિષપ્રસિદ્ધ ગ્રહોનો ભોગ્યકાલ; મનુષ્યના નસીબ ઉપર સારી માઠી અસર કરનારી ગ્રહાદિકની સ્થિતિ; જન્મકાળ ઉપરથી ગણિતથી ભવિષ્યમાં ભોગવવાનું સરજાયેલું સુખદુઃખ, તેના કારણભૂત ગ્રહો અને ગ્રહોના કાળવિભાગ. દશા કાઢવામાં કોઈ મનુષ્યનું પૂરું આયુષ્ય ૧૨૦ વર્ષનું માનવામાં આવે છે અને કોઈનું ૧૦૮ વર્ષનું માનવામાં આવે છે. પહેલી રીત પ્રમાણે નક્કી કરેલી દશા વિંશોત્તરી અને બીજી રીત પ્રમાણે નક્કી કરેલી દશા અષ્ટોત્તરી કહેવાય છે. આયુના પૂરા વખતમાં પ્રત્યેક ગ્રહના ભોગ માટે વર્ષોની જુદી જુદી સંખ્યા કરાવેલી છે. જેમકે, અષ્ટોત્તરી રીત પ્રમાણે સૂર્યની દશા ૬ વર્ષ, ચંદ્રની ૧૫ વર્ષ, મંગળની ૮ વર્ષ, બુધની ૧૭ વર્ષ, શનિની ૧૦ વર્ષ, બૃહસ્પતિની ૧૯ વર્ષ, રાહુની ૧૨ વર્ષ અને શુક્રની ૨૧ વર્ષ માની છે. દશા જન્મ વખતના નક્ષત્ર પ્રમાણે માનવામાં આવે છે. જેમકે, જન્મ મૃગશિરા, રોહિણી કે મૃગશિર નક્ષત્રમાં હોય તો સૂર્યની દશા હોય; આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય કે અશ્લેષા નક્ષત્રમાં હોય તો ચંદ્રની દશા હોય; મઘા, પૂર્વાફાલ્ગુની કે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં હોય તો મંગળની દશા; હસ્ત, ચિત્રા, સ્વાતી કે વિશાખામાં હોય તો બુધની દશા; અનુરાધા, જ્યેષ્ઠા કે મૂલ નક્ષત્રમાં હોય તો શનિની દશા; પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત કે શ્રવણ નક્ષત્રમાં હોય તો બૃહસ્પતિની દશા; ધનિષ્ઠા, શતભિષા કે પૂર્વાભાદ્રપદમાં હોય તો રાહુની દશા; ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની કે ભરણી નક્ષત્રમાં હોય તો શુક્રની દશા હોય. પ્રત્યેક ગ્રહની દશાનું ફળ જુદું જુદું છે. જેમકે, સૂર્યની દશામાં ચિત્તનો ઉદ્વેગ, ધનહાનિ, ક્લેશ, વિદેશગમન, બંધન, રાજપીડા વગેરે. ચંદ્રની દશામાં ઐશ્વર્ય, રાજસન્માન, રત્ન, વાહન વગેરેની પ્રાપ્તિ. પ્રત્યેક ગ્રહના નિયત ભોગકાળ

એટલે દશાની અંદર પણ એક એક ગ્રહનો ભોગકાળ નક્કી કરેલો છે, જેને અંતર્દશા કહે છે. જેમકે, સૂર્યની દશા ૬ વર્ષની છે. આ ૬ વર્ષોમાં સૂર્યની પોતાની અંતર્દશા ૪ માસની, ચંદ્રની ૧૦ માસની, મંગળની ૭ માસની, બુધની ૧૧ માસ ૨૦ દિવસની, શનિની ૧ વર્ષ ૭ માસ ૨૦ દિવસની, ગુરુની ૧ વર્ષ ૨૦ દિવસની, રાહુની ૮ માસની અને શુક્રની ૧ વર્ષ ૨ માસની ભોગ છે. આ અંતર્દશાઓનું ફળ પણ જુદું જુદું છે. જેમકે, સૂર્યની દશામાં સૂર્યની અંતર્દશાનું ફળ રાજદંડ, મનનો તાપ, વિદેશગમન વગેરે. સૂર્યની દશામાં ચંદ્રની અંતર્દશાનું ફળ ગજપ્રાપ્તિ, રોગવૃદ્ધિ, ધનલાભ વગેરે. ઉપરમાં જે હિસાબ બતાવ્યો છે તે નાક્ષત્રિકી દશાનો છે, પણ યોગિની, વાર્ષિકી, બાર્હિકી, મુંડ્યા, પલાડી, કરગારી વગેરે બીજી દશાઓ પણ છે. પણ ફલિતગ્રંથમાં નાક્ષત્રિકી દશા પ્રધાન મનાય છે.

૮. સ્ત્રી. મરણ પછી દશમે દિવસે થતી ક્રિયા; દશાહ; દશામાની ક્રિયાવિધિ.

૯. સ્ત્રી. મરણ પછીનો દશમો દિવસ; દશમું.

૧૦. સ્ત્રી. વણાટને છેડે રહેતા તાંતણાના ઝૂમખા; કપડાની આંતરી; ઝૂમખો; ઝબ્બા વગરનો વસ્ત્રનો ઝબ્બાનો છેડો.

૧૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. ગુજરાતી સાહિત્ય પરિષદના પુસ્તકમાં ઉલ્લેખ છે કે: ગુજરાતમાં આવેલ પાટણમાં વસ્તુપાળ અને તેજપાળ નામના બે નામાંકિત જૈન ભાઈઓ હતા. તેઓએ કુમારપાળ રાજાના વખતમાં સંવત ૧૨૭૮ની આસપાસમાં આબુ ઉપર આરસનાં ભવ્ય મંદિર, અનેક દાનશાળાઓ, બાગો, ધર્મશાળાઓ વગેરે બનાવ્યાં હતાં. તેઓએ આબુ ઉપર સંવત ૧૨૭૮ના વર્ષમાં જૈનોને એક જબ્બર જમણ આપ્યું હતું. જેમાં જમવા જનારી જ્ઞાતમાં અમુક ઠારણહાર ઓછો પડ્યો હતો. દેરાણીએ જોડે તેઓના પક્ષમાં રહીને જમવાને ના હતા અને ભીક્ત ભયા ન હતા. જેઓ જમવા નહોતા ગયા તેઓ પોતાને ઘેર વિધવા મરી જમવા જનારાઓને દશા એટલે દસરા કહીને બોલાવવા લાગ્યા અને પોતાને વીસા કહી બોલાવ્યા. સામળાજી એ દશા અને વીસા વાણિયાના ઇષ્ટદેવ મનાય છે.

૧૨. સ્ત્રી. દશાવસ્થા; બડપણ.

૧૩. સ્ત્રી. (કાવ્ય) સાહિત્યમાં રસની અંતર્ગત વિરહની અવસ્થા. આ અવસ્થાઓ દસ મનાય છે: અભિલાષ, ચિંતા, સ્મરણ, ગુણકથન, ઉદ્વેગ, પ્રલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા અને મરણ.

૧૪. સ્ત્રી. સૂતર કે ઊનના નાના અને પાતળા દોરા.

૧૫. સ્ત્રી. સ્થિતિ; હાલત.

૧. દશા ઊંધી-ચત્તરવી = (૧) મહીની અસરનો અંત આવવો. (૨) મૃત્યુ પામવું.

૨. દશા બેસવી = મહીની અસર તળે હોવું; વગર દવાએ થવાં પડતી દશા થવી.

૩. બીજી દશા થવી = જૂદી પરિસ્થિતિ હોવી

૧૬. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૧૭. જ. (જૈન) એક પ્રકારનું કાર્મિક મુનસાન.

૧૮. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશા ઓસવાળ ૧. સ્ત્રી. મારવાડમાંથી ઓસિયા ગામને મૂળપેઢી માનનારા જૈન વાણિયાની એક પેટા જ્ઞાતિ. તેઓ અજ્મેરાવાડના સોલંકી રાજાના વંશને હોવાનો દાવો કરે છે. બીજા ઓસવાળ સાથે તેમને બેટીબરદાર નથી, પણ દશા બીસાળી તથા દશા પોરવાડ સાથે કન્યાવ્યવહાર કરે છે.

૨. જ. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

દશાકર્મ ૧. [સં.] પું. દીવો; દીપ; દીપક; ચિરાગ.

૨. પું. પાલવ; કપડાની કિનાર; વસ્ત્રનો છેડો.

દશાકર્ષા [સં.] સ્ત્રી. વસ્ત્રનો છેડો, કિનાર.

દશાક્ષર ૧. [સં.] પું. (પિંગળ) દસ અક્ષરનો પંક્તિ નામે એક છંદ.

૨. વિ. દસ અક્ષરવાળું.

દશાક્ષરી ૧. પું (પિંગળ) એક જાતનો છંદ. ઋગ્વેદ સંહિતામાં ત્રિષ્ટુભ સ્તોત્રોમાં દશાક્ષરી, વિરાજ છંદ સિવાય બીજો પણ 'ત્રિષ્ટુપ' નથી. પુરાતત્ત્વ

૨. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

૩. વિ. દસ અક્ષરવાળું.

દશા ખડાયતા (દશા ખડાયતા) ૧. સ્ત્રી. વિજાપુર તાલુકાના ખડાત ગામ ઉપરથી મનાતી વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. તેમના ઇષ્ટદેવ કોટમહેશ્વર કહેવાય છે.

૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાડિયા (દશાડિયા) ૧. સ્ત્રી. એ નામની સિપાઈની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દશા દીશાવળ ૧. સ્ત્રી. જૂના દીસામાં કુળદેવીવાળા વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. અમદાવાદી, સુરતી અને ખોચારી એવા તેના પેટા ભેદ મનાય છે.

૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાધિપતિ ૧. [સં.] પું. દસ સૈનિકો અથવા સિપાઈઓનો ઉપરી; જમાદાર.

૨. પું. (જ્યોતિષ) દશાઓના અધિપતિ સૂર્ય વગેરે ગ્રહ.

દશાનન ૧. [સં. દશન્ (દસ) + આનન (મુખ)] પું. રાવણ.

૨. વિ. દસ મોઢાંવાળું.

દશા નાગર ૧. સ્ત્રી. નાગર વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાનિક [સં.] પું. હાથી વગેરે.

દશાપરાધિક [સં.] પું. પોતાની હદમાં બનતા અમુક દંડ અપરાધ માટે દંડ કરવાનો અધિકારી ધરાવનાર અમલદાર.

દશાપવિત્ર [સં.] ન. આદ વગેરેમાં અપાતો વસ્ત્રનો ટુકડો.

દશા પોરવાડ (દશા પોરવાડ) ૧. સ્ત્રી. પોરવાડ વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાપ્રેક્ષ [સં.] ન. કૂળ; નતીજો; પરિણામ.

દશાપ્રેક્ષસ્તવ [સં.] ન. આવનાર વહિ આદમના રોગ કરાતું એ નામનું એક સ્તવ. તે દિવસે બાલકૃષ્ણનું પૂજન કરાય છે.

દશાબ્દિ [સં.] સ્ત્રી. દસ વર્ષે ઊજવાતો ઉત્સવ.

દશા બ્રાહ્મણ ૧. સ્ત્રી. માતૃપક્ષે નીચા કુળના મનાતા બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ.

૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશામૂળી પું. પાણીમાં રહેનાર દસ પગવાળું એક પ્રાણી, કરચલા. આ પ્રાણી મરે ત્યારે તેને સૂકવી રાખી તેનો ભૂકો કરી માંથી ચોકો દંત માટે વેચે છે. દશામૂળી ઊકળી તેનું પાણી પાવાથી મૂંઝારો મટવાનું મનાય છે.

દશારણ્ય [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થસ્થળ.

દશારુહા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ભોંય.

૨. સ્ત્રી. ક્ષિતિજા નામની લતા. તે મળવામાં થાય છે અને કપડાં રંગવાના કામમાં આવે છે.

દશાર્ણ ૧. [સં.] પું. એ નામના પ્રદેશનો રહેવાસી.

૨. પું. એ નામના પ્રદેશનો રાજા.

૩. પું (જૈન) એ નામનો એક રાજા. તેણે

તીર્થંકરનાં દર્શન માટે જતાં અભિમાન કર્યું હતું, પણ છેવટે તેનો ગર્વ ઉતાર્યો હતો.

૪. પું. (તંત્ર) દશ અક્ષરવાળો એક મંત્ર.

૫. પું. મહાભારતમાં જણાવેલો વિન્ધ્યાદ્રિના અગ્નિકોણમાં રહેલો એક પ્રાચીન દેશ; દક્ષિણ કોસલનો એક ભાગ; પૂર્વ માળવાનું પ્રાચીન નામ. તેનું બીજું નામ આકર પણ હતું. તેનું મુખ્ય શહેર વિદિશા હતું, જેને હાલ ભીલસા કહે છે. કોઈ તેને હાલનું માંડાસોર કહે છે. અંધ્રભૃત્યના વખતમાં લાંબા કાયી મધ્યમ વર્ણના મનુષ્યો. ટોલમિએ આ પ્રદેશનું નામ દોસારેન લખ્યું છે.

દશાર્ણક જુઓ દશાર્ણ ૫.

દશાર્ણા [સં.] સ્ત્રી. માળવાની એ નામની એક નદી; ધસાન. તે વિન્ધ્યાચળમાંથી નીકળી બુંદેલખંડના બોડા ભાગમાંથી વહી કાલપી પાસે જમના નદીને મળે છે.

દશાર્ણેયુ પું. પુરુવંશી રૌદ્રાશ્વ રાજાનો એ નામનો દીકરો.

દશાર્દ્ધ ૧. [સં.] પું. દશ બાદબાકી જુદ્ધ રેખ.

૨. ન. પાંચની સંખ્યા.

૩. વિ. દશનું અરધું; પંચ.

દશાર્દ્ધચર્ચી [સ.] સ્ત્રિ. પાંચ રેખનું; પચરંગી.

દશાર્હ ૧. [સં.] પું. એ નામના રેસનો વહેવારુસી.

૨. પું. કૃષ્ણ; વાસુદેવ.

૩ પું. જૈન

૪. પું. દક્ષિણ હિંદનો એ નામનો યદુ રાજાનો રેસ.

૫. પું. બોહ.

૬. પું. સમુદ્રવિજય વગેરે દશ ભાઈ. લોકોમાં અર્હ એટલે લાયક હોવાથી તે દશાર્હ કહેવાય છે.

૭. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર કોષ્ટાના પુરાણોના જ્યામઘ રાજાના વંશમાં જન્મેલા નિર્વૃતિ અથવા વિદૂરથ નામના રાજાનો દીકરો.

૮. ન. યદુવંશનું કોઈ પણ માણસ; વાસુદેવનું કુટુંબ.

દશા લાડ ૧. સ્ત્રી લાડ વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. કહેવાય છે કે તેઓ બીજા લાડ સાથે રોટીવ્યવહાર રાખે છે, પણ બેટીવ્યવહાર રાખતા નથી.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું

દશાવતાર ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. ન. બ. વિષ્ણુના દશ અવતાર. મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ એમ વિષ્ણુના દશ અવતાર ગણાય છે.

૩. પું. વિષ્ણુના દશ અવતારના ચિત્રવાળો પાનાનો ગંજીફો. તે દક્ષિણમાં બહુ પ્રચલિત હતો.

૪. સ્ત્રી. ભોંયરાની પ્રા.ઋષભગૃહ માહેની એ નામની પંદરમી ગુફા.

દશાવતારચરિત [સં.] ન. પ્રસિદ્ધ કવિ ક્ષેમેન્દ્રે લખેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

દશાવતારવ્રત [સં.] ન. દશ વરસ સુધી દર વરસે ભાદરવા સુદિ દશમને દિવસે કરાતું એ નામનું એક વ્રત. પ્રત્યેક વર્ષના આ દિવસે જુદી જુદી જાતનાં પકવાન વ્રતમાં અપાય છે.

દશાવતારી ગંજીફો પું. દક્ષિણમાં પ્રચલિત બાવનો ૧૨૰ મોજ પાનાંનો ગંજીફો. જુઓ દશાવતાર ૩.

દશાવતારી તલવાર સ્ત્રી એક પ્રકારની તલવાર. તેના ઉપર દશ અવતારનાં ચિત્ર કરેલાં હોય છે, તથા હર હર મહાદેવ એ શબ્દો પણ લખેલા હોય છે. આ તલવાર પ્રસિદ્ધ ગદાધર ત્રિવિક્રમના વંશની હોવાનું જણાય છે.

દશાવરા [સં.] સ્ત્રી. દશ સભ્યોની સાથેની સભા; દશ પંચોની રાજસભા. જૈનમાં દશાવરાના દશ સભ્યોના વિભાગ આ પ્રમાણે બતાવ્યા છે: ચાર વેદોના, છ અંગોના અને છ ધર્મના પ્રતિનિધિ.

દશા વાણિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશા વાયડા (દશા વાયટા) ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાવિપર્યાસ [સં.] પું. કમનસીબી; દુર્ભાગ્ય.

દશાવિશેષ [સં.] પું. અમુક કોઈ દશા; અમુક કોઈ હાલત, અમુક કોઈ અવસ્થા

દશાવીશારી સ્ત્રી. મેદાનમાં રમવાની એક દેશી રમત. આ રમત બે છોકરાઓ એક લાકડીનો કટકો અને ચોડી પૃથ્વી રમી શકે છે. પહેલાં એક કોઠામાં પૃથ્વીનો દમલો કરી લાંબી દશ હાથને છેટે બીજે દમલો કરે છે. લાંબી સીધી હારમાં બીજા હાથને છેટે ત્રીજો દમલો કરે છે. એ પ્રમાણે પહેલા અને ત્રીજા દમલા વચ્ચે બીજા હાથનું અંતર રહે છે. વચલા દમલામાં લાકડી રોપે છે. બે છોકરાઓ કોઠાના અકેક દમલા પાસે ઊભા રહે. ત્યારબાદ સત્તા કરી એકીવખતે તેઓ લાંબી લાકડી તરફ દોડે. દશ હાથના અંતરવાળો છોકરો લાકડી પાસે દોડી આવી લાકડીને ઝટ તરત પાછો હરી પોતાની જગ્યાએ ઘસે. લાં પડાંચનાં દરમિયાન બીજા હાથના અંતરવાળો છોકરો જે તેની પાછળ દોડતો આવતો હોય છે તે બંને તેને અડી જાય તો તે અડનાર છોકરો જીતો કહેવાય અને હરીથી તે પ્રમાણે પાછા રમે. પણ જો તેમ ન બને તો તે હારો કહેવાય અને ફરીથી રમવા માટે જગ્યા અદલબદલ કરે. આવી રીતે મરજીમાં આવે ત્યાંસુધી આ રમત રમાય.

દશાવ્યય [સં.] પું. શિવ; શંકર.

દશા શ્રીમાળી ૧. સ્ત્રી. શ્રીમાળી વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. આમાં વૈષ્ણવો અને જૈન બંને ભાગ છે. બીજા શ્રીમાળી સાથે તેઓ રોટીવ્યવહાર છે, પણ બેટીવ્યવહાર નથી.

૨. ન. એ નામના પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાંગતરંગ ન. (જૈન) અંગબાહ્યસૂત્રો માંહેનું એ નામનું એક સૂત્ર.

દશાંગ ૧. પું. કપૂર.

૨ [સં. દશન્ (દશ) + અશ્વ (ઘોડો)] પું. ચંદ્ર, કેમકે તેના રથમાં દશ ઘોડા જોવાનું મનાય છે.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસેનજિત રાજાના સો માંડેનો એ નામનો એક દીકરો. તે માહિષ્મતી નગરીમાં રહેતો હતો. તેને મહિષ્મત નામનો દીકરો હતો.

દશાંગમેધ ૧. [સં.] ન. (પુરાણ) કાશીમાં ગંગા કિનારે આવેલ એક તીર્થસ્થાન; દશાશ્વમેધિક. કાશીખંડમાં લખ્યું છે કે: રાજર્ષિ દિવોદાસની સદ્ભાવતાથી બ્રહ્માએ આ તીર્થસ્થાન ઉપર દશ અશ્વમેધ કર્યા હતા. પહેલાં આ તીર્થ રુદ્ર સરોવરના નામથી પ્રસિદ્ધ હતું. બ્રહ્માએ કરેલ યજ્ઞ પછી દશાશ્વમેધ કહેવાતા આવ્યું. બ્રહ્માએ આ સ્થાને દશાશ્વમેધેશ્વર નામનું શિવલિંગ સ્થાપિત કર્યું હતું. જે લોકો આ તીર્થમાં સ્નાન કરી શિવલિંગનાં દર્શન કરે છે, તેનાં બધાં પાપ ધોવાઈ જાય એવી માન્યતા છે.

૨. ન. પ્રયાગમાં ત્રિવેણી પાસે આવેલું એ નામનું એક તીર્થસ્થાન. લાંથી યાત્રાળુઓ જળ ભરે છે. આ સ્થાનનું પાણી લાંબા સમયે પણ બગડતું નથી એવી માન્યતા છે.

દશાંગમેધિક [સં.] ન. (પુરાણ) જ્યાં બ્રહ્માએ દશ અશ્વમેધ કર્યા હતા એવું કાશીમાં આવેલું એક તીર્થસ્થાન. જુઓ દશાંગમેધ ૧.

દશાષ્ટ [સં. દશન્ (દશ) + અષ્ટન્ (આઠ)] વિ. અઢાર.

દશા સોરઠિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દશાસ્ય ૧. [સ. દશન્ (દશ) + આસ્ય (મુખ)] પું. રાવણ, કેમકે તેને દશ મુખ હતાં.

૨. વિ. દશ મોઢાંવાળું.

દશાસ્યજિત [સં. દશાસ્ય (રાવણ) + જિત્ (જીતનાર)] પું. રામચંદ્ર

દશાસ્યનિષૂદન [સ. દશાસ્ય (રાવણ) + નિષૂદન (મારનાર)] પું. રામચંદ્ર.

દશાસ્યરિપુ [સં.] પું. રામચંદ્ર.

દશાસ્યશત્રુ [સં.] પું. રામચંદ્ર.

દશાહ ૧. [સં દશન્ (દસ) + અહન્ (દિવસ)] પું. દસ દિવસ.
૨. પું. મરણ દિવસથી ગણ્યાં આવતો દશમો દિવસ; મૃતકકૃત્યનો દશમો દિવસ; મરણ પછી દશમો દિવસ.
૩. પું. મરણ પછી દશમે દિવસે કરાતી ક્રિયા. ગ્રંથકારોમાં મૃતક કર્મ બાબત દિવસનું જ માનેલું છે. પહેલે દિવસ સ્મશાનકૃત્ય તથા અસ્થિસંચય, બીજે દિવસ કટકર્મ, શૂંઠકર્મ વગેરે અને ત્રીજે દિવસ સપિંડીકરણ. સ્મૃતિઓમાં પહેલા દિવસના કૃત્યનો દસ દિવસ સુધી વિસ્તાર કરેલો છે, જેમાં પ્રત્યેક દિવસ એક એક પિંડ એક એક અંગની પૂર્તિ માટે આપવામાં આવે છે; પણ વ્યવહારમાં દિવસના કૃત્યમાં આજે પણ દિનીયાદ્ધ સંક્ષેપનો ખાસ થાય છે.

દશાહરા ૧. સ્ત્રી. બાકસપટ્ટી એ નામની એક પેટા જાતિ
૨. વ. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ એ નામની પેટા જાતિનું.

દશાહીન [સં.] વિ. નબળી સ્થિતિનું; કરીબ.

દશાહ્નિક [સં.] વિ. દસ દિવસ સંબંધી.

દશાહ્નિકા [સં.] સ્ત્રી. દસ દિવસ સુધી ચાલી પુત્રની જન્મક્રિયા.

દશાંકપદ્ધતિ સ્ત્રી. (ગણિત) દસાંકપદ્ધતિ. સંખ્યા લખવાની આપણી રીત. તેમાં દરેક આકડાનું સ્થાન તેની જમણી તરફના આકડાના સ્થાન કરતાં દસગણું છે. તેમાં ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ એ દસ આકડા હોય છે.

દશાંગ ૧. [સં.] વિ. દસ અંગવાળું
૨. જુઓ દશાંગધૂપ.

દશાંગકષાય સિ] પું (વૈદક) દસ ઔષધિઓનો ઉકાળો; અરડૂસો, ગુર્ચ, ખિલખાપરો, કડુંચાનું, લીમડાની છાલ, જલબંબ, ઇરડાં, બહેડાં, આમળા અને કળાયી એ દસ ચીજોનો ઉકાળો. આ ઉકાળામાં મધ નાખીને પીવાથી અમ્લપિત્તનો રોગ નાશ પામતો મનાય છે.

દશાંગઘૃત [સં] ન (વૈદ્યક) દસ વસ્તુઓ મેળવીને બનાવેલું એક પ્રકારનું ઘી.

દશાંગધૂપ [સં.] પું. દસ ઉત્તમ ચીજોની મેળવણીથી બનાવેલો એક પ્રકારનો ધૂપ; પૂજનમા સુગંધ નિમિત્તે બાળવાનો દસ સુગંધી દ્રવ્યોનો બનેલો એક જાતનો ધૂપ. આ ધૂપ બધી રીતે જુદાં જુદાં દ્રવ્યોનો બને છે. એક રીત પ્રમાણે શિલારસ, ગૂગળ, ચંદન, જટામાંસી, લોબાન, રાળ, વાળો, નખ, ભીમસેની કપૂર અને કસ્તૂરી એ દસ દ્રવ્યનો બને છે. બીજી રીત પ્રમાણે મધ, નાગરમોથ, ઘી, ચંદન, ગૂગળ, અગર, તિલાજિત, સલ્લકીનો ધૂપ, ગોળ અને પીળા સરસર એ દસ દ્રવ્યો લેવાય છે. ત્રીજી રીત પ્રમાણે ગૂગળ, નખ, ચંદન, જટામાંસી, શતાવરી, સલ્લક, વાળો, ઘી, કપૂર અને કસ્તૂરી એ દસ દ્રવ્યો તૈયાર છે.

દશાંગલેપ પું. (વૈદક) દસ ઔષધિઓથી બનાવેલો લેપ. આ લેપ વિસર્પ એટલે રતવામાં દાહશામક તરીકે ઉપયોગી છે. દરદીને સોળ ઉપર પાણીમાં વાટી લીલાસનું ઓપટવાથી સોજો ઊતરી જાય છે. આ લેપ બનાવવામા સરસડાની છાલ, જેઠીમધ, રતાંજળી, ગેરુમટી, જટામાંસી, હળદર, દારૂહળદર, કઠ, વાળો અને તગર એ દસ વસ્તુઓ વપરાય છે. કોઈ એકાદીને બદલે બીજી વાપરવાનું કહે છે.

દશાંગી ૧. પું. (રાગીત) એક અતાલગતિ ૨૦ માત્રાનો તાલ; સૂડાતાલ. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રા ઉપર તાલ આવે છે. તેના ટેટટીના બોલ નીચે પ્રમાણે છે: ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ધિતા ધિતા તિતા તિતા ધિના ધિતા ધિતા ધિતા તિતા તિતા.
૨. [સં. દશન્ (દસ) + અક્ષિન્ (આંખવાળું)] વિ. દસ પ્રકારનું

દશાંગીસુખ ન. (જૈન) દસ પ્રકારનું સુખ જેમાં કે, ૧. ખેતર, વાડી, મકાન, પશુ, નોકર વગેરેનું સુખ, ૨. અનુકૂળ મિત્ર મળવાનું સુખ, ૩. મોટી જાતિમાં જન્મ, ૪. ઉચ્ચ કુળે જન્મ, ૫. શરીરનો ઉત્તમ બાંધો, ૬. નીરોગી રાજીર, ૭. મહાપ્રતાપવંતપણું, ૮. વિનય, અભિજ્ઞાન, ૯ યશ અને ૧૦. પરાક્રમીપણું.

દશાંગુલ ૧ [સં.] ન ઉપર દસ આંગળીઓ જેવી રેખાવાળું એક ફળ
૨. ન. તળિયું.
૩. ન. ઝાંઝર.
૪. ન. હૃદય.
૫. વિ. દસ આંગળ પ્રમાણનું; દસ આંગળનું.

દશાંત [સં.] પું. છેડાપો, ફદાવસ્થા.

દશાંશ ૧. [સં. દશન્ (દસ) + અંશ (ભાગ)] પું. એક અક્ષની ચીજનો દસમો ભાગ. દસમો હિસ્સો
૨. પું. (ગણિત) જેનો છેદ દસ અથવા દસનો ઘાત થાય એવી રીતના અપૂર્ણાંક. દસ દશને કટકે બટકે બરાબર એવા નાના અંશો આપવાની એક હિસાબી રીત. 'ડેસિમલ.' જેમકે, ·૧, ·૦૦૧.
૩. વિ દસથી ગણવું.

દશાંશ અપૂર્ણાંક પું. (ગણિત) જેના છેદમાં ૧૦ અથવા ૧૦નો કોઈ પણ ઘાત હોય તેવા જાતના અપૂર્ણાંક: ' ડેસિમલ ફ્રેક્શન. ' આ અપૂર્ણાંકને અવહારી અપૂર્ણાંકથી જુદી રીતે લખવામા આવે છે. તેમાં નીચે છેદ લખવામાં આવતો નથી. આ અપૂર્ણાંકને ગણી બતાવવાની રીત સંખ્યાલેખનની દશાંકપદ્ધતિને અનુસરે છે. એ પદ્ધતિમા આકડાઓની કીમત ડાબી બાજુએથી જમણી બાજુએ સ્થાન પ્રમાણે અનુક્રમે દસ દસ ગણી ઓછી થતી જાય છે. એ નિયમ પ્રમાણે એકમના આંકડા પછી જમણી બાજુ આવનારા પહેલા આંકડાની કીમત દસમાગની ઓછી થાય છે, બીજા આંકડાની કીમત સોગણી ઓછી થાય છે, ત્રીજા આંકડાની કીમત હજારગણી ઓછી થાય છે, એ પ્રમાણે ચોથા, પાંચમા વગેરે આંકડાની કીમત સમજી લેવાની હોય છે. જેમ એકમની ડાબી બાજુએ આવનારા આંકડાઓનાં દશક, શતક, હજાર વગેરે નામ છે, તે જ પ્રમાણે એકમની જમણી બાજુએ આવનારા આંકડાનાં પણ દશાંશ, શતાંશ, સહસ્રાંશ, દશસહસ્રાંશ, લક્ષાંશ વગેરે નામ છે. આ બધા આંકડાઓની કીમત એકમના સામાન્ય અપૂર્ણાંક દ્વારાથી તથા એકમ અને તેની ડાબી બાજુઓના આંકડા પૂર્ણાંક હોવાથી, પૂર્ણાંક તથા અપૂર્ણાંકને છૂટા પાડવાને એકમના આંકડા પછી અને દશાંશના સ્થળે આવનારા આંકડાની પહેલાં ' આવું ચિહ્ન કરવામાં આવે છે. એ ચિહ્નની ડાબી બાજુએ પૂર્ણાંક અને જમણી બાજુએ અપૂર્ણાંક હોય છે. તે ચિહ્નને દશાંશચિહ્ન કહે છે જેમકે, ૨૫·૬૭૮ એમાં દશાંશચિહ્નની જમણી બાજુનો પહેલો આંકડો ૬ એ દશાંકને સ્થાને છે અને તેની કીમત $\frac{૬}{૧૦}$ છે. તેના પછીનો આંકડો ૭ એ શતાંકને સ્થાને છે અને તેની કીમત $\frac{૭}{૧૦૦}$ છે. તેના પછીનો આંકડો ૮ એ સહસ્રાંકને સ્થાને છે અને તેની કીમત $\frac{૮}{૧૦૦૦}$ છે. દશાંશચિહ્નની ડાબી બાજુએ ૨૫ પૂર્ણાંક છે. એ આખ રકમ બરાબર હોય તો પચ્ચીસ પૂર્ણાંક છસો અઠ્ઠોતેર સહસ્રાંશ એમ વંચાય.

દશાંશચિહ્ન [સં.] ન. (ગણિત) દશાંશ અપૂર્ણાંકમાં પૂર્ણાંક અને અપૂર્ણાંકના આંકડા છૂટા પાડવાને પૂર્ણાંકના એકમના આંકડા પછી અથવા અપૂર્ણાંકના પહેલા આંકડાની પહેલા કરવામાં આવતી · આવી નિશાની.

દશાંશપદ્ધતિ [સં.] સ્ત્રી. (ગણિત) દશાંશની રીત; દસ દસને કટકે બટકે ગણી શકાય એવા નાના અંશો આપવાની પદ્ધતિ; સંખ્યાલેખનની જે પદ્ધતિમા

આંકડાઓની કીમત ડાબી બાજુએથી જમણી બાજુએ સ્થાન પ્રમાણે અનુક્રમે દસ દસ ગણી ઓછી થતી જાય છે અથવા જમણી બાજુએથી ડાબી બાજુએ સ્થાન પ્રમાણે અનુક્રમે દસ દસ ગણી વધતી જાય છે એ પદ્ધતિ. જેમકે, ૪૫૫૫ એ સંખ્યામાં પહેલા પાંચડાની કીમત ૫૦૦૦, બીજા પાંચડાની ૫૦૦, ત્રીજાની ૫૦ અને ચોથાની ૫ છે. એમાં ડાબી બાજુથી શરૂ કરતાં જમણી બાજુ તરફના સ્થાનના આંકડાઓની કીમત અનુક્રમે દસ દસ ગણી ઓછી થતી જાય છે. માટે એ સંખ્યાલેખન દશાંશપદ્ધતિને અનુસારે છે. આ પદ્ધતિ ઘણી જ સગવડ ભરેલી ગણાય છે, કેમકે બે દ્વારની દસ આંગળીઓથી તેમાં ગણતરી થઈ શકે છે, તથા દસ આંકડાઓ ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ આ સંખ્યાલેખનની રીતમાં વપરાય છે. સંખ્યાલેખનની જે પદ્ધતિમાં આ દસ આંકડાઓ વપરાય છે તે પદ્ધતિને દશાંશપદ્ધતિ કહે છે. આ સિવાય બીજી રીતે પણ જેમાં આંકડાઓની કીમત ડાબી બાજુએથી જમણી બાજુએ સ્થાન પ્રમાણે અનુક્રમે જમણી, જમણી, બારગણી, પાંચગણી, છગણી, સાતગણી, આઠગણી, નવગણી વગેરે પ્રકારે ઓછી થતી જાય તેવા પ્રકારની સંખ્યાલેખનની પદ્ધતિઓને અનુક્રમે દ્વાંશપદ્ધતિ, દ્વાદશાંશપદ્ધતિ, ષોડશાંશપદ્ધતિ, ચતુર્વિંશાંશપદ્ધતિ, પંચમાંશપદ્ધતિ, ષટ્‌ત્રિંશાંશપદ્ધતિ, સપ્તમાંશપદ્ધતિ, અષ્ટમાંશપદ્ધતિ, નવમાંશપદ્ધતિ વગેરે કહે છે. એવી રીતે ગમેતી સંખ્યાને અનુક્રમે એના પોતાની સંખ્યા, ત્રણના બાદની સંખ્યા વગેરે કહે છે. તેમાં દ્વયંશપદ્ધતિમાં માત્ર ૦, ૧ એ બે જ આંકડા વપરાય છે. ત્રિંશમાં માત્ર ૦, ૧, ૨ એ ત્રણ આંકડા, ચતુર્વિંશમાં ૦, ૧, ૨, ૩ એ ચાર આંકડા એ પ્રમાણે બીજી પદ્ધતિઓમાં પણ સમજી લેવાનું હોય છે. આ બધી પદ્ધતિઓમાં દશાંશપદ્ધતિ જ ઘણી સગવડભરેલી છે અને તે સર્વત્ર પ્રચલિત છે. આ પદ્ધતિ ઉંડાણી ગણતરીને વખતે હિંદુસ્તાનમાં પ્રચલિત હતી. દશાંશપદ્ધતિની શોધનું માન હિંદુસ્તાનના આર્યોને ફાળે જાય છે, પણ તે સાથે ષોડશાંશ અર્થાત્ ચતુર્વિંશ પદ્ધતિની શોધનું માન પણ હિંદને ફાળે જ નોંધવું જોઈએ. આ દશાંશપદ્ધતિ હિંદીઓ પાસેથી ઈ. સ. ના આઠમા સૈકામા આરબ લોકો શીખ્યા અને આરબ લોકોએ સ્પેન જીતવું સારે તેઓ યુરપમાં ફેલાયેલા. તે વખતે તેમની પાસેથી ઇટલિનો લિયોનાર્ડો શીખ્યો અને ત્યાંથી પછી યુરપના બીજા દેશોમાં પ્રચલિત થઈ. દશાંશપદ્ધતિના સંબંધમાં બરાબરાનું કહેવું એમ છે કે: મોટા હિસાબો કરવામાં દશાંશપદ્ધતિ સરેલી પડે છે અને તેમા અચુકતી કરવાના તૈયાર કોઠાની મદદ લઈ શકાય છે. વિજ્ઞાનમાં વખત અને ખૂબીઓના બાબતી અચુકતી સિવાય બાકીનાં બધાં તોલ બાબતમાં આ જ પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ દશાંશપદ્ધતિ અથવા મેટ્રિક સિસ્ટમ અંગ્રેજ્યાટીપદ્ધતિ તરફથી સર્વ કારણેસરી છે અને બરાબર કેટલાક દેશોમાં તે રોજિંદા વહેવારમાં પણ ચાલે છે. હિંદમાં પણ એ જ પદ્ધતિ અપનાવી હોય તો મેટ્રિકપદ્ધતિ પૂરેપૂરી સ્વીકારી લેવી જોઈએ જુદી જુદી દશાંશપદ્ધતિ શરૂ કરવાની જરૂર નથી, પણ દશાંશપદ્ધતિને માટે કોઠામાં પૂરતી ફેરબદલીની જરૂર છે અને તેમાં કાંઈ કાંઈ દસ્તનો ઉપયોગ પણ વધારે કરવો પડશે. બાકીના બાબતને અનુષંગે દશાંશપદ્ધતિ ઘણી સહેલી પડે છે. એક મોટા પ્રકારના બધા નાના નાના વિભાગોને ચોક્કસ ને ઘોકણું બોલી નાખવા જોઈએ. ½, ¼ અને ¾ પૂરા દશાંશો પણ છે. એટલે ચોથાઈનો મેળ દશાંશપદ્ધતિ સાથે બેસી જશે. એમ કરતાં બીજાં વર્ષ પછી સંપૂર્ણ દશાંશપદ્ધતિ સુધી પહોંચવાનું કદાચ સહેલું પડશે. બરાબરીની બીજી રીતોની સરખામણીમાં દશાંશ અંકિતપદ્ધતિ સરળ છે; પણ એ સરળતાને આંકે બે મુદ્દા બાદમાં લેવા જોઈએ. (૧) બોદાની બચતની કરતાં કામળ ઉપર આંકડા મૂકીને કામવાની ગણતરીને એમાં બાધ આવતો નથી, અને (૨) તેની સરળતાનું સાચું કારણ દશનો આંકડો નથી, પણ દરેક દરમે દરમે સ્થાન આપની સંખ્યા દર્શાવવાને સ્થનનો જે ઉપયોગ થાય છે, તે છે. અંકિતની સંખ્યાના મૂળ આંકોના ગોળો ચારપાંચને બેગા ગણવામાં દશને બદલે આઠ કે સોળની સંખ્યાને પાયામાં લીધી હોત અને દરેક આરામ કે સોળમા સ્થાનની કદમ દર્શાવવાને સ્થનનો ઉપયોગ કર્યો હોત, તો આજે દશાંશ અંકિત પદ્ધતિમાં જે લાભો છે, તે બધા અષ્ટાંશ પદ્ધતિમાં આવત. પણ તેણે એ રસ્તો ન લીધો એ એક કમનસીબી ગઈ! કેમકે, વહેવારમાં કોઈ પણ વસ્તુનો પાંચમો કે દસમો વગેરે ભાગ પાડવા કરતાં અરધો, પા, આઠમો વગેરે ભાગ પાડવાનું વધારે સહેલ પડે છે. પંડિતો અને મોટા વેપારીઓને દશાંશપદ્ધતિ વધારે પસંદ પડે તેમાં નવાઈ નથી. પણ અનુભવ કહે છે કે ગામડાના લોકોને અને વેપારીઓને ચોથાઈ પદ્ધતિ બહુ સગવડભરી છે. એમાં સરવાળા, બાદબાકી, ગુણાકારમાં ૩ કરતાં મોટા આંકડાની જરૂર જ પડતી નથી અને ૩ ઊભા લીટા, ૩ આડા લીટા અને વચ્ચે ૩ ઊભા લીટામાં ૬૪ સુધીના આંકો દર્શાવાય છે. બાકીના ગ્રહોને ટૂંકું સૂચિયો. તોલો, શેર વગેરે અનેક પ્રકારના કોષ્ટકોમાં મોટે ભાગે આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આર્યભટ્ટ (ઈ. સ. ૪૭૬), બ્રહ્મગુપ્ત (ઈ. સ. ૬૬૮–૬૬૦) અને ભાસ્કરાચાર્ય (ઈ. સ. ૧૧૧૪) વગેરે વિદ્વાનોએ દશાંશની ઠીક ચર્ચા કરેલી છે. છતા સૈકામાં રચાયેલાં બ્યાસભાષ્ય નામનાં રાસાયનિક તંત્રોમાં રાસાયનિક રૂપાંતરને એકડા ઉપર મીંડાં મૂકવાથી થતા રૂપાંતર અને સંખ્યાંતરની સાથે સરખાવવામાં આવ્યું છે. તેથી ડો. મજુમદાર સીમ અનુમાન કરે છે કે, આરબ અથવા ગ્રીક રીતિરિવાજ પ્રજાઓના કરતાં ઘણા જ પ્રાચીન સમયમાં હિંદુઓમાં આ દશાંશપદ્ધતિ પ્રચલિત હતી.

દશાંશાબ્ધિદુ જુઓ દશાંશબ્ધિદ્ધ.

દશાંશમાપક [સં.] ન. દશમો અંશ માપવાનું યંત્ર.

દશાંશસ્થ [સં.] ન. (ગણિત) આખી સંખ્યાના દશમા ભાગનું આગળનું પદ.

> જેમ પાદસ્થ શેષ દશાંશસ્થ, શતાંસસ્થ વગેરેના પણ પદો નીકળી રહે છે. આકડાશાસ્ત્ર

દશાંશાહોમ [સં.] પું. યજ્ઞમાં અપાતી એક જાતની આહુતિ; જેટલા જપ કર્યા હોય તેનાથી દશમો ભાગ હોમ કરવો તે.

> ૧૦૦ જપ કર્યા હોય તો ૧૦ વખત એ જપ બોલતા જઈ અગ્નિમાં ઘી તથા દૂધ દ્રવ્યની આહુતિ આપવી અને દશાંશાહોમ કહે છે. જપ

દશિકા [સં.] સ્ત્રી. એક જાતની જંગલી ભાજી.

દશિયું ન. પરણ્યા પછી દસ દિવસ સુધી વરકન્યાને જુદાં જુદાં ગામને ઘેર જમાડવામાં આવે છે તે રીત; દશાં.

દશી ૧. સ્ત્રી. કપડાના છેડા ઉપરની આંતરી; દશિયાદાર પાલવના છેડા તંતુ.

૨. સ્ત્રી. દસકો; દસ વર્ષનો ભાગ.

૩. સ્ત્રી. દશા; હાલત; સ્થિતિ.

૪. સ્ત્રી. દોરું.

દશીવીશી ૧. [સં. દશન્ (દસ) + વિંશતિ (વીસ)] સ્ત્રી. એ નામની એક રમત. જુઓ દશાપીશી.

૨. સ્ત્રી. દસ વીસ વરસની બાલકરની આવતી સારી માઠી હાલત; ચડતીપડતી; સુખદુઃખના તડકાછાયો, અરતોદય.

દશુંદ સ્ત્રી. દશાંશ; દસમો ભાગ.

દશેર [સં.] વિ. દિગ્મૂઢ; ગાંડી.

દશેરક ૧. [સં.] પું. ઘેટ.

૨. પું. બળેડો.

૩. પું. મધ્ય દેશ.
૪. પું. મધ્ય દેશના લોકો.

દશેરા પું.,સ્ત્રી. વિજયાદશમી; આસો સુદિ દશમ. આ મહાન પર્વને દિવસે રામચંદ્રજીએ અસુર રાવણ ઉપર વિજય મેળવી અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો. પાંડવોએ વિજયપતાકા ફરકાવવા બાર વરસ સુધી રાખી મૂકેલાં શસ્ત્રો આ દિવસે ગ્રહણ કર્યાં હતાં. ગાંધીજી લખે છે કે: દશેરા રામે રાવણ પર મેળવેલા વિજયના ઉત્સવનો તહેવાર છે. પણ રામનો વિજય કિસા વડે મેળવેલો વિજય નહોતો. વિભીષણે રામચંદ્રને પૂછ્યું કે, આપની પાસે નથી હથિયાર, નથી બખ્તર, નથી અખતર, તો તમે નખશિખ શસ્ત્રોથી સજ્જ અને રથમાં બેઠેલા મહાબળિયા રાવણને કેમ હરાવશો ? રામે તેને જવાબ વાળ્યો કે, યુદ્ધમાં જીત મેળવવા સાચ હૃદયની થાય છે. મારો નિશ્ચય મારું મનુષ્ય છે અને મારો વિજય બ્રહ્મચર્ય પર અખાડનો વિજય છે. તેથી તમે સૌ ધર્મ અને દશેરાનું સાચું રહસ્ય સમજ્યા હો, તો દશેરાનો તહેવાર ઘેર ઘરાતિથી મનાવો કરીને ઊજવજો.

દશેરી સ્ત્રી. એક જાતની બિહારી હલકી આંબાની કેરી. તે લખનૌ તરફ પ્રખ્યાત છે.

દશૈરુહ [સં.] પું. નિર્જળ દેશ.

દશોરા ૧. [સં.] પું. દશ ગામનો અમલદાર.
૨. પું. સૂર્ય વગેરે ગ્રહ.

દશૌધન [સં.] પું. દીવો.

દશ્યાં ન. બ. વ. પરણ્યા પછી વરવધૂને સાસરા તરફથી વારા કરતી બાપડામાં આવતા દશ જમણ.
દશ્યાં ઝરવાં-દેવાં = પરણ્યા પછી તરત દશ દિવસ વરે વહુને ઘેર અને વહુએ વરને ઘેર જમવા જવું તે.

દશોદિશ અ. બધી દિશામાં; સર્વત્ર.

દશોધિ ૧. પું. દશમો ભાગ ઉઘરાવનાર પુરુષ.
૨. પું. દસોંદી; વહેવારો; બારોટ.
કોણ કહે દશોધિ એને. દયારામ

દશોપચાર પું. બ. વ. ઉપાસનાના દશ પ્રકાર. કેટલાક મહર્ષિઓએ ઉપાસનાના દશ ઉપચાર બતાવ્યા છે. જેવા કે, પાદ્ય, અર્ઘ્ય, સ્નાન, મધુપર્ક, આચમન, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય.

દશોપનિષદ [સં. દશોપનિષદ] સ્ત્રી.; ન. બહુનું પ્રતિપાદન કરનાર વેદનો અંતભાગ. આપી મુખ્ય ઉપનિષદ દશ મનાય છે. નાનાલાલ કવિ લખે છે કે: પણ ઉપનિષદ સંખ્યાનો એનો ઇતિહાસનિર્ણય થયો નથી. કાળ નામના મહિમામોદથી આંજાઈ જેમ કેટલાકે ગામવણી પોતાનો રાજા કહેવરાવે છે; એમ ઉપનિષદ નામના મહિમામોદને કારણે ઘણા અર્વાચીન પ્રબંધો પણ ઉપનિષદને નામે ઓળખાય છે. એવા ઉપનિષદોની સંખ્યા ૨૬૨ની છે; પણ એમાં તો અકબરી યુગના અલ્લોપનિષદનો યે સમાવેશ થાય! ઇન્ડિયાલ ઑફિસના સંગ્રહમાં અને મહાવાક્યરત્નાવલિના સંગ્રહમાં સામાન્યતઃ માળાના અંકો જેટલાં ૧૦૮ ઉપનિષદો હોય છે. ઉત્તરાવન સંપ્રદાયના નારાયણ સંગ્રહમાં ને ષોલપુક સંગ્રહમાં બાવન ઉપનિષદો છે મુગલ શાહજાદા દારા શિકોહે ૫૦ ઉપનિષદોનું ભાષાંતર ફારસી ભાષામાં કરાવ્યું. ભગવાન શંકરાચાર્યે બ્રહ્મસૂત્રોના નિજના ભાષ્યમાં ૧૩ ઉપનિષદોમાંથી અવતરણો ટાંકેલાં છે. ૧ ઈશ, ૨ કઠ, ૩ કેન, ૪ પ્રશ્ન, ૫ મુંડક, ૬ માંડૂક્ય, ૭ તૈત્તિરીય, ૮ ઐતરેય, ૯ બૃહદારણ્યક, ૧૦ છાંદોગ્યોપનિષદ એ દશોપનિષદનાં ભાષ્ય શ્રીમત શંકરાચાર્યે રચ્યાં છે; ને તેથી એ દશ ઉપનિષદો આજ પ્રધાન સર્વસામાન્ય ઉપનિષદો લેખાય છે.

દશૌંદ સ્ત્રી. દશમો ભાગ; દસંદ.

દશૌંદી જુઓ દસંદી.

દશન [સં. દશન] પું. દાંત; દશન.
હૈયું ફૂટે ને હાથ જ બગડે; દશન દીઠે ને અંગ ઉઘરસે રામાયણ

દશ્ય સ્ત્રી. દિશા.

દશેરી ૧. સ્ત્રી. દશ શેર ભાર તેવું ઠામ.
૨. સ્ત્રી. દશ શેર વજન જોખાય એવું કાટલું. દશ શેર વજનનું તોલું.

દશેરો ૧. પું. દશ શેર ભાર એવું માપવું વાસણ.
૨. પું. દશ શેર વજન જોખાય એવું કાટલું; દશ શેર વજનનું તોલું.

દષ્ટ ૧. [સં.] વિ. જોયેલ જાણેલ.
૨. વિ. ઠરેલું; કરેલું; દર્શાવેલ.

દસ [સં. દશન્] વિ. નવથી આગળનું, જે વધતાં પાંચ; અનુતરીમા નવથી એક વધારે; દશ; ૧૦.

દસઉઠાણ [સં. દશન્ (દશ) + ઉત્થાન (ઊઠવું તે)] ન. કારતક પછી દશમે દિવસે સૂતાવડી ઓને કરવાની શુદ્ધિ.

દસકડું (દસકડું) ન. હાથમાં પહેરવાનું મોટું કડું.

દસકત ૧. [ફા. દસ્ત (હાથ) + ખત (અક્ષર)] પું. અક્ષર; હસ્તાક્ષર; દસ્તખત.
દસકત ઘૂંટવા = મરોડ હાથે બેસી જાય માટે મરોડદાર અક્ષરના ખાડામાં કલમ ફેરવ્યા કરવી.
૨. પું. અમુક ઉચ્ચારનું ચિહ્ન.
૩. પું. પોતાના હાથના અક્ષરની લખાવટ; હસ્તાક્ષર, હાથનું લખાણ.
દસકત આ છે દસપતરમના રે,
વાંચે કરજો સજ્જ વિચાર હો લાલ
દસપતરમ
૪. પું. સહી; મત.

દસકત શિક્ષક ૧. પું. અક્ષરપોથી, 'કૉપિબુક.'
૨. પું. સારા અક્ષર કાઢતાં શીખવનાર શિક્ષક.
૩. વિ. અક્ષર સારાં કાઢતાં શીખવે એવું

દસકંઠ પું. દસ માથાવાળો રાવણ.

દસકંધ જુઓ દસકંધ.

દસકંધર જુઓ દસકંધ.

દસકો ૧. [સં. દશક] પું દશ દશનો જથ્થો; દશક.
૨. પું. દશ વરસનો સમય; દાયકો.

દસક્રોઈ પું. અમદાવાદ પાસેનો એ નામનો તાલુકો.

દસક્રોઈ ૧. પું અમદાવાદ જેમાં મુખ્ય નગર છે એવા દશ કોસ વિસ્તારનો તાલુકો.
૨. સ્ત્રી. મુખ્ય શહેરની આજુબાજુમાં આઠેક કોસ આઘેલના પેરાવામાં આવી જતો પ્રદેશ.
૩. વિ. દસ આઘેલના પેરામાં આવતું.

દસખત ૧. સ્ત્રી. સહી; દસ્તખત.
૨. સ્ત્રી. ઠંડી સ્ત્રીકારાદારી તે.

દસખત્ત [ફા.] સ્ત્રી. સહી.
દસખતને ખાસ = શાહી દસખત્ત.

દસખત્તી [ફા.] વિ. સહીને લગતું.

દસગ્રીવ [સં. દશન્ (દશ) + ગ્રીવા (ડોક)] પું દશ માથાવાળો રાવણ.

દસણ [સં. દશન] પું. (પ્રાકૃત) દાંત.

દસતાન ન જ્વર; આતંક.

દસદ પું. મગજો.
ઘેબલ કસદ ન હોય,
મર દસદે પાણી દાદવા. દસમાર

દસદરવાજા પું. શારીરિક કાર્યને લગતાં દશ દ્વાર. બે આંખો, બે કાન, બે નસકોરાં, મોઢું, જનનેંદ્રિય, ગુદા અને બ્રહ્મરંધ્ર એ દસ દરવાજા મનાય છે.

દસદરિયા સ્ત્રી. પાંચ અથવા વધારે ઠીકરાંથી રમી શકાય એવી એ નામની એક રમત. પ્રથમ દરેક રમનારે જમીન ઉપર વ્યાસનાં દશ કૂંડાળાં એટલે કે દરિયા બનાવવા. એ દરિયાની વચ્ચે એક એક હાથની ખાલી જગ્યા રાખવી. બાકી બધાં કોઠાં પહેલ, બીજ, ત્રીજ એમ બોલી રમવાના વારા કરવા. જે પહેલ બોલેલ હોય તે જમણ બાજુ ખાલી જગ્યામાં ઠેકી બને પગ એકસાથે

ઊંચકી પહેલું ફુંકાળું કૂદે. કૂદતી વખતે પગ છૂટા પડવા ન જોઈએ, કે કોઈ પણ ફુંકાળામાં પડવા ન જોઈએ. પછી તે જ રીતે બીજું, ત્રીજું એમ દરેક ફુંકાળાં કૂદવામાં આવે. બારાકરની બધા છોકરાં ફુંકાળાં કૂદવા આવે. જે રમનાર બધા ફુંકાળાં બરાબર કૂદી જાય તે દસદસમિયા જીત્યું કહેવાય.

દસદસમિયા [પ્રા.] સ્ત્રી. (જૈન) દસ દસક એટલે સો દિવસનું અભિગ્રહ તપ. તેમાં અકેક દિવસે અથવા દસ દસ દિવસે અકેક દાત એટલે બાર અન્નપાણીની વધારતાં એક દાતથી દસ દાત સુધી અન્નપાણીની ભર્યા થવાય છે.

દસદિશા સ્ત્રી. દસ દિશાઓનો સમૂહ. ચાર દિશા, ચાર ખૂણા, આકાશ તથા પાતાળ મળી દસ દિશા કહેવાય છે.

દસધર પું. દસ માથાવાળો રાવણ; દશમોલ.

દસધા અ. દસ રીતે, દસગણા.

દસન ૧. પું. દાંત; દંત; દોદ.

૨. [સં. દશન] પું (પ્રાકૃત) દાત.

દસન દંત દ્વિજ રદન રદ, અમરકોશ દાદમ બીજ; દોદર કહ્યા સમ અનકતા, નપ નીરજમાં બીજ.
પિંગલપ્રકાશ

૩. સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેની છાલ ચામડું કમાવવાના કામમાં આવે છે.

દસનવસન પું. હોઠ.

દસનવસન બાલચોળમા શ્રીનાથજી,
આવી અબ્યું મુક્તફળ બિબ. દયારામ

દસપગી સ્ત્રી. એક જાતની માછલી.

દસપના પું. થીંગિયો.

દસપર્વ પું. દસ બાબથી દસ બાબમણી સંખ્યા.

દસમ ૧. પું. (જૈન) બાર ઉપવાસ.

૨. સ્ત્રી. પખવાડિયાની દશમી તિથિ.

૩. વિ. દશમું.

દસમભક્ત [પ્રા.] ન. બાર ઉપવાસ એકસાથે કરવા તે.

દસમભક્તિય [પ્રા.] પું. બાર ઉપવાસ કરનાર વ્યક્તિ.

દસમાથ [હિં.] પું. રાવણ; દશમોલ.

દસમી ૧. સ્ત્રી. ચંદ્ર માસનો દસમો દિવસ; અજવાળિયાની દશમ.

૨. સ્ત્રી. પખવાડિયાનો દસમો દિવસ.

દસમું ૧. [સં. દશમ; પ્રા. દસમ] ન. બરાબર પછી દસમે દિવસે કરવાની ક્રિયા.

૨. વિ. દસ પૈકીનું છેલ્લું; દસમું; ક્રમમાં નવમા પછીના સ્થાનવાળું.

દસમૂલ ન. ૧. ૨ ઔષધમાં વપરાતા દસ જાતનાં મૂળિયાં.

દસમૂળ જુઓ દસમૂલ.

દસરથ પું. રામના પિતાનું નામ; દશરથ

દસરસેખા પું. રોવડા ચોરાસી મચ્છ માહેનો એ નામનો એક પેટા મચ્છ.

દસરંગ ૧. [હિં.] પું. એ નામની મલમલની એક કિસ્મત.

૨. પું. કુસ્તીનો એ નામનો એક દાવ. જ્યારે હરીફ આપણી પાછળ ઓ હોય ત્યારે તેના ડાબા પગની પિંડીમાં આપણો ડાબો પગ ભરાવવો અને બળજબરીથી ડાબી બાજુ તરફ હરી જઈ, ઘૂંટણકર બેસી તેના ડાબા પગ ઉપર જોર મૂકવું. જથી તે એક તરફ નમી જરી અને તે પછી તેને પડખે મારવાથી તે ચત્તો પડતો.

દસરા ૧. [સં. દશન્ (દશ) + અહન્ (દિવસ)] પું.; સ્ત્રી. આસો સુદિ ૧૦નો દિવસ; વિજયાદશમી. આ દિવસે રાવણનાં દસ માથા કરવામાં આવ્યાં હતાં, તેથી તેનું નામ દસરા અથવા દશરા પડ્યાનું કેટલાક માને છે.

૧. જે ઘોડું દસરાને દિવસે ન દોડ્યું તે શા કામનું ? = પ્રસંગે બતાવ્યા તે જ ખરી દોડિયારી કહેવાય.

૨. દસરાનો પાડો મારવો = બાકી અડાર મારવી; હિંમત વિનાનું કામ કરી ખોટું પરાક્રમ દેખાડવું.

૨. પું.; સ્ત્રી. એક સુદિ દસમ. તે દિવસે ગંગા સ્વર્ગથી પૃથ્વી ઉપર ઊતરી આવ્યાં હતાં.

દસરાજ પું. કુસ્તીનો એક પેચ.

દસવાં ૧. [હિં.] પું. દસમો ભાગ.

૨. પું. ભરનારની પાછળ મરણથી દસમે દિવસે કરાતી ક્રિયા.

૩. વિ. દસમું; ક્રમમાં નવ પછીના સ્થાનવાળું.

દસવીં [હિં.] સ્ત્રી. અજવાળિયાની દશમ; સુદિ દશમ.

દસશેરી ૧. સ્ત્રી. દસ શેરનું માપલું.

૨. સ્ત્રી. માપું.

દસશેરો ૧. પું. દસ શેરનું માપલું.

૨. પું. માપું.

દસસાલા ૧. [હિં.] સ્ત્રી. દર દસ વર્ષે કરાતી ક્રિયા.

૨. વિ. દર દસ વર્ષે થતું.

૩. વિ. દસ વર્ષ સુધી ચાલતું.

દસહજારી સ્ત્રી. દસ હજાર ઘોડેસવારનું ઉપરીપણું.

દસહરા ૧. [સં. દશન (દશ) + હ (હરવું)] પું. (હિંદી) આસો સુદિ ૧૦; વિજયાદશમી, દશેરા. આ દિવસે નવરાત્રિની પૂજા બનેરે પધરાવ્યા પછી દેવીની મૂર્તિઓ બનેરે નદીમાં પધરાવવામાં આવે છે. આ દિવસે રામે રાવણ માથે ચડાઈ કરી, જેથી કરીને તે વિજયાદશમી કહેવાય છે.

૨. પું. જેઠ માસનો શુક્લપક્ષનો દશમો દિવસ, મમાજ-મ. જેઠ સુદિ દશમને દિવસે જે માણસ મરણ નદીમાં નહાય તે મુક્ત થતો હોવાનું મનાય છે

૩. પું. મુસલમાનમાં રમજાની એક વિધિ. તેમા ઘર કબ્રને બેર દસ દિવસ સુધી જાય છે

દસહરાખર્ચ ૧. પું. જમીનદારોથી તેના ખાતુનો પાસથી લેવાતો એક જાતનો લાગો. તેમા ચોખા, દૂધ, ઘી વગેરેનો સમાવેશ થાય છે.

૨. પું. દશેરાના ઉત્સવને લગતુ ખર્ચ.

દસા ૧. [હિં.] પું. અમરવાલ વૈશ્યના મુખ્ય બે માહેનો એ નામનો એક વિભાગ.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની એક પેટા જાતિ. એમ કહેવાય છે કે, બારમા સૈકામા વસ્તુપાળ અને તેજપાળ નામના બે મોટા જૈન શેઠ હતા, તેમણે ઠેઠઠેઠાણે જૈન દેરાં બધાવ્યાં છે. તે બંને ભેલડાના સમય જાઈ હતા. આ બંને જાઈનો તેમના પિતાના મરણ બાદ વિધવા માતાને પેટે જન્મ્યા હતા, એટલે ઢંકાના કારણે તે કુટુંબને વાણિયાની નાત બહાર મૂકવામાં આવ્યુ. વસ્તુપાળ તેજપાળ મોટા થઈ પોતાના પરાક્રમથી સ્થિતિમાં આવતાં પોતાને વાણિયાની નાતમાં લેવા તે જ્ઞાતિઓએ અરજ કરી. તેમને નાતમાં લેવા કે નહિ તે સંબંધમાં વિવાદ ઊઠ્યો. વાણિયાની બધી નાતના અગ્રેસર મુખ શ્રીમંત બેઠિયા વિચાર કરવા ભેગા મળ્યા. તે મંડળના વીસ શેઠિયાઓએ તેઓ નાતમાં ન લેવાય એવો મત આપ્યો અને દસ શેઠિયાઓએ નાતમા લઈ શકાય એવો મત આપ્યો. પરિણામે જે વીસ શેઠિયાના મતમાં નાતનાં જે જે કુટુંબો ભળ્યાં તે તે વીસા કહેવાયાં અને દસ શેઠિયાઓના મતમાં જે જે કુટુંબો ભળ્યાં તે દસા કહેવાયા. એમ પણ કહેવાય છે કે, અગાઉ હિસાબની મજુતરીમાં વીસાંકપદ્ધતિનો ઉપયોગ થતો. દસા પણ એકસોની રકમ બોલવામા પાંચ વીસું એમ ગામડિયા અને અજાણપર્મ બોલે છે. ત્યારપછી દશાંકપદ્ધતિ આવી. દશાંકપદ્ધતિનો ઉપયોગ જે વાણિયા કરવા લાગ્યા તે દસા અને વીસાંકપદ્ધતિ જેમણે ચાલુ રાખી તે વીસા કહેવાયા. વળી એમ પણ કહેવાય છે કે, જે બીમાણીઓ ગુજરાતમાં સ્થિર વાસ કરીને રહ્યા

તે દસા કહેવાયા. બીજું એવું પણ કારણ બતાવ્યું છે કે, મહાલક્ષ્મીના કમળાકૃતની જમણી બાજુથી જે શ્રીમાળી ઉત્પન્ન થયા તે વીસા અને ડાબા બાજુથી ઉત્પન્ન થયા તે દસા કહેવાયા. વળી એમ પણ વિધાન છે કે, જેનું કુળ દસ વસા એટલે દસગણું ઉત્તમ તે દસા અને જેનું કુળ વીસ વસા ઉત્તમ તે વીસા કહેવાયા. તેમ જ જૂના કુળે પોતાને વીસા એટલે વીસ વસા શુદ્ધ અને નવાને ઓછા શુદ્ધ ગણીને દસા કહ્યા. એવું પણ કારણ કહેવાય છે કે, દસા અને વીસા નામના બે ભાઈઓ હતા. દસાના વંશજો દસા અને વીસાના વંશજો વીસા કહેવાયા.

૩. જ્ઞા. એ નામની જાતિનું માણસ

૪. વિ. એ નામની વાણિયાની જાતિનું

દસાકપ્પવવહાર [સં. દશાકલ્પવ્યવહાર] પુ. (જૈન) દશાશ્રુતસ્કંધસૂત્રનાં દસ, બૃહત્કલ્પસૂત્રનાં છ અને વ્યવહારસૂત્રનાં દસ અધ્યયન મળી કુલ ઓગણ્ત્રીસ અધ્યયન.

દસાડિયા (દસાડિસા) ૧. જ્ઞા. એ નામની સિપાઈની એક અટક.

૨. જ્ઞ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દસાહ જ્ઞા. દસમા દિવસની મરણોત્તર ક્રિયા કરવી તે; દસમાનો દિવસ અને તે દહાડે કરવાનું ક્રિયમાણ.

દસાર ૧. પુ. (જૈન) વાસુદેવ; શ્રીકૃષ્ણ.

૨. પુ. વાસુદેવનું કુટુંબ.

૩. [સં. દશાર્હ] પુ. (જૈન) સમુદ્રવિજય વગેરે દસ ભાઈ. લોકોમાં અર્હ એટલે લાયક હોવાથી તેઓ દશાર્હ કે દસાર કહેવાય છે.

દસારા [હિ.] જ્ઞા. એક જાતનું નદી કિનારે રહેતું પક્ષી.

દસાવીશી જુઓ 'દસાવીસી'

દસાહિયા [સં. દશાહિકા] જ્ઞા. દસ દિવસ સુધી મરી પુત્રની જન્મક્રિયા.

દસિયાટ જ્ઞા. આંતરી; દસો.

દસી ૧. જ્ઞા. કપડાના જેડા ઉપરની આંતરી.

૨. જ્ઞા. દસ વર્ષનો કાળ.

૩. જ્ઞા. દશા; સ્થિતિ.

૪. [હિ.] જ્ઞા. નિશાન; ચિહ્ન.

૫. જ્ઞા. મોચીનું એક જાતનું ઓજાર; રાપી.

૬. જ્ઞા. વજનનો છેડો; કપડાંનો છેડો; દાનનો છેડો. તે વરવા વજરનો હોય છે.

દસીવીસી ૧. જ્ઞા. એક જાતની રમત; દસીવીશી.

૨. જ્ઞા. અદલીપદલી.

૩. જ્ઞા. તફાવત; ફેર.

૪. જ્ઞા. દસથી વીસ વરસનો કાળ.

દસુગ [સં. દસ્યુક] પું. (પ્રાકૃત) ચોર; તસ્કર.

દસુંઢ ૧. જ્ઞા. દસમે હિસ્સે આવે તેટલી ઊપજ; દસમે ભાગે મળે એવી ઊપજ; દસમો ભાગ; દશોંદ.

હું મારી પેઢાતની દસુંઢ વેચ્યાના ખંદિરમા મકુરા બોલવા ચૂકવો નથી. ગુલાબસિંહ

૨. જ્ઞા. દશાંશ; દસમો ભાગ.

દસુંદી ૧. પું. ઊપજનો દસમો ભાગ મેળવનારો આરોટ, ભાટ.

૨. પું. દસમો ભાગ ઉઘરાવનાર માણસ; દશોંદી.

દસેરક ૧. [સં.] પું. ભમેરો.

૨. પું. મારવાડ દેશ.

દસ્તેરડી [સં.] જ્ઞા. ઝંડી.

દસેરા જુઓ દશેરા.

દસૈયાં જુઓ દસૈવાં.

દસૈયાં નાહવું = દશ દિવસ સૂધી દરરોજ સવારે નાહવું. સૂતિકોમાં એવી રીત છે કે, બરણા પછી દશ દિવસ સુધી રોજ સવારે નહાય અને પાછો એનો એ પોશાક પહેરી લે

દસોતરા ૧. પું. દશ દહાડા.

૨. [સં. દશોત્તર] વિ. દશ ઉપર; દશથી વધારે.

દસોરી પું. બાળકના જન્મ પછી દસમો દિવસ. આ દિવસને આનંદનો દિવસ ગણાય છે.

દસોંદ જ્ઞા. આવકનો દસમો ભાગ.

દસોંદી પું. ભાટોદ; ભાટ. કેમકે તે આવકનો દસમો ભાગ માગે છે

રૂડા દસોંદી જંખિયલ લહુ, સિરદાર નામ સુજ સેત. લાખણ

દસૌંધો [હિ.] પું. રાજપૂતોની વંશાવળીના વર્ણન અને પ્રશંસા કરનારો પુરુષ; ભાટ; વહીવંચો. તે પોતાને બારહથ કહેવરાવે છે.

દસ્ટત જુઓ દસ્તત.

દસ્તત શિક્ષક જુઓ દસ્તત શિક્ષક.

દસ્ત ૧. પું. અધિકાર; કાબૂ; સત્તા; હક; અખત્યાર.

૨. [ફા.] પું. કર; હસ્ત; હાથ.

૩. પું. કાઢો; મળ; પાદરી જેવો ખાતરી મળ નીકળવાની ક્રિયા.

દસ્ત આવ્યો-ઊતરવો-થયો = કાઢો થવો.

૪. પુ. રેખાં ભુવાળ.

૫. [સં.] વિ. ઊંચે ફેંકેલું; ઉપરેલું.

૬. વિ. નાશ કરેલું.

દસ્ત અમલ પું. ગોમની વસાહત.

દસ્ત અંદાઝી ૧. જ્ઞા. બેરકારદેસર રીતે સત્તાનો ઉપયોગ કરવો તે.

૨. [ફા.] જ્ઞા. ચર્ચા; નિરૂપણ.

૩. જ્ઞા. વચમાં પડવું તે; દરમિયાનગીરી.

દસ્તક ૧. [હિં.] પું. કર; વેરો.

૨. પું. ગિરફતારીનો પરવાનો; 'વૉરન્ટ.'

૩. પું. મરમાના લોકોને બોલાવવા માટે હાથ વડે કમાડ ખખડાવવાની ક્રિયા.

૪. પું. માલ વગેરે લઈ જવાનો પરવાનો; નિકાસની ચિઠ્ઠી. 'પરમિટ.'

૫. પું. કુકમનામું.

દસ્તકચિહ્નો જુઓ દસ્તક.

દસ્તકલમ પું. વિદ્વાન માણસ

દસ્તકાર [ફા.] પું. કારીગર; હાથથી કારીગીરી કરનાર માણસ; હુનરી.

દસ્તકારી [ફા.] પું. હાથની કારીગીરી; હુનર; હસ્તકલા

દસ્તકુદરત (દસ્તકુદરત) [ફા] જ્ઞ. જોર; બળ; શક્તિ.

દસ્તખત (દસ્તખ્ત) ૧. પું. સહી; મતુ.

૨. [ફા.] પું. કરતાક્ષર; અક્ષર

દસ્તખતી (દસ્તખ્તી) [ફા.] વિ. સહીવાળું.

દસ્તખાન (દસ્તખ્વાન) [ફા.] જ્ઞ. મુસલમાન લોકોમાં જમવું મૂકવા માટેનું પાથરણું; દસ્તરખાન.

દસ્તગાહ [ફા.] જ્ઞ. બળ; શક્તિ.

દસ્તગીર ૧. [ફા.] પું. આશ્રયદાતા; સરદાર માણસ.

૨. પું. મદદગાર; હાથ પકડનાર પુરુષ.

૩. વિ. રક્ષણ કરનાર.

૪. વિ. હાથ ઝાલનાર; સહાયક.

દસ્તગીરી ૧. [ફા.] જ્ઞા. મદદ; ટેકો; ઉત્તેજન.

૨. જ્ઞા. રક્ષણ; શરણ.

દસ્તચાલાક [ફા.] પું. ચોર.

દસ્તચાલાકી ૧. [ફા.] જ્ઞા. ચોરી.

૨. જ્ઞા. મદારીમાફેની બાજી.

દસ્તજંટર [ફા.] જ્ઞા. હાથકડી.

દસ્તતલબ [ફા.] પું. ભિખારી.

દસ્તદરાજી [ફા.] જ્ઞા. સતામણી; દુઃખ દેવું તે; જુલમ.

દસ્તપનાહ [ફા.] પું. ચીપિયો; ચીમટો.

દસ્તપંજો ૧. પું. જોર; બળવચન.

૨. જુઓ દસ્તક.

દસ્તફેરોસ્ત (દસ્તફેરોસ્ત) [ફા.] પું. ફેરિયો; ફેરી કરી ગુજરાન ચલાવનાર માણસ.

દસ્તફેરોસ્તી (દસ્તફેરોસ્તી) [ફા.] સ્ત્રી. ફેરી કરી કરેલ વેચાણ તે.

દસ્ત બ દસ્ત અ. હાથોહાથ; જડપથી; ઉતાવળે.

દસ્તબરદાર [ફા.] વિ. કોઈ કામથી હાથ કે અધિકાર ઉઠાવી લેનાર. લાગ કરનાર.

દસ્તબરદારી ૧. [ફા.] સ્ત્રી. લાગ; અધિકાર કે હાથ ઉઠાવી લેવો તે.

૨ સ્ત્રી લાગપત્ર.

દસ્તબસ્તા ૧. [ફા.] પું. અનુચર; સેવક; ચાકર

૨. અ. અદબથી; માનસર; હાથ જોડીને

દસ્તબંધ [ફા.] પું. કાંડે બાંધવાની ઓળિની સેર.

દસ્તબંધી સ્ત્રી. કબજિયાત.

દસ્તબેર ૧. પું. ચેલો.

૨. પું. બાળક

દસ્તબોસી [ફા.] સ્ત્રી. હાથને ચુંબન કરવું તે.

દસ્તમલ સ. એક જાતનું અાજ પક્ષી.

દસ્તમાલ પું. હાથ લૂછવાનો રૂમાલ.

દસ્તયાબ [ફા.] વિ. પ્રાપ્ત; મળેલું; દસ્તગત; હાથમાં આવેલું.

દસ્તર [ફા.] પું. પામડી.

દસ્તરખાન (દસ્તરખાન) ૧. [ફા.] સ. જમણ માટે પાથરેલું પાથરણું; જાજું મૂલ્યા માટેનું પાથરણું.

૨. સ. ચાળ; જાજું.

દસ્તરસ પું. બંદોબસ્ત; અમલવારી.

દસ્તરાજી સ્ત્રી સાપરાધ પ્રવેશ; પારકાની સીમમાં પ્રવેશ કરવો તે. આ એક ગુનો ગણાય છે.

દસ્તરૂમાલ પું. હાથ લૂછવાનું કપડું.

દસ્તલાઈ (દસ્તલાઈ) [ફા.] સ્ત્રી. બોણી; સવારમાં બંધી શરૂ કરતાં પહેલા વેચાણના આવેલા પૈસા.

દસ્તંદાજી [ફા. દસ્તંદાજી] સ્ત્રી. હસ્તક્ષેપ; કબજા; કોઈના કામમાં હાજ નાખવાની ક્રિયા.

દસ્તા ૧. [હિં.] પું. એક જાતનો બગલો.

૨. પું. તીરનું જાથું.

૩. પું. કૂજની પધારી.

૪. પું. મૂઠ; હાથો.

૫. પું. લશ્કરનો ભાગ; લશ્કરની ટુકડી.

૬. પું. સાબેલું.

દસ્તાદાર [ફા.] પું. લશ્કરી ટુકડીનો ઉપરી. સરદાર.

દસ્તાન [ફા.] સ. ઓળોને માસે માસે આવતું રજ; રજસ્રાવ; અટકાવ.

દસ્તાનદરદ સ. વાંઝા; રક્તપ્રદર; સ્ત્રીઓની જનનેંદ્રિયનો એક રોગ. છોકરીઓને પરિપક્વ વયમાં આવ્યા પહેલાં અથવા તંદુરસ્ત ન હોય ત્યારે સંસારમાં નાખવાના હાનિકારક રિવાજથી તેઓનો મોટો ભાગ આ રોગથી પીડાય છે. તે અટકાવવા રજસ્વલા થતી નુવાન છોકરીઓની માવજત થવી જોઈએ. કડી, બેજ, શ્રમ, ક્ષય, મુસાનો તેમણે ત્યાગ કરવો જોઈએ.

દસ્તાના ૧. [ફા.] પું. સ. વ. હાથનાં મોજાં.

૨. સ્ત્રી. એક જાતની તલવાર.

દસ્તાનીસ્તાન સ. (જરથોસ્તી) અટકાવવાળી સ્ત્રીઓને રહેવાનું મકાન

દસ્તાનું સ. ઝાડો ઝીલવાનું પાત્ર; માંદા માણસને અથમૂત્ર કરાવવાનું સગવડતાવાળું ચામડાં 'બેડ પૅન.'

દસ્તાપિંજર સ્ત્રી. એક જાતની રમત. તેમાં પાંચ જણે બેસવાનું હોય છે. તે દરેક દસ્તા, પિંજર, બાર, કબૂતર અને ઠોલી એ આદેતું કોઈ નામ પસંદ કરે છે. પછી તે પાંચ જણ પોતાના બંને હાથ જમીન ઉપર મૂકે છે. જે દસ્તા થયો હોય તે છોકરો એક છોકરાથી કરમાત કરે છે અને તે દરેક અંગળાને અડતો અડતો દરેકનું નામ આપતો જાય છે. દસ્તા, પિંજર, બાર, કબૂતર, ઠોલી એ નામ આપતા છેવટના છોકરાની આંગળીનું નામ જે આવે તે નામવાળો છોકરો છૂટો થઈ જાય. પ્રથમ છૂટેલો છોકરો પોતાના હાથ કે જમણા હાથની મૂઠી જમીન ઉપર મૂકે અને તે હાથનો અંગૂઠો ઉપર ઊભો રાખે, એને ઘોડો કહે છે દાવ આપનાર છોકરો પોતાની બંને હથેળીઓ જોગતો મેલે. એ ઘોડાને પાણી પાય છે એમ કહેવાય છે. ઘોડો તેના હાથ ઉપર સપાટ મારે છે. જો સપાટ વાગે તો દાવ આપ્યા રહે, ન વાગે તો ઘોડો કમી થઈ જાય અને બીજો છોકરો તેની જગાએ આવીને મેલે.

દસ્તાર [ફા.] સ્ત્રી. પામડી.

દસ્તારબદલ [ફા.] સ્ત્રી. પરસ્પર પામડી બદલાવીને સ્નેહ બતાવવો તે.

દસ્તાવુર [હિં.] વિ. રૈયત; ખુલાસ વાગે એવું.

દસ્તાવેજ ૧. [ફા.] પું કોઈ વસ્તુ આપવે કરનારા વચ્ચે વ્યવહાર સમજાવ રૂપિયા કે માલ લઈ લેના બદલામાં પોતાની સહીવાળું લખાણ કરી આપવું તે; લેવડદેવડ સંબંધી આધારભૂત લખાણ; લખત, લેખ; ખત; લિખિત આધાર કે દાખલો.

દસ્તાવેજ કરવો–કરી આપવો–લખી આપવો = ખત લખી આપવું.

૨. પું. સરકારી સનદ અને લખાણ; સરકારી ગ્રામ સંબંધી લેખ.

દસ્તાવેજી ૧. વિ. દસ્તાવેજનું; દસ્તાવેજને લગતું.

૨. વિ. લેખી; લિખિત; લખેલું

દસ્તી ૧. સ્ત્રી. તલવારને મોઢે બાંધવામાં આવતી ચામડાની ચાપડી.

૨. [હિં.] સ્ત્રી. નાનું કસબદાન; નાની કલમ રાખવાની પોટી.

૩. સ્ત્રી. મલ્લકુસ્તીનો એક જાતનો હાથદાવ.

૪. સ્ત્રી. વિજયાદશમી અથવા દીવાને દિવસે રાજાઓ પોતાના સરદારો તથા અમલદારોને આપે તે બક્ષિસ.

૫. સ્ત્રી. હાથમાં લેવાની મશાલ.

દસ્તૂર ૧. [ફા.] પું. કર; વેરો; દાપું.

૨. પું. કાયદો; કાનન; નિયમ; વિધિ; બારો.

૩. પું. ચાલ; પ્રથા; પોરણ; રીત; રિવાજ; શિરસ્તો.

૪. પું. પારસીઓનો પુરોહિત; ગોર; ધર્મગુરુ. તે ધર્મગ્રંથ અનુસાર કર્મકાંડ કરાવે છે.

૫ પું. (વહાણવટું) વહાણમાં નાના મોટા માટેનો લાકડાનો એક ભાગ.

દસ્તૂરિયો પું. દલાલ.

દસ્તૂરી ૧. [ફા.] સ્ત્રી. જકાત; દાણ; હીર; ચુંગી.

૨. સ્ત્રી દસ્તૂરપદ; ગોરનું કામ.

૩. સ્ત્રી નોકર વર્ગને અપાતી સલામીની રકમ; બક્ષિસ

૪ સ્ત્રી પારસીના ધર્મગુરુની કચેરી.

૫. સ્ત્રી પ્રમાણપત્ર; ચબરી; દાખલો.

૬. સ્ત્રી ભાગ્યું; વેતન.

૭. સ્ત્રી. રજા; પરવાનગી; પરવાનો.

૮. સ્ત્રી કરકસરી; દાપું; સુખડી.

૯ વિ. દસ્તૂરને લગતું; દસ્તૂરનું.

દસ્તૂરેઅલઅમલ [ફા. દસ્તૂર (રિવાજ) + અલ (તે) + અમલ] પું. કાયદાકાનૂન; પારાપોરણ; અંધારણના નિયમ.

દસ્તેખત [ફા. દસ્ત (હાથ) + ખત (લખાણ)] પું. સહી; દસ્કત.

દસ્તેરફા (દસ્તેરફા) [ફા.] પું. વેચ કે ઠોકરને માટે બોલાતો વપરાતો શબ્દ.

દસ્તૈયજ જુઓ દસ્તાવેજ.

દસ્તૈવજ્ઞ જુઓ દસ્તાવેજ.

દસ્તો ૧. [ફા. દસ્તહ] પું. બાંધણીનો દાંડો; બાઘનો નાનો દડા જેવો મુદ્ગર; ખોખડ અથવા પથ્થરનો બાંધણીનો દડુમો; ખત્તો.
૨. પું. ઘા; ચોરીઆ કામગની ખોકડી; એકઠા કરેલા ચોરીઆ તાવ.
૩. પું. ચાકુ, કુહાડી વગેરનો ઘાયો.
૪. પુ. દસ્તાપિજરની રમતમા બોલાતો પહેલો શબ્દ.
૫. પું. પુરુષની જનનેંદ્રિય.

દસ્તોબર ૧. [ફા. દસ્ત (હાથ) + બર (લેનુ)] પું. કામની હુકમ.
૨. પું. રીત; ચાલ; રિવાજ.
૩. પું. રીતરિવાજ મુજબ લેવાતી ફી.

દસ્મ ૧. પુ. ગર્વ; અભિમાન.
૨. પું ઝાડો; મળ
૩. પુ દસ્ત; હાથ.
૪. પું સત્તા, અમલદાર.
૫. સ્ત્રી. કૂરતા.
૬. વિ ગરીબ

દસ્યના [હિં.] પું. ચાપિયો.

દસ્રમ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. પું. ચોર; ઠગ.
૪. પું. પૂષા નામના દેવ.
૫. પું. યજમાન.
૬. વિ. દર્શન કરવા જેવું; જોવા યોગ્ય.
૭. વિ. ફેંકનાર; ઉડાડનાર.

દસ્રમ [સં.] વિ. દર્શન કરવા જેવું; જોવા યોગ્ય; દેખાવકું.

દસ્યુ ૧. [સં.] પું. અનાર્ય લોકોની એક જાતનો માણસ; અનાર્ય; મ્લેચ્છ. દસ્યુઓનું વર્ણન વેદમાં બહુ મળે છે. અનાર્યો ભારતવર્ષમાં ચારે કોર ફેલાયા તે પહેલાં આ દસ્યુઓ નાની નાની સંખ્યામાં અહીંતહીં રહેતા હતા અને આર્યોને અનેક પ્રકારનું કષ્ટ ઉપજાવતા હતા. તેઓના યજ્ઞોમાં વિઘ્ન નાખતા હતા, તેઓનાં પશુઓને ચોરી જતા હતા તથા બીજા અનેક પ્રકારના ઉપદ્રવ કરતા હતા. અનેક મંત્રોમાં આ યજ્ઞહીન, અમાનુષ દસ્યુઓનો નાશ કરવા ઇંદ્રને પ્રાર્થના કરવામાં આવી છે. નમુચિ, શમ્બર અને વૃત્ર નામના દસ્યુપતિઓ ઇંદ્રને હાથે માર્યા ગયાની હકીકત ઋગ્વેદમાં મહે સ્થળે છે. વેદોમાં દસ્યુને બદલે દાસ તથા અસુર શબ્દ પણ આવે છે. આ દસ્યુના પણિ વગેરે જેટલાક ભેદ હતા. કયારે જેટલાક દસ્યુ સેવા વગેરે માટે મળી ગયા ત્યારે તેઓની ઉત્પત્તિ સંબંધમાં જેટલીક કલ્પનાઓ કરવામાં ઐતરેય બ્રાહ્મણમાં તેઓ વિશ્વામિત્ર દ્વારા ઉત્પન્ન થયેલા તથા શાપ દ્વારા ભ્રષ્ટ બતાવેલા છે. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રોમાં જે ક્રિયાલુપ્ત તથા જાતિ બહાર થયા તે બધા ચાહે મ્લેચ્છભાષી હો, આર્યભાષી હો પણ દસ્યુ કહેવાય છે.
૨. પું. ક્રૂર માણસ.
૩. પું. ચોર; લૂંટારો.
૪ પું. ઠગ; બળ
૫. પુ. દુશ્મન; શત્રુ.
૬. પું. દેવોના અને મનુષ્યના શત્રુઓ મનાતા અને ઇંદ્રના હાથે વધ પામેલા રાક્ષસોના એક મનુષ્યનો પ્રકાર, અસુર; દૈત્ય.
૭. પું. નાતબહાર થયેલો માણસ.
૮. પું. મહાસાહસિક માણસ; મરજિવો પુરુષ.
૯. વિ. દુષ્ટ; અધમ; હલકું

દસ્યુના ૧. [સં] સ્ત્રી. ક્રૂર સ્વભાવ; રાક્ષસપણું; દુષ્ટતા.
૨. સ્ત્રી. ચોરી
૩. સ્ત્રી. લૂંટારાપણું.

દસ્યુકૃન્તિ ૧. [સં.] પું. અસુરોને મારનાર ઇંદ્ર.
૨. જુઓ દસ્યુતા.

દસ્યુસઘ [સં.] પું. લૂંટારાની ટોળી; બાઝપાડુઓની ટોળી.

દસ્યુહ [સં.] પું. સુગ્રીવનો મોટો ભાઈ વાલી.

દસ્ર ૧. [સં.] પું. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.
૨. પું. અશ્વિનીકુમાર.
૩. પું. ઘોડો.
૪. પું. ગર્વ; દર્પ; અભિમાન.
૫. પું. જોની સંખ્યા; જોનો સમૂહ; જોડ.
૬. ન. શિબિર ઋતુ.
૭. વિ. સુંદર.
૮. વિ. હિંસક; હિંસા કરનાર.

દસ્રસાલા સ્ત્રી. દસ દસ વર્ષે થતી જમીન માપણી અને મહેસૂલનો ફેરફાર.

દસ્રી સ્ત્રી. તબલાના ઉપરથી ત્રીજી નખાય તેવા વરણ વગરના ઉપાય.

દસ્રેશ સ્ત્રી. પખવાડિયાની દસમી તિથિ; દશમ.

દસ્રો પું. દસની સંખ્યાનું સંજ્ઞાનું પાનું; સંજ્ઞાનું દસ ટપકાવાળું પાનું.

દહ ૧. [સં.] સ. ક્રિ. બાળવું.
૨. સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું; ત્રાસ કરવો.
૩. સ. ક્રિ. (ધાતુ) ગાળવું. તે ઉપરથી બનેલ શબ્દ: દહન, દાહ, દગ્ધ.
૪. સ. ક્રિ. સંપૂર્ણ નાશ કરવો.

દહ ૧. [સં. દૃહ (પશુનો ખરો)] પું. ડુક્કર, ઘોડા વગેરે પશુનું ખરીવાળું પગનું તળિયું.
૨. પું. નદીમાં ઊંડા પાણીવાળું સ્થાન; ધૂનો.
૩. સ્ત્રી. આબોહવા.
૪. સ્ત્રી. જલાશય; તૂ.
૫. વિ. દશ

દહક ૧. સ્ત્રી દાવાનળ, મોટી આગ.
૨. સ્ત્રી. ગરમી; ઉષ્ણતા

દહકવું ૧. અ. ક્રિ. શરીરનું ગરમ થવું; તપવું.
૨. અ. ક્રિ. સળગવું.

દહકા [હિં.] પું. ઉચ્ચ પ્રદેશને પાણી પૂરું પાડવાની ટાંકી.

દહકાન (દહકાન) [ફા.] પું. ખેડૂત.

દહકાની (દહકાની) ૧. [ફા.] પું. ખેડૂત.
૨. વિ. ગામડિયું; ગામડાનું.

દહકાલા સ્ત્રી. એક જાતની પુરાતની તોપ.

દહગી [હિં.] સ્ત્રી. ગરમી; તાપ.

દહદહા સ્ત્રી. એ નામે ઓળખાતી સ્વરૂપની બાતલ

દહદહી અ. ચોતરફ; બધી દિશાએ.

દહન ૧. [સ.] પું. અગ્નિ; આગ; વહ્નિ.
૨. પું. કબૂતર; કપોત.
૩. પું. કેળ નામની કાંટાળી ઝાડી.
૪. પું. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.
૫. પું. કૃત્તિકા નક્ષત્રનો એ નામનો દેવતા.
૬. પું. ભૂગળ.
૭ પું. ચિત્રક વૃક્ષ; ચિત્રો.
૮. પુ. ત્રણની સંખ્યા.
૯ પુ. દુષ્ટ કે ક્રોધી મનુષ્ય.
૧૦. પુ. (જ્યોતિષ) પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી એ ત્રણ નક્ષત્રોમાં રાહુ હોવાથી થતો યોગ.
૧૧. પુ. બે પદાર્થોના રાસાયણિક સંયોગથી ગરમી અને કયારેક તેજ ઉત્પન્ન થવાની ક્રિયા.
૧૨. પું. શિલાજીત
૧૩. પુ. (પુરાણ) રુદ્રનું એક નામ.
૧૪. સ્ત્રી. ૭ રૂપિયાની કીમતનો સફેદપાટ બાજરાના વજનનો એક જાતનો સોનાનો સિક્કો,
૧૫. ન. બાળવું તે; બળવાની; દહવું તે; દાહ.
૧૬. વિ. દાહક; બાળી નાખનાર.

દહનક વિ. દાહ કરનાર

દહનકેતન [સં.] પું.; ન. ધુમાડો.

દહનક્રિયા ૧. [સ.] સ્ત્રી. બાળવાની ક્રિયા.
૨. સ્ત્રી. મૃત દેહ એટલે શબને અગ્નિસંસ્કાર કરવાની વિધિ.

દહનક્ષમા [સં.] સ્ત્રી. અગ્નિની જ્વાળા.

દહનજ [સં.] ન. એક જાતનું રત્ન.

દહનદગ ૧. [સં. દહનદૃક્] પું. શિવ; શંકર.
૨. ન. શંકરનું વચલું નેત્ર; શિવનું ત્રણ પૈકી વચલું નેત્ર શંકરના જમણા નેત્રમાં સૂર્ય, ડાબામાં ચંદ્ર ને વચલામાં અગ્નિ છે
'વળી દૈ આદુ ભોળા ભીંથી દહનદગે વિશ્વઆયે ઝાલતા.' કેશવ હર્ષદ

દહનપ્રિયા [સં.] સ્ત્રી. અગ્નિની પત્ની સ્વાહા.

દહનબાહુલ ૧. [સં.] પું. અગ્નિ.
૨ પું. ખિજડો વૃક્ષ.

દહનબિંદુ ન. પ્રતિબિંબિત પડ્યા પછી પ્રકાશનાં કિરણ એકઠાં મળે તે બિંદુ; અમારું 'ફોકસ.'

દહનર્ક્ષ [સં.] ન. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.

દહનશીલ [સં.] વિ. બોડી વારમાં સળગી ઊઠે એવું.

દહનસહચર [સં.] પું. વાયુ.

દહનસારથિ [સં.] પું. વાયુ; પવન.

દહનારિ [સં. દહન (અગ્નિ) + અરિ (શત્રુ)] ન. પાણી.

દહનિ [હિં.] સ્ત્રી. બળવાની ક્રિયા; જ્વલન.

દહની [સં.] સ્ત્રી. મોરવેલ નામની વનસ્પતિ.

દહનીય [સં. દહ્ (બાળવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. બાળવા યોગ્ય; બાળવા જેવું.

દહનોપલ ૧. [સં.] પું. સૂર્યકાંત મણિ; અગ્નિનો કાચ.
૨. પું. સૂર્યમુખી ફૂલ.

દહનોલ્કા [સં.] સ્ત્રી. અગ્નિનો તણખો.

દહબારશી [જા.] પું. દસ માણસનો સરદાર.

દહમ ૧. પું (જરથોસ્તી) નેકીવાળો માણસ.
૨. વિ. કરેલું, સુધારેલું.

દહમઆઝ્રિતિ સ્ત્રી. જરથોસ્તી ધર્મની એ નામની એક પ્રસિદ્ધ બંદગી.

દહમર્દા [જા.] સ્ત્રી. દસ માણસ ઊંચકી જાય એવી ગાદી.

દહમા પું. (જરથોસ્તી) પારસના પ્રાયશ્ચિત્તની બંદગી કરીને મરી ગયેલો પવિત્ર માણસ.

દહમાન ૧. પું. (જરથોસ્તી) એ નામે એક ફિરસ્તો
૨. [સં.] વિ. બળતું.
૩ વિ. બાળતું.

દહમાનઅહ્રીન સ્ત્રી. (જરથોસ્તી) સ્વર્ગસ્થ નેકીવાળા માણસોના માનમાં કરવામાં આવતી એ નામની એક બંદગી.

દહય ૧. [જા.] પું. તાજિયો; જનાજો.
૨. પું. મહોરમના દસ દિવસ. તેમાં હસન અને હુસેનની કબરના નમૂનાને લઈને પાણીમાં દેવાય છે.

દહર ૧. પું. અંદરનું આકાશ.
છાંદોગ્યોપનિષદમાં કહે છે કે એના અંદરના આકાશ આકાશ છે. સુબસંહિતા
૨. પું. ઉંદર.
૩. પું. કાગડો.
૪ પું કૂવા; ચોજ.
૫. [સં.] પું. ધૂનો; નદીમાં ઊંડાણવાળું સ્થાન.
૬ પું. બહુંદર.
૭. પું. શિકર; ચિતા; સ્મશાન.
૮. પું. બાગ.
૯. પું. બગીચો.
૧૦. પું. વસ્તુ દેર.
૧૧. ન. જગત
૧૨. ન. જગાનો; સમય.
૧૩. ન. નરક.
૧૪. ન. હૃદયરૂપી આકાશ. દિલ.
૧૫ વિ. અતિ સૂક્ષ્મ; બહુ જ બારીક.
૧૬. વિ. કુબોધ.
૧૭ વિ સ્વરૂપ; અતિશય બોકું.

દહરાકાશ [સં.] પું. હૃદિર; ચિદાકાશ; પરમાત્મા.

દહરિયા ૧. [અ.] પું. ઈશ્વરમાં નહિ માનનાર માણસ; નાસ્તિક; દેહાત્મવાદી.
૨. વિ. સ્વતંત્રપણે વિચાર કરનાર.

દહરી ૧. [હિં.] સ્ત્રી. કાચ માટી.
૨. વિ. કાલ્પનાંપી; કાલીન.

દહલ ૧. [અ.] પું ઢોલ.
૨. સ્ત્રી. ભીકથી કંપવાની ક્રિયા.
૩. ન. તેજ.
૪. ન. ખમવાં કપ્પા બાબ એવી રેતી.

દહલવીબાજ પું. સિતારના બોલોને બાજાબજના અમુક તાલના નિયમમાં જોડવી બનાવતાં ઉત્પન્ન થતા જે અંદેનો એક બાજ. આ બાજમાં દા દા ગા દિ દા દિ દાગા દા દા ગા દિ દા દિ દાગા ઇત્યેરે સીધા બોલો આવે છે, પણ તેમાં ઘણ વિભાજિત રહે છે. તેથી તેમાં ગીતં, જમજમા, મસીટ, ગમક ઇત્યાદિ દક્ષવિધ ગમકનું કૂલ સારી રીતે થઈ શકે છે અને તેથી રાગનું ખોબ્બું સ્વરૂપ બરાબર આવે છે. માટે આ બાજને મુશ્કેલ ગણવો છે. આને મસીતખાની બાજ પણ કહે છે.

દહલા ૧. [હિં] પું. ગંજાનો દાણો.
૨. પું. ચાળું; કચારો; બાલવાડા.

દહલી ૧. [હિં.] સ્ત્રી. તાડી પીવાનો માટીનો નાનો ચાડવો.
૨. સ્ત્રી. બારણાનો ઉંબરો.

દહલીજ [જા.] સ્ત્રી. ઉંબરો.

દહવાટ પું. વિનાશ; સંહાર.

દહવું ૧. [સં. દહ્] અ. ક્રિ. બળવું; ભસ્મ થવું.
૨. સ. ક્રિ. બાળવું; સળગાવવું; દાહ દેવો.

દહશત [અ.] પું. અચંબો; આશ્ચર્ય.

દહશત [જા.] સ્ત્રી. કર; ખાસ્તી; ભય; બીક.

દહસની ૧ [હિં.] સ્ત્રી. દસ સાલની બાતાવહી.
૨. વિ. દસ વર્ષનું.

દહા ૧. [હિં.] પું. તાજિયો.
૨. પું. મુસલમાન લોકોના પહેલા મહિના મોહરમની બારબાતના દસ દિવસ. તે દિવસે ઇમામ હુસેન અને ઇમામ હસનના રોજા શરીરના નમૂનાના આકારના તાજિયા બનાવવામાં આવે છે અને તેને સરઘસરૂપે ફેરવવામાં આવે છે. દસમે દિવસે મજકૂર તાજિયાઓને પાણીમાં નાખવામાં આવે છે અથવા તો કોઈ કબ્રસ્તાન અથવા મસ્જિદમાં મૂકી દેવામાં આવે છે.
૩. પું. મોહરમ મહિનો.
૪. વિ. દસ.

દહાઈ ૧. [હિં.] સ્ત્રી. દસનું આપ; દસનું માન કે ભાવ.
૨. સ્ત્રી. દસાંશ; દસમો ભાગ; $\frac{1}{10}$.

દહાઈદાર પું. દસ હાથીને સાચવનાર નોકર.

દહાજ સ્ત્રી. તીણ ધ્વનિ; વાસના.

દહાડ (દહાડ) સ્ત્રી. ચીસ; આર્તનાદ; રોવાનો અવાજ.

દહાડવું (દહાડવું) અ. ક્રિ. બરાડા પાડવા; મર્દના કરવી.

દહાડાવાળી (દહાડાવાળી) વિ. સ્ત્રી. સમર્થા; બળિષ્ઠા; મર્દવંતી; બારેવાઈ.

દહાડિયું (દહાડિયુ) ન. રોજે કામ કરનાર માણસ; રોજિંદાર; મજૂર.

દહાડિયો (દહાડિયો) પું. રોજે કામ કરનારો આદમી; મજૂર.

દહાડી (દહાડી) ૧. સ્ત્રી. દાદી.
૨. સ્ત્રી. રોજિંદું મહેનતાણું.
૩. અ. રોજ; હમેશ; વારંવાર.

દહાડીદહાડી (દહાડીદહાડી) અ. કરરોજ; રોજરોજ; હરહમેશ.

દહાડું (દહાડું) ન. અઠવાડિયાનો દિવસ.

દહાડો (દહાડો) ૧. પું. સર્ય; સૂરજ.
દહાડા ચડવા–રહેવા = સમજાવું થવું.
૨. [સં. દિવસ; અપ. દિઅહ–દિહ દિઅહઉ–દિહઅ] પું. દિવસ; દિન; વાર; મિતિ; તિથિ; તારીખ.
૧. દહાડા કાઢવા–નાખવા = (૧) જેમતેમ કરી નભાવવું. (૨) શોકમાં કે નિરાશામાં કાળક્ષેપ કરવો.
૨. દહાડા ભરાઈ જવા = (૧) મોત આવવું. (૨) ગુમાવનો સમય પૂરો થવા આવવો.
૩. દહાડા આંગળા = નકામા પડ્યા રહેવું; નકામો વખત ગુમાવવો.
૪. દહાડા લેવા = દહાડા ગણવા.
૫. દહાડાની ચાલ = મહયોગ
૬. દહાડે ડોળા આરે ને રાતે હીરા પારખે = મૂર્ખ પોતાનો લોભ સમય જાણી શકે નહિ.
૭. દહાડે જાગવું = પંચે જાગવું.
૮. દહાડો ખેંચવો = નકામો ખંચવો. કર્યા પણ આધા વિનાનો ઉપવાસ કરવો.
૯. દહાડો ફરવો = નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું; ભાગ્યોદય થવો; દશા ફરવી.
૧૦. દહાડો વટવો = બાળકું આવું; બેટે બેસવાના દિવસ કરતાં વધુ દિવસ પસાર થવા.
૧૧. દહાડો વળવો = (૧) કામકો થવો; કાજ થવો; કાવવું. (૨) ભાગ્યોદય થવો; સારી સ્થિતિમાં આવવું
૧૨. દહાડો વાંકો હોવો = નસીબ પ્રતિકૂળ હોવું; પડતી દશા હોવી.
૧૩. દહાડો સિકંદર થવો = ચડતી થવી; નસીબ અનુકૂળ હોવું. સિકંદર એક ગ્રીક વિજયી રાજા હતો. તે કોઈ લડાઈમાં પાછો હટ્યો નથી. તે ઉપરથી આ શબ્દ થયો એમ મનાય છે.
૩. પું. ભાગ્ય; સિતારો; સારૂંમારું ભવિતવ્ય.
૧. દહાડો આથમવો–રૂઠવો = પડતીનો વખત આવવો; પડતી દશામાં આવવું.
૨. દહાડો ઊઘડવો = સારી સ્થિતિમાં આવવું.
૪. પું. મરનારની પાછળ કરવામાં આવતું તેની ક્રિયાનું જમણ.
૫. પું. વખત; સમય.

દહાડોદહાડો (દહાડોદહાડો) પું. સૂર્ય; સૂરજ.

દહાડોદહાડો (દહાડોદહાડો) જુઓ દહાડોપાણી.

દહાડોપાણી (દહાડોપાણી) સ. ન. ન. મરનાર; મરણ પાછળની ક્રિયાનું ખરચ; મરનાર પાછળ જમણ.

દહાના ૧. [ફા.] પું. ઘોડાની લગામ.
૨. પું. નદી કે સમુદ્રનું સમપ્રવાહ.
૩. પું. મોઢું.
૪. સ્ત્રી. ઓની ગુહેંદ્રિય.

દહાર [હિ.] પું. પ્રાંત; પ્રદેશ.

દહાડું અ. ક્રિ. દાઝવું; બળવું.

દહિના ૧. [હિ.] ન. એક જાતનું ઘરતપાલ; તબલું.
૨. વિ. જમણું, ડાબાથી ઊલટું; અપસવ્ય.

દહિયક પું. દશમાંશ; દશમો હિસ્સો

દહિયલ ન. દક્ષિણ હિંદુસ્તાનનું એક જાતનું પક્ષી.

દહિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દહિવાંક વિ. ભાગ્યવાન; પ્રારબ્ધી, ભાગ્યશાળી.
દીવાણ કું દહિવાંક કું સંબાણ કુ ચરણાણ કું. દાદરસ

દહિંગલ [હિ.] પું. કોડી મકોડી ખાનાર આઠ આંખના જાણુ એક જાતનું પક્ષી.

દહીં ૧. [સં. દધિ; પ્રા. દહિ] ન. જામેલું કે જાગેલું દૂધ; દધિ; ખટાશ વડે જમાવેલું દૂધ; વૈદકમાં દહીં અગ્નિદીપક, રિનગ્ધ, રક્તપિત્તકારક, બળકારક, શુક્રવર્ધક, કફવર્ધક તથા મૂત્રકૃચ્છ્ર, અરુચિ, અતિસાર, વિષમજ્વર વગેરેને મટાડનાર મનાય છે. વરસના મોટા મોટા રોગચારોએ હાલમાં પરીક્ષા દ્વારા સિદ્ધ કર્યું છે કે દહીં સિવાય બીજો કોઈ આયુર્વર્ધક પદાર્થ મનુષ્ય માટે છે નહિ. ઇતરતી અવસ્થામાં તેનું સેવન તેઓએ ખૂબ ભલામણ કરી જણાવ્યું છે. તેઓ કહે છે કે, દહીંથી શરીરમાં જેવાં જંતુ ઉત્પન્ન થાય છે કે જે રક્તદૂષિત કરનારા જંતુઓને ખાઈ જાય છે. દહીં બે પ્રકારના છે: એક ગળ્યા કે મીઠું, જેમાંથી ઘી કે માખણ કાઢવામાં આવતું નથી. બીજું ખિચુવા કે પનિયા, તેમાંથી ઘી કે માખણ કાઢવામાં આવે છે. ક્રિદુઓમાં દહીં મંગલ દ્રવ્યોમાંનું એક મનાય છે.
૧. દહીં આઈને આવવું = નિરાંતે આવવું; કાંઈ સ્વભાવ રાખીને આવવું.
૨. દહીં દૂધમાં પગ રાખવો = અડફટૂકિયા થઈ રહેવું; બંને તરફ રહેવું.
૩. દહીં મૂકીને ચાટવું = નિરર્થક રાખી મૂકવું. કેટલીક જગ્યાએ મધ મૂકીને ચાટવું પણ બોલાય છે.
૪. દહીંનો ધોધો = એકધ્યેય નામની રમતમાં રાખવાનો એકડો.
૨. ન. જામેલું પ્રવાહી.

દહીંકૂબો પું. (જરથોસ્તી) પારસીઓમાં લગ્ન વખતે વરકન્યાએ એક બાજોઠમાંથી એકબીજાને બોલાવવાની ક્રિયા. આમાં બીજી ચીજની સાથે દહીં ખાસ હોય છે. આ ક્રિયા એમ સૂચવે છે કે, વરકન્યા લગ્નની ગાંઠથી જોડાયેલાં હોવાથી તેઓએ સાથે જમવાનું છે અને એકબીજાનાં સુખદુઃખનાં ભાગીદાર થવાનું છે.

દહીંડું (દહીંડું) ન. દહીં.

દહીંતરું જુઓ દહીંથરું.

દહીંથરું ન. દહીંના જેવી જ પોચી પાસદીના બાટમાં ખૂબ ખોલ નાખીને તળી કાઢેલી પૂરી; પણ કે મેંદાનું એક જાતનું ફરસું પકવાન.
જરૂરીઓએ તો ચુલમ કર્યો ને દહીંથરાંએ વાર્યો કાટ, કે બાજુ એકલાને આવ્યા. રઢિયાળી રાત
દાગડો દહીંથરું ખાઈ ગયો = સારી વસ્તુ ખરાબ માણસ પાસે ગઈ

દહીંપલ્લિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દહીંપગપાછું ન. બંને પક્ષમાં પગ રાખનારો તે.

દહીંપુંખિયું વિ. દૂધમાં અને દહીંમાં બન્નેમાં પગ રાખનારું; બંને પક્ષ રાખવામાં ચાલાકીવાળું.

દહીંવડું (દહીંવડું) ન. તળીને તરત દહીંમાં પલાળી રાખેલું વડું; દહીંમા બોળેલી પારી; દહીંમા બોળેલું અડદનું વડું

દહીંસો પું. કપાસનાં પાંદડાં ઉપર લાગેલ ભારી આવવાનો રોગ.

દહુમ [ફા.] વિ. દશમું.

દહેકવું અ. ક્રિ. સળગવું; બળવું.

દહેકો પું. દાવડો; દહાડો; દશ વર્ષનો સમય.

દહેજ [સં. દાય] પું. દાયજો; કરિયાવર.

દહેજ્જુ ૧. [હિ.] પું. દરીયા પરબુનાર વિષ્ણુ.
૨. વિ. દાયજામાં આપેલું.

દહેડ (દહેડ) ન. દક્ષિણ હિંદુસ્તાનનું એ નામનું એક જાતનું પક્ષી.

દહેન [સં. દહન] ન. અગ્નિસંસ્કાર; બાળવાની ક્રિયા.

દહેરાવાસી પું. મૂર્તિપૂજક જૈન ઢોકો.

દહેરું [સં. દેવગૃહ] ન. દેવનું સ્થાન; દેવાલય, મંદિર.

દહેલો પું. દશ દાણાવાળું મંજીઠનું પાનું; દહો.

દહેવું ૧. [સં. દહ્] સ. ક્રિ. સહન કરવું; ખોસવવું.

દળાવું

૨. સ. ક્રિ. ખાળવું; દહન કરવું.

દહેરાત જુ. બીજ; બાબ; કર.

દહેરાતખોર વિ. બીકણ; બકરું.

દહોંડી (દહડો) જી. દહીં મપવાનું વાસણ.

દહ્યાણું ન. ખાટીનું દહીં કે બરફ કરવાનું વાસણ.

દહોતરસો [સં. દ્વિસપ્તતિશત] વિ. બેકસો દસ.

દહોરવું ૧. સ ક્રિ. ક્રમાવું; બાટવું. લાજ મેલવવી.

૨. સ. ક્રિ. મેર્દ પણ વસ્તુમાંનું સત્ત્વ ખેંચી કાઢવું; તત્ત્વ ખેંચી કાઢવું; તત્ત્વ ગર્ભ મેલવું.

૩. [સં દુહ્] સ. ક્રિ. દૂધ કાઢવું; જનવરના આંચળમાંથી દૂધ ખેંચી કાઢવું.

૪. સ ક્રિ. સાર કાઢવો.

દહોંદ જી. બાટ, ચારણ બથવા તેના જેવા બીજા માગણ લોકોને રાજા બથવા મુકરબે પોતાની કમાણીનો દશમો ભાગ આપવો તે.

દહોંદી કું. બાટ; ચારણ. તે લોક પાસેથી કમાણીનો દશમો ભાગ માગે છે.

દા ૧. [સં.] કું. દાવાનળ.

૨. ન. જંગર; ચેટ.

દળ ૧. ન. ફોરેા વગેરે દ્વિદલ ધાન્યનાં બે ભાંકેલું એક પાડ; અરધિયું; ફાડિયું; અધેા ભાગ.

૨. ન. મગ; માવો; ગર્ભ.

૩. ન. ધાતુના ગોટાને ઘીમાં ચાંતણી બાંધ નાખી બનાવેલી એક જાતની મીઠાઈ.

૪. ન. ઇંદનો અર્ધો ભાગ; અર્ધ ગ્રહોક.
ઇંદ અર્ધને દળ કહે, ગ્રહોક અર્ધ કહે મેય.
નર્મદાશંકર

૫. ન. ખડાપણું; ઘટપણું.

૬. [સં. દલ] ન. ઝાડનું પાંદડું; પાન.

૭. ન. દાંકણ.

૮. ન. લશ્કર; સૈન્ય; ફોજ.
દળ દાબ્યાં રે વાલ્ય ઊમટ્યાં,
ગોકુળમાં ટીક્યા મોર.
લોકગીત

૯ ન. સમૂહ; જથ્થો.

દળકટક ન. લશ્કર; સૈન્ય.
દળકટક વાળી તેજબલ ઘેરે ખમાર્યો,
ઘરે ઘરે અને મોતીડે વધાવિયા રે.
લોકગીત

દળકવું અ. ક્રિ. ખાવું; ગળકવું; હલબલવું.
ખેલ કર્યો રાધાવર રમણ,
મુનિજનનાં મન દળકે રે. નરસિંહ

દળણી જી. નાની પંડી.

દળણું ૧. [સં. દલન; અપ. દલ્લ] ન. દળવાના દાણા; દરણું; દળવું; દળવાનું અનાજ; દળવાની વસ્તુ.

૧. દળણાં દળવાં – (૧) ઘણી મહેનતે થોડું કમાવું અને તેમાંથી જેમતેમ નિર્વાહ ચલાવવો. (૨) શ્રમત મહેનત કરવી; દળવું દળવા જેવું મોટી માથાકૂટનું અને કંટાળા ભરેલું કામ કરવું. (૩) કંટાળા ઉપરાંત બેટલે ન સહન થઈ શકે એવું કામ સ.ી ઉેક જ પકડી દેવું. આટો કાઢી નાખવો, કામ કરાવી કરાવીને લાડકાં પાંસળાં છેક જ નરમ કરી નાખવાં.

૨. દળણું કરવું = દાણાને ઝાટકી વીણી દળવાને જોગ બનાવવા; દળવા માટે અનાજ સાફસૂફ કરવું.

૨. ન. માથાકૂટ, પિષ્ટપેષણ; નકામી મહેનત.

દળદર ૧. [સં. દારિદ્ર] ન. ગરીબાઈ, દરિદ્રતા; દૈન્ય; ગરીબી.

૨. ન. નિરુદ્યોગીપણું; આળસ; આળસકર્મ; ઓદીપણું; અનુત્સાહ.

૩. વિ. બંદું; ગોબરું; કૃપણ દીલ્લત વાળ એવું; મનને ગમાવ થાય એવું.

દળદરખાતું ન. ગોબરું જેવું દળદરનું ઘર કે એવાં ઘરનો પ્રદેશ; 'સ્લમ.'

દળદરવાડો (દળદરવાડો) જુઓ દળદરખાનું.

દળદરી ૧. વિ. આળસુ; ઓદી.

૨. વિ. દરિદ્ર; ગરીબ; કંગાળ.

દળદાર વિ. ભારું; દળવાળું; ભારા કરનું; માવાદાર.

દળદ્રી ૧. વિ આળસુ; દળદરી; નિરુદ્યમી.

૨. વિ. કંગાલ; ગરીબ.

દળપતિ (સં. દલપતિ] પું. સેનાપતિ. લશ્કરનો સરદાર.

દળપત્ર [સં. દલપત્ર] ન. નાનું પાંદડું.

દળપાંગળું વિ. બહુ મોટા લશ્કરવાળું.

દળબદ્ધ [સં. દલબદ્ધ] વિ. ટુકડીમાં ગોઠવેલું.

દળબંજક ૧. પું. કપાળમાં ચોક્ક ટીલું હોય અને વચ્ચે બીજા રંગનો ચાંદ હોય તેવો ભેળવાળો ચોટો.

૨. પું. લશ્કરને દોરનાર માણસ જે પક્ષ વચ્ચે પુસંપ કરાવનાર પુરુષ.

દળવાઈ જી. દળવાની કોમત.

દળવાદળ ૧. ન. ઘણું વાદળનો સમૂહ; તોફાનનું વાદળ.

૨. ન. ઘણીક પરંપરાઓથી સંકોચું થઈ ગયેલું હોય એવું તે; ઘણી બાબતોના સમન્વયથી ચૂંથવાઈ જરાઈ ગયેલું એવું તે, જેમા કાંઈ સૂઝ પડે નહિ એવું અને અંધાપૂર્ણ તે; જેનો ઉકેલ થઈ શકતો ન હોય અથવા જેમાં કાંઈ સૂઝ પડે નહિ તેવું અંધાપૂંપીવાળું જે તે

૩. ન. સૈન્યના સમૂહોની અવળી; લશ્કર
અંધારના દળવાદળ અમોર છે, જાણ પ્રકાશરની પ્રભા તે કરે. જગાજ્યત

દળવી ૧ પું. લશ્કરનો ઉપરી, સેનાપતિ.

૨. જી. એ નામની એક મરાઠી બટક

૩. ન. એ નામની બટકનું માણસ

૪ વિ એ નામની બટકનું.

દળવું ૧. [સં. દલ્ (કાપવું)] સ ક્રિ આખી વસ્તુને ભાંગીને ભૂકો કરી નાખવી. કપૂતો ખરીદ વાટવા; પત્થરના બે પડવાળી ઘરીથી અનાજનો લોટ કરવો; પીસવું, ચોરી, ભાંગી, તોડી, કમરીને બારીક બાટા જેવું કરી નાખવું

૧. દળેલું કાચું = માથાકૂટનું કામ પાકું કરીથી કરવું; કંટાળાની સાથે ફરીથી પાકું તે ને તે જ કરવું.

૨. દળેલું દળવું અને ખાયેલું ખાવું = (૧) ખાલી મહેનત કરવી; કંટાળો આવે એવું કામ કરવું. (૨) ખાલુ સંતાપથી મન દુખાયા કરવું. (૩) ઘાટી કે ચોરી નાખવું.

૨. સ ક્રિ. મારી નાખવું

૩. સ ક્રિ. મુશ્કેલ કે અઘરું કામ કરવું.

૪. સ. ક્રિ. ચેટ કરવી; મહાયેતરૂં કરવું.

દળાઈ જી. દળામણ; દળામણી; દળવાની મજૂરી; દળવાનું મહેનતાણું.

દળામણ ૧. ન. દળવાનું બનાવમ; દળવાની મજૂરીના પૈસા. દળવાનું મહેનતાણું.
દળવાનું દળામણ = જેટલી મહેનત પછી હોય તેટલા પ્રમાણનો જોગ વાજબી બદલો; મહેનતનું વધારે ફળ.

૨. ન. ભૂસું, ભોસ; દળાતાં પડતો ફોતરાંનો ભૂકો.

દળામણી જી. દળાઈ; દળામણ; દળવાની મજૂરીના પૈસા; દળવાનું મહેનતાણું.

દળામું ન. દળામું; એક જાતનું વાસણ.

દળાવવું સ. ક્રિ. દળવાની ક્રિયા કરાવવી.

દળાવું ૧. અ. ક્રિ. ઉજરાવું; બીજ બળીને ભોંકો થવો.

૨. અ. ક્રિ. દળવાની ક્રિયા થવી.
દેવે દેવું દળાવું = પુષ્કળ સંખ્યામાં જોખું થવું; માણસોની બારે બીડ થવી.

૩. અ ક્રિ. હેરાન થઈ જવું, પીડાવું.

દળી જી. જેનાં બે પડની અંદર ૩ કે ૩ન બરેલ હોય એવું નાનું હળદાર પાકરાનું; પોતાના સાજમાની ચોરડી.

દળીગરા ૧. જી. એ નામની મેમળની એક અટક.
૨. ન. એ નામની અટકનું મ.વ્યક્તિ.
૩. વિ. એ નામની અટકનું.

દળીદર જુઓ દળાદર.

દંગ ૧. પું. ગભરાટ; ભય; ડર.
૨. પું. ટોળું, સમૂહ.
૩ વિ. દિઙ્મૂઢ; ચકિત; અજાયું તાજુબ થયેલું; સ્તબ્ધ; વિરમય પામેલું હોય તેવું.
૪. વિ. બેદરકાર; કાળજી વિનાનું.

દંગઈ ૧. [હિ.] વિ. ઉગ્ર; પ્રચંડ.
૨. વિ. કજિયાખોર; તોફાની; ઉપદ્રવી.

દંગડી (દંગડો) જી. ઘાસ મેચવાની ઘાટી; ઘાસ ભભર.

દંગલ ૧. [હા.] ન અખાડો; મલ્લયુદ્ધનું સ્થાન. દંગલમાં ઊતરવું = કુસ્તી કરવા અખાડામાં જવું.
૨. ન. કુસ્તી; મલ્લોનું યુદ્ધ.
૩. ન. કુસ્તીની હરીફાઈ.
૪. ન. ઝાવણી.
૫. ન. ટંટો; તકરાર; ઝમેલો; કજિયો.
૬. ન. સમૂહ; સમાજ; જમાત.

દંગલસંગલ ન. ઝાવણીનો સરસામાન.

દંગસ્ત ૧. જી. ગાઝીપુરના રજપૂતોની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દંગાખોર [હા. દંગહ] વિ. કજિયો કરનાર; બંડખોર.

દંગાફિસાદ (દંગોફિસાદ) [હા.] પું. લડાઈ; ટંટો; ફુલ્લડ; ફિતૂર.

દંગાબાજ [હા.] વિ. તોફાની; કજિયાખોર; બખેડાખોર; બંડખોર.

દુંગિયલ જુઓ દંગર્ડ.

દંગી ૧. જી. ઘાસની ગંજી.
૨. જી. બને બાજુ અણીવાળા મોરાવાળું વહાણ.

દંગો ૧. પું. પ્રકાર; ઝાવણી.
૨. પું. બંડ કે તોફાન મચાવવું તે; ફુલ્લડ કરવું તે; બખેડો; ફિતૂર; ફિસાદ.

દંગોફિસાદ (દંગોફિસાદ) [હા.] પું. લડાઈ; ટંટો; ફુલ્લડ; ફિતૂર; ઝમેલો.

દંડ [સં.] સ. ક્રિ. (ધાતુ) શિક્ષા કરવી. તે ઉપરથી અનેક શબ્દ: દંડ, દંડક, દંડનાયક.

દંડ ૧. [સં.] પું. અભિમાન; ગર્વ.
૨. પું (પુરાણ) ઇક્ષ્વાકુ રાજાના સો માંહેનો એ નામનો એક પુત્ર. તેના નામ ઉપરથી દંડકારણ્ય નામ પડ્યું છે.
૩. પું. એ નામનો એક ભોગ.
૪. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે ક્રાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૬૪ લઘુ અને ૧૬ ગુરુ મળી ૮૦ અક્ષરની ૬૬ માત્રા હોય છે.
૫. પું. એક પ્રકારની કસરત; શરીરને દંડની માફક રાખી ઊંબુનીચુ કરવાની કસરત. દંડમાં બે હાથ વચ્ચે પોતાના એક હાથ જેટલું અંતર રાખવું. બે પગ વચ્ચે પણ તેટલું જ અંતર રાખવું. પછી નાભિ તરફ જોઈ શ્વાસ લેવો અને દંડ પૂરો થાય ત્યારે એ જ રખે જોઈ શ્વાસ મૂકવો. હાથ અને પગ વચ્ચે પાંચ ફૂટ અંતર રાખવું. વ્યાયામ વિદ્યામાં દંડના ઘણા પ્રકાર બતાવ્યા છે. જેમકે, પાલદંડ, મૃદ્વદંડ, ગદાદંડ, પાઉરસી, મયૂરદંડ, ચક્રદંડ, ભાજરદંડ, ફિરદંડ, ભગલમાર, ધીરદંડ, અરબદંડ, સાદા દંડ, ઊંચકો દંડ, ઝટકા દંડ, બાબદંડ, મચ્છીદંડ, મગરદંડ.
૬. પું. એકબો ૭ આંગળનું એક માપ.
૭. પું. કડક હુકમ કે આજ્ઞા; શિક્ષારૂપી કાનૂન.
૮. પું. (પુરાણ) કર્યું મારેલો પાંચમ પક્ષનો એ નામનો એક રાજા.
૯. પું. કાળ; સમય.
૧૦. પું. ક્રિયાઓનાં વહીવટન અને પરાવર્તનને પરિણામે થતો એક ચમત્કાર.
૧૧. પું. (પુરાણ) કુબેરનો એ નામનો એક પુત્ર.
૧૨. પું. (જૈન) કેવળ સમુદ્‌ઘાત વખતે લાકડીના આકારે આત્માના પ્રદેશ વિસ્તારવા તે.
૧૩. પું. ખૂણો.
૧૪. પું. ધોકો.
૧૫. પું. (જૈન) ચક્રવર્તીનાં ચૌદ માંહેનું એ નામનું એક રત્ન; દંડરત્ન.
૧૬. પું. ચાર પગલાંના પ્રમાણનું માપ અને હાથની લંબાઈનું માપ.

૮	અણુ	= રજ
૮	રજ	= વાળ
૮	વાળ	= લિક્ષા
૮	લિક્ષા	= યૂકા
૮	યૂકા	= યવ
૮	યવ	= અંગુલ
૨૪	અંગુલ	= હાથ
૪	હાથ	= દંડ
૧૨	દંડ	= રજ્જુ.
૨૦૦૦	દંડ	= ક્રોશ

૧૭. પું (જૈન) જેથી આત્મા દંડાય તેવી મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવી તે.
૧૮. પું. ઝાડનું ડાળું.
૧૯. પું. ટૂંકો, સીધો કડક કટકો કે અવયવ: બકાથી કોણી સુધી અને કોણીથી પંજા સુધીનો દંડા જેવો સીધો અવયવ; બજરંડ; બાહુ.
૨૦ પું. ત્રાજવાની દાંડી.
૨૧. પું. દમન; શાસન. સન્યાસીઓ માટે ત્રણ પ્રકારના દંડ છે: વાગ્દંડ એટલે વાણીને વશમાં રાખવી તે; મનોદંડ એટલે મનને વશમાં રાખવું તે અને કાયદંડ એટલે શરીરને કષ્ટ સહન કરવાનો અભ્યાસ પાડવો તે. સન્યાસીઓ ત્રિદંડ રાખે છે તે આ ત્રણ દંડનું સૂચક ચિહ્ન છે
દંડ ગ્રહણ કરવો = સંન્યાસ લેવો.
૨૨. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એ નામનો એક રાજા તે વિદર્ભ રાજાનો પુત્ર હતો.
૨૩. પું. ધ્વજ વગેરેની દાંડી.
૨૪ પું પાણી ગરમ કરતાં પાણીમાં આથતો ઊકળો.
૨૫ પું. જાહલ્લાને કરવાનો ઉદ્યમ
૨૬ પું મુદ્‌ગર; ધોકો
૨૭ પું મેઘ અથવા વાદળામાં ચિત્રવિચિત્ર રંગની લાકડી જેવો દેખાતો આકાર; દંડાકાર એક ગ્રહ.
૨૮ પું. યમ.
૨૯ પું રવૈયો
૩૦. પું વિષ્ણુ. દમન કરનારાઓનું દમન તે છે, તેથી તે દંડ કહેવાય છે.
૩૧. પું. નેત્ર; છડી; રાજદંડ.
૩૨ પું. સંપુટાકાર અને બાજનાકાર દંડો; રક્ષણનું સાધન; છત્રીસ માંહેનું એક દંડાયુધ.
૩૩. પું. શરણે આવેલાનું રક્ષણ.
૩૪. પું. શિક્ષા; સજા; નસિયત.
૩૫. પું. શિક્ષારૂપે કહાવેલ નાણું, કરજા કે બંધનને બદલે શિક્ષા તરીકે લેવાનું નાણું; અર્થદંડ. રાજશાસન માટે સામ, દાન, ભેદ અને દંડ એ ચાર નીતિ હિંદુ શાસ્ત્રોમાં કહી છે. આપણા દેશમાં પ્રજાના શાસન માટે જે દંડનીતિનો રાજા આશ્રય લે છે તેનું વિસ્તૃત વર્ણન સ્મૃતિ ગ્રંથોમાં આપવામાં આવ્યું છે. આના ત્રણ પ્રકાર છે: ઉત્તમ સાહસ, મધ્યમ સાહસ અને પ્રથમ સાહસ. અગ્નિપુરાણ અને અર્થશાસ્ત્રમાં ભીન્ન દેશોની દંડવિધિનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે. ગાંધીજી કહે છે કે: બળાત્કારથી સુધારો કરવાનો રિવાજ જ્યાં પડી ગયો છે ત્યાં લોહી મદ ને જડ જેવા બને છે ને દરેક બાબતમાં દંડનો જ ઉપયોગ કરવાનો આગ્રહ ને જરૂરી ઇલાજ લેવામાં આવે છે, તેથી માણસ પોતાના બે મોટા કીમતી ગુણો ખોઈ બેસે છે: ધીરજ અને પ્રયત્ન.

૩૬ પું. શિવ; શંકર.
૩૭ પું. સૂર્યનો એ નામનો એક પાર્ષદ; દંડી.
૩૮. પું. (પુરાણ) સૂર્યવંશી અદ્ધાશ્વ રાજાનું બીજું નામ.
૩૯. પું. સૈન્ય; લશ્કર.
૪૦. પું ઢાયમાં ઝાડવાની લાકડી; જેષ્ટિકા; જતી વખતેરનો દાંડો; લાકડો. સ્મૃતિઓમાં આશ્રમ અને વર્ણ અનુસાર દંડ ધારણ કરવાની વ્યવસ્થા છે. ઉપનયન સંસ્કાર વખતે મેખલા વગેરેની સાથે બ્રહ્મચારીને દંડ પણ ધારણ કરાવતા હતા. પ્રત્યેક વર્ણના બ્રહ્મચારીને માટે જુદા જુદા પ્રકારના દંડની વ્યવસ્થા છે. બ્રાહ્મણે બીલી કે પલાશનો દંડ માથા સુધી ઊંચો, ક્ષત્રિયે બોરનો દંડ કપાળ સુધી ઊંચો અને વૈશ્યે ગૂલર કે પલાશનો દંડ નાક સુધી ઊંચો ધારણ કરવો જોઈએ. શૂદ્રસ્મો માટે મનુએ વાંસના દંડની બદલી રાખવાનો આદેશ દીધો છે. સંન્યાસીઓમાં કુટીચક અને બહૂદક ભિક્ષુ, હંસે એક વાણુદંડ અને પરમહંસે પણ એક દંડ ધારણ કરવો જોઈએ. કોઈ કોઈ મતમાં સંબેલ છે કે પરમહંસ પરમજ્ઞાનને પહોંચેલ છે તેથી તેને દંડ વગેરે ધારણ કરવાની આવશ્યકતા નથી. રાજા શાસન કે પ્રતાપપ્રભુત્વ એક પ્રકારનો રાજદંડ ધારણ કરે છે.
૪૧. ન. (શિલ્પ) એક જાતનું ત્રિકાણ ઘર છાગી અને આગી એ બે શાળાઓ જે ઘરમાં જોડી હોય તે દંડ નામનું ઘર કહેવાય. તેનું મૂળ ધનનો નાશ કરનારું છે.
૪૨. ન. એક પ્રકારનું માપવું.
૪૩. ન. તગરનું ઝાડ.
૪૪ ન (સંગીત) તાલનાં મુખ્ય છ ભાગેનું ત્રીજું અંગ. લઘુ આત્ર.
૪૫ ન. આઠ પળનો સમય
દંડક ૧. પુ એ નામનો કાશ્યપવંશીનો એક દેશ
૨. પું. એક પ્રકારનો ચાતરોગ.
૩ પું કથન, વર્ણન.
૪. પુ. (પિંગળ) છન્દોજ્ઞ કે તેથી વિશેષ અક્ષરનો એક છંદ. તેમાં એક ચરણમાં જેટલા વર્ણ આવે તેટલા જ વર્ણ ચારે ચરણમાં લાવવામાં આવે છે.
૫. [સ] પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, નગણ, તગણ, નગણ, તગણ અને નગણ મળી અઠ્ઠાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. દંડી તે ધૃતિ છંદનો એક ભેદ છે.
૬. પું દસ દેનાર માણસ; રાજક.
૭. પું. (જૈન) નમોત્થુણ આદિ પાઠ.
૮. પું. (જૈન) નારકી આદિ ચોવીસ દંડક.
૯. પું. લાકડી; દંડો; દંડુકો.
૧૦. પું. બીજીનો કાટો.
૧૧. પું. (સંગીત) શુદ્ધ રાગનો એક ભેદ.
૧૨. પું. (પુરાણ) સૂર્યવંશનો ઇક્ષ્વાકુના સો પુત્રોનો ત્રીજો પુત્ર. તે શુક્રાચાર્યનો શિષ્ય હતો અને જન્મથી મૂઢ અને ઉન્મત્ત હતો. એને વિન્ધ્યાદ્રિ-અને શૈવલ પર્વત ઉપર અધિપતિપણું આપ્યું હતું. એક વખત આ રાજા પોતાના પુરોહિતને આશ્રમે ગયો હતો, તે વખતે ઋષિ ઘેર ન હતા. દંડે ગુરુકન્યા અરજાને દીઠી અને પોતે કામાતુર થઈને એને પકડવાને દોડ્યો અરજાએ કહ્યું, મારા પિતાની પાસે તું મારી માગણી કર અને જો આવે એટલે પાણિગ્રહણ વિધિથી તું મને પરણ. પરંતુ ઉન્મત્તપણામાં અરજાનું કહ્યું ન માનતાં તેણે તેના ઉપર બળાત્કાર કર્યો. ઋષિને આ વાતની જાણ થતાં એને શાપ આપ્યો કે, આ રાજા જાય, કોઈ પણ દિવસ સહિત સાત દિવસમાં ક્ષારમ થઈને નાશ પામશે. એ પ્રમાણે બધું ક્ષારમ થઈ ગયું અને એનો દેશ ઉજ્જડ થઈ ગયો. દેશનું નામ દંડક હતું, તે ઉપરથી દંડકારણ્ય પડ્યું
૧૩. ન. (શિલ્પ) એક જાતનું ત્રિકાણ ઘર. વરસ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે દંડક કહેવાય છે.
૧૪. ન. દક્ષિણના પ્રાંતમાં એ નામનું એક વન; દંડકારણ્ય; નર્મદા અને ગોદાવરી વચ્ચે આવેલું એક પ્રાચીન વન.
૧૫. ન. માથામાં પહેરવાનું એક ઘરેણું
દંડકજ્વર [સં.] પું શરીરના દુખાવાવાળો તાવ; ટૂટિયું; રેંજીલું. વાત અને શ્લેષ્મના પ્રકોપથી એક જાતના તાવરાની પીડા આ તાવ આવે છે અને બાવડો તથા પગને પહેલે ત્રાસ આપે છે. તેમાં શરીરને ખૂબ માર પડ્યો હોય તેમ બધાં હાડકાં અને સાંધામાં વેદના થાય છે. બધાં અંગોમા ચારાકરતી રહેવા જેવો લાગે રેમનો સોલે કરતો કરે છે અને તે તે ભાગના સાંધાઓમાં શૂળ આવે છે. સ્વેદાગમ, ખાસી વગેરે થાય છે. આ જ્વરિ પોતાની મેળે જ ચોથે કે આઠમે દિવસે મટી જાય છે, પણ સાંધાઓ ઘણા દિવસ સુધી દુઃખે છે.
દંડકટક [સં.] પું. રવૈયો જેમાં બંધાય છે તે સાધન.
દંડકત્રિભંગી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અર્ધ. આ છંદ ૩૦ વર્ણનો એક દંડક છે, માટે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ અને આઠ રગણ મળી ત્રીસ અક્ષર હોય છે.
દંડકલા પું. (પિંગળ) અગીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧ માત્રાએ તાલ આવે છે. તેમાં જગણ આવતો નથી.
દંડકા [સં.] સ્ત્રી. દંડકારણ્યની ભૂમિ; નર્મદા અને ગોદાવરી વચ્ચેનો પ્રદેશ; દંડક વનમાં જનસ્થાન નામનું વન. તેમાં રામચંદ્રજી રહેતા
દંડકાઢક [સં.] પું. એક જાતનો ક્ષત્રવો.
દંડકાકડી [સં] સ્ત્રી. એક જાતની કાકડી.
દંડકાનૂન પું. ફોજદારી કાયદો.
દંડકારણ્ય જુઓ દંડકારણ્ય.
દંડકારણ્ય [સં.] ન. ઇક્ષ્વાકુના ત્રીજા પુત્ર દંડ રાજાનો પ્રદેશ. એક વખત કોઈ એક ભૃગુકુલોત્પન્ન ઋષિના શાપથી તેનો આખો યોજનના વિસ્તારવાળો દેશ નાશ પામી અરણ્ય જેવો થઈ ગયો. તેથી તેનું નામ દંડકારણ્ય પડ્યું. એ અરણ્ય વિરાધ હતું. રામ અને સીતાના આ રણ્ય સંબંધી ઘણા પ્રસંગો છે. એ અરણ્યમા છૂટાછવાયા ઋષિઓના આશ્રમો હતા. આ અરણ્યમાં હિંસક પ્રાણીઓ અને રાક્ષસો ઘણા રહેતા. આ જંગલ ચિત્રકૂટ પર્વતથી ગોદાવરી નદીના મૂળ સુધી વિસ્તરી રહ્યું હતું કોઈપીના વચનથી સીતા અને લક્ષ્મણને સાથ લઈને રામચંદ્રજી આ વનમાં તેમના વનવાસ દરમિયાન લાંબો વખત રહ્યા હતા. શૂર્પણખાનાં નાક કાન અહીં જ કાપવામાં આવ્યાં હતાં તથા સીતાહરણ પણ અહીં જ થયું હતું

કાલમા મહારાજ્ય છે જ્યાં દંડકારણ્ય નામનું એક ભાગ્યશ જનપદ હતુ અને તેની અંદર ક્રૂર રાક્ષસો વસેલા હતા. કાલિકાપુર

દંડકારણ્યપાવન [સં.] પું. પુરુષોત્તમનાં હલકાં ભાંડેનું એક નામ.
દંડકાલસક પું. શરીરમાંનો એક વિકાર, તેમાં આખુ શરીર લાકડાની માફક કઠોર થઈ જાય છે. આ વિકારથી કરડી જલદી મરણ પામે છે. આ રોગ ઉપર દવા કામ કરી શકતી નથી.
દંડકી [સં.] સ્ત્રી. ડોલડાં ડોલવું.
દંડકેતુ [સં.] પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.
દંડક્રમ [સં.] સ્ત્રી. વેદની ઋચા માંહેની એક વિકૃતિ; વેદપાઠ કરવાની એક રીત. વેદની ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ઘનક્રમ, દંડક્રમ અને ઘન એમ આઠ વિકૃતિ કહેવાય છે.
દંડક્ષમા [સં.] સ્ત્રી. શિક્ષાની માફી.
દંડખેડી [સં. દણ્ડખેડિન્] પું. રાજાથી દબાયેલ કષ્ટ ભોગવતો મનુષ્ય; દંડથી દુઃખી વ્યક્તિ. પ્રાચીન કાળમાં ભિન્ન ભિન્ન અપરાધોને માટે

હાથ પગ કાપવામાં આવતા, અંગ અપાવામાં આવતું. આથી દંડિત માણસ ઘણા દિવસો સુધી કષ્ટ ભોગવતો. કૌટિલ્યે આવી વ્યક્તિઓના કષ્ટનો ઉપાય કરવાની વ્યવસ્થા કરી હતી.

દંડખોર વિ. વારંવાર દંડ ભોગવ્યા કરનારું.

દંડગૌરી [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

દંડગ્રહણ [સં.] ન. સંન્યાસની દીક્ષા લેવી તે.

દંડધારક [સં.] વિ. દંડ ધારણ કરનાર.

દંડન ૧. [સં.] વિ. દંડથી ઘાત કરનાર; લાકડીથી મારનાર.

૨. વિ. દંડને નહિ માનનાર; રાજાએ કરેલ દંડની વ્યવસ્થાનો ભંગ કરનાર.

દંડનદન્યાય [સં.] પું. એક જાતનો ન્યાય. કુંભારના દંડ વડે ચક્ર ફરે છે અને ચક્ર ફેરવવામાં દંડની અપેક્ષા છે. તેવી રીતે એક વસ્તુને બીજીની આસ જરૂર હોય ત્યારે આ ન્યાય વપરાય છે

દંડધારી [સં. દંડધારિન્] પું. સેનાપતિ.

દંડનેર પું. એક જાતની કસરત; બે હાથ અને બે પગ ઉપર શરીર લાંબું રાખી ખભાથી નીચું નમી બે ખભા વચ્ચેથી ઉપર નીચે શરીર ચઢાવવાની ક્રિયા. લગભગ અર્ધ 'દંડના જેવી ક્રિયા આ દંડમાં કરવાની હોય છે. તેથી ખભા, હાથ અને છાતી મજબૂત થાય છે.

દંડકમા [સં.] સ્ત્રી. દાંડીથી વગાડાતું નગારું.

દંડતાડન (દંડતાડન) [સં.] પું. એક નામનો એક નરકકુંડ.

દંડતાડી [સં.] સ્ત્રી. એક જાતનું વાદિત્ર; ડાંડર.

દંડતીર્થ [સં.] ન. મહાભારતમાં બતાવેલું એક પ્રાચીન તીર્થ.

દંડધોર પું. એક જાતની ઉપયોગી ઔષધિ. તેને ગુહ્ય કરીને વાપરવી જોઈએ. બાફ કરીને ચોરની રાખને પાણીમાં ઓગાળી, ગાળી અને પાણી ઉડાડીને જે ખોરાક ખૂબી કે ઉપચાર રહે તે જ રીતે વપરાય છે. પેટનું ગુલ્મ, પેટનો દુખાવો, ઊબકો, વીર્યસ્રાવ, જલોદર, ક્રોધ, પથરી, હરસ, બરાર અને બરોળનાં દરદોમાં આ ઔષધિ વપરાય છે. એનું દૂધ પણ ગુહ્ય કર્મો પછી ઉપરનાં દરદોમાં આપાય છે. દૂધ તથા ઉપક્ષાર ખુબાણ ગાવનારી દવા છે. ઉપક્ષારની માત્રા ૪થી ૧૦ ગ્રેન અને દૂધની માત્રા ૨થી ૪ ટીપાં છે.

દંડદાહ [સં.] પું. ભયંકર દંડ; બહારવટિયાનું એક ઉપકરણ.

દંડદાસ [સં.] પું. દંડના રૂપિયા નહિ ભરી શકવાથી દાસ થઈ નોકરી કરનાર માણસ; ગુલામ.

દંડધર ૧. [સં.] પું. કાળ; યમ; યમરાજ.

૨. પું. કુંભાર.

૩. પું. ચોપદાર; સૈનિક; સિપાઈ.

૪. પું. દંડ ધારણ કરનાર રાજા; શાસનકર્તા.

૫. પું. સંન્યાસી.

૬ વિ. દંડ કરવાના અધિકારવાળું.

૭. વિ. લાકડી ધારણ કરનાર.

૮. વિ. શિક્ષા કરનાર.

દંડધરશિલ્પ [સં.] ન. કલ્પ બાંધો શિલ્પશાસ્ત્રના પાડેલા ચોદ માર્ગનો એક વિભાગ. તેના રચાયક શેષ મુનિ હતા. તે આજ અતલ લોકમાં પ્રવર્તમાન મનુ.

દંડધાર ૧. [સં.] પું. (પુરાણ) અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

૨. પું. કાળ; યમ.

૩. પું. કુંભાર.

૪. પું. (પુરાણ) કોશલાધીપે મારેલો પાંડવ પક્ષનો એક રાજા.

૫. પું (પુરાણ) પૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૬. પું. (પુરાણ) યુધિષ્ઠિરનો આરક્ષક એક પાંચાળ. તેને કર્ણે માર્યો હતો.

૭. પું. રાજા; કડવર.

૮. વિ. લાકડી ધારણ કરનાર.

૯. વિ. શિક્ષા કરનાર.

દંડધારક જુઓ દંડધાર.

દંડધારણ ૧. [સં.] ન. દંડ ધારણ કરવો તે; સન્યાસ.

૨. ન. શાસન; રાજ્ય કરવું તે.

દંડધારણા [સં.] સ્ત્રી. ભૂમિ કે પ્રદેશના પ્રબંધ કે શાસનને માટે રાખવામાં આવતી સેના.

દંડધારી ૧. [સં. દંડધારિન્] વિ. દંડ અથવા લાકડી રાખી હોય એવું; દંડ ધારણ કરનાર.

૨. વિ. સત્તા ધરાવનાર.

દંડધૌતિ જુઓ દંડધૌતી.

દંડધૌતી [સં.] સ્ત્રી. (યોગ) અન્નનલિકાને ભણતી કે વગેરે દૂર કરવાની એક ક્રિયા. કેળનો પાતળો દંડ, નેતરની પીલી સળી તથા તાંબા કે સોનાની સળાઈ ઉપર મલમલ વીંટાળી તેને ઔષધ દોરાથી સારી રીતે સીવી તેનાથી અન્નનલિકાની ક્રિયા થાય છે. આ ક્રિયાને ગજ અથવા દંડધૌતિ પણ કહે છે. આ ક્રિયાથી કફ વગેરે દૂર થયા ઉપરાંત હરસના રોગ પણ દૂર થાય છે.

દંડન [સં.] ન. શિક્ષા કરવી તે; દંડ કરવો તે; સજા કરવી તે.

દંડનગર [સં.] ન. બીજા પૈકીની એક જાતનું નગર; પાયદીપને આવેલું જાંબું શહેર.

જે નગર જાંબું હોય તેનું નામ દંડનગર.

રાજવલ્લભ

દંડનાયક ૧. [સં.] પું. સેનાપતિ.

૨. પું. ન્યાયાધીશ; ન્યાય આપવાનો ઉપરી અધિકારી; જેને દંડ કરવાનો અધિકાર છે એવો ન્યાયાધીશ.

૩. પું. પોલીસ ખાતાનો ઉપરી અમલદાર; પોલીસનો વડો અમલદાર.

૪. પું યમ.

૫. પું. રાજા; હાકેમ

૬. પું. સિપાઈ; રક્ષક.

૭. પું. સૂર્યનો એ નામનો એક અનુચર.

૮. પું. સેનાપતિ.

દંડનિકા સ્ત્રી. ડાંગ; લાકડી.

દંડનિબંધ [સં.] પું. ફોજદારી કાયદાનો સંગ્રહ; 'પીનલ કોડ'

દંડનિયમ જુઓ દંડનિબંધ.

દંડનિસ્તાર [સં.] પું. અભયપત્ર; સજા ન થવાની ખાતરી.

દંડનીતિ ૧. [સં.] સ્ત્રી. અર્થશાસ્ત્ર.

૨. સ્ત્રી. ન્યાયવર્તાવટ; ન્યાય આપવાનો અધિકાર.

૩. સ્ત્રી. પ્રજાપાલન વગેરે રાજ્યના અહોભરત માટે આવશ્યક, શુક્રાચાર્ય વગેરેએ બાંધેલ નિયમ; રાજનીતિવિદ્યા; શાસનપદ્ધતિ.

૪. સ્ત્રી. રાજ્યશાસન માટેની દંડ વગેરેની વ્યવસ્થા; શિક્ષા કે સજાનો નિયમ.

૫. સ્ત્રી. સેના વગેરે વડે બળપ્રયોગ કરવાની વિધિ.

દંડનીય [સં.] વિ. દંડવા યોગ્ય; શિક્ષા કરવા યોગ્ય, સજાને લાયક.

દંડનીયતા [સં.] સ્ત્રી. શિક્ષાને યોગ્ય હોવાપણું; દંડવા યોગ્યપણું.

દંડનીયત્વ જુઓ દંડનીયતા.

દંડનેતા ૧ [સં. દંડનેતૃ] પું. દંડનાયક.

૨. પું. યમ

૩. પું. રાજા.

દંડનેતૃતા ૧. [સં.] સ્ત્રી. દંડનાયકપણું.

૨. પું. યમપણું.

૩. પું. રાજાપણું.

દંડનેતૃત્વ જુઓ દંડનેતૃતા.

દંડન્યાય [સં.] પું. ફોજદારી રાહે ક્રમ ચલાવવો તે; અભિયોગ; 'પ્રોસિક્યૂશન.'

દંડન્યાયકર્મ જુઓ દંડન્યાય.

દંડન્યાયાધીશી સ્ત્રી. ફોજદારી અદાલત.

દંડન્યાયાસન [સં.] ન. ફોજદારી અદાલત.

દંડપ ૧. [સ.] પુ. દંડપાલક રાજા.
૨. પું. યમ.

દંડપતિ ૧. [સં.] પું. સેનાપતિ
૨. પું. કારકૂન; રાજા.

દંડપથ [સં.] પું. માણસો વગેરેને ચરવા જવાનો માર્ગ કેડી.

દંડપાણિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો રાજા; સિદ્ધાર્થનો મામો અને સસરો. તેની યોષા નામની કન્યાને સિદ્ધાર્થ સાથે પરણાવી હતી.
૨. પું. કાશીમાં ભૈરવની એક મૂર્તિ. કાશીખંડમા લખ્યું છે કે, પુર્ણભદ્ર નામનો એક યક્ષ હતો. તેને હરિકેશ નામે એક પુત્ર હતો. તે મહાદેવનો પરમ ભક્ત હતો. એક વાર જ્યારે તેણે ઘોર તપ કર્યું, ત્યારે પાર્વતી સહિત મહાદેવ તેની પાસે આવ્યા અને બોલ્યા કે, તું કાશીનો દંડપાણિ થા. ત્યાં તું દુષ્ટોનું શાસન અને સાધુઓનું પાલન કર. સંભ્રમ અને ઉદ્ભ્રમ નામના મારા બે ગણ તને સદા મદદ કરવા માટે તારી પાસે રહેશે. તારી પૂજા કર્યા વગર કોઈ કાશીમાં મુક્તિ નહિ પામી શકે.
૩. પું. કાળભૈરવ.
૪. પું. યમ.
૫. પું. રાજા.
૬. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પાંડવના વંશમાં જન્મેલા વહ્નિતર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ નિમિ હતું.
૭. પું. હાથમાં દંડ ધારણ કરી ઊભેલો પ્રતિહાર; દરીદાર.
૮. વિ. જેના હાથમાં દંડ હોય તેવું.

દંડપાત ૧. [સં.] પું. અપરાધ બદલ દંડની રકમ કે સજા.
૨. પું. એક પ્રકારનો સન્નિપાત. તેમાં રોગીને ઊંઘ નથી આવતી અને માંડાની માફક તે અહીંતહીં ઘૂમ્યા કરે છે.
૩. પું. દંડનું પડવું તે; લાકડીનો પ્રહાર.
૪. પું. લાકડીની પેઠે જોર ઉપર લાંબા થઈને પડવું તે.

દંડપાતનક્વાથ પું. કણથી વીંટાયેલો વાયુ. તે ઘોરી નસોમાં હોય ત્યારે ઘોરી નસો લાકડીની પેઠે સજ્જડ થઈ જાય છે અને શરીર હાથી ઉપર બેઠેલાની પેઠે વારંવાર ડોલ્યા કરે છે.

દંડપારુષ્ય ૧. [સં.] ન. અન્યાય કરવો તે; પક્ષપાત.
૨. ન. શારીરિક ત્રાસ.
૩. ન. સખ્ત સજા; તીક્ષ્ણ દંડ; ખાતરી શિક્ષા; રાજા, અમલદાર વગેરેથી થતી સાત પ્રકારની એક પ્રકારની મખ્ત સજા.
૪. ન. હુમલો; હલ્લો.

દંડપાર્શ્વી [સં. દંડપાર્શ્વિન્] વિ. યોગ્ય અપરાધને માટે ભારે શિક્ષા કરનાર.

દંડપાલ ૧. [સં.] પું. એક પ્રકારનું માણસું.
૨. પું. ચોકીપહેરો, રક્ષણ.
૩. પું. ચોકીદાર, દરવાન; દ્વારપાલ.
૪. પું. સરકારની આવ ખોરાકીની વ્યવસ્થા રાખનાર અમલદાર.
૫. પું. વડો ન્યાયાધીશ.
૬. ન. મુખ્ય અદ્દાર માટેનું એક તીર્થ.
૭. વિ. હાથમાં લાકડી રાખનાર.

દંડપાલ અધિકારી પું. રક્ષકાધિકારી, પોલીસ અમલદાર.

દંડપાલક જુઓ દંડપાલ.

દંડપાલદલ [સં.] ન. રક્ષક સેના; પોલીસ ફોજ.

દંડપાલદિનકર્મ [સં.] ન. પોલીસની રોજનીશી.

દંડપાલનાયક [સં.] પું. રક્ષકાધ્યક્ષ, દંડનાયક; પોલીસ ખાતાનો મુખ્ય અધિકારી; 'પોલીસ કમિશનર.'

દંડપાલનિરીક્ષક [સં.] પું. સરજોન્દાર; 'પોલીસ ઇન્સ્પેક્ટર.'

દંડપાલપરીક્ષા [સં.] સ્ત્રી. પોલીસ તપાસ.

દંડપાલ બાદ્ધ અપરાધ પું. પોલીસના અધિકારનો ન હોય એવો ગુનો.

દંડપારાક ૧. [સં.] પું. દંડ દેનાર પ્રધાન કર્મચારી.
૨. પું. શિરચ્છેદ કરનાર માણસ; ખાતક; જલ્લાદ.

દંડપારિક [સં.] પું. ફાંસીએ દેવાનું કામ કરનાર માણસ.

દંડપાંચુલ [સં.] પું. દ્વારપાલ, પહેરેગીર, ચોકીદાર.

દંડપ્રક્ષ્યન [સં.] ન. દંડવું તે; શિક્ષા કરવી તે.

દંડપ્રણામ [સં.] પું. દંડવત પ્રણામ; જમીન ઉપર લાકડીની માફક પડીને વંદન કરવું તે; સાષ્ટાંગ પ્રણામ; સાદર અભિવાદન.

દંડપ્રતિકર્તા પું. કેદી.

દંડપ્રહાર [સં.] પું. લાકડીનો માર.

દંડફેરાઈ સ્ત્રી. ગુનેગારને દંડની સજા કરવાથી થયેલી આવક; દંડનાં નાણાંની આવક; શિક્ષારૂપે ગુનેગાર પાસેથી લેવાયેલી દંડની આવક.

દંડફુદડી (દડ્ડફુદ્દી) સ્ત્રી. એક જાતની રમત. તેમાં બે છોકરીઓએ એકમેકની સામાં મોઢાં રાખીને ઊભા રહેવું. પછી દરેકે પોતાના જમણા હાથથી સામેની છોકરીનો ડાબો હાથ અને ડાબા હાથથી જમણો હાથ પકડવો અને પછી બે હાથની કુદડી પ્રમાણે ગોળ ફરવું. ફરતી વખતે શરીરનો ઝોક પાછળ રાખવો

દંડબદ્ધ [સં.] પું. ફોજદારી કેદી, અપરાધી બંદી

દંડબલ [સ. ન. સૈન્યબળ

દંડબાલધિ [સ.] પું. હાથી.

દંડબાહુ [સ.] વિ. દંડાકાર હાથવાળું.

દંડબૈઠક સ્ત્રી. કસરતનો એક પ્રકાર.

દંડભી ૧. વિ. દંડથી બીનાર.
૨. વિ. (જૈન) પાપ પ્રવૃત્તિથી બીનાર.

દંડભીતિ [સં.] સ્ત્રી. દંડની બીક; શિક્ષાનો ભય.

દંડભૃત ૧. [સ. દણ્ડભૃત્] પું. કુંભાર; કુલાલ.
૨. પું. યમ.
૩. પું. રાજા.
૪. વિ. દંડો રાખનાર; દંડો ફેરવનાર.
૫. વિ. લાકડી ધારણ કરનાર.

દંડમરણ [સ.] ન. એક જાતનું મરણ. તે દબાવમાં મરેલા આસારનું હોય છે.

દંડમાનવ ૧. [સં.] પું. બાળક; છોકરો.
૨. પું. સરદાર; આગેવાન; અગ્રેસર.
૩. પું. સન્યાસી.

દંડમુક્તિ [સં.] સ્ત્રી. શિક્ષાની માફી.

દંડમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા. તેમાં મૂઠી બીડી વચલી આંગળી લાંબી કરવામાં આવે છે.

દંડયષ્ટિ ૧. [સં.] સ્ત્રી. આડસર; મોભ.
૨. સ્ત્રી. પકડી દાંડી

દંડયાત્રા ૧. [સં.] સ્ત્રી. દિગ્વિજય માટે પ્રયાણ; શત્રુને શિક્ષા કરવા માટે પ્રયાણ; સેનાની ચઢાઈ.
૨. સ્ત્રી. મોટા હલ્લાબોલથી હલ્લો માણસ સહિત ચાલવું તે
૩. સ્ત્રી. વરઘોડો.

દંડયામ ૧. [સ.] પું. અગસ્ત્ય મુનિ.
૨. પું. દિવસ, દિન.
૩. પું. યમ.
૪. પું. રાજા.

દંડયોગ ૧. [સં.] પું. દંડનો યોગ; શિક્ષાનો સયોગ.

૨ પું (જ્યોતિષ) સૂર્ય નક્ષત્રથી ૭મું નક્ષત્ર પહરમું હોવું તે. આ અશુભ યોગ એક મહિનામાં માત્ર એક વાર જ આવે.

ઈંડયોગ્ય [સં.] વિ ઈંડનીય; શિક્ષાને પાત્ર.

ઈંડરક્ષક ૧. [સં.] પું. પ્રોહવાળા; સેનાપતિ
૨ વિ. દંડથી રક્ષણ કરનાર

ઈંડરત્ન [સં.] ન. (લૌન) ચાકરીનાં ચૌદ ' માહેનું એક રત્ન. તે ચારેના ખભા ઉપર રહે છે. તે ઊંચી નીચી જમીનને સપાટ સરસ માર્ગ કરી આપે છે અને ગુફાઓનાં દ્વાર ઉઘાડી આપે છે.

ઈંડરી [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

ઈંડલક્ષ પું. (પિંગળ) એક સમવૃત્ત માત્રામેળ છંદ; તિલકા. તે માત્રવૃત્ત છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ પછી જ અક્ષર હોય છે.

ઈંડલિયા પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ; ઇંદ્રવજ્રા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

ઈંડશિક્ષણ [સં.] ન. શિક્ષાને બદલે વિદ્યાર્થીને મિરથી સબવા આપેલ સબ્બાસુ.

ઈંડશેષ [સં.] પું. થોડો દંડ; થોડી શિક્ષા.

ઈંડવત ૧. પું. સાષ્ટાંગ નમસ્કાર; પ્રણામ કરતાં શરીરને દંડની માફક સીધું રાખવું તે; શરીરને બાજુમાં વળાવ નમન કરવું તે.
૨. જુઓ દંડવત્

ઈંડવત્ ૧. ન. જમીન ઉપર પડીને નમસ્કાર કરવો તે; દંડની માફક પ્રણામ.
૨ [સં.] અ. દંડની માફક સીધા અર્થને સાષ્ટાંગ.
૩. અ. માનપૂર્વક.

ઈંડવત્પ્રણામ પું અ. ક. સીધા અર્થે નમસ્કાર કરવા તે; દંડની માફક સીધા પગે લાગવું તે.

ઈંડવા દી ૧. [સં. દંડવાદિન્] પું. દંડ કહેનાર માણસ.
૨. પું. દ્વારપાળ.
૩ પું. ન્યાયાધીશ.
૪. પું સેનાપતિ.

ઈંડવાસી ૧. [સં. દંડવાસિન્] પું. ગામનો હાકેમ અથવા મુખી; દંડ કરવાનો અધિકાર હોય એવો મામલતદાર, હોજદાર, ન્યાયાધીશ, પટેલ કે મુખી.
૨. પું. દ્વારપાળ; દરવાન.

ઈંડવિકલ્પ [સં] પું. શિક્ષામાં મતભેદ; શાસન કરવામા ભાંતિ.

ઈંડવિધાન ૧. [સં.] ન. ફોજદારી અપરાધોનો સમૂહ: 'પીનલ કોડ.'
૨. ન. શિક્ષાનું ફરમાન.

ઈંડવિધિ ૧. [સં.] સ્ત્રી ફોજદારી ક્રમ ચલાવવાની રીત.
૨. સ્ત્રી. શિક્ષા કરવાના પ્રસંગ; અપરાધી કે ગુનેગાર વગેરેને સબ્બ કરવાનું રાજ્ય.

ઈંડવિષયક [સં.] વિ. ફોજદારી

ઈંડવિષ્કંભ [સં.] પું. રવૈયો ઘાંચવાનો બાંબલો.

ઈંડ્ય ૧. [સં. દંડ્] સ. ક્રિ. ગુનેગાર કે અપરાધીને અર્થદંડથી, બંધનથી અથવા તાડનથી નક્ષિયત આપવી; સબ્બ કે શિક્ષા કરવી
૨. સ. ક્રિ. દુખવવું; પીડવું; હેરાન કરવું.
૩. સ. ક્રિ. સબ્બમાં નાણું ભરાવવું; દંડ કરવો; પૈસો ભરાવવો
૪. સ. ક્રિ. હાનિ કે નુકસાન કરવું; ગેરલાભ થાય અથવા નકારાં ફૂલનો બદલો મળે તેમ કરવું.

ઈંડવૃક્ષ [સં] ન. બોરનું ઝાડ.

ઈંડવ્યૂહ [સં.] પું. દંડના આકારમાં સેનાની ગોઠવણી. તેમાં આગળ સેનાધ્યક્ષ, બંબમા રાજા, પાછળ સેનાપતિ, બે તરફ હાથી, ઘોડાની બાજુમાં ઘોડા અને ઘોડાની પાસે પાયદળ રહે છે. અગ્નિપુરાણમાં તેના સર્વનોત્પત્તિ, નિવર્ત્તન વગેરે અનેક ભેદ બતાવ્યા છે.

ઈંડવ્યાજ્ઞ [સં] ન. સબ્બ કરવાનું રાજ્ય.

ઈંડશૂક [સં] પું. યમપુરીમાં એ નામનો પચ્ચીસમો નરકનો કૂંડ.
પડે દંડશૂક નર્કમાં ય રે નિષ્કુળાનંદ

ઈંડસત્રઅદાલત સ્ત્રી. પ્રાંત હોજદારી ન્યાયાધીશ: 'સેશન્સ કોર્ટ '

ઈંડસત્રન્યાયાધિશી જુઓ દંડસત્રઅદાલત.

ઈંડસત્રાધીશ પું. પ્રાંત હોજદારી ન્યાયાધીશ; 'સેશન્સ જજ.'

ઈંડસત્રાસન જુઓ દંડસત્રઅદાલત.

ઈંડસંગ્રહ [સં.] પું. હોજદારી નિત્યમ; 'પીનલ કોડ.'

ઈંડસંન્યાસી [સં. દંડ (લાકડી) + સંન્યાસિન્ (ત્યાગી)] પું. ત્રણમાં દંડ ધારણ કરનાર ત્યાગી.

ઈંડસ્થાન [સં.] ન. શિક્ષા કરવાનાં દસ માહેનું એક સ્થાન. મનુએ દંડ માટે દસ સ્થાન બતાવ્યાં છે: ઉપસ્થ, ઉદર, છરા, બે હાથ, બે પગ, આંખ, નાક, કાન, ધન અને દેહ. અપરાધ પ્રમાણે રાજા નાક કે કાન વગેરે કાપી લઈ અથવા ધન હરણ કરી લે.

ઈંડહસ્ત ૧. [સં.] પું. દ્વારપાળ; ચોકીદાર
૨. ન. તમરનું ફૂલ

ઈંડાક્ષ [સં.] ન. ગયા નદીના કિનારા ઉપરનું એક તીર્થ.

ઈંડાજ્ઞા [સં દંડ + આજ્ઞા] સ્ત્રી શિક્ષાનો હુકમ.

ઈંડાતોડ (દંડાતોડ) ૧. પું. લાકડીથી પતાવેલો ઝઘડો; લાકડીએ ઝઘડો પતાવ્યો તે.
૨. વિ. દંડાને તોડી નાખે એવું

ઈંડાદંડી સ્ત્રી. દંડાથી મારામારી કરવી તે; દંડાબાજી.

ઈંડાદેશ જુઓ દંડાજ્ઞા

ઈંડાધિપતિ ૧. [સં] પું. બંડણી ઉઘરાવનાર માણસ
૨ પું. હોજદાર
૩. પું. હોજદારી ન્યાયાધીશ.
૪. પું. શાસક; હાકેમ.

ઈંડાધીશ જુઓ દંડાધિપતિ.

ઈંડાધ્યક્ષ [સં.] પું. દંડનાયક; પોલીસ ખાતાનો મુખ્ય અધિકારી: ' પોલીસ કમિશ્નર.

ઈંડાપતાનક [સં.] પું એક પ્રકારનો વાતરોગ. તેમા કર તમા વાત બગડવાથી માણસનું શરીર સૂકા લાકડા જેવું જડ થઈ જાય છે. સુશ્રુત કહે છે કે, બે વાયુ કફથી સંયુક્ત થઈને ધમનીઓમાં જ રહે અને શરીરને લાકડાની માફક સંબાધમાન બનાવી સ્તબ્ધ કરી નાખે તો તેવા વાયુને દંડાપતાનક કહેવાય છે.

ઈંડાપૂપ [સં.] પું. (ન્યાય) એક જાતનો ન્યાય. લાકડી અને રોટલી સાથે રાખેલાં હોય, તેમાંથી લાકડી ઉંદર તાણી જવાનું જણાતાં રોટલી પણ જવાનું અનુમાન થાય. તેમ કોઈ કામ કાર્ય કોઈ એ કર્યું હોય તો તેની સાથેનું સહેલું કાર્ય પણ થયું હોવું જોઈએ તેમ કલ્પના આ ન્યાય બતાવે છે

ઈંડાબાજ વિ દંડાબાજી કરવાની ટેવવાળું

ઈંડાબાજી સ્ત્રી. દંડાદંડી; લાંબી ચાલે મારામારી કરવી તે; સોટાબાજી; લાકીથી કરેલી મારામારી.

ઈંડાબેડી (દંડાબેડો) સ્ત્રી. બન્ને દંડાવાળા પગની જાડી જોડમા કોઈ કેદીને આવી બેડી પહેરાવવાની શિક્ષા કરાય છે.

ઈંડાયત ૧. [સં.] પું. દંડસત્ર; આસનનો એક પ્રકાર.
૨. વિ. દંડની માફક લાંબું

ઈંડાયતિક [સં.] વિ. દંડની માફક પગ લાંબા કરી બેસનાર.

દંડાયુધ [સં.] ન. લડાઈમાં જતા યોદ્ધાએ પાસે રાખવાનું હથિયાર. પૃથ્વીચંદ્ર ચરિત્રમાં લખ્યા પ્રમાણે નીચેનાં ૨૬ દંડાયુધ કહેવાય છે: ૧. ચક્ર, ૨. ખડ્ગ, ૩. ધનુષ, ૪. અંકુશ, ૫. ભાલ્લ, ૬. ખુરિકા, ૭. તોમર, ૮. કુંત, ૯ ત્રિશૂલ, ૧૦. ભાલો, ૧૧. ભિંદિપાલ, ૧૨. મુસંઢિ, ૧૩. માષ્ટિક, ૧૪. મુદ્ગર, ૧૫. અરલ, ૧૬. ફલ, ૧૭. પરશુ, ૧૮. પટ્ટિશ, ૧૯. શ્લિષ્ટ, ૨૦. કણય, ૨૧. કર્પન, ૨૨. કર્ત્તરી, ૨૩ તરવારિ, ૨૪. કુદાલ, ૨૫. કુસ્સોટ, ૨૬. ગદા, ૨૭. પ્રસય, ૨૮. કાલ, ૨૯. નારાચ, ૩૦. પાશ, ૩૧. ફલ, ૩૨. યત્ર, ૩૩. વસ, ૩૪. દંડ, ૩૫. સમડ અને ૩૬. કટારી

દંડાર ૧. [સ.] પું. એક પ્રકારનું વંશ; વાહન.

૨. પું. કુંભારનો ચાક.

૩. પું. મદોન્મત્ત હાથી.

૪. પું. ધનુષ.

૫. વિ. દંડને પ્રાપ્ત થયેલ; શિક્ષા પામેલ.

દંડારસ પું. દાડિમરાસ.

દંડારસ તિહા બહુ ખેરે રે,
નાચતા તે પુરમાં હેરે રે. ઋષભદાસ

દંડાર્ત ૧. [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થસ્થળ; અત્યા નદીની પાસેનું એક તીર્થ.

૨. વિ. દંડથી પીડા પામેલ.

દંડાર્ત્ત જુઓ દંડાર્ત.

દંડાર્હ [સં. દંડ + અર્હ (લાયક)] વિ. શિક્ષાપાત્ર; દમ; દંડનીય.

દંડાર્હતા [સં.] સ્ત્રી. અપરાધ; ખરાબ વાંક.

દંડાલા પું. નંદા અને યમુનાની વચ્ચે હિમાલયમા આવેલો એ નામનો એક પર્વત.

પણ દંડાલા પર્વત વખતે બિપ્રસંતોષીની પેઠે આટો પડવાથી એમનું મિલન થતું નથી.
કાલેલકર

દંડાલય ૧. [સં.] પું. (ચિત્રા) એ નામનો એક ૭૬ દંડાલા.

૨. પું. જ્યાં દંડ દેવામાં આવે તે સ્થાન. જેમકે, જેલખાનું.

૩. પું. ન્યાયાલય.

દંડાવતાનક [સં.] પું. સુકૃત પ્રસિદ્ધ એક વાતરોગ. જુઓ દંડાપતાનક.

દંડાવવું સ. ક્રિ. દંડાવ તેમ કરવું; દંડવાની ક્રિયા કરાવવી.

દંડાવાહન ન. પશ્ચાત્તાપ, પસ્તાવો; મનસ્તાપ.

દંડાવું અ ક્રિ. દંડવાની ક્રિયા થવી.

દંડાસન ૧. [સં.] ન. યોગશાસ્ત્રમા જણાવેલ એક જાતનું તીર.

૨. ન. (યોગ) યોગાસનો માટેનું એક યોગાસન. તેમાં જમીન ઉપર બે હાથ તથા બે પગને લાંબા ગોઠવીજીને પાસે રાખીને ચત્તા સૂઈ જવું. મુખ આકાશ તરફ રહે અને પીઠ તદ્દન આખું અંગ જમીનને અડી રહે તેવી રીતે સૂઈ રહેવું. બહુ માંદગીથી, દોડવાથી અથવા થાક લાગે તેવું કોઈ કામ કરવાથી અતિશય થાકી જવાયું હોય ત્યારે આ આસન કરવાથી થાક ઊતરી જઈ શાંતિ થાય છે. આ આસન કરતી વખતે રુમાલુઓ તથા અવયવો બિલકુલ ઢીલા કરી દેવા જોઈએ અને મુદ્રા જેવા પ્રાણ વિનાના બની જવું જોઈએ. વળી આ આસનમાં શ્વાસ તથા ઉચ્છ્વાસ બિલકુલ ધીમે ધીમે જરા પણ અવાજ ન થાય તે પ્રમાણે કરવો, પરંતુ તે પૂર્ણ રીતે તથા પ્રમાણસર લેવો તથા મૂકવો જોઈએ. મન તદ્દન વિચાર રહિત કરવું જોઈએ. પોતાની આત્મશક્તિ શરીરમાંથી આત્મામા સ્થાપિત કરવી જોઈએ. આથી પૂરેપૂરી વિશ્રાંતિ મળે છે. બીજું કોઈ પણ ન કરતાં મનને નિર્વિચાર કે શાન્ત કરવાથી પણ આશ્ચર્યજનક આરામ પ્રાપ્ત થાય છે. કોઈ કારીગરીનું કામ હોય, મોટો અધિકારી આવી ગયો હોય, પરીક્ષા આપવાનો આગ્રહો હોય, મજૂરામણ થાય વગેરે પ્રસંગે મદદ અતિથી શ્વાસ લેવો અને મનને આસની ગતિમાં પલોટી દઈ બીજા વિચારો બંધ કરી દેવા. આમ કરવાથી ચાર પાંચ મિનિટમાં જ સઘળી મજૂરામણ દૂર થઈ મન શાંત ને દઢ બની જશે.

૩. ન. ન્યાયાધીશ; કમેરી; અદાલત.

દંડાસનિક વિ. દંડાસને બેસનાર.

દંડાહત ૧. [સં.] ન. છાશ.

૨. વિ. દંડથી મારે આપેલું; લાકડીથી ઈજા પામેલું.

દંડિક ૧. [સં.] પું. વિરોધી રાજા.

૨. ન એક જાતનું માજીનું.

૩ વિ. દંડ કરવાનો અધિકાર હોય અવું.

૪. વિ. લાકડી ધારણ કરનાર.

દંડિકા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અમરાવલિકા. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ સગણ મળી પંદર અક્ષર આવે છે. નવમા અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે તેમાં સાત રગણ અને એક ગુરુ મળી એકવીસ વર્ણ હોય છે.

૩. પું. (પિંગળ) વીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મંડા. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ હોય છે.

૪. સ્ત્રી. એક જાતનું ગોકનું ઘરેણું.

૫. સ્ત્રી. દોરી; સેર.

૬. સ્ત્રી. નાની લાકડી

૭. સ્ત્રી. રાજમુદ્રા

દંડિખંડ પું. દોરાથી ગૂંથેલ વસ્ત્ર. બીજાં ઉપયોગ વસ્ત્ર.

દંડિત [સં.] વિ. શિક્ષા કરેલું; પામેલું.

દંડિતબંદી પું. ફોજદારી કેદી.

દંડિતચતુલ પું. માંડે આરોપી.

દંડિની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. એ નામનુ દેવનું એક સ્થાનક.

૩. સ્ત્રી. સહદેવી નામની વનસ્પતિ; દ્રોણપલા.

દંડિમ ૧. [સં] ન. દાની વસ્તુ થયેલ રોગ.

૨. વિ. દંડથી બનેલ.

દંડિયું વિ માંચલા ઉપર રચાયેલું; ખાટલિયું; દંડ ઉપર ઊભેલું; એકયંત્રું

દંડિયો ૧. પું. ચોકડી જાતનો ઓઓને પહેરવાનો એક જાતનો સાડલો.

૨. પું. માંચલા ઉપર ઊભેલો મહેલ

૩. પું. દાંડિયો; દમ; ધૂર્ત; લુચ્ચો માણસ.

દંડી ૧. પું (પિંગળ) અક્ષરીય અક્ષરનો એક માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ માત્રાએ તાલ આવે છે.

૨. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ, દંડક. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ તગણ અને ત્રણ નગણ એમ અઢાર અક્ષર હોય છે.

૩ [સં. દણ્ડિન્] પું એ નામનો સંસ્કૃત ભાષાનો એક મહાકવિ. તે જ્યારે શ્રીમાળી બ્રાહ્મણ હતો અને ઉજ્જન પાસે કોઈ ગામમા રહેતો હતો. મોસાળમાં ઊજરી શ્રાદ્ધાનુષ્ઠાન કરી કારી વગેરે સ્થળે ફરી રાજા ભોજને આશ્રયે તે આવ્યો હતો. ભોજ રાજાએ તેની કદર કરી કવિમા ઉચ્ચસ્થાને સ્થાપ્યો હતો. તે શંકરાચાર્યનો સમકાલીન હતો. તે છટ્ટા સૈકામાં થઈ ગયો. શબ્દલાલિત્ય તો દંડીનું જ. તેના દશકુમારચરિત અને કાવ્યાદર્શ એ બે ગ્રંથો તો હજી યે વિદ્વાનોમાં વખણાય છે. કાલિદાસ, ભવભૂતિ અને દંડી વચ્ચે ઘણી વાર વાદવિવાદ થતો. એક વખત આમ બનેલ ત્યારે સરસ્વતી દેવીએ સાક્ષી આપેલી મનાય છે કે, કવિ તો દંડી જ છે. ત્યારે કાલિદાસે પૂછ્યું કે હું કોણ? ત્યારે તેના જવાબમા દેવીએ કહ્યું કે, તું અને હું બને એક જ છીએ. એટલે કે કાલિદાસ પ્રથમ

પંક્તિનો, દંડી મધ્યમ અને ભરતમુનિ ત્રીજા નંબરનો ગ્રંથ નક્કી થયું.

૪. પું. એક જાતનું સુગંધી ઘાસ.

૫. પું. ડોલચાકાડીના ઘાટનું એક વાહન. ચાર માણસો ત્રાંસા ઊભા રહીને તે ઉપાડે છે.

૬. પું. દંડધારી સંન્યાસી. બ્રાહ્મણ સિવાય કોઈને દંડી થવાનો અધિકાર નથી. શિષ્ય બનાવને મંત્ર દેવા પહેલાં ગુરુ જનપ્રાશન વગેરે બધા સંસ્કાર કરીથી કરે છે. તેનું માથું મુંડવામાં આવે છે અને જનોઈ ઉતારી બ્રહ્મ કરવામાં આવે છે. પહેલાનું નામ પણ બદલી નાખવામાં આવે છે તે પછી દશાક્ષર મંત્ર આપી ગુરુ ભગવાં વસ્ત્ર અને દંડકમંડળ આપે છે. આ બધું ગુરુ પાસેથી મળતાં તે દંડી થાય છે અને જીવનપર્યંત અમુક નિયમોનું પાલન કરે છે. દંડી ભગવાં વસ્ત્ર પહેરે છે, માથું મૂંડાવે છે અને કોઈ કોઈ વાર બ્રહ્મ તથા રુદ્રાક્ષ પણ ધારણ કરે છે. દંડી અગ્નિ અને ધાતુનો સ્પર્શ કરતા નથી, તેથી પોતાને હાથે રસોઈ બનાવી શકતા નથી. કોઈ બ્રાહ્મણને ઘેરથી પ્રાપ્તેલું ભોજન ત્રણ વારી આઠ કોળ કરે છે. તેઓને એક દિવસમાં બે વખત ભોજન કરવાનો નિષેધ છે. આ બધા નિયમોનું બાર વર્ષ પાલન કર્યા પછી અંતમાં દંડને પાણીમાં ફેંકી પરમહંસ આશ્રમને પ્રાપ્ત કરે છે. દંડીને માટે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના છે. જેનાથી તે ઉપાસના ન થઈ શકે તે શિવ વગેરેની ઉપાસના કરી શકે છે. દંડી મરી જતાં તેના શબને બાળવામાં આવતું નથી, પણ જમીનમાં દાટવામાં અથવા નદીમાં ફેંકી દેવામાં આવે છે. ગ્રંથોમાં દંડીઓ બહુ જોવામાં આવે છે.

૭. પું. દ્વારપાળ; ચોકીદાર.

૮. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૯. પું. યમ; યમરાજ.

૧૦. પું. રાજા.

૧૧. પું. શિવ; મહાદેવ.

૧૨. પું. મૂર્ધનો એ નામનો એક પ્રજાપતિ.

૧૩. સ્ત્રી. સાધેલું ખૂનું વસ્ત્ર.

૧૪. વિ. દંડ વસૂલ કરવાવાળું.

૧૫. વિ. દંડવાળું; લાકડીવાળું.

દંડી કવિ જુઓ દંડી ૬.

દંડીકો પું. બહુ ટૂંકો લાકડી; પોલો; નાની લાકડી.

દંડીમગર સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી.

દંડીમૂંડી સ્ત્રી. નાકની દાંડી તથા નાકની અણી.

દંડીલું વિ. ઉદ્ધત; દંડ.

દંડું વિ. ખુશ્કું; તોફાની.

દંડૂકાવાદ પું. લાકડી મારીને કામ લેવું તે.

દંડૂકો જુઓ દંડીકો.

દંડૂરો પું. ઓરટાં અને મસ્તીના ભોડમાં થતો એક જાતનો રોગ.

દંડેકુસેલી સ્ત્રી. દાંડિયા તરફ રમાતી એ નામની એક જાતની રમત.

દંડેય વિ. દંડવા યોગ્ય; શિક્ષાને પાત્ર.

દંડેરો પું. આમ કરવામાં નહિ આવે તો આવો આવો દંડ થશે એવા હુકમની બજેરસ્તા; દાંડી; નગરપડો; દાંડી પીટીને કરાતી બજેરાત.

દંડેલ ૧. પું. ઉદ્ધતાઈ કરી રળી ખાનારો માણસ; દંડામાં એટલે તોફાનીમાં જેની બરાબરી હોય એવો માણસ.

૨. પું. બળ; પ્રપંચ; ઠાંગાઈ.

૩. વિ. દંડ અપેલો હોય એવું; દંડિત; શિક્ષા પામેલું

૪. વિ. ખુશ્કું; કઠ.

દંડેલક પું. રાજનો એક પ્રકાર.

દંડેશ [સં.] પું. સામાન્યથી ફોજદારી ન્યાયાધીશ.

દંડેસાલ પું. બોર્ડદાની પેઠનાડ તરફ રમાતી એક રમત. તેમાં રમનારાઓની બે ટોળી થઈ દાવ લેનાર ટોળી બોર્ડ જમીનમાં રાખી દંડાથી ઊભળી ટોલ્લો મારી દૂર ફેંકે અને સાંબુથીના દંડા મારે. પછી દાવ દેનાર બોર્ડનો ઘા કરે અને દંડાને ન આડે તો દંડાળો કરી ફેંકે. એમ દંડાને અડિ નહિ ત્યાંસુધીમાં જેટલા દંડ થાય તેટલાં સાથ ચક્રાં ગણાય. પછી સામા પક્ષનો વારો આવે ત્યારે તે સાથ બનાવે. એમ જેનાં સાથ વધે તે પક્ષ છેલ્લે જીતાય.

દંડો ૧. પું. ઝિલી કે બોર્ડ ઉડાડવાની લાકડી; બોર્ડદંડો; બોર્ડ સાબેનો દંડો.

૨. [સં. દંડ] પું. દંડો અને જાડી લાકડી; ડંડો.

૩. પું. મુખ્ય માણસ; પૂર્તા; કમ; ઢાકિનો; અનગ; કડક સ્વભાવી અને ઉદ્ધત વર્તનનો માણસ.

દંડોત્પલ ૧. [સં.] ન. એક જાતનું ઘાસ; શેરડી.

૨. ન. એક જાતનું ગાજર.

દંડોત્પલા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ગાજર.

૨. સ્ત્રી. સહદેવી નામની વનસ્પતિ.

દંડોદ્ભવિતા [સં. દંડોદ્ભવિત્] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

દંડ્ય [સં.] વિ. દંડ કરવા યોગ્ય; શિક્ષાપાત્ર.

દંત ૧. [સં.] પું. દમયંતીનો એ નામનો ભાઈ.

૨. પું. સંત.

દસન દંત ઉપર રસન રદ ચલકત દાડમ બીજ,
હોઠ કપોલમ ચલકતા નવ નીરજમાં બીજ
વિશ્રામસુબોધ

૩. પું. દાંતો; નીલું ભાલા જેવું હથિયાર.

૪. પું. પર્વતનો વચલો પ્રદેશ; પર્વતનું શિખર.

૫. પું. ઋષીશની સંખ્યા; ઋષીશની સંતા.

૬. પું. શતાભદ્રપ.

દંત શબ્દે કરીને દાંતની ઉપલી પંક્તિ સમજવાની છે, માથી જે દંત કુચ્યારો બોલાય છે તે બીજા ટેરવાની સહકારિતાથી ઉપલા દાંત વડે બોલાય છે. ગુ. સા. પરિષદ

૭. પું. વર્ણનું એક સ્થાન; બ્યંજનમાં પ્રવર્તતા પાંચ સ્પર્શના સ્થાનો પૈકી એક સ્થાન. બ્યંજનમાં સ્પર્શવિધાન પૂર્ણ અને અપૂર્ણ એમ બે પ્રકારનું છે. એ ન્યૂનાધિક સ્પર્શનાં સ્થાન પાંચ છે: કંઠ, તાલુ, મૂર્ધા, દંત અને ઓષ્ઠ.

૮. પું હાથીદાંત.

૯. ન. (પ્રાકૃત) એક જાતની સુગંધી.

૧૦. વિ જિતેંદ્રિય; ઇંદ્રિયદમન કરેલ.

દંતક ૧. [સં.] પું. એક જાતનો પત્થર.

૨. પું. કુંવર અથવા બાલકનો દાંત જેવો આગળ નીકળતો ભાગ.

૩. પું. દાંત.

૪. પું. દીવાલમાંથી બહાર નીકળતી બખારાઈ, ખીંટી વગેરે.

૫. પું. પર્વતનું શિખર.

૬. વિ. દાંત બાદ કરવા માટે તૈયાર હોય એવું.

દંતકથા ૧. સ્ત્રી જોડી કાઢેલી વાતો; કલ્પિત વાર્તા.

૨. [સં.] સ્ત્રી. મુખ પરંપરાથી ચાલતી આવેલી જનવાર્તા; ભારી ખોટી બહુ લોકોમાં પ્રચલિત કહેવાતી આવેલી કથા કે આખ્યાયિકા; લોકમાં ચાલતી આવેલી કથા; જનશ્રુતિ; મૌખિક ચાલતી આવતી કથા.

૩. સ્ત્રી. સંભારકથા; અખબાર.

દંતકથાશાસ્ત્ર [સં.] ન. પુરાવૃત્તશાસ્ત્ર; વાર્તાશાસ્ત્ર; દેવસૃષ્ટિશાસ્ત્ર.

દંતકફા સ્ત્રી. બીડીપીપર. બીડીપીપર દાંતને અને કફને ફાયદો આપે છે, માટે તેને દંતકફા કહે છે.

દંતકર્ષ [સં દંતકર્ષન્] ન. દાંતની ઝરીઝીરી.

દંતકર્ષક ૧. [સં.] પું. નિભાડો.

૨. પું. લીમડાનું ઝાડ.

દંતકલક [સં.] પું. ખોલીઝાલીથી ઉત્પન્ન મનો મલિનો.

દંતકલિકા [સં.] સ્ત્રી. કૂણની કળી જેવો દાંત.

કૂણની કળીઓ કૂણવા માટે તેમ દંતકલિકાઓ દેખાઈ અને કુસુમ જેવો ખોલી.

ઝવેરચંદ મેઘાણી

દંતકવેલક ૧. સ્ત્રી. વૈશ્ય સ્ત્રી અને ચંડાલ પુરુષથી ઉત્પન્ન થયેલી એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

દંતકાર [સં.] પું. દાંતનો કારીગર; દાંત બનાવનાર; 'ડેન્ટિસ્ટ.'

દંતકાષ્ઠ ૧. [સં.] ન. એક જાતનું વૃક્ષ.
૨. ન. દાતણ.

દંતકાષ્ઠક ૧. [સં.] ન. આકુલ વૃક્ષ; તરવટનું ઝાડ.
૨. ન. દાતણ.

દંતકૂર ૧. [સં.] પું. એક નામનો એક દેશ.
૨. પું. એ નામનો એક રાજા.
૩. પું. સંગ્રામ; યુદ્ધ.

દંતકેતુ [સં.] પું. બીજોરું ઝાડ.

દંતક્ષત [સં. દંત (દાંત) + ક્ષત (ઘા)] ન. દાંતનો ઘા; દાંતથી પડેલો નાનો ઉઝરડો; દાંત બેસવાથી પડેલો ઘા; દંતઘાત.

દંતખોદણી જી. દાંતખોતરણી.

દંતગરગડી (દંતગરગડો) જી. દાંતાળી ગરેડી; દાંતાવાળું ચક્કર; દાંતાવાળી ગરગડી; 'કોગ વ્હીલ.'

દંતખચિત [સં. દંત (દાંત) + ખચિત (જડેલ)] વિ. હાથીદાંતનું જડતરકામ.
દંતખચિત પીઠા ઉચ્ચાસિ બહુ,
સુઘા સુમોગળ અંગ. આલ્હ

દંતખર્ષ [સં. દંત (દાંત) + ખર્ષ (ખસારો)] પું. દાંત ઉપર દાંત ઘસીને ખસવાની ક્રિયા; દાંત કકડાવવા તે; દાંત ઘસવાપણું. ઊંઘમાં ખાળકો કોઈ કોઈ વાર દાંત કકડાવે છે. આને કોઈ અશુભ માને છે. રોગીની બાબતમાં તો તે બહુ જ અશુભ મનાય છે

દંતઘાત ૧. [સં.] પું. દાંતનો ઘા; દંતક્ષત; ડંખ; બચકું
૨. પું. દાંતનો સડો.
૩. પું. બાળકને દાંત આવતી વખતે થતો રોગ.
૪. પું. બીજોરું ઝાડ.

દંતચક્ર [સં.] ન. દાંતાવાળું પૈડું.

દંતચાલ [સં.] પું. એક જાતનો દાંતનો રોગ આ રોગમાં દાંત હાલવા કરે છે.

દંતચાલન જુઓ દંતચાલ.

દંતચિકિત્સા [સં.] જી. દાંતની ચિકિત્સા; દાંતનો રોગ મારવો તે.

દંતચૂડા (દંતચૂડ) જી. એ નામની એક ઔષધકીરડા

દંતચૂર્ણ [સં.] ન. દાંતે ઘસવાનો ભૂકો; 'ટૂથ પાઉડર.'

દંતચ્છદ [સં.] પું. હોઠ; ઓષ્ઠ.

દંતચ્છદોપમા [સં.] જી. બિમોડાંનો વેલો; પોલાનો વેલો.

દંતચ્છેદન [સં.] ન. દાંત પાડી નાખવા તે.

દંતજાત ૧. [સં.] વિ. જેને દાંત આવ્યા હોય એવું.
૨. વિ. દાંત નીકળવા યોગ્ય. સમયને માટે આ વિશેષણ વપરાય છે. ગર્ગોપનિષદમાં લખ્યું છે કે, સાતમે મહિને બચ્ચાને દાંત નીકળવા જોઈએ. જો તે વખતે દાંત ન નીકળે, તો અરુચિ લાગે.
૩. વિ. દાંત સાથે જન્મેલું.

દંતજાલ [સં.] ન. દાંતનું મૂળ

દંતતર્જીમ પું. દાંતનો ડાક્તર; 'ડેન્ટિસ્ટ.'

દંતતાલ [સં.] પું. (સંગીત) એક જાતનું બજવી વાનું. તેથી તાલ આપવામાં આવતો હતો.

દંતત્વ વિ. દાંતનું.

દંતદર્શીલા ૧. [હિં.] વિ. ખોડવાળું.
૨. વિ. ચીરાવાળું.

દંતદર્શન [સં.] ન. દાંત દેખાડવા તે; ક્રોધમાં કે ચિડાતી વખતે દાંત બતાવવાની ક્રિયા. મહાભારતમાં લખ્યું છે કે યુદ્ધમાં પહેલાં દાંત દેખાડવામાં આવે છે અને પછી બાજુ ફરીને હલ્લો કરવામાં આવે છે.

દંતધાવન જુઓ દંતધાવન.

દંતધાવન ૧. [સં.] પું. બોરનું ઝાડ; રાતો બોર.
૨. પું. ગુંજારોજ વૃક્ષ.
૩. પું. બોરસલીનું ઝાડ; બકુલ વૃક્ષ.
૪. ન. દાતણ; ચારી કૂચો કરી દાંત ઘસવા બેવી આવળ, બાવળ વગેરેની કાંબળીનો કટકો; દાંત સાફ કરવાનું સાધન.
૫. [સં. દંત (દાંત) + ધાવન (ધોવું તે)] ન. દાંત ઘસી મોં સાફ કરવું તે; દાંત સાફ કરવાપણું.
સુખસ્થા ઉ રાજન કીધું, નિત્ય થઈ અવસાન,
પ્રથિ ઝાડી કુલ કીધું. દંતધાવન રજાન. આલ્હ

દંતધૌતિ [સં.] જી (હઠયોગ) એક પ્રકારની ધૌતિ; ધૌતિના ચાર ભાંહેનો એ નામનો એક પ્રકાર. દંતધૌતિના પાંચ ભેદ છે: (૧) દંતમૂલ ધૌતિ એટલે દાંતના મૂળ ધોવા તે, (૨) જિહ્વામૂલ ધૌતિ એટલે જીભના મૂળને ધોવું તે, (૩) કર્ણરન્ધ્રદ્વયધૌતિ એટલે બન્ને કાનનું છિદ્ર ધોવું તે, (૪) કપાલરન્ધ્રદ્વયધૌતિ એટલે કપાળના છેદને ધોવો તે.

દંતધૌતી જુઓ દંતધૌતિ.

દંતનિપાત [સં.] પું. હોઠમાં દાંત વડે ક્ષત કરવો તે. આ કામચેષ્ટાનો એક પ્રકાર છે.

દંતપટી [સં. દંત (દાંત) + પટી (કપડું)] જી. ખેંચવા તાણવા માટેનું દાંતાવાળું ચીપિયા ઓજાર; સકયો.

દંતપત્ર ૧. [સં.] ન. સંસડો.
૨. [સં. દંત (દાંત) + પત્ર (પાન)] પું. કિનારી ઉપર દાંતા પાડેલ હોય એવું કાનની બૂટે પહેરવાનું એક ઘરેણું; બાલ. 'એરિંગ'.
૩. ન. હાથીદાંતની પાદડી.

દંતપત્રક [સં.] ન. કુંદ પુષ્પ; મોગરાનું ફૂલ.

દંતપત્રિકા ૧. [સં.] જી. કાનનું એક જાતનું ઘરેણું; 'એરિંગ.'
૨. જી. નાનું મોગરાનું ફૂલ.

દંતપપડી (દંતપપડો) જી. દાંત ઉપર જામેલો મેલ.

દંતપ્રક્ષાલન ૧. [સં. દંત (દાંત) + પ્ર (સારું કરવું) + ક્ષાલન (નામ બનાવનાર પ્રત્યય)] ન. દાતણ.
૨. ન. દાંત શુદ્ધ કરવાની ક્રિયા; દાતણ કરવું તે.

દંતપંક્તિ [સં. દંત (દાંત) + પંક્તિ (હાર)] જી. દાંતોની હાર.

દંતપાત [સં. દંત (દાંત) + પાત (પડી જવું તે)] પું. દાંત પડી જવા તે.

દંતપાર [હિં.] જી. દાંતની પીડા; દાંતનું દર્દ.

દંતપાલિ જુઓ દંતપાલી.

દંતપાલી [સં. દંત (દાંત) + પાલી (કોર)] જી. દાંતનો પ્રક્ષાલક; દાંતની કણી.

દંતપાવન જુઓ દંતધાવન.

દંતપીડા (દંતપીડ) [સં. દંત (દાંત) + પીડા (વેદના)] જી. દંતશૂલ; દાંતનું દર્દ.

દંતપુરુપુર જુઓ દંતપુરુપુરક.

દંતપુરુપુરક [સં.] પું. અવાજનો એક જાતનો રોગ; દંતમૂલ.

દંતપુર [સં.] પું. પ્રાચીન કલિંગ રાજ્યનું એક નગર. ત્યાં રાજા ગુહદત્તે બુદ્ધ દેવનો એક દાંત સ્થાપી તેના ઉપર મોટું મંદિર બંધાવ્યું હતું. આ દંતપુર ક્યાં હતું તે સંબંધમાં મતભેદ છે. ડાક્તર ભગવાનલાલના અભિપ્રાય મેદિનીપુર જિલ્લામાં જલેશ્વરથી ૭ કોસ દક્ષિણમાં દાંતન નામનું સ્થાન છે, તે બૌદ્ધોનું

પ્રાચીન દંતપુર છે. સિંહલી બૌદ્ધોના દાઢાવંશ નામના ગ્રંથમા દંતપુરના સબંધમાં બહું વૃત્તાંત આપવામાં આવ્યું છે.

દંતપુષ્પ ૧. પું. એક છોડ. તેના ફૂલને દાંત સાથે સરખાવવામાં આવે છે.

૨. [સં.] ન. કુંદનું પુષ્પ; મોગરાનું ફૂલ.

૩. ન. નિર્બળીનું ફળ.

દંતપૂય [સં. દંત (દાંત) + પૂય (પરુ)] પું. દાંતના પેઢામા થતો સડો. આ રોગમાં દાંતના પેઢામાં પરુ થાય છે અને શરીરની તંદુરસ્તીને બગાડે છે. જે લોકો દાંતને સાફ નથી રાખતા તેને આ રોગ થાય છે. જંતુગ્ન દંતમંજનથી દાંત સાફ કરતા રહેવાથી આ રોગ વધતો અટકાવાય છે.

દંતપ્રવર્દનક [સં.] ન. દંતમૂલ નામની બીજી પીડા કરોડરાનો એ નામનો દાંત જેનો પ્રવર્દનક એટલે કેમો.

દંતફલ ૧. [સં.] પું. કોકનું ઝાડ.

૨. ન. કનકફળ; નિર્બળીનું ફળ.

દંતફલા [સં.] સ્ત્રી. પીપર.

દંતબીજ ૧. [સં.] ન. દાડમ.

૨. ન. દાડમનું ઝાડ.

દંતભાગ ૧. [સં.] પું. દાંતનો ભાગ.

૨. પું. હાથીનો તેના મુખથી બાંધ સુધીનો ભાગ.

દંતમેદ ૧. [સં.] પું. એક જાતનો દાંતનો રોગ.

૨. પું. દાંતનું તૂટી જવું તે.

દંતમજ્જા [સં.] પું. દાંત માંહેનો ગર; દાંતમાં રહેલો માવા જેવો પદાર્થ.

દંતમણિ [સં.] પું. હાથી વગેરેના દાંતમાંથી નીકળતો મણિ.

દંતમલ [સં.] પું. દાંતનો મેલ.

દંતમંજન [સં. દંત (દાંત) + મઞ્જન (સ્નાન)] ન. દાંત સાફ કરવા માટેની બૂકો, દાંત માંજવાની ઔષધિ; 'ટૂથ પાઉડર.' કુલાવેલ ઓરથ્રૂપ એક ભાગ, કુલાવેલ ટકખ્ખાર બે ભાગ, કુલાવેલ ફટકડી ત્રણ ભાગ, ચાક આઠ ભાગ એ બધાંનું સારી બારીક કરી ચૂર્ણ બનાવવું. આ મંજન દાંતે લગાડવાથી દાંત મજબૂત બને છે, બોઢાની બદબૂ દૂર થાય છે, બવાળુ બોચાં પડી તેમાંથી લોહી નીકળતું હોય તો તે પણ બંધ થાય છે.

દંતમંદિર [સં.] ન. સિલોનમાં કેંડી શહેરમાં આવેલું એ નામનું એક પ્રખ્યાત બૌદ્ધ મંદિર. તેમાં બુદ્ધનો દાંત સાચવી રાખવામાં આવ્યો છે.

દંતમાર્જન [સં. દંત (દાંત) + માર્જન (સાફ કરવું તે)] ન. દાંતુડિ; દાંત સાફ કરવા તે.

દંતમાંસ [સં.] ન. બવાળુ; દાંતની આસપાસ વળગેલું માંસ.

દંતમુખી [સ.] સ્ત્રી. બદામ દાંતવાળો ચોકો.

દંતમુસલ [સ. દંત (દાંત) + મુસલ (સાબેલું)] પું. દાંતુડિયું.

દંતમૂલ ૧. [સં.] ન. દાંતનું મૂળ.

૨. ન. દાંતનો એક જાતનો રોગ.

દંતમૂલધૌતિ [સં.] સ્ત્રી. (હઠયોગ) એક પ્રકારની દંતધૌતિ; બેરના ઝાડના રસથી અથવા ચોખ્ખી સારી માટીથી કે દંતમંજનથી દાંતના મૂળને ખૂબ ઘસીને સ્વચ્છ કરવાપણું. કેવડિયા ઝાડની ઝીણી જૂકી તથા તેનાથી અડધી શુદ્ધ મૃત્તિકાની ઝીણી જૂકી લઈ તે બંનેને મેળવી તેમા થોડું જલ નાખી, તે વડે બધાથી આગળીથી હમેશા સવારમાં દાંતના મૂળને ઘસવું તે દંતમૂલધૌતિ કહેવાય છે.

દંતમૂલધૌતી જુઓ દંતમૂલધૌતિ.

દંતમૂલિકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

દંતમૂલીય ૧. [સં.] વિ. (વ્યાકરણ) દાંતના મૂળમા જેનો ઉચ્ચાર થાય તેવું. જેમકે, ત વર્ગ.

૨. વિ. દાંતના મૂળ આગળ હોનાર કે બનાવ.

દંતમૂળ જુઓ દંતમૂલ.

દંતમૂળધૌતિ જુઓ દંતમૂલધૌતિ.

દંતમૂળધૌતી જુઓ દંતમૂલધૌતિ.

દંતમૂળરોગ [સં. દંત (દાંત) મૂલ (મૂળ) + રોગ] પું. દાંતના મૂળનો રોગ; મુખરોગના ૬૫ માહેનો એક પ્રકાર. આ રોગના ૧૫ પ્રકાર છે. કીટાદ, દંતપુપ્પુટ, કૃમિદંત, મહાકૃમિદંત, દંતવેષ્ટ, પરિદર, ઉપકુશ, વૈદર્ભ, બહલીવર્ધન, અધિમાંસ, ખરાની નસોના વાયુ, પિત્ત, કફ, સન્નિપાતથી અને ચોટ લાગવાથી એમ પાંચ પ્રકારે નસોના થતા રોગો મળી પંદર પ્રકારના બારાના રોગ થાય છે.

દંતરક્તસ્રાવ [સં. દંત (દાંત) + રક્ત (લોહી) + સ્રાવ (વહેવું તે)] પું. પેઢામાંથી લોહી પડવાનો રોગ.

દંતરક્ષકચૂર્ણ [સં. દંત (દાંત) + રક્ષક (રક્ષણ કરનાર) + ચૂર્ણ (ભૂકો)] ન. દાંત સાફ કરવાની એક ઔષધિ. તે બનાવવા કુલાવેલ ઓરથ્રૂપ અર્ધો ભાગ, કુલાંરનો ટકખ્ખાર ૨ ભાગ, કુલાવેલી ફટકડી ૩ ભાગ, ચાક ૮ ભાગ, ગ્રામો ૨ ભાગ, માર્યા ૨ ભાગ, કપૂર ૧ ભાગ અને સિંધવ ૪ ભાગ લઈ તે બધાંનો ભૂકો કરી દાંત ઉપર ઘસવાથી દાંત મજબૂત બને છે, દાંતમાંથી લોહીનું પડવું, પેઢાંનું સડવું વગેરે રોગ મટાડ મનાય છે.

દંતરાવાડ (દંતરાવાડ) સ્ત્રી. ચોરાસી માહેનું એક ચૌદ; શહેરના જે ભાગમા દંતારા એટલે હાથી દાંતનું કામ કરનારા લોકો વસતા હોય તે ભાગ.

દંતરોગ [સં.] પું. દાંતનો રોગ. તેના આઠ પ્રકાર છે: કૃમિદંત, દાલન, દંતહર્ષ, કરાલ, શર્કરા, સ્યામદંત, સંજ્ઞક, કપાલિકા.

દંતલેખક [સં.] વિ. દાંત ખોતરનાર.

દંતવૈખન [સં.] ન. દંતશૂક; દાંતની પથરી કાઢવાનું હથિયાર. દંતશર્કરા નામના રોગમાં તેના ઉપયોગ થાય છે

દંતવક્ત્ર [સં.] પું. (પુરાણ) શિશુપાલનો એ નામનો એક ભાઈ

દંતવક્ત્રવધબલ્વાજવિજયાયૌધનાશક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.

દંતવક્ર ૧ [સં.] પું. (પુરાણ) કરૂષક દેશાધિપતિ પૃદશ્રવાને વસુદેવની બહેન શ્રુતદેવાની કુખે અવેલો એ નામનો એક પુત્ર. એ કૃષ્ણને હાથે મરણ પામ્યો હતો. કેટલીક જગ્યાએ તેને વક્રદંત પણ કહ્યો છે.

૨. પું. (પુરાણ) રામની સભામાંનો એ નામનો એક વિદ્વાન.

દંતવર્જન [સં.] ન. દાંત સંબંધી વર્જન.

દંતવર્તિ [સં.] સ્ત્રી. (વૈદક) દાંત ઉપર લગાડવામાં આવતી એ નામની એક દવા. તે બનાવવા હાથીનો દાંત, કુક્કરનો દાંત, ઊંટનો દાંત, ભાદરનો દાંત, બોકડાનો દાંત, બકરીનો દાંત, ભોકડાનો દાંત, સાચા મોતી અને સમુદ્રફીણ એ બધી ચીજો સમભાગે લઈ તેનું બારીક ચૂર્ણ કરવું.

દંતવર્ધન [સં.] ન. (વૈદક) દાંત ઉપર દાંત આવવો તે; અધિદંત. એ દાંત આવવા લાગે છે ત્યારે બહુ પીડા થાય છે અને દાંત આવી ગયા પછી પીડા શમે છે.

દંતવલક [સ.] પું. દાંતને ઢાંકનાર ચામડીરૂપ માસ

દંતવસ્ત્ર [સં. દંત (દાંત) + વસ્ત્ર (કાપડ)] ન. ઓઢ; ઓઢ.

દંતવા [હિં.] પું. જમીનનાં ઢેફાં ભાંગવાનું એ નામનું ઓજાર; કળતી.

દંતવાણિજ [સં. દંત (દાંત) + વાણિજ (વેપારી)] પું. હાથીદાંતનો વેપારી.

દંતવાણિજ્ય ૧. [સં. દંત (દાંત) + વાણિજ્ય (વેપાર)] પું. દાંતનો વેપાર; પશુના દાંતનો વેપાર.

૨. પું. (ખૂ ચુ.) મીઠાના અગર, દાંત, ચામડાં, ચામર ને બીજા જીવના અંગમાંથી બનાવાતી વસ્તુઓ, મોતી, હીરા, કોડી, શંખ વગેરેનો વેપાર.

દંતવિદ્યા [સં] સ્ત્રી દાંત સંબંધી શાસ્ત્ર; દાંતનું વિજ્ઞાન; દંતરોગનું વિજ્ઞાન.

દંતવિદ્રધિ [સં.] પું. દાંતના પોલાણમાંથી પીડા સાથે પરુ અને લોહી નીકળે એવો રોગ.

દંતવિશોધન [સં. દંત (દાંત) + વિશોધન (શુદ્ધ કરવું તે)] ન. દાંત સાફ કરવાની ક્રિયા.

દંતવીજ [સં. દત (દાંત) + બીજ (બી)] પું. દાઢમનું ઝાડ.

દંતવીજક જુઓ દંતવીજ.

દંતવીણા [સં. દત (દાંત) + વીણા (એક વા.સા)] સ્ત્રી. દાંત કચકચાવવાથી થતો અવાજ.

દંતવું વિ જેના દાંત બહાર નીકળેલા હોય એનું; આગલા દાંત કોઠની બહાર દેખાતા હોય એવું; દાંતવું; મોટા દાંતવાળું.

દંતવેદન [સં. દંત (દાંત) + વેદના (પીડા)] સ્ત્રી. દંતશૂલ; દાંતનો દુખાવો.

દંતવેષ્ટ ૧. [સં.] પું. પરુમાંથી પરુ સહિત લોહી નીકળી દાંત હાલે તેવો રોગ.
૨. [દંત (દાંત) + વેષ્ટ (વાડ)] ન. દાંત ઉપરની કાચ પોપડી.

દંતવૈદર્ભ [સં.] પું. એક જાતનો દાંતનો રોગ.

દંતવૈદ્ય [સં. દત (દાંત) + વૈદ્ય (દવા કરનાર)] પું. દાંતની દવા કરનાર માણસ; દાંતનો ડાક્તર; 'ડેન્ટિસ્ટ.'

દંતવ્યસન [સં. દંત (દાંત) + વ્યસન (દુ ખ)] ન દાતમાં થતું દુ ખ; દાંતની પીડા.

દંતશઠ ૧ [સં] પું. બટાક.
૨. પું. નારંગી.
૩. પું. બિલ્લેરૂ.
૪. પું. હાથી.
૫ ન. બોર.

દંતશઠા ૧. [સં.] સ્ત્રી. આંબલી.
૨. સ્ત્રી. એક જાતની ખાટા રસવાળી ભાજી; લૂણી.

દંતશબ્દ [સં] પું મોંમાં દાંત કચકચાવવાનો રોગ.

દંતશર્કરા [સં.] સ્ત્રી. એક જાતની અવાથી દાંતનો થતો એક રોગ.

દંતશલાકા [સં. દંત (દાંત) + શલાકા (સળી)] સ્ત્રી દાંતખોતરણી.

દંતશંકુ ૧. ન. ચોરસનું પાંદડાના આકારનું એક ક્ષેત્રમિતિ.
૨. [સં.] ન. ગજક્રિયાનું પીસ માંહેનું એક શસ્ત્ર.



દંતશાણ [સં. દંત (દાંત) + શાણ (કરાણ)] પું. દતમંજનચૂર્ણ.

દંતશાર્ક ન. એક જાતનું જંતુ; 'ઓન્ટોલિમ.' દંતશાર્કની લંબાઈ આશરે દોઢ તસુની હોય છે. તે દાંતી છીપમાં સિવર એસે છે.

દંતશાસ્ત્ર [સં] ન. દાંતને લગતી વિદ્યા.

દંતશુદ્ધિ [સં] સ્ત્રી. દાંત સાફ કરવાની ક્રિયા

દંતશૂલ [સં.] ન દાતનો રોગ; દાંતમાં નીકળતા સણકા; દાંતનો દુખાવો; દાંતની વેદના.

દંતશૂળ જુઓ દંતશૂલ.

દંતશૌષિર્ય [સં.] ન. દાંતનું હલવું તે; દાંતનું ખિસકવું.

દંતશોધન [સં દંત (દાંત) + શોધન (શુદ્ધ કરવું તે)] ન. દાંતખોતરણી.

દંતશોફ [સં. દત (દાંત) + શોફ (સોજો)] પું. દાંતના પોલાણમાં થતો એક પ્રકારનો કોલ્યો. દતાર્બુદ.

દંતશ્લિષ્ટ ૧. [સં.] વિ. દાંતમાં ખૂંચવાઈ ગયેલ.
૨. વિ. દાંતમાં ચપચાઈ ગયેલ.

દંતશીરા સ્ત્રી. દાંતનો નીચેનો માંસલ ભાગ.

દંતસ્થાન [સં. દંત + સ્થાન (જગા)] ન. દાંતનો પ્રદેશ; દાંતની જગા.

દંતસ્થાની વિ (આકરણ) જેના ઉચ્ચારનું સ્થાન દાત હોય એવું, દા.ત. દાતને જીભ અડાડથી જેનો ઉચ્ચાર સ્પષ્ટ થાય એવું. દાતની મદદથી બોલાતું.

દંતહર્ષ ૧. [સં] પું દતરોગના આઠ માંહેનો એક પ્રકાર; ટાઢું, ઊનું, ખાટું વગેરે ખાવાથી દત ઉપર થતી અસર
૨. પું દાંત કૂટવા તે, દાત આપવા તે

દંતહર્ષક ૧. [સં.] પું બિલ્લેરૂ.
૨. પું બીજોરું ઝાડ

દંતહર્ષણ જુઓ દતહર્ષ

દંતા પું. હાથી.

દંતાકાર [સં.] વિ. દાંતના આકાર જેવું

દંતાગ્ર [સં. દત + અગ્ર (આગલો ભાગ)] ન. દાતનો અગ્ર ભાગ; દાતની અણી

દંતાગ્રોથ [સં.] વિ દાંતના અગ્ર ભાગમાં થતું.

દંતાઘાત ૧. [સં. દંત + આઘાત (પ્રહાર)] પું. દાંતનો ફટકો.
૨ પું. બીજું, તેનાથી દાંતને આઘાત પહોંચે છે.

દંતાજ ૧. [સં.] પું. દાતની જડ કે સંધિમાં થતો ફોલ્લો.
૨. પું. દાંતનો એક જાતનો રોગ.

દંતાઢ [સં. દંત + આઢ્ય (ખાવું)] પું. જેથી દાત બરાબ છે એવો એક જાતનો રોગ.

દંતાદંતિ ૧. [સં.] સ્ત્રી. એકબીજાને કરડતાં કરડતાં લડવું તે; સામસામા દાત મારી મારીને લડવુ તે; કાટે કાટે પ્રહાર કરી થયેલું યુદ્ધ.
૨ સ્ત્રી દાંતીનુ પરસ્પર યુદ્ધ.

દંતાયુધ [સ. દત + આયુધ (હથિયાર)] ન. જગલી ડુક્કર; સૂડ. તેનું હથિયાર તેની દાતગડી છે

દંતાયુધી [સં.] સ્ત્રી ભૂંડણી; ડુક્કરી.

દંતાર ૧. [હિ.] પું હાથી.
૨. વિ. મોટા દાંતવાળુ.

દંતારવાડ (દતારવાડ) સ્ત્રી ચોરસની માંહેનું એક ચોકઠું, ચકરના બે સતામાં દંતારા એટલે હાથીદાતનું કામ કરનારા કોઠો વસતા હોય તે સ્થાન.

દંતારો ૧. પું. દાત ભાંખનાર માણસ.
૨. [સ. દંતકાર] પું દાંતના દાગીના બનાવનાર માણસ; ચૂડગર; હાથીદાંતનું કામ કરનારો કારીગર.
૩. પું. દાતાળા હથિયાર બનાવનારો પુરુષ.

દંતાર્બુદ [સ. દંત + અર્બુદ (ગૂમડું)] ન. બત્રીસમાં થયેલું ગૂમડું.

દંતાર્જુન જુઓ દંતાર્જુન.

દંતાલ [હિ.] પું. હાથી

દંતાલય [સં. દન્ત (દાંત) + આલય (ઘર)] ન. મુખ; મોઢું

દંતાલિકા ૧ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, મગણ, રગણ, મગણ, મગણ અને લઘુ મળી સોળ અક્ષર હોય છે.

૨ [સં.] સ્ત્રી દાંતની પંક્તિ.

૩. સ્ત્રી. લગામ.

દંતાલી ૧. સ્ત્રી ઘાસ વગેરે ભેગું કરવાનું દાંતાવાળું હથિયાર; દંતાળી.

૨. [સં.] સ્ત્રી દાંતની પંક્તિ.

૩. સ્ત્રી. લગામ

દંતાવલ [સં] પું. હાથી; હસ્તી.

દંતાવલી સ્ત્રી. કળથી; જમીનનાં ઢેફાં ભાંગવાનું એક ઓજાર; દંતાવળી.

દંતાવળી જુઓ દંતાવલી.

દંતાવળી [સં. દન્ત + આવલિ (આળી)] સ્ત્રી. એ નામનો હાથીદાંતને મળતી સળી જેવા છીપ; દંતૂરણ જેવી છીપ; દાંતના કે દંતૂરણના બાદનું એક જીવડાનું ઢેબરું.

દંતાળ ૧. પું. જુઓ, દંતાળી વગેરેનો દાંતો.

૨. ન. ખેડેલા ખેતરમાંથી નકામા એક તાણી નાખવાનું ખેડૂતનું એક ઓજાર.

૩. ન. દંતાળી; પજેટી.

૪. ન. ચાલેતર કરવાનું પાંચ દાંતાવાળું લાકડાનું ઓજાર

૫. વિ. દાંતાવાળું; જેને દાંતા કે ફણાં હોય તેવું.

૬. વિ. મોટા દાંતાવાળું.

દંતાળી ૧. સ્ત્રી. ખેતરમાંથી નકામા એક તાણી નાખવાનું ખેડૂતનું એક ઓજાર; દંતાળ; દંતિયો.

૨. સ્ત્રી. દાંતાવાળું ખેડૂતનું એક ઓજાર; પજેટી; બખાળી; દાતી.

દંતાળું ૧ વિ. દાંતની સાથે સંબંધ રાખનાર; દન્ત્ય.

૨. વિ. દાંતવાળું; ફણાવાળું.

૩. વિ. બહાર દેખાતા દાંતવાળું; દંતવું; દાંતરું

દંતિકા [સં.] ન. દંતી વૃક્ષ.

દંતિક વિ. દાંતને સાફ કરનાર.

દંતિદુર્ગરાજા પું. દિગંબર વંશમાં થઈ ગયેલ એ નામનો એક રાજા.

દંતિની ૧. [સં.] સ્ત્રી. દંતી વૃક્ષ.

૨. સ્ત્રી. હાથણી.

દંતિબીજ જુઓ દંતીબીજ.

દંતિભદ્ર [સં.] પું. હાથીના કુંભસ્થળમાંથી વહેતું જળ; હાથીનો મદ.

દંતિયા [હિ.] સ્ત્રી. નાના નાના દાંત.

દંતિયો ૧. પું. એ નામનો એક ચમકદાર.

૨. પુ. ખરેરો.

૩. પું. દંતાળ; પજેટી

૪. પું. દાંતિયો; પહોળા અને લાંબા દાંતાવાળો કાંસકો, દાંતિયો.

દંતિલ પું. એ નામનો એક પ્રાચીન આચાર્ય. તેણે શ્રુતિસ્વર ઉપર ટીકા કરી છે.

દંતી ૧. [સં દન્તિન્] પું. આઠની સંખ્યાની સંજ્ઞા; આઠ સૂચક સાંકેતિક શબ્દ

૨ પું. શત પોસીને બોલાતો અક્ષર.

૩. પું નેપાળનું ઝાડ.

૪. પું. પર્વત.

૫. પું મોટા દાંતવાળો હાથી.

૬. પું. સિંધાળ.

૭. પું. હાથી

૮. સ્ત્રી. એ નામની વનસ્પતિ; દંતીવૃક્ષ. તેની બે જાત છે: લઘુદંતી અને બૃહદ્દંતી., લઘુદંતીનાં પાન ચૂકરનાં પાન જેવા અને બૃહદ્દંતીનાં પાન એરંડાનાં પાન જેવાં હોય છે. તેનાં બી રેચક છે. આ બી વધારે પડતાં લેવાવાથી વિષનું કામ કરે છે.

૯. સ્ત્રી. દંતીબીજ.

૧૦. સ્ત્રી. નેપાળો; નેપાળનું મૂળ.

૧૧. વિ. દંતમાની.

૧૨. વિ. દાંત સબંધી.

૧૩. વિ. બહાર નીકળેલા દાંતવાળું; દંતાળુ, દાંતવાળું

દંતીબીજ ૧. [સં. દન્તી + બીજ] ન. જમાલગોટાનું બીજ; નેપાળાનું બી.

૨. ન. દંતીવૃક્ષનું બી.

દંતીમૂળ ન. નેપાળાનું મૂળ. તે રેચક છે અને ક્વાથ, મોળા અને ચૂર્ણમાં વપરાય છે.

દંતીલા ૧. [હિ.] પું. મોટા દાંતવાળો હાથી.

૨ પું લાંબા દાંતવાળું ભૂંડ.

૩. વિ. ખોડવાળું; ચીરાવાળું.

૪. વિ. દાંત પીસીને બોલાતું.

૫. વિ. મોટાં દાંતવાળું.

દંતીલું વિ. ચીરાવાળું.

દંતીવૃક્ષ [સં.] ન. એક જાતનું ઝાડ; એરંડપત્રિક; ઉદુમ્બરપર્ણી.

દંતી હરીતકી ૧. સ્ત્રી. (વૈદક) એ નામની એક દવાની બનાવટ. તે બનાવવા ૨૫ મોટી હરડે લઈ એક કપડામાં બાંધવી. પછી ૨૦૦ તોલા દંતીમૂળ અને ૨૦૦ તોલા નસોતર લઈ તે બધાને ૪૦૬૪ તોલા પાણીમાં ઉકાળવાં. ૫૧૨ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાંથી હરડે કાઢી લઈ ૩૨ તોલા મીઠા તેલમાં તળવી. પછી ૨૦૦ તોલા ગોળ લઈ તેની અંદર ઉપલા ક્વાથનું પાણી નાખી બાદ તેની ચાસણી થાય ત્યાંસુધી ઉકાળવી પછી તેની અંદર નાચ પ્રમાણે બીજા નાખવાં: નસોતર ૩૨ તોલા, સૂંઠીપીપર ૮ તોલા, સૂંઠ ૮ તોલા. કપૂર બાદ તેમાં ૩૨ તોલા મધ અને ૩૨ તોલા ઘાતુર્જલ નાખવું પાકળથી તેની અંદર અગાઉ કરેલી હરડે મૂકી રાખી મૂકવી. તેની માત્રા બે તોલા છે

૨ [સં.] સ્ત્રી. હરડે.

દંતુ ૧ પું દાંત; દંત.

૨ પું ભીમક રાજાનો એક પુત્ર

૩. વિ. મોટા દાંતવાળું; દાંતાળુ

દંતુન ન. દાતણ

દંતુર ૧ [સં.] પું. સૂવર; ભૂંડ.

૨. પું હાથી.

૩ વિ ઊંચા દેખાતું

૪. વિ ઊંચાનીચું; વરિયાનાં મોલની જેમ ઊતરતું ચડતું.

૫ વિ. કરવતાકૃતિ; દાંતાકાર; કાંગરાવાળું; દાતાદાતાવાળું

૬. વિ. મોટા દાંતવાળું; દંતુ; દાંતાળું; જેના દાત બહાર નીકળ્યા હોય એવું.

દંતુરતા [સં.] સ્ત્રી. દાંતનું બહાર નીકળી આવવું તે.

દંતુરયંત્ર [સં] ન. દાંતાવાળું યંત્ર.

દંતુરિત જુઓ દન્તુર

દંતૂરી (દન્તૂરી) ૧. સ્ત્રી નાનકડો કૂપાળો દાંત.

૨. સ્ત્રી. નાનો કે તીક્ષ્ણો દાંત; કૂદતો નાનો દંત; નાના દાંતની દંતિકા.

દંતૂરક [સં] પું. એ નામનો એક દેશ.

દંતૂરચ્છદ [સં.] પું. બિલેડું.

દંતૂલા [હિ.] સ્ત્રી. હસ્તરેખા

દંતૂલી ૧. પું. દાંત પીસીને બોલાતો અક્ષર

૨. [હિ.] વિ. મોટા દાંતવાળું.

દંતૂશ ૧. પું. દંતૂશળ; કાર એટલે બાજની બાજુ બહાર નીકળેલો હાથીદાંત; હાથીનો દાંત.

૨. પું. બહાર પડતો મોટો દાંત.

દંતૂશળ ૧. પું. મોઢામાંથી દાંત બહાર મોટો બહાર નીકળતો હોય તેવો આયુધ.

દંભ

૨. પું. સર એટલે બાજુની માફક બહાર નીકળેલો હાથી.દાંત; હાથીનો બહાર પડતો મોટો દાંત.

દંતૂસળ જુઓ દતૂસળ.

દંતેલા [હિ.] વિ. મોટા દાંતવાળું.

દંતૈયું ૧. ન. ચીડ ભરેલો તિરસ્કાર.
૨. ન. ખંજવાળ, રોષ કે તિરસ્કારવાળું ધૂરકિયું.
૩. ન. ચૂત્કાર; તરહેલો.
૪. ન. દાંતિયું; દાંત ચકારીને કરડવા પડવું તે; કોઈ સામે દાંત દેખાડવા તે; દાંત દેખાડી કરડવા આવું તે.
૫. ન. પાક બળી લીધા પછી ઊભેલો રહ્યસો.
૬. [સં. દન્તિન્] વિ. દાંતવાળું.

દંતો ૧. પું. દંતિયો.
૨. વિ પું. દમન કરનારો.

દંતોજ્જ્વલ [સં દત (દાંત) + ઉજ્જ્વલ (ઊજળું)] વિ. દાંતના જેવું સફેદ.

દંતોજ્જ્વલા [સં દન્ત + ઉજ્જ્વલા (ઊજળી)] સ્ત્રી. પોંગી બાઈનો જેવો.

દંતોત્પત્તિ [સં.] સ્ત્રી. દાંત આવવા તે.

દંતોદૃખલિક ન. ઊર્ધ્વદન્તસ્થિનું એક પ્રસ્ફોટન. આ પ્રસ્ફોટન દાંતની ઉપલી હારને ટેકો આપતું હોઈ અર્ધચંદ્રાકાર છે. તેનું મોં નીચે છે. બાલપણમાં આ ભાગ ઉપર દાંતને રહેવા માટેનાં ચાંગ બાનાં હોય છે, બાકી ચૌવનમાં આધ હોય છે.

દંતોદ્ભવ ૧. પું. એક નામનો એક રાજા.
૨. [સં. દત + ઉદ્ભવ (જન્મ)] પું. દાંત આવવા તે.

દંતોદ્ભેદ [સં.] પું. દાંત ફૂટવા તે.

દંતોલૂખલિક [સં.] પું. બરડા, ઉખા, ચટણી વગેરે સિવાયના દાણા ખાનાર અરણ્યવાસી. તે ખીજા વગેરે અન્ન ખાતો નથી. તે દાંતો દ્વારા ખાય છે અથવા દાંત વડે જ ખૂણા સહિત અનાજના દાણા ખાય છે.

દંતોષ્ઠ જુઓ દંતૌષ્ઠ.

દંતોષ્ઠ્ય જુઓ દંતૌષ્ઠ્ય

દંતૌષ્ઠ ૧. [સં. દત (દાંત) + ઓષ્ઠ (હોઠ)] ન. દાંત અને હોઠ.
૨. ન. (વ્યાકરણ) વર્ણનું એક સ્થાન.
૩. વિ. હોઠ ને દાંતથી ઉચ્ચાર થતો હોય એવું.

દંતૌષ્ઠ્ય [સં.] વિ. (વ્યાકરણ) જેનો ઉચ્ચાર દાંત અને હોઠથી થાય તેવું. આવો અક્ષર વ છે.

દંત્ય ૧. પું. એકજ દાંતવાળો હાથી.
૨. [સં.] વિ. દાંત સબંધી; દાંતમાં હોનાર કે બનાર.
૩. વિ. (વ્યાકરણ) દાંતની મદદથી જેનો ઉચ્ચાર થાય તેવું; દંતસ્થાની. જેમકે, ત, થ, દ, ધ, ન, લ, સ.
૪. વિ. દાંતને હિતકારક.

દંત્યતાલવ્ય [સં.] વિ. (વ્યાકરણ) દાંત અને તાળવાથી ઉચ્ચારાતું.

દંત્યરિષ્ટ [સં.] ન. હરસનો રોગ મટાડનાર એક દવા.

દંત્યૌષ્ઠ્ય [સં. દંત+ઔષ્ઠ્ય] વિ. (વ્યાકરણ) દાંત અને હોઠ બંનેની મદદથી ઉચ્ચારાતું. જેમકે, વ.

દંદ ૧. [સં.] પું. વસ્ત્રહરની સાગમાં વપરાતું સામનું પીંછું.
૨. સ્ત્રી. કોઈ પદાર્થમાંથી નીકળતી ભરમી
૩. [સં. દન્દ] ન. જોડું.
૪. ન. ઝઘડો; કજિયો; ઉપદ્રવ.

દંદશ [સં.] પું. સાત.

દંદશૂક ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
૨. પું. સર્પ.
૩. ન. એ નામનું નરક. જેમાં સર્પો જ સર્પો હોવાનું મનાય છે.
૪. વિ. અપકારક.
૫. વિ. ક્રોધી.

દંદશૂલ ન. અષ્ટાદીક માંહેનું એ નામનું એક નરક.

દંદા [હિં.] પું. તાલ દેવા માટેનું એક પુરાણું વાદ્ય.

દંદાન [સં. દન્ત] પું. દાંત.

દંદાના [હિં.] પું. કરવતીનો બણીવાળો ઢાંકો.

દંદાર [હિં.] પું. ખીલ; ફોલ્લો.

દંદાંફોલ (દદામોલ) [ફા.] પું. હાથીદાંત.

દંદી [હિં.] વિ. ઝઘડાળુ; ઉપદ્રવી; ભગેડા કરનાર.

દંદુક પું. એક પ્રકારનું ઝાડ જાણવું ચાહિત.

દંદુજિ [સં. દંદુજિ] પું. એક જાતનું ચર્મવાદ્ય.

દંદૂડી (દદૂડી) ૧. સ્ત્રી. પાણીની ઝીણી ધાર; દદૂડી.
૨ સ્ત્રી. ચેપ.

દંદૂડો (દદૂડો) પું. પાણીની મોટી ધાર; દદૂડો.

દંદોડી (દદોડી) સ્ત્રી. ઝીણી ધાર; દદૂડી.

દંદોલ પું. (જૂ સ્ત્રી.) સંકળ; વહેમ.

દંદ્રમ [સં.] ન. ધીમે ધીમે જવું તે; ધીમી ગતિ કરવી તે.

દંદ્રવક ૧. [સં.] ન. ધીમે જવું તે; ધીમી ગતિ કરવી તે.
૨. વિ. ધીમી ગતિવાળું.

દંદ્રવ્યવાક [સં.] વિ. ધીમી ગતિ કરવું.

દંધ ન. (કચ્છી) દાંત.

દંધરો પું. (કચ્છી) લાંબા દાંતવાળો માણસ.

દંન પું. દિવસ.

દંપતી [સં. દમ્ (જાવું) + પતિ (ધણી)] ન. ન. ન. વરવહુની જોડ; જોડું; ધણીધણિયાણી; સ્ત્રીપુરુષનું જોડું; વરવહુ; સ્ત્રીપુરુષ.
હતે ને જાયમે વર્યો ઓટ રે બરતી બર્યો;
સ્નેહથી સંચર્યાં સાથે દેવિ ! દંપતી વર્યાં.
નાનાલાલ

દંપતીજીવન [સં.] ન. ધણીધણિયાણી તરીકેની જિંદગી; સબંધ સ્થિતિ.

દંપતીભાવ પું. સખીભાવ. વૈષ્ણવમાં બોલાય છે.

દંપતીરાજ્ય [સં.] ન. રતિરાજ્ય; કામરાજ્ય. પ્રાચીન સમયમાં હિંદમાં દંપતીરાજ્યનો અભ્યાસ બારે ઉત્સુકતાથી કરવામાં આવતો હતો. આશરે ૨૩૦૦ વર્ષ પહેલાં હિંદમાં સાચું દંપતીરાજ્ય અસ્તિત્વમાં હતું. પાણીપતના રાજા બાબરે દંપતીરાજ્ય ઉપર એક મોટો ગ્રંથ લખ્યો હતો. તે પછી મણિકાપુત્ર પણ એક બાબતોનો દંપતીરાજ્યજ્ઞ હતો અને કામસૂત્ર નામના ગ્રંથના વૈખ્યાત ગ્રન્થકારનું નામ તો પ્રસિદ્ધ છે.

દંપા [હિં.] સ્ત્રી. બીજણી.

દંપુલ અબ્બલૈન [ફ્રે.] પું. હીરાલોળ.

દંભ્ ૧. [સં.] સ. ક્રિ. ઢાંકવું કરવું; પીડા કરવી.
૨. સ. ક્રિ. (ધાતુ) ઉતરવું; ઠગવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: દભ, દભી.
૩. સ. ક્રિ. દંભારવું.

દંભ ૧. પું. એ નામનું ૧૪ માંહેનું એક વિમાન.
૨. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ગાલ્વ છંદનો એક ભેદ છે. તેમાં ૨૨ લઘુ અને ૨૦ ગુરુ મળી ૫૬ વર્ણ અને ૬૬ માત્રા હોય છે.
૩. [સં.] પું. ખોટો દેખાવ; ઢોંગ; ઢોંગ કપટ; માયા; ઝાંઝવા; ધુતારાઈ. દંભના ત્રણ પ્રકાર છે: (૧) દેહદભ. જેમકે, શરીરને રંગવું અથવા તો દુર્બળ બનાવવું, જૂકુટિ ચઢાવી અચાનક દેખાવ કરવો, ગંભીરતા દેખાડવા બીજે સારે જોવવું વગેરે. (૨) વેશિત કે ભેળવી બૂતનું કપડાં પહેરવાં, મુખમર્દ ઓઢવું. (૩) બ્રહ્મચર્યમાં ઓછાવત્તા દેખાવવા ખોટ ધારણ કરવું, બ્રહ્મચર્ય કરે છે એમ દેખાડવા હોઠ ફફડાવવા, શાસ્ત્રોનાં પ્રમાણો આપી પોતાને વિદ્વાન બનાવવો, અનેક સંતોની વાતો કરી પોતે સત્સંગી છે એમ દેખાડવું વગેરે. (૪) લોકોના દેખતાં માથું નીચું રાખી ચાલવું અને ચોર તરફ દૃષ્ટિ ન કરવી, માર્ગમાં ગંભીરતાનો દેખાવ કરી બીજેથી ચાલવું, લોકોને દેખાવવા દાન કરવું વગેરે. (૫) પોતાના સિદ્ધો વધારવા પ્રયત્ન કરવો. જેમકે, બ્રહ્મચર્ય

રાજા મારો સેવક છે એમ જાહેર કરવું વગેરે ગાંધીજી કહે છે કે, આપણા દંભનું તો કૂંડું થઈ ગયું ? દરેક ક્ષેત્રમાં દંભ વધી પડ્યો છે. નજીવાઈની સાથે દંભ હમેશા રહેલો જ છે. વળી જ્યાં લોકો નીતિવાન બને પ્રગતિના દોષ, છતાં ન બને ત્યાં દંભ વધે જ; કેમકે નીતિવાન ન બનીએ તો દેખાવાની લાલચે તત્પર એક અનીતિમાં બીજાનો ઉમરો કરીએ છીએ. આપણા ધર્મમાં પણ દંભે સહજ રીતે પ્રવેશ કર્યો છે, તે એટલે સુધી કે આપણા ટીકા, માળા જલદિ આપણી પવિત્રતાની નિશાની હોવાને બદલે તે અપવિત્રતાની સંજ્ઞા બની પડ્યા છે.

૪. પું. ગર્વ; અભિમાન.

૫ પું. કામશાસ્ત્ર, કામવિદ્યા, પ્રપંચ, છળ, કપટબુદ્ધિ.

૬. પું. (પુરાણ) વિપ્રચિત્તિ દાનવનો એ નામનો પુત્ર

૭. પું. શિવનાં કલ્પાંત માંહેનું એક નામ.

દંભક ૧. સ્ત્રી. બાળનારી દવા; આગ આમ ઉપર અડાડવાથી અસર મસા વગેરે ઉપર લગાડવાથી તેનો નાશ કરે તેવી દવા.

૨. [સ.] વિ. કામનાર; ઠેતરનાર; દંભ કરનાર; ગર્વ કરનાર; પાખંડી.

૩. વિ. કૂડપણાવાળું; ગર્વ કરનાર; અભિમાની.

દંભકપણું ૧. ન. દંભ કોળ; ઢોંગ

૨. ન. કપીપણું; ગર્વ; અભિમાન.

દંભચર્યા [સં.] સ્ત્રી. ઢોંગ; પાખંડ.

દંભણ [પ્રા.] ન. કામ કરો તે.

દંભધારી ૧. [સં. દંભધારિન્] વિ. દંભવાળું; ઢોંગી

૨. વિ. કૂડપણું; અભિમાનીપણું; ગર્વવાળું.

દંભન ૧. [સં.] ન. કલાર્જ; હાસ; ઢોંગ.

૨. ન. કાંસ.

૩. ન. કૂડપણું; અભિમાન; ગર્વ.

દંભભય ૧. [સં. દંભ (ઢોંગ) + ભય (બાળું)] વિ. ઢોંગી, દંભવાળું.

૨. વિ. કૂડપણાવાળું; અભિમાની; ગર્વ કરનાર

દંભાચાર્ય [સ.] પું. ઢોંગી માણસ; ખોટો દેખાવ કરનાર માણસ

દંભાવલી પું. (પિંગળ) સાદક છંદની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૪૨ ગુરુ અને ૪૬ લઘુ મળી ૭૮ વર્ણ અને ૧૨૦ માત્રા હોય છે.

દંભાસુર [સં.] પું. એ નામનો એક દાનવ.

દંભિક વિ. દંભવાળું; કપટી, ઉપલકિયા દેખાવનું; ઢોંગી

દંભિયું વિ. દંભી; ઢોંગી; ઢોંગી; દાંભિક; દંભવાળું; મનમાં કપટ રાખનાર.

દંભી ૧ [સં. દંભિન્] વિ. કપટી; ઢોંગી, ઢોંગી; દંભવાળું; મનમાં કપટ રાખનાર.

૨. વિ. ગર્વિષ્ઠ; અભિમાની; ઘમંડી

દંભોદ્ભવ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા. એ કરજોજ પોતાની સભામાં બ્રાહ્મણોને પૂછતો કે પૃથ્વી ઉપર મારા કરતાં બીજો અસર મારા જેવો બળવાન કોણ છે તે કહો. આમ રોજ પૂછ્યા કરતો. તેથી બ્રાહ્મણોએ એક દિવસ ગુસ્સે થઈને કહ્યું કે, ગંધમાદન પર્વતના શિખર ઉપર નરનારાયણ ઋષિ છે તે તારા કરતાં બળવાન બલાદ્ય છે, માટે તું ત્યાં જા. તે ઉપરથી તે ત્યાં ગયો અને ઋષિને યુદ્ધ કરવાનું કહેતા તેણે કહ્યું કે અમારામાં ક્રોધનું નામ નથી તો યુદ્ધ શી રીતે થાય ? પરંતુ રાજાએ ઋષિનું જ્ઞાનબળ જાણ્યું નહિ. તેથી તે ઋષિએ એક મૂછ કાઢીને દર્ભ એની સેના ઉપર ફેંકયા આથી એની સઘળી સેના કાન, નાક, આંખો વગેરે અવયવ રહિત થઈ ગઈ. આથી રાજાનું અભિમાન નાશ પામ્યું અને એણે નરનારાયણની ક્ષમા માગી. એમણે એનો અપરાધ ક્ષમા કરીને એને નીતિનો ઉપદેશ કર્યો. એ બાદ પ્રસન્ન કરીને ઋષિની આજ્ઞા લઈને પોતાના નગરમાં આવ્યો અને અભિમાનનો ત્યાગ કરી નીતિપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

૨. [સં. દંભ + ઉદ્ભવ (પેદા થયું તે)] વિ. ઢોંગથી પેદા થયું; પાખંડથી ઉત્પન્ન થયેલ.

૩. વિ. શિક્ષાપાત્ર.

દંભોલિ ૧. [સં.] પું. ઇંદ્રનું વજ્ર.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં નગણ, ગુરુ અને ૯ રગણ મળી ૩૧ વર્ણ હોય છે.

૩. પું. ચોમની એક ક્રિયા.

૪. પું. મેઘ જાતનો હીરો.

૫. પું. સુરપતિ; ઇંદ્ર

દંવાર [હિ.] સ્ત્રી. બળતું બળતણ.

દંશ [સં.] સ. ક્રિ. (ધાતુ) રાતુ; કરડવું; ડંખ મારવો. તે ઉપરથી બનેલા શબ્દોઃ ઉપદંશ, દષ્ટક, દષ્ટિત.

દંશ ૧. પું. (પુરાણ) એ નામનો એક અસુર તે ભૃગુ ઋષિની સ્ત્રી પુલોમાને હરણ કરી ગયો હતો. એને ભૃગુએ તું પૃથ્વિ ભક્ષ એવો શાપ દીધો હતો આ જ પૃથ્વિએ દર્ભના ભોગમાં આવું મૂઢોને પરશુરામ જીતી ગયા હતા તે વખતે દર્ભની સાથળ કરડી ખાધી હતી. તે વખતે લેખાથી નીકળતો જીનો રક્તપ્રવાહ પરશુરામના મરણને સાક્ષાથી એ ભત્રી ઊડ્યા હતા. એમનો દૃષ્ટિપાત પૃથ્વિ ઉપર થવાથી એનો ઉદ્ધાર થયો હતો

૨ પું. આક્ષેપવચન; આળ; કલંક

૩. પું. કલમની ટાંક

૪ [સં] પું. ચીપિયો

૫. પું. ઝેરી કાટો સાપનો તે.

૬ પું. ડંખ; દબ, ચટકો, વીંછી કે સાપ જેવા જીવજંતુનું કરડવું તે.

૭. પું. દાંત.

૮. પું. દાંત કાપવાની ક્રિયા

૯. પું. બખ્તર.

૧૦. પું. આચાર્ય; મર્મ; સાર.

૧૧. પું. ભૂલ; ચૂક

૧૨. પું. મચ્છર.

૧૩ પું. સરસવનું ઝાડ.

૧૪. પું. વસ્ત્રમાં અટકયા હોય તેવી ઝેરી જાનવરો; ઝેરનો; ઢાલ.

દંશક ૧. [સ] પું. એક જાતની માખી.

૨. પું. ગળણાના જેવું એક ઇજારું; ઢાલ.

૩. વિ. દંશ કરનાર; કરડનાર.

દંશકુંડ [સ.] પું. બ્રહ્મથી બહારનો એ નામનો એક નરકકુંડ.

દંશકોપ [સં. દંશ (કરડ) + કોપ (ક્રોધ)] પું. ડંખનાનો કોપ; ડંખનું કોપવું

દંશન ૧. [સ.] ન. દંશવું તે, કરડવું તે.

૨. ન. બખ્તર.

દંશનાશિની [સં. , સ્ત્રી. તેજિયો ઢોળો.

દંશપુટ સ્ત્રી. પ્રાણીઓનું ડંખ મારવાનું અવયવ. પ્રાણીવિદ્યાના વૈખાદર્શનમાં લખે છે કે: તે દંશનાંક નામના ખાસ કોષની અંદર વિકાસ પામે છે ને તે શરીરના ઉપાડા રહેતા બાહ્યત્વચાના આવરણમાં, તેમાં ખાસ કરીને મુખમાં હોય છે. જ્યારે પ્રાણી ઉશ્કેરાય છે, ત્યારે દંશનાંક સંકોચાય છે ને જે તંતુમાં ઝેર હોય છે તે તનુ બહાર કાઢવામાં આવે છે. મોટી રતીન માખીમાંનો તથા વાનાલિ જંતુમાનો એક તાર મનુષ્યની ચામડી ઉતારે છે અને પણ. પીડા કરે છે. ઉષ્ણકટિબંધમાં, મધ્યકાળમાં તથા ભૂમિ વગેરેમાં એ ડંખ મારવાનું અંગ હોય છે

દંશબીરુ [સં. દંશ (ચટકો) + બીરુ (બીકણ)] પું. પાડો, મહિષ.

દંશબીરુક [સ] પું. પાડો

દંશમશકપરીષહ પું. (જૈન) ડાંસ, મચ્છર વગેરે જંતુઓના આવી પડેલ ઉપદ્રવમાં ખિન્ન ન થતાં તેને સમભાવપૂર્વક સહી લેવો તે.

દેશમૂલ [સં.] ન. સરગવાનું ઝાડ; શોભાંજન.

દેશવદન [સં] પું. રાક્ષસ પદ્મો.

દેશવું સ. ક્રિ. ડખવું; કરડવું; ચટકો ભરવો.

દેશસ્થાન [સં. દશ (ડખ) + સ્થાન (જગ્યા)] ન દશનું સ્થાન; કરડેલી જગ્યા; જે જગ્યાએ દશ દીધો હોય તે જગ્યા.

દેશાવવું સ ક્રિ. ડંખાવવું; ડંખ લાગે તેમ કરવું. દશ દેવાની ક્રિયા કરાવવી.

દેશાવું સ ક્રિ. ડંખાવું; ડખ લાગ્યો; ચટકો ભર્યો. દશ દેવાની ક્રિયા થવી.

દેશિત ૧. [સં] ક્રિ. કરડેલું, ડંખેલું, દશ દેવાયેલું.
૨ વિ. ઝેરી લાગણીવાળું; ડંફીલું; ખારીલું.
૩. વિ દંશ દેવામેલ; કરડાયેલ.
૪ વિ. ભખ્યા પડેરેલું.

દેશી ૧. [સં દશિન્] પું હનરો.
૨. સ્ત્રી. આંતરી; પાસાના ઊંડાના તાંતણા.
૩ સ્ત્રી. એક જાતની માખી; ભગાર્ડ.
૪. સ્ત્રી. નાનો ડાંસ.
૫. વિ. કરડનાર; દાંતથી કરડનાર.
૬. વિ. ઝેરીલું; ક્રોધ.ખોર; દ્વેષી; દંશવાળું.

દેશીલું વિ. દંશી; ઝેરીલું.

દેશૂક [સં.] વિ. કરડવાના સ્વભાવવાળું.

દેશોર [સં.] વિ. અપકાર કરનાર; નુકસાન કરનાર.

દંષ્ટ્ર [સં.] પું. મોટો દાંત.

દંષ્ટ્રક ૧. પું. મોટો દાંત.
૨. વિ. દાઢવાળું.

દંષ્ટ્રા ૧. [સં.] સ્ત્રી. દાઢ; મોટો દાંત; સ્થૂલ દાંત.
૨. સ્ત્રી. વિષ્ટતા; ઝેરી દાંત.

દંષ્ટ્રાનખચિત્ર [સં.] પું. દાઢમાં અને નખમા ઝેરી હોય એવું.

દંષ્ટ્રાન્વલી [સં. દષ્ટ્રા (દાઢ) + અન્વિત્ (જડેલાવું)] વિ. જેનું મુખ દાઢમાં સમાયેલું હોય એવું

દંષ્ટ્રાયુધ [સં દંષ્ટ્ર (મોટો દાંત) + આયુધ (હથિયાર)] પું વરાહ; સૂવર; ડુક્કર. તેનો બહાર નીકળેલ મોટો દાંત તેનું હથિયાર છે.

દંષ્ટ્રાલ ૧. [સં] પું. એ નામનો એક રાક્ષસ.
૨. વિ દાઢોવાળું.
૩. વિ મોટા દાંતવાળું

દંષ્ટ્રાવિષ [સં.] પું. જમીન ઉપરનો સર્પ.

દંષ્ટ્રાસ્ત્ર [સં.] પું. વરાહ; ડુક્કર.

દંષ્ટ્રિક [સં.] વિ. દાઢવાળું

દંષ્ટ્રિકા [સં] સ્ત્રી. દાઢ.

દંષ્ટ્રી ૧. [સં દષ્ટ્રિન્] પું. સાપ.
૨ પું. સૂવર.
૩. વિ. દાઢવાળું.
૪. વિ. મોટા દાંતવાળું.

દંષ્ટ્રુ પું. ખિસ્કત; ઝેરી દાંત.

દંસ પું. ડંખ.

દંસણ ૧. [પ્રા.] પું; ન. અભિપ્રાય.
૨. પું; ન. ઉપદેશ
૩. પું; ન. ચક્ષુ, ચક્ષુષ, અવધિ અને કેવળ એ ચાર દર્શન
૪ વ; ન તત્ત્વાર્થની યથાર્થ શ્રદ્ધા.
૫ પું, ન દૃષ્ટિ; દર્શન.
૬ પું, ન દેખવું તે.
૭ પું; ન નેત્ર; આંખ.
૮. પું; ન વેદવું તે; સંવેદન.

દંસન ૧. [પ્રા.] પું. દાંત
૨. [સં.] ન. દશવું તે; કરડવું તે.

દંસના [સં.] સ્ત્રી. કર્મ; કામ.

દંસવું સ. ક્રિ ડંખ દેવો.
પીજો પણ પોપટ નહિ, કાગો પણ નહિ નાગ;
પાંખો પણ પંખી નહિ, દશે પણ નહિ સાપ.
ઉખાણું

દંસિ [સં.] પું કર્મ; કામ.

દંસિક ૧. [સં.] વિ. અત્યંત કામ કરનાર.
૨. વિ. અત્યંત દેખાવડું.
૩. વિ. અતિશય રાગદ્વેષક.

દંહિયાણી સ્ત્રી. લગ્નપ્રસંગોમાં લગ્ન પ્રસંગે કરવામાં આવતી એ નામની એક ક્રિયા. તેમાં કન્યાના માથા આગળ પછી પિતાની આગળમાં બે કોડિયાં, લાકની તિજિ અને ઘડી સંખ્યાનો પ્રકાર અને અમુક રૂપિયા કન્યાનો ચોર લઈ જાય તે દહિયાણી કહેવાય છે. વર્ષાંતની રકમ દહિયાણીમાં કન્યાને પોથી આવેલી રકમના પ્રમાણમાં નક્કી થાય છે. દહિયાણી આપ્યા પછી વિવાહ તોડાય નહિ.

દંહીડો (દહીડો) પું. કપાસના ઝોડનો એક રોગ; ઝાંખિયો.

દઃ પું. દસ્તનું ટૂંકું રૂપ. સહી કરવામાં અક્ષર કોના છે તે સૂચવવા આ રૂપ વપરાય છે. જેમકે, રામનારાયણ ચંદ્રશેખરની સહી દઃ પોતાના.

દા ૧. પું. અગ્નિ
૨. પું. અનુકૂળ પવન.
૩. પું. ચોપાટની રમતમાં પડતા ૧૧, ૨૫ કે ૩૦ના દાવ.
૪. પું. બળદ; ગાડી.
૫. પું. દસ્તનું ટૂંકું રૂપ. જેમકે, કુમુદચંદ્ર રામચંદ્રની સહી દા. પોતે.
૬. પું. દાહ; દુઃખની લાગણી.
૭ પું. પાસાની રમતમાં ફેંકેલું તે.
૮. પુ. યુક્તિ; ઘાવાદાવા.
૯. પું. રમતમાં આવતો ચારો; દાવ
૧ દા દેવો = હાર પાળવી.
૨. દા પડવો = દાનો લાભ સારો લાગવો; દાની ચડતી થવી
૩. દા ભળી જવા = દા હોડ જવા. ચોપાટમા એકનો એક દા ચાર વાર ઉપરાઉપરી પડે તો તે દા ભળી ગયો એમ કહેવાય છે.
૪ દા લાગ્યો = (૧) દાવ પડવા. (૨) ભરમી ઊઠવું.

૧૦. પું. લાકડામા વપરાતી એક જાતની પુઢાડી.

૧૧. પું. (સંગીત) સિતારનો એક ભાગ. સિતારના પહેલા તાર ઉપર આગળી પોત. તરફ લઈને આઘાત કરવામાં આવે તો તેને દા કહે છે

૧૨. અ. દેનાર, આપનાર એવો અર્થ બતાવતો પ્રત્યય. જેમકે, સુખદા

૧૩ અ સર્વનામ કે વિશેષણ ઉપરથી ક્રિયાવિશેષણ અવ્યય બનાવનાર પ્રત્યય જેમકે, સર્વ-સર્વદા, યત્-યદા

૧૪. [સં.] સ. ક્રિ. (ધાતુ) આપવું; દેવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: દાન, આદાન, હવદા.

દાક્ષ્ય ૧. સ્ત્રી. ચાલ
૨. સ્ત્રી. સુઘરણી; પ્રસવ કરાવનારી ધાઈ.

દાક્ષાયણી જુઓ દાક્ષયણ.

દાક્ષાયેણ જુઓ દાક્ષયણ

દાક્ષિ ૧. પું. ધર્મગુરુ; ધર્મપથે ચાલવા ધર્મનો જન્મ આપનાર અથવા ધર્મનો ઉપદેશ કરનાર માણસ; ધર્મનો પ્રચારક પુરુષ.
૨. પું. મિત્ર.
૩. [હિ] સ્ત્રી. બરફી જાતની એક મીઠાઈ.
૪. સ્ત્રી. દાદી; પિતાની મા.
૫ [સં. સ્ત્રી] સ્ત્રી. (પ્રાકૃત) દેનારી; દાતાર સ્ત્રી.
૬. [સં. ધાત્રી] સ્ત્રી. ધાવ; ભીલની બચ્ચાને પોતાનું દૂધ પીવડાવનારી સ્ત્રી.
૭. સ્ત્રી. પીડા; દુઃખ. આ શબ્દ બાળકોના છે. જેમકે, બેટા ! દીવો અડવા જઈશ તો દાઝી જાય.
૮. સ્ત્રી. બચ્ચાને રમાડવા કે તેની દેખરેખ રાખવા રાખેલી દાસી.
૯. [સં. દાણ] સ્ત્રી બાળક જન્માવનારી સ્ત્રી; સુવાણી; પ્રસવ કરાવનારી ધાઈ; દાયણ.

દાઢી ચેટ ચુપાવવુ = (૧) ભર્ત્સાધીન થઈ ચુપચાપ પાસે ચેટ ચુપાવવુ. (૨) જાનું ન રહી શકે તે જાનું રાખવાનો યત્ન કરવો.

૧૦. સ્ત્રી. મીઠું જતાવતી સોની લોકોની એક સંજ્ઞા.

૧૧. સ્ત્રી. શરીર ઉપરનો દુખાવો.

૧૨. સ્ત્રી. સતાડૂકડી રમવાની જગ્યા.

૧૩. સ્ત્રી. હલમડી

૧૪. વિ. સમજુ; ડાહ્યું; બુદ્ધિશાળી.

૧૫. [સં. દાયિન્ (આપનાર)] વિ. દેનાર, આપનાર એવો અર્થ બતાવનાર પ્રત્યય. જેમકે, સુખદાઈ, દુઃખદાઈ. આ જોડણી અશુદ્ધ છે. અરે રૂપ સુખદાયી, દુઃખદાયી છે.

૧૬. સ. બરાબર

દાઈઅક્ષ સ્ત્રી. સુવાણી; દાઈ.

દાઈક [સં. દાયક] વિ. આપનાર.

દાઈકા [હિ.] વિ. સરખી ઉમરનું.

દાઈગારી સ્ત્રી. સુવાણીનુ કામ; દાઈ તરીકેનું કામ.

દાઈજ પું. વારસ; હકદાર; સગો.

દાઈજાઈ સ્ત્રી. સુવાણી.

દાઈજા [હિ.] પું. કરિયાવર, દીકરીને લગ્ન વખતે માબાપ તરફથી અપાતાં ઘરેણાં, કપડાં વગેરે.

દાઈજો પું. કરિયાવર.

દાઈત્યો ગાતુ સ્ત્રી. (જરથોસ્તી) આતશ બહેરામના પવિત્ર અગ્નિને પધરાવવાની જગ્યા.

દાઈદાર [હિ.] વિ. સરખી ઉમરનું.

દાઈદુશ્મન ૧. પું. કોઈ પણ જાતનો વેરવી; કાર્ય પણ કારણથી થયેલો વેરી.

૨. પું. દુશ્મન વગેરે દુઃખ દેનાર માણસ.

૩. [દાય (ભાગ) + દુશ્મન] પું. વારસામાં ભાગીદાર અને દુશ્મન.

દાઈનો બોડો (દાઈનો બોડો) પું. એ નામની એક રમત; આંખપોપાડો.

દાઈમ [અ.] વિ. હમેશાં; કાયમ.

દાઈમા ૧. સ્ત્રી. મારવાડ તરફના બાહ્મણની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનું.

દાઈમી વિ. કાયમી; હમેશનું.

૧. દાઈમી મહેસુલ = હમેશને માટે એકસરખી ભરવાની મહેસુલ.

૨. દાઈમી સાલ = જન્મોજની સાલ.

દાઈયા [અ.] પું. ધાવ.

દાઈરા ૧. [અ.] પું. કુંડાળું.

૨. પું. ચક્ર.

દાઉ ૧. પું. દાવ.

૨. પું. બાપ.

દાઉદી (દાઉદો) સ્ત્રી. દાસી.

દાઉદ [અ.] પું. એ નામનો એક પેગંબર.

દાઉદી ૧. [અ.] સ્ત્રી. એક જાતના વનસ્પતિ; મુલતાવરી

૨. સ્ત્રી. એક જાતનુ અત્તર.

દાઉલકડ્ય [સં.] પું. એક પ્રકારનો ઉન્માદ. આ રોગમાં દરદી સ્ત્રી હોયમાં તો કદી જાતિમા હોય ત્યારે અજ્ઞાની કે કુરકુરચાની આકૃતિ લાગે છે. તેના મગજમા કલ્પનાઓનાં રજકણો વધારે ભળે છે તેથી હઠવા જેવુ ઝેર ચઢે છે. એ દરદી જોને કરડે તેનુ બહુધા મોત નીપજે છે. જો વાત દબાઈ ભળવાં હોય તો રોગી ઉદાસીન અને ચૂપ રહે છે અને બકવા ઉપર ચઢે છે તો તેને છાનો રાખવો દુર્લભ હોય છે. તમ જ હોવે ભરાય તો બાજા વખત સુધી કાંઈ પતતો નથી. શરીરે દુર્બળ અને રંગે કાળો બને છે. જો પિત્ત દબાયો રોગ થયો હોય તો અધિક બેચેની અને ત્વરાથી બહમાસા ઉપર આવ અવવા પ્યાર બતાવે, આમાંમ બાબા કરે અને ખુલ્લામિજાજમા કે ફિકરમાં પડેલો દેખાય છે.

દાઊ ૧. [સં. દેવ] પું. (હિંદી) કુબ્જના મોટા ભાઈ; બળદેવ.

૨. [સં. ક્ષ (કાપવુ)] પું. દાતરડું.

૩. પું. મોટો ભાઈ.

દાઊદખાની (દાઉદખાની) ૧. [ફા.] પું. એક જાતના ઘઉં. દાઊદખાની ઘઉ ધોળા, પોચા, બરાક અને સારા હોય છે. તે દિલ્હી તથા પંજાબ તરફ થાય છે.

૨. પું. એક જાતના ચોખા.

દાઊદિયા જુઓ દાઉદી ૫-૮.

દાઊદી ૧. [અ. દાઉદ] પું. એક જાતના ઘઉ. તેની ભાત બહુ સફેદ અને નરમ હોય છે. બધાથી આ ઘઉ સરસ મનાય છે. કહેવાય છે કે દિલ્હીના બાદશાહ શાહજહાનના એક કરનારી જેનું નામ દાઉદખા હતું, તે આ ઘઉ મિસ્ર દેશથી લાવ્યો હતો.

૨. પું. એક જાતના ચોખા.

૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મુલતાવરી.

૪. સ્ત્રી. એક જાતનું અત્તર.

૫. સ્ત્રી. મુસલમાન કે વહોરાની એક જાત. તેઓ હિંદુમાંથી મુસલમાન થયા છે.

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. વિ. એ નામની જાતનું.

૮. [સં.] વિ. દાઢીને લગતું; દાઢીનું.

દાઊદો પું. કરેલો વેરો જેની પાસેથી બદલ કરવામા આવ્યો હોય તેવો બેદુત.

દાએણાએં [હિં] વિ. ડાબું જમણું.

દાક ૧. પું બક્ષિસ આપનાર; ભેટ આપનાર.

૨. [સં.] પું. યજમાન.

દાક્ષ્ય પું. (પુરાણ) એ નામના એક ઋષિ

દાક્ષાયન પું (પુરાણ) એ નામના એક ઋષિ.

દાક્તર ૧. [અ. ડૉક્ટર] પું. એકાદ વિદ્યામાં ઠીક ઠીક મોટી પદવી મેળવેલ પુરુષ.

૨. પું. વિદ્વાન; પંડિત.

૩. પું. વૈદ્ય, વૈદક પ્રમાણે દવા કરનાર.

દાક્તરી ૧. સ્ત્રી. દાક્તરની વિદ્યા, વૈદક જ્ઞાન.

૨. સ્ત્રી દાક્તરનો ધધો

૩. વિ. વૈદકીય; દાક્તરનુ, દાક્તરને લગતું

દાક્ષ ૧ [ઉંદ] સ્ત્રી. અગૂર.

૨. વિ. દક્ષ ઋષિનું; દક્ષનુ

૩. વિ હોશિયાર.

દાક્ષપાયન પું (પુરાણ) એ નામના એક ઋષિ.

દાક્ષાયણ ૧. પું. દક્ષ દ્વારા કરેલો એક યજ્ઞ. તેની કથા શતપથ બ્રાહ્મણમા છે

૨. [સ.] પુ. દક્ષપરી ગોથો પુરુષ.

૩. પું. (પુરાણ) દક્ષની પુત્રી.

૪. પું. (પુરાણ) દાક્ષાયણ અર્થાત્ યજ્ઞનો પુત્ર.

૫. પુ. મુખ્યપ્રાણ; મહાવીર; બળવાન.

૬. પું. સોનાનો અલંકાર.

૭. પું. સોનું; સુવર્ણ.

૮. વિ. દક્ષ સબધી.

૯ વિ. દક્ષથી ઉત્પન્ન થયેલ.

૧૦. વિ. દક્ષના ગોત્રનુ.

દાક્ષાયણી ૧. [સં દાક્ષાયણિન્] વિ. સોનાનાં કુડલ જેના કાનમાં હોય એવો બહાદુર.

૨. [સં.] સ્ત્રી. અદિતિ; કશ્યપની પત્ની.

૩ સ્ત્રી. ગૌરી.

૪. સ્ત્રી દક્ષની પુત્રી.

૫ સ્ત્રી. દતી પક્ષ.

૬. સ્ત્રી. દુર્ગા દેવી.

૭. સ્ત્રી. પાર્વતી.

૮. સ્ત્રી. (જ્યોતિષ) સત્તાવીસ માહેનું કોઈ પણ નક્ષત્ર.

૯ વિ. સોનાનું; સોનાના બનાવેલું. સોનાવાળું.

દાક્ષાયણીપ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચદ્રમા.

૩. પું. શિવ.

દાક્ષાયણીપતિ જુઓ દાક્ષાયણીપ.

દાક્ષાયણીરમણ જુઓ દાક્ષાયણીપ.

દાખલો

દાક્ષાયણીવલ્લભ જુઓ દક્ષાયણીપતિ.

દાક્ષાયણીશ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

દાક્ષાયણેય [સં.] પું. દક્ષાયણીનો પુત્ર.

દાક્ષાર્ય [સં] પું ગીધ પક્ષી.

દાક્ષિ ૧. [સં] પું. (પુરાણ) અત્રિકુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

૨. પું (પુરાણ) એ નામના એક પ્રજાપતિ.

૩. પું. દક્ષનો ગોત્રજ.

દાક્ષિકંઠા [સં.] સ્ત્રી. બાહ્લીક દેશમાં આવેલ તે નામનું એક સ્થાન.

દાક્ષિકંથીય [સં.] વિ. બાહ્લીક દેશમાં પેદા થનાર.

દાક્ષિણ ૧. [સં.] પું. એ નામનો એક હોમ.

૨. વિ. દક્ષિણ દિશા સંબંધી; દક્ષિણનું.

૩. વિ. દક્ષિણનું; દક્ષિણા સંબંધી; દક્ષિણા જેનું પ્રયોજન હોય તેનું.

૪. વિ. દક્ષિણાને લગતું.

૫. વિ. મહાદાન સંબંધી.

દાક્ષિણક ૧. [સં.] પું. દક્ષિણ માર્ગે જનારાનો બંધ.

૨. વિ. ચટ્ટલોકમાં જનાર.

૩. વિ. દક્ષિણા દેવામાં તત્પર.

દાક્ષિણરાઢ [સં.] વિ. દક્ષિણ રાઢમાં થતું.

દાક્ષિણાત્ય ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. દક્ષિણ દેશ; દક્ષિણ ખંડ; વિંધ્યાચળ પર્વતની દક્ષિણે આવેલો ભારતખંડનો એક ભાગ. તેમાં મહારાષ્ટ્ર, મલબાર, કોંકણ, તૈલંગ, કર્ણાટક વગેરે પ્રદેશ અને નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે મુખ્ય નદીઓ આવેલ છે

૩. પું. દક્ષિણ દેશનો વતની; દક્ષિણનો રહેવાસી; દક્ષિણવાસી.

૪. પું. નાળિયેર.

૫. પું. નાળિયેરી.

૬. વિ. દક્ષિણનું; દક્ષિણ દેશનું; દક્ષિણી; દક્ષિણ તરફનું; દક્ષિણમાં બનેલું.

૭. વિ. દક્ષિણમાં થયેલું.

ત્વ પ્રત્યય દક્ષિણા પછાત્ અને પુરસ્ત્રેજ્ય લાગે છે: દાક્ષિણાત્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, ઉદીચ્ય ને પ્રાચ્યમાં ય પ્રત્યય છે. બૃહદ્ વ્યાકરણ

દાક્ષિણાત્યા સ્ત્રી. એ નામની એક પ્રાકૃત ભાષા.

દાક્ષિણાપથક [સં.] વિ. દક્ષિણાપથ દેશમાં હોનાર કે બનાર.

દાક્ષિણિક [સં.] પું. દક્ષિણાપ્રધાન કષ્ટપૂર્ણ યજ્ઞો કર્મોને ક્રમબદ્ધ કરવાને થતું બંધન.

દાક્ષિણ્ય ૧. [સં.] ન. અનુકૂળતા.

૨. ન. ઉદારતા.

૩. ન. ઐક્ય

૪ ન કૃપા

૫. ન. ચતુરાઈ; કલાકૌશલ્ય.

૬. ન. દયા

મહાશ્વેતા દુઃખિણી કિ, એ દાક્ષિણ્ય આણી મંદિ પાસિ, આવિ, નિસાયું સિ દેખલાં સવિ બાલ. કાન્હડ

૭. ન. નાટકનાં ૬૬ માંહેનું એક લક્ષણ.

૮. ન. પુરુષનું પોતાની પ્રેમપાત્ર સ્ત્રિયમાં તરફ માનભર્યું વર્તન; બાકીની બાબત પ્રત્યેની નમનતાઈ, નિષેધકારી સહનશક્તિ, સારપ, ઉદારભાવ.

૯. ન. પ્રામાણિકતા.

૧૦. ન. શુદ્ધિ

૧૧. ન. વિવેક; સભ્યતા.

૧૨. ન. સરળતા.

૧૩. ન. સોની લાકે લાકું રાખવાનો સ્વભાવ.

૧૪. ન. ભોગ-માન; ભોગવટો.

૧૫. વિ. દક્ષિણમાંથી આવતું; દક્ષિણનું.

૧૬. વિ. દક્ષિણા આપવા લાયક.

૧૭. વિ. દક્ષિણા લેવા જેવું.

દાક્ષી ૧. [સં.] સ્ત્રી. દક્ષની પુત્રો; સતીની.

૨. સ્ત્રી. પાણિનિ મુનિની માતાનું નામ.

દાક્ષીપુત્ર [સં.] પું. દક્ષોનો પુત્ર; પાણિનિ.

દાક્ષીસુત જુઓ દાક્ષીપુત્ર.

દાક્ષીસ્મૃતિ [સં] સ્ત્રી. અઢાર સ્મૃતિકારની એ નામની એક સ્મૃતિ.

દાક્ષેય [સં.] પું. પાણિનિ મુનિ.

દાક્ષ્ય ૧. [સં] ન. ચતુરાઈ; દક્ષતા; નિપુણતા; પટુતા; કાર્યકુશળતા. ગીતા પંચામૃતમાં લખ્યું છે કે, શરીર ઉત્પન્ન થતા કાર્યમાં પણ આસક્તિથી રહિત થઈને પ્રવૃત્તિરૂપ જ્ઞાન તે દાક્ષ્ય.

૨. ન. સાવધતા

દાખ [સં. દક્ષ] સ્ત્રી. (હિંદી) દાક્ષ; દરાખ

દાખડો (દાખડે) ૧. પું. મરણ; માંદગી; તોફાન.

દાદા આ કરે દાખડો, પીરા ચડાવો ચાર. કબીરવડ

૨. પું. ત્રાસ; હેરાનગતિ.

૩. પું. મહેનતમજૂરી; તકલીફ; શ્રમ.

દાખલ ૧. વિ. આવી પહોંચેલું.

૨. [અ. દખલ્ (દાખલ થવું)] વિ. પ્રવેશમાં પેઠેલું હોય એવું; અંદર ગયેલું હોય તેવું.

૧. દાખલ કરવું = (૧) અમુકમાં મોકલવું. (૨) આવી જાય એમ કરવું; પ્રવેશ કરવો. (૩) પાસવું; બેસાડવું. (૪) નોકરી મળવી; જગ્યા મળવી. (૫) નોંધવું; લખવું. (૬) પસાર કરવું. (૭) હાજર કરવું. રજૂ કરવું.

૨. દાખલ થવું = (૧) અમુકમાં મળવું. (૨) અંદર પેસવું; માં જવું.

૩. વિ. નોંધેલું.

૪ વિ પસાર

૫. વિ. રજૂ થયેલું.

૬. વિ. અંદર ગયું હોય તેમ.

૭. વિ. મળતરીમાં મળતું હોય તેમ.

૮. અ પડલા; તરીકે.

૯. અ. સારું; માટે.

દાખલગત [હિં.] સ્ત્રી. દાખલતા; મંજૂરની રેલ.

દાખલગી (દાખલા) ૧. પું. દાખલ કરવું તે.

૨. પું. દાખલ ફી.

૩. [અ.] પું. પૈસા ભરવા તે.

૪. પું. મહેસૂલ ભરવાની પહોંચ.

દાખલાદલીલ (દાખલાદલીલ) [અ.] ન.વ.વ. દાખલો અને દલીલ; ઉદાહરણ અને તેના પ્રકાર; બનેલા બનાવ અને તેની દલીલ.

દાખલાપુરાવા પું ન.વ. દસ્તી પુરાવા.

દાખલા જુઓ સ્ત્રી. કોઈ બનેલો કિસ્સો ભવિષ્યમાં કામમાં લેવાય તે હેતુથી નોંધવામાં આવે તેવો ઓપડો.

દાખલી પું. પગાર; ઉમરાવની તહેનાતમાં રહેનાર સિપાઈ

દાખલેસોર વિ. વિચક્ષણીય; સમજવા.

દાખલો ૧. પું. અનુભવ.

દાખલો આવો-જાવો = (૧) કામ આવું. (૨) બરડવું; બેડોળ થવો. (૩) પુરાવો મળવો. (૪) મેળ મળવો; પત્તો લાગવો; ભેગ બેસવો.

૨. પું. ખાતરીપત્ર; પ્રમાણપત્ર.

૩. પું. ભાખું; ખબર.

૪. પું. દલીલ.

૫. પું. દસ્તાવેજ.

૬. પું. દાગીનો; કોઈ ચીજ લાવવા માટે બીજી ચીજ મૂકી આવવી તે.

૭. પું. નિશાની.

૮. પું. પદ; ભોપ.

દાખલો લેવો = (૧) મદદ લેવી. (૨) (૨) પ્રમાણપત્ર લેવું.

૯. પું પુરાવો; આધાર.
૧૦. પું પૂર્વદૃષ્ટાંત; પૂર્વપ્રમાણ.
૧૧. પુ. શિક્ષા; નસિયત.
દાખલો બેસાડવો = બીજાને નસિયત મળે તેમ કરવું; બાક પડે એટલે ફરી બીજું કોઈ અમુક કાર્ય ન કરે એનું ઉદાહરણરૂપ થઈ પડે એમ કરવું
૧૨. પું. સરખી વસ્તુની સાહસ્ત આપવી તે; દૃષ્ટાંત; ઉદાહરણ; એક વાતની સાબિતીમા તેવી જ તેને મળતી વાત દેખાડી આપવી તે.
દાખલો આપવો-દેવો = ઉદાહરણ આપવું; દૃષ્ટાંત બતાવવુ.
૧૩. પું. સરભર્યા કરવી તે
૧૪. પું. સિદ્ધાંત
૧૫. પું દિલાસા; અમુક રીતિએ બનવી એક જ બનતી ઘણુંના; આબ્યાની પુરવારી કરી ઘણુના કરી બતાવવી તે.

દાખવવું ૧. સ ક્રિ અસર થવી; અસર બજાવી.
૨. સ. ક્રિ. દુઃખ દેવું.
૩. સ ક્રિ. બજાવવું; કહેવું; ધ્યાન ઉપર લાવવું
દેવબિંબે દાખવ્યું ૭ ૩, સાધુઓને સો એક તે જ ગ્રેમ ને ગ્રેમ તે જ પરમ એમ.
જયજયવંત
૪. સ ક્રિ. જાહેર કરવું.
૫. સ. ક્રિ. દાખલો આપી કહેવું.
૬. [સં દર્શ (બતાવવું)] સ. ક્રિ. દેખાડવું; બતાવવું. બતાડવું.
૭. સ. ક્રિ. સમજાવવું પડવી; સમજાવવું.

દાખવું ૧. સ. ક્રિ. બતાવવું; દેખાડવું.
૨. જુઓ દાખવવું.

દાખિણ્ય [સં. દાક્ષિણ્ય] જી. દક્ષાપણું; ચતુરાઈ
દાખિણ્ય રાખે કાજ સ્વ નવલે ૨.
આનંદકાવ્યમહોદધિ

દાખિલ (દાખિલ) ૧. પું. ચોપડામાં દાખલ કરવું તે.
૨. [અ] પું. જમીનના મોટા ટુકડામાં નાની જમીનનો ટુકડો બેગવનો તે.
૩. પું જમીનની માપિણી ભરાવવી તે.
૪. વિ. બોઢવેલ.
૫. વિ. નોંધેલ.
૬. વિ. પહોંચેલું.
૭. વિ. પ્રવેશ કરેલું; દાખલ થયેલું; પૂરેલું; ચોપડું.
દાખિલ કરવું = (૧) જમા કરવું. (૨) નોંધવું. (૩) દર્જ કરવું.
૮. વિ. માં સમાવેલ થયેલ.

દાખિલે બારિજ (દાખિલ બારિજ) [ફા.] પું. કોર્ટ સરકારી કામ ઉપરથી કોઈ મિલકતના કબજાનું નામ કાઢી તે ઉપર તેના વારસ અથવા બીજા હકદારનું નામ લખવાનું કામ

દાખિલે દફ્તર (દાખિલ દફ્તર) [ફા.] વિ. દફ્તરે દાખલ કરેલ; દફ્તર ઉપર ચડાવેલ; અમોક્ષ મુદત સુધી દફ્તર ઉપર રાખી મૂકેલુ

દાખિલનામા (દાખિલનામા) ૧. ન. કબજો સોંપવાનો દસ્તાવેજ.
૨. [ફિ.] ન. નામ દાખલ કર્યાની નોંધ.

દાખિલો (દાખિલા) ૧. પું. કોઈ વસ્તુ કબજે દાખલ થ જમા કરવામાં આવે તેની તપસીલનો કાગળ.
૨. પું. કોઈ વસ્તુ મોકલવાની કે પહોંચાની મિતિ વગેરે લખી હોય તેવો કાગળ; પહોંચ.
૩. [ફિ.] પું. કોઈ સંસ્થા, કાર્યાલય આદિમા દાખલ કરવાનું કાર્ય.
૪. પું. દાખલ કરવું તે.
૫. પુ. દાખલો.
૬. પું. પૈસા ભરવા તે.
૭. પું પૈસાની પહોંચ
૮. [ફા.] પું. પ્રવેશ; પેસવું તે.

દાખિલી (દાખિલી) ૧. [અ.] વિ. દાખલ કરેલું; સમાવેશવાળું.
૨. વિ. પાછળથી દાખલ થયેલ.

દાખું સ. ક્રિ. બતાવવું.
દેશ બધામા તે દાખુ દુઃખી. સામળ

દાગ ૧. [સં. દાહ] પું. અગ્નિદાહ; બાળી નાખવું તે; બાળવાની ક્રિયા.
અગરચંદન કાઢી મંગાવ્ય ઓટાને દાગ દેવરાવીએ,
રાખ રાચેરું કું એ સમણે કરે સોના વરી.
મુ. સા. પરિક્રમા
દાગ દેવો = (૧) કલંકિત કરવું. (૨) ખોટી દેવું. (૩) દેવ દેવું. (૪) સળગાવવુ.
૨. પું. બાકવું તે; ડોરનો બાકડ મૂકવો તે.
૩. પુ. કલક; ડાઘ; ઐબ દોષ; લાંછન.
રાખે કુળ ન રાગ, બાખે ના છબે મૂરો;
દરશણ કરતાં દાગ, મિટે જનમના મોતિયા.
મોતિયો
૪ પું. ખાર; દ્વેષ.
૫. પું. નિશાન; ડાઘ; ચિહ્ન.
૬. પું. બગલરા; દાહ.
કોયલા જોયે રે કાગળાં બળે,
મેના પોપટ દેખાં દિલડે દાગ ને. બિહારી
૭. પું. બાળવી.
૮. પું. ખેલ; કાવાદાવ.

દાગચટ્ટેરો પું. ચરીરની ખામી વગેરેનું નિરીક્ષણ કરીને કરેલું ટંકણ.

દાગડ (દાગડ) જી. નગારું; નોબત.

દાગબાજી જી બબાસમા સબધ કરતા અટકાવવાનુ કામ

દાગદાગીનો પું. ઘરેણાબાટ.

દાગદાર [ફા.] વિ. દાગવાળું, પ બાવાળું, જેના ઉપર ડાઘ પડ્યો હોય એવ

દાગદોષ જી. ભરોસત; સમરાવવું તે.

દાગબ્ય પું. સ્વરૂપ.
(પ્રમદાઓએ અનેક સ્વરૂપ (દાગબ્યો) બંધાવ્યા હતા. હિંદના છેલ્લા હિંદુ રાજાની વાતો

દાગલ ન. ભોંય, ચોરોનું પુલનું સ્થાન.

દાગલ પું. ડામ.

દાગવવું સ ક્રિ સળગાવવું; બાળવુ.
રખાવત તારી રાખ, અમે દાગવતાં દેખી નહિ
(એ) અકલ અમારા હૃદય, જેનાં ઘાત બાજેલાને.
કવિ

દાગવું ૧ [સં. દહ્ (બાળવું)] સ. ક્રિ. અગ્નિસંસ્કાર કરવો; બાળવું.
પુત્ર હતાત ન કામના કોઈ, દેવો ભૂમિ સહ દામી.
કેશવકૃતિ
૨. સ ક્રિ. ડામવું
૩. સ. ક્રિ. પેટાવવુ; સળગાવવું.
૪. સ. ક્રિ. રંગ વગેરેથી ચિહ્ન કરવું; અંકિત કરવુ
૫ સ ક્રિ. રોજમેળ અને બાતાવહીમા બતાવ્યા પછી પરસ્પર મિલ કરવું.
૬ સ ક્રિ ચલોડવુ; અગ્નિ મૂકવો; દીવાસળી મૂકવી; પલીતો ચાંપી કોડવું; તોપ, બંદૂક કે ફટાકિયો કોડવા માટે અગ્નિ લગાડવી; લગ્નગરી મૂકવી.
આગે સિયાના ચાગ જોયે ચડાવી લાવણ,
' લગ્નગરી મા દાગ રો મોટાવી લાવવું '
દિક્ષિત

દાગણી ૧. જી કેદ
૨. જી. ચબિયાદું.
૩. જી ડામણી; ડાબા ઉપર બેસતો ગોળ, ચપટો દડો બબવા લાંકડવું; લાકડાની પીંસડી.
૪. જી બુદ્ધિ; મતિ.
દામણી બગડી-બગડી = મતિભ્રમ થવો, મદેજ પેદાશ થવી; ચાલે ચડવુ; સમતા ઉપરથી ખસી જવુ; મન ફરી જવું; ઘાંડા થવું; વેલા થવુ; દીવાના બનવુ.
૫. જી. ચાસણીમાં પડેલા ડાબુ ઉપર મારેલ ચતરું.

દાગી ૧. [ફા. દાગ] વિ. જેના ઉપર ઘાબું પડ્યું હોય એવુ

૨. વિ. ડામવાળું; કલંકિત; દોષયુક્ત.
દાગ કરવું = (૧) ડાઘ કરવો. (૨) બગાડવું; નામોશી કરવી.
૩. વિ. દંડિત. સરકારી કે દરબારી કામના ગુના માટે જેલમાં ગયેલ માણસને દાગી કહેવામાં આવે છે.

દાગીનાખાતું ન. દાગીના કેટલા ને કેટલી કીમતના છે તે બતાવનારું ખાતું.

દાગીનો ૧. પું. કીમતી વસ્તુ.
ભણ્યો દાગીનો = કોઈ કામમાં ન આવે તેવો આદમી
૨. પું. ઓસડી, ઓકસાથે બાંધેલી ચીજ.
૩. પું. ઘરેણું; જૂનવું; અલંકાર.
૪. પું. દાખલો; બીજ વાવવા માટે બીજી ચીજ મૂકી આવવી તે.
૫. પું. નગ.
૬. પું. રકમ.

દાગુલ જી. એક જાતની માછલી. તે ૩ થી ૪ ફૂટ લાંબી હોય છે તેની પીઠ કાળી અને પેટ આસમાની કાનેરી અને બાજુએ પાંખ કાળાં ચાઠાં હોય છે. તેનું માંસ સ્વાદ વગરનું હોય છે.

દાગોન પું. માછલીનો દેશ. તેનું માથું તથા હાથ માણસના આકારનાં હતાં પણ શરીર માછલીના આકારનું હતું

દાઝ ૧. પું. કાળી દીવી; લાંછના; બદનામી; નામોશી; કલંક; બદો.
ગમે તેમ હોય પણ જોન ઓફ આર્ક એ દાઝના દાઝ સાથ આતશમાં બળી મરવી જોઈતી ન હતી. નૂરે ઈલમ
દાઝ લગાડવો = બદનામ કરવું.
૨. [જા.] પું. ઝોનો; ખાર.
૩. પું. ખેદ.
૪. પું. ખોટ; નુકસાન.
દાઝ લાગવી = (૧) ખોટ લાગવી; નુકસાન થવું. (૨) બહુજવપા કરે એવી ઊંડી અસર થવી. (૩) બળે એવો જખમ થવો. (૪) લાંછન લાગવું.
૫ પું. ખોડ, ખૂબ.
૬. પું. ઘા; જખમ.
૭. પું. ચિહ્ન; નિશાની.
૮ પું. કપડો; ડાઘો.
૯ [જા. ડાઝ] પું. દામ; કામ; દાઝ; દાઝવાથી પડેલ ડાઘ.
૧૦. પું. બાજુ
૧૧. [સં. દહ્] પું. બાળવું તે; દહન.
૧. દાઝ થવો = બળવું.
૨. દાઝ દેવો = (૧) બાળને બાળવું; અગ્નિસંસ્કાર કરવો. (૨) લોઢાનો સળિયો તપાવીને નિશાની દેવી; દાઝવું.
૧૨. પું. સંતાપ; દહ.

દાઝજ્વર [સં. દહ (બળવું તે) + જ્વર (તાવ)] પું. શરીરમાં ખૂબ બળતરા સાથ એવો તાવ.
એટલા, હે મહારાજ ! વસ્ત્રપ્રભામાં અને ઓકાસમાં આખની અતુલ પીડા ઉત્પન્ન થઈ અને તે પીડાથી આખા શરીરને દાઝજ્વર ચડ્યો.
ઉત્તરાધ્યયનસૂત્ર

દાઝદાર ૧. વિ. ડામવાળું.
૨. વિ. ખરડેલું.
૩. વિ. બદનામ.

દાઝવું ૧. અ. ક્રિ. બાળવું
૨. સ. ક્રિ. ડામ દેવો.
૩. સ. ક્રિ. બદનામ કરવી.
૪. સ. ક્રિ. બાળવું
૫. સ. ક્રિ. સળગાવવું. અગ્નિસંસ્કાર કરવો.

દાઝાંજલિ [સં. દાઝ (દહ) + અંજલિ] જા. અગ્નિદાહ વખતની અંજલિ.

દાઝી ૧. [જા.] વિ. ડામવાળું; ખેદું.
૨. વિ. બદનામ.
૩. વિ. બદનામ થયેલ.

દાઝિયા [જા.] પું. ઠારો; ધુતારો.

દાઝેમા ૧. જી. એ નામની રજપૂતની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

દાજ ૧. પું. અંધારી રાત.
૨. [જા.] પું. અંધારું.
૩. જુઓ દાઝ.

દાજણું જુઓ દાઝણ

દાજવું જુઓ દાઝવું.

દાજિયું જુઓ દાઝિયું

દાજી ૧. પું. મરાઠિનો; મરાઠિભાષું એક સંબોધન; બાપુ.
૨. પું. બાપ.
૩. પું. સસરો.
૪. જી. એ નામની ખાંટની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

દાઢો પું. (કચ્છી) કરિયાવર; દાયજો

દાઝ ૧. જી. ઈર્ષા, અદેખાઈ.
દાઝે બળવું = (૧) ઈર્ષા આવવી; અદેખાઈ થવી. (૨) ક્રોધ આવવો. (૩) ચિડાવું; બળવું.
૨. જી. ઝોનો; વેર; દંશ.
દાઝ ઓલવવી = વેરવૃત્તિ સંતોષવી.
૩. જી. બરબાદ; ઢાંકેલ પેપડી; ઓરાકનો બળેલો ભાગ
૪ જી આડું; નીચિકા; નિસરણ; ઓટા કે ઝાડ ઉપર પીઢ વિનાનું પાતળું અને લાંબું પાટિયું.
૫. [સં. દહ્ (બળવું)] જી. દાઝવું તે; કોઈનું દુઃખ જોઈને હૃદયમાં જાગણી થઈ આવવી તે; દયા; અનુકંપા; લાગણી.
રાજાને સાચ મરણ રહીમાંએ, રાજાને સાચ દાઝ કેળવણીએ એમાં જ રાષ્ટ્રોય વિકાસનું રહેલું છે.
આપીજી
દાઝ આવી-ચઢવી સાવવી = દયા હોવી.
૬. જી. નહિ ગમતા બીજાના કામથી મનમાં આવતો ક્રોધ; અંતરનો ગુસ્સો, બીક, આવેશ.
દાઝ આવવી = મનમાં ગુસ્સાનો ભરાવો આવવો.
૭. જી. પ્રેમ.
૮. જી. સળગવું તે; દાઝવું તે; બળવું તે.
૯. જી. સંતાપ; દુઃખ; બળતરા.
દાઝયા ઉપર ડામ, પડ્યા ઉપર પાટુ = દુઃખમાં વધારે દુઃખ પડવું.

દાઝણું ૧. [સં. દહ્ (બળવું)] ન. તાપથી પૃથ્વી દઝાય તથી થતા તે, દઝાવાય એવું જગીનનું તપવું તે.
૨. ન. મધ્યાહ્નની ગરમાગરમી વખત.
૩. વિ. દઝાય એવું, ચામત, પગ બળે તેવું.

દાઝવું ૧. અ. ક્રિ. ઈર્ષા આવવી, અદેખાઈ થવી.
દાઝે બળવું = ઈર્ષા કરી મનમાં ને મનમાં બળવું, બીજાનું સારું જોઈ સંતાપ કરવો
૨. [સં. દહ્ (બળવું)] અ. ક્રિ. ગરમ વસ્તુ કે દેવતા અડવાથી બળવું બીજું સામાન્ય ગરમ બીજ અંપાવી; બીજું ચમકવાના અસર થવી; બળી મરીને ક્રોધ કરવું; બળવું. દાઝવાની અને બળવાની શરીર ઉપર ત્રણ અસર થાય છે. (૧) ચામડી બળે છે, (૨) ફોલ્લા થઈ જાય છે અને (૩) ચામડીના અંદરના પડનો નાશ થઈ જાય છે. તે વખતે નીચેના ઉપાય લેવા: દરદીને પથારીમાં એવો, બળેલી ચામડી રહેવા દેવી, વાસલેટ, તેલ, ચાન્ડી, ચૂનાનું પાણી બળેલ ભાગ ઉપર સિંચવું. તે ભાગ ખુલ્લો ન રાખવો અને તેને પાણી ન અડાડવું.
૧. દાઝયા ઉપર ડામ = પડ્યા ઉપર પાટુ; દુઃખી માણસને આશ્વાસન આપવાને બદલે વધારે દુઃખ દેવું
૨. દૂધનો દાઝ્યો જાક પણ ફૂંકીને પીએ = એક વખત કોઈને ફોકર આવી હોય તો તેવી તે બહુ સાવચેત બને છે અને બીજાના જેવું પરંતુ ન કરવા જેવું કામ હોય ત્યાં પણ કરીને આવે છે.

૩. અ. ક્રિ. કોઈના દુઃખે દુઃખી થવું; બીજાની હાલત માટે મનમાં અનુકંપા અથવા દયા આવવી
જે તમે દુઃખ હમારે દાઝે તો,
પગ પરલે આ પંથે. દયારામ
૪ અ ક્રિ. બળવું; સળગવું
૫. અ. ક્રિ. મનમાં દાઝ ઘોરી કે ચકરી; દાઝે બળવું
૬. અ. ક્રિ. સંતાપ થવો. મન બળવું.
દેખવું નહિ ને દાઝવું નહિ = નજરથી વેગળું એટલું દુ ખ ઓછું

દાઝિ સ ૬૬ (બળવું)] જી (જૂ ગુ) બળતરા.
પિહિલું કામિ બાલી લાજ,
પાછી હૃદય સિપાઈ દાઝિ. આસઇ

દાઝિયું ૧. ન ખેતર કે બીજને બાળીને ખેડવા લાયક બનાવેલ જમીન; જમીન ઉપર બળતણ પત્થરી સળગાવીને રાખ સાથે કોલસી વડે ઊભરો આવ્યા કરી હોય એવી જમીન.
૨ વિ ગરમ કરેલું. એક વખત ચૂલે ચડી ગયું હોય તેવું. તળવામાં એક વખત વપરાયેલ તેલ કે ઘી ન.ટે વપરાય છે.

દાઝી પું ગમેસિયા કુટુમ્બનો મુખી માણસ; દાજી.

દાઝીલું ૧. વિ. ઈર્ષાળુ; અદેખું.
૨. વિ. જેના મનમા દાઝ હોય એવું; દેવીલું; આરીલું.
૩. વિ. દાઝ પડી હોય એવું. ગરમ વસ્તુ અપાવાથી પડેલ ફોલ્લાવાળું.
૪. વિ. બીજાના દુઃખે દુઃખી થનારું.
૫. વિ. સંતાપ કર્યા કરતું; બળતરા; મનમાં બળ્યા કરતું.

દાઝેડા ૧. જી. એ નામની મકરાણીની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

દાઝોડવું (દાઝોડવુ) સ. ક્રિ. અતિ સહોગ કરવો.

દાઝોડિયું (દાઝોડિલ) ૧. વિ. કામાતુર; સંભોગની તીવ્ર ઇચ્છાવાળું.
૨. વિ. ચરકટું, અપૂર્ણ રહેલ ઇચ્છાને જલદી પૂર્ણ કરવા ઇચ્છનાર.
૩. વિ. મનમાં દાઝ રાખનાર.

દાટ ૧. પું. અટકાટ; જુદી જુદી જાતના ભાડાં.
૨. પું. ગજબ.
૩. [સં. દણ્ડ (શિક્ષા કરવી)] પું. બાધ; નાશ, ખુવારી.
અમારો વાળો દાટ,
કર ગ્રસવું ગ્રહોણાટ. દયારામ
દાટ વાળવો = ઊંધું વાળી નાખવું; નાશ કરવો.
૪. પું ઢગલો જથ તેટલું હોવાપણું; ભરપૂરતા, ભરચક હોવાપણું. પુષ્કળતા
૫. પું. નુકસાન; ઝાટ.
કુટે કાલ્યે ખાટવા, દાટ વળે ધન સાહ.
નમેદ
૬. જી. ભીડ; ઠઠ.
૭. વિ. બધું; ઘટ.

દાટણું ન. ભારી કે ભરવું ઉપરનું ભાડું ખટિયું. તેની ઉપર અમુક ભરાય છે.

દાટવું ૧. સ. ક્રિ. ઢબાવવું; સંતાડવું
૨. સ ક્રિ. ઝાટવું; જમીન અથવા બીજી વસ્તુમા. ઢાંકો નાખવું. માટી કે વસ્તુથી પૂરી દેવું, ઓળમા દાબવા.
૧ કુપકારથી દાટી દેવું – મોટા અને બળવા અકારા નથી દાબી દેવું.
૨ પૈસે પૈસે થી દાટી દેવ – મોટી રકમની ભેટ આપવી.
૩. સ. ક્રિ. ધમકાવવું.

દાટી ૧ જી ધમકી
દાટી દેવી = ધમકી આપવી.
૨. જી. ભરાવો, ભીડ; ગિરદી; ઠઠ.
૩. જી. રેલછેલ; ભરચકપણું.

દાટો ૧. પું (વહાણવટ) ઝાલર એટલે પાણીની ઉપર રહેતા વહાણના ભાગની નીચેનું પુર; ' સી-કોક. '
૨ [સ. દણ્ડ (શિક્ષા કરવી)] પુ. દંડ. ઠાઠો; ડુબો.
૧. આણે દાટો ને દરવાજા ઉઘાડા = નાની નુકસાની માટે બહુ ભયાનક રાખવો, પણ મોટી નુકસાની થતી હોય તે પ્રત્યે બેદરકાર રહેવું
૨. દાટો દેવો = (૧) જહુકમાં દારૂ ગોળા નાખ્યા પછી ઉપર કાગળ અથવા છાણનો ગોટ નાખી ખરજવ કે બાકળુ (૨) બંધ કરવું.

દાટયુંસાટયું વિ. દાટેલું; જોખમાં મૂંઝરેલું.

દાઠા પુ. ન વ વિલકમાર્ક; ભ્રમ નહિ કરવાની દાનત

દાઠાણી ૧. જી. એ નામની ખોજાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાડ (દાડ) ૧. જી. કોશિકા; વન.
૨. જી દાઢ
૩. જી. દોડવું તે; સ્પરત.
૪. જી. વિસ્તાર.
૫. જી કુમસો; આક્રમણ

દાડક ૧. [સં.] પું. દાંત
૨. જી. દાઢ

દાડમ (દાડમ) ૧. [સં. દાડિમ; પ્રા. દલિમ] ન. અનારદાડિમ, મીઠા રસદાર દાણાવાળું એક ફળ. દાડમના દાણા લાલ, સફેદ અને મોતી જેવા હોવાથી સુંદર દાંતને તેની ઉપમા અપાય છે. દાડમ ઝીણાં તેમ જ ચૂર્ણ પણ વપરાય છે, એટલે તેનો લીલા તેમ જ સૂકા મેવામા સમાવેશ થાય છે. તેનાં ઝાડ હિમા સર્વત્ર થાય છે અરબસ્તાનમા આવેલ મસ્કતના દાડમ ઉત્તમ મનાય છે. તેમાં બી ઓછાં હોય છે, પણ રસ ઘણો હોય છે દાડમના ઝાડ બે અઢી માથોડા ઊંચા થાય છે તેની બે જાત છે: જેને ફૂલો આવે છે તેને ગુલનાર કહે છે. બીજી જાતનાંને ફળ અને ફૂલ બંને આવે છે ફૂલો કસુમ્બી રંગનાં પાંખડી ઝાલરીવાળાં હોય છે. ધોળાં, કાબુલી, જાવતરી, દેશી એમ દાડમની જુદી જુદી જાત થાય છે. મુસલમાની મયદારો મીઠું, ખાટુ અને ખટમીઠું એમ ત્રણ પ્રકારના દાડમ બતાવે છે. મીઠા દાડમ તૃષા, દાહ, જ્વર, મુખરોગ તથા કોલેરાનો નાશ કરે છે. મધુર, ખાટાં દાડમ વાયુ તથા પિત્તનો નાશ કરે છે. ખાટા દાડમ પિત્તકારક અને રક્તપિત્ત કરનારાં છે. કુમળાં સુકવેલા દાડમ વાયુને અનુલોમન કરનારા છે. અતિસાર અને સંગ્રહણી ઉપર દાડમની છાલ બહુ વપરાય છે. તેના કળની અને ઝાડની છાલમાંથી રસથી ૨૪ કલા ટેનિક એસિડ નીકળી શકે છે. ઔષધમાં દાડમની નીચે પ્રમાણે બનાવટો થાય છે: (૧) દાડિમત્વક્ચૂર્ણ. તે ભંડારિ અને ઝાડા ઉપર ઉપયોગમાં આવે છે. (૨) દાડિમપુટપાક. (૩) દાડિમમૂલત્વક ક્વાથ. તે બવાસીર કરમિયા ઉપર અપાય છે (૪) દાડિમત્વક ક્વાથ. તે ઝાડા ઉપર ઉપાય તરીકે વપરાય છે મૂળની છાલ ઝાડના ભીન્ન ભાગો કરતા સારી છે. દાડમનાં બીજ અને તેનો રસ પેટની પીડા નાશ કરે છે સુશ્રુત સંહિતામાં દાડમને વાતનાશક, મૂત્રદોષનાશક, તૃષાનાશક અને સ્મૃતિકારક જણાવ્યા છે. તે વૃક્ષ, ઝાડ, મધુર, ભૂમિકારક, રિનગ્ધ, દીપન, ગ્રાહી, ઉષ્ણ, રુચિકર, લઘુ તથા અગ્નિદીપક છે અને કફ, ઉધરસ, શ્રમ, મુખરોગ, કંઠરોગ તથા પિત્તનો નાશ કરે છે. દાડમના રસનો ઉત્તમ પાક થાય છે તેને દાડમપાક કહે છે. દાડમડીનો રસ તથા ખાલ શીતળ, પિત્તશામક, કફ અને માંદી મનાય છે. ચપટા ભૂમિ ખંડે

દાડમના મૂળની છાલ અને મરડા તથા અતિસાર માટે દાડમના ફળની છાલ ઉત્તમ મનાય છે દાડમનાં બીજ પિત્તશામક છે અને તેનું શરબત બનાવી પિવાય છે. તેની છાલ ઉંધરસ ઉપર ચોઢામાં રખાય છે, તેમ જ કફાદિ ઔષધમાં વપરાય છે. તેનામાં ઝાડા બંધ કરવાનો ગુણ છે. તરસ પણ મટાડે છે. જે જમીનમા ચૂનાનું પ્રમાણ વધુ હોય અને ઊંડા ફળની હોય તેમા દાડમીના ઝાડ સારા થાય છે. દાડમીને બહુ પાણી પાવું પડતું નથી. તેના રોપા ચોમાસામા બી વાવી તૈયાર કરી શકાય છે. દાડમની નાનુકડ ડાળીઓ જમીનમાં દાબી પાણી પાતા રહેતુ. જે ડાળી દાબવામાં આવે તેની છાલમાં ઉઝરો કરવો. જમીનમાની ડાળી છટકી ન જાય તેટલા માટે ઉપર વજન મૂકવુ. બે ત્રણ અંદને મૂળ મૂકી દાડમનો રોપો થાય ત્યારે તેને અસલ ઝાડથી કાપી જુદો કરવો અને ચોમાસામા કે શિયાળામાં કાયમની જગ્યાએ વાવવો. દાડમનાં ઝાડ પદર ફુટને અંતરે વાવવાં અને તે માટે અઢી ફુટ ઊંડા પહોળા ખાડા કરવા. તેમા છાણ, રાખ વગેરેનુ ખાતર પૂરી રોપા કરવા. સફેદ અને લાલ એમ બે જાતના દાડમ થાય છે. દાણા મોટા, બી નાનું અને સ્વાદે મીઠાં હોય તે સારાં દાડમ. ઈરાન, અરબસ્તાન, કાબુલ અને અફઘાનિસ્તાન તરફ થતાં મરકતી દાડમ બધી મુલત સુધી ઢગલો થાય છે. દાડમમાં નર ને માદાનાં ઝાડ થાય છે. જમીન ચોમાસું બેસતા પહેલાં ખોદી, માદ ઝાડમાંથી તેનાં મૂળ ઉપાડાં કરી વાળ જેવાં મૂળ તોડી નાખી એક ભાગ ચૂનો ને સાત ભાગ ભાજીની અળસિયું ખાતર નાખવુ. કયારા બાંધી મૂળ ઢાકી પાણી પાવું એટલે ચૈત્ર વૈશાખમાં ફાલ આવી અષાઢ શ્રાવણમાં દાડમ પકે છે. પંદર ફુટને અંતરે વાવતાં એકરમાં ૪૦૦ દાડમ વવાય છે. નીચા વરસ સુધી તે સારી પેદાશ આપે છે. દાડમમાં એક જાતનો કીડો થાય પડે છે. તેવા ફૂલને કાપી સળગાવી નાખવાં. દાડમને ફૂલ બેસતી વખતે કેટલાંક જીવાત ખાસ થાય છે તે અટકાવવા માટે ખાસલેટ અગર કાર્બોલિક સોપનું પાણી કરી પિચકારીથી બાંદ્યાં બોચાં અગર આજરિયા ડાળળની કોબળી દરેક દાડમ નાનાં હોય ત્યાં બાંધવી દેવી.

રક્તપીત્ત દાડિમ કરે કૃમિદિમ કુદિમ મારઃ
એ દાડમના બીજને ભજતા ધન્વંતરાચાર્ય.
ચિત્રભાષ્યકોષ

દાડમની ઇયળ = દાડમ, સંતરા વગેરેને નુકસાન કરનાર એક જાતની ઇયળ. તેની માદા ફૂલની કળી અગર ફળ ઉપર ઇંડા મૂકે છે. પાંચ ૭ દિવસમાં નાની ઇયળો નીકળે છે. તેઓ તરત જ ફળમાં દાખલ થઈ બી ખાવાનું શરૂ કરે છે. તે રંગે લાલી હોય છે શરીર ઉપર ટૂંકી રુંવાટી અને સાદા રંગના ડાઘા હોય છે. શરીરનો છેવટનો ભાગ ઊપરથી જાડો હોય છે. પુખ્ત ઇયળ ડાળાના બતક સાથે ફળને રેશમી તાંતણાથી જોડી ડાળની અંદર દાખલ થઈ નિદ્રિત થાય છે. કુલ અવસ્થા દિવસ ૨૦ ચાલે છે. પછી કોટકમાંથી પતંગિયું બહાર નીકળે છે. પતંગિયાની પાખની બીજી જોડને છેડે પુછડી જેવો ભાગ હોય છે. આ ઇયળ દૂર કરવા સળી ગયેલા ફળનો નાશ કરવો. લાલળીયો પતંગિયા પકડી નાશ કરવાં. ફૂલમાંથી ફળ થાય કે તરત પાતળા જાકીટ પેપરની કોથળી કરી બાંધી દેવી.

૨. ન. પ્રમારતમાં દાડમના ઘાટનું ઘાસવાનુ બટકાવવાના આતનું બટકણ.

૩. ન. દાડમના ઘાટનું રમકડું.

૪. ન. દારૂખાનામા દાડમના ઘાટની દારૂની કોડી તરીકેનું એક રમકડું; બજુ

દાડમકળી (દાડમકળી) સ્ત્રી. દાડમની કળી, દાડમનો દાણો

દાડમની કળી જા દાંત = અતિશય સફેદ કે દેખાવડા દાંત

દાડમછાલ (દાડમછાલ) ૧. સ્ત્રી. દાડમની છાલ

૨. સ્ત્રી ધધો.

દાડમડી (દાડમડી) સ્ત્રી. દાડમી; દાડમનો રોપો; કરક; દંતમાજ; લોહિતપુષ્પક; દાડમનું ઝાડ. જુઓ દાડમ ૧.

સદા ફલતા જિમેસ ને દાડમીનો નહિ પાર
કબીરદાસ

દાડમપાક (દાડમપાક) પું. (વૈદક) એક જાતની ગોળી. બાળકના અતિસાર ઉપર તે દાસમાં અપાય છે.

દાડમપુટપાક (દાડમપુટપાક) પું. (વૈદક) દાડમને કપડમટ્ટી કરી ભઠ્ઠીમાં બાફી તેનો રસ નિચોવી તૈયાર કરેલ એક જાતની દવા. તે અતિસાર ચટાડવામાં વપરાય છે.

દાડમવટી (દાડમવટી) સ્ત્રી. (વૈદક) દાડમની એક જાતની ઔષધીય બનાવટ. તેમાં બાવળની, બબૂલની, ધવિત્ર, એલચી, ધિમજો, ચોકર, મોચા, અતિવિષ, માવજીનાં ફૂલ, મોચરસ, કાચો અને લાલ એ દરેક એક ભાગ તથા અફીણ અને બીજી દરેક બે ભાગ લઈ બધી દવાને કાચા દાડમમાં પૂટ દેવુ. પછી તેની ચણા જેવડી ગોળી કરી સવારસાજ બન્ને ગોળી બકરીના સાથે બાધવાથી મરડો મટે છે.

દાડમસત્વાર (દાડમસત્વાર) પું. દાડમનો રસ, દાડમનો સરબો.

દાડમહજાર (દાડમહજાર) ન. એ નામનો એક ગોકળો દાગીનો.

દાડમાષ્ટક (દાડમાષ્ટક) ન. (વૈદક) દાડમની એક આયર્વેદીય બનાવટ. તે બનાવવા દાડમની છાલ તથા સાકર અકેક શેર, વાસકપૂર બે તોલા, એલચી, તજ, તમાલપત્ર અને નાગકેસર દરેક અઢી અઢી તોલા, અજમો, પત્થ્યા, ઇંદ્રજ, પીપર, મરી અને સૂંઠ દરેક પાંચ પાંચ તોલા લઈ બધાં ઔષધ કરી ચૂર્ણ બનાવવુ. સંગ્રહણી અને અરુચિ ઉપર ૧થી ૨ ટંકની માત્રામાં તે અપાય છે.

દાડમિયા (દાડમિયા) ૧. પું. ઓટાની કોરમાં દાડમના ઝુમખા પેઠે લટકતો કોતરેલો ભાગ.

૨. વિ. દાડમની કળીના રંગનું; કોરમજી લાલ રંગનું.

૩. વિ. દાડમનું.

દાડમિયું (દાડમિયું) ૧. વિ. દાડમ સબંધી; દાડમનું.

૨. વિ. દાડમની કળીના રંગ જેવું; રાતા રંગનું.

દાડમિયો (દાડમિયો) પું. એક જાતની આબો. તની કેરીનો આકાર કેરી જેવો અને રસનો રંગ દાડમ જેવો હોય છે. નવસારી તરફ આ જાત થાય છે.

દાડમિયો આર (દાડમિયો આર) પુ. દાડમના રસનો આર.

દાડમી ૧. (દાડમી) સ્ત્રી. એક જાતની આતરાજાત.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. તે ગુજરાત સમુદ્ર અને સમશીતોષ્ણ કટિબંધમા થાય છે. તેના ફૂલ ભપકાદાર રંગનાં અને તેનાં ફળ સહજન્ય જગા થાય છે. ફળમા માવો અથવા એક જાતના પદાર્થથી લપટાયેલ બિયાં હોય છે. તેનો રંગ સફેદ અને ગુલાબી હોય છે.

૩. સ્ત્રી. એક ઝાડાઝ. જુઓ દાડમ ૧.

૪. સ્ત્રી. કૂદી બેસવુ. તેના કૂદમાં દાડમ જેવી વાસ આવતી હોવાનું મનાય છે.

૫. ન. દાડમ.

૬. વિ. દાડમની કળી જેવા રંગનું; ખૂલતા લાલ રંગનું; અનારી.

૭. વિ. દાડમનું બનાવેલ. જેમકે, દાડમી શરબત.

દાડમો (દાડમો) ૧. પું. એ નામનો એક ઝેલ. તેની મૂર્તિ પથ્થરની કોતરી દાઢવા પિત્તળની હોય છે. ઉંધરસનો ઉપદ્રવ અગ્યાંઓમાં જોવામા આવે છે ત્યારે તેની પૂજા થાય છે. તેને દર્શિજાતી પ્રસાદી ધરાય છે.

૨. પું. એક રાક્ષસનું નામ; દાડમો ઝેલ.

દાહલો (દાઢલો) પું. દહાડો, દિવસ.
જશોદને ઘેર્યાં નાથ,
દાહલા સપ્તમ કેર્યા નરસિંહ

દાહવ (દાઢવ) [હિં.] પું. જાતિના પ્રકારપર અનુસાર કારીથી જે રોજના પ્રમિત તરેહનું જે નામનું એક ગામ. તેમાં કેટલાક સમવાન અમર્મો બ્રહ્મક્ષેનો નાશ કરી શાંતિપૂર્વક નિવાસ કરતો એમ મનાય છે

દાહવું (દાઝવું) ૧. જિ. રોજિંદું; દરરોજનું, દહાડીનું; રોજનું.
૨. ન જિ. રોજે આવવું

દાહસ (દાઢસ) પું. એક જાતનો સાપ.

દાહા (દાઢા) ૧. [હિં] પું મોટા દાંત; દંતૂશળ.
૨ પું. (સંગીત) સિતારના તાર છેડવાની એક રીત. જમણા હાથના અંગૂઠાને સિતારના ગળાની પાસેની દાંડીના આગ ઉપર ટેકવી, તર્જનીમાં મિજરાફ પહેરી પહેલા તાર ઉપર આઘાત કરવો. પોતા તરફ આંગળી રાખી કરાતા આઘાતને દા કહે છે અને સામી બાજુ તરફ આંગળી સર્વ જાય જરા જોરથી કરવામાં આવતા આઘાતને હા કહે છે. એમાં એકવાર પોતા તરફ અને બીજા વાર સામી તરફ એમ વારંવાર આંગળીના આઘાતોથી દાહા વગાડાય છે.

દાહાવડિયા (દાઢાવડિયા) ૧. જ્ઞી. એ નામની કોળીની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. જિ. એ નામની અટકનું

દાડિમ (દાડિમ) ૧. ન. અનાર; દાડમ. જુઓ દાડમ ૧.
૨. ન. એક જાતની આતશબાજી.
૩. [સં.] ન. એલચી.

દાડિમકળી (દાડિમકળી) જ્ઞી. દાડમનો દાણો

દાડિમડી (દાડિમડી) જ્ઞી. દાડમી.

દાડિમપત્ર (દાડિમપત્ર) [સં.] ન. દાડમનું પાન.

દાડિમપત્રક (દાડિમપત્રક) [સં.] પું. એક જાતનું ઝાડ; રોહિતવૃક્ષ.

દાડિમપુષ્પ (દાડિમપુષ્પ) [સં.] ન. દાડમનું ફૂલ.

દાડિમપુષ્પક (દાડિમપુષ્પક) [સં.] પું. એ નામની એક વનસ્પતિ; રમતરોયણો.

દાડિમપ્રિય (દાડિમપ્રિય) ૧. [સં.] પું. પોપટ. તે દાડમનો શોખીન હોય છે.
૨. જિ. દાડમ જેને પ્રિય હોય તેવું.

દાડિમભક્ષક (દાડિમભક્ષક) જુઓ દાડિમપ્રિય.

દાડિમભક્ષણ (દાડિમભક્ષણ) ૧. [સં.] પું. પોપટ.
૨. ન. દાડમ ખાવું તે.

દાડિમયટી (દાડિમયટી) [સં.] જ્ઞી. (વૈદક) અતિસાર ઉપર અપાતી એ નામની એક દવા. તે બનાવવા સૂઠ અને અજમો અકેક ભાગ, મરીનો બે ભાગ અને દાડમનાં બીજ ચાર ભાગ એ બધાને ભેગાં ભેળવી તેને દાડમના ઝોડિયાંની અંદર નાખી પુટપાકની અંદર પકવી તેની ગોળી બોર જેવડી ગોળી કરવી. તેની માત્રા ૨ થી ૪ વાલ છે.

દાડિમાદિચતુષ્ક (દાડિમાદિચતુષ્ક) [સં. દાડિમ (દાડમ) + આદિ (વગેરે) + ચતુષ્ક (ચારનો જથ્થો)] ન. (વૈદક) મુખ્ય દાડમ અને બીજા સાત વસ્તુઓ ભેગી કરી તેનું કરેલ ચૂર્ણ

દાડિમાદિ ચૂર્ણ (દાડિમાદિ ચૂર્ણ) [સં.] ન. (વૈદક) દાડમ જેમાં મુખ્ય હોય એવી એક ઔષધીય બનાવટ.

દાડિમાષ્ટક (દાડિમાષ્ટક) [સં.] પું. (વૈદક) એક ઔષધીય ચૂર્ણ. તેમાં દાડમની છાલ મુખ્ય હોય છે. તે બનાવવા દાડમની છાલ ૧ શેર, સાકર ૧ શેર, આતુરુંતેલ ૧૦ તોલા, ત્રિકટુ ૧૫ તોલા, ધાણા ૫ તોલા, જીરું ૫ તોલા, અજમો ૫ તોલા, વાંસકપૂર ૧॥ તોલો એ બધાનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા બેઆનીભારથી ૧॥ તોલો છે. એ અતિસાર, જ્વર, ગુલ્મ, સંગ્રહણી, કૃમિરોગ, સર્વોભાસ અને હાસ રોગ ઉપર અપાય છે.

દાડિમી (દાડિમી) ૧. [સં] જ્ઞી. અનારનું ઝાડ; દાડમનું ઝાડ.
૨. જ્ઞી. એલચીનું ઝાડ.

દાડિમીકુલ (દાડિમીકુલ) ૧. [સં.] ન. એલચી.
૨. ન. દાડમ.

દાડિમીરસ (દાડિમીરસ) [સં.] પું. (વૈદક) એક ઔષધીય બનાવટ.

દાડિમીસાર (દાડિમીસાર) ૧. [સં.] પું. એલચીનું ઝાડ.
૨. પું. દાડમનું ઝાડ; દાડમી.

દાડિયક્ષ (દાડિયક્ષ) જ્ઞી. રોજિંદી મજૂરીએ જનારી સ્ત્રી.

દાડિયું (દાડિયું) ૧. ન. મજૂરને આપવાની રોજ; મજૂરી.
૨. ન. રોજે આવેલ મજૂર; નોકર.

દાડિયેક્ષ જુઓ દાડિયક્ષ.

દાડિયો (દાડિયો) પું. રોજે આવેલ મજૂર.
દાડિયા કી કાકા = હંમેશ મજૂરી ઉપર જીવન નભાવવું.

દાડિમ (દાડિમ) [સં.] ન. દાડમનું ઝાડ.

દાડી (દાડી) ૧. [સં.] જ્ઞી. દાડમી.
૨. જ્ઞી. દાડિમ.
૩. જ્ઞી. દાદી.
૪. જ્ઞી. રોજ; એક દિવસની મજૂરીના પૈસા.
ગ્રેસો મરીન દાડિયારે દાડી ન ચૂકે.
સોરઠી બહારવટિયા
૫. જ્ઞી. રોજિંદી મજૂરી.
૬. ન. દહાડી; રોજરોજ; નિત્ય; હંમેશ.
૭. ન વારંવાર.

દાડીદપાટી (દાડીદપાટી) જુઓ દાઢીદપાડી.

દાડીદપાડી (દાઢીદપાડી) જ્ઞી. મજૂરી વગેરે અંગમહેનતનું પરચૂરણ કામ; રોજિંદી મજૂરી.
ઓકમ બીજે વસવારાના દિવસોમાં એ લોકો દાડીદપાડી કરે છે. ચંદ્રશંકર પંડ્યા

દાડીદાડી (દાડીદાડી) ક્રિ. રોજરોજ; દરરોજ.

દાડેમ (દાડેમ) [સં. દાડિમ] ન. દાડમ. જુઓ દાડમ ૧.

દાડો (દાડો) ૧. પું. દહાડો; દિવસ; દિન.
૧. આખો દાડો = વારંવાર.
૨. દાડો ફરવો = ખરાબ સ્થિતિ જઈ દશા બદલાઈ જવી.
૩. દાડો વળવો = ખરાબમાંથી સારી સ્થિતિ થવી.
૨. પું. મરણ પાછળનું જમણ; મરજ.
૩. પું. મરનાર પાછળની ઉત્તરક્રિયા.

દાડોદફાડો (દાડોદફાડો) ૧. પું. કેમાંથે પાર જવું તે; નાશ પામવું તે.
૨. જુઓ દાડો ૨.

દાડોપચાડો (દાડોપચાડો) પું. મરજ; મરનારની પાછળ થતું ભોજન.

દાઢ ૧. જ્ઞી. દાઢ.
ચિરાત્રત કરવા આજ કોળો ચિયો,
લાજ કાજ પહુંરી દાઢ આજે ચિયો. રસમાર
૨. જ્ઞી. ભીષણ શબ્દ; ગર્જના.
૩. [સં. દ્રષ્ટા; પ્રા. દાઢા] જ્ઞી. મોંમાંના ખોરાકનો ભૂકો કરવાના અંદરના દાંત માંહેનો દરેક; ચાવવાનો દાંત; ચપટા માથાનો આખાનો. દાંત; બેખૂણિયા દાંતને બને પડખે આવેલા બને જડબાના મળી કુલ ચાર માંહેનો દરેક દાંત. તેનું મથાળું ચોરસ અને ચાર પાંચ ખૂણિયાવાળું હોય છે. તેનાં મૂળ બેથી ત્રણ હોય છે. આ દાંતો વડે ખોરાક બરાબરિ નરમ લોંદા જેવો થઈ જાય છે. વનસ્પતિ ખાનાર પ્રાણીઓને તે બહુ જરૂરના છે.
૧. દાઢ આપવી = (૧) દાઢને ચમકી આમડી સોજી જવી; દાઢ દુખવી. (૨) ચેતામાંથી દાઢ કૂદી જવાર નીકળવી.

૨ દાઢ કોપી એનો દી કોપ્યો = જેને આપનો મળકો લાગ્યો તેની માઠી દશા બેઠી જાણવી, ખોડકું થાય તેની અવદશા થાય.

૩. દાઢ મળવી-ઠળવી = ખાવાનું મન થવું; ખાવાની લાલસા થવી.

૪. દાઢ મળી વળી = મિષ્ટાન્ન મળવું; ગમ્યું ગમ્યું ખાવાનું મળવું.

૫. દાઢ પેખવી-સળકવી = (૧) ખાવાનું વધારે વધારે મન થવું. (૨) લાભ વધવો; ખાવાનું લેવાને અથવા લાભ મેળવવાને મન લાર્ભ આવવું

૬. દાઢ ફૂટવી = (૧) પેટમાંથી દાઢ બહાર નીકળવી. (૨) સમજ આવવી.

૭. દાઢ બેસવી = દુઃખ થવું.

૮. દાઢમાં કાંકરો = બહુ જેવો દુશ્મન.

૯. દાઢમાં ઘાલવું-રાખવું-લેવું = (૧) અમુક વસ્તુ મેળવવાનો ઠરાવ કરવો; મન ઉપર લેવું. (૨) મારવા, નુકસાન કરવા કે સપડાવવાની તજવીજમાં રહેવું; કીનો કે વેર રાખવું; વેર લેવાને ખાતમાં રાખવું; જરૂરની નાખવાની યુક્તિ શોધવી.

૧૧. દાઢમાંથી બોલવું = વાંકું બોલવું; વળ ખાઈને બોલવું; રીસથી બોલવું; મહેણાં મારવાં; વક્રોક્તિ કરવી; કટાક્ષોમાં બોલવું કહેવાં.

૧૨. દાઢે બાઝવું = આંખે આવવું.

૧૩. દાઢે લાગવું-વળગવું = ભાવવું; સ્વાદ પડવો; સ્વાદ લાગવો; ખાવાનું વધારે મન થવું.

૪. સ્ત્રી. સીમના બોલમાં જનાવરોનો ઉપદ્રવ.

૫. [પ્રા.] વિ. દાઢથી કાઢી આનારું.

દાઢકાં ન. સુમરાનું ખાજવણું.

દાઢમડી (દાઢમડો) વિ. સ્ત્રી. સ્વાદમાં ખાટી; સ્વાદુમ્લ.

દાઢવાણ સ્ત્રી. કળિયું કાંકતાં વચ્ચે રહેતો અવકાશ કે જગ્યા.

દાઢવું ૧. સ. ક્રિ. ખાવામાં શરૂ કરવું; જમવું.

૨. સ. ક્રિ. જમવું ભારી દાંત બેસાડવા; દાઢ કે દાંત બેસાડવા; જમવું ભરવું.

૩. સ. ક્રિ. અંગમાં કહેવું; કટાક્ષમાં બોલવું, મર્મમાં વચન કહી દુઃખ દેવું; ટીપ કરવી; મર્મ કરવો; વાંકું બોલવું; વક્રોક્તિ કરવી; દાઢમાંથી બોલવું.

૪. સ. ક્રિ. સંતપ્ત કરવું, દુઃખી કરવું.

દાઢા ૧. [હિં.] પું. અગ્નિ; આગ.

૨. પું ધુમ્રકા.

૩. પું. દાવાનલ; વનની આગ.

૪. પું. દાહ; બળતરા.

૫. પું. પર્વતની ટૂક.

૬. પું. ન વ. કરચલીના કે સાંપના લોચંડના દાંતા.

૭. [સં. દ્રષ્ટા] જી. દાઢ.

૮. જી. દાંત.

૯. જી. પ્રાર્થના; યાચના.

૧૦. જી. સમૂહ.

દાઢાગ્ર [સં.] પું. દાઢનો આગળનો ભાગ; દાઢની અણી.

દાઢાગ્રહ [સં.] વિ. દાઢમાં ગ્રહણ કરેલું.

ગાયર ગાદિ સદ્ગુરાર હસ્થિ મણુસ્સાણ: તં ગણહઈ.
પૃથવી દાઢાગ્રહ જિણિ કીપી, નહ સરીરાં તુ તાણહઈ.
સીલદેવસૂ

દાઢારસી ૧. જી. એક પ્રકારની હોલ્લી.

૨. જી. દાઢીનો ભાગ કપોલાર્ધ જવાની રીત.

દાઢાળો ૧. પું. મરદ.

૨. વિ પુ. દાઢીવાળો.

દાઢિ ૧. [સં. દંષ્ટ્રિન્] વ. (પ્રાકૃત) હિંસક પ્રાણી.

૨. વિ. દાઢવાળું.

દાઢિકા ૧. [સં.] જી. દાઢી; હડપચી ઉપરના વાળ.

૨. જી. મૂછ.

દાઢિયા [પ્રા] જી. દાઢીમૂછ.

દાઢિયાળો જુઓ દાઢાળો.

દાઢિયું વ. દાઢિયું; રોજિંદો મજૂર.

દાઢિયો પું. રોજિંદો મજૂર; રોજ મહેનતાણું લઈ શ્રમ કરનાર માણસ; એક દહાડાનું નોકરે રોકેલું બધાજમ લઈ શ્રમ કરનાર મજૂર.

દાઢી ૧. પું. પુરુષ; ઉમર લાયક માણસ.

૨. જી. એ નામની દરજ્જની એક અટક.

૩. [સં. દાઢિકા] જી. નીચલા જડબાનો ભાગ; હડપચી, ગળાની ઉપરનો અને નાક તથા બે કાનની વચલો આખો અવયવ; નીચલા હોઠની નીચેનો ભાગ.

૪. જી. હડપચી ઉપર ઊગતો વાળનો જથ્થો. દાઢી ઉપર પુરુષોને જ વાળ ઊગે છે. સ્ત્રીઓને દાઢી ઊગતી નથી.

૧. દાઢી ખંજોળવી = ખુશામદ કરવી. દાઢી ઉપર હાથ ફેરવવો એ અભિનય ખુશામદ સૂચવે છે.

૨. દાઢી ફૂટવી = જુવાની આવવી.

૩. દાઢી માગે છે = એ લાગનો છે; શિક્ષા કે નુકસાનીને પાત્ર છે.

૪. દાઢી રાખવી = (૧) દાઢી ન ખોડાવતાં તેના વાળ વધવા દેવા. (૨) લાગ્યા હોવાથી અમુક લાગણી કે વાત પર લાવવાના સાધન તરીકે દાઢી રાખે છે એટલે કે દાઢી ખોડાવતા નથી.

૫. દાઢી રેડવી = હજામત કરવી.

૬. દાઢીએ હાથ નાખવો = લાચારી કરવી, બહુ કાલાવાલા કરવા; ખુશામદ કરવી.

૭. દાઢીના દોઢસો ને ચોટીના ચારસો = ફજરી સામે કરવિદ્યા વાપરવી; લોભ આપી ભૂલવીને છટી જવું એક વહોરાબાઈ ને ત્યાં રાત્રે ચોર આવ્યો. ચોરે બારી અખડાવતાં વહોરાએ બારી ઉઘાડી. તરત ચોરે તેની દાઢી પકડી વહોરાએ પોતાને જતો કરવા માગણી કરી. ચોરે કહ્યું, કે દોઢસો રૂપિયા આપ તો દાઢી મૂકી દઉં. આથી વહોરાએ પોતાની જાંને રાડ પાડી કહ્યું કે, અરે! ચોર, ચોર. આને તો ઠારી પકડી છે, તે દોરસો લાધે છટકો થાશે, પન ચોટી પકડશે તો ચારસો આપવા પડશે. ચોરે લોકના મારથી દાઢી છોડી ચોટી પકડવા માથે હાથ નાખ્યો. પરંતુ માથે એક પણ વાળ હોય ત્યારે ને! વહોરાણ છૂટ્યા નહા અને બારી બધ કરી દીધી. ચોર વાંકે મોંએ નાસી ગયો. આ વાત ઉપરથી ઉપરની કહેવત થઈ છે.

૮. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી = એક જ વસ્તુ બંને કામ સારે તે; સમવાનુકાર્ય ક્રમ બતાવવા તે

૯. દાઢીમા હાથ ઘાલવો–નાખવો = આજીજી કરવી; કરગરવું; માફી માગવી; નમી પડવું; કાલાવાલા કરવા; ખુશામદ કરવી.

૧૦. દાઢીમૂછ ઉતરાવવા–મૂડાવવાં = અમુક બાબત પ્રાયશ્ચિત્ત જાહેર કરવું; પ્રાયશ્ચિત્ત કરાવવું; પવિત્ર કે શુદ્ધ કરાવવા દાખલ બહલો દઉ દેવો.

૧૧. બિયાની દાઢી બળે ને સાં તાપવા જાય = પારકાનો ઝઘડો જોવાની બહુ મજા પડે.

૫. ન એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું

૭. અ. દરરોજ, હમેશ.

દાઢીઆરો ૧. પું. પતિ.

૨. પું. પુરુષ.

૩. પું. વાણેર મરદ વાણેરમાં જેવો રિવાજ છે તે, સ્ત્રીઓને બાર્ય માણસ અને પુરુષોને દાઢીઆરો કહેવો.

દાઢીઆળો જુઓ દાઢીઆરો.

દાઢીઓ પું. મજૂર; જોડદાર.

દાઢીમૂછ ન. બ. વ. દાઢી અને મૂછ.

દાઢીયાળો ૧. પું. બુઢ્ઢો પુરુષ.

૨. વિ. જુ. ૬૯.
૩. જુઓ દાઢીવારો.

દાઢુડી (દાઢુડો) સ્ત્રી. દાઢના દુખાવાથી ઊપસેલો ભાગ; અધિમ.સ. દાઢની અંદર પીડા થઈ સોજો થઈ પાકી દાઢ બહાર નીકળે છે અને આવાપીવા.નો વહેવાર પણ બંધ થઈ જાય છે. તેનું નામ અધિમાંસ કે દાઢુડી કહેવાય છે.

દાઢું ૧. સ્ત્રી. વ ક. કાચા કૂવા ઉપર મંડાણ માંડવાની જમીનમા નાખવામાં આવતાં બે લાકડાં. તે ગાડોટ ઉપર રહે છે.
૨. સ્ત્રી વ ય ગોદાને ચણતા સાથે સરખી રાખવા માટે ચણતામાં ખોસેલા લોઢાના બે ખીલા.
૩. ન. દાઢી ઉપરના વાળનો જથ્થો; દાઢી ઉપર ગોઠવેલ કલમત; દાઢીના વાળ. આ શબ્દ તુચ્છકારમાં વપરાય છે.

દાઢો ૧. પું. ગર્જ.
૨. પું. ઉપાડો.
દાઢો ચઢયો = અહંકાર ચઢયો; બૈરાને બળવું ચડવું; મર્જ રહેવો.
૩. પું. બેલી; ધણિયું; રખેવું.
૪ પું. ગોદિયામાં નાખેલો લાકડાનો ટેકો. તેમા રાંપ નખાય છે.

દાઢોડી (દાઢોડો) સ્ત્રી. દાઢી ઉપર થતું ગૂમડું.

દાઢોડું (દાઢોડું) ન. ઘાસ ખાનાર પ્રાણીનું નીચલું જડબું.

દાણ ૧. સ્ત્રી. હાથમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.
૨. ન. (કમળી) ઉંદરી; માથા ઉપર થતા ગડગૂમડા; માથાનો એક જાતનો રોગ.
૩ [સં. દાન] ન. જકાત; કર; હાસલ; વેરો; ટોલ; માલ ઉપર સરકારનું લેવાતું લવાજમ.
દાણ, ભાડું ને દક્ષિણા એનો ઉધારો નહિ = કર, ભાડું ને દાન રોકડાં આપવાં જોઈએ.
૪. ન. જનવરને ખવરાવવાનું ખાણું.
૫. [પ્રા.] ન. દાન; ત્યાગ.
૬. ન. મોટી કોડી.
૭. ન. રાહદારી કરજ.
૮. ન. વાર; વખત; ફેરો.
૯. ન. સામા; સથોત; ભાડું.

દાણઘાટી સ્ત્રી. દાણ લેવાની જગ્યા; દાણ લેવાનું સ્થળ.
કોઈ કહે દાણઘાટીમા દેખશું,
કોઈ કહે કદમખડી વેળા વહેલ જો.
દયારામ

દાણચોડાગણી (દાણચોડામણી) સ્ત્રી. મોટી કોડીઓ સાથે મૂઠીમાં પકડી, છૂટી મેરી, દાવમાં કમ નક્કી કરવો તે.

દાણચોરી સ્ત્રી. દાણ ઉપરાવવાની જગ્યા; જકાતનું નાકું; જકાતઘર; ટોલ લેવાની જગ્યા

દાણચોરી સ્ત્રી. જકાતની ચોરી; જકાતી માલ છાનોખાનો લાવવો કે લઈ જવો તે; દાણ આપ્યા વગર માલ પસાર કરવો કે કરવા દેવો તે; દાણ ભરવાનું ચુકાવવું તે; જકાતી માલ છૂપી રીતે લઈ જવો લાવવો તે.

દાણદર પું. દાણી; દાણ ઉઘરાવનાર માણસ.

દાણદાણ સ્ત્રી. એ નામની એક રમત. તે સાતતાળી જેમ રમાય છે.

દાણદાઢિયો ૧. પું. દાઢનો પાકો
૨. પું. સીધું કે કાચું ખરેલ મોટી કોડી; રમવાના સાધન તરીકે વપરાની મોટી કોડી
૩. સ્ત્રી. ફેરો; આવૃત્તિ; વાર; વખત.

દાણદાર જુઓ દાણદર.

દાણલીલા ૧. સ્ત્રી. દાણનો પ્રસંગ.
૨. સ્ત્રી. કૃષ્ણ દહીં વેચનારી ગોપીઓ પાસે દાણ લેવાની કૃષ્ણે કરેલી લીલા; કૃષ્ણ અને ગોવાલણ ગોપીઓ વચ્ચે દહીંના દાણ સબંધી થયેલ રકઝક.
૩. સ્ત્રી. નરસિંહ મહેતા કૃત એ નામનું એક ખંડકાવ્ય. તેમાં શ્રીકૃષ્ણ ગોપીઓ પાસેથી દાણ લેતા તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

દાણક ૧. પું. દાણ લેવાની જગ્યા.
૨. પું. દાણી.
મારે આવે છે મહીનો માટ રે,
દાણ માગે છે દામોદર પાટ રે. મુક્ત
૩. પું. (પૂ. મ.) જનવર; રાક્ષસ; અસુર.
વનમાહિ રાક્ષસ દાણક જો જો,
કામમ કરિસિહિ કાર્યા. કબીર

દાણખેરો પું. જકાત.

દાણસખડી (દાણસુખડી) સ્ત્રી. જિનમંદિર એકે પાસેથી માંડવી બાદ લેવાતો કર.

દાણા ૧. [સં. ધાન્ય] પું. વ ક. અનાજ; અન્ન; કણ.
૧. દાણા ઉતારવા = જૂનપ્રેતનો વળગાડ, કપટ વગેરે કઈ વહેમ છે કે નહિ તે દેખાડવા માટે દરદીને માથે દાણા ફેરવી વાળવા.
૨. દાણા છાંટવા–નાખવા = કોઈનું અહિત કરવા કે પુણ્યાવવા આતર તેના ઉપર મંત્રેલ દાણા નાખવા.
૩. દાણા ખોવરાવવા–ખોવા = નજર ઉતારીને વળગાડ જોવા માટે ખેડા ખોવરો કે ખોવરાવવો.
૪. દાણા પાડવા = (૧) દવામાં કણ પડે એમ કરવું; પાસાદાર કણ પડે તેમ કરવું. (૨) વિખવાને ફરી પરણાવવી.
૫. દાણા ભરવા જવું = મરી જવું.
૬. દાણા વાળવા = દુઃખો ઉતારી દાણા ભાંખી રાખવા. ચોખા દાણા, મીઠાનો કાંકરો, માટીનું ઢેકું અને બોલસો એટલી વસ્તુ એકો કરી સાત વાર માથા ઉપર ફેરવી બારણામા ભાખી રાખવામાં આવે છે અને તે પછી ભૂતપ્રેતનો વળગાડ કે કપટ કંઈ વહેમ છે કે નહિ તે બોલસોને બતાવવામાં આવે છે.
૭. દાણાની ઇયળ–ઇયું = દાણામાં થતી જીવાત. આ ઇયળ ધાન્યવર્ગના તમામ દાણાને અને છોડને નુકસાન કરે છે. વધુ વખત સમણી રાખેલા લોટમાં અને ખાસ કરીને સોજ્જામાં ભાયમાં બંધાયેલાં માલમ પડે છે. માદા દાણા ઉપર અથવા લોટમાં બારીક ધોળાં ઈંડા મૂકે છે. ચાર પાંચ દિવસમા તેમાંથી ઇયળ નીકળે છે આ ઇયળો ઘણુંખરું અન્નો ઉંચ લાંબી, કરોળની ઝાલાર્ય સરખી હોય છે. શરીર ઉપર છૂટક છૂટક રુવાટી ને કાળા ટપકાં હોય છે તેની અવસ્થા ઘણુંખરું દોઢ માસ જેટલી મનાય છે. દશ બાર દાણાને પોતાના મળ તથા ખોડા દ્વારા કાઢેલા તાંતણા સાથે ભાથી કંઈ ભાયમાં બનાવે છે. પુખ્ત ઇયળ અંદર કોશેટો બનાવી નિદ્રા લે છે. દશ બાર દિવસમાં તેમાંથી કૂદી નીકળે છે. કૂદી પૈસા જૂરા રંગની હોય છે.
૨. પું. વ. ક. આખમા પડતાં કૂલાં; વાવલાં.
૩. પું. વ ય. ખ્યું; ખોગરો; ગદી; ખોદ; કાંગરો.
૪. પું. વ ય. ચણાના લોટની તળેલી ખારી બુંદી.
૫. પું વ ક. છૂટા છૂટાં મોતી; મણકો.
૬. પું વ. ક. મગજીનાં બાઝ ચઢાવેલાં મીંજ.
૭. પું વ ક. શીંગોના ફોડલા.
૮. પું વ ક. સોગઠાંબાજી વગેરે રમતમાં પાસા કે કોડીનો દાવ નાખતાં પડેલો અંક. બે કોડી ચત્તી પડે તો બે છગ્ગા ગણ કોડી કે ચાર કોડી ચત્તી પડે તો ગણ કે ચાર દાણા ગણાય છે.
૯. પુ વ. ક ઓળાને કબમાં પહેરવાનું એક જાતનું ઘરેણું

દાણાદાણ ૧. સ્ત્રી. ઠેકાણાગરિ; પરેશાની.
૧. દાણાદાણ કરવુ = વિનાશ કરવો; પૂરે કરવુ
૨. દાણાદાણ કેવડી કરવી = કોઈની આબરૂ પાડી નાખવી; કોઈને પાયમાલ કરવું; આબરૂ બેઆબરૂ કરવું; કજેત કરવુ.
૨. સ્ત્રી. આખાદીખી; જિનજિન.
૩. સ્ત્રી. દાણોદાણો. એકેએક દાણો છૂટો પાડી નાખે એમ
૪. સ્ત્રી. કુરચેકુરચા.

દાણાદાર [સં. દાના (અનાજ) + દાર (વાળું)] વિ. દાણાવાળું; કણદાર; જેમાં દાણા હોય એવું. ભરભરતું; રવાદાર; બારીક ચામડીનું; દાણાદાણાવાળું; કણકીદાર.

દાણાપાણી ન વ. ન. અનાજ; અનાજ તથા પાણી.

દાણાપીઠ સ્ત્રી. કણપીઠ; દાણાબજાર; અનાજ વેચવાનું ઠેકાણું

દાણાપીઠું જુઓ દાણાપીઠ.

દાણાબજાર જુઓ દાણાપીઠ.

દાણામારકેટ જુઓ દાણાપીઠ.

દાણાલાખ સ્ત્રી. પીળાની સારી સૂકી લાખ.

દાણાવાલા ૧. સ્ત્રી. એ નામની મેમણ તથા વહોરાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાણાસર ૧. સ્ત્રી. એક જાતની ઇસ્ત્રી.
૨. ન. એ નામનું એક જાતનું ઘરેણું.

દાણિયા ૧. પું. વ. વ. સોગઠાંબાજીમાં વપરાતી ચપટી ગોળ રમતમાં વપરાતી મોટી કોડીઓ.
૨. પું. વ. વ. સોગઠાંબાજીમાં દાવ.

દાણિયું ૧. ન. બરછું અનાજ અને બરબાં ક્ષેતરાંવાળું ઢોરનું બાજુ.
૨. ન. એક જાતનું માદળિયું.
૩. ન. કીડિયાં સેર; તાંબાના પાંડલા ઉપર ચાંદીના દાણા ચોડીને બનાવેલી એક જાતની બીજોને પહેરવાની ચૂડી.
૪. [હિં.] ન. ઢોરને દાણા બગરાવવાનું વાસણ.
૫. ન. સૌભાગ્યવતી બીને કોટે પહેરવાનું એક જાતનું ઘરેણું.

દાણિયો ૧. પું. કોકમાં પહેરવાનો એક દાગીનો.
૨. પું. દાણી.
૩. પું. મોટું કોડું; સીસું કે કથીર ભરેલી મોટી કોડી.
દાણિયો ફરકવો = ચડતી થવી.

દાણી ૧. પું. દાણ ઉઘરાવનારો માણસ; દાણ લેનારો આદમી.
૨. પું. પ્રાચીન. તે દૂધ દહીં ઉપર જકાત તરીકે દૂધ દહીં લેતા, તેથી તેમને દાણી એવું નામ અપાયું.
૩. સ્ત્રી. મારવાડી, વાણિયા તથા લોહાણાની એ નામની એક અટક
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. દાણ લેનાર કે ઉઘરાવનાર; દાણનું હકદાર; દાણ વસૂલ કરનાર.

દાણોગણ ન. કરજ; રેણું.

દાણોગર ૧. પું. દાણ કે જકાત લેનાર આદમી
૨. વિ. દાણ કે જકાત લેનાર.

દાણોગલ જુઓ દાણોગર.

દાણોઝણ પું. દાણ દેનાર માણસ.

દાણોઝર જુઓ દાણોઝણ.

દાણોધારિયા ૧. પું. એક જાતના સાપ.
૨. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

દાણોંગર ન. કરજ; ઋણ.
ધોળે મુખે ઘર ચીયાં, (હવે) ઝોર બાંધ પીયાં,
રેસમીઓ લેડો બાંધે, માથે દાણોંગર રીયા.
રહપ્યાર

દાણોદાણ અ. આખર બેબાકળા થઈ જેમ.

દાણો ૧. પું. અનાજ; અન્ન; ધાન્ય. અનાજની ઉત્પત્તિ સંબંધમાં જણાવ્યું છે કે: પહેલા માણસો રાની પશુઓના ટોળાંની પાછળ પાછળ ફરતા, ભમતા કે આથડતા અને તેનો શિકાર કરતા. આસ્તે આસ્તે તે ટોળાં પ્રતિ એમને જોઈ તાદૃશ અભ્યાસતાં માણિકપણાની વૃત્તિ થવા લાગી. એ પ્રાણીઓને તેઓ હવે બહુ દૂર સુધી રખડતાં રોકતા, બીજો આડી અવળી ઝાડનાં થડોની આડશો કરી પૂરી રાખતા, એમના વાસસ્થારો અને ખોરાકની સઘળી વ્યવસ્થા કરતા. આમ કરતાં કરતાં એનો શિકાર કરવાનું ભોજુ થયું. એમનું માંસ ખાવાનું પણ ભોજુ થયું અને એ પશુઓ એટલે ગાય, બળદ, ઘેટાં અને બકરાં મનુષ્યને ઘણી પેઢીઓ થઈ. એ પશુપાળ અને ઘણો પ્રાથમિક મૃગયાકરની જિંદગી બાબી બહુ વિલક્ષણ રીતે વળતો પણ ગયો. એવું જાણવું કે એ સમયે ઘરો વાવણી વિના ઢોર માટેના જંગલી ઘાસમાં જ અમુક જાતના અનાજનાં ડૂંડાં આપમેળે ઊગતાં. એવું ધાન્ય પહેલાં થોડાક પ્રમાણમાં જ ઊપજતું, તેથી આખી પુરુષો જ તેનો ઉપયોગ કરી શકતા. પછીથી તેવો અમણે મરે ત્યારે તેના હાથની જોડે તેનાં હથિયાર, વાસણ વગેરેની સાથે આ ધાન્યના દાણા પણ એ દાણાની પરલોકમાં જરૂર પડશે એવી કોઈ ઝાંખી ઝાંખી સમજણથી દાટવામાં આવતા. પછી એ બધાં ઉપર ધૂળ માટીનો મોટો ટેકરો કરતા. ટેકરામાંથી ઘોડા દિવસ થાય ત્યાં તો, નવા ઝેડના કોટા ફૂટવા માંડતા અને લોકો તે જોઈને પૂરું અગત્ય પામતા. ત્યાં તો ચોકાં અઢારિયામાં કોટામાંથી ડોડ, તેમાંથી ડૂંડાં અને તેમાંથી ધાન્યના દાણા થઈ પડતા. આ તો ચમત્કાર ગણાતો. પણ પોતે દાણા દાટેલા અને તેની સાથે મનુષ્ય પણ દાટ્યો હતો, તેમાંથી આ થયું એમ જાણીને તેઓએ વિચાર કર્યા કે એકમાંથી અસંખ્યાત દાણા કરવા હોય ત્યારે એ જ કોમિયો કામે લગાડવો. વાંસને એકાદ રીંગણું બાંધીને જમીનને ખોદી અણી વતી ખોતરતા, તેમા દાણા વેરવા ને એ જ વખતે સાથે સાથે એક માણસને જમ્બે કરીને એટલામાં જ કપાઇ દાટવો, એમ કરીએ એટલે ભૂમિ એ ભોગથી તૃપ્ત થઈને અઢળક ધાન્ય વડે આપણા કોઠાર ભરશે. વળી એમ પણ કહેવાયું છે કે, બિયાંના દાણાના નમૂનામાંથી દરેક દાણો જેવી નીકળવાની જોઈએ એમ ધારવું વાજબી નથી. જુદા જુદા નમૂનાના દાણાની ઊગી નીકળવાની શક્તિ જુદાં જુદાં કારણોને લીધે નમણી પડી ગયેલી હોય છે. નીચેના કોષ્ટકમાં સાધારણ પાકના દાણાના નમૂનામાં સેંકડે કેટલા દાણા ઊગી નીકળે એવા દાણા હોવા જોઈએ તેની યાદી આપવામાં આવી છે. વેચાતા લીધેલા બજારુ દાણાની ઊગી નીકળવાની શક્તિ આ યાદીમાં આપેલા પ્રમાણ કરતાં ઓછી માલૂમ પડવાનો સંભવ છે.

દાણાનું નામ	સેંકડે ઊગી નીકળે એવા દાણા
ચણા, મગ, અડદ	૯૫
શેરિયાં	૯૨
કોમીજ	૯૫
મકાઈ (ખેતર)	૯૫
મકાઈ (બાગ)	૯૨
કાકડી, ગલકાં, કોળાં	૯૨
વેગણ	૮૫
ભોપળાં, કૂદ	૯૨
કુંભળો	૮૫
પડ	૯૫
બાજરી	૯૫
જવ	૯૫
જુવાર, બાવટો	૯૫
ચટાણા, ભોજા	૯૮
મઠ, તુવેર	૯૫
મૂળા	૯૫
ટમેટાં	૯૦
તંબાકુ	૮૮
કપાસ	૯૦

૧ દાણો ચાંપી જોવો = કામ પાકવા માટે યત્ન કરી જોવો; પારકું મન જોવા માટે યત્ન કરવો.
૨. દાણો જોવરાવવો = જોશ જોવરાવવો.
૩. દાણો જોવો = જોશ જોવો.
૪. દાણો દબાવવો–દબાવી જોવો–દાબવો = (૧) ઉપલક પરીક્ષા કરવી; ચકાસવું. (૨) પૂછી જોવું; મન જાણી લેવું
૫. દાણો પાડવો = (૧) કપ્રુ પડે તેમ કરવું; કપ્રુ પડી જાય તેમ કરવું. જેમકે, દાણો પડે તેમ મગજ કરવો. (૨) વિષયને ફરી પરણાવવી.
૬. દાણો વળવો = સિદ્ધિ મળવી; કાર્ય પાર પડવું
૭. દાણો વાળવો = ટુકડો ઉતારી દાણા બાંધી રાખવા.

૨. પું. અનાજના કણ જેવો મોળ પદાર્થ; અનાજના કણ જેવો કોઈ પણ કણ.
૩. પું. કણ, કટી; ગોદ; ખાંગરો.
૪. પુ. નખ છૂટી વસ્તુ.
૫ પું નાકમાં પહેરવાનો ઝીણે જાતનો દાગીનો.
૬. પું. ખોગરો; મચકો.
૭. પું સપાટી ઉપર ખડબચડો ભાગ અથવા ગાંઠ.
૮. પું. સોગઠાબાજી વગેરે રમતમાં પાસા કે કોડીથી દાવ નાખતાં પડેલો અંક.

દાણોદુણી ન. અનાજ અને અનાજ બંને જેવડી સામગ્રી; અનાજ વગેરે ખોરાકનો સામાન.

દાણોપાણી ૧. પું.; ન. અનાજપાણી; અન્નોદક; નિર્વાહ; ગુજરાન; ઉદરપોષણ; આજીવિકાનું સાધન; આવાપીવાનું સાધન.

૨. પું.ન. નસીબ; લેખુંદેરી.
બીજ બલે બાજો બ્યાંસુપી લખ્યો દાણોપાણી. દલપતરામ

દાણોવાટો પું. કમરવાણ.
આજે વખાના માર્યા દાણોવાટો વઈ ગયેલા ગામડાના વાંઝા (વણકર), ગામડાના કંસારજ, ખોબો એવા એવા કૈક કારીગર સજ્જન વખાના છે. ગામીત

દાત ૧. [સં.] પું. દાન; સખાવત.
૨. પું દાન આપનાર માણસ; દાતા.
૩. પું. વર્ગ.
૪. સ્ત્રી. વિવાહ પ્રસંગે વરપક્ષ તરફથી ભિક્ષુક, બ્રાહ્મણ વગેરેને ધર્માદામાં અપાતી રકમ; દક્ષિણા; બક્ષિસ. લગ્ન પછી કાંડી, ગરાસિયા વગેરે કોમમાં બ્રાહ્મણો, ચારણ, ભાટ વગેરેને દરેક માણસ દીઠ દાન આપવામાં આવે છે તે દાત આપવી કહેવાય છે.
૫. વિ કાપેલું; લાગ કરેલું.
૬. સં. છેદેલ.
૭. સં. લવેલ.
૮. વિ. શુદ્ધ.
૯. વિ. શોધેલું.

દા. ત. અ. દાખલા તરીકે. દાખલા તરીકેનું સક્ષિપ્ત રૂપ આમ લખાય છે.
દા. ત. લખતા માણસનું બાળક બંગડું અવતરણ નથી. પ્રસ્થાન

દાતણ [સં. દત (દાંત) + પાવન (ચોખાનું સાધન)] ન. દાંત સાફ કરવામાં વપરાતો આવળ, બાવળ કે બીજી વનસ્પતિની પાતળી સોટીનો કટકો; બાવળ કે લીમડાની લીલી ડાખળીનો એકાદ વેત લાંબો કટકો; દાંત સાફ કરવાનો કૂચડો. આ શબ્દમાં અહ સંસ્કૃત પાવન એટલે ચોખ્ખાને આભારી હોવ એમ લાગે છે.
૧. દાતણ કરવું = દાતણથી દાંત ઘસી કોગળા કરી મોં સાફ કરવું; દાંત સાફ કરીને મોઢું ધોવું.
૨. દાતણ કરીએ ઝીણું, પાપ બ્રહ્મ દિયનું = દાતણ સમયની એવી પ્રાર્થના.
૩. દાતણ ગોળવું = દાતણ ઘસવું.
૪. દાતણ, દાઢિયો અને બાજ, એ ઓક પડીનું રાજ = દાતણ કરવામાં બહુ સમયનો બ્યય નથી થતો. તેવી જ રીતે દાઢિયો અને બાજ એટલે ભોજનનું પણ બાબતું. ભોજનનો સ્વાદ લાંબો સમય ટકતો નથી.
૫. દાતણ વેચ્યે દાબર ન બ્રહ્મ = દાતણ વેચવાથી જેમ બહુ ધનિક થવાતું નથી, તેમ અતિશય તુચ્છ દ્રવ્યોત્પાદક વ્યાપારોથી સમૃદ્ધ ન થઈ શકાય.
૬. દાતણની ચીરીએ = ચાર્યો ઉપવાસ હોય એમ; દાતણ સિવાય મુખમાં કાંઈ જ ન પાસેલું હોય એવી રીતે; ભૂખ્યું હોય એમ; કાંઈ પણ ખાધા વગર.
૭. દાતણની દીવી જેવો = ખોટનો, ખોખો. લાકડચાનો. દાતણની દીવીને ફાટી જતાં અને તે ઉપર મૂકેલા દીવાને નાશ પામતાં જેમ વાર લાગતી નથી, તેમ જેને એકનો એક છોકરો હોય તેના સંબંધમાં બોલાય છે કે, તે બિચારીને તો દાતણની દીવી જેવો એકનો એક છોકરો છે. મુશ્કેલીથી સારવાળા માણસને માટે પણ અતિશયોક્તિમા વપરાય છે.

દાતણકાપડાં (દાતણકાપડાં) ન. બ. વ. દાતણની લાકડીઓ વેચવી તે.

દાતણપાણી ૧. ન. દાતણ અને પાણી.
૨. ન. દાતણ અને પાણી વડે દાંત મોઢું સાફ કરવાં તે.
દાતણપાણી કરવાં = (૧) ખાનપીન (૨) પ્રાતઃકર્મ કરવું; સવારમાં બીજી ક્રિયા કરવા પ્રથમ, દાતણ કરવા વગેરે. જે કામ પહેલું કરવાનું તે કરી લેવું.

દાતણવાણી ૧. સ્ત્રી. દાતણ વેચનારી સ્ત્રી
૨. સ્ત્રી. દાતણ વેચવાનો ધધો કરનારી વાણંદણ.
૩. સ્ત્રી. રાવળિયાની સ્ત્રી.

દાતણવાળો ૧. પું. દાતણ વેચનાર પુરુષ. સામાન્ય રીતે વાણંદ કોમ આ ધધો કરતી જોવામા આવે છે.
૨. પું. દાતણ વેચવાનો ધધો કરનાર વાણંદ.
૩. પું. રાવળિયો.

દાતણિયાં ન બ. વ. દાતણ વગેરે કરવા તે.
દાતણિયાં બાબા સમર બનાવ્યા,
હવે બાજણિયાં દેતે રાજ, બાબલ પરોણા. રઢિયાળી,ત

દાતણિયો ૧ પું. દાતણ કરનાર માણસ; દાતણ કરનારો પુરુષ.
૨. પું. દાતણ વેચનાર પુરુષ; દાતણ વેચનારો આદમી.
૩. પું. દાતણ વેચવાનો ધધો કરનાર વાણંદ.
૪. પું. રાવળિયો.

દાતણોદાતણ અ. દાતણ કર્યા પછી કોઈ પણ આપોઆપ ન હોય એવી સ્થિતિમાં; દાતણપાણી; બાજ ભૂખ્યું તરસ્યું હોય એમ.

દાતન [સં. દતધાવન] ન. દાતણ.

દાતરડાવેરો (દાતરડાંવેરો) પું. દાતરડા ઉપર નાખવામાં કર.

દાતરડી (દાતરડી) ૧. સ્ત્રી. નાનું દાતરડું, તે નીંદવાના કામમાં આવે છે.
૨. સ્ત્રી. મુખનો બહાર નીકળેલો વાકો દાંત.

દાતરડીકુંભી (દાતરડીકુંભી) સ્ત્રી. શિખરબધ મંદિરના અ.લસારાઓમા નીચે કુંભીઓમાં કરેલા અણાઅણગા ઓકડા.

દાતરડું (દાતરડું) ન. ઘાસ, કરબસણ વગેરે વાઢવાનું ઝીણા દાતાવાળું ઊકેરી વાળેલું કમાનદાર ઓજાર; ઘાસ વગેરે કાપવાનું બેદુતનું એક ઓજાર.
૧. દાતરડું ને ખરિયા = ઘાસે કાર્ય સાધન ન હોય એવી સ્થિતિ. ઘાસ લેવાને માટે દાતરડું ને ખરિયા સાથે કોઈ બેદુત ખેતરમાં ગયો હોય. તેને લાંબો ઘાસ ન મળ્યું કે કાપીને લાવતા અધવચ્ચ ખોયું હશે, તેથી તેનો પાસે રહ્યાં માત્ર દાતરડું ને ખરિયા. આથી આ પ્રયોગ થયાનું જણાય છે.

૨. દાતરડું વેચ્યે ડાંકર ન ખાય = નકામી, તુચ્છ કે હલકી વસ્તુઓ વેચવાથી સમૃદ્ધ થવાતું નથી.

દાતબ્બ ૧. [હિં.] ન. દાન; દેવાનું કામ.
૨. ન. દાનશીલતા; ઉદારતા.
૩. [સં. દા (આપવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. આપવા જેવું; દેવા લાયક.
૪. [સં. દા (આપવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. આપવા યોગ્ય.

દાતા ૧. પું. (પિંગ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; બીજ. તે ષટ્પદી જાતિ છંદનો એક ભેદ છે. તેમાં ૭૮ લઘુ અને ૩૭ ગુરુ મળી ૧૧૫ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે.
૨. [સં. દાતૃ] પું. દાન આપનારો પુરુષ; સખાવત કરનાર માણસ; દાનશીલ આદમી.
૩. પું. ધર્મ કે પરોપકાર કરનાર પુરુષ; ધર્મી.
૪. પું. પરમેશ્વર.
૫. પું. મુરબ્બી; ભલું કરનાર પુરુષ.
૬. પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૭. સ્ત્રી. અથર્વવેદની શાખાની નવ નામોની એક શાખા.
૮. વિ. આપનાર કે દેનાર; દાતાર.
૯. વિ. ઉદાર; દાન આપનારું; સખી.
૧૦. વિ. ધર્મ કે પરોપકાર કરનાર.

દાતાખેલ પું. હિંદની વાયવ્ય સરહદ તરફ પહાડોથી વસાયેલો એ નામનો એક પ્રદેશ.

દાતાગંજબક્ષ પું. એ નામનો એક મહાન સાધક સંત. તે દાતાગંજબક્ષ મખદુમ સૈયદઅલી અલ હજવીરીને નામે પણ ઓળખાય છે. એને વળી બધા જુદાજુદા પણ કહે છે. જિજ્ઞાની પાસેનાં જુલ્બણ અને હુજ્વર નામનાં સ્થાનમાં તે પ્રથમ વસતો હતો. જીવનનો પ્રથમ ભાગ તેણે જુદે જુદે સ્થળે ફરવામાં ગાળ્યો હતો અને છેવટ તે લાહોરમાં આવી વસ્યો. લાહોરમાં આવી દરબાર પાસે આવેલી એની દરગાહ આજે પણ હિંદુ મુસલમાન યાત્રાળુઓ માટે તીર્થસ્થાન બનેલ છે. તે સ્થળે તેનો રોજો આવેલો છે. રોજા ઉપરના શિલાલેખ ઉપરથી તે ઈ સ. ૧૦૭૨માં મરણ પામ્યાનું જણાય છે. તેણે રચેલું ફારસી અલ મહજૂબ એટલે આવરણ ઉન્મોચન નામનું પુસ્તક સૂફી સાધકોને માટે અમૂલ્ય ગ્રંથ ગણાય છે. ત્યાંના લોકોના મત મુજબ હિંદના સૂફીઓનો એ આદિ ગુરુ છે. તે કાળમાં અનેક તીર્થયાત્રીઓ પંજાબના જુદા જુદા સૂફી સંતોના પીઠસ્થાનેથી આવી જતા.

દાતાદાતાર ૧. [હિં.] પું. પરમેશ્વર.
૨. પું. મુરબ્બી. ભલું કરનાર માણસ.
૩. પું. સખાવત આપનાર માણસ.

દાતાપણું ન. દાનશીલતા; ઉદારતા.

દાતાભોક્તા [સં. દાતૃ (આપનાર) + ભોક્તૃ (ભોગવનાર)] પું. આપનાર અને ઉપભોગ કરનાર પુરુષ.

દાતાર ૧. પું. ભેળાને માટે બોલાતો એક માનવાચક શબ્દ.
૨. પું. ગુરુ.
૩. પું. આપનાર કે દાન આપનાર પુરુષ; સખી; દાનશૂર; પરોપકારી સજ્જન; દાતા.
૧. દાતાર કરતાં સૂમ ભલો કે હટ ઉત્તર દે-દાતાર કરતાં સૂમ ભલો કે હટ પાડે ના = જે આપવાનો પોતાનો ઇરાદો ન હોય તેની લાલચે ન રાખતાં એકદમ ના પાડી એ વધુ સારું છે.
૨. દાતાર ને સૂમનો એક વરો = દાતારનું અને કૃપણનું ખરચ છેવટે એકસરખું આવી રહે છે.
૪. વિ. આપનારું; દાતા.
૫. વિ. ઉદાર; દાન કરનાર.
૬. વિ. ધર્મી; પરોપકાર કરનાર.

દાતારખંભલ ૧. પું. એક ખિતાબ; એક રેશમી કપડાનો પ્રકાર.
૨. ન. દાન દેનારાઓનો સમૂહ.

દાતારગટી સ્ત્રી. દાતારપણું; ઉદારતા.

દાતારસૂંડલી સ્ત્રી. ગિરનારની એક ટેકરી ઉપર આવેલ દાતારની જગ્યાને માટે નક્કી કરેલો અમુક ભાગ.

દાતારાં પું. ૧. ૧. દાતાર.

દાતારી ૧. ન. સખીપણું; દાતારપણું; આપવાપણું.
૨. વિ. દાન દેનાર.
દાતારી દાન દે, કાં અનાડી બાપ ખે-દાતારી દાન દે ને બંજારી પેટ ફૂટે = દાનેશ્વરી દાન આપવાનું કહે પણ તે જોઈ બીજાનું લોહી બળે એવું.

દાતાલી સ્ત્રી. લીલાશ પડતી રૂપેરી એક જાતની માછલી; ભરલી. તે બહુ ખાંખી અને તેને એક આગળ પડતો દાંત હોય છે. વધતાં વધતાં તે લંબાઈમાં લગભગ ૧૨ ફૂટ જેટલી થાય છે. તે બહુ ભયંકર છે અને જે કોઈ મળે તે તરત જ દાંત વડે કાપી નાખે છે. બચ્ચાં તે નદીમાં પ્રવેશે છે ત્યારે તે નાની અને પુષ્ટ હોય છે. બચ્ચાં તે ઈંડાં મૂકે છે ત્યારે તે પાતળી અને ભિનષ્ઠિપવોત્રી બની જાય છે.

દાતાસી સ્ત્રી. જૈન ચિત્રકલ્પદ્રુમમતમાં જણાવેલી એ નામની એક લિપિ

દાતિ ૧. [સં. દા (આપવું)] સ્ત્રી. આપવું તે; તોડવું તે.
૨. [સં. દા (આપવું)] સ્ત્રી. દાન દેવું કે આપવું તે.
૩. સ્ત્રી. સુદ્ધિ; શોધવું કે શાંત કરવું તે.

દાતીફ પું. અવસ્તા સાહિત્યનાં પુસ્તકોના ચાર મોટા ભાગોનો એ નામનો એક સમૂહ.

દાતુ ૧. પું; ન. દાતણ.
૨. [સં.] ન. દાન.
૩. વિ. દાન કરનાર કે આપનાર.

દાતૃ ૧. [સં.] પું. દાતા; દાતાર; દાન આપનાર પુરુષ.
૨. વિ. આપનાર.
૩. વિ. દાન આપનાર.

દાતૃતા જુઓ દાતૃત્વ.

દાતૃત્વ [સં.] ન. દાતાપણું; દાનશીલતા.

દાતેળો પું. દાતરડું.

દાત્તાત્રિત્રી [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર. તેનું બીજું નામ કંપીર હતું.

દાત્તિયા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાત્ય ૧. સ્ત્રી. નોકરને આપાતી ખિદમત.
૨. સ્ત્રી. મરજીપરજી વખતે ભાટચારણને આપાતું દાન.

દાત્યૂણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

દાત્યૂહ ૧. [સં.] પું. એક જળચર પક્ષી; જળકાગડો; જળકાક. રોહિણના અર્ઘઆરંભમાં અને અસોકની આસ્ત્રાઓમાં આ પક્ષીના શિકારની મના ફરમાવેલ છે.
૨. પું. એક જાતની મેખલ.
૩. પું. એક જાતનું પક્ષી; બપૈયો; ચાતક
ઇંદ્રાદિક દાત્યૂહ હરિ, ચાતક સારંગ નામ;
પ્રભુ ટેક પપીહરા, અને નહિ બીજી કામ.
પિત્રભક્તપ્રેમ
૪. પું. મહાદેવ
૫. પું. મેઘ; વાદળ.

દાત્યૌહ ૧. વિ. ચાતકનું; ચાતક સંબંધી.
૨. વિ. દાત્યૂહનું; દાત્યૂહ સંબંધી
૩ વિ. મહાદેવ સંબંધી
૪ વિ. મેઘનું; મેઘ સંબંધી
૫. જુઓ દાત્યૂહ.

દાત્યૌહી ૧. જી. ચાતક પક્ષિણી.
૨. જી. જળકાગડી.

દાત્ર ૧. [સં.] ન. એક જાતની છરી.
૨ ન. દાતરડું.
૩. ન. દાન.
૪ વિ. આપનાર
૫. વિ. આપવા જેવું.
૬. વિ. દાન કરનાર.
૭. વિ. દાન કરવા જેવું.

દાત્રા પું. (વહાણવટું) હલેસાચાળો માણસ.

દાત્રિ પું. આપનાર માણસ; દાનવીર

દાત્રિકા જી. ગાયનીપટ્ટણના ઉપલા ભાગમાંથી નીકળતા ચિખરકેદક નામના ત્રિસ્રોતપ્રકાર પ્રવહનકને લાગેલી એ નામની એક ક્રિયા.

દાત્રી ૧. [સં.] જી. દેનાર કે દાન આપનાર સ્ત્રી; દાતા સ્ત્રી.
૨. વિ.સ્ત્રી. દેનારી.

દાત્વ ૧. [સં.] ન. ૧૪ કર્મ.
૨. વિ. દાન કરનાર; દાતા.

દાથરાદરામ ૧. જી. મૂળમરડીદરામ; જાદરવા સુદિ દશમ. તે દિવસે બળદોનાં પાનનાં કર્જિયાં બાંધાનો રિવાજ છે, તેથી તેને દાથરાદરામ કહે છે.
૨. વિ. ઓલદોલુ.

દાથરિયું ન. માટીનું એક વાસણ; માટીની કથરોટ; કઠોરૂ; ઝાલિયુ.

દાથરી ૧. જી. કસેટાના આકારની રોટલી મસળવાની માટીની કથરોટ; કસેડી.
૨. જી. કોથળી; તોબરી; ચામડાની થેલી.
૩. જી. ઢીકરાનું નાનું કઠોરૂ.
૪. જી. તાવડી; માટીનું છાજરૂં વાસણ; માટીની થાળી
૫. જી. તોબરો; દાથરો.

દાથરો ૧. પું. ચડેલું મોં: તોબરો. ગુસ્સામાં ચડેલુ મોં.
૨. પું. ખાતા પદાર્થની નીચે રાખેલું ઘાસ; રસોઈમાં વરાળથી બાફવા સારૂ વાસણમાં વસ્તુને અદ્ધર રાખવા નીચે કરાતું ઘાસ વગેરેનું પડ, મૂકિયાં, પાતરા વગરેને વરાણથી પકાવવા માટે તપેલામાના પાણીમાં મૂકવામાં આવતો સાધનો માળો.
૩ પું. મોટુ અને પહોળું જાડું માટીનુ વાસણ.
૪. પું. વાટવો; ખલેચી.

દાદ ૧. (સ.] પું. દાન; દેણગી
૨. વ્રુ દેવુ તે; આપવુ તે.
૩. [પ્રા. દાઇત (આપવુ)] જી. અરજ; ફરિયાદ; દુઃખને માટે અરજ કરવી તે; પોતાને થતા જોરજુલ્મનો બદલો આપવો તે; વિનતિ.
૧. દાદ આપવી = જોરજુલમનો પ્રતીકાર કે બદલો આપવો; અત્યાચારના પ્રતીકારની પ્રાર્થના કરવી.
૨. દાદ સાંભળવી = ફરિયાદ સાંભળવી.
૪. જી. ઇન્સાફ; ન્યાય.
૧. દાદ દેવી = (૧) ઇન્સાફ કરવો; ન્યાય કરવો. (૨) ક્ષમામાં રહેવુ.
૨. દાદ મળવી = ન્યાય મળવો.
૫. જી. ઉપકારનો બદલો; પ્રતિકાર.
૬. જી. કદર; વખાણ.
૭. જી. કર.
૮. જી. ખબર; સંભાળ.
૯. જી. દરાજ; પાકર; એક જાતનો ખૂજલી જેવો રોગ. મોટે ભાગે કમરની નીચે જાંઘના મૂળમાં દાદર થાય છે. ત્યાં પરસેવો વધુ મુકાઈ જવાથી આ દરદ થાય છે. વૈદ્યોએ અઢાર પ્રકારના રોગમાં તેની ગણતરી કરેલ છે. ડાક્તરોનો અભિપ્રાય છે કે એક જાતના સૂક્ષ્મજંતુને લીધે તે થાય છે. પણ ભાગે વરસાદના ગંદા પાણીના સસર્ગથી તે થાય છે.
૧૦. જી. દાવો; વાજબી હક.
૧૧. જી. ભેટ
૧૨. જી. વેર.
૧૩. જી. વેરની વસૂલાત; બદલો.
૧૪. જી. વેપારવેપારમાં એકબીજા પાસેથી લેવાતી દેવાતી રકમ.
૧૫. જી. ગતિ, ચમન, પ્રાર્થના.
૧૬ વિ. અજેય, અપરાજેલું

દાદઆચર પું. ઇન્સાફ આપનાર માણસ.

દાદકા ૧. પું. દાદાનું ઘર.
૨. પું. બાપદાદાનો વસ

દાદકામ પું. એક જાતનું પક્ષી; જંગલી કાગડો. તે મરી ગયેલું માંસ, નાનાં છોકરાં વગેરે ખાઈને જીવે છે.

દાદખવાહી (દાદખ્વાહી) [ફા.] જી. ઇન્સાફ માગવો તે.

દાદખાહ (દાદખ્વાહ) [ફા. દાદ (ન્યાય) + ખાહ (માગનાર)] પું. અરજદાર; વાદી; ન્યાય માગનાર પુરુષ; ફરિયાદી; દાદ માગનાર.

દાદખાહી (દાદખ્વાહી) [ફા.] જી. ન્યાયની માગણી; ન્યાય માટેની અરજી.

દાદખ્વાં [ફા.] પું. ફરિયાદી; દાવો કરનાર.

દાદખ્વાહી (દાદખ્વાહી) [ફા.] જી. ઇન્સાફ આપ્યો તે.

દાદગર ૧ પું. અદલ ઇન્સાફી ખુદાતાલા.
૨. [ફા. દાદ + ગીર] પું ન્યાયાધીશ; દાદ ફરિયાદ સાંભળી તેનો ન્યાય કરનાર માણસ.
૩. વિ. દાદ આપનાર.
૪. વિ. દાદ સાંભળનાર.
૫. વિ. ન્યાયી; ઇન્સાફી.

દાદગાહ જી. (જરથોસ્તી) મોક્ષ જગા.

દાદગુરુ પું. ગુરુના ગુરુ; દાદાગુરુ.

દાદદ [સં.] વિ. દાન કરનાર.

દાદદહિરા જી. ખેરાત.

દાદદિહિરત ૧. [ફા.] જી. ઉદારતા.
૨. જી. દાન.
૩. જી. બક્ષિસ

દાદદિહી જી. ન્યાય આપવો તે.

દાદની ૧. [ફા] જી. એક જાતનો કરાર. તેમા કરજદાર લેણદારને માસુ બાજ આપે છે અને ભવિષ્યની સલામતી માટે પોતાનો પાક ચાલતા ભાવથી ઓછી કીમત આંકીને આપે છે.
૨. જી. કરજ.
૩. જી. ખેડુતને બજારુથી બીજમાં આપેલી રકમ; તગાવી.
૪. જી. સુથી.

દાદફરિયાદ (દાદફરિયાદ) [ફા.] જી. ન્યાય માટેનો દાવો; દાદ મેળવવા માટેની કોર્ટ પણ પ્રકારની અરજ; કોર્ટ પણ જાતની ફરિયાદ.

દાદમર્દન [સં. દદુમર્દન] ન. બગીચામાં થતો એક જાતનો છોડ. તેને અસ્થીચાનાં પાન અને પીળાં ફૂલ હોય છે. અરજણ ઉપર તેનાં પાન વાટીને ચોપડવામાં આવે છે. દરાજ મટાડવામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તે હિંદુસ્તાનમાં બધે માલૂમ પડે છે. એમ કહેવાય છે કે, અમેરિકાના દારૂઓમાંથી આ છોડ લાવવામાં આવેલ છે, તેથી તેને વિલાયતી ચકમદ પણ કહે છે. તેનાં પાંદડાં વાટીને ચોપડવાથી દાદર અવશ્ય મટે એમ મનાય છે.

દાદમાર જુઓ દાદમર્દન.

દાદર ૧. પું. (સંગીત) તિસ્રજાતિ ૭ માત્રાનો એક તાલ. તેમાં બે તાલ આવે છે, માટે એનું નામ દિતાલ પણ છે.
૨. [સં. દર્દુર] પું દેડકો.
૩ પું. માળ ઉપર ચઢવાની નિસરણી; દાદરો; સીડી, માળ ઉપર ચઢવા માટે એક પછી એક અનુક્રમે પગથિયા હોય એવો જોડવચુ, ઊંચે ચઢવાનુ સાધન.

૪ સ્ત્રી. દરાજ; ખાપર; ખરજવું; ચામડી ઉપર થતો એક જાતનો રોગ. આ દરદમાં ચામડીનો રંગ લાલ થઈ આવે, સફેદ ફોતરી ઊખડે અને તેમાં ચળ આવે. તે શરીરના ગમે તે ભાગમાં થાય છે. શરૂઆતમાં તેનાં ચોળ રાતા રંગનાં ચકરડાં થાય. ચળ બહુ આવે અને ખંજોળવાથી વખતે ચોકુપાવું લોહી પણ નીકળે. તે મટાડવા હરતાલનો અને હીંગળાના રસનો લેપ કરાય છે. કટકડી, ટંકણ અને મોરથૂથાનું જલદ પાણી પણ ચોપડાય છે.

૫. ન. એક પ્રકારનું ઝાડ. તેનાં પાનનો રસ દાદર ઉપર ઘસાડાય છે.

દાદરબારી ૧. સ્ત્રી. જીનો; અલગ કારેલી સીડી.

૨. સ્ત્રી. દાદરનું નાનું બારણું; જીનાનું બારણું; નાના દાદર ઉપરનું ખેસવા કે વાસવાનું બારણું; માળે ચડવાનો જ્યાં દાદર હોય તેટલી ખુલ્લી જગ્યા બંધ કરવાનું નાનું બારણું.

દાદરસ ૧ [સં.] વિ દાદ ખાન ઉપર લેનાર.

૨. વિ. ફરિયાદ સાંભળનાર.

દાદરસી ૧. [સં.] સ્ત્રી. ફરિયાદ પહોંચવી તે.

૨. સ્ત્રી. દુઃખ ટાળવું તે.

દાદરિયા ૧. સ્ત્રી. એ નામની કપાસની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

દાદરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તે દાદરાના છોડની પેઠે ચોમાસે ઊગી આવે છે. તે દાદરાના છોડ કરતાં નાની હોય છે. પાન લાંબાં અને અણીદાર, ફૂલ દાદરાનાં ફૂલ જેવાં તેમજ ફળ પણ આંબિયાવાળાં અને પણ બીજવાળાં નાનાં હોય છે.

૨. સ્ત્રી. કાંકરા અને રેતી મળેલી એક જાતની જમીન. તેમાં નાગલી અને કોદરા સિવાય બીજું કુછ થતાં નથી. પારોઠ પથ્થરવાળી સખત જમીનને પણ દાદરી કહે છે.

દાદરુ ૧. ન. કાંકરા અને પથ્થરવાળી રતૂમડા રંગની જમીન.

૨. ન. તાવ સાથે આવતો સોજો.

દાદરેરા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

દાદરો ૧. પું એક જાતનો છોડ. તે પણ કૂદ ઊંચો વધે છે. તેનાં પાન પહોળાં અને ઠીંટડી પણથી લાંબી હોય છે. તેમાં લીલાં, નાનાં ફૂલ અને ફળ ગેરડાના ફળ જેવાં થાય છે. આ છોડ રેચક છે. ગુજરાત તરફ તેને ચીકીકાંટો અને કાઠિયાવાડ તરફ દાદરો કહે છે. તેને મરાઠીમાં ખોખશીફણી અને હિંદીમાં ખોખસો અને કુપિષ કહેવાય છે.

૨. પું. (સંગીત) એક જાતનો તાલ. તેની છ માત્રા છે. તેમાં પહેલી માત્રા ઉપર તાલ અને ચોથી માત્રા ઉપર ખાલી આવે છે. તેને રૂપક કહે છે. પહેલી માત્રા ઉપર તાલ, ત્રીજી માત્રા ઉપર તાલ અને પાંચમી ઉપર ખાલી એવું સ્વરૂપ પણ બંધાય છે. તેને ચતિતાલ કહે છે. આ તાલમાં નિઃસારુક અને ફોડા નામના તાલનો સમાવેશ થાય છે. દાદરા તાલને જરા ઉતાવળથી ગાવામાં કે વગાડવામાં આવે ત્યારે જલદદાદરો એવું નામ આપવામાં આવે છે.

૩. પું. તાળાની અંદરની કળ; તાળાનો મોભરો; તાળામાંનો પડદો.

૪. પું. નિસરણી ઉપરનું બારણું; ચોરે ચડવાનું દ્વાર; જ્યાં નિસરણી મૂકી હોય તેટલી દાદરની જગ્યા બંધ કરવાનું બારણું. દાદરબારી.

૫. પું. માળે ચડવા ઊતરવાનાં પગથિયાંવાળી લાકડાની બનાવટનો એક ઘાટ; નિસરણી; સીડી.

૬ પું. (સંગીત) ઘર ઊતરતા અને ચડતા હોય એવો રાગ. તેનું બંધારણ ટૂંકું હોય છે.

દાદલી સ્ત્રી. દેવતાના ઘુંમટની અંદર ધાટવાળો ચોગાઠીનો પથ્થર.

દાદવર ૧. [સં. દાદ (ખાજ) + વર (થી ભરપૂર)] પું. ઈશ્વર.

૨. પું. ખાજી માણસ.

દાદવો ૧. પું. ઝાડવો.

૨. વિ પું. ઉદાર; મોટા મનનો; મોટા હાથવાળો; દાતાર.

દાદસ [હિં. દાદા + સાસ (સાસુ)] સ્ત્રી. વહુ કે બાળીની વડી સાસુ; સાસુની સાસુ.

દાદસસરા [હિં.] પું. વહુ કે બાળીનો વડો સાસરો.

દાદસિતલ ન. લેખૂદેખુ; પૈસા સંબંધી બબાદાર.

દાદસિતાદ ન. કામકાજ.

દાદા ૧. પું. ગુજરાતમાં દક્ષિણી માટે વપરાતો શબ્દ.

૨. પું. દાદાભાઈ નવરોજજી માટે લોકોએ પ્રસંગોપાત્ત પ્રયોજેલ ઘરગ્રોદ્ગાર. પ્રજાએ આપેલ પદવીરૂપે તે પ્રચલિત થઈ ગયેલ છે. જેમકે, હિંદના દાદા દાદાભાઈ નવરોજજી.

૩. [સં. તાત] પું. બાપનો બાપ; પિતામહ.

૪. [હિ.] પું. મોટો ભાઈ.

૫. પું. વડીલ કે મોટેરું; કદ જન માટે આદરસૂચક શબ્દ.

૬. સ્ત્રી. અમદાવાદ પાસે આવેલી એ નામની એક વાવ. તે દાદા હરિની વાવ તરીકે પણ વિખ્યાત છે.

૭. સ્ત્રી. એ નામની સિપાઈની એક અટક.

૮. ન. એ નામની અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું

દાદાઅલમ પું. એ નામનો દક્ષિણ હિંદમાં આવેલો એક પહાડ. તેમાંથી પોખરાજની નીપજ થાય છે.

દાદાક પું. સિદ્ધરાજનો મંત્રી અને કચ્છ દેશનો એ નામનો એક હોમ.

દાદાગીરી સ્ત્રી. ગુંડાશાહી; જબરદસ્તી, બળાત્કારી; મુકાદમી; જોહુકમી.

દાદાજી પું. બાપનો બાપ; પિતામહ.

દાદાજી કોંડદેવ પું. શિવાજીનો એ નામનો એક પ્રધાન અને ગુરુ. અમર આર્યાવર્તમાં ઉલ્લેખ છે કે: દાદાજી કોંડદેવને શાહજીએ પુના અને સુપા તાલુકાની જાગીર વ્યવસ્થા કરવા માટે સોંપી હતી. તેની આવકમાંથી શાહજી અને શિવાજીનો બધો ખર્ચ નિભાવવાનો હતો. તેણે પોતાની અક્કલ હોશિયારીથી આ જાગીરને આબાદ કરી. એના પ્રામાણિકપણાની એક વાત એમ છે કે: જાગીરમાં તેણે જે આંબાવાડિયાં બનાવ્યાં હતાં, તેને માટે કડક નિયમો પણ ઘડ્યા હતા. એક દિવસે ઉનાળાની મોસમમાં શિવપુરના આંબાવાડિયામાં ફરતાં તડકો ચડી ગયો હતો. દાદાજી બાદીની દેખરેખ અને તપાસના કામથી તદ્દન બાદી ગયા હતા. એમને ખૂબ તરસ લાગી હતી. આવી સ્થિતિમાં એમની નજર આંબાના ઝાડ ઉપરની એક સુંદર શાખ ઉપર પડી. એમણે તરત જ એક કેરી પોતાને હાથે રખેવાળને પૂછ્યા વગર તોડી લીધી. આ પ્રામાણિક કારભારીને લાગ્યું કે એમણે સ્વામીદ્રોહ કર્યો છે, પાપ કર્યું છે, ચોરી કરી છે અંતઃકરણ એને ડંખવા લાગ્યું અને આખરે એણે ત્યારે પ્રાયશ્ચિત્તને પરિણામે નક્કી કર્યું કે પોતાનો જમણો હાથ કે જેણે આ અપકૃત્ય કર્યું તે હાથને કાપી નાખવો રનેહીઓના દાબ અને મેવડોની વિનંતિને વશ થઈ દાદાજીએ મહામહેનતે એ હાથ કાપવાનું માંડી વાળ્યું, પણ પોતાના એ અપકૃત્યની યાદ રાખવા માટે જે અંતરમાં એ પકેરતા તેની જમણી બાંય કાપીને જમણો હાથ ઉઘાડો જ રાખતા.

દાદાણી ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દાદાભાઈ જુઓ દાદાભાઈ નવરોજજી.

દાદાભાઈ નવરોજજી પું. એ નામના હિંદના એક દેશભક્ત મહાપુરુષ. એ ખરેખર પોતાના યુગના હિંદના પિતામહ હતા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૨૫માં થયો હતો. મુંબઈમાં ગ્રેન્ટમુએટ થયા પછી તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગણિત અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે કામ કરતા. તે દરમિયાન તેમણે મુંબઈમાં જ્ઞાન પ્રસારક મંડળી સ્થાપી અને તેમાં ભાષણો આપ્યાં. મુંબઈમાં કન્યાના વર્ગ ખોલીને સૌથી પ્રથમ મુંબઈમાં સ્ત્રીકેળવણીની પરંપરા કરી. મુંબઈમાં રાસ્ત ગોફ્તાર એટલે સત્યવક્તા નામનું ગુજરાતી સાપ્તાહિક શરૂ કરી તેના મંત્રી તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ તેઓ ઇંગ્લંડ ગયા અને ત્યાં હિંદની ખરી દશાનો ખ્યાલ આપવા માટે પૂર્વ હિંદી મંડળ સ્થાપ્યું અને પાર્લમેન્ટરિ કમિટી આગળ હિંદની દરિદ્ર દશાનો ખ્યાલ આપ્યો. તેમના પ્રયાસથી ઈ. સ. ૧૮૭૦માં હિંદીઓ સરકારી નોકરીમાં દાખલ થઈ શકતા. તે ઈ સ. ૧૮૭૪માં બ્રોડફોરા રાજ્યના દીવાન થયા અને ત્યાં કારભાર સુધાર્યો. ઈ. સ. ૧૮૯૨માં તેઓ ફિન્સબરી પરા તરફથી પાર્લમેન્ટના સભ્ય તરીકે ચૂંટાયા. તેઓ ત્રણ વખત કૉંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ઈ. સ. ૧૯૧૬માં મુંબઈ યુનિવર્સિટીએ તેમને ડૉક્ટર ઑવ લૉઝની માનદ ડીગ્રી આપી. ઈ. સ. ૧૯૧૭માં તેઓ સ્વર્ગવાસ પામ્યા. પોતાના પત્રવ્યવહારમાં પરગ્રહ હોવા છતાં તે નિયમિત ખૂબ રહેતા. દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ આપતા નોંધીએ કાંઈ છે કે: અહીં દાદાભાઈનું એક પવિત્ર સ્મરણ આપી દઉં. દાદાભાઈ કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના પ્રમુખ ન હતા છતાં અમને તો એમ જ લાગ્યું કે પૈસા એમની મારફત મોકલવા એ જ સૌને અને એઓ અમારી વતી બધે પ્રમુખને આપે. પણ પહેલા જ પૈસા જે મોકલ્યા તે દાદાભાઈએ પાછા વાળ્યા અને સૂચવ્યું કે પૈસા મોકલવા વગેરેનું કમિટીને લગતું કામ સર વિલિયમ વેડરબર્નની મારફતે જ અમારે લેવું જોઈએ. દાદાભાઈની મદદ તો હોય જ. પણ કમિટીની પ્રતિષ્ઠા સર વિલિયમ વેડરબર્નની મારફતે જ કામ લેવામાં વધે. એ એ પણ જોવું કે દાદાભાઈ પોતાના પત્રવ્યવહારમા એટલા જુદા હોવા છતાં પણ બહુ જ નિયમિત રહેતા. એમને કંઈ કહેવાનું ન હોય તો છેવટે પહોંચ પણ વળતી ટપાલે આવી જ હોય અને તેમાં આબોહવાની એક લીટી તો ફાજલ હોય જ. એવા કામળ પણ પોતે જ લખતા અને આવા પહોંચવાળા કાગળને પણ પોતાની ટિપણ પેપર બુકમાં ઝાપી લેતા. વળી સલાના પ્રયોગો અથવા આત્મકથામાં નોંધીએ લખે છે કે: દાદાભાઈની વિદ્યાર્થીઓ પ્રત્યેની કાળજી જોઈ તેમ જ વિદ્યાર્થીઓનો તેમના પ્રત્યેનો આદર જોઈ હું આનંદ પામતો. છેવટે તેમને પેલો ભલામણપત્ર આપવાની હિંમત તો મેં કરી. તેમને મળ્યો. તેમણે મને કહેલું: 'તારે મને મળતુ હોય ને કઈ સલાહ જોઇતી હોય તો જરૂર મળજે.' પણ મેં તેમને કદી તસદી ન આપી. બહુ બીક વિના તેમનો વખત રોકવો મને પાપ લાગ્યુ

દાદાર [ફા.] પું. ન્યાય આપનાર પરમેશ્વર; મ.ક્રિ. પરમાત્મા; ઈશ્વર.

હે જિન્હ નામ દાદાર' દેય તું આશો,
પાવરદિગાર પરવાજ પ્રભુ તું પ્રકાશો.
વિશ્વેશ્વરાંકનો સદેય

દાદી ૧. જી. ધરડી ઓ

૨. જી. બાપની માતા; દાદાની સ્ત્રી.

૩. વિ. વાદ કરિયાદી; ફરિયાદ કરનાર; ન્યાય લેનાર; દાદ માગનાર.

દાદીજી ૧. જી. બાપની મા.

૨ જી. વડસાસુ.

દાદીના ૧. જી. પારસીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દાદીમા ૧. જી. ધરડી ઓ.

૨. જી. બાપની મા.

દાદુ ૧. પું. એ નામનો એક ફકીર. તેના નામે એક પંથ ચાલે છે. મહાત્મા દાદુદયાલજીના જન્મવિષયમાં પણ જ મતભેદ છે. દાદુપંથીઓના કથન અનુસાર તેનો જન્મ ગુજરાતના અમદાવાદ નગરમા ફાગણ સુદિ આઠમને ગુરુવારે સંવત ૧૬૦૧મા બાલબ્રહ્મકુળમાં થયો હતો. કહેવાય છે કે, અગિયાર વર્ષની ઉમરે તેને ઈશ્વરે જુદા સાધુના રૂપમા દર્શન દીધાં અને ઉપદેશ કર્યો ત્યારબાદ એણે જુદે જુદે ઠેકાણે ફરીને લોકોને ઉપદેશ કરવા માંડ્યો અને અંતમા જયપુરથી ૨૦ કોસ દૂર નરાના નામના ગામમાં આવ્યો. અહીં સંવત ૧૬૬૦માં તેમણે શરીર છોડ્યું. તે દાદુપંથીઓનું મુખ્ય તીર્થ છે. અહીં દાદુપંથીઓનું ઊતરવા બેસવાનું સ્થાન, છપ્પા અને પોથીઓ છે. અહીં દર વરસે ફાગણ સુદિ ૪ એટલે જે દિવસે પરબ્રહ્મરૂપ દાદુ અહીં આવ્યા હતા તે દિવસથી ૧૨ સુધી મોટો મેળો ભરાય છે. તેના જીવનના બધા ચમત્કાર પ્રસિદ્ધ છે. જોકે તે ભણ્યો ન હતો, છતાં પણ કટકીયે ભાષા બોલતો હતો, તે તેની જ્ઞાનીમાથી જણાય છે. તે બહુ ઊંચ દરજ્જાનો મહાત્મા હતો. તેના સંપ્રદાયના ગ્રંથમાં જાવન પ્રસિદ્ધ અખાડા જુદાં જુદાં સ્થાનમાં છે. એક એવો પણ મત છે કે, સંત દાદુનો જન્મ જયપુર સ્ટેટમાં થયો હતો. વળી તે અમદાવાદનો એક પીંજારો હતો એમ પણ મનાય છે. બાર વરસની ઉમરે તેણે પોતાના નગરનો ત્યાગ કર્યો અને અજમેર, ફતેહપુર વગેરે જગ્યાએ અમુક વખત રહી છેવટમાં ૫૩ વર્ષની ઉમરે જયપુરથી ૨૦ ગાઉ ઉપર નરાના નામની જગ્યાએ નિવાસ કર્યો. કહેવાય છે કે ત્યાં તેને આકાશવાણી થઈ, જે પછી તે ઘણો વખત ગુપ્ત રહ્યો. કબીરપંથી માને છે કે, દાદુ કબીરપંથી હતો અને ગુરુપરંપરા પ્રમાણે તે કબીરથી છઠ્ઠો હતો. દાદુએ પણ કબીરની માફક રામ નામના રૂપમા નિર્ગુણ પરબ્રહ્મની ઉપાસના બતાવી છે. અકબરના સમયમાં દાદુની સારા ચમેલા સાધુઓમાં ગણતરી થતી હતી. દાદુએ વેદાંત સંબંધી ઘણા ગ્રંથો લખ્યા છે. તેનો પંથ દાદુપંથ તરીકે વિખ્યાત છે.

૨. પું. મોટો ભાઈ. સિંધી ભાષામાં મોટા ભાઈ ને માટે દાદુ શબ્દ જ વપરાય છે.

૩. [હિ.] જી. દાદર; દરાજ.

દાદુદયાળ જુઓ દાદુ ૧.

દાદુપંથ પું. દાદુએ સ્થાપેલો સંપ્રદાય. આ પંથ કબીર પંથનો પેટા ભાગ મનાય છે.

દાદુપંથી ૧. પું. એ નામના પંથનો અનુયાયી. દાદુપંથી માણે ઘર પૂણાવાળી ટોપી પહેરે છે, તે ત્રણ જાતના હોય છે: વિરક્ત, નાગા અને વસ્ત્રધારી વિરક્ત માત્ર જળપાત્ર અને લંગોટી રાખે છે. નાગા લડાયક હોય છે અને રાજાઓની સેનામાં તેની ભરતી થાય છે. વસ્ત્રધારી ગૃહસ્થ હોય છે.

૨. વિ. એ નામના પંથનું.

દાદુર [સં. દર્દુર] પું. દેડકો; એક; મંડૂક.

પૈસાદાર ચબી જાદાદર ચકી વિદ્વાન હું યે ચકો,
માને દિલથી રૂપ દાદુર પગો જાણકાના જેવો.
વીરસુ

દાદુરનાદ [સં. દર્દુર (દેડકો) + નાદ (અવાજ)] પું. દેડકાંનો અવાજ.

દાદુરિકા જી. દેડકાની માદા; દેડકી.

દાદુર્ણ ન. દેડકું

રૂડુરાં દાદુર્ણ ખેલતાં ખાબડે. લાખણ

દાદૂર પું. દેડકો.

દાદો ૧ પું. મુઘો; મવાલી.
૨. પું પિતામહ; વડવો; બાપનો બાપ.
૩. પું પૂર્વજ.

દાદોડો (દાદોડો) પું. જીવડાના કરડવાથી થયેલું દીમાપુ કે ગ.ઠ.

દાદોદામ [ફા.] ન. ફાડી ખાનારૂં જંગલી પ્રાણી.

દાદોસિતાદ ૧. [ફા.] પુ બદલોબદલો; લેવડદેવડ.
૨. પું વેપાર.

દાબર જી દાદર; એક વ્યવારોગ; દરજ્જ.

દાબવું ૧. સ ક્રિ. બળવું; દાઝવું.
લાગી વિષ જ્વાળ દાઝ્યો બૂપ.
દાગી કાયા ગયા કુંબકું રૂપ પ્રેમાનંદ
૨. સ ક્રિ બાળવું; ભસ્મ કરવું.

દાબાબળિયું જુઓ દાબાબળવું.

દાબાબળવું ૧. ક્રિ. બફોમ્યુ.
૨. વિ અર્ધદગ્ધ; દાબારિંગો; ગાડિયું; ગાંડાયેલું.
૩. વિ. ઠરીલું; સમજણવું સમજે નહિ તેવું.
૪. વિ. હમેશા મનમાં બળતું; ચીડિયું; રડતી મુખવાળું; ધૂંધવાતું.

દાબારંગું જુઓ દાબાબળવું.

દાબારિંગું જુઓ દાબાબળવું.

દાબાંજલિ જી. મરેલ મનુષ્યની પાછળ રોકવામાં આવતો પાણીનો ઓનો; જીવને દહન કર્યા પછી અપાતી જલાંજલિ.
સંધ્યા વત્સ ચંદન ચિત્ર સાખે,
આકાશમાં અંજલિ નીર નાખે;
ભલે પિતા સદ્ગતિ સંચરે છે,
દાબાંજલિઓ પ્રિય પુત્ર દે છે. દયારામ

દાબિદ ૧. [સં.] ન. વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.
૨. વિ. દહીં છાંટેલ; દહીંથી મિશ્ર કરેલ; સસ્કારયુક્ત કરેલ

દાધીચિ [સં.] પું. દધીચિ ઋષિના વંશનો માણસ; દધીચિનો મોઝજ.

દાનું ૧. ન. બળી ગયેલું કલેવર.
તાપે જમનાજળ ઊકળે,
મગજ કરતાં દાધાં ઊછળે. પ્રેમાનંદ
૨. વિ. બળેલું; દઝેલું.

દાનુંદરડું વિ. બળી ગયેલું અને ઠંડું.
કુલટા મારી દીકરી રે,
અમ જમી દાનુંદાડું. પ્રેમાનંદ

દાધેલ ૧. વિ દાઝેલું; બળેલું.
૨. વિ. દૂષિત, કલંકિત.

દાધ્વાની સ્ત્રી. દવાના ક્રમમા આવતો એક ભોડ.

દાન ૧. પું. દસ × એકથી દસ × દસ સુધીના ગુણાકાર; નવ ઘડિયા પછીનો દસમો ઘડિયો.
૨. પું. ઘારો; ફેરો; ખેપ; વખત.
૩. [સ.] પું. દાયીના હાથમાંથી ઝરતો પ્રવાહી પદાર્થ; દાયીનો મદ.
દાન દિજને આપવું, વજ્રાદ કહીએ દાન,
દાનુ કૃષ્ણ હેતા પ્રભુ, એ પી મેમનિધાન
પિંગળપ્રકોષ
૪. ન આપવાનું દરકોઈ દ્રવ્ય.
૫. ન. ઇનામ; બક્ષિસ.
૬. ન. એક પ્રકારનું જંગલી મધ.
૭. ન. ઉદરનું તે; પ્રાણીનું તે.
૮. ન. જકાત; કર, મહેસૂલ.
૯. ન ધન; દોલત
૧૦ ન. ધર્મબુદ્ધિથી પુણ્યાર્થે કોઈ વસ્તુ બાહ્યવસ્તુ અથવા કોઈને મદદ આપી દેવી તે; પુણ્યાર્થે આપવું તે; દયાભાવથી આપવું તે; ન્યાયપૂર્વક પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુનું બીજા માટે અર્પણ કરવું તે. યાજ્ઞવલ્ક્યે આ સબંધમાં કહ્યું છે કે: કોઈ પણ વસ્તુ ઉપરથી સ્વત્વની નિવૃત્તિપૂર્વક પરસ્વત્વની ઉત્પત્તિ કરવી તેને દાન કહે છે. જેનામાં દાન કરવાનો ગુણ છે તેવા ઈશ્વર, વિદ્વાન અને મનુષ્યની સંજ્ઞા દેવતા છે. પોતાનું કર્તવ્ય સમજીને દેશ, કાળ અને પાત્રનો વિચાર કરી નિષ્કામભાવે અન્ન, વિદ્યા, વસ્ત્ર, દવા વગેરે આપવાં તે જ ખરું દાન છે. યોગસૂત્રભાષ્યમાં વ્યાખ્યું છે કે, ન્યાયપૂર્વક સંપાદન કરેલા ધનમાંથી પોતાની શક્તિ પ્રમાણે મોક્ષ ધનને વિધિપૂર્વક શ્રદ્ધા વડે સત્પાત્રને આપવું તે દાન કહેવાય છે. દાન વિષે કૌષીતકિઉપનિષદમાં એવું વિધાન છે કે, દાનમાં આપવાની વસ્તુ તો સર્વોત્તમ હોવી જોઈએ. પીનોદક, અગ્નિતપ્ત, દુગ્ધદોહ અને નિરિંદ્રિય આવો દાનમાં દેનાર સુખજનક લોકમાં પરવરે છે. ગીતામાં દાનના ત્રણ પ્રકાર એમ કહ્યા છે કે:
દેવાયે સ્થળ પાત્ર યોગ્ય સમયે કર્તવ્ય દેવું જોઈ,
જે જે દાન અનુપકારી જનને સાત્ત્વિક તે કહે સ્મૃતિ.
તે જે પ્રત્યુપકાર કાજ ફલને ઉદ્દેશીને કાં વળી,
દેવાયે અતિ ક્લેશથી ય કહ્યું છે તે દાનને રાજસી.
જે જે દાન અયોગ્ય કાલ સ્થળમાં દેવાય કુપાત્રને,
તિરસ્કારી અને અનાદરથી જે તે તામસી દાન છે.
એક મત પ્રમાણે દાનના સોળ પ્રકાર છે: ગાયાં, વિશ્વચક્ર, ધાટ, મહાભૂતઘટ, રત્નધેનુ, સપ્તસરિ, કલ્પવૃક્ષ, કામધેનુ, સ્વર્ણધેનુ, હિરણ્યેશ્વરદાન, તુલાપુરુષ, હિરણ્યગર્ભ, હેમાશ્વ, હેમાશ્વ, કલ્પલતા અને પંચલાંગલી. દાનના સામાન્ય પ્રકાર નીચે મુજબ છે: જ્ઞાનદાન, વિદ્યાદાન, અન્નદાન, સદાચારદાન, કીર્તિદાન, ધર્મદાન, અહિંસાદાન, ઉપદેશદાન, ધનદાન, ભૂમિદાન, મંદિરદાન, પ્રાણદાન, વિવાહદાન અને અભયદાન. સ્મૃતિઓમાં દાનના સબંધમાં અનેક જાતોનો વિચાર કરેલો છે. સૌથી વધારે જોર દાન મહત્ત્વ કરવાની પાત્રતા ઉપર કરવામાં આવ્યું છે. દાનને પાત્ર બ્રાહ્મણ કહેલ છે. બ્રાહ્મણોમાં વેદપારી, વેદપારીઓમાં વેદોક્ત કર્મ કરનારો અને તેમાં પણ શ્રમ દમ વગેરે ગુણયુક્ત આત્મજ્ઞાની શ્રેષ્ઠ છે. દાનનો વિશેષ વિધાન યજ્ઞ, શ્રાદ્ધ વગેરે કર્મો પછી છે. આ પ્રકારનું દાન અંધળાં, લૂલાં, બગડાં, મૂંગાં વગેરે વિકલ અંગવાળાંઓને દેવાનો નિષેધ છે. દાન માટે દાતાને શ્રદ્ધા હોવી જોઈએ અને જેણે દાન લેનાર પાસેથી કોઈ પ્રયોજનની સિદ્ધિની અપેક્ષા ન રાખવી જોઈએ. મુહિતત્વમાં દાનનાં છ અંગ બતાવ્યાં છે: દાતા, પ્રતિગ્રહીતા, શ્રદ્ધા, ધર્મ, દેશ અને કાળ આ છ અંગ અનુસાર દાનની ઉત્તમતા કે નિકૃષ્ટતાનો વિચાર થાય છે, એટલે કે દાતાના વિચારથી, જેમકે, કુલટા વગેરેએ આપેલું; લેનારના વિચારથી, જેમકે, પતિત બ્રાહ્મણને આપેલું; શ્રદ્ધાના વિચારથી, જેમકે, તિરસ્કારપૂર્વક આપેલું; દેશના વિચારથી, જેમકે, ગંગાતટ ઉપર આપેલું અને કાળના વિચારથી, જેમકે, મહત્ત્વને સમયે આપેલું. આ સિવાય દ્રવ્યનો પણ વિચાર કરેલો છે કે જે ધન દાનમાં આપવામાં આવે તે કેવું હોવું જોઈએ. દેવલે લખ્યું છે કે, જે ધન બીજાને પીડા કરીને પ્રાપ્ત કરેલું ન હોય, પોતાના પરિશ્રમથી મેળવેલું હોય તે દાન દેવાને યોગ્ય છે. જે પ્રકારે દાનનું ફળ કહ્યું છે તે પ્રમાણે દાનના ત્યાગનું ફળ પણ કહેલું છે. બ્રાહ્મપરાશરસ્મૃતિમાં લખ્યું છે કે, જે પ્રતિગ્રહને સમર્થ હોવા છતાં દાન લેવાને યોગ્ય હોય છતાં પણ દાન ન લે તેને ઋષીઓ માટે જે સ્વર્ગ વગેરે લોક છે તે બધા તેને મળે છે. આથી ઘણે સ્થાને બ્રાહ્મણો પ્રતિગ્રહ કદી લેતા નથી. વેદો અને સ્મૃતિઓમાં કરેલા દાન ઉપરાંત મનોની શાંતિ વગેરે માટે પણ કાર્ય દાન કરવામાં આવે છે, જે લેવું ખરાબ મનાય છે એવી વસ્તુનું દાન બીજી વધારે ખરાબ મનાય છે, જેમાં તેલ, લોઢું, કાળા તલ અને કાળું કપડું દેવામાં આવે છે.

૧. દાન આપવું-કરવું = દયા ખાતર અથવા પુણ્ય થાય તે માટે મદત આપી દેવું
૨. દાન ઉપર દક્ષિણા = (૧) ઉપકારના બદલામાં અપકાર. (૨) ખાતર પાણા દીધેલ. (૩) દાન આપવું અને લેવી ઉપર બળી રોકડ આપવી તે.
૩. દાન લેવાં = વરકન્યાએ અક્ષત

પરણેલાં કોઈપુરુષે ગુરુ સન્મુખ ભેટ મૂકી તેમની પાસેથી મંત્ર લેવો; દીક્ષા કે બોધ મહણ કરવો.

૧૧. ન. નજરાણું.

૧૨. ન. પાળવું તે; રક્ષણ કરવું તે.

૧૩. ન. રાજનીતિના ચાર મહેનો એક ઉપાય; મર્મ કઈને શત્રુ વિરુદ્ધ સાધનાની નીતિ.

૧૪ ન. શુદ્ધિ; શુદ્ધ કરવું તે; નિર્મળ કરવું તે.

૧૫. ન. તે રાખનાર, ધારણ કરનાર, તે બતાવનાર એવા અર્થનું નામ બતાવનાર પ્રત્યય જેમકે, ગુણાનદાન, કરદાન, કલ્પદાન, હમેદાન, અત્તરદાન, સુરમાદાન, પાનદાન.

દાનક ૧. [અ.] પું એક જાતનો સિક્કો; દીનારનો છઠ્ઠો ભાગ.

૨ [સં.] ન. હલકો જાતનું દાન.

દાનકર્મ [સં. દાનકર્મન્] ન. દાનરૂપ કર્મ, દાન આપવાની ક્રિયા.

દાનકાર [સં.] વિ. દાન કરવા ઇચ્છનાર.

દાનકુલ્યા [સં.] સ્ત્રી. હાથીના મદનો પ્રવાહ, હાથીના ગંડસ્થલમાંથી નીકળતા પાણીનો પ્રવાહ.

દાનગી સ્ત્રી. રોજનો પગાર; રોજી.

દાનગ્રાહી ૧. [સં. દાનગ્રાહિન્] પું. દાન લેનાર માણસ.

૨. વિ. દાન લેનાર.

દાનચોરી સ્ત્રી. લઘુચોરી; અજ્ઞાત આપ્યા વગર માલ પસાર કરી જવો તે.

દાનત ૧. [અ. દિયાનત] સ્ત્રી. અંતઃકરણની કુપી સ્વાર્થવૃત્તિ; પોતાને માટે લેવા કે આપવાની મનમાની ઇચ્છા; નિષ્ઠા; મનનું વલણ; વૃત્તિ; અંતરનો ભાવ; મનની લાગણી

૧. દાનત તેવી બરકત અથવા દાનત તેવ. દી = જેવી સારી માઠી ચિત્તવૃત્તિ હોય તેવો જ લાભાલાભ આવી કરે તેનું પામે.

૨. દાનત બગડવી = (૧) કોઈની વસ્તુ લેવા કે આપવાની અંતરવૃત્તિ થવી; પોતાનું ન હોય તે પોતા માટે લેવાનું મન થવું. (૨) ન્યાયબુદ્ધિમાં અણસાઈ થવું.

૩. સ્ત્રી ન્યાયબુદ્ધિ.

દાનતદાર [અ. દિયાનત + દાર] પું. પ્રામાણિક કે સચોટ નેહોવાળું માણસ.

દાનતદારી સ્ત્રી. પ્રામાણિકપણું.

દાનથાળિયું ન. એ નામની એક રમત. તે કહી તરફ રમાય છે

દાનદક્ષિણા ૧. [સં.] સ્ત્રી. દાન અને તેના ઉપર કંઈ રોકડ રકમ આપવી તે.

૨. સ્ત્રી. બ્રાહ્મણોને દક્ષિણારૂપે અપાતું દાન; યજ્ઞમાં અપાયેલી વસ્તુઓ.

દાનદયિતા ૧. [સં.] પું. ગુરુ.

૨. પું. ઈશ્વર; દાતાર.

દાનદાતા જુઓ દાનદયિતા.

દાનદુપટ ન. લેખી રકમ જેટલું વ્યાજ મળી શકે તેવો વ્યવહાર.

દાનદીક્ષા [સં.] સ્ત્રી. દાન આપવા તરફની રુચિ; દાનવૃત્તિ.

દાનદેણગી સ્ત્રી. દાન કે બક્ષિસરૂપે કાંઈ આપવું તે.

> દાનદેણગીઓનો ઉપયોગ ગરીબોમાં ખીલવવામાં થવો જોઈએ આપીલ

દાનધર્મ [સં.] પું. દાન આપવાનો ધર્મ; પરહિતાર્થે પોતાની વસ્તુનો ત્યાગ કરવારૂપી ધર્મ

દાનપટ્ટો ૧. પું. બ્રાહ્મણોને બક્ષિસ આપવાનું કાર્ય

૨. પું. વારસાપત્ર; વીલ.

દાનપતિ ૧. [સં.] પું. (પુરાણ) અદ્રુ. તે સ્વભાવે માણસના પ્રભાવથી ઘણોજ દાન દેતા.

૨. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

૩. પું. વધુ આપનાર માણસ; સખી દિલનો પુરુષ

૪. વિ. સદા દાન દેનાર; પુષ્કળ આપનાર.

દાનપત્ર [સં.] પું. બક્ષિસપત્ર; દાનનું લખાણ. પ્રાચીન કાળમાં તાંબાના પતરા વગેરે ઉપર દાનપત્ર કોતરાતું હતું. ઘણા રાજાનાં આવાં દાનપત્ર મળે છે અને તે ઉપરથી ઘણી ઐતિહાસિક બાબતોનો પત્તો લાગે છે

દાનપર્વણી [સં. દાન + પર્વણી (પુનમ)] સ્ત્રી. દાન દેવા માટે ઉત્તમ તિથિ અથવા દિવસ.

દાનપાત્ર ૧. [સં.] સ્ત્રી. દાન આપવા લાયક વ્યક્તિ.

૨. વિ. દાન આપવા યોગ્ય; દાનને લાયક

દાનપારમિતા સ્ત્રી. દાનની સિદ્ધિ; દાનની ઉત્કૃષ્ટ સ્થિતિ. વેસ્સંતર જાતક દાનપારમિતાનું દૃષ્ટાંત છે કે: શિબિ દેશના રાજાને વેસ્સંતર નામે સર્વગુણસંપન્ન રાજકુમારે પરણેલાં રાજાના શુભ ચિહ્ન ગણાતા શ્વેત હાથીનું દાન કરી દીધું, માટે પ્રજાએ તેને દેશવટો આપ્યો, એટલે વેસ્સંતર પોતાની સ્ત્રી અને બાળકો સાથે વંક પર્વત ઉપર જઈને પર્ણકુટીમાં રહેવા લાગ્યો. અહીં તો બીજું કોની પાસે શું હતું, પરંતુ તેણે પોતાનાં બે બાળકો એક દરિદ્ર બ્રાહ્મણને તેની સેવા કરવા માટે આપી દીધાં. કથા તો તેને પોતાનું રાજ્ય પાછું આપે છે, પણ એની દાનપારમિતા બાળકોને આપતી વખતે જ પૂર્ણ થઈ ગણાય છે.

દાનપુરી ૧. સ્ત્રી. કુમારી પહાડની બાજુમાં બાજવાન લોકોની એ નામની એક જાતિ. એમાંના ઘણા દાનપુરી જર્મન પુરુષો મોખરે લડી આવેલા.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ એ નામની જાતિનું.

દાનપ્રણાલી [સં.] સ્ત્રી. દાન આપવાની રીત.

દાનપ્રાપ્તિ ૧. [સં.] સ્ત્રી. દાન મળવું તે.

૨. સ્ત્રી દાનમા મળેલી રકમ.

દાનફલ [સં.] ન. દાનનું ફળ.

દાનફૂલસ્નાત [સં.] ન એ નામનું એક વ્રત. તે આસો માસના શુક્લપક્ષના છેલ્લા રવિવારથી આરંભી માઘ સુદિ ૭ સુધી કરાય છે વ્રત પૂરું થયે દાન અપાય છે.

દાનભગિની ૧. [સં.] સ્ત્રી. દાન કરનાર બહેન.

૨. સ્ત્રી. કરકોઈ પ્રકારનો ઉપકાર કરી રહેલી સ્ત્રી

દાનમૂડી (દાનમૂઠી) સ્ત્રી. દાન આપવાની રકમ, 'ડોનેશન.'

દાનયોગ્ય [સં.] વિ. દાનપાત્ર; દાન દેવા યોગ્ય.

દાનરો સ્ત્રી. આશરે ૭૦૦ ગ્રેન જેટલું વજન.

દાનવ ૧. [સં.] પું. અસુર; દૈત્ય; રાક્ષસ; કશ્યપના દનુ નામની પત્નીથી ઉત્પન્ન થયેલ પુત્ર. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે દનુના બસ્સો પુત્રોમાં વિપ્રચિત્તિ, દુર્જય, અયઃશિરા, વિરૂપાક્ષ, મહોદર, સૂર્ય, ચંદ્ર વગેરે ૪૦ પુત્રો થયા. તેમાં વિપ્રચિત્તિ રાજા થયો. દાનવોમાં જે સૂર્ય અને ચંદ્ર થયા તે દેવતાઓથી જુદા સમજવા આમાંના દનુના ૬૧ પુત્ર જણાવ્યા છે. મનુસ્મૃતિમા જણ્યું છે કે, મરીચિ વગેરે ઋષિઓની પિતરો ઉત્પન્ન થયા. પિતૃઓથી દેવ, દાનવ અને દેવતાઓથી આ ચરાચર જગત અનુપૂર્વિક ક્રમથી ઉત્પન્ન થયું

> દાનવ દનુજ દૈત્યજન સુરરિપુ અસુર અસંત;
> માયારૂપી શાન્તિદિન, હોજન દુષ્ટ અનંત.
> વિંઝલબધુમેળ

૨. વિ. અસુરનું; રાક્ષસી.

દાનવચુકો [સં.] પું. યુદ્ધમાર્ગ

દાનવજ્ર ૧ [સં.] પું. એક પ્રકારનો દિવ્ય બોજો. દેવતાઓ તથા ઋષિઓ તે ઉપર સવારી કરે છે. કહી તે ધરણે ચાલતો નથી અને મનના જેવો વેગવાન મનાય છે.

૨. પું. ઘણિયો; વૈરાગ.

દાનવપુલ [સં.] સ્ત્રી. દેવોની પુલ.

દાનવપ્રિય [સં.] વિ. દૈત્યોને વહાલું.

દાનવપ્રિયા [સં.] સ્ત્રી. નાગરવેલ.

દાનવરાજ [સં.] પું. રાક્ષસોનો રાજા.

દાનવર્ષી ૧. [સં. દાનવર્ષિન્] પું. દાનપરાયણ પુરુષ.
૨. પું. મહ કરતો હાથી.
૩. વિ. પુષ્કળ દાન આપનાર.

દાનવહી પું. ધર્માદા ખાતાનો ચોપડો.

દાનવંત જુઓ દાનવાત.

દાનવાન [સં. દાનવત્] વિ. દાનવંત; દાનશીલ; દાની.

દાનવારિ ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. [સં. દાનવ (દૈત્ય) + અરિ (દુશ્મન)] પું. દેવ; દૈત્યનો શત્રુ.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શિવ.
૫. પું. હાથીના મદનું પાણી.

દાનવી ૧. [સં.] સ્ત્રી. દાનવ સ્ત્રી; દાનવ જાતિની સ્ત્રી; રાક્ષસી.
૨. વિ. આસુરી; દાનવ સંબંધી; દાનવને લગતું; દાનવનું; રાક્ષસી.
શ્રી રઘુનંદન મંદ હું માનવી,
દાનવી બુદ્ધિ દાળો રે દેવા. નરસિંહ

દાનવીર ૧. [સં.] પું. દાન કરવામાં શૂરો માણસ; દાનેશ્વરી; મહાન દાતા; સખી.
૨. વિ. દાન દેવામાં ઉદાર.

દાનવૃત્તિ [સં.] સ્ત્રી. દાન આપવાની ટેવ્યા.

દાનવેય પું. દાનવ.

દાનવેંદ્ર ૧. [સં.] પું. (જૈન) ચમરેંદ્ર આદિ દાનવોના ઇંદ્ર.
૨. પું. પું. બલિ રાજા.

દાનવ્યવસ્થા [સં.] સ્ત્રી. દાન કરવા માટેની ગોઠવણ.

દાનવ્રત પું. (પુરાણ) શાકદ્વીપના ચાર ભાંડેની એક વર્ણ અથવા જાતિ. તેઓ વાસુદેવની ઉપાસના કરે છે.

દાનશક્તિ [સં.] સ્ત્રી. ઉદારતા.

દાનશાલા [સં.] સ્ત્રી. દાન અપાતું હોય તે સ્થાન.

દાનશાલી [સં. દાનશાલિન્] વિ. દાનશીલ; દાન કરવાની ટેવવાળું; સખી.

દાનશાહ પું. મોટો દાતાર.

દાનશાળા જુઓ દાનશાલા.

દાનશાળી જુઓ દાનશાલી.

દાનશિરોમણિ [સં.] પું. મોટો દાતાર.

દાનશીલ [સં.] વિ. દાનેશ્વરી; ઉદાર; સખી; બહુ જ દાતા; દાન કરવાની ટેવવાળું.

દાનશીલતા [સં.] સ્ત્રી. દાન કરવાની વૃત્તિ; ઉદારતા.

દાનશૂર [સં.] વિ. દાની; દાન દેવામાં શૂરવીર.

દાનશૌર્ય [સં.] ન. દાન દેવામાં શૂરવીરતા; દાનવીરપણું.

દાનશૌંડ [સં.] વિ. દાનશીલ; દાનશૂર.

દાનશ્રી ૧. [સં.] પું. દાન આપનાર પુરુષ.
૨. વિ દાન આપનાર.

દાનસાગર ૧. [સં.] પું. અતિશય દાન કરનાર માણસ; મોટો દાતાર.
૨. પું. એક પ્રકારનું મહાદાન. તેનો પ્રચાર બંગાળમાં છે. તેમાં ભૂમિ, આસન વગેરે સોળ પદાર્થોનું દાન કરવામાં આવે છે.

દાનસ્તાઈ ૧. સ્ત્રી. ડહાપણ; સમજ.
૨. સ્ત્રી. પ્રામાણિકતા.
૩. સ્ત્રી. સારી દાનત હોવાપણું.

દાનસ્તું ૧. વિ. બુદ્ધિપણ; હોશ; સારી દાનતવાળું.
૨. વિ. હોશું; સમજુ; બુદ્ધિમાન; અક્કલમંદ.
૩. વિ. પ્રામાણિક; બધાને ન્યાય આપે એવું.

દાનંદા [સિ.] વિ. બુદ્ધિવાળું; અક્કલવાળું.

દાનાઈ ૧. [સિ.] સ્ત્રી. અક્કલમંદપણું; ડહાપણ.
૨. સ્ત્રી. ડહાપણ; વિવેક.
૩. સ્ત્રી. સાદાઈ; નેકી; પ્રમાણિકતા; પ્રામાણિકતા.
૪. સ્ત્રી. સાલસાઈ; ભલમનસાઈ; નમ્રપણું.

દાનાધિકારી [સં. દાન + અધિકારિન્ (અધિકારવાળું)] પું. દાનખાતાનો ઉપરી.

દાનાધ્યક્ષ [સં. દાન + અધ્યક્ષ (ઉપરી)] પું. દાન સંબંધી કારભાર કરનાર અધિકારી; દાનાધિકારી.

દાનાપાની ૧. [હિં.] પું. ખાનપાન; ભોજન.
દાનાપાની બોલવા = કાંઈ નહિ ખાવું કે પીવું; ઉપવાસ કરવો.
૨. પું. મુસાફરને કરવપોષણનું સાધન; આકરચિકા.
૩. પું. રહેવાનો સંબંધ.

દાનાફેરંગ પું. એક જાતનો લીલાશ પડતા ઘાટા રંગનો પદાર્થ. તેને કસોટી ઉપર ઘસવાથી તાજા લોહી કરતાં ઘાટો રંગ આવે છે. તેનો વૈદકમાં ઉપયોગ પણ થાય છે, તેમ મુસલમાન લોકો માણામાં પણ વાપરે છે.

દાનાબંદી [હિં.] સ્ત્રી. ખેતરમાં બોજની કીમત પ્રમાણે મહેસૂલની આંકણી કરવી તે.

દાનાભાસી સ્ત્રી. મરીબાઈ; દરિદ્રતા; ઘરમાં કાંઈ ન હોવાપણું.

દાનાવ ૧. વિ. અક્કલમંદ; હોશું; ડાહ્યું; સમજુ; વિવેકી.
૨. વિ. ઉમદા દિલનું; ઉદાર.

દાનાંતરાય ૧. [સં. દાન + અંતરાય (વિઘ્ન)] પું. (જૈન) અંતરાય કર્મના પાંચ ભાંહેનો એક ભેદ; દાન દેતાં અંતરાય પાડવાથી બાંધેલ કર્મની એક પ્રકૃતિ. તેને લીધે પોતે દાન આપી શકે નહિ. આ પાપકર્મના ઉદયથી દાન દેવા યોગ્ય વસ્તુ તથા દાન આપવા યોગ્ય સુપાત્ર મળવા છતાં પણ દાન કરવામાં વિઘ્ન આવે છે અને દાન દઈ શકાતું નથી. અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, ભય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, હાસ્ય, રતિ અને અરતિ એ અઢાર દૂષણ છે એમ શ્રીમદ્ રાજચંદ્રમાં લખેલું છે.
૨. વિ. જ્યાં સુધીમાં દાન ન આપી શકાય એવું.

દાનિકા સ્ત્રી. દાન દેનારી સ્ત્રી.

દાનિની [સં.] સ્ત્રી. દાન દેનારી સ્ત્રી.

દાનિયત ૧. સ્ત્રી. અક્કલમંદી; ડહાપણ; દાનાપણું.
૨. વિ. દાનાવ; ઉદાર; ઉમદા દિલનું.

દાનિશ [ફા.] સ્ત્રી. બુદ્ધિ; ડહાપણ; વિવેક.

દાનિશમંદ ૧. [ફા.] પું. હોશી, વિવેકી, દાની અને સમજુ પુરુષ.
૨. વિ. હોશું; વિવેકી; દાનાવ; સમજુ.

દાનિશમંદી ૧. સ્ત્રી. ઉદારતા; ઉદારવૃત્તિ; દાન આપવામાં તત્પરતા.
૨. [ફા.] સ્ત્રી. ડહાપણ; બુદ્ધિમત્તા.
૩. સ્ત્રી. વિદ્વત્તા.

દાનિષ્ઠ વિ. ધનવાન; સાહુકાર.

દાનિસ [હિં.] સ્ત્રી. સમજ; બુદ્ધિ.

દાનિસ્ત [ફા.] સ્ત્રી. જાણવું તે; જ્ઞાન.

દાનિસ્તગી [ફા.] સ્ત્રી. જ્ઞાન; જાણવું તે.

દાનિસ્તા [ફા.] અ. જાણવા છતાં; જાણી જોઈને.

દાની ૧. [હિં.] પું. કર જેવો કરનાર માણસ; મહેસૂલ લેનાર પુરુષ.
૨. [સં. દાનિન્] પું. દાતા.
૩. સ્ત્રી. એ નામની પર્વતિયા નેપાલીઓની એક જાતિ.
૪. સ્ત્રી. એ નામની મારવાડીની એક જાત.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. ન. એ નામની જાતિનું માણસ.
૭. વિ. એ નામની જાતનું.

૮. વિ. એ નામની જાતિનું.
૯. વિ. જેને દાન મળ્યું હોય એવું.
૧૦. વિ. જ્ઞાની.
૧૧. વિ. દાતા; ઉદાર; સખી; દાન કરનાર.
૧૨. જ. અરબી ભાષાનો નારીજાતિ બતાવનાર સ્વભાવાત્મક પ્રત્યય. જેમકે, અત્તરદાની, ધૂપદાની.

દાનીઉદાન જી. વડોદરા તરફ રમાતી એ નામની એક રમત.

દાનીક [સં.] જી. મસૂરની દાળ.

દાનીય ૧. [સં.] ન. દાન; ભક્ષિક.
૨. વિ. આપવા યોગ્ય; દેવા જેવું.
૩ વિ. દાન લેનારું.

દાનુ ૧. [સં.] પું. દાનવ.
૨. પું. વાયુ; પવન.
૩. ન. દાન.
૪. ન. વૃષ્ટિ; વરસવું તે.
૫. ન. સંતોષ.
૬. ન. સુખ; આબાદી.
૭. વિ. દાતા; દેનાર; દાન આપનાર.
૮. વિ. પરાક્રમી.
૯. વિ. પ્રામાણિક; સારી નિષ્ઠાવાળું.
૧૦. વિ. વિજયી.
૧૧. વિ. સમજુ; ડાહ્યું.

દાનું ૧. વિ. ઉદાર.
૨. વિ. પ્રામાણિક; સ્થિરતાવાળું.
૩. વિ. સમજુ; ડાહ્યું.

દાનેઝડ પું. ભોળી માણસ.

દાનેશમંદ જુઓ દાનિશમંદ.

દાનેશમંદી જુઓ દાનિશમંદી.

દાનેશરી જુઓ દાનેશ્વરી.

દાનેશ્વર જુઓ દાનેશ્વરી.

દાનેશ્વરી ૧. પું. દાનેશરી; દાનવીર.
૨. વિ. ખૂબ દાન દેનાર.

દાનેસરી જુઓ દાનેશ્વરી.

દાનો ૧. વિ. પું. ઉદાર.
૨. વિ પું. પ્રામાણિક; સ્થિરતાવાળો.
૩. વિ પું. સમજુ; વિવેકી; ડાહ્યો.

દાનોદક [સં.] ન. હાથીનો મદ.

દાપ ૧. [હિં.] પું. અભિમાન; અહંકાર.
૨. પું. ઉત્સાહ; ઉમંગ.
૩. પું. રોષ.
૪. પું. તાપ; દુઃખ.
૫. પું. તેજ; પ્રતાપ; દબદબો.
૬. પું. શક્તિ; બળ; જોર.

દાપક ૧. પું. પૈસાનું ધીરવું ધરનાર માણસ.
૨. પું. અંધારામાં પડતી વસ્તુઓનું ધ્યાન રાખનાર પુરુષ.
૩. પું. મુખ્ય બજાર સાંઢેલો એક કર્મચારી.
૪. ન. પૈસા ચૂકવવાપણું; ચુકવો.
૫. વિ. દાપનાર.

દાપિત ૧. [સં.] વિ. અપાવેલું; દેવરાવેલું.
૨. વિ. દંડ કરેલું.
૩. વિ. શિક્ષા કરેલું.
૪. વિ. સાબિત.
૫. વિ. સ્વચ્છ કરેલું.

દાપું ૧. ન. પંચમહાલના ભીલ લોકોમાં કન્યાના બાપે વર પક્ષ પાસેથી લેવાતી રકમ. દાપાની કીમત રૂ. ૧૫૦ થી ૨૦૦ની હોય છે. વર તરફથી કન્યાનું માગું આવે તે જ વખતે દાપાની રકમ નક્કી કરવામાં આવે છે. સગાઈ કરતી વખતે જ અડધુ દાપું આપવું પડે છે અને બાકીની રકમ લગ્ના દિવસ સુધીમાં ભરી દેવી પડે છે.
૨. ન. લઈ કરીને લેવાનું ઢોર વગેરે માગવું. બાબો.

દાફેડા (દાફડા) ૧. જી. એ નામની દેહની એક બદી.
૨. ન. એ નામની બદીનું માણસ.
૩. વિ. એ નામની બદીનું.

દાફિ પું. દુશ્મન, વિરોધી.

દાફે પું. ન. ઢ. (વહાણવટું) પહડા; કેડાસાપણનું રક્ષણ કરવા બંદરાવરામાં આવતા સીંદરીના મદદ.

દાબ ૧ પું બંદોબસ્ત; મનાઈ; નિરોધ.
૨. [હિ.] પું. અધિકાર; શાસન; આધિપત્ય.
૧ દાબ જમાવવો = (૧) કાબૂમાં રાખવું. (૨) સત્તા ભોગવવી.
૨. દાબ દેખાડવો = હકૂમતનો કર બતાવવો.
૩. દાબ દેવો = વશમાં રાખવું; અંકુશમાં રાખવું.
૪. દાબ બેસાડવો = (૧) કાબૂમાં રાખવું; સત્તા હોવી. (૨) સામાની ઉપર કૈક બેસાડવું; ધાક પાડવી.
૫. દાબ રાખવો = (૧) અંકુશમાં રાખવું. (૨) સામો માણસ બીતો રહે તેમ કરવું.
૬ દાબ લેવો = (૧) છીનવી લેવું. (૨) બળાત્કાર કરવો.
૭. દાબમાં રાખવું = શાસનમાં રાખવું.
૮. દાબમાં લાવવું = વશ કરવું.
૯. દાબમાં હોવું = અધીન હોવું; વશમાં હોવું.
૩. પું. આગ્રહ.
૪. પું. પ્રણ; અંકુશ.
૫. પું. દબાણ; ઉપરથી દબાવવું તે.
૬. પું ઘાતરડું
૭. પું ધાક; શેહ; દાબ.
૮. પું. ભય; બીક.
૯ પું. ભોગો, પ્રતિષ્ઠા.
૧૦. [અ.] પું. રિવાજ.
૧૧. પું. વજન; ભાર; બોજો.
૧૨. પું. સ્થિતિ

દાબકેંદ્ર ન. જ્યાં સમય દબાણ આવવું હોય તે બિંદુ.

દાબડ (દાબડ) વિ. દાબી રાખેલું.

દાબડદીબડ (દાબડદીબડ) અ. જેમ તેમ કરીને રહે તેમ; છુપાછપ; દાબી રાખીને; જેમનું તેમ; દાબેલું રાખીને; છુપું છુપું; એમનું એમ; ચૂપચાપ.
દાબડદીબડ ચલાવવું = જેમનું તેમ ચલાવ્યા કરવું; ખરી વાત અથવા હકીકત જાહેર કર્યા વગર કંઈપંદૂંકપું ચલાવ્યા કરવું.

દાબડવું (દાબડવું) જ. ક્રિ. વધારે આવું.

દાબડિયું (દાબડિયું) વિ. દાબડા જેવું બંધિયાર.

દાબડિયો (દાબડિયો) પું. એક જાતનો કપાસ.

દાબડી (દાબડો) [અ. દબ્બા (ગામડાની કુલ્લી)] જી. ગોળ અથવા ચોખૂણ નાની દબી; દાબડો; નાનો દાબડો.

દાબડો (દાબડો) ૧. પું. ઘોડાના પગનું તળિયું.
૨. [અ. દબ્બા (ગામડાની કુલ્લી)] પું દાબડો; ધાતુ અથવા લાકડાનો ગોળ અથવા બંનજોરસ ઢાંકણાવાળો એક માટ; મોટી દાબડી; ડબો; કરિયાણા વગેરેના વાસણ; દાબીને વાસવાના ઢાંકણાવાળું તપેલી જેવું વાસણ.

દાબણ ૧. ન. પ્રજાનો દબદબો કરવાનો સોબો; ભાર.
૨. ન. છાપેલા કાગળોને દબાવનાર પત્ર.
૩. ન. દબાવે એવું જોર, ભાર, દાબનારું જોર.
૪. ન. દાબવું તે; દબાણ.
૫. ન. સખ્તી; અંકુશ; દમન.
૬. વિ. તાબે રાખનાર.

દાબણિયું ૧. ન. કોઠી ઉપરનું માટીનું ઢાંકણ.
૨. ન. દાબવા માટેનું વજન.

દાબત પું. બદબો; શરમ.

દાબપરિમાપક ન. ભાર માપવાનું યંત્ર.

દાબવું ૧. જ. ક્રિ. ઉતાવળે કે જોર દઈને દાબવું; કોકીને કે ચાપીને ચલાવવું.

૨ સ કિ કનડવું; પીડવું, દુ:ખ દેવું.
૩. સ. ક્રિ. ચોળવું
૪. સ ક્રિ. દબાવવું; ચાંપવું; મસળવું.
૫. સ. ક્રિ. પ્રહરવું, ભેરવી દેવું.
૬. સ. ક્રિ. નિચોવવું.
૭ સ ક્રિ. વાસણથી ભેટવું.
૮. સ ક્રિ સખ્તી કરવી, અંકુશમાં રાખવું.
૯ સ ક્રિ. સકોરવું. વહ કરવું
૧૦ સ. ક્રિ. સતાડવું
દાબી રાખવું = સંતાડવું; દાક્ષિણ્યોડો કરવો.

દાબણ પું. દાબવાનળ.
દાબળાના દાઝ્યા પશુને પામવીએ નહિ.
મેઘજીભાઈનો દુહો

દાબડ ૧ જી. આઠ નવ આંગળ લાંબી એક જાતની માછલી. તે પંજાબ, સંયુક્ત પ્રાંત અને બંગાળાની નદીઓમાં હોય છે.
૨. [અ] જી. બાર ઊંચકનારૂં પ્રાણી

દાબિયા પું. આશરે દશ મહીનુ એક જાતનું માપ.

દાબિલ [ફિ] પું. એક જાતનું સફેદ પક્ષી. તેની ચાંચ ૧૦થી ૧૨ આંગળ લાંબી અને છેડે પૈસાના આકાર જેવી તથા ચપટી હોય છે.

દાબિસ્તાન ન. નિશાળ; શાળા.

દાબિસ્તાની ૧. પું. વિદ્યાર્થી.
૨. પું. વિદ્વાન; પંડિત.

દાબેલડી ન. એક જાતનું કઠણ ફળ.

દાબો ૧. પું. ઉપરાઉપર ઠાંસીને ભરવું તે.
૨. પું. ઢાંકો દૂળ પાકવા બહ બધવા જમીનમાં તેને દાબી મૂકવાં તે.
૩. પું. છુપાવવું તે.
દાબો કરવો-રાખવો = કોઈની કંઈ વાત છુપાવવાની વૃત્તિ કરવી.
૪. પું ધૂળનો ઢગલો.
૫ પુ. શેરડીના રસમાંથી ગોળ પકવવાની રીત.

દાબોદો ૧. પું. એક જાતની ભાંડ.
૨. પુ. એક જાતનું ઢાપડ. તે રંગે વાદળી કે લેડ વાદળી હોય છે.

દાબ્બેરસ્સો વિ. બેતાલીસ. દસ: ૧૧૦.

દાભડ ૨ ન. પેટે ચાલનારૂં જનવર.
૨. ન. બાર ઊંચકનારૂં પ્રાણી.

દાભ [સ. દર્ભ] પું. કુશ; ડાભ; દર્ભ; એક જાતનુ ઘાસ. તે ધર્મકાર્યાદિમા બહુ ઉપયોગ છે અને પવિત્ર મનાય છે. વનસ્પતિ તરીકે તે વૃષ્ય અને વાયુકર છે અને પથરી તથા દાહરોગમાં સારૂં કામ આપે છે.

દાભડા (દાભડા) ૧. જી. એ નામની રેતની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપસ.
૩. વિ. એ નામની જાતનું.

દાભડી (દાભડી) ૧. જી. એક જાતનો દર્ભ.
૨. જી. દાભડી.

દાભડો (દાભડો) જુઓ દાભ

દાભી ૧. જી. ઓદિચ્યવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માપસ.
૩. વિ. એ નામની અટકનુ

દાભોડિયું (દાભોડિયું) વિ. જેમાં દર્ભ બહુ ઊગ્યો હોય તેવું; કેદાડાવાળે દર્ભનાં જ મૂળિયાં કે ઘડિયાં ઊગ્યાં હોય તેવું; દાભડાવાળું.

દાભોળિયું ૧. ન. જનસમૂહને નાટ્ય દ્વારા માપસ.
૨. ન. તીર જેવુ એક જાતનું ઘાસ; ડાભોડિયુ તે ચુમડામ. બનાવી શરીરમા ખૂંચવા કરે છે.
૩. વિ. ડામે ડામે ક્રમ કરવાની આદતવાળું.

દામ ૧. પું. આભરણના વજનનો ૨૧ માસા વજનનો તાંબાનો એક સિક્કો
૨. પું. (વિકલ્પ) એક સમરત્ત ચતુર્મેળ છંદ. તે વર્ણવૃત્ત છંદનો એક ભેદ છે તેમાં નવ તગણ મળી સત્તાવીસ વર્ણ હોય છે.
૩. પું. કીમત; મૂલ્ય.
૧. એક ભરચું દામ તો અઢારસો મુલામ ના પૈસાથી બધુ મેળવી શકાય છે.
૨. આમના દામ બગાવવા = (૧) અધિકાર કે અવસર મળતાં મનમાન્યુ અપેર બગાવવુ (૨) બામકાના સિક્કા બગાવવા.
૪. [ફા.] પું. જાળ
૫. પું. પૈસા; ધન.
૬. પું. પૈસાનો ચોવીસ કે પચીસમો ભાગ
૭. પું જગવાથી ઊંચો ક્રમ
મનપસંદ ચોકના દામાં વધારે,
જમને દયા ન આવે. પ્રેમાનંદ
૮ પું શત્રુને ધન આપીને વશ કરવાની રાજનીતિ.
૯. પું. સમૂહ; રાશિ
૧૦. જી. ડમરાઈ
૧૧. જી. (વહાણવટુ) ડાળી બાજુ
૧૨. જી. દોરી; દોરડુ, ચોકાં મચેડાંના પગે બાંધવાનું દોરડું
૧૩. [સ. દામન્] જી. માળા, સેર.
૧૪. ન. લોક; વિષ.
૧૫. ન. શરીર; અંગ.
૧૬. ન. સંધાન; જોડાણ.

દામકંઠ [સ.] પુ. એ નામનો એક ગોત્રપ્રવર્તક ઋષિ.

દામગ્રંથિ ૧. [સ.] પું. (પુરાણ) અજ્ઞાતવાસ વખતે અશ્વાધ્યક્ષ તરીકે રહેલા નકુલનું નામ.
૨ પું. એ નામનો વિરાટ રાજાનો એક સેનાપતિ.

દામગ્રથિતા પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, જગણ, રગણ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે
ન ન જ ર ગ થી દામગ્રથિતા. ઇન્દુવિજય

દામગ્રંથિ [સં.] પુ. (પુરાણ) દમઘોષનો પુત્ર શિશુપાલ.

દામચ [હિ.] પું. એક જાતનો માચડો. તેના ઉપર પાકનું રક્ષણ કરવા એક માણસ હાજર રાખવામા આવે છે.

દામચંદ [સં] પું. (પુરાણ) દુષદ રાજાનો એ નામનો એક પુત્ર.

દામજ ૧. જી. (વહાણવટુ) ડાળી બાજુ.
૨ જી (વહાણવટુ) બામજ; કાંઠાને બંધાતું મજબૂત દોરડું. તેથી સઢને સતાવ્યું કે ઢીલો કરી શકાય છે
૩. [સં દામન્] ન. ઘોડાં કે મચેડાને બે પગે બાંધવાનું દોરડું.

દામજીકોઠ (દામજીકોઠ) જી. વહાણના સઢના ખેડાને ઢીલા કરવા તે

દામજીનાજ જી સઢની નીચેનો ખેડો ખેંચવો તે.

દામજીબીઠ (દામજીબીઠ) ૧. જી. પરણનાર કન્યાની માતાબૂજણી
૨. જી. વહાણને પવનની પાજળ ફેરવવા સુકાનને ફેરવવું તે

દામણી ૧. જી. દોરડુ
૨. જી. ઓબોએ કપાળે બાંધવાનું હીરા મોતીનુ જડાવ એક ઘરેણું. બમાટિકા; બંદી.

દામણું ૧. ન. નેતરૂં; જાડી દોરી; દોરડું.
૨. ન. પૈસા; દામ
૩. ન રેંટિયાની આરે બાંધવાની દોરી.
૪. વિ કરીજતું; દમામવું; ઓરિયાણું; પરવશ.
૫. વિ. દુ:ખી દીનહીન; કાલવવાલ

દામતાઈ જી ધનવાનપણું; પૈસાદારી; શ્રીમતાઈ.

દામદારી [સં.] જી. ચાકરી, ગિરદારી અને ખેતર ખાતરી લેવામા આવતી એક જાતની મહેસૂલ.

દામદિરમ ન. નાણું; ધન; દોલત.

દામદુપટ પું. પીરેલાં નાણાંથી ભભરાવું લેવું તે; મુદલ જેટલું વ્યાજ મળી રહે એવો નિરખ.

દામધામ ન. પૈસો અને ઘરબાર.

દામન ૧. [ફા.] પું. ચરણો, ઘાઘરો.
૨ પું. છેડો; પાલવ.
૧. દામન છોડાવવો = નાસવું છટવું.
૨. દામન પકડવો = (૧) અનુસરવું. (૨) કોઈના આશરા તળે આવવું. (૩) કોઈને ઠગવો ભાંજીને ગોબો રાખવું. (૪) ચરણે પડવું; તાબે થવું. (૫) વાદી, પ્રતિવાદી કે ગુનેગાર હોવું.
૩. [હિં] પું. પર્વતની તળેટી.
૪. પું. વહાણને જે બાજુ તરફથી પવનનો પહેલો લાગતો હોય તેની સામેની બાજુ.
૫. ન. અંગરખા વગેરેની બાંય.
૬. ન. ડગલાની બાંયનું અસ્તર.
૭. [સં. દામન્] ન. દોરડું; દોરી.
૮. વિ. દોરડા સંબંધી; દોરડાનું.

દામનગીર ૧. પું. ગુનેગાર; પ્રતિવાદી.
દામનગીર હોવું = (૧) કોઈનો ઊંડો પકડવો. (૨) ન્યાય માગવો. (૩) પાળ્યા પકડવું.
૨. પું. લેણદાર.
૩. પું. વસ્ત્ર ઝાલી રાખનાર માણસ
૪. પું. અધિકારી પુરુષ.
૫. વિ. આધાર રાખનાર.
૬. વિ. કબ્જાહક માગનાર.
૭. વિ. દાવો કરનાર; દાવેદાર.
૮. [ફા.] વિ. પીઠો પકડનાર.
૯. વિ સાથે જોડાવેલ; સાથે સંબંધ ધરાવનાર.

દામનગીરી ૧. સ્ત્રી. કબ્જાહક માટે વિનંતિ કરવી તે.
૨. [ફા.] સ્ત્રી. દોસ્તી; સબબ; મિત્રાચારી.
૩. સ્ત્રી. વસ્ત્ર ઝાલી રાખવાની ક્રિયા.
૪. સ્ત્રી. અધિકાર.

દામનપર્વ [સં. દામનપર્વન્] ન. ચૈત્ર સુદિ ૧૪નું પર્વ.

દામની ૧. [ફા.] સ્ત્રી કપાળ ઉપર પહેરવાનું એક ઘરેણું.
૨. [સં.] સ્ત્રી. દોરડું; રસ્સી; પશુને બાંધવાની દોરી; દામણી.
૩. સ્ત્રી. મરનારના સગાવહાલાંઓએ સામગ્રી રાખેલ કફનનો કટકો.
૪. સ્ત્રી. મરી ગયેલી સ્ત્રીના ગુહ્યની વચ્ચોવચ્ચ સૂત્રગ્રાના ટુકડા ઉપર લખારીને તેણીના કફન ઉપર મૂકવી તે.
૫. સ્ત્રી. વીજળી; સૌદામિની.

દામનેકોહ [ફા.] પું. પર્વતની તળેટી.

દામર પું. ડામર; એક જાતની રાળ.

દામા ૧. સ્ત્રી. દાવાનળ.
૨. [સં.] સ્ત્રી. દોરી; દોરડું
૩. સ્ત્રી. માળા.

દામાળી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ તથા મેમલ્લની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દામાદ ૧. [ફા.] પું. દીકરીનો પતિ; જમાઈ
૨. ન. સદા સુખી રહો એવો ઉદ્ગાર.

દામાસાહી [વિ.] સ્ત્રી દામાલિયાની મિલકત તેના લેણદારોમા સરખે હિસ્સે વહેંચી આપવી તે.

દામાંચન ૧. [સં.] ન. ઘોડાં વગેરેને પગે બાંધવાની દોરી
૨. ન. ઘોડાંના સામાનનું એક અંગ; ઘોડા ઉપર બેસનારના પગ રાખવાનું પેમડું.

દામાંજન [સં.] ન. ઘોડાના પાછલા પગે બાંધવાનું દોરડું.

દામિજ્જત [અ.] પું. જેમાંથી લોહી નીકળે એવો જખમ.

દામિની ૧. સ્ત્રી. દામણી; સ્ત્રી.
૨. [સં.] સ્ત્રી. વીજળી; વિદ્યુત.
૩. સ્ત્રી. સ્ત્રીઓનું કપાળ ઉપર પહેરવાનું એક ઘરેણું.

દામિલિપિ સ્ત્રી. અક્ષર માંહેની એ નામની એક લિપિ

દામી ૧. પું. ગૃહસ્થ; ધની; પૈસાદાર માણસ.
૨. [ફા.] પું. પારધી; શિકારી.
૩. સ્ત્રી. કરા; બાલગુજરી.
૪. સ્ત્રી. જોડી; જોડિયું; જોટો.
૫ સ્ત્રી. ઘરીકાર્ય, ખરોજરી; તમાજત.
૬. વિ. શ્રીમતી.
૭. વિ પૈસાદાર; સાહુકાર; દામવાળું.
૮. વિ. સમોવડિયું; બરોબરિયું; બરોબરી કરે તેવું

દામીનું વિ. જોટાનું; બરોબરી કરે તેવું; જોડનું.

દામુ ન. ક્યારામાં પાણી જતું કરવા માટે કિનારનો ઉઘાડવામાં આવતો ભાગ.

દામોકુંડ પું. જૂનાગઢ પાસે આવેલો દામોદરકુંડ. તે એક તીર્થસ્થાન ગણાય છે

દામોદ [સં] પું. અથર્વવેદની એ નામની એક શાખા

દામોદર ૧. (જૈન) પું. ચોવીસી ઉત્સર્પિણીમાં થઈ ગયેલ એ નામના એક તીર્થંકર.
૨. [સં. દામન્ (દોરડું) + ઉદર (પેટ)] પું જેને પેટ કે કેડે યશોદા માતાએ દોરડું બાંધ્યું હતું તે શ્રીબાલકૃષ્ણ. આ નામના અર્થાન્તરસંક્રમણ વિષે હરિવંશમાં લખ્યું છે કે, યમલાર્જુન પડ્યા પછતે યશોદાએ મારવા માટે શ્રીકૃષ્ણના પેટ ઉપર દોરડું નાખી તેમને બાંધ્યા હતા. આથી ગોપીઓ તેમને દામોદર કહેવા લાગી. વિષ્ણુસહસ્રમ નામના ભાષ્યકારે પણ આજ વ્યુત્પત્તિ લખી છે. કેટલાક લોક દામનો અર્થ વિશ્વ અથવા લોક કરે છે, એટલે જેના ઉદરમાં આખુ વિશ્વ હોય તે દામોદર. કેટલાકો ઇંદ્રિયનિગ્રહમાં અત્યંત ઉદાર અથવા શ્રેષ્ઠ એવો દામોદરનો અર્થ કરે છે. એમ પણ કહેવાયું છે કે, દમ વગેરે સાધનોથી જે મતિ ઉદાર એટલે ઉત્કૃષ્ટ થાય છે તેનાથી ભગવાનનું જ્ઞાન થાય છે તેથી તે દામોદર કહેવાય છે
૩. પું. ભગીરથી એ નામની એક નદી. તે જોટાનાગપુરના પહાડોમાંથી નીકળી ભાગીરથીને મળે છે.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૫. પું. શાલિગ્રામની એક મૂર્તિ; એ નામનું શંકરોમાં થતું એક.

દામોદરકુંડ પું. ગિરનારની તળેટીમાં આવેલો એ નામનો પ્રખ્યાત ધર્મિક કુંડ. તે વજ્રનાભના વખતમાં બંધાવાયેલ છે. અહીં હજુ પણ લોકો મહાશ્રાદ્ધથી મૃત દેહનાં અસ્થિ નાખવા આવે છે

દામોદરમાસ [સં. દામોદર (શ્રીકૃષ્ણ) + માસ (મહિનો)] પું. અધિક માસ. પુરુષોત્તમ માસ.

દામોદરમિશ્ર પું. બાદશાહ જહાંગીરના વખતમાં થયેલ એ નામનો એક પ્રસિદ્ધ કવિ. તણે સંગીતદર્પણ નામનો ગ્રંથ રચ્યો છે.

દામોદરરાય પું. દામોદર ભગવાન. જુઓ દામોદર ૨.

દામોષ્ણીય [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

દાય ૧. [સં. દા (આપવું)] પું. આપવાનો ભાગ; હિસ્સો; બાપાની મિલકતમાંનો પુત્રોનો જન્મસિદ્ધ હક; વારસો
૨. પું. જમાઈ વગેરેને તેના સાસરા પક્ષ તરફથી અપાતી પહેરામણી.
૩. પું. તોફડ બોલવું તે; ઉદ્ધત બોલવું.
૪. પું. દાવ; વખત.
૫. પું. લાગ; ખટકા; નાટક
૬. પું. વિવાહ વખતે કન્યાને પહેરામણીમાં અપાતું ધન.
૭. સ્ત્રી. વસ્ત્ર કૂટ વગેરેની પીગ. રૂની લીંટી

ગામડીવાળી માજમી. તે અમદરિયે રહે છે. ખોરાકમાં તે સાધારણ તાકાતવાળી મનાય છે. તેને કાંટો એકજ હોય છે.

૮. [દ્વા.] સ્ત્રી. ધાવ; ધાવા.

૯. ન. જળ; પાણી.

૧૦. ન. દાનમાં અપાયેલ.

૧૧. વિ. પ્રસન્ન પડેલું; ગમેલું.

દાયક ૧. પું. દેનાર પ્રભુ.

૨. પું. વસ્તુઓ પૂરી પાડનાર માણસ.

૩. [સં.] પું. વારસ.

૪. પું. વેચાતું આપનાર પુરુષ.

૫. વિ. આપનાર; દેનાર.

૬. વિ. બક્ષન કરનાર.

૭. સ. આપનાર, દેનાર એવો અર્થ બનાવનાર પ્રત્યય. જેમકે, સુખદાયક, દુ:ખદાયક.

દાયકરેજ પું. રિવિઝસિંહ આપનાર રેજ.

દાયકદોષ [સં.] પું. (જૈન) એક જાતનો આહારદોષ. બહુ નાની ઉમરની સ્ત્રી, બહુ ઘરડી સ્ત્રી, બેડા મુખવાળી, પાંચ માસથી વધુ વખતના ગર્ભવાળી, બાળકી, ઊંચી જગ્યાએ બેઠેલા, નીચી જગ્યા ઉપર બેઠેલી, ચોદેથી કૂવાને અગ્નિ કરતી હોય એવી, લાકડું વગેરે નાખીને રંધા કરતી હોય અને પાણીથી અગ્નિ કારતી હોય એવી સ્ત્રી તેમજ ગાર કરતાં, સ્નાન કરતાં અને છોકરું ઘવરાવતાં પડતું મૂકીને આપેલી સ્ત્રી જો સાધુ સાધ્વીને આહાર વહોરાવે તો એક જાતનો દોષ મનાય છે.

દાયકર પું. વારસાહિસ્સા ઉપર લેવાતો કર; દાયાદ ટુલ્ક.

દાયકો ૧. પું. દહાડો; દસ વરસનો સમય.

૨. પું. દસનો સમુદાય; દસનો જથ્થો.

દાયક્રમ પું. વારસો.

દાયક્રમસંગ્રહ ન. ભંગાળમાં વારસા સંબંધી સમજાવતું એક પુસ્તક. તેનો કર્તા કુલ્લુ તર્કાલંકાર છે.

દાયગ્રસ્ત [સં.] વિ. ઋણગ્રસ્ત; કરજવાળું; બોજવાળું.

દાયજો ૧. [દ્વા. દહેજ] પું. માબાપ તરફથી પુત્રીને જે કાંઈ મળે તે; ઓખળ; સુલક; એને પિયર કે સાસરે મળતી વસ્તિક.

૨. પું. વારસા તરીકે મળવું તે; દાયભાગ.

૩. પું વિવાહની ભેટ; પહેરામણી.

૪. પું. સોગાદ; પુરતા; રીતની ભેટ.

દાયડા (દાયડ) ૧. સ્ત્રી. બાવળની ચોરાસી માહેની એ નામની એક પેટા જાતિ.

૨ ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

દાયક્ક સ્ત્રી. દાઈ; સુવાણી.

દાયતત્ત્વ [સ.] ન. વારસા સંબંધી કાયદાનું એક પુસ્તક. તેનો કર્તા રઘુનંદન ભટ્ટાચાર્ય છે.

દાયતું ૧. ન. દાયજામાં આપેલું હોય તે.

૨. ન. બક્ષપહેરામણીમા વરને કન્યા પાસે આપેલું ધન, ઘોતર વગેરે.

૩. વિ. બાઈઓમાં બાબ પડી શકાય તેવું

દાયબંકુ ૧. પું. બાઈ; બાયજ.

૨. [સ. દાય (વારસો) + બંધુ (બાઈ)] પું. વારસાનો ભાગીદાર માણસ.

દાયભાગ ૧. [સં. દાય (વારસો) + ભાગ (હિસ્સો)] પું. બાઈ ભાગ; વારસ તરીકેનો દાયનો હિસ્સો; બાપની મિલકતના ભાઈઓ વચ્ચે પડતા ભાગ.

૨. પું. વારસાને લગતા કાયદા પ્રમાણે વિભાગોની વહેંચણી; વહીવોપાર્જિત મિલકતનો ભાગ.

૩. પું. સંસ્મૃતિનો વારસો

૪. ન. જીમૂતવાહને રચેલું કાયદાનું એક પુસ્તક.

દાયભાગી ૧. પું. નિયોગથી ઉત્પન્ન થયેલ પુત્ર.

૨. [સં. દાય (વારસો) ભાગિન્ (ભાગીદાર)] પું. વારસ.

દાયમ [અ.] વિ. કાયમ; નિરંતર.

દાયમાન વિ. ખેરાતી; ધર્માદાનુ.

દાયમી ૧. [અ.] વિ. કાયમનું; નિરંતર.

૨. વિ. જિંદગી આખી માટે કેદ થયેલ; જનમકેદ પામેલ.

દાયમૂલદ્રવ્ય [અ.] પું. જનમકેદ; કાળા પાણીની સજા.

દાયર ૧. [અ.] વિ. ચાલુ; જારી

૧. દાયર કરવું = (૧) ઉપસ્થિત કરવું. (૨) દાવો કાર્યાન્વિત કરવો.

૨. દાયર તજવીજ = તપાસ નીચે; ચાલુ.

૨. વિ. દાખલ કરેલ.

દાયરા ૧. પું. ચક્ર.

૨. [અ.] પું. કૂંડાળું; ચક્કર; વર્તુળ.

૩. પું. કોઠો; ચાકો.

૪. પું. ચા.

૫. સ્ત્રી. બજરી.

દાયરામલ પું. દાયરો જમાવનાર માણસ; દાયરાનો આગેવાન.

દાયરો ૧. પું. જ્યોષિષની ગંતરી.

૨. [દ્વા. દાયરા (કૂંડાળું)] પું. ચોર અગર કેદીઓ એકઠા થયેલા નાના મોટા કરનારોની

૩. પું. જેના ઉપર ચામડું મઢેલ હોય એવું એક વાદ્ય.

૪. પું. બંધારણીનો ઘેરાવ.

૫. પું. ચકળ ચકળ ફરવું.

૬. પું. સમુદાય; ટોળું; જમ્મો.

દાયવિભાગ [સં.] પું. વારસો; વારસાનો ભાગ.

દાર્ય ૧. સ્ત્રી. બળામાનો ડુંગર્યા રહેલો પાક.

૨. [હિં.] સ્ત્રી. બળતણથી ઢાબરું કરવું તે.

૩. ન. જમણી બાજુએ.

દાર્યદાર્યું [હિ.] સ્ત્રી. ન. ખંડના પડાક.

દાર્યબાર્યું અ. જમણી અને ડાબી બાજુએ.

દાર્યબાર્યું કરવું = સંતાડવું.

દાર્યા ૧. પું. ચાકર.

૨. [દ્વા.] સ્ત્રી. દાણી; દાઈ; સુવાણી; પ્રસવ કરાવનારી બાઈ; દાયણ.

૩. સ્ત્રી. ધાવ; ધાત્રી; ઘવરાવીને બાળકને ઉછેરનારી બાઈ.

દાર્યાગીરી ૧. [હિં.] સ્ત્રી. દાઈ એટલે સુવાણીનું કામ.

૨. સ્ત્રી. ધાવ તરીકેનું કામ.

દાયાદ ૧. [સં.] પું. દીકરો; પુત્ર; સંતાન.

૨. પું. વારસ; જગ્યાએ આવનાર; અનુગામી; અનુવર્તા; ઉત્તરાધિકારી; વારસાનો હકદાર માણસ; વહીવાની સંપત્તિમાં ભાગ લેવાને હકદાર વ્યક્તિ.

૩. પું. સગો; ગોત્રિયો; જ્ઞાયાત.

દાયાદપત્ર [સં.] ન. વારસાઈનો દાખલો; વારસા સર્ટિફિકેટ.

દાયાદવ ૧. [સં.] પું. વારસ.

૨. પું. સગો.

દાયાદશુદ્ધિ [સં.] ન. વારસાઈ હકની બાબત; દાયકર.

દાયાદા ૧. પું. વારસો.

૨. [સં.] સ્ત્રી. વારસ કન્યા; પુત્રી.

૩. સ્ત્રી. એ વારસ.

દાયાદી ૧. [સં.] સ્ત્રી. દીકરી; પુત્રી; કન્યા.

૨. સ્ત્રી. વારસદાર સ્ત્રી.

દાયાદુપક્રમગત પું. વંશપરંપરાગત ક્રમાગત.

દાયાલ ૧. [સં.] પું. વારસો; બાપદાદાની મિલકતનો ભાગ.

૨. ન. વારસ હોવું તે.

દાયાધિકારી [સં. દાય (વારસો) + અધિકારિન્ (હકદાર)] પું. વારસા માટે હકદાર.

દ્વારાપવર્તન ૧. [સં. દ્વાર (બારણું) + અપ (દૂર) + વર્તન (જવું તે)] ન. બિલકતની જપ્તી.
૨. ન. બારસાનું ન હોવું તે.

દ્વારાર ૧. [સં. દ્વાર] પું. (પ્રાકૃત) દાતાર; આપનાર માણસ.
૨. વિ યાચક; માગણ.

દ્વારાં [હિં.] વિ. જમણું; દક્ષિણનું સંક્ષિપ્ત રૂપ બાબાંથી ઊલટું.

દ્વાયિકા [સં.] વિ. સ્ત્રી. દેનારી; આપનારી.

દ્વાયિત ૧. [સં.] વિ. આપેલું; દીધેલું.
૨. વિ. દાન કરેલું.

દ્વાયિત્વ ૧. [સં.] ન. આપવાપણું; દેવું તે.
૨. ન. જવાબદારી; જુમ્મેદારી.
૩. ન. પાત્રતા.

દ્વાયિદ પું. ગોત્રીય; કુટુંબી; જ્ઞાતિ.

દ્વાયિની [સં દ્વાયિન્ (દેનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. આપનારી; દેનારી. સમાસને અંતે વપરાય છે. જેમકે, સુખદ્વાયિની, પ્રાણદ્વાયિની.

દ્વાયી ૧. [સં. દ્વાયિન્] વિ. આપનાર; દાયક; દેનાર. સમાસને અંતે વપરાય છે. જેમકે, સુખદ્વાયી, આનંદદ્વાયી.
૨. વિ. જવાબદાર.

દ્વારે દ્વારે અ. દસ ગુણ્યા દસ એમ: ૧૦×૧૦.

દ્વાર્યું [હિં.] વિ. જમણું; દાહ્ય તરફ.
દ્વાર્યું હોવું = અનુકૂળ કે પ્રસન્ન હોવું.

દ્વાર ૧. [સં.] પું. એક પ્રકારનું ઔષધ.
૨. પું. કૂવામાં પાણી નીકળવા સાંઠીથી પાડેલ ચેહ.
૩. [અ.] પું. ઘર; વસવાનું ઠેકાણું.
૪. [સં. ઢ (ચીરવું)] પું. ચીરવું તે; ફાડી નાખવું તે.
૫. પું. સુરંગ ફોડવા માટે પથ્થરમાં દાટ કરવા પાડેલ ખાણ.
૬. સ્ત્રી. દારા; બાયો; પત્ની; સ્ત્રી.
૭. [ફા.] સ્ત્રી. કાસી; ગુજી.
૮. ન. અર્થ મેળવવાનો ઉપાય.
૯. [સં દાક] ન. બાક; બાકડું.
૧૦. ન, ખેડેલ ખેતર.
૧૧. [પ્રા.] ન. દ્વાર; બારણું; દરવાજો.
૧૨. ન. પ્રકરણ.
૧૩. વિ. ઉદાર.
૧૪. વિ. જવાબદાર.
૧૫. વિ. પૈસાવાળું.
૧૬. [સં. દારુન] વિ. વાગુ અર્થ બતાવનારો પ્રત્યય. જેમકે, અણીદાર; ચોકીદાર; માલદાર.
૧૭. ન. (બાકરણ) પૂર્ણતાવાચક વિશેષણનો કારકી પ્રત્યય. તે સ્વાર્થિક કે નિરર્થકતા બતાવે છે. જેમકે, તાબેદાર; ચોપદાર.

દ્વારક ૧. પું. બાળક; પુત્ર; દીકરો.
સુકનિ બતાં જેહ જોઉ બીજુ ઋષિનું દ્વારક જેહ. ભાલણ
૨. ન. એક જાતની વનસ્પતિ.
૩. ન. ગામડાનું ઢોરાર; ગામમાં રહેલું ખૂંદ.
૪. [સં. કૃ (ચીરવું)] વિ. ફાડનાર; તોડનાર.

દ્વારકર્મ [સં. દ્વારકર્મન્] પું. વિવાહ; લગ્ન.

દ્વારકસ્થ ૧. [સં.] પું. દરવાજે રહેનાર.
૨. પું. માલિક; ધણી.

દ્વારક્રિયા [સં.] સ્ત્રી. લગ્ન; વિવાહ.

દ્વારગીર ૧. પું. ઢળિયો, ટેકો; ત્રિકાઠ.
૨. પું. પકડવું તે.

દ્વારગૃહ [સં.] ન. વિવાહ; લગ્ન.

દ્વારચિકના સ્ત્રી. એક નામની એક ઔષધિ; ત્રિફિ.

દ્વારચીની [સં. દાક (બાકડું) + ચીન (એક દેશ) + ઈ (ને લગતું)] સ્ત્રી. એક પ્રકારનો તજ. તે દક્ષિણ હિંદ, સિંહલદ્વીપ અને ઇંડોનેશિયામાં થાય છે. તેનાં પાંદડાં તેજપત્રના જેવાં પણ તેનાથી મોટાં હોય છે. તેનાં ફૂલ નાનાં નાનાં પણ ગુચ્છમાં હોય છે. દારચીની બે જાતની હોય છે. તેમાં એક જાતની દારચીનીમાંથી સરસ કપૂર નીકળે છે અને તે બહુ સુગંધી હોય છે. હિંદુસ્તાન, અરબસ્તાન વગેરે દેશોમાં આ ઝાડની સુગંધી છાલ ચીનથી આવતી હતી માટે તેને દારચીની કહેવા લાગ્યા. તજ અને દારચીનીનાં ઝાડ જુદાં છે, તોપણ તેને એક કહેવામાં આવે છે. દારચીનીમાંથી એક પ્રકારનું તેલ નીકળે છે. તે દવામાં કામ આવે છે.

દ્વારજ્ઞ ૧. ન. એરંડીને શેકી, ખાંડી, પાણીમાં ઉકાળી ઉપર આવેલ તેલ લઈ લીધા પછી પાણીમાં તળે બચતો રહેતો કડકો.
૨. ન. ચૂમડા ઉપર કરવાનો લેપ.
૩. [સં. કૃ (ચીરવું)] ન. ચીરવાનું સાધન.
૪. ન. ચીરવું તે; ભેદવું તે; ફાડી નાખવાપણું.
૫. ન. નિર્ભયનું ઝાડ.
૬. [સં. દ્વાર] ન. બારણું; પ્રવેશદ્વાર.
દ્વય જહીં દ્વારજમાં હોજે. નરસિંહ
૭. વિ. ચીરી નાખનાર; ફિંડારી નાખનાર; ભેદી નાખનાર.
૮. [સં. દારુજ] વિ. ઝાડકર

દ્વારજ્ઞક પું. (વૈદક) એ નામનો એક રોગ. તેમાં કફ અને વાયુના વિકારથી ખભેળ આવી કપાળ ઉપરની ચામડી ધીરે ધીરે ફાટે છે. આ રોગમાં માથાના વાળ ખરી જાય છે અને દરદીને ચેન રહે છે.

દ્વારજ્ઞકર્મ [સં. દ્વારજ્ઞ (ચીરવું તે) + કર્મન્ (કામ)] ન. કાપકૂપનું કામ.

દ્વારણી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

દ્વારતો ૧. પું. (વહાણવટું) દારતાનું જહાજ.
૨. [સ દ્વાર] ન. (વહાણવટું) બંદૂક નીચે જહાજમાં રખાતું કાકું. વહાણ મૂકતા ઉપર ઠોક ત્યારે જકાયેલ પાણી વિના મહેનતે મદદી નાખવા તેનો ઉપયોગ થાય છે.

દ્વારદ ૧. [સં.] પું. સમુદ્ર.
૨. [હિં.] ન. ઉંદુર.
૩. ન. એક પ્રકારનું ઝેર.
૪. ન. પારો
૫. ન. હિંગળો
૬. વિ. દરદ દેશનું.

દ્વારદહા પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; દારદેહા. તેના દરેક ચરણમાં ત્રણ રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
દારદેહા અને સ ર સા ગા રે. અપિંગલ

દ્વારપણું ન. ફલીતવ; ઓપદ.

દ્વારપરિગ્રહ [સં.] પું. જોનું ગ્રહણ કરવું તે; પાણિગ્રહણ; વિવાહ.

દ્વારપિંડ [પ્રા.] પું બારમાખ.

દ્વારમ ૧. [સં. દાડિમ] ન. દાડમ.
૨. ન. (વહાણવટું) મુખ્યસ્તંભ.

દ્વારમદ્વાર ૧. [વિ.] પું. કરાર; કરાવ.
૨. [ફા.] પું. મદાર; આધાર; અર્થનો ભાર.
૩. ન. ગ્રંથિનાનું નિવારણ.

દ્વારવ [સં.] વિ. બારકાનું; બારમા સંબંધી.

દ્વારવું ૧. [સં. દ] સ. ક્રિ. ચીરવું; ફાડવું; વિદારવું; ભેદવું.
૨. સ ક્રિ. નષ્ટ કરવું.
રથ ભેળ લા કોનો બહુ. ગજ વધ્યું દાર્યો રીંછ. ભિક્ષ

દ્વારસંગ્રહ [સં.] પું. વિવાહ; લગ્ન.

દ્વારસીની [જુ.] સ્ત્રી. દારચીની.

દારસીસાન [ફા.] ન. કામણ.

દારહુલ્દ સ્ત્રી. આખાકળદર.

દારા ૧. [ફા.] પું. માલિક; રાજા.
૨. સ્ત્રી. એક પ્રકારની મોટી માછલી. તે હિંદના સમુદ્ર કિનારા ઉપર જોવામાં આવે છે. તે લંબાઈમાં ત્રણેક હાથ અને વજનમાં લગભગ દસ શેર હોય છે.
૩. [સં.] સ્ત્રી. પરણેલી સ્ત્રી, વહુ; ઘરવાળી, પત્ની, બાઈરી.
૪. વિ. જીતનાર; વિજેતા.
૫. વિ. રાખનાર

દારાઈ ૧. [ફા. દારા (રાજા)] સ્ત્રી. રાજપદ્ધ.
૨. સ્ત્રી. રાતુ રેશમી કપડું.

દારાખેલ ૧. સ્ત્રી. અફઘાનિસ્તાનમાં વસતી એ નામની લોકોની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

દારાબ પું. એ નામનો ઈરાનનો એક રાજા.

દારાયસ પું. હિંદુસ્તાન ઉપર શહેનશાહત ભોગવી જનાર એ નામનો એક પારસી શહેનશાહ.

દારારાહ્ની પું. પાદશાહી, રાજપદ.

દારાશિકોહ પું. શહેનશાહ શાહજહાનનો એ નામનો પુત્ર. તે ધાર્મિક બાબતોનું સારું જ્ઞાન ધરાવતો હતો. તેની દૃષ્ટિ ઉદાર હતી. જુદા જુદા ધર્મોની મૈત્રી તેને પસંદ હતી.

દારિ ૧. [સં.] સ્ત્રી. ચીરવું તે; ફાડવું તે.
૨. વિ. કાપનાર; ફાડનાર.

દારિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; નંદિની. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.
સ જ સા લા ગે રચ હું દારિકા. રણછોડ
૨. [સં.] સ્ત્રી. કન્યા; પુત્રી; દીકરી.
કિધી રોપન હરિ દારિકા. લાલદાસ
૩. સ્ત્રી. જુવાન સ્ત્રી.
૪. સ્ત્રી. વેશ્યા.

દારિકાદાન [સ.] ન. કન્યાદાન.

દારિકાપા પું. (બોલ) ચોરાશી આંકડાનો એ નામનો એક સિદ્ધ

દારિત [સં. દૃ (ચીરવું)] વિ. ચીરેલું; ફાડેલું; વિદારેલ.

દારિદ [સં. દારિદ્ર] ન. (હિંદી) દરિદ્રતા; નિર્ધનતા.

દારિદ્ર ૧. પું. કચરો.
૨. [સં. દારિદ્ર્ય] ન. દરિદ્રતા; કંગાલ; દૈન્ય; ગરીબાઈ; દરિદ્રપણું.
૩. ન. દુઃખ; કષ્ટ.

દારિદ્રી વિ. ગરીબ; કંગાલ.

દારિદ્રય [સં.] ન. ગરીબાઈ; દરિદ્રતા.
દૂર દારિદ્રય કરનારુ હરે. દયારામ

દારિમ ન. દાડમ; અનાર.
આશા ઉપર હોર, કપાસી ચારે મુકૃત્વરા;
ખિજ આપર પર ચારું, દંત પર દારિમ કુન્દર.
કાન્હડદે

દારિયાવેલ સ્ત્રી. એક જાતનો વેલો; વિદારિણી. આ વેલા ૬ થી ૧૦ ફૂટ લાંબા થાય છે. તેનાં પાન વાલોળનાં પાન જેવાં નવ નવ જોગાં હોય છે. તેમ થાળી સળી ઉપર લાંબડી પીળાં નાનાં ફૂલ અને વાલોળના જેવી જે ભીંડાણી શીંગ થાય છે. દારિયાવેલ દવામાં વપરાય છે. તેનાં મૂળ મરડા ઉપર અપાય છે.

દારિયો પું. એક જાતનો છોડ. તેનાં પાન ગંજેરીનાં પાન જેવાં હોય છે. તેમાં સફેદ કે ગુલાબી રંગનાં ફૂલ થાય છે. તે ભપોરે ઊભડી સાંજે બંધ થાય છે. ફળ ગોળ મોટા વટાણા જેવાં થાય છે. તે રસદાર અટમપુરાં આવે છે.

દારો ૧. પું. અનેક પત્નીવ્રત પાળનારો પુરુષ.
૨. [સં. દારિન્] પું. બાયડી; પત્નિ; વર.
૩. સ્ત્રી. એક જાતનું અનાજ.
૪. [સં. દારિકા] સ્ત્રી. છિનાળ સ્ત્રી, વેશ્યા.
દારી દારી વલિજરા, ભલા પુંભણી હોર;
રૂપા છતા કામુકી, પુન્ય ગોવિયા ચોર.
પિંગળશકુનોક્ત
૫. [હિં.] સ્ત્રી. દાસી; ગુલામડી.
૬. [સં.] સ્ત્રી. પગનાં તળિયાની ચામડી ફાટી જવાનો રોગ; વિવા ફાટવી તે. જે લોકો પગે બહુ ચાલે છે તેનો ઘણુ કુપિત થવાથી ચામડી ફાટી જાય છે.
૭. સ્ત્રી. પરદારાગમન.
હિંસા, અસત્ય, ઠગાઈ, વિશ્વાસઘાત, ચોરી, દારી, તૃષ્ણા, આંસ, મદિરા, અત્યાર, વેશ્યાગમન, શિકાર, ક્રોધ, માન, આળ, લોભ, ચાડીપુત્રણી, નિંદા વગેરે દોષો જેમ ધર્મ વગોડી કાઢી પોતાના કર્મબળથી જહાન ડૂબી દે છે. ભાગવતકાર
૮. વિ. બાયડી ઓળો કરવાનો મત માનનાર.
૯. [સં.] ન. ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય. જેમકે, દુનિયાદારી, અમલદારી.

દારીજાર ૧. પું. ગુલામડીનો પતિ.
૨. [હિં.] પું. દાસીપુત્ર; ગુલામ.

દારુ ૧. [સં.] પું. કારીગર; સિલ્પી.
૨. [સં. દારુ] સ્ત્રી. દવા; ઔષધ.
૩. ન. એક જાતનું ઝાડ; દેવદાર.
૪. ન. દેવદારનું લાકડું.
૫. ન. પિત્તળ.
૬. ન. લાકડું; કાષ્ઠ.
૭. વિ. બંડખોર; કાપી લાકાય એવું.
૮. [સં. કૃ (ચીરવું)] વિ. ચીરનાર; ફાડનાર.
૯. વિ દાન દેનાર; દાનશીલ.

દારુક ૧. [સં.] પું. એ નામનો એક યોગાચાર્ય. તે શિવનો અવતાર મનાય છે.
૨. પું. (પુરાણ) એ નામનો કૃષ્ણનો સારથિ.
૩. પું. (પુરાણ) મહિષાસુરનો એ નામનો સારથિ.
૪. પું. (પુરાણ) વસુદેવ રાજાનો એ નામનો એક પુત્ર.
૫. પું. સાલ્વિ.
૬. ન. દેવદાર.
૭. ન. લાકડાનું પૂતળું.
દોરી તુરી દારુકની, માત્ર રહિત પૂતળા હણે.
નિષ્કુળાનંદ
૮. ન. લાકડું.

દારુકચ્છ [સં.] પું. વૈદિક સમયનો એ નામનો એક પ્રાચીન દેશ.

દારુકચ્છક ૧. [સં.] પું. દારુકચ્છ દેશના લોક.
૨. વિ. દારુકચ્છ દેશમાં ઉત્પન્ન થનારું.

દારુકદલી [સં.] સ્ત્રી. એક જાતની કેળ; જંગલી કેળ.

દારુકર્મ [સં.] ન. લાકડકામ; સુતારી કામ; સ્થિપ સહિતામાં વર્ણવેલ ચોસઠ આંકડાની એક કળા.

દારુકા [સં.] સ્ત્રી. લાકડાની પૂતળી.

દારુકાવન [સં.] ન. એ નામનું એક વન. તે પવિત્ર તીર્થ મનાય છે.

દારુકિ [સં.] પું. (પુરાણ) દારુકનો પુત્ર; પ્રદ્યુમ્નનો એ નામનો સારથિ.

દારુકેશ્વર [સં.] પું. એ નામે એક શિવલિંગ.

દારુગર્ભા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કેળ.
૨. સ્ત્રી. લાકડાની પૂતળી.

દારુગંધા [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય.

દારુચીની ૧. પું. એક જાતનું વાદિત્ર; મર્દલ.
૨. [સં.] સ્ત્રી. તજ. જુઓ દારચીની.

દારુચીર્ણક [સં.] ન. તજ.

દારુજ ૧. [સં.] પું. એક જાતનું વાદિત્ર.
૨. વિ. લાકડાનું બનેલું; લાકડાનું.

દારુણ (દારુણ) ૧. વિ. એ નામની ટેટની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપુસ.
૩. વિ. એ નામની જાતનું.

દારુણ ૧. પું. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.
૨. પું. એ નામનું એક નરક.
૩. પું. એક અહોરાત્રના ત્રીસ ભાદેનું એ નામનું પંદરમું મુહૂર્ત.
૪. પું. (પુરાણ) મરુતનો એ નામનો પુત્ર.
૫. [સં.] પું. આમડીનો એક રોગ. તેમાં કફ અને વાયુના યોગે કફની જમીન અતિ કઠિન થઈ જાય આવે છે, અરુચિ થાય છે અને ઝીણી ફોડકીઓ થઈ પાકે છે.
૬. પું. ચિત્રકનું ઝાડ.
૭. પું. ભયાનક રસ.
૮. પું. મોઢામાં થતો એક જાતનો રોગ; ખોડો.
૯. પું. રાક્ષસ
૧૦. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સન્નિપાતના વિરોધીઓને માટે દારુણ એટલે કઠોર હોવાથી દારુણ કહેવાય છે.
૧૧. પું. શિવ.
૧૨. પું. (પિંગળ) સંડોતેર વર્ણનો એ નામનો એક વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પદમાં રગણ, જગણ અને ભગણ અને બીજા તથા ચોથા પદમાં બે તગણ અને રગણ આવે છે.
૧૩. વિ. અઘરું; તીક્ષ્ણ; સખ્ત.
૧૪. વિ. ચીરી નાખનાર.
૧૫. વિ. નિર્દય; કઠોર.
૧૬. વિ. પ્રચંડ, ભારે.
૧૭. વિ. ભયંકર; ભયાનક; વિકરાળ અઘોર, ભિષણ; રૌદ્ર.

દારુણ કર્મ જતજન્મે કર્યાં,
તો કર્યાંથી છૂટે તે ભોગવ્યાં ।
બહુ યૌવન ને આવી જરા,
શું મુખ દે અમને દીક્ષા ?
નરસંહ મીંડાકૃત આત્મવત

૧૮. [સં. દારુ (લાકડું)] વિ. લાકડાનું.

દારુણક ૧. [સં] પું. ફોલ્લીનો એક રોગ; દારુણ.
૨. પું. મોઢામાં થતો એક જાતનો રોગ; ખોડો. તેમા ગામડી સુકાઈ ખોળા ફોતરીની માફક ઊખડે છે.

દારુણતા ૧. [સં.] સ્ત્રી. ક્રૂરતા; ભયંકરપણું, દારુણપણું.
૨. સ્ત્રી. તીવ્રતા; સખ્તાઈ.
૩. સ્ત્રી. નિર્દયતા; કઠોરતા.
૪. સ્ત્રી. પ્રચંડતા; ભારેપણું.

દારુણત્વ જુઓ દારુણતા.

દારુણા ૧. [સં.] સ્ત્રી. અમાવસ્યા.
૨. સ્ત્રી. નર્મદાખંડની અધિષ્ઠાત્રી દેવી.

દારુણારિ [સં.] પું. વિષ્ણુ.

દારુણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રવણ્ડસોરી.

દારુતીર્થ [સં.] ન. એ નામનું એક તીર્થ.

દારુદારુ સ્ત્રી. દારુહળદર; આંબાહળદર

દારુદેહા પું. (પિંગળ) અઠિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; દારુદેહા. તેના દરેક ચરણમાં જગણ રગણ અને બે ગુરુ મળી અઠિયાર અક્ષર હોય છે. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

દારુનિશા [સં.] સ્ત્રી. દારુહળદર.

દારુપત્રી [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ત્રિપુપત્રી.

દારુપર્વત [સં.] પું. એ નામનો એક પર્વત.

દારુપાત્ર [સં. દારુ (લાકડું) + પાત્ર (વાસણ)] ન. લાકડાનું વાસણ.

દારુપીતા [સં.] સ્ત્રી. દારુહળદર.

દારુપુત્તલિકા જુઓ દારુપુત્રી.

દારુપુત્રિકા [સં.] સ્ત્રી. લાકડાની પૂતળી.

દારુપુત્રી [સં.] સ્ત્રી. લાકડાની પૂતળી.

દારુફલ [સં.] ન. ચિસ્તાનું ઝાડ.

દારુફળ જુઓ દારુફલ.

દારુબ્રહ્મોપ્ત ન. (વૈદક) સોમલમાંથી બનતી એ નામની એક દવા. તે બનાવવા શુદ્ધ સોમલ, હિંગળો, ધતૂરાનાં બી, લીંડીપીપર એ બધાને સમભાગે લઈ લીબુના રસની અંદર તેની ગોળીઓ વાળવી. જ્વર ઉપર આ દવા અપાય છે તેની માત્રા ૧ રતી છે.

દારુભદ્ર ન. દેવદાર.

દારુમય [સં.] વિ. લાકડાનું; લાકડામાંથી બનાવેલ.

દારુમયી વિ. લાકડાનું.

દારુમુચ [સં. દારુમુચ] ન. સોમલ.

દારુમૂષા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; દારુમૂષી.

દારુમૂષી જુઓ દારુમૂષા.

દારુયંત્ર ૧. [સં.] ન. દોરીથી ચાલતું લાકડાનું પૂતળું.
૨. ન. લાકડાનું કોઈ યંત્ર.

દારુરાત્રિ [સં.] સ્ત્રી. આસો સુદિ આઠમ; દુર્ગાષ્ટમી.

દારુવધૂ [સં.] સ્ત્રી. લાકડાની પૂતળી; લાકડાની સ્ત્રી પ્રતિમા.

દારુવહ [સં.] વિ. લાકડાને તાણી જનાર; લાકડાં લઈ જનાર.

દારુવાહક જુઓ દારુવહ.

દારુશિલ્પ [સં.] ન. શિલ્પશાસ્ત્રની એક જાત.

દારુસંક્રમ [સં.] પું. લાકડાનો બનાવેલ પુલ.

દારુસંગ્રહ ન. દ્રવ્ય સંબંધી જ્ઞાન આપનું એ નામનું પુસ્તક

દારુસાર ૧. [સં.] પું. મદન વૃક્ષ; સુખડનું ઝાડ
૨. ન. સુખડનું તેલ.

દારુસિતા [સં.] સ્ત્રી. દાલચીની; પાતળી તજ.

દારુસ્ત્રી [સં.] સ્ત્રી લાકડાની પૂતળી, ઢોંગલી.

દારુહરિદ્ર જુઓ દારુહરિદ્રા.

દારુહરિદ્રા [સં.] સ્ત્રી. દારુહળદી; એક જાતનું ઝાડ; દારુહળદર. તે હિમાલયના પૂર્વ ભાગથી લઈ આસામ, પૂર્વ બંગાળ અને તિનાસરીમ સુધી થાય છે. તેમાં સફેદ ફૂલના ગુચ્છા થાય છે. તેનાં મૂળની છાલમાંથી બહુ સારો પીળો રંગ નીકળે છે. વાસ્તવિક રીતે આ ઝાડ હળદરની જાતિનું નથી, પણ તેનું મૂળ અને કાળી પીળાં હોવાથી તેને દારુહળદી કહે છે. દારુહરિદ્રાના મૂળના કટકા ૨ થી ૮ ઇંચ લાંબા અને ૧ થી ૧૨ ઇંચ જાડા હોય છે. કટકા રંગે પીળા અને સ્વાદે કડવા હોય છે. આકરા તાવમાં તે ચિરાયતાની અને મિરોનાને બદલે વધારે ઉપયોગી નીવડે છે. વળી તે વારંવાર દેવાથી શરીર પ્રકૃતિમાં ગરમી આવવા બળતરા પણ આવતું નથી અને તાવ હોય તોપણ દારુહરિદ્રા આપી શકાય છે. જ્વર ઉતારવા માટે દારુહરિદ્રા ½ ડ્રામ આપવી. તેના સત્વને રસાત કહેવામાં આવે છે તેને અફીણ અને હરડેની સાથે આંખનાં દરદોમાં આખનાં પોપચા ઉપર ભભાર પોપડવામાં આવે છે. દારુહરિદ્રા ઝેરનું મારણ છે તે ચામડી અને લોહીના વિકારમાં વપરાય છે. તે કડવી, સ્તંભક અને પેટનો દુખાવો મટાડનાર મનાય છે. વધારે પ્રમાણમાં આપવાથી પરસેવો લાવનાર અને વિરેચક તરીકે કામ આપે છે. રસૌત અતિસાર અને મરડાનાં દરદ અને અક્ષિપંદમાં બહુ ઉપયોગી મનાય છે તે હરેલની ઊલટી અને રક્તસ્રાવ બંધ કરે છે.

દારુહલદી જુઓ દારુહરિદ્રા.

દારુહસ્તક [સં.] પું. લાકડાનો ચમચો

દારુહળદર [સ. દારુહરિદ્રા] સ્ત્રી. એક વનસ્પતિ; દર્વી. તેને દારુહરિદ્રા, પર્જન્યા, પર્જની, પીતા, પચપચ્યા, કાલીયક, પીતદ્રુ, પીતદારુ, કપિલતરુ પણ કહે છે. તે વરપ, ઉત્તર એશિઆ, હિમાલય, નીલગિરિ, સિલોન તથા બીજા ઘણા પહાડોમા ૧૫૦૦ થી ૧૨ હજાર ફૂટની ઊંચાઈએ થાય છે. તે અસલી પ્રસિદ્ધ દવા છે. તે રક્તશોધક, પૌષ્ટિક, મૃદુ રેચક, અગ્નિને ઉત્તેજનાર, પિત્તશામક, મૂત્રલ, શીતલ, મારી, પાચન, જ્વરઘ્ન, તીખી, કડવી, વિષઘ્ન, સોજો ઓછો કરનાર, લસ્ણરોધક, રસાયન છે ને નેત્રરોગમાં હિતકર છે. તે કમળો, ચામડીના દર્દ, અજીર્ણ, આમવાત, યકૃત ને પ્લીહાની વૃદ્ધિ, પેશાબની બળતરા, રક્તપિત્ત, તાવ સાથે સખત ઝાડા, ઉલટી, પ્રમેહ, કૃમિરોગ, મુખરોગ, નેત્રરોગ, કોઢમાળ, ઊંદરની ગરમી, અર્શ, આંતરડાનાં જૂના દરદો, મરડો અને તાવને મટાડે છે. તાવમાં તે અકસીર મનાય છે. યોનિભ્રંશ, આંતરડાના ઊતરાવા અને ઊલટીમાં તે સારું કામ કરે છે. જંતુનાશક હોઈ નખની અંદરના જંતુનો નાશ કરે છે. રોપણ્ય હોઈ ઘણુ જલદી રૂઝવે છે. જમ્મુ તથા હિમાલયના બીજા ભાગોમાં મૂળ, લાકડા અને બજાર માલુમાં ઉકાળી ઘન કાઢવામાં આવે છે. તેને રસવતી ઘન કહે છે. તેમાં રેચક, શોષક, રેચેહલ, જ્વરઘ્ન, મૂત્રલ ગુણો છે. તે યકૃતોદર, પ્લીહોદર, કમળો, પાંડુરોગ, પ્રદર, અજીર્ણ અને પ્રમેહમાં અપાય છે. તેનાં ઝાડ ઝાટાવાળાં અને ફૂલ સોનેરી પીળા રંગનાં અને સુગંધી હોય છે. તેનાં ફળ ઝૂમખાં અને નાનાં હોય છે. તે કરમદા નામે ઓળખાય છે. આ ઝાટકીદાર દળ જંગલી ઢોરોનો મેવો છે. તેને દ્રાક્ષની જેમ સૂકવીને દવા તરીકે ઉપયોગમાં લેવાય છે. તે શીતલ, મારી, તૃષાઘ્નમક, રક્તશોધક, દીપન, પાચન, પિત્તશામક, દાહશામક, કફકર છે. તે ઊલટી, ગર્ભિણીની ઊલટી, ઝાડાને અટકાવે છે. તથા નાડીવ્રણ અને ચામડીના રોગ મટાડે છે. આ ફળોનુ જામ તથા સરબો બને છે. તે પિત્તજ્વર, અરુચિ, તૃષા, ગરદીથી થયેલ ઝાડા, દાહરોગોમાં કે બીજા કોઈ તાવ ઉપર અપાય છે. તે સડેલુ અણ તેમજ ઓખરો અજાજ સુધારે છે.

દારૂ ૧. પું. કારીગર

૨. પું. ગંધક, સુરોખાર અને કોલસાના ચૂર્ણનું સળગી ઊઠે એવું એક જરજરું ચૂર્ણ; અગ્નિનો સ્પર્શ થતાં એકદમ સળગી ઊઠે તેવુ એક મિશ્રણ; બંદૂકમાં ભરવાનો પદાર્થ.

દારૂ ને દેવતા દેવતા ને દારૂ = સાથે ન રહી શકે એવા બે પદાર્થ.

૩. [ફા.] પું. મહુડાં, દ્રાક્ષ, ખજૂરી, જવ વગેરેમાંથી બનાવાય એક પ્રવાહી કેફી પેય પદાર્થ, મદ્ય; આસવ; સ્વર્ગીય શરાબ. મદિરા. સુરા. કાદમ્બરી, વારુણી; હલા; બલવલ્લભા. છાંદોગ્યઉપનિષદમાં જણાવેલ છે કે: ચાહલડા કરનાર અને દારૂડિયો એ બંનેની અધોગતિ થાય છે. આપસ્તંબ ધર્મસૂત્રમાં કહ્યું છે કે, માણસે કોઈ પણ માદક પીણું પીવું ન જોઈએ. માણકચના મત પ્રમાણે ત્રાજવામા એક બાજુ બધાં પાપો અને બીજી બાજુ દારૂનું બિંદુ મૂકીએ તો બંને પલ્લાં સરખાં થાય. મદ્યપાન કરતાં જેટલું પાપ ખૂનકામમાં હતું નહિ અને ભવિષ્યકાળમા થશે નહિ. જરથોસ્તીઓની કેટલીક ધાર્મિક ક્રિયામા દારૂ વપરાય છે. કેટલાક પારસી મુદ્દલ દારૂ પીતા નથી. તેઓના ધર્મપુસ્તકમા દારૂની બનાવટ નથી, પણ અવસ્તાના વખત તરફ નજર કરતાં જણાય છે કે, તે વખતે જે દારૂ વપરાતો તે દ્રાક્ષનો રસ હતો. દારૂ માટે અવસ્તામાં મધો, સંસ્કૃતમા મધુ, લેટિનમા મેદ અને ફ્રેંચમાં મીઅલ શબ્દ છે, ને બધાનો અર્થ મધ થાય છે. અવસ્તામાં વપરાતો મધો શબ્દ મદ યાતુ ઉપરથી નીકળેલો છે, જેનો અર્થ ઉલાજ કરવો એવો થાય છે. તે માટે પાછળથી દાખલ થયેલા ફારસી શબ્દ દારૂનો પણ તેની વ્યુત્પત્તિ ઉપરથી દવા અર્થ થાય છે. ઔષધોપચાર માટે ગુજરાતીમા દવાદારૂ શબ્દ વપરાય છે.

૪. સ્ત્રી. દવા; ઔષધ; ઓસડ; ઉલાજ.

દારૂ લાગવો = દવાની અસર થવી.

૫. [સં. દારુ] ન. એક વનનું ઝાડ અને તેનું લાકડું; દેવદાર. જુઓ દાર.

૬. ન. કાષ્ઠ; લાકડું.

૭. [સં. દૃ (ચીરવું)] વિ. ફોડનાર; તોડનાર.

દારૂકામ ન. આતશબાજી.

દારૂકારે પું. શરાબ બનાવનાર.

દારૂખાનું ૧. [ફા. દારૂખાના] ન. આતશબાજી; દારૂગમ; જુદી જુદી રીતે અને જુદા જુદા રંગમાં ઊડે એવી જાતજાતના દારૂની બનાવટ.

૨. ન. દારૂ બનાવવાનું કારખાનું.

૩. ન. બંદૂક અને તોપ માટેનો દારૂ.

૪. ન. સળગી ઊઠે તેવી વસ્તુ; દાહક પદાર્થ.

૫. વિ. જલદ; તીખું.

દારૂખોર પું. દારૂડિયો; દારૂનો બંધાણી.

દારૂખોર (દારૂખોર) [ફા.] પું. દારૂ પીનાર માણસ; દારૂડિયો.

દારૂગર ૧. [ફા.] પું. દારૂ બનાવનાર.

૨. સ્ત્રી. એ નામની વોરાની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

દારૂગૃહ ૧. ન. દારૂનું પીઠું

૨. ન. દારૂખાનાનું ઘર.

દારૂગોળો ૧. પું. બંદૂક અને તોપ ફોડવાની દારૂની અને ગોળીઓની બનાવટો અને તેનો સમૂહ; અગ્નિ અસ્ત્રનો સરંજામ કે સરંજામ

૨. પું. યુદ્ધની સામગ્રી, લશ્કરનો સરસામાન; દારૂ, ગોળા વગેરે યુદ્ધનો સામાન.

દારૂગોળો સળગવો = લડાઈ થવી; કજિયો ચાલવો.

દારૂઘલ્લા વિ. પું. દારૂમા ગાંડું થઈ ગયેલ; દારૂમાં મદમસ્ત

દારૂડા (દારૂડ઼ા) [હિ.] પું. દારૂ; શરાબ

દારૂડિયાવાડો (દારૂડિયાવાડો) પું. દારૂડિયા લોકો વસતા હોય તેવો શહેરનો ભાગ.

દારૂડિયો (દારૂડિયો) ૧. પું. દારૂનો બંધાણી; મદ્યપ; દારૂ પીવાની ઘણી ટેવ હોય તેવો માણસ. દારૂ પીનારો માણસ.

૨. વિ. અવિચારી; ઉદ્ધત.

દારૂડી (દારૂડી) ૧. પું. દારૂ પીનાર માણસ.

૨. સ્ત્રી. એક વનની વનસ્પતિ; સત્યાનાશી. કટુપર્ણી; સ્વર્ણક્ષીરી, હીરિણી. તેનું ઉદ્ભવસ્થાન વેસ્ટ ઇંડીઝ અને મેક્સિકોમા છે. દાહ બધા ઉષ્ણ કટિબંધ દેશોમાં તે કુદરતી બની ગયેલ છે. હિંદમાં જ્યાંત્યાં કોઈ ગામ તેણે ખાલી ઝોડવું હશે. ખેતરોમાં તે એક વખત ઊગે તો તેનાં મૂળ અને બીજથી તે ખૂબ ફેલાય છે. તેથી બહુતોએ તેને સત્યાનાશી નામ આપ્યું છે. તેનો રસ પીળા રંગનો હોય છે. તે કોડામારીના રસ સાથે પ્રમેહ અને ઉપદંશમાં અપાય છે. તે કડવો, ચીકટ, કૃમિઘ્ન, પિત્તનાશક, કફઘ્ન છે અને મૂત્રકૃચ્છ્ર, વાતરક્ત, જ્વર, પથરી, પ્રમેહ, સોજા, દાહ અને કોઢમાં વૈદ્યો અને હકીમો અલ્પ માત્રાથી આપે છે. તેમાં ઝેરી અને માદક મુખ્યો તીલ હોવાથી મોટી માત્રા નુકસાન કરે છે. આલોપઝરમાં તે સરસ જ્વરરોધપણ છે. તેથી ચામડીના બધા રોગો મટે છે. માત્રાની બાબતમા તે બહુ ઉપયોગી છે. તેનાં બીજમાં રેચક ગુણો છે. ઉપરાંત તે સ્વેદઘ્ન, વામક, કફનાશક, આંતરડાં નરમ કરનાર મનાય છે. તે ફેફસાના દર્દોને મટાડે છે તથા રક્તશોધક છે. તેનાં બીજનું તેલ રેચક છે. તે ૧૫ થી ૩૦ ટીપાંની માત્રાથી અપાય છે. તેનો રસ દિવેલથી જરા વધારે લાગે છે. તે દમમા સારું કામ કરે છે.

ઝાડીનાં દાંતોમાં અને બચ્ચાના રેઝાના મલમમાં તેનો ઉપયોગ થાય છે. તેલ ખાવાથી પુખાડો ખૂબ થાય છે. તેનાં મૂળ ચૂસવાં અને બદામાંથી ઉપર વાટીને ચોપડવાથી તેને ફોડી નાખે છે. હિંદમાં તેને ચોક કહે છે. તે ધાતુપૌષ્ટિક મનાય છે. કોઈ પણ કારણથી નપુંસકતા આવી ગઈ હોય તેમાં વૈદ્યો તથા હકીમો આપરે છે. રેચ માટે તેનું ચૂર્ણ વપરાય છે. સંસ્કૃતમાં તેને સુવર્ણક્ષીરી કહે છે. રેચકીના શરીરને બળતાં પીળાં ફુલવાળો કાંટાળો છોડ થાય છે. તેનાં પાન ઊટકેટાનાં પાન જેવાં હોય છે. તેના ઉપર મોટી ટીશીઓ હોય છે. એનો કોઈ પણ ભાગ તોડતાં તેમાંથી પીળો રસ નીકળે છે. તેનાં બીજ અફીણ કરતાં પણ ઝેરી છે. તેના છોડની ઊંચાઈ શુમારે હાથ દોઢ હાથ હોય છે. તેનાં થડ, પાન, ફળ વગેરે ઉપર ઝીણા કાંટા થતા હોવાથી તેને ઊટકટ કે ઊટકટો પણ કહે છે. તેનાં કટુપર્ણી, હૈમવતી, હેમક્ષીરી, હિમાવતી, હેમાહ્વા, પીતદુગ્ધા વગેરે નામો છે.

૪. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૪. સ્ત્રી. દારૂ.

૫. સ્ત્રી. સ્વભાવ પીવું.

ડારૂડો (ડારૂડો) પું. દારૂ.

ડારૂતાડી (ડારૂતાડી) સ્ત્રી. દારૂ અને તાડીના રસમાંથી બનાવેલ દારૂ.

ડારૂડરણા ન. (બજ) દવાદારૂ.

બજ્જ બાવલ કર ગમો, ડારૂડરણા ન કોય.
દયારામ

ડારૂનાષર્ત પું. એક જાતનો ધોકાનો રોગ; ગાલિરોગ.

ડારૂનિષેધ પું. દારૂ પીવાની બંધી; દારૂબંધી, દારૂ પીવાનો નિષેધ.

ડારૂનિષેધક વિ. પું. દારૂનો નિષેધ કરનાર માણસ; દારૂની અવજણના કરનાર મનુષ્ય.

૨. વિ. દારૂનિષેધ કરનારું અથવા કરવાનારું.

ડારૂનિષેધક પ્રવૃત્તિ સ્ત્રી. દારૂબંધી કરવાની ચળવળ; દારૂબંધી કરવાની હિલચાલ.

ડારૂનિષેધક મંડલ ન. દારૂનો નિષેધ કરનાર માણસનો સમૂહ.

ડારૂનિષેધક મંડળ જુઓ દારૂનિષેધક મંડલ.

ડારૂનિષેધવાદી વિ. દારૂનો સખ્તર બટકાવ થવો જોઈએ એવો મત ધરાવનાર.

ડારૂપાન ન. દારૂ પીવો તે; સુરાપાન.

ડારૂબ્રેમી વિ. દારૂને ચાહનાર; દારૂડિયો; શરાબી.

ડારૂબંધી જુઓ દારૂનષી.

ડારૂબંધી ૧. સ્ત્રી. દારૂ પીવાની મના.

૨. સ્ત્રી. દારૂની બંધી; 'પ્રોહિબિશન.'

ડારૂબાજ [ફા.] વિ. દારૂડિયો; શરાબખોર; શરાબી; મદ્યપી.

ડારૂબાજી ૧. સ્ત્રી. દારૂની બિનજરૂર.

૨. સ્ત્રી. શરાબખોરી; દારૂડિયાપણું.

ડારૂલઇસ્લાહત ૧. પું. મુસાફરખાનું.

૨. [અ.] પું. સરકારી મહેલ.

ડારૂલકરાર (દારૂલકરાર) ૧. [અ. દાર (મૂલ) + અલ (તે) + કરાર (શાંતિ)] પું. આરામગૃહ; ઠગર.

૨. ન. સ્વર્ગ.

ડારૂલકુતુબ [અ. દાર (સ્થળ) + અલ (તે) + કુતુબ (પુસ્તકો)] ન. પુસ્તકશાળા

ડારૂલજઝ્ર્ય (દારૂલજર્ય) [અ. દાર (સ્થળ) + અલ (તે) + જરબ (સિક્કો)] પું. ટંકશાળ; સિક્કા પાડવાનું સ્થળ.

ડારૂલફેના (દારૂલફના) [અ. દાર (ઘર) + અલ (તે) + ફના (નાશ)] પું. જગત; દુનિયા; સંસાર; ક્ષણભંગુર જગત.

ડારૂલમક્ર (દારૂલમક્ર) [અ. દાર (ઘર) + અલ (તે) + મક્ર (કપટનું)] પું. પરલોક, સ્વર્ગ; મોક્ષ; ઝિંદગત.

ડારૂલમર્ઝ (દારૂલમર્ઝ) [અ. દાર (ઘર) + અલ (તે) + મર્ઝ (રોગ)] પું. દવાખાનું.

ડારૂલહકૂમત [અ. દાર (સ્થળ) + અલ (તે) + હકૂમત (સત્તા)] સ્ત્રી. રાજધાનીનું શહેર.

ડારૂવટીક પું. બ. વ. દારૂવાળા પદાર્થો.

આલ્કોહોલ અને એવા દારૂવટીક મેળવવામાં બધી ચાર ટકા ખરચવાને શક્તિમાન હોય છે.
વિજ્ઞાનવિહાર

ડારૂવાલા ૧. સ્ત્રી. એ નામની પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ડારૂશ્શિફા (દારૂશ્શિફા) [અ. દાર (સ્થળ) + અલ (તે) + શિફા (ઉપચાર)] ન. ઉપચારગૃહ; દવાખાનું.

ડારેષણા [સં. દારા (સ્ત્રી) + ઇષણા (ઇચ્છા)] સ્ત્રી. સ્ત્રી માટેની લાલસા. દારેષણા, વિત્તેષણા અને લોકેષણાના વિવિધ પાશ પ્રાણીમાત્રને આકર્ષી રહ્યા છે. દારેષણા કેટલાં રહે છે, વિત્તેષણા ધનમાં રહે છે અને લોકેષણા અસ્તિત્વમાં રહે છે. દારેષણા વિજ્ઞાનયુગને જન્માવે છે અને વિત્તેષણા લોકોપયોગને જન્માવે છે. સૌથી પ્રથમ જોઈ લોકેષણા છે, પરંતુ દારેષણાને પરિણામે બીજી બેષણાઓ ઉદ્ભવે છે.

ડારેસલામ ૧. ન. ટાંગાનિકાનું એ નામનું બંદર. આથી કોઈ, ૨ વગેરે બહારગામ મોકલાય છે.

૨. [અ. દાર (સ્થળ) + અલ (તે) + સલામ (શાંતિ)] ન. શાંતિનું સ્થળ; સ્વર્ગ.

ડારો પું. ઊભળો; મોર્ટ અથવા ગીલ્લાને કે બોલને વાગેલો ઊંડો ટોચલો; મોર્ટનું ડાબો વાગવાથી ઊંચું ઊભળતું તે.

ડારોગગી ૧. સ્ત્રી. અધિપત્ય; અમલદારી.

૨. [ફા. ડારોગગી] સ્ત્રી. ડારોગાનું ગામ.

ડારોગા ૧. પું. અકબરના વખતનો ટંકશાળનો એક અધિકારી. એ અધિકારી જ્ઞાન અને ટકોરીથી ભરપૂર, ગામમાં પૂરતો બાહોશ અને ડારખાનામાંના દરેક કામ્સ તરફથી નિયમિત રીતે અને બાહોશીથી કામ લેનાર હતો.

૨ પું. દરબાર ખાતાનો ઉપરી

૩. પું. તોપખાનાનો ઉપરી અધિકારી.

૪. પું. દેખરેખ રાખનાર અધિકારી.

ડારોગાગી સ્ત્રી. દેખરેખ.

ડારોગી જુઓ ડારોગગી.

ડારોગો ૧. પું. અબજાળાનો એક અમલદાર.

૨. પું. કોઈ સરકારી ખાતાનો વડો.

૩. પું. ગામડાનો મુખી.

૪. [ફા. ડારોગા] પું. તપાસ રાખનાર અમલદાર; દરોગો; ચોકિયાત; ડારોગા; દેખરેખ રાખનાર અધિકારી.

૫. પું. દંડનાયક; પોલીસ ખાતાનો મુખ્ય અધિકારી; 'પોલીસ કમિશ્નર.'

૬. પું. મુકાદમ.

ડારોગા જુઓ ડારોગા.

ડારોગાઈ સ્ત્રી. તપાસણી; ડારોગાનું કામ.

ડારોપગમન [સં. દારા (પત્ની) + ઉપ (પાસે) + ગમન (જવું તે)] ન. સહવાસ; મૈથુન.

ગૃહસ્થાશ્રમમાં ડારોપગમનનો નિષેધ નથી પણ સ્ત્રી પુરુષ બંને માટે કેટલાક ખાસ નિયમોની ના પણ ખાસ જરૂર છે
ગ. ઠા. ત્રાંબે

ડારોપસંગ્રહ [સં.] પું. લગ્ન; વિવાહ.

ડારોમદાર ૧. પું. આધાર.

૨. પું. કોલકરાર.

૩. પુ પરતંત્રતા.

૪. પું. સમાધાની.

દાર્ઘસત્ર [સં.] વિ. લાંબા પટ્ટમાં હોનાર કે બનાર.

દાર્જીલિંગ ન. બંગાળનું એ નામનું એક શહેર. ઉનાળામાં હવા ખાવા માટે સરકારી કચેરીઓ ત્યાં આવે છે. ત્યાં ચા અને ચોખા થાય છે.

દાર્ઢ્ય [સં.] ન. દૃઢતા; દૃઢપણું; મક્કમપણું.

દાર્દુર ૧. [સં.] પું. દક્ષિણાવર્ત શંખ.

૨. વિ. દેડકાનું; દેડકા સંબંધી.

૩. વિ. મેઘનું; મેઘ સંબંધી.

દાર્દુરિક [સં.] પું. કુંભાર.

દાર્ભ [સં.] વિ. કુશ કે દર્ભ ઘાસ સંબંધી.

દાર્ભિ [સં.] પું. દર્ભ નામના ઋષિનો ગોત્રજ.

દાર્ભ્ય [સં.] વિ. દર્ભમાં હોનાર કે બનાર.

દાર્વ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો ભારતવર્ષીય એક દેશ. તે કૂર્મ વિભાગના ઉત્તરાન ભોમમાં હાલના કશ્મીરની અંદર આવેલ છે.

૨. પું. દાર્વ દેશનો માણસ.

૩. પું. દાર્વ દેશનો રાજા.

૪. ન. પ્રાચીન સિદ્ધનું એ નામનું એક શહેર.

દાર્વીકર [સં. દારુ (લાકડું) + અંક (ચીરું)] પું. મોર. તેનાં ઈંડાં લાકડાની માફક કાપ્યુ હોય છે.

દાર્વેડી [સં.] સ્ત્રી. રેલ.

દાર્વ્યા [સં.] સ્ત્રી. દાર્વ દેશમાં આવેલી એ નામની એક નદી.

દાર્વ્યાઘાટ [સં. દારુ (લાકડું) + આઘાત (ઘા)] પું લાકડા ઉપર આઘાત કરનાર પક્ષી, લક્કડકૂટ પક્ષી, લક્કડખોદ.

દાર્વ્યાઘાટી [સં.] સ્ત્રી. લક્કડકૂટ પક્ષિણી.

દાર્વ્યાહ [સં.] ન. એકાંતમાં વિચાર કરવાનું ઘર; ખાનગી ઓરડો; મંત્રણાગૃહ.

દાર્વ્યુદ્ભિદ ૧. [સં.] સ્ત્રી. દારુહળદરના ઉકાળામાંથી બનતું એક રસાયણ.

૨. સ્ત્રી. ઓપાયરી; એક જાતની ભાજી.

દાર્વી ૧. [સં.] સ્ત્રી. દારુહળદર.

૨. સ્ત્રી. કેવદારનું લાકડું.

દાર્શ ૧. [સં.] વિ. અમાસને દિવસે બનાર.

૨. વિ. નેત્રમાં હોય એવું.

દાર્શનિક ૧. [સં.] પું. દર્શનશાસ્ત્રમાં પારંગત થયેલો માણસ; દર્શનશાસ્ત્રી; તત્ત્વજ્ઞાની; તત્ત્વવેત્તા.

૨. વિ. અતિભૌતિક; આધ્યાત્મિક.

૩. વિ. દર્શન કરવા લાયક.

૪. વિ. દર્શનશાસ્ત્રને લગતું; દર્શનશાસ્ત્ર સંબંધી.

૫. વિ. નજરે જોયેલ; દેખીતું; નજરે દેખાય તેવું; પ્રત્યક્ષ.

દાર્શનિકત્વ [સં.] ન. દાર્શનિકપણું; દર્શનથી મહિતગાર હોવાપણું.

દાર્શપૌર્ણમાસિક [સં.] વિ. અમાસે તથા પૂનમે હોનાર.

દાર્ષદ ૧. [સં. દૃષદ્ (પત્થર)] વિ. પત્થર ઉપર ચાટેલ.

૨. વિ. પત્થરનું; પત્થર સંબંધી.

દાર્ષદ્વત ૧. [સં.] પું. દૃષદ્વતી નદીને કિનારે કરવામાં આવતો કાત્યાયન શ્રૌતસૂત્ર અનુસાર એક યજ્ઞ.

૨. પું. પ્રાચીન સમયમાં કરવામાં આવતો એક જાતનો યજ્ઞ. તેમાં ફક્ત કુરુક્ષેત્રમાં બ્રાહ્મણની સાથે એક વર્ષ સુધી આરણ્યમાં આવતી.

દાર્ષ્ટાંતિક [સં.] વિ. દૃષ્ટાંતવાળું; ઉપમેય; જેને દૃષ્ટાંત લાગુ હોય તેવું; દૃષ્ટાંત સંબંધી, દૃષ્ટાંતને લગતું.

દાર્ષ્ટિક ૧. [સં. દૃષ્ટિ (નજર) + ઇક (વાળું)] વિ. દૃષ્ટિ સંબંધી.

૨. વિ. પ્રત્યક્ષ; નજરે દેખાય એવું.

દાલ ૧. [ફા.] પું. અરબી ભાષાનો આઠમો, ફારસીનો દસમો અને હિંદુસ્તાની ભાષાનો અગિયારમો અક્ષર. અબજદ પદ્ધતિ પ્રમાણે તેની કીમત ૪ છે.

૨. સ્ત્રી. બિસ્કુટ.

૩. [સં. દલ્ (ફાડવું)] સ્ત્રી. મગ, અડદ અથવા કઠોળની દાઢ.

દાલમાં કાળું = રહસ્ય.

૪. સ્ત્રી. પૂજા માટે આવશ્યકી કિરણોના સમૂહનો ગોળ દાળ જેવો આકાર.

દાલ આપવી = (૧) પ્રહારનું એકનું બતુ. (૨) જિમમાં વજન.

૫. ન. એક જાતનું મગ; દાલક.

૬. ન. ખેતીનું એક ઓજાર. તે પણી ખેતરામાં વપરાય છે.

૭. [સં. દલ] ન. ટોળું.

૮. ન. રજપૂતાના પ્રદેશ.

૯. ન. શ્રીનગર પાસે આવેલું એ નામનું સુંદર સરોવર.

૧૦. ન. સેતુ.

દાલક ન. ગાડાની ભમ્મોલમાં ઉદ્ગીલમણિના રેખની નાની ચાખીઓનું બનાવેલું ઝાપા પીળા રંગનું મણ. તે કડું, કપાય, અમ્લ, મધુર અને ચિત્તકર છે. ભાવપ્રકાશ પ્રમાણે આ મણ પુષ્પમાથી ટપકીને પાંદડાં ઉપર પડેલું હોય છે.

દાલકાળી સ્ત્રી. ગ્રેખીયને મળતો એક જાતનો છોડ. આ છોડને રેતરીવાળી જમીન વધારે અનુકૂળ છે. તેનાં પાંદડાં ઉપયોગમાં લેવાય છે. વાવ્યા પછી બે કે ત્રણ માસમા તે તૈયાર થાય છે.

દાલગંધક પું. એક જાતનો ગંધક.

ગંધક ચાર જાતનો થાય છે: ગાડિયો, આમળસારો, કમળી તથા દાલગંધક

આર્યભૈષજ્ય

દાલચીડી સ્ત્રી. લાલ માથાવાળું એક જાતનું પક્ષી.

દાલચીની ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે અમરજાતી બનાવવામાં વપરાય છે.

૨. સ્ત્રી. તેજનામાનો એક પદાર્થ; તજ. દાલચીનીની છાલની અસર લવંગના જેવી છે. તે વાયુને હટાડે છે અને બંધકોષ કરનાર હોવાથી અતિસાર અને મરડામાં બપાય છે. દાલચીનીનું તેલ આકરો મટાડે છે, પાચનશક્તિ વધારે છે અને કાળજવરમાં બાલ વપરાય છે. છાલનો ઉપયોગ ગરમ મસાલામાં નાખવા માટે કરવામાં આવે છે.

દાલદર [સં. દારિદ્ર] ન. કાદર; કાળદર; ગરીબાઈ.

દાલદકયા ૧. પું. બાળું.

૨. પું. જાડો બોરડો.

દાલદા પું (ફા.વ) પક્ષરચનાનો આઠમો સંધિ. આ આઠમા સંધિના પેટામાં કમળા, મૂર્ખી, મહાલક્ષ્મી, અગ્નિપણી, સતી, પાચમી, નિશિપાલ, દલ, વૈકુંઠધામા, શારદા વગેરે મિશ્રરચનાવાળા છંદો મોઠવાય છે.

દાલદ્રી [સં. દરિદ્રી] વિ. દરિદ્રી, ગરીબ.

દાલન ૧. [સં.] પું. એક જાતનો દાંતનો રોગ.

૨. [ફા. દાલાન] ન. સભામંડપ.

દાલબાબેલ ૧. સ્ત્રી. હિંદની વાયવ્ય સરહદ ઉપર તોરમૂશ બીબીમાં રહેતી એ નામની એક કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

દાલભાત પું. દાળ અને ભાત.

દાલભ્ય [સં.] પું એ નામનો એક મુનિ.

દાલમધ ન. એક જાતનું મધ. જુઓ દાલક.

દાલમોઠ પું. હિંદુસ્તાની મેવાનો.

દાલરોટી ૧. [હિ.] સ્ત્રી. ખોરાક; ગુજરાન.
૨. સ્ત્રી. દાળ અને રોટલી.

દાલિત્ર [સં.] ન. એક પ્રકારનું સ્થાવર ઝેર.

દાલા ૧. સ્ત્રી. ઇંદરણનું કડવું ફળ.
૨. [સં.] સ્ત્રી. એક જાતનું ગેરી ઝાડ; ડિપાક.
૩. સ્ત્રી. મહાકાળ નામની લતા.

દાલાન ૧. પું. આંગણું; ઘર આંદેનો ચોક.
૨. [ફા.] પું. મોટો હોલ; ઘરનો મોટો ઓરડો; દીવાનખાનું; સભામંડપ.

દાલાયું વ. ક્રિ. લાવવું. રાનીપરજ વાપરે છે.

દાલિ ૧. [સં.] સ્ત્રી. ચણા વગેરેની દાળ.
૨. સ્ત્રી. દાડમ; અનાર.
૩. સ્ત્રી. દાડમનું ઝાડ.
૪. [હિં.] સ્ત્રી. દાળ.
૫. સ્ત્રી. દેવદાલી નામની એક વેલ.
૬. સ્ત્રી. રેખા.

દાલિકગુલાબ સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં ફૂલ ઉપયોગી છે.

દાલિકા ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; ડિપાક વૃક્ષ.
૨. સ્ત્રી. દાડમનું ઝાડ
૩. સ્ત્રી. દાળ.

દાલિકાક્ષ [સં.] ન. આમલી નાખેલ દાળ; ખાટી દાળ.

દાલિદ્દર [સં. દારિદ્ર] ન. દરિદ્રતા; ફજેતી; દૈન્ય.
જેજે આગારે જન્મ આગલ્યુ અંત,
તેનાં તો દાલિદ્દર કાપિયાં. પ્રેમાનંદ

દાલિમ ૧. [સં.] ન. દાડમ.
રક્તબીજ દાલિમ કરક ફલત્રિક કૂષ્માંડ આદિ;
એ દાડમના બીજને બનતા ફલનાકાર.
પિંગલપ્રકાશ
૨. ન. દાડમનું ઝાડ; દાડમડી.

દાલિમા [પ્રા.] સ્ત્રી. દાળ; દાલિમ.

દાલી ૧. [સં.] સ્ત્રી. દાડમનું ઝાડ.
૨. [પ્રા.] સ્ત્રી. દાળ.
૩. સ્ત્રી. કાટ; તડ.
૪. સ્ત્રી. સુથારની એ નામની એક પેટા જાતિ.
૫. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૬. વિ. એ નામની પેટા જાતિનું.

દાલીધાર ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાલુ [સં.] પું. દાંત.

દાલ્ભ્ય ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) ધૃતસેન રાજાનો અરણ્યમાંનો સહચર ઋષિ.
૩. પું. (પુરાણ) દક્ષ નામનો ઋષિ. ઉદ્દ તેનો જાઈ હતો. તેણે ચદ્રસેન રાજાની ચક્રિણી બીની પરશુરામના કોપથી રક્ષા કરી હતી.
૪. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.
૫. ન. દક્ષ ઋષિના ગોત્રનો માણસ.

દાલ્મિ પું. ઉંદ

દાવ ૧. [હિં.] પું. ઉપાય; અવાડાવા; પેચ.
૨. પું. એક જાતનું વાંકો અણીવાળું હાથરડું.
૩. પું. કુહાડો; ધરસી.
૪. પું. ખેલ; રમત.
૫. પું. વ.ન.
૬. પું. ચાંચ.
૭. પું. ઘા; કપટ.
૮. [સં.] પું. ઝાડી; જંગલ; વન.
૯. પું. દાણા
૧૦. પું. દાવાનળ; વનનો અગ્નિ.
૧૧. પું. પાસા નાખવાનો વખત.
૧૨. પું. યોગ્ય વખત; સમય; અવસર.
૧. દાવ અવળો = (૧) તક અવળી. (૨) રમવાનો વારો આવવો.
૨. દાવ આવે ત્યારે સોગઠી મારવી = લાભ જોઈને જ કામ કરવું.
૩. દાવ ચૂકવો = અવસરને હાથથી જવા દેવો; મોકો ખોવો.
૪. દાવ પડવો = રમતમાં ધારેલા આંકની સંખ્યા આવવી.
૫. દાવ લેવો = વેર લેવું.
૬. દાવ સાધવો = અનુકૂળ વખતનો લાભ લઈ લેવો.
૭. દાવે સોગઠી મારવી = લાભ જોઈને કામ કરવું.
૧૩. [ફા.] પું. રમતમાં જીતવાનો વારો; વખત; ઘા.
૧૪. પું. સંતાપ; ઉપતાપ.
૧૫. પું. સોગટાંની રમતમાં પાસા ઉપરના ટપકાંથી પડતો આંક; પાસામાં પડતા દાણા; છક્કો દાવ.
૧૬. સ્ત્રી. બદનામી
દેખી જોવે દાવ, સાંભળીએ ને સુલ્લા. દુહો
૧૭. ન. અરજસ્તાનનું વહાણ.
૧૮. ન. કુસ્તી કરવામાં સામાવાળાને યુક્તિપ્રયુક્તિથી પાડી નાખવા માટે વપરાતી ક્રિયા.

દાવખેલ પું. ન. બ. બ. બનાવટ; યુક્તિપ્રયુક્તિ.
એ આપ અંતઃપુરના દાવખેલથી પરવારો તો મને મેઘપાઠ્ય મહેલેથી બોલાવજો.
નાનાલાલ

દાવગીર પું. વાદી; ફરિયાદ; દાવો કરનાર માણસ.

દાવજી પું. ખંભોવજ, શ્રીકૃષ્ણના મોટા ભાઈ દાવજીનું મંદિર ગોકુળમાં છે.

દાવડા (દાવડ) ૧. સ્ત્રી. લોહાણા, કણબી, સુતાર, મેઘવાળ અને સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાવડી (દાવડી) ૧. સ્ત્રી. ભોંય; ભોંયનો સોટો.
૨. સ્ત્રી. દોરી; જનોઈની પેઠે કૂમતાવાળી પહેરવાની રેશમની દોરી.

દાવડું (દાવડું) ૧. ન. તળાવ.
કામ ભાજે પૈકો આવડું,
કરવું દીકુ ત્યાં દાવડું. કામળ
૨. ન. પાણી ભેગવાનો દેંદ.
૩. ન. માણસનો સમૂહ.

દાવણ ૧. સ્ત્રી. પેરાવો.
૨. [ફા. દામાન] સ્ત્રી. ડુંગરની બાજુ.

દાવણગીર ૧. [ફા. દામનગીર] વિ. કપડાં પકડી રાખનાર.
૨. વિ. દાવેદાર.

દાવત ૧. સ્ત્રી. ખાનું; જમણ
૨. સ્ત્રી. [બજબાની; ઉત્સવ; જલસો.
૩. [અ.] સ્ત્રી. લોકોને મુસલમાન થવા નોતરવું તે; ઉપદેશ કરી અથવા તો જુલમ કરી ગમે તે રીતે ઇસ્લામમાં વટલાવવાનું આમંત્રણ.
૪. [અ. દઅ્વ (તેણે બોલાવ્યો)] ન. આમત્રણ; નોતરું; નિમંત્રણ; ઇજન.
૫. ન. દાઈનો ધંધો.

દાવતખાની ૧. પું. એક જાતના સફેદ ઘઉં.
૨. વિ. ઘઉંની એ નામની એક જાતનું.

દાવદગ્ધ [સં. દાવ (ઝાડી) + દગ્ધ (બળેલ)] વિ. દાવાનળે બળેલું

દાવદી ૧. પું. એ નામનો એક ફૂલછોડ; રોયંતી. તેને પીળાં ને સફેદ રંગનાં ફૂલ આવે છે.
૨. પું. એક જાતના સફેદ ઘઉં
૩. સ્ત્રી. એક જાતનું ફૂલ; દાઉદી; ગુલદાવરી.
૪. સ્ત્રી. એક જાતનું અત્તર.
૫. [અ. દાવૂદી] સ્ત્રી. વહોરાની એ નામની એક જાત.
૬. ન. એ નામની જાતનું માણસ.
૭. વિ. એ નામની ઘઉંની જાતનું.

૮. વિ. એ નામની જાતનું.
૯. [દે.] વિ. દક્ષિણને લગતું.

દાવન ૧. [સં. દામન] પું. ચક્કિયો; ભાખરો.
૨. [હિં.] પું. દમન; નાશ.
૩. પું. નાશ કરનાર.
૪. પું. પર્વતની તળેટી.
૫. પું. સ્વર્ગ.
૬. સ્ત્રી. ડોરડું.

દાવપેચ ૧. પું. કપટકળા; જાળબેદ; પ્રપંચ; દાવાદારા.
૨. પું. કસરત બતાવવા લડાઈની એક રીત.
૩. [દે.] પું. યુક્તિ લગાડવી તે; ઊલટુંસૂલટું સમજાવી પટાવીને કામ કાઢી લેવાની બાજી; યુક્તિપ્રયુક્તિ.

દાવપેચી જુઓ દાવપેચ.

દાવર ૧. પું. ધનિક.
૨. [સં. દાદર] પું. ન્યાયી માણસ; ધર્મિષ્ઠ.
૩. [મા.] પું. દ્વાપર યુગ.
૪. [દે.] પું. પારસી લોકોનો ગોર.
૫. પું. ચહેનશાહ.
૬. સ્ત્રી. પારસી લોકોની એ નામની એક અટક.
૭. ન. એ નામની અટકનું માણસ.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. બે; બેની સંખ્યા.

દાવરા ૧. [હિં.] પું. એક જાતનું ગાડું; ધાવરા.
૨. પું. ન. બ. જુવારનિયા.

દાવરી [દે.] સ્ત્રી. ચહેનશાહના હુકમત ચલાવનાર સત્તા.

દાવલ વિ. ઘોડદાં; નકામું, નિરર્થક.
દાવલની જાત્રા = ઘોડદાં ફેરો.

દાવલા સ્ત્રી. એ નામની એક ઔષધિ; અતિગુહ્યા; પૃશ્નીપર્ણી.

દાવલામોરશ પું. એક જાતનો છોડ. આ જાતના રોપો બેત બેત હાથ જમીન ઉપર પથરાયેલો હોય છે. તેનાં પાન ગુમારે દોઢ-આંગળ લાંબાં, ત્રણેક આંગળ પહોળાં અને જાડાં હોય છે. ડીટનો રંગ જૂલીની જાતના જેવો હોય છે. તેનું ફાડ થાય છે. સમુદ્ર કાંઠે થાય છે તેથી આ જાત ખારી છે. એને બાફીને રાંધવું અને તેનાં બજિયાં પણ કરે છે.

દાવલિયો ૧. પું. એક જાતનો ઘોડો.
૨. વિ. લુચ્ચો; ઠગ.

દાવલું સ્ત્રી. એક જાતની ઘોડી.

દાવશુ [સં.] પું. એ નામનો એક ઋષિ.

દાવળ પું. દબાણ.

દાવા ૧. [સં. દાવાનલ] પું. દાવાગ્નિ; દવ; દાવાનલ; જંગલમાં સળગી ઊઠતો અગ્નિ, જંગલમાં વાંસ, ગાઢની ડાળી વગેરે એકબીજા સાથે અથડાઈ ઘસાવાથી આગ લાગે છે અને તે બહુ ફેલાય છે.
૨. [અ.] પું. હક.

દાવાઅરજી [અ. દઅ્વાઅર્ઝી] સ્ત્રી. દાવાની અરજી; ફરિયાદ અરજી; પ્રાર્થનાપત્ર; ફરિયાદનામું.

દાવાકજિયા પું. ન. બ. દાવા ફરિયાદ.

દાવાગીર [અ. દાવા + ગીર (પકડનાર)] પું. દાવો પકડનાર માણસ; હકથી દાવો કરનાર અધિકારી; ફરિયાદી; દાવો કરનાર માણસ; હકદાર.
પણ સમજે દાવાગીર જાણ,
વેર વળાવે આપાપણા. અખો

દાવાગ્નિ [સં. દાવ (વન) + અગ્નિ] પું. વનમાં સળગી ઊઠતી આગ; દવ; દાવાનળ; વનમાં ઝેની મેળે સળગતો અગ્નિ; વનમાની આગ.

દાવાત ૧. [અ. દવાત] પું.; સ્ત્રી. શાહીનો બરણિયો
૨. સ્ત્રી. ઓની મુકેદિવ.

દાવાદલ જુઓ દાવાગ્ન.

દાવાદળ ૧. પું. વનનો અગ્નિ.
૨. સ્ત્રી. બધી જુદી જુદી જાતની આગસ્ત્રીઓ.
૩. ન. આકાશમાં ધૂમેકું થઈ આવવું તે; વાવાઝોડું; પવનને લઈ પૂગ ઊડી દિશાઓનું દબાઈ જવું તે; પવનનું તોફાન.

દાવાદાર [અ. દઅ્વા + દાર (વાળું)] પું. દાવો કરનાર માણસ; ફરિયાદી; દાવાવાળો

દાવાનલ ૧. [સં.] પું. (પિંગળ) એક દિવ્ય સંકેતોનું ભાતિ દસ માત્રાનો તાલ. તેનાં તાલરથાન ૧, ૭ માત્રા ઉપર છે.
૨. [સં. દાવ (જંગલ) + અનલ (અગ્નિ)] પું. દાવાગ્નિ; વનાગ્નિ; જંગલમાં પવનને લીધે વાંસ વગેરે વનસ્પતિ પરસ્પર ઘસાઈને સળગતો અગ્નિ.
૩ પું. અપયશ લડાઈ.
૪. પું. મોટો અગ્નિ.

દાવાનળ જુઓ દાવાનલ.

દાવાપાત્ર વિ. દાવા લાયક; દાવા યોગ્ય.

દાવામત [દાવા (હક) + મત (પારણ કરેલ)] પું. બરા કરી માની લીધેલા ઓકારથી વિરુદ્ધ ધર્મમાર્ગો
દરોનભેદ દાવામત બહુ,
બાંધી રહ્યા સહ આપાપણા. અખો

દાવાં ન. (પ્રાચ્ય) ગાળિયુ.

દાવિક [સં.] વિ. દેવિકા નામની નદીમાં થતું.

દાવિની ૧. [સં. દામિની] સ્ત્રી. (હિંદી) વીજળી.
૨. સ્ત્રી. ઓળોનું બાવાનું એક ઘરેણું.

દાવી [સં. પદ] પું. એ નામનું એક જાતનું ઝાડ.

દાવું ૧. અ. ક્રિ. સગમાં થવું; ગર્ભધારણ કરવો. પશુને માટે આ શબ્દ વપરાય છે.
૨. અ. ક્રિ. સંયોગ પામવો; નરનો સમાગમ થવો.
દાવું બળું = (૧) ગાય, ભેંસનું ગર્ભમાં રહેવું. (૨) ગાય, ભેંસનો તેના નર સાથે સંયોગ થવો.
૩. સ. ક્રિ. આપવું.
પિતૃ અરે પરણી તે, બગારે અનેક પંથ,
પુત્ર પુત્રી કાજે, બાઈ બાઈ દુઃખ દાયને. દલપતરામ

દાવેગીર [અ.] પું. દાવો માંડનાર; વાદી; દાવાગીર.

દાવેદાર ૧. [અ.] પું. દાવો માંડનાર માણસ; વાદી.
૨. પું. હકદાર.

દાવેરો પું. દુશ્મન; રિપુ.

દાવો ૧. [અ. દઅ્વા] પું. અધિકાર; માલિકી હક.
એ ભૂમિતણો ઠીકાણ એ દાવો,
કરવ તેહનણ બહુ બા બાધ્યા;
રાખા કારણિ પ્રોક્યાય. ભવપત્ર સં ૧૮૫૬
૨. પું. બોર; બગ.
૩. પું. દૃઢતાપૂર્વક કથન; ખાર દઈને કહેલું તે.
૪. પું. પ્રતાપ; પ્રભાવ.
૫. પું. વાદવિવાદ; તકરાર.
કામની, માટે તુને કહું કરગરી,
દેવના દેવ શું મેલ દાવા. સામળ
૬. પું. હક મેળવવા સારુ સરકારમાં ફરિયાદ; માલ છે એમ પોતાપણું સાબિત કરવાની કરખાસ્ત.
દાવો કરવો = હક કરવો; હકની પૂરવારી માટે સરકારને અરજ કરવી; દાવો માંડવો; હક પરાવવો; અધિકાર માગવો. કોઈ પ્રકારનો હક

મેળવવા માટે કે કોઈ થતી હરકત દૂર કરાવવા સરકારમાં જે અરજ કરવામાં આવે છે તેને દાવો કહે છે. દાવો દીવાની કોર્ટમાં થાય છે, ફોજદારી કોર્ટમાં થતો નથી. કોઈ નુકસાન કે સ્વત્વ કરાવવા કે થયું નુકસાન અટકાવવા કે નુકસાનનો બદલો લેવા, લેવું કે હક મેળવવા જે અરજ કરવામાં આવે તેને ફરિયાદ કહે છે. ફરિયાદ ફોજદારી તેમ જ દીવાની કોર્ટમાં થઈ શકે. ફરિયાદનો હેતુ શિક્ષા કરાવવાનો હોય છે. દાવાનો હેતુ શિક્ષાનો હોતો નથી. ફરિયાદ જાનની માલુસ આગળ તેમ જ સરકારી અમલદાર આગળ થાય, પરંતુ દાવો સરકારમાં જ કરવામાં આવે છે.

દાશ ૧. [સં] પું. એક જાતનો વર્ણસંકર; નિષાદ પુરુષ અને આયોગવ સ્ત્રીથી ઉત્પન્ન થયેલ વ્યક્તિ.
૨. પું. દાન.
૩. પું. દાસ; નોકર; ભૃત્ય.
૪ પું. નાવિક.
૫. પું. મચ્છીમાર; માછી.
૬. પું. વિષ્ણુ.

દાશગ્રામ [સં.] પું. મચ્છીમાર લોકોનું ગામ.

દાશગ્રામિક [સં] વિ. મચ્છીમારોના ગામની પાસેના પ્રદેશનું.

દાશત [ફા.] સ્ત્રી. ઉછેર; સંભાળ.

દાશતચી સ્ત્રી. દસ અવયવવાળી ઋગ્વેદ સંહિતા.

દાશતાન જ. બરીતો

દાશન પું (જૂ ગુ.) દાસ; સેવક.
બાંધિ આણી કુંજિ દાશનઈ,
રાખી રાજ દુમારિ. ભાવપ્રકાશમય

દાશનંદિની [સં.] સ્ત્રી. વ્યાસની માતા; સત્યવતી

દાશપુર ૧. [સં.] ન. (પુરાણ) એ નામનું એક નગર.
૨. ન. એક પ્રકારની ભોય.
૩. જ. સુગંધીદાર ઘાસ.

દાશપુલો [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

દાશમિક [સં.] વિ. દશાંગ; દશમી બનાવતું; દશને લગતું.

દાશમેય [સં.] પું. એ નામનો એક દેશ.

દાશરથ ૧. [સં.] પું. રામચંદ્ર.
૨. વિ. દશરથ રાજાનું; દશરથ સંબંધી.

દાશરથિ [સં.] પું. દશરથનો પુત્ર રામ, લક્ષ્મણ, ભરત કે શત્રુઘ્ન.

દાશરથિ મોઘાએ રામ બની
મુખ્યાં બાણ તે મંત્ર જ બની. પ્રેમાનંદ

દાશરાજ પું. (પુરાણ) સત્યવતીનો પિતા.

દાશરાજ્ઞ ૧. [સં. દશન્ (દસ) + રાજન્ (રાજા)] ન. જેમાં સુદાસક રાજાની સામે દસ રાજાઓએ યુદ્ધ કીધો હતો એવું ઋગ્વેદના સમયનું ઈ. સ. પૂર્વે ૧૫૦૦નું એક મહાન યુદ્ધ.
૨. વિ દસ રાજાઓ સંબંધી.

દાશરાત્રિક ૧. [સં.] ન. દસ દિવસે થતો કોઈ સત્ર કે યાગ
૨. વિ. દસ રાત્રિ સંબંધી.

દાશાર્ણ ૧. પું. એ નામનો એક દેશ
૨. જ. (પુરાણ) દશાર્ણ દેશનું માણસ.

દાશાર્ણક ૧. [સં.] જ. (પુરાણ) દશાર્ણ દેશનું માણસ.
૨. વિ. દશાર્ણ દેશમાં થતું.

દાશાર્હ ૧. [સં.] પું (પુરાણ) એ નામનો સોમવંશી એક રાજા; ભોજ.
૨. પું. દશાર્હના વંશનો માણસ; યદુવંશી.
૩. પું. વિષ્ણુનું એક નામ. દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયા છે, તેથી ભગવાન દાશાર્હ કહેવાય છે.
૪. પું. (પુરાણ) શ્રીકૃષ્ણ.
૫. ન. (પુરાણ) યદુવંશનું એક કુળ.
૬. જ. શૂરસેન દેશના અંધકવંશી ક્ષત્રિયોનું સાત ભાઈનું એ નામનું એક કુળ.
૭. વિ. દશાર્હ દેશમાં જન્મેલ.
૮. વિ. દાન કરવા જેવું.

દાશાર્હક [સં.] વિ. દશાર્હ દેશનું રહેવાસી.

દાશાર્હી સ્ત્રી. (પુરાણ) કુંતીની બહેન, સુભદ્રાની.

દાશાર્હીવિજયા સ્ત્રી. (પુરાણ) સુભદ્રાની એ નામની બહેન

દાશાર્હીસુદેના સ્ત્રી. (પુરાણ) વિષ્ણુની એ નામની પત્ની

દાશી ૧. [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી.
૨. સ્ત્રી. ભજનપોપટ.
૩. સ્ત્રી. મચ્છીમારણ.

દાશુ ૧. [સં.] વિ. ભણેલ; દીક્ષિત.
૨. વિ. દાતા; આપનાર.

દાશૂરિ [સં.] વિ. દિક્ષક; દિક્ષા કરનાર.

દાશેય ૧. [સં.] પું. ચાકરડીનો છોકરો.
૨. પું. મચ્છીમારણનો પુત્ર

દાશેયી ૧. [સં.] સ્ત્રી. ચાકરડીની કન્યા.
૨. સ્ત્રી. મચ્છીમારણની દીકરી.
૩. સ્ત્રી. સત્યવતી; વ્યાસની માતાનું નામ.

દાશેર ૧. પું. ઊંટ
૨. [સં.] પું. દાસીપુત્ર
આર પ્રાહારિ પીડિયા પલાયિ છિ દાશેર.
બાલધ
૩. પું. ધીવરપુત્ર; મચ્છીમારણનો છોકરો.

દાશેરક ૧. [સં.] પું (પુરાણ) ભારતના યુદ્ધમા પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.
૨. પું. ભારવાડ.
૩. પું. મચ્છીમારનો વતની.
૪. પું. માળવા દેશ.
૫. પું. માળવા દેશનો રાજા.
૬ જ. માળવા દેશમાં રહેનાર

દાશૌદનિક [સં.] પું દશૌદન યજ્ઞના બ્રાહ્મણરૂપ ગ્રંથ

દાશૌદનિકી [સં] સ્ત્રી દશૌદન યજ્ઞની દક્ષિણા.

દાસ્તન ૧. [ફા. દાસ્તન્] જ ક્રિ. ધરાવવું
૨. જ. ક્રિ. પાસે હોવું
૩. જ ક્રિ. મૂકવું

દાસ્થ [સ] વિ. દક્ષની સમીપનું

દાસ્થિ [સં.] વિ. દાતા.

દાસ્પિન જ. (જૂ. ગુ.) દાસપણું; દાસિપ્રપ.
અમણીઓ જે મુજ નહી,
દાસ્પિન પ્રાજ દયાલુ રાતી દાસ્યવપ્રકાશ

દાસ ૧. પું. (પિંગળ) અતિકૃતિ છંદની જાતનો એ નામનો એક વર્ણવૃત્તોના છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, સગણ, ભગણ, સગણ, ભગણ, સગણ, ભગણ અને ગુરુ એમ ૨૫ અક્ષર હોય છે
૭ ૭ ૭

મવાનો દંડ દીધો હોય અને (૭) પૈતૃક એટલે બાપદાદાથી વારસામાં મળ્યો હોય તે. સ્મૃતિઓમાં પંદર પ્રકારના દાસ ગણાવ્યા છે: ગૃહજાત, ક્રીત, વારસામાં મળેલ, દુર્ભાળમાં પાળેલો, આહિત એટલે સ્વામી પાસેથી એકસામટું ધન લઈ તેની સેવા કરી દેવું વાળતો હોય તે, ઋણદાસ એટલે ઋણને લીધે દાસત્વના બંધનમાં પડ્યો હોય તે, યુદ્ધપ્રાપ્ત, જૂગટામાં હારેલો, પોતાની ખુશીથી દાસ થયો, આપેલો હોય તે, સન્યાસથી પતિત થયેલો, ક્રુત એટલે મોટા વખત માટે આપમરજીથી સેવા કરવાનું સ્વીકાર્યું હોય તે, જન્મદાસ, દાસીની સાથે વિવાહ કરવાથી ઉત્પન્ન થયો હોય તે, લબ્ધ એટલે કોઈ પાસેથી મળ્યો હોય તે અને આત્મવિક્રય એટલે પોતે પોતાને વેચેલ હોય તે. મનુના મત પ્રમાણે બ્રાહ્મણને દાસ બનાવવાનો નિષેધ છે. બ્રાહ્મણ સિવાય બાકીના બધા વર્ણવાળા દાસ થઈ શકે છે. જો કોઈ બ્રાહ્મણ લોભને વશ થઈ દાસત્વ સ્વીકારે તો રાજા તેને દંડ દે. ક્ષત્રિય અને વૈશ્ય દાસત્વથી છૂટા થઈ શકે, પણ શૂદ્ર ન છૂટી શકે. જો તે એક સ્વામીનું દાસત્વ છોડે તો બીજાનો દાસ થાય. હમેશા તેણે દાસ રહેવું પડે છે, કેમકે દાસત્વને માટે તેનો જન્મ કહેવાય છે.

૮. પું. ચાકર; નોકર; સેવક

નિર્ધિકર કિંકર દાસ અને, સેવક અનુગ પદાતિ;
ભૃત્ય કરે ગણિકાય સમા, બબ્બે બરણી નથી ભાતી.
વિનાયકપ્રમોદ

૯ [ફા.] પું. હાથરકું.

૧૦. [સં.] પું. મુખ્ય અઢાર માર્ગોનો એક કર્મમંત્ર. જુઓ કર્મમંત્ર.

૧૧. પું. ચાર

૧૨. પું. રિબામણ.

૧૩. સ્ત્રી દાસ્ય; સેવા; ગુલામી.

૧૪. ન. આકડા જેવી વનસ્પતિ વેચવાનું સાધન.

૧૫. વિ. દાનપાત્ર.

૧૬. સ. દ્વિરુક્તોનાં નામની છેડે વપરાતો પ્રલાપ જેમકે, હરિદાસ, રામદાસ, કાળિદાસ.

દાસક ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું દાસ

૩. પું ભાટીમાત્ર.

દાસકલ્પ [સં] પું. ગુલામી

દાસચેટક [સં] પું. દાસપુત્ર; નોકરનો છોકરો.

દાસચેટકા [સં] સ્ત્રી. દાસદાસી.

દાસચેટી [સં.] સ્ત્રી. દાસદાસી.

દાસજન [સં.] પું. ગુલામ થયેલો માણસ.

દાસડો (દાસડો) પું. નોકર; ચાકર. તિરસ્કારમાં બોલાય છે.

દાસત્વ ૧ સ્ત્રી. ગુલામી.

૨. [સં. દાસ (ચાકર) + ત્વ (પણું)] ન. દાસપણું. દાસત્વ.

૩. ન. નોકરી, ચાકરી

દાસતા જુઓ દાસત્વ.

દાસતાન ૧. ન. એક પ્રકારનું કાવ્ય.

૨. ન. વર્ણન; અહેવાલ.

દાસત્વ ૧. [સં.] ન. એક પ્રકારની ઔષધિ. જુઓ દાસત્વભક્તિ.

૨. ન. ગુલામી.

૩. ન. દાસપણું; ચાકરી; નોકરી.

દાસત્વભક્તિ [સં.] સ્ત્રી. પરમેશ્વરની વિશ્વાસ અને સ્નેહપૂર્વ સેવકની પેઠે સેવા કરવી તે.

દાસત્વવૃત્તિ [સં. દાસ (નોકર) + ત્વ (પણું) + વૃત્તિ (વર્તણૂક)] સ્ત્રી. બીજાના નોકર તરીકે રહેવાની વૃત્તિ.

દાસદાસાનુદાસ [સં.] પું. ચાકરના ચાકરનો ચાકર.

દાસદાસી ૧. [સં.]. સ્ત્રી. ચાકરની ચાકરડી.

૨. ન. સ વ નોકરચાકર.

૩. ન. સ. વ. પુરુષ અને સ્ત્રી ગુલામ; ગુલામ અને ગુલામડી.

દાસદીકોલાં ન સ. વ. નોકરચાકર; દાસદાસી.
દાસદીકોલાં સુખ ન પાર. કાન્હડદેપ્રબંધ

દાસનંદની ૧ [સં.] સ્ત્રી. વીરવની કન્યા.

૨. સ્ત્રી (પુરાણ) સત્યવતી. તે બ્યાસની માતા હતી

દાસપણું ન. દાસત્વ; સેવાકર્મ.

દાસપત્ની ૧. [સં. દાસ (ચાકર) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. ચાકરની સ્ત્રી.

૨. સ્ત્રી પાર્વતી.

દાસપુર [સં.] ન. કેવટી મોથ; નાગરમોથ.

દાસપૂર જુઓ દાસપુર.

દાસપ્રથા [સં. દાસ (ગુલામ) + પ્રથા (રીત)] સ્ત્રી. ગુલામો રાખવાનો રિવાજ. મધ્યકાલમાં સમાજમાં દાસપ્રથા કાંઈ ને કાંઈ રૂપમાં ચાલુ હતી. દાસપ્રથા પહેલેથી જ ચાલી આવતી હતી મનુ અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં તેનું વર્ણન છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના ટીકાકાર વિજ્ઞાનેશ્વરે ૧૨ મી સદીમા ૧૫ પ્રકારના દાસ બતાવ્યા છે: ગૃહજાત એટલે ઘરની દાસીથી ઉત્પન્ન થયેલ, ક્રીત એટલે ખરીદાયેલો, લબ્ધ એટલે દાનદક્ષિમાં મળેલો, દાયાદુપાગત એટલે વંશપરંપરાગતનો, અનાકાલભૃત એટલે દુર્ભિક્ષમાં મરવાથી રક્ષિત, અદ્વિત એટલે ધન આપીને રાખેલો, ઋણદાસ એટલે કરજમાં રાખેલો, યુદ્ધપ્રાપ્ત, પક્ષેજિત એટલે જૂગટામાં જિતાયેલો, પ્રવજ્યાવર્મિત એટલે સાધુ થયા પછી ભગડીને બનેલો, ક્રુત એટલે સમયની દ્રષ્ટથી બનેલો, વડ્યાહૃત એટલે ઘરની દાસીના લોભથી આવેલો અને આત્મવિક્રયના એટલે પોતાની જાતે વેચાયેલો દાસ જે કોઈ ક્રમાતો તેના ઉપર સ્વામીનો અધિકાર રહેતો. કેટલાક લોકો દાસોની ચોરી કરી તે તેમને વેચતા પણ હતા. હિંદની દાસપ્રથા બીજા દેશોની દાસપ્રથાની જેમ દૂષિત, ઘૃણિત તથા નિંદનીય ન હતી. આ દાસો ઘરના પરિવારમાં સમાઈ જતા. તહેવાર જેવા સારા અવસરોમા દાસો ઉપર પણ કૃપા રહેતી હતી. જે દાસ સારું કાર્ય કરે તેના ઉપર સ્વામી કૃપા કરતો રાજા તરફથી દાસ પ્રત્યે દયાના નિયમો થયા હતા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં લખ્યું છે કે, જબરદસ્તીથી દાસ બનાવવામા આવે, અથવા ચોરી મારફત ખરીદાયેલા દાસોને જો સ્વામી મુક્ત ન કરે તો તેને સ્વતંત્ર કરાવવાનો રાજાનો ધર્મ છે. નારદ સ્મૃતિમા લખ્યું છે કે, સ્વામીનો પ્રાણ બચાવનારને પુત્રની માફક મિલકતનો ભાગ પણ મળે જે કરજથી દાસ બન્યો હોય તે સ્વામીનું ઋણ ચુકાવીને મુક્ત થઈ શકે આ પ્રમાણે બીજા દાસો પણ મુક્ત થતા. અનાકાલભૃત બે ગાયો આપીને, આહિત ધન આપીને, યુદ્ધપ્રાપ્ત, સપ્રતિપક્ષ અને પક્ષજિત દાસ ઉત્તમ સેવા કરીને અથવા પોતાના રક્ષણમા પ્રતિનિધિ આપી છૂટી જાતા. દાસને મુક્ત કરવાની વિધિ પણ હતી. સ્વામી દાસના ખભા ઉપર પાર્યાનો ભરેલો ઘડો ઉઠાવીને બહાર તોડીને અક્ષત, પુષ્પ દાસ કરે અને ત્યાર બાદ હું દાસ નથી કહીને મુક્ત કરે. અહીં દાસ વિશ્વાસપાત્ર પોતાનો સેવક સમજાતો. તેની સાથે કોઈ પ્રકારનો દુર્વ્યવહાર ન થતો.

દાસપ્રવર્ગ [સ. દાસ (નોકર) + પ્ર (વિશેષ) + વર્ગ (સમૂહ)] વિ. બધા નોકરચાકરવાળુ

દાસબોધ [સ] પું રિવાજના ગુરુ રામદાસ સ્વામીએ રચેલ ઉપદેશના સમૂહનુ એ નામનુ પુસ્તક.

દાસભર્તૃક [સં.] પું. નોકરચાકર.
દાસભર્તૃકા પૃથ્વી દેવોમા છે,
બ્રાહ્મણ્યમસ્તો આકાશદિગ્વાસ છે. સંધમિત્રા

દાસભાવ [સં.] પું. ગુલામગીરી
બિદેશીઓને આધીન રહી દાસભાવે રહ્યા
માણસ તેના કરતા મરણ હજાર વાર સારૂ છે.
ગેલ્સ્વર્થી

દાસમિત્ર ૧. [સં.] પું ચાકરનો મિત્ર.
૨. પું. વૈદિક સમયનો એક પ્રાચીન દેશ.

દાસમીય ૧. [સં.] પું. દશમ દેશનો વતની.
૨. વિ. દશમ દેશમાં થતું.

દાસલડાં (દાસલડા) ન. બ. વ. નોકર; ચાકર; સેવક; ગુલામ.
દાસલડાંને ભાડ લડાવે, નરસૈંયાનો સ્વામી.
નરસિંહ

દાસવર [સં.] વિ. સર્વ દાસો અથવા ભક્તોમાં શ્રેષ્ઠ

દાસવાદ [સં.] પું. દાસનો આરોપ ચલાવવો તે.

દાસવેરા [સં.] પું. ચોર ઓરોનો નાશ.

દાસસુત ૧ [સં.] પું. કર્યું. જુઓ દાસીપુત્ર ૧.
૨. પું. ગુલામથી ઉત્પન્ન થયેલ દીકરો.

દાસા ૧. પું. કાપડનું એક ઓળવું; આંટ
૨. પું. ભાગને ટેકા માટે દીવાલમાં નાખવામાં આવતો લાકડાનો ટુકડો
૩. પું. દીવાલની તકતી.
૪. પું. લાકડું અથવા પથ્થરનો લાંબો અને પહોળો ટુકડો

દાસાતણ [સં દાસત્વ] પું. દાસભાવ; સેવકવૃત્તિ.
જેને દિલ દાસાતણ ઉપન્યું એવ. જોગે

દાસાનુદાસ [સં દાસ + અનુદાસ] પું. દાસનો દાસ; ચાકરનો ચાકર; અત્યંત નમ્ર સેવક. પોતાનો નીચો દરજ્જો કે નમ્રતા તથા વિનયતા દેખાડવા આ શબ્દ વપરાય છે.

દાસિકા ૧. [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી.
૨. સ્ત્રી. વેશ્યા
૩. સ્ત્રી. સૂક્ષ્મ ધ્વનિની સ્ત્રી.

દાસી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાકજંઘા.
૨. સ્ત્રી. ગુલામડી; લૂંડી. ધન આપીને ખરીદેલી કન્યા જે સ્ત્રી હોય તે પત્ની કહેવાતી નથી અને તેની સાથે દેવ સબંધી યજ્ઞાદિ કાર્યમાં તથા પિતૃ સબંધી શ્રાદ્ધાદિ કર્મમાં પણ કામ આવતી નથી, તેમજ કન્યાપક્ષ ઋષિએ તેને દાસી કહી છે. આગળના વખતમાં યુદ્ધોમાં સ્ત્રી અને પુરુષો વેચાતા રાખવાની પ્રથા હતી. તેથી વેચાતી લીધેલ વસ્તુ જેમ પોતાની કહેવાય તેમ આવા વેચાતા લીધેલ માણસો પણ પોતાનાં ગણાતા અને તેમની પાસે ગમે તેવું કામ અને તેમનો ગમે તેવો ઉપયોગ થતો તેથી તેઓ દાસદાસી કહેવાતાં.
૩. સ્ત્રી ઘાવ, આના.
૪. સ્ત્રી. નોકરડી; ઓ નોકર; ચાકરડી
બૂના દાસી કિકરી, ઓ બાલી બાંભ,
રોમાલ અસ્ત્રિમ ચોકમા, કાઈ ઉપવસી કો રમ
ત્રિભુવનપ્રબોધ

૫. સ્ત્રી મચ્છીમારણ; ધીવર કે ખલાસની સ્ત્રી.
૬. સ્ત્રી. મહાભારતમાં જન્મુનેની એ નામની એક નદી.
૭. સ્ત્રી. રાખ.
૮. સ્ત્રી. વેદી.
૯ સ્ત્રી. વેશ્યા.
દાસી દારી સજિકા, બધા પુરુષની દોઈ;
રેખાષ્ટમા અમુકો, પુન્યવંતિકા સોઈ
ત્રિભુવનપ્રબોધ

દાસીકુર્દક [સં.] પું. એ નામની એક વનસ્પતિ; જુદા રંગનાં ફૂલનો ઝાડાસેન્ડિયો.

દાસીચોર [સં.] પું. દાસીને ચોરનાર માણસ.

દાસીજાયો પું. દાસીપુત્ર.

દાસીત્વ [સં.] ન. સેવકપણાનું કામ.

દાસીપદ [સં.] ન. ચાકરડીનું સ્થાન; દાસીનું પદ.

દાસીપુત્ર ૧. પું. કર્યું. લગ્ન પહેલાં ખરીદાયી તે ઉત્પન્ન થયેલ હોય તેને દાસીપુત્ર કહેતા.
૨. [સં.] પું દાસીનો દીકરો.
૩ પું. રખાતનો છોકરો; વેશ્યાનો પુત્ર.
૪. પું. વિદુરજી.

દાસીપો પું. ગુલામી.

દાસીસજ્ઞ [સં.] ન. દાસીઓની સજ્ઞા; દાસીઓનો સમૂહ.

દાસેય ૧. [સં.] પું. દાસીપુત્ર; દાસીને પેટ થયેલો પુત્ર.
૨. પું. ધીવર.
૩. પું. રખાતનો છોકરો.
૪. પું. બ્યાસ
૫. વિ. દાસીથી ઉત્પન્ન થયેલ.

દાસેયી ૧. [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી.
૨. સ્ત્રી. બ્યાસની માતા સત્યવતી.

દાસેર ૧ [સં.] પું. ઊંટ.
૨ પું. કોળી.
૩. પું દાસ.
૪. પું. દાસીપુત્ર.
૫ પું. ધીવર.
૬. પું. વાઘરી.
૭. પું ચંડાલ.

દાસેરક જુઓ દાસેર.

દાસેરી ૧. [સં.] સ્ત્રી. ઊંટડી.
૨ સ્ત્રી. કોળણ.
૩ સ્ત્રી. દાસી; ચાકરડી.
૪. સ્ત્રી. દાસીપુત્રી.
૫. સ્ત્રી. વાઘરણ.

દાસોડિયા (દાસોડિયા) ૧. સ્ત્રી. એ નામની કોળીની એક જાત.
૨ ન એ નામની જાતનું માણસ.
૩. વિ એ નામની જાતનું.

દાસોદ્ધાર [સં] પું. ગુલામોની મુક્તિ

દાસોડા ૧. પું બ વ. નોકરચાકર; ગુલામ
૨. પું બ વ હલકા દાસપક્ષના કામ
મારા બધા ખ સદારે. અત્યારે મારાથી વિમુખ
થઈ જવા પુત્રસ્નેહના દાસોડા કરે છે. મધુર

દારેત ૧ [ફા. દારત (તેનું રાખવું)] સ્ત્રી. ઉછેરવું તે; સભાળ, દરકાર.
૨ સ્ત્રી નિગાહ.
૩. સ્ત્રી. શુશ્રૂષા.

દારેત્વ પું. ગુલામી, દાસત્વ.

દારેના પું ગુલામી

દારેતાન ૧ સ્ત્રી વાર્તા; કથા; ઉપકથા.
૨ ન. અનાજ સંઘરવાનો ખંડ
૩ ન એક જાતનું વસ્ત્ર
૪. ન કિસ્સો; આખ્યાન; કહાણી, દૃષ્ટાંત
૫. ન. પેશાબ કરવાનું વાસણ
૬ ન. પોથુ
૭ [ફા] ન મોટી વાર્તાનું પુસ્તક; નવલકથા.
૮. ન. બહાનું; અડેપાસ.
૯ ન. સલાહ

દારેતાન ગો [ફા.] પું. વાર્તા કહેનાર; કથાકાર, વાર્તા કરનાર.

દારેતાન્દાર પું. દારતાનવાળો; કોઠારી; ભંડાર ઉપરનો માણસ

દાસ્ય ૧. ન. ગુલામગીરી; ગુલામી
૨. [સં] ન. દાસત્વ, દાસપણું; સેવા.
૩ ન. નવધા ભક્તિ માંહેનો એક પ્રકાર; ભગવાનનું દાસપણે ભજન કરવું તે.
૪. ન. પ્રેમની ચાર માંહેની એક દશા.
પ્રથમ દાસ્ય, પછી સખ્ય, ત્યારપછી વાત્સલ્ય
અને છેવટે મધુર ભાવનો મંદિરમાં આવો.
પ્રસ્થાન

દાસ્યભક્તિ [સં] સ્ત્રી નવ પ્રકારની ભક્તિમાંનો એક પ્રકાર: પોતાને ઈશ્વરના દાસ માનીને ભક્તિ કરવી તે. ભક્તિનું દાસપણું સ્વીકારવું તે.

દાસ્યમુક્ત [સં. દાસ્ય (ગુલામી) + મુક્ત (છૂટું)] વિ. ગુલામગીરીથી મુક્ત થયેલ.

દાસ્યમોચન [સં.] ન. ગુલામગીરીમાંથી છોડવું તે; ગુલામીમાંથી છૂટકો

દાસ્યવૃત્તિ [સં.] સ્ત્રી. ગુલામીપણું; ગુલામી માનસ.
મેલી દર પેઢીથી ચાલ્યા આવતા અનુક્રમમાં જે
દાસ્યવૃત્તિ પેદા થાય છે તે ગમે તેમ કરીને
દાબવા જ જોઈએ. ગાંધી

દાસ્યાસક્તિ [સં.] સ્ત્રી. ભક્તિની અનિવાર્ય મહત્તાની એક અવસ્થા.

દાસ્યા:પુત્ર [સં.] વિ. પું. રાંડનો. ગાળ દેવા આ શબ્દ વપરાય છે

દાસ્રા [સં.] ન. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.

દાસ્વંતી ન. જાસુદી.

દાહ ૧. પું. ઈર્ષ્યા.
દાહ રાખવો = અદેખાઈ રાખવી.
૨. પું. કઠોરીને લાગતી ભૂખ.
૩. [સં.] પું. ઘણી ગરમી લાગવી તે; ગરમીની અસર.
૪. પું. જંતરા; ખત.
૫. પું. તાપ; ગરમી.
૬. પું. દહન; બળવું તે; પ્રજ્વલન.
૭. પું. ઘાવ
દાહ પહો પારખને, સારે સરવે હરખા મત.
પ્રેમાનંદ
૮. પું. દાવાનળ.
૯. પું. દેવતા.
૧૦. પું. નનામી બાળવી તે; શબને બાળવું તે; અગ્નિસંસ્કાર
દાહ દેવો = અગ્નિદાહ આપવો.
૧૧. પું. શરીરમાં થતી બળતરા; અસન. તેમાં તરસ લાગે અને ઘણું સૂકાઈ જાય. દાહ થતા શરીરમાંનું લોહી બગડેલું હોય છે. દાહ શરીરના જુદા જુદા ભાગમાં થાય છે. હાથપગનાં તળીમાં, કપાળમાં, શરીરના ગમે તે ભાગમાં અને મળમૂત્રાદિકના માર્ગ વગેરેમાં પણ દાહ થાય છે. વાતરક્ત, મૂઢ અને ખસ વગેરે ત્વફ્રોગોમાં શરીરના અમુક ભાગમાં દાહ થયા કરે છે. કેટલીક જાતના જ્વરની અંદર તેમ જ જખમ થયા પછી તે જખમમાં તેમ જ ઝિલાયું વગેરે કોઈ કારણ બીજા તેમ જ અગ્નિ અડવાથી પણ થાય છે. વૈદ્યક મત પ્રમાણે દાહ પિત્તપ્રકોપથી થાય છે.
૧૨. પું. શોક; અત્યંત દુઃખ.
૧૩. ન. અગરનું એક જાતનું લાકડું.

દાહક ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. વિ. આસુરી.
૪. વિ. ઉગ્ર; તીક્ષ્ણ.
૫. વિ. તપાવનાર.
તપોધનો સાગર સાતિના છે,
રહે તેહમા દાહક ગૂઢ તેજ. નાનાલાલ
૬. વિ. દાહ કરે એવું; બળતરા ઉપજાવનાર.
૭. વિ. બાળનાર; બાળી મૂકે એવું.

દાહક અસ્ત્ર [સં. દાહક (બાળી નાખે એવું) + અસ્ત્ર (હથિયાર)] ન. યુદ્ધમાં ફાયદો આપવા એક હથિયાર. તેમાંથી બળતા તેલની પિચકારીઓ મારવામાં આવે છે. તે લશ્કર ૮૦ ફૂટ દૂર બળે છે.

દાહક ક્ષાર [સં. દાહક (બાળે એવું) + ક્ષાર (ખાર)] પું. બાળી નાખે એવો ક્ષાર.

દાહક જલખાર પું. એક જાતનો ક્ષાર; 'કોસ્ટિક પોટાશ.' આ ક્ષાર બધો જલદ છે. નામ પ્રમાણે એ દાહક છે, એટલે કપડાં ધોવામાં એકલો વાપર્યાથી કપડાં બળી જાય છે. તેટલા માટે ગરમી સાથે ભેળવી સાબુ બનાવવામાં તે વપરાય છે.

દાહકતા ૧. [સં.] સ્ત્રી. અગ્નિનો ગુણ; બાળવાપણું; ગરમી; બાળવાનો ગુણ.
૨. સ્ત્રી. એક જાતનો તાવ.

દાહકત્વ જુઓ દાહકતા.

દાહકર્મ [સં. દાહકર્મન્] ન. મડદાંને બાળવાની ક્રિયા; અગ્નિસંસ્કાર. શુદ્ધિતત્ત્વમાં દાહકર્મ માટે લખેલું છે કે: શબને પુત્રાદિ સ્મશાનમાં લઈ જઈ રાખે અને સ્નાન કરી પિંડદાન માટે અન્ન પકાવે. પછી મૃતકના શરીર ઉપર ઘી ચોપડી મંત્રપાઠ સાથે સ્નાન કરાવે, બીજા નવા કપડામાં તેને લપેટે અને આંખ, કાન, નાક, મોઢું એ સાત છિદ્રોમાં ચોખા ચોખા સોનું નાખે. આટલું થયા પછી અગ્નિ દેનાર જનોઈને જમણા ખભા ઉપર નાખી ડાબા ઘૂંટણને ટેકવીને ચિતામાં બેસે અને મંત્ર બોલી કુશ વડે એક રેખા ખેંચે. પછી તે રેખા ઉપર કુશ પાથરે અને જમણા હાથથી તલ સાથે જળપાત્ર લઈ મરનારનું નામ, ગોત્ર વગેરેનું ઉચ્ચારણ કરતો જળને કુશ ઉપર રેડે. તે પછી તલ સહિત પિંડ લઈ કુશ ઉપર નાખે. જ્યારે આટલું કામ થાય ત્યારે પુત્ર વગેરે ચિતા તૈયાર કરે અને મડદાને દક્ષિણ બાજુ માથું રાખીને સુવડાવે. સામવેદી હોય તે શબનું માથું ઉત્તર તરફ રાખે. પછી અગ્નિ મૂકનાર આગને હાથમાં લઈ ત્રણ પ્રદક્ષિણા કરે અને દક્ષિણ તરફ પોતાનું મુખ રાખી શબને માથા તરફથી આગ લગાડે. ત્યાર બાદ સાત લાકડીઓ હાથમાં લઈ સાત પ્રદક્ષિણા કરે અને પ્રત્યેક પ્રદક્ષિણામાં એક એક લાકડી ચિતામાં નાખતો જાય. જ્યારે શબ બળી જાય ત્યારે એક વાંસ લઈ ચિતા ઉપર સાત વાર પ્રહાર કરે, જેથી કપાળ ફૂટી જાય. આટલું કર્યા પછી તે ચિતા તરફ ન જુએ અને જઈને સ્નાન કરી લે.

દાહક લિપ [સં.] ન. બાળી નાખે તેવો ઝેરી પદાર્થ. જેમકે, ફોસ્ફર.

દાહક વસ્તુ [સં. દાહક (બળતરા કરે એવું) + વસ્તુ (ચૂનાનું)] પું. અસ્પષ્ટ સોજો તથા અંદર પીડા થાય એવું ચાંદુ. તે મટાડવા પોટાશ કે ગરમ પાણીનો ધાર આપવો. પછી દવાનો લેપ લગાવવો. પરુ પડીને પછી રોડવું અને પછી રૂઝ લાવવાના ઉપાય કરવા. મધ્યમાં છિદ્ર પડ્યા હોય તો કડવો લીમડો ને નગોડનાં પાન વાટીને તેનો લેપ કરવો.

દાહક સાજીખાર પું. એક જાતનો ક્ષાર; 'કોસ્ટિક સોડા.' આ ક્ષાર બધો તેજ હોવાથી કપડાં ધોવામાં એકલો વાપરવાથી કપડાં બળી જાય છે. તેથી તેને ચરબી સાથે ભેળવીને સાબુ બનાવાય છે

દાહકાષ્ઠ [સં.] ન. એક જાતનું અત્તર; બાળવાનું લાકડું.

દાહક્રિયા [સં.] સ્ત્રી. મડદું બાળવાની ક્રિયા; અગ્નિસંસ્કાર.

દાહઘ્ન [સં.] વિ. બળતરાનો નાશ કરનાર.

દાહચિહ્ન ૧. [સં] ન. દાઝની નિશાની.
દક્ષ મુનિના યજ્ઞાગ્નિનું દાહચિહ્ન દક્ષાવતો હોય.
ભારવી
૨. વિ. બધા કાળથી ચોટેલું.

દાહજ્વર ૧. [સં.] પું. પિત્તજન્ય જ્વર; પિત્તનો તાવ; ગરમીનો તાવ; બળતરા કરનારો તાવ. આ રોગ ૧૬ રોગમાં મોટામાં મોટો મનાય છે. તેમાં શરીર બળ્યું બળ્યું થયા કરે છે.
૨. પું. બળતરા; અંતરનો તાપ.

દાહડો (દાહડો) પું. દહાડો; દિવસ.

દાહદ [સં. દાહ + દા (આપવું)] વિ. બાળનાર; દાહ દેનાર; આગ લગાડનાર.

દાહદા [સં.] સ્ત્રી. નાગરવેલ.

દાહન ૧. [સં.] ન. બાળવું તે; દાઝવું તે.
૨. ન. રક્ષા કરવી તે.

દાહનાનુરો [સં.] ન. એક જાતનું અત્તર.

દાહબર્બું વિ. બળબળતું; ઊકળતું.
જ્યારે ગ્રીષ્મ પ્રખરની પ્રજ્વલિની દાહબર્બરી તૃષા, વર્ષાનાં અમૃત જળથી ઠરે છે, ત્યારે તેના ધરોમાંથી સુમધુર સુવાસ જન્મે છે. કૌમુદી

દાહભૂમિ [સં.] સ્ત્રી. સ્મશાન.

દાહમથ [સં.] વિ. પુષ્કળ દાહ કરનાર.

દાહર ૧. વિ દૂર કરનાર.
સામળો સબવાદી સાહર, મહા દુઃખ કેરા છો દાહર.
સામળ
૨. વિ. બાળનાર.

દાહરોગ [સં] પું. બળતરા. તેના બે પ્રકાર છે: અંતર્દાહ અને બાહ્યદાહ બીજી રીતે તેના પ્રકાર:

કેફજદાહ, રક્તપિત્તદાહ, રક્તદાહ, પિત્તદાહ, તૃષ્ણાદાહ, રક્તપૂર્ણોદરદાહ, ધાતુક્ષયદાહ, મર્મપ્રદેશદાહ.

દાહલી સ્ત્રી. દાતરડી.

દાહલેપ પું. બળતરા મટાડનાર લેપ.

દાહલો પું. દાતરડું.

દાહવું ૧. સ. ક્રિ. સળગાવવું; બરમ કરવું.
૨. સ. ક્રિ. સંતપ્ત કરવું; સંતાપવું; દુઃખ પહોંચાડવું.

દાહરાગન [સં.] ન. બળતરાનું લક્ષણ પડવું તે.

દાહરાગહ [સં.] વિ. બળતરા કરાવનાર. અંદરથી દાહને શમાવવાને ઠંડી દવાઓ આપી અને ઉપરથી ચોપડવાની પણ ઠંડી દવાઓ વાપરવી. શામક દવાઓ: એલચી, ચંદન, સરસડો, તાડમરિયાં, અત્તર, કેસર, ત્રિફળા, ધાણા, મજીઠ, રતાંજળી, વાળો, તાંદળજો, દાડમદાણા, ઘી, મોળાં.

દાહલર [સં.] પું. સ્મશાન.

દાહલર [સં.] વિ. તાપકર; ગરમીને દૂર કરનારું.

દાહલરજ ૧. [સં.] પું. સુગંધી વાળો; ખસ.
૨. ન. મોથ.
૩. વિ. દાહને દૂર કરનાર.

દાહા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ.
૨. પું. ખાલી દેખાવ; બનાવો.
૩. [હિં.] પું. બ. વ. તાજિયા; ડોલા.
૪. પું. બ વ. મોહરમ મહિનાના પહેલા દસ દિવસ. તેમાં ઇમામ હસન અને ઇમામ હુસેનનો શોક પાળવામાં આવે છે અને તેમની કબરોના નમૂનાઓને બદલે પાણીમાં ડૂબાડવા છે અને પછી દાટવામાં આવે છે.

દાહાત્મક [સં.] ન. એક જાતનું અત્તર. તે તીખું, ગરમ અને કડવું હોય છે, તથા પા, કફ, વાયુ અને વમન મટાડનાર, ચામડીનો રંગ સુધારનાર, કેશરોપક અને પિત્ત કરનાર મનાય છે.

દાહાડ (દાહાડ) ૧. સ્ત્રી ઊંટનો મોટો દાંત; દાઢ.
૨. ન. બગડું.

દાહાડે દાહાડે (દાહાડે દાડાડે) અ. દિનપ્રતિદિન; પ્રત્યેક દિવસે; દિવસે દિવસે.

દાહાડો (દાહાડો) ૧. પું. દિવસ.
દાહાડાવાળી = ગર્ભવતી.
૨. પું. મૃત્યુક્રિયા.
૩. પું. વખત.
દાહાડે વળવો = સુખના દિવસ દેખવા. સુધાન સાસુ મરે નહિ ને વહુને દાહાડો વળે નહિ.–દેવીદાસંગ્રહ

દાહાત્મક ૧. [સં.] વિ. દાહક ગુણવાળું.
૨. વિ. બાળનારું.

દાહાદિમક જુઓ દાહાત્મક.

દાહિકા [સં.] સ્ત્રી. સ્વાહાનું નામ.

દાહિણ ૧. સ્ત્રી. દક્ષિણ દિશા.
૨. [સં. દક્ષિણ-દાક્ષિણ-દાહિણ] વિ. જમણું; જમણી બાજુનું.
સૂર્યમલ્લ કાય માથે જેહ,
દાહિણ કર લેઈ આવે તેહ.
વસ્તુપાલ તેજપાલનો રાસ

દાહિણા [પ્રા.] સ્ત્રી. દક્ષિણ દિશા.

દાહિમ ૧. સ્ત્રી. (બ. વ.) વાઘિણની ઓરાડી માંહેની એ નામની એક જાત.
વામડીના કારંગણાય દાહિમ,
સોની સાથ મલાય.
સાબરવસમય
૨. ન. એ નામની જાતનું માવજ્ઞ.
૩. વિ. એ નામની જાતનું.

દાહિના ૧. [હિં.] વિ. અનુકૂળ; પ્રસન્ન.
૨. વિ. જમણું, જમણી તરફનું.
૩. વિ. દક્ષિણ; અપસવ્ય.

દાહિનાવર્ત્ત ૧. [સં.] વિ. એક પ્રકારનો શંખ
૨. વિ. પ્રદક્ષિણા

દાહિની વિ સ્ત્રી. (બ. વ.) જમણી.
જિહાં વાહિની દાહિની વડઉ,
જિહા હાથી નિમય ઘટ ઘડઉ. કાન્હડદે પ્રબંધ

દાહિને અ. જમણે.

દાહિમકુલાવંશ પું. (જૈન) એ નામનો એક ઉત્તમ વંશ.

દાહિમા ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દાહિમો જુઓ દાહિમા.

દાહી ૧. [બ.] વિ. દઝ.
૨. [સં. દાહિન્] વિ. બાળે એવું; બરમ કરનાર.

દાહીન [હિં.] સ્ત્રી. જમણી બાજુ.

દાહુ ન. બર્ફ કરવું; દેવું.

દાહોદી સ્ત્રી. એક જાતની મકાઈ.

દાહ્યો ૧. સ્ત્રી. બળતરા; દાહ; આગ.
દાહ્યો ઠરિયા બદી થાયે હોય મટો દાહ્યનો.
અખાસંગ્રહ
૨. વિ. જરૂર સળગી ઊઠે તેવું; દહનશીલ.
૩. [સં.] વિ. બાળવા જેવું; બાળવા યોગ્ય.
૪. વિ. બાળી નાખે એવું.

દાળ ૧. સ્ત્રી. ઉંડામાંનો પીગ્રો માવા જેવો પદાર્થ; ઉંડાની બરદાશ; ઉંડામાંની દાળ; બોડપિત્ત.
૨. [સં. દલ્ (ભાગ કરવા)] સ્ત્રી. કઠોળના કચ્ચામાંના બે ભાઠેનું ઓક ઓક જુદું પડેલું પડ; દિવ્ય કઠોળને બરડીને તેનાં જુદાં પાડેલાં પડ, દળ કે દાડ.
૧. આખા દાળ = (૧) ખોરાક; ગુજરાન. (૨) ઓટ અને દાળ.
૨. કચ્ચાની દાળ કરવી = મૂખાઈભર્યું કામ કરવું; ભૂલ કરવી.
૩. દાળ ઓરવી = (૧) આજીવિકા મેળવવી. (૨) આખા ઊભેલા પાકમાં તેમાં દાળ નાખવી. (૩) રસોઈની શરૂઆત કરવી.
૪. દાળ પાડવી = કઠોળને બરડી તેની દાળ કે દળ જુદાં કરવાં.
૩. સ્ત્રી. જમીનમાં ઉપર બળતું પડ; ભોડું; ભિત્તું; બળિયા કે સેંદરના કણોવાળા ઉપરનું સુકાયેલું ભોડું.
૪. સ્ત્રી. બળવરનું ઢોળું.
૫. સ્ત્રી તુવર, અડદ, મગ, વાલ, મઠ્ઠ વગેરેની પાતળા કે ઘાટા રૂપમાં બનતી યોગ્ય વસ્તુ; કઠોળનાં દાડિયાની બનાવેલ દળદર, મસાલા સાથે પાણીમાં ઉકાળેલ વાની.
૧. દીવી દાળ બનાવવી = પોચું; નિર્બળ.
૨. દાળ ગળવી = (૧) ધમ્મ પૂર્ણ થવું; પાર્યું કામ સિદ્ધ થવું. (૨) એક સાથે મળી જવું. (૩) દાળ સારી રીતે પાકીને નરમ થવી. (૪) દનેકમંદ થવું
૩. દાળ ચડવી = (૧) એકસાથે મળી જવું. (૨) દાળ સારી રીતે પાકીને નરમ થવી.
૪. દાળ ચડે તે પાણીએ ચોઢવવી = જે રીતે કામ થતું હોય તે રીતે કરી લેવું.
૫. દાળ દાબવી = મિજબાન જવો.
૬. દાળ પરખાવવી = દાળમાં પાણી રેડવું.
૭. દાળ બગડી તેનો વરો બગડ્યો ને બૈરી બગડી તેનો ભવ બગડ્યો = વરાના જોજનમાં દાળ જો બગડે તો બધી રસોઈની કીમત જતી રહે, તેવી જ રીતે બૈરી બરાબર હોય તેની જિંદગી બગડે.
૮. દાળમાં કાળું = (૧) કંઈ બહાર ન પડાય એવું કપટ. (૨) બરાબર વાત. (૩) ગોટાળો. (૪) ચારિત્રમાં ખામી. (૫) ભૂલભરેલું કૃત્ય. (૬) વાતમાં ભેદ હોવો.
૯. દાળમાં નાખવું = નિરર્થક સળી મૂકવું.

૧૦. ઠે દાળમાં પાણી = ધાર્યા કરતાં વધારે માણસો જમવામાં ભેગાં થઈ જવા ત્યારે દાળમા પાણી ઉમેરી દરેકને પૂરા પાડવી. પંડ્યો કહે પંડ્યાણીને, સૂણ મારી વાણી; પાંચમાંથી પદર થયા, ઠે દાળમાં પાણી - ત્રિભુઆર્ઢ

૧૧. પાતળી દાળના ખાનેવાલા = નબળો માણસ, વ.ભિખો.

દાળચીની ન. એક જાતનું ઝાડ.

દાળચોળાં ન. બ. વ. દાળિયા જાતની સાઢીઓ.

જોયા અમે નાગરી નાલ, ખાધુ ઢોલેઠોળાં;
મુખ મરડી કરે વાત, આપશે દાળચોળાં
પ્રેમાનંદ

દાળઢોકળી સ્ત્રી. દાળમાં જ બનેલા નાના તિકડનુ ખાણ.

દાળદર ૧. ન. ગરીબાઈ; દરિદ્રતા; ગરીબી.
૨. ન. દુઃખ, ભૂખ ને આળસ.

દાળદરી વિ. આળસુ

દાળભાજી સ્ત્રી. સાદો ખોરાક.

દાળભાત ૧. પું. ગુજરાત; આર્યાવર્ત.
૨. પું દાળ અને ભોખા.
૩. પું. દાળ ભોખાનુ જમણ.

દાળભાતખાઉ વિ. હલકો ખોરાક ખાનાર; કમતાકાત. બીજા વર્ગ માટે આ શબ્દ વપરાય છે.

દાળમશાલી સ્ત્રી. ખાવાની મસાલાવાળી તળેલા દાળ.

દાળમસાલી જુઓ દાળમશાલી.

દાળમૂઠ સ્ત્રી. સંયુક્ત પ્રાંતમાં થતી એ નામની મસાલેદાર તીખી તમતમતી વાની.

દાળરોટલો ૧. પું. દાળ અને રોટલો.
૨ પું સાદું જમણ

દાળરોટી ૧. સ્ત્રી. આજીવિકા; નિર્વાહ; પોષણ.
૨ સ્ત્રી દાળ અને રોટી; દાળ અને રોટલીનુ ખાણું.

દાળિયા ૧. પું બ વ. શેકેલા ફોતરાં વિનાના ચણા; છોડાં વિનાના શેકેલા ચણા; શેકેલી દાળના પોંખા કણ; શેકેલા ચણાની દાળ.

૧. દાળિયા કરવા = બેઆબરૂ કરવી.
૨. દાળિયા ખાવા = કઈ ન વળવું.
૩. દાળિયા ફાકવા = નિષ્ફળતા સમજવી.
૪ દાળિયાનું ઝાડ = અડતાળ બપોરિયો. અડતાળ બપોરિયાનાં ફળનો સ્વાદ દાળિયા જેવો ફરસો હોવાથી તેને દાળિયાનું ઝાડ કહે છે

૫. દુઃખના દાળિયા = બહુ દુઃખ પામવું
૨. સ્ત્રી. એ નામની કપાસની એક જાત.
૩. સ્ત્રી. સાદાની એક જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫ ન. જોડિયાથી વાલ્વે ૧૦ માઇલ દૂર આવેલું એ નામનુ ગામ. ત્યા દાળેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ મંદિર છે.
૬. વિ. એ નામની જાતનુ.

દાળિયાઝરમર સ્ત્રી. એ નામનો ડોકનો એક દાગીનો.

દાળિયાભાર વિ. દાળિયાના દાણાના વજન જેટલુ

દાળિયાવાડ (દાળિયાવાડ) સ્ત્રી. દાળિયાની જ્યાં દુકાનો હોય તેવો સ્થળો.

દાળિયું વિ. દાળખાઉ; દાળનું સવાદિયું; દાળનું શોખીન; જેને બીજી બધી વસ્તુઓ કરતાં દાળ વધારે ભાવતી હોય એવુ.

દાળિયો ૧. પું એક જાતનો છોડ. જેનાં પાન નાના અને પહોળા, ફૂલ નાનાં ને રાતા રંગના આવે છે. તેમાં પા ઈંચ લાંબી પાતળી સિંગ આવે છે. તેમાં રાતાં નાનાં બી હોય છે. તેનાં મૂળ દવાના કામમાં આવે છે
૨. પું. કઠોળની શેકેલી છોડાં રહિત દાળ.
૩. પું. દાળ બનાવનારો કે વેચનારો માણસ, દાળનો વેપાર કરનારો પુરુષ.
૪. વિ પું. દાળનો સવાદિયો.

દાળોદ પું કોળાનો ભરડો.

દાળોવાડો ૧. પું. ધૂળધાણી; ખેદાનમેદાન; સત્યાનો નાશ; ઘાઢ; મહાવિનાશ; પ્રચંડ રમખાણ; મહા ઊથલપાથલ.

દાળોવાડો થઈ જવો = મહાવિનાશ થઈ જવો; નખોદ નીકળી જવું.

૨. વિ. વેરણછેરણ; છિન્નભિન્ન.

દાં [સં.] વિ. બનાવનાર.

દાંએ ૧. સ્ત્રી. બળદોમાંનો દુઃખમાં રહેલો બળદ.
૨. [હિ.] સ્ત્રી. બળદોથી હાલકી કરવું તે.

દાંક [હિ.] સ્ત્રી કોઈ પ્રાણીનો બીહડ સ્વર; ત્રાડ.

દાંકવું અ. ક્રિ. ત્રાડ કરવી.

દાંખી અ. વાર.

દાંગ ૧. [હિ.] પું. દાણાની કુંડી.
૨ સ્ત્રી. ૭ રતીનો તોલ.
૩. સ્ત્રી. છડો બાર.
૪. સ્ત્રી. છાતીનું વજન.
૫ સ્ત્રી. ટેકરી; શિખર; ટોચ.
૬ સ્ત્રી દિશા.
૭. સ્ત્રી. નમાડું; ડંગો.

દાંગર [હિ.] વિ ખાનગું; ગ્રીક્યું.

દાંગી ૧. સ્ત્રી કુદેલા રજપૂતની એક જાત.
૨. ન. એ નામની જાતનુ માણસ
૩. વિ એ નામની જાતનુ.

દાંગો પું તોફાન; મારામારી.

દાંજ [હિ.] સ્ત્રી. બરાબરી, સમતાઇ તોલ.

દાંડલ [હિ.] પું. ઘડ.

દાંડા ૧. પું બ. વ ઝપાટા
૨. પુ બ વ સુકાયેલા મૂળિયાં.
૩. પું બ વ. હલકો માલ.

દાંડિયા ન. કારણપૂર્વક કામ ન કરવું તે દિવસદાઢી

દાંડ ૧. પું ન પરણેલો પુરુષ; વાંઢો.
૨. પું. નાગો માણસ.
૩. સ્ત્રી. એક જાતનો સદ.
૪. વિ પું ડંડાથી કામ લેનાર; લાંઠ.
૫. વિ.પુ. ડાઢ, ઠગ, રાઠ, લબાડ
૬ વિ પું દરકાર વિનાનો.
૭. વિ પું. બેમગજા; અસભ્ય; ઉદ્ધત.
૮. વિ.પું. વાઢો; નહિ પરણેલો; નહિકરો.

દાંડિક [સં] પું. એ નામે એક આકુપેક્ટની સંજ્ઞા.

(૧) શૂન્ય, (૨) કામનિ, (૩-૮) ત્રિગર્તમય (કૌબ્જોપરમ, દાંડિક મૈથુનિ, બલમાનિ, આલક્ષ્ય અને બનધિ). (૯) રૌદ્રિમ અને બીજાઓ. (૧૦) પૂર્વે અને બીજાઓ. પ.ભિખિ આ સમજાને આકુપેક્ટની સંજ્ઞા કહે છે. દિદુરાજ્યવ્યવસ્થા

દાંડકી સ્ત્રી. તાણાને ખેંચવા માટે તેની સાથે કોરડું બાંધી સહાય તે માટે તાણાને છેડે રાખેલી લાકડી

દાંડકી સાથે કોરડું બાંધવામાં આવે છે.
દાદાભાઇ

દાંડકચ ૧. પું. એ નામનો એક વંશ
૨. પું. એ નામનો ઓજવકનો એક રાજા. બ્રાહ્મણ કન્યા ઉપર બળાત્કાર કરવા જતા તે સહકુટુંબ નાશ પામ્યો હતો એમ મનાય છે.

દાંડકચ ભોજ કામથી બ્રાહ્મણ કન્યા ઉપર આસક્ત થતા બાવાતો અને રાજ્ય સાથે નાશ પામ્યો. પુરાતત્ત્વ

દાંડગાઈ સ્ત્રી દાંડપણું; નાગાઈ; લાંદાઈ; દાંડપણું.

દાંડગી જુઓ દાંડગાઈ.

દાંડપટ્ટા પું. એ નામની એક રમત.

દાંડપાશિક [સં.] પું. પુરાણ્યા; કોટવાળ.

દાંડલી ૧. સ્ત્રી. પોતીના બે જુદા કકડા સાંધી બનાવેલ બનિયુ.
૨. સ્ત્રી પાતળી નાલ.

૩. સ્ત્રી. વાળી કે વેઢલાનો પાતળો ભાગ.

ડાંડવાં ન. બ. ક. ઓરણી અને દાંતાની વચ્ચે રહેતી લાકડાની અથવા પિત્તળની પોલી નળી.

ડાંડવું ૧. ન. વાવણી કરવાની ઓરણી નીચેના ત્રણ માંહેનો દરેક પોલો વાંસ. તે ડાંડવા ધાતુનાં પણ હોય છે.

૨. [સં. દણ્ડ] સ. ક્રિ. દંડ દેવો; સજા કરવી.

ડાંડા પું જ ક. સોટા.

ડાંડાઈ સ્ત્રી. ડાંડપણું; નાગાઈ; લાગાઈ; ડાંડપણું.

ડાંડાજિનિક [સં., પું. વૈષ્ણવ.રી સાધુ; સાધુના વેશમા ઉતરનાર અ.દમી

ડાંડિક [સં] પું. જલ્લાદ.

ડાંડિયારાસ પું ડાંડિયા વગાડતાં વગાડતાં ગોળ ચક્કર ફરીને લેવાતો રાસ; ડાંડિયા સાથેનો રાસ; ડાંડિયાથી રમવાનો રાસ.

ડાંડિયું ૧. ન ખોતિયું કે લૂગડું જાણે જતા વચમાંથી ફાડી બે ઉભા સાથે સાંધી બનાવેલ ખોતિયું.

૨. વિ. બમની; ઢડીયું.

ડાંડિયો ૧. પું. ડાંડિયો; લુચ્ચો; દોંગો; ડાંડાઈ કરનારો માણસ.

૧. ડાંડિયા કરવા = કામ કરવામાં છટ ન રાખવો.

૨. ડાંડિયા ટોળું = લુચ્ચાઓનો સમૂહ.

૨. પું. કજીઆના સગામાં પાનશાં સાથે સંબંધ રાખતો ઢંઢો.

૩. પું ડાંડી અને નાનું ઢોલકું લઈ રાતે વગાડતો અને ચોકી કરતો માણસ; રોન કરનારો માણસ.

૪. પું. બોર્ડિંગની રમતમાં બોર્ડિંગ ઉઠાવવાની લાકડાની નાની લાકડી.

૫. પું. લાકડી; નાનો પાતળો ડંડો.

૧. ડાંડિયે રમવું = હાથમાં લાકડી રાખી દાવ કરવું.

૨. ડાંડિયો ઊડ્યો = મારામારી થઈ.

૬. પું. ઢાઢો; અપરિચિત માણસ.

૭. ન એ નામનું કવિ નર્મદનું સુરતનું એક વખત ચાલતું છાપું.

૮ વિ. ડાંડી પીટનાર; ઢંઢેરો પીટનાર.

ડાંડી ૧. પું. હલેસાં મારનાર માણસ.

૨ સ્ત્રી. ઘોડિયાની આડી લાકડી. તેની નીચે ખોબો દોર છે.

૩. સ્ત્રી જાહેરખબર; પ્રસિદ્ધિ; સૂચના.

૪. સ્ત્રી. ડાંડી; નાનો ડંડો; નાની લાકડી, દાંડો કે દંડો.

૫. સ્ત્રી. ઢંઢેરો; જાહેરાત.

૬ ડાંડી પીટનાર માણસ = (૧) બાબી, ઢોલ વગેરે વગાડી જાહેરાત આપનાર માણસ. (૨) પક્ષકાર.

૨. ડાંડી પિટાવવી-પીટવી = જાહેર કરવું

૬. સ્ત્રી. તંતુવાદ્યના તુંબડા ઉપરનો લાંબો ભાગ

૭. સ્ત્રી. ગાજવાની ડાંડી. જેને બે છેડે ગાજવાનાં પલ્લા બાંધ્યા છે તે લાકડી.

દાંડી ચડાવવી = વસ્તુઓનું લેવા દેવાને ગાજવાના પલ્લાની દોરી કે સાંકળી લાકડી ઉપર ચડાવવી.

૮. સ્ત્રી. દાંડિયાથી વગાડવાનું એક વાદ્ય; નાના દંડથી વગાડાય એવી ધાતુની ઘડિભાગ કે વાળી, ઢોલકી.

૯. સ્ત્રી. દીવાદાંડી.

૧૦. સ્ત્રી. દીંડુ.

૧૧. સ્ત્રી નાટકની રસીવી પટ્ટી; નાટકની સીવી કિનારી કે પટ્ટર.

૧૨. સ્ત્રી પાલખી.

કહાર ડાંડી લઈ રખાની કું ઊતરી પડ્યો.
પ્રવાસનાં સંસ્મરણો

૧૩. સ્ત્રી. પીંજણનો એક ભાગ.

૧૪. સ્ત્રી. વહાણને નિશાની જણાવવા ઊંચી ટેકરી ઉપર રોપી રાખેલું લાકડું.

૧૫. સ્ત્રી. સગી.

ડાંડી અને ઝાડૂ સ્ત્રી. એક જાતની રમત. ડાંડીની બંગાઈ રમનારની ઉમરના પ્રમાણમાં રમાય છે. બે ટૂંકી સપાટામાં આવે તો હાથમાં લાગી જવાનો સંભવ રહે છે. ડાંડીએ રમવામાં જો વાસની સમજ સાથે હોય તો રમનારને ઉમંગ થો છે અને કટાળો આવતો નથી. વાઘોમાં તબલાં, પેટી, હિલરુના, બંસી, પાવો કે ઝીંક હોય અથવા પડઘમ, વાંસળી વગેરે હોય તોપણ ચાલે. વાદ્યથી બાળકોને તાલ તેમજ સૂરથી સારું જ્ઞાન મળી શકે છે. ડાંડીએ રમતાં જુદાં જુદાં પદ બોલીને ડાંડિયો મારવાનો રિવાજ છે. આથી બાળકોને આનંદ આવે છે અને તેની સાથે બોધ પણ મળે છે. આ રમત મોટે ભાગે કે સાંજનો વખત અનુકૂળ હવે સવારની નિરાળી હોય તો શરમાતમાં અને બપોરની હોય તો ઊંડા ઓરડામાં તેને માટે સમય રાખવો જોઈએ. શિક્ષકની પાસે બિસોટી હોવા જોઈએ. તેનો ઉપયોગ રમતની શરૂઆત તથા બંધ કરવા માટે કરવો જોઈએ. રમનારની સંખ્યા બેકોની હોવી જોઈએ. શિક્ષકને તાલ, સૂર, ડાંડીની રમતનું સારું જ્ઞાન હોવું જોઈએ. બાળકોને કટાળો ન આવે તેવી રીતે શીખવવાની કળા તેને આવડવી જોઈએ. વળી શિક્ષકની પાસની બાળકોને ન લાગે પણ તેના હાથ નીચે કામ કરવામાં બાળકોને આનંદ અને છૂટાપણું લાગે તેવું તેનું વર્તન હોવું જોઈએ. તેની સાથે શિક્ષક પૂર્ણ શિસ્ત પાળનાર અને રાખનાર હોવો જોઈએ કે બાળકો પણ તેજ પ્રમાણે કેળવાય. આ રમતમાં મહેનત બહુ પડે છે, માટે બાળકો બહુ થાકી ન જાય તેનું શિક્ષકે લક્ષ રાખવું જોઈએ. આ રમત શીખવત. શિક્ષકે પ્રથમ એક, બે, ત્રણ, ચાર એમ બોલીને દરેક એક સાથે કઈ ક્રિયા કરવી. પમ કેમ ગોઠવવા, કોણ કેમ મારવા, અંગવિક્ષેપ કેમ કરવો વગેરે બાબતો બરાબર સમજાવવી અને જરૂર પડયે બાળકોને કરીને પણ બતાવવી જોઈએ. વર્તુળમાં બાળકોનાં એકબેકનાં સામસામાં મોઢા રખાવીને પછી રમત શરૂ કરાવવી

ડાંડીગર પું. ડાંડી પીટનાર માણસ.

ડાંડીતુલ્લા સ્ત્રી. ડાંડીવાળું વાદ્ય

ડાંડીરક્ષક પું. ક્રિકેટની રમતમાં વપરાતી ડાંડી પકડવા ઊભેલ ખેલાડી; 'વિકેટ કીપર.'

ડાંડૂ પું. રમવાનો દંડો.

ડાંડેકર ૧. સ્ત્રી. એ નામની દક્ષિણીની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું

ડાંડો ૧. પું. ઝાડ પકડવાનો હાથો.

૨. [સં. દંડ (શિક્ષા કરવી)] પું. લાંબો દંડો. ઘોડાનો કે લાકડાનો દંડો.

૧. ડાંડા ચલાવવા = ચોરી કરવાના રસ્તા શોધી કાઢવા.

૨. ડાંડે પકડવો = દુરાગ્રહમા આગ્રહ મક્કમ કરવો. મિત્રમિત્રોની આબરૂને વળગી રહેવું.

૩. ડાંડો હલાવવો = (૧) ખોટી વસ્તુને સાચી તરીકે જોવા (૨) અવસ્થા કરવી; દોર્યું સરવાના આનંદવાન તરીકે ઊજવા રહેવું. (૩) રવનંમ. જાણે કેમ માનવું

૩ પું ઝાડનો ડાળ, પાન વગરનો ભાગ.

૪. પું દસ્તો. પત્તર્ઝ, ખાડણીનું નાનું લાંબું દંડ કે લાકડાનું મુસળ.

૫. પું. નદીના મુખ આગળનું ઝાડું.

રેતીનો ડાંડો = રેતીની કિનારી.

૬. પું પકડવાનો હાથો; હથિયા ઝાલવાનો દંડૂકો.

૭. પું. પાલખી વગેરેનું ઝાલવા નીકળતું લાકડું; હાથો, ખટાર નીકળેલો દાંત જેવો ભાગ, દાંતો.

૮. પું કપડાંનો, ચરખો.

૯. પું. લાંબા વગરનો ખુબારનો ઘોડ.

૧૦. કું. વસ્તુને ઊંચકવાને તેનો બહાર નીકળતો ભાગ.

દાંડ ૧. જી. કેડ.

૨. જી. પટો.

૩. જી. વચલો ભાગ.

દાંણ્ડી જી. દોડવા માટેનું પત્ર.
બહવાડ ન આવ તો સૌને રૂડું,
તો રહે દૂખ, દાંડી ને દાંણ્ડી. સામળ

દાંત ૧. કું હાંસડીનો ફણો.

૨ [સં દંત] કું. ખોરાક ચાવવાનો શ્રીપૃષ્ઠીના મોંમાંનો હાડકાનો દાંતો કે ખીલો; મોંદામાં અનાજ ચાવવાનાં દોઢની પાછળ આવેલાં પોણાં આકરે અત્રીશ જેટલાં નાનાં હાડકાંમાંનું દરેક; દંત. તેના ત્રણ પ્રકાર છે: (૧) રાજદત, (૨) કુમુસ્દત અને (૩) દાઢ. ભક્ષ્ય કાપવાના, ચીરવાના અને ચાવવાના દાંત. મનુષ્ય તેમ જ ભક્ષ્યને ખવરાવનાર પ્રાણીના દાંત પેઢાં અને જડબાના આસમાં લાગેલા હોય છે. માછલાં અને પેટે ચાલનાર પ્રાણીઓમાં દાંત માત્ર જડબામાં નથી હોતા પણ તાળવામાં પણ હોય છે. પક્ષીઓને દાંત હોતા નથી. તેઓમાં દાંતનું કામ ચાંચ કરે છે. કેટલાક કૃમિને આંતરડામાં અને કેટલાકને અન્નનળના કોઈ સ્થાનમાં દાંત હોઈ શકે છે. કરચલા, ગિંડા, માછલી વગેરેને પેટમાં દાંત હોય છે. મનુષ્યમાં દંતાવલી પૂર્ણ હોય છે. બેએકીસ કે બારીસ વરસની ઉમરે જ્યારે બેલ્લી દાઢ બેટલે કે અક્કલની દાઢ નીકળે છે ત્યારે બત્રીશ દાંત પૂરા થાય છે. ખવરાવનારાં પ્રાણીઓને બેવાર દાંત આવે છે. પહેલાં અભક્ષ્યમાં દુધિયા દાંત નીકળે છે તે પડી જાય છે અને પછી સ્થાયી દાંત નીકળે છે. દુધિયા દાંત અને સ્થાયી દાંતની સંખ્યા તથા આકારમાં ફેર હોય છે. મનુષ્યના બચ્ચામાં દુધિયા દાંત ૨૦ હોય છે. સાપ વગેરે ઝેરી જનુઓના દાંતની અંદર બોક નળી હોય છે, જેનાથી ઝેરની કોથળીમાંથી ઝેર બહાર આવે છે. હાથીને ચાવવાના અંદર અને કાઢવાના દાંત બહાર હોય છે.

૧. આનને ને દાંતને વેર = ખાવાપીવાના વાંધા; અત્યંત દીન અવસ્થા.

૨. આંસને ને દાંતને વેર હોવું – બહુ જ મરીબાઈ હોવી; બાવાનાં સાંસાં પડવાં; ઘણી જ કંગાળ સ્થિતિ હોવી.

૩. જેના ગયા દાંત, તેના ગયા સોબે સ્વાદ = દાંત પડી ગયા પછી ચવાતું નથી એટલે ભોજનના સ્વાદની મજા બરાબર લઈ શકાતી નથી.

૪. દાંત આંબવા = (૧) બટાસથી દાંત નરમ પડી જવા; ખોરાક ન ચવાય એવા દાંત થઈ જવા. (૨) પસ્તાવો થવો. (૩) હારી જવું; પાણા પડવું.

૫. દાંત આપ્યા છે તે ચાવવું આપશે જ = ઈશ્વર આપણો નિર્વાહ ચલાવશે એવી દૃઢ શ્રદ્ધા હોવી.

૬. દાંત આવવા-ફૂટવા = (૧) નવા દાંત આવવા આંકવા. (૨) બોલવાનું કૌવ આવવું; સામા થવાનું બળ આવવું. (૩) ઉસવું આવવું.

૭. દાંત ઉપર દરવા અને મડદા ઉપર મિટ્ટી = નહિ કરવાનું હોય ત્યાં મોટું કામ કરવું ને કરવા જેવું હોય ત્યાં કાંઈ નહિ કરવું.

૮. દાંત ઊગવા = (૧) દાંત આવવા. (૨) સામા થવાનું બળ આવવું. (૩) ઉસવું આવવું.

૯. દાંત ઊગ્યા-ઊપડ્યા = દાંત બેસવા.

૧૦. દાંત કઢાવવા-કઢાવવા = (૧) ગુસ્સાનો અભિનય કરવો; કોનો દેખાડવા. (૨) બધી જ દાઢ બાજવાથી દાંત બોખીબાજ સાથે અથડાવવા. (૩) રોગને લીધે દાંત કઢરડવા.

૧૧. દાંત કકરાવવા = ખાવા માટે તલપી રહેવું; કોઈ જમવાનું નોતરું આપે તેની રાહ જોઈને રહેવું.

૧૨. દાંત કકડવા = (૧) ઊંઘમાં દાંતથી અવાજ કરવો. કૃમિના રોગવાળા ઊંઘમાં દાંત કકડે છે. (૨) બધી જ દાઢ બાજવી; ક્રૂજ આવવી.

૧૩. દાંત કરડવા = (૧) આવા થઈ જવું; હતાશ થવું; અસમર્થતાને અનુભવવું (૨) કરમની બાબતી ચૂકવી. (૩) હાથ આવી. (૪) હાર આવવાથી થોમેલું કામ પડતું મૂકવું.

૧૪. દાંત કાઢવા = (૧) ઉંદરોવું; બડાવું. (૨) જબરજસ્તી કે આવાની ઊભેદ રાખવી.

૧૫. દાંત કાટી રોટી = બહુ મિત્રાચારી.

૧૬. દાંત કાઢવા = (૧) દાંત બેસી કાઢવા. (૨) દાંતિમાં કરવાં; બીવવું; બિવરાવવું. (૩) હસવું; બોટેથી હસવું.

૧૭. દાંત કિચકિચાવવા = દાંત કચકચાવવા; દાંત પીસવા.

૧૮. દાંત કિટકિટાવવા = બહુ ગુસ્સે થવું; ક્રોધથી દાંત પીસવા.

૧૯. દાંત ખાટા કરવા = (૧) અદેખાઈ જેવા કરવી. (૨) દાંત બંધાઈ જવા. (૩) નાસીપાસ કરવું. (૪) હરાવવું; પસ્તાવો કરે એવી સ્થિતિએ પહોંચાડવું; જગદીન કરી નાખવું.

૨૦. દાંત ખીલી બેસવી = વાર્ધ અવસ્થા દેખરાંથી દાંત બંધાઈ જવા.

૨૧. દાંત ચઢવા = (૧) અદેખાઈ ઉત્પન્ન કરવી. (૨) સાપ લેવો.

૨૨. દાંત ચાવવા ને જુદા અને બતાવવાના જુદા = પેટમાં કપટ હોવું; બોલવું મીઠું મીઠું ને કરવું કાંઈક જુદું જ; બહારથી બતાવવાનું બીજું ને પોતે કરવાનું બીજું. હાથીના દાંત ચાવવાના અને બહારના દેખાડવાના જુદા જુદા હોય છે તે ઉપરથી બોલાય છે.

૨૩. દાંત જડવા = દાંત બેસાડવા.

૨૪. દાંત જોવા = ઘોડા, બળદ વગેરેની ઉમર બાબતમાં માટે તેના દાંત જોવા.

૨૫. દાંત ટિટિયારો કરવો = (૧) ક્રોધ કરવો. (૨) બીજવાને ઇશારો કરવો; નકામું લાવ્યા કરવું.

૨૬. દાંત ઠોકિયા = સામસામે વખતોવખત દાંત કાઢવા તે.

૨૭. દાંત ડહાપણનો = પચીસ વર્ષની આસપાસ ફૂટતો છેલ્લો દાંત.

૨૮. દાંત તૂટવા = (૧) પડપણ આવવું. (૨) દાંત પડવા.

૨૯. દાંત તોડવા = (૧) હરાવવું; સામર્થ્ય હરી લેવું. (૨) હેરાન કરવું.

૩૦. દાંત તોડી પાડવા = દાંત ભાંગી નાખવા.

૩૧. દાંત દેખાડવા = (૧) કોર્યું કહેલું હસી કાઢવું; ન ગણકારવું; ઉડાવવું. (૨) ચીડિયાં કરવાં. (૩) હરાવવું. (૪) વખતસર કરવાને સોપેલું કામ નહિ થઈ રહ્યાથી મોં બિકારીને બેસી રહેવું; અનાવડ કાંઈક દેખાડવી. (૫) હસવું; દાંત કાઢવા; બડબડ હસવું; ચારી પૈકે દાંત બહાર દેખાય તેમ હસવું.

૩૨. દાંત ન ચોખાવવા = દાંતે અડાબ્ય વસ્તુ ગળી જવું.

૩૩. દાંત નીકળવા-કાઢવા = (૧) કોર્ધને દાંત બતાવવા. (૨) મરીબાઈ બતાવવી. (૩) ખુશામદ કરવી. (૪) બચ્ચાને દાંત આવવા.

૩૪. દાંત ને જીભ = ઘાટો સબંધ.

૩૫. દાંત પડવા = (૧) દાંત તૂટીને નીકળી પડવા. (૨) હાર બાબતમાં કરમની બાબતી થવી; નરમ પડી જવું; નાઉમેદ થઈ જવું.

૩૬. દાંત પર ન રાખવું = બહુ બાદુ બાબતું; બટાસને લીધે દાંતથી સહન ન થવું.

૩૭. દાંત પર મેલ ન હોવો = મરીબ સ્થિતિમાં હોવું.

૩૮. દાંત પર રાખવું = બાબવું; મોંમાં નાખવું.

૩૯. દાંત પર હોવું = દાંત બહાર બાબતા હોય એવી અવસ્થા ઉપર પહોંચવું.

૪૦. દાંત પહેલા કે જીભ ? = વધારે નજીકના સબંધવાળું કોણ? નજીકનો સબંધી હોવાનું કહેતા આ પ્રયોગ વપરાય છે.

૪૧. દાંત પાડવા = (૧) નિરાશ કરવું. (૨) બોલવાની હિંમત આવવી. (૩) ઠરાવવું.
૪૨. દાંત પીસવા-ભીંસવા = બહુ ગુસ્સે થવું; ઢાંક દેખાડવી; ગુસ્સો કરવો.
૪૩. દાંત પેટમાં હોવા = (૧) મનમાં કપટ, કિન્નો કે વેર હોવું. (૨) શૌર્ય, ગુસ્સો કે ત્રાગ હોવું.
૪૪. દાંત બજવા = (૧) દાંત કચકચાવવા. (૨) બખેડો કે ટંટો કરવો.
૪૫. દાંત બંધાવવા = હલતા દાંતને તારથી મજબૂત કરાવવા.
૪૬. દાંત બંધાવા = વાયુભ્રમ, વાઈ કે મૂર્છાને લીધે કાંઈ નહિ કહી શકવું; દાંત બંધાઈ જવા; દાંતનું ખિંચાઈ જવું
૪૭. દાંત બેસવા = (૧) કરડાવું; દાંતથી કપાવું. (૨) દાંતનો ક્ષત પડવો; દાંત ઊંડવા.
૪૮. દાંત બેસાડવા = કુદરતીને બદલે બનાવટી દાંત બખોલેસતા કરવા.
૪૯. દાંત બહાર = ઘરનો કજિયો.
૫૦. દાંત ભાંગી નાખવા = ખૂબ માર મારવાની ધમકી આપવી. ધમકી આપતાં બોલાય છે.
૫૧. દાંત ભરાવવા = દાંને રેખો દેવરાવવી.
૫૨. દાંત મારવા = (૧) કરડવું. (૨) તોડવું. (૩) હરવવું
૫૩. દાંત રાક્ષસી = તીક્ષ્ણ કરડવાના દાંત.
૫૪. દાંત વઢિયાં-ચકુડિયાં કરવાં = ગુસ્સે થવું.
૫૫. દાંત સમસમાવવા = દાંત દુખવા.
૫૬. દાંત સવાણી = દુખિયા દાંત પછી આવતા અક્કલી ટોક જેવા દાંત.
૫૭. દાંત હોવા = (૧) કોઈ પણ વસ્તુની અતિ ઇચ્છા થવી. (૨) બળ, શક્તિ કે સામર્થ્ય હોવું. (૩) વેર લેવું.
૫૮. દાંતથી ઊતારવું = (૧) દાંતથી વસ્તુ લેવી. (૨) મધ્યસ્થીચૂસ હોવું.
૫૯. દાંતનું મીનાકામ = દાંતની ઉપરની ચળકતી અને દાંતને મજબૂતાઈ આપતી પોપડી.
૬૦. દાંતમાં આંત્રણી દાબવી = (૧) અણબનીમાં અગૂઠો દાંત વચ્ચે દાબવો; અચંબો પામવો. (૨) પસ્તાવો કરવો, અફસોસ કરવો.
૬૧. દાંતમાં આસકું આપવું = (૧) માફી મગાવવી. (૨) હેરાન કરવું.
૬૨. દાંતમા ઊંડો ઘાલવો = આપરૂ સાચવવી. દાંતમાં ઊંડો ઘાલી દહાડા કાઢવામાં સનારીનું ભૂષણ છે.
૬૩. દાંતમાં જીભ હોવી = દુશ્મનો વચ્ચે સહીસલામત રહેવું.
૬૪. દાંતમાં તણખલું-તરણું લેવું = નમ્રતાસૂચક શબ્દો બોલવા; નમી પડવું. મનુષ્યપણાનું તમામ અભિમાન મૂકી દઈને પશુની માફક નમી પડવું; કાકલૂદી કરવા; ઊંચ હલકો બની જઈ માફી માગવી, દયા માટે બહુ વિનંતિ કરવી.
૬૫. દાંતમાં દૂધ હોવું = નાના બાળ હોવું. બાળક બોલવું હોય ત્યારે તેના મોંમાં દૂધ ભરાઈ રહે છે તે ઉપરથી આમ બોલાય છે
૬૬. દાંતમાં સ્વાદ રહી જવો = સ્વાદિષ્ટ જમવું. વારંવાર યાદ આવે તેવું સ્વાદિષ્ટ હોવું.
૬૭. દાંતે આવવું = બચકે બચકે ભરવું.
૬૮. દાંતે ચઢવું = (૧) ચર્વાવું; ચગોરાવું. (૨) મીઠું લાગવું; બહુ ભાવવું; સ્વાદે ચડવું
૬૯. દાંતે છીણ લેવી = છીણ કરી મૃત્યુ પામવું; લોકલાજથી આપઘાત કરવો.
૭૦. દાંતે તરણાં લેવડાવવાં = ગરીબાઈ કબૂલ કરાવવી; બહુજ દુઃખ દેવું; સંતાપવું; નરમ પાડવું; હાર અથવા તાબેદારી કબૂલ કરાવવી, ત્રાસ આપી હલકું પાડવું. પહેલાં જમારે કોઈ રાજા વિજય પામતો તારે પરાજય પામેલા રાજાને દાંતે તરણું લઈ અને ગળા ઉતરે બંધાઈ તેને શરણે જવાની ફરજ પડતી હતી.
૭૧. દાંતે તરણું લેવું = (૧) નમી પડવું. (૨) માફી માગવી. (૩) હાથ પોકારી જવું; ઝાંઝ ત્રાહિ થઈ જવું.
૭૨. દાંતે દરદ ને માથે કરજ = દુઃખદાયક વસ્તુ.
૭૩. દાંતે દોરડી બાંધવી = ઘણી કરકસર કરવી.
૭૪. દાંતે પરસેવો આવવો = કષ્ટ પરિશ્રમ પડવો.
૭૫. દાંતે મેલ આવવો = પૈસાદાર થવું.
૭૬. દાંતે મેલ દોવો = (૧) કરીબ સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું. (૨) પૈસાદાર હોવું.
૭૭. દાંતે લાગવું = (૧) મેળવવાની બહુ ચાહના હોવી. (૨) સ્વાદ પડવો; ભાવવું; ખાવાનું મન થવા કરવું.
૭૮. દાંતે લાગ્યું જવું અને તણખલે ઘર બળવું = ઝાડપણ દાંતનો નાશ કરે છે ત્યારે તણખલું ઘરનો નાશ કરે છે.
૭૯. દૂધના દાંત = બચપણના દાંત.
૮૦. દૂધના દાંત ન તૂટ્યા = બાળકપણું હોવું.
૮૧. પેટમાં દાંત હોવા = (૧) મનમાં કપટ કે દગો હોવો. (૨) શૌર્ય કે જુસ્સો હોવો.
૮૨. મોંમાં દાંત ન હોવા = બોલ્યા હોવું; મૌંદું હોવું
૮૩. હાથીના દાંત = કહેવાથી જુદું કરવું એવો દગો. કહેવું એક અને કરવું બીજું એવો દગો.

૩. પું. જમીનમાં ઊંડું ખોદતાં પોચા થરોની નીચે આવતો કઠણ થર; મૂળી નક્કર જમીન. તેના ઉપરથી મકાનના પાયાનું મજબૂતર કરવામાં આવે છે.
૪. પું. દમ; કપટી; દમારો.
૫. [સં.] પું. દમનક વૃક્ષ
૬. પું. દાંતો, દાંતના આકારની નીકળેલી વસ્તુ.
૭. પું. પર્વતના શિખર ઉપરનો ટુકો.
૮. [હિ.] પું. પહાડ ઉપરની ટેકરી.
૯. પું. મૌદગ.
૧૦. પું. (પુરાણ) વિદર્ભ દેશના ભીમસેન રાજાના ચક્ષુ માંહેનો બીજો પુત્ર; દમયંતીનો ભાઈ.
૧૧. પું. વેર; દીનો.
૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૩. પું. (વૈદ્યક) હાથીદાંત. ઔષધમાં હાથીદાંત મુખ્યત્વે કરીને વપરાય છે. દાંત જંગમાર તરફથી પુષ્કળ આવે છે. તેના લાંબા સોળ ટકા થાય છે ને તેમાંથી ઓજારોને પહોંચવાનાં કઠણ તેમજ બીજાં જાતજાતનાં નકશીદાર કામ કરવામાં આવે છે. તે બહુ મોંઘો હોવાથી તેનો ભોગ પડે છે તેનો જ સાધારણ ભોગ ઔષધમાં અપાય છે અને તેની ભસ્મને રાખ કરવામાં આવે છે.
૧૪. સ્ત્રી. લગ્ન થયા પછી જાત ઉપલાવતાં વરપક્ષને ચૂકવાતા પૈસા.
૧૫. ન. એક જાતનું ઝાડ.
૧૬. [સં. દમ્ (દમવું)] વિ. ઇંદ્રિયદમન કરનાર; સંયમી; નિગ્રહી; આત્મસંયમી; જિતેંદ્રિય; દમનેંદ્રિય; દમન કરવાવાળું. સુભાષિતમાં કહ્યું છે કે: આ આખા જગતમાં જેની ઇંદ્રિયો બહારથી અને અંદરથી કાબૂમાં થઈ ગઈ હોય અને જે આત્મિવાત્મા પરમપરાત્મા જાણીને મરણની પ્રતીક્ષા કરે છે તે દાંત.

શાંત છે, દાંત છે, ધીર છે, વીર છે,
મુજને છે સમજ નિત્યબ્રહ્મની.
નાનાલાલ

૧૭. વિ. ઉદાર.
૧૮. વિ. ક્ષમા આપનાર.
૧૯. વિ. દમન કરેલ; તાબામાં રાખવામાં આવેલ; કાબૂમાં રાખેલું; વશ કરેલું; કાબૂમાં આવેલું.
૨૦. વિ. દાન કરનાર; દાતા.
૨૧. વિ. દાંતનું; દાંત સંબંધી.

૨૨. વિ. સહન કરાવનાર.
૨૩. વિ. સુરક્ષિત.
૨૪. વિ. સ્વાર્થત્યાગી.

દાંત આવલિ સ્ત્રી. દાંતની હાર.

દાંત આવલી જુઓ દાંત આવલિ.

દાંતકોતર ન. બે દાંત વચ્ચેની પોલ.

દાંતકોતરણી સ્ત્રી. દાંતમાં ભરાયેલી વસ્તુ કાઢવાની સળી.

દાંતખોતરણી જુઓ દાંતકોતરણી.

દાંતઠીઠિયા પું. બ. વ. સામસામે વખતો વખત દાંત કાઢવા તે.

દાંતતોડ (દાંતતોડ) વિ. દાંત તોડી નાખે એવું; સખોટ.

દાંતન [સં. દંતધાવન] સ્ત્રી. દાતણ.

દાંતરી સ્ત્રી. (કચ્છી) દાતરડી.

દાંતલું [પ્રા. દંતુર] વિ. દાંતવું; દંતુ; જેના એક બે દાંત બહાર નીકળેલ હોય તેવું; દોઢ બહાર નીકળેલા દાંતવાળું.

દાંતરો ૧. પું. જેના એક બે દાંત બહાર નીકળેલા હોય તેવો માણસ; દંતો.
૨. પું. (કચ્છી) દાતરડું.

દાંતરી [હિ.] સ્ત્રી. કાટ; કાસ.

દાંતવણ ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એનો નાનો છોડ થાય છે. તેનાં બીજ વટાણાના દાણા જેવડાં ને કાળા થાય છે. તે સિંધમાં થાય છે. વિશેષ કરીને તે નદીને કિનારે અને જેજવાણી જમીનમાં બહુ ઊગે છે. ઔષધમાં તેની છાલ અને મૂળિયાં વપરાય છે. તે મૂત્રલ અને રોચક મનાય છે. તેનાં પાન મૂત્રલ તરીકે પેરાળની અંદર થતા દાહને મટાડવા માટે વપરાય છે
૨. ન. દાતમજન

દાંતવણી સ્ત્રી. જુઓ દાંતવણ.

દાંતવું ૧. [સં. દંતુર] વિ. દાંત બહાર નીકળેલા હોય એવું; દોઢ બહાર નીકળેલ દાતવાળું; દાંત બહાર દેખાતા હોય એવું.
૨. સા. ક્રિ. દાઢવું. પદ રીતે જોસવું.
૩. સ ક્રિ. દાંત બેસાડવા

દાંતસ્યોયી વિ. કાયમી ટકે તેવા દાંત; દૂધિયા દાંત પછી આવતા દાંત.

દાંતા ૧. પું. કાંટીદાંત.
૨. પુ. ન. ચણતર કરતી વખતે પાળવાની ચણતર કરવાને માટે રાખેલ આંતરા.
ઈંટોના દાંતા મેળવતા જવું અને તે જ રીતે મંડાણ કરવાનું છે. રાજમાર્ગ
૩. પું. બ. વ. દંતાળના દાંતા; સાંતીના દાંતા.
૪. પું. વ. ક. દાંતિયા કે કરવતીના દાંતના આકારના ઢાંચા.
૫. [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

દાંતાકાર વિ. દંતુર; કંગરીવાળું.

દાંતાકિડકિડ [હિ.] સ્ત્રી. ઝપડો; બોલાચાલી.

દાંતાત્મા [સં. દાંત (દાણામાં રાખેલ) + આત્મન્] પું. આત્માને વશ કરનાર માણસ.

દાંતાવાળું ૧. ન. દાંતા હોય તેવું ઓજાર.
૨. વિ. જેને દાંતા હોય એવું.

દાંતાળ વિ. મોટા દાંતવાળું.

દાંતાળું ૧. વિ. જેને દાંતા ખાસ હોય એવું.
૨. વિ. દાંતા પરાવનારું; દાંતાવાળું

દાંતિ ૧. [સં.] સ્ત્રી. ઇંદ્રિયનિગ્રહ; ઇંદ્રિયોનું દમન; ઇંદ્રિયોને કાબૂમાં રાખવાપણું.
અહિંસા સત્ય ને ચોરી, શાંતિ દાંતિ ને દાનદયા; સંયમ, ખરી, લાજ, સરળતા જે ભાવે તીર્થ ગીતાનુવૈષ્ણવ
૨. સ્ત્રી. તાબેદારી; અધીનતા.
૩. સ્ત્રી. વિનય; નમ્રતા.

દાંતિયાં ૧. ન. બ. વ. કુંકરા; બાજરી કાઢી લીધા પછીથી કણસલાની અંદરની જગાને અવલંબતાં આવતી દાઢી.
૨. ન. બ. વ. મુરસો; રીસ.
૩. ન. બ. વ. દાંત કચકચાવવા તે.
૪. ન. બ. વ. દાંત દેખાય તેમ મુખ પહોળું કરીને કરડવા પરવું તે.
દાંતિયાં કરવાં = (૧) કરડવા પરવું; દાંત દેખાડી કરડવા પરવું. (૨) મોં વગરસીને ચિડાવું, ટોળને ચીડવવા સારૂ વારંવાર મારું તેની સામે જોઈ મોં ફરોળું કરી દાંત દેખાડવા.
૫. ન. બ. વ. વાસણની કોર કાઢવાનાં હથિયાર.
૬. વિ. બ. વ. દાતવાળાં.
દાંતિલ પ્રાણી = દાંતવાળાં પ્રાણીનો એક પ્રકાર. તેઓ જગતના લગભગ દરેક પ્રદેશમાં સામાન્ય રીતે માલૂમ પડે છે. તેમની નાની મોટી આશરે ૨૭૦૦ ઉપરાંત પેટા જાતો છે. તે જાતનાં બાલ લક્ષણો: તેમના આગલા પારણના અણીદાર દાંત સમાતર ગોઠવાયેલ અને છેણી જેવી પારવાળા હોય છે. આ પ્રાણીઓ દાંત વડે કાતરી ખાય છે અને જડબાંની બાજુબેથી ચાવવાની ક્રિયા કરે છે. સામાન્ય રીતે આ પ્રાણી વનસ્પતિ આહારી હોય છે. છતાં બિલાડીની જેવાં કેટલાંક પ્રાણીઓ નાનાં પક્ષીઓ અને ઈંડાં પણ ખાય છે. ઉંદરો માંસ, માછલાં, મારેલ છત્યાં કે નાનાં જનાવરો અને ક્વચિત્ મરેલા ઉંદરો પણ ખાય છે. એમની શરીરરચના રીત જુદી જુદી છે. કેટલાંક રાતે જ બહાર ફરવા નીકળે છે અને બીલ્લ જમીન નીચે રહેવું પસંદ કરે છે. મૃત શરીરના અવશેષો ઉપરથી સિદ્ધ થાય છે કે, જુનામા જૂની પ્રાણિસૃષ્ટિના યુગમાં પણ આ પ્રકારનું અસ્તિત્વ પુષ્કળ પ્રમાણમાં હતું.

દાંતિયું ૧. ન. એ નામનું એ પહિયું, પરશુપદી વર્ગનું મૃદુકાય પ્રાણી; કોડલ. તે મરીન કોડોને ખાવાના ઉપયોગમાં આવે છે. એની છીપનો એકસરખો બાહ્યગોળ આકાર હોય છે.
૨. ન. કોઈ કામે બિલાડીને દાંત દેખાડવા તે; દાંત દેખાડી કરડવા પાછું તે.
૩ ન. છાલિયું.
૪. ન. તુચ્છકાર; તરછોડો.
૫. ન. દાતની બગડી
૬. ન. પાક લણી લીધા પછી બાકી રહેલો કણસો.
૭. ન. ખોખાનું કીંમત ન હોવા છતાં મુસ્લામાં બજારમાં ખોલવું તે; બિલાડ જવું તે.
૮. વિ. દાંતાવાળું.

દાંતિયો ૧. [સં. દંત (દાંત) + ઉષ્ણ (વાળું)] પું. એક બાજુ દાંતાવાળો કાંસકો.
૨. પું. બારામાં કે બારાં બીડાં પાણીનો સંચય થતો હોય ત્યાં થતી એક જાતની માછલી. તેનું કદ બારથી પંદર ઇંચ જેટલું હોય છે. તેનો આકાર ગોળાકારાળો, રંગ સફેદ જેવો અને તેની પીઠ ઉપર કાંટા હોય છે. તે ખોરાક તરીકે કામમાં આવે છે.
૩. પું. પહોળા દાંતાની કાંસકી; મોટી બંદારવાળી કાંસકી.

દાંતિયો પાક્કો પું. દાંતના જેવા દેખાવનો પાકો. તેનો ચૂનો કારો બને છે.

દાંતી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનો કાળો કીડો.
૨. સ્ત્રી. ખંખાળી; ખેંચેટી.
૩. સ્ત્રી. બખિયો; ચીરો; ફાટ; તડ.
૪. સ્ત્રી. પથ્થરને લીધે થયેલો કે દાંતથી મોટો દોરા ઉપરનો કાપ.
૫. સ્ત્રી. ઘાસ કે મોલ કાપવાનું એક જાતનું ઓજાર; દાતરડું
૬. સ્ત્રી કુંડળી.
૭. સ્ત્રી. દાતાવલિ.
૧. દાંતી દેવી = ખોટનો બંધ કરી દેવો.
૨. દાંતી સમારવી = જડબાં કે પેઢાં બરાબર.
૮. [સં દાત (દાતરડું)] સ્ત્રી. દાતરડાના બાટનું લાંબે વાંસડે જડેલું એક હથિયાર; ધરિયું.

આવળ વગેરેનાં ડાળાં કાપવાનું વાંસડાને છેડે ખાંચિયા દાતરડા જેવું ઓજાર, ચાપરીનું હથિયાર. ૯. સ્ત્રી. દાંતની હાર; બત્રીસી.

૧૦. [સં. દંત (દાંત) + ધન (વાળું)] સ્ત્રી. દાંતાદાતાવાળું ખેડૂતનું વાવણીનું એક ઓજાર; દનાળ; આંબોળ.

૧૧. સ્ત્રી. દાંતાની વચમાંના અંતરને ઓછું કરવા કાંસકીના દાંતમાં દક્ષ વગેરેના દાણા ઘાલી બાકીના દાંતા વધારે સજ્જડ રહે એમ કરેલી કાંસકો.

૧૨. સ્ત્રી. દાંતિયો; કાંસકી.

દાંતી જેવી = દાંતી કે કાંસકીથી ઓળવું.

૧૩. સ્ત્રી. ઢોર કે માણસમાં દાંત અગર નખ વડે ઉચરવાથી પડેલો ઘાડો.

૧૪. સ્ત્રી. નાનાં બાળકોને દાંત આવતા હોય ત્યારે પહેરાવવાનું ઘરેણું. આવા અલંકારને વાઘનખ, પુલકનો નળો, બજરબટ્ટુ વગેરે નામથી ઓળખવામાં આવે છે. કેટલાક રૂપાની ખોલીમાં તંબોળિયો સાપ ઘાલી નવા દાંત આવતા હોય તેવાં બાળકની ડોકે બાંધે છે.

૧૫. સ્ત્રી. નેપાળાના વર્ગનું એક રેચક ઝાડ. તેનાં મૂળ રેચ આપવામાં ઉપયોગી છે. આ ઝાડ કોંકણ પ્રાંતમાં થાય છે. તે ગુમારે ત્રણ ચાર હાથ ઊંચાં વધે છે. એનાં પાંદડાં પ્રતરાકાર, લાંબાં અને હાથતળિયા જેવડાં તથા ફળ આકારે ઘૂમરા જેવાં અને બહારથી જોવડાં મોટા હોય છે. ફળમાંથી નેપાળાના જેવડાં બી નીકળે છે. તે રેચક મનાય છે. એનાં મૂળને દંતીમૂળ કહે છે. દંતીમૂળનો દવામાં બહોળો ઉપયોગ થાય છે. એને જયપુટની કહે છે. તેના મુખ્ય બે પ્રકાર છે: ૧. જયપુટની: ઉષ્ણ, તીખી, અગ્નિદીપક, કલ્પયોગક, સારક, તીક્ષ્ણ, પાચક, લઘુ તથા શોષક છે. તે આમદોષ, ત્વગ્દોષ, શ્વાસ, અર્શ, વમન, અરમરી, કૃમિ, પિત્ત, સોજો, ગુલ્મકુષ્ઠ, દાહ, પાંડુ, રક્તદોષ, કોઢ, ગુલ્મ, કૃમિ, જ્વર, વાયુ તથા અરજનો નાશ કરે છે. ૨. નાગદંતી: સારક, ઉષ્ણ, તીખી તથા કૃમિનાશક છે અને શ્વાસ, કોઢ, આમદોષ, મેદારોગ, અરમરી તથા મુખરોગનો નાશ કરે છે.

૧૬. સ્ત્રી. પરોણા ઉપર જડેલ લોઢાનું નાનું કણું.

૧૭. સ્ત્રી. બે પહાડ વચ્ચેની જગ્યા; ખીણ.

૧૮. સ્ત્રી. રૂપા કે સોનાથી જડેલો વાઘનો નખ.

૧૯. સ્ત્રી. લગ્ન તથા જ્યોતિષ પ્રસંગે ઠોલી વારંવાર આડો ફરી પૈસા લે તે.

૨૦. સ્ત્રી. સીવવાના સંચાની અંદર વપરાતું ચોખ્ખું અને નાનકડું લોઢાનું સાધન.

દાંતીમૂળ ન. દાંતીનું મૂળિયું. તેમાંથી જુલાબ અપાય છે.

દાંતુ ૧. પુ. દાંતો.

૨. પું. હાથીદાંત.

દાંતુલ ૧. વિ. દાંત પીસીને બોલાતું.

૨. [સં. દંતિન્] વિ. મોટા દાંતવાળું.

દાતૂ ન. સાંભા બહાર નીકળતા હોય તેવા દાંતવાળું માણસ.

દાંતો ૧. [સં. દંતક; પ્રા. દંતઓ] પું. કાંટા જેવો પણ મજબૂત અણીદાર ઝાટો; દાંત જેવો અણીદાર આગ્રહ; કાંટો; જીભી બીલી જેવી અણીદાર વસ્તુ; દાંત; ઝાકર.

૨. પુ. કાંસકીનો દાંત.

૩. પું. બાંગ; બચકો; બસરકો.

દાંતો મૂકવો = સાંધિયામાં બાંધો રાખવો બહાર બાણો બહાર રાખવો.

૪. પું. મકરનો બાંધો.

૫. પું ઝો કે મટોડું ખરી પડવાથી દાંત સરખો બહાર દેખાતો ભીંતનો ભાગ.

૬. પું. પથ્થર કે ઈંટની અમુક અમુક અંતરે રખાતો બાંધો

દાંતા પૂરવા = બાંધકામમાં ખૂબી કરવી. ઈંટના સાંધા બત્રિસાથી પૂરી સુથારકામથી લીસા કરવા.

૭. પું. બારી કે બારણાનો ચોકઠામાં બરાબર બેસાડવા માટેનો ચોખૂણો બાંધો.

૮. પું. બાળા અને બહાર દેખાતા હોય તેવા દાંતવાળું માણસ.

૯. પું. વાવેતર કરવા બાસ પાડવા માટે દંતાળના ચોટિયામાં રખાતું બાવળિયાનું ચોકઠાના કદ્યાવાળું લાકડું.

૧૦. પું. વેર; ઝેનો.

દાંતો રાખવો = વેર રાખવું.

દાંતું ન. વ. વ. પડકારા.

દાંતું દેતાં ઢોર, ટોળેથી છારતીએ નહિ;
પણ ચોરી સોનાં ભોર, ઢોરી દીધાં દેવતા.

દુહો

દાંતુંમાં અ. પડકાર કરીને.

દાંતુમાં દઈને જવું = પડકાર કરીને વચ્ચેથી બાથ દઈને જવું.

દાંદરું ૧. ન. ચામડીનું એક દરદ; દાદર; ચામડીનો એક રોગ.

૨. ન. તાવ સાથે સોજો આવે તેવું દરદ; એક પ્રકારનો તાવ.

૩. ન. બંગ કુલ્લાથી યા વધવાથી કરીરની ચામડી કરકરી થવી તે.

દાંદરો જુઓ દાંદરું ૩.

દાંધાતો પું. ધરીનનો વતની; ધરીની પુરુષ.

દાંપત્ય ૧. [સં.] પું. દંપતી સાથે સંબંધ રાખનારું અગ્નિહોત્ર વગેરે કર્મ.

૨. પું ઓપુરુષ વચ્ચેનો પ્રેમ બરાબર વહેવાર; દંપતીપણું; ગમસબંધ; દંપતીભાવ; ધણીધણિયાણીની અન્યોન્ય પ્રીતિ; ઓપુરુષનો સંબંધ.

૩. વિ. ધણીધણિયાણી સંબંધી; ઓપુરુષનું; દંપતી સંબંધી; પતિપત્નીનું.

દાંપત્યજીવન [સં.] ન. દંપતીનું જીવન; ધણીધણિયાણી તરીકેની બારકિર્દી; વરવહુનો સંબંધ.

દાંપત્યપ્રેમ [સં. દંપતી + પ્રેમ] પું. યુગ્મપ્રેમ; પતિપત્નીની પ્રીતિ; ધણીધણિયાણીનો સ્નેહ.

દાંપત્યસ્નેહ [સં.] પું. ગમસબંધ દ્વારા બી અને પુરુષની અંદર પરસ્પર સંયુક્ત થવાની વૃત્તિ; બી અને પુરુષ વચ્ચેનો પ્રેમ.

દાંભિક ૧. [સં.] પું. બગલો.

૨. સ્ત્રિ. અહંકારી; અભિમાની

૩. વિ. ઢંગી; ઢોંગી; દોંગી; બગદી.

દાંભિકતા સ્ત્રી. ઢંગીપણું; કપટ; જગતા.

દાંભિકપણું જુઓ દાંભિકતા.

દાંભિકી [સં.] સ્ત્રી. બગલી.

દાંભી ૧. સ્ત્રી. બે નામની બારણની એક બટક.

૨. ન. બે નામની બટકનું માણસ.

૩. વિ. બે નામની બટકનું.

દાંભો પું. એક બતની લાલ દાંડીની ભાજી.

દાંમીની [સં. દામિની] સ્ત્રી. વીજળી.

જિહ્વ દાંમીની શું ચમકાતાં. મોવિદ્રવિ

દાંય જુઓ દાવ.

દાંવપેચ ૧. પું. કુસ્તીમાં દાવપેચ.

૨. પું. ઝાડી; જાળ.

૩. પું. યુક્તિ.

દાંવરી ૧. [હિં.] સ્ત્રી. એક બતનું દોરડું; ઢાલકું કરતી વખતે બળદોને બાંધવામાં આવતું દોરડું.

૨. સ્ત્રી. બગાસાંનો ડૂંડામાં રહેલો પાક.

દાંવાન પું. દાવાનળ.

દાંહ્યું (દાંહ્યું) [સં. દક્ષિણ (જમણું)] બ. જમણી બાજુએ.

દાંહો દાંયે ૧. [હિં.] બ. જમણી રીતે.

૨. બ. સંતોષપૂર્વક.

૩. બ. સંપૂર્ણતાથી; પૂરેપૂરી રીતે.

દિકૂત્રિજ્યા

દિ પું. સિવ.
આતો દિ = દિનપ્રતિદિન સારૂં થતું રહેવું હોય એવો સમય; અહોભાગ્યનો વખત.

દિક ૧. સ્ત્રી. અડચણ; હરકત.
દિક કરવી = ચીડવવું, હેરાન કરવું.
૨. સ્ત્રી. કંપાસની અણી.
૩. સ્ત્રી. કળજી.
૪. [સં. દિક્] સ્ત્રી. (વેદાંત) કાળથી ભિન્ન તથા વિશેષ ગુણોથી રહિત અને પરમ મહત્ત્વ પરિમાણવાળું દ્રવ્ય. દિકમાં નીચે પ્રમાણે પાંચ ગુણ રહેલા છે: (૧) સંખ્યા, (૨) પરિમાણ, (૩) પૃથક્ત્વ, (૪) સંયોગ અને (૫) વિભાગ. દિશા એક છે, વિભુ છે તથા નિત્ય છે.
૫. સ્ત્રી. ક્ષય રોગ.
૬. સ્ત્રી. ક્ષિતિજનો એક ભાગ.
૭. (દિક્) [અ.] સ્ત્રી. દુર્ભાગ્યવાન.
૮. સ્ત્રી. કળ.
૯. સ્ત્રી દિશાની સંખ્યા બતાવનારી સંજ્ઞા.
૧૦. સ્ત્રી. દિશા; બાજુ.
૧૧. સ્ત્રી. પરવા
૧૨. સ્ત્રી પ્રદેશ.
૧૩. સ્ત્રી. ભીડ.
૧૪. [હિ.] વિ. અરવરવું; બીમાર.
૧૫. વિ. ઉદાસ.
૧૬. વિ. હેરાન.

દિકદારી ૧. સ્ત્રી. ગરીબાઈ.
૨. સ્ત્રી. દુઃખ; પીડા.

દિકન પું. ધક્કો.

દિકારો ૧. પું. બટ્ટો.
૨. [અ. દકીકા] સ્ત્રી. બારીકાઈ.
૩. [હિ.] વિ. ચતુર.

દિકારાળી સ્ત્રી. રાજગરો; એક જાતની વનસ્પતિના ફૂલના ડોલા ઉપરનો રસ કે સુંદર રેણકારાળું. તે ઔષધ તરીકે વપરાય છે. આ ફળ કડવું ને ખિલાડીના મૂતર જેવું અંધવાળું હોય છે. આનો ઉપયોગ પેટમાંનાં કૃમિ મારવા માટે થાય છે. કાંકણમાં આનાં ફળને અનંત કહે છે. આ વનસ્પતિ દક્ષિણ હિંદુસ્તાનમાં થાય છે. ચીનમાં પણ તે પુષ્કળ થાય છે.

દિકોલી [પ્રા.] સ્ત્રી. દાસી.
સાથી બણી દિકોલી સુદિ કાન્હડદેપ્રબંધ

દિકોલું ન. દાસ કે દાસી.
દાસ દિકોલાં આવિયાં તારે ઉિસાં જેહ આમણ્ય ? જનાર્દન સંવત ૧૫૪૮

દિક્ ૧. [અ.] પું. ફજેતી.
૨. પું. મહેનત; શ્રમ.
૩. [સં.] પું. વીસ વર્ષનું હાથીનું બચ્ચું; કરભ.
૪. સ્ત્રી. શોધતા.
૫. સ્ત્રી. પરવા; ગણત્રી.
૬ સ્ત્રી. બીક.
૭. સ્ત્રી. હરકત; અડચણ.
૮. વિ. દુઃખી; ત્રસ્ત.
૯. વિ. ચકોર.

દિક્કત ૧. [અ] સ્ત્રી. અડચણ; હરકત.
૨. સ્ત્રી. આક્ષેપ.
૩. સ્ત્રી. બદનામી.
૪. સ્ત્રી. બોકસાઈ.
૫. સ્ત્રી. તકલીફ; કષ્ટ.
૬. સ્ત્રી. તંગી.
૭. સ્ત્રી બગાડ; નુકસાન.
લાંબા બબર અને લાબા મલ્લ કરી રંજ કે દિક્કત બબર પોતાને લાંબા વખત સુધી સાદ્રહ્ય રહે. બળવંતરાય ઠાકોર
૮. સ્ત્રી. ઈજા; ખોટ.
૯. સ્ત્રી. શાક; સંતાપ.
૧૦. સ્ત્રી. સુંદર અથવા પ્રીતું સ્ત્રી.
૧૧. સ્ત્રી. હેરાનગતિ; સતામણી; પરેશાની.

દિક્કદર [અ.] વિ. દુઃખદાયક.

દિક્કન્યા [સં.] સ્ત્રી. (પુરાણ) દિશારૂપી કન્યા. દિશાઓ બ્રહ્માની કન્યાઓ મનાય છે. વાયુ પુરાણમાં લખ્યું છે કે: જે વખતે બ્રહ્મા સૃષ્ટિ કરવાની ચિંતામાં હતા, ત્યારે તેમના કાનમાંથી દસ કન્યાઓ નીકળી. બ્રહ્માએ તેમને કહ્યું કે, તમારી જ્યાં ઇચ્છા હોય ત્યાં ચાલી જાઓ. તે ઉપરથી તેઓ એક એક દિશામાં ચાલી ગઈ બધી બ્રહ્માએ આઠ લોકપાળ સરજ્યા અને પોતાની આઠ કન્યાઓને લોકાપાળને એક એક કન્યા આપી.

દિક્કર ૧. [સં.] પું. તકલું; પુરાન.
૨. પું. સિવ.

દિક્કરવાસિની [સં] સ્ત્રી. તે નામે એક દેવી. તે બ્રહ્માંડમાં નિવાસ કરનારી મનાય છે.

દિક્કરવું સ. ક્રિ. હેરાન કરવું; કનડવું.

દિક્કરિકા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી. તે માનસ સરોવરની પશ્ચિમે વહે છે. આ નદી દિગ્ગજોના ક્ષેત્રમાંથી નીકળે છે તેથી તેને દિક્કરિકા કહે છે. આ નદી ક્રમારૂપ રેણકાંથી વહેતી દિક્કરાર્ણ નામની નદી હોવાનું મનાય છે.
૨. સ્ત્રી. પુરાન સ્ત્રી.

દિક્કરિણી [સં.] સ્ત્રી. દિશાની હાથણી.

દિક્કરી ૧. [સ. દિક્કરિન્] પું. આઠ દિશાના ઐરાવત વગેરે આઠ હાથી, દિગ્ગજ.
૨. સ્ત્રી. પુરાન સ્ત્રી.

દિક્કાત સ્ત્રી. તરદી.

દિક્કાલ ૧. [સં.] પું. દિશા અને કાળ.
૨. પું. દિશા ને વખતનું જ્યાં માપ ન હોય એવી સ્થિતિ કે અનાદિકાળ.

દિક્કાંતા જુઓ દિક્કન્યા.

દિક્કુમાર પું. (જૈન) એક પ્રકારના ભવનવાસી દેવ; દિશાકુમાર દેવતા. આ દેવોને બે ઇંદ્ર છે: અમિતગતિ અને અમિતવાહન.

દિક્કુમારિકા [સં.] સ્ત્રી (જૈન) એક જાતની દેવી. તે ૭૭ પ્રકાર છે: ૧. ભોગંકરા, ૨. ભોગવતી, ૩. સુભોગા, ૪. ભોગમાલિની, ૫. તોયધારા, ૬. વિચિત્રા, ૭. પુષ્પમાલા, ૮. અનંદિતા, ૯. મેઘંકરા, ૧૦. મેઘવતી, ૧૧. સુમેઘા, ૧૨. મેઘમાલિની, ૧૩. સુવત્સા, ૧૪. વત્સમિત્રા, ૧૫. વારિસેણા, ૧૬. બલાહકા, ૧૭. નંદોત્તરા, ૧૮. નંદા, ૧૯. આનંદા, ૨૦. નંદવર્ધિની, ૨૧. વિજયા, ૨૨. વૈજયંતી, ૨૩. જયંતી, ૨૪. અપરાજિતા, ૨૫. સમાહારા, ૨૬. સુપ્રદત્તા, ૨૭. સુપ્રબુદ્ધા, ૨૮. યશોધરા, ૨૯. લક્ષ્મીવતી, ૩૦. શેષવતી, ૩૧. ચિત્રગુપ્તા, ૩૨. વસુંધરા, ૩૩. કમલાદેવી, ૩૪. સુરાદેવી, ૩૫. પુષ્પમાલી, ૩૬. પદ્મવતી, ૩૭. એકનાસા, ૩૮. નવમિકા, ૩૯. ભદ્રા, ૪૦. સીતા, ૪૧. અશોકમુખા, ૪૨. મિતકેશા, ૪૩. પુંડરિકા, ૪૪. વારુણી, ૪૫. હાસા, ૪૬. સર્વપ્રભા, ૪૭. શ્રી, ૪૮. હ્રી, ૪૯. મુતારા, ૫૦. ચિત્રકનકા, ૫૧. ચિત્રા, ૫૨. સોત્રામણી, ૫૩ ૫૪, ૫૪. રૂપાસિકા, ૫૫. સુરૂપા અને ૫૬. રૂપવતી. આમાં અધોલોકમાં રહેનારી ૮, ઊર્ધ્વલોકમાં રહેનારી ૮, રુચક પર્વતની ચારે દિશાએ આઠમાં ૮, વિદિશિમાં ૪ અને મધ્યરુચક ઉપર ૪.

દિક્કુમારી જુઓ દિક્કુમારિકા.

દિક્કૃતિ ૧ સ્ત્રી. પુરાણ; વાંક.
૨. સ્ત્રી. પતન; રખલન.

દિક્ચક્ર ૧. [સં.] ન. આઠે દિશાઓનો સમૂહ.
૨. ન. બત્રાસીતું ઓકાવત.

દિક્ચ્યુતિ સ્ત્રી. ભૌગોલિક રેખાતર તમ. સુંવાળીય રેખાંતર વચ્ચેનો ખૂણો; દિક્ષ્રુતિ.

દિક્ત ૧. સ્ત્રી. બાનાકાની.
૨. સ્ત્રી. ચટ.
૩. સ્ત્રી. હરકત.

દિક્ત્રિજ્યા સ્ત્રી. દુરક.

દિક્‌પતિ ૧. પું. દશે દિશાઓના સ્વામી માટેનો કરેક. ઊર્ધ્વ દિશાનો સ્વામી બ્રહ્મા, અધો દિશાનો સ્વામી અનંત, પૂર્વનો ઇંદ્ર, અગ્નિ કોણનો અગ્નિ, દક્ષિણનો યમ, નૈર્ઋત્ય કોણનો નૈર્ઋતી, પશ્ચિમનો વરુણ, વાયવ્યનો વાયુ, ઉત્તરનો કુબેર અને ઈશાનનો ઈશ.

૨. [સં. દિક્ + પતિ] પું. (જ્યોતિષ) દિશાનો સ્વામી; આઠ દિશાના આઠ મહિનો કરેક અહ. આઠ દિશાના સ્વામી આઠ ગ્રહ માનેલા છે: દક્ષિણ દિશાનો સ્વામી મંગળ, પશ્ચિમનો શનિ, ઉત્તરનો બુધ, પૂર્વનો સૂર્ય, અગ્નિ કોણનો શુક્ર, નૈર્ઋત્ય કોણનો રાહુ, વાયવ્ય કોણનો ચંદ્રમા અને ઈશાન કોણનો બૃહસ્પતિ.

દિક્‌પાલ ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૨૪ માત્રા હોય છે. તેની પાંચમી તથા સત્તરમી માત્રાએ યતિ આવે છે અને ૬, ૯, ૧૫, ૨૧ માત્રાએ તાલ આવે છે.

ચોપીસ કલા પૂરી કર વસુમાહીં આવો,
યતિ પાંચ કલા બારે દિક્‌પાલ યતિ ભાખો;
ત્રણ પછી યતિ તાલો તિમિ બેકલીસ આવે,
એવોની રાહ જોવો, એ યતિ ગાઈ ગાવે.
રણછોડ

૨. [સં. દિક્ (દિશા) + પાલ (રક્ષક)] પું. દસ દિશાઓના રક્ષક દસ દેવ મહિનો કરેક. જુઓ દિક્‌પતિ ૧.

૩. પું. (પુરાણ) દિશામાં રહેતો કાલ્પનિક હાથી. પૌરાણિક રીતે આઠ દિશાના આઠ હાથી દિક્‌પાલ કહ્યાય છે.

દિક્‌પાળ જુઓ દિક્‌પાલ

દિક્‌પ્રાંત ૧. પું. દિશાને છેડે આવેલો પ્રદેશ.

૨. [સં. દિક્ (દિશા) + પ્રાંત (છેડો)] પું. દિશાનો છેડો; દિશાનો સીમાંત.

દિક્‌શુદ્ધિ [સં.] સ્ત્રી. દિશાઓની શુદ્ધિ.

દિક્‌શૂલ [સં.] પું. (જ્યોતિષ) દિશાશૂળ, અમુક દિવસે અમુક દિશામાં કાળનો વાસ, જે અમુક યોગિનીઓના યોગના કારણથી માનવામાં આવે છે. જે દિવસે જે દિશામાં આસ યોગિનીઓના યોગથી આ પ્રમાણે કાળનો વાસ તથા દિક્‌શૂલ હોય તે દિવસે તે દિશામાં જવું બહુ અશુભસૂચક તથા હાનિકારક મનાય છે. દિક્‌શૂલ નીચેના દિવસોએ નીચેની દિશાઓમાં મનાય છે. શુક્ર તથા રવિવારે પશ્ચિમ તરફ, મંગળ તથા બુધવારે ઉત્તર તરફ, શનિ તથા સોમવારે પૂર્વ તરફ અને ગુરુવારે દક્ષિણ તરફ. કેટલાકનો મત એમ પણ છે કે, બુધ અને ગુરુવારે દક્ષિણ તરફ, શુક્રવારે ચારે ખૂણા તરફ અને રવિ તથા શનિવારે પશ્ચિમ તરફ દિક્‌શૂલ હોય છે.

દિક્‌શૂળ જુઓ દિક્‌શૂલ.

દિક્‌સૂત્રિત [સં.] પું. વેદમાં વપરાયેલ સ્તુતિનો એક પ્રકાર.

દિક્‌સાધન ૧. ન. આકાશી પદાર્થોનાં સ્થાન ઉપરથી દિશા નક્કી કરવાની રીત.

૨. [સં.] ન. દિશાઓ જાણવાનું સાધન. દિશાઓનું સ્થૂલ જ્ઞાન તો બધાઓને હોય, પણ આટલા જ્ઞાનથી મુસાફરો રવાના નહિ. જૂના વખતમાં સફરના જેવાં સૂક્ષ્મ વસ્ત્રો ન હતાં, પણ એકસું ઢોકાવંત હતું. તેથી દરિયાઈ મુસાફરીમાં જરૂર કરતાં બહુ વધારે અંતર કાપવું પડતું. પણ જહાજો માટે તો સમય, અક્ષાંશ અને રેખાંશ જાણવા માટે પણ દિક્‌સાધનની પહેલી જરૂર પડે છે. સામાન્ય સમજણ એવી છે કે, ઢોકાવંતથી બરાબર દિશા જણાય છે, પણ આ સમજણ ખોટી છે. ઢોકાવંતથી જણાતી દિશાઓ બહુ સ્થૂળ હોય છે, ને સાધારણ મુસાફરી માટે કદાચ પૂરતી થઈ પડે; પણ સમય, અક્ષાંશ, રેખાંશ અને નૌકાસંચાલન માટે તે નકામી છે. આગબોટોમાં ઢોકાયંત્ર રાખવામાં આવે છે, પણ તેનાથી દિશાઓને આકાશના પ્રત્યક્ષ અવલોકન વડે વારંવાર સુધારી લેવામાં આવે છે આગબોટમાં વપરાતા ઢોકાયંત્રનું સુધારેલ દિશાંતર આકાશના અવલોકન વડે વારંવાર નક્કી કરી લેવામાં આવે છે, તેથી તે ઢોકાયંત્ર ખરી દિશા જાણવામાં ઉપયોગી બને છે. આમ ઢોકાયંત્ર વડે સૂક્ષ્મ દિશાઓ જણાતી નહિ હોવાથી આપણે આકાશના અવલોકન ઉપરથી જ દિક્‌સાધન કરવું પડે છે. યંત્રોની મદદ વગર આને માટે સારામાં સારું સાધન સૂર્યના તાપમાં પડતી પદાર્થોની છાયા છે.

દિક્‌સુંદરી જુઓ દિક્કન્યા.

દિક્‌સૂચકયંત્ર [સં. દિક્ (દિશા) + સૂચક (બતાવનાર) + યંત્ર] ન. દિશાઓ બતાવનાર સાધન; 'મેરિનર્સ કોમ્પસ'. ચાર મુખ્ય અને ચાર ઉપદિશાઓ મળી તે સોળ દિશાઓ બતાવે છે જેવી કે: ૧. ઉત્તર, ૨. ઉત્તર ઉત્તર પૂર્વ, ૩. ઉત્તર પૂર્વ અથવા ઈશાન, ૪. પૂર્વ ઉત્તર પૂર્વ, ૫. પૂર્વ, ૬. પૂર્વ દક્ષિણ પૂર્વ, ૭. દક્ષિણ પૂર્વ અથવા આગ્નેયી, ૮. દક્ષિણ દક્ષિણ પૂર્વ, ૯. દક્ષિણ, ૧૦. દક્ષિણ દક્ષિણ પશ્ચિમ, ૧૧. દક્ષિણ પશ્ચિમ અથવા નૈર્ઋત્ય, ૧૨. પશ્ચિમ દક્ષિણ પશ્ચિમ, ૧૩. પશ્ચિમ, ૧૪. પશ્ચિમ ઉત્તર પશ્ચિમ, ૧૫. ઉત્તર પશ્ચિમ અથવા વાયવ્ય અને ૧૬. ઉત્તર ઉત્તર પશ્ચિમ.

દિક્‌સ્વામી જુઓ દિક્‌પતિ.

દિખના ૧. [સં. દક્ષિણા] સ્ત્રી. બ્રાહ્મણને અપાતું દાન; દક્ષિણા.

૨ [હિ] જ કિ દેખવું.

દિખનૌહ ૧. સ્ત્રી. ઈર્ષા.

૨. [હિ.] સ્ત્રી. દેખાવ; નજર.

૩. સ્ત્રી. પ્રદર્શન.

૪. સ્ત્રી. બહારનો દેખાવ.

દિખલાઈ ૧. [હિ.] સ્ત્રી. દેખાડવાના બદલામાં આપવામાં આવતું ધન

૨. સ્ત્રી દેખાડવાની ક્રિયા.

૩. સ્ત્રી દેખાડવાનો ભાવ

૪ સ્ત્રી. દેખાવ.

દિખવાઈયા [હિ.] પું. જોનાર માણસ.

દિખાઈ ૧. [હિ.] પું. દેખાવ; દર્શન.

૨. પું. પ્રદર્શન.

૩. સ્ત્રી. ચોપી રોગના કારણે દોળ નોંધાયેલ ઓલાદની તપાસણી.

દિખાઉ ૧. વિ. આંજણાના જળ જેવું.

૨. વિ. દેખાવ તેવું; ખુલ્લું.

૩. વિ. દેખાવડું, જોવા લાયક.

૪. વિ. પ્રકટ; પ્રત્યક્ષ.

દિખાઓ [હિ.] પું. પ્રદર્શન; દેખાવ.

દિખાવ [હિ.] પું. દેખાવ; દૃશ્ય.

દિખાવટ ૧. [હિ.] સ્ત્રી. ઢોંગ.

૨ સ્ત્રી દેખાડવાનો ભાવ.

૩. સ્ત્રી. દેખાવ; નજર.

૪. સ્ત્રી. પ્રદર્શન

૫. સ્ત્રી. બહારનો દેખાવ; ઉપરનો દેખાવ.

૬. સ્ત્રી. વેશભણતર.

દિખિત ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

દિક્ષા સ્ત્રી. (જુ. મુ.) દીક્ષા.

દિક્ષ્યા ઓલ્યા કોઈ, વિદ્યા ચમત્કૃત મુખઈ જ્ઞો.
કાન્યસંગ્રહ

દિગ ૧. [સં. દિક્] સ્ત્રી. દિશા.

દિગ ચાર્‌ હિસાર હતુ. નિષ્કુળાનંદ

૨. સ્ત્રી. બાજુ.

દિગગજ ૧. [સં. દિગ્‌ગજ] પું. દિશાઓના પાલક આઠ મહિનો કરેક હાથી. આઠ દિશાના આઠ દિગ્‌ગજ મનાય છે: ઐરાવત, પુષ્કરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, સુપ્રતીક.

૨. પું. પ્રૌઢ પુરુષ.

દિગડા (દિગડ) પું. શેવડાના ચોરાસી માંહેનો એ નામનો એક પેટા સમ્પ્ર.

દિગદર્શન [સં. દિગ્દર્શન] ન. સૂચના; ઝાંખી.
આ તો મેં આપશ્રીને માત્ર શબ્દાર્થનું દિગ્દર્શન કરાવ્યું છે. સહજાનંદપ્રકાશ

દિગપાલ જુઓ દિક્પાલ.

દિગપાળ જુઓ દિક્પાલ.

દિગભીમ ૧. વિ દિશા ન સૂઝે એવું; દિશાની પણ ખબર જ ન પડે તેવું.
૨. વિ. મૂર્ખ; અક્કમ.

દિગમૂઢ [સં. દિક્ + મૂઢ] વિ. સ્તબ્ધ; ચકિત. જુઓ દિગ્મૂઢ.

દિગર ૧. [દ્વા. દીગર] વિ. વિરોધ; બીજું; વગ્રા; દીગર.
૨. ન. બીજું સબબવાનું કે, એ અર્થમાં પત્રની શરૂઆતમાં વપરાતો શબ્દ.

દિગરાજ [સં. દિક્ (દિશા) + રાજ (રાજા)] પું. દિશાઓનો દેવ; આકાશનો દેવ.

દિગરી [દ્વા.] પું. બીજો પુરુષ; અન્ય જણ.

દિગલ પું. (વહાણવટું) ખૂણો.

દિગવાન ૧. પું. દરોગો.
૨. [સં. દિક્ (દિશા) + વત્ (વાળું)] પું. રક્ષક.

દિગવાર જુઓ દિગ્વાન.

દિગંજ [સં. દિગ્ગજ] પું. દિશાઓનું રક્ષણ કરનાર હાથી; દિગ્ગજ.
નમણે તે દેખી નારને, કમળાને લાગ્યા દિગંજ. નરસિંહ

દિગંત ૧. [સં.] પું. આકાશનો છેડો; ક્ષિતિજ; દૃષ્ટિમર્યાદા.
૨. [હિં.] પું. આંખનો ખૂણો.
૩. [સં. દિક્ (દિશા) + અંત (છેડો)] પું. દિશાઓનો છેડો.
ગજપતિ સ્વર્ગ દિગંતમાં, પતિકુરંગ આકાશ;
મૃગપતિ નખ પાડિલ નિજ, કવા કઈ કરે પ્રકાશ. કાન્હરાજ
૪ પું દૂરનું સ્થાન.
૫. પું બધી દિશાઓ.
૬ પું. રાજાદિના જ્ઞાન વગરનો દેશ.
૭. પું. સઘળી દિશાઓમાંના દેશ.
૮. સ્ત્રી. સવારી.
૯. ન. દિશાઓના છેડા સુધી.

દિગંતર ૧. પું. રાજાદિના જ્ઞાન વગરનો દેશ.
૨. સ્ત્રી. બીજી દિશા.
૩. [સં.] ન. દિગંત; ક્ષિતિજ; આકાશ.
૪. [સં. દિક્ (દિશા) + અંતર (બીજું)] ન. દિશાઓનો ગાળો; દિશાઓ વચ્ચેનું છેટું.
૫. ન. દિશાઓનો મધ્ય પ્રદેશ; દિશાઓની મધ્યનો ભાગ.
૬. ન. વાતાવરણ.

દિગંતરાલ ૧. [સં.] ન. આકાશ.
૨. ન. દિશાઓનો મધ્ય પ્રદેશ; દિશાઓની મધ્યનો ભાગ.
૩. ન. વાતાવરણ.

દિગંતરેખા [સં.] સ્ત્રી. દિશાઓનો અંત દેખાડનારી લીટી; ક્ષિતિજ; પૃથ્વી ને આકાશ મળી જતાં હોય એવું દેખાડનારી દૃષ્ટિમર્યાદા; આકાશરેખા.

દિગંતરેષા જુઓ દિગંતરેખા.

દિગંતવ્યાપી [સં. દિગંતવ્યાપિન્] વિ. બધી દિશાઓમાં ફેલાઈ રહેલું.

દિગંતસમ વિ. સમ; દૃષ્ટિમર્યાદાની સમાંતરે; સપાટી ઉપરનું.

દિગંતીરેખ સ્ત્રી. દિશાઓનો અંત બતાવનારી લીટી
ઓ વાદરી આયા દિગંતીરેખ સમ પીરા કરે. ભાલણ.૬૨

દિગંબર ૧. પું. અંધકાર.
૨. પું. (જૈન) એ નામે એક પંથ અથવા સમ્પ્રદાય. તેની ઉત્પત્તિ વિષે એમ કહેવાય છે કે, શુટક નામે સાધુને તેના આચાર્યે એક કોમતી વસ્ત્ર આપ્યું હતું. શુટકે મમતાને લીધે તે વસ્ત્ર સાંધીને સાચવી રાખ્યું અને પ્રલેપણ પણ વિસાર્યું. ગુરુએ તેનો આ મોહ ટાળવા માટે તે વસ્ત્ર ફાડીને તેની મુહપત્તી કરીને સાધુઓને વહેંચી દીધી. આથી શુટકને ક્રોધ ચઢ્યો અને જૈન ધર્મ પ્રતિ દ્વેષ કરવા લાગ્યો. તે સઘળાં વસ્ત્રો દૂર કરી વિચરવા લાગ્યો. તેનો પંથ દિગંબર પંથ કહેવાયો. બીજો મત એવો છે કે, એકસો દસ પૂર્વી વજ્ર સ્વામીના શિષ્ય વજ્રસેનના સમયમાં ઈ.સ. પૂર્વે ૭૬ કે ૮૨માં એટલે કે મહાવીર સ્વામી પછી લગભગ ૬૦૯ વર્ષે ઉત્તરના સંઘ અને દક્ષિણના સંઘ એ બે સંઘો શ્વેતાંબર અને દિગંબર નામથી હંમેશને માટે છૂટા પડી ગયા. તે બે પંથો વચ્ચે ઉત્તરના સંઘે ભદ્રબાહુ સ્વામીની મેરહાજરીમાં ભેગા કરેલા આગમગ્રંથોની બાબતમાં મુખ્ય મતભેદ પડ્યો. દક્ષિણના સંઘે એ ગ્રંથોને પ્રમાણભૂત માનવાની ના પાડી અને જાહેર કર્યું કે મૂળ ગ્રંથો તો સમૂળા નષ્ટ થઈ ગયા છે. આ ઉપરાંત મહાવીર સ્વામીના જીવનની કેટલીક ઘટનાઓ વિષે પણ મતભેદ છે. જેમકે, મહાવીર સ્વામીનો ગર્ભ બ્રાહ્મણીના પેટમાંથી ત્રિશલા ના પેટમા. સાવત્થામા નહોતો આવ્યો વગેરે તેમના મતભેદના મુખ્ય મુદ્દા પાંચ કહેવાય છે (૧) તીર્થંકરની પ્રતિમા નમ્રાવસ્થામાં, આભૂષણ વિનાની તથા નીચે ઢાળેલી આંખોવાળી જોઈએ એ. (૨) ઓઘો મોક્ષ પામી ન શકે (૩) મહાવીરે લગ્ન નહોતું કર્યું. (૪) કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી કેવળીને રસપૂર્ણ આહાર ન કરે (૫) સાધ્વીઓ વસ્ત્ર ન પહેરે દિગંબર જૈનોની વસ્તી ગુજરાતમાં બહુ થોડી છે તથા ગુજરાતમાં એટલે અમદાવાદથી ઉત્તરના ભાગમાં તો અત્યારે પણ તેમની વસ્તી નથી. સિદ્ધરાજ જયસિંહના દરબારમાં શ્વેતાંબર દિગંબર વચ્ચે વાદ થયો હતો. એ વાદની શરત પ્રમાણે દિગંબરો ગુજરાતની હદ બહાર થયા હતા. ગુજરાતની દક્ષિણમાં એટલે બાટ દેશમાં કોઈ કોઈ ઠેકાણે તેમની વસ્તી છે, પણ તે પ્રમાણમાં બહુ ઓછી છે. અવિચારી વગેરે ગ્રંથો જોતાં એમ કહી શકાય કે શ્વેતાંબરો કરતાં દિગંબરોએ વધારે મોટા ગ્રંથો રચ્યા છે.
વિક્રમ સંવત ૬૦૯માં કૃષ્ણવલ્લિના શિષ્ય શિવભૂતિએ દિગંબર મત કાઢ્યો. તેમાં ચાર સંઘ સ્થપાયા પછી વીરાપથી, તેરાપથી, કુમાનપથી ઇત્યાદિ ફાંટા પડ્યા. ગુ. સા. પરિષદ
૩. પું. ૭ માંહેનો એક નાસ્તિક મત. એ મતમાં દેહથી આત્મા ભિન્ન માને છે, પરંતુ જેટલું દેહનું પરિણામ તેટલું આત્માનું પરિણામ માને છે.
૪. પું. નામો સાધુ; સાધ્વી; નમ્રાવસ્થામાં રહેનાર જૈન યતિ.
૫. પું પાર્શ્વનાથ
૬. પું મહાદેવ; શંકર; શિવ.
૭. ન. દિગંબરે સંપ્રદાયનું શાસ્ત્ર.
૮ વિ. અકિંચન; ગરીબ.
૯. વિ. એ નામના જૈન સમ્પ્રદાયનું.
૧૦. વિ ઘરબાર વગરનું
૧૧. વિ. બધું; બતેલું.
૧૨. [સં. દિક્ (દિશા) + અંબર (વસ્ત્ર)] વિ. નગ્ન; નાગું; વસ્ત્ર પહેર્યા વિનાનું.
દિગંબર કરવું = બબાદી કિરવુ.

દિગંબરતા [સં.] સ્ત્રી. નમ્રાવસ્થા; નગ્નતા.

દિગંબરત્વ જુઓ દિગંબરતા.

દિગંબરાચાર્ય [સં દિગંબર + આચાર્ય (ગુરુ)]
પું દિગંબર સમ્પ્રદાયનો આચાર્ય
તત્ત્વાર્થસૂત્ર ઉપર બાબા અનંત વીર્ય દિગંબર તરીકે જે ગંધહસ્તી જૈન પરંપરામા પ્રસિદ્ધ છે. તેમાં એક દિગંબરસંન્યાસી તે બીજા શ્વેતાંબરસંન્યાસી. તત્ત્વાર્થસૂત્ર

દિગંબરી ૧. સ્ત્રી. દુર્ગા દેવી; અંબિકા; પાર્વતી.
૨. વિ. જૈન સાંપ્રદાયિક; દિગંબર મતને લગતું; દિગંબર સંપ્રદાયને લગતું.
૩. વિ. દિગંબર પંથના લોકોનું.
પાર્શ્વનાથના શિષ્યો ચેલાબરી કહેવાય છે અને મહાવીર સ્વામીના શિષ્યો દિગંબરી કહેવાય છે, કેમકે મહાવીર દિગંબરી હતા. અસ્તિચંદ્રિકા
૪. વિ. દિશારૂપી વસ્ત્રવાળું; નગ્ન; નાગું.

દિગંબરીય ૧. [સં.] વિ. દિગંબર સંપ્રદાયનું.
૨. વિ. દિગંબરનું.

દિગંબરીયત્વ [સં.] ન. દિગંબરીપણું.

દિગંશ [સં.] પું. કોઈ આકાશી પદાર્થમાંથી ક્ષિતિજ ઉપર દોરેલો લંબ ક્ષિતિજને જે બિંદુમાં મળે તે બિંદુથી પૂર્વ અથવા પશ્ચિમ બિંદુનું અંતર. આકાશમાંના ગ્રહ તથા નક્ષત્રો વગેરેની સ્થિતિ જાણવા માટે ક્ષિતિજવૃત્તના ૩૬૦ અંશમાં ગ્રહ કરે છે અને જે ગ્રહ કે નક્ષત્રનો દિગંશ જાણવો હોય તેના ઉપરથી ક્ષિતિજવૃત્તિને અનેકસ્વસ્તિકને સ્પર્શનાર એક વૃત્ત દોરવામાં આવે છે. આ વૃત્તિ પૂર્વ બિંદુથી ક્ષિતિજવૃત્તને ઉત્તર કે દક્ષિણ તરફ જેટલા અંશ ઉપર હોય તે તે ગ્રહ કે નક્ષત્રનો દિગંશ કહેવાય છે.

દિગંશયંત્ર [સં.] ન. ગ્રહ કે નક્ષત્રનો દિગંશ જાણવાનું યંત્ર. જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષ યંત્રાલયમાં આ યંત્ર છે.

દિગાચાર્ય [સં. દિક્ + આચાર્ય] પું. વસ્તુમાત્રની અનુજ્ઞા આપનાર ગુરુ.

દિગિચ્છા [પ્રા.] સ્ત્રી. ભૂખ.

દિગિચ્છાપરિસહ [પ્રા.] પું. ભૂખનો પરિસહ.

દિગીશ ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો જે નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, જગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.
સ જ ગા ગ છે દિગીશે. અર્વાચીન
૨. [સં.] પું. ઇંદ્ર વગેરે દિક્પાળ.
૩. પું. સૂર્ય.

દિગીશ્વર જુઓ દિગીશ ૨, ૩.

દિગુપાધિ [સં.] પું. ઉદયાચળ પર્વત.

દિગ્ગજ ૧. પું. આઠ મુખ્ય સૌતિક હાથી.
૨. પું. ખેતરપાળ; ગ્રામદેવતા.
૩. [સં. દિક્ (દિશા) + ગજ (હાથી)] પું. દિક્પાળ; દિશાઓમાં રહેલા કલ્પનિક હાથીઓમાંનો દરેક. આઠ દિશાઓના પાલક આઠ હાથીઓ મનાય છે: ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સર્વભૌમ અને સુપ્રતીક.
હે દિગ્ગજો ! કલ્પવૃક્ષનાં પત્રો હાથમાં લઈ તમે તોરણ બાંધો. ભાલણ
૪. પું. પ્રૌઢ પુરુષ; બાંધો પહોળો પ્રચંડ પુરુષ.
૫. વિ. મહાન; મોટું.

દિગ્જય [સં.] પું. દિશાઓનો જય; દિગ્વિજય.

દિગ્જ્ઞાન [સં.] ન. દિશા સંબંધી જ્ઞાન.

દિગ્દર્શક ૧. [સં.] પું. બતાસાનું હોકાયંત્ર; દિક્સૂચક; હોકાયંત્રની સોયથી દિશા જાણવાનું સાધન.
૨. પું. સૂચના આપનાર પુરુષ; કાર્યની દિશા સૂચવનાર માણસ; 'ડિરેક્ટર'

દિગ્દર્શન ૧. ન. ઉપરછોડિયું અવલોકન.
૨. ન. ઝાંખી.
૩. [સં.] ન. દિશા દર્શાવવી તે.
૪. ન. દિશાઓનું દર્શન; દિશા જોવી તે.
૫. ન. નમૂનો; ઉદાહરણ.
૬. ન. સાર.
૭. ન. સૂચના.
૮. ન. હોકાયંત્ર.

દિગ્દર્શનચિત્ર [સં.] ન. પ્રવાસ દર્શન ઉપરથી કાઢેલું ચિત્ર; યથાદર્શનચિત્ર.
ઉમેદી અધિકારીઓની સ્ત્રીઓને ગુજસુંદરી બનવિત્ર બતાવી અને તેમની પાસેથી કુસુમ દિગ્દર્શનચિત્રના સાધારણ નિયમો શીખી લીધી. સરસ્વતીચંદ્ર

દિગ્દાહ [સં.] પું. દિશાઓનો દાહ; સમસ્ત દિશા જાણે પ્રજ્વલિત થઈ હોય એવી દેખાતી ઘટના; ક્ષિતિજ ઉપર દેખાતી આગના જેવી લાલાશ. આને લોકો અશુભ માને છે અને યુદ્ધ, દુકાળ કે રોગ વગેરે થવાનું સમજે છે.

દિગ્દેવતા ૧. [સં.] પું. દિશાની મર્યાદા જાળવનાર સ્થાપિત દેવ; દિશાઓના અધિષ્ઠાયક દેવ.
૨. સ્ત્રી. (પુરાણ) ચક્રિદેવતાની ઉપપત્નિ.

દિગ્ધ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. મિત્રક વૃક્ષ.
૩. પું. પ્રલેપ.
૪. પું. સાચી કે ખોટી વાર્તા.
૫. પું. ત્રિનેત્ર ભાર્યા.
૬. પું. રનોહ.
૭. વિ. ચોપડાયેલ; લિપ્ત.
૮. વિ. મોટું.
૯. વિ. લાંબું; દીર્ઘ.

દિગ્ધકર [સં.] પું. ઝેર ચોપડેલું બાણ.

દિગ્ધા સ્ત્રી. રંભા; વહેમ.

દિગ્નિર્ણય [સં.] પું. હોકાયંત્ર; મત્સ્યયંત્ર; દિગ્દર્શક.

દિગ્નિર્ણયયંત્ર [સં. દિક્ (દિશા) + નિર્ણય (નક્કી કરવું તે) + યંત્ર (સાધન)] ન. હોકાયંત્ર; દિશાસૂચક યંત્ર.

દિગ્પટ ૧. [સં. દિક્ (દિશા) + પટ (વસ્ત્ર)] પું. દિશારૂપી વસ્ત્ર.
૨. વિ. દિશારૂપી વસ્ત્ર ધારણ કરનાર; નગ્ન.

દિગ્પતિ [સં. દિક્ (દિશા) + પતિ] પું. દિશાનું રક્ષણ કરનાર સ્વામી.

દિગ્પરિમાણ જુઓ દિગ્પરિમાણવ્રત.

દિગ્પરિમાણવ્રત [સં. દિક્પરિમાણવ્રત] ન. (જૈન) શ્રાવકનું એક વ્રત. તેમાં શ્રાવકો દસે દિશાઓમાં જવા આવવાની હદ બાંધી નિયમ કરે છે.

દિગ્પાલ [સં. દિક્ (દિશા) + પાલ (રક્ષણ કરનાર)] પું. દિશાઓનું રક્ષણ કરનાર, જુઓ દિક્પાલ.

દિગ્પાળ જુઓ દિક્પાલ.

દિગ્બલ [સં.] ન. (જ્યોતિષ) ગ્રામ આદિ ઉપર રહેલા ગ્રહોનું બળ. જો લગ્નથી દસમા સ્થાન ઉપર રવિ અને મંગળ હોય તો દક્ષિણ, સાતમા સ્થાન ઉપર શનિ હોય તો પશ્ચિમ અને ચોથા સ્થાન ઉપર શુક્ર અને ચંદ્ર હોય તો ઉત્તર દિશા બળવાન મનાય છે.

દિગ્બલી ૧. [સં. દિગ્બલિન્] પું. જેના ઉપર કોઈ ગ્રહનું બળ વિશેષ હોય તે રાશિ.
૨. પું. દિશાને કારણે બળવાન ગ્રહ.

દિગ્બળ જુઓ દિગ્બલ.

દિગ્બંધ જુઓ દિગ્બંધન.

દિગ્બંધન [સં. દિક્ (દિશા) + બંધન (બાંધવું તે)] ન. રક્ષાના મંત્ર વડે દિશા તરફ ચોખા છાંટી કરેલું રક્ષણ કરવું તે; દિશાઓનું બંધન.
આ પુરાણા બહુરત્નને દિગ્બંધને બાંધતી તો છ. કેશવ હર્ષદ

દિગ્ભાઠ [સં.] પું. એક જાતનો કૂવો. તેની પહોળાઈ દસ હાથ હોય છે.

દિગ્ભ્રમ [સં.] પું. દિશાઓ સંબંધી ભ્રમ; દિશા ભૂલી જવી તે.

દિગ્મંડલ ૧. [સં.] ન. દિશાઓનો સમૂહ; બધી દિશાઓ.
૨. ન. પૃથ્વી અને આકાશ મળી જેવેલાં દેખાય છે તે કલ્પિત રેખા; દૃષ્ટિમંડલ; ક્ષિતિજ.

દિગ્મૂઢ ૧. [સં.] વિ. દિશાની ચોક્કસ જાણ ન થવાથી; દિશા જેમ અચલ છે તેમ ભાન રહિત; દિશા ભૂલેલ; દિશા જેમ અચલ છે તેમ ભાન સ્થિતિમાં પડી કાંઈ ઓસે ચાલે નહિ તેવું; જેને કાંઈ સૂઝવું ન હોય એવું; ચકિત; ભાનું ભૂલાવું.

૨. જ. દિગ; સ્તબ્ધ; છક્ક; ચકિત.

દિગ્મોઢ જુઓ દિગ્મૂઢ.

દેહ મહા સૂઝે દેવતા,
થઈ રહ્યા દિગ્મોઢ ૧૮૮૭

દિગ્રેખા [સં દિક્ (દિશા) + રેખા (લીટી)] સ્ત્રી. દિશા બતાવતી લીટી.

દિગ્વદન [સં.] ન. પૂર્વ વગેરે દિશાના ભેદે તે દિશામાં રહેલ મુખવાળા રાશિ.

દિગ્વસ્ત્ર ૧. [સં. દિક્ (દિશા) + વસ્ત્ર (કપડું)] પું. દિગંબર જૈન.

૨. પું. શિવ.

૩. વિ. નગ્ન; નાગું.

ભૂતસમૂહની વચમાં ઓઢેલો, દિગ્વસ્ત્રવાળો અને ખટ્વાંગવાળો એવો કુમારપાલ તે સમયે શોભાયમાન જોગી દેખાવા લાગ્યો. મણિલાલ નભુભાઈ

દિગ્વારણ [સં.] પું. દિશાનો હાથી; દિગ્ગજ.

દિગ્વાસસ ૧. [સં. દિગ્વાસસ્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. જુઓ દિગ્વસ્ત્ર.

દિગ્વિજય ૧. [સં. દિક્ (દિશા) + વિજય (ફતેહ)] પું. ચારે દિશાઓમાં વિજય વર્તાવવો તે; રાજાએ ચારે દિશાના રાજાઓને જીતી લેવાપણું; મોટો વિજય; મોટી ફતેહ.

૨. પું પંડિતે દેશ દેશના પંડિતોને વાદવિવાદમાં હરાવવા તે.

૩ પું. પોતાના ગુરુ, વિદ્યા, બુદ્ધિ વગેરેથી દેશદેશાંતરોમાં પોતાનું મહત્ત્વ સ્થાપન કરવું તે. જેમકે, શંકરદિગ્વિજય.

૪ પું. મહાભારતનો એક ભાગ. તેમાં પાંડવોએ દેશોમાં ક્રમ જીત મેળવી તે વર્ણવેલ છે.

૫ ન વેદાંત વિષય ઉપર શંકરાચાર્યે લખેલું એ નામનું એક પુસ્તક.

દિગ્વિજયપતાકા [સં.] સ્ત્રી. ચારે બાજુની જીતનો વાવટો.

દિગ્વિજયી ૧. [સં. દિક્ (દિશા) + વિજયિન્ (વિજયવાળું)] પું. ચક્રવર્તી.

૨. વિ. જેણે ચારે દિશાઓ જીતી લીધી હોય તેવું; ફતેહ કરનાર; મોટો જય કરનાર

દિગ્વિજયીછત્ર [સં. દિક્ (દિશા) + વિજયિન્ (જય કરનાર) + છત્ર] ન. નકશા છત્ર ઉપર આઠ આજ્ઞાની ચક્ર લખાડવામાં આવે તેવું છત્ર.

દિગ્વિભાગ ૧. [સં.] પું. દિશા; બાજુ.

૨. પું દિશાઓનો વિભાગ.

દિગ્વિખ્યાત [સં.] વિ. દિશાઓમાં પ્રસિદ્ધ.

દિગ્વિરતિ સ્ત્રી. (જૈન) પોતાની લાયકાત પ્રમાણે પૂર્વ પશ્ચિમ વગેરે જુદી દિશાઓનું પરિમાણ નક્કી કરી તે બહાર દરેક પ્રકારના અધર્મ કાર્યથી લેવાતી નિવૃત્તિ.

દિગ્વિરતિ, ભોગોપભોગપરિમાણ અને અનર્થદંડવિરતિ એ ત્રણ ગુણવ્રતો તથા સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત ગણાય છે.

આદિનાથચરિત્ર

દિગ્વ્યાપકત્વ [સં.] ન. દિગ્વ્યાપીપણું; પરિમેયતા.

દિગ્વ્યાપી [સં. દિક્ (દિશા) + વ્યાપિન્ (ફેલાયેલું)] વિ. બધી દિશાઓમાં ફેલાયેલું.

દિગ્વ્રત [સં.] ન. (જૈન) શ્રાવકનું એક વ્રત. તેમાં તેઓ અમુક નિશ્ચિત વખત માટે એવો ઠરાવ કરે કે અમુક દિશા કે દિશાઓમાં આટલા દૂરથી વિશેષ જવું નહિ.

દિગ્શિખા [સં. દિક્ (દિશા) + શિખા (અગ્રિજ્વાલા)] સ્ત્રી. પૂર્વ દિશા.

દિગ્શૂલ [સં. દિક્શૂલ] ન. દિશાશૂળ. જુઓ દિક્શૂલ.

દિગ્સિંધુર [સં. દિક્ (દિશા) + સિંધુર (હાથી)] પું. દિગ્ગજ; દિશારક્ષક.

ટોલ્યા દિગ્સિંધુ વિશેષ. ત્રિભુવન

દિગ્હોચ [હિં.] પું. એક જાતનું પક્ષી.

દિઙ્ જ. સ્તબ્ધ; ચકિત; આશ્ચર્યચકિત; અવાક્.

દિઙ્નક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) અમુક દિશાઓ સાથે સંબંધ હોય એવું કોઈ નક્ષત્ર. દરેક દિશા સાથે સાત સાત નક્ષત્રોનો સંબંધ માનવામાં આવેલ છે. કોઈની કોઈ ચીજ ખોવાઈ હોય અથવા ચોરાઈ હોય તો તે ચીજ ચોરાવાના તથા ખોવાવાના વખતનું નક્ષત્ર જોવું તે ઉપરથી ચોર કઈ દિશામાં છે અથવા ખોવાયેલી વસ્તુ કઈ દિશામાં છે તે કહી શકાય છે.

દિઙ્નાગ ૧. [સં.] પું. (બૌદ્ધ) એ નામનો એક આચાર્ય. તે અજિતસેનના સમયમાં થયો હતો અને તેનો મોટો હરીફ હતો.

૨. પું. દિશાનો હાથી.

દિઙ્નારી [સં.] સ્ત્રી. નેપાલ; રેતી.

દિઙ્નિર્ણય જુઓ દિગ્નિર્ણય.

દિઙ્નિર્ણયયંત્ર [સં.] ન. હોકાયંત્ર; દિશા નક્કી કરવાનું યંત્ર.

દિઙ્મંડલ [સં.] ન. દિશાઓનો સમૂહ.

દિઙ્માતંગ [સં.] પું દિગ્ગજ

દિઙ્માત્ર [સં.] ન. ઉદાહરણમાત્ર; કેવળ નમૂનો.

દિઙ્મુખ [સં] વિ. દિશા તરફ મુખવાળું; દિશા તરફ જોનાર.

દિઙ્મૂઢ ૧. [સં.] વિ. અમુક કઈ દિશા છે એની અથવા કઈ દિશામાં જવું એની પણ જેને અક્કર પડતી નથી તેવું ભ્રમિત.

જે માણસ દિઙ્મૂઢ થયો હોય, તેને અનાયાસે દિશાઓનું પ્રત્યક્ષ જ્ઞાન ન થાય ત્યાંસુધી દિશાનો ભ્રમ ઉત્પન્ન થતો નથી. તેમ બહુ દુષ્ટાત્માને અનાસુધી પ્રકૃતિ અને પુરુષના ભેદનું સાક્ષાત્ જ્ઞાન ન થાય ત્યાંસુધી બંધનની નિવૃત્તિ થતી નથી. અર્થાત્ અવશ્ય અને મનન પછી વિવેકજ્ઞાન થાય તો જ બંધનની નિવૃત્તિ થાય છે. સાખ્યકારિકા

૨. વિ. ભાનું ચકિત.

૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

૪. જ. છક્ક.

દિઙ્મોહ [સં. દિક્ (દિશા) + મોહ (ભાન ભૂલવું તે)] પું. દિશા ન સૂઝવી તે.

દિજલા ૧. [અ.] પું. સરોવર.

૨. સ્ત્રી. એ નામની એક નદી.

દિઠ જ. અક્કેક ઉપર.

દિઠ્ઠિ ૧. [પ્રા] સ્ત્રી. આંખ; નેત્ર.

૨. સ્ત્રી. જ્ઞાન; સમજણ.

૩. સ્ત્રી. દૃષ્ટિ; નજર.

૪. સ્ત્રી. બુદ્ધિ; મતિ.

૫. સ્ત્રી. મત; પક્ષ; દર્શન.

૬. સ્ત્રી. વિચાર; વિચાર.

૭. સ્ત્રી. સમ્યક્ દૃષ્ટિ.

દિઠ્ઠિસંચાલ [પ્રા.] પું. જરી જરી આંખ હલાવવી તે

દિઠ્ઠિમૂલ [પ્રા.] પું. આંખનું મૂળ.

દિઢ જ. અક્કેક ઉપર.

દિઢ્ઢવન જ. ઘરતક બુદ્ધિ અમિયારસ. આ દિવસે વિષ્ણુ પોતાની આઠ આંગળી ઊંચી ચઢે છે એમ મનાય છે.

દિઠ્ઠી [સં. દૃષ્ટિ] સ્ત્રી. દૃષ્ટિ; નજર.

દિઠ્ઠૌના [સં. દૃષ્ટિલગ્ન] પું. (દિઠ્ઠી) નજરબંધી સામે જોકરાના કપાળ ઉપર રક્ષણાર્થે લગાડાતો પટ્ટો; કાજળની લિટી. જે બાળકોને નજરબંધીમાંથી બચાવવાને કરવામાં આવે છે.

દિડીકાઢી [ગ.] સ્ત્રી. નીપજ વખતે ઘેરૂ અનાજ લેવાની ઠરતે ખેડૂતને આપેલું બી.

દિઢ [સ. દૃઢ] વિ. દૃઢ; મજબૂત

દિહોતરા [જ.] ન. સેંકડે માસિક દોઢ ટકાનું વ્યાજ

દિણકર [પ્રા.] પું. સૂર્ય; દિનકર.

દિણનાહ [પ્રા.] પું. સૂર્ય; દિનનાથ.

દિણયર [સં. દિનકર] પું. સૂર્ય.

દિણેસ [સં. દિનકર] પું. સૂર્ય.

દિણ્ણિદ પું. (જૂ. ગુ.) સૂર્ય; દિનકર.

દિત [સં.] વિ. છેદેલ; કાપેલ; બે ભાગમાં કરેલ.

દિતવાર [સ. અદિત્ય (સૂર્ય) + વાર (દિવસ)] પું. રવિવાર; અદિત્યવાર.

દિતિ ૧. [સં.] પું. એ નામનો રાજા.

૨. સ્ત્રી. ખંડભૂમિ.

૩. સ્ત્રી. છેદવું તે; તોડવું તે.

૪. સ્ત્રી. (પુરાણ) દક્ષ પ્રજાપતિની એ નામની પુત્રી; કશ્યપની સ્ત્રી, દૈત્યોની માતા. જ્યારે તેના બધા પુત્રો ઇંદ્ર અને દેવતાઓથી માર્યા ગયા, ત્યારે તેણે પોતાના પતિ કશ્યપ ઋષિ પાસે એક એવા પરાક્રમી પુત્રની માગણી કરી કે જે ઇંદ્રને પણ દમન કરી શકે. કશ્યપે કહ્યું કે, તેવા પુત્ર માટે તમારે સો વર્ષ સુધી ગર્ભને ધારણ કરવો પડશે અને ગર્ભકાલ દરમિયાન બહુ જ પવિત્રતાપૂર્વક રહેવું પડશે. દિતિને ગર્ભ રહ્યો અને ૯૯ વર્ષ સુધી તે બહુ પવિત્રતાપૂર્વક રહી. ઉગણ્યા વર્ષમાં તે એક રાત્રે હાથપગ ધોયા વગર સૂઈ ગઈ. ઇંદ્ર તો તક જોતો હતો. તેણે અપવિત્ર દશા જોઈને તેના ગર્ભમાં પ્રવેશ કર્યો અને પોતાના વજ્ર વડે ગર્ભના સાત ટુકડા કરી નાખ્યા. આ વખતે શિશુએ મોટેથી રોકકળ કરી પાડી કે ઇંદ્ર મારશે. તેથી તેણે સાત ટુકડામાંથી દરેકના ફરી સાત સાત ટુકડા કર્યા. ઇંદ્રે તેને ઓગણ પચાસ ટુકડામાં ના કરવાનું કહ્યું તે ઉપરથી તે સાત ટુકડા મરુત કહેવાયા.

૫. સ્ત્રી. રાત્રિએ દેખાતી સૃષ્ટિ.

૬. વિ. દાતા; દાન આપનાર.

દિતિકશ્યપકામહૈતુપૃષ્ટિપ્રવર્તક [સં.] વિ. પુરુષોત્તમનાં બત્રીસ લક્ષણ માહેનું એક નામ.

દિતિકુલ [સં.] ન. દૈત્યવંશ.

દિતિજ [સં.] પું. અસુર; દૈત્ય.

દિતિતનય [સ.] પું. દૈત્ય; રાક્ષસ; અસુર.

દિતિનંદન જુઓ દિતિતનય.

દિતિપુત્ર જુઓ દિતિતનય.

દિતિસુત [સં.] પું. રાક્ષસ; દૈત્ય; અસુર; દિતિનો પુત્ર; દાનવ.

દિતિસૂનુ [સં.] પું. દૈત્ય; દિતિતનય.

દિતી જુઓ દિતિ.

દિત્ય ૧. [સં.] પું. દૈત્ય; અસુર

૨. વિ. છેદવા યોગ્ય; ભેદવા લાયક.

દિત્યવાહ [સં. દિત્યવાહ્] પું. ચોરીસ મહિનાનો બળદ.

દિત્યૌહી સ્ત્રી. ચોરીસ મહિનાની ગાય.

દિત્સા [સં.] સ્ત્રી. દાન દેવાની ઇચ્છા; આપવાની ઉમેદ.

દિત્સુ [સં.] વિ. દેવાની ઇચ્છાવાળું.

દિયચન [હિ.] સ્ત્રી. કાર્તિક સુદિ અગિયારસ. તે દિવસે વિષ્ણુના માનમાં તહેવાર ઉજવાય છે.

દિદવાન ૧. [ફા. દીદવાન] પું. પહેરેગીર; ચોકીદાર.

૨. સ્ત્રી. બંદૂકમાં ઘોડા પાસે નજર તાકવાનું નિશાન.

દિદાર ૧. [ફા. દીદાર] પું. શરીર અથવા માનો દેખાવ; ચહેરો; સ્વરૂપ; રૂપ અને દેખાવ દર્શન.

દેવાધિદેવના દિદાર કીધો આજમત ગોપને.
૩. કા. પરિષદ

૨. પું. હાજતઃ હાજા કમ.

દિદારી ૧. સ્ત્રી. સ્વરૂપ.

૨. સ્ત્રી. હાસલખાલ; ઢંગ.

દિદિવિ [સં.] પું. સ્વર્ગ.

દિદૃક્ષા [સં.] સ્ત્રી. જોવાની ઇચ્છા.

દિદૃક્ષુ [સ.] વિ. જોવાની ઇચ્છાવાળું.

દિદૃક્ષૈણ્ય [સં.] વિ. જોવાને ઇચ્છવા યોગ્ય.

દિદૃક્ષ્ય [સં.] વિ. જોવા યોગ્ય; દર્શન કરવા લાયક.

દિદેવિષા [સં.] સ્ત્રી. રમવાની ઇચ્છા.

દિદેવિષુ [સં.] વિ. રમવા ઇચ્છનાર.

દિદ્યુ ૧. [સં.] પું. ઉલ્કા વજ્ર.

૨. પું. બાણ.

દિદ્યુત ૧. [સં. દિદ્યુત્] પું. ઉલ્કા વજ્ર.

૨. પું. બાણ.

૩. વિ. કાંતિમાન; પ્રકાશમાન.

દિદ્રુક્ષ ૧. ન. પરવાળું.

૨. ન. મણિ.

કનકની જોમ, દિદ્રુક્ષના બાંધવા,
રત્નજડિત લાંબો મોહોર. નરસિંહ

દિધ ૧. વિ. દોધેલું; આપેલું.

૨. ન. વિ. દહીં; આપ્યું. કવિતામાં આ શબ્દ વપરાય છે.

દિધક્ષુ [સ.] વિ. બાળવાની ઇચ્છાવાળું.

દિધવાન ૧. વિ. બૂનું; પરંપરાથી ઊતરતું.

૨. વિ. દીધેલું; આપેલું.

૧. દિધવાન કૂળ = જેવું આપેલું હોય તેવું પ્રાપ્ત થાય; જેવું આપ્યું હોય તેવું મળે.

૨. દિધવાન વેર = આપેલું વેર અર્થાત્ અમુક વેર વાળજે એમ કહીને આપેલું જે તે. છોડ એટલે નહિ સૂઝી જતા જેવું વેર.

દિધિ ૧. [સં.] સ્ત્રી. ધૈર્ય; ધીરજ; સબૂરી.

૨. સ્ત્રી. મક્કમતા; સ્થિરતા.

દિધિક્રાવ્ય [સ] પું. કૃત્રિમ મિત્ર.

દિધિષુ ૧ પું ગર્ભાધાન કરનાર મનુષ્ય.

૨ [સં.] પું વિધવાનો પતિ; બે વાર પરણેલી સ્ત્રીનો બીજો પતિ.

૩. સ્ત્રી. અક્ષત યોનિવાળી સ્ત્રી; પતિ સાથે કદી પણ સંભોગ ન કર્યો હોય તેવી વિધવા સ્ત્રી.

૪. સ્ત્રી. જેની નાની બહેન પરણેલ હોય અને પોતે કુંવારી હોય તેવી છોકરી. મોટી કુંવારી બહેન.

૫. સ્ત્રી. નાની ઉંમરમાં વિધવા થઈ પુનર્લગ્ન કર્યું હોય તેવી છોકરી.

૬. સ્ત્રી. મોટા ભાઈની કોઈ પણ બાબત બગડની વિધવા.

દિધિષુપતિ ૧. [સં.] પું. બે વાર પરણેલી સ્ત્રીનો પતિ; વિધવાનો પતિ.

૨. પું. મરણ પામેલા ભાઈની સ્ત્રીને રાખીને બેઠેલો પુરુષ.

૩. પું. મોટી બહેન કુંવારી છતાં નાની બહેન સાથે લગ્ન કરનાર પુરુષ.

૪. પું. વેરણનો આવિષ્ટ; કુબટાનો પતિ.

દિધિષૂ ૧. [સં.] પું. બે વાર પરણેલી સ્ત્રીનો બીજો પતિ; પુનર્લગ્ન કરેલી સ્ત્રીનો પતિ.

૨ જ્યાં જેની મોટી બહેન કુંવારી હોય એવી પરણેલી ભાઈ; મોટી બહેન કુંવારી હોય છતાં પરણનાર નાની બહેન.

૩. સ્ત્રી. પુનર્લગ્નવાળી અક્ષતયોનિ વિધવા; બીજી વાર પરણેલી સ્ત્રી, પુનર્ભૂ

દિધિષૂપતિ જુઓ દિધિષુપતિ.

દિન ૧. [સં.] પું. દિવસ; દહાડો; સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય.

પાય લાગું હું અ બલિહિ, આજ દિન આપ્યા પીસ,
લક્ષ્મણ નહેં પીનવે બહૈ, સીતા સહી આસીસ
તીવાહરણ, ૧૫મો ઢાળ

૧. દિન આવવો = (૧) ઋતુભાવ આવવો. (૨) મોતના દિવસ જણવા. (૩) વખત આવી પહોંચવો.

૨. દિન આપવો = દુઃખી દિવસો પસાર કરવા.
૩. દિન ભરાની કૂદી = જે કૂદીમાં દિવસ પૂરા થયા પછી બીજો દિવસે પાછલી રાત્રિએ તે કૂદી.
૪. દિન આથમવો = સૂર્યાસ્ત થવો.
૫. દિન ઊગવો = સૂર્યોદય થવો; માઠી દશામાંથી સારી દશામાં આવવું.
૬. દિન ઢળવો = (૧) પડતી થવી. (૨) સૂર્યાસ્ત થવો.
૭. દિન પડવો = (૧) કમનસીબ હોવું. (૨) વિખવા થવું.
૮. દિન ફરવો = (૧) બુદ્ધિ બગડવી. (૨) સારી અવસ્થા બરાબર સ્થિતિમાં પલટો આવો.
૯. દિન ભરવો = દુઃખી જિંદગી કાઢવી.
૧૦. દિનના તારા દેખાડવા = (૧) ઘણું જ માનસિક દુઃખ દેવું કે જેથી બુદ્ધિ ઠેકાણે ન રહે (૨) બહુ જ કામમાં પરોવાવું.
૧૧. દિનને દિન, રાતને રાત ન ગણવી = પોતાનાં સુખ કે વિશ્રામ પ્રત્યે જરા પણ ધ્યાન ન દેવું
૧૨. પૂરે દિન હોવા = નવમો માસ હોવો; સુવાવડનો વખત લગભગ આવ્યો.
૧૩. ભૂરા દિન = બરાબ સંજોગો; બરાબ દિવસો.

૨. પું. નસીબ.
૩. [હિ] પું. નિશ્ચિત કે ઉચિત સમય.
૪. પું. પંદરસૂચક સાંકેતિક શબ્દ.
૫. પું. પૃથ્વી એક વાર પોતાની ધરીની આજપાજ ફરી રહે તેટલો વખત; આઠ પ્રહોર અથવા ચોવીસ કલાકનો સમય.
૬. પું. મિતિ; તિથિ.
૭. પું. વખત; સમય.
૮. પું. સ્થિતિ.
૯. અ. સદા; હમેશા.

દિનમર [સં. દિનકર] પું. (હિંદી) સૂર્ય.

દિન આરતદાર [ફા. દીન (ધર્મ) + આરતદાર (રાખનાર)] પું. શરણાગત; શરણમાં પ્રવેશેલ માણસ.

દિનકર ૧. [સં.] પું. આકડો.
૨. પું. (પિંગળ) વર્ણવૃત્તની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં એક જગણ અને આઠ નગણ મળી ૨૭ વર્ણ હોય છે.
૩. [સં દિન (દિવસ) + કર (કરનાર)] પું. સૂર્ય; રવિ; સૂરજ; આદિત્ય; ભાનુ; ભાસ્કર.
સર દિનકર વિકાસ દિનકર ભાસ્કર હંસ,
ભિક્ષિર લિખિરદર સહસ્રકર શબ્દરિમ વિશ્વાંસ.
પિંગળપ્રકાશ

દિનકરકન્યા ૧. સ્ત્રી. તાપી નદી.
૨ [સં.] સ્ત્રી. યમુના.

દિનકરતનય જુઓ દિનકરસુત.

દિનકરતનયા જુઓ દિનકરકન્યા.

દિનકરનંદ ૧. પુ. યમ.
તેથી ડરતો દિનકરનંદ
અંતરાળે એ કામનું. જોને
૨. પુ. સૂર્યનો પુત્ર.

દિનકરપુત્ર જુઓ દિનકરસુત.

દિનકરપુત્રી જુઓ દિનકરકન્યા.

દિનકરસુત ૧. [સં.] પું. અશ્વિનીકુમાર.
૨. પું. કર્ણ.
૩. પું. યમ.
૪. પું. (જ્યોતિષ) શનિ.
૫. પું. સુગ્રીવ.

દિનકરસુતા જુઓ દિનકરકન્યા.

દિનકર્તા ૧. [સં. દિનકર્તૃ] પું. આકડો.
૨. પું. સૂર્ય.

દિનકાર ૧. પું. નામપિંગળ માંહેનો માત્રામેળવાળો એ નામનો એક છંદ.
૨. [સં. દિનકર] પું. સૂર્ય.

દિનકિરણ ૧. [સં.] પું. આકડો.
૨. પું. સૂર્ય.

દિનકુલિક [સં.] પું. (જ્યોતિષ) કુલિક યોગનો એક ભાગ.

દિનકૃત ૧. [સં. દિનકૃત્] પું. આંકડો.
૨. પું. સૂર્ય.

દિનકેશર [સં.] પું. અંધારું.

દિનકેસર [સં.] પું. અંધકાર; અંધારું.

દિનક્રમ [સં] પું. નિત્યક્રમ; રોજનો કાર્યક્રમ.

દિનક્ષય [સં.] પું. (જ્યોતિષ) દિવસનો ક્ષય; તિથિક્ષય.

દિનગત [સં દિન (દિવસ) + ગત (ગયેલ)] બે દિવસને લગતું.

દિનગુજરો ૧. પું. ગરીબના જેવું ગુજરાન; ગરીબ જેવી આજીવિકા
૨. પું. બાકી રહેલા તે.

દિનચર્યા ૧. [સં દિન (દિવસ) + ચર્યા (આચરણ)] સ્ત્રી. દિવસનો કાર્યક્રમ; દિવસમાં ઉઠેલાનાં કામનો ક્રમ; દિનચરનું કર્તવ્ય; આખા દિવસ દરમિયાન કામ કરવાની ટીપ. નીરોગી માણસે પાછલી રાત ઘડી રાત રહે ત્યારે ઊઠવું. ઊઠીને અજવેર પાણી પી જવું. મળમૂત્રનો ત્યાગ, દાતણ, વ્યાયામ, સ્નાન, ભોજન, મુખવાસ, શયન, સદાચાર વગેરે નિયમો પાળવા જોઈએ. આહારની માફક શૌચ, સ્નાન, નિદ્રા, આરામ વગેરેની પદ્ધતિ પણ સ્વાસ્થ્ય સારૂ રહે એવી સાવચેત હંમે ગોઠવતા અને કરતાં દરેકને આવડવું જોઈએ. દાતણ, સ્નાન, આપું ઓળવું, ચોળવું એ શરીરની બાહ્ય સ્વચ્છતાની સાથે નિયમિત તથા ખુલાસેથી શૌચ જતાં એ આંતરિક સ્વચ્છતા જાળવવાનું દરેક પરાબર શીખવું જોઈએ અને એ બાબતની અવસ્થિત અને નીરોગી ટેવો પડી જવી જોઈએ. ઓઢે માથે ઓઢીને ન સૂવું તથા ખુલ્લી હવા પૂરતા પ્રમાણમાં મળી રહે એવી જગાએ સૂવું એ પણ એટલું જ મહત્ત્વનું છે. ઊંઘની નિયમિતતા ઉપર આપણે જોઈએ તેટલો ભાર મૂકતા નથી, પણ નકી કરેલે વખતે વહેલા કે વહેલા ઊઠવાની ટેવ આરોગ્યપ્રદ છે. વળી ૬૮લીક ટેવો તરફ આપણું ઓટલું દુર્લક્ષ હોય છે અને તે ઘંટી તથા હાનિકારક છે, એવો આપણને અભાસ પણ નથી હોતો, તેથી નાકમાં આંગળી વાળી નાક ખોતરવાની ટેવ, મેલા નખ રાખવા, દાંત વડે નખ કાપવા એવી ઝીણી ઝીણી વસ્તુઓ ઉપર પણ ધ્યાન આપવાની જરૂર છે.
કરમે આઠ હજારે પામર પાપ છે,
દિનચર્યામાં પ્રભુ પાસે પણ માપ જો.
કાન્ત

૨. સ્ત્રી. વર્તણૂક
૩. સ્ત્રી. સાધુએ રોજ કરવું જરૂરનું તે.

દિનચારી ૧. [સં. દિનચરિન્] પું. દિવસનો ચાલનાર; સૂર્ય.
૨. પું. વાનર.

દિનજ્યોતિ ૧. [સં. દિનજ્યોતિસ્] સ્ત્રી. સૂર્યનો તાપ; ધૂપ.
૨. [હિં.] સ્ત્રી. દિવસનો પ્રકાશ

દિનદશા [સં.] સ્ત્રી. દરેક દિવસે માણસના ઉપર ગ્રહોની થતી અસર.

દિનદહાડે (દિનદહાડે) અ. બીજે દિવસે; ખુલ્લી રીતે; જાહેરમાં.

દિનદાની [હિં.] પું. દરરોજ દાન દેનાર માણસ; ગરીબપરવર.

દિનદિન અ. દરરોજ; રાતુ; સદા; દરરોજ.
દિનદિનનું ભાતું = રોજમેળ.

દિનદીપ [સં. દિન (દિવસ) + દીપ (દીવો)] પું. સૂર્ય.

દિનદુઃખિત [સં.] પું. આખરો પહોર; ચકરો.

દિનનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) અંગ્રેજીમાં. પંચાંગમાં રોજનાં નક્ષત્ર આપેલાં હોય છે તેનો

અર્થે એમ સમજવાનો છે કે, ચંદ્ર તે દિવસે તે નક્ષત્ર પાસે હોય છે, તેથીજ એને ચંદ્રનક્ષત્ર કહે છે. જુઓ નક્ષત્ર.

દિનનાથ [સં.] પું. સૂર્ય.

દિનનાયક [સં.] પુ. દિવસનો સ્વામી; સૂર્ય.

દિનનિશા ૧. [સં. દિન (દિવસ) + નિશા (રાત)] સ્ત્રી. રાત અને દિવસ; રાત્રિદિન.

૨. અ. રાતદિવસ; હરરોજ; હમેશા.

દિનની પૂરિયા જુઓ દિનની પૂર્યા.

દિનની પૂર્યા પું. (સંગીત) ભૈરવના આઠ માંહેનો એક પુત્ર રાગ. આ રાગ સમજવું છે. તેમાં ઋરજ શુદ્ધ, રિખભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેમાં રિખભ વાદી સ્વર, ધૈવત સંવાદી તથા ગંધાર અનુવાદી સ્વર છે અને પૌરસ્ત્રી ટોટકે પવન, પનાશી ટંક, મંગલાષ્ટક તથા કાનડાથી મિશ્ર છે. આ રાગને કોઈ આંધ્ર પણ કહે છે. તેમાં રિખભ વર્જ્ય સમજવો અને કોઈ ઓડવ પણ કહે છે. તેમાં રિખભ, પંચમ બે વર્જ્ય છે. તે ગાવાનો વખત સંધ્યા પહેલાનો છે. આ રાગની ચાર ગતિ છે: શુદ્ધ પૂરિયા, પનાશી પૂરિયા, નિખાદ પૂરિયા અને કલ્યાણ પૂરિયા અથવા રાતની પૂરિયા. તે રાતની પૂરિયામાં ગંધાર મધ્યમ, ધૈવત, નિખાદ તીવ્ર અને રિખભ કોમળ છે. ધૈવત અલ્પ સ્વર અને વાદી સ્વર છે. ઋરજ ન્યાસ છે.

દિનપ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. રવિવાર.

૩. પું. સૂર્ય; દિનપતિ; દિનમણિ.

દિનપતિ ૧. [સં.] પું. આકડો.

૨. પુ. દિવસનો સ્વામી.

૩. [સં. દિન (દિવસ) + પતિ (પતી)] પું. સૂર્ય; રવિ; દિનમણિ.

દિન પર દિન અ. દિવસે દિવસે; પ્રતિદિન; પ્રતિદિવસ; હરરોજ.

દિનપાકી અળજણ [હિ.] સ્ત્રી. બાળ આખો દિવસ પેટમાં પડ્યું રહે અને ભૂખ ન લાગે એવું એક પ્રકારનું અળજણ.

દિનપાત [સં.] પુ. દિવસનો ક્ષય; તિથિક્ષય.

દિનપાલ [સ.] પું. સૂર્ય.

દિનપાળી સ્ત્રી. દહાડાની વારી; દિવસે કામનો વારો. મજૂર લોકો, કારખાનાના કામદારો વગેરે અમુક દિવસ સુધી હરરોજ દહાડો કામ કરે ત્યારે તેને દિનપાળી કહેવામાં આવે છે અને રાત્રિ કામ કરે ત્યારે તેને રાતપાળી કહેવામાં આવે છે.

દિનપિંડ [સં.] પું. (જ્યોતિષ) દિવસનો સમૂહ. અહર્ગણ.

દિનપ્રણી ૧. [સ.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

દિનપ્રતિ અ. રોજ; હરરોજ.

દિનપ્રતિદિન અ. દહાડે દહાડે; હરરોજ; હમેશા; સદા.

દિનપ્રલય [સં.] પું. પ્રલયના પાંચ માંહેનો એક પ્રકાર. જુઓ પ્રલય.

દિનપ્રવેશ [સં.] પું. (જ્યોતિષ) દિવસ પ્રવેશ.

દિનબદિન અ. હમેશા; હરરોજ; પ્રતિદિન; રોજ.

મંત્રરાજનો મહિમા તેને દિનબદિન વધતો જતો હતો. વિદ્યાનવિલાસ

દિનબલ ૧. પું. સૂર્ય.

૨. [સં.] ન. (જ્યોતિષ) દિવસને વખતે બળવાન રાશિ. બાર રાશિમાંથી પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, અગિયારમી અને બારમી એ છ રાશિ દિવસને વખતે અને બાકીની રાશે બળવાન માનવામાં આવે છે.

દિનબંધુ ૧. [સ.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

દિનભર અ. આખો દિવસ.

દિનભૃતિ [સ.] પું. રોજની મજૂરી ઉપર કામ કરનાર મજૂર; રોજમદાર.

દિનમણિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય; રવિ; આદિત્ય; સૂરજ; ભાસ્કર, પ્રભાકર.

પ્રાપ્ત વિશેષણ વિભાવસુ ભાર્તંડ ત્વષી ભંગ;
દિનમણિ ભાસ્કરમણિ તરણિ સવિતા પતંગ.
પિંગળપ્રકાશ

દિનમણિ શર્મા પું. સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ પંડિત નિત્યાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ.

દિનમયૂખ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

દિનમલ [સં.] પું. માસ; મહિનો.

દિનમાન ૧. ન. મહ.

૨. [સં. દિન (દિવસ) + માન (માપ)] ન. દહાડાનું માપ; દિવસની લંબાઈ; સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો વખત.

ઘડી ઘરિ, ઘાણ ઘરિ, ગોરી ઘરિ દિનમાન.
લાવણ્ય

૧. દિનમાન ઊતર્યો = (૧) અપોન્નતિમાં આવી પહોંચ્યું; દુર્ભાગ્ય થયું (૨) ખરાબ હાલત થઈ પડવી; નબળો દહાડો થવો

૨. દિનમાન ઘેર ન ઢોરો = દહાડો ઊગ્યો.

દિનમાલી [સં. દિનમાલિન્] પું. સૂર્ય.

દિનમુખ [સં.] ન. પ્રભાત; સવાર.

દિનમૂર્દ્ધા [સ. દિનમૂર્દ્ધન્] પું. ઉદયાચળ પર્વત.

દિનયર [પ્રા.] પું દિનકર; સૂર્ય

મેરૂરૂપ કરકમલ વિચાર,
દિનયર તે કુંડલ આકારિ. લાવણ્યસમય

દિનયામિની [સં. દિન (દિવસ) + યામિની (રાત્રિ)] સ્ત્રી દિવસ અને રાત.

બ ન વિશ્વાસ વિષે જે બટકે,
એનાં અકલ દિનયામિની. કેરાકવિ

દિનયૌવન ૧. [સં.] ન. ખરો બપોર; મધ્યાહ્ન.

૨. ન. પ્રભાત; સવાર.

દિનરજનિ [સ. દિન (દિવસ) + રજનિ (રાત)] સ્ત્રી. રાતદહાડો.

દિનરજની જુઓ દિનરજનિ.

દિનરત્ન ૧. [સં.] ન. આકડાનો છોડ.

૨. ન. સૂર્ય.

દિનરાજ [સં. દિન (દિવસ) + રાજન્ (રાજા)] પું. સૂર્ય

દિનરાત ૧. [સં. દિન (દિવસ) + રાત્રિ (રાત)] સ્ત્રી. રાતદિવસ; દિવસ અને રાત્રિ.

૨. અ. સદા; સર્વદા; દિવસે અને રાતે.

દિનરાય [સં.] પું. સૂર્ય.

ન હોય દિનરાય તો ૩. નરસિંહરાવ

દિનરાશિ [સં.] પુ. (જ્યોતિષ) દિવસનો સમૂહ.

દિન વખતે અ. બીજે દિવસે. દૂરી લખવામાં આ શબ્દ વપરાય છે.

દિનવૃત્તપત્ર [સ.] પું. રોજનીશી; ડાયરી.

દિનવ્યાસ [સં.] પું. (જ્યોતિષ) અહોરાત્રવૃત્તવ્યાસ.

દિનશરારી [સં. દિન (દિવસ) + શરિન્ (સૂર્ય)] પું. દહાડે ફેલાતો ઝઘડો.

વાણી મહ બની, મુખે દિનશરારી જેનું પદવુ સ્થાન. કેશવ હર્ષદ

દિનશેષ [સં.] પું. દિનાંત; સાંજ; સંધ્યા.

દિનશ્રી [સં.] સ્ત્રી. દિવસની શોભા.

શોભા વધી દરી ધવિતાની દયિત પેરે દિનશ્રી થઈ. કેશવ હર્ષદ

દિનસંવત્સર [સં. દિન (દિવસ) + સંવત્સર (વર્ષ)] પું સવત્સર જેટલો લાંબો દિવસ; કટપ્રજાપતિનો દિવસ.

દિનસે [હિ.] અ. સૂર્યાસ્ત પહેલાં.

દિનાઈ ૧ [હિ.] સ્ત્રી. દયાળુ; દાતાર.
૨. સ્ત્રી મોત ઉપજાવે એવી ઝેરી વસ્તુ.

દિનાગમ [સં.] પું. પ્રભાત; સવાર.

દિનાની ૧. [હિ.] સ્ત્રી. મજૂરની એક દિવસની રોજી.
૨. સ્ત્રી. મજૂરનું હમેશનું કામ.

દિનાદિ [સં] પુ. પ્રાત:કાળ; સવાર; દિનારંભ.

દિનાધીશ ૧. [સં.] પું. આકડાનો ઝોડ.
૨. પું સૂર્ય.

દિનાનાથ [સં દિનનાથ] પું. સૂર્ય.

દિનાર [સં.] પું. સોનાનો સિક્કો; મહોર; સોનૈયો; સુવર્ણમુદ્રા; સુવર્ણમુદ્રા. જુઓ દીનાર.

દિનારંભ [સં. દિન (દિવસ) + આરંભ (શરૂઆત)] પું. દિવસની શરૂઆત; સવાર; પ્રભાત; પરોઢિયું.

દિનાર્દ્ધ [સં] પું. સૂર્યોદયથી મધ્યાહ્ન સુધીનો અથવા મધ્યાહ્નથી સૂર્યાસ્ત સુધીનો સમય; દિવસનો અર્ધો ભાગ.

દિનાવસાન [સં. દિન (દિવસ) + અવસાન (અન્ત)] ન. સંધ્યાકાળ.

દિનાવા [હિ.] સ્ત્રી. હિમાલય અને આસામની નદીઓમાં જોવામાં આવતી એક જાતની માછલી. તેની લંબાઈ આશરે એક હાથ હોય છે.

દિનાવસ્ત [સં] પું. સૂર્યાસ્ત; દિનાંત; સંધ્યા.

દિનાંત ૧. [સં. દિન (દિવસ) + અન્ત (છેડો)] પું સંધ્યાસમય; આથમણું; દહાડો અને રાત એ બેની વચ્ચેનો સમય; સાંજ સંધ્યાકાળ; દિવસનો અંત, સાંજ.
૨. પું. સાંજ સમયનો આકાશનો રંગ.
૩. અ સૂર્યાસ્ત વખતે; સાંજકાળે.

દિનાંતક [સં.] પું. અંધારું; અંધકાર.

દિનાંધ [સ] વિ દિવસે આંધળું.

દિનાંશ ૧. [સં.] પું. દિવસના સવાર, બપોર અને સાંજ એવા ત્રણ ભાગ.
૨. પું પ્રાત:કાળ, સૂત્રવ, મધ્યાહ્ન, અપરાહ્ન અને સાયંકાળ એવા દિવસના પાંચ ભાગ. સૂર્યોદયથી ત્રણ ત્રણ મુહૂર્તનો આ દરેક ભાગ હોય છે.

દિનિકા [સ.] સ્ત્રી. એક દિવસનો પગાર; એક દિવસનું મહેનતાણું.

દિનિયર [સં. દિનકર] પું. (હિંદી) સૂર્ય.

દિનિયું વિ. દિવસનું; રોજિંદું; દરરોજનું
જ્યારે સૂર્ય જેવા રાશિમાં હોય છે, તે માસમાં દિનિયું નક્ષત્ર અશ્વની હોય તે દિવસે તે તીર્થમાં સ્નાન કરવું. વ્રતરાજ

દિની ૧. વિ. પ્રાચીન; પુરાણું.
૨. વિ. મોટી ઉમરનું. આ શબ્દ બહુધા કરીને જનવરો માટે વપરાય છે.

દિને-ઇલાહી [ફા. દીન (ધર્મ) + ઇલાહી (ઈશ્વરી)] પું. અકબરે ફેલાવેલો નવો ધર્મ.

દિનેચ્યા ન. એક પ્રકારનું ઘાસ.

દિનેર [હિ.] પું. સૂર્ય; દિનકર.

દિનેશ ૧. [સં.] પું. આકડાનો ઝોડ.
૨. [સં. દિન (દિવસ) + ઈશ (પ્રભુ)] પું. દિવસનો અધિપતિ ગ્રહ.
૩. પું. રવિવાર.
૪. પું. સૂર્ય. રવિ.

દિનેશાક્ષેરવરસ પુ. (વૈદ્ય) ખારદની બનાવટની એક દવા.

દિનેશાત્મજ ૧. [સં. દિનેશ (સૂર્ય) + આત્મજ (દીકરો)] પું. કર્ણ. તે સૂર્યથી ઉત્પન્ન થયો હતો.
૨. પું. યમ.
૩. પું. (જ્યોતિષ) શનિ.
૪. પું. સુગ્રીવ.

દિનેશાત્મજા ૧. [સં.] સ્ત્રી. તાપી.
૨. સ્ત્રી. યમુના.

દિનેશ્વર [સં. દિન (દિવસ) + ઈશ્વર (પ્રભુ)] પું. દિવસનો ઈશ્વર; સૂર્ય; રવિ.
તેજસ્વી જણ જે દિનેશ્વર-રવિ જે ચંદ્ર સત્રિપતિ. નીતિશતક

દિનેંદ્ર [સં. દિન (દિવસ) + ઇંદ્ર (દેવનો રાજા)] પું. સૂર્ય.
ચંદ્ર કે દિનેંદ્ર જો કે શું સંપુ સ્વરૂપજ્ઞ. હરિલીલામૃત

દિનોદિન અ દિને દિને; પ્રતિદિન.

દિનોદ્દહ [સં. દિનાન્ધ] પું. દિવસનો અંધાપો. આ આંખનો એક રોગ છે.

દિનોંધ જુઓ દિનોદ્દહ

દિનોંધી જુઓ દિનોદ્દહ.

દિનોંધી જુઓ દિનોદ્દહ.

દિન્નાગ પું. નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન.

દિપાવવું (દિપવવું) ક્રિ. રૂપાળું; સુશોભિત; સુંદર; દીપે એવું દીપાને એવું; શોભીતું.
દયાવંત દીસે છે દિપાવતો,
એનો સદ્‌ગુરુ રાજસમાજ. દયારામ

દિપુટી [સં. ઉપપુટિ] પું. મુખ્ય અધિકારીની ગરદારીમાં તેનું કામ કરનાર અધિકારી; પ્રતિનિધિ.

દિપ્સુ [સં.] વિ દગા કરવા ઇચ્છનાર; ઠોલા; પાખંડી.

દિપ્સ [સં. દિપ્સ] પું. (હિંદી) નિર્દોષતા કે કથનની સત્યતા પ્રમાણિત કરવાને થતી પરીક્ષા.

દિપ્સલ પું. હાલનો સિંધ દેશ.
મોહમદ બીન કાસમ સીરાજ જતાં જતાં દિપ્સલ પહોંચ્યો. પુરાતત્ત્વ

દિપ્સાચીહ સ્ત્રી. (જરથોસ્તી) આકીનમાન દિવાની સફમાતમાં પાજદ બાબામાં કરવામાં આવતી પ્રાર્થના.

દિપ્સિક ન પુકારનામું.

દિમત ૧. સ્ત્રી. સેવા; ચાકરી.
૨. સ્ત્રી. સ્વતંત્રતા.
૩. [અ. ફિરમત] સ્ત્રી. દગાબો

દિમતી વિ. દિમત સંબંધી; દિમતને લગતું.

દિમન [અ.] ન. ગાદુ.

દિમાક ૧. પું. કપાળ; લલાટ.
૨. પું. ગર્વ; અભિમાન; શેખી.
૩. પું. દેખાવ.
૪. પું. બુદ્ધિ; સમજ.
૫. [અ. દિમાગ] પું. મગજ; ભેજું.
૬. સ્ત્રી. સફેદ કોડી.

દિમાકદાર વિ. દિમાકવાળું.

દિમાકી વિ. હાડો રાખનારું; બકાલ.

દિમાગ ૧. [અ. દિમાગ] પું. દિમાક; અહંકાર; અભિમાન; ગર્વ; મગરૂરી.
૨. પું. રોફ; બડાશો; રુઆબ.

દિમાગ જુઓ દિમાક.

દિમાગચટ [હિ] વિ. બહુ બકવાદથી બીજાને બાનુક કરનારું

દિમાગદાર ૧. વિ. ઘણી સારી માનસિક શક્તિવાળું.
૨. વિ. દિમાગવાળું.

દિમાગી વિ. દિમાગવાળું; દિમાગદાર.

દિમાગ જુઓ દિમાક

દિમાગદાર જુઓ દિમાકદાર.

દિમાયી [અ] વિ મગરૂર, ડોળી; દિમાકવાળું.

દિમાન ૧. [સં. દિમાત્] વિ. જે માત્રાવાળું.
૨. [સં. દિમાત્રા] વિ. બે માત્રાવાળું.

દિમામ પું. ઠાઠ; દમામ; દબદબો.

દિમાસા જી. ખાસામ તરફ બોલાતી એક ભાષા; કુંજરી કમારી.

દિમેટી જી. એક જાતનું ઝીણી મુદ્દીઓવાળું કપડું. ખંભાતમાં આવેલ ઉમાઓટા કહેરના નામ ઉપરથી તો બનતું આ કપડું દિમેટી કહેવાય છે

દિમ્મત જુઓ દિમત.

દિમ્મતગાર જુઓ દિમતી.

દિય [સં.] જિ. દેવા યોગ્ય; આપવા લાયક.

દિયત ૧. [હિં.] જી. મારી મારવા કે અંત લાંબ કરવા બદલ દેવામાં આવતું ધન.

૨. [અ.] જી. લોહીનો પૈસો.

૩. જી. બેરનો બદલો લેવાનો ઝનૂની.

દિયર [સં. દેવૃ] પું. પતિનો નાનો ભાઈ; દેર.

દીપ્તિને જો દિયર સાથે બાલ્યા હોવાથી દિયર એવું નામ પાડ્યું છે. આવી કુટુંબની વિવિધ બાબો, દિયર ભોજાઈ વગેરે પરસ્પર કેવો વિનોદ કરતા હશે એનો ખ્યાલ આવે છે.

પ્રસ્થાન

દિયરવટું ન. મોટા ભાઈની સ્ત્રીને ઘરમાં બેસાડવી તે; દેરવટું; દિયરનું ઘર માંડવું તે; દિયર સાથે નાતરું કરી રહેવું તે.

દિયરવા પું. દિયર. કવિતામાં વપરાય છે.

દિયરા [હિં.] પું. એક પ્રકારનું પકવાન.

દિયરિયો પું. દિયર; દેરીડો. વહાણમાં આ શબ્દ વપરાય છે.

દિયા ૧. [હિં.] પું. ગાનસાં દીવો; બત્તી.

૨. [સં. દિવા] અ. (પ્રાકૃત) દિવસે.

દિયાડા (દિયાડ) ૧. જી. કાંપથી બનેલી જમીન.

૨. [સં દીપાટિકા] જી. બત્તીની બોટી.

દિયાડે (દિયાડે) અ દિવસોદિવસ.

દેનું દિયાડે, ગામવતાં સોનાળ,
રોનાણી રાખોટે, પાદર વારે પોરસા. કવિ

દિયાણી અ રોજ; દહાડી.

દિયાદનો જી. દેરાણી.

દિયાનત ૧ [અ.] જી. દાનત.

૨. જી. પ્રમાણિકપણું.

દિયાબત્તી [હિં.] જી. સંધ્યા સમયે દીવા જલાવવાનું કામ.

દિયાર ૧. પું. દેવદાર; દેવદાર.

૨. [અ.] પું. દેશ; મુલક.

દિયારી જી. દિવાળી.

દિયાસલાઈ [હિં.] જી. દીવાસળી.

દિયેર [સં. દેવૃ] પું. દેર; પતનો નાનો ભાઈ.

દિયેરિયો જુઓ દિયેર.

દિયોદો (દિયોડો) પું. (કચ્છી) ઘડો; ઉપરણિયા પ્રકાર.

દિયોર ૧. [સં. દેવૃ] પું. દિયર.

૨. પું. પહુનો ભાઈ; સાળો. ઉત્તર ગુજરાતમાં આ શબ્દ વપરાય છે

૩. પું. સાળો અર્વાચીનકાળમાં સામાન્ય માણસ તરીકે વપરાયેલ છે.

દિર [દિં] ગામ વારનો એક ભોગ.

દિરખ્ત [ફા.] પું. ઝાડ.

દિરગ્મ ૧. [અ.] પું. મિસર દેશનો ચાંદીનો એક સિક્કો.

૨. પું. સામાન્ય માણસનું એક તોલું.

દિરમાની [હિં.] પું. દેવું; ચિકિત્સા.

દિરંગ [ફા.] પું. વિલંબ; ઢીલ; મોડું.

દિરંગાઈ જુઓ દિરંગ.

દિશા ૧. પું. પંથ.

૨. [અ.] પું. દરજો; સપાટો.

દિરાયત ૧. ન. યુદ્ધ.

૨. [અ.] ન. જ્ઞાન.

૩. ન. રીત.

દિરિયક [સં.] પું. દરો.

દિરૂદન [ફા.] ન. સાંભળવું તે.

દિરેગ [ફા.] પું. નિશાન.

દિરેગા [ફા.] પું. અફસોસ.

દિર્હમ [અ. દિરમ] પું. મિસર દેશનો એક રૂપાનો સિક્કો.

દિલ ૧. [સં.] ન. અંતઃકરણ; મન; ચિત્ત.

૧. એકદિલ = એકમન; સંપસંપીને.

૨. દિલ અટકવું–આવવું = પ્રેમમાં પડવું.

૩. દિલ ઊપડવું = મન આપવું; આંતરિક પ્રેરણા જાગવી; મનના વિચાર જાગવવા.

૪. દિલ ઉચાટ હોવું = દુઃખી હોવું.

૫. દિલ ઉતારી નાખવું = પ્રીતિ કમી કરવી; પ્રેમ ખેંચી લેવો.

૬. દિલ ઊડી જવું = (૧) અણગમો થવો. (૨) નારાજ થવું; બાજ જતો રહેવો; રુચિ કમી થવી. (૩) પ્રેમ તૂટી જવો; સ્નેહમાં ભંગાણ પડવું.

૭. દિલ ઊંચું થવું = મન ખાટાં થઈ જવાં; પ્રીતિમાં વિચ્છેદ પડવો; પ્રીતિ ઊડી જવી; બેદિલી જેવા થવી.

૮. દિલ કઠણ કરવું = (૧) સહન કરવું. (૨) હિંમત રાખવી.

૯. દિલ ખાટું હોવું = મન ઊડી જવું; અણગમાનાં થવો.

૧૦. દિલ ખીલવું = મન પ્રફુલ્લિત થવું; ચિત્ત પ્રસન્ન થવું.

૧૧. દિલ ખુશ કરવું = મનને આનંદમાં રાખવું.

૧૨. દિલ ખોલીને = ખુલ્લા મનથી; મનમાં સંકોચ રાખ્યા વગર.

૧૩. દિલ ખાલવું = (૧) મન ચોંટાડવું; ચિત્ત પરોવવું; ધ્યાન દેવું. (૨) હીર વધારવું.

૧૪. દિલ ગભરાવું = હિંમત હારવી.

૧૫. દિલ ગમવું = હિંમત થવી; છળ આવવો.

૧૬. દિલ ચોરવું = કોઈના હૃદય ઉપર આકર્ષણ કરી તેને પોતાના વશમાં કરી લેવું.

૧૭. દિલ ચોંટવું–લાગવું = મન લાગવું; કોઈ બાબત ઉપર ધ્યાન એકાગ્ર થવું.

૧૮. દિલ ઠરવું = (૧) કોઈ કામમાં ચિત્ત લાગવું. (૨) કોઈ વિષય કે પદાર્થ વડે ચિત્ત સંતુષ્ટ થવું.

૧૯. દિલ ઠરવું = મનને સંતોષ થવો; કોઈ કારણ અનુકૂળને લીધે આનંદયુક્ત થવું; મનને ગમવું.

૨૦. દિલ ઠેકાણે હોવું = ચિત્ત સ્થિર હોવું; મનમાં શાંતિ, સંતોષ અને ધૈર્ય હોવાં.

૨૧. દિલ ડોલવું = (૧) ખાતરી ફરી. (૨) સંતોષ પામવું.

૨૨. દિલ તોડવું = નાસીપાસ કરવું; નાઉમેદવાર કરવું.

૨૩. દિલ થવું = ઇચ્છા થવી; મન થવું.

૨૪. દિલ દુભાવવું–દુભાવવું = લાગણી દુભવવી; માનસિક દુઃખ દેવું.

૨૫. દિલ દેખવું = (૧) પ્રેમનું દર્શન કરવું. (૨) સ્વજ્ઞાન પામવું. (૩) હૃદય પારખવું.

૨૬. દિલ દેવું = (૧) ધ્યાન આપવું (૨) પ્રેમમાં પડવું; સ્નેહગાંઠથી બંધાવું. (૩) હિંમત આવવી; હિંમત થવી

૨૭. દિલ દોડાવવું = (૧) ઇચ્છા કે લાલસા કરવી. (૨) ચિંતવવું; સોચવું.

૨૮. દિલ પડવું = (૧) ચિત્તમાં ચિંતા હોવી; દિલમાં ખટકો હોવો. (૨) કરવી હૃદય કંપવું; બાવળી બાકુળ થવું.

૨૯. દિલ નરમ કરવું = કોઈના હૃદય ઉપર અસર પાડવી; મન વશ કરવું; કૃપા કરવું.

૩૦. દિલ નારાજ થવું = સ્નેહ ઘટી જવો; ચાહના કમી થઈ જવી.

૩૧. દિલ પરથી જવું = (૧) મનની વાત જાણી જવી; રહસ્ય પારખી જવું. (૨) શંકા આવવી; શંકા આવવી.
૩૨. દિલ પકડી રાખવું = સ્નેહવશ કરી રાખવું; આકર્ષણને લીધે કોઈના મનને હાથમાં રાખવું.
૩૩. દિલ પર લાગવું = વાત દૈયે બેસવી; પૂરેપૂરું લક્ષ્યમાં આવી જવું.
૩૪. દિલ પારખવું = (૧) અંતઃકરણની વાત જાણવી. (૨) પ્રેમ કરવો. (૩) સ્વભાવ પારખવો.
૩૫. દિલ પીગળે પડવું = દુઃખ જોઈ દયા જવું
૩૬. દિલ ફરવું = (૧) કંટાળો આવવો; મન અસ્થિર થવું. (૨) વિખૂટું થવું, જુદું પડવું.
૩૭. દિલ ફસાવું = પ્રેમમાં પડવું.
૩૮. દિલ ફાટવું = (૧) કંટાળો આવવો. (૨) હૃદય ભરાઈ આવવું. (૩) હૃદય ભાંગી પડવું; હતાશ થઈ જવું.
૩૯. દિલ ફેરવવું = સ્નેહ બીજા તરફ વાળવો; એકની સાથેનો પ્રેમ તોડી બીજાની સાથે બાંધવો.
૪૦. દિલ બહલવું = આનંદ થવો.
૪૧. દિલ બહેલાવવું = આનંદ કરાવવો.
૪૨. દિલ બેસી જવું = હતાશ થઈ જવું.
૪૩. દિલ ભરાવું = (૧) એક વિષય ઉપર મન કેંદ્રિત ન થતાં, જુદી જુદી તરેહના વિચારો આવવા. (૨) ભ્રમવાસનાના આવેશથી એક કરતાં વધારે બીજાનું ચિંતન કર્યા કરવું. (૩) ચિત્ત ભ્રમ થઈ જવું; બાઘું થઈ જવું. (૪) પ્રેમ સ્થિર ન થવો.
૪૪. દિલ ભરાઈ આવવું = (૧) કરુણાના આવેશથી હૃદય વિહ્વળ થઈ જવું; દયાનો આવિર્ભાવ હૃદયને હચમચાવી નાખે તેટલી હદ સુધી થઈ જવો. (૨) બાઘું થઈ જવું; મગજ ડહોળાઈ જવો. (૩) શોકના આવેશથી હૃદય બેસાડું થઈ જવું; દુઃખના અતિશય ભારથી હૃદય ફાટી જવું.
૪૫. દિલ ભારાવું-ભારે થવું = (૧) દુઃખી ભરાવો; ગળગળું થઈ જવું. (૨) તાવનાં ચિહ્ન જણાવાં; તાવ આવવો.
૪૬. દિલ મજબૂત રાખવું = હિંમત પારખવી કરવી; મન દૃઢ કરવું.
૪૭. દિલ મેલું કરવું = (૧) ઉદાસ થવું. (૨) પરસ્પરો સાથે સલોપ કરવાની ઇચ્છા થવી. (૩) મનમાં ખરાબ ઇચ્છા થવી. (૪) ઘાતકી આવવું.
૪૮. દિલ રાખવું = (૧) આશ્વાસન આપવું. (૨) ખુશી કરવું; સંતુષ્ટ કરવું. (૩) સ્નેહ હોવો; પ્રેમમાં પડવું.
૪૯. દિલ લગાડવું = (૧) ધ્યાન આપવું. (૨) પ્રેમમાં પડવું.
૫૦. દિલ લેવું = (૧) દુઃખ થવું; ઘાતકી આવવું. (૨) પ્રેમ મેળવવો. (૩) મન લગાડવું; ચિત્ત પરોવવું. (૪) શરીરે પુષ્ટ થવું; ચોકી લેવું, તગડા થવું. (૫) સ્ત્રીનું મન જાણી લેવું; વાતનું રહસ્ય કઢાવી લેવું.
૫૧. દિલ સંભાળવું = હિંમત રાખવી
૫૨. દિલ સાફ હોવું – નિષ્કપટ હોવું; સ્પષ્ટ કહી દે તેવા મનનું હોવું.
૫૩. દિલ હલી જવું = (૧) કંટાળો ઊપજવો. (૨) વિચાર આવી જવો.
૫૪. દિલ હારી જવું = હિંમત ખોઈ બેસવી.
૫૫. દિલથી દૂર કરવું = (૧) પ્રીતિ છોડી દેવી. (૨) ભૂલી જવું.
૫૬. દિલનો કરાર હોવો = ચિત્તમાં શાંતિ હોવી; હૃદય શાંત કે સંતુષ્ટ હોવું.
૫૭. દિલનો દરવાજો ખૂલવો = મનની વાત પ્રકટ થવી; ખુલ્લા દિલથી વાતની જાહેરાત થવી.
૫૮. દિલનો દરવાજો ખોલવો = છૂપા મનથી વાત કરવી; મનની અંગતમાં અંગત વાત પણ કહી દેવી.
૫૯. દિલનો ફફોલો ફૂટવો = (૧) ગુસ્સો આવવો. (૨) મનમાં બહુ દુઃખ થવું.
૬૦. દિલનો બાદશાહ = (૧) બહુ જ ઉદાર; છૂટથી પૈસાનો વ્યય કરનાર. (૨) મનમોજી; લહેરી.
૬૧. દિલનો મોજી–લહેરી = આનંદી.
૬૨. દિલમાં ઘર કરવું = લાગણી જગાવી; સ્નેહથી બાંધી લેવું.
૬૩. દિલમાં દાઝવું = સામા માણસને માટે દિલમાં દુર્ભાવ ઉત્પન્ન થવો; મનમાં અનુકંપા પ્રકટ થવી.
૬૪. દિલમાં દિલ નાખવું = બીજા ઉપર અસર કરવી; બીજાનો સ્નેહ જીતવો.
૬૫. દિલમાં નાખવું = (૧) ધ્યાનમાં લેવું; કોઈ બાબત ઉપર મન કેંદ્રિત કરવું (૨) પ્રેમવું.
૬૬. દિલમાં પાપ લાગવું = (૧) ખરાબ વિચાર આવવો. (૨) પરસ્પરો સાથે સલોપ કરવાની ઇચ્છા થવી.
૬૭. દિલમાં રાખવું = (૧) ધ્યાનમાં રાખવું, યાદ રાખવું. (૨) વાત મનમાં ગુપ્ત રીતે ભરાવી રાખવી; કોઈ બાબત બાનમાં રાખવી. (૩) વેર રાખવું, દ્વેષ કરવો.

૨. ન. ઇચ્છા; મરજી; આશય.
૩. ન. કાળજું, કલેજું.
૪. ન. ગહના; પ્યાર; પ્રીતિ.
૫. ન. જ્ઞાન.
૬. ન. પ્રવૃત્તિ.
૭. ન. મન.
૮. ન. શરીર.
૯. ન. સ્વભાવ.
૧૦. ન. હૃદય.

દિલબરદાર (દિલબરદાર) [ફા.] ન બાજેલું હૃદય; નાસીપાસ થયેલું હૃદય.

દિલબરાગાહ [ફા.] વિ. કાઢું, કાચું.

દિલબરાજાર ૧. [ફા.] વિ. કૂર; ઘાતકી.
૨. વિ. દિલ દુભવનારું.

દિલબરાજારી ૧. [ફા.] જી. ક્રૂરતા૬ ઘાતકીપણું.
૨. જી. મનદુ ખ; લાગણી દુભવવી તે.

દિલબરાજર્દા [ફા.] વિ દુ.ખી; દુભાયેલું.

દિલબરારા [ફા] જી. પ્રિયા; માશૂક.

દિલબરારામ ૧. [ફા.] જી. પ્રિયા.
૨ વિ. આનંદી

દિલબરારામી [ફા.] જી. આનંદ; ખુશાલી.

દિલકોડી જા. મન ઊઠી જવા બરાબર બરાબર લાગવું તે

દિલકશ [ફા.] વિ. મનોહર; ચિત્તાકર્ષક; મનને પસંદ પડે તેવું; મનને આકર્ષનારું.

દિલખસ્તા (દિલખરતા) [ફા.] વિ. દિલ ચિરાઈ ગયું હોય એવું; દુ:ખી મનનું; અફસોસ કરનું

દિલખારેતા (દિલખારતા) જી હૃદયની ઇચ્છા.

દિલખાહ (દિલખાહ) ૧. [ફા.] જી. ઇચ્છા.
૨. જી. ઇચ્છિત વસ્તુ
૩ જી. પ્રિયા; વહાલી સ્ત્રી.

દિલખુશ (દિલખશ) ૧. પું. બગાસાનો ઊંચી જાતનો એક આંબો.
૨. [ફા.] વિ. ખુશી; સંતોષી.
૩. વિ. દિલને ખુશ કરનાર, દિલપસંદ; મનપસંદ; મનોહર.

દિલખુશી (દિલખાશી) ૧. [ફા] જી. આનંદ સંતોષ.
૨. જી મનને પસંદ પડવાપણું.

દિલખ્વાહ (દિલખ્વાહ) ૧. વિ. મનપસંદ.
૨. જુઓ દિલખાહ.

દિલગજ્જુ ૧ ન તાકાત; બળ.
૨. ન. મન; દિલ.
૩ ન. હિંમત.

દિલગર વિ. સ્નેહી, પ્રેમી; હેતાળ; પ્રેમળ

દિલગારી જી. સ્નેહ; હેત; પ્રીત.

દિલગીર ૧. વું ઓ તખ્ખલુસથી કવિતા કરનાર દીનમહમદ નામનો નિસાખાવાસી મહિયાવાડનો કવિ. દિલગીરના દુહા સોરઠી સાહિત્યમાં અમરસ્થાન લે છે. એમણે લખ્યું છે થોડું, પણ એમાંથી કોયડારને બહુ જ મળે તેમ છે. જેમકે,

રૂપવંતીની રેહ, મોલુમાંથી આજની;
સુકવણે સીંચેલ, દિલ મોટા દિલગીરના.
નમેરડી નજરોળ, પ્હોળી પાદર પાગેં;
ઔરસ ન દે અમોળ, આમાફરી મદારડી.
અણી ખૂંચરી ખોર્ય, આનલન અવરાકની;
કાંઠે રૂમે કગોર્ય, છાંટો ન દે છકુંદરી.
ઝેણીઆ જેવો આંખ, દાડમ લાગે દેવતા;
રંઢડીઆને રાખ, મીઠી મોહનગાળથી.
મેણાં કહેને માર, મેણાં દેશે આનથી;
સામળ દી સંભાર, તારનિ તરબોલતાં.
આગોલિયાનાં ચામ, મેખે આવી બાલછ્ય
જમગરીમાં કામ, શ્રી જોદ્રાણી કરવરૂ.
વાપુડો વિકરાળ, ગાળું લાખો કોલકા.
કાયર લાગે કાળ, ઉનામણે અણખામણો.
ઝુંપડે લાગી ઝાળ, રેતવો ઉઠે રબરબ્યો;
પ્રજળે જેહ પરાળ, કુંઢ કેરવી કોતરે.
ઢાલ્યા વેઢી કેમ, હીરકમાને હેલબ્યાં;
અકુંબરાની બંત, સાખતણાં ન સવાદિયાં.
નાવલિયા નકોર, કોલરવરણાં ગોચબ્યાં;
ચિતડાં ચોરી ચોર, ખોબાં મેલ્યાં બેસવી.
રસ ભર્યા રસાતાળ, ચૂસી ખીલ્યા ખીજડા;
વીંટી વળી વરાળ, ઘડ ગોરાણા ઘાલમાં.
અવની ને અસમાન, બે પડ બેળાં બાંધબું;
દબાઈ બાબું દીવાન, બીજડો ઘઈને ખૂટમાં.
મેમરિયું માવાળ, મેમરિયું નવ સાંભરે;
બહાલમ તારાં બાલ, દૌ નાંખે દાબજ્યુ.
જોડ મહિને જગેલ, અમાં ગોમાસું ઝાર દી;
બાળોતિયાના બગેલ, જીવતર કમાંથી જોતવે ?
કરમે ઉબ્યા દાલ, બાંખી કમાંથી બીજરો;
ઉંદરડીનો માલ, બજબર થઈ કમાં બચતરે.
બાજે બળાયું ઉંબ, બદીઠ બવની બોકબા;
મોકલી મીઠા મેબ, ગોકમ ઢાઢી ઢારણે.
આદી ઢોદી રૂપીર, બબબે જ તરણે બેલડી;
મરે બામલો મીર, તો જ તરાવે ચુંબડાં,
બ્હાલા ! વિણ વમાડો, વનચર વવળે વેણુ વિલ.સવાળાં.
વિલોકે વાટ વેગે, વિવર વસિબરો, વાંસળી વાગવા, વા.
વામૂ વા'વા વહાલાં: વજ વજાવલતા ! વાજ વેલા વમુદરા.
વેહો વાંચે વિવિધે ! વલાણુ વવરનાં; વાટબ વલી વહેવા.

૨. [ફા.] વિ. ઉદાસ; શોકાતુર.

૩. વિ. દુઃખી.

૪. વિ. નાઉમેદ; હતાશ.

૫. વિ. નાખુશ; અપ્રસન્ન.

દિલગીરી ૧. [ફા.] જી. અફસોસ; શોક. સ્વભાવને અનુકૂળ નહિ એવું બનવાથી મનમાં જે ઉદાસીનતા ઉત્પન્ન થાય તેને દિલગીરી કહે છે. કોઈના મૃત્યુથી કે કીમતી ચીજ નાશ પામવાથી કે કોઈ અગત્યના કામમાં કોઈબંદ ન થવાથી કે કોઈ પ્રિય જનના વિયોગથી કે તેના સરખા બીજા કોઈ પ્રસંગને લીધે જે ઉદાસીનતા ઉત્પન્ન થાય તેને શોક કહે છે. ઓછું ઉદાસ થવાય તેને દિલગીરી અને અત્યંત ઉદાસ થવાય તેને શોક કહે છે. દિલગીરીની અસર ઝટ વર્તાઈ આવે, પણ શોકની છાપ જલદીથી પડતી નથી.

૨. જી ખિન્નતા; ઉદાસી.

૩. જી. દુઃખ; રંજ; દુઃખની અસર.

૪. જી. નાખુશી; અપ્રસન્નતા.

૫. જી. બેકરારી; બેચેની.

દિલગીરીકરેહું ૧. વિ. શોકજનક; ખિન્ન બનાવે એવું; બેચેની ઉત્પન્ન કરે તેવું.

૨. વિ. શોકાતુર; બેચેન; ખિન્ન.

દિલગુદાઝ [ફા.] વિ. દિલ પિગળાવે એવું.

દિલગુરદો ૧. વું. અંતઃકરણ; દિલ; હૃદય.

૨. વું. હિંમત; સાહસિક બેસ.

દિલચમન ૧. ન. આનંદ.

૨. [ફા.] ન. દિલરૂપી બગીચો.

૩. વિ. આશ્ચર્યકર; મોહક.

૪. વિ. દિલ ખુશ કરનારું; મનને આનંદ આપનારું.

દિલચલ [ફા.] વિ. બહાદુર; હિંમતવાળું.

દિલચલા ૧. [ફા.] વિ. ઉદાર; દાતા; દાની.

૨. વિ. બસકેલ; બાબત; પાબત.

૩. વિ. બહાદુર; શૂરવીર; હિંમતવાન; દિલેર.

૪. વિ. મનમોજી.

૫. વિ. સાહસી.

૬. વિ. હોંશિયાર; બાહોશ.

દિલચલી ૧. [ફા.] જી. ઉદારતા; સખાવત.

૨. જી. બહાદુરી; વીરતા.

દિલચસ્પ જુઓ દિલચસ્પ.

દિલચસ્પ ૧. જી. મિત્ર, બાહક.

૨. [ફા.] વિ. આનંદ; સારું લાગે એવું; ગમે એવું.

૩. વિ. ખુશમરક; મનોહર; મનમોહક.

૪. વિ. રમૂજ; હાસ્યાસ્પદ.

દિલચસ્પી ૧. જી. મનની પસંદગી; પસંદગી.

૨. જી. મનને રંજન કરવું તે.

૩. [ફા.] જી. મનોહરતા; ખુશકરવા હોવાપણું

દિલચોર ૧. વું. કામનો ચોર; દિલદગાઈ કરનાર માણસ.

૨ વિ કપોક; બાયલું.

૩. વિ. બેદરકાર; કાળજી વગરનું.

૪. વિ. મનનું હરણ કરી જનાર; દિલ ઉપર આકર્ષણ જમાવનાર

દિલચોરી ૧. જી. કપોકપણું; કાયરતા.

૨. જી. દિલદગાઈ; કામ કરવામાં નાખુશી બતાવવી તે અને કદાચ કબાવને કે કરમને અંગે કામ કરવું જ પડે તો તે કરવામાં કામચોરી કરવા તે.

૩. જી. બેદરકારી.

૪. જી. મનને હરી જવું તે; હૃદયને વશ કરી લેવું તે.

દિલછનુ ન કુવાલ; શરીર લૂખાનું કપડું.

દિલજમઈ ૧. [ફા.] જી. આત્મવિશ્વાસ.

૨. જી. આત્મસંતોષ.

૩. જી. બાંહેધરી; સમાધાન.

૪. જી ખુશી; આનંદ.

૫. જી સહીસલામતી.

૬. જી. સંતોષ; શાંતિ.

દિલજાન ૧. [ફા.] વું. પરમાત્મા; પરમેશ્વર.

૨. વિ. દિલ જાણનાર.

૩. વિ. પ્રાણપ્રિય; જીવન સરખું વહાલું.

દિલજીત વિ. દિલને જીતનાર; મનોહર; મનપસંદ.

દિલજો [ફા.] વિ. ખુશી કરવાની પ્રજ્ઞાવાળું.

દિલજોઈ [ફા.] જી. ખુશ કરવાની પ્રજ્ઞા.

દિલડું (દિલડું) ન. દિલ; હૃદય; મન.

દિલડુલ વિ. દિલને ચોલાવનાર; હૃદયને ચમત્કારી નાખે તેવું.

દિલતકેતગી [ફા.] જી. દિલ દાઝવું તે; બીજા માટે લાગણીવશ થવું તે.

દિલતકેતા [ફા.] વિ. હૃદય બળી જાય એવું; લાગણીવશ થયેલું.

દિલતંગ ૧. [ફા.] વિ દિલગીર; ઉદાસ; શોકાતુર.

૨. વિ. સંકુચિત મનવાળું; અનુદાર; સોબી.

દિલતંગી ૧. [ફા] જી. અફસોસ; ઉદાસીનતા.

૨. જી શોક; અનુદારતા.

દિલતૂદું વિ. હતાશ; નાહિંમત; નાસીપાસ.

દિલદગદ (દિલદગદ) જુઓ દિલદગું.

દિલદગાઈ (દિલદગાઈ) જી. આળસ; પ્રમની ચોરી, શક્તિ છતાં કામ કરવામાં અપ્રીતિ બતાવવી તે; મન દઈને કામ નહિ કરવાની વૃત્તિ; ખોટી દાનત; ખોટા બહાના કરવા તે; મજૂરીના પૈસા લીધા છતાં પૂરું કામ ન કરવું તે.

દિલદગડું (દિલદગડું) વિ. બેદરકાર; કામમાં ધ્યાન ન આપનાર; મન દઈને કામ ન કરનાર; નગડદાઈ કરનું.

દિલદગેડાઈ (દિલદગેડાઈ) જુઓ દિલદગાઈ.

દિલદર્યું વિ. દિલને દાબી રાખનાર; કરમાળ; અંદરની વેદના બહાર પ્રગટ નહિ કરનાર; મન મારનાર.

દિલદયાળ વિ. દિલમાં દયા રાખનાર; દયાળુ.

દિલદરિયા [હિ.] વિ. મોટા મનનું; ઉદાર દિલનું; સમુદ્ર જેવું દિલ રાખનાર.

દિલદરિયાવ જુઓ દિલદરિયા.

દિલદર્દ [ફા.] ન. દિલનું અંદરનું દુઃખ; હૃદયની વેદના.

દિલદર્પણ પું. મનરૂપી અરીસો.

દિલદાઝ જી. દિલની પીડા; હૃદયબળતરા; બીજા માટે હૃદય પીગળવું તે.

દિલદાદા [ફા.] વિ. પ્રેમમાં પડેલું; પ્રેમમાં ગુલતાન; પ્યારમાં મગ્ન.

દિલદાબ પું. મન ઉપરનો અંકુશ.

દિલદાર ૧. [ફા.] પું. આશક; પ્યાર.
૨. પું. સારો મિત્ર.
૩. જી. માશૂક; પ્યારી.
૪. વિ. ઉદાર; ખુલ્લા દિલનું; દાતા.
૫. વિ. છત્ર સમાન વહાલું; પ્રાણપ્રિય.
૬. વિ. માનીતું; લાડકું.
૭. વિ. રસિક.
૮. વિ. લાગણીવાળું.
૯. વિ. હૃદય ખેંચનાર; આકર્ષક.

દિલદારી ૧. જી. એકબીજાને માટે દિલ બચાવી લાગણી; પ્યારી.
૨. [ફા.] જી. પ્યારી મહોબ્બત; પ્રાણપ્રિયતા.
૩. જી. છત્રછાયાપણું; પ્રાણપ્રિયતા.
૪. જી. મનનું મોકળાપણું; ઉદારતા.
૫. જી. રસિકતા.

દિલદિલાવર વિ. ઉદાર મનનું; વિશાળ હૃદયવાળું.

દિલદિલી ૧. જી. ઉત્તેજના આપવું તે.
૨. જી. ઉલ્લાસ; ઉમંગ.
૩. જી. દિલાસો; સાંત્વન.

દિલદોઝ [ફા.] વિ. દિલ ચીરનારું; હૃદય પીગળાવે એવું.

દિલદ્રી ૧. જ. ગરીબ માણસ.
૨. વિ. ગરીબ; નિર્ધન.

દિલનવાઝ [ફા.] જી. પ્રિયા; માશૂક.

દિલનશીન [ફા.] વિ. મનને ગમે એવું.

દિલનિહાદ [ફા.] જી. પ્રિયા; માશૂક.

દિલપઝીર [ફા.] વિ. મનગમતું; મનપસંદ; દિલપસંદ

દિલપસંદ ૧. પું. બાફલાકાવા ખાટ વગાતો એક પ્રકારનો વેલો. તે ઔષધોપયોગી મનાય છે.
૨. [હિ.] જી. એક જાતનું વેલાવાળું કપડું
૩. જી. એક પ્રકારની કેરી
૪. ન. એક જાતનું વનસ્પતિ ઘી.
૫. ન. એક પ્રકારનું તંતુવાદ્ય.
૬. ન. સિંધ તથા બલુચિસ્તાનમાં થતું એક પ્રકારનું તરબૂચ; તેંડ.
૭. [ફા.] વિ. મનગમતું; દિલને પ્રસન્ન કરે તેવું; મનને ખુશ કરે એવું; મનને ગમી જાય તેવું.
૮. વિ. રમૂજી; આનંદી.
૯. વિ. રૂપાળું; ગમેતું; સુંદર.

દિલપાક [ફા.] વિ. શુદ્ધ અંતઃકરણવાળું.

દિલપાકી [ફા.] જી. નિખાલસતા; હૃદયની શુદ્ધતા.

દિલપિછોર [ફા. દિલપઝીર] વિ. મનને ગમે તેવું; મનપસંદ; દિલપસંદ.

દિલપ્રસન્ન જુઓ દિલપસંદ.

દિલફરેબ (દિલફરેબ) [ફા.] વિ. મનને ઊતરી જાય એવું; મનને ઠગી જાય તેવું; મનમોહક; મનોહર.

દિલફરોશ (દિલફરોશ) [ફા.] વિ. આનંદ આપે તેવું; ખુશકારક.

દિલફિગાર (દિલફિગર) [ફા.] વિ. ઉદાસ; દિલગીર.

દિલફિગ્યા (દિલફિગ્યા) [ફા.] વિ. દિલને લલચાવે તેવું; આકર્ષક.

દિલબર ૧. [ફા. દિલ (મન) + બર (ચોરી જનાર)] જી. સનમ; માશૂક; પ્રિયા.
૨. વિ. મનનું હરણ કરી જનાર; દિલ ચોરી જનાર; પ્યારું; પ્રિય; વહાલું.

દિલબરી ૧. જી. આરામ.
૨. જી. દિલાસો; દિલસોજી.
૩. જી. મનોહરતા; મન હરણ કરી જવાપણું.
૪. જી. સ્નેહ, પ્રેમ, લગની.

દિલબસ્તગી [ફા.] જી. દોસ્તી; પ્રેમ, ચાહના.

દિલબસ્તા [ફા.] વિ. પ્રેમી; ચાહક.

દિલબહાર [ફા. દિલ (મન) + બહાર (વસંત)] વિ. દિલનું હરણ કરી જનાર; મનોહર.

દિલબંદ ૧ પું. દીકરો; પુત્ર
૨. [ફા. દિલ (મન) + બંદ (બાંધનાર)] જી. માશૂક; પ્રિયા.
૩ વિ. આકર્ષક; મનને મોહ પમાડે એવું.

દિલબાગ [ફા.] વિ. બહાદુર; હોશિયાર.

દિલભર ૧. વિ. ખૂબ; મનને પસંદ પડે તેટલું; દિલ ભરાઈ રહે તેટલું.
૨. વિ. પ્રિય; વહાલું; હૃદયમાં ઊમળકો થાય તેવું.
૩. જ. ખૂબ; હૃદય સંતુષ્ટ થઈ જાય ત્યાં સુધી.

દિલભંગ ૧. પું. મનભંગ; નાખુશી; હતાશપણું.
૨. વિ. મનભંગ થયેલ; નાખુશ; હતાશ.

દિલમુર્ગ [ફા.] ન. એક જાતનું તીર.

દિલરખું વિ. બીજાનું મન રાજી રહે એવી રીતે વર્તનારું; મનરખુ.

દિલરંગી વિ. મનને આનંદિત કરનાર.

દિલરુબા ૧. જી. એક જાતનું તંતુવાદ્ય. તેની રચના સારંગીના જેવી હોય છે. તાજિયા ને દિલરુબામાં આટલ ફરક એટલો છે કે તાજિયાનો નીચલો ભાગ મોર જેવો જ્યારે દિલરુબાનો નીચલો ભાગ સારંગીના જેવો હોય છે. આ વાદ્યનો સમાજમાં બહુ ઉપયોગ થાય છે, કેમકે તે એક સરલ ને મધુર વાદ્યિંત્ર છે. જે સિદ્ધાંતોને અનુસરીને સારંગીની રચના થઈ છે, તે જ નિયમ આ વાદ્યમાં પણ દૃષ્ટિગોચર થાય છે. પણ તેની રચના તથા વાદનક્રિયામાં તફાવત છે. દિલરુબાની દાંડી સિતારની દાંડીના જેવી હોઈ નિમ્ન ભાગમાં સારંગીના જેવા આકૃતિની કોતી હોય છે. સારંગીમાં આઠ તાંત અને તરબો હોય છે, જ્યારે દિલરુબામાં તાર, તરબ અને પડદા હોય છે. આ રીતે દિલરુબા એ સારંગી અને સિતારનું મિશ્રણ છે. આમાં ઢાકો બાટમાં કોમળ ગ અને કોમળ નિ ના પડદા હોય છે, છતાં શુદ્ધ ગ, નિ ના પણ પડદા રાખેલ હોય છે. આ વાદ્યિંત્રના પડદા ઉપર આંગળીઓ ચલાવવાની રીત સિતાર પ્રમાણે જ છે મોડાની પૂંઠીના વાળ જેવા કરી તે એક ધનુષના આકારની

વાંકી લાકડીને બાંધી તેનાથી તાર ઉપર ઘર્ષણ કરી વગાડવામાં આવે છે. આ લાકડીને ગજ કહે છે. ગજ જમણા હાથમાં રાખી જે તાર ઉપર વસનો ઘોષ તે તાર ઉપર ગજથી જમણી તરફ અને જમણીથી ડાબી તરફ ઘસાવીને લાંબા વખત સુધી સ્વર કાયમ રાખી શકાય છે. દિલરુબામાં ગાયની બરાબર નકલ થાય છે. જમણા હાથથી ગજ ચાર આંગળીને કે નરમ હાથથી વગાડવામાં આવે તે પ્રમાણે મોટો નાનો સ્વર ઉત્પન્ન થાય છે. દિલરુબામાં કોમળ રિ અને કોમળ ધ વગાડવા માટે યુક્તિ બતાવવી પડે છે. સ તથા રિ ની વચ્ચેના અંતરની વચમાં તાર ઘુંટ રિ ના પડદા ઉપર બેસી જાય નહિ, એ રીતે આંગળી રાખી ગજનો વસારો કરવાથી કોમળ રિ અને એ જ પ્રમાણે પ તથા ધ ની વચલા અંતરમાં તાર ઉપર આંગળી રાખવાથી કોમળ ધ થાય છે.

૨. સ્ત્રી. મનમોહક સ્ત્રી; માશૂક; મન હરી જનાર સ્ત્રી.

૩. વિ. હૃદય ખેંચનારું; મનમોહક; દિલ ખેંચવાવાળું.

દિલરુબાં જુઓ દિલરુબા.

દિલરેજ [ફા. દિલ (હૃદય) + રેજ (રેઝુ તે)] સ્ત્રી. માશૂક; પ્રિયા.

દિલલગી ૧. સ્ત્રી. દોસ્તી; મિત્રાચારી.

૨. સ્ત્રી. મશ્કરી; મજાક.

૩. સ્ત્રી. વિનોદ; આનંદ.

દિલલહરી સ્ત્રી. શરીરની અંદર લાગણીનો આવેશ; હૃદયમાં ઉત્કટ આનંદનો અનુભવ.

દિલવલ [હિ.] પું. એક જાતનું ઝાડ.

દિલવાસી ૧. પું. પરમેશ્વર, જેણે હૃદયમાં વાસ કરેલો છે

૨. વિ. હૃદયમાં રહેલું.

દિલવિદોષું વિ. લાગણી વગરનું; હૃદયશૂન્ય.

દિલશાંકુ પું. દિલમાં મારેલો ખીલો.

દિલશાદ વિ. આનંદી; મોજીલું.

દિલશેર [ફા. દિલ (મન) + શેર (સિંહ)] વિ. બહાદુર; હિંમતવાન.

દિલસફાઈ [ફા.] સ્ત્રી. દિલની ચોખ્ખાઈ; દિલ સાફ હોવાપણું; નિખાલસતા.

દિલસર ૧. [ફા. દિલ (હૃદય) + સર્દ (ઠંડું)] વિ. ઠંડા હૃદયવાળું; હૃદયશૂન્ય; લાગણી રહિત.

૨. વિ. બેદરકાર.

દિલસાજ [ફા.] વિ. મન ખુશ કરે એવું.

દિલસિતાન ૧. [ફા.] વિ. આકર્ષક; હૃદય હરનાર.

૨. વિ. સુંદર; શોભાયમાન.

દિલસોખ્તગી [ફા.] સ્ત્રી. દુઃખ.

દિલસોખ્તા [ફા.] વિ. દુઃખાયેલું; દુઃખી.

દિલસોજ ૧. [ફા. દિલસોઝ] વિ. કનાર્દ; દયાવાન; દાઝ જાણનાર.

૨. વિ. લાગણીવાળું; સમજદાર.

૩. વિ. શુદ્ધ હૃદયનું; ખરા હૃદયનું.

દિલસોઝ [ફા. દિલસોઝી] ૧. સ્ત્રી. કોઈનું દુઃખ જોઈ દિલમાં થતી લાગણી; સમભાવ; હમદર્દી.

૨. સ્ત્રી. દયા; લાગણી; દાઝ.

૩. સ્ત્રી. શુદ્ધ હૃદયનું હોવાપણું.

દિલસોઝ જુઓ દિલસોજ.

દિલસોઝી જુઓ દિલસોઝ.

દિલહા ૧. સ્ત્રી. બારીબારણાંનાં ચોકઠાંમાં ખોબણ પાડી તેમાં જડેલી જોડ.

૨. સ્ત્રી. મન ખુશ કરવાપણું.

દિલાઈલામા પું. તિબેટમાં પૂજાતી બુદ્ધની મૂર્તિ અને તેને પૂજનારો મુખ્ય આચાર્ય. તિબેટમા ધર્મસત્તા અને રાજસત્તા દિલાઈલામાના હાથમાં રહે છે.

દિલાજાર સ્ત્રી. પ્રિયા; માશૂક.

દિલારા ૧. સ્ત્રી. એ નામની કપાસની એક જાત.

૨. [ફા. દિલ (હૃદય) + આરા (શણગાર)] સ્ત્રી. પ્રિયા; માશૂક.

૩. ન. એ નામની જાતનું માનુસ.

૪. વિ. એ નામની જાતનું.

દિલારામ ૧. પું. એશઆરામ; સુખચેન.

૨. સ્ત્રી. બક્ષ સુંદર રૈનવાણી, સ્વાદમાં મોહક, બૃહદોદાર, બહુ વખણાયેલી, રેશા વિનાની અને પૌષ્ટિક એક જાતની કેરી.

૩. સ્ત્રી. પ્રિયા; માશૂક; પ્રિયતમા.

૪. વિ. દિલને આનંદ આપનાર.

દિલાલત [સં.] સ્ત્રી. દિશા.

દિલાવર ૧. [ફા.] વિ. ઉદાર દિલનું; મોટા મનનું; સખી.

૨. વિ. ઉમદા; ખાનદાન

૩. વિ. પરાક્રમી; શૂરવીર; બહાદુર; વીર.

૪. વિ. સાહસી; હિંમતવાન.

દિલાવરી ૧. [ફા.] સ્ત્રી. ઉદારતા; મનની મોટાઈ; દાનશીલતા; સખાવત.

૨. સ્ત્રી. ઉમદાપણું; ખાનદાની.

૩. સ્ત્રી. બહાદુરી; શૂરવીરતા; પરાક્રમ.

૪. સ્ત્રી. સાહસ; હિંમત.

દિલાસાપત્ર પું. દિલાસો આપવા માટે લખેલ પત્ર.

દિલાસો ૧. [ફા.] પું. આશ્વાસન; ધીરજ આપવી તે; સાત્વના; મજૂરી આપવી તે; દુઃખિયા દિલને કરાસો આપી કરાર કરવો તે; મનનું સમાધાન કરવું તે; દુઃખશાંતિ.

૨. પું. ઉત્તેજના; હિંમત; ટેકો; અનુમોદન.

દિલી ૧. પું. એક જાતનો બજાવર પંખેંદિય જીવ.

૨. [હિ] વિ. બરડ; સાયુ, દાદિક

૩. વિ. દિલનું; મનનું, હૃદય કે દિલ સબંધી.

૪. વિ. પાકું; માદ.

૫. વિ. બહુ જ પૈસાદાર.

દિલીપ ૧. [સં] પુ (પુરાણ) ઇક્ષ્વાકુ કુળના અઠ્ઠાવીસ રાજાનું બીજું નામ

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અંશુમાન રાજાનો એ નામનો પુત્ર. તે પિતાની પછી રાજાનો અધિકારી થયો હતો. સગર રાજાના પુત્રોનો ઉદ્ધાર કરવા માટે ગંગાજીને લાવવા સારૂ તેણે ત્રીસ હજાર વર્ષ તપ કર્યું હતું; પરંતુ સિદ્ધિ ન થતાં એ મરી ગયો હતો. એને સુદક્ષિણા નામે રાણી અને ભગીરથ નામે પુત્ર હતો. આ રાજાની કથાથી સ્પષ્ટ થાય છે કે એકાદા માણસથી કોઈ કામનો આરંભ કર્યા પછી સિદ્ધ ન થાય તો તેનો પુત્ર તે પૂરું કરતો. એક વખત સ્વર્ગમાંથી આવતાં તેમને માર્ગમાં કામધેનુ મળી હતી. દિલીપે તેનું અભિવાદન ન કર્યું, તેથી તેણે તેને શાપ દીધો કે મારી પુત્રી નંદિનીની સેવા વગર તને પુત્ર નહિ થાય. ઘણો વખત રાજાને સંતાન થયું નહિ, તેથી છેવટે તે રાણીઓને સાથે લઈને વસિષ્ઠ ઋષિના આશ્રમે ગયો અને ત્યાં નંદિનીની સેવા કરી. તેના આશીર્વાદથી તેને રઘુ નામે પુત્ર થયો. દિલીપ રાજાએ ઘણા વખતમાં ઋષિમુનિઓના આશ્રમમાં રહી વેદવેદાંગનું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પછી અતુલ પરાક્રમથી તેણે સાત દ્વીપોનું રાજ્ય મેળવ્યું હતું. રાવણ એના બળની પરીક્ષા કરવા આવતાં રાજાએ એક દર્ભની સણી મંતરી દક્ષિણમાં નાખી જણાવ્યું કે આ વડે રામધેનુનું રક્ષણ કરો નામા રાવણની નગરી બળે છે તે શાંત થયો. રાજાનું આ ઔદ્ધત્યથી તાબદુસ થયો હતો.

૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના જન્મોપંતમાં જન્મેલા ઋક્ષ રાજાનો એ નામનો પુત્ર. તેને પ્રતીપ નામનો પુત્ર હતો.

દિલીપરાજ જુઓ દિલીપ.

દિલીર ૧. [સં.] ન. ચોમાસામા થતી જમીનદાર એક વનસ્પતિ; બિલાડીનો ટોપ.

દિલ્હીશાહી

૨. જુઓ દિલેર.

દિલ્હૂ પું. એ નામનો એક રાજા, જે ઇંદ્રપ્રસ્થનો મયૂરવંશી ઉલ્લો રાજા હતો.

દિલેદિલેર ન. બહાદુર હૃદય; શરવીર દિલ.

દિલેર ૧. [સં.] વિ. બહાદુર; પરાક્રમી; શરવીર.

૨. વિ. વહાલું; પ્યારું.

૩. વિ. સાહસી.

દિલેરી ૧. સ્ત્રી. ઉદારતા; વિશાળ મનનું હોવાપણું.

૨. સ્ત્રી. શરવીરતા; બહાદુરી; વીરતા.

૩. સ્ત્રી. સાહસ; હિંમત.

દિલોજાન ૧. [સં. દિલ (અંત:કરણ) + જ (અને) + જાન (જીવ)] વિ. અત્યંત વહાલું, પ્રાણપ્રિય; જીવજાનું; પોતાના જીવ સરખું વહાલું.

૨. વિ. ખરા હૃદયનું.

દિલોજાનથી અ. ખરા મનથી; દિલથી અને જાનથી; હોંશથી; ચિત્ત લગાડીને, મહેનત કરીને, અંત:કરણપૂર્વક; ખરા ભાવથી.

દિલોજાની ૧. સ્ત્રી. અંતરનું હેત; હૃદયનો ઉમળકો; દિલોજાનપણું.

૨. સ્ત્રી. પ્રાણપ્રિયતા; જીવજાનપણું.

દિલોદાર વિ. ઉદાર દિલવાળું.

દિલોર ન. એક જાતનું ઝાંખી મરદનવાળું પક્ષી.

દિલોરી સ્ત્રી. એક જાતનો ચેપો.

દિલ્લગી ૧. સ્ત્રી. દિલ્લરપી; મનોરંજના; વિનોદ.

૨. સ્ત્રી. મશ્કરી; મશ્કરી.

૩. સ્ત્રી. મિત્રતા; એકદમ; મૈત્રી.

દિલ્લી જુઓ દિલ્હી

૧. દિલ્લીનો ઠગ = નાશૈયો જુગ્ગો માણસ.

૨. દિલ્લીનો સાહુકાર = ગર્ભ ને ખાધું ન આપે અથવા બોલીને ફરી જાય એવો જુગ્ગો માણસ.

દિલ્લીવાન જું દિલ્હીનો રહીશ.

દિલ્હી ન. ઉત્તર હિંદુસ્તાનનું જમના નદીને કાંઠે આવેલું પ્રસિદ્ધ શહેર. જે હિંદુસ્તાનની રાજધાની છે. અગાઉના વખતમાં ઘણાં વર્ષ સુધી હિંદુ તથા મુસલમાન રાજાઓની તે રાજધાની હતું. સને ૧૯૧૨ માં અંગ્રેજ સરકારે પણ પોતાની રાજધાની કલકત્તાથી ફેરવી અહીં લાવી હતી. જે જગ્યાએ હાલનું દિલ્હી શહેર છે તેની ચારે બાજુ દશ બાર માઈલ સુધીમાં જુદાં જુદાં સ્થાનોએ આ નગર ઘણી વાર બંધાયું અને ઘણી વાર ઉજ્જડ થયું. કેટલાક લોકોનો એવો મત છે કે ઇંદ્રપ્રસ્થના મયૂરવંશી ઉલ્લા રાજા હિલ્લૂએ આ શહેર પહેલવહેલા વસાવ્યું હતું. તેથી તેના નામ ઉપરથી તેનું નામ દિલ્હી પડ્યું. વળી એમ પણ કહેવાય છે કે, પૃથ્વીરાજના નાના અનંગપાળે એક વાર એક ગઢ બનાવ્યો હતો. તેનો પાયો નાખવાને સમયે તેના પુરોહિતે સારા મુહૂર્તે પૃથ્વીમાં ખીલી નાખી અને કહ્યું કે આ ખીલી શેષનાગના માથા ઉપર આવેલી છે, જેથી તમારું તુવર વંશનું રાજ્ય અચળ રહી મજબૂત રાજાને વિશ્વાસ ન આવતાં ખીલી કઢી જોઈ અને ખીલી કાઢતાં લોહીથી ખરડા નીકળતા લાગી. આથી રાજાને બહુ પસ્તાવો થયો. તેણે ફરીથી ત્યાં તે ખીલી નખાવી, પણ તે બરાબર ન બેઠી, કાંઈક ઢીલી રહી ગઈ. તેથી આ સ્થાનનું નામ ઢીલી પડ્યું અને પાછળથી તે અપભ્રંશ જતાં દિલ્હી થયું. આ સંબંધે આવી વાર્તા પ્રચારમાં છે કે: દિલ્હી શહેર હિંદુસ્તાનનું પ્રાચીન અને પ્રખ્યાત શહેર છે. દિલ્હીએ ઘણા જમાના જોયા છે અને અનુભવ્યા છે, ઘણા રંગ નીરખ્યા છે, ઘણા બાદશાહોને બદલ્યા છે અને કેટલા રાજકુળોને રંજમાં રોળી રખડતાં કર્યાં છે. કેટલા બાદશાહી નાશ પામી ગઈ, પણ દિલ્હી જ્યાંનું ત્યાં છે, જ્યાં ને જેનું તે નથી. અગાઉનું દિલ્હી આજની વખત પરિવર્તન પામેલું છે. જે હાલનું દિલ્હી કહેવાય છે તે પછી નવું દિલ્હી હાલના દિલ્હીથી ૬ માઈલ દૂર છે, જે તેરમી વખતનું છે. જૂનામાં જૂનું ઇંદ્રપ્રસ્થ છે, તેને પુરાણું દિલ્હી કહે છે અને તે હાલના દિલ્હીથી ૫, ૬ માઈલ દૂર કુતુબમિનારે જવાના માર્ગમાં આવે છે. દિલ્હીમાં શીખોનું સુવર્ણદ્વાર છે. હિંદુસ્તાનભરમાં પ્રસિદ્ધ જણાતી જુમા મસ્જિદ આ શહેરમાં છે પુરાણા દિલ્હી કે ઇંદ્રપ્રસ્થમાં એક પુરાતન કિલ્લો છે, જે યુધિષ્ઠિરે બંધાવ્યાનું કહેવાય છે. કિલ્લાના મેદાનમાં કુંવાનું મંદિર છે. કિલ્લાના પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણે દરવાજા છે. દરવાજા આગળ કિલ્લાની સપાટી નીચે સુરંગ રાખવાની જગ્યા હતી, જે હાલ પુરાઈ ગયેલી છે. કિલ્લાની અંદર પાંડવોની રાજગાદીને સ્થળે ઔરંગઝેબ બાદશાહે બંધાવેલી મસ્જિદ છે. બીજે છેડે પાંડવોનો મહેલ હતો. આ જગ્યાએ હુમાયુએ પુસ્તકાલય બંધાવ્યું હતું અને એ પુસ્તકાલયની સીડી ઉપરથી પડી જતાં હુમાયુ મરણ પામ્યો હતો. આજુબાજુ પાંડવ વગેરેનાં કોઈ કોઈ પુરાતન સ્મરણો છે. પુરાણા કિલ્લાથી બીજે દૂર કુમાયુની કબર છે. ઇંદ્રપ્રસ્થથી કુતુબમિનાર પાંચ છ માઈલ દૂર છે. ત્યાં કુતુબ નામનું ગામડું છે. કુતુબમિનારની આસપાસ ફરતો જૂનો કોટ છે. આ મિનારો તીક્ષ્ણ બરછે પૂરો બનો હતો. તે ૨૩૮ ફૂટ ઊંચો, નીચે ૪૬ ફૂટ આસનો, શિખરે ઉપર ૯ ફૂટ આસનો છે. મિનારા ઉપર ચઢવા માટે અંદર ૩૭૬ પગથિયાંની ગોળાકાર ચતી ફરતી સીડી છે. જેવા માળની છત્રી ઉપર બીજણી પડવાથી તે ખંડિત થતાં ઉપરના છઠ્ઠા સાતમો માળ ઉતારી લેવામાં આવ્યા છે. મિનારા ઉપરથી જમનાજીનાં દર્શન થાય છે. કુતુબમિનાર ચારે સમ ધાતુનો એક વિજયસ્તંભ છે. જૂના વખતમાં ચદ્રગુપ્તે બાહુબળે હિંદના તમામ રાજામાં જીત મેળવી હતી, તેના સ્મરણ તરીકે આ રતંભ ઊભો કરવામાં આવ્યો હતો. તેના ઉપરનો છ લીટીનો સંસ્કૃત લેખ ઈ. સ. ૪૧૯માં લખેલો જણાય છે. દોઢેક હજાર વર્ષ થવા છતાં આ સ્તંભને ઝટ લાગ્યો નથી કે કોઈથી ખંડિત થઈ શક્યો નથી. એક મંદિર કુતુબ બાત.એ પુરાણા વખતમાં સ્થાપેલું કહેવાય છે. પૃથ્વીરાજે બંધાવેલુ એક મંદિર પણ છે, જે હિંદુ રાજાના રાજ્યનાં અનેક અલંકાર અને રત્નથી વિભૂષિત નમૂનેદાર મંદિર છે. દિલ્હીની ઉત્તરે જમનાના કિનારા ઉપર બાદશાહી કિલ્લો છે. આ કિલ્લો અષ્ટકોણ આકૃતિને મળતો બંધાયેલ જણાય છે. તેનો ઘેરાવો દોઢ માઈલ છે. નદી તરફની દીવાલ ૬૦ ફૂટ ઊંચી અને બીજી બાજુએ વધારેમાં વધારે ૧૧૦ ફૂટ ઊંચી છે. કિલ્લાની પાછળ ખાઈ છે, તે ૭૫ ફૂટ પહોળી અને ૩૦ ફૂટ ઊંડી છે. આજુબાજુ અને અંદર પણ નાના મોટા સુંદર બગીચા છે. કિલ્લાની અંદર મુખ્ય મુખ્ય ચિત્રામોમાં રાજમહાલયો, સ્વ.મહાલ અથવા દીવાને ખાસ એટલે અમીરોની સભા, રંગમહાલ, રાજન મંદિર, દીવાનખાના અથવા દીવાને આમ એટલે રૈયતની સભા, ઉજાલ, હમામખાનાં, અંત.પુર, શાહી કારખાનાના ચોક અને બજાર વગેરે છે. દિલ્હી દરવાજાના પ્રવેશદ્વારની કમાનોના ઉંડા તરફ પથ્થરના બે હાથીઓ છે. તે હાથીનાં પૂતળાં ચિતોડના બે પ્રસિદ્ધ યોદ્ધા જયમલ અને પત્તાના હાથીઓનાં સ્મારક તરીકે છે. દિલ્હીની પાસે એક વેધશાળા છે દિલ્હીનું અસલ નામ હસ્તિનાપુર હતું. હાલના દિલ્હી શહેરથી બહુ માઈલ દૂર નવું દિલ્હી વસાવું છે. ત્યાં હાલી સરકારનાં બધા મકાનો બંધાયેલ છે.

દિલ્હીદરબાર ૧. સ્ત્રી. એ નામની એક જાતની કેરી. આ ફળ લાલ, રેસા વગરનું અને કાપીને ખાવા લાયક છે.

૨. સ્ત્રી. એક જાતના ચોખા.

દિલ્હીવાલે જું. એનું પ્રજા અંગ; મોનિ.

દિલ્હીવાન જુઓ દિલ્લીવાન.

દિલ્હીશાહી સ્ત્રી. એક પ્રકારની તલવારની મૂઠ.

દિવ્ ૧. [સં.] અ. ક્રિ. આનંદ, અહંકાર વગેરે મનોવિકારથી કુલાઈ જવું.
૨. અ ક્રિ. ઊંઘવું; ઊંઘવું.
૩. અ. ક્રિ. ગંધા થઈ જવું; ચૈલું થવું; ઉન્માદિત થવું.
૪. અ. ક્રિ. ચડિયાતા થવામાં હોંસીલા થવું.
૫. અ. ક્રિ. જીતવા ઇચ્છવું.
૬. અ ક્રિ (ધાતુ) ક્રીડાર રમવો; હોડમાં મૂકવું. તે ઉપરથી થયેલ શબ્દ: જૂત, જૂતવિદ.
૭. અ. ક્રિ. તેજસ્વી થવું કે હોવું.
૮. અ. ક્રિ. (ધાતુ) પ્રકાશવું. તે ઉપરથી થયેલ શબ્દ: દેવ, દિવ્ય, દેવતા.
૯. અ. ક્રિ. ધૂંધવું.
૧૦. અ. ક્રિ. રમવું; ખેલવું; ક્રીડા કરવી.
૧૧. અ. ક્રિ. વખાણવું; તારીફ કરવી.
૧૨. અ. ક્રિ. વેચાવું, ખરીદી, સાટું વગેરેનો વ્યવહાર કરવો.
૧૩. અ. ક્રિ. આપવું; વાયવું.

દિવ ૧. [સં. દિવ્ (પ્રકાશવું)] ન. આકાશ.
૨. ન. દિવસ.
૩. ન. વન; જંગલ.
૪. ન. સ્વર્ગ; દેવોનું નિવાસસ્થાન.

દિવઠિયું ૧. ન. દિવેલિયું; દીવો; જેમાં દીવો પ્રકટ કરવામાં આવે તે કોડિયું.
૨. ન. ફાનસમાં દિવેટને પકડી રાખનાર આંકડો.

દિવઠિયો પું. મશાલચી; મશાલ હાથમાં ધારણ કરનાર માણસ.

દિવડિયું (દિવડિયું) ન. દીવાનું કોડિયું મૂકવાની રીતમાં જડેલી એટક.

દિવડિયો (દિવડિયો) પું. દીવો; દીપ.

દિવર [સં. દેવૃ] પું. દિયેર; પતિનો નાનો ભાઈ.

દિવરાજ ૧. [સં. દિવ (સ્વર્ગ) + રાજ્ (રાજા)] પું. ઇંદ્ર; સ્વર્ગનો રાજા.
૨ પું. ત્રિશતીનો કર્તા. ત્રિશતીના કર્તા દિવરાજના પુત્ર શ્રીધર પણ પંદરમા શતકમાં થયા હોવ તેમ લાગે છે, કારણ કે ત્રિશતીના પ્રકાશક પૈદારજ ભાદવજી ત્રિકમજી આચાર્ય પાસે સંવત ૧૬૮૬ એટલે ઈ.સ. ૧૬૩૦માં લખાયેલી ત્રિશતીની એક હસ્તલિખિત પ્રત હતી.

દિવસ ૧. [સં.] પું. આજના સૂર્યોદયથી કાલના સૂર્યોદય સુધીનો સમય; દહાડો; દિન; દી; વાર; સાઠ ઘડીનો કાળ; ચોવીસ કલાકનો સમય. દિવસ બે પ્રકારના છે: નાક્ષત્ર દિવસ અને સૌર અથવા સાવન દિવસ. એક નક્ષત્ર એક વાર યામ્યોત્તર રેખા ઉપર આવીને બીજી વાર પાછું ત્યાં આવે તેની વચ્ચેના સમયને નાક્ષત્ર દિવસ કહે છે. પૃથ્વીને પોતાની ધરીની આસપાસ ફરતાં જેટલો વખત લાગે છે તેટલો જ આ વખત હોય છે. તેમાં વધઘટ થતી નથી. તેથી જ્યોતિષીઓ નાક્ષત્ર દિનમાનનો બહુ અવધાર કરે છે. સૂર્યને યામ્યોત્તર રેખા ઉપર આવી ફરીને ત્યાં આવતા જેટલો વખત લાગે તેને સૌર અથવા સાવન દિવસ કહે છે. નાક્ષત્ર તથા સૌર દિવસમાં કર્કાંકને કર્કાંક ફરતા આવે છે. કોઈ દિવસે યામ્યોત્તર રેખા ઉપર એક સ્થાને અને એક સમયે સૂર્યની સાથે કોઈ નક્ષત્ર હોય તો, બીજે દિવસે તે સ્થાન ઉપર તે નક્ષત્ર કાર્મિક વર્ષોનું આવશે, પણ સૂર્ય કેટલીક મિનિટ પછી આવશે. તેમ છતાં નાક્ષત્ર તથા સાવન એ બંને પ્રકારના દિવસો પૃથ્વીના તેની ધરીની આસપાસ ફરવા સાથે સંબંધ રાખે છે પરંતુ નક્ષત્રને એક વખત યામ્યોત્તર રેખા ઉપર આવ્યા પછી ફરીને ત્યાં આવતાં દર વખતે એકસરખો સમય લાગે છે; જ્યારે સૂર્ય એ પ્રમાણે દર વખતે એકસરખે સમયને અંતરે આવતો નથી. તેને કોઈ વખત વધારે, તો કોઈ વખત ઓછો સમય લાગે છે. આથી સૌર દિવસનું માન વધતું ઘટતું રહે છે તે માટે ગણતરી ઠીક રાખવા એક સૌર વર્ષના બધાસો માંહે આગ ઠરી તેના એક ભાગને સાંર દિવસ માનવામાં આવે છે. હિંદુઓમાં દિવસની ગણતરી એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીની લેવામાં આવે છે. બાબત ભળી પ્રાચીન જાતિઓમાં દિવસની ગણતરી આ પ્રમાણે થાય છે. ક્રિસ્તની બીજી અનેક જાતિઓમાં તથા યુરપના ઓરિસ્ટ્સ, ટર્કી અને ઇટલિ દેશોમાં પણ સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીનો દિવસ ગણવામા આવે છે. યુરપના બધા દેશો તથા મિસર અને ચીનમાં દિવસ મધરાતથી મધરાત સુધીનો ગણવામાં આવે છે. પ્રાચીન રોમન લોકો પણ તે પ્રમાણે દિવસ ગણતા. હાલ ભારતવર્ષમાં રેલવે કામો માટે દિવસનો આરંભ મધરાતથી લેવામાં આવે છે. યુરપના જ્યોતિષીઓ પોતાની ગણતરી માટે મધ્યાહ્નથી મધ્યાહ્ન સુધી દિવસ માને છે. પંદરમી ઓગસ્ટ. સને ૧૯૪૭ના રોજ જ્યારે હિંદ અંગ્રેજ શાસનથી મુક્ત થયું, ત્યારે પણ એ આઝાદીનો મંગળ પ્રારંભ ચૌદમી ઓગસ્ટની મધરાતના બરાબર બાર વાગતાંની સાથે જ થયો હતો. દોઢસો વર્ષના લાંબા સંઘર્ષ કરીને પણ આઝાદ હિંદીઓએ તે ચિરસ્મરણીય અમૃતબોલ ઘડીએ સ્વાતંત્ર્યોત્સવ ઊજવ્યો હતો. પુરાણાનુસાર અઠવાડાના દિવસનાં નામ આ પ્રમાણે છે: (૧) શ્વેત (વારાહ), (૨) નીલલોહિત, (૩) વામદેવ, (૪) રથંતર, (૫) રૌરવ, (૬) પ્રાણ, (૭) બૃહદ્ભવ, (૮) કંદર્પ, (૯) સદ્ય અથવા સદ્ય, (૧૦) ઈશાન, (૧૧) ભવન, (૧૨) સારસ્વત, (૧૩) ઉદાન, (૧૪) ગારુડ, (૧૫) કૌર્મ, (૧૬) નારસિંહ, (૧૭) સમાન, (૧૮) આગ્નેય, (૧૯) સોમ, (૨૦) માનવ, (૨૧) પુમાન, (૨૨) વૈષ્ણુ, (૨૩) લક્ષ્મી, (૨૪) સાવિત્રી, (૨૫) ઘોર, (૨૬) વારુણ, (૨૭) વૈરાજ, (૨૮) ગૌરી, (૨૯) માહેશ્વર, (૩૦) પિતૃ.

૧. ચઢતો દિવસ = (૧) ઓસાન રહી ગર્જનું બદલું. (૨) દિનપ્રતિદિન સારું થતું રહેતું હોય એવો સમય; બહોળજાહોળીનો વખત.
૨. દિવસ આથમ્યા = (૧) કોઈ આવવાને કે કોઈના મરણનો શોક રાખવાને આજ એક, કાલ બે એમ દિવસો ગણવા; જોતજોતામાં કાળ વહી જવો. (૨) મરણ નજીક આવવું. (૩) રાહ જોવી.
૩. દિવસ ચડવા = ગર્ભ રહેવો.
૪. દિવસ ચડવો = સૂર્યોદય થયા ઉપરાંત કાંઈક વધારે વખત થવો.
૫. દિવસ ઠાળવો = સંધ્યાનો સમય નજીક આવવો; સૂર્યાસ્તનો વખત થવા આવવો.
૬. દિવસ પડ્યો = ખરાબ વખત આવ્યો.
૭. દિવસ ફરવો-વળવો = આબરૂ ઊભડવું; નસીબ બદલાવું.
૮. દિવસે દિવસ-દિવસે દિવસે = રોજ; દિવસોદિવસ.
૯. દોઢેક્યા દિવસ = મુશ્કેલીનો વખત.
૧૦. બોળે દિવસે = દિવસના ભાગમાં; એવે વખતે કે જ્યારે બધા લોકો જાગતા તથા દેખતા હોય
૧૧. પ્રતિ દિવસ = રોજરોજ; નિરંતર; હમેશ

૨. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; અહ. તે કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં બીજા ચરણ અને અંતરીય પ્રાસ મળી ૩૦ માત્રા હોય છે.

૩. પું. દહાડો; બારમું. ઉત્તરક્રિયા. જેમકે, મરી ગયું તેના દિવસપાણી કરવાં જોઈએ.
દિવસપાણી કરવાં = ઉત્તરક્રિયા કરવી; દહાડો કરવો.

૪. પું. સુભાગ્ય; ચડતીનો વખત.
૧. દિવસ ફેર નહિ હોવો = સુભાગ્ય નહિ હોવું; બાંધો દહાડો હોવો; નસીબ અનુકૂળ ન હોવું; બહુ બાંધા હોવા.
૨. દિવસ હોવા = બહતી હોવી.

૫. પું. સત્તરના ગણકમાં વપરાતો એક શબ્દ. સત્તરના ગણક સબંધમાં હરિજનગણકમાં કહ્યું છે કે, વજનના તાલનું કોષ્ટક આવું રાખવું:

૪ કૂટ = ૧ તાર
૧૦ તાર = ૧ લટ
૪ લટ = ૧ પીરો
૧૦ પીરો = ૧ દિવસ.

૬. પું. નર્યનું એક નામ

દિવસઅંધ ૨. [સં. દિવસ + અંધ (આંધળું)]
૧ મુગ્ધ. જે દિવસ દેખ્યા જાણ્યા નથી.
૨. પું. દિવસે દેખી ન શકવાનો રોગ. દિવસ અંધાપો.
૩. વિ. દિવસે દેખી શકવું ન હોય એવું.

દિવસકહ્યું જો. દિવસ વિતાવવા માટે કરાતું ઉદ્યોગ.

દિવસકર ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય. દિનકર.

દિવસકરપુત્ર જુઓ દિનકરસુત.

દિવસકરપુત્રી જુઓ દિનકરકન્યા.

દિવસકરસુત જુઓ દિનકરસુત.

દિવસકરસુતા જુઓ દિનકરકન્યા

દિવસકરસૂનુ જુઓ દિનકરસુત

દિવસકરાત્મજ જુઓ દિનકરસુત.

દિવસકરાત્મજા જુઓ દિનકરકન્યા.

દિવસકર્તા જુઓ દિનકર.

દિવસક્ષય [સં.] પું. (જ્યોતિષ) દિવસનો ક્ષય, દિનનો ક્ષય.

દિવસગુજરાન પું. જેમ તેમ કરીને કઢાતો તે.

દિવસચર્યા [સં.] સ્ત્રી. દિનચર્યા; દિવસનું કર્તવ્ય દિવસનું કામ.

દિવસજ્યોતિ [સં. દિવસજ્યોતિસ્] ન. સૂર્યનો તાપ; સૂર્યનો પ્રકાશ.

દિવસડો (દિવસડો) પું. દિવસ. દહાડો.

દિવસદુ ખિત [સં.] પું. આકડાનો પક્ષી. દિનદુ:ખિત.

દિવસનાથ [સં.] પું. સૂર્ય

દિવસની પૂરિયા જુઓ દિવસની પૂર્યા.

દિવસની પૂર્યા પું. (સંગીત) એક સંપૂર્ણ જાતિ રાગ. તેમાં સાતે સ્વર આવે છે. રિ કોમળ અને મ તીવ્ર છે. તેનો આરોહ સ્વર સા, ચારી સ્વર પ, ન્યાસ સ્વર સા છે. તે રાગનો સમય દિવસનો ચોથો પહોર છે. તે વીર, અદ્ભુત અને શૃંગારરસ ઉત્પન્ન કરે છે. તે ગંભીર પ્રકૃતિવાળો છે.

દિવસપ જુઓ દિવસપતિ.

દિવસપતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨ પું. તેરમા મન્વંતરનો એ નામનો દેવ. તે વાતાવરણનો અધિપતિ મનાય છે.
૩. પું. સૂર્ય.

દિવસપાણી ન. બ. ક. મરનારના બારમે દિવસે બારમું કરવું અને પાણી આપવું તે; તર્પણ.

દિવસપાત [સં.] પું. દિવસનો ક્ષય. તિથિક્ષય.

દિવસપૃષ્ઠકત્વ [સં.] ન. (જ્યોત) જેથી નવ દિવસ સુધીનો સમય.

દિવસબંધુ જુઓ દિવસમણિ.

દિવસભક્તક [સં. દિવસ (દહાડો) + ભક્તક (નોકર)] પું દહાડિયો; મજૂર.

દિવસભોજન [સં.] ન. દિવસના ભાગમાં જમવું તે.
રાત્રિભોજનને દિવસભોજન કરતાં વિશેષ હિતાવહ કહેનારમાં આવું છે. -વાગ્ભટ

દિવસમણિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

દિવસમયૂખ જુઓ દિવસમણિ.

દિવસમાન જુઓ દિનમાન.

દિવસમુખ [સં.] ન. પ્રભાત; સવાર; પ્રાતઃકાળ.

દિવસમૂર્ધા [સં. દિવસમૂર્ધન્] પું. ઉદયાચળ પર્વત.

દિવસયોજન [સં.] ન. મધ્યાહ્ન, બપોર

દિવસરત્ન જુઓ દિવસમણિ.

દિવસવિકાસી [સં. દિવસ + વિકાસિન્ (ખીલનું)] વિ. દિવસે ખીલનારું.

દિવસશાકટા સ., સ્ત્રી. દિવસે ભણવા માટેની નિશાળ

દિવસશેષ [સં.] પું. દિવસનો બાકી રહેલો ભાગ

દિવસસ્વપ્ન [સં.] ન. દિવસે આવતું સ્વપ્ન.

દિવસાગમ [સં. દિવસ + આગમ (જન્મ)] પું. પ્રભાત; સવાર.

દિવસાધિ [સં] પું ચૌદ માઠેનો એ નામનો એક દેવ; દિવસપતિ.

દિવસાત્યય [સં. દિવસ + અત્યય (નાશ)] પું. સાયંકાળ; સાંજનો વખત.

દિવસાદિ [સં. દિવસ + આદિ (શરૂઆત)] પું. સવાર; પ્રભાત.

દિવસાનુદિવસ [સં.] અ. દિવસે દિવસે.

દિવસારંભ [સં.] પું. પ્રભાત; સવાર.

દિવસાર્દ્ધ [સં.] પું. દિવસનો અર્ધ ભાગ.

દિવસાવસાન [સં.] ન. સાયંકાળ; સાંજનો વખત.

દિવસાંત [સં.] પું. સાયંકાળ; સાંજ.

દિવસાંતક [સં.] પું. અંધાપો.

દિવસાંધ [સં.] વિ. દિવસે દેખી શકવું ન હોય એવું.

દિવસેશ [સં.] પું. સૂર્ય

દિવસ્પતિ ૧. [સં.] પું. ચૌદમાંથી મન્વંતરમાં મનાતો દેવ.
૨. પું શિવ.

દિવસ્પુત્ર ૧. પું. આકડાનો છોડ.
૨. [સં. દિવ્ (આકાશ) + પુત્ર (દીકરો)] પું. સૂર્ય. તે આકાશને પુત્ર જેવો વહાલો હતો

દિવસ્પૃથિવી ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી અને આકાશ.
૨. સ્ત્રી. સ્વર્ગ અને પૃથ્વી.

દિવસ્પૃશ ૧. [સં. દિવસ્પૃશ્] પું. પરમેશ્વર.
૨. પું ત્રિલોકનાં હજાર માઠેનું એક નામ. દિવ એટલે સ્વર્ગ અને સ્પૃશ્ એટલે અડવું. દેવ લોકોને સ્પર્શ કરનાર એટલે દેવતાઓના સ્વામીરૂપ પરલોક સુધી પહોંચી જનારા પણ વિષ્ણુ જ મનાય છે.
૩. વિ. આકાશ સુધી પહોંચાડનાર. શબ્દ માટે વપરાય છે.

દિવંગત [સં.] વિ. પરલોકવાસી, મરણ પામેલું.

દિવ-સ્પૃક જુઓ દિવસ્પૃશ.

દિવા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ; સર્વેણ, માલિની; મંદિરા. તે આકૃતિ બદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બાર અક્ષર અને મુક્ત ગણી બાવીસ અક્ષર હોય છે
૨. સ્ત્રી. દિવાળી. દિવાળી પછીની એટલે કારતક સુદિ પાંચમે રવિ, મંગળ કે શનિવાર હોય તો બહાલી એમ કહે છે કે દુ:ખ અને દહાડાનો સંચય કરી રાખો.

દિવા બીજી પંચમી જો હોય વારે ચાર,
ધન કણ રાખી સંચરો કહું છું સો નરનાર.
ભડલી

૩. [સં] અ. દિવસે; દિવસ દરમિયાન; દિવસના વખતમાં.

દિવાઅંધ [સં. દિવા (દિવસે) + અંધ (આંધળું)] વિ. દિવસે ન દેખી શકે એવું.
કેટલાક પ્રાણીઓ દિવાઅંધ છે. દેવીઅસિત

દિવાક જુઓ દિવાકર.

દિવાકર ૧. [સં.] પું. આકાશનો એક.
૨. પું. (પિંગળ) એક માત્રાવૃત્ત માત્રામેળ છંદ. તે માર્કંડ છંદનો ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ત્રિત્તેર લઘુ મળી સાડી પર્યું અને ૬૬ માત્રા હોય છે.
૩. પું. કશ્યપના અદિતિથી થયેલ બાર મહિનો એ નામનો એક પુત્ર.
૪. પું. પ્રભો.
૫. પું. બાર સંખ્યા સૂચવતો શબ્દ.
૬. પું. જિનનાં હજાર આઠેનું એક નામ.
૭. પું. સૂર્ય; રવિ; આકાર; સરજ; અદિતિ; બાનું; દિનકર.
સર દિવાકર વિકાકર દિનકર બારકર હંસા
મિહિર તિમિરહર સહસકર ઉપ્પલરિપિ દિઆસ.
પિંગળપ્રકાશ
૮. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલ બાનુ રાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ સહદેવ હતું.
૯. પું. હર્ષ રાજાનો એ નામનો રાજકવિ.
એની રાજસભાના પ્રસિદ્ધ કવિઓ ત્રણ દિવાકર, મયૂર અને બાણ. પ્રેમાનંદ હર્ષ
૧૦. ન. સૂર્યપુત્ર; કમળ.

દિવાકરતનય જુઓ દિવાકરસુત.

દિવાકરતનયા જુઓ દિવાકરસુતા.

દિવાકરપુત્ર જુઓ દિવાકરસુત.

દિવાકરપુત્રી જુઓ દિવાકરસુતા.

દિવાકરસુત ૧. [સં.] પું. કર્ણ.
૨. પું. યમરાજ.
૩. પું (જ્યોતિષ) શનિ ગ્રહ.
૪. પું. સુગ્રીવ.

દિવાકરસુતા ૧. [સં.] સ્ત્રી. યમુના.
૨. સ્ત્રી. સૂર્યની પુત્રી તપતી; તાપી.

દિવાકરસૂનુ જુઓ દિવાકરસુત.

દિવાકીર્તિ ૧. [સં.] પું. પુત્રક પક્ષી.
૨. પું. ઘંટાળ; ઘાંટાલ.
૩. પું. કલ્પમ; ઝાંખલો. પ્રાચીન કાળમાં કલ્પમોને માત્ર દિવસના વખતમાં નગર વગેરેમાં ફરવાનો અધિકાર હતો. આથી તેનું આ નામ પડ્યું મનાય છે.

દિવાકીર્તિ [સં.] ન. એક જાતનું સ્નાનમાન. તે આખા વર્ષ સુધી થતા ગ્રહણવત્ વખતમાં વિષુવ સંક્રાંતિને દિવસે આવતાં આવે છે.

દિવાચર ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. ઘંટાળ.
દિવા ભૂતળી નિશાચરની,
તે દિવ્યા દિવાચર પ્રમ છ. પ્રેમાનંદ
૩. વિ. દિવસે વિચરનાર; દિવસે ચાલનારું.

દિવાચરન ૧. [સં. દિવા (દિવસનું) + ચરન (ચાલવું તે)] પું. ક્રમણ.
૨. પું. ઘંટાળ.
૩. વિ. દિવસે ચાલનાર.

દિવાચરી ૧. [સં.] સ્ત્રી. કાગડી.
૨. સ્ત્રી. ઘંટાળણી.

દિવાતન ૧. [સં.] વિ. દિવસ સંબંધી; દિવસનું.
૨. વિ. દિવસે હોનાર કે બનાર.
૩. વિ. હમેશનું.

દિવાતર [સં.] પું. અત્યંત પ્રકાશવાળો દિવસ.

દિવાદુય ન. શુક્લપક્ષ; અજવાળિયું.

દિવાનાક્ત [સં. દિવા (દિવસ) + નક્ત (રાત્રે ભોજન કરવાનું એક વ્રત)] ન. આખો દિવસ ભૂખ્યા રહી સૂર્યાસ્તથી બે ઘડી પહેલાં ભોજન કરવું તે.

દિવાનાથ [સં.] પું. સરજ; દિવસનો સ્વામી, સૂર્ય.
આજે દિવાનાથ દૂર વસે છે,
પણે દુઃખે હાથ ઝાલી વસે છે. દલપતરામ

દિવાનિદ્રા [સં.] સ્ત્રી. દિવસની ઊંઘ; દિવસે ઊંઘવું તે.

દિવાનિશ [સં.] પું. દિવસ અને રાત.

દિવાની ૧. પું. ઓગણિસનિગ્રનો એ નામનો એક ગ્રહણી સિક્કો.
૨. સ્ત્રી અહમદનગરમાં વપરાતું એક જાતનું કાપડ. તેનું બારીક ઈંટના જેવા રાતા રંગનું અને તેના ઉપર જૂરા તથા નારંગી રંગની લીટીઓ હોય છે. તેનાં ખુરસી, ગેલ વગેરે બને છે.

દિવાપુષ્ટ ૧. [સં.] પું. ઘાંકડાનો એક.
૨. પું. સૂર્ય.

દિવાબ્રહ્મચારી ૧. [સં. દિવાબ્રહ્મચારિન્] પું. (જૈન) પાંચમી પ્રતિમા આદરનાર શ્રાવક. તે પાંચ માસ સુધી દિવસે બ્રહ્મચર્ય પાળે છે.
૨. વિ. દિવસે બ્રહ્મચર્ય પાળનાર.

દિવાભિસારિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની પરકીયા અભિસારિકા નાયિકા. દિવસે પ્રિયસમ માટે સંકેત સ્થળમાં જનારાની તેને દિવાભિસારિકા કહે છે.

દિવામીત ૧. [સં. દિવા (દિવસે) + ભીત (બીધેલું)] પું. પુત્રક.
૨. પું. ચોર.
૩. પું. ચોરનો તસ્કર.
૪. ન. રાત્રિવિકાસી કમળ; ધોળું કમળ.
૫. વિ. દિવસે ભય પામેલું.

દિવાભીતિ ૧. [સં. દિવા (દિવસના) + ભીતિ (બીક)] સ્ત્રી. પુત્રક પક્ષી.
૨. વિ. દિવસે બીનારું.

દિવાભીતી [સં.] સ્ત્રી. પુત્રક પક્ષિણી.

દિવામણિ ૧. [સં.] પું. આકાશનો એક.
૨. પું. સૂર્ય.

દિવામધ્ય [સં.] પું. બપોર; મધ્યાહ્ન.

દિવામૈથુન [સં.] ન. દિવસ દરમિયાન કરાતો સંભોગ.

દિવાયરો પું. દિવાકર; સૂર્ય.
વિજયવલ્લ સૂરિંદ સુંદર ગગ્ગ ગયણ દિવાયરો.
જૈન રાજસંબંધ

દિવાર ૧. પું. તિથિ તથા વાર.
૨. [ફા.] સ્ત્રી. દીવાલ; ભીંત.

દિવારવું જ ક્રિ. દેવરાવવું; અપાવવું.

દિવારાત અ. રાત્રિદિવસ; હરહમેશ; રાતદિવસ; દિવસે અને રાત્રે.
જાં જીવનજંતુ રમિત કાજોર,
ત્યાંહિ દિવારાત છ. પ્રેમાનંદ

દિવારાત્ર જુઓ દિવારાત.

દિવારાત્રિ જુઓ દિવારાત.

દિવાલા [હિં.] ન. દીવાળું; દેવાળું; દેવું આપવાની ના પાડવી તે; કરજ ચૂકવવાની અશક્તિ. જ્યારે કોઈ વેપારી કરજ ચુકવી ન શકે એવી સ્થિતિમાં આવી પડે, ત્યારે તે સ્થિતિ જાહેર કરવા માટે પ્રાચીન કાળમાં આ દેશમાં જેવી રીતિ હતી છે, તે વેપારી પોતાની મેહનની ગાદી સંકેલી લે અને તેના ઉપર ચાર મુખવટાઓ દીવો બાળે. આથી લોકો સમજી જતા કે તેણે દીવાળું કાઢ્યું છે. હવે સુધરેલા દેશોમાં દીવાળાના સંબંધમાં કાયદાકાનૂન બનાવ્યા છે, તે પ્રમાણે કોઈ માણસ પોતાનું કરજ ચુકાવી ન શકે, ત્યારે તે અદાલતમાં જાય અને પોતાની મિલકત તથા પોતાનું લેણુંદેણું બતાવી દે, તે ઉપરથી કોર્ટ અમુક અધિકારીને નીમે. તે તેની મિલકત વેચી તેનું લેણું વસૂલ કરી લેણદારોને ભાગે પડતું વહેંચી આપે.

દિવાલિયા [હિં.] વિ. દીવાળું કાઢનાર.

દિવાલો ૧. [સં. દીપાવલી] સ્ત્રી. આસો માસનો છેલ્લો દિવસ; દિવાળી.
૨. [હિં.] સ્ત્રી. કમરે બાંધવાનો આભલાનો પટ્ટો.

દિવાકર જોર પું. એ નામનો એક પ્રકારનો ઢંઢેરા. તેમાં બે હાથ જમીન ઉપર અને બે પગ દિવાલ ઉપર રાખવા. પછી ધીમે ધીમે પગ નીચે નીચે લાવવા. શરીરનું બધાનું ધ્યાન પગમાં આવે, ત્યારે બે હાથ વચ્ચેથી માથું કાઢી કમાનના આકારમાં માથું અને પગ એક લીટીમાં લાવવા. પછી માથું સાવધાન દશની પેઠે પગ પાછા ઉપર મૂળ સ્થિતિએ લઈ જતાં માથું અને છાતીથી ઉપરનું શરીર બે હાથ વચ્ચેથી કાઢી મૂળ સ્થિતિમાં આવવું. આ દશથી ભક્તિ, પેટ, કમર અને પીઠ ખૂબ મજબૂત બને છે.

દિવાચક્ષુ ૧. [સં.] પું. આકાશનો ઘોડો.
૨. પું. ઘુવડ
૩. પું. સર્પ.

દિવાચર ૧. [સં.] વિ. દિવસે ઊડનાર.
૨. વિ. દિવસે પ્રકાશનાર.

દિવાચરતા જુઓ દિવાચરત્વ.

દિવાચરત્વ [સં.] ન. દિવસે ચરવું તે.

દિવાજય [સં.] પું. જૈન.

દિવાસંકેત [સં.] પું. કોઈ ગુપ્ત કામ માટે દિવસે બતાવવાનો કરેલો ગુપ્ત નિર્દેશ.

દિવાસો પું. અષાઢ વદિ અમાસનું પર્વ; અષાઢ વદિ અમાસનો દીપદાન દેવાનો તહેવાર; અષાઢ માસનો છેલ્લો દિવસ.

દિવાસો કહું છે સો વહેનારોને માસો કહું.
કાન્હરસિંહ

૨. પું. દીપપૂજા.

દિવાસ્વપ્ન ૧. [સં] ન. દિવસે આવતું સ્વપ્ન.
૨. ન દિવસે નિદ્રા; દિવસે સૂવું તે.
૩. ન. મનોરાજ્ય; તરંગ; કલ્પના; હવાઈ કિલ્લા બાંધવા તે.

દિવાળી ૧. સ્ત્રી. આનંદ ઉલ્લાસનો કોઈ પણ દિવસ
૨. [સં. દીપાવલી] સ્ત્રી. આસો વદિ અમાસનો દીપોત્સવનો મોટો તહેવાર; વિક્રમ સંવત્સરનો છેલ્લો દિવસ; દીપોત્સવી. પશ્ચિમ હિંદુસ્તાનમાં દિવાળીના પાંચ દિવસ બહુ મોટા મનાય છે. લોકો તે આનંદથી ઊજવે છે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી અને બેસતું વર્ષ એ પાંચ આ તહેવારના મુખ્ય દિવસ છે. આ દિવસે અગાઉ માટીનાં કોડિયાંમાં દીવા કરી ઘર તથા કુટુંબીનોને દીપાવલીમા આવતાં હતાં. કોડિયામા ઘી અથવા તેલ પૂરી તેમાં રૂની વાટ મૂકી દીવા કરવામા આવતા. હજુ પણ ઘણાંખરાં ગામડાંમાં, નાના શહેરોમાં અને મોટાં શહેરોના અમુક ભાગોમાં આ રીત પ્રચલિત છે. નવારે આગળ વધેલા લોકોમાં કોડિયાંની જગ્યા પીત્તળની બત્તીએ લીધી છે. પેટારી બત્તીમાં દિવાળીની જે ખાસ રોશની થતી, તે હવે રોશનીની ખાસ પેટી થઈ પડી છે. પણ અગાઉના જમાનામાં રોશનીનું પ્રમાણ હતું અને પેટારીની બત્તીઓના પ્રમાણમાં રોશની કરવામાં આવતી હતી. રામાયણમાં જણાવ્યા પ્રમાણે રામે રાવણને મારીને આ દિવસે રાજ્યપદ ધારણ કર્યું હતું. ત્યારથી સુવ્યવસ્થા અને પવિત્રતાનો યુગ શરૂ થયો. દિવાળીને દિવસે વેપારીઓ સાદીની દોતે નવી સાદીથી ચોપડે છે અને રાતના લક્ષ્મીપૂજન એટલે કે પુરુષોની મદદથી નવા ચોપડાઓની પૂજા કરી નવો વિચાર નાખે છે. આ દિવસે ચોપડામાં કોઈ પણ લખતાં પહેલાં તેમની પૂજા કરવામાં આવે છે અને સારા મુહૂર્તની મદદથી પૈસા મેળવવાની આશામાં નાનો હિસાબ પણ શરૂ કરવામાં આવે છે. દિવાળી સંબંધે એવીછ એવે છે કે: આપણા પંચાંગમા એ બહુ મોટો દિવસ મનાયો છે. દિવાળીના તહેવારની રોશનીમાં હમેશ દીવા જેવારા રોશની થા સારુ કરવામાં આવે છે તે આપણે સૌએ બરાબર સમજી લેવું જોઈએ. રામ અને રાવણ વચ્ચેના યુદ્ધમાં સર્વ દૈવી તત્ત્વોના પ્રતિનિધિ રામે સર્વ આસુરી તત્ત્વોના પ્રતિનિધિ રાવણને પરાજય આપ્યો. એ વિજયથી રામરાજ્યની સ્થાપના થઈ. રામના વિજયની ઉજવણી તેણે જ કરવાની હોય જેના દિલમાં રામ વસેલા હોય, જેમણે માણસોના દિલને બદલે આત્માને અજવાળવાને બદલે ઉપર જ સમર્યું છે એ અજવાળાની જ કીમત છે.

૧. એવો તે મોહનિનો માંડો હોય કે દિવાળીના દહાડે પૈસે આવ? = એવું કોણ માંડું હોય કે જે દિવાળીના દિવસોમાં આનંદ ન માણે?

૨. દિવાળીના દહાડા = આનંદ અને મોજમજાના દિવસો; હર્ષ અને આનંદના દિવસ.

૩. પારકે પૈસે દિવાળી = બીજાને પૈસે આનંદ કરવો તે.

૩. સ્ત્રી. દીવાની હાર.

દિવાળીઘોડો (દિવાળાઘોડો) પું. એક જાતનું ઝકોરીથી સહેજ મોટું, સફેદ અને કાળા ટપકાંવાળું પક્ષી. તે આપણા દેશનું નથી, પણ નવરાત્રિ ઉપર બધા એશિયામાંથી અહીં આવે છે. તે કંઠા દેશનું પક્ષી કોઈ ગરમીની ઋતુ શરૂ થતાં અષાઢી શુક્લ પૂનમ અથવા ચૈત્ર સુદિ પૂનમ ઉપર મોટામાં મોટું ગાલ્યુ બળ છે. જોકે એ પક્ષી છે તેવો બધાએ જૂના જમાનામાં માણસોને ન હતો, પણ તેમણે મોકળા રહે એટલું તો નિરીક્ષણ કરેલું કે દિવાળાઘોડો કાયમ સુદિ પૂનમ ઉપર અદશ્ય થઈ જાય છે અને ફરી આસો સુદિમાં નવરાત્રિ ઉપર દેખાય છે. દિવાળાઘોડા સંબંધી એક જૂની પ્રચલિત માન્યતા છે કે દિવાળાઘોડાને દુકાળની આવતાં એક નવું પીંછું ઊગે છે અને તેથી તે અદશ્ય થઈ જાય છે. નવરાત્રિમાં તે પીંછું ખરી પડે છે તેથી તે દેખાવા માંડે છે. રાજા ભોજ નમરસ્યાં જોવાને માટે જે અંધારપક્ષોમા ઓઢતો તે આ પીંછાનો બનાવવામાં આવતો એમ કહેવામાં આવે છે.

દિવાળીનો ચોલ્લો પું. એક જાતનું પક્ષી; ખંજન.

દિવાળીપાઠ પું. શિયાળુ પાક; પાનખર પાક.

દિવાળીબાઈ સ્ત્રી. એ નામની એક કોળિ. તેનો બાપ કોળીનો આગેવાન હતો. સંવત ૧૮૪૩માં જ્યારે દુકાળનો કાળ પડ્યો, ત્યારે દિવાળીના બાપથી પોતાનું તથા પોતાની દીકરીનું પોષણ થઈ શકયું નહિ. તેથી તે એક દૃઢ સાધુને તે છોકરી સોંપી તીર્થયાત્રા માટે જતો રહ્યો. દૃઢ સાધુ રામભક્ત હતો. તેથી તેણે દિવાળીને વાંચતાં લખતાં શીખવીને રામભક્તિ ઉપર દૃઢતા કરાવી. તે સાધુને તુલસીકૃત રામાયણ સારું આવડતું હતું, તેથી તે પણ દિવાળીને ભણાવ્યું. દિવાળીબાઈ તુલસીકૃત રામાયણ વાંચતી અને રામભક્તિમાં નિરંતર નિમગ્ન રહેતી. તે સાધુ સાથે બે ત્રણ વાર અયોધ્યા પણ જઈ આવી હતી. એ બાઈ સ્વભાવે સાહસિક અને કરીબ હતી. તે કોળીઓથી ગોરવા ગામમાં આવીને વસી હતી અને ત્યાંથી વડોદરે આવી રહી હતી. ત્યાં રામમંદિર કોઈ બ્રહ્મચારી રામભક્તે તેને બંધાવી આપ્યું હતું. ત્યાં રહેતાં પણ અનેક ઉપદ્રવો થતાં તે સાધુ સાથે અયોધ્યા જતી રહી અને ત્યાં જ મરણ પામી હતી. એના જન્મમરણની સાલ મળી નથી. તે ઊંચા બાળપણમાં વૈધવ્ય દશા પામેલી એમ અનુમાન થાય છે તેણે રામાયણ સાથેજ પરિણીતા રહી છે. રામજન્મ, રામબાળલીલા, રામવિવાહ અને રામરાજ્યાભિષેક એ ચાર પ્રસંગો માટે તેણે ગરબીઓ તથા ધોળ લખ્યાં છે. લગભગ પાંચસે ગરબીઓ અને ધોળ એનાં રચેલાં છે. તુલસીકૃત રામાયણના અભ્યાસ તથા અભ્યાસ ઉપરથી એણે રામચરિત્ર વર્ણવ્યું છે. પરંતુ એની કવિતામાં શુદ્ધ ગુજરાતી ભાષા છે, કોઈ પણ હિંદી શબ્દ કે વાક્યરચના નથી. એની કવિતા ઘણી જ સરળ હોઈ સર્વ કોઈ સમજી શકે તેવી છે. માત્ર રામના ગુણ ગાવા એ તેની કવિતાનો મુખ્ય હેતુ છે.

દિવાળી આડી બ્યાજ ન. આકૃતિ બ્યાજ; બ્યાજનું બ્યાજ.

દિવાંધ ૧. [સ.] પું. ઘુવડ પક્ષી.
૨. વિ. દિવસનું આંધળું; દિવસે જોવે ન દેખાય એવું.

દિવાંધકી [સં.] સ્ત્રી. ઘૂવડ.

દિવાંધતા [સં.] સ્ત્રી. દિવસનું આંધળાપણું; દિવસે દેખાતું નહિ તે.

દિવિ [સં.] પું. નીલકંઠ પક્ષી; ગાસ પક્ષી.

દિવિજ ૧. [સં.] પું. દેવ; સુર.
૨. ન. કુંકુમાક્ષુર.
૩. વિ. આકાશમાં પેદા થનાર.
૪. વિ. સ્વર્ગમાં ઉત્પન્ન થયેલ

દિવિતા [સં.] સ્ત્રી. દીપ્તિ; કાંતિ; તેજ.

દિવિદેવી ન. એક પ્રકારનું કાપડ. તે લાલ રંગવાના કામમાં આવે છે.

દિવિર પું કારકુન.

દિવિરથ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન અનપાન રાજાનો પુત્ર. તેનો પુત્ર ધર્મરથ અથવા ગૃહદ્રથ હતો.
૨. પું. હરિવંશ અનુસાર અંગ દેશના રાજા ધર્મરથનો એ નામનો પુત્ર.

દિવિરપતિ પું. મુખ્ય કારકુન; 'સેક્રેટરિ.'
દિવિરપતિ રણછોડનો અર્થ મુખ્ય કારકુન અથવા સેક્રેટરી રણછોડ થાય છે.
ગુજરાતના ઐતિહાસિક લેખો

દિવિરાધ ૧. [સં. દિવિષદ્] પું. સ્વર્ગમાં રહેનાર દેવ.
દિવિષદ દેવ અહિમુંખ નીર્યાણ અતિ ઓપ,
કોણ દેવતા રંક તીહાં જ્યાં જેવાં જાણી જોય ?
પિંગળશાસ્ત્રોપ
૨. વિ. આકાશમાં વસનાર.

દિવિષિ ૧. [સં.] પું. યજ્ઞ.
૨. વિ. સ્વર્ગની ઇચ્છા રાખનાર; સ્વર્ગલોકની ઇચ્છાવાળું.

દિવિષ ૧. [સં.] વિ. આકાશમાં રહેલ.
૨. વિ. સ્વર્ગમાં રહેલ.

દિવિસ્પૃશ [સં. દિવિસ્પૃશ્] વિ. આકાશ સુધી પહોંચનાર; આકાશને અડકનાર.

દિવી [સં.] પું. એક જાતનો કીડો.

દિવેચી અજમોદ સ્ત્રી. એક જાતની ઔષધિ. તે મૂર્છાનાશક મનાય છે.

દિવેટ સ્ત્રી. દીવાની વાટ; બત્તી; રૂ અથવા સૂતરની દોરી જેવી ગોળ અથવા ચપટી બનાવટ.

દિવેટિયા ૧. સ્ત્રી. એ નામની નામરની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દિવેદિયું ન. ખાનસમાં દિવેટ પકડી રાખનાર આકારો; દિવેટિયું.

દિવેદિયો પું. મશાલચી; મશાલ ધારણ કરનાર માણસ
નરસૈંનો હરિનો દિવેદિયો. નરસિંહ

દિવેટી સ્ત્રી. એક જાતનું ત્રીજી જાતનું ઝાડ. તે ઓજારના હાથા બનાવવામાં વપરાય છે.

દિવેલ ૧. [સં. દીપ્તૈલ] ન. દીવો બાળવાનું તેલ; એરંડિયું; એરંડીનું તેલ.
૧. ખાતર ઉપર દિવેલ = ખાતર પડવાથી જે નુકસાન થયું હોય તેમાં વળી પત્રેક કહેવા પાળા દિવેલ બાળવાનું ખર્ચ; થયેલ નુકસાનમાં બિનજરૂરી વધારો થવો તે.
૨. દિવેલ હતો ત્યાં લગી દીવો બળે = ખરચી પહોંચે ત્યાં લગી કાર્ય થાય.
૩. દિવેલે કાંઈ દીવાળું આવતું નહિ = (૧) બેહાલ સુલ્લક આવત સંભાળવાથી કાંઈ લાભ થતો નથી. (૨) દીવો બાળવામાં કરકસર કરવાથી કાંઈ બચતું નહિ અને દીવા પાછળ દિવેલ બાળવાથી કાંઈ ખૂટતું નહિ.
૪. સો મણ દિવેલે અંધારું = (૧) દીવા નીચે અંધારું. (૨) સારીને બદલે ઊલટી પરિસ્થિતિ હોવાપણું.

૨. ન. દેવમંદિરમાં દીવો કરવાને અપાતું ધી.

૩. ન. ક્ષમતા; શક્તિ; તેજસ્વિતા; દૈવત; પહોંચ.
પણ છતી હું નવ રાખ્યો.
દેહમાં શું દિવેલ. સામળ

દિવેલિયું ૧. ન. બનવરની ભરીથી પડેલો કોડિયા જેવો ખાડો.
૨. ન. દિવેલ ભરવા ઉલેચવાનું પાત્ર; પણી; પણો.
૩. ન. ખાનસમાં દીવો કરવાનું નાનું ધાતુનું કોડિયું; દિવેલ ભરવાનું ધાતુનું કોડિયું.
૪. ન. મંદિરના ભરવને માટે આપેલી જમીન.
૫. વિ. દિવેલ પીધું હોય એવું. બૌ કે માણસ માટે વપરાય છે.
૬. પું. વિ. દિવેલ ભરેલાં નાનાં કોડિયાં હોય એવા ગામ બનાવની ભરીમાં પડેલા નાના નાના ખાડામાં પાણી ભરાયું હોય એવું.
૭. વિ. દિવેલનું.
૮. વિ. દિવેલવાળું; ચીકણું.

દિવેલી સ્ત્રી. જેમાંથી દિવેલ નીકળે છે તે બીજ; એરંડી. રેલાળ જમીનમાં દિવેલીનો પાક સારો થાય છે.

દિવેલો પું. એરંડો; જેનાં બીજ પીલવાથી દિવેલ નીકળે તે રોપો.

દિવેશ [સં.] પું. સૂર્યપાલ.

દિવોકસ ૧. [સં દિવોકસ] પું ઘાતક પક્ષી.
૨. પું. દેવતા; સ્વર્ગમાં રહેનાર દેવ.

દિવૌકા [સં.] વિ. સ્વર્ગ લોકમાંથી ઉત્પન્ન થયેલ.

દિવોદાસ ૧. પું. એ નામના એક ઋષિ
૨. પું. કાશીપતિ સુદેવ રાજાનો એ નામનો પુત્ર. તેના પિતા સુદેવના નામ ઉપરથી તેને મૌદેવ પણ કહેતા. તે ઇંદ્રનો ઉપાસક હતો. તેણે ઇંદ્રના અનુગ્રહથી ભાગીરથીના ઉત્તર તીર અને ગોમતીના દક્ષિણ તીરે વારાણસી નામે નગરી વસાવી હતી. હૈહયકુળના વીતહવ્ય રાજાના પુત્રોએ તેને ઘણો ત્રાસ આપ્યો હતો. તે ઉપરથી તે ભારદ્વાજ ઋષિને શરણ ગયો હતો. તેણે ઋષિને પ્રાર્થના કરી કે, હૈહયોને જીતે એવો પુત્ર મને આપો. ભારદ્વાજે તેની પાસે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો. તેથી તેને પ્રતર્દન નામે વીર પુત્ર થયો. પ્રતર્દને આવતાં જતાં હૈહયોને જીતી તેના પિતાને સુખી કર્યો હતો. સુદાસ નામનો તેનો એક બીજો પુત્ર હતો. મહાદેવે તેની પાસેથી કાશી લીધું હતું. કાશીખંડમાં બતાવ્યા પ્રમાણે તેનું પહેલું નામ રિપુંજય હતું. તેણે કાશીમાં બહુ તપશ્ચર્યા કરી, જેથી પ્રસન્ન થઈ મહાદેવે પૃથ્વીપાલન કરવાનું તેને વરદાન આપ્યું. નામરાજે પોતાની અનંતમોહિની નામની કન્યા તેને દીધી હતી. દેવતાઓએ તેને આકાશમાંથી પુષ્પ અને રત્ન વગેરે આપ્યાં હતાં, જેથી તેનું નામ દિવોદાસ પડ્યું.
૩. [સં] પું. (પુરાણ) ચંદ્રવંશી રાજા ભીમરથ અથવા ભીમસેનનો પુત્ર. તે ધન્વંતરિનો અવતાર મનાય છે.
૪. પું. (પુરાણ) સોમવંશી પુરુરવોત્પન્ન અમાવસુના નીલ નામના પુત્રના વંશમાં જન્મેલા વિશ્વરથ રાજાનો એ નામનો પુત્ર. તેની રાણી જન્મેજી તેની અહલ્યા નામની બહેન હતી. તેને મૈત્રેયુ અને મિત્રયુ નામે બે પુત્ર હતા.
૫. પું. હરિવંશ અનુસાર ઋક્ષવંશ ઇક્ષ્વાકુનો પૌત્ર અને વંશનો પુત્ર. તે મેનાથી પોતાની બહેન અહલ્યા સાથે જન્મ્યો હતો. તેનો પુત્ર મિત્રયુ પણ ઋષિ હતો.

દિવોદાસ ૧. [સં.] વિ. આકાશમાં ઉત્પન્ન થયેલ

૨. વિ. સ્વર્ગમાં પેદા થયેલ.

દિવોદાસ્યા [સં.] સ્ત્રી. નાની ઓલચી. દાંતો નીચેથી ખડો અને ઉપર જતાં પાતળો થતાં થતાં શેડે અણીવાળો હોય, તેવી રીતે ઓલચી પણ હોંચારો તેને દિવોદાસ્યા કહે છે.

દિવોદેક્ષા [સં.] સ્ત્રી. દિવસે આકાશમાંથી અદેશ ઉપાદિયું.

દિવૌકસ ૧. [સં. દિવૌકસ] પું. ઝાડ પક્ષી.

૨. [સં.] પું. દેવ.

૩. પું. ભ્રમર.

૪. પું. વરુણ.

૫. પું. વાયુ.

દિવ્ય ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. અર્જુન વૃક્ષ; સાજડ.

૩. [સં. દિવ્ (પ્રકાશવું)] પું. આકાશમાં થતો એક જાતનો ઉત્પાત; આકાશમાં વીજળીથી ઉત્પન્ન થતો એક જાતનો અગ્નિ.

૪. પું. એક જાતનો મુખથી સર્પ.

૫ પું. એક પ્રકારનો નાગ; સ્વર્ગીય કે અલૌકિક નાગ. જેમકે, ઉદ્ર, રામ, કૃષ્ણ.

૬. પું. ગૂગળ.

૭. પું. જવ.

૮. પું. તત્ત્વજ્ઞાની પુરુષ; તત્ત્વવેત્તા.

૯. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક ભાવ.

૧૦. પું. ભગવાનના ગુણ.

૧૧. પું. યમ.

૧૨. પું. સિંધનાં હલ્લર માંહેનું એક નામ.

૧૩ પું (પુરાણ) સોમવંશી સાત્વત રાજાનો એ નામનો એક પુત્ર.

૧૪. સ્ત્રી. કપૂરકાચલી.

૧૫. ન. (સિદ્ધ) એક જાતનું દિશાળ ઘર. જે દિશાળ ઘરને ત્રાણ, ભ્રમણી અને ખંડીત એ ત્રણે દિશામા બન્ને બલિંદો હોય, તે ઘરના મુખ આગળ ત્રણ બલિંદો હોય, મુખ આગળના ત્રણ બલિંદો આગળ એક મંડપ હોય અથવા તેવા જ ઘરનું મુખ પૂર્વ દિશામાં હોય તો તે દિવ્ય ૬૨ કહેવાય.

૧૬ ન. દિવ્ય દિવસ; દૈવી દિવસ. ઉત્તરાયણ એટલે દેવનો એક દિવસ અને દક્ષિણાયન એટલે અસુરોની રાત્રિ તથા દક્ષિણાયન એટલે અસુરોનો દિવસ અને દેવોની રાત્રિ એ પ્રમાણે એક અહોરાત્રિ ગણી ગ્રંથમાં ઉત્તરી કરવામાં આવે છે.

૧૭ ન. (જૈન) દેવતાઓ તરફથી કરાતી ધન વગેરેની વૃષ્ટિ. આવાં દિવ્ય પાંચ છે: વજ્ર, સંબંધી જળ, અહો દાન જેવો અવાજ, દુંદુભિનાદ અને ધન. દેવતાઓ દ્વારા આ વૃષ્ટિ થતી હોવાથી તે દિવ્ય કહેવાય છે. આ દિવ્યો કોઈ અસાધારણ તપસ્વીના પારણા વખતે પારણું બહોરાવનારને ત્યાં થાય.

૧૮. ન. માણસ અપરાધી છે કે નહિ તે નક્કી કરવા તુલા, ત્રોખા, પાણી, ઝેર કે અગ્નિ વડે પ્રાચીન કાળમાં કરવામાં આવતી પરીક્ષા. કોઈના મતે આ પરીક્ષા નવ પ્રકારની છે: ઘટ કે તુલા, અગ્નિ, પાણી, ઝેર, ફોલ, તંદુલ, તપ્તમાષક, ફાલ અને ધર્મજ. આમાં પહેલી પાંચ પરીક્ષા મોટા અપરાધો માટે, તંદુલ ચોરીને માટે, તપ્તમાષક પણ મોટી ચોરી માટે અને ફાલ તથા ધર્મજ પરીક્ષા સાધારણ અપરાધ માટે હતી. સ્મૃતિઓ વગેરેમાં લખ્યું છે કે: બ્રાહ્મણની તુલાથી, ક્ષત્રિયની અગ્નિથી, વૈશ્યની જળથી અને શૂદ્રની વિષથી પરીક્ષા થવી જોઈએ. અગ્નિ, ઘટ અને ફોલ પરીક્ષા સવારમાં, જળ પરીક્ષા બપોરના અને વિષ પરીક્ષા રાતના થવી જોઈએ. બૃહસ્પતિ સિંહ કે મકર રાશિમાં હોય અથવા સૂર્ય અસ્ત હોય તે વખતે કોઈ દિવ્ય પરીક્ષા ન થવી જોઈએ. પરીક્ષાથી એક દિવસ અગાઉ પરીક્ષા દેનારે તથા લેનારે ઉપવાસ કરવો જોઈએ.

૧૯. ન. વિષ.

૨૦. ન. (સિદ્ધ) બીજ માંહેનું એક જાતનું નગર; પર્વતની ટોચે રચાયેલું નગર.

પર્વતના મસ્તક ઉપર જે નગર હોય તેનું નામ દિવ્ય નગર છે. સાજાવલ્લ

૨૧. ન. હવન; સોમંદ; કસમ.

૨૨. ન. સત્ય તારવવા માટે લેવાતા સોગન કે શપથ; અમરી પ્રતિજ્ઞા અગ્નિ ઉપર ગાવવું, તપાવેલા તેલમાં હાથ બોળવા વગેરેના શપથ.

૨૩. ન. સુવર; કુંકર.

૨૪. ન. હરિચંદન.

૨૫. વિ. આકાશમાં હોનાર.

૨૬. વિ. ઈશ્વરીઃ દૈવીઃ દેવતાર્હઃ અદ્ભુતઃ અલૌકિક.

અલ્યે છે કુજ જન્મ કર્મ સ્વરૂપે જો રીતથી દિવ્ય જે, ત્યાગી દેહ અને મળે હરી ફરી પાછે નહિ જન્મ તે. ભક્ત પંચામૃત

૨૭. વિ. તેજવાળું; કાંતિવાળું; પ્રભાવશાળ.

૨૮. વિ. ત્રિગુણાત્મક માયાથી ઉત્પન્ન થયેલું.

૨૯. વિ. દેવ સંબંધી.

૩૦. વિ. પ્રધાન; મુખ્ય.

૩૧. વિ. મનોજ્ઞ; સુંદર; રમણિયમાં; અલંકાર.

૩૨. વિ. વીરત્વિયા અદ્ભુત.

૩૩. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

૩૪ વિ. સ્વર્ગમાં બનાર; સ્વર્ગીય; સ્વર્ગમાંથી ઉત્પન્ન થયેલ.

દિવ્ય અધિકારી પું. (શાક્ત) એક પ્રકારનો સાધક. તેનામાં મનુષ્યશરીર છતાં પ્રમાદિ દોષોનો અભ થયો હોય. તેને શક્તિસંગમ જેવા ઉત્તેજક નિમિત્ત વિના વાસ્તવસ્થિતિ એટલે સ્વરૂપનું જ્ઞાન અથવા વિમર્શરૂપ શક્તિ વાર વારની નથી.

દિવ્યક [સં.] પું. એક જાતનો સર્પ.

દિવ્યકદ ૧. [સં.] પું. મહાભારતમાં બતાવેલો પ્રાચીન કાળનો એક દેશ.

૨. ન. પશ્ચિમ દિશામાં આવેલું એ નામનું નગર.

દિવ્યકદપુર ન. (પુરાણ) અમર પર્વતની દક્ષિણ બાજુનું એ નામનું શહેર.

દિવ્યકવચ ૧. [સં.] ન. એક જાતનું સ્તોત્ર. અંગરક્ષા માટે તેનો પાઠ કરાય છે.

૨. ન. દેવતાએ આપેલું બખ્તર.

દિવ્યકાવ્ય [સં.] ન. અલૌકિક કવિતા.

બંધ સરખો રસમય વહો, દિવ્યકાવ્યો નવાનવી. ત્રિભોવનદાસ

દિવ્યકુંડ ન. ક્રમકૂપ પીઠ ઉપર આવેલો એ નામનો એક કુંડ.

દિવ્યકોટિ [સં.] સ્ત્રી. દેવભૂમિક્ષ.

તેથી તે ચેતન સિદ્ધ ભેટિમાં, દિવ્યકોટિમાં અને મનુષ્યકોટિમાં આવતો છે. કાલાભાઈ દેસાઈ

દિવ્યક્રિયા [સં.] સ્ત્રી. દિવ્ય વડે પરીક્ષા લેવાનું કાર્ય.

દિવ્યખેચરી સ્ત્રી. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એક જાતનું રસાયણ.

દિવ્યગજ [સં.] પું. દેવહાથી.

દિવ્યગંધ ૧. [સં.] પું. ગંધક.

૨. [સં. દિવ્ય (અલૌકિક) + ગંધ (વાસ)] સ્ત્રી. અલૌકિક ગંધ; સુંદર વાસ.

૩. ન. વિષ. તેના ગાઢમાંથી બહુ તીખ્ખી, માથું ચઢી આવે તેવી ગંધ નીકળે છે, માટે તેને દિવ્યગંધ કહે છે.

દિવ્યગંધા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. સ્ત્રી. એલચી.

દિવ્યગાયન ૧. [સં.] પું. ગંધર્વ.

૨. વિ. સ્વર્ગમાં ગાનાર.

દિવ્યચક્ષુ ૧. [સં. દિવ્યચક્ષુસ] પું. જનર; આંધળું.

૨. ન. અંતર્ધાન.

૩. ન. આંધળું માણસ.

૪. ન. એક પ્રકારનું ગંધદ્રવ્ય.

૫. ન. અમૃત.

૬. ન. જ્ઞાનચક્ષુ. તેનાથી સર્વ અદૃશ્ય વસ્તુ દેખાય છે.
૭. વિ. આંધળું; અંધ.
૮. વિ. દિવ્ય દૃષ્ટિવાળું.
૯. વિ. સુંદર આંખવાળું.

દિવ્યચંચલા પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૩૯ અને દક્ષિણ ક્રાંતિશ ૨૨માં આવેલો શીઘ્ર મંદત્વનો તારો.

દિવ્યચંદન ૧. [સં.] ન. દેવતાર્હ ચંદન.
૨. ન. અબિલ.

દિવ્યજ્ઞાન [સં.] ન. સ્વયંપ્રિય જ્ઞાન; દેવતાર્હ જ્ઞાન; દૈવી જ્ઞાન; ઈશ્વર સંબંધી જ્ઞાન.

દિવ્યતા ૧. સ્ત્રી. અપ્સરા.
૨. [સં.] સ્ત્રી. ઉત્તમતા; સુંદરતા.
જે સ્ત્રી મન, વચન અને કર્મ કરી પોતાનું કર્તવ્ય જે પતિસેવા જ છે એમ સમજી તે સાથે ઈશ્વરનું આરાધન કરતી રહે તેનામાં દિવ્યતા, સૌરભ અને કમનીયત્વ સહેજે પ્રાપ્ત થાય છે. વહેવારોનો ઓખિયો
૩. સ્ત્રી. કાંતિ; ખૂબસૂરતી.
૪. સ્ત્રી. દેવતાર્હપણું; અદ્ભુતતા.

દિવ્યતેજપ્રકારિણી ૧. [સં.] સ્ત્રી. સીતાનાં કુળદેવી માંહેનું એક નામ.
૨. વિ. સ્ત્રી. અલૌકિક પ્રકાશ આપનારી.

દિવ્યતેજસ ૧. [સં. દિવ્યતેજસ] સ્ત્રી. આકાશી જ્ઞાન; આકાશનો ભેદ.
૨. વિ. દિવ્ય તેજવાળું.

દિવ્યત્વ જુઓ દિવ્યતા.

દિવ્યદર્શી [સં દિવ્યદર્શિન્] વિ. દિવ્યદૃષ્ટિવાળું; ઇંદ્રિયાતીત પદાર્થોને પણ જોઈ શકનારું
વિશ્વના બે અંતરમન અને અંતરાત્માનો યોગ નિયામક આત્મા વિશ્વમાં ફેલાયેલા સૂક્ષ્મ ભાવતત્ત્વ સાથે કામ કરે છે અને તેથી તે સર્વજ્ઞાપી થઈ દિવ્યદર્શી થાય છે.
છગનલાલ નરોત્તમદાસ

દિવ્યદંતી [સં.] સ્ત્રી. સુંદર દાંતવાળી સ્ત્રી.

દિવ્યદિન [સં.] ન. દૈવી દિવસ; દેવતાર્હ દિવસ.

દિવ્યદીપ્તિ [સં.] સ્ત્રી. દૈવી તેજ; ઓજસ.
પુરુષી વદનને તેમ દિવ્યદીપ્તિ સ્ત્રી ઓપતી.
નરસિંહરાવ

દિવ્યદૃશ જુઓ દિવ્યદર્શી

દિવ્યદૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. ઇંદ્રિયાતીત પદાર્થોને જોવાની અલૌકિક દૃષ્ટિ; વિશ્વદૃષ્ટિ; અતીન્દ્રિય વિષયદર્શન; અતીન્દ્રિયદર્શન.
૨. સ્ત્રી. જ્ઞાનશક્તિ.
૩. સ્ત્રી. પ્રાક્પૂર્વનિયમના પ્રયોગથી તંદ્રાજાગ્રતની અનુક્રમે થતી છ માંહેની પાંચમી સ્થિતિ. યોગકોરતુભમાં લખ્યું છે કે: આ અવસ્થામાં તંદ્રાજાગ્રતના સૂક્ષ્મ શરીરનો અભિમાની જીવ જે તૈજસ તેની સાથે એકતા થાય છે, એટલે તે કાળે તેને કેટલીક વાર દૂરદર્શન, દૂરશ્રવણ અને ભૂતભવિષ્યનું જ્ઞાન જેવી આદિ સિદ્ધિઓ આવી મળે છે. સ્થૂલ ઉપાધિની નિવૃત્તિમાં તેમ જ તેના તૈજસની સમષ્ટિ સૂક્ષ્મ શરીરના અભિમાની હિરણ્યગર્ભ સાથે એકતા થવામાં જેટલે અંશે ન્યૂનતા હોય તેટલે અંશે તે સિદ્ધિઓનો આવિર્ભાવ ન્યૂન અધ્યાય છે. જેના સૂક્ષ્મ શરીરમાં, વિશેષે મનમાં કોઈ જાતનો બાધિત થયો હોય એવા રોગીઓને આ પ્રયોગ દ્વારા તરત દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. રોગ નિવારવા માટે ઔષધાદિક બનાવવાનો પ્રયત્ન પણ આ અવસ્થામાં આવેલાં તંદ્રાજાગ્રત દ્વારા થાય છે.

દિવ્યદેવી [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક દેવી.

દિવ્યદેહ [સં.] પું. દેવતાર્હ સ્વરૂપ.

દિવ્યદોહદ [સં.] ન. મનઃકલ્પિતની સિદ્ધિ માટે અમુક પદાર્થ અર્પણ કરવા માટેની દેવ વગેરેની માનતા કે બાધા અથવા હોમકુંડ.

દિવ્યદ્રષ્ટા [સં. દિવ્યદ્રષ્ટૃ] વિ. દિવ્યદર્શી.
આ વિષયોને વિભિન્ન નામોને જે દિવ્યદ્રષ્ટા ઋષિને પહોંચ્યો. સાતવિત્રા

દિવ્યધર્મી [સં. દિવ્યધર્મિન્] વિ. સુરીતિ, નેક; સદ્ગુણી.

દિવ્યધામ [સં. દિવ્યધામન્] સ્ત્રી. સ્વર્ગ.
દિવ્યધામ પંથ જવાં આવી વિષયરસ.
નરસિંહરાવ

દિવ્યધ્વનિ [સં.] સ્ત્રી. ગંગા.

દિવ્યધ્વની જુઓ દિવ્યધ્વનિ.

દિવ્યધ્વનિ [સં.] પું. (જૈન) તીર્થંકરોના આઠ માંહેનો એ નામનો એક પ્રભાવ. આઠ પ્રભાવ: અશોકવૃક્ષ, દિવ્યપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દેવદુંદુભિ અને છત્ર ઉપર છત્ર.

દિવ્યનગર [સં.] ન. ઐરાવતી નગરી.

દિવ્યનદી ૧. [સં.] સ્ત્રી. આકાશગંગા.
૨. સ્ત્રી. ગંગા નદી.

દિવ્યનારી ૧. [સં.] સ્ત્રી. અપ્સરા; સ્વર્ગની દેવના.
૨. સ્ત્રી. સુંદર સ્ત્રી.

દિવ્યપરીક્ષા [સં] સ્ત્રી. ગુનેગાર હોવાના ગુનાની તપાસ પાણી, અગ્નિ વગેરે દિવ્ય પદાર્થોથી કરવી તે. જુઓ દિવ્ય ૧૯.

દિવ્યપંચામૃત [સં.] ન એકઠા કરેલ આખનું ઘી, દૂધ, દહીં, મધ અને સાકર

દિવ્યપુષ્પ [સં.] ન. કમળ, પોયણ કરેણનું ઝાડ.

દિવ્યપુષ્પવૃષ્ટિ [સં] સ્ત્રી (જૈન) તીર્થંકરોના આઠ માંહેનો એ નામનો એક પ્રભાવ. જુઓ દિવ્યધ્વનિ.

દિવ્યપુષ્પિકા [સં.] સ્ત્રી. રાતા આકાશનો છોડ.

દિવ્યપ્રકૃતિ [સં.] પું. ભવિષ્ય સંબંધી ભાખવા કરનાર સવાલ

દિવ્યપ્રેમ [સં.] પું. અલૌકિક સ્નેહ. આ સઘળે આનંદદાયક પ્રભુ જણાવે છે કે: મોહનાં પડ ઉપરના છે. એની પાછળ જે આત્માનું બળ છે તે જ સાચું છે. આપણી નાની નાની કલ્પનાઓને દિવ્યપ્રેમરૂપી મહેનતમાં સમાવવાની છે. આત્મતૃપ્તિ એ અખંડ કામ છે, જેમાં સર્વ નાનાં કામ સમાઈ જાય છે. એ મહાપ્રેમમાં સર્વ નાના પ્રેમ સમાઈ જાય છે. આત્માને સહુ કરતાં ઊંચા સ્થાને મૂકવાનો છે.

દિવ્યબ્રહ્મપુર [સં.] ન અલૌકિક પરમ પુરુષ પરમાત્માનું ધામ, બ્રહ્મનું ધામ.

દિવ્યભૂમિ [સં.] સ્ત્રી. સ્વર્ગ.

દિવ્યભ્રમણ [સં.] ન. પૃથ્વી પોતાની ધરી ઉપર ચોવીસ કલાકમાં એક આંટો ફરતી હોવાથી આકાશી પદાર્થોનું પૃથ્વીની આસપાસ ચોવીસ કલાકમાં થતું ભ્રમણ.

દિવ્યમંજિ પું. (સંગીત) એક તાલપ્રકૃતિ પરનાં માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન અનુક્રમે ૧, ૫, ૯, ૧૩, ૧૫ માત્રા ઉપર છે કોઠકીના બોલ: સમ૧ ધા ધિનતક તક ધા૨ ધિનતક તક ધા૩ ધિનતક તક ધા૪ ધિ ધા૫

દિવ્યમાન [સં.] ન. કાળની ગણતરી માટેનું એક જાતનું દેવતાર્હ માપ
૧ સૌર મહિના = અયન
૨ અયન, ૧૨ માસ અથવા સૌર વર્ષ } = દિવ્ય દિવસ
૧૦ વર્ષ = પ્રાજાપત્ય સત્રસર યજ્ઞ.
૩૬૦ વર્ષ અથવા ૬ સંવત્સર યજ્ઞ } = દિવ્ય વર્ષ

દિવ્યયમુના [સં] સ્ત્રી. ભગવદ્ દેહની એ નામની એક પવિત્ર નદી.

દિવ્યયંત્ર [સં.] ન. દૈવી રચના પરમ કૃપાળુ જગન્નિયંતાએ માનવને એક સંપૂર્ણ સ્વિતંત્ર

આપની બહિષ્ક કરી હોત તેના કરતાં તેણે તેનામાં એવી માનસ શક્તિઓ મૂકી છે કે તેના પ્રભાવ વડે જગતમાં ઊતરતાં પક્ષીઓની ચીસો ઉપરથી, જંગલમાં વસતી પશુઓની ત્રાડના ઉપરથી, લોહચુંબક બહેતા જળપ્રવાહના ગણગણાટ ઉપરથી, પવનની નરમ લહરીઓના નાજુક વજન ઉપરથી અને પોતાના વેગવાળા મનોહાર ઉપરથી એક એવું અલૌકિક સામર્થ્યપૂર્ણ દિવ્યચક્ષ રચ્યું છે કે તેના ઉત્તમ પ્રકારના ઉપયોગથી જગવાન વેદવ્યાસ, બાણ અને કાલિદાસ, શેક્સપીઅર અને મિલ્ટન, ગેરિબૉલ્ડી અને સોક્રેટીસ, શેકસપીઅર, ગેટે, ટાગોર અને કાલિદાસ પોતાનાં નામ અમર કરી ગયા છે, એટલું જ નહિ પણ જે જે ભાષાઓમાં પોતાના સુંદર અને પ્રૌઢ વિચારો મૂકી ગયા છે, તે ભાષાઓને તથા તેમાં પ્રકાશ કરેલા વિચારોને પણ અમર કરી ગયા છે

દિવ્યયુગ [સં.] પું. સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગ એમ ચાર યુગનો સમૂહ. તેનું માન નીચે મુજબ છે:

યુગ	યુગ	પૂર્વસંધ્યા	પરસંધ્યા	કુલ
સત્યયુગ	૪,૦૦૦	૪૦૦	૪૦૦	૪,૮૦૦
ત્રેતાયુગ	૩,૦૦૦	૩૦૦	૩૦૦	૩,૬૦૦
દ્વાપરયુગ	૨,૦૦૦	૨૦૦	૨૦૦	૨,૪૦૦
કલિયુગ	૧,૦૦૦	૧૦૦	૧૦૦	૧,૨૦૦
દિવ્ય ચતુર્યુગ	૧૦,૦૦૦	૧,૦૦૦	૧,૦૦૦	૧૨,૦૦૦

દિવ્યરત્ન [સં.] ન. ચિંતામણિ રત્ન; ચિંતામણિ નામનું કલ્પિત રત્ન. તેને માટે એવું મનાય છે કે તે ધારી ઇચ્છા પૂરી કરે છે.

દિવ્યરથ ૧. [સં] પું. રેવતાર્ક રથ; સૂર્યનો રથ.

૨. પું. વિમાન.

દિવ્યરસ ૧. [સં.] પું. પારો.

૨. પું. વરસાદ.

૩. પું. સુંદર રસ; મનભાવતો રસ.

દિવ્યલક્ષ્મી [સં.] સ્ત્રી. રેવતાર્ક જેવી; ઓરમેલ.

દિવ્યવર્ષ [સં.] ન. દેવોનો સંવત્સર.

દેવના માપમાં અહોરાત્ર ૨૫ ઘડા એક પક્ષ. તેમના બે પક્ષ ઘડા ૧ માસ, તેમ ૬ માસનું એક અયન, અને તેમ દેવોનાં બે અયનોનો એક દેવનો સંવત્સર થાય તેને દિવ્યવર્ષ કહે છે. સૂર્યસિદ્ધાન્ત

દિવ્યવસ્ત્ર ૧. [સં.] પું. સૂર્યનો પ્રકાશ.

૨. ન. દેવતાર્ક વસ્ત્ર.

૩. ન. સુંદર વસ્ત્ર.

૪. વિ. દેવતાર્ક વસ્ત્રવાળું.

૫. વિ. સુંદર વસ્ત્રવાળું.

દિવ્યવસ્ત્રી વિ. દેવી વસ્ત્રોમાં સજ્જ થયેલું.

દિવ્યવાક્ય [સં.] ન. દેવવાણી; આકાશવાણી.

દિવ્યવાહ સ્ત્રી રણજાનુ મોપની ૭ માંહેની એક નામની એક દીકરી.

દિવ્યવિલેપ [સં.] ન. આકાશી પદાર્થો સંબંધી વિલ્પશાસ્ત્ર.

દિવ્યશ્રોત્ર [સં. દિવ્ય (સ્વર્ગીય) + શ્રોત્ર (કાન)] પું. જે વડે બધું સાંભળી શકાય તેવો કાન.

દિવ્યસમય [સં.] ન. રાત્રિના છેલ્લા ભાગનો બે કલાકનો સમય. આપણાં ધર્મશાસ્ત્રો આપણને એમ કહે છે કે રાત્રિ હોય ત્યારથી ઊઠવાનું કરવાનું છે તે જોયું તે દિવ્ય સમયનો ઉપયોગ નિત્યના ધર્મકર્મમાં કરી લઈને દિવસ ઊગતાં પોતાના કામધંધામાં કે વિદ્યાભ્યાસમાં જોડાઈ જવાય.

દિવ્યસરિત ૧. [સં. દિવ્ય (આકાશનું) + સરિત્ (નદી)] સ્ત્રી. આકાશગંગા.

૨. સ્ત્રી. ગંગા નદી.

દિવ્યસરિતા જુઓ દિવ્યસરિત.

દિવ્યસંગીર્જ [સં.] પું. (સંગીત) એકતાલની અગિયાર માંહેની એક જાતિ. તેમાં અગિયાર માત્રા આવે છે. પહેલી માત્રા ઉપર તાલ અને સાતમી માત્રા ઉપર ખાલી આવે છે

જે તાલના પહેલા અંકમાં ૭ માત્રા આવતી હોય તેને દિવ્યસંગીર્જ તાલ કહે છે. હિંદુ સંગીતવિદ્યા

દિવ્યસાધુ ૧. [સં.] પું. એ નામનો એક વિશ્વદેવ.

૨. પું. દિવ્ય સિદ્ધરવાળો પર્વત.

દિવ્યસાર ૧. [સં.] ન. સત્યનું ઝાડ.

૨. ન. સાગનું ઝાડ.

દિવ્યસૂરિ પું. રામાનુજ સંપ્રદાયના બાર આચાર્યો તેનાં નામ: પ્રસાર, ભૂત, મહત, ભક્તિસાર, શઠારિ, કુલશેખર, વિષ્ણુચિત્ત, ભક્તાંઘ્રિરેણુ, મુનિવાહ, ત્રણુપ્રદિ, રામાનુજ, ગોદા દેવી કે અણ્ડાર અવિ.

દિવ્યસ્ત્રી ૧. [સં.] સ્ત્રી. અતિ સુંદર સ્ત્રી.

૨. સ્ત્રી. અપ્સરા; દેવાંગના.

દિવ્યસ્વરૂપ [સં.] ન. પરમાત્માનું તેજોમય અલૌકિક સ્વરૂપ; સચ્ચિદાનંદ સ્વરૂપ.

દિવ્યહાસિની [સં.] વિ. સ્ત્રી. જેનું હસવું દિવ્ય અથવા દૈવી છે એવી.

દીપતી દયા રસીલી દહેર, દિવ્યહાસિની રે હોજ. નરસિંહરાવ

દિવ્યહાસી [સં. દિવ્યહાસિન્] વિ. દિવ્ય હસનાર; દિવ્ય હાસ્ય કરનાર.

ચહેરે ચિરંજી સ્મિત પદ્મમાં દિવ્યહાસી સરિતા. ચંદ્રિકાકાવ્ય

દિવ્યા ૧. સ્ત્રી. અપ્સરા.

૨. [સં.] સ્ત્રી. આર્યા માંહેની એક પ્રકારની રાજસભા

કોઈ પણ જાતોની સભા હોય તો તે દિવ્યા સભા કહેવાય. રાજપ્રકરણ

૩. સ્ત્રી. આમળાનું ઝાડ.

૪. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શતાવરી.

૫. સ્ત્રી. પીળી પ્રોષધ.

૬. સ્ત્રી. ધાણી વનસ્પતિ

૭. સ્ત્રી. મોટું ઇલાયચી.

૮. સ્ત્રી. રસશાસ્ત્રપ્રસિદ્ધ એક નાયિકા; સ્વર્ગીય કે અલૌકિક નાયિકા. જેમકે, સીતા, પાર્વતી, રાધિકા.

૯. સ્ત્રી. હરડે.

દિવ્યાહ [સં.] પું. એક જાતનો મુષ્ટિક સર્પ.

દિવ્યાક્ષિ જુઓ દિવ્યચક્ષુ.

દિવ્યાત્મા [સં. દિવ્યાત્મન્] પું. પવિત્ર આત્માવાળો માણસ.

દિવ્યાદિવ્ય [સં.] પું. એક પ્રકારનો આદિત્યપ્રસિદ્ધ નાયક; જેમાં દેવતાઓના પણ ગુણ હોય એવો નાયક. જેમકે, નળ, પુરૂરવા, અર્જિમન્યુ.

દિવ્યાદિવ્યા ૧. [સં.] સ્ત્રી. એક ઉપદેવી.

૨. સ્ત્રી. આદિત્યપ્રસિદ્ધ નાયિકા; જેમાં સ્વર્ગીય જીવોના પણ ગુણ હોય એવી આ લોકની નાયિકા. જેમકે, દમયંતી, ઉર્વશી, ઉત્તરા.

દિવ્યાનંદ [સં] પું. બહુ મોટો હર્ષ.

દિવ્યાભ્ર [સં.] ન. દેવતાર્ક અભ્ર; સુંદર અથવા ઊમદા અભ્ર.

દિવ્યાયુધ ૧. [સં. દિવ્ય (દેવતાર્ક) + આયુધ (હથિયાર)] પું. દેવતાર્ક હથિયાર; દિવ્યાસ્ત્ર

૨. પું. શિવનાં ધનુષ માંહેનું એક નામ.

દિવ્યાશ્રમ [સં.] ન. મહાભારતમાં જણાવ્યા પ્રમાણનું એક પ્રાચીન પુણ્યક્ષેત્ર. ત્યાં પૂર્વજોળમાં ભગવાન વિષ્ણુએ તપશ્ચર્યા કરી હતી. કુરુક્ષેત્રનું

દર્શન કરી બળદેવજી અહીં આવીને હિમાલય ગયા હતા.

દિવ્યાસન [સં.] ન. (તાંત્રિક) એક જાતનું આસન.

દિવ્યાસ્ત્ર ૧. [સં.] ન. દેવતાનું આપેલું હથિયાર.
૨. ન. મંત્ર વડે કામ કરતું હથિયાર.

દિવ્યાહ્વાન [સં. દિવ્ય (સ્વર્ગીય) + આહ્વાન (બોલાવવું તે)] ન. દેવી પ્રેરણા.

દિવ્યાંગના ૧. [સં.] સ્ત્રી. દિવ્ય સ્ત્રી; દેવસ્ત્રી; અપ્સરા; પરી.
૨. સ્ત્રી. પક્ષિણી.
૩. સ્ત્રી. સુંદર સ્ત્રી.

દિવ્યાંગા સ્ત્રી. (સંગીત) ગ્રામ્યાલીય આવીસ મહેની એક શ્રુતિ.

દિવ્યાંબર [સં. દિવ્ય (સુંદર) + અંબર (વસ્ત્ર)] સ્ત્રી. દિવ્ય વસ્ત્ર; અલૌકિક કપડું; સુંદર કીમતી વસ્ત્ર.

દિવ્યાંશુ [સં.] પું સૂર્ય; સૂરજ.

દિવ્યેલક [સં.] પું. સુશ્રુત અનુસાર એક પ્રકારનો સર્પ.

દિવ્યૌદક ૧. [સં.] ન. તંત્રાજળ; ભાગીરથીનું પાણી.
૨. ન. ગ્રાજળ; ધૂમસ.
૩. ન. વરસાદનું પાણી.

દિવ્યોપપાદક ૧. [સં.] પું. માતાપિતા વિના ઉત્પન્ન થયેલ દેવ; દેવતા.
૨. વિ. ગર્ભાશયમાં ઉત્પન્ન ન થનાર.
૩. વિ. દેવી; સ્વર્ગીય.

દિવ્યૌષ ૧. [સં.] પું. એ નામની એક ઔષધિ; ગંભિરા.
૨. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ગુરુ.
૩. પું. (તાંત્રિક) શિવનું એક સ્વરૂપ. તેનામાં સ્વર્ગીય ગુણોનો ઓઘ એટલે સમૂહ છે.

દિવ્યૌષધિ [સં] સ્ત્રી. ગનઃશિલા.

દિસ ૧. સ્ત્રી. આજ્ઞા; હુકમ.
૨. [સં.] સ્ત્રી. દિશા.
૩. સ્ત્રી. દૃષ્ટાંત; દાખલો.
૪. સ. ક્રિ. આજ્ઞા કરવી; હુકમ કરવો.
૫. સ. ક્રિ. આપવું; દેવું.
૬. સ. ક્રિ. (ધાતુ) દેખાડવું; બતાવવું. તે ઉપરથી બનેલ શબ્દ: દિસા, દેસ, આદેસ, ઉપદેસ, ઉપદેસક.
૭. સ. ક્રિ. જોવું; કહેવું.
૮. સ. ક્રિ. રજા આપવી.
૯. સ. ક્રિ. સમજવવું.
૧૦. સ ક્રિ. સાક્ષી તરીકે હાજર કરવું
૧૧. સ. ક્રિ. સોંપવું.

દિસ ૧. [સં. દિસ્] પું. ગ્રહનો અધિષ્ઠાતા એક દેવતા.
૨. પું. દસ સૂચક સાંકેતિક શબ્દ. દિસ, દિસા, આસા, અંગુલિ, પૈંકત, કકુભ, રાજ્યુત્તિર, અવતાર, કર્મ વગેરે દસ સૂચક સાંકેતિક શબ્દ છે.
૩. પું. માર્ગ; રસ્તો.
૪. [સં.] પું. વિષ્ણુ. વેદરૂપથી સર્વ કર્મોમાં એમના કર્મોનાં હવ છે છે તેથી ભગવાન દિસ કહેવાય છે.
૫. સ્ત્રી. આજ્ઞા; હુકમ.
૬. સ્ત્રી. દૃષ્ટાંત; દાખલો.
૭. સ્ત્રી. પૂર્વ વગેરે ચાર દિશા અને ચાર ખૂણા તથા આકાશ, પાતાળ એ દસ મહેની દરેક દિશા.
મારી તબિયતઈ રહિ, વાલ્યા દસ દિસ નાઠા અહિ.
સીતાહરણ-પંદરમીસદી
૮. સ્ત્રી. બાજુ; તરફ; પડખું.
૯. વિ. દેખાડનાર; બતાવનાર.

દિસદિસ અ. સર્વત્ર; ચોમેર; બધી દિશાઓમાં.
આમોનો આર્તનાદો કુંએ દિસદિસમાં ફરાવો
હો આવે! નાનાલાલ

દિસાભ્રમ [સં.] પું. દિશા ન સૂઝે તેવું થઈ જવું તે.

દિસામાત્ર વિ. બધું ચોકું.

દિસામુખાડો (દિસમુખાડો) પું. આયોજન; દિશાક્રમ.
જેમ દિસામુખાડે મારગે રે,
આવે સાજણી સવાર હોજે રે. નિષ્કુળાનંદ

દિસા ૧. સ્ત્રી. એ નામની રહની એક સ્ત્રી.
૨. [સં. દિસ્ (બતાવવું)] સ્ત્રી. કોઈ પણ ચોક્કસ બાજુ; તરફ; પડખું; પાર્શ્વ.
૩. સ્ત્રી. જે બાજુમાં સૂર્ય ઊગે છે તે દિશા; પૂર્વ દિશા.
૪. સ્ત્રી. કાર્ય જવું તે; જંગલ જવું તે.
૫. સ્ત્રી. દસની સંખ્યા; દસ સૂચક સાંકેતિક શબ્દ.
૬. સ્ત્રી. પૂર્વ વગેરે ચાર દિશા, ચાર ખૂણા ને આકાશ, પાતાળ મળીને દસ મહેની દરેક દિશા; પૃથ્વીની સપાટી ઉપર અથવા ભોંય આકાશમાં સીધો અથવા વાંકો માર્ગ. તેનો ઊંડો જ વાંકો નથી. દિશા અને કાળ આકાશ આદિમાંથી ઉત્પન્ન થયાં છે. સૂર્ય ઊગે છે તે પૂર્વ દિશા. સૂર્ય અસ્ત પામે છે તે પશ્ચિમ. ઊભા સૂર્યની સામા ઊભા રહેતાં ડાબા હાથ તરફની ઉત્તર અને જમણા હાથ તરફની દક્ષિણ દિશા. ઉત્તર અને પૂર્વ એ બેની વચ્ચેનો ખૂણો તે ઈશાન, ઉત્તર અને પશ્ચિમ વચ્ચે વાયવ્ય, પશ્ચિમ અને દક્ષિણ વચ્ચેનો નૈઋત્ય તથા દક્ષિણ અને પૂર્વ વચ્ચે અગ્નિ ખૂણો છે. નકશો જોતાં આપણી સામે ઉપરનો જે ભાગ તે ઉત્તર, નીચલો તે દક્ષિણ, જમણા હાથ તરફનો પૂર્વ અને ડાબા હાથ તરફનો તે પશ્ચિમ.
કન્યા કાજા કકુભ દિસા સો આસા દિસ જોર,
ચિતવત કરત નાથ તુજ જ્યમ ચાતિકરય ચકોર.
ચિંતામણપુરોષ
૧. દિસા કાણી કરવી = મિત્ર ગુમાવવો.
૨. દિસા-દિસાએ જવું = ચારે કોર ફરવા જવું; જંગલ જવું; કાળી જવું.
૩. દિસા પકડવી = બીજી તરફ જવું; અન્ય દિશા તરફ વહેવું.
૪. દિસા ફરાગત જવું = જંગલ જવું, કાળી જવું
૫. દિસા બતાવવી = માર્ગદર્શન કરવું.
૬. દિસા બાંધવી = (૧) અમુક હકમાં જાહે ચાલે તેમ કરવું. (૨) એકાદ અમુક બાજુ નક્કી કરી તે તરફ જવું; જૂના પડાયું હોય તેણે પોતે કયાંથી આવ્યો છે અને કઈ તરફ જવાનું તે સંબંધી વિચાર કરવો.
૭ દિસાએ ફરવું = બારી જવું; જંગલ જવું.
૭. સ્ત્રી. ભારતવર્ષની એ નામની એક નદી.
૮. સ્ત્રી. માર્ગ; રસ્તો.
૯. ન. ઉડ્ડયન વિમાન.

દિસાકાલ [સં.] પું. અમુક દિશામાં અમુક વખતે ન જવાની મનાઈ.

દિસાકુમાર [સં.] પું. (જૈન) એક જાતના ભવનપતિ દેવતા.

દિસાકુમારિકા [સં.] સ્ત્રી. (જૈન) દિશાઓની અધિષ્ઠાત્રી ભવનપતિ જાતની દેવી. તેઓ તીર્થંકરનો જન્મમહોત્સવ કરવા સૌથી પ્રથમ આવે છે.

દિસાકુમારી જુઓ દિસાકુમારિકા.

દિસાગજ [સં] પું. દિગ્ગજ.

દિસાચક્રવૃદ્ધા [સં. દિસાચક્રવૃદ્ધ] પું. ગ્રહનો એ નામનો એક પુત્ર

દિસાચર ૧. પું. આજ્ઞાકાર માણસ.
૨. [સં.] વિ. જુદી જુદી દિશામાં ફરનાર અને શુભાશુભ ફળ બતાવનાર.
૩. વિ. દિવસે ફરનાર.

દિસાચીર ન. દિશારૂપી વસ્ત્ર.
રન્ના દિસાચીર નિપુની વિણુવિ રંગે,
અન્નાં પ્રસાની અસ્ત્રી દિનને દિનો.

દિગ્વિજય [સં.] પું. દિગ્વિજય.

દિગ્વિદર્શક [સં.] વિ. દિશા બતાવનાર; માર્ગ બતાવનાર.

દિગ્વિભાગ ૧. [સં. દિગ્‌વિભાગ] પું. દિશાઓ પ્રત્યેની દેખાય તેનું શુભાશુભ જાણવાની વિદ્યા. ૨. પું. દિશાઓ જણાતી દેખાય તે: ક્ષિતિજ અગ્નિની જ્વાળા દેખાય તે.

દિગ્વિરતિ [સં. દિક્ (દિશા) + અવિરતિ (અટકાવ)] પું. (જૈન) એક પર્વત. દિશા તથા વિદિશાની હદબહાર અહીંથી થાય છે.

દિગ્વિરતિવ્રત [સં.] પું. દિશાનો સ્વામી. મુસાફરીએ જતી વખત જે દિશામાં ગમન કરવું હોય તે દિશાના અધિપતિનું સ્મરણ કરાય છે. પૂર્વ દિશાના ક્રમથી દિશાધિપતિઓના નામ નીચે મુજબ છે: સૂર્ય, શુક્ર, મંગળ, રાહુ, શનિ, સોમ, બુધ અને બૃહસ્પતિ.

દિગ્વિષ્કાન [સં.] ન. દિશા સંબંધી જ્ઞાન. કહેવાય છે કે, કબૂતરની આંખે પાટા બાંધી તેને આઈબોલા માઈલ આપે લઈ જઈ છોડી મૂકો તોપણ તે સીધુ ઘેર જ આવવાનું. પાટા બાંધ્યા છતાં કબૂતર દિશાજ્ઞાન બરાબર રાખી શકે છે. વળી તેને વાંકેચૂકે રસ્તે લઈ ગયા હો છતાં એ રસ્તે જ પાછું ન આવતાં એ તો સીધુ એક જ રેખામાં ઘેર પાછું વળે છે.

દિગ્વિષેધ [સં.] પું. દિશારૂપી પદાર્થ.

દિગ્વિપાલ [સં.] પું. દિક્‌પાલ.

દિગ્વિભાગ જ. દિશા સંબંધી જ્ઞાન; દિશાનો અભ્યાસ.

કબૂતર જેવું દિશાજ્ઞાન અને ઘેર પાછા વળવાની પ્રેરણા વૃત્તિ બાબતે જીવ કોઈ જનાવરમાં જોવામાં આવે છે. કુમાર

દિગ્વિમૂઢ ૧. જી. ગેરસમજ.

૨. જી. દિશાનું જ્ઞાન ચૂકી જવું તે.

દિગ્વિભેદ [સં.] પું. જુદી જુદી રીતને લીધે કે પદ્ધતિને લીધે ઉત્પન્ન થતો ભેદ.

દિગ્વિભ્રમ [સં.] પું. દિશાઓ સંબંધમાં ભ્રમ: દિક્‌ભ્રમ; દિગ્વિમૂઢ.

દિગ્વિમંડલ [સં.] ન. દિશાઓનો સમૂહ.

દિશામંડલ ઘેરવા લાગ્યું.
ધરતી અમૂમણ્યા ભાઈ. નાનાલાલ

દિગ્વિમુખ ન. દિશાનું મુખ, દિશાની શરૂઆતનું સ્થળ

જોઈ પૂર્વ દિશામુખે પ્રસરતી વાસંતી આ ઊજળી ? કલાપી

દિગ્વિયંત્ર [સં.] ન. (જ્યોતિષ) દિશા અને તેના સ્વામી દર્શાવતું યંત્ર. દિગ્વિયંત્ર નીચે પ્રમાણેનું હોય છે:

ઈશાન, ગુરુ	પૂર્વ, રવિ	અગ્નિ, શુક્ર
ઉત્તર, બુધ		દક્ષિણ, મંગળ
વાયવ્ય, ચંદ્ર	પશ્ચિમ, શનિ	નૈર્ઋત્ય, રાહુ

દિગ્વિરાવણ જુઓ દિગ્વારણ.

દિગ્વિવારણ ૧. જી. એ નામની વનસ્પતિ તથા વાઘણની એક જેટ જાતિ.

૨. ન. એ નામની જેટ જાતિનું માણસ.

૩. વિ. એ નામની જેટ જાતિનું.

દિગ્વિવિજય [સં.] પું. દિગ્વિજય.

દિગ્વિશૂલ [સં.] ન. (જ્યોતિષ) અમુક દિશામાં જવા માટે અમુક અમુક મહિના દિવસો કે વાર. શુક્ર અને રવિવારે પશ્ચિમ દિશામાં, શનિ અને સોમવારે પૂર્વ દિશામાં, મંગળ અને બુધવારે ઉત્તર દિશામાં અને ગુરુવારે દક્ષિણ દિશામાં દિગ્વિશૂલ મનાય છે.

દિગ્વિશૂળ જુઓ દિગ્વિશૂલ.

દિગ્વિસાધન [સં.] ન. અગાઉથી પદાર્થોના સ્થાન ઉપરથી દિશા નક્કી કરવાની રીત દિગ્વિસાધનની રીતિ પુષ્કળ છે. તેમાં ચંદ્રાદિ ગ્રામમોની પ્રત્યક્ષ વસ્તુ આપણી નજરમાં આવે ત્યાં દિગ્વિસાધન કરી શકાય છે. સમાન જોટમે સપાટ જમીન ઉપર એક લાંબુ જોટલે લાકડી અથવા બીજો કોઈ દાટવો. તેને મધ્ય કલ્પીને આપણા ખ્યાલમાં આવે તેવડી ત્રિજ્યા લઈ તેની આસપાસ એક વર્તુળ કલ્પવું. તે વર્તુળ જોટલું મોટું હોય તેટલું સારું. રાકુની અગવડમા જોટલે માણસના ખ્યાલનો પ્રદેશનો વિસ્તાર કેટલો પણ વખતે પેલા વર્તુળને રપર્શ કરી શકે જોટલો લાંબો તે હોવો જોઈએ. લાંબુના ટોચની છાયા વર્તુળના પરિધને મધ્યાહ્ન થતા પહેલાં જ્યારે રપર્શ કરે ત્યારે તે રપર્શબિંદુ સ્થાને એક નિશાની કરવી. તેવી જ રીતે મધ્યાહ્ન પછી તે જ્યારે પરિધની બીજી બાજુએ રપર્શ કરે ત્યારે તે રપર્શબિંદુ સ્થાને પણ એક નિશાની કરવી. આ બે રપર્શબિંદુઓને સાંધનારી સીધી રેખા પૂર્વ પશ્ચિમ દિશા દેખાડનારી હોય છે. તે જ વીંટી ઉપર મધ્ય બિંદુમાંથી કોઈ બીજી બે બાજુ તરફ રોરવામાં આવે તો તે બેમાંથી વીંટી ઉપર દક્ષિણ દિશા દર્શાવનારી થશે. આ દિગ્વિસાધન ડિસેમ્બર અને જૂનની બેતારીસથી તારીખને લગભગ કરવું. દિગ્વિસાધનની બીજી પણ બેક રીત છે: દક્ષરીક હાથ લાંબો રોરી લઈને તેનો બેક છેડો ખુલ્લી જગ્યામાં જમીનથી લગભગ પાંચ ક હાથ ઊંચાઈએ કોઈ પણ વસ્તુને આપીને સ્થિર કરવો. પછી તે જ રોરીનો બીજો છેડો પકડીને રાખે બેને ટેકાણે ભેગા રહેવું કે રોરીની રેખાવાળા વીંટીમાં જોઈએ તો બ્રુવ દેખાય. આવી રીતિએ પકડેલી રોરી તે જ ઉત્તરોત્તર રેખા થઈ.

દિગ્વિસૂચક [સં.] વિ. દિશા બતાવનાર; માર્ગદર્શક.

અહિંસા પરમો ધર્મ: એ દિગ્વિસૂચક મહાન ધર્મ છે. સાંપીલ

દિગ્વિસૂચન [સં.] ન. દિશા બતાવવી તે; માર્ગસૂચન.

અમારા પ્રજાપ્રમુખ કહેતા હતા કે સમાજનેતાઓએ તો ધ્રુવમત્સ્યની પેઠે સાર્વત્રિક ધર્મ પાળવાના છે, તમામ ઉપર હાથ રાખવાનો છે, દિગ્વિસૂચન કે ગતિપ્રેરણા કરવાની છે, અમલદારના અધિકારો તો પોતાના જ બહારી હોવા જોઈએ. નાનાલાલ

દિગ્વિસૂઝ ૧ જી. દિશા સંબંધી જ્ઞાન.

૨. જી. સાચી સમજ.

દિગ્વિસૂત્ર [સં. દિશા (બાજુ) + સૂત્ર (દોરો)] ન. પથદર્શક સાધન; કંપની, પગેરું; સગડ.

દિગ્વિંપતિ [સં.] પું દિશાઓનો પાલક; વેદમાં વપરાયેલું ઋતુ એક નામ.

દિગ્વિંપ્રિયતમ [સં.] પું શિવ.

દિગ્વિરિ જી. દિશા..

દિગ્વિરાજ પું. ઈંદ્ર.

દિગ્વૈદિશ અ. દરેક દિશામાં; ચોતરફ; બધી દિશાઓમાં; સર્વત્ર; ચોમેર.

દિગ્વૈદિશ જુઓ દિગ્વૈદિશ.

દિગ્વ્ય ૧. [સં] વિ દિશા સંબંધી.

૨. વિ. દિશામા બનાર; દિશામા હોનાર.

દિષ્ટ ૧. [સં.] પું. કાળ; સમય; વખત.

૨. પું. ભાગ્યવિધાતા.

૩. પું. (પુરાણ) સુપ્રસિદ્ધ વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર. એના પુત્રનું નામ નાભાગ હતું.

વૈવસ્વત મનુને નાભાગ, પૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, પ્રાંશુ, નૃગ, દિષ્ટ, કરૂષ અને પૃષધ્ર એ નામના નવ પુત્રો થયા. ભાગવતી ભાગવત

૪. ન. ઉપદેશ.

૫. ન. નસીબ; ભાગ્ય; પ્રારબ્ધ, દૈવ.

૬. ન. નાટકનાં છત્રીસ ભાકેનું એ નામનું એક લક્ષણ.

૭. ન. હેતુ; આશય; લક્ષ્ય.

૮. વિ. કહેલું, વર્ણન કરેલું.

૯. વિ. નક્કી કરેલું
૧૦. વિ. નસીબમાં મળેલું.
૧૧. વિ. ફરમાવેલું.
૧૨. [સં. દિશ્ (બતાવવું)] વિ. બતાવેલું; દર્શાવેલું; દાખવેલું
૧૩ વિ. સમજાવેલ; ઉપદેશેલ

દિષ્ટ્યધક જુ. મિલ્કત ગીરો મૂકની તે.

દિષ્ટા [સં.] સ્ત્રી. દાક્ષ્યગાદર.

દિષ્ટાંત [સં. દિષ્ટ (આગ્ર) + અંત (છેડો)] પુ. આગ્રનો અંત; મરણ; મોત; મૃત્યુ.

દિષ્ટિ ૧. [સં.] સ્ત્રી. આદેશ; હુકમ; ફરમાન; આજ્ઞા.
૨. સ્ત્રી. ઉત્સવ.
૩. સ્ત્રી. ઉપદેશ; કહેવું તે; સૂચના.
૪. સ્ત્રી. દૃષ્ટિ; નજર.
૫. સ્ત્રી. પરિમાણ; માપ.
૬. સ્ત્રી. સારું નરસીનું; આગ્રહ; સદ્ભાગ્ય; ભાવિ.
૭. સ્ત્રી. હર્ષ; આનંદ; પ્રસન્નતા; સુખ; ખુશી

દિષ્ટિબંધ [સં. દૃષ્ટિબંધન] પું. (હિંદી) ઇંદ્રજાળ; જાદુ.

દિષ્ટ્યા ૧. [સં.] અ. ઈશ્વરનો આભાર માનો; ઈશ્વરકૃપાએ.
૨. અ. સદ્ભાગ્યે; સારા નસીબે.
૩. અ. હું આનંદિત થયો છું.

દિષ્ટ્યાવર્ધસે અ.પ્ર. હું તમને મુબારકબાદી આપું છું.

દિસ ૧. પું. દિવસ; દહાડો.
૨. સ્ત્રી. દિશા.

દિસર સ. ખભાનું અથવા ઉપરનું પહેરણ.

દિસંતર [સં. દેશાંતર] પું. (હિંદી) દેશાંતર; વિદેશ; પરદેશ.

દિસેમ્બર ૧. [અં. ડિસેમ્બર] પું. અંગ્રેજી સાલનો બારમો મહિનો.
૨. અ. દિશાઓને અંતરે; બહુ દૂર.

દિસા ૧. સ્ત્રી. ગાડે જવું તે; જગ્યા જવું તે.
૨. [સં. દિશા] સ્ત્રી. (હિંદી) દિશા; બાજુ.

દિસાળસ ૧. સ્ત્રી. એ નામની વેરબની એક જાતિ.
૨. સ. એ નામની જાતિનું માણસ.
૩. વિ એ નામની જાતિનું.

દિસાવહા ૧. સ્ત્રી. એ નામની વેરબની એક જાતિ
૨. સ એ નામની જાતિનું માણસ.
૩. વિ એ નામની જાતિનું.

દિસાવગાહિય [પ્રા.] સ. (જૈન) આવકોનાં બાર માંહેનું દશમું વ્રત. તેમાં એક દિવસને માટે સવારમાં દિશાની વિશેષ મર્યાદા બાંધવામા આવે છે.

દિસાવર ૧. પું. આળોટવા.
૨. [હિં.] પું. પરદેશ; વેરાવર.

દિસાવરી ૧. સ્ત્રી. એક જાતનું કપૂતર.
૨. સ્ત્રી એક જાતનું ધાન.
૩. [હિં.] સ્ત્રી. પરદેશી માલ.
૪. વિ. પરદેશી.

દિસાવળ જુઓ દિશાવાળ.

દિસાવાલ જુઓ દિશાવાળ.

દિસાવાળ જુઓ દિશાવાળ.

દિસાં અ. તરફ.

દિસિ ૧. સ્ત્રી. દશની સંજ્ઞા.
૨. [પ્રા.] સ્ત્રી. દશા.
૩. સ્ત્રી (જૈન) દિશાકુમાર દેવતા.
૪. સ. દેખાવ તેમ.
સમા સોહંતુ બ્બેહિયે, હાજિ કરિ લક્ષ દિસિ ટોલિરે
વિજયશ્રી

દિસી [પ્રા.] સ્ત્રી. દિશા.

દિસું અ. દિશા તરફ.

દિસોદિસિ [પ્રા.] અ. ચારે દિશાએ.

દિહ્ ૧. અ. ક્રિ. ખરાબ થવું; નુકસાની પામવી.
૨. [સં.] સ ક્રિ. ચોપડવું કરવું; જમા કરવું.
૩. અ. ક્રિ. ચમવું; ચોપડવું; લેપ કરવો; લીંપવું
૪. સ. ક્રિ. ઢેર ચમાડવું; ભેલું કરવું.
૫. સ. ક્રિ. વધારવું; જમાવવું.

દિહ ૧. પું. દિવસ.
જિણ દિસિ હોએ આગમે,
અન્યે કરી ન દિહ.
આનંદઘનમહોદધિ
૨. [સં.] પું. નાનું ગામડું.

દિહકાન (દિકાન) [સં.] પું. ગામડિયો; ગામડામાં રહેનાર માણસ.

દિહકાનીઅત (દિકાનીઅત) [સં.] સ્ત્રી. ખેતી.

દિહખુદા [સં.] પું. ગામડાનો મુખી.

દિહરા [હિં.] સ. મૂર્તિવાળુ મંદિર; દેવાલય; દેવમંદિર; દેરું.

દિહંદા [સં.] વિ. આપનાર; દાતા.

દિહાડા (દિહાડ) ૧. [હિં.] પું. ખરાબ સ્થિતિ; દુર્ગતિ; બૂરી હાલત.
૨. પું. દિન; દિવસ.

દિહાન [સં.] સ. ખોદ.

દિહિત્થ [સં.] સ્ત્રી. સભાવતઃ બહિરા.

દિહુડી (દિહુડો) ૧. [હિં] સ્ત્રી. ઝમરો
૨. સ્ત્રી. દુઃખ; બારણું.

દિહુલ [હિં.] પું. બનારસ જિલ્લામાં બનતા એક જાતના ચોખા.

દિહેજ [સં.] પું દરિયાવર.

દિંક [સં.] પું. બીબા; જૂનું ઈંડું

દિંગ ૧ સ્ત્રી. ગપ.
દિંગ મારવી – ગપ મારવી.
૨ વિ. બહુ. બાજુ; સ્તબ્ધ; દંગ

દિંગામૂઢ [સં દિગ્મૂઢ] વિ આશ્ચર્યચકિત; દિશાની પૌ બોધ પામેલું કે સ્થિર થયેલું.

દિંગલું ૧. સ. કટકો; ચરબો; ટુકડો; દડીલે.
૨. સ. ડોચકું; બચાળું; બાયું
૩. સ. ડિમલું; ચોરિયાના ગ્રંથનો ઉપલો
૪. સ. ગાખા ઉપરનો કટકો મારીને ઉડાડી દેવાય એવો ચુમળી ગાંઠ કે અવયવ.

દિંડિ [સં] સ. પ્રાચીન કાળનું એક જાતનું વાદિત્ર.

દિંડિર [સં.] સ. પ્રાચીન કાળનું એક જાતનું વાદિત્ર.

દિંડી ૧. [સં.] પું. (પિંગળ) ઓગણીસ માત્રાનો એક છંદ; ગુજરાતી લાવણી જેવો એક રાગ. તેના અંતમાં બે ગુરુ હોય છે અને તેમાં ૯ અને ૧૦ માત્રાએ યતિ આવે છે. તેમાં કોઈ વાર બે ચરણનો અને કોઈ વાર ચાર ચરણનો અનુપ્રાસ આવે છે. મરાઠી ભાષામાં આ છંદનો વિશેષ વ્યવહાર થાય છે. હિંદી ના કવિઓની સાહિત્યમાંથી આપણા પરિચયમાં આવેલી છે. તેની રચના પણ ઘણી સુંદર અને ભેદપૂર્ણ છે.
૨. સ્ત્રી. એક જાતનું જંગલી ઝાડ.
૩. સ્ત્રી. એક જાતનું વ.ઘ.

દિંડીર [સં.] સ. સમુદ્રફીણ.

દિંદ પું. દિવસ
આજણ ભોટા માનિષે જેનો સાદુનો સિંદ,
ટોલામ્ય હાસુ દિયે ન જિયે રાવને દિંદ.
ભાગ્યાદિત્ય

દી ૧. [સં દિવસ-દિઅહ-દિઅ-દી] પું. દિવસ; દહાડો.
૧. દી આથમવો = (૧) દશા બદલાઈ જવી. (૨) સૂર્યનું અસ્ત થવું.
૨. દી ઊઘાડવો = મોટી દશા કરવી. દી ઊઘાડે દીકરા, બહુ ને બાં વરા, કાંઈ કામ નારીકા, નકર આયુ તો ખરા.–લોકોક્તિ
૩. દી ફરવો-ઊંધી જવો = (૧) બરાબર બુદ્ધિ સૂઝવી. (૨) દહાડો ઊઘડવો, આબાદ પ્રતિકૂળ બનવું; માઠી દશા બેસવી.

૪. દી કાઢવો = દિવસ ગાળવો.
૫. દી ખોવો = કાંઈ પણ કામ ન કરવું.
૬. દી દેવા = (૧) નુકસાનીમાં ઉતારવું; ખોટ આપવી. (૨) પ્રમાણુ કરતાં ઓછું કામ કરવું; હલકું કરવા. (૩) વાયદા કરવા; વાત ઉડાડવી.
૭. દી ફરવો-ફરવો = સ્થિતિ બદલાઈ જવી; ભાગ્ય ફરવું; નબળી સ્થિતિમાંથી સારીમાં કે સારીમાંથી નબળી હાલતમાં આવવું.
૮. દી જોવરાવો = દિવસ નક્કામો જવો.
૯. દી લેવો = કામ કરવામાં વખત લાગવો.
૧૦. દી વળવો = સારી સ્થિતિ થવી; લાભ થવો.
૧૧. દી વાળવો = (૧) દી ઉજાળવો; કીર્તિ થવે એમ કરવું; સત્કર્મ કરવું કે જેથી કીર્તિ મળે. (૨) સારી સ્થિતિ લાવવી; ઉન્નતિ કરવી; આબાદી કરવી. દી વાળે દીકરા, કાં ધોરી કાં ધરા, કાં તો વધુનાં છૂંદણાં, નહિ તો તલ ખરા.-લોકોક્તિ
૧૨. દીએ તારા દેખવા = બહુ જ કષ્ટ પહોંચવું.
૧૩. દીનું ભમાડ્યું અને રાતનું ચોમાડું વધવું = બહુ જબરી અને બહુ અધિક વધતુ; ખૂબ ઉન્નતિ ઉપર હોવું.
૧૪. દીને દી અને રાતને રાત ન જાણવી = પોતાનાં સુખ કે વિશ્રામ વગેરેનું કાંઈ ભાન ન રાખવું.

૨. [સં.] પું. નારા; ક્રમ.
૩. પું. વખત, અવસર.
૪. પું. વખત; પણ.

ચંદ્ર સૂર્યને સાખી દેજ,
તું વાંકિત તેવા દી લેજ. રામળ

૫. પું. સિતારો; દશાનો ગ્રહ; દશા.
૬. [ફા.] વિ. પાકકું; ગર્ઈ ગયેલું; ભૂતકાળનું.
૭ અ. ક્રિ. ક્રમ થવું; ક્ષીણ થવું.
૮. અ ક્રિ. (પ.ભૂ) નાશ થવો; મરી જવું; ક્ષય પામવો; ઓછુ થવું. તે ઉપરથી વપરાય શબ્દ: દીન, દીનતા, દીનત્વ, દીનદયાળુ.

દી છોડવો ૧. ક્રિ. રૂઢિ.
૨. ક્રિ. બેવકૂફ; મૂર્ખ.
૩. ક્રિ. ભુલ્યુ.

દીએરિયો પું. દેર; પતિનો નાનો ભાઈ.

નલો દીએરિયો ઘાડકો રે કાંઈ વાગ્યો મેદીનો ઝોડ, મેંદી રાજની રે. લોકગીત

દીક ૧. સ્ત્રી. જ્યોત; પ્રાણ.
૨. [ક્રિ.] ક્ર. કપૂરના ઝાડની છાલમાંથી નીકળતું એક પ્રકારનું તેલ.

દીકલ્પી સ્ત્રી. દિવસ સુધે નીકળી જવા જેવુ કામ કે પ્રવૃત્તિ.

દીકરડી (દીકરડો) સ્ત્રી. દીકરી.

દીકરી [સ. દારિકા] સ્ત્રી. પુત્રી; છોકરી, છોડી; બેટી; તનયા. દુ એટલે દાઝવુ ધાતુ ઉપરથી આ શબ્દ વ્યુત્પન્ન થયો છે દીકરી એ બાપનું મન દાઝવાવાળી બનાવ છે, કેમકે તેનું રક્ષણ કરવાની અને પરણાવવાની ચિંતામાં બાપનું મન દુઃખી થાય છે.

૧. દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય = દીકરી અને ગાય બંને જેવાં ગરીબ છે કે પોતાના જીવનપ્રશ્નમાં પણ પોતાનો અવાજ ઘરાવતાં નથી. તેમને નથી કોઈ પૂછનુ કે નથી કોઈ સાંભળતુ.
૨. દીકરી દૂધ પીતી કરવી = દીકરીને દુઃખમાં ઊંડે પાડી મારી નાખવી.
૩. દીકરીએ દીધો = દીકરીના દીકરાથી વંશની જળવાય; છોકરીના છોકરાથી ઘર ઉપાડું રહેવુ તે.
૪. દીકરીએ દીધો ન રહેવો = દીકરીના સંતાન થવે પણ વંશ ન રહેવો; દીકરી થવે વંશ ન જળવાવો.
૫. દીકરીને માગ અને વહુને શિખામણ = એકને કહેવાથી બીજાએ ચેતી જવાનો બહુકારનો બોધ. દીકરીને મારવાથી તેજણ ઠપકે, તેની જેમ સાસુ તેની દીકરીને માર દે એ ઉપરથી વહુએ ચેતી જવુ એવો અર્થ થાય છે.

દીકરો [સં. દારક] પું. પુત્ર; છોકરો; કેવો, તનય; બેટો. બાપની સાથેનો સંબંધ જણાવતાં દીકરો શબ્દ વપરાય છે. છોકરો બોલની વખતે તેવો જણાય બાકી ન પણ જણાય. છોકરો શબ્દ નાની વયના બાદ માટે વપરાય છે, પણ દીકરો શબ્દ એવા અર્થમા વાપરી ન શકાય. કાઠિયાવાડમાં છોકરાનો અર્થ લોડો અથવા દાસ થાય છે. છોકરીને દાસી કે લાંડીના અર્થમાં વાપરે છે. તેથી છોકરાને બદલે દીકરાના અર્થમાં છોરો વાપરે છે ને છોકરીને માટે છોરી વાપરે છે. દીકરો એ શબ્દ પુત્ર શબ્દ માટે પણ વપરાય છે.

૧. દીકરા, મોટો થા, પરણાવશું = વાયદે વખત કાઢી નાખવો.
૨. દીકરો એક ને દેશાવર બધા = કામ કરનાર એક ને ધંધા તથા દેકારા બધાં, તે કેમ બને ?
૩. દીકરો થઈ ને બતાવ, બાપ કાંઈ બતાવ નહિ = નજરોનજર કામ પાર પાડી શકાય.
૪. દીકરો રહે ચાર પહોર ને રૂપિયો રહે આઠ પહોર = બાજરના પોડાને ન પહોંચાય. પંડ રહે તો માત્ર પેટ જ ભરાય છે, પણ ધન રહે તો હસલો થાય છે.
૫. દીકા આવે દીકરા, ઊઘા વરસે મેહ = દીકરા દોય તેને વધારે થાય; વરસાદ વરસવાનો થાય તો વરસ્યા જ કરે.

દીકિરો પું. દીકરો; પુત્ર.

દીકોડી (દીકોડો) સ્ત્રી. (જૂ. ગુ) દાસી.

દીકોડી કોમી દસ પીસ
બીની સાથ કરણ નિસિદીસ. ક.વ્યવસમય

દીકોલું ન. (જૂ. ગુ.) ચાકર; સેવક.

બાલા બાલક દાસ દીકોલાં,
તે ઊપરિ પણ વાસી ધ.ક.

લાવણ્યસમય

દીક્ષ્ ૧ [સં.] અ ક્રિ. દ્વિજોનિત્વ કરવો.
૨. અ. ક્રિ. જનોઈ ધારણ કરવી.
૩. અ ક્રિ. દીક્ષા આપવી.
૪. અ. ક્રિ ધર્મોપદેશ દેવો.
૫. અ. ક્રિ. ધાર્મિક ક્રિયા માટે તત્પર થવું.
૬. અ ક્રિ. નિયમ કે વ્રતનો આદેશ કરવો.
૭. અ ક્રિ. મુડન કરાવવું; હોર કરાવવુ
૮. અ ક્રિ. યજ્ઞ કરવો.
૯. અ. ક્રિ. શિષ્ય કરવા.

દીક્ષક [સં.] પું દીક્ષા દેનાર; શિક્ષક; ગુરુ; મંત્રનો ઉપદેશ કરનાર પુરુષ.

દીક્ષણ [સં] ન. દીક્ષા દેવાની ક્રિયા

દીક્ષણીય ૧. [સ.] સ્ત્રી. એ નામની એક ઇષ્ટિ

૨. ન. દીક્ષાનું સાધન.

દીક્ષણીયા [સં.] સ્ત્રી. અમુક વ્રતની ધાર્મિક વિધિ

નિયમ સ્વીકાર નિમિત્ત જે ઇષ્ટિ કરવી પડે છે તેનુ નામ દીક્ષણીયા છે. ગોભિલ.સ

દીક્ષણીયેષ્ટિ ૧. [સ.] સ્ત્રી દીક્ષા દેવા સાધન યજ્ઞેષ્ટુ અગ્નિદાન વગેરે.

૨. સ્ત્રી. દીક્ષા લીધા અગાઉ ઇષ્ટિ

દીક્ષા ૧. [સં.] સ્ત્રી. (જૈન) ઉપદેશક કે ધર્મગુરુ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ. જૈન ધર્મમાં સાધુપદ સ્વીકારવુ છે. એ બહુ કઠણ વિધિ છે. રાત્રિભોજનનો ત્યાગ કરનારે આ દુનિયાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો પડે છે. ત્યાર પછી અઠેક વાળ હાથેથી ખેંચી લેવામા આવે છે. ત્યાર પછી ઉપાશ્રયમાં રહી અહિંસા, સત્ય, પ્રામાણિકતા, બ્રહ્મચર્ય અને ત્યાગ એ પાંચ સદ્‌ગુણો જીવનમા રાખી જીવન પસાર કરવું પડે છે

૨. સ્ત્રી. કોઈ ખેડ ઉદ્દેશી અમુક કાર્ય કરવાનું વ્રત કે નિયમ ધારણ કરવો તે; અમુક યજ્ઞ વગેરે કરવાનું કામ માથે લેવું તે; યજ્ઞયાગાદિ કરતા પહેલાં તેનો વિધિપૂર્વક સંકલ્પ કરવો તે; ક્રિયા વગેરે કરવાના કર્મના આરંભનો નિયમ લેવો તે.

૩. સ્ત્રી. (વેદાંત) ગુરુના મુખથી પોતાના ઇષ્ટદેવનો મંત્ર મહણ કરવો તે; ગુરુમંત્ર; ગુરુનો શિષ્યને નિયમ પ્રમાણે મંત્રનો ઉપદેશ; ગુરુ પાસેથી વ્રત, નિયમ કે મંત્ર લેવો તે. વૈદિક ગાયત્રી મંત્ર ઉપરાંત અત્યારે ભિન્ન ભિન્ન દેવતાઓના મોટા પ્રમાણમાં સાંપ્રદાયિક ઇષ્ટ મંત્ર તંત્રોક્ત રીતિ અનુસાર પ્રચલિત છે. ગૌતમીય તંત્ર, યોગિની તંત્ર, રુદ્રયામલ ઇત્યાદિ તંત્ર ગ્રંથોમાં દીક્ષા મહણનું માહાત્મ્ય તથા તેના અનેક પ્રકારના નિયમ આપવામાં આવ્યા છે. વિષ્ણુ, શિવ, શક્તિ, ગણેશ, સૂર્ય ઇત્યાદિની ઉપાસનાના ભેદથી વૈષ્ણવ, રામતારક, શૈવ, શાક્ત ઇત્યાદિ મંત્ર પ્રચલિત છે, જે શિષ્યના કાનમાં કહેવામાં આવે છે. સામાન્યતઃ લોકો માને છે કે, ગુરુમંત્ર વિના મતિ થતી નથી. તંત્રો અનુસાર જે મંત્રોને અંતે હું ફટ હોય તે પુલ્લિંગ મંત્ર, જેને અંતે સ્વાહા હોય તે સ્ત્રીલિંગ મંત્ર અને જેને અંતે નમઃ હોય તે નપુંસક મંત્ર કહેવાય છે. યોગિની તંત્રમાં લખ્યું છે કે, પિતા, માતા, નાના ભાઈ અને કનિષ્ઠવર્ણના પાસેથી મંત્ર ન લેવો જોઈએ. રુદ્રયામલ તંત્રમાં પતિ પાસેથી મંત્ર લેવાનો નિષેધ કરવામાં આવ્યો છે, પણ તેની પાસેથી સિદ્ધ મંત્ર લેવાની તે રજા આપે છે. શૂદ્રને પ્રણવ કે પ્રણવયુક્ત મંત્ર દેવાનો નિષેધ છે. શૂદ્રને ગોપાલ, મહેશ્વર, દુર્ગા, સૂર્ય અને ગણેશનો મંત્ર દેવો જોઈએ.

૪. સ્ત્રી. જનોઈ આપવા, ઉપનયન સંસ્કાર. તેમાં આચાર્ય ગાયત્રી મંત્રનો ઉપદેશ આપે છે.

૫. સ્ત્રી. વ્રત નિયમ.

૬. સ્ત્રી. પૂજા; અર્ચન.

૭. સ્ત્રી. બોધ; ઉપદેશ.

• જે શિક્ષક પ્રાપ્તજ્ઞાન હોય, જે શિષ્યને કેળવણીની ખરેખરી દીક્ષા લીધી હોય તો શાળાનું વાતાવરણ તૈયાર કરવા માટે અન્ય સાધન કે બારે શિક્ષણ સામગ્રીની જરૂર પડતી નથી. પ્રસ્થાન

૮. સ્ત્રી. યજ્ઞ; હોમ; મજન.

૯. સ્ત્રી. યજ્ઞની સ્ત્રી; અગ્નિષ્ટોમ સાહેની એ નામની એક રહાણી.

દક્ષિણા અને દીક્ષા જે તે યજ્ઞની સ્ત્રીઓ છે. ભગવતી ભાગવત

૧૦. સ્ત્રી. સન્યાસ; સંસારત્યાગ.

અહમીર સ્વામી દીક્ષા લીધા પછી ત્રણ વર્ષ તપમાં ગાળી કેવળજ્ઞાન પામ્યા આનંદશંકર ધ્રુવ

૧૧. સ્ત્રી. સંયમ.

૧૨. સ્ત્રી. સંસારત્યાગની ક્રિયા; સંસાર ત્યાગી મુક્તિ રાસ્તે જવું તે સાધુ થવું તે.

૧૩. સ્ત્રી. સંસ્કાર.

૧૪. ન. (સંગીત) ગાયનનું એક તાન; મધ્ય ગ્રામમાં ગાંધાર ચલિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

દીક્ષાકલ્યાણક [સં.] પું. (જૈન) સંસાર ત્યાગ કરવાનો શુભ અવસર.

દીક્ષાગુરુ [સં.] પું. મંત્રાદિનો ઉપદેશ કરનાર ગુરુ; ધર્મગુરુ.

દીક્ષાચાર્ય જુઓ દીક્ષાગુરુ.

દીક્ષાન્વય [સં] પું. વ્રતના સ્વીકારથી માંડી મોક્ષપ્રાપ્તિ સુધી આચરવાની વિધિપ્રકાર ક્રિયા.

દીક્ષાપતિ [સં.] પું. યજ્ઞનો રક્ષક; દીક્ષાપાલક; સોમ.

દીક્ષાપૂર્વચર્તિની [સં.] સ્ત્રી. દીક્ષા આપ્યા પહેલાં દીક્ષા સંબંધી અભ્યાસ કરાવવો તે.

દીક્ષાપ્રગુરુ [સં.] પું. દીક્ષા આપનાર ગુરુના ગુરુ.

દીક્ષાભ્રષ્ટ [સં.] વિ. દીક્ષાના નિયમથી ચલાયમાન થયેલું.

દીક્ષાયુક્ત [સં.] વિ. દીક્ષા લીધેલું; દીક્ષિત; દીક્ષા પામેલું.

દીક્ષારૂપ [સં.] પું યજ્ઞાદિ દીક્ષાના અંગરૂપ પશુ વગેરે બાંધવાનો મજબૂત થાંભલો.

દીક્ષાર્થી [સં. દીક્ષાર્થિન્] વિ. દીક્ષાની ઇચ્છાવાળું.

દીક્ષાસમારંભ [સં.] પું. પદવીદાન ઉત્સવ.

દીક્ષાસંસ્કાર [સં.] પું. દીક્ષા આપવાની વિધિ.

દીક્ષાંત ૧. [સં.] પું. પ્રથમ કરેલ યજ્ઞમાં થયેલ દોષના પ્રાયશ્ચિત્તરૂપે કરેલ બીજો યજ્ઞ

૨. પું. યજ્ઞની સમાપ્તિ નિમિત્તે અવભૃથ સ્નાનરૂપ યજ્ઞ.

દીક્ષાંતભાષણ [સં.] ન પદવીદાન સમારંભ પછી આપવાનું ભાષણ.

દીક્ષિત ૧. [સં.] પું. તપસ્વીનો શિષ્ય.

૨. પું. યજ્ઞ વેદયજ્ઞનો ધંધો કરનાર માણસ; ભટ્ટ.

પુત્રમ દીક્ષિત (ભટ્ટ)ને ઘેર જઈને અતિથિ પણ કરે છે. મોહમયકથા પરિચય

૩. પું. યજ્ઞ કરનાર માણસ.

૪. પું. યાજ્ઞિક; ઋત્વિજ.

૫. પું. હિંદુઓની સવકર્મ નામની ધાર્મિક ક્રિયા કરાવનારનું બળતી રાખમાં આવેલ મૃત શરીર. આ ક્રિયા એક હજાર દિવસ બાકી દરમિયાન તે ક્રિયા કરાવનાર મરણ પામે તોપણ તેનું શરીર બળતી રાખીને તે ક્રિયા મૃત શરીરથી બાકી રાખવામાં આવતી. આ પ્રમાણે જે માણસને બળતી રાખવામાં આવતો તે દીક્ષિત કહેવાતો

૬. સ્ત્રી. એ નામની બ્રાહ્મણ અને રજપૂતની એક અટક.

૭. ન. એ નામની અટકનું મકાન

૮. વિ. એ નામની અટકનું

૯. વિ. જેણે સોમયજ્ઞ વગેરે કરેલ હોય એવું.

૧૦. વિ. દીક્ષા લીધી હોય એવું; વ્રતી; મંત્રાદિની દીક્ષા પામેલું; હોમ, વ્રત વગેરે આરંભેલા કર્મની સમાપ્તિ સુધી જેણે તેના નિયમનો સ્વીકાર કર્યો હોય એવું.

બળતી બાનીના રક્ષમર્મ છે,
ને પ્રત્યેકના પૂરક પૂરક છે તે;
અને સૌ દીક્ષિત છે સ્વધર્મનાં. નાનાલાલ

૧૧. વિ. ધર્મજ્ઞ; ધર્મનો પ્રચારક.

૧૨. વિ. સજ્જ; તૈયાર.

૧૩. વિ. સંયમી; ચારિત્ર્યવાન.

દીક્ષિતદ્વિજ [સં] પું. દીક્ષા લીધેલો બ્રાહ્મણ.

દીક્ષિતદ્વિજ ને ચંદ્રમા, બે અંત્ય અંક પ્રકારા. પ્રેમાનંદ

દીક્ષિતા ૧. [સં. દીક્ષિત] પું. દીક્ષા આપનાર પુરુષ; ઉપદેશક; ધર્મગુરુ

૨. સ્ત્રી. દીક્ષા લીધેલી સ્ત્રી.

દીક્ષિતાજગિની [સં] સ્ત્રી. સાપની જાત; સાપુડી.

દીગર ૧. [ફા.] વિ. બીજું; વિરોધ.

૨. અ. બીજું બનવાનું છે, એ અર્થમાં પત્રની શરૂઆતમાં વપરાતો શબ્દ.

દીગેજ [સં. દિગ્ગજ] પું. દિશાઓનો હાથી.

નથણે તે દેખી નારને,
ડચકારે જાણ્યા દીગેજ. નરસિંહ

દીઘનિકાય પું દીર્ઘનિકાય નામનું બૌદ્ધ ધર્મનું પુસ્તક; સુત્તપિટકના પાંચ મહોનો એક નિકાય. તેમાં દીર્ઘ એટલે લાંબા સૂત્રો છે.

અભયસૂત્રને પિતૃદત્તનું મહાપાપક કર્મ જાણી તેના પિતા પ્રત્યે તે બૌદ્ધ ધર્મનો અધિકારી થયો નહિ. આ કારણે દીઘનિકાયના બીજા સૂત્રમાં છે. પૃથ્વીરાજ

દીવલડુરી જાઓ બાળી દોરી.

તેઓ પ્રથમ પંખને દીવલડુરી કે બાળી દોરી વડે બંધાયેલો મળે છે. બુદ્ધિપ્રકાશ

દીડું [સ. વૃન્ત ઘિટ] ન. વનસ્પતિનો એક ભાગ; દીંટ.

દીતુંત [સ. દૃષ્ટાન્ત] ન. દાખલો; ઉદાહરણ.

દીદૂ ૧. [સં. દૃષ્ટિ] સ્ત્રી આંખ.
૨. સ્ત્રી. જ્ઞાન.
૩. સ્ત્રી. નજર
૪. સ્ત્રી. બુદ્ધિ; મતિ.
૫. સ્ત્રી. મત; પક્ષ.
૬. સ્ત્રી. વિવેક; વિચાર.

દીઠ ૧. સ્ત્રી. અટકળ; અંદાજ
૨. સ્ત્રી. આજ્ઞા; ઉમેદ.
૩. સ્ત્રી. આંખ; ચક્ષુ.
૪. સ્ત્રી. કૃપાદૃષ્ટિ; મહેરબાનીની નજર.
૫. સ્ત્રી. દેખરેખ.
૬. સ્ત્રી. ધ્યાન; વિચાર; સંકલ્પ.
૭. [સં. દૃષ્ટિ] સ્ત્રી. નજર; દૃષ્ટિ; જોવાની શક્તિ.
૧. દીઠ ઉતારવી કે ઝાડવી = મંત્રો દ્વારા ખરાબ દૃષ્ટિનો પ્રભાવ દૂર કરવો.
૨. દીઠ ચૂકવી = નજર ન પડવી; દૃષ્ટિનું અદીતદી જવું.
૩. દીઠ ઉપર ચડવું = જોવામાં ખૂબ આકર્ષ પડવું; પસંદ આવવું.
૪. દીઠ ફરવી = કૃપાદૃષ્ટિ ન રહેવી; હિતનું ધ્યાન કે પ્રીતિ ન રહેવી; ચિત્ત અપ્રસન્ન રહેવું.
૫. દીઠ બિછાવવી = ઉત્કંઠાપૂર્વક કોઈના આગમનની રાહ જોવી; કોઈના આવવાનું શ્રદ્ધા કે પ્રેમથી સ્વાગત કરવું
૬. દીઠ મારવી = આંખથી ઇશારો કરવો; પ્રકારાથી સંકેત કરવો.
૭. દીઠ વાળવું = સલામતી કરવી.
૮ સ્ત્રી. પરખ; પિછાન; ઓળખાણ.
૯. [સં. દિષ્ટ; પ્રા. દિટ્ઠ] વિ. ફરમાવેલું; કહેલું.
૧૦. અ. દરેક; પ્રત્યે.
૧૧. અ. હિસાબે; શા.
૧૨. સ. ક્રિ. દીઠું; જોયું.

દીઠબંદ પું. નજરબંદી; જાદુ

દીઠબંદી જુઓ દીઠબંદ.

દીઠવંત પું. જ્ઞાની પુરુષ.

દીઠવું સ. ક્રિ. ફરી ફરીને જોવું; તપાસવું.
સહ્યાનિ પશ્યન્ન ગતઃ દીઠવું,
પૂર્વિ કરેલ વખાણ. મનહરદોત્રણીય

દીઠાદીઠ ૧. સ્ત્રી. દેખાદેખી; અનુકરણ; કોઈનું જોઈને તે પ્રમાણે કરવું તે.
૨. અ. ખીજા કરતા હોય તે પ્રમાણે.

દીઠું [સં. દૃષ્ટ; પ્રા. દિટ્ઠ] સ. ક્રિ. જોયું; નિહાળ્યું, દેખવું'નું ભૂતકાળ રૂપ
૧. આંખનું ખમાય પણ દીઠું ન ખમાય – (૧) અમુક પ્રકાર અને તેને માટે કંઈ અફસોસ નથી થતો, પણ થોડું છતાં નજરે જોયેલ વધારે અસરકારક બને છે. (૨) નજર બહાર બનવ તે જુદાઈ પણ બનવ.
૨. દીઠા તેની દીઠ = જૂના રિવાજને વળગી રહેવું, રિવાજમા સુધારાવધારા ન કરવા. દીઠા તેની દીઠ પદ્ધતિમા ગોંધાઈ રહી ક્રમની ફરતમાં આપણે પાછળ પડી જઈએ છીએ–નવી બાબતોમાં.
૩. દીઠાનું ઝેર = જોવાથી વહેમ પડવો. જોયું જોયું નથી તેને કશો વહેમ હોતો નથી, કંઈક અજુગતું જોવામાં આવે છે ત્યારે તે બાબત તિરસ્કાર ઉત્પન્ન થાય છે.
૪. દીઠું ન દીઠું થાવ છે ? = પ્રત્યક્ષ જોનાર સાક્ષી ખરો મનાય.
૫. દીઠું પડવું = (૧) આબરૂ જવી. (૨) કોઈ જરૂરના માણસની ગેરહાજરીને લીધે કામ અટકી પડવું અથવા તેની ખોટ પડવી.
૬. દીઠે કોળે ન બનવું = ઓરમાયાના કદી દુશ્મન હોવું.

દીઠેલ [સં. દૃષ્ટ; પ્રા. દિટ્ઠ] વિ. જોયેલું.

દીઠેલું જુઓ દીઠલ.

દીઢ (ઢીઢ) વિ. ઠોઠ; ઢ.

દીઢડી (ઢીઢડી) સ્ત્રી. એક જાતનો ઝાડવી સિક્કો; પાઈ.

દીઢગુરુ (ઢીઢગુરુ) પું. (સંગીત) ગાયનનો એક પ્રકારનો સ્વર. તે બોલતાં ચાર માત્રા જેટલો વખત લાગે છે.

દીઢદ્રુત (ઢીઢદ્રુત) પું. (સંગીત) ગાયનમાંનો એક પ્રકારનો સ્વર. જે સ્વરને બોલતાં પોણી માત્રા જેટલો સમય લાગે તે દીઢદ્રુત સ્વર કહેવાય છે.

દીઢદ્વિગુરુ (ઢીઢદ્વિગુરુ) પું. (સંગીત) ગાયનમાનો એક પ્રકારનો સ્વર. તે સ્વરને બોલતાં ૭ માત્રા જેટલો સમય લાગે છે.

દીઢલઘુ (ઢીઢલઘુ) પું. (સંગીત) ગાયનમાંનો એક પ્રકારનો સ્વર. જે સ્વરને બોલતાં દોઢ માત્રા જેટલો સમય લાગે તેને દીઢલઘુ સ્વર કહે છે.

દીઢ [હિં.] વિ. દક્ષ; મજબૂત.

દીણાર સ્ત્રી. દીનાર; એક પ્રકારની સોનામહોર.
હર સોદર્ક સોના સાંગી,
દીણાર લહ્યું વખાણ રે. દર્શનવિજય

દીણીગુલ્લો પું. ડાકડિ વર્ગની એક વનસ્પતિ. તેનાં મૂળ દવાના કામમાં આવે છે.

દીત [સં. આદિત્ય] પું. સૂર્ય.

દીતવાર [સ. આદિત્ય (સૂર્ય) + વાર (દિવસ)] પું. રવિવાર; આદિત્યવાર.

દીતાણી ૧. સ્ત્રી. એ નામની લોહાણાની એક અટક.
૨. સ. એ નામની અટકનુ માણસ
૩. વિ. એ નામની અટકનુ.

દીતિ [સં.] સ્ત્રી કાંતિ, દીપ્તિ.

દીદ ૧. પું. દર્શન; મુલાકાત.
૨. [ફા.] પું. નજર; જોવું તે.
૩. વિ. નાશ કરવું; વિનાશક.
૪. વિ. નાશ કરેલું.

દીદનશનીદ વિ વિચિત્ર, અજબથી ભરેલું

દીદની [ફા.] વિ. જોવા લાયક.

દીદબાજી ૧. સ્ત્રી. આનંદ; મઝા.
૨ [ફા.] સ્ત્રી. આબરૂદાર જોવું તે.

દીદબાન [ફા] પું. રક્ષક; રખેવાળ.

દીદબાની [ફા.] સ્ત્રી. રક્ષણ; ચોકી.

દીદબાદીદ [ફા.] પું. મુલાકાત.

દીદરિયાનીદ સ્ત્રી. ઓળખાણ; પરિચય.

દીદા ૧. [ફા.] પું. આંખ; નેત્ર.
દીદા ફાડવી = તાકીને જોવું.
૨. પું. દેખાદેખી.
૩. પું. નજર, દૃષ્ટિ; દર્શન.
૪. પું. હિંમત.
૫. વિ. જોયેલું.

દીદાઝોદાનિરતા [ફા.] અ. અત્યીનતાપૂર્વક; પ્રેમાદાપૂર્વક; અત્યીનતાથી તે.

દીદાઝોદિલસે [ફા.] અ. અંતઃકરણપૂર્વક; ખરા હૃદયથી.

દીદાદલેર ૧. વિ. ઉદ્ધત; અવિનયી.
૨. વિ. વિલાસી; સ્વેચ્છાચારી.

દીદાદલેરી ૧. સ્ત્રી. ઉદ્ધતાઈ, અવિનય.
૨. સ્ત્રી. વિલાસ; સ્વેચ્છાચારપણું.

દીદાદૂટી ૧ [હિં.] વિ. નિર્લજ્જ; જેની આંખમાં શરમ ન હોય એવું.
૨. વિ. મોટી આંખવાળું.

દીદાર ૧. [ફા.] પું. દર્શન; દેખાવ, આંખથી થતી તે, સાક્ષાત્કાર.
૨. પું બ વ. ચહેરો; સૂરત; સ્વરૂપ; મૂર્તિ.

દીદારખર્ચ (દીદારખર્ચ) [ફા.] ન. દેખરેખ રાખનાર માણસના નિભાવ માટેનો ખર્ચ.

દીદારબાજ વિ. આંખ મારનાર, કટાક્ષથી જોનાર.

દીદારબાજી ૧. સ્ત્રી. કટાક્ષદર્શન

૨. સ્ત્રી. દેખાવ જોવો તે; આંખ મારવી તે.

દીદારી સ્ત્રી. ચહેરો; સ્વરૂપ, કાંતિ.

દીદારૂ [વિ.] વિ. સુંદર; રૂપાળું; દેખાવડું.

દીદારેજી સ્ત્રી. આંખ ખેંચનારું કામ.

દીદાવદાનિરતા [ફા. દીદા (જોયેલું) + વ (અને) + દાનિરતા (જાણેલું)] વિ. જાણીજોઈને; જાણીબૂજીને; ઇરાદાપૂર્વક.

દીદાવાર [ફા. દીદા (તપાસ)] પું. ચોકસી તપાસણી કરનાર અમલદાર.

દીદાવારનું કામ ચોકસી પ્રસંગોપાત્ત તપાસણી કરી પાકસાહેબને તે બાબત કરવાનું હોય છે. એ નીમણૂક પણ અમીરસંમતીથી થાય છે.

આઇને અકબરી

દીદિવિ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ભોળા શંભુ.

૩. પું. બૃહસ્પતિ; સુરાચાર્ય.

૪. પું. સ્વર્ગ.

૫. વિ. ઉપર ચડેલું; ઉપર ગયેલું.

૬. વિ. વારંવાર દીપતું; પ્રકાશતું.

દીદી સ્ત્રી. મોટી બહેન.

દીધ સ. ક્રિ. દીધું; આપ્યું.

દીધલ વિ. આપેલું.

પાત્ર દીધલ માન, આ જનથી ચોબળ ઢગી, વાંકે બબ્બા ન ઘમ, સાંકે દલે સામબા.

ચોકસાહિત્ય

દીધલું વિ. દીધેલું; આપેલું.

હા ! દૈવ શું વિપરીત દુખડું દીધલું.

નરસિંહરાવ

દીધવાન ૧. વિ. આપ્યું હોય તેના જેવું; આપ્યું હોય કે કરેલું હોય તે જ જાતનું; દીધું હોય તેને મળતું.

૧. દીધવાન દળ = કરેલા કર્મ જેવું જ ફળ.

૨. દીધવાન વેર = બાંધ્યા વખતની દુશ્મનાવટ; જૂનું વેર.

૨. વિ. દીધેલું; આપેલું.

૩. વિ. બાંધ્યા વખતનું; જૂનું, રીઢું; પરંપરાથી ચાલતું આપેલું.

દીધિકા સ્ત્રી. લંબચોરસ નાનું તળાવ.

દીધિત જુઓ દીધિતિ.

દીધિતિ ૧. [સં.] સ્ત્રી. અંશુકિરણ; આંખનો.

૨. સ્ત્રી. ચિત્ત.

૩. સ્ત્રી. પરાક્રમ.

૪. સ્ત્રી. પ્રકાશ; કાંતિ; તેજ.

દીધું સ. ક્રિ. આપ્યું; દેવું ભૂતકાળનું રૂપ. આપવું, કરવું, દેવું, બનવું, નાખવું, બોલવું વગેરે કેટલાંક ક્રિયાપદ પછી સહાયકારક તરીકે આ ક્રિયાપદના રૂપનો ઉપયોગ થાય છે. જેમકે, નાખી દીધું, ભરી દીધું, આપી દીધું.

દીધાણી દયા બળી. ગોકુલેત્રિ

દીધેલ વિ. આપેલું.

દીધેલું જુઓ દીધેલ.

દીન ૧. પું. ઇસ્લામી સનના મહિનાનો તેમ જ ઈરાની કે પારસીઓના મહિનાનો ચોવીસમો દિવસ.

૨. પું. ઇસ્લામ ધર્મ.

૩. પું. એ નામના ધર્મને માનનારા લોકો.

૪. પું. કોઈ પણ ધર્મ; સંપ્રદાય.

૧. દીનને સાથ દેવો = ધર્મને માટે લડાઈ કરવી.

૨. દીનમાં મણી જવુ = પોતાના ધર્મમાં બીજાને જોડવો.

૫. પું (જરથોસ્તી) પારસી મુખ્ય હિરસ્તા અરદીબહેશ્તના બાર મહિનો એ નામનો એક દેવતા.

૬. સ. (વિ૫) ઉત્તરે ઓરડી અને પરસાળ તથા પૂર્વે અને પશ્ચિમે પરસાળવાળું ઘર.

આ ઘર પરની ડાબી તરફ અપર્ણા આવે તો તે દીન નામનું ઘર થાય. ગાબાસંહિતા

૭. ન. એ નામના લોકોથી ચોલું તોફાન.

૮. [સં] ન. તમરનું ફૂલ.

૯. ન. ધર્મને નામે મુસલમાનોથી બજાવવામાં આવતો બળાપો.

૧. દીન ઊઠવું–બસવું = મુસલમાન લોકોએ ધર્મને નામે તોફાન કરવું; બળાપો થવો; બંધ ઊઠવું.

૨. દીન બસવો = આબોદાબ થવો; માઠી દશામાંથી સારી સ્થિતિમાં આવવું.

૩ દીનદીન પુકારવું = ધાર્મિક વિપ્લવનો ઝંડો ઉઠાડવો.

૧૧. વિ. ઉદાસ; ખિન્ન.

૧૨. વિ. કંગાલ; દુઃખી; દુર્બળ.

૧૩. વિ. દયા આવે એવું.

૧૪. વિ. નરમ સ્વભાવનું; રોળું; રાંક; ગરીબ; દયામણું; બુરસ્સા વગરનું; નમ્ર.

૧૫. વિ. નિર્ધન; ગરીબ.

૧૬. વિ. લાચાર; બીકણ.

૧૭. વિ. લાચાર; નિરુપાય.

૧૮. વિ. સોમ્યરૂપ.

૧૯. વિ. દીન; નમ્ર.

દીનકર્મ ન. પારસીઓનું એ નામનું ધર્મપુસ્તક.

દીનચુસ્ત [ફા.] વિ ધર્મચુસ્ત.

દીનચેતન [સં.] વિ. ગરીબ, દુઃખી; કંગાલ.

દીનજનભયહર [સં.] વિ. દુ:ખીના દુઃખ ટાળનાર; સંકટ હરનાર.

દીનતા ૧. [સં.] સ્ત્રી. કંગાલિયત; ગરીબી; દીનપણું; દુનિયાદારપણું; ગરીબાઈ

મોટું બોલવું પણ દીનતા દાખવવી નહિ.

નીતિધર્મના મૂળતત્ત્વો

૨. સ્ત્રી ખિન્નતા; ઉદાસી.

૩. સ્ત્રી. દુઃખને લીધે થયેલ વિનીતભાવ; નમ્રતા.

૪. સ્ત્રી. લાચારી; નિરુપાયતા.

અપકારનો કાર્યભાર અને સ્નેહની દીનતા એકમાં શોભતાં નથી. મે.વર્ધનરામ

દીનતાઈ જુઓ દીનતા.

દીનત્વ જુઓ દીનતા.

દીનદયાલ જુઓ દીનદયાળુ.

દીનદયાલુ ૧. [સં.] પું. ઈશ્વર; પરમેશ્વર.

૨. વિ ગરીબ ઉપર દયા કરનાર.

દીનદયાળ જુઓ દીનદયાલુ

દીનદલિત [સં.] વિ. ગરીબ અને ચીતરતી જાતિનું.

દીનદલિતપ્રતિપાલક [સં] વિ. ગરીબ અને હલકી જાતિના લોકોનું રક્ષણ કરનાર.

નવા કાળમાં રાજાઓનું બિરદ લોકાભાગ્ય પ્રતિપાલક બનાવું; પ્રજાપ્રિય સરકારોનું બિરદ દીનદલિતપ્રતિપાલક બનવું જોઈએ

હરિજનબંધુ

દીનદશા [સં.] સ્ત્રી. બરાબ સ્થિતિ.

દીનદાઝ સ્ત્રી. ગરીબના દુઃખની બળતરા; ગરીબનાં દુઃખ દૂર કરવાની દયા.

દુનિયામાં દુખિયો અઢળ છે, પરબ્રહ્મ દીનદાઝે રહે.

કાન્તસિકા

દીનદાર ૧. વિ. ગરીબ.

૨. [ફા.] વિ. દીનવાળું; ધાર્મિક; ધર્મી; ધર્મના કરમાન પ્રમાણ ચાલનાર.

૩. વિ સદ્‌ગુણી.

દીનદારી ૧. સ્ત્રી. ગરીબાઈ, નમ્રતા.

૨. [ફા.] સ્ત્રી. દીનદારપણું; ધર્મનું જ્ઞાનદ મજબૂત પ્રમાણે ચાલવું તે; ધર્માત્મપણું.

૩. સ્ત્રી. સદ્‌ગુણી હોવું તે.

દીનદુખિયું વિ. ગરીબ અને દુઃખી.

દીનદુનિયા ૧. સ્ત્રી. આ લોક અને પરલોક.
દીનદુનિયાથી જવું = બધે દુનિયામાં સુખ ન મળવું.
૨. સ્ત્રી ઝ.ખું જગત.

દીનદુની જુઓ દીનદુનિયા.

દીનદુઃખહરણ ૧. [સં.] પું. ઈશ્વર; પરમાત્મા.
૨. વિ. ગરીબોનાં દુઃખ હરણ કરનાર.
પરમાત્મા દીનદુઃખહરણ છે, પતિતપાવન છે. કાલેલકર

દીનદુઃખી વિ. ગરીબ અને દુઃખી.
હિંદમાંથી દક્ષિણ આફ્રિકામાં મુખ્ય ભાગ અજાણ, ગરીબ દીનદુઃખી મજૂરોનો જ ગયો. ગાંધીજી

દીનનાથ [સં.] પું. ગરીબનો બેલી પ્રભુ; ગરીબનો ધણી; ગરીબનું રક્ષણ કરનાર ઈશ્વર.

દીનનેત્ર ૧. [સં. દીન (ગરીબ) + નેત્ર (આંખ)] ન. દયા ભરેલી આંખ.
૨. વિ. દયામણી આંખવાળું

દીનપણું જુઓ દીનતા.

દીનપનાહ [ફા. દીન (ધર્મ) + પનાહ (રક્ષક)] પું. ધર્મધુરંધર પુરુષ.

દીનપરસ્ત [ફા. દીન (ધર્મ) + પરસ્ત (પૂજક)] વિ. દીન ઉપર આસ્થાવાળું; ધર્મિક.

દીનપરસ્તી સ્ત્રી. દીનપરસ્ત હોવું તે; ધર્મ પ્રત્યે અડિતભાવ; ધર્મ ઉપર આસ્થા.

દીનપરાયણ વિ. ધર્મપરાયણ; ધર્મમાં લીન.

દીનપરાયણતા જુઓ દીનપરસ્તી.

દીનપાલ ૧. [સં.] પું. ગરીબનો બેલી ઈશ્વર.
૨. વિ. ગરીબનું પાલન કરનાર.

દીનબદીન [ફા.] અ. દિવસે દિવસે.

દીનબરહક પું. સત્ય ઉપર રચાયેલો ધર્મ; સાચો ધર્મ.

દીનબંધુ ૧. [સં] પું. ગરીબનો બેલી; પરમેશ્વર; ગરીબનો મિત્ર.
૨. પું. મહાત્મા ગાંધીજીના પરમ અંગ્રેજ મિત્ર રેવરંડ ઍન્ડ્રુઝ. તેને માટે લોકોએ પ્રસંગોપાત કારેલ દીનબંધુનો હુલામણો ઉચ્ચાર પ્રસંગે આપેલ પદવીરૂપે પ્રચલિત થઈ ગયેલ છે.
૩. વિ. ગરીબોને બાંધવ જેવું.

દીનભાગી [સં. દીન (ગરીબ) + ભાગિન્ (ભાગવાળું)] વિ. કમનસીબ; દુર્ભાગી.

દીનભાવ ૧. [સં.] પું. ગરીબાઈ; લાચારપણું; નમ્રતા.
૨. પું. લાચારી.

દીનમતિ ૧. [સં.] સ્ત્રી. ગરીબાઈ; દીનતા.
૨. વિ. નમ્ર બુદ્ધિવાળું; ગરીબ.

દીનમુખ [સં.] વિ. ગરીબ મુખવાળું; ઉદાસ.

દીનરાજ ન. એક જાતનું ફૂલઝાડ.

દીનરાત અ. રાતદહાડો; આખો દહાડો; અહોનિશ.
દીનરાત હવા જોયું ખાવા,
અર્જુન કહે વસ્ત્રો ઉત્પાત. પ્રેમાનંદ

દીનરૈન જુઓ દીનરાત.

દીનબંધુસલ્લા ૧. [સં.] પું. પરમેશ્વર; ગરીબ ઉપર મમતા રાખનાર ઈશ્વર.
દીનોદ્ધાર! હે દીનબંધુ! દીનવત્સલ જગદીશ,
પ્રેમજીવન પ્રિય આ જન દીધુ દેજો તે દિનગીરા. નાનાલાલ
૨. વિ. ગરીબ ઉપર પ્રેમ રાખનાર.

દીનવત્સલતા [સં.] સ્ત્રી. ગરીબ ઉપર લાગણી અને મમતા હોવાં તે.

દીનવદન [સં.] ન. દયામણું મોઢું.

દીનવદનું વિ. ગરીબડું; દયામણા મોઢાવાળું.

દીનવંદન [સં.] ન. ગરીબાઈથી નમવું તે.

દીનવાણી [સં.] સ્ત્રી. આજીજી; કાકલૂદી; લાચારીભર્યું બોલવું તે.
વદે દીનવાણી મૃત્યુ જાણી નેત્રે ઝરણે નીર. પ્રેમાનંદ

દીનવૃત્તિ [સં.] સ્ત્રી. ગરીબાઈ; લાચારી.

દીનશરણ્ય ૧. [સં. દીનશરણ] પું. ઈશ્વર; પ્રભુ.
૨. વિ. ગરીબોને આશરો આપનાર.

દીનશાયક [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

દીનસ્વર જુઓ દીનવાણી.

દીનહીન ૧. [સં.] વિ. કંગાળ; ગરીબ; બિચારું.
૨. વિ. નરમ સ્વભાવનું.
૩. વિ. નિર્બળ; લાચાર.

દીનહીનજનસમાજ [સં.] પું. ગરીબ અને હલકા લોકોનું મંડળ.

દીના ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી; મૂષિકા.
૨. વિ. દીન; ગરીબ.
દાનપતિ રેલાપતિ, વણા નહિ દીના દીના. પ્રેમાનંદ

દીનાનાથ [સં. દીનનાથ] પું. ગરીબનો બેલી પરમેશ્વર; ગરીબનો ધણી પ્રભુ.

દીનાર ૧. [સં.] પું. અડી રૂપિયાની કીમતનો સોનાનો એક પ્રાચીન સિક્કો; મુદ્રા; ઝવેરાત; મોતી. આ સિક્કાનો પ્રયોગ એક વખત એશિયા અને યુરપના ઘણા ભાગમાં હતો. તે કયાંક સોનાનો અને કયાંક ચાંદીનો હતો. રોમસમ્રાટોએ તેની કીમતમાં પણ ફેર હતો. મુસલમાનો આવ્યા તે પહેલાં ઘણા વખત સુધી દીનારનો સિક્કો ભારતવર્ષમાં ચાલતો હતો. હરિવંશ અને મહાવીર ચરિતમાં તેનો ઉલ્લેખ છે. સાંચીમાં બૌદ્ધસ્તૂપનું જે મોટું ખંડેર છે તેના પૂર્વ દ્વાર ઉપર સમ્રાટ ચંદ્રગુપ્તનો એક લેખ છે. તે લેખમાં દીનાર શબ્દ આવે છે અમરકોષમાં પણ દીનાર શબ્દ છે અને તેને નિષ્ક બરાબર એટલે બે તોલાનો માનેલ છે. રઘુનંદનના મત પ્રમાણે દીનાર ૭૨ રતી સોનાનો થતો હતો. અકબરના સમયમાં દીનાર નામનો જે સોનાનો સિક્કો ચાલતો હતો તેનું વજન જુદાજુદા અર્ધા તોલાનું હતું. હિંદુસ્તાનની માફક પ્રાચીન કાળમાં ઈરાન અરબસ્તાનમાં પણ દીનાર નામનો સિક્કો ચાલતો હતો. અરબી અને ફારસી ભાષાના કોષકારે દીનાર શબ્દને અરબી લખ્યો છે, પણ ઈરાનમાં દીનારનો પ્રચાર પ્રાચીન કાળમાં હતો. તે ઉપરાંત રોમન લોકોમાં પણ આ સિક્કો દિનારિયસના નામથી પ્રચલિત હતો. ચારણે ઉપર ધ્યાન દેતાં પણ દીનાર શબ્દ આર્ય ભાષાનો જ પ્રતીત થાય છે. હવે પ્રશ્ન એ રહે છે કે આ સિક્કો ભારતમાંથી ઈરાન, અરબસ્તાન થઈ રોમમાં ગયો કે રોમથી અહીં આવ્યો? જો હરિવંશ આદિ સંસ્કૃત ગ્રંથોની ઘણી પ્રાચીનતા સ્વીકારવામાં આવે તો દીનારને આ દેશનો માનવો પડે.
૨. પું. એકસો આઠ તોલાનું એક વજન.
૩. પું. બે કર્ષ સોનું, ખત્રીસ રતીભાર સોનું.
૪ પું. સીસું.
૫. પું. સોનાનું એક વજન; નિષ્ક જેવડું વજન.
૬. પું. સોનાનો એક જાતનો દાગીનો.
૭. પું. હરકોઈ સિક્કો.

દીનારમાલિકા [સં.] સ્ત્રી. એ નામનું એક આભૂષણ; ઓઢણમાળા.

દીનારી [વિ.] સ્ત્રી ઓઢારની બાંધી; ઓઢારનું ઘાટ આપવાનું ઓજાર.

દીનાવસ્થા [સં.] સ્ત્રી. કંગાળ સ્થિતિ; દૈન્ય; ગરીબાઈ

દીની વિ. દીન સંબંધી, ધર્મને લગતું; ધાર્મિક.

દીનીબંધુમંડળ [સં.] ન. ધાર્મિક સભા; ધાર્મિક મેળાવડો.

દીનીઝ સ્ત્રી. ગોવામાં થતી એ નામની એક જાતની કેરી. તે રંગે કુણિયાર વજનમાં બાર

છે. તેનું કદ કદ્રે ઉંચ લાંબુ અને ગજ ઉંચ પહોળું છે. તેની જાત ઘેરા રંગની અને રસ પીળો, બહુજ લીસો અને દુમની તર જેવો મોટો હોય છે.

દીને ઇલાહી પું. અકબરે ચલાવેલો એ નામનો ધર્મ.

દીને અરહક પું. સત્ય ઉપર રચાયેલો ધર્મ; સાચો ધર્મ.

દીનો વ. કિ. દીધો; દે ધાતુનું ભૂતકાળનું રૂપ.

દીનોઈમાન [ફા. દીન (મરીજ) + વ (અને) + ઈમાન (આસ્થા)] પું. ધર્મ અને શ્રદ્ધા.

> જે ઔરત પોતાના શૌહરને જ ખુદા અને દીનોઈમાન માનનારી હોય છે, તે ઔરતના પ્રાણ શૌહરના વિયોગથી પળમાત્રમાં જ પ્રયાણ કરી જાય છે. નારાયણ વિઠલજી

દીનોઈમાં [ફા. દીન + ઈમાન] પું. ધર્મ અને વિશ્વાસ.

દીનોદ્ધાર [સં.] પું. ગરીબોની ઉન્નતિ.

દીપ્ ૧. [સં.] વ. કિ. ઊગવું; ગરમ થવું.

૨. વ. કિ. ગુસ્સે થવું; ચિઢાવું.

૩. વ. કિ. પ્રકાશવું; ચળકવું; તેજસ્વી થવું.

૪. વ. કિ. પ્રસિદ્ધ થવું.

૫. વ કિ. બહાદુર થવું.

૬. વ કિ. બળવું; સળગવું.

૭. વ. કિ. (ધાતુ) સળગાવવું; રોશની કરવી. તે ઉપરથી થયેલ શબ્દો: દીપક, દીપન, દીપિકા, દીપાવલિ, દીપિ, દીપ.

દીપ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૧ લઘુ અને ૬ ગુરુ મળી ૧૪૯ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે. તેને દીપક છંદ પણ કહે છે.

૨. પું. (પિંગળ) એક સમમાત્રિક છંદ. તે મત્ત છંદનો ભેદ છે. તેમાં સાત માત્રા આવે છે.

૩. [સં.] પું. ચિત્રાનું ઘર.

૪. પું. (પિંગળ) ૨૬ માત્રાનો એક છંદ. તેના અંતમાં ત્રણ લઘુ, એક ગુરુ અને ફરીને એક લઘુ હોય છે.

૫. પું. (સંગીત) દીપકરાગનું; સંધ્યાકાળે ગાવાનો એક રાગ.

૬. પું. દીવો; બત્તી; જ્યોતિ; દીપક.

> મંગલ દીપ દિઇ પરિ પરિ,
> જીરમ આણ્યા અનિકમસ્યુ. ઉષાહરણ

૭. પું. માન આપવાની અથવા પૂજા કરવાની અટકાર માંહેની એક રીત. મુખ્યો આદાદશોપચાર.

૮. પું. શ્રેષ્ઠ પુરુષ. કોઈ કુળ કે સમુદાયના નામ પછી દીપ શબ્દ મૂકવાથી તે કુળ કે સમુદાયમાં શ્રેષ્ઠ પુરુષ એવો અર્થ થાય છે.

૯. [સં. દ્વિપ] પું. હાથી.

> એક માળવ દેશ અધીપ, તેણે લીધો વેચાતો દીપ. દયારામ

૧૦. વિ. પ્રકાશક; પ્રકાશ કરનાર.

૧૧. જુઓ દીપક ૭.

દીપક ૧. [સં.] પું. (સંજ્ઞા) એક અર્થાલંકાર. તેમાં વર્ણ્ય અને અવર્ણ્યના ધર્મનું ઐક્ય વર્ણવવામાં આવે છે. જેમકે, રીઝે સાજણ જોબને, મેઘ શબ્દથી મોર; સાધુજન પરસુખ થકી, ખળ પરદુઃખે નકોર.

૨. પું. એક જાતની આતશબાજી.

૩. પું. એક જાતનો કીડો; દેવિકા. તે ઊધઈના વર્ગનો ગણાય છે.

૪. પું. (પિંગળ) એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૬ લઘુ અને ૬ ગુરુ મળી ૧૪૯ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે. તેને દીપ છંદ પણ કહે છે.

૫. પું. કામદેવ.

૬. પું. ચિત્રાનું ઘર.

૭. પું. (પિંગળ) ૬૪ માત્રાનો એ નામનો એક વૃત્ત. તેમાં ૪ અને ૮ માત્રાએ તાલ આવે છે.

> કલ ચાર પર ભેજ, લઘુ ધાર પદ તેજ;
> પછી અન્યાસ પર ઉદ્ધ દશ કલ દીપકે અદ્ધ.
> ગુરુ ઉપર બર લાલ, લઘુ ઉપર વળી આપ;
> એ દીપ પણ લાલ રહ, પ્રભુગુણ તું ગાલ.
> ઋષિનાથ

૮. પું. દીપ; દીવો; બત્તી; ચિરાગ.

૯. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, તગણ, નગણ, તગણ અને વગણ એમ પંદર અક્ષર હોય છે.

> દીપકમાં ગાવ જ ત ન ત ગા ય કવિ રાખુ.
> ૨ પિંગળ

૧૦. પું. નાચ પણો.

૧૧. પું. (સંગીત) મુખ્ય છ માંહેનો એક રાગ. તે દિવસના ત્રીજા પહોર અથવા દીવા થાય ત્યારે ગવાય છે. પૂર્વાંધાટના સપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમા રિષભ અલ્પમ, પૈવત વિકૃત છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર છે. આરોહે રિષભ અને અવરોહે નિષાદ વર્જ્ય છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. શુદ્ધ દીપકની અસર એટલી બધી છે કે દીપક ગાવાથી વિના અગ્નિએ દીવા પ્રકટાઈ જાય અને ગાનારના હૃદયમાં અગ્નિ પ્રકટે. અકબરના ગવૈયા તાનસેને આ રાગ છેલ્લો ગાયો હતો, ત્યાર પછી તેનો લોપ થયો છે આ રાગ દિવસે અગર વિરહ સમયમાં ગાવાથી શરીર ઉપર ફોલ્લા ઊઠી આવે છે અને રૂઢ પ્રકાર રાગ સાંભળવાથી તે ફોલ્લાઓ શમી જાય છે. હવે આ રાગ કોઈ પણ મર્મજ્ઞ ગુરુ વીને ગાઈ શકતો નથી. આ રાગ પાર્વતીના મુખમાંથી ઉત્પન્ન થયો મનાય છે. તે વીર અને અદ્ભુત રસ ઉત્પન્ન કરે છે. કેદારા, કાનડા, દેસી, કામોદ અને નટ રાગણી એની સ્ત્રીઓ છે. ગૌત, નાયકી, કાહો, રામ, ભયાનટ એ અનુક્રમે તેના પુત્રો છે. તે દરેક પુત્રની પરજ, કામોદનટ, સારંગીસાંખ, નટમલ્લારી, બીહાગરા એ પાંચે રાગણી અનુક્રમે સ્ત્રીઓ છે. તેના શરીરનો રંગ લાલ છે. વસ્ત્ર પણ લાલ છે. તેણે ગળામાં મોટાં સત્ત્વાં મોતીની માળા પહેરેલી છે. મસ્તક મોટા વાળથી ઉપર ઓઢો છે. આસપાસ સ્ત્રીઓનું ટોળું વીંટાઈ વળેલું છે. કેશ છૂટા રાખેલા છે. મધુર સ્વરથી ગાયન કરે છે. આ રાગ મહાદેવજીના પૂર્વ દિશા તરફ રહેલા મુખમાંથી અગ્નિના તેજથી ઉત્પન્ન થયેલો છે એમ કહેવાય છે. મતોનો મત પ્રમાણે તે સુલ્હ એટલે એક હકોમના જમાનામાં મુસ્તફાર અગર કરકુલ નામના પક્ષીની માયમાંથી ઉત્પન્ન થયેલ છે. સુલ્હ હુકમાએ આ રાગની તારીફ જોઈને એનું નામ દીપક પાડ્યું છે. આ રાગ સાંભળવાથી ઘરકની આતશ લાગે છે. વર્તમાન સમયમાં આ રાગ ફુલ છે. તાનસેનના વખત પછી આ રાગ કોઈ ગાતું નથી. તેનું કારણ એમ કહેવાય છે કે, એક વખત બાદશાહ અકબરે પોતાના સર્વ દરબારીઓને ફરમાવ્યું કે, દીપક રાગ કોઈ ગાઓ. તે સર્વમાંથી તાનસેન સિવાયનો કોઈ પણ તેના પ્રભાવ પ્રમાણે ગાઈ શકયુ નહિ. પછી તાનસેને તે ગાયો. તેથી દીવા પ્રકટ થયા. ત્યાર પછી તાનસેને જોયું તો શરીર દાઝી ગયું. આથી તાનસેનથી બને દીપક રાગ ગવાય તો ગાઓ કે જેથી દીપક પ્રગટે. નહિ તો કોઈએ ગાવો નહિ. ત્યાર પછીથી આજ પર્યંત કોઈ દીપક રાગ ગાતું નથી. બીજી વાત એમ પણ કહેવાય છે કે, જે વખત અકબર બાદશાહે તાનસેનને દીપક રાગ ગાવાનું ફરમાવ્યું ત્યારે તાનસેને ઘણી ના કહી કે આ રાગ ગાવાથી મારા હૃદયમાં અગ્નિ પ્રગટ થશે અને તે અગ્નિ મેઘ રાગના સાંભળ્યા વિના બુઝાશે નહિ. એવો કોઈ મનુષ્ય આપણી સભામાં નથી કે જેણે

રાગ ગાય અને તેને પ્રભાવે વૃષ્ટિ થાય કે જેથી મારો અગ્નિ શાંત થાય. પરંતુ બાદશાહે તે માન્ય ન રાખતાં હઠ કરી દીપક રાગ ગવરાવ્યો તેથી દીવા પ્રગટ થયા અને તાનસેનના હૃદયમાં પણ અગ્નિ પ્રગટ થયો. તે શાંત કરવાને તે સભાના મરેલા અસમર્થ હતા, તેથી તાનસેન દિલ્હીથી ચાલી નીકળ્યો. ચાલતાં વડનગર ઉર્ફે વડનગર ગામે પહોંચ્યો. ત્યાં એક નાગર જ્ઞાતિની કુમારિકાએ તેનું દુઃખ મટાડ્યું, એટલે તેણીએ મેઘ રાગ ગાયો તેથી વૃષ્ટિ થઈ અને તાનસેનનો અગ્નિ શાંત થયો. તે ગાનાર કુમારીનું નામ તાના હતું. પાછળથી બાદશાહે તે બાળાને હસ્તગત કરવા કમાણુ કર્યું ત્યારે તે બાળા જેનું નામ તાના હતું અને તેની બહેન જેનું નામ રિરિ હતું અને તે બંને ગામમાં પ્રસિદ્ધ હતી તે બંને બહેનોએ તળાવમાં પડી આત્મહત્યા કરી, પરંતુ બાદશાહ પાસે રજૂ થઈ નહિ. આજે પણ વડનગરના તળાવમાં તાના અને રિરિની દેરીઓ તળાવ વચ્ચે બનેલી છે.

૧૨. પું. મોરની શિખા.

૧૩. ન. કેસર. તે બહુ ગરમ હોવાથી દીપક કહેવાય છે.

૧૪. ન. છરી.

૧૫. વિ. ઉત્તેજક; સતેજ કરનારું.

૧૬. વિ. જગાડને જગાડનાર; જઠરાગ્નિને તેજ કરનાર.

૧૭. વિ. દીપાવનારું.

૧૮. વિ. પુષ્ટિ કરવાવાળું.

૧૯. વિ. પ્રકાશક; પ્રકાશિત કરનાર; દીપ્તિકરક.

૨૦. વિ. સળગાવનાર.

દીપકકીટ [સં.] ન. પુછડીમાંથી પ્રકાશ નીકળતું એક જાતનું જીવડું; 'ગ્લોવર્મ'. દીપકકીટનાં સવનનના દરમ્ય ભાગ્ય હોય છે. રાત્રિના ઘમઘામ અંધકારમાં જ્યારે કેસારી, તમરાઓના અવાજ આવતા હોય છે કે ઝરઘિયું કે ઝરી દૂર દીર્ઘ દીસતા પ્રકાશની રાહ જોતાં સ્વરપોકાર કરચિત કરે છે, ત્યારે ભૂમિતિની મેઘાચંપ જુદી જુદી અકૃતિ ગાઢક પ્રકાશજ્યોતિ ચાલી આવતી દીસે છે. તે નીલો પ્રકાશ આ દીપકકીટોનો હોય છે. આ પ્રકાશ કો વીરાંગનાના ગૂહની બારીમાં બળતા દીવા જેવો દીસે છે. તેની બાદાઓને પ્રકાશરજ હોતી નથી. પસંદગી કરવા તેઓ નર કીટોની સાથે પ્રણાણ કરે છે. આ બધું બહુદ્દ જેવું દીસે છે,

દીપકચાપક જુઓ દીપકપાચક.

દીપકચિત્ર [સં.] ન. દીવાના પ્રકાશથી બતાવાતું ચિત્ર.

દીપકડું (દીપકડુ) વિ દેખાવડું, સુંદર, ચોખીતું.

દીપકદાંડી સ્ત્રી. દીવાદાંડી.

દીપકપર પું. (સંગીત) એક ચતુરસ્રજાતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫, ૯, ૧૩, ૨૧ માત્રા ઉપર છે. તેના કોષ્ટકોના બોલઃ ૧ ૨ ૩ ૪ ધા કિટ ધા ધિગન ધિના ધુમકિટ ધા કિટ ધા ધિગન ધિના ધુમકિટ તાકિટ તતકિટ ધિના ધુમકિટ તાકિટ તતકિટ.

દીપકપાચક [સં. દીપક (જઠરાગ્નિને જગાડનાર) + પાચક (પચાવનાર ઔષધ)] ન. જઠરાગ્નિને વધારી અન્ન પચાવનાર એક જાતનું ઔષધ.

દીપકમાલ [સં.] સ્ત્રી. દીપમાળા; દીવાની હાર. કાન્હડદે પ્રબંધ

દીપકમાલા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, મગણ, જગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે

દીપકમાલામાં ૨ મા જ ગા. રણમલ્લ

૨. સ્ત્રી. (કાવ્ય) દીપક અલંકારનો એ નામનો એક ભેદ.

દીપકલિકા ૧. [સં.] સ્ત્રી. દીવાની શિખા.

૨. સ્ત્રી. વાગ્ભટકૃત સંહિતાની એ નામે એક ટીકા.

દીપકલી [સં.] સ્ત્રી. દીવાની શિખા.

દીપકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ રાગનો એક પેટા રાગ. તે બધુંબરી સાંજના સમયે ગવાય છે.

દીપકવૃક્ષ [સં.] ન. મોટું ગૂંબર. તેમાં દીવા રાખવા માટે અર્ધોતેરી ડાળો નીકળેલી હોય છે.

દીપકસુત [સં. દીપક (દીવો) + સુત (દીકરો)] ન. કાજળ; આંજણ.

દીપકા પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, નગણ, ગુરુ અને લઘુ એમ આઠ અક્ષર હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

દીપકા સ ન ગ લે થી. સ્વરૂપવર્ણન

દીપકાલ [સં. દીપ (દીવો) + કાલ (વખત)] પું. દીવા કરવાનો વખત; સંધ્યાકાળ.

દીપકાલય [સં. દીપક (દીવો) + આલય (સ્થાન)] ન. દીવાનું અળિયું; દીવો મૂકવાનું સ્થાન. રાજપૂતાનામાં જણાવ્યું છે કે, દીવો મૂકવાનું આલય અથવા અળિયું ઘરના જમણા અંગે રાખવું. એ દીપકાલયનું સ્થાન ઘરના ડાબા અંગે અથવા દરેક નીચ કામમાં અથવા ઘરના મધ્ય ભાગમાં કદાપિ કેકાણે કરવું નહિ એમ કહ્યું છે, પણ શ્વેતમંદિરના ડાબા અંગે દીપકાલય હોય તો તે સારું છે

દીપકાલંકાર જુઓ દીપક ૧.

દીપકાવૃત્તિ [સ] પું (કાવ્ય) દીપક અલંકારનો એક ભેદ.

દીપકિકા [સં.] ન. કાજળ; દીવાની મેશ.

દીપકી [સં.] સ્ત્રી જાજ પક્ષિસ્ત્રી.

દીપકૂપી [સં.] સ્ત્રી. દીવાની વાટ; બત્તી.

દીપખોરી [સં.] સ્ત્રી. દીવાની દિવેટ; દીવાની બત્તી.

દીપગર્ભ [સં.] પું. મરજો. આ શબ્દમાંથી પૂર્વપદ દીપનો લોપ થઈને મરજો શબ્દ બનેલો જણાય છે. દેવી પાસે અખંડ બળતો નંદાદીપ સહિત ઘડામાં મૂકીને તેની આસપાસ ભક્તમંડળી પ્રદક્ષિણા કરે છે. તે જ પ્રમાણે નવરાત્રમાં ગરબા મહીદીપને મધ્યમાં મૂકીને તેને શક્તિસ્વરૂપ માનીને સૌભાગ્યવતી સ્ત્રીઓ તેની પ્રદક્ષિણા કરે છે. ભક્તિનો આવેશ વધતાં મધ્ય ભાગે મૂકાતા પૂર્ણ મહીદીપ એટલે મરજાને માથા ઉપર મૂકીને ફરવાની સ્ત્રીઓને હોંસ થઈ. એ જ પ્રમાણે પ્રત્યેક સ્ત્રી પોતપોતાનો ગાવો મરજો માથા ઉપર મૂકીને વર્તુલાકારમાં ફરવા માંડી. પછીથી ભક્તિનો આવેશ વિશેષ વધતાં પોતાનો ભાવ ભક્ત કરવા સારૂ એ સ્ત્રીઓના કંઠમાંથી સુસ્વરી આલાપો નીકળવા લાગ્યા. આલાપોને ભાષાની પણ મદદ મળી. પરંતુ તેટલાથી જ અંત:કરણની ભાવનાને પૂર્ણ સંતોષ થયો નહિ. આલાપ લેતા લેતાં અને મરજો માથા ઉપર લઈને ફરતાં ફરતાં હાથ, પગ, આખો અને વાણી એ બધાં નાચવા લાગ્યાં. પરિણામે નૃત્યનું અને મરજા સાથે ગવાતા ગાનનું ફરવાની ગતિ સાથે તાદાત્મ્ય થયું. આ રીતે ગુજરાતમાં ગવાતા લોકપ્રિય મરજાની ઉત્પત્તિ થઈ. ફાગુજ્ઞાનમાં મરજો કાલ્પનાત્મક નહિ પણ પાત્રાત્મક હતો. ગુજરાતમાં અનેક છિદ્રવાળા ઘડાને મરજો કહે છે. ઘડાને એવી રીતે છિદ્ર પાડવાની ક્રિયાને મરજો કોરાવવો એમ કહે છે. મરજાના આ સ્થૂળ સ્વરૂપ ઉપરથી જ મડલાકાર ફરનારી સ્ત્રીઓના વર્તુલને પછી મરજો એવું નામ મળ્યું. એવી રીતે પ્રથમ સ્થૂળ ઘડો, પછી મરજો રમવાની ક્રિયા અને છેવટે મરજો રમનારી સ્ત્રીઓ એ બધા એકરૂપ થઈ ગયા. મરજો એ શબ્દમાં ત્રણેનો સમાવેશ થઈ ગયો. છેવટે એ રીતે ગવાતાં ગાનોનું પણ મરજા એવું નામ લોકોમાં રૂઢ થયું.

દીપગૃહ [સં. દીપ (દીવો) + ગૃહ (ઘર)] ન. દીવાદાંડી.

દીપચંદ પું. (સંગીત) ચૌદ માત્રાનો એક જાતનો તાલ.

દીપચંદી પું. (સંગીત) ચૌદ માત્રાનો એક તિસ્ર જાતિ તાલ; ચર્ચરી; ચાચર; હોરી. તેનાં તાલસ્થાન ૧, ૪, ૧૧ માત્રા ઉપર હોય છે. આઠમી માત્રા ઉપર ખાલી આવે છે.

દીપધોપક ન. દીવાનું ઢાંકણું.

દીપચિત્ર ૧. [સં.] ન. એક જાતનું સિંહાસન.

સિંહાસનમાં વજ્ર પદ્મ, માત્રિકા પદ્મ, મેરિકા, આસન અને છાદ્ય હોય એવું જે સિંહાસન હોય તેનું દીપચિત્ર નામ કહેવાય. રાજવલ્લભ

૨. ન. એક જાતનો ગોખ, તેને ચાર છાજ હોય છે.

જેને ચાર છાજ હોય તેનું દીપચિત્ર નામ છે. રાજવલ્લભ

દીપચેલ્લ (દીપચેલ્લ) જી. ગોમાસામાં ઊગતી એક જાતની વેલ. તે બહુ ફાંગી થાય છે. તેમાં સાકર ઉકાળીને બનાવેલાં વિકસ્વર પાન આવે છે. ફૂલ પીળા રંગના જાયફળી કેદરવાળાં અને ફળ ગોળાકાર લેતાં અણીદાર હોય છે. તેનાં પાન દીપકના પંખ જેવાં હોવાથી તે દીપચેલ્લ કહેવાય છે. તે દવામાં વપરાય છે. તેનાં પાન ચાવવાના સોપ્ત ઉપર ખવાય છે.

દીપચિયું (દીપચિયું) વિ. દીપકના જેવાં આકા હોય એવું.

દીપચી (દીપચી) જી. દીપકાની માદા.

દીપચું (દીપચું) ૧. ન. દીપકાનું નાનું બચ્ચું.

૨. ન. નાનો દીપકો.

દીપચો (દીપચો) ૧. [સં. દીપ] પું. ચિત્તો, ચીતરો; વાઘની જાતનું એક પ્રાણી. તે સાત આઠ ફૂટનું થાય છે. તે બહુ ખાધું છે. તેનો સાધારણ ખોરાક સાબર, ભેંસા, હરણ તથા ઢોરનો છે. તેના શરીર ઉપર ગોળ કુંડાળાં હોય છે, તેથી તે બહુ ખૂબસૂરત લાગે છે. તેની બે જાત થાય છે: મોટી અને નાની.

૨. પું. મોટો દીપડો.

દીપત ૧. જી. કાંતિ; ચમક; પ્રભા; જ્યોતિ.

૨. જી. કીર્તિ; યશ.

૩. જી. શોભા.

દીપતરુ ૧. [સં.] પું. દીવાનું ઝાડ.

૨ પું. દેવદારનું ઝાડ.

દીપતું ૧. વિ. ભાવતું; પસંદ; ગોઝ; લાયક; ઉચિત.

૨. વિ. સુંદર; કોળીતું.

દીપદ્રુમ પું. (ચિત્રા) એ નામનો એક માત્રામેળ છંદ.

દીપદર્શન ૧. [સં.] ન. દીવાનું દર્શન કરવું તે.

૨. ન. દીવો પ્રગટાવ્યો વખતે તેને નમસ્કાર કરવા તે; પહેલી વખત દીવો સળગાવે ત્યારે એકબીજાને માન આપવું તે.

દીપદાન ૧. [સં.] ન. કાર્તિક સ્નાન કરતાં પડિયામાં દીવો કરી નદીમાં વહેતો મૂકવો તે.

૨. ન. કોઈ દેવની આગળ દીવો ભળાવવાનું કામ. પૂજનનું આ એક અંગ ગણાય છે.

૩. ન કોઈ સગાના મરણ પછી પીપળા ઉપર બાંધતાં લટકાવવાની જળપુરીના અંધારવાળા રસ્તા ઉપર મરી ગયેલાને પ્રકાશ બતાવનારી વિધિ; મૂએલા પાછળ દીવો કરવો તે.

૪. ન. દેવને દીવો ચઢાવવો તે.

૫. ન. નાની દિવાળી.

૬. ન. મરણ નજીક હોય એવા માણસ પાસે કરાવવામાં આવતા એક સંસ્કાર.

૭. ન. રાધા દામોદરના નિમિત્ત કાર્તિક માસમાં પગ્યા દીવા ભાળવાનું કૃત્ય.

દીપદાની ૧. [સં. દીપ (દીવો) + આધાન (સ્થાપન)] જી. દીવી.

૨. જી. પૂજનના સામાનમાંથી ઘી, બત્તી વગેરે દીવો બાળવાની સામગ્રી રાખવાની દાની; પૂજની સામગ્રી રાખવાનો ડબરો.

દીપદીન પું. જરથોસ્તી મહિનાનો એ નામનો ત્રોતેરમો દિવસ

દીપધ્વજ [સં. દીપ (દીવો) + ધ્વજ (ધજા)] પું. દીવાની મેશ; કાજળ.

દીપન ૧. [સં.] પું. દીવો

૨. પું (વૈદક) પારદનો એક સંસ્કાર. હીરાકસી, પંચલવણ, રાઈ, મરી અને સરગવાનાં બીજ તથા ટંકણખાર સાથે કાંજીમાં ઘોળવાથી ત્રણ દિવસ સ્વેદ આપવાથી કે આક ચિત્રકના ક્વાથમાં કાંજી સાથે ત્રણ દિવસ સ્વેદ આપવાથી પારદનો દીપન સંસ્કાર થાય છે. રસેશ્વર દર્શન અનુસાર પારદનો આ સાતમો સંસ્કાર છે. આ દર્શનને માનવાવાળા રસ જમત્ર પારાને જ સંસાર પરપારપ્રાપ્તિનું મરણ અને રસજ્ઞાનને દેહનેપૂર્વક મુક્તિનું સાધન માને છે

૩. પું. પલાશ; ફૂંગળી.

૪. પું. મંત્રના દશ માહેનો એક સંસ્કાર. તેના વિના મંત્રની સિદ્ધિ થતી નથી.

૫. ન. ઉત્તેજના; સંતોષ કરવું તે.

૬. ન. એક જાતનું ઝાડ; અમૂરાજ્યા વૃક્ષ.

૭. ન. કુંકુમ; કેસુ.

૮. ન. કેસર

૯. ન. જઠરાગ્નિ. તીવ્ર કરવાની ક્રિયા; ઓજરીમાં ખૂબ ગરમાવો કરવાની ક્રિયા

૧૦. ન. જઠરાગ્નિ વધારે અને ખોરાકને પચાવે તેવી વસ્તુ. જેમકે, ચિત્રક.

૧૧. ન. તમરનું મૂળ. તમર ખાવાથી ખૂબ વધે છે માટે તેને દીપન કહે છે.

૧૨. ન પ્રકાશિત કરવાનું કામ; પ્રકાશ માટે બજાવવાનું કાર્ય; પ્રકાશન.

૧૩. ન. પ્રદીપ્ત કરવું તે.

૧૪ ન. જાગવું તે.

૧૫. વિ. જઠરાગ્નિ વધારે; અગ્નિમાંદ્ય દૂર કરનાર.

૧૬. વિ. દીપક; ઉજ્જ્વળ.

૧૭. વિ. દીપાવે એવું; પ્રકાશિત કરનારું

૧૮ વિ. ખૂબ ગરમાવો એવું; જઠરાગ્નિ પ્રદીપ્ત કરનારું.

દીપનગણ [સં.] પું. જઠરાગ્નિ તીવ્ર કરનાર પદાર્થોનો વર્ગ. ખૂબ ગરમાવો તેવી ઔષધિઓનો વર્ગ. આ વર્ગમાં પાચન, અજમોદ, છાર વગેરે આવે છે.

દીપનપાચન [સં.] પું. ઠંડાપાન.

દીપનપાચન [સં] ન. જઠર માહેના ખોરાકને પચાવી ખૂબ ગરમાવો તે.

દીપની ૧. [સં.] જી. અજમોદ.

૨. જી. કાકડી

૩. જી. ત્રિફળા.

૪. જી. પહાડમૂલ

૫. જી. (સંગીત) પ્રબંધની ધાય માંહેની એ નામની એક જાતિ; ચાર અંગવાળો પ્રબંધ

૬. જી એરંડી. એરંડીનું ઝાડ અથવા એરંડીવાળા ખાવાથી જઠરાગ્નિ વધારે છે માટે તેને દીપની કહે છે.

૭. જી. વચ્ચની, અજમા

દીપનીય ૧. [સં.] પું. અજમોદ.

૨ પું. પીપર

૩. પું. સૂંઠ, પીપર અને મીંઢાંનું ચૂર્ણ તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે

૪. વિ. દીપાવવા યોગ્ય.

૫. વિ. બાળવા યોગ્ય; પ્રદીપ્ત કરવા જેવું.

૬. વિ. ખૂબ ઊપડનાર; જઠરાગ્નિને વધારનાર.

૭. વિ. ઓજાયમાન; જેદીપ્યમાન.

દીપદ્રુમ [સં. દીપ (દીવો) + વૃક્ષ (ઝાડ)] ન. હાથમાં દીવો લઈ કરાતું નૃત્ય.

દીપપાત્ર [સં. દીપ (દીવો) + પાત્ર (વાસણ)] ન. દીવાનું વાસણ; દીવી.

દીપપાદપ ૧. [સં. દીપ (દીવો) + પાદપ (ઝાડ)] ન દીવાનું ઝાડ.
૨. ન. દીવો મૂકવાની દીવી.

દીપપુષ્પ [સં] પું. ચંપક વૃક્ષ; ચંપો.

દીપપૂજન ૧. ન. દિવાસો. દીપપૂજા.
૨. [સં.] ન. દીવાનું પૂજન.

દીપપૂજા ૧. [સં.] સ્ત્રી. દિવાસો; મંદિરોમાં સંધ્યાસમય દીવા કરવાનો વિધિ; અષાઢ વદિ અમાસ.
૨. સ્ત્રી. જોગીઓનું એક વ્રત. આ વ્રતમાં અખંડ દીવો બાળી તેનું પૂજન થાય છે.

દીપપ્રહર પું. જરથોસ્તી મહિનાનો એ નામનો પંદરમો દિવસ.

દીપમંડપ [સં.] પું. દીવાનો મંડપ.

દીપમાલા ૧. પું. (પિંગળ) ચાળીસ માત્રાનો એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૧૨, ૧૦, ૧૦ અને ૮ માત્રાએ યતિ એટલે વિરામ આવે છે. તેમાં ત્રીજી અને તે પછી દર પાંચ માત્રાએ તાલ આવે છે.

> છે યતિ પ્રથમ બાર ને, દશ ઉપર બાર ને,
> તે ઉપર દશ ધરી, આઠ પર આપ,
> એ રીત રચવી ચરણ, ચાળી માત્રા સકળ,
> દીપમાલા દઈ, યતિ કવિ કહ્યું;
> છે ત્રણ ઉપર તાલ ને, પ્રાસ બાકીને વળી,
> આપ્યું પ્રતિ ચરણમાં, આઠ ધરી ગાઓ,
> ભણી પ્રભાતે કરે, કાવ્ય પરભાવથી,
> ઉંચ ગુણગાનનો, પ્રેમથી પાઠ.
> રઘુપિંગળ

૨. સ્ત્રી. દીપદાન કે આરતી માટે સળગાવેલી બત્તીઓનો સમૂહ.
૩. [સં. દીપ (દીવો) + માલા (હાર)] સ્ત્રી. દીવાઓની હાર, રોશની; દીપમાળ; દીવાની પંક્તિ. દિવાળીના દિવસોમાં આ પ્રમાણે દીવા સળગાવી હારમાં રાખે છે.

દીપમાલિકા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; દોણપુષ્પી. ત સાપનું ઝેર ઉતારવામાં વપરાય છે.
૨. સ્ત્રી. દિવાળી.
૩. [સ. દીપ (દીવો) + માલા (હાર) + ધર (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દીપદાન કે આરતી માટે સળગાવેલી બત્તીઓનો સમૂહ; દીવાની હાર.

દીપમાલી [સં] સ્ત્રી દીપમાલિકા; દિવાળી.

દીપમાળ ૧. પું. જહાજોટો આ એક સીધો હોય છે. શુમારે માથોડું ઊંચો વધે છે. તેનાં પાંદડાં કાતરાદાર હોય છે અને એક હાથના અંતરે મૂળ પાસેથી એક ઉપર એક એનાં ગુચ્છ લાગે છે. એ ગુચ્છ ઉપર ખારીક દાંતા જેવાં ફૂલ આવે છે. ગુચ્છમાં દાણા ખારીક બી હોય છે. આ બી દૂધમાં વાટી અતિસાર ઉપર પીવામાં અપાય છે. માથા ઉપર અમાસ આઠ થાય ત્યારે તે ઉપર ગુચ્છને બાળી તેની રાખ તેલમાં ભરવ કરી ચોપડવી.
૨. [સં. દીપમાલા] સ્ત્રી. દીવાઓની માળા કે હાર; હારે હારે દીવાઓ કરવા માટે બનાવેલી રચના.
૩. સ્ત્રી. દીવાની હાર મૂકવી હોય તે સ્તંભ; દીવાઓ માટેનો સ્તંભ.

દીપમાળા જુઓ દીપમાલા.

દીપવલી સ્ત્રી. દીવાઓની હાર; દીપમાળા.

દીપવતી [સં.] સ્ત્રી. ભવિષ્ય પુરાણમાં જણાવેલી એ નામની એક નદી. તેની પૂર્વે કુંમાર નામનો પર્વત હોવાનું મનાય છે.

દીપવવું [સં. દીપ્ (પ્રકાશવું)] અ. ક્રિ. દીવે એમ કરવું.

દીપવું ૧. [સં. દીપ્] અ. ક્રિ. ઝળઝળવું; ઝળાંઝળાં થવું; પ્રકાશવું; ચળકવું; તેજ મારવું.
૨. અ. ક્રિ. ઝમઝમવું; ચમકવું.
૩. અ. ક્રિ. ઝળકવું; પ્રકાશવું.
૪. અ. ક્રિ. શોભવું; સુંદર દેખાવું.
૫. અ. ક્રિ. હોવાનાં કે બોલ બાવતાં સારું લાગવું.
૬. અ. ક્રિ. હોંશિયારી દેખાવી; મોંની તેજી મારવી.

દીપવૃક્ષ ૧. [સં] ન દીવાનું ઝાડ
૨. ન. દીવો મૂકવાની દીવી; ચિરાગદાની.

દીપશત્રુ [સં. દીપ (દીવો) + શત્રુ (દુશ્મન)] પું. પતંજિયું, જેમાં તે દીવાને હારી જાય છે.

દીપશલાકા [સં. દીપ (દીવો) + શલાકા (સળી)] સ્ત્રી. દીવાસળી.

દીપશિખ પું (જૈન) એક જાતનું કલ્પવૃક્ષ.

દીપશિખા ૧. [સં.] સ્ત્રી. દીવાની જ્યોત; દીવાની જ્વાળા; પ્રદીપ જ્વાળા.
૨. સ્ત્રી. દીવાનો ધુમાડો અથવા મેલ.
૩. સ્ત્રી. (જૈન) ચક્રવર્તિ ચક્રવર્તીની એ નામની સ્ત્રી.

દીપશિખાંગ [સં.] ન. એક જાતનું કલ્પવૃક્ષ.

દીપશૃંખલા [સં.] સ્ત્રી. દીવાની હાર; દીવાની પંક્તિ; દીપમાળા.

દીપસળી [સં. દીપ (દીવો) + શલાકા (સળી)] સ્ત્રી. દીવાસળી.

દીપસંજ્ઞ [સં.] પું. ચિત્રાનું ઝાડ.

દીપસુત [સં. દીપ (દીવો) + સુત (પુત્ર)] ન. અંજન; કજ્જલ; આંજણ.

દીપસ્તંભ [સં. દીપ (દીવો) + સ્તંભ (થાંભલો)] પું. દીપમાળ પ્રકટાવવા માટે ઊભો કરેલો થાંભલો.

દીપંકર પું બુદ્ધનો એ નામનો એક અવતાર.

દીપા [સં. દીપક] પું. બળતો દીવો; બત્તી.

દીપાગ્નિ ૧. [સં. દીપ (દીવો) + અગ્નિ] પું. દીવાની શિખાની બરબર.
૨. પું. મૂર્તિમાં આવી જાય તેટલા ભક્ત લોકોની આઠમા આગળની ચોરીને સળગાવી કરાતો અગ્નિ.

દીપાન્વિતા [સં.] સ્ત્રી. દિવાળી. તે દિવસે પ્રદોષ સમયે લક્ષ્મીપૂજન, દીપદાન વગેરે કરાય છે.

દીપાલય [સં. દીપ (દીવો) + આલય (સ્થાન)] ન. દીવો રાખવાનું ઠેકાણું.

દીપાવતી [સં.] સ્ત્રી. (સંગીત) દીપક અને સરસ્વતીના મિશ્રણથી બનેલ એક રાગણી.

દીપાવનહાર વિ. દીપાવનાર; શોભાવનાર.

દીપાવલિ જુઓ દીપાવલી.

દીપાવલી ૧. [સં. દીપ (દીવો) + આવલી (હાર)] સ્ત્રી. આસો વદિ અમાવાસ્યા; દિવાળી. આસો વદિ તેરશથી કારતક સુદિ બીજ સુધી જે ઉત્સવ મોટા ઠાઠમાઠથી પાળવામાં આવે છે, તે દીપાવલી કે દિવાળીના નામથી પ્રસિદ્ધ છે. શાસ્ત્રોક્ત રીતે જોતાં દિવાળીનો તહેવાર, ધનતેરસ, કાળીચૌદશ કે નરકચતુર્દશી અને દિવાળી એ જુદા દિવસનો છે, તોપણ અતિપ્રતિષ્ઠા અને ધર્મદૃષ્ટીવાળી મનુષ્યની પ્રજા તહેવારમાં ગણેલી છે. આ પાંચે દિવસનાં નામ જુદાં જુદાં છે અને દરેક દિવસે અમુક નિશ્ચિત ધર્મવિધિ કરવામાં આવે છે. દિવાળીને દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. તે વિષે જોવી કથા છે કે, જૂના વખતમાં બલિ નામનો એક મોટો વૈભવશાળી રાજા હતો. તેણે પોતાની સપ્રવૃત્તિ અને પરાક્રમથી દેવદિગોને પણ કારાગૃહમાં પૂરી રાખ્યા હતા. સાક્ષાત્ લક્ષ્મીને પણ બલિના દેદબાનામાં રહેવું પડ્યું હતું. તે વખતે ત્રિવિક્રમે વામનરૂપ ધારણ કરીને ત્રણ પગલાં ભૂમિનું દાન માગવાનો હોમ કર્યો અને આખા વિશ્વ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપન કર્યું. બધા સાથે લક્ષ્મીજી પણ મુક્ત થયાં. બલિને પાતાળમાં પૂરી રાખવામાં આવ્યો. લક્ષ્મીનો એ રીતે અસુરોના હાથમાંથી છુટકારો

ગયો તેથી બધાને આનંદ થયો અને તેનો વાસ દરેકના ઘરમાં કાયમનો થાય તે માટે ભક્તિપૂર્વક તેની પૂજા કરવાનો રિવાજ તે દિવસથી પ્રચારમાં આવ્યો. નવા વિક્રમ સંવત્સરનો આરંભ કાર્તિક સુદિ પ્રતિપદાથી થતો હોવાથી વેપારીઓ હિસાબના નવા ચોપડાનું આ દિવસે પૂજન કરે છે. આને ચોપડા પૂજન કહે છે. કેટલેક સ્થળે તે દિવસે કાર્તિક સ્વામીની મૂર્તિને અર્ઘ દીવાની પંક્તિ સજાવાય છે.

૨. સ્ત્રી. દીવાઓની હાર; દીપશ્રેણી.

દીપાવવું જુ. કિ. દીપવવું.

દીપાંગ પું. (જૈન) એક જાતનું કલ્પવૃક્ષ. તેમાંથી દીવા જેવી જ્યોતિ પ્રગટે છે.

દીપાંવતા જુઓ દીપાન્વતા.

દીપિકા ૧. સ્ત્રી. અજમો.

૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. તે હિંડોલ રાગની પત્ની મનાય છે અને પ્રદોષ વખતે ગવાય છે.

૩. [સં. દીપ (દીવો) + પક્ષ (પાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દીવો મૂકવાની દીવી; દીવો મૂકવાની ઊભી બેઠકવાળી.

૪. સ્ત્રી. નાનો દીવો.

૫. સ્ત્રી. મશાલ.

૬. સ્ત્રી. સરળ ભાષામાં સમજાવેલ જ્ઞાન.

૭. વિ. સ્ત્રી. પ્રકાશ કરનારી.

દીપિકાગ્રાહ [સં. દીપિકા (દીવો) + ગ્રાહ (પકડનાર)] પું. મશાલચી; મશાલ પકડનાર માણસ.

દીપિકાતૈલ [સં.] ન. કાનના દરદ ઉપર વપરાતું એક ઔષધીય તેલ.

દીપિકાપૂક્ષ [સં. દીપ (દીવો) + પક્ષ (પાળું) + આ (નારીજાતિનો પ્રત્યય) + વૃક્ષ (ઝાડ)] ન. એક જાતનું ઝાડ. આ ઝાડ બાસ કરીને પતંગિયામાં થાય છે. આ ઝાડનાં ફળ મીંઢળપત્તીના આકારનાં અને આશરે બાર ફૂટ લાંબાં થાય છે. ફળનો રંગ પણ મીંઢળના જેવો પીળાશ પડતો હોય છે. આ ઝાડમાંથી માત્ર દેખાવનું જ નથી, દરેક ફળમાં આકર્ષ કરતાં વધારે વજન જેટલી ચરબી હોય છે, જેમાંથી દીવો સળગાવવાનું તેલ બને છે.

દીપિત ૧. [સં.] વિ. ઉત્તેજિત.

૨. વિ. પ્રકાશવાળું; પ્રકાશિત કરેલું.

૩. વિ. બળેલ.

૪. વિ. સતેજ કરેલ.

દીપોત્સવ [સં. દીપોત્સવ] ૧. પું. દિવાળી.

૨. પું. દીવા સળગાવી ઉત્સવ કરવો તે.

દીપોત્સવ ૧. [સં. દીપ (દીવો) + ઉત્સવ (આનંદ)] પું. દિવાળી.

૨. પું. દીવા સળગાવી ઉત્સવ કરવો તે.

દીપોત્સવી ૧. સ્ત્રી. દિવાળી.

૨. સ્ત્રી. દીપોત્સવ દીવા સળગાવી ઉત્સવ કરવો તે.

દીપ્ત ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. દીવો.

૩. પું. ચિત્રાનું ઝાડ.

૪. પું. નાકનો એક જાતનો રોગ. આ રોગમાં નાકમાં ખળતરા થાય છે.

૫. પું. નાનું લીંબું.

૬. પું. સિંહ.

૭. ન. અઠ્યાવીસ માત્રાનો એ નામનો એક છંદપ્રકાર.

૮. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું પાંચમું અંગ.

૯. ન. સોનું

૧૦. ન. હિંગ; બચ્ચારણી.

૧૧. વિ. તીક્ષ્ણ.

૧૨. વિ. પુષ્ટ.

૧૩. વિ. પ્રકાશિત; ચળકતું; તેજસ્વી; ઝળઝળતું.

૧૪. વિ. પ્રખર; પ્રચંડ.

૧૫. વિ. પ્રસિદ્ધ.

૧૬. વિ. મારનાર.

૧૭. વિ. સળગાવેલું; જ્વલિત; ઝળઝળતું.

દીપ્તક ૧. [સં.] પું. નાકનો એક રોગ. તે રોગમાં નાકમાં ખળતરા થાય છે.

૨. ન. સોનું.

દીપ્તકિરણ ૧. પું. આકાશનો ગોળ.

૨. [સં.] પું. દીપ્તાંશુ; સૂર્ય.

દીપ્તકીર્તિ ૧. [સં.] પું. (પુરાણ) પ્રતિક સ્વામી.

૨. સ્ત્રી. પ્રકાશમાન યશ; પ્રદીપ્ત કીર્તિ.

૩. વિ. પ્રદીપ્ત યશવાળું; પ્રકાશમાન કીર્તિવાળું.

દીપ્તકેતુ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. તેજસ્વી ધજા.

૩. પું. દક્ષસાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.

૪. વિ. પ્રદીપ્ત ધજાવાળું; તેજસ્વી ધજાવાળું.

દીપ્તજિહ્વા ૧. [સં.] સ્ત્રી. ઉલ્કામુખી; સિંચાણની માદા; સિંચાણણી; સુગાવી. સિંચાણના મુખનો આગલો ભાગ કાળાશ પડતો હોય છે, તેથી તેનું નામ ઉલ્કામુખી પડ્યું. જગતા ખિતે કે પ્રકારનો પણ ઉલ્લેખ કરે છે. તેથી અમારો સિંચાણનું નામ દીપ્તજિહ્વા પડ્યાનું મનાય છે. ૨. જુઓ. કૃત્રિમાક્ષર નામ.

દીપ્તતા [સં.] સ્ત્રી. તેજ.

દીપ્તપિંગલ [સં. દીપ્ત (સોનું) + પિંગલ (લાલાશ પડતા પીળા રંગનું)] પું. સિંહ. તે સોનેરી પીળા રંગનો હોય છે.

દીપ્તમંડલ [સં.] ન. પરિવેષ; પ્રભામંડલ; તેજોમંડલ; પ્રભામંડ.

દીપ્તમૂર્તિ ૧. [સં.] પું. વિષ્ણુનાં ૬૦૦ માંહેનું એક નામ. ભગવાનની જ્ઞાનમયી મૂર્તિ દીપ્ત છે તેથી, અથવા પોતાની પ્રભાથી ધારણ કરેલી તેજસ્વી મૂર્તિ દીપ્તમતી છે તેથી તે દીપ્તમૂર્તિ કહેવાય છે

૨. સ્ત્રી. પ્રકાશમાન મૂર્તિ.

૩. વિ. તેજસ્વી મૂર્તિવાળું; પ્રકાશમાન સ્વરૂપવાળું

દીપ્તમૂર્ત્તિ જુઓ દીપ્તમૂર્તિ

દીપ્તરસ [સં. દીપ્ત (પ્રકાશિત) + રસ] પું. એક જાતનો કીડો. રાતના અંધારામાં આ કીડાના શરીરના રસમાંથી એક પ્રકારની પ્રભા નીકળે છે.

દીપ્તરોમા ૧. [સં. દીપ્તરોમન્] પું એ નામનો એક વિષધર.

૨. વિ. જે પ્રદીપ્ત રુવાંટાંવાળું; તેજસ્વી રુવાટાંવાળું

દીપ્તલોચન ૧. [સં. દીપ્તિ (પ્રકાશિત) + લોચન (આંખ)] પું. ભિક્ષુ. અંધારામાં જેની આંખ ચળકાટ કરતી હોય છે

૨. પું. (પુરાણ) સોમવંશી પૃતરાષ્ટ્રનો એ નામનો પુત્ર.

દીપ્તલોહ ૧ [સ.] ન. કાંસું.

૨ ન ટીપેલું લોઢું.

૩. ન. તપાવેલ લાલ લોઢું

દીપ્તવર્ણ ૧. [સં.] પું કાર્તિક સ્વામી, કાર્તિકેય.

૨. ન. સોનું

૩. વિ. તેજસ્વી રંગવાળું.

૪. વિ. સોના જેવા ચળકતા રંગવાળું.

દીપ્તશક્તિ ૧. [સં.] સ્ત્રી. પ્રકાશમાન સામર્થ્ય.

૨. વિ. પ્રકાશિત; ચળકતું

૩. વિ પ્રદીપ્ત શક્તિવાળું; પ્રકાશમાન સામર્થ્યવાળું.

દીપ્તા ૧. સ્ત્રી. એક જાતનો ચોર.

૨. [સ] સ્ત્રી. મજીઠવણી

૩. સ્ત્રી. લાલથી રક્ત

૪. સ્ત્રી (સંગીત) શ્રુતિના બાવીસ ભેદોમાંનો એ નામનો એક પ્રકાર. તેમાં તીવ્રા, રૌદ્રી, વજ્રિકા, ઉગ્રા વગેરે શ્રુતિઓનો સમાવેશ થાય છે.

૫. વિ. સ્ત્રી. પ્રકાશિત; તેજસ્વી.

દીપાક્ષ ૧. [સં. દીપ (અજવાળું) + અક્ષિ (આંખ)] પું. બિલાડો. તેની આંખ અંધારામાં અજવાળું કરે છે.
૨. પું. મોર.
૩. વિ. અજવાળી આંખવાળું.

દીપાવલી [સં.] સ્ત્રી. બિલાડી.

દીપાગ્નિ ૧. [સં.] પું. (પુરાણ) અગસ્ત્ય મુનિ. તેણે સમુદ્ર પીધો હતો અને વાતાપિ નામના રાક્ષસને પચાવ્યો હતો.
૨. [સં. દીપ (પ્રકાશિત) + અગ્નિ] પું. પ્રકાશિત અગ્નિ; દીપેલો અગ્નિ.
૩. પું. મઠીમાં આવી રહે તેટલા લાડા બાજરાની આઠમા ભાગની ચોરીને સળગાવી કરેલ અગ્નિ.
૪. વિ. અગ્નિ જેવું તપેલ.
૫. વિ. જેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય એવું; પ્રબળ પાચનશક્તિવાળું.
૬. વિ. પ્રકાશવાળું.
૭. વિ. ભૂખ્યું; જેને બહુ ભૂખ લાગી હોય એવું

દીપાંગ ૧. [સં. દીપ (દીપે એવું) + અંગ (શરીર)] પું. મોર પક્ષી.
૨. ન. પ્રદીપ્ત અંગ; પ્રકાશમાન શરીર.
૩. વિ. પ્રદીપ્ત અંગવાળું; પ્રકાશમાન.

દીપાંશુ ૧. [સં. દીપ (દીપે એવું) + અંશુ (કિરણ)] પું. આકડો.
૨. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

દીપિ ૧. [સં.] પું. એ નામનો એક વિષરોગ.
૨. સ્ત્રી. કાંસું.
૩. [સં. દીપ્ (પ્રકાશવું)] સ્ત્રી. જ્યોતિ; પ્રકાશ, તેજ; કાંતિ.
૪. સ્ત્રી. જ્ઞાનનો પ્રકાશ. તેથી વિવેક આવે છે અને અજ્ઞાનરૂપ અંધકાર દૂર થાય છે.
૫. સ્ત્રી. ચોર.
૬. સ્ત્રી. દિવ્ય તેજ
૭. સ્ત્રી. નાટકનો એક અલંકાર.
૮. સ્ત્રી. મુસલો; ખરડો.
૯. સ્ત્રી. લાખ; જોતણી.
૧૦. સ્ત્રી. શોભા.
૧૧. સ્ત્રી. સ્ત્રીનું સૌંદર્ય.

દીપિક [સં.] પું. એક જાતનું ઝાડ; સિરસોલા; દુગ્ધપાષાણ વૃક્ષ

દીપિકર [સં દીપિ (તેજ) + કર (કરનાર)] વિ. સળગાવનાર; પ્રકાશ કરનાર.

દીપિકેતુ ૧ [સં.] પું. (પુરાણ) રૌપ્યસાવર્ણિ મનુનો એ નામનો પુત્ર.
૨. પું. (પુરાણ) ભારતવર્ષમાં જન્મેલ એ નામનો એક રાજા.

દીપિમતી [સં.] વિ. સ્ત્રી. પ્રકાશિત હોય એવી.

દીપ્તિમત્ [સં.] વિ. તેજોમય; તેજસ્વી.

દીપ્તિમંડલ ૧. [સં.] ન. ચંદ્ર વગેરેના બિંબની આસપાસ કોઈ વખત કુંડાળા જેવું દેખાય છે તે તેજોબિંબ; અજવાળું; તેજોમંડલ.
૨ ન. સૂર્યની આસપાસ રહેલા વાયુઓનું આવરણ.

દીપ્તિમંત [સં. દીપ્તિ (તેજ) + મત્ (વાળું)] વિ. સુશોભિત; રૂપાળું.

દીપ્તિમાન ૧. [સં. દીપ્તિમત્] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.
૨. પું. સત્યભામાથી ઉત્પન્ન થયેલ શ્રીકૃષ્ણનો એ નામનો પુત્ર.
૩. [સં. દીપ્તિ (પ્રકાશ) + મત્ (વાળું)] પું. સૂર્ય.
૪. પું. સોમવંશી કૃષ્ણને રોહિણીને પેટે થયેલો એ નામનો પુત્ર.
૫. પું. હાલ પછી થનાર સાવર્ણિ મન્વંતરમાંના સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.
૬. વિ. તેજસ્વી; દીપ્તિવાળું; પ્રકાશિત.

દીપ્તિમાપક [સં.] ન. પ્રકાશમાપક; પ્રકાશની તીવ્રતા માપવાનું અથવા બે પ્રકાશની તીવ્રતાનો મુકાબલો કરવાનું યંત્ર; ' ફોટોમિટર. '

દીપ્તિહીન [સં.] વિ. તેજ વગરનું; નિસ્તેજ.

દીપ્તોદ [સં.] પું. મહાભારતમાં આવેલ એ નામનું એક તીર્થ. તેમાં બધુસર નામની એક નદી છે. ત્યાં પરશુરામે સ્નાન કરી મુકાવેલું તેજ કરી પ્રાપ્ત કર્યું હતું એમ મનાય છે. પૂર્વકાળમાં ભૃગુઋષિ અહીં ઘોર તપશ્ચર્યા કરી હતી.

દીપ્તોપલ ૧. [સં.] પું. અગ્નિનો મણિ.
૨. પું. સૂર્યકાંતમણિ.

દીપ્ય ૧. [સં.] પું. અજમા.
૨. પું. છરું.
૩. પું. મયૂરશિખા નામની વનસ્પતિ.
૪. પું. કટજટા.
૫. વિ. અજવાળું કરેલું.
૬. વિ. દીપવા યોગ્ય.
૭. વિ. દીપકને હિતકારક.
૮. વિ. પ્રજ્વલિત કિયા જાણનાર.

દીપ્યક ૧. [સં.] અજમા. અજમા ખાવાથી વાયુ મટાડી દીપાગ્નિ વધારે, માટે તેને દીપ્યક કહે છે.
૨. પું. અજમોદ.
૩. પું. તમરનું ઝાડ.
૪. પું. મયૂરશિખા.
૫. પું. કટજટા; એક જાતનો વેલો.
૬. પું. બીજોરાનું ઝાડ; લીબોરી.

દીપ્યમાન ૧. [સં. દીપ્યમાન] વિ. કાંતિવાળું
૨. વિ. અજવાળવાળું; તેજસ્વી; ચળકતું.
૩. વિ. પ્રકાશવાળું; તેજદાર.

દીપ્યા ૧. [સં.] સ્ત્રી. અજમા.
૨. સ્ત્રી. પિંડ ખજૂર.

દીપ્ર ૧. [સં.] પું અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. વિ. દીપ્તિમાન; પ્રકાશયુક્ત.

દીપ્રા [સં.] સ્ત્રી. યોગની ચોથી દૃષ્ટિ. આ દૃષ્ટિમાં બોધ કે વીર્યનું અગ્ન દીવાની પ્રભા જેવું હોય છે.

દીપ્રરૂપો જુઓ દીપ્તરૂપ.

દીપ્રરૂપ વિ. દુર્ભાગી; કમનસીબ.

દીપ્રવું જિ ક્રિ. ચમકવું.

દી. બા. ન. દીવાન બહાદુરનું ટૂંકું રૂપ.

દીબાચા [ફા.] સ્ત્રી. પ્રસ્તાવના; ઉપોદ્‌ઘાત.

દીબાચેહ ૧. પું. (જરથોસ્તી) આદીનગાન બંદગીનો શરૂઆતનો ભાગ. જરથોસ્તીઓની આદીનગાન નામની બંદગીનો શરૂઆતનો ભાગ દીબાચેહ કહેવાય છે, કેમકે તે તેનો મુખ્ય ભાગ છે. તેમાં બંદગી કરનાર કઈ જાતની આદીનગાન બંદગી પોતે બોલે છે તેનું નામ તથા વિષય, જેને નામે તે બંદગી કરવામાં આવે છે તેનું નામ, તેમજ તે બંદગી કરાવનારનું નામ વગેરે જાહેર કરે છે.
૨. [ફા. દીબા (ચિનખાબ) + ચેહ (સજુતા દર્શક પ્રત્યય)] પું. પ્રસ્તાવના; ઉપોદ્‌ઘાત; પુસ્તકમાંની વસ્તુ વગેરેનો પ્રસ્તાવ, મુખબંધનું લખાણ; પુસ્તકની શરૂઆતમા અંદરની મતલબ સંબંધી તથા બનાવવાની મહેનત સબબી ટૂંકો અહેવાલ. જેમ ચિનખાબ ભીંત રેશમી કાપડમાં ચડિયાતું છે, તેમ પ્રસ્તાવના ચોપડીના બીજા ભાગ કરતાં ચડિયાતી હોય છે, તેથી તેને દીબાચેહ કહે છે.
૩. પું. (જરથોસ્તી) આજની ઝિંદામાં પાજદ ભાષામાં શરૂઆતની પ્રાર્થના. જરથોસ્તી ધર્મની અવસ્તા ભાષાની કોઈ પણ બંદગીની શરૂઆતમાં અથવા છેડે પાજદ ભાષાનો દીબાચેહ હોય છે. તે સાધારણ રીતે જેમ આપણે બોલીએ છીએ તેમ બોલાય છે. પણ તે બનાવ આવે તો આજમાં બોલાય છે એટલે મોટું ઉઘાડ્યા વગર મૂગાં મૂગાં એટલે કે નાકમાંથી બોલાય છે

દીબાચો જુઓ દીબાચેહ ૨.

દીબાન ૧. પું. કચેરી; અદાલત.
૨. પું. રાજ્યનો મુખ્ય અધિકારી; દીવાન.

દીબાર [હિ.] સ્ત્રી. દીવાલ; ભીંત.

દીબીદીબી સ્ત્રી. એક પ્રકારનું ઝાડ; દીવીદીવી. તેને સુગંધીદાર ફૂલ હોય છે. તેની શીંગો રંગના પ્રક્રમમાં વપરાય છે.

દીબો પું હુમો; એકદમ ઝાતી રૂપાઈ જઈ બોલવું બંધ થવું તે; જરાવાર શ્વાસોચ્છ્વાસ બંધ થવો તે; ઝાતી જરાઈ આવવી તે.

દીમ ૧. સ્ત્રી. દિશા; બાજુ.
૨. અ. તરફ; બણી

દીમક [હિં] સ્ત્રી. ધોમેલ; ઊધઈ; વલમીક; એક જાતની પોળા કીડી. તેનું શરીર સફેદ અને માથું લાલ કે નારંગી રંગનું હોય છે. મરમ દેહોમા તે બહુ હાનિ છે અને માટીનું ઘર કે રાફડો બાંધીને રહે છે. કોઈ કોઈ વાર આ રાફડો હાથ દોઢ હાથ ઊંચો બનાવે છે. કીડીની બાકી આ કીડો પણ બહુ નિયમ અને વ્યવસ્થાથી રહે છે. તેના એક દળમાં મોટી સંખ્યા તો નપુંસક કીડાની હોય છે, જે માત્ર કામ કરનારા હોય છે. આવા કેટલાક કીડા લાંબા માથાવાળા હોય છે. તેને સિપાઈ કહે છે. કોઈ કોઈ જાતના રાણી એક દળમા એક અથવા વધારે હોય છે. તેનું શરીર ઈંડાથી ભરેલ હોવાથી કોઈ કોઈ વખત બહુ ફૂલેલું દેખાય છે તે સિવાય નર કીડા પણ હોય છે, જે કોઈ કોઈ ઋતુમાં બહુ નજરે પડે છે અને ફૂલની બાકી બેસતા ફરે છે. તે લાકડા કે બીજા કલેવર ઉપર નિર્વાહ કરે છે. જેના ઉપર તે ચોટે છે તેને માટીની પાપડીથી આચ્છાદિત કરી દે છે અને અંદર અંદર બાતું બનાવે છે. ચોમાસામાં તે પાંખોને ચોટે છે. કાગળ, લાકડું વગેરેને તેનાથી બચાવવા મુશ્કેલ છે.

દીમકખાયા ૧. [હિં.] વિ. ઈયળથી બગાડેલું; જીવડાથી બગાડેલ.
૨. વિ. ચીતળાયેલું.

દીમનું અ. તરફ.
દીવા બાઈએ ઘોડી વાડીએ મળાવી છે પોતાને બહીં ઘર દીમતા ચડી આવવા કાજ.
રહસ્યાર

દીયજ વિ. સ્ત્રી. દેવાવાળી.

દીયમાન [સં.] વિ. દેવાનું; અપાતું; દેવા માટેનું.

દીયા [હિં.] પું. બત્તી; ચિરાગ.

દીયાન ૧. ન. રૂપ; દેખાવ.
૨ ન. શક્તિ.

દીયાલપ્પુ સ્ત્રી દુખી.

દીયાસલાઈ જુઓ દીવાસળી.

દીયે અ દિવસે.
દીયે દીયે ચાદમાં રસ્તે રસ્તે તારા,
એ ઓઝલેતસ્ત જાનના ચાલા. ઘોસેકિત

દીયો દીયો ક્ર વ. ધારો મારો એમ દેકારો.

દીયોડી (દીવોડો) પું. લાબો કરચલીવાળો એક જાતનો ઝભ્ભો. રાજસ્થાનિપટ વખતે આ ઝભ્ભો પહેરાય છે.

દીરમ [ઇ.] પું. ઈરાનનો એ નામનો એક રૂપાનો સિક્કો.

દીરસાર ૧. સ્ત્રી. સુતારની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માપુમ.
૩. વિ. એ નામની બટકનું.

દીલગાઈ [ઇ.] સ્ત્રી. વિલખ, દીલ.

દીલોજ [ઇ.] પું ઝાઈ ગલ.

દીર્ઘ ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. એ નામનું એક ઝાડ; બતરથાલ.
૩. પું. (સંગીત) મુરુ એટલે કે બે માત્રાવાળો અક્ષર; લાંબો બોલાતો સ્વર. તેની બે માત્રા ગણાય છે.
૪. પું. નાળિયેરીનું ઝાડ.
૫. પું. (પુરાણ) પક્ષ રાજાએ મારેલો મગધ દેશનો રાજા.
૬. પું. રામબાણ.
૭. પું. બંગાઈ.
૮. પું. શિવના હજાર માહેનુ એક નામ.
૯. પું. લાંબું ઝાડ.
૧૦ પું (જ્યોતિષ) સિંહ, કન્યા, તુલા અને ધનુષ એ ચાર માહેની દરેક રાશિ.
૧૧. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ પૈકીનું ચોથું અંગ.
૧૨. વિ. મોટું; બળવું.
૧૩. વિ. લાંબામેલા ઉચ્ચારનું; દીર્ઘસ્વર, બિજાબાં બે માત્રાના ઉચ્ચારવાળું.
૧૪. વિ. લાંબુ; વધારે વખત ચાલે એવું.

દીર્ઘ આમવાત પું. જૂનો સંધિવા; દીર્ઘ સંધિવા.

દીર્ઘક ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. નાળિયેરીનું ઝાડ.
૩. પું (બાકરણ) બે માત્રાવાળો અક્ષર.
૪. પું. રાયનું બાજુ.
૫. પું. બંગાઈ.
૬. પું. લાંબું ઝાડ.
૭. પું. (જ્યોતિષ) સિંહ, કન્યા, તુલા અને ધનુષ એ ચારમાંથી દરેક રાશિ.
૮. ન. લાંબું કરું. કરું સુકાયા બાદ બે બાજુ બણીવાળુ લાંબા આકારનું બીટાવાળું હોય છે, માટે તેને દીપક કહે છે.

દીર્ઘકક્ષા [સં] સ્ત્રી. પોલું કરું.

દીર્ઘકર્ણ ૧. સ્ત્રી. ઘોડાની એ નામની એક જાતિ. તેનો ઉલ્લેખ પ્રાચીન મગધ. કરવામાં આવ્યો છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું
૪ [સં.] વિ. મોટા કાનવાળુ

દીર્ઘકરી સ્ત્રી. ચોસઠ માદની એ નામની એક યોગિની

દીર્ઘકંટક [સં. દીર્ઘ (લાંબું) + કંટક (કાંટો)] પું. બાવળનું ઝાડ.

દીર્ઘકંઠ ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક દાનવ
૨. પું. બગલો.
૩. પું. લાંબી ડોક.
૪. વિ. લાંબી ડોકવાળું.

દીર્ઘકંઠક ૧. [સં] પું. બગલો પક્ષી.
૨. વિ. લાંબી ડોકવાળુ.

દીર્ઘકંઠી [સં.] સ્ત્રી. બગલી

દીર્ઘકંદ [સં.] પું. મૂળો.

દીર્ઘકંદર જુઓ દીર્ઘકંદ.

દીર્ઘકદલિકા [સં.] સ્ત્રી. મૂલણી.

દીર્ઘકંધર ૧. [સં.] પું. બગલો.
૨. પું. લાંબી ડોક.
૩. વિ. લાંબી ડોકવાળું.

દીર્ઘકંધરી [સં.] સ્ત્રી. બગલી.

દીર્ઘકાય [સં.] વિ. દીર્ઘ કાયાવાળુ, લાંબુ.

દીર્ઘકાલ [સં.] પું. લાંબો વખત.

દીર્ઘકાલિકી [સં.] સ્ત્રી. (જૈન) પશુ મત કાળની સ્મૃતિ અને ભાવિ વસ્તુની વિચારણારૂપ સંજ્ઞા.

દીર્ઘકાલીન વિ. લાંબા વખતનું.

દીર્ઘકાલોપદેશિકા સ્ત્રી. (જૈન) ભૂત અને ભવિષ્ય કાળની બાબતો સંબંધી જ્ઞાનવાળી સંજ્ઞા.

દીર્ઘકાંડ [સં.] પું. એક જાતનું ઘાસ.

દીર્ઘકીલ ૧. [સં.] પું એક જાતનું ઝાડ; બકોટક.
૨. પું. લાંબો ખીલો.

દીર્ઘકીલક [સં.] પું. બકોટક વૃક્ષ.

દીર્ઘકૂર [સં. દીર્ઘ (લાંબું) + કૂર (બાજ)] ન. બાજ જેવાં મોટી એક જાતની ચાજ.

દીર્ઘકેશ ૧. [સ.] પું. કર્મ વિભાગમાં વાયવ્ય તરફ આવેલ એ નામનો એક દેશ.
૨ પુ રીંછ
૩ [સ દીર્ઘ (લાંબુ) + કેશ (વાળ)] વિ. લાંબા વાળવાળું.

દીર્ઘકેશી ૧. [સં.] સ્ત્રી. રીંછણ.
૨ સ્ત્રી લાંબા કેશવાળી સ્ત્રી

દીર્ઘકોલ ન એક જાતનું ઝાડ; અંકોલ.

દીર્ઘકાસિકા [સં] સ્ત્રી. એક જાતની માખણી; દીર્ઘકા.

દીર્ઘકાસી જુઓ દીર્ઘગોસિક..

દીર્ઘકોપિયા જુઓ દીર્ઘગોસિકા

દીર્ઘકોપી જુઓ દીર્ઘકોસિકા.

દીર્ઘક્ષત ૧ [સં. દીર્ઘ (લાંબું) + ક્ષત (ચાંદુ)] પું. ઊંડો જખમ.
૨ પું. જૂનું ચાંદુ.

દીર્ઘક્ષય [સં. દીર્ઘ (લાંબું) + ક્ષય (શરીર બગાર.નો રોગ)] પું. લાંબા સમયનો ક્ષય રોગ.

દીર્ઘખોડ (દીર્ઘખોડ) [સં] પું. માથામાં શીંગડા જેવું નિશાન હોય તેવો મોડો. આ મોડની એક ગણાય છે.

દીર્ઘગતિ [સં.] પું. ઊંટ.

દીર્ઘગોળ ૧. [સં. દીર્ઘગોલ] પું (ગણિત) સંખ્યાઓને પોતાની નાની અથવા મોટી ધરી ઉપર ફેરવવામાં આવે તો તેથી બનતી ઘન આકૃતિ; સંખ્યાઓ: 'ઇલિપ્સોઇડ.'
૨. વિ. દીર્ઘવર્તુળ જેવું.

દીર્ઘગોળાકાર જુઓ દીર્ઘગોળ ૨.

દીર્ઘગ્રંથિ [સં. દીર્ઘ (લાંબું) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી ગજપીપર. તે મોટી અને મજબૂત જાડી ગૂચળી હોય છે. માટે તેને દીર્ઘગ્રંથિ કહે છે.

દીર્ઘગ્રંથિકા [સં.] સ્ત્રી. ગજપીપર.

દીર્ઘગ્રીવ ૧. [સં. દીર્ઘ (લાંબું) + ગ્રીવા (ડોક)] પું. ઊંટ. તેને લાંબી ડોક હોય છે.
૨ પું. કૂર્મ વિભાગમાં નૈઋર્ત્યમાં આવેલો એ નામનો એક દેશ.
૩. પું. બગલો.
૪. પું. સારસ પક્ષી.
૫ વિ. લાંબી ડોકવાળ.

દીર્ઘગ્રીવી ૧ [સ] સ્ત્રી. ઊંટડી.
૨ વિ સ્ત્રી. લાંબી ડોકવાળી.

દીર્ઘઘાટિક ૧. [સ દીર્ઘ (લાંબું) + ઘાટિકા (ડોકની પાછળનો ભાગ)] પું. ઊંટ.
૨. વિ. લાંબી ડોકવાળું.

દીર્ઘઘાટિકી ૧. [સં] સ્ત્રી. ઊંટડી.
૨. વિ સ્ત્રી. લાંબી ડોકવાળી.

દીર્ઘચંચુ ૧. [સં.] પું લાંબી ચાંચવાળો બગલો.
૨. સ્ત્રી લાંબી ચાંચ.

દીર્ઘજંઘ ૧. [સં.] પુ. લાંબી પાંખ.
૨ ન લાંબી ફાટ; લાંબો ચીરો.
૩. પું લાંબું પાંદડું
૪ પું ગેડી
૫ પુ માગનું ઝાડ.
૬. વિ લાંબા પાદડાવાળું.
૭. વિ. લાંબી પાંખવાળુ

દીર્ઘજંઘાલ [સં.] પું. એક જાતનો મત્સ્ય.

દીર્ઘજંઘાલી [સં.] સ્ત્રી. એક જાતની માખણી.

દીર્ઘજંઘ ૧. [સં] પું. ઊંટ.
૨. પું બગલો
૩. વિ લાંબી જંઘાવાળુ

દીર્ઘજંઘા [સં.] સ્ત્રી. લાંબી જંઘા.

દીર્ઘજંઘી ૧. [સં.] સ્ત્રી. ઊંટડી.
૨. સ્ત્રી. બગલી
૩. વિ. લાંબા પાતળા પગવાળો માણસ.

દીર્ઘજનુક [સં.] પું. સારસ પક્ષી.

દીર્ઘજિહ્વ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.
૨. પું. કુમારનો એ નામનો એક અનુચર.
૩. પું. કૂતરો.
૪. [સં. દીર્ઘ (લાંબું) + જિહ્વા (જીભ)] પું. સર્પ.
૫. વિ. લાંબી જીભવાળું.

દીર્ઘજિહ્વા ૧. [સં. દીર્ઘ (લાંબું) + જિહ્વા (જીભ)] પું. નાગ.
૨. સ્ત્રી. (પુરાણ) અયોધ્યા વન માંહેની એ નામની એક રાક્ષસી.
૩. સ્ત્રી. લાંબી જીભ.
૪. વિ. લાંબી જીભવાળું.

દીર્ઘજિહ્વી ૧. [સં.] સ્ત્રી. ક્રતિક સ્વામીનો અનુચર એક માતૃકાગ્રહ.
૨. સ્ત્રી. કૂતરી.
૩. સ્ત્રી. સાપણ.
૪. વિ. સ્ત્રી. લાંબી જીભવાળી.

દીર્ઘજીભા જુઓ દીર્ઘજિહ્વા.

દીર્ઘજીવક ૧. ન. કાણું ઝૂંડ.
૨. ન. ગાઝઝૂંડ.

દીર્ઘજીવ ૧. [સં. દીર્ઘ (લાંબું) + જીવ (જીવવું)] પું. લાંબી જિંદગી.
૨. વિ. લાંબા કાળ સુધી જીવનાર.

દીર્ઘજીવન [સં. દીર્ઘ (લાંબું) + જીવન (જિંદગી)] ન. દીર્ઘાયુષ; લાંબું આયુષ્ય.

દીર્ઘજીવિતા [સ.] સ્ત્રી લાંબું જીવનપણું.

દીર્ઘજીવી [સં દીર્ઘજીવિન્] વિ. ઘણો વખત જીવવું રહેનારું; લાંબું આયુષ્ય ભોગવનારું.

દીર્ઘજ્યા ૧. [સં. દીર્ઘ (લાંબું) + જ્યા (સ્વરમેળ)] સ્ત્રી. (સંગીત) દીર્ઘસ્વર સંમતિ: 'ભૈરવ કોઠે' કોઈ સ્વરની સાથે તેનાથી પંચમ સપ્તકનો પંચમ સ્વર ભળવાથી દીર્ઘસ્વર સમતિ થાય છે
૨. સ્ત્રી (ગણિત) પ્રધાન પૂર્વજ્યા.

દીર્ઘતનુ [સં] વિ. ઊંચુ

દીર્ઘતપા ૧. [સં. દીર્ઘતપસ] પું. ગોતમ
૨ પું. દુર્યોધન રાજાના વંશમાં પેદા થયેલ એક વંશનો એ નામનો એક રાજા.
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૪. પું. દક્ષિણમાં જણાયેલ આયુ વંશનો એ નામનો એક રાજા.
૫. વિ. ઘણો વખત તપશ્ચર્યા કરી હોય એવું.

દીર્ઘતમા ૧ [સં દીર્ઘતમસ] પું. (પુરાણ) એ નામના એક ઋષિ. એ ઔશિજ ઋષિની મમતા નામની સ્ત્રીને પેટે જન્મ્યા હતા. આવું મન્વંતરમાંના બૃહસ્પતિના તે ભત્રીજા હતા અને જન્માંધ હતા અશ્વિની કૃપાથી તે દેખતા થયા હતા. એની સ્ત્રીનું નામ પ્રદ્વેષી હતું મહાભારતમાં તેમને કાશીરાજના અને ઋગ્વેદમાં ઉચ્ચાથ્યના પુત્ર કહેલ છે પુરાણોમાં એમને ઉતથ્ય અને મમતાના પુત્ર કહેલ છે. ઔચથ્ય અને મામતેય એવાં એમનાં નામો હોવાથી એ પાછળના વંશના હોય એ વધારે સંભવે છે. મહાભારતમાં તેમને માટે નીચે પ્રમાણે કથા છે: ઉતથ્ય નામના એક તેજસ્વી મુનિ હતા. તેની સ્ત્રીનું નામ મમતા હતું. મમતા ગર્ભવતી હતી ત્યારે ઉતથ્યના નાના ભાઈ દેવગુરુ બૃહસ્પતિએ તેમની પાસે આવી સહવાસની ઇચ્છા પ્રગટ કરી. મમતાએ કહ્યું કે, મને તમારા મોટા ભાઈથી ગર્ભ રહ્યો છે, તેથી તમે અત્યારે બૃહસ્પતિ માન્યા નહિ અને સહવાસ માટે પ્રવૃત્ત થયા. તેથી ગર્ભસ્થ બાળકે ભીતરમાંથી કહ્યું, બસ કરો, એક ગર્ભમાં બે બાળકની સ્થિતિ ન હોઈ શકે. બૃહસ્પતિએ તે ઉપર ધ્યાન ન આપ્યું એટલે તે તેજસ્વી ગર્ભસ્થ શિશુએ પોતાના પગ વડે વીર્યને રોકી રાખ્યું. તેથી બૃહસ્પતિએ ક્રોધે ભરાઈ ગર્ભસ્થ બાળકને શાપ દીધો કે તું દીર્ઘ તામસમાં પડ. એટલે કે અંધ થઈ જા બૃહસ્પતિના શાપથી તે બાળક અંધ જન્મ્યો અને દીર્ઘતમા નામથી પ્રસિદ્ધ થયો પ્રદ્વેષી નામના એક રાજાનું કન્યા સાથે દીર્ઘતમાનો વિવાહ થયો અને તેનાથી

તેમને ગૌતમ આદિ કેટલાક પુત્ર થયા. એ બધા પુત્રો લોભ, મોહને વશીભૂત થયા. એથી દીર્ઘતમા ગ્રામધેનુથી મોક્ષધર્મ શિક્ષા પ્રાપ્ત કરીને શ્રદ્ધાપૂર્વક તેની સાથે મૈથુન આદિમાં પ્રવૃત્ત થયા. દીર્ઘતમાને આ પ્રકારની મર્યાદાનો ભંગ કરતા જોઈ આશ્રમના મુનિ લોક બહુ જ ગુસ્સે થયા. તેની સ્ત્રી પ્રદ્વેષી પણ બહુ જ અપ્રસન્ન થઈ એક દિવસ દીર્ઘતમાએ પોતાની સ્ત્રી પ્રદ્વેષીને પૂછ્યું કે, મારાથી શા માટે દુર્ભાવ રાખે છે ? પ્રદ્વેષીએ કહ્યું, સ્વામી જીવનું ભરણપોષણ કરે છે તેથી ભર્તા કહેવાય છે, પણ તમે અંધ છો, કંઈ કરી શકતા નથી. આટલા દિવસો સુધી હું તમારું અને તમારા પુત્રોનું ભરણપોષણ કરી રહી છું, પરંતુ હવે કરીશ નહિ. દીર્ઘતમાએ ગુસ્સે થઈને કહ્યું કે, આજથી હું આ મર્યાદા બાંધી દઉં છું કે સ્ત્રી એક માત્ર પતિથી જ અનુરક્ત રહે. પતિ મરતો હોય કે મરી ગયા જોખમ કદાપિ તે બીજે પતિ કરી શકે નહિ. જે સ્ત્રી બીજો પતિ કરશે, તે પતિત થઈ જશે. પ્રદ્વેષીએ આ ઉપરથી પોતાના પુત્રોને આજ્ઞા આપી કે, તમે તમારા અંધ પિતાને બાંધીને ગંગામા ફેંકી આવો. પુત્રો આજ્ઞા પ્રમાણે દીર્ઘતમાને ગંગામાં ફેંકી આવ્યા. તે સમયે બલિ નામનો કોઈ રાજા ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. તે ઋષિની આ અવસ્થા જોઈ પોતાને ઘેર લઈ ગયો અને તેણે પ્રાર્થના કરી કે મહારાજ, મારી સ્ત્રીથી આપ યોગ્ય સંતાન ઉત્પન્ન કરો. ત્યારે ઋષિ સમત થયા ત્યારે રાજાએ તેમને પોતાની સુદેષ્ણા નામની રાણી તેમની પાસે મોકલી. રાણી તેમને અંધ અને બુઢ્ઢા જોઈને તેમની પાસે ન ગઈ અને પોતાની દાસીને મોકલી દીર્ઘતમાએ તે સુદ્રા દાસીથી કક્ષીવાન વગેરે અગિયાર પુત્રો ઉત્પન્ન કર્યા. રાજાએ આ જાણીને ફરીને સુદેષ્ણાને ઋષિની પાસે મોકલી, ઋષિએ રાણીનાં બધાં અંગને ગૂઢ સ્પર્શ કરી કહ્યું, બાળો, તમને અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ નામના અત્યન્ત તેજસ્વી પુત્ર ઉત્પન્ન થશે, જેનાં નામથી દેશ વિખ્યાત થશે. ઋગ્વેદના પહેલા મંડળમા સૂક્ત ૧૪૦થી ૧૬૦ સુધીમા દીર્ઘતમાએ રચેલ મંત્ર છે, જેમાં કેટલાક મંત્ર એવા છે કે જેનાથી તેમના જીવનની ઘટનાઓનો પત્તો લાગે છે. મહાભારતમાં તેમની જોના સંબંધમાં જે ઘટનાનું વર્ણન છે તેનો ઉલ્લેખ પણ કેટલાક મંત્રોમાં છે. સૂક્ત ૧૫૮ના મંત્ર ૫મા એક મંત્ર છે તેમાં જ્યારે માણસોએ તેમને એક પેટીમાં બંધ કરી દીધા હતા તે સમયે તેમણે અશ્વિની દેવતાથી ઉદ્ધાર થવાને માટે પ્રાર્થના કરી છે.

૨. પું. સૂર્ય.

૩. પું. (પુરાણ) સોમવંશી આયુષ્મતોત્પન્ન સુત્રજ્ઞ વંશના રાજા રાજનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ધન્વંતરિ હતું.

૪. ન. એ નામનું એક ગોત્ર.

દીર્ઘતરુ ૧. [સં.] ન. ઊંચું ઝાડ.

૨. ન. તાડનું ઝાડ.

દીર્ઘતંતુ ૧. [સં.] પું. લાંબો તાંતણો.

૨. પું. લાંબો ઘેર.

૩. વિ. પુષ્કળ સ્તુતિવાળું

૪. [સં. દીર્ઘ (લાંબું) + તનુ (સંતતિ)] વિ. લાંબા કાળ સુધી વ્યાપક સંતતિવાળું.

દીર્ઘતા [સં.] સ્ત્રી. મોટાપણું; લંબાઈ.

દીર્ઘતારા સ્ત્રી. (સંગીત) મન્દ્રસપ્તકીય ત્રાવીસ મહેતી અઢારમી શ્રુતિ.

દીર્ઘતિમિષા [સં.] સ્ત્રી. ઝાકડી.

દીર્ઘતુંડ ૧. [સં.] ન. લાંબું મુખ.

૨. વિ. લાંબા મુખવાળું.

દીર્ઘતુંડા ૧. [સં.] સ્ત્રી. છછુંદર.

૨. વિ. સ્ત્રી. લાંબા મોઢાવાળી.

દીર્ઘતૃણ ૧. [સં.] ન. એક જાતનું ઘાસ; પહિયાઢ તૃણ; તામ્રપર્ણી. તે ખાવાથી પશુ નબળું થઈ જાય છે.

૨. ન. લાંબુ ઘાસ.

દીર્ઘત્રિપુટી સ્ત્રી. (વ્યાકરણ) ત્રણ દીર્ઘસ્વરો; આ, ઈ, ઊ એ ત્રણ દીર્ઘ સ્વર.

દીર્ઘત્વ [સં.] ન. લંબાઈ; દીર્ઘ હોવાપણું.

દીર્ઘદર્શિતા ૧. [સં.] સ્ત્રી. દીર્ઘદર્શિપણું. દૂરંદેશીપણું.

૨. સ્ત્રી. રીખ્ય.

દીર્ઘદર્શિત્વ જુઓ દીર્ઘદર્શિતા.

દીર્ઘદર્શિની [સં.] સ્ત્રી. ગીધ પક્ષિણી.

દીર્ઘદર્શી ૧. [સં. દીર્ઘદર્શિન્] પું. ગીધ.

૨. પું. પંડિત; વિદ્વાન.

૩. પું. આવી બાબ જાણનારો માણસ.

૪ પું. રીંછ.

૫. વિ. ચબરાક. ચપળ

૬. વિ. ડાહ્યું; ચતુર.

૭. [સં. દીર્ઘ (લાંબું) + દૃશ્ (જોવું)] વિ. દૂર સુધી જોઈ શકનાર.

૮. વિ. લાંબો વિચાર કરનાર; વિચારશીલ; આગળપાછળનો વિચાર કરનાર; દૂરંદેશી; દૂરદર્શી

દીર્ઘદંડ ૧ [સં.] ન. એરંડાનું ઝાડ; પોલો એરંડો

૨. ન. તાડનું ઝાડ.

૩. ન. રોહિડાનું ઝાડ.

દીર્ઘદંડક જુઓ દીર્ઘદંડ

દીર્ઘદંડા જુઓ દીર્ઘદંડી

દીર્ઘદંડી [સ.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગોરખમુંડી, ગોરખી.

દીર્ઘદંતું [સં. દીર્ઘ (લાંબુ) + દન્ત (દાંત)] વિ. મોટા દાંતવાળું.

દીર્ઘદંષ્ટ્ર [સં. દીર્ઘ (લાંબુ) + દંષ્ટ્રા (દાઢ)] પું. (પુરાણ) એ નામનો એક રુદ્રગણ.

દીર્ઘદૃષ્ટિ ૧. [સં.] પું. ગીધ પક્ષી.

૨. પું. દૂર સુધી જોઈ શકાય અવું યંત્ર

૩. પું. પયગમ્બર

૪ પું. પંડિત; વિદ્વાન.

૫. સ્ત્રી. આગાહીથી ભવિષ્યનો વિચાર કરી શકનારી બુદ્ધિ; અગમબુદ્ધિ; અગમચેતી

૬ સ્ત્રી. આગળ ઉપર શું થશે તેનો વિચાર; આગળપાછળનો ખ્યાલ; લાંબી નજર.

૭ સ્ત્રી. ભવિષ્યદર્શન.

૮. વિ. લાંબા નજરવાળું, આગળપાછળનો વિચાર કરી કામ કરનાર; ભવિષ્યમાં શું થશે અથવા કાર્યનું કેવું પરિણામ આવશે તેનો વિચાર કરનારું.

દીર્ઘદેહા [સં. દીર્ઘ (લાંબુ) + દેહ (શરીર) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. લાંબા શરીરવાળી, લાંબા, લાંબા કેમનાં કપડાં અને ઘરેણાં પ્રિય હોય એવી સ્ત્રી; રાત્રિની

દીર્ઘદ્રુ ૧ [સ.] પું. તાડનું ઝાડ.

૨. પું દરજોર્ડ ઊંચું ઝાડ.

દીર્ઘદ્રુમ [સં.] પું શાલ્મલી; સીમળાનું ઝાડ.

દીર્ઘદ્વાર [સં.] પું. વિશાલ દેશની અંદર આવેલ એક ગામ તે ગંડકી નદીના કિનારા ઉપર હોવાનું માનવામા આવતો હતો.

દીર્ઘદ્વેષી ૧. [સં. દીર્ઘ (લાંબુ) + દ્વેષિન્ (દ્વેષવાળું)] પું. કાળો વેરી.

૨. વિ. દીર્ઘ કાળ સુધી જેનો દ્વેષ ટકે એવું.

દીર્ઘનાદ ૧. [સ] પું લાંબો શબ્દ.

૨. પું. સમુદ્ર.

૩. વિ. લાંબા અવાજવાળું, ઘણા કાળ સુધી જેનો નાદ રહે તેવું

દીર્ઘનાલ ૧. [સ દીર્ઘ (લાંબુ) + નાલ (દાંડો)] સ્ત્રી. જાસૂદ.

૨. સ્ત્રી. ચણા.

૩. ન. એક જાતનું પાસ

દીર્ઘનાસ [સં. દીર્ઘ (લાંબુ) + નાસા (નાક)] વિ. લાંબા નાકવાળું.

દીર્ઘનાસા [સં. દીર્ઘ (લાંબું) + નાસા (નાક)] સ્ત્રી. લાંબું નાક.
દીર્ઘનાળ જુઓ દીર્ઘનાલ.
દીર્ઘનિદ્રા ૧. [સં.] સ્ત્રી. મોત; મરણ; મૃત્યુ.
૨ સ્ત્રી લાંબી ઊંઘ
દીર્ઘનિઃશ્વાસ જુઓ દીર્ઘનિ:શ્વાસ.
દીર્ઘનિ:શ્વાસ ૧. [સં.] પું. દુઃખ કે શોકને લીધે લેવામાં આવતો ઊંડો શ્વાસ; લાંબો નિસાસો.
૨. વિ. લાંબા નિસાસાવાળું.
દીર્ઘનેત્ર [સ.] પું. (પુરાણ) સોમવંશી ધનરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
દીર્ઘનેત્રી [સં] વિ. સ્ત્રી. લાંબાં નેત્રવાળી.
દીર્ઘપક્ષ ૧. [સં.] ન. કલિંગ પક્ષી.
૨. ન. લાંબી પાંખ.
૩ ન લાંબા પાંખવાળું પક્ષી.
૪ વિ. લાંબી પાંખવાળું.
દીર્ઘપક્ષી [સં.] સ્ત્રી લાંબી પાંખવાળી પક્ષિણી.
દીર્ઘપટ્ટી સ્ત્રી. માપપટ્ટી; બંબની; માપવાની પટ્ટી; 'ટેપ.'
દીર્ઘપત્ર ૧ [સં.] પું. એક જાતનો અફીણ.
૨. પું. એરંડાનું ઝાડ.
૩. પું. કુંવારનું ઝાડ.
૪. પું કેરડાનું ઝાડ.
૫ પું. તાડનું ઝાડ.
૬. પું. નેતરનો છોડ.
૭. ન. એક જાતની શેરડી.
૮. ન એક જાતનું કુશ ઘાસ.
૯. ન ૨ તું વસવું.
૧૦. ન લાંબુ પાંદડું.
૧૧ ન વિષ્ણુકંદ.
૧૨ વિ લાંબા પાંદડાંવાળું.
દીર્ઘપત્રક ૧ [સં.] પું. એરંડાનું ઝાડ.
૨. પું કેરડાનું ઝાડ.
૩. પું જલમધૂરનું ઝાડ.
૪ પું ગોરખોચલું.
૫ પું નેતર.
૬ પું ગળા વગરનો છોડ.
૭. પું રાતુ વસવું.
૮. પું બતકનો છોડ.
૯ પું હિજલજનું ઝાડ.
૧૦ ન તાલસ્થિનો એક ભાગ. આ ભાગ ઊભો પાતળો તથા વજનદાર હોય છે. તે નેત્રગોલકના વળિયાથી નીચે ઊંડે તાળવા સુધી લંબાયેલો છે.
દીર્ઘપત્રા ૧ [સ.] સ્ત્રી. એ નામની એક વેલ
૨. સ્ત્રી. કેળનું ઝાડ.
૩. સ્ત્રી. કેરડાનું ઝાડ.
૪. સ્ત્રી કેળનું ઝાડ.
૫. સ્ત્રી કોરફડ.
૬ સ્ત્રી દુધની ભાજી.
૭ સ્ત્રી. જંગલી લાંબુનું ઝાડ; નાનાં લાંબુનું ઝાડ.
૮ સ્ત્રી. સમેરવો.
દીર્ઘપત્રિકા ૧. [સં.] સ્ત્રી. કોરફડ.
૨. સ્ત્રી. બીકુવાર; એક જાતની કુંવાર.
૩. સ્ત્રી. ધોળી સાટોડી.
૪. સ્ત્રી. સફેદ વજ.
દીર્ઘપત્રી ૧. [સં.] સ્ત્રી એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. પલાશો નામની લતા.
દીર્ઘપર્ણ [સં.] વિ. લાંબાં પાંદડાંવાળું.
દીર્ઘપર્ણક [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
દીર્ઘપર્ણી [સં.] સ્ત્રી. પૃશ્નિપર્ણી નામની વનસ્પતિ
દીર્ઘપર્વ [સં. દીર્ઘપર્વન્] પું. શેરડી.
દીર્ઘપલ્લવ ૧. [સં.] ન. લાંબું કૂંપળ.
૨. ન. વાંસનું ઝાડ.
૩. વિ. લાંબાં પલ્લવવાળું; લાંબાં કૂંપળવાળું.
દીર્ઘપવન ૧. [સં.] પું. ધુપ્પ પક્ષી.
૨. પું હાથી.
દીર્ઘપાદ ૧. [સં.] પું. એક જાતનો બગલો.
૨. પું. કંક પક્ષી.
૩. પું. સારસ.
૪. વિ. લાંબા પગવાળું.
દીર્ઘપાદપ ૧. [સં.] ન. ઊંચું ઝાડ; લાંબુ હરકોઈ ઝાડ.
૨. ન. તાડનું ઝાડ.
૩. ન. સોપારીનું ઝાડ.
દીર્ઘપિંડિકા [સં.] સ્ત્રી. યકૃતની ડાબી કિનારી નજીકની એ નામની પિંડિકા.
દીર્ઘપૃષ્ઠ [સં.] પું. સર્પ
દીર્ઘપૃષ્ઠી [સં.] સ્ત્રી. સાપણ.
દીર્ઘપ્રજ્ઞ ૧. [સં.] પું. (પુરાણ) દ્વાપરયુગમાં વૃષપર્વ અસુરના અવતારરૂપ એક રાજા.
૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધ પહેલાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.
૩. વિ. દૂરદર્શી; ભવિષ્યવિચારણું; લાંબી બુદ્ધિવાળું.
દીર્ઘપ્રવાસી [સં. દીર્ઘ (લાંબું) + પ્રવાસિન (મુસાફર)] પું. લાંબી મુસાફરીએ ગયેલો માણસ.
દીર્ઘફલ [સં] પું. જ. મરજાદો, જેમાં તેની સીંગ લગભગ બે ફૂટ લાંબી અને દોઢ ઇંચ આસપાસ ગોળાકાર હોય છે.
દીર્ઘફલક [સં] પું. અર્જુનવાનું ઝાડ.
દીર્ઘફલા ૧. [સ] સ્ત્રી એ નામની એક વેલ; પનડી.
૨ સ્ત્રી. પલાડી નામની લતા.
૩. સ્ત્રી. લાંબી અંગૂર.
દીર્ઘફલિકા ૧ [સં] સ્ત્રી એક જાતની દ્રાક્ષ; પીળી દ્રાક્ષ
૨. સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; જટામાં
દીર્ઘબાલા ૧ [સં.] સ્ત્રી ચમરી; ચમર મૃગની માદા.
૨ સ્ત્રી. ક્ષુદ્રા ભાવ.
દીર્ઘબાલી [સં] સ્ત્રી ચમરી મૃગ
દીર્ઘબાહુ ૧. [સં.] પું. (પુરાણ) પુતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો.
૨. પું. લાંબો હાથ
૩. પું. શિવનો એ નામનો એક અનુચર.
૪. પું. (પુરાણ) સૂર્યવંશી દિલીપ રાજાનો એ નામનો દીકરો
૫ વિ લાંબી ભુજાવાળું; લાંબા હાથવાળું.
દીર્ઘભુજ ૧. [સં] પું એ નામનો શિવનો એક અનુચર
૨. પું. લાંબી ભુજા.
૩. વિ. લાંબી ભુજાવાળું.
દીર્ઘમરડો (દીર્ઘમરડો) પું. જૂનો મરડો; લાંબા વખતના મરડાનો રોગ.
દીર્ઘમારુત [સં] પું હાથી; દીર્ઘપવન.
દીર્ઘમારુતી [સં] સ્ત્રી. હાથણી.
દીર્ઘમાંગી વિ સ્ત્રી. વિશાળ અને અણીવાળાં નેત્રવાળી સ્ત્રી
દીર્ઘમુખ ૧. [સં] પું. એ નામનો એક પક્ષ.
૨. ન લાંબું મોઢું.
૩. વિ. લાંબા મુખવાળું.
દીર્ઘમુખી [સં] સ્ત્રી. છછુંદર.
દીર્ઘમૂલ ૧ [સં] પું. એક જાતનો વેલો.
૨. સ્ત્રી. જટામાંસી; સુગંધી પીપુ. તેનું મૂળ જાડું લાંબું થાય છે, માટે તેને દીર્ઘમૂલ કહે છે.
૩. ન. એક જાતનું ખાવાનું ઝાડ.
૪. ન. પમાસો નામની વનસ્પતિ.
૫. ન. લાંબું મૂળ.
૬. વિ. લાંબાં મૂળવાળું.
દીર્ઘમૂલક [સ.] પું. મૂળો.

દીર્ઘમૂલા ૧. [સં.,] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; શતાવરી.
૨. સ્ત્રી એ નામની વેલ; સ્યામા લતા.
૩. સ્ત્રી. ધમાસો.

દીર્ઘમૂલી [સં.] સ્ત્રી. ધમાસો.

દીર્ઘમૂળ જુઓ દીર્ઘમૂલ.

દીર્ઘમૂળી જુઓ દીર્ઘમૂલી.

દીર્ઘયજ્ઞ ૧. [સં.] પું. બધા વખત સુધી યજ્ઞ કરનાર માણસ.
૨. પું દીર્ઘ વખત સુધી યજ્ઞ કરનાર એ નામનો એક રાજા.
૩. પું. લાંબો યજ્ઞ.
૪ વિ લાંબા યજ્ઞવાળું

દીર્ઘરત ૧. [સં.] પું. કૂતરો.
૨. પું. ડુક્કર; ભૂંડ.

દીર્ઘરદ ૧. [સં. દીર્ઘ (લાંબું) + રદ (દાંત)] પું. કૂતરો.
૨. પું. ડુક્કર; ભૂંડ.
૩. પું. લાંબો દાંત.
૪. વિ. લાંબા દાંતવાળું.

દીર્ઘરસન ૧. [સં. દીર્ઘ (લાંબુ) + રસના (જીભ)] પું. સર્પ.
૨. વિ લાંબી જીભવાળું.

દીર્ઘરસની [સં.] સ્ત્રી. સાપણ.

દીર્ઘરાગા ૧. [સં દીર્ઘ (લાંબું) + રાગ (પ્રેમ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. બહુ પ્રેમવાળી સ્ત્રી.
૨. [સં. દીર્ઘ (લાંબું) + રાગ (રંગ) + આ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. હળદર. તેનો રંગ લાંબો વખત રહે છે.
૩. વિ. સ્ત્રી. બહુ પ્રેમવાળી.

દીર્ઘરાત્ર ૧. [સં.] પું. લાંબી રાત.
૨. ન લાંબો વખત; બહુ સમય.

દીર્ઘરાશિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પાંચમી, છઠ્ઠી, સાતમી અને આઠમી રાશિ: સિંહ, કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિ.

દીર્ઘરોગી [સં. દીર્ઘ (લાંબું) + રોગિન્ (રોગવાળું)] વિ. લાંબી બીમારીવાળું.

દીર્ઘરોમ ૧ [સં. દીર્ઘ (લાંબું) + રોમન્ (વાળ)] પું. રીંછ.
૨. પું શિવનો એ નામનો એક અનુચર.
૩. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો દીકરો
૪. વિ. લાંબા વાળવાળું.

દીર્ઘરોમા જુઓ દીર્ઘરોમ.

દીર્ઘરોહિષ જુઓ દીર્ઘરોહિષક.

દીર્ઘરોહિષક [સં.] ન. એક જાતનું ઘાસ; રોહિષ ઘાસ. તે માળવા, રજપૂતાના અને પંજાબ પ્રદેશમાં બહુ થાય છે. તેમાંથી સીંધુન્ન નેપી સુગંધ નીકળે છે અને તેનાં મૂળમાંથી એક જાતનું તેલ નીકળે છે.

દીર્ઘલોક [સં.] પું. (જૈન) વનસ્પતિકાય.

દીર્ઘલોકરાજ [સં.] ન. (જૈન) અગ્નિ.

દીર્ઘલોચન ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૨. પું. શિવનો એ નામનો એક અનુચર.
૩. ન. વિશાળ નેત્ર; લાંબું નેત્ર.
૪. વિ. લાંબા નેત્રવાળું; વિશાળ નેત્રવાળું.

દીર્ઘવક્ત્ર ૧. [સં. દીર્ઘ (લાંબું) + વક્ત્ર (મોઢું)] પું. હાથી; કરતી.
૨. ન. લાંબું મોઢું.
૩. વિ. લાંબા મોઢાવાળું.

દીર્ઘવક્ત્રી ૧. [સં.] સ્ત્રી. હાથણી.
૨. વિ સ્ત્રી. લાંબા મોઢાવાળી.

દીર્ઘવચ્છિકા [સં.] સ્ત્રી. એક જાતનું માંજણું; એક જાતનો મોટો મત્સ્ય.

દીર્ઘવર્ણ [સં] પું. દીર્ઘ અક્ષર; બે માત્રાનો વર્ણ.

દીર્ઘવર્તુલ [સં.] ન. અંડવૃત્ત; લંબગોળ કૂંડાળું; લંબગોળ.

દીર્ઘવર્તુલાકાર [સં.] વિ. ઈંડાકાર; લંબગોળ; અંડાકૃતિ; અંડાકાર.

દીર્ઘવર્ષાભૂ [સં.] પું. એક જાતની વનસ્પતિ; મોળા સાટોડી.

દીર્ઘવલ્લિકા [સં. દીર્ઘ (લાંબું) + વલ્લિકા (વેલ)] સ્ત્રી. લાંબો વેલો.

દીર્ઘવલ્લી ૧. [સં.] સ્ત્રી. પ્યાજી લતા.
૨. સ્ત્રી પાતાલગરુડી લતા.
૩. સ્ત્રી. મહેંદલગણી.
૪. સ્ત્રી લાંબો વેલો.

દીર્ઘવંશ ૧. પું. એક જાતનું ઘાસ; વંશ.
૨ પું. લાંબો વંશ.
૩ પું. લાંબો વાંસ.

દીર્ઘવૃક્ષ ૧. [સં.] પું તાડનું ઝાડ.
૨. પું સાગનું ઝાડ.

દીર્ઘવૃત્ત [સં. દીર્ઘ (લાંબું) + વૃત્ત (કૂંડાળું)] ન દીર્ઘવર્તુલ; લંબગોળ કૂંડાળું; અંડાકૃતિ; લંબગોળ.

દીર્ઘવૃંત [સં.] પું. સ્તનોનો વૃંત.

દીર્ઘવૃંતક જુઓ દીર્ઘવૃંત.

દીર્ઘવૃત્ત ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; ઉતરન; પુરમ્બલા. તેનાં પાંદડાંનું બીડું લાંબું હોવાથી તે દીર્ઘવૃંતા કહેવાય છે.
૨. સ્ત્રી. એક જાતનું ચીકણું.

દીર્ઘવૃંતિકા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; એલાપર્ણી.

દીર્ઘશાર ૧. [સં.] ન. એક જાતનું અનાજ; જુવાર; જ્વર. આ અનાજ દુનિયાના બધા ભાગમાં થાય છે. ભારત, ચીન, અરબસ્તાન, આફ્રિકા, અમેરિકા વગેરે સ્થળે તેની ખેતી થાય છે. હિંદુસ્તાનમાં પણ રજપૂતાના, પંજાબ, વગેરે સ્થળે તેનો વપરાશ ઘણો જ છે. ભંગાણ, ખાનદેશ વગેરે સ્થળે તે ઘણી જ ઓછી નીપજે છે તેનો છોડ પાંચ છ હાથ ઊંચો થાય છે અને તેના ડાંડામાં સાત આઠ આંગળને છેડે માઠ થાય છે. તેને હાથ દોઢ હાથ લાંબાં તરવારના આકારનાં પાન આવે છે. તેની ટોચે ફૂલનાં ઝૂમર અને સફેદ દાણાના ગુચ્છા આવે છે. તે નાના નાના દોર છે અને ઘઉંની જેમ ખાવાના કામમાં આવે છે. જ્વર ઘણી જાતની થાય છે, પરંતુ તેના છોડમાં ખાસ ભેદ દેખાતો નથી. જ્વરની નીપજ બે પ્રકારની થાય છે: એક રબી અને બીજી ખરીફ મકાઈ પણ તેનો એક ભેદ છે, તેથી કોઈ કોઈ સ્થળે મકાઈને પણ જ્વર કહેવામાં આવે છે. જ્વરનો છોડ ઢોરના ચારા તરીકે વપરાય છે. જ્વરની ઉત્પત્તિ સંબંધમાં મતભેદ છે. કોઈ કોઈ તેને અરબસ્તાન વગેરે પશ્ચિમના દેશોથી આવેલ માને છે, અને જુવાર શબ્દ અરબી દુરા શબ્દમાંથી બનેલો સમજે છે. પરંતુ આ મત ઠીક જણાતો નથી. જુવારની ખેતી ભારતમાં બધા પ્રાચીન કાળથી થતી આવી છે. પરંતુ તે ચારાને માટે વપરાય છે, અનાજ માટે નહિ.
૨. [સં દીર્ઘ (લાંબુ) + કર (બાજુ)] ન. લાંબુ બાજુ.
૩. વિ લાંબા બાજુવાળું

દીર્ઘશાંકા સ્ત્રી. મળ ત્યાગવાની હાજત; દિશાએ જવું તે

દીર્ઘશાખ ૧. [સં] પું. તાડનું ઝાડ.
૨. પું. સાગનું ઝાડ.

દીર્ઘશાખિકા સ્ત્રી. એ નામની વનસ્પતિ; એલાપર્ણી, સારણા.

દીર્ઘશિરાળિકા [સં દીર્ઘ (લાંબું) + શિરા (નસ)] સ્ત્રી. નાડીશોધનનું ઝાડ

દીર્ઘશૂક ૧. [સં.] સ્ત્રી. એક જાતની ડાંગર.

૨. [સં. દીર્ઘ (લાંબું) + રૂક્ષ (તીક્ષ્ણ અસ્ત્રશસ્ત્ર)] વ. લાંબો અને તીક્ષ્ણ.

દીર્ઘસૂક્ષ્મ [સં.] પું. એક જાતનું અસ્ત્ર; રાજાના એક જાતના ચોપા.

દીર્ઘસ્પર્શ ૧. [સં. દીર્ઘસ્પર્શ] પું. (પુરાણ) દીર્ઘતમા ઋષિનો એ નામનો એક પુત્ર. તેણે અનાવૃષ્ટિ થતાં આષ્ટિષેણા માટે વેપાર કર્યો હતો. તેના માટે ઋગ્વેદમાં તેને વેપારી કહ્યો છે.

૨. વ. લાંબો કાન.

૩. વિ. લાંબા કાનવાળું.

દીર્ઘશ્વાસ ૧. [સં.] પું ઊંડો શ્વાસ; મહાશ્વાસ.

૨. પું. નિસાસો.

દીર્ઘસત્ર ૧. [સં.] પું. લાંબા કાળનો યજ્ઞ; લાંબો વખત ચાલે એવો યજ્ઞ.

૨. વ. (પુરાણ) ભારત વર્ષનું એ નામનું એક તીર્થ.

દીર્ઘસત્રી [સં. દીર્ઘસત્રિન્] વિ. બહુ કાળ ચાલે એવો યજ્ઞ કરનાર.

દીર્ઘસમાસ [સં.] પું. સમાસવાળો લાંબો [illegible].

દીર્ઘસંધિતા પું. (વૈદ્ય) જૂનો સંધિવા. તેમાં અનેક રોગનો સમાવેશ થાય છે. તીક્ષ્ણ સંધિવા થઈ ગયા પછી પણ કાળ સુધી સાંધા અગર શરીરના બીજા ભાગમાં દરદ થયા કરે છે તે દીર્ઘસંધિવા કહેવાય છે. દીર્ઘસંધિવા આપોઆપ પણ થાય છે અને કોઈ કોઈ વાર તે સાંધામાં ગોટલો તો ફેરફાર કરી મેલે છે ? તે સાંધો નિરુપયોગી થઈ જાય છે. પ્રમેહ ગોટલે પરમિયો તેમ જ ઊપદંશ અથવા ગાદી થયા પછી પણ આ રોગ થઈ આવે છે. કોઈ વાર કમરમાં, તો કોઈ વાર પીઠ ઉપર અને કોઈ વાર ગરદનમાં દરદ થાય છે અને રનાયુ એવા તો અકડાઈ જાય છે કે હાથપગમા દરદ હોય તો તે અવયવ સામે સકારણ મુશ્કેલ થઈ પડે છે. એટલે ચાલવું કાણ થઈ પડે છે અને હાથ વતી કામ થતું નથી કમરમાં દુખતું હોય તો વાંકું પણ વળી શકાતું નથી. ગરદન દુખતી હોય તો કોઈ જોતી તો સહજમાં થઈ જાય છે કે માથું ફેરવવું કે ઊંચું નીચું પણ જતી શકતું નથી. શરદીના દિવસમાં તે વધારે જોર કરે છે અને દરદી લાંબો વખત સુધી વેદના ભોગવે છે. પણે ભાગે ઘરડાં માણસોને આવો આ વિશેષ થાય છે. કોઈ વાર જાતીના રનાયુ અકડાઈ જઈ પાર્શ્વશૂલ થાય છે, તેમ જ પેટ અને મસ્તકના રનાયુમાં તેની અસર થવાથી મસ્તકશૂલ થાય છે.

દીર્ઘસુરત ૧. [સં. દીર્ઘ (લાંબું) + સુરત (મૈથુન)] પું. કૂતરો.

૨. વ. લાંબો વખત ચાલે એવું મૈથુન.

૩. વિ. લાંબા વખત સુધી મૈથુન કરનાર.

દીર્ઘસુરતી [સં.] સ્ત્રી. કૂતરી; કુત્તી.

દીર્ઘસૂત્રિમ [સં.] પું. પાતંજલ યોગ સૂત્રના ભાષ્યમાં કહેલ એક જાતનો પ્રાણાયામ.

દીર્ઘસૂતિ [સં.] સ્ત્રી. પ્રસવ કરતા બહુ વાર લગાડનારી સ્ત્રી.

દીર્ઘસૂત્ર ૧. [સં.] પું. ઘણા દિવસે પૂરો થતો એક જાતનો યજ્ઞ.

૨. પું. મહાભારતમાં બતાવેલ એ નામનું એક તીર્થ.

૩. વ. લાંબુ સૂત્ર; લાંબો તાંતણો.

૪. વિ. કામમાં ઢીલ કરનાર; આપઘીપિયું; દીર્ઘસૂત્રી; બદ; હરકોઈ કામમાં ઘણો વખત લગાડનાર; નાહક વખત કાઢનાર.

૫. વિ. ગીરવું.

૬. વિ. જેણે લાંબો વખત યજ્ઞ કર્યો હોય તેવું.

૭. વિ. લાંબા તાંતણાવાળું; લાંબા સૂત્રવાળું.

દીર્ઘસૂત્રતા [સં.] સ્ત્રી. ગીરવું; ગીરવાપણું; ઓઢા કામમાં વિશેષ વેળા લગાડવી તે; વિચાર કરવામાં અથવા ટાપટીપ કરવામાં કોઈ કાર્ય કરતા ઘણી મુદત લાગી જાય એની પ્રકૃતિ; મંદતા; શૈથિલ્ય; વિલંબ કરવાની ટેવ; દોહ્યલાપણું; આપઘીપિયાપણું.

દીર્ઘસૂત્રત્વ જુઓ દીર્ઘસૂત્રતા.

દીર્ઘસૂત્રી ૧. [સં. દીર્ઘસૂત્રિન્] પું. અત્યંત સૃષ્ટિનાં કર્મોની દોરી પોતાના હાથમાં રાખનાર પરમેશ્વર.

૨. [સં. દીર્ઘ (લાંબું) + સૂત્ર (તાંતણો) + ઇન્ (વાળું)] સ્ત્રી. સૂતરફેણી

૩. વિ. આળસુ

૪. વિ. આપઘીપિયું; ગીરવું. ટાપટીપ કરીને દીલ કરવાના સ્વભાવવાળું; ઢીલું; ઢાલું; મોટામોટા વિચાર કરી વખત ગુમાવનારું; ટાલ્લું.

૫. વિ. દોહ્યલું.

૬. વિ. નાહક સંતાપ કરનારું; ઝટ પાર ન આવે એવું.

દીર્ઘસૂત્રીપણું જુઓ દીર્ઘસૂત્રતા.

દીર્ઘસેતુ [સં. દીર્ઘ (લાંબું) + સેતુ (પાળ)] પું. લાંબું નાણું; અર્બાદાદકેક માટીની લાંબી નિશાની.

દીર્ઘસ્કંધ [સં. દીર્ઘ (લાંબું) + સ્કંધ (ઝાડ)] વ. તાડનું ઝાડ.

દીર્ઘસ્વર ૧. [સં.] પું. લાંબો સ્વર. આ, ઈ, ઊ અને ઋ એ દીર્ઘ સ્વર છે.

૨. વિ. લાંબા સ્વરવાળું.

દીર્ઘા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પૃશ્નિપર્ણી.

૨. સ્ત્રી. એ નામની માસપેશી.

૩. સ્ત્રી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં બનતી એક જાતની હોડી. તે ૮૮ હાથ લાંબી, ૪૪ હાથ પહોળી અને ૪૪ હાથ ઊંચી બનતી.

૪. વિ. લાંબી.

દીર્ઘા ઈ સ્ત્રી. દીર્ઘ ઈ.

દીર્ઘા ઊ સ્ત્રી. દીર્ઘ ઊ.

દીર્ઘાકાર [સં.] વિ. લંબચોરસ.

દીર્ઘકેશ [સં.] પું. મોટામાં મોટો શ્વાસ; ભૂખ્યા શ્વાસ; મોટી ઘરઘરાટી; કાળજોળ પહોંચે અથવા આકૃતિનો ઊંચો લાંબો શ્વાસ.

દીર્ઘકેશ્વર [સં.] પું. બંગ્લા નામ. દીર્ઘકેશ્વર મળવાથી થતો બ્રહ્મર.

દીર્ઘાપાંગ વિ. જેની આંખની અણીઓ લાંબી હોય એવું.

દીર્ઘાયુ ૧. પું. એક જાતનું ઝાડ; સિલ્વા.

૨ [સં. દીર્ઘાયુસ્] પું. કાગડો.

૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો અચ્યુતાયુ રાજાનો એ નામનો પુત્ર.

૪ પું. માર્કંડેય.

૫. વ. એક જાતનું છોડવું. તે નષ્ટક નામનું કંદ આવવાથી લાંબું આયુષ્ય ભોગવે છે, માટે તેને દીર્ઘાયુ કહે છે.

૬. [સં. દીર્ઘ (લાંબું) + આયુસ્ (આવરદા)] વ. લાંબુ છતવનાર લાંબી આવરદા; દીર્ઘ આયુષ્ય.

૨. [સં.] વિ. બેવડું.
૩ [હિં] ન બે વખત; બે વાર; બીજી વખત; ફરીથી; ફરીવાર.

દુબારાતિબારા જ. વારેવાર.

દુબાલા [હિં.] વિ. ભગવું.

દુબાહિયા [હિં.] પું. બે હાથોથી તલવાર ચલાવનાર યોદ્ધો.

દુબિધા સ્ત્રી. ચિત્તનું અસ્થિરપણું.
બાકી દુબિધા દૂર નવ થાઈ. બ્રહ્માનંદ

દુબિધિ [સં. દ્વિ (બે) + વિધિ (રીત)] સ્ત્રી. બે રીત.

દુબિયા સ્ત્રી. એક જાતનું ઘીલું ઘાસ.

દુબિસી [હિં.] સ્ત્રી. સરકારથી કિસાનોને અપાતું એક જાતનું ધાબતર.

દુબીચા ૧. [હિં.] પું. ઝટકો; ચિંતા.
૨. પું સંશય; સંદેહ.

દુબુર [અ.] સ્ત્રી. બાબળી બાવળ; ઉંટો.

દુબે ૧. [સં. દ્વિ (બે) + વેદ] પું. (હિંદી) ચારમાંથી બે વેદમાં પ્રવીણ થયેલો બ્રાહ્મણ.
૨. સ્ત્રી. બાજરાની એ નામની એક ઝટક.
૩. ન. એ નામની ઝટકનું માપુસ.
૪. વિ. એ નામની ઝટકનું.
૫. વિ. દ્વિવેદી; બે વેદ જાણનાર.

દુબ્બા ૧. સ્ત્રી. પીડા; દુઃખ.
૨. સ્ત્રી. માયા.
૩. [સં. દૈધક] સ્ત્રી. શંકા; અનિશ્ચિતતા.
મારી હિયની દુબ્બા વામી રે,
નાગર નવલ નીરખીને. નિષ્કુલાનંદ

દુબ્બા ૧. પું. ગુચ્છ.
૨. પું. રીત; રિવાજ.
૩. [અ.] પું સ્થિતિ.

દુબ્બાર [સં. દુર્બલ] વિ. નબળું; દુબળું.

દુબ્બાલ [સં. દુર્બલ] વિ. (જા. પુ.) અશું; નબળું.

દુભાગ [સં. દ્વિ (બે) + ભાગ] વિ. બે ભાગનું; ભાગેલું.

દુભાગવું જ ક્રિ. બે સરખા ભાગ કરવા; બેમાં ભાગવું. ભાગેલું કરવું.

દુભાગા [હિં.] વિ. બે ભાગ પાડેલા દોષ જેવું.

દુભાગાગ્ગિદુ ન. બીજા જ્ઞાનતંતુ જેમ જ બંને ચક્ષુતંતુ બીજા ગોળાગોળને દુભાગે તે બિંદુ
આ રીતે દુભાગબિંદુની નીચેના રેખાતંતુના ભાગો બાજમાં કાઈ ગોળ ભાગ લો તેનું પરિણામ ઉપલી વસ્તુના આંતરની અનિશ્ચિતતા અને બજાવી વસ્તુની જ્ઞાનશૂન્યતા બે પ્રમાણે નીપજે છે.
ત્રિભુવનદાસ જ

દુભાગાવવું જ ક્રિ દુભાવે એમ કરવું.

દુભાગાવું જ ક્રિ દુભાવે એમ થવું.

દુભાજક [સં. દ્વિ (બે) + ભાજક (ભાગનાર)] વિ. બે સરખા ભાગ કરનાર.

દુભારજા [સં. દુર્ભાર્યા] સ્ત્રી. ખરાબ સ્ત્રી; કુભારજા.

કોણ બાપે ક્યાંથી બે દુભારજા મળી છે?
સરસ્વતીચંદ્ર

દુભાલાઢો (દુભાલાડો) પું. એક જાતનો કંદ. તે દોરનું દૂધ વધારનાર તરીકે ઉપયોગી મનાય છે.

દુભાવ [હિ.] વિ. દ્વેષી.

દુભાવવું જુઓ દુભવવું.

દુભાવું ૧. જ. ક્રિ. દુભવું; છળ બળવો; મનમાં બળવું; ખોટું લાગવું.

૨. જ. ક્રિ. નારાજ થવું; નાખુશ થવું.

દુભાવો પું. દુઃખ થાય કે ખોટું લાગે એમ કરવું તે; દુઃખ; દુભાવું. મન દુભાવું તે.

દુભાશા જુઓ દુભાષિયો.

દુભાષિયો ૧. [સં. દ્વિ (બે) + ભાષા] પું. બે ભાષા જાણનારો માણસ; એક ભાષાની મતલબ બીજી ભાષામાં બોલી જાણનારો માણસ.

૨. વિ. ભિન્નરૂપકર; ભાષાંતર કરનાર.

દુભાષી [સં. દ્વિભાષિન્] પું. દુભાષિયો.

દુભાંડલા [હિ.] પું. દંભી પુરુષ.

દુભાંડવા જુઓ દુભાંટલા.

દુભિખ [સં. દુર્ભિક્ષ] પું. (હિંદી) દુકાળ.

દુમુજ [સં. દ્વિ (બે) + ભુજ (હાથ)] વિ. (હિંદી) બે હાથવાળું.

દુમેર સ્ત્રી. બે ગામ વચ્ચેની હદ.

દુમેરો પું. બે ગામોની હદ મળે તે જગા.

દુરેજ ૧. સ્ત્રી. ક્રોધ, ગુસ્સો; રીસ.

૨. સ્ત્રી. નારાજી; નાખુશી; મન દુભાવાપણું.

મેં તો તારી દુરેજ ન જાણી;
સામળ મું સૂતો ચોક વાસી. નરસિંહ

દુરોસિયા જુઓ દુભાંટલા.

દુર્ગ ૧. પું. અંત; છેડો.

૨ પું. તબ; ઘોડાને પૂંઠડીએ બાંધવામાં આવતો પટો.

૩. પું. પાળ્યા પાળ્યા ગામો રહેનાર માણસ.

દુમમાં ધૂમવું = કોઈનો આશ્રય શોધવો; કોઈને વળગી રહેવું; કોઈની પાળ્યા પડવું.

૪. [ફા.] સ્ત્રી. પૂછડી.

૧. દુમ દબાવીને ભાગવું = ડોલી પૂછડીએ નાસી જવું; બે પગ વચ્ચે પૂછડી રાખી ભાગી જવું.

૨. દુમ હલાવવી = કૂતરાની પેઠે પૂછડી આમ તેમ હલાવવી, એ છે હા કરવું.

૩. બે દુમનો બબ્બો = મૂર્ખ.

૫. વ. કોઈનું અનુકરણ કરનાર માણસ.

દુમઅકૂસાર (દુમઅકોસાર) [ફા.] જ. ઊંટને પૂછડે લગાડવાનો ઘણસાર.

દુમઅકૂસારની કીમત દોઢ દામ હોય છે.
અકબર અકબરી

દુમકલાસ સ્ત્રી. બાર ઊંચો ચઢાવવાની ચરખી; બારે વજનો ઊંચકવાનું યંત્ર; 'જેક.'

તબિયતના દરેક જ પ્રસંગે દુમકલાસ જોડવામાં આવ્યું. અસોકચરિત

દુમચી ૧. [ફા. દુમ્ચી] પું. ઘોડાની પીઠ ઉપરનો સાજ સલામત રહે તે માટે પેંચીને બાંધવાનો પટો; છળ તંગ રાખવાનું ચામડું.

૨. સ્ત્રી. તમાકુ, ગાંજો, અફીણ વગેરે રાખવાની ચામડાની નાની કોથળી અથવા ડાબલી.

દુમજલી વિ. બે બાળવાળું. બે મેઢાવાળું.

દુમદાર [ફા.] વિ. પૂછડાવાળું.

દુમદારી (ફા. દુમ્દાર] સ્ત્રી. પાછળ પડી રહેલ ફોજ.

દુમદુમ જ નગારાનો એવો અવાજ.

દુમદુમ સાહેબી = ઘેર નોબતોના ગડગડાટ થતા હોય તેટલી સમૃદ્ધિનો જોમવટો; ઠાઠમાઠપણું.

દુમદોબ પું. દુઆબ; દુઆબો.

સન ૧૮૬૯ના જનાવરો વગર થયું પાકમીપણું અઢારવા આબતના આકડની રૂએ દુકા અથવા દુમદોબ આ આખામાં કોઈ પણ ઠેકાણેનું દુઃખ જનાવરમાંથી અઢાર કાઢવાના હેતુથી દુમવાળા જનાવરની નારી ઉદ્રિયમાં હવા અથવા કોઈ પદાર્થ દાખલ કરવાની કોઈ પણ ક્રિયાનો સમાવેશ થાય છે. મુંબઈ ઇમારતની પોલીસ આક્ટ

દુમન [હિં.] વિ. ઉલ્લાસ; ખિલ.

દુમરુમ ૧ વિ. ભાડું

૨. વિ. સારી સ્થિતિવાળું.

દુમહેલા [હિ.] વિ. બે માળનું.

દુમંદર પું. (પિંગ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નંદિ. તે ત્રણનો છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ મળી ૯ વર્ણ હોય છે.

દુ ત્રાતા ૧. [સં. દુ ત્રાતૃ] સ્ત્રી ખરાબ માતા.

૨. સ્ત્રી સાવકી મા

દુભાયેલું ૧. વિ. મનમાં દુભાયેલું; મનથી નારાજ થયેલું; ખિન્ન; ઉદાસ.

૨ વિ. રૂંધાયેલું; ગૂંગળાઈ ગયેલું.

દુમાર ૧ પું ધર્મસંકટ.

૨. [દુ (બે) + મારો] પું. બે તરફનો મારો; બે બાજુએથી પડતો માર.

દુમારો જુઓ દુમાર.

દુમાલદાર પું. માલિક.

દુમાલા ૧. [હિ.] પું ખાસ. કૂદો.

૨. જ. જમીનદારના અધિકારનું ગામ. જૂના વખતમાં સરકારી નોકરી માટે ઇનામી ગામો આપવામાં આવતાં; તે દુમાલા નામથી ઓળખાતાં

૩. વિ. બે સત્તાવાળું; બે વહીવટવાળું.

દુમાવવું જ. ક્રિ. પીડાવવું; દમે એમ કરવું; દુમવાની ક્રિયા કરાવવી.

દુમાવું જ. ક્રિ. દુઃખી બરાબર આવવો; ગૂંગળાવું.

દુમાસ [તુ.] જ. સાધુ અથવા રેશમનું ભારીક બુટ્ટાદાર કાપડ; દમાસ્કસ શહેરનો અસલી બનાવટનું જાતીબર રેશમી કાપડ. દમાસ્કસનું બીજું નામ દુમાસ છે, તેથી તેને દુમાસનું કાપડ પણ કહે છે.

સેજ સમાવે સખીતીન,
દેવ તેજ આપુ અદ્વૈત
એમ દુમાસ વિષે ખો દીસે બાલ,
પણ પોત વણી તે અલખી બલ.
અખાની વાણી

દુમાસિયા ૧. સ્ત્રી. ગેણીની એ નામની એક બટક.

૨. વ. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

દુમિત પું. પતિના મરણથી અંતરમાં સુખ પણ બહારથી દુઃખ જણાવે તેવો ભાવ.

દુમિલકા પું. (પિંગ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દુર્લલિતા છંદ. તે સરસૂતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બાર જગણ મળી છત્રીસ અક્ષર હોય છે. તેના આઠમે ને ચૌદમે અક્ષરે વિસામો આવે છે.

દુમિલા ૧. પું. (પિંગ) એ નામનો અર્ધસમ માત્રાનો એક માત્રામેળ છંદ.

૨. પું. (પિંગ) ભિન્નરચનાનો એ નામનો એક છંદ.

દુમિલિયા પું. (પિંગ) એ નામનો એક માત્રામેળ છંદ. જુઓ દુમિલા.

દુમીલો પું. એક છંદ. જુઓ દુમિલા.

દુમુહું ૧. [સં. દ્વિ (બે) + મુખ (મોઢું)] પું. બે મોઢાવાળો સર્પ.

૨. [હિં.] વિ. દંભી.
૩. વિ. બે મોઢાવાળું.

દુમૂર્ખ જુઓ દુમુર્ખ.

દુમૂંડી જી૦ એક જાતનો છોડ; ગાડરિયું. તે ખરસટ જેવો છે તેનાં પાન આંતરે આંતરે ક્રમે ૪ ઇંચ લાંબાં, પહોળાં અને ત્રિકોણાકૃતિ, બંધારે ત્રણ વિભાગવાળાં હોય છે. ફૂલ ત્રિપ્રિ જાંબલી અને ફૂલ વાંકો અણીવાળાં અને કાંટાવાળાં થાય છે. આ છોડ ઝેરી છે.

દુમેલ ૧ પું. અયસ્કનાય.
૨. વિ મેળ વગરનું; તાલ વગરનું; બેસૂરું.

દુમેલા (પિંગળ) પું. એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દુર્મતિકા; માયવી; દુમિલા; દુમિલ્લા. તેના દરેક ચરણમાં આઠ સગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેના આઠમા અને ચૌદમા અક્ષર ઉપર વિસામો આવે છે.

દુમેલું વિ. નહિ મળેલું; નોખનોખું.

દુમેલો પું. દગો; ઉેહ.

દુમેળ ૧ પું. અયસ્કનાય; કુસંપ; મતભેદ.
૨. વિ તાલ વગરનું.
૩. વિ. મેળ વગરનું.

દુમ્મડ (દુમ્મડ) ૧. જી. વણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

દુમ્મલ ૧. [અ.] પું. ભણી જવાથી થતો ઠોલ્લો.
૨. પું સોજો.

દુમ્મલો ૧. [અ.] જી૦. મોટો સોજો.
૨. જી૦. નાનો ઠોલ્લો; મોડી.

દુમ્મા ૧. [અ.] પું. ઘ. ઘ. ઘડપણ અથવા માંદગીનાં આંસું.
૨. પું બ ક. વસંત ઋતુમાં દ્રાક્ષના ગાઢમાંથી ટપકતો રસ.

દુય ૧. જી૦. કોડીની રમતમાં આર આર કોડીની દમતી કરતાં ઊલટે બે કોડીનું વધવું તે.
૨. ન (પ્રાકૃત) ઊતારણું આવું તે; ગામનનો એક દોષ.
૩. ન. (જૈન) અત્રોસ માંહેના એક પ્રકારનું નાટક.
૪. [સ. દ્રુત] વિ. વેગવાળું.

દુયમ [સા દુયૂમ] વિ. દ્વિતીય; બીજું.

દુય્યમ ૧. [સા. દુયૂમ] વિ. દ્વિતીય; બીજું.
૨. વિ બીજી પંક્તિનું; અધિકારમાં ઊતરતું.

દુર ૧. [સં. દુર્] જી૦. દ્વાર; બારણું.
૨. જી૦. હલકાપણું; ઓછાપણું.

દુરંત ૧. વિ ખરાબ; દુષ્ટ.
૨. વિ. ખરાબ અંતવાળું.

દુરઆચરણ [સં. દુરાચર્ણ] પું. ખોળી સ્ત્રીસંગ.

દુરઆરોહ [સં. દુરારુહ] પું. ખજૂરનું ઝાડ.

દુરઆરોહા જી૦. એક જાતનો કપાસનો છોડ.

દુરઆલભ [સં. દુરાલભ] વિ. મળવું મુશ્કેલ.

દુરઆલભા [સં દુરાલભ્યા] જી૦. એક જાતની વનસ્પતિ; ધમાસો.

દુરક્ષ ૧. [સં દુર્ (ખરાબ) + અક્ષ (પાસો)] પું. કપટ પાસો; દુષ્ટ પાસો; ખોટો પાસો
૨. પું. દુષ્ટ નેત્ર.
૩. વિ. કપટી પાસાવાળું.
૪ વિ. દુષ્ટ નેત્રવાળું.

દુરક્ષર [સં.] વિ. અજ્ઞાન; અભણ.

દુરખી [હિં.] ન. ઘણીના ઘોડાને નુકસાન કરતું એક જાતનું જીવડું.

દુરગ ૧. [સં દુર્ગ] પું કિલ્લો.
૨ પું. નાકમાં પહેરવાનું એક ઘરેણું. મોતીનું ઝટકાવું; લોલક.
૩. પું. મોતી.

દુરગીલાલ જી૦. એ નામનો એક ઊંચી જાતનો ભંગાણી ઘાંસો

દુરગ્રહ વિ. અડિયર મનવાળું.

દુરભિધન પું. દુર્યોધન.

દુરતિક્રમ ૧. [સં.] પું. વિષ્ણુનાં ઉત્તર માર્ગનું એક નામ. અગમ્ય હોવાથી સર્વ વગેરે પણ એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી, તેથી તે દુરતિક્રમ કહેવાય છે.
૨. વિ. અપાર.
૩. વિ. અલંઘ્ય; અલાભ્ય.
૪. [સં.] વિ. ઉલ્લંઘન ન કરી શકાય તેવું; અલંઘનીય; અપાર; મુશ્કેલીથી ઓળંગી શકાય એવું.
૫. વિ. છોડી ન શકાય તેવું.
૬. વિ. જીતી ન શકાય તેવું.
૭. વિ. દુઃસાધ્ય; દુઃખથી પાર થવું.

દુરતિક્રમણીય [સં.] વિ. મુશ્કેલીથી ઉલ્લંઘન થઈ શકે એવું.

દુરત્યય જુઓ દુરતિક્રમ.

દુરત્યયા ૧. [સં.] જી૦. એ નામે એક દેવી; દુર્ગા
૨. વિ. જી૦. ન ઓળંગી શકાય એવી; દુર્ગમ.

દુરદામ [સં. દુર્દમ] વિ. (હિંદી) મજબૂત; કદાવર.

દુરદાલ [સં. દ્વિરદ] પું. (હિંદી) હાથી.

દુરદૃષ્ટ ૧. [સં] ન. કમનસીબ; દુર્ભાગ્ય.
૨. ન. પાપ.
૩. વિ. મુશ્કેલીથી જાણી શકાય એવું.
૪. વિ. મુશ્કેલીથી પહોંચાય એવું.

દુરધિગમ ૧. [સં.] વિ દુર્બોધ, મુશ્કેલીથી સમજી શકાય એવું.
૨. વિ મુશ્કેલીથી મેળવાય એવું

દુરધિરોહ [સ.] વિ. મુશ્કેલીથી ચડી શકાય એવું.

દુરધિસહ [સં.] વિ. મુશ્કેલીથી સહન થાય એવું.

દુરધીત [સં.] ન. વર્ણનો જેવો સ્વર અને સ્થાન હોય તે પ્રમાણે ઉચ્ચારણ નહિ કરી અણછું તે; દુષ્ટ અધ્યયન.

દુરધ્યય [સં.] વિ. અધ્યયન કરવાને અશક્ય; ન ભણી શકાય એવું

દુરધ્વ [સં.] પું. ખરાબ રસ્તો; કુમાર્ગ.

દુરનામ પું. ખરાબ નામ; કલંક; અપકીર્તિ.

દુરનામા પું. હરસ; મસા.

દુરનામી વિ. ખરાબ નામવાળું.

દુરનિવાર વિ. અટકાવી ન શકાય એવું.

દુરનીત વિ. ખરાબ પ્રતિષ્ઠાવાળું.

દુરનીતિ જી૦. ખરાબ પ્રતિષ્ઠા.

દુરનુચર [સં.] વિ. દુઃખે આચરણ કરી શકાય એવું, મુશ્કેલીભર્યું.

દુરનુનેય [સ.] વિ. માઠા સ્વભાવવાળું.

દુરનુપાલ [સં.] વિ. દુઃખેથી પાળી શકાય એવું.

દુરન્વય ૧. [સં.] વિ. દુઃખથી અનુસરવા યોગ્ય.
૨. વિ. મુશ્કેલીથી પાળી કર્યું શકાય એવું; મુશ્કેલીથી જેનો અન્વય થઈ શકે એવું.

દુરન્વાચાર [સ] વિ મુશ્કેલીથી નાખુશ થાય તેવું. મુશ્કેલીથી બીજે જેવું

દુરપેક્ષા [સં.] જી૦. અજ્ઞાન

દુરપ્પા ન એક જાતનું કાપડ.

દુરભાઉ વિ ખરાબ પ્રકૃતિવાળું; હલકા મનવાળું

દુરભિ ૧. સં. અશુભ. અનિષ્ટ.
૨. વિ દુર્ગંધી; દુર્ગંધવાળું

દુરભિગમ ૧. [સં] વિ. મુશ્કેલીથી પહોંચી શકાય એવું.

૨. વિ મુશ્કેલીથી સમજાય તેવું; દુર્બોધ.

દુરભિગંધ ૧. [સં] પું. દુર્ગંધ; ખરાબ વાસ.

૨. વિ દુર્ગંધવાળું; ખરાબ વાસવાળું.

દુરભિગ્રહ ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; અપામો.

૨. વિ દુઃખથી ગ્રહણ કરવા યોગ્ય; દુઃખથી સેવા લેવું; મુશ્કેલીથી હાથમાં આવે એવું.

દુરભિમાન [સં.] ન. ખોટું અભિમાન.

દુરભિમાની [સં. દુર્ (ખરાબ) + અભિમાનિન્] વિ. ખોટા અભિમાનવાળું.

દુરભિલાષા [સં.] સ્ત્રી. દુષ્ટ ભાવના.

દુરભિશાપ [સં.] પું. અશુભ શાપ.

દુરભેદ્ય [હિં.] પું. ખરાબ ભાગ.

દુરભ્યાસ [સં.] પું. ખરાબ અભ્યાસ; ખરાબ ટેવ

દુરમત જુઓ દુરમટ.

દુરમટ [હિં.] પું. મજાક; મોજરી.

દુરમત [સં. દુર્મતિ] સ્ત્રી. કુબુદ્ધિ; નઠારી બુદ્ધિ.

દુરમતિ જુઓ દુરમત.

દુરમુસ [હિં.] પું. ગાલના આકારનો દંડ. તેની નીચે પથ્થરનો કે લોઢાનો ચારે ટુકડો હોય છે. તે માટી બેસાડવાના કામમાં આવે છે.

દુરર [અ.] ન. વ. ઘ. મોતીઓ.

દુરરાજ [અ. દુર્રજ] પું. ગ્રાણુ કબૂતર.

દુરરાની ૧. [સ્ત્રી.] પું. પઠાણ લોકોની એક જાત; કંદહારની બાજુ રહેતા અફઘાન લોકોની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

દુરરેયતિમ [અ.] ન. અમૂલ્ય મોતી.

દુરવગાહ [સં.] વિ દુષ્પ્રવેશ; મુશ્કેલીથી પ્રવેશ કરી શકાય એવું.

દુરવગાહતા [સં.] સ્ત્રી. મુશ્કેલીથી પ્રવેશ કરી શકાય એવું હોવાપણું.

દુરવગાહી ૧. [સં.] વિ. મુશ્કેલીથી પ્રવેશ થઈ શકે એવું.

૨. વિ. સમજી ન શકાય એવું.

દુરવચન [સં. દુર્વચન] ન. ખરાબ વચન; ગાળ શબ્દ.

દુરવસ્થ [સં.] વિ. ખરાબ દશાવાળું.

દુરવસ્થા [સં.] સ્ત્રી. માઠી દશા; ખરાબ હાલત; દુષ્ટ અવસ્થા.

દુરવંદ પું. (જરથોસ્તી) બહાર; પરધર્મી માણસ.

દુરવાપ [સં.] વિ. મુશ્કેલીથી મળે એવું; દુષ્પ્રાપ્ય; દુઃપ્રાપ્ય.

દુરવેશ [ફા.] પું. ફકીર; ભિખારી; સાધુ.

દુરશ્રવા [સં. દુરશ્રવસ્] પું. જેનાં કાનર માઠેનું એક નામ.

દુરસ ૧. [હિં. સે + ઓરસ] પું. સગો ભાઈ; સહોદર ભાઈ.

૨. વિ. ખરું; વાજબી.

૩. વિ. ખટકું; વાયક.

દુરસ્ત ૧. [ફા.] વિ. બરાબર; ખટકું; વાજબી.

૨. વિ. ઠીકઠાક કરેલું; સમારેલું.

દુરસ્ત કરવું = બગડેલાને પૂર્વ સ્થિતિમાં મૂકવું; સુધારવું; સમારવું.

૩. વિ. નરોબર; લાયક; માહક.

૪. અ. ઠીક; બારૂ.

દુરસ્તાર [ફા.] સ્ત્રી. મેવડી હાર.

દુરસ્તી ૧. સ્ત્રી. ગોઠવણી; રચના.

૨. સ્ત્રી. વાજબીપણું; ચોક્કસપણું; બરાબરપણું.

૩. [ફા.] સ્ત્રી. સમાર; સમારકામ.

દુરંગ ૧. [સં. દુર્ગ] પું. કિલ્લો; ગઢ.

૨. [સં. દ્વિ (બે) + રંગ] વિ. બે રંગનું.

૩. વિ. વિકટ; અવઘરું.

દુરંગા ૧. [હિં.] વિ. બે જાતની ચાલ ચાલનાર; બે પક્ષ ઉપર અવલંબન રાખનાર; પ્રપંચી; બે પ્રકારનું.

૨. વિ. બે પ્રકારનું.

૩. વિ. બે રંગનું.

દુરંગાબ્જચક્રાર પું. ખેતરપિંડી; બે જાતનું ટોળકી બનાવી તે.

દુરંગી ૧. સ્ત્રી. દ્વિધા ચિંતા; પ્રપંચ.

૨. [સં દ્વિ (બે) + રંગ + ઇન્ (વાળું)] વિ. દોરંગી; બે રંગનું; બે રંગવાળું.

૩. વિ. બહુરૂપી.

દુરંગીઅરડૂસી (દુરંગીઅરડૂસી) સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન એક બાજુ લીલાં અને બીજી બાજુ રાતાં હોય છે. તેને પુષ્પો સફેદ આવે છે.

દુરંગીચાસ સ્ત્રી. ખેતરપિંડી.

દુરંદા પું. એ નામનો એક જાતનો કૂલછોડ. તેની સફેદ અને વાદળી એમ બે જાત થાય છે.

દુરંત ૧. વિ. અઘરા; અઘરુ.

૨. વિ. અઘોર; પ્રચંડ; ભારે.

૩. [સં] વિ અનંત; અપાર.

૪. વિ. જેને છેડે પહોંચવું મુશ્કેલ હોય એવું.

૫. વિ. જેનો અંત કે પરિણામ ખરાબ હોય તેવું; અશુભ; કુત્સિત.

૬. વિ. દુર્બંધ.

૭. વિ. દુર્જન; ખલ.

૮. વિ. દુષ્ટ.

૯. વિ. ન ઓળંગી શકાય એવું.

૧૦. વિ. મુશ્કેલીથી પાર પડે એવું; ઝટ ન જતી શકે તેવું.

દુરંતક [સં.] પું. શિવ.

દુરંધા ૧. [સં. દ્વિરંફ] વિ (હિંદી) બારપાર છેદેલું.

૨. વિ. બે છિદ્રવાળું.

દુરંશ [સં.] પું. ખરાબ અંશ.

દુરાઇ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. સ્ત્રી. એ નામની એક ક્લેચ્છ જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

દુરાકાંક્ષા [સં. દુસ્ (ખરાબ) + આકાંક્ષા (ઇચ્છા)] સ્ત્રી. ખરાબ ઇચ્છા; દુષ્ટ વાસના. તેની પોતાની અને તેના પરિવારની દુરાકાંક્ષા પૂરતી એ જ એનું કારણ હતું.

ધરતીનો મુક્તિપથ

દુરાક્રમ ૧. [સં.] વિ. ઉલ્લંઘન કરાય નહિ તેવું.

૨. વિ. દુર્જય; અજેય.

૩. વિ. દુઃખથી જેની સામે આક્રમણ થઈ શકે તેવું; મુશ્કેલીથી જિતાય તેવું.

દુરાક્રંદ [સં.] વિ. મોટેથી રડનાર.

દુરાગમન ન. ગમન કરેલી સ્ત્રીને તે ઉંમરે પહોંચે ત્યારે તેના બાપને ઘેરથી પતિને ઘેર લાવવી તે.

દુરાગીન [હિં.] પું. વહુનું બીજી વાર સાસરે આવવું તે; દ્વિરાગમન.

દુરાગ્રહ [સં. દુસ્ (ખરાબ) + આગ્રહ] પું. ખોટી હઠ; જક; જબ; આગ્રહ; મમત; હઠ, હઠીલાઈ

દુરાગ્રહી [સં. દુરાગ્રહિન્] વિ. મમતી; હઠીલું; જક્કી; દુરાગ્રહવાળું; જબ્બો.

દુરાગ્રહીપણું ન. કાલ્પનું અતિ કઠોરપણું.

દુરાચર ૧. [સં.] વિ. દુષ્ટ આચરવાળું.

૨. વિ. દુઃખથી આચરી શકાય એવું.

દુરાચરણ [સં.] ન. નઠારું આચરણ; દુર્વૃત્ત; ખરાબ આચરણ; ખરાબ ચાલ; કુટેવ.

દુરાચરણી [સં. દુસ્ (ખરાબ) + આચરણ (ચાલ) + ઇન્ (વાળું)] વિ. ખરાબ ચાલવાળું; ખરાબ આચરણનું; દુરાચરણવાળું; દુર્વૃત્તી.

દુરાચાર ૧. [સં.] પું. ખરાબ વર્તણૂક; કુટેવ; દુરાચરણ; દુર્વર્તન; ખોટો અનીતિયુક્ત આચાર; નિદવાજોગ કામ.
૨. વિ. ખરાબ આચરણવાળું.
૩. વિ દુષ્કર્મવાળું

દુરાચારિણી [સં.] વિ. સ્ત્રી. બેરખા; છિનાળ; વ્યભિચારિણી; અસદાચારી.

દુરાચારી [સં. દુરાચારિન્] વિ. ખરાબ આચારનું; અનીતિ કરનારું; બેરહાલે ચાલનાર; દુરાચાર કરનારું.

દુરાજ ૧. [હિ.] પું. એક સ્થાન ઉપર બે રાજાઓનું રાજ્ય.
૨. [સં. દુસ્ (ખરાબ) + રાજ્ય] પું. ખરાબ રાજ્ય; જ્યાં શાસન.

દુરાજી [હિ.] વિ. બે રાજાઓનું.

દુરાદય [સં.] વિ. કંગાળ; દીન; ગરીબ.

દુરાત્મતા [સં.] સ્ત્રી. દુષ્ટાત્મપણું.

દુરાત્મન જુઓ દુરાત્મા.

દુરાત્મા ૧. [સં. દુરાત્મન્] પું. દુષ્ટાત્મા; ખરાબ સ્વભાવવાળું માણસ; નઠારો જીવ; દુષ્ટ માણસ. ખરાબ માણસ; દુર્બુદ્ધિ.
૨. ન. ખરાબ અંત:કરણ.
૩. વિ. ખરાબ સ્વભાવવાળું.
૪. વિ. દુષ્ટ અંત:કરણવાળું.
૫. વિ. પાપી; દુષ્ટ.

દુરાધન [મ.] પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

દુરાધર ૧. [સં.] પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

દુરાધર્ષ ૧. [સં.] પું. બોળો સરસવ.
૨. પું. પીળો સરસવ.
૩ પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. જેના પરાક્રમથી તે હણાતા નથી, માટે અનેકના દુરાધર્ષ કહેવાય છે.
૪. વિ તિરસ્કાર ન કરી શકાય તેવું.
૫. વિ. પરાભવ કરવાને અશક્ય; દુર્જય.
૬. વિ. પ્રબળ; પ્રબળ
૭. વિ. વારી ન શકાય તેવું; અનિવાર્ય.

દુરાધર્ષતા [સં.] સ્ત્રી. પ્રચંડતા; પ્રબળપણું.

દુરાધર્ષા [સં.] સ્ત્રી. કુટુનીનો નામનો છોડ.

દુરાધાર ૧. [સં.] પું. અહારેવ.
૨. વિ. દુ:ખથી આધાર કરવા લાયક
૩. વિ. દુ:ખથી ચિંતવી શકાય એવું
૪. વિ. દુ:ખથી ધારણ કરી શકાય એવું.

દુરાધિ ૧. [સં.] પું. દુષ્ટ માનસિક પીડા.
૨. વિ. દુષ્ટ મનોવ્યથાવાળું.

દુરાધિરોહ વિ. ચડવામાં અઘરું; મુશ્કેલીથી ઉપર ચડી શકાય એવું.

દુરાની ૧. સ્ત્રી. અફઘાનોની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દુરાપ ૧. [સં.] ન. મુશ્કેલીથી મેળવવું તે; દુષ્પ્રાપ્તિ.
૨. વિ. દુષ્પ્રાપ્ય; દુર્લભ.

દુરાભાષ [સં.] પું. શિવ.

દુરારાધ જુઓ દુરારાધ્ય.

દુરારાધન પું. (પુરાણ) ધૃતરાષ્ટ્ર રાજાના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

દુરારાધ્ય ૧. [સં.] વિ. દુ:ખથી સેવન કરવા યોગ્ય.
૨. વિ. મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય એવું; જલદી પ્રસન્ન ન થાય એવું.

દુરારિ [સં.] પું. રાક્ષસ.

દુરારિહા [સં. દુરારિ (રાક્ષસ) + હન્ (હણવું)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જ્ઞાનપ્રકાશ દુરારિઓને એટલે દુષ્ટ માર્ગમાં ચાલનારાઓને મારે છે. મોટા મોટા અસુરો હેઓને દોડીને નાશ કરનારા પણ તે છે. વળી દુષ્ટ અને પાપી શત્રુઓનો નાશ કરનારા પણ તે જ છે. તેથી તે દુરારિહા કહેવાય છે.

દુરારુહ ૧. [સં.] પું. નાળિયેરીનું ઝાડ.
૨. સ્ત્રી. બીલીનું ઝાડ.
૩. વિ. જેના ઉપર દુ:ખથી ચડી શકાય એવું; દુ:ખથી ચઢાય એવું.

દુરારુહા [સં.] સ્ત્રી. અબૂરીનું ઝાડ.

દુરારોહ ૧. [સં.] પું. મકોડો.
૨. પું. તાડનું ઝાડ.
૩. પું. દુ:ખથી ચઢવું તે; મુશ્કેલીથી ચઢવું તે.
૪. પું. રીંગણાનું ઝાડ.
૫. વિ. મુશ્કેલીથી ચઢાય એવું.

દુરારોહા ૧. [સં.] સ્ત્રી. અબૂરી.
૨. સ્ત્રી. બીલીનું ઝાડ.
૩. સ્ત્રી. રીંગણાનું ઝાડ.

દુરારોહી [સં દુસ્ (મુશ્કેલીથી) + આરોહ (ચડવું તે) + ઇન્ (વાળું)] સ્ત્રી ખોટો આગ્રહ પકડી રાખનાર

દુરાલભ ૧. [સં.] વિ. દુ:ખથી મેળવાય તેવું
૨. વિ. દુ:ખથી સ્પર્શ કરી શકાય તેવું

દુરાલભા જુઓ દુરાલભા

દુરાલંભા ૧. પું. કપાસ
૨. [સં.] પું. ધમાસો

દુરાલાપ ૧. [સં.] પું. દુષ્ટ આલાપ; માઠો બોલી તે; ખરાબ બોલવું, ખરાબ વાતચીત.
૨. વિ. ખરાબ વચન બોલનાર; કટુભાષી.

દુરાલોક [સં.] પું. તેજસ્વીપણું; ઝળઝળ.

દુરાવ ૧. [હિ.] પું. આંખપડસ કે બીજને મરણે કોઈ વાત મુદ્દત રાખવાનો બાધ; બેદબાવ.
૨. પું. કપટ; છળ.

દુરાવવું ૧ સ. ક્રિ. ઊંદી નખાવવું.
૨. સ ક્રિ. દૂર કરવું.
૩. સ. ક્રિ દૂર કરાવવું.
૪. સ. ક્રિ. નાશ કરવો.
૫. સ. ક્રિ. વિમરાવવું; ભુલાવવું

દુરાવાસ ૧. [સ. દુસ્ (મુશ્કેલીથી મેળવાય એવું) + આવાસ (સ્થાન)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સમાધિમાં યોગીઓ કઠિનતાથી ચિત્તમાં જમાવવાને ચલાવે છે. વળી અજ્ઞાનીઓને તેનું નિવાસસ્થાન દુષ્પ્રાપ્ય છે. તેમના સ્વરૂપની પ્રાપ્તિ દુ:સાધ્ય છે. તેથી તે દુરાવાસ કહેવાય છે.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

દુરાવારા જુઓ દુરાવારા.

દુરાશય ૧. [સ.] પું. દુષ્ટ આશય, ખરાબ અભિપ્રાય
૨. વિ. ઊંડા આશયવાળું; સામાન્ય બુદ્ધિથી જેનો પાર ન પામી શકાય એવું.
૩. વિ. દુષ્ટ આશયવાળું; ખરાબ અંત:કરણવાળું; ખરાબ અભિપ્રાયવાળું

દુરાશા ૧. [સ. દુસ્ (ખરાબ) + આશા] સ્ત્રી. ખરાબ આશા; દુષ્ટ આશા; પાપી આશા.
૨. સ્ત્રી. ખોટી ઉમેદ; નઠારી આશા.
૩. સ્ત્રી ફળીભૂત ન થઈ શકે એવી આશા.
૪. વિ ખરાબ આશાવાળું, દુરાશયવાળું.

દુરાશય ૧. [સં.] વિ. જેનો મુશ્કેલીથી આશય પાર પડે એવું

૨. વિ. મહા પ્રચંડ પ્રકૃતિવાળું

દુરાસ ૧. [સં.] વિ. મહેનતથી જિતાય એવું.
૨. જે દુઃખથી બહાર કાઢી મુકાય એવું.

દુરાસદ ૧. [સં.] પું. તરવાર.
૨. પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૩. વિ. અતડું.
૪. [સં. દુસ્ (મુશ્કેલીથી) + આસાદ (પ્રાપ્તિ)] વિ. દુર્ગમ; દુષ્પ્રાપ્ય; દુઃખથી પણ ન મળી શકે તેવું.
અહો દુરાસદ જેના જેહ,
સર્વ નર વારે સ્વાધીન તેહ. પ્રેમાનંદ
૫. વિ. દુઃસાધ્ય.
૬. વિ. ન જિતાય એવું.

દુરાસંગ પું. દુરાગ્રહ.

દુરાસાધ ૧. [સં.] વિ. દુષ્પ્રાપ.
૨. વિ. ન થઈ શકાય એવું.
૩. વિ. દુઃસાધ્ય.

દુરાહ પું. ગામડાનો આશુકો.

દુરાહા [ઘા.] પું. બે દિશામાં નોખો પડતો રસ્તો.

દુરાહાર [સં.] પું. ખરાબ ખોરાક.

દુરાહી ૧. [સં. દુરાહિન્] પું. વિષ્ણુ.
૨. [અ.] સ્ત્રી. રાજસત્તા તરફથી કરવામાં આવેલી મનાઈ; મનાઈ હુકમ.

દુરિજન ૧. [સં. દુર્જન] ન. બદમાશ માણસ; દુર્જન; અનીતિમાન માણસ.
જેનું પાડ્યું જોઈ, તેનું ભલ દુરિજન વહ્યું;
ઊતર ઢહિલ કોઈ, બહારથી પાર્થ રહી.
બોડોજિ
૨. વિ. દુષ્ટ; બદમાશ.

દુરિત ૧. ન. અનર્થ; દુઃખ; આપદા.
૨. [સં.] ન. પાપકર્મ; બદમાશ કામ.
એન દહિલ દુખદ દુરિત ભય મહિત જે પંક;
સ્મરણ કરમય કિલ્બિષ જે કરમક રામક કાંક.
વિમલસમુદ્રોમ
૩. ન. સંકટ.
૪. વિ. કલંકિત; પાપી; પાતકી.
૫. વિ. મુશ્કેલ.

દુરિતક્ષય [સં] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ભરતના વંશના મહાવીર રાજાનો એ નામનો પુત્ર.

દુરિતદમન [સં.] ન. પાપના દમનનું સાધન.

દુરિતદમની ૧. [સં.] સ્ત્રી. સજી શક્ય.
૨. જે સ્ત્રી પાપનો નાશ કરનારી.

દુરિતવિદારક [સં.] વિ. પાપનો નાશ કરનાર.

દુરિતારિ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક શાસન દેવ.
૨. પું. પાપનો શત્રુ.
૩. સ્ત્રી. (જૈનો) એ નામની દેવી.
૪. વિ. પાપનો નાશ કરનાર.

દુરિયન જુઓ દુરિયાણ.

દુરિયાણ ન. અફઘાનિસ્તાનું એ નામનું મુખ્ય ફળ. તે કાકડીની જાતનું અને કાકડીના પાટ તેમ જ રંગનું જ ફળ છે. એની દુર્ગંધ કાકડીના કરતાં વધારે તીવ્ર અને અસહ્ય હોય છે. તે બહુ ગરમ મનાય છે.

દુરિશય ૧. પું. મોટો મુનો.
૨. વિ. દુષ્ટ; બદમાશ.

દુરિષ્ટ ૧. [સં.] પું. બદમાશ વ્યક્તિ.
૨. પું. મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે માટે કરવામાં આવેલો યજ્ઞ. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે આવો યજ્ઞ કરનાર નરકમાં જાય છે.
૩. ન. પાપ; પાતક. નાનાં પાપોને દુરિત કહે છે.

દુરિષ્ટિ [સં.] સ્ત્રી. દુરિષ્ટ યજ્ઞ; બદમાશ યજ્ઞ.

દુરી ૧. [સં. દૂ (જે)ક પ્રા. દુઈ] સ્ત્રી. જેમાં બે ટપકાં અથવા જેનો આંક બોય તેવું ગંજીફાનું પત્તું; દુગ્ગો; દુઈ; દુગી; દુગી.
૨. જ. દૂર.
ન મળે જવાબ કદિ કાળી દુરી રે. દયારામ

દુરીત પું. એક જાતનો ધોળો; પણ તે મુખ્ય કાળો અને કેટ પ્રકાર હોય તેવો ધોળો.

દુરીમુરીદરજન પું. કબોટીની સિત્તોતેર નામની રમતમાં બીજે ટપકે બોલાતો શબ્દ.

દુરીયક્ષા [સં.] સ્ત્રી. ક્ષાર; ખારકુવા.

દુરુ [સં.] પું. એ નામનો એક પર્વત.

દુરુક્ત ૧. [સં.] ન. ખોટ વાણી; ખરાબ બોલ; દુષ્ટ વચન.
૨. ન. ગાળ; દુષ્ટ આરોપ.
૩. ન. શ્રાપ.
૪. વિ. નિંદિત.
૫. વિ. સારી રીતે નહિ બોલાયેલા શબ્દ.

દુરુક્તિ ૧. સ્ત્રી. ગાળ; ખરાબ બોલવું.
૨. સ્ત્રી. ટપકો; ઉપાલંભ.
૩. [સં. દુસ્ (ખરાબ) + ઉક્તિ (વચન)] સ્ત્રી. દુર્વચન; ખરાબ બોલ.

દુરુખા [હિં.] વિ. દંભી.

દુરુચ્છેદ ૧. [સં.] પું. દુઃખથી ઉખેડવું તે. દુઃખથી અટકાવવું તે.
૨. વિ. દુઃખથી ઉખેડી શકાય તેવું; દુર્વાર.

દુરુત્તર ૧. [સં.] પું. પુલ; બંધાર્ય.
૨ ન. ખરાબ ઉત્તર.
૩. વિ. ઊતરવાનું ન થાય તેવું; દુસ્તર.
૪. વિ. જવાબ આપવામાં અઘરું
૫. વિ. પાર જવાને માટે મુશ્કેલ.

દુરુદ્ધર વિ. જેનો બહુ મુશ્કેલીથી ઉદ્ધાર થઈ શકે એવું.

દુરુદ્વહ [સં] વિ. ઊંચકી ન શકાય એવું; દુ:ખે ભાર વહન કરી શકે તેવું.

દુરુધુરા [સં.] પું. (જ્યોતિષ) એ નામનો ચાંદ યોગ. મનાય છે કે, આ યોગમા જેનો જન્મ થાય તે મોટો વક્તા, પૈસાદાર, વીર અને વિખ્યાત પુરુષ થાય.

દુરુપચાર ૧. [સં. દુસ્ (ખરાબ) + ઉપચાર (ઇલાજ)] પું. ખરાબ ઉપચાર; ખોટો ઉપચાર.
૨. વિ. દુઃખથી ઉપચાર થાય તેવું.

દુરુપયોગ [સં.] પું. અવળતો ઉપયોગ; ખરાબ ઉપયોગ; ગેરઉપયોગ.

દુરુપયોગી [સં દુસ્ (ખરાબ) + ઉપયોગિન્ (ઉપયોગી)] વિ. નકામું; ઉપયોગ ન કરી શકાય એવું.

દુરુપલક્ષ [સં.] વિ. દુઃખથી જોવાય એવું.

દુરુપસ્થાન [સં.] વિ. દુઃખથી પાસે જઈ શકાય તેવું; દુઃખે પહોંચાય તેવું.

દુરુપૂ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

દુરુબ [હિં.] પું. એક પ્રકારના ગોખૂણા; એક જાતના પલંગ, તેના ઢાળા પાતળા અને ઢાળા થાય છે.

દુરુરેત ૧. વિ. દુષ્ટરતી.
૨. [હિ.] વિ. દોષ કે ખામી વગરનું.
૩. વિ. મજબૂત.
૪. [ફા.] વિ. રોગ વગરનું.
૫. વિ. સહીસલામત.
૬. વિ. સાચું; વાસ્તવિક; વાજબી.
૭. વિ. રવાનેલ

દુરુસ્તાઈ ૧. સ્ત્રી. દિલની મહાઈ; પ્રામાણિકપણું.
૨. સ્ત્રી. દુરસ્તપણું.

દુરુસ્તી ૧. સ્ત્રી. ચોકસપણું.
૨. સ્ત્રી. ચોક્કસપણું.
૩. સ્ત્રી. મજબૂતાઈ.
૪. સ્ત્રી. ચોક્કસતા
૫. [ફા.] સ્ત્રી. અવરસા
૬. સ્ત્રી. સમારવું તે.
૭. સ્ત્રી. સશોધન.

૮. સી સુધારો.

દુર વિ. વેગળેનું; દૂરનું.

દુરઉ [પ્રા.] સ્ત્રી. મહમદ પેગમ્બરની સ્તુતિ. ક્રાતિહા દુરઉ = ઉત્તરક્રિયા.

દુરડો જુઓ દુરડ.

દુરડ્યરા (દુરડ્યસ) [દ્રા.] સ્ત્રી. તલવાર.

દુરણા વિ. બેવડું.

દુરદાત વિ. ઉદાસ કરનારું; નાખુશ કરનારું.

દુરદત ૧. વિ. બડતબડું.
૨. વિ. ધાતકી.
૩. વિ. સખત, આકરું.

દુરસ્તી જુઓ દુરસ્તી.

દુરહ ૧. વિ. બોચિતું.
૨. [સં.] વિ. મુશ્કેલીથી જેનો તર્ક થાય તેવું.

દુરેસી ૧. સ્ત્રી. બરણ કોકોની એ નામની જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દુરૈ [સિં.] વિ. દૂરનું; આઘેનું.

દુરોક [સં.] વિ. દુઃખથી સેવાય તેવું.

દુરોજ પું. બે દિવસનો ખર્ચ.

દુરોદ્યુસત [સં દુરોદ્યુસત્] પું. આત્મા. આત્મા સોમરસરૂપ થઈને હૃદયમાં સ્થિત થાય છે, માટે તેને દુરોદ્યુસત કહે છે.

દુરોદર ૧. [સં.] પું. જુગારી.
૨. ન. જૂત; જુગટું.
અદ્યબાધ્યું કમ ધર્મ વદ,
જે હતા આદર આપ;
વચન તે કાં બીસાર્યાં,
જે દુરોદર બદા પાપ. બાબક
૩. ન. પાસાની રમત.

દુરોંધા [સિં.] પું. દરવાજા ઉપરનું બાકડું; ચાપડિયું.

દુર્ ૧. [સં.] અ. અપરૂં એવો અર્થ બતાવનાર ઉપસર્ગ. જેમકે, દુર્ગમ.
૨. અ. બરાબ, નઠારૂં એવો અર્થ બતાવનારો સંસ્કૃત ઉપસર્ગ જેમકે, દુર્જન. સંસ્કૃતના સંધિનિયમ પ્રમાણે દુસ્, દુષ્ ને દુઃ પણ થાય છે. જેમકે, દુસ્સહન, દુષ્પ્રયોજન, દુઃસાધ્ય.
૩. [સિં] અ. દૂર; બઘ્ન
૪. અ. નઠારૂં, બરાબ, દુષ્ટ એવો અર્થ બતાવનાર ઉપસર્ગ જેમકે, દુર્જન.
૫. અ. નિંદા, નિષેધ, બોડું જેવા અર્થમાં વપરાતો ઉપસર્ગ.

દુર્ખી સ્ત્રી. એક જાતનું જીવડું, તે નાના મળીના છોડને નુકસાન કરે છે

દુર્ગ ૧. [સં.] પું. એ નામનો એક અસુર. તેને મારવાથી દેવીનું નામ દુર્ગા પડ્યું.
૨. પું. એ નામનો એક વેદવ્યાખ્યાકાર.
૩. પું. કિલ્લો; ગઢ; કોટ. મનુએ ૭ પ્રકારના દુર્ગ કહ્યા છે: (૧) ધનુર્દુર્ગ એટલે જેની ચોતરફ પાણી વગરનો પ્રદેશ હોય તેવો દુર્ગ. (૨) મહીદુર્ગ એટલે જેની ચોતરફ ઊંચી નીચી જમીન હોય તેવો દુર્ગ. (૩) જલદુર્ગ અથવા અબ્દુર્ગ એટલે ચોતરફથી પાણીથી વેરાયેલો દુર્ગ. (૪) વૃક્ષદુર્ગ એટલે ચોતરફ વૃક્ષનું ઘાટું વન હોય તેવો દુર્ગ. (૫) નરદુર્ગ એટલે જેની ચારે બાજુ સેના હોય તેવો દુર્ગ અને (૬) ગિરિદુર્ગ એટલે પર્વત ઉપરનો દુર્ગ અથવા જેની ચોતરફ પહાડ હોય એવો દુર્ગ.
૪ પું. કુકર્મ.
૫. પું. ખીણમાંની કપરી વાટ; અડચણવાળો માર્ગ.
૬. પું. ગૂગળ.
૭ પું. જન્મ.
૮. પું. ડુંગર; પહાડ.
૯. પું. દુઃખ કોઈ.
૧૦. પું. નરક.
૧૧. પું. પરમેશ્વર.
૧૨. પું જીવબંધ.
૧૩. પું. મહાન જીવ.
૧૪. પું. મુશ્કેલી; મહાન ભય.
૧૫. [સં. દુર્ (મુશ્કેલીથી) + ગમ્ (જવું)] પું. મુશ્કેલીથી જઈ શકાય એવું સ્થાન.
૧૬. પું. યમનો દંડ.
૧૭. પું. રાજનીતિમાં રાજ્યનાં સાત અંગોનું ૭મું અંગ.
૧૮. પું. રોગ.
૧૯. પું. વિષ્ણુ. અજ્ઞાનીઓને તે દૂરથી દૂર છે એટલે તે અગમ્ય છે. અનેક જન્મો લીધા બાદ તોપણ અજ્ઞાની જીવ તેમની પ્રાપ્તિ કરી શકતો નથી. અને તે જ્ઞાનીની તો પાસે જ રહે છે. પુનઃ તેમના સાક્ષાત્કારમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે, એટલે અવ્યક્તપણાનો ભય કરવો અર્થાત્ અવ્યક્ત અસ્તિત્વમાંથી નીકળી જવું પણ કોઈને ગમતું નથી; માટે અજ્ઞાન અવસ્થાની ગમ એટલે જ્ઞાનાની પ્રાપ્તિ કરવી એ બધું અપરૂં કામ છે. આથી વિષ્ણુ ભગવાન દુર્ગ કહેવાય છે.
૨૦ પું શિવનાં હજાર નામોનું એક નામ.
૨૧. પું. સસાર. તે કામ, ક્રોધ વગેરે દુઃખોને લઈને તરવો મુશ્કેલ છે.
૨૨ પું. (પુરાણ) હિરણ્યાક્ષના વંશના ૨૬ દૈત્યનો પુત્ર; દુર્ગમ
૨૩ ન સરટ; કપ
૨૪. વિ. દુર્ગત; બબૂચને અસહ્ય; દુર્ગંધ.
૨૫. વિ. મુશ્કેલીથી પણ જાઈ ન જાઈ શકાય તેવું; દુર્ગમ.

દુર્ગક પું. દુષ્ટ બળદ.

દુર્ગકારક ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું દુર્ગ બનાવનાર માણસ.
૩. વિ. કષ્ટ કામ કરનારું.

દુર્ગકાંગરા પું. બ. વ. મહના કાંગરા.

દુર્ગકોપક [સં.] પું. કિલ્લામાં બળદો ફેલાવનાર વિદોહી.

દુર્ગક્રિયા [સં દુર્ગ (કિલ્લો) + ક્રિયા (કામ)] સ્ત્રી. કિલ્લો ચણવાની ક્રિયા.

દુર્ગજય ૧. વિ મુશ્કેલીથી સમજી શકાય એવું.
૨. વિ. સહેલાઈથી જઈ ન શકાય એવું.

દુર્ગત ૧. સ્ત્રી. બરાબ હાલત; બરાબ દશા.
૨. [સં.] ન. (સિદ્ધ) એક જાતનું ઘર.
દુર્ભુખ ધરની કાળી લક્ષ્મી અપરંપાર આવે છે તે દુર્ગત નામનું ઘર થાય. કલ્યાણ
૩ વિ. કમનસીબ.
૪ વિ. બરાબ હાલતવાળું.
૫. વિ. દરિદ્ર. નિર્ધન; ધનહીન; ભિખારી.
૬. વિ. દુઃખી.
૭. વિ. સંકટમાં આવેલ.

દુર્ગતહર્મ [સં દુર્ગત + કર્મન્] ન. દુઃખ-સંકટનિવારણ ક્રમ.

દુર્ગતતા ૧. [સં.] સ્ત્રી. બરાબ સ્થિતિ.
૨. સ્ત્રી. દરિદ્રતા.

દુર્ગતરજ્જુ ૧. [સં. દુર્ગ (ગોદ) + તૃ (તરવું)] ન. કિલ્લો ઓળંગવાનું સાધન.
૨. ન. દુઃખમાંથી છૂટવાનું સાધન.

દુર્ગતરજ્જુ [સં.] સ્ત્રી. એ નામે એક દેવી.

દુર્ગતસેતુકર્મ પું. દુર્ગાણમાંઓને સહાય કરવા માટેનું જાહેર કામ.

દુર્ગતિ ૧. સ્ત્રી. તિર્યંચમાં અવતાર પામવું તે.
૨. [સં.] સ્ત્રી. દરિદ્રપણું; ગરીબાઈ.
સહદેવની દુર્ગતિ પામ્યા.
તેની કરને પેટ. રમણભમ
૩. સ્ત્રી. દુષ્ટ ગતિ; નઠારી ગતિ.
૪. સ્ત્રી. નરક.
૫. સ્ત્રી. નરકમાં જવું તે; અસદ્ગતિ.
૬. [સં દુર્ (બરાબ) + મતિ (સ્થિતિ)] સ્ત્રી. માઠી મતિ; અધોગતિ; બરાબ હાલત.
કલ્પસૂત્રકાર કર્મ કરનાર કોઈ પણ પુરુષને દુર્ગતિ ગણતી નથી. ગોકુલદાસ
૭. સ્ત્રી. વિપત્તિ; દુર્દશા.

દુર્ગતિનાશિની ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

૨. વિ સ્ત્રી. ખરાબ દશાનો નાશ કરનારી; મોક્ષ અપાવનારી.

દુર્ગદ્વાર [સં. દુર્ગ (કિલ્લો) + દ્વાર (બારણું)] ન. કિલ્લાનું બારણું, કિલ્લાનો દરવાજો.

સહજાનંદમિ લોક આવે બધ,
એવું છે દુનિયાનું દુર્ગદ્વાર. સંજ્ઞાવિશ્વા

દુર્ગનિવેશ [સં.] પું કિલ્લામા રહેલ મકાન.

દુર્ગપતિ [સં દુર્ગ (કિલ્લો) + પતિ (ધણી)] પું. કિલ્લાનો ઉપરી અધિકારી; કિલ્લાનો સંરક્ષક અમલદાર, દુર્ગપાલ; કિલ્લાનું રક્ષણ કરનાર માણસ, કિલ્લેદાર; કિલ્લાનો માલિક.

દુર્ગપાલ ૧. [સ. દુર્ગ (કિલ્લો) + પાલ (પાળનાર)] પું. કિલ્લાનો ઉપરી અધિકારી; કિલ્લેદાર, કિલ્લાનો સંરક્ષક અમલદાર; દુર્ગપતિ.

૨. પું. મુખ્ય બજાર માંહેનું એ નામનું એક તીર્થ.

૩. વિ દુઃખમાં પાળનાર; દુઃખથી બચાવનાર.

દુર્ગપુર ૧. ન. એ નામનું શહેર; મહત્તા.

તેણે કહ્યું પાર્થ કર્મ કરીને,
થાજ સ્વયં દુર્ગપુરે જઈને.
હરિલીલામૃત

૨. [સં.] ન. કિલ્લાવાળું શહેર.

દુર્ગપુષ્પી [સં.] પું. એક જાતનું વૃક્ષ.

દુર્ગભક્ષ પું. ત્રિરાત્રાહાર વ્રતના રાત્રિભોગ વખતમાં થઈ ગયેલ એ નામનો ચાલાક બ્રહ્મરાક્ષસ.

દુર્ગમ ૧. પું. (પુરાણ) એ નામનો અસુર; દુર્ગ.

૨. પું (પુરાણ) એક રુદ્રગણ.

૩. પું. કઠિન સ્થિતિ.

૪. પું. દુર્ગ; કિલ્લો.

૫. પું. પરમેશ્વર.

૬. પું. વન.

૭. [સં. દુર્ (દુઃખથી) + ગમ્ (સમજ પડવી)] પું. વિષ્ણુ. તેમની ગમ પડવી એ પણ મહું અઘરું કામ છે. તેમના ભેદો તો તેઓ જ જાણે છે. વળી તેઓ મન, બુદ્ધિ અને જ્ઞાનની પાર છે. તેમને માટે જાણું સહેલું નથી, અતિ કષ્ટ કરેલું છે. તેથી તે દુર્ગમ કહેવાય છે.

૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૯. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષમાં એ નામની એક નદી.

૧૦. ન. (સ્થિર) ઉત્તર દિશામાં ઓરડી તેમજ ઓસરી હોય તેવું ઘર.

૧૧. વિ અસ્પષ્ટ; ન સાંભળેલું; ન જણાયેલું.

૧૨. વિ. તરવું કે ઊતરવું અઘરું પડે એવું; ઊંડું.

૧૩. વિ દુઃસાધ્ય; અપ્રાપ્ય; અલભ્ય.

૧૪. વિ. પરાણે જવાય એવું; મુશ્કેલીથી અર્થ સરાય તેવું; ક્લિષ્ટ.

૧૫. વિ. મુશ્કેલીથી સમજી શકાય એવું; દુઃખે સમજાય કે જણાય એવું; દુર્બોધ.

દુર્ગમતા [સં.] સ્ત્રી. અઘરાપણું; દુર્ગમ હોવું તે.

દુર્ગમ્ય જુઓ દુર્ગમ.

દુર્ગમ્યતા જુઓ દુર્ગમતા.

દુર્ગરક્ષક [સં. દુર્ગ (કિલ્લો) + રક્ષક (પાળનાર)] પું. કિલ્લેદાર; કિલ્લાનું રક્ષણ કરનાર; મહર્ષિ.

દુર્ગલ [સં.] પું. એ નામનો એક દેશ.

દુર્ગલનીય વિ. હરીફું

દુર્ગલંઘન ૧. [સં.] પું. ચિંત. તે રૈતાળ દુર્ગમ જગ્યાઓ આપણને ઉતરાવે છે.

૨. ન. કિલ્લો વટી જવો તે.

૩. ન. દુઃખમાંથી મુક્ત થવું તે.

૪. વિ. મુશ્કેલી ઓળંગી જવું.

દુર્ગલંઘની [સં.] સ્ત્રી. ઊંટણી.

દુર્ગવિદ્યા [સં.] સ્ત્રી. કિલ્લો બાંધવાની શિલ્પકળા; શિલ્પસંહિતામાં કહેવેલ મુખ્ય બત્રીસ માંહેની એ નામની એક વિદ્યા.

દુર્ગવિધાન [સ.] ન. કિલ્લો બાંધવો તે.

દુર્ગવિષમ [સં.] વિ. પૂરતા રક્ષક ન હોય એવો કિલ્લાનો ઢોળ.

દુર્ગસંચર [સં.] પું. કિલ્લા ઉપર ફરી શકાય એવો માર્ગ.

દુર્ગસંચાર જુઓ દુર્ગસંચર.

દુર્ગસંસ્કાર [સં.] પું. ભાંગીતૂટી પડેલા કિલ્લાને ફરી નવો કરવો તે.

દુર્ગસિંહ [સં.] પું. કલાપરિશિષ્ટકાર વિદ્વાન.

દુર્ગન્ધ [સં.] સ્ત્રી. (જૈન) એક જાતનું મોહનીય કર્મ. તેના ઉદયથી અશિન પદાર્થોની ગ્લાનિ ઉત્પન્ન થાય છે

દુર્ગંધ ૧. [સં.] પું. ખરાબ વાસ.

૨. પું. ફુગણી.

૩. પું. સંચળ.

૪ [સં દુર્ (ખરાબ) + ગંધ (વાસ)] સ્ત્રી. નઠારી વાસ; ખરાબ ગંધ; બદબો.

દુર્ગંધતા [સં.] સ્ત્રી. દુર્ગંધપણું.

દુર્ગંધનાશક [સં.] વિ. દુર્ગંધ હટાવનારું; ખરાબ વાસ દૂર કરનાર

દુર્ગંધયુક્ત [સં.] વિ. ગંધ મારતું; ગંધાતું.

દુર્ગંધા ૧. [સં.] સ્ત્રી. દુર્ગણા.

૨. સ્ત્રી. બાજરી.

૩. સ્ત્રી. (પુરાણ) શાંતનુ રાજાની એ સત્યવતી

દુર્ગંધારણ્ય [સં. દુર્ગંધ (ખરાબ વાસ) + આરણ્ય (ઝાડ)] ન. દુર્ગંધવાળું ઝાડ.

દુર્ગંધાંગ [સં. દુર્ગંધ + અંગ] વિ. ખરાબ વાસ મારતા અંગવાળું.

દુર્ગંધિત [સં.] વિ. ખરાબ વાસવાળું કરેલ.

દુર્ગંધી ૧. સ્ત્રી. દુર્ગંધ; બદબો; ખરાબ વાસ.

૨. [સ દુર્ગંધિન્] વિ. દુર્ગંધવાળું, ખરાબ ગંધવાળું, ખરાબ વાસવાળું; ગંધાતું.

દ્રૌપદીના મુખની કેરાફના ઉપર દુર્ગંધી હાથ નાખનાર કૌરવોનો સામનો કરવાની ઓડો એ કદી જવા દેવો નથી. વીર અભિમન્યુ

દુર્ગંધી બેર સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગંધીલો બેર. તેનું ઝાડવું કાંટાળું છે. મુખરોગ, કંઠરોગ, વિષ અને બસ્તમાં તેનો ઉપયોગ થાય છે

દુર્ગા ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. અમાજ ઘાટના ઓડવ જાતિના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં રિખભ પંચમ વર્જ્ય છે અને કોમળ તેમજ શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ સ્વરનો વાદી સ્વર ગંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. રાત્રે દ્વિતીય પ્રહરે ગાવાનો પ્રચાર છે. આ રાગમાં કેટલેક સ્થળે રાગેશ્વરી અને ખંભાવતીનો ભાસ થાય છે.

૨. પું. (સંગીત) નિષાદાદિ ચાર સ્વરોથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ: સ રિ મ પ ધ સં | સં ધ પ મ રિ સ | તેના વાદી સંવાદી સ્વર મ અને સ છે.

૩. સ્ત્રી. અપરાજિતા.

૪. સ્ત્રી. આદિશક્તિ. શુક્લ યજુર્વેદ વાજસનેય સંહિતામાં રુદ્રની અગ્નિની અંબિકાનો ઉલ્લેખ આ પ્રમાણે છે: હે રુદ્ર! તમારી અગ્નિની અંબિકા સહિત અમારો દરેક ભાગ એટલે પુરોડાસ ગ્રહણ કરો. આથી જણાય છે કે, શત્રુઓના નાશ વગેરેને માટે જે રીતે પ્રાચીન આર્યો રુદ્ર નામના ક્રૂર દેવતાનું સ્મરણ કરતા હતા, એવી રીતે તેની અગ્નિની અંબિકાનું પણ કરતા હતા. વૈદિક કાળમાં અંબિકા દેવી રુદ્રની અગ્નિની મનાતી હતી. તલવકાર અથવા કેન ઉપનિષદમાં આખ્યાયિકા છે કે: એક વાર દેવતાઓ અસુરો

કે વિશ્વ અમારી જ શક્તિથી બનેલું છે. આ સમયે અટકાવવાને માટે અનેક વચનના રૂપમાં દેખાયા, પણ દેવતાઓએ તેમને ઓળખ્યા નહિ. તેને અટકાવવાને માટે પહેલાં અગ્નિ તેમની પાસે ગયા એણે પૂછ્યું: તમે કોણ છો? અગ્નિએ કહ્યું: હું અગ્નિ છું અને સર્વ કાંઈ બરબાદ કરી શકું છું. આ ઉપરથી તે બટુએ એક તણખલું રાખીને કહ્યું કે, અમને બરબાદ કરો. અગ્નિએ ઘણું જોર કર્યું, પણ તણખલું જેવું તે તેવું જ રહ્યું એવી જ રીતે વાયુ દેવતા પણ ગયા. તે પણ તે તણખલાને ઊડાડી શક્યા નહિ. ત્યારે બધા દેવતાઓએ ઇંદ્રને કહ્યું કે, આ યક્ષનો પત્તો મેળવવો જોઇએ કે તે કોણ છે. જ્યારે ઇંદ્ર ગયા ત્યારે યક્ષ અંતર્ધાન થઈ ગયા. થોડી વાર પછી એક સ્ત્રી પ્રકટ થઈ. તે ઉમા હૈમવતી દેવી હતી. ઇંદ્રના પૂછવાથી ઉમા હૈમવતીએ જણાવ્યું કે તે યક્ષ બ્રહ્મ હતા. તેના વિજયથી તમને મહત્ત્વ મળેલ છે. ત્યારે ઇંદ્ર આદિ દેવતાઓએ બ્રહ્મને જાણ્યા. અધ્યાત્મ પક્ષવાળા ઉમા હૈમવતીયા બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરે છે. તૈત્તિરીય આરણ્યકના એક મંત્રમાં દુર્ગા દેવી સ્તવ્યમહં પ્રપદ્યે, વાક્ય આવે છે અને આ સ્થળે સાવત્રી છંદનો એક મંત્ર છે, જેને લાગવે દુર્ગાસાવત્રી કહેલ છે. દેવી ભાગવતમાં દેવીની ઉત્પત્તિ સંબંધમાં આ પ્રમાણે કથા છે: મહિષાસુરથી હારીને બધા દેવો બ્રહ્માની પાસે ગયા. બ્રહ્મા શંકર તેમ જ દેવતાઓની સાથે વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યું કે, મહિષાસુરને મારવાનો ઉપાય એ છે કે, સર્વે દેવો પોતાની બધી શક્તિ ભેળી કરીને પોતપોતાનું બોલું બોડું તેજ કાઢે. તે સર્વ તેજસમૂહથી એક જે ઉત્પન્ન થશે જે તે અસુરનો વધ કરશે. મહિષાસુરને વરદાન હતું કે તે કોઈ પણ પુરુષને હાથે નહિ મરે. વિષ્ણુની ભ્રકુટાનુસાર બ્રહ્માએ પોતાના મુખથી રક્ત વર્ણનું, શંકરે રૌદ્ર વર્ણનું વિષ્ણુએ નીલ વર્ણનું, ઇંદ્રે વિદ્યુત વર્ણનું એમ બધા દેવતાઓએ પોતપોતાનું તેજ કાઢ્યું અને એક તેજસ્વરૂપા દેવી પ્રકટ થઈ, જેણે તે અસુરનો સંહાર કર્યો. કાલિકાપુરાણમાં કહ્યું છે કે પરબ્રહ્મના અંશ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ બન્યા. બ્રહ્મા અને વિષ્ણુએ તો સૃષ્ટિની સ્થિતિને માટે પોતપોતાની શક્તિને ગ્રહણ કરી, પરંતુ શિવે શક્તિનો સ્વીકાર ન કર્યો અને તે યોગમાં મગ્ન થઈ ગયા. બ્રહ્મા આદિ દેવતા આ વાતની પરીક્ષા કરવા કે શિવ પણ ક્રોધ આદિ પરાજિત થયા કે નહિ, પરંતુ શિવને યોગ ભંગ કરી શકે એવી કોઈ શક્તિ જ ન દેખાતી ઘણો ય વિચાર કર્યા પછી બ્રહ્માએ દક્ષને કહ્યું: વિષ્ણુ-માયા સિવાય કોઈ પણ એવી નથી કે જે શિવને ક્ષોભાવી શકે. આથી હું તેની સ્તુતિ કરું છું, તમે પણ તેની સ્તુતિ કરો કે તે તમારી કન્યાના રૂપમાં તમારે ત્યાં જન્મ લે અને શિવની પત્ની થાય. તે વિષ્ણુની માયા દક્ષ પ્રજાપતિની કન્યા સતી થઈ, જેણે પોતાનાં રૂપ અને તપથી શિવને મોહિત અને પ્રસન્ન કર્યા. દક્ષયજ્ઞના વિનાશ સમયે જ્યારે સતીએ દેહનો ત્યાગ કર્યો, ત્યારે શિવે વિલાપ કરતાં કરતા તેના શબને પોતાની પીઠ ઉપર ઉપાડી લીધું. પછી બ્રહ્મા, વિષ્ણુ અને શનિએ સતીના મૃત શરીરમાં પ્રવેશ કર્યો અને તે તેના ટુકડા ટુકડા કરીને ઉપાડવા લાગ્યા. જ્યાં જ્યાં સતીનાં અંગ પડ્યાં ત્યાં ત્યાં દેવીનું સ્થાન કે પીઠ થઈ. જ્યારે દેવતાઓએ મહામાયાની ખૂબ જ સ્તુતિ કરી, ત્યારે તે શિવના શરીરમાંથી નીકળી, જેનાથી શિવનો મોહ દૂર થયો અને તે ફરીને યોગસમાધિમાં મગ્ન થયા. એક તરફ હિમાલયની પત્ની મેનકા સંતતિની પ્રાપ્તિની ઇચ્છાથી ઘણા દિવસોથી મહામાયાનું પૂજન કરતી હતી. મહામાયાએ પ્રસન્ન થઈને મેનકાની કન્યા થઈને જન્મ લીધો અને શિવથી વિવાહ કર્યો. માર્કંડેય પુરાણમાં ઋષિ દેવી દ્વારા સુરથ નિશુંભના વધની કથા કહી છે, જેનો પાઠ ચંડીપાઠ અથવા દુર્ગાપાઠના નામથી પ્રસિદ્ધ છે અને સપ્તશતી તે પાઠ થાય છે. કાલીખંડમાં કહ્યું છે કે, રુરુના પુત્ર દુર્ગ નામે મહાદૈત્યે દેવતાઓને બહુ હેરાન કર્યા ત્યારે તેઓ શિવની પાસે ગયા. શિવે અસુરને મારવાને માટે દેવીને મોકલ્યાં. દુર્ગાના પર્યાય નીચે પ્રમાણે છે: જ્વાલાકાંક્ષિકા, ઉમા, કાત્યાયની, ગૌરી, કાલી, હૈમવતી, ઈશ્વરી, શિવા, ભવાની, રુદ્રાણી, શર્વાણી, સર્વમંગલા, અપર્ણા, પાર્વતી, દુર્ગા, અંબિકા, આર્યા, દાક્ષાયણી, ચંડિકા, નારાયણી, મહામાયા, વૈષ્ણવી, સિદ્ધિ, ધાત્રી, વેદગર્ભા, અંબા, જગતી, સાવર્ણી, રુદ્રાણી, સાવિત્રી, જનની, પ્રકૃતિ, બ્રાહ્મી, નારસિંહી, ઐંદ્રી, કૌમારી, વારાહી, લક્ષ્મી, પુરુષાકૃતિ, વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, નિત્યા, બુદ્ધિદા, બહુલા, બહુલપ્રિયા, સર્વવાહનવાહના, નિશુંભશુંભહનની, મહિષાસુરમર્દિની, મધુકૈટભહંત્રી, ચંડમુંડવિનાશિની, સર્વાસુરવિનાશા, સર્વદાનવઘાતિની, સર્વશાસ્ત્રમયી, સત્યા, સર્વાસ્ત્રધારિણી, અનેકશસ્ત્રહસ્તા, અનેકાસ્ત્રધારિણી, કુમારી, એકકન્યા, કૈશોરી, યુવતી, યતિ, અપ્રૌઢા, પ્રૌઢા, વૃદ્ધમાતા, બલપ્રદા, મહોદરી, મુક્તકેશી, ઘોરરૂપા, મહાબલપ્રદા, અગ્નિજ્વાલા, રૌદ્રમુખી, કાલરાત્રિ, તપસ્વિની, નારાયણી, ભદ્રકાલી, વિષ્ણુમાયા, જલોદરી, શિવદૂતી, કરાલિકા, અનંતા, પરમેશ્વરી, કાત્યાયની, સાવિત્રી, પ્રત્યક્ષા, બ્રહ્મવાદિની, ગંગા, પાર્વતી, ધર્મધારિણી, જાતિ, કન્યા, વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાન

દુર્ગાષ્ટમ જી. દુર્ગાષ્ટમી; આસો સુદિ આઠમ.

દુર્ગાસપ્તપતિવ્રત [સં.] ન. એ નામનું શ્રાવણ સુદિ ૪થી ચાર વર્ષ એકવીસ દિવસનું એક વ્રત.

દુર્ગાસ્ચકલી જી. એક જાતની ચકલી; કાળી પગ રાતી ચુંદાવાળી ચકલી.

દુર્ગાસ્ચલ્લી જુઓ દુર્ગાસ્ચકલી.

દુર્ગાહ [સ.] વિ. દુઃખથી અંદર પ્રવેશ થઈ શકે તેવું

દુર્ગાદાસ પું. રજપૂતાનાનો એ નામનો એક વીર સરદાર. તે મારવાડના રાજા જસવંતસિંહજીનો વિશ્વાસુ સરદાર હતો. રાઠોડ વીર દુર્ગાદાસનું જીવન શૌર્ય અને નિમકહલાલીનો ઉત્તમ દાખલો પૂરો પાડે છે. જસવંતસિંહજીના મરણ પછી ઔરંગઝેબનો વિચાર મારવાડની ગાદીના વારસ બાલ કુમારને પકડી મારવાડ ખાલસા કરવાનો હતો. દુર્ગાદાસે મહારાજા જસવંતસિંહજીના બાળક અજિતસિંહનું રક્ષણ કરવાનું માથે લીધું અને તેને બાલુ થઈ જવામાં આવ્યો. અજીતસિંહની જગ્યાએ તેણે બીજા બાળકને મોકલ્યો. જ્યારે ઔરંગઝેબે જસવંતસિંહના કુંવરની માગણી કરી ત્યારે વીર દુર્ગાદાસે તેને સોંપવાની ચોખ્ખી ના પાડી. ઔરંગઝેબે જસવંતસિંહનો બાવણો પુત્ર અજિતસિંહ હયાત હોવા છતાં મારવાડ ખાલસા કર્યું. આથી રજપૂતો ઉશ્કેરાયા. અજિતસિંહ ઉદેપુરના રાણા રાજસિંહનો ભાણેજ થતો હતો, તેથી તેણે જોધપુરના રાઠોડોને મદદ કરી. ઔરંગઝેબ મોટું લશ્કર લઈ રજપૂતોની સામે આવ્યો. રાઠોડ સરદાર દુર્ગાદાસ બહુ બાહોશ, પરાક્રમી, પ્રામાણિક અને ચતુર હતો. તેણે ઔરંગઝેબના બાહબલ્લા બહાદરને પોતાના પક્ષમાં લીધો. ઉપરે ઈ સ. ૧૬૮૩માં ઔરંગઝેબે રજપૂતો સાથે સલાહ કરી. મેવાડ ફરી સ્વતંત્ર થયું અને જસવંતસિંહનો કુંવર મોટો થાય ત્યારે તેને જોધપુરનું રાજ્ય પાછું આપવાનું નક્કી થયું.

દુર્ગારવી જુઓ દુર્ગા.

દુર્ગાધિકારી [સં. દુર્ગ (કિલ્લો) + અધિકારિન્ (ઉપરી)] પું. શહેરનો અધિપતિ; કિલ્લેદાર.

દુર્ગાધ્યક્ષ [સં. દુર્ગ (કિલ્લો) + અધ્યક્ષ (અધિપતિ)] પું. કિલ્લાનો કારભારી અથવા અધિકારી; શહેરનો પ્રધાન; કિલ્લેદાર.

દુર્ગાનવમી ૧. જી. આસો સુદિ નોમ; નવરાત્રિનો નવમો દિવસ.
૨ જી કાર્તિક સુદિ નોમ.
૩. જી. ચૈત્ર સુદિ નોમ.

દુર્ગાપાત્રવાભૂમિ જી. સેના રાખવા માટેની કિલ્લેદાર ભૂમિ.

દુર્ગાપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ

દુર્ગાપૂજા [સં.] જી. નવરાત્રિની દેવીની પૂજા; કાલીપૂજા; અંબાપૂજા; દુર્ગાની પૂજા. તે આસો સુદિ ૬ને દિવસે થાય છે.

દુર્ગાશ્રય ૧. [સં.] પું. કિલ્લાનો આશ્રય.
૨. પું. દુર્ગાદેવીનો આશ્રય.

દુર્ગાષષ્ઠી [સં.] જી. આસો સુદિ છઠ.

દુર્ગાષ્ટમી ૧. [સં.] જી. આસો સુદિ આઠમ; હવન અષ્ટમી. આ આઠમના દિવસે માતા ભવાનીની ઉત્પત્તિ થયેલ હોવાથી ભવાનીનું પૂજન કરવામાં આવે છે. સામાન્ય રીતે દરેક મહીનાની સુદિ ૮ને દુર્ગાષ્ટમી કહે છે.
૨. જી. એ નામનું એક વ્રત. ઓળો આદરવા સુદિ આઠમના દિવસે જગદંબાને પ્રો ચઢાવે છે, તેનું પૂજન કરે છે, ઉપવાસ કરે છે અને કુવેર બાંધે છે.
૩. જી. કાર્તિક સુદિ આઠમ.
૪. જી. ચૈત્ર મહિનાની સુદિ આઠમ.
૫. જી. પોષ સુદિ આઠમ.
૬. જી. બાદરવા સુદિ આઠમ.

દુર્ગાસપ્તશતી [સં] જી. એ નામનું એક પુસ્તક. તેમાં પૂજાવિધિ, પ્રતિષ્ઠોદ્ધાર બીજમંત્ર, પ્રયોગવિધિ, દેવીકવચ, અર્ગલા, કીલક, નવાર્ણવિધિ, રાત્રિસૂક્ત, સપ્તશતીન્યાસ, દુર્ગાપાઠ, ઉત્તરન્યાસ, દેવીસૂક્ત, નવાર્ણમંત્રનિવેદન, પ્રાધાનિક રહસ્ય, વૈકૃતિકરહસ્ય, મૂર્તિરહસ્ય વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

દુર્ગાસ્મરણ [સં.] ન. દુર્ગા દેવીનું સ્મરણ.

દુર્ગાહ્વ [સં.] પું. એક જાતનો ચૂનાળ; ભૂમિ ચૂનાળ.

દુર્ગાહ્વય પું. એક જાતનો કોદો.

દુર્ગુણ [સં.] પું. અવગુણ; કુટેવ; ખરાબ ખાસિયત; ઐબ; દોષ; અપલક્ષણ.

દુર્ગુણદર્શી [સં. દુર્ગુણ (ખરાબ ગુણ) + દર્શિન્ (જોનાર)] વિ. દોષ જોનાર; અવગુણ જાણમાં લેનાર.

દુર્ગુણી [સં. દુર્ (ખરાબ) + ગુણિન્ (ગુણવાળું)] વિ. ખરાબ લક્ષણવાળું. અપલક્ષણું; ખરાબ ચાલચલગતવાળું; દુર્ગુણવાળું

દુર્ગેશ ૧. [સં.] પું. દુર્ગાધ્યક્ષ; દુર્ગરક્ષક; દુર્ગનો સ્વામી; કિલ્લેદાર.
૨. પું. શિવ.

દુર્ગોત્સવ [સ. દુર્ગા + ઉત્સવ] પું. ભાદ્ર તથા વસંત ઋતુમાં દુર્ગાની પૂજા નિમિત્તે કરાતો ઉત્સવ, નવરાત્રમાં થતો દુર્ગાપૂજનનો ઉત્સવ; દુર્ગારા.

દુર્ગ્રહ ૧. [સં.] પું. પૂર્વગ્રહ; ખરાબ અભિપ્રાય.
દુર્ગ્રહ તો હાલ પ્રચલિત થયેલા અંધશ્રદ્ધા પુરસ્કૃત કરતા બધુ અકૃત્રિમ અને અસરકારક છે.
નૌશુદી
૨. વિ. દુઃખે ગ્રહણ થઈ શકે એવું
૩. વિ. બહુ મહેનતે સમજાય તેવું.

દુર્ગ્રહા [સં.] જી. એ નામની એક વનસ્પતિ.

દુર્ગ્રાસ [સં. દુર્ (મુશ્કેલીથી) + ગ્રાસ (કોળિયો)] પું. દુર્ભિક્ષ; દુકાળ; જેમાં પ્રયાસથી ખાવાનું મળે તેવો સમય.

દુર્ગ્રાહ્ય [સં] વિ. મુશ્કેલીથી ગ્રહણ થઈ શકે એટલે જાણી શકાય એવું.

દુર્ઘટ [સં.] વિ મુશ્કેલીથી બનાવ એવું; મુશ્કેલીથી બને કે બની પડે તેવું; કઠણ; મુશ્કેલ; વિષમ.
કર્મયોગના અનુષ્ઠાનજન્ય ચિત્તશુદ્ધિના અભાવથી જ્ઞાનનિષ્ઠારૂપ સન્યાસ ચિત્તશુદ્ધિથી જ સાધ્ય હોવાથી પામવો દુર્ઘટ છે. મીમાંસાદર્શન

દુર્ઘટના [સં.] જી. બનાવ સંયોગમાં અણધારી બનવું; મુશ્કેલી; સંકટ; વિઘટ.

દુર્ઘટસંકેત [સં.] પું. સાંજનો સમય; ભારે સમય.

દુર્ઘટાવસ્થા [સં.] જી. અઘરાપણું; વિટંબના.

દુર્ઘર્ષિત [સં.] વિ. અક્ષમાનું; વિરૂપ; કદરૂપું.

દુર્ઘર્ષ વિ. (જૈન) મુશ્કેલીથી હાનિ પમાય એવું.

દુર્ઘર્યોગ પું. (જ્યોતિષ) ચંદ્રથી બીજે અથવા બારમે રહ્યાને જોમાદિક મહો રહ્યા હોય તેનો યોગ.

દુર્ઘર્ષ ૧. [સં. દુર્ (ખરાબ) + ધર્ષ (ઘસવું)] પું. અથડામણ; અંદરોઅંદર વૈમનસ્ય.
૨. પું. રજપૂત; હરીફાઈ.

દુર્ઘોષ ૧. [સં.] પું. ખરાબ અવાજ; ખરાબ શબ્દ
૨. પું ભદ્રપુર; રીંછ
૩. વિ. ખરાબ અવાજવાળું; ખરાબ શબ્દવાળું.

દુર્જ [સ.] પું. કબૂતરાં રાખવાની નાની પેટી.

દુર્જટાજૂટ પું. એક જાતનો ચોટલો; આખો કાળો, મડદાલ ઝાંખા અને દેહ કાબરો હોય તેવો ચોટલો. તે કદી ઢીલો ન આવે એમ મનાય છે.

દુર્જન ૧. [સં. દુર્ (ખરાબ) + જન (માણસ)] પું. ખરાબ માણસ. નઠારું માણસ; અનીતિમાન કે દુષ્ટ માણસ.
૨. પું. દુશ્મન.
૩. વિ. દુષ્ટ; ખરાબ.

દુર્જનતા [સં.] સ્ત્રી. દુર્જનપણું; દુષ્ટતા.

દુર્જનત્વ જુઓ દુર્જનતા.

દુર્જય ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.
૨. પું. એ નામનો એક રુદ્રગણ.
૩. પું હાર્તરીર્ય વંશમાં થયેલ અનંત રાજાનો એ નામનો એક પુત્ર.
૪. પું. (પુરાણ) ખર રાક્ષસનો એ નામનો એક અમાત્ય.
૫. પું. (પુરાણ) દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.
૬. પું. પરમેશ્વર.
૭. પું. (પુરાણ) પાંડવ પક્ષનો એ નામનો એક રાજા. તેને કર્ણે માર્યો હતો.
૮. પું. વિષ્ણુ. દુઃ એટલે કષ્ટથી અથવા દુઃખથી અને જય એટલે જીતવું. તે કષ્ટસાધ્ય છે અને ઘણી કોઈથી ન જિતાય એવા પણ છે
૯. પું (પુરાણ) સૂર્યવંશી કૃષ્ણાક્ષ પુત્ર દશાશ્વના પુત્રના સુધીર રાજાનો પુત્ર.

૧૦. [સં. દુર્ (મુશ્કેલીથી) + જિ (જીતવું)] વિ. ન જિતાય એવું; મુશ્કેલીએ જિતાય એવું; જીતવું મુશ્કેલ.
મહારાજાની દુર્જય પ્રેરણા કોઈક દોષ એમ પુરતે કંઈ આશ્ચર્ય તરફ જોઈને વામેથી જોવતો
સોરઠી સમરોર

દુર્જયતા [સં.] સ્ત્રી દુર્જયપણું.
રાજાજીની દુર્જયતામાં એક કારણ વર્ત છે સંસારમાં પુણ્ય કરવા તેને બચારે કરો વળી અને ચોરી નાંખીએ ત્યારે તે ચોરી પરણી ઉપર પડતાં તેમાંથી તેના જેવા કૂર અને રાક્ષસ પ્રકારના અનેક પુરુષો ઉત્પન્ન થતા.
સમજની આગરત

દુર્જયબલૂહ [સં.] પું સેનાને ચાર પંક્તિઓમાં ઊભી રાખવાનો એક પ્રકારનો વ્યૂહ.

દુર્જયા [સં.] સ્ત્રી. (પુરાણ) લંકાપતિ રાક્ષસની નગરી; અલિમતી.

દુર્જર ૧. [સં.] વિ. જરે નહિ એવું; ખમવું મુશ્કેલ; નહિ પચે એવું.
ગરણીવાળા, ગલેલા અને દુર્જર ખોરાક સમૂળા ટાળે.
૨. વિ જલદી પ્રસાર નહિ તેવું.
૩. વિ. મુશ્કેલીથી જીર્ણ થાય તેવું.

દુર્જરા ૧. [સં.] સ્ત્રી. એ નામની વેલ, જ્યોતિષ્મતી
૨. [સં] સ્ત્રી. આમલકાંબળી. આમલકાંબળી ખાવાથી દુર્જરા એટલે ઘડપણ દૂર થાય એમ મનાય છે.
૩. સ્ત્રી. ઘૃતકુમારી; ઘોડપણ.

દુર્જરાજન્યરોગ [સં.] પું. ખરેખરું ખાધી જાણવાને રોગ.

દુર્જાત ૧. વ. દુર્દૈવ.
૨. વ. દુઃખ; સંકટ.
૩. વ. અપજસ.
૪. વિ. અધમ; નીચ હલકા કુળનું.
૫. વિ. અયોગ્ય; સારી રીતે નહિ થયેલ.
૬. [સં. દુર્ (ખરાબ) + જાત (જન્મેલું)] વિ. ખરાબ ઔષધિમાં જન્મેલું.
૭. વિ. ખરાબ સ્વભાવનું.
૮. વિ. દુઃખી.
૯. વિ. ખરું જન્મવાળું.

દુર્જાતિ ૧. [સં.] સ્ત્રી. હલકી જાત; ખરાબ જાત.
૨. વિ. ખરાબ જાતિવાળું.
૩. વિ. ખરાબ સ્વભાવનું.
૪. વિ. હલકા કુળનું.

દુર્જીવ ૧. [સં. દુર્ (ખરાબ) + જીવ]
પું. દુષ્ટ જીવ.
૨. વ. આસુરિકાની મુશ્કેલી.
૩. વ. ખરાબ જીવન; નિંદિત જીવન.
૪. વિ. દુષ્ટ જીવનવાળું.
૫. વિ. મુશ્કેલીથી આજીવિકા કરનાર.
૬. વિ. સેવા કરી જીવનાર; નોકરિયાત.

દુર્જેય [સં.] વિ. દુર્જય; જીતવું મુશ્કેલ.

દુર્જ્ઞ ૧. [સં.] વિ. ખરાબ જાણનાર.
૨. વિ. દુષ્ટ; સુજાણી ઊલટું.

દુર્જ્ઞેય ૧. [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૨. [સં. દુર્ (મુશ્કેલીથી) + જ્ઞેય (જાણવા યોગ્ય)] વિ. જાણવું મુશ્કેલ થઈ પડે એવું. અગોચર; દુઃખથી જાણવા જેવું.

દુર્જ્ઞેયતા [સં.] સ્ત્રી. અજાણતા; ચૂકતા; અજાણતા.

દુર્ણય ૧. [સં.] પું. દુષ્ટ નીતિ; અનીતિ; અન્યાય.
૨. પું. ખરાબ-આચાર.
૩. વિ. અનીતિવાળું; અન્યાયી.
૪. વિ. દુષ્ટ નીતિવાળું

દુર્દમ ૧. [સં.] પું. (પુરાણ) વસુદેવનો ભદ્રવતીથી ઉત્પન્ન થયેલ એ નામનો એક પુત્ર.
૨. [સં. દુર્ (દુઃખથી) + દમ (કાબૂમાં રાખવું)] વિ. કાબૂમાં રાખવું મુશ્કેલ; દુઃખેથી વશ થઈ શકે એવું.
૩. વિ. જીતી ન શકાય એવું.
૪. વિ. પ્રચંડ; પ્રબળ.

દુર્દમન ૧. [સં.] પું. (પુરાણ) જનમેજયના વંશમાં ઉત્પન્ન થયેલ શતાનીક રાજાનો એ નામનો પુત્ર.
૨. વિ. દમન કરવું અશક્ય.

દુર્દમની વિ. જિતાવું મુશ્કેલ; લાગી ન શકાય એવું.

દુર્દમનીય ૧. વિ. પ્રચંડ; પ્રબળ.
૨. [સં. દુર્ (મુશ્કેલીથી) + દમ (કાબૂમાં રાખવું) + અનીય (જેવું)] વિ. મુશ્કેલીથી કાબૂમાં રાખી શકાય એવું.
પાર્વતીના દુર્દમનીય પ્રેમ આગળ દાસ બની જવું એ પ્રસંગના વર્ણનની રમણીયતા પણ અસાધારણ છે. સુવર્ણમાલા

દુર્દમ્ય ૧. પું. વાઘડો.
૨. [સં.] વિ. કાબૂમાં રાખવું મુશ્કેલ; દમન કરી શકાય નહિ તેવું.

દુર્દર્શ ૧. [સં. દુર્ (મુશ્કેલીથી) + દૃશ્ (જોવું)] વિ. જેમનું અથવું થઈ પડે તેવું; જોવાને અશક્ય; મુશ્કેલીથી જોવાય એવું.
આત્મા દેખાદેખીથી પણ દુર્દર્શ અથવા અદા પરમમે દર્શન કરવા યોગ્ય છે. કઠોપનિષદ
૨. વિ. બરાબર દેખાતું.

દુર્દર્શી વિ. દીર્ઘદૃષ્ટિ લાંબી નજર પહોંચાડનાર.

દુર્દરાજ ૧. [સં.] પું. રોરવોનો એ નામનો એક સેનાપતિ.
૨. વ. જોવું અથવું દોષાપણું.
૩. વિ. જોવાને અશક્ય; દુઃખેથી જોવાય એવું.
૪. વિ. ભોગ્ય.

દુર્દશા ૧. [સં.] સ્ત્રી. પડતી હાલત.
૨. સ્ત્રી. માઠી દશા; અધોગતિ.
૩. સ્ત્રી. મુશ્કેલી; આફત.

દુર્દાન [હિ.] પું. કરું; ચાકી.

દુર્દાંત ૧. [સં.] પું કાબૂમાં ન રહે એવું પ્રાણ્ય
૨. પું. કાંસ
૩. પું. ગાયનો વાઘડો.
૪. પું દુઃખ.
૫ પું. શિવ.
૬ વિ. અભિમાની; અડિયલ
૭. વિ. અશાંત
૮. વિ પ્રચંડ; પ્રબળ.
૯. વિ. મુશ્કેલીથી જીતી શકાય તેવું
૧૦. વિ. મુશ્કેલીથી દમન થઈ શકે એવું; દુઃખથી દમન કરવા યોગ્ય.

દુર્દિન ૧. [સં. દુર્ (ખરાબ) + દિન (દિવસ)] પું ખરાબ દિવસ; ખરાબ દહાડો.
૨. પું. ઘોર અંધારું.

૩. પું. દુર્દશાનો વખત.
૪. પું. મેઘ; વરસાદ.
૫. પું. વાદળાં, વરસાદ કે વંટોળવાળો દિવસ; મેઘથી ઢંકાઈ ગયેલો દિવસ.

દુર્દુર [સં. દર્દુર] પું. મેઢક; દેડકો.

દુર્દુરી ૧. સ્ત્રી. તુચ્છ ફળ આપે એવી મતિ; પાખો ભેળો કરે અને ફેલાવે તેવી પક્ષીની ઊડવાની ગતિ.
૨. સ્ત્રી. દેવચકલી.

દુર્દુરૂઢ [સં.] વિ. નાસ્તિક.

દુર્દુરૂઢક [સં.] પું. નાસ્તિક માણસ.

દુર્દૃશ્ય [સં. દુર્ (ખરાબ રીતે) + દૃશ્ય (જોવાય એવું)] વિ. દુઃખે જોઈ શકાય એવું.

દુર્દૃષ્ટ ૧. [સં. દુર્ (ખરાબ) + દૃષ્ટ (જોયેલું)] વિ. ખરાબ રીતે જોયેલું.
૨. વિ. ખોટી રીતે નિર્ણીત કરેલું; અયોગ્ય ન્યાય પામેલું; રાગ, દ્વેષ વગેરે કારણથી જોને જોઈએ તેવી નિર્ણય ન થયો હોય એવું. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં લખ્યું છે કે: આવો મુકદમો રાજા ફરીથી તપાસે અને જો અન્યાય થયો હોય તો મુકદમો હારનારને અન્યાયથી બેટલું નુકસાન થયું હોય તેથી બમણો દંડ ન્યાયાધીશ વગેરેને તથા મુકદમો જીતનારને આપે.

દુર્દૈવ સ. ખરાબ નસીબ.
દુર્દૈવે તે વાતચીતનું પહેલું પગથિયું વાંક થયું છે. પુરાતત્ત્વ

દુર્દૈવ ૧. [સં.] ન. અપદશા; ખરાબ સંયોગ.
૨. ન. કમનસીબ; દુષ્ટ દૈવ; દુર્ભાગ્ય.
આ બોલરાજ હોણ હતો તે વેળમાં કાંઈ નહીં. આ બોટી દુર્દૈવની વાત છે. પુરાતત્ત્વ
૩. ન. પાપ.

દુર્દૈવવશાત્ [સં. દુર્દૈવ (કમનસીબ) + વશાત્ (લીધે)] અ. કમભાગ્યે, કમનસીબે.
સાહિત્યસેવક તરીકે જો કાંઈ કરવાની મારી ફરજ માનું છું. પરંતુ દુર્દૈવવશાત્ આજકાલ મારી પ્રકૃતિ અતિશય અસ્વસ્થ રહે છે. બોટાદકર

દુર્દૈવી [સં. દુર્ (ખરાબ) + દૈવિન્ (ભાગ્યવાળું)] વિ. દુર્ભાગી; દુર્ભાગ્યવાળું; કમનસીબ; ભાગ્યહીન.
આપણા આ દુર્દૈવી દેશમાં જો પણ જારે હાડમારી નીવડવાની. શિક્ષણ અને સાહિત્ય

દુર્દોહાલ સ્ત્રી. એક જાતની ઢાલ. તેની આગળ અણીદાર ખીલા બેસાડેલા હોય અને તે હલ્લો કરવાના ક્રમમાં આવે. તે જેમના ચામડાની બનેલી હોય છે અને તેનું ચામડું પારદર્શક હોય છે, છતાં બંદૂકની ગોળીની અસર થઈ શકતી નથી.

દુર્દૈવે અ. કમનસીબે; કમભાગ્યે.

દુર્દૈવ્ય ન. કમનસીબ; દુર્ભાગ્ય.

દુર્દ્રુમ વિ. દુષ્ટ પ્રકૃતિવાળું.

દુર્દ્વર જુઓ દુર્ધર.

દુર્દ્વર્ષ જુઓ દુર્ધર્ષ.

દુર્દ્યૂત [સં] ન. કપટ ભરેલો જુગાર.

દુર્દ્રવ વિ. અસાધ્ય; ઢીલું.

દુર્દ્રુમ [સં] પું. ડુંગળી.

દુર્ધર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.
૨. પું. એક જાતનો અજગર.
૩. પું. (પિંગળ) એક ક્રમબદ્ધ વર્ણમેળ છંદ. તે ઉર્વશી છંદનો ભેદ છે. તેમાં બે નગણ, ૨ગણ, જગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.
૪. પું. પરમેશ્વર.
૫. પું. પારો.
૬. પું. (પુરાણ) મહિષાસુરનો એ નામનો સેનાપતિ.
૭. પું. (પુરાણ) રામની સેનાનો એક પરાક્રમી વાનર.
૮. પું. (પુરાણ) રાવણનો એ નામનો એક પ્રધાન.
૯. [સં. દુસ્ (દુઃખે કરીને) + ધર (ધારણ કરાય એવું)] પું. વિષ્ણુની હજાર આકૃતિ એક નામ. જે બીજાથી ધારણ ન થઈ શકે એવા પૃથ્વી વગેરે પદાર્થોને પણ તે ધારણ કરે છે, વળી પોતે કોઈથી ધારણ થઈ શકતા નથી, ધ્યાન વખતે મુમુક્ષુઓથી અતિ મહિનતાથી ધારણ કરાય છે, પ્રત્યક્ષ પણ તે જ છે, તેમના સ્વરૂપ પ્રાપ્તિ માટે જિજ્ઞાસુઓને સાધનચતુષ્ટય અને યમ, નિયમ, ધ્યાન, ધારણા આદિ ઘણાં ઘણાં સાધનો કરવાં પડે છે. આ રીતે તેઓ દુષ્પ્રાપ્ય છે, તેથી તેઓ દુર્ધર કહેવાય છે.
૧૦. પું. (પુરાણ) શંખાસુરનો એ નામનો સેનાપતિ.
૧૧. ન. એ નામનું એક નરક.
૧૨. ન. શિલાજતુ.
૧૩. વિ. જેની સામે ન થઈ શકાય એવું.
૧૪. [સં. દુર્ (મુશ્કેલીથી) + ધૃ (ધારણ કરવું)] વિ. દુઃખથી ધારણ કરાય એવું.
૧૫. વિ. ન ખમાય તેવું.
૧૬. વિ. પકડી રાખવું મુશ્કેલ.

દુર્ધર્ષ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માઠેનો એ નામનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) રામને હાથે મરણ પામેલો રાવણના પક્ષનો એક નામાંકિત રાક્ષસ.
૩. પું. (પુરાણ) રાવણનો એ નામનો એક સેનાપતિ. તેને મારુતિએ માર્યો હતો.
૪. વિ. અખૂટ.
૫ વિ. ઉગ્ર, પ્રચંડ.
૬. વિ. કળથી ન જીતાય એવું
૭. વિ. જેને તાબે કરવાની હામ ન ભિડાય એવું.
૮. વિ. ક્યાં જઈ ન શકાય તેવું
૯. વિ. ન અટકાવી શકાય એવું
૧૦. વિ. ન પકડાય એવું.
૧૧. વિ. બળથી પકડી રાખી શકાય એવું.
૧૨. વિ. પાસે ન જઈ શકાય એવું.

દુર્ધર્ષિ [સં.] પું. (પુરાણ) રાવણનો એ નામનો એક સેનાપતિ; દુર્ધર.

દુર્ધ્યાત [સં. દુર્ (ખરાબ) + ધ્યાત (ધ્યાન ધરેલું)] વિ. કદ્ધ્યાન આદિ દુષ્ટ ધ્યાન ધરેલ.

દુર્ધ્યાન [સં.] ન. ખરાબ વિચાર; પાપચિંતવન.

દુર્નય ૧. [સં.] પું. અન્યાય.
૨. પું. અવળી નીતિ; અનીતિ; દુષ્ટ નીતિ.
૩. પું. નીતિ વિરુદ્ધ આચરણ.
૪. વિ. અન્યાયી; અનીતિવાળું.

દુર્નાદ ૧. [સં] પું. ખરાબ અવાજ.
૨. પું. રાક્ષસ.
૩. વિ. કર્કશ અવાજ કરનાર.

દુર્નામ ૧. [સં. દુર્નામન્] પું. હરસનો રોગ.
૨. ન. ખરાબ નામ; અપકીર્તિ.
૩. ન. પાપ.
૪. વિ. ખરાબ નામ માટે મશહૂર.
૫. વિ. વર્ણવી ન શકાય તેવું; કહી ન શકાય તેવું.

દુર્નામક [સં] પું. હરસનો રોગ.

દુર્નામકુઠારગુટિકા [સં. દુર્નામન્ (હરસ) + કુઠાર (કુહાડો) + ગુટિકા (ગોળી)] સ્ત્રી. (વૈદક) હરસ ઉપર અપાતી એક પ્રકારની ગોળી.

દુર્નામા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડવું.

દુર્નામારિ [સં. દુર્નામન્ (હરસ) + અરિ (દુશ્મન)] પું. ખરબચડું તે હરસના રોગને દૂર કરનાર મનાય છે.

દુર્નિગ્રહ ૧. [સં. દુર્ (મુશ્કેલીથી) + નિગ્રહ (અટકાવ)] વિ. દુઃખથી જેનો નિગ્રહ થાય તેવું
૨. વિ. વશ ન થાય એવું; કબજે ન થાય એવું.

દુર્નિમિત્ત ૧. [સં] ન. અનિષ્ટસૂચક ચિહ્ન; અપશુકન.
૨. વિ. અશુભ નિમિત્તે બનેલું.

દુર્નિરીક્ષ્ય ૧ [સં.] વિ. જોવાને અશક્ય.
૨. વિ દુઃખથી જોવાય તેવું.
૩. વિ. ભયંકર; ઘોર રૂપ.
૪. વિ. ભયંકર.

દુર્નિવાર [સં.] વિ. નિવારવું મુશ્કેલ; અનિવાર્ય.

દુર્નિવાર્ય [સં.] વિ. સહેલાઈથી દૂર કરી ન શકાય એવું; અનિવાર્ય; નિવારવું મુશ્કેલ; મુશ્કેલીથી વારી શકાય એવું.

દુર્નીત ૧. [સં.] ન. અશુભ વર્તન; દુરાચરણ.
૨. ન. દુષ્ટ કૃત્યથી સંચિત થયેલ અશુભ કર્મ.
૩. વિ. નીતિ વિરુદ્ધ; અન્યાયી.

દુર્નીતિ ૧. [સં.] સ્ત્રી. અનીતિ; અન્યાય.
૨ સ્ત્રી ગેરવાજબી આચરણ; અયુક્ત આચરણ.

દુર્બદ્ધ વિ. અશુભ રીતે બાંધેલું.

દુર્બલ ૧. [સં.] વિ. કમજોર; અશક્ત; અલ્પ બળવાળું; ઓછું બળવાન; બળહીન.
૨. વિ. ગરીબ; લાચાર; રાંક.

દુર્બલકાય [સં.] વિ. દુબળા શરીરવાળું.

દુર્બલતા ૧. [સં.] સ્ત્રી. દુર્બળપણું; કમજોરી; અશક્તિ; શક્તિહીનતા.
૨. સ્ત્રી. લાચારી; ગરીબાઈ; કંગાલિયત.

દુર્બલત્વ જુઓ દુર્બલતા.

દુર્બલદ્રષ્ટપરપરાં [સં.] કુ. (વેદાંત) રૂપ અને રૂપરાં જેનું પ્રત્યક્ષ જ્ઞાન ન થાય તેવું.

દુર્બલાસ્થિ [સં.] ન. એક જાતનો લાકરોગ; બાળક તવાર્ષ જવાનો રોગ; 'રિકેટ્સ.'

દુર્બલિક વિ. દુર્બળ.

દુર્બલિત વિ. નબળું.

દુર્બળ ૧ સ્ત્રી. અક્ષરોની એ નામની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. કમજોર; અશક્ત.
૫. વિ. ગરીબ; લાચાર; રાંક.

દુર્બળતા જુઓ દુર્બલતા.

દુર્બળપણું ૧. ન. અશક્તિ; દુર્બલતા.
કંઠક મુલાયે કુસુમ અદનદ્રષ્ટને ક્યાં થાય છે, દુનિયા વિષે દીન હૈયું દુર્બળપણું દેખાય છે. વિહારી
૨. ન. ગરીબાઈ; લાચારી; કંગાલિયત.

દુર્બીન ન. દૂરની વસ્તુ પાસે દેખાડનાર નંગ; દૂરબીન.

દુર્બુદ્ધ ૧. [સં.] વિ. અશુભ બુદ્ધિવાળું
૨. વિ. સમજવું મુશ્કેલ.

દુર્બુદ્ધિ ૧. [સં. દુર્ (દુષ્ટ) + બુદ્ધિ] ન. કુબુદ્ધિ; ખરાબ બુદ્ધિ; ખુરાબ બુદ્ધિ.
૨. ન. અશુભ કે નઠારું માણસ.
૩. વિ. દુર્મતિ; અશુભ બુદ્ધિવાળું.
૪. વિ. મૂર્ખતા.

દુર્બોધ ૧. [સં. દુર્ (અશુભ) + બોધ (જ્ઞાન)] પું ખોટો બોધ; અશુભ શિખામણ.
૨. વિ. અસ્પષ્ટ; બરાબર સમજાય એવું; સમજવું મુશ્કેલ.
ધમ્મપદ મંત્ર સારો અને સરલ હોવાથી તેના ખોટા દુર્બોધ સ્થાનો ક્વચિત જ આવે છે. ધમ્મપદ

દુર્બોધતા [સં.] સ્ત્રી બરાબર સમજી ન શકાય એવી સ્થિતિ; ગહનતા.

દુર્બોધ્ય જુઓ દુર્બોધ.

દુર્ભાગ્યત્વ [સં.] ન. અશુભ ભાગ્યપણું.

દુર્ભિક્ષ ૧. [સં. દુર્ભિક્ષ] કુ. દુકાળ; દુષ્કાળ.
૨. [સં. દુર્ (અશુભ) + ભક્ષ (ખાવું)] વિ. ખાવામાં અશુભ.
૩. વિ. બરાબર ખાઈ શકાય નહિ એવું
દેવ પણું દોહ્યલા છે, પછી વિના દુર્ભિક્ષ. પ્રેમાનંદ

દુર્ભેદ્ય ૧. [સં. દુર્ (અશુભ) + ભક્ષ (ખોરાક)] ન. અશુભ ખોરાક; અનિષ્ટ ખાવું; ન ખાવા જોગ ખોરાક.
૨. વિ. મુશ્કેલીથી બાઈ શકાય એવું.

દુર્ભિક્ષ [સં. દુર્ભિક્ષ] કુ. દુકાળ.

દુર્ભાગ ૧. [સં. દુર્ (અશુભ) + ભાગ (નસીબ)] ન. દુર્ભાગ્ય; અશુભ નસીબ.
૨. વિ. કમનસીબ; દુર્ભાગી; અભાગિયું.
દિવ્ય ચક્ષુએ જોતા મુનિવર દુર્ભગ નરને દેખી આનંદરામાયણાદિ

દુર્ભગનામ ન. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ સર્વ મનુષ્યને માણસ પ્રિય બનતો નથી.

દુર્ભગા ૧. [સં.] સ્ત્રી. પતિના સ્નેહ વગરની સ્ત્રી.
૨. [સં. દુર્ (અશુભ) + ભગ (નસીબ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. કમનસીબ; અભાગણી.
૩. વિ સ્ત્રી. વંધ્યા; સંતાન.

દુર્ભર ૧. [સં. દુર્ (મુશ્કેલીથી) + ભૃ (ભરવું)] ન. પેટ; ઉદર.
પરાધીન થઈને નીચું કામ કીધું,
ધરી દાસી ભર્યે દુર્ભર ભરીયું. પ્રેમાનંદ
૨. વિ. બોજારૂપ; ભારરૂપ.
૩. વિ. ભરવામાં મુશ્કેલ; ભરવું અઘરું થઈ પડે તેવું
૪. વિ વજનદાર; ભારે ઊંચકતાં ફાવે નહિ તેવું.

દુર્ભરતા સ્ત્રી. તગી; તોટો

દુર્ભવ્યતા [સં.] સ્ત્રી. અભવ્યપણું, મોક્ષ પામવાને નાલાયકી.
તેણે ભગવાનનો ઉપદેશ સાંભળ્યો પણ દુર્ભવ્યતાને લીધે તેને એ પસંદ ન આવ્યો. સુખલાલજી

દુર્ભાગા સ્ત્રી. કુરસી નદીનું બીજું નામ

દુર્ભાગ્ય [હિ.] ન. દુર્ભાગ્ય; કમનસીબ.

દુર્ભાગી [સં. દુર્ (અશુભ) + ભાગ્ય (નસીબ)] વિ. અકર્મી; કમભાગી; હતભાગી.
દુર્ભાગી ઘરે અવતર્યો,
તો દુઃખ એનું શાને કરો? તુલસી

દુર્ભાગ્ય ૧. [સં. દુર્ (અશુભ) + ભાગ્ય (નસીબ)] ન. નઠારું ભાગ્ય; દુર્દૈવ; હીનભાગ્ય.
૨. વિ. અકર્મી; દુર્ભાગી; હતભાગ્ય.
૩. વિ. અશુભ; અનિષ્ટ.
૪. વિ. ગરીબ; દીન

દુર્ભાગ્યવશાત્ [સં.] અ. દુર્ભાગ્યને લીધે; કમનસીબથી.
દુર્ભાગ્યવશાત્ સૂર્યપૂજાનો પ્રચાર ગુજરાતમાંથી નીકળી ગયેલો હોવાથી સૂર્યનું નવું મંદિર તો તેવામાં આવતું નથી. મુ. સા પરિષદ

દુર્ભાગ્યવાદી [સં. દુર્ (અશુભ) + ભાગ્ય (નસીબ) + વાદિન્ (મતવાળું)] વિ. દુઃખવાદી, નૈરાશ્યવાદી.

દુર્ભાગ્યશાલી [સં દુર્ (અશુભ) + ભાગ્ય (નસીબ) + શાલિન્ (યુક્ત)] વિ. દુર્ભાગી.
દુર્ભાગ્યશાલી હો તો અન્યનું ખૂંચે કરવા જેવાની આજના દિવસમાં પ્રવેશ કરશે. રાજ્યગુરુ

દુર્ભાવ ૧. [સં. દુર્ (અશુભ) + ભાવ (લાગણી)] પું. દ્વેષ.
૨. પું. અશુભ લાગણી.

દુર્ભાવના ૧. [સ. દુર્ (અશુભ) + ભાવના (વિચાર)] સ્ત્રી. અશુભ ભાવના; દુષ્ટ વિચાર.
૨. સ્ત્રી ચિંતા; ખટકો.

દુર્ભાષિ ન. અશુભ ભાગ્ય, કમનસીબ.

દુર્ભાષિક ૧. [સં દુર્ (અશુભ) + ભાષિક (બોલવું તે)] ન અશુભ બોલવું તે; ગાળ; બૂરા બોલ.

૨. ન. જનસમાજને અહિતકર્તા વાણી.
૩. ન. (જૈન) સત્યસિદ્ધાંત વિરુદ્ધ કથન.
આ એક દુર્ભાષણથી (ઉત્સૂત્રકથનથી) પોતાને મોટામોટી સાગરોપમમાણ ઉત્કટ સંસાર વધારી મૂક્યો. આનંદકાવ્યમહોદધિ

દુર્ભાષિણી [સં. દુર્ (ખરાબ) + ભાષિન્ (બોલનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ખરાબ બોલનારી.

દુર્ભાષિત [સં. દુર્ (ખરાબ) + ભાષિત (કહેલું)] ન. ખરાબ શબ્દ; અપશબ્દ; ખરાબ વચન.
મનુષ્ય જન્મે છે તેની સાથે જ તેના મુખમા કુહાડી પેદા થાય છે, જેનાથી મૂર્ખ માણસ દુર્ભાષિત બોલીને પોતાને જ છોડે છે. સુભાષિતરત્ન

દુર્ભિક્ષ ૧. [સં.] પું. દુષ્કાળ; દુકાળ.
૨. પું. (જૈન) ભિક્ષા ન મળે એવો રોગ અથવા કાળ.
૩. પું. ભિખારી; કંગાલ માણસ.
૪. પું. બીમારીનો સમય.
૫. પું. સામાન્ય જરિયાત; અછત.
૬. ન. ભિક્ષાનો અભાવ.
૭. વિ. અનાજના અભાવવાળું.

દુર્ભિક્ષતા ૧. [સં.] સ્ત્રી. દુકાળ હોવાપણું.
૨. સ્ત્રી. બીમારી.

દુર્ભિક્ષનિવારણ [સં.] ન. દુકાળથી પીડાતા લોકોની પીડા મટાડવી તે.

દુર્ભિક્ષા [સં. દુર્ભિક્ષ] સ્ત્રી. દુકાળ; દુષ્કાળ; જેમાં અનાજનો અભાવ હોય એવો સમય.

દુર્ભિક્ષ્ય જુઓ દુર્ભિક્ષ.

દુર્ભિક્ષ્યસહાયતા સ્ત્રી. દુકાળ વખતે ભૂખે મરતાં માણસોને બચાવવા કરવામાં આવતી મદદ.

દુર્ભિદ ૧. [સં.] વિ. ધન વગેરેની લાલચથી ન ફોડી શકાય તેવું.
૨. વિ. ભાંગી કે તોડી ન શકાય એવું.

દુર્ભિભવ્ય ૧. [સં.] ન. મુશ્કેલી ભરેલી ચિકિત્સા.
૨. વિ. દુઃખથી ચિકિત્સા કરી શકાય તેવું.

દુર્ભૂત ૧. ન. નુકસાન કરનાર એવા જાતનું જંતુ.
૨. વિ. દુરાચારી; દુષ્ટ.

દુર્ભૂતિ સ્ત્રી. અમંગળ.

દુર્ભેદ [સં. દુર્ (મુશ્કેલીથી) + ભેદ (જુદું કરવું તે)] વિ. મુશ્કેલીથી ભેદી શકાય એવું.

દુર્ભેદ્ય [સં.] વિ. મુશ્કેલીથી ભેદી શકાય એવું; અઘરું; નિશ્ચય; મજબૂત.

દુર્મતિ [સં. દુર્મતિ] સ્ત્રી. નઠારી બુદ્ધિ.
પ્રથમે સ્વયં સુખપુંજ કંથ,
પણ દુર્મતિનો કરે અંત. પ્રાચીન કાવ્યમાળા

દુર્મતિવર્ધની [સં. દુર્ (ખરાબ) + મત + અવર્ધનિન (વધારનાર)] વિ. ખરાબ મતને અનુસરનાર.

દુર્મતિ ૧. [સં.] પું. પ્રજાપતિ વાયુ માંહેનો પંચાવનમો સંવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરનાં ૬૦ પૈકીનું પંચાવનમું વર્ષ.
૨. સ્ત્રી. નઠારી બુદ્ધિ.
૩. વિ. દુષ્ટ બુદ્ધિવાળું; મૂર્ખ; અજ્ઞાની.
અસંસારી બુદ્ધિને લીધે જે પોતાને જ કર્તા માને છે તે દુર્મતિ કંઈ સમજતો નથી. અનાસક્તિયોગ

દુર્મતિમાન [સં. દુર્મતિ (ખરાબ બુદ્ધિ) + મત્ (વાળું)] વિ. દુષ્ટ બુદ્ધિવાળું.
તે દુર્મતિમાન કેમ ચિતાને,
હું કહ્યું દમ હુને મારી કાલી રે. પ્રેમાનંદ

દુર્મતિયું વિ. ખરાબ બુદ્ધિવાળું; દુષ્ટ વિચારવાળું.

દુર્મતિયો ૧. પું. એ નામનો એક વમકૂત.
૨. વિ. પું. દુષ્ટ બુદ્ધિવાળો.

દુર્મદ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) વસુદેવને રોહિણીની કુખે થયેલો એ નામનો એક પુત્ર.
૩. પું. ખરો મર્દ; દુષ્ટ મદ.
૪. પું. (પુરાણ) સોમવંશી વસુદેવના ભાઈ સંજયની રાષ્ટ્રપાલી ભાર્યાની કુખે થયેલા બે માંહેનો એ નામનો એક પુત્ર.
૫. વિ. મદથી ભરી ગયેલું; અભિમાની; અવિવેકી; ઉન્મત્ત.
અનુજ ક્રોધ દારુણ અને રાવ અનંતપાળનો પત્ર મળતાં અહમદ ગીજનવી ક્રોધાયેલો નાગ પેઠે ફુંફાડા મારતો, ૫૦ હજાર દુર્મદ સ્વારો લઈને ચઢ્યો. સુભાષિતમાળા

દુર્મદા સ્ત્રી. મદિરાપાણી. તે ખાવાથી મદ ચઢવો ખરો દુર્ગુણ ગણાય છે.

દુર્મન ૧. [સં. દુર્મનસ્] ન. દુષ્ટ મન.
૨. વિ. દ્વેષવાળું; દ્વેષીલું.
૩. વિ. વ્યાકુળ ચિત્તવાળું; ખિન્ન ચિત્તવાળું.

દુર્મનન ૧. પું. બાર્હસ્પત્ય સંવત્સરનાં ૬૦ પૈકીનું ૩૦મું વર્ષ.
૨. [સં. દુર્ (ખરાબ) + મનન (વિચાર)] ન. દુષ્ટ વિચારણા.

દુર્મના ૧. પું. (પુરાણ) સોમવંશી વસુદેવ પુત્ર કુશના વંશના પૃતરાજાનો એ નામનો પુત્ર.
૨. વિ. ખરાબ ચિત્તવાળું
૩. વિ. ખિન્ન; ઉદાસ.
૪. [સં. દુર્મનસ્] વિ. નાખુશ; નારાજ.

દુર્મર ૧. [સં.] પું. પીપળાનું ઝાડ.
૨. ન. દુષ્ટ મૃત્યુ; કમોત; અપઘાત.
૩. વિ. દુઃખરૂપ મૃત્યુવાળું; અકાળ મૃત્યુ કરનાર; આપઘાત કરનાર.

દુર્મરણ [સં.] ન. કમોત; દુષ્ટ મૃત્યુ.
એ સમયમા કોટે ચિતામાં પડેલા આણા કવર દુર્મરણનો નાશ કરનારી અમૃતની વૃષ્ટિ આકાશમાંથી કરી. અમરની આમવત

દુર્મર્ષ [સં. દુર્મર્ષ] ન. આપઘાત.
દુર્મર્ષ ભરું જમ હામ,
પ્રભુને સુરપતિ મારી નામ. ભાલણ

દુર્મર્ષ ૧. [સં.] પું. (પુરાણ) સમુદ્રમંથન વખતે દેવોની સાથે યુદ્ધ કરનાર એ નામનો એક અસુર.
૨ વિ. દુઃસહ; સહન કરવાને અશક્ય; દુઃખથી સહન કરવા યોગ્ય

દુર્મર્ષણ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર. તે મહારથી હતો.
૨. પું. વિષ્ણુ. અવિતજ્ઞાનમાં અને ગીતાપદારોમાં તેમનો પ્રતાપ દુર્જનોને અસહ્ય છે, જીવોએ કરેલા કર્મોનાં ફળની વ્યવસ્થા કરનાર પણ તે જ છે, તેથી ભગવાન દુર્મર્ષણ કહેવાય છે.
૩. પું. (પુરાણ) સોમવંશી વસુદેવના ભાઈ સંજયની રાષ્ટ્રપાલી ભાર્યાની કુખે થયેલા બે માંહેનો એ નામનો એક પુત્ર.

દુર્મર્ષિણા [સં.] સ્ત્રી. સાહિત્યપ્રસિદ્ધ દશ કામદોષ પૈકી એક ઉપદ્રવક.

દુર્મહિલા [સં. દુર્ (ખરાબ) + મહિલા (સ્ત્રી)] સ્ત્રી. દુષ્ટ સ્ત્રી.

દુર્મંતુ [સં.] વિ. દુષ્ટ માનનું

દુર્મંત્રિત ૧. [સં.] ન. દુષ્ટ મંત્રણા; અશુભ વિચાર કે મસલત.
આ અહંકાર મિટવો કેમ સર્વ નહિ પણ દુઃખનું એ જ દુર્મંત્રિતનું સુકમ બીજ અને એનું તારણહાર. બોધવચનામૃત
૨. વિ. દુષ્ટ મનોવૃત્તિ; ખરાબ વિચાર કરેલ.

દુર્મંત્રી [સં. દુર્મંત્રિન્] પું. ખરાબ સલાહકાર; દુષ્ટ મંત્રી

દુર્મનિતા સ્ત્રી. અવગણના; તિરસ્કાર.
કુરાજ, દુર્મનિતા અને અવગણના એ ત્રણ વૃત્તિ અવશ્ય અધમ ગતિના લક્ષણ છે. રત્નમંજૂષા

દુર્માર્ગ [સં.] પું. ખરાબ રસ્તો

દુર્મિત્ર ૧. [સં.] કું. (પુરાણ) કલિયુગમાં અદ્રિ રાજા પછી થયેલા પુષ્પમિત્ર રાજાનો એ નામનો પુત્ર.

૨. કું. ખરાબ મિત્ર.

૩. વિ. દુષ્ટ મિત્રવાળું

દુર્મિલ ૧. કું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સ્મૃતિ ૩૬નો એક ભેદ છે. તેને દુર્મિલા, દ્વિમિલા પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ સગણ મળી ચોવીસ અક્ષર હોય છે.

૨. કું. (પુરાણ) ભરતના સાત મંત્રીનો એ નામનો એક પુત્ર.

૩ વિ. મળવું કઠણ; મુશ્કેલીથી મળે તેવું; દુર્લભ; દુષ્પ્રાપ. દુર્મિલ શબ્દ ગુજરાતી ભાષાનો નથી; મરાઠી ભાષાનો જ છે. મરાઠીમાં દુર્મિળ શબ્દ છે. તે ઉપરથી સંસ્કાર કરી ને ગુજરાતી લોકો કરી વાપરે તો તે ગુજરાતી શબ્દ નહિ ગણાય. મરાઠી લોકો સંપર્ક રાખનારાઓને ઓછા રીતે મરાઠી શબ્દો વાપરવાની ટેવ સુપ્રસિદ્ધ છે. આધુનિક ગુજરાતીમાં દુર્મિલ શબ્દ નથી, પરંતુ પ્રાચીનમાં હતો એમ તર્ક કર્યો છે. એ શબ્દ મરાઠી પ્રકારનો જ છે. પ્રાચીન ગુજરાતીમાં હોય તો મરાઠી સાહિત્યના અને ભાષાના સંપર્કથી આવી હશે.

દુર્મિલકા [સં.] કું. (પિંગળ) એ નામે એક છંદ.

દુર્મિલા ૧. કું. (પિંગળ) અગીઆર માત્રાનો એ નામનો એક માત્રામેળ છંદ. તેને દુર્મિલિયા કે દુર્મિલા પણ કહે છે. તેમાં ત્રીજા અને તે પછી દર બીજી માત્રાએ તાલ અને ૧૦, ૮ તથા ૧૪ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે.

૨. જુઓ દુર્મિલ ૧.

દુર્મિળ વિ. અલભ્ય; દુર્લભ; જળવું મુશ્કેલ.

દુર્મિળપણું ન. મુશ્કેલીથી મળવું તે.

દુર્મુખ ૧. [સં.] કું. એ નામનો એક વાંદરો.

૨. કું. (પુરાણ) કટુપુત્ર એક નાગ.

૩. કું. ગણેશનો એક અનુ.

૪. કું. બોકો.

૫. કું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૬. કું. (પુરાણ) પંચજન પછના જનમેજય પાંચાળનો પિતા.

૭. કું. પ્રભવથી સાઠ સંવત્સરોનો ત્રીસમો સંવત્સર; વિષ્ણુની વીસીનો દશમો સંવત્સર.

૮. કું. (પુરાણ) મહિષાસુર પછનો એક અસુર સેનાપતિ.

૯ કું. (પુરાણ) રાવણની કચેરી શોભેનો એ નામનો રાક્ષસ.

ભેગાનું બળ રાજની મરજાદી દુર્મુખ આદિ વધ્યા,
સામાનાં બળ શક્તિને નહિ ગણી પુરે ચઢેને લુબ્ધા.
સમાસમુચ્ચાર

૧૦. કું. (પુરાણ) વસુદેવની સભામાંનો એક અસુર.

૧૧. કું. ત્રિપ.

૧૨. કું. સાઠ પૈકી તેરમું વર્ષ.

૧૩. કું. (પુરાણ) સુયોધનનો એક સેનાપતિ.

૧૪. ન. (સ્થાપ) ઉત્તર તરફ ભારવાહકનું ઘર; ઉત્તર દિશામાં આવેલું ઘર.

૧૫ વિ. અપ્રિય વચન બોલે એવું; અપ્રમાણ અથવા અપ્રિય બોલનાર; કટુભાષી; જેના મુખમાં સારી વાણી ન હોય એવું

૧૬. વિ. ખરાબ મોઢાવાળું; કદરૂપ મોંવાળું; જેનું મુખ નહાઈ હોય એવું.

૧૭. વિ. ત્રાગો આંડવું.

દુર્મુખી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અલોપનની એ નામની એક રાક્ષસી.

૨. વિ. સ્ત્રી. ખરાબ મુખવાળી.

દુર્મૂલ્ય [હિં.] કું. દુષ્કાળ; સામાન્ય કરતાં ઉપર ટીપવાનો મુદ્રાંક. તે મહાના આખરના લાંબો દાંડો હોય છે અને તેની નીચે પથ્થર કે લોઢાનો ભારે ભોગ દુકડો હોય છે.

દુર્મૂલ્ય ૧. [સં.] ન. જેનું જે મૂળ હોવું જોઈએ તે કરતાં અધિક મૂલ્ય; મોંઘવારી.

૨. વિ. મોંઘું.

૩. વિ. મોંઘું; વધારે કીમતનું.

દુર્મેધ ૧. [સં. દુર્મેધસ] વિ બુદ્ધિની ખામીવાળું; મૂર્ખ અબુદ્ધિમાન.

૨. વિ. ખરાબ બુદ્ધિવાળું; દુષ્ટ બુદ્ધિવાળું.

દુર્મેધ માણસે જેનું ફળ કડવું હોય એનું પાપ કર્મ કરતાં આત્માને જ અધિક કરી ચાલે છે.
ધમ્મપદ

દુર્મેધા [સં.] સ્ત્રી. દુષ્ટ બુદ્ધિ.

દુર્મેધ ૧. સ્ત્રી. (અસ્થિર) જેનું મૂલ્ય ગમે તેટલું સૂક્ષ્મ કાઢી શકાય, પણ જરાવાર કરી કાઢી શકાય નહિ તે સંખ્યા અથવા પરિમાણનું. જેમકે, ૪૬નું મૂલ્ય ૧.૪૧૪ વગેરે ગમે તેટલાં દશાંશસ્થાન સુધી કાઢી શકાય પણ તેનું ચોકસાઈ મૂલ્ય કરી કાઢી શકાય નહિ, માટે ૪૬ દુર્મેધ છે.

૨. [સં.] વિ. અપરિમિત; અનન્તવરૂપ; અપ્રમેય.

દુર્યશ [સં. દુર્યશસ] કું. અપયશ; અપકીર્તિ.

દુર્યુક્તિ [સં.] સ્ત્રી. ખોટાપણ; ગેરવાજબી.

દુર્યોગ [સં.] કું. (જ્યોતિષ) દુષ્ટગ્રહયુક્ત અશુભ યોગ; દુષ્ટ યોગ.

દુર્યોજના જુઓ દુર્યુક્તિ.

દુર્યોધ ૧. [સં.] કું. દુષ્ટ યોદ્ધો.

૨. વિ. બહુ બહુ મુશ્કેલીઓ સહન કરીને પણ યુદ્ધમાં સ્થિર રહેનાર.

૩. વિ. દુઃખથી યુદ્ધ કરી શકાય એવું.

દુર્યોધન ૧. [સં.] કું. (પુરાણ) મહાભારતનો એક મુખ્ય નાયક; સુયોધન. આ મહાન યોદ્ધો ચંદ્રવંશમાં ધૃતરાષ્ટ્ર રાજાની રાણી ગાંધારીને પેટે જન્મ્યો હતો. દુષ્ટ ક્ષત્રિયોના નાશાર્થે ભૂમિ ઉપરનો ભાર ઉતારવા પ્રભુના અંશથી તે ઉત્પન્ન થયો હતો. તેના જન્મકાળે અનેક દુર્નિમિત્ત થયાં હતાં. આ ઉપરથી વિદુરે ધૃતરાષ્ટ્રને એનો ત્યાગ કરવાનું સૂચવ્યું હતું; પણ પુત્રના મોહે કરીને એણે વિદુરની શિખામણ માની નહોતી. દુર્યોધન દ્રોણ પાસેથી ધનુર્વિદ્યા શીખ્યો હતો અને એ વિદ્યામાં એ બહુ નિપુણ હતો; છતાં મહાયુદ્ધમાં એ વિશેષ પ્રખ્યાત હતો. એ નાનપણથી જ પાંડવોનો દ્વેષ કરતો. તેણે ભીમસેનને ખાવામાં ઝેર અપરાધી નદીમાં ધુબાડી દીધો હતો, પણ ભીમસેન એથી ન મરતાં જીવ્યો. એ જાણવાથી એણે પાંડવોને લાક્ષાગૃહમાં બાળી નાખવાનો વિચાર કર્યો, પરંતુ આ વાત પણ પાર ઊતરી નહિ. પાંડવો લાક્ષાગૃહ બળી ગયું તેમાં બળી ગયા નથી અને એમણે સ્વયંવરમાં દ્રૌપદીને પ્રાપ્ત કરી છે, એ વાત ધૃતરાષ્ટ્રે જાણતા તેમને હસ્તિનાપુર લાવી ઇંદ્રપ્રસ્થમાં રાખ્યા. પણ આ વાત દુર્યોધનને બિલકુલ ગમી નહિ. ધૃતરાષ્ટ્રની આજ્ઞાનુસાર ઇંદ્રપ્રસ્થમાં રહેતા હતા ત્યારે પાંડવોએ પોતાના પરાક્રમ વડે પુષ્કળ સંપત્તિ મેળવીને રાજસૂય નામનો મોટો યજ્ઞ કર્યો. તે વખતે ધૃતરાષ્ટ્રની સાથે દુર્યોધન પણ ઇંદ્રપ્રસ્થ ગયો. ત્યાં પાંડવોની સમૃદ્ધિ જોઈ એને બહુ અદેખાઈ થઈ. મયદાનવની રચના મયાસુરે અકાંક્ષિત કરી હતી. કેટલીક જગ્યાએ પાણી ન હોય ત્યાં જાણે પાણી ભર્યું હોય એવી અને કેટલીક જગ્યાએ પાણી ભરેલું હતા ત્યાં જમીન જ જણાય એવી કારીગીરી હતી. આવી એક જગ્યાએ દુર્યોધન પાણીમાં પડ્યો અને એકાદ ભીંતે અથડાઈને જતાં એ અટકાયો. આથી દ્રૌપદી વગેરે સ્ત્રીઓને હસવું આવ્યું. તેથી દુર્યોધનનો દ્વેષ અત્યંત વધ્યો. હસ્તિનાપુર આવ્યા પછી તેણે પાંડવોની સંપત્તિ હરી લેવાને તેમને દ્યૂત રમવા હસ્તિનાપુર બોલાવ્યા. તેમાં કપટ કરીને શકુનિએ સત્યધર્મપૂર્વક તેમની બધી સંપત્તિ જીતી લીધી.

દ્રૌપદીને પણ ઇતી કર્યું સભામાં આણી તેની દુર્દશા કરી. પણ વડીલોના કહેવાથી તેમને અડધું રાજ્ય પાછું આપ્યું. બાર વર્ષ વનવાસ કરવો, તેરમે વર્ષે ગુપ્ત રહેવું અને જો અજ્ઞાતવાસમાં છતા થઈ જાય તો બીજું બાર વર્ષ વનવાસે જવું. આવી આવી બોલી કરી, ફરીથી રમાડી, કપટથી હરાવી, દુર્યોધને તેમને અરણ્યમા કાઢવા અને એમની સપત્તિ નિષ્કટક ભોગવવા લાગ્યો. અરણ્યમા પાંડવોની તે છપી ખાતમી રાખતો. એક વખત પાડવો જે દૈત વનમાં રહેતા હતા ત્યા ઘોષયાત્રા બ્હાટલે રાજ્યનાં ગોધનની જણતરી અને તપાસ કરવા નિમિત્તે કર્ણ વગેરેને લઈને દુર્યોધન ગયો. આ ચિત્રરથ ગાધર્વે એની સેનાનો નાશ કરી તેને કેદ કર્યો, યુધિષ્ઠિરને આ વાતની ખબર પડતાં તેણે ભીમ અને અર્જુનને ચિત્રરથની પાસે છોડાવવા મોકલ્યા. ચિત્રરથે પ્રથમ ના પાડી, તેથી તેને અર્જુને યુદ્ધમાં હરાવી દુર્યોધનને ઉપદેશ આપી પેર મોકલ્યો. પાડવોનો છોડાવ્યો તે છૂટ્યો તેથી દુર્યોધનને બહુ જ શરમી આવ્યું. એક વખત દુર્વાસા ઋષિ તથા તેના દશ હજાર શિષ્યોને બાર દિવસ પોતાને ઘર રાખી તેની સારી સરભરા કરી. તેથી દુર્વાસાએ ખુશી થઈ ને કાંઈ માગવા કહ્યું, ત્યારે દુર્યોધને ઈર્ષાવૃત્તિથી કહ્યું કે, આપ કામ્યક વનમાં પધારો અને દ્રૌપદીને ત્યાં ભોજન માગો. પણ કૃષ્ણના સામર્થ્યથી પાંડવોને કોઈ પણ અપકાર કર્યા સિવાય દુર્વાસા પોતાના આશ્રમે પધાર્યા. બાર વરસ વનવાસ ભોગવી તેરમે વર્ષે પાડવો વિરાટને ત્યાં ગુપ્તવાસ રહ્યા હતા. તે વખતે કીચકના વધથી દુર્યોધનને શંકા થતાં તેણે પાંડવોને જતા કરવાના ઇરાદાથી સુશર્માને વિરાટની દક્ષિણ તરફની ગાયોને હરવા મોકલ્યો અને પોતે ઉત્તર તરફ ગયો; પણ બંને કોરથી તેની પાયમાલી થઈ. યુદ્ધવાસ પૂરો થતાં પાંડવો તરફથી વિષ્ટિ કર્યા મ.કૃષ્ણ દુર્યોધન પાસે ગયા અને પાંડવોને અર્ધ ભાગ આપવા કહ્યું. દુર્યોધને માન્યું નહિ, તેથી પાડવો અને કૌરવોની વચ્ચે ઘોર મહાભારતનું યુદ્ધ થયું. તેમાં દુર્યોધનના પક્ષના ભીષ્મ, દ્રોણ, કર્ણ તેમજ દુઃશાસન, શકુનિ વગેરે ઘણા મહારથીઓ મરણ પામ્યા. તેથી દુર્યોધન મનો દિલગીર થયો. પછી તેણે કર્ણને સેનાધિપતિ કીધો. એ પણ મરી જતાં એ હતાશ થઈ ગયો અને પોતાને અજરતજ વિદ્યા આવડતી હોવાથી એને મોકે તે એક તળાવડીમાં જઈ તે સંતાઈ રહ્યો. પાડવોને તેની ખબર પડતાં તેઓ એ હ્રદ પાસે ગયા અને યુક્તિથી તેને બહાર કાઢ્યો. પછી યુદ્ધને અઢારમે દિવસે દિવસના બે પહોર પછી ભીમ અને દુર્યોધનના યુદ્ધનો આરંભ થયો. તેમાં ભીમે દુર્યોધનને જંઘા ઉપર ગદા મારી નીચે પાડ્યો. આ જોઈને કૃષ્ણના ભાઈ બળરામ, જે ત્યાં હાજર હતા, તેને બહુ ગુસ્સો ચઢ્યો, કારણ કે કેડની નીચેના ભાગ ઉપર ગદા મારવી એ ગદાયુદ્ધના નિયમથી વિરુદ્ધ હતું. ત્યારે કૃષ્ણે તેમને શાંત પાડ્યા અને સમજણ પાડી કે તેની જંઘા ઉપર ગદા બેસશે અને તેથી તે મરણ પામશે એવો દુર્યોધનને મૈત્રેય ઋષિનો શાપ હતો. પછી દુર્યોધન મરણ પામ્યો.

૨. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૩૪૨ અને દક્ષિણ ક્રાન્તિ ૮ માં આવેલો એ નામનો ચોથા મહત્વનો તારા.

૩. પું. (પુરાણ) સુબલરાજી દુર્જન રાજાનો પુત્ર. તેને નર્મદા નદીની મૂર્તિમાન દેવી પરણી હતી. તેનાથી એને સુદર્શના નામે કન્યા થઈ હતી. તે તેણે અર્જુનને આપી હતી.

૪. વિ. અર્જિત; કરતું મુશ્કેલ; મુશ્કેલીથી કરતાં સહાય એવું.

૫. વિ. દુઃખથી પણ ન મળી શકે એવું

૬. વિ. દુઃખથી યુદ્ધ કરી સહાય એવું.

દુર્યોનિ ૧. [સં.] સ્ત્રી. નિંદિત જાતિ; દુષ્ટ જાતિ, બરાબ જાત.

અનિર્વિદ્યા સંન્યાસથી પ્રલયસ્થ, નરકપાત. દુર્યોનિ અને મોક્ષનો અભાવ થાય છે.
શીતાપ્રકાશ

૨. વિ. દુષ્ટ જાતિવાળું; બરાબ જાતનું; નીચ કુળનું; નીચ કુળમાં જન્મેલું.

દુર્રા [અ.] પું. ફટકો; સપાટો.

દુર્રાજ વ. એક જાતનું પક્ષી; તેતર.

દુર્રાની ૧. [સ.] સ્ત્રી. અફઘાનની એ નામની એક જાતિ.

૨. વ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

દુર્લક્ષ ૧. [સં.] વ. અવજ્ઞા; ઉપેક્ષા, બેદરકારી

સપુત્ર પ્રાપ્તના લોકોની નાશની ચારી અસાવધતાનું જ્ઞાન આપનાર જબીનદારે વરસથી અને અનેક માણસો વરસ હું દુર્લક્ષ કરી શકું નહિ.
ગાંધીજી

૨. વ. અસાવધતા; ગફલતપણું.

૩. વિ. બેદરકારીથી જોઈ સકાય તેવું.

૪. વિ. લક્ષ વગરનું; ખ્યાન વિનાનું.

દુર્લક્ષણ [સં.] વ. અપલક્ષણ; કુલક્ષણ.

દુર્લક્ષ્ય ૧. [સં.] વ. બરાબ ઉદ્દેશ; બરાબ ચિહ્ન; બરાબ નસીબની નિશાની.

૨. વ. બેદરકારી; અવજ્ઞા.

૩. વિ. દેખી ન સકાય એવું; આગળ જ રાય; મુશ્કેલીથી જોઈ સકાતું; બહુબાગ અદશ્ય.

૪. વિ. ખ્યાન ન દોય એવું

એ કામકોના વિષયના વિક્ષેપ પર મુનિર્બસટિએ દુર્લક્ષ્ય કરેલ પ્રશ્ન નથી
કમળારકર

દુર્લતિકા ૧. [સં.] પું. (વિજ્ઞા) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સરસ્વતિ છંદનો એક ભેદ છે. તેને આપરી, દુમિલા, દુર્મલિકા, દુમેલા છંદ પણ કહે છે. તેમાં ૮ સમણ મળી ૨૪ વર્ણ દોય છે. તેના આઠમા અને ચૌદમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. સ્ત્રી. એક જાતનો બરાબ વેલો

દુર્લભ ૧. પું. એક જાતની વનસ્પતિ; કમૂરો.

૨. [સં. દુર્ (મુશ્કેલીથી) + લભ્ (મેળવવું)] પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ. દુર્લભ ભક્તિથી પ્રાપ્ત કરી સકાય તેવા હોવાથી ભગવાન દુર્લભ કહેવાય છે. વળી મનુષ્યદેહ દુર્લભ છે, તેમા જિજ્ઞાસા થવી દુર્લભ છે, તેમા સદ્‌ગુરુ, સત્સંગ, મન અને ઇંદ્રિયોનું દમન કરવું તે અને સુવિચાર કરવા તે દુર્લભ છે, નિજસ્વરૂપની પ્રાપ્તિ કરવી તે દુર્લભ છે, પુનઃ આધિભૌતિકમાં, મોહમમતામાં અને સંસારવ્યવહારમાં ગૂંચાઈ જવાથી અંતકાળે પણ ભગવાનનું સ્મરણ થતું બાકી દુર્લભ છે. આથી ભગવાન દુર્લભ કહેવાય છે.

૩. પું. શિવના હજાર માહેનું એક નામ.

૪. વિ. અનોખું

૫. વિ. કીમતી; મૂલ્યવાળું.

૬. વિ. દુષ્પ્રાપ્ય; મુશ્કેલીથી પ્રાપ્ત થાય એવું; વિરલું; ઘણું મુશ્કેલ.

સમગ્ર અવતારોમાં બરાબરમા મનુષ્યનો અવતાર દુર્લભ છે.
ભગવદ્ ભાગવત

૭. વિ. પ્રિય.

૮. વિ. મોટું; ભારે; મુશ્કેલ; અઘરું.

૯. વિ. વખણાયેલ.

દુર્લભતા [સં.] સ્ત્રી. મેળવવું મુશ્કેલ હોવાપણું.

દુર્લભઔષધિ જુઓ દુર્લભઔષધી.

દુર્લભઔષધી [સં. દુર્લભૌષધિન્] વિ. મુશ્કેલીથી ઔષધ પામે એવું.

દુર્લભા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ધમાસો.

૨. સ્ત્રી ખોળા ભોંયરીંગણી

દુર્લભ્ય [સં.] વિ. ભગવામાં મુશ્કેલ.

વિના યોગ જ પાર્થ ! પ્રાપ્ત કરવો સંન્યાસ દુર્લભ્ય છે, પામે છે મુનિ સત્ય યુક્ત થઈને જે યોગથી બ્રહ્મને.
શીતાપ્રકાશ

દુર્લલિત ૧. [સં.] ન. દુષ્ટ ઇચ્છા.
૨. ન. દુષ્ટ ચેષ્ટા.
૩. વિ. દુર્જન વસ્તુ મેળવવાની ઇચ્છાવાળું
૪. વિ. દુષ્ટ ઇચ્છાવાળું.
૫ વિ. દુષ્ટ ચેષ્ટાવાળું

દુર્લંઘ્ય [સં] વિ ઓળખી શકાય નહિ એવું.

દુર્લેખ્ય ૧. [સં] ન. દુષ્ટ લેખનપત્ર; અરાજ ખત.
૨. વિ. અરાજ લખાયેલું; અરાજ લખાવટવાળું

દુર્લૌકિક [સં.] ન. અપકીર્તિ; નામોશી

દુર્વચ ૧ [સં.] ન. ગાળ; દુર્વચન.
૨. વિ કહેવું મુશ્કેલ; દુઃખથી કહી શકાય એવું

દુર્વચન [સં.] ન. અનિષ્ટ વચન; અરાજ લેખું; અરાજ બાબત; અરાજ બોલ; ગાળ; કડું વચન.

દુર્વચની વિ. અરાજ વચન બોલનાર; અનિષ્ટ બાબત કરે તેવું; દુર્વચન બોલનાર.

દુર્વટ વિ. અસહ્ય; ધારણ કરવું મુશ્કેલ.
પ્રભુચરણ જયદેવ આ હરિવિરહ દુર્વટ ગાય.
ગીતગોવિંદ

દુર્વર્ણ ૧. [સં.] પું. અરાજ અક્ષર.
૨. પું. અરાજ રંગ.
૩. પું. દુષ્ટ જાહ્યણ વગેરે વર્ણ.
૪. પું. રંગરોગ.
૫. ન. રંજ.
દ્રુપ રજત દુર્વર્ણ અને અલ્પ અજુર;
રૂપની ચોરાશ છે, ખૂબ જતનથી દૂર.
વિક્રમચરિત્રોપ
૬. વિ. અરાજ દેખાવવાળું.
૭. વિ. અરાજ રંગનું; નિંદ્ય રંગવાળું.
તું દ્રુપ અને દુર્વર્ણ બધે છે,
બધા તારી પાસે આવું છે.
સુત્તનિપાત
૮. વિ ખોળા ફોદના રંગવાળું.

દુર્વર્તન [સં.] ન. ખુલમ; અરાજ આચરણ.
હિંદીનો પ્રથમ ચલાવનામા આવતું દુર્વર્તન એક મોટે ભાગે સારા એવા રાજ્યતંત્ર ઉપર વળેલો બહારનો મેલ છે.
નવલરામ

દુર્વર્તનશીલ [સં.] વિ. ખુલમી સ્વભાવવાળું.
અમર રાજાએ પોતાના પુત્રને દુર્વર્તનશીલ જોઈને તેને હદપાર કર્યો હતો.
ગીતારહસ્ય

દુર્વસતિ [સં.] સ્ત્રી ઇષ્ટ ખોટીને રહેવું તે.

દુર્વસુ વિ. (જૈન) મોક્ષ મેળવવાને અયોગ્ય; અભવ્ય.

દુર્વહ ૧. [સં.] વિ ઉપાડી ન શકાય એવું; બોજારૂપ; ભારરૂપ; વહન કરવાને અશક્ય; મુશ્કેલીથી વહન કરી શકાય એવું.
૨. વિ. બોજાવાળું

દુર્વહનીય જુઓ દુર્વહ.

દુર્વહનીયતા [સં.] સ્ત્રી. ઉપાડી ન શકાય એવું હોવાપણું.

દુર્વાંકયોગ [સં.] પું. દુષ્ટ માણસોને પ્રપંચથી વશ કરવાની વિદ્યા; ચોસઠ માંહેની એ નામની એક કળા.

દુર્વાકય [સં.] ન. અરાજ લેખું; અરાજ બોલ; ગાળ.

દુર્વાચક [સં.] ન. બોલવામાં મુશ્કેલી પડે તેવું વાકય.

દુર્વાચ્ય ૧. [સં.] ન. અપકીર્તિ; ઊંડાપવાદ.
૨. વિ કહેવાને અશક્ય; દુઃખથી કહી શકાય એવું

દુર્વાદ ૧. [સં.] પું. અપવાદ; નિંદા; બદનામી.
૨ વિ. દુષ્ટ બોલનાર; નિંદ્ય વાકય બોલનાર; અપ્રિય વકતા.

દુર્વાદી જુઓ દુર્વાદ ૨.

દુર્વાર ૧. [સં] વિ. અટળ; અનિવાર્ય; ન અટકાવી શકાય એવું; વારવાને અશક્ય.
દુર્વાર દેવે પ્રબલ કીધો,
હવ ચિત્ત કરણ. કનેયાલાલ
૨. વિ. દુઃખથી વારી શકાય એવું; નિવારણ કરવાને માટે અઘરું.

દુર્વારિ ૧. [સં.] પું. કંસરાજા રહેતા એક વીરનું નામ. તે મહાભારતના યુદ્ધમાં લડ્યો હતો.
૨. વિ. દુઃખથી વારણ થઈ શકે તેવું
૩. વિ વારણ કરવાને અશક્ય.

દુર્વાસ ૧. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૮૩ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ઉપર આવેલો બીજા મહત્ત્વનો તારો.
૨. સ્ત્રી. દુર્ગંધ; અરાજ વાસ.

દુર્વાસના ૧. [સં.] સ્ત્રી. અનિષ્ટ ઇચ્છા; ખરાબ વાસના.
૨ સ્ત્રી. પૂર્ણ થવાને અશક્ય ઇચ્છા; કદી પૂરી ન થાય એવી ઇચ્છા.

દુર્વાસા ૧. [સં. દુર્વાસસ] પું. (પુરાણ) અત્રિ ઋષિને અનસૂયાથી થયેલ ત્રણ માંહેનો શિવના અંશરૂપ એ નામનો એક દીકરો. તે ઋષિ અત્યંત ક્રોધી હતા. તે ઔર્વ મુનિની પુત્રી કંદલી વેરે પરણ્યા હતા. વિવાહ સમયે તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે હું ચારી ફોના સો સુધી અપરાધ ક્ષમા કરીશ. પ્રતિજ્ઞા પ્રમાણે તેમણે સો અપરાધ માફ કર્યા પછી શાપ આપી પોતાની સ્ત્રીને ભસ્મ કરી દીધી તેમણે બધાને શાપ તથા વરદાન આપેલ. છે સાકૃતસાને તેણે વિયોગનો શાપ આપ્યો હતો તેણે કાંઈ અપરાધ સારૂ ઉલટને પણ શાપ્યો હતો કે તારી સર્વ સંપત્તિ સમુદ્રમાં પડશે અને તેમ તે પડી હતી. સમુદ્રમથન દ્વારા તેણે આપેલા ઉતાપને લીધે ઇંદ્રને તે પાછી મળી હતી. ચાક્ષુષ મન્વંતરમાં સ્વર્ગમાં મંદરદ્રુમ નામે ઇંદ્ર હતો. તેના સબંધમાં આ વાત કહેવી જોઈએ, કારણ સમુદ્રમથન ચાક્ષુષ મન્વંતરમાં થયું હતું. એક દહને થયેલો શાપ બીજા દહને આપવા યોગ્ય એમ અને નહિ. મહાદેવની આજ્ઞાથી સ્વેતકી નામના રાજાએ તેને પોતાના યજ્ઞમાં ઋત્વિજ બનાવ્યા હતા. એ ઉત્તમશ્લોકના ભક્ત હતા. અંબરીષ રાજા ઉપર ક્રોધ કરીને એણે કૃત્યા છોડી હતી, જેથી દ્વાદશી તિથિના અંતિમભાગે વિષ્ણુનું સુદર્શન ચક્ર એની પાંસે પડ્યું હતું. એક વખત એ દ્વારકા ગયા ત્યારે કૃષ્ણે તેનો ખૂબ જ સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યા હતા. તે વખતે તેણે કૃષ્ણને ઘણી વખત સતાવ્યા હતા એક વખત કૃષ્ણની પાસે ખીર કરાવી અને તે ખીર પોતાને ગાયે રુક્મિણી અને કૃષ્ણને શરીર ચોપડી હતી. બીજી વખત રથે ઘોડા ન જોડાયતા કૃષ્ણ અને રુક્મિણીને જોડ્યાં અને રુક્મિણી ત્વરાત્વર ચલાવે નહિ તો તેને ચાબુક મારી હતા. આમ બનવા પણ કૃષ્ણને ક્રોધ ઉત્પન્ન થયો નહિ, એટલું જ નહિ પણ રુક્મિણીની મુખમુદ્રા પણ પ્રસન્ન જ રહી હતી. તે ઉપરથી પોતે ખરા પ્રસન્ન અને સંતુષ્ટ થઈ બંનેને ઘણા પ્રકારનાં ઇચ્છિત વરદાન આપી પોતે સ્વસ્થાને ગયા હતા. એક સમયે કૃષ્ણે તેમની મહેમાની કરવામાં ખૂબ કરી. અનનો અમુક ભાગ દુર્વાસાના પત્ર ઉપરથી સાફ કરતાં કૃષ્ણ જાણે ત્યાં અગ્નિ બહુ ગુપ્તપે ગયા અને તેનું મૃત્યુ કેમ થશે તે જણાવ્યું. એની એવી પ્રકારની મેલા દુર્વાસને પણ કરી હતી. દુર્યોધને વર માગ્યો કે, પાંડવોને ત્યાં જમી ભોજન કરવા આતર નહિ, પણ પકવેલું સત્વ લેવા સારૂ મધ્યરાત્રિ પછી જ્યારે ભોજન વગેરે આટોપાયું હોય ને દ્રૌપદીને ભોજન માત્રનું જો ભોજન ન આપે તો તેમને શાપવા. દુર્યોધનનું આ કહેવું દુર્વાસાને ગમ્યું નહિ, પણ પોતે વર માગ એમ કહ્યું હતું એટલે નિરુપાય ત્યાં ગયા અને પોતાના અયુત શિષ્યો સહિત પોતાને માટે ભોજન માગ્યું. યુધિષ્ઠિરે તેમને સ્નાન માટે મોકલીને દ્રૌપદીને બોલાવીને સમાચાર કહ્યા. એ સાંભળીને એ મૂંઝાઈ અને આમતેમ જ

કૃષ્ણનું સ્મરણ કર્યું. કૃષ્ણ ત્યાં પ્રગટ થયા અને સૂર્યની આપેલી થાળીમાં શાકપત્ર ઉપજાવી બધાને દેખતા પોતે આરોગ્યું. એમ જમીને તૃપ્ત થતાં જ દુર્વાસા અને સમગ્ર ઋષિઓ પણ તૃપ્ત થયા. તેથી યુધિષ્ઠિરનું કલ્યાણ થાઓ એવો આશીર્વાદ દઈ તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. તેમના જેવા ક્રોધી ઋષિને પ્રસન્ન કરવામાં આ જગતમાં બે મુખ્ય હતા: કુંતાજી અને દુર્યોધન.

૨. પું. શિવના કલ્પાંત ભૈરવનું એક નામ.

૩. ન. એ નામનું એક ઉપપુરાણ.

૪. વિ. બરાબ કપડાં પહેરેલું.

દુર્વાસાપુરાણ [સં] ન. અઢાર મહેનું એ નામનું એક ઉપપુરાણ.

દુર્વાસાશ્રમ ૧. [સં.] પું. દુર્વાસા ઋષિને રહેવાનું સ્થાન. આ આશ્રમ જામનગર જિલ્લાની અંદર કલ્યાણપુર સ્ટેશનથી એક ગાઉ દૂર એ નામના એક પર્વત ઉપર હતો. અત્ર જિલ્લાના નવાદા તહસીલમાં રબ્બેલાથી સાત માઈલ અગ્નિકોણ તરફ આ આશ્રમ હોવાનું પણ મનાય છે

૨. પું. જામનગર જિલ્લામાં આવેલ એ નામનો પર્વત.

દુર્વાંછના [સં.] સ્ત્રી. દુષ્ટ વાસના; બરાબ ઇચ્છા.

જ્યારે કોઈ આ પ્રમાણે સદ્ગુણના અને દુર્વાંછનાના યુદ્ધમાં ઘૂસતો હોય છે ત્યારે તે પોતાના ખરા સ્વરૂપને (આત્માને) ભૂલી જાય છે. સુપ્રભાતમાળા

દુર્વાંત ૧. [સં.] ન. દુષ્ટ ઊલટી.

૨. વિ. દોષ: કે ન શીખે એવું.

૩. વિ. દુષ્ટ વમન કરી.

દુર્વિકાર [સં.] પું. બરાબ વિકાર; દુષ્ટ વિકાર.

દુર્વિગાહ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૨. વિ. દુ:ખથી પ્રવેશ કરવા યોગ્ય.

૩. વિ. પ્રવેશ કરવાને અશક્ય.

દુર્વિજ્ઞેય [સં.] વિ. સહેલાઈથી જાણે નહિ એવું.

દુર્વિજ્ઞાત [સં.] વિ. ખોટી રીતે જાણેલું.

દુર્વિજ્ઞાન [સં.] ન. મુશ્કેલીથી જાણી શકાય એવું હોવું તે.

દુર્વિજ્ઞેય [સં.] વિ. મુશ્કેલીથી જાણી શકાય એવું.

દુર્વિતર્ક્ય [સં.] વિ. કલ્પનામાં પણ આવે નહિ એવું.

દુર્વિદ [સં.] વિ. દુ:ખથી જાણી શકાય તેવું; જાણવાને મુશ્કેલ.

દુર્વિદગ્ધ ૧. [સં.] પું. મૂર્ખ માણસ.

૨. વિ. અધૂરું અભ્યસેલું.

૩ વિ. અભિમાની; વિદ્વત્તાનો ખોટો ગર્વ કરનારું; જ્ઞાનનું જૂઠું અભિમાન કરનાર.

૪. વિ. અશિક્ષિત.

૫. વિ. દાઝેલું; અર્ધદગ્ધ.

દુર્વિધ ૧. [સં.] વિ. બળ; નીચ; દુષ્ટ.

૨. વિ દરિદ્રી; ગરીબ નિર્ધન.

૩. વિ. મૂર્ખ.

દુર્વિધિ [સં.] સ્ત્રી. કમનસીબ; દુર્ભાગ્ય.

દુર્વિનય [સં.] પું. બરાબ વર્તન; અવિનય.

દુર્વિનીત ૧. [સં.] પું. અશિક્ષિત ઘોડો.

૨. પું. અશિક્ષિત ઘોડો; અયોગ્યલોટાપૌત્ર ઘોડો.

૩. સ્ત્રી. વિનય રહિત ઘોડાપત્ની.

૪. વિ. ઉદ્ધત, દુર્વિનયવાળું; બરાબ વર્તણૂકવાળું.

૫. વિ., દુષ્ટ કેળવણીવાળું.

૬. વિ. મૂર્ખ.

દુર્વિપાક ૧. [સં.] પું. બરાબ પરિણામ; ખરો ફળ.

૨. વિ. બરાબ પરિણામવાળું.

દુર્વિભાગ્ય [સં.] પું. મહાભારતમાં આવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

દુર્વિભાવ્ય [સં.] વિ. અનુમાન થઈ શકે નહિ એવું

દુર્વિભાષ [સં.] ન. દુષ્ટ ભાષણ.

દુર્વિમોચન ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૨. વિ. છોડવું અશક્ય

૩. વિ. દુ:ખે છોડવા યોગ્ય.

દુર્વિરોચન પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.

દુર્વિલસિત ૧. [સં.] વિ. બરાબ વર્તનવાળું

૨. વિ. તોફાની.

દુર્વિલાસ ૧. [સં.] પું. બરાબ વર્તન.

૨. પું. તોફાન.

દુર્વિવાહ [સં.] પું. નિંદિત રીતથી કરાયેલો વિવાહ; બાલા વગેરે આઠ રીત સિવાયનો વિવાહ.

દુર્વિવૃત [સં.] વિ. નગ્ન; વસ્ત્ર વિનાનું.

દુર્વિશોધ્ય વિ. મુશ્કેલીથી શુદ્ધ કરી શકાય એવું.

દુર્વિષ [સં.] પું. ઝેર, કેમો તેના ઉપર ઘણાક ઝેરની કાંઈ અસર થઈ ન હતી.

દુર્વિષહ ૧ [સં] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૨. પું શિવ: શંકર.

૩. વિ મુશ્કેલીથી સહન થાય એવું.

૪. વિ. સહન ન કરી શકાય એવું.

દુર્વૃત્ત ૧. [સં] ન. બરાબ આચરણ.

૨ વિ. દુરાચારી; બરાબ આચરણવાળું.

દુર્વૃત્તિ ૧. [સ.] સ્ત્રી. ઉદ્દાલકવિદ્યા.

૨. સ્ત્રી. બરાબ વાસના.

૩. વિ. બરાબ આજીવિકાવાળું

૪. વિ આસુરી; ઉદ્દાલકવિદ્યા જાણનારું

૫. વિ. દુષ્ટ વૃત્તિવાળું

દુર્વૃષ્ટિ [સં.] સ્ત્રી. માવઠું.

દુર્વેધ ૧. [સં.] વિ. જાણવું મુશ્કેલ.

૨. વિ. મુશ્કેલીથી મેળવી શકાય એવું.

૩. વિ વેદપાઠ રહિત.

દુર્વ્યય ૧. [સં.] પું. ખોટું ખર્ચ.

૨. પું. ધન કરી નાખવું તે. ઉડાઉગીરી.

દુર્વ્યવસ્થા [સ.] સ્ત્રી. અંધેર; બરાબ ગોઠવણ; ગરબડાગરદ.

પ્રસંગવશાત્ આ દુર્વ્યવસ્થાની નવમ કીધી. કમળાકાંત

દુર્વ્યવહાર ૧. [સં.] પું. બરાબ વર્તન.

૨. પું. ગાય; રિબત.

દુર્વ્યસન [સ.] ન. કુટેવ; કુબંદ; નઠારી આદત.

દુર્વ્યસની વિ. બરાબ વ્યસનવાળું; અયોગ્ય; દુરાચારી.

દુર્વ્યાપાર [સં.] પું. બરાબ પ્રવૃત્તિ.

દુર્વ્રજિત [સં.] વ નિંદ્ય ગમન; નિંદિત ગતિ.

દુર્વ્રત ૧. [સં.] ન. દુષ્ટ નિયમ.

૨. વિ. નઠારું આચરણ કરનાર.

૩. વિ. વ્રત રહિત.

દુર્શોધ વિ. અઘરું મુશ્કેલ

દુર્હૃદ [સ.] વિ. હણવાને અશક્ય; હણવાને અયોગ્ય

દુર્હૃદ્ભાવ [સં.] વિ. દુષ્ટને હણવા ઇચ્છનાર.

દુર્હૃદ ન. અસુરોનું એ નામનું એક કુળ.

દુર્હૃદ જુઓ દુર્હૃદ.

દુર્હૃદ ૧. [સં.] વિ. દુષ્ટ હૃદયવાળું.

૨. વિ. દુ:ખથી હણવા યોગ્ય.

દુર્હિત [સં.] પું. શત્રુ. દુશ્મન.

દુર્હૃદ ૧. [સં. દુહૃત] પું. અમિત્ર; શત્રુ.

૨. વિ. બરાબ હૃદયવાળું.

દુર્હૃદય ૧. [સં.] પું. શત્રુ; દુશ્મન; અમિત્ર.
૨. ન. દુષ્ટ હૃદય; ખરાબ મન.
૩. વિ. દુષ્ટ અંત:કરણવાળું.

દુર્હેતુ [સં.] પું. ખરાબ આશય.

દુલ્ ૧. [સં.] અ. ક્રિ. ઢીંચવું.
૨. સ. ક્રિ. ઉપર ફેંકવું; ઉપર ઉડાવવું.
૩. સ. ક્રિ. હલાવવું.
૪. સ. ક્રિ. ઢીંચાડવું.

દુલકી સ્ત્રી. ઘોડાની બદબદ કરતી ચાલ.

દુલખવું ૧. સ. ક્રિ. ના કહેવી; અનાદર કરવો.
૨. સ. ક્રિ. વારંવાર કહેવું.

દુલખી સ્ત્રી. એ જાતનો ઢોળો. તે જુવાર, તમાકુ, ઘઉં વગેરેને નુકસાન પહોંચાડે છે.

દુલડા (દુલ્ડ) પું. બે સરની હાર.

દુલદુલ ૧. પું. પયગંબર સાહેબનો એ નામનો ઘોડો. ધરહંદરિયા એટલે મિસરના હાકેમે મહમદ સાહેબને નજર આપેલી બબ્બરી. સાધારણ લોકો તેને ઘોડો સમજે છે અને મોહરમના દિવસોમાં તેની નકલ કાઢે છે. મોહરમની આઠમી તારીખે અબ્બાસના નામનો અને નવમી તારીખે હુસેનના નામનો સવાર વગરનો ઘોડો ચલાવામાં આવે છે. મહમદ પયગંબર સાહેબનું વાહન જે બબ્બર હતું તે તેમણે પોતાના જમાઈ હજરત અલીને આપ્યું હતું.
તે મુજબ હસનઅલી માટે આલ દુલદુલ ઘોડો અને મુસદ્દીકાર ઝમારી વલ્લાર એ જુવાઈ બબરીસ હતી. મેદિ૰ ઇસ્લામ
૨. પું. ઘોર.

દુલહ ૧. પું. વરરાજો; વર.
૨. [પ્રા.] વિ. દુર્લભ.

દુલહણી જુઓ દુલ્હન ૧.

દુલહન ૧. સ્ત્રી. કન્યા.
૨. સ્ત્રી. નવી પરણેલી સ્ત્રી; નવી વહુ; નવવિવાહિતા વધૂ.
૩. સ્ત્રી. હરવુંફરવું તે; ગતિ.

દુલહા પું. વરરાજા.

દુલહિ સ્ત્રી. નવી પરણેલી સ્ત્રી; દુલ્હન.
સુણો દુલહિ કુંવરી કલ્યાણી રે,
કહું તમારા હિતની વાણી રે;
તમે પાળજો કહું પતિવ્રત રે,
જેણે કરી પામો સુખ વર્તે રે. નિષ્કુળાનંદ

દુલહિન જુઓ દુલ્હન.

દુલહી જુઓ દુલ્હન.

દુલહું ૧. વિ. ઉદાર; દાનશીલ.
પુષ્પવૃષ્ટિ કરે ઘણી, દુલહો દેવ મોરાર.
દેપોદાસ
૨. વિ. મુશ્કેલીથી મળે એવું; દુર્લભ.
પૂરણ પુન્યે એ સહુ પામ્યો,
દુલહો સહુ સુકે ચોમ. ઋષભદેવ

દુલહૈંડી [હિં.] સ્ત્રી. ચૈત્ર માસનો બહેલો દિવસ. તે દિવસે ઓકબીજ ઉપર અબીલ, ગુલાલ વગેરે ઉડાડવામાં આવે છે.

દુલા ૧. સ્ત્રી. કાર્તિકસ્વામીની રક્ષા કરનાર એક કૃત્તિકા. વર્ષયંતિ, દુલા, ચુપૂણિકા, મેઘયંતિ, અભ્રયંતિ, તિતઉ એ છ પુરાણપ્રસિદ્ધ કૃત્તિકાઓ છે.
૨. સ્ત્રી. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્રનો પહેલો તારો.
૩. સ્ત્રી. વાર્તાસમયની એક જાતની મદોન્મત્ત સ્ત્રી.
આચ્છુપ્તશ્રી, આદ્યપદ્મશ્રી, સ્વરસ્થા, સ્વયમાલિની, અંબા, દુલા, નિરતિ, અભ્રમતી, મેઘવંતિકા, વર્ષવતી, ચિબુલિકા, અને ચાતિધારા એ બાર વર્ષાસમયની મદોન્મત્ત સ્ત્રીઓ મનાય છે.
ગજવતી ભાગવત

દુલાઈ [હિં.] સ્ત્રી. કીમતી પ્રાવરણી બનાવટ; ઝરી કીમતની વસ્તુઓથી બનાવેલું ઓઢવું.

દુલાર ૧. પું. પુત્ર; દીકરો.
૨. પું. પ્રેમ; લાડ; વહાલ.

દુલારવું સ. ક્રિ. લાડ લડાવવાં; વહાલ કરવું.

દુલારા [હિં.] વિ. લાડીલું; બહુ પ્યારું.

દુલારામ પું. એ નામનો એક ભાટકવિ. તેના ઘરને સુરતના નવાબ તરફથી નજરાણા બક્ષવા માટે તૂટી લેવામાં આવ્યું હતું. ત્યારથી તેણે નવાબી વિષે અનેક કાવ્યો રચ્યાં છે અને તે સમયની હિંદુઓની હાલત મુક્તકંઠે વર્ણવી છે. તેમનાં કાવ્યોમાં સુરતની કેટલીક ઇતકથા પણ મળી આવે છે. તેણે નવાબી વિષેનો તિરસ્કાર નીચે મુજબ વ્યક્ત કર્યો હતો.
સેખ તોરી સુરતમેં હિલના હેરાન.
બખત તોરી ખાનગાહી દીસતી હૈ ઓર,
મ્લેચ્છનો માન મીલે, હિંદુ હૈ ચોર.
ઉન ઓર પાયરી સિરાવે, દમ લેવે ચંદ,
દેવસ બજાવે, સારે વચન સપૂત.
ઓરત કે જમીન ઓર અપને બાપકા,
કાહીસે કબ કીજે ફરમાન આપકા.
મહેબૂબ મેમાન મીલે મહોર જા પડો,
ઘર ઘર પઢાવો કલમાહક બાપકો.
સાહિબસે બીનંતી મોરી અદકો ગુલામ,
દુલા મોમલાઈ હોવે દના મુકામ.

દુલારી ૧. સ્ત્રી. છોકરી; દીકરી; પુત્રી; લાડીલી દીકરી; પ્રિય કન્યા.
૨. વિ. સ્ત્રી. વહાલી; પ્રિયા.

દુલાર્યું વિ. લાડકું; વહાલું; પ્રિય.

દુલારો ૧. પું. વહાલો છોકરો; દીકરો; પુત્ર.
૨. વિ. પું. વહાલો; પ્રિય.

દુલાવ પું. ગભરાટ.

દુલાવવું સ. ક્રિ. ઢોલાવવું; દૂલે એમ કરાવવું.

દુલાવું અ. ક્રિ. દૂલે એમ થવું

દુલાહ પું એક જાતની વનસ્પતિ; જવાસો.

દુલાહી જુઓ દુલોહી.

દુલિ ૧. [સં.] પું. એ નામે એક મુનિ.
૨. સ્ત્રી. પ્રત્યંચા.
૩. વિ. ઊંચું કરનાર.
૪. વિ. ફેંકનાર.
૫. વિ. હલાવનાર

દુલિદુહ [સં.] પું. (પુરાણ) દિલીપ રાજાના પિતાનું નામ; રામના એ નામના પિતામહ; અનમિત્ર રાજાનો એ નામનો પુત્ર.

દુલિયારૂખ ન. આરક્ષાનું પૂજન કરવું તે; દ્વારપૂજન.

દુલીચા [હિં.] પું. ગાલીચો.

દુલીચો ૧. પું. ચંદરવો.
૨. પું. શેતરંજ; ગાલીચો.

દુલું ૧. વિ. કપટરહિત; ભોળું.
૨. વિ. પૈસો આપવા, મૂકવા કે વાપરવામાં ઢીલું; હાથનું છૂટું; ઘોતાળ; સખી; ઉદાર.

દુલૂટી સ્ત્રી. એક જાતનો ખરસટ ઢોર. તેનાં પાન આંતરે આવેલાં, એકથી બાર ઇંચ લાંબાં પહોળાં, ત્રિકોણાકૃતિ અને વખતે ત્રણ વિભાગવાળાં હોય છે. તેનાં ફૂલ ઝિલ્લાં જેવાં રંગનાં અને ફળ વાંકી અણીવાળાં થાય છે. આ ઢોર ચેરી મનાય છે.

દુલૈચા [હિં.] પું. ગાલીચો.

દુલો ૧. પું. ઉદાર માણસ.
૨. પું વરરાજા.
૩. વિ. પું. કપટરહિત વચનનો.

દુલોહ જુઓ દુલોહી.

દુલોહી સ્ત્રી. લોઢાના બે કટકા જોડીને બનાવેલી એક જાતની તરવાર.

દુલ્લભ [પ્રા.] વિ. દુર્લભ.

દુલ્લું જુઓ દુલું.

દુલ્લો ૧. સ્ત્રી. જોણીની રમતમાં આગલી જોગીની બાજીની જોણી; બીજા નંબરની જોગી.
૨. જુઓ દુલો.

દુલ્હા પું. વર; પતિ; ધણી.

દુલ્હાદેવ ૧. પું. એ નામનો એક કમનસીબ વરરાજા. તે લગ્નવિધિના આનંદમાં હતો, ત્યારે

તેના ઉપર પીજણી પડવાથી તે બરણ પામ્યો. તે અને તેનો ઘોડો એકદમ પથ્થરના રૂપમાં બદલાઈ ગયા. તે સમયથી મધ્ય અને ઉત્તર હિંદમાં તે પૂજાય છે. ગુજરાતમાં ક્ષેત્રપાળોની પૂજાને મળતી આ દેવની પૂજા થાય છે.
૨. પું. વરરાજાના રૂપમાં દેવ.

દુહ્યો જુઓ દુહો.

દુઃખ [સં. દ્વિ] વિ. બે.

દુઃખણ સ્ત્રી. કચરાટ; દુઃખ દેવું તે.

દુઃખણા સ્ત્રી. મનની દુર્બળતાથી થતી પીડા.

દુર્જન ૧. [સં. દુર્જનસ] પું. (હિંદી) દુષ્ટ ચિત્તનો મનુષ્ય; દુર્જન.
૨. પું. રાક્ષસ; દૈત્ય.
૩. પું. શત્રુ; વૈરી; દુશ્મન.

દુર્બલિયું વિ. અશ્રિય; અપ્રામાણિક; દગલું.

દુર્વસ ૧. [સં. દુર્વસ] સ્ત્રી. પરિશ્રમ; સેવા.
૨. ન. હોમ કરવા માટેનું દ્રવ્ય.

દુર્વાસુર્યાંદન પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલનું ૧૦૦મું સૂક્ત રચ્યું છે.

દુવા ૧. સ્ત્રી. આશિર્વાદ; આશિષ.
૨. સ્ત્રી. કોઈનું સારું થવા સારૂ ઈશ્વરની પ્રાર્થના કરવી તે.
દુવાની રાત = લગ્નતિથિ; નિકાહની રાત્રિ.

દુવાઈ ૧. સ્ત્રી. આબુ; રાબલા.
૨. સ્ત્રી. દુઃખ; બદહેરતાબુ.

દુવાગ સ્ત્રી. ખોટી પ્રીતિ; અપ્રામાણિક.

દુવાગણ સ્ત્રી. અપ્રામાણિકી સ્ત્રી.

દુવાગીર ૧. પું. ભિખારી; સાધુ.
૨. વિ. આશીર્વાદ લેનારૂં.
૩ વિ. દુઃખ આપનાર.
૪. વિ. ગુમેનબક્ષ.

દુવાગો પું. ઘોડાની સરક, ઘોડાની ડોક બાંધવાની દોરી.

દુવાજ [હિં.] પું. એક જાતનો ઘોડો.

દુવાત [ફા.] સ્ત્રી. ખડિયો.

દુવાદસી [હિં.] સ્ત્રી. દ્વાદશી; બારસ; પખવાડિયાની બારમી તિથિ.

દુવાર [સં. દ્વાર] ન. બારણું; દ્વાર.
ભોર્યે સરવણ ને વાંસે નાર,
સરવણ ચાલ્યો સસરાને દુવાર. લોકગીત

દુવારા [પ્રા.] સ્ત્રી. બારણું; નાની બારી.

દુવારાં અ. (જૂ. ગુ.) દ્વારા; મારફત.
મેં તો એટલી વાત બાજતી દુવારાં સાંભરીતી ઈ તને કઈ છે. વૈષ્ણવનો વિવેક

દુવારિકા [હિં.] સ્ત્રી. દ્વારકા પુરી.

દુવાર્ધિહ વિ. બબ્બે વખત આવતું કે થતું.

દુવાલ ૧. સ્ત્રી. ચામડાનો તંગ.
૨. સ્ત્રી. રજપૂતોની એ નામની એક પેટા જાતિ.
૩. ન. એ નામની પેટા જાતિનુ માણસ.
૪. વિ. એ નામની પેટા જાતિનુ.

દુવાલબંદ પું. ચામડાનો પટ્ટો.

દુવાવું સ. ક્રિ. દુઆવું; નારાજ થવું; દુઃખી થવું.
હું કહેતાં આવો હર દુવાય. અજાનંદ

દુવા સલામ સ્ત્રી. મુસલમાનોમાં પરસ્પર વપરાતો આશીર્વાદાત્મક શબ્દ; પ્રણામ.

દુવાહી સ્ત્રી. દુવાઈ; બનાઈ; આબુ.

દુવિચિતિજ્ઞ [સં. દુર્વિચિંતિત] વિ. (પ્રાકૃત) દુષ્ટ ચિંતવના કરેલ.

દુવિધા ૧. સ્ત્રી. અજ્ઞાન.
મરે બની દુવિધા હારી રે. અજાનદ
૨. સ્ત્રી. અનિશ્ચય; ગ્રામાઝોજપણું.

દુવિયા પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો અર્ધ સમમાત્રિક છંદ. તેમાં છેલ્લે ગુરુ આવે છે. પહેલી તથા તે પછી દર ચોથી માત્રાએ તાલ આવે છે. તેને દ્વિપદી, દ્વિલા, દુવેયા તથા દોપૈ પણ કહે છે. તે રાગમાં નાટકની ચાલમાં અને તાલમાં દૂમરી તાલમાં આવી શકે છે.

દુવિહ [પ્રા.] વિ. બે પ્રકારનું.

દુવિહારૂ પું. (જૈન) પાણી અને મુખવાસ સિવાય બે આહારનો ત્યાગ; અન્ન તથા મુખવડી એ બે જાતના આહારનો ત્યાગ.
દુવિહારે પ્રેમે પચખાણ,
આપ્યું પડિક્કમણું પરિમાણ. ઋષભદાસ

દુવીસ [પ્રા.] વિ. બાવીસ.

દુવો ૧. પું. બેના આંકવી સિદ્ધિત પાસો; બે દાણા હોય તેવો પાસો.
૨. પું. બેનો દાવ.

દુશ ૧. પું. ધીમો અવાજ.
૨. પું. વાસરવું તે; અપોવાયુ છૂટવો તે.
૩. સ્ત્રી. ક્રમ કરાવી થકવી નાખવું તે.

દુશલ્લ પું. (પુરાણ) કંસે કૃષ્ણ સામે યુદ્ધ કરવા મોકલેલ એ નામનો એક મલ્લ.

દુશવાર ૧. [ફા.] વિ. કઠણ; મુશ્કેલ.
૨. વિ. દુઃસહ; સહન કરવું મુશ્કેલ.

દુશવારી ૧. [ફા.] સ્ત્રી. મુશ્કેલીઓ કઠિનતા.
૨. સ્ત્રી. સહન ન થઈ શકે એવી સ્થિતિ.

દુશંબા [ફા.] પું. સોમવાર.

દુશાખા ૧. સ્ત્રી. ઝાડની બબ્બે ડાળી.
૨. સ્ત્રી. પગની બબ્બે કેડી.
૩. સ્ત્રી. બેબડી ચુલ ઉદિ.

દુશાલ સ્ત્રી. બેવડી કરીને ઓઢાય એવી મોટી કામળી શાલ.

દુશાલા ૧. સ્ત્રી. શાલની બેવડી. તેની કિનારી ઉપર રંગબેરંગી વેલ હોય છે. તે બહુધા કાશ્મીર અને પેશાવરથી આવે છે.
૨. ન. એક જાતનું ગરમ કાપડ.

દુશાલાપોશ ૧. [હિં] પું. અમીર વર્ગનો માણસ.
૨. વિ જેણે દુશાલા ઓઢેલ હોય એવું.
૩. વિ. સારાં કપડા પહેરેલું

દુશાલાફરોશ પું. દુશાલા વેચનાર માણસ.

દુશાલો ૧. પું. ઊંચી જાતની બેવડી શાલ.
આવે સુદર બોલિયું, ઓઢિયો નવલ દુશાલો.
અજાનંદ
૨. પું. શાલનો જેટલો; કીમતી બેવડી શાલ.

દુશિષ્ય પું. દુષ્ટ શિષ્ય.

દુશ્ચર ૧. [સ] પું. એક જાતનો સંખ્ય.
૨. પું. રીંછ.
૩. વિ. અઘરૂં; કઠણ; મુશ્કેલીથી આચરણ થાય તેવું.
૪. વિ. મુશ્કેલીથી અજ્ઞાય એવું.

દુશ્ચરિત ૧. [સં.] ન. દુરાચરણ; પાપ; અશ્રાપ વર્તન; નઠારી આલચલગત.
જે દુશ્ચરિત અર્થાત્ દુરાચારથી વિરમ્યો નથી, જે શાંત નથી, જે એકાગ્ર મનવાળો નથી અને જેનું માનસ અશાંત છે તે પણ જ્ઞાનથી જે આત્મારૂપી પરમાત્માને કદી પણ પામી શકતો નથી પ્રશ્નોપનિષદ
૨. વિ. અશ્રાપ ચરિત્રવાળું; દુરાચારી; પાપી.
૩. વિ. મુશ્કેલીથી કરેલું; સહેલથી આચરણ કરેલું.

દુશ્ચરિતા [સં] સ્ત્રી. ચારિત્રહીન સ્ત્રી; દુષ્ટ આચરણવાળી સ્ત્રી.

દુશ્ચરિત્ર જુઓ દુશ્ચરિત ૧, ૨.

દુશ્ચર્મ ૧. [સં. દુશ્ચર્મન્] પું. ચામડીનો એક રોગ; કોદ.
૨. વિ. અશ્રાપ ચામડીવાળું

દુશ્ચર્મા [સં. દુશ્ચર્મન્] પું. જેની ઇંદ્રિયોના મુખ ઉપર ચામડીરૂપ ચામડી ન હોય તેવો પુરુષ. આવો પુરુષ જન્મથી જ આવી ચામડી વગરનો હોય છે. ધર્મશાસ્ત્રોનો એવો મત છે કે, ગુરુતલ્પગ એટલે ગુરુપત્નીનો કે વિમાતા સાથે ગમન કરનાર પુરુષ જન્માંતરમાં દુશ્ચર્મા થાય છે. આવા પુરુષોને પ્રાયશ્ચિત્ત કર્યા વિના કોઈ કર્મ કરવાનો અધિકાર નથી, તે એટલે સુધી કે પ્રાયશ્ચિત્ત કર્મ વિના તેનું દાહકર્મ કે મૃતક કર્મ પણ કરી શકાતું નથી.

દુશ્ચલન [સં.] ન. દુરાચરણ; ખરાબ વર્તન.

દુશ્ચારિત્ર જુઓ દુશ્ચરિત ૧, ૨.

દુશ્ચિકિત્સા [સં.] સ્ત્રી. આયુર્વેદ સંબંધી ચિકિત્સાના નિયમો વિરુદ્ધ ચિકિત્સા કરવી તે; ઓટવેદું

દુશ્ચિકિત્સ્ય [સં.] વિ ચિકિત્સા કરવામાં મુશ્કેલીભર્યું; મુશ્કેલાંથી જેનો પ્રતીકાર કે ચિકિત્સા થાય એવું

દુશ્ચિક્ય [સં.] પું. (જ્યોતિષ) જન્મલગ્નથી ત્રીજું સ્થાન.

દુશ્ચિહ્ન [સં.] ન. ખરાબ ચિહ્ન; વિપરીત નિશાની; અપશુકન.

દુશ્ચિતા [સં.] સ્ત્રી. ખોટી ચિંતા

દુશ્ચિત્ય [સં.] વિ. સહેલાઈથી સમજી ન શકાય એવું.

દુશ્ચીર્ણ ૧. ન. દુષ્ટ આચરણ.
૨. ન. દુષ્ટ કાર્યથી કરેલ કાર્ય; હિંસા વગેરે કાર્ય.
૩. ન. દુષ્ટ રીતે કરેલું કામ.
૪. ન. જોગી કરેલી દુષ્ટ વસ્તુ.

દુશ્ચેષ્ટા [સં.] સ્ત્રી. કુચેષ્ટા; ખરાબ કામ.

દુશ્ચેષ્ટિત ૧. [સં.] ન. ખરાબ ચેષ્ટા; ખોટું કામ.
૨. સ્ત્રી. પાપ.
૩. વિ. ખરાબ વર્તનવાળું; દુરાચરણી.

દુશ્ચ્યવન ૧. [સં] પું. ઇંદ્ર.
૨. વિ. અડગ; સ્થિર; જલદી ચલિત ન થાય એવું.

દુશ્ચ્યાવ [સં.] પું. શિવ; મહાદેવ.

દુશ્મન પું. વૈરી; હરીફ; સામાવાળો; શત્રુ.
૧. આંખનો દુશ્મન = મૂર્ખ માણસ.
૨. દુશ્મનથી કરતા રહો = શત્રુની હિલચાલથી ચેતતા રહેવું.
૩. દુશ્મનની રાત = ચિંતાને દુઃખે કરીને મુશ્કેલાથી પીતે એવી લાંબી રાત.
૪. મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન ભલો = ડાહ્યા શત્રુ કરતાં મૂર્ખ મિત્ર બધારે નુકસાન કરે.

દુશ્મનગી સ્ત્રી. વૈર, શત્રુત્વ.

દુશ્મનદારો જુઓ દુશ્મનાવટ.

દુશ્મનાઈ સ્ત્રી. વૈર; અદાવત.

દુશ્મનાયગી સ્ત્રી. વૈર; શત્રુતા.

દુશ્મનાવટ સ્ત્રી. દુશ્મનાઈ; વૈર; અદાવત.

દુશ્મની જુઓ દુશ્મનાવટ.

દુશ્શાસન ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર
૨. ન. અંધેર

દુશ્શ્રવ ૧. પું. પ્રસિદ્ધિપ્રસિદ્ધ એક ઋગ્વેદીય.
૨. વિ. મુશ્કેલીથી સાંભળી શકાય એવું.

દુષ્ ૧. [સં.] ભ. ક્રિ. કલંકિત થવું; અપવિત્ર થવું; ભ્રષ્ટ થવું; અશુદ્ધ થવું.
૨. ભ. ક્રિ. ખરાબ થવું; બગડવું.
૩. ભ. ક્રિ. દુષ્ટ આચરણ કરવું.
૪. ભ. ક્રિ. (ધાતુ) ભૂલ કરવી; પાપ કરવું. તે ઉપરથી બનેલ શબ્દ. દૂષણ, દુષ્ટ, દોષ.
૫. ભ. ક્રિ. વિકૃત થવું; વિકાર પામવું.

દુષમ પું. (જૈન) અવસર્પિણી કાળના છ આરાઓનો ત્રીજો નામનો પાંચમો આરો. તેમાં લોકો દુઃખ જ જોગવે છે.

દુષમદુષમ પું. (જૈન) અવસર્પિણી કાળના છ આરાઓનો પહેલો નામનો છઠ્ઠો આરો. તેમાં લોકો અતિ દુઃખ જોગવે છે.

દુષમસુષમા પું. (જૈન) અવસર્પિણી કાળના છ આરાઓનો બીજો નામનો ચોથો આરો. તેમાં દુઃખ ઘણું અને સુખ થોડું હોય છે.

દુષયાજ્ [સં.] વિ. અપવિત્ર કરનાર.

દુષ્કર ૧. [વિ.] ન. આકાશ.
૨. ન. ખરાબ કામ.
૩. [સં.] ન. દુઃખથી કરવું તે.
૪. વિ. દુષ્ટ.
૫. વિ. દુઃખે કરીને કામ જોવું; કરવું મુશ્કેલ; અઘરું; કામ.
તત્ત્વ તિથિ જાણી તે કરિ જાતિ દુષ્કર જે ઠીલઈ સંભાલી. પ્રબોધચિંતામણિ
૬. વિ. નિયમ વગરનું અયોગ્ય હોય એવું.

દુષ્કરતા [સં] સ્ત્રી. મુશ્કેલી; દુઃખથી થઈ શકે એવું હોવાપણું.

દુષ્કર્ણ [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માઠેનો એ નામનો એક પુત્ર.

દુષ્કર્મ ૧. [સં. દુષ્કર્મન્] ન. નાઠારું કર્મ; પાપ; પાપકર્મ, દુરાચરણ.
૨. ન. લાંબું વિસ્તરત.
૩. વિ. પાપકાર્યું; નઠારું કામ કરનાર.

દુષ્કર્મા [સં. દુષ્કર્મન્] વિ. પાપી; ખરાબ કામ કરનાર; કુકર્મી; દુરાચારી.

દુષ્કર્મી જુઓ દુષ્કર્મા.

દુષ્કળ વિ. કળી ન શકાય એવું.

દુષ્કૃત પું. (પુરાણ) રાજા હરિવેલો એ નામનો એક રાજા.

દુષ્કાલ ૧. [સં.] પું. ખરાબ વખત; કુસમય; અનાજ, માલ વગેરેની તંગીનો સમય.
૨. પું. દુકાળ; દુર્ભિક્ષ; અનાજ, ઘાસ વગેરેની તંગી. અનાવૃષ્ટિથી અલ, પાણી અને ઘાસની તંગી આવે છે. અતિવૃષ્ટિથી પણ અનાજ તણાઈ જવાથી કે સડી જવાથી દુષ્કાળ થાય છે.
૩. પું. પ્રલય.
૪. પું. મહાદેવ.

દુષ્કાલચરત [સં] વિ દુકાળથી પીડાતું.

દુષ્કાલજ્વર [સં.] પું દુકાળના વખતમાં ગરીબ મજૂરોને ભૂખમરો અને વધુ મહેનતથી આવતો તાવ.

દુષ્કાલનિવારણ [સં.] ન દુકાળનું દુઃખ દૂર કરવું તે.

દુષ્કાલશયન [સં.] ન. દુકાળમાં રાહત; દુષ્કાળને સમયે રાતિને માટે રોજનાં કામકાજ ઊઘાડવા તે.

દુષ્કાળ ૧. [સં. દુષ્કાલ] પું. દુકાળ. કેટલાક દુષ્કાળના નામોઃ સત્તાવીસો એટલે સવત ૧૬૮૭માં પડેલો દુકાળ. પચોતરો એટલે સંવત ૧૭૭૫નો. તિત્તોતરો એટલે સવત ૧૮૦૩નો. સુકતાલો એટલે સવત ૧૮૪૭નો. ઓગણોતરો એટલે સંવત ૧૮૫૯નો. ચોવીસો એટલે સંવત ૧૯૩૪નો અને છપ્પનિયો એટલે સવત ૧૯૫૬નો.
૨. જુઓ દુષ્કાલ

દુષ્કાળગ્રસ્ત જુઓ દુષ્કાલગ્રસ્ત.

દુષ્કાળજ્વર જુઓ દુષ્કાલજ્વર.

દુષ્કાળનિવારણ જુઓ દુષ્કાલનિવારણ.

દુષ્કાળશયન જુઓ દુષ્કાલશયન

દુષ્કાળિયું વિ. દુકાળની પીડા જોગવતું.

દુષ્કીર્તિ [સં.] સ્ત્રી. બદનામી; અપકીર્તિ; અપજશ; બદનામી
સજ્જનો પુરુષોને દુષ્કીર્તિ કરવાં માત્ર અધિકાર કેમ હાલે છે ? નીલકંઠકૃત

દુષ્કુલ ૧. [સં.] ન. નિંદિત કુળ; નીચ કુળ.
૨. વિ. નિંદ્ય કુળમાં ઉત્પન્ન થયેલ, કુલીન.

દુષ્કુલીન [સં.] વિ. નીચ કુળનું; ખરાબ કુળમાં જેનો થયેલું.

દુષ્કૃત ૧. [સં] પું. (પુરાણ) યયાતિના પુત્ર ગુર્વક્ષુના વસમાં થયેલો એક રાજપુત્ર; મરુતનો પુત્ર અને સંજયનો પિતા; પૌરવ.
૨. ન. દુષ્કર્મ; નઠારું કૃત્ય; પાપ; અધમ કામ.
સાક્ષાત્ દુષ્કૃત કરવું દુરિતનું સેવામ. ઉપાદ્યક્ષ
૩. [સં. દુષ્કૃત] વિ પાપી, અધમ; દુષ્ટ; દુષ્કર્મ કરનાર; ખરાબ કામ કરનાર.

દુષ્કૃતિ જુઓ દુષ્કૃત ૨, ૩.

દુષ્કૃતિહા ૧. [સં. દુષ્કૃતિહન્] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તેઓ પાપ નામની દુષ્કૃતિઓનું હનન કરે છે, પાપ કરનારને મારે છે અથવા તેમના નામસ્મરણથી બધી દુષ્કૃતિઓ નાશ પામે છે, તેથી તેઓ દુષ્કૃતિહા કહેવાય છે.

દુષ્કૃત્ય [સ] ન. નઠારું કામ.

દુષ્કૃત્યકારી [સં. દુષ્કૃત્યકારિન્] વિ. ખરાબ કામ કરનારું.

દુષ્ક્રીત [સં. દુસ્ (ખરાબ) + ક્રીત (ખરીદેલું)] વિ. બોલું; જેનાં પૈસા ઉચિત કરતાં વધુ આપ્યા હોય એવું; રૂપ, સંખ્યા વગેરે જોયા વિના ખરીદેલું.

દુષ્ખદિર [સં.] પું. એક જાતનો ખેર; ક્ષુદ્રખદિર; બહુસાર; મહાસાર. તેનો કાથો પીળો અને બજારમાં કચ્છનો અને કસાવલો હોય છે.

દુષ્ટ ૧. [હિ.] ન. કોદરાનો રોગ કુદ.

૨. [સં.] ન. કોલિજન નામની વનસ્પતિ.

૩. વિ. અધમ; ખરાબ.

૪. વિ. ક્રૂર; ખાતકી, નિર્દય.

૫. વિ. બારીકું; બેરી.

૬. વિ. દુરાચરણી; બદ.

૭. વિ. દુર્જન; કમનેર.

૮ વિ. દોષવાળું; ઐબવાળું; દૂષિત.

૯. વિ. નઠારું કામ કરનાર.

૧૦. વિ. નુકસાન કરે એવું.

૧૧ વિ. પાપી.

૧૨. વિ. પિત્ત વગેરે દોષવાળું.

૧૩. વિ. હલકું; નીચ.

દુષ્ટક્ષત [સં] પું. જલદી રુઝાય નહિ એવો જખમ.

દુષ્ટગજ [સં.] પું. અંકુશ વગેરે નહિ ગણકારનારો ગભીર હાથી.

દુષ્ટગંજન [સં] વિ. દુષ્ટોને હણાવનાર કે મારનાર.

દુષ્ટગંધિની [સં] સ્ત્રી. આસોદ નામની વનસ્પતિ.

દુષ્ટજાતી ૧. [સં. દુષ્ટજાતિન્] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૨ વિ દુષ્ટોને હણનાર.

દુષ્ટચારી ૧. [સં દુષ્ટચારિન્] વિ. દુરાચારી; ખરાબ આચરણવાળું.

૨. વિ દુર્જન; બદ.

દુષ્ટચિત્ત જુઓ દુષ્ટચેતા.

દુષ્ટચેતા ૧. [સં. દુષ્ટચેતસ્] વિ. કપટી.

૨. વિ. ખરાબ વિચારનું.

૩. વિ. જૂઠું બોલનારું; અહિત ઇચ્છનારું.

દુષ્ટતા ૧. [સં.] સ્ત્રી. ઐબ; દોષ.

૨. સ્ત્રી. બારીકાપણું.

૩. સ્ત્રી. ખાતકીપણું; નિર્દયતા.

૪ સ્ત્રી. દુરાચારીપણું; દુર્જનતા; બદમાશી.

૫. સ્ત્રી. દુર્બળતા.

૬ સ્ત્રી. દૂષિત હોવાપણું.

૭. સ્ત્રી. નઠારાપણું; બુરાપણું.

૮. સ્ત્રી. નુકસાનકારક હોવાપણું.

૯ સ્ત્રી. પાપીપણું.

૧૦. સ્ત્રી. પિત્ત વગેરે દોષયુક્ત હોવાપણું.

૧૧ સ્ત્રી. હલકાઈ; નીચપણું; અધમપણું.

દુષ્ટત્વ જુઓ દુષ્ટતા.

દુષ્ટદમન જુઓ દુષ્ટજંજન.

દુષ્ટધી [સં. દુષ્ટ (ખરાબ) + ધી (બુદ્ધિ)] વિ. ખરાબ બુદ્ધિવાળું.

દુષ્ટન પું. દુષ્ટ લોક.

દુષ્ટનદલ ૧ પું. પાપી લોકોના સમૂહનો નાશ કરનાર પરમેશ્વર.

૨. ન. બુરચ્ચા કે દુષ્ટ માણસોનો સમૂહ.

દુષ્ટનદલભંજન વિ. દુષ્ટ લોકોના સમૂહનો નાશ કરનાર.

દીનબંધુ અસુરાજન રંજન,
કંજ આદિ દુષ્ટનદલભંજન. વિશ્વજ્યોતિ

દુષ્ટનિર્દલ વિ. પાપી લોકોનો નાશ કરનાર.

દુષ્ટની સ્ત્રી. દુર સ્ત્રી.

દુષ્ટપણું જુઓ દુષ્ટતા.

દુષ્ટપાંડુ [સં] પું. (વૈદક) એક પ્રકારનો જીવલેણ પાંડુ રોગ. તેમાં તેનાં બીજાં ચિહ્નો સાથે વારંવાર તાવ આવે છે અને રક્તસ્રાવ થાય છે. લોહીની સાથે સંબંધ ધરાવનાર આ રોગ ખાસ કરીને મધ્યમ વયના માણસને થાય છે. આમાં ધીમે ધીમે નબળાઈ વધતી જાય છે અને ચામડીનો રંગ પીળો ઘાટો બને છે. આ રોગનું ચોકકસ કારણ હજુ સુધી માલૂમ પડયું નથી. ડોકટરો એમ માને છે કે, આંતરડામાં એક જાતનું ઝેર ઉત્પન્ન થાય છે, જેની અસરથી આમાશય અથવા યકૃત વિકૃતિ પામે છે કેટલાકની માન્યતા એવી છે કે, લોહીમાં વિષનો ક્ષાર વધુ પ્રમાણમાં હોય તો આ રોગ ઉત્પન્ન થાય છે ચારસોમાં પણ આ રોગ જોતરે છે. આ રોગમાં રોગીની શક્તિ ક્ષીણ થવા માંડે છે. સાધારણ કામમાં શ્વાસ ચડવા માંડે છે. ચામડીનો રંગ ફીકો પડી જાય છે. આંખો સફેદ થઈ જાય છે. મોંદામાંથી અને કોઈ વખત નાકમાંથી લોહી વહે છે દુર્બળતા વધે છે પણ શરીર ક્ષીણ થતું નથી. કોઈ કોઈ વાર વિસર્પી જ્વર માલૂમ પડે છે. મુખપાક અને અતિસાર કોઈ કોઈ વાર થાય છે. હરસ વિસ્તૃત થાય છે રક્તાણુઓ ઝપી જાય છે. લોહીમાં રક્તાણુઓ ઘટી જાય છે, તે એટલે સુધી કે ૫૦ લાખ રક્તાણુઓને બદલે ૧૦ લાખ રક્તાણુઓ નજરે પડેછે. શ્વેતાણુ પણ ઘટી જાય છે. પ્લીહા અથવા યકૃત વધી જાય છે. આ રોગ પહેલાં અસાધ્ય મનાતો, પણ હાલમાં અમેરિકાના બોસ્ટન શહેરના ડોકટર મિનટ અને ડોકટર મોરિસે એની સારી ચિકિત્સા શોધી છે. આ ડોકટરોએ શોધી કાઢયું કે, આ રોગનું કારણ લાલ રક્તકણો ઓછાં થવાં તે છે. એ દ્રવ્યો જોનારથી અને તે દ્રવ્યો કરીને અપાયાં જોઈએ એ. તેણે રોગીઓને યકૃતસાર દીધું. તેથી બચ્ચાને ફાયદો થયો. આજકાલ દુષ્ટપાંડુમાં દવા રૂપે યકૃતસાર અપાય છે. તેનાં ઇન્જેકશન પણ અપાય છે. આ રોગમાં વિશ્રામ લેવો અને હલકો, જલદી પચી શકે તેવો ખોરાક ખાવો. લીવર એકસ્ટ્રેકટ એટલે યકૃતસાર આ રોગ માટે ઉત્તમ દવા મનાય છે.

દુષ્ટપૂયમેહ પું. એક જાતનો જલદી મટે નહિ એવો પ્રમેહ.

દુષ્ટબુદ્ધિ ૧ [સં.] સ્ત્રી. નઠારી બુદ્ધિ; બદદાનત; પાપી બુદ્ધિ.

૨. વિ. દુષ્ટ અથવા ખરાબ બુદ્ધિવાળું; મેલા મનનું; અધમ વૃત્તિવાળું

દુષ્ટમતિ જુઓ દુષ્ટબુદ્ધિ.

દુષ્ટયોગ ૧. [સં] પું ખરાબ જોગ; અવલેખ.

૨. પું. (જ્યોતિષ) વૈધૃતિ વગેરે ખરાબ યોગ.

દુષ્ટરસોળી જુઓ દુષ્ટવિદ્રધિ.

દુષ્ટવશ [સં.] વિ. દુષ્ટ લોકોને આધીન.

દુષ્ટવિદ્રધિ સ્ત્રી. એ નામનું એક કઠીકું દર્દ; ચાંદું; 'કેન્સર.'

દુષ્ટવૃક્ષ [સં.] પું. દુષ્ટ ઝાડ; ગળિયો ઝાડ.

દુષ્ટવ્રણ [સં.] ન. એક જાતનું નાસૂર; ઇલાજ ન થઈ શકે તેવો ઘા; ખરાબ ક્ષત. તેમાંથી પરૂ વહે છે તથા તે બહુ ગંધ મારે છે. આ રોગ વૈદ્યકમાં અસાધ્ય માન્યો છે. ધર્મશાસ્ત્રમાં આ રોગને આગલા જન્મના મોટા પાપનું ફળ માન્યું છે. પ્રાયશ્ચિત્ત કર્યા બગર આ રોગના રોગીને અસ્પૃશ્ય માન્યો છે અને તેનો દાહકર્મ કે મૃતકસંસ્કાર કરવાનો નિષેધ છે. આ રોગમાં સપાટી ઉપર મરેલા માંસનો સડેલો ભાગ ધોળા કે કાળા રંગનો હોય છે. આ ચાંદું ફેલાય છે. તેના ઉપાય તરીકે દગ્ધાસ્ત્રલેપ કરવામાં આવે છે.

દુષ્ટસાક્ષી [સં. દુષ્ટસાક્ષિન્] પું. ખરાબ સાક્ષી; અપરાધ સંબંધી સ્મૃતિગ્રંથોમાં લખ્યું છે કે, સાક્ષી

સલાહદી, કર્તવ્યપરાયણ અને નિર્લોભી હોવો જોઈએ. જેણે કોર્ટ વખત ખોટી સાક્ષો આપી હોય, જે રોગ્ય હોય, જેણે મોટુ પાપ કર્યું હોય અથવા જેને બે પક્ષમાંથી કોઈ પક્ષ સાથે પૈસાની લેવડદેવડ વગેરેનો સબંધ કે દુશ્મનાવટ અથવા દોસ્તી હોય, તો તે દુષ્ટસાક્ષી કહેવાય.

દુષ્ટા ૧. [સં] સ્ત્રી. નઠારી સ્ત્રી; ખરાબ કે પાપી સ્ત્રી; કુલટા.

ઈધરે જેમના જેવા સુપાત્રમા મૂકેલા કુંડમાં હું દુષ્ટાએ દુર્ભાગ્યનો ઠીબડો નાખ્યો.
મોબર્ધનરામ

૨. વિ. સ્ત્રી. નઠારી; પાપી; ખરાબ સ્વભાવની.

દુષ્ટાચાર ૧. [સં.] પું. ખોટું કામ; કુચાલ; ખરાબ આચરણ.

૨. વિ. દુરાચારી; ખોટું કામ કરનાર.

દુષ્ટાચારતા સ્ત્રી. દુષ્ટાચારપણું.

રાક્ષસ, નિર્દયતા, સ્વચ્છંદતા, દુષ્ટાચારતા, અભિચારતા, ક્રોધ, માન, માયા, લોભાદિ દુર્ગુણો નિત્ય હોવાથી નરક અને તિર્યંચ ગતિનો જ જીવ બને છે. નિજધર્મમેરુસૂરિ

દુષ્ટાચારી [સં. દુષ્ટાચારિન્] વિ. ખરાબ આચરણવાળું; કુકર્મી.

દુષ્ટાત્મા ૧. [સં. દુષ્ટાત્મન્] પું. દુષ્ટ માણસ; દુષ્ટ બુદ્ધિવાળું માણસ.

૨. વિ. ખરાબ બુદ્ધિવાળું; ખરાબ સ્વભાવનું; દુરાત્મા; પાપમતિ; દૈવાવેશું; મનનું કપટી.

દુષ્ટાનુમાનાભાસ [સં.] પું. ખોટી રીતે કરેલું અનુમાન.

દુષ્ટાન્ન ૧. [સં.] ન. નીચનું અન્ન.

૨. ન. પાપની કમાણીવાળું અન્ન.

૩. ન. બગડેલું અનાજ; વાસી ખોરાક.

૪. ન. હલકું અન્ન.

દુષ્ટાસન [સં.] ન. પગ ઉપર પગ ચઢાવી અભિમાનથી બેસવું તે.

દુષ્ટિ [સં.] સ્ત્રી. દોષ; વિકાર; ઐબ.

દુષ્ટેઈ [સં.] પું. ખરાબ વિચાર; દુષ્ટ વિચાર.

દુષ્ટોક્ત [સં] ન ગાળ; અપશબ્દ.

દુષ્પક્વ ૧ વિ. ખરાબ રીતે પકવેલું.

૨. વિ. બરાબર નહિ રાંધેલું.

દુષ્પક્વઆહાર [સં.] પું. (જૈન) અપકવ રાંધેલું કે બરાબર ન રાંધેલું ખાવું તે.

સચિત્ત આહાર, સચિત્ત સંબદ્ધઆહાર, સચિત્ત સંમિશ્રઆહાર, અભિષવઆહાર અને દુષ્પક્વઆહાર એ અતિચાર ગોચરીદોષ ગણાય છે. ઉત્તરાધ્યયન

દુષ્પક્ષ પું. દુષ્ટ પક્ષ

દુષ્પક્ષ [સં.] વિ. મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવું.

દુષ્પતન ૧. [સં.] ન. અપશબ્દ.

૨. ન. દુઃખથી પડવું તે.

દુષ્પત્ર ૧. [સં.] પું. ચોર નામનું સુગંધદ્રવ્ય.

૨. સ્ત્રી. રિસામણી નામની વનસ્પતિ. તેના પાંદડા ખરાબ મધવાળાં અને ખાતાં કરમાઈ જતાં હોવાથી તે દુશ્મન જેવાં લાગે છે, માટે તેને દુષ્પત્ર કહે છે.

દુષ્પથ [સં.] પું. કુપથ; કુમાર્ગ ખરાબ રસ્તો.

દુષ્પદ્ધ જુઓ દુષ્પ્રાપ.

દુષ્પરાક્રમ [સં.] ન. ખોટું સાહસ.

દુષ્પરાજય ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૨. વિ. દુઃખથી જિતાય તેવું.

૩. વિ. મુશ્કેલીથી હરે તેવું.

દુષ્પરિગ્રહ ૧. [સં.] વિ. ગ્રહણ કરવાને અશક્ય.

૨. વિ. જેની સ્ત્રી દુષ્ટ હોય તેવું.

૩. વિ. દુઃખથી ગ્રહણ કરવા જેવું.

૪. વિ. મુશ્કેલીથી રક્ષણ કરી શકાય એવું.

દુષ્પરિણામ [સં.] ન. ખરાબ પરિણામ; નઠારું ફળ.

દુષ્પરિત્યજ [સં.] વિ. દુઃખેથી છોડાય એવું.

દુષ્પરિણામક [સં.] ન. જેના સ્પર્શ તથા અસરથી શરીર અને મનમાં વિકૃતતા પ્રસરે તે જાતનું ગાયન.

કામ, ભોગાસક્ત અને રૌદ્ર રસને ઉત્પન્ન કરનાર ગાયન પણ દુષ્પરિણામક છે. આરોગ્ય

દુષ્પરિહાર્ય [સં.] વિ. મુશ્કેલીથી અટકાવી શકાય એવું.

દુષ્પર્શ ૧. [સં.] પું. ધમાસો નામની વનસ્પતિ.

૨. વિ. દુઃખથી સ્પર્શ કરવા યોગ્ય.

૩. વિ. સ્પર્શ કરવાને અશક્ય

દુષ્પર્શા [સં.] સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ.

દુષ્પાન ૧. [સં.] ન. દુઃખથી પીવું તે.

૨. વિ. દુઃખથી પીવા યોગ્ય.

૩. વિ. પીવાને અશક્ય.

દુષ્પાર ૧. [સં.] વિ. છેડે પહોંચવું મુશ્કેલ; પાર ઊતરી શકવામાં મુશ્કેલ.

૨. વિ. દુઃસાધ્ય; કઠિન.

દુષ્પાલ્ય [સં] વિ. દુઃખથી પાળી શકાય એવું.

દુષ્પુરુષ [સં.] પું. દુષ્ટ પુરુષ; નિંદ્ય માણસ.

દુષ્પૂરક [સં.] વિ. મુશ્કેલીથી ભરી શકાય એવું.

દુષ્પ્રકાશ [સં.] પું. અંધારું.

દુષ્પ્રકૃતિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ સ્વભાવ.

૨. વિ. ખરાબ સ્વભાવનું; દુષ્ટ.

દુષ્પ્રજ્ઞાત વિ. ખરાબ નામના મેળથી અજાણ્યું થયેલ.

દુષ્પ્રધર્ષક પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માઠેનો એ નામનો એક પુત્ર. તેને કુકર્મ નીમે માર્યો હતો.

દુષ્પ્રધર્ષિણી [સં.] સ્ત્રી. ભોંયરીંગણી નામની વનસ્પતિ.

દુષ્પ્રજા [સં.] સ્ત્રી. ખરાબ છોકરો.

દુષ્પ્રજ્ઞ [સં.] વિ. બુદ્ધિ વિનાનું; મૂર્ખ.

દુષ્પ્રજ્ઞાન ૧. [સં.] ન. દુષ્ટ જ્ઞાન; નિંદ્ય જ્ઞાન.

૨. વિ. દુષ્ટ જ્ઞાનવાળું.

૩. વિ. મુશ્કેલીથી જણાય તેવું

દુષ્પ્રજ્વલિત [સં.] વિ. (જૈન) ખરાબ રીતે પકવેલું; ખરાબ રીતે રાંધેલું.

દુષ્પ્રણિધાન ન. (જૈન) હિંસા વગેરે દુષ્કૃત્યમાં ચિત્તની એકાગ્રતા.

દુષ્પ્રતર [સં.] વિ. તરી ન શકાય એવું.

દુષ્પ્રતિકાર ૧. [સં.] પું. ઇલાજ; ઉપાય ન હોવો તે.

૨. વિ. જેનો સહેલાઈથી પ્રતિકાર એટલે પ્રત્યુપકાર ન થઈ શકે તેવું.

દુષ્પ્રતિકાર્ય [સં.] વિ. (જૈન) ઉપકારનો બદલો વાળી ન શકાય એવું.

દુષ્પ્રતિક્રોધ વિ. (જૈન) દૃષ્ટિમોહર ન થઈ શકે એવું; જેનું પડિલેહણ ન થઈ શકે એવું.

દુષ્પ્રતિષ્ઠ [સં.] વિ. આશ્રય વગરનું; કલ્પિત.

દુષ્પ્રત્યાખ્યાન [સં.] વિ. (જૈન) અવિરત પચ્ચખાણ કરેલ.

દુષ્પ્રત્યાખ્યાયી [સં. દુષ્પ્રત્યાખ્યાયિન્] વિ. (જૈન) કોઈપણ પચ્ચખાણ કરનાર.

દુષ્પ્રત્યાનંદ ૧. [સં. દુસ્ (ખરાબ) + પ્રતિ (તરફ) + આનંદ] વિ. ખાઈ કરી રાજી થનાર; દુઃખમાં આનંદ માનનાર.

૨. વિ. મુશ્કેલીથી રીઝે તેવું

દુષ્પ્રધર્ષ ૧. [સં.] પું (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર

૨. વિ. સહેલાઈથી હલ્લો ન કરી શકાય તેવું.

દુષ્પ્રધર્ષા ૧. [સં.] સ્ત્રી. અમૂરીનું ઝાડ.

૨. સ્ત્રી. જવાસો.

૩. વિ.સ્ત્રી જલદીથી પકડી ન શકાય તેવી.

દુષ્પ્રમાર્જિતનિક્ષેપ [સં.] પું. (જૈન) પ્રમાર્જવાનું કરીને પણ સારી રીતે સાફસૂફ કર્યા વિના જે કોઈ વસ્તુ જેમતેમ મૂકી દેવી તે.

દુષ્પ્રયુક્ત [સં.] વિ. ખોટી રીતે ઉપયોગ કરેલું.

દુષ્પ્રયોગ [સં.] પું. ખરાબ ઉપયોગ; દુરુપયોગ.

દુષ્પ્રલંભ ૧. [સં.] વિ. અપ્રાપ્ય; મળી શકે નહિ એવું

૨. વિ નહિ પાળવા યોગ્ય.

દુષ્પ્રવૃત્તિ ૧ [સં.] સ્ત્રી. ખરાબ કામ; નઠારું કામ.

૨. સ્ત્રી. દુષ્ટ વર્તન.

દુષ્પ્રવેશ ૧. [સં] વિ. દુઃખથી પ્રવેશ કરવા યોગ્ય; મુશ્કેલીથી દાખલ થવાય એવું.

૨. વિ. પ્રવેશ ન થાય એવું.

દુષ્પ્રવેશ્ય [સં.] વિ. દાખલ ન થઈ શકાય એવું

દુષ્પ્રસહ [સં.] વિ. સહન ન કરી શકાય એવું.

દુષ્પ્રસહી જુઓ દુષ્પ્રસહ.

દુષ્પ્રહર્ષ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશ ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૨. વિ. પ્રસન્ન ન થાય એવું; હર્ષ ન પામે એવું.

દુષ્પ્રાપ ૧. [સં.] વિ. દુર્લભ; મુશ્કેલીથી મળે એવું

૨. વિ. ન મળી શકે એવું; અપ્રાપ્ય.

દુષ્પ્રાપ [સં.] ન. સહેલાઈથી નહિ મળેલું.

દુષ્પ્રાપ્ય જુઓ દુષ્પ્રાપ.

દુષ્પ્રાપ્યતા [સં.] સ્ત્રી. વિરલતા; મુશ્કેલીથી મળે એવું હોવું તે.

દુષ્પ્રાય [સં.] વિ. દુર્લભ; ન મેળવી શકાય એવું.

ઉપર ચઢવાનાં પગથિયાં એક વિશાળ ભિત્તિથી ઢંકાઈ ગયેલાં હોવાથી ઉપરનું રચાન દુષ્પ્રાય છે. ઠક્કર

દુષ્પ્રેક્ષ્ય ૧ [સં] વિ દુઃખથી જોવાય એવું; જોવું મુશ્કેલ. દુર્દર્શન.

૨. વિ. ભીષણ. ભયંકર.

દુષ્મત ૧. [સં.] પું. ખરાબ વિચાર.

૨. વિ. દુષ્ટ બુદ્ધિવાળું.

દુષ્મંત જુઓ દુષ્મત.

દુષ્ય ૧. ન. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ સાત પદાર્થ.

૨. [સં.] વિ. ખરાબ; દોષવાળું.

દુષ્યરાજ્ય પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

દુષ્યંત ૧. પું. (પુરાણ) સોમવંશી અજમીઢનો એ નામનો પુત્ર. એની માતાનું નામ નીલી અને બાપનું નામ પરમેષ્ઠી હતું.

પોતાની કથા પ્રસૂચીઓમાં પ્રિય બને, અમર બને. પ્રિયનો ફોટા બને એ આ નામકને લાયક નથી લાગતું; એ તો કોઈ રોમિયો-જુલિયેટ, કોઈ લૉરેન્ઝો-ઇસાબેલા, કોઈ દુષ્યંત-શકુંતલાના નામમાં છે. રમણલાલ દેસાઈ

૨. પું. (પુરાણ) સોમવંશી ઋક્ષના દીકરા કુરુજિને રથનરી નામની ઑથી થયેલ પાંચ માંહેનો એ નામનો એક દીકરો.

૩. પું. (પુરાણ) સોમવંશી પૂરુ કુલોત્પન્ન રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુના કુળમાં જન્મેલા રૈભ્ય રાજાનો પુત્ર. તેને તુર્વસુ કુલોત્પન્ન મરુત રાજાએ પોતાને સંતતિ ન હોવાથી દીકરો માની પોતાનું સઘળું સામ્રાજ્ય આપ્યું હતું. એને શકુંતલા નામે સ્ત્રી હતી. તેને પેટે સર્વદમન ઉર્ફે ભરત નામનો પુત્ર થયો હતો. મહાભારતમાં તેની કથા છે કે, એક દિવસ આ રાજા શિકાર ખેલતો ખેલતો કણ્વ ઋષિના આશ્રમે આવી ચઢ્યો. તે વખતે કણ્વ મુનિની પાલક દીકરી શકુંતલા જ ત્યાં હતી. તેણે રાજાનો યોગ્ય સત્કાર કર્યો. રાજા તેના રૂપ ઉપર મોહી ગયો. પૂછતાં રાજાને માલૂમ પડ્યું કે શકુંતલા એક અપ્સરાના ગર્ભથી ઉત્પન્ન થયેલી વિશ્વામિત્રની પુત્રી છે. ત્યારે રાજાએ વિવાહની વાત કરી, ત્યારે શકુંતલાએ કહ્યું કે જો ગાંધર્વવિવાહમાં કાંઈ દોષ ન હોય અને જો તમે મારા પુત્રને યુવરાજ બનાવો, તો હું સંમત છું. રાજા વિવાહ કરી, શકુંતલાને કણ્વ ઋષિના આશ્રમમાં છોડી પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો. કેટલાક વખત પછી શકુંતલાને પુત્ર જન્મ્યો, જેનું નામ આશ્રમના ઋષિઓએ સર્વદમન રાખ્યું. કણ્વ ઋષિએ શકુંતલાને તેના પુત્ર સાથે રાજા પાસે મોકલી. શકુંતલાએ રાજા પાસે જઈને કહ્યું કે, હે રાજન્, આ આપનો પુત્ર મારા ગર્ભથી ઉત્પન્ન થયો છે અને આપનો ઔરસ પુત્ર છે, તેને યુવરાજ બનાવો. રાજાને બધી વાત યાદ તો હતી પણ લોકનિંદાના ભયથી તેણે વાત છુપાવવા ચેષ્ટા કરી અને શકુંતલાનો તિરસ્કાર કરતાં કહ્યું, રે દુષ્ટ, તપસ્વિની ! તું કોની પત્ની છે ? મેં તારી સાથે કદી સંબંધ કર્યો નથી. ચાલ, દૂર થા. શકુંતલાએ પણ ગુસ્સામાં ઘણું કહ્યું. આથી દૈવવાણી થઈ કે હે રાજન્ ! આ પુત્ર તમારો જ છે, તેને ગ્રહણ કરો. આકાશવાણીથી તેનું સત્ય કરી અને એ કારણથી એનું નામ ભરત રાખ્યું. દૈવવાણી સાંભળી રાજાએ શકુંતલાને ગ્રહણ કરી. આગળ જતાં ભરત મહાપ્રતાપી રાજા થયો. આ કથા ઉપરથી કવિવર કાલિદાસ કવિએ અભિજ્ઞાન શાકુંતલ નાટક રચ્યું છે. કવિએ તેમાં ચાતુરીથી દુષ્યંત રાજાને દુષ્ટ નાયક બનતો બચાવવા માટે દુર્વાસાના શાપની કલ્પના કરી છે અને બતાવ્યું છે કે, તે શાપના પ્રભાવથી રાજા બધી વાત ભૂલી ગયો છે. વળી રાજાએ અસ્વીકાર કરતાં શકુંતલાએ જે નિર્લજ્જતા તથા ધૃષ્ટતા બતાવ્યાનું મહાભારતમાં લખ્યું છે તેમાંથી પણ કવિએ તેને બચાવી છે.

દુષ્પોદર [સં.] પું. પેટનો એક રોગ, તે સિંહ વગેરે પશુઓનાં નખ, કૂતરાં અથવા મલમૂત્ર, આર્તવ સાથેનું અન્ન કે સાથે મેળવેલ વી અને મદ્ય આવાથી તથા ગરું પાણી પીવાથી થાય છે. આમાં ત્રિદોષને લીધે દરદી હંમેશ દુબળો અને પીળો પડતો જાય છે, શરીરે જળતરા થાય છે અને કોઈ કોઈ વખત મૂર્છા પણ આવી જાય છે.

દુષ્યમ [સં.] પું. (જૈન) અવસર્પિણી કાળનો પાંચમો અને ઉત્સર્પિણી કાળનો બીજો આરો. તે દુઃખમય ગણાય છે.

દુષ્યમદુષ્યમા [સં.] સ્ત્રી. (જૈન) અવસર્પિણી કાળનો છઠ્ઠો અને ઉત્સર્પિણી કાળનો પહેલો આરો. તે અતિ દુઃખમય ગણાય છે.

દુષ્યમસુષમા [સં.] સ્ત્રી. (જૈન) ઉત્સર્પિણી કાળનો ત્રીજો અને અવસર્પિણી કાળનો ચોથો આરો. તેમાં દુઃખ પણ છે ને સુખ થોડું હોય છે.

દુસમ જુઓ દુષ્યમ.

દુસમદુસમા જુઓ દુષ્યમદુષ્યમા.

દુસમસુસમા જુઓ દુષ્યમસુષમા.

દુસહ [સં. દુઃસહ] વિ. સહન ન થાય એવું; સહન થવું મુશ્કેલ; અસહ્ય.

દુસંચાર [સં. દુઃસઞ્ચર] વિ. (પ્રાકૃત) મુશ્કેલીથી ચાલી શકાય એવું

દુસા સ્ત્રી. એક જાતની ઓઢવાની સાલ.

દુસાઈ સ્ત્રી. હાજર થવાનું પછી સામાન્ય રીતે બધા વગેરે વાવવા તે.

દુસાખી વિ. બે પાકવાળું; બે પાક આપે એવું.

દુસાધ ૧. પું. ચોકીદાર તરીકે કામ કરતા એક જાતના લોકો. તેઓ દુષ્ટ પાળે છે.

૨. વિ. નીચ; અધમ; દુષ્ટ.

દુસાલા [હિં.] વિ. દ્વૈવાર્ષિક; બે વર્ષનું; બે વર્ષ માટે એક કરવા આપેલ

દુસાલો વિ. દ્વૈવર્ષિક; બે વર્ષ સુધી ચાલનાર; બબ્બે વર્ષે થતું.

દુસૂતી [હિં.] સ્ત્રી. એક જાતની પંજાબી મોટી ચાદર. તેમાં બે તાકાનો તાણોવાણો હોય છે.

દુસેજ [હિં.] પું. મોટી ખાટ; પલંગ.

દુસેરા [હિં.] વિ. બે સેરનું; બે સેરવાળું.

દુસેરી ૧. સ્ત્રી. બકરીનું વજન.
૨. વિ.સ્ત્રી. બે સેરવાળી.

દુસેહ સ્ત્રી. મુશ્કેલી; સંકટ; દુઃખ.

દુસ્તજ જુઓ દુસ્તજ.

દુસ્તર ૧. [સં.] વિ. ઓળગવું મુશ્કેલ; મુશ્કેલીએ તરાય એવું.
૨. વિ. કાબૂ બહાર; મુસીબતથી પાર પડે તેવું. મુશ્કેલ.
૩. વિ. હાનિકારક; નુકસાન કરે એવું.

દુસ્તરતા ૧. [સં.] સ્ત્રી. ઓળંગી કે પાર ઊતરી ન શકાય એવું હોવું તે.
૨. સ્ત્રી. કઠિનતા; મુશ્કેલી.
૩. સ્ત્રી. નુકસાન કરે એવું હોવાપણું.
આ અવસ્થાની અવસ્થા-દુસ્તરતા ઓળંગ સમાનત. ગોવર્ધનરામ

દુસ્તિતિક્ષ [સં.] વિ. દુઃખથી સહન થાય એવું; મુશ્કેલીથી સહન થાય એવું.

દુસ્તોષ [સં.] વિ. મુશ્કેલીથી સંતોષ પામનાર.

દુસ્ત્યજ ૧. [સં.] વિ. તજી ન શકાય એવું.
૨. વિ. દુઃખથી તજાય એવું; દુઃખેથી છોડાય એવું.

દુસ્થ ૧. [સં.] પું. દુકાળ.
૨. પું. દુતરો.
૩. વિ. દુઃખે રહેવું; દરિદ્રી.

દુસ્થિતિ [સં.] સ્ત્રી. દુષ્ટ સ્થિતિ; ખરાબ હાલત.

દુસ્પૃષ્ટ ૧. [સં. દુ (દુષ્ટ) + સ્પૃષ્ટ (અડેલું)] ન. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ પ્રયત્નવિશેષ આભ્યંતર વર્ણોચ્ચારણ પ્રયત્ન; જીભનો સહેજ સ્પર્શ અથવા સહેજ ઘસા, જે વડે ય, ર, લ, અને વ નો ઉચ્ચાર થઈ શકે છે.
૨. ન. સહેજ સ્પર્શ અથવા સ્પર્શ.

દુસ્પેક્ષ [સં.] પું. એક જાતનું ધમિયાર; ગરીસ માંહેનું એક નામનું એક દંડયુધ.

દુસ્પ્રસ્થ જુઓ દુસ્થ.

દુસ્પ્રસ્પર [હિં.] પું. પાસાની રમતમાં બેવડી દોડ.

દુસ્પ્રસહ જુઓ દુઃસહ.

દુસ્પ્રસંગ [સં.] પું. નઠારી સોબત.

દુસ્પ્રસા [હિં.] સ્ત્રી. ગરમ ભડી હાલ.

દુસ્પ્રસાધ્ય [સં.] વિ. મુશ્કેલીથી મેળવાય એવું; દુઃસાધ્ય.

દુહ્ ૧. [સં.] વિ. દોહનાર.
૨. સ. ક્રિ. દુભવવું.
૩. સ. ક્રિ. (ધાતુ) દોહવું. તે ઉપરથી બનેલ શબ્દો: દુગ્ધ, દુગ્ધપાન, દુગ્ધા, દોહદ, દોહન.
૪. સ. ક્રિ. પીડવું.
૫. સ. ક્રિ. બક્ષવું; આપવું.
૬. સ. ક્રિ. બીજાની પાસેથી વસ્તુ કઢાવવી.
૭. સ. ક્રિ. વધ કરવો; મારી નાખવું; ઠાર કરવું.

દુહતા [હિં.] પું. દીકરીનો દીકરો; ભાણેજ.

દુહતી સ્ત્રી. ભાણી.

દુહત્થી [હિં.] સ્ત્રી. મજબંજની એક જાતની કસરત.

દુહરા [હિં.] વિ. બેવડું.

દુહર્ષ્ટિ સ્ત્રી. ઘાટ.

દુહલ [ગુ.] પું. એક જાતનો ઢોલ.

દુહવણ ન. કોઈનું મન દુભવવું તે; દુભવણી.

દુહવવું સ. ક્રિ. દુભવવું; નારાજ કરવું; મન દુભાવવું; નાખુશ કરવું.

દુહવાવું સ. ક્રિ. દુઃખી થવું; દુભવાવું; મન દુભાવું.

દુહવું ૧. સ. ક્રિ. તત્ત્વ કાઢવું; સાર ખેંચવો.
૨. સ. ક્રિ. દોહવું.

દુહાઈ ૧ સ્ત્રી. આણ; કસમ; સોગન; રાપથ.
હાથ દોઈ ભેર કહું,
દુહાઈ રામ આયુની. સામળ
૨. સ્ત્રી. ગામ, ભેંસ વગેરેને દોહવાનું કામ.
૩. સ્ત્રી. પોપણ; ઢંઢેરો.
૪. સ્ત્રી. ઢોર દોહવાના કામ બદલ આપવાની રકમ.
૫. સ્ત્રી. મદદ માટે પોકાર.

દુહાઉદ્વિપ્રક્રિયા સ્ત્રી. (વિગત) આપેલો દૂધો પ્રસ્તારનિધિથી કઈ સંખ્યાનો થાય છે એ શોધી કાઢવાની રીત.

દુહાગ્યો પું. પ્રાચીન કાવ્ય કવિતાની જૂ.

દુહાગ ૧. [હિં.] પું. કમનસીબી; દુર્ભાગ્ય.
૨. પું. રંડાપો; વૈધવ્ય.

દુહાગણ સ્ત્રી. અણમાનીતી સ્ત્રી; પરણીને દુભવાયેલી સ્ત્રી; અણમાનણી સ્ત્રી; પરણીને તરછોડેલી સ્ત્રી.
દુહાગણ ગામ નેહ,
સોહાગણ ગામ નેહ. અજ્ઞાતવાસ કાલેર

દુહાગના [સં. દુર્ભગા] સ્ત્રી. અણમાનીતી પત્ની; દુહાગણ.

દુહાગિન [હિં] સ્ત્રી વિધવા સ્ત્રી.

દુહાગી [સં. દુર્ભાગિન્] વિ. કમનસીબ; દુર્ભાગી; દુખિયું.

દુહાગીર ૧. પું. દુહા ગાનાર માણસ.
૨. વિ. દુહા ગાનાર.

દુહાજૂ ૧. [હિં.] વિ. પું. પહેલી સ્ત્રી મૃત્યુ પામતાં ફરી લગ્ન કરનાર.
૨. વિ. સ્ત્રી. પતિ મૃત્યુ પામતાં ફરી લગ્ન કરનાર.

દુહાર [હિં.] પું. ઢોર દોહનાર માણસ.

દુહારની ૧. સ્ત્રી. દૂધ દોહવાની મજૂરી.
૨. સ્ત્રી. દૂધ માટેની તાવડી.

દુહાવવું સ. ક્રિ. દોવરાવવું.

દુહાવું અ ક્રિ. દુભાવું, દુઃખી થવું.

દુહિતર ૧ પું. દૌહિત્ર; દીકરીનો દીકરો.
૨. સ્ત્રી. દીકરી; છોકરી; દુહિતા.
૩. સ્ત્રી. દોહિતર; મૂર્ખા માણસ પાછળ ભાગવા મહિનામાં વદેયલા કે બનવાવાળા આવતા દુઃખના બાકુ.

દુહિતા [સં. દુહિત્] સ્ત્રી. દીકરી; છોકરી. કન્યાનું નામ દુહિતા એટલા માટે છે કે એનો વિવાહ દૂર દેશમાં થવાથી તે હિતકારી થાય છે, નિકટ રહેવામાં નહિ.

દુહિતૃ [સં.] સ્ત્રી. દીકરી; પુત્રી

દુહિતૃપતિ [સં] પું જમાઈ.

દુહિન [હિં.] પું. બરફ

દુહિયા [પ્રા] સ્ત્રી કન્યા, દીકરી, દુહિતા.

દુહિરર ૧. સ્ત્રી. પોળીની એ નામની એક જાતની ભાજી.
૨. ન. એ નામની ભાજીનું માણસ.
૩. વિ. એ નામની ભાજીનું.

દુહુ વિ. બે; ૨.

દુહુણો ૧ સ્ત્રી દોણી; દોહવાનું વાસણ.
૨. સ્ત્રી. દોહવાનું કામ.

દુહુત ૧. [હિં.] વિ. દૂર; ખાતરો.
૨. વિ. ખરાબ, હલકું; નીચ.
૩. વિ. ધિક્કારને પાત્ર
૪. વિ. નુકસાનકારક
૫. વિ. લાલચું; લોભી.
૬. વિ. ગ્રામ વગરનું.

દુહુબ [હિં.] પું. ઢોલ, નગારું.

દુહુવાવું અ ક્રિ. દુઃખ પામવું; દુભાવું.
જેમ ગણ પ્રતે ભાખી દે કાન,
તેમ દમે અકત દુહુવાય અજ્ઞાન. અખો

દુહેનૂ [હિ.] સ્ત્રી. દૂધ દેનારી ગાય.

દુહેરાપટ પું. કુસ્તીનો એક જાતનો દાવ.

દુહેરી [હિં.] સ્ત્રી. બેરડું.

દુહેલ પું. દુઃખ; વિપત્તિ; મુસીબત.

દુહેલા ૧. [હિં.] પું. વિકટ બેલા; દુઃખદાયક કાર્ય.

૨. વિ. દુઃખકારી. દુઃખ આપે તેવું.

૩. વિ. મુશ્કેલ; અઘરું; આકરું.

દુહો પું. એક જાતનો દોહરો; બે ચરણનું નાનું અનુષ્ટુપ જેવું એક પદ્ય. દુહાઓનું એક ખાસ વિશિષ્ટત્વ એ છે કે, પ્રત્યેક દુહો સ્વયંપ્રકાશિત છે. બધી વાર એક દુહો સમજવા માટે બીજા દુહાની આવશ્યકતા રહેતી નથી. સંસ્કૃત સુભાષિતમાં અનુષ્ટુપ શ્લોકનું જે સ્થાન છે, તેજ સ્થાન લોકસાહિત્યમાં દુહાઓનું છે. કઠિયાવાડી દુહા સંગ્રહે વિહારીજી સોરઠમાં લખ્યું છે કે:

નહિ માયું નહિ ગીત, નહિ રામ નહિ રાજણી;
વાંધે અરરર ચિત્ત, અરઠ ભાણ અરડાયની.
અણપણ ખરહટ અંગ, ખાડી એની ખતડી;
તીર ભમેં તંગ, તાતું તીખું નીરખું
ઉદાણવાં એખાણ, નહિ ગળગળિયાં ઝીબરાં;
કુળો વીંધી કાન, આરે ઓર અંતર.
નહિ ભાનુ નહિ ભંગ, પેટ નહિ પેટાળ નહિ;
ભમણાનો ભાર ભાગ, ગોરણ ગોળો ગાજતો.
દિલડે દેતો દાગ, તૂટ્યાં જિગર જાણવે;
તડપતો તેજાગ, ધામાં રે ધારાં કરે.
ઓજાળા કે ઉજેશ, નહિ આભમાં ઝૂમતાં;
માથાંના મૂરેશ, ધારણ કીં થા છરકે.
દુહો બેસે દાવ, જ્યાં જોગીના ગગડે;
જનોઈવિણ ન્યાં ધાવ, માથાં ઘાગડે પડ ઓ.
ઠાળોતરે કરેણ, અવળી ફેંચાડી અંગ શું;
દુહાના કેંગેશ, ચેતે વિધૂર આખડી.
બીજે ભળકડે ચોક, ઝૂલે મંદિર માળિયાં;
ઝીણવિણાના ચોક, ઘમકે ઢાક વગાડતો.
ચોક કેતો માર, ચોક માથાં કેરવે;
ખમતાલ ખૂંખણકાર, ઝમે સાગરે સાગરો.
દુહો દવાકરી દાસ, નોધારાંની ઓથદી;
દુહો તાર કપાસ, દુહો દૂત કરગાકનો.
ગામણ ગર્યે કમાસ, ખાંભી ખોડી ખળખળે,
પાણા કરે પ્રોતાણ, દુહો ભમારા કેરનો

દુહોતરો ૧. [હિં.] પું. કન્યાનો પુત્ર; ભાણેજ.

૨. સ્ત્રી જેથી વિરોધ; જેથી અપ્રિય.

દુહોત્તર પું. માસિક કર સેકડે બે દરે ભાજનો કર.

દુઃ ૧. [સં] ન. દુઃખ.

૨. વિ. દોહવા લાયક.

દુહા [સં.] સ્ત્રી જી. દોહવા જોગી

દુહિતૃ [સં.] પું. (પુરાણ) વૈવાતિ રાજાનો ઋષિકાથી ઉત્પન્ન થયેલ એ નામનો એક પુત્ર. વૈવાતિ રાજાએ દિગ્વિજય કરી પોતાનું રાજ્ય પોતાના દીકરાઓમાં વહેંચી આપ્યું હતું. દુહિતૃને પશ્ચિમ દિશાનો દેશ મળ્યો હતો. રાજા વૈવાતિએ પોતાનું વડપણ રાખી તેની પાસે જુવાની માગી, ત્યારે તેણે તે વાત કબૂલ રાખી ન હતી. આથી વૈવાતિ રાજાએ તેને શાપ આપ્યો હતો કે, તારી કોઈ અભિલાષા પૂરી નહિ થાય.

દુહા [સં. સ્તોક] પું. (હિંદી) નાનો કણ; નાનો દાણો; કણકી.

દુંગરી [હિં.] સ્ત્રી. ખાડું કપડું.

દુંગાર્ય સ્ત્રી. ગાડાપણું; બકવાદ; ઠઠિયાપણું.

દુંગો પું. ઘંટારો.

ખૂંદિયે વાજાને નાદો, દુંગા કરે ઝીક છે.
જલબલ

દુક ૧. સ્ત્રી. ગાડનું પડ.

૨. સ્ત્રી. પેટનો ચોળો; મોટું, ઘરે અને ગલકનું પેટ; ઘાંટ.

દુકરો પું. ઓકમાં થતો એક જાતનો રોગ.

દુકવું સ. ક્રિ. દાંતી પેટની; દૂઝતો ચિરાવનો.

દુકાળું ૧. પું. ગણપતિ; ગણેશ.

૨. વિ. દુકાળાનું; દાંત નીકળેલી હોય એવા મોટા લાગતા પેટવાળું.

દુકાળો ૧. પું. ગણપતિ; ગણેશ.

૨. પું. મોટા પેટવાળો માણસ.

૩. વિ.પું. ઘાંટવાળો.

દુકાળો દુઃખ ઘંટાળો સદાય આપે પેટ,
પરમ પહેલો પૂજીએ ગૌરીપુત્ર ગણેશ.
કાન્તાબાળા

દુંકુલ [સં.] પું. જે મુખવાળો ઝેર વમનનો સર્પ; રાજિલ.

દુક્ક ૧. [સં. દુગ્ધ] સ્ત્રી. પેટની ઘાંટ.

૨. સ્ત્રી. રાઈ; ગીસ.

૩. ન. અંધેર.

૪. ન. તોફાન; ઉત્પાત.

૫. ન. નખરાં.

૬. ન. ગુમડું; ગોકું.

દુક્કડ [હિં.] પું. સાકરનું કરજાનું.

દુક્કડી (દુક્કડો) સ્ત્રી. વાસણ ઉપર રેખિત ચિત્ર કાઢવાની બાકડાની પીંછી

દુક્કળ [સં.] પું. નખરાં; એક જાતનું વાદિત્ર.

દુક્કરિયા ૧. સ્ત્રી. કરજની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

દુક્કલ ૧. પું. ગણપતિ; ગણેશ.

૨. વિ. ઘાંઘાળું; મોટા પેટવાળું; દુંદવાળું.

દુંદળ જુઓ દુદ્દલ.

દુંદાલ ૧. પું. ગણેશ; ગજાનન.

૨. વિ ઘાંઘાળું, દુંદવાળું.

દુંદાલું વિ ઘાંઘાળું

દુંદાલા કુદાલા ઘાલ અવસર કે ગજમીનો નાલ. કાનડ કવિયાણનો રાસ, ૧૭૪૬

દુંદાળ જુઓ દુંદલ.

દુંદાળી જુઓ દુંદલ.

દુંદી જુઓ દુંદલ.

દુંદુભ ૧. [સં] ન. (સિદ્ધ) એક જાતનું દિશાળ ઘર. જે દિશાળ ઘરની જમણી તરફ એક અધિક હોય, તેમજ મુખ આગળ એક લઘુ અને તે લઘુ આગળ એક મંડપ હોય, તે દુંદુભ નામે ઘર કહેવાય.

૨. ન. નખરાં; એક જાતનું વાદિત્ર; ભેરી; નગારું.

દુંદુભક પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો એક યોગ.

દુંદુભિ ૧. [સં.] પું. અગિયાર રુદ્રોનો એક જાતનો કૂચો. તેની પ્રબોધાર્થ સ્તુતિ ઋગ્વેદી મંત્રોમાં છે.

૨. પું. એ નામનો એક પર્વત.

૩. પું. ક્રૌંચ દ્વીપનો એક વિભાગ.

૪ પું. પાસાનો એક દાવ.

૫. પું. પાસો; જુગારનું એક સાધન.

૬ પું. ભાદ્રપદ સંજ્ઞસરનાં સા.૬ માંહેનું છપ્પનમું વર્ષ.

૭. પું. ગુમડ, ગોકું

૮. પું. વરુણ.

૯. પું. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન સાત્વત રાજાના અંધક નામના પુત્રના વંશમાં થયેલા અનુપુત્ર અંધકનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ અગ્નિદ્યોત હતું.

૧૦. પું. (પુરાણ) હેમા નામની અપ્સરાને પેટે નભસ્વાનને થયેલા બે મહેનો બીજો પુત્ર. પણ જ તપ કરીને સહસ્રાક્ષ નામનું બળ પ્રાપ્ત કર્યા પછી ઇન્દ્રનું રૂપ ધારણ કરી સમુદ્રની સાથે યુદ્ધ કરવા ગયો. પણ સમુદ્રે કહ્યું કે, હું તારી સાથે લડવા સમર્થ નથી હિમાલયે પણ એવો જવાબ આપ્યો. તેથી તે ક્રિષ્ણિવા નગરીના રાજા વાસી પાસે ગયો. વાસી સમજ મુંઝી એનું અને વાસીનું યુદ્ધ થયું. તેમાં વાસીએ એને માર્યો એનું મૃગડું

ઊંચકીને વાલીએ ઋષ્યમૂક પર્વત ઉપર ફેંકી દીધું. એ મુડદું મતંગ ઋષિના આશ્રમમાં પડ્યું, તેથી આશ્રમ અને આજુબાજુ મોજન ચોજનના વિસ્તારનો પ્રદેશ લોહીથી ખરાબ બન્યાં અને વૃક્ષોનો પણ નાશ થયો. આથી ઋષિએ વાલીને શાપ આપ્યો કે, તું હવેથી આશ્રમમાં આવીશ તો આવતાં વેંત જ મરણ પામીશ. દુંદુભિનું હાડપિંજર ત્યાં પડ્યું પડ્યું સુકાઈ ગયું. જ્યારે રામચંદ્ર અને સુગ્રીવને અગ્નિની સાક્ષિએ દોસ્તી થઈ, ત્યારે પોતાનું સામર્થ્ય સુગ્રીવને બતાવવા સારૂ રામચંદ્રે દુંદુભિના હાડપિંજરને પગના અંગૂઠાની ટોચ વડે દસ યોજન દૂર ઊડાડી મૂકયું હતું.

૧૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા. તે અજમીઢની આજ્ઞાથી અયોધ્યામાં મંથરા નામે કૈકેયીની દાસી થઈ હતી.

૧૨. ન. નોબત જેવું એક વાદિત્ર; નગારું; ભેરી; આનક.

૧૩. ન. વિષ; ઝેર.

દુંદુભિક [સં.] વિ. એક જાતનો કીડો.

દુંદુભિનાદ [સં.] પું. નગારાનો અવાજ.

દુંદુભિવાદન [સં.] ન. ઢોલ વગાડવો તે.

દુંદુભિસ્વન ૧. [સં.] પું. નગારાનો અવાજ.
૨. પું. સુશ્રુતમાં કહ્યાપ્રમાણે એક જાતનો ઝેરી ઉપચાર.

દુંદુભી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક ગંધર્વ સ્ત્રી.
૨. સ્ત્રી. ચારે બાજુએ ત્રણ ટપકાંવાળા પાસાની એક.
૩. સ્ત્રી. પાસો.

દુંદુભ્ય ૧. [સં.] પું. એ નામનો એક રુદ્રદેવ.
૨. પું. નગારું વગાડવામાં સાધનરૂપ એક અંગ.

દુંદુભ્યસ્થિપ્રહરણ [સં.] પું પુરુષોત્તમનાં હત્યાર પૈકીનું એક નામ.

દુંદુમાર ૧. [સં.] પું. એક જાતનો રાતો કીડો.
૨. પું. ઘરનો ધુમાડો.
૩. પું. ધુંધુમાર નામનો દેશ.
૪. પું. બિલાડો.

દુંધા વિ. બોળું; મૂર્ખ.

દુંબલ સ્ત્રી. ગાભણ ગાય.

દુંબા ન. એક જાતનું ઘેટું. તેની પૂછડી જાડી હોય છે. તે મૂળ ઇરાનનું વતની જણાય છે.

દુંબાલ ૧. [સં.] પું. પૂછડી.
૨. પું. પહાડનો પાછળો ભાગ.
૩. ન. પાછળ; પછવાડે.

દુંબાલા ૧. [સં.] પું. આંખનો બહારનો ખૂણો.
૨. પું. પહાડનો પાછળો ભાગ.

દુંબાલે અ. પાછળ; પછવાડે.
ચિદ્ધ સમજ્યો લડાઈ પ્રસંગે દુશ્મનોની દુંબાલે ફક્ત બાઝ સુધી જતા. જ્ઞાનસુધા

દુક્કન ન. દુઃખવું તે; દુઃખ દેવું તે.

દુક્કો પું. ખાડો ઘેટો.

દુઃ [સં.] અ. નઠારું, બરાબ, ક્રષ્ણ એવો અર્થ બતાવનારો ઉપસર્ગ.

દુઃકર [સં. દુસ્ (મુશ્કેલીથી) + કૃ (કરવું) + અ (પ્રત્યય)] વિ. કરવું મુશ્કેલ થઈ પડે તેવું; ન થઈ શકે એવું; દુષ્કર.

દુઃકર્ણ [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

દુઃકૃત [સં. દુસ્ (બરાબ) + કૃત (કરેલું)] ન. બરાબ કામ.

દુઃક્ષ [સં.] પું. (ગણ) અક્ષરોધનો એક પ્રકાર. તેમાં પ્રસિદ્ધ ક્રમથી વિરુદ્ધ ક્રમ હોય છે.

દુઃક્ષમ ૧. [સં. દુસ્ (મુશ્કેલીથી) + ક્ષમ (સહેવું) + અ (પ્રત્યય)] વિ. અસહ્ય.
૨. વિ. સંભવ ન હોય એવું; અશક્ય.

દુઃખ [સં.] સ. ક્રિ. (ધાતુ) દુઃખ કરવું; દુઃખ દેવું; પીડવું. તે ઉપરથી બનેલ શબ્દ: દુઃખ, દુઃખી, દુઃખિત.

દુઃખ ૧. [સં.] ન. (બૌદ્ધ) અગિયાર માઠેના એક પ્રકારનો અગ્નિ. ભુખો ઉપવાસ.
બુદ્ધે પોતાનાં શાસ્ત્રમાં ચાર તત્ત્વ નિર્માણ કર્યાં છે: દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ. તેમાં દુઃખ તત્ત્વના વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ એ પાંચ સ્કંધ ઠરાવ્યા છે. એ પાંચે સ્કંધ ક્ષણિક છે.
૨. ન. (જૈન) જોગીરા માઠેનો એ નામનો એક ગુણ. ચોરીસ ગુણઃ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.
૩. ન. (જૈન) ન્યાર માઠેનું એ નામનું એક પ્રમેય. ન્યાર પ્રમેયઃ આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ અને અપવર્ગ.
૪. ન. બાધા; રોગ; બીમારી.
૫. ન. શરીર અથવા મનની બ્યથા; પીડા; કષ્ટ; અસુખ. આ સંબંધે રત્નમાલા સંહિતામાં નરસિંહરાવ ભોળાનાથ લખે છે કે: જે તર્કવાદના વાદથી સીધી રીતે સધાતું નથી, તે આ બે-મૃત્યુ અને દુઃખ-અનુભવ દ્વારા સાધી આપે છે તેથી જ ઉપનિષદમાં નચિકેતા વકતા ચારસ્ત્વાદગ્નિનો ન શક્યઃ એમ કહીને યમ પાસેથી જ તત્ત્વજ્ઞાનના ગંભીર પ્રશ્નોનો ખુલાસો મેળવે છે. કુદરતે પણ દુઃખનો મહિમા સમજવાને જ જગતના પાસે મારે છે કે, વિષદઃ સન્તુ મે શશ્વત્ અને એ જ પ્રમાણે અન્ય અનેક ભક્તજનોએ દુઃખ માગ્યાં સુપ્રસિદ્ધ છે. न दुःखाद् दुःखम् શબ્દનો અર્થ એમ થાય છે કે, દુઃખ સાધ્ય કર્મોથી દુઃખ અર્થાત્ દુઃખમિશ્રિત સુખરૂપ ફળ મળે પણ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી. આ સૂત્રમાં જે દુઃખ પદ મૂકયું છે તેનો અર્થ કર્મ કરવો જોઈએ, કારણ કે કર્મ દુઃખ સાધ્ય છે અને કરીથી જે દુઃખ શબ્દ વાપર્યો છે તેનો અર્થ સુખ દુઃખ બંને કરવો, કારણ કે કર્મોથી કેવળ સુખ મળતું નથી, સાથે સાથે દુઃખનો પણ સમાવેશ હોય છે. તાત્પર્ય કે, કર્મોથી સુખદુઃખરૂપ ફળ મળે છે; પણ અજ્ઞાનની નિવૃત્તિ તેથી થતી નથી. અજ્ઞાનની નિવૃત્તિ તો શાસ્ત્રનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી થાય છે. દુઃખ ભોગવ્યા બાદ તો સુખ નથી. રામે ચૌદ વરસ વનવાસ ભોગવ્યો, ત્યારે સીતાજીને છોડાવ્યાં. નલે ઘેરવાં દુઃખ સહન કર્યાં, ત્યારે તે અમર થઈ ગયો. કોઈ પણ દેહને કષ્ટો ભોગવ્યા વિના અને ભોગ આપ્યા વિના સ્વતંત્રતા નથી મળી, નવો જન્મ પ્રાપ્ત નથી થયો. જે દુઃખ વર્તમાન અવસ્થામાં છે તે સ્થૂળ દુઃખ કહેવાય છે અને જે દુઃખ આવવાનું છે તે સૂક્ષ્મ દુઃખ કહેવાય છે. સ્થૂળ દુઃખ ભોગવ્યાથી જ જાય છે, તેથી ભાવિ દુઃખની નિવૃત્તિ માટે જ શાસ્ત્રોનો ઉપયોગ છે. દુઃખ ત્રણ પ્રકારનાં બતાવ્યાં છે: (૧) આધ્યાત્મિક દુઃખ. સ્થૂલ અને સૂક્ષ્મ શરીરમાં વિકાર થવાથી અર્થાત્ તાવાદિ વા તથા કામ ક્રોધાદિ વા જે દુઃખ થાય તે આધ્યાત્મિક દુઃખ કહેવાય છે. (૨) આધિભૌતિક દુઃખ. પશુ, પક્ષ, સર્પ ચોર વગેરે પ્રાણીઓથી જે દુઃખ થાય તે આધિભૌતિક દુઃખ કહેવાય છે. (૩) આધિદૈવિક દુઃખ. દેવતાઓ તરફથી જે દુઃખ થાય તે આધિદૈવિક દુઃખ. જેવાં કે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, કોલેરા, મરકી, વીજળી પડવી. સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણ શરીર રહે ત્યાંસુધી ત્રણ પ્રકારનાં દુઃખો રહે, માટે શરીરની નિવૃત્તિ કરવા સારૂ તેના કારણ અભિમાનપૂર્વક થતા ધર્માધર્મની નિવૃત્તિ કરવી જોઈએ. ધર્માધર્મનું કારણ રાગદ્વેષ છે, માટે ધર્માધર્મનો નાશ કરવા રાગદ્વેષની નિવૃત્તિ

કરવી જોઈએ. રાગદ્વેષનું કારણ અનુકૂલ જ્ઞાન છે, માટે રાગદ્વેષનો નાશ કરવા અનુકૂલ જ્ઞાન ને પ્રતિકૂલ જ્ઞાનનો નાશ કરવો જોઈએ એ અનુકૂલ જ્ઞાન ને પ્રતિકૂલ જ્ઞાન મોહજ્ઞાનથી ઊપજે છે, માટે અનુકૂલ જ્ઞાન ને પ્રતિકૂલ જ્ઞાનનો નાશ કરવા મોહજ્ઞાનનો નાશ કરવો જોઈએ. મોહજ્ઞાન આત્મસ્વરૂપના અજ્ઞાનથી ઊપજે છે, માટે મોહજ્ઞાનનો નાશ કરવા આત્મસ્વરૂપના અજ્ઞાનની નિવૃત્તિ કરવી જોઈએ. એવી રીતે સર્વ પ્રકારના દુઃખોની નિવૃત્તિમાં પરંપરા વડે અજ્ઞાનની નિવૃત્તિ અપેક્ષિત છે. અજ્ઞાનની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે, અને જ્ઞાન થકે સર્વ પ્રકારના દુઃખોની ઐકાંતિક એટલે અચૂક અને આત્યંતિક એટલે પુનઃ ઉદય ન પામે એવી નિવૃત્તિ અને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ થાય છે. આ જ મોક્ષ છે. સર્વ પ્રાણીઓને પ્રતિકૂલતા રૂપે કરીને એટલે અનિષ્ટતા રૂપે કરીને જે જ્ઞાનનો વિષય થાય છે, તે દુઃખ કહેવાય છે. દ્વિષ્ટ સાધનતાને વિષય કરનારું જે જન્ય જ્ઞાન છે તે જ્ઞાન વડે જન્ય જે દ્વેષ છે, તે દ્વેષનો જે વિષય હોય, તથા મુખ્ય હોય, તે દુઃખ કહેવાય છે. અર્થાત્ દ્વેષનો જે વિષય હોય, તે દ્વિષ્ટ કહેવાય છે. દુઃખ વિષે બધા પ્રાણીઓને દ્વેષ હોય છે, માટે દુઃખ એ દ્વિષ્ટ કહેવાય છે. એવા દ્વિષ્ટ દુઃખની સાધનતા સિદ્ધ સપર્યાદિકમાં રહે છે, તથા અસર સદ્ધાદિકમાં રહે છે. માટે સિદ્ધ સપર્યાદિક વિષે જે લોકોને દ્વેષ થાય છે તે દ્વિષ્ટ સાધનતા જ્ઞાન વડે થાય છે. માટે સિદ્ધ સપર્યાદિક વિષે દ્વેષ તે દ્વિષ્ટ સાધનતા જ્ઞાન વડે જન્ય કહેવાય છે અને તે દુઃખ બીજા કોઈ દ્વિષ્ટનું સાધન નથી, માટે તે દુઃખ વિષે લોકોને દ્વેષ હોય છે. તે દ્વિષ્ટ સાધનતા જ્ઞાન વડે જન્ય નથી, પણ દુઃખના જ્ઞાન માત્રથી જ તે દુઃખમાં દ્વેષ થાય છે. માટે તે દુઃખવિષયક દ્વેષ તે દ્વિષ્ટ સાધનતા જ્ઞાન વડે જન્ય કહેવાય છે. એવા દ્વિષ્ટ સાધનતા વિષયક જન્ય જ્ઞાન વડે જન્ય દ્વેષના વિષયભૂત તથા મુખ્યરૂપ દુઃખ છે, માટે દુઃખનું ઉક્ત લક્ષણ સંભવે છે.

કષ્ટનું કારણ જેહને આંહીં એવી તીસે રીતિ,
જેહને દુઃખ દેવાની વૃત્તિ કેમ હશે વળી? પ્રેમાનંદ

૧. દુઃખ ઊઠાવવું = (૧) ભાન ભાગવું; ગાળજી સાંભળી. (૨) પીડા ભોગવવી.

૨. દુઃખ ખમવું = દુઃખ ભોગવવું.

૩. દુઃખ બતાવવું = જોઈએ ત્રિજીરીમાં ભાગ લેવો.

૪. દુઃખ બગાડવું–ભોગવવું = દુઃખ કે પીડા જાતે કરવી.

૫. દુઃખ વેરે બનવું = કાંઈ બનવું; બરબરે બનવું; લોકમાં ભાગ લેવા બનવું.

૬. દુઃખ વિસારવું = દુઃખ ભૂલી જવું.

૭. દુઃખનાં ઝાડ ઊગવા = માથે પુષ્કળ દુઃખ ઓળી પડવું.

૮. દુઃખનું ઓસડ દહાડા = ધીરજના ફળ મીઠાં; ધીરજ ધરી દિવસો નિર્ગમન કરતા કોઈ વિષય દુઃખ દૂર થવી જેમ જાણવું તે.

૯. દુઃખનું આવું = દુઃખથી હેરાન થઈ જવેલ.

૧૦. દુઃખનું વાદળ = આકસ્મિક ચોતરફથી આવી પડેલું મોટું દુઃખ.

૧૧. દુઃખે પાપે = જેમતેમ કરીને; દુઃખદાયક પ્રયત્નથી.

૬. ન સંકટ; આપત્તિ; વિપત્તિ.

૭. ન દરકાર; તકલીફ; અડચણ.

દુઃખકર [સં.] વિ. દુઃખ ઉત્પન્ન કરનારું; દુઃખી કરે તેવું; પીડા કરનાર.

દુઃખકર્તા જુઓ દુઃખકર.

દુઃખકર્ત્તા જુઓ દુઃખકર.

દુઃખકંદ ૧. પું. દુઃખનો નાશ કરનાર સચ્ચિદાનંદ.

વીરબ્રહ્મે પ્રભુ પૂજા કરી,
ઉત્પન્ન દુઃખકંદ. પુરાતત્ત્વ

૨. વિ. દુઃખનો નાશ કરનાર.

દુઃખકારક જુઓ દુઃખકર.

દુઃખકારી જુઓ દુઃખકર.

દુઃખગર્ભિત ૧. [સં.] વિ., જેમાં દુઃખ રહેલું હોય એવું.

૨. વિ. દુઃખને લીધે ઉત્પન્ન થયેલું.

ત્રણ પ્રકારના વૈરાગ્યથી દીક્ષાના ભાવ થાય છે: જ્ઞાનગર્ભિત, મોહગર્ભિત અને દુઃખગર્ભિત.
જૈન પ્રવચન દીપિકા

દુઃખગંજન જુઓ દુઃખકંદ.

દુઃખઘર પું. દુઃખનો ખાડો; દુઃખનું ઘર.

કુસંપ ને ઈર્ષાએ સળગે,
દેશ બધો દુઃખઘર. કાન્તરચિંતા

દુઃખત્રસ્ત [સં.] વિ. આફતમાં સપડાયેલું.

દુઃખદાયક ૧. [સં.] પું. દુઃખનો સમૂહ.

૨. પું. સંસાર.

દુઃખદોષજ્ઞ [સં.] સ્ત્રી. દુઃખનો અભાવ.

દુઃખજાત ૧. [સં. દુઃખ + જાત (સમૂહ)] ન. દુઃખનો સમુદાય.

૨. વિ. જેને દુઃખ થયું હોય એવું.

૩. [સં. દુઃખ + જાત (જન્મેલું)] વિ. દુઃખમાંથી ઉત્પન્ન થયેલું.

દુઃખજીવી [સં. દુઃખજીવિન્] વિ. કષ્ટથી જીવન વિતાડનાર.

દુઃખઝાળ સ્ત્રી. દુઃખરૂપી અગ્નિ.

દુઃખડું (દુઃખ્ડું) ૧ ન. અડચણ, હરકત.

૨. ન. પીડા; અસુખ

૩. ન મીઠું; ઓલ્હણ

દુઃખડાં લેવા = ઓવારણાં લેવા; સામા માણસના માથા તરફ પોતાના હાથ જઈ જઈ તે હાથ પાછા પોતાના લમણા સામે લાવી હાથમાં ભોગવી દુઃખવું કે તારા દુઃખ આજો. આવી રીતે બીજાઓમા માન આપવાની રીત છે.

દુઃખણું ૧. ન. ઓવારણું.

દુઃખણાં લેવાં = ઓવારણાં લેવાં.

૨. ન. દુઃખવું તે

૩. ન. દુઃખી માણસ.

૪. ન. પ્રસવ થતા પહેલા પેટમાં થતી પીડા.

૫. વિ. દુઃખિયારું; દુઃખી.

દુઃખત્રય [સં.] ન. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ દુઃખ. જુઓ દુઃખ ૫.

દુઃખત્રસ્ત [સં.] વિ. દુઃખભીરુ.

દુઃખદ [સં.] વિ. દુઃખ દેનાર; કષ્ટ પડે તેવું; દુઃખ ઊપજવે એવું; કરસાજનક; લોહાણ; કલેશકર; સંતાપકારી.

દુઃખદગ્ધ [સં. દુઃખ + દગ્ધ (બળેલું)] વિ. કષ્ટમાં પડેલ; સંતપ્ત.

દુઃખદારણો પું. દુઃખરૂપી અજામાંસ.

દુઃખદર્શક [સં.] વિ. દુઃખ સૂચવનું.

દુઃખદાઝ્યું વિ. દુઃખથી પીડાયેલું.

દુઃખદાતા [સં. દુઃખદાતૃ] પું દુઃખ આપનાર માણસ.

દુઃખદાયક [સં.] વિ. દુઃખ આપનારું; પીડાકારક; સંતાપકારી. દુઃખદ.

દુઃખદાયી [સં. દુઃખદાયિન્] વિ. કષ્ટકારી; દુઃખ દે એવું; કલેશકારક.

દુઃખદ્રિદ્ર [સં.] પું ઘોર જાતનું ભેરનું ગરીબ.

દુઃખદુષ્કૃતહર ૧. [સં.] પું. પરમાત્મા, પ્રભુ

૨. વિ. દુઃખ ટાળનાર અને પાપ હરનાર.

દુઃખદેષ્ટ વિ. દુઃખદાયક; દુઃખ દેવાશળું

દુઃખદોહ્યા ૧. [સં દુઃખ (મુશ્કેલી) + દોહ્ય (દોહવા જેવું) + આ (નારીજાતિના પ્રત્યય)] સ્ત્રી. દુઃખેથી દોહવાય તેવી ગાય.

૨. વિ સ્ત્રી. દુઃખેથી દોહવાય એવી, બહારી દોહવા ન દે એવી.

દુઃખપા જી. ફિકર; ચિંતા.

દુઃખનાશક [સં.] વિ. દુઃખનો નાશ કરે એવું.

દુઃખનિરોધ ૧. [સં.] પું. દુઃખ અટકાવવું તે.

૨. પું. નિર્વાણ; મોક્ષ

૩ પું. બૌદ્ધ ધર્મના મૂળ પાયારૂપ ચાર આર્ય સત્યોમાંનું ત્રીજું સત્ય. તૃષ્ણાના નિરોધથી દુઃખનો નાશ થાય છે, નિર્વાણ પ્રાપ્ત થાય છે એવી માન્યતા.

દુઃખનિવારણ [સં.] ન. દુઃખ દૂર કરવું તે.

દુઃખનિવારણૈષિત્વ [સં.] પું. દુઃખ દૂર કરવાની ઇચ્છાવાળું; ઉન્નતિવાદી.

દુઃખપરાયણ [સં.] વિ. દુઃખી; દુઃખમય; દુઃખને વશ.

દુઃખપરિણામક [સં.] વિ. જેનું પરિણામ દુઃખરૂપ હોય એવું.

દુઃખપૂર્ણ [સં.] વિ. દુઃખથી ભરેલું.

દુઃખપ્રકાર [સં.] પું. દુઃખની જાત. મૌદ્ગલ્યના મતે દુઃખ એકવીસ પ્રકારનાં છે: (૧) શારીર દુઃખ, (૨–૭) શ્રોત્ર વગેરે છ ઇંદ્રિયોનાં છ દુઃખ, (૮–૧૩) શ્રોત્રાદિક છ ઇંદ્રિયોના વિષયનાં છ દુઃખ, (૧૪–૧૯) શ્રોત્રાદિક છ ઇંદ્રિયોથી જન્ય છ જ્ઞાનરૂપ બુદ્ધિઓનાં દુઃખ, (૨૦) એક સુખ અને (૨૧) દુઃખ. તેમાં હું દુઃખી છું એવી પ્રતીતિનો વિષય તથા આત્માનો વિશેષ ગુણ એવું જે દુઃખત્વ જાતિવાળું પ્રસિદ્ધ દુઃખ છે તે અહીં બતાવેલા દુઃખ શબ્દથી સમજવાનું છે. તેમ જ સ્વર્ગાદિ સુખ તે જ અહીં સુખ શબ્દથી સમજવું, કેમકે સ્વર્ગાદિ સુખ સાતિશય વગેરેથી બાધ હોવાને લીધે દુઃખરૂપ મનવું છે.

દુઃખપ્રદ [સં.] વિ. દુઃખ આપનારું; દુઃખ દેનારું.

દુઃખપ્રદાન [સં.] ન. દુઃખ દેવું તે.

દુઃખપ્રધાન [સં.] વિ દુઃખની પ્રધાનતાવાળું; મોટે ભાગે દુઃખ જોવા હોય એવું.

દુઃખપ્રાપ્ત ૧. [સં.] વિ. દુઃખને પ્રાપ્ત થયેલું; દુઃખ ભોગવતું હોય એવું.

૨. વિ. મુશ્કેલીથી મળેલું હોય એવું; દુઃખલબ્ધ.

દુઃખફેડક (દુઃખફેડ્ય) વિ. દુઃખ હરનાર; દુઃખ મટાડનાર.

દુઃખબોજ પું. દુઃખનો ભાર; અતિ દુઃખ.

દુઃખભંજક [સં.] વિ. દુઃખ દૂર કરનારું; કષ્ટ કાપનાર.

દુઃખભંજન ૧. [સં.] ન. દુઃખ દૂર કરવું તે.

૨. જુઓ દુઃખભંજક.

દુઃખભંજ્ઞ જુઓ દુઃખભંજક.

દુઃખભાગી [સં. દુઃખભાગિન્] વિ. દુઃખમાં ભાગ લેનારું.

દુઃખભાર [સં.] પું. દુઃખનો બોજો

દુઃખભાવના [સં.] સ્ત્રી. દુઃખની લાગણી.

દુઃખમીનું વિ. દુઃખથી તરબોળ; બહુ જ દુઃખી.

દુઃખભીરુ [સં.] વિ. દુઃખથી ડરનાર; દુઃખત્રસ્ત.

દુઃખમય ૧. [સં.] વિ. કષ્ટકારી; ક્લેશકર; સંતાપકારી; દુઃખદાયી.

૨. વિ. દુઃખથી ભરેલું; દુઃખી.

દુઃખમયતા [સં.] સ્ત્રી. દુઃખથી ભરેલ હોવાપણું.

દુઃખમુક્ત [સં.] વિ. દુઃખમાંથી છૂટું મેલું.

દુઃખમેઘ [સં. દુઃખ + મેઘ (વરસાદ)] પું. દુઃખનો વરસાદ.

દુઃખમોચન ૧. [સં. દુઃખ + મોચન (મુક્તિ)] ન. દુઃખમાંથી છોડાવવું તે.

૨. ન. શાંતિ; આરામ; સ્વસ્થતા.

દુઃખમોચની [સં.] વિ. સ્ત્રી. દુઃખ દૂર કરવાવાળી

દુઃખલબ્ધ [સં. દુઃખ (મુશ્કેલી) + લબ્ધ (મેળવેલું)] વિ. મુશ્કેલીથી મેળવેલું; બહુ મુશ્કીલતે મળેલું.

દુઃખલભ્ય [સં.] વિ. મુશ્કેલીથી મળી શકે એવું.

દુઃખલોક [સં.] પું. સંસાર.

દુઃખવવું જ. ક્રિ. દુખવવું.

દુઃખવા ન. દુઃખ માટે કવિતામાં વપરાતો શબ્દ.

દુઃખવાદ [સં.] પું. દુનિયામાં અથવા જીવનમાં સુખનો સંભવ જ નથી એવો મત; નિરાશાવાદ; નિવૃત્તિમાર્ગ; દુર્ભાગ્યવાદ; "પેસિમિઝમ."

દુઃખવાદી [સં. દુઃખવાદિન્] વિ. દુર્ભાગ્યવાદી, નૈરાશ્યવાદી.

દુઃખવાન વિ. દુઃખી.

દુઃખવાસો પું. દુઃખ; દુખાવો.

દુઃખવું જ. ક્રિ. કંટાળી જવું; દુઃખી થવું.

દુઃખવિરામ [સં.] ન. આરામ; શાંતિ; સ્વસ્થતા.

દુઃખવિષય [સં.] ન. દુઃખરૂપી કાંટો.

ચમત્કૃત હૃદયમાં કાયમ ઊંડું દુઃખવિષય છે.
ગોવર્ધનરામ

દુઃખવિહ્વલ [સં.] વિ. દુઃખ ઓછું કરનાર; દુઃખ મેસાડનાર.

દુઃખશીલ [સં.] વિ. દુઃખનો અનુભવ કરનાર.

દુઃખસહ વિ. દુઃખ સહન કરવામાં શક્તિવાન; દુઃખથી ડરે નહિ એવું.

વાણીયારા વાણિયા, રજપૂતરા રજપૂત;
સુખિયારા જનકાદિકો, પણ દુઃખિયારા અદ્ભુત.
નવલરામ

દુઃખસજ્જ [સં.] વિ. દુઃખ સહન કરવા તૈયાર થયેલું.

દુઃખસમુદય પું. (બૌદ્ધ) તૃષ્ણા એ દુઃખનું કારણ છે એવી માન્યતા.

દુઃખસંગ ૧. [સં. દુઃખ + સંગ (સોબત)] પું. દુઃખનો સાથી.

૨. બ. દુઃખની સાથે.

દુઃખસંપન્ન [સં.] વિ. દુઃખી.

દુઃખસાગર [સં.] પું. દુઃખનો દરિયો; મૃત્યુલોક; સંસાર.

દુઃખસાધ્ય ૧. [સં] વિ. દુઃખે કરીને મળે એવું.

૨. વિ. મુશ્કેલીથી બનાવું.

દુઃખહર [સં.] વિ. દુઃખ હરી લેનારું; દુઃખનો નાશ કરનાર.

દુઃખહરણ ૧. [સં.] ન. દુઃખ મટાડવું તે.

૨. વિ. દુઃખ મટાડનાર; દુઃખહર.

દુઃખહર્તા જુઓ દુઃખહર.

દુઃખહા [સં.] વિ દુઃખ હરનાર; દુઃખ દૂર કરનાર; દુઃખને હણનાર.

દુઃખહારિણી વિ સ્ત્રી. દુઃખ મટાડનારી.

દુઃખહારી [સં. દુઃખહારિન્] વિ. દુઃખ હરનારું; દુઃખ દૂર કરનારું.

દુઃખા સ્ત્રી. (કચ્છ) ખીજની પ્રેરણાથી ઉત્પન્ન થયેલી પીડા.

દુઃખાકર પું. (પિંગ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે દંડિક છંદનો એક ભેદ છે. તેમાં પાંચ નગણ અને ચાર રગણ મળી ૨૭ અક્ષર આવે છે.

દુઃખાકરો જુઓ દુઃખાકર

દુઃખાકુલ [સં] વિ દુઃખથી આકુળવ્યાકુળ.

દુઃખાગાર [સં] ન. દુઃખની ખાણ

મહને પામી પુનર્જન્મ દુઃખાગાર અજાણતા,
ન ઘટે તે મહાત્માનો પામેલ ત્રિદિવને પરત.
કવિચંદા

દુઃખાતિરેક [સં.] પું. દુઃખ ઉપરાંત દુઃખ; ઘણું જ દુઃખ.

દુઃખાધિક્ય જુઓ દુઃખાતિરેક.

દુઃખાન્વિત [સં.] વિ. દુઃખથી ભરેલું; દુઃખી.

દુઃખાપન્ન [સં] વિ. દુઃખને પ્રાપ્ત થયેલું.

દુઃખાબ્ધિ [સં.] પું. દુઃખરૂપી સાગર; દુઃખનો દરિયો

દુઃખાયતન [સં.] ન. સંસાર; જગત.

દુઃખારિ [સં.] પું. દુઃખનો નાશ કરનાર પ્રભુ; દુઃખનો દુશ્મન.

દુઃખાર્ત [સં] વિ. દુઃખી; દુઃખથી પીડિત.

દુઃખાલય [સં.] ન. દુઃખનું ઠેકાણું.

દુઃખાવહ [સં.] વિ. સંતાપકારી; દુઃખદાયક; અકલ્યાણકારક; દુઃખદ; ભોગવનીય.

દુઃખાવિષ્ટ [સં.] વિ. દુઃખથી ઘેરાઈ ગયેલું; દુઃખી.

દુઃખાસું ૧. અ. ક્રિ. ખિન્ન થવું.
૨. અ. ક્રિ. દુઃખી થવું. કંટાવું.
૩. અ. ક્રિ. રાંધવું; વિષમ થવું.

દુઃખાસો પું. દુઃખ; પીડા.

દુઃખાસ્રુ [સં.] ન. દુઃખનાં આંસુ.

દુઃખાસિકા સ્ત્રી. વેદના; પીડા.

દુઃખાહો પું દુઃખ; દુખાવો.

દુઃખારેપક [સં.] ન. સંકટ; અનિષ્ટ; દુઃખ.

દુઃખાંકુર [સં. દુઃખ + અંકુર (ફણગો)] પું. દુઃખનો ફણગો.

દુઃખાંત ૧. [સં. દુઃખ + અંત (છેડો)] પું. દુઃખની પરાકાષ્ઠા; અત્યંત અધિક કષ્ટ; તકલીફની હદ.
૨. પું દુઃખનો છેડો.
૩. વિ જેના અંતમાં દુઃખ હોય એવું.
૪. વિ. જેના અંતમાં દુઃખનું વર્ણન હોય એવું જેમકે, દુઃખાંત નાટક.

દુઃખાંતગ [સં] પું દુઃખથી મુક્ત થયેલ માણસ.
ઈ કર્મ ઈ કે થકા વખતે દુખાંતગને અને વેદગ્રગને જેના તારૂથી દાન અપે તેનો થકા સફલ થાય. સૂત્રનિયુક્ત

દુઃખાંતપદાર્થ [સં.] પું. આહેર્પર મત પ્રમાણે પાંચ આહેતો એ નામનો એક પદાર્થ. આ મતમા પાંચ પદાર્થ છે: દુઃખાંતપદાર્થ, કર્મપદાર્થ, આસવપદાર્થ, વિધિપદાર્થ અને મોક્ષપદાર્થ

દુઃખિણી ૧. [સં. દુઃખિન્ (દુઃખી) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. દુઃખી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. દુઃખી; દુઃખ ભોગવતી હોય એવી.

દુઃખિત ૧. [સં.] ન. દુઃખ; પીડા; કષ્ટ.
૨. વિ. દુઃખ પામેલ; દુઃખી; દુઃખથી પીડાયેલું.

દુઃખિની જુઓ દુઃખિણી.

દુઃખિયલ વિ. દુઃખી; દુઃખ અનુભવતું.

દુઃખિયારું વિ સ્ત્રી. દુઃખવાળું; દુઃખી; દુઃખિયું.

દુઃખિયુ વિ. દુઃખી.

દુઃખી [સં. દુઃખિન્] વિ. દુઃખ સહેતું; જેને દુઃખ હોય તેવું; દુઃખથી પીડાતું.

દુઃખેપાધે અ. જેમતેમ કરીને; મહા મુશ્કેલીથી.

દુઃખોક્તિ [સં.] સ્ત્રી. ખેદજનક વાત.

દુઃખોત્તાર [સં. દુઃખ + ઉત્તાર (ઓળંગવું તે)] ન. મુશ્કેલીથી પાર પામી શકાય એવું.

દુઃખોપાર્જન [સં.] ન. દુઃખ ઉત્પન્ન કરવું તે.

દુઃખોચ્ચાર ૧. સ્ત્રી. એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

દુઃપાચાહાર [સં.] પું. કાંદો મરચું તથા કાચું ખાદ્ય એવા અનાજનું અજીર્ણ.

દુઃપૂર [સં.] વિ. પૂરું ન થાય એવું.

દુઃપ્રધર્ષિણી [સં] સ્ત્રી. ઔષધી ઔષધિવિશેષ.

દુઃપ્રક્ષિપાન [સં.] પું. મન, વચન અને કાયાના યોગનું પાપકર્મમાં પ્રવર્તવું તે; હિંસા આદિ દુષ્કૃત્યમાં ચિત્તની એકાગ્રતા.

દુઃપ્રમાર્જના [સં.] સ્ત્રી. (જૈન) અવિધિએ પ્રમાર્જન કરવું તે.

દુઃપ્રમાર્જિત [સં.] વિ. (જૈન) અવિધિએ પ્રમાર્જન કરેલું; દુષ્ટ રીતે પોંજેલ.

દુઃપ્રહર્ષ [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

દુઃશકુન [સં.] ન. અશુભસૂચક નિમિત્ત; અપશુકન.

દુઃશલ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.
૨. વિ. અકિંચિત્કર.

દુઃશલા [સં.] સ્ત્રી. (પુરાણ) ગાંધારીને ધૃતરાષ્ટ્રથી થયેલી એ નામની એક પુત્રી; જયદ્રથની સ્ત્રી. મહાભારતના યુદ્ધમાં જયદ્રથ અર્જુનના તીરે પોતાના પુત્ર સુરથને ગાદીએ બેસાડી પોતે યજ્ઞો વખત રાજરાજ ચલાવ્યું હતું. પાંડવોના અશ્વમેધ વખતે અર્જુન ઘોડાને લાગ મિશે પહેલવો ત્યારે જાણી સુરથ મરણ પામ્યો. આ સાંભળી અર્જુને સુરથના બાલકપુત્રને ગાદીએ બેસાડ્યો હતો.

દુઃશાસન ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર. તે જ દુર્યોધનના જેવો જ ક્રૂર, ખરાબ અને મદારથી છતાં વધુ જ દુષ્ટ હતો પાંડવો જ્યારે જુગટામાં હારીને પણ ચાલી ગયા, ત્યારે દુઃશાસન દુર્યોધનના કહેવાથી દ્રૌપદી રજસ્વલા હતી છતાં તેનો ચોટલો પકડીને તેને અંતઃપુરમાંથી સભામાં લાવ્યો હતો અને નિર્લજ્જ બનીને તેને નગ્ન કરવાનો યત્ન કર્યો હતો. પણ કૃષ્ણના અલૌકિક સામર્થ્યને લીધે તેમા તે ફાવ્યો નહિ. તેના આ કુકર્મને લીધે ભીમે ઘોર પ્રતિજ્ઞા કરી કે હું દુઃશાસનનું લોહી પીઉ. મહાભારતના યુદ્ધમાં સોળમે દિવસે ભીમે પોતાની ઘોર પ્રતિજ્ઞા પૂર્ણ કરી દુઃશાસનને મારી નાખ્યો હતો.
૨. વિ. દુઃખેથી શિક્ષામણ આપી શકાય એવું.
૩. વિ. મુશ્કેલીથી જેનું શાસન થાય તેવું; કોઈનો અંકુશ નહિ માનનારું.

દુઃશિક્ષિત [સં.] વિ. ખોટી વિદ્યા શીખેલું.

દુઃશીલ ૧. [સં.] વિ. ખરાબ સ્વભાવવાળું.
૨. વિ. દુરાચારી; ખરાબ ચાલચલગતવાળું.

દુઃશીલતા ૧. [સં.] સ્ત્રી. દુરાચારીપણું
૨ સ્ત્રી. દુષ્ટતા; ખરાબ સ્વભાવ.

દુઃશૃંખી સ્ત્રી. કુલટા; અભિસારિણી સ્ત્રી

દુઃશોષ ૧. [સં] વિ. જેને શોષવું એટલે શુદ્ધ કરવું કામ દોષ એવું; દુઃખથી શોષી શકાય એવું. ધાતુ માટે આ અર્થમા વપરાય છે.
૨. વિ. જેને સુધારવું મુશ્કેલ દોષ એવું
૩. વિ. દુઃખથી જેનો ઉપયોગ થઈ શકે એવું.

દુઃશ્રેયન [સં.] પું ઉંદર.

દુઃશ્રવ ૧. [સં.] પું. (કાન્ય) કાનને કષ્ટ લાગે એવા અશ્લીલ આબલાથી કાવ્યમાં ગણાતો એક દોષ; શ્રુતિકટુ દોષ.
૨. વિ. દુઃખે કરીને સંભળાય એવું.

દુઃશ્રવણ [સં.] વિ દુઃખે કરીને સંભળાય એવું.

દુઃશ્વાસી ૧. [સં. દુઃ (અશક્ય) + શ્વાસિન્ (શ્વાસવાળું)] વિ દુર્ગંધ મારતા શ્વાસવાળું.
૨. વિ. મુશ્કેલીથી શ્વાસ લઈ શકે તેવું; દમિયલ.

દુઃશ્રુત [સં.] વિ. નિંદવાલાયક નિંદનીય.

દુઃશ્રુતસુપમા [સં.] સ્ત્રી (જૈન) ઉત્સર્પિણી કાળના ત્રીજા અને અવસર્પિણી કાળના ચોથા આરાનું નામ. તેમા દુઃખ ઘણું અને સુખ ચોડું હોય છે.

દુઃષમા [સં.] સ્ત્રી. (જૈન) અવસર્પિણી કાળનો એકવીસ હજાર વર્ષનો પાંચમો અને ઉત્સર્પિણી કાળનો બીજો આરો.

દુઃસ્વપ્ન [સં.] ન. દુષ્ટ સ્વપ્ન.

દુઃપુત્રિ [સં] સ્ત્રી. ખરાબ સંતાન કે એકરૂ; દુષ્ટ સંતાન.

દુઃપ્રેષ [સં.] વિ. જેનું નિવારણ મુશ્કેલ હોય એવું.

દુઃષમ ૧. પું. (જૈન) અવસર્પિણી કાળનો પાંચમો અને ઉત્સર્પિણી કાળનો બીજો આરો
૨. [સં.] વિ. અયોગ્ય; બેરવાજબી.

દુઃષમય [સં.] પું. ખરાબ વખત.

દુઃષર [પ્રા.] પું. (જૈન) નામ કર્મની એક પ્રકૃતિ; દુઃસ્વર. તેના ઉદયથી કુત્સિત કઠોર સ્વર પામે છે

દુઃષહ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈઓ પૈકી એક નામનો એક પુત્ર
૨ પું. શિવનાં કલ્પાંત ભૈરવોમાંનું એક નામ.
૩. વિ. દુઃખે સહન કરાય એવું.
૪. વિ. સહન ન થઈ શકે એવું; અસહ્ય મુશ્કેલ.

દુઃષહા ૧. સ્ત્રી નામવિશેષ.
૨. [સં.] સ્ત્રી. લક્ષ્મીજીના ભાઈથી ઉત્પન્ન થયેલી એ નામની એક દેવી.

દુઃસહાયક [સં.] પું. પાપકર્મમાં મદદ કરનાર માણસ; પાપસહાયક.

દુઃસંકલ્પ ૧. [સં.] પું. ખરાબ ઇરાદો; ખોટો વિચાર.
૨. વિ. ખરાબ વિચાર કરનાર; ખરાબ ઇરાદો રાખનાર.

દુઃસંગ [સં.] પું. ખરાબ સોબત; કુસંગ.

દુઃસંચર [સં.] વિ. દુઃખે જોઈ શકાય એવું

દુઃસંજ્ઞા [સં.] સ્ત્રી. ભાંખી કોડી.

દુઃસંધાન ૧. [સં.] પું. મદ્યનો એક રસ તે જેને સ્વાદે હોય છે કે જ્યાં એક અનુકૂળ હોય અને બીજો પ્રતિકૂળ. એક જેણનો વાત કરે છે અને બીજો બગાડનો.
૨. વિ. દુઃખે કરી સાધી શકાય એવું.

દુઃસંબોધ [સં.] વિ. મુશ્કેલીથી બોધ પમાડી શકાય એવું.

દુઃસંસ્કાર [સં.] પું. ખરાબ કે દુષ્ટ સંસ્કાર.

દુઃસંસ્થિત જુઓ દુઃસ્થ.

દુઃસાધી [સં. દુઃસાધિન્] પું. દ્વારપાલ; ચોકીદાર.

દુઃસાધ્ય ૧. [સં.] વિ. કરવું મુશ્કેલ.
૨. વિ. જેનો ઉપાય અમલમાં મુશ્કેલ હોય એવું, ન મટી શકે તેવું; અસાધ્ય.
૩. વિ. દુઃખથી સાધી શકાય એવું.
૪. વિ. મુશ્કેલ; કઠણ; અઘરું.

દુઃસાધ્યતા ૧. [સં.] સ્ત્રી. અંતરાય; વિઘ્ન. મુશ્કેલી.
૨. સ્ત્રી. દુઃસાધ્યપણું.

દુઃસાહસ [સં.] ન. નઠારું, અવિચારી અને ઉતાવળું કામ; પ્રગલ્ભતા.

દુઃસાહસિક [સં.] વિ. અનુચિત કે નિષ્ફળ સાહસવાળું.

દુઃસાહસી [સં.] વિ. અયોગ્ય સાહસ કરનાર; ખરાબ સાહસ કરનાર.

દુઃસ્ત્રી [સં.] સ્ત્રી. દુષ્ટ સ્ત્રી.

દુઃસ્થ ૧. [સં.] વિ. અળખું.
૨ વિ. અસ્થિર ચિત્તવાળું
૩. વિ. ખરાબ સ્થિતિવાળું; દુર્દશામાં પડેલું; દુઃખી.
૪. વિ. દુર્ગત; દુઃસ્થિત.
૫. વિ. મૂર્ખ.

દુઃસ્થાન [સં.] ન. (જૈન) ખરાબ સ્થાન. ઘાસ, મચ્છર વગેરે ક્ષુદ્ર જંતુવાળું સ્થાન.

દુઃસ્થિત જુઓ દુઃસ્થ.

દુઃસ્થિતિ [સં.] સ્ત્રી. ખરાબ અવસ્થા; દુર્દશા; માઠી સ્થિતિ.

દુઃસ્પર્શ ૧. પું. અસ્પૃશ્યપણું.
૨. પું. જખાસો.
૩. પું ઘા કરનાર.
૪. [સં.] વિ. જેનો સ્પર્શ ખરાબ હોય એવું.
૫. વિ. મુશ્કેલીથી અડાય તેવું.

દુઃસ્પર્શા ૧. [સં.] સ્ત્રી. આકાશવેલ. અડકાડવડી; કંડિયારી.
૨. સ્ત્રી. ખમાસો.
૩. સ્ત્રી. ઓરિંગડી.

દુઃસ્પૃષ્ટ જુઓ દુઃસ્પર્શ.

દુઃસ્વપ્ન [સં.] ન. અમંગળ સ્વપ્ન; ખરાબ સ્વપ્ન; ઓબાર.

દુઃસ્વપ્ननાશન ૧. [સં.] પું. વિષ્ણુ. ખરાબ અને અમંગળ સ્વપ્નનો નાશ કરનારા તથા અંતઃકરણે દુર્ભિક્ષનાને લાવીને સ્વપ્ન જોવા અયોગ્ય દેખાતા બનાવોનો નાશ કરનારા તે જ છે. જેમ ધ્યાન, સમરણ, કીર્તન અને પૂજન કરવાથી અવિ અનર્થસૂચક દુઃસ્વપ્નનો નાશ કરે છે, તેથી તે દુઃસ્વપ્નનાશન કહેવાય છે.
૨. વિ. ખરાબ સ્વપ્નનો નાશ કરનાર.

દુઃસ્વભાવ ૧. [સં.] પું. ખરાબ સ્વભાવ; દુઃશીલતા.
૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્ર નામના નાગનો એ નામનો એક પુત્ર.
૩. વિ. ખરાબ સ્વભાવનું; દુઃશીલ.

દુઃસ્વરે [સં] પું. ખરાબ કંઠ કે સૂર

દુઃસ્વરનામ [સં. દુઃસ્વરનામન્] ન (જૈન) જેના ઉદયથી પ્રાણીને કઠોર તથા હીન સ્વર મળે તેવું પાપકર્મ. નામ કર્મની એ નામની એક પ્રકૃતિ.

દુઃ ૧. [સં.] સ્ત્રી દુઃખ; વિપત્તિ; પીડા.
૨. સ્ત્રી. પ્રાગ્વેદમાં એક દેવતા
૩ વિ. ભયાનું. આકરા વપરાય છે.
૪. વિ જે. સમાસમાં વપરાય છે
૫ અ. ક્રિ. દિલગીર થવું. દુઃખી થવું; પીડા થવી, બંદ પામવો.
૬ અ. ક્રિ. દુઃખ દેવું

દુઃખમ ૧. વિ. બીજું.
૨. વિ બહારનું; અપમ.

દુઃખમીન જુઓ દુઃખમ.

દુઃખંગમ વિ. બીજાની મદદ વગર જવાનું; પારકું.

દુઃખ ૧. [વિ.] પું. સંસ્કૃતમાં બે હાથવાળું એટલે કે દ્વિદલ પાનું.
૨ પું. બે ઢોલી વચ્ચે પહાનો દાવ.

દુઃખાગ્ય પું બે નદી વચ્ચેનો પ્રદેશ.

દુઃખાદી [પ્રા.] સ્ત્રી. ગાયકાનો પટો.

દુઇજ [વિ.] સ્ત્રી. પખવાડિયાની બીજ તિથિ; દ્વિતીયા.

દુઈ ૧. સ્ત્રી દ્વૈત; બેપણું
૨. [વિ] વિ. બે

દુઆ ૧. પું. દવાથી અથવા બીજા કોઈ વિકારથી બેનો અંદર પાકેલો ઢોર એનો પાસો.
૨. પું બેની નિશાનીવાળું પત્ર; સંજ્ઞાનું બે દવાવાળું પાનું.

દુક [પ્રા.] પું સંતવાની ત્રાક.

દુકડ (દુક્કડ) [સં. દુષ્કૃત] ન. એક પ્રકારનું હાથ મારીને બગાડવાનું વાજિંત્ર; નરબું.

દુકડવું (દુક્કડવું) ક્રિ. સુકાઈ જવું.

દુકર [સં. દુષ્કર] વિ. મુશ્કેલ, અઘરું.

દુકરવું ક્રિ. બે ભાગ પાડવા.

દુકાની ૧. પું દુકાન રાખનાર માણસ.
૨. સ્ત્રી. દુકાન ચોકી તે.

દુકૃત ૧. [સં. દુષ્કૃત] ન. દુષ્કૃત્ય એવું કામ; નઠારું કર્મ; ખરાબ કામ.
૨ ન. પાપ.

દુખન [વિ.] ન. દુખણ; રોગ; વ્યથા.

દુખડા (દુખ) પું. એક જાતની ખોજનની વાની.

દુખણ ૧. સ્ત્રી. દુશ્મન; ગાવા વગાડવાની કામ. ૨. વિ. મેલડી ગણવાળું.

દુખત જુઓ દુખણ.

દુગલા [હિ.] સ્ત્રી. નહેરકામ માટે વપરાતી મોટી ટોપલી.

દુગાના સ્ત્રી. મેલું; કંપતી.

દુગારા સ્ત્રી. મેલડી કારતૂસવાળી બંદૂક; બે ભોટાવાળી બંદૂક.

દુગુન [સં. દ્વિગુણ] વિ. (હિંદી) બેવડું; બમણું.

દુગુ [હિ.] પું. હિમાલયની બીજામાં થતો એક જાતનો બકરો.

દુજા જુઓ દુજારા.

દુજંદ જ. બે વખત.

દુજો પું. દુખો.

દુજ [સં., દ્વિતીયા; પ્રા. દુઇજ-દુજ્જ] સ્ત્રી. (હિંદી) બીજ; પખવાડિયાની બીજી તિથિ.

દુજબર [હિ.] પું. બીજી કો પરણનાર પુરુષ; બીજવર.

દુજરું જુઓ દુમરુ.

દુજું ૧. [સં. દ્વિતીય] વિ. બીજું; બીજું; અન્ય; દુસરું.

૨. વિ. જુદું.

દુજે ૧. વિ. પું. જુદો.

૨. વિ. પું. બીજો.

દુઝણ ૧. સ્ત્રી. દૂધ આપતી ગાય કે ભેંસ.

૨. વિ. દૂઝનારું; દૂધ આપવું હોય એવું.

દુઝણબડી સ્ત્રી. એક જાતની વડી.

દુઝણમસ પું. દૂઝતા મસા; દૂઝતા હરસ.

દુઝણી વિ સ્ત્રી. દોહવા જેવી; દૂધ આપતી.

દુઝવું વિ. દૂધ આપવું; દૂઝતું હોય એવું. દોર માટે વપરાય છે.

દુઝતું ૧. વિ. દૂઝવું.

દૂઝતી ગાય = (૧) ઉદાર; છૂટા હાથનું. (૨) જેમાંથી લાભ થતો હોય એવી આસામી. (૩) દૂધ આપતી ગાય.

૨ વિ. ઝરવું; વહેતું; ઝરતું.

દૂઝતા અર્શ = બોઢી જેમાંથી ઝરતું હોય તેવા મસા.

૩. વિ. હમેશ ઊપજ આપ્યા કરતું; લાભ કરતું.

દુઝવું ૧. અ. ક્રિ. ઝરવું; નીકળવું; ટપકવું.

૨. અ. ક્રિ. દૂધ દેવું.

૩. અ. ક્રિ. લાભ કરવો; ઊપજ આપવી; આવકના સાધનરૂપ હોવું.

દુઠ વિ. દુષ્ટ; અધમ.

પ્રજ કંઈ જોપ્યો દુઠ લૂસે પાસ જેહડો ગણ વડી.
રણમાર

દુઠમેંગાળ વિ. પ્રચંડ; બળદસ્ત; મોટું.

દુઠમેંગળ વરવર સાળાં થઈ ગયો.
લાગાની વાતો

દુઠા (દુઠ) [સં.] વિ. દુઃખી; પીડિત.

દુઠ્ય ૧. [સં.] વિ નીચ.

૨. વિ. બૂરું વિચારનાર; દુષ્ટ વિચાર કરનાર; દુષ્ટ ધ્યાન ધરનાર.

૩. વિ. હલકું.

દુણ સ્ત્રી. દુખાવું કે દુખાવાની અસર.

દુણદુણંગી પું. નાગપિંગળ માહેનો એક વર્ણમેળ છંદ.

દુણવું ૧. અ. ક્રિ. દિલગીર થવું.

૨. અ. ક્રિ. બળવું; દાઝવું; અંદર ને અંદર બળીને ઝંખાવું.

૩. અ. ક્રિ. મનમાં બળવું; અંતરમાં સળગવું; નારાજ થવું; સિદાવું; મનમાં ને મનમાં કકળવું થવું.

૪. અ. ક્રિ. નારાજ રહે એમ કરવું; એવું વર્તન બતાવવું કે જેથી સામું માણસ મનમાં ને મનમાં સિદાય અથવા બળ્યા કરે; રઝડવું; સતાવવું; સતાવવું; નારાજ થાય તેમ કરવું; દમવું; દુઃખ દેવું.

દુણાયત ૧. [સં.] પું આત્મોત્સર્ગ એક વ્રત.

૨. વિ દુઃખથી નાશ પમાડવા યોગ્ય.

૩. વિ. સંતાપથી નાશ કરેલું; નષ્ટિસરખું કરેલું.

દુણાં વિ. બળવું; બેસવું.

દુણિયા પું. બ. વ. તિમેટી એક જાતના લોકો. તે વેપાર કે મજૂરી કરે છે.

દુણી સ્ત્રી. તોબડી; ઘાસ ભરવાનું માટીનું કામ.

દુણું ૧. વ. નાંગળ્યા કે તેનું મારણ.

૨. વ. મન બળે એવું કામ; નહિ પસંદ પડે એવું જે કાંઈ તે.

૩. વિ. બીજું. બોધુ.

૪. [સં. દ્વિગુણ] વિ. બમણું.

૫. વિ. મન બાળે એવું; નારાજ કરનારું.

દુણો પું. બળવાથી ચોટવું તે; દાઝ; બહુ તાપને લીધે ચડતા દાઝવું તે.

દુત ૧. પું. બાજરા બારકના ઓળીબંધને સદેશા પહોંચાડનાર માણસ.

૨. [સં.] પું. જાસૂસ; ચાર; છૂપી બાતમી લાવનાર કે કાઢી જનાર માણસ.

૩. પું. દાસ; સેવક; ચાકર.

૪. પું બીજા રાજ્યમા મોકલાતો એલચી; પ્રતિનિધિ.

૫. પું. રાજાનો વિશ્વાસપાત્ર મંત્રી.

૬. પું. વેદમાં વપરાયેલું રૂદ્ર એક નામ.

૭. પું. સંતાપ; ખેદ.

૮. પું સદેશો લઈ જનાર માણસ; કાસદ.

૯. જ. જુમાર.

૧૦. વિ. દુઃખી થયેલ; સંતાપ પામેલ.

૧૧. વિ. મોકલેલું; મોકેલું.

દૂતક ૧ [સં.] પું. જાસૂસ; છૂપી બાતમી લાવી જનાર માણસ.

૨. પું. દૂત.

૩. પું. શાસન આપવાનું કામ કરનાર અધિકારી. તેને કાયદા પણ કરે છે.

૪. પું સદેશો લઈ જનાર માણસ; કાસદ.

૫ પું સારો, મોટો અધિકારી; રાજાનો ખાસ પ્રતિનિધિ કે મંત્રી. દૂતક શબ્દનો તામ્રપત્રોમાં ખાસ અર્થ છે. દૂત, જાસૂસ એવો તેનો અર્થ બંધબેસતો નથી, કેમકે તામ્રપત્રોમા દૂતક શબ્દ બહુજ મોટા અધિકારી સૂચક છે. કોઈ વખત દૂતક ખાસ રાજાનો પુત્ર, પુત્રો અથવા મુખ્યાધિકારી હોય છે. મનુસ્મૃતિમાં દૂત શબ્દનો ઉપયોગ રાજાનો વિશ્વાસપાત્ર મંત્રી એવો કર્યો છે, તેથી દૂતક શબ્દનો અર્થ રાજાનો ખાસ પ્રતિનિધિ કે મંત્રી એવો કરવો જોઈએ.

દૂતકર્તવ્ય [સં.] ન. દૂતનું કામ.

દૂતકર્મ [સં.] પું. સદેશો કે બખર પહોંચાડવાનું કામ; દૂતનું કામ, દૂતત્વ.

દૂતકારી સ્ત્રી. ધિક્કાર; ધિક્કાર.

દૂતકાર્ય જુઓ દૂતકર્મ.

દૂતકાવ્ય [સં.] ન દૂત તરીકેનું કામ જેનો મુખ્ય વિષય હોય એવું કાવ્ય જેમકે, મેઘદૂત.

સંસ્કૃત સાહિત્યમાં દૂતકાવ્યની ઉત્પત્તિ અને વિકાસ છે. પુરાતત્ત્વ

દૂતઘટોત્કચ [સં.] ન. સંસ્કૃત સાહિત્યના મહત્ત્વના અને પ્રતિષ્ઠામાં ભાગ્યે વધારો કરનાર વેર આદિનું એક નામનું એક નાટક.

દૂતડી [સં.] સ્ત્રી. મોરબળી. કલ્પપુષ્પી નામની વનસ્પતિ.

દૂતત્વ [સં.] ન. દૂતપણું; દૂતનું કામ, દૂતકર્મ.

દૂતદમક સ્ત્રી. દમણો.

દૂતદોષ [સ.] પુ. (જૈન) જોઈ સાધુ એક ગામ અગર દેશથી બીજે ગામ કે દેશ જાય અને ત્યાં કોઈનો સંદેશો તેના સંબંધીને કહે અને પછી ભોજન લે તો તેથી થતો દોષ; ગૃહસ્થનો સંદેશો પહોંચાડી આહાર લેવાનો દોષ.

દૂતની ૧. [હિં.] સ્ત્રી. કુટણી.
૨. સ્ત્રી. ચાડીચૂગલી કરનાર સ્ત્રી.
૩. સ્ત્રી. ભાસક્ષ સ્ત્રી.

દૂતપણું જુઓ દૂતત્વ.

દૂતપ્રણિધિ [સં.] ન. દૂતનું કર્તવ્ય.

દૂતમંડલ [સં.] ન. એલચી તરીકેનું કામ કરનાર માણસો.
સૌથી પ્રથમ દૂતમંડલ પૌરસ નામના રાજાએ ઓગસ્ટસ ઉપર મોકલ્યું હતું. પુરાતત્ત્વ

દૂતલા ૧. સ્ત્રી. સોનીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દૂતવાક્ય [સં.] ન. સંસ્કૃત સાહિત્યના મહત્ત્વમાં અને પ્રતિષ્ઠામાં બારે વર્ષ રોજ કરનાર તેર માંહેનું મીરૂપ્યદૂત નામનું એક નાટક.
ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝમાં પ્રસિદ્ધ થયેલાં પાંચ એકાંકી નાટકોમાંથી દૂતવાક્ય અથવા મીરૂપ્યદૂત સૌથી વખારે લોકપ્રિય છે.

દૂતાઈ સ્ત્રી. એલચીગીરી.

દૂતાવાસ [સં.] પું. રાજદૂત કે વાણિજ્યદૂતનું કાર્યાલય કે નિવાસસ્થાન; 'લેગ્યુમેંટ.'

દૂતાંગદ [સં.] ન. અંગદ રાવણ પાસે વિષ્ટિ કરવા ગયો તે સંબંધી એક નાટક. તે મુખટે લખેલું છે.

દૂતિકા ૧. સ્ત્રી. આશક માણસ વચ્ચેના ગુપ્ત સંદેશા પહોંચાડનારી કે તેમનો મેળાપ કરાવી આપનારી સ્ત્રી; કુટણી.
૨. [સં] સ્ત્રી ભાસક્ષી કરનારી સ્ત્રી; છૂપી વાતની પહોંચાડનારી સ્ત્રી.
૩. સ્ત્રી. દાસી
૪. સ્ત્રી. દૂતી; સંદેશો પહોંચાડનાર સ્ત્રી; દૂતપણું કરનારી સ્ત્રી
૫. સ્ત્રી પોળી રીંગણી.
૬. સ્ત્રી બીજા રાજ્યમાં મોકલાતી સ્ત્રી એલચી; સ્ત્રી પ્રતિનિધિ
૭. સ્ત્રી મેના.
૮. સ્ત્રી. રાજાની વિશ્વાસપાત્ર સ્ત્રી મંત્રી.

દૂનિયા ૧. સ્ત્રી ભાટિયાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દૂતિચર્જિતા [સં.] સ્ત્રી. (કામ) અસાધ્યા પરકીયા નાયિકાનો એક ભેદ. જોઈ પ્રકારના ભયથી કે મદદગાર નહિ મળવાના ભયકર્મ કરતાં અટકનારી સ્ત્રીને અસાધ્યા કહેવાય. તેના પાંચ ભેદ છે: (૧) ગુરુજનભીતા, (૨) ધર્મભીતા, (૩) દૂતિવર્જિતા, (૪) અતિક્રાંતા અને (૫) અનધિકાતા.

દૂતી ૧. સ્ત્રી. ઉખાણું; કૂટ પ્રશ્ન.
૨. [સં] સ્ત્રી. એકબીજા ઉપર પ્રેમવાળા જોડુપ્રેમ વચ્ચે એના સંદેશા લઈ જનાર કે તેમનો મેળાપ કરાવી આપનાર સ્ત્રી; કુટણી.
૩. સ્ત્રી. ભાસક્ષ સ્ત્રી.
૪ સ્ત્રી. દાસી; ચાકરડી.
૫. સ્ત્રી. (કામ) નાયક નાયિકાની વચ્ચે સંદેશા લઈ જનારી સ્ત્રી. એના ત્રણ ભેદ છે (૧) ઉત્તમા, (૨) મધ્યમા અને (૩) અધમા. આ તમામનાં જુદાં જુદાં કર્મ છે: (૧) સ્તુતિ, (૨) નિંદા, (૩) વિનય, (૪) પ્રબોધ, (૫) વિરહનિવેદન, (૬) સંઘટન. નર્તકી, સખી, દાસી, માલણ, ધોબણ તંબોલણ, સંન્યાસિની વગેરે દૂતી કામ માટે યોગ્ય ગણાય છે.
ચાટકથી વરસતો, આનન ચૂતી લેહ અરીસામાં, વાત નિરખી વલવાતી, કરમ દઈ કરતી દૂતી સામા
કાન્હડદે પ્રબંધ

૬. સ્ત્રી. મેના પક્ષી.
૭. સ્ત્રી. રાતી પાડલ નામની વનસ્પતિ.
૮. સ્ત્રી. સંદેશો પહોંચાડનાર સ્ત્રી. દૂતત્વ કરનારી સ્ત્રી.

દૂતીકર્મ [સં.] ન. દૂતી તરીકેનું કામ.
એ રમાએ મહારી અને કુસુમ વચ્ચે તમારી પાસે આ દૂતીકર્મ કરાવ્યું. બોબર્ણરામ

દૂતીપતિ [સં.] પું. નાયિકાનો નાયક પ્રતિ સંદેશ પહોંચાડવાનું દૂતીનું કામ.

દૂતીપિંડ પું. (જૈન) સાધુએ ગૃહસ્થનો સંદેશો પહોંચાડી આહાર લેવાનો દોષ.

દૂતીપ્રેષણ [સં.] ન. દૂતીનું કામ કરવા માટે કોઈ કોને મોકલવી તે.

દૂતીવર્જિતા જુઓ દૂતિવર્જિતા.

દૂતીવંચિતા [સં.] સ્ત્રી. (કામ) વિદગ્ધા નાયિકાનો એક ભેદ. જે સ્ત્રી દૂતીથી પ્રથમ કરી મિલનસ્થાનને છુપાવે તેને દૂતીવંચિતા કહે છે.

દૂતું વિ. ધુતેલું, ધૂર્ત.

દૂતર [સં. દુસ્તર] વિ. મુશ્કેલીથી પાર પડે એવું.

દૂત્તિ જુઓ દૂતી.

દૂત્ય ૧. ન. દૂતનું કામ.
૨. ક. દૂતનો ભાગ.
૩. ન. સંદેશો.

દૂદ [ફા.] પું. ધુમાડો

દૂદખાદુદા [ફા.] વિ. ધુમાડાવાળું.

દૂદકશ ૧. [ફા] સ્ત્રી. ચીમની; ધુમાડિયું.
૨. સ્ત્રી. વરાળથી ચાલતી હોડી; 'સ્ટીમર.'

દૂદલ (દૂદ્રલ) પું. જ ઝ નાના ભેદો.

દૂદમાન [ફા.] પું. ખાનદાની; કુળ.

દૂદરી સ્ત્રી. દેકારો.

દૂદલ [પું] ન. પ્રજ્ઞા; મેદ

દૂદિદિલ [ફા.] પું. નિઃશ્વાસ; નિસાસો.

દૂધ ૧. [સં. દુગ્ધ] ન. બચ્ચાં જન્મનારાં પ્રાણીઓની માદાના સ્તનમાં બાળકના પોષણ માટે નીકળતો ધોળો પ્રવાહી; સ્ત્રી અથવા માદાના સ્તનમાંથી બાળકના પોષણ માટે નીકળતો ધોળો પ્રવાહી પદાર્થ; સ્તન કે આંચળમાંથી નીકળતું ધોળું પ્રવાહી. પુષ્પકરણની દૃષ્ટિએ જોતા પ્રજોત્પાદક તત્ત્વ આ અને પ્રોટીનનું ઘણું મોટું પ્રમાણ દૂધમાં જોવામાં આવે છે. માનવી શરીરના ખોરાક તરીકે સામાન્ય રીતે ગાય, ભેંસ અને બકરીનું દૂધ વપરાય છે. દૂધમાં વિવિધ ગુણો રહેલા હોવાથી આપનું દૂધ રસાયણ તરીકે માનવામાં આવ્યું છે. તે પૃષ્ટિવર્ધક તરીકે ગણાય છે. આસપેરીબોગા અને તાકાત બક્ષનાર તેમજ દરેક ઝેરને રોકવામાં પણ માનવામાં આવ્યું છે. ગાયના દૂધમાં મધ નાખી પીવાથી હૃદયના રોગો નાબૂદ થવાની વાત અત્રિ મુનિએ હજારો વર્ષ પહેલા ઉચ્ચારી છે. ગાયનું દૂધ તાજેતાજું પીવામાં આવે તો તે આયુષ્યને વધારનારું અને આંખોને તેજ આપનારું કહેવામાં આવ્યું છે. આવા દૂધમાં સાકર મેળવી તેનું નિત્ય સેવન કરવાથી રક્તપિત્તનાં દર્દમાં ફાયદો થાય છે એમ હારિતકા સંહિતામાં નોંધાયેલું છે. ગાયના દૂધમાં સાકર અને અસબસ મેળવી પીવાથી ભાદરવા મહિનાના અતિસારના અને પિત્તપ્રકોપના તાવ નિવારવાના તમામ દર્દો નાબૂદ થાય છે. ગાયના દૂધમાં સાકર, અસબસ અને બદામ નાખી પીવાથી ઘણી મજબૂત બની જવાય છે. ગાયના દૂધમાં સાકર, અસબસ, બદામ અને કેસર નાખી પીવાથી ખૂબ અતિ તીવ્ર બનવાની વાત ભોજપ્રબંધના હસ્તલિખિત ગ્રંથોમાં જોવામાં આવે છે. ગાયના દૂધમાં ઘીંજુ નાખી પીવાથી પક્ષાઘાત દર્દો

મટવાની વાત અને કમળો નાબૂદ થવાની વાત બૌદ્ધ ધર્મનાં પુસ્તકોમાં જોવામાં આવે છે. ગધેડાના દૂધમાં સાતાવરી ઉકાળી દરરોજ રાત્રે એક માસ સુધી પીનાર માનવીની કામ સુદ્ધ અને સુંદર બનવાની વાત સારંગધર નામના આયુર્વેદના આધારભૂત પુસ્તકમાં જોવામાં આવે છે. ગાયના દૂધમાં ગોખરુ ઉકાળી પીવાથી મૂત્રાશયના દર્દો નાશ પામે કમરના જૂનામાં જૂના દુખાવા મટે છે. ગાયના દૂધમાં ગોખરો ઉકાળી તેની ખીર બનાવી તેમાં બદામ અને બસબસ નાખી પીનાર માનવી કદી માદગીને સ્વપ્નમાં પણ જોતો નથી એમ આયુર્વેદના મહામયકાર વાગ્ભટ કહે છે. ભેંસના દૂધનું નિત્ય સેવન કરનાર સદા ઉત્સાહી અને દીર્ઘાયુ બને છે, કારણ કે ભેંસનું દૂધ ગમને દૂર કરનારું છે અને તેના ગરબાનું પ્રમાણ વધારે હોઈ શરીરને ગરબીરૂપી દીવાલની તાકાત આપનારું છે. ઔષધરૂપમાં ભેંસનું દૂધ સાકર સાથે લેવાયું તે મજ્જાના જ્ઞાનતંતુઓને શાંત કરી આરામ અને ઊંઘ આપનારું છે. ભેંસનું દૂધ અંકુર સાથે ઉકાળીને લેવાથી નાસૂરના રોગ મટવાની વાત એક પુરાણા ગ્રંથમાં જોવામાં આવે છે. ભેંસના દૂધને ઉકાળી તેમાં બદામ અને અસવ્રી નાખી લેવાથી પિત્તનાં દર્દો શાંત થાય છે. ભેંસનું દૂધ વધારે ઠંડકવાળું હોઈ તેમ જ વાયુકર્તા હોઈ કોઈના દર્દીઓને કદી આપવું નહિ. વાયુના દર્દીઓને ઘરઘિંગ સાથે ઉકાળ્યા સિવાય કદી આપવું નહિ. પ્રમાણની દૃષ્ટિએ જોતાં ભેંસના દૂધમાં ગરબીનું બીજું મોટું પ્રમાણ છે કે મુલાયમ શરીરવાળા માનવીઓ માટે તે બહુ અગત્ય સમાન છે. બકરીના દૂધની વિશિષ્ટતા તે કશું ઠોસ ન હોવા છતાં તેનામાં એક તૂરો રસ વધારે છે, તેથી તે મળને બાંધનાર ઔષધ છે. તેમાં પ્રોટીન, ગરબી અને પ્રકીર્ણ તત્ત્વ આ નું બીજું મોટું પ્રમાણ મળી આવે છે કે પુરાણા કાળના ઋષિમહર્ષિઓએ રુગ્ણના દર્દ માટે આ દૂધની ભલામણ કરી છે તે બરોબર જ અતિસુયોગ્ય છે. બકરીનું દૂધ પિત્તના રોગોમાં ઉકાળીને આપવાથી અથવા તાજું લેવાથી એક બહુ ઔષધની ગરજ સારે છે. ખારીમાં બકરીના દૂધનું જ સેવન કરનાર જોતજોતામાં દર્દમુક્ત થાય છે એમ વૃદ્ધજનો કહે છે. મરડામાં પાતળું ઓછી બટકાવવામાં બકરીનું દૂધ એક ઉત્તમ ઔષધ છે એમ ઘણાં જૂનાં પુસ્તકનો આધાર છે. આ દૂધ ત્રિદોષને હરનારું છે અને તેનું નિત્ય સેવન જનતના તમામ વ્યાધિઓમાંથી બચાવનારું છે. ઓછામાં ઓછો આપો દિવસમાં પોણો શેરથી એક શેર દરેક માનવીએ લેવો જરૂરી છે પણ કેવળ દૂધ ઉપર રહેનાર માણસે આપો દિવસમાં ઓછામાં ઓછું બારથી પંદર રતલ દૂધ શરીરને પૂરું પોષણ આપવા માટે લેવું જોઈએ. એક રતલ ગાય, ભેંસ અને બકરીના દૂધમાં સમાયેલાં તત્ત્વોનું પૃથક્કરણ એમ છે :

દૂધ	કાર્બોહાઇડ્રેટ	પ્રોટીન	ચરબી	ખનિજ	પાણી	પ્રત્યક્ષ તત્ત્વો		
						અ	બ	ક
ગાયનું	૨૦·૮	૧૫·૪	૧૬·૨	·૬૨	૦૩૬	·૬	૮૪૬	૮૦	૧૦
ભેંસનું	૨૨·૨	૧૬·૨	૩૭·૨	૬૪	·૦૪૬	૬	૭૮૨	...	...
બકરીનું	૨૦·૨	૧૬·૧	૨૪·૧	·૭૧	·૪૮	·૧૨	૮૬૮	...	...

વૈદ્ય ડાક્તરો તો એકોઅવાજે જાહેર કરે છે કે, ગાયનું દૂધ ભેંસના દૂધ કરતાં ગુણમાં અડિયાતું છે અને દુગ્ધાહારકોઓનું કહેવું છે કે, ગાયનું દૂધ પાતળી અવસ્થા દેહણ કાયના કરતાં પણ વધારે કસદાર બનાવી શકાય છે. આ બધી વસ્તુને ધ્યાનમાં મુખ્યત્વે રેખાકૃતિમાં ગોઠવીને બનાવી છે. ત્યાંની ગાય આપણી ભેંસો કરતાં વધારે ઉત્તમ દૂધ આપે છે. જે કેટલાક સૂક્ષ્મશરીરનાશક અને આરોગ્યવર્ધક ગુણો ગાયના દૂધમાં છે, તે ભેંસના દૂધમાં હોતા નથી. ધર્મંત પુરુષો કહે છે કે, ગાયનું દૂધ સાત્ત્વિક છે, ત્યારે ભેંસનું તામસી છે. જેમ દવાખાનની ડિસ્પેન્સરીની કીમત બધે એકસરખી છે, તેમ દૂધની કીમત અને બનતનું એક જ પ્રમાણ બધે ચાલુ કરવું જોઈએ. ગાયનું, ભેંસનું, બકરીનું, ગાધરનું, સાઢણીનું, ગધેડીનું, ઘોડીનું અને સિંધ્વનું દૂધ આપણા દેશમાં મળી આવે છે, દૂધ સવારે કાંઈક ભીનું હોય છે અને તેમાં એક જાતની વિલક્ષણ કમકી ગંધ હોય છે. જુદી જુદી જાતનાં પ્રાણીઓનાં દૂધના સમોજક પદાર્થ સરખા હોય છે, પણ તેના પ્રમાણમાં ઓછોવત્તો તફાવત હોય છે. એક જાતનાં જુદાં જુદા પ્રાણીઓના અને કોઈ કોઈ વખત એક જ પ્રાણીના જુદી જુદી વખતના દૂધમાં ઓછોવત્તો તફાવત પડે છે. દૂધમાં ૯૭ થી ૮૯ ભાગ પાણી હોય છે અને બાકીનો ભાગ ચરબી, સાકર, મીઠું વગેરે હોય છે દૂધને ઘોડો વખત રિયર રહેવા દેવામાં આવે તો તેની ચરબી ઉપર તરી આવે છે અને તે બરફાઈને મલાઈ તથા માખણ થાય છે. દૂધમાં ખટાશનો અંશ મળે તો તે બગડેલું કહી શકાય છે. કોઈ વખત એમ પણ બને છે કે, દૂધનું પાણી અને તેના સમોજક તત્ત્વો જુદાં જુદાં થઈ જાય છે, એટલે કે દૂધ ફાટી જાય છે. મનુષ્યજાતિનું સ્ત્રીના દૂધને મોળી વધારે મળતું દૂધ ગાય તથા ભેંસનું છે. તેથી બાળક મોટે ભાગે ગાય તથા ભેંસના દૂધ વાપરે છે. કોઈ કોઈ બકરી તથા ઊંટણી વગેરેનું દૂધ પણ વાપરે છે. વૈદકમાં જુદાં જુદા પ્રાણીઓનાં દૂધના જુદા જુદા ગુણ બતાવ્યા છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ દૂધનું પૃથક્કરણ કરી તેનાં તત્ત્વોનો નિર્ણય કર્યો છે, તે પ્રમાણે ૧૦૦ અંશ દૂધમાં ૮૬·૮ અંશ પાણી, ૪ ૮ અંશ સાકર, ૩·૬ અંશ માખણ, ૪ અંશ કેસિન અને ઈંડાની સફેદી તથા ૭૭ અંશ ફોસ્ફરસ વગેરે અનિજ પદાર્થ હોય છે. પ્રાણીઓના દૂધ બાંધેલી વસ્તુઓનું પ્રમાણ નીચે પ્રમાણ છે

દૂધ આપનાર પ્રાણી	જલ	ઘનપદાર્થ દૂધ	અત્યાવશ્યક કેસિન	પ્રોટીન આલ્બ્યુમન	માખણ	દૂધખાંડ	ખનિજ દ્રવ્ય
ગરબની ગાય	૮૭·૩	૧૨·૦	૨ ૬	૦ ૫	૩·૭	૪ ૬	૦ ૭
દેશી ગાય	૮૫ ૪	૧૪ ૫	૨ ૮	૦ ૬	૫ ૭	૪ ૪	૦ ૬૬
ભેંસ	૮૨·૨	૧૭·૭	૪ ૩	૦ ૪	૭ ૫	૪ ૩	૦ ૮
બકરી	૮૬ ૬	૧૩ ૦	૨ ૬	૦ ૬	૪·૦	૪·૬	૦ ૮

દૂધ આપનાર પ્રાણી	જળ	ચરબીનું દૂધ	નાઇટ્રોજનયુક્ત પદાર્થ કેસિન	પ્રોટીન આલ્બ્યુમેન	સાખ્યજ	દૂધખાંડ	ખાતુ દૂધ
ગેરી	૮૩·૬	૧૬·૦	૪·૨	૧·૦	૬·૨	૪·૭	૦·૬
સાંઢણી	૮૭·૧	૧૨ ૯	૩·૫	૦ ૪	૨ ૬	૫·૪	૦ ૭
સ્ત્રી	૮૭·૬	૧૨·૦	૦·૮	૧·૨	૩·૭	૬·૪	૦·૪
ઘોડી	૯૦·૬	૯·૦	૧·૩	૦·૭	૧·૧	૫·૮	૦·૩
બાયણી	૬૭·૮૫	૨૬·૨	૨·૦	૧·૦	૧૯·૫૭	૩·૧	૦·૬
રેનડીઅર	૬૭·૨	૩૧·૧	૮·૪	૧·૫	૧૭·૦	૨·૮	૧·૪
ઘેટાંબ	૪૮·૬	૪૧·૧	૬·૦	૧·૧	૪૩·૬	···	૦·૪

દૂધ વિષે ગાંધીજી કહે છે કે: દૂધ ઉદ્વિપવિકાર પેદા કરનાર વસ્તુ છે. ઉદ્વિપદમન અર્થે દૂધ છોડવું જોઈએ છે. દૂધના લાભમાં ધર્મલાભને પ્રધાનપદ કહ્યું. જેમ માંસ તેમ જનવરનું દૂધ પણ મનુષ્યનો ખોરાક નથી. આહાર વિષેનાં અગ્રેજી પુસ્તકોમાં મેં જોયું કે મેળવકોએ બહુ સૂક્ષ્મ વિચારો કરેલા. આહારને તેઓએ ધાર્મિક, વૈજ્ઞાનિક, આધ્યાત્મિક ને વૈદક દૃષ્ટિથી તપાસ્યો હતો. નૈતિક દૃષ્ટિએ તેઓએ વિચાર્યું કે મનુષ્યને પશુપખીની ઉપર સામ્રાજ્ય મળ્યું છે, તે તેઓને મારી ખાવાને અર્થે નહિ, પણ તેઓની રક્ષા અર્થે, અથવા જેમ મનુષ્ય ગોબરીઓનો ઉપયોગ કરે છે પણ ગોબરીઓને ખાતા નથી, તેમ પશુપંખી પણ તેવા ઉપયોગ અર્થે છે, ખાવાને અર્થે નથી. વળી તેઓએ જોયું કે ખાવું તે જીવને અર્થે નહિ પણ જીવવાને અર્થે છે. આ ઉપરથી કેટલાકે ખોરાકમાં માંસનો જ નહિ પણ ઈંડાં અને દૂધનો પણ લાગ સૂચવ્યો અને કર્યો; પણ અનુભવનો મારો અનુભવ જેમ જ સૂચવે છે કે જેની ખોરડી મંદ થઈ છે ને જે બિમારીવશ થયો છે તેને સારૂ દૂધ જેવો બીજો હલકો તથા પોષક ખોરાક જ નથી.

૧. જિવ્યું એટલું દૂધ નહિ, પીધું એટલું સોનું નહિ = સમ સ્વરૂપથી કે કુપરંગ જોઈ ભુલાવું નહિ

૨. દૂધ અને ઢાંગ બને રાખવાં = પ્રેમ અને સખ્તાઈ બંને બતાવવાં.

૩ દૂધ અને દહીંમાં જેમાં પગ રાખવા = બને બાજુ આડું મારવું; બંને તરફ હોજાવી વગાડવી.

૪. દૂધ ઊતરવું = સ્તનમાંથી દૂધ વહેવું; દૂધથી ભરતી ભરાઈ જવી.

૫. દૂધ ઝરવું = (૧) આતુર હોવું; પ્રેમ નહિ હોવો. (૨) મનુષ્યમાં કરુણ ભાવના ને કુમાં ખોળો રસ ભરાવો. (૩) ચામડાં દૂધ ભરાવું. (૪) ખાને મારો; હિમત આવવી.

૬. દૂધ છોડાવવું = બાબત મુકાવું; પગરાવવું બંધ કરવું.

૭. દૂધ જાવું = (૧) દૂધનું બળી જવું. (૨) સુકાઈ જવું.

૮. દૂધ દેખવું = સમજાં બીજા સ્તનમાંથી દૂધ કાઢીને તે પાતળું છે કે જાડું તે જોઈ શું બાળક આપણે તે પારખવું. જાડું દૂધ હોય તો છોકરો, પાતળું દૂધ હોય તો છોકરી આવે.

૯. દૂધ દેવું = (૧) લાંચ કરવો. (૨) સૌથી વધારે સારૂ કરવું.

૧૦. દૂધ ધોવું = (૧) દૂધમુખા છોકરને ધોવું. (૨) સ્તન ઉપરથી દૂધની ધાર કાઢવી.

૧૧. દૂધ ધોઈ આપવું = લાંચ કરી આપવો; કમાઈ આપવું. તમારાં માતુશ્રી બનાવે છે કે સરસ્વતીચંદ્ર તમને શું દૂધ ધોઈ આપવાના હતા કે જેની તેની પણ આ કમાઈ ખોટી એની પાછળ પ્રવાસનું વિરોધ આરંભ કરો છો? —ગોવર્ધનરામ

૧૨. દૂધ ધોવી પીવું = દુઃખાવું રાખી આપેપીપે સુખી થવું.

૧૩. દૂધ પડવું = રસ બનવો.

૧૪. દૂધ પહડને ઉઠેરેલો સાપ = પોતાપોતાને મોટો કરેલો પણ બનતો નઠારો માણસ.

૧૫. દૂધ પાવું = બગરાવવું.

૧૬. દૂધ પીતા રૂંધિયા = બાજર ખાતરી મૂકી.

૧૭. દૂધ પીતાં વિઘ્ન ન પાવવું = બાં સ્નેહ હોય ત્યાં દુઃખનાપદ ન આપવી.

૧૮. દૂધ પીવું કરવું = બન્મતિની સાથે નારીજાતિના બાળકને રેલમી કપડામાં, મૂલ્યવાળી મારી નાખવું. આ પ્રથા અમારી ગરોલરના બેઉબ્બા કચ્છીમાં સામાન્ય હતી.

૧૯. દૂધ પીવું બચ્ચું = ઘણું નાનું બાળક; ધાવણું બાળક.

૨૦. દૂધ પીને દીકરો બચાવો = સ્વરૂપવાન બાળકને જન્મ આપવો.

૨૧. દૂધ પીવું = ધાવવું.

૨૨. દૂધ ફાટવું = દૂધનું પાણી અને ચીબ બાગો જુદા જુદા થઈ જવા; દૂધ બગડવું.

૨૩. દૂધ ફાડવું = કોઈ ક્રિયાથી દૂધનું પાણી અને ચીબ ભાગ જુદા પાડવા.

૨૪. દૂધ ભર આવવું = (૧) લાંચથી હોવી. (૨) સ્તન દૂધથી ભરપૂર હોવા.

૨૫. દૂધ ભરાઈ આવવું = હેત ઊપજવું.

૨૬. દૂધ ભરી કટોરિયાં = દૂધથી ભરપૂર સ્તનો

૨૭. દૂધ વેચવું = (૧) દૂધનું વેચાણ કરવું. (૨) પાઈ તરીકે કામ કરવું

> દૃગમ્બુરૂપી પ્રારબ્ધ કેમ કામ્યો. નાનાલાલ

દૃગમીન ન. દૃષ્ટિરૂપી માછલું.

> ચલિત કરગંત્ર દૃગમીન તરલિત થતું,
> મધુર મંદાર મખમું ભાવભીનું.
> વાસવદત્તાવિલાપિની

દૃગમુદ્રિત વિ. આંખ મીંચેલ.

> દૃગમુદ્રિત બોગી રાહ, ખોલે તિહાં નિરખે ખૂબ;
> કર જગમાયા બહુ પ્રકારમ, પૂરણ પૂરણ અખિલબ્રહ્મ.
> અદાકાનંદે રાસ

દૃગયંત્ર ન. સમાંતર અને ઉચ્ચતાંશ જોવાનું જોડ જાણવું યંત્ર.

દૃગરુચિ ૧. [સં. દૃગ્ (નજર) + રુચિ (પ્રેમ)] સ્ત્રી. નજરે જોવાથી જાગતો પ્રેમ.

૨. સ્ત્રી. પ્રેમલક્ષણા ભક્તિનું જોડ સ્વરૂપ.

દૃગલ [સં.] ન. વિભાગ; કટકો; ટુકડો.

દૃગવિષય પું. જ્ઞાન; પ્રતીતિ; ઘટના; દૃશ્ય.

દૃગંચલ ૧. [સં.] પું. આંખનો ખૂણો

૨. પું. પલક; આંખનું મટકું; આંખનો પલકારો.

દૃગંચળ જુઓ દૃગંચલ.

દૃગંજન [સં.] ન. આંખનું અંજન.

દૃગેદગ ન. નજરોનજર; સામસામ.

દૃગ્ગણિત [સં.] ન. (જ્યોતિષ) જે ગણિતથી આકાશી પદાર્થોનું આવતું સ્થાન આકાશમાં દેખાતા તેમ્હોના સ્થાન સાથે બરાબર મળી રહે તે ગણિત.

દૃગ્ગતિ ૧. [સં] સ્ત્રી. આંખની ગતિ; દૃષ્ટિની ગતિ કે પ્રકાર.

૨. સ્ત્રી. (જ્યોતિષ) દશમા સ્થાનની નતાંશની કોટિજ્યા. સૂર્યગ્રહણ કાઢવામાં તેની જરૂર પડે છે. તે કાઢવાની રીત જેવી છે તે, મધ્યલગ્નને ઉદયલગ્નથી ગુણી ત્રિજ્યાથી ભાગવો. ભાગાકારના વર્ગમાંથી ત્રિજ્યાનો વર્ગ બાદ કરવો. જે શેષ વધે તેના આંકનો વર્ગમૂલ દૃગ્ગતિ કહેવાય છે.

દૃગ્ગોચર [સં.] વિ. દૃષ્ટિગોચર; જોઈ શકાય એવું; નજરે પડતું; આંખથી દેખાય એવું.

દૃગ્ગોલ [સં.] ન. ખગોળશાસ્ત્રમાં વર્ણવેલ એક ગોલ; ખગોળનો અંતર્ગત એક ગોલ. જે વૃત્ત ઊર્ધ્વ સ્વસ્તિક અને અધઃ સ્વસ્તિકમાં હોવાનું કલ્પીને ત્યાં ગ્રહોનો ઉદય થાય કે અસ્ત થાય તેની સ્થિતિનો પત્તો મેળવવામાં આવે છે તે વૃત્ત દૃગ્ગોલ કહેવાય છે. તેને દૃગ્મંડલ તથા દૃગ્વલય પણ કહે છે.

દૃગ્જલ [સં.] ન. આંસુ.

દૃગ્જળ જુઓ દૃગ્જલ.

દૃગ્જ્યા [સં.] સ્ત્રી. દિનમાન શોધવા માટે ક્રાંતિવૃત્તમાંમાં વપરાતી ક્ષેત્રરેખા છાયા; દિનમાન વગેરે જાણવા માટે ક્રાંતિવૃત્તમાં ઉપયોગી દૃષ્ટિ ગોળ દૃવૃત્તક્ષેત્રરેખા છાયા. દૃગ્મંડલ કે દૃગ્ગોલના ખ સ્વસ્તિકથી કોઈ ગ્રહ જેટલો નીચો હોય તેને નતાંશ કહે છે અને તે નતાંશની જ્યાને દૃગ્જ્યા કહે છે

દૃગ્નતિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહણદર્શનમાં ઉપયોગીરૂપે કહેવેલી દક્પ્રકારની જોડ નતિ; દૃગ્જ્યા અને દૃક્ક્ષેપના વર્ગોના અંતરનું વર્ગમૂળ; $\sqrt{\text{દૃગ્જ્યા}^2 - \text{દૃક્ક્ષેપ}^2}$.

દૃગ્પાત [સં. દૃક્પાત] પું. નજર પડવી તે.

દૃગ્પાતવિષય [સં. દૃક્પાતવિષય] પું. દેખાવ; 'સીન.'

દૃગ્વજ્ર ૧. [સં] પું. વજ્ર.

૨. પું. સર્પ.

૩. પું. સૂર્ય.

દૃગ્ભૂમિ [સં.] સ્ત્રી. દૃષ્ટિગોચર પ્રદેશ; ભૂગોળ.

દૃગ્ભૂમિચિત્ર [સં.] ન. સૃષ્ટિચિત્ર; પ્રકૃતિદર્શનાલેખન; દૃશ્યચિત્રણ; દૃશ્યચિત્ર.

દૃગ્‌મંડલ [સં.] ન. કોઈ પણ આકારથી પદાર્થ અને ખ સ્વસ્તિક જે એમાંથી પ્રસાર થતું અપ્રવૃત્ત; દિગ્ભેદ; ગોલબંધમાં આવતું ગોળાકાર ક્ષેત્ર અંશ.

દૃગ્યંત્ર [સં.] ન. કોઈ પણ આકારથી પદાર્થના દિગંશ અને ઊનતાંશ માપવાનું યંત્ર.

દૃગ્લંબન ૧. ન. કોઈ પણ આકારથી પદાર્થના નતાંશ અથવા ઊનતાંશમાં લંબનને લીધે પડતો ફેર.

૨. [સં.] ન. ગ્રહયુદ્ધદર્શનમાં યોગ્ય ક્ષેત્રસ્થ ક્ષેત્ર અંશ; ગ્રહણ જોવામાં ઉપયોગી દિગ્ક્ષેત્રસ્થ લંબ ગ્રહણ સ્પષ્ટ કરવામાં આવે ત્યારે સૂર્ય, ચંદ્ર ગર્ભાભિપ્રાયથી જે સૂત્રમાં આવી જાય, પણ પૃષ્ઠાભિપ્રાયથી જે સૂત્રમાં ન આવે, ત્યારે તેમને પૃષ્ઠાભિપ્રાયથી જે સૂત્રમાં લાવવા માટે જે પૂર્વાપર સંસ્કાર કરવામાં આવે છે તેને દૃગ્લંબન કહે છે

દૃગ્વલય જુઓ દિગ્વલય.

દૃગ્વિલાસિની ૧. [સં.] સ્ત્રી. આંખને મોહ પમાડે તેવી સ્ત્રી.

૨. સ્ત્રી. વેશ્યા સ્ત્રી.

દૃગ્વિષ [સં.] પું. જેની દૃષ્ટિમાં ઝેર હોય એવો સર્પ.

દૃગ્વૃત્ત [સં.] ન. ક્ષિતિજ.

દૃગ્વૃત્તિ જુઓ દૃગ્વૃતિ.

દૃગ્‌મંડલ જુઓ દૃગ્‌મંડલ.

દૃઢ [સં.] પું. રાંધવા માટે જમીનમાં ખોદેલી ચૂલ.

દૃઢ ૧. [સં.] પું. (પુરાણ) તેરમા મનુનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

૪. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. ભગવાનના સ્વરૂપ, સામર્થ્યાદિની કદી પ્રત્યુતિ એટલે હાંસી થતી નથી તેથી તે દૃઢ કહેવાય છે.

૫. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૬. ન. અતિરૂપ.

૭. ન. લોઢું; લોખંડ.

૮. વિ. અચલ; મક્કમ; ફરે નહિ એવું.

૯. વિ. આગ્રહ કરે કે હાલે નહિ એવું; સિદ્ધ.

૧૦. વિ. અસિધિલ; મજબૂત.

૧૧. વિ. કઠણ; જલદી ન તૂટેફૂટે એવું.

૧૨. વિ. ખૂબ.

૧૩. વિ. ઘટ્ટ; અતિ નિબિડ; પ્રગાઢ.

૧૪. વિ. નક્કી થયેલું.

૧૫. વિ. નિપુર.

૧૬. વિ. નીડર.

૧૭. વિ. પાકું; નિશ્ચિત.

૧૮. વિ. બળવાન; અક્ષિક; સમર્થ; હૃષ્ટપુષ્ટ.

૧૯. વિ. શક્તિવાળું.

૨૦. વિ. (ગણિત) સામાન્ય અવયવ ન હોય એવું. જે બે સંખ્યા વચ્ચે કોઈ સામાન્ય અવયવ ન હોય, તે બે સંખ્યા પરસ્પર દૃઢ કહેવાય છે. જેમકે, ૬ અને ૨૫.

૨૧. વિ. સ્થાયી; દૃઢ.

૨૨. વિ. સ્થિર; નિશ્ચલ.

૨૩. વિ. સ્થૂલ.

દૃઢકથન [સં. દૃઢ + કથન] ન. દૃઢ વિધાન; દૃઢોક્તિ; પ્રતિજ્ઞા.

દૃઢકર્મા [સં. દૃઢકર્મન્] વિ. ધૈર્યથી અને સ્થિરતાથી કામ કરનાર.

દૃઢકંઠ [સં.] પું. કુદરતથી જ મજબૂત કંઠવાળું પ્રાણી.

દૃઢકારી ૧. [સં. દૃઢકારિન્] વિ. દૃઢતાથી કામ કરનાર.

૨. વિ. મજબૂત કરનાર.

દૃઢકાંડ ૧. [સં.] પું. રોહિષ ઘાસ.

૨. પું. વાંસનું ઝાડ.

દૃઢકાંડા [સં.] સ્ત્રી. પાતાળગારુડી લતા.

દૃઢક્ષત્ર [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈઓનો એ નામનો એક પુત્ર.

દૃઢક્ષત્ર [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

દૃઢક્ષુરા [સં.] ન. એક જાતનું ઘાસ.

દૃઢગાત્ર [સં. દૃઢ (મજબૂત) + ગાત્ર (શરીર)] વિ. મજબૂત શરીરવાળું.

દૃઢગાત્રિક [સં.] વિ. મજબૂત શરીરવાળું.

દૃઢગાત્રિકા [સં.] સ્ત્રી. એક જાતની સાકર.

દૃઢગુપ્ત પું. (ગણિત) જેના આપણે તે પોતે અને ૧ સિવાય બીજા અવયવ ન પડી શકે તેવો અવયવ. જેમકે, ૨ અને ૩ એ દરેક ૬ ના દૃઢગુપ્તો છે.

દૃઢગ્રંથિ ૧. [સં.] પું. વાંસનું ઝાડ.

૨. સ્ત્રી. મજબૂત ગાંઠ.

૩. વિ. મજબૂત ગાંઠવાળું.

દૃઢચિત્ત [સં.] વિ. જેનું મન મજબૂત હોય એવું; મજબૂત ચિત્તવાળું.

દૃઢજટ [સં.] પું. દીર્ઘરોહિષ નામનું ઘાસ.

દૃઢચ્યુત [સં.] પું. (પુરાણ) અગસ્ત્ય મુનિનો એ નામનો એક પુત્ર; પરપુરંજય નામના રાજાની પુત્રી કૃષ્ણેક્ષણાના ગર્ભથી ઉત્પન્ન થયેલ અગર તનો એ નામનો પુત્ર.

દૃઢતમ [સં. દૃઢ + તમ (શ્રેષ્ઠતાવાચક પ્રત્યય)] વિ. સૌથી વધારે દૃઢ.

દૃઢતર [સં. દૃઢ + તર (વિશેષતાવાચક પ્રત્યય)] વિ. વધારે દૃઢ; વિશેષ દૃઢ.

દૃઢતરુ [સં.] પું. એક જાતનું ઝાડ; ખાવડીનું ઝાડ.

દૃઢતા ૧. [સં.] સ્ત્રી. મજબૂતી.

૨. સ્ત્રી. અસિધિલપણું.

૩. સ્ત્રી. કઠણતા; ન બરડપણું એવું હોવાપણું; સખ્તાઈ.

૪. સ્ત્રી. કઠોરતા; કરડાપણું.

૫. સ્ત્રી. દૃઢપણું; મક્કમપણું.

૬. સ્ત્રી. ધીરતા; નીડરપણું; ધીરજ; હામ; હિંમત

૭. સ્ત્રી. નક્કીપણું.

૮. સ્ત્રી. નિશ્ચય.

૯. સ્ત્રી. પુખ્તતા; જાડપણું.

૧૦. સ્ત્રી. પ્રગાઢતા; ઘટ્ટપણું.

૧૧. સ્ત્રી. મક્કમપણું.

૧૨. સ્ત્રી. મજબૂતી; મજબૂતપણું; દાઢીપણું.

૧૩. સ્ત્રી. શક્તિમાનપણું.

૧૪. સ્ત્રી. સમર્થપણું; બળવાનપણું.

૧૫. સ્ત્રી. સ્થિરપણું.

૧૬. સ્ત્રી. સ્થૂલતા.

દૃઢતૃણ [સં.] ન. મુંજ ઘાસ.

દૃઢતૃણા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વલ્વજ.

દૃઢત્વ [સં.] ન. દૃઢપણું; દૃઢતા.

દૃઢત્વચ ૧. [સં. દૃઢત્વચ્] પું. બાવરનું ઝાડ.

૨. પું. બાવળનાં ઝાડ; એક જાતનું બાવળ.

૩. વિ. જેની ત્વચા કે છાલ કઠણ હોય તેવું.

દૃઢધનુ [સં.] પું. એક ઋષિ; દૃઢચ્યુતનો એ નામનો પુત્ર.

દૃઢદંશક [સં.] પું. એક પ્રકારનો જલજંતુ; એક જાતનું માછલું.

દૃઢદંશકી [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

દૃઢદ્યુમ્ન [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

દૃઢધન [સં. દૃઢ (નિશ્ચયરૂપ) + ધન (સંપત્તિ)] પું. શ્રાવ્ય મુનિ; બુદ્ધ.

દૃઢધનુષ [સં. દૃઢધનુસ્] પું. શ્રાવ્ય મુનિ; દૃઢધન.

દઢધન્વા ૧. [સં. દઢધન્વન્] પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એ નામે પુરુવંશી એક રાજા.

૨. વિ. દૃઢ ધનુષવાળું; મજબૂત ધનુષવાળું.

૩. વિ ધનુર્વિદ્યા જાણનાર; ધનુર્વિદ્યામાં કુશળ.

દઢધન્વી [સં. દઢધન્વિન્] વિ. જેનું ધનુષ દૃઢ હોય એવું.

દઢધુર [સં. દૃઢધુર્] વિ. ભાર ઉપાડી શકે એવું.

દઢનામ [સં.] પું. અજાને રોકવાની એક રીત. વિશ્વામિત્રે રામચંદ્રને આ રીત બતાવી હતી.

દઢનિશ્ચય ૧. [સં. દૃઢ + નિશ્ચય (નિર્ણય)] પું સ્થિરપ્રજ્ઞ આત્મજ્ઞાની, તત્ત્વતઃ ભવસાગરમાંથી પામેલ સ્થિરપ્રજ્ઞ

૨. વિ. દૃઢ નિશ્ચયવાળું; અડગ સંકલ્પવાળું.

દઢનિશ્ચયી વિ. દૃઢ નિશ્ચયવાળું; મક્કમ વિચારનું; અડગ; ટેકીલું.

દઢનીર [સં.] પું. નાળિયેરનું ઝાડ; દઢફળ.

દઢનેત્ર [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

દઢનેમિ ૧. [સં.] પું. (પુરાણ) અજમીઢવંશી એ નામનો એક રાજા.

૨. પું. (જૈન) ભાવીચોવીસ તીર્થંકર નેમનાથનો એ નામનો આઠમો.

૩. પું. મજબૂત નેમિવાળો રથ.

૪. પું. (પુરાણ) સોમવંશી પુરુહોત્પન્ન હરિતના પુત્ર રૈવનીઢ અમર દ્વિમીઢના વંશના સહસ્રપ્રતિ રાજાનો એ નામનો પુત્ર.

૫. વિ. મજબૂત પરીવાળું.

દઢપત્ર ૧. [સં.] ન. વાંસનું ઝાડ.

૨. વિ. મજબૂત પાંદડાંવાળું.

દઢપત્રા જુઓ દઢપત્રી.

દઢપત્રી [સં.] સ્ત્રી. વજ્રવલ્લ ઘાસ.

દઢપદ [સં.] પું. (પિંગળ) ત્રેવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૩ તથા ૧૦ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે. તેમાં અંતે બે ગુરુ હોય છે. તેને ઉપમાન પણ કહે છે.

દઢપાદ ૧. [સં.] પું. બકરો.

૨. વિ પાકા વિચારવાળું; દૃઢનિશ્ચય.

દઢપાદી [સં.] સ્ત્રી. બોંયઆંબલી.

દઢપિઠ પું. વનસ્પતિમાં થતા એક જાતના રોષ; કોઈ પણ ઝાડના થડની બનાવેલી કે કપાયેલી સપાટી ઉપર બંધાતો નરમ પુષ્ટિપ્રદાવાળો પિરિયમ. ઝાડને કાપવાથી દઢપિઠમાંથી નવાં મૂળ વિકસે છે.

દઢપૃષ્ઠક [સં. દૃઢ (મજબૂત) + પૃષ્ઠ (પીઠ)] પું. કાચબો.

દઢપ્રતિજ્ઞ [સં. દૃઢ (મજબૂત) + પ્રતિજ્ઞા (નિશ્ચય)] વિ. દૃઢ પ્રતિજ્ઞાવાળું; કરેલ પ્રતિજ્ઞાથી ચલાયમાન ન થાય એવું; પ્રતિજ્ઞામાં દૃઢ રહેનાર.

દઢપ્રતિજ્ઞક વિ. દૃઢ પ્રતિજ્ઞા કરનાર.

દઢપ્રહાર [સં.] પું. (પુરાણ) એ નામનો યાદવોનો એક નાયક.

દઢપ્રહારી ૧. પું. (જૈન) એ નામના એક જૈન મુનિ. તે પ્રથમ ચોરોના નાયક હતા અને પાછળથી દીક્ષા લઈ મોક્ષે ગયા.

૨. [સં. દૃઢ (મજબૂત) + પ્રહાર (માર) + ઇન્ (વાળું)] વિ. મજબૂત માર મારનાર.

દઢફલ [સં.] ન. નાળિયેરનું ઝાડ.

દઢબદ્ધ [સં.] વિ. અસ્થિચિત્ત; સાવધ.

દઢબંધ ૧. [સં.] પું. એક જાતની કાપડરચના.

૨. પું. મજબૂત બંધન; સખત હેડ, મેદી વગેરેનું બંધન.

દઢબંધન [સં.] ન. મજબૂત બંધન.

દઢબંધની [સં.] સ્ત્રી. રુદ્રાક્ષા જાતા.

દઢબંધિની [સં.] સ્ત્રી. અનંતમૂલ નામની જાતા.

દઢબીજ ૧. [સં.] પું. બાવળનું ઝાડ.

૨. પું. ગોરડીનું ઝાડ.

૩. ન. કાચું બી.

૪. વિ. કઠણ બીવાળું.

દઢભક્તિ ૧. [સં.] સ્ત્રી. અચળ ભક્તિ.

૨. સ્ત્રી. અચળ ભક્તિવાળી સ્ત્રી; પતિ ઉપર મજબૂત ભક્તિવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. પત્ની પ્રીતિ.

૪. સ્ત્રી. દૃઢ ભક્તિવાળી વેશ્યા.

૫. વિ. અવિચળ ભક્તિવાળું; દૃઢ સેવાવાળું.

દઢભાજક ૧. [સં.] પું. (ગણિત) બે કે વધારે અંકોનો મોટામાં મોટો સાધારણ અવયવ; બે કે વધારે સંખ્યાને નિઃશેષ જાનારી સંખ્યાઓમાંની મોટામાં મોટી સંખ્યા; બે કે વધારે સંખ્યાનો મોટામાં મોટો નિઃશેષ ભાજક. જેમકે, ૩૦ અને ૪૨નો મોટામાં મોટો નિઃશેષ ૬ છે, માટે ૬ તે બે રકમનો દૃઢભાજક છે.

૨. વિ. બાકીમાં શૂન્ય રાખે એવું અથવા જેની પછી ભાગ નહિ એવું. આંક માટે આ શબ્દ વપરાય છે.

દઢભાજ્ય [સં.] પું. લઘુતમ સાધારણ ભાજ્ય; નિઃશેષ લઘુતમ સાધારણ ભાજ્ય; લઘુતમ સાધારણ અવયવી; લઘુતમ; 'લોએસ્ટ કૉમન મલ્ટિપલ.' અંગ્રેજ સરકારે શાળાઓ ઉપર્યુક્ત તે પહેલાંની પંજાબની શાળાઓમાં લીલાવતી પદ્ય અંકગણિતના શિક્ષણ માટે ચાલતો હતો આ ગ્રંથમાં દૃઢભાજક છે, પરંતુ આજે જે લઘુતમ સાધારણ ભાજ્ય કે લઘુતમ સાધારણ અવયવી કહેવાય છે તે નથી. એટલે પંજાબની નિશાળના વિદ્યાર્થીઓ તે જાણતા નહિ. પરંતુ સરકારી ઊપરોક્ત શાળાઓ માટે અંકગણિત અંગ્રેજી ઉપરથી તૈયાર થયું. તેથી તેમાં ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે 'ગ્રેટેસ્ટ કૉમન મેઝર' અને 'લોએસ્ટ કૉમન મલ્ટિપલ' માટે અનુક્રમે દૃઢભાજક અને લઘુતમ સાધારણ ભાજ્ય શબ્દો આવ્યા. પાછળથી જણાયું કે હરકોઈ સંખ્યા, જે નિઃશેષ ન આવી શકાય તે પણ ભાજ્ય હોઈ શકે, પરંતુ 'મલ્ટિપલ' તો હમેશાં નિઃશેષ આવી શકાય તેવી સંખ્યા છે એટલે કેટલાક નવાં થતાં અંકગણિતોમાં લઘુતમ સાધારણ ભાજ્યને બદલે નિઃશેષ લઘુતમ સાધારણ ભાજ્ય અથવા લઘુતમ સાધારણ અવયવી શબ્દ દાખલ થયો. વિશેષમાં નાના છોકરાને સહેલાઈથી બને રીતનો ભેદ સ્પષ્ટ કરવી શકાય તે માટે દૃઢભાજકને બદલે ગુરુતમ સાધારણ અવયવ પણ આવ્યો. આ બંને નવા શબ્દો મતા પારિભાષિક શબ્દોમાં દોષ એ છે કે, તે બહુ લાંબા હોવાથી બોલતી વખતે પ્રચારમાં લઘુતમ અને ગુરુતમ જેમ વપરાય છે. આ વાપરવું ખોટું છે. પરંતુ કાળે કરીને તે ખોટો કહે થઈ જાય. આથી શિક્ષણકારોએ અને ભાષાકારોએ પારિભાષિક શબ્દો જેમ બને તેમ ટૂંકા અને અર્થસૂચક રાખવા આગ્રહ કરે છે. અંગ્રેજીમાં તો ટૂંકા રૂપ જી.સી.એમ. અને એલ.સી.એમ. પ્રચલિત છે. પરંતુ ગુજરાતી ભાષામાં તેવાં ટૂંકાં રૂપ પ્રચલિત આજ સુધીમાં થયાં નથી અને જો તેવાં ટૂંકાં રૂપ બનાવી પ્રચલિત કરવા જોઈએ તો તે નિ.લ.સા.ભા. અથવા લ.સા.અ. અને ગુ.સા.અ. થાય. આ બંને ટૂંકાં રૂપમાં અ. અવયવી તેમ અવયવ જેમ બંનેને માટે ચલાવવો પડે. આ કરતાં બે શબ્દો જ ટૂંકા અને પૂર્ણ અર્થસૂચક હોય તો વધારે સારું. દૃઢભાજક અને દૃઢભાજ્ય શબ્દો બંને ટૂંકા છે અને અર્થસૂચક છે. દૃઢભાજક એટલે દૃઢસંખ્યા પ્રાપ્ત કરાવનાર ભાજક અને દૃઢભાજ્ય એટલે દૃઢસંખ્યા પ્રાપ્ત કરવનાર ભાજ્ય. લીલાવતીમાં કુટક પ્રકરણમાં ભાસ્કરાચાર્યે જણાવેલું છે કે, બે સંખ્યાઓ વચ્ચે સાધારણ અવયવ ન હોય તે દૃઢસંખ્યા છે. તેથી કોઈ કારણે દૃઢભાજક કે દૃઢભાજ્ય એવો છે કે તેનો આપેલી સંખ્યા સાથેનો સંબંધ સ્પષ્ટ કરતાં દૃઢસંખ્યા પ્રાપ્ત થાય છે. જેમકે, ૧૪,

૧૮ અને છન્નો દૃઢાભ્યક્ષ અને દૃઢાભ્યુપ અનુક્રમે ૨ અને ૬૩૦ છે. દૃઢાભ્યુપની આપેલી મૂળ સંખ્યામાં સાથેનો સંબંધ સ્પષ્ટ કરતાં ૪૫, ૭૫ અને ૯ દૃઢસંખ્યા પ્રાપ્ત થાય છે. તે ત્રણે સંખ્યાઓમાં પણ કોઈ સાધારણ અવયવ નથી. આમ આ બંને શબ્દો પૂરેપૂરા અર્થસૂચક અને ટૂંક છે. વળી વિદ્યાર્થીઓ ભાગાકાર શીખતી વખતે ભાજ્ય અને ભાજક શબ્દો શીખેલા હોવાથી દૃઢભાજ્ય અને દૃઢભાજકનો આપેલી સંખ્યાઓ સાથે ભાજ્ય અને ભાજકનો સંબંધ છે એ સહેલાઈથી સમજી શકે તેમ છે. વળી દૃઢભાજ્યક શબ્દ નવો નથી, પરંતુ ફક્ત દૃઢભાજ્ય જ નવો પ્રચલિત કરવાનો છે. વિશેષમાં આ શબ્દો એવા છે કે જેનો ઉપયોગ બીજગણિતમાં પણ થઈ શકશે. આ પ્રકરણો ઉપરથી સ્પષ્ટ થશે કે, નિઃશેષ બહુતમ સાધારણ અવયવ કે બહુતમ સાધારણ અવયવીને બદલે દૃઢભાજ્ય અને મુખ્યતમ સાધારણ અવયવને બદલે દૃઢભાજ્યક શબ્દો પારિભાષિક શબ્દો તરીકે સ્વીકારવા પણ યોગ્ય છે.

દૃઢભાવ ૧ [સં.] પું. પક્કી પ્રીતિ.
૨. પું. સગીન ભાવ.

દૃઢભૂમિ ૧. [સં.] પું. માનસિક સ્થિરતા માટેનો યોગશાસ્ત્રપ્રસિદ્ધ એક અભ્યાસ; યોગશાસ્ત્રમાં મનને સ્થિર કરવાની એક રીત. આથી મન અવિચ્યુત અને છે અને વૈરાગ્ય સહેજમાં મળે છે.
૨. સ્ત્રી. દૃઢ પૃથ્વી.
૩. વિ. સમોટ; સજ્જડ; મજબૂત.

દૃઢમત [સં.] પું. મતાગ્રહ.

દૃઢમુષ્ટિ ૧. [સં.] પું. મજબૂત મૂઠવાળી તરવાર વગેરે; મૂઠમાં મજબૂત પકડી વપરાતું અસ્ત્ર વગેરે અર્થ.
૨. વિ. કૃપણ; કેન્જૂસ; ચોખી.
૩. વિ. મજબૂત મૂઠ ઠોકનાર.
૪. જે મૂઠી વડે જોરથી પકડનાર; મજબૂત મૂઠવાળું

દૃઢમૂલ ૧. [સં.] પું. એક જાતનું તૃણ; મથનક તૃણ; તળાવમાં થતું એક જાતનું ઘાસ.
૨ પું. નાળિયેરનું ઝાડ.
૩. પું મુંજ તૃણ; મુંજ ઘાસ.
૪. વિ. મજબૂત મૂળિયાંવાળું; મજબૂત પાયાવાળું સર્વનું સૂર્યપદ્યું પરમાત્મા છે; એટલું જ નહિ પન બીજા તમામ દેવ-ઈશ્વરીય સૃષ્ટિ નિર્માણ શક્તિઓ પણ તે પરમાત્મામાં જ દૃઢમૂલ છે.
કઠોપનિષદ

દૃઢમૂળ જુઓ દૃઢમૂલ.

દૃઢરથ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.
૨. પું. કશેરુ વંશનો એ નામનો એક રાજા.
૩. પું. (જૈન) દસમા તીર્થંકર શીતલનાથના પિતાનું નામ.
૪. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો.

દૃઢરથાશ્રય પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

દૃઢરેગા [સં.] સ્ત્રી. ઘટકરી. તેનાથી રંગ પાકો થાય છે.

દૃઢરુચિ ૧. [સં.] પું. (પુરાણ) કુશ દ્વીપના સપ્ત ખંડ માંહેનો એ નામનો એક રાજા.
૨. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર હિરણ્યરેતાનો એ નામનો એક દીકરો.
૩. સ્ત્રી. અત્યંત પ્રીતિ.
૪. વિ. પક્કી પ્રીતિવાળું; પક્કી ઇચ્છાવાળું; પ્રબલ રુચિવાળું.
૫. વિ. સ્થિર રુચિવાળું.

દૃઢલતા [સં.] સ્ત્રી. એક જાતની વેલ. પાતાલગારુડી.

દૃઢલોમ ૧. [સં. દૃઢલોમન્] પું. સસર.
૨. વિ. કઠણ રુવાટાવાળું.

દૃઢલોમા ૧. [સં. દૃઢલોમન્] પું. શુંઢ; કુકર.
૨. સ્ત્રી. કઠણ વાળવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. શુંઢણી; કુકરી.

દૃઢલોમ્ની જુઓ દૃઢલોમા ૨, ૩.

દૃઢવચન [સં.] ન. દૃઢતાનું; ખાતરીપૂર્વકનું વચન.

દૃઢવર્મા ૧. [સં. દૃઢવર્મન્] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો.
૨. વિ. મજબૂત બખ્તરવાળું.

દૃઢવલ્કલ ૧. [સં.] પું. સોપારીનું ઝાડ.
૨. વિ. કઠણ છાલવાળું.

દૃઢવલ્કલા જુઓ દૃઢવલ્ક.

દૃઢવલ્કા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઓસ્પા.

દૃઢવાદ [સં.] પું. નિશ્ચયવાદ.

દૃઢવાદી [સં. દૃઢવાદિન્] વિ. નિશ્ચયવાદી; અચલવાદી; મતવાદી; વચનપૂર્વવાદી.

દૃઢવિધાન [સં. દૃઢ + વિધાન] ન. દૃઢતાનું; દૃઢોક્તિ; પ્રતિજ્ઞા.

દૃઢવીજ ૧. [સં.] પું. ઝાઝાં બી વાળું.
૨. પું. બાવળનું ઝાડ.
૩. પું. બોરડી.
૪. ન. કઠણ બી; કઠિનો.
૫. વિ. કઠણ બીવાળું.

દૃઢવૃક્ષ [સં.] ન. નાળિયેર.

દૃઢવ્રત [સં.] પું. એ નામનો એક ઋષિ.

દૃઢવ્રત ૧. [સં.] પું. વિદ્વાન.
૨. વિ. મજબૂત વ્રતવાળું; સ્થિરસંકલ્પ; અડગ વ્રતવાળું; દૃઢ સંકલ્પવાળું

દૃઢવ્રતી વિ. દૃઢ વ્રતવાળું.

દૃઢસંકલ્પ [સં.] પું. નિશ્ચય; ઉત્કટ ઇચ્છા.

દૃઢસંખ્યા સ્ત્રી. (ગણિત) જે સંખ્યાને તે સંખ્યા કે એક સિવાય કોઈ બીજી સંખ્યાથી નિઃશેષ ન ભાગી શકાય તેવી સંખ્યા. જેમકે, ૭, ૧૩.

દૃઢસંધ ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૨. વિ. મજબૂત પ્રતિજ્ઞાવાળું, પાકા સંકલ્પવાળું.
૩. વિ. સ્થિર સંધાનવાળું.

દૃઢસંધિ ૧. [સં.] પું. મજબૂત સંધિ.
૨. વિ. દૃઢ સાંધણવાળું.
૩. વિ. મજબૂત રીતે સાંધેલું; છિદ્ર ન રહે તેમ સાંધેલું

દૃઢસૂત્રિકા [સં.] સ્ત્રી. મૂર્વા-લતા; મૂર્વા નામની વેલ.

દૃઢસેન ૧. પું (પુરાણ) જનમેજયના વંશમાં થયેલ તે નામનો એક રાજા.
૨. પું. (પુરાણ) દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક રાજા.

દૃઢસ્કંધ ૧. [સં] પું એક જાતનું ઝાડ; ક્ષીરી વૃક્ષ.
૨. પું. પિંડખજૂર.

દૃઢસ્યુ [સં.] પું. (પુરાણ) અત્રિવંશ ઋષિથી લોપામુદ્રાને પેટે થયેલો એ નામનો પુત્ર. એ સાત વર્ષ સુધી ગર્ભમાં રહ્યો હતો. નાનપણથી જ એ વેદવેદાંગ પારંગત અને જન્મથી તપસ્વી હતો. એ નાનો હતો ત્યારથી જ રોજ હજાર મંત્રોથી ઉપસ્થાન એટલી સંખ્યા એ એટલો ઊંચો થતો. આથી મશ્કરીમાં બાપસ્ય એને કહેતા.

દૃઢહનુ [સં.] પું. (પુરાણ) અજમીઢ વંશમાં થયેલ તે નામનો એક રાજા; સોમવંશ પુરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર અજમીઢ રાજાના બૃહદિષુ નામના પુત્રના વંશના સેનજિત રાજાનો એ નામનો એક પુત્ર

દૃઢહસ્ત ૧. [સં.] પું. તરવાર વગેરે વાપરવામાં મજબૂત હાથવાળો યોદ્ધો.
૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૩. વિ. મજબૂત હાથવાળું

દૃઢકાય [સં] વિ. મજબૂત હાડમવાળું; દૃઢ બાંધાવાળું.

દૃઢકાયા [સં.] વિ સ્ત્રી. દૃઢ હાડવાળી.

દૃઢં [સં. દૃઢમ્] અ. મક્કમપણે.

દૃઢા [સં.] સ્ત્રી ગોમાચણી.

દૃઢાક્ષ [સં.] પું. એ નામનો એક રાજા.

દૃઢાગ્રહ [સં.] પું. મજબૂત આગ્રહ; ખપ્પે જ આગ્રહ.

દૃઢાગ્રહી [સં દૃઢ + આગ્રહિન્ (આગ્રહવાળું)] વિ. દૃઢ નિશ્ચયવાળું; મજબૂત આગ્રહવાળું.

દૃઢાદૃઢ [સં. દૃઢ + અદૃઢ] વિ. દૃઢ અને અદૃઢના મિશ્રણવાળું

દૃઢાનુરાગ [સં.] પું. મજબૂત પ્રેમ.

દૃઢાયુ ૧. [સં.] પું. (પુરાણ) પુરુરવા અને ઉર્વશીનો એ નામનો એક દીકરો.
૨. પું. (પુરાણ) સાવર્ણ નામના ત્રીજા મનુનો એ નામનો એક પુત્ર.

દૃઢાયુધ ૧. [સં.] પું. દૃઢપણે હથિયાર વાપરી જાણનાર માણસ; યુદ્ધમાર્ગમાંથી પાછો નહિ ફરનારો શૂર.
૨. પું. (પુરાણ) પ્રતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૩ વિ. યુદ્ધમાં તત્પર; હથિયાર મજબૂત કરવામાં પાકું

દૃઢાર્તિ ૧. [સં.] સ્ત્રી. અતિશય વેદના.
૨. સ્ત્રી. મનુષ્યનો અમલાશ.

દૃઢાલિંગન [સં. દૃઢ + આલિંગન] ન. મક્કમપણે ભેટવું તે.

દૃઢાવ ૧. પું મક્કમપણું.
૨. પું. સંકલ્પ; દૃઢ વિચાર.
૩. વિ દૃઢ; અડગ.

દૃઢાવનાર વિ. મજબૂત કરાવનાર.

દૃઢાવવું ૧. સ. ક્રિ. કરાવવું.
૨. સ. ક્રિ. દૃઢ કરવું; મજબૂત કરવું.

દૃઢાવસ્થા [સં] સ્ત્રી. મજબૂત સ્થિતિ.

દૃઢાશ્રય [સં.] પું. દૃઢ આશ્રય; મજબૂત આધારો.

દૃઢાશ્વ ૧. [સં] પું. પુષ્પમાર રાજાનો એ નામનો પુત્ર.
૨. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રમુખ કુળમાં થયેલ કુવલાશ્વ રાજાના એકવીસ હજાર પુત્રોમાંથી ઊગરેલા ત્રણ ભાઈનો એ નામનો મોટો પુત્ર.

દૃઢાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન ડાબો હાથ કોણીથી વાળી માથા હેઠ રાખી બંને પગ લાંબા કરી વૃક્ષ ના છાંય જેવી રીતે પગે પગે ચાલવું તે દૃઢાસન કહેવાય છે આ આસનના અભ્યાસથી ઊપજતાં બહુ સ્વપ્ન આવતાં નથી, વીર્ય બહુધા સ્ખલિત થતું નથી, પવનની ગતિ યોગ્ય માર્ગમાં રહેવાથી રોગની ઉત્પત્તિ થતી નથી, જઠરાગ્નિ બલવાન થાય છે, તેમજ બીજો સમય સુધી વિશેષ સમય સુધી સત્તા જેટલો લાભ અનુભવાય છે.

દૃઢાસની વિ. દૃઢતાથી પ્રાપ્ત પ્રમાણે એક જ જગાએ બેસી રહે એવું.

દૃઢાસ્ય પું (પુરાણ) અગસ્ત પુત્ર દૃઢચ્યુતનો એ નામનો ઋષિ

દૃઢાંગ ૧. [સં. દૃઢ + અંગ] ન. મજબૂત અંગ.
૨. ન. હીરો.
૩ વિ મજબૂત અંગવાળું; હૃષ્ટપુષ્ટ.

દૃઢિમા ૧. [સં. દૃઢિમન્] પું. દૃઢપણું; મજબૂતાઈ; આગ્રહપણું.
૨. જુઓ દૃઢતા.

દૃઢીકરણ ૧. [સં.] ન. જે કાંઈ કર્યું તે ઠરી જવાપણું.
૨. ન. આધુ રાખવું તે.
૩. ન. દૃઢ કરવું તે; મજબૂત કરવું તે; પુષ્ટ કરવું તે; મજબૂતી.
૪. ન. પાકું કરવાપણું; ખાતરી કરવી તે.
૫. ન. શબ્દ ઉપર ભાર.
૬. ન. સમર્થન.

દૃઢીકાર જુઓ દૃઢીકરણ

દૃઢીકૃત [સં.] વિ. મજબૂત કરેલ; અડગ કરેલ; પુષ્ટ કરેલ.

દૃઢીભવન [સં.] ન. મજબૂત થવું તે; દૃઢ થવું તે; અડગ થવું તે; પુષ્ટ થવું તે.

દૃઢીભાવ જુઓ દૃઢીભવન.

દૃઢીભૂત ૧. [સં.] વિ અડગ થયેલ; મજબૂત બનેલું; દૃઢ થયેલ; પુષ્ટ થયેલ.
૨ વિ. નિશ્ચિત.
૩. વિ. સમજવું; હાલે કે ફરમજે નહિ એવી રીતે સમજવું કરેલું.

દૃઢેયુ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

દૃઢેષુધિ ૧. [સં] પું એ નામનો એક રાજા
૨. પું. જેણે બાણો મજબૂત બાંધેલ હોય તેવો શૂર.

દૃઢોક્તિ ૧. [સં. દૃઢ + ઉક્તિ (કથન)] સ્ત્રી દૃઢકથન; દૃઢ વિધાન; પ્રતિજ્ઞા.
૨. સ્ત્રી. સ્વમતાભિમાનતા; સ્વમતાગ્રહ.

દૃત ૧. ન. (સંગીત) અર્ધી માત્રા. તેને માટે સ્વર નીચે આવું ' આવું ચિહ્ન કરવામાં આવે છે. જેમકે સ

૨ વિ. આદરસત્કાર કરેલું; સત્કાર પામેલું; સ-માનિત; આદૃત.
૩ વિ. ચીરેલું
૪ વિ. ફાડેલું

દૃત્યા [સં.] સ્ત્રી. છરી.

દૃતિ ૧. [સં.] પું. અમુક યજ્ઞ કરનાર યજમાન.
૨. પું. એક જાતનું માછલું.
૩. પું. પાણીની મશક; પખાલ.
૪. પું. ભિસ્તી; પખાલી.
૫. પું. મેઘ.
૬. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કરદ. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને યુક્ત મળી સાત અક્ષર હોય છે.
૭. સ્ત્રી. આમ વખતે ભંડાર વગેરેમાંથી ચીજો સારવા માટે વપરાતો આમડાનો કોથળો; ચંદ્રયુગના દક્ષમૂણી સંમદ માંહેનો એક.
૮. સ્ત્રી. આદર.
૯. સ્ત્રી. ગાય વગેરેને મળે દોહતી બોદડી; વાત્રળ.
૧૦. સ્ત્રી. આમડાની પખાલ.
૧૧. સ્ત્રી. આમડું; ખાલ.
૧૨. સ્ત્રી. તેલ, પાણી વગેરે પ્રવાહી પદાર્થ રાખવાનું પાત્ર.
૧૩. સ્ત્રી. ખિચડી.

દૃતિકા [સં.] સ્ત્રી. આમડાની મશક.

દૃતિધારક [સં.] પું. એક જાતનું ઝાડ.

દૃતિપ્રાતવતોરયન [સં.] પું. એક જાતનો યજ્ઞ.

દૃતિહરિ [સં.] પું. દુતારો.

દૃતિહાર [સં. દૃતિ (મશક) + હાર] પું. ભિસ્તી; મશક બનાવી જનારો માણસ.

દૃત્ય ૧. [સં.] ન. આદર; સત્કાર.
૨. વિ આદર કરવા યોગ્ય; સત્કાર કરવા યોગ્ય.

દૃષદ્વત્યાગસ્ત્ય પું. એક મન્ત્રોદ્રષ્ટા ઋષિ. જેણે નવમા મંડલનું પચીસમું સૂક્ત રચ્યું છે.

દૃપ્ત [સં] વ. આપણે નીકળવાના દ્વારને રોકનાર.

દૃપ્તૈ અ ક્રિ. કલેશ પામવું; દુઃખી થવું.

દૃપ્તૂ [સં.] સ્ત્રી. સર્પની એક જાતિ.

દૃભ્ભૂ ૧. [સં] પું. આકાશનો છોડ.
૨. પું. ઇંદ્રનું વજ્ર
૩. પું કાળ.
૪ પું યમ.
૫ પુ રાજા.
૬ પુ સૂર્ય
૭ સ્ત્રી સર્પની એક જાતિ.

દર્પ ૧. [સં] અ ક્રિ. ગર્વ કરવો; અભિમાન થવું.
૨ અ ક્રિ. હર્ષ પામવો; આનંદ પામવો; ખુશી થવું.
૩. સ. ક્રિ. દીપાવવું.
૪ સ. ક્રિ. પીડવું; દુઃખ દેવું.
૫. સ. ક્રિ. પ્રકટ કરવું.
૬. સ. ક્રિ. ભાર કરવો.
૭. સ. ક્રિ. સળગાવવું; સંદીપ્ત કરવું.

દર્પક ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પોતાના આત્મારૂપ અમૃત રસનો આસ્વાદ હર્ષને હમેશ પ્રમુદિત રહે છે તેથી તે દર્પક કહેવાય છે.
૨. વિ કામથી ઉદ્દીપ્ત
૩. વિ. ગર્વિષ્ઠ; અહંકારી.
૪. વિ. ધૂત, પિશાચ વગેરેના આવેશવાળું.
૫. વિ. હર્ષ પામેલ; હર્ષથી ફુલાયેલ.
૬. વિ. હાનિકારક.

દર્પચિત્ત ૧. [સં.] વિ. ગર્વિષ્ઠ.
૨. વિ. હર્ષઘેલું.

દર્પતેહા પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, રગણ, જે તગણ અને જે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

દર્પનાશારિ [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર. પુષ્પદારણ્યક ઉપનિષદમાં દર્પનાશારિ નામના અસુરને અનંતસત્ત્વએ લોપ આપ્યાની આખ્યાયિકા છે.

દર્પિત ૧. [સં.] વિ. અહંકાર.
૨. વિ. કામ; મૈથુનેચ્છા.

દર્પી ૧. [સં.] વિ. ઘમંડી; અભિમાની; ગર્વિષ્ઠ.
૨. વિ. પ્રચંડ; પ્રબળ; બળવાળું; જોરાવર.

દર્ભીક [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર.

દર્ભિચંડેશ્વર [સં.] પું. મત્સ્યપુરાણમાં બતાવેલ એક શિવલિંગ.

દર્વિક વ. ઇંદ્રિય.

દર્શ્ [સં.] સ ક્રિ. (ધાતુ) જોવું; દેખવું; દર્શન કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: દર્શ; દૃષ્ટિ; દર્શન.

દર્શ ૧. [સં. દર્શ્] સ્ત્રી. ઇંદ્રિયથી સમજવું, જાણવું વગેરે જ્ઞાન.
૨. સ્ત્રી. જોવું તે; દેખવું તે.
૩. સ્ત્રી. નજર; દૃષ્ટિ.
૪. સ્ત્રી. નેત્ર; આંખ.
૫. સ્ત્રી. જોની સંજ્ઞા.
૬. વિ. જોનાર; દેખનાર
૭. વિ. જ્ઞાની.

દર્શતિ [સં.] સ્ત્રી દર્શન; દેખવું તે; જોવું તે.

દર્શક ૧. [સં. દર્શ] પું. પત્થર; પહાણો; શિલા.
૨. સ્ત્રી. કરિયાણું વગેરે દળવાનો પત્થરનો પાટો.
૩. સ્ત્રી. ખડક.

દર્શદિગ્યાપક [સં.] પું. રાજાને ગાદી ઉપર બેસતો એક માસાનો ચેરો.

દર્શદ્વતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. મલાયની.
૩. સ્ત્રી. દિવોદાસ રાજાની એ નામની પત્ની.
૪. સ્ત્રી. દુર્ગાદેવી.
૫ સ્ત્રી વિશ્વામિત્રની એ નામની એક સ્ત્રી.

દર્શનૌદન પું. તિલ ને ઘૃત સહિત બનાવેલ ભાત.

દર્શા ૧. [સં.] સ્ત્રી. આંખ; નેત્ર.
૨. સ્ત્રી. દૃષ્ટિ; નજર; જોવું તે; જોવાની આકાંક્ષા.
૩. વિ. જોનાર; સાક્ષી.

દર્શાકાંક્ષ ૧. [સં.] વ. કમળ; પદ્મ.
૨. વિ. દૃષ્ટિથી જોવાને ઇચ્છવા યોગ્ય.

દર્શાચાર્ય ૧. [સં.] પું. આચાર્ય, ગુરુ.
૨ પું. ઉપાધ્યાય.
૩. પું. પ્રહ્લાદનો પુત્ર વિરોચન.
૪. પું. બ્રાહ્મણ.
૫ પું. રાજા; પ્રજાપાલક; લોકપાળ.
૬. વ. પ્રકાશ; તેજ; જ્યોતિ; કાંતિ.

દર્શિ જુઓ દર્શી.

દર્શી ૧. સ્ત્રી. ચેતન પુરુષ.
૨. [સં. દૃશ્ (જોવું)] સ્ત્રી. દૃષ્ટિ.
૩. સ્ત્રી. નેત્ર.
૪. સ્ત્રી. પ્રકાશ.
૫. સ્ત્રી. રાત્રિ.

દર્શીક [સં.] વિ. જોવા યોગ્ય; દેખાવડું; સુંદર.

દર્શીન્દ્ય જુઓ દર્શીક.

દર્શોપમ ૧. [સં.] પું. કમળ; પદ્મ.
૨ પું. શ્વેત કમળ; પુંડરીક.

દર્શ્ય ૧. [સં. દૃશ્ (જોવું)] વ. જોવાની વસ્તુ; આંખ સામેનો પદાર્થ. નેત્રનો વિષય.
૨. વ (ગણિત) જ્ઞાત સંખ્યા; જાણેલી સંખ્યા.
૩. વ. તમાશો; મનોરંજક વ્યાપાર.
૪. વ. દેખાવ; આલોક; દર્શન.
૫. વ નાટક; અભિનય વડે દેખાડી શકાય તેવું કાવ્ય.
૬. વ સાહિત્યની એક પ્રસિદ્ધ જોડ જાતનું ગણિત.
૭. વિ જોવા જેવું; દર્શનીય.
૮. વિ. જોવા; જાણવા જોગ.
૯. વિ. દૃષ્ટિગોચર; દૃષ્ટિની મર્યાદા અંદરનું.
૧૦. વિ. દેખાતું; જણાતું; દીસતું.
૧૧. વિ. દેખાય એવું; વ્યક્ત; દેખવામાં આવી શકે એવું.
૧૨. વિ. દેખાવડું; સુંદર.
૧૩. વિ. પ્રકાશ્ય.
૧૪. વિ. પ્રાકૃતિક; સૃષ્ટિવિષયક.

દર્શ્ય આયાતનિકાસ જુઓ સીધી રીતે માલની થતી આયાત અને નિકાસ, જેથી ઊતરું સોનાનું બ્યાજ, મુસાફરોનો ખર્ચ, મૂડીદારોનો નફો, કંપનીઓના કમિશનો વગેરે જે રકમોનો આયાતનિકાસની નોંધણીમાં સમાવેશ નથી થતો, પણ જે પેટે લેવડદેવડ કરવી પડે છે, તેને અદૃશ્ય નિકાસ કહે છે.

દર્શ્ય આલેખન જુઓ દૃશ્યચિત્રણ.

દર્શ્યકાલ [સં.] પું. રમણ કાળ.

દર્શ્યકાવ્ય [સં.] વ. જાણવી કહાય એવું નાટક; નાટકરૂપે રંગમંચ કાજ; જોવા યોગ્ય નાટક વગેરે.

દર્શ્યક્રિયત્વ ૧. વ. જોવા યોગ્ય નાટક વગેરે; જોવા જેવું કામ.
૨. વ. દૃષ્ટિક્રિયત્વ.

દર્શ્યક્ષિતિજ [સં.] સ્ત્રી. આંખથી દેખાતી સૃષ્ટિમર્યાદા.

દર્શ્યચિત્ર ૧. [સં.] વ. કુદરતી દેખાવની છાપ; દૃશ્યનું ચિત્રકામ; દૃશ્ય બતાવતું ચિત્ર; દૃગ્ભૂમિચિત્ર; સૃષ્ટિચિત્ર.
૨. વ. દૃશ્ય રૂપ; પ્રત્યક્ષ દેખાવ.

દર્શ્યચિત્રણ સ્ત્રી જમીનના દેખાવનું ચિત્ર કાઢવાની કળા; સૃષ્ટિચિત્ર; દૃશ્યચિત્ર.

દર્શ્યજગત ૧ [સં. દૃશ્ય + જગત્ (સૃષ્ટિ)] વ. દૃશ્ય પદાર્થો; બાહ્યાકાર.
૨. વ. પ્રાતિભાસિક દુનિયા.

દર્શ્યજન્ય વિ. દેખાવ જોઈ ઉત્પન્ન થતું.

દર્શ્યજ્ઞાન [સં] વ. બાહ્ય સૃષ્ટિના વિષયોનું જ્ઞાન.

દર્શ્યતા ૧ [સં.] સ્ત્રી. જોવા યોગ્યપણું.
૨. સ્ત્રી દેખી શકાય એવું હોવાપણું.
૩. સ્ત્રી. સુંદરતા.

દર્શ્યત્વ જુઓ દૃશ્યતા.

દર્શ્યદિગંત જુઓ દૃશ્યક્ષિતિજ.

દર્શ્યદિગ્મંડલ [સં] વ. આંખથી દેખાતી દૃષ્ટિમર્યાદા.

દર્શ્યપટ [સં] વ. ચીતરેલું દૃશ્ય; વિસ્તૃત દૃશ્ય.

દૃશ્યપદાર્થ ૧ [સં.] પું. ભૌતિક પદાર્થ.
૨. પુ. દેખી શકાય એવો પદાર્થ.

દૃશ્યપરંપરા [સં.] સ્ત્રી. દૃશ્યોની હારમાળા.

દૃશ્યશુદ્ધિ [સં.] સ્ત્રી. જોવાની શક્તિ.

દૃશ્યમાત્ર [સં.] પું. દરેક દૃશ્ય પદાર્થ.

દૃશ્યમાન ૧. પું. સમાચાર
૨ વિ. ચમકીલું.
૩ [સં દૃશ્ (જોવું)] વિ. દેખાતું હોય એવું; જણાતું હોય એવું; મોજૂદ.
૪ વિ. સુંદર.

દૃશ્યરચના [સં.] સ્ત્રી. નાટ્યપ્રવેશ અનુસાર રંગમચ ઉપર રજૂ થતો રચાતસ્થ આખો દૃશ્ય સમુચ્ચાર.

દૃશ્યરશ્મિચિત્ર [સં.] ન. દૃશ્યવિચ્છિન્નકિરણ.

દૃશ્યરૂપ [સં.] ન. પ્રત્યક્ષ દેખાવ.

દૃશ્યવાદ [સં.] પું. દૃશ્યમાં માનવું તે.

દૃશ્યવાદી [સં. દૃશ્યવાદિન્] વિ. દૃશ્યમાં માનનાર.

દૃશ્યવિચ્છિન્નકિરણ [સં.] ન. દૃશ્યરશ્મિચિત્ર.

દૃશ્યવિદ્યા [સં] સ્ત્રી. ભૌતિક પદાર્થની વૈજ્ઞાનિક તપાસનું શાસ્ત્ર.

દૃશ્યશંકુ ન. દૃષ્ટિબિંદુમાં જેનું શિરોબિંદુ હોય એવી શંકુ આકૃતિ.

દૃશ્યશ્રાવ્ય [સં.] વિ. દેખી અને સાંભળી શકાય એવું.

દૃશ્યસૃષ્ટ [સં.] સ્ત્રી. નજરે પડતું જગત; દૃષ્ટિમાં આવી શકે તેટલું જગત.

દૃશ્યસ્થાન [સં.] ન. આકાશી પદાર્થોનું આકાશમાં દેખાતું સ્થાન. તેના વાસ્તવિક સ્થાન કરતાં તે ઘણી વખત જુદું હોય છે.

દૃશ્યસ્થાપન [સં.] ન. રંગમચની આખી દૃશ્યરચના માટેનો બાંધકામથી રચવાઈ રજૂ થયેલો કોઈ પણ દેખાવ.

દૃશ્યાતીત [સં.] વિ. દૃષ્ટિ અગોચર; નજરમાં ન આવે એવું.

દૃશ્યાદૃશ્ય ૧. [સં. દૃશ્ય + અદૃશ્ય] વિ. જોવા યોગ્ય અને જોવા અયોગ્ય.
૨. વિ. નજરે દેખાતું અને નજરે ન દેખાતું.

દૃશ્યાદૃશ્યા [સં.] સ્ત્રી. આભાસ તિથિ.

દૃશ્યાર્ધચક્ર [સં.] ન. દેખાતો અર્ધગોળ; ઊદયબિંદુથી અસ્તબિંદુ સુધીનો દેખાતો ગોળ.

દૃશ્યાલેખ [સં.] પું. દૃશ્યનું આલેખન; દૃશ્યનું ચિત્ર.

દૃશ્યાંક [સં.] પું. (ગણિત) ઇષ્ટરાશિ.

દૃશ્યસાર [સં.] ન. મંદુર નામનું લોઢું.

દૃષદ ૧. [સં. દૃષદ્] પું. પથ્થર; શિલા.
૨. પું. પીસવાની શિલા; ઘંટીનો પથ્થર.

દૃષદ્‌ઘાતક [સં.] પું. ઘંટીવેરો; રાજાને ઘંટી ઉપર અપાતો એક માસાનો વેરો.

દૃષદ્વતી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૨. સ્ત્રી. મહાભારતના સમયની એક નદી. તે અંબાળા અને સરહિંદ પ્રદેશમાં થઈને વહેતી હતી અને આજે રાજપૂતાનાના રેતીના રણમાં અદૃશ્ય થઈ ગઈ છે.
૩. સ્ત્રી. રામાયણમાં જણાવેલી એ નામની નદી; પ્રચાર નદી.
૪. સ્ત્રી. વિશ્વામિત્રની એ નામની બહેન
૫. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અનરણ્ય રાજાના પુત્ર હર્યશ્વ રાજાની એ નામની રાણી.
૬. વિ.સ્ત્રી. પથ્થરવાળી.
૭. વિ.સ્ત્રી. પથ્થરાવાળી.
૮. જુઓ દૃષદ્વતી.

દૃષદ્વાન [સં. દૃષદ્વત્] વિ. પથ્થરવાળું; શિલાઓવાળું.

દૃષ્કાણ પું. જન્મલગ્નના દશ દશ અંશનું નામ; જન્મલગ્નનો દશ દશમો ભાગ.

દૃષ્ટ ૧. [સં.] પું. દેખીતો ભાગ.
૨. પું. નજર; દૃષ્ટિ.
૩. પું. પારકા દેશથી રાજાને પોતાના દેશ ઉપર દાઢ વગેરેનો ભય.
૪. પું. મનોવૃત્તિ; મનોદશા. પાતંજલ દર્શનમાં જે જ્ઞાતના વિષયને દૃષ્ટ કહ્યા છે. ઓ, જલ, પાણી વગેરે લૌકિક વિષય, જેને ઇંદ્રિયો જોઈ શકે છે. અને આનુશ્રવિક વિષય જે વેદમાં સિદ્ધ કરેલ સ્વર્ગ વગેરે સાથે સંબંધ રાખે છે. આ બે પ્રકારના વિષયોથી નિઃસ્પૃહ થવાથી વશીકાર નામનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.
૫. ન. એક જાતનું ગણિત.
૬. ન. દર્શન; જોવું તે; દેખવું તે.
૭. ન. પ્રત્યક્ષ પ્રમાણ.
૮. ન. સાક્ષાત્કાર.
૯. [સં. દૃશ્ (જોવું)નું ભૂતકૃદંત] વિ. જોયેલું; દીઠેલું.
૧૦. વિ. જ્ઞાત; પ્રકટ.
૧૧. વિ. પ્રત્યક્ષ.
૧૨. વિ. સમજેલું; જાણેલું.
૧૩. વિ. સર્વત્ર.

દૃષ્ટકૂટ [સં.] ન. ઉખાણું; કોયડો; લોક કહેવત.

દૃષ્ટકૂટત્વ [સં.] ન. (વેદાંત) વાસ્તવિક અર્થ કરતાં અન્ય અર્થનું બોધકપણું. જેમ, રથ પર્વતના શિખર ઉપર ચઢે છે અને સારથિ પૃથ્વી ઉપર ઊભો છે. રથ વાયુવેગથી દોડતો છતાં એક ડગલું પણ આગળ ચાલતો નથી. આ વર્ણનથી કુંભારના ચાકડાનો બોધ થાય છે.

દૃષ્ટકેતુ [સં.] પું. શિવનો એ નામનો એક અનુ

દૃષ્ટજાતિ ન. (ગણિત) અપૂર્ણાંકનો એક જાતનો પ્રકાર. કોઈ પણ વસ્તુની અમુક સંખ્યાનો અમુક અમુક ભાગ જુદાં જુદાં માપોમા વિનિયુક્ત કર્યા અને બાકી બાટલાં રહ્યાં અથવા બાકીના બાટલાનો ભાગ ઉપયોગ કર્યો તો મૂળ સંખ્યા કેટલી ? એવું શોધી કાઢવાનું જે પ્રશ્નમાં પૂછેલું હોય તેવા અપૂર્ણાંક પ્રશ્નને દૃષ્ટજાતિ કહે છે.

દૃષ્ટદોષ ૧. પું. શત્રુ, કેમકે તે દોષ જ જુએ છે.
૨. [સં.] વિ. છિદ્ર જોનારું.
૩. વિ. જોયેલા દોષોવાળું.

દૃષ્ટનષ્ટતા જુઓ દૃષ્ટનષ્ટત્વ.

દૃષ્ટનષ્ટત્વ [સં. દૃષ્ટ (નજર) + નષ્ટ (નાશ પામેલ) + ત્વ (પણું)] સ્ત્રી. બિલકુલ દૃષ્ટિએ ન પડવું તે.

દૃષ્ટપદાર્થ [સં.] પું. નજરે દેખાતો પદાર્થ.

દૃષ્ટપાઠી [સં. દૃષ્ટપાઠિન્] વિ. સુશ્રુત, ચરક આદિનો અભ્યાસ કરનાર.

દૃષ્ટપૂર્વ [સં. દૃષ્ટ (જોયેલું) + પૂર્વ (પહેલા)] વિ. અગાઉ જોવાયેલું.

દૃષ્ટપૃષ્ટ [સં.] વિ. પીઠ દેખાડી નાસી જનારું, પલાયન કરનારું

દૃષ્ટપ્રત્યય [સં.] વિ. દેખવાથી જેમાં વિશ્વાસ બેસે તેવું.

દૃષ્ટબંધવિદ્યા [સં.] સ્ત્રી. નજરબંધીની વિદ્યા.

દૃષ્ટમાન [સં. દૃશ્યમાન] વિ. (હિંદી) પ્રકટ, વ્યક્ત.

દૃષ્ટરજા ૧. [સં. દૃષ્ટ (દેખાયેલ) + રજસ્ (ઋતુ)] સ્ત્રી. ઋતુસ્રાવવાળી સ્ત્રી; રજસ્વલા સ્ત્રી.
૨. સ્ત્રી. પ્રૌઢા સ્ત્રી.

દૃષ્ટરથ [સં.] પું (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

દૃષ્ટવાદ [સં. દૃષ્ટ (પ્રત્યક્ષ) + વાદ (મત)] પું. કેવળ પ્રત્યક્ષને જ માનનાર મત.

દૃષ્ટવાન [સં. દૃષ્ટવત્] વિ. જોનાર; દેખનાર.

દૃષ્ટવ્ય ૧. [સં. દૃશ્ (જોવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. જોવા જોવું.
૨. વિ. દેખાડવા યોગ્ય.

૩. વિ. વિચારવા જેવું.

દૃષ્ટસાધર્મ્ય [સં] ન. એક વસ્તુ જોઈ તેના ઉપરથી તેના જેવી વસ્તુનું થતું જ્ઞાન; અનુમાનનો એ નામનો એક પ્રકાર.

દૃષ્ટહેતુ [સં.] પું. લૌકિક હેતુ; પ્રત્યક્ષ હેતુ.

દૃષ્ટા ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) શુક્લ પક્ષની બીજ રાત્રિ.

૨. વિ. સ્ત્રી. જોને સૂનવું હોય તેવી; સલ જાણનારી.

૩. વિ. સ્ત્રી. જોયેલી.

દૃષ્ટાંકથા [સં.] સ્ત્રી. એક વાતનું સમર્થન કરતી તેના જેવી બીજી વાત; ઉપાખ્યાયિકા.

દૃષ્ટાદૃષ્ટ [સં. દૃષ્ટ (જોયેલ) + અ (નહિ) + દૃષ્ટ] વિ. જોયેલું ન જોયેલું.

દૃષ્ટાર્થ ૧. [સં.] પું જેના અનુભવથી જીવાતાને આ સંસારમાં પ્રત્યક્ષ જોવામાં આવે એવા અર્થનું જ્ઞાન થાય એવો શબ્દ. જેમકે, ગંગા આ શબ્દના શ્રવણ માત્રથી અનુભવને જોતી નદીનું જ્ઞાન થાય છે કે જે ભારતવર્ષના ઉત્તર ભાગમાં પ્રત્યક્ષ જોઈ શકાય છે. આ શબ્દ સ્વર્ગ, નરક, ક્ષીરસમુદ્ર, અપ્સરા, દેવતા વગેરે કે જે આ સંસારમાં કોઈ રૂપમાં દેખી શકાતાં નથી એ અદૃષ્ટાર્થ શબ્દનો વિરોધી છે.

૨. પું. સ્પષ્ટ અર્થવાળો શબ્દ.

દૃષ્ટાર્થાપત્તિ [સં. દૃષ્ટ (પ્રત્યક્ષ) + અર્થ (સમજ) + આપત્તિ (મુશ્કેલી)] સ્ત્રી. (વેદાંત) પ્રત્યક્ષ અર્થની અનુપપત્તિથી તેના ઉપપાદકરૂપ અર્થાંતરની કલ્પના. જેમકે, દિવસે ભોજન નહિ કરનારા દેવદત્તમાં રાત્રિભોજન સિવાય ઉપપન્ન નહિ બનતું પુષ્ટત્વ જોઈને એ પુષ્ટત્વનું ઉપપાદન કરનાર જે રાત્રિભોજનરૂપ અર્થાંતરની કલ્પના તે દૃષ્ટાર્થાપત્તિ છે.

દૃષ્ટામ્બ પું. (બૌદ્ધ) ચાર ભાંહેનો એ નામનો એક આશ્રય.

દૃષ્ટાંત ૧. [સં.] પું. એક અર્થાલંકાર લક્ષણ. તેમાં ઉપમાન વાક્ય અને ઉપમેય વાક્યના જુદા જુદા ધર્મનો બિંબપ્રતિબિંબભાવ દર્શાવવામાં આવે છે.

૨. પું. મત્સ્ય

૩. પું. (વેદાંત) વાદી અને પ્રતિવાદી બંનેનો જે સાધ્ય અને સાધન ઉભય પ્રકારક નિશ્ચય હોય તે નિશ્ચયનો વિષય પદાર્થ. જેમકે વાદી પ્રતિવાદી બંનેને મહાનસ વિષે મહાનસ અગ્નિવાળું છે અને ધૂમવાળું છે એ રીતે વહ્નિરૂપ સાધ્ય પ્રકારક તથા ધૂમરૂપ સાધન પ્રકારક નિશ્ચય હોય છે. તથા હ્રદ વિષે હ્રદ વહ્નિના તથા ધૂમના અભાવવાળો છે, એ રીતે વહ્નિરૂપ સાધ્યાભાવ પ્રકારક તથા ધૂમરૂપ સાધનાભાવ પ્રકારક નિશ્ચય હોય છે. તેમાં પ્રથમ નિશ્ચયનો વિષય મહાનસ છે તથા બીજા નિશ્ચયનો વિષય હ્રદ છે. માટે તે પ્રસિદ્ધ અનુમાનમાં મહાનસ અને હ્રદ દૃષ્ટાંત કહેવાય છે એ દૃષ્ટાંત (૧) સાધર્મ્ય દૃષ્ટાંત અને (૨) વૈધર્મ્ય દૃષ્ટાંત એમ બે પ્રકારનું છે. વળી અન્વય દૃષ્ટાંત અને વ્યતિરેક દૃષ્ટાંત એવા તેના બીજા પણ બે પ્રકાર છે.

૪. પું. દાખલો.

૫. ન. કોઈ વિલક્ષણ બનાવ સૂચવનાર વાક્ય; કહેવત.

૬. ન. દાખલો; ઉદાહરણ; અમુક બાબતના સમર્થનમાં તેવા જ બનાવને સમર્થનમાં ટાંકવું તે.

> બે વાક્યોમાં ઉપમાન અને ઉપમેયની વચ્ચે તેમ જ તેમના સાધારણ ધર્મોની વચ્ચે બિંબપ્રતિબિંબ ભાવનું સાદરણું વર્ણન હોય તો તેમાં અલંકાર દૃષ્ટાંત છે. બૃહદ્‌ભાષ્યકાર

૭. ન. નાટકનાં છત્રીસ ભાંહેનું એ નામનું એક લક્ષણ.

૮. ન. ન્યાયસૂત્રના સોળ ભાંહેનો એ નામનો એક પદાર્થ.

૯. ન. ન્યાયવાક્યના દશ અવયવો ભાંહેનો એક.

૧૦. ન. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી સુંવાળીસ ભાંહેની એક વસ્તુ.

૧૧. ન. હકીકત; ઘટના; વાત.

દૃષ્ટાંતક [સં.] વિ. દાખલો આપવા જેવું; દાખલામાં મૂકવા જેવું; ઉદાહરણ આપવા લાયક.

દૃષ્ટાંતકથા [સં.] સ્ત્રી. ઉદાહરણરૂપે વાર્તા; દૃષ્ટાંત તરીકે કરેલી કથા.

દૃષ્ટાંતપરંપરા [સં.] સ્ત્રી. અનેક દૃષ્ટાંત.

> પરિચિત અને સુજ્ઞાત દૃષ્ટાંતપરંપરા રચનારી, સુદર અને સુપ્રાપ્ય સુભાષિતોની તેમણે ઝારી પ્રસારી સ્વ કરી છે. કવિતાવિનોદ

દૃષ્ટાંતભૂત [સં.] વિ. ઉદાહરણરૂપ; ધ્યો જેવા જેવું.

દૃષ્ટાંતમીમાંસા [સં.] સ્ત્રી. એકાદ સાંભળેલી કે વર્તમાનમાં અનુભવાતી વસ્તુને બોધપ્રદ બીજી જાણીતી જ્ઞાત વસ્તુનું દૃષ્ટાંત.

દૃષ્ટાંતમૂલકપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણકાર્યની એ નામની એક પદ્ધતિ; પ્રથમ જુદા જુદા દાખલાઓ રજૂ કરી તે દરેક દાખલાના સામાન્ય સત્ય ઉપરથી એક સિદ્ધાંત તારવી કાઢવો તેવી શિક્ષણની રીત; 'ઇન્ડક્ટિવ મેથડ.' આ પદ્ધતિ સિદ્ધાંતમૂલકપદ્ધતિથી ઊલટી છે. બધાં વિદ્યાનો અથવા પ્રાયોગિક વિજ્ઞાનો દૃષ્ટાંતમૂલકપદ્ધતિને જ અનુસરે છે. દૃષ્ટાંતમૂલકપદ્ધતિથી કામ કરનાર શિક્ષકે ખેતે વખતે તૈયાર થવું પડે છે અને પોતાની શાળાને પ્રયોગશાળા બનાવવી પડે છે. તેથી દૃષ્ટાંતમૂલકપદ્ધતિને પ્રયોગપદ્ધતિ પણ કહી શકાય.

દૃષ્ટાંતયુક્ત [સં. દૃષ્ટાંત (દાખલો) + યુક્ત (વાળું)] વિ. દાખલા સાથેનું; ઉદાહરણવાળું.

દૃષ્ટાંતરૂપ જુઓ દૃષ્ટાંતભૂત.

દૃષ્ટાંતરૂપક ૧. [સં.] પું. રૂપકમય દૃષ્ટાંત.

> અમેરિકા દૃષ્ટાંતરૂપકને કેટલાક અંશોએ રૂપકમાં મૂકે છે ને કેટલાક એને જુદો જ અલંકાર ગણે છે. નર્મદાશંકર

૨. ન. અમરતુત પ્રશંસા.

દૃષ્ટાંતવિશુદ્ધિ [સં.] સ્ત્રી. ન્યાયવાક્યના દશ અવયવો ભાંહેનો એ નામનો એક અવયવ.

દૃષ્ટાંતાત્મક [સં. દૃષ્ટાંત (દાખલો) + આત્મક (વાળું)] વિ. દાખલાવાળું; દૃષ્ટાંતવાળું.

દૃષ્ટાંતિક [સં. દૃષ્ટાંત (દાખલો) + ઇક (વાળું)] વિ. દાખલો આપવા જેવું; ઉદાહરણમાં મુકાય તેવું; દાખલા તરીકે મૂકવા જેવું; દાખલો લેવા જેવું.

દૃષ્ટિ ૧. [સં.] પું. સિત્તેર કલ્પ ભાંહેનું એક નામ.

૨. સ્ત્રી. અવલોકન.

૩. સ્ત્રી. અંદાજ; અટકળ; અનુમાન.

૪. સ્ત્રી. આશય; ઉમેદ.

૫. સ્ત્રી. આંખ; નેત્ર.

૬. સ્ત્રી આંખનું તેજ.

૭. સ્ત્રી. કોઈ બંધનું મજબૂત; દુરસ્ત.

૮. સ્ત્રી. (વેદાંત) બ્રહ્મ દ્વારા રૂપનું જ્ઞાન થવાના હેતુરૂપ મનોવૃત્તિ.

૯. સ્ત્રી. જોવાની શક્તિ.

૧૦. સ્ત્રી. જ્ઞાન; સમજણ.

૧૧. સ્ત્રી. (જ્યોતિષ) દશા.

૧૨. સ્ત્રી. દેખવું તે; જોવું તે.

૧૩. સ્ત્રી. ધ્યાન; લક્ષ.

૧૪. [સં. દૃશ્ (જોવું)] સ્ત્રી. નજર.

૧. દૃષ્ટિ કરવી-દેવી (૧) તાકીને જોવું. (૨) સંભાળ લેવી.

૨. દૃષ્ટિ જમાવવી-સ્થિર કરવી = એકીટસે જોવું.

૩. દૃષ્ટિ પર ચઢવું = (૧) આંખમાં ખટકવું. (૨) દેખવામાં બહુ સારું લાગવું; પસંદ પડવું.

૪. દૃષ્ટિ ફરવી = મહેરબાની ન રહેવી; હિતનું ધ્યાન કે પ્રીતિ ન હોવી; કૃપાદૃષ્ટિ ન રહેવી.

૫. દૃષ્ટિ ફેરવી = નજર કરવી.

૬. દૃષ્ટિ બાંધવી = આંખને કાંઈનું કાંઈ દેખાય એવું બહુ કરવું; ઇંદ્રજાળ પાથરવી.

૭. દૃષ્ટિ બિછાવવી = ઉત્કંઠાપૂર્વક કોઈના આગમનની પ્રતીક્ષા કરવી; કોઈનિ અવયવ ઉપર અત્યંત શ્રદ્ધા કે પ્રેમ પ્રકટ કરવો.
૮ દૃષ્ટિ મારવા = (૧) આંખથી ઇશારો કરવો; પલકથી સંકેત કરવો. (૨) આપના પ્રકારથી રોકવું
૯. દૃષ્ટિ લગાવવી = (૧) પ્રેમ કરવો. (૨) સ્થિર નજર કરવી.
૧૦. દૃષ્ટિએ પડવું = ધ્યાનમાં આવવું.
૧૧. દૃષ્ટિએ પાડવું = ધ્યાન ખેંચવું.

૧૫. સ્ત્રી. નઠારી નજર; નજરાઈ જવું તે. (એવો વહેમ ચાલે છે કે), કોઈની ખરાબ નજર પડવાથી માણસ બીમાર પડે છે.
મેં તેમનું કહેવું માન્યું નહિ અને દવા પણ કરી પણ ફાયદો ન થયો. આથી ખરેખર કોઈની દૃષ્ટિ હશે એવી મને ખાતરી થઈ! આપ્તેષ્ટ

૧૬. સ્ત્રી. પડદો.
૧૭. સ્ત્રી. પિછાન.
૧૮. સ્ત્રી. પ્રકાશ.
૧૯. સ્ત્રી. બુદ્ધિ; અક્કલ; મતિ.
૨૦. સ્ત્રી. (જ્યોતિષ) બે ગ્રહ વચ્ચેનું અંશાત્મક અંતર.
૨૧. સ્ત્રી. ભૂમિકા.
૨૨. સ્ત્રી. માન્યતા; મત; અભિપ્રાય; પક્ષ.
૨૩ સ્ત્રી. રહેમ; દયા.
૨૪. સ્ત્રી. વર્તન; આચાર.
૨૫. સ્ત્રી. વસ્તુને નિહાળવાની રીત.
૨૬. સ્ત્રી. વિચાર.
૨૭. સ્ત્રી. વૃત્તિ; લાગણી.
૨૮. સ્ત્રી. શ્રાદ્ધ.
૨૯. સ્ત્રી. સાત આંગળનું એક માપ.
૩૦. સ્ત્રી. (જૈન) સાત મહિનો સુધી નામનો એક અનુષ્ઠાન એટલે દબાઈ રહેલ પાપસંસ્કાર. સાત અનુશય: રાગ, દ્વેષ, માન, દૃષ્ટિ, કામ, પુનર્જન્મનો લોભ અને વિદ્યા.
૩૧. સ્ત્રી. હેતુ.

દૃષ્ટિઉદારતા સ્ત્રી. મનનું ઉદારપણું.
કોઈ એક સંપ્રદાયને સ્વીકાર્યો હતો તેમાં દૃષ્ટિઉદારતાનું તત્ત્વ હોય તો ત્યાં સાંપ્રદાયિકતા નથી. પુરાતત્ત્વ

દૃષ્ટિકા ૧. [સં.] સ્ત્રી. નજર; જોવું તે.
૨. સ્ત્રી. (જૈન) પચીસ મહિનો એ નામનો એક ક્રિયા; જોવાથી બંધાતું કર્મ.

દૃષ્ટિકૃત ૧. [સં.] વ. સ્વજાતમાં.
૨. વિ. જોનાર; દેખનાર; નજર કરનાર.

દૃષ્ટિકેંદ્ર [સં.] ન. દૃષ્ટિબિંદુ.

દૃષ્ટિકોણ [સં. દૃષ્ટિ (નજર) + કોણ (ખૂણો)] પું. દૃષ્ટિનો ખૂણો; વસ્તુને નિહાળવાની કે વિચારવાની રીત અથવા માર્ગ.
દૃષ્ટિકોણ બદલવો = (૧) જૂની રીત બદલી નવીન રીતે વસ્તુસ્થિતિનો વિચાર કરવો. (૨) નવીન પદ્ધતિથી દૃષ્ટિ કરવી.

દૃષ્ટિક્રોધ [સં.] પું. પ્રબળની અસર જેના ઉપર થઈ પ્રબળને ખબર પહોંચાડે તેવો રોષ.

દૃષ્ટિક્રિયા [સં.] સ્ત્રી. નજર; જોવું તે.

દૃષ્ટિકલીબ પું. જોઈને નજ જોઈ શોધ પામનાર માણસ.

દૃષ્ટિક્ષય પું. ચક્ષુરોગના ૮૦ માંહેનો એક પ્રકાર. તેમાં ચક્ષુના ચોગે દૃષ્ટિનો નાશ થાય છે

દૃષ્ટિક્ષેત્ર ૧. [સં. દૃષ્ટિ (નજર) + ક્ષેત્ર (મર્યાદા)] ન. આંખથી નજર પહોંચી શકે આંખથીનું ક્ષેત્ર.
૨. ન. ભૂમિકા.

દૃષ્ટિક્ષેપ [સં. દૃષ્ટિ (નજર) + ક્ષિપ્ (ફેંકવું)] પું. નજર ફેંકવી તે; દૃષ્ટિ કરવી તે; દૃષ્ટિપાત.

દૃષ્ટિગત ૧. [સં.] પું. આંખનો એક જાતનો રોગ.
૨. પું. નેત્રનો વિષય.
૩. વિ. તાદૃશ્ય; નજરે જોયેલ.

દૃષ્ટિગમ્ય [સં.] વિ. નજર પહોંચે તેવું.

દૃષ્ટિગુચ્છ ૧. [સં.] પું. નેત્રનો ગુચ્છ; દૃષ્ટિ વગેરે.
૨. પું. આઠ વગેરેનું લક્ષણ.

દૃષ્ટિગોચર ૧. [સં.] વ. નજર પહોંચે એવું; આંખથીનું સ્થળ.
૨. વિ. નજરે જોઈ શકાય એવું.
૩. વિ. દૃષ્ટિ પહોંચી શકે એવું; નજરે આવે એવું; નજરે પડે એવું.

દૃષ્ટિગ્રહિણીનાડી (દૃષ્ટિગ્રહિણીનાડી) [સં.] સ્ત્રી. દૃષ્ટિનાડીરંધ્ર નામના છિદ્ર દ્વારા ખોપરીની બહાર નીકળી નેત્રગોલકમાં પેસતી એ નામની એક નાડી; 'ઑપ્ટિક નર્વ.'

દૃષ્ટિઘાત સ્ત્રી. એકીનજરે જોઈ લેવું તે.

દૃષ્ટિચક્ર પું. નજરનો ભ્રમ.
જેમ સિનેમાને લાગતું ચિત્ર સ્થિર છે, ચિત્રપરંપરાની ઉપજતો દૃષ્ટિચક્ર કહીએ કે ગતિથી ઊપજતો દૃષ્ટિચક્ર કહીએ, કિંવા ચિત્રને આરોપેલો વદાવે કહીએ. ગુજરાતીકોશ

દૃષ્ટિચારણ ૧. ન. આંખ ફરવી તે; આંખ તૃપ્ત કરવી તે.
૨. વિ. આંખને ફરનાર; આંખને તૃપ્ત કરનાર.

દૃષ્ટિતંતુ [સં.] પું. દૃષ્ટિને પોષણ આપનાર જ્ઞાનતંતુ.

દૃષ્ટિદાતા [સં. દૃષ્ટિદાતૃ] વિ. દૃષ્ટિ આપનાર.

દૃષ્ટિદાન [સં.] ન. જોવાની બક્ષિસ.

દૃષ્ટિદોષ ૧. [સં.] પું. આંખ વડે થયેલો દોષ કે અપરાધ.
૨. પું. ભમતી વખતે કોઈ ખીલ વસ્તુના માણસની દૃષ્ટિ પડવાથી લાગતો દોષ.
૩. પું. દર્શનેંદ્રિયની ખામી; આંખની ખોડ.
૪. પું. નજર લાગવી તે.
૫. પું. નજરચૂક.
૬. પું. નજરચૂકથી રહી ગયેલ ખામી.
૭. પું નજરનો જોવાની અશક્તિથી થતો ભ્રમ; સુધાવો.
આપે દિવ્યચક્ષુ આપીને મારો દૃષ્ટિદોષ નષ્ટ કર્યો છે. ગીતાપંચામૃત
૮. પું. ખોરીમાડી દૃષ્ટિએ જોવાથી થયેલો અપાય.

દૃષ્ટિદોષરક્ષણ ન. પ્રમાદ; નજરચૂક.

દૃષ્ટિદ્રુહ [સં.] પું. (પુરાણ) ઇક્ષ્વાકુ રાજાનો એ નામનો એક દીકરો.

દૃષ્ટિનાડીપરિખા (દૃષ્ટિનાડ઼ીપરિખા) ૧. [સં.] સ્ત્રી. જંતુકાશરીરની ઉપરની બાજુ ઉપર ત્રિકોણાકારની પથરાયે આવેલી એ નામની આડી ખાઈ. આ ખાઈને દરેક છેડે એક એક છિદ્ર આવેલું છે, જે દૃષ્ટિનાડીરંધ્ર તરીકે ઓળખાય છે. આ ખાઈમાં બંને દૃષ્ટિનાડીઓને જોડનાર તંતુઓ રહેલા છે. જ્યારે બાજુ ઉપરનાં બે છિદ્રો દ્વારા દૃષ્ટિનાડીઓ બાજુ તરફ જાય છે. તેની પથરાયે પોષણિકા ગ્રંથિને રહેવા માટેનો પોષણિકાખાત આવેલો છે.

દૃષ્ટિનાડીરંધ્ર (દૃષ્ટિનાડ઼ીરંધ્ર) [સં.] ન. દૃષ્ટિનાડીપરિખા નામની ખાઈને દરેક છેડે આવેલું એક છિદ્ર.

દૃષ્ટિનિક્ષેપ [સં.] પું નજર નાખવી તે.

દૃષ્ટિનિપાત [સં.] પું. દૃષ્ટિનું કોઈ પદાર્થ ઉપર પડવું તે; દૃષ્ટિપાત; જોવું તે.

દૃષ્ટિપ [સં] પું. એ નામે એક દેવગણ.

દૃષ્ટિપથ ૧. [સં.] પું. દૃષ્ટિનો માર્ગ; નજર પહોંચવાનો માર્ગ.
૨. પું. દૃષ્ટિમર્યાદા; ક્ષિતિજ; નજર પહોંચી શકે તે હદ.

દૃષ્ટિપરિવર્તન [સં.] ન. જોવા કે વિચારવાની રીતમાં પલટો.

દૃષ્ટિપાત ૧. [સં.] પું. અવલોકન; નજર પડવી તે; દૃષ્ટિનું પડવું તે; દેખાવું તે; જોવાની ક્રિયા.

૨. પું. ઝટકો.

દૃષ્ટિપુત્ર પું. સંયોગ વગર ફક્ત દૃષ્ટિથી જ ઉત્પન્ન થતો પુત્ર ધૃતરાષ્ટ્ર અને પાંડુ વેદ વ્યાસની દૃષ્ટિથી અંબિકા અને અંબાલિકાને થયા હોવાનું મનાય છે.

તવ વ્યાસ કહે અહીં માતાજી,
તેઓનો બે જો જો નંદ;
વિધિ વરદાન આપું જોઈ,
દૃષ્ટિપુત્ર થયે તંદ.

સતવંતી સાખવટ

દૃષ્ટિપૂત ૧. [સં.] વિ. આંખથી જોયેલું; તપાસેલું.

૨. વિ. જોવાથી પવિત્ર થયેલ.

દૃષ્ટિપ્રદેશ [સં.] પું. દૃષ્ટિમાં આવતો દૃષ્ટિમર્યાદા સુધીનો બધો વિસ્તાર.

દૃષ્ટિપ્રસાદ [સં.] પું. જોવાની કૃપા.

દૃષ્ટિપ્રાધાન્ય [સં.] વિ. જેમાં દૃષ્ટિ ઇંદ્રિયનું મુખ્ય કામ હોય એવું.

દૃષ્ટિફલ [સં.] ન. (જ્યોતિષ) એક રાશિમાં રહેલ એક ગ્રહની બીજી રાશિમાં રહેલ ગ્રહ ઉપર દૃષ્ટિ પડવાનું ફળ.

દૃષ્ટિફલક [સં.] ન. પટ્ટાદર્શન; ચિત્રલેખન.

દૃષ્ટિફેર પું જોવા જોવામાં તફાવત; દૃષ્ટિભેદ.

દૃષ્ટિબંધ ૧. [સં.] પું. ઇંદ્રજાળ; નજરબંધી; માયા; જાદુ.

૨. પું. ચાલાકી; હાથની સફાઈ

દૃષ્ટિબંધુ ૧ [સં.] પું. આગિયો કીડો; ખદ્યોત.

૨. પું. પતંગિયું.

દૃષ્ટિબિંદુ ૧ [સં.] ન. ધ્યાનમાં રાખવા લાયક બાબત; મુખ્ય હેતુ; લક્ષ્ય; દૃષ્ટિકોણ.

૨. ન. નજર રાખવાનું સ્થળ; લક્ષ્ય.

દૃષ્ટિભેદ [સં.] પું. નજરફેર; નજરનો તફાવત. દૃષ્ટિનો કે દૃષ્ટિકોણનો ભેદ અથવા ફરક.

દૃષ્ટિભ્રમ [સં] પું. નજરમાં ભૂલ અથવા ભ્રમ થવો તે.

દૃષ્ટિમણિ [સં.] પું આંખમાં રહેલ કૃષ્ણમણિ; કીકો; દૃષ્ટિમંડળ.

દૃષ્ટિમજ્જ [સં] પું. એક જાતનો મૃત્યુ.

દૃષ્ટિમર્યાદા ૧. [સં] સ્ત્રી. આંખની કીકી; ક્ષિતિજ; નજર પહોંચી વળે તે હદ; દૃષ્ટિવિસ્તાર; આંખથી આંખ જોઈ શકે તે હદ.

૨. સ્ત્રી. હદ; મર્યાદા; સીમા.

દૃષ્ટિમંડલ જુઓ દૃષ્ટિમણિ.

દૃષ્ટિમંડળ જુઓ દૃષ્ટિમણિ.

દૃષ્ટિમાન ૧ [સં. દૃષ્ટિમત્] વિ. આંખવાળું; દૃષ્ટિ હોય તેવું.

૨. વિ. (જૈન) સમકિતી; સુદૃષ્ટિવાળું.

દૃષ્ટિમાપકયંત્ર [સં.] ન. નજર માપવાનું યંત્ર.

નવા રાખ્યો આગમાર્થ, આગમોટ, તારયંત્ર
દૃષ્ટિમાપકયંત્ર, ચીજવસ્તુ દીવા વગેરે કમેરસ્તા
આપ છે. કુ. સા. ચરિત્ર

દૃષ્ટિમાર્ગ [સં.] પું. દૃષ્ટિપથ; દૃષ્ટિમર્યાદા.

દૃષ્ટિમાંદ્ય [સં. દૃષ્ટિ (નજર) + માંદ્ય (નબળાઈ)] ન. આંખે અંધારાં આવવાં તે.

દૃષ્ટિમિત્ર પું ખુશાર મિત્ર; રામરામ કરવા પૂરતા સંબંધવાળો મિત્ર.

દૃષ્ટિમિલાપ પું. નજરે ચડવું તે; દૂરથી એકબીજાને જોઈને મળવું તે.

આમ કોઈ વખતે રસ્તામાં દૃષ્ટિમિલાપ થતો.
આત્મકથા

દૃષ્ટિમોહ [સં.] પું. (જૈન) દર્શનમોહનીય.

દૃષ્ટિયુદ્ધ [સં.] ન. આંખથી યુદ્ધ કરવું તે.

દૃષ્ટિરક્ષા ૧. [સં.] સ્ત્રી. દેખરેખ.

૨. સ્ત્રી. નજરકેદ.

૩. સ્ત્રી. રખેપું.

દૃષ્ટિરાગ ૧. [સં.] પું. જોવાથી ઉત્પન્ન થતી પ્રીતિ.

૨. પું. પોતાના મત વિષેનો મોહ.

દૃષ્ટિરોધ [સં. દૃષ્ટિ (નજર) + રોધ્ (રોકવું)] પું. નજર રોકવી તે.

દૃષ્ટિલંબન [સં.] ન. આકાશી પદાર્થોને યંત્રો દ્વારા જોનારની જોવાની આદતવાળી રીતને લીધે આકાશી પદાર્થના વાસ્તવિક સ્થાનમાં માલૂમ પડતો ફરક.

દૃષ્ટિવંત ૧. [સં. દૃષ્ટિ (નજર) + વત (વાળું)] વિ. જોવાની શક્તિવાળું; દૃષ્ટિવાળું.

૨ વિ. જ્ઞાની; જ્ઞાનચક્ષુ.

દૃષ્ટિવાદ ૧. [સં. દૃષ્ટિ (પ્રત્યક્ષ પ્રમાણ) + વાદ (મત)] પું. જેમાં પ્રત્યક્ષ પ્રમાણની જ પ્રધાનતા હોય એવો વાદ; નજરે દેખાય એ જ સાચું એવો મત.

૨ ન. (જૈન) બારમા અંગનું જે નામનું એક અંગસૂત્ર; બારમું અંગસૂત્ર.

દૃષ્ટિવાદુ [સં. દૃષ્ટિવાદ] ન. (જૈન) બારમા અંગનું જે નામે બારમું અંગસૂત્ર.

દૃષ્ટિવિક્ષેપ ૧ [સં.] પું. ઝટકો ફેંકવા તે; ઝટકાથી જોવું તે; દૃષ્ટિપાત.

૨. પું. જોવામાં વિઘ્ન.

દૃષ્ટિવિદ્યા [સં.] સ્ત્રી. દર્શનવિદ્યા; દૃષ્ટિનું શાસ્ત્ર; 'ઓપ્ટિક્સ.'

તેણે (ન્યૂટને) સોધી નાખો કર્યું કે પ્રત્યક્ષદર્શક
વીજરાઈ બાબ તેમાં ક્રિસ્ટલો એકબીજા બનેલા રોશનીના
કિરણમાં સાત રંગ છે: એ સોધથી દૃષ્ટિવિદ્યાનું
બીજ રોપાયું. નર્મદાશંકર

દૃષ્ટિવિપર્યાસ ૧ [સં. દૃષ્ટિ (નજર) + વિપર્યાસ (ઊલટાપણું)] પું. ખરાબ દૃષ્ટિથી જોવું તે; પારકાની સ્ત્રી ઉપર ખરાબ નજરથી જોવું તે.

૨. પું. (જૈન) દૃષ્ટિની ભ્રાંતિ; મિત્રને શત્રુ અને શત્રુને મિત્ર તરીકે જોવું તે.

૩. પું. (જૈન) ભ્રાંતિથી એકને બદલે બીજાની મારવાથી થતી હિંસા.

દૃષ્ટિવિપર્યાસદંડ [સં.] પું. (જૈન) ભ્રાંતિથી મિત્રને દુશ્મન માની લઈ તેની ખોટી કરવાથી થતી હિંસા; તેર માંહેનું બીજું ક્રિયાસ્થાનક.

દૃષ્ટિવિભ્રમ [સં.] પું. નેત્રનો વિલાસ; આંખનો ઇશારો, પ્રેમકટાક્ષ.

દૃષ્ટિવિષ [સં.] પું. આંખમાં ઝેર વાળો એક જાતનો સર્પ.

દૃષ્ટિવિષયક [સં.] વિ. આંખ સંબંધી.

દૃષ્ટિવિષી [સં.] સ્ત્રી. આંખમાં ઝેર વાળો સાપ.

દૃષ્ટિવૈષમ્ય [સં.] ન. અસમ દૃષ્ટિ વા દૃષ્ટિ.

દૃષ્ટિશક્તિ [સં.] સ્ત્રી. જોવાની શક્તિ.

દૃષ્ટિશર [સં. દૃષ્ટિ (નજર) + શર (બાણ)] પું. કટાક્ષ; નજરરૂપી બાણ.

આમ જ્યાં ત્યાં વિરાજ નમને દૃષ્ટિશરો સાંધતી.
કેશવ હર્ષદ

દૃષ્ટિશાસ્ત્ર [સં.] ન. દર્શનાનુશાસન; દૃષ્ટિનું શાસ્ત્ર; 'ઓપ્ટિક્સ.'

દૃષ્ટિશાસ્ત્રી [સં. દૃષ્ટિશાસ્ત્રિન્] પું. દૃષ્ટિશાસ્ત્રનો અભ્યાસી.

દૃષ્ટિશૂલ [સં.] ન. આંખનું શૂલ.

દૃષ્ટિસંકોચ [સં.] પું. વિચારનું સાંકડાપણું.

દૃષ્ટિસંગમ [સં.] પું. નજરનો મેળાપ.

દૃષ્ટિસંચાર [સં. દૃષ્ટિ + સંચાર (હલનચલન)] પું. જરી જરી આંખ હલાવવી તે.

દૃષ્ટિસંજીવિતાદૌષધમોપમોપિકાપ્રિય [સં.] પું. પુરુષોત્તમનું હજાર માંહેનું એક નામ.

દૃષ્ટિસીમા ૧. [સં. દૃષ્ટિ + સીમન (સીમાડો)] સ્ત્રી. ક્ષિતિજ; દૃષ્ટિમર્યાદા.

૨. સ્ત્રી. હદ; મર્યાદા

દૃષ્ટિસીમાંત [સં.] પું દૃષ્ટિમર્યાદા.

નક્ષત્રોનો જય હો ચિરકાળમાં,
મહામુનિ ! હજુ દૃષ્ટિસીમાંતે. સંજીવન

દૃષ્ટિસૂક્ષ્મતા [સં.] સ્ત્રી. સૂક્ષ્મ દૃષ્ટિત્વ; ઝીણી નજર; ઝીણવટ.

દૃષ્ટિસૃષ્ટિ [સં. દૃષ્ટિ (સ્વપ્રકાશજ્ઞાન સ્વરૂપ દર્શન) + સૃષ્ટિ] સ્ત્રી. (વેદાંત) આધ્યાત્મિક, પ્રાતિભાસિક અને પારમાર્થિક એવી ત્રણે સત્તાથી બહાર હોઈને જે અસતથી વિલક્ષણ હોય તે સૃષ્ટિ; દૃષ્ટિના પ્રમાણ કાળમાં વિશ્વની સૃષ્ટિ; દૃષ્ટિ એ જ વિશ્વસૃષ્ટિ.

દૃષ્ટિસ્થાન [સં.] ન. (જ્યોતિષ) કુંડલીમાં જે સ્થાનમાં રહેલા ગ્રહ ઉપર બીજા કોઈ સ્થાનમાં રહેલા ગ્રહની દૃષ્ટિ પડે તે સ્થાન. ગ્રહોની દૃષ્ટિનો સાધારણ નિયમ એવો છે કે, કોઈ સ્થાનમાં રહેલા ગ્રહ ઉપર તેનાથી ત્રીજા તથા દશમા સ્થાનમાં રહેલા ગ્રહની અર્ધી, બીજા અને આઠમા સ્થાનમાં રહેલ ગ્રહની પોણી અને સાતમા સ્થાનના ગ્રહની પૂરી દૃષ્ટિ પડે.

દૃષ્ટિસ્થાનભેદ [સં.] પું. વસ્તુ અને તેની પ્રતિકૃતિ વચ્ચેનું અંતર; વંચન.

દૃષ્ટિહીન [સં] વિ. આંધળું.

દૃષ્ટિહીનતા [સં.] સ્ત્રી. અંધાપો; અંધતા. આ અંધતા એવા પ્રકારની હોય છે કે, તેમાં આંખ ઉપર કોઈ જાતની વિકૃતિ દેખાતી નથી પણ ચક્ષુવાત નાડીની વિકૃતિથી અંધતા આવે છે.

દૃષ્ટિ જ. નજરમાં; ધ્યાનમાં. દૃષ્ટિમાંથી મૂળનો ષ ઊડી જતાં સાતમી વિભક્તિનો સાનુનાસિક ઈ લાગી આ રૂપ બન્યું છે.

દૃષ્ટેદૃષ્ટ ૧. સ્ત્રી. દૃષ્ટિ સામે દૃષ્ટિ.
૨. અ. નજરોનજર.

દૃષ્ટોદૃષ્ટ ૧. અ. નજરોનજર; આંખે આંખ મળે એમ.
૨. અ. પ્રત્યક્ષ.

દહ ૧. [સં.] અ. ક્રિ. બળવું.
૨. અ. ક્રિ. સળગવું.
૩. અ. ક્રિ. વધવું; વૃદ્ધિ પામવી.

દે ૧. પું. હરવરદીનથી દશમો માસ; ઈરાની લોકોનો દશમો મહિનો.
૨. પું. બંગાળી બ્રાહ્મણોનો એક ભેદ.
૩. વિ. દેશનું કું ૩૫. જે શબ્દનું મૂળ સંસ્કૃત કે પ્રાકૃતમાં ન હોય તે શબ્દ દેશ્ય કહેવાય છે.
૪. વિ. દેહ અને આત્મવાળું.
૫. સ. ક્રિ. આપ; દેવું એટલે આપવાનું આત્મનેપદી રૂપ.
૬. અ. દેવીના અર્થમાં બીજા નામ જોડે વપરાતો એક પ્રત્યય. જેમકે, દુર્ગાદે.
૭. અ. દેહધારી જેવા અર્થમાં વપરાતો પ્રત્યય.

દેખાવ (દેખાવ) [હિં.] પું. ઊભરાનો રાફડો.

દેઈ ૧. [સં દેવી] સ્ત્રી. દેવી.
૨. સ્ત્રી. દેહધારી પ્રાણી.
દેઈને જે દેવને = જે આપણે પોતાને માટે તે જ ઈશ્વરને ચરણે.
૩. [સં. દેહ] સ્ત્રી. શરીર; તનુ; કાયા; દેહ.
ઉપર ચમ આવે, દાંત જો પૂજેય દેઈના.
દુહો
૪. સ્ત્રી. ઓગ્યોનો એક આદરસૂચક શબ્દ.

દેઈડી (દેઈડી) સ્ત્રી. નાનું દેવળ; દેરી.
તે ખેતરના ગામમાં મરણ પામ્યો હોય તો તેનુ કટુંબ પછી વાત દેઈડી ઊભી કરે છે.
હિંદુસ્તાનના દેવો

દેઉ ૧. પું. દિયર; પતિનો નાનો ભાઈ.
૨. પું. દેવ.

દેઉકણ વિ. દેનાર; આપનાર; આપવાનો જેને અધિકાર હોય તેવુ.

દેઉની પું. એક જાતનો આભલો.

દેઉર પું. દિયર; દેર; પતિનો નાનો ભાઈ.
સંગ સહાય દેવર જાય જસ,
સકલ દેઉર વર વિદ્યાસ. બાબરસમય

દેઉરાની સ્ત્રી. દેરાણી; પતિના નાના ભાઈની ઓ.

દેઉલ [સં. દેવકુલ] ન. (બ. વ.) દેવળ; દેવમંદિર; દેવાલય.
આનંદભરી ઉતાવળી પૂજંતી દેઉલી હારી.
ભીમ

દેઓટી સ્ત્રી. ઢાનસ; ભચી; મલાલ

દેઓડી (દેઓડી) સ્ત્રી. દરવાજો

દેકારી સ્ત્રી. એક જાતનું ઝાડ; દિકામાળી. તે ૨૦થી ૨૫ ફૂટ ઊંચું થાય છે. તેની છાલ લીસી અને ચળકતી, કૂણા લીસા તેમજ ચકચકિત અને તેના ઉપર ઝુંદરનું પાતળું પડ હોય છે. પાંદડું મોટું થયા પછી પાંદડાને છેડે તે ઝુંદરની ગોળીઓ થઈ જાય છે. તેના અણીવાળાં પાન ૨ ફૂટથી ૮ ઇંચ લાંબાં અને ૧થી ૩ ઇંચ પહોળા, ફૂલ મોટાં અને સુગંધીવાળાં, ફૂલનું ડીંટકું ૧૫ ઇંચ લાંબું, સુંવાળું તથા રુવાંટીવાળું અને ફૂલને પાંચ લંબગોળ પાંખડી અને ફળ અંડાકાર હોય છે. રેખાંકની પેઠે ૩ ફળ ઉપર લીટી દોરેલી માલૂમ પડે છે. બજારનો ભાગ ઝાડવાનો કટકો હોય છે. ફળની નીચે છેડે એક સખત ડીંટું હોય છે. તેનાં ફૂલ સાંજે ખીલે છે અને તરત જ પોળામાંથી પીળાં થઈ કરમાઈ જાય છે. ગરમા, ચિતેમોગ, દક્ષિણ હિંદ, કોંકણ, કર્ણાટક અને મદ્રાસ પ્રદેશમાં તે ઝાડ થાય છે. તેના ફળના બીલ્યા પછી પાનને છેડે આવેલ ઝુંદર જેવો ચીકણો પદાર્થ દેકામારી કહેવાય છે. તે ઔષધિ હોઈ તેનો ઘણો ઉપયોગ થાય છે. આ ઝાડના રસની ગ્રંથ બિલાડીના રોવાળ જેવી બરાબ હોય છે. જો તેમાં કચરો ન હોય તો તે સ્વચ્છ સ્વરૂપમાં પારદર્શક અને ઘૂઘવતા પીળા રંગનો હોય છે. તેનુ ઝાડવું પીળાશ પડતું ધોળું હોય છે. તેના ઝાડવાના બખાળા તથા કાંસકી બનાવાય છે. મધ્ય પ્રાંતમાં તેનાં ફળ ખોરાક તરીકે વપરાય છે. રિપરિટમાં તેને એકરસ કરી ચામડીનાં ચાઠાં સાફ કરવામાં તે ઉપયોગી છે. તે જંતુવિનાશક અને ઉત્તેજક છે. દક્ષિણ અને પશ્ચિમ હિંદનાં લોકો તેને ડિસેન્ટરિમાં, બાળકોને દાંતની બીમારીમાં વગેરે રોગમા વાપરે છે. દુખતા મારામાંથી માખીઓને દૂર રાખવા માટે તેને બહાર ચોપડવાથી માખીઓ પાસે આવી શકતી નથી. વરપમા આ કામ માટે દવાખાનામાં પણ તે વપરાય છે. દેકામારીનો ગુંદર તેલમાં ચિત્રાળી માખાના દુખાવામાં વપરાય છે.

દેકારો પું. બબાકબી અગેરે કજિયો; ઉત્પાત; દે દે, મા મા જેવો પોકાર.

દેકાર્દે પું. એ નામનો એક દેશ ચિલસૂફ
લોકેડિસ જેવું જ કર્કે હેય ચિલસૂફ દેકાર્દનું અવાંચીન ચિલસૂફીમા સ્થાન છે. પુ તાત્ત્વ

દેકાવાડિયા (દેકાવાડિયા) ૧. સ્ત્રી. એ નામની કઠવા કબુલીની એક બટક.
૨. ન. એ નામની બટકનુ મ.મૂલ.
૩. વિ. એ નામની બટકનુ

દેખ સ્ત્રી. દેખવાની ક્રિયા કે ભાવ; અવલોકન.

દેખાડવું (દેખાડવુ) સ. ક્રિ. દેખાડવું; બતાવવુ.

દેખણહાર વિ. દેખનારું; જોનારું.

દેખણહારો વિ. પું. જોનારો; દેખનારો.

દેખવું વિ. દેખાવડું; રૂપાળુ.

દેખત ૧. અ. દેખતાં જ; તરત ને તરત; જોતજોતામાં; હમણા જ; જોતાવેંત.
૨. અ. દમાડે કે તરત; બડાઉતાર. હુંડી માટે વપરાય છે.
૩. અ. નજર આગળ; નજર તળે

દેખતહૂંડી સ્ત્રી. દેખાડે કે તરત સ્વીકારાય એવી હુંડી; બડાઉતાર એટલે જોતા ઉતારતાવેંત તરત સ્વીકારાય એવી હુંડી; ' પ્રોમિસરિ નોટ. '

દેખતાં જુઓ દેખત

દેખતાં નક્ષત્ર ન. બ. વ (જ્યોતિષ) અશ્વિનીક માહેનાં સાત નક્ષત્ર: કૃત્તિકા, પુનર્વસુ, પૂર્વાફાલ્ગુની, સ્વાતિ, મૃગ, શ્રવણ અને ઉત્તરાભાદ્રપદ. મનાય છે કે, દેખતા નક્ષત્રનાં ગુમ થયેલી વસ્તુ ઉત્તર દિશામાં ગયેલી અને પાછી મળવી મુશ્કેલ જણાવી.

૨ખવું ૧. વિ. જેની આંખે દેખાવું હોય એવું; જોવું; આંખવું નહિ એવું.
૨ખતા ૨હેવું = ધ્યાન રાખવું; સંભાળ રાખવી
૨. વિ. ઝડપથી; અક્ષર વાંચી જાણે એવું તેમ જ સમજવું; સમજવું; વિચારી.
૨ખતી આંખે આંખવું = અમુક વાતનું જ્ઞાન છે કે સમજે છે છતાં તે વાતમાં અથવા બાબતમાં ભૂલ કરનાર.

૨ખતે ૨ખતે ૧. અ. જોતજોતામાં.
૨. અ. નજર આગળ.

૨ખદેખે અ. જોતજોતામાં.

૨ખનાર વિ. જોનાર; પ્રેક્ષક; જોવું હોય એવું.

૨ખભાળ સ્ત્રી. નિરીક્ષણ; બારીક તપાસ; દેખરેખ.

૨ખમરેખી સ્ત્રી. હરીફાઈ; સ્પર્ધા; રસાકસી.

૨ખરેખ ૧. સ્ત્રી. કોઈ વસ્તુ કે ક્રમ દેખતાં અથવા જોતાં રહેવું તે; તપાસ; સંભાળ; નિરીક્ષણ.
૨. સ્ત્રી. તકેદારી; ચાપતો; નાસી કે ભાગી જાય નહિ અથવા ન કરવાનું કરે નહિ વગેરે બાબતની સંભાળ રાખવી તે.
૨ખરેખ કરવી–રાખવી = સંભાળવું; જોતા કે તપાસતાં રહેવું.
૩. સ્ત્રી. નજર.
૪. સ્ત્રી. બંદોબસ્ત; વ્યવસ્થા.

૨ખરેખી ૧. વિ. દેખરેખ રાખનાર; નજર રાખનાર.
૨. વિ. દેખરેખને લગતું; દેખરેખ સંબંધી.

૨ખવું ૧. સ. ક્રિ. અનુભવ કરવો; પરીક્ષા કરવી.
૨. સ. ક્રિ. આશા રાખવી.
૩. [સં. दृश्] સ. ક્રિ. જોવું; નજરે પડવું; આંખથી કોઈ વસ્તુનું દર્શન કરવું; દૃષ્ટિએ પડવું; નજર કરવી; અવલોકન કરવું; કોઈ વસ્તુનાં રૂપ રંગ વગેરેનું જ્ઞાન આંખ વડે મેળવવું. આંખ ઉઘાડી હોય તે પ્રસંગે જે પદાર્થ આપણી આંખે નજરે પડે તેને માટે દેખવું શબ્દ વપરાય છે. કોઈ કોઈ પદાર્થ તરફ નજર કરીએ તો તેને માટે જોવું શબ્દ વપરાય છે. જોવામાં જોનારની ઇચ્છા જણાય છે, પણ દેખવામાં તેમ જણાતું નથી. દેખવું એ શબ્દમાં જણાયા સિવાય કોઈ બીજ નજરે પડી જોવો અહીં રહેલો જણાય છે. જોવાની વસ્તુ જોનારની નજરે પડે ત્યારે જ દેખવું વપરાય. જોવું એ શબ્દ હમેશા તેમ નથી વપરાતો.
દેખવું નહિ અને સાંભળવું નહિ = અજ્ઞાનમાં સુખ રહેલું છે.
૪. સ. ક્રિ. તપાસ કરવી; જોખવું.
૫. સ. ક્રિ. સમજવું વાંચી કે સમજી લેવું; ઊકલતાં આવડવું; ચક્ષુરિંદ્રિય દ્વારા સમજવું.
૬. સ. ક્રિ. વિચારવું.
૭. સ. ક્રિ. સાબિત કરવું.
૮. સ. ક્રિ. સાવધાન રહેવું; ધ્યાન આપવું.

૨ખવું ભાળવું ૧. સ. ક્રિ. આશા રાખવી.
૨. સ. ક્રિ. જોવું.
૩. સ. ક્રિ. તપાસ કરવી; નિરીક્ષણ કરવું.
૪. સ. ક્રિ. ધ્યાન આપવું.
૫. સ. ક્રિ. જોખવું.
૬. સ. ક્રિ. સાબિત કરવું.

૨ખવૈયો ૧. પું. જોનાર; પ્રેક્ષક.
૨. પું. પ્રવીણ પુરુષ.

૨ખંતું ૧. વિ. દેખવા પૂરતું; ઉપરથી દેખાતું.
૨. વિ. ઓળીતું; દેખાવકું.

૨ખા ૧. સ્ત્રી. દર્શન.
૨. જો પ્રત્યક્ષ જણાવું તે; દેખવું કે નજર સામે આવવું તે; હાજરી.
દેખા દેવી = દેખાવું; નજરે પડવું.

૨ખાઈ સ્ત્રી. દેખાવ; દર્શન.

૨ખાઉ ૧. વિ. દેખાવ જેવું ખુશ્કું.
૨. વિ. દેખાવકું; ઓળીતું.
૩. વિ. પ્રકટ; પ્રત્યક્ષ.
૪. [વિ.] વિ. બનાવટી; વાસ્તવિક ન હોય એવું.
૫. વિ. માત્ર દેખાવ માટે હોય એવું; કાંઈપણ કામ ન લેવું

૨ખાડ (દેખાડ) ૧. પું. દેખાડો; દેખાડવું તે; દર્શન કરાવવું તે; બતાવવું તે.
દેખાડની ઘૂંસ્યા હામળી પેરે એ ઋણ ફેડવામાં વિલંબ ન ચાલે. કલેશ્વર
૧. દેખાડ કરવો = કૂંડી કે ચેક જોવા ઉપર તે લખનારે હોય તે આસામીને બતાવવા
૨. દેખાડ પાતી આપવો = જે આસામી ઉપરની કૂંડી હોય તે પણીએ કૂંડી ઉપર મિતિ લખી આપવી.
૩. દેખાડનાર જોગ કૂંડી = દેખાડનારને નાણાં મળે એવા પ્રકારની કૂંડી. દેખાડનાર જોગની કૂંડીઓનાં નાણાં જે દેખાડ કરે તેને આપવાનાં હોય છે. દેખાડનાર જોગની કૂંડીમાં મહાણાં બરાબર છે કે નહિ તે જોવાનું રહેતું નથી, કારણ કે દેખાડનાર જોગની કૂંડી ગમે તેમ મહાણાં કરેલ હોય તોપણ દેખાડનારને નાણાં આપવાં જોઈએ.
૨. સ. ક્રિ. દેખાડવું આદાર્થ રૂપ.

૨ખાડવું (દેખાડવું) ૧. સ. ક્રિ. પ્રાણી કે વસ્તુને બીજાની આગળ મૂકવું.
૨. સ. ક્રિ. સમજાવવું.
૩. સ. ક્રિ. સંભોગ કરાવવો.
અમે તે આખલાને ગાય દેખાડવાથી ગોવંશ ઉત્તરોત્તર નબળો થતો જાય છે. મ.પીઠ
૪. સ. ક્રિ. સામાને દેખાવ તેમ કરવું; બતાવવું; જોવડાવવું; દર્શાવવું; નજરોનજર કરાવવું.
દેખાડે મોળા ને આપે ગયા = બતાવવું કંઈ અને આપવું કંઈ.

૨ખાડો (દેખાડો) ૧. પું. ગૌરવ; મોટાઈ.
દેખાડો કરવો = ગૌરવ બતાવવું; બીજાની નજરે પડે એવો દેખાવ કરવો; સામો માણસ જુએ એવો દેખાવ કરવો.
૨. પું. દેખાડવું કે બતાવવું તે
૩. પું. દેખાવ કરવો તે; સામાને ખુશ્કું જણાય તેમ કરવું તે; ડામડાજ વગેરે બીજાના જોતામાં આવે તેમ રાખવાં તે.
૪. પું. બનાવો; કલેતી.
૫. પું. સામાને બતાવવા પૂરતો દેખાવ; ઓળ.

૨ખાદેખી ૧. સ્ત્રી. જેવું જેવું દેખાય તેવું તેવું કરવું તે; જોઈનું દેખી બીજાએ, બીજાનું દેખી ત્રીજાએ એમ અનુકરણ કરવાની પરંપરા; જોઈજોઈનું જોઈ તેવું તેવું અનુકરણ કરવું તે.
નિત્ય પ્રથે આવાથી બહુ, દેખાદેખી ચાલે સહુ.
જનવાસ
૧. દેખાદેખી કરવી = જોઈજોઈનું દેખી તેમ કર્યા કરવું; ચાહ કરવો; નાદે ચઢવું.
૨. દેખાદેખી સાથે જોમ, મરે નહિ તો ઘણે રોગ = વિશેષ શક્તિવાળા સાથે સ્પર્ધા કરવી તે.
૨. સ્ત્રી. દર્શન; સાક્ષાત્કાર.
૩. સ્ત્રી. સરસાઈ; સ્પર્ધા; જોઈજોઈનું જોઈ તેનાથી અધિકતા કરવી તે; હરીફાઈ.
૪. અ. જોઈ જોઈને; ચાહોવાહ; બીજાના અનુકરણથી.

૨ખાભાળી ૧. સ્ત્રી. જોઈને આંખો ઠારવી તે.
૨ સ્ત્રી તપાસ; સોપખોળ.
૩. સ્ત્રી. નજર.

૨ખાભૂંડી સ્ત્રી. ખૂંખવાળવાળો રસ્તો.

૨ખાય ૧. પું આ લોક; દુનિયા.
૨. પું. ખોટો દેખાવ; ડોળ.
૩. પું. કાકમાઠ
૪. પું. દૃષ્ટિની સીમા; નજરની પહોંચ.
૫. પું દેખાવું તે દરમ્યાન પ્રદર્શન.
૬. પું. નજરે પડતો આકાર, ઘાટ અથવા ઢોળ; આકૃતિ; મુદ્રા.
૭. પું. આંખો; શરીરનું કાણું.

દેખાવટ ૧. [હિ.] સ્ત્રી. દેખાડો; દેખાવો; ઢોળા.
૨. સ્ત્રી. ઉપરંત દેખાડવાની ક્રિયા અથવા ભાવ.

દેખાવડું (દેખાવું) વિ. દેખાવમા સારું; સુંદર; જોવા જેવું; રોબીલું; રૂપાળું; રઢિયાળું; કૂટકું; સ્વરૂપવાન; મનોહર; સુશોભિત.

દેખાવું ૧. અ. ક્રિ. નજરે પડવું.
૨. અ. ક્રિ. સમજવામાં આવવું.
૩. અ. ક્રિ. સ્ફુરવું; જણાવું.

દેખીતું ૧. વિ. પ્રત્યક્ષ; ખુલ્લું; સ્પષ્ટ દેખાતું હોય એવું.
૨. વિ. બીજા પ્રકારથી જ દેખાતું; વાસ્તવિક નહિ એવું.
૩. અ. ખુલ્લી રીતે; સ્પષ્ટતાથી.
દેખીતાં ઉદાહરણનાં ફળ, પણ માંહે કાચાં ઝેર = બહારનો સુંદર દેખાવ પણ અંદરથી અનિષ્ટવાળું.

દેખીપેખી અ. જાણીજોઈને.

દેખીપેખીને અ. જાણીજોઈને.

દેખીલ [સં. દર્શિલ] વિ. સમર્થિત; પ્રવેશ કરેલું.

દેખો ૧. કું. દેખાવ; દેખ; દર્શન.
૨. અ. ક્રિ. જુઓ; જાળો; દેખવું એ આજ્ઞાર્થનું રૂપ.

દેખ્યુંભાળ્યું વિ. જોયેલું અને ખાતરી કરેલું.

દેગ ૧. [હિ.] કું. એક જાતનું નાજ પકવો.
૨. [સં.] કું. પાણી ભરવાનું અથવા સંઘરવાનું મોટું અને ઢાલકા જેવું તાંબાનું વાસણ; મોટો દેગડો. દેગ એટલે હાંડો અને દેગચી એટલે નાનો હાંડો એ પણ ફારસી છે.
૩. સ્ત્રી. દેગડી; તાંબાનું એક વાસણ; તપેલું.
દેગ ચડાવવી = જમણવાર કરવો.

દેગચી [સં.] સ્ત્રી. નાની દેગડી.

દેગડા (દેગડ) ૧. સ્ત્રી. એ નામની રમતની એક જાત.
૨. જ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેગડી (દેગડી) સ્ત્રી. પાણી ભરવાનું અને ગરમ કરવાનું નાના ઘડા જેવું તાંબા કે પિત્તળનું વાસણ; નાનો ઉનામણો.

દેગું (દેગું) [સં. દ્વિ (બે) + ઘટ (ઘડો)] જ. બે ઘડા પાણી ભરી શકે એવું વાસણ; નાનો દેગ; દેગો; નાનો ઝક.

દેગો (દેગો) કું. દેગ; હાંડો.

દેગદાન [સં.] કું. ચૂલો.

દેગરડી (દેગરડી) સ્ત્રી. ઉત્તર ગુજરાત તરફ રમાતી એ નામની એક મેદાની રમત; સાત દેહાલી; દડીદોરી; મેદાનમાં એક કૂંડાળું કરી તેની વચ્ચોવચ્ચ એક ઈંટ ઊભી મૂકવામાં આવે છે. કૂંડાળાથી અમુક છેટે નક્કી કરેલી જગ્યાએથી રમનારાઓ વારાફરતી સાત દેહાં વટે તે ઈંટને તાકીને મારે છે. જેનાં સાતે દેહાં ઈંટને વાગે તે છતલ ગણાય. હારેલા રમનારાઓને ઈંટને આંટવાની જગ્યાએ ઊભા રાખી તેમની આખે પાટા બાંધી તેમને ઘટવાળું કૂંડાળું ખોળવાનું કહેવામાં આવે છે. ખોળી કાઢનારને માથેથી હાથ ઊતરે. જો ન ખોળી શકે તેને દરેક છતેલો રમનાર સાત સાત ધબ્બા મારે છે અને રમત પૂરી થાય છે.

દેગરો [જા.] કું. વાસણ માંજનાર માણસ.

દેગલા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક જાત.
૨. જ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેગ જુઓ દેજ.

દેજ ૧. સ્ત્રી.; જ. કન્યાનું મુહ્ય. લગ્ન વખતે વર તરફથી કન્યાના માવતરને ભરવામાં આવતી રકમ.
૨. સ્ત્રી.; જ. કન્યાને વરપક્ષ તરફથી આપવાની ઘરખાં વગેરેની ભેટ.
૩. સ્ત્રી.; જ. વરપક્ષ તરફથી કન્યાપક્ષને આપવામાં આવતું જામણ.
૪. [સં. દેય] જ. દેવું; દેવાનું તે; આપવાનું તે.

દેજું જ. ડરિયાવર; કામળે.

દેઠકડી (દેઠકડી) સ્ત્રી. દેઠકી.

દેઠકના કૂદકા કું. જ. વ. એ નામની એક રમત. રમનારની સંખ્યાના પ્રમાણમાં બે ત્રણ રેખા સમાંતરે દોરવી. બે રેખા વચ્ચે ૭ ફૂટનું અંતર રાખવું. આ રેખા ઉપર છોકરાઓને ત્રણ ભાગ પાડી એકની પાછળ એક એમ દરેક વચ્ચે સાત ફૂટનું અંતર રાખીને ઊભા રાખવા. પછી બધાની પાછળના છોકરા સિવાયના દરેક હારના બધા છોકરાઓએ ક્રમરમાંથી વળીને ખોડણ ઉપર હાથ રાખીને ઊભા રહેવું. સિસોટી થતાં જ દરેક હારના પાછળ ઊભા છોકરાએ પોતાની આગળના છોકરાની પીઠ ઉપર બને હાથ રાખી કૂદકો મારી આગળ આવવું અને પછી તેના ઉપરના ઉપર જઈને કૂદવું. એ રીતે સૌથી આગળ આવી ચાંગ વળી ખોડણ ઉપર હાથ રાખીને ઊભા રહેવું. પછી જે ઊભો રહ્યો હોય તે ઊભો રહે ને તે જ પ્રમાણે કૂદકા મારી આગળ આવે. એમ બધાનો વારો આવી રહે ત્યારે રમત પૂરી થાય. આ રમતના બીજા પ્રકારમાં પહેલા પ્રકાર પ્રમાણે જ કૂદવાનું છે, પણ આમાં પીઠ ઉપર માત્ર એક જ હાથ રાખીને કૂદવાનું છે. ત્રીજા પ્રકારમાં બાકી બચેલા છોકરાની પીઠ ૩.૨ એકે હાથ નહિ રાખતાં બધાએ કોઈ પણ આધાર વગર કૂદવાનું હોય છે.

દેઠકાંમારુ ૧. વિ. દેઠકા મારનાર.
૨. વિ. નષ્ટ્રનુ કામ કરનાર.

દેઠકિયા ૧. સ્ત્રી. એ નામની કબૂતરની એક જાત.
૨. જ. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું

દેઠકી સ્ત્રી. દેઠકાની માદા.

દેઠકીમચ્છી સ્ત્રી. કોટીનાર પાસે દરિયામાં થતી એ નામની એક જાતની માછલી.

દેઠકું ૧. [સ. દર્દુર] જ. જોની જમીન કે પાણીમાં રહેનારું ચોપગું પણ પૂછડી વિનાનું એક નાનું પ્રાણી; મેઢક. તે પાણીમાં તરે છે અને જમીન ઉપર કૂદકા મારીને ચાલે છે. પહેલાં તેને પૂછડી હોય છે અને તે ધીમે ધીમે નાશ પામે છે.
૧. દેઠકાં છોલવાં = નકામી વાત કરવી; બબ્બાં મારવાં.
૨. દેઠકાં ડાંભવાં = જરીપ ઉપર ખુલ્લમ કરવો; બળાને ત્રાસ આપવો.
૩. દેઠકાંની પાંચશેરી = બંને તેમ જોઇવતાં પણ અવસ્થિત જોઇવાય નહિ એવી સ્થિતિ. દેઠકાંથી પાચશેરી બંધાય નહિ, તે ઉપરથી જે કામ સમૂહથી કરવાનું હોય તે થાય નહિ ત્યારે આ પ્રયોગ વપરાય છે.

૨. જ. હાથપગનું ઝાડવું તે; જોડલું.
હાથપગમાં ઝાડા બળવા દેઠકાં આવે.
કો. બરબોજ

દેઠકો કું. પાણીમાં રહેનું આર પગનું પૂછડી વિનાનું પ્રાણી; મંડૂક. તે કૂદકેથી તરે છે અને જમીન ઉપર કૂદકા મારે છે. જુઓ દેઠકું.
કૂવાનો દેઠકો = કૂવો જુદિનું માણસ; પોતે રહેતો હોય તેથી વધારે વિસ્તાર ઉપર જેની નજર પહોંચતી ન હોય એવો માણસ; કૂપ અનુભવ અને ઓછા જ્ઞાનવાળું માણસ.

દેઢી [સં. દ્વાર] સ્ત્રી. દેવડી, ઓકોદારની ઓરડી. દોઢી કે દેઢી એક જ અર્થમાં વપરાય છે.
હાલ્ય હલ્ય ત્રાસ પગ્યો દોઢી ને દેઢી.
દ.ગ.

દેણ ૧. જ. ઉપકારનું ફળાવ.
૨. જ. ચાસ, ખેડ, ખાતર વગેરેને દેવાનું ખાતર.
૩. [સ. દૈન (કરજ)] જ. દેવું, કરજ; ઋણ.
૪. જ. પૂર્વ જન્મ માદેનું બીજાનું માગવું.
૫. જ. મદદગાર; સાથ; સહકાર; ભરપાઈ
૬. જ. વાવડાનું વેચાણ.

૯. વિ. દેનારાનું; આપવાવાળું; આપનાર.
૮. અ. દેનારે એવો અર્થ બતાવનાર પ્રત્યય. સમાસને અંતે વપરાય છે. જેમકે, સુખદેનુ.

દેવુગી ૧. સ્ત્રી. કરજ; દેવું; ઋણ.
૨. સ્ત્રી. દેવાની રીત; આપવાની રીત.
૩. સ્ત્રી. ખીરસી રકમ.
૪. [અ.] સ્ત્રી. બક્ષિસ; ભેટ; દાન.
ચેર ચેર પુરુષ પાસ દેવુગીનાં. કલિત

દેવું ૧. સ્ત્રી. સત્તાલય; વેતન; વટફો; મુશાહિરો.
૬. ન. એક જાતનું મોતી. ઇતિહાસની પ્રસક્ત થઈ લાગતી ના અદ્ભુત તથા પૂર્વ કેવી દેવુગી મોતીનું નામ આપીનું હતું. મનુષ્યજાતિને જાણવામાં આ પ્રથમ હોવું જોઈએ. તે પ્રથમ હિંદુસ્તાનમાં જોવામાં અને ત્યાંથી દુનિયાના ઇતિહાસમાં તેની માહિતી થઈ મનાય છે.

દેવુદાર ૧. વિ. કરજદાર; દેવાદાર; જેને કરજ આપવાનું હોય તેનું.
૨. વિ. જેના ઉપર ઉપકાર થયેલો હોય એનું; ઋણી.

દેવુદારી સ્ત્રી. દેવુદારની સ્થિતિ.

દેવુસેજ ૧. ન. લેવાદેવાનો અવસર.
૨. ન. હિંદુઓમાં સમવસ્ત્ર પછી થતી પહેલી ક્રિયા. તેમાં વર તથા કન્યા પક્ષની બાઈઓ એકબીજાને ત્યાં ખાંડણકાર થઈ ને આવવા જાય છે. આ ક્રિયામાં આવેલ બાઈઓને ગોળ કે ખાંડની લહાણ આપવામાં આવે છે.

દેવિયાત વિ. જેને બીજાનાં નાણાં આપવાનાં હોય તેનું; ઋણી; દેવાદાર; દેવુદાર.

દેવી સ્ત્રી. આપવાની રીત; દેવુગી.

દેવું ૧. ન. ઉપકારનું કબાણ.
૨. [અ. દૈન] ન. દેવું; કરજ; દેવું; ઋણ.
૩. ન. સરકારકરજું; મહેસાણ.
૪. વિ. દેનારું. સમાસને અંતે વપરાય છે. જેમકે, સુખદેવું.

દેવલક અ. લાંબા વખત સુધી.

દેવરાજ ૧. સ્ત્રી. એ નામની જોગીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દેવરી ૧. સ્ત્રી. કરજ; ઋણ; દેવું.
૨. સ્ત્રી. બક્ષિસ; મહેસાણ.
૩. સ્ત્રી. ભેટ; દાન.

દેવલ વિ દેનાર; દેવાવાળું; આપનાર.

દેવવા પું. દેવતા; અગ્નિ.

દેવા ૧. પું. આપનાર માણસ.
૨. પું. વેપારી.

દેવાળી સ્ત્રી. ખેતીનું એક ઓજાર. ખંપાળી.

દેવી [હિં.] સ્ત્રી. મુસ્લિમ બરાબર થઈ હોય તેવું દેવું.

દેવીલેવી ૧. સ્ત્રી. પહેરામણી.
એમાં પૈસા સારમણેસા દેવીલેવી [પહેરામણી]ના સિવાયનો કયાંય ઉલ્લેખ નથી. ગાંધીજી
૨. સ્ત્રી. પૈસાની લેવડદેવડ.

દેવોળ ૧. સ્ત્રી. એ નામની કચ્છ કચ્છીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દેવોત પું. રાજા.

દેવા ૧. સ્ત્રી. એ નામની સંધીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દેશ સ્ત્રી. ભાલેજ રજપૂતની એક શાખા.

દેશલું ન. ગોટાળો; અવ્યવસ્થા.

દેશાર [જ. દીદાર] ન. દેખાવ; દીદાર; દર્શન.

દેદીપ્ત વિ. પ્રકાશિત; ચમકિત.

દેદીપ્યમાન [સં.] વિ. દીપતું; ચમકતું; તેજસ્વી; બહુ પ્રકાશતું

દેદો ૧. પું. ત્રિવાણી ઉપર આવેલ પ્રથમનું ભાવું.
૨. પું. બોળાઇતમાં છોકરીઓ ધૂળનો અનુબાકાર બનાવી તેને મુકવું રમી કૂટે છે તે અનુબાકૃતિ.

દેન ૧. સ્ત્રી. ગાય; ધેનુ; ધેન.
દેન દોહી નથી = મજબૂર નથી; શક્તિ નથી જેની ધેનુ દહોવાય તેજ દૂધ પીએ તે તેનામાં જ શક્તિ આવે એ અન્યથે બોલાય છે. પ્રસક્ષ વાસવની પણ દેન દોહી નથી કે આ અર્થે બોલે પણ કન્યાને વર્ષ જાઈ હોય –પ્રેમાનંદ
૨. સ્ત્રી. બક્ષિસ; ભેટ.
૩. સ્ત્રી.; ન. શક્તિ; બળ; જોર; તાકાત; હામ; મજબૂર; હિંમત; મર્દાઈ.
મેની દેન છે કે સામું જોશે? = વિરોધ ઉઠાવવાની શક્તિ જેનામાં છે? બમકી આપતાં બોલાય છે.
૪. ન. આપવું તે.
૫. ન. કરજ; દેવું; ઋણ; દેવું.
૬. [સં. દહન] ન. બાળવું તે; અગ્નિસંસ્કાર; દહન.
એમ કરતાં જેહમે સત્ય બાખ્યાં, ત્રણેને દીધુ દેન જ. ઉદ્ધવ
૧. દેન દેવું = મુદ્દાને બાળવા ચિતામાં અગ્નિ મૂકવો; અગ્નિસંસ્કાર કરવો.
૨. દેન થવું = અગ્નિસંસ્કાર થવો.

દેનખોરી સ્ત્રી. જોખમવાળ.

દેનસેન [હિં.] ન. લેવડદેવડ; લેવું અને દેવું.

દેનદા [હિં] ન. દેવું; કરજ.

દેનાર વિ. આપનાર.

દેની ૧. સ્ત્રી. દેવું
૨. સ્ત્રી. ઘાણી; કૂડ.

દેપદીન પું. કચ્છી સનના તેમજ ઈરાનીઓના મહિનાનો બેંતાલીસમો દિવસ.

દેપદીનદાદાર પું. (જરથોસ્તી) એ નામનો એક હિરસ્તો

દેપમેહેર પું. (જરથોસ્તી) એ નામનો એક હિરસ્તો.

દેપમેહેરદાદાર જુઓ દેપદીનદાદાર.

દેપાણી ૧. સ્ત્રી. એ નામની કચ્છીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દેપાદર ૧. પું. કચ્છી સનના તેમજ ઈરાનીઓના મહિનાનો આઠમો દિવસ.
૨. પું. એ નામનો એક હિરસ્તો.

દેપાદારદાદાર જુઓ દેપદીનદાદાર.

દેબક [સં.] ન. હિનખાન.

દેબરદાસીબમ્બા પું. કચ્છમા સૈકામાં થયેલ એ નામનો શિવાચાર્ય. તે માલુકબજરના જૈન રાજા જયસિંહની રાણી સુગલાદેવીનો ગુરુ હતો.

દેબા [સં.] પું. હિનખાન; સોનાસણનું ઝાડ.

દેબાજ [સં.] પું દીનાનો; પ્રસ્તાવના.

દેબુ ૧. સ્ત્રી. ખરસી ભોંયની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેમલું ન. તરફ.

દેમાગ ન. દિમાગ; મગજ.
આ ગોરમાં આજની કેટકુએક સાલની વધ એઈ હશે છે એમ દેમાગ વરમના થતું નથી.
ડૉ. આલેટ

દેમાન [સં. દીવાન] પું. મંત્રી; અમાત્ય; પ્રધાન.

દેમાર વિ. બોબમાર; મુશળધાર.

દેય [સં.] વિ. આપવા યોગ્ય; આપી શકાય એવું; દેવા જેવું.

દેવડી (દેવડો) સ્ત્રી. સમાધિ; દેરી; દરગાહ; બાવો. પ્રેતમંદિર.
ત્યારે મુજ શાપ વિનાની દેવડી,
નીરખી જાનો હતુ બનમાં.
નરસિંહરાવ

દેયક્ક વિ. દેનાર; આપનાર.

દેયધર્મ [સં.] પું. દાનધર્મ; દાન કરવાની ફરજ.

દેયવસ્તુ [સં.] સ્ત્રી. આપવાની વસ્તુ.

દેરા ૧. સ્ત્રી એ નામની મેમલની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેયાર પું. દેવદારનું ઝાડ.

દેરું [સં. દેહ] ન. બ. ક. દેહો; શરીર.
દેરું દિયાડે, સાબતાં સોના છ,
રોળાણી સખોડે, પાદર લારે પોરસા.
દુહો

દેર ૧. [સં. દેવૃ] પું. પતિનો નાનો ભાઈ; દિયર.
૨. [જા.] સ્ત્રી. ઢીલ; વિલંબ; ખોટી; વાર.
૩. [હિં.] સ્ત્રી. વખત; સમય.

દેરગાહ [જા.] જ. હમેશા.

દેરડી (દેરડો) ૧. સ્ત્રી. ઉપરાઉપર ગોઠવેલ વાસણ વગેરેની ઉતરડ; ભંજ; વગેરડી.
૨. સ્ત્રી. નાની દેરી; નાનું મંદિર; દેરૂ.
પ્રતિમા પાખે જેવી દેરડી, જળ વિણ જેવી કામ.
રત્નદાસ

દેરવટું ન. મોટો ભાઈ મરી જતાં નાના ભાઈએ મોટા ભાઈની વહુને પરણવું તે; કોઈએ પોતાની પછી સુંદરી થવા પછી પોતાના દિયર સાથે કરેલું પુનર્લગ્ન.
દેરવટું વાળવું = વિધવાએ પોતાના દિયરના ઘરમાં બેસવું.

દેરહ પું. દેવળ; મંદિર.

દેરાણી સ્ત્રી. દિયરની વહુ; પતિના નાના ભાઈની વહુ.
અમર રહો માસં દેર દેરાણી,
મારી મંગળ કળશે વાણી રે.
લોકગીત

દેરાવાસી પું. જૈનનો એક મૂર્તિપૂજક સંપ્રદાય; શ્વેતાંબર જૈન સંપ્રદાયનો એ નામનો એક પેટા વિભાગ. આ સંપ્રદાયની એવી માન્યતા છે કે, મુનિધર્મ સિવાયના ગૃહસ્થને જિનાગમો વાંચવાનો અધિકાર નથી. તેઓ તીર્થંકરોની મૂર્તિ પૂજે છે અને તેને આભૂષણ પહેરાવે છે.

દેરાસર ૧. ન. ઘરમાં દેવ રાખવાનું કાટિયું; તાકું; ઘરમાં દેવ રાખવાની જગ્યા.
૨. ન. (જૈન) દેવમંદિર.

દેરાસરી ૧. પું. દેવનો જોખલો.
૨. સ્ત્રી. એ નામની વાજિંત્રાની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું
૫. વિ. દેવમંદિરમાં કે દેરાસરમાં રહી દેવની નિયમિત પૂજા કરનારું; જોગી.

દેરી ૧. પું. પતિનો નાનો ભાઈ; દિયર.
હાથ રેગીને દેરી શું કરે ? એનો જોનારો પરદેશ.
દયિણી રાવ
૨. સ્ત્રી. દેરડી; નાનું દેરું; દેવડી.
૩. સ્ત્રી. વાર; વિલંબ; ઢીલ; ખોટી.

દેરીડો (દેરીડો) પું. દિયર; દેર; પતિનો નાનો ભાઈ.
નાનો દેરીડો વાડકો રે કાંઈ વાળ્યો મેંતીનો છોડ રે.
દયિણી રાવ

દેરીન ૧. વિ. અનુભવી.
૨. વિ. ડાહ્યું.
૩. [જા.] વિ. પ્રાચીન; જૂનું; અસલનું.

દેરું ૧. ન. એક જાતની મેલી સાધના. તેને સાધ્ય કરવાથી બીજાને નુકસાન કરી શકાય એમ કેટલાક લોકો માને છે.
૨. ન. ખાંડનું દેરાના આકારનું રમકડું.
૩. [સં. દેવગૃહ] ન. દેવ દેવી વગેરેનું સ્થાપન કરેલ હોય એવું ઘુંમટદાર મકાન; દેવ; મંદિર; દેવ દેવીનું સ્થાન. જોખંધ ઘુંમટવાળા જે મકાનમાં દેવ કે દેવીનું સ્થાનક હોય તેવા મકાનને માટે દેરું શબ્દ વપરાય છે. દેવળ એ શબ્દ દેવની જગ્યા એવા અર્થમાં વપરાય છે. દેવળનો આકાર ખાસ ઘુંમટવાળો હોતો નથી. મંદિર બધુંખરું ઘુમેલીના ઘાટનું હોય છે અને તે ઘરના અર્થમાં પણ વપરાય છે. દેરું, દેવળ અને મંદિર એ ત્રણે ધર્મસ્થાન છે. જૈન ધર્મનું દેરસ્થાન ઘુંમટવાળું હોય કે ન હોય તોપણ તેને દેરું કે દેરાસર કહે છે. ગોસાંઈજી, સ્વામીનારાયણ વગેરેનાં ધર્મસ્થાન માટે મંદિર વપરાય છે. મહાદેવ કે માતાના સ્થાનક માટે દેવળ વપરાય છે. પણ જો તેનો બહાર ઘુંમટવાળો હોય તો દેરું કહેવાય છે. ખ્રિસ્તી ધર્મના મકાનને દેવળ કહે છે. દેરું દેવળ એક જ અર્થમાં વપરાય, પણ મંદિર એવા એક અર્થમાં વપરાતું નથી.
દેરું દેખી દેવનું દર્શન કરવા જાય. સામળ
૪. વિ. દોઢું; બમણું.
બલવાનર સામર નાગર દેરું. વલ્લભ

દેરુકિયા સ્ત્રી. પૂનામાં બનતી એક જાતની કેરી. તેનું વજન લગભગ ૧૦૦ ગ્રામ કૃષ્ણાજાતની, બહુ નારંગીના જેવી કેસરિયા રંગની અને રસ બહુ પાતળો હોય છે.

દેરો ૧. પું. તંબૂ.
૨. પું. રહેઠાણ.

દેલ ૧. ન. ચક્રિકા.
૨ ન. સ્વભાવ.
૩. [સં.] ન. હૃદય; મન.

દેલવાડા (દેલવાડા) ન. આબુ પર્વત ઉપર જૂના વખતની કોતરણી માટે પ્રખ્યાત જૈન મંદિરોનું સ્થાન. તેમાં પહેલું મંદિર આદિનાથનું છે. આ મંદિરની છત અને તેના આધાર માટે મૂકેલા સ્તંભનું કોતરકામ બહુ ભારીક છે. છતમાં ગુલાબ, કમળ વગેરે જાતજાતનાં ફૂલ સુંદર રીતે આરસમાંથી ઘડી કાઢ્યાં છે. ફૂલની ઝીણી પાંખડીઓનો આબેહૂબ ચિતાર કાઢેલો છે. સ્તંભોની ચારે બાજુએ આંગળીનાં ટેરવાં જેવડા નાના નાના રાજહંસ કોરી કાઢેલ છે. સમગ્ર રીતે આરસ ઉપર આવું ઝીણું કામ કરવા માટે કેટલો વખત ગયો હશે અને તેને માટે કેવા ઉત્તમ કારીગરો કામે લાગ્યા હશે તેની કલ્પના જ થઈ શકતી નથી. કોઈ કોઈ છત ઉપર વિષ્ણુ, શંકર, દેવ દેવીઓ અને નૃસિંહ ભગવાન હિરણ્યકશ્યપને ચીરે છે, તે વખતે નાનો બાળક પ્રહ્લાદ હિંમત કરીને પાસે ઊભો છે. આ બધાં દૃશ્યો અવલોકન કરવા જેવાં છે. બીજા મંદિરમાં કાળા પથ્થરમાંથી ઘડી કાઢેલી ભીમની પ્રતિમા છે. પાસેના મંદિરમાં નેમિનાથની પ્રતિમાના કપાળ અને ચક્ષુમાં હીરા જડેલા છે. ત્રીજા મંદિરમાં ઋષભદેવની પ્રતિમા પંચધાતુની બનાવેલી છે. તેમાં સોનાનો ભાગ વધુ હોવાથી સોનાની પ્રતિમા હોય તેવી ભાસે છે. ચોથું મંદિર શાંતિનાથનું છે. મંદિરોની બહાર પણ સંગેમરમર, સંગેમુસા એટલે કાળો આરસ અને સંગેઅબરી એટલે પીળા આરસની બનાવેલી કેટલીક પ્રતિમાઓ છે. મંદિરના ચોકમાં અલેક જાતના પથ્થરો જડેલા છે. આ સબંધી આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: આબુ ગામથી એક માઈલ છેટે પર્વત ઉપર જ દેલવાડા ગામ છે. દેલવાડામાં જૈન દેરાંની પછવાડે પણ મંદિર છે, જે હિંદુઓનાં છે. એકમાં કુમારી માતા અથવા કન્યાકુમારીની મૂર્તિ છે. તેથી મોટે દૂર એક ગુંજારની નીચે રમિયા વાલમ નામની એક મૂર્તિ ઊભેલી છે. કોઈ કોઈ તે વાલ્મિકિ ઋષિ હોવાનું કહે છે. આ મંદિરોની પાસે શેષશાયી વિષ્ણુ ભગવાન, મહાદેવ અને અન્નપૂર્ણાજી આદિનાં નાનાં નાનાં મંદિરો છે. મોટે દૂર નલગુફા, પાંડવગુફા આદિ ગુફાઓ છે. આબુ પર્વત ઉપર દેલવાડાની આજુબાજુ બીજાં નાનાં મોટાં ગામો છે અને તે દરેક ગામની નજીક અનેક જૈન મંદિરો, હિંદુ મંદિરો, નાનાં સરોવરો અને કુંડો વગેરે આવેલાં છે. કેટલેક સ્થળે ઋષિઓના આશ્રમો અને પાંડવ આદિની ગુફાઓ છે. દેલવાડા પાસે જ એક ડોંગર ઉપર

સુંદર કંપાઉંડમાં પ્રસિદ્ધ જૈન મંદિરો છે. એક કંપાઉંડમાં વિમળશાહનું બંધાવેલું, વસ્તુપાળના નાના ભાઈ તેજપાળનું બંધાવેલું, શ્રીમલ્લનું અને વર્ધમાન સ્વામીનું એ ચાર મંદિરો છે. પાંચમું મોમુખીશ્રનું મંદિર એક જુદા કંપાઉંડમાં છે. તદ્દન બારસનાં આ મંદિરો કરોડો રૂપિયાને ખર્ચે બંધાવેલાં અજાયબ છે. એક મંદિરમાં આશરે બસ્સો કરોડ અને બીજામાં સાતસાત દસ કરોડ રૂપિયા ખર્ચ થવાનું કહેવાય છે. મંદિરોની દીવાલો, બારસાખ, બારસાખ, રવંજ, મંડપ, તોરણ, છત, ગુમ્બજમાં બહુ જ ઝીણી અને સ્વચ્છ કારીગીરીથી ફૂલ, ડાલ, વેલ, છોડ, હાથી, ઝુંમર વગેરે વિવિધ વસ્તુઓ કોરી કાઢી છે, તેમ જ તેમાં હાથી, ઘોડા, ઊંટ, વાઘ, સિંહ, માછલાં, પંખી, મનુષ્ય અને દેવદેવીઓની અનેક મૂર્તિઓ ઉપરાંત મનુષ્યજીવનના અનેક પ્રસંગો અને સ્થાનો જોવાં કે સાંભરણાર, સવારી, વરઘોડા, સરઘસ, જાન, ચોરી, નાટક, રણસંગ્રામ, પશુચારન, સમુદ્રયાત્રા, પશુપક્ષીનું મૃગયાવન, સાધુ વગેરેના ધાર્મિક જીવનના પ્રસંગોની કોતરણી બારસ અને કોઈ કોઈ રસ્તે સેંગેમરમરમાં સગેમ્બ્લરીમ્ય ભિન્ન પ્રકારથી આબેહૂબ કરી છે. તે દરેક અને કોતરકામ જોનારને મુગ્ધ બનાવે છે, સ્તબ્ધ બનાવે છે. આ કામ અને ભિન્ન કારીગીરી જોતાં જ આપણા પ્રાચીન સ્થાપત્યને માટે અમારી ઊપજે છે. હિંદનું કળાકૌશલ્ય આજે મું નથી, આબૂની નથી, પણ મૌલિક છે, અનોખું છે, અજોડિક છે.

રેલવાડિયા ૧. જી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

રેલી ૧. [હિં.] સ્ત્રી. ઉભરો.

૨. [ઘા. રેલ્લીજ] સ્ત્રી. રેલી; રાજમહેલ, દરબાર અથવા મોટા ગૃહસ્થના મકાનના આગલા ભાગમાં હજૂરિયાઓને બેસવાની પાકી અથવા ઓરો; બારણા આગળની ઓસરી; રેવડી.

૩. સ્ત્રી. તબેલા જેવું માદીપોડો રાખવાનું નાનું મકાન.

રેલું [ઘા. રેલ્લીજ] ન. રહેલું; માદીપોડો રાખવાનું મકાન.

રેલો ૧. પું. રેલો; રહેલું; મોટાં પહોળાં બારણાવાળું મકાન; રેલાવાળું મકાન.

૨. પું. મોટી રેલી; મકાનનો બહારનો જેવો મોટો ઓરવાળો.

રેવ ૧. ન. ક્રિ. રમવું; ક્રીડા કરવી.

૨. ન. ક્રિ. વિલાપ કરવો.

રેવ ૧. [સં.] પું. આર્ય લોકોની એ નામની એક સર્વમેધ્ય જાતિ. આ લોકો વિદ્વાન, કુશરકલાસંપન્ન, ઈશ્વરભક્ત, દાની, પરોપકારી, સજ્જન અને ઘોર પરાક્રમી હતા. તેમનાં શરીરબંધન સિંહિલ હતાં. મોજશોખ અને સ્વચ્છંદથી આખરે આ ઉત્તમ જાતિનો નાશ થયો.

૨. પું. ઈંદ્રિય.

૩. પું. ઊંચારી અંતરવાળું સ્વર્ગમાં રહેનાર ઉત્તમ જન; સુર; અમર; અજર; સ્વર્ગમાં રહેતું દિવ્ય સત્ત્વ; દેવતા. ૮ વસુ, ૧૧ મરુત, ૧૨ આદિત્ય, ઇંદ્ર અને પ્રજાપતિ મળી દેવ ૩૩ મનાય છે. જૈન મતે દેવોના બાર પ્રકાર નીચે પ્રમાણે છે: (૧) કલ્પદેવ એટલે શુભ કર્મ દ્વારા દેવગતિ સંબંધી આયુષ્યનો બંધ પાડી દીધો હોય તે મનુષ્ય અથવા તિર્યંચ પંચેંદ્રિય. (૨) નરદેવ એટલે સાર્વભૌમ ચક્રવર્તી રાજા, જેને ચૌદ રત્ન, નવનિધિ તેમ જ છ ખંડનું સ્વામિત્વ પ્રાપ્ત થયેલ હોય. તે અન્ય મનુષ્યો કરતાં પૌદ્ગલિક ઋદ્ધિમાં સર્વોત્તમ વર્તે છે. (૩) ધર્મદેવ એટલે જૈનોથી તારક જિનેશ્વર દેવના પ્રણીત પ્રવચનના અર્થને અનુસરનારા અને ઉત્તમ પ્રકારના શાસ્ત્રોક્ત આચારને પાળનારા આચાર્ય વગેરે. (૪) દેવાધિદેવ એટલે તીર્થંકર નામકર્મના ઉદયથી જેઓ પોતાની સુધા સમી વાણીથી ભવ્યાત્માઓ ઉપર અસીમ ઉપકાર કરે છે તેવા પરમ પૂજ્ય સર્વોત્તમ આત્માઓ. (૫) ભાવદેવ એટલે જેઓ નાના નાના પ્રકારની ક્રીડા કરવામાં લુબ્ધ છે અને દેવગતિ પામેલા છે. ક્ષુધાતૃષા દેવોને બહુજ ઓછી લાગે છે, દેદીપ્યમાન વૈક્રિય શરીર હોવા સાથે તેઓ સર્વાંગ સુંદર હોય છે. તેમને નિમેષો-મેષ થતી નથી. જ્યોતિરૂપ દેહ હોવાથી તેમનો પડછાયો પાતો નથી. પૃથ્વી ઉપર આવતાં જોખને તેનો પાદસ્પર્શ થતો નથી. દેવ શબ્દ દિવ્ ઍટલે પ્રકાશવું ધાતુમાંથી ઉત્પન્ન થયેલ છે. પરમાત્મા રશ્મિ, વિભૂતિ, કિરણ, શક્તિ વડે અનંત કહી શકે છે. ભૂર્લોકના પ્રધાન દેવતા અગ્નિ, ભુવર્ અંતરિક્ષના વાયુ, સ્વર્ ઍટલે દ્યો સ્વર્ગના સૂર્ય અને ભૂર્ભુવ સ્વઃ એ ત્રૈલોક્યના પ્રજાપતિ છે. તેના પેટામાં બીજા દેવતાઓનો સમાસ થઈ જાય છે. પરમાત્મા જે શક્તિઓ વડે આ વિશ્વપટ કરી રહેલ છે તે શક્તિઓ જ તે દેવ દેવતાઓ. દેવતાઓ સૂક્ષ્મ શરીરવાળા હોવાથી સ્થૂળ અન્ન લઈ શકતા નથી. યજ્ઞના ધૂમ્ર દ્વારા કુદરતી દેવોને મળે છે. ઉપાસક કે સાધક દેવની પાસે રહી પોતાની ઊંચી ભાવનાના સંકલ્પ મુજબ પોતાના દેવને પટીને તે દેવ સાથે ઐક્ય કરી, તે દેવરૂપ થઈ રહે છે. પોતાના અંતઃશરીરનાં ચક્રોમાં તે દેવનું જ ધ્યાન ધરી તુમ થાય છે. દેવની ઉપાસનામાં દેવરૂપ થઈ જવાની ભાવના છે. તેત્રીસ દેવોમાં અગ્નિ, પૃથ્વી, આદિત્ય, ચંદ્રમા અને નક્ષત્રો એ પાંચ વસુ મૂર્તિમાન અર્થાત્ દેહધારી સાકાર છે. અગિયાર રુદ્ર, બાર આદિત્ય, મન, પંચ જ્ઞાનેંદ્રિય, વાયુ, અંતરિક્ષ, દ્યૌ અને વેદમંત્રો એ શરીર રહિત નિરાકાર અર્થાત્ અમૂર્ત દેવતા છે. એ જ પ્રમાણે પીજણી અને વિધિવત્ એ બે સાકાર તથા નિરાકાર એ બે પ્રકારના દેવ છે. આ સર્વે દ્રવ્ય અવતારોપયોગી છે. માતા, પિતા, આચાર્ય તથા અતિથિ એ દેવો અવતારોપયોગી હોઈ પરમાર્થનો પ્રકાશ કરનારા પણ છે. માત્ર ઈશ્વર જ ઉપદેષયોગી હોવાથી સર્વનો ઉપાસ્ય દેવ છે. વેદદૃષ્ટિએ જોતાં પરમાત્મા જ એક ઉપાસ્ય દેવ છે. અગ્નિદેવ વાણીરૂપે મુખમાં, વાયુદેવ પ્રાણરૂપ થઈ નાસિકામાં, આદિત્યદેવ ચક્ષુરૂપે થઈ ને મનઃષ્ટિમાં, ઔષધિ અને વનસ્પતિઓ અન્નોત્ તેમના અધિષ્ઠાતા દેવો ભોગરૂપ થઈ એટલે રપરોંદ્રિયરૂપ થઈ ત્વચામા, ચંદ્રમા મનરૂપે થઈ હૃદયમાં, મૃત્યુ અપાનરૂપ થઈ નાભિમાં, વરુણદેવ હેતોરૂપ થઈ શિશ્નમાં રહેતા મનાય છે. અગ્નના એટલે સુધા અને પિપાસા એ આ સર્વ દેવોને જગતા જીવમાં આગેવાન હોય છે.

૧. જાણના દેવને કપાળિયાની આખો–આકડાંની પૂજા–બારકાના દેવને ડાબની પૂજા = (૧) જેવું માણસ તેવું માન. (૨) જેવો દેવ તેવા તેના અલંકાર; જેવા દેવ તેવાં પુષ્પ.

૨. જ્યાં લગી દેવ નહિ તો પથ્થર–દેખાળો= જ્યાં લગી આદર રહે ત્યાં લગી જોજ પછી કાંઈ નહિ; આળી આરમાં તોછવું ગાજ્યાં.

૩. દેવ ઊઠી અગિયારસ = (૧) કાર્તિક સુદિ અગિયારસ; દેવદિવાળી. (૨) બારવા સુદિ અગિયારસ; જગાડીસણી એકાદશી; સમસ્ત એકાદશી; પ્રબોધ અગિયારસ

૪. દેવ કરવો = એક જાતની જંગલી ભિન્ન. પૂર્વે ગુજરાતના કુંવરી અનાર્ય કોળા કે બીજા લોકો દારૂથી બેભાન થયા ન હોય ત્યાંસુધી પોતાના દેવના ભૂત્ર સોમન ખાતા નથી. એ દેવ માદીનો, ઘોડાનો, બારકાના બાળકાનો કે પથરાના પૂતળાનો પોતાના ગામમાં જંગલમાં બેસાડેલ હોય છે. બધા ગામના લોક દેવની બાધા હોય ત્યારે કે ગામઝાપો કરવો હોય ત્યારે કે દશેરા દિવાળી હોય ત્યારે એ દેવ આગળ બકરું મરઘું, બકરાં કે પાડાનો ભોગ આપે છે ને દારૂ પીએ છે. તેને તેઓ દેવ કહ્યો કહે છે.

૫. દેવ કારીગે જવો = પુરુષત્વ જતું રહેવું; દેવત જવું; દેવતા ઊડી જવા.

૬. દેવ ગયા કુંવરે-દ્વારમ ને પીર ગયા મક્કે, ટોપીવાળાના રાજ્યમાં દેહ મારે પક્કે = અંગ્રેજી રાજ્યમાં સુધારો થયાથી જાતિ કે વર્ણભેદની ભીંત જતી રહી છે.

૭. દેવ તેવી પૂજા = જેવો દેવ તેવું તેનું આતિથ્ય અથવા સેવાચાકરી.

૮. દેવ થવું = મરી જવું.

૯. દેવ દેવ કરતાં = ઘણા યત્ન દ્વારા; પ્રાર્થના અને આજીજી દ્વારા.

૧૦. દેવ પોઢી અગિયારસ = અષાઢ સુદિ અગિયારસ.

૧૧. દેવ મઢ આવવો = વાત ઠેકાણે આવવી; સમાધાન થવું; વાત રસ્તે ચઢવી.

૧૨. દેવજી બસાડિવો = કદરૂપો અને બિનિત માણસ.

૧૩. દેવનાં દર્શન = જેની મુલાકાત થવી મુશ્કેલ હોય તેવો માણસ. જે માણસ આપ્યે જ મળી શકે છે અને મળતાં પણ થોડી જ વાર બોલે છે એવાને વિષે બોલતાં કહેવાય છે કે દેવનાં દર્શન થયાં.

૧૪. દેવનું કૂંડું ચાવવું = દેવના માથા ઉપરથી કમતું ચાવવા જેવું એટલું બોલું પરાક્રમ કરવું.

૧૫. દેવનું નામ લેવું = કોઈ કામમાં કે ધંધામાં કાબેલ થવું.

૧૬. દેવે દીધા પણ પ્રારબ્ધ વાંકું ગઈ = સુપાત્ર દીકરાઓને બરાબ વહુઓએ વશ કરી દીધા. તેથી તેમના બોલ્યા પુત્રોએ પવિત્ર માતાપિતાને તિરસ્કાર્યાં.

૧૭. માનીએ–માન્યો સાંસુથી દેવ, નહિ તો પથ્થર = ગમે તેવું કારનું ભણ્યું નકામું.

૪. પું. ઋત્વિજ; આચાર્ય.

૫. પું. એ નામે એક ઋષિ.

૬. પું. એક જાતનો કપાસ.

૭. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને મહાભુજંગપ્રયાત, મહાભુજંગ, ભુજંગ, સુધાક્ષ, મહાનાગ, સર્વેપા પણ કહે છે. તેમાં આઠ યગણ મળી ૨૪ વર્ણ હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

કસે આઠ યા દેવમાં બાર છેદે,
ભુજંગે મહાનાગ પાદે સવેપે. અનુપિંગળ

૮. પું કૃષ્ણ.

૯. પું. તેજોમય અગ્નિ.

૧૦. પું. તેજોરૂપ સૂચક સાંકેતિક શબ્દ. વાસ્તવિક રીતે દેવ તેત્રીસ છે.

૧૧. પું. ત્રિવિષ્ટપમાં એટલે તિબેટમાં રહેનારા લોકો.

શ્રીયુત દામોદર સાતલેકર કહે છે કે ત્રિવિષ્ટપ (હાલનું તિબેટ)માં રહેનાર લોકો પોતાને દેવ નામથી સંબોધતા હતા. મ. મ. દામોદર

૧૨. પું. દાન આપનાર માણસ.

૧૩. પું. દિયેર; દેર; પતિનો નાનો ભાઈ.

૧૪. પું. દેવદાર.

૧૫. પું. દૈત્ય; રાક્ષસ; પિશાચ.

૧૬. પું. ધર્મ

૧૭. પું. પતિ; ધણી; ભરથાર.

૧૮. પું. પંડિત; વિદ્વાન.

મનુષ્યો નચિકેતાને કહે કે પૂર્વે દેવો અર્થાત્ પંડિતોમાં પણ મરણ પછી આત્માના અસ્તિ કે નાસ્તિના સંબંધમાં સંશય કર્યો છે; કેમકે આ દેહેંદ્રિય સંઘાતને બાળ્યા બાદ પુનર્જન્મરૂપી આત્મા બહુ જ સૂક્ષ્મ છે અને તે સહેલાઈથી જાણી શકાય એવો નથી. કઠોપનિષદ

૧૯. પું. ભારો.

૨૦. પું. પ્રભુની પ્રતિમા; મૂર્તિ.

૨૧. પું. બાળક.

૨૨. પું. પારદ.

૨૩. પું. બાળકને માન આપવા વપરાતો શબ્દ.

૨૪. પું. ભગવાન; ઈશ્વર; પરમેશ્વર; દેવાધિદેવ; પરમાત્મા; જિનેશ. જે પોતાના સ્વરૂપમાં આનંદથી પોતે જ ક્રીડા કરે છે, કોઈની સહાયતા વિના ક્રીડાવત્ સહજ સ્વભાવથી સર્વ જગતને બનાવે છે, સર્વ ક્રીડાઓના આધાર છે, સર્વને જીતનારા અને જેને કોઈ જીતી શકે નહિ એવા છે, ન્યાય અને અન્યાયરૂપ વ્યવહારોના જાણનાર અને ઉપદેષ્ટા છે, સર્વના પ્રકાશક છે, સર્વ મનુષ્યને પ્રશંસા કરવા યોગ્ય છે અને નિંદાને યોગ્ય નથી, જે સ્વયં આનંદસ્વરૂપ અને બીજાને આનંદ કરાવે છે, જેને લેશ પણ દુઃખ નથી, જે સદા હર્ષિત, શોક રહિત અને બીજાને હર્ષિત કરવા અને દુઃખોથી પૃથક્ રાખવાવાળા છે, જે પ્રલય સમયે અજ્ઞાનમાં સર્વ જીવોને સુવાડે છે, જે સર્વમાં વ્યાપ્ત અને અનુપમ યોગ્ય છે એવા પરમેશ્વરનું નામ દેવ છે દેવ શબ્દમાં દિવ્ ધાતુ છે. આ ધાતુના દશ અર્થ છે: (૧) ક્રીડા, (૨) વિજિગીષા, (૩) વ્યવહાર, (૪) દ્યુતિ, (૫) સ્તુતિ, (૬) મોદ, (૭) મદ, (૮) સ્વપ્ન, (૯) કાંતિ, (૧૦) ગતિ. દેવો તેત્રીસ ગણાય છે, એટલે જેમાં આત્માના જેટલા ગુણો હોય તે પ્રમાણે તેનું દેવત્વ વધારે ઓછું કહેવાય છે. પરંતુ ઈશ્વરમાં સર્વ ગુણો હોવાથી તે જ દેવ ઉપાસ્ય છે.

૨૫. (જૈન) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતા. દેવોના ચાર નિકાય છે: ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. કલ્પોપપન્ન દેવ સુધીના અનુત્તરોપપાતિક દેવોના અનુક્રમે દસ, આઠ, પાંચ અને બાર ભેદ છે. અનુત્તરોપપાતના ઉપરના દસ આદિ એક એક ભેદ ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક રૂપે છે. વ્યંતર અને જ્યોતિષ્ક ત્રાયસ્ત્રિંશ તથા લોકપાલ રહિત છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા તથા બીજા સ્વર્ગના વૈમાનિક આટલા દેવો મનુષ્યની માફક કામસુખનો અનુભવ કરીને પ્રસન્નતા મેળવે છે. બાકીના દેવો બે બે કલ્પોમાં ક્રમથી રૂપથી, રૂપ, શબ્દ અને સંકલ્પ દ્વારા વિષયસુખ ભોગવે છે. બીજા બધા દેવો વૈષયિક સુખથી રહિત હોય છે.

૨૬. પું. મૂર્ખ માણસ.

૨૭. પું. મેઘ; વાદળ.

૨૮. પું. (નાટ્ય) રાજા.

૨૯. પું. રૂપ, ગુણ વગેરેથી પૂર્ણ સારો માણસ; સુંદર જન.

૩૦. પું. વરસાદનો દેવ ઇંદ્ર.

૩૧. પું. વિષ્ણુનાં કાનનાં બાંકેનું એક નામ. તે સૃષ્ટિ વગેરેથી ક્રીડા કરે છે, દૈવો વગેરેને જીતવા ઇચ્છે છે, સર્વ ભૂતોમાં અવતાર કરે છે, અંતરાત્મારૂપથી પ્રકાશિત થાય છે, સ્તુત્ય પુરુષોથી સ્તવન કરાય છે અને સર્વત્ર જાય છે, તેથી તે દેવ કહેવાય છે.

૩૨. પું. શિવનાં કાનનાં બાંકેનું એક નામ.

૩૩. પું. સાધુ; મુનિ.

૩૪. પું. સ્વામી; શેઠ; માલિક.

૩૫. પું. હિંદી સાહિત્યનો એ નામનો એક પ્રખ્યાત કવિ.

તુલસી, સૂર, દેવ, બિહારી, કેશવ, ભૂષણ, કબીર, ચંદ અને ભારતેંદુ આ હિંદી સાહિત્યાકાશના સૂર્યો છે. કૌમુદી

૩૬. સ્ત્રી. એ નામની એક ગંજાવણી બટક.

૩૭. સ્ત્રી. દેવપણું; આપવું તે.

૩૮. સ્ત્રી વલિત વિસ્તારમાં બત્રીસ સોળહ માંહેની એ નામની એક લિપિ.

૩૯. ન. આકાશ.

૪૦ ન. (જૈન) ઉદક વિમાનનું નામ.

૪૧. વ. એ નામની બટકનું માણસ.

૪૨. વિ એ નામની બટકનું.

૪૩. [સં દિવ્ (પ્રકાશવું)] વિ. દીપનાર; તેજસ્વી; દેદીપ્યમાન.

૪૪. વિ. પૂજ્ય.

દેવઅકારણ ૧. સ્ત્રી. સાપુલાઝની એ નામની એક બટક.

૨. વ. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

દેવઅંશી વિ. દેવતાના અંશથી ઉત્પન્ન થયેલું.

દેવઆજ્ઞા સ્ત્રી. મોત; મરણ; મૃત્યુ.

> જદમા જે જનોએ તેમને દેવઆજ્ઞા થઈ, તે જનોએ તેમનાં ખારસમહાણના પગલા છે.
>
> કવી પ્રાત સર્વસમદ

દેવઆમળાં ન. બ. વ. એક જાતનાં આમળાં. તે માથામા નાખવામાં ને મુરબ્બો કરવામા વપરાય છે.

દેવઊઠી અગિયારસ ૧. સ્ત્રી. કારતક સુદિ અગિયારસ. તે દિવસે દેવો નિદ્રામાંથી ઊઠે છે એમ મનાય છે. વિષ્ણુ તે દિવસે પાતાળ જોડી વેરુંઠ પધારે છે, તેથી દેવઊઠી અગિયારસ કહેવાય છે.

૨. સ્ત્રી. ભાદરવા સુદિ અગિયારસ; જળઝીલણી અગિયારસ; વામન અગિયારસ; પ્રબોધિની એકાદશી

દેવઋણ ૧. [સં.] ન. દેવને અર્પિત પૂજન વગેરેથી પ્રસન્ન કરવાની મનુષ્યની ફરજ; દેવ નિમિત્તે યજ્ઞ વગેરે કરવાનું કર્તવ્ય.

૨. ન. મનુષ્યનું દેવો પ્રત્યેનું ઋણ; મનુષ્યે દેવોને પૂજન વગેરે જે દેણ આપવું તે; દેવને પૂજન, બલિ વગેરે આપવાં તે. ઋષિઋણ, પિતૃઋણ.

દેવઋષભ [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંના ધર્મ ઋષિને જાતુ નામની સ્ત્રીને પેટે થયેલો એ નામનો પુત્ર.

દેવઋષિ [સં.] પું. નારદ વગેરે દેવના ઋષિ; દેવલોકમાં રહેનાર નારદ વગેરે ઋષિ.

દેવક ૧. [સં.] પું. શ્વેતદ્વીપનો રહેવાસી વર્ગ; શ્વેતદ્વીપ માંહેના એ નામના લોકો.

> એ નદીઓનાં પવિત્ર જળનું પાન કરતા પુરુષ, ઋષભ દ્રવિણ અને દેવક નામના એ દ્વીપના રહેવાસી પાર્ષદો ભગવતિ ભગવન્તનું પૂજન કરે છે.
>
> ભાગવતી ભાગવત

૨. પું. (પુરાણ) યુધિષ્ઠિરને પૌરવીને પેટે થયેલો એ નામનો પુત્ર.

૩. પું. (પુરાણ) સોમવંશી વસુદેવાત્પન્ન સાત્વત રાજાના વંશના આહુક રાજાના બે માંહેનો મોટો દીકરો; ઉગ્રસેનનો મોટો ભાઈ. એને દેવદાન, ઉપદેવ, સુદેવ અને દેવવર્ધન નામે ચાર પુત્ર અને ધૃતસેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા અને દેવકી એમ સાત કન્યા હતી. આ સઘળી વસુદેવને પરણાવી હતી.

> વસુદેવના લગ્નને વીસે કરવળની રાતે અદિતિ ઉગ્રસેનના ભાઈ દેવકની દીકરી વર્ષા હતાં.
>
> ભાગવતી ભાગવત

૪. વિ. રમનાર; રમતિયાળ.

દેવકન્યા [સં.] સ્ત્રી. કોઈ દેવની ધાર્મિક કથાવાર્તા; દંતકથા; પુરાણ; શાસ્ત્રવાર્તા.

દેવકન્યા ૧. [સં.] સ્ત્રી. અત્યંત રૂપાળી એવી કન્યા; અતિ રૂપસુલ્યવાળી કન્યા.

૨. સ્ત્રી. દેવની કુમારિકા; દેવતાની પુત્રો; દેવી; દેવકુમારી.

દેવકપાસ પું. એક જાતનો કપાસ; નરમો. તેનાં ઝાડ ૩ થી ૫ ફાંટાવાળાં હોય છે. તેનાં ફૂલની જુદી જુદી ઘણી જાત થાય છે.

> દેવકપાસ કે હિરણ્યના પાંચ સાત છોડ વાવ્યા હોય તો વધની રૂનાં વાવવાની તક મળે.
>
> કાલેલકર

દેવકપુત્રી [સં.] સ્ત્રી. શ્રીકૃષ્ણની માતા દેવકી.

દેવકપૂર ન. એક જાતનું વસાણું.

દેવકર્દમ [સં.] ન. સુખડ, અગર, કપૂર, કેસર વગેરે મેળવી બનાવેલ એક સુગંધી પદાર્થ.

દેવકર્મ [સં. દેવકર્મન્] ન. દેવતાને પ્રસન્ન કરવા માટે કરેલું કામ; પૂજન, યજ્ઞ, બલિ, વૈશ્વદેવ વગેરે.

દેવકલ્પ ૧. પું. (પુરાણ) બ્રહ્મદેવનો છઠ્ઠો દિવસ; અમરકલ્પ.

૨. વિ. દેવ જેવું.

દેવકસુતા [સં.] સ્ત્રી. શ્રીકૃષ્ણની માતા દેવકી.

દેવકાંચન ન. અમ્લમ કહેવું એક જાતનું ઝાડ; વનરાજ; રક્તકાંચન.

દેવકાત્મજા [સં.] સ્ત્રી. શ્રીકૃષ્ણની માતા દેવકી.

દેવકામા સ્ત્રી. ધાર્મિક વૃત્તિવાળી સ્ત્રી.

> સાસુ ભગવાની, સસરા શરીરવાળી, વીરમાતા જે જે દેવકામા મિલકી જે ધર્મિક વૃત્તિવાળી હોય અને જેની આંખ સર્વત્ર શીળા પડે અને જે ઘરનાં સઘળાં માણસ અને પાડોશીને કલ્યાણકારિણી હોય એવી સ્ત્રી ઋષિઓ માગતા.
>
> પ્રેમાનંદ

દેવકાય [સં.] વિ. દેવતા જેવા શરીરવાળું.

> આગળ મહામુનિ ધર્મોપદેશ ને પાછળ દેવમાવતનો દેવકાય ત્રિભુવન પરિવાર એમ અદ્ભુત આગળ વાધે છે.
>
> સમ્મિત્રા

દેવકાર્ય [સં.] ન. દેવતાને પ્રસન્ન કરવા માટે કરેલું હોમ, પૂજન વગેરે કર્મ; દેવોનું કાર્ય; દેવોને ઉદ્દેશ પૂજન વગેરે કર્મ.

દેવકાર્યસાધનતત્પર [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

દેવકાલ [સં.] ન. એક જાતનું દેવદાર.

દેવકિરી [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. તે મેઘરાજની સ્ત્રી મનાય છે.

દેવકિલ્બિષ પું. (જૈન) દેવતાની કિલ્બિષ નામની હલકી જાત.

દેવકિંકર [સં.] પું. દેવતાનો સેવક.

દેવકી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋષભદેવસ્વરૂપ ઉગ્રસેનની સ્ત્રી. તેના પુત્રનું નામ પ્રસ્તાપ હતું.

૨. સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન મથુરામાં છે.

> મથુરામા દેવકી નામે દેવીની પીઠ છે.
>
> ભાગવતી ભાગવત

૩. સ્ત્રી. જંબુદ્વીપની અંદર આવેલી ૬૪ માંહેની એ નામની એક કલા.

૪. સ્ત્રી. વસુદેવની સ્ત્રી; કૃષ્ણની માતા. જ્યારે વસુદેવનાં લગ્ન તેની સાથે થયાં, ત્યારે નારદે મથુરામાં આવી રાજા કંસને કહ્યું કે, તમારા કાકાની પુત્રી દેવકીને આઠમે ગર્ભે એનું બાળક ઉત્પન્ન થશે, જેના હાથે તમારો વધ થશે. કંસે દેવકીના છ બાળકોનો વધ કર્યો. જ્યારે સાતમું બાળક ગર્ભમાં આવ્યું, ત્યારે યોગમાયાએ પોતાની શક્તિથી તે બાળકને દેવકીના ગર્ભથી આકર્ષિત કરી રોહિણીના ગર્ભમાં મૂક્યું. આઠમા ગર્ભને વખતે કંસે દેવકી ઉપર પાકો પહેરો ભોંક્યો. આઠમે મહિને આઠમા વદિ આઠમે રાત્રિના દેવકીના ગર્ભથી શ્રીકૃષ્ણનો જન્મ થયો. તે જ રાત્રે યશોદાએ એક પુત્રીને જન્મ આપ્યો. વસુદેવે રાતોરાત દેવકીના બાળક શ્રીકૃષ્ણને યશોદાને આપી આવ્યા અને યશોદાની કન્યા લાવી દેવકી પાસે સુવાડી દીધી. કંસે તે કન્યાને પથ્થર ઉપર પટકી. કહેવાય છે કે, તે કન્યા, જે યોગમાયા હતી, તે તેના હાથથી છૂટી આકાશ માર્ગે ઊડી વિંધ્યપર્વત ઉપર ગઈ અને કૃષ્ણ યશોદાને ત્યાં મોટા થયા.

દેવકીનંદન [સં.] પું. દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ.

દેવકીપુત્ર [સં.] પું. શ્રીકૃષ્ણ. છાંદોગ્ય ઉપનિષદમાં ઘોર આંગિરસ ઋષિના શિષ્ય દેવકીપુત્ર શ્રી કૃષ્ણનો ઉલ્લેખ છે.

દેવકીમાતુ જુઓ દેવકીપુત્ર.

દેવકીય [સં.] વિ. દેવી; દેવને લગતું; દેવતા સંબંધી; દેવનું; દેવતાનું.

દેવકીસુત જુઓ દેવકીપુત્ર.

દેવકુમારી [સં.] સ્ત્રી. સરસ્વતી દેવી.

> હંસવાહિની શારદા, તુજમા બહો વિવેક;
> બ્રહ્માણી બ્રહ્મપાલિની, દેવકુમારી નામ.
>
> મુ. સા. પરિષ

દેવકુરુ ન. (જૈન) જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલું એ નામનું ભુગલિયાનું ક્ષેત્ર. મહાવિદેહ ક્ષેત્ર પાંચ છે. તે દરેકમાં આવેલ દેવકુરુ ક્ષેત્ર મળી પાંચ દેવકુરુ ક્ષેત્ર છે. તે બધાં ક્ષેત્ર અકર્મભૂમિનાં છે. તેમાં ભુગલિયા વસે છે.

દેવકુલ ૧. [સં.] ન. દેવમંદિર; દેવળ. તેનું બારણું બહુ નાનું હોય છે.

૨. ન. દેવોનો વર્ગ; દેવોનો સમૂહ.

દેવકુલિક [સં] પું. પૂજારી.
એ પ્રણામ કરતા જાય છે એટલામાં દેવકુલિક દાખલ થાય છે અને બે પ્રતિમાઓને બદલે પુરુષને લેઈ આવ્યો પાછો છે. પુરાતત્ત્વ

દેવકુલિકા [સં.] સ્ત્રી. દેવડી; નાનું દેવળ.
પ્રયાગ (પરબડી)ની પાસે ગયા તીર્થંકરોની ગયા દેવકુલિકા (દેવડી) બનાવી. પુરાતત્ત્વ

દેવકુલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋષભદેવવંશ ભૂમા રાજાની સ્ત્રી; પ્રસ્તાવની માતા.
૨. [સં. દેવ + કુલ્યા (નદી)] સ્ત્રી. ગંગા નદી.
૩. સ્ત્રી. (પુરાણ) પ્રિયવ્રત વંશના ભૂમા રાજાના દીકરા ઉદ્ગીથની એ નામની એક સ્ત્રી.
૪. સ્ત્રી. સ્વાયંભુ મન્વંતરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાની કન્યા. તેણે જન્માંતરે ભગવાનનું પાદપ્રક્ષાલન કર્યું હતું. તેના પુણ્યપ્રભાવે કરી એ હાલ સ્વર્ગની નદીરૂપે છે.

દેવકુસુમ [સં.] ન. ઔષધિ.
દેવકુસુમ શ્રીમંત અને ભવ્ય એનું નામ;
આ ઔષધિની વેલડી તુજને કરે પ્રણામ.
વિજ્ઞાનપ્રબોધ

દેવકુળ ૧. ન. સમાધિ લેવાનું સ્થળ; સમાધિગૃહ.
એ ટેકરીમાં પુરાતન સોમખોળ કરતાં રાવ બહાદુર પંડિત રાધાકૃષ્ણને કુશાન રાજાઓનું દેવકુળ-સમાધિગૃહ મળ્યું છે. બુદ્ધિપ્રકાશ
૨. જુઓ દેવકુલ.

દેવકૃ વિ. દેવનું; દેવ માટે રાખેલું.
તે સપળાં બહુ દેવકાં,
જિનવર દીઠે પડીયાં ઘણાં.
જ્ઞાનસમસમય

દેવકૃત [સં.] પું. કુદરતી કરો; કુદરતી ભળાય.

દેવકૂટ ૧. પું. એ નામનો પર્વત; વાલ્હોનોર્ધ મેરુના પૂર્વ ભાગમાં ભદ્રાર અને દેવકૂટ નામના બે મોટા પર્વતો ભદ્રાર હલ્લર મોજન ઉત્તર દિશામાં લાંબા છે.
૨. પું. (પુરાણ) કુબેરના આઠ મંત્રીનો એ નામનો એક પુત્ર. તે શિવની પૂજા કરીને ક્રમળનું ફૂલ લાવી ગયો હતો. આ કારણથી તે હસનો ભાઈ થયો અને શ્રીકૃષ્ણ મારફત મરાયો.
૩. પું. વસિષ્ઠના આશ્રમ નજીકનું એ નામનું એક પવિત્ર તીર્થ આશ્રમ.

દેવકૃત્ય [સ.] ન. દૈવી બનાવ.

દેવકેસર [સં.] પું. એક જાતનો પુલાગ; સુરપુલાગ.

દેવકેળ સ્ત્રી. એક જાતનું કૂલઝાડ; અકલબેર.
તેના છોડવામાં રાતાં સુંદર ફૂલ આવે છે.

દેવકોટિ [સં.] સ્ત્રી. દેવતાની જાત; દેવોનો વર્ગ.
તે મનવગેહિમાંથી "વડેટિમાં બાર છે.
પંચદશી

દેવક્ષત્ર ૧. [સં.] પું. વસ.
૨. પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર કોષ્ટાના વંશના બભ્રુમત કુલોત્પન્ન કુરુ વંશમાં જન્મેલ દેવરાત રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્રનું નામ મધુરાજા હતું.

દેવક્ષમાપન [સં.] ન. દેવની માફી માગવી તે; દેવની ક્ષમાયાચના.
દેવક્ષમાપન, વિસર્જન કરી,
પ્રતિષ્ઠા કરાવે હેમાદ્રિ ઘરી. લીમ

દેવક્ષેત્ર [સં.] ન. દેવભૂમિ.

દેવખંડ [સં.] પું. ભારતવર્ષના નવ ભાંડેનો એ નામનો એક ખંડ.

દેવખાત ૧. [સં.] સ્ત્રી. કુદરતી જળાશય.
મનુએ લખ્યું છે કે નદી, દેવખાત, તળાવ, સરોવર, ગર્ત અને પ્રસ્રવણમાં નિત્ય સ્નાન કરવું જોઈએ.
૨. સ્ત્રી ગુદા.

દેવખાતખિલ [સં.] ન. ગુદા; મોતર.

દેવગઢ ન. વિષ્ણુનું દેવગિરિ ઉપનામ.

દેવગર્દિકા ૧. સ્ત્રી. એ નામની કુંભારની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેવગદી સ્ત્રી. એક જાતની ઘેરડી.

દેવગણ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામે એક નક્ષત્ર; સમૂહ; અનુરાધા, શ્રવણ, પુષ્ય, રેવતી. હસ્ત, મૃગશર, અશ્વિની, પુનર્વસુ, સ્વાતિ એ નવ નક્ષત્રનો સમૂહ.
૨. પું. દેવતાનો અનુચર.
૩. પું. દેવતાનો જુદો જુદો સમૂહ; દેવતાનો વર્ગ; વૈદિક દેવતાઓના ત્રણ ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય. આમાં ઇંદ્ર અને પ્રજાપતિ ઉમેરવાથી ૩૩ દેવતા થાય છે. પાછળથી આ ત્રણ ઉપરાંત નીચલા ત્રણ પણ માનેલા છે: ૩૦ તુષિત, ૧૦ વિશ્વેદેવ, ૧૨ સાધ્ય, ૬૪ આભાસ્વર, ૪૯ મરુત અને ૨૨૦ મહારાજિક.
૪. પું. દેવોનો પક્ષ; દેવોનો સમૂહ.

દેવગણિકા [સં.] સ્ત્રી. અપ્સરા; સ્વર્ગની વેશ્યા

દેવગણિયા ૧. સ્ત્રી. એ નામની કુંભારની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

દેવગત ૧. સ્ત્રી. ઈશ્વરની પ્રાપ્તિ.
૨. સ્ત્રી. મરણ; મૃત્યુ.

દેવગતિ [સં.] ૧. સ્ત્રી. મરણ પછી ઉત્તમ ગતિ; સ્વર્ગલોક.
૨ સ્ત્રી. મરણ પછી દેવયોનિ મળવી તે. જ્યાત પ્રમાણે કરનાર, દેહને બહુ દમનાર, કર્મની નિર્જરા કરનાર, જ્ઞાનાદિકનું પ્રબળ પરિણામે સેવન કરનાર દેવગતિનું આયુ બાંધતો મનાય છે.

દેવગર્ભ [સં.] પું. દેવથી જેનો ગર્ભ હોય તે; દેવપુત્ર; દેવનર, જોમો, કર્ણ.

દેવગર્ભા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કુશદ્વીપની એ નામની એક નદી.
રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, ધારિંદા, દેવગર્ભા, ધૃતચ્યુતા અને મંત્રમાળી એ નામની સાત કુશદ્વીપની નદીઓ છે.
ભાગવતી ભાગવત
૨. સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ કાંચી નામના પીઠસ્થાનમાં છે.

દેવગંગા [સં.] સ્ત્રી. આસામની એ નામની એક નાની નદી.

દેવગંધર્વ ૧. [સં.] પું. (પુરાણ) કશ્યપ ઋષિને મુનિ નામની સ્ત્રીથી થયેલા સોળ ભાંડેનો દરેક ગંધર્વ. તેમનાં નામ: ભીમસેન, ઉગ્રસેન, સુપર્ણ, વરુણ, સોપતિ, ધૃતરાષ્ટ્ર, સૂર્યવર્ચા, સત્યવાક્, અર્કપર્ણ, પ્રયુત, ભીમ, ચિત્રરથ, શાલિશિરા, પર્જન્ય, કલિ અને નારદ.
૨. પું. (પુરાણ) કશ્યપને પ્રાધાને ચૌદ થયેલા દશ ભાંડેનો દરેક ગંધર્વ. તેમનાં નામ: સિદ્ધ, પૂર્ણ, બર્હિ, પૂર્ણાયુ, બ્રહ્મચારી, રતિગુણ, સુપર્ણ, વિશ્વાવસુ, ભાનુ અને સુચંદ્ર. આ સિવાય એને અતિબાહુ, હાહા, હૂહૂ અને તુંબુરુ એવા બીજા ચાર પુત્રો હોય એમ પુરાણાંતરે જણાય છે.
૩. પું. દેવોની સભીપ ગાયન કરનાર ગંધર્વ.

દેવગંધા [સં] સ્ત્રી. મદાગેસા ક્ષુ. તેની ગંધ દેવદારુના જેવી આવે છે, માટે તેને દેવગંધા કહે છે.

દેવગંધાર પું. (સંગીત) બીજે પહોરે ગાવાનો એક રાગ. તે આશાવરી ઘાટમાંથી ઉત્પન્ન થાય છે. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે બરજ શુદ્ધ, રિષભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. આ રાગ ભૈરવ અને ગંધારથી મિશ્ર છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. આરોહે રિષભ, ધૈવત વર્જ્ય છે. તેમાં કેટલેક સ્થળે ભીમપલાસી અને આશાવરીનો આભાસ થાય છે. તે ભૈરવ રાગનો પુત્ર મનાય છે.

દેવગાનચારી પું. ગંધર્વ; દેવગાયક.

દેવગાયક [સં.] પું. ગંધર્વ.

દેવગાયન [સં.] પું. ગંધર્વ.

દેવગાંધાર જુઓ દેવગંધાર.

દેવગાંધારી [સં.] સ્ત્રી. (સંગીત) એ નામે ઓળ રાગિણી. તે વીરાગની બીજી અનાગ છે. તે શિશિર ઋતુમાં બીજા પહોરથી મધરાત સુધી ગવાય છે.

દેવગિરા ૧. [સં.] સ્ત્રી. આકાશવાણી.
૨. સ્ત્રી. સંસ્કૃત ભાષા; દેવવાણી.

દેવગિરિ ૧. [સં.] પું. ભરતખંડનો એ નામનો એક પર્વત.
મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૈલાસ, મેરુસાવર્ણ, દેવાંગરિ નામના ભારતખંડના પર્વતો છે.
ભરતખંડના પર્વત
૨. પું. રૈવતક પર્વત; ગિરનાર.
૩. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોલ રાગની બાર પુત્રવધૂ માંહેની એક રાગિણી. તેની જાતિ સંપૂર્ણ ઓટલે ખરજ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વરો આવે છે. તે ગાવાનો વખત દિવસના બીજા પહોરનો છે. આ રાગિણી પૂરબી, સારંગ અને શુદ્ધ રાગની મિશ્ર છે, પરંતુ કોઈ નિષાદથી વિશેષ મિશ્ર કહે છે.
૪. ન. નિઝામના રાજ્યમાં આવેલું દોલતાબાદ. આ શહેર ઘણો વખત યાદવ રાજાઓની રાજધાની હતું. પ્રસિદ્ધ કલચુરિ વંશની જ્યારે પડતી થઈ ત્યારે, તેની આસપાસનો બધો પ્રદેશ દ્વારસમુદ્રના યાદવ રાજાઓના હાથમાં ગયો. કેટલાક શિલાલેખો ઉપરથી આ યાદવ રાજાઓની નીચે પ્રમાણે વંશાવળી મળી છે:



નીચ સિંઘનના વખતમાં જ દેવગિરિ યાદવોની રાજધાની તરીકે પ્રસિદ્ધ થયું. મહાદેવની સભામાં બોપદેવ અને હેમાદ્રિ જેવા પ્રસિદ્ધ પંડિત હતા. કૃષ્ણના પુત્ર રામચંદ્રે પોતાના રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો. ઇ.સ ૧૨૯૫માં અલ્લાઉદ્દીને દેવગિરિ ઉપર અચાનક ચઢાઈ કરી. જન્યું લાંબુ યુદ્ધ ચાલ્યું પણ છેવટે દુર્ગમાંની સામગ્રી ખૂટવાથી તેણે આત્મસમર્પણ કર્યું. ઇ.સ ૧૨૨૮માં રામચંદ્રે કર દેવાની ના પાડી. તે વખતે અલ્લાઉદ્દીન માળવા ઉપર આવી ગયો હતો. તેણે મલેક કાફૂરને દેવગિરિ ઉપર મોકલ્યો. રાજા હારી ગયો અને તેને દિલ્હી મોકલવામાં આવ્યો. અલ્લાઉદ્દીને સન્માન સહિત તેને પાછો દેવગિરિ મોકલ્યો. અહીં કાફૂર દક્ષિણનાં બીજાં રાજ્યોમાં લૂંટફાટ કરવા લાગ્યો. કેટલાક વખત પછી રામચંદ્રના જમાઈ હરપાલે મુસલમાનોને દક્ષિણમાંથી હાંકી કાઢવા અને પોતે દેવગિરિના સિંહાસને બેઠો. ૭ વર્ષ સુધી તેણે રાજ્ય કર્યું. છેવટે ઇ.સ ૧૩૪૦મા દિલ્હીના બાદશાહે તેના ઉપર ચઢાઈ કરી અને કપટયુક્તિથી તેને હરાવ્યો અને માર્યો. આ પ્રમાણે યાદવ રાજાની સમાપ્તિ થઈ. મહમદ તઘલખને રાજધાની દિલ્હીથી દેવગિરિ બદલવાનો વિચાર થયો, ત્યારે તેણે દેવગિરિ નામ બદલીને દોલતાબાદ રાખ્યું હતું.

દેવગિરિ બિલાવલ સ્ત્રી. (સંગીત) બિલાવલી રાગિણીની ચોદ માંહેની એ નામની એક જાત. તેમાં બધા શુદ્ધ સ્વરો આવતા હોવાથી શકરાભરણ થાટમાં તેનો સમાવેશ થાય છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ પ્રાતઃકાલે ગાવાનો પ્રચાર છે. તે દેવગિરિ અને બિલાવલનું મિશ્રણ છે.

દેવગિરી ૧. પું. (સંગીત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે દિવસના પહેલે પ્રહરે ગવાય છે.
૨. સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની બાર પુત્રવધૂ માંહેની એક રાગિણી. તેની જાતિ સંપૂર્ણ છે, ઓટલે ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તે ગાવાનો વખત દિવસના બીજા પહોરનો છે. તે પૂરબીથી, સારંગ અને શુદ્ધ રાગથી મિશ્ર છે, પરંતુ કોઈ બિલાવલથી વિશેષ મિશ્ર છે એમ પણ કહે છે. સોમેશ્વરના મત પ્રમાણે તે વસંત રાગની, ભરતના મત પ્રમાણે હિંડોલ રાગના પુત્ર નાગધ્વનિની, સંગીતદર્પણના મત પ્રમાણે નટનારાયણી અને હનુમત મત પ્રમાણે મારકોશ રાગની બીજી બનાય છે. તે હેમંત ઋતુમાં દિવસના ચોથા પહોરથી આધી મધરાત સુધી ગવાય છે. કેટલાકના મત પ્રમાણે આ સંકર રાગિણી છે અને શુદ્ધ પૂરબી અને સારંગના મિશ્રણથી અને કેટલાકના મત પ્રમાણે સરસ્વતી, ગાવતી અને ગાંધારીના મિશ્રણથી બને છે. તે સંપૂર્ણ જાતિની રાગિણી છે અને તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

દેવગીત [સં.] ન. સ્તોત્ર.

દેવગીર ન. દેવગઢ કે દોલતાબાદ નામનું શહેર.
દેવગીરણ મલેક નામદને અને ગુજરાતથી અહમદખાનને શહેર દિલ્હીમાં બોલાવવામાં આવ્યા. સંગીતપ્રકાશ

દેવગુપ્ત ૧. પું. એ નામનો એક જૈન વિદ્વાન.
દેવગુપ્તે તત્ત્વાર્થસૂત્રના ભાષ્યની કારિકાઓની રચેલી ગણાવ્યા બધે છે. સુખલાલજી
૨. પું. એ નામનો એક બાહ્મણ સંન્યાસી.

દેવગુરુ ૧. [સં.] પું ઋષિ ઋષિ.
૨. પું. બૃહસ્પતિ.

દેવગુહ્યી [સં.] સ્ત્રી. સરસ્વતી.

દેવગુપ્ત ૧. [સં.] પું. (પુરાણ) સાવર્ણિ મન્વંતરનો એ નામનો એક બાહ્મણ.
૨. ન. દેવોનું ગુપ્ત રહસ્ય.
૩. ન. મરણું મરતું.

દેવગુપ્તિકાર્ય [સં.] ન. દેવોએ ગુપ્ત રાખેલું માણસોનું મરણ. પ્રાણીઓ જો પોતાના મરણને બરાબર દિવસે બનાવું બણી શકે તો બરોબર વૈરાગ્યવાન બની ભગવાનનું ભજન કરવા બેઠી પડે અને મુક્ત થઈ જાય. એ વાત દેવોને ગમતી નથી. તેઓ પ્રાણીઓના મરણને ગુપ્ત રાખે છે.

દેવગૃહ [સં.] ન. દેવાલય; દેવમંદિર; દેરું; દેવતાનું ઘર. દેરાસર.

દેવઘર ગુજ્યો દેવગૃહ.

દેવચકલી સ્ત્રી. એક જાતની ચકલી; દિવાળીનો પોડો; બગી ચકલી. પ્રવાસનું વખતે જો તે ડાબી તરફ બોલે તો શુભ બનાય છે. દેવચકલી, ગીગરી, ઘેરવી, સિવાળ, કોયલ, ઝાંઝરી, ચુંવરડી અને પત્ની એટલે મરોળી એટલાનો સ્વર પ્રવાસ વખતે ડાબી તરફ થાય તો તે શુભ બનાય છે.

દેવચક્ર [સં.] ન. ચક્રના બંભરૂપ એક અભિપ્રાય.

દેવચક્ષુ [સં.] ન. દિવ્ય જ્ઞાન.
સંજય વિદ્યાર્થી બાલનો,
પામ્યો દેવચક્ષુ સાક્ષાત. કાન્તમાળા

દેવચક્ષુષી [સં. દેવ + ચક્ષુસ્ (આંખ) + ઈન્ (વાળું)] વિ. દિવ્ય દૃષ્ટિવાળું.

દેવચર્યા ૧. [સં.] સ્ત્રી. દેવ નિમિત્તે કરાતા હોમ વગેરે.
૨. સ્ત્રી. દેવપૂજા; દેવસેવા.
૩. સ્ત્રી. દેવોનું ચરિત્ર.

દેવચલ્લી સ્ત્રી. એક જાતનું પક્ષી. દેવચાલી; દુર્માચાલી.

દેવચંદ્રજી પું. (જૈન) એ નામનો એક જૈનાચાર્ય. તે મહાન ઉપદેશ, અનન્ય આત્મજ્ઞાની, જૈન ધર્મરક્ષક, ગીતાર્થ, અભ્યાસી, મુનિવર હતો. તેના બનાવેલા અનેક સંસ્કૃત, પ્રાકૃત તથા મુખ્ય ભાષાના ગ્રંથોની પ્રશસ્તિઓ ઉપરથી તેનું ટૂંકું જીવનચરિત્ર જાણી શકાય તેમ છે.

દેવચાલી સ્ત્રી. (સંગીત) ઉદતાલના ૭ ભાંડેનો એ નામનો એક ભેદ.

દેવચિકિત્સક ૧. [સં] પું. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.
૨. પું. એની સંખ્યા.
૩. પું. સ્વર્ગના વૈદ્ય અશ્વિનીકુમાર.

દેવચિંતક [સં.] પું. શિવનાં હલ્કર ભાંડેનું એક નામ.

દેવચું ન. દેવની આજ્ઞા; દેવના સમ; દેવના સોગન.

દેવચ્છંક પું. સો શેરનો હાર. તે કેટલાકના મત પ્રમાણે ૧૦૦ અથવા ૧૦૮ શેરનો અને કેટલાકના મત પ્રમાણે ૮૧ શેરનો હોય છે.

દેવચ્છંદક પું. દેવછંદો; જમીનથી બે અઢી હાથ ઊંચો ઓટલો; દેવમૂર્તિને બેસાડવાનો ઓટલો.

દેવચ્છંદસ [સં.] પું. વૈદિક ગોત્રિય એક વંશ.

દેવછંદો જુઓ દેવચ્છંદક.

દેવજ ૧. [સં.] પું. સામવેદનો એ નામનો અમુક ભાગ.
૨. પું. (પુરાણ) સૂર્યવંશી સંયમ રાજાનો એ નામનો એક પુત્ર.
૩. વિ. દેવથી જન્મેલ; દેવથી ઉત્પન્ન થયેલ.

દેવજગ્ધ ૧. [સં.] ન. એક જાતનું ખરાબ ઘાસ; રોહિષ ઘાસ.
૨. [સં. દેવ + અદ્ (ખાવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. દેવોએ ખાધેલ; દેવોએ ભક્ષણ કરેલ.

દેવજન ૧. [સં.] પું. ગંધર્વ, યક્ષ વગેરે ઉપદેવ.
૨. પું. દેવના જેવો મનુષ્ય; દેવરૂપ મનુષ્ય.

દેવજનવિદ્યા [સં.] સ્ત્રી. નૃત્ય, ગીત વગેરે ગંધર્વવિદ્યા.

દેવજા [સં. દેવ + જા (જન્મેલી)] સ્ત્રી. દેવની દીકરી.

દેવજાત ૧. [સં.] ન. દેવસમૂહ; દેવોનો સમૂહ.
૨. વિ. દેવથી જન્મેલ; દેવથી ઉત્પન્ન થયેલ.

દેવજાતિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

દેવજામિ [સં.] સ્ત્રી. દેવબંધુ; દેવાંગના.

દેવજિત્ [સં.] પું (પુરાણ) એ નામના એક ઋષિ.

દેવજી વસાડિયો (દેવજી વસાડિયો) પું. બદસિકલ માણસ; કદરૂપો માણસ. ગેડોળ વિચિત્ર માણસને વિષે બોલતાં લોકો ઠોઠ વાર આ શબ્દ વપરાય છે.

દેવજુષ્ટ [સં.] વિ. દેવતાને ગમેલું.

દેવજ્ઞ [સં.] પું. શિવનાં હલ્કર માંહેનું એક નામ.

દેવજ્ઞાનવિદ્યા [સં.] સ્ત્રી. અત્તર, તૂલ, સંગીત વગેરે વિદ્યાઓનું જ્ઞાન.

દેવટ ૧. [સં.] પું. શિવપિંડ કરીગર.
૨. [સં. દ્વિ (બે) + ઘર્મન્ (ગાર્મ)] વિ. બંધ અને મસ્તક ઢાંકી બે વાટે નાખેલું.
પાલે બંગડ પીર, નીર ઉતાર્યાં નવનાં;
દેવટ કીધો દરબાર, બખલ લાં કહું બાનરનાં.
રામળ
૩. વિ. પ્રસિદ્ધ.

દેવટાંકું ન. પવિત્ર ટાંકું.
સિદ્ધપદાં પાણીનાં ટાંકાંઓમાં દેવટાંકાનું પાણી ફાલ્ગણ ગ્રામ્યોની ગણોનરી કરે તેવું છે.
શારદા

દેવટી સ્ત્રી. સમુદ્રતીર ઉપર રહેતું એક જાતનું પક્ષી.

દેવટ્ઠાન [સિં.] પું. કારતક સુદિ અગિયારસ.

દેવડ (દેવડ) ૧. સ્ત્રી. આપવું તે.
૨. સ્ત્રી. દેવું પાછું આપવું તે.
૩. સ્ત્રી. પીરસવાર.

દેવડા (દેવડા) ૧. સ્ત્રી. જૈન ઓસવાળ અને ચોહાણ રજપૂતોની એ નામની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

દેવડાવરો પું. દેવ સમાન ગોદોનો સમૂહ; ડાંગરો.

દેવડાવવું (દેવડાવવું) ૧. સ. ક્રિ. દેવાની ક્રિયા કરાવવી; અપાવવું; આપે તેમ કરાવવું.
૨. સ. ક્રિ. ધારણ કરાવવું; ભરાવવું; લગડાવવું. ગોખે, તેણે અંતરમા ઉપર બાપાં દેવડાવ્યાં.
૩. સ. ક્રિ. બંધ કરાવવું.

દેવડાંગર સ્ત્રી. એક પ્રકારની રાયણોત્ર ડાંગર. તેની પાંચ જાત છે: કૃષ્ણ, પાટલ, શાલીમુખ, કુકુટાંડ અને જંતુભેદ. તે પાકમાંથી મધુર, શીતળ અને અગ્નિબંદકારક છે. બાકી બાત વધારે ગુણવાળી મનાય છે.

દેવડાંગરી સ્ત્રી. એ નામની એક વેલ; કૂકડવેલ.

દેવડી (દેવડી) ૧. સ્ત્રી. ઉનરો.
૨. સ્ત્રી. ચોકી; ચબૂતરો; ચાવડી.
૩. સ્ત્રી. પેઢી; દરબાર.
૪. સ્ત્રી. સિંધી.
૫. સ્ત્રી. દેવડા રજપૂતની કન્યા.
૬. સ્ત્રી. દ્વાર.
૭. સ્ત્રી. નાનું દેવળ; દેરી.
૮. સ્ત્રી. રાજમહેલ, દરબાર અથવા મોટા માણસના ઘર આગળ હથિયારધારી કે રખેવાળ સિપાઈઓને બેસવાનો ચોરો; પહેરેગીરોની ચોકી; દરવાજો; બારણા આગળનો ઊંચો ઓટલો; દ્વારપાળોને બેસવાની જગ્યા.
૯. સ્ત્રી. રાણકદેવી.
૧૦. સ્ત્રી. સાધુ સંન્યાસી કે સતીને જ્યાં દાટ્યાં કે બાળ્યાં હોય ત્યાં કરેલું નાના દેરા જેવું અનુસ્તર; સમાધિ; સમાધિસ્થાન.

દેવડીદાર (દેવડીદાર) સ્ત્રી. દ્વારપાલ.

દેવદોંગરી [હિ.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; દેવદાલી લતા.

દેવદી [હિં] સ્ત્રી. દેવડી; દેવી.

દેવતાર ૧. [સં.] વિ. ખૂબ પ્રકાશવાળું; અત્યંત તેજસ્વી.
૨. વિ. વધુ રમતિયાળ.

દેવતરરવો પું. બપૈયો; ચાતક. એમ કહેવાય છે કે, આ પંખી ઊંચેથી પડતાં વરસાદનાં ટીપાં અધ્ધરથી મોમાં ઝીલી લે છે. બળામાં પાણી હોવાથી તેની તરસ છીપતી નથી અને તે તરરવો તરસ્યો એમ બોલતો બોલતો ઊડ્યા કરે છે.

દેવતરસ્યો જુઓ દેવતરસ્યો.

દેવતરહો (દેવતરહો) પું. (બોલી) દેવતરસ્યો; બપૈયો; ચાતક.

દેવતરો ૧. ન. જેની નીચે ગામના લોકો બેસા મળતા હોય તેવું ઝાડ.
૨. ન. પવિત્ર અંજીરનું ઝાડ.
૩. [સં] ન. પૂજા કરવા યોગ્ય વૃક્ષ
૪ ન. સ્વર્ગનું ઝાડ; મંદાર, પારિજાતક, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન એ પાંચ માંહેનું એક ઝાડ.

દેવતર્પણ [સં.] ન. બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોનું નામ લેતાં લેતાં પાણી દેવાની ક્રિયા.

દેવતા ૧. પું. અગ્નિ, ચાતસ.
૧. ગરમ દેવતા જેવું = બહુ ગરમ.
૨. દીવો દેવતા બોળ = વ્યવહારિક બાબતોનો બહિષ્કાર.
૩. દેવતા ઊઠવો = (૧) આગ લાગવી; બળી જવું. (૨) દેવ ઊઠવો; નસીબ પ્રતિકૂળ થવું. (૩) નાશ પામવું. (૪) બળે બળવું.
૪. દેવતા કરવો–પાડવો = અગ્નિ સળગાવવો.

૫. દેવતા કરવો = (૧) ક્રોધના અતિશયથી આંખો વિકરાળ બની જવી; બહુ ક્રોધ ચડવો. (૨) લડાઈ થવી; ઠઠ્ઠિયો થવો.

૬. દેવતા પાછળ ક્રોસવો = દીવા પાછળ અંધારું.

૭. દેવતા બારવો = અગ્નિ પ્રગટ રાખવા તેની ઉપર બાલું મૂકી તે ઉપર રાખ વાળવી.

૮. દેવતા મૂકવું = દીસતું રહ્યું; બચ્યું.

૯. દેવતા મૂકવો = (૧) દીસતું થવું. (૨) બાળવું; દગ્ધ કરવું.

૧૦. દેવતા રેડાવો = (૧) અદેખાઈથી બળવું. (૨) કાળજું બળવું; અતિશય ચિંતા થવી.

૧૧. દેવતામાં ઘી હોમવું = બળતું ઉપરઉપરનું; ઠઠ્ઠિયો વધે તેમ ઉપરઉપરનું; બળતું વધારે થાય તેમ કરવું.

અમદાવાદનો દેવતા કંજૂસ છે, તેથી તેણે પોતાના શરીરમાં રહેલા દાનોને ગોંધીને રાખ્યા છે. ઝંપીલ

૨. પું. આત્મા.

૩. પું. ઈશ્વર.

૪. પું. મૂર્ખ; ઓળો માણસ.

૫. પું. ભુખ્યો માણસ.

૬. પું. સર્પ.

૭. પું. સારો માણસ; ગૃહસ્થ.

૮. [સં. દિવ્ (પ્રકાશવું)] પું. સ્વર્ગમાં રહેનાર અમર પ્રાણી; દેવ; અમર; નિર્જર; ત્રિદશ; વિબુધ; સુર; સુમનસ; ત્રિદિવેશ; દિવૌકસ; આદિત્ય; દ્વિષદ; શેષ; અદિતિનંદન; આદિત્ય; અસ્વપ્ન; અમર્ત્ય; અમૃતાધસ; અહિર્બુધ્ન; શ્રીરોહ; દાનવારિ; વૃદારક. દેવતા સંબંધી પ્રાચીન લોકોના ચાર મત મળે છે: ઐતિહાસિક, યાજ્ઞિક, નૈરુક્તિક અને આધ્યાત્મિક. ઇતિહાસકારોના મત પ્રમાણે વેદનો દરેક મંત્ર જુદી જુદી વ્યક્તિ અથવા જુદા જુદા પદાર્થને લાગુ પડેલ છે. યાજ્ઞિક લોકો મંત્રને જ દેવતા માને છે. તેઓએ દેવતાના બે ભાગ પાડ્યા છે: સોમપ અને અસોમપ. અષ્ટવસુ, ત્રિશવ રુદ્ર, બાર આદિત્ય, પ્રજાપતિ અને વષટ્કાર એ ૩૩ સોમપ દેવતા કહેવાય છે. ૧૧ પ્રયાજ, ૧૧ અનુયાજ અને ૧૧ ઉપયાજ એ અસોમપ દેવતા કહેવાય છે સોમપ દેવતા સોમથી સંતોષ પામે છે અને અસોમપ દેવતા પશુપક્ષીથી સંતોષ પામે છે. નૈરુક્તિકો સ્થાન પ્રમાણે દેવતાને ત્રણ છે અને તેઓ ત્રણ દેવતાને જ માને છે એટલે કે પૃથ્વીના દેવ તરીકે અગ્નિ, અંતરીક્ષના રુદ્ર અથવા વાયુ અને આકાશના સૂર્યને માને છે. બાકીના દેવતા તો તે ત્રણમાં આવી જાય છે અથવા તો હોતા, અધ્વર્યુ, બ્રહ્મા, ઉદ્ગાતા વગેરેના કર્મભેદ પ્રમાણે આ ત્રણનાં જુદાં જુદાં નામ છે. ઋગ્વેદમાં કેટલાક એવા પણ મંત્ર છે કે જેમાં જુદા જુદા દેવોમાં એકને માટે અનેક નામો કહેલાં છે. પુરુરવામાં જે જે વસ્તુ તેજસ્વી, જ્ઞાન દેવા લાયક અને લાલકારી દેખાય તેની સ્તુતિ ઋષિઓએ મંત્ર વડે કરી. જે દેવતાઓને પ્રસન્ન કરવા માટે યજ્ઞ વગેરે થતા હતા, તે દેવતાની સ્થિતિ વિશેષ ચડિયાતી થઈ. તેમની પાસેથી લોકો ધનધાન્ય, યુદ્ધમાં જય, શત્રુનો નાશ વગેરે માગવા લાગ્યા. ધીમે ધીમે દેવતા શબ્દથી આવી અદશ્ય સત્તાઓ સમજવા લાગી અને ધીરે ધીરે પૌરાણિક કાળમાં રુચિ પ્રમાણે ભીન્ન ભીન્ન અનેક દેવતાઓની કલ્પના કરવામાં આવી. ઋગ્વેદમાં જે દેવતાઓનાં નામ છે તેમાંથી કેટલાંક આ પ્રમાણે છે: અગ્નિ, વાયુ, રુદ્ર, મિત્ર, વરુણ, અશ્વિનદ્વય, વિશ્વેદેવા, મરુદ્ગણ, ઋભુગણ, બ્રહ્મણસ્પતિ, સોમ, ત્વષ્ટા, સૂર્ય, વિષ્ણુ, પૂષા, ભગ, પર્જન્ય, અર્યમા, પૃથ્વી, રુદ્રગણ, વસુગણ, આદિત્યગણ, ઉષસ, નિત, ત્રૈતન, અહિર્બુધ્ન, અજ, એકપાત, ઋતુક્ષા, ગરુત્માન્ વગેરે. કેટલીક દેવીઓનાં નામ પણ છે જે આ પ્રમાણે છે: સરસ્વતી, સુનૃતા, ઇલા, રાકા, સિનીવાલી વગેરે. ઋગ્વેદમાં ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય તથા રુદ્ર અને પ્રજાપતિ એમ મુખ્ય દેવતા ૩૩ માનેલા છે. ઋગ્વેદમાં એક ઠેકાણે દેવતાની સંખ્યા ૩૩૩૯ કહેલ છે. શતપથ બ્રાહ્મણ અને શાંખ્યાયન શ્રૌતસૂત્રમાં પણ આ સંખ્યા આપેલી છે. આ ઉપરથી સાબિત થાય છે કે, દેવતા તો ૩૩ છે અને ૩૩૩૯ નામ મહિમા બતાવનાર છે. દેવતાઓને મનુષ્યોથી જુદા અને અમર પ્રાણી માનવામાં આવતા હતા. પૌરાણિક કાળમાં વેદના ૩૩ દેવતાઓમાંથી ૩૩ કરોડ દેવતાઓની કલ્પના થઈ. રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મ, પ્રજાપતિ વગેરે વૈદિક દેવતાઓનાં રૂપ, રંગ, કુટુંબ વગેરેની પણ કલ્પના થઈ આકાશના વૈદિક દેવતા વિષ્ણુ, જે ૧૨ આદિત્યમાં હતા, તે ચાર હાથવાળા, શંખ, ચક્ર, ગદા, પદ્મ ધરનારા તથા લક્ષ્મીના પતિ બન્યા. વૈદિક રુદ્ર જટાધારી, ત્રિશૂલધારી, પાર્વતીના પતિ અને ગણેશ તથા કાર્તિકના પિતા થયા. વૈદિક પ્રજાપતિ વેદના વક્તા, ચાર મુખવાળા બ્રહ્મા થયા. દેવતાઓની ભાવના અને ઉપાસનામાં મહાભારતના સમયથી પણ કાંઈક કાંઈક ભેદ પડવા લાગ્યો. કૃષ્ણના સમય સુધી વૈદિક રુદ્રની પૂજા થતી હતી, જે તે પછી બંધ પડી, અને તેને દેવતાઓનો રાજા અને સ્વર્ગનો અધિપતિ માનવામાં આવ્યો. આજકાલ હિંદુઓમાં ઉપાસના માટે પાંચ દેવ મુખ્ય મનાય છે: વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણેશ અને દુર્ગા. આને પંચદેવ કહેવામાં આવે છે. યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને પુરાણો પ્રમાણે રુદ્ર, રુદ્ર વગેરે દેવતા બ્રહ્મપથી ઉત્પન્ન થયા છે પુરાણોમાં જણાવ્યું છે કે, દક્ષપથની પ્રસૂતિ નામની બીજી દેવ અને અદિતિ નામની બીજી દેવતા ઉત્પન્ન થયા. બૌદ્ધ અને જૈન લોકો પણ આ પૌરાણિક રૂપના દેવતાઓને માને છે ફેર માત્ર એટલો જ છે કે તેઓ દેવતાઓને બુદ્ધ, બોધિસત્ત્વ અથવા તીર્થંકરથી હલકા દરજ્જાના માને છે.

૧. દેવતા ઊઠી જવા = શરીરમાંથી ઇંદ્રિયોની સત્તા જતી રહેવી; ઇંદ્રિયોની શક્તિ નાશ પામવી; નિસ્તેજ થવું.

૨. દેવતા બગવો = આઘોદય થવો.

૯. સ્ત્રી. દેવની મૂર્તિ.

૧૦. સ્ત્રી. દેવરક્ષિત.

૧૧. સ્ત્રી. દેવી.

૧૨. સ્ત્રી. પોળા ધતૂરાનો છોડ.

૧૩. સ્ત્રી. મહાભેદા; એ નામનો એક કંદ; દેવતામણિ

૧૪. સ્ત્રી. દેવત્વ; દેવપણું.

દેવતાઈ ૧. સ્ત્રી. દેવતાનું પદ.

૨ વિ. દેવ સંબંધી.

૩. વિ. દેવકૃત હોય એવું; અદ્ભુત; મોટું; સુંદર; અલૌકિક; દૈવી; અમાનુષ; અજબ; અસાધારણ.

૪. વિ. દેવતાના સરખું.

ભગી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,
ઊંડી દેવતાઈ ત્યારે તાકી તપકાઈને. રામભદ્ર

દેવતાખ્યાન [સં. દેવતા + આખ્યાન (વાર્તા)] ન. દેવોની કથા; પુરાણ.

દેવતાજિત ૧. [સં. દેવતાજિત] પું. અસુર.

૨. પું. (પુરાણ) ઋષભદેવના પુત્ર ભરતના સુમતિ નામના પુત્રને દ્રાહ્યાયનીની કૂખે થયેલો એ નામનો પુત્ર. એને આસુરી નામે સ્ત્રી હતી અને તેનાથી દેવદ્યુમ્ન નામે પુત્ર થયો હતો.

દેવતાડ (દેવતાડ) ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. એક જાતનું ઘાસ; ઊર્વા.

૩. પું. એક જાતનું ઝાડ; દેવોને પ્રિય તાડનું ઝાડ.

૪. પું. ચિત્રનું ઝાડ.

૫. [સં. દેવ + તાડ (મારવું)] પું. (જ્યોતિષ) અશુ. તે સૂર્ય ચંદ્રને વિદ્ધ કરે છે.

દેવતાઽઽ (દેવતાડ) ૧. [સં.] કું. એક જાતનું ઘાસ.

૨. જી. દુઃખમેલ.

દેવતાડી (દેવતાડી) જી. એ નામની વેલ; દુઃખમેલ; દેવદાલી લતા.

દેવતાત ૧. [સં.] કું. દેવોનો પિતા ઇન્દ્ર.

૨. કું. બ્રહ્મા.

૩. કું. મરીચિ.

૪. કું. યજ્ઞ.

૫. કું. હિરણ્યગર્ભ.

દેવતાતિ [સં.] કું. દેવ.

દેવતાત્મસ્વરૂપ વ. (સંગીત) રાગનું પુરુષ કે સ્ત્રી તરીકેનું સ્વરૂપ. જો પુરુષરૂપે હોય તો તેની પ્રકૃતિ કેવી છે, તેની સ્ત્રીઓ કઈ કઈ છે, તેનાં રંગ, રૂપ, આકૃતિ વગેરે કયા પ્રકારનાં છે તેનું વર્ણન હોવું જોઈએ. સ્ત્રીરૂપે હોય તો તેની માનસપ્રકૃત્તિ કેવા પ્રકારની છે, કેવા પ્રકારની પ્રકૃતિ રાખે છે, કયા પ્રકારની નાયિકા છે, તેના પુત્રો, રંગ, રૂપ, પોશાક અને દેશ કેવા પ્રકારનાં છે તથા તેની બીજા રાગ સાથે થી સગાઈ છે તે બધું હોવું જોઈએ.

દેવતાદ્વંદ્વ કું. જોડિયા દેવ. કેટલાક દેવ જોડીમાં જ ઓળખાય છે. એવાં નામ દ્વંદ્વ સમાસમાં વપરાય છે. એમાં પૂર્વપદનો સ્વર દીર્ઘ થાય છે. જેમકે, મિત્રાવરુણૌ, અગ્નીષોમૌ, દ્યાવાભૂમિ, દ્યાવાપૃથિવી.

દેવતાધિકરણ [સં.] ન. (વેદાંત) યજ્ઞ વગેરેમાં કોણ અધિકારી થઈ શકે અને કોણ ન થઈ શકે, એ જેનો નિર્ણય કરી આપનારો ન્યાય.

દેવતાધિપ ૧. [સં.] કું. ઇંદ્ર.

૨. કું. પરમેશ્વર.

દેવતાધિપતિ જુઓ દેવતાધિપ.

દેવતાધ્યાય [સં.] કું. સામવેદનું પંચમું બ્રાહ્મણ. તેમાં સામવેદના દેવતા આપવામાં આવ્યા છે.

દેવતાધ્યાયબ્રાહ્મણ જુઓ દેવતાધ્યાય.

દેવતાનુક્રમ [સં.] કું. દેવતાનો અનુક્રમ.

દેવતાપક્ષ [સં. દેવતા + પક્ષ (બાજુ)] જ. દેવતાની પદવી.

દેવતાપ્રણિધાન [સં.] ન. દેવનું ધ્યાન.

દેવતાપ્રતિમા [સં.] જી. દેવમૂર્તિ.

દેવતાપ્રતિષ્ઠા [સં.] જી. દેવોની પ્રતિષ્ઠા.

દેવતાભ્યર્ચન [સં.] ન. દેવપૂજન.

દેવતાભ્રિ [સં.] જી. મહામેઘ ક્ર. તેનાં પાંદડાં એ બાજુથી જીભના ટેરવે અડી જાય તો દેવતા જેવી અગ્નિ ઊપડે છે અને જીભનું ફોડલું વળી જાય છે, માટે તેને દેવતાભ્રિ કહે છે.

દેવતામય [સં.] વિ. દેવમય; દેવસ્વરૂપ.

દેવતામયી ૧. [સં.] જી. હિરણ્યગર્ભ દેવતા.

૨. વિ. જી. સર્વ શક્તિમયી; શક્તિસ્વરૂપી.

જે સુંદરપે સહિલી દેવતામયી પ્રકૃતિ, પ્રસન્નીઓના હૃદે વિરાજેલી છે તે જ.

કલ્પનિધિ

દેવતામીમાંસા [સં. દેવતા + મીમાંસા (વિચારણા)] જી. ઈશ્વરજ્ઞાન; બ્રહ્મજ્ઞાન; ઈશ્વરજ્ઞાન.

દેવતાયતન [સં.] ન. દેવમંદિર; દેવાલય.

તેવા બ્રાહ્મણની આજ્ઞા સાંભળી ભરીક વધારે હર્ષવાળો થયો હતો દેવતાયતનમાં જઈને વસ્ત્ર સાદડીને ફરમાન લખી આપ્યું.

પુરાવૃત્ત

દેવતારાધન [સં.] ન. દેવતાની આરાધના.

દેવતાલ કું. હીંગોટું.

દેવતાશાસ્ત્ર [સં.] ન. દેવતાજ્ઞાન ઉપર બંધાયેલ શાસ્ત્ર.

દેવતિથિ [સં.] કું. પુરુવંશી અજોધનનો પુત્ર એક રાજા.

દેવતી ૧. [પ્રા.] જી. દેવકી; કૃષ્ણની માતા.

૨. જી. (બા. પ્ર.) દેવી; માતા.

દેવતીર્થ ૧. [સં.] ન. અંજુલા સિવાયની આંગળીઓનો આગલો ભાગ. જ્યાં જઈને સંકલ્પ કે તર્પણનું પાણી પડે છે.

૨. ન. એ નામનું એક પ્રાચીન તીર્થ.

સૌરાષ્ટ્રની પશ્ચિમે દેવતીર્થ છે. ફાલ્ગુન માસના ઉત્તરા નક્ષત્રમાં તે તીર્થમાં નાહીને ચક્રપાણિવાસી મહાદેવની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને અલ્પ ધન આપે તોપણ સનબંધનથી મુક્ત થાય છે.

સૂતસંહિતા

૩. ન. દેવપૂજા માટે યોગ્ય વખત

દેવતુષ્ટિપતિ [સં. દેવ (સુર) + તુષ્ટિ (સંતોષ) + પતિ (પત્ની)] કું. પુષ્ટકરી.

દેવત્તર ન. અર્પણ; સમર્પણ; દાન.

દેવત્રય [સં.] કું. બ. વ. ત્રણ દેવ; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

દેવત્રયી [સં.] કું. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવતાનો સમૂહ.

દેવત્રા [સં.] વિ. દેવોની રક્ષા કરનાર.

દેવત્વ [સં.] ન. દેવપણું; દેવતા હોવાનો ભાવ કે ધર્મ.

દેવત્વારોપણ ૧. [સં.] ન. દેવીકરણ; દેવરૂપ કરવું તે.

૨. ન. પ્રતિમાનું અનુષ્ઠાન; દેવપ્રતિષ્ઠા.

દેવત્થાન ૧. ન. કાર્તિક સુદિ બીજ. તે દિવસે ભગવાન વિષ્ણુ ચાર માસની નિદ્રામાંથી જાગ્રત થાય છે.

૨. ન. દેવસ્થાન; મંદિર.

દેવદત્ત ૧. [સં.] કું. અગિયાર માઠેનો એ નામનો એક રુદ્ર.

નાગ, કૂર્મ, દેવદત્ત, ધનંજય, કૃકલ એ પાંચ મળી કુલ ૬૧ રુદ્ર પ્રતિષ્ઠિત થયા. રુદ્રાધ્યાય

૨. [સં દેવ + દત્ત (અપાયેલ)] કું. (પુરાણ) અર્જુનનો એ નામનો શંખ. તે ઊંદે તેને આપ્યો હતો.

૩. કું. આઠ માંહેનું એ નામનું નાગનું એક કુળ.

૪. કું. એ નામનો એક પ્રાચીન ગુજરાતી ગ્રંથકાર. તે ચૌદમા શતકમાં થયો હોય એવું અનુમાન છે. ગુજરાતની એ વખતની સ્થિતિ જોતાં ૧૪ મા શતકના પાછલા ભાગમાં થયો હોવાનો સંભવ છે. આ દેવદત્તે ખારુરત્નમાળા નામનો એક નાનો ગ્રંથ લખ્યો છે, જેમાં ટૂંકામાં પાંચ પાંચ ૭ ૭ શ્લોકોમાં જ રૌપ્ય, સુવર્ણ, તામ્ર, નાગ, પંચ, લોહ, અપર, અભ્રક, મોક્તિક, પ્રવાલ, હરિતાલ, મનઃશિલ, માક્ષિક, ગંધક, પારો અને હીરો એટલા પદાર્થોની ખારપ્રક્રિયાનું વર્ણન કર્યું છે. આ ગ્રંથમાં અપરને જસતનો પર્યાય મળ્યો છે.

૫. કું. દેવ નિમિત્તે દાન આપેલી સંપત્તિ.

૬. કું. શુદ્ધદેવનો એ નામનો એક પિતરાઈ ભાઈ. શુદ્ધ અને દેવદત્ત સાથે ઊછર્યા હતા, પણ શુદ્ધને બધી બાબતમાં વધારે પ્રતાપી અને હોશિયાર જોઈને દેવદત્ત બહુ ચિડાતો હતો. વળી યશોધરાને તે પરણવા ચાહતો હતો, પણ યશોધરાએ શુદ્ધને પસંદ કર્યો, તેથી તે બહુ બળ્યો અને વેર લેવાની તક શોધવા લાગ્યો. ગૌતમને શુદ્ધપણું મળ્યું, તોપણ તેણે દ્વેષ ન છોડ્યો. જે વખતે શુદ્ધ જેતવન નામના બગીચામા હતા, ત્યારે તેણે તેમને મારવા મણ્ડ મારવાનો મોકલ્યા હતા. પછી તે શુદ્ધના સંઘમાં ભળી ગયો હતો અને શુદ્ધ તથા સંઘને હાનિ પહોંચાડવા અનેક ઉપાય કરવા લાગ્યો હતો. પછી તે સંઘ છોડી રાજગૃહ ગયો અને ત્યાં અજાતશત્રુને મળીને શુદ્ધને અનેક પ્રકારનું દુઃખ

આપ્યું. તેમના ઉપર ગાંડા હાથી છોડાવ્યા. છેવટે કોઢના રોગથી હેરાન થઈ જીવનથી તે નિરાશ થયો ત્યારે તે બુદ્ધની કૃપા આગળ આવ્યો. તે આવે છે એમ સાંભળી બુદ્ધે કહ્યું કે, તે મારી પાસે નહિ આવી શકે. સંઘભેદ કરવો જ્યારે તે રસ્તામાં તે તળાવમાં નહાવા ઊતર્યો અને ત્યાં કોચડમાં ખૂંપી ગયો.

૭. પું. શરીરમાં રહેલ પાંચ માંહેનો એક ઉપપ્રાણ. તેનું સ્થાન છાતીની વચમાં છે. તેના દેવતા કામદેવ છે. બાળસ અને પ્રમવિકાર એ એનો ધર્મ છે. ઉપપ્રાણ પાંચ છે: નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય.

પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એ પ્રકારના દશ વાયુઓ આ નાડીઓને આધે સંચાર કરી રહ્યા છે. સુશ્રુતસંહિતા

૮. પું. (પુરાણ) સૂર્યવંશી નરિષ્યંતના કુળમાં થયેલ ઊક્ષવા રાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ અગ્નિવેશ્ય હતું.

૯. ન. અષ્ટાવક્ર ગોત્રનું એ નામનું એક પ્રવર.

૧૦. ન. એ નામનું એક ગોત્ર.

૧૧. ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

૧૨. વિ. દેવ નિમિત્તે અર્પણ કરેલ; દેવને આપેલ.

૧૩. વિ. દેવતાએ આપેલું.

દેવદત્તક ૧. [સં.] પું. દશપાત્ર દેવદત્ત.

૨. વિ. દેવદત્ત જેમાં મુખ્ય હોય તેવું.

દેવદત્તવાયુ [સં.] પું. બગાસું આણનાર વાયુ. જુઓ દેવદત્ત ૭.

દેવદત્તામજ [સં. દેવદત્ત + અમ્બા (મોટી બાઈ)] પું. બુદ્ધદેવ.

દેવદનુજ ૧. [સં.] પું. ન. દ. દેવ અને રાક્ષસ; સુર અને અસુર.

૨. પું. ન. દ. દેવના પુત્રો; દેવતા.

દેવદરબાર પું. પ્રભુનું ઘર; મંદિર.

એક દિવસ એકાએક હંસાને દેવદરબારનાં તેડાં આવ્યાં અને એ સ્વામીસેવક સ્વામિની સ્વર્ગે સંચરી. વીરની વાતો

દેવદર્શ [સં દેવ (સુર) + દૃશ્ (જોવું)] વિ. દેવનું દર્શન કરનાર; દેવને જોનાર.

દેવદર્શક જુઓ દેવદર્શ.

દેવદર્શન ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. ન. દેવનાં દર્શન કરવાં તે; દેવનું દર્શન; દર્શન કરીને થતી ભક્તિ.

દેવદર્શના [સં.] સ્ત્રી. અથર્વવેદની અનુક્રમણિકા નવ માંહેની એ નામની એક શાખા.

દેવદર્શી [સં. દેવ (સુર) + દર્શિન (જોનાર)] વિ. દેવનું સાક્ષાત્કાર રૂપ જોનાર.

દેવદર્શિને દુર્લભ અનુભવ પણ રૂપ ધર્યા જેમ ભાસ્યો. ઝાલાપ્રકાશ

દેવદર્શ [સં.] ન. ગણેશ ગોત્રનું એ નામનું એક પ્રવર.

દેવદહ ન. કપિલવસ્તુ પાસે આવેલ મલ્લિ નામના રાજાની એ નામની રાજધાની.

દેવદંડ પું. એ નામનું અસલના વખતનું હથિયાર. તે એક લાંબો વાંસ હતો અને છેડે બીજા જડેલા હતા.

દેવદંડા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. નામલિંગા.

દેવદુંદુભિ ન. ન. ન. દેવદુંદુભિ; દેવનાં નગારાં.

દેવદુંદુભિ આકાશે વાગ્યા,
પરમ નરેસર આવીયો ગાજ્યા.
કુ. સા. પરિષદ

દેવદાનવ પું. ન. ન. દેવ અને રાક્ષસ.

અમ્હે મુજ બલાઇ દેવદાનવનું રણ.
કુ. સા. પરિષદ

દેવદાની [સં.] સ્ત્રી. એક જાતની વેલ.

દેવદાય ૧. [સં. દેવ + દા (આપવું)] ન. દેવસ્થાનનું ખરચ.

૨. વિ. દેવને દેવાનું.

દેવદાર ૧. [સં. દેવદારુ] પું. હીલ મંડિતમાં આવું એક જાતનું વૃક્ષ. ગામમાં હોવાને માટે તે કૂંડામાં વવાય છે. પહાડો ઉપર આ ઝાડ બહુ જોવામાં આવે છે. છથી દસ હજાર ફૂટની ઊંચાઈએ ઝાડ ઊગે છે. હિમાલય પર્વતના જંગલમાં આ ઝાડ બહુ જ થાય છે. તે સોએક ફૂટ ઊંચું વધે છે. તેનાં પાન પોપૈયાનાં જેવાં લાંબી ડાંડલીવાળાં ઠોટેલા પંજાનાં હોય છે. તેને સપ્ટેમ્બરમાં સફેદ ફૂલ આવે છે. ઓક્ટોબરથી નવેમ્બર સુધીમાં બી થાય છે. તેને ત્રીસ ચાળીસ વર્ષે ફળ આવવા લાગે છે. આ ઝાડ બસો બસોસો વર્ષ સુધી રહે છે. જેમ જેમ ઝાડ જૂનું થાય તેમ તેમ મજબૂત થાય છે. તેનું લાકડું બહુ હલકું અને નરમ હોય છે. એનાં કમાડની પાટિયાં અને અનેક પ્રકારની વસ્તુ બને છે. પેટિમ કરવાનાં બોખાં બનાવવામાં તેમજ ઘર બાંધવા માટે પણ તે વપરાય છે. ચિત્રાવરમાં દેવદાર આણવામાં આવે છે. દેવદારનું તેલ ચૂમડાં અને ચામડીનાં દરદોમાં બહાર લગાડવામાં આવે છે. તે શાંતિદાયક મનાય છે. દેવદારનો ધૂપ કરવામાં પણ ઉપયોગ થાય છે. તેલિયો દેવદાર, કાષ્ઠ દેવદાર, સરલ દેવદાર એવી તેની જાત છે. દેવદારના લાકડામાં જીવાત કે કોડા પડતા નથી. તેના ઉપર નક્ષત્રીકામ સારું થાય છે. તેલિયો દેવદાર પાકકાળે તીખો, સ્નિગ્ધ, ઉષ્ણ, કડવો તથા લઘુ છે અને કફ, વાત, પ્રમેહ, અર્શ, મલસ્તંભ, આમદોષ, તાવ, આધ્માન, કૃમ, ઉપરસ, સોજો, ખરજ, હેડકી, તંદ્રા, રક્તદોષ તથા પીનસ મટાડનાર મનાય છે. કાષ્ઠ દેવદાર ઉષ્ણ, કડવો તથા રૂક્ષ છે અને કફ, વાયુ મટાડનાર મનાય છે. સરલ દેવદાર તીખો, કડવો, મધુર, ઉષ્ણ, લઘુ, કોઢહોધક તથા સ્નિગ્ધ છે અને ત્વગ્દોષ, વાયુ, અર્ધુરોગ, વણ, સોજો, કંઠ, કંઠરોગ, નેત્રરોગ, ઉપરસ, પરસેવો, રાક્ષસપીડા તથા ખૂનો નાશ કરનાર મનાય છે.

૨. ન. એ નામના ઝાડનું લાકડું.

૩. વિ. દેવદાર.

દેવદારી ૧. સ્ત્રી. એક જાતનો વેલો. તેમાં કંટોલાં જેવાં કાંટાવાળાં ફળ આવે છે. તે કડવી મિસોડીની પેઠે ઝેરી છે. તેથી ઊલટી ને ઝાડા થાય છે.

૨. વિ. દેવદારનું; દેવદારનું બનાવેલું

દેવદારુ જુઓ દેવદાર ૧, ૨.

દેવદાર્વાદિ ક્વાથ [સં. દેવદારુ + આદિ (વગેરે) + ક્વાથ (ઉકાળો)] પું. (વૈદક) સુશ્રુતોક્ત ઉપર ઉપયોગી ઔષધોનો એક જાતનો ઉકાળો. દેવદાર, ઊમરાંબા, પીપર, સૂંઠ, કૂઠ, હરિવાતું, કાયફળ, નાગરમોથ, કટુકા, પાખાણ, કરડે, મજપીપર, કટેરી, ગોખરુ, ધમાસો. મોટી કટેરી, અતીસ, ગડુચી, કાકડાસિંગી, કલોંજી છાંડી એ સર્વે સરખે ભાગે લઈ અષ્ટાવશેષ ક્વાથ બનાવવો. તેમાં બે રતી શેરુ ક્ષિત્ર અને જવ રતી સિંધાલૂણ નાખીને પ્રસન્નતાને દેવુ. તેથી શૂલ, ખાંસી, મૂર્છા, કંપ, માથાની પીડા; પ્રલાપ, શ્વાસ, દાહ, તંદ્રા, અતિસાર, વમન એ રોગયુક્ત પ્રસન્નતાનો રોગ મટાડે તથા વાત, પિત્ત, કફના વિકારનો નાશ કરે એમ મનાય છે.

દેવદાલિકા [સં.] સ્ત્રી. એ નામનું ઝાડ; મહાકાલ વૃક્ષ.

દેવદાસી [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; રોટિણી; કૂકડવેલ. તે વામક અને રેચક મનાય છે. અર્બુદ વિષના વારણ માટે તે અપાય છે.

દેવદાસ [સં.] પું. દેવનો દાસ; દેવનો પૂજારી.

દેવદાસી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું લીંબુ; જંભલી બિજોરું.

૨. સ્ત્રી. દેવ પ્રોત્સર્ગે વેશ્યાવૃત્તિ કરનારી દાસી કે નર્તકી. જગન્નાથજીથી માંડી દક્ષિણના લગભગ બધાં મંદિરોમાં દેવદાસી હોય છે, જે નાચવા ગ્રામ અને વેશ્યાવૃત્તિ કરે છે. બાવાનું

તેમનાં માતાપિતા તેમનું બાલ્યપણથી જ દેવને દાન કરી દે છે, જ્યાં ઉસ્તાદો તેમને નાચવા આવાનું શીખવે છે. મદ્રાસના ત્રિચલપટ્ટ જિલ્લાના વ્યાપારીમાં એવી રીત છે કે, તેઓ પોતાની મોટી દીકરીનું લગ્ન કોઈ મંદિરમાં દાન કરી દે છે. માનતા તરીકે પણ કન્યાઓ મંદિરને સોંપાયેલી હોય છે. તેમાં કોઈક સારા કુટુંબની પણ હોય છે. કોઈ કોને સીમંત ન આવે તો આ માનતાથી જન્મેલી છોકરી દેવદાસી તરીકે અર્પણ થાય છે. કોઈ દીકરી બહુ બીમાર પડી હોય, તો તે સાજી થયે દેવદાસી તરીકે અર્પણ કરવાની માનતા થાય છે. આ દેવદાસીઓને મંદિરના પૂજારીઓ ભોગવે છે અને તેઓને મંદિરમાં રહેવાનો કે પોષવાનો હક્ક હોય છે. મોટાંક મંદિર બહાર પણ એવાં સ્થાન રાખી રહે છે. દેવદાસીની છોકરી પણ મોટી થાને દેવદાસી થાય છે. તેઓ ઠાકોરજી પાસે નૃત્ય પણ કરે છે. આવી દાન કરેલી કુમારિકાને મહારાષ્ટ્રમાં મુરલી અને તૈલંગ દેશમાં વસવા કહે છે. તેઓનું ગુજરાન મંદિરમાંથી થાય છે. તેનું મરણ થતાં તેનો ઉત્તરાધિકારી પુત્ર નહિ પણ પુત્રી થાય છે. મંદિરોમાં દેવદાસીઓ રાખવાની પ્રથા પ્રાચીન કાળની છે. કવિકાસના મેઘદૂતમાં મહાકાળના મંદિરમાં વેશ્યાના નાચની વાત લખેલી છે. મિસર, યૂનાન, બાબિલોનિઆ વગેરેના પ્રાચીન દેવમંદિરોમાં પણ દેવનર્તકીઓ રહેતી હતી. દેવદાસીની પ્રથા બંધ કરવાનું સરકાર તરફથી યોગ્ય ગણાયું છે.

૩. સ્ત્રી. દેવને અર્પણ કરેલી કુમારિકા અથવા સ્ત્રી. ૪. સ્ત્રી. વેશ્યા.

દેવદિન ૧. પું. ત્રીસ માંડવર્ષ જેટલો સમય.
૨. પું. બાર પિતૃદિન.

દેવદિવાઈ [હિં.] સ્ત્રી. એક જાતનું પક્ષી; કન્હૈયા; કૃષ્ણા; અબાબીલ.

દેવદિવાળી ૧. સ્ત્રી. કાર્તિક સુદિ અગિયારસ; તુલસીવિવાહનો તહેવાર; દેવઊઠી અગિયારસ.
૨. સ્ત્રી. કાર્તિક સુદિ અગિયારસને દિવસે દેવનિમિત્તે અપાતું દીપદાન.
૩. સ્ત્રી. કાર્તિક સુદિ પૂર્ણિમાનો દિવસ; કારતક સુદિ પૂનમનું પર્વ.

દેવદીપ ૧. [સં.] પું. દેવ આગળનો દીવો.
૨. પું. નેત્ર; આંખ.

દેવદીપાવલિ [સં.] સ્ત્રી. દેવદિવાળી; કાર્તિક સુદિ ૧૧.

દેવદીપાવલી જુઓ દેવદીપાવલિ.

દેવદુંદુભિ ૧. [સં.] સ્ત્રી. સાત તુળસીદ ચાતી તુળસી.
૨. સ્ત્રી. (જૈન) તીર્થંકરોના આઠ પ્રાતિહાર્યો પૈકી એક નામનો એક પ્રભાવ. જુઓ અષ્ટમહાપ્રાતિહાર્ય.
૩. [સં. દેવ + દુંદુભિ (નગારું)] ન. દેવોનું નગારું; દેવતાઈ વાજું.

દેવદૂગડું ન. નાનાં નાનાં અનેક દેવદેવીઓ માંહેનું કોઈ એક.

દેવદૂત ૧. પું. અગ્નિ.
૨. પું. (પુરાણ) એક ઋષિ.
૩. [સં.] પું. દેવનો દૂત; હિરસ્તો; પાર્ષદ; સ્વર્ગદૂત.

દેવદૂતી ૧. [સં.] સ્ત્રી. અપ્સરા.
૨. સ્ત્રી. જંગલી બિલોરું.
૩. સ્ત્રી. દેવનો સંદેશો લઈ જનારી સ્ત્રી.

દેવદૂષ્ય [સં. દેવ + દૂષ્ય (વસ્ત્ર)] ન. દેવના વપરાશમાં આવતું વસ્ત્ર; દિવ્ય વસ્ત્ર; દેવતાનું વસ્ત્ર.

> કલ્પ વૃક્ષાં સુમન આપીયા,
> દેવદૂષ્ય ઉદારણ દિયાં.
>
> આનંદઘનચોવીશી

દેવદેવાં ન. બ. ક. નાનાં મોટાં તમામ દેવદેવી.

દેવદેવ ૧. [સં.] પું. ઇંદ્ર, કેમકે તે દેવોનો દેવ મનાય છે.
૨. પું. કૃષ્ણ
૩. પું. ગણેશ
૪. પું. બ્રહ્મા.
૫. પું. વિષ્ણુ.
૬. પું. શિવનાં ઉત્તર માંહેનું એક નામ; મહાદેવ; શિવ.

દેવદેવમય [સં.] પું. શિવનાં ઉત્તર માંહેનું એક નામ.

દેવદેવલાં ન. બ. ક. નાનાં મોટાં તમામ દેવદેવી

દેવદેવાત્મસંભવ [સં.] પું. શિવનાં ઉત્તર માંહેનું એક નામ.

દેવદેવી ૧. [સં.] ન. બ. વ. દેવ અને દેવી.
૨. ન. બ. વ. ધર્મસ્થાનક માંહેની મૂર્તિઓ.

દેવદેવેશ [સં.] પું. મહાદેવ; શિવ.

દેવદેશ ૧. [સં.] પું. દેવના વસવાટવાળો દેશ; સૌરાષ્ટ્ર.

> કરતાં નામા વાર્તિ અહુબલના પુત્ર શ્રેષ્યુસે ઋષભદેવનું દહેરું શેત્રુંજા ઉપર બંધાવ્યું હતું. કરતે તે તીર્થના અર્થે માટે સૌરાષ્ટ્ર દેશની વાર્ષિક ઊપજ અર્પણ કરી હતી, ત્યારથી એ દેશ દેવદેશ કહેવાતો હતો. અસ્તિત્વંદ્રિકા

૨. પું. સ્વર્ગલોક.

> અવશિષ્ટ નિજ પુણ્ય ધરનું અણુભવ કોગવી દેવદેશ તે પાછો ઊતરે ભવ છે.
>
> ૩. સા. પરિષદ

દેવદેહી [સં. દેવદેહિન્] વિ. દેવના જેવા દેહવાળુ.

દેવદૈત્યાખિલાર્ચિત [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

દેવદોલ [સં.] પું. હિંડોળાનો મહોત્સવ.

દેવદોષ [સં.] પું. દેવની અકૃપાથી થયેલો રોગ.

> રોગીના મૂત્રમાં તેલનું ટીપું નાખતા પરપોટા થાય તો દેવદોષ જાણવો. યોગચિંતામણિ

દેવદ્યુતિ [સં.] સ્ત્રી. દેવતાનો પ્રકાશ; દેવનું તેજ.

દેવદ્યુમ્ન ૧. [સં.] પું. (પુરાણ) ઋષભદેવવંશી ઇંદ્રતાજિત રાજાને આસુરી નામની સ્ત્રીથી જન્મેલો એ નામનો પુત્ર. એને ધેનુમતી નામે સ્ત્રી અને તેની કુખે થયેલો પરમેષ્ઠી નામે પુત્ર હતો.
૨. પું. (પુરાણ) ભરતવંશીય એક રાજા.

દેવદ્રવ્ય ૧. [સં. દેવ + દ્રવ્ય (મિલકત)] ન. (જૈન) દેવ અને તેના મંદિરને લગતી કરેક જાતની મિલકત.
૨. ન. ધર્માદાનાણું; દેવ અર્થે આપેલું નાણું.

દેવદ્રુમ ૧. [સં. દેવ + દ્રુમ (ઝાડ)] ન. કલ્પવૃક્ષ; પરિજાત વગેરે સ્વર્ગનાં ઝાડ.
૨. ન. દેવદારનું ઝાડ.

દેવદ્રોણી ૧. [સં.] સ્ત્રી. દેવયાત્રા.
૨. સ્ત્રી. સ્વર્ગમાં સ્થિર રહેવાનો ખાડો.

દેવદ્વીપ [સં.] પું. (જૈન) એ નામનો એક દ્વીપ. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર પછી તે આવેલ છે.

દેવધન [સં.] ન. દેવ નિમિત્તે આપેલું ધન; દેવદ્રવ્ય.

દેવધર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. [સં.] વિ. દેવને ધારણ કરનાર.

દેવધાની સ્ત્રી. મેરુથી પૂર્વ દિશામાં માનસોત્તર પર્વત ઉપર આવેલી ઇંદ્રની એ નામની નગરી; દેવનગરી; અમરાવતી. એ નગરીનાં વસ્તુબોધસારા અને માહેંદ્રી એવાં બીજાં નામ મળી આવે છે. આ નગરીના પાશ્ચોત્તરવૃત્ત એટલે વૈભ્રાજવૃત્ત ઉપર જ્યારે સૂર્ય આવે છે, ત્યારે ત્યાં મધ્યાહ્ન હોઈને ઉત્તર દિક્પાળની વિભાવરી નામની નગરીમાં સૂર્યોદયનો સમય અને પશ્ચિમ દિક્પાળની નિમ્લોચની નગરીમાં મધ્યરાત્રિ હોય છે.

> પ્રથમ મેરુમા આઠ પુરીઓ રહે છે, તેઓમાં દેવધાની નામની ઇંદ્રની પુરી પૂર્વ બાજુમાં છે.
>
> અમરાવતી આગવત

દેવધાન્ય ૧. [સં.] ન. જવ.
૨. ન. દેવોને ભોગ્ય અનાજ.

દેવધામ ૧. [સં. દેવ + ધામન્ (બ૰વ૰)] ન. તીર્થસ્થાન.
૨. ન. દેવોનું પ્રિય સ્થાન.
અંધકારના ઓળો ભળે કે તુરત જ સંચરે દેવધામ હિમાદ્રિમાં. નાનાલાલ
૩. ન. સ્વર્ગ.

દેવધુનિ [સં. દેવ + ધુનિ (નદી)] સ્ત્રી. ગંગા નદી.

દેવધૂપ [સં.] પું. ગૂગળ; દેવોને પ્રિય ધૂપ.

દેવધેનુ [સં. દેવ + ધેનુ (ગાય)] સ્ત્રી. કામધેનુ.

દેવન ૧. [સં.] પું. પાસો.
૨. ન. કમળ.
૩. ન. ક્રીડા; ખેલ; રમત.
૪. ન. ક્રીડા કરવાનો બાગ.
૫. ન. ગતિ.
૬. ન. અમલ; મતિ; તેજ; દીપ્તિ.
૭. ન. જીતવાની ઇચ્છા.
૮. ન. જૂગટું.
૯. ન. દેવોનો બગીચો.
૧૦. ન. પાસાની રમત.
૧૧. ન. વ્યવહાર.
૧૨. ન. શોક; રંજ; ખેદ.
૧૩. ન. શોભા.
૧૪. ન. સ્તુતિ; વખાણ.

દેવનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) કૃત્તિકાથી બહુતાં ચૌદમું નક્ષત્ર.

દેવનગર [સં.] ન. કાશી.

દેવનગરી ૧. [સં.] સ્ત્રી. કાશી.
૨. સ્ત્રી. દેવનાગરી; જેમાં સંસ્કૃત બખાણ છે તે લિપિ; બાળબોધ લિપિ.
૩. ન. કાશના જૈનતાબ્બરનું જૂનું નામ.

દેવનદી ૧ [સં] સ્ત્રી. દરિયો નદી.
૨. સ્ત્રી. દેવતાઓની નદી; ગંગા નદી.
૩. સ્ત્રી સરસ્વતી નદી.

દેવનલ [સં] ન. ઓક બાતનું નક ઘાસ.

દેવનળ સ્ત્રી. વાંસના જેવી સાંધી નળી. તેના કમ કે ત્રિતા તથા વસ્ત્રદમાં ગોકડી ભરવાના ઉપયોગ થાય છે.

દેવનંદિ પું. એ નામનો ઓક જૈન દિગંબરાચાર્ય. એની તત્ત્વાર્થસૂત્ર ઉપરની સર્વાર્થસિદ્ધિ નામની ટીકા સર્વ ટીકાઓમાં પ્રથમની છે. એ વિક્રમના પાંચમા સૈકામાં વર્તેલ મનાય છે.

દેવનંદી ૧. [સં. દેવનન્દિન્] પું. ઉંદરનો દારપાલ.
૨. સ્ત્રી (જૈન) દેવાનંદા બ્રાહ્મણી; મહાવીર સ્વામીની માતાનું નામ
શ્વેતાંબરો માને છે કે દેવનંદીના ગર્ભસ્થાનમાંથી મહાવીરનો ગર્ભ ત્રિશલામાં સ્થાપવામાં આવ્યો હતો. અપ્રસિદ્ધ

દેવના ૧. [સં.] સ્ત્રી. રમત; ક્રીડા.
૨. સ્ત્રી. વિદ્યા.

દેવનાગરી ૧. સ્ત્રી. સરસ્વતી.
૨. [સં.] સ્ત્રી. સંસ્કૃત અથવા બાળબોધ લિપિ; દેવનગર એટલે કાશીની લિપિ દેવતાઓની મૂર્તિઓ બની તે પહેલાં હિંદુઓ દેવતાઓ સાંકેતિક ચિહ્નો દ્વારા એ દેવતાઓની ઉપાસના કરતા અને ત્રિકોણ, ગોળ વગેરે આકૃતિઓથી તૈયાર કરેલા દેવનગર નામના યંત્રમાં આ સાંકેતિક ચિહ્નો કાઢવામાં આવતાં. દેવનગરમાં લખવામાં આવતાં આ સાંકેતિક ચિહ્નો પરથી કરીને તે તે દેવતાઓનાં નામના પહેલા અક્ષર બનાવા લાગ્યા અને તે શરૂઆતમાં દેવનગરમાં કહાતાં, તેથી દેવનાગરી નામ તેમને આપવામાં આવ્યું. તેમાં બરાબર કેટલું છે તે કહી શકાય તેમ નથી. ઈ. સ.ની દસમી અગિયારમી સદી સુધી તો આખાયે દેશમાં પણ મોટે ભાગે દેવનાગરી લિપિનો જ પ્રચાર હતો. તેમાં સંસ્કૃત, હિંદી, મરાઠી વગેરે ભાષાઓ લખાય છે. નાગરી શબ્દના સંબંધમાં કેટલાકનો મત એવો છે કે, ગુજરાતના નાગરબ્રાહ્મણોને લીધે નાગરી નામ પડ્યું છે. ગુજરાતના નાગર બ્રાહ્મણો પોતાની ઉત્પત્તિ સંબંધમાં સ્કંદપુરાણના નાગરખંડનું પ્રમાણ આપે છે. તેમાં લખ્યું છે કે, ચમત્કારપુરના રાજાએ વેદ ભણનાર બ્રાહ્મણોને બોલાવી પોતાના શહેરમાં વસાવ્યા. તેમાં જેમ પણ લખ્યું છે કે, અમુક હાટકેશ્વર ચમત્કારપુરનું નામ નગર અને ત્યાં વસેલા બ્રાહ્મણોનું નામ નાગર પડ્યું. ગુજરાતના નાગરબ્રાહ્મણો વડનગરને નગર અને પોતાનું મૂળસ્થાન માને છે. ગુજરાતમાં જૂનામાં જૂનો નાગરી અક્ષરવાળો લેખ ગુર્જરવંશી રાજા જયભટ ત્રીજાનો કલચુરીનો સંવત ૪૫૬નો તામ્રપત્ર છે. ગુજરાતમાં જોવામાં દાનપત્ર નાગરી લિપિમાં મળે છે, તે મોટે ભાગે ઋગ્વેદજ, પાટણિપ્રભુ વર્ધન વગેરેથી મનેલા બ્રાહ્મણોને આપેલાં છે. રાષ્ટ્રકૂટ એટલે રાઠોડ રાજાઓના પ્રભાવથી ગુજરાતમાં ઉત્તર હિંદની લિપિ વિશેષ પ્રચલિત થઈ અને નાગરબ્રાહ્મણો દ્વારા વધારવાને લીધે નાગરી કહેવાઈ. આ લિપિ બધી લિપિઓની હરીફ અને સુગમ, સુંદર અને નિયમવાળી હોવાથી આખરની મુખ્ય લિપિ બની ગઈ.

દેવનાથ ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. પરમેશ્વર.
૩. પું. શિવ; મહાદેવ.

દેવનામક ૧. [સં.] પું. ગંધર્વ.
૨. પું. ભૂત, પ્રેત, પિશાચ વગેરે.
૩. પું. યક્ષ.
૪. પું. વિદ્યાધર.

દેવનામા ૧. [સં. દેવનામન્] પું. (પુરાણ) કુશદ્વીપના રાજા હિરણ્યરેતાનો એ નામનો ઓક પુત્ર.
૨. પું. (પુરાણ) કુશદ્વીપનો એ નામનો ઓક વર્ષ.
૩. પું. કુશદ્વીપનો એ નામનો ઓક જાત.
૪ ન. દેવનું નામ.
૫. વિ. દેવના જેવા નામવાળું.

દેવનાયક [સં.] પું. ઉંદર; સુરપતિ.

દેવનારક જુઓ દેવનામક.

દેવનાલ [સં.] પું. ઓક જાતનું ઘાસ; નલોત્તમ.

દેવનાળ પું. ઓક જાતનો છોડ.

દેવનિકાય ૧. [સં.] પું. (જૈન) દેવોનો સમૂહ; સમાન ધર્મવાળા દેવોનો સમૂહ.
૨. ન. સ્વર્ગ; દેવતાઓનું સ્થાન.

દેવનિંદક [સં. દેવનિંદ્] વિ. દેવોની નિંદા કરનાર.

દેવનિર્માલ્ય ૧. [સં દેવ + નિર્માલ્ય (દેવ ઉપર ચઢીને ઊતરેલું દ્રવ્ય)] ન. દેવ ઉપર ચઢીને ઊતરેલ દ્રવ્ય.
૨. વિ. દેવ ઉપર ચઢીને ઊતરેલ.
આવે દેવનિર્માલ્ય પુષ્પોથી ભરાઈ ગયેલા આશ્રમ વાળીને સાફ કર્યો. પુરાવૃત્ત

દેવનિર્મિત ૧ [સ] વિ. દેવોએ ઉત્પન્ન કરેલું, દેવોએ બનાવેલ.
૨. વિ. નૈસર્ગિક; કુદરતી.

દેવનિર્મિતા [સં.] સ્ત્રી. અળો.

દેવનિવાસ [સં.] પું. દેવોનું રહેઠાણ.
ત્રિભુવો ખાલીસા, તીર્થ કરીત્રઃ
ને વસીસ દેવનિવાસોમાં. ન્હાનાલાલ

દેવનિવાસિની [સં] વિ. સ્ત્રી. દેવના રહેઠાણવાળી.

દેવનિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. દેવના જેવી શ્રદ્ધા.
શ્રુતિઓના આત્મા, પિતા, ગુરુ, અતિથિમાં દેવનિષ્ઠા રાજાનો કપરોસ કહેવામાં આવેલો છે. પ્રસન્ન
૨ સ્ત્રી દેવમાં શ્રદ્ધા.

દેવનિંદક [સં દેવ + નિંદક (નિંદા કરનાર)] વિ. દેવની નિંદા કરનાર; નાસ્તિક; ધર્મદ્વેષી.

દેવનિંદા [સં. દેવ + નિંદા (ગર્હણોર્ધ)] સ્ત્રી. દેવની નિંદા; દેવને વખોડી કાઢવા તે; ઈશ્વર ઉપર અપવાદ અથવા આક્ષેપ મૂકવો તે; ઈશ્વરનિંદા.

દેવની સ્ત્રી. હાથીની મૂળ માદાનું નામ. એને પગ ન હતા અને સૂંઢ સાથે ઓરૂપે જણાતી હતી એવી માન્યતા છે.

દેવનૃત્ય [સં.] ન. એક પ્રકારનું ચિત્રનૃત્ય.

દેવપ [પ્રા.] પું. દેવેંદ્ર; દેવના દેવ.
દેવી કહે સાંભ સૂપતિ રે,
હમાં મોટિ દેવપ રે.
આનંદકાવ્યમહોદધિ

દેવપત્તન ન. દેવોનું શહેર; ઉંડપુરી.

દેવપણું ન. દેવત્વ.

દેવપતિ ૧. [સં.] પું. ઇંદ્ર; સુરપતિ.
૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.
૩. પું. પરમેશ્વર.
૪. પું. શિવ.

દેવપત્તન ૧. [સં. દેવ + પત્તન (શહેર)] ન. દીવનું પ્રાચીન નામ.
૨. ન. પ્રભાસપાટણ; સોમનાથ નામનું સૌરાષ્ટ્ર માંહેનું દેવસ્થાન. પુરાણોમાં આ સ્થાન ને ક્ષેત્રનું નામ પ્રભાસ અને શિલાલેખોમાં દેવપત્તન મળે છે. તેને દેવનગર પણ કહે છે.

દેવપત્ની ૧. [સં.] સ્ત્રી. દેવાંગના; દેવની સ્ત્રી; દેવભાર્યા.
૨. સ્ત્રી. મધ્વાલુ નામનું ઝાડ.

દેવપત્રિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ

દેવપત્રી જુઓ દેવપત્રિકા.

દેવપથ ૧. પું. આકાશ.
૨. [સં.] પું. આકાશમાં રહેલ ગ્રહોનો માર્ગ.
૩. પું. ઉત્તરાયણ.
૪. પું. દેવોને પધાર જવાનો માર્ગ; દેવયાન માર્ગ; દેવોનો માર્ગ.
૫. પું. મહાભારતમાં બતાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.
૬. પું. મંદિરે જવાનો રસ્તો; દેવસ્થાને જવાનો માર્ગ.
૭. પું. સ્વર્ગ.
૮. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

દેવપદ્મિની [સં.] સ્ત્રી. આકાશમાં રહેતી ગણનું એક નામ; આકાશગંગા.

દેવપર ૧. [સં.] પું. સંકટમાં ઉદ્યોગ ન કરતાં નસીબ ઉપર ભરોસો રાખનાર મનુષ્ય.
૨. વિ. બેજવાબદાર પારકા હાથેલ; રમતિયાળ.
૩. વિ. દેવના બળમાં સિદ્ધિ છે એવું વિચારનાર; પ્રારબ્ધવાદી.
૪. વિ. દેવોનું ભરણ લેનાર.

દેવપરસ્ત વિ. અનેક દેવદેવીઓને પૂજનાર.

દેવપરસ્તી સ્ત્રી. દેવદેવીઓની પૂજા.

દેવપર્ણી ૧. [સં.] ન. માંસીપત્ર.
૨. ન. સુરપર્ણ નામનું એક વૃક્ષ.

દેવપશુ ૧. [સં.] ન. દેવને અર્પણ કરેલ પશુ.
૨. વિ. દેવની ઉપાસના કરનાર.

દેવપંખી ૧. ન. દેવતાનું પક્ષી.
૨. ન. હંસ.
ઓ દેવપખી ! કંઈ દેવી નથી, તથાપિ અમ
સરોવરિયે પધારો. જયાજયંત

દેવપંચક [સં.] ન. પાંચ દેવોનો સમૂહ: અશ્વપતિ, ગૌરી, ભાનુ, હરિ ને હર એ પાંચ દેવો.

દેવપંચાયતન [સં.] ન. ગણેશ, અંબા, સૂર્ય, વિષ્ણુ અને શિવ એ પાંચ દેવ.

દેવપાટણ ન. સોમનાથ પાટણ.
હેમાચાર્યે કુમારપાળને કહ્યું કે તમે દેવપાટણમાં પ્રવેશ કરો ત્યાં અને દેવપાટણમાં આવી પહોંચ્યું. મધપૂડો

દેવપાત્ર ૧. [સં.] પું. અગ્નિ.
૨. ન. ગમસ નામનું એક યજ્ઞપાત્ર.

દેવપાદ [સં.] પું. દેવનું પગલું.

દેવપાન [સં.] પું. સોમપાન કરવાનું એક પાત્ર.

દેવપાલ [સં.] પું. (પુરાણ) શાકદ્વીપનો એ નામનો પર્વત.
ઉદયાચલ, કુમારગુપ્ત, ધ્રુવરાજ, રાજાધિરાજ, સહસ્રસોતસ, દેવપાલ અને મહાસેન એ નામના સાત શાકદ્વીપના પર્વતો છે. સાગરવંશી સાગરવંશ

દેવપાલિત [સં.] પું. વરસાદ ઉપર જીવનાર દેશ.

દેવપાળ જુઓ દેવપાલ.

દેવપિંઠ [સં.] પું. દેવ બનાવનાર વણનારનો પિંડ.

દેવપીયુ પું. અસુર; દૈત્ય.

દેવપુત્ર [સં.] પું. દેવનો પુત્ર; દેવકુમાર.
પણ અદ્ભુત જ વહિ આ તો દેવપુત્ર કોઈ
અમને આજે હતા. ઉદ્યકુમાર

દેવપુત્રક જુઓ દેવપુત્ર.

દેવપુત્રિકા જુઓ દેવપુત્રી.

દેવપુત્રી ૧. [સં.] સ્ત્રી. એલચી.
૨. સ્ત્રી. કપૂરી સાગ.
૩. સ્ત્રી. દેવતાની પુત્રી; દેવકન્યા.

દેવપુર [સં.] ન. ઉંડની રાજધાની; અમરાવતી.

દેવપુરી જુઓ દેવપુર.

દેવપુરુષ [સં] પું. દેવ જેવો માણસ; સદ્‌ગુણી પુરુષ.
જે પુરુષ જ્ઞાની, દાતાર, ગુણીજન, સત્ય બોલનાર, પવિત્ર, સારપ્રેમ રાખવાળો, ક્ષમાવાળો, મેરુના જેવા ગંભીર સ્વભાવનો હોય છે તે દેવપુરુષ કહ્યાય છે. ત્રિકાળદર્શકગ્રંથ

દેવપુષ્પ [સં.] ન. પારિજાતનું ફૂલ; સુરપુષ્પ.

દેવપૂજક [સં.] વિ. દેવની પ્રાર્થના કરનાર.

દેવપૂજા [સં.] સ્ત્રી. દેવની પૂજા.

દેવપૂજ્ય [સં.] પું. દેવોમાંથી બૃહસ્પતિ.

દેવપૂજ્યા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
સર્વ દેવતાઓનાં ઈશ્વરી એ પરમેશ્વરી દેવીનું પૂજન દેવપૂજ્યા, મહોત્સાહા, કાલરાત્રિ, મહાનન્દા, કલાંગી અને કાળકોટીપ્રકૃતિની એ નામોથી થાય છે. ભાગવતી ભાગવત

દેવપૂર વિ. દેવી સ્વરૂપનું.

દેવપોઢણી સ્ત્રી. અષાઢ સુદિ અગિયારસ; નિયમી એકાદશી.
એકાદશી દેવપોઢણી રે,
આવી કરો હરિ મેર રે ! પ્રેમાનંદ

દેવપોઢણી અગિયારસ સ્ત્રી. અષાઢ સુદિ અગિયારસ; દેવશયની એકાદશી. તે દિવસથી વિષ્ણુ પાતાળમાં પોઢે છે, તેથી તે દેવપોઢી એકાદશી કહેવાય છે.

દેવપોઢી જુઓ દેવપોઢણી.

દેવપોઢી એકાદશી જુઓ દેવપોઢણી અગિયારસ.

દેવપોષણકારિણી [સં.] સ્ત્રી. સ્વાહાનું એક નામ.

દેવપ્રકૃતિ [સં.] વિ. દેવોએ રચેલ.
ગ્રીસની અને ઇસ્તંબુલની વૈદ્યકવિદ્યા વખણે જાણ્યું સાચવ્યું છે. અને પદ્ધતિઓ દેવપ્રકૃતિ છે એવો તેઓ દાવો કરે છે.
આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

દેવપ્રતિકૃતિ [સં] સ્ત્રી. દેવની પ્રતિમા; મૂર્તિ.

દેવપ્રતિમા [સં.] સ્ત્રી. દેવની મૂર્તિ.

દેવપ્રતિષ્ઠા [સં.] સ્ત્રી. દેવમાં બ્રહ્મના કરવી તે; દેવની મૂર્તીમાં બ્રહ્મવું તે.

દેવપ્રબોધિની [સં.] સ્ત્રી. કારતક સુદિ અગિયારસનો દિવસ. તે દિવસે વિષ્ણુ ઊંઘમાંથી જાગે છે.

દેવપ્રયાગ [સં.] ન. એ નામનું એક પવિત્ર સ્થળ; હિમાલયના ટેહરી જિલ્લામાં ગંગા અને અલકનંદાના સંગમ ઉપર આવેલું એક તીર્થ.
દેવપ્રયાગ પંચપ્રયાગમાંનું એક છે. કલેશ્વર

દેવપ્રશ્ન ૧. [સં.] પું. ગ્રહ, નક્ષત્ર, ગ્રહણ વગેરે સંબંધી સવાલ
૨. પું. દેવને પ્રશ્ન કરવો તે.
૩. પું. શુભાશુભ સંબંધી પ્રશ્ન; જે દેવતા પ્રત્યે કરેલો સમજવામાં આવે અને તેનો ઉત્તર કોઈ યુક્તિથી કઢવામાં આવે એવો સવાલ.

દેવપ્રસ્થ ૧. [સં.] પું. (પુરાણ) અર્જુને જીતેલા સેનાજિત રાજાની ઉત્તર તરફની નગરી.
૨. પું. (પુરાણ) કૃષ્ણ અને જાંબવતીનો ભાનુ નામનો પુત્ર.
૩. ન. કુરુક્ષેત્રની પૂર્વે આવેલ એ નામની એક નગરી.

દેવપ્રહરણ [સં.] પું. (પુરાણ) એ નામનો એક દેવ.

દેવપ્રહાર [સં.] પું. (પુરાણ) સ્વર્ગનો એ નામનો એક દેવ.

દેવપ્રાસાદ [સં.] પું. દેવાલય; મંદિર.
રાજપદ, દેવપ્રાસાદ, હાથે અને હરેલીઓ એ સર્વ મૂલામય ઉત્પન્ન કરનાં. રાજનિઘંટુ

દેવપ્રિય ૧. [સં.] પું. અગસ્ત ફૂલ.
૨. પું. પીત ભૃંગરાજ; પીળો ભાંગરો.
૩. પું. બકરો.
૪. પું. મૂર્ખ.
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૬. ન. એક જાતનું ઝાડ; અમલિયાનું ઝાડ.
૭. ન. સુખથી વાળો.

દેવપ્રિયા [સં.] સ્ત્રી. નાગરવેલ.

દેવબધૂ ૧. [સં.] સ્ત્રી. અપ્સરા.
૨. સ્ત્રી. દેવાંગના, દેવપત્ની.

દેવબલકૃત વિ. દુઃખના સાત માંહેના એક પ્રકારનું; દેવની શક્તિથી થયેલું.

દેવબલા ૧. [સં.] સ્ત્રી. ગામબાવા વનસ્પતિ.
૨. સ્ત્રી. સહદેવીની વેલ.

દેવબલિ [સં. દેવ + બલિ (બલિદાન)] પું. દેવને માટે બલિદાન; દેવનૈવેદ્ય.

દેવબલ્લભ પું. એક પ્રકારનું ઝાડ.

દેવબંદ ૧. [હિં.] પું. ઘોડાની જાતી ઉપરની ભમરી. તે શુભ લક્ષણ ગણાય છે. જે ઘોડામાં આ ભમરી હોય, તેનામાં બીજા દોષ હોય તોપણ આ ભમરીથી તે દોષો નિષ્ફળ ગણાય છે.
૨. વ એ નામનું એક શહેર.

દેવબંદી ૧. પું. એ નામનો એક પંથ. સુન્ની મુસલમાનોથી અલગ પડેલા વહાબી પંથની તે એક શાખા છે. આ પંથવાળાઓની માન્યતાઓ સુન્ની પંથવાળાઓથી તદ્દન નવી અને વિરુદ્ધ છે. વહાબી પંથનો સ્થાપક નજદ એટલે અરબસ્તાનનો રહેવાસી અબ્દુલ વહાબ નામનો એક માણસ હિજરી સન ૧૨૧૧માં મરી ગયો. તેના નામ ઉપરથી આ પંથનું નામ વહાબી પંથ પડ્યું. અબ્દુલ વહાબે અત્તહકીક નામની એક પોથી લખી હતી. હિંદુસ્તાનમાં દિલ્હીના રહીશ મોલવી ઇસ્માઇલ નામના માણસે મજકૂર કિતાબનો ઝરબીમાંથી ઉર્દૂ ભાષામાં તરજુમો કર્યો અને તેનું નામ તકવિયતુલ ઈમાન રાખ્યું. આમ આ પંથ હિંદુસ્તાનમાં દેખાયો. આ વખતે સમસ્ત સુન્ની મુસ્લિમ આલિમોએ આ નવા ધર્મનો સખ્ત વિરોધ કરી તેના પ્રચારકો અને માનનારોને કાફિર એટલે ધર્મભ્રષ્ટ હોવાના ફતવા આપ્યા. લગભગ વર્ષો પછી દેવબંદ ગામમાં મોલવી કાસમ નામના માણસે તે ધર્મની એક મોટી શાળા સ્થાપી અને સદર તકવિયતુલ ઈમાન નામની કિતાબના સિદ્ધાંતનો પ્રચાર કરવા લાગ્યો અને સુન્ની મુસલમાનોને ઊતરવા પોતાને સુન્ની કહેવડાવવા લાગ્યો. વહાબી શબ્દનો વિરોધ જાહેરમાં કરવા લાગ્યો. આમ દેવબંદી ધર્મનો છુપો પ્રચાર થવા લાગ્યો. દેવબંદ ગામ તેનું કેંદ્રસ્થાન છે, જ્યાંથી પ્રતિવર્ષ તે ધર્મનું જ્ઞાન મેળવી પંડિતો નીકળે છે અને હિંદમાં પ્રચાર કરે છે. આથી સુન્ની મુસ્લિમોને તેનાથી ચેતવવા અને સુન્ની પંથ વિરુદ્ધની તેમની માન્યતાઓને ખુલ્લી પાડવા સુન્ની મુસ્લિમ આલિમો તેમનો વિરોધ કર્યે જાય છે અને આ લોકોને દેવબંદી તરીકે સંબોધે છે. હિંદુસ્તાન તેમ જ અરબસ્તાનના સુન્ની આલિમોએ સર્વાનુમતે આ લોકોને કાફિર ઠરાવ્યા છે.
૨. પું. સંયુક્ત પ્રાંતમાં આવેલ સહરાનપુર જિલ્લાના દેવબંદ ગામનો રહેવાસી.

દેવબંદ્યાણ ન. ગુજરાતની અંદર મોઢેરા નજીકનું એ નામનું એક ગામ. અહીં કૃષ્ણે દ્વારકા જતાં મુકામ કર્યો હતો. દેવમાલ એ તેનું અપભ્રંશ નામ છે. એ દેવમાલ ગામનું વડાવળી તાલુકામાં હાલ ખોદામાં આવે છે.

દેવબાની સ્ત્રી દેવવાણી

દેવબાલા [સં] સ્ત્રી. દેવકન્યા.

દેવબાવળિયો પું. રામબાવળિયો બાવળની જાતનું આ ઝાડ ઊંચું નહિ પણ નાનું થાય છે. તેનાં પાન તથા ફૂલ બાવળનાં પાન તથા ફૂલને મળતાં જ થાય છે. એ ઝાડને કાંટા આવે છે. તે તૂરો, કડવો, શીતળ તથા ઉષ્ણ છે અને કફ, પિત્ત, તૃષા, રક્તદોષ, દાહ, તાપ, ઊલટી, મેહ તથા વિષનો નાશ કરે છે. કરડાયેલા કૂતરાના વિષ ઉપર આ ઝાડનાં તાજાં મૂળ કંઈ વાટીમાં એકથી ચાર તોલા સુધી પડતી તેમાં ચોડું પાણી નાખી પવાય છે.

દેવબાહુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના વૃદ્ધિક રાજાના પાંચ માંહેનો એ નામનો એક પુત્ર.

દેવબાહુલ્યવાદ [સં.] પું. ઘણા દેવમાં માનતા રાખવી તે; અનેકદેવવિવાદ

દેવબાળા જુઓ દેવબાલા.

દેવબ્રહ્મ [સં. દેવબ્રહ્મન્] પું. નારદ.

દેવબ્રાહ્મણ [સં.] પું. દેવની પૂજા કરી જીવનારો બ્રાહ્મણ; પૂજારી.

દેવભક્ત [સં.] વિ. દેવ ઉપર ભક્તિ રાખનાર.

દેવભક્તિ [સં] સ્ત્રી. દેવની ચાકરી અને પૂજા.

દેવભક્તિહીન [સં.] વિ. અધર્મી; દેવનિંદક; પાપી.

દેવભવન ૧. [સં.] ન. દેવળ; દેવમંદિર.
૨. ન. દેવોનો પ્રદેશ.
૩. ન. પવિત્ર અંતરનું ઝાડ.
૪. ન. પીપળાનું ઝાડ.
૫. ન. મહાદેવનું દેરું.
૬. ન. સ્વર્ગ.

દેવભાગ ૧. [સં] પું. યજ્ઞમાં દેવોને અર્પવાનો ભાગ; દેવોનો ભાગ.
૨. પું. લવણ સમુદ્રથી ઉત્તરે ઉત્તરગોલરૂપ પહાડ.
૩. પું. (પુરાણ) સોમવંશી સાત્વત વંશના શૂર રાજાને મારીષા નામની સ્ત્રીથી થયેલા દસ માંહેનો એ નામનો બીજો પુત્ર; વસુદેવનો ભાઈ; કૃષ્ણનો કાકો. કંસની બહેન કંસા એની સ્ત્રી થાય. એને પેટે એને ચિત્રકેતુ, બૃહદ્બલ અને ઉદ્ધવ એમ ત્રણ પુત્ર થયા હતા.

દેવભાજ [સં. દેવભાજ્] વિ. દેવને ભજનાર.

દેવભાત પું. એક જાતની ડાંગર; નીવાર; વાવ્યા વિના પોતાની મેળે થતું એક ધાન્ય; સામો.
દેવભાતમાં કૂવડું નથી હોતું.
એતીવાડી વિજ્ઞાન

દેવભાવ પું. દેવત્વ; દેવપણું

દેવભાવના [સં.] સ્ત્રી. દેવ પ્રત્યે શ્રદ્ધા.

દેવભાષા [સં.] સ્ત્રી. સંસ્કૃત ભાષા. સંસ્કાર પામેલી ભાષાની ઉત્તમતા દર્શાવવા સંસ્કૃતને ગીર્વાણ કે દેવભાષા પણ કહેવાય છે.

દેવભિષક [સં. દેવભિષજ્] પું. અશ્વિનીકુમાર; દેવોના વૈદ્ય.

દેવકીર્તિ [સં.] સ્ત્રી. દેવનો જશ.

દેવકુ ૧. [સં.] સ્ત્રી. સ્વર્ગ; દેવ ભૂમિ.
૨. વિ. દેવરૂપ થયેલ; દેવપણાને પામેલ.

દેવકૂત ૧. [સં.] પું. (પુરાણ) મન્વિયુગમાં કુંજ રાજવંશમાંના ભાગવત રાજાનો એ નામનો પુત્ર.
૨. સ્ત્રી. ગંગા નદી.
૩. સ્ત્રી. દેવોની સમૃદ્ધિ.
૪. સ્ત્રી. સ્વર્ગ.

દેવકૂમિ ૧. [સં.] સ્ત્રી. દેવોનું ધામ; સ્વર્ગ; દેવલોક; દેવલોમ; દિવ્ય ભૂમિ.
૨. સ્ત્રી. પવિત્ર સ્થળ.

દેવકૂમી જુઓ દેવભૂમિ.

દેવકૂષ [સં.] ન. દેવતા; દેવપદ્ધ; દેવભાવ.

દેવકૃત ૧. [સં. દેવકૃત] પું. ઇંદ્ર.
૨. પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુ.

દેવકૃદ્ગુરુ [સં.] પું. દેવોને ધારણ કરનારા તેમ જ તેમના ગુરુ; વિષ્ણુનાં બીજા અવતાર બૃહસ્પતિનું એક નામ. દેવોનું ભરણપોષણ કરનારા એવાને ઇંદ્ર અને તેમના ગુરુ બૃહસ્પતિ રૂપ વિષ્ણુ છે. વળી તે દેવના પણ દેવ અને ગુરુના પણ ગુરુ છે. તેથી ભગવાન દેવભૃદ્ગુરુ કહેવાય છે. દેવતાઓનું ભરણ કરવાથી અને સર્વ વિદ્યાઓના જાણતા હોવાથી પણ તે દેવભૃદ્ગુરુ કહેવાય છે.

દેવભોજ્ય [સં. દેવ + ભોજ્ય (ભોગવવાની વસ્તુ)] ન. અમૃત.

દેવભોમ [સં. દેવ + ભૂમિ] સ્ત્રી. દેવભૂમિ; દિવ્ય ભૂમિ.

દેવભોળું વિ. ભોળું.

દેવભ્રાજ [સં. દેવભ્રાજ્] પું. (પુરાણ) તે નામે એક સર્યવંશી રાજા.

દેવમણિ ૧. [સં.] પું. કૌસ્તુભ મણિ.
૨. પું. ઘોડાના ગળામાં પાણી પીતાં બેટકો ભાગ હલે તેટલા ભાગમાની ગોળ ભમરી; અમના ગળા ઉપર રોમાવર્તનું એક સુલક્ષણ. આ નિશાની સારી મનાય છે.
૩. પું. ચિંતામણિ રત્ન.
૪. પું. શિવ.
૫. પું. સૂર્ય.
૬. સ્ત્રી. મહામેદા નામની ઔષધિ.

દેવમણ્ય સ્ત્રી. પાણી પીતાં કે ખોરાક ખાતાં બેનો ગળાનો નરડિયો હલે તેવી બતની બોડી.

દેવમત ૧. [સં.] પું. (પુરાણ) તે નામે એક ઋષિ.
૨. ન. દેવોનો મત.
૩. વિ. દેવોને માન્ય.

દેવમતિ [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

દેવમન ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું એક બતનો બોડો. તેના ગળા ઉપર ચક્ર હોવાથી તે ભાગવતોનું ચક્રાંકન છે.

દેવમહૂયરી સ્ત્રી. (બૃ.સ્ત્રી.) દેવમાતૃકા; મેઘરાજ સાથે સંબંધ રાખતી એ નામની એક દેવિકા.
ભંગાવલી દેવમહૂયરી,
હોય સાહિત્ય દેવગિરી. ભાણમસરમણ

દેવમંજર [સં.] ન. કૌસ્તુભ મણિ.

દેવમંત્રમહાવરુ [સં.] પું. પુરુષોત્તમનો હનુમાન મહેનું એક નામ.

દેવમંત્રી [સં. દેવમન્ત્રિન્] પું. બૃહસ્પતિ.

દેવમંડ પું. એક બતનો સુગ સુકાનવાળો બોડો. આ બોડાની ખાતી ઉપર ભમરીનો આકાર હોય છે.

દેવમંદિર ૧. [સં.] ન. એ નામનો એક બતનો દેવપટ.
૨. ન. દેવની મૂર્તિવાળું ઘર.
૩. ન. નિવાસસ્થાન; આગાર.
૪. [સં. દેવ + મંદિર] ન. મંદિર; દેવું; દેવસ્થાન; દેવાલય.
દેવમંદિરનો પાટલો = દેવના મંદિરમાં રાખવાનો ઓકિંચિત્કરવાળો એક બતનો પાટલો.

દેવમાતા ૧. [સં. દેવમાતૃ] સ્ત્રી. (પુરાણ) અદિતિ; દેવોની માતા.
૨. સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન સરસ્વતીમાં છે.
સરસ્વતીમા દેવમાતા નામની દેવીની પીઠ છે. ભાગવતી ભાગવત
૩. સ્ત્રી. દાક્ષાયણી.
૪. સ્ત્રી. દેવની માતા.
૫. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એ નામની એક કલા.

દેવમાતૃ જુઓ દેવમાતા.

દેવમાતૃક [સં.] વિ. જ્યાં ખેતી વગેરે માટે પૂરતો વરસાદ થતો હોય એવું. એવી બતના દેશ માટે આ વિશેષણ વપરાય છે.

દેવમાતૃક ભૂમિ [સં.] સ્ત્રી. નિયમિત જમીન; વર્ષાસિંચિત ભૂમિ.

દેવમાત્રિક વિ. વરસાદ ઉપર નભનાર.

દેવમાદન [સં.] ન. દેવોને મોહિત કરનાર સોમ.

દેવમાન ૧. [સં.] ન. એક બતનું વાસ.
૨. ન. દેવ યોગ્ય ઘર.
૩. ન. દેવોનું માપ.
૪. ન. વખતની અપૂતરીમાં દેવોનું માપ; દિવ્ય માપ. જેમકે,

દિવ્ય	પૈત્ર	પૃથ્વી
૧ વિપળ	૧૨ વિપળ	૬ પળ
૧ પળ	૧૨ પળ	૬ ઘટિ
૧ ઘટિ	૧૨ ઘટિ	૬ દિવસ
૧ અહોરાત્રિ	૧૨ અહોરાત્રિ	૧ વર્ષ
૧ મહિનો	૧ વર્ષ	૩૦ વર્ષ
૧ વર્ષ	૧૨ વર્ષ	૩૬૦ વર્ષ

આ માન ઉપરથી દેવ તથા અસુરની અહોરાત્રિ બનેલી કહેવાય છે. ઉત્તરાયણ એટલે દેવોનો દિવસ તથા અસુરોની રાત્રિ તથા દક્ષિણાયન એટલે દેવોની રાત્રિ અને અસુરોનો દિવસ એ પ્રમાણે દેવોનું કાળમાન ગણાય છે.

દેવમાનક [સં.] પું. દેવમણિ; કૌસ્તુભ મણિ.

દેવમાયા ૧. [સં.] સ્ત્રી. અવિદ્યા; અજ્ઞાન.
૨. સ્ત્રી. પરમેશ્વરની માયા. તે અવિદ્યારૂપે જીવોને બંધનમાં નાખે છે.

દેવમાર્ગ [સં.] પું. દેવયાન માર્ગ; અર્ચિરાદિ માર્ગ; દેવોનો માર્ગ.
મધ્યમ માર્ગ એ જ દેવમાર્ગ. સંપ્રદાય

દેવમાસ ૧. [સં.] પું. ગર્ભનો આઠમો માસ. આઠમે મહિને ગર્ભમાં સ્મૃતિ અને ઓજની ઉત્પત્તિ થાય છે, તેથી તેને દેવમાસ કહે છે.
૨. પું. દેવોનો મહિનો; ત્રીસ વર્ષનો એક સૌર માસ. તે મનુષ્યનાં ત્રીસ વર્ષ બરાબર હોય છે.
૩. ન. દેવમત્સ્ય; એક બતનું મોટું માછલું.

દેવમાસક જુઓ દેવમાસ.

દેવમાળા સ્ત્રી. દેવાંગના.

દેવમિત્ર ૧. [સં.] પું. એ નામનો ઋષિ; શાકલ્ય.
૨. ન. દેવનો મિત્ર.

દેવમિત્રા [સં.] પું. કુમારની અનુચરી એક માતૃકા.

દેવમીઢ ૧. [સં.] પું. (પુરાણ) મિથિલાનો એક રાજા. તે કૌરવ્યનો પુત્ર અને બ્રહ્મ સીરધ્વજનો પૂર્વજ હતો
૨. પું. (પુરાણ) વસુદેવથી કુંતિના જન્મનો એ નામનો પુત્ર.
૩. પું. (પુરાણ) વિદેહવંશી મૃતિમાન જનકનો એ નામનો પુત્ર.

૪. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર દ્વિમીઢનું બીજું નામ.
૫. પું. (પુરાણ) સોમવંશી અજમીઢકુલોત્પન્ન હર્યક્ષ રાજાના પંચ માહેનો એ નામનો એક પુત્ર.

દેવકીકુલ ૧. [સં.] પું. (પુરાણ) કેષ્ટુવંશી એ નામનો એક રાજા.
૨. પું. વસુદેવના ઘરનું નામ.
૩. પું. હર્યક્ષ રાજાનો એ નામનો એક પુત્ર.

દેવકુન્યા [સં.] સ્ત્રી. કસ્તૂરી; મૃગમદ.

દેવકુમુનિ ૧. [સં.] પું. દેવ સમાન સાધુ; દેવી સાધુ.
૨. પું. નારદ.
૩. પું. (પુરાણ) વસ્ર નામનો ઋષિ.

દેવકુર્નિ ઔરઙ્ગઝેબ પું. એક મહત્ત્વદિક ઋષિ. તેણે ઇસ્લામ માટલું ૧૪૧૩મું સફલ રચ્યું છે.

દેવકુરારિ ૧. સ્ત્રી. એ નામની બાવાની એક જાટ.
૨. વ. એ નામની જાટનું માણસ.
૩. વિ. એ નામની જાટનું.

દેવકૂટ [સં.] પું. એ નામનો એક પર્વત.

દેવકૂતિ [સં.] સ્ત્રી. દેવની પ્રતિમા.
તે કીર્તિભેદની પુત્રી પૂજ્ય દેવકૂતિ.
નળાખ્યાન

દેવકોરાર ૧. સ્ત્રી. એ નામની કોળીની એક જાટ.
૨. વ. એ નામની જાટનું માણસ.
૩. વિ. એ નામની જાટનું.

દેવકોરારિ જુઓ દેવકુરારિ.

દેવજ ૧. [સં. દેવ + જન્ (જન્મ કરવો)] પું. દેવનો ભક્ત.
૨. [સં. દેવજન્] પું. દેવો જેમાં જન્મ છે તે અગ્નિ, દેવજનયોગ્ય અગ્નિ.

દેવજન ૧. [સં.] વ. દેવની પ્રાર્થના કરવી તે; દેવનું પૂજન.
૨. વ. દેવપૂજનનું સ્થાન.
૩. વ. (પુરાણ) માંધાતા રાજાએ જ્યાં યજ્ઞ કર્યા હતો તે સ્થાન.
૪. વ. યજ્ઞ કરવા માટેની ભૂમિ; યજ્ઞની વેદિ; વેદિસ્થાન.

દેવજની સ્ત્રી. પૃથ્વી.

દેવયજિ [સં.] વિ. દેવોનું યજન કરનાર.

દેવયજ્ઞ ૧. [સં.] પું. પ્રહરમાં નિત્ય કરવાનો યજ્ઞ; હોમરૂપ યજ્ઞ.
દેવયજ્ઞમાં પ્રાચીનમાં પ્રાચીન અગ્નિપૂજન અને સૂર્યપૂજન છે. હિંદુ ધર્મની બાળપોથી
૨. પું. દેવતાઓને ઉદ્દેશીને અગ્નિમાં નાખો હોમ.
૩. પું. દેવને માટે જમતાં જમતાં કાઢતો બોજનનો ભાગ.
૪. પું. પંચયજ્ઞ માંહેનો એક યજ્ઞ. તેમાં અગ્નિમાં વીધી આહુતિ આપવી, વિદ્વાન અને સાધુઓનો સમાગમ, સત્ય, જ્ઞાનનો વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે.

દેવયજ્યા [સં.] સ્ત્રી. દેવોનો યજ્ઞ.

દેવયજ્ઞસંભવ [સં.] વિ. યજ્ઞથી ઉત્પન્ન થયેલ.

દેવયજ્ઞસંભવા [સં.] સ્ત્રી. સીતા.

દેવયાજી [સં. દેવયાજિન્] વિ. દેવો નિમિત્તે યજ્ઞ કરનાર.

દેવયાત [સં.] વિ. દેવપક્ષને પામેલ.

દેવયાત્રા ૧. [સં.] સ્ત્રી. દેવની પ્રતિમાને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવારૂપ મહોત્સવની યાત્રા.
૨. સ્ત્રી. સ્વર્ગમાત્રા.

દેવયાત્રી [સં. દેવયાજિન્] પું. એ નામનો એક વાનર.

દેવયાન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. [સં. દેવ + યાન (માર્ગ)] પું. શરીરથી મુક્ત થઈ જીવાત્માને જવાના બે માર્ગોનો એક માર્ગ. જે માર્ગે જઈને જીવાત્મા બ્રહ્મલોકમાં જાય અને જન્મમરણના ફેરામાંથી કાયમનો છૂટો થઈ તે માર્ગને દેવયાન કહે છે. તેના નીચે પ્રમાણે માર્ગ છે: (૧) દેવપથ, (૨) બ્રહ્મપથ, (૩) સૂર્યમાર્ગ, (૪) વિરજામાર્ગ, (૫) જ્ઞાનમાર્ગ, (૬) વિદ્યુત્-માર્ગ, (૭) અર્ચિરાદિમાર્ગ, (૮) નિવૃત્તિમાર્ગ, (૯) શૈવમાર્ગ. ઉપનિષદોમાં જીવાત્માના ઉત્ક્રમણ એટલે એક શરીરમાંથી બીજા શરીરની અવસ્થા એક લોકથી બીજા લોકની પ્રાપ્તિની દશા વર્ણવી છે. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે, સંવત્સર એ પ્રજાપતિ છે. દક્ષિણ અને ઉત્તર એમ તેના બે અયન છે. જે કોઈ ઇષ્ટાપૂર્ત અને દત્ત એટલે યજ્ઞ વગેરે કર્મકાંડની ઉપાસના કરે છે, તે ચંદ્રલોકને પ્રાપ્ત કરે છે અને ફરી ત્યાંથી પાછા આવીને ફરી દક્ષિણાયનમાં જન્મ છે, જેને પિતૃયાન કહે છે. જે તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા અને વિદ્યાથી આત્માનું અન્વેષણ કરે છે, તે ઉત્તરાયણ માર્ગથી આદિત્યલોકને પ્રાપ્ત કરે છે. આ માર્ગથી જનાર પાછો ફરતો નથી. અરોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે, જે શ્રદ્ધા અને તપની ઉપાસના કરે છે તે અર્ચિ એટલે આગની જ્યોતને પામે છે. અર્ચિમાંથી અહન એટલે દિવસને, અહનમાંથી આપૂર્યમાણ એટલે શુક્લપક્ષને, આપૂર્યમાણથી ઉત્તરાયણના છ મહિનાને, ઉત્તરાયણથી સંવત્સરને, સંવત્સરથી આદિત્યને, આદિત્યથી ચંદ્રમાને, ચંદ્રમાથી વિદ્યુતને પામે છે અને ત્યાંથી અમાનવ એટલે દેવ થઈ જાય છે. આ માર્ગને દેવયાન કહે છે. આ રસ્તેથી મરનારો બ્રહ્મને પ્રાપ્ત કરે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં સૂર્યથી પરલાઈ વિદ્યુતને પ્રાપ્ત કરવું હોવાનું કહ્યું છે અને બ્રહ્મને ભેટી દીધેલ છે અને અમાનવની જગ્યાએ અમાનસ શબ્દ આવે છે, જેનો અર્થ એક જ છે. દેવયાન અને પિતૃયાનનો અર્થ માત્ર એટલો જ છે કે, બ્રહ્મલોકની મરીને ઉત્તરોત્તર પ્રકાશમાન, લોક અથવા સ્થિતિઓમાં જઈને બ્રહ્મલોક અથવા બ્રહ્મને પ્રાપ્ત કરે છે અને કર્મકાંડમાં આસક્તિવાળો માણસ ધૂમરાત્રિ, કૃષ્ણપક્ષ, દક્ષિણાયન વગેરે ઉત્તરોત્તર અંધકારના સ્થિતિને પ્રાપ્ત કરે છે અને ત્યાંથી ફરીને પાછો જન્મ લે છે. સારાંશ એટલો કે, એક જાતુ પ્રકાશની ઉત્તરોત્તર વૃદ્ધિની પરંપરાનો ક્રમ રાખ્યો છે અને બીજી તરફ અંધકારનો રાખ્યો છે. વેદાંતસૂત્રના ત્રીજા અને ચોથા અધ્યાયમાં જીવના આ બે માર્ગો ઉપર બહુ ઊહાપોહ કરવામાં આવ્યો છે. ગીતાના આઠમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે પણ આ માર્ગનું વર્ણન કર્યું છે. ઉપનિષદમાં ઉત્તરાયણને દેવયાન અને દક્ષિણાયનને પિતૃયાન કહેલ છે. તેનું કારણ એ છે કે, સૂર્ય જ્યારે ઉત્તરાયણમાં હોય તે વખતે મરણ મોક્ષદાયક મનાયમાં આવે છે. એથી મહાભારતમાં સૂર્ય ઉત્તરાયણના બદલા સુધી ભીષ્મ બાણની પથારી ઉપર પડ્યા રહ્યાનું કહ્યું છે કર્મઠ અને કર્મયોગી જ્ઞાનીને મળનારાં ફળ આ પ્રમાણે ભિન્ન હોવાથી તે મેળવવા માટે પ્રત્યેકને ભિન્ન ભિન્ન માર્ગ ભિન્ન ભિન્ન લોકમાં જવું પડે છે. દેહપાત પછી શરીર ચિતામાં ભસ્મ થઈ જાય તે પછી તે અગ્નિમાંથી નીકળેલી જ્યોતિ દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના છ માસમાંથી પ્રવાસ કરતી કરતી બ્રહ્મલોક સુધી પહોંચે છે. ત્યાં તેને મોક્ષ પ્રાપ્ત થતાં તે પુનઃ જન્મલોકમાં પાછી આવતી નથી. પણ જે દેવયાન કર્મઠ છે એટલે જેને જ્ઞાન નથી તે તે જ અગ્નિમાંથી ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનની છ મહિના, એ ક્રમે ચંદ્રલોક સુધી પહોંચે છે. ત્યાં તેણે કરેલાં પુણ્યનો સર્વ ઉપભોગ તેને પ્રાપ્ત થાય છે અને પછી ફરીને આ લોકમાં જન્મ લે છે. એ રીતે આ બે માર્ગમાં ભેદ છે. જ્યોતિ એટલે અગ્નિ એને

બદલે ઉપનિષદમાં અર્ચિ એટલે જ્વાલા એ શબ્દ છે, તેથી પહેલા માર્ગને અર્ચિરાદિ માર્ગ કહે છે અને બીજાને ધૂમાદિ એવું નામ આપવામાં આવ્યું છે. ઉત્તરાયણ એટલે ઉત્તર ધ્રુવના સ્થાનમાં રહેનાર દેવનો દિવસ, દક્ષિણાયન એટલે તેમની રાત, એ પરિભાષા લક્ષ્યમાં રાખતાં, આ બે પૈકી પ્રથમ અર્ચિરાદિ અથવા જ્યોતિરાદિ માર્ગ આકાશની અંત સુધી પ્રકાશનો અને બીજો એટલે ધૂમાદિ અંધકારનો છે એ સ્પષ્ટ છે. જ્ઞાન એ પ્રકાશમય અને પરબ્રહ્મ એ જ્યોતિની જ્યોતિ અથવા તેજનું તેજ છે એટલે દેહપાત પછી જ્ઞાની પુરુષનો માર્ગ પ્રકાશમય હોય એ જ યોગ્ય છે અને તેથી ગીતામાં આ બે માર્ગને શુક્લ અને કૃષ્ણ એવી જે સંજ્ઞા આપવામાં આવી છે તે પણ પ્રકાશમય અને અંધકારમય એ બે અર્થમાં બરાબર જ છે. ગીતામાં ઉત્તરાયણની આખરની પાયરીનો કહેવામાં આવી નથી, પણ બારકના નિરુક્તમાં ઉત્તરાયણ પછી દેવલોક, સૂર્ય, વૈદ્યુત અને માનસ પુરુષ એનું વર્ણન છે. દેવયાનમાં ઉપનિષદોમાં જે વર્ણનો છે તેની એકવાક્યતા કરીને વેદાંતસૂત્રમાં ઉત્તરાયણ પછી સંવત્સર, વાયુલોક, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, વરુણલોક, ઇંદ્રલોક, પ્રજાપતિલોક અને આખર બ્રહ્મલોક એ રીતે આખરની સર્વ પાયરીઓ આપેલી છે. વેદમાં વસંતસંપાત મૃગશીર્ષમાં થતો અને ત્યારથી દેવયાન સમય એટલે ઉત્તરાયણનો પ્રારંભ થતો.

૩. કું. હિમાલય તરફ ઊંચે ને ઊંચે જતો ઉત્તર દિશા તરફનો રસ્તો; ઉત્તરપથ.

૪. ન. આકાશમાં ઊડનારું વાહન; દેવી વાહન; સ્વર્ગનો રથ; સ્વર્ગીય વાહન; દેવોનું વિમાન.

૫. ન. દેવોને જવાનો માર્ગ.

૬. ન. વસંતસંપાતથી આરંભી શરત્સંપાત સુધીનો અર્ધગોળ; ધ્રુવતારાથી ઉત્તર તરફનો અર્ધ વિભાગ.

૭. વિ. દેવત્વને પ્રાપ્ત કરાવનાર; દેવ તરફ જનાર.

૮. વિ. મોક્ષ આપનારું.

૯. વિ. શુક્લ.

દેવયાનમાર્ગ ૧. [સં.] કું. દેવમાર્ગ.

> મ્હારા પ્રયોજનો આકમ્યાં આજ
> નહિ વિલાસ, નહિ દેહદમન;
> મધ્યમ માર્ગ એ દેવયાનમાર્ગ.
>
> સંજ્ઞમિત્રા

૨. કું. નામશીની ઉત્તરે અને સપ્તર્ષિની દક્ષિણે સૂર્યનો ઉત્તરાયનનો માર્ગ.

દેવયાની ૧ [સં] સ્ત્રી. (પુરાણ) અસુર એટલે દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની એ નામની કન્યા. પુરંદર ઇંદ્રની કન્યા જયંતીની કુખે એ જન્મી હતી. એ નામપદ્મમાંથી જ તપસ્વિની, વિદ્યાસંપન્ન અને પિતાને ઘણી જ પ્રિય હતી. શુક્રાચાર્યની પાસે દેવગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ મૃતસંજીવની વિદ્યા સંપાદન કરવાના હેતુથી અધ્યયન કરવા આવી રહ્યો હતો. એના ઉપર દેવયાનીનું મન ગયું હતું. અસુરોને જણાવ્યું આવ્યું કે કચ મૃતસંજીવની વિદ્યા લેવા માટે આવ્યો છે, ત્યારે તેઓએ તેને મારી નાખ્યો. આથી દેવયાની બહુ વિલાપ કરવા લાગી, ત્યારે શુક્રાચાર્યે પોતાની મૃતસંજીવની વિદ્યાના બળથી તેને જીવતો કર્યો આ પ્રમાણે અસુરોએ ઘણી વાર કચનો વિનાશ કરવા ચાહ્યું, પણ શુક્રાચાર્ય તેને બચાવતો ગયો. એક વખત અસુરોએ કચને વાટી શુક્રાચાર્યના પીવાના દારૂમાં ભેળવી દીધો. શુક્રાચાર્ય દારૂ સાથે કચને પી ગયો. જ્યારે કચ દેખાય ન મળ્યો, ત્યારે દેવયાની બહુ વિલાપ કરવા લાગી અને શુક્રાચાર્ય પણ બહુ ગભરાયો. કચે શુક્રાચાર્યના પેટમાંથી બધી હકીકત કહી સંભળાવી શુક્રાચાર્યે દેવયાનીને કહ્યું કે કચ તો મારા પેટમાં છે અને મારા મરવા સિવાય કચની રક્ષા થઈ શકે તેમ નથી દેવયાનીએ આ બેમાંથી એક પણ વાત મંજૂર કરી નહિ. અંતે શુક્રાચાર્યે કચને કહ્યું કે, જો તું કચરૂપી ઉંદર ન હો તો મૃતસંજીવની વિદ્યા મારફત કર અને તેના પ્રભાવથી બહાર નીકળી આ. કચે મૃતસંજીવની વિદ્યા પ્રાપ્ત કરી અને પેટમાંથી બહાર નીકળી આવ્યો. કચને વિદ્યા સંપાદન કરી પેર જતી વખતે દેવયાનીએ એની આગળ લગ્ન કરવાની પ્રાર્થના દર્શાવી, પણ ગુરુની કન્યા સાથે લગ્ન કરવા પોતે રાજી ન હોવાથી કચે તેનો સ્વીકાર કર્યો ન હતો. આથી દેવયાનીએ કચને શાપ દીધો કે તારી શીખેલી વિદ્યા નિષ્ફળ જશે. કચે કહ્યું કે આ વિદ્યા અમોઘ છે, એ મારા કાંઈ ફળવતી નહિ થાય તો એને હું બીજાઓને તેના કાંઈ ફળવતી થશે. પણ તેં મને બહુ શાપ દીધો, તેથી હું તને પણ શાપ આપું છું કે તારે વિવાહ બહાલવું સાંપે નહિ થાય. એક વખત દેવયાની કાનનવાસી વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠા સાથે બહાર વનમાં સરોવરમાં નાહવા ગઈ હતી. બધાં નાહીને બહાર નીકળ્યા બાદ શર્મિષ્ઠાએ ઇરાદો પોતાનાં વસ્ત્રોને બદલે દેવયાનીનાં વસ્ત્ર પહેરી લીધાં. દેવયાની બહાર નીકળી ત્યારે શર્મિષ્ઠાને કહ્યું કે, મારા પિતા શુક્રાચાર્ય જેમ જ્ઞાનવૉને પૂજ્ય છે, તેમ હું પણ તને પૂજ્ય હોવી જોઈએ અને તેથી તારે મારાં વસ્ત્ર ન પહેરવાં જોઈએ. શર્મિષ્ઠાએ માફી માગવાને બદલે કહ્યું કે, હું ગાનારી એટલે દાન આપનારની કન્યા છું અને તું દાન લેનાર એટલે યાચકની કન્યા છે. આ ઉપરથી બંને આપસઆપસમાં લડી પડી. તેમાં દેવયાનીને શર્મિષ્ઠાએ વસ્ત્ર આપ્યાં નહિ અને તેને નગ્ન અવસ્થામાં પાસે એક કૂવો હતો તેમાં હડસેલી પાડી અને પોતાની સખીઓ સાથે પેર ચાલી ગઈ. દેવયાનીને કૂવામાં કાંઈ પકડવાનો આધાર મળી ગયો. એ પકડીને પોતે તરતી રહી. તે દરમિયાન નહુષપુત્ર યયાતિ રાજા મૃગયા સારૂ નીકળેલો તે ત્યાં આવી ચઢ્યો. એ અવાજ સાંભળીને કૂવા પાસે ગયો અને તેને બહાર કાઢી અને બે ચાર વાતો કરી તે પોતાની નગરીમાં ચાલ્યો ગયો. શુક્રાચાર્યને ખબર પડતાં તે ત્યાં આવ્યો અને દેવયાનીએ તેને વૃષપર્વાના નગરમાં જવાની ના પાડતાં તે બીજે જવાને તૈયાર થયો. આ હકીકત જાણી વૃષપર્વાએ આવીને તેને ગામમાં આવવાને ખૂબ વિનતિ કરી. શુક્રાચાર્યે કહ્યું કે, મારી પ્રાર્થના કરવાની જરૂર નથી. દેવયાનીને પ્રસન્ન કર. એ જો નગરમાં આવશે તો હું તુરત જ આવીશ. આ ઉપરથી વૃષપર્વાએ દેવયાનીની ખૂબ પ્રાર્થના કરી. દેવયાનીએ કહ્યું કે, મારા પિતા જ્યાં મારું લગ્ન કરે ત્યાં પોતાની સોડે બીજી દાસીઓ લઈને શર્મિષ્ઠા જાતે આવીને મારે દાસ્ય કરવાને સ્વીકારે તો જ હું નગરમાં આવું. આમ સંકટમાંથી આવવાથી શર્મિષ્ઠાએ દેવયાનીની સોડે તેને સાસરે જતાંને જોતી દાસી થવાનું કબૂલ્યું. દેવયાનીએ શર્મિષ્ઠાને કહ્યું, યયાતિની કન્યાનું દાસ્ય દાનારી કન્યાથી થશે ? શર્મિષ્ઠાએ કહ્યું, એકને માટે આખા કુળનો નાશ થવા દેવો એ યોગ્ય નથી. એ જ ઉપાયે બધા દાનવોના હિતને સારૂ હું દાસીપણું અંગીકાર કરું છું. દેવયાનીનું લગ્ન યયાતિ રાજા સાથે થતાં, કરાર પ્રમાણે શર્મિષ્ઠા બીજી દાસીઓ સહવર્તમાન દેવયાનીની દાસી થઈ યયાતિ રાજાને ત્યાં ગઈ. કેટલોક વખત બીજા પછી યયાતિથી શર્મિષ્ઠાને એક પુત્ર થયો ત્યારે દેવયાનીએ જાણ્યું ત્યારે શર્મિષ્ઠાએ કહ્યું કે, આ દીકરો મને એક તેજસ્વી ઋષિથી થયો છે. આ ઉપરાંત દેવયાનીના મળથી દ્રહ્યુ અને તુર્વસુ નામના બે પુત્ર અને શર્મિષ્ઠાના મળથી દ્રુહ્યુ, અનુ અને પુરુ એ ત્રણ પુત્ર થયા. યયાતિથી શર્મિષ્ઠાને ત્રણ પુત્ર થયા, એ જાણી દેવયાની બહુ ગુસ્સે થઈ અને તે બાબતના સમાચાર પોતાના પિતાને મોકલ્યા. શુક્રાચાર્યે ક્રોધમાં આવી યયાતિને શાપ દીધો કે, તે અધર્મ કર્યો છે તેથી તને બહુ ઉતાવળે વૃદ્ધાવસ્થા આવશે યયાતિએ વિનયપૂર્વક શુક્રાચાર્યને કહ્યું કે, મેં કામવશ થઈને આમ નથી કર્યું. શર્મિષ્ઠા ઋતુમતી હોતાં ઋતુની રક્ષા માટે તેણે પ્રાર્થના કરી. તેની પ્રાર્થનાનો અસ્વીકાર કરવામાં હું પાપ સમજ્યો. માટે કંઈ દોષ નથી. શુક્રાચાર્યે કહ્યું કે, મારું કહેવું નિષ્ફળ તો ન

ભય, પણ કોઈ તારું ધારેલું કાર્ય લેશે તો તું દુઃખી થવાને બદલે રાજી જ થઈશ.

૨. સ્ત્રી. દેવ જેવી સ્ત્રી.

૩. સ્ત્રી. (પુરાણ) પ્રિયવ્રત રાજાની દીકરી ઊર્જસ્વતીની એ નામની દીકરી.

૪ ન. (જ્યોતિષ) અભિજિત્માં આવેલા બે તારાનું એક મંડળ; રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારાસમુદાય; 'એન્ડ્રોમિડ'. તેનો આકાર ઊંધા બેચેલ છે.

૫. ન. (જ્યોતિષ) ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર.

દેવધાની હાર પું. ઢોકળાં એક જાતનો ક્ષત્રીનો.

દેવધુ [સં.] પું. દેવ.

૨. વિ. ધાર્મિક; ધર્મિષ્ઠ, દેવદર્શન કરનાર; દેવયાત્રા કરનાર.

દેવધુમ [સં.] પું. સલધુમ.

દેવયોનિ [સં. દેવ + યોનિ (પુંગ)] પું. ગંધર્વ, ઉપદેવ, વિદ્યાધર, યંધર્વ, યક્ષ, અપ્સરા, રાક્ષસ, કિન્નર, ભૂત, પિશાચ, ગુહ્યક, સિદ્ધ વગેરે દેવજાતિ.

૨. પું. દેવોનું સામાન્ય નામ; આદિત્ય, વસુ, વિશ્વદેવ વગેરે.

૩. સ્ત્રી. દેવજાતિ.

૪. સ્ત્રી. સ્વર્ગ, અંતરિક્ષ આદિમાં રહેનાર જીવોની સૃષ્ટિ.

૫. વિ. દેવા જન્મનું.

દેવયોનિવિદ્યા [સં.] સ્ત્રી. દેવ સંબંધી વિદ્યા.

દેવયોષા [સં.] સ્ત્રી. દેવાંગના; અપ્સરા.

દેવર [સં. દ્વિતીય + વર] પું. દિયર; વરનો નાનો ભાઈ; દેર. દિયર સાથે મોટા ભાઈની વિધવાનાં પુનર્લગ્નના રિવાજ ઉપરથી આ શબ્દની ઉત્પત્તિ બતાવાતું મનાય છે.

૨. પું. પતિનો નાનો કે મોટો ભાઈ. મનુસ્મૃતિમાં લખ્યું છે કે જો કોઈ વિધવાને પોતાના પતિથી કોઈ સંતાન ન હોય તો તે પોતાના દેવર અથવા પતિના કોઈ સપિંડથી એક સંતાન ઉત્પન્ન કરાવી લે, એકથી વધુ નહિ. પણ પરાશરે કલિયુગમાં આનો નિષેધ કર્યો છે.

દેવરક્ષિત [સં.] પું. દેવક રાજાનો એ નામનો એક પુત્ર.

૨. વિ. દેવે રક્ષણ કરેલ.

દેવરક્ષિતા [સં.] સ્ત્રી. દેવક રાજાની એ નામની પુત્રી.

૨. વિ. સ્ત્રી. દેવથી રક્ષાયેલી.

દેવરત [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. વિશ્વામિત્ર કુળમાં થયેલ એક મનુષ્ય ઋષિ.

૩. વિ. દેવમાં પ્રીતિવાળું.

દેવરત્ન [સં.] ન. દેવોમાં રત્નરૂપ ગણેલ.

દેવરથ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. દેવનો રથ; વિમાન.

૩. પું. સૂર્યનો રથ.

દેવરપત્ની [સં.] સ્ત્રી. દેરની સ્ત્રી; દેરાણી

દેવરવરતનુ પું (પિંગ) એક સમજાત વર્ણમેળ છંદ; ગણપક્ષ; ગદ. તે ગઝલી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

દેવરવા પું. દિયર માટે કવિતામાં વપરાતો શબ્દ

દેવરહસ્ય [સં.] વિ. ખૂબ છુપી રાખવા લાયક બાબત.

દેવરા ૧. [હિ.] પું. એક પ્રકારનું પટસન, જે સૂતળી બનાવવાના કામમાં આવે છે.

૨. પું. નાના મોટા દેવ.

દેવરાજ ૧. [સં.] પું. દેવોનો રાજા; ઇંદ્ર.

તે પુત્રથી તારે પ્રસવકાલે તુને અમરો આવી દેવરાજ. પ્રેમાનંદ

૨. ન. ગૌરિશંકર ગોત્રનું એ નામનું પ્રવર.

દેવરાજન પું. દેવોનો રાજા ઇંદ્ર.

ધન્ય ધન્ય લક્ષ્મણ ધીમાન,
સ્તવે દેવને દેવરાજન. પ્રેમાનંદ

દેવરાજ્ય ૧. [સં.] ન. ઈશ્વરનું સામ્રાજ્ય; ઈશ્વરસત્તાક રાજ્ય.

૨. ન. સ્વર્ગ

દેવરાડ [સં. દેવરાજ્] પું. ઇંદ્ર; દેવોનો રાજા.

દેવરાણી સ્ત્રી. દેરાણી.

દેવરાની [હિ.] સ્ત્રી. દેરાણી.

દેવરાત ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. (પુરાણ) પરીક્ષિત રાજા. તે દેવરક્ષિત હતો.

જનકસુતા જગ જાયી જાનકી.
અતિ સેવા દેવરાત પ્રમાણે. નિષ્કુલાનંદ

૩. પું. (પુરાણ) ભૃગુકુલોદ્ભવ જમદગ્નિના પુત્ર શુનઃશેપનું બીજું નામ.

૪. પું. યાજ્ઞવલ્ક્ય ઋષિના પિતાનું નામ.

૫. પું. (પુરાણ) વિદેહવંશી સીરધ્વજ નામના જનકનો એ નામનો પુત્ર. બૃહદ્રથ જનક એનો પુત્ર થાય. એને મૌદ્ગલ્ય પણ આ જનકને ઘેર જ હતું. તેને સીતાના સ્વયંવર વખતે સાથે તોડ્યું હતું.

૬. પું. વિશ્વામિત્રનો એ નામનો દીકરો.

૭. પું. (પુરાણ) સૂર્યવંશી એ નામનો એક રાજર્ષિ. તે વિદેહમાં વસતો હતો અને તેની પાસે શિવનું ધનુષ હતું.

૮. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કંકણી રાજાનો એ નામનો પુત્ર.

૯. ન. એક જાતનું સારસ.

દેવરાની ૧. [હિ.] સ્ત્રી. દેરાણી.

૨ સ્ત્રી દેરાણી; વરના નાના ભાઈની વહુ; દિયરની સ્ત્રી.

દેવરાબલી સ્ત્રી. કન્યા દેવાની કબૂલાત.

દેવરાય જુઓ દેવરાજ.

દેવરારી પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

દેવરાવવું ૧. સ. ક્રિ. દેવાની ક્રિયા કરાવવી; દેપડાવવું; અપાવવું.

૨ સ. ક્રિ. બંધ કરાવવું.

૩. સ. ક્રિ. સજાવવું

૪ સ. ક્રિ. લેવડાવવું; લેવાની ફરજ પાડવી.

દેવરાવું ૧. સ ક્રિ. અપાવું.

તેને મુખે દેવરાવ્યા જાળું. નરસિંહ

૨ સ. ક્રિ. દેવાવું; બંધ થવું.

દેવરાષ્ટ્ર [સ. દેવ + રાષ્ટ્ર (રેફ)] પું મદારાષ્ટ્ર.

દેવરિયા ૧. સ્ત્રી. એ નામે લેવુઆ-કણબી તથા કુમારની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

દેવરિયા કૃષ્ણન સ્ત્રી. મધ્યમ જાતની ખાંડ.

દેવરિયા બોલ્ડ સ્ત્રી. મધ્યમ જાતની ખાંડ.

દેવરિયા સ્ટાંડર્ડ વિ. મધ્યમ જાતની ખાંડ.

દેવરિયો પું. દિયર; દેવર.

ધ્યાનથી હો ભયે ભવનો પાર રે,
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો. ગંગાદાસ

દેવરી ૧. સ્ત્રી. (કચ્છી) દેરી.

૨. સ્ત્રી. નાની મોટી દેરી.

દેવરેતા [સં. દેવરેતસ્] પું. સૂર્ય.

દેવરો પું. (કચ્છી) દેર.

દેવર્ષિ ૧. [સં.] પું. (જૈન) સિદ્ધાંતો બનાવનાર એ નામનો એક પ્રસિદ્ધ જૈનાચાર્ય.

૨. સ્ત્રી. દેવતાઓનો સૈન્યસમૂહ.

દેવર્ષિ ૧. [સ. દેવ + ઋષિ] પું. દેવોના ઋષિ. પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, કૃશ્ય, અત્રિ, મરીચિ વગેરે દેવર્ષિ મનાય છે.

દેવવધૂ

૨. પું નારદ

૩. પું. સુરર્ષિ; સ્વર્ગનો ઋષિ.

દેવલ ૧. [સં.] પું. (પુરાણ) અસિત મુનિનો એ નામનો પુત્ર. એણે સ્વર્ગમાં પિતરોને મહાભારત સંભળાવ્યું હતું.

૨. પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, રગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

આવ્યા દેવલે ગામ. ઇન્દુવિજય

૩. પું. એ નામનો એક સ્મૃતિકાર.

૪. પું એક ઋગ્વેદિક ઋષિ, અસિતકાશ્યપ. તેણે નવમા મંડલનાં ૫૬-૨૪ સૂક્તો રચ્યાં છે.

૫. પું. એક દેવર્ષિ.

દેવળ જે દેવલ તે રોવે. નિષ્કુળાનંદ

૬. પું. એક પ્રકારનો ચાબલ.

૭. પું. એક પ્રકારનો બાહ્મણ; દેવદત્ત ઉપર ઇજનાર બાહ્મણ; દેવની પૂજા કરી આજીવિકા મેળવનાર બાહ્મણ.

૮. પું. (પુરાણ) કૃશાશ્વ ઋષિને ધિષણાને પેટ થયેલા ચાર માંહેનો એ નામનો એક પુત્ર

૯. પું (પુરાણ) સાતમા વૈવસ્વત મન્વંતરની પહેલાનો એ નામનો એક ઋષિ. એણે દુહ્ય ગંધર્વને તું મત્સરની યોનિને પ્રાપ્ત થઈશ એમ શાપ્યો હતો. આ મત્સરે ગજેંદ્રને પકડ્યો હતો, ત્યારે એનો મોક્ષ કરતાં આનો પણ મોક્ષ થયો હતો. ગજેંદ્રમોક્ષ બહુ જ પ્રાચીન ભજન છે, તેથી આ શાપ આપનાર ઋષિ દેવલ પણ ઘણો જ પ્રાચીન હોવો જોઈએ.

૧૦. પું. દિયર.

૧૧. પું. દેવતાના ઋષિ

૧૨. પું. દેવની પ્રતિમાને પોતાની આજીવિકા માટે એક ઠેકાણેથી બીજે લઈ જનાર બાહ્મણ.

૧૩. પું. (પુરાણ) ધર્મરાજાના વક્તા એક મુનિ, તે બ્યાસના શિષ્ય મનાય છે.

નારદ સનત્કુમાર અંગિરા કપી,
દેવલ અસિત વ્યાસ ને મુખી;
પરશુરામ વશિષ્ઠ ગોતમ,
કપિલ શુક દુર્વાસા મધવન;
બાદરાયણ આદિ ભગવાન,
કૃપા આપે છે સર્વને જ્ઞાન.
પદ્યબંધ શ્રીમદ્ ભાગવત

૧૪. પું. ધાર્મિક બાહ્મણ.

૧૫. પું (પુરાણ) ભૌમ્ય ઋષિનો એ નામનો મોટો ભાઈ

૧૬. પું નારદ મુનિ.

૧૭. પું. પરીક્ષિત રાજા પાસે આવેલ એક ઋષિ.

૧૮. પું. પૂજારી.

૧૯. પું. (પુરાણ) ઋક્ષ વસુનો એ નામનો પુ

૨૦. પું. શુક્ર વસુપુંદનો એ નામનો એક ઋષિ.

૨૧. પું. સામવેદનો એ નામનો એક ઋષિ. મહાભારતમાં આ દેવલ ઋષિના નામની સાથે અસિત ઋષિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૨૨ પું. સ્મૃતિનો એક ભાગ.

૨૩ પું. હિંદુ મંદિર; દેવાલય.

૨૪. વ. કપિલ ગોત્રનું એ નામનું એક પ્રવર.

દેવલક ૧. [સં.] પું. દેવદા; પૂજારી.

૨. પું. મૂર્તિપૂજાથી પોતાનું ગુજરાન મેળવનાર બાહ્મણ.

દેવલતા ૧. [સં. દેવ + લતા] સ્ત્રી. નવમલ્લિકા; બટમોગરો.

૨. [સં. દેવલ + તા (પદું)] સ્ત્રી. પૂજારીપદું; બાજીવિકા માટે દેવની પૂજા કરવી તે.

દેવલબંદ પું. સિપાઈ.

દેવલ બાહ્મણ પું. પૂજારીનો ધંધો કરનારો બાહ્મણ.

દેવલસ્મૃતિ [સં.] સ્ત્રી હિંદુઓનું એક ધર્મશાસ્ત્ર.

દેવલા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક બટક.

૨. વ. એ નામની બટકનું બાહ્મણ.

૩. વિ. એ નામની બટકનું

દેવલાતિ [સં.] સ્ત્રી. દેવપ્રતિમાનું બાહ્મણ.

દેવલાં ૧. વ. ૩ ૧. ઘરના દેવસ્થાનની મૂર્તિઓ.

૨. વ. ૩. ૧. જુદા જુદા દેવતાઓની મૂર્તિઓનો સમુદાય; દેવસેવાર્થના દેવ; પૂજવાના મૂર્તિમાન દેવ; દેવમૂર્તિઓ. તિરસ્કારમાં આ શબ્દ વપરાય છે.

દેવલાંગુલિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વેલ.

૨. સ્ત્રી. લઘુ ભેટાસીસી.

દેવલિપિ [સં.] સ્ત્રી. લલિત વિસ્તરમાં બતાવેલી ચોસઠ બાંહેની એ નામની એક લિપિ.

દેવલિયા ૧. પું. દેવ. કવિતામાં આ શબ્દ વપરાય છે.

આનંદ આપે આવા દેવલિયા કુંદલા.
ઝવેરચંદ

૨. સ્ત્રી. એ નામની સુતારની એક બટક.

૩. વ. એ નામની બટકનું બાહ્મણ.

૪. વિ. એ નામની બટકનું.

દેવલી ૧. [હિં.] સ્ત્રી. ચકલી; દેવચકલી; દેવકલી.

૨. સ્ત્રી. માળવી ઉપરથી ઊતરતી બલા; બીમડું.

૩. સ્ત્રી. ચોતરાના બાજાનું નિશાન.

૪. વ. નાનું દેવલ

૫. [સં. દેવાલય] વ. મૂર્તિ માટે બાંધેલામાં આવતું બ્રાહ્મણ; દેવળ.

દેવલી આડી (દેવલી આડો) સ્ત્રી. રાનીપરજની એક દેવી.

દેવલુક ૧. સ્ત્રી. બહારવટી એ નામની એક પેટા જાતિ.

૨. વ. એ નામની પેટા જાતિનું બાહ્મણ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

દેવલું વ. મૂર્તિનું મન્દિરમાં પાડેલું નામ; દેવનું મરકરીભર્યું નામ.

દેવલેવ સ્ત્રી. લેવડદેવડ; પૈસા બાબતનો બબડાટ.

દેવલોક ૧. પું. તિબેટ, ચીન, જપેનનો પૂર્વીનો ભાગ; ત્રિવિષ્ટપ.

૨. [સં.] પું દેવ; દેવ જાતિ.

૩. પું. પૃથ્વીથી ઊંચે આવેલ બાહ્મણોક સહિતના સાત લોક.

૪. પું. વૈકુંઠ; સ્વર્ગ. ભૂ૨, ભુવ૨, સ્વ૨, મહ૨, જન, તપ અને સત્ય એ ઉપરના લોક છે.

૧. દેવલોક થવું-પામવું = મરીને દેવલોકમાં જવું; મરણ પામવું

૨. દેવલોકમાં સિધાવવું = મરી જવું.

૫. પું. (જૈન) સ્વર્ગ; દેવોને રહેવાનું સ્થાન. શ્વેતાંબરી જૈન નીચે પ્રમાણે બાર દેવલોક માને છે: (૧) સૌધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેંદ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આણત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત. દિગંબરી જૈનો નીચે પ્રમાણે ૧૬ સ્વર્ગ માને છે: (૧) સૌધર્મ, (૨) ઐશાન, (૩) સાનત્કુમાર, (૪) માહેંદ્ર, (૫) બ્રહ્મ, (૬) બ્રહ્મોત્તર, (૭) લાંતક, (૮) કાપિષ્ટ, (૯) શુક્ર, (૧૦) મહાશુક્ર, (૧૧) સતાર, (૧૨) સહસ્રાર, (૧૩) આનત, (૧૪) પ્રાણત, (૧૫) આરણ અને (૧૬) અચ્યુત.

દેવલોકવાસી [સં. દેવલોકવાસિન] વિ. દેવલોકમાં રહેનાર.

નહીં તો શુકદેવ સમા બાલઋષિ તો બાળવયે જ દેવલોકવાસીને થે. જગન્નંદ

દેવવઠ્ઠ ૧. [સં. દેવ + વાહ (વહ્)] વ. અગ્નિ.

૨. વ. ત્રિભંગ રાગ.

દેવવતી [સં] સ્ત્રી. (પુરાણ) પ્રાચીનબર્હિ ગંધર્વની કન્યા. એ સુકેશ નામના રાક્ષસની સ્ત્રી, અને માલ્યવાન, સુમાલી તથા માલીની માતા હતી.

દેવવધૂ ૧ [સં.] સ્ત્રી. અપ્સરા.

૨. સ્ત્રી. દેવાંગના; દેવપત્ની.

દેવવર ૧. [સં.] પું. દેવોમાં શ્રેષ્ઠ દેવ.
૨. પું. દેવી અક્ષીવાંઢ, દેવોનું વરદાન.
૩. પું. પરમેશ્વર.

દેવવરવધૂ [સં.] સ્ત્રી. દેવતાની અગ્રમહિષી; દેવતાની મુખ્ય દેવી.

દેવવર્ગ [સં.] પું. દેવનો વર્ગ. પ્રકૃતિના કુળે ચાર યોનિ જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ્જનો પ્રસવ કર્યા પછી તેણે આઠ પ્રકારના દેવવર્ગને જન્મ આપ્યા. તે ઊર્ધ્વસ્રોતા પામ્યા. આ આઠ પ્રકાર નામ પ્રમાણે: (૧) વિબુધ, (૨) ઇન્દ્રાર, (૩) અસુર, (૪) યક્ષરાક્ષસ, (૫) પક્ષરક્ષસ, (૬) ભૂત પ્રેત પિશાચ, (૭) સિદ્ધ ગાંધર્વ વિદ્યાધર, (૮) કિન્નર અપ્સરક.

દેવવાહૂની [સં.] સ્ત્રી. ભરદ્વાજ મુનિની એ નામના એક પુત્રી. તે વિશ્રવા મુનિના પત્ની અને કુબેરની માતા હતી.

દેવવેશ્મ ૧. [સં. દેવવર્મન્] પું. આકાશ.
૨. પું. દેવોના ગામ.

દેવવ્રતેહિ [સં.] પું. દેવનો સુતાર; વિશ્વકર્મા.

દેવવર્ધન [સં.] પું. (પુરાણ) સોમવંશી બહુકુળના અંધક વંશમાં થયેલ આહુક રાજાનો પૌત્ર અને દેવક રાજાના ચાર માંહેનો મોટો પુત્ર. દેવકોનો ભાઈ અને કૃષ્ણનો મામો.

દેવવર્ષ ૧. [સં.] પું. દેવોનું વર્ષ. તે ૩૬૦ સૌર વર્ષ બરાબર થાય છે.
૨. પું. (પુરાણ) ધર્મપાલનો એ નામનો દીકરો.
૩. પું. (પુરાણ) શાકમલી દ્વીપના સાત માંહેના એ નામના એક ખંડ.

દેવવર્ષક [સં.] પું. એ નામનો શાલ્મલી દ્વીપનો એક ખંડ.
સુરોચન, સૌમનસ્ય, રમણ, દેવવર્ષક, પારિભદ્ર, આપ્યાયન અને વિજ્ઞાન એ સાત શાલ્મલી દ્વીપના ખંડ છે. ભાગવતી ભાગવત

દેવવલ્લભ ૧. [સં.] પું. દેવતાઓને પ્રિય માણસ.
૨. પું. દેવ જેવો પ્રિય માણસ.
૩. પું. સુરપુન્નાગ વૃક્ષ.
૪. ન. ઇસર.
કાશ્મીર પુંડ્રમ અધિર, દેવવલ્લભ નામ;
કેસર તિલક લાવજ્યા રાખે સુદર સ્થાન.
વિનોદસુબોધ
૫. વિ. દેવોને પ્રિય; દેવોને વહાલું.

દેવવલ્લભા ૧. [સં.] સ્ત્રી. દેવાંગના.
૨. સ્ત્રી. નાગરવેલ.

દેવવંદન [સં.] ન. દેવોને વંદનની ક્રિયા.

દેવવાણી (દેવવાડી) સ્ત્રી. દેવોની વાણી.
આ તો છે દેવવાણી જો, કે છે અમૃતઝંઝરા.
સંતમિત્રા

દેવવાણી ૧. [સં. દેવ (પરમેશ્વર) + વાણી] સ્ત્રી. આકાશવાણી; અંતરિક્ષમાં સાંભળાતી કોઈ અદશ્ય દેવતાની વાણી.
૨. સ્ત્રી. ગ્રીક અને રોમન લોકોની માન્યતા પ્રમાણે દેવો તરફથી બોલાયેલ ગૂઢ અર્થવાળી વાણી.
૩. સ્ત્રી. દેવતાઓની વાણી; સુરભિરા; દેવભાષા.
૪. સ્ત્રી. દેવતાનું દૈવી સંદેશ.
૫. સ્ત્રી. સંસ્કૃત ભાષા.

દેવવ્રત ૧. [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે અને દેવશ્રવસે મળીને ઋગ્વેદ મંડલનું ૨૩મું સૂક્ત રચ્યું છે.
૨. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

દેવવાદ ન. ઓગણીસની સાપેક્ષિક સત્તા.

દેવવાન ૧. પું. (પુરાણ) અક્રૂરનો એ નામનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) બહુકુળોદ્ભવ અંધક વંશના દેવક રાજાના ચાર માંહેનો એ નામનો પહેલો પુત્ર.
૩. પું. (પુરાણ) હવે પછી થનારા ઋક્સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.

દેવવાયુ [સં.] પું. બારમા મનુનો એ નામનો એક પુત્ર.

દેવવાહન ૧. [સં.] પું. અગ્નિ. તે દેવોને તેમનો યજ્ઞ ભાગ પહોંચાડે છે.
૨. ન. દેવોનું વાહન; વિમાન.

દેવવિદ્યા [સં.] સ્ત્રી. નિરુક્ત વિદ્યા; વ્યુત્પત્તિ.

દેવવેધિ [સં.] સ્ત્રી. જેમ પાસે કરવાનું કર્મ.

દેવવિમલગણિ પું. એ નામે એક જૈન પંડિત.
ઈ. સ. ૧૭૫૪ સૌભાગ્ય પછી રચેલા દેવવિમલગણિ નામ જૈન પંડિતે હરિસૌભાગ્ય નામે સત્તર સર્ગનું એક મહાકાવ્ય રચ્યું છે.
મુ. સા. પરિષદ

દેવવિવાહ [સં.] પું. એક પ્રકારનો લગ્નવિધિ; જે કોઈ યજ્ઞ કરાવે અને યજ્ઞકર્તા યજ્ઞ બાળક તે યજ્ઞનો સારી રીતે પૂર્ણ કરે તેને બાળકાર સહિત કન્યાદાન દેવું તે.

દેવવિહાગ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે કલ્યાણ કે વિલાવલ અથવા સારંગ અને પૂરબીના મેળથી બનેલો છે. તે સંપૂર્ણ જાતિનો છે.

દેવવ્રી [સં.] વિ. દેવ પ્રત્યે પ્રાર્થના કરનાર.

દેવવીતિ [સં.] સ્ત્રી. દેવોનું ભક્ષણ.

દેવવૃતી [સં.] સ્ત્રી. (પુરાણ) મેરુ પર્વતની નવ માંહેની એ નામની એક દીકરી. તે અગ્નિધ્ર રાજાના દીકરા કેતુમાલ સાથે પરણી હતી.

દેવવૃક્ષ ૧. [સં.] ન. મૂળભૂત ઝાડ.
૨. જે જેની નીચે દેવનું સ્થાનક હોય તેવું ઝાડ. રાજવલ્લભમાં કહ્યું છે કે: બિલ્વપત્રી, દાડમી, કેળ, બોરડી, બિલ્લેરી, કેતકી, રોહેડી, પીપળો, ઉમરો, વડ, પીપળી, આમો, બોર, કબીર, અશ્વત્થ અથવા અશ્વિયો, દ્રાક્ષ, આમ્ર, તગર અને કદાચાળી સેવતી એટલું જ નહિ પણ બીજાં જે દેવવૃક્ષો અર્થાત્ જે ઝાડ નીચે દેવનું સ્થાનક હોય તેવા ઝાડ ઘર આગળ વાવવાથી સુખ થાય નહિ, માટે તેવા વૃક્ષો રોપવાથી ઘરની વૃદ્ધિ એટલે ઘરની અથવા ઘરમાં રહેનાર માલિકની ઉન્નતી કળા થાય નહિ
૩. ન. સાતપુડાનું ઝાડ.
૪ ન. સ્વર્ગનું ઝાડ. મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન એ પાંચ દેવવૃક્ષ કહેવાય છે.

દેવવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. આકારણના ઉદ્ગાદિ સૂત્રની એક વૃત્તિ.
૨. વિ. દેવને યજનાર; દેવનું વ્રત કરનાર.
પામે દેવવૃત્તિ જ દેવ,
પિતૃને પામે પિતૃના;
પામે ભૂતજ ભૂતભક્ત,
મુજ જો ભક્તો અને પામતા. પ્રીતાપ્યામૃત

દેવવૈદ્ય [સં.] પું. અશ્વિનીકુમાર.

દેવવ્યૂહ [સં.] પું. દેવોના સંગ્રામની રચના.

દેવવ્રત ૧. [સં.] પું. ભીષ્મ પિતામહ; પુરુવંશી શાંતનુ તથા ગંગાનો પુત્ર; ગાંગેય. ચિત્રાંગદને ગાદીએ બેસાડ્યો પણ પોતે રાજ્ય ન કર્યું તેથી તેમ જ ઊર્ધ્વરેતના વ્રતના પ્રભાવ વડે એ દેવ સરખો દેદીપ્યમાન દેખાતો તેથી તેને દેવવ્રત કહેતા.
૨. ન. કોઈ વ્રતનું સામાન્યાન.
૩. ન. દેવને પ્રસન્ન કરવા માટેનું વ્રત.

દેવવ્રતી [સં. દેવવ્રતિન્] વિ. દેવને પ્રસન્ન કરવા માટેના વ્રતવાળું.

દેવશત્રુ ૧. [સં.] પું. અસુર; દૈત્ય.
૨. પું. એ નામે એક દેવગણ.

દેવશયની [સં.] સ્ત્રી. અષાઢ સુદિ એકાદશી. તે દિવસે વિષ્ણુનું પૂજન કરી ઉત્સવ સાથે શયન કરાવાય છે. જુઓ દેવશયની એકાદશી.

દેવશયની એકાદશી [સં. દેવ + શયન (પોઢવું તે) + ઈ (ચારીજાતિનો પ્રત્યય) + એકાદશી (અગિયારસ)] સ્ત્રી. દેવપોઢી

અગિયારશ; અષાઢ સુદિ એકાદશી. તે દિવસે દેવો ચાર માસની નિદ્રામાં પડે છે એમ મનાય છે. આ એકાદશીનું નામ દેવશયની અથવા પદ્મા એકાદશી કહેવાય છે. તે મહાએકાદશીના નામથી પ્રખ્યાત છે. આ દિવસે ભગવાન વિષ્ણુ પાતાલમાં જઈ ક્ષીરસાગરમાં શયન કરે છે.

દેવશયનીય [સં.] ન. દેવશય્યા; દેવતાની સેજ.

દેવશય્યા [સં.] સ્ત્રી. (જૈન) દેવતાને ઊપજવાની પથારી.

દેવશર્મા ૧. [સં. દેવશર્મન્] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. (પુરાણ) જન્મેજયના સર્પસત્રમાંનો એ નામનો એક સદસ્ય.

૩. પું. બાઝણનું એક ઉપનામ.

દેવશાક પું. (સંગીત) શંકરાભરણ, કલ્યાણ અને મલ્હાર મળીને થતો એક મિશ્ર રાગ. તેમાં ગાંધાર કોમળ આવે છે. તે ગાવાનો સમય ૧૭થી ૨૦ દંડ સુધીનો છે.

દેવશાખ પું. (સંગીત) કાહી ઘાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તે દિવસના બીજા પ્રહરે ગવાય છે.

દેવશાલિ [સં.] પું. દેવના નિમિત્તે કરાયેલ ઘાત.

દેવશાળા [સં. દેવ + શાલા (મકાન)] સ્ત્રી. દેવાલય.

દેવશિલ્પ [સં.] ન. પરલોકમાં પ્રચલિત શિલ્પશાસ્ત્રનો એક બહુ પ્રપંચ ભરીમાં મહર્ષિ વસિષ્ઠ લખે છે કે: પરલોકમાં તો દેવશિલ્પ, યક્ષશિલ્પ, ગાંધર્વશિલ્પ, આસુરશિલ્પ વગેરે અસંખ્ય જાતનાં શિલ્પશાસ્ત્રો પ્રચલિત છે.

દેવશિલ્પી [સં. દેવશિલ્પિન્] પું. વિશ્વકર્મા; દેવોનો સુતાર.

દેવશુની [સં. દેવ + શુની (કૂતરી)] સ્ત્રી. દેવોની કૂતરી; સરમા; દેવના જેવા પ્રભાવવાળી સરમા નામની કૂતરી.

દેવશેખર ૧. [સં.] પું દેવનો મુકુટ.

૨. ન દમનક નામનું ઝાડ.

દેવશ્રવદેવશ્રવાત [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

દેવશ્રવા ૧. [સં દેવશ્રવસ્] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પું. વિશ્વામિત્ર કુળમાં થયેલ એક મંત્રદ્રષ્ટા ઋષિ

૩. પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

૪. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ

૫. પું. (પુરાણ) સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત વંશના રાજા રાજાને મારીષાની કૂખે થયેલા દસ માંહેનો એક પુત્ર. એ વસુદેવનો ભાઈ હતો અને કંસની બહેન કંસા એની સ્ત્રી હતી એની કૂખે એને સુવીર અને ઇષુમાન એમ બે પુત્ર થયા હતા.

દેવશ્રવાયાત્યાયન [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ તેણે દશમ મંડલનું ૧૭મું સૂક્ત રચ્યું છે.

દેવશ્રી ૧. [સં.] પું. વટ.

૨. સ્ત્રી લક્ષ્મી.

દેવશ્રુત ૧. [સં.] પું. કુબેર.

૨. પું. (જૈન) જમ્બુદ્વીપના ભરતક્ષેત્રમાં થનારે એ નામના છઠ્ઠા તીર્થંકર.

૩. પું. નારદ.

૪. પું. શનિ.

૫. પું. (પુરાણ) શુદ્ધોદનનો એ નામનો એક પુત્ર.

એ જોઈ તેમણે કૃષ્ણ, બૌદ્ધમા, ધૃતિ અને દેવશ્રુત નામે ચાર પુત્રો ઉત્પન્ન કર્યા.

ભગવતી ભાગવત

૬. પું. શુક્રાચાર્યનો એ નામનો એક પુત્ર.

૭. [સં. દેવશ્રુત] વિ. દેવોમાં પ્રખ્યાત.

દેવશ્રેણી ૧. [સં.] સ્ત્રી. એ નામનો વેલો; મૂર્વા.

૨. સ્ત્રી. દેવોની પંક્તિ.

દેવશ્રેષ્ઠ ૧. [સં.] પું. (પુરાણ) હવે પછી બનારા રૌદ્રમાવર્ત્તિ મનુનો એ નામનો એક પુત્ર.

૨. વિ. દેવોમાં શ્રેષ્ઠ.

દેવસખા [સં. દેવ + સખિ (મિત્ર)] પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક પર્વત. તે ઉત્તર દિશામાં આવેલો હતો.

દેવસત્ત્વા [સં દેવ + સત્ત્વ (સ્વભાવ) + અ. (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પ્રસન્ન મુખવાળી એક પ્રકારની સ્ત્રી. જે કમળમુખી ને શરીરે કમળ જેવા સુવાસવાળી, સદા સંતોષી, ચોખ્ખી, સારા કામમા પ્રેમ ધરાવતી, મીઠી વાણી અને માણસથી કંટાળે નહિ તેમ જેની પાસે ધન હોય તે સ્ત્રી દેવસત્ત્વા જાતની ગણાય છે.

દેવસત્ર [સં] પું એ નામનો એક યજ્ઞ.

દેવસદ [સં.] પું. દેવસ્થાન.

દેવસદન ૧ [સં] ન દેવગૃહ; દેવમંદિર; દેવળ.

૨. ન. પીપળો; અશ્વત્થ વૃક્ષ.

૩. ન. સ્વર્ગ.

૪ વિ. દેવોના આધાર; દેવોના આશ્રયરૂપ.

દેવસદ્ગતિ [સં] સ્ત્રી દેવરૂપ સદ્ગતિ

દેવસભ [સં] પું અષાઢ માંહેનો એ નામનો એક દેશ.

દેવસભા ૧ [સં] સ્ત્રી જુગારખાનું

૨. સ્ત્રી. દેવોનો સમાજ.

૩ સ્ત્રી રાજસભા.

૪. સ્ત્રી સુધર્મા નામની દેવોની સભા.

દેવસભ્ય ૧ [સં] વિ. જુગારી.

૨. વિ. રમતિયાળ; ખેલાડી.

દેવસમર્પણ [સં] ન. કૃષ્ણાર્પણ, દેવોને નામે ધર્માદામાં અર્પણ કરવું તે

ચિત્તોડની ગાદી મારે મન **દેવસમર્પણ** છે.

પુનર્દાન

દેવસમાજ [સ] પું સુધર્મા નામની દેવસભા.

દેવસમુદ્ર [સ.] પુ. એ નામનો એક સમુદ્ર.

દેવસરતિ સ્ત્રી શુદ્ધ ન. ખાનીમડળનું એક સ્ત્રી સ્વરૂપ.

દેવસરિ [સં] સ્ત્રી. ગંગા નદી.

દેવસર્ગ ૧. [સં.] પું. દસ માંહેની એક પ્રકારની પાંચમી સૃષ્ટિ. વૈકારિક સૃષ્ટિ. આ વૈકારિક સૃષ્ટિમાં ઇંદ્રિયોના અભિમાની દેવો તથા મનની સૃષ્ટિનો સમાવેશ થાય છે.

૨ પું દેવોત્પત્તિ.

દેવસર્પ [સં.] પું. એક પ્રકારનો સરસવ; રાતો સરસવ.

દેવસહ ૧. [સં.] પું. એ નામે એક પર્વત; સોમાડર પર્વત.

૨. ન. એ નામે એક ભિક્ષાસત્ર.

૩. ન. દંડોત્પલા નામની ઔષધિ.

દેવસહા [સં] સ્ત્રી દંડોત્પલા નામની ઔષધિ.

દેવસંઘવરદા [સં] સ્ત્રી. એ નામની એક દેવી; મીનાક્ષી દેવી

પ્રમુદ તળાવીના દેવ અને દેવ્યોએ સેવેલા મીનાક્ષી દેવી દેવસંઘવરદા નામથી પૂજાય છે.

ભગવતી ભાગવત

દેવસંતાન [સ] ન પ્રભુનું બાળક

દેવસંભવા [સ] સ્ત્રી વાદ્યો વગાડવામાં જન્મજાત અને કાળા હાથનો કિંમતોજ કરવાને સતવી આઠ માંહેની એ નામની એક કુશ્ત આ કળા: પ્રવકા, કૃષ્ણા, સખિની, પદ્મિની, અપતાકા, દેવસભવા, કૃપન અને વિસર્જની

દેવસાખ સ્ત્રી. દેવની સાક્ષી.

દેવસામગ્રી [સ.] સ્ત્રી. દેવપૂજન માટેનો ષોડશ સામાન.

નથી, મુજ કને કાંઈ નથી,
પૂજનની દેવસામગ્રી નથી કાંઈ. દલપતરામ

દેવસામુન્ય ૧. [સં.] ન. દેવપણું.
૨. ન. દેવસ્વરૂપ વર્ગ અનુ તે.

દેવસાર [સં.] પું. (સંગીત) ઉદ્‌ગ્રાહના ૭ માર્ગોનો એ નામનો એક ભેદ.

દેવસાવર્ણિ [સં.] પું. એ નામનો તેરમો મનુ. એનો મન્વંતર એને નામે જ ઓળખાશે. એને મિત્રસેન, વિચિત્ર એવા નામે પુત્રો થશે. એના મન્વંતરમાં સ્વર્ગમાં સુકર્મા વગેરે દેવ અને તેમનો સ્વામી દિવસ્પતિ નામે ઇંદ્ર થશે. તેમ જ નિર્મોહ, તત્ત્વદર્શી વગેરે સપ્તર્ષિ થશે અને દેવહોત્રથી તેની બૃહતી નામની ભાર્યાની કૂખે યોગેશ્વર નામે વિષ્ણુનો અવતાર થશે અને તે ઇંદ્રને મદદ કરશે એમ મનાય છે.

દેવસિંહ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

દેવસી સ્ત્રી. દિવસનું; દિવસ સંબંધી.

દેવસી પડિક્કમણું (દેવસી પડિક્કમણું) ન. (જૈન) દૈવસિક પ્રતિક્રમણ; દિવસમાં પોતાના જાતમા જાણેલા દોષની માફી અને પ્રાયશ્ચિત્ત લેવા માટે સાંજે સંધ્યા સમયે કરાતી ક્રિયા.

દેવસીય [પ્રા.] સ્ત્રી. દિવસ સંબંધી.
દેવસીય અને રાઇ એ પ્રાકૃત ભાષાના શબ્દો છે. જગન્નંદ

દેવસીય પડિક્કમણું (દેવસીય પડિક્કમણું) ન. (જૈન) સાંજનું પડિક્કમણું; દેવસી પ્રતિક્રમણ. સાધકોએ જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તેનું નામ દેવસીય પડિક્કમણું એટલે દિવસ સંબંધી પાપનો પશ્ચાત્તાપ અને શક્તિના પાછલા ભાગમાં જે પડિક્કમણું કરવામાં આવે છે તે રાઈ પડિક્કમણું કહેવાય છે.

દેવસુનિ [સં.] પું. એ નામે મહાનુ એક દ્વાર.

દેવસુંદ [સં.] પું. એ નામે એક અસુર.

દેવસૂ ૧. પું. અનુજ્ઞાકર્તા એક દેવ.
૨. [સ. દેવ + સૂ (જન્મ આપનાર)] સ્ત્રી. દેવોની માતા અદિતિ.

દેવસૃષ્ટ [સં. દેવ + સૃષ્ટ (સર્જેલ)] વિ. દેવે સર્જેલ; દેવે ઉત્પન્ન કરેલ.

દેવસૃષ્ટા [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.

દેવસૃષ્ટિ [સં.] સ્ત્રી. પુરાણ; સાહજિકતા; કુદરતના સાહજિક દેખાવ.
પ્રાચીન ગ્રીસની દેવસૃષ્ટિમાં સાહિત્ય અને કલાની અધિષ્ઠાત્રી શક્તિઓને દેવીઓ નહિ પણ દિવ્ય સુંદરીઓ કલ્પેલી છે. બળવંતરાય

દેવસેના ૧. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૪ અને ઉત્તર ક્રાંતિવૃત્ત ૨૪માં આવેલો ત્રીજા મહત્ત્વનો એક તારો.
૨. સ્ત્રી. ઇંદ્રની એ નામની કન્યા.
૩. સ્ત્રી. (પુરાણ) એ નામની પ્રજાપતિની એક કન્યા અને સ્કંદની પત્ની. તે સાવિત્રીના ગર્ભથી ઉત્પન્ન થઈ હતી. તેનું બીજું નામ ષષ્ઠી અથવા મહાષષ્ઠી પણ છે. તે માતૃકાઓમા ત્રીજા ક્રમે આવ્યાનું પ્રસિદ્ધ કરનારી મનાય છે. એને એક વાર કેટલો દાનવ હરી ગયો હતો, પણ ઇંદ્રે તેની રક્ષા કરી અને સ્કંદની સાથે તેનો વિવાહ કરી દીધો. વિવાહમાં બૃહસ્પતિએ હોમ જપ વગેરે કરેલ.
૪. [સં. દેવ + સેના (લશ્કર)] સ્ત્રી. દેવોની સેના; દેવસૈન્ય.
૫. સ્ત્રી. અપ્સરાનુ.
૬. સ્ત્રી. સોળ માહેની એ નામની એક માતૃકા.

દેવસેનાપતિ ૧. [સં.] પું. ઇંદ્રનો પુત્ર, દેવસેનાનો નાયક.
૨. પું. પ્રતિક સ્વામી; સ્કંદ.

દેવસેવા ૧. [સં. દેવ + સેવા (પૂજા)] સ્ત્રી. દેવતાની સેવા; દેવની પૂજા.
૨. સ્ત્રી. દેવની મૂર્તિની પૂજા; મૂર્તિપૂજા.

દેવસ્ત્રી [સં.] સ્ત્રી. દેવી.

દેવસ્થલ ૧. [સં.] ન. દેવની જગ્યા; પવિત્ર દેવભૂમિ
૨. ન. મંદિર; દેવળ; દેવું.
વૈષ્ણવે અહોરાત્ર કીધો તુંગાર્યું દેવસ્થલત. પ્રેમાનંદ

દેવસ્થળ જુઓ દેવસ્થલ.

દેવસ્થાન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. પાંડવો જ્યારે વનવાસમાં હતા, ત્યારે તેણે તેમોને ઉપદેશ આપ્યો હતો, તેમ જ જ્યારે યુધિષ્ઠિરને રાજ્ય મળ્યું ત્યારે તેને અનેક પ્રકારનો ઉપદેશ કરીને રાજ્યકામ કરતાં રોકયા હતા.
૩. ન. મંદિર; જુનવાણા; દેવાલય; દેવનું સ્થાન; દેવની જગા; દેવમંદિર; દેવું; દેવળ.
૪. ન. સ્વર્ગ; દેવોને રહેવાનું સ્થાન.

દેવસ્થાનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

દેવસ્થાનું ૧. ન. દેવળ; મંદિર; દેવસ્થાન.
૨. ન. પવિત્ર વસ્તુ.
સેવક જો મુક્તામણીનું દેવસ્થાનું કંચાય. સોરઠી બહારવટિયા

દેવસ્થાપના [સં.] સ્ત્રી. દેવને મંદિરમાં પધરાવતી વખતે થતી ક્રિયા.

દેવસ્વ [સં.] ન. દેવધન; દેવની સેવા માટે આપેલું ધન; દેવને ભેટ ધરેલ મિલકત; ધર્માદાનો પૈસો.

દેવસ્વરૂપ [સં.] વિ. દેવના જેવા સ્વરૂપવાળું.

દેવસ્વાપહરણ જુઓ દેવસ્વાપહાર.

દેવસ્વાપહાર [સં.] પું. દેવવસ્તુની ચોરી.

દેવહરા [હિં.] પું. દેવળ, દેવાલય; મંદિર.

દેવહરિયા [હિં.] સ્ત્રી. એક પ્રકારની નાવ.

દેવહવિષ્ ૧. [સ. દેવહવિષ્] ન. દેવ નિમિત્તક હવ્ય.
૨. ન. પશુ.

દેવહવ્ય [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

દેવહંસ [હિં.] પું. એક જાતનું ઝાડ.

દેવહા [સં.] સ્ત્રી. સરસ્વતી નદી.

દેવહિત ૧. [સં.] વિ. દેવના હિતનું.
૨. વિ. દેવનું સ્થાપેલ.
૩. વિ. દેવે દીધેલું; ઈશ્વરદત્ત.
અડ કહેપી સહીએ દેવ !
અડ જાણીએ અસુરી માયા !
દિવસ આવે સ્તુતિ કરતાં,
તરીયે માણીએ દેવહિત આયુ !
પ્રબોધનિધિ

દેવહુતાશ [સં.] ન. પવિત્ર અગ્નિ.
પ્રકાશી છે દેવહુતાશ,
જગાડું એ અલખધુનિ અહર્નિશ.
જગાજગત

દેવહૂ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. કાળો કાન.
૩. સ્ત્રી. દેવનું આવાહન; દેવને બોલાવવો તે.
૪. ન. વડા માટે ડાંગરથી જાડેલું ગાડું.
૫. વિ. દેવનું આવાહન કરનાર; દેવને બોલાવનાર.

દેવહૂતિ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.
બ્રહ્મા પાસે કર્દમ પ્રજાપતિ; પ્રજામાં શ્રમ પામી સહી; બિંદુ સરોવર વિષે તેમનું પવિત્ર અંગ ધ્રુજ્યું સહી. તેના શરીર વિષે બની, જાં નદી એક ઉત્પન્ન થઈ; દેવહૂતિ નામ સરિતા, પ્રસવ્યા જેની અર્ધાંગની. પરમેષ્ઠિ શ્રીમદ્‌ભાગવત
૨. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મનુની ત્રણ માહેની વચલી પુત્રી. એ કર્દમ ઋષિની સ્ત્રી હતી. કર્દમ પ્રજાપતિ પાસે એને કલા, અનસૂયા વગેરે નવ કન્યા અને કપિલ નામનો પુત્ર થયો હતો. સાખ્યશાસ્ત્રના કર્તા આ કપિલ પોતાની માતા દેવહૂતિને આત્મતત્ત્વોપદેશ કરીને ચાલી નીકળ્યા પછી એણે નદીરૂપે થઈ ઝર્યા પોતાનો દેહ તજ્યો હતો.
સ્વાયંભુવ મનુની બીજાને પવિત્ર કરનારી પહેલી કન્યા આકૂતિ, બીજી દેવહૂતિ અને ત્રીજી પ્રસૂતિ એવાં નામથી પ્રખ્યાત હતી. બાલકવી ઠાકોર

દેવકૃત્યખિલાર્થદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર આદેનું એક નામ.

દેવકૂપ [સં.] પું. દેવો તથા અસુરોનું યુદ્ધ.

દેવહેડન (દેવહેડન) જુઓ દેવહેલન.

દેવહેલન [સં.] ન. દેવનો અપરાધ; દેવનું અપમાન.

દેવહોત્ર ૧ પું (પુરાણ) દેવસાવર્ણિ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારનો પિતા

૨. [સં.] પું (પુરાણ) સ્વાયંભુવના ઉત્તાનપાદ કુળમાં જન્મેલા ઉપરિચર રાજાના યજ્ઞનો એક ઋત્વિજ.

દેવહ્રદ [સં.] ન. એ નામે એક તીર્થ; શ્રી પર્વત ઉપરનું એ નામનું સરોવર. તેમાં સ્નાન કરવાથી યજ્ઞનું ફળ મળે એમ મનાય છે.

દેવળી ૧. સ્ત્રી. આબુગઢમાં સ્થપાયેલા જૈન રજપૂતોની એક જાતિ.

૨. [સં. દેવકૃત; પ્રા. દેઉઅ] ન. ઈશ્વરસ્તુતિ અથવા પ્રાર્થના કરવા બાંધેલી જગ્યા; પ્રાર્થના કરવાનું સ્થળ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. ન. મૂર્તિમાન દેવની પૂજા ભક્તિ કરવાનું દેરું. દેવળ એ શબ્દ દેવીની જગ્યા એવા અર્થમાં વપરાય છે. દેવળનો આકાર ખાસ ચોમટવાળો હોતો નથી. મંદિર પણ્ણબંધ ઢબેલીના ઘાટનું હોય છે અને તે ઘરના અર્થમાં પણ વપરાય છે. દેરું, દેવળ અને મંદિર એ બધે ધર્મસ્થાન છે. જૈન ધર્મનું દેવસ્થાન ચોમટવાળું હોય કે ન હોય તોપણ તેને દેરું કે દેરાસર કહે છે. મોક્ષાર્પિષ્ટ, સ્વામીનારાયણ વગેરેના ધર્મસ્થાન માટે મંદિર વપરાય છે. મહાદેવ કે માતાના સ્થાનક માટે દેવળ વપરાય છે, પણ જો તેનો આકાર ચોમટવાળો હોય તો દેરું કહેવાય છે. ખ્રિસ્તી ધર્મ સંબંધી મકાનને દેવળ કે ચર્ચ કહે છે. દેરું અને દેવળ એક જ અર્થમાં વપરાતા નથી. અશોકના વખત પછી દેવળોનાં થાંભો શરૂ થયાં હોય એમ જણાય છે. આ ઉપરથી એમ જણાય છે કે જૈન ધર્મના વિસ્તાર પૂર્વે પથ્થરનાં કોતરકામ જ્યારે જ કરે અને જો પથ્થરનાં દેવળો હોય તોપણ તદ્દન સાદાં જ કરે.

દ્રષ્ટા દેહ દેવળમાં દેવ, સેવક થઈને કરને સેવ.
પ્રીતમ

દેવળ ચડવું = ઊંડું ચકવું. નાગડા આળા કાકરાં, નવ કોર્સ રીસ કરે, દેતલની દેવળ ચડે, સાતો મોંઘ સરે.–ગોમુડી

૫. ન. શરીર.

મારો હંસલો નાનો ને દેવળ ભાનું લો થયું.
મહાનંદ

૬. વિ. એ નામની જાતિનું.

દેવળવાળો ૧. પું દેવળની અંદરનો દેવ; ઇષ્ટદેવ; ડાકોરનો; ભગવાન.

આપા ! દેવાવાળાનું દેવસું ! પાછા ફરો.
ચોરટી બહારવટિયા

૨. પું. સૂર્ય મહારાજ.

દેવા ૧. પું. દેવ.

૨. પું. દેવર; દિયર; દેર; પતિનો નાનો ભાઈ.

૩. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ, અમલપર્ણી.

૪. સ્ત્રી. એ નામનો એક કુલછોડ.

૫ સ્ત્રી. દેવચકલી; દેવસકી.

૬. સ્ત્રી. દેવી.

૭. સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.

૮. વિ. આપનાર; અર્પનાર; દાતા.

૯. વિ. દેવદાર; ઝણી.

દેવાકર પું. દિવાકર; સૂર્ય.

દીવડા રે તુમ કર જોરી,
તોને દેવાકર શિર સાખી જોરી. નરસિંહ

દેવાકોર [સં.] પું. દેવનો નગરીચો; દેવોદ્યાન.

દેવાખ્યાન [સં.] ન. દેવતાઓની કથા.

દેવાગાર [સં. દેવ + આગાર (મહેલ)] પું. મંદિર.

દેવાગારમાં પૂજા ઉત્સવ તેમ અમારી
અંતર્મુહામાં પુત્રીનાં પુષ્પોના પરિમલ પ્રસરી રહ્યા. નાનાલાલ

દેવાગારિક [સં.] વિ. દેવની પૂજામાં નિમાયેલ.

દેવાગ્નિ [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

દેવાચી [સં.] સ્ત્રી. દેવોની પૂજા કરનારી સ્ત્રી.

દેવાજીવ [સં.] પું. દેવની પૂજા કરી આજીવિકા ચલાવનાર માણસ; પૂજારી.

દેવાજીવી [સં. દેવાજીવિન્] પું. પૂજારી.

દેવાજ્ઞા ૧. [સં. દેવ + આજ્ઞા] સ્ત્રી. દેવનો હુકમ.

મોકો દેવદેવીઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી મંદિરો બિલકુલ ને ત્યાં ઓરડા-દેવાજ્ઞા નાહવાને પૂજારીઓ રાખતા. નર્મદાશંકર

૨. સ્ત્રી. મન્નત; બરણ.

દેવાજ્ઞા લીધી = બરણ પાળવું. રાજમહારાજાના બરણ સંબંધમાં આ પ્રયોગ થાય છે.

દેવાટ ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ; પાટલિપુત્રથી ગંગાપારે આવેલું હરિહર ક્ષેત્ર.

૨. [સં. દેવ + અટ્ (જવું)] વિ. દેવ તરફ જનાર.

દેવાડવું (દેવાડવું) ૧. સ. ક્રિ. આપવું.

૨. સ. ક્રિ. ચોડવું; લગાડવું.

૩. સ. ક્રિ. ઝાપટવું; મારવું

૪. સ. ક્રિ. દેવડાવવું; અપાવવું.

દેવાડું (દેવાડું) ન. (બા. પ્ર.) દેરું; મંદિર.

દેવ દેવાડે માન્યા જોગ,
માય તાય મિલવા સંયોગ. લાવણ્યસમય

દેવાણી ૧. સ્ત્રી. ગોહિલવાડી મેરામા કણબી, લોહાણા, ખોજા અને રજપૂતની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દેવાનુપ્રિય ૧ [સં. દેવાનાં પ્રિય] ન. બકરું. બલિદાન માટે દેવને પ્રિય મનાતું હોઈને બકરું પણ દેવપ્રિય કહેવાય છે.

૨. [પ્રા.] વિ. દેવોને પ્રિય; દેવપ્રિય; મહારાજ. આ એક ગૌરવ સંબોધન છે. જૈનોમાં આ અર્થમાં આ શબ્દ વપરાય છે.

પ્રભુ આપે થાએ સુખ જેમ,
દેવાનુપ્રિયા કરો તેમ. આનંદઘનચોવીસી

૩. વિ. મૂર્ખ.

દેવાનુપ્રિયા ૧. [સં. દેવાનાં પ્રિયા] સ્ત્રી. બકરાની જાતનું પ્રાણી તે બલિદાન માટે દેવોને પ્રિય મનાય છે.

૨. વિ. ભક્ત; ભક્તાનુભાવ; દેવ સરખો પ્રિય; શ્રાવક પ્રત્યે વપરાતો સંબોધનવાચક શબ્દ; દેવતાના વલણ.

જેમ સુખ આવે તુજ,
તેમ કરો દેવાનુપ્રિયા. જિનહર્ષ

૩. વિ. મૂર્ખ.

દેવાનુષ્ઠ [સં. દેવ + ત્વ (પણું)] ન. દેવતા; દેવપણું; દેવશક્તિ; દેવત્વ.

દેવાનૂન જુઓ દેવાનુષ્ઠ.

દેવાનિધિ [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરૂરવોત્પન્ન અજમીઢના વંશમાં થયેલ અજનું રાજના વંશના ક્ષેમન રાજાનો એ નામનો પુત્ર.

દેવાનિધિકલ્પ ૧. [સં.] પું. એ નામનો એક ગ્રન્થવૈદિક ઋષિ. તેણે આઠમા મંડલનું ત્રીજું સૂક્ત રચ્યું છે.

૨ પું સામવેદનો એ નામનો એક ઋષિ.

દેવાનિદેવ ૧. [સં. દેવ + અતિ (પર) + દેવ] પું. મુખ્ય

૨ પું દેવાધિદેવ; દેવોનો દેવ; પરમેશ્વર.

૩. પું. (જૈન) દેવોના પણ દેવ; તીર્થંકર.

૪. પું. દેવોનો અધિપતિ; ઇંદ્ર.

૫. પું વિષ્ણુ

૬. પું શિવ

દેવાત્મશક્તિ [સં.] સ્ત્રી. વિત્તશક્તિ.
બહાતત્વની મૂળ પ્રભુ જાણવાની પ્રેરક દૈવીશક્તિને ઉપનિષદમાં પરાદેવતા અથવા દેવાત્મશક્તિ અથવા ચિત્શક્તિ કહે છે. સ્વામી સચ્ચિદાનંદ

દેવાત્મા ૧. [સં. દેવાત્મન્] પું. દેવનો આત્મા.
૨. પું. પીપળાનું ઝાડ.
૩. વિ. દેવસ્વરૂપ; દેવમય.

દેવાદાર [અ. દયન્ (દેવું) + દાર (વાળું)] વિ. દેણદાર; કરજદાર; જેને માથે દેવું હોય એવું.

દેવાધાન્ય પું. એક જાતનું અનાજ.

દેવાધિ [સં.] વિ. દેવોમાં મોટું.

દેવાધિદેવ ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. કૃષ્ણ.
૩. પું. (જૈન) જિનદેવ; તીર્થંકર.
૪. પું. દેવનો પણ દેવ; ઈશ્વર; પરમેશ્વર.
૫. પું. વિષ્ણુ.
૬. પું. શંકર; મહાદેવ.

દેવાધિપ ૧. [સં.] પું. ઉંદર; દેવોનો અધિપતિ.
૨. પું. કૃષ્ણ.
૩. પું. (પુરાણ) દ્વાપરયુગમાં પેદા થયેલ એ નામનો એક રાજા.
૪. પું. પરમેશ્વર.
૫. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.
૬. પું. શંકર; શિવ.

દેવાધિપતિ ૧. [સં.] પું. ઉંદર; દેવોનો અધિપતિ.
૨. પું. કૃષ્ણ.
૩. પું. શિવનાં શ્વસુર મહિનું એક નામ.
૪. પું. સર્વજ્ઞનિયંતા પરમેશ્વર.

દેવાન ૧. પું. અમાત્ય; મંત્રી; વજીર.
૨. પું. પ્રબંધકર્તા.
૩. [જુ. દીવાન] સ્ત્રી. કચેરી; દરબાર, રાજસભા.
૪. વિ. દેનાર; આપનાર.
શ્રોતા વક્તા સાધણી,
જ્ઞાનદાત્રિ દેવાન. સામળ

દેવાનંદ પું. તત્ત્વજ્ઞાન સમજાવનાર સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક સાધુ. ગુજરાતી સાહિત્યમાં પ્રકટ થયેલા ઉપદેશનાં પદ્યોનો સંગ્રહ કર્તા કોણ્યા એટલે કોને? શક્ત અને દેવાનંદ તરફથી જેટલો ઉમેરવામાં આવ્યો છે તેટલો સંગ્રહ બીજા કોઈ વિદ્વાનોથી મળતો નથી. દેવાનંદના પદ્યનો જથ્થો પણ એક સ્વતંત્ર પુસ્તકરૂપે બહાર પડી ચૂક્યો છે. જેમ બાળવર્ગને ઉપયોગી પદ્યની ગુજરાતી સાહિત્યમાં ખોટ જણાય છે, તેમ વૃદ્ધ મંડળ માટે યુદ્ધ અને સિદ્ધ પદ્યોના સંગ્રહની ખોટ પણ જણાય છે. તે ખોટ દેવાનંદના પદ્યસંગ્રહથી પૂરી પડે તેમ છે. ગુજરાતી સમાજમાં મુખપરંપરાથી એનાં પદો જેટલાં બચી રહેવાં જોઈએ તેટલાં બચી રહેવાં જોઈએ તેટલાં બચી રહ્યાં છે કે નિરક્ષર ભિક્ષુકો ગુજરાતનાં ગામડેગામડાંની ગલીએ ગલીએ દેવાનંદનાં પદો ગાઈ બજાવીને ખુશ કરી પોતાનું ઉદરપોષણ મેળવતા જણાય છે. નવરાત્ર જેવા ઉત્સવોમાં પણ ગુજરાતની કેટલીક સ્ત્રીઓ દેવાનંદની ગરબીઓ ગાઈ રાસસમૂહના ચિત્તનું રંજન કરે છે.

દેવાનંદા ૧. સ્ત્રી. (જૈન) એ નામની બ્રાહ્મણી. બ્રાહ્મણકુંડ ગ્રામ નગરના ઋષભદત્ત બ્રાહ્મણની એ નામની સ્ત્રી અને મહાવીર સ્વામીની પ્રથમ ગર્ભ ધારણ કરનારી માતા. તેની કુખે મહાવીર પ્રભુનો ગર્ભ રહ્યો હતો, પરંતુ પૂર્વજન્મના બંધને લીધે સાડીબ્યાસી રાત્રિ પછી તે ગર્ભ દેવોએ ત્રિશલાદેવીને પેટ ફેરવ્યો હતો.
૨. સ્ત્રી. જૈન મત પ્રમાણે પદ્મલેશ્યાની પંદરમી રાત્રિ

દેવાનાંપ્રિય ૧. [સં.] પું. દેવોને પ્રિય માણસ.
૨. પું. બકરો.
૩. વિ. દેવોને પ્રિય એવું. અશોક માટે આ વિશેષણ વપરાતું.
૪. વિ. મૂર્ખ.

દેવાનાંપ્રિયા ૧. [સં.] સ્ત્રી. બકરી.
૨. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

દેવાનાંતુહ્ય [સં.] પું. વેદમાં વપરાયેલું કહેવું એક નામ.

દેવાનીક ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો કુશદ્વીપનો એક પર્વત.
ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વકેશ અને દ્રવિણ એ નામના કુશદ્વીપના સાત પર્વતો છે. ભાગવતી ભાગવત
૨. પું. ત્રીજા મનુ સાવર્ણનો એ નામનો એક પુત્ર.
૩. પું. સગર વંશનો એક રાજા.
૪. પું. (પુરાણ) સોમવંશી ક્ષત્રવૃદ્ધ પુત્રોત્પન્ન કુશવંશીય ક્ષેમધન્વા રાજાનો એ નામનો પુત્ર. એ બધો પરાક્રમી હતો. એને અનીહ અજર અમરેશ્વર નામે એક પુત્ર હતો.
૫. [સં. દેવ + અનીક (લશ્કર)] ન. દેવતાની સેના; દેવોનું સૈન્ય.

દેવાનુક્રમ [સં.] પું. વૈદિક મંત્રોના દેવોને જણાવનાર એક ગ્રંથ.

દેવાનુગ જુઓ દેવાનુચર

દેવાનુચર ૧. [સં] પું દેવતાની સાથે સાથે ચાલનાર વિદ્યાધર વગેરે ઉપદેવ.
૨ વિ. દેવનો અનુચર; દેવનો સેવક.

દેવાનુપૂર્વી [સં. દેવ + અનુપૂર્વી] સ્ત્રી. (જૈન) પુણ્યરૂપ ગણાતી ૪૨ પ્રકૃતિની એ નામની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ સીધો દેવગતી ગતિમાં જાય છે.

દેવાનુપ્રિય [સં. દેવાનાંપ્રિય] વિ. (જૈન) મહાનુભાવ; દેવ સરખા પ્રિય; દેવોને વહાલું; દેવપ્રિય; ભદ્ર; મહાશય. આ એક જાતનું હોમગ સંબોધન છે.

દેવાનુયાયી જુઓ દેવાનુચર.

દેવાન્ન ૧. [સં. દેવ + અન્ન] ન દેવોનું અન્ન; અમૃત; પીયૂષ; સુધા.
૨. ન. હોમેલ વસ્તુ.

દેવાપગા [સં દેવ + આપગા (નદી)] સ્ત્રી ગંગા.

દેવાપરાધી [સં. દેવ + અપરાધિન્ (ગુનેગાર)] વિ. દેવનો અપરાધ કરનાર.

દેવાપિ ૧. [સં.] પું. (પુરાણ) તપથી બ્રાહ્મણ થયેલ એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં કર્યું મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક રાજા.
૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના વંશમાં થયેલ જહનુ રાજાના વંશના પ્રતીપ રાજાના જ્યેષ્ઠ પુત્રનો એ નામનો મોટો પુત્ર. એ શાંતનુ અને બાહ્લીક કરતાં મોટો હોવાથી પિતાની પછી રાજ્યાધિકારી બનો, પણ એને કોઢ નીકળેલો હોવાથી પ્રજાએ એને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી શાંતનુને ગાદીએ બેસાડ્યો. તે ઉપરથી દેવાપિ કલાપગ્રામને વિષે તપ કરતો હતો. મોટો ભાઈ કુંવારો છતાં પોતે પરણવાથી શાંતનુ જેમ પરિવેત્તા હતો, તે જ પ્રમાણે મોટા ભાઈનો અનાદર કરીને એને દૂર કરી રાજગાદી ઉપર બેસવાથી એના રાજ્યમાં બાર વર્ષ પર્યંત દુકાળ પડ્યો. આમ થવાથી શાંતનુ દેવાપિ પાસે આવ્યો અને પોતાના થયેલ અપરાધની ક્ષમા માગી. તે વખત દેવાપિએ કહ્યું કે, હવે તને હું આજ્ઞા કરું છું કે તારે જઈ ને સ્વસ્થપણે રાજ્ય કરવું તે ઉપરથી શાંતનુ પાછો ગયો અને સ્વસ્થતાથી રાજ્ય કરવા લાગ્યો. પછી એના રાજ્યમાં વૃષ્ટિ પણ થઈ અને સુકાળ થયો. તે કલાપગ્રામમાં તપ કરે છે અને આવતા સત્યયુગમાં ફરી સોમવંશની વૃદ્ધિ કરનારો થશે એવી માન્યતા છે.

દેવાપિ આર્ષ્ટિષેણ પું એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે સૂક્તમાં મંડલનું ૯૮મું સૂક્ત રચ્યું છે.

દેવાભયપ્રદાતા [સં. દેવ + અભય (ભયનો અભાવ) + પ્રદાતૃ (આપનાર)] પું. પુરુષોત્તમનાં ઉત્તર મથુરાનું એક નામ.

દેવાયા [સં.] સ્ત્રી. સીતાનાં ઉત્તર મથુરાનું એક નામ.

દેવાર્પીય [સં.] વિ. દેવોને વહાલું.

દેવાલીપ્સા [સં.] સ્ત્રી. નાસરવેલ.

દેવાયતન ૧. [સં. દેવ + આયતન (ઘર)] ન. દેવમંદિર; દેવાલય; દેવળ.
૨. ન. સ્વર્ગ.

દેવાયુ [સં. દેવાયુસ્] પું. દેવનું આયુષ્ય; દેવની અવસ્થા; દેવનો કાર્યકાળ.

દેવાયુધ [સં.] ન. ઉલ્કાનું હથિયાર; ઉલ્કાપુચ્છ ઉલ્કાનું વજ્ર વગેરે.
૨. ન. દેવનું હથિયાર.

દેવાયુષ [સં. દેવ + આયુસ્] ન. દેવતાનો અવ.
સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ એ દેવાયુષના બંધહેતુ છે.
તત્ત્વાર્થસૂત્ર

દેવાયુષ્ક [સં. દેવ + આયુષ્ક] ન. (જૈન) દેવતાનો અવ; દેવતાનું આયુષ્ય; પુણ્યરૂપ ગણાતી ૪૨ પ્રકૃતિની એ નામની એક પ્રકૃતિ.

દેવાયુસ [સં. દેવાયુસ્] ન. દેવોનું આયુ, દેવતાનો જીવનકાળ.

દેવારણ્ય ૧. [સં.] ન. એક પ્રાચીન તીર્થ.
૨. ન. (જૈન) દેવતાનું જંગલ; દેવોને જંગલ જેવું સ્થાન; તમરકાય.
૩. ન. દેવોનું વન; નંદનવન.
૪. ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

દેવારસ [હિં.] પું. કાંપવાળી જમીનનો ટુકડો.

દેવારાધન [સં. દેવ + આરાધન] ન. દેવની પૂજા.

દેવારિ [સં. દેવ + અરિ (શત્રુ)] પું. અસુર; દૈત્ય

દેવારી [હિં] સ્ત્રી. દીપાવલી, દિવાળી.

દેવાર્ચન [સં. દેવ + અર્ચન (પૂજન)] ન. દેવપૂજન; દેવસેવા; દેવપૂજા.

દેવાર્ચના [સં.] સ્ત્રી. દેવની પૂજા.

દેવાતિદેવ [સં.] પું. શિવ.

દેવાર્પણ [સં.] ન. દેવોને અર્પણ.

દેવાર્ય ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક અર્હદ્ગણ.
૨. પું. (જૈન) મહાવીર સ્વામીનું એક નામ.

દેવાર્ય્ય [સં.] પું. (જૈન) અર્હંતનો એ નામનો એક ભવ.

દેવાર્હ ૧. [સં.] ન. એ નામનું ઝાડ; સુરપર્ણ.
૨. [સં. દેવ + અર્હ (લાયક)] વિ. દેવને લાયક; દેવને યોગ્ય.

દેવાર્હા [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; સહદેવી.

દેવાલ [હિં.] વિ. આપનાર; દાતા.

દેવાલય ૧. [સં. દેવ + આલય (રહેવાનું)] ન. દેવમંદિર; ધર્મસ્થાન; મંદિર; દેહ; દેવળ.
૨. ન. સ્વર્ગ; અમરસદન; દેવલોક.

દેવાલયવિદ્યા [સં.] સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રણેય માંહેની એ નામની એક વિદ્યા.

દેવાલયવૃક્ષ [સં.] ન. એક જાતનું ઝાડ.

દેવાલયા [સં.] સ્ત્રી. સહદેવીનો વેલો.

દેવાલા ૧. [હિં.] પું. દીવાળું.
૨. [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.
૩. સ્ત્રી. (પુરાણ) એ તરીકે મૂર્તિમાન સંગીત.

દેવાલિયા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. [હિં.] વિ. પું. દીવાળિયો.

દેવાલી ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૨. સ્ત્રી. દેવનું વસ્ત્ર હોવું તે; વેવલાઈ.
૩. સ્ત્રી. હિંદુઓનો એક તહેવાર; દિવાળી. તે દિવસે હિંદુઓ ગંગામાં સ્નાન કરીને શ્રાદ્ધ કરે છે અને રાત્રે લક્ષ્મીપૂજન કરે છે. આખી રાત ઘર અને દુકાનોમાં રોશની કરવામાં આવે છે.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

દેવાલી [સં. દેવ + આલય (રહેવાનું)] ન. દેવાલય; મંદિર.

દેવાલોક ૧. સ્ત્રી. ઉતારની ઠેકડી.
૨. [હિં.] સ્ત્રી. દેવાલેવાનું કામ; લેણદેણ.

દેવાવાસ ૧. [સં. દેવ + આવાસ (રહેવાનું સ્થાન)] પું. દેવમંદિર.
૨. પું. પીપળાનું ઝાડ.
૩. પું. મેરુ પર્વત.
૪. પું. સ્વર્ગ.

દેવાવી ૧. [સં.] પું. ચંદ્ર.
૨. પું. વટ.

દેવાવું ૧. અ. ક્રિ. ખૂટી જવું; નાશ થઈ જવો.
૨. અ. ક્રિ. મુસાનીમાં ઊતરી જવું.
૧. દેવાઈ જવું = દેવામાં આપાઈ જવું; કાંઈ બાકી ન રહેવું.
૨. પડતે વેચે દેવાશે = (૧) અનુભવ મૂર્ખને શીખવે છે. (૨) પ્રસંગ પ્રમાણે વર્તવામાં આવશે.

દેવાવું ૨. અ. ક્રિ. બંધ થઈ જવું; ઢંકાઈ જવું. જેમકે, બારણું દેવાયું.

દેવાવું ૩. અ. ક્રિ. અપાઈ જવું; સોંપાઈ જવું; અપાવું.

દેવાવું ૪. અ. ક્રિ. દાન થઈ જવું; અર્પણ થઈ જવું.

દેવાવૃત પું. એ નામનો એક પર્વત.

દેવાવૃધ ૧. [સં. દેવાવૃધ્] પું. એ નામનો એક પર્વત.
૨. [સં.] પું. (પુરાણ) સહદેવના પુત્ર શતાનીકે ભારતના યુદ્ધમાં મારેલો દુર્યોધન પક્ષનો એ નામનો રાજા.
૩. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત માંહેનો પાંચમો પુત્ર. એના પુત્રનું નામ અનમિત્ર હતું.

દેવાશ્મયી ૧. પું. દેવનો ચોખલો.
૨. પું. દેવનો ભાત.
૩. વિ. દેરાસરી; દેર.સરમાં રહી તેમનાં દેવની નિયમિત પૂજા કરનાર.
હો વિજયશ્રી દેવાશ્મયી, તપિયા સંન્યાસી જન.
વસ્તો
૪. [સં. દેવાશ્રયિન્] વિ. દેવનો આશ્રય કરીને રહેનારું.

દેવાષ્ય [સં.] પું. ઉચ્ચૈઃશ્રવા નામનો ઇંદ્રનો ઘોડો.

દેવાસુર ૧. પું. ગાયકૂતનો એક ભાગ.
૨. [સં.] પું. દેવ અને અસુર.
૩. વિ. દેવ અને રાક્ષસો વચ્ચેનું.

દેવાસુરગણ્રામણી [સં.] પું. શિવનાં ઉત્તર મથુરાનું એક નામ.

દેવાસુરગણાધ્યક્ષ જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરગણાશ્રય જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરગુરુ જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરગુરુદેવ જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરનમસ્કૃત જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરપતિ જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરપરાયણ જુઓ દેવાસુરગણ્રામણી.

દેવાસુરમહામાત્ર જુઓ દેવાસુરસંગ્રામણી.

દેવાસુરમહાસંગ્રામ જુઓ દેવાસુરસંગ્રામણી.

દેવાસુરમહેશ્વર જુઓ દેવાસુરસંગ્રામણી.

દેવાસુરવરપ્રદ જુઓ દેવાસુરસંગ્રામણી.

દેવાસુરવિનિર્માતા જુઓ દેવાસુરસંગ્રામણી.

દેવાસુરસંગ્રામ ૧. [સં.] પું. દેવ અને અસુર વચ્ચેનું યુદ્ધ.

૨. પું. પોતાના ઉત્કર્ષ માટે સત્ત્વ, રજસ અને તમસ એ ગુણોનું બીજા ગુણો સાથે મહાલની પેઠે થતું દ્વંદ્વ યુદ્ધ. એક ગુણને બાજો ગુણ દબાવવા આવે છે, ત્યારે પહેલો ગુણ જોરમા આવે છે. આ સંગ્રામને પુરાણોમાં અને શ્રુતિમા પણ દેવાસુરસંગ્રામરૂપે વર્ણવેલ જોવામાં આવે છે.

દેવાસુરેશ્વર જુઓ દેવાસુરસંગ્રામણી

દેવાહાર [સં. દેવ + આહાર (ખોરાક)] પું. દેવને યોગ્ય આહાર; અમૃત.

દેવાહ્વય [સં.] પું. એ નામનો એક રાજા.

દેવાળિયું વિ. લેણદારોને પૂરી રકમ નહિ આપી શકનાર; નાદાર; કરજ અદા ન કરી શકનાર. દીવાળું કાઢનારું.

દેવાળિયો ૧. પું. ઝાડગોટિયો; સિંધાળામાં ઉત્તરથી ગુજરાત તરફ આવતું આકાશનો, કેસારી, ઝીણા જંતુ વગેરે ખાનાર પક્ષી; ભરીચ.નો દોરત મણાતું એક સુંદર પક્ષી

૨. પું. લેણદારોને પૂરી રકમ નહિ આપી શકનાર માણસ; નાદાર; કરજ અદા ન કરી શકનાર આસામી; જેણે દીવાળું કાઢવું હોય એવો માણસ.

દેવાળિયાને દિવાળી, વહેવારિયાને હોળી = દેવાળિયો છૂટે હાથે ખર્ચ અને આનંદ કરે, ત્યારે વહેવારી માણસને ખરચ કરવામાં બહુ મુશ્કેલી પડે છે

દેવાળું ન. દેવું આપવાની અશક્તિ; લેણદારોને લેવું આપવાની ના પાડવાની સ્થિતિ; અવળી મોમડી મૂકી તે; સાખ જાડી તે; નાદારી.

૧. ટાંટ દેવાળું = ઝીણું ઝીણું પણ એકેકરે ભારે ખરચ.

૨. દીવે શું દેવાળું આવવાનું છે ? = દીવો બાળવાથી કંઈ દીવાળું આવતું નથી.

૩. દેવાળું કાઢવું-ફૂંકવું = આપનારાઓને આપવાને કશું નથી એમ જાહેર કરવું.

દેવાળો પું. જૂતો.

દેવાંગ વિ. સિંગાપતનું બીજું નામ.

દેવાંગત સ્ત્રી. દેવની મૂર્તિ.

દેવાંગત થવું = મરણ પામવું; દેવગતિ પામવુ.

દેવાંગના ૧. [સં. દેવ + અંગના (સ્ત્રી)] સ્ત્રી. દેવની સ્ત્રી.

૨. સ્ત્રી. પરી; અપ્સરા.

૩. સ્ત્રી. દેવની ભક્તિમાં રહેનારી સ્ત્રી.

૪. સ્ત્રી. દેવી.

દેવાગ્રી [સં. દેવ + અગ્રિન્ (શરીરવાળું)] વિ. દેવના અંગ જેવું; દેવી; દિવ્ય; દેવતાઈ; સ્વર્ગીય.

દેવાંતક [સં.] પું. (પુરાણ) રાવણનો એ નામનો એક દીકરો. તેને હનુમાને હણ્યો હતો.

દેવાંતકા ૧. સ્ત્રી. એ નામની ભારોટની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

દેવાંશી [સં. દેવ + અંશ (ભાગ) + ઇન્ (વાળું)] વિ. દેવના અંશવાળું; દેવના સ્વરૂપવાળું; દેવી ગુણવાળું; દેવના જેવા રૂપ અને તેજવાળું; સુંદર; ઝળિયાન. દિવ્ય; દેવતાઈ.

દેવાંશી ખિસ્કોલી સ્ત્રી. એક જાતનું ખિસકોલી જાતનું ચોપગું પ્રાણી. એનો રંગ ધોળો પણ માંહે લાલનો આભાસ મારતો હોય છે અને તેની લંબાઈ આશરે આઠ ઇંચની હોય છે.

દેવિક ૧. [સં.] પું. દાસીપુત્ર દેવદત્ત.

૨. પું. ધતૂરો.

૩. વિ. દેવમાંથી નીકળેલું.

૪. વિ. દૈવી

ગગનાં જળ જહે અતિ નિર્મળાં રે,
હા રે એને પીધે પ્રાણમિત્ત જાય રે,
હા રે એ તો દેવિક જન્મ કહેવાય રે.

નૃસિંહદાસ

૫. વિ. ધાર્મિક; ધર્મિષ્ઠ

દેવિકા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એ નામની એક નદી. તે મનાક પર્વતમાંથી નીકળે છે અને તેને સરયૂ નદી મળે છે.

દેવિકાતીર્થ [સં] ન મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

દેવિદર્શતી [સં.] સ્ત્રી. અથર્વવેદની ઋચાતી નવ ભાર્ગવી એ નામની એક શાખા.

દેવિય [સં.] પું. દાસીપુત્ર દેવદત્ત.

દેવિલ ૧. [સં.] પું. દાસીપુત્ર દેવદત્ત.

૨. પું. મહાભારતમાં વર્ણવેલ એ નામનો એક મહર્ષિ.

૩. વિ. દેવમાંથી નીકળેલું.

૪. વિ. દૈવી.

૫. વિ. ધાર્મિક; ધર્મિષ્ઠ

દેવી ૧. ~ (સંગીત) અનુષ્ટુપ છંદનો એક ભેદ.

૨. પું. (પિંગળ) આર્યા છંદનો એક ભેદ; વૈતાલી. તેમાં ૧૫ લઘુ અને ૨૧ ગુરુ મળી ૩૬ વર્ણ હોય છે.

૩. [સં.] સ્ત્રી. અળસી.

૪. [સં. દ્યુ (પ્રકાશવું)] સ્ત્રી. ઈશ્વરી; ઈશ્વરની સ્ત્રીરૂપ શક્તિ; પાર્વતી; અંબિકા; શંકર ભગવાનની સ્ત્રી અને હિમવાનની પુત્રી. શક્તિ તરીકે એનાં બે રૂપ છે: એક શાંત અને બીજું ઉગ્ર. એના ઉગ્ર રૂપની અનુપા પૂજા થાય છે. આ વિશ્વમાં દીકરી પરમેશ્વરની જે શક્તિ અનુ તરેહની છે (૧) જે આ વિશ્વમા એક નદીની માફક વહ્યા કરે છે તે વિદ્યા અથવા સરસ્વતી. (૨) આ વિશ્વમાં પથરાયેલી સુંદરતા, જે પ્રભુનું ચિહ્ન છે, જેનાથી આપણને પ્રભુનું ભાન થાય છે તે લક્ષ્મી. (૩) આ વિશ્વમાં સુંદરતા સાથે જે વિકરાળતા રહેલી છે, જે સર્વ પદાર્થોનું ભક્ષણ કરે છે, તે કાળી યા ચંડી. ગૌરી, પાર્વતી, હિમવતી, જગન્માતા અને ભવાની જે એનાં શાંત રૂપો છે. દુર્ગા, કાલી, શ્યામા, ચંડી, અંબિકા, ભૈરવી, મહાકાલી એ એનાં ઉગ્ર રૂપો છે. પશુના બલિદાન વગેરે આ ઉગ્ર રૂપને અપાય છે. તાંત્રિકોની કેટલીક બીભત્સ પૂજા પણ આ રૂપને અંગે જ થાય છે. એને દશ, બાર કે એથી વધારે ભુજા કલ્પી છે, દરેક હાથમાં જુદાં જુદાં આયુધો ધારણ કરે છે. દુર્ગાનું વાહન વાઘ છે. કાલી નો વર્ણ શ્યામ, મુખ વૃત્તિ ભયંકર અને તે સર્પોથી વીંટળાયેલી હોય છે. એ મુંડમાલા ધારણ કરે છે. રક્તબીજ ઉપરથી પણ એ કાલીના નામ પડ્યાં છે. વિંધ્યાચલ પર્વત મિરઝાપુર આગળ ગંગાની સમીપ આવેલ છે ત્યાની દેવી વિંધ્યવાસિની છે. એના આખર ઉપરનું રહ્યા સુકાવું જ નથી. મહાભારતકારે એ જગતને માયાપાશમા રાખે છે એમાં અસુરો ઉપર મેળવેલા વિજયોનું વર્ણન કરી માહાત્મ્યમા છે એ મંત્રમા અસુરો તરફથી આવેલા દૂતને મોકલી પંચમતના દેવીના રૂપને દુર્ગા, અસુરોનાં કેટલાંક દળોનો સંહાર કરતી વેળાના રૂપને દંડાયુધા, ધૂમ્રલોચન નામના અસુર ઉપર ચડાઈ કરે ત્યારે સિંહવાહિની, પાંડાના સ્વરૂપવાળા મહિષાસુરને મારવા કાજે મહિષમર્દિની એવે એવે નામે વર્ણવેલી છે. અસુરના ફણાને પુનઃ ઉગવતી બચાવે જગદ્ધાત્રી અને શુંભ નામના અસુરના વધ કાજે તારા કહી છે. મસ્તક વગરના ધડને રૂપે એવી નિકુંભ નામના અસુરને મારી હતો, માટે એને છિન્નમસ્તા

કરી છે. વિજય પછી દેવોએ એની કરેલી આરાધનામાં એને જગદ્ધાત્રી કહી છે. દેવીના પતિ સાત જગ્યાએ અંગે એના જાતરી, જામવતી, ઈંદ્રાની, ઈંધરી, ગ્રહંજરી, કપાલિની, કોરિકો, ત્રિરાતી, મહેશ્વરી, મૃડાની, રુદ્રાણી, સર્વાણી, શિવા અને ત્ર્યંબકો એવા એવાં નામ છે. એની ઉત્પત્તિની કથા ને એનાં અદ્રિજા, ગિરિજા, કુજા, દક્ષજા એવાં પણ નામ છે. કન્યા, કન્યાકુમારી, અંબિકા, અનઘા ઉપરાંત અનંતા, નિત્યા, આર્યા, વિજયા, ભદ્રિ, સતી, દક્ષિણા, કર્ણોરી, ભ્રમરી, કોટરી, કર્ણમોટી, જયજયન્તા, સર્વમંગલા, ભાકંભરી, ત્રિભુવતી, સિંહરથી વગેરે બીજાં નામો છે. એના તપને અંગે એને અપર્ણા, કાલ્યાપની પણ કહે છે. ભૂતનાયિકા, જયનાયિકા, કામાક્ષી, કામાખ્યા, ધંજતા, ભદ્રકાળી, ભીમદેવી, ચામુંડા, મહાકાલી, મહામરી, મહાસુરી, માતંગી, રક્તદંતા એવાં એવા અનેક તેના નામો છે. શક્તિદેવીની પૂજા તેનાં જુદે જુદે રૂપે થાય છે. કેટલીક વખત દેવીનાં નામ પાડવામાં દેવીની ઉમર ઉપર ધ્યાન રાખવામાં આવેલ છે. એક વર્ષના બાળક જેવે રૂપે હોય તે દેવીને સધ્યા. બે વર્ષની હોય તેને સરસ્વતી, સાત વર્ષની હોય તેને ચંડિકા, આઠ વર્ષની ને શાંભવી, નવ વર્ષનીને દુર્ગા અથવા બાળા, દશની ને ગૌરી, તેરની ને મહાલક્ષ્મી અને સોળની ને સાવિત્રી કહેવામાં આવે છે. માર્કંડેય પુરાણમાં દેવીમાહાત્મ્યમાં દેવીને શ્રીમુખે કહેવડાવ્યું છે કે: દ્વાપરયુગને અંતે અને કલિયુગના આરંભની સંધિમાં શુંભ અને નિશુંભ નામના દૈત્યો થશે. હું જ્યારે નંદગોપાળ નામના ગોપાળને ઘેર નંદા નામે અવતરીશ અને વિંધ્યાચળમાં વાસ કરીશ. દ્વાપરના અંતમાં પછી વિપ્રચિત્તિ નામના કુળમાં જન્મેલા અસુરોને મારીને આઈ કહેવાઈશ. આ પ્રમાણે અસુરોને ભક્ષણ કરતાં મારા દાંત, બાણ અને શરીર તેમ જ આયુધો તેમના રક્ત વડે રાતાં થઈ જશે. તે કારણથી લોકો મને રક્ત દાંતુડા કહેશે. ત્યારપછી પૃથ્વી ઉપર સો વર્ષનો દુકાળ પડશે. તે વખતે એક ટીપું પાણી મળશે નહિ. મુનિજનોની પ્રાર્થનાથી હું તે કાળે પાર્વતીના શરીરમાંથી છૂટી પડીને બહાર આવીશ. તે વખતે મારે સો આંખો હોવાથી લોકો મને શતાક્ષી એવા નામથી બોલાવશે. વૈવસ્વત મન્વંતરના અઠાવીસમા યુગમાં હું લોકોનું વનસ્પતિથી પોષણ કરી તેમને દુકાળમાં ઉગારીશ, માટે લોકો મને શાકંભરીના નામથી ઓળખશે. મારા આ રૂપે હું દુર્ગમ નામના અસુરને મારીને દુર્ગા દેવીના નામથી પ્રખ્યાત થઈશ. ત્યાંથી હું હિમાલય ઉપર જઈને ભ્રામરી રૂપ ધારણ કરીશ, તેથી ભીમા કહેવાઈશ. તે કાળે ત્યાં અરુણ નામનો એક અસુર થશે. એ જ મન્વંતરના સાતમા યુગમાં ત્રણલોકનાં ટોળાં લઈને હું એ દૈત્ય ઉપર હુમલો કરી એને મારી નાખીશ. આથી મારું નામ ભ્રમરી પડશે. આ પ્રમાણે પોતે કરેલાં પરાક્રમને લઈને દેવીનાં નામ પડે છે. સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેરે ઉત્પન્ન કરવામાં દેવીની ક્રિયતા કેવી અને કેટલી છે, તે પણ માર્કંડેય પુરાણ ઉપરથી જણાય છે. ગુણરતિદેવી એટલે દેવીનું મુખ અને ઓષોચરરૂપ એટલે પોતે ત્રણ રૂપ ધારણ કરે છે. પ્રકૃતિનાં રજસ, સત્ત્વ અને તમસ એ ત્રણ ગુણના એટલે ગુણરૂપ જ દેવીનાં લક્ષ્મી, મહાલક્ષ્મી અને સરસ્વતી એવાં ત્રણ રૂપ બને છે. સૃષ્ટિના આરંભમાં મહાકાળરૂપે એમણે જ જગતને હાથમાં રાખી તેની પાસે સૃષ્ટિ રચાવી હતી. પ્રલય વખતે એ જ મહામારી રૂપ ધારણ કરશે. લક્ષ્મીરૂપે દેવી લોકોને સંપત્તિ અને ધન આપે છે. અભેદા દેવીરૂપે દેવી જ લોકોની સંપત્તિ અને ધન હરી લે છે. સૃષ્ટિના આરંભ કાળે દેવી સ્વામરંગી સ્ત્રીને રૂપે પ્રકટ થાય છે. વળી એના નામ મહામાયા, મહામેધા, સુધા, તૃષા, નિદ્રા, તૃષ્ણા, એકવીરા, કાલરાત્રી અને દુરત્યયા પણ છે. મુખ્ય દેવી મહાલક્ષ્મીની આજ્ઞાનુસાર દેવી પુરુષ અને સ્ત્રી બંને તરેહનાં રૂપ ધારણ કરે છે. નીલકંઠ, રક્તાક્ષ, ત્રૈલોક્ય, અદરીશ્વર, રુદ્ર, શંકર, સ્થાણુ અને ત્રિલોચન એ દેવીનાં નરજાતિના અને વિદ્યા, સ્વરા, અક્ષરા અને ગ્રામધેનુ એનાં મોરાંગી સ્ત્રી સ્વરૂપ છે. વળી મહાલક્ષ્મીથી જ સાત્ત્વિકરૂપ સરસ્વતી ઉત્પન્ન થઈ છે. એની કાંતિ ચંદ્રપ્રભા જેવી છે અને એ પોતાના હાથોમાં અક્ષમાલા, અંકુશ, વીણા અને પુસ્તક ધારણ કરે છે. મહાવિદ્યા, મહાવાણી, ભારતી, વાક્, સરસ્વતી, આર્યા, બ્રાહ્મી, કામધેનુ, વેદગર્ભા, ધી અને ઈંધરી એ આ જ રૂપનાં બીજાં નામો છે. મુખ્ય દેવીની આજ્ઞાનુસાર આ દેવી વળી એક સ્ત્રી અને એક પુરુષ વેશ ધરે છે. એવા વેશ ધરેલો સ્વામરંગી પુરુષ તે વિષ્ણુ છે. કૃષ્ણ, ઋષિકેશ, વાસુદેવ અને જનાર્દન એ એનાં બીજાં નામ છે. ઉમા, ગૌરી, સતી, ચંડી, સુંદરી, સુભગા અને શિવા એ દેવીની વેશ ધરેલી મોરાંગી સ્ત્રીનાં નામ છે. મહાલક્ષ્મીનું રાજસ સ્વરૂપ તે લક્ષ્મી કહેવાય છે. એની મૂર્તિના હાથમાં દાડમ, ગદા, પાત્ર અને ખેટક ધારણ કરાયલ છે. એ દેવીના શરીર એટલે મૂર્તિ ઉપર ઔત્ય અને પુરુષિતત્ત્વરૂપ સિદ્ધ હોય છે. આ દેવીનો વર્ણ પ્રવાહી સુવર્ણના જેવો હોય છે. આ દેવી પણ સ્ત્રી અને પુરુષિ રહે છે. એનાં પુરુષિ રૂપ તે હિરણ્યગર્ભ, બ્રહ્મા, વેધિ, વિરંચિ અને ધાતા છે. સ્ત્રીવેશ રૂપો તે શ્રી, પદ્મા, કમલા અને લક્ષ્મી છે. સહુ જગતની જનેતા મહાલક્ષ્મીએ બ્રહ્માને સરસ્વતીને પોતાની સહચારિણી કરવાની આજ્ઞા કરી. એ બંનેના યોગથી બ્રહ્માંડ ઉત્પન્ન થયું. રુદ્ર એટલે શિવે ગૌરી સાથે લગ્ન કર્યું અને એ બંનેએ મળીને સુવર્ણાંડ ઉભાડ્યું. લક્ષ્મી પોતે જ વિષ્ણુનાં પત્ની બન્યાં અને એ બંનેએ જગતનું રક્ષણ કર્યું. આ પ્રમાણે સઘળી માયારૂપ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. આમ સઘળી સૃષ્ટિ, દેવદેવીઓનાં રૂપ, એ બધું માત્ર મૂળ ઈંધરરૂપ મહાલક્ષ્મીમાંથી ઉત્પન્ન થયું. ઈંધરની દરેક તરેહની શક્તિ મૂળ મહાલક્ષ્મીમાંથી જ ઉત્પન્ન થઈ છે. શાક્તોમાં આ મહાલક્ષ્મી દેવી જ મૂળ ઈંધરરૂપે પૂજાતી હોવાથી એ દેવી જ શક્તિપૂજનનો પાયો છે. વૈષ્ણવ પંથના કરતા શૈવ અને શાક્ત પંથોમાં દેવીઓનાં રૂપો વધ્યાં છે. શૈવપંથની દેવીનું એક રૂપ દુર્ગા છે એ દેવી આદ્યશક્તિથી જન્મેલી છે. આગમોમાં દુર્ગાના નવ જુદા જુદાં રૂપો મનાયેલાં છે. જેવા કે, (૧) નીલકંઠી, (૨) ક્ષેમંકરી, (૩) હરસિદ્ધિ, (૪) રુદ્રાંશદુર્ગા, (૫) વનદુર્ગા, (૬) અગ્નિદુર્ગા, (૭) જયદુર્ગા, (૮) વિંધ્યાવાસી દુર્ગા, (૯) ત્રિપુરારી દુર્ગા. આ સિવાય વળી દુર્ગાના નવ રૂપોનો એક સમૂહ છે. તેને નવદુર્ગા કહે છે. નીલકંઠી પોતાના ભક્તોને દોલત અને સુખ, ક્ષેમંકરી તંદુરસ્તી, હરસિદ્ધિ ઇચ્છિત ફળ અને જયદુર્ગા સિદ્ધિ આપે છે. ત્રિપુરારી દુર્ગા શત્રુ અને તેના પક્ષનો સંહાર કરનારી દેવી છે. મહિષાસુરમર્દિની એ મહિષાસુર નામના બળવાન અસુરને મારતી વખતનું દેવીનું ઉગ્રસ્વરૂપ છે. કાલ્યાપની દેવીમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રિમૂર્તિની સમગ્ર શક્તિ એકત્ર રહેલી છે. મહિષાસુરમર્દિની દેવીની મૂર્તિ પોઠે આ દેવીની મૂર્તિ આગળ પગ આપુ કપાયેલા પાડાની મૂર્તિ હોય છે. આ પાડાનું માથું ફર પડેલું અને પાડાના ધડમાંથી કપાયેલી કોક માંથી અર્ધા બહાર નીકળતા અસુરની મૂર્તિ હોય છે. એ અસુરનું કાપેલું બોકી નીકળતું માથું દેવીએ બોલી પોતાના હસ્તમાં ધારણ કરેલું હોય છે. એમ પણ મનાય છે કે, મહિષાસુર વધ એ એક અલંકારિક ઉક્તિ એટલે રૂપક માત્ર છે. જ્ઞાનરૂપી શક્તિએ અંધકારરૂપી અજ્ઞાનનો જુદે જુદે સમયે નાશ કર્યો, તે આ રૂપક દ્વારા સમજાવ્યું છે. એમ કેમ ન હોય કે અનાર્ય એટલે મૂળ વતનીઓમાંથી મહિષ એટલે પાડાની પૂજાનો જુદે જુદે કાળે અને રહેજે ભ્રમ કરીને તેને સ્થાને શક્તિપૂજનનો પ્રચાર થયો હોય. પણી વખત દુર્ગા નવરૂપના સમૂહમાં પૂજાય છે.

એક રૂપ વચમાં અને આઠ દિશાએ એમ એની સ્થાપના થાય છે. આ દેવી સર્વશક્તિપ્રસવિની છે. જટાધારી નામની દેવી સુંદર મુખારવિંદ, ત્રિનેત્ર અને અષ્ટકર ભુજવાળી હોય છે. મહાકાળી દેવી દીર્ઘનખા અને ક્ષીણ કટીવાળી મનાય છે. એ દેવી અષ્ટભુજ હોઈ ને જમણામાં કપાલમાળા ધારણ કરે છે. અંબાની મૂર્તિ કમલરંગી અને ચતુર્ભુજ હોય છે. પ્રખ્યાત આરાસુરવાસિની અંબાની મૂર્તિ જ નથી. ત્યાં શ્રીયંત્રમાં ખીટીઓ ઉપર વસ્ત્રે એવી રીતે ગોઠવાય છે કે દૂરથી જોનારની નજર આત્મા શક્તિની મૂર્તિ ખડી થાય છે. અંબિકા દેવી સિંહારૂઢ અને ત્રિનેત્રવાળી છે. મંગળા દેવીનું મુખારવિંદ સુંદર હસિત હોઈ એ સુંદર રત્નોવાળું છે. સર્વમંગળા દેવી સિંહ ઉપર બેઠેલી અને ચાર હાથવાળી મનાય છે. મહારાત્રિ દેવી એ સંહારક રૂપ છે. એ ઓકરેવણી અને નામ છે. આ દેવી શરીરે તેલનું મર્દન કરે છે અને પત્રમાં ઓઢાનાં કપડાં પહેરે છે. હસિતા દેવી પોતાના હસ્તમાં દર્પણ અને અંજનની પેટી ધારણ કરે છે. ગૌરી કુમારિકા રૂપે છે. ઉમા એ એનું જ રૂપ છે. એનું બીજું રૂપ તે પાર્વતી છે. એના ચાર હાથમાંના બેમાંથી એકમાં શિવની અને બીજામાં રેવતમુનિના પુત્ર અશ્વેતની મૂર્તિ હોય છે. દુર્ગાનું બીજું એ એક રૂપ છે કે મહિષની પીઠ ઉપર બેઠેલું મનાય છે. ભંગાળ તરફ આ રૂપ પૂજાય છે. તોતલા અને ત્રિપુરા એકીનાં બીજાં સ્વરૂપ છે. કેટલા દેવી ભક્તજનોની રક્ષણી મનકામના પૂરી પાડે છે. ભૂતમાતા, લોકનિદ્રા, વામા એ જુદાં જુદાં રૂપ ધારણ કરી દેવીઓ છે. શત્રુને સંહારનારી અને ભક્તોને અદ્ભુત સુખ આપનારી ભદ્રેશ્વરી દેવી એ એક ભયંકર રૂપ છે. અષ્ટ દેવીઓના એક સમૂહમાં આ દેવી સૌથી મોટી છે. સાવરણી અને બાવળું કે સૂપડું એનાં આયુધ છે અને એનું વાહન મર્કટ છે. ગુજરાતમાં શીતળા દેવીનું સ્વરૂપ આને જ મળતું છે. અષ્ટ દેવીઓના સમૂહમાં સૌથી નાનીનું નામ મનોમની છે. પોતાના ભક્તજનોના શત્રુનો એ સંહાર કરી નાખે છે. વારુણીમાતૃકા અને રક્તમાતૃકા એ દેવીયુગલ છે. રક્તમાતૃકા સકલ સૃષ્ટિમાં આમ થવાની શક્તિ ધરાવે છે. ઉપર બતાવેલ ઉપરાંત ત્રિપદુરી, બોગેશ્વરી, ભૈરવી, ત્રિપુરભૈરવી, શિવા, ધૃતિ, સિદ્ધિ, રિદ્ધિ, સુધા, દીપ્તિ, રતિ, શ્વેતા, ભદ્રા, જયા અને વિજયા, કાલી, ચેટાકરણી જયંતી, કૃતિ, અપરાજિતા, સુરભિ, કુબ્જા, ઉદ્ધારણી, અજપર્ણા, તુલસી દેવી, અજમુદ્રા દેવી, ચામુંડેશ્વરી, ભદ્રા અને રજમાતંગી એ શૈવ સંપ્રદાયની ઇષ્ટ દેવીઓ છે. જેમ શૈવ તેમ જ વૈષ્ણવ અને બાદ્ધ સંપ્રદાયને અંગે પણ આવી દેવીઓ છે. આ દેવીઓ તે તે દેવની શક્તિરૂપે મનાય છે. વિષ્ણુની એ બહેનો છે. ક્ષીરસાગરના મંથન સમયે તેમાંથી અમૃત અને બીજાં રત્નો નીકળ્યાં હતાં. લક્ષ્મી પણ તેમાંથી નીકળેલું એક રત્ન જ છે. શ્રી, પદ્મા અને કમલા એ એનાં બીજાં નામ છે. લક્ષ્મીની મૂર્તિ નૂતન યૌવન પ્રાપ્ત કુમારિકા જેવી છે. એનાં નેત્ર કમલની પાંખડી જેવાં છે. એ સુબ્રૂ, ભગવદાર વરદત્તધારી અને બીજોરી સુંદર કટીવાળી છે. એ કમળની માળા પહેરે છે. એની મૂર્તિની બંને તરફથી હાથણીઓ પોતાની ઊંચી કરેલી સૂંઢમાં કળશો લઈ એના ઉપર ઢોલવતી હોય એમ બીજી રચાય છે. આ દેવી પોતાના ભક્તોને સમૃદ્ધિવાન બનાવે છે. ભૂમી અથવા ભૂદેવી એટલે પૃથ્વીની દેવી એ વિષ્ણુની પ્રિયતમા મનાય છે. વિષ્ણુના વરાહ અવતારની સાથે આ દેવીની પોજના સમાનપણે છે એ અવતારમાં વિષ્ણુ ભગવાને જળમાં ભતી રહેતી પૃથ્વીને પોતાની દાઢની અણી ઉપર ચડાવીને તરતી કરી હતી. લક્ષ્મી અને ભૂદેવી સિવાય બીજા અવતાર ધરતને બીજા દેવીઓ પણ વિષ્ણુના સંબંધની મનાય છે. રામની બી સીતા તેમ જ રુક્મિણી, સત્યભામા અને રાધા એ શ્રીકૃષ્ણની સ્ત્રીઓ છે. વિષ્ણુની જગન્નાથ તરીકેની મૂર્તિ સાથે સુભદ્રાની બહેન સુભદ્રા પૂજાય છે. તારાની દેવી સરસ્વતી બ્રહ્મા બ્રહ્માની બહેન સંબંધ ધરાવે છે. બ્રહ્મા ઈશ્વરનું સરજનહાર રૂપ હોઈ સરસ્વતી તેમની પુત્રી બોલાય છે. સરસ્વતી ગૌરાંગી અને ચતુર્ભુજ હોઈને શ્વેત કમળ ઉપર બેઠેલી હોય છે. એને વસ્ત્રો પણ શ્વેત જ પહેરાવાય છે. એનો એક જમણો હાથ અક્ષમાલાધારી અને બીજો જમણો હાથ જ્ઞાનમુદ્રા કરેલો હોય છે. એક ડાબા હાથમાં પુસ્તક અને બીજામાં શ્વેત કમળ હોય છે. એની અલબત્ત ભક્તિભરી સ્તુતિ કરતું ઊભેલું હોય છે. વિષ્ણુપર્વાંતરમાં આ દેવીનું સ્વરૂપ સહેજ જુદી તરેહનું બતાવ્યું છે. એમાં એ દેવી શ્વેત કમળમાં બેઠેલી અને હાથમાં કમળને બદલે કમંડળ અને આખ્યાનમુદ્રાને બદલે વીણા ધારણ કરેલી કહી છે. આ દેવી કેટલીક વખત વિષ્ણુ અને કેટલીક વખત શિવની સાથે સંબંધ ધરાવતી પણ મનાય છે. ખરું જોતાં લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી એ એક જ દેવીનાં રૂપ છે. વળી દેવીઓનો એક બીજો સમૂહ છે. એ દેવીઓને માતૃકા કહે છે. એમની સંખ્યા સાત હોવાથી એમને સપ્તમાતૃકા કહે છે. સપ્ત માતૃકાના જન્મ સંબંધી કહેવાય છે કે, દિતિને ઉદરે કશ્યપને દિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જેવા બે પુત્રો ઉત્પન્ન થયા હતા. વિષ્ણુએ વરાહ અને નૃસિંહ બે અવતાર ધારણ કરીને આ બંને અસુરોનો વધ કર્યો હતો હિરણ્યકશિપુનો દીકરો પ્રહ્લાદ વિષ્ણુનો ભક્ત હતો. એણે દુનિયાદારીની જંજાળ તજી દીધી હતી. એની પછી અંધકાસુર નામે અસુરોનો અધિપતિ થયો હતો. એ અસુરે ઉગ્ર તપ કરીને બ્રહ્મા પાસેથી ઘણાં વરદાન પ્રાપ્ત કરવાથી તે ઘણો જ બળવાન બની ગયો હતો. પછી એણે દેવોને ઘણા સતાવવા માંડ્યા હતા. દુઃખાર્ત દેવો શિવની પાસે ફરિયાદ કરવા કૈલાસ ગયા. દેવોની ફરિયાદ શિવ સાંભળતા હતા તેવામાં જ આ અસુરરાજ પાર્વતીનું હરણ કરવાને કૈલાસમાં આવી પહોંચ્યો. શિવ એની જોડે યુદ્ધ કરવા તત્પર થઈ ગયા. એમણે વાસુકિ, તક્ષક અને ધનંજય જાતના નાગોને કમરબંધ અને વલય તરીકે બાંધી લીધા. નીલ નામનો એક દૈત્ય શિવને છળનામાના મારી નાખવાનો સંકેત કરીને હાથીનું રૂપ ધારણ કરીને આવ્યો હતો નંદીને આ વાતની ખબર પડવાથી એણે વીરભદ્રને કહ્યું. એણે શિવનું રૂપ ધારણ કરીને હાથીને મારી નાખ્યો. આ હસ્તીચર્મ વીરભદ્રે શિવને નજર કર્યું. શિવે એ ચર્મને ઉત્તરીય તરીકે ઓઢી લીધું. પછી શિવ વિષ્ણુ અને બીજા દેવો સાથે અંધકની સામે ગયા. યુદ્ધમાં વિષ્ણુ અને બીજા દેવોને નાસવું પડ્યું. શિવે બાજી મારીને અસુરને ઘાયલ કર્યો. એના ઘામાંથી લાલ જ રક્ત વહેવા માંડ્યું. એના રક્તના કોપ ઉપર પડતા દરેક ટીપામાંથી બીજો અંધકાસુર ઉત્પન્ન થતો આ પ્રસંગે હજારો અંધકાસુર સાથે શિવને યુદ્ધ કરવું પડ્યું. શિવે મૂળ અંધકાસુરના શરીરમાં પોતાનું ત્રિશૂળ ભોંકી દીધું અને પોતે નૃત્ય કરવા લાગ્યા. વિષ્ણુએ પોતાના ચક્ર વડે બાકી અંધકાસુરો જેઓ રક્તબિંદુઓમાંથી ઉદ્ભવ્યા હતા તેનો સંહાર કર્યો. અસુરનાં રક્તબિંદુઓ પૃથ્વી ઉપર પડતાં અટકાવવાને શિવે પોતાના મુખમાંથી કરતા અગ્નિમાંથી યોગેશ્વરી નામે શક્તિ એટલે માતૃકા પેદા કરી. ઇંદ્ર અને બીજા દેવોએ પણ પોતપોતાની શક્તિઓ જેવી કે, બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી અથવા વારાહી અથવા પોતાની, ઇંદ્રાણી અને ચામુંડાને આ વખતે મદદ કરવા મોકલ્યા હતી. આ દેવીઓ તે બ્રહ્મા, મહેશ્વર, કુમાર, વિષ્ણુ વરાહ, ઇંદ્ર અને યમ જેની સદ્ગતિઓ પોતાના પતિઓના જેવા જ વાહન ઉપર બેસીને તેમના જેવા જ આયુધો ધારણ કરીને અને તેમના જેવી જ ખબર કરવાની આવી હતી. વરાહપુરાણમાં યોગેશ્વર વખતે પણ તે સાત એટલે આઠ માતૃકા જણાવેલ છે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આ માતૃકાઓ

એ મનુષ્યના આઠ નાશરા મનોવિકારના રૂપક માત્ર જ છે. યોગેશ્વરી તે કામ, આદેશ્વરી તે ક્રોધ, વૈષ્ણવી તે લોભ, બ્રહ્માણી તે મદ, કૌમારી તે મોહ, ઇંદ્રાણી તે માત્સર્ય, અને અપરા ચામુંડા તે પૈશુન્ય અને વારાહી તે અસત્ય. આ પ્રમાણે તે કલ્પનાજન્ય દેવીઓ છે. સપ્ત માતૃકાઓ અંધકાસુરનાં રક્તબિંદુઓ જીભ ઉપર પડે તે પહેલાં ચાટી ગઈ હોવાથી નવા અંધકાસુર ઉત્પન્ન થતા અટકી ગયા હતા. પેલો અંધકાસુરની આસુરી માયા સિદ્ધિત પડી ગઈ અને શિવે પોતે વરદાન આપ્યું હતું તો યે એનો પરાજય કરી સંહાર કર્યો. જ્યારે દેવીની પૂજન પછી બાકી રહેલી ચાલી આવતી હોય એમ જણાય છે. તેની ધ્વજામાં કાગડાનું ચિહ્ન હોય છે. એનું આયુધ સાવરણી અને વાહન ગર્દભનું છે.



મૂળ ઈશ્વરી જે પ્રધાના કહેવાય છે તેણે સૃષ્ટિ રચવાની ઇચ્છા થતાં પોતાના અંશમાંથી ત્રણ દેવીઓ સરજી: મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાળી. એ દરેકે બ્રહ્મ પુત્ર અને બ્રહ્મ પુત્રી સરજ્યાં. એ બાઈબલોનાં જણ જોડકામાંથી હિરણ્યગર્ભ અથવા પદ્મજ એટલે બ્રહ્માએ પોતાની બહેન પદ્મા એટલે લક્ષ્મી વિષ્ણુને પરણાવી. વળી પોતાની બહેન સરસ્વતી બ્રહ્માને અને વિષ્ણુએ પોતાની બહેન કાલી અથવા કાલી શિવને એટલે રુદ્રને પરણાવી. પછી એ જોડકામાંથી ત્રિગુણાત્મક સૃષ્ટિ ઉત્પન્ન થઈ. મહાસરસ્વતી તે સત્ત્વગુણાત્મકરૂપ, મહાલક્ષ્મી તે રજોગુણાત્મકરૂપ અને મહાકાળી તે તમોગુણાત્મકરૂપ છે. રુદ્ર અને કાલી અથવા કાલીમાંથી બધી તમોગુણાત્મક સૃષ્ટિ, વિષ્ણુ અને પદ્મામાંથી રજોગુણાત્મક સૃષ્ટિ અને હિરણ્યગર્ભ અથવા બ્રહ્મા અને સરસ્વતીમાંથી સત્ત્વગુણાત્મક સૃષ્ટિ થઈ.

૧. દેવી આવવું = (૧) દેવીએ અંગમાં પ્રવેશ કરવો. (૨) ધ્રૂજવું; કંપવું; થરથરવું.

૨. દેવીનું વર્ષ = અપ્સરાનું વર્ષ.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૪. સ્ત્રી. એ નામની વનસ્પતિ; પૃશ્નિ.

૫. સ્ત્રી. એ નામની વનસ્પતિ; કાકજંઘા.

૬. સ્ત્રી. એ નામની વનસ્પતિ; કાકજંઘા.

૭. સ્ત્રી એ નામનો એક છોડ; મોરવેલ.

૮. સ્ત્રી. કપૂરીમધુરી.

૯. સ્ત્રી. બ્રહ્માજીના કિનારા ઉપરની ચામડી.

૧૧. સ્ત્રી. (જૂ. ગુ.) દેવચકલી; સ્યામા.

૧૨. સ્ત્રી. દેવની સ્ત્રી; દેવાંગના; દેવતા.

૧૩. સ્ત્રી. દ્વિજ સ્ત્રી; બ્રાહ્મણ સ્ત્રી.

૧૪. સ્ત્રી. નામરચોય.

૧૫. સ્ત્રી. પરમેશ્વર.

જેટલા દેવ શબ્દના અર્થ થાય છે તેટલા જ દેવી શબ્દના થાય છે. પરમેશ્વરનાં ત્રણે ત્રિગોના નામ છે. સત્યાર્થપ્રકાશ

૧૬. સ્ત્રી. પ્રકુલ્લ વદનવાળી, સુલક્ષણવાળી અને પરહિતમાં તત્પર રહેનારી સ્ત્રી.

૧૭. સ્ત્રી. બ્રહ્મદોણી નામની વનસ્પતિ.

૧૮. સ્ત્રી. રવિસક્રાંતિ.

૧૯. સ્ત્રી. રાણી; પટરાણી. દેવી પદ સંસ્કૃતમાં રાણીને માટે વપરાય છે. સંસ્કૃત નાટકોમા ઉચ્ચ નાયક વગેરે તેમની સ્ત્રીને દેવી કહે છે. સ્ત્રી જેમ પતિને આર્યપુત્ર કહે છે, તેમ પતિ સ્ત્રીને દેવી કહે છે.

૨૦. સ્ત્રી. બ્રાહ્મણનું એક જાતનું મજબૂત ચોઘડું.

૨૧. સ્ત્રી. (પુરાણ) વસુદેવની એ નામની સ્ત્રી. એના પુત્રનું નામ બભ્રુ હતું.

૨૨. સ્ત્રી. બંગડી કોળી.

૨૩. સ્ત્રી. શીતળા; માતાનો રોગ.

દેવી ઢાંકવી-ઢોંકવી = શીતળા કાઢવાં

૨૪. સ્ત્રી. ૨ પ્રવાણી સ્ત્રી

૨૫. સ્ત્રી. સફેદ ઉંદરડા.

૨૬. સ્ત્રી. સ્ત્રી. ગૌરવવાચક તરીકે આ શબ્દ વપરાય છે.

૨૭. સ્ત્રી. સ્ત્રીના નામને અંતે લગાડાતો ગૌરવવાચક શબ્દ. જેમકે, ઉષાદેવી.

૨૮. સ્ત્રી. હરકે. તે શંકરના ભુવનમાં થયેલી મનાય છે, માટે તેને દેવી કહે છે.

૨૯. ન. એકસો આઠ માહેનું એ નામનું એક ઉપનિષદ.

દેવીકરણ [સં.] ન. દેવની પદવી આપવી તે.

દેવીકવચ [સં.] ન. એ નામે દેવીનું સ્તોત્ર.

દેવીકુમાર [સં. દેવી + કુમાર (રાજપુત્ર કુંવર)] પુ. રાણીનો પુત્ર.

આમ તેણે દેવીકુમારોની રાજકુમારોને જુદા પાડ્યા છે. અશોકચરિત

દેવીકોટ [સં.] પુ. (પુરાણ) બાણાસુરની રાજધાની શોણિતપુરનું બીજું નામ.

દેવીકોટર પું. કહેર.

દેવીક્ષમા [સં.] સ્ત્રી. પૃથ્વી. તે બધી જ ક્ષમાવાણી છે. પોતાની ઉપર વસતાં પ્રાણીઓ ગમે તેવાં સારાંનરસાં કાર્ય કરે તે તમામને મૂંગે મોઢે તે ધારણ કરે છે.

દેવીગાંધારી પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ.

દેવીગીતા [સં.] સ્ત્રી. એ નામનું ગીતાનું એક પુસ્તક; દેવીએ ઉપદેશેલી ગીતા. શ્રીમદ્ભાગવત પુરાણ પ્રમાણે દેવી શ્રીમદ્ભાગવતના સાતમા સ્કંધના ૩૦મી અધ્યાય સુધી એક ગીતા છે અને તે દેવીએ ઉપદેશેલી છે, માટે દેવીગીતા એવું તેનું નામ છે.

દેવીતા [સં.] સ્ત્રી. દેવપણું.

દેવીતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

દેવીત્વ [સં.] ન. દેવીપણું.

દેવીદાસ પું. નાગર પુરુષનો એ નામનો એક કવિ. તેનું જન્મ સોળમા સૈકામાં થઈ ગયો. સંસ્કૃતનો સારો, નાનો ઈશ્વર વિષ્ણુ તથા કૃષ્ણ ભક્તોનો તે કવિ છે.

વિષ્ણુદાસ, શિવદાસ, દેવીદાસ, કૃષ્ણરામ, ગોપર આદિક કવિઓ આખ્યાનોની તે કવિઓની ધર્મમય નિઃસ્પૃહ પ્રજાના આદરી પુરુષ થયા છે.

મુ. સા. પરિષદ

દેવીન્યાસ [સં.] પું. એ નામનું એક દેવીનું સ્તોત્ર.

આ ઉપરાંત સંસ્કૃત ગ્રંથોના કર્તા કવિ હતા તે દેવી-ન્યાસ, દુર્ગા કવચ, અન્નપૂર્ણા મહિમ્નસ્તોત્ર ઇ. ઇ. માતાજીનાં સ્તોત્ર તથા સ્તવ્ય સ્થાના કવાસુમાનજિ

દેવીપદ [સં.] ન. દેવીપદ્ધ; દેવીનું રજત.

સત્યવતીને દેવીપદમાથી જન્મ કરી દાસીપદ અપર્ણ હતું. મુ. સા. પરિષદ

દેવીપંચાયતન [સં] ન. દેવી, વિષ્ણુ, મહાદેવ, ગણપતિ અને સૂર્ય એમ પાંચ દેવનો સમૂહ.

દેવીપુત્ર [સં.] પું. આરણ્ય; દેવીનો પુત્ર. આરણ્ય લોકો દેવીના ઉપાસક હોઈ દેવીપુત્રના મનાય છે.

દેવીપુરાણ [સં.] ન. દેવીના માહાત્મ્યવાળું એ નામનું એક ઉપપુરાણ.

દેવીપુરાણ તથા કાલિકાપુરાણ એ બને ઉપપુરાણ જ છે. ભગવતી ભાગવત

દેવીપૂજક [સં.] વિ. દેવીને પૂજનાર.

કાઠિયાવાડ ગુજરાતમાં જૈનોનાં, વૈષ્ણવોના, શૈવોનાં, દેવીપૂજકોનાં અને સૂર્યપૂજકોનાં અને કોઈ હોય તો તેઓનાં તીર્થસ્થાનો છે. ગુજરાતનાં તીર્થસ્થાનો

દેવીપુત્ર જુઓ દેવીપુત્ર.

દેવીબાળકો પું. બ. વ. દેવીનાં બચ્ચાં; દેવીપુત્ર, આરણ્ય. તે પર્વતીઓના દીકરા મનાય છે.

દેવીબીજ જુઓ દેવીતીર્થ.

દેવીભક્ત [સં.] પું. દેવીનો ભક્ત; દેવીનો પૂજક

દેવીભક્તિ [સં.] સ્ત્રી. માતાજીની પૂજા. નાગરો માગ્રહત તથા ભાટેલ વગેરે રજપૂતો માગ્રહત દેવીભક્તિનો પ્રચાર કર્યો છે. જ્યાં જ્યાં નાગરોનું જોર હોય ત્યાં ત્યાં અંબાજીનું મંદિર અને ભાટેલાઓનાં સ્થળોમાં આશાપુરાનું મંદિર એ નિયમ જોવામાં આવે છે. ધીમે ધીમે દેવીભક્તિ આ ઊંચ વર્ણોમાંથી અન્યજોમાં અને નીચલા વર્ણોમાં પણ ફેલાઈ છે. બીજાઓની માતાભક્તિ તો કદાચ બધી ભૂતી હશે અને અમોની દેવીભક્તિના મૂળમાં આ જંજાળી લોકોની માતાભક્તિ હોય તો નવાઈ નહિ.

દેવીભાગવત ૧. [સં.] ન. (પુરાણ) એક શૈવ પુરાણ કેટલાક ભાગવતને બદલે અને અઢાર પુરાણમાં ગણે છે. આમાં શક્તિ અને શક્તિપૂજનનો વિષય ચર્ચ્યો છે. અઢાર અઢા ભાગવતે ઉપપુરાણમા માનુમો પુરાણમાં કરે છે. શ્રીમદ્ ભાગવતની જેમ આ પુરાણમાં પણ બાર સ્કંધ અને ૧૮,૦૦૦ શ્લોક છે. આથી તેનો નિર્ણય કઠિન છે કે બેમાંનું કયું પુરાણ અને કયું ઉપપુરાણ. પુરાણોમાં જોવામાંનાના વિષય, શ્લોકસંખ્યા આદિ આપેલ છે, તે અનુસાર પુરાણોની પ્રામાણિકતાનો નિર્ણય કરવામાં આવે છે. અહીં પુરાણમાં લખ્યું છે કે એ ગ્રંથમાં ભગવતીનું અવલંબન કરીને ધર્મતત્ત્વનું વિસ્તૃત વર્ણન હોય અને વૃત્રાસુરના વધનું પૂરું વૃત્તાંત હોય, જેમાં સારસ્વત કલ્પની કથામાં નવસો અને દેવતાઓની કથા હોય અને ૧૮,૦૦૦ શ્લોક હોય તે ભાગવત પુરાણ છે. શૈવ પુરાણના ઉત્તરખંડમાં લખ્યું છે કે જેમાં ભગવતી દુર્ગાનું ચરિત્ર હોય તે ભાગવત છે, દેવી પુરાણ નહિ. એવા પ્રકારની અવસ્થા કાલિકા નામે ઉપપુરાણમાં પણ આપેલ છે. આ તો શૈવ અને શાક્ત પુરાણોનું લક્ષણ થયું. વૈષ્ણવ પુરાણની તરફ નજર કરતાં પણ પુરાણમા લખ્યું છે કે બધાં પુરાણોમાં શ્રીમદ્ ભાગવત શ્રેષ્ઠ છે, જેમાં દરેક પર્વે ઋષિઓ દ્વારા કહેલ કૃષ્ણનું માહાત્મ્ય છે. આ કથાને પરીક્ષિતની સભામાં બેસીને શુકદેવજીએ કહેવી છે. નારદ પુરાણમાં ભાગવત તેને કહેવામાં આવેલ છે કે જેના દશમ સ્કંધમાં કૃષ્ણનું બાલ તેમ જ કિશોર ચરિત્ર, મથુરાવાસ, યૌવનમાં દ્વારકાવાસ અને ભૂભાર વગેરે વિષય હોય. દેવીભાગવતમાં પ્રથમ જ ત્રિપક્ષ ગાયત્રી છે, પરંતુ વિષ્ણુ ભાગવતમાં નથી. તેમાં કેવલ ધીમહિ જેટલું જ પદ આપેલ છે. વૃત્રાસુરના વધની કથા બંનેમાં છે, પરંતુ મત્સ્ય પુરાણમાં બતાવવામાં આવેલ સારસ્વતકલ્પ પ્રસંગ વિષ્ણુ ભાગવતમાં નથી. તેમાં નામકલ્પ પ્રસંગ છે મત્સ્ય પુરાણમાં જે લક્ષણ આપવામાં આવેલ છે, તેમાં સાંપ્રદાયિક ભાવની ગંધ નથી બધામાં આવતી. શૈવ તેમ જ વૈષ્ણવ વિદ્વાનોમાં આ બંને પુરાણોના વિષયમાં ઘણા દિવસો સુધી ઝઘડો ચાલ્યો. દુર્જનમુખચપેટિકા, દુર્જનમુખમહાચપેટિકા, દુર્જનમુખપદવાક્યખંડન આદિ કઈ ગ્રંથ આ વિવાદમાં લખાયા. ખરી રીતે આ બંને પુરાણ સાંપ્રદાયિક વિશેષતાઓથી પરિપૂર્ણ છે. એવું જણાય છે કે, ભાગવત નામનું કોઈ પ્રાચીન પુરાણ હતું. જે લુપ્ત થઈ ગયું હતું. બૌદ્ધ ધર્મ ઉપગત હિંદુ ધર્મની અંદર કરીને નવા રૂપમાં સ્થાપના થઈ અને શૈવ, વૈષ્ણવોની પ્રબળતા થઈ, ત્યારે પુરાણોમાં આપેલાં લક્ષણો અનુસાર વૈષ્ણવ પંડિતોએ શ્રીમદ્ ભાગવતની અને શૈવ પંડિતોએ દેવીભાગવતની રચના કરી. રચનાના વિચારથી જોવામાં આવે તો દેવીભાગવતની શૈલી પુરાણોને અધિક અનુકૂળ અને ભાગવતની શૈલી પાંડિત્યપૂર્ણ કાવ્યની શૈલીને લીધે થઈ છે. જેવી રીતે શ્રીમદ્ ભાગવતમાં દાર્શનિક ભાવોની પ્રધાનતા છે, તેવી જ રીતે દેવીભાગવતમાં તાંત્રિક ભાવોની છે. તેમાં દેવીનાં ત્રિરૂપ, કાલી, ભદ્રકાલી, મહામાયા આદિ રૂપોની ઉપાસનાની વિધિ છે, પર્વતીનાં પીઠસ્થાનોનાં વર્ણન છે, શૈવ અને વૈષ્ણવની ઉત્પત્તિ અને તેની પૂજાની વિધિ બતાવેલી છે, સાંસુધી કે તેમાં અક્ષરમ દેવના ત્રણરૂપ દેવ અને ત્રણ દેવીનું બહુ જ વિસ્તારથી વર્ણન છે. વર્તમાન રૂપમાં દેવીભાગવત ઈ સ ની નવમી અને અગિયારમી શતાબ્દિની વચ્ચમાં બનેલ હશે. ૨. ન. ભગવતી ભાગવત; અઢાર માહેનું એક ઉપપુરાણ

દેવીભાગવતપારાયણ [સં.] સ્ત્રી. દેવીનું સ્તવન; દેવીનાં શુક્લપક્ષ આસો સુદિ ૧થી આસો સુદિ પૂનમ સુધી દેવીભાગવતની પારાયણ કરાવવાથી પોતાની કુળદેવી પ્રસન્ન થઈ મનમાં ધારેલ વૈભવ આપે, દુઃખ બધાં દૂર થાય અને શત્રુ નાશ પામે એવી માન્યતા છે.

દેવીભાગવતપુરાણ [સં.] ન. એક શૈવ પુરાણ; અઢાર માહેનું એ નામનું એક પુરાણ. શક્તિની ભક્તિ સંબંધી તેમાં લખેલું છે.

દેવીભોગ્ય [વિ.] વિ. દેવીને માનનાર.

દેવીમત પું. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

દેવીમમતા સ્ત્રી. સંત તુલસીદાસની બહેનું નામ.

દેવીમંદિર [સં.] ન. માતાજીનું મંદિર.

દેવીમાર્ગ [સં.] પું. શાક્ત સંપ્રદાય.

દેવીમાર્ગી ૧. પું. દેવીને માનનારો મત.
૨. વિ દેવીને માનનાર મતનું.

દેવીમાહાત્મ્ય [સં.] ન. (પુરાણ) જુદા જુદા અસુરો ઉપર દેવીએ મેળવેલા વિજયના વર્ણનનું સાતસો શ્લોકનું એક પ્રકરણ; સપ્તશતી. એ માર્કંડેય પુરાણનો એક ભાગ હોઈ એને ચંડીપાઠ કહેવામાં આવે છે. દેવીનાં મંદિરોમાં તેનો રોજ પાઠ કરાય છે. નવચંડી, શતચંડી, સહસ્રચંડી એવા પ્રયોગ કરાય છે. તેમાં ૭૦૦ કંડી છે

દેવીલતા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાંદડાં વટાણા જેવાં અને રસ પીળો હોય છે. પાંદડાં ચારો બાંધવા માટે વપરાય છે.
૨. સ્ત્રી. પોળી મેંદરડી.
૩. સ્ત્રી. મોરવેલ.
૪. સ્ત્રી. વાઝણી કંટોલી.
૫. સ્ત્રી. ત્રિપત્રિકા.

VII

દેવોવીર્ય [સં.] ન. વંધ્યત્વ.

દેવોસુપ્ત [સં.] ન. સામસ્તોમનું એક સુક્ત; ઋગ્વેદ પ્રસિદ્ધ એક સૂક્ત. તેના દેવતા દેવી છે.

દેવોહરિ [સં.] પું. દેવીનો સિંહ.

દેવું ૧. ન. કરજ; બીજા પાસેથી આજે લીધેલું નાણું; ઋણ; દેણું

દેવું છે દીકરી, ઘર કોડિયું ખાલું.
દિવેલ દીવો સૂરજા, દેવું ધરનો બાલું.
પીલેલાં ફૂલાં

૧. દેવું કરવું = બીજા પાસેથી આજે નાણું લેવું; કરજ કરવું

૨. દેવું દેખવું = આગળું પતાવી દેવું.

૨. સ. ક્રિ. અનુભવ કરાવવો.

૩. [સં. ક્ત] ક. ક્રિ. આપવું.

દીધે રાખવું = કાર્ય પણ આપુંપણું, સારૂંનરસું, ઠીકઠીકનો વિચાર કર્યા સિવાય કોઈ કામ કર્યે જવું; ઊંધુ જાણીને પ્રકૃતિ ચાલુ રાખવી.

૪. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

૫. સ. ક્રિ. કાઢવું.

૬ સ ક્રિ. (બારમું) કોઈ કામની પૂર્ણતા બતાવવી બીજા ધાતુ સાથે ક્રિયાપૂર્તિમાં વપરાય છે. જેમકે, ભરી દેવું; આપી દેવું.

૭. સ ક્રિ. ચૂકવવું.

૮. સ ક્રિ. નાખવું.

૯. સ ક્રિ. બંધ કરવું; વાસવું; તાળું દેવું.

૧૦ સ ક્રિ. ભાગવું.

૧૧. સ. ક્રિ. મારવું.

મેં મારી મારે પડેલી આબરૂ બચાડને તેની આપ કપા કીધી. ઝવેરી

૧૨ સ ક્રિ. રજા આપવી, છૂટ આપવી.

૧૩. સ ક્રિ. લગાડવું.

૧૪. સ. ક્રિ. સમર્પણ કરવું; અર્પણ કરવું; બક્ષવું

દેવુકરેવું ન દેવુંલેવું.

દેવૃ [ઋ] પું દેર; પતિનો નાનો ભાઈ.

દેવેજ [સં. દેવેજ્] પું. દેવોનું પૂજન કરનાર માણસ

દેવેન્દ્ર ૧. [સં] પું. ઇંદ્ર.

૨. પું ભૂદરપતિ.

દેવેરા ૧ [સં. દેવ + ઈશ (પ્રભુ)] પું. દેવોનો ઈશ, પરમેશ્વર.

નગર કુબારિ રહ્ય દેવેસ,
પ્રભાતિ કીધુ પ્રવેસ. ઝીમ

૨. પુ દેવોનો ઉપરી ઇંદ્ર

૩. પુ મહાદેવ.

૪. પું. વિષ્ણુ દેવોમાં તે પ્રધાન છે, દેવોના નિયંતા પણ તે છે અને ઇંદ્રિયોના દેવતાઓને સ્વાધીન રાખનારા પણ તે મનાય છે.

દેવેશ્વર ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. મહાદેવ.

૩. પું. વિષ્ણુ.

દેવેશ્વરી [સં.] સ્ત્રી. દુર્ગા; ભવાની; પાર્વતી.

દેવેસર ૧. [સ.] પું. ઇંદ્ર; દેવોનો ઉપરી ઇંદ્ર; ઇંદ્ર ભગવાન.

૨. પું. પરમાત્મા; પ્રભુ.

૩. પું. મહાદેવ.

૪. પું. વિષ્ણુ

દેવૈષ્ટ ૧. [સં.] પું. ગૂગળ.

૨. વિ. દેવને પ્રિય.

દેવૈષ્ટા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; મહામેદા

૨. સ્ત્રી મોટું બિલેરું.

દેવૈસર [સં. દેવેશ્વર] પું. ઇંદ્ર; દેવેશ્વર.

દેવૈંદ્ર ૧. [સ.] પું. ઇંદ્ર દેવ.

૨. પું. ઉણિક વંશમાં ૧૨૫મી પેઢીએ થયેલો એ નામે એક રાજા.

૩. પું. સિંધનાં કાનર આવેલું એક નામ.

૪. પું. શ્રીકૃષ્ણથી ૮૨મી પેઢીએ વિક્રમ સવંતના સાતમા સૈકામાં થયેલ એક સુવિખ્યાત રાજા. તેને અસપત, ગજપત, નરપત અને ભટપત નામના ચાર દીકરા હતા. તેમાંથી બીજા દીકરા નરપતના વંશમાં બાલના ક્રમે અને કાઠિયાવાડના જાડેજા રજપૂતો વગેરે મનાય છે.

દેવૈંદ્રસ્તવ ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર.

દેવૈંદ્રોપપતિ પું. (જૈન) એ નામનું એક કાલિક સૂત્ર

દેવોત્તર ૧. [સં] પું. દેવ અર્પિત ધન; દેવતાના નામે અર્પણ કાઢેલી સંપત્તિ.

૨. સ્ત્રી. કર્ક પણ વગેરે લીધા સિવાયની દેવોની મિલકત તરીકેની જમીન.

દેવોત્થાન ૧. ન. દેવસ્થાન; મંદિર.

૨. [સં. દેવ + ઉત્થાન] ન. વિષ્ણુનું જાગ્રત થવું તે; કાર્તિક સુદિ બારસથારસના રોજ વિષ્ણુનું શેષનાગની શય્યા ઉપરથી ઊઠવું તે.

દેવોત્થાની સિ. વિષ્ણુ પોતાની ચાર માસની નિદ્રામાંથી જાગે છે તે દિવસને બોલાવે.

દેવોત્થાની એકાદશી સ્ત્રી. કારતક સુદિ અગિયારસ. તે દિવસે વિષ્ણુ ભગવાન શેષશય્યામાંથી ઊઠે છે પુરાણમાં કહ્યું છે કે, વિષ્ણુ અષાઢ સુદિ અગિયારસ સુધી ચાર માસ સૂએ છે. કોઈક સ્થળે વળી કહ્યું છે કે, સર્વે દેવતાઓ ચોમાસાના ચારે માસ સૂતા રહે છે. જેથી કોઈ શુભ કામ ચોમાસામાં કરવું નહિ. કોઈ કોઈ તો ચોમાસામાં મકાનને નળિયાં ચઢાવવાનું કે ઓટલો ભરવાનું પણ અશુભ માને છે.

દેવોત્પત્તિ [સં.] સ્ત્રી. દેવવંશ; દેવસર્ગ.

દેવોદ્યાન [સં. દેવ + ઉદ્યાન (બગીચો)] ન. દેવનો બગીચો; વૈદ્યરાજ મિશ્રક, સિદ્ધસારસ્વ અને નંદનવન એ ચાર માહેનું કોઈ પણ. કૃષ્ણક મત પ્રમાણે ચાર બગીચાનાં નામ વૈદ્યરાજ, ચૈત્રરથ, મિશ્રક અને સિદ્ધસારસ્વ છે.

દેવોન્માદ [સં દેવ + ઉન્માદ (ગાંડપણ)] પું. દેવના કોપથી થતો મનાતો એક રોગ. તેમાં રોગી પવિત્ર રહે છે, સુગંધી કુલની માળા પહેરે છે, ભાખો ભય કરતો નથી અને સંસ્કૃત બોલે છે. દેવતાની ઉપાસના કરવી, તત્ત્વજ્ઞાનમાં મગ્ન રહેવું, ભક્તિરસમાં મસ્ત થવું અને પરમહંસકૃત પાણવી એવા સજ્જનો દેવોન્માદમાં સપડાય. અનુકરણો કરતા અનેક રૂપો દૃષ્ટિમાં આવે છે અને તે વખતે મનની દૃઢતા સ્થિર નહિ રહેતાં મનુષ્ય ગમકો ઊઠે છે, ઘેલો થાય છે તથા અયોગ્ય કલ્પનામાં પડે છે.

દેવોપમ [સં.] વિ. દેવની ઉપમા આપી શકાય તેવું; દેવસદૃશ, દેવના જેવું.

દેવોપહાર [સં. દેવ + ઉપહાર (બલિદાન)] પું. આહુતિ; બલિ; બલિદાન; અર્પણ.

દેવૌકસ ૧. [સં. દેવૌકસ્] ન ઘર; દેવ.સ્થાન; દેવગૃ.

૨. ન. મેરુ પર્વત.

૩. ન. સ્વર્ગ.

દેવ્ય [સ.] ન દેવપણું.

દેવ્યા ૧. [સં] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગા.બી.

૨. સ્ત્રી. દેવી.

દેવ્યાએ લીધાં કોટ સ્વરૂપ પ્રેમાનંદ

૩. સ્ત્રી. મોરમાંસા.

૪. સ્ત્રી. સ્તુતિ; દેવની સ્તુતિ.

દેવ્યુન્માદ [સં. દેવી + ઉન્માદ (ગાંડપણ)] પું. એક જાતનો રોગ. તેમાં પક્ષઘાત થાય છે, શરીર સુકાઈ જાય છે, મોઢું તથા હાથપગ કરકાઈ જાય છે અને યાદદાસ્ત જતી રહે છે.

દેશ ૧. [સં.] પું અંશ; હિસ્સો, ભાગો ભાગ.

૨. પું. કુદરતી કારણોથી જમીનનો મોટો ભાગ; કુદરતી ભૂભાગ; જનપદ; પૃથ્વીનો એક વિભાગ, જેમાં વસનાર બધું કરીને એકસરખી બોલી, ધર્મ અને એકસરખી રીતભાત હોય છે ને બધું કરીને એક સત્તા તળે હોય છે

દેશ ત્રણ પ્રકારના છે: જંગલ, અનૂપ અને સાધારણ. વળી બીજી રીતે પણ દેશ ત્રણ પ્રકારના છે: દેવમાતૃક એટલે વરસાદના પાણીથી જ્યાં ખેતી વગેરે થાય છે તે દેશ, નદીમાતૃક અને ઉભયમાતૃક.

૧. દેશ છોડીએ, પણ દેશવાસ ન છોડીએ- દેશ ત્યજ, પણ દેશવાસ ન ત્યજ = માણસનું વતન ફરે, પરંતુ તેની રીતભાત કે સ્વભાવ ફરે નહિ.

૨. દેશ જતુ = પોતાને વતન જતુ.

૩. દેશ તેવો વેશ-દેશ મેલવો પણ વેશ ન મેલવો = દેશની રૂઢિ પ્રમાણે વર્તવું.

૨. પું. ક્ષેત્ર; પ્રદેશ.

૧	મોરસ હાથ	= આસન
૧૬	આસન	= જોગમ
૬૪	જોગમ	= કાહણી
૪	કાહણી	= માપ
૪	માપ	= વર્તનિમ
૫	વર્તનિમ	= વાટી અથવા વાડી
૪	વાટી	= કુટુંબ
૧૦૦	કુટુંબ	= ગામ
૧૦૦	ગામ	= જનપદ
૧૦૦	જનપદ	= દેશ

૪. પું. (સંગીત) ગમાજ રાગમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. આ રાગમા શુદ્ધ તેમ જ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આરોહ વૈવત વર્જ્ય છે અને ગંધાર દુર્બળ છે. વાદી સ્વર પંચમ અને સંવાદી ષડ્‌જ છે. આ રાગ સોરઠને પ્રત્યેક રીતે મળતો આવે છે, તેથી શ્રોતાઓને સોરઠને બદલે દેશ અને દેશને બદલે સોરઠની ભ્રાંતિ થાય છે.

૫. પું. ભરતનો એક ભાગ; રાષ્ટ્ર; મુલક; પ્રદેશ. હિંદુસ્તાનના અઢાર દેશ નીચે પ્રમાણે ગણવામાં આવેલ છે: (૧) બાલ્હીક, (૨) સૌવીર, (૩) કેકય અથવા સાકેત, (૪) મત્સ્ય અથવા કોસલ, (૫) માલવ અથવા કુરુજાંગલ, (૬) અંગ, (૭) વંગ, (૮) કલિંગ, (૯) કાશ્મીજ, (૧૦) વિદર્ભ અથવા વિદેહ, (૧૧) સાટ, (૧૨) સુરાષ્ટ્ર, (૧૩) આરટ્ટ, (૧૪) રામસૃષ્ટ, (૧૫) વિશ્વામિત્રસૃષ્ટિ, (૧૬) પાંડ્ર, (૧૭) ચૌડ્ર અને (૧૮) મદ્ર.

૬. પું. ગામસમૂહ.

૭. પું. (જૈન) ચોથું પંચક. તેનાથી તપસ્વાની વૃદ્ધિ થાય છે.

૮. પું. દેશકાલ; જમાનો.

૯. પું. (જૈન) દેશવિરતિ નામનું પંચમું ગુણસ્થાનક.

૧૦. પું. મૂળ વતન; જન્મભૂમિ.

દેશ ભેગલે આવ્યા આપણીઓ લો ચોમનું મૂળ વતન કે જન્મભૂમિ જ બન્યું છે. પ્રસન્ન

૧૧. પું. રોગીનું શરીર.

૧૨. પું. વહીવટની સમજવા માટે પાડેલો ભૌગોલિક વિભાગ.

૧૩. પું. વિષય; વાત; બાબત.

૧૪. પું. વિસ્તાર; સ્થાન. ન્યાય તથા વૈશેષિક મત અનુસાર જેનાથી આકાશપાતાળ, ઉપરનીચ, ઉત્તરદક્ષિણ વગેરેનું જ્ઞાન પડે તે દેશ કે દિક્‌દ્રવ્ય કહેવાય છે. કાળની માફક સંખ્યા, પરિમાણ, પૃથક્‌ત્વ, સંયોગ અને વિભાગ એ દેશના પણ ગુણ છે. દેશના વિભુ અને એક હોવા છતાં પણ ઉપાધિભેદથી ઉત્તર દક્ષિણ, આકાશ પાતાળ વગેરે ભેદ માને છે. દેશ સબંધી પૂર્વ અને પર એવો વિપર્યય થઈ શકે છે, પણ કાળ સંબંધી તેમ બનતું નથી. પશ્ચિમ દેશના કેન્દ્ર વગેરે દાર્શનિકોએ દેશ અને કાળને મનની બહારની કોઈ વસ્તુ માની નથી, અંતઃકરણનો આરોપ માત્ર કહ્યો છે.

૧૫. પું. શરીરનો કોઈ ભાગ; અંગ; અવયવ.

૧૬. પું. (જૈન) સમસ્ત ગુણોનો પિંડ.

૧૭. પું. (યોગ) સર્વત્ર પરિપૂર્ણપણે આત્મા રહેલ છે એવી સમજણી મનની સ્થિતિ.

૧૮. [સં. દિશ્ (દેખાડવું)] પું. સાત ક્ષેત્રો પૈકીના ભરતક્ષેત્રમાંના અઠ્ઠાવું આર્હેનો દરેક દેશ. પ્રાચીન જૈન સાહિત્યમાં નીચે પ્રમાણે દેશ ગણાવેલા છે: (૧) કશ્મીર, (૨) કોર, (૩) કાશ્મેર, (૪) કાબોજ, (૫) કમલ, (૬) ઉરડ્ર, (૭) કરહાટ, (૮) કુરુ, (૯) કવાણ, (૧૦) કેય, (૧૧) કોશલ, (૧૨) કોસલ, (૧૩) કોસી, (૧૪) કાસલ, (૧૫) કારુષ, (૧૬) કુણ, (૧૭) કર્ણાટ, (૧૮) કોંકડ, (૧૯) કેકી, (૨૦) કોલગિરિ, (૨૧) કામરૂપ, (૨૨) કુરુણ, (૨૩) કુંતલ, (૨૪) કાલિંગ, (૨૫) કરકુટ, (૨૬) કરહડ, (૨૭) કેરલ, (૨૮) ખસ, (૨૯) ખર્પટ, (૩૦) ખેટ, (૩૧) ગૌડ, (૩૨) ગંગ, (૩૩) ગોપ, (૩૪) ગડ્ર, (૩૫) ગોડ, (૩૬) ગિરિનગર, (૩૭) ચેલ, (૩૮) ચલંધર, (૩૯) ટંકણ, (૪૦) કોકિણાણ, (૪૧) ડાહલ, (૪૨) તુંગ, (૪૩) તાલિજ, (૪૪) તોરલ, (૪૫) દશાર્ણ, (૪૬) દડ્ર, (૪૭) દેવસભ, (૪૮) નેપાલ, (૪૯) નર્તક, (૫૦) પંચાલ, (૫૧) પલ્લવ, (૫૨) પુંડ્ર, (૫૩) પાંડુ, (૫૪) પ્રલમ્બ, (૫૫) બર્બર, (૫૬) બહિર, (૫૭) બહોલ, (૫૮) માલિમ્બક, (૫૯) મહોલ્ય, (૬૦) મરુડ, (૬૧) મુરલ, (૬૨) મેદ, (૬૩) મગ, (૬૪) મુદ્ગ, (૬૫) મંકર, (૬૬) મલયવર્તા, (૬૭) મહારાષ્ટ્ર, (૬૮) યવન, (૬૯) રોમ, (૭૦) રાઢક, (૭૧) લાટ, (૭૨) વહ્લીતર, (૭૩) વહ્લાવર્ત, (૭૪) વાહલવાહક, (૭૫) વિદેહ, (૭૬) વંગ, (૭૭) વૈરાટ, (૭૮) વનવાસ, (૭૯) વનાયુજ, (૮૦) વાલ્હીક, (૮૧) વલ્લવ, (૮૨) અવતી, (૮૩) વહ્નો, (૮૪) શક, (૮૫) સિહલ, (૮૬) સુમ્હ, (૮૭) સૌવીર, (૮૮) સૌરાષ્ટ્ર, (૮૯) સુહ્મ, (૯૦) સુરાષ્ટ્ર, (૯૧) સુહ્મ, (૯૨) અમ્બક, (૯૩) કુલ્લ, (૯૪) હર્ષોક, (૯૫) હર્ષોજ, (૯૬) હસ, (૯૭) હુહુક અને (૯૮) હેરક. કેટલાકના મત પ્રમાણે નીચ મુજબ દેશ છે: (૧) ગૌડ, (૨) કાન્યકુબ્જ, (૩) કોલાટ, (૪) કલિંગ, (૫) અગ, (૬) વસ, (૭) કુરસ, (૮) આભાલ્વ, (૯) કામાક્ષ, (૧૦) ઓષ્ટ્ર, (૧૧) પુડ્ર, (૧૨) ઉડીશ, (૧૩) માલવ, (૧૪) કોહલ, (૧૫) પશ્ચિમકાશ, (૧૬) વાલ્હલ, (૧૭) સૌરાષ્ટ્ર, (૧૮) કુંકણ, (૧૯) લાટ, (૨૦) મીમાલ, (૨૧) અર્બુદ, (૨૨) મેદપાટ, (૨૩) મરુ, (૨૪) વરેંદ, (૨૫) યમુનાતીર, (૨૬) શંખતીર, (૨૭) અંતર્વેદિ, (૨૮) માનવ, (૨૯) મધ્યકુરુ, (૩૦) મલ્લ, (૩૧) કમરૂપ, (૩૨) કાશી, (૩૩) અવંતી, (૩૪) પ્રાપંતક, (૩૫) કિરાત, (૩૬) સૌવીર, (૩૭) ઓશીર, (૩૮) વાકાણ, (૩૯) ઉત્તરાપથ, (૪૦) ગુર્જર, (૪૧) સિંધુ, (૪૨) કેકાણ, (૪૩) નેપાલ, (૪૪) ટક્ક, (૪૫) ગુરખ, (૪૬) તાર્ક્ષાર, (૪૭) બર્બર, (૪૮) બર્બર, (૪૯) કશ્મીર, (૫૦) હિમાલય, (૫૧) ગોલ, (૫૨) પુરુષ, (૫૩) મહારાષ્ટ્ર, (૫૪) દક્ષિણાપથ, (૫૫) સિંધલ, (૫૬) ચૌલ, (૫૭) ગૌડલ, (૫૮) પાંડુ, (૫૯) આંધ્ર, (૬૦) વિધ્ય, (૬૧) કર્ણાટ, (૬૨) દ્રવિડ, (૬૩) શ્રીપર્વત, (૬૪) વિદર્ભ, (૬૫) મારા, (૬૬) ઉર, (૬૭) લાજ, (૬૮) તાપી, (૬૯) મહારાષ્ટ્ર, (૭૦) આભીર, (૭૧) નર્મદાતટ, (૭૨) દીપદેશ. પ્રાચીન કાળમાં નીચે પ્રમાણે ચાર દેશોની ગણના કરવામાં આવી છે: લાટ, કર્ણાટક, માલવ, કનોજ, ગોલ્લ, કરપ, મહારાષ્ટ્ર, સોરઠ, લક્ક, સિંધ, અંગ, સિંધ.

૧૯. પું. સો હાથ માપેલી જમીન.

૨૦. પું. (જૈન) રક્ષણનો અમુક કલ્પેલ વિભાગ.

૨૧. પું. સ્થાન; જગ્યા.

૨૨. પું. હરકોઈ પદાર્થ રોકેલી જગ્યા; આમલું અવકાશ.

દેશક ૧. [સં.] પું. અમુક અંશ.

૨. પું. દેશ; પ્રદેશ.

૩. પું. કારકુન.

૪. પું. વિભાગ.

૫. પું. શિક્ષણ આપનાર માણસ; ગુરુ.

૬. પું. સમય; દેખાવ.

૭. વિ. ઉપદેશક; ઉપદેશ કરનાર.

૮. વિ. માર્ગ બતાવનાર; રસ્તો દેખાડનાર.

દેશકલી [સં.] સ્ત્રી. (સંગીત) એક રાગિણી. તેમાં ગંધાર કોમળ અને બાકીના બધા સ્વર શુદ્ધ હોય છે.

દેશકાર ૧. [સં.] પું. (સંગીત) ત્રિસ્વાદ્ય ષાડવથી ઉત્પન્ન થતો એક રાગ. આ રાગ હંકરાભરણ ષાડવનો શુદ્ધ સ્વરોનો ઔડવ જાતિનો છે અને તેમાં મધ્યમ અને નિષાદ વર્જ્ય છે. આ રાગનો વાદી સ્વર પૈવત છે. તેમ જ ત્રિસ્વાદ્યના અંગનો ઉદયકાલ બાંધે લાગ્યો હોવાથી દિવસના પ્રથમ પ્રહરમાં ગવાય છે. આ રાગનો વાદી સ્વર પૈવત હોવાથી નિયમાનુસાર ગંધાર અથવા રિષભ સંવાદી સ્વર થઈ શકે છે. આ રાગનો અંશ સ્વર પૈવત છે.

૨. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તે સવારના ભાગથી પાંચ દંડ દિવસ ચડે ત્યાંસુધી ગવાય છે. આ રાગ ખરજ, ગોરહા અને સરસ્વતીના મોગથી બને છે અને તેને દીપક રાગનો પુત્ર માનવામાં આવે છે. તેના સ્વરપ્રમાણ આ પ્રમાણે છે.

સ, ઋ, ગ, મ, પ, ધ, નિ.

અથવા

ધ, નિ, સ, ઋ, ગ, મ, પ.

૩. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે મેઘ રાગની પાંચ બાહેની એ નામની એક રાગિણી. તે બાવાનો વખત પહેલી રાત્રિનો, કોઈ પણની રાત્રિનો પણ માને છે. જાતિ ઔડવ એટલે મધ્યમ ને નિષાદ બે વર્જિત છે અને ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, પંચમ શુદ્ધ, પૈવત તીવ્ર એ પ્રમાણે પાંચ સ્વર આવે છે. ઋષભ સ્વર ખરજ છે અને ન્યાસ સ્વર ગાંધાર છે. આ રાગિણી નિશાસને મળતી છે. કોઈ ઔડવ પણ કહે છે તેમ મધ્યમ વર્જ્ય છે. કોઈ સંપૂર્ણ પણ માને છે. તેમાં મધ્યમ અને નિષાદ બંને આવે છે.

દેશકારા [સં.] સ્ત્રી. (સંગીત) તે નામની એક રાગિણી. જુઓ દેશકારી.

દેશકારી [સં.] સ્ત્રી. (સંગીત) મેઘરાગની પાંચ બાહેની એ નામની એક રાગિણી. સોનાના સરખું શરીર, માં ઉપર કાળો તલ, કેડમાં મોતીની માળા, કપાળમાં ચંદનની રેખા અને મંદમંદ હાસ્ય કરી પોતાના પ્રાણપતિને રિઝાવે છે એવા સ્વરૂપવાળા તે મનાય છે. તે બાવાનો વખત પહેલી રાત્રિનો છે, કોઈ પણની રાત્રિનો પણ માને છે. કેદારાના મત પ્રમાણે મેમાસામાં રાત્રિને ગાવે તે ગવાય છે. જાતિ ઔડવ છે. મધ્યમ અને નિષાદ બે વર્જ્ય છે અને ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, પંચમ શુદ્ધ, પૈવત તીવ્ર એ પ્રમાણે પાંચ સ્વર આવે છે. ઋષભ સ્વર ખરજ અને ન્યાસ સ્વર ગાંધાર છે. આ રાગિણી નિશાસને મળતી છે. તેને હનુમંત મત પ્રમાણે મેઘરાગની અને કેદારાના મત પ્રમાણે હિંદોલ રાગની ઓ માનવામાં આવે છે.

દેશકાર્ય [સં.] ન. દેશને માટેનું કાર્ય; રાષ્ટ્રીય કાર્ય.

દેશકાલ ૧. પું. આજની વર્તમાન સ્થિતિ; વર્તમાન કાળ; ચાલુ જમાનો; વર્તમાન લોકસમુદાયનું વલણ.

> દાનવિધિમાં દેશકાલનું ઉચિતપણું અને ધોનારના સિદ્ધાંતને બાધા ન કરે તેવી કલ્પનીય વસ્તુનું અર્પણ ઇત્યાદિ બાબતોનો સમાવેશ થાય છે
>
> વ્યવહારસૂત્ર

૨. પું બાજતો રીતરિવાજ.

૩. [સં.] પું. દેશ અને કાળ.

૪. પું. શુભાશુભ કર્મોનો નિયત કરેલ સમય.

દેશકાલજ્ઞ [સં.] વિ. દેશ અને કાળને જાણનાર.

દેશકાલજ્ઞતા [સં.] સ્ત્રી. દેશકાળને જાણવાપણું.

દેશકાલવિદ [સં. દેશકાલવિદ્] જુઓ દેશકાલજ્ઞ.

દેશકાલાતીત [સં.] વિ. દેશ અને કાળથી પર.

> આ સર્વોપરિ પરમ તત્ત્વ એક જ છે, તેને આદિ નથી, અંત નથી, તે દેશકાલાતીત છે.
>
> વિદ્યાદાસ

દેશકાળ જુઓ દેશકાલ.

દેશકાળાતીત [સં. દેશકાલાતીત] વિ. દેશ અને કાળથી પર.

> દેશકાળાતીત જાણ નિરાળાને,
> આપ સ્વરૂપ બનાવી લે.
>
> આનંદઘન

દેશગત [સ. દેશ + ગત (ગયેલું)] વિ. દેશમાં ગયેલું; દેશ ગયેલું.

દેશગાંધાર પું. (સંગીત) સવારે ગાવાથી પાંચ દંડ સુધી ગવાતો એ નામનો એક રાગ.

દેશગૃહ ન. ગામમાંનું રહેઠાણ.

દેશગૌડ (દેસગૌડ) પું. (સંગીત) ભૈરવી ષાડવમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે પ્રાતઃકાળે ગવાય છે.

દેશઘડી (દેસઘડી) સ્ત્રી. દેશવટો આપવો પાપી.

દેશઘાતિકર્મ [સં. દેશઘાતિકર્મન્] ન. (જૈન) જીવના અનુજીવી ગુણોનો એક દેશ ઘાત કરે એવું કર્મ.

દેશઘાતિપ્રકૃતિ [સં.] સ્ત્રી. (જૈન) આત્માના એક દેશની ઘાત કરનાર કર્મપ્રકૃતિ. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણ એમ જ્ઞાનાવરણની ચાર, અચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ એમ દર્શનાવરણની ત્રણ, સંજ્વલનની ચાર, નોકષાયની નવ અને સમ્યક્ત્વ એક એમ મોહનીયની ચૌદ અને અંતરાયની પાંચ મળી દેશઘાતિપ્રકૃતિ કુલ છવ્વીસ છે.

દેશઘાતી [સં. દેશ (ભાગ) + ઘાતિન્)] વિ. (જૈન) આત્માના એક દેશની ઘાત કરનાર.

દેશચેષ્ટ વિ દેશને માટે ગાઢ મમત્વ; દેશાભિમાની; સ્વદેશભક્ત.

દેશચરિત્ત [પ્રા.] ન. બાવાપણું.

દેશચરિત્ર [સં.] પું. દેશની પ્રથા; રિવાજ.

દેશચર્યા [સં. દેશ + ચર્યા (સેવા)] સ્ત્રી. દેશસેવા.

> બાપીજી અમદાવાદથી દિલ્લી જવા નીકળ્યા તે જ દેશચર્યા કરવા નીકળવાનો એમનો પહેલો પ્રસંગ.
>
> મહાદેવ દેસાઈ

દેશચલન [સં દેશ + ચલન (ચાલવું તે)] પું. દેશવ્યવહાર.

દેશચારિત્ર [સં.] ન (જૈન) બાવાધર્મ; બાવકનાં વ્રત. ગૃહસ્થધર્મના બાર ભેદ છે: (૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત, (૪) મૈથુન વિરમણ વ્રત, (૫) સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત, (૬) દિશા પરિમાણ વ્રત, (૭) ભોગોપભોગ વિરમણ વ્રત, (૮) અનર્થદંડ વિરમણ વ્રત, (૯) સામાયિક વ્રત, (૧૦) દિશાવકાશિક વ્રત, (૧૧) પૌષધોપવાસ વ્રત અને (૧૨) અતિથિ સંવિભાગ વ્રત.

દેશચિંતક [સં. દેશ + ચિંતક (વિચાર કરનાર)] પું રાજપુરુષ; રાજનીતિજ્ઞ; રાજવાકો.

> સ્ટેટસમેન, પોલીટીશ્યન માટે આપણામાં શબ્દ જ નથી. દેશહિતચિંતક, રાષ્ટ્રહિતચિંતક અને કૂતરાં દેશચિંતક કે રાષ્ટ્રચિંતક શબ્દ આ અર્થમાં ઘડ થઈ રહે એનો હજુ સંભવ નથી. પણ ઘડી રહે તો સારું.
>
> અનંતરાય રાવળ

દેશછોડન (દેસછોડન) ન. સ્વદેશ છોડી દેવાપણું.

દેશજ ૧. [સં.] વિ. દેશમાં ઉત્પન્ન થનાર; દેશી.

૨. વિ. (બાકરણ) મૂળનું; અસલનું; અનાર્ય બાષામાંથી આવેલું.

> ઉપર કહેલી બાત બાષામાં તત્સમને વહુજ શબ્દ ઉપરાંત દેશજ શબ્દ એવા જે કે તે સંસ્કૃત નથી તેમ જ સંસ્કૃતમાંથી આવેલા પણ નથી. તે દેશની મૂળ બાષા-અનાર્ય બાષામાંથી આવેલા છે માટે દેશ કે દેશજ કહેવાય છે.
>
> ભૂપેન્દ્ર બાકરણ

દેશજન [સં] પું. પોતાના દેશનું માણસ, સ્વદેશી લોક.

દેશજનતા ૧. [સં.] સ્ત્રી. દેશની પ્રજા.

૨. સ્ત્રી. પ્રજાતંત્ર.

રાજ્ય સંબંધી હક કે સ્વાતંત્ર્યતાના હક જોડે મળે, મોટા મળે અથવા ન મળે તો ચાલે, પણ દેશજનતા-આપણી ભાષા, આપણું હિંદુ લોહી અને એટલે પછી આપણે જ નહિ. નવરામ

દેશજ સાહિત્ય [સં દેશ + જ (જન્મેલું) + સાહિત્ય] ન. દેશનું વાઙ્મય; દેશમાં ઉત્પન્ન થયેલું સાહિત્ય તેમાં લોકગીત, લોકકથા, જનવાર્તા, કહેવતો, સમસ્યા, ઉખાણાં વગેરેનો સમાવેશ થાય છે.

દેશજાત [સં. દેશ + જાત (જન્મેલ)] વિ. સ્વદેશી.

દેશજ્ઞ [સં.] વિ. દેશની હાલત જાણનાર; દેશની દશા, રીતિ, જાતિ વગેરે જાણનાર.

દેશડો (દેશડે) પું. દેશ; મુલક.

બીરા માસે દેશડો દૂરે. પ્રેમાનંદ

દેશત સ્ત્રી. ખોડ; ઊણપ; કહેવત.

દેશતંત્રતા [સં.] સ્ત્રી. દેશના તંત્ર પ્રમાણે ચાલવું તે.

એ આવેશ એ વખતમાં ચારે તરફથી દેશતંત્રતા અને રાજનીતિની વિરુદ્ધ પ્રસરતો હતો.

મણિશંકર ઠાકર

દેશતેડું (દેશતેડું) ન. દેશનાં બધે ઠેકાણેથી પોતાની જ્ઞાતિનાં માણસોને આમંત્રણ કરી બોલાવવા તે

દેશત્યાગ [સં.] પું. દેશને છોડવો તે; વતનનો ત્યાગ; પરદેશગમન; વિદેશવાસ.

દેશત્યાગી ૧. [સં દેશ (અમુક અંશ) + ત્યાગિન્ (તજનાર)] વિ. (જૈન) અમુક અંશે ત્યાગ કરનાર; શ્રાવકપણું ધારણ કરનાર.

અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિચારીશ નહિ. રાજચંદ્ર

૨. [સં. દેશત્યાગિન્] વિ. પોતાના દેશનો ત્યાગ કરનાર.

દેશદાઝ [સં. દેશ + દાહ (બળતરા)] સ્ત્રી. પોતાના દેશ માટે બેચેનકર લાગણી; સ્વદેશાભિમાન; સ્વદેશ માટેનો ભુસ્સો; સ્વદેશાનુરાગ, સ્વદેશપ્રીતિ; દેશાભિમાન.

દેશદાઝુ [સં. દેશ + દાહ (બળતરા) + ઉ (બળુકું)] વિ. દેશદાઝવાળું; દેશાભિમાની.

દેશદાણ ન. નિવાસ ઉપર લેવામાં આવતી જકાત; નિવાસજકાત.

દેશદેશાવર [સં. દેશ + દેશ + અવર (બીજું)] ન. દેશપરદેશ; દેશદેશાંતર.

દેશદેશાંતર [સં દેશ + દેશ + અંતર (બીજું)] ન. દેશોદેશ; એક દેશથી બીજે બધે દેશ; દેશપરદેશ.

દેશદેશોના પું. બ. વ. જુદા જુદા દેશોનાં માણસો.

દેશદ્રોહ [સં.] પું. દેશ પ્રત્યે બેવફાઈ.

દેશદ્રોહી ૧. [સં. દેશદ્રોહિન્] પું. પોતાના દેશ પ્રત્યેની ફરજ ભૂલી તેના અહિતમાં ભાગ લેનાર માણસ.

જેઓએ સ્વદેશી વસ્તુનો, બહેનોએ કાંતેલા નાડા, બાળતા સુતરના વણાયેલા કપડાંને ત્યાગ કર્યો છે તેઓ દેશદ્રોહી જ છે. નવજીવન

૨. વિ. દેશદ્રોહ કરનારું.

દેશધર્મ ૧. [સં. દેશ + ધર્મ (આચાર)] પું. દેશની રીતિ, નીતિ, આચાર કે અણધાર.

માણસોએ દેશધર્મ પાળવો જોઈએ.

ગાંધીજી આત્મકથા

૨. પું. દેશને લેખ ધર્મ; દેશ પ્રત્યેની ફરજ.

દેશન ન. ઉપદેશ; શિક્ષા.

દેશના [સં. દિશ્ (દેખાડવું)] સ્ત્રી. (જૈન) ઉપદેશ; ધર્મોપદેશ; બોધ.

જોતીસમે પ્રભુજીએ ૪ દેશના,
બોજન લાખે અધિજન સાથે. વિવેકસાગર

દેશનામૃત [સ દેશના (બોધ) + અમૃત] ન. બોધરૂપી અમૃત

દેશનિકાલ પું. દેશમાંથી બહાર કાઢી મૂકવું તે; હદપાર; દેશવટો.

દેશનિકાલી વ. દેશનિકાલ કરેલ વ્યક્તિ; દેશનિકાલ પામેલ માણસ.

આ દેશનિકાલીઓને સાથ લાગણી જે કર કરી રહી તે કલ્પતાં કંપારી છૂટે.

ગાંધીજી

દેશનિક્ષેપ [સં.] પું. એક દેશ બીજા દેશને આપવો તે.

દેશનિયો પું. એક જાતનો લોબાવાળો પાનનો છોડ. તેનાં પાન જંતુઘ્નનાં પાન જેવા ગુણ છે.

દેશનિર્દેશ [સં.] પું. વિશેષ સંપાદન; કોઈ ખાસ વિષયમાં પ્રવીણતા મેળવવી તે.

દેશનિષ્ઠાસન [સ. દેશ + નિષ્ઠા (આધાર કાઢવું) + અન (પણ)] ન. દેશનિકાલ.

દેશપટેલ પું. હલકી જ્ઞાતિઓમાં જ્ઞાતિને લગતા ઝઘડા પતાવવા માટે આખા પ્રાંત માટે નીમેલો મુખી.

દેશપતિ [સં.] પું. રાજા.

દેશપરદેશ [સં.] પું. પોતાનો તેમ જ પારકો દેશ; દેશવિદેશ.

દેશપરદેશનું વિ. આંતરરાષ્ટ્રીય.

દેશપરિચ્છેદ ૧. [સં.] પું. (વેદાંત) અલંતાભાવનું પ્રતિયોગીપણું. જેમકે, ઘટત્વાદિક ધર્મોના પટાદિકમાં અત્યંતાભાવ છે. એ અત્યંતાભાવનું પ્રતિયોગીપણું ઘટત્વાદિક ધર્મોમાં રહે છે.

૨. પું. (વેદાંત) અધિકરણના એક દેશમાં રહેલા છતાં આખા અધિકરણમાં અવ્યાપીપણું. જેમકે, એક પદાર્થનો બીજા સાથે સંયોગ થાય ત્યારે તેમનો બંનેના અમુક દેશમાં સ્પર્શ થાય છે, આખા અધિકરણમાં થતો નથી.

દેશપાર અ. દેશની બહાર; દેશનિકાલ થાય એમ.

દેશપાલ [સં.] પું. દેશનું પાલન કરનાર રાજા

દેશપાલક ૧. [સં.] પું. દેશનું પાલન કરનાર રાજા.

૨. પું. રક્ષક; ચોકીદાર.

દેશપાલી સ્ત્રી. (સંગીત) દેશકારી રાગિણીનું બીજું નામ.

દેશપાંડે ૧. [સ.] પું મુખ્ય હિસાબ રાખનાર માણસ; મહેતો; ગામડાની વસ્તીગતનો હિસાબ તપાસનાર અધિકારી.

૨. સ્ત્રી. એ નામની મરાઠાની એક જ્ઞાતિ.

૩. વ. એ નામની જ્ઞાતિનું માણસ.

૪. વિ. એ નામની જ્ઞાતિનું.

દેશપીડન (દેશપીડન) [સં.] ન. પ્રજા ઉપરનો અત્યાચાર; રાષ્ટ્રને નુકસાન પહોંચાડવું તે; દેશના લોકોને દુઃખ આપવું તે.

દેશપ્રકૃતિ [સં.] સ્ત્રી. હવામાન; આબોહવા.

દેશપ્રત્યક્ષ વિ. (જૈન) બીજા પદાર્થની મદદ વિના રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે એવું. આમાં ઇંદ્રિયાદિની મદદ નથી તે અપેક્ષાએ છે અને મનની મદદ છે તથા કેવલ રૂપી પદાર્થ જાણે છે, આપી નથી જાણતા તે દેશપ્રત્યક્ષ છે.

દેશપ્રશસ્ત [સં.] વિ. દેશમાં વખણાયેલું.

દેશપ્રિય [સં.] વિ. આખા દેશને વહાલું; દેશમાં બધાને પ્રિય.

દેશપ્રીતિ [સં.] સ્ત્રી. સ્વદેશ ઉપર લાગણીભર્યો પ્રેમ; સ્વદેશાભિમાન.

દેશપ્રેમ [સં.] પું. દેશને માટે પ્રેમ; દેશપ્રીતિ.

દેશપ્રેમી [સં દેશપ્રેમિન્] વિ. દેશ પ્રત્યે પ્રેમ ધરાવનાર; દેશને ચાહનાર; દેશપ્રેમવાળું.

દેશળદે [સં] ન. (જાકત) વિષનું એક રૂપ.

દેશબંધુ ૧ [સં.] પું. દેશજન; દેશભાઈ
૨. પું દેશનેતા ચિત્તરંજન દાસ માટે લોકોએ પ્રસંગોપાત કાઢેલ હુલ્લોહુલારા; પ્રજાએ જેવાયેલ આ ઉપનામથી જ તેઓ વિખ્યાત બનેલા છે.
દરિદ્રનારાયણ શબ્દ ગાંધીજીનો નથી, સ્વામી વિવેકાનંદનો બોલેલો છે, દેશબંધુ દાસે એને અપનાવ્યો અને ગાંધીજીએ એને મઠોર ઊપડી અને જગવિખ્યાત કરી મૂક્યો મહાદેવ દેસાઈ

દેશબાંધવ જુઓ દેશબંધુ ૧.

દેશભાળુ વિ. દેશને કુબાવનાર; દેશદ્રોહી.

દેશભક્ત [સં.] પું. દેશભક્તિવાળો માણસ; દેશની સેવા કરનાર માણસ; દેશપ્રેમી પુરુષ

દેશભક્તિ ૧. [સં.] સ્ત્રી. એક જાતની કવિતા.
૨. સ્ત્રી. સ્વદેશપ્રીતિ; દેશ પ્રત્યેની ભક્તિ; સ્વદેશાભિમાન.

દેશભર ન. આખા દેશમાં.

દેશભાઈ પું. પોતાના દેશનો માણસ; દેશબંધુ.

દેશભાષા [સં.] સ્ત્રી. કોઈ દેશ અથવા પ્રાંતમાં બોલાતી ભાષા; દેશની બોલી; માતૃભાષા.

દેશમેદ ૧. [સં.] પું. જુદો દેશ.
૨. પું. દેશનો વિભાગ.

દેશમ્રક્ષણ [સં.] ન. દેશમાં કરવું તે; દેશની મુખારી.

દેશમલ્હાર [સં.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમાં બધા શુદ્ધ સ્વર હોય છે. વર્ષા ઋતુમાં તે ગવાય છે.

દેશમલ્હાર જુઓ દેશમલ્હાર.

દેશમુખ ૧. પું. દેશનો આગેવાન; દેશનો મુખ્ય માણસ.
૨. સ્ત્રી. મરાઠાની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ એ નામની અટકનું.

દેશમુખી સ્ત્રી. દેશાઈગીરી.

દેશયજ્ઞ [સં. દેશ + યજ્ઞ (ધાર્મિક કર્મ)] પું દેશના ઉદ્ધારનું કાર્ય.

દેશયશ [સં. દેશયશસ્] પું. દેશની કીર્તિ; સ્વદેશની ખ્યાતિ.

દેશરૂપ [સં.] પું. પ્રસંગપાત્ત દેશ.

દેશરો વિ. પું. દેશનો.
દૂધ જમ્યો દેશરો
મોનો દેશ પ્રકાશ. લોકસાહિત્ય

દેશલેખક પું. દેશનો ઇતિહાસ લખનાર માણસ.

દેશવટો ૧ પું દેશની બહાર કાઢી મેલવાની તે.
૨. પું. પરદેશમાં મુખારી કરવી તે; દેશાટન.
૩. પું. પરદેશમાં વાસ.

દેશવત્સલ [સં.] વિ. દેશપ્રેમી; દેશને માટે પ્રેમ રાખનારું.

દેશવાત્સલ્ય [સં.] ન. સ્વદેશપ્રેમ; દેશાભિમાન.

દેશવાસી [સં. દેશવાસિન્] વિ. દેશમાં રહેનાર.

દેશવિગ્રહ [સં.] પું. આંતરવિગ્રહ; લોકોમાં અંદર અંદરની લડાઈ.

દેશવિદેશ ૧. [સં.] પું. દેશપરદેશ; પોતાનો તથા બારનો દેશ.
૨. વિ. પોતાના કે બારના દેશમાં રહેતું.
૩. ન. અમે જ્યાં રહેતું હોય એમ; દેશમાં અથવા પરદેશમાં.

દેશવિધિ [સં.] સ્ત્રી. રિવાજ પ્રમાણે કરાતી વિધિ

દેશવિપ્લવ [સં.] પું. દેશમાં ફાટેલો બળવો.

દેશવિમુખ [સં.] વિ. દેશ પ્રત્યે લાગણી વિનાનું.

દેશવિરત [સં. દેશ (અમુક અંશ) + વિરત (નિવૃત્ત)] વિ. (જૈન) મોટે અંશે પાપથી નિવૃત્તિ પામેલ. શ્રાવક માટે આ શબ્દ વપરાય છે.

દેશવિરતિ [સં. દેશ (અમુક અંશ) + વિરતિ (નિવૃત્તિ)] ન. (જૈન) સંપૂર્ણ નહિ પણ અમુક અંશે ત્યાગ; શ્રાવકપણું; અણુવ્રત સ્વીકારવાનો ભાવ.

દેશવિરતિગુણસ્થાન [સં.] ન. (જૈન) મોક્ષ માર્ગનું એ નામે પાંચમું ગુણસ્થાન. આત્મજ્ઞાન પછી શ્રાવકનાં વ્રત યથાશક્તિ આદરનાર જીવ આ ગુણસ્થાને કહેવાય છે.

દેશવિરાધિક વિ. (જૈન) મોટે અંશે વિરાધન કરનાર.

દેશવિરોધ જુઓ દેશવિરોધન્યાય.

દેશવિરોધન્યાય [સં.] પું. (ન્યાય) એક જાતનું દૃષ્ટાંત. કોઈ સ્થાને સંકેત હોવાથી નાયિકા જ્યારે પોતાની સખીઓને સાંજી જવાનું કહે છે ત્યારે તે દૃષ્ટાંતને દેશવિરોધન્યાય કહે છે.

દેશવીર [સં.] પું. દેશનો બહાદુર માણસ.

દેશવ્યવહાર ૧. [સં.] પું. દેશનો કે દેશ પ્રત્યેનો ધર્મ.
૨. પું. સ્થાનિક રીતરિવાજ; રૂઢિ.

દેશવ્યાપી નિર્વાચન [સં. દેશ + વ્યાપિન્ (ફેલાયેલ) + નિર્વાચન (ચૂંટણી)] ન. સામાન્ય ચૂંટણી.

દેશસંપ્રદાય [સં.] પું. ભારતવર્ષમાં પ્રચલિત એ નામનો એક ભક્તિપ્રધાન સંપ્રદાય.

દેશસંયત ન (જૈન) પાંચમું ગુણસ્થાન; દેશવિરતિ ગુણસ્થાન. આ ભૂમિકાએ પહોંચેલ જીવ થોડે અંશે વ્રત પચ્ચખ્ખાણ કરી શકે.

દેશસેવક [સં] પું. દેશની સેવા કરનાર માણસ.

દેશસેવા [સં] સ્ત્રી દેશભક્તિ; દેશની સેવા; સ્વદેશાનુરાગ; જન્મભૂમિની ચાકરી ઉઠાવવી તે.

દેશસેવાસંઘ [સં.] પું દેશની સેવા કરનાર માણસોનું મંડળ

દેશસેવિકા [સં.] સ્ત્રી. દેશની સેવા કરનાર સ્ત્રી.

દેશસોરઠ સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તેમાં પંચમ ઉપર ન્યાસ હોય છે.

દેશસ્થ ૧ સ્ત્રી. મહારાષ્ટ્રી બ્રાહ્મણોની એ નામની એક જાત. મહારાષ્ટ્રી બ્રાહ્મણોની બે જાત છે કોંકણસ્થ અને દેશસ્થ.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
૪. [સં.] વિ. દેશમાંનું, દેશમાં રહેનારું.

દેશહિત [સં.] ન. દેશનું કલ્યાણ.

દેશહિતકારી [સં. દેશહિતકારિન્] વિ. દેશનું ભલું કરનાર કે ઇચ્છનાર.

દેશહિતચિંતક ૧. [સં.] પું. રાજનીતિજ્ઞ પુરુષ.
૨. વિ. દેશનું હિત ઇચ્છનાર.

દેશહિતેચ્છુ [સં] વિ. દેશનું ભલું ઇચ્છનાર.

દેશહિતૈષિતા [સં દેશ + હિતૈષિન્ (હિત ઇચ્છનાર) + તા (પણું)] સ્ત્રી. દેશનું ભલું કરવાની ઇચ્છા.

દેશહિતૈષી [સં. દેશ + હિતૈષિન્ (ભલું ઇચ્છનાર)] વિ. દેશનું ભલું ઇચ્છનાર.

દેશળશાહી સ્ત્રી. એક જાતની તરવાર.

દેશાઈ ૧. પું. દેશના રક્ષણ માટે અને મહેસૂલ વસૂલ કરવાના બદલા તરીકે રાજા તરફથી જમીન ભોગવનાર માણસ, જમીનદાર; જાગીરદાર; દેશ કે પરગણાની જમીનની વેરાઈ આદિ રાજા તરફથી છૂટાય અને વિતૃષ્ણીઓથી દેશની સલામતી કરનારો વસવંશપરંપરાનો વતનદાર; રાજાની કરેલી સેવા બદલ મળેલી ઇનામી જમીનનો માલિક.
૨. પું. દેશબંધુ; પોતાના દેશનો કોઈ પણ માણસ.
૩. પું. રબારી; ભરવાડ. માનવાચક તરીકે આ શબ્દ વપરાય છે.

૪ સ્ત્રી. કસ્તૂરી, ચાકસ્યુ, નાગર અને વાણિયાની એ નામની એક અટક.
૫. સ્ત્રી. હિંગળાજ માતાના મંદિર જવાતી વખતે તેનો કરાતો અમુક ભાગ.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.

દેશાઈગીરી ૧. સ્ત્રી. જમીનદારની ફરજ અથવા કામગીરી.
૨. સ્ત્રી. દેશાઈ તરીકે સરકારમાંથી મળતું લવાજમ.
૩. સ્ત્રી દેશાઈની પદવી.
૪. સ્ત્રી. દેશાઈનો હક; દેશાઈપણાનો હક.

દેશાઈકસ્તૂરી સ્ત્રી. દેશાઈની વતી લેવાતો કર.

દેશાઈચંદું ૧. ન. જમીનદારની ફરજ અથવા કામગીરી.
૨. ન. દેશાઈગીરી; દેશાઈનો ધંધો; દેશાઈનું પદ.
૩. ન. દેશાઈગીરીની રૂએ સરકારમાંથી મળતું લવાજમ.
૪. ન. દેશાઈપણાના હક.

દેશકરી સ્ત્રી. (સંગીત) મેઘરાગની એક રાગિણી.

દેશકાર [સં.] સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી.

દેશકી સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની પાંચ માંહેની એક રાગિણી. દેશકાર. તે ગાવાથી અંતરની ગરમી અને ક્રોધ નાશ પામતા મનાય છે.

દેશકાર ૧. પું. (સંગીત) એક જાતનો રાગ.
૨. સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની પાંચ માંહેની એક રાગિણી. તેનું સ્વરૂપ બહુ જ ન્યારમણું જતાં બહુ લોભાવમાન છે. તેણે ગળા ફરતું હીરાજડ્યા વજ્ર પહેર્યું છે. ગળામાં મણિહાર ઓપી રહ્યો છે. હાથમાં ઉઘાડી તરવાર છે. વીરરસથી ભરપૂર છે. દેખાવમાં બહુ સુંદર છે. પોતાના પતિની સાથે બહુ પ્રીતિ છે. વાણી મિષ્ટ છે. તેનું સ્વરૂપ એક પહેલવાન જેવું છે. પુરુષનો પોશાક પહેર્યો છે. મે ભુજ ઉપર ધૂળ ચોટેલી છે અને શરીરનાં રોમ ઊભાં થયાં છે. તેનો પહેરવાનો ઝભ્ભો ક્રોધ આવવાથી ફાટી ગયો છે. પોતાના નાયકને ભયમાં બાર ઊભી છે. તે બાજુ કોઈ સાથે કુસ્તી કરતી હોય એવું દેખાય છે. તે ગાવાનો વખત દિવસના દશ વાગ્યાનો છે. તેની ગતિ મોટી છે, એટલે ખરજ શુદ્ધ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર છે. એ પ્રમાણે ૭ સ્વર આવે છે. રિષભ વર્જ્ય છે. કોઈ તેને સંપૂર્ણ પણ ગાયે છે. તેમાં ગાંધાર કોમળ તથા નિષાદ બે આવે છે. ૭ સ્વર ખરજ છે. આ રાગિણી સારંગરાગ, મારુરા અને મલ્હારથી ભિન્ન છે. આ રાગિણીની ચાર જાતિ છે: (૧) દેશાખ, (૨) સુનકાખ, (૩) ગન્ધારાખ અને (૪) અંતરકાખ.

દેશાખી [સ.] સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની એ નામની એક રાગિણી. તે ષાડવ જાતિની છે. તેમાં સ્વર ગાંધાર હોય છે. તે ગાવાનો વખત વસંત ઋતુમાં મધ્યાહ્નનો છે.

દેશાખ્ય જુઓ દેશાખ.

દેશાચાર [સં.] પું. દેશની રૂઢિ; દેશની રીતભાત; સ્થાનિક રીતરિવાજ.

દેશાચાલ પું. દેશમાં ચાલતી રીતભાત કે વર્તન; દેશમાં ચાલતો વહીવટ; દેશના લોકોનું સામાજિક વર્તન.

દેશાટન [સં.] ન. જુદા જુદા દેશમાં ફરવું તે; પ્રવાસ; દેશોદેશ ફરવું તે; મુસાફરી; દેશભ્રમણ; જુદા જુદા દેશોની યાત્રા.

દેશાણ ૧. સ્ત્રી. એક જાતની ભાત.
૨. સ્ત્રી. (સંગીત) એક જાતની દેશી રાગિણી.
૩. સ્ત્રી. એક જાતની જાજમ.
૪. સ્ત્રી. એક જાતની બેસ.
૫. સ્ત્રી. દેશાઈની સ્ત્રી.
૬. વિ. દેશમાં ઉત્પન્ન થયેલ; દેશી, દેશનું.

દેશાણી ૧. સ્ત્રી. એ નામની ખાવામાં અને ખાવાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

દેશાધિપ [સં.] પું. રાજા.

દેશાધિપતિ [સં.] પું. રાજા.

દેશાધિપત્ય [સં.] ન. દેશ ઉપર ઉપરીપણું.

દેશાધ્યક્ષ [સં.] પું. દેશનો અધિપતિ રાજા.

દેશાનુરાગ [સં.] પું દેશપ્રેમ; દેશભક્તિ; દેશકાજ.

દેશાનુરાગી [સં. દેશ + અનુરાગિન્ (પ્રેમી)] વિ. દેશપ્રેમી; દેશકાજ પરસવનાર.

દેશાભિમાન [સં.] ન. દેશને માટે અભિમાન; દેશપ્રીતિ; દેશાનુરાગ. ઓગણીસમી સદીની શરૂઆતમાં થયેલ દયારામ કવિએ કવિતામાં કોઈ નવો જુસ્સો, નવો આવેશ, નવો રસ અને નવું જોમ ઉમેર્યાં. આ અરસામાં કવિ લક્ષ્મણરામનો અને કવિ નર્મદાશંકરનો જન્મ થયો હતો. નવા પ્રવર્તેલા યુગમાં આ બે મહાન વ્યક્તિઓએ દેશસુધારણા માટે ખરા જિગરથી અને અથક ધીરજથી મહાભારત પ્રયાસ કરેલા છે. દેશની દુરી ગયેલી સ્થિતિ જોઈ તેમાં સુધારણા થવા માટે ગુર્જર પ્રજાને કયો માર્ગ સરળ અને લાભદાયક થશે તે દીર્ઘદૃષ્ટિથી બન્નેએ વિચાર્યું હતું. બન્નેનો ઉદ્દેશ એક જ હતો અને તે એ કે, આપણા સાહિત્યની મારફતથી દેશનો રંગ ફેરવવો.

દેશાભિમાની [સં. દેશ + અભિમાનિન્] વિ. દેશનું અભિમાન રાખનાર; સ્વદેશ તરફ માન રાખનાર, દેશાભિમાનવાળું.

દેશાભ્યંતરિક [સં.] વિ. દેશની અંદરનું.

દેશાવકાશિક જુઓ દેશાવકાશિકવ્રત.

દેશાવકાશિકવ્રત [સ.] ન. (જૈન) દિશા અને દ્રવ્યની વિશેષ મર્યાદારૂપ બારવ્રતનું દસમું વ્રત.

દેશાવર [સં.] ન. બીજો દેશ; પરદેશ.

દેશાવરી વિ પરદેશી; બીજા દેશનું

દેશાવળી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

દેશાવાલ ૧. સ્ત્રી. ખારવાની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું

દેશાસ્મિતા [સં.] સ્ત્રી. દેશાભિમાન; દેશ પ્રત્યેનો પ્રેમ.

દેશાંકી સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તેના સ્વરગ્રામ નીચે મુજબ છે: ગ, મ, પ, ધ, ની, સા, ગ અવરોહ ગ, મ, પ, ધ, ની, સા, રે, ગ.

દેશાંત [સં.] પું. પ્રાંત અથવા પરગણાનો સીમાડો.

દેશાંતર ૧. [સં.] ન. અમુક નિશ્ચિત સ્થળના યામ્યોત્તરવૃત્ત અને બીજા સ્થળના યામ્યોત્તરવૃત્ત વચ્ચેનો ખૂણો, રેખાંશ.
૨. ન. દૂરનો દેશ, દેશથી દૂરનો મુલક; દેશાવર; પરદેશ.
૩. ન. મોટી નદી અથવા કોઈ પર્વત વચમાં આવવાથી છૂટો પડ્યો હોય અથવા જ્યાં બોલી પણ જુદી બોલાતી હોય તે દેશ.
૪. ન. રેખાંશ; અક્ષાંશ, ભૂગોળમાં ધ્રુવોમાં જઈને ઉત્તર દક્ષિણ ગયેલી કોઈ સર્વમાન્ય મધ્યરેખાથી પૂર્વ પશ્ચિમ તરફનું અંતર. ભારતવર્ષમાં પહેલાં આ મધ્યરેખા ગંગા કે ઉજ્જયિનીથી સુમેરુ સુધી માનવામાં આવતી

દેશી રાગ

હતી. હવે તે વરપ અને અમેરિકાનાં વિનજિલ રાજ્યનો સુધી ગયેલી માનવામાં આવે છે. આ અક્ષરેખાથી કોઈ સ્થાનનું અંતર તે સ્થાન ઉપર દોરેલી રેખા ધ્રુવ ઉપર અક્ષરેખાને મળીને જે ખૂણો બનાવે તે ખૂણાના અંશ ઉપરથી જાણી શકાય છે.

દેશાંતરગમન [સં] ન. પરદેશ જઈ રહેવું તે; વિદેશગમન.

દેશાંતરદંડ [સં.] પું. કેદખાનાની શિક્ષા; દેશનિકાલની સજા.

દેશાંતરવૃત્ત [સં.] ન. સિરોબિંદુ અને અધોબિંદુ જે જેમાં થઈને પસાર થતો અંશ. વર્તુલ; સમવૃત્ત.

દેશાંતરાંશ [સં.] પું. રેખાંશ; પૂર્વેથી પશ્ચિમના અંતરનો અંશ. જુઓ દેશાંતર ૪.

દેશાંતરારાવૃત્ત [સં.] ન. (જ્યોતિષ) આપેલું સ્થળ અને પૃથ્વીના ઉત્તર તથા દક્ષિણ ધ્રુવ જે બન્ને બિંદુમાંથી પસાર થતું વર્તુલ.

દેશાંતરી વિ. પરદેશી; વિદેશી

દેશાંતર્ગત [સં.] વિ. દેશમાં સમાયેલું, રહેલું કે આવેલું.

દેશાંશ જુઓ દેશાંતર ૧.

દેશિક ૧. [સં.] પું. ગુરુ; ઉપદેશક.

૨. પું. જોમિયો.

૩. પું. મુસાફર; પરદેશનું; પ્રવાસી.

દેશિત ૧. [સં.] વિ. આજ્ઞા કરેલ.

૨. વિ. ઉપદેશ કરેલું.

૩. વિ. બતાવેલું; દેખાડેલું.

દેશિની ૧. [સં.] સ્ત્રી. તર્જની આંગળી.

૨. સ્ત્રી. સરી.

દેશી ૧. પું. (સંગીત) આસાવરી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેમાં આરોહમાં સા રિ મ પ નિ એમ પાંચ સ્વર અને અવરોહમાં સાત સ્વર આવે છે. તેમાં ગ, ધ, નિ કોમળ છે. તેનો ગ્રહ સ્વર રિ, વાદી સ્વર સા, સંવાદી સ્વર મ અને ન્યાસ સ્વર સા છે. આમાં ગ ઉપર કંપ મૂર્ચ્છના છે. તે રાગનો સમય દિવસનો બીજો પહોર છે. તે કુંવાર રસ ઉત્પન્ન કરે છે અને અતિસત્વ ગંભીર પ્રકૃતિવાળો છે. પલાસી થાટના સંપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં કોમળ આંધાર તેમજ કોમળ અને શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર છે. આ રાગમાં કેટલેક સમયે સારંગ અને મેઘ રાગનો આભાસ થાય છે.

૨. [સં. રેહિન્] પું. ગુરુ.

૩. પું. તાંડવ નૃત્યનો એક ભેદ. તેમાં અંગવિક્ષેપ વધારે અને અભિનય ઓછો હોય છે.

૪. પું. વતની; દેશમાં રહેનાર માણસ.

૫. સ્ત્રી. એક જાતની ભાજી.

૬. સ્ત્રી. એક જાતની મસાલણી. આ ચિત્રમાં બે દાણા બાજુ છે.

૭. સ્ત્રી. દેશજનને ગમતા અમુક ઢાળે બનાવાતી હોય તે ઢાળ, તરજી વગેરે.

૮. [સં.] સ્ત્રી. પ્રાકૃત ભાષાનો એક પ્રકાર; સંસ્કૃત નહિ પણ પ્રાકૃત છંદ કે પદ્યરચના.

૯. સ્ત્રી. પ્રાંતિક ભાષા.

૧૦. સ્ત્રી. રીતભાત; રૂઢિ.

૧૧. સ્ત્રી. (સંગીત) વસંતની ૭ બાંહેની એક રાગિણી.

૧૨. સ્ત્રી (સંગીત) સંગીતના બે બાહેનો એ નામનો એક ભેદ. સંગીતદર્પણમાં નાચ, ગાન અને વાદ્ય એ ત્રણને સંગીત કહેલ છે. તેના બે પ્રકાર છે: માર્ગ અને દેશી.

૧૩. સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે દીપક રાગની પાંચ બાંહેની એ નામની એક રાગિણી તે બપ્પાનો સમય બીજો પહોર છે. તેની જાતિ સંપૂર્ણ એટલે આરજ, રિખભ તીવ્ર, આંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ, વૈવત કોમળ અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. વાદી સ્વર આરજ છે, સંવાદી પંચમ સ્વર છે, અને આંધાર અનુવાદી સ્વર છે. કોઈ તેની ઓડવ જાતિ પણ કહે છે. તેમાં પંચમ વર્જ્ય છે. આ રાગિણી ટોડી અને ભટથી મિશ્ર છે. તેના શરીરનો વર્ણ ગૌર છે. લીલા રંગનાં તેણે વસ્ત્ર પહેર્યાં છે. રસને તે જાણનારી છે. કોમળ સરખો તેનો મધુર સ્વર છે. પ્રકૃતિ મિત્ર છે. યૌવનમદમાં મસ્ત છે. એવી દેશી નામની રાગિણી પોતાના સરોવા સ્વામી આગળ હાથમાં વીંજણો લઈ ઊભી છે અને પતિ સાથે પ્રણયકોડા કરવાની ઇચ્છા રાખે છે. કોઈ એમ કહે છે કે, તેના શરીરનો રંગ શ્વેત મિશ્ર લાલ છે. વસ્ત્ર લીલાં પહેર્યાં છે. હાથ ઉપર એક પોપટ બેઠો બેઠો બોલી રહ્યો છે. તે પોપટની વાતો ઊભેલા અરબી સાહબો રહી છે આંખો નિદ્રાવા ઘેરાઈ ગયેલ છે. કોઈ આ રાગિણી મધુમાધવ, સારંગ, પહાડી અને ટોડીના મિશ્રણથી બનેલી માને છે અને તે બપ્પાનો સમય ઉનાળામાં મધ્યાહ્નનો છે. તેમાં પંચમ વર્જિત છે. આ રાગિણી દેવોજ કાઠેવી બનાવ છે.

૧૪. વિ. ઉપદેશ કરનાર.

૧૫. વિ. દેશ સબંધી; દેશનું; દેશને લગતું.

૧૬. વિ. દેશીય; દેશજ; દેશ. શબ્દને અંતે વપરાય છે.

૧૭. વિ. પોતાના દેશમાં બનેલું કે બનેલું.

૧૮. વિ. માર્ગ બતાવનાર.

૧૯. વિ. સ્વદેશી; પોતાના દેશનું.

દેશીકો પું. ગ્રામ વકીલાત ભણી બેનાર દલાલ; બહુરૂપ.

દેશીગુજર પું. એક જાતનો ગુંદર; કતીરો.

દેશી ચકડી સ્ત્રી. એક જાતની ચકડી. આ ચકડીની બખરવાની રીત વિચિત્ર છે. બેડીસાથે વીસથી વધુ વખત તે બંબરે છે, પરંતુ હીરા સંપૂર્ણ બને છે કે કેમ તે પ્રશ્ન છે.

દેશીજન ન. પોતાના દેશનું માણસ; દેશબાંધ.

દેશી ટોડી સ્ત્રી. (સંગીત) એક જાતની ટોડી રાગિણી

દેશી ધોળી સ્ત્રી. એક જાતની ઠેરડી. તે રંગે ધોળી, જાડી અને ધોબી પાસણીવાળી હોય છે. તેનો પાક સારો ઊતરે છે.

દેશી પદ્ધતિ સ્ત્રી. (સંગીત) સંગીતની એક પદ્ધતિ. ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણેનો સમાવેશ સંગીતકળામાં થાય છે. લોકોના સંગીતના રસ, સમજ અને પસંદગી પ્રમાણે આ પદ્ધતિ બદલાતી રહ્યા છે. સૌથી પ્રથમ બૌદ્ધ સંગીતકારોએ એનું મહત્વ વધાર્યું અને એનો પૂરેપૂરો વિકાસ મુસ્લમાન નવેસાઓએ કર્યો. તેમણે હિંદુ ધ્રુપદ ઉપરથી બનાવ અને તે ઉપરથી ટપ્પાની પદ્ધતિ કોપી કાઢી.

દેશીપરજ પું. (સંગીત) એક જાતનો રાગ.

દેશીપરાઈ સ્ત્રી. કળંદા રંગનું, જમીન ઉપરનું મેનાની જાતનું એક પક્ષી.

દેશી ભાષા ૧. સ્ત્રી. અર્વાચીન પ્રાકૃત ભાષાનો એક ભેદ.

૨. સ્ત્રી. જુદા જુદા દેશની ભાષા.

દેશીય ૧. પું. દેશવાસી. શબ્દને છેડે સમાસમાં જોડાય છે. જેમકે, ભારતદેશીય.

૨. [સં.] વિ. દેશનું; સ્વદેશી; દેશમાં હોનાર; દેશમાં બનાર.

૩ વિ. દેશ, દેશજ. શબ્દને બદલે વપરાય છે.

૪. વિ સ્થાનિક.

૫. ન બહારે.

દેશીયકરણ [સં.] ન. બાનરિક તરીકાના હક આપવા તે.

દેશીયબરાડી (દેશીયવરાડી) [સં.] સ્ત્રી (સંગીત) એ નામની એક રાગિણી.

દેશી રાગ પું (સંગીત) પાંચ, છ અને સાત સ્વરના મિશ્રણથી બનતો એ નામનો એક જાતનો રાગ.

દેશી લાળિયો પું. એક જાતનો કપાસ. પૂંખ કરતાં તે હલકો છે. કપી ચરસાદે તેનું વાવેતર થયું નથી.

દેશી વાઘનામ પું. એક જાતની જેરી વનસ્પતિ. જેનાં મૂળ ઉપયોગમાં આવે છે. તે રેચે વિનો છે. મુખમાં શીતળ, સારક અને સર્વ રોગહર મનાય છે.

દેશી સારસ ન. એક જાતનું પંખી. તે બારસે ઘણું ઉંચ થાવું હોય છે. તેનું બાકું બાયું બાકાર્યું, બારસાની રંગનું હોય છે. તના બાગમા અને બાગમા વર્ષને પહોળી રેખા હોઇ બાલા સુધી બાય છે બાદા પખીને ઉપલાં પીબા અને પાબ પીળાશ પડતા બૂબરા હોય છે. તેના હડપચી અને બળુ બેળાક ઉપર હોય છે. હિમાલયના નીચલા પ્રદેશમા ઉનાળાનુ તે ગીતપખી છે. પુબ્યા બરબમા ઝાડ ઉપર કે વાડ ઉપર તે બેસે છે. ટીપુ-ટિ-ટિ-ટીપુ-ટિ-ટિ-ટીપુ-ટિ-ટિ એમ ત્રિરાબ્દી સરયા બાસ કરીને સવાર બાજ તે બોલે છે. તેને સતબર્ષને રહેવુ ગમે છે. તે જંતુબો અને બોર બ્યાં ફળ બાય છે.

દેશી સાદ ન. એક જાતનુ ઝાડ; સાબેકું. બા ઝાડ કબ્બમા બાય છે. તેનુ લાકડું કમારતમા ઉપબોગી છે. મુબુમા તે શીતળ, પિત્તહર અને કફ્ન મનાય છે.

દેશી સંગીત ન. લોકસંગીત; જુદા જુદા દેશમાં લોકોની રુચિને બળવાકું અને મનને રંજન કરનારું બાવનવાદન તથા ગૂલ. દેશી સંગીતમા બોગબેબ્ય સ્વબબેદથી બારતીય અને દક્ષિબ બારતીય એવા બે જુદી પદ્ધતિ છે. બંને પદ્ધતિમાં મૌલિક તત્ત્વો તો સરખા જ છે, પબ્ પરિભાષા, પ્રક્રિયા અને સંજ્ઞાબેદો તથા રાગરાગણીબા સ્વરૂપાતરો રહેલા છે. સૌથા પ્રથમ બૌદ્ધ સંગીતકારોએ તેનું મહત્ત્વ વધાર્યું અને તેનો પૂરો વિકાસ મુસલમાન સંશોધકોએ કર્યો. તેમબે હિંદુ મુખ્ય ઉપરથી કપ્પની પદ્ધતિ જોબી કાઢી.

દેશી હિસાબ ૧. પું. બંકસંજ્ઞિતનો એક બાગ.

૨. પું. એ નામની બાંકની એક ચોપડી.

દેશેદેશ બ. પણ મુલકોમાં; સર્વ સ્થળે; જાબે દેશોમાં; બધા દેશોમાં.

દેશોત પું. બરાસિયો.

દેશોત્કર્ષ [સં. દેશ + ઉત્કર્ષ (ચઢતી)] પું. દેશની ચઢતી.

દેશોત્થાન [સં. દેશ + ઉત્થાન (ઉદય)] ન. દેશનો ઉદય.

દેશોત્પન્ન ૧. [સં. દેશ + ઉત્પન્ન (પેદાશ)] સ્ત્રી. દેશની ઉપજ.

૨. વિ. દેશીય; તળપદું; બામડી.

દેશોદય [સં. દેશ + ઉદય] પું. દેશની ઉન્નતિ; દેશની ચઢતી.

દેશોદયસાધક [સં.] વિ. દેશનો ઉદય કરનાર.

દેશોદ્રિશ જુબો દેશોદેશ.

દેશોદ્ધાર [સં દેશ + ઉદ્ધાર (સારી સ્થિતિ બરા તે)] વિ. દેશનું કલ્યાબ કરવુ તે, દેશને ઉન્નતો બનાવવો તે.

દેશોદ્ધારક [સં. દેશ + ઉદ્ધારક (સારી સ્થિતિ કરનારે)] વિ. દેશનો ઉદ્ધાર કરનાર.

દેશોન્નતિ [સં. દેશ + ઉન્નતિ (ચઢતી)] સ્ત્રી. દેશની ચઢતી કળા, દેશની ચઢતી.

દેશોપકારક [સં. દેશ + ઉપકારક (બદ્ધ કરનાર)] વિ. દેશને ઉપકાર કરે બેવુ.

દેશ્ય ૧. [સં.] પું દેશજન, દેશબધુ, દેશનો વતની.

૨. પું. સાબો.

૩. ન. તાલ અને લય યુક્ત નૃત્ય; નૃત્ત.
તાલ અને લયથી યુક્ત તે નૃત્ત કહેવાય છે અને દેશ્ય એ તો પર્યાય શબ્દ છે. . જુબદું બ્યાકરબ

૪. ન. પૂર્વપક્ષ સાબિત કરવાની બાબત.

૫. વિ. ઉપદેશ કરવા યોગ્ય.

૬ વિ. દેશજ; દેશ્ય, દેશીય; દેશના મૂળ વતનીઓની બાષામાંથી જોઇતે બનાવેલ બાષામાંથી આવેલું.

૭. વિ. દેશના મૂળ વતનીઓનું.

૮. વિ. બતાવવા જેવુ.

૯. વિ સ્થાનિક; પ્રાંતિક.

૧૦. વિ. સ્વદેશી, દેશી, દેશનુ.

દેષ્ણુ ૧. [સં.] પું. બોબી.

૨. વિ. દાતા; બાપનાર.

દેસ ૧. પું. (સંગીત) એ નામનો રાગ.

૨. જુબો દેશ.

દેસકાર જુબો દેશકાર.

દેસબાસ ૧. [હિ.] પું. એક પ્રકારનું પટસન.

૨. પું. વતની; રહેબાસી.

૩. વિ. સ્વદેશનું; દેશી.

દેસા સ્ત્રી. મરી જનારની બાસ્તીરીમાં પહેલા વર્ષની બાજરે કરવામાં બાવતી વિધિ.

દેસાઈ જુબો દેશાઈ.

દેસાઈગીરી જુબો દેશાઈગીરી.

દેસાઈવટું જુબો દેશાઈવટું.

દેસાજ ૧. સ્ત્રી. દેશમાં નીપજેલ બાત, બનાવ કે વેપારની જાત.

૨. સ્ત્રી. દેસાઈની કોમ.

દેસાવર [હિ.] પું. પરદેશ; બન્ય દેશ; વિદેશ; દેશાંતર.

દેસાવરી ૧. ન. એક જાતનું કપડાંતર.

૨. ન. એક જાતનું નાગરવેલનું પાન

૩. [હિ.] વિ. દેસાવરનું; બીજા દેશથી બાવતું.

દેસી [હિ.] વિ. સ્વદેશનુ.

દેસુરો પું. દેશપટો; દેશનિકાલ.

દેસૂજ [બા.] વિ. ચોકકુ કબી; કાંઈક ઓછું; દેશે ઊણું

દેસોત વિ. દેશમાં વિખ્યાત; પ્રતિષ્ઠિત.

દેહ ૧. [સં.] પું. (જ્યોતિષ) કુંડલીમાંનું એ નામનું એક લગ્નસ્થાન.

૨. પું. બાસબારો કરવાનો મણે એવો કુંભારાઉ મુહક.

૩. પું ચોપડવું તે.

૪. પું. જરબોસ્તી વર્ષનો એ નામનો દસમો મહિનો.

૫. પું. જીવન; જિંદગી.

૬. પું. મૂર્તિ, બિંબ.

૭. પું. લેપવું તે; ભરડવું તે; લેપન.

૮. પું. બિંબ.

૯. [સં. દિહ (વૃદ્ધિ)] પું. શરીર; તનુ બાગ; બાદન. શરીર બારંભકાળમાં બમુક વબત સુધી બરાબર વધે છે. તેથી તેનું નામ દિહ એટલે વૃદ્ધિ ઉપરથી દેહ પડ્યું છે. ન્યાય મત પ્રમાણે પાર્થિવ દેહ બે પ્રકારનો છે: (૧) યોનિજ અને (૨) અયોનિજ. જરાયુજ અને બંડજ એ યોનિજ કહેવાય છે તથા સ્વેદજ અને ઉદ્ભિજ્જ અયોનિજ કહેવાય છે. શુક્ર, શોબિત વગેરેની યોજનાથી સ્વતંત્ર બયોનિજ દેહને પણ અયોનિજ કહે છે. બા પ્રમાણે સાંખ્ય બાદિ મતમાં સ્થૂલ અને સૂક્ષ્મ વગેરે પણ શરીરના ભેદ માન્યા છે.

૧. દેહ છૂટવો = બાયુષ્ય પૂરું થવું; મૃત્યુ થવું.

૨ દેહ જોડવો = મરણ પામવુ.

૩. દેહ ત્યાગ કરવો = મરણ પામવુ; મરી જવું.

૪. દેહ ધરવો = જન્મ લેવો.

૫. દેહ પડવો = મૃત્યુ થવું.

૬. દેહ વિસારવો = શરીરનું બાન ન રાખવું.

૭. દેહના દંડ દેહ ભોગવે = કરણી તેની પર ઊતરવી; દેહને લગતી જે પીડા હોય તે દેહને ભોગવવી જ પડે.

૮. દેહને તે દેહને = (૧) જેવું અંતર કે અલું હોય એવી મેળ થાય. (૨) જેને જે આપીએ તે દેહને પણ ધરાવીએ.

૧૦. પું. શરીરનું કોઈ અંગ.

૧૧. પું. શરીરનું કોઈ ચિહ્ન. જેમકે, મસો, તલ.

૧૨. પું. સિવની દક્ષિણ બાજુનું એક નામ.

૧૩. સ્ત્રી તબિયત; તાસીર.

૧૪. ન (જૈન) એક પ્રકારનું વિકલાંગ. વિકલાંગના પંદર ભેદ: કુબ્જાંગ, વડવ, જ્લેબ, બાન્ધ, મૂક, મહાકાણ, ખોજ, અપોજ, તામ્રવિકલાંગ, મુખરવિકલાંગ, અપસ્મારક, દેહ, મહાવિદેહ, તુષ્ણીક અને અનવિકલાંગ.

૧૫. [ઇ.] ન. ગામડું; દેહાત.

દેહઅધિષ્ઠાત્રી [સં દેહ (શરીર) + અધિષ્ઠાત્રી (નિયામક સ્ત્રી)] સ્ત્રી. માતા.

દેહઆત્મવાદી [સં. દેહ (શરીર) + આત્મવાદિન્ (આત્મવાદમાં માનનાર)] વિ. જડવાદમાં માનનારું

દેહઈ પું. રબારી.

દેહકર્તા ૧. [સં. દેહકર્તૃ] પું. બ્રહ્માનો જોડ.

૨. પું દેહ ધરનાર પૃથ્વી વગેરે પંચભૂત.

૩. પું. પરમેશ્વર.

૪. પું સૂર્ય.

દેહકલિકા [સં.] સ્ત્રી. સુકુમાર શરીર; કોમળ શરીર

દેહકંદરા [સં.] સ્ત્રી. શરીરનો પોલો ભાગ.

દેહકાન ૧ [ઇ.] પું. ખેડૂત; કૃષિક.

૨. પું. ગામડાનો મુખ્ય માણસ; ગામેતી.

૩. પું. ગામડિયો.

૪. વિ ગામડાનું.

દેહકાની જુઓ દેહકાન.

દેહકાંતિ [સં.] સ્ત્રી. શરીરનું તેજ.

દેહકોષ [સં.] પું પક્ષીની પાંખ.

દેહક્ષય ૧. [સં.] પું. રોગ.

૨. પું. શરીરનો નાશ

દેહખાન [સં.] સ્ત્રી શરીરમાંનું પોલાણ.

દેહગત [સં.] વિ. મૂર્તિમંત; સાક્ષાત્.

દેહનડું વિ. શરીર ઉપર પ્રીતિવાળું.

દેહચંપી સ્ત્રી. શરીર દબાવવાની ક્રિયા.

દેહચૂર્ણકુંડ પું. એ નામનો એક નરકકુંડ.

દેહચેષ્ટા [સ.] સ્ત્રી. મનના વિચાર બતાવતો અદેરાનો ઠોંગ.

દેહચ્યુત [સ.] વિ. શરીરમાંથી નીકળેલું.

દેહજ ૧. [સં. દેહ (શરીર) + જ (જન્મેલું)] પું. પુત્ર.

૨. વિ. શરીરમાંથી ઉત્પન્ન થયેલું; શરીરથી ઉત્પન્ન થતું.

દેહજનિત [સં.] વિ. શરીરની પાંચ ઇંદ્રિયો વડે કરાતું.

દેહજમે [ઇ.] સ્ત્રી. ગામડાની ઊપજ; ગામડાની વિગોરી

દેહજા [સં.] સ્ત્રી. પુત્રી; દીકરી.

દેહજીવનરૂપા [સં.] સ્ત્રી. સ્વાહાનું એક નામ.

દેહઝાડો (દેહઝાડો) પું. વસતીગણતરી.

દેહડી (દેહડી) સ્ત્રી. કાયા; શરીર.

દેહડોલન [સં.] ન. શરીરનું હલનચલન; શરીરનો વળાંક.

દેહતીર્થ [સં.] ન. અનુભવના ફળ આપનારરૂપી તીર્થ.

દેહત્યાગ [સં.] પું. શરીર છોડવું તે; મૃત્યુ; મરણ.

દેહત્રય ૧. [સં.] ન. શરીરના ત્રણ પ્રકાર: સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહ.

૨. ન. શરીરની ત્રણ અવસ્થા: જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તાવસ્થા.

દેહદ ૧. [સં.] પું. પારો.

૨. વિ. શરીરદાતા; શરીર આપનારું.

દેહદમ જુઓ દેહદમન.

દેહદમન [સં.] ન. શરીરને કષ્ટ આપવું તે; દેહનું દમન; શારીરિક તપશ્ચર્યા.

દેહદર્શી ૧. [સં. દેહદર્શિન્] વિ. પોતાના દેહને જોનારું; દેહાભિમાની; દેહને જ જોઈ રહેનારું.

૨. વિ. સ્થૂલવાદી; જડવાદી.

દેહદશા ૧. [સં.] સ્ત્રી. દેહની અવસ્થા; શરીરની સ્થિતિ.

૨. સ્ત્રી. પોતાના દેહનું જ્ઞાન.

દેહદંડ ૧. [સં.] પું. પ્રાયશ્ચિત્ત અથવા સ્વાર્થથી દેહકષ્ટ કરવું તે; શરીરને કષ્ટ આપવું તે; તીર્થ, પંચાગ્નિ, પ્રાયશ્ચિત્ત વગેરે કરી શરીરનું દહન કરવું તે.

૨. પું. શરીરને અવશ્ય ભોગવવાના દુઃખ, રોગ અને વ્યાધિ, શરીર સંબંધી પીડા.

૩. પું. શરીરનો કોઈ પણ અવયવ આપવાની શિક્ષા; શારીરિક શિક્ષા.

દેહદંડન [સં.] ન. દેહને દમવું તે; શરીરને કષ્ટ આપવું તે.

દેહદાઢારજરાન ન. જરથોસ્તી ધર્મના દશમા મહિના દેહના ૧, ૮, ૧૫ અને ૨૩મા દિવસે આવતા પારસી તહેવાર. આ દશમો દેહ મહિનો ખુદ અહૂરમઝદને અર્પણ થયેલો પવિત્ર મનાય છે. દખ્મેપાદર, દખ્મેપ મહેર અને દખ્મેપદીન એ અહૂરમઝદના હમદર છે, તેથી દેહ મહિનાનો ૧લો, ૮મો, ૧૫મો, ૨૩મો દિવસ ઓરમઝદ, દખ્મેપાદર, દખ્મેપ મહેર અને દખ્મેપદીન નામ ધરાવે છે. તે દિવસ દેહદાદારના પવિત્ર જશનના દિવસ મનાય છે.

દેહદાર ૧. [ઇ. દેહ (ગામડું) + દાર (રાખનાર)] પું. ગામડાનો મુખી.

૨. પું. તાવ; જ્વર.

દેહદારી ૧. સ્ત્રી. મુખીનો પ્રકાર.

૨. સ્ત્રી. મુખીપણું.

દેહદાહક [સં. દેહ (શરીર) + દાહક (બાળનાર)] વિ. શરીરને દુઃખ આપ તેવું.

દેહધર્મ [સં.] પું. શરીરનું સ્વાભાવિક કર્તવ્ય; શરીરના ગુણધર્મ. ભાવું, નિદ્રા લેવી વગેરે દેહના સ્વાભાવિક ધર્મ છે.

દેહધર્મવિદ્યા [સં.] સ્ત્રી. શરીરશાસ્ત્ર; શરીરના અવયવોના કર્તવ્ય સમજવાનો શાસ્ત્ર; દેહધર્મની વિદ્યા; શરીરબાંધારશાસ્ત્ર; 'ફિઝિયોલૉજિ.'

દેહધર્મવેત્તા [સં. દેહધર્મવેત્તૃ] પું. શરીરશાસ્ત્રનો પંડિત.

દેહધારક ૧ [સં.] ન. હાડકું; અસ્થિ.

૨. વિ. શરીર ધારણ કરનારું.

દેહધારણ ૧. [સં.] ન. દેહ ટકાવી રાખવો તે; જીવવું તે.

૨. ન. શરીર ધારણ કરવું તે; જન્મ.

૩. ન. શરીરરક્ષા; જીવનરક્ષણ.

દેહધારી [સં. દેહધારિન્] વિ. જેને દેહ હોય એવું; શરીરી.

દેહધિ [સં.] સ્ત્રી. પાંખ; પક્ષ.

દેહનગી સ્ત્રી. ભેટ; બક્ષિસ.

દેહનેહ પું. શરીરપ્રેમ; દેહ ઉપરનો સ્નેહ.

દેહન્યાસ [સં.] પું. શરીરનું અમરી પ્રોક્ષણ કરવું તે.

દેહપાત [સં.] પું. મરણ; દેહનું પડવું તે; મૃત્યુ.

દેહપિંજર [સં.] ન. શરીરરૂપી પાંજરું.

દેહપીડા (દેહપીડા) [સં.] સ્ત્રી. શારીરિક દુઃખ.

દેહપ્રકૃતિ ૧. [સં.] સ્ત્રી. શરીર; દેહ.

૨. જુઓ દેહસ્વભાવ.

દેહપ્રજ્ઞા [સં. દેહ (શરીર) + પ્રજ્ઞા (સંન્યાસ)] સ્ત્રી. શરીરનું અભિમાન ન રાખવું તે; દેહ ઉપર મોહ ન રાખવાપણું.

દેહબદ્ધ [સં.] વિ. મૂર્તિમંત.

દેહબલિકા [સં.] સ્ત્રી. ભિક્ષાવૃત્તિ.

દેહબલિષ્ઠ [સં.] વિ. જેનો આત્મા નહિ પણ દેહ બળવાન હોય એવું.

દેહબંદી [ફા.] સ્ત્રી. ગામડાની જમીનનાં માપ, ઊપજ વગેરેનું પત્રક; ગામડાની તેમજ તેની મહેસૂલની સવિસ્તર નોંધ.

દેહબંધ [સં.] પું. શરીરનો બાંધો; શરીરનું બંધારણ; શરીરનું કાઠું.

દેહબુદ્ધિ [સં] સ્ત્રી. શરીર પ્રત્યેની મમતા.
આત્મો એહ રસ જોને ઉદ, તેણે પીવા પ્યાસ કરી;
કરી દેહબુદ્ધિ વા ન દુઃ, એક ઉર રાખ્યા હરિ. નિષ્કુળાનંદ

દેહબર્યું વિ. દેહમાં રહેલું; શરીરમાં વસેલું.

દેહભાન [સં.] ન. શરીર પ્રત્યે બાકાનું ભાન.

દેહભાવ ૧. [સં.] પું. જડભાવ.
૨. પું. બાંધો; બાઠ; શરીરનું બંધારણ.

દેહભુજ ૧. [સં. દેહભૃત્] પું. આકાશનો ખોડ.
૨. પું. દેહાભિમાની જીવ.
૩. પું. સૂર્ય.

દેહભૃત ૧. [સં. દેહભૃત્] પું. જીવ; પ્રાણી.
૨ વિ. શરીર ધારણ કરનાર.

દેહમાન ૧. ન. દેહનું માન કે પરિમાણ.
૨. ન. શરીરનું અભિમાન.

દેહમાની [સં. દેહ (શરીર) + માનિન્ (અભિમાની)] વિ. દેહના અભિમાનવાળું. શરીરનું અભિમાન કરનાર.

દેહમાપન [સં.] ન. દેહનું પરિમાણ.

દેહયષ્ટિ [સં. દેહ (શરીર) + યષ્ટિ (લાકડી)] સ્ત્રી. શરીર; શરીરની બાંડી.

દેહયાત્રા ૧. [સં.] સ્ત્રી. દેહધારણ; જન્મ.
૨. સ્ત્રી. ભરણપોષણ; પાલન.
૩. સ્ત્રી. ભોજન; શરીર રક્ષણ માટે ભોજન વગેરે બાબતોનો; શરીરનિર્વાહ; ગુજરાન.
૪. સ્ત્રી. મરણ; મૃત્યુ.

દેહરખું ૧. [સં. દેહ (શરીર) + રક્ષ્ (રક્ષણ કરવું)] વિ. શરીરની બધારે ફિકર કર્યા કરનાર.
૨. વિ. સ્વાર્થી; બતરબું.

દેહરવા પું. પતિનો નાનો ભાઈ; કવિતામાં દિયર માટે વપરાતો શબ્દ.

દેહરા ૧. પું. દેવાલય; દેવાલય; મંદિર.
૨. પું. નરશરીર; નરદેહ; નરતનુ.

દેહરાસર ન. દેવાલય.
જેણે કર્યું હશે દેહરાસર.
અમર દીર્ઘ સેવાર. કલ્યાણજીસ્વામિ

દેહરાસરિ પું. પોતાને ફિર દેહરાસર સમાનાર બાલચ્યુ.
દેહરાસરિ, ચિત્ર, મોહિત. કલ્યાણજીસ્વામિ

દેહરી ૧. [હિં.] પું. ઉંબરો.
૨. સ્ત્રી. નાનું દેરું.

દેહરું [સં. દેવગૃહ] ન. દેવું; મંદિર; દેવલ; દેવસ્થાન.

દેહલગ્ન [સં] વિ. દેહની આસક્તિથી ભરાયેલું હોય; સ્નેહલગ્ન નહિ તે.
પ્રેમલગ્નની વિધવાને પુનર્લગ્ન સમાન ધાર્મ નથી.
દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન વિના મુક્તિ નથી. નાનાભાઈ

દેહલડી (દેહલી) સ્ત્રી. દેહ; કાયા; નાજુક શરીર; નાજુક બદન.

દેહલતા [સં.] સ્ત્રી. શરીર; દેહ; દેહલડી.

દેહલા [સં.] સ્ત્રી. ઝરાનું મંદિર કે.

દેહલાલિત્ય [સં.] ન. શરીરનું લાવણ્ય; શરીરની કોમલ.

દેહલિ જુઓ દેહલી.

દેહલિદીપ જુઓ દેહલીદીપ.

દેહલિદીપક જુઓ દેહલીદીપ.

દેહલિદીપકન્યાય જુઓ દેહલીદીપકન્યાય.

દેહલિપિ સ્ત્રી. શરીર રૂપી લિપિ.
પતિની દેહલિપિમાં આત્મલિપિ વાંચે છે. નાનાભાઈ

દેહલિંગ ન. તમમુદ્રા; બ્રહ્મચર્ય વગેરે શરીર ધારણ કરવાનાં ચિહ્ન.

દેહલી ૧. [સં.] સ્ત્રી. મૂલાધારચક્રી; ઘરનો ઉંબરો; તળપટ; ભારસાધનની જેસણી.
૨. સ્ત્રી. ઘોટ નાખવાની બાટલી કે ડીકરાનું કામ.

દેહલીદીપ [સં.] પું. ઉંબરામાંનો દીવો. દીવો ઉંબરામાં મૂકતાં તેનું અજવાળું બંને તરફ પડે છે.

દેહલીદીપક જુઓ દેહલીદીપ.

દેહલીદીપકન્યાય [સં.] પું. સાહિત્યનો એક ન્યાયનો અલંકાર; ઉંબરા ઉપર મૂકેલો દીવો જેમ બંને બાજુ પ્રકાશ આપે, તેમ બંને બાજુને એકસાથે અર્થ લાગુ પડે તેવો અલંકાર. તેમાં એક શબ્દનો અર્થ બે બાજુ લાગુ પાડવામાં આવે છે.

જેમ ઉંબરામાં રાખેલો દીવો અંદર તેમજ બહાર અજવાળું કરે છે તેમ બે બાજુ લાગુ પડતી વાત માટે આ અલંકાર વપરાય છે. ઘરના બે ઓરડાની વચ્ચેના ઉંબરા ઉપર દીવો મૂક્યો હોય તો તેનો પ્રકાશ બંને ઓરડામાં પડે છે, તેમ એક સાધનથી બે કામ સધાય ત્યાં આ ન્યાય વપરાય છે.

દેહવર્ચ ૧. પું. દેહનો નાશ.
૨. વિ. ઉજ્જડ.
૩. વિ. દેહનું; દિલનું; મનનું.
૪. અ. અદીતદીઠ; સર્વત્ર; બધી દિશામાં.
૫. અ. આખતેમ ગોતરફ પથરાયેલું હોય તેમ.
૬. અ. રફેદફે.
૭. અ. શરીર સાથે; આખું શરીર બઈને.

દેહવર્ણ [સં.] પું. શરીરનો રંગ.

દેહવર્તિવ્રત [સં. દેહ (શરીર) + વર્તિ (વાટ) + વ્રત (નિયમ)] ન. એ નામનું એક વ્રત. તે કાર્તિક, આગહર કે માઘ માસમાં શુક્લ કે કૃષ્ણ પક્ષની એકાદશી, ત્રયોદશીને દિવસે સવાર કાતીને પોતાના શરીર જેટલા લાંબા તાંતણાની વાટ કરી આખા વર્ષ સુધી તે વાટનો દીવો કરીને કરાય છે.

દેહવલ્લરી [સં.] સ્ત્રી. કોમલતા; દેહરૂપી વેલ.

દેહવલ્લી જુઓ દેહવલ્લરી.

દેહવૈત જુઓ દેહવાદ.

દેહવાદ [સં.] પું. દેહ પરમ તત્ત્વ છે એવો મત.

દેહવાદી [સં. દેહવાદિન્] વિ. દેહવાદમાં માનનું; સ્થૂલપૂજક.

દેહવાન ૧. [સં. દેહવત્] પું. જીવાત્મા; શરીરી.
૨. પું. શરીરધારી વ્યક્તિ.
૩. પું. સજીવ પ્રાણી.
૪. વિ. દેહવાળું; શરીરવાળું.
૫. વિ. શરીરને લગતું.

દેહવાયુ [સં.] પું. શરીરમાં રહેલ વાયુ; પ્રાણાદિ પાંચ વાયુ; દેહમાં પંચપ્રાણ રહેલા છે તેમાંથી પ્રત્યેક.

દેહવાસના [સં.] સ્ત્રી. શરીરની ઇચ્છા. તેના ત્રણ પ્રકાર: (૧) દેહ એ આત્મા છે એવી ભ્રાંતિ. (૨) એ દેહમાં પુષ્ટિ આદિ ગુણો આણી શકાશે એવી ભ્રાંતિ. (૩) એ દેહમાંથી રોગ, અશક્તિ આદિ દોષ દૂર કરી શકાશે એવી ભ્રાંતિ. એમાંથી ગુણારોપણ અને દોષાપનયન એ દરેકના બે પ્રકાર છે: (૧) શાસ્ત્રીય અને (૨) લૌકિક. તમામ પ્રકારની દેહવાસના મલિન છે.

એના ચાર હેતુ છે: (૧) દેહવાસના પ્રમાણસિદ્ધ નથી, (૨) અશક્ય છે, (૩) પુરુષાર્થને માટે ઉપયોગી નથી અને (૪) પુનર્જન્મનો હેતુ છે.

દેહવિદ્યા [સં.] સ્ત્રી. શરીરશાસ્ત્ર; દેહધર્મવિદ્યા; શરીરના અવયવોના કર્તવ્ય સમજવતારું શાસ્ત્ર. 'ફિઝિયોલૉજિ.'

દેહવિદ્યુત્સાહ [સં.] ન. મોટર ગાડી.

દેહવિધાન [સં.] ન. દેહરચના; દેહનિર્માણ.

દેહવિલય [સં. દેહ (શરીર) + વિલય (નાશ)] પું. દેહોત્સર્ગ; મૃત્યુ; મરણ.

દેહવિસર્જન [સં.] ન. દેહલાગ; મોત; મૃત્યુ.

દેહવૃક્ષ [સં.] ન. દેહરૂપી ઝાડ; શરીર.

દેહવત્તા [સં. દેહવેત્] પું. સર્વેંદ્રિયસહ્યતા; પ્રાણીધર્મયુક્તતા., દેહધર્મવત્તા.

દેહવેલ સ્ત્રી. શરીરરૂપી વેલ.

દેહવેલડી (દેહવેલડી) જુઓ દેહવેલ.

દેહવેલી જુઓ દેહવેલ.

દેહશૂંડ [સં.] પું. પખ્ખરનો ગાંસડો.

દેહશુદ્ધિ [સં.] સ્ત્રી. દેહની પવિત્રતા; શરીરનું શુદ્ધ થવું તે.

દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત [સં.] ન. શરીરને શુદ્ધ કરવાને પ્રાયશ્ચિત્ત કરવું તે.

દેહસદૃશ [સં.] વિ. શરીરના જેવું.

દેહસંચારિણી [સં.] સ્ત્રી. કન્યા; પુત્રી; છોકરી.

દેહસંવર્ધન [સં.] ન. શરીર વધવું તે.

દેહસંરોપક [સં.] વિ. શરીરને સારી રીતે પોષનાર કે દોષો બહાર કઢનાર.

દેહસંશોધન [સં.] ન. શરીરના બળ વગેરે દોષ બહાર કઢવા તે.

દેહસંસ્થાનવિદ્યા [સં.] સ્ત્રી. શરીરવિદ્યા; અવયવદેહવિદ્યા 'એનેટૉમિ.'

દેહસામ્ય ૧. [સં.] ન. જીવ અને સમાનપણે રહેલ છે એમ માનવું તે.
૨. ન. શરીરની સમાનતા; બંનેનું સમાનપણું.

દેહસાર [સં.] પું. મજ્જા; ધાતુ.

દેહસિદ્ધિ [સં.] સ્ત્રી. શરીરને સેવ્યો જ્યાં સુધી વૃદ્ધાવસ્થા અને મરણના ભય વિના ટકાવી રાખવું તે.

દેહસ્પર્શ [સં.] પું. શરીરને અડવું તે.

દેહસ્થ ૧. [સં.] પું. આત્મા.
૨. વિ. શરીરમાં રહેલું.
દોર્ભાગ્ય [સં.] ન. કમનસીબી; દુર્દૈવ; દુર્ભાગ્ય; અભાગીપણું.

દોર્મનસ્ય ૧. ન. અસિચાર બાંદેના બેઠ પ્રકારનો અતિ.
૨. [સં.] ન. ઉદાસીપણું; ખેદોની.
૩. ન. દુષ્ટતા; દુર્જનતા.
૪. ન. નિરાશા; નાસીપાસી.
૫. ન. મનની નબળાઈ.
૬. ન. વેર.
૭. ન. શોક; ખેદ; દુઃખ.

દોર્મંત્ર ૧. [સં.] ન. ખરાબ સલાહ.
૨. ન. દુષ્ટ પ્રધાન હોવાપણું.
૩. ન. દુષ્ટ વિચારપણું.

દોર્મુખી પું. (પુરાણ) દુર્મુખ પંચાલના પુત્ર યજ્ઞોપરનું બીજું નામ.

દોર્યોધન વિ. દુર્યોધનનું; દુર્યોધન સંબંધી.

દોર્યોધનિ ૧. [સં.] પું. દુર્યોધનના કુળમાં ઉત્પન્ન થયેલ માણસ.
૨. પું. દુર્યોધનનો પુત્ર.

દોર્વ્ય [સં.] પું. દુરપણું.

દોર્વૈલ્ય ન. દુર્બળપણું.

દોર્વાસસ [સં] ન. દુર્વાસાએ રચેલું શિવધર્મ નામનું બેઠ ઉપપુરાણ.

દોર્વીષ [સં.] ન. દુર્વાનો રસ.

દોર્વૃત્ય [સં] ન દુષ્ટ વર્તન હોવાપણું.

દોર્હૃદ પું. બે નામનો બેઠ અસુર.

દોર્હાર્દ ૧. [સં.] પું. દુષ્ટ સ્વભાવ.
૨. પું. બદમાશ; વેર.

દોર્હૃદ ૧. [સં.] ન. ગર્ભ.
૨. ન. દુષ્ટતા; હલકની ખોટાઈ.
૩. ન. દોહદ.

દોર્હૃદય [સં.] ન. દુષ્ટ મન હોવું તે.

દોલત ૧. [અ.] સ્ત્રી. પૈસારૂપ સંપત્તિ; દ્રવ્ય.
૨. સ્ત્રી. રાજ્ય; પ્રભુતા.
૩. સ્ત્રી. સુખ; સમૃદ્ધિ.

દોલતખાઈ [ફા દોલ્તખાહી] સ્ત્રી. ઉદારપણું.

દોલતખાના ૧. [હિં.] ન. ઘર; નિવાસસ્થાન.
આ શબ્દ બીજાને માટે માનસૂચક તરીકે વપરાય છે. પોતાના માટે નરીલખાના વપરાય છે.
૨. [ફા.] ન રાજમહેલ; કચેરીબિલ્ડિંગ; દીવાને ખાસ.
દિલ્હીની ઉત્તરે જમનાના કિનારા ઉપર બાદશાહી કિલ્લો છે. તેમાં બધા બાદશાહી મહેલો છે. તેમાં દીવાને ખાસની બેઠક છે. દીવાને ખાસનું બીજું નામ શાહજહાન અથવા લોલતખાના હતું.

દોલતખાનાયેખાસ [અ.] પું. રાજનો મહેલ.

દોલત જ્યાહ [હિં] પું. તમારો ખવાસ થયા પછી નામનાર બોકરો.

દોલતદાર [ફા] વિ. શ્રીમંત; પૈસાદાર.

દોલતબંકી [ફા.] પું. મહાદારપણું.

દોલતમંદ [ફા.] વિ. પૈસાદાર; ધની.

દોલતમંદી ૧. [ફા.] સ્ત્રી પૈસો; ધન.
૨. સ્ત્રી. સાહુકારી; ધનાઢયતા.

દોલતવંત જુઓ દોલતદાર.

દોલતસરા [અ.] સ્ત્રી. ઘર; મકાન.

દોલતાબાદ ન. બે નામનું બેઠ શહેર; દેવગિરિ.

દોલતી કાનડો (દોલતી કાનમે) સ્ત્રી. (સંગીત) કાનહરા રાગિણીની અઢાર બાંદેની બે નામની બેઠ જાત

દોલતી કાન્હરા જુઓ દોલતી કાનડો.

દોલત્મા [ફા. દોલતમાન્] વિ દોલતની રક્ષણવાળું, દોલત મેળવવાની ક્ષમતાવાળું.

દોલેય [સં.] પું. કમ્બખ; કમનો.

દોલ્મિ [સં] પું ઉંદર.

દોવારિક ૧. પું. બેઠ જાતના વારતુદેવ.
૨. [સં.] પું દ્વારરક્ષક; પ્રતિહારી; દરવાન; દ્વારપાળ.
૩. ન. અઢાર મહેનું બે નામનું બેઠ તીર્થ.

દોવારિકી [સં.] સ્ત્રી. દ્વારપાલ બોઈ; બોઈ પ્રતિહારી.

દોવાલિક ૧. [સં.] પું. બે નામનો બેઠ દેશ.
૨. વિ. બે નામના દેશનું.

દોશ પું. રોગનો બગાડો.

દોશ્રાર્થ્ય [સં.] ન. સ્વાભાવિક રીતે આખડીથી નહિ કાપેલા લિંગપણું; જન્મથી જ સુન્નત કરેલાપણું.

દોશ્ચર્ય [સં.] ન. દુરાચાર.

દોષ્કૃત [સં] વિ. હલકા કુળવાળું, નીચ કુળનું.

દોષ્કૃત્વ [સં] વિ. નીચ કુળમાં ઉત્પન્ન થયેલ

દોષ્કૃત્ય ૧. [સં] ન. બરાબ કુકર્મપણું.
૨. વિ દુષ્ટ કુળવાળું, નીચ કુળનું.

દોષ્ઠવ ૧. [સં] ન. અવિનીતપણું; ઉદ્ધતાઈ.
૨. ન. દુષ્ટપણું.

દોષ્પુરુષ [સં.] ન. દુષ્ટ પુરુષપણું.

દોષ્મંત [સં.] પું. દુષ્મત રાજાનો પુત્ર ભરત.

દોષ્મંતિ જુઓ દોષ્મંત.

દૌષ્યંત જુઓ દૌષ્યંતિ.

દૌષ્યંતિ ૧. [સં.] પું. દુષ્યંતના કુળમાં ઉત્પન્ન થયેલ માણસ.
૨. પું. દુષ્યંત રાજાનો પુત્ર ભરત.

દૌષ્યંતિ [સં.] વિ. દુષ્યંત રાજાનું; દુષ્યંત રાજા સંબંધી.

દૌસ [હિ.] પું. ઉપા.

દૌસો ન. દુષ્ટ ઔષધ.

દૌસ્થ્ય [સં.] ન. દુઃખ.

દૌહદ જુઓ દોહદ.

દૌહાત ૧. [અ.] સ્ત્રી. ઝાડી.
૨. સ્ત્રી. બગીચો.

દૌહિક [સં.] વિ. હમેશા દોહવા લાયક.

દૌહિત્ર ૧. [સં.] પું. કંસના ભાઈનું બી.
૨. પું. તરવાર; ખડ્ગ.
૩. પું. તબ.
૪. પું. દીકરીનો દીકરો, દોહિત્ર ધર્મશાસ્ત્રમાં પૌત્ર અને દૌહિત્રમાં કાંઈ વિશેષ તફાવત માનવામાં આવ્યો નથી. પૌત્રની માફક દૌહિત્ર પિંડદાન વગેરે દ્વારા ઉદ્ધાર કરે છે. અનાસુયા દૌહિત્ર ન થાય સંસુયા પિતા કન્યાને ઘેર ભોજન વગેરે કરી શકે નહિ અને કરે તો નરકગામી થાય એવી માન્યતા છે.

દૌહિત્રક [સં] વિ. દૌહિત્ર સંબંધી.

દૌહિત્રવાન [સં. દૌહિત્રવત્] વિ. દીકરીના દીકરાવાળું.

દૌહિત્રાયણ ૧. [સં.] પું. દૌહિત્ર; દીકરીનો દીકરો.
૨ પું. દીકરીનો પુત્ર યોથી પેઢીનો પુત્ર; દૌહિત્રનો દીકરો.

દૌહિત્રી [સં.] સ્ત્રી. દીકરીની દીકરી.

દૌહૃદ ૧. [સ.] ન. ગર્ભ.
૨. ન. ગર્ભિણી સ્ત્રીની ઇચ્છા; દોહદ; લાલસા.
૩. ન. સમસ્યાપરત્વ.

દૌહૃદિની [સં.] સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી; સગર્ભા સ્ત્રી.

દ્યૌ ૧ [હિં.] સ્ત્રી. અગ્નિ; દવ.
દ્યૌ લાગવી – (૧) આગ લાગવી. (૨) ઈચ્છા કરવી. (૩) તરસ લાગવી. (૪) પ્રેમથી જોવું.
૨. અ. યા; અથવા.

દ્યૌઃ જુઓ દ્યૌ.

દ્યૌદુલી [સ] સ્ત્રી. વરયાત્રા; વરનું પરણવા માટે નીકળવું તે.

દ્યૌઃશ્વેય પું. (પુરાણ) જયદ્રથનો એ નામનો પુત્ર; સુરથ.

દ્યૌઃશ્વનિ પું. (પુરાણ) કુરુક્ષેત્રનો પુત્ર. એ અભિમન્યુના મરણનું ખોટી નિમિત્ત માત્ર થઈ પડ્યો હતો.

દ્યાહો પું. (જૂ. ગુ.) દાઝો; દિવસ.

દ્યાનત સ્ત્રી. ધર્મ્યતા; સાચી નિષ્ઠા.

દ્યાનતદાર વિ. ધર્મ્યનિષ્ઠ; સાચી નિષ્ઠાવાળું.

દ્યાનતદારી સ્ત્રી. પ્રામાણિકપણું; નેકી; ધર્મ્યતા.

દ્યાયા સ્ત્રી. વસ્ત્રનિર્માણકળાની એક ક્રિયા.

દ્યાલી ન દક્ષિણ હિંદુસ્તાનમાં રેંટિયામાં બતાવાતું એક જાતનું કાલ્પનિક પ્રાણી.

દ્યાવાક્ષમા [સં.] સ્ત્રી. સ્વર્ગ અને પૃથ્વી.

દ્યાવાપૃથિવી [સં. સ્ત્રી (સ્વર્ગ + પૃથિવી (જમીન)] ન.વ.વ. સ્વર્ગ અને પૃથ્વી; દ્યાવાક્ષમા; દ્યાવાભૂમિ.

દ્યાવાપૃથ્વી ૧. સ્ત્રી. એ નામની સામવેદની એક દેવતા.
૨. [સ.] સ્ત્રી. વ.વ. સ્વર્ગ અને પૃથ્વી.

દ્યાવાભૂમિ જુઓ દ્યાવાપૃથિવી.

દ્યુ ૧. [સ] ન. અગ્નિ
૨. ન. આકાશનો એક.
૩. ન. આકાશ.
૪. ન. ચિત્રકનું ઝાડ.
૫. ન. દિવસ.
૬. ન. સૂર્યલોક.
૭. ન. સ્વર્ગ
૮ અ ક્રિ. ચાલી કરવી; હાસ્યો કરવો.
૯. અ ક્રિ. પાસે જવું.

દ્યુક [સં.] પું. એક જાતનું પક્ષી; ઘુવડ.

દ્યુકારિ [સ. દ્યુક (ઘુવડ) + અરિ (દુશ્મન)] પું. કાગડો.

દ્યુક્ષ ૧. [સં.] વિ. દીપ્તિવાળું; કાંતિમાન.
૨. વિ. સ્વર્ગલોકચારી.

દ્યુગ ૧. [સં.] પું. પક્ષી; ખગ.
૨ વિ. આકાશમાં ગમન કરનાર.

દ્યુગણ ૧. [સ.] પું. મહોની મધ્યગતિનો સાધક અંતર્ગત.
૨. પું. દિવસનો સમૂહ; દિનગણ; અહર્ગણ.

દ્યુતી [સ.] સ્ત્રી. બહેનપણી.

દ્યુગોળ પું ચંદ વગેરે આકાશી ગોળ પદાર્થ.

દ્યુચર ૧. [સ.] પું. મહ.
૨. પું. પક્ષી.

દ્યુત્યા [સ.] સ્ત્રી. (જ્યોતિષ) મુહૂર્તની જાત; અહોરાત્રમાંની ત્યાજ્ય જાત.

દ્યુત્યાપક્રાંતિ [સં.] પું. (જ્યોતિષ) ઉત્તરધ્રુવથી કોઈ પણ આકાશી પદાર્થનું અંતર; કોઈ પણ આકાશી પદાર્થથી આકાશમાં ઉત્તરધ્રુવ સુધીનું અંતર.

દ્યુત્યાવૃત્ત [સં.] ન. (જ્યોતિષ) ખગોળ ઉપર દોરેલું આકાશી વિષુવવૃત્તને સમાંતર વર્તુળ.

દ્યુત ૧. [સં.] અ. ક્રિ. પ્રકાશવું.
૨. અ. ક્રિ. શોભવું.
૩. અ. ક્રિ. સ્પષ્ટ કરવું.

દ્યુત ૧. [સં. દ્યુત્] ન. પ્રકાશનું કિરણ.
૨. ન. (જ્યોતિષ) ભમધ્રુવમાં સાતમું ભુવન; ધ્રુમિત્ર.
૩. વિ. પ્રકાશમાન; તેજસ્વી.

દ્યુતરુ [સં.] પું. કલ્પવૃક્ષ.

દ્યુતાન ૧. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.
૨. વિ. પ્રકાશમાન; તેજસ્વી

દ્યુતિ ૧. [સં.] પું. (પુરાણ) ચોથા મન્વંતરના વસ્તનો એ નામનો એક ઋષિ.
૨. સ્ત્રી. (પુરાણ) ઋષભદેવના પુત્ર ભરતરાજાની એ નામની સ્ત્રી.
૩. [સં. દ્યુત્ (પ્રકાશવું)] સ્ત્રી. કિરણ; રશ્મિ.
૪. સ્ત્રી. ચમક; તેજ; કાંતિ; દીપ્તિ; પ્રભા.
૫. સ્ત્રી. કુરુ સરોવર અને નાગધ્વર નદી વચ્ચેના પ્રદેશમાં આવેલ એ નામની એક નદી.
૬. સ્ત્રી. જ્વાળા; ઝાળ.
૭. સ્ત્રી. લાવણ્ય; સૌંદર્ય.
૮. સ્ત્રી. શાંતિ.
૯.. સ્ત્રી. શોભા.
૧૦. સ્ત્રી. ઓજોનો એક અવતાર.

દ્યુતિકર ૧. [સં.] પું. ચંદ્ર.
૨. વિ. પ્રકાશ કરનાર; ઝગારતું.

દ્યુતિત ૧. [સં] વ. કાંતિ; કાંતિ.
૨. ન. પ્રકાશ.
૩. વિ. પ્રકાશમાન; કાંતિવાળું.

દ્યુતિધર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતી છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ નગણ, જગણ અને ત્રગણ મળી કુલ પંદર વર્ણ હોય છે.
૨. [સં. દ્યુતિ (કાંતિ) + ધર (ધારણ કરનાર)] પું. વિષ્ણુ. દેહમાં રહેલી કાંતિને ધારણ કરનાર તે છે, જ્ઞાનસ્વરૂપ દીપ્તિને તે ધારણ કરે છે, બધી સુંદર સ્વરૂપને ધારણ કરનાર તે છે, તેથી વિષ્ણુ ભગવાન દ્યુતિધર કહેવાય છે.
૩. પું. (પુરાણ) શાલ્વ દેશનો રાજા દ્યુમત્સેન. તે સત્યવાનનો પિતા અને સાવિત્રીનો સસરો થાય.

૪. વિ. કાંતિમાન; તેજસ્વી.

ધુતિમત જુઓ ધુતિમાન.

ધુતિમય [સં.] વિ. તેજસ્વી; કાંતિમાન.

ધુતિમંત જુઓ ધુતિમાન.

ધુતિમા [હિ.] સ્ત્રી. પ્રકાશ; તેજ.

ધુતિમાન ૧ [સં. ધુતિમત્] પું. એ નામનો એક પર્વત.

૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાનો એ નામનો એક પુત્ર. તેને શાકદ્વીપનું રાજ્ય મળ્યું હતું.

૩. પું. મદ્ર દેશનો એ નામનો એક રાજા.

૪. પું. ચૌદમાંનું મનુકાળના સપ્તર્ષિ માંહેનો એ નામનો એક.

૫. પું. (પુરાણ) શાલ્વ દેશનો એ નામનો એક રાજા. એણે પોતાનું બધું રાજ્ય ઋચિક ઋષિને અર્પણ કરીને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરી હતી.

૬. [સં. ધુતિ (તેજ) + મત્ (વાળું)] પું. સૂર્ય.

૭. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસૂશ્રુના પુત્ર દશાર્ણનો પૌત્ર; અદિરાજ રાજાનો પુત્ર.

૮. પું. સ્વાયંભુવ મનુનો એ નામનો એક પુત્ર.

૯. વિ. તેજસ્વી; પ્રકાશમાન; કાંતિમાન; સુંદર કાંતિવાળું.

ધુતિયા [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ.

ધુતિવંત [સં ધુતિ (તેજ) + વત્ (વાળું)] વિ. કાંતિવાળું.

ધુતિસંજ્ઞક [સં.] વિ. આનંદ આપે એવી શોભાવાળું.

ઋચિક વારુણનું ચારિત્ર્ય ધુતિમનોહર છે તેનું જ ધુતિસંજ્ઞક છે. ઋચિક

ધુતીષ્ટમ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ૬૮ પદ્યનો એક ભેદ છે. તેમાં ૭૬ લઘુ અને ૨૮ ગુરુ મળી ૧૧૪ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે.

ધુનદી [સં.] સ્ત્રી. ગંગા નદી; સ્વર્ગની નદી.

ધુન [સં.] ન (જ્યોતિષ) લગ્નથી સાતમું સ્થાન.

ધુનદી [સં.] સ્ત્રી. ગંગા નદી

ધુનિવાસ [સં ધુ (સ્વર્ગ) + નિવાસ (રહેઠાણ)] પું દેવ, સુર.

ધુનિવાસી [સં. ધુનિવાસિન્] પું. દેવ.

ધુનિશ [સં.] પું. અહર્નિશ, દિનરાત; દિવસરાત.

ધુપતિ ૧. [સં.] પું. આકાશનો સ્વામી.

૨. પું. ઇંદ્ર

૩. પું સૂર્ય.

ધુપથ [સં.] પું. આકાશમાર્ગ.

ધુપ ૧. [સં.] વિ. અગિયારમું.

૨. વિ. દિવસવાળું.

૩. વિ. સ્વર્ગવાળું.

ધુપક્ષિ ૧. [સં.] પું. આકાશનો છેડો.

૨. પું. સોયેલું તાંબું.

૩. પું. સૂર્ય.

ધુપક્ષિસ્તરક્ષિ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ધુમત્સેન ૧. [સં.] પું. (પુરાણ) શાલ્વ દેશના ત્રિરાજ એટલે સત્યવાન રાજાનો પિતા અને સાવિત્રીનો સસરો. તે અંધ થવાથી શત્રુઓએ તેને ગાદી ઉપરથી ઉતારી મૂક્યો, જેથી તે તેની પત્ની અને શિશુ સત્યવાન સાથે વનમાં ચાલ્યો ગયો.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ઉપરિચરના જરાસંધના કુળના ક્ષય રાજાનો એ નામનો પુત્ર.

ધુમદ્ગાન [સં.] ન. એ નામે સામવેદનું એક ગાન.

ધુમત્સી [સં.] સ્ત્રી. વિશ્વકર્માની એ નામની પુત્રી અને સૂર્યની સ્ત્રી.

ધુમાન ૧. પું. (પુરાણ) કુમ્ભને હાથે મરણ પામેલો શાલ્વ રાજાનો પ્રધાન.

૨. પું. (પુરાણ) સોમવંશી કાસ્યપ કુલોત્પન્ન પ્રતર્દન રાજાનું બીજું નામ.

૩. પું. (પુરાણ) સ્વયંભૂ મન્વંતર માંહેના વસિષ્ઠ ઋષિના સાત માંહેનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) સ્વારોચિષ મનુનો એ નામનો એક પુત્ર.

૫. [સં. ધુ (તેજ) + મત્ (વાળું)] વિ. તેજસ્વી; કાંતિયુક્ત; ચમકીલું; પ્રકાશવાળું.

ધુમ્ન ૧. પું. (પુરાણ) ચક્ષુર્મનુને નડ્વલાની કૂખે થયેલો એ નામનો એક પુત્ર.

૨. પું. (વહ્નિપુરાણ) તરાપો.

૩. પું. સૂર્ય.

૪. [સં.] ન. ધન.

૫. ન. ધાન્ય.

૬ ન. પરાક્રમ.

૭. ન. અન્ન; ખોરાક.

ધુમ્નવિશ્વર્ષણિ પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. જેણે પાંચમા મંડલનું ૨૩મું સૂક્ત રચ્યું છે.

ધુલોક [સં.] પું. સ્વર્ગલોક. વૈદિક ત્રયોમાં દ્યુલોકની જગ્યા કહી છે. પહેલી ઉદા-વતી, બીજી પીયુષવતી અને ત્રીજી પ્રદ્યો. આ ત્રણ કક્ષાને અનુક્રમે નાક, સ્વર્ગ અને પિતૃલોક કહે છે. ઉદા-વતી કક્ષામાં ચંદ્રમા, પીયુષવતીમાં સૂર્ય અને ત્રીજી પ્રદ્યોમાં બધા ગ્રહો નક્ષત્રાંતર છે.

ધુવસતિ [સં.] પું દેવ

ધુવાન ૧. [સં. ધુવત્] પું. આકાશનો છેડો.

૨. પું. સૂર્ય.

ધુવાસી [સં. ધુવાસિન્] પું. દેવ.

ધુવાહ [સં.] પું. દેવ.

ધુષદ ૧. [સં. ધુષદ્] પું. મેઘ.

૨. પું. દેવતા.

૩. પું. નક્ષત્ર.

ધુસદ જુઓ ધુષદ.

ધુસદન [સં. ધુ (સ્વર્ગ) + સદન (ઘર)] પું. દેવ.

ધુસદ્મ [સં. ધુસદ્મન્] પું. દેવ.

ધુસરિત [સં. ધુ (સ્વર્ગ) + સરિત (સરકી પડેલ)] સ્ત્રી. સ્વર્ગગંગા; મંદાકિની.

ધુસિંધુ જુઓ ધુસરિત.

ધુ ૧. [સં.] પું. આકાશ.

૨. પું. (પુરાણ) આઠ માંહેનો એ નામનો એક વસુ. એક દિવસ બધા વસુઓ પોતપોતાની સ્ત્રી જોડે વનવિહાર કરતા પૃથ્વી ઉપર ભમતા હતા. તેવામાં તેમણે વસિષ્ઠની કામધેનુને દીઠી. બધી સ્ત્રીઓના મનમાં થઈ આવ્યું કે આ ગાયને આપણે લઈ જઈએ. બધીઓએ આ વાત પોતપોતાના પતિને કરવાથી તેમણે ઠીક એમ કહ્યું, પણ કામધેનુનું હરણ કર્યું નહિ. પણ દ્યુએ તેનું હરણ કર્યું. આ વાતની વસિષ્ઠને જાણ થતાં એણે બધા વસુઓને શાપ્યા કે પૃથ્વી ઉપર જન્મ મળશે એ બધા વસુઓ પછી ગંગાને પેટે શાંતનુથી જન્મ્યા અને તરત સ્વર્ગમાં પાછા ગયા પણ દ્યુ વસુ, જેણે પ્રત્યક્ષ કામધેનુનું હરણ કર્યું હતું, તે ભીષ્મરૂપે પૃથ્વી ઉપર બધા કાળ સુધી રહ્યો. છેવટે ભારતના યુદ્ધમાં મરણ પામી સ્વર્ગે ગયો.

ધૂ ૧. [સં] વિ. ઠોકા કરનાર; રમનાર.

૨. વિ. જુગાર ખેલનાર, જુગારી.

ધૂત ૧. ન. એ નામનું એક ચિત્રકાવ્ય.

૨. [સં] ન. જુગટું; જૂગટું

જે કૂદે તે ધ્રુવનારમાં ધૂત.
અને ધૂ તેજ તેજસ્વીનું. ચીત્રચમત્કાર

૩. ન રમવું તે; ખેલવું તે.

ધૂતકર [સં] વિ. જુગારી.

ધૂતકલા જુઓ ધૂતક્રિયા.

ધૂતકળા જુઓ ધૂતવિદ્યા.

ધૂતકાર ૧. [સં.] વિ. જુગારખાનું ચલાવનાર; જુગાર રમાડનાર

૨. વિ જુગારી; જુગાર ખેલનાર.

ધૂતકારક જુઓ ધૂતકાર ૨.

ધૂતતૃતિયા [સં.] સ્ત્રી. પોસ માહેની એ નામની એક કથા.

ધૂતક્રીડા (ધૂતક્રીડા) [સં.] સ્ત્રી. જુગાર ખેલવો તે; જુગારની રમત.

ધૂતકૃત [સં. ધૂતકૃત્] વિ. જુગારી.

ધૂતગૃહ [સં.] ન. જુગારખાનું.

ધૂતદાસ [સં.] પું. જુગટામાં જિતાયેલો દાસ.

ધૂતદાસી [સં.] સ્ત્રી. જુગટામાં જિતાયેલી દાસી.

ધૂતપૂર્ણિમા [સં.] સ્ત્રી. આસો સુદિ પૂનમ. અગાઉ આ પૂનમે લોકો જુગાર રમતા અને રાતના જાગરણ કરતા.

ધૂતપૌર્ણમાસી જુઓ ધૂતપૂર્ણિમા.

ધૂતપૌર્ણિમા જુઓ ધૂતપૂર્ણિમા.

ધૂતપ્રતિપદા [સં.] સ્ત્રી. કાર્તિક સુદિ એકમ; કાર્તિક સુદિ પડવો. આ દિવસે લોકો જુગાર ખેલતા.

ધૂતફલક [સં.] ન. જુગાર ખેલવાનું પાટિયું.

ધૂતબીજ [સં.] પું. કોડી.

ધૂતભૂમિ [સં.] સ્ત્રી. જુગારખાનું.

ધૂતમંડલ ૧. [સં.] ન. જુગારખાનું.

૨. ન. જુગારીની મંડળી.

ધૂતમંડળ જુઓ ધૂતમંડલ.

ધૂતવિદ [સં. ધૂત (જુગાર) + વિદ (જાણનાર)] પું. ધૂત જાણનાર માણસ; જુગારી.

ધૂતવિશેષ [સં.] પું. ઓટા પાસા નાખી જુગાર રમવાની કળા

ધૂતવીજ [સં.] ન. કોડી.

ધૂતવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. જુગાર ખેલવાનો ધંધો.

૨. વિ. જુગારી.

ધૂતસભા [સં.] સ્ત્રી. જુગારખાનું.

ધૂતસમાજ ન. ધૂતમંડલ; જુગારીની મંડળી.

ધૂતસ્થાન [સં] ન. જુગારખાનું.

ધૂતાધ્યક્ષ [સં.] પું. જુગારનું નિરીક્ષણ કરનાર અધિકારી.

ધૃતાભિયોગ [સં.] પું. જુગાર સંબંધી મુકદ્દમો.

ધૂતાવાસ [સં. ધૂત (જુગટું) + આવાસ (ઘર)] પું. જુગારખાનું.

ધૂતાસક્ત [સં. ધૂત (જુગાર) + આસક્ત (મોહવાળું)] વિ. જુગારી.

ધૂન ૧. [સં.] પું. (જ્યોતિષ) લગ્નથી સાતમું સ્થાન

૨. વિ. રમનાર; ખેલનાર; ક્રીડા કરનાર.

ધૈ ૧. [સં.] સ. ક્રિ. ધિક્કારવું; તિરસ્કારવું.

૨. સ ક્રિ. ભેગું કરવું.

ધ્યો ૧. [સં.] સ્ત્રી. આકાશ.

૨. સ્ત્રી. વાતપર્વ આદિત્ય કે દેવી ભાગવત અનુસાર આઠ માહેનો એ નામનો એક વસુ.

૩. સ્ત્રી. સ્વર્ગ; નાક; ત્રિદિવ; ત્રિદશાલય; સુરલોક; દિવ; ત્રિવિષ્ટપ.

ધ્યોકાર [સં.] પું. મહેલ વગેરે બનાવનાર કારીગર.

ધ્યોત્ ૧. [સં.] સ. ક્રિ. દર્શાવવું.

૨. સ. ક્રિ. પ્રકાશિત કરવું.

૩. સ. ક્રિ. સમજાવવું.

ધ્યોત ૧. [સં.] પું. તાપ; તડકો; ગરમી.

૨. પું. પ્રકાશ; તેજ.

ધ્યોતક ૧. ન. રમરબુચ્ચિક.

૨. [સં.] વિ. જણાવવાળું પાડનાર; પ્રકાશનાર.

૩. વિ. દેખાડનાર; દર્શાવનાર; સ્પષ્ટ કરનાર.

૪. વિ. પ્રકાશિત; તેજસ્વી.

૫. વિ. લોપ આપનાર.

ધ્યોતન ૧. [સં.] ન. દીવો; દીપક.

૨. ન. દેખાડવાનું કામ; દિગ્દર્શન.

૩. ન. પ્રકટ કરવું તે; ખુલ્લું કરવું તે.

૪. ન. પ્રકાશ; અજવાળું.

૫. ન. પ્રકાશના; દર્શન.

૬. ન. સૂચના.

૭. ન. સ્પષ્ટ કહેવું તે; દર્શાવવું તે.

૮. વિ. પ્રકટ કરનાર.

૯. વિ. પ્રકાશ કરનાર.

૧૦. વિ. પ્રકાશવાળું; તેજસ્વી.

૧૧. વિ. લોપ આપનાર.

૧૨. વિ. સમજાવનાર.

ધ્યોતના [સં.] સ્ત્રી. પરોઢ; પરોઢિયું.

ધ્યોતનિ ૧. [સં.] વિ. દીપાવનાર.

૨. વિ. પ્રકટ કરનાર; ખુલ્લું કરનાર.

૩. વિ. પ્રકાશક.

ધ્યોતનિકા [સં.] સ્ત્રી. દીપ.

ધ્યોતમાન ૧ [સં.] વિ. દીપતું; પ્રકાશતું.

૨. વિ. પ્રકટ થતું

ધ્યોતિ ૧. [સં. દ્યોતિસ્] ન. તારો, ચાંદરડું.

૨. ન. પ્રકાશ; તેજ; ઝળક; દ્યુતિ.

ધ્યોતિત [સં.] વિ. પ્રકાશવાળું.

ધ્યોતિની [સં] સ્ત્રી. એ નામની એક દેવી.

ધ્યોતિર્ગિરણ [સં.] પું. આગિયો કીડો

ધ્યોદેવી [સં.] સ્ત્રી. આકાશની દેવી; પ્રકાશની દેવી; વીજળી.

ધ્યોભૂમિ ૧. [સં.] પું. પૃથ્વી.

૨. સ્ત્રી. સ્વર્ગ અને પૃથ્વી.

ધ્યૌ ૧. પું. (પુરાણ) આઠ માહેનો એ નામનો એક વસુ.

૨. [સં. દ્યો] ન. આકાશ; વ્યોમ; ગગન.

૩. ન. સ્વર્ગ.

ધ્યૌત ૧. પું. તાપ; આતપ; ધૂપ.

૨. પું. પ્રકાશ; તેજ.

ધ્યૌતિ વિ. પ્રકાશ કરનાર.

ધ્યૌત્ર ૧. [સં.] ન. તેજ; પ્રકાશ.

૨. ન. તેજસ્વી પદાર્થ.

ધ્યૌરાની સ્ત્રી. કેરાણું; પતિના નાના ભાઈની પત્ની.

ધ્યૌરેલી સ્ત્રી. સ્વર્ગમાં રહેનારી અપ્સરા નદી.

ધ્યૌલોક [સં.] પું. સ્વર્ગ.

ધ્યૌસ ૧. [સં. દિવસ] પું. દિન; દિવસ.

૨. [સં. દિવ્ (પ્રકાશવું)] પું. કેવ. આ શબ્દ લેટિન ભાષાના ડ્યુસને મળતો છે. તે ઉપરથી અંગ્રેજી ભાષાનો ડીઇટી શબ્દ આવ્યો છે.

ધ્યૌસ્પિતર [સં. દ્યો (સ્વર્ગ) + પિતૃ (પિતા)] પું. ઉદા 'જ્યુપિટર.'

ધ્યૌસ્પિતા જુઓ દ્યૌસ્પિતર.

ધ્રકેર [સં.] પું. સોનાને જગાડવા માટેનું ચાકિત્ર.

ધ્રકેકાકર ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધ્રગ ૧. [સં. દૃક્] ન. આંખ.

૨. ન. નામ.

ધ્રગ્ધ (ધ્રક્ધ) [સં.] ન. એક જાતનું ચાકિત્ર.

ધ્રગ્વા [સં.] પું. એક જાતનું જાનવર; હરણ.

ધ્રજન ન. જોર.

દ્રગપૂતળી સ્ત્રી. આંખની કીકી.

દ્રગા સ્ત્રી દૃષ્ટિ; નજર.

દ્રજ સ્ત્રી. (જરથોસ્તી) પાપકલ્પિત.

દ્રઢિમા [સં. દૃઢિમન્] સ્ત્રી. મજબૂતાઈ; દૃઢતા; મક્કમપણું.

દ્રઢીભૂત [સં. દૃઢ (મજબૂત) + ભૂત (થયેલું)] વિ મજબૂત; સ્થિર.

દ્રપ્સ ૧. [સં] પું. રસ.
૨. ન. પાતળું દહીં.
૩. ન. પીપરનું ટીપું.
૪. ન. સોમનું ટીપું.
૫. વિ. ઉતાવળો ચાલવાળું.

દ્રપ્સ્ય જુઓ દ્રપ્સ

દ્રબ્બ [સં. દ્રવ્ય] પું. (હિંદી) ધન; દોલત.

દ્રમ [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.

દ્રમક પું. (જૈન) ગરીબ માણસ.

દ્રમકવું અ. ક્રિ. દોહ્યલો અવાજ થવો; દમકવું.

દ્રમદા ન. વત્સ ગોત્રનું એ નામનું એક પ્રવર.

દ્રમદ્રમકાર પું. ધમકાર; ધમધમાટ.

દ્રમદ્રમવું અ. ક્રિ. ધમધમવું.

દ્રમિડ (દ્રમિડ) પું. મહાભારતના કાળનો એક પ્રાચીન દેશ; મદ્રાસથી શ્રીરંગપટ્ટન અને કન્યાકુમારી સુધીનો પ્રદેશ. તેનું પાટનગર કાંચી એટલે આધુનિક કાંજિવરમ મનાય છે.

દ્રમિલ [સં.] પું. તે નામનો એક દેશ.

દ્રમી ન. રાજા વસતો હોય એવું નગર.

દ્રમ્મ પું. નિષ્કના ચોથા ભાગની કીમતનો એક પ્રાચીન સિક્કો. કેટલાક તેને નિષ્કનો સોળમો ભાગ ગણે છે.
૪ પાવલાં = રૂપિયો
૪ રૂપિયા = દ્રમ્મ
૪ દ્રમ્મ = નિષ્ક

દ્રવ ૧ પું. એક પ્રકારનો સ્નેહ.
૨. [સં.] પું. ગળેલો કે ગળેલો રસ; ઓગળેલો પાણી જેવો પાતળો રસ; નિર્ઝાળ.
૩ પું (જૈન) મમતા; કીડા.
૪. પું તેલગમ.
૫. પું. દારૂ; આસવ.
૬. પું. ધીમે ધીમે ઝરવું તે; ટપકવું તે.
૭. પુ. પરિક્લેદ
૮. પું. પલાયન; નાસી જવું તે.
૯. પુ. પ્રેમ, દયા કે લાગણીથી હૃદયનું પીગળવું તે.
૧૦. પું. પ્રવાહી પદાર્થ.
૧૧. પું. મરકરી.
૧૨. પું. રસોઈ ચીજ.
૧૩. પું. વેગ.
૧૪. પું. (જૈન) સંયમ.
૧૫. ન. દ્રવ્ય.
૧૬. ન. ન્યોતેર મંડેનું એ નામનું. એક આકારતત્ત્વ.
૧૭. વિ. ઓગળતું.
૧૮. વિ. દ્રવનાર; ઝરનાર.
૧૯. વિ. નીચું; આર્દ્ર.
૨૦. વિ. મૃદુ.

દ્રવક ૧. [સં.] વિ. ઝરનાર; સ્રવનાર, ટપકનાર.
૨. વિ. ઝાઝેરું; નાસી જતું.

દ્રવકર [સં.] વિ. ઢારમજનક.

દ્રવકરણ [સં.] ન. પ્રવાહી બનાવવું તે.

દ્રવક્ષમતા [સં] સ્ત્રી. ઓગળી જવાનો ગુણ

દ્રવગતિશાસ્ત્ર [સં. દ્રવ (પ્રવાહી) + ગતિ (ચાલવું તે) + શાસ્ત્ર] ન. પ્રવાહીની ગતિ અંગેનું શાસ્ત્ર; 'હાઇડ્રોડાયનેમિક્સ.'

દ્રવજ ૧. [સં.] ન. ગોળ.
૨. ન. સાકર.
૩. વિ. પ્રવાહી પદાર્થમાંથી ઉત્પન્ન થયેલ.

દ્રવણ ૧. [સં.] ન. ઓગળેલી વસ્તુવાળું દ્રવ્ય.
૨. ન. ઝરવું તે.
૩. ન. ગમન.
૪. ન. દ્રવવું તે; ઝરવું તે; સ્રવણ.
૫. ન. પીગળવું તે.
૬. ન. મિશ્રણ.
૭. વિ. પીગળે એવું.

દ્રવણાંક [સં. દ્રવણ (પીગળવું તે) + અંક (આંકો)] પું. ઘન વસ્તુ પ્રવાહી બનવા માટે તેટલું ઉષ્ણતામાન બતાવનાર દીટી.

દ્રવદ્વિક પું. (પુરાણ) અગ્નિ નામના વસુ અને વસોધરાનો પુત્ર.

દ્રવતા ૧. [સં.] સ્ત્રી. પાતળાપણું.
૨. સ્ત્રી. પ્રવાહીપણું; દ્રવત્વ; દ્રવભૂતિ.

દ્રવતપત્રી [સં.] ન. એક જાતનું ઝાડ સિમુદી.

દ્રવત્વ ૧. [સં.] ન. (ન્યાય) ચોવીસ માંહેનો એ નામનો એક ગુણ. ગુણ ચોવીસ છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.
૨. ન. (વેદાંત) પ્રવાહીપણું; દ્રવતા; વહેવાનો ગુણ. પૃથ્વી, અપ્, તેજ એ ત્રણ દ્રવ્યોમાં વર્તનારા પદાર્થમાં રહેનારી તથા વાયુમાં ન રહેનારી તથા રૂપમાં ન રહેનારી એવી જે દ્રવત્વ જાતિ હોય તે જાતિવાળો ગુણ તે દ્રવત્વ. વૈશેષિક મતાનુસાર દ્રવ્યમાં રહેલો આ એક ગુણ છે. વૈશેષિક દર્શનમાં ગુણોની સંજ્ઞાતરીમાં દ્રવત્વ ગુણ નથી આવતો, પણ પ્રશસ્તપાદ ભાષ્યમાં આને ગુણ લખ્યો છે. આ ગુણ બોલને લીધે રેતી ચાલવાનું થાય છે. પ્રાચીન કાળના વિદ્વાનોએ દ્રવત્વને ભૂત અને સામાન્ય ગુણ માનેલ છે અને તેના બે ભેદ કર્યા છે: સાંસિદ્ધિક એટલે સ્વાભાવિક અને નૈમિત્તિક એટલે કારણોને લીધે ઉત્પન્ન થતું. તેઓનો મત છે કે, સ્વાભાવિક અથવા સાંસિદ્ધિક દ્રવત્વ કેવળ જળમાં છે અને પૃથ્વીમાં નૈમિત્તિક દ્રવત્વ છે, જે અગ્નિના સંયોગથી આવે છે. કાલના વિદ્વાનો દ્રવત્વને દ્રવ્યનું એક રૂપ અથવા તેની અવસ્થા માત્ર માને છે. આ પદાર્થનો જેમાં ગુણ હોય છે તેને પોતાનો કોઈ આકાર હોતો નથી, પણ જે પદાર્થના આધારે તે રહે છે તેના આકારનો તે થઈ જાય છે. પાણીને લોટામાં ભરવામાં આવે તો લોટાના આકારનું થાય, શીશીમાં ભરવામાં આવે તો શીશીના આકારનું થાય.

દ્રવદ્રવ્ય [સં. દ્રવ (પ્રવાહી) + દ્રવ્ય (પદાર્થ)] ન. દૂધ, દહીં, ઘી વગેરે પ્રવાહી પદાર્થ.

દ્રવમય [સં.] વિ. પ્રવાહી.

દ્રવમંડળ ન. અંડ કોષની આસપાસ રહેલ જળનું આવરણ.

દ્રવમાપક [સં.] ન. પ્રવાહી માપવાનું યંત્ર.

દ્રવમાપકનલિકા [સં.] સ્ત્રી. પ્રવાહી પદાર્થ માપવાની આકડાવાળી કાચની નળી

દ્રવયંત્રશાસ્ત્ર [સં.] ન. ઉદ્‌સ્થિતિશાસ્ત્ર; પાણી, પારો વગેરે પ્રવાહી પદાર્થોના દબાણ અને સમતોલપણા વિષે વિચાર કરનારું શા.અ.

દ્રવરસ ૧. [સં.] પું. પ્રવાહી રસ.
૨. વિ. પ્રવાહી રસવાળું.

દ્રવરસા [સં.] સ્ત્રી. લાખ.

દ્રવરૂપ વિ. પીગળેલું.

દ્રવરોધક [સં. દ્રવ (પ્રવાહી) + રોધક (અટકાવનારું)] વિ. અભેદ્ય; પાણી જેવી ન શકે એવું.

દ્રવવું ૧. [સં. દ્રુ (ઝરવું)] અ. ક્રિ. મરજી થઈ જવું; લાગણીથી દીલું થવું.
૨. અ ક્રિ. ઝરવું; ટપકી જવું; ગળી પડવું; નીગળવું; સ્રવવું.
૩ અ. ક્રિ. દ્રવ એટલે રસરૂપ થવું; ઓગળવું; પીગળવું; પ્રવાહી થવું.

દ્રવસ્થિતિશાસ્ત્ર [સં. દ્રવ (પ્રવાહી) + સ્થિતિ + શાસ્ત્ર] ન. ઉદસ્થિતિશાસ્ત્ર; પ્રવાહીની સ્થિતિ સંબંધી શાસ્ત્ર. પાણી, પારો વગેરે પ્રવાહી પદાર્થોના દબાણ વગેરેને લગતું શાસ્ત્ર; 'હાઇડ્રો સ્ટેટિક્સ.'

દ્રવંત [સ. દ્રવત્] વિ. પીગળતું.

દ્રવંતી ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; મૂષકપર્ણિ. ઉંદરકની.

૨. સ્ત્રી. દ્રવયુક્ત સ્ત્રી.

૩. સ્ત્રી. મોટો નેપાળો.

૪. સ્ત્રી. રતનજોત નામની વનસ્પતિ

૫. સ્ત્રી. વહેતી નદી.

દ્રવાગમ્યતા [સ દ્રવ (પ્રવાહી) + અ (નહિ) + ગમ્યતા (જવાપણું)] સ્ત્રી. અભેદ્યતા; પાણી પસી ન શકે એવું ઠોસપણું; દ્રવાભેદ્યતા.

દ્રવાધાર ૧. [સં.] પું. ખોબો.

૨. પુ. પ્રવાહી દ્રવ્યનો આધાર; પાત્ર.

દ્રવાભેદ્યતા જુઓ દ્રવાગમ્યતા.

દ્રવાસ્ત્ર ૧. પું. (જરથોસ્તી) એ નામે ઓળખાતો યઝત. મૌદમા યઝત ગોસનું બીજું નામ.

૨. પું. (જરથોસ્તી) બાજ મુખ્ય ફિરસ્તા અહમનના ત્રણ મોઢાનો એ નામનો એક હમકાર.

દ્રવિ [સં.] વિ. સોનું ગાળનાર.

દ્રવિક ૧. [સં.] વિ. (જૈન) મોક્ષને યોગ્ય; ભવ્ય.

૨. વિ. સભ્યી.

દ્રવિડ ૧. પું. એ નામના દેશનો રહેવાસી. મનુએ દ્રવિડોને સ્વર્ણ ક્ષોથી ઉત્પન્ન થયેલ મ.લ ક્ષત્રિયોની સંતતિ કહેલ છે. મહાભારતમા લખ્યું છે કે, પરશુરામના ભયથી ઘણા ક્ષત્રિયો દૂર દૂરના પ્રદેશો અને જંગલોમાં ભાગી ગયા હતા. ત્યાં બ્રાહ્મણો ન હોવા વગેરે કારણને લીધે તેઓ પોતાનાં કર્મ ભૂલી ગયા અને શૂદ્રપણું પામ્યા. તેઓ જ દ્રવિડ, આભીર, શબર, પુલિંદ વગેરે થયા.

૨. પુ (પિંગળ) કુંડલિયાની જાતનો એક વિષમમાત્રામેળ છંદ. તેમા ૪૭ ગુરુ અને ૫૮ લઘુ મળી ૧૦૫ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. (પુરાણ) ભંભ્યશ્વતીની કુખે થયેલ કૃષ્ણનો એ નામનો એક પુત્ર.

૪. [સ.] પુ. દક્ષિણ હિંદનો એ નામનો એક દેશ. તે ઓરિસ્સાથી ઉત્તર કિનારે રામેશ્વર સુધી આવેલો છે. એનું મુખ્ય નગર કાંચી હતું. તેને હાલ કાન્જિવરમ કહે છે.

૫. પું. દીર્ઘસૂત્રિક બ્રાહ્મણ.

૬. પું. બ્રાહ્મણનો એ નામનો એક વર્ગ. બ્રાહ્મણના પાંચ મુખ્ય વર્ગ આંધ્ર, કર્ણાટક, ગુર્જર, દ્રવિડ અને મહારાષ્ટ્ર.

દ્રવિડા સ્ત્રી. દ્રવિડ દેશમાં ઉત્પન્ન થયેલી દાસી.

દ્રવિડી (દ્રવિડી) ૧. [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

૨. વિ. દ્રવિડ દેશનું.

દ્રવિણ ૧. [સં.] પું. કૌંચદ્વીપવાસી લોકોનો એ નામનો એક વર્ગ.

એ નદીઓના પવિત્ર જળનું પાન કરતા પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના એ દ્વીપના રહેવાસી ચાર વર્ણો જળના પતિ વરુણનું પૂજન કરે છે. ભાગવત

૨. પું. ધ્રુવ નામના વસુનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) પૃથુ રાજાનો એ નામનો એક દીકરો. તેને પૃથ્વીની ઉત્તર દિશા મળી હતી.

૪. પું. ભાગવત અનુસાર કુશદ્વીપનો એ નામનો એક સીમા પર્વત.

૫. ન. ઇચ્છા.

૬. ન. ધન; સંપત્તિ.

૭. ન બળ; પરાક્રમ, શક્તિ.

૮. ન. સોનું. કંચન.

દ્રવિણક ૧. [સં.] પું. વસુ સુતપાનો એ નામનો એક પુત્ર.

૨. જુઓ દ્રવિણ ૫–૮.

દ્રવિણનારાન [સં.] પું. ભોજનના સરસવાનુ ઝાડ. સ્મૃતિઓમાં ભોજનમાં એનો નિષેધ છે

દ્રવિણપ્રદ ૧. [સં. દ્રવિણ (ધન) + પ્રદ (આપનાર)] પું. વિષ્ણુ. મનુષ્યોને ધન આપનાર હોવાથી તે દ્રવિણપ્રદ કહેવાય છે.

૨. વિ. ધન આપનાર.

૩. [સં. દ્રવિણ (બળ) + પ્રદ (આપનાર)] વિ. બળ આપનાર; પરાક્રમ આપનાર.

દ્રવિણવાન ૧. [સં. દ્રવિણ (ધન) + વત્ (વાળુ)] વિ. ધનવાન.

૨. વિ. બળવાન; પરાક્રમી.

દ્રવિણોદસ પું. અથર્વવેદનો એ નામનો એક ઋષિ.

દ્રવિણોદા [સં. દ્રવિણોદસ] પું. વેદનો એક દેવતા; અગ્નિ. તેને ધન આપનાર દેવતા કહેલ છે.

દ્રવિત ૧. [સં.] વિ. ગાળીને પ્રવાહી બનેલું; રસમય બનેલું; ઓગળેલું; દ્રવેલું.

૨. વિ. નરમ; ઢીલું; ઝરઝરિત; પોચું.

૩. વિ. ભીનાશેલું.

દ્રવિત્નુ [સં.] વિ. અતિશીલ; ચાલતુ.

દ્રવીકરણ ૧. [સ.] ન. ઓગળી જવું તે; ગળી જવું તે; પ્રવાહી બનું તે.

૨. ન. પીગળવાની રીત.

દ્રવીકૃત [સં.] વિ. પ્રવાહી કરેલ; રસરૂપ કરેલ.

દ્રવીભવન [સં. દ્રવ (પ્રવાહ) + ભવન (થવાપણું)] ન. દ્રવરૂપ બનું તે; પ્રવાહીરૂપ બનું તે.

દ્રવીભાવ [સં.] પું દ્રવરૂપ બનું તે

દ્રવીભૂત ૧. [સં.] વિ. ઓગળી ગયું હોય એવું; પીગળેલું.

૨. વિ દયાર્દ્ર; દયાળુ; દયાથી પીગળેલું.

૩. વિ. નરમ; પોચું.

૪. વિ. પ્રવાહી બનેલું.

૫. વિ. લાગણીઓની અસરથી ગદ્‌ગદ થઈ ગયેલું.

દ્રવીભૂતતા [સ.] સ્ત્રી. દ્રવીભૂત થયેલ હોવાપણું.

દ્રવ્ય ૧. [સં.] ન. (જૈન) અનંત ગુણોનો અખંડ પિંડ; પદાર્થના પૂરા જ્ઞાનમાં અને તેની સર્વ હાલતમા રહેતા ગુણનો સમૂહ.

૨. ન. આકાશ.

૩. ન. આત્મા.

૪. ન. ઔષધિ; દવા

૫. ન. કાર્યનું સમવાયી કારણ. કાર્ય અને કારણનો સબંધ તે સમવાયી સબંધ કહેવાય છે. દ્રવ્યમાંથી દ્રવ્યરૂપ કાર્ય, ગુણરૂપ કાર્ય અને કર્મરૂપ કાર્ય પેદા થાય છે, માટે દ્રવ્ય એ દ્રવ્યકાર્ય અને કર્મકાર્યનું સમવાયી કારણ છે. ગુણ અને કર્મ કોઈ કાર્યનું સમવાયી કારણ થતા નથી. જે ગુણ અને ક્રિયાનો આશ્રય હોય તે દ્રવ્ય કહેવાય છે.

૬. ન. કાળ.

૭. ન. ક્રિયા અને ગુણ અથવા કેવળ ગુણના આશ્રયરૂપ પદાર્થ; જેમાં કેવળ ગુણ અને ક્રિયા અથવા કેવળ ગુણ હોય અને જે સમવાયી કારણ હોય તેવો પદાર્થ. વૈશેષિક મતમાં દ્રવ્ય નવ કહેલ છે: પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિક્, આત્મા અને મન. આમાંથી પૃથ્વી, જળ, તેજ, વાયુ, મન અને આત્મા એ છ દ્રવ્યમાં ક્રિયા અને ગુણ બંને છે. આકાશ, દિક્ અને કાળ એ ત્રણ દ્રવ્યમાં ક્રિયા નથી, કેવળ ગુણ છે. પાંચ દ્રવ્યોમાં માત્ર ચાર સાવયવ છે: પૃથ્વી, જળ, તેજ અને વાયુ. આ ચારને ઉત્પત્તિ ધર્મવાળાં માન્યાં છે. તે પરમાણુરૂપે નિત્ય અને કાર્યરૂપે અનિત્ય છે. તેના પરમાણુના ગોળથી

સૃષ્ટિ બને છે. પ્રશસ્તપાદ ભાષ્યમાં લખ્યું છે કે: જ્યારે જીવોને કર્મફળ ભોગવવાનો સમય આવે છે ત્યારે જીવોના અદૃષ્ટના બળથી વાયુના પરમાણુઓમા ચલન ઉત્પન્ન થાય છે. આ ચલનથી પરમાણુઓમાં પરસ્પર સંયોગ થાય છે. બે પરમાણ મળવાથી દ્વયણુક અને ત્રણ દ્વયણુકોના મળવાથી ત્રસરેણુ ઉત્પન્ન થાય છે. આ રીતે એક મહાન વાયુ ઉત્પન્ન થાય છે. મહાન વાયુમાં પરમાણુઓના પરસ્પર સંયોગથી ક્રમ પ્રમાણે જલદ્રવ્યણુક, જલત્રસરેણુ અને પછી મહાન જલનિધિ ઉત્પન્ન થાય છે. આ જલમાં પૃથ્વી પરમાણુઓના પરસ્પર સંયોગથી દ્વયણુક વગેરેના ક્રમ પ્રમાણે મહાપૃથ્વીની ઉત્પત્તિ થાય છે. વળી તે જલનિધિમાં તેજના પરમાણુઓના પરસ્પર સંયોગથી તૈજસત્રાણુક આદિ ક્રમ પ્રમાણે મહાન તેજોરાશિ ઉત્પન્ન થાય છે. આ પ્રકારે વૈશેષિક મતમાં ચાર ભૂતો અનુસાર ચાર પ્રકારના પરમાણુ માન્યા છે: પૃથ્વી પરમાણુ, જળ પરમાણુ, તેજ પરમાણુ ને વાયુ પરમાણુ. આ ચાર પરમાણુઓથી ચાર ભૂત ઉત્પન્ન થાય છે. પાંચમું દ્રવ્ય આકાશ નિરવયવ, વિભુ અને નિત્ય છે. તેના વિભાગ થતા નથી કે તેનો નાશ થતો નથી. આકાશની માફક કાળ અને દિક્ પણ વિભુ અને નિત્ય છે. આત્મા અમૂર્ત દ્રવ્ય છે. તે જ્ઞાનનું અધિકરણ બને કોઈ કોઈના મત પ્રમાણે જ્ઞાનનું સમવાયી કારણ છે. મન નિત્ય અને મૂર્ત માનેલું છે, કારણ કે મૂર્ત ન હોય તો તેમાં ક્રિયા ન હોય. વૈશેષિકો મનને અણુરૂપ માને છે, કારણ કે એક ક્ષણમાં એક જ ઇંદ્રિયનો સંયોગ તેની સાથે થઈ શકે છે. દ્રવ્યના મૂર્ત દ્રવ્ય અને અમૂર્ત દ્રવ્ય એમ બે પ્રકાર થાય છે. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ અને મન એ પાંચ મૂર્ત દ્રવ્ય છે અને આકાશ, કાળ, દિશા અને આત્મા એ ચાર અમૂર્ત દ્રવ્ય છે. અમૂર્ત દ્રવ્યને વિભુ કહે છે. નિત્ય દ્રવ્ય અને અનિત્ય દ્રવ્ય એમ પણ દ્રવ્યના બે ભાગ છે. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચાર નિત્ય અને અનિત્ય બને રૂપે છે. પરમાણુરૂપે નિત્ય અને પરમાણુઓનો સમૂહ એટલે કાર્ય બની દેહ, ઇંદ્રિય, વિષય વગેરે થાય તે અનિત્ય. એ ચાર દ્રવ્ય પરમાણુ એટલે નિત્યરૂપે અને કાર્ય એટલે અનિત્યરૂપે હોઈ શકે છે, માટે તે આરંભક દ્રવ્ય કહેવાય છે અને તેનાથી સૃષ્ટિનો આરંભ થાય છે. પરમાણુ તથા દ્વયણુક અદૃશ્ય, અતીંદ્રિય છે. ત્રસરેણુ આંખથી પદાર્થો દૃશ્યરૂપ થાય છે, એટલે પરિણામ મુખ્યવાળા થાય છે. આકાશથી આત્મા સુધીનાં દ્રવ્ય નિત્ય અને સર્વવ્યાપી છે. મન નિત્ય છે પણ સર્વવ્યાપી નથી તથા કેવળ અણુરૂપ છે અને પ્રત્યેક આત્મા એટલે જીવને વળગેલું રહેતાં અનંત રૂપ છે. મન તથા આત્માનો યોગ થાય ત્યારે જ જ્ઞાન થાય છે, કેમકે જ્ઞાન એ આત્માનો ગુણ છે, પણ મન એ જ્ઞાનને સુખદુઃખરૂપે ગ્રહણ કરનાર છે. મન નિત્ય હોવાથી કરેલાં કર્મના સંસ્કાર તેમાં રહ્યા કરે છે અને પુનર્જન્મ થાય છે. જ્યારે ઈશ્વરકૃપાથી તત્ત્વજ્ઞાન થઈ અનંત દુઃખધ્વંસ થાય ત્યારે મોક્ષ મળે છે. આત્મા દ્રવ્ય બે પ્રકારે છે: (૧) પરમાત્મા એટલે નિત્ય જ્ઞાનવાન, સર્વજ્ઞ, કર્તારૂપ ઈશ્વર અને (૨) જીવાત્મા એટલે અસર્વજ્ઞ, અનિત્ય જ્ઞાનવાન. દ્રવ્ય માત્રને પોતપોતાના અમુક ગુણ રહેલા હોઈ તેમાંના એક મુખ્યને ઉદ્દેશી તે દ્રવ્યને ઓળખવામાં આવે છે. ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ, ભૂતત્વવિભાદિરૂપ પરત્વાપરત્વ, દૂરત્વસમીપાદિરૂપ પરત્વાપરત્વ, જ્ઞાન અને સુખાદિ અનુભવ એ નવ દ્રવ્યોના અનુક્રમે મુખ્ય ગુણ છે. સાવયવ સૃષ્ટિના વૈશેષિકમાં ચાર મૂળ ભૂત કહેલ છે અને તે અનુસાર ચાર પ્રકારના પરમાણુ પણ માન્યા છે. પણ પાશ્ચાત્ય રોપ પ્રમાણે આ ચાર મૂળ ભૂત કહેવાતા પદાર્થ કેટલાક મૂળ દ્રવ્યના સંયોગથી બનેલ મળે છે. જળ અને વાયુ કેટલાક મૂળ દ્રવ્યના યોગથી બનેલ હોવાનું સિદ્ધ થયું છે. પાશ્ચાત્ય રસાયણમાં સત્તાવન ૫૭ મૂળ દ્રવ્ય માન્યાં છે, જેના પરમાણુઓના રાસાયણિક સંયોગથી જુદા જુદા પદાર્થ બનેલ છે. આ હિસાબે પરમાણુ પણ ૫૭ પ્રકારના થયા. ૫૭ મૂળ દ્રવ્યના પરમાણુઓના મુકાબલે બે પરસ્પર મેળવવામાં આવે તો તેમા એક હિસાબે ચાલતો ક્રમ જોવામાં આવે છે, જોયો સિદ્ધ થાય છે કે, આ બધાં મૂળ દ્રવ્ય પણ એક પરમ દ્રવ્યમાંથી નીકળેલા છે.

૮. સ. (જૈન) ગુણ અને પર્યાયનું આશ્રય; ધર્માસ્તિકાય વગેરે ૭ પદાર્થ. જૈનો ૭ દ્રવ્ય માને છે: (૧) જીવાસ્તિકાય, (૨) ધર્માસ્તિકાય, (૩) અધર્માસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય, (૫) આકાશાસ્તિકાય અને (૬) કાળ દ્રવ્ય. જેમાં ચેતના ગુણ હોય તેને જીવ, જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે પુદ્ગલ. જીવ અને પુદ્ગલને ગમન કરવામાં સહાયકારી તે ધર્મ, જીવ અને પુદ્ગલને સ્થિતિમાં સહાયકારી તે અધર્મ, જીવાદિક પાંચે દ્રવ્યોને રહેવાને જગ્યા આપે તે આકાશ અને જીવાદિક દ્રવ્યોને પરિણમનમાં સહાયક તેને કાળ દ્રવ્ય કહે છે. આકાશ અને પુદ્ગલ એ બે તત્ત્વો તો વૈશેષિક, ન્યાય, સાંખ્ય વગેરે દર્શનોને પણ માન્ય છે, પરંતુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે તત્ત્વો જૈન દર્શન સિવાય કોઈ પણ દર્શન માનતુ નથી. જૈન દર્શન જેને આકાશાસ્તિકાય કહે છે તેને બીજાં દર્શનો આકાશ કહે છે. પુદ્ગલાસ્તિકાયને સ્થાને બીજાં દર્શનોમાં પ્રકૃતિ, પરમાણુ આદિ શબ્દોનો ઉપયોગ થાય છે.

૯. ન. ગુદ

૧૦. સ. (જૈન) ચાર ઘાતીનો જે નાશનો એક નિમિત્ત; ભવિષ્યના પરિણામની યોગ્યતા રાખનારાઓ પદાર્થ. જેમકે, રાજાના કુવરને રાજા કહેવો.

૧૧. ન. ચીજ; મૂળતત્ત્વ. પદાર્થ; વસ્તુ.

૧૨. ન જુદા જુદા અવયવોના સંયોગથી બનાવેલો પુટક પદાર્થ.

૧૩. ન. દેશ.

૧૪. ન. ધન; પૈસો; નાણું.

૧૫. ન. વિદ્વત્તા.

૧૬. ન. બુદ્ધિ.

૧૭. ન. ભલામણ.

૧૮. ન. મદ્ય; દારૂ.

૧૯ ન. લાખ.

૨૦. ન. લેપ.

૨૧. ન. વિનય.

૨૨. ન. વિશેષપન.

૨૩. ન. વૃક્ષોનો અવયવ કે વિકાર.

૨૪. ન. સ્તર; થર.

૨૫. ન. (વેદાંત) સમવાય સંબંધે કરીને ક્રિયાદિક ગુણોના આશ્રયવાળો પદાર્થ; સમવાય સંબંધે કરીને દ્રવ્યત્વ જાતિવાળો પદાર્થ. કેટલાકના મત પ્રમાણે જે પદાર્થ ગુણ અને કર્મ બંને પદાર્થોથી ભિન્ન હોઈને જાતિરૂપ સામાન્યવાળો હોય તે દ્રવ્ય બનાવ છે. વળી જે પદાર્થ ભિન્ન, સત્ત્વા એટલે વચન અને કારણના સંબંધવાળું હોય તે પણ દ્રવ્ય કહેવાય છે. સાક્ષાત્ સમવેત સમવાયી ઇંદ્રિયથી જે ભાસ હોય તે પણ દ્રવ્ય કહેવાય છે.

૨૬. ન. સંપત્તિ. તેમાં રત્ન, પશુ, જમીન, વસ્ત્રો, ઘરમદાસી વગેરેનો સમાવેશ થાય છે.

૨૭. ન. સામાન; સામગ્રી; ઉપાદાન.

૨૮. વિ. ગુણયુક્ત.

૨૯. વિ. કાયનું, કાય સંબંધી.

૩૦. [સં. દ્રુ (પીગળવું)] વિ. પીગળે એવું; ઓગળે તેવું.

૩૧. વિ. ભવ્ય; મુક્તિને યોગ્ય.

૩૨. વિ. વીતરાગ; રાગદ્વેષ રહિત.

૩૩. વિ. શુદ્ધ; સુંદર.

૩૪. વિ. રસવાળું; મોટું.

દ્રવ્યક ૧. [સં.] વિ. દ્રવ્ય ધારણ કરનાર.

૨ વિ. દ્રવ્ય લઈ જનાર; દ્રવ્ય લઈ જનાર.

દ્રવ્યકર્મ ન. (જૈન) કર્મના નવ મોટેનો એક પ્રકાર; રાગ, દ્વેષ, મોહાદિના વિચારોથી બંધાતાં કર્મ.

દ્રવ્યકોષ [સં. દ્રવ્ય (પૈસો) + કોષ (ભંડાર)] પું. નાણાંનો ભંડાર; પૈસાનો બળનો.

દ્રવ્યક્ષિતકોષ પું. (જૈન) સંયમી આત્મા જ્યારે ભોજન ખરીદી તેને વહોરાવવાથી જેટલે અપવાથી થતું પાપકર્મ.

દ્રવ્યગણ [સં.] પું. દ્રવ્યનો સમૂહ.

દ્રવ્યગતદોષ [સં. દ્રવ્ય (ચીજ) + ગત (ગયેલ) + દોષ (ખામી)] પું. (જૈન) આહારની વસ્તુમાં રહેલ દોષ.

દ્રવ્યત્વ [સં.] ન. દ્રવ્યપણું.

દ્રવ્યત્વગુણ [સં. દ્રવ્ય (વસ્તુ) + ત્વ (પણું) + ગુણ] પું. (જૈન) જેનાથી દ્રવ્ય સર્વદા એકસરખું ન રહે અને જેની પર્યાયો જેટલે સ્થિતિ હમેશા બદલાતી રહે એવી શક્તિ.

દ્રવ્યદયા [સં.] સ્ત્રી. (જૈન) આઠ માંહેની એક પ્રકારની દયા. યત્નાપૂર્વક જીવરક્ષા કરીને ગ્રામ કરવું તે દ્રવ્યદયા કહેવાય છે.

દ્રવ્યદંડ [સં. દ્રવ્ય (ધન) + દંડ (શિક્ષા)] પું. પૈસાનો દંડ; રોકડ દંડ.

દ્રવ્યદેવ [સં.] પું. (જૈન) આવતા ભવમાં દેવપણે થનાર મનુષ્ય કે તિર્યંચ.

દ્રવ્યધર્મ [સં.] પું. (જૈન) શુભ પ્રવૃત્તિ.

> દેવળ શુભ પ્રવૃત્તિને દ્રવ્યધર્મ કહેવામાં આવે છે, અને આત્મશુદ્ધિને ભાવધર્મ માનવામાં આવેલ છે. વિજયધર્મસૂરિ

દ્રવ્યધારક [સં.] વિ. રોકડિયું.

દ્રવ્યનિક્ષેપ [સં.] પું. (જૈન) ચાર માંહેનો એક નિક્ષેપ. જે પદાર્થ ભવિષ્યના પરિણામની યોગ્યતા ધરાવતાં હોય તેને દ્રવ્યનિક્ષેપ કહે છે. જેમકે, કુંવરને રાજા કહેવો.

દ્રવ્યનિધિ [સં. દ્રવ્ય (ધન) + નિધિ (ભંડોળ)] પું. ભંડોળ; એકઠી થયેલ રકમ; કંડ.

દ્રવ્યપતિ [સં.] પું. જુદાં જુદાં દ્રવ્યોના સ્વામી જેમ વગેરે ઋદ્ધિ.

દ્રવ્યપાપ ન. (જૈન) અશુભ કર્મપુદ્ગલ.

દ્રવ્યપુણ્ય [સં.] ન. (જૈન) શુભ કર્મપુદ્ગલ.

દ્રવ્યપૂજા [સં.] સ્ત્રી. ચોખા, સાકર, ઘી, દૂધ વગેરે પદાર્થોથી કરાતી પૂજા.

દ્રવ્યપ્રાણ [સં.] પું. (જૈન) જેના સંયોગથી જીવ જીવન અવસ્થાને પ્રાપ્ત થાય અને વિયોગથી મરણ અવસ્થાને પ્રાપ્ત થાય તે પ્રાણનો એ નામનો એક ભેદ; રૂપ્યપ્રાણ; વ્યવહારપ્રાણ.

દ્રવ્યપ્રાણના દસ ભેદ છે: મન, વચન, કાય, પાંચ ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ અને આયુ.

દ્રવ્યબંધ ૧. [સં.] પું. (જૈન) કર્મદલનો ચિરસ્થિત સંબંધ; કાર્માણ શરીરરૂપ પુદ્ગલ દ્રવ્યમાં આત્માની સાથે સંબંધ થવાની શક્તિ. આત્માના યોગ તથા કષાયરૂપ પરિણામ એ દ્રવ્યબંધનું નિમિત્ત કારણ છે. બંધ થવાના પૂર્વ સમયમાં બંધ થવાના સન્મુખ કાર્માણ શરીરને દ્રવ્યબંધનું ઉપાદાન કારણ કહે છે.

૨. પું. સ્નેહ કે રજ્જુથી બાંધવું તે.

દ્રવ્યમન ન. આત્માની વિચારશક્તિથી વિચાર કરવામાં સહાયક બનતાં એક પ્રકારનાં સૂક્ષ્મ પરમાણુ.

> જેનાથી વિચાર કરી શકાય એવી આત્મામાં શક્તિ તે મન છે, અને એ શક્તિ વડે વિચાર કરવામાં સહાયક બનાર એક પ્રકારનાં સૂક્ષ્મ પરમાણુઓ પણ મન કહેવાય છે. પહેલું ભાવમન અને બીજું દ્રવ્યમન કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

દ્રવ્યમય ૧. [સં.] વિ. પુષ્કળ દ્રવ્યવાળું; પદાર્થમય; સદ્રવ્ય.

૨. વિ. ભૌતિક.

દ્રવ્યમાન ૧. [સં.] ન. દ્રવ્યની કીમત.

૨. ન. પદાર્થમાં રહેલ પ્રકૃતિતત્ત્વનું પરિણામ.

૩. ન. પિંડમાત્રા; માત્રામાન.

દ્રવ્યમાનખંડ પું. પૃથ્વી ઉપરના નવ માંહેનો એ નામનો એક ખંડ. તે નેવુંસ્ય ભૂમામાં છે. નવ ખંડ: ભરતખંડ, કૃતખંડ, રમ્યખંડ, દ્રવ્યમાનખંડ, હેમવતખંડ, હરિખંડ, વિચિત્રમાનખંડ, ઐરાવતખંડ અને સુવર્ણખંડ.

દ્રવ્યયજ્ઞ [સં. દ્રવ્ય (ધન) + યજ્ઞ (યાગ)] પું. ધનાદિક વડે કરીને કરેલો યજ્ઞ; દ્રવ્યના દાનરૂપી યજ્ઞ. યાગ, કૂવા, તળાવ, દેવમંદિર, અન્નદાન, આશ્રયસ્થાન, શરણાગતરક્ષણ, પ્રાણીઓની અહિંસા, તીર્થ કે ઉદ્ધારનેતિકા દાન ઇત્યાદિ દ્રવ્યયજ્ઞો ગણાય છે.

દ્રવ્યરાગ [સં. દ્રવ્ય (ધન) + રાગ (પ્રેમ)] પું. પૈસા પ્રત્યે પ્રીતિ; ધનનો મોહ.

દ્રવ્યરાશિ ૧. [સં.] પું. કોઈ પણ પદાર્થ માંહેનો દ્રવ્યનો જથ્થો; 'માસ'

૨. પું. પૈસાનો ઢગલો.

દ્રવ્યલાભ [સં.] પું ખાસિક લાભો.

દ્રવ્યલિંગ [સં.] ન. (જૈન) દંભ બાવાર; બહારનો વેષ; લિંગ એટલે ચિહ્નના બે માંહેનો એક પ્રકાર.

> ચારિત્રગુણ જે બાહ્યલિંગ અને નિશ્ચિત વેષ આદિ બાહ્ય સ્વરૂપ તે દ્રવ્યલિંગ. તત્ત્વાર્થસૂત્ર

દ્રવ્યલેશ્યા ૧. સ્ત્રી. (જૈન) દ્રવ્ય વગેરે જે લેશ્યાનું દ્રવ્ય.

૨. સ્ત્રી. શરીર આદિ પૌદ્ગલિક વસ્તુનો રૂપરંગ.

દ્રવ્યલોક [સં.] પું. (જૈન) ધર્માસ્તિકાય આદિ છએ છ દ્રવ્યરૂપ લોક.

દ્રવ્યવન [સં.] ન. બાગ-બગીચા માટેનું રક્ષિત વન.

દ્રવ્યવનભોગ [સં.] પું. એક જાતની જાગીર.

દ્રવ્યવનાદીપિક [સં.] ન. બાગ-બગીચા વગેરે માટે રક્ષિત વનમાં આગ લગાડનાર માણસ.

દ્રવ્યવાચક [સં. દ્રવ્ય (વસ્તુ) + વાચક (બોલનાર)] વિ. (વ્યાકરણ) પદાર્થવાચક; સોનું, રોગ જેવાં દ્રવ્યો જણાવનાર. વ્યાકરણમાં આ નામના એક પ્રકાર માટે વપરાય છે.

દ્રવ્યવાચકનામ [સં. દ્રવ્ય + વાચક + નામન્] ન. (વ્યાકરણ) કોઈ પણ દ્રવ્યનું નામ; પદાર્થવાચક નામ. જેમકે સોળ, ઘી.

દ્રવ્યવાન [સં. દ્રવ્ય + વત્ (વાળું)] વિ. ધનવાન; પૈસાદાર.

દ્રવ્યવિદ્યા [સં.] સ્ત્રી. દ્રવ્ય સંબંધી જ્ઞાન આપતી વિદ્યા.

દ્રવ્યવિશેષ [સં.] પું. અમુક અમુક ધર્મોથી દ્રવ્યોમાં વિશેષ ભેદ.

દ્રવ્યવિષયક [સં. દ્રવ્ય + વિષયક (સંબંધી)] વિ. ભૌતિક; સ્થૂળ.

દ્રવ્યવ્યય [સં. દ્રવ્ય (પૈસો) + વ્યય (ખર્ચ)] પું. નાણાંખર્ચ; પૈસાનું ખર્ચ.

દ્રવ્યશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. દ્રવ્યને સાફ કરવું તે.

૨. સ્ત્રી. દ્રવ્યશૌચ.

દ્રવ્યશોષણ [સં. દ્રવ્ય (પૈસો) + શોષણ (ચૂસવું તે)] ન. ધન ચૂસવું તે.

દ્રવ્યશૌચ પું. શરીરની શુદ્ધિ; આહારની પવિત્રતા.

દ્રવ્યસંગ્રહ [સં. દ્રવ્ય (પૈસો) + સંગ્રહ (સંપત્તિ)] પું. ધનસંચય; નાણું સંપરવું તે.

દ્રવ્યસંગ્રહસંરક્ષક [સં. દ્રવ્ય (પૈસો) + સંગ્રહ (સંપત્તિ) + સંરક્ષક (સાચવનાર)] વિ. પૈસો ભેગો કરી રાખનાર.

દ્રવ્યસંજ્ઞ જુઓ દ્રવ્યમાન ૨.

દ્રવ્યસંચય [સં. દ્રવ્ય (ધન) + સંચય (સંગ્રહ)] પું. નાણું ભેગું કરવું તે; ધનસંચય.

દ્રવ્યસંભાર [સં. દ્રવ્ય (વસ્તુ) + સંભાર (સમૂહ)] પું. પરચૂરણ વસ્તુ. સામાન સરંજામ.

દ્રવ્યસંયોગ [સં. દ્રવ્ય (ચીજ) + સંયોગ (મેળ)] પું. પદાર્થોની મેળવણી.

દ્રવ્યસંવર પું. (જૈન) પુદ્ગલમય કર્મોના આશ્રવને રોકવો તે.

દ્રવ્યસંસાર પું. (જૈન) જીવપુદ્ગલરૂપ દ્રવ્યોનું ભ્રમણ.

દ્રવ્યસાર [સં] પું. કીમતી પદાર્થ; ઉપયોગી પદાર્થ.

દ્રવ્યસેવક [સં.] પું. (જૈન) જેણે વર્તમાનમાં સેવા કરી નથી પણ જેણે કા તો ભૂતકાળમાં સેવા કરી છે અથવા આગળ કરનાર છે તે વ્યક્તિ.

દ્રવ્યસ્તવ [સં. દ્રવ્ય (વસ્તુ) + સ્તવ (સ્તુતિ)] પું. ભાવ વિના સ્તુતિનો ઉચ્ચાર માત્ર કરવો તે.

દ્રવ્યહિંસા [સં. દ્રવ્ય (વસ્તુ) + હિંસા] સ્ત્રી. (જૈન) બાહ્યાકારિક હિંસા.

દ્રવ્યહીન [સં. દ્રવ્ય (ધન) + હીન (વગરનું)] વિ. નિર્ધન; કંગાલ; ગરીબ.

દ્રવ્યાત્મક [સં. દ્રવ્ય (પદાર્થ) + આત્મક (વાળું)] વિ. પદાર્થનું બનેલું

દ્રવ્યાદાનપ્રદાન [સં. દ્રવ્ય (ધન) + આદાન (લેવું તે) + પ્રદાન (આપવું તે)] ન. પૈસાની લેવડદેવડ; અર્થવ્યવહાર.

દ્રવ્યાદેરા [સં.] પું. દવાલ બારણાં નાનાં મોટાંનાં તોરણ 'મની ઑર્ડર.'

દ્રવ્યાદ્વૈત ૧. [સં. દ્રવ્ય (પદાર્થ) + અ (નહિ) + દ્વૈત (બેપણું)] ન. પદાર્થનું એકપણું.
૨. ન. (વેદાંત) જીવ, પુત્ર તથા બીજાં સર્વ પ્રાણીઓના સ્વાર્થ તથા કામનાઓનું ઐક્ય હોવું તે. પોતાનો જેવો સ્વાર્થ તેવો જ બીજાનો સ્વાર્થ હોય તેમ જ પોતાને જેવી કામનાઓ હોય તેવી જ બીજાઓને પણ હોય અને પોતાનો આત્મા જેમ પરમાત્મા છે તેમ બીજાઓનો આત્મા પણ પરમાત્મા જ છે એમ જોવું તે દ્રવ્યાદ્વૈત છે.

દ્રવ્યાધીશ [સં. દ્રવ્ય (ધન) + અધીશ (રાજા)] પું. કુબેર.

દ્રવ્યાનુયોગ [સં. દ્રવ્ય + અનુયોગ (મીમાંસા)] પું. (જૈન) આત્મા વગર પદાર્થોની આલોચના; પદાર્થવિચાર.

દ્રવ્યાભિગ્રહ [સં.] પું. (જૈન) અમુક પદાર્થ મારે ગ્રહણ કરવો છે અથવા અમુક વસ્તુઓ કરીને કોઈ જણ આહારાદિ વસ્તુ આપે તો મારે લેવી એવો નિયમ બાંધવો તે.

દ્રવ્યાભિધાન [સં. દ્રવ્ય (બીજ) + અભિધાન (નામ)] ન. ઔષધિઓનો શબ્દકોષ.

દ્રવ્યાભિલાષા [સં. દ્રવ્ય (ધન) + અભિલાષા (ઇચ્છા)] સ્ત્રી. પૈસાની ઇચ્છા.

દ્રવ્યાર્થિક [સં.] વિ. (જૈન) નિશ્ચયનયના બે નામના બેઠ પ્રકારનું; સામાન્યને ગ્રહણ કરનારું.

દ્રવ્યાર્થિકનય [સં.] પું. (જૈન) નિશ્ચયનયનો બે નામનો બેઠ પ્રકાર; દ્રવ્યને એટલે કે સામાન્યને ગ્રહણ કરનારો નય. તેના ત્રણ ભેદ નૈગમ, સંગ્રહ અને વ્યવહાર. કાળ અને અવસ્થાભેદનાં ચિત્રો તરફ ધ્યાન ન આપતાં માત્ર શુદ્ધ ચેતના તરફ ધ્યાન આપાય ત્યારે તે વિષયનો દ્રવ્યાર્થિકનય કહેવાય. જૈન શાસ્ત્રમાં પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ, જીવ અને કર્માદિ પદાર્થસમૂહ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય માનેલ છે.

દ્રવ્યાર્થી [સં. દ્રવ્ય (ધન) + અર્થિન્ (ઇચ્છનારું)] વિ. ધનની ઇચ્છાવાળું; ધનની વાસનાવાળું.

દ્રવ્યાસ્તિક વિ. (જૈન) દ્રવ્યાર્થિક.

દ્રવ્યાસ્રવ પું. (જૈન) દ્રવ્યબંધનું ઉપાદાન કારણ અથવા ભાવબંધનું નિમિત્ત કારણ.

દ્રવ્યાંતર ૧. [સં.] પું. બીજું દ્રવ્ય.
૨. વિ. જેના રૂપમાં ફેરફાર થાય એવું.

દ્રવ્યૌઘ [સં. દ્રવ્ય + ઓઘ] પું. જે અત્યારે ઉદય નથી પણ જેણે ભૂતકાળમાં ઉદયપણું મેળવ્યું હોય અથવા ભવિષ્યમાં ઉદયનું સામર્થ્ય મેળવનાર હોય તે જીવ.

દ્રવ્યેંદ્રિય [સં. દ્રવ્ય + ઇંદ્રિય] સ્ત્રી. (જૈન) સ્થૂલ ઇંદ્રિય; નાક, કાન વગેરે ઇંદ્રિય.

દ્રવ્યોત્પત્તિ [સં. દ્રવ્ય (ધન) + ઉત્પત્તિ (પેદા કરવું તે)] સ્ત્રી. દ્રવ્ય ઉપાર્જન કરવું તે.

દ્રવ્યોદ્યપાદક [સં. દ્રવ્ય (ધન) + ઉત્પાદક (પેદા કરનાર)] વિ. ધન ઉત્પન્ન કરનાર.

દ્રષ્ટવ્ય ૧. [સં.] વિ. જોવા યોગ્ય; દર્શનીય
૨. વિ. સુંદર.

દ્રષ્ટા ૧. [સં. દ્રષ્ટૃ] પું. (યોગ) આત્મા.
૨. પું. ન્યાયાધીશ.
૩. પું. (સાંખ્ય) પુરુષ. આત્મા દ્રષ્ટા અને અંતઃકરણ દૃશ્ય માનવામાં આવે છે. આ બંનેનો સંયોગ જ દુઃખનું કારણ છે. સુખ, દુઃખ આદિ બુદ્ધિદ્રવ્યના વિકાર છે. ઇંદ્રિયોનો સંબંધ થવાથી અંતઃકરણ અથવા બુદ્ધિદ્રવ્ય જ વિષય યા સુખદુઃખના રૂપમાં પરિણત થાય છે, આત્મા નહિ. આત્મા દ્રષ્ટારૂપે રહે છે.
૪. વિ. આત્મદર્શન કરનાર.
૫. વિ. જોનાર.
૬. વિ. તપાસનાર.
૭. વિ. દર્શક; પ્રકાશક
૮. વિ. સાક્ષાત્કાર કરનાર

દ્રષ્ટકામ [સં.] વિ. જોવાની ઇચ્છાવાળું.

દ્રષ્ટૃતા [સં.] સ્ત્રી. જોનારપણું.

દ્રષ્ટૃત્વ જુઓ દ્રષ્ટૃતા.

દ્રસ ન. ઘનીષ્ઠ માહેનું એ નામનું એક દૈત્યપુરુષ.

દ્રહ ૧. પું. (જૈન) એ નામનો એક દ્વીપ.
૨. પું. એ નામનો એક સમુદ્ર.
૩. [સ] પું. પાણીનો મોટો કે ઊંડાણવાળો ઘરો.
૪. પું. બાંધેલો ઊંડો કુંડ.
૫. સ્ત્રી. એ નામની એક જાતની વેલ.

દ્રંક્ષ [સં.] પું. તોલમાપ વજન.

દ્રંગ ૧. [સં.] ન. એક જાતનું સફેદ.
૨. ન. ગામ.

દ્રંગક્ષ [સં.] ન. એક તોલો વજન.

દ્રાક્ષ [સં.] સ્ત્ર. વિ. ચાહવું.

દ્રાક્ષ ૧. સ્ત્રી. એ નામની એક વેલ; ઘરાબળી વેલ.
૨. સ્ત્રી. એક જાતનો કદ, ઝાડપ
૩ [સં દ્રાક્ષ્ (ચાહવું)] સ્ત્રી. ખાટમીઠા રસવાળી, ગૂમખટદાર ઢળાવાળી ને ચૂરિયાના જેવાં પાનવાળી વેલનું ફળ; મધુરસા; કિસમિસ. અંગૂર; ધરાખ; દ્રાખ; દરાખ દરાખની મીઠાશ એવી તો સારી હોય છે કે કોઈ પણ મીઠાશને તેની ઉપમા આપવામાં આવે છે. જેમકે, મીઠું દ્રાક્ષ. દ્રાક્ષના વેલા થાય છે. બારીક રેવીનું પ્રમાણ વધારે હોય, માટીનું પ્રમાણ કમ હોય ત્યાં આ વેલા થાય છે. ગોરાડુ જમીનમા પણ તે થાય છે. વાદળી નરમ હવા ને મધ્યમ પવનથી તેનું રક્ષણ કરવું જોઈએ. દ્રાક્ષ બેઠા પછી ઝાંખાની ગોઠવણ કરવી જોઈએ કરેલા કયારામા ઓકટોબર નવેમ્બરમાં ડાળીના ૪ થી ૬ ઇંચના કટકા અઢેક ફૂટને અંતરે ખોસી જવા ને પાણી પાવું. દર માસે ગોડવાનું તથા આતર નાખી નીંદવાનું રાખવું. ગરમ દેશમાં ત્રણ ચાર આ નવાળા કટકા વાવવા. જે જમીનની માટી બાંધી હોય અને હાથમાં સીંચ્યથી લેની ગોળી વળે ને તે ગોળી સુકાયા પછી દબાવવાથી તુરત ભાંગી જાય તેવી જમીન સારી. એક એકરમા વાવતર માટે ત્રણસો ત્રણસો ત્રાંસ ગળાતિયા ઝાખવું ખાતર નાખવું. એકસો ત્રાંસ ઊકરડાનું ગળતિયું ખાતર અને પાંચ ત્રાંસ હાડકાંના કરકરિયા ભૂકાનું, અગિયાર મણ ખોળી સુગોધાર ને બે ત્રાંસ અરધા ઇંચના હાડકાંના કટકાનું ખાતર નાખવું. આઠ ફૂટને અંતરે નેતા રોપા વાવવા. દરેક રોપા પાસે વાંસનો કટકો

વેલા ચડવા માટે ખોસવો. વરસના રોપા થાય ત્યારે પખવાડી ડાળીઓ કાપીને દરેક વેલાથી એકેક ફૂટ છેટે જમીનમાં વાવી જવી. તેના ઉપર દ્રાક્ષના વેલા વીંટાય છે. તેથી પંખારો દૂરી તેને પાનરાં, ડાળી વગેરે થાય છે. તેનો ઝંખો પણ મળે છે. પખારા વાવવાથી દ્રાક્ષને વીમેલ કે ઊધઈ પણ લાગતી નથી. પંખવાડી ૭ ફૂટ લાંબી ડાળીઓ બાકામા એક ફૂટ ઊંડી વાવવી ઉનાળામાં દ્રાક્ષ પાકી જાય ત્યારે વીણી લેવી અને જે ડાળીએ દ્રાક્ષ બેઠી હોય તેને બબ્બે ફૂટ રાખી ફરી મોસમમાં દ્રાક્ષ બેસે માટે કાતરી નાખવી, જેથી આ ડાળીઓમા વધારે ડાળીઓ બેસે છે દ્રાક્ષ વાવ્યા પછી પહેલે વરસે તો ફૂલને કાતરી નાખવાં ને દ્રાક્ષ બેસવા ન દેવી. આથી દ્રાક્ષની ડાળીઓ મજબૂત થશે ને બીજી આવતી દ્રાક્ષ સારી અને વધુ બેસશે. ત્રણ ત્રણ વરસે ડાળી કાપી નાખવી ને નવી ડાળી રાખવી. એ પ્રમાણે કાતરવાથી દ્રાક્ષની વેલ ઘણા કોઈ કોઈ વખત ૨૭ રતલ જેટલી વજનમાં થાય છે. જેમ જેમ દ્રાક્ષ પાકની જાય તેમ તેમ પાણી પાવાનું બંધ કરતા જવું. જે ડાળીમાં દ્રાક્ષ હોય તે ડાળી બબ્બે ફૂટ છેડેથી કાપીને કાતરી નાખવી. જે ડાળી કાતરવામાં આવે તેમાંથી બીજી ડાળી ફૂટે છે. તેમાં દ્રાક્ષ બેસે છે. દ્રાક્ષના વેલા કશ્મીર તરફ ઠંડા પ્રદેશમાં ઘણાં વરસ જીવે છે. બાકર ખૂબ દેવાય તોપણ દ્રાક્ષના વેલા ૮થી ૯ વરસે નબળા પડે છે. દ્રાક્ષની જાતઃ (૧) મેરોકાઇન એટલે સફેદ અંબૂર. તે ગોળ લીલા રંગની તથા નાનાં ગુચ્છાંવાળા થાય છે. (૨) સફેદ પોર્ટુગલ કે કશ્મીરી સફેદ અથવા વિલાયતી અંબૂર. તે ગુચ્છામાં છૂટી છૂટી, લંબગોળ, લાંબા ગુચ્છાવાળી, મીઠી તેમ જ ખાટી હોય છે. (૩) બ્લેક ગોલુઝ અથવા ગોદાની અંબૂર. તે સૌથી ઉત્તમ જાત છે. તેનો રંગ જાંબુડો રાતો હોય છે. તે ઈંડા જેવા આકારની થાય છે (૪) બ્લેક હેમ્બર્ગ અથવા હબસી અંબૂર. તેનો રંગ તદ્દન કાળો અને બાકર લંબગોળ હોય છે. (૫) કરીરા. તેનો રંગ બાળો લીલો સફેદ હોય છે અને તે નાની લંબગોળ થાય છે. દ્રાક્ષને નુકસાન પહોંચાડનાર મિલડ્યૂ નામની ફૂગ છે. તે દ્રાક્ષના ગુચ્છાની કાંડી ઉપરથી દ્રાક્ષનો તમામ રસ ચૂસી તેને સૂકવી નાખે છે. આનો ઇલાજ એ જ છે કે, બધા વેલાને જમીનથી એક એક તસુ રાખીને કરવતથી કાપી નાખવા અને માટીનો પિંડ બનાવી તે ઘાય ઉપર ઘાડી દેવો. આ સિવાય દ્રાક્ષને રાતો કરોળિયો, ઉધઈ વગેરે પણ નુકસાન કરે છે. હિંદુસ્તાનમાં જે દ્રાક્ષ થાય છે, તેમાં ત્રણ જાત છેઃ લીલી, કાળી અને ધોળી. ધોળી દ્રાક્ષ વધુ મધુર હોવાથી મીઠી હોય છે. અરબસ્તાન, ઈરાન અને મરક્કતમાં ઘણી જ દ્રાક્ષ પાકે છે, તેથી તેને સૂકવી અહારમાં અને વેચવા મોકલવામાં આવે છે. બેદાણા, મુનક્કા, કિસ્મિસ જેવાં સૂકો દ્રાક્ષનાં નામો છે બેદાણા કાર્ડક ધોળી હોય છે અને તેમાં બી હોતાં નથી. મુનક્કા દ્રાક્ષ કંઈક કાળી હોય છે અને કિસ્મિસ ઘણું કરી બેદાણા જેવી પરંતુ નાની હોય છે. દ્રાક્ષ ઉષ્ણ દેશમાં લોહીની ખૂબ અને તરસનું શમન કરવાને વધુ ઉપયોગી છે. તે પિત્તશામક તથા રક્તવૃદ્ધિ કરનારી મનાય છે દ્રાક્ષના રસનો આસવ કોલેરા ઉપર બહુ ઉપયોગી મનાય છે. દ્રાક્ષનાં પાંદડાં જનાવરોને ખવરાવવાના કામમાં આવે છે. પાકી દ્રાક્ષ સ્વરને હિતકારક, મધુર, તૃપ્તિકર, પાકકાળે સ્નિગ્ધ, અગ્નિ સ્પિકર, અક્ષુષ્ય, મૂત્રલ, ગુરુ, તૂરી, સારક, બાદી, ઉષ્ણ, શીતળ તથા શ્રમનાશક મનાય છે અને પિત્ત, શ્વાસ, ઉધરસ, બેસવી, સોજો, ભ્રમ, જ્વર, દાહ, મદાત્યય, વાતપિત્ત, કૃમિ, ક્ષય, કમળો, વાતરક્ત, રક્તપિત્ત તથા આમ્લપાન જાયુ મટાડનાર કે ઉપાય છે. લીલી દ્રાક્ષ કફકારક, ગુરુ, બાદી, પિત્તઘ, રક્તપિત્તકારક, કફિકારક, દીપન અને વાતનાશક મનાય છે. કૂણી અથવા કાચી દ્રાક્ષ વિશદ, ઉષ્ણ, તીખી, પિત્તઘ અને રક્તતોષકારક છે. પાકી સુકાયેલી દ્રાક્ષ કૃમ્ય, બલકર અને પૌષ્ટિક મનાય છે. કાળી દ્રાક્ષ શીત, હલ્ય, કૃમ્ય, ગુરુ, સ્નિગ્ધ તથા શ્રમનાશક મનાય છે અને દાહ, મૂર્છા, દમ, ઉધરસ, કફ, પિત્ત, તાવ, રક્તદોષ, તૃષા, બેસવી તથા હૃદયવ્યથાને મટાડે છે. જાડુ દ્રાક્ષ એટલે બેદાણા મધુર, શીતલ, કૃમ્ય, રુચિકર, બાદી તથા રક્તાળ છે અને દમ, ઉધરસ, તાવ, હૃદયવ્યથા, રક્તપિત્ત, ક્ષતક્ષય સ્વરભેદ, તૃષા, જાયુ, પિત્ત અને મુખ બાંકેની દુર્ગંધનો નાશ કરે છે.

દ્રાક્ષપાક [સં. દ્રાક્ષા (બરાબ) + પાક] પું. (વૈદક) એક પ્રકારનું ઔષધ. તેમાં મુખ્ય પદાર્થ દ્રાક્ષ આવે છે, તેની સાથે સાકર તથા બીજી ઔષધિ અને ગરમ આવે છે. આ પાક બનાવવાથી હાજમાનાં તકલીફો દાહ, બાંડુરોગ, કમળો, મૂર્છા, તૃષા, હેડકી, પ્રમેહ, ગરમ મટવાનું મનાય છે.

દ્રાક્ષમંડપ [સં. દ્રાક્ષા (દ્રાક્ષ) + મંડપ (માંડવો)] પું. દ્રાક્ષવાટિકા; દ્રાક્ષના વેલા ચડાવવા કરેલો માંડવ.

દ્રાક્ષરસ ૧. [સં. દ્રાક્ષા (દ્રાક્ષ) + રસ] પું. દ્રાક્ષનો રસ.

૨. પું. મદિરા દારૂ; બરાબ.

દ્રાક્ષલતા [સં. દ્રાક્ષા (દ્રાક્ષ) + લતા (વેલો)] સ્ત્રી. દ્રાક્ષનો વેલો.

દ્રાક્ષવટી [સં. દ્રાક્ષા (~ક્ષ) + વટી (ગોળી)] સ્ત્રી. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી વસ્તુ મિશ્ર કરી બનાવેલી ગોળી

દ્રાક્ષવલ્લરી સં. દ્રાક્ષા (દ્રાક્ષ) + વલ્લરી (વેલ)] સ્ત્રી. દ્રાક્ષની વેલી

દ્રાક્ષવાટિકા [સં દ્રાક્ષા (દ્રાક્ષ) + વાટિકા (વાડી)] સ્ત્રી. દ્રાક્ષના વેલા કર્યા હોય એવી વાડી; દ્રાક્ષનો બાગ.

દ્રાક્ષશર્કરા [સં. દ્રાક્ષા (દરાખ) + શર્કરા (સાકર)] સ્ત્રી. દરાખમાંથી થતી સાકર.

દ્રાક્ષા ૧. [સં.] સ્ત્રી. બંબૂર; મધુરસા; દ્રાક્ષ; બરાબ.

૨. સ્ત્રી. ઋષભક ઔ.

૩. સ્ત્રી. દ્રાક્ષનો વેલો.

દ્રાક્ષાખીરપાક પું. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી વસ્તુ મેળવી કરેલ પાક

દ્રાક્ષાઘૃત [સં.] ન. (વૈદક) દૂધ મેળવીને બનાવેલ પકવ ઘી; ઔષધરૂપ એક જાતનું ઘી.

દ્રાક્ષાજ [સ. દ્રાક્ષા (દરાખ) + જ (જન્મેલું)] સ્ત્રી. દ્રાક્ષમાંથી કાઢવામાં આવતી ખાંડ; શેરડના તેલાની મદદથી બંધબને ખાંડના સ્વરૂપમાં ફેરવી નાખવાથી થતો ખાંડનો રસ; 'ગ્લુકોઝ.'

દ્રાક્ષાદિકષાય [સં. દ્રાક્ષા (દરાખ) + આદિ (વગેરે) + કષાય (ઉકાળો)] પું. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે હરડે, બોળ, કડુ, મરમાળો, અડસલિયો, સેંદરડી વગેરે સાથે બાર બાંડી બનાવેલો કાઢો. પિત્તજ્વર, મ્લાપ, દાહ, મૂર્છા, જાય, તરસ, બાડા વગેરે ઉપર તે અપાય છે.

દ્રાક્ષાદિગુડિકા [સં. દ્રાક્ષા (દરાખ) + આદિ (વગેરે) + ગુટિકા (ગોળી)] સ્ત્રી (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી વસ્તુ મેળવી કરેલી ગોળી. તે કાળી દ્રાક્ષ, સોનામુખી, સુરબાડી, હરડે, સાકર, બબરની, કેસરની બને છે. તે મળશુદ્ધિ કરે છે અને વાયુના રોગ ઉપર તે ઉપયોગી મનાય છે.

દ્રાક્ષાદિચૂર્ણ [સં દ્રાક્ષા (દરાખ) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] ન. (વૈદક) એક પ્રકારનું ચૂર્ણ. તે કાળી દ્રાક્ષ, બાકરેડ અને લીંડીપીપરનું બને છે. તે એક તોલાભાર ચૂર્ણ મધ તોલો એક અને ઘી તોલા દોઢમાં આપવાથી જ્વર, ઉધરસ અને સોજો મટતો હોવાનું કહેવાય છે.

દ્રાક્ષાપાક [સ. દ્રાક્ષા + પાક (બનવાળીને)] પું. (કાન્ય) એક પ્રકારનું અર્ધમાંજીયું. જે દ્રાક્ષમા અંદર અને બહાર રસ રહેતો હોય તેને દ્રાક્ષાપાક કહે છે.

દ્રાક્ષાયજ્ઞ ૧. [સં.] પું. વૈદિક સમયનો એ નામનો એક પ્રાચીન દેશ.
૨. ન. (વૈદક) કાળી દ્રાક્ષમાંથી બનતી એક ઔષધિ.

દ્રાક્ષારસ [સં.] પું. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી વસ્તુઓ મેળવી કરેલ આસવ; દરાખનો રસ.

દ્રાક્ષારિષ્ટ [સં.] પું. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી ઔષધિ મેળવી કરેલ અરિષ્ટ. તે ઉત્તેજક અને પોષક હોવાથી કૃત્રિજ્વર, ખાંસી, બેસુર અવાજ, ક્ષય જેવા રોગ ઉપર આપવામાં આવે છે.

દ્રાક્ષાલતા [સં.] સ્ત્રી. દ્રાક્ષનો વેલો.

દ્રાક્ષાવલેહ [સં. દ્રાક્ષા (દરાખ) + અવલેહ (ચાટણ)] પું. (વૈદક) દ્રાક્ષ અને તેની સાથે બીજી ઔષધિ મેળવી કરેલ ચાટણ. તે રક્તપિત્ત, ક્ષય, પાંડુ, કમળો, અશક્તિ મટાડે છે.

દ્રાક્ષાસવ ૧. [સં.] પું. (વૈદક) દ્રાક્ષનો આસવ. ૨૦ ભાગ દ્રાક્ષને ૧૦ ભાગ પાણીમાં ઉકાળી તેમા ગોળ, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, વાવડિંગ અને ત્રિકટુ એ દરેકના બે ભાગ મેળવી ચીનાઈ માટી કે કાચના વાસણમાં ભરી પંદર દિવસ રહેવા દઈ ઉભરાવ આવવા દેવાથી તે તૈયાર થાય છે. ક્ષય, ખાંસી, સંગ્રહણી, સુસ્તી, મંદાગ્નિ, કૃત્રિજ્વર, નબળાઈ, અનિદ્રા વગેરે માટે તે ઉત્તમ મનાય છે. તે ખોરાક પચાવી ભૂખ લગાડી શાંત નિદ્રા લાવે છે.
૨. પું. દ્રાક્ષનો રસ કાઢવાનો સંચો કે યંત્ર.
૩. પું. મદિરા; સુરા; મદ્ય.

દ્રાક્ષી સ્ત્રી. દરાખની વેલ; દ્રાક્ષલતા.

દ્રાક્ષીપ્રસ્થ ન. પ્રાચીન હિંદનું એ નામનું એક નગર.

દ્રાખ સ્ત્રી. દ્રાક્ષ.

દ્રાઘિમા ૧. [સં. દ્રાઘિમન્] સ્ત્રી. ભૂમધ્ય રેખાને સમાંતર પૂર્વપશ્ચિમ જતી કલ્પિત રેખા. તે રેખાઓ અક્ષાંશ બતાવે છે.
૨. સ્ત્રી. લાંબાઈ; દીર્ઘતા.

દ્રાજ્વંતી સ્ત્રી. (સંગીત) એ નામનો એક રાગ; જયજયવંતી.

દ્રાઢિકા [સં.] સ્ત્રી. દાઢ.

દ્રાઘ ૧. [સં. દ્રા (ઊંઘવું)] ન. નિદ્રા; ઊંઘ.
૨. ન. સ્વપ્ન.
૩. વિ. નિદ્રા પામેલ; ઊંઘેલ.
૪. [સં. દ્રા (દોડી જવું)] વિ. પલાયિત; નાસી ગયેલ.

દ્રાપ ૧. [સં.] પું. આકાશ.
૨. પું. કાદવ.
૩. પું. કોડી.
૪. પું. જીવ.
૫. વિ. ઊંઘણશી; સુસ્ત.
૬. વિ. મૂર્ખ.

દ્રાપિ ૧. [સં.] પું. બખ્તર.
૨. પું. જેમાં વપરાયેલું રૂનું એક નામ.

દ્રાપ્સ [સં.] ન. ઘટ્ટ દહીં.

દ્રામ [સં. દ્રમ્] પું. ધન; દોલત.

દ્રામાળા પું. જાપુરીપના નવ મહિનો એ નામનો એક ખંડ; દ્રમ્યભાલ.

દ્રાવિડ ૧. [સં.] પું. આસુરપ
૨. પું. દ્રવિડ કે દ્રવિડ દેશનો રહેવાસી.

દ્રાવિડી વિ. દ્રવિડ દેશનું.

દ્રાસિ સ્ત્રી. બરડેથી દાણ.

દ્રાવ ૧ [સં.] પું. ઉતાવળ
૨. પું. ત્રાંત.
૩. પું. ઝરવું તે; ટપકવું તે.
૪ પું. નાસી જવું તે; પલાયન થવું તે.
૫. પું. પશ્ચાત્તાપ; અનુતાપ.
૬. પું. પ્રવાહી પદાર્થ; દ્રાવણ.

દ્રાવક ૧. [સં.] પું. ઓગાળી નાખે એવી બીજા પિગાળી નાખનાર પદાર્થ.
૨. પું. અંદરાંતમધિ.
૩. પું. ચોર.
૪ પું. ભક્ષક.
૫. પું. ખાર; ક્ષાર.
૬. પું. ટંકણખાર.
૭. ન. પદ્મ વગેરેનો કટુ રસ અને એ માટે એની સાથે ભેળવવાનો એક પદાર્થ.
૮. ન. મીણ.
૯. વિ. ઓગાળી નાખે એવું.
૧૦. વિ. ચોરનાર; ચોર.
૧૧. વિ. ઝરાવી દે એવું; નિચોવી નાખે એવું.
૧૨. વિ. પવિત્ર; શુદ્ધ.
૧૩. વિ. ભગાડનાર.
૧૪ વિ. મનને અસર કરે એવું; લાગણીઓની અસરથી ચારિત કરી નાખે એવું; હૃદયગ્રાહી.

દ્રાવકકંદ [સં.] પું. તૈલકંદ નામની વનસ્પતિ.

દ્રાવકગણ [સં.] પું. ધાતુઓને પિગાળનાર વસ્તુઓનો સમૂહ. ચણોઠી, ચમ, ચોમ, ચી, ટંકણખાર અને મૂળા વગેરેને ધાતુઓને પિગાળનાર દ્રાવકગણ કહે છે.

દ્રાવકર ૧. [સં.] પું. એ નામની વનસ્પતિ; સુહાગા.
૨. લુપ્તો દ્રાવક.

દ્રાવકરસ [સં.] પું. પિગળાવે અથવા ચણી કરી નાખે એવું પ્રવાહી.

દ્રાવકાર લુપ્તો દ્રાવક.

દ્રાવકારક લુપ્તો દ્રાવક.

દ્રાવણ ૧. [સં] ન. ઓગાળવું તે; પિગાળવું તે; પ્રવાહી કરવું તે.
૨. ન. ક્રમદેવનાં પાંચ મહેનું એ નામનું એક માપ.
૩. ન. ખુલાસો; સમાધાન; નિકાલ; ફડચો.
૪. ન. ઘનરૂપ તત્ત્વને પ્રવાહી રૂપમાં ગાળીને થયેલું રસમય તત્ત્વ.
૫. ન. નિર્બળીનું દૂધ.
૬. ન. પીગળવાની ક્રિયા.
૭. ન. પ્રવાહી
૮. ન. મિશ્રણ.
૯. ન. મોક્ષ; છુટકારો.
૧૦. ન. વિવરણ; વ્યાખ્યાન.
૧૧. વિ. નસાડનાર.

દ્રાવણીમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) બાવીસ માહેની એ નામની એક પ્રકારની મુદ્રા. સ્વસ્તિકાસને બેસી, બોડા અનુલોમ વિલોમ પ્રાણાયામ કરી, જિહ્વાને ઉલટાવીને ઊર્ધ્વ ચલાવી, તથા શરીરમાંના પ્રાણવાયુને સુષુમણામાં ઊર્ધ્વ કરી, સાથી અમૃત દ્રવાવી તેનું પાન કરવું તે દ્રાવણીમુદ્રા કહેવાય છે.

દ્રાવિકા ૧. [સં.] સ્ત્રી. ધૂંધ; ઝાળ.
૨. સ્ત્રી. ભોમ; ભૌમ.
૩. વિ. રતાશ.

દ્રાવિડ (દ્રાવિડ) ૧. પું. આંબાહળદર; અમિષ હળદી.
૨. પું. એ નામનો દેશ; દ્રવિડ દેશ; મદ્રાસથી કેપ કોમોરિન સુધીનો દેશ. ત્યાં તામિલ ભાષા બોલાય છે. મનુના મત પ્રમાણે આ દેશના બોડો ક્ષત્રિય હતા, પણ બ્રાહ્મણો અને ધર્મવિધિનો અભાવે તેઓ શૂદ્ર બની ગયા.
૩. પું. કચૂરો.
૪. પું. દક્ષિણના પાંચ બ્રાહ્મણોની પાંચ માહેની એ નામની એક જાતિનો માણસ.
૫. પું. દ્રવિડ દેશનો આદમી.

જાતિ, ભાષા અને સંસ્કૃતિ એ ત્રણ તત્ત્વોમાંથી દ્રવિડોમા પહેલા બે દ્રાવિડિયન છે. પરંતુ સંસ્કૃતિ તો આર્ય જ છે. એ વૈદિક સંસ્કૃતિ આર્યો અને દ્રવિડો બનીને અપનાવી છે. બને જાતિઓનું સાંકર્ય થયું છે તો તે અતિ પ્રાચીન કાળમા થયું છે. આજ તો ઉત્તર અને દક્ષિણ બને દ્રાવિડસંસ્કૃત સંસ્કૃતિને વારસો છે. આનંદશંકર ધ્રુવ

૬. પું. બિડાલપદ્.
૭. વિ. દક્ષિણમાં પૂર્વ કિનારે આવેલ દ્રવિડ દેશનું; દ્રવિડ સંબંધી; દ્રાવિડી.
૮. વિ. દ્રવિડ દેશમાં વસનાર.

દ્રાવિડ (દ્રાવિડ) ૧. [સં.] પું. એક જાતનું મીનું; બિડાલપદ્.
૨. પું. કાચી કળાદર.

દ્રાવિડગૌડ (દ્રાવિડગૌડ) [સં.] પું. (સંગીત) એક રાગ. તે રાત્રિના સમયે ગાવામાં આવે છે. તેમાં શૃંગાર કે વીરરસ અધિક હોય છે.

દ્રાવિડપુત્ર (દ્રાવિડપુત્ર) પું. શાલ્વ ક્ષત્રિયથી શાલ્વ જાતિની ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર.

દ્રાવિડલિપિ (દ્રાવિડલિપિ) [સં.] સ્ત્રી. ઓસઃ માંહેની એક લિપિ; દ્રવિડ અક્ષરની લિપિ.

દ્રાવિડિયન (દ્રાવિડિયન) ૧. સ્ત્રી. મનુષ્યની એ નામની એક જાત.
૨. ન. દ્રવિડ દેશનું માણસ.
૩. વિ. દ્રવિડનું; દ્રવિડ સંબંધી.
૪. વિ. દ્રાવિડ બોલે જેવું.

દ્રાવિડી (દ્રાવિડી) ૧. [સં.] સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ.
૨. સ્ત્રી. દ્રવિડ જાતિની સ્ત્રી.
૩. સ્ત્રી. દ્રવિડ દેશની ભાષા.
૪. સ્ત્રી. નાની એલચી.
૫. વિ. દ્રવિડ દેશનું; દ્રવિડ દેશ સંબંધી.

દ્રાવિડી પદ્ધતિ (દ્રાવિડી પદ્ધતિ) સ્ત્રી. (સ્થાપ) બાહ્ય સ્થાપત્યના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર. આ પદ્ધતિમા વિમાન ઉપર આગવાળા આકાર કરીવાળા શિખર હોય છે અને તે દરેક માળમાં મૂર્તિઓ બેસાડેલી હોય છે. આનો કાળ ઈ. સ. ૧૪૫૦થી ૧૭૫૦ સુધી મનાય છે.

દ્રાવિડી પ્રાણાયામ (દ્રાવિડી પ્રાણાયામ) પું. કોઈ સીધી વાતને વળ જરૂરે સંભાવીને કહેવી તે; બિનજરૂરી લાંબાણ; સરેલો માર્ગ મૂકી આંબો માર્ગ લેવો તે. દ્રાવિડો પ્રાણાયામ કરતાં પહેલાં કાનો હાથ માથાની આસપાસ ફેરવી અપટી વગાડે છે.

દ્રાવિત ૧. [સં.] વિ. દ્રુત કરેલું; ગાળેલું, ઓગાળેલું; પિગળાવેલ, રસરૂપ કરેલ; પ્રવાહી કરેલ.
૨. વિ. નસાડેલ.

દ્રાવી ૧. [સં. દ્રાવિન્] પું. ટંકણખાર.
૨. વિ. ઓગાળનાર, પિગળાવનાર.
૩. વિ. નસાડનાર.

દ્રાવ્ય ૧. [સં.] વિ. ઓગાળવા જેવું; રસરૂપ કરવા યોગ્ય; પાતળું કરવા યોગ્ય.
૨. વિ. ગતિવાળું કરવા જેવું.
૩. વિ. નસાડવા યોગ્ય.

દ્રવ્યતા ૧. પું. એક વસ્તુ બીજી સાથે મળી જઈ નવો પદાર્થ થાય તેવો વસ્તુનો ગુણ.
૨. [સં.] સ્ત્રી. પ્રવાહી પદાર્થોમાં ઓગળવાનો ગુણ.

દ્રાવ્યાતાર પું. સુરંગ ફોડવાના દારૂથી કરેલો નળી.

દ્રાહ્યાયણ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તે દક્ષ ઋષિના કુળમાં ઉત્પન્ન થયો હતો. સામવેદનાં ૯૮૫, શ્રૌત અને ગૃહ્યસૂત્ર તેણે રચ્યાં છે.
૨. ન. અઢાર માંહેનું એ નામનું એક મુહ્યસૂત્ર.
૩. ન. એ નામનું એક શ્રૌતસૂત્ર.
૪. ન. એ નામનું સામવેદનું એક ઉપસૂત્ર.

દ્રિક પું. આંખ.

દ્રિગ સ્ત્રી. આંખ; નજર.

દ્રિબ્બ [હિં.] પું. ધન; દોલત.

દ્રુ ૧. [સં.] પું. ઝાડ; વૃક્ષ.
૨. પું. પુત્ર.
૩. પું. શાખા.
૪. પું. દોડાદોડ.
૫. સ્ત્રી. ગમન; ગતિ.
૬. ન. ઝાડનો વિસ્તાર.
૭. વિ. દ્રવવાળું; રસવાળું; પ્રવાહી.
૮. અ ક્રિ. ઊડવું.
૯. અ. ક્રિ. ભળવું; ઝરવું; દ્રવવું; નીકળવું.
૧૦. અ. ક્રિ. જવું; ગમન કરવું.
૧૧. અ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.
૧૨. અ. ક્રિ. ચસવું; દ્રવ્યો કરવો.
૧૩. અ. ક્રિ. નાસી જવું.
૧૪. અ ક્રિ. પશ્ચાત્તાપ કરવો.
૧૫. અ. ક્રિ. પ્રવાહી બનું; ઓગળવું; પીગળવું.
૧૬. અ. ક્રિ. વહેવું.

દ્રુડિલિત્વ [સં.] પું. દેવદારનું ઝાડ.

દ્રુક્ષ ૧. [સં.] પું. એક જાતનો ચાંપો, ચૂનખો.
૨. પું. પુત્રાડો.
૩. પું. પરવાહ; બાકા.
૪. પું. પરણ કે કરસી આકારનું અસ્ત્ર.
૫. પું. મગજ.
૬. પું. ઘોડાની દમોડી, દમોડો.
૭. ન. પુષ્કળ ઝાડવાળું વન.

દ્રુઘ ૧. [સં.] પું. ચકિનો.
૨. પું. ભમરો.
૩. પું. આમળો.
૪. પું. લુચ્ચો.
૫. પું. બીબી.
૬. ન. તરવાર.
૭. ન. ધનુષ્ય.
૮. વિ. ચાલિયું.
૯. વિ. લુચ્ચું; ખલ.

દ્રુઘ્નસ [સં.] વિ. લાંબા નાકવાળું.

દ્રુઘ્નહ [સં.] પું. તરવારનું મિયાન.

દ્રુઘ્ના [સં] સ્ત્રી. ધનુષ્યની દોરી, ધનુષ્યની ન્યા.

દ્રુચિ ૧. [સં.] પું. કાનખજૂરો.
૨. સ્ત્રી. કાચબી.
૩. ન. પક્ષીની ઢાંકી.
૪. ન. ઢોરીમાંથી પાણી કાઢવાનું ચામડાનું એક જાતનું પાત્ર.

દ્રુતી ૧. [સં.] સ્ત્રી. ભમરી.
૨. સ્ત્રી. વીજળી.
૩. જુઓ દ્રુચિ ૨, ૩.

દ્રુત ૧. પું. (સંગીત) એ નામનો એક પ્રકારનો સ્વર; બોલતાં અર્ધી માત્રાનો કાળ લાગે તેવો સ્વર.
૨. પું. માપનવિદ્યામાં બે અણુ જેટલો વખત; ભંજના; ક્ષણથી અર્ધો કાળ; અર્ધક્ષણ. તેની અર્ધી માત્રા ત્રસરેણુ છે અને તેનું ચિહ્ન છે.
૩. પું. બરાબર તાલ આપવો તે.
૪. પું. ઝાડ.
૫. પું. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું એક અંગ.
૬. પું. (સંગીત) તાલની અર્ધી માત્રા. તેનું ચિહ્ન ०. દેવતા શિવ અને તેની ઉત્પત્તિ પાણીમાંથી થયેલી મનાય છે. તેનો ઉચ્ચાર પક્ષીની બોલી જેવો થાય છે.
૭. પું. ત્રિકાળો.
૮. પું. વધારે પડતી ઝડપથી થતો ઉચ્ચાર; બોલવામાં અઢાર માંહેનો એક દોષ.
૯. પું. વીંઝણો.
૧૦. [સં.] ન. ઉતાવળ; ઝડપ, ત્વરા.
૧૧. ન. ઉતાવળું પગલું.
૧૨. ન. ઉતાવળે ઉતાવળે ચાલવું તે. તે ગમનનો એક દોષ મનાય છે.
૧૩. ન. ઝડપ.
૧૪. ન. નાસી જવું તે.
૧૫. વિ. ઓગળેલ; પીગળેલ; રસરૂપ થયેલ.
૧૬. વિ. ગયેલું; ઝરેલું, ટપકેલું.
૧૭. વિ. નાસી ગયેલું.
૧૮. વિ. પડેલું
૧૯. વિ. ભીનું.
૨૦. વિ. શીઘ્રગામી; ઝડપી; ઉતાવળું.
૨૧. ન. રીંગણ; કાચર.

દ્રુત

દ્રુતકલાંગ [સં.] ન. (સંગીત) દ્રુત અને કલામ મળીને થતો એક તાલ. તેમાં નવ કળા રહે છે, એટલે એક કહેતાંની સાથે એક તાલ આપી નવ સુધી ગણવા.

દ્રુતકાલ પું. ત્વરાથી થવું બનવવું તે.

દ્રુતકાલવૃત્તિ [સં.] સ્ત્રી. (સંગીત) સ્વરને એક માત્રા સુધી લંબાવીને બોલવો તે. આ વૃત્તિમાં ઋગ્વેદના મંત્રો બોલાય છે.

દ્રુતગતિ [સં.] વિ. ઉતાવળે ચાલનારું.

દ્રુતગામી જુઓ દ્રુતગતિ.

દ્રુતપદ ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દ્રુતપા. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, જગણ અને વગણ મળી કુલ બાર વર્ણ હોય છે.

૨. પું. ઝડપી પગલું.

૩. વિ. ઉતાવળા પગલાંવાળું

દ્રુતપા જુઓ દ્રુતપદ.

દ્રુતમધ્યા [સં.] પું. (પિંગળ) એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાતેક વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા પાદમાં ત્રણ જગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ અને બીજા અને ચોથા પાદમાં નગણ, બે જગણ અને યગણ એમ બાર અક્ષર હોય છે.

દ્રુતમુખ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેમા ચાર નગણ, મગણ, રગણ, યગણ અને ગુરુ મળી બાવીસ વર્ણ હોય છે.

દ્રુતમ્ [સં.] અ. જલદી; શીઘ્ર.

દ્રુતલય ૧. [સં.] પું. (સંગીત) લયના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર. લયના ત્રણ પ્રકાર: વિલંબિતલય, મધ્યલય અને દ્રુતલય. દ્રુતલયના ત્રણ પેટા પ્રકાર છે: દ્રુતવિલંબ, દ્રુત અને દ્રુતાલુલય. દ્રુતવિલંબની એક માત્રા, દ્રુતની અર્ધી માત્રા અને દ્રુતાલુલયની પા માત્રા ગણવામાં આવે છે.

૨. સ્ત્રી. જલદીથી ગાવું વગાડવું તે.

દ્રુતલોમ્બની પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં બે સગણ, બે જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

દ્રુતવિરામ ન. (સંગીત) દ્રુતની બે અને વિરામની એક મળી ત્રણ માત્રાનું મિશ્ર ચિહ્ન. તેનું ચિહ્ન ઊંધા ઘાટ છે. માત્રાના દ્રુતવિરામ ચિહ્નને માટે પ્રાચીન ગ્રંથોમા નીચેનાં નામ અપાયેલાં છે: અર્ધવિરામ, કવિરામ, અર્ધદ્રુત, ત્રૈવિરામ, ત્રિમાત્રદ્રુત.

દ્રુતવિલંબ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દ્રુતવિલંબિત. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

૨. પું. (સંગીત) દ્રુતલયના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર. તેની એક માત્રા ગણવામાં આવે છે.

દ્રુતવિલંબિત ૧. [સં.] પું. તે નામનો એક છંદ; બાર અક્ષરનો એક સમવૃત્ત છંદ. જુઓ દ્રુતવિલંબ ૧.

૨. પું.;ન. એક જાતનો અભિનય.

૩. પું.;ન. ભરતોક્ત માર્ગનું એ નામની એક જાતનું નાટક.

૪. વિ. કંઈક ઉતાવળું અને કંઈક ધીમું.

દ્રુતસંગીતતાલ પું. (સંગીત) એક જાતનો તાલ. તેની ચૌદ માત્રા છે અને તેમાં ૧, ૩, ૭ અને ૧૧ માત્રા ઉપર તાલ આવે છે.

દ્રુતં [સં.] અ. જલદી; ઉતાવળથી.

દ્રુતાલુલય સ્ત્રી. (સંગીત) દ્રુતલયનો એ નામનો એક ભાગ. તેની માત્રા ના છે.

દ્રુતાંગ ૧. ન. (સંગીત) તાલના મુખ્ય ૭ માંહેનું એ નામનું એક અંગ.

૨. ન. દ્રુતકાલનું અંગ. તેમાં આઠ કલા રહે છે એટલે એક કહેતાં એક તાલ આપી આઠ સુધી ગણવા.

દ્રુતિ ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋષભદેવ વંશના ભરત રાજાની સ્ત્રી. એનું બીજું નામ વ્રુતિ હતું. એના પુત્રનું નામ ત્રય હતું.

૨. સ્ત્રી. ગતિ; ભ્રમણ.

૩. સ્ત્રી. ગાડાની હોબળી.

૪. સ્ત્રી. દ્રવવું તે.

૫. સ્ત્રી. દ્રાવણ.

૬. સ્ત્રી. પાણીપાણી થવું તે.

૭. સ્ત્રી. રસ; પ્રવાહી.

દ્રુનખ [સં. કુ (ક્ષુદ્ર) + નખ] પું. કાંટો.

દ્રુપદ ૧. પું. એ નામનો એક પુરોહિત.

૨. [સં.] પું. (પુરાણ) પાંચાલ દેશનો મહાભારતના સમયનો એક રાજા; દ્રૌપદીનો પિતા; સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર નીલના વંશમાં જન્મેલ કંપિલ અથવા પૃષત રાજાનો એ નામનો પુત્ર. તેને વસુસેન, પાર્ષત અને પંચાળ કુળમાં જન્મવાથી પાંચાલ એવું નામ પણ હતાં. દ્રોણ ને દ્રુપદ એ બે દ્રોણના પિતા ભારદ્વાજ પાસે ધનુર્વિદ્યા શીખવા રહ્યા હતા. અભ્યાસ પૂરો થતાં દ્રુપદે ભારદ્વાજને ગુરુદક્ષિણા આપીને દ્રોણને કહ્યું હતું કે, મારા પિતાની પછી હું ગાદીએ આવું અને રાજ્યાધિકાર મળે ત્યારે મારી પાસે આવશો તો હું તમને ભૂલી નહિ જઉં દ્રોણ. દ્રુપદ રાજા થયો, ત્યારે દ્રોણ એક વાર રાજાના ઓડિયાને આવે તેની પાસે કંઈ માગવા ગયા. દ્રુપદે કહ્યું કે, ગામ ભિખારા! ભિક્ષુકને અને રાજાને મૈત્રી હોય? દ્રોણને આથી બહુ જ ખોટું લાગ્યું. દ્રોણે પ્રતિજ્ઞા કરી કે, હું મારા શિષ્યો મારફત દ્રુપદનો પરાભવ કરીશ. આજ્ઞા જતાં દ્રોણાચાર્યે પોતાની પ્રતિજ્ઞા અનુસાર કૌરવ પાંડવોને ધનુર્વિદ્યા શીખવી. પછી પોતાના શિષ્ય પાંચો પાસે દક્ષિણામાં દ્રુપદને બંધાવી મંગાવ્યો અને તેનું અરધું રાજ્ય લઈ ને એને છૂટો મૂક્યો. વળી કહ્યું કે, હવે આપણે સમાન થયા અને મૈત્રી સોબી. દ્રુપદને બહું લાગી આવવાથી દ્રોણને મારે એવો પુત્ર માગવાને યજ્ઞ કર્યો. પૃષ્ટદ્યુમ્ન ને દ્રૌપદી તે યજ્ઞથી થયાં. પૃષ્ટદ્યુમ્ને મહાભારતના યુદ્ધમાં કપટથી દ્રોણને માર્યો.

૩. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૫ અને ઉત્તર ક્રાન્તિવૃત્ત ૩૫ આવેલો એ નામનો એક તારો.

૪. ન. કાકની ચાદુકા; પાવડી.

૫. ન. કાકનો પ્રદેશ.

૬. [સં. કુ (ક્ષાર) + પદ (ચિહ્ન)] વિ. જેની જમીનમાં ક્ષારનું ચિહ્ન હોય તેવું.

દ્રુપદતનય [સં.] પું. પૃષ્ટદ્યુમ્ન; શિખંડી.

દ્રુપદતનયા [સં.] સ્ત્રી. દ્રુપદ રાજાની કન્યા; દ્રૌપદી; પાંચાલી.

દ્રુપદપુત્ર જુઓ દ્રુપદતનય.

દ્રુપદપુત્રી જુઓ દ્રુપદતનયા.

દ્રુપદસુત જુઓ દ્રુપદતનય.

દ્રુપદસુતા જુઓ દ્રુપદતનયા.

દ્રુપદસૂનુ જુઓ દ્રુપદતનય.

દ્રુપદા [સં.] સ્ત્રી. ઋગ્વેદમાં દ્રુપદ શબ્દ હોય એવી વૈદિક ઋચા.

દ્રુપદાત્મજ જુઓ દ્રુપદતનય.

દ્રુપદાત્મજા જુઓ દ્રુપદતનયા.

દ્રુપદાદિત્ય [સં.] પું. કાશીખંડમાં બતાવેલ સૂર્યની એક મૂર્તિ. તે દ્રૌપદીએ સ્થાપી હતી એમ મનાય છે.

દ્રુપદી [સં.] સ્ત્રી. લાંબા પગવાળી સ્ત્રી.

દ્રુબ્ધ પું. ટેટ.

દ્રુમ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો દ્વાપર યુગનો એક રાજા. તે ભાગવત અનુસાર કિંપુરુષ નામનો દેશ હતો.

૨. પું. (પુરાણ) અર્જુનના પ્રપૌત્ર પિતા અભિમન્યુસુતનો એ નામનો પુત્ર. એક ક્ષૌહિણી સેનાનો વડો હતો.

૩. પું. હિમરોનો એ નામનો એક રાજા.
૪. પું. કુબેર.
૫. પું. (પુરાણ) કુન્તીનો કન્યાવસ્થામાં સૂર્યથી થયેલ એ નામનો એક પુત્ર.
૬. પું. દર્યોધનના પક્ષનો એ નામનો એક સિપાહી.

ચિતાઈ માત્રિકને ૪૦ સહસ્ર દીનાર વધ ૧૦ સહસ્ર કુમ વધા તે લઈ જવા સારૂ એક રાજપુરુષ અર્પણ કરી તેના મુખ પ્રયાણાર્થે પોતાના આંતરિક સચિવમંત્રિને તેની સાથે સસૈન્ય રવાના કર્યો. હર્ષચરિત્રવ્યાખ્યા

૭. ન. ઝાડ; વૃક્ષ; તરુ.

પડ્યું હતા કુમને, તારી મત્રને મહી ઝળ;
તરવર જે મારી ચતી, કહી દીસે સુપાળ. પ્રેમાનંદ

૮. ન સ્વર્ગનું ઝાડ; કલ્પવૃક્ષ; પારિજાત વગેરે માંહેનું દરેક વૃક્ષ.

કુમકંદિકા [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; સેમર.

કુમકુલ્ય પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક ભાગ. લાંબા કોરો દુગ્ધારી કોઈ સમુદ્રને બધું જ દૂધ આપતા હતા. સમુદ્રની પ્રાર્થના ઉપરથી રામે ત્યાં પોતાનું બાણ ફેંકી એ દેશનો નાશ કર્યો હતો અને તે સ્થળે મરુ નામનું અરણ્ય થયું હતું એમ મનાય છે.

કુમતળાઈ સ્ત્રી. ઝાડનાં પાંદડાંની તળાઈ; પક્ષીની જગ્યા; ઝાડનાં પાનની પથારી.

કુમદલ [સં. દ્રુમ (ઝાડ) + દલ (સમૂહ)] ન. ઝાડનું ઝુંડ.

કુમદળી જુઓ કુમદલ.

કુમનખ [સં. દ્રુમ (ઝાડ) + નખ] પું. કાંટો.

કુમમય [સં] વિ. ઝાડમય; ઝાડથી ભરપૂર.

કુમમર [સં.] પું. કાંટો.

કુમલતા ૧. [સં. દ્રુમ (ઝાડ) + લતા (વેલ)] સ્ત્રી. વૃક્ષને વળગેલો વેલો.

દ્રુમમ બીજ બીજમા કુમલતા.
સાત વાવો વાવો એક દેખ. પીલો

૨. સ્ત્રી. વૃક્ષોની ઘટા; ઝાડની ઘટા.

કુમવત્ [સં.] ન. ઝાડની ઘૌ.

કુમવર [સં. દ્રુમ (ઝાડ) + વર (ઉત્તમ)] ન. ઉત્તમ ઝાડ.

કુમવાન [સં. દ્રુમવત્] વિ. ઝાડવાળું.

કુમવેલ [સં.] સ્ત્રી. ઝાડની વેલી; વૃક્ષલતા.

ધાર્યું કુમવેલડે પૂજે,
હજુ દીઠ નહીં? પ્રેમ

કુમવેલી જુઓ કુમલતા.

કુમવ્યાધિ ૧. [સં.] પું. ઝાડનો રોગ.
૨. પું. લાખ.

કુમશીર્ષ ૧. પું. વૃક્ષની ચૌ ફેલાયેલ એક પ્રકારની છત કે મેળ મંડપ.
૨. [સં.] ન. ઇમારત અથવા ભીંતનો ઝાંખરામાં કાંગરો.
૩. ન. ઝાડનો ઝાંખરાંવાળો કે ઠોંચ.

કુમશ્રેષ્ઠ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ખજૂરીનું ઝાડ.
૩. પું. વડ.
૪. પું. તાડનું વૃક્ષ; તાડનું ઝાડ.
૫. પું. પારિજાત.
૬. પું. સોથી સારું ઝાડ.

કુમોત્પત્તિ ૧. [સં.] પું. કલમ બાંધવાનું ઝાડ; કરેણનું ઝાડ.
૨. પું. બરમાળો. બરમાળાનો ગુચ્છ મીંઢિયાવળ જેવો છે. તેનાં પાંદડાં મીંઢોળ પાનનાં આકારનાં મોટાં હોય છે. બરમાળાનું ઝાડ મોટું અને ફળફૂલવાળું થાય છે, માટે તેને દ્રુમોત્પત્તિ કહે છે.

કુમય [સં.] પું. ઝાડીનું એક માપ.

કુમય [સં.] પું. આઠ પરિમાણ.

કુમલક્ષ [સં.] પું. પ્લરોળાનું ઝાડ.

કુદ્ધ ૧. [સં.] વ. કિ. કોઈનું અનિષ્ટ ચિંતવનું.
૨. વ. કિ. દ્રોહ કરવો.
૩. વ. કિ. દ્વેષ કરવો.

કુદ્ધ ૧. પું. પુત્ર.
૨. પું. વૃક્ષ; ઝાડ.
૩ [સં. દ્રુહ્] વિ. કોઈનું અનિષ્ટ ચિંતવનાર.
૪. વિ. દ્રોહ કરનાર; દ્રોહ કરનાર.

કુદ્રુમ [સં.] પું. પ્લક્ષ.

કુદ્રુતા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મદનક. તેના દરેક ચરણમાં બે નગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

૨. પું. પક્ષી.
૩. પું. વિષ્ણુ.

કુદ્વિજ ૧. [સં.] પું. પક્ષદેવ; પક્ષી.

અમર કમલજ વેમા પિતા ખાતા સતપૂતિ ખામ;
આમા ચતુરાનન નિગમ વિપ્રન કુદ્વિજ કહેનામ.
વિજયવિલાસ

૨. પું. વિષ્ણુ
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કુદ્વી [સં] સ્ત્રી. કન્યા પુત્રી.

કુધ્ધ ૧. [સં.] વિ. દ્રોહ કરવા જોગ.
૨. વિ. દ્રોહ કરવા જેવું.

કુમિલા [સં.] સ્ત્રી. (પિંગળ) દરેક ચરણમાં અગિયાર માત્રાવાળો એ નામનો એક છંદ. તેના દરેક ચરણના અંતમાં ગુરુ અને ૧૦ તથા ૧૮ માત્રા ઉપર યતિ એટલે વિસામો આવે છે.

કુમેરુ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ખજૂરીનું ઝાડ.
૩. પું. વડનું ઝાડ.
૪. પું. તાડ; તાડનું વૃક્ષ.
૫. પું. પારિજાત.
૬. પું. સોથી સારું ઝાડ.

કુમોત્પત્તિ ૧. [સં.] પું. કલમ બાંધવાનું ઝાડ; કરેણનું ઝાડ.
૨. પું. બરમાળો. બરમાળાનો ગુચ્છ મીંઢિયાવળ જેવો છે. તેનાં પાંદડાં મીંઢોળ પાનનાં આકારનાં મોટાં હોય છે. બરમાળાનું ઝાડ મોટું અને ફળફૂલવાળું થાય છે, માટે તેને દ્રુમોત્પત્તિ કહે છે.

કુયષ [સં.] પું. ઝાડીનું એક માપ.

કુયમ [સં.] પું. આઠ પરિમાણ.

કુસલ્લક [સં.] પું. ખરોળાનું ઝાડ.

કુદ્ધ ૧. [સં.] વ. કિ. કોઈનું અનિષ્ટ ચિંતવનું.
૨. વ. કિ. દ્રોહ કરવો.
૩. વ. કિ. દ્વેષ કરવો.

કુદ્ધ ૧. પું. પુત્ર.
૨. પું. વૃક્ષ; ઝાડ.
૩ [સં. દ્રુહ્] વિ. કોઈનું અનિષ્ટ ચિંતવનાર.
૪. વિ. દ્રોહ કરનાર; દ્રોહ કરનાર.

કુદ્રુમ [સં.] પું. પક્ષદેવ.

કુદ્રુતા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મદનક. તેના દરેક ચરણમાં બે નગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

૨. પું. પક્ષી.
૩. પું. વિષ્ણુ.

કુદ્વિજ ૧. [સં.] પું. પક્ષદેવ; પક્ષી.

અમર કમલજ વેમા પિતા ખાતા સતપૂતિ ખામ;
આમા ચતુરાનન નિગમ વિપ્રન કુદ્વિજ કહેનામ.
વિજયવિલાસ

૨. પું. વિષ્ણુ
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કુદ્વી [સં] સ્ત્રી. કન્યા પુત્રી.

કુધ્ધ ૧. [સં.] વિ. દ્રોહ કરવા જોગ.
૨. વિ. દ્રોહ કરવા જેવું.

દ્રુહ્યુ ૧. [સં.] પું. વેદના સમયના ચંદ્રવંશી આર્ય લોકોની એક જાત.
૨. પું. (પુરાણ) સોમવંશના આયુપુત્ર નહુષ રાજાનો પૌત્ર અને યયાતિ રાજાનો શર્મિષ્ઠાને પેટે થયેલા ત્રણ ભાઈઓ પૈકીનો નીચે પુત્ર. એને પ્રચેતસ નામનો પુત્ર હતો.

દ્રુ ૧. [સં.] પું. સોનું.
૨. ન. કિ. જવું.
૩. ન. કિ. વધ કરવો.

દ્રુમણ [સં.] ન. પુષ્કળ રસોવાળું વન.

દ્રુમ ૧. [સં.] પું. વૃક્ષિકા; વીંછી.
૨. ન. એક જાતનું કામળું.

દ્રુહ્યા [સં.] સ્ત્રી. બાકડાનું ધનુષ્ય.

દ્રેઠી [સં. દૃષ્ટિ; અપ. દિટ્ઠિ] સ્ત્રી. નજર.

દ્રેઢ [સં. દૃષ્ટિ] સ્ત્રી. દૃષ્ટિ; નજર.

દ્રેરય ૧. [સં. દૃક્ (જોવું)] વિ. જોવા યોગ્ય.
૨. વિ. દર્શન કરવા જેવું.

દ્રેષ્કાણ [સં.] પું. (જ્યોતિષ) લગ્ન લુબનનો ત્રીજો ભાગ; રાશિનો તૃતિયાંશ.

દ્રૈ [સં.] અ. કિ. નિદ્રા લેવી; ઊંઘવું.

દ્રો સ્ત્રી. દરો; દર્યા; ઘરો.

દ્રોઈ સ્ત્રી. (જૂ. ગુ.) ઘોડ; દરો.
અસોક આંબા પત્ર,
જોસ્યા દ્રોઈ જ્યાં. પ્રેમાનંદ

દ્રોગ્ધા [સં. દ્રોગ્ધૃ] પું. વાઘક.

દ્રોઘ [સં.] વિ. દ્રોહ કરવા જેવું.

દ્રોહ (દ્રોહ) સ્ત્રી. દોહ; દોટ.

દ્રોહાવવું (દ્રોહવવું) સ. કિ. દોડાવવું.

દ્રોહિ (દ્રોહિ) સ્ત્રી. દોટ.

દ્રોણ ૧. [સં.] પું. અનાજ ભરવાનું એ નામનું એક માપ.
૪ કુડવ = પ્રસ્થ
૪ પ્રસ્થ = આઢક
૪ આઢક = દ્રોણ
૧૬ દ્રોણ = ખારી
૨. પું. અરણીનું લાકડું.
૩. પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલનું ૧૪૨મું સૂક્ત રચ્યું છે.
૪. પું. (પુરાણ) એ નામનો એક વસુ; ભારતમાં કહેલા આઠ પૈકીનો એક વસુ. એની ભીનું નામ ધરા હતું. આ બંને જ્યાં અગાઉ નંદ અને યશોદા તરીકે જન્મ્યાં હતાં.
૫. પું. એ નામનો એક મેઘનાયક. જે વર્ષે આ મેઘનાયક હોય છે, તે વર્ષે બહુ સારો વરસાદ થવાનું મનાય છે.
૬. પું. એક જાતનું ધનમાપ.
૧૬ દ્રોણ = ખારિ
૨૦ દ્રોણ = કુંભ
૧૦ કુંભ = વહ
૭. પું. એક જાતનું કૂલ.
૮. પું. એક જાતનો કામરો.
૯. પું. કમરોટ; બાકડાની બાણ.
૧૦. પું. (પુરાણ) ક્ષીરસમુદ્રને કિનારે આવેલો એ નામનો એક પર્વત.
૧૧. પું. ઝારસો ધનુષ લાંબું પહોળું જળાશય.
૧૨. પું. જળથી ભરેલ મેઘ; પાણીવાળું વાદળું.
૧૩. પું. ભોજનું એક માપ; એ નામનું એક વજન.
૪ તોલા = પલ
૫૦ પલ = આઢક
૪ આઢક = દ્રોણ
કેટલાક નીચેનું દ્રોણક પણ આપે છે:
૨૦૦ પલ = દ્રોણ
૧૮૭½ પલ = જાહેર જનતાનો દ્રોણ
૧૭૫ પલ = ખાનગી
૧૬૨½ પલ = અંત.પુર ખાનગી
૧૪. પું. દરિયો; પંડિયો.
૧૫. પું. નાવ; હોડકું.
૧૬. પું. ચક્રિનિના સમયમાં વપરાતો એક સિક્કો.
૧૭. પું. કલશ.
૧૮. પું. ગત્રોક પાકા શેર પ્રમાણનું એક માપ. કેટલાકના મત પ્રમાણે તે ૬૪ શેરનું માપ ગણાય છે. કેટલાક ૮૦ પળી પાણી સમાય તેટલું માપ પણ તેને ગણે છે.
૮૦ પળી = દ્રોણ
૧૬ દ્રોણ = ખારી
મુબંઈ દેશની કિંમતના અવલોકન સમાન એક દ્રોણ (૩૨ શેર પાકા) દૂધ દેનારી ગાયો ગણે છે. પુસ્તત્ત્વ
૧૯. પું. (પુરાણ) ભરદ્વાજનો પુત્ર અને પ્રેરવ પાંડવોનો એ નામનો ધર્મગુરુ; દ્રોણાચાર્ય. ભરદ્વાજ ગંગા કાંઠે નાહવા ગયો હતો. ત્યાં તેણે નાહીને ઘૃતાચી નામે અપ્સરાને જોઈ એટલે એનું શુક્ર પડ્યું. તે દ્રોણ એટલે યજ્ઞપાત્રમાં ઋષિએ રાખ્યું. એ દ્રવ્યમાંથી દ્રોણ ઉત્પન્ન થયો માટે તે દ્રોણ કહેવાયો. તે યુદ્ધવિદ્યામાં બહુ જ નિપુણ હતો. મહાભારતના યુદ્ધમાં એ પ્રેરવોના પક્ષમાં સેનાપતિ હતો. તેને અશ્વત્થામા નામે પુત્ર હતો. બાલ્યાવસ્થામાં વેદના અધ્યયન ઉપરાંત ધનુર્વિદ્યામાં પારંગત હોઈ તે મોટો મહારથી હતો. તે પરશુરામ પાસેથી અસ્ત્રવિદ્યા શીખ્યો હતો. કૃપાચાર્યની બહેન કૃપી સાથે તેણે લગ્ન કર્યું હતું. મરીબાધથી બચવા હસ્તિનાપુર આવી ભીષ્મના આશ્રયથી આચાર્ય પદ મેળવી તે રાજકુમારોને ધનુર્વિદ્યા શીખવવા રહ્યો હતો. અર્જુન ઉપર તેને બહુ પ્રીતિ હતી. મહાભારતના યુદ્ધમાં દુર્યોધનની પક્ષે રહી તેણે ઘોર યુદ્ધ કર્યું હતું અને પુત્રમરણના ખોટા સમાચાર નાખી દીધા હતા. જુઓ દ્રોણાચાર્ય.
૨૦. પું. બાકડાનું એક પાત્ર. યજ્ઞોક્ત પ્રસંગમાં તેમાં સોમ રાખવામાં આવતો હતો
૨૧. પું. બાકડાનો રથ
૨૨. પું. (જ્યોતિષ) વાદળમંડળમાંનું એ નામનું ચોથું પદ.
૨૩. પું. (જ્યોતિષ) વિશાખા ૨૪૪ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૨૫મા આવેલો સોળ મહત્તનો એ નામનો તારો
૨૪. પું. વૃશ્ચિક; અલિ. વીંછી.

દ્રોણકલશ ૧. પું. સોનાનો ઘડો.
૨. [સ.] પું. સોમરસ રાખવાનું બાકડાનું એક જાતનું વહનપાત્ર.

દ્રોણકાક ૧. [સં.] પું. એક જાતનો કાગડો; કાગોલ; જંગલી કાગડો. અતિ ગરમ પ્રદેશમાં તે વસે છે.
૨. પું. ભુલભ.
૩. પું. ઘુવડ.
૪. વિ. ગજાગજ ખાઈ જનાર.

દ્રોણકાગ જુઓ દ્રોણકાક.

દ્રોણકૃષ્ણીરા [સ.] સ્ત્રી. ગત્રોક શેર ૬૫ આપનારી માપ.

દ્રોણગંધિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; રાસ્ના.
૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અરણસી.

દ્રોણગિરિ [સં.] પું. એ નામનો એક પર્વત.

દ્રોણચા જુઓ દ્રોણક્ષીરા.

દ્રોણચિત [સં. દ્રોણચિત્] પું. વહનો એક અગ્નિ.

દ્રોણદુગ્ધા જુઓ દ્રોણક્ષીરા.

દ્રોણદુધ્યા જુઓ દ્રોણક્ષીરા.

દ્રોણદુર્ગ [સં] ન. અજમેરનું જૂનું નામ. આ સબધે આખ્યાયિકા વાત્રામાં લખ્યું છે કે: અજમેરમાં પૂર્વે પાંડવોના ગુરુ દ્રોણાચાર્ય રાજ્ય કરતા હતા અને આ અજમેર દ્રોણદુર્ગ નામે પ્રસિદ્ધ હતું. દ્રોણાચાર્યના મિત્રદ્રુપી પુત્ર અશ્વત્થામા તેના મામા સાથે વિંધ્યાચળમાં જઈ રહ્યા અને ક્રમે ક્રમે દ્રોણદુર્ગની હકીકત ભમતી ભમી. હાનો ઠાઠ જીતલ પછી ચૌહાણવંશી

અજયપાલે આ દુર્ગને સમરાવી આ શહેર કરી વસાવ્યું અને તેના નામ ઉપરથી શહેરનું નામ અજમેર પડ્યું. ચૌહાણવંશની રાજધાની તરીકે આ એક પ્રસિદ્ધ શહેર હતું. તે વંશનો સોમદેવ તથા તેનો પુત્ર પ્રખ્યાત રાજા પૃથ્વીરાજ પણ અહીં જ રાજ્ય કરતો હતો. અજમેરમાં મૂળચંદ સોનીનું જૈન મંદિર, ખ્વાજા પીરની દરગાહ અને આનાસાગર તળાવ જોવા જેવા છે. મૂળચંદ સોનીનું મંદિર પચાશેક લાખ રૂપિયાને ખર્ચે તૈયાર થયેલું ખાસ જોવા લાયક છે. તેમાં જૈન માન્યતા મુજબનાં સ્વર્ગ, જંબુ, પાતાળ વગેરેની રચનાના દેખાવો આકર્ષક છે. ખુરાસાનથી આવેલા ખ્વાજા સાહેબ તે ગામના હિંદી સૂફી ગુરુઓની મુલાકાત અને સત્સંગ માટે આવ્યા હતા. તેઓએ અહીં દેહત્યાગ કરતાં તેમની દરગાહ અહીં છે. તેનો બારસો ઘોડા આરસનો છે.

દ્રોણપરી [સં.] સ્ત્રી. જી. દ્રોણ જેવા પત્રવાળી.

દ્રોણપર્ણી [સં.] સ્ત્રી. એક જાતની જેળ; ઝાડવેલી.

દ્રોણપુષ્પી [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ કચ્છમાં તેને કૂળો અને મરાઠીમાં ડીપમાલિકા કહે છે. સાપનું ઝેર ઉતારવામાં તે વપરાય છે. તેનાં પાનનો રસ બાળકને ઊપરસ ઉપર અપાય છે.

દ્રોણપ્રમાન [સં.] વિ. એક દ્રોણ જેટલા માપનું.

દ્રોણપ્રમાના જુઓ દ્રોણક્ષીરા.

દ્રોણપ્રમુખ ૧. [સં.] ન બારસો ગામના મહાલનું મુખ્ય શહેર.

૨. ન. શહેર; ગામ.

૩. ન. જળ અને સ્થળવાળો પ્રદેશ; બંદરકાંઠો.

૪. ન. નદી કે દરિયા કિનારે જ્યાં જંગલની આવતી હોય એવું વસેલું ગામ; બંદર; દરિયા કાંઠાનું ગામ.

૫. ન. બારકરી સિપાઈને રહેવાનું ઝૂંપડું; બરાક.

દ્રોણપ્રમુખપંચક [સં.] ન. બારસો ગામડાંની મધ્યે આવેલ દુર્ગ તરફ જવાનો ૪૨ કૂટ પહોળાઈનો રસ્તો.

દ્રોણમેઘ [સં.] પું. જેટલા વખતમાં પાણીનાં બિંદુથી મોટી માપર ભરાય તે પ્રમાણનો વરસાદ; ઝોલમાંથી પાણી વહે તેવી રીતે વાદળાંમાંથી વરસતો વરસાદ.

દ્રોણરાજ [સં.] પું. (પુરાણ) પૃષ્ટદ્યુમ્ન.

દ્રોણશર્મપદ [સં.] ન. તે નામનું એક તીર્થ.

દ્રોણસ [સં.] પું. એ નામનો એક દાનવ.

દ્રોણસાગર [સં.] પું. દ્રોણાચલનો સેવક.

દ્રોણા ૧. [સ.] સ્ત્રી. દ્રોણપુષ્પી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. પાણી વગેરે રાખવા માટે કરેલું ધાતુનું અથવા લાકડાનું પાત્ર

દ્રોણાચલ [સં.] પું. દ્રોણગિરિ નામનો પર્વત.

દ્રોણાચળ પું. એ નામનો એક પર્વત. દ્રોણાચલ.

દ્રોણાચળ પૂઠે ગિરિ ગંધમાદન,
તે પર્વત ઉપર દુમરેલીનું વન. પ્રેમાનંદ

દ્રોણાચાર્ય [સં.] પું. (પુરાણ) પાંડવ કૌરવોના ગુરુ ભરદ્વાજ ઋષિને ઘૃતાચી અપ્સરાને જોઈને સ્ખલિત થયેલ પુત્ર. ઘૃતાચી નામની અપ્સરાને જોઈને ભરદ્વાજ ઋષિ સ્ખલિત થયા. સ્ખલિત થયેલા વીર્યને એમણે યજ્ઞના કલશમાં મૂક્યું હતું. તેમાંથી ઉત્પન્ન થવાને લીધે એમનું નામ દ્રોણાચાર્ય પડ્યું હતું. પોતાના પિતા પાસે એમણે વેદ, વેદાંગ અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો. એમાં એ પારંગત અને નિપુણ બન્યા. અભ્યાસ પૂરો થતાં પિતાએ એમને અગ્નિવેશ્ય ઋષિ પાસેથી એ સમય સિદ્ધ કરી આપ્યા હતા અને બ્રહ્મશિર નામનું અસ્ત્ર એમને આપ્યું હતું. ત્યાર પછી પરશુરામ રામ પાસેથી અસ્ત્રોનાં રહસ્ય અને તેમનો ઉપસંહાર વગેરે શીખી બહુ જ્ઞેય બન્યા તેથી તે દ્રોણાચાર્ય કહેવાતા. એમણે કૈલાસ ક્રાગ પર્યંત તપ કર્યું હતું ત્યાર પછી કૃપાચાર્યની બહેન કૃપાની બહેન એમના લગ્ન થયાં. કૈલાસે કાળે એમને અશ્વત્થામા નામે પુત્ર થયો. દ્રોણની દરિદ્રાવસ્થા ઘણી હતી, તેથી તે દ્રુપદ પાસે ધન માગવા ગયા, પણ દ્રુપદે તેને હાકી કાઢ્યા. પછી તે કૃપાચાર્ય પાસે હસ્તિનાપુર ગયા અને ત્યાં જાઈને પાંડવ કૌરવોને ધનુર્વિદ્યામાં પારંગત કરવાને માટે તેમના હાથમાં સોંપ્યા. આ વાત કૌરવવિરોધ પ્રસરી જોઈને અંધક, વૃષ્ણિ, યાદવો, ભાદ્રકીક, સૌવીરો આદિના રાજાઓએ પોતાના કુમારોને પણ દ્રોણાચાર્ય પાસે અભ્યાસ કરવા મોકલ્યા. કર્ણ અને અશ્વત્થામા પણ બધાની સાથે જ અભ્યાસ કરતા હતા. એક વખત નિષાદ જાતિના એકલવ્ય નામના રાજપુત્રે આવી દ્રોણને ધનુર્વિદ્યા શીખવવાનું કહ્યું, પણ આચાર્યે એનું કહ્યું માન્ય ન કરવાથી તેની પાદુકા માગી લીધી અને અરણ્યમાં દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી, પાદુકા સામે મૂકી તેને આચાર્ય માનીને અભ્યાસ કરતાં તે ધનુર્વિદ્યામાં ઘણો જ પ્રખ્યાત થઈ ગયો. દ્રોણાચાર્યને બધા શિષ્યો કરતા અર્જુન ઉપર અત્યંત પ્રેમ હતો. ગદા, ખગ અને રથવિદ્યા અર્જુનને સારી આવડી. અશ્વત્થામા રહસ્યમંત્રમાં પ્રવીણ થયો. ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધમાં, નકુલ અને સહદેવ ખડ્ગયુદ્ધમાં અને યુધિષ્ઠિર રથયુદ્ધમાં ઘણા પ્રવીણ થયા એક દિવસ દ્રોણાચાર્ય બધા શિષ્યોને લઈને નદીએ સ્નાન કરવા ગયા હતા, ત્યાં મગરે એનો પગ પકડ્યો ત્યારે અર્જુને મગરને મારી દ્રોણાચાર્યને બચાવ્યા હતા. આથી તેણે અર્જુનને ઇન્દ્રાવતાર નામનું અસ્ત્ર આપ્યું. પછી બધા શિષ્યો પાસે ગુરુદક્ષિણામાં માગ્યું કે, તમે દ્રુપદ રાજાને બાંધીને મારી પાસ લાવો. બધા તેથી હા ગયા, પણ દ્રુપદ આગળ કોનું ચાલ્યું નહિ. છેવટે અર્જુન તેને બાંધી લાવ્યો. ત્યારે દ્રુપદને અર્ધું મારી અર્ધું રાજ્ય લઈને અર્ધું રાજ્ય પાછું આપી તેને કાઢી મૂક્યો. વનવાસ પછી જ્યારે કુરુ પાંડવોને માટે અર્ધું રાજ્ય માગવા કૌરવો પાસે આવ્યા, ત્યારે દ્રોણાચાર્યે દુર્યોધનને પાંડવોની સાથે સંધ કરવા બહુ સમજાવ્યો, પણ દુર્યોધને માન્યું નહિ. મહાભારતની લડાઈમાં દ્રોણાચાર્ય કૌરવો તરફ રહ્યા હતા અને રાત્રિયુદ્ધમાં એમણે ઘણા પાંડવોના સૈનિકોને મારી નાખ્યા હતા. એમના સેનાપતિપણા દરમિયાન અર્જુનપુત્ર અભિમન્યુ માર્યો ગયો હતો, તેથી અર્જુને પ્રતિજ્ઞા કરીને જયદ્રથને માર્યો હતો. છેવટમાં રાજાના અધ્યક્ષમાં નામ હાથી મરાતા ભીમની સેનાએ અશ્વત્થામા મરાયો એવી ગર્જના કરી. દ્રોણાચાર્યે આ સાંભળતા પોતાનો પુત્ર મરાયો ધારી યુધિષ્ઠિરને પૂછ્યું. તેમણે કૃષ્ણની સૂચના મુજબ જ નરો વા કુંજરો વા, એ શબ્દો બધા જ ધીમેથી બોલી, 'અશ્વત્થામા હતઃ' એમ કહેલું સાંભળતા જ આચાર્ય હાથી પાત્ર મૂકી, એમાંના એક બન્યુ છે, ભરદ્વાજગોત્રિ દ્રોણાચાર્યના પિતરો પ્રત્યક્ષ થઈને એમને કહેવા લાગ્યા કે તું વેદવેદાંગપારંગત બ્રાહ્મણ હોઈ તને યુદ્ધ કરવું અનુચિત છે. બધુ તે થયું, પણ હવે તારો કાળ નજીક છે અને અમે તારા પિતરો તને લેવા આવ્યા છીએ, માટે તું યુદ્ધ તજી અધ્યાત્મનું અવલંબન કર. આ ઉપરથી જ્ઞાનતંત્રી આવતા છોડી દઈ દ્રોણાચાર્યે પોતાનાં શસ્ત્ર ફેંકી મૂકી દીધાં. પોતે યોગ ધારણ કરી પ્રાણ ત્યાગ કરતા હતા તેવામાં ધૃષ્ટદ્યુમ્ને આવીને એનો શિરચ્છેદ કર્યો. આ પ્રમાણે દ્રોણાચાર્ય સાત દિવસ અને એક રાત્રિ યુદ્ધ કરીને મરણ પામ્યા. મરતી વખતે એમનું વય બારસો વર્ષનું હતું. દ્રોણાચાર્ય ઉત્તમ પ્રકારે સદાચારી હતા. ભારતના યુદ્ધમાં પણ પોતે પ્રાતઃસંધ્યા કરી, અગ્નિની ઉપાસના કરી પછી યુદ્ધે ચઢતા. એમના રથની ધ્વજામાં કમંડલુ, કમંડલુ, વેદ વગેરેનાં ચિત્રો હતાં. રાજાજ્ઞાવશથી વધિક્ષા માટે યુદ્ધમાં પોતે ભૈરવ પક્ષમાં રહ્યા, ત્યાં યુદ્ધ કરવામાં એમણે બિલકુલ હથાશ રાખી નથી. જ્યારે પોતે ગાંડીવ ધારી પ્રાણ તજ્યા દીધા, ત્યારે અલૌકિક તેજ બ્રહ્મરંધ્ર

વાટે નીકળી સૂર્યમંડળમાં ભળી ગયું. આ સમાચાર કૃષ્ણ, અર્જુન, ધર્મ, કૃપાચાર્ય અને સંજય એ પાંચ જણે દીઠો. પછી પૃથ્વુએ પોતાના પિતાને મારનારને મારીશ એવી પ્રતિજ્ઞા લીધી હતી, માટે અર્જુને ઝટ વડે એમનું શિર ઉડાવી દીધું. બ્રાહ્મણને મારવાના મહાપાપની પ્રાપ્તી ટાળી ઓછે નહિ, માટે દ્રોણાચાર્યે સમાધિથી પ્રાણ તજ્યા પછી પૃથ્વુએ ઉગ્ર ક્રોધપૂર્વ એમ કહેવરાવ્યું છે. આવી રાજ્ય મૂકી દીધા પછી પૃથ્વુએ એમને આર્યા એ મુદ્દાના સિદ્ધ નિયમથી ઊતરતું છે.

દ્રોણાયન ૧. [સં] પું. દ્રોણપુત્ર અશ્વત્થામા.

૨. પું. (પુરાણ) કૃપાકૃપોત્પન્ન એ નામનો એક ઋષિ.

દ્રોણાયનિ જુઓ દ્રોણાયન.

દ્રોણાસાર્યક જુઓ દ્રોણાચાર્ય.

દ્રોણાહ્વાય [સં.] પું. વૃક્ષમય જળાશય.

દ્રોણિ ૧. [સં] પું. આઠમા મન્વંતરનો એ નામનો એક ઋષિ.

૨. પું. (પુરાણ) દ્રોણપુત્ર અશ્વત્થામા. એ ચાલુ અઠ્ઠાવીસમી ચોકડી પૂરી થશે ત્યારે ઓગણત્રીસમી ચોકડીના દ્વાપરયુગના અંતમાં દ્રોણિ નામે જાણ થશે.

૩. સ્ત્રી. પેળનાં પાન વગેરેનું બનાવેલું પાત્ર.

૪. સ્ત્રી. તેમાંથી ભરેલું વાસણ.

૫. સ્ત્રી. પર્વતોની વચ્ચેનો પ્રદેશ; ખીણ.

૬. સ્ત્રી. પાણીની ઢાંકી; પીપ.

૭. સ્ત્રી. બે સૂપડાનું માપ.

૮. સ્ત્રી. કાકડાનું સ્નાનપાત્ર.

૯. સ્ત્રી. હોજ; કૂંડી; કુંડ.

દ્રોણિક પું. જળથી ભરેલી મોટી કૂંડીમાં પુરુષ પ્રવેશ કરે અને એક દ્રોણ પાણી તેમાંથી બહાર નીકળે તેટલા વજનવાળો પુરુષ.

દ્રોણિકા [સં.] સ્ત્રી. ગળીનો છોડ.

દ્રોણી ૧. પું. દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા; દ્રોણિ.

૨. સ્ત્રી અખેડો.

૩. સ્ત્રી. કાદવ અથવા પત્થરનું લંબગોળ ઘમ.

૪. [સં.] સ્ત્રી. પેળ.

૫. સ્ત્રી. ગળીનો છોડ.

૬. સ્ત્રી. ચાર હજાર ભારનું રૂપિયાભાર.
૨ સૂર્પની = દ્રોણી
= ૪૦૬૨ રૂપિયાભાર

૭. સ્ત્રી. ચીબડા જેવું એક જાતનું ફળ, ઇન્દ્રવર્ણટી.

૮ સ્ત્રી દ્રોણની ઓ; કુપી.

૯ સ્ત્રી. નાની હોણી.

૧૦ સ્ત્રી નાની હોડી; નૌકા; નાવ.

૧૧. સ્ત્રી પીપ.

અમાત્યોએ વિચાર કર્યો કે રાજપુત્ર આવી ગયા પછી રાજાને દફન દેવું એટલે એના મૃતદેહને તેલની દ્રોણીમાં સાચવી રાખ્યો. સમરાદિત્ય

૧૨ સ્ત્રી બે પર્વતની વચ્ચેની ભૂમિ; ખીણ.

૧૩. સ્ત્રી. બે સૂર્પ અથવા ૧૨૮ શેરનું માપ.

૧૪. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

૧૫. સ્ત્રી. કાકડાનો ખાલો

૧૬. સ્ત્રી. સ્ત્રીનાગ સ્વરૂપ.

૧૭. સ્ત્રી. હોજ; કૂંડી; કુંડ; પાણીનું મોટું કુંડ

૧૮. સ્ત્રી. શીશા; જાજરી.

દ્રોણોદક ૧. [સં.] ન. ખેતરોનું કૂવા.

૨. ન. કેવડાનું ઝાડ.

દ્રોણ્યોષધિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કૂનો.

દ્રોણ્યોમુખ વિ. એક જાતનું સ્ત્રીઓ; સુંદર.
એટલે તે દ્રોણ્યોમુખ વધી ગયાં.
રાજાનાયણ ચમ્પૂ દીસે. પ્રેમાનંદ

દ્રોણ્યોલિવક્ષ [સં] ન. ડ્રાક્ષોટકની આસપાસ થતું એક જાતનું ભીનું. તે ગરમ, સ્નિગ્ધ, મૂત્રલાક્ષ અને થોડું પિત્તવર્ધક મનાય છે.

દ્રોણોદન [સં.] પું. સિંહોદનનો એ નામનો એક પુત્ર. તે શાક્યમુનિ બુદ્ધના કાકા થાય.

દ્રોણ્ય [સં.] વિ. દ્રોણના પ્રમાણને લાયક

દ્રોણ્યર્હ [સં.] વિ. સીધા આપક; જલદી ફેલાનાર.

દ્રોણ્યામય [સં.] પું. શરીરની અંદરનો રોગ.

દ્રોનિકા પું. પોડાનો એક રોગ.

દ્રોમ સ્ત્રી. આરિયું પખાળી નાખે એવો રસ ઉત્પન્ન કરનાર એક ઝાંડ; 'પેન-ટ્રીઅલ.'

દ્રોમક પું. પાચનક્રિયામાં અમલનો ભાગ ભજવતો એક રસ; દ્રોમરસ.

દ્રોમરસ પું દ્રોમ ગ્રંથિમાંથી નીકળતો રંગહીન ક્ષારમય રસ. પાચક પ્રવાહી પદાર્થોમાં તે સૌથી વધારે અમલનો છે. તેનામાં દ્રોમક, વસાંબ્લ અને સર્ફરામ્લક ઉત્સેચક દોઈને બધા પ્રકારના ખોરાકને તે પચાવી દે છે.

દ્રોમિલ [સં.] પું. બૌદ્ધધર્મ ઋષિ.

દ્રોહ ૧. [સં દ્રુહ્ (દ્વેષ કરવો)] પું. અદેખાઈ; ઈર્ષા.

૨. પું અનિષ્ટચિંતન; કોઈનું અનિષ્ટ ચિંતવવું તે; પ્રતિબિંબાને ઘાવ.

૩ પું. ઊંતરપિંડી. દગો
દ્રોહ દેવો = દગો દેવો.

૪. પું ઘાવો વધ; કપટપૂર્વક મારવું તે.

૫. પું નુકસાન; ખોટ.

૬. પું. પાણીનો ઝરો; પાણી ઝરાયેલું હોય એવો ઊંડો ખાડો; ઘરો.

પુનાસુતે ભય મનમાં નવ ધર્યો,
દ્રોહ માંહે સ્નાન જ કર્યો.
અજ્ઞાતકવિ આખ્યાન

૭. પું ચેટમાં પેસીને દગો દેવો તે.

૮. પું. ભય.

૯. પું. એચિંતાનું વિશ્વાસઘાત.

૧૦. પું. વૈર; દ્વેષ.

દ્રોહચિંતન ૧. [સં.] ન. બીજાનું અનિષ્ટ ચિંતવવું તે.

૨. ન. હિંસા.

દ્રોહબુદ્ધિ [સં] સ્ત્રી. વૈરવૃત્તિ; વેરની આગણી.
પ્રેમલક્ષણા અભિલાષા પુરુષને મોહ પૂરી જવેલે હોવાથી સ્ત્રીઓના ઉપર દ્રોહબુદ્ધિ થતી નથી.
ભગવતી આખ્યાન

દ્રોહશીલ [સં.] વિ. દ્રોહ કરવાના સ્વભાવવાળું; અપકારી.

દ્રોહાહ ૧. [સં.] પું. મૃગયુબંધક; મૃગને શિકારી.

૨. પું. વેદની એક શાખા.

૩. વિ. કોઈને મારી નાખવા માટે કપટવેશ ધારણ કરનાર; ઉપરથી દેખાવમાં સાધુ પણ અંદર બદલ ધૂર્તિવાળું.

૪. વિ. પરહિંસા માટે વ્રત ધારણ કરનાર.

૫. વિ. બિલાડા જેવી ધૂર્તિવાળું.

દ્રોહિત [સં.] વિ. જેનો દ્રોહ થયો દોષ થયું.

દ્રોહિયા ૧ [હિ.] પું દુશ્મન.

૨. વિ. ઊંતરનાર; કરનાર

૩. વિ. દ્વેષભાવ રાખનાર, કિનાખોર.

દ્રોહી ૧. [સં દ્રોહિન્] પુ વેરી, શત્રુ દુશ્મન.

૨. વિ દ્રોહવાળું. દ્રોહ કરનાર; કપટી, ઈર્ષા રાખનાર

૩ વિ દ્વેષો; અદાવતિયું.

દ્રોહો પું. પોચો; રોગ.

દ્વ્યંજ ૧. [સં] વિ. એક દ્રોણ જેટલા પાત્ર વગેરેને પોતાનામાં સમાવનાર.

૨. વિ. એક દ્રોણ જેટલું રાંધનાર.

૩. વિ. એક દ્રોણ જેટલું ભરી જનાર.

દ્વૈપાયન [સં.] પું દ્રોણપુત્ર અશ્વત્થામા.

૮. પું. દ્વંદ્વમિશ્ર નોખાત.
૯. પુ. બે સુધક સાંકેતિક શબ્દ; ૨.
૧૦. પું (જ્યોતિષ) મિથુન રાશિ.
૧૧. પુ. વસાડવાની બંડિયાળ, ઝાલર.
૧૨. પું. રીત; સરણ.
૧૩. ન ખોટી વાત, રહસ્ય.
૧૪ ન. બેડાં જોડકું. બેનું જોડું: જોડલું યુગલ
યમલ યુગ્મ યુગ્ય દ્વંદ્વ કંપ ઉભય મિથુન યમ બીજ:
યુગલ કિશોર સદા વસો, નંદલાલને હીજ.
વિજય આનંદ
૧૫. ન. બે પરસ્પર વિરુદ્ધ ભાવનું જોડું.
જોમો. સુખ દુઃખ, પાપ પુણ્ય, રાત દિવસ,
શીત ઉષ્ણ, સ્વર્ગ નરક.
૧૬. ન. બે વચ્ચેનું યુદ્ધ.
પ્રતિજ્ઞા યુદ્ધ કે દ્વંદ્વો સંઘર્ષો સર્જે ભલાં,
પલક ભાવીનું પે હિંસાથી ઉદ્ભવે સદા
ગાંધી ગીતા
૧૭. ન. મર્યાદા.
૧૮. ન. વસ્ત્રપાત્ર.
૧૯. ન. સ્ત્રીપુરુષ કે નરમાદાનું જોડું.

દ્વંદ્વક જી. એક જાતની ધાતુ. આ ધાતુ બહુ જ થોડા પ્રમાણમાં નીકળે છે.

દ્વંદ્વગ [સં] પું. ચકવાક પક્ષી.

દ્વંદ્વગદ [સં.] પું. રાગદ્વેષાદિરૂપ રોગ.

દ્વંદ્વગાયન [સં.] ન. બે જણ સાથે ગાઈ શકે એવું ગાયન.

દ્વંદ્વચર ૧. [સં.] પું. ચકવાક પક્ષી; ચકવો.
૨. વિ. જોડામાં સાથે રહેનાર.

દ્વંદ્વચરિત [સં] ન. મિત્રોનું જોડકું.
આ દ્વન્દ્વાંગત વાચવા જેવું છે.
મણિશંકર રત્નજી

દ્વંદ્વચરી [સં.] જી. ચકવાક મહિલા; ચકવી.

દ્વંદ્વચારિણી [સં.] જી. ચકવાક મહિલા.

દ્વંદ્વચારી જુઓ દ્વંદ્વચર.

દ્વંદ્વજ ૧. [સં. દ્વંદ્વ (બેજિયો) + જ (જન્મેલ)] વિ. બેજિયાથી બનેલ.
૨. વિ. રાગદ્વેષ, સુખદુઃખ વગેરેના દ્વંદ્વથી ઉત્પન્ન થયેલ.
૩. વિ. વાત, પિત્ત, કફ એ ત્રણમાંના બબ્બેથી થયેલ.

દ્વંદ્વજુદ્ધ [સં. દ્વંદ્વ (બે) + યુદ્ધ (લડાઈ)] ન. બબ્બેનું યુદ્ધ; બેનું યુદ્ધ; સરખેસરખા માત્ર બે જણાએ જ લડાવેલા લડવું તે; મલ્લયુદ્ધ; દ્વંદ્વયુદ્ધ.
મહાસુભટ બળીયા બાહમી,
દ્વંદ્વજુદ્ધ કર્યે શું વખાણ ? પ્રેમાનંદ

દ્વંદ્વજ્વર [સં] પું વાત, પિત્ત અને કફ ત્રણમાંના બબ્બે દોષથી આવનારો તાવ.

દ્વંદ્વદોષજન્ય [સં] વિ વાત, પિત્ત, કફ એ ત્રણમાંના બબ્બે દોષથી થયેલ

દ્વંદ્વપદ્ધતિ [સં.] જી. દ્વંદ્વયુદ્ધ કરવાની રીત.

દ્વંદ્વભાવ [સં.] પુ. અજ્ઞાનનાશ; દુરભનાવટ, ૫૨

દ્વંદ્વયુદ્ધ ૧. [સં.] ન. બબ્બેનું યુદ્ધ; મલ્લયુદ્ધ. દ્વંદ્વયુદ્ધ. પ્રાચીન ન્યાયવિચારક દ્વંદ્વપદ્ધતિ અને સ્વ૨ પદ્ધતિ વચ્ચે મૂળભૂત તફાવત એ છે કે, બાબતી પદ્ધતિમાં ધાર્મિક અગર કાનૂની વિધાનનો અભાવ હોય છે. સોળમા સકાની શરૂઆત પર્યંત દ્વંદ્વપદ્ધતિનો ઉપયોગ સંપૂર્ણ રીતે અભાવ હતો. પાછળથી દાખલ થયેલ દ્વંદ્વપદ્ધતિથી ન્યાયની પ્રથા પંદરમા સૈકાની શરૂઆતમાં ફ્રાન્સમાં ઉપસ્થિત થયેલ. સ્વરૂપ પદ્ધતિને અનુસરીને ઉગ્લંડમાં પણ દાખલ કરવામાં આવેલ. કહેવાય છે કે, ફ્રાન્સના રાજા ચોથા હેનરીના સમયમાં આર હજારથી વધારે મનુષ્યોએ દ્વંદ્વપદ્ધતિથી જાન ગુમાવેલ. અને પક્ષોના મુખ્ય અને મદદનીશો વચ્ચેનું ઉપરોક્ત યુદ્ધ એ સામાન્ય અવદાતની રીત બની ગયેલ. ઉગ્લંડમાં એક વખત દાખલ થયેલ આ પ્રથા ભોતભોતામાં સારા યે બ્રિટિશ દ્વીપમાં ઉપર પ્રસરી વળી અને તે પણ કોઈ આઠ વર્ષ વચ્ચે જ નહિ, પરંતુ સમાજના દરેક વર્ગે આ પદ્ધતિ અખત્યાર કરેલ, તે એટલી હદ સુધી કે સ્ત્રીઓ પણ સ્વમાનભંગના કિસ્સામાં દ્વંદ્વયુદ્ધનો પડકાર કરતી. જમૈયો અગર તો પિસ્તોલ એ હથિયારો વિશે કરીને દ્વંદ્વમાં વપરાતાં. જે સબબને આદ્વાન અપાયું તેની મુલસણી ઉપર કોઈ એક હથિયારની પસંદગીનો આધાર રહેતો. ઉગ્લંડમાં બનેલ છેલ્લું દ્વંદ્વયુદ્ધ સને ૧૮૫૨માં બે ફ્રેંચ વચ્ચે બનેલ, જેમાં એકે પોતાનો જાન ગુમાવ્યો. કાયદાની દૃષ્ટિએ દ્વંદ્વયુદ્ધ એ ગંભીર ગુનો ગણાતો આવ્યો છે આવાહન આપવું એ સુલેહભંગના કારણરૂપ ગણાય છે અને વિરુદ્ધ દ્વંદ્વકારનું મૃત્યુ એ સામા પક્ષના વિજેતા, મુખ્ય તેમ જ મદદનીશ દ્વંદ્વકારોને મનુષ્યહત્યાના આરોપ તરીકે ગણાય છે. ફ્રાન્સમાં તો હજુ પણ સદ્ધર પ્રથા પ્રચલિત છે.
૨. ન. બીજ બીજનો સંભોગ; બે પક્ષમાંના બબ્બે જણે લડવું તે.

દ્વંદ્વવિયોગી [સં. દ્વંદ્વ (જોડકું) + વિયોગિન્ (જુદું પડેલું)] વિ. સુખદુઃખાદિનાં જોડકાં રહિત.

દ્વંદ્વસમાસ [સં. દ્વંદ્વ (બે) + સમાસ] પુ (વ્યાકરણ) સમાન દરજ્જાના બે શબ્દના જેમાં બનેલો બનો એક જાતનો સમાસ. જેમકે, રામલક્ષ્મણ, માબાપ.

દ્વંદ્વાતીત ૧ સ દ્વંદ્વ + અતીત (તરી ગયેલ)] વિ જેણે દ્વંદ્વો પાર કર્યાં હોય એવું; દ્વંદ્વોથી પર હોય તેવ
૨. વિ. સુખદુઃખ, રાગદ્વેષ, પાપપુણ્ય વગેરે દ્વંદ્વોને તરી ગયેલું; સુખદુઃખ વગેરે દ્વંદ્વોથી મુક્ત. આપ ગણિયું તે આપ માહે દ્વંદ્વાતીત રહ્યા સુચે.
અખો

દ્વંદ્વી [સં. દ્વંદ્વિન્] વિ. વિરુદ્ધ; પ્રતિપક્ષ; મનિરપક્ષી

દ્વાચત્વારિંશ [સં.] વિ બેતાળીસમું.

દ્વાચત્વારિંશત [સં. દ્વાચત્વારિંશત્] વિ બેતાળીસ; ૪૨.

દ્વાજ ૧. પું. પરપુરુષથી ઉત્પન્ન થયેલ પુત્ર; જા૨જ.
૨. [સં.] પુ. ભરદ્વાજ ઋષિ.

દ્વાજદહ્ન હુમાસ્ત જી. (પારસી) બા૨ વખત વકન ખાવીને પ્રાયશ્ચિત્ત કરવાની એક ક્રિયા.

દ્વાત્રિંશ [સં.] વિ. બત્રીસમું

દ્વાત્રિંશત [સં. દ્વાત્રિંશત્] વિ. બત્રીસ; ૩૨.

દ્વાત્રિંશદપરાધ [સં. દ્વાત્રિંશત્ (બત્રીસ) + અપરાધ (ગુનો)] પું. ભક્તોના ઈશ્વર વિષે બત્રીસ અપરાધ.

દ્વાત્રિંશદ્લક્ષણક [સં.] પું. બત્રીસ લક્ષણવાળો પુરુષ.

દ્વાત્રિંશી પૂર્ણિમાન્નાત જ. માગશર સુદિ ૧૫ને દિવસ કરાતું એક જાતનું વ્રત. તેમાં મહાદેવનું પૂજન કરવામાં આવે છે

દ્વાદરી જી દ્વાદશી; બારસ
તારી દ્વાદરીમા ઓરેલુ અન્ન ખાવી લાય છે.
પ્રેમ નંદ

દ્વાદશ ૧. પું (જૈન) બાર ઉપવાસ જેવા કરવા તે.
૬૪, અઠમ, દશમ, દ્વાદશ, કરે તપ ઉપવાસ.
મેરાણ્યમુનિ
૨. [સં. દ્વાદશન] વિ. બાર; ૧૨.

દ્વાદશક ૧ [સં.] ન. બારની સંખ્યા
૨. [સં દ્વિ (બે) + દશક] વિ બારની સંખ્યાવાળું.

દ્વાદશાક્ષર ૧. [સં.] પું. બે નામનો પ્રતિભેદનો એક અનુષ્ટુપ
૨. પું. (જ્યોતિષ) એક શુભયોગ; દ્વાદશયોગ.

૩. પુ. ક્ષત્રિય સ્વામી.
૪ પુ. બૃહસ્પતિ.

દ્વાદશાકરા [સં.] સ્ત્રી. એ નામની એક જૈનદેવી.

દ્વાદશાકૃષ્ટિ [સં.] પું. (ગણિત) બાર સીધી લીટીથી બંધાયેલ બાર ખૂણાવાળી આકૃતિ

દ્વાદશાગુણ [સં.] વિ. બારગણું.

દ્વાદશાચક્ર [સં.] ન. સિદ્ધયોગમાં બાર અહોરાત્રમંડલરૂપ બાર પરિધીનું ચક્ર.

દ્વાદશાદલચક્ર [સં.] ન. શરીરમા રહેલા સાત માંહેનુ એ નામનું એક ચક્ર. તે હૃદયમાં આવેલુ છે. એને અનાહતચક્ર પણ કહેવામા આવે છે. તેના અધિપતિ ભગવાન રાજર છે.

દ્વાદશાધા [સં.] અ. બાર પ્રકારે.

દ્વાદશાનેત્ર [સં. દ્વાદશન (બાર) + નેત્ર (આંખ)] પું ક્ષત્રિયક્ષ. તેને બાર આખ હોવાનું મનાય છે

દ્વાદશાપત્ર [સં.] ન. ઓમ્ નમો ભગવતે વાસુદેવાય એ બાર અક્ષરવાળો મત્ર.

દ્વાદશાપુત્ર [સં] પું. ધર્મશાસ્ત્રમાં જણાવેલ બાર જાતના પુત્ર ઔરસ, ક્ષેત્રજ, દત્તક, કૃત્રિમ, ગૂઢોત્પન્ન, અપવિદ્ધ, કાનીન, સહોઢ, ક્રીત, પૌનર્ભવ, સ્વયંદત્ત અને પારશવ.

દ્વાદશામ્રસૂત [સં.] પું. (પિંગલ) એક જાતની બૂરિત.

દ્વાદશાસ્રક્ષેત્ર [સં.] ન. બાર સમતલ પાસાંવાળી બનાકૃતિ.

દ્વાદશાહ [સં.] પું. (જ્યોતિષ) તનુ વગેરે બાર ભાવ; ફલિત જ્યોતિષમાં જન્મકુંડલીના બાર ઘર. પહેલું ઘર તનુ કહેવાય છે, તેનાથી શરીર ક્ષીણ થવું કે સ્થૂલ, સમજવું કે નિર્બળ, સાંબું કે ટૂંકું વગેરેનો વિચાર થાય છે, બીજા ઘરથી ધન અને કુટુમ્બનો, ત્રીજાથી યુદ્ધ અને વિક્રમ વગેરેનો, ચોથાથી બંધુ, વાહન, સુખ તથા મકાનનો, પાંચમાથી બુદ્ધિ, મન્ત્રણા અને પુત્રનો, છઠ્ઠાથી શત્રુ વગેરેનો, સાતમાથી કામ, સ્ત્રી, મુસાફરીનો, આઠમાથી આયુષ્ય, મૃત્યુ, અપવાદ વગેરેનો, નવમાથી ગુરુ, ભાગ્ય, પિતા, પુણ્ય વગેરેનો, દશમાથી માન, આજ્ઞા તથા કર્મનો, અગિયારમાથી પ્રાપ્તિ અને લાભનો અને બારમા ઘરથી મંત્રો અને અર્થનો વિચાર કરવામા આવે છે.

દ્વાદશાહુતિ ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) બાર સરખી બાજુ અને બાર સરખા ખૂણાવાળી આકૃતિ.
૨. જુઓ દ્વાદશકર.

દ્વાદશાહુજ જુઓ દ્વાદશકરા

દ્વાદશામ્બુ [સં.] પું. બાર જાતનો દારૂ.

દ્વાદશામલ [સં.] પું. મનુષ્યના શરીરમા રહેલો બાર જાતનો મળ.

દ્વાદશામંત્ર જુઓ દ્વાદશાક્ષર.

દ્વાદશામાસ [સં.] પું. બ. વ. બાર મહિનાનો એક વર્ષ

દ્વાદશામાસકર્મ [સં. દ્વાદશન્ (બાર) + માસ (મહિનો) + કર્મન્ (કામ)] ન. બાર મહિનાનું કામ.

દ્વાદશામાસિક ૧. [સં.] ન. બાર મહિને કરવાનુ એક શ્રાદ્ધ.
૨. વિ. બાર મહિને આવનું.

દ્વાદશામુખી ૧. પું. બાર પાસાવાળો કોઈ પણ ઘન પદાર્થ
૨. [સં.] વિ. બાર મોઢાંવાળું.

દ્વાદશામૂલ [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

દ્વાદશાયાત્રા ૧. [સં.] સ્ત્રી. બાર પ્રહારની યાત્રા.
૨. સ્ત્રી. બાર મહિનાની યાત્રા.

દ્વાદશારસ્રિમ [સં.] પું. બૃહસ્પતિ.

દ્વાદશારાજમંડલ [સં.] ન. બાર રાજાઓનુ મડળ.

દ્વાદશારાત્ર [સં.] પું. બાર દિવસનો એક પક્ષ; બાર દિવસ ચાલે એવો એક અહીનયાગ.

દ્વાદશાલોચન [સં. દ્વાદશન્ (બાર) + લોચન (આંખ)] પું. પ્રતિક સ્વામી; પ્રતિક્ષ.

દ્વાદશાવર્ગી [સં.] સ્ત્રી. (જ્યોતિષ) બાર વર્ગનો સમૂહ; ફલિત જ્યોતિષમાં નીલકંઠતાજક અનુસાર વર્ષફલના ગ્રહોના ફલ કહેવા માટે બાર વર્ગોની સમષ્ટિ. બાર વર્ગ: ક્ષેત્ર, હોરા, દ્રેક્કાણ, સપ્તાંશ, નવમાંશ, દશાંશ, રુદ્રાંશ, દ્વાદશાંશ, ષોડશાંશ, ત્રિંશાંશ, ષષ્ટ્યંશ અને દ્વાદશાંશ.

દ્વાદશાવર્ષિક ૧. [સં.] ન. અભ્યાસ કરનારને કરવાનું બાર વર્ષનું એક વ્રત. તેમાં તેને જંગલમાં ઝૂંપડી બાંધીને બધી વાસનાઓનો ત્યાગ કરીને રહેવું પડે છે. વનફલોથી નિર્વાહ ન થઈ શકે તો એક ભિક્ષુ ધારણ કરીને ભિક્ષા માગવી પડે છે.
૨. વિ. બાર વર્ષ માટે નિમાયેલ.
૩. વિ. બાર વર્ષમાં થયેલ

દ્વાદશાવ્રત [સં.] ન. બ. વ. (જૈન) શ્રાવકના બાર વ્રત.

સત્ય પહેલા અદત્ત પાપસ્થાનક, દ્વાદશાવ્રત, દોષ અને સર્વ કૃત્યને ક્ષમાણી પંચપરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરી મહાપ્રાતિથી સમાધિમાર્ગે રમણ કરવું.
રાજચંદ્ર

દ્વાદશાશુદ્ધિ [સં.] સ્ત્રી. વૈષ્ણવ સંપ્રદાયમાં બાર જાતની શુદ્ધિ. દેવગૃહપરિષ્કાર, દેવગૃહગમન અને પ્રદક્ષિણા એ ત્રણ પ્રકારની પદશુદ્ધિ છે. પુષ્પ માટે ફૂલ પત્ર તોડતાં, પ્રતિમાલોલન એટલે સ્પર્શ વગેરે તે હસ્તશુદ્ધિ છે. ભગવાનનું નામ કીર્તન એ વાક્યશુદ્ધિ છે. હરિકથાનું શ્રવણ, પ્રતિમા ઉત્સવ વગેરેનું દર્શન તે શ્રવણ અને નેત્રશુદ્ધિ છે. વિષ્ણુપાદોદક અને નિર્માલ્યધારણ તથા પ્રભુમ એ શિરની શુદ્ધિ છે અને નિર્માલ્ય તથા તુલસીપુષ્પ વગેરેનું સંપર્કું તે ઘ્રાણશુદ્ધિ છે.

દ્વાદશાશોધિત [સં.] ન. (જ્યોતિષ) શુદ્ધિયુક્ત ગ્રહ.

દ્વાદશાસ્રસેમીવ્રત [સં] ન. બાર મહિનાની સાતમે કરવાનું સૂર્યનું એક જાતનું વ્રત.

દ્વાદશાસંગ્રામ [સં.] પું. દેવો તથા અસુરો વચ્ચે થયેલું બાર જાતનું યુદ્ધ.

દ્વાદશાહ ૧. [સં. દ્વાદશ (બારમું)] સ્ત્રી. મૂએલા માણસની પાછળ ક્રિયા કરવાનો બારમો દિવસ; બારમુ.
૨. સ્ત્રી.,ન. બારમુથી બારમે દિવસે કરવાનું શ્રાદ્ધ.

દ્વાદશાક્ષરમંત્ર [સં.] પું. બાર અક્ષરનો મંત્ર; ઓમ્ નમો ભગવતે વાસુદેવાય એ બાર અક્ષરનો મંત્ર.

દ્વાદશાક્ષ ૧. [સં. દ્વાદશન્ (બાર) + અક્ષિ (આંખ)] પું. પ્રતિક સ્વામી; દ્વાદશનેત્ર.
૨. પું. પ્રતિક સ્વામીનો એ નામનો એક અનુચર.
૩. પું. શુદ્ધદેવ.

દ્વાદશાક્ષર ૧. [સં.] પું. ઓમ્ નમો ભગવતે વાસુદેવાય એ બાર અક્ષરવાળો મંત્ર.
૨. પું. (પિંગળ) બાર અક્ષરનો ગણની નામે એક છંદ.

દ્વાદશાક્ષરમંત્ર જુઓ દ્વાદશાક્ષર ૧.

દ્વાદશાખ્ય [સં. દ્વાદશન્ (બાર) + આખ્યા (કહેવું)] પું. શુદ્ધદેવ. પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, મન અને બુદ્ધિ એ બાર પૂજનીય છે એમ તે કહે છે

દ્વાદશાત્મા ૧. [સં. દ્વાદશાત્મન્] પુ. બારકાનો છોડ.
૨. પું. સૂર્ય.

દ્વાદશાદિત્ય [સં.] પું બ વ. (પુરાણ) બાર આદિત્ય; માણુ મન્વંતરમાં અદિતિ નામની સ્ત્રીની

દ્વાપરયુગ

કુળે કશ્યપ ઋષિને થયેલા બાર પુત્રો. તેઓ અદિતિ સંતાની અદિત્યભાતા હોઈ દેવ ગણાય છે. પ્રસ્તુત કથામાં તેમની ગણના સમવિષ દેવોમા થાય છે. મહાભારતમા તેમનાં નામ નીચે પ્રમાણે આપ્યાં છે: (૧) વિવસ્વાન, (૨) અર્યમા, (૩) પૂષા, (૪ ત્વષ્ટા, (૫) સવિતા, (૬) ભગ, (૭) ધાતા, (૮) વિધાતા, (૯) વરુણ, (૧૦) મિત્ર, (૧૧) શક્ર અને (૧૨) ઉરુક્રમ.

દ્વાદશાન્યિક [સં. દ્વાદશન્ (બાર) + અબ્દ (જુદી રીતનું) + ઇક (લગતું)] વિ. જેના અભ્યયનમાં બાર નિત્ય પાઠ થયા હોય એવો અભ્યયનકર્તા' વાંચવામાં બાર ખૂલ કરી હોય એવું

દ્વાદશાયતન [સં.] ન. ૪. ૧. (જૌદ્ધ) બાર પૂજનસ્થાનો. તેમાં પાચ જ્ઞાનેદ્રિય, પાચ કર્મેદ્રિય, મન તથા બુદ્ધિ એમ બારનો સમાવેશ કરાય છે.

દ્વાદશાયુષ [સં. દ્વાદશાયુસ્] કું. હાતરો. તેનું આયુષ્ય બાર વર્ષનું મનાય છે.

દ્વાદશાર [સં.] ન. બાર ખૂણાવાળું રાશિચક્ર.

દ્વાદશાર્ચિસ [સં. દ્વાદશાર્ચિસ્] કું. બૃહસ્પતિ.

દ્વાદશાવ્યાન [સં.] ન. બાર જાતનો ખોરાક.

દ્વાદશાહ ૧. [સં. દ્વાદશન્ (બાર) + અહન્ (દિવસ)] કું. બાર દિવસનો સમુદાય.

૨. કું. બારમે દિવસે સાધ્ય એક જાતનો યજ્ઞ.

૩. કું. બારમો દિવસ.

૪. ન. મરણથી બારમે દિવસે કરવાનું શ્રાદ્ધ.

૫. ન, (સંગીત) બારનું એકતાન; પ્રથમ ગ્રામમાં વિષ્ણુ જોડવાથી ઉત્પન્ન થતું એક તાન.

દ્વાદશાહશ્રાદ્ધ [સં. દ્વાદશન્ (બાર) + અહન્ (દિવસ) + શ્રાદ્ધ] ન. મરણથી બારમે દિવસે કરાતું ચરામણું.

દ્વાદશાંગ ૧. [સં.] કું. એક જાતનો ધૂપ: બાર સુગંધી દ્રવ્યોનો બનાવેલો ધૂપ્તમાં વાપરવાનો ધૂપ. બાર દ્રવ્ય: ગૂગળ, ચંદન, તેજપત્ર, કુટ, અગર, કેસર, જાયફળ, કપૂર, જટામાંસી, નાગમોથ, તજ અને વાળો.

૨ [સં. દ્વાદશન્ (બાર) + અંગ (સૂત્રનો એક પ્રકાર)] ન. ૪. ૧. (જૈન) બાર અંગસૂત્રો. તેનાં નામ: આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીજી, જ્ઞાતધર્મકથા, ઉપાસકદશાગ, અંતગડ, અનુત્તરોવવાઈ, પ્રશ્નવ્યાકરણ, વિપાક અને દૃષ્ટિવાદ. છેલ્લું દૃષ્ટિવાદ વિચ્છેદ પામેલું હોવાથી અત્યારે અગિયાર અંગસૂત્ર મનાય છે. જૈન અંગોની ઉપલી સંકલના ભગવાન મહાવીર પછી લગભગ એક હજાર વર્ષ બાદ થયાનું કહેવાયેલું છે.

૩. વિ. બાર અંગ કે અવયવવાળું

દ્વાદશાંગપ્રણિપાતાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન; બે હાથ, બે પગના પ્રપ્તાના અગ્રભાગ, બે ઢીંચણ, મુખ ને કપાળ એ પ્રમાણે આઠ અવયવ જમીનને અડાડી રાખવા ને જમણો કાન, ડાબો કાન, જમણું ને ડાબી બાવડાની ભૂમિને અડાડવાથી થતું આસન.

દ્વાદશાંગી ૧. [સં.] ન. બાર પ્રકારની વાણી.

૨. ન ૪ ૧. (જૈન) આચારાંગ વગેરે બાર અંગસૂત્રોનો સમૂહ. જુઓ દ્વાદશાંગ૨.

૩. વિ. બાર અંગસૂત્રો જાણનાર; અંગજ્ઞ.અવેત્તા.

દ્વાદશાંગુલ ૧. [સં.] ન. બાર આંગળીનું એક માપ.

૨. વિ. બાર આંગળીના પ્રમાણનું.

દ્વાદશાંગુલાંત્ર [સં. દ્વાદશન્ (બાર) + અંગુલ (આંગળી) + આત્ર (આ.તરડું)] ન. બાર આંગળીનું આંતરડું.

દ્વાદશાંશ ૧. [સં.] કું. (જ્યોતિષ) કુંડલી માહેના લગ્ન જીવનનો બારમો ભાગ: એક રાશિનો એટલે ત્રીસ અંશનો બારમો ભાગ; બે અંશ અને વીસ કલા જેટલો ભાગ. આટલા અંશની દરેક કુંડલીને દ્વાદશાંશ કુંડલી કહે છે. મુખ્યત્વે કરીને માતાપિતાનું સુખ જોવામાં તે ઉપયોગી મનાય છે.

૨. વિ. બારમું.

દ્વાદશાંશાધ્યક્ષ [સં] ન. (જ્યોતિષ) માતા પિતા સંબંધી સુખ જોવાનો જન્મકુંડલીનો ભાગ.

દ્વાદશાંશુ [સં.] કું. બૃહસ્પતિ.

દ્વાદશિક [સં. દ્વાદશન્ (બાર) + ઇક (વાળું)] વિ. બારમાને દિવસે બનેલ.

દ્વાદશી ૧. [સં. દ્વિ (બે) + દશી (દશમી)] સ્ત્રી. પખવાડિયાની બારમી તિથિ; બારસ.

૨. સિ સ્ત્રી. બારમી.

દ્વાપર ૧. [સં. દ્વિ (બે) + પર (પછીનું)] કું. બાર માહેનો ત્રીજો યુગ; સત્ય અને ત્રેતા પછીનો યુગ. તમોગુણ અને રજોગુણ બંનેનું આધિક્ય હોય તે કાળને દ્વાપર કહેવાય છે. જુઓ દ્વાપરયુગ.

સત્યયુગ ગયા ધર્મ જે, દ્વાપર જ્યાં મહો ગયા,
ત્રેતા જ્યા તીર્થ ગયાં, કલિમાં કપટ અપાર છે
વીર પ્રબાધ

૨. કું દ્વાપર યુગનો મૂર્તિમાન દેવ.

૩. કું. બે ટીપકીવાળો પાસો.

૪. કું. સંદેહ સંશય.

૫. કું. સૂર્યનાં બારસો બાર નામોનું એક નામ.

દ્વાપરયુગ [સં] કું. બાર માહેનો ત્રીજો યુગ. કલિયુગ ૪,૩૨,૦૦૦ વર્ષનો છે. દ્વાપરયુગ કલિયુગથી બમણો એટલે ૮,૬૪,૦૦૦ વર્ષનો, ત્રેતાયુગ કલિયુગથી ત્રણગણો એટલે ૧૨,૯૬,૦૦૦ વર્ષનો અને કૃતયુગ કલિયુગથી ચાર ગણો એટલે ૧૭,૨૮,૦૦૦ વર્ષનો છે. એ ચારે યુગ મળીને એક મહાયુગ થાય છે. એવા ૭૧ મહાયુગનો એક મન્વન્તર થાય છે એવા ૧૪ મન્વન્તર ને ૧ મહાયુગ મળીને એક કલ્પ કે બ્રહ્માની રાત્રિ કે દિવસ થાય છે. સધિ અને સધ્યસ કાળ ઉમેરતાં એ દેવોના ચારસો વર્ષનો છે. આ યુગનો આરંભ વૈશાખ સુદિ ૩ બુધવારના રોજ થયો હોવાનું મનાય છે. કેટલાકના મત પ્રમાણે આ યુગની શરૂઆત ભાદરવા વદિ ૧૩ની અથવા મહા વદિ ચૌદશની મનાય છે. વળી કેટલાક જણાવે છે કે, માઘ વદિ અમાસ ને શુક્રવારે ધનિષ્ઠા નક્ષત્ર અને વરિયાન યોગ તથા વૃષ લગ્નમાં દ્વાપરની ઉત્પત્તિ થઈ છે. કેટલાક આવણ વદિ ૧૩ મુક્રવારના રોજ આ યુગનો આરંભ થયાનું માને છે. આમાં ફક્ત બે અવતાર થયા: કૃષ્ણાવતાર અને બુદ્ધાવતાર. આ યુગની વિશિષ્ટતા: મનુષ્યનું આયુષ્ય એક હજાર વર્ષનું, તેની ઊંચાઈ ૭ હાથ, સંતતિ ૯, તેમા ચાર છોકરા ને ચાર છોકરી, ધર્મનું પ્રમાણ અર્ધું, પતિવ્રતા સ્ત્રીઓના સંખ્યા અર્ધા ઉપર, કૃતયુગમાં એક પદ પાપ રોપવાથી એકત્રીસ ગણું થતું, તે ત્રેતાયુગમાં ચોદ ગણું અને દ્વાપરયુગમાં સાત ગણું થયું. ક્રમશઃ નાણું રૂપાનું થયું અને દીવા ધીના થયા, લોકોમાં કપટ વધવા લાગ્યું, માપોનું રૂપ પાંચ શેર ઉપર આવ્યું. દ્વાપરયુગમાં સત્તર કૃતયુગ કરતાં અર્ધી વર્ષ ગઈ, ચાર વેદ થયા, કેટલાક લોકો ચાર, ત્રણ, બે, એક અથવા એક નહિ એમ જુદી જુદી રીતે વેદોનો અભ્યાસ કરવા લાગ્યા, વિધિઓ જુદી જુદી રીતે થવા લાગી, બહુ ઓછાં માણસો સત્યને વળગી રહ્યાં: જ્યારે મનુષ્યો ભગવાનનો રસ્તો છોડી ગયા ત્યારે અનેક રોગો, કામનાઓ અને વિપત્તિઓનો કુમકો થવા લાગ્યો, તેથી લોકોને બહુ દુ ખ થવા લાગ્યું, સ્વર્ગસુખની આશા રાખી કેટલાક યજ્ઞ કરવા લાગ્યા. આવી રીતે મનુષ્યનો સત્યમાર્ગથી પાત થયો. આ યુગમા સૂર્યમડળ ૬,૬૦૦ અને ચદ્રમડળ ૨,૦૦,૦૦૦ હતા. રાજા ચક્રવર્તી હતા. જેવા કે, સોમ, બુધ, તક્ષાત્ર, પુરૂરવ, આયુ, પાડુ, યુધિષ્ઠિર, અર્જુન, અભિમન્યુ, પરીક્ષિત, જનમેજય, દેવભંડ, સહનામ, ઇવરાબુ, યદુ, વિશ્વરૂપ. લોકો વિષ્ણુપૂજક હતા, વચન જ પ્રમાણ મનાતું, લોકો ધનવાન હતા. મત્સ્યપુરાણ અનુસાર દ્વાપરયુગ ત્રેતાના જ ધર્મ વગેરેમા ઘટાડો થતો રાજ થયો. જે કરવાથી ત્રેતામા પાપ નહોતું લાગતું, તે બધાં કર્મ પાપ ગણવા લાગ્યાં,

પ્રજા લોભી થવા લાગી, અજ્ઞાનતાના કારણે મૃતિ, સ્મૃતિ વગેરેનું પઠનપાઠન લુપ્ત થવા લાગ્યું, જુદા જુદા ધર્મ જન્મવા લાગ્યા, તથા અનેક પ્રકારના મતભેદ ચાલવા માંડ્યા. આ પુરાણ અનુસાર દ્વાપરમાં મનુષ્યનું પરમાયુ બે હજાર વર્ષનું હતું

દ્વાપરયુગ્મ ન. જેને ચારે બાજુના બે શેષ રહે તેવી સંખ્યા. જેમકે, ૬, ૧૦, ૧૪.

દ્વામુષ્યાયણ ૧. [સં.] પું. ઉદ્દાલક મુનિ.
૨. પું. ગૌતમ મુનિ.
૩. પું. બે ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુત્ર.
૪. પું. બે મનુષ્યનો પુત્ર. ઔરસ અને દત્તક હોય.

દ્વાર ૧. [સં.] પું. દરવાજા; દ્વારપાલ.
૨. પું. નવ સંખ્યા સૂચક સાંકેતિક શબ્દ.
૩. ન. બારણું.
૪. ન. ઇંદ્રિયોનો માર્ગ કે ઉદા. આંખ, કાન, નાક, મોઢું વગેરે.
૫. ન. ઉપાય; સાધન.
૬. ન. ઝરણું; દરવાજો; ઘર વગેરે બંધિયાર જગ્યામાંથી બહાર જવા આવવાનો માર્ગ.
૧. દ્વાર ખૂલવાં = કોઈ વાત બની હોય તે જ વખતે માર્ગ કે ઉપાય કાઢવો.
૨. દ્વાર દ્વાર ફરવું = (૧) કાર્યસિદ્ધિને માટે બીજાઓ પાસે જવું (૨) ઘેર ઘેર ભીખ માગવી.
૩. દ્વાર સમારવું = કમાડ બંધ કરવું.
૪. દ્વાર સાચવું = (૧) કમાડ બંધ થવું. (૨) કોઈના આશરે દરવાજા ઉપર ઊભા રહેવું.

દ્વારક ૧. પું. દરવાન; ચોકીદાર.
૨. [સં.] ન. દ્વારકા નગરી. જુઓ દ્વારકા.

દ્વારકા [સં.] સ્ત્રી.; ન. એ નામનું સૌરાષ્ટ્રનું એક પ્રાચીન તીર્થ; આજના સોરઠ અને કાઠિયાવાડ દ્વીપકલ્પના છેક પશ્ચિમ નાકા ઉપર આવેલી અસલી યાદવવંશીઓની અને શ્રીકૃષ્ણની રાજધાની. દ્વારકા યાત્રાના એક મોટા ધામ તરીકે આખા હિંદુસ્તાનમાં જાણીતું છે. પુરાણોમાં તેને સાત મોક્ષપુરીમાંની એક માનેલી છે. હિંદુઓ તેને ચાર ધામમાંનું એક માને છે અને ત્યાં જઈને ઘણી જહાજી છાપ લે છે. મથુરામાંથી કંસના મરણ પછી જરાસંધની બીકથી કૃષ્ણે સૌરાષ્ટ્રમાં આવી દ્વારકા સ્થાપ્યું. પ્રભાસ અને ગિરિનગર જેટલું આ શહેર જૂનું છે જૂના વખતમાં દ્વારકા યાત્રાના સ્થળ તરીકે પ્રખ્યાત ન હતું. એ તે પ્રખ્યાત હોત તો મુસલમાન લોકોની દૃષ્ટિ-બહાર જાત નહિ અને તે પ્રખ્યાત નહિ હોવાથી મુસલમાન લોકોના હુમલાઓથી બચવા પામ્યું છે. ભાગવત પ્રમાણે જે ચાર યોજનના ઘેરાવાની નગરી સમુદ્રની વચ્ચે કૃષ્ણે બાંધી હતી, જેની ચિહ્નકાળા અદ્યાપિ હતી, જે નગરીમાં અંદર અને બહાર અનેક બગીચા હતા, જેમાં ગગનસ્પર્શી અટારીઓ, સુવર્ણકલશો અને સ્વચ્છ ભગવતીઓવાળા નવ લાખ પ્રાસાદો હતા, જ્યાં ખીલેલ કમળોવાળા અનેક સરોવરો હતાં, જેમાં છપ્પન કોટિ યાદવો વસતા હતા, તે દ્વારકાપુરી કયા અને આજની પાસે હજારની વસતીનું દ્વારકા ગામ કયા ! પુરાણો કહે છે તેમ જૂના કાળમાં જ દ્વારકાનો સમુદ્રથી કે બીજા કોઈ કારણથી નાશ થયો હોય એમ લાગે છે. આ રીતે સમુદ્રની હદ આજકાલના થયાના બીજા દાખલા પણ કાઠિયાવાડના ઇતિહાસમાં જોવામાં આવે છે. ઈ.સ. ૫.મા શતકમાં જલાલીપુર બંદર હતું આજે એ સ્થળ સમુદ્રથી સાત માઈલ છેટે છે. દીવ આજે બેટ છે. બારસો વર્ષ ઉપર એ દ્વીપ મુખ્ય જમીન સાથે જોડાયેલો હતો. સમુદ્રના બીજા ફેરફારોમાં જૂનું દ્વારકા આવી ગયું હોય તો એ સંભવિત છે. સાંદિલના પુરાવા ઉપરથી. વિ. સં. ૧૨૦૦ પછી દ્વારકા વૈષ્ણવ તીર્થક્ષેત્રે સવિશેષ પ્રસિદ્ધિ પામ્યું હોય એમ જણાય છે. જૂનું દ્વારકા ગિરનાર પાસે જૂનાગઢની જગ્યાએ હતું એમ કેટલાકનું માનવું છે. શ્રીમદ્ ભાગવત સ્પષ્ટ કહે છે કે, દરિયો તાજેતરી દ્વારકાને સમુદ્રે એક ક્ષણમાં ડુબાડી દીધી. માત્ર ભગવાનનું ઘર બાકી રાખ્યું. એમ પણ કહેવાય છે કે, ભગવાન અનુના પુત્ર વજ્રાનિને સુકન્યા નામની એક પુત્રી અને ઉત્તાનબર્હિ, આનર્ત અને રિષ્ટિષેણ નામના ત્રણ પુત્ર થયા. આનર્તના પુત્ર રેવતે સમુદ્રની વચ્ચે નગર રચાપીને તેમા પોતાની રાજધાની કરીને આનર્ત દેશ ઉપર રાજ્ય કર્યું. આ રેવતે સ્થાપેલી નગરી કુશસ્થલી તે જ દ્વારકાપુરી. આધુનિક ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીએ તો એમ લાગે છે કે, આનર્તમાં આર્યો આવ્યા ત્યાર પહેલા રેવત તરફ ગયા. રેવત એ ગિરનારનું એક નામ છે. કાઠિયાવાડ ગુજરાતમા ઘણા જૂના કાળથી. ગિરનાર પ્રસિદ્ધ છે. પહેલી વસતી રેવત એટલે ગિરનારની તળેટીમાં અને હશે અને ત્યાંથી વસતી રેવતી કે દ્વારકા ગઈ. ત્યાં સપળા યાદવો સહિત કૃષ્ણ અને બલરામ રહેતા હતા. પ્રથમ તો આ નગરી જમીન ઉપર જ હતી, પણ જરાસંધ અને કાળયવન વગેરે આવી આપાને ઉપદ્રવ કરતા હતા, તેથી કૃષ્ણે વિશ્વકર્માની પાસે એને સમુદ્રમાં કરાવી. એનો વિસ્તાર બાર યોજન હોઈને એ શોભાયમાન નગરી હતી. કૃષ્ણના સ્વધામ સીધાવ્યા પછી સાતમે દિવસે એને સમુદ્રે બોળી દીધી હતી એમ મનાય છે. ગ્રંથોમાં એનાં દ્વારવતી, દ્વારાવતી, કુશસ્થલી એવાં બીજાં નામ પણ કહ્યા છે. આ સઘળે આર્યાવર્ત યાત્રામા કહેવાય છે કે: દ્વારકા એ ચાર ધામ અને સાત પુરી મહેનુ એક મોટું ધામ છે. હિંદુસ્તાનમાં જુદે જુદે સ્થળેથી ઘણા હિંદુ યાત્રાળુઓ અહીં યાત્રા માટે આવે છે. ગોમતી નદી જે સ્થળે સમુદ્રને મળે છે, તે સ્થળને ગોમતીતીર્થ કે સંગમતીર્થ કહે છે દરિયામાં ભરતી આવે છે ત્યારે ગોમતીમાં પાણી ચડે છે. તે વખતે તેનો દેખાવ એક મોટા સરોવર જેવો થઈ જાય છે અને જ્યારે ઓટ થાય છે ત્યારે ગોમતી નદીની જેવા વહેતી નદી થઈ રહે છે. નદીને કાંઠે પથ્થરનો એક સુંદર ઘાટ બાંધેલો છે અને તે ઉપર નાનાં નાનાં જુદા જુદા દેવદેવીઓનાં મંદિરો છે. ઘાટ ઉપર નાહવા માટે યાત્રાળુઓ પાસેથી કર લેવાય છે. યાત્રાળુઓ અહીં સ્નાન કરી પાવન થાય છે. દ્વારકામાં જોવા જેવા જેવા સ્થળોમાં મુખ્ય સ્થાન તો રણછોડરાયજીનું મંદિર છે આ મંદિર ઘાટની પાસે જ ગોમતી નદીને કાંઠે છે. આ મંદિર શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રનાભે બંધાવેલું કહેવાય છે. દંતકથા એમ પણ છે કે, એ મંદિર તો વિશ્વકર્માએ પોતે એક રાત્રિમાં બાંધી દીધું છે. મંદિરમાં એક ભવ્ય મંડપ છે. મંડપમા સાઠેક સ્તંભો છે તેનું શિખર શંકુ આકારનું ૧૭૦ ફૂટ ઊંચું છે. શિખર ઉપર જવા માટે અંદર સીડી છે. મંદિર પાયાથી ઉંચે શિખરની ટોચ સુધી બારીક અને સુંદર કોતરકામથી સુશોભિત બનાવ્યું છે. દેશપરદેશથી હજારો યાત્રાળુઓ દર વરસે દર્શન કરવા આવે છે. આ મંદિરને જગતમંદિર કહેવામાં આવે છે, કેમકે જગતભરમાં આના જેટલું કોઈ બીજું મંદિર ઊંચું નથી. નિજમંદિરના મંડપમાંથી કોતરણ કરેલા નાના ગોખા છે. આ મંદિરને ફરતાં બીજાં ઘણાં મંદિરો છે અને તે બધાંને ફરતો કોટ છે. અદ્ભુત, શિવમાધવી, વિષ્ણુમાધવી વગેરેનાં મંદિરોની બરાબરીમાં મૂકી શકાય એવું આ મંદિર નથી, છતાં તેની ઊંચાઈ અને ઊભતા જોતાં એ જગતમંદિર કહેવાય છે, તેમાં કાંઈ ખોટું નથી. આજુબાજુ ત્રિકમજી, આધવરાયજી, કલ્યાણજી, પુરુષોત્તમજી, રણછોડજી, સત્યભામાજી, જાંબુવતીજી, રુક્મિણીજી વગેરેનાં અનેક મંદિરો છે. શ્રી શંકરાચાર્યે ધર્મના રક્ષણ માટે હિંદુસ્તાનમા મુખ્ય મુખ્ય ચાર જગ્યાએ મઠ સ્થાપ્યા છે, જેમાનો એક મઠ દ્વારકામાં પણ છે, જે શારદામઠ કહેવાય છે

૧. અહીં દ્વારકા = અહીં જ ધામો; આ ઠેકાણે જ ઊતારો
૨. દ્વારકાની જાત્ર = (૧) કીર્તિ કે એવાદ સારા કામની નિશાની. (૨) દ્વારકાની જાત્રા કર્યા બરાબરની નિશાની. બધુ દુરદુરના પ્રાંતના લોકો

જાત્રા માટે દ્વારકા જાય છે. ગોમતીમાં નાહીને મંદિરમાં જઈ છાપ લે છે. એ છાપ મારવાનાં છાપાં સોનાનાં બનાવેલાં હોય છે. તે ઉપર શંખ, ચક્ર, પદ્મ એવા આકાર પાડેલા હોય છે. તપાવીને હાથ ઉપર પાડે એટલે તેનો ડામ પડી રહે છે તે કોઈ દહાડો જતો નથી. ધાર્યું કરીને વેરાગી લોકો આ છાપ બહુ લે છે. તે એવું બતાવવાને કે અમે દ્વારકા જઈ આવ્યા છીએ. (૩) નિશાની થાય એવો સખત માર. (૪) સર્વમાન્ય પ્રસિદ્ધિપત્ર; સારી પ્રસિદ્ધિ.

દ્વારકાછાપ સ્ત્રી. ઉપાધિ; 'ડિગ્રી.'

અરે ભાઈ, અમે નામના ભૂખ્યા છીએ, પુનિયસિંહીની દ્વારકાછાપના તરસ્યા નથી.
પ્રરવાન

દ્વારકાદાસ પું. નાગર પુરુષનો એ નામનો એક કવિ.

દ્વારકાધીશ ૧. [સં.] પું. દ્વારકા ગામેની કૃષ્ણની મૂર્તિ.

૨. પું. દ્વારકાના નાથ શ્રીકૃષ્ણચંદ્ર.

દ્વારકાધીશ્વર જુઓ દ્વારકાધીશ.

દ્વારકાનાથ જુઓ દ્વારકાધીશ.

દ્વારકાપતિ જુઓ દ્વારકાધીશ.

દ્વારકાપીઠ જુઓ દ્વારકા.

દ્વારકારિલા [સં.] સ્ત્રી. કાલિકાપુરાણની પૌરાણિક નદીનો દ્વારકામાં ઉત્પન્ન થતો પત્થર.

દ્વારકાસ્વામી [સં. દ્વારકાસ્વામિન્] પું. શ્રીકૃષ્ણ

દ્વારકેશ જુઓ દ્વારકાધીશ.

દ્વારકો પું ૧૯ સૈ. ની અઢારમી સદીમાં થયેલ એ નામનો એક કવિ.

દ્વારગોપ [સં.] પું. બારણાનું રક્ષણ કરનાર દ્વારપાળ.

દ્વારઘા ન. સામનું ઝાડ.

દ્વારઘાતુ [સં.] પું. એક જાતનું ઝાડ.

દ્વારદીપિકા [સં] સ્ત્રી. પૂતિ બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

દ્વારદેશ [સં.] પું. બારણા પાસેની જગ્યા.

દ્વારપ ૧. [સં.] પું. દરવાજાનું રક્ષણ કરનાર માણસ; દ્વારપાળ.

૨. પું. વિષ્ણુ.

દ્વારપદ્ધ [સં] ન. બારણું.

દ્વારપતિ જુઓ દ્વારગોપ.

દ્વારપંડિત [સં.] પું. રાજાનો મુખ્ય પંડિત.

દ્વારપાલ ૧. [સં.] પું. ચોકીદાર; દરવાન; બારણું સાચવનારો માણસ; પ્રતિહાર.

૨. પું. મુખ્ય દેવતાના દ્વારનું રક્ષણ કરનાર દેવતા. તેની પૂજા પહેલી કરાય છે.

૩. ન. એ નામનું એક પ્રાચીન તીર્થ. મહાભારતમાં તે સરસ્વતીને કિનારે હોવાનું જણાવ્યું છે.

દ્વારપ્રતિહાર [સં.] પું. દ્વારપાલ; બારણાનું રક્ષણ કરનાર માણસ; દ્વારપાળ.

દ્વારપાલિકા ૧. [સં.] સ્ત્રી. દ્વારનું રક્ષણ કરનારી સ્ત્રી; દ્વારપાળ સ્ત્રી; સ્ત્રી દ્વારપાલ.

૨. સ્ત્રી દ્વારપાલની સ્ત્રી.

દ્વારપાલી જુઓ દ્વારપાલિકા.

દ્વારપાળ જુઓ દ્વારપાલ.

દ્વારપિઠ [સં.] ન. બારણાનું બારસાખ.

દ્વારપિંડી ૨. [સં.] સ્ત્રી. ઉંબરો.

૨. સ્ત્રી. ડેલી; દેહરી.

દ્વારપૂજન જુઓ દ્વારપૂજા.

દ્વારપૂજા ૧. [સં.] સ્ત્રી. સ્ત્રીઓની એક પ્રકારની પૂજા.

૨. સ્ત્રી વિવાહ પ્રસંગે કન્યાના દ્વાર ઉપર કરવામાં આવતી એક વિધિ; કન્યાને વૈર પ્રવેશ કરવા વખતની ક્રિયા. તેમાં જાન સામે વરરાજા પહેલવહેલા આવે છે ત્યારે કન્યાનો પિતા સ્થાપિત કલશ વગેરેનું પૂજન કરી પોતાના ઇષ્ટ મિત્રો સ.યે વરને ઉતારે છે અને મધુપર્ક દે છે.

દ્વારપ્રદેશ [સં.] પું. દરવાજો.

દ્વારબલિભુક જુઓ દ્વારબલિભુજ.

દ્વારબલિભુજ ૧. [સં. દ્વારબલિભુજ્] પું. કાગડો.

૨. પું. ઝાડો.

૩. પું. બગલો.

દ્વારયંત્ર ૧. [સં.] ન. આગળિયો; ભોગળ.

૨. ન. આડસર.

૩. ન. તાળું.

દ્વારરક્ષક [સં] પું દ્વારપાલ; દરવાન; ચોકીદાર.

દ્વારવતી [સં.] સ્ત્રી. એ નામનું સૌરાષ્ટ્રનું એક તીર્થધામ; દ્વારકા.

દ્વારવદન [સં. દ્વાર (દરવાજો) + વદન (મોઢું)] ન. દરવાજાનું કમાડ.

દ્વારવતી પું (પિંગળ) દસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને દ્વારવતી છંદ પણ કહે છે. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, તગણ, રગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.
સ ત ર ગો ગા દ્વારવતી રને. અપિંગળ

દ્વારવૃત્ત [સં.] ન. બારી; તીર્થ.

દ્વારશાખા [સં.] સ્ત્રી. બારસાખ; ચોકઠું; બારસાખ.

દ્વારસમુદ્ર [સં.] ન. દક્ષિણ હિંદનું એ નામનું એક જૂનું નગર. ત્યાં કર્ણાટકના રાજાઓની રાજધાની હતી. તેનાં ખંડેર હજુ શ્રીરંગપટ્ટણની વાયવ્યે સો માઈલ ઉપર જોવામાં આવે છે.

દ્વારસંધિ [સં.] પું. બારણાનું મજબૂતી.

દ્વારસીતા સ્ત્રી. ભૂતના નીચલા તળિયા ઉપર આગળ આવેલી ચતુરસ્રપિંડિકા તથા પાછલી કિનારી નજીક આવેલી દીર્ઘપિંડિકા એ બે પિંડિકા વચ્ચે આવેલી એ નામની આર્ષ.

દ્વારસ્તંભ [સં.] પું. બારણાનો થાંભલો; દ્વાર પાસેનો સ્તંભ; ઘરના આંગણા આગળ પાદગીરી માટે ઊભો કરેલો થાંભલો.

દ્વારસ્થ ૧. [સં.] પું. દ્વારપાળ; દરવાન.

૨. પું. નદી; પોરિયો.

૩. વિ. બારણામાં રહેલું; દ્વાર પાસે રહેનાર; દ્વાર ઉપર બેઠેલું.

દ્વારસ્થિત જુઓ દ્વારસ્થ.

દ્વારા ૧. [હિં.] પું. દ્વાર; દરવાજો; ફાટક.

૨. પું આર્ષ રસ્તો.

૩. સ્ત્રી. બારણું; નાની બારી.

૪. અ. મારફત; આગે; વાટે; થી; થકી.

૫. અ. સાધનથી; ઉપાયથી; હેતુથી; કારણથી.

દ્વારાદેય ન. કહેરનું દરવાજે માથા ઉપર લેવાતી જકાત.

દ્વારાદેયશુલ્ક [સં.] પું. દરવાજા ઉપર લેવામાં આવતી મહેસૂલ; ચૂંગી.

દ્વારાધ્યક્ષ [સં] પું. દ્વારપાલ; પ્રતિહારી; ચોકીદાર.

દ્વારાધ્યક્ષા [સં.] સ્ત્રી. દ્વારપાળ સ્ત્રી.

દ્વારામતી જુઓ દ્વારકા.

દ્વારાવતી [સં.] સ્ત્રી દ્વારકાપુરી; દ્વારકાનગરી; દ્વારકા.

માતુનું મર્દન કરી જરાસંધ હત્યો,
દ્વારાવતી પીપ વાસ જય જય કૃષ્ણ કરે.
રાસમોપાલ

દ્વારારોધ [સં] પું. કારખાનાના મજૂરોને કામે આવતા બંધ કરવા તે; 'લૉક આઉટ.' મિલમાલિક કોઈ કારણથી મજૂરોને કારખાનામાં કામ કરતાં રોકે છે ત્યારે આ શબ્દ વપરાય છે. મજૂર પોતે કામ ન કરે ત્યારે હડતાલ શબ્દ વપરાય છે.

દ્વારાંગ પું. બારીસાનો હાથો.

દ્વારિક [સં.] પું. દ્વારપાલ; દરવાન.

દ્વારિકા ૧. [સં.] સ્ત્રી. દ્વારકા. કૃષ્ણ ભગવાનના વખતની દ્વારકાનું નિશ્ચયાત્મક સ્થાન હજુ સુધી મળી શકયું નથી. તે બાબતમાં સંશોધક વિદ્વાનોના ઘણા પ્રામાણિક મતભેદ છે, તોપણ તે વખતની દ્વારિકા સરખાસ સમુદ્ર કિનારે ૨૫ થી ૩૦ મ.ઈલિયા વિસ્તારમાં જરૂર પથરાયેલી હશે એમ અનુમાન થાય છે. જ્યારે યાદવો પ્રભાસક્ષેત્રમાં આપનિવારણા અર્થે ગયા છે ત્યારે દ્વારકાથી પ્રભાસ જવા માટે સમુદ્રમાર્ગ હતો અને ભૂમિમાર્ગ પણ હતો. તેમ જ બલભદ્રની આસ પસંદગીનું સ્થાન ગિરિનાર પ્રદેશ હતો અને ત્યાં અવારનવાર પોતે સકુટુંબ નિવાસ કરતા. તેથી પણ અનુમાન થાય છે કે દ્વારિકાની નજદીકમાં ગિરિનાર પર્વત હોવો જોઈએ. શ્રીકૃષ્ણે રુકિમણીનું હરણ કર્યા પછી દ્વારિકામાં લગ્ન કર્યાં તેનો ઉલ્લેખ છે. અત્યારે સમુદ્રતીરે માધવપુરમાં કૃષ્ણ રુકિમણીના લગ્નનો મહોત્સવ દર વર્ષે ઊજવાય છે. એટલે માધવપુર દ્વારકાની પણ જ નજદીક હોવું જોઈએ. ૨. સ્ત્રી. નાની બારી.

દ્વારિકાધીશ જુઓ દ્વારકાધીશ.

દ્વારિકાધીશ્વર જુઓ દ્વારકાધીશ્વર.

દ્વારિકાનાથ [સં.] પું. શ્રીકૃષ્ણ.

દ્વારિકાપતિ જુઓ દ્વારકાપતિ.

દ્વારિકાસ્વામી જુઓ દ્વારકાસ્વામી.

દ્વારિકેશ [સં.] પું. શ્રીકૃષ્ણ.

દ્વારી ૧. [સં. દ્વારિન્] પું. દ્વારપાલ.

૨. [હિં.] સ્ત્રી. બારી; નાનો દરવાજો.

૩. વિ. દ્વારવાળું; બારણાંવાળું.

૪. વિ. પ્રધાન; મુખ્ય.

દ્વારીભાવ [સં.] પું. મધ્યસ્થગીરી; વચ્ચે પડવું તે; મધ્યવર્તિતા.

દ્વારુક ૧. પું. કૃષ્ણનો એ નામનો એક પુત્ર.

૨. પું. કૃષ્ણનો એ નામનો એક સારથિ.

૩. પું. બારણું; દ્વાર.

દ્વારેશ [સં.] ન. મારફત; વાટે.

દ્વાર્ય જુઓ દ્વારસ્થ.

દ્વાવિંશ [સં.] વિ. બાવીસમું.

દ્વાવિંશતિ [સં.] વિ. બાવીસ.

દ્વાષષ્ટ [સં.] વિ. બાસઠમું.

દ્વાષષ્ટિ [સં] વિ. બાસઠ; ૬૨.

દ્વાસપર્ણી સ્ત્રી. એક જાતની સુનિશ્ચિત આખ્યાયિકા તે જય અને શિવની જોડબ કરાવવા માટે પ્રસંગે પ્રસંગે કહેવામાં આવે છે. અહીં અસ્થિ કહેતાં અસ્થિપ્રધાન શરીરને પીપળાના ઝાડની ઉપમા આપીને તેની ડાળ ઉપર બે સુંદર પાંખવાળાં બે પક્ષી જીવ-અને શિવ બેઠાં છે. એ પીપળો એટલે અસ્થિસમારબ્ધાપર અને તે વૃક્ષ ઉપર એટલે અસ્થિ શરીરમાં ભોક્તા પુરુષ જીવ અને અનુદ્રષ્ટા એટલે સાક્ષી બની મહેશ્વર રહે છે. એક પક્ષી પેપડી ખાય છે તે આ શરીરસ્થ જીવ ભોગનો ભોક્તા છે, જ્યારે તેના જ સુંદર પાંખવાળું બીજું પક્ષી જે પેપડી નથી ખાતું, નથી તે તરફ જોતું, પરંતુ બીજું પક્ષી જે પેપડી ખાય છે તે જોયા કરે છે, તે સાક્ષીરૂપે આ દેહસ્થ મહેશ્વર છે.

દ્વાસપ્તતિ [સં.] વિ. બોતેર; ૭૨.

દ્વાસ્થ ૧. [સં.] પું. દ્વારપાલ; દરવાન.

૨. વિ. દ્વારે રહેનાર; બારણામાં બેઠેલું કે રહેલું.

દ્વાસ્થિત જુઓ દ્વારસ્થ.

દ્વાહિક [સં.] પું. એક પ્રકારનો વિષમજ્વર; દિવસ રાતમાં મળી એક વેળા આવનારો તાવ. જો હૃદયનો વિકાર અંતરમાં આવે તો દ્વાહિક એટલે દિવસ રાતમાં મળી એક વેળા આવનારો તાવ આવે છે.

દ્વાહી સ્ત્રી. મનાઈ; નિષેધ; અટકાવ.

દ્વાંત વિ. બે રીતનું; બુદું બુદું.

દ્વાંસ્થ જુઓ દ્વારસ્થ.

દ્વિ ૧. [સં.] વિ. બે; બેની સંખ્યાવાળું.

૨. ન. બે વખત.

દ્વિઅક્ષક [સં. દ્વિ (બે) + અક્ષ (અક્ષરવાળું)] વિ. બે અક્ષ સાથે જોડાયેલા હોય એવું.

દ્વિઅર્થી [સં. દ્વિ (બે) + અર્થ] વિ. બે અર્થવાળું.

દ્વિઅર્થી ૧. [સં. દ્વિ (બે) + અર્થિન્ (અર્થવાળું)] વિ. અરજદાર; બે અર્થવાળું; જેના બે અર્થ થાય તેવું.

૨. વિ. સંદિગ્ધ.

દ્વિઅર્થી અભ્યાસપદ ન. જેના બે અર્થ કાઢી શકે એવું પદ.

જે શબ્દ અથવા વાકયના પોતાને અનુકૂળ આવે એના અર્થ પ્રકારો કરે છે તેને ન્યાયશાસ્ત્રે દ્વિઅર્થી અભ્યાસપદ કહે છે.

અક્ષરકોષ

દ્વિઅંડી વિ. જેની અંદર બે અંડ કે બીજ હોય એવું; બે અંડવાળું.

ત્રિપુરુષ દેવની સમસ્ત ન. દ્વિઅંડી નાટક મળ્યો ભવાવવામાં આવ્યું હતું. નિર્ગુણાનંદ

દ્વિક ૧. [સં.] પું. બગલો.

૨. પું. ચકવાક પક્ષી.

૩. ન. બેની સંખ્યા

૪. વિ. દુષ્ટ; બગલું, બેની સંખ્યાવાળું.

૫ વિ બે અવયવવાળું

૬. વિ. બે પ્રકારનું

દ્વિકકાર ૧. [સં.] પું. બગલો.

૨. પું. ચકવાક પક્ષી.

દ્વિકકારી ૧. [સં.] સ્ત્રી બગડી.

૨. સ્ત્રી ચકવાકી.

દ્વિકકુદ [સં. દ્વિ (બે) + કકુદ (ખૂંધ)] પું. ઊંટ.

કમેલક, કુલનારા, મરુપ્રિય, મહાત્રા, વાસંત, દ્વિકકુદ, દુર્ગેશય, ઉષ્ટ્ર, ઘાસેર, રમણ, કંટારાન, દીપમોદ. હેમકોષ

દ્વિકક્ષિક [સં.] વિ. બીજી બાજુનું.

દ્વિકક્ષિકસમીકરણ [સં.] ન. (ગણિત) જેમાં એક અથવા વધારે અજ્ઞાત રાશિઓ હોય અને તે રાશિ દ્વિતીય ઘાતની જ હોય એવું સમીકરણ; ' ક્વૉડ્રેટિક ઑવ્ ધ સેકન્ડ ઑર્ડર ' જેમકે, $x^2 + x = 12$.

દ્વિકર ૧. [સં.] પું. બે હાથ.

૨. વિ. બે હાથવાળું.

દ્વિકર્મક [સં.] વિ. (વ્યાકરણ) બે કર્મવાળું.

દ્વિકલ પું. (પિંગળ) છંદશાસ્ત્રમાં કે પિંગળમાં બે માત્રાનો સમૂહ. તેના બે પ્રકાર છે: એકમાં બે માત્રા જુદી જુદી રહે છે. જેમકે, જલ, કમ, ધન. બીજામાં એક અક્ષર બે માત્રાનો હોય છે. જેમકે, આ, મા, કા.

દ્વિકાદ્યષ્ટક પું. (ગણિત) બે કાદ્યષ્ટા જેવડો પૂર્ણો બે કાદ્યષ્ટાથી સીધી ઓરી બને છે.

દ્વિકાદ્યષ્ટપૂર્ણી પું. (ગણિત) ન્યૂનતાપૂરક; 'કૉમ્પ્લિમેન્ટરિ એંગલ' બે ખૂણાનો સરવાળો બે કાદ્યષ્ટા બરાબર હોય તો તે દરેકને દ્વિકાદ્યષ્ટપૂર્ણ કહે છે

દ્વિકી ૧. [સં.] સ્ત્રી બગડી.

૨ સ્ત્રી ચકવાક પક્ષિણી.

દ્વિકેશી વિ. યકૃત સબંધી; યકૃતનું

દ્વિકેશીનંત્ર ન. યકૃતના દ્વારમા દ્વારમા થતી ઝીણી ઝીણી શિરાઓનું તંત્ર

દ્વિકેશીશિરા સ્ત્રી. આંતરડાં, પેટના અને જઠરમાંથી અશુદ્ધ લોહીને યકૃતમાં લઈ જનાર શિરા; 'પોર્ટલ વેન.'

દ્વિકોણકબુજયુગ્મ [સં.] પું (ગણિત) એક જાતનો ખૂણો, જે ત્રિકોણના બધા ત્રિકર લીટી હોય અને જેના શિરોબિંદુનું સ્થાન નક્કી

કરવાનું હોય એવા ત્રિકોણના પાસા ઉપરના બે બાજુનો દરેક ખૂણો. જો બ્ક એ ત્રિજ્યા સીધી લીટી હોય અને ય એ ફરતું બિંદુ હોય અને ય બ તથા ય ચ જોડવામાં આવે તો ∠ય ચ બ અને ∠ ય બ ચ એ ય નો દ્વિકોણકભુજયુગ્મ કહેવાય છે.

દ્વિકોષી [સં. દ્વિકોષિન્] વિ. બે કોષનું બનેલું; જેને બે કોષ હોય એવું.

દ્વિક્ષુર [સં] ન. બે ખરીવાળું પ્રાણી. જેમકે, ગાય, ભેંસ, બકરી.

દ્વિખંડક [સં.] વિ. દ્વિમ અને જાયુ દ્વર કરનાર.

દ્વિખંડી જી એ નામની એક વનસ્પતિ.
મીઠા પાણીના સરોવરમાં બહુ જ નાની દ્વિખંડી નામની વનસ્પતિઓ ઊગી આવે છે.
જૂતસંહિતા

દ્વિગુ ૧. [સ.] પું. (અલંકાર) કર્મધારય સમાસનો એક પ્રકાર. તે સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય તો સમાસ દ્વિગુ કહેવાય છે. દ્વિગુ સમાસમાં સમાહારનો અર્થ છે. જેમકે, ત્રિભુવન; દ્યાનત; પંચપાત્ર.
૨. પું બે ગાયનો માલિક.
૩. વિ. બે ગાયવાળું.

દ્વિગુણ [સં.] વિ. બમણું; બેવડું; બેગણું; બેથી ગુણેલ.
ત્યારે બાકી દ્વિગુણ દુઃખમાં કૂબો હું ફરી તો. ન્હાપી

દ્વિગુણતા [સં.] સ્ત્રી. બમણાપણું; બેગણાપણું.

દ્વિગુણત્વ જુઓ દ્વિગુણતા.

દ્વિગુણયુક્ત [સં.] વિ. બે ગુણવાળું.

દ્વિગુણયુક્ત પદાર્થ [સ.] પું. બેવડા ગુણવાળો પદાર્થ. સર્વ દ્વિગુણયુક્ત પદાર્થોમાં અશ્વિન મુખ્ય છે. તે મહાવેગવાન સર્વભક્ષક અને સર્વમાં વ્યાપક છે. તે જલમય, અગ્નિમય અને વેગમય છે. ધાવાપૃથ્વી, અહોરાત્ર, સૂર્યચંદ્ર, જંઘરી અને તુંઘરી, પુરુષશક્તિ તથા સ્ત્રીશક્તિ એને જ અશ્વિન કહે છે.

દ્વિગુણલય [સ.] સ્ત્રી. (સંગીત)- લયના ૭ માર્ગનો એ નામનો એક ભેદ. એક આવર્તન દ્રુપદનું ગાયન શરૂ કરી ચાર આવૃત્ત એટલે કે અડતાલીસ માત્રામાં પૂરા થતા દ્રુપદના બોલોને બે આવૃત્તમાં એટલે ૨૪ માત્રામાં પૂરા કરે તો તે દુગન અથવા દુની અથવા દ્વિગુણ સમજવી.

દ્વિગુણસ્પર્શરેખાષ્ટરાતલ [સં.] સ્ત્રી. (ગણિત) કોઈ પણ સપાટીને સ્પર્શ રીતે બે જુદાં બિંદુ આગળ સ્પર્શ કરનારી બીજી એક સીધી સપાટી.

દ્વિગુણસ્પર્શાસંપાત [સં.] પું. (ગણિત) એક જાતનો સ્પર્શક. જો કોઈ સીધી લીટી અથવા સીધી સપાટી કોઈ વક્રને અથવા સપાટીને સ્પષ્ટ રીતે બે જુદાં બિંદુ આગળ સ્પર્શ કરે તો તે સ્પર્શ દ્વિગુણસ્પર્શાસંપાત કહેવાય છે.

દ્વિગુણસ્વર [સ.] પું. (સંગીત) સ્થાયી સ્વરથી બમણો તારસપ્તકનો સ્વર.

દ્વિગુણાકૃત [સં.] ન. બે વાર બેરેલું બેતર.

દ્વિગુણાત્મા [સં.] પું. જો નામનો બે ધર્મા દર્શાવનારો તેજસ. તેમાં તેજસ અને ભારમ ઉષ્ણતાનો ગુણ રહેલા છે. માસદના ઘટકોને છૂટા પાડવામાં બહુધાએ તેનો ઉપયોગ થાય છે.

દ્વિગુણિત [સં.] વિ. બમણું; બેથી ગુણેલ. બેગણું કરેલું.

દ્વિગુણી જુઓ દ્વિગુણિત.

દ્વિગુરુ પું. (સંગીત) ચાર માત્રા જેટલો કાળ; ઢાકપઢાળ; ઢાંચાને એક ઠેકાણેથી પગ ઉપાડીને બીજી જગ્યાએ પગ મૂકવા સુધીમા લાગતો વખત.

દ્વિગુંફકર જી. કર્ણમૂલવિકૃતી અંદરની બાજુ ઉપર લાગેલી જ માંસની એ નામની એક પેશી

દ્વિગૂઢ [સં.] ન. (નાટય) ગાયાંશનું દશ માત્રાનું એક અંગ; જેમા બધાં પદ સમ અને સુંદર હોય એવું ગીત.

દ્વિગોત્રોદ્વ [સં.] વિ. બે ગોત્રવાળું.

દ્વિઘટિકા [સં.] સ્ત્રી. બે ઘડીના હિસાબથી ગણવામાં આવેલું મુહૂર્ત.

દ્વિઘાત ૧. [સં.] પું. (ગણિત) વર્ગ; કોઈ પણ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણવાથી આવતો ગુણાકાર. જેમકે, ૨ × ૨ = ૪. તેમાં ૪ એ ૨ નો દ્વિઘાત અથવા વર્ગ છે
૨. વિ. બે ઘાતનું; વધારેમા વધારે બે ઘાતના પદવાળું; 'ક્વૉડ્રેટિક.'

દ્વિઘાતઅનેકઘાતસમીકરણ [સ] ન (ગણિત) જેમા બે અથવા વધારે રાશિઓ હોય અને તે દરેક બે ઘાતની હોય એવું સમીકરણ. જેમકે, $ય^2 + ૨ ચ^2 = ૮$.

દ્વિઘાતપદી સ્ત્રી. (ગણિત) જે પદીનું દરેક પદ બે ઘાતનું હોય અથવા જે પદીનું એક પદ બે ઘાતનું હોય અને બાકીનાં પદોમાનું કોઈ પણ બેથી વધારે ઘાતનું ન હોય તે પદી; 'ક્વૉડ્રેટિક એક્સપ્રેશન.' જેમકે, $ક^2 + ક^2 + ગ^2$.

દ્વિઘાતમૂળ ન. (ગણિત) વર્ગમૂળ; 'સ્કવેર રૂટ.'

દ્વિઘાતસમીકરણ [સં] ન. (ગણિત) જેમાં બે અથવા વધારે અજ્ઞાત રાશિ હોય એવું બે ઘાતનું સમીકરણ. જેમકે, $ય^2 + ચ = ૧૨$; $ય^2 + ચ^2 = ૫$.

દ્વિચક્ર [સં.] વિ. જેને બે પૈડાં હોય એવું.

દ્વિચક્રયાન જુઓ દ્વિચક્રી.

દ્વિચક્રી [સં દ્વિ (બે) + ચક્રિન્ (પૈડાંવાળું)] સ્ત્રી. ઉપર બેસીને પગ વડે ગબડાવી હોંકારવાની એક જાતની ગાડી, 'બાઈસિકલ'

દ્વિચત્વારિંશત [સ. દ્વિચત્વારિંશત્] વિ. બેતાલીસ; ૪૨.

દ્વિચરણ ૧. [સં] પું. બે પગ.
૨. વિ. બે પગવાળું, બે પગ કે ચરણવાળું.

દ્વિચરમ [સં. દ્વિ (બે) + ચરમ (છેલ્લું)] વિ. (જૈન) કેવળ બે વાર મનુષ્ય જન્મ ધારણ કરી મોક્ષ જનાર.
વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એ ચાર વિમાનોમા જે દેવો રહે છે, તે દ્વિચરમ હોય છે. અર્થાત્ અધિકમાં અધિક બે વાર મનુષ્યજન્મ ધારણ કરી મોક્ષ પામે છે.
તત્ત્વાર્થસૂત્ર

દ્વિચરમી વિ મનુષ્યના બે ભવ કરી મોક્ષ પામનાર.

દ્વિચલક્ષ ન. નાણાંના ચલણનો એક પ્રકાર, જ્યાં કોઈ બે ધાતુના સિક્કા મુખ્ય નાણા તરીકે ચાલતા હોય, એટલે કે કાયદાથી નક્કી કરેલા પ્રમાણ મુજબ જેમાંથી ગમે તે ધાતુના નાણામાં ગમતીલાં બેવડેવડા વર્ષ કહતી હોય, તો તેને બે ધાતુનું ચલણ કે દ્વિચલક્ષ કહે છે. જેમકે, ૧ રૂપીની = ૧૫ ગ્રા. ના પ્રમાણે સોનું રૂપુ બંનેના સિક્કા મુખ્ય ચલણ તરીકે ચાલતા હોય. આમ બને ધાતુના સિક્કા, કાયદાથી કરેલા ભાવ પ્રમાણે મુખ્ય નાણા તરીકે વપરાતા હોય ત્યારે જેમાંથી એક પણ ધાતુના ભાવમાં વખતોવખત સરકારતરફે સસ્તી બજારભાવે મોંઘી ધાતુના સિક્કા ચલણમાંથી અદશ્ય થાય છે અને બજારમાં નબળી પડેલી ધાતુનું નાણું ચલણમાં રહે છે આવી ચલણ પદ્ધતિને લંગડી ચલણ પદ્ધતિ કહે છે

દ્વિચલક્ષવાદ પું. અર્થશાસ્ત્રનો એક મત. જે સોના અને ચાંદી બંનેના સિક્કાના ચલણનું સમર્થન કરે છે

દ્વિજ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક અર્ધસમવૃત્ત છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૨૦ ગુરુ અને ૫૬ લઘુ મળી ૭૬ વર્ણ અને ૯૬ માત્રા આવે છે.
૨. [સ.] પું. જેનું પુનરાવર્તન થયેલું હોય એવું બે વાર જન્મ થયેલો કહેવાય છે તે એક વાર અગ્નિ ઋષિનો પુત્ર થયો હતો અને બીજી વાર સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી નીકળ્યો હતો.

૩ પું. દુંદર પક્ષ.
૪. [સં. દ્વિ (બે) + જ (જન્મેલું)] પું. દાંત. બાળકને પહેલાં દુધિયા દાંત આવે છે અને તે પડી ગયા પછી બત્રિસા દાંત આવે છે. આમ બે વાર દાંત આવતા હોવાથી તેને દ્વિજ કહે છે

દશન દંત દ્વિજ રદન, રદ ચમાત રાદમ મૌજ;
હોવર કથી સમ ચતરતા, નવ નીરજમાં બીજ.
ચિંતનાત્મકોષ

૫. પું. પ્રેમાનંદ કવિ.
૬. પું. બે વાર જન્મેલો અથવા બીજી વાર વિધિયુક્ત યજ્ઞોપવીત થયેલું હોય તે માણસ. બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય એ ત્રણેને પણ એ શબ્દ લગાડવામાં આવે છે, કારણ કે તેમનો બે જન્મ મનાય છે: એક કુદરતી અને બીજો જ્ઞાન, સંસ્કૃતિ વગેરે દ્વારા આધ્યાત્મિક જન્મ.
૭. પું. બ્રાહ્મણ; વિપ્ર. યજ્ઞોપવીત વિધાન સંસ્કારથી તેનો નવો જન્મ મને છે, તેથી બ્રાહ્મણ દ્વિજ કહેવાય છે.

દેવ દ્વિજ ગુરુ ગ્રામ પૂજિ, અંબા આરાધન,
સાધન કુશલનિ સાધરિ, નવ રાત્રિ નહિ અસાધ.
બ્રાહ્મણ

૮. ન. ચીરફળ. બાર વર્ષમાં બ્રાહ્મણનો વર્ષ બીજો છે, તેવું ચીરફળ પણ બીજું હોય છે. માટે તેને દ્વિજ કહે છે.
૯. સ્ત્રી. પક્ષી; પંખી; અંડજ.

દ્વિજ શબ્દ પક્ષી શકુનિ અંડજ વિહગ વિહંગ,
વિહગમ પત્રિ પત્રરથ પત્રી પતગ પતગ.
ચિંતનાત્મકોષ

૧૦. વિ. ત્રણેય.
૧૧. વિ. બે વાર જન્મેલું; બે વાર ઉત્પન્ન થયેલું; પુનર્જાત.

દ્વિજકુત્સિત [સં.] ન. એક જાતનું ઝાડ; શ્લેષ્માતક.

દ્વિજગણ ૧. [સં.] પું. પક્ષીઓનો જથ્થો.
૨. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેનો સમૂહ.

દ્વિજગૃહસ્થ [સં] પું. એક પ્રકારનો ગૃહસ્થ. તેના બે પેટા ભેદ છે: સ્નાતક અને કૃતદાર. સમાવર્તન એટલે ધાર્મિક અભ્યાસ સમાપ્ત કર્યા છતાં પણ કન્યા ન મળવાથી નહિ પરણેલ તે સ્નાતક કહેવાય છે. સમાવર્તન કરી પરણેલ ગૃહસ્થ કૃતદાર કહેવાય છે.

દ્વિજટી પું. (જ્યોતિષ) અઠ્યાસી સંવત્સરોનો એ નામનો એક મહ.

દ્વિજત્વ [સં.] ન. દ્વિજપણું.

દ્વિજદંપતી [સં.] સ્ત્રી. પતિનું એક જાતનું પતરું. તેના ઉપર સ્ત્રીપુરુષ કે લક્ષ્મી નારાયણનું પુતળું ચીતરી ઓઢોના ખૂણે કર્ણમાં દરાક બાંધી આકાશને તે દાનમાં દેવામાં આવે છે.

દ્વિજદાસ ૧. [સં.] પું. બ્રાહ્મણનો ચાકર કે સેવક.
૨. પું. શૂદ્ર

દ્વિજદુહિતા ૧. [સં. દ્વિજદુહિત્] સ્ત્રી. દ્વિજની દીકરી.
૨. સ્ત્રી. બ્રહ્મતનયા; સરસ્વતી.

દ્વિજદેવ ૧. [સં.] પું. ઋષિ.
૨. પું. બ્રાહ્મણ.

દ્વિજન્મા ૧ [સં. દ્વિ (બે) + જન્મન્ (જન્મ)] પું. દાંત.
૨. પું. પક્ષી
૩. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ જાતિ.
૪. વિ. બે વખત જન્મેલું.

દ્વિજન્મી ૧. ન. જમીન ઉપર તેમ જ પાણીમાં રહેનારું પ્રાણી. જેમકે, દેડકો.
૨. વિ. બે જન્મવાળું.

દ્વિજપતિ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. પું. એક પક્ષી; ગરુડ પક્ષી.
૪. પું. એક બ્રાહ્મણ; ઉત્તમ બ્રાહ્મણ.

દ્વિજપત્ની [સં.] સ્ત્રી. બ્રાહ્મણની સ્ત્રી.

દ્વિજપ્રભા ૧. [સં.] સ્ત્રી. તાડના મૂળ આગળનું પાણીનું ખામણું.
૨. સ્ત્રી. પરબડી; પક્ષી, ઢોર વગેરેને પાણી પીવાની કુંડી વગેરે.

દ્વિજપ્રિય [સં.] વિ. બ્રાહ્મણને પ્રિય; દ્વિજને વહાલું.

દ્વિજપ્રિયા [સં.] સ્ત્રી. સોમલતા; સોમવલ્લી.

દ્વિજબંધુ [સં.] પું હલકો બ્રાહ્મણ; અબ્રાહ્મણ; માત્ર નામનો બ્રાહ્મણ. જેમકે, ભાટ; જોશી

દ્વિજબુગલ [સં.] ન. બ્રાહ્મણોની જોડી; બે બ્રાહ્મણોનો સમૂહ.

દ્વિજરાજ ૧. [સં.] પું. ઉત્તમ દ્વિજ; દ્વિજમાં રાજા; ઉત્તમ બ્રાહ્મણ; વિપ્રવર્ય; શ્રેષ્ઠ બ્રાહ્મણ.
૨. પું. કપૂર.
૩. પું. ગરુડ. તે પક્ષીનો રાજા મનાય છે. પક્ષી પ્રથમ ઈંડારૂપે અને પછી જન્મારૂપે અવતરે છે, તેથી તે દ્વિજ કહેવાય છે. ગરુડ સૌ પક્ષીઓમાં મોટો છે, તેથી તે દ્વિજરાજ કહેવાય છે.
૪ પું. ચંદ્ર.
૫. પું. હંસ.

દ્વિજર્ષિ [સં. દ્વિજ + ઋષિ] પું. બ્રહ્મર્ષિ.

દ્વિજલિંગી ૧. [સં દ્વિજલિઙ્ગિન્] પું ક્ષત્રિય.
૨. પું. ગરુડ પક્ષી.
૩. પું. શૂદ્ર કે બીજા વર્ણનો હોવા છતાં બ્રાહ્મણનો વેષ ધારણ કરનાર મનુષ્ય

દ્વિજવર [સં.] પું. શ્રેષ્ઠ બ્રાહ્મણ. ઉત્તમ બ્રાહ્મણ

દ્વિજવર્ય જુઓ દ્વિજવર.

દ્વિજવાહન [સં. દ્વિજ (ગરુડ) + વાહન] પું વિષ્ણુ. તેમનું વાહન ગરુડ પક્ષી છે.

દ્વિજવ્રણ [સં] ન. એક જાતનો દાંતનો રોગ; દન્તાર્બુદ.

દ્વિજશપ્ત ૧. [સં. દ્વિજ (બ્રાહ્મણ) + શપ્ત (શાપેલું)] પું. રાજભાષ નામે એક ધાન્ય. બ્રાહ્મણ તે ખાતા નથી
૨. વિ. બ્રાહ્મણોએ શાપ આપેલું.

દ્વિજશ્રેષ્ઠ જુઓ દ્વિજવર.

દ્વિજસત્તમ જુઓ દ્વિજવર.

દ્વિજસદન [સં.] ન. બ્રાહ્મણનું ઘર.

દ્વિજસમાજ [સં.] પું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિ

દ્વિજસંજ્ઞા [સં.] સ્ત્રી બ્રાહ્મણની નિશાની.

જેને ઉપનયન (જનોઈનો) સંસ્કાર થાય છે તે દ્વિજ કહેવાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ત્રણે દ્વિજસંજ્ઞા છે. હમણાના સમયમાં વાણિયાને જનોઈ દેતા નથી. નાનચંદ

દ્વિજસેવક ૧. [સં.] પું. ગધેડું; દ્વિજનો સેવક.
૨. વિ. બ્રાહ્મણની સેવા કરનાર.

દ્વિજસ્નેહ [સં.] પું. બ્રાહ્મણનું ગાઢ.

દ્વિજા ૧. [સં.] પું. એક જાતનો ઘાસ માટે ઉપયોગી છોડ
૨. સ્ત્રી. દ્વિજ જાતિની સ્ત્રી
૩. સ્ત્રી. બ્રાહ્મણી, દ્વિજની સ્ત્રી
૪. સ્ત્રી. ગાયત્રી વનસ્પતિ
૫. સ્ત્રી રેણુકા નામનું સુગંધી દ્રવ્ય.

દ્વિજાજ [સં.] પું. બ્રાહ્મણ.

દ્વિજાત ૧. [સં] પું. બ્રાહ્મણ.
૨. વિ. બે વખત જન્મેલું

દ્વિજાતિ ૧. [સં.] પું. દંત.
૨. પું પક્ષી.
૩ પું. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય. તેને યજ્ઞોપવીત ધારણ કરવાનો અધિકાર છે.
૪ વિ. બ્રાહ્મણ; ઈંડામાંથી જન્મેલું.
૫ વિ બે વખત જન્મેલું.

દ્વિજાતીય ૧. [સં.] વિ. બે જાતિનું; બે જાતિ સંબંધી
૨ જુઓ દ્વિજાતિ

દ્વિજનિ [સં.] પું. બે જીવ.ળો પુરુષ.

દ્વિજાયની [સં.] સ્ત્રી. જનોઈ; બાલત્વ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણને પહેરવાનો પવિત્ર દોરો.

દ્વિજાલય ૧. [સં.] ન. ઝાડની બખોલરૂપ પક્ષીનો માળો.
૨. ન. બાહ્મણનું ઘર.

દ્વિજાંગિકા જુઓ દ્વિજગી.

દ્વિજાંગી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કડુ; કડુકા; કુટકી.

દ્વિજિહ્વ ૧. [સં.] પું. એક જાતનો રોગ.
૨. પું. મોર.
૩. પું. બ્રાહ્મણ.
૪ પું. (પુરાણ) લંકાનો રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૫. પું. સર્પ.
૬. વિ. અપ્રમાણિક.
૭. વિ. માઠિયુ.
૮. વિ. દુ:સાધ્ય; મુશ્કેલીથી વર્ષ શકે એવું.
૯. વિ. નીચ; કપટી; દુષ્ટ; ખલ.
૧૦. વિ. બે જીભવાળું; ભેદવચની.

દ્વિજિહ્વતા ૧. [સં.] સ્ત્રી. અપ્રમાણિકપણું.
૨. સ્ત્રી. બળપણું; નીચતા.
૩. સ્ત્રી. માઠિયાપણું.
૪. સ્ત્રી. ચોરી.
૫. સ્ત્રી. દુ:સાધ્યતા.
૬. સ્ત્રી. ભેદવચનીપણું; અસલતા.
૭. સ્ત્રી. સર્પપણું.

દ્વિજિહ્વત્વ જુઓ દ્વિજિહ્વતા.

દ્વિજી [સં.] સ્ત્રી. બાહ્મણી, ક્ષત્રિય કે વૈશ્યની સ્ત્રી.

દ્વિજેતર [સં.] પું. દ્વિજ કરતાં અન્ય વર્ણનો માણસ; શૂદ્ર.

દ્વિજેશ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ગરુડ પક્ષી.
૩. પું. ચંદ્ર.
૪. પું. શ્રેષ્ઠ બાહ્મણ.

દ્વિજેશ્વર જુઓ દ્વિજેશ.

દ્વિજેંદ્ર જુઓ દ્વિજેશ.

દ્વિજોત્તમ જુઓ દ્વિજેશ.

દ્વિજોપાસક ૧. [સં.] પું. શૂદ્ર.
૨. વિ. બાહ્મણની સેવા કરનાર.

દ્વિજ્યા [સં.] સ્ત્રી. ગણિત પ્રસિદ્ધ એક જ્યા.

દ્વિજ્યામાર્ગ [સં.] પું. ક્ષિતિજ.

દ્વિઠ ૧. [સં.] પું. વિષ્ઠા.
૨. પું. ત્યાગ્યાન્ન.
૩. ન. એ ઠામ.

દ્વિત્વ સ્ત્રી. નામ

દ્વિત ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તેને એકત અને ત્રિત એ નામના બે ભાઈ હતા. તેમનો ઇતિહાસ ટૂંકમાં ઋગ્વેદના પહેલા મંડલના ૧૦૫મા સૂક્તની ૩૨મી ઋચામાં આપેલો છે.
૨. પું. એ નામનો એક દેવ.

દ્વિતય ૧. [સં.] વ. બેગી.
૨. ન. બેની સંખ્યા; બે.
૩. વિ. બે પડવાળું.
૪. વિ. બેની સંખ્યાવાળું; બે અંકવાળું; બેનું બનેલું.

દ્વિતલ ૧. [સં.] ન. દ્વિભૂમિક; દ્વિભૌમ; બે માળવાળું મકાન.
૨. વિ. (ગણિત) બે પડવાળું; 'ડબલ્ડ.'

દ્વિતલક્રોષ્ટુ [સં.] પું. (ગણિત) બે તલ કે પડવાળી બેકબાજીને મળે અથવા ઊંદે હાડ તેમની વચ્ચે થતો ખૂણો; 'ડાયહેડ્રલ એંગલ.'

દ્વિતંતુકી સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તે એક પેરીવાળી અથવા તંતુવાળી હોય છે. તે પેરીને બે બારીક વાળ જેવા તંતુઓ હોય છે.

દ્વિતા [સં.] સ્ત્રી. બેપણું.

દ્વિતાલ [સં.] પું. (સંગીત) આઠ માત્રાનો એક તાલ. તેમાં પહેલી માત્રા ઉપર તાલ, ત્રીજી ઉપર ખાલી, પાંચમી ઉપર તાલ અને સાતમી ઉપર ખાલી એમ તાલીઓ ચાર ચાર માત્રાને અંતે આપવામાં આવે છે.

દ્વિતીય ૧. [સં.] પું. પુત્ર. આત્મા જ પુત્રરૂપે જન્મે છે, તેથી આ નામ પડ્યું છે.
૨. પું. મિત્ર.
૩. પું. સહાય.
૪. પું. (સંગીત) સામમાં જણાવેલ સાત માંહેનો એક સ્વર.
આંબર્ષ વેદમાં જણાવેલા પ્રથમ, ઋષભ ગાંધારાદિ સાત સ્વર જેને સામમાં કૃષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય કહેવામાં આવ્યા છે. ચારદા
૫. વિ. અપર; અન્ય.
૬. વિ. બીજું; ક્રમમાં બીજું; બીજા નંબરનું.

દ્વિતીય અમૃતધારા પું. (પિંગળ) એક વિષમમાત્રિક વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે તેમાં અડતાલીસ લઘુ તથા આઠ ગુરુ મળી છપ્પન વર્ણ આવે છે. તેનું માપ:

પાદ	લઘુ	ગુરુ	વર્ણ
૧	૧૮	૨	૨૦
૨	૧૦	૨	૧૨
૩	૧૪	૨	૧૬
૪	૬	૨	૮

દ્વિતીય ઉપવિશાલ પું. (પિંગળ) અક્ષરીય વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણછંદનો એક ભેદ છે. તેમાં પ્રથમ પ્રમાણે ૩૦ વર્ણ તથા બે લઘુ મળી ૩૨ વર્ણ આવે છે. સોળ સોળ વર્ણે યતિ એટલે વિસામો આવે છે.
ત્રીસ વર્ણ ગમે તેમ પછી બે લઘુ છે અવશ્ય,
દ્વિતીય ઉપવિશાલ છંદ સાત સોળ પર.
સ્વરૂપપિંગળ

દ્વિતીયક ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.
૨. ન. બીજા રૂપે ગ્રહણ.
૩. વિ. બીજું.
૪. વિ. બીજે દિવસે હોનાર.

દ્વિતીયકાર્ધ [સં.] પું. (ગણિત) પ્રથમ અર્ધાને તેનાથી જ ગણતાં જે લબ્ધિ આવે તે પ્રથમ અર્ધાર્ધમાંથી બાદ કરી અવશિષ્ટ ભાગ. પ્રથમ અર્ધાર્ધમાં મિશ્રિત કરવાથી આવે તે ભાગ.

દ્વિતીયકૃતિજા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેનું માપ: નગણ, બે સગણ, બે જગણ, બે ભગણ, જગણ અને બે ગુરુ એમ બત્રીસ અક્ષર હોય છે.
ન. પર દ્વિજ બે જ સ બે જ છે દ્વિજા રચ
દ્વિતીયકૃતિજા જાણ આર. સ્વરૂપપિંગળ

દ્વિતીયતા ૧. [સં.] સ્ત્રી. અન્યપણું; અપરતા.
૨. સ્ત્રી. ક્રમમાં બીજાપણું.
૩. સ્ત્રી. મિત્રતા.
૪. સ્ત્રી. સહાયતા; મદદ.

દ્વિતીયતાલ જુઓ દ્વિતાલ.

દ્વિતીય તાપ પું. (વૈદક) શીતળાની બીમારીમાં પહેલો તાવ આવી દાણા નીકળી ગયા પછી દાણામાં પરુ થતી વખતે બીજી વાર આવતો તાવ.

દ્વિતીયત્રિફલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ, ચાલારી.

દ્વિતીયત્વ જુઓ દ્વિતીયતા.

દ્વિતીયનિશ્ચય પું (કાવ્ય) એક જાતનો અલંકાર.
અન્યત્ વર્ણાત્ આરોપ્યમાણનો નિષેધ કરીને પ્રકૃતનું સ્થાપન પુનઃ અર્થાત્ દ્વિતીયનિશ્ચય અલંકાર છે. કાવ્યપ્રકાશ

દ્વિતીયપદી સ્ત્રી. (ગણિત) એક જાતની શ્રેઢી: જેનું દરેક પદ બે ઘાતનું હોય અથવા જેનું એક પદ બે ઘાતનું હોય અને બાકીનાં પદોમાંનું કોઈ પણ એવી ઘાતનું ન હોય તેવી પદી; જે પદીનાં પદોમાં સૌથી મોટો ઘાત બે વર્ગ હોય એવી પદી: 'ક્વૉડ્રેટિક એક્સપ્રેશન.' જેમકે, ક્ર² + ક્ર² + ક્ર².

દ્વિતીયપંચકોદ્ર પું. (વૈદક) દરડે, અજમોદ, સંચળ, હિંગ અને સૂંઠ એ પાંચનો સમૂહ.

દ્વિતીયપંચચામર પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રતિ ચરણનો એક ભેદ છે. તેમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ તથા લઘુ મળી સત્તર વર્ણ હોય છે

દ્વિતીયપંચચામર રચો જ ર જ ર જ ગા ૧૭ રણપિંગળ

દ્વિતીયપંચમીજ [સં] ન. (વૈદક) મેથી, મહાકરંજી, અજમા, કાળીજીરી અને એખરો એ પાંચ વસ્તુનો સમૂહ

દ્વિતીયપંચમીજસમ [સં.] ન. (વૈદક) આમલી, ખિપારતૂત, ખિરખોળ, દરડે અને પાપડ એ પાંચ વસ્તુનો સમૂહ.

દ્વિતીયપ્રમાણપદ [સં.] ન. (ગણિત) પ્રમાણપદથી ચાર સંખ્યામાની બીજી સંખ્યા. એને ગુણ્ય એવું નામ પણ કોઈ આપે છે

દ્વિતીયયુગ [સં.] પું. ગુજરાતના ભૂસ્તરનો બીજો યુગ. પ્રાથમિક યુગ પછીના દ્વિતીય ભેટસે મધ્યમ યુગમાં સમુદ્રમાં ઠરવાથી અને જ્વાળામુખીનાં દબાણોથી ઉત્પન્ન થયા હતાં. ત્યારપછી જળ અને સ્થળ ઉપર રહેનારાં પ્રાણીઓની ઉત્ક્રાંતિ થઈ અને છેવટના ભાગમાં તો મોટાં પ્રચંડ પેટે ચાલનારાં પ્રાણીઓ ભૂમિ ઉપર વસવા લાગ્યા હતાં. વનસ્પતિનાં પણ મોટા જંગલનાં જંગલ ઊગી નીકળ્યાં હતાં અને તે પછીના યુગોમાં દટાઈ જવાથી કોલસાના રૂપમાં તેના થરો ભૂમિમાં ભરી ગયા છે. તેમાંથી હાલની કોલસાની ખાણો મળી આવે છે. આવા થરો ગુજરાતમાં કચ્છ, કાઠિયાવાડના ઉત્તર ભાગમાં પ્રાંતોમાંથી ખાસપણ મળી આવે છે. આ ઉપરથી એવું અનુમાન થાય છે કે, આ યુગમાં કચ્છ અને કાઠિયાવાડની ઉત્તરે તેમ જ ગુજરાતના ભાગમાં સમુદ્ર વહેતો હોવો જોઈએ અને અરવલ્લી પર્વતમાંથી સાબરમતી અને બનાસ નદીનો પ્રવાહ થઈ હશે.

દ્વિતીયલઘ્વી પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાડોંથું વર્ણનો છે. તેનું માપ નીચ પ્રમાણે છે

પાદ	લઘુ	ગુરુ	વર્ણ
૧	૧૪	૨	૧૬
૨	૧૦	૨	૧૨
૩	૬	૨	૮
૪	૧૮	૨	૨૦

દ્વિતીય વિવાહ [સં.] પું. પુનર્લગ્ન કરીથી પરણવું તે.

દ્વિતીય સમીકરણ [સં.] ન. (ગણિત) જેમાં એક અથવા વધારે અજ્ઞાત રાશિ હોય અને તે રાશિઓ દ્વિતીયઘાતની હોય એવું સમીકરણ. જેમકે, $૫x^2 + ૧૦ = ૧૨૫$; $૩x^2 + ૪x^2 = ૫$.

દ્વિતીય સંપાત [સં.] પું. જે સંપાત આગળ અને ઉત્તરથી દક્ષિણ તરફ જતો દેખાય તે સંપાત; 'ડિસેન્ડિંગ નોડ.'

દ્વિતીયા ૧. [સં.] સ્ત્રી. દરેક પખવાડિયાની બીજી તિથિ; બીજ

૨. સ્ત્રી. ભાર્યા; પત્ની

૩. સ્ત્રી. મીંડ. વામમાર્ગમાં આ શબ્દ આ અર્થમાં વપરાય છે.

૪ સ્ત્રી. (વ્યાકરણ) સાત માઠેની બીજી વિભક્તિ

૫. વિ સ્ત્રી. બીજી.

દ્વિતીયાકૃત [સં.] વિ. બે વાર બોલાયેલું; બીજી વાર બોલેલું

દ્વિતીયા તત્પુરુષ [સં.] પું. (વ્યાકરણ) પૂર્વપદ ઉત્તરપદ સાથે દ્વિતીયા વિભક્તિના સંબંધથી જોડાયું હોય એવો તત્પુરુષ સમાસનો એક પ્રકાર. જેમકે, ઉંદરીવાલીત, દેવાશ્રિત, દુઃખાપન્ન

દ્વિતીયા નિષ્પત્તિ [સં.] સ્ત્રી. (ગણિત) પ્રશ્નોત્તરનું બીજું નામ.

દ્વિતીયાવાસા [સં.] સ્ત્રી. દારૂહળદર.

દ્વિતીયાવરણક [સં.] વિ. બીજા પુડવાનું.

> જૈનોનાગ્રન્થમાં બીજા પુડીલ કે દ્વિતીયાવરણક અને તૃતીયાવરણક વારંવાર વપરાયે છે.
> ગુજરાતી જ્ઞાનકોષ

દ્વિતીયાશ્રમ [સં.] પું. જીવનનો બીજો આશ્રમ; ગૃહસ્થાશ્રમ.

દ્વિતીયાંડગોલ [સં] પું (ગણિત) દીર્ઘવૃત્તને તેની લઘુ અક્ષની આજુબાજુ ફેરવવામાં આવતાં બની પામ આકૃતિ.

દ્વિતીયાંશ [સં.] પું. બીજો ભાગ.

દ્વિત્ર [સં.] વિ. બે કે બેક

દ્વિત્રૈજ્ય પું. (ગણિત) બે વિદ્યા અને તેમની વચ્ચે અંતરિત થયેલા આપથી જેની હદ બંધાયેલી હોય એવો વર્તુલનો ભાગ.

દ્વિત્વ [સં] ન. બેપણું; બે હોવું તે; દ્વૈધભાવ.

દ્વિત્વભવિષ્ય [સં.] પું. (વ્યાકરણ) ક્રિયાપ્રદાનના બોદ બોધનો એક પ્રકાર. ધાતુના ભવિષ્ય કૃદંત સાથે હો ધાતુનું ભવિષ્યકાળનું રૂપ આવી થતો મિશ્રકાળ. જેમકે, વાચવાનો હશે.

દ્વિત્વભૂત [સં] પું. (વ્યાકરણ) એ નામનો એક પ્રકારનો મિશ્રકાળ; ધાતુના ભૂત કૃદંતની સાથે હો ધાતુનું ભૂતકાળનું રૂપ આવી થતો મિશ્રકાળ. જેમકે, વાંચી હતી.

દ્વિત્વવર્તમાન [સં] પું. (વ્યાકરણ) ધાતુના વર્તમાનકાળના રૂપની સાથે હો ધાતુનું વર્તમાન કાળનું રૂપ વાપરવાથી થતો મિશ્રકાળ. જેમકે, વાચે છે

દ્વિદલ ૧. ન. એક જાતની માટી; રાતો ગાઠ.

૨. [સં.] ન. બબ્બા વગેરેની દાળ.

૩. ન. બે ફાડવાળું અન્ન કે કઠોળ. જેમકે, મગ, અડદ, ચણા.

૪. ન. બે ભ્રમરની વચ્ચે આવેલ ગાઠ; સુષુમણા નાડીમાં ભ્રમરને આવેલું ૬ અને ૬ વર્ણથી યુક્ત આજ્ઞાચક્ર નામનું બે પાંખડીવાળું સૂક્ષ્મ કમળ.

૫. ન. બે રાજકીય પક્ષ દ્વારા ચલાવવામાં આવતું શાસન.

૬. વિ. નરમ; કોમળ

> સખા તહારે દેવું દ્વિદલ કરવા એક સરખું
> બળવંતરાય ઠાકોર

૭. વિ. બે દલ કે ફાડવાળું.

૮. વિ. બે પાંખડીવાળું.

૯ વિ. બે ચાદરવાળું.

૧૦. વિ. બે શાખાવાળું.

દ્વિદલચક્ર [સં] ન. શરીરમાં રહેલા સાત ગાઠેનું એ નામનું એક ચક્ર. તે ભ્રકુટિ સ્થાનમાં આવેલું છે. એને આજ્ઞા અથવા ત્રિકુટચક્ર પણ કહેવાય છે. જુઓ દ્વિદલ ૪.

દ્વિદલધાન્ય [સં] ન. બબ્બા વગેરે બે ફાડવાળું કઠોળ કે ધાન્ય.

દ્વિદલશાસન [સં.] ન. બે રાજકીય દલ દ્વારા ચાલતું શાસન; 'ડાયાર્કિ.'

દ્વિદલશાસનપ્રણાલી [સં.] સ્ત્રી. એક જાતની રાજ્યપદ્ધતિ કે સરકાર; 'ડાયાર્કિ' તેમાં શાસન અધિકાર બે ભિન્ન અધિકારીઓના કે પક્ષના હાથમાં રહે છે.

દ્વિદલા પું. (પિંગળ) એક અર્ધસમમાત્રા માત્રામેળ છંદ. તેમાં દરેક દલમાં ૨૮ માત્રા હોય છે અને તેની પ્રથમ અને તે પછીની દર ચોથી માત્રાએ તાલ આવે છે. તેને દ્વિપદા છંદ પણ કહે છે

દ્વિદલાઢ્ય જુઓ દ્વિદલધાન્ય

દ્વિદલી સ્ત્રી. બે ખાડવાળું; દ્વિમુખી; બે ફાડવાળું.

દ્વિદલીરાજપદ્ધતિ સ્ત્રી. દ્વિશાસનપ્રણાલી; 'ડાયાર્કિ'

દ્વિદશા [સં] સ્ત્રી. બીજા; બે વખત દશા.

દ્વિદળ જુઓ દ્વિદલ

દ્વિદળી ૧. ન. એક પ્રકારનું ધાન્ય
૨. વિ. બે દળવાળું.
બે વર્ષ અથવા વધારે આયુષ્યવાળાં ઝાડોના થડને આ વર્ગમાંથી પ્રતિવર્ષ કાષ્ઠ અને છાલના નવા પડ બેધામાં કરે છે. આ પ્રકારના થડને દ્વિદળી કહે છે. વનસ્પતિશાસ્ત્ર

દ્વિદંત [સં.] વિ. બે દાંતવાળું.

દ્વિદંતી જુઓ દ્વિદંત.

દ્વિદામની [સં. દ્વી (બે) + દામન્ (દોરડું) + ઙ્ (સ્ત્રીલિંગનો પ્રત્યય] સ્ત્રી. બે દોરડાથી બાંધવા જેવી નદીખંડ ગામ.

દ્વિદિવ [સં] પું. બે દિવસે થતો એક યજ્ઞ.

દ્વિદૈવત ૧. [સં.] ન. (જ્યોતિષ) વિશાખા નક્ષત્ર.
૨. વિ. બે દેવતા જેના અધિષ્ઠાતા હોય તેનું.

દ્વિદૈવતા ૧. [સં.] પું. (જ્યોતિષ) વિશાખા નક્ષત્ર
૨. વિ. જેના બે દેવતા હોય એવું.
૩. વિ. બે દેવતાઓ સાથે સંબંધ રાખનારું; બે દેવતાને માટે હોય એવું.

દ્વિદ્રહ ૧. [સં.] પું. ચક્ષુપનિ: મળનાર, તેનું આયુ એક વખત કાપી નાખવામાં આવ્યું હતું અને પછી કાર્યાનું આયું જોડવામાં આવ્યું હતું.
૨. પું. (જ્યોતિષ) મિથુન, કન્યા, ધન, મીન એ રાશિઓનો સમૂહ.

દ્વિદ્વિક વિ. દ્વિગુણ; બેવડું.

દ્વિદૈનિક [સં.] ન. બીજે બીજે દિવસે પ્રકટ થતું જ્વર.

દ્વિદૈવ [સં.] પું. (જ્યોતિષ) વિશાખા નક્ષત્ર. તેના અધિષ્ઠાતા સૂર્ય અને અગ્નિ બે દેવતા છે.

દ્વિદૈવત્યા [સં.] પું. (જ્યોતિષ) વિશાખા નક્ષત્ર.

દ્વિદ્વાદશ ૧. ન. (જ્યોતિષ) જન્મકુંડલી માંહેનું બીજું ધનસ્થાન અને બારમું વ્યયસ્થાન.
૨. [સં.] ન. (જ્યોતિષ) ફલિત જ્યોતિષનો એક યોગ. વરના જન્મલગ્નથી કન્યાનું જન્મલગ્ન બીજે હોય અને કન્યાના જન્મલગ્નથી વરનું જન્મલગ્ન બારમે હોય તો તેને દ્વિદ્વાદશ કહેવામાં આવે છે. વિવાહની બાબતમાં આ યોગ અતિશય અશુભ માનવામાં આવે છે.

દ્વિધરી વિ. જેને બે ધરી હોય એવું.

દ્વિધર્મી ૧. [સં. દ્વિધર્મિન્] ન. જમીન ઉપર તેમ જ પાણીમાં રહેનારું પ્રાણી; પૃથચરની એક શ્રેણી. તેનાં ઘણાંખરાં લક્ષણોને લીધે મત્સ્ય અને ઉરગ એ બેની વચ્ચે એનું સ્થાન છે. તેમાં દેડકાં વગેરે પ્રાણીઓ આવે છે. જો તેને પગ હોય છે તો તેને આંગળીઓ હોય છે, પણ માછલીના જેમાં ચાટવા જેવા ભીંગડાં હોતાં નથી. તેની પ્રસવક્રીઓ ઉપરાંત સામે સંબંધવાળી હોતી નથી. તેને ઓંકારણ અને ગર્ભનાલ હોતી નથી. તે ઇંડાં મૂકે છે. બચ્ચાં ઘણોખરો વખત પાણીમાં આવે છે. એ વખતે તેને ઝાલર હોય છે. પછીથી તેનું સ્પષ્ટ રૂપાંતર થાય છે. તેની ઝાલર અદૃશ્ય થાય છે અને તે ફેફસાંથી શ્વાસ લેવા માંડે છે. તેનું કદ નાનું હોય છે. તેના શરીર ઉપરથી જે ભાવ ભાવ છે, તે ઝેરી હોય છે.
૨. વિ. બે પુરુષધર્મવાળું.
૩. વિ. માતાના તથા પિતાના ઉભયના બાહ્ય ધર્મને વહન કરનાર.

દ્વિધા ૧. [સં.] અ. બે પ્રકારે; બે રીતે
૨. અ. બે ભાગે વહેંચાયલું હોય તેમ; બે કટકે.

દ્વિધાકરણ [સં.] ન. બે સરખા ભાગ કરવા તે.

દ્વિધાગતિ ૧. [સં.] પું. અજરામર્ય.
૨. વિ. બે પ્રકારની ગતિવાળું.

દ્વિધાચિત્ત [સં.] વિ. અસ્થિર ચિત્તવાળું.

દ્વિધાચિત્તપણું ન. મનની અસ્થિરતા; વિચારનું અસ્થિરપણું.

દ્વિધાતુ ૧. [સં.] પું. મહેશ; ગણપતિ.
૨. પું. બે ધાતુના મિશ્રણથી બનેલી ધાતુ.
૩. વિ. બે ધાતુના સંયોગથી બનેલું; બે ધાતુવાળું.

દ્વિધાતુચલન [સં.] ન. સોનું તથા રૂપું અને ધાતુનું નાણું.

દ્વિધાતુચલનપદ્ધતિ [સં.] સ્ત્રી. સોનાનું અને રૂપાનું એમ બંને ધાતુનું નાણું ચલણમાં હોવું તે.

દ્વિધાતુપરિણામવાદ [સં.] પું. સોનું અને રૂપું એ બંને ધાતુઓનું ચલણ હાલાકારક છે એવો મત.

દ્વિધાતુપરિણામવાદી [સં. દ્વિધાતુપરિણામવાદિન્] વિ. સોનું અને રૂપું એ બંને ધાતુનું ચલણ હાનિકારક છે એવો મત ધરાવનાર.

દ્વિધાતુમત જુઓ દ્વિધાતુવાદ.

દ્વિધાતુવાદ [સં.] પું. સોનું અને રૂપું બંનેનું ચલણ હોવું જોઈએ એવો મત.

દ્વિધાત્મક ૧. [સં.] પું. (જ્યોતિષ) બે સ્વભાવવાળી મિથુન વગેરે રાશિ.
૨. ન. બનાવટી.

દ્વિધાપ્રકૃતિ [સં.] સ્ત્રી. બે પ્રકારનો સ્વભાવ; એકનો એક માણસ એક પ્રસંગે એક રીતે વર્તે અને બીજે પ્રસંગે બીજી રીતે વર્તે તેવું હોવાપણું.

દ્વિધાભવન [સં.] ન. કોઈ વસ્તુના બેકમાંથી બે ભાગ થવા તે.

દ્વિધામતિ [સં.] સ્ત્રી. બેદભાવવાળી બુદ્ધિ.
પરમાત્મા આપ આત્મસ્વરૂપી પૂર્ણ દ્વિધામતિ જેહનેરે પામે સો ચૂનહિતરક્ત ઋષિઓ તે બ્રહ્મનિર્વાણરે. જીતપ્રેમમૃત

દ્વિધાર [સં] વિ. બે ધારવાળું.

દ્વિધાવસ્થા [સં.] સ્ત્રી. જેમાંથી કોઈ એક પણ સ્થિતિમાં સહેલાઈથી ક્રમ પડી ન શકે તેવી સ્થિતિ.

દ્વિધાસંધાન [સં] ન. ધનંજય જૈનો નામના કવિએ રચેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

દ્વિધ્રુવીય વિ. બે ધ્રુવવાળું.

દ્વિન પું. (પિંગળ) બે નગણનો સમૂહ.

દ્વિનખત [સં.] પું. સ્વાભાવિક રીતે જ ઉપરની ચામડીથી નહિ ઢંકાયેલા જિનેન્દ્રિયોવાળો પુરુષ.

દ્વિનલિકી [સં.] સ્ત્રી. બે નાળવાળી બંદૂક.

દ્વિનવતિ [સં.] વિ. બાણું; ૯૨.

દ્વિનારાચિક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; બલનારાચ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેમાં ૧૬ લઘુ તથા ૧૬ ગુરુ મળી ૩૨ વર્ણ આવે છે.

દ્વિનિષ્ક ૧. [સં.] વિ. બે નિષ્કના માપનું.
૨. વિ. બે સોનામહોરથી ખરીદેલું.

દ્વિનિષ્ઠ [સં.] વિ. બે કે વધારે પદાર્થમાં રહેલું
"જે" ને "તે" આ બે શબ્દો વચ્ચે સંબંધ હોવાથી અને સંબંધ દ્વિનિષ્ઠ છે-હમેશ બે કે વધારે પદાર્થમાં રહે છે-તેથી "જે" ને "તે" એ પરસ્પર સંબંધી સર્વનામ કહેવાય છે
પૃથક્ વાક્યાણુ

દ્વિનેત્ર [સં.] વિ. બે આંખવાળું.

દ્વિનેત્રદૂરબીન ન. બે નળીવાળું દૂરબીન.

દ્વિનેત્રભેદી [સં. દ્વિનેત્રભેદિન્] પું. બંને આંખ ફોડી હોય તેવો મનુષ્ય

દ્વિનેત્રોદૂરનિક્ષણ [સં] ન. બંને આંખોથી જોવાનું દૂરબીન.

દ્વિપ ૧. [સં] પું. નાગકેસર.
૨. પું. હાથી; ગજ; નાગ; કુંજર; કરી; હસ્તી.
હસ્તી હતી દ્વિરદ દ્વિપ ગજો વારણ નાગ,
કુંજર કુંભ કુળી કરી સ્વભેરમ કુંભાલ.
ત્રિભુવનકુમોદ

દ્વિપક્ષ ૧. [સં.] પું. મહિનો; માસ.
૨. ન. પક્ષી.
૩. ન બે પક્ષ.
૪. વિ. બે પક્ષવાળું; બે પખવાડિયાનું.
૫. વિ. બે પાંખવાળું

દ્વિપક્ષપાતી [સં. દ્વિપક્ષપાતિન્] વિ. બંને સામસામા પક્ષ એમનાર્દ; ડમરાજ.

દ્વિપક્ષી જુઓ દ્વિપક્ષ

દ્વિપટ્ટવાન ૧. ન. બેવડા પનાનું કપડું.
૨. વિ. બેવડા પનાનું.

દ્વિપટા [સં.] સ્ત્રી. દુપટ્ટો.

દ્વિપત્રક ૧. [સં] ન. બંડાલકંદ નામની વનસ્પતિ.
૨. ન. બે પાખડીવાળું કમલ.
૩. વિ. બે પાંદડાં હોય એનું.

દ્વિપદી ૧. [સં. દ્વિપદિન્] ન. બે પગ એટલે પાંખવાળું પક્ષી કે કીટક. જેમકે, માખી, મચ્છર.
૨. ન. બે પાંખવાળાં પક્ષીનો વર્ગ.
૩. વિ. બે પાંખવાળું.
૪. વિ. બે પાંદડાંવાળું; જેને બે પાંદડાં હોય એનું.

દ્વિપથ ૧. [સં.] પું. બે માર્ગ; બેવડા મળેલા બે રસ્તા
૨. વિ. બે માર્ગવાળું.

દ્વિપદા પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ; દોહા. તેના વિષમપાદમાં ૧૩ અને સમપાદમાં ૧૧ માત્રા હોય છે. તેના દરેક પાદમાં ૧, ૫, ૬ માત્રાએ તાલ આવે છે.

દ્વિપદ ૧. [સં] પું. બે પગવાળું પ્રાણી જેમકે, માણસ, પક્ષી.
૨. પું. (વ્યાકરણ) બે પદનો સમાસ.
૩. પું. (જ્યોતિષ) મિથુન, તુલા, કુંભ અને કન્યા રાશિ.
૪. પું. વાસ્તુમંડલનો એક કોઠો.
૫. ન. માપ
૬. ન. બે પગ
૭. ન. (અક્ષિત) બે પદની બનેલી મૌલિક પદ્ય: 'બાયનોમિયલ એક્સપ્રેશન.' જેમકે, ૩ ક - ૧૭ ખ.
૮. વિ. બે પગવાળું
૯. વિ. બે પદ કે શબ્દવાળું.

દ્વિપદકરણી સ્ત્રી. (અક્ષિત) જે સંખ્યાનું વર્ગમૂળ બરાબર ન નીકળતું હોય એવી સંખ્યાનું વર્ગમૂળ; 'કર્ણોટિક સર્ડ.'

દ્વિપદગુણક [સં.] પું. (અક્ષિત) ક + ખનો કોઈ પણ ઘાત કરવાથી તેનાં પદોમાં આવતા સંખ્યાત્મક ઉપયુક્તોમાંથી કોઈ પણ. 'બાયનોમિયલ કોએફિશન્ટ'

દ્વિપદપશુ [સં.] ન. પશુ જેવો માણસ.
ના બોલીએ તું અમે, દ્વિપદપશુ.
ના હું સમા કો અન્ય.
પ્રાચીન કાવ્યમાળા

દ્વિપદમાન [સં.] ન. જેમાં બે પદ ઓછાની કે વધતાની નિશાનીથી જોડાયાં હોય તેવી રકમ.

દ્વિપદશ્રેષ્ઠ [સં.] પું. મનુષ્યોમાં ઉત્તમ બ્રહ્મ. બોધો ગૌતમ બુદ્ધ માટે આ શબ્દ વાપરે છે.

દ્વિપદસમીકરણ [સં.] ન. (અક્ષિત) જેમાં દ્વિપદ રકમ વચ્ચે સામ્ય દર્શાવ્યું હોય તેવું સમીકરણ; 'બાયનોમિયલ ઇક્વેશન.' જેમકે, $(ક+ખ)^{ન} = ક^{ન} + ક^{ન-૧}$ ખ + ... તેમાં ક અને ખ અજ્ઞાત છે અને ન-ઘાતનાં પરિમાણ જ્ઞાત છે.

દ્વિપદસિદ્ધાંત [સં.] પું. દ્વિપદીના કોઈ પણ ઘાતનાં પદ જે સિદ્ધાંત પ્રમાણે એકમ મેળવી સક્ષમ તે સિદ્ધાંત; 'બાયનોમિયલ થીઓરેમ.'

દ્વિપદા ૧. [સં.] પું. ઋગ્વેદમાં આવેલ એક છંદ. પુરુષ તેનો દેવતા અનુષ્ટુપ છે.
૨. પું. બે રસ્તા મેળા થાય તેવી જગ્યા.
૩. સ્ત્રી. બે પગવાળી સ્ત્રી.
૪. સ્ત્રી. બે પદવાળી ઋચા.
૫. વિ સ્ત્રી. બે પદવાળી.

દ્વિપદિક [સં.] પું. (સંગીત) શુદ્ધ રાગનો એક ભેદ.

દ્વિપદિકા [સં.] સ્ત્રી. એક પ્રકારનો ગીતિ છંદ.

દ્વિપદી ૧. [સં] પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ. તેને દિલ્લા, દુરિલા, દુવૈયા અને દોપૈ પણ કહે છે. તેના દરેક દલમાં ૨૮ માત્રા હોય છે અને તેની પ્રથમ અને તે પછી દર ચોથી માત્રાએ તાલ આવે છે.
૬ દલ ઉપર ચોથા માત્રા યતિ પછી તે પદ પૂરું આવે. એ રીતે અઢળીસ દલનું દ્વિપદી દલ બન આવે. પ્રથમ ઉપરાપરી શ્રુતિ યુતિ ચહના લાગો મુનિ કવિધરગે, દ્વિપદી એમ રચીને રસિક જનોનાં હૃદય જ હરને
રઘુવિલાસ
૨. પું. એક પ્રકારનું ચિત્રકામ, તેમાં દોરવા ધારેલને કોઠાની બન્ને બાજુમાં ગોઠવવામાં આવે છે. તેમાં કોઠાના પહેલા ત્રણ ખાનો પહેલો અક્ષર પહેલા કોઠામાં, પછી એક એક અક્ષર છોડીને પહેલી પંક્તિના કોઠામાં ભરે છે. ને ઉપરાંત છોડી દીધેલ અક્ષરોને બીજી પંક્તિમાં એક એક કરીને મૂકવામાં આવે છે. આ રીતે ત્રીજી પંક્તિના કોઠામાં કોઠાના બીજા ચરણના અક્ષર એક એક અક્ષર મૂકી દઈને મોકલવામાં આવે છે. આ બધી પંક્તિઓથી પૂરો થયેલો કોઠો બંધાય છે. વાંચવામાં પહેલા કોઠાનો અક્ષર વાંચી તેની નીચેના કોઠાનો અક્ષર વાંચવો, ફરી પહેલી પંક્તિનો બીજો અક્ષર વાંચી તેની નીચેના કોઠાનો અક્ષર વાંચવો. ત્રીજી પંક્તિના કોઠાના અક્ષરો નીચેથી ઉપર એ ક્રમે વાંચવા
૩. પું. બે પદવાળો છંદ કે કૃતિ.
૪. સ્ત્રી. (અક્ષિત) બે પદવાળી કૌશૂકી: 'બાયનોમિયલ એક્સપ્રેશન.'

દ્વિપદીખંડ [સં.] પું (પિંગળ) પ્રાકૃત છંદનો એક પ્રકાર.

દ્વિપદીત્રિપુડે પું. (પિંગળ) એક સમમાત્રામેળ છંદ. આ છંદ કર્ણાટકી છે. તેમાં ૨૫ માત્રા તથા ૧૦ યતિ આવે છે.

દ્વિપદોપજીવ્ય [સં] પું. (અક્ષિત) ક + ખનો કોઈ પણ ઘાત કરવાથી તેના પદમાં આવતા સંખ્યાત્મક ઉપયુક્તોમાંથી કોઈ પણ; 'બાયનોમિયલ કોએફિશન્ટ.'

દ્વિપમદ ૧. [સં.] પું. એક જાતનું સુગંધી દ્રવ્ય.
૨. પું. હાથીનો મદ.

દ્વિપરમાણુક [સં.] વિ. જેમાં બે પરમાણુ હોય એનું.

દ્વિપરાર્ધ [સં.] ન. બ્રહ્માનાં ૧૦૦ વર્ષનો સમય.
બ્રહ્માનાં ૧૦૦ વર્ષ થાય છે તેને દ્વિપરાર્ધ કહે છે. સૂતસંહિતા

દ્વિપર્ણ [સં.] વિ. બે પાંદડાંવાળું.

દ્વિપર્ણી [સં.] વિ. બે પાંદડાંવાળો એક વનસ્પતિ.

દ્વિપર્ણી [સં.] સ્ત્રી. જંગલી જોરડી.

દ્વિપંખ ૧. ન. બે પાંખ.
૨. ન. બે પાંખવાળું પક્ષી કે કીટક.
રસ ચૂસનારાં કીડાઓના અપંખ, દ્વિપંખ અને ચતુષ્પંખ એવા ત્રણ વિભાગ છે. ધરાશાસ્ત્ર

દ્વિપંચાશત્ [સં. દ્વિપઞ્ચાશત્] વિ. બાવન.

દ્વિપાત્ર ૧. [સં.] પું. (અક્ષિત) વધ સપાટીના જે ભિન્ન આકાર સ્પર્શ કરનારી બે સપાટીઓ હોય તે ભિન્ન; 'બાઇનોડ.'
૨. વિ બે પાતવાળું. ક્રાંતિવૃત્તને કક્ષા જે બે બિંદુઓમા છેદે તે બે બિંદુવાળું.

દ્વિપાદ ૧. [સં.] પું (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.
૨. ન. મનુષ્ય, પક્ષી વગેરે બે પગવાળુ પ્રાણી.
૩. વિ. બે પગવાળુ.
૪ વિ. બે પદ કે ચરણવાળું.
૫ વિ. (અક્ષિત) બે પદવાળું 'બાઇનોમિયલ.'

દ્વિપાદચક્રાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. તેમાં હાથના પંજા નિતંબ નીચે રાખી સૂવું, પછી ગોઠણ છાતી સુધી આવે ત્યાંસુધી સીધા સીધા સાઇકલ ચલાવતા હોઈએ તેમ પગ ચલાવવા. આ આસનથી નિતંબ, કમર, પેટ, પગ, પિંડી નિર્દોષ બને છે તથા વીર્ય શુદ્ધ, પુષ્ટ અને સ્થિર થાય છે.

દ્વિપાદપાર્શ્વાસન [સં.] ન. યોગનું એક આસન, તેમાં બંને પગને ઘૂંટણથી વાળી બંને પગને પાછળથી વાળી કમરના ઉપરના ભાગમાં પગને લગાડવા.

દ્વિપાદપ્રસરણાસન [સં.] ન. સૂર્યભેદન આસનનું એક આસન. તેમાં બે પગ પાછળ અને તેટલા આંતા કરી બે હાથ જમીન ઉપર ટેકવવા અને હાથ પગ ન વાળતાં ટટ્ટાર રાખવા.

દ્વિપાદબંધ [સં] પું. બંને પગ બાંધવાની રીતિ.

દ્વિપાદશિરાસન [સં.] ન. યોગનું એક આસન. તેમાં પલાંઠી વાળી બેસીને બંને પગ માથા ઉપર લાવી કોણના પાછળના ભાગ ઉપર ચલાવવાથી આ આસન બને છે. કોઈ યોગીઓ આ આસનને પાશિની મુદ્રા પણ કહે છે. આવી સ્થિતિ રાખી બંને કરતલ પૃથ્વી ઉપર રાખીને શરીરને ઉપાડવું તે વજ્રોણી મુદ્રા કહેવાય છે. આ આસન કુંડલિનીને પ્રબોધ કરનારું તથા બિંદુનો જય કરનારું છે. આ આસનથી સુખ થાય છે. આ આસન જોખોએ કરવું નહિ.

દ્વિપાદશીર્ષાસન જુઓ દ્વિપાદશિરાસન.

દ્વિપાદસ્થ [સં.] ન. (ગણિત) અપ્રસરણ; ઘેરણીનું વચલું પદ.

દ્વિપાદસ્થિરાસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાસી આસનોનું એક નામનું એક આસન.

દ્વિપાદ્ય [સં.] વિ. બે પગના આધારવાળું.

દ્વિપાન્થિપ ૧. [સં.] પુ. ઐરાવત હાથી.
૨. પું. એક હાથી.

દ્વિપાર્થિવપતિ જુઓ દ્વિપાધિપ.

દ્વિપાર્શ્વે પું. યુગ્મનિયિરઃ 'આર્યપ્રક્રમ.'

દ્વિપાલી પંખડો (દ્વિપાલી પંખડો) પું. એક જાતની વિસ્તરણશીલ વનસ્પતિ. તે ચીનમાં તથા જાપેનમાં વધારે પ્રમાણમાં ઊગી નીકળે છે. હિંદુસ્તાનમાં તેનો ઉછેર બહુ નથી. આ ઝાડ દેખાવમાં સારું હોય છે. તેનાં પાદડાં પખાના આકારના અને કળ પીળા રંગના હોય છે.

દ્વિપાશારજ્જુ ૧. સ્ત્રી. આ તરફ પણ ન જવાય અને બીજી બાજુએ પણ ન જવાય એવી સ્થિતિ.
૨. [સં.] સ્ત્રી. બે બાજુએથી ખેંચનાર દોરડું.

દ્વિપાસ્થ [સં. દ્વિપ (હાથી) + આસ્થ (બોલું)] પું. મહેશ; અધ્યપતિ; મજનનું.

દ્વિપી ૧. પું. ચિત્તો.
૨. પું. વાઘ.
૩. [સં.] સ્ત્રી. હાથણી.

દ્વિપુટ [સં.] ન. સુગંધી બોળા મૂલવાળું એક ઝાડ.

દ્વિપુરુષ [સં.] વિ. બે પુરુષના આધારવાળું બાંધેલું કે બે માણસનું.

દ્વિપુરુષા [સં.] સ્ત્રી. બે પુરુષના આધારવાળી ખાટ.

દ્વિપુષ્કરયોગ [સં.] પું. (જ્યોતિષ) ભાદ્રપદ, જ્યેષ્ઠ તથા ચારસમાંની કોઈ તિથિએ શનિવાર હોય અને મૃગશીર્ષ, ચિત્રા કે ધનિષ્ઠા નક્ષત્ર હોય તેનો યોગ.

દ્વિપૃષ્ઠ [સં.] પું. (જૈન) નવ બાંહેના એ નામના એક વાસુદેવ.

દ્વિપ્રકાર [સં.] વિ. બે જાતનું.

દ્વિપ્રદેશ ૧. [સં.] પું. બે પરમાણુથી બનેલ સ્કંધ. દ્વિપ્રદેશ આદિ સ્કંધ એ પરમાણુ અર્થાત્ કાર્ય છે અને ત્રિપ્રદેશ આદિનું કારણરૂપ છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. વિ. બે પ્રદેશવાળું.

દ્વિપ્રદેશિક [સં.] વિ. બે પ્રદેશવાળું; બે પ્રદેશનું બનેલું.
જ્યારે અનંત અનંત પ્રદેશો બે પરમાણુઓના મળવાથી દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે, ત્યારે તે સંઘાતજન્ય કહેવાય છે.
તત્ત્વાર્થસૂત્ર

દ્વિપ્રવેશ [સં.] પું. (જૈન) વંદન કરતાં ગુરુની મર્યાદામાં બે વખત પ્રવેશ કરવો તે.

દ્વિફલી [સં. દ્વિફલિન્] વિ. જેને બે ફળ હોય એવું.
પછે કૃષાણ મૂકવું અલી,
દ્વિફલી નામ નામ્યા વલી.
અજુનાહન આખ્યાન

દ્વિફલ્ગુની સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરા ફાલ્ગુની એ બે નક્ષત્ર.

દ્વિબર્હ [સં.] પું. વેદમાં બતાવેલું વટનું એક નામ.

દ્વિબાહુગોલ [સં.] પું. બે બાજુ બહિર્ગોલ દર્પણવાળો.

દ્વિબંધુ ૧. [સં] પું. અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.

દ્વિબાહુ ૧. [સં.] પું. મનુષ્ય વગેરે બે પગવાળાં પ્રાણી.
૨. [સં. દ્વિ (બે) + બાહુ (હાથ)] વિ. બે હાથવાળું; દ્વિભુજ.

દ્વિબિંદુ ૧. [સં.] ન. અપૂર્ણવિરામ ચિહ્ન 'દોલન.'
૨. ન. વિસર્ગ.

દ્વિભરણી વિ. બે ભરણીવાળું. તેવામ દ્વિભરણી અથવા ત્રિભરણી દોષ ગણાય.

દ્વિભાગ [સં.] પું. બે સરખા ભાગ પાડવા તે.

દ્વિભાગબિંદુ [સં] ન. (ગણિત) જે બિંદુ આપણા કોઈ રેખાના બે સરખા ભાગ થાય તે બિંદુ: 'બીસેક્ટ ઓફ બાયસેક્શન.'

દ્વિભાગવું સ. ક્રિ બે સરખા ભાગ કરવા.

દ્વિભાગીકરણ [સં.] ન. દ્વિભાજન; બે ભાગ પાડવા તે.

દ્વિભાજક ૧. [સં.] પું. (ગણિત) બે સરખા ભાગ પાડનારી મોટી સંખ્યા.
૨. વિ. દુભાગનાર; બે સરખા ભાગ પાડનારું 'બાયસેક્ટર.'

દ્વિભાજન [સં.] ન. દુભાગવું તે; બે ભાગ પાડવા તે; દ્વિભાગીકરણ.

દ્વિભાવ ૧. [સં] પું. બે ભાવ.
૨. વિ. કપટી; ધુતારું સ્વભાવનું.

દ્વિભાષિક [સં.] પું. દુભાષિયો; અર્થપ્રકાશક એક ભાષાની મતલબ બીજીમાં બોલી સમજાવનારો માણસ.

દ્વિભાષી [સં. દ્વિભાષિન્] પું. બે ભાષા બોલનાર માણસ; દુભાષિયો.

દ્વિભુજ [સં.] વિ. બે હાથવાળું.

દ્વિભુજાસન [સં] ન. યોગનું એ નામનું એક આસન. બેસીને ડાબા બાજુ ઉપર ડાબા પગને મરડવો. પછી ડાબે હાથે જોડી પકડવી. તે વામભુજાસન કહેવાય છે. તે જ રીતે જમણા બાજુ ઉપર જમણા પગને મરડીને પછી જમણા હાથથી જોડી પકડવી તે દક્ષિણભુજાસન કહેવાય છે. એ બંને આસન સાથે કરવાં તે દ્વિભુજાસન કહેવાય છે.

દ્વિભુજ [સં.] વિ. બે બાજુવાળું.

દ્વિભૂમિક [સં.] ન. દિતલ; બે માળવાળું મકાન; દોતલ્લા.

દ્વિભેરવતંત્ર [સં.] ન. આઠ બાંહેનું એ નામનું એક ભૈરવતંત્ર.

દ્વિકોણ જુઓ દ્વિકૂણિક.

દ્વિકસ્તક ૧. [સં.] પું. ઉપલા ભાગમાં બે રેખાથી બનાવી પાટ સાથે બંધાયેલો હાથનો ઓઠ સ્નાયુ; 'બાયસેપ્સ.'
૨. વિ. બે માથાંવાળું.

દ્વિકસ્તકી વિ. બે માથાંવાળું.

દ્વિકસ્તિક જુઓ દ્વિકસ્તક.

દ્વિકાતુ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્મપતિ. દુર્મા અને ચાક્ષુષા બન્નેએ તેમનું પાલન કરેલું મનાય છે.
૨. પું. (પુરાણ) જરાસંધ. તે બે માતાના ગર્ભમા ઉત્પન્ન થયેલ હતો.
૩. વિ. જેને બે માતા હોય એવું.

દ્વિકાતૃક જુઓ દ્વિકાતુ.

દ્વિકાતૃજ જુઓ દ્વિકાતુ

દ્વિકાત્ર [સં.] પું. બે માત્રાવાળો દીર્ઘ સ્વર; પ્લુત.

દ્વિકાત્રિક [સં.] ન. (સંગીત) તબલાના મુખ્ય છ માંહેનું બીજું અંગ; મુખ અંગ; વક્ર; દીર્ઘ. મૃગણ; કલા.

દ્વિકાર્ગીકરણ [સં.] ન. દ્વિકાર્ગીકરણ; બે ભાગ પાડવા તે. દ્વિભાજન.

દ્વિકાષ્ય [સં.] વિ. બે માસા આપનું; બે માસાના વજનનું.

દ્વિકાસિક ૧. ન. (જૈન) બે મહિનાના સાથે ઉપવાસ કરવા તે.
૨. [સં.] વિ. બબ્બે મહિને પ્રાપ્ત થતું.
૩. વિ. બે માસનું.

દ્વિકાસ્ય [સં.] વિ. બે મહિનાનું; બે મહિનામા થયેલ.

દ્વિકિલા પું. (પિંગળ) બેઉ સમવૃત્ત વર્ણમેળ છંદ; દ્વિકિલા. તે સંસ્કૃત છંદનો બેઉ ભેદ છે. તેના દરેક ચરણમા આઠ સગણ મળી ચોવીસ અક્ષર હોય છે.

દ્વિકીઢ [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તી રાજાનો બે નામનો બેઉ પુત્ર; હસ્તિનાપુર વસાવનાર મહારાજ હસ્તીનો બે નામનો બેઉ પુત્ર.

દ્વિકુણ ૧. [સં.] પું. બેઉ બાજુનો ખૂણો રોગ.
૨. પું. પેટના મેલમા ઊપજતો બે મોઢાંવાળો કૃમિ.
૩. પું. બે મોઢાંવાળો સાપ.
૪. સ્ત્રી. ગાયત્રીની ૨૪ માંહેની બે નામની બેઉ મુદ્રા.
૫. સ્ત્રી. બળો.
૬. વિ. કપટી.
૭. વિ. બે મોઢાંવાળું.

દ્વિકુણ્ય ૧. [સં.] સ્ત્રી. બળો.
૨. સ્ત્રી. મારી.
૩. સ્ત્રી. બે મોઢાંવાળી સાપેણ.

દ્વિકુણ્યાહિ [સં. દ્વિ (બે) + કુણ્ય (મોઢું) + અહિ (સર્પ)] પું. બે મોઢાંવાળો સાપ.

દ્વિકુણ્યી ૧. [સં. દ્વિકુણ્યિન્] પું. બેઉ જાતનો રોગ.
૨. સ્ત્રી. બે મોઢાવાળી સાપેણ.
૩ સ્ત્રી. વિસ્તરી ગયા. ગાય વિયાતી વખતે પાછળની બાજુ બાજરાનું મોઢું હોય છે તેથી ગાય બે મુખવાળી દેખાય છે. આથી ગાયના દાનનું બહું માહાત્મ્ય મનાય છે
૪. વિ બે પ્રકારનું; બે જાતમાં વહેંચાયેલું.
૫. વિ. બે મોઢાવાળું; બંને બાજુ મોંવાળું.

દ્વિકુણ્યારગ [સં. દ્વિ (બે) + કુણ્ય (મોઢું) + ઉરગ (સાપ)] પું. બે મુખવાળો સર્પ.

દ્વિકૂર્ચા ૧. [સં. દ્વિકૂર્ચિન્] પું. અગ્નિ.
૨. પું. બે નામનો બેઉ અસુર

દ્વિકેયજુષ ૧. [સં. દ્વિકેયજુસ] પું. યજમાન.
૨ સ્ત્રી વસ્ત્ર, મંડપ વગેરે બનાવવામા વપરાતી બેઉ જાતની છીંટ

દ્વિકુકપદ ન. (અશ્વિત) બે પદની બનેલી પ્રેયસી; 'ટ્વિન્કિપદી; 'બાયનોમિયલ એક્સપ્રેશન.' જેમકે, ૫ ક્ક ૧૭ ૫

દ્વિકુણ્ડી ૨. ચારસણ; ચોમાસુ

દ્વિકૂર ૧. [સં.] પું. ભમરો.
૨. પું. હાથી

દ્વિકૂલ ૧. [સં.] પું. (પુરાણ) દુર્યોધનનો બે નામનો બેઉ ભાઈ.
૨. પું. હાથી.
હસ્તી રતી દ્વિકૂલ દ્વિપ, પલો ચારણ ભાણ;
કુંજર ઇભ કુભી કરી, રદનંબરમ શુંડાણ.
પિંગળપ્રકાશ
૩. ન. નામકેસર.
૪. વિ. બે દાંતવાળું.

દ્વિકૂલકોરી [સં.] સ્ત્રી. સોગઠાની ચાર માંહેની બેઉ જાત; હાલની.

દ્વિકૂલદારાતિ ૧. [સં.] પું. અષ્ટાપદ જનાવર.
૨. પું. સિંહ.

દ્વિકૂલદારન જુઓ દ્વિકૂલદારાતિ.

દ્વિકૂલદંતક જુઓ દ્વિકૂલદારાતિ.

દ્વિકૂલદંતકી ૧. [સં.] સ્ત્રી. અષ્ટાપદ જનાવરની માદા.
૨. સ્ત્રી. સિંહણ.

દ્વિકૂલી [સં.] સ્ત્રી. હાથણી.
ને ચલે મૂકો મુજને તો,
હણે ગૌના દ્વિકૂલી. પ્રેમાનંદ

દ્વિકૂલેહણી વિ. હાથીના જેવાળું; જેને હાથીનો રોગ મળ્યો છે એવું.
૫૭ દ્વિકૂલેહણી નૃપઘાત;
હણે પૂર્વનું સર્વે વૃત્તાત. પ્રેમાનંદ

દ્વિકૃત્વ [સં.] ન. બે વાર બનવું તે.

દ્વિકૃશન [સં.] પું. સર્પ; સાપ.

દ્વિકૃશની [સં.] સ્ત્રી. સાપેણ.

દ્વિકૃંસી વિ. બનેકરંગી; બુપછાંવા; વિવિધરંગી.

દ્વિકૃત્યાગમન ૧. [સં.] ન. બે વાર આવવું તે; હરીયો આવવું તે; પુનરાગમન.
૨. ન. જોનુ વિયરથી પનિયૂહે હરી આવવું તે.

દ્વિકૃત્યાજતા [સં.] સ્ત્રી. ઋજુપણું.

દ્વિકૃત્યાજિક ન. મનમાં પહેરવાનું બેઉ ધરેણું.

દ્વિકૃત્યાધ્યશાસન [સં] ન. જેમાં અમુક સત્તા પ્રજાને જવાબદાર પ્રતિનિધિઓના હાથમાં અને અમુક સત્તા સરકારના હાથમા હોય એવું રાજ્યતંત્ર; જેમા સર્વોપરી સત્તા બે પક્ષમાં વહેંચાયેલી હોય એવું રાજ્યતંત્ર; દ્વિસત્તાયુત રાજ્યતંત્ર; 'ડાયાર્કિ.'

દ્વિકૃત્રિ ૧. [સં.] પું. બે દિવસે સાધ્ય બેઉ યાગ.
૨. વિ. બે રાત્રિમા થનાર.
૩. ન. બેઉ જાતનું વ્રત.
૪. ન. બે રાત્રિ
૫. વિ. બે રાત્રિમા થયેલું.

દ્વિકૃત્રિક [સં] વિ. બે રાત્રિમા હોનાર કે થનાર.

દ્વિકૃપ [સં.] પું. હાથી.

દ્વિકૃપી [સં.] સ્ત્રી. હાથણી.

દ્વિકૃપોત્ત ૧. [સં.] સ્ત્રી. બે વાર આકૃતિ.
૨. સ્ત્રી. બે વાર કરવું તે.
૩. સ્ત્રી. બે વાર બનવું તે.

દ્વિકૃષાઢ [સં] પું. બે આષાઢ માસ; મળ માસ સહિત આષાઢ મહિનો

દ્વિકૃક્ત ૧. [સં.] વિ. બે વાર કહેવાયેલું.
૨. વિ. બે વાર બનેલું
૩. વિ. બેપણાને પામેલ.

દ્વિકૃક્તિ [સં.] સ્ત્રી. બે વાર કહેવું તે; દ્વિર્ભાવ; પુનરુક્તિ. ગુજરાતી ભાષામાં ઘણે સ્થળે બેઉનો બેઉ શબ્દ બેવડાયેલો જોવામાં આવે છે. શબ્દની ગમ પ્રમાણે દ્વિરુક્તિ થવાથી તેમાં ઠરેકનો, પૂર્ણપણાનો, વારંવાર થવાનો કે અતિશયનો જેવો અર્થ આવે છે. દ્વિરુક્તિ પણ જુદી જુદી રીતે

થાય છે. (૧) નામની દ્વિરુક્તિના બંને શબ્દ સરખા હોય અને તે સમુદાયમાંથી પ્રત્યેક કે પૂર્વપક્ષનો અર્થ નીકળે. જેમકે, માણસ માણસમાં ફેર છે. આમાં પ્રત્યેક માણસ જુદો છે. આખા નામમાં તેની કલ્પની કલ્પેલી ચર્ચા રહી અર્થાત્ પૂરેપૂરી કલ્પેલી ચર્ચા. (૨) દ્વિરુક્તિના બે શબ્દમાં પ્રથમ શબ્દને વિકલ્પિત લાગેલી હોય, કે તેનો અંત્ય સ્વર દીર્ઘ થયેલ હોય, કે તેમાં ફેરફાર થયેલો હોય અને બીજો મૂળ સ્વરૂપમાં હોય જેમકે, મેં ગામેગામ તપાસ્યું તેની રેવડી દાણાદાણ થઈ ગઈ. તેઓ મુક્તામુક્તો કરે છે (૩) સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, ક્રિ.પ્ર. તથા ક્રિયાવાચક નામ ને ક્રિયાપદની પણ દ્વિરુક્તિ થાય છે જેમકે, હોય જોયું આપણું છે ? આજ આજ આઉ. કવચિત્ કવચિત્ જા જા, તે આખો દહાડો ખા ખા કરે છે, ને ચાલતો ચાલતો આવ્યો (૪) દ્વિરુક્તિના પહેલા શબ્દનો ઊંચો સ્વર કેટલેક ઠેકાણે લોપાય છે. જેમકે, તેઓ પોતપોતાને ઠામે વળ્યા. (૫) કેટલેક સ્થળે પહેલો શબ્દ સામાન્યાધિકરણ્યવાચક ષષ્ઠીમાં હોય છે. જેમકે, એકનો એક માણસ રોજ રામ કરે અને બીજા બેસી રહે ? (૬) કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં શબ્દો અનુકરણવાચક હોય છે. જેમકે, ધમધમ, કડકડાટ. (૭) કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં પ્રથમ શબ્દના પ્રથમ વર્ણમાં ફેરફાર થઈ બીજા શબ્દ બનેલો હોય છે જેમકે, કામકાજાગાળા, ગટપટ, આડોસીપાડોશી. (૮) કેટલેક સ્થળે પર્યાય શબ્દથી દ્વિરુક્તિ થાય છે. જેમકે, કાગળપત્ર, ગાંડુઘેલું, ઇચ્છાદાર, ધનદોલત.

દ્વિરુક્તિદોષ [સં.] પું. એકના એક જ અર્થવાળો શબ્દ ફરીથી વાપરવાની ભૂલ.

દ્વિરુત્તરચૂર્ણ જ (વૈદક) એક જાતનું ચૂર્ણ તે બનાવવા રીંગણી દ્વિગ તોલો ૧, વજ તોલા ૨, ચિત્રકમૂળ તોલા ૪, કઠ અથવા ઉપલેટ તોલા ૮, સાકર તોલા ૧૬, વાવડિંગ તોલા ૩૨ એટલા દ્રવ્યનો બનેલો ભારીક ચૂર્ણ કરવું.

દ્વિરૂઢ [સં] પું. બે વાર પરણેલ પુરુષ.

દ્વિરૂઢા [સં] સ્ત્રી. બે વાર પરણેલી સ્ત્રી. નાતરણ સ્ત્રી.

દ્વિરૂપ ૧. સ્ત્રી. એક જાતની ભાખી.

૨. [સં.] સ્ત્રી. બે રીતિ.

૩. સ્ત્રી. બે રૂપ.

૪. વિ. બે રીતિવાળું.

૫. વિ બે રૂપવાળું.

દ્વિરેતા ૧ [સં. દ્વિરેતસ્] પું. ખચ્ચર ઘોડો.

૨. પું. ખચ્ચર ઘોડો.

દ્વિરેફ ૧. પું. (બાહરણ) બે રેફ.

૨. [સં.] પું. ભમરો; ભમર શબ્દમાં બે રેફ છે માટે તે દ્વિરેફ કહેવાય છે.

અટપટ ઈંદિંદિર ભ્રમર, પુનિ દ્વિરેફ રસચોર.
હે ભાષા તું માલતી, લાલ લાલચી ભ્ર-
પિંગળકાર કવિ

દ્વિરેફા [સં.] સ્ત્રી. નદી

સરિત્ ધુનિ તરંગિણી, વહેની ફુહિની હોઈ.
ઓલા સરખી નિઝમા, આપણા દ્વિરેફા જોઈ.
દિનકર રાવળ

દ્વિરેષી જુઓ દ્વિરેષી.

દ્વિર્ભાવ ૧. [સં.] પું કપટ; દગો.

૨. પું (બાહરણ) વર્ણનું બેવડાવું તે કોઈ શબ્દ ઉપર બાર મૂકવો હોય તો આપણે તેનો બે વાર ઉચ્ચાર કરીએ છીએ.

દ્વિર્વચન [સં.] ન. બે વાર બોલવું તે; દ્વિરુક્તિ.

દ્વિલક્ષણ [સં.] વિ. બે લક્ષણવાળું; બે પ્રકારનું.

દ્વિલિંગતા [સં.] સ્ત્રી. એક જ વ્યક્તિમાં સ્ત્રી તથા પુરુષની જનનેંદ્રિયો હોવી તે. કેટલીક વાર એવાં બાળકો જન્મે છે કે તેમની જનનેંદ્રિય જોઈને તે છોકરો કે છોકરી તે નક્કી કરવું મુશ્કેલ થઈ પડે છે. આવું બાળક પુખ્તાવસ્થાએ પહોંચે ત્યારે તેને દાઢી, મૂછ, છાતી વગેરે આવો એવી રીતે ખીલે છે કે તેથી બાળકની જાતિ નક્કી કરવાનું સરળ ના જતાં ઊલટું મુશ્કેલ બને છે. ખરેખરી દ્વિલિંગતા ત્યારે કહી શકાય કે જ્યારે એક જ વ્યક્તિમાં બીજીને ઉત્પન્ન કરનાર બીજકોષ તેમ જ પુરુષબીજને ઉત્પન્ન કરનાર વૃષણ સાથે હોય. આ સ્થિતિ કેટલાંકેક પ્રાણીમાં હોય છે, પરંતુ મનુષ્યોમાં તો આપણે જ હોય છે. મનુષ્યોમાં એટલા માટે સાચેસાચી દ્વિલિંગતા નથી હોતી, પરંતુ તેનો આભાસ માલૂમ પડે છે આવાં વિચિત્ર બાળકોના બે મુખ્ય પ્રકાર છે: (૧) અર્ધનારીનર અને (૨) અપનરનારી. અર્ધનારીનર સ્થિતિમાં બાળક છોકરી હોય છે. તેને બીજકોષ હોય છે, પરંતુ તેના બહારના અવયવોનો દેખાવ પુરુષની જનનેંદ્રિયને મળતો હોય છે. જેમકે, તેની ભગસિન્ધિકા બહુ લાંબી હોવાથી પુરુષના ઉપસ્થ જેવી લાગે. યોનિના બને હોઠ પરસ્પર મળી ગયેલ હોવાથી વૃષણકોષ જેવા લાગે. આવી છોકરીને મોટી થતાં દાઢી પણ આવે. અર્ધનરનારી સ્થિતિમાં બાળક છોકરો હોય છે. તેને વૃષણો હોય છે, પરંતુ તેના બહારના અવયવોનો દેખાવ સ્ત્રીના મુખ્ય અંગને મળતો હોય છે. જેમકે, તેનો ઉપસ્થ અત્યંત નાનો હોવાથી ભગસિન્ધિકા જેવો લાગે. મૂત્રપ્રસેક તેના નીચેના ભાગમાં એક ખાડામાં ઊઘડતો હોવાથી યોનિદ્વારનો ભ્રમ આપે. વૃષણકોષના બંને ભાગ પરસ્પર જોડાયા ન હોવાથી તેઓ યોનિના મોટા હોઠ જેવા દેખાય. તેનાં સ્તનો મોટાં પણ હોય. મોઢે માથે તેને દાઢી મૂછ પણ હોય. આવા બાળકો પુખ્તવયમાં આવતાં તેમનો અવાજ ફરીને પુરુષ જેવો ઘાટ બની જાય છે, તેમ જ તેમને જોઈતી તરફ માનસિક આકર્ષણ ઉત્પન્ન થાય છે. આવા મિશ્રલિંગી બાળકોમાનો મોટો ભાગ અર્ધનરનારી હોય છે. મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓમાં પણ આવી વિકૃતિઓ હોય છે

દ્વિલિંગી [સં. દ્વિલિઙ્ગિન્] વિ. ઉભયલિંગી; હીજડા; નપુંસક, પંઢ; પુલ્લિંગ અને સ્ત્રીલિંગ એવા બંને અર્થ જેમાં હોય એવું

દ્વિવકત્ર ૧. [સં.] પું. એક જાતનો દાનવ.

૨. પું. બે મુખવાળો સર્પ.

૩. વિ. બે મોઢાવાળું

દ્વિવચન [સં] ન. (બાહરણ) એકવચન અને બહુવચન વચ્ચનું વચન; જેનો બોધ કરે એવું વચન. ગુજરાતી ભાષામાં દ્વિવચન જેવી જુદી તેનો સમાસ બહુવચનમાં થયો છે અરબી વગેરે ભાષાઓમા પણ એકવચન અને બહુવચન એમ બે વચન હોય છે. સંસ્કૃતમા દ્વિવચન બે જ માટે ખાસ યોજવામાં આવેલ છે. કદાચ તે ગુરુ શિષ્ય માટે પ્રારંભમાં યોજાયેલ હશે અને પછી કોઈ પણ બે માટે તેનો સામાન્ય ઉપયોગ થયો હશે. ઉપનિષદ એટલે ગુરુની પાસે બેસીને શિષ્યે મેળવેલા બ્રહ્મજ્ઞાનના શ્રાવિષાદ તરીકે ગુરુ શિષ્યે ભજેલો નીચેનો મંત્ર દ્વિવચનના દૃષ્ટાંત તરીકે બબોબેસતો છે

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ ।
સહ વીર્યં કરવાવહૈ । તેજસ્વિ નાવધીતમસ્તુ ।
મા વિદ્વિષાવહૈ ॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

દ્વિવજ્રક [સ.] ન. (સ્થિર) કોણ ખૂણો.વાળુ ઘર

દ્વિવર્ગાત્મક [સં.] વિ (સંધિત) ચતુર્ધાતવાળું; જેનું દરેક પદ ચાર ધાતનું હોય અથવા જેનું એક પદ ચાર ધાતનું હોય અને બાકીનાં પદોમાંનું કોઈ પણ ચારથી વધારે ધાતનું ન હોય તેવું. 'આશુકવિ.કૂટિક.' જેમકે, ક્રમ = ૧૬ એ દ્વિવર્ગાત્મક સંખ્યાંક છે.

દ્વિવર્ગીય જુઓ દ્વિવર્ગાત્મક.

દ્વિવર્ણું [સં. દ્વિ (બે) + વર્ણ (રંગ)] વિ બે રંગનું; બે જાતના રંગવાળું

દ્વિવર્ષા [સં] સ્ત્રી. બે વરસની ગાય

દ્વિવર્ષાયુ [સ. દ્વિ (બે) + વર્ષ (સાલ) + આયુસ્ (આવરદા)] વિ બે વર્ષ જીવનારું. બે વર્ષ જીવનારા છોડવા દ્વિવર્ષાયુ કહેવાય છે.

દ્વિવર્ષિકા જુઓ દ્વિવર્ષા.

દ્વિવર્ષિષ્ઠ [સ.] વિ. બે વર્ષનું.

દ્વિવાચક [સં,] વિ. બેની સંખ્યા બતાવનારું, દ્વિસંખ્ય.

દ્વિવાર્ષિક ૧. [સં.] વિ. બે વર્ષનું; બે વરસે થતું.
૨. વિ. બે વર્ષમાં થયેલું.

દ્વિવાહિકા [સં.] સ્ત્રી. હિંડોળો; હીંચકો.

દ્વિવિધકૃત [સં.] વ. બેવડું પૃથક્કરણ.

દ્વિવિદ ૧. [સં.] પુ. (પુરાણ) દ્વાપરયુગનો એ નામનો એક વાનર; નરકાસુરનો મિત્ર એક વાનર. કૃષ્ણે નરકાસુરને માર્યો એ સાંભળીને તે કૃષ્ણ અને બળરામ ઉપર બધો દ્વેષ કરવા લાગ્યો. તે વારંવાર આનર્ત દેશમાં આવીને શહેર, નેસડા અને ઘરને આગ લગાડી જતો, દેશ ઉપર મોટા મોટા પાષાણ વરસાવતો, દેશની સ્ત્રીઓને ભ્રષ્ટ કરતો અને ઋષિઓને ત્રાસ આપતો. એક સમયે સાંબો સહિત બળભદ્ર રૈવતક પર્વત ઉપર ક્રીડા કરવા ગયા હતા, ત્યારે તેણે લોકોને ઉપદ્રવ કરવા માંડ્યો. તેથી બળભદ્રે તેની સાથે યુદ્ધ કરીને તેને મારી નાખ્યો.
૨. પું. (પુરાણ) સુષેણ વાનરના બે ભાઈનો નાનો પુત્ર. એના મોટા ભાઈનું નામ મૈંદ વાનર હતું. તે દક્ષ હજાર હાથીનું બળ ધરાવતો હતો. અંગદનો તે મામો અને સુગ્રીવનો સચિવ હતો. તેણે રાવણ સાથેના યુદ્ધમાં રામને ઘણી મદદ કરી હતી.

દ્વિવિદપ્રાણ્ઘાતી [સ [દ્વિવિદપ્રાણ્ઘાતિન્] પું. પુરુષોત્તમના હજાર ભાઈનું એક નામ.

દ્વિવિદારી [સં. દ્વિવિદ + અરિ (દુશ્મન)] પું. વિષ્ણુ.

દ્વિવિધ ૧. [સં.] વિ. બે પ્રકારનું.
૨. અ. બે રીતે.

દ્વિવિષયક [સં.] વિ. બે વિષય સંબંધી; બે વિષયનું.

દ્વિવિસ્ત [સં.] વિ. એમણે સાઠ રતી વજનનું.

દ્વિવિંદુ [સં.] પું. વિસર્ગ.

દ્વિવેદ [સં.] વિ. બે વેદ જાણનાર.

દ્વિવેદી ૧. [સં. દ્વિવેદિન્] પું. બે વેદ જાણનાર કે ભણનાર માણસ.
૨. સ્ત્રી. એ નામની ગાળણની એક જાત.
૩. વ. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

દ્વિવેરારા [સ] સ્ત્રી. બે પૈડાંની નાની ગાડી. નાનો રથ, માણસનો બેસી શકાય એવી નાની ગાડી.

દ્વિવેશી [સં. દ્વિવેશિન્] વિ. બે વેશ ધારણ કરનાર. ઠોંગી; દગી.

દ્વિવેષી જુઓ દ્વિવેશી.

દ્વિવ્યક્તિત્વ [સં.] વ. બે પ્રકારનું વ્યક્તિત્વ. જેમાં પોતાની જાતને જુદી જ પોતે જોયા હોય તેનાથી પોતાની જાતને જુદી આંકતા થાય છે, તે દ્વિવ્યક્તિત્વ અથવા બહુવ્યક્તિત્વ.
વિજ્ઞાનપ્રવેશિકા

દ્વિશત [સં. દ્વિ (બે) + શત (સો)] ન. બસો, બે સો; ૨૦૦.

દ્વિશતક [સં.] વિ. બસોથી વેચાતું લેવાયેલું.

દ્વિશતી [સ.] સ્ત્રી. બસોની સંખ્યા.

દ્વિ શફ [સં.] વ. બે ખરીવાળું જનવર.

દ્વિશરાવ [સં.] પું. (જ્યોતિષ) મિથુન, કન્યા, ધન, મીન એ રાશિ. તેનો પ્રથમાર્ધ સ્થિર અને દ્વિતીયાર્ધ ચર માનવામાં આવે છે.

દ્વિશર્કરી [સં. દ્વિ (બે) + શર્કરા (સાકર)] સ્ત્રી. સૌરડીના આંકડા જેવા એક પ્રકારની આંક. તેમાં અંગારના બાર ભાગ, આર્દ્રજનકના બાવીસ ભાગ અને પ્રાણવાયુના અગિયાર ભાગ હોય છે.

દ્વિશાખ [સં.] વિ. બાર માસાથી અરીસેલ.

દ્વિશાખ્ય જુઓ દ્વિશાખ.

દ્વિશાલ જુઓ દ્વિશાળ.

દ્વિશાહી વિ. બે જુદા જુદા પક્ષમાં રાજસત્તા વહેંચાયેલી હોય એવું.

દ્વિશાળ [સં. દ્વિશાલા] વિ. ઘરના એક જાતના પ્રકારનું; બે શાખાવાળું.

દ્વિશિખ વ. જે જગ્યાએથી ગાડાના બે મુખ્ય ફાંટા પડતા હોય તે સ્થાન.

દ્વિશિખી [સં. દ્વિશિખિન્] વિ. ફાંટા જેવું; ફાંટાદાર.

દ્વિશિર ૧. [સં. દ્વિશિરસ્] પું. બે માથાંવાળો સ્નાયુ; ખોળી અને ખભા વચ્ચેના હાથમાંનો સ્નાયુ; 'બાયસેપ્સ.'
૨. વિ. બે માથાંવાળું.
૩. વિ. મરજીનો અમલ નહિ રાખનાર.

દ્વિશિરસ્કા [સં.] સ્ત્રી. એ નામની ગાળણની પાળી બાજુ ઉપરની એક પેસી.

દ્વિશિરસ્કા ઔર્વી સ્ત્રી. ગાળણની પાળી બાજુ ઉપરની એ નામની એક પેસી. આ મોટી અને બરાબર પેસી ગાળણની પાળી બાજુ ઉપર આવેલી છે. તેને બે કરતમ માર્યા છે. ગાળણની પાળી બાજુના મધ્ય ભાગમાં આ બને માર્યા પરસ્પર જોડાઈ એક મોટી પેસી બને છે, જે નીચે આવી અનુજ્યારિયની બહારના સીમામાં લાગે છે. તે બનુમાંસ આગળ ચમને વાળે છે તથા તેને સહેજ બહારની બાજુ તરફ ફેરવે છે.

દ્વિશીર્ષ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. વિ. બે માથાવાળું.

દ્વિશીર્ષક જુઓ દ્વિશીર્ષ.

દ્વિશૃંગિકા [સ દ્વિ (બે) + શૃંગ (શિંગડું) + ઇક (વાળું) + આ (નારિલ્લતાનો પ્રત્યય)] સ્ત્રી. એક જાતનો વેલો; મેદૂવલ્લી; મેંઢશિંગી. તેના ફળને બે શિંગડાં જેવા ટોચ હોય છે.

દ્વિષ્ ૧. [સં.] પું. શત્રુ
૨. વિ. દ્વેષ કરનાર; અદેખું
૩. સ. ક્રિ (ધાતુ) તુચ્છકારવું; દ્વેષ કરવો. તે ઉપરથી અનેક શબ્દ: દ્વેષ, દ્વિટ, દ્વેષ્ય.
૪. વ. ક્રિ. વિરોધ જુઓ.

દ્વિષ ૧. [સં.] પું. શત્રુ.
૨. વિ. વેર કરનાર; દ્વેષ કરનાર.
દ્વિષ સમાન જે અપતિ ઇચ્છવા જેથી દ્વાર.
નૈષધિચરિત

દ્વિષટ [સ. દ્વિષટ્)] વિ. બાર; ૧૨.

દ્વિષષ્ટિ [સં.] વિ. બાસઠ; ૬૨.

દ્વિષષ્ટિતમ [સં.] વિ. બાસઠમું.
દ્વિષષ્ટિતમોઽધ્યાય પૂર્ણ થાતો, બોલો વિષ્ણુ હરિ હર હરે. પ્રેમાનંદ

દ્વિષાતરચ્યા સ્ત્રી. ચોપચીની નામની ઔષધિ.

દ્વિષેણ્ય ૧. [સં.] પું. શત્રુ; દુશ્મન.
૨. વિ દ્વેષશીલ; દ્વેષ કરવાના સ્વભાવવાળું.

દ્વિષ્ટ ૧. [સં.] ન. તાંબુ.
૨. ન. દ્વેષની વસ્તુ.
૩. વિ. દ્વેષ કરેલું; જેનો દ્વેષ કરેલ હોય એવું.

દ્વિષ્ઠ ૧. [સં.] વિ. બે સ્થાનમાં રહેનાર; બે સ્થાનકે રહેનાર.
૨. વિ. બેમાં રહેનાર.

દ્વિસપ્તતિ [સં.] વિ. બોતેર; ૭૨.

દ્વિસપ્તાહ [સં.] વ. પખવાડિયું.

દ્વિસમત્રિભુજ [સ.] સ્ત્રી. (ગણિત) બે સમાન બાજુનો ત્રિકોણ.

દ્વિષમદ્વિસમાંતરચતુર્ભુજ [સં] પું (ગણિત) જેની બે બાજુ સમાંતર હોય અને બીજી બે સરખી હોય તેવો ચતુષ્કોણ.

દ્વિસમાંતરચતુર્ભુજ [સં.] પું. (ગણિત) જેની સામસામી બે બાજુ સમાંતર હોય અને બીજી બે ન હોય તેવો ચતુષ્કોણ.

દ્વિસહસ્ર [સં. દ્વિ (બે) + સહસ્ર (હજાર)] વિ. બે હજાર

દ્વિસહસ્રાક્ષ [સં દ્વિ (બે) + સહસ્ર (હજાર) + અક્ષિ (આંખ)] પું. ઇંદ્રનામ.

દ્વિસંખ્યા [સ. દ્વિ (બે) + સંખ્યા (આંકડો)] વિ. બેની સંખ્યા સૂચવનારું; દ્વિવચન.

દ્વિસંસ્કૃત [સં. , વિ. બે વાર શુદ્ધ કરેલું.

દ્વિસાપ્તાહિક [સં દ્વિ (બે) + સપ્ત (સાત) + અહન (દિવસ) + ઇક (પ્રત્યય)] વિ. અઠવાડિયામાં બે વખત પ્રસિદ્ધ થતું.

દ્વિસાંવત્સરિક ૧. [સં.] વિ. બે વર્ષમાં થનાર. ૨. વિ. બે વર્ષમાં થયેલું.

દ્વિસૂત્રી [સં. દ્વિસૂત્રિન્] વિ. બે રેખાવાળું; બે તાંતણાવાળું; દ્વિરેખી.

દ્વિસ્તના ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની કૃત્તિ. ૨. સ્ત્રી. બે સ્તનવાળી સ્ત્રી.

દ્વિસ્તની જુઓ દ્વિસ્તના.

દ્વિસ્પર્શરેખા [સં.] સ્ત્રી. (ગણિત) કોઈ પણ વક્રને બે જુદા જુદા બિંદુ આગળ સ્પર્શ કરનારી સીધી લીટી; 'બાયટેન્જન્ટ.'

દ્વિસ્વભાવ જુઓ દ્વિસ્વભાવરાશિ.

દ્વિસ્વભાવરાશિ [સં.] સ્ત્રી. મિથુન, કન્યા, ધન અને મીન એ ચાર રાશિ.

> મરતુ વારતુ તથા પ્રતિજ્ઞાના મુહૂર્તમાં દ્વિસ્વભાવસંજ્ઞક અને સ્થિર લગ્ન ગ્રહણ કરવા. જ્યોતિષ હીર

દ્વિસ્વર ૧. [સં.] પું. સંધિસ્વર. ૨. વિ. બે સ્વરવાળું.

દ્વિહરિદ્રા [સં.] સ્ત્રી. હારહગાર.

દ્વિહલ્ય [સં.] વિ. બે વાર હળથી ખેડેલું.

દ્વિહસ્તહ્યગ્રાસન [સં.] ન. (યોગ) ચોરાકી બાંધેનું એ નામનું એક આસન. તેમાં જમણો પગ જમણા ખભા ઉપર અથવા ડાબો પગ ડાબા ખભા ઉપર રાખી, બંને હાથને ડોકની પછવાડે રાખી બંને હાથનાં આગળાં મેળવી પગને અધર રાખીને બેસવામાં આવે છે.

દ્વિહાયન ૧. [સં.] ન. બે વર્ષ. ૨. વિ. બે વર્ષનું.

દ્વિહાયની [સં.] સ્ત્રી. બે વર્ષની ગાય.

દ્વિહીન [સં.] વિ. નપુંસક; બાયલું; હીજડું.

દ્વિહૃદયા ૧. [સં.] સ્ત્રી. કપિણી સ્ત્રી. ૨. વિ સ્ત્રી. કપિણી; ભેળવાણી.

દ્વીપ ૧. [સં.] પું જેની ચારે બાજુ પાણી વીંટાયેલું હોય એવો જમીનનો ભાગ; બેટ; ટાપુ. મોટા દ્વીપોને મહાદ્વીપ અને બહુ નાના દ્વીપોના સમૂહને દ્વીપપુંજ કે દ્વીપમાલા કહે છે. દ્વીપ બે પ્રકારના હોય છે: સાધારણ અને પ્રવાલજ. સાધારણ દ્વીપ બે પ્રકારે બને છે: એક તો પૃથ્વીની અંદરની અગ્નિના પ્રકોપથી સમુદ્રમાં નીચેના ભાગથી ઊપસી આવે છે. આસપાસની ભૂમિ ધસાઈ જવાથી અને ત્યાં પાણી આવી જવાથી પણ દ્વીપ બને છે. પ્રવાલજ દ્વીપ એક જાતના જંતુઓથી બને છે. આ જંતુઓ બહુ સૂક્ષ્મ કૃમિ છે અને તે શરીરના ઝાડના આકારના પિંડ બનાવીને સમુદ્રને તળિયે જમી રહે છે. આ નાના નાના કીડાના શરીરથી દબાતરો વર્ષમાં એક મોટો પર્વત બની જાય છે અને તે સમુદ્રની બહાર નીકળી આવે છે. આને પ્રવાલજ દ્વીપ કહે છે. આ બે ઉપરાંત એક ત્રીજા પ્રકારનો પણ દ્વીપ થાય છે, જેને મરિદ્વીપ કહી શકાય છે. આ પ્રકારનો દ્વીપ બહુ આગે મોટી મોટી નદીઓના મુખ આગળ જ્યાં તે સમુદ્રને મળે છે ત્યાં બને છે. આ દ્વીપોમાં કેટલાક તો એવા નાના થાય છે કે તે સમુદ્રથી સહેજ બહાર દેખાય છે. પણ મોટા દ્વીપ પણ થાય છે અને તેના ઉપર મનુષ્ય, પશુ, પક્ષી વગેરે રહે છે અને ઝાડપાન થાય છે.

૨. પું. જમીની જળ દૂર થયું હોય એવો નદી વગેરેનો કાંઠો.

૩. પું. દીપ એટ.

૪. પું. (પુરાણ) પૃથ્વીના સાત મોટા વિભાગ માંહેનો દરેક. પુરાણોમાં પૃથ્વીના સાત દ્વીપમાં વિભાગ પાડેલ છે. સમુદ્ર અને દ્વીપોની ઉત્પત્તિ સંબંધમાં એવી કથા છે કે, મહારાજ પ્રિયવ્રતે ધાર્યું કે સૂર્ય એક વારમાં પૃથ્વીની એક બાજુને પ્રકાશિત કરે છે જેથી તેની બીજી બાજુ અંધકાર રહે છે. તેણે એક પૈડાની ચમચમાની ગાડી ઉપર સવાર થઈ સાત વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી. ગાડીના પૈડાના ચસારાથી પૃથ્વી ઉપર સાત વર્તુલાકાર ખાડા પડી ગયા, જે સાત સમુદ્ર બન્યા. આ સાત સમુદ્રના ઘેરાવાથી સાત દ્વીપ બન્યા. આ બધાની વચમાં જંબુદ્વીપ છે, જે ચોમેર ક્ષારસમુદ્રથી ઘેરાયેલ છે અને જેની વચમાં મેરુ પર્વત છે. તે પછી બીજો પ્લક્ષદ્વીપ, ત્રીજો શાલ્મલીદ્વીપ, ચોથો કુશદ્વીપ, પાંચમો ક્રૌંચદ્વીપ, છઠ્ઠો શાકદ્વીપ અને સાતમો પુષ્કરદ્વીપ છે. આ દરેક દ્વીપ તેની આગળના દ્વીપથી બમણો મોટો છે. ભાસ્કરાચાર્યના મત પ્રમાણે પૃથ્વીના અર્ધભાગમાં ક્ષારસમુદ્રથી ઘેરાયેલ જંબુદ્વીપ છે અને બીજા અર્ધભાગમાં બાકીના પાંચ વગેરે ૭ દ્વીપ છે આ સાત દ્વીપો અનુક્રમે ક્ષાર, સવર્ણ, ક્ષીર, દધિ, રસ વગેરેના સમુદ્રોથી ઘેરાયેલ છે. બીજી માન્યતા પ્રમાણે સાત દ્વીપોની આસપાસ લવણ, ઇક્ષુ, સુરા, સર્પિ અથવા ઘૃત, દધિ, દુગ્ધ અથવા ક્ષીર અને જળ એમ સાત સમુદ્ર આવેલા છે. મહાભારતમાં ચાર દ્વીપ કહેલ છે: ભદ્રાશ્વ, કેતુમાલ, જંબુદ્વીપ અને ઉત્તરકુરુ. જંબુદ્વીપના નવ વિભાગ છે: ભારત, કિંપુરુષ અથવા કિન્નર, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્મય, ઉત્તરકુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ. વિષ્ણુપુરાણ પ્રમાણે પણ ભારતવર્ષ અથવા હિંદુસ્તાનના નવ ભાગ અથવા દ્વીપ છે: ઇંદ્રદ્વીપ, કસેરુમત, તામ્રવર્ણ, ગભસ્તિમત, નાગદ્વીપ, સૌમ્ય, ગાંધર્વ અને વારુણ. નવમા દ્વીપનું નામ માલૂમ પડતું નથી, પરંતુ ભાસ્કરાચાર્ય નવમાને કુમારિકા કહે છે.

૫. પું. વાયુ.

૬. ન. આધારસ્થાન; આશ્રયસ્થાન.

૭. ન. પુલીન; નદીની રેતાળ કાંઠો.

૮. ન. આશ્રયધર્મ; વાપનું ચામડું.

દ્વીપક પું. દીપડો.

દ્વીપકપૂર [સં.] પું. ચીની કપૂર.

દ્વીપકલ્પ [સં. દ્વિ (બે) + જલ (પાણી) + કલ્પ (જેવું)] પું. બહુ બાજુએ પાણીથી વીંટાયેલ જમીનનો ભાગ.

દ્વીપકુમાર [સં.] પું. (જૈન) એક જાતના ભવનપતિ દેવતા. તેઓ સોના જેવા વર્ણના અને તેમના આભરણમાં સિંહનું ચિહ્ન હોય છે.

દ્વીપકુમારી [સં.] સ્ત્રી. દ્વીપકુમાર દેવની દેવી.

દ્વીપનિવાસી [સં. દ્વીપનિવાસિન્] વિ. દ્વીપનું રહીશ; દ્વીપમાં રહેનારું.

દ્વીપપુર [સં.] ન. દીવ બંદર.

દ્વીપપુંજ [સં] પું. નાના નાના દ્વીપનો સમૂહ; બહુ બેટવાળો પ્રદેશ; બહુદ્વીપ પ્રદેશ.

દ્વીપમાલા [સં] સ્ત્રી. નાના નાના દ્વીપનો સમૂહ, દ્વીપપુંજ

દ્વીપવત ૧. [સં. દ્વીપવત્] પું. નદ; મોટી નદી. ૨. પું. સમુદ્ર.

દ્વીપવતી ૧. [સં] સ્ત્રી. એ નામની એક નદી. ૨. સ્ત્રી. પૃથ્વી. ૩. સ્ત્રી ભૂમિ. ૪ વિ. સ્ત્રી. દ્વીપવાળી.

દ્વીપવાન [સં. દ્વીપવત્] વિ. બેટવાળું.

દ્વીપશાલુ [સ.] પું. શતાવરી નામની વનસ્પતિ.

દ્વીપસમૂહ [સં.] પું. અનેક દ્વીપનો સમૂહ; બધા દ્વીપોનો જથ્થો, 'આંદામાન્સ.'

દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ [સ.] પું. (જૈન) જેમાં દ્વીપસાગરનું વર્ણન છે એવું એક કાલિક સૂત્ર.

દ્વીપસિદ્ધ [સં.] વિ. (જૈન) દ્વીપમાંથી સિદ્ધ થયેલું, દ્વીપમાંથી મોક્ષ ગતિને પામેલું.
સમુદ્રસિદ્ધ કરતાં મોટા હોય છે, અને દ્વીપસિદ્ધ તેથી સંખ્યાતગુણા હોય છે. તત્ત્વાર્થસૂત્ર

દ્વીપાકૃતિ [સ.] વિ. બેટના જેવા આકારનું.

દ્વીપાયન ૧. પું. એ નામના એક મહર્ષિ. ૨. પું. (જૈન) ભરતખંડમાં થનાર ત્રીજમા તીર્થંકરના પૂર્વભવનું નામ.

દ્વીપાંતર [સ.] પું. બીજો બેટ.

દ્વીપાંતરદંડ [સં.] પું. દેશનિકાલની શિક્ષા, હદપારીની સજા.

દ્વીપાંતરવચા સ્ત્રી. બોપચીની નામની ઔષધિ.

દ્વીપિક પું. ચિતો.

દ્વીપિકા [સ.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શતાવરી

દ્વીપી ૧. [સં. દ્વીપિન્] પું. ચિતો.
૨. પું બરછનો ચિતો, તે રંગે બોળાશ પડતો હોય છે.
૩. પું. વાઘ.
૪. પું. હાથી; ગજ.
૫. સ્ત્રી. કોરિંગડી.
૬. ન. ચિત્રકનું ઝાડ.

દ્વીપીનખ [સં] પું. વાઘનખ. તે દેખીને જનવર તથા માણસ ડરી જાય છે. તે નખ દેખાવમાં સિંહામણા લાગે છે.

દ્વીપ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રહસ્યનું એક નામ.
૨. પું. વ્યાસ.
૩. વિ. દ્વીપમાં રહેનાર; દ્વીપમાં હોનાર.

દ્વીભાગીકરણ ન. દ્વીભાગીકરણ; બે ભાગ પાડવા તે; જુદું કરવું તે.

દ્વીભૂત [સ.] વિ. બેવડાયેલું.

દ્વીભૂતબિંદુ [સં.] ન. એક જાતનું બિંદુ; 'ડબલ પૉઇન્ટ.'

દ્વીમાર્ગીકરણ ન. બે ભાગ પાડવા તે; બે માર્ગ કરવા તે; દ્વીભાગીકરણ.

દ્વીશ ૧. [સં.] ન. (જ્યોતિષ) વિશાખા નક્ષત્ર.
૨. વિ. જે એનો સ્વામી હોય એવું.
૩. વિ. જેના અધિષ્ઠાતા બે દેવ હોય એવું.
૪. વિ. બે દેવતા સાથેનું.
૫. વિ. બે ધનિષ્ઠા.

દ્વીંદ્રિય ૧. [સં] પું. શરીર અને જીભ એ બે ઇંદ્રિયવાળો જીવ. જેમકે, કૃમિ, જળો.
૨. ન બે ઇંદ્રિયવાળું.
૩. વિ. બે ઇંદ્રિયવાળું

દ્વીંદ્રિયગ્રાહ્ય [સ.] વિ. ચક્ષુ અને સ્પર્શ એ બે ઇંદ્રિય વડે ગ્રહણ કરવા લાયક.

દ્વે [સં.] વિ. દ્વયં બે.

દ્વેષ [સં. દ્વેષ] પું. અદેખાઈ, ઈર્ષા; દ્વેષ.

દ્વેષી [સં. દ્વેષિન્] વિ. દ્વેષી, અદેખું.

દ્વેષા [સં.] અ. બે રીતે, બે પ્રકારે.

દ્વૈધીભાવ પું. બુદ્ધિભ્રંશ; ભિન્નતા.
ન દ્વૈધીભાવ થતાં બોલતો નથી.
સરસ્વતીચંદ્ર

દ્વૈષ ૧. [સં. દ્વિષ (દ્વિક્ષાસ્થ)] પું. (જૈન) અઢાર પાદેનું એ નામનું એક દૂષણ. અઢાર દૂષણ અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, મદ, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, હાસ, હારપ, રતિ અને અરતિ.
૨. પું. ઈર્ષા; આકરા ક્રોધનો અદેખાઈ, ઝેર
૩. પું. ચિત્તને આકુળ કરનારની જેમ, અપ્રિયતા. તિરસ્કાર; કંટાળો.
૪. પું. (ન્યાય) ચોવીસ ગુણોનો એક ગુણ. રૂપ, રસ ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, વિભાગ, સંયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ એ ચોવીસ ગુણ કહેવાય છે.
૫. પું. શત્રુતા; વેર
૬. પું. (જૈન) સાત માઠેના એક પ્રકારનો અનુરાગ. પૂર્વે અનુભવ કરેલાં દુઃખને યાદ કરીને તેનાં સાધનોની અભિલાષા ન રાખતા તેના ઉપર જે નિદારૂપ ક્રોધ તે દ્વેષ કહેવાય છે પ્રીતિથી ઊલટો ચિત્તનો વિકાર તે પણ દ્વેષ કહેવાય છે. આ ગુણ કેવળ જીવાત્મામા જ હોય છે તથા દુઃખહેતુ અને દુઃખોપાય દ્વેષ એવા ભેદથી તે બે પ્રકારનો છે. એ દ્વેષગુણ અનિત્ય હોય છે. રાગદ્વેષવડે પદાર્થોની અપ્રાપ્તિથી દ્વેષ થાય છે, તેનું નામ તામિસ્ર પણ કહ્યું છે. યોગ વડે પૂર્વોક્ત અષ્ટવિધ ઐશ્વર્યને પામી સિદ્ધ થઈ આ લોકના પાંચ પૂર્વોક્ત વિષયોને તથા સ્વર્ગના પૂર્વોક્ત પાંચ વિષયોને હું ભોગવીશ એવા અભિપ્રાયથી પ્રશ્ન થયેલાને કોઈ પ્રતિબંધ પ્રાપ્ત થવાથી તેના ચિત્તમા અસિદ્ધિ આદિ આઠ ઐશ્વર્યની ઉત્પત્તિ થતી નથી અને તે ઐશ્વર્યના અભાવથી દશ વિષયોની તેને અસિદ્ધિ થાય છે. એવી રીતે તે અઢારની અસિદ્ધિથી પ્રતિબંધ કરનાર વિષય ઉપર જે ક્રોધ થાય છે તે અઢાર પ્રકારનો તામિસ્ર નામનો દ્વેષ કહેવાય છે.
૭. વિ. દ્વેષ કરનાર.

દ્વેષક ૧. [સં.] પું. શત્રુ; દુશ્મન.
૨. ન. દ્વેષ; અદેખાઈ.
૩. વિ. દ્વેષ કરનાર.

દ્વેષપક્ષ [સં.] પું. દ્વેષના જુદા જુદા ભેદ. જેવા કે, ક્રોધ, ઈર્ષા, દ્રોહ, અમર્ષ.

દ્વેષબુદ્ધિ [સ.] સ્ત્રી. ઈર્ષાની લાગણી, વૈરભાવ; અદાવત

દ્વેષભાવ [સ.] પું. દ્વેષની લાગણી, વૈરભાવ; અદાવત, કીનો

દ્વેષમૂલક ૧. [સ] વિ. દ્વેષને ઉત્પન્ન કરનાર.
૨. ન. દ્વેષવાળું, દ્વેષયુક્ત
૩. અ. દ્વેષપૂર્વક

દ્વેષવું [સ દ્વિષ] સ. ક્રિ. ઈર્ષા કરવી, અદેખાઈ કરવી
શત્રુને ના અભિનંદે, ના દ્વેષે જે મિત્રને,
જે સર્વત્ર સ્નેહરહિતો, તેની પ્રજ્ઞા જ આસ્થર.
કવિ ગીતા.

દ્વેષસ્થાન [સ.] ન. ઈર્ષાનું ઘર.
હૃદયમાં ક્રમબંધનમાં દ્વેષસ્થાન લોભ લાલચુની મન શાંત મહત્ત્વ કરતુ નથી. પુરાતત્ત્વ

દ્વેષાગ્નિ [સં.] પું. દ્વેષરૂપી અગ્નિ.
આ મારું અગ્નિ ત્યાગ કરવાને યોગ્ય છે. કામાગ્નિ, દ્વેષાગ્નિ અને મોહાગ્નિ પુરાતત્ત્વ

દ્વેષિણી [સ.] વિ. સ્ત્રી. દ્વેષવાળી; અદેખાઈ કરનારી; ઈર્ષા રાખનારી.

દ્વેષી ૧. [સં. દ્વેષિન્] પું. શત્રુ; વેરી.
દુશ્મન દ્વેષી પ્રત્યે જે સમો સમભાવ ત્રિશ,
હોતા કર્યો વિના તેને મહત્ત્વ એ ઉદાત્ત છે.
નાથી ગીતા
૨. વિ દ્વેષવાળું, ખારીલું, કીનાખોર; મનમાં વેરભાવ રાખે એવું.

દ્વેષ્ટા વિ. દ્વેષવાળું, ખારીલું, કીનાખોર; મનમાં વેરભાવ રાખે એવું.

દ્વેષ્ટા ૧. [સં. દ્વેષ્ટૃ] પું. વિરોધી, શત્રુ; દુશ્મન.
૨. વિ. દ્વેષ કરવાવાળું.
હિંદુસ્તાનમા અહિંસાના દ્વેષ્ટાઓ કહે છે કે અહિંસાથી આપણાપણું આવવાનું છે. ગાંધીજી

દ્વેષ્ય ૧. [સં.] પું. શત્રુ; વેરી.
૨. વિ. અપ્રિય; અણગમતું.
૩ વિ. દ્વેષ કરનાર
૪. વિ. દ્વેષ કરવા જેવું.

દ્વૈષ્ય કર્મ ન. (આયુર્વે.) એક પ્રકારનું અનીપ્સિત કર્મ. ઓદન જમતાં વિષ આવ છે. આ વાક્યમાં ઓદન જમવાને ઇચ્છે છે, પરંતુ તેમાં વિષ ભરેલું હોવાથી વિષ એ ઓજન્નર્દિયા વડે પ્રાપ્ત કરવાનું કર્તાનું ઇષ્ટ જ નથી, એટલું જ નહિ પરંતુ દ્વેષ્ય છે. તે પણ કર્મસંજ્ઞા પામે છે. આ દ્વેષ્ય કર્મ કહેવાય છે.

દ્વૈષ્યતા [સં.] સ્ત્રી. દ્વેષ કરવા યોગ્યપણું, ગર્હ્યતા.

દ્વૈષ્યત્વ જુઓ દ્વેષ્યતા.

દ્વૈ [સં. દ્વિ] વિ. (હિંદી) બે.

દ્વૈગુણ્યિક ૧. [સં] વિ. બમણું આજ લેનાર; દ્વિગુણગ્રાહી.

૨. વિ. બમણાવટાવનો ધંધો કરનાર.

દ્વૈગુણ્ય [સં] ન. બમણાપણું, બેગણાપણું.

દ્વૈજ સ્ત્રી. દ્વિતીયા; બીજ; પખવાડિયાની બીજ તિથિ

દ્વૈત ૧. [સં.] ન. અજ્ઞાન.

૨. ન જગત; વિશ્વ.

૩. ન. જીવાત્મા અને પરમાત્માની ભિન્નતા માનનાર મત; ઈશ્વર અને સૃષ્ટિ બે જુદાં છે એવો મત.

૪. ન. બેપણું; ભિન્નતા; જુદાપણું; દ્વિભાવ; ભેદભાવ.

ઘણું ખાઈ કે લે જીવનમહીંથી દ્વૈત હણવાં.
ત્રિવેણી

૫. ન. ભ્રમ.

૬. ન. યુગ્મ; યુગલ.

દ્વૈતદૃષ્ટિ [સં.] સ્ત્રી. ભિન્નતાની નજરે જોવું તે.

દ્વૈતદૃષ્ટિ જેની દૂર થઈ ને અદ્વૈતભાવના જાગ્રત જે
જોઉ કેમ જ જાય ? જગની જાગવત

દ્વૈતનિર્મિમી [સં. દ્વૈત (બેપણું) + નિર્ (નહિ) + મિમિન્ (મિશ્રણવાળું)] વિ. દ્વૈતના મિશ્રણથી રહિત.

સ્તુતિ અંશથી જાત,
દ્વૈતનિર્મિમી ન હોયે. અખો

દ્વૈતબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. જગત અને ઈશ્વર ભિન્નભિન્ન છે એવી સમજ અથવા ભાવના; ઈશ્વર અને જગત વચ્ચે દ્વૈતની બુદ્ધિ.

૨. સ્ત્રી ભિન્નતા; જુદાઈ; બેપણું.

૩. વિ. બેપણાની ભાવનાવાળું.

દ્વૈતબ્રાહ્મણ [સં.] ન. સામવેદનું એક નામનું એક બ્રાહ્મણ.

દ્વૈતભાવ જુઓ દ્વૈતબુદ્ધિ.

દ્વૈતભાવી વિ. ભેદાર્થ જાણનાર, ભિન્નતાભારી.

દ્વૈતભાસ [સં.] પું. ભ્રાન્તજ્ઞાનનો દેખાવ.

દ્વૈતભાસ અતિમાત્ર છે વિવર્તરૂપે,
શુદ્ધ બુદ્ધ મુક્ત સદા નિત્ય સ્વરૂપે
કેશવકૃતિ

દ્વૈતભેદ [સં.] પું. જુદાઈ; ભિન્નતા

સત્ય દુઃખ સંસાર મૈરાગ્ય આદિ દ્વૈતભેદમા
અભેદ એટલે અદ્વૈતબુદ્ધિ કરીએ છીએ.
સરસ્વતીચંદ્ર

દ્વૈતમત [સં.] પું. એકથી વધારે દેવને માનવાનો મત.

૨. પું જગત અને ઈશ્વર એ બે જુદાં છે એવો મત; જીવ, જગત અને ઈશ્વર બધુ એક જ છે એવું નહિ માનતાં તેમાં બેપણું માનવું તે.

દ્વૈતમૂલક [સં.] વિ. જગત અને ઈશ્વર બંને જુદા છે એવી માન્યતા ઉપર રહેલું.

દ્વૈતમૂલક અસ્તિમાત્રથી આત્મરે અદ્વૈત જ્ઞાન થવું શક્ય નથી એવો જો આક્ષેપનો અર્થ હોય તો આ આક્ષેપ ખોટો છે. મીમાંસક

દ્વૈતવન [સં] ન. (પુરાણ) એ નામનું મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તપોવન. તે સરસ્વતીને તીરે મરુધન્વ દેશની પાસે આવેલું હતું. હસ્તિનાપુરથી વનવાસ જતાં પાંડવો પહેલાં આ વનમાં આવ્યા હતા. કૈટલોક કાળ અહીં રહીને તેઓ કામ્યક વનમાં ગયા હતા. ત્યાં અગસ્ત્ય દૌમ્યવગેરે અનેક ઋષિઓ તેમને આવી મળ્યા હતા. ત્યાં સપત્ની દ્રૌપદી અને દ્રૌપદી વગેરેને યુધિષ્ઠિર સાથે ધર્મ વિષયે સંવાદ થયો હતો યુધિષ્ઠિરને અહીં પ્રતિસ્મૃતિ નામે વિદ્યા પ્રાપ્ત થઈ હતી. તે ઉપરાંત અર્જુનને શીખવી. સાર પછી બધા પાંડવો આ વનમાં પાછા આવ્યા હતા

દ્વૈતવાદ ૧. [સં] પું. આત્મા ને પરમાત્મા અથવા જીવ અને ઈશ્વર જુદા છે એવો દાર્શનિક સિદ્ધાંત. ઉત્તરમીમાંસા અથવા વેદાંતને જોડી આકીનાં બધે દર્શન દ્વૈતવાદી મનાય છે દ્વૈતવાદીઓ કહે છે કે, પ્રકૃતિ અને જીવનો ભેદ નિત્ય છે. પણ અદ્વૈતવાદીઓ કહે છે કે, આ ભેદજ્ઞાન ભ્રમ છે જે સમયે જીવ પોતાને બ્રહ્મસ્વરૂપ સમજી લે છે, તે સમયે તે મુક્ત થઈ જાય છે. કેવળ ઉપાધિના કારણે જીવ પોતાને બ્રહ્મથી જુદો માને છે. ઉપાધિ દૂર થતાં તે બ્રહ્મમાં મળી જાય છે. દ્વૈતવાદી જીવની ઉપાધિને નિત્ય માને છે. તત્ત્વમસિ એ ઉપનિષદના મહાવાક્યને અદ્વૈતવાદી તેમ જ દ્વૈતવાદી માને છે, પણ બંને તેના જુદા જુદા અર્થ કરે છે અદ્વૈતવાદી તત્ત્વમસિનો સીધો અર્થ લે છે કે, તું બ્રહ્મ છે પણ દ્વૈતવાદી મધ્વાચાર્યે તેનો અર્થ કર્યો છે કે, તત્ત્વ ત્વં અસિ, એટલે કે તું તેનો છે. ન્યાય અને વૈશેષિકમાં બધુ નિત્ય પદાર્થ માન્યા છે: જીવાત્મા, પરમેશ્વર અને પરમાણુ આવા પ્રકારના દ્વૈતવાદનું ખંડન શંકરાચાર્યે પોતાના અદ્વૈતવાદથી કર્યું છે જેવી રીતે શંકરાચાર્યે વેદાંત સૂત્રનું ભાષ્ય કરી પોતાનો અદ્વૈતવાદ સ્થાપિત કર્યો છે, તેવી રીતે મધ્વાચાર્યે તે સૂત્રનું એક ભાષ્ય રચી દ્વૈતવાદનું મંડન કર્યું છે તેના મત પ્રમાણે પરમેશ્વર સ્વતંત્ર છે અને જીવ પરમેશ્વરને અધીન છે. વેદાંતીઓ જે જગતને ઈશ્વરથી અભિન્ન અથવા સ્વપ્નસમર્પણી માયા માને છે અને જીવમાં ઈશ્વરનો આરોપ કરે છે, તે ઠીક નથી. જગત અને જીવ સત્ય છે અને ઈશ્વરથી ભિન્ન છે. એકમેવ દ્વિતીય એ વાક્યનો અર્થ અદ્વૈતવાદી કરે છે તેમ એમ નથી કે ઈશ્વર સિવાય કોઈ બીજ નથી તેનો અર્થ એમ છે કે, ઈશ્વર બધા નથી, પણ એક જ છે. એમ શબ્દથી મધ્વાચાર્ય એવો ધ્વનિ પણ કાઢે છે કે, ઈશ્વર સદા એક જ રહે છે, એકપણું એ તેનો સ્વભાવ છે, તે અનેક થઈ શકતો નથી અદ્વિતીયનો અર્થ એ છે કે, દ્વિતીય એટલે જીવ અને જગત છે તે એ નથી. જીવ અને જગત તેની સૃષ્ટિ છે. આ રીતે મધ્વાચાર્યે દ્વૈતવાદનું મંડન કર્યું છે. રામાનુજનો વિશિષ્ટ દ્વૈતવાદ એ દ્વૈત અને અદ્વૈતની વચ્ચેનો માર્ગ છે. દ્વૈતવાદથી તેમાં બહુ વધારે ફેર નથી.

૨. પું જગત અને ઈશ્વર ભિન્નભિન્ન છે એવી માન્યતા.

૩. પું. શરીર અને આત્મા જુદાં છે એવો સિદ્ધાંત.

દ્વૈતવાદી ૧ [સં દ્વૈતવાદિન્] વિ. જીવ અને ઈશ્વર એકબીજાથી ભિન્ન છે એવા મતનું

૨ વિ. દ્વૈતવાદને લગતું.

૩ વિ. દ્વૈતવાદમાં માનનારું

દ્વૈતવાસનાદ [સં.] સ્ત્રી. જીવ અને ઈશ્વર જુદા હોવાની ભાવના.

દ્વૈતાદ્વૈત ૧. [સં.] પું. જીવ અને ઈશ્વરનો ભેદ અભેદ; દ્વૈધીભાવ.

મુજમા સૌ હું સ્વાંતીન,
હું હું ત્યા નહિ દ્વૈતાદ્વૈત. અખો

૨. પું. નિમાર્ક યાદવકુલો એક સંપ્રદાય. નિમાર્કનો રાધાકૃષ્ણની ભક્તિબોધક એક સંપ્રદાય છે. જીવ, જગત અને ઈશ્વર એ સંબંધી નિમાર્કાચાર્યનો એવો મત છે કે, જીવો જિન્ન નથી, તોપણ જીવ અને જગતનું અસ્તિત્વ અને તેમનો વ્યાપાર સ્વતંત્ર નથી, પણ ઈશ્વરેચ્છા ઉપર અવલંબીને રહેલાં છે. મૂળ પરમેશ્વરમાં જ જીવ અને જગતનાં સૂક્ષ્મ તત્ત્વો સમાયેલાં છે.

રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતથી આ સંપ્રદાયની ભિન્નતા બતાવવા માટે આને દ્વૈતાદ્વૈત સંપ્રદાય એવું નામ આપેલ છે

૩. પું. ભેદભાવ; તફાવત; ફરક; જુદાઈ.

૪. પું. વ્યાસ મુનિ; પરાશર અને સત્યવતીનો પુત્ર.

દ્વૈતાદ્વૈતમત જુઓ દ્વૈતાદ્વૈતવાદ.

દ્વૈતાદ્વૈતવાદ [સં.] પું. એ નામનો એક વાદ; જીવ અને ઈશ્વર એકસરખા નિત્ય છે અને બહ્મ વગર બીજું કાંઈ જ નહિ એવો માનવાનો. આ સંપ્રદાયના સ્થાપનાર નિમ્બાર્ક છે તેને સનકાદિ સંપ્રદાય પણ કહે છે. આ સંપ્રદાયના ગુરુ હંસનો અવતાર મનાય છે.

દ્વૈતાદ્વૈતસંપ્રદાય જુઓ દ્વૈતાદ્વૈત ૨.

દ્વૈતાદ્વૈતી [સં. દ્વૈતાદ્વૈતિન્] વિ. નિમ્બાર્કના સંપ્રદાયમાં માનનારું; દ્વૈતાદ્વૈત મતને માનનાર.

દ્વૈતાપત્તિ [સં.] સ્ત્રી. દ્વૈત હોવાપણું.

માયા અને બ્રહ્મ સ્વપ્નને એક જોગી જુદા માનતા દ્વૈતાપત્તિ પ્રાપ્ત થાય.

આત્મનો ધર્મ

દ્વૈતાભાસ [સં.] પું. દ્વૈતનો અથવા બેપણાનો ભાસ થવો તે.

સહુ આત્મા પ્રકારો ત્યા. ન દ્વૈતાભાસ પારે છે. હું આત્મા છે હું આત્મા છે વદીને દંભ કરવું. શું ?

આનંદઘન

દ્વૈતી [સં. દ્વૈતિન્] વિ. દ્વૈતવાદી; દ્વૈતવાદમાં માનનાર.

સાખ્યો દ્વૈતી એટલે બે મૂળતત્ત્વો માનનારા કહેવાય છે. ગીતારહસ્ય

દ્વૈતીભાવ [સં] પું. બેપણાની ભાવના; જુદાઈની લાગણી.

ઉપાસ્ય અને ઉપાસક આ દ્વૈતીભાવ પણ બાકી રહેતો નથી. ગીતારહસ્ય

દ્વૈતીભેદ [સં.] પું. બે વસ્તુનો તફાવત.

દ્રષ્ટા અને દૃશ્ય (બ્રહ્મમેળ-જગત અને જગતનો સાક્ષી) એ દ્વૈતીભેદ સૃષ્ટિને જોનારા મનુષ્યને બાકી સૃષ્ટિનું જ્ઞાન થાય છે. ગીતારહસ્ય

દ્વૈતીયીક ૧. [સં.] પું. (વ્યાકરણ) ધાતુનો એક વિભાગ. આ પ્રકારના ધાતુ વ્યંજન, સ્વર અને વ્યંજનના, અથવા બે વ્યંજન અને દીર્ઘસ્વરના અથવા સ્વર અને બે વ્યંજનના બનેલા હોય છે.

૨. વિ. બીજું.

દ્વૈત્રિજન્ય [સં.] સ્ત્રી. (ગણિત) ત્રૈરાશિની કોઈ પણ બે ત્રિજ્યા અને તેમની વચ્ચે આવેલા ચાપથી બનેલી આકૃતિ: 'સેક્ટર.'

દ્વૈધ [સં.] વિ. દ્વૈધ; બેવડું.

દ્વૈધ ૧. [સં.] પું. રાજનીતિના છ માર્ગનો એક ગુણ. તેમાં પરસ્પરના વ્યવહારમાં જાનો અને બહેર એવા બે જુદા જુદા ભાવ રાખવા પડે છે, એટલે કે મુખ્ય હેતુને જાનો રાખી બીજો હેતુ દેખાડવામાં આવે છે.

૨. પું. વિરોધ; અરસપરસ વિરોધ.

૩. ન. બે પ્રકાર; બેપણું.

૪. ન. સરવ. સોડા.

૫. વિ. બેવડું; દ્વિગુણ

દ્વૈધરાજ્ય [સં.] ન. બેવડું રાજ્યતંત્ર; દ્વિમુખીરાજ્યતંત્ર, 'ડાયર્કિ'

દ્વૈધરાજ્યપદ્ધતિ જુઓ દ્વૈધરાજ્ય.

દ્વૈધસૂત્ર [સં.] ન. એ નામનું એક ધર્મસૂત્ર તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સાધ્ય કરવા માટે ગૃહસ્થે કેવી રીતે વર્તવું તે પણ કહેલું છે.

દ્વૈધારસ્પર્શ [સં.] પું. (ગણિત) એક જાતનો રસ્પર્શ, એવડો રસ્પર્શ: 'ઇન્સ્ક્રાઇબ્ડ' જ્યારે કોઈ લીટી અથવા સીધી સપાટી કોઈ વાને અથવા સપાટીને સ્પર્શ કરે તો તે સ્પર્શ દ્વૈધારસ્પર્શ કહેવાય છે.

દ્વૈધીકરણ [સં.] ન. બે ટુકડા કરવા તે; અલગ કરવું તે; જુદું પાડવાપણું

દ્વૈધીકૃત [સં] વિ નિવાળું કરેલું; જુદું પાડેલું

દ્વૈધીભવન [સં] ન. જુદું પડવું તે; બે ભાગ થવા તે.

દ્વૈધીભાવ ૧. [સં.] પું. અનિશ્ચય; સંશય; શંકા

૨. પું કપટ, છળ.

૩. પું દ્વિત્વ, દ્વૈત, બેપણું.

૪. પું બે ભાગ કરવા તે, દ્વિધાકરણ.

૫ પું. બે ભાગ; અંદરથી કાંઈ અને બહારથી કાંઈ બતાવવું તે. રાજનીતિના છ પ્રકાર માર્ગનો આ એક છે. રાજનીતિના છ પ્રકાર: સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ.

દ્વૈધીભાવાસન [સં.] ન. પૃથ્વીના ભોક્તા રાજાના છ માર્ગનો એક ગુણ. તેથી તેને દુશ્મની સામે હરકતનો મોટો આડંબર દેખાડી સ્વસ્થાનમાં રહેતાં આવડે છે. રાજાએ અથવા યોગ્ય છ ગુણનાં નામ: સમાધાસન, યાત્રાસંધાન, વિગ્રહીયાસન, દ્વૈધીભાવાસન, સંધીકરાસન અને અન્યાશ્રયાસન.

દ્વૈપ ૧. [સં.] પું. વાયના ત્રાગડાથી હોલો રથ.

૨. ન. વાય સાથે સંબંધ રાખનારી વસ્તુ; વાયમાંથી નીકળેલી અને બનેલી વસ્તુ

૩. ન. બાહ્યચર્મ; વાયનું ચામડું.

૪. વિ. વાયનું, વાય સંબંધી

દ્વૈપાયન ૧. [સં.] પું વ્યાસ મુનિ, વેદવ્યાસ તેમનો જન્મ યમુના નદીના એક દ્વીપમાં થયો હતો, તેથી તેનું આ નામ પડ્યું છે.

૨. ન. એ નામનું એક સરોવર. તેમાં મહાભારતના યુદ્ધ વખતે દુર્યોધન જાગીને સંતાયો હતો.

૩. વિ દ્વીપમાં રહેનાર, વસનાર કે ફરનાર.

દ્વૈપાયનહ્રદ [સં] ન. એ નામનું એક સરોવર. મહાભારતના યુદ્ધ વખતે દુર્યોધન જાગીને તેમાં સંતાયો હતો

દ્વૈપાયની [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની દક્ષિણ તરફની એક દેવી. બળરામ તીર્થયાત્રા કરતા અહીં આવ્યા હતા

દ્વૈપ્ય ૧. [સં.] વિ દ્વીપ સંબંધી.

૨. વિ દ્વીપમાં ઉત્પન્ન થયેલ

દ્વૈમાસિક [સં.] વિ. બે ભાષાવાળું. બે ભાષામાં લખાયેલું

સમસ્ત ગોકુલ સેના પતિકાની દ્વૈમાસિક સભાઓ દરમ્યાન, તમા કારમી ભાષામાં લખેલા લેખોમા અંદરોઅંદર એમ લખવું જોવામા આવે છે

પુરાતત્ત્વ

દ્વૈમાતુર ૧. [સં] પું. ગણેશ, ગજાનન. સ્કંદપુરાણના મહેશ ખંડમા લખ્યું છે કે: પરમેશ્વર નામના રાજાને બે રાણી પુષ્પદંતિની અને જયંતી એવી રાણી પુષ્પદંતિનીના ભયથી મંજુલ નામ લોકના વિઘ્નના શાંતિ માટે ઉત્પન્ન થયા હતા, પણ તેની આકૃતિ અને તેજ વગેરે દેખાવે રાક્ષસ જેવો થયો. તેથી તેનું તેને પાર્વતી મુનિના આશ્રમ પાસેના એક જળાશયમા ફેંકી દીધા. આ મુનિની ઓ દીપવત્સલાએ તેને પાળ્યા. આ પ્રમાણે બે માતા વડે બળવાથી મંજુલનું દ્વૈમાતુર નામ પડ્યું

દ્વૈમાતુર દેવસ્ય અને લમોદર એવત,
મૂષકવાહન મજવદન ગજપતિ ગિરિનંદન

પિત્રાલયપ્રકોપ

૨. પું. જરાસંધ.

૩ પું. બે માતાનો પુત્ર

૪. વિ. બે માતાવાળું.

દ્વૈમાતૃક [સં] પું. નદીના પાણીથી તેમ જ વરસાદના પાણીથી ખેતી કરવામાં આવતી હોય એવી ભૂમિ અથવા એવો દેશ.

દ્વૈમાસિક ૧. [સં.] ન. દર બે માસે પ્રગટ થતું પત્ર.

૨. વિ. દર બે માસે આવતું કે બનતું, બે માસનું

દ્વૈરથ [સં.] ન. રથી યોદ્ધાઓનું આદોમદિનું દ્વંદ્વયુદ્ધ: બે રથીનું યુદ્ધ: બે યોદ્ધાઓનું રથમાં બેસીને થતું યુદ્ધ.

દ્વૈરાજ્ય ૧. [સં.] ન. એક દેશ ઉપર બે રાજાનું રાજ્ય: બે જુદી જુદી સત્તા હોવી તે.

> જ્યાં સારા રાજાનું રાજ્ય છે, તેમાં વળી પ્રમદેવ જોઓનું ચિત્ત ચોરી જનાર પુરુષોને પુષ્પબાણે દઈ જે બેઠલે દ્વૈરાજ્ય કહેતાં બે રાજાના રાજ્ય જેવું થઈ પડે છે. પુરાતત્ત્વ

૨. ન દ્વિમુખીશાસનઃ 'ડાયાર્કિ.'

દ્વૈરાત્રિક [સં] વિ. બે રાત્રિમાં હોનાર કે થનાર.

દ્વૈવાર્ષિક ૧. [સં.] વિ. દુસાલીઃ બબ્બે વર્ષ ચાલુ: બે વર્ષે હોનાર.

૨. વિ. બે વર્ષ સુધી ચાલનાર કે રહેનાર.

દ્વૈવિધ્ય [સં.] ન. બે પ્રકારપણું: બે પ્રકાર હોવાનો ભાવ.

દ્વ્યક્ષ [સં દ્વિ (બે) + અક્ષિ (આંખ)] વિ. બે આંખવાળું

દ્વ્યક્ષર ૧. [સં.] ન. બે અક્ષરવાળું નામ.

૨. ન. બે અક્ષરવાળો મંત્ર.

૩. વિ. બે અક્ષરવાળું.

દ્વ્યક્ષરી [સં] સ્ત્રી. શક્તિમંત્રરૂપ વિદ્યા.

દ્વ્યક્ષાયણ [સં] પું એ નામનો એક ઋષિ

દ્વ્યક્ષી [સં.] સ્ત્રી (પુરાણ) અશોક વનમાંની એ નામની એક રાક્ષસી.

દ્વ્યંગલવિભાગ [સં.] પું. એક. જાતનો સરકારી ખાતું. તેમાં સૈનિકો, ખાનામાં હાથી, પાયદળ રથ અને આસન્ન શત્રુના બાતમીદારનું ખાતું હોય છે.

દ્વ્યણુક ૧. [સં. દ્વિ (બે) + અણુ (રજ) + ક (વાળું)] પું. (જૈન) બે પરમાણુઓનો બનેલો સ્કંધ: બે પરમાણુઓનો સમુદાય: બે પરમાણુનું એકત્ર થયું તે: બે પરમાણુના સંયોગથી ઊપજતું દ્રવ્ય

> બે પરમાણુઓનો બનેલો સ્કંધ દ્વ્યણુક કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

૨ ન સેવાળને મળતી, દરિયાને તળિયે જોવામાં આવતી ઝીણી એક જાતની વનસ્પતિ.

દ્વ્યણ્વી સ્ત્રી. એક જાતની એક પેટીવાળી વનસ્પતિ. તેના ઘરના ઘર સમુદ્ર તથા ખાણોમાં હમેશા માલૂમ પડે છે

દ્વ્યધિક ૧. [સં. દ્વિ (બે) + અધિક (વધારે)] વિ. બે અધિક અંશવાળું. બે અંશ અધિક હોય તેવું.

૨. વિ. બે વધારે હોય એવું.

દ્વ્યર્ક ૧. [સં. દ્વિ (બે) + અર્ક (સમજ)] વિ. અસ્પષ્ટ: ઓછમ.

૨. વિ. બે અર્ક જેના હોય એવું: બે અર્થવાળું.

દ્વ્યર્થક જુઓ દ્વ્યર્થ.

દ્વ્યર્થના ૧. [સં.] સ્ત્રી. અસ્પષ્ટતા: સંદિગ્ધતા.

૨. [સં. દ્વિ (બે) + અર્થ (સમજ) + ના (પણું)] સ્ત્રી. બે અર્થ થઈ શકતા હોય તેવો હેતુપ્રયોગ: હેત્વંતરનિમજ્જનસ્થાન: દ્વ્યર્થકોપ: ખલ: બે અર્થ થતા હોય તેવા હેતુનો પ્રયોગ. એના બે પ્રકાર છે: એક તો કોર્ટ પણ ન્યાયમાં હેતુપદ દ્વ્યર્થ રાખવાથી તેનો અંત્ય ભાગ છે તે. આ સ્વરૂપે આ દોષ માત્ર એ ન્યાયનિયમના અંગરૂપ જ છે. જેમકે, દિગ્ગજો પૃથ્વીને ધારણ કરે છે. રામશાસ્ત્રો મોટા દિગ્ગજ છે. માટે રામશાસ્ત્રી પૃથ્વીને ધારણ કરે છે. આ સ્થાને દિગ્ગજ શબ્દનો ન્યાયવચનમાં અભિપ્રેયાર્થ છે ને પક્ષાવયવમાં ગૌણી વૃત્તિથી કહ્યાર્થ છે. એમ દ્વ્યર્થતા આવવાથી આ અનુમિતિ દુષ્ટ છે.

૩ સ્ત્રી. બેવડા અર્થપણું હોવું તે: બે જાતનો અર્થ હોવાપણું.

દ્વ્યર્થત્વ [સં.] ન. સંદિગ્ધતા: શક બરેલો અર્થ

> પરામર્શમાં જે પક્ષ દોષ સંભવે છે તેમાંનો મુખ્ય તો શબ્દોના દ્વ્યર્થત્વથી જ ઊપજે આવે છે. મણિલાલ નભુભાઈ

દ્વ્યર્થદોષ [સં. દ્વિ (બે) + અર્થ (સમજ) + દોષ (ખામી)] પું. બબ્બે હેત્વંતરનિમજ્જનસ્થાન.

દ્વ્યર્થી જુઓ દ્વ્યર્થ.

દ્વ્યર્ધ ૧. [સં. દ્વિ (બે) + અર્ધ (અડધું)] પું. (સંગીત) સ્વામી સ્વરથી અમલો સ્વર જે બતો હોય તેનાથી અર્ધો સ્વર.

૨. વિ. બે અર્ધવાળું.

૩. વિ. જેનું અર્ધ: પા.

દ્વ્યર્ધસ્વર પું. (સંગીત) સ્વામી સ્વરથી તારસપ્તકના અમલા સ્વરનો અડધો સ્વર.

દ્વ્યશીતિ [સં] વિ. બ્યાસીઃ ૮૨.

દ્વ્યષ્ટ ૧. [સં.] ન. તાંબું

૨. વિ. બે સોળ: ૧૬

દ્વ્યષ્ટક પું. (સંગીત) તાલની અગિયાર માત્રાની બે નામની એક ગતિ

દ્વ્યંકુશ [સં દ્વિ (બે) + અંકુશ (દાબ)] પું. હાથીને નિયમિત ચલાવવામાં મદદ કરનારો પદાર્થ. 'ચાબખ.'

દ્વ્યંકુશાપટલ [સં. દ્વિ (બે) + અંકુશ (દાબ) + પટલ (પડદો)] પું. બે પડદાવાળું દ્વાર.

દ્વ્યંગુલ [સ] ન. બે આંગળનું માપ.

૪ દ્વ્યંગુલ = પંચાંગુલ.

૪ પંચાંગુલ = મુષ્ટિ

દ્વ્યંતરગાત્ર [સં દ્વિ (બે) + અંતર (અંદરનો ભાગ) + ગોત્ર (ગોળ)] પું. બે સાથળ અંતર્ભાગ: દ્વ્યંગ્ય.

દ્વ્યાકારરોદ્ભવ [સં.] પું. એક જ જાતની વસ્તુમાં બે જાતના આકાર હોવા તે.

દ્વ્યાક્ષ્ણી [સં.] સ્ત્રી. બેઆની.

દ્વ્યાત્મક ૧. [સં.] પું. (જ્યોતિષ) બે સ્વભાવવાળી રાશિ: મિથુન, કન્યા, ધન અને મીન રાશિ

૨. વિ. બે આત્માવાળું.

૩. વિ. બે રૂપવાળું.

દ્વ્યામુષ્યાયણ [સં.] પું. જેને દત્તક આપ્યો હોય તેનો અને જે દત્તક કરનાર હોય તે બંનેનો સમાન વારસ એક પ્રકારનો પુત્ર. તેના ઉપર તેના અસલ પિતાનો તથા દત્તક લેનાર એ બંનેનો અધિકાર હોય છે. તે બંનેની સંપત્તિનો ઉત્તરાધિકારી ગણાય છે.

દ્વ્યાહડી (દ્વ્યાહડી) સ્ત્રી. રોજ: હમેશ.

> સાખીયું જોય રેનેદમાને ગાય,
> બીજીયું કૃત દ્વ્યાહડી દ્વ્યાહડી.
> નાનાલાલ

દ્વ્યોવ્યેલ (દ્વ્યોડવેલ) સ્ત્રી. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં બાર માત્રા અને બેને ઠેકાણે ગણ પદ હોય છે.

> દ્વ્યોડવેલ આર્યા, ગીતિ, સોરઠા ઇ જ કોઈ વેળા લઘુ છું. જગન્નાથ ગોરો

દ્વ્યોવ્યહ વિ. અવરૂ: મુશ્કેલ: દુષ્કર.

> દુનિયામાં દેવ જે દ્વ્યોવ્યહ.

ધ્

૫

૫ ૧. [સં. । પું. ગુજરાતી વર્ણમાળાનો ત્રીજો અને વ્યંજનોમાંનો ઓગણીસમો અક્ષર; દંતસ્થાની ત્રીજો વ્યંજન. તેનું ઉચ્ચારસ્થાન દંતમૂળ છે. લહિયાઓ પુસ્તક લખતાં મહેજ ઊતરતું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે, ૫ ધન છોડે. દેવનાગરી ધ કરતાં ગુજરાતી ધ મહાજની લિપિના ૫ સાથે વધારે મળતો છે. ૫ ને ઠોઈ અંજન જોડવો હોય તો ૫ નો કાનો ઓળી કાઢી ૬ લખાય છે.

૨. પું. ધનપતિ; કુબેર.

૩. પું. ધર્મ.

૪. પું. (સંગીત) ધૈવત સ્વરનો સંજ્ઞાક્ષર; સારીગમનો છઠ્ઠો સ્વર.

૫. પું. મહાદેવ.

૬. ન. ધન; દોલત.

ધઈ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. જેનાં મૂળ અને છાલ છોટાનાગપુરના પહાડી લોકો ખાય છે.

૨. સ્ત્રી. (કચ્છી) ધમરી.

ધઉસ પું. (સંગીત) એ પ્રકારનો છંદ; ધોળ.

જયદેવ સૂરિના ત્રિભુવનદીપક પ્રબંધ કે પ્રબંધસંજ્ઞક પ્રબંધમાં જુદા જુદા ઢાળો-વસ્તુ, ધ્રુવ, ચુપઈ, ઝોલી, દુપદ, ઢાલ, ધઉસ વગેરે વાપરેલા છે.

મુ. સા. પરિષદ

ધક ૧. પું. ધાક; ભયથી થતો આઘાત.

૨. પું. ધોધ; મોટો પ્રવાહ.

૩. સ્ત્રી. આતુરતા; તીવ્રતા.

૪. [હિં.] સ્ત્રી ઉષ્મા; ઉષ્ણતા.

૫. સ્ત્રી તરસ; શોષ; ધખ; તાવ વગેરેને લીધે થતાં બળતરાને શાંત પાડવાને માટે વારંવાર પાણી લેવાની થતી મુશ્કેલ.

૬. સ્ત્રી. દિલ ધડકવાની ક્રિયા.

૭. સ્ત્રી. દિલ ધડકવાનો અવાજ.

૮ સ્ત્રી. ધમારીને કે ઢાળીને ઉતારવો ગ્રામ લેવું તે; ત્વરા; ધખ.

૧. ધક મારવી = શ્રમ લઈ ને ઢાળણથી ગ્રામ કરવું.

૨. ધક મારીને = (૧) ઉતાવળે; જલદી. (૨) ધમરી મહેનત કરીને.

૯ સ્ત્રી. ધમરા. ક્લેશ

૧૦ સ્ત્રી. ધ્યાન.

૧૧. સ્ત્રી. નજર.

૧૨. સ્ત્રી. નાની ભૂ; ઝીખ.

૧૩. વિ. અદકું; અધિક; વિશેષ.

૧૪ અ અચાનક; ઓચિંતું.

ધકડધોંસ (ધકડધોંસ) સ્ત્રી ઉતાવળ; ત્વરા.

ધકધક ૧ પું. ધબકારો; ધબકાર; ધડકારો.

૨. સ્ત્રી. ફડક; અનિશ્ચિતપણું.

ધકધકતું ૧. વિ. ગરમાગરમ; ખૂબ ગરમ થયેલું; ધખધખતું; તાતું.

૨. વિ ધખતું; સળગતું

ધકધકવું ૧ અ ક્રિ. ભયથી ધબવું.

૨ અ. ક્રિ તપવું; ધાતુ ગરમ થવું.

૩. અ ક્રિ. ધબ, ધુંધ્રમ વગરે અવાજથી હલ્યવું ભયથી ચલવું.

ધકધકાટ ૧. પું. ધડકારો; ધુજારી.

૨. પું. ધોધ; ભયથી વહેતો પ્રવાહ.

ધોધના એ ધકધકાટ.
ગાડરિયાના ધક્કાધક્ક.
ટિટોડાના ટકટકાટ.
અંતરમાંથી ભય નહિ. નવાં ગીત

ધકધ્યાન ન. કાળજીપૂર્વક ધ્યાન રાખવું તે.

ધકધમલું વિ. ધમણથી પણ ધમું વધારે ઝોલું.

ધકધક ૧. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.

૨. સ્ત્રી. ઘોડાનાં પગલાંનો અવાજ.

૩. અ. ઉતાવળથી; ઝપાટાબંધ.

ધકધકિયા ૧. સ્ત્રી. ધમરી.

૨. અ. ઉપરાઉપરી ધક્કા લાગે એમ.

ધકમાર ન. ઝપાટાબંધ જલદી.

ધકલી સ્ત્રી માતાના નાભનની આતરણી.

ધકવવું ૧ સ ક્રિ. ઉકાળવું. ગરમ કરવું.

૨ સ ક્રિ. ધખે તેમ કરવું ચીડવવા; ગુસ્સે કરવું.

ધકવું ૧ [સં ધક્] અ ક્રિ ખિજાવું, ચિડાવું.

૨ અ ક્રિ ગુસ્સે થવું. ક્રોધવું

૩. અ. ક્રિ. ચમકવું, ચળકવું

૪ અ ક્રિ દઝવું, બળવું

૫. સ ક્રિ. ઠપકો દેવો; વઢવું.

૬. સ. ક્રિ. સળગાવવું.

ધકશાળી પું. ધોધ; મોટો પ્રવાહ.

ચોરી કરી ને ચાકરી જઈ ઊંડીની વિયાણ,
પરણીમાથી ધકશાળ વારી કરી આવણે.
લોકસાહિત્ય

ધકસેર સ્ત્રી. દોડ.તી ધૂંસરી

ધકા ૧. પું (કચ્છી) અવાજ.

૨. પું સ ઈ. ધક્કા.

૩. સ્ત્રી. મુસલમાન બતરીની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ધકાગાડી સ્ત્રી. ધક્કો મારીને ટંકારવામાં આવતી ગાડી.

ધકાજ ૧. સ્ત્રી. પરજિયા સોનીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ધકાધકી ૧. સ્ત્રી. ઠેલાઠેલ; હડસેલાહડસેલી; ધક્કમધક્કા, સામસામા ધક્કા મારવા તે.

૨. સ્ત્રી. ભીડ; ગિરદી.

ધકાધૂંમી સ્ત્રી ઉપરાઉપરી ધક્કા અને ધૂંબા લાગે એવી સ્થિતિ.

ધકાવવું ન. (કચ્છી) હડસેલવું તે.

ધકાર ૧. [સં.] પું. ધ અક્ષર.

૨. પું ધ એનો ઉચ્ચાર.

ધકારવું સ. ક્રિ. ઝડપથી કામ ચલાવવું; ધકાવવું; ધક્કારાવંધ અથવા વગર વિરામે કાર્યને આગળ ને આગળ ચલાવવું, ત્વરાએ કામ લેવું; ધકેલવું; જલદી કરવું; ઉતાવળ કરવી.

ધકારાંત [સં.] વિ. છેડે ધક્કર હોય એવું, અંતે ધકારવાળું.

ધકારો પું. ધટકો; આકંક્ષા.

ધકાવવું ૧. સ. ક્રિ. ઉતાવળે આણ રાખવું; તકાજા આગળ ચલાવવું.
૨. સ. ક્રિ. ખૂબ ગરમ કરવું.
૩. સ. ક્રિ. ગુસ્સે થાય તેમ કરવું.
૪. સ. ક્રિ. ચળકાટ સાથે બળે તેમ કરવું.
૫. સ. ક્રિ. ઝડપથી કામ ચલાવવું.
૬. સ ક્રિ ધકેલવું; હડસેલો મારવો.
૭. સ. ક્રિ. ધક્કો મારીને ચલાવ્યે રાખવું, જેમ તેમ ચલાવવું, હાંકયે રાખવું.

ધકાંગ ૧. સ્ત્રી. સોનીની એ નામની એક ઓજાર.
૨. ન. એ નામની ઓજારનું માપસર.
૩. વિ. એ નામની ઓજારનું

ધકેલ ૧. પું. ધક્કો; હડસેલો
૨ વિ. ધકેલેલું, હડસેલેલું
ધકેલ પાચરોડી કરવી = હડસેલવું.

ધકેલગાડી સ્ત્રી. રેકડી; ધક્કો મારી ચલાવાની ગાડી.

ધકેલપટ્ટી સ્ત્રી. કોઈ પણ કામ મુલતવી રાખવું તે; ટીપ, વિલંબ.

ધકેલપંચાં અ. અનવસ્થિત રીતે.

ધકેલપંચાં દોડવું ૧. ન. ઉતાવળમાં જેમનું તેમ હાંફતા દોડવું તે; વિચાર કર્યા વિના ઉતાવળા અવેસરપણે કામ કરવું તે; કોઈ કામ ખરી ચોકસાઈ વગર ગમે તેમ માંડ માંડ કરી નાખવું તે; કામમાં બેદરકારી વૃત્તિ; ન આવડે તોપણ કામ ચલાવ્યે રાખવું તે.
૨. ન. માત્ર બહારથી દોકેલી ગપ; ફોગટ કલ્પના.

ધકેલવું ૧. સ. ક્રિ. ઝડપથી કામ ચલાવવું; વગર વિરામે આગળ ને આગળ ચલાવવું, ઝપાટાબંધ કામ લેવું.
૨. સ ક્રિ. ધક્કો મારી આગળ ઠેલવું; જોરથી આગળ ખસેડવું; ધક્કો મારવો, હડસેલવું.
ધકેલી મૂકવું = હડસેલવું.
૩. સ ક્રિ મોકલવું; આગળ જવા તેમ કરવું, જતી વસ્તુઓ સાથે બહાદી દેવું; પહોંચતું કરવું.

ધકેલાવું સ ક્રિ. ઠેલાવું; હડસેલાવું.

ધકેલિયું વિ. ગમે તેમ ધકેલી મૂકેલું; અપ્રમાણિત.

ધકેલું વિ ગરમ; તમ ગયેલું.
લોહ ધકેલું ચોટી ભજ ધ્યારામ

ધકેલૂ ૧. પું. આચક.
૨. [સ્ત્રી.] વિ. ધક્કો દેનાર; ધક્કો મારનાર.

ધકેલો પું. ધક્કો; ફોગટ ફેરો; નકામો આંટો.

ધકોડો (ધકોડો) ૧. પું. ભૂંડું તીર; તીરક્રમાંક જેવું એક જાતનું દર્ભિણાર. તીરક્રમાંકમાં તીરને છેડે લોખંડનું ભાલા જેવું હોય છે તે કામને ઠેકાણે ઉગેરો કે ભચવાળો બીજો અથવા બેળ કાઢવા બોળો હોય છે. તે માણસની છાતીમાં કે અન્ય સ્થળે લાગવાથી માણસ પડી જાય.
૨. પું. ૩ અથવા ઊનની મોટી પોચી ગાંસડી.

ધકોડેમો જુઓ ધકોડપૂતો.

ધકાર્યમો પું. ચોડોધડો મારવો; ધક્કો મારવો અને સાથે ધૂંબો પણ મારી લેવો તે.

ધ કામળ પું. (સંગીત) કોમળ ધૈવત

ધક્ક પું. (કચ્છી) જખમ.

ધક્કપૂમ સ્ત્રી. (કચ્છી) ધક્કામુક્કી

ધક્કમાર સ્ત્રી. (કચ્છી) ધક્કામુક્કી.

ધક્કંધક્કા ૧. પું. લોકોનાં શરીર એકબીજા સાથે બહુ ધક્કાય એવી ભીડ; ગિરદી
૨. પું. સામસામા ધક્કા મારવા તે; ઠેલાઠેલ, એકમેકને ધક્કા મારવા તે; ઘણાં માણસનું વારંવાર પરસ્પર ધક્કા દેવાનું કામ.

ધક્કાધક્કી જુઓ ધક્કધક્કા

ધક્કાપૂમ જુઓ ધક્કધક્કા

ધક્કામુક્કી ૧. સ્ત્રી. આગળ વધવાને અથવા માર્ગ કરવાને પીઠ અને બાવડાનો અથવા ઉંબટ મુક્કાનો ઉપયોગ થતો હોય એવી ભીડ
૨ સ્ત્રી. ઘણી ગિરદી અથવા ભીડાભીડ હોવાથી એકબીજામાં ઠેલાઠેલ અને વખતે મુક્કી બાજી તે; બાધક; સહોજ; ઠેલઠેલા થવી તે.
૩. સ્ત્રી. ધક્કા અને મુક્કાથી થતી મારામારી.

ધક્કો ૧. પું. આચકો, પીઠ કે બાવડાથી હડસેલવું તે; હડસેલો.
જીવનને ધક્કો લાગ્યો = જીવનની મુરાદોઓ અનુભવવી.
૨. પું. કોઈમાં કોઈને જોરથી પેસાડવું તે.
૩. પું. નુકસાન; તોટો, ખોટ.
૧. ધક્કો પહોંચાડવો = નુકસાન કરવું.
૨. ધક્કો લાગ્યો-વાગ્યો = (૧) નુકસાન થવું. (૨) હડસેલો આવ્યો.
૪. પું. ફેરો; આંટો; ચક્કર.
૧. ધક્કે ચડવું = વારંવાર ચક્કર આવું ઠેલાવું.
૨. ધક્કે ચડાવવું = ધક્કો દેવો.
૩. ધક્કો બચડાવવો-દેવો = (૧) ખોટી આશા આપવી. (૨) ફોગટ આંટા મારે તેમ કરવું. (૩) વખતોવખત મુલતવી રાખવું.
૪. ધર્મનો ધક્કો = નકામો ફેરો.
૫. પું ૩ અથવા ઊનની મોટી પોચી ગાંસડી.
૬. પું. વિસ્તાર.
૭. પું. સ્ટેશન ઉપર માલ ચડાવવા તથા ઉતારવાની જગ્યા; ધક્કો રેલવે કે વહાણ મારફત આવતો માલ ચડાવવા કે ઉતારવાને બાંધેલો ઘાટ.

ધક્કોઢંમો પું (કચ્છી) ચોડી મારફત.

ધખ ૧. સ્ત્રી. ખાખ
૨. સ્ત્રી ગુસ્સો
૩. સ્ત્રી. તરસ, શોષ; તાપ કે ગરમીને લીધે થતા ધખારાને શાંત પાડવા વારંવાર પાણી પીવાની થતી ઇચ્છા.
૪. સ્ત્રી. ધખના; મનમાં રમ્યા કરતી બારેક્ષા; વલોપાત.
૫. સ્ત્રી ધખધખવું તે; ગરમી, તપારો; ધખારો.
૬. સ્ત્રી. ધગરા, બળતરા, ત્વરા.
૭. સ્ત્રી. ધ્યાન.

ધખડ ૧. વિ જલદી ચિન્નય ભાવ તેવું, ચીડિયું.
૨. વિ. ધખવાના સ્વભાવવાળું.

ધખડિયું જુઓ ધખડ

ધખણી ૧. સ્ત્રી. તાવની ઓડી ગરમી.
૨. વિ સ્ત્રી. ધખવાના સ્વભાવવાળી.

ધખણું ૧. ન. ઠપકો આપવો તે, ધખવું તે.
૨ વિ. ધખવાના સ્વભાવવાળું, ધખડ.

ધખતું વિ ધગધગતું, જોરથી બળતું.
આંખે ધખતી રે રિસા કપરે,
અરણિનો અનુસરુ કોમે ૬.
દયનિકમ

ધખધખ સ્ત્રી ઉતાવળ, ત્વરા.

ધખધખતું વિ અતિ ઊષ્ણતાવાળું, બહુ ગરમ; ધગધગતું. તાવું
વગડે વગડે ધખધખતા વાયરા. અખરદ.૬

ધખધખવું ૧. અ. ક્રિ. અતિ ગરમી આવી.
૨. અ. ક્રિ. ધખવું, ધગધગવું.
૩. સ ક્રિ. ધગધગતું, બહુ જોરથી બળવું.

ધખધખાટ ૧. પું કોપનો આવેશ.
૨. પું. ધખારો; તપારો.
૩. પું. મનની બળતરા; સંતાપ.

ધખધખાવવું સ. ક્રિ. ધખધખવાની ક્રિયા કરાવવી.

ધખના ૧ સ્ત્રી. કોઈની કોઈ બાબતનો વિચાર મનમાં આવ્યા કરવો તે
૨ સ્ત્રી પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા; ઝંખના.
૩ સ્ત્રી વેદના; પીડા

ધખધખવું ક્રિ. ઊકળવું; ઉભરાવું.
અગ્નિએથી ખસે નહીં ખસેથી ખોળ,
પાકું ધખધખતે ચોળે, કામ વાળે રાધડે.
શોકસહિત

ધખધખ સ્ત્રી. ત્વરા; વેગ; ઉતાવળ.

ધખવણી ૧ સ્ત્રી. ખીજવણી.
૨. સ્ત્રી. ખીજવવું અથવા ચીડવવું તે.

ધખવવું સ ક્રિ. ખીજવવું; ગુસ્સે કરવું; ચીડવવું.

ધખવું ૧. અ. ક્રિ. બિલ્લવું; ગુસ્સે થવું; બાઝવું.
૨. અ. ક્રિ. ખૂબ ઊનું થવું; પીકવું.
૩. અ ક્રિ. ઠપકો દેવો; વઢવું.
૪ અ. ક્રિ. બળવું; ખૂબ તાપ થવો, સળગવું.

ધખશાળ સ્ત્રી. મોજમઝા; આનંદ.

ધખસ સ્ત્રી. તીવ્ર ઇચ્છા; ઝંખના.
આપણા બધા પેઠે ધર્મ, સદ્‌ગુણ અને પવિત્રતાની પ્રાપ્તિની ધખસમાં એ કાંઈ ઓછો નથી દેખતો.
ઠોમૂરી

ધખારો ૧ પું ધખધખાટ; બાફ; તપારો, અતિ ગરમી; ઉકારો.
૨. પું. ચિંતા; ઝંખના; અમુક આમ કરવું અથવા આમ થવું એવો જ વિચાર વારંવાર અમળમા ઘૂમ્યા કરવો તે; મનમાં ઐસી ઉમેદો કામનાઓ; હોંસના.
૩. પું ખંજવાર; પીડા.
૪. પું. વારંવાર પાણી પીવાની થતી ઇચ્છા, હોંસ.

ધખાવવું સ. ક્રિ. ધખવાની ક્રિયા કરાવવી.

ધખ્યું અ. ક્રિ. ધખવાની ક્રિયા થવી.

ધગડ (ધગડ) ૧. પું. ઉપપતિ; જાર; આશક.
૨. પું. ધગડો.
૩. પું. મુસલમાન સિપાઈ.
આજ્ય કેમ, પડ્યું શશિ મારાં,
ધગડ તણા તડ માંઈ.
કાન્હડદેપ્રબંધ

ધગડપોંરા (ધગડપોંરા) ૧. સ્ત્રી. ખોટી ઉતાવળ
૨. સ્ત્રી. નકામી ધમાલ.
૩. સ્ત્રી. બાલુકતા સાથે રોડાફોડ.
૪. અ. બહુ ઉતાવળથી.

ધગડબાજ (ધગડબાજ) ૧ સ્ત્રી. અભિસારિણી; કુલટા સ્ત્રી.
૨. વિ સ્ત્રી જારની પાસે જનારી; અભિસારિણી; કુલટા.

ધગડમલ્લ (ધગડમલ્લ) ૧. પું. જોરાવર અને બાહુબલ માણસ.
પું કમાનો ઘાણી રે ધગડમલ્લ,
પું કમાનો ઘાણી રે. નરસિંહ
૨. વિ બિનધગડમલ્લ; જોરાવર; મજબૂત.

ધગડા (ધગડ) [હિં.] પું. ઉપપતિ; જાર પુરુષ

ધગડી (ધગડી) જુઓ ધગડબાજ.

ધગડું (ધગડું) ૧. પું. બાલવાળ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ.
૨. ન. ફૂલો; ઝાપો
૩. વિ. અદોલનું, ચરબીથી બહુ ઢાંકી ગયેલું; સ્થૂળ.

ધગડો (ધગડો) ૧ પું ફૂલો; ઝાપો.
૨. પું. બહારો બહુ માણસ.
૩. પું. હંમેશાં વાળતાં જોવા ધગડા ઘુમ્મા દેખાતા રહેતા હોવ જેવો બારો, હમોટિયો બાવો; સાધુ.
૪ પું સિક્કાઈ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ

ધગતી સ્ત્રી. રાખ.

ધગધગ અ જોરથી સળગવું કે ગરમ થવું જેવો અર્થ સૂચવનાર શબ્દ.

ધગધગતું ૧. વિ. ખૂબ ગરમ થયેલું; ધગતું; ગરમાગરમ; બહુ ઊનું.
૨ વિ ક્રુદ્ધ‌ભાવ; જોમવાળું; ઝાઝરીયો ઊભરાઈ જતું
૩. વિ. સળગતું; બળતું; ઝળઝળ બળી રહેલું
ધગધગતો ઝાપો = (૧) કર્ર ન આપનુ. કોઈ અમુક વસ્તુ ન આપવી હોય અથવા ન આપવા જેવી હોય ત્યારે એમ કહેવામા આવે કે શેનું આપે? ધગધગતો આપે નહિ તારા કપાળમાં? (૨) કોઢાને ખૂબ તપાવી ઝાંલ્લો કરવો કે ડામ દેવો.

ધગધગવું ૧. અ ક્રિ. ખૂબ ગરમ થવું.
૨. અ. ક્રિ પણ જોરથી બળવું. સખત ગરમી નીકળે એમ સળગવું; ઝળઝળ બળવું. પ્રકાશ પણો પડે તેવા જોરથી બળવું.

ધગધગેધો વિ. પું. (કચ્છી) ધગધગતો.

ધગધગાટ પું. કોઈ પણ બળતા કોલસાથી શરીર કે મનમાં થતો તપારો; ધખારો, ધખધખાટ, અંતરમાં ઊભરાતો ઉકળાટ.

ધગધગાવવું સ. ક્રિ. ધગધગવાની ક્રિયા કરાવવી.

ધગધરી ૧. [હિં.] સ્ત્રી. કુલટા; છિનાળ; અભિસારિણી સ્ત્રી
૨. સ્ત્રી. પતિએ પણી બીજે ચડાવેલી સ્ત્રી.

ધગવું ૧ અ ક્રિ. ખૂબ જોરથી બળવું
૨. અ ક્રિ. ગરમ થવું; ઊનું થવું; તપવું, પીકવું
અલે જોમ ને બરતી ધગી,
ભરી ભટકે ભરમી ભણી. સામળ
૩. અ. ક્રિ. ગુસ્સે થવું.
૪. અ ક્રિ. ઠપકો આપવો.
૫. અ. ક્રિ. ઢાંકવું

ધગરા ૧. સ્ત્રી ઉતેજના; ઉત્સુકતા.
૨. સ્ત્રી. ઉતાવળ
૩. સ્ત્રી ઉત્સાહ, ઢોંસ
૪ સ્ત્રી ઝળઝળ; પરવા; તમા
૫ સ્ત્રી ઝીણો અંદ તાપ
૬ સ્ત્રી તપારો, ધખારો
૭. સ્ત્રી. ઢાંકા; લાગણી

ધગા ૧. [હિં.] પું. ઝાડો, દોરો
૨. સ્ત્રી ગરમી, તાપ.

ધગાઈ પું. (કચ્છી) દગાખોર માણસ

ધગારી ૧. સ્ત્રી ચોટી ગરમી
૨. સ્ત્રી. પીકડી; આછો તાવ; શરીરનું થોડું થોડું ગરમ રહેવું તે; ઝીણજ્વર

ધગારો પું તાપ; બાફ; કોઈ બંધ જગ્યામાં લાગતી અતિશય ગરમી

ધગાવવું સ ક્રિ. ગરમ કરવું; ઊનું કરવું.
ધગવ્યું કે ધગાવ્યું = કોઈ ચડવું ન ચડવું ત્યાં ઉતારવું તેમ; એટલે કામ હજી પાકું ન થાય ત્યાં ઉતાવળથી દબાવવું અને બીજું લેવું તેમ.

ધગી ૧. સ્ત્રી ઝીણો તાવ; ઝીણજ્વર
૨ સ્ત્રી નાનો ઝાળો

ધગુડા [હિં] પું ઘાસમાં પથરાવાનું કંઈ

ધગું સ ઝીણો તાવ; ઢાંકજ્વર; પીકડી.

ધગડ (ધગડ) [હિં.] પું. જાર; ઉપપતિ.

ધચકો ૧. પું આચકો; આઘાત.
૨ પું નુકસાન, ખોટ

ધચરી સ્ત્રી બળબળતી; બળતરી

ધચુપચુ અ દચુપચુ. કરવા ન કરવાના અનિશ્ચયપૂર્વક, સંકલ્પવિકલ્પ થાય તેમ, નક્કી નહિ એમ, અનાકાની ભરી રીતે, મનની અદ્ધતા સાથે સંકોચપૂર્વક.

ધજ ૧. પું ગૌતમે જોશિમસ્વનું અવિધ્ન જાણવા માટે જોવાલેલ મુખ્ય આઠ મંત્રોનો એ નામનો એક ગ્રંથ.
૨. પું ધજા; વાવટો
૩ સ્ત્રી. આકૃતિ; રૂપ, દેખાવ; આકાર
૪ સ્ત્રી કસક; નખરો.
૫. સ્ત્રી. જોસ્સા ઊઠવાની ક્રિયા.
૬. સ્ત્રી સોળ; કપરંભ
૭. સ્ત્રી સજાવટ; બનાવ; સુંદર રચના
૮. સ્ત્રી સુંદર દેખ; મોહિત કરે તેવી ચાલ.

ધડી

૯. વિ. ખબરદાર; સાવચેત.
૧૦. વિ. લોટ અથવા લોટમાં હોય તેવું; લોટીલું.
૧૧. વિ. બરછી જેવું.
૧૨. વિ. મોટું; જબરું.
નથી આજાનુ આયાજ,
એ નથી વળી ભૂપતિ ધજ નિરપર
૧૩. વિ. સક્રિય; જબરજસ્ત; મજબૂત.
૧૪. વિ. સારું; ભલું; ઉત્તમ; ઊંચું; શ્રેષ્ઠ; સર્વોત્તમ; સરસ.

ધજબંધ વિ. સારી રીતનું.

ધજભંગ વું. નપુંસકતા; હીજડાપણું.

ધજવડ (ધજવડ) ૧. વું. આગેવાન; મુખી.
૨. સ્ત્રી. તબવારૂ.

ધજા ૧. સ્ત્રી. (વહાણવટું) ઘસિયું દિયા.
૨. સ્ત્રી. ધજ; ફરકડું.
૩. [સં. ધ્વજ] સ્ત્રી. મકાન કે મંદિર ઉપર ખોસેલી પવનમાં ફરકારે એમ લૂગડાનો કટકો બાંધેલી લાકડી; પતાકા; નિશાન; વાવટો; ઝંડો. ઈશ્વરધ્યાનની ધજા નોખી નોખી જાતની હોય છે. જેમકે, હનુમાનની ધજા રાતી, રામકે પીરની ધોળી કે લીલી, ગમાત લીંબેલની ધોળી, ભૈરવની ભગવી, પીરની લીલી, ચાંદાના ચિહ્નવાળી મુસલમાનની, ચાંદા સૂર્યના જેવા ચિહ્નવાળી હિંદુની. રથ કોનો છે તે ઓળખવા માટે અગાઉ પ્રત્યેક રથ ઉપર દરેક રાજાની પોતપોતાની ખાસ ધજા ચઢાવવામાં આવતી. અર્જુનની ધજા ઉપર સાક્ષાત હનુમાન બેસતા હતા એમ કહેવાય છે. લાકડી ઉપર લૂગડાનો ત્રિકોણ આકૃતિનો રંગેલો કટકો જે હવામાં ઊડે છે તે નિશાન કહેવાય છે. ધજા ધોળી અથવા બીજા કોઈ રંગની ત્રિકોણ આકૃતિની હોય છે. પતાકા, ત્રિકોણ વગર કોઈ આકારની હાથમાં રાખવાની અગર કોઈ ખોસવાની હોય છે. વાવટો, એ ધજા અગર પતાકામાં આકારનો અથવા ગમે તેવા આકારનો હોય છે. ધજા, પતાકા એ ધર્મચિહ્ન તરીકે મનાય છે અને ખુશાલીના વખતમાં પણ વાપરી શકાય છે. ધજા ઈશ્વરધ્યાન કે એની બીજી જગાએ બાલવામાં આવે છે. વાવટો રાજચિહ્ન તરીકે વપરાય છે. જુદી જુદી સત્તાવાળા જુદાં જુદાં ચિહ્નવાળા વાવટા રાખે છે. ધજા શબ્દ વાવટાની જગાએ વાપરી શકાય છે, પરંતુ વાવટો શબ્દ ધજાને બદલે વપરાતો નથી.
હરે દ્વારે પતાકા ધજા ધરી,
પ્રેમ નમો રાણીએ. દલપતરામ
૧. ધજા ઉડાડવી = જોરજોકાર કરાવવો; ડંકો વગડાવવો.
૨. ધજા ઊડી રહેવી = (૧) ભય જેવવો. (૨) જ્યાંત્યાં પ્રખ્યાતિ કે નામના થવી. (૩) નઠારી બાબતમાં જાહેરાત થવી.
૩. ધજા ચડાવવી = (૧) ફજેત કરવું. (૨) લોકમાં જાહેર કરવું. (૩) શત્રુનું નગર વગેરે લઈ તેના ઉપર પોતાનો વિજય થયેલો દેખાડવો. શત્રુનું નગર સર કરવું
૪. ધજા બાંધવી = (૧) કીર્તિ ફેલાવવી; નામના પ્રસારવી. (૨) જાની વાત ફેલાવવી. (૩) જય મેળવવો. (૪) ફજેતી કરવી. (૫) લોકમાં જાહેર કરવું; લોકોનું ધ્યાન ખેંચવું.
૫. ધર્મની ધજા = દાનપુણ્યનું સ્થાન.

ધજાઈ ૧. સ્ત્રી. ધજા ઉપાડનાર.
૨. સ્ત્રી. બાહ્યત્યના ઘર કે મંદિરમાં મૂકવાની મૂર્તિ.
૩. સ્ત્રી. મૂર્તિ ઉપાડનાર.

ધજાકેત વું. ધજાનું ચિહ્ન
ધજાકેત પડશે ગઢારો,
ત્યારે જાણજો આવ્યો તુજ ભાઈ. પ્રેમાનંદ

ધજાગરો ૧. વું. ધજા ફરકાવનારો માણસ.
૨. [સં. ધ્વજાગ્ર] વું. ધજાનો ડાંડો; ધજાનો દંડ.
ધજાગરો બાંધવો = ફજેતી કરવા
૩. વું. રહસ્ય ખુલ્લું કરવું તે; મર્મ ઉઘાડો કરવો તે; જોષની જાની વાત પ્રસિદ્ધિમાં આવવા તે

ધજાદંડ વું. જેમાં ધજા રહે તે લાકડું.

ધજાધારી વું. ધજાધારી મોટો દેવ અથવા રાજા.

ધજા પડવો (ધજા પડવો) વું. શુદી પડવો; ચૈત્ર સુદિ એકમનો દિવસ. તે દિવસે રામે રાવણને મારીને અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો.

ધજાપતાકા સ્ત્રી. બ. વ. નાના મોટા વાવટા; શુભ પ્રસંગે લટકાવવામાં આવતી રંગબેરંગી નાની મોટી ધજા; ધજા અને પતાકા.
ધજાપતાકા ચડાવીને વાજાં વગાડતા વગાડતા તેઓ આશ્રમમાં આવ્યા. પુરાવસ્તુ

ધજારથંભ [સ ધ્વજ (ધજા) + સ્તમ્ભ (થાંભલો)] વું. ધજાનો થાંભલો.
પ્રભુનું કાર્યાલય એટલે આ પ્રભુના પુરુષાર્થ, એ પ્રભુની વીરતાનો પુરાણ ઇતિહાસ દિન દિન નવા વિજય ઉડાવતો ધજારથંભ. અખરદાર

ધજાળું વિ. ધજાવાળું.
મારા બરોદા અમ ૨ કે
મારે ઓવરી ધજાળો. લોકગીત

ધજિયું ન. વાવેલા અનાજનું વગડાઉ પંખીઓથી રક્ષણ કરવા તેમને બિવડાવવા ઊભું કરેલું મનુષ્યની આકૃતિ જેવું ઓડું; ચાડિયો.

ધજીર સ્ત્રી. ચીયરું.

ધજીલું ૧. વિ. ધજાવાળું
૨. વિ. સારા દેખાવવાળું. તરેહદાર.

ધજું સ્ત્રી. બ. વ. (કચ્છી) ચીયર.

ધજ્જી ૧. સ્ત્રી. ચીયરું, ધજીર.
૨. [હિ.] સ્ત્રી. લૂગડું, કામળ, ચામડું વગેરેની કાપેલી લાંબી પાતળી પટ્ટી.

ધટ ૧. [સં.] વું. કાટો, ત્રાજવું.
૨. વું. (જ્યોતિષ) તુલા રાશિ
૩. વું. તોળી જોવું તે; તુલાપરીક્ષા
૪. [હિ.] વું ધર્મ

ધટક ૧. વું. (જ્યોતિષ) તુલા રાશિ.
૨. વું. ત્રાજવું; કાટો.
૩. [સં.] વું. જેતાળીસ અક્ષોહીણીનું એક માપ.
૨ જવભાર = રતી
૩ રતી = વ.લ
૧૪ વાલ = ધટક

ધટકર્કટ [સં.] વું. તોળવાનો કાટો જેમાં લટકાવેલો હોય તે લોઢાનો આંકડો.

ધટિકા ૧. [સં.] સ્ત્રી. કોપીન; લંગોટી
૨ સ્ત્રી પાંચ રૂ
૩. સ્ત્રી. કાટેબતૂરેલું વજન.

ધટિની [સં.] સ્ત્રી. કમરે બાંધવાની દોરી.

ધટી ૧. [સં. ધટિન્] વું. (જ્યોતિષ) તુલા રાશિ.
૨. વું. વેપારી
૩ [સં.] વુ શિવ.
૪. સ્ત્રી સગર્ભાવસ્થા પછી સ્ત્રીને આપવા યોગ્ય વજન. કુલિન જ્યોતિષ અનુસાર સગર્ભાવસ્થા પછી અશ્વિન, હસ્ત, પુષ્ય, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ કે મૃગશિર નક્ષત્રમાં કોઈ શુભ દિવસે સ્ત્રીને ધટી વજન પટેરાવવું જોઈએ.
૫. સ્ત્રી. (જુ. ગુ) બાવળ.
૬. સ્ત્રી. પાંચ શેર
૭. સ્ત્રી કાટેબતૂરેલું વજન
૮. સ્ત્રી મુગટ; મણોટિયું.
૯. સ્ત્રી. લંગોટી
૧૦. વિ. ત્રાજવાની દાંડી પકડનાર; તુલાધારક.

ધટીદાન [સ.] ન. સગર્ભાવસ્થા પછી સ્ત્રીને આપવામાં આવતું વજન

ધડી ૧. [સં. ધટી] સ્ત્રી. સગર્ભાવસ્થા પછી સ્ત્રીને આપવાનું એક જાતનું વજન. જુઓ ધટી ૪.
૨. સ્ત્રી. બાળકની મુગટી; નાનું મણોટિયું.

૩. જી સગોટી મારવાનું રેશમી અથવા ચામડાનું ટૂંકા પગનું કપડું; કૌપીન.

ધડ (ધડ) ૧. પું. કોંસો.

૨. [હિ.] પું. ધડ.

૩. પુ. ઘણું; ટોળું; સમૂહ.

ધડ એક હતો ગોવાળનો,
ભેંકા લા ગોવાળ. સામળ

૪. પું. નકલી શબ્દ

૫. પું. પડવાનો અવાજ; ધબકારો.

૬. પું. મહા છતે લારે આનંદમાં વગાડાતો ઢોલ.

૭. પું. મૂળ‌ધાર; મૂળ પાયો.

૮. જી. માથાકૂટ, ઝમઝાઝીક.

૯. જી. (કચ્છી) ઘરવારો

૧૦. ન. માથા વગરનું શરીર; શિર વિનાનું કલેવર; કબંધ; માથું તથા હાથપગને રહેવા આપનાર શરીરનો ભાગ; શરીરનો સ્થૂલ મધ્ય ભાગ; માથું તથા હાથપગ છોડી શરીરનો બાકીનો ભાગ; હાથ અને માથું છોડી કેડ ઉપરનો બાકીનો ભાગ.

૧. ધડ માથું = સમજ પડે તેવો આધાર કે પત્તો. રણક્ષેત્રમાં જ્યાં હજારો મુડદાં પડ્યાં હોય ત્યાં કોનું ધડ કયાં ને કોનું માથું કયાં, એમ અસ્તવ્યસ્ત અવયવો પડેલા હોય છે. એ બધા સમૂહમાંથી અમુકનું ધડ કે માથું ન જડવાનું હોય તો તે મરી ગયો છે કે છતતો છે તે સમજાતું નથી. તે ઉપરથી આ કહેવત બોલાય છે.

૨. ધડ માથું જુદું કરવું = મારી નાખવું; માથું કાપી લેવું.

૩. ધડ રહી જવું = પક્ષઘાત થવો.

૧૧. વિ. પહેલું.

૧૨. અ. પહેલે, પ્રથમ, મૂળથી; શરૂઆતથી.

૧૩. અ. વગર વિલંબે; આંચકો આવ્યા વગર; ઝોકદમ; તરત; વિચાર કર્યા વગર; ઘાટ જોયા વગર; ઝોકદમ સપાટે; વાર ન લગાડતાં.

ધડક (ધડક) ૧. જી. અંદેશો; આશકા.

૨. જી કચ્છમાંની એક નામની એક અટક.

૩. જી. ધડકવું તે; ધડકા, ધ્રુજારો; હૃદયનો કંપ; હૃદયની ધ્રુજ.

ધડક ધ્રુજારો = ધમપછાડ; ખોટી સતાવણી.

૪. જી. ફટકારો.

૫. જી. ભય; બીક.

ધડક ન મનમાં, મારા આતમના ઓધાર.
મુક્તાનંદ

૬. જી ભય, આશંકા વગેરેના કારણથી હૃદયનું અધિક સ્પંદન, દહેશત કે અંદેશાને લીધે હૃદયનું જલદી અને જોરથી ધબકવું તે

૭. જી. હૃદયનો ધબકારો, હૃદયના સ્પંદનનો અવાજ

૮. ન. એ નામની અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું.

ધડકણ (ધડકણ) ૧ ન. હૃદયની ધ્રુજારી.

૨. વિ. ધડકવા યોગ્ય એવું, બીકણ, ડરપોક; કાયર; બાકરણ.

કિયા ધડકણને ધીર,
કિયા ગુણહીનને ગાતા. સામળ

ધડકધડક (ધડકધડક) ૧. જી. ફટકફટક ઊઠવાનું તે; જોરથી હાલવું તે.

૨. જી. હૃદયની ધ્રુજારી.

૩. અ. ધડકતું હોય તેમ.

ધડકણી (ધડકણી) જી. ગોદડી; ધડકી.

હાલ્ય વાલ્ય ને હડકવી,
આઈને એવે ધડકણી. હાલારૂં

ધડકણો (ધડકણો) પું. (કચ્છી) નાનું ગોદડું; બાળક માટેની ગોદડી.

ધડકવું (ધડકવું) ૧. અ. ક્રિ. જોરથી ધ્રુજીને હાલવું; જોમને સપાટે ઊંચું નીચું થવું; ધાસ્તી કે ભય લાગવાથી ઊઠબાનું; ધબકવું.

અણુજે ઉર ધડકે નહિ, પડે વાય અરાડ,
પૈરન્યો વનમાં વલવરે. પ્રેમાનંદ

૧. જાની ધડકવી = (૧) ખૂબ ગભરાવું. (૨) દયા આવવી. (૩) બીવું. (૪) હૃદય ધબકવું.

૨. છાતી ધડકવી-દિલ ધડકવું = ભય કે ગભરાને લીધે હૃદયનું જોરથી તથા જલદી ઊઠબાનું; હૃદય કંપવું.

૨. અ. ક્રિ. (જૂ. ગુ.) ધમકવું; અવાજ થવો; ધડધડ અવાજ કરવો; ઝોકે ભારે વસ્તુ પડવાથી ધડધડ અવાજ થવો.

બહુ ધામ ધડધ્રિમ્મ સુર ભરિયે.
લાવણ્યસમય

૩. અ. ક્રિ. બીવું; ભય લાગવો.

ધડકા (ધડકા) ૧. [હિ.] પું. ઝોકે ભારે વસ્તુ પડતાં થતો અવાજ.

૨. પું. પોપાં; ઝાડિયો; ડાંગ ઉપર રાખેલી ઝાળી લાંબી. તે બેનરોમાં પક્ષીઓને ઉડાડવા માટે રાખવામાં આવે છે.

૩. પું. બીક; ભય.

૪. પું. રાગ; અંદેશો.

૫. પું. હૃદયનું ધડકવું તે; હૃદયનું કંપન.

૬. પું. હૃદયનો ધબકારો.

ધડકર (ધડકર) ૧. પું. ધબકારો.

૨. પું. ભય.

૩. પું. વૈમનસ્ય; લડાઈ.

ધડકારો (ધડકારો) જુઓ ધડકાર.

ધડકાવવું (ધડકાવવુ) ૧. સ. ક્રિ. દિલમાં ધડક પેદા કરવી. ધડકવાની ક્રિયા કરાવવી.

૨. સ. ક્રિ. ધડ ધડ શબ્દ ઉત્પન્ન કરાવવો.

૩. સ. ક્રિ. બિવરાવવું; ડરાવવું.

ધડકી (ધડકી) ૧. જી ધાબળી

૨. જી. નાનું આસન.

૩. જી. આઠ પાડેલ કપડામાં રૂ ભરી ઓઢવા કરેલું ગોદડું; રજાઈ, ઓઢવા પાથરવા માટેનું રૂ ભરેલ ગોદડું.

૧. ધોકો ને ધડકી લઈ પાછળ પડવું = કોઈ વાતનો અંત લેવા પ્રયત્નશીલ થવું.

૨. ધોકો ને ધડકી લઈ પાછળ પડવું = કોઈ વાતનો અંત લેવા પ્રયત્નશીલ થવું.

ધડકૂટ (ધડકૂટ) જી. માથાકૂટ; ઝમઝાઝીક.

ધડખડ (ધડખા) જુઓ ધડકા.

ધડચું (ધડચું) વિ. ભાંગું; ચિરું.

ધડટ્ઠા (ધડટ્ઠા) ૧. [હિ.] વિ. કમર તૂટેલું; કેડ વળી ગયેલું.

૨. વિ. કુબ્જ.

ધડડ (ધડડ) અ. ઊંચેથી પડવાનો અવાજ.

ધડડધરર (ધડડધરર) અ. મોટી ભીંત એકદમ તૂટી પડતાં થતો અવાજ.

ધડડધીમ (ધડડધીમ) ૧. પું. ધડડ એવો અવાજ.

૨. અ. ઓચિંતું તૂટી પડતું હોય તેમ; ધડધડ થઈને એમ તરત; અવાજ થતાની સાથે જ.

ધડડધૂસ (ધડડધૂસ) ૧. પું. ધડડ એવો અવાજ.

૨. અ. ધડધડ થતાં.

શિવજી સહિત તે બાજ ધડડધૂસ કરતો
ડોચકાની આડે જઈને પડ્યો. પ્રેમાનંદ

ધડલું ન. (કચ્છી) મારવું તે; કૂટવું તે.

ધડતોડ (ધડતોડ) પું. કુસ્તીનો એક દાવ.

ધડધડ (ધડધડ) ૧. જી. ધડડ એવો અવાજ; પડવાનો કે અથડવાનો અવાજ.

ધડધડ કરવું = મુક્કામુક્કીથી અવાજ કરવો.

૨. અ. ઉપરાઉપરી; એક પછી એક તરત.

૩. અ. એકદમ; જોરજોર; ધડેડાટ; ધડકધડક; ત્વરાથી.

૪. અ. દડદડ; ધારની પેઠે, ધારબંધ.

બંધુઓને ધડધડ આપની ધાર રે સારંગ

૫. અ. ધડધડ એવા અવાજ સાથે.

૧. ધડધડ કરવું = ભારેલું અગ્નિ‌કાવું.

૨. ધડધડ થવું = ઉપરાઉપરી પડવાનો અવાજ થવો.

૬. વિ. ધરાવનાર પડતું હોય તેમાં પડતી મારાઓના અવાજનું અનુકરણ થતું હોય તેમ.
ધડધડ બહુ મોટો બોમ્બ પડતો હોય એવું દેખાય છે. ત્રિભુવનદાસ

૭. વિ. બેધડક; બીક વગર.

ધડધડવું (ધડધડ) ૧. અ. ક્રિ. એકદમ તૂટી પડવું

૨. અ. ક્રિ. બેસામાં મારવું.

ધડધડાટ (ધડધડાટ) ૧. પું. ચીમળી.

૨ પું. ધડધડ થતું તે; ઉપરાઉપર પડતી વસ્તુઓનો ધડધડ એવો અવાજ; બેસામા નીકળતો મોટો અવાજ.

૩. પું રોક.

૪. પું. સપાટો.

૫. વિ. એકદમ બેસામાં ક્રમ ચાલતું હોય તેમ; ધપાટાબંધ; સપાટામા

ધડધડાટી (ધડધડાટી) સ્ત્રી. વસ્તુઓ અથડાવાથી ધડધડ એવો થતો અવાજ.

ધડધડિત (ધડધડિત) જ. ધડધડાટ; ધપાટાબંધ.

ધડધડામણ (ધડધડામણ) સ્ત્રી. દીકરીને સાસરામા અને આણામાં અપાતો ઠરવાવર.

ધડધડક (ધડધડક) સ્ત્રી. ઉઘ કરવું તે; રાત્રે માણસને અટકાયતમાં લેવું તે.

ધડપત (ધડપત) સ્ત્રી. હિમત.

ધડપરયમ (ધડપરયમ) સ્ત્રી. ગરબાત.

ધડપા (ધડપા) [જા. દર્પા] પું. ધડપના તાકામાથી કાઢી લીધેલું મોઢું કપડું.

ધડપીઠ (ધડપીઠ) સ્ત્રી. ઉંટનો પાછળનો ભાગ.

ધડપૂછડું (ધડપૂછડું) જુઓ ધડપૂંછડું.

ધડપૂંછડું (ધડપૂછડ) ૧. ન. ધડ અને પૂછડું.

૨. ન. અવ્યવસ્થિતપણું; મેળ.
ધડપૂંછડા વગરનું = અવ્યવસ્થિત; મેળ વગરનું.

ધડફેડ (ધડફડ) ૧. પું. ધડફેડ એવો અવાજ.

૨. જ. ધડફેડ કરતા અવાજ સાથે.
ધક્કો મારી ને ધડબડ, ધડફેડ, ધડબડ કર્યા થયા. ત્રિભુવનદાસ

ધડફેડવું (ધડફેડવું) ૧. ક્રિ. ધીરજ રાખવી.
૨. અ. ક્રિ. વિશ્વાસ રાખવો.

ધડબડ (ધડબડ) ૧. પું. ઘોડવાનો અવાજ.

૨. જ. એકદમ; દોડાદોડ સાથે.
રાતે તો મારે રંબડ,
ધડબડ બહુ આવી ધાડ. દયારામ

ધડબડ ધડબડ (ધડબડ ધડબડ) ૧. પું. ઘોડાથી થતો અવાજ.

૨. જ. ધબધબ અવાજ થાય એમ.

ધડબડવું (ધડબડવું) અ. ક્રિ. અવાજ સાથે દોડવું.

ધડબંવું (ધડબવું) અ. ક્રિ. બહુ દાબીને ખાવું; ધરબવું.

ધડબું (ધડબું) વિ. આડું; બિનુ.

ધડમચક (ધડમચક) સ્ત્રી. મસલત; ચર્ચા.

ધડમચડ (ધડમચડ) ૧. સ્ત્રી. તાણાતાણી.
૨. જુઓ ધડમચક.

ધડમજલ (ધડમજલ) સ્ત્રી. ભાજગડ.

ધડમધડમ (ધડમધડમ) ૧. પું. ધડધડ એવો અવાજ.

૨. જ ધડધડ; દનદન દનદન.

ધડમધડા (ધડમધડા) ૧. સ્ત્રી. ધડાધડ; ધડોધડ; એકબીજા ઉપર માર પડ્યો તે.
ને એની ધડમધડા પડે પછી કે પહાડ બધુ પાલવ થયા. દલપતરામ સુમેરામ

૨. સ્ત્રી. લડાઈ; મારામારી.

૩. જ. ઉપરાઉપરી; એક પછી એક; ધડોધડ એમ.

ધડમધડાકા (ધડમધડાકા) [ધડમ (અનુકરણવાચક શબ્દ) + ધડાકો (અવાજ)] પું. બ. વ. ધાદલ્લા અવાજ; બે છુટકાના થતા ઉપરાઉપરી અવાજ.

ધડમહલ્લા (ધડમહલ્લા) [હિ.] પું. ગડબડી, ભીડ.

ધડમૂળ (ધડમૂળ) જ. ગરબાત; પહેલ; આ-બા.

ધડલ્લા (ધડલ્લા) ૧. [હિ.] પું. ધડાકો; ધડધડ અવાજ

૨. પું. ભીડ; ગડબડી.

ધડવા (ધડવા) [હિ.] સ્ત્રી. એક વસ્તુની મેના.

ધડવાઈ (ધડવાઈ) [હિ.] પું. વસ્તુ કરનાર માણસ.

ધડવું (ધડવું) ૧. ન. બનાવ કરવાનું કોઠી જેવું મોટું વાસણ.

૨. જ. ક્રિ. ધડકવું; ધરબવું; કંપવું.
ધ્રમર તો કંપી પડે,
ધ્રમકારે ધરા ધડકંત. સાબળ

ધડશે (ધડશે) જ. ધડ કરીને; ધડાક એવો અવાજ કરીને.

ધડસિયા (ધડસિયા) ૧. સ્ત્રી. પરમાર ક્ષત્રિયોની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. વ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ધડહડવું (ધડહડવું) ૧. અ. ક્રિ. કંપવું. ધ્રૂજવું.
૨. અ. ક્રિ. ગાજવું; ધબડી ઊઠવું. તતડવું. ઝઝૂમવું.
વાય સિંહ ગાજે ગહગડે,
તિણ નાદે ધરણી ધડહડે. ગંગાદાસજી
૩. અ. ક્રિ. તડકથી ઊઠવું; ધ્રુજી ઊઠવું.

ધડહડાટ (ધડહડાટ) ૧. પું. ધડધડ એવો અવાજ.

૨. જ. ધડ એમ અવાજ સાથે.

ધડંગ (ધડંગ) વિ. નાગું. આ શબ્દપ્રયોગ મોટે ભાગે એકલો થતો નથી, પણ નાગુની સાથે થાય છે. જેમકે, નાગુધડંગ

ધડંધડ (ધડંધડ) ૧. પું. મારામારીથી થતો અવાજ.

૨. જ ધડધડ એવા અવાજ સાથે.

ધડંધડા (ધડંધડા) સ્ત્રી. મારામારી.

ધડંધડાકા (ધડંધડાકા) પું. બ. વ. ધડંધડ થતા ધડાકા.

ધડા (ધડા) ૧. પું. એ નામનો એક કુંવર.

૨. [હિ.] પું. ટુકડા; ગાજવું.
ધડાકો મારવો = (૧) બાકી કામ પતાવવું. (૨) કારમ કે બીજ રાખ્યા વગર કહેવાનું હોય તે સામે મોઢે કહી દેવું.

૩. [સં. ધટક] પું. પાંચ શેર; પાંચ શેરનું વજન. કોઈ કોઈ ઠેકાણે ચાર શેરનું વજન મનાય છે.

૪. પું. હોજ; ઘળ.
હજારધાટ કરોળ, પ્રમંડ ઉલાસ અરિ ધડા;
આવ્યુ કરણ અદોલ, પહુચ્યો રાણ મલ્લારણી. સુકાન્યસંદેશની

૫. પું. ભાલું; પક્ષ.

૬. [સં. ધટ્] પું. વજન મૂકીને સરભર કરવું તે.

૭. પું. સમૂહ; ટોળું.

ધડાક (ધડાક) ૧. પું ધડાકો; મોટો અવાજ.
તે જ ક્ષણે ધડાક દેઉ મારણ ઊપડ્યું. ભાલણ

૨. જ. મોટા અવાજ સાથે.

ધડાકાબંધ (ધડાકાબંધ) ૧. જ. એકદમ; સપાટામા.

૨. જ. ધડાકા સાથે; ભડાના સાથે જ; ધડાકો કરતાંની સાથે જ; ધડાકા સાથે; મારપાટ સાથે.

ધડાકાભડાકા (ધડાકાભડાક) ૧. પું બ વ. મારપાટ.

૨. પું બ. વ. ધડાકા અને ભડાકા; કારમ ઉપર કારમ; સતત થતી ભડાના.

ધડાકો (ધડાકો) ૧. પું. જોરદાર મોટો અવાજ; ધડાકો; ભારે અવાજ; ધડધડ કરતો અવાજ.
૨ પું. કપાટામાં કરી નાખેલું કામ
ધડાકે મારવો = (૧) જલદી કામ પતાવવું. (૨) ગરમ કે ઊંડા રાખ્યા વગર કહેવું કે કરવું હોય તે સામે મોઢે કહી દેવું
૩. પુ. પીટાપીટ. કજિયો.
ઈ રીતના ધડાકા કેરો. લોકગીત
૪. પું. અડાક્ષ
૫. પું. કપાટો. કપાટો.
૬. પું. સાંભળનાર ચાકે એવી વાત; તડાકો; ડિંગ.

ધડાકાભડાકો (ધડાકોભડકો) પું. ફટાકો ફોડવો તે; તોડ; ફોડ; અડાકો થઈ ફૂટવું તે.

ધડાધડ (ધડધડ) ૧. પું. કપાટામાં એમ સૂચવનો અવાજ.
૨. અ. ઉપરાઉપરી અવાજ આપ તેમ; તડાતડ.
૩. અ. એક પછી એક; ધડાધડ, ધડોધડ.
૪. અ. એકદમ; જલદી.

ધડાધડી (ધડાધડી) ૧. સ્ત્રી. અફલા; બકૂર.
૨. સ્ત્રી. અવાજથી દારૂગોળો ફૂટવો તે.
૩. સ્ત્રી ઉતાવળ; ત્વરા.
૪. સ્ત્રી. ઉપર,નીચેરી બહુકના અવાજ.
૫. સ્ત્રી. એકધારો મોટો અવાજ
૬. સ્ત્રી ખૂબ હુંસાતુંસી ને ભીડાભીડ થઈ રહેવી તે
૭. સ્ત્રી. લોખ્યાં ચલેસી મારામારી; ધડધડ.
૮. સ્ત્રી. લોહામાં ને તાકીદથી આલવું કામ.
૯. સ્ત્રી. ધમાલ; ધમાચકડી.
૧૦. સ્ત્રી. મેનાની પડાપડી.

ધડાધ્રુમ (ધડાધ્રૂમ) અ. વાજતેગાજતે.

ધડાપીટ (ધડાપીટ) ૧. સ્ત્રી. કજિયો; કંકાસ.
૨. સ્ત્રી. ધડોધડ કૂટવું તે; કૂટાપીટ; જોરથી ઝાડી કૂટવી તે.

ધડાબંધી / ધડાબંધી) ૧. [વિ.] સ્ત્રી. લડાઈ પહેલાં અને પક્ષોની સેનાનું બળ એકબીજાથી બરોબર કરવું તે.
૨. વિ એકસરખું; મેળ પડતું; મુસમત; બરાબરિયત.

ધડાભૂત (ધડાભૂત) વિ. દાબલો લેવા જેવું.

ધડામ (ધડામ) [વિ.] પું. પાણીમાં અથવા નરમ જમીન ઉપર વજનદાર વસ્તુને પડતું મૂકતાં થતો અવાજ.

ધડામાર (ધડામાર) ૧. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.
૨. અ. એકદમ; તડામાર.

ધડાગ (ધડાગ) વિ. નાગું; નગ્ન.

ધડિયાલો (ધડિયાળો) પું. ઘોંઘાટાસે; ધમરોળ.

ધડિયાંગ (ધડિયાંગ) . અ. ઢોલ વાગવાથી થતો અવાજ.
ઢોલ વાગ્યો; ધડિયાંગ, ધડિયાંગ.
આનંદાદિપ્રભાત

ધડિયું (ધડિયું) ૧. ન. તાડી ઝરવાનું માટીનું વાસણ.
૨. ન. નોંધ; જમાકિધમાર કરવાનો ચોપડો.

ધડિંગ (ધડિંગ) ૧. પું. વજનદાર વસ્તુના પડવાથી થતો અવાજ.
૨. અ મોટા અવાજ સાથે

ધડિંગો (ધડિંગો) પું. તકોમતદારને ઘેર જઈ ફરિયાદની સમાધાની કે નિકાલ કર્યા પછી જ ત્યાંથી ઊઠે એવો માણસ.

ધડિબલો (ધડિબલો) ૧. પું. ઢગલો.
૨. વિ. પું. જાડું ભારો.

ધડિયા (ધડિયા) ૧. સ્ત્રી. એક જાતનું વાસણ.
ધડિયા ઢાંકો અને, ધડિયા ભરા જેવું,
ધડિયા જેવા કૂલવા, ધડિયા મજબૂત તેવું.
લોકોક્તિ
૨ સ્ત્રી ધડાપીટ. ઝાડી કૂટવી તે
૩ વિ જાડું. બિબું.
૪. વિ. મજબૂત; બળવાન.

ધડિયું (ધડિયું) વિ. જાડું; બિબું. આ શબ્દ બિબું સાથે વપરાય છે. જેમકે, બિબુંધડિયું.

ઘડી (ઘડી) ૧. સ્ત્રી. અડસઠો; આસરો; અટકળ; અનુમાન.
૨. સ્ત્રી. આમળાનું એક માપ.
૩. સ્ત્રી ચુડો; બલા.
બાજુબંધ મોર, પીળી ઘડી.
કાન્હડદેપ્રબંધ
૪ સ્ત્રી. ઘડો; સંતોલો; વાસણમાં કાંઈક જોખવા બનેલા વાસણ જેટલા જ તોલવાળાં કાટલાં, પથ્થર, કાંકરા વગેરે સામા બાજુમાં નાખવાં તે
૧. ઘડી નાખવી = અમુક વજનનો સંતોલો બાંધવો કે કરવો.
૨. ઘડી બરવી = તોળવું.
૫. [સં ઘટિકા] સ્ત્રી ચાલ્લા પાંચ શેરનું માપ; પાંચશેરી
૬. [હિ.] સ્ત્રી. પાંચસો રૂપિયા.
૭. સ્ત્રી. મિસીથી ચોપ ઉપર કરવામાં આવતી લીટી.
ઘડી જમાવવી – ચોપ ઉપર મિસી લગાવવી.
૮. સ્ત્રી. રેખા; લકોર; લીટી.
૯. સ્ત્રી. સોનેરી તારની કોર.

ઘડીમ (ઘડીમ) અ. ધડધડ; ધડીમ એવો અવાજ.

ઘડીમઘડીમ (ઘડીમઘડીમ) અ ધડ એવો અવાજ, ધડધડ, તડાતડ; ઉપરાઉપરી આઘાત.

ઘડીમલો (ઘડીમલો) ૧. પું. જોરથી કોઈની રીતનો ઊભાગો ફાડવો તે
૨. પું. ધડ એવો અવાજ થાય તેમ જોરથી છાતી કૂટવી તે; એકદમ જોરજોરથી કૂટવું તે; ધડાપીટ.
ઘડીમલો કેસો = કોઈની સામે જઈ જોરથી કૂટવું; ધડધડ કૂટવું.

ઘડુ (ઘડુ) ૧. પું કપાસનો ભાટ.
૨. પુ. (જા. ગુ.) જોર; બળ.
વિમલ પંડિ બહેલઈ પડ્યઉ.
સિદ્ધ પ્રોતિ૨.૭૯નુ ઘડુ. ક.વ૫૨સમય

ઘડુકાવવું (ઘડુકાવવું) સ ક્રિ. ઘડૂકે એમ કરાવવું.

ઘડુકાવું (ઘડુકાવું) અ ક્રિ. ઘડૂકે એમ થવું

ઘડુડુધૂમ (ઘડુડુધૂમ) ૧. પું. મોટો અવાજ.
૨. અ. મોટા અવાજ સાથે

ઘડુકાવવું (ઘડુકાવવું) સ. ક્રિ. ઘડૂકે એમ કરાવવું.

ઘડુકાવું (ઘડુકાવું) અ ક્રિ. ઘડૂકે એમ થવું.

ઘડૂકો (ઘડૂકો) [હિ.] સ્ત્રી. એક જાતની મેના.

ઘડૂક (ઘડૂક) ૧. સ્ત્રી. લેણિયા કણબીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘડૂકવું (ઘડૂકવું) ૧. અ. ક્રિ. ગર્જવું, ગાજવું
૨. અ. ક્રિ. ધારો કાઢવા
૩ અ. ક્રિ. જોરથી બોલવું; ધડો કરી બિવડાવવું
૪. અ ક્રિ. મોટા અવાજ સાથે વાગવું
ઢોલીડા ઘડૂકયા ઘાડી ચાલો આપણે ઘર રે
લગ્નગીત
૫. અ. ક્રિ. ક્રમાલથી બોલવું.

ઘડુમ (ઘડુમ) ૧. પું. નગારા કે તબલાનો અવાજ
૨. પું. ભારે વસ્તુના પડવાથી થતો અવાજ
૩. અ. ભારે વસ્તુ પડવા.ના કે વાસણના અવાજ સાથે.

ઘડુસ (ઘડુસ) ૧. પું. એક પ્રકારનો અવાજ.
ઘડૂસ દેતી વરસાર પડી રસધાર
૨. અ. ઘડૂસઘડૂસ એવા અવાજ સાથે

ધડૂસકારો (ધડ્સકારો) પું. ફૂટવાનો મોટો અવાજ.
અહીં ધડૂસકારા થયા, ન જોઈ શકાય તેવો દેખાવ થઈ રહ્યો. સોરઠી બહારવટિયા

ધડૂસધડૂસ (ધડ્સધડ્સ) ૧. પું. એક વસ્તુનો બીજી વસ્તુ સાથે અફળાવાનો અવાજ.
૨. ક્રિ. વિ. વસ્તુ અફળાવાના અવાજ સાથે.

ધડૂસલો (ધડ્સલો) ૧. પું. પૂરા માર મારવો તે.
૨. પું. જોરથી ફૂટવું તે; ધબિયું.
૩. પું. ધબ્બો.

ધડૂસવું (ધડ્સવું) ૧. સ. ક્રિ. જેસાડવું; જોરથી ખોસવું.
ધડૂસીને ખાવું = પેટ ભરીને ખાવું; ઠાંસીને ખાવું.
૨. સ. ક્રિ. મારવું; પીટવું; ધોકાવવું; ધડૂસધડૂસ મારવું.

ધડેડવું (ધડેડવું) ૧. સ. ક્રિ. જોરથી વરસવું.
૨. સ. ક્રિ. પડવું.
૩. સ. ક્રિ. મારવું; પીટવું.
૪. સ. ક્રિ. રોવું; પોક મૂકવી.
૫. સ. ક્રિ. ઢમવું; ઝાડે ફરવું.

ધડેડાટ (ધડેડાટ) ૧. પું. પ્રવાહી પદાર્થનો ઊંચેથી પડવાનો અવાજ.
૨. અ. ધડધડ એવા અવાજ સાથે.

ધડેડાવવું (ધડેડવવું) સ. ક્રિ. પોક મૂકીને રોવું; મોટેથી રોવું.

ધડો (ધડ્રો) ૧. પું. અડસટ્ટો; અટકળ.
ધડે રહેવું = (૧) અંદાજસર રહેવું; હદે રહેવું. (૨) ઠેકાણે રહેવું; અસલ સ્થિતિ કે મર્યાદામાં રહેવું.
૨. પું. આવકાર; સત્કાર; સરભરા.
૩. પું. આડો; હદ; સીમા.
૪. પું. (કચ્છી) એક જાતનું વજન.
૫. પું. એકસરખો અભ્યાસ.
૬. પું. કૂવો કે મકાનનો પાયો ખોદતાં નીકળેલો ઘાત
૭. પું. ખાતરી.
૮. પું. ગણતરી.
૯. પું. ચલણ; સત્તા.
૧૦. પું. છીછરું ચેટાળ.
૧૧. પું. જમીનનો ઢગ; ઢગ ઢાકતી વખતે નીચથી નીકળતી ખીનારાની હદ.
૧૨. પું. જમીનનો ઢગ; તળ; માટીની ઊંડાઈ.
૧૩. પું. જે વાસણમાં ચીજ આપવાની હોય તે વાસણની બરોબર વજન બીજા પલ્લામાં મૂકી પલ્લા સમાતર કરવા તે; માલ જેમાં નાખવો હોય તે વસ્તુ કે બારદાનનો તોલ.
૧૪. [સં. ઘટ (તોળ જેવું તે)] પું. ત્રાજવાનાં બે પલ્લા અને દાંડી બંને તરફના સમ વજનથી એકસરખાં રહેવા માટે ઊંચા રહેતા પલ્લામાં રાખવામાં આવતો ભાર; બે પલ્લાં સમ વજનદાર રહે તેમ કરવા માટે રાખવાનું એક તરફનું વજન; ઉઠાંક; સાંધણ; ત્રાજવાનું સમતોલપણું લાવવા મુકાતો ભાર.
૧. ધડો આપ્યો = (૧) કાટાના પલ્લાંની અસમાનતાની ઘટ મજરે આપવી. (૨) નક્કિયત મણે તેમ કરવું; શિક્ષા કરવી. (૩) નોખપાટ આપવો.
૨. ધડો કરવો = (૧) કોઈ વસ્તુ તોળતા પહેલાં ત્રાજવાંને તોલમાં બરાબર કરવાં; બે પલ્લાં સરખાં રહે તેમ કરવું; ત્રાજવાની દાંડી સીધી આવે તેમ કરવું; સાંધણ કરવું. સમતોલ કરવું. (૨) તોલ કરવો. (૩) સલાહ લેવી; મસલત કરવી.
૩. ધડો લેવો = (૧) કાંટાનાં પલ્લાંની અસમાનતાની ઘટ મજરે લેવી. (૨) હિસાબમાં લેવો.
૧૫. પું. ત્રાજવાનું સમતોલપણું ન હોવું તે.
૧૬. પું. કરાર; ભેવનાં; સલાહ.
ધડો જોખવો-ચારો = ભાવ પુછવો; ભાવના થવી; કરાર થવો.
૧૭. પું. દૃષ્ટાંત; ઉદાહરણ; દાખલો.
૧૮. [સ. વટ] પું. (વડાપાવડું) નાળના મોઢા આગળ જમા થયેલ ઝીણકા પાણીવાળો રેતીનો ભંખ; 'સેંડ બાર.'
૧૯. પું. નિત્ય એકસરખી સમ સ્થિતિ; સમતા.
૨૦ પું. નિયમ; ટેક; પોરપણ.
ધડો રહેવો = સખત નિયમન કે ટોરપણું હોવું.
૨૧. પું. નિશ્ચયપણું; દૃઢતા.
૨૨. પું. નોખ; સાર; પાર; સિફામણ.
૨૩. પું. મરતબો, ઇજ્જત; આબરૂ.
૨૪. પું. અવસ્થા; વેગ.
૧. ધડો ઘાટનો = (૧) પોતાનો કક્કો ખરો કરવો. (૨) જ્ઞાન કરવું.
૨. જોવામાં ધડો હોવો = મેળવણું જોવું; વિષયને અનુસરીને જોવું
૨૫. પું. શિક્ષા; નક્કિયત.
૨૬. પું. સંતોષ
ધડે બેસવું = (૧) ટાઢા પડવું; નાસીપાસ થઈને ઠેકાણે બેસવું. (૨) પડી જાવું, ભાંગી પડવું; પાયમાલ થવું; બરાબરસ્તર થવું, બગડી જ બરાબર હાલત થવી.

ધડોધડ (ધડોધડ) અ. એક પછી એક એમ ઉપરાઉપરી; ઉપરાઝપરી; ફડોફડ; ફટોફટ.

ધડ્ય (ધડ્ય) સ્ત્રી. માથાકૂટ; પંચાત.

ધણ [સ.] સ. ક્રિ. શબ્દ કરવો, નાદ કરવો.

ધણ ૧ પું. ઢમ્મો.
૨. સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી; સીમંતિની; અવરંધિયાકર સ્ત્રી.
વાળની વધાઈ રે મહિયર બોલ્યો રે લોલ,
મલપતી આવે ધણની માત.
દાસવરજિવી
૩. [સં. ધન્યા] સ્ત્રી. ધિક્કા.
૪. ન. ટોળું; સમૂહ; ગોધણ; ઢોરનું ટોળું.
૫. [સં. ધન; અપ. ધણ] ન. ધન; મિલકત.
ધણ કણ ધરિ સબિ કહિ,
તજે કરહ બહુપ સુરેસ. મનકાટેમણિ
૬. સ. અંદરથી પોલી વસ્તુ ઉપર વગેરેના આઘાતથી નીકળતા અવાજની જેમ.

ધણકારો પું. વસ્તુના પડવાથી કે અફળાવાથી થતો મોટો અવાજ.

ધણકું ન. ઢોકું; ઊંધનું ઢોલું.

ધણકેડી (ધણકેડી) સ્ત્રી. ગામ, સીમ વગેરેના માલવાથી ખેતરમાં પડેલો સાંકડો રસ્તો.

ધણખૂંદ પું. માપના ટોપામાં રહેનારો આખલો; સાંઢ.

ધણગલિયું સ. ઢમાઢિયું; ઝાંપલી.

ધણચોક પું. મરવા જનાર ઢોરને બેસાડવા બનાવી જગ્યા; ગોદરો

ધણધણ [સં. ધ્વન્ (અવાજ થવો)] પું. એક જાતનો અવાજ.
ઘોર ધણધણ બણ્યા થયેલે. પ્રેમાનંદ

ધણધણાટ પું. એક પ્રકારનો અવાજ.
ધણધણાટ કુંજરા બોલે. સિંહાસન

ધણધણવું ૧. અ. ક્રિ. ઢંકવું.
૨. સ. ક્રિ. ભોંયમાં ભણવું.
૩. સ ક્રિ. ધણધણ થવું.

ધણણી [સં. ધરણી] સ્ત્રી. પૃથ્વી.

ધણધણાટ ૧. પું. ધરતીકંપનો અવાજ.
૨. વિ. ધણધણતું.
૩. અ. પોલી વસ્તુના અવાજની જેમ.

ધણધણવું ૧. [સં. ધ્વન્ (અવાજ થવો)] અ. ક્રિ. અવાજના જોરથી કંપવું; ધ્રૂજવું અને સાથે ગાજી રહેવું.
પછી બોલે ન ચાલે,
દુમ પણ ધણધણ્યાં,
પૃથ્વી ધ્રુજી રહી આ! ભાલણ
૨. સ ક્રિ. અંદરથી પોલી ને ઢગા ભરેલી પાતળી સપાટી ઉપરના આઘાતનો અવાજ થવો; ધણધણ થવું

૩. સ. ક્રિ. જોરથી બળવું; અંગારાના જોરથી બધામાં ધમધમ જેમ થવું.
૪. સ. ક્રિ. તકરાર કરવી.

ધમધમાટ ૧. પું. જોરથી બળવું તે.
૨. પું. તકરાર.
૩. [સ. ધમ્ (અવાજ થવો)] પું. ધમધમ અવાજ.
૪. પું. ધુમ્મસ સાથેની ગર્જના.
૫. પું. ધુમ્મસ; કંપ.

ધમધમાટી [સં. ધમ્ (અવાજ થવો)] સ્ત્રી. ધુમ્મસ; કંપારી; ધમધમવું તે.

ધમધમાવવું ૧. સ. ક્રિ. જોરથી બળે તેમ કરવું.
૨. સ. ક્રિ. જોરમાં કામ કરવું.
૩. સ. ક્રિ. સપાટાબંધ હોડવું.
૪. સ. ક્રિ. ધમધમ થાય તેમ કરવું; ધમધમે તેમ કરવું
૫. સ. ક્રિ. ધમકાવવું; મોટેથી કપડો આપવો.

ધમધમીને અ. આકરાકથી; બહુ પ્રમાણમાં.
ધમધમીને તાવ આવવો = ધણી ટૂટે એવો તાવ આવવો; આકરો તાવ આવવો.

ધમપછાડ પું. બોકોનો પોકાર.
વાડ જો ચીભડાં ખાય રે,
તો ધમપછાડ કિહાં જાય રે.
અંજવિજય

ધમપત ૧. સ્ત્રી. ઉપરાણું.
૨. સ્ત્રી. ધણીપણું; માલિકી.
૩. સ્ત્રી. બાહેધરી.
૪. સ્ત્રી. રક્ષણ કરવું તે.

ધમરવ પું. (ઝરણી) મેઘનાદ.

ધમવણ ન. ગામોનું ધણ.

ધમરોર પું. ઓંદરો; ગાય, બૈસ વગેરે જ્યાં જોર્યા ગાય તે રબારા.

ધમસ સ્ત્રી. ગોઠ જાતનું ગેરી પ્રાણી.

ધમસેર જુઓ ધમરોર.

ધમહ ન. બાણ; તીર.
કુસુમ વજ્ર ધનિ ધમહ રે. વસંતવિલાસ

ધમંતરી [સં. ધન્વંતરિ] પું. ધન્વંતરિ; દેવોનો વૈદ્ય.

ધમા [સં. ધન્યા] સ્ત્રી. ગાય; ભેંસ.

ધમાડિયા ૧. સ્ત્રી. બાહેધરી ગે નામની ગોઠ બટક.
૨. ન. ગે નામની બટકનું માણસ.
૩. વિ. ગે નામની બટકનું.

ધમાર પું. (ધમ્મી) ઢોર ચારનાર ગોવાળ.

ધમિયાણી ૧. [સં. ધનિન્ (માલિક) + ઙીન્ (વાળું) + ઙી (સ્ત્રીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. જેની માલિકી કે સત્તા હોય તેવી ગાય; ગોઠણી.
૨. સ્ત્રી. પરજોતર ગાય; બહુ; પત્ની; ભાર્યા.

ધમિયાતું ૧. [સં. ધનિન્ (માલિક)] વિ. બાનગી બકરીનું માલિકીનું.
૨. વિ. જેના ઉપર ધણી કે માલિક હોય એવું; ધણીપણાવાળું; સ્વામિત્વવાળું.
ધમિયાતાને નવ જોહારીએ રે,
કાં તો જોઈએ કર. બાબાપ

ધમિયાપું ૧. ન. ધણીપણું; સ્વામિત્વ.
આ પાર્વતીને ધમિયાણી કરી તમારે આવે જેનું ધમિયાપું સ્વીકારો. કેશવ હર્ષદ
૨. વિ. ધમિયાતું.

ધમિયામો [સં. ધન (પૈસો) + ઇન્ (વાળું)] પું. દુબળાનો ધણી. ગોકુળને લાંબી દુબળો નાનાં ઊભીનાં બે અને તેના બદલામાં ગોકુળને લા મજૂરી કરવા બળદ આપ તે ગોકુળ દુબળાનો ધમિયામો કહેવાય છે. દુબળો તેના લાભી તરીકે ગોગભાગ છે.

ધમિયાણી સ્ત્રી. ધમિયાણાની સ્ત્રી.

ધમિયાળો પું. ધમિયામો. સુરત તરફ દુબળાના માલિકને ધમિયાળો અને ધમિયાણાની બહુને ધમિયાણી કહે છે.

ધમ્મી ૧. પું. ઈશ્વર.
૧. ધમ્મીનું ધાર્યું થાય = ઈશ્વરની ઇચ્છા હોય તેમ થાય.
૨. ધમ્મીનો કોઈ ધણી છે ? = ઈશ્વર ઉપર કોઈ નથી.
૨. પું. મુખ્ય; ઉપરી.
૩. પું. વર, પતિ.
૧. ધમ્મી કરવો = નાતરું કરવું; ઘર માંડવું, કામ બેસવું; બીજા પુરુષને પતિ તરીકે સ્વીકારવો.
૨. ધમ્મી દુઝે કે ઢોર દુઝે ? = ગાયે તેવું બહે.
૩. ધમ્મીની બાનીતી ખાર બાજ ઉઠ્ઠ કરે = રાજનું બાનીતું માણસ ગમે તેમ વેતરાં કરે.
૪. [સં. ધનિન્] પું. સ્વામી; માલિક; ગોઠ. કરકોઈ ચીજ કે પ્રાણીને વેચવા કે બક્ષિસ આપવાની જેને સત્તા હોય તે તે વસ્તુનો માલિક કહેવાય. કોઈ ચીજનું કે માલમિલકતનું કાયમ સ્વામિત્વ ભોગવનારને ધણી કહેવાય. આવા અર્થમાં તેને માલિક પણ કહી શકાય. પરંતુ સ્ત્રી પુત્રાદિકના સ્વામિત્વ માટે ખાસ ધણી શબ્દ વાપરવો હોય, ત્યારે તેને માલિક ન કહેવાય.

ધણી શબ્દ, બહુધા ઉપર કહેલે તરજુમે સત્તા કે એવો અર્થ સૂચવે છે. એ સત્તા માલિકથી ઊતરતા દરજ્જાની છે. ધણી શબ્દ ફક્ત મનુષ્ય સિવાયનાં પ્રાણી કે વસ્તુના સંબંધમાં માલિક જેટલો જ અર્થ ધરાવે છે. મનુષ્યના સંબંધમાં તે અપૂરો અર્થ સૂચવે છે. માલિક, મિલકતના સંબંધમાં વપરાય છે. ધણી મિલકત તેમ મનુષ્યના સંબંધમાં વપરાય છે.
૧. ધણી મૂવું = (૧) જેનો ધણી મરી ગયેલો હોય એવું. (૨) માલિક રહિત. (૩) વિધવા.
૨. ધણી વગરનાં ઢોર સનાં = ધણી વગર કોઈ બરી સંભાળ લઈ શકતું નથી.
૩. ધણીને કહે ધા ને ચોરને કહે નાસ = બેઉ પક્ષને લાભનું બોલવું.
૪. ધણીને પી જવું = ધણીનો જરા પણ ડર ન રાખવો.
૫. ધણીને સરે હાંમણીમાં ને પાડોશીને સરે બરીસામા = ધણીને સરે તે ખરું.

ધણીઓગ વિ.સ્ત્રી. વેચાણ લેનારને જ ગમે એવી; સાહલેજ નહિ એવી; બરીદનાર માણસને જ જેનાં નાણાં ગમે એવી. હુંડી માટે આ શબ્દ વપરાય છે.

ધણીઓગણ જુઓ ધણિયેત.

ધણીઓગી હુંડી સ્ત્રી. જે માણસે રૂપિયા આપીને હુંડી લીધી હોય તે જ માણસને રૂપિયા ગમે તેવી હુંડી.

ધણીધણિયાણી સ્ત્રી. વરવહુ.
૧. ધણીધણિયાણી રાજી, તો કમા કરે કાજી = વાદી પ્રતિવાદી અથવા પક્ષકારો સંપે તો પછી વાંધો પડાવનાર શું કરનાર છે ? અર્થાત્ વાંધો જ નથી તો પડાવનારનું ગજું જ ન રહે.
૨. ધણીધણિયાણી રાજી, તો શું કરે મિયાં કાજી ? = બન્ને પક્ષ કબૂલત આપે ત્યારે કાયદો નકામો થાય છે.
૩. ધણીધણિયાણીના ટંટા = (૧) નજીવી તકરાર; બાલ વિનાની ખોટાચાલી. (૨) પતિ અને પત્નીનો કજિયો.

ધણીધોરી ૧. પું. માલિક.
૨. પું. રક્ષક.
૩. વિ. માલિક ને સંભાળ રાખનાર.

ધણીપણું ૧. ન. પતિપણું.
૨. ન. માલિકીપણું; માલિકી.

ધણીપત જુઓ ધણીપણું.

ધણીપતું જુઓ ધણીપણું.

ધણીપદું જુઓ ધણીપણું

ધણીમું વિ. મજબૂત; સદ્ધ.

ધણીમૂર્ખ વિ. સ્ત્રી. જેનો પતિ મુજરી ગયો હોય એવી. જેને માટે આ એક ગાળ પ્રયોગ છે.

ધણીમૂઓ વિ. પું. જેનો માલિક મરી ગયો હોય એવો. ગાળ તરીકે આ શબ્દ વપરાય છે.

ધણીરખ્યો ૧ પું. કર્તાહર્તા.

૨. પું. પૂરા માલિક; સંપૂર્ણ સ્વામિત્વના હકવાળો માણસ

ધણીરહીપણું ૧. ન. કર્તાહર્તાપણું.

૨. ન. સંપૂર્ણ અંકુશધારી હોવાપણું.

આના ધણીરહીપણામાંથી સાચાઓના સંગઠનને પરિણામે તેની યોગ્ય જગાએ મૂકવાના સુસંગઠિત પ્રયત્નરૂપે રેનિયાની પ્રગતિ છે.

ગાંધીજી

ધણીવગું ૧. વિ.* અસહાય; ધણી વિનાનું; નધણિયાતું.

૨. વિ. વિષમ; વહ્યું.

આ માણે વહ્યો અને ધણીવગો દુઃખી માઠામાં મૂકે પું. હરગોવિંદદાસ

ધણીહીન વિ. ધણી વગરનું; નધણિયાતું.

ધણીબંધો પું. જથ્થો, સમૂહ.

ધણીંબું જુઓ ધણીબું.

ધણ [સં. ધન] ન. પૈસો; મિલકત.

કવિએ કાજુ ન વલવઉં,
ધણ પુણ કાજુ ન ધરૂહ.
હોજિણિ વિ અવસર નિવડિઆઈ,
તિણ-કમ સગલ વિસિરૂહ

પૃહદ્ આચારસ

ધણક્કર પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૬ વર્ણની ૫૬ માત્રા હોય છે.

ધણેડાટ (ધણેટ) જુઓ ધણેણાટ.

ધણેણવું ૧. ન. કિ. બળબળવું; ધરતીકંપ વખતે પૃથ્વીનું ધ્રૂજવું; ધણધણવું.

૨. ન. કિ. ગર્જવું; ગાજવું; ગરજવું

ધણેણાટ ૧. પું. ધણધણ જેવો અવાજ; ધણધણાટ.

૨. ન ધણેડાટ; ગર્જના કરતાં.

ધણેણાટી ૧. સ્ત્રી. ગર્જના.

૨. સ્ત્રી. ધ્રુજારી; કંપારી; ધણધણાટી.

ધણેણાવવું ૧. સ કિ. ગર્જના કરી સંભળાવવું.

૨. સ કિ. ધ્રુજાવવું; કંપાવવું.

૩. સ કિ. રમઝટ બોલાવવી.

ધણેણી ૧ સ્ત્રી. ધણધણાટી; કંપારી; ધ્રુજારી.

૨. સ્ત્રી. બાળક ઉપર સ્નેહ આવતાં જેના સ્તનમાં દૂધ ભરાય તેવી લાગણી.

ધણ્ણોવણ્ણો પું. કામધંધો; ધણોધોજગાર.

ધણ્ય [સં. ધન] ન. દ્રવ્ય; પૈસો.

ધત ૧. [હિં.] પું ત્રિમ; પુરુષની ગુલ્હેંદ્રિય.

ધત બેસાડવું-મારવું = ધિક્કારવું; તુચ્છકારવું; ન ગણકારવું; તુચ્છ ગણી મારવું.

૨. પું.; સ્ત્રી. ખરાબ આદત; દુર્ગુણ; લત.

ધત પડવી = ખરાબ ટેવનું વ્યસન હોવું.

૩. [સં. ધિક્] અ. (હિંદી) તિરસ્કાર બતાવનાર શબ્દ; દૂર થા.

૪ અ. કાર્યને બાજો હટાવવાનો શબ્દ.

ધતપત્ત વિ. બરાબર ટેવવાળું; આસની.

ધતવું [સં ધૂર્ત (ક્ષુબ્ધું)] સ. ક્રિ. ઘેંસાર્યથી લેવું; પૂજવું; પૂજીને લાઈ જવું; ઊતરવું.

ધતા ૧. [હિં.] પું. બહાનું.

૨. પું ઢાંકો કાઢવાનું કામ.

૩. વિ. દૂર ધકેલું.

ધતિયા જુઓ ધતવા.

ધતિંગ ૧. ન. અસ્તવ્યસ્ત સ્થિતિ.

૨. ન. ભુડાણું; ગપ

૩. ન. ઠોંગ; ફેબ્રકતો; ઠોંગધોંગ.

૪. ન. પાંચસા; તોફાન; મસ્તી.

ધતીંગડ (ધતીંગિયો) [હિં.] પું. ભેગોળ આદમી.

ધતૂકું (ધતૂરું) ન. રજસ્વિગું.

ધતૂર ૧. [હિં.] પું. ધતૂરો.

૨ પું. નરસિંહા નામનું વાનું; તુરી.

ધતૂરિયો ૧. [સં. ધૂર્ત (ક્ષુબ્ધું)] પું. ઠગ; ધુતારો; રા. આવા ઠગ મુસાફરને ધતૂરો ખવરાવી બેહોશ કરી તેમને લૂંટી લેતા.

૨. વિ. ધતૂરાનું ઝેર આપનાર માણસ.

ધતૂરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ; દાડી.

૨. સ્ત્રી. ઠીકરાની ચલમ.

ધતૂરો [સં. ધત્તૂર] પું. એક જાતની ઝેરી વનસ્પતિ; ધતૂરી. ધતૂરાનો છોડ બે ત્રણ હાથ ઊંચો અને તેનાં પાંદડાં સાત આઠ આંગળ લાંબાં તથા પાંચ છ આંગળ પહોળાં અને ભોકદાર હોય છે. તેનાં ફેદવાં કાંટાવાળાં થાય છે. ધતૂરાનાં ફૂલ રજસ્વિલાના ઝાકરનાં અને રંગે ઘૂઘરા આસમાની રંગનાં હોય છે. તેના ફૂલમાં પાંચ પુંકેસર અને એક સ્ત્રીકેસર થાય છે. તેનું ભાજાચ્છાદન પાંચ પાખડીનું લીલું હોય છે. ફળ ગોળાકાર, કાંટાવાળું, તલિયે ટોપીવાળું તથા અંદર મરચાંનાં જેવાં પુષ્કળ બીવાળું થાય છે. તેનાં બી ખાવાથી માણસ બેસુધ થઈ જાય છે. ધતૂરો ત્રણ જાતનો થાય છે: ધોળો, પીળો અને કાળો. તે ત્રણેનાં જુદા જુદા રંગનાં ફૂલ થાય છે. કડકાવા કૂતરાના કરડ ઉપર ધતૂરો બહુ લાભદાયક મનાય છે. ધતૂરાનાં ફૂલ સિવને ચડાવવામાં આવે છે. ધતૂરો ઘણે ભાગે ગરમ દેશમાં થાય છે. સોજા તથા દુખાવા ઉપર ધતૂરાના પાનની પોટીસ કરીને બાંધવાથી આરામ થાય છે. ત્વકરોગ એટલે ચળ તથા ખસ ઉપર ધતૂરાનાં પાન તથા બી વાટીને લગાડાય છે. દમ ઉપર તે ચલમ તથા બીડીમાં પિવાય છે. તે સ્નાયુ સિથિલ કરનાર અને પીડાશામક મનાય છે. ખાંસી અને દમની અંદર ધતૂરો ઉપયોગી દવા મનાય છે. ધતૂરાનાં પાન પેટમાં બાવા માટે એક રતીભાર, ધૂમ્રપાનને માટે ૨ થી ૪ વાલ, તેનાં બીજ ૧ થી ૧ રતીભાર અપાય છે.

૧. ધતૂરાના ફૂલ જેવું = બહુ ચોખ્ખું; સાફસૂફ.

૨. ધતૂરો બાંધે ને ફરવું = માથાની માફક ફરવું.

૩. ધતૂરો દેવો = ઝેર આપવું.

ધત્કાર પું. ધુત્કાર; તિરસ્કાર.

ધત્કારવું ૧. સ. ક્રિ. તિરસ્કાર સાથે કહી બતાવું.

૨. સ. ક્રિ. ધિક્કારવું.

ધત્ત પું. એક જાતની વનસ્પતિ.

ધત્તરવ પું. કાળા ચોઘડાવાળો એક જાતનો સર્પ.

ધત્તા ૧. [હિં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ૧૮ અને બીજા તથા ચોથા ચરણમાં ૧૩ માત્રા હોય છે. અંતમાં ગણ લઘુ આવે છે.

૨. પું (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ત્રીજી અને તે પછી ૬૨ ચોથી માત્રાએ તાલ આવે છે.

ધત્તાનંદ પું (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેની દરેક પંક્તિમાં ૩૧ માત્રા હોય છે. અંતમાં એક નગણ અને ૧૧, ૭ તથા ૧૩ માત્રાએ યતિ એટલે વિરામો આવે છે.

ધત્તો જુઓ ધતવા.

ધત્તૂર જુઓ ધતૂરો.

ધત્તૂરક જુઓ ધતૂરો.

ધધક [હિં.] સ્ત્રી. આગની ભડક.

ધધકવું ૧. વિ. ભડભડ બળવું.

૨. વિ. વહેવું.

ધધકવું ૧. અ. ક્રિ. ભડભડ બળવું.

૨. અ. ક્રિ. વહેવું; રેલો આવવો.
ખંજે ખંજરી ખોતિયા, ધબકે ઓલીની ધાર; ગોમતી લાલ ચૂવાલ, આલેક રંગી મૂળવા. ઓલી બહારવટિયા

ધબકારો પું. (રૂઢી) ધૂપવાટો.

ધબધબતું જુઓ ધબકતું.

ધબધ્બર [સં. દ્વયક્षર] પું. બબડણ અક્ષર. કવિતાની કડીની શરૂઆતમાં ક, ગ, ત, ચમાં ૨, જ, સ અને ઉપરે ક, ઠ, હ આવે ત્યારે એ અક્ષરો અબંડણ અક્ષરો કહેવાય છે.

ધબડ (ધબડ) પું. (રૂઢી) આંબલી.

ધબડા (ધબડા) ૧. જ્ઞા. ખોબાના એ નામની એક અદક.
૨. ન. એ નામની અદકનું માપુસ.
૩. વિ. એ નામની અદકનું.

ધબડાટ (ધબડાટ) પું. ગાઢ આલાયથી થતો અવાજ.

ધબડાવવું (ધબડાવવુ) ૧. સ. ક્રિ. જોરથી ધમધમ થાય તેમ કામ ચલાવવું.
૨. સ. ક્રિ. ધડધડ અવાજ થાય તેમ અખડાવવું.
૩. સ. ક્રિ. મોટે અવાજે ધમકાવવું; ખૂબ ઠપકો દેવો; ખૂબ ખીજવું; ધ્રુજ્ય ભય તેમ ધમકાવવું; ધમવું; કરાવવું.

ધબડાવું (ધબડાવું) અ. ક્રિ. ખૂબ ઠપકો અપાવો.

ધબધબવું ૧. અ. ક્રિ. ધબુધબુ એમ અવાજ થવો.
૨. અ ક્રિ. ધ્રુજવું; કંપવું.
તેણે હોડ પાસી આવ્યાને હાલ મારી, બારણું અને તેની સાથે નાનકડું ઘર બંને ધબધબી ઊઠ્યા. કનૈયાલાલ મુનશી

ધબધબાટ ૧. પું. ધબુધબુ એવો અવાજ.
૨. પું ધ્રુજ; કંપ.

ધબધબાવવુ ૧. સ. ક્રિ. ભોજનમાં કામ કરવું; ધબુધબુ.વવું
૨. સ. ક્રિ. ધબુધબુ એવો અવાજ થાય એમ કરવું.
૩. સ ક્રિ. ધ્રુજાવવું
૪. સ. ક્રિ. બીજાને એમ ઠપકો દેવો; ઝાટકો નાખવું; દમ દેવો; ધમકાવવું.

ધબધબાવું અ. ક્રિ. ધબધબો ઊઠવું; અબુજણી ઊઠવું; ખૂબ ઊઠવું.

ધબકુ ન. સાંજ; સૂર્યાસ્તનો સમય.

ધબુખર જ્ઞા. ધમાલ; ધાંધલ.
જેની સામે આવ શ્રીમંત અદલી ધબુખર મચાવી મૂકી છે. હીરાલાલ

ધબૂડી (ધબૂડી) જ્ઞા. કટારી; ખાતળી ધાર.

ધબૂડો (ધબૂડો) પું. બબડતો દરોડો; મોટો છાપો.

ધબુંબેલ વિ. ચારણથી ઢંકાયેલ; ધનઘોર.

ધધિરી જ્ઞા. ધધિરી.

ધધિરો પું. ધધિરો.

ધધો ૧. પું. પતંગની વચમાં મોટાઈતી ઊભી વાંસની સળી
૨. પું. મૂર્ખ; ઠોઠ

ધધ્ધુ પું. ધધ્ધો; ધકાર; ધ અક્ષર.

ધધ્ધો ૧. પું. ધ અક્ષર; ધકાર.
૨. પું. ધ અક્ષરનો ઉચ્ચાર.

ધન ૧. [સં.] જ્ઞા. વિ. અવાજ કરવો; નાદ કરવો; શબ્દ કરવો.
૨. જ્ઞા. વિ. (ધાતુ) ઘણ આવવું; ધાન્ય પાકવું. તે ઉપરથી અનેક શબ્દો ધાન્ય.

ધન ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે મોહનવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૨૮ લઘુ મળી ૪૬ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.
૨ પું (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૨૨ લઘુ મળી ૩૫ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.
૩. પું. (પિંગળ) સઠોર્યું વર્ણનો એ નામનો એક વિષમકૃત્ત વર્ણમેળ છંદ. તેના ૧લા પાદમા રગણ, બે તગણ અને ગુરુ મળી ૧૦, બીજા પાદમાં બે તગણ અને રગણ મળી ૯, ત્રીજામા રગણ, તગણ, ભગણ મળી ૯ અને ચોથા પાદમાં તગણ, રગણ અને સગણ મળી ૯ અક્ષર હોય છે.
૪. [સં.] જ્ઞા. (જ્યોતિષ) એ નામની નવમી રાશિ. એ રાશિમાં સૂર્ય હોય ત્યારે ધનસંક્રાંતિ કહેવાય છે. મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાનો પા ભાગ ધનરાશિમાં આવે છે. માણસ ઘોડા ઉપર બેઠો હોય પરંતુ તેના પગ ન દેખાતા ધોડાના પગ દેખાય તેવી આકૃતિની ધન રાશિ મનાય છે
૫. જ્ઞા. પુત્રની બો; વધૂ
૬. જ્ઞા વંધ્યત્વ અથવા મૃતકોપ જણતી ધનિષ્ઠ નક્ષત્રનું બિરુ
૭. જ્ઞા. સીમંતિની; સગર્ભા બો.
૮. ન. (જ્યોતિષ) એ નામનું નક્ષત્ર, ધનિષ્ઠા.
૯. ન. (વિક્રમ) એક જાતનું દિવાળા ઘર. બે ભાગવાળા વિપુલ ઘર આગળ બે ઓસરી અને વચ્ચે વહેરાક હોય તેવા વિપુલનું જમણી તરફ એક ઓસરી આવે તો તે ઘરનું ધન નામ થાય.

૧૦. ન. ગાળી અશુદ્ધ ધાતુ

૧૧. [સ. ધનુસ્] ન. ધામડું

૧૨. ન. ઘણી પ્રિય વસ્તુ; સ્નેહપાત્ર.

૧૩. ન. (જ્યોતિષ) જન્મકુંડલીમા લગ્નથી બીજું સ્થાન; ૬૪ લગ્ન પાસેથી બીજા ગ્રહની સત્તા. આથી બાળક ધનવાન થશે કે નિર્ધન તેનો વિચાર કરાય છે. જો ધનસ્થાનમા સૂર્ય હોય તો માણસ ધનહીન થાય, ચંદ્ર હોય તો ધનધાન્યથી ભરપૂર રહે. અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્રપદ અને રોહિણી એ ધનપ્રયોગ નક્ષત્ર કહેવાય છે
૧. ધન, માર ને સામો તારો, બજમાન મરે તો કલ્લો મારો = જે મનુષ્ય મૃત્યુ પામેલ માણસના ધનરખાની આશાએ રહે છે તે લાંબો સમય ઉપાડે પગે પડ્યા રહે.
૨. ધનના બુદ્ધપનિ = સારો કે લાભનો સમય. ધન રાશિનો અધિપતિ ગુરુ છે ને ગુરુ જ સ્વગૃહી હોય તો ધન યોગનો ૪ ૦૦ ૪.૫ તે ઉપરથી આમ બોલાય છે.

૧૪. ન. ટોળું.

૧૫. ન. ઢોરઢાંખર; માલોઢોર ધન; માલ, જેમ કે ગાયભેંસ ઢોરરૂપી ધન
ધન ઉપાર્જન કરવા વિદ્યાનો ઉપયોગ ન જ કરવો જોઈએ. ધન ઉપાર્જન કરવા માત્ર વ્યાપાર જ દોડું જોઈએ. આવશ્યકતાનું સાધન મળતાં એટલું બસ. મુનશી, દસ્તુર ઇ. અ.૧૯૨૬ ખંભો ત્રીજો પેજ ૬. વિચારરત્નો
ધન લગાવવું = પૈસાને બદલે ઢોરને જગ્યામાં લેવાં.

૧૬. ન. દ્રવ્ય; નાણું; પૈસો; વિત્ત. ધનમાં પદર અનર્થ રહેલા કહેવાય છે: (૧) ચોરી, (૨) હિંસા, (૩) અસત્ય, (૪) દગા, (૫) કામ, (૬) ક્રોધ, (૭) ગર્વ, (૮) મેદ, (૯) ભેદ, (૧૦) વૈર, (૧૧) અવિશ્વાસ, (૧૨) મદપ્યા, (૧૩ સ્ત્રીઓનું અમિત્વ, (૧૪) દ્યૂત અને (૧૫) મદ્ય.
જેમ ભોજન જીવને રહેવા માટે દૂર કરી શકાતું નથી, છતાં જીવ તેમા પ્રવૃત્તિ ત્યારે ઓછી કરે છે તેમ અન્ય દુઃખોની નિવૃત્તિ માટે ધનાદિ મેળવવામાં પ્રવૃત્તિ થાય છે. માટે ધન આદિથી દુઃખની જે નિવૃત્તિ થાય છે તે અલ્પ પુરુષાર્થ છે, પરમ પુરુષાર્થ નહિ. સાખ્યકારિકા
૧. ધન કરતાં આબરૂ ચડે = ધનથી જે ગૌરવ નથી મળતું તે આબરૂથી કે મોટા મનથી મળે છે; પૈસા કરતાં સદાચાર અથવા ઉદાર મન એ જ ગૌરવનું સાધન છે.
૨. ધન કરતાં મન વધે = ધનથી જે ગૌરવ નથી મળતું તે મોટા મનથી મળે છે.

૩. ધન તો ઠેઠને બેર પણ હોય = ધન એ કોઈ પ્રતિષ્ઠા કે ગૌરવ નથી, પણ ચારિત્ર્ય એ પ્રતિષ્ઠા છે. ધન, જોબન અને ઠકરાઈ એ સદાકાળ રહેતાં નથી.

૪. ધનથી કોઈ ધરાતું નથી = લક્ષ્મીની તૃપ્તિ નથી; કોઈને પૈસાનો સંતોષ થતો નથી.

૧૭. ન. બારણું.

૧૮. ન. લાકડાપણથી હાક મારવાની સત્તા.

૧૯. ન. શબ્દ; નાદ.

૨૦. ન. સંપત્તિ; માલમિલકત; વસ્તુ કે વસ્તુઓની સમષ્ટિ જેનાથી કોઈ ઉપયોગી કે ઇષ્ટ અર્થની સિદ્ધિ થાય છે અને જે ક્રમ, પૂર્તિ કે સમય વડે મેળવાય છે. હિંદુસ્તાનમાં ૧૮ મુખ્ય ધન મનાયાં છે: (૧) અગ્નિ, (૨) અજ, (૩) ગો, (૪) કુષ્ણસાર, (૫) ગજ, (૬) ચામર, (૭) રૂપ, (૮) વસ્ત્ર, (૯) અશ્વતર, (૧૦) ખર, (૧૧) મહિષ, (૧૨) ઉષ્ટ્ર, (૧૩) અશ્વ, (૧૪) કપિ, (૧૫) ચમરી, (૧૬) માર્જાર, (૧૭) અજ અને (૧૮) બા.

૨૧. ન. સુવર્ણ; સોનું.

૨૨. ન. સ્થાવર જંગમ જગત; જડ ચેતન. જે કોઈ સ્થાવર જંગમ જગત છે તે તમામમાં ઈશ્વર જ છે. ઈશ્વરનું મુદ્દલ સ્વરૂપ સત્, ચિત્ અને આનંદ છે. તાત્પર્ય કે: (૧) જગતના તમામ પદાર્થોની જે અસ્તિ છે અર્થાત્ પરમાત્મા જ તે તે નામરૂપે વર્તી રહ્યા છે. સત્ એટલે જ આ અસ્તિરૂપ સ્થાવરજંગમ પરમાત્મા. (૨) વળી પરમાત્મા ચિદ્‌ઘન છે, એટલે કે જ્ઞાનસ્વરૂપ છે. પરમાત્માનો આ ચિદંશ જીવસ્વરૂપે તો વર્તમાન છે જ, પણ જડમાં પણ એ છે જ. (૩) પરમાત્મા આનંદસ્વરૂપ પણ છે. આત્મા, આત્મા કોઈને કોઈ દિવસ દુઃખરૂપ કોઈ જાતો નથી. આ રીતે જગતના સ્થાવર જંગમ પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરનાં દર્શનથી આસક્તિ ઠળી જાય છે અને તેથી આસક્તિ વિના આ બધું ભોગવવાનું છે, કશું મારે જાળવવાનું નથી.

૨૩. વિ. ધન્ય; રૂડું; સારું.

૧. તેની કમાઈને ધન છે = તેનો નહીં આવર્ષ પમાડે તેવો છે.

૨. ધન ઘડી, ધન દહાડો = (૧) અજવાનો અવસર. (૨) ભલો સારો સમય; મંગળ અવસર. (૩) શાબાશ.

૩. ધન છે = ધન્યવાદ; શાબાસ.

૨૪. વિ. પવિત્ર.

૨૫. વિ. (અક્ષિત) બીજઅક્ષિતમાં જે પદોની પહેલાં + આની નિશાની હોય અથવા કોઈ પણ નિશાની ન હોય તેવું; 'બોઝિટિવ.'

૨૬. વિ. સુખી.

૨૭. વિ. સુભાગી.

ધનક ૧. [હિં.] પું. એક જાતની ઓઢણી.

૨. પું. ઠોર; બેસ

૩. પું. ખતપત્ર કે દસ્તાવેજ લખાવી લેનાર ધણી

૪. પું. ધનુર્વાત જેવો ઠોરનો એક રોગ; મૂરડી આ રોગમાં ગરીબાનું કોણ કાઢી અને આંખમાં આંસુવાથી હાનકો થતો મનાય છે.

૫. પું. ધનુષ; કમાન.

૬. [સં.] પું. ધનની ઇચ્છા.

૭. [હિં.] પું. પાતળી સાંકડી પટી.

૮. પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર સહસ્રાજિતના વંશના અકસેન અથવા સ્વકેષ્ણ રાજાના બે ભાઈનો બીજો પુત્ર. એને કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતધર્મા અને કૃતૌજા જેમ ચાર પુત્રો હતા.

૯. સ્ત્રી. સાંકેરી અથવા રૂપેરી કિનારી.

૧૦. ન. મેઘધનુષ.

ધનકટક ન. એ નામનું એક રાજ્ય.

ધનકટી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું કાપડ.

૨. સ્ત્રી. કમોદ વણવાની સાદુ.

૩. સ્ત્રી. કમોદની વણાટ.

ધનકઠ (ધનકઠ) સ્ત્રી. ચોખાનું ખેતર.

ધનકડિયા (ધનકડિયા) ૧. સ્ત્રી. કુંભારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધનકદસ્તાવેજ પું. જેના લેખનો દસ્તાવેજ થતો હોય તેનું નામ જેમાં ખાલી રાખેલ હોય એવો દસ્તાવેજ.

ધનકધારી વિ. ધનુષ્યધારી.

ધનકપરીરો વિ પું. બાઈપીને તાજો થયેલો; તંદુરસ્ત.

ધનકફનક સ્ત્રી. ઇચ્છા; ખાયમાશી.

ધનકબાણ ૧. [સં. ધનુષ્યબાણ] ન. તીરકામઠું; ધનુષ્ય અને બાણ.

૨. ન. મેઘધનુષ.

ધનકર ૧. [હિં.] સ્ત્રી. કમોદ વાવવાના ખરની કાળી માટી.

૨. સ્ત્રી. કમોદનું ખેતર.

ધનકવું અ. ક્રિ. સૂણથી ઊઠવું.

ધનકુટ્ટા [હિં.] પું. સાંબેલું.

ધનકુટ્ટી ૧. [હિં.] સ્ત્રી. કાળા મોઢાવાળો, લાલ રંગનો, ઊડતો એક પ્રકારનો નાનો કીડો. તે પોતાનું અગ્રભાગ ઘડ ઉપરનીચે હલાવ્યા કરે છે.

૨. સ્ત્રી. પાન કૂટવાનું કામ.

૩. સ્ત્રી. સાંબેલું; મુશળ.

ધનકુબેર [સં.] પું. ઘણો પૈસાદાર માણસ ધનમાં કુબેરના જેવો માણસ.

ધનકુબેર જુઓ ધનકુબેર.

ધનકુપ વિ. પૈસાદાર; સાહુકાર.

ધનકેધનાપત્ન સ્ત્રી. મારામારી; માથાકૂટ; તોફાન.

ધનકેલિ [સં.] પું. કુબેર.

ધનકેલિક જુઓ ધનોલિ.

ધનકો પું. લેણદાર માણસ.

ધનકોટ ૧. સ્ત્રી. મુસલમાનની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધનકોઠી સ્ત્રી. તળાવ પાસે આવેલી એ નામની ગુફા.

ધનકોશ ૧. પું. ખજાનો, ધનનો ભંડાર.

૨. પું. પેઢી; બેંક.

ધનખ ન. ધનુષ.

ધનખર [હિં.] પું. જેમાં કમોદ વાવવામાં આવતી હોય તે ખેતર.

ધનગર ૧. સ્ત્રી. ભરવાડની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ધનગર્વ [સં. ધન (પૈસો) + ગર્વ (મદ)] પું. ધનનું અભિમાન.

ધનગર્વિત [સં. ધન (પૈસો) + ગર્વિત (અભિમાની)] વિ. પૈસાનું અભિમાની.

ધનગ્રાહી [સં. ધન (પૈસો) + ગ્રાહિન્ (લેનાર)] વિ. સરકારી વસૂલાત કરનાર; ધનધારી.

ધનઘડી (ધનઘડી) સ્ત્રી. સારી ઘડી; ધન્ય ઘડી.

ધનચૂસણ ન. ધનનું શોષણ.

ધનચૂસણનીતિ સ્ત્રી. ધન પડાવવાની નીતિ; શોષણવૃત્તિ; ગરીબોને લૂંટવાની દાનત.

ધનચ્છ [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી.

ધનછવું અ. ક્રિ. ધરવર અવાજ થવો; ખખડવું.

ધનતેરશ [સં. ધન (દ્રવ્ય) + ત્રયોદશી (તેરસ)] સ્ત્રી. આસો વદિ તેરસનો દિવસ. તે દિવસે ગાય તથા ધનની પૂજા થાય છે. સંધ્યાસમયે તેલનો દીવો કરી યમ પ્રીત્યર્થે દક્ષિણ દિશામાં મુકાય છે. સોનાના બનાવેલા બાજઠની પૂજા કરવામાં આવે છે

અને આખા ઘરની હોલત પાથરી તેની પૂજા કરવામાં આવે છે. પૂજન કરવામા આવતી બધી દેવીઓમા મુખ્ય દેવી લક્ષ્મી હોય છે, કે જેને ધનની દેવી માનવામા આવે છે. તેને સૌંદર્યની અને આઝાદીની દેવી પણ કહે છે. તે હિંદુના દેવની ત્રિપુટી માહેના વિષ્ણુની રાણી મનાય છે અને તેને કમળના ફૂલ ઉપર બેઠેલી સોનાની મોહક મૂર્તિનારૂપે બતાવવામાં આવે છે.

ધનતેરસ જુઓ ધનતેરશ.

ધનત્તર ૧. [સં. ધન્વન્તર] પું. દેવોનો વૈદ્ય.
૨ પું. પૈસાદાર માણસ.
૩. પું વાગવાળો માણસ.
૪. વિ બળવાન, બળવાન.

ધનદ ૧. પુ અગ્નિ.
૨. પુ એ નામનો વક્ષ.
૩ [સ. ધન (પૈસો) + દ (દેનાર)]
પું. કુબેર ભંડારી, વૈશ્રવણ.
૪ પું. ધિરાનું ઝાડ.
૫. પું. ધનપતિ નામનો વાયુ; ધનંજય વાયુ.
૬ પું. સમુદ્રફીણ.
૭. પું. હિમાલય કે ઉત્તરાખંડનો એ નામનો એક દેશ.
૮. ન. (શિલ્પ) એક જાતનું ઘર. તેની પૂર્વે, દક્ષિણે અને ઉત્તરે એક એક ઓસરી હોય છે
૯. વિ. ધન દેનારું; દાતા; ધનની પ્રાપ્તિ કરાવે એવું

ધનદતીર્થ [સં.] ન. બજભૂમિ માહેનું એ નામનું એક પવિત્ર સ્થળ; કુબેરતીર્થ.

ધનદદેવ [સં. ધનદ (પૈસો દેનાર) + દેવ] પું કુબેર.

ધનદપૂજન [સ.] પું. કુબેરનું પૂજન.

ધનદર્પ [સ. ધન (પૈસો) + દર્પ (ગર્વ)] પું પૈસાનો ગર્વ.

ધનદંડ [સં] પું. રોકડ દંડ.

ધનદા ૧. સ્ત્રી અશ્વિન વદિ અગિયારસ.
૨. સ્ત્રી. એ નામની એક દેવી.
૩. [સં ધન (પૈસો) + દા (દેનાર)]
વિ. સ્ત્રી. ધન આપનારી.

ધનદાક્ષા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; ગતાકરંજ.
૨. સ્ત્રી. સાકરસોટી નામની વનસ્પતિ.

ધનદાતા ૧. [સં. ધનદાતૃ] પું. ગૃહસ્પતિ.
૨. વિ. ધન આપનાર.

ધનદાન [સં. ધન (પૈસો) + દાન (દેવું તે)] ન. પૈસાનું દાન.

ધનદાનુચર [સં. ધનદ (કુબેર) + અનુચર (નોકર)] પું. યક્ષ; કુબેરનો નોકર

ધનદાનુજ ૧. [સ. ધનદ (કુબેર) + અનુજ (નાનો ભાઈ)] પું. રાવણ.
૨. પુ. રાવણ

ધનદાયક ૧. [સં.] પું. કુબેર.
૨. [સં. ધન (પૈસો) + દાયક (આપનાર)]
વિ. ધન આપનાર

ધનદાયિકા ૧. [સં.] સ્ત્રી. ધન આપનાર દેવી.
૨. વિ સ્ત્રી. ધન આપનારી.

ધનદાયી ૧. [સં. ધનદાયિન્] પું અગ્નિ.
૨. પું. કુબેર.
૩. પું. ધિરાનું ઝાડ.
૪. વિ. ધન આપનારું.
૫. વિ. કલ્યાણ કરનાર; ભલું કરનાર.

ધનદાવાસ [સં. ધનદ (કુબેર) + આવાસ (રહેવાનું ઠેકાણું)] પું. કૈલાસ પર્વત. જ્યાં કુબેરનો વાસ મનાય છે.

ધનદાળ સ. વ. ક. (પારસી) ધાન અને દાળ.

ધનદેવ [સ.] પું. કુબેર.

ધનદેવેર [સ.] પું. કાશીમાં કુબેરે સ્થાપેલું એ નામનું એક શિવલિંગ.

ધનદૌલત સ્ત્રી. પૈસોટકો; માલમતા.

ધનધન ૧. અ. ધન્ય; ધન્ય ધન્ય; અહોભાગ્ય; ઘણેઘણો; બહુ સારું; મજાનામ. શુભ અવસર જેમ બતાવવાને આ શબ્દ વપરાય છે
૨. સ. વાજિંત્રનો એક જાતનો અવાજ.
૩. અ. શાબાશ શાબાશ; ધન્યવાદ

ધનધનવું અ. ક્રિ. ધનનન અવાજ થવો.

ધનધરિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, નગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.
સ ન લે ધનધરિ. ઋષિદાસ

ધનધાન્ય [સં. ધન (પૈસો) + ધાન્ય (અનાજ)] ન. ધન અને ધાન્ય; પૈસો અને ખોરાક; જીવન ગુજરવા માટેની જરૂરી ચીજો; જીવનની જરૂરિયાતો; સામગ્રી અને સંપત્તિ.

ધનધાન્યપ્રમાણાતિક્રમ પું. (જૈન) ગામ, લેસ વગેરે વસ્તુરૂપ ધન અને ધાન્ય, જાજરી વગેરે ધાન્યનું રખાયેલું પ્રમાણ ઉલ્લંઘવું તે.

ધનધામ [સં. ધન (પૈસો) + ધામન્ (ઘર)] પું. પૈસોટકો તથા ઘરબાર

ધનધારા સ્ત્રી. મોટી ધારે પડતો વરસાદ; મુશળધાર વરસાદ.

ધનધારી ૧. [સં. ધન (પૈસો) + ધારિન્ (ધારણ કરનાર)] પું. કુબેર.
૨. પું. મોટો અમીર
૩. પું. સરકારી વસૂલદાર; ધનઘાડી.

ધનધ્રુવ [સં.] પુ. ઝાઝુથી વિરહનો ધ્રુવ; જે ધ્રુવમાંથી ઝાઝુધ્રુવ વિરહની ચીજનો પસાર થાય તે; 'ઓનોડ'

ધનધ્વજ [સં. ધન (પૈસો) + ધ્વજ (વાવટો)] પું. ધનરાજ્ય; સંપત્તિતંત્ર; અમુક પૈસાદાર માણસો રાજસત્તા ધરાવી પ્રજા હોય તેવું રાજ્ય.

ધનનસીબ [હિ.] સ. ધન્યવાદ; શાબાશ

ધનનંદ પું મગધ દેશના નંદ વંશનો એ નામનો છેલ્લો રાજા. ચાણક્યથી તેનો નાશ થયો હતો.

ધનનાથ [સં.] પું. કુબેર.

ધનપતણું ન. જંગલનું પતરું.

ધનપતિ ૧. [સં] પું. એ નામનો એક વાયુ; ધનંજય વાયુ.
૨. પુ. કુબેર; ધનેશ.
૩ પુ ખજાનચી; ધનાધ્યક્ષ
૪. પું. મોટો ધનાઢ્ય; પૈસાપાત્ર; સાહુકાર

ધનપત્ર ૧. [સ. ધન (પૈસો) + પત્ર (કાગળ)] પું. માલમિલકતનો દસ્તાવેજ
૨. પું. હિસાબકિતાબનું પુસ્તક; ખાતાવહી.

ધનપરિમાણ [સં.] ન. દ્રવ્યની મર્યાદા.

ધનપાત્ર ૧. [સ.] વિ ધનને લાયક.
૨. વિ. પૈસાદાર; ધનિક.

ધનપાલ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે વર્ણવૃત્તનો એક ભેદ છે. તેમાં રગણ, તગણ, બે નગણ, રગણ, જગણ, રગણ, નગણ, જગણ, નગણ, ગુરુ અને લઘુ મળી અગિયાર અક્ષર હોય છે
૨. [સં. ધન (પૈસો) + પાલ (રક્ષણ કરનાર)] પું. કુબેર.
રાજા ચારજ ઘર ઘર ધનપાળી દડે,
રચી ર ના લ કર ના ગ લ ચરમાલ.
ઋષિદાસ
૩. પું. ખજાનચી; કોષાધિપતિ; ધનાધ્યક્ષ.
૪. પું. દસમી સદીમાં થઈ ગયેલો અપભ્રંશ ભાષાનો એ નામનો એક પ્રસિદ્ધ કવિ.

૫. પું. ભંડારી.
૬. વિ. માણેકના ઢોળાનો પારખુ/જાણકાર.
૭. વિ. ધનનું પાલન કરનાર; પૈસાનું રક્ષણ કરનાર, ધન સાચવનાર.

ધનપાળ જુઓ ધનપાલ.

ધનપિપાચિકા [સં] સ્ત્રી. ધનની અત્યંત તૃષ્ણા.

ધનપિશાચી જુઓ ધનપિપાચિકા.

ધનપુરિયા સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.

ધનપૂજા [સ.] સ્ત્રી. પૈસાનું પૂજન.

ધનપ્રકૃ પું (જ્યોતિષ) મંત્રણ મથનું એક નામ.

ધનપ્રદાન [સં. ધન (પૈસો) + પ્રદાન (આપવું તે)] ન. પૈસા આપવા તે.

ધનપ્રધાનચાદ [સ. ધન (પૈસો) + પ્રધાન (મુખ્ય) + વાદ (મત)] પું. મૂડીવાદ.

ધનપ્રયોગ [સ.] પું. આજે પૈસા ધીરવા તે; ધનને કોઈ વેપારમાં રોકવું તે; આજે ધન આપવું તે.

ધનપ્રિય [સં. ધન (પૈસો) + પ્રિય (વહાલું)] વિ. જેને ધન વહાલું હોય એવું; પૈસાનું લોભી.

ધનપ્રિયા ૧. [સં.] સ્ત્રી. લક્ષ્મીજીનું નામ.
૨. [હિ.] સ્ત્રી. લીલોતરી; શાકભાજી.

ધનપ્રેમદુ ખિતા [સં] સ્ત્રી. સ્વતંત્ર સામાન્ય નવિદાનો એક ભેદ એક ધની સાથે લગ્નો વખત રમણ કરી છતી અવસ્થી દુઃખિત બનારી સામાન્યાને ધનપ્રેમદુ ખિતા કહે છે.

ધનબહેડા (ધનબહેડા) [હિ.] પું. બરબાળો.

ધનભવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળી મંડેનું બીજું ભવન.

ધનભંડાર પું. ધનનો ભંડાર; ખજાનો.

ધનભાગ જુઓ ધનભાગ્ય.

ધનભાગ્ય ૧. [સં ધન + ભાગ્ય (નસીબ)] ન. અહોભાગ્ય; નસીબ.
૨. ન. નમ્રીભને ધન્યવાદ આપવો તે; શાબાશી.

ધનભાજ [સં. ધનભાજ્] વિ. શ્રીમંત.

ધનભાવ ૧. પું. અર્થ.
૨ પું કુટુંબ.
૩ પું. (જ્યોતિષ) કુંડળી માંહેનો બીજો ભાવ.
૪ પું. નયન
૫. પું. અક્ષિ.
૬. પું વક્ત; વાચા.

ધનમુચન જુઓ ધનભવન

ધનભૂત [સં. ધન (ધાણ નહિ એવું) + ભૂત (અરેલું)] વિ. ધન વિનુનથી ભરેલું; ધનયુક્ત.

ધનભોગ ૧. પું. દ્રવ્યનો ભોગવટો.
૨ પું. પૈસાનો ભોગ.

ધનભોગી વિ. ધનનો ભોક્તા

ધનમત્ત ૧. પું. વૈશિક નાયક ગણિકાને વેરવા સારે રહેલા નાયકનો એક ભેદ
૨. [સં. ધન (પૈસો) + મત્ત (છકી ગયેલ)] વિ. ધનને લીધે અભિમાની બનેલ

ધનમદ ૧. [સં. ધન (પૈસો) + મદ (અભિમાન)] પું. પૈસાનું અભિમાન; ધનનો મદ.
૨. વિ. ધનના મદવાળું; પૈસાથી છકી ગયેલું.

ધનમદાંધ [સં. ધન (પૈસો) + મદ (અભિમાન) + અંધ (આંધળું)] વિ પૈસાના ગર્વને લીધે આંધળુ બનેલ.

ધનમદાંધતા [સં.] સ્ત્રી. ધનના ગર્વને લીધે અંધ બનેલું હોવાપણું.

ધનમૂલ ૧. [સં.] ન. ઝાડોળ; પૂંછ.
૨. વિ. ધન જેનું મૂલ હોય તેવું; ધનરૂપ મૂળવાળું.

ધનયાક પું. એક જાતનો છોડ. તેનાં તીખાં બીનું અથાણું થાય છે.

ધનરક્ષક ૧. [સં. ધન (પૈસો) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. ખજાનચી; કોષાધ્યક્ષ.
૨. વિ. દ્રવ્યનું રક્ષણ કરનાર.

ધનરત્ના ન. એ નામનું એક નગર; ચંદ્રકાંત નગર.

ધનરહિત [સં. ધન (પૈસો) + રહિત (વગરનું)] વિ. અકિંચન; ગરીબ; નિર્ધન.

ધનરાજ [સં.] પું. ધનનો રાજા; ધનપતિ; કુબેર

ધનરાશિ ૧. [સં. ધન (પૈસો) + રાશિ (ઢગલો)] સ્ત્રી. પૈસાનો ઢગલો
૨. સ્ત્રી (જ્યોતિષ) બાર રાશિમાંની એ નામની એક રાશિ. તા. ૨૨ નવેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી તે રહે છે.

ધનરેખ જુઓ ધનરેખા.

ધનરેખા [સં] સ્ત્રી. નસીબમાં કેટલું ધન જે ને દેખાડનારી હાથ ઉપરની આડી કે ઊભી રેખા; ધનપ્રાપ્તિ દેખાડનારું હાથપગ ઉપરનું ચિહ્ન; ધન બતાવનારી દસ્તરેખા.

ધન રે ધન સ્ત્રી. એ નામની એક દેશી રમત,

ઓળગેણ દીવાગેણ

ધનરેશા જુઓ ધનરેખા.

ધનરોઝ સ્ત્રી. ઓરી.

ધનર્ચ ૧. [સં.] પું અગ્નિ
૨. પું ચિત્રાનું નામ

ધનલાલસા [સ. ધન (પૈસો) + લાલસા (લોભ)] સ્ત્રી ધનનો લોભ; લક્ષ્મીની તૃષ્ણા.

ધનલેખ [હિ.] પું. હુંડી; હૂંડી.

ધનલોભ [સં] પું પૈસાનો લોભ; કંજૂસાઈ.

ધનલોભી [સ ધન (પૈસો) + લોભ (તૃષ્ણા) + ઇન (વાળું)] વિ. પૈસાનો લોભી, કંજૂસ.

ધનલોલુપ [સં] વિ. પૈસામાં પ્રીતિ રાખનાર; લોભી; કંજૂસ.

ધનલોલુપતા [સં] સ્ત્રી પૈસાની લાલસા.

ધનવતી ૧. સ્ત્રી (જ્યોતિષ) ધનિષ્ઠા નક્ષત્ર.
૨. [સં. ધનવત્ (પૈસાવાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. ધન રાખનારી.

ધનવંત [સં. ધન (પૈસો) + વત્ (વાળું)] વિ ધનવાળું. પૈસાદાર; માલદાર; ધનાઢ્ય; શ્રીમાન.

ધન્વંતરિ જુઓ ધન્વંતરી.

ધનવંતરી [સં. ધન્વંતરિ] પું. (પુરાણ) દેવતાઓનો એ નામનો વૈદ્ય સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી નીકળેલ ચૌદ રત્નોમાં તે એક છે.

ધનવંતી સ્ત્રી. ધનદેવતા; લક્ષ્મી.

ધનવંતું જુઓ ધનવત.

ધનવા ૧. પું. ઊનના જનીન; રંધ્ર.
૨. [હિ] પું એક પ્રકારનું ઘાસ.

ધનવાદ ૧. [સં. ધન (પૈસો) + વાદ (મત)] પું. મૂડીવાદ; પૈસાદારના હાથમાં મતા ભેગી બ્લેમ્બિ એવો મત.
૨. પું. ક્ષમાચારી; ધન્યવાદ.

ધનવાન [સં. ધન (પૈસો) + વત્ (વાળું)] વિ પૈસાદાર; શ્રીમંત; ધનવત; માલદાર; ધનવાળું; પૂંછધરિ; રોકાતમદ.
ધનવાનનો કૂવો ને ગરીબનો પેટકૂવો = એક માણસને દેખાતી નકામી ચીજ બીજાને ખૂબ ઉપયોગી હોય છે

ધનવાંછા જુઓ ધનલાલસા.

ધનવાંછાદોષ [સં. ધન (પૈસો) + વાંછા (ઇચ્છા) + દોષ] પું. (જૈન) સામાયિકમાં લાગતા મનના દસ મહેનો એ નામનો એક દોષ; દ્રવ્યની ઇચ્છાએ સામાયિક કરવાથી લાગતો દોષ.

ધનવિ ૧. [સં. ધન્વિન્] પું. અર્જુન.
૨. પું. અર્જુનનું ઝાડ; સાદડ વૃક્ષ.
૩. પું. ધ્રાણો માણસ; ચતુર માણસ.
૪. પું. તીર ફેંકનાર માણસ

ધનવિદ્યા [સં.] સ્ત્રી. નાણાશાસ્ત્ર, પૈસા સંબંધી વિદ્યા.

ધનવિદ્યુત સ્ત્રી. એક જાતની વીજળી; 'પોઝિટિવ ઇલેક્ટ્રિસિટિ.'

ધનવિભવ જુઓ ધનવૈભવ.

ધનવૃદ્ધ [સં.] વિ. પૈસાદાર

ધનવેત્તા [સં. ધન (પૈસો) + વિત્ (જાણવું)] પું. ધનવિદ્યા જાણનાર, નાણાશાસ્ત્રી.

ધનવૈભવ [સં.] પું. ધન અને વૈભવ; પૈસો અને મોજશોખ

ધનવ્યય ૧. પું. ઉડાઉપણું
૨. [સં. ધન (પૈસો) + અર્થ (અર્થ)] પું. નાણાખર્ચ; પૈસો વાપરવો તે.

ધનશાલી [સં. ધનશાલિન્] વિ. ધનવાન; પૈસાદાર.

ધનશાસન [સં. ધન (પૈસો) + શાસન (રાજ્ય)] ન. રાજ્યની અંદર અમુક પૈસાદાર માણસો જ વહીવટ કરે તેવું રાજ્ય; મૂડીતંત્ર.

ધનશોષણ [સં. ધન (પૈસો) + શોષણ (ચૂસવું તે)] ન. દ્રવ્ય ચૂસી લેવું તે.

ધનશ્રી સ્ત્રી. એક પ્રકારનું પક્ષી.

ધનશ્વ ૧. પું. એક જાતનો નાગ.
૨. [સં. મનુષ્ય] ન. મનુષ્ય.

ધનસનિ [સં.] વિ. ધનની ધમ્મરવાળું.

ધનસન્નિપાત [સં. ધન (પૈસો) + સન્નિપાત (ત્રિદોષજ્વર)] પું. પૈસાનું ગાંડપણ.

ધનસમતા [સં. ધન (પૈસો) + સમતા (સરખાપણું)] સ્ત્રી. બધાની આર્થિક સ્થિતિ સરખી હોવી તે; 'સોશિયલિઝમ.'

ધનસમાનતા જુઓ ધનસમતા.

ધનસમાનતાવાદી [સં. ધન (પૈસો) + સમાન (સરખું) + તા (પણું) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. દુનિયાના બધા લોકનો મીજબારો બધાને સરખે હિસ્સે ઉપલોગ હોય તેવો મત ધરાવનાર; બધા લોકો પાસે સરખે હિસ્સે પૈસો હોવા જોઈએ તેવું માનનાર; સમતાવાદમાં માનનાર.

ધનસંક્રાંતિવ્રત [સં.] ન. એક પ્રકારનું વ્રત. દરેક સંક્રાંતિને દિવસે જવથી ભરેલા પાત્રમાં સોનું નાખી તેનું દાન કરીને આ વ્રત છોડવામાં આવે છે.

ધનસંજ્ઞા સ્ત્રી. (ગણિત) જેની પૂર્વે + આવી હોય તેવી સંખ્યા.

ધનસંગ્રહ [સં. ધન (પૈસો) + સંગ્રહ (એકઠું કરવું તે)] પું. પૈસો ભેગો કરવો તે; અર્થસંચય.

ધનસંપત્તિ [સં.] સ્ત્રી. ધન અને સંપત્તિ; મિલકત.

ધનસંપન્ન [સં.] વિ. પૈસાપાત્ર; મિલકતવાળું.

ધનસામ્ય [સં. ધન (પૈસો) + સામ્ય (સરખાપણું)] ન. ધનસમાનતા; સમાજવાદ.

ધનસાર [હિં. ધાન (અનાજ) + સાર (ગાળા)] પું. અનાજ ભરવાની ઓરડી.

ધનસિરી [સં. ધનશ્રી] સ્ત્રી. (હિંદી) એક પ્રકારનું પક્ષી.

ધનસુખ ૧. પું. શ્રીકૃષ્ણનો એ નામનો એક મિત્ર.
૨. ન. પૈસાનું સુખ.

ધનસૂ [સં.] પું. એક જાતનું પક્ષી. કાકોરવો.

ધનસ્થાન [સં.] ન. (જ્યોતિષ) જન્મપત્રિકાનું બીજું સ્થાન.

ધનસ્પૂરા [સં. ધનસ્પૃક્] વિ. ધન લૂંટી લાવનાર.

ધનસ્પૃક ૧. [સં.] પું. ચોખા.
૨. વિ. ધનની લાલસા રાખનાર.

ધનસ્વામી [સં. ધનસ્વામિન્] પું. કુબેર

ધનહર ૧. પું. એ નામનું એક સુગંધી દ્રવ્ય; ચોર.
૨. [સં. ધન (પૈસો) + હર (લઈ જનાર)] પું. ચોર; તસ્કર.
૩. પું. ચારસ.
૪. વિ. ધન લઈ જનાર.
૫. વિ. ધન હરણ કરનાર.

ધનહરી જુઓ ધનહારિણી.

ધનહરો [સં. ધન (પૈસો) + હ (લઈ જવું)] વિ. ધન હરનાર; પૈસો ઊપાડી જનાર.

ધનહા વિ. હાજર થનાર; હાજર એકનાર.

ધનહાનિ [સં. ધન (પૈસો) + હાનિ (નુકસાન)] સ્ત્રી. પૈસાની ખોટ; ધનની નુકસાની.

ધનહાર જુઓ ધનહર.

ધનહારિણી [સં.] સ્ત્રી. ચોર નામનું સુગંધી દ્રવ્ય.

ધનહારી જુઓ ધનહર ૨-૫.

ધનહીન [સં. ધન (પૈસો) + હીન (વગરનું)] વિ. રંક; કરીના; ધન વિનાનું; નિર્ધન; દરિદ્ર, કંગાલ.

ધનહુન ૧. [સં. ધનહર] પું. એ નામની એક વનસ્પતિ; ગાડાગડ
૨. પું. ચોર
૩. પું. ચારસ
૪ વિ. ધન હરણ કરનાર.

ધનંજ પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે ૨૭મા છંદનો ભેદ છે. તેમ. ૧૧ ગુરુ અને ૪૨ લઘુ મળી ૫૩ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.

ધનંજય ૧ [સ.] પું. અગ્નિ. તેની પૂજાથી ધનની પ્રાપ્તિ થવાનું મનાય છે.
૨. પું. (પુરાણ) અત્રિ કુલોત્પન્ન એ નામનો એક ઋષિ
૩. પું. અર્જુન
૪. પું. અર્જુન વૃક્ષ; સાદડનું ઝાડ.
૫. પું. એ નામના એક ગંધર્વ.
૬. પું. એ નામનો એક નાગ. તે જનમેજયનો અગ્નિપતિ મનાય છે.
૭. પું. (પુરાણ) કદ્રુનો પુત્ર એ નામનો એક નાગ. આ નાગ મહા મહિનામાં સૂર્યના સમાગમમાં હોય છે.
૮. પું. રામદેવ.
૯. પું. (પુરાણ) આવતા મન્વંતરનો સોળમો આદિત્ય
૧૦. પું. ત્રિફળાનું ઝાડ
૧૧. પું. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે પખવાડિયાના પંદર આદેનો નવમો દિવસ; નોમ.
૧૨. પું. પાંચ આદેનો એ નામનો શરીરના એક વાયુ. આ વાયુ પોષણ કરનાર મનાય છે. વેદાંતસારની સુબોધિની ટીકામાં જણાવ્યું છે કે, મર્યા પછી પણ આ વાયુ રહે છે. તેથી શરીર ફૂલે છે. હલન, ચલન, હસન, નાભિ, હાડકાં અને ચામડી તેનાં રહેવાના સ્થાન કહ્યાં છે.
૧૩. પું. મધ્યકાલીન ભારતમાં થયેલ એ નામનો એક કોષકાર. તેણે નામમાલા મહેશ્વર નામનો કોષ રચ્યો છે.
૧૪. પું. કદનું એક નામ.
૧૫. પું. વિષ્ણુ. ધનને જીતી લેનાર પણ તે મનાય છે. વળી અર્જુન સ્વરૂપ પણ તે છે.
૧૬. ન. એ નામનું એક મોત્ર.
૧૭. [સં. ધન (પૈસો) + જય (જીતવું)] વિ. નાણું જીતનાર.

ધનંતર ૧. પું. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં મોટાં અને ફૂલ લીલાં હોય છે.
૨. [સં. ધન્વંતરિ] પું દેવોનો વૈદ્ય.
૩. વિ. ધનવાન; પૈસાદાર; શ્રીમંત.

ધનિક

૪ વિ. બળવાન; પ્રબળ.
૫ વિ મોટો ધનુષ્ય કોણ એવું.
૬ વિ. લાંબપક્ષવાળું
૭ વિ સર્વોપરી; સ્તુતી મોટું.

ધનંત્રો પું. ધન્વંતરિ

ધનંદ [સં. ધન (પૈસો) + દ (આપનાર)] પું. કુબેર.

ધનંદદા [સં.] સ્ત્રી. એ નામની શુદ્ધની એક શક્તિ.

ધના ૧. [હિં.] પું ધાણ.
૨. સ્ત્રી (સંગીત) એ નામની એક રાગણી. ધનાશ્રી.
૩. સ્ત્રી ધનુ; ઓ

ધનાક્ષરી પું (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. તે દક્ષિણનો મનાય છે. તેના દરેક ચરણમાં ૩૧ અક્ષર હોય છે.

ધનાગમ ૧. [સં. ધન (પૈસો) + આગમ (આવવું તે)] પું આવક; કમાણી.
૨. પું. નવા પ્રારબ્ધ.
૩. પું. શિવનાં હજાર નામેનું એક નામ.

ધનાગાર ૧. [સં. ધન (પૈસો) + આગાર (ઘર)] ન. તિજોરી; કોષ.
૨. ન. પેઢી; 'બેંક.'

ધનાગારપતિ ૧. [સં. ધનાગાર (તિજોરી) + પતિ (માલિક)] પું. કોષાધ્યક્ષ; ધનતની.
૨. પું. શાહુકાર; વેપારી; 'બેંકર.'

ધનાઢ્ય ન. ધનશ્રી તારમાં પીજળીનો પ્રથમ કે આઠ તે ઊંડો.

ધનાઢ્ય પું. એ નામનો એક જૈન મુનિ. તે સંત નિર્મળદાસનો પરમ સ્નેહી હતો. તેઓ બંને એકજ દિવસે સ્વધામ સિધાવ્યા હતા. ધનાઢ્યનું મંદિર મંછરપુરામાં આવેલું છે.

ધનાઢ્ય [સં.] વિ. ધનપૂર્ણ; ખૂબ પૈસાવાળું; પૈસાથી ભરપૂર; ધનવાન; શ્રીમંત; માતબર; ધનવત.

ધનાણી ૧. સ્ત્રી. કચ્છીઓની એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ધનાત્મક વિ. (ગણિત) બીજગણિતમાં જે પદોની પહેલાં + આવી વત્તાની નિશાની હોય અથવા કાંઈ પણ નિશાની ન હોય તેવું; ધન; 'પૉઝિટિવ.'

ધનાદાન [સં ધન (પૈસો) + આદાન (લેવું તે)] ન ધન લેવું તે; દ્રવ્ય ગ્રહણ કરવું તે

ધનાધિકાર [સં.] પું. પૈસાની હકૂમત.

ધનાધિકારી ૧. [સં ધનાધિકારિન્] પું. ધનાધ્યક્ષ; કોષાધ્યક્ષ; ખજાનચી.
૨. પું. વારસ.

ધનાધિકૃત [સં] પું. ખજાનચી.

ધનાધિગોપ્તા [સં. ધનાધિગોપ્તૃ] પું. કુબેર.

ધનાધિપ ૧. [સં.] પું. કુબેર.
૨. પું. ખજાનચી.
૩. પું પૈસાદાર માણસ; શ્રીમંત પુરુષ.
૪. પું. શિવ.

ધનાધિપતિ ૧. [સં.] પું. કુબેર.
૨. પું કોષાધ્યક્ષ; ખજાનચી.
૩ પું. ધનવાન માણસ.
૪. પું. શિવ; શંકર.

ધનાધિપત્ય [સં] ન. ધનની માલિકી.

ધનાધ્યક્ષ ૧. [સં.] પું. કુબેર.
૨. પું. ધનકોષનો ઉપરી; કોષાધિપતિ; ખજાનચી; ભંડારી.

ધનાનો પું. ખજાનો.

ધનાપહાર [સં. ધન (પૈસો) + અપહ (હરી લેવું)] પું. ધન હરવું તે; ધન હરી લેવું તે.

ધનાપહારી [સં. ધનાપહારિન્] વિ. ધન હરી લેનાર.

ધનાફેના પું. ચારમાસ; મેદાનમેદાન; નાશ થવો તે; સત્યનાશ.

ધનાયા [સં.] સ્ત્રી. ધનની અભિલાષા; ધનની ઇચ્છા.

ધનારુ [સં.] પું. એ નામનો એક રાજા.

ધનારક [સં ધનાર્ક] પું. જ ન. ધન રાશિનો સૂર્ય; ધનાર્ક; ધન રાશિમાંથી સૂર્ય પસાર થતો હોય તેટલા દિવસનો સમય. જેમ જેવા શુભ વિધિને માટે એ દિવસો તજવા યોગ્ય છે.

ધનારખ જુઓ ધનાર્ક.

ધનાર્ક [સં. ધન (એ નામની રાશિ) + અર્ક (સૂર્ય)] પું ન. ન. ધન રાશિનો સૂર્ય; સૂર્યનું ધન રાશિમાં આવવું તે. ડિસેમ્બરની ૧૫મીથી જાન્યુઆરીની ૧૪મી સુધી સૂર્ય ધન રાશિમાં હોય છે. આ સમયને ધનાર્ક કહેવામાં આવે છે. તે વખતે લગ્ન, જનોઈ આદિ શુભ કાર્યો થઈ શકતાં નથી.

ધનાર્જિત [સં.] વિ. ધનકમું; પૈસાવાળું; લક્ષ્મીવાન.

ધનાર્જન [સં. ધન (દ્રવ્ય) + અર્જન (મેળવવું તે)] ન. ધન મેળવવું તે; કમાવું તે.

ધનાર્થી [સં. ધન.ર્થિન્] વિ. ધનની ઇચ્છા કરનાર; ધન માગનાર

ધનાલય [સં.] ન. તિજોરી; ખજાનો.

ધનાવડું (ધનાવડા) ન જ ન એક જાતનાં વડાં

ધનાશરી સ્ત્રી એ નામની એક રાગણી; ધનશ્રી.

ધનાશા [સં. ધન + આશા] દ્રવ્યની આશા; અર્થલોભ. ધન મેળવવા માટેની ઇચ્છા.

ધનાશ્રી [સં] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી; ધનાસરી. હનુમત મત પ્રમાણે તેને શ્રી રામની ત્રીજી પત્ની માનવામાં આવે છે ભરતના મત પ્રમાણે ગાંધાર રાગની ભાર્યા અને કલ્લિનાથના મત પ્રમાણે મેઘ રાગની ચોથી સ્ત્રી માનવામાં આવે છે. તેની ધ્વનિ ષાડવ, ઋષભ વર્જિત, મૃદુલ-વાસ ષડ્જ છે તેનો ગવાનો સમય કોહલના મત પ્રમાણે દિવસનો બીજો પહોર અને કોહલના મત પ્રમાણે દિવસનો ત્રીજો પહોર માનવામાં આવે છે. તેના સા રિ ગ મ નીચે પ્રમાણે છે. સ-ગ-મ-પ-ધ-નિ-સ. શિશિર અને હેમંત ઋતુમાં કુમાર અથવા વીર રસથી તે ગવાય છે.

ધનાશ્રી પૂરિયા સ્ત્રી. (સંગીત) દિનની પૂરિયા રાગની ચાર મહિની એ નામની એક જાતિ.

ધનાસરો જુઓ ધનાશ્રી.

ધનાસિરી ૧. [સં. ધનાશ્રી] સ્ત્રી. ગાવાની રીત.
૨. સ્ત્રી. પાકી નાખે તેવો ઘા.
૩. સ્ત્રી. કસ્તુરીનો એક ઘાટ.

ધનાસ્ત્ર ન. એક જાતનું બાણ.

ધનાં ન. જ ન. ધનેડાં.

ધનાંધ [સં. ધન (પૈસો) + અંધ (આંધળું)] વિ પૈસામાં અંધ બની ગયેલ.

ધનિ ૧. [હિં] સ્ત્રી. પુત્રવધૂ; વધૂ
૨ ન. ધન્ય; સામાન્ય

ધનિક ૧. [સં.] પું. કોષાધીશ; બાણા.
૨. પું. દશરૂપક નામના કાવ્યશાસ્ત્રના પુસ્તકનો એ નામનો કર્તા.
૩. પું ધનંજય નામનો કોષ રચનાર એ નામે એક વિદ્વાન
૪. પું પતિ; સ્વામી
૫. પું. પૈસા ઉધાર દેનાર માણસ.
૬. પું પૈસાદાર માણસ; શ્રીમંત.
૭. પું. માલિક; ધણી

૮ વિ. પૈસાદાર; ધનવાન; ગજવામાં ધની.

ધનિકતંત્ર [સં.] ન. મૂડીવાદ જે તંત્રમાં પૈસાદારનું વર્ચસ્વ હોય એવું તંત્ર; ધનિકશાસન.

ધનિકવર્ગ પું. ધનિક; પૈસાદાર.

ધનિકશાસન [સં. ધનિક (પૈસાદાર) + શાસન (રાજ્ય)] ન. અમુક પૈસાદાર માણસો રાજ્યસત્તા પરોક્ષ પાડી બેસા હોય તેવું રાજ્ય.

ધનિકા ૧. [સં.] સ્ત્રી. ધની સ્ત્રી; શ્રીમંતણી

૨. સ્ત્રી. ખાણ; કોથમીર.

૩. સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ.

૪. સ્ત્રી. વધૂ; યુવતી.

૫. સ્ત્રી. સદ્ગૃહસ્થી સ્ત્રી.

ધનિતા [સં] સ્ત્રી. ધનવાનપણું; ધનાઢ્યતા.

ધનિયા ૧. [સં. ધનિકા] પું. (હિંદી) એક જાતનો છોડ; કોથમીર.

૨. સ્ત્રી. યુવતી; વધૂ; સ્ત્રી.

ધનિયામાલ [હિં.] સ્ત્રી. મડદામાં પહેરવાનું એક જાતનું પરચૂરણ.

ધનિષ્ઠ [સં.] વિ. બહુ પૈસાદાર; ધનાઢ્ય.

ધનિષ્ઠા ૧. [સં.] ન. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનું ચોવીસમું નક્ષત્ર. તેનો અધિપતિ દેવતા વસુ છે અને આકૃતિ મૃદંગના જેવી છે. કૃત્તિત જ્યોતિષ અનુસાર ધનિષ્ઠા નક્ષત્રમાં જેનો જન્મ થયો હોય તે દીર્ઘકાય, હ્રસ્વપુરુષ, ઉત્તમ રાજ્યવેત્તા અને કીર્તિમાન થાય છે. તેના કોઈ પાંચ અને કોઈ છ તારા માને છે. ધનિષ્ઠ પંચક નામે પ્રસિદ્ધ છે. આ પાંચ કરતા તારા ઘણુ જ પાસે પાસે છે. ભવ્યની પૂર્વે કેટલે ઉત્તર તરફ એનો ઝૂમખો નજરે પડે છે.

૨. ન. મૃદંગ.

૩. સ્ત્રી. (પુરાણ) સોમની સત્તાવીસ માંહેની એ નામની એક સ્ત્રી; પ્રાચેતસ દક્ષની કન્યા.

૪. વિ. સ્ત્રી. બહુ ધનવાળી

ધનિષ્ઠા યોગતારો પું. (જ્યોતિષ) એ નામનો એક તારો; વિષુવાંશ ૩૦૬ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૬માં આવેલો ચોથો મહત્ત્વનો તારો

ધની ૧. પું. (પુરાણ) એ નામનો દેવનો ઋત.

૨. [હિં.] પું પતિ; ધણી.

૩. [સં. ધનિન્] પું પૈસાદાર માણસ.

૪ પું. માલિક; અધિપતિ; સ્વામી.

૫. સ્ત્રી. યુવતી સ્ત્રી; તરુણ સ્ત્રી

૬. સ્ત્રી. સૂર્યનું કિરણ

૭. વિ. ધનવાળું; પૈસાદાર; ધનવાન, દોલતમંદ.

૮. વિ. નસીબદાર.

૯. વિ. હોશિયાર; પ્રવીણ; દક્ષતા સંપન્ન.

ધનીકહ જુઓ ધનીપ.

ધનીજોગ વિ. વેચાણ લેનારને જ મળે એવી. હુંડી માટે વપરાય છે.

ધનીજોગ હુંડી = હુંડીમાં જે ધણીનું નામ લખ્યું હોય તેને જ પૈસા આપવામાં આવે તેવી હુંડી; 'ઑર્ડર ચેક.'

ધનીઆનો વિ. પૈસાદાર અને પ્રતિષ્ઠિત.

ધનીપક ૧. [સં] પું. કોથમીર.

૨. પું. ખાણ.

ધનુ ૧. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે તેમાં ૧૭ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૧ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૨. [સં.] પું. (જ્યોતિષ) ધન રાશિ; આઠ માંહેની નવમી રાશિ. તેમાં મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાનું એક ચરણ હોય છે. તેને તોક્ષિક પણ કહે છે. એ રાશિમાં ૬૪ તારા છે. એની આકૃતિ અરધી મનુષ્યની અને અરધી ઘોડાની છે. તેના હાથમાં તીરકામઠું છે. તેમાંથી તે તીર છોડવાની તૈયારીમાં છે.

૩. પું. પ્રિયંગુનું ઝાડ.

૪. પું. મારવાડ દેશ.

૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૬. પું. ઢાળોજનું એક આસન; ઠરાસન.

૭. સ્ત્રી. (જ્યોતિષ) કૃત્તિત જ્યોતિષમાં એક રાશિનું નામ

૮ ન. એક જાતનું છત્રાક.

૯. ન. ધ્રામણું; કમાન; ધનુષ.

૧૦. ન. કોઈ પણ વર્તુળની પરિધિ ઉપરનાં બે બિંદુઓ જેટલા અંશને અંતરે હોય તેટલા અંશની તે પરિધિ

૧૧. ન. ચાર હાથનું પ્રમાણ; દંડ.

૧૨. ન. (સંગીત) તાલનાં જ માંહેનું એક અંગ.

૧૩. ન. નવખંડિયો દેશ; મુખ્ય પ્રદેશ.

૧૪ વિ. ઉતાવળે જનાર

૧૫. વિ. ધનુર્ધર; ધનુષને ધારણ કરનાર

ધનુક જુઓ ધનુષ.

ધનુકધર ૧. પું. કૃષ્ણ.

૨ [સં. ધનુસ્ (ચાપ) + ધૃ (ધારણ કરવું)] વિ ધનુષ ધારણ કરનાર; ધનુષધારી.

ધનુકધારી જુઓ ધનુકધર.

ધનુકનેત્ર ન. ધનુષની આકૃતિ જેવું ચક્ષુ નેત્ર

ધનુકબાઈ [હિં] સ્ત્રી. લાકડાની જાતનો એક વનસ્પતિ, ધનુર્વા

ધનુખ [સં ધનુસ્] ન. ધનુષ; ધનુ

ધનુદુર્ગ [સં] પું. એક જાતનો કિલ્લો જે કિલ્લાની ચારે બાજુ પાસ યોજન નિર્જળ દેશ હોય તેને ધનુદુર્ગ કહે છે

ધનુર્ધારી ૧. [સ ધનુસ્ (ચાપ) + ધારિન્ (ધારણ કરનાર)] પું. બાણાવળી

૨ વિ. ધનુષ ધારણ કરનાર

ધનુપટ સ્ત્રી. એક જાતનું ઝાડ

ધનુર ૧ સ્ત્રી બેઅના પેટ ઉપરની એક જાડી નસ જે સીધી હોય તો સારી અને વાંકી હોય તો ખરાબ ગણાય છે.

૨ ન (વૈદક) એક જાતનો વાતરોગ. ઘા કે જખમ થયેલો હોય અને કોક વાયું બાણામાં આવે તો ધનુર થાય છે. પીડ કરોડમાથી આયકો થઈ થાય છે અને ધનુષની માફક માણસ બેવડ વળી જાય છે. આ રોગ અસાધ્ય મનાય છે.

૩. ન. ધનુષ.

૪. ન હાથનું એક માપ; ૧૯૮ અંગુલ; ૬૬ ઇંચ.

ધનુરચક્ષ [સં. ધનુસ્ (ચાપ) + ચક્ષુસ્ (આખ)] સ્ત્રી. સિંધની બહુમ કરતી મીઠી આખ.

ધનુરધર જુઓ ધનુર્ધર

ધનુરધારી જુઓ ધનુર્ધર.

ધનુરખાલા સ્ત્રી. એક જાતનો છોડ. તેના રેસામાંથી ધનુષની દોરી બનાવે છે.

ધનુરલતા સ્ત્રી. એક જાતનો છોડ.

ધનુરાકાર ૧. પું. કમાન.

૨. [સ. ધનુસ્ (ચાપ) + આકાર (રૂપ)] વિ ધનુષના આકારનું, વાંકું વળેલું.

ધનુરાસન [સં. ધનુસ્ (ચાપ) + આસન (બેઠક)] ન યોગનું એ નામનું એક આસન. પેટભર જેટલે ઊંધા સૂઈ, દાઢી જમીનને અડાડી, હાથ શરીર સાથે લાંબા કરી, માથું ઊંચું કરી, પગને વાંકા કરી હાથથી પકડવા. લગભગ પેટ ઉપર શરીરનો આખો ભાર દઈને છાતી તથા જબાને ઊંચી કરવી. આ ક્રિયાને ધનુરાસન કહે છે. બીજી રીત: બેસીને બંને પગ સીધા લાંબા કરી બને પગના અંગૂઠાને બંને વિપરીત હાથથી જેટલે કાનેથી જમણો અને

જમણેથી ડાબો પકડવા, પછી એક પત્ર બાંધો રાખવો ને બીજા પત્રને કાન સુધી ખેંચીને બાવરો તે ધનુરાસન વા અર્ધધનુરાસન કહેવાય છે. આ આસનથી આળસ દૂર થાય છે.

ધનુર્ગુણ [સં. ધનુસ્ (ધનુષ) + ગુણ (દોરી)] સ્ત્રી. ધનુષની દોરી.

ધનુર્ગુણા [સં.] સ્ત્રી. મૂર્વા.

ધનુર્ગ્રહ ૧. [સં] પું. ધનુર્વા; એક જાતનો વા રોગ.

૨. [હિં.] પું. ધનુર્વિદ્યા.

૩. પું. ધનુષ ધારણ કરનાર; ધનુર્ધર.

૪. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૫. પું. સંતાર્ધનું એક માપ; ૪ અંગુલનું માપ.

૬. વિ. ધનુષ ગ્રહણ કરનાર.

ધનુર્ગ્રહહરેત પું. માનસાર શિલ્પશાસ્ત્રમાં જણાવેલ એક જાતનું માપ.

ધનુર્જયા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. [સં. ધનુસ્ + જ્યા (દોરી)] સ્ત્રી. ધનુષની દોરી; પણછ.

ધનુર્દંષ્ટ્ર [સં.] ન. વાંસનું ઝાડ.

ધનુર્ધર ૧. [સં. ધનુસ્ (બાણ) + ધૃ (ધારણ કરવું)] પું. અર્જુન.

૨. પું. ધનુષ ધારણ કરનાર મનુષ્ય; તીરંદાજ; બાણાવળી.

૩. પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર

૪. પું. રામ.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૬. વિ. ધનુષ ધારણ કરનાર; ધનુર્ધારી.

ધનુર્ધરોધનુર્વેદ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ધનુર્ધારી ૧. સ્ત્રી. બોસઠ માંહેની એ નામની એક યોગિની.

૨. જુઓ ધનુર્ધર.

ધનુર્નમની સ્ત્રી. મોટો ઢોલ; ગડબંધની; [ ] આવો ઢોલ.

ધનુર્ભૃત ૧. [સં. ધનુર્ભૃત્] પું. ધનુષ ધારણ કરનાર આદમી, બોહો.

૨. વિ. ધનુષને ધારણ કરનાર; ધનુર્ધર.

ધનુર્મખ [સં] પું. કૃષ્ણના તેજ માટે કંસે કરેલો યજ્ઞમહ; ધનુર્યજ્ઞ.

ધનુર્મધ્ય [સ.] પું. ધનુષનો મધ્ય ભાગ.

ધનુર્માલા [સં.] સ્ત્રી મૂર્વા.

ધનુર્માસ ૧. પું. ધન સંક્રાંતિમાં સવારના ઘરોરમાં કરાવાતું ઝકજોજન.

૨. [સ. , પું. ધનુ ધન સંક્રાંતિમાં હોય ત મહિનો. ધનુર્માસમાં તા. ૨૨ મી ડિસેમ્બરે સૂર્ય ક્રાંતિવૃત્તમાં એક દક્ષિણે પહોંચે છે અને તે દિવસ નાનામાં નાનો હોય છે

ધનુર્મુષ્ટિ [સ. ધનુસ્ (બાણ) + મુષ્ટિ (મુઠી)] ન. સંતાર્ધનું એક માપ.

૮ યવ = ૧ અંગુલ = ૠ ઇંચ

૮ અંગુલ = ધનુર્મુષ્ટિ

ધનુર્મુષ્ટિહરેત [સં.] પું. માનસાર શિલ્પશાસ્ત્રમાં જણાવેલ એક માપ; ૨૬ અંગુલનું માપ.

ધનુર્યજ્ઞ ૧. [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ; ધનુષ સબંધી ઉત્સવ. તેમાં ધનુષનું પૂજન તથા ધનુષ ચલાવવા આદિની પરીક્ષા કરવામાં આવે છે. મિથિલાના રાજા જનકે પોતાની કન્યા સીતાના વિવાહાર્થે વર ચૂંટવાને આ યજ્ઞ કર્યો હતો.

૨. પું. કૃષ્ણને મોહાવવા માટે કંસે કરેલો કપટયજ્ઞ.

ધનુર્યોગ [સં.] પું. કંસે કરેલ એક કપટયજ્ઞ; ધનુર્યજ્ઞ.

ધનુર્યાસ [સં] પું. એક જાતનો વનસ્પતિ; ધમાસો.

ધનુર્લતા [સં.] સ્ત્રી. સોમલતા; સોમવલ્લી.

ધનુર્વક્ત્ર [સં.] પું. કશ્યિકેતનો એ નામનો એક અસુર.

ધનુર્વલ્લી સ્ત્રી. એક પ્રકારની વેલ. આ વેલ ત્રિદળ હોય છે. એને પીળાં ફૂલ આવે છે. પારદબંધ માટે તે ઉપયોગી મનાય છે.

ધનુર્વા [સં. ધનુસ્ (ધનુષ) + વાત (વા)] પું. એક જાતનો વાતરોગ; ધનુષ જેવું માણસ વાંકું થઈ જાય તેવો વાયુનો રોગ. આ રોગ બે જાતનો થાય છે. એક માદા અને બીજો નર છે. તે બંનેનું સ્થાન મગજમાં હોય છે. જે માદા છે તે ખુરક છે. એ દરદથી આદમીનું શરીર કમાનની પેઠે વળી જાય છે, તમામ રગો ખેંચાય છે અને કમર, પીઠ તથા ખાંસ તૂટે છે. એને કોઈ ઘનકવા પણ કહે છે.

ધનુર્વાત જુઓ ધનુર્વા.

ધનુર્વિદ્યા [સં. ધનુસ્ (બાણ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ધનુષ ચાપરવાની વિદ્યા; દામદુ ખેંચી તીર મારવાની કળા; શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રણેક માંહેની એક વિદ્યા. આ વિદ્યામાં મલયુદ્ધ, શસ્ત્રસંધાન, અસ્ત્રનિપાતન, વ્યૂહરચના, શસ્ત્રાદિત, ગજપ્રાપ્તિનિરાકરણ નામની કળાઓનો સમાવેશ થાય છે.

ધનુર્વિદ્યાપટુ ૧ [સ] પું. શબ્દ. તે ધનુર્વિદ્યામાં પ્રવીણ મનાય છે.

૨. વિ. ઉપર્યુક્ત અર્થવાળું હેમિયર.

ધનુર્વૃક્ષ ૧. [સ.] ન. એ નામનું ઝાડ; પીપળો.

૨. ન. એક જાતનું ઝાડ; પ્રાચીન તેનાં ફૂલ ખટમધુરાં થાય છે. તેની છાલમાંથી રેસા નીકળે છે તેની ધનુષની દોરી બને છે.

૩. ન. બીજામાનું ઝાડ

૪. ન. વાંસનું ઝાડ.

ધનુર્વેદ ૧. [સ.] પું. ધનુર્વિદ્યા. યજુર્વેદનો ઉપવેદ; શસ્ત્રાસ્ત્રવિદ્યા; ધનુષ્ય અથવા શસ્ત્રો સબંધી વિદ્યા જણાવનું એક શાસ્ત્ર. અથર્વવેદની માફક એ પણ બ્રહ્મદેવના દક્ષિણ મુખમાંથી નીકળ્યો હોવાનું મનાય છે. રણ, સમર, અધ્વ અને પદાતિ એ પોતાના ચાર પ્રકારને લઈને ધનુર્વેદને ચતુષ્પાદ કહેવાય છે. ધનુર્વેદમાં રાજા, અસ્ત્ર, યુદ્ધ કરવાના પ્રકાર, વાહનો ઇત્યાદિ અનેક વિષયોનાં વર્ણન છે. ધનુર્વેદનાં પાંચ ભેદ છે: (૧) મંત્રમુક્ત, (૨) મુક્તમુક્ત, (૩) મુક્તસંધારિત, (૪) મંત્રમુક્ત અને (૫) મંત્રયુદ્ધ. આ સિવાય શસ્ત્રસંપત્તિ અને અસ્ત્રસંપત્તિ એના બે ભેદને લઈને યુદ્ધના બે પ્રકાર થાય છે. ઋજુવૃત્ત એટલે સરળપણું, માયાચિત્ર એટલે દાવનાં હજારસ્તાન એને લઈને યુદ્ધના અનેક પ્રકાર થાય છે. રાજકારોબાર સબંધી જાગમાં રાજ્યકારોબાર, પ્રજાહિત, દેશની સંપત્તિનો વધારો, આય વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે. યુદ્ધવિદ્યામાં લશ્કરની રચના, આયુધ, કવાયત, વ્યૂહ વગેરેનો સમાવેશ થાય છે. પ્રાચીન કાળમાં પહેલું કરીને બધા સભ્ય દેશોમાં આ વિદ્યાનો પ્રચાર હતો. હિંદુસ્તાન ઉપરાંત ઈજિપ્ત, બિબેર, ગ્રીસ, રોમ વગેરેના પ્રાચીન ખંડિયાસો અને ચિત્રો વગેરે બંતવાર્યો તે બધા દેશોમાં ધનુર્વિદ્યાના પ્રચારનો પત્તો આપે છે. હિંદુસ્તાનમાં તો આ વિદ્યાના મોટા ગ્રંથ હતા, જેને ક્ષત્રિયકુમારો અભ્યાસપૂર્વક ભણતા હતા. મધુસૂદન સરસ્વતીએ પોતાના પ્રસ્થાનભેદ નામના ગ્રંથમાં ધનુર્વેદને યજુર્વેદનો ઉપવેદ લખેલ છે. આજકાલ આ વિદ્યાનું વર્ણન કરતો કોઈ ગ્રંથો ઘોડાગાડી જેવો છે. જેવા કે, શુક્રનીતિ, કામંદકી નીતિ, અગ્નિપુરાણ, વીરચિંતામણિ, રણસારસંગ્રહ, યુદ્ધજયાર્ણવ, યુક્તિકલ્પતરુ, નીતિમયૂખ વગેરે. ધનુર્વેદ સંહિતા નામે એક અલગ પુસ્તક પણ મળે છે, પરંતુ તેની પ્રાચીનતા અને પ્રામાણિકતામાં શંકા રહે છે.

અગ્નિપુરાણમાં બ્રહ્મા અને મહેશ્વરને આ વેદના આદિ પ્રવર્તકો કહેલ છે. પણ મધુસૂદન સરસ્વતી લખે છે કે, વિશ્વામિત્રે જે ધનુર્વેદનો પ્રકાશ કર્યો હતો, તે યજુર્વેદનો ઉપવેદ છે. તેણે પોતાના પ્રયોગનિધિમાં વિશ્વામિત્રકૃત આ ઉપવેદનો ઘણો સવિસ્તર વિવરણ પણ આપેલ છે. તેમ. ચાર પાદ છે. દીક્ષાપાદ, સંગ્રહપાદ, સિદ્ધિપાદ અને પ્રયોગપાદ. પ્રથમ દીક્ષાપાદમાં ધનુર્લક્ષણ એટલે ધનુષ્યની અંતર્ગત બધાં હથિયાર સેવાયા છે અને અધિકારીઓનું નિરૂપણ છે. આયુધ ચાર પ્રકારનાં કહ્યા છે મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત અને યંત્રમુક્ત. મુક્ત આયુધ, જેવાં કે, ચક્ર વગેરે, અમુક્ત આયુધ, જેવાં કે, ખડ્ગ વગેરે મુક્તામુક્ત, જેવાં કે, ભાલો, બરછી વગેરે. મુક્તને અસ્ત્ર અને અમુક્તને શસ્ત્ર કહે છે અધિકારીઓનાં લક્ષણ કહીને હરી દીક્ષા, અભિષેક, શકુન વગેરેનું વર્ણન છે. સંગ્રહપાદમાં આચાર્યનાં લક્ષણ તથા અસ્ત્રશસ્ત્રાદિના સંગ્રહનું વર્ણન છે. તૃતીયપાદમાં સંગ્રહપ્રસિદ્ધ વિશેષ મંત્રોનો અભ્યાસ, મંત્ર, દેવતા અને સિદ્ધિ વગેરે વિષય છે. પ્રયોગ નામના ચોથા પાદમાં દેવાર્ચન, સિદ્ધિ, અસ્ત્રશસ્ત્રાદિના પ્રયોગોનું નિરૂપણ છે. વૈજંપાયન પ્રમાણે જાતે ધનુષ્યમાં ત્રણ કોટિએ મુકાય હોય છે, પણ વૈષ્ણવ અર્થાત્ વાંસના ધનુષ્યનો મુકાવ બરાબર ક્રમ પ્રમાણે હોય છે જાતે ધનુષ્ય સ્વાભાવ કાયનું અને અભ્યાસ તથા અભ્યાસના કામનું હોય છે. રથી અને પાયદલને માટે વાંસનું જ ધનુષ્ય ઠીક છે. અગ્નિપુરાણ પ્રમાણે ચાર હાથનું ધનુષ્ય ઉત્તમ, સાડાત્રણ હાથનું મધ્યમ અને ત્રણ હાથનું અધમ માનેલ છે. જે ધનુષ્યના વાંસમાં નવ ગાંઠ હોય તેને કોદંડ કહેવાય. પ્રાચીન કાળમાં બે દોરીઓની મુર્લેલ પણ થતી હતી, જેને ઉપવલ્લેપક કહેતા હતા. દોરી રાસની અને કનિષ્ઠિકા આંગળીની બરાબર જાડી દોરી જોઈએ. વાંસને છોલીને પણ દોરી બનાવવામાં આવે છે. કરણ અને કોમાની તાંતની દોરી પણ બહુ મજબૂત બનતી. બાણ બે હાથથી વધારે લાંબું અને નાની આંગળીથી વધારે જાડું ન હોવું જોઈએ. બાણ ત્રણ પ્રકારનાં કહેવામાં આવેલ છે: જેનો આગળો ભાગ જાડો હોય તે સ્ત્રીજાતીય, જેનો પાછળનો ભાગ જાડો હોય તે પુરુષજાતીય અને જે સર્વત્ર બરાબર હોય તે નપુંસકજાતીય કહેવાય. સ્ત્રીજાતીય બાણ ધારું છેટે સુધી જાય છે, પુરુષજાતીય ખૂબ ઊતરી જાય છે અને નપુંસકજાતીય નિશાન સાધવામાં સારું હોય છે. બાણનું ફળું પણ ત્રણ પ્રકારનું હોય છે. જેમકે, આરામુખ, સુરપ્ર, ગોપુચ્છ, અર્ધચંદ્ર, સૂચીમુખ, ભલ્લ, વત્સદંત, દ્વિભલ્લ, કર્ણિક, કર્ણપુંડ વગેરે. તીરમાં ગતિ સીધી રાખવાને માટે પાછળ પાંખ લગાવવી પણ આવશ્યક બતાવેલ છે. જે બાણ સારા લોહાનું બને છે તેને નારાચ કહે છે. આ પ્રસંગમાં લક્ષભેદ, શરાકર્ષણ આદિના સંબંધમાં ઘણા નિયમો બતાવેલા છે રામાયણ, મહાભારત વગેરેમાં શબ્દભેદી બાણ મારવા સુધીનો ઉલ્લેખ છે. જૈસા હિંદુ સમ્રાટ પૃથ્વીરાજના સંબંધમાં પણ પ્રસિદ્ધ છે કે, તે શબ્દભેદી બાણ મારતો હતો

૨. પું. વિષ્ણુનાં હથિયાર માંહેનું એક નામ.

ધનુર્વેદવિદ્યા [સં.] સ્ત્રી. અઘોર માંહેની એ નામની એક પુરુવિદ્યા.

ધનુરાખ્યા સ્ત્રી. એક જાતનો છોડ. તેના રેસામાંથી બનાવી ધનુષ્યની દોરી વણવામાં આવતી હતી.

ધનુષ ૧. [સં. ધનુસ્] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. (જૈન) ધનુષ્ય વડે મારફોજોને દુઃખ આપનાર પરમાધામી.

૩. ન. કમાન.

૪. ન. અઘોર માંહેનું એક હથિયાર.

૫. ન. ઘડવું આંગળનું એક માપ. કડિયા, સુતાર, ઝવેરાત વગેરેના બધા કારબારી ઘડવું આંગળ માપ આપ તે માપ ધનુષ કહેવાય છે. કોઈ ચોરાશી આંગળનું માપ બતાવે છે. જૈન મત પ્રમાણે તે વાંસ એટલે ચાર હાથનું માપ આપ છે.

૪ હાથ = ધનુષ
૨૦૦૦ ધનુષ = ક્રોશ
૪ ક્રોશ = યોજન

૬ ન. ધનુ: આંખ: કમાનઃ કામઠું.

૭. ન. મેઘધનુષ.

૮. ન. શ્રી હરિના હાથા ચરણારવિંદમાં ઓપાદ નામના ચિહ્નથી નીચે રહેલ ધનુષના આકારનું એક ચિહ્ન

૯ ન. સમુદ્રમંથનથી પ્રાપ્ત થયેલ ચૌદ માંહેનું એક રત્ન.

ધનુષકોટિ ન. અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરના સંગમસ્થાન ઉપર આવેલ એ નામનું તીર્થધામ. એમ કહેવાય છે કે, રામચંદ્રજીએ લંકા ઉપર ચઢાઈ કરવા જતી વખતે અહીંથી સેતુ બાંધેલો અને વળતાં વિભીષણની વિનતિ ઉપરથી તોડી નાખેલો, તે કારણે આ તીર્થધામ પવિત્ર મનાય છે. સમુદ્રસ્નાન કરવાની ઇચ્છા રાખનાર યાત્રીઓને ધનુષકોટિ ઉપર જવું પડે છે. આ પાણી છીછરું હોવાથી નાહવાની સારી અનુકૂળતા છે. આ તીર્થમા નાહવાનું માહાત્મ્ય મનાય છે. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: આ ધનુષકોટિને ઘણાખરા ધનુષ્યકોડી કહે છે. અહીંના સ્ટેશને રેતી સિવાય બીજું નજરે પડતું નથી. ત્યાંથી ધનુષ્યકોટિ બિંદુ જતાં રેતી સિવાય બીજું કંઈ ન મળે અને ખોરાકાદી કે મોટર ત્યાં ચાલી શકતા નથી આ ધનુષકોટિથી લંકાના ઉત્તર કિનારાની ભૂમિ સુધી ધનુષ્ય આકારે પથ્થરમાં નાનાં નાનાં બેટડા કે બાંધ આવેલા છે. રામચંદ્રજીએ લંકા ઉપર ચઢાઈ કરી જતી વખતે આ રીતુ બાંધેલો હતો આ સેતુને રામસેતુ કહે છે. ધનુષ્યકોટિથી સ્ટેશન તરફ પાછા ફરતાં કિનારાથી થોડે દૂર એક હનુમાનજીનું મંદિર આવે છે, ત્યાં નૃસિંહ ભગવાન અને ગરુડપતિની મૂર્તિઓ પણ છે. આ રેતીના મેદાનમાં માત્ર આ જ સ્થળે આ મંદિર છે. અહીં આવેલા ચણાનો પ્રસાદ યાત્રાળુઓને આપવામાં આવે છે, તેમજ મીઠા પાણીની પરબ પણ અહીં છે. આટલામાં કોઈ પણ સ્થળે કે સ્ટેશન ઉપર પણ ઝાડ વગેરે ન હોવાથી તડકા વખતે બહુ મુશ્કેલી કે હેરાનગતિ ભોગવવી પડે છે.

ધનુષકોટી જુઓ ધનુષકોટિ

ધનુષકોડી જુઓ ધનુષકોટિ.

ધનુષતીર્થ જુઓ ધનુષકોટિ.

ધનુષધારી [સં. ધનુસ્ (બાણ) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. ધનુષ્ય ધારણ કરનાર.

ધનુષબંધ પું. એક જાતનું મિશ્રકાવ્ય.

ધનુષમાણ ન. મેઘધનુષ્ય; ઉદ્ધનુષ્ય.

ધનુષરા કુ. ધનુર્વા: ચમડ.

ધનુષરતંજ પું. એક જાતરોગ. જુઓ ધનુર્વા.

ધનુષાકાર ૧. [સં. ધનુસ્ (બાણ) + આકાર (રૂપ)] ન. ધનુષ્યના આકારનું ઘોડાને ડંભવાનું એક જાતનું ઓજાર.

૨. વિ. ધનુષના આકારનું

ધનુષાક્ષ પું (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ધનુષાસન [સં. ધનુસ્ (બાણ) + આસન (બેઠક)] ન. એ નામનું એક યોગાસન. તેમાં જોડાને બંને પગના અંગૂઠાને બંને વિપરીત હાથથી એટલે જમણા હાથથી ડાબો અંગૂઠો ને ડાબા હાથથી જમણો અંગૂઠો એ રીતે પકડવા. પછી એક પગ લાંબો રાખવો અને

ધનોપચય

બીજા પગને જાન સુધી ખેંચી લાવવો. આ આસનથી આળસ દૂર થાય છે, કુંડલિની પ્રભાવમાન થાય છે ને ખેંચેલા પગ કાપુની જાંઘની નાડીઓમાનો પવન ઊર્ધ્વ થાય છે.

ધનુષ્કપાલ [સં.] પું. ધનુષ્યનો આગ.

ધનુષ્કર [સં. ધનુસ્ (ધનુષ્ય) + કર (હાથ)] વિ. જેના હાથમાં ધનુષ્ય હોય તેવું; હાથમા ધનુષ્યવાળુ

ધનુષ્કર્ષ પું. (ગણિત) ધનુષના આકારનો કોઈ { } આવો કોસ.

ધનુષ્કોટિ જુઓ ધનુષકોટિ.

ધનુષ્કોટી જુઓ ધનુષકોટિ.

ધનુષ્કોડી જુઓ ધનુષકોટિ.

ધનુષ્પદ [સં.] ન. આરોળી.

ધનુષ્પાણિ [સં. ધનુસ્ (આપ) + પાણિ (હાથ)] વિ. જેના હાથમાં ધનુષ્ય હોય તેવું.

ધનુષ્મત [સં. ધનુસ્ (આપ) + મત્ (વાળું)] વિ. તીરંદાજ; ધનુર્ધારી.

ધનુષ્માન ૧. પું. હિંદની ઉત્તરે આવેલો એ નામનો પર્વત.

૨. [સં. ધનુષ્મત્] વિ. ધનુર્ધર.

ધનુષ્ય ૧. પું. (પુરાણ) ઉપરિચરના છોળ માહેનો એ નામનો એક ઋત્વિજ.

૨. ન. અર્ધમોળાકાર આકૃતિ.

૩. ન. આપ; ધનુ; કામઠું. મુંડકોપનિષદમાં પ્રણવને ધનુષ્યની ઉપમા આપવામાં આવી છે. તેમાં જણાવેલ છે કે: પ્રણવ એ જ અહીં ધનુષ્ય છે, અર્થાત્ પ્રણવ એટલે કે જે ભગવાનનું સૌથી દૂરનું, સૌથી મધુરું, સૌથી પ્રિય એવું જે નામ છે, તે નામરૂપી ધનુષ્ય છે. તાત્પર્ય કે, ઉપનિષદ માત્રનું જ્ઞાન છેવટે ભગવાનને જ નામે પોકારવાનો આદેશ કરે છે. જેને પરમાત્મા છે એવી ખાતરી થઈ ગઈ છે તે બધે પોતાના હૃદયમા બોલાવવાને, તેના ભગવાનના નામે પોકાર કરવાનો જ! આ ભગવાનામમંડણ એ મહાનમા મહાન ભક્ત છે, એ જાણીએ છે. અંતરાય માત્રને હણનારું અને કલ્યાણ માત્રને જેમ અને પ્રેમ ઉપજનું યોગક્ષેમ કરનારું એ મહા આયુધ છે.

૪. ન. ધન એવો અવાજ કરનાર એક જાતનું મુલ્લનું વાદ્ય.

૫. ન. મેષધનુષ્ય; ઇંદ્રધનુષ્ય.

૬. ન. જંતાઈનું એક માપ; ૬૬ આંગળ.

ધનુષ્યકોટિ જુઓ ધનુષકોટિ

ધનુષ્યકોટી જુઓ ધનુષકોટિ.

ધનુષ્યકોડી જુઓ ધનુષકોટિ.

ધનુષ્યજ્ઞ પું. ધનુષ્ય વડ.

ધનુષ્યતીર્થ જુઓ ધનુષકોટિ.

ધનુષ્યપટ્ટી સ્ત્રી. ધનુષ્યનો વચલો ભાગ.

ધનુષ્યબંધ જુઓ ધનુરાબંધ.

ધનુષ્યયજ્ઞ પું એ નામનો એક વડ

ધનુસ ૧. ન. (જ્યોતિષ) એ નામનું એક ઘર.

૨ [સં. ધનુસ્] ન. ચાર હાથનું માપ.

૩. ન. (જ્યોતિષ) ધન રાશિ.

૪. ન. ધનુષ્ય.

૫. ન ઢોલોનું એક આસન.

ધનુસ્તંભ [સં.] પું. એક પ્રકારનો ચાતરીમાં ધનુરો.

ધનુહાઈ [હિ.] સ્ત્રી. ધનુષ્યની લડાઈ.

ધનુહી ૧. સ્ત્રી. ગોખાનું ખેતર.

૨. [હિ.] સ્ત્રી. બાળકોને ખેલવાની કમાન.

ધનુઃકાંઠ [સં.] ન. ધનુષ્યબાણ.

ધનુઃખંડ ૧ [સં] પું. ધનુષ્યનો કટકો

૨. પું. પચ્ચીસ વજરનું ધનુષ્ય.

ધનુઃપટ્ટ [સં.] પું. એક જાતનું ઝાડ.

ધનુઃપૃષ્ઠ ૧. [સં.] પું. ધનુષ્યની પીઠ, કમાન.

૨. પું ધનુષ્યની પીઠના આકારનું ક્ષેત્ર.

ધનુઃશાખા [સં.] સ્ત્રી મૂર્ખા.

ધનૂષ્ય ન. ધનુષ્ય.

ધનેડું (ધનેડું) ન. કાપ્યામાં સાધો કરનારું એક જાતનું હથિયાર; ચિલ્લું. આ જાતુનો બે જાત હોય છે: એક સાદવાળી અને બીજી સંઢ વજરની

ધાનનું ધનેડું = ખાઈ પીને પડી રહેનાર પ્રમાદી માણસ; પુરુષાર્થહીન માણસ.

ધનેતર ૧. [સં. ધન (પૈસો) + વત (વાળું) + તર (વધારે)] વિ. ધનાઢ્ય; શ્રીમંત.

૨. વિ. ધનુર્ધર; ધનુષ્ય ધારણ કરનાર.

૩. વિ બહુ ડાહ્યાવાળું

૪ વિ. સૌથી સરસ; ઉત્તમ.

ધનેત્તર જુઓ ધનેતર.

ધનેધક ૧. [સં.] પું. ધાણા.

૨ સ્ત્રી. ટોપમીર

ધનેરિયો પું. (ગ્રામ્ય) ધનેડું.

ધનેરી સ્ત્રી. કામરી.

ધનેરું ૧. પું. બળતણની

૨. પું. ધનબળ; કુબેર; ધનેશ

૩. ન. ધનેડું; ચિલ્લું.

આકડા ધનેરું = ડોળાનું નાગિયેર.

૪. વિ. પૈસાદાર; ધનાઢ્ય.

ધનેરૂં જુઓ ધનેરું.

ધનેરા ૧. પું. એક પ્રકારનું પક્ષી

૨. [સં. ધન (પૈસો) + ઈશ (પ્રભુ)] પું. કુબેર.

૩. પું બળતણનો

૪. પું. ધનનો ઊપરી.

૫. પું (જ્યોતિષ) લગ્નથી બીજા સ્થાનનો પતિ.

૬. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ધનધણી-ના ઈશ્વર પણ વિષ્ણુ છે.

૭. પું. શિવનાં હજાર માહેનું એક નામ

૮. વિ. પૈસાદાર.

ધનેશપોષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ.

ધનેશ્વર ૧. [સં. ધન (પૈસો) + ઈશ્વર (પ્રભુ)] પું. કુબેર; ધનેશ.

૨. પું. બળતણનો.

૩. પું ધનનો ઊપરી.

૪. સ્ત્રી. એ નામની લોહાણાની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. વિ. પૈસાદાર; ધની.

ધનેશ્વર કેવલી [સં.] પું. એ નામનો જૈન પંડિત. તેણે લીલાવતી નામના ગણિતના ગ્રંથ ઉપર લીલાવતી સૂત્રવૃ નામની ટીકા રચી છે.

ધનેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

ધનેસ [હિ.] પું. લાબી ડોક અને ચાંચવાળું બગલાના જેવું પક્ષી.

ધનેષા [હિ.] પું. સાંબેલું.

ધનૈષણા [સં. ધન (પૈસો) + એષણા (ઇચ્છા)] સ્ત્રી. પૈસા મેળવવાની ઇચ્છા.

ધનૈષી [સં. ધનૈષિન્] વિ. ધન ઇચ્છનાર; ધન ચાહનાર, ધનની ઇચ્છાવાળું.

ધનો ૧. પું. એ નામનો એક પ્રભુભક્ત.

૨. [હિ] પું. હોપમીર.

ધનોતપનોત ન. ખેદાનમેદાન; ઉત્પાત; ધોરાન; પાયમાલ; ધૂળધાણી

ધનોતપનોત કાઢવું = નિકંદન કાઢવું; ખેદાનમેદાન કરી મેલવું.

ધનોત્પત્તિ [સં. ધન (પૈસો) + ઉત્પત્તિ] સ્ત્રી. ધનની ઉત્પત્તિ.

ધનોત્પાદન [સં. ધન (પૈસો) + ઉત્પાદન (ઉત્પન્ન કરવું તે)] ન. ધન ઉત્પન્ન કરવું તે.

ધનોપચય [સં. ધન (પૈસો) + ઉપચય (એકઠું કરવું તે)] પું. ધનનો સંગ્રહ.

ધનોપાર્જન [સં. ધન (પૈસો) + ઉપાર્જન (મેળવવું તે)] ન. ધનનું ઉપાર્જન; ધન પેદા કરવાપણું.

ધન્નાસિકા [હિં.] સ્ત્રી. (સંગીત) વીર તથા શૃંગાર રસમાં ગવાતી એ નામની એક રાગણી.

ધન્નાસેઠ [હિં.] પું. બહુ પૈસાદાર માણસ; પ્રસિદ્ધ ધનાઢ્ય.

ધન્નાસેઠના સાળા = પૈસાદારનો સાળો. મગરૂર માણસ માટે વપરાય છે.

ધન્ની ૧. પું. એક જાતનો આખલો.
૨. સ્ત્રી. એક જાતનો ઘોડો.
૩. સ્ત્રી. પીઠિયું.
૪. સ્ત્રી. વધુ; ઘરની; સ્ત્રી.

ધન્ય ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; અર્જુન વૃક્ષ.
૨. પું વિષ્ણુનાં દસ્તર મહેનું એક નામ. બીજો તરફથી ધન્યવાદ એટલે પ્રશંસા પામનાર પણ થયું છે
૩. પું. શિવનાં દસ્તર મહેનું એક નામ.
૪. વિ. આદરણીય; વખાણવા જેવું.
૫. વિ. ઉત્કૃષ્ટ; શ્રેષ્ઠ.
૬. વિ. કૃતાર્થ
૭. વિ. ધન મેળવનાર, પૈસા કમાનાર.
૮. વિ. નાસ્તિક.
૯. વિ. પૈસાદાર; ધનાઢ્ય; શ્રીમંત.
૧૦. વિ. ભાગ્યશાળી; પુણ્યવાન.
૧૧. વિ. મજાનું; રૂડું; સારું.
૧૨. સિ વાહવાહ; શાબાશ.

ધન્યકડી (ધન્યપડી) સ્ત્રી. સારો વખત.

ધન્યતા ૧. [સં] સ્ત્રી. ધન્યભાગ્ય; સારું નસીબ; અહોભાગ્ય; ધન્યપણું.
૨. સ્ત્રી. સુખી અવસ્થા, કૃતાર્થતા.

ધન્યત્વ જુઓ ધન્યતા.

ધન્યપણું જુઓ ધન્યતા.

ધન્યભાગ્ય ૧. [સં.] ન. સારું નસીબ; અહોભાગ્ય; સુભાગ્ય
૨. ન. સુખી સમય; મજાનો પ્રસંગ.

ધન્યવચનીય [સં.] વિ. ધન્યવાદ આપવા યોગ્ય.

ધન્યવાદ [સં] પું. અભિનંદન; જય જયકાર; પ્રશસ્તિઘોષ; શાબાશી; વાહવાહ; સાધુવાદ; ધન્ય છે એમ કહેવું કે લખવું તે; વખાણ.

ધન્યવી વિ. ખર્ચાળ; પૈસા વેડફી નાખે એવું.

ધન્યવૃક્ષ [સં.] ન. પીપળાનું ઝાડ.

ધન્યવ્રત [સં.] ન. ધન મેળવવા માટેનું એક વ્રત.

ધન્યા ૧. [સં.] સ્ત્રી. આંબલી.
૨. સ્ત્રી. ઉપમાતા; ધાઈ; ધાવ; 'નર્સ.'
૩. સ્ત્રી. એ નામની એક વનદેવી; પિંપરાઈ વનની એક દેવી.
૪. સ્ત્રી. કડવી તુરિયાં.
૫. સ્ત્રી. કોયલીર.
૬. સ્ત્રી. ધાણા.
૭. સ્ત્રી. નર્મદાનાં દસ્તર આંહેનું એક નામ.
૮. સ્ત્રી આભલાણી સ્ત્રી.
૯. સ્ત્રી. મહાન ભક્ત ધ્રુવ રાજાની પાંચ આંહેની એ નામની એક સ્ત્રી. તે મનુની પુત્રી હતી.
૧૦. વિ સ્ત્રી. સુખી; સુભગા; ભાગ્યશાળી; યશસ્વી, સુભાગી.

ધન્યાક ૧. [સં.] પું. ધાણા.
૨. સ્ત્રી. કોયલીર.

ધન્યાપંચક [સં.] ન. ધાણામાંથી બનતું એ નામનું એક ઔષધ. તે ધાણા, વાળો, કુષ્ઠાં બીલાં, નાગરમોથ અને સૂંઠ એ પાંચ ચીજ ભેગી કરી તેમાંથી બે તોલા લઈ ૩૨ તોલા પાણીમાં ઉકાળીને બનાવવામાં આવે છે. અડધ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ ૪થી ૮ તોલાની માત્રામાં તે અપાય છે.

ધન્યાશ્રી ૧. સ્ત્રી. (સંગીત) દીપક રાગની એક રાગિણી.
૨. સ્ત્રી. (સંગીત) શ્રીરાગની પાંચ આંહેની એ નામની એક રાગિણી. તેણે ગાવા વગેરે પડેલાં છે, પતિવિયોગથી બહુ દુર્બળ થઈ ગઈ છે અને અનિદ્રા દિલગીરીથી ઊંડા નિઃશ્વાસ નાખે છે. આંખમાંથી અશ્રુ એટલા પડે છે કે તેનો નદી સમાન પ્રવાહ ચાલે છે. જેમાં કોઈ પણ મનુષ્ય નથી એવા એક ભાગમાં પોતે એકલી જોરસલીના વૃક્ષ નીચે બેઠી છે અને પતિના સંયોગની આશા રાખે છે. કોઈ એમ પણ કહે છે કે, ધન્યાશ્રી રાગિણી કૃષ્ણરસમાં છે, તેના માથાના કેશ શ્વેત થયેલા છે. તે ગાવાનો વખત દિવસના ત્રીજા પહોરનો છે. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે ગરજ શુદ્ધ, રિષભ કોમળ, ગાંધાર કોમળ, મધ્યમ તીવ્ર અને કોમળ બે આવે છે. પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર, કોઈ કોમળ તીવ્ર અને બે નિષાદ પણ લે છે. તેનો મંદ્ર સ્વર ગાંધાર અને ન્યાસ સ્વર પંચમ છે. આરોહમાં રિષભ અને ધૈવત ખાડ છે. આ રાગિણી ટોડી અને આસાવરીથી મિશ્ર છે.
૩. સ્ત્રી (સંગીત) હનુમત મત પ્રમાણે માલકોશ રાગની આઠ પુત્રવધૂ માંહેની એ નામની એક રાગિણી.

ધન્વ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દેશ; મરુ દેશ.
૨. પું. એક જાતની વનસ્પતિ; ધમાસો.
૩. પું. ધન્વંતરિના પિતાનું નામ.
૪. ન. ધનુષ્ય.

ધન્વકિલ્લો જુઓ ધન્વદુર્ગ.

ધન્વકૃત ૧. [સં. ધન્વકૃત્] વિ. ધનુષ્ય બનાવનાર.
૨. વિ. વેદમાં વપરાયેલું સ્તુતિનું એક વિશેષણ.

ધન્વજ [સં.] વિ. મરુ દેશમાં ઉત્પન્ન થયેલું.

ધન્વતી સ્ત્રી. (પુરાણ) પરિયાત્ર નામના પર્વતમાંથી નીકળેલી ભારતવર્ષની એ નામની એક નદી.

ધન્વદુર્ગ [સં.] પું. નિર્જળ દેશમાં બહુદે જે ટેકરાવે પણી થોડું મળે જાં બાંધેલો કિલ્લો; ચોતરફ પાંચ યોજન સુધી વેરાન પ્રદેશથી વીંટાયેલો એક પ્રકારનો કિલ્લો.

ધન્વપતિ [સં.] પું. મરુ દેશનો રાજા; મારવાડનો રાજા.

ધન્વયવાસ [સં.] પું. જવાસો; મારવાડમાં થતો એક જાતનો ધમાસો.

ધન્વયાસ જુઓ ધન્વયવાસ

ધન્વયાસક જુઓ ધન્વયવાસ.

ધન્વિન [સં.] ન. એક જાતનું ઝાડ; પ્રિયાલ.

ધન્વંતર ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૮૬ લઘુ મળી ૯૧ વર્ણ અને ૯૧ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રસલીલાવલ્લ છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૫૨ લઘુ મળી ૫૪ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.
૩. [સં.] ન. ચાર હાથના દંડરૂપ માપ.

ધન્વંતરિ ૧. [સં] પું. અતિ કપરો રોગ મટાડે એવો વૈદ્ય
૨. પું. એ નામનો કાશીનો એક રાજા.
૩. પું. એકજ રોગના ત્રણસો ઉપાય જાણનાર વૈદ્ય
૪. પું. ગોધૂલિક સમયે જેને આહુતિઓ આપવામાં આવે છે તેવો એક વૈદિક દેવતા.
૫. પું. વિક્રમાદિત્યની સભાનાં નવ રત્ન મહેનો એ નામનો એક વિદ્વાન વૈદ્ય.
૬ પું. (પુરાણ) સમુદ્રમંથન સમયે ૧૪ મો અમૃતના પ્યાલા સહિત નીકળેલ વૈદ્ય; ભગવાનના ચોવીસ અવતાર માંહેનો બારમો અવતાર; સમુદ્રમંથન

વખત સમુદ્રમાંથી નીકળેલ દેવોનો વૈદ્ય. તે તેને વૈદ્યકશાસ્ત્ર શીખવ્યું હતું. તે સુશ્રુતનો ગુરુ હતો. તે આયુર્વેદનો કર્તા હોવાનું મનાય છે. બીજા જન્મમાં તે દીર્ઘતમાનો પુત્ર હતો. તેને અમૃત અબ્ધિ સુધાકલશ પણ કહે છે. તેના પિતાનું નામ સુદેવ હતું. ધન્વંતરિને દિવોદાસ અબ્જ પિતાના નામ ઉપરથી સૌદેવ પણ કહેતા હતા. યયાતિ રાજાની માધવી નામની કન્યા સાથે તે પરણ્યો હતો. તેણે પ્રથમ વૈદ્યક વિદ્યાનો પ્રકાશ કર્યો. ઇંદ્રની કૃપાથી તેણે ગંગાકિનારે કાશીપુરી નિર્માણ કરી. હતી તે રહ્ય. હતો. તેણે સર્વ પ્રાણીમાત્ર ઉપર દયાળુપણે રાજ્ય ચલાવ્યું. હૈહય કુલોત્પન્ન રાજા તેને અતિશય ત્રાસ આપતો, તેથી કંટાળી ભારદ્વાજ મુનિ પાસે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો. તેથી થયેલા પ્રતર્દન નામના પુત્રે પોતાના પિતાના વેરીને હરાવી લીધો. કેટલોક સમય ગયા બાદ પુત્રને રાજ્ય સોંપી ધન્વંતરિ મહા અરણ્યમાં જઈ રહ્યો. આ પરદુઃખભંજન મહાત્માએ રોગી મનુષ્યોનાં દુઃખ ટાળવાને હુન્નરી ઔષધિઓ આર્ષ વાપરીને શોધી હતી. આ કલિન શોધમાં તે જરાપણ કંટાળતો નહિ. ઔષધિ શોધવાને તે મોટાં મોટાં જંગલોમાં ફરતો અને સંકટો વેઠતો. સમુદ્રશોધન કરીને પણ તેણે રોગનિવારક મોટી મોટી ચમત્કારિક ઔષધિઓ શોધી કાઢી હતી. સુશ્રુત, ચરક, વાગ્ભટ જેવા તેના શિષ્યો હતા. તે શિષ્યોને તેણે આયુર્વેદ પૂર્ણ પ્રીતિથી ભણાવ્યો હતો. ધન્વંતરિ જેવો વૈદ્યક વિષયનો મહાન શોધક કોઈ પણ થયો નથી. એ પોતાના મહાન ગુણોથી ભગવાન જેવા મહાન પદને પામ્યો હતો. તે ભગવાનના ચોવીશ અવતારોમાંનો એક અવતાર મનાય છે. એ અવતાર વૈદ્યક જ્ઞાન અથવા દિવ્ય ઔષધિ નિર્માણ કરવા સારૂ થયો હતો એમ મનાય છે. એની પ્રવર્તાવેલી વૈદ્યક વિદ્યા આ દેશમાંથી આરબ વિદ્વાનો શીખ્યા હતા. અને હાલથી બરપ અઢાર સોસો સાલા કાળે શીખ્યા છે, એવું ઐતિહાસિક ગ્રંથોથી પુરવાર થાય છે. અર્વાચીન કાળમાં આપણે માનવજાત જે વૈદ્યકનો લાભ લઈ એ છીએ એ સમગ્ર આ મહાત્મા પુરુષના મહાન પ્રયત્નનો જ પ્રતાપ છે. હરિવંશમાં લખેલ છે કે: જ્યારે ધન્વંતરિ સમુદ્રમાંથી નીકળ્યો ત્યારે તેજથી દિશાઓ ઝગઝગી ઊઠી. ધન્વંતરિ વિષ્ણુને સામે દેખી રતંજિત થઈ ગયો, તેથી વિષ્ણુ ભગવાને તેને અબ્જ કહીને બોલાવ્યો. ભગવાનના પોકારવાથી તેનું ભગવાનને સ્થાન કરી દે, વસવા માટે જ્ઞાન અને સ્થાન નક્કી કરી દો. વિષ્ણુએ કહ્યું: જ્ઞાન અને સ્થાનના બાબતો થઈ ગઈ છે, પણ તમે બીજા જન્મમાં વિશેષ સિદ્ધિનો લાભ મેળવશો. અગ્નિપુરાણ વગેરે સિદ્ધિઓ તમને મર્ત્યથી જ પ્રાપ્ત થઈ. આ તમે સશરીર દેવત્વનો લાભ મેળવશો. આયુર્વેદના તમે બાર ભાગ પાડશો. દ્વાપર યુગમાં કાશીરાજ ધન્વે પુત્રને માટે તપસ્યા અને અબ્જ દેવની આરાધના કરી. અબ્જ દેવે ધન્વને વેર પોતે અવતાર લીધો અને ભરદ્વાજ ઋષિ પાસે આયુર્વેદ શાસ્ત્રનો અભ્યાસ કરી પ્રજાને રોગથી મુક્ત કરી. ભાવપ્રકાશમાં લખ્યું છે કે, છેલ્લે આયુર્વેદ શાસ્ત્ર શોધ્યું ધન્વંતરિને લોકના કલ્યાણ માટે પૃથ્વી ઉપર મોકલ્યો. ધન્વંતરિ કાશીમાં ઉત્પન્ન થયો અને મહાદેવના વરદાનથી કાશીનો રાજા થયો. મહારાજા વિક્રમાદિત્યના સભાનાં નવ રત્ન પ્રસિદ્ધ છે, તેમાં એક ધન્વંતરિનું નામ છે. પણ જ્યારે નવ રત્નની વાત કલ્પિત છે તો આ ધન્વંતરિનો પણ શાસ્ત્રો કલ્પ્ય છે.

૭. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના કાશ્ય પુલોત્પન્ન દીર્ઘતમા રાજાનો એ નામનો એક પુત્ર. એના પુત્રનું નામ કેતુમાન હતું.

ધન્વંતરિઅરતા [સં.] સ્ત્રી. કડુ નામે વનસ્પતિ; કડુકી.

ધન્વંતરિએંધા [સં.] ન. કડુ નામે વનસ્પતિ. આપેલા અનાજને તે ચોતરી નાખવાવાળું મોટા જેવા ગાડવાળું હોવાથી તેને ધન્વંતરિએંધા કહે છે.

ધન્વંતરિજયંતી [સં.] સ્ત્રી. ધન્વંતરિ નામના ભગવાનનો જન્મદિવસ; આસો વદિ ૧૩.

ધન્વંતારભાગ [સં.] પું. જુદા જુદા પ્રકારની દવાઓમાંથી ધન્વંતરિના નામે કાઢી લેવાતો ભાગ. તૈયાર કરેલી દવાઓ માંહેના ઘી, તેલ, સિદ્ધ રસો વગેરેમાંથી અર્ધોઅર્ધ, ધાતુની ભસ્મો વગેરેમાંથી ચોથો ભાગ, અવલેહ વગેરેનો આઠમો ભાગ, અરિષ્ટ વગેરેનો સોળમો ભાગ અને ચૂર્ણ વગેરેનો સાતમો ભાગ ધન્વંતરિને બદલે દર્દીઓ તરફથી દવા બનાવનાર વૈદ્યને આપવામાં આવે છે તેને ધન્વંતરિભાગ કહે છે

ધન્વંતરિવૈદ્યક [સં.] ન. એ નામનું વૈદ્યકશાસ્ત્રનું એક પુસ્તક. તેમાં દરેક રોગની નિદાન સહિત અનુભૂત પ્રયોગો દ્વારા અમોઘ ચિકિત્સા લખી છે

ધન્વંતરિસંપ્રદાય [સં.] પું. આયુર્વેદનો એ નામનો એક સંપ્રદાય કાયચિકિત્સકોનો એક આત્રેય સંપ્રદાય અને બીજો શલ્યચિકિત્સકો એટલે સર્જનોનો ધન્વંતરિ-સંપ્રદાય છે.

ધન્વા ૧. [સં. ધન્વન્] પું. આકાશ; અંતરીક્ષ. ૨. પું. ધનુષ્ય.

૩. પું. મરુભૂમિ. પાણી વગરનો દેશ, રેગિસ્તાન.
૪. પું. સૂકી જમીન.
૫. વિ. ધનુર્ધારી. સમાસને અંતે આ શબ્દ વપરાય છે જેમકે, ગાંડીવધન્વા

ધન્વાકાર [સં. ધનુ (ધનુષ્ય) + આકાર] વિ. ધનુષ્યના આકારનું, કમાનના જેવું.

ધન્વાયન [સં.] ન. મરુ દેશમાં જવાનું સાધન.

ધન્વાયી ૧. [સં. ધન્વયિન્] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ
૨. વિ. હાથમાં ધનુષ્ય ધરનાર.

ધન્વિન [સં.,] પું. સૂવર; ભૂંડ; ડુક્કર.

ધન્વિની [સં.] સ્ત્રી. ભાડ્યુ; ડુક્કરી.

ધન્વી ૧. [સં. ધન્વન્] પું. અર્જુન; પાંચ માંહેનો એક પાંડવ.
૨. પું. (પુરાણ) ચોથા તામસ મનુના દસ માંહેનો એ નામનો એક પુત્ર.
૩. પું. જવાસો; ધમાસો.
૪. પું. ધનુષ્યબાણ વાપરવામાં કુશળ ક્ષત્રિયો.
૫. પું. (જ્યોતિષ) નિપુરાશ ૨૬૫૦ી ૩૧૦ અને દક્ષિણ ક્રાન્તિ ૧૦ી ૫૦મા આવેલું તારામંડળ, ધન રાશિ.
૬. પું. વિષ્ણુનાં હુન્નર માંહેનું એક નામ. વિષ્ણુ પોતે રામ અને અર્જુનરૂપ શ્રેષ્ઠ ધનુષ્યને ધારણ કરનારા હોવાથી એના કહેવાય છે.
૭. પું. શિકારી; પારધિ.
૮. પું. શિવ; મહાદેવ; રુદ્ર
૯. સ્ત્રી. અર્જુન વૃક્ષ. તેનું લાકડું બીજા લાકડા તરફ કામ આવે છે.
૧૦. સ્ત્રી. ભાડ્યુ; ભારંગી
૧૧. વિ. ધનુર્વેદ; ધનુષ્ય રાખનાર; બાણાવળી.
૧૨. વિ. નિપુણ; ચતુર, વિદગ્ધ.

ધન્વીશ્વર [સં.] પું. ઉત્તમ બાણાવળી.

ધપ ૧ પું. (કચ્છી) ગપ, ખોટી વાત.
૨. પું. તમાચો; થપ્પડ; પોલ.
૩. પું. ધબકારો; ધબારો; ધબધબ અવાજ.
૪ પું નુકસાની, ખોટ.
૫. પું. ઝાડ ચોમાં પડવાનો અવાજ
૬. સ્ત્રી ઢબ, રીત

ધપકવું અ ક્રિ. ધબધબ અવાજ થવો; ધબકારો થવો

ધપકારો ૧ પું. ઉઘરાણી, ભેજ; વેગ.
૨. પું. ધબકારો, ઝાડ ચોમાં ઉંચેથી પડતા થતો મોટો અવાજ
૩ પું. બે ચીજ અથડાતા થતો અવાજ.
૪. પું. ચોર્યનું કીળવાનું તે

૫. પું. રબ્બરનું; હૃદયનો ઠેપ.

ધપધપ ૧ પું. એક જાતનો અવાજ; ચાલવામાં લોહીથી થતો અવાજ

૨. જ. એકદમ; જલદી.

ધપરી સ્ત્રી. એક જાતનું પક્ષી, ધોળા પેટવાળું કૂકડા નામનું પક્ષી

ધપવવું જુઓ ધપાવવું.

ધપવું અ. ક્રિ. આગળ વધવું; મોખરે થઈને ઘૂસવું; જોરથી આગળ જવું; આગળ ધસવું; આગળ પગલું ભરવું.

૧. ધપી જવું = મરી જવું; ધર્યા જવું.

૨. ધપ્યે જવું = ધૂનમાં ને ધૂનમાં આગળ વધ્યે જવું.

ધપાઈ પું. (હ્રસ્વી) કપીતાસ; ચપોટી.

ધપાઢ સ્ત્રી. (હ્રસ્વી) આક્રમણ; ધક્કો.

ધપાઢ (ધપાડ) [હિ.] પું. ઠોકવાની ક્રિયા; 'રેસ.'

ધપ.ધપ જુઓ ધપધપી.

ધપાધપી ૧. સ્ત્રી. ધપ્પાધપ્પી; ધપ્પાથી મારામારી; ધપ્પાપ્રહાર; સામસામા ધપ્પા મારવા તે.

૨. જ. ઉપરાઉપરી ધબ્બા મારે તેમ

ધપાપ્રહાર જુઓ ધપ.ધપી.

ધપાવવું સ. ક્રિ. ચલાવવું; આગળ વધારવું; આગળ પગલું ભરાવવું.

ધપો જુઓ ધપ્પો.

ધપોડા (ધપોઢા) પું. ૧. ઘ. ઘ. ચોટી ચાંલો.

ધપ્પંધપ્પા સ્ત્રી. ધપ્પાથી મારામારી; ધપાધપી.

ધપ્પા ૧. [હિ.] પું. ધપ્પો; ધોલ; તમાચો.

૨. પું. નુકસાન; હાનિનો ફટકો.

૩. પું. ચૂનકા ઉપરનો ડામ.

ધપ્પાધપ્પી સ્ત્રી. ધપ્પાપ્રહાર; ધપ્પાથી મારામારી; મુષ્ટિયુદ્ધ; મુક્કામુક્કી.

ધપ્પાપ્રહાર સ્ત્રી. સામસામા ધપ્પા મારવા તે; ધપાધપી; ધપ્પાધપ્પી; ધપ્પંધપ્પા.

ધપ્પો ૧. પું. ભારે ઠોકર; નુકસાન.

૨. પું. પીઠ અગર માથા ઉપર હાથનો પંજો પહોળો કરી મારવો તે; ધબ્બો, મુક્કો, ધપાટ.

૧. ધપ્પો ખાવો = (૧) ધબ્બો ખાવો (૨) પશ્ચાત્તાપ કરવો.

૨. ધપ્પો ખાવો ને મારવો = સમ વ્યવહાર ચલાવવો.

૩. ધપ્પો મારવો = (૧) ઉતરવું. (૨) ધબ્બો મારવો. (૩) નુકસાન કરવું. (૪) હાથથી અવાજ કરવો.

૪. ધપ્પો લાગવો = ખોટ જવી.

ધફૂ પુ (હ્રસ્વી) ધપ, ગપ; ખોટી વાત.

ધફૂડમ (ધફૂડ્‌મ) વિ. ભાંકુ; ધિંગું.

ધફેડા (ધફડા) પું. ૧. ઘ. ઘ. (વહાણવટું) કંઠા સાધવાનું રસણ કરવા લટકાવવામાં આવતા સીંદરીના ગજા; 'ફેન્ડર્સ.'

ધફેડું (ધફડું) વિ. ધિંગું; ભાંકું; ધફડું.

ધફ્‌ફારા ૧. સ્ત્રી. કુંભારની એ નામની એક જાત

૨. જ. એ નામની જાતનું માણસ.

૩. વિ એ નામની જાતનું.

ધફ્‌ફલી ૧. સ્ત્રી. એક જાતનું વાજિંત્ર ખંજરી.

૨ સ્ત્રી ચર્ચા કરનાર ટોળી.

૩. સ્ત્રી. ધમપછાડા.

૪. સ્ત્રી. પંચ માણસોએ ભેગા થઈ કરાતી ચર્ચા કરવી તે; પંચાત; વાતોના તડાકા.

ધફ્‌ફલી કૂટવી-ખૂંદવી = ભેગા બેસીને નકામી વાતો કરવી

૫. સ્ત્રી. મારામારી.

ધફ્‌ફાર્ય પું. (હ્રસ્વી) ભૂંડાબોલો બાતમી.

ધફ્‌ફી સ્ત્રી. રીસ; ગુસ્સો.

ધફ્‌ફો પું. ઠમકો; જબ્બો.

ધૂળનો ધફ્‌ફો = ધૂળનો ઠમકો.

ધફ્‌ફોટ (ધફોટ) સ્ત્રી. રેતાળ જમીન.

ધફ્‌ફોયેલ વિ. લુગડાંને સુકાવા પછી કૂંડી કરી પહેરવા લાયક બનાવેલ હોય તેવું.

ધફ્‌ફોવું સ. ક્રિ. ધોવું; ક્રિયાવવું.

મોળો ધફ્‌ફોયો ભારે ચાકળો,
ખોળાનો ખૂટનાર ધોને ઘનાદે. લોકગીત

ધબ ૧. પું. જોરદાર ઘાંત થઈ જવું તે; બંધ પડી જવું તે; સાવ ઠપ્પ થઈ જવું તે.

૨. પું કોઈ પદાર્થ ઊંચેથી નીચે પડતી વખતે થતો અવાજ

ધબ દઈને = (૧) એકદમ; ઉતાવળે. (૨) સાફ. ખુલ્લેખુલ્લું.

૩ પું ધોલી ચાપડનો અવાજ.

૪. વિ. આંધળા; દેખે નહિ એવું. આ શબ્દ આંધળું શબ્દની આગે વપરાય છે. જેમકે, આંધળું ધબ.

૧. આંધરું ધબ = સંપૂર્ણ આંધરું.

૨. ચશ્મે ધબ = (૧) ચશ્મા પહેરેલું. (૨) જોઈ ન શકે તેવું.

૩. દીવો ગયો એટલે આંધરું ધબ = (૧) કોઈ પ્રતાપી પુરુષની હકૂમતમાં જે અવ્યવસ્થાવાળી હોય તે તેના ગયા પછી નષ્ટ થવાપણું. (૨) દહાડો તો બહુ ટકુમણ આવે પણ રાત પડી એટલે તો ધબાય નમઃ જોવું જોવું દેખાવું તે

૫. વિ. કાળું.

૬. જ. કોઈ પડવાનો અવાજ.

૭. જ. બંધ પડ્યું કે સમાઈ ગયું કે સત્યાનાશ થઈ ગયું હોય તેમ.

ધબક ૧. સ્ત્રી. આઘાત.

૨. સ્ત્રી. ધબકારો.

૩. સ્ત્રી. ભારે ચીજ ઉપરથી નીચે પડતાં થતો અવાજ.

૪. સ્ત્રી. ફોક ખાઈ જવી તે; સંકોચ

૫. જ. ધબ ધબ થાય એવી રીતે

ધબકધબક જ. ધબકારાનો અવાજ.

ધબકવું ૧. અ. ક્રિ. ચમકવું

૨. અ ક્રિ. ધબધબ થવું; ધડકવું; ઊછળવું; કંપવું; ધ્રૂજવું.

મને લે જાહાં આ જગતજનની સાથ રમવું;
અને ત્યાં કેવા હૃદય ધબકારે ધબકવું. પ્રસ્થાન

ધબકાર પું. ધબધબ અવાજ; ધબકારો; ધબાકો.

ધબકારો ૧. પું. આઘાત.

આંતરિયામાં માયુ ને ધબકારાથી બીવું = મુશ્કેલીમાં આવ્યા પછી તેનાથી ડરવું નકામું; આવી પડેલી મુશ્કેલી સહન કરવી જોઈએ.

૨. પું. જોર; વેગ.

૩. પું. જોરથી ને નીચે અથડાતો થતો અવાજ; ધડાકો.

૪. પું. ભારે ચીજ ઊંચેથી નીચે પડતાં થતો અવાજ.

૫ પું લોહીના ભ્રમણથી નાડીમાં લાગતો ધડકો; ધડકારો. જેમ પ્રાણીનું હરીફ જોકું તેમ ધબકારા ઓછા હોય છે. હાથીની નાડીના ધબકારા ૧ મિનિટમાં ૨૫, બકરીની અંદરની નાડીના ૧૭૫ હોય છે. સ્ત્રીની નાડીના ધબકારા પુરુષ કરતાં વધારે હોય છે. સિંહની નાડીના ધબકારા ૧ મિનિટમાં ૪૦ હોય છે, બકરીના ૧૮ હોય છે ઘોડાના ૪૬ બકરીના ગાભણા ૫૬, બેટાના ૬૮ બકરીના ૮૦ ધબકારા હોય છે જુદી જુદી અવસ્થા, સ્થિતિ અને ઉમરના પ્રમાણમાં પ્રત્યેક મિનિટમાં સ્ત્રીપુરુષની નાડીના ધબકારા નીચે પ્રમાણે છે

અવસ્થા	ધબકારા
તરતના જન્મેલ બાળકમાં	૧૪૦
નવ વરસની ઉમરે	૧૦૦
કાચી વયમાં	૯૦

અત્યંત દયનીયસ્થિતિમાં	૭૫થી ૮૦ (નબળાઈને લીધે)
પુખ્ત ઉંમરે	૭૫
૬૦વર્ષમાં	૭૦
ઊભા હોઈએ ત્યારે	૮૦
બેઠા હોઈએ ત્યારે	૭૦
સૂતા હોઈએ ત્યારે	૬૬

ઉંમર વર્ષ	પુરુષ	સ્ત્રી
૨થી ૭	૯૭	૯૮
૮થી ૧૪	૮૪	૯૪
૧૪થી ૨૧	૭૬	૮૨
૨૧થી ૨૮	૭૩	૮૦
૨૮થી ૩૫	૭૦	૭૮
૩૫થી ૪૨	૬૮	૭૮
૪૨થી ૪૯	૬૦	૭૭
૪૯થી ૫૬	૬૭	૭૬
૫૬થી ૬૩	૬૮	૭૭
૬૩થી ૭૦	૭૦	૭૮
૭૦થી ૭૭	૬૭	૮૧
૭૭થી ૮૪	૭૧	૮૨

ધબકાવવું ૧. સ.ક્રિ. ગાતું નાખવું; વધારે ઉમેરવું.
૨. સ.ક્રિ. ધબકારો કરવો.

ધબકું સ. માટીની ચાપેલી નાની ઢોડી.

ધબકો પું. ધબધબ અવાજ; ધબકારો.

ધબડક (ધબડકે) ૧. સ. ખરાબ પરિણામ.
૨. સ. ગજરામણથી ન બોલાય તેવી સ્થિતિ.
૩. સ. ઘોર અંધારું.

ધબડકો (ધબડો) ૧. પું. અંધારું; ઘનઘોર.
૨. પું. ઉપરાઉપરી ધબધબ થતું તે; ધબ બેસવો અવાજ.
૩. પું. ઊંધું કરી નાખવું તે; ઓચિંતું ઓક બેતરવું તે; ઓકદમ કરી નાખેલો ગોટાળો.
૪. પું. ઓકદમ ભયું નકામું થતું તે; મીંડું વળવું કે ખરચો વળવો તે.
૧. ધબડકો વળવો = (૧) ખરાબ થવું. (૨) ગોટાળો થવો.
૨. ધબડકો વાળવો = ખરાબ કરી નાખવું; જેમાં કંઈ મતલબ પડે નહિ એવો ગોટાળો કરી નાખવો.
૩. સલાહ વિના ધબડકો = જબરામાં સલાડો ખરાબ તેવી વસ્તુ ન હોય તો જબરામાં પૂરતો સંતોષ થાય નહિ.

ધબડધબડ (ધબડેધબડ) અ. વારંવાર ધબધબ અવાજ થાય તેમ.

ધબડધોબા (ધબડધોબ) અ. ગોટા જેવામાં.

ધબડવું (ધબડવુ) ૧ અ.ક્રિ. મોજે બેસવી રેવું; ધબોડવું; મોજે વાસવું.
૨. અ.ક્રિ. ખેલે કાજે ધબધબ મારવું.

ધબડાવું (ધબડાવું) ૧. સ.ક્રિ. ખૂંદાવું; કચરાવું.
૨. સ.ક્રિ. ઉતરાવું; ઠલાવું.
૩. સ.ક્રિ. નહિ બોલતી ચીજ પરાણે મારે આવે તેમ થવું.

ધબડું સ. (કચ્છી) ઢાલવું તે.

ધબધબ ૧. પું. જોર કારે અને પોચી ચીજ પડવાનો અવાજ; પછડાટી.
૨. પું. ભારે અને મોટા માણસના પગનો અવાજ; પગથી થતો ધબકારો.
૩. પું. ધબધબ થતો અવાજ; એક પછી એક ધબકાર થયા કરવો તે.

ધબધબવું સ.ક્રિ. ધબધબ અવાજ કરવો.

ધબધબાટ ૧. પું. છાતી ખોલવી તે; નાડીનો ધબકારો; નાડી ચાલવી તે.
૨. પું. ધબધબ અવાજ.
૩. પું. જોરો અવાજ.

ધબધબાટી ૧. સ્ત્રી. ગામમાં વેગ હોવાપણું; જોરથી કરાતો ગામનો ઊહેલ.
૨. સ્ત્રી. ધબોધબ થતા અવાજની પરંપરા.
૩. સ્ત્રી. મૂઢ મારની મારામારી.

ધબધબાવવું ૧. સ.ક્રિ. ખૂબ રેડવું.
૨. સ.ક્રિ. ધબધબ કરવું; ધબધબ અવાજ કરવો.

ધબધબો પું. ઉંચેથી નીચે પાણીનો પડતો પ્રવાહ; ધોધ. પાણીના મોટા જથ્થાનું નીચે વહી પડતાં થતું ધબાધબાવાળું વહેણ. જેમકે, મેરસપ્પાનો કે નાયગરાનો ધબધબો.

ધબધૂસ પું. (કચ્છી) જોર બાબત ડાળી દેવી તે.

ધબરાહટ સ. અંધારું

ધબલ ૧. વિ. જડ; મૂર્ખ
૨. વિ. મંદ; જડ બુદ્ધિનું.

ધબલિહાઈ ૧. સ્ત્રી. જાડી ચોટી.
૨. સ્ત્રી. બહુતના જેવો લાંબો બાવરો.

ધબલ્લા ૧. [વિ.] પું. કમર નીચેનો ભાગ ઢાકણને પહેરવાનું ટીલું વસ્ત્ર; ટીલો પાયજામો.
૨. પું. ચીંથરો; પાવરો.

ધબ્બું ૧. અ.ક્રિ. ઊંધું જવું.
૨. અ.ક્રિ. પડવું
૩. અ.ક્રિ. પાણીમાં તરવું.
૪. અ.ક્રિ. બંધ પડી જવું
૫. અ.ક્રિ. માટીને આકાર પડ

૬ અ.ક્રિ. દશાવસ્થાની નબળાઈને લીધે ધબ્બું બોલ્યા વગર મરી જવું; છત્ર જવો તે બોલિયું ઔંધ ઊપર પડવું; ઢબવું.
ધબી જવું = મરી જવું; પડી જવું; બસી જવું.
૭. સ.ક્રિ. ધાબવું; નાખવું; બોસવું.
સાવજના નહોર જેવો જમૈયો ભેટની માલીપા ધબ્યો છે. દાદાજીની વાતો
૮. સ.ક્રિ. બીજાને બોલું.
૯. સ.ક્રિ. ઢીલાળું કાઢવું.
૧૦. સ.ક્રિ. ધબધબ ધબાટો કે ધપ્પા મારવા.
ધબી નાખવું = (૧) ખૂબ મારવું; પીબવું. (૨) મારી નાખવું

ધબ્બાઢ ૧. પું. પડવાનો અવાજ.
ધબ્બાઢ દઈને = ઓચિંતા; અચાનક.
૨. અ. ધબ જેવો અવાજ થાય તેમ.

ધબ્બાઢો પું. ધબકારો; ધબ દઈને થયેલો મોટો અવાજ.

ધબ્બાધબ્બ ૧. સ્ત્રી. ધબ્બા મારવા તે.
૨. સ્ત્રી. પછડાપછડા; ઉપરથી નીચે કર્યા કરવું તે.

ધબ્બાધબ્બી ૧. સ્ત્રી. ધબાધબ થતો અવાજ.
૨. સ્ત્રી. મારકૂટ; સામસામી મુક્કા મારવાની ક્રિયા; હાથના પંજાની મારામારી; ધબધબ અવાજ સાથે મારામારી.

ધબ્બાધબ્બી સ્ત્રી સુરત તરફ રમાતી એ નામની દેશી રમત; દડીમારની રમત.

ધબ્બાય નમઃ ૧. સ. અટકી પડવું તે; પડી ભાંગવું તે.
૨. સ. અંત; અર્થ ચૂક્યું તે; કંઈ નહિ એવું અર્થ રહેવું તે.
ધબ્બાય નમઃ થવું = સપત્તિ નાશ પામવી.
૩. સ. અંધારું.
૪. સ. મોટાળો; ગબડાટ
૫. સ. ઠોક ઘનિનું બનવું તે.
૬. સ. ભોંઠા અવાજથી પડવું તે.
૭. સ. મરી જવું તે.
૮. સ. મીંડું; શૂન્ય, શૂન્યતા; ધબડકો.
૯. વિ. તદ્દન બાયલું; સાવ સુને નહિ એવું
૧૦. સ. ફૂટપ્રકાર; અંધારા જેવું
૧૧. અ.ક્રિ. આખે દેખાવું બંધ થવું.
૧૨. સ.ક્રિ. કાને સાંભળવાનું બંધ થવું.
૧૩. સ.ક્રિ. દીવેલ ખૂટી જતાં અંધારું થવું. કોઈ પણ ચાલતી ક્રિયા બંધ પડે છે ત્યારે એ વપરાય છે.

ધબ્બાલું સ. મોટું ભેટોળા જેવા વજનનું બાંધિયું પાપડ.

ધબાવવું સ ક્રિ. ગભરાઈ જવું; સ્તબ્ધ થઈ જવું.

ધબાંગ અ. પાણીમાં ઊંચેથી પડવાથી થતો અવાજ.

ધબાંગ કરીને પડવું = પાણીમાં ધૂબકો મારવો

ધબૂરવું ૧ સ ક્રિ. ગોટમોટ કરવું; ઠંડી ન લાગે તેટલા પ્રમાણમાં ઓઢાડવું.

૨. સ. ક્રિ. ચાળવું; ઠીબવું.

ધબૂસી ન. પહોળા તળવાળું જહાજ.

ધબૂસો [સં. દમ્ (ફાળવું)] પુ. (વહાણવટું) ઊડારના પાછળના ભાગમાં આવેલો બીજો નાનો ઊડાર.

ધબેડણું (ધબેડવું) ૧. ન. (કચ્છી) ડાબી કેડ તે.

૨. ન. (કચ્છી) મારવું તે.

ધબેડવું (ધબેડવું) ૧. સ ક્રિ. ઊતરવું.

૨. સ. ક્રિ. ઝૂડવું, માર મારવો, હાથથી મારવું.

૩ સ ક્રિ. વધારે પડતું નાખવું. જેમ ઉમરો કરવો.

૪. સ. ક્રિ. સંભોગ કરવો.

ધબેડુસેને અ (કચ્છી) ખૂબ ડાબી ડાબીને

ધબ્બો પું. વત્સામાં મારેલ મુક્કો, મૂઠો, મુક્કો.

ધબ્બોડણું (ધબ્બોડવું) જુઓ ધબેડણું.

ધબ્બોડવું (ધબ્બોડવું) ૧. સ ક્રિ. ઊતરવું.

૨. સ. ક્રિ. પોચે હાથે ધબધબ થાય એમ મારવું, ધબ્બા મારવા; હાથથી મારવું.

૩. સ. ક્રિ. સામા માણસને આમતેમ ઘસળવી તેને બરાબરી કેર મળે તેરવી રેવું.

ધબોધબ ૧. અ. ઉપરાઉપરી ધબાકારા સાથે.

૨. અ. સપાટાબંધ, જલદી; ઉપરાઉપરી ધબધબ થાય તમ.

ધબોધબ્બ જુઓ ધબોધબ.

ધબોલાં ન બ ન મેદથી શરીર ખૂબ વધવું તે.

ધબોલું જુઓ ધબ્બલ.

ધબોવવું સ. ક્રિ ઘીનવું; ઘોબલો પાડી નાખવો; કપડું પલાળી તેને નાના ઘોકાથી ફેરવી ફેરવીને કાઢવું

ધબ્બલ ૧. વિ. મૂર્ખ; કમઅક્કલ; બેવકૂફ; મંદ બુદ્ધિનું.

૨. વિ. શરીરે ખૂબ જાડું; સ્થૂળ શરીરવાળું. પુષ્ટ.

ધબ્બલચંદ પુ. જાડો, મૂર્ખ અને અણસમજુ માણસ.

ધબ્બલરાજા જુઓ ધબ્બલચંદ.

ધબ્બા ૧. [વિ.] પું. કલંક; દોષ; ઐબ.

૨. પું. ડાઘ; ઝરડો.

૩. પું. તાંબું.

૪ પું. ચાંલ્લા; ચિહ્ન; નિશાન.

ધબ્બાધબ્બી સ્ત્રી. ધબાધબ; ધબાધબી; મારામારી. સામસામા ધબ્બા મારવા તે; ધબ્બધબ્બા કરવી તે.

ધબ્બાધબ્બો જુઓ ધબ્બાધબ્બી.

ધબ્બા ૧ પું ટપકું

૨. પુ. ડાઘ; કલંક.

૩ પુ. દિવેલીનો.

૪. પું. ધબ્બો, ચપટા હાથની વાંસામાં મારેલ ચાપટ; મુક્કો.

૫. પું. નુકસાન; ખોટ.

૬. પું. બદનામી; નામોશી.

૭. પું. ખૂણ.

ધબ્બાગર પુ (કચ્છી) ઘીના કૂપા બનાવનાર માણસ, કમગર.

ધબ્બાડ પું. (કચ્છી) રાબ ઉપર ઘરબારી માટી મૂકી દાટવું તે.

ધબ્બી સ્ત્રી. (કચ્છી) ઘી કે તેલ ભરવાની કુલ્લી.

ધબ્બો જુઓ ધબ્બી.

ધબ્બો ૧. પું. (કચ્છી) ઘી ભરવાનું ચામડાનું બનાવેલું કુલ્લું.

૨. વિ પું. (કચ્છી) બબ્બો.

ધમ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ભૂંજણી, ધમણ વગેરેથી ફૂંકવું; ધમવું. તે ઉપરથી બનેલ શબ્દો ધમણ, ધમવું, ધમ.

ધમ ૧. [સ] પુ. કપૂર.

૨. પું કૃષ્ણ.

૩. પું (કચ્છી) ખોટી વાત.

૪ પુ ચંદ્ર.

૫ પુ ઢોલ વાગતા થતો અવાજ.

૬. પું (કચ્છી) દમ; શ્વાસ.

૭. પું. નરઘાંની જોડીમાંના બાયાનો અવાજ.

૮. પુ. પરબ્રહ્મ; પરમાત્મા.

૯. પુ બ્રહ્મા.

૧૦. પુ. ભારે ચીજ પડતાં થતો અવાજ.

૧ ધમ ધોકો ને આપ મચ્યા = મારઃ ચૌદમુ રત્ન ધમ દઈને ધોકો મારે અને તેથી જો ન રડે તો આપ મચ્યા આપી ખુશ કરે. તે ઉપરથી કોઈ વહાલું બાંકું બાલતું હોય ત્યારે તેને સીધું કરવાના ઉદ્દેશમાં પણ આમ બબડતાં બોલાય છે.

૨. ધમ પંચરોડી = (૧) ધારણામાં ન રહે એવું ઝાટલું, ખટલૂટ ભગનું ઝાટલું. (૨) માયકૂટનું કામ; જેમાં કાંઈ સાર ન હોય એવું બાકી કપાળ ફૂટવા જેવું જબ્બે વહેમનું કામ

૩. ધમ પાંચરોડી લેવા = (૧) ધમધમાવી નાખવું, ગબ્બત કોક દેવા. (૨) પંચરોડીથી ધમધમ કૂટવું. (૩) લોકોની નિંદા કરી કે ફજેતા વહોરી માથું કૂટવા કરવું

૧૧. પુ. મુક્કો કે એવા પદાર્થથી પોલા ભાગ ઉપર મારવાથી થતો અવાજ.

આગળ બુદ્ધિ વાણિયો, પાછળ બુદ્ધિ બ્રહ્મ;
વરચ બુદ્ધિ વરણકે, મુખો મારે ધમ.
લોકોક્તિ

૧૨. પુ. ધમ.

૧૩. ન. ઢોલતા ધમ જેવો અવાજ નીકળે એવું વાજું; ઢોલ; નગારું.

૧૪. વિ. ઢોલ કે પડઘમના અવાજ જેવું.

૧૫ વિ. ફૂંકનાર; ધમનાર.

૧૬ વિ. શબ્દ કરનાર.

૧૭. અ. જોરથી. ઉતાવળથી.

૧૮. અ. ધમ અવાજ સાથે.

ધમક ૧. પું. પીંજરો

૨. પું. ભારે વસ્તુ પડતાં થતો અવાજ.

૩. પું. ગુદાર.

૪. સ્ત્રી. આઘાત; ચોટ.

૫. સ્ત્રી. આઘાત વગેરેથી ઉત્પન્ન થતો કંપ કે ત્રિયસતા.

૬. સ્ત્રી. આડંબર; ખોટો ડોળ.

૭. સ્ત્રી. ચાલતા પગનો થતો અવાજ.

ધમધમ અતિ ધમક, ઠમક પદ પૂપર,
પમપમ દમ સમ હોત પરા.
બ્રહ્માનંદ

૮ સ્ત્રી જોશ; રોપ, આવેશ; જોમ.

૯. સ્ત્રી. તેજ, પ્રભા, ચમકાટ.

૧૦. સ્ત્રી. તોર; તનમનાટ; ઉત્સાહ.

૧૧ સ્ત્રી. દમ, શ્વાસ. પાણી.

૧૨ સ્ત્રી. ધમકારો; ધડક.

૧૩ સ્ત્રી ધમકો કર

૧૪ સ્ત્રી. પડઘો

૧૫ સ્ત્રી ભભકો; ભપકો.

૧૬. સ્ત્રી ભભ્ય દેખાવ; રોફ, રૂઆબ; દમદમાટ; દબદબો.

૧૭ સ્ત્રી. મહત્તા

૧૮. સ્ત્રી. માથાનો દુખાવો.

૧૯ સ્ત્રી મુસીબત; ખુવારી; મુસીબત; સોડમ.

૨૦ વિ. તેજદાર; તેજસ્વી.

૨૧. વિ. ધમધમ થાય તેવું

૨૨. વિ. ધમનાર; ફૂંકનાર.
૨૩. અ. જોરથી; ઊભા.ઘ્યી.
૨૪. અ. ધમકારે.

ધમકધમક જી. ગભરાટ સહિતને બતાવાતો ફફડાટ, વેગનો ધમધમાટ; ઉપરનો ઝબકારો.

ધમકમેર અ. જોરથી; ઝપાટાબંધ; વેગવંત.

ધમકવું ૧. અ. ક્રિ. ઝગકી કે ચળકી મારવી; સૌંદર્ય ઊઠવું; ઝબકારા થવો; પ્રકાશવું.

ઘટાં ધમધમ ધમકે રે,
ઘર્યું ઝૂકે ઝલ રે. નરસિંહ

૨. અ. ક્રિ. અરમનવું; પ્રેમવું; કંપવું.
૩. અ. ક્રિ. ધમધમ થવું; ધમ એવો ઓચિંતો અવાજ થવો; વાગવું; છમકવું.
૪. અ. ક્રિ. રહી રહીને દર્દ થવું; વ્યથિત થવું.
૫. અ. ક્રિ. સુમ્પી આવવી; ઝબઝબવું; ધમધમવું.
૬. અ. ક્રિ. હુમલો કરવો.

ધમકા ૧. [હિ] પું. ભોંય જારે વસ્તુના પડવાથી થતો અવાજ.
૨. પું. ધણી ગરમી.
૩. પું. ધમકી.
૪. પું. પ્રેમવું તે; ધમકારો; ધડક.
૫. પું. હાથપત્ર પછાડવાથી થતો અવાજ.

ધમકામણી જી. ધમકી; ઠર.

ધમકાર ૧. પું. ધમ એવો અવાજ; ધમકારો; ધમધમ થવું તે.
૨. પું. ધમકા; જોસ.

ધમકારો ૧. પું. ધમકા, જોસ.
૨. પું. ધમકાર; ધમકારો; ધમધમ થવું તે.

ધમકાવણી જી. ધિક્કારણી; ઠરામણી; ધમકી.

ધમકાવવું ૧. સ. ક્રિ. જોરથી ક્રમ ચલાવવું.
૨. સ. ક્રિ. જોરથી ને મોટથી બોલીને ભય દેખાડવો; મોટી શિક્ષા કરવાનો ભય બતાવવો; ધિક્કારવું; ઠરાવવું.
૩. સ. ક્રિ. ઠરી કે પ્રેમ ભય એમ કરવું; ધમકી આપવી; ઠપકો દેવો; ધમકાવવું; ધડધડાવવું.

ધમકાહટ જી. ધમકી; ઠરામણી.

ધમકી ૧. જી. ચેતવણી.
૨. જી. ઠપકો; ઠર; શિક્ષા કરવાનો ભય દેખાડવો તે; ધારણી; રોફ; ઠરાવવું તે.
૧. ધમકો આપવી = (૧) ચેતવણી આપવી. (૨) ભય દેખાડવો.
૨. ધમકીમાં આવવું = બીકથી બી જઈ જોઈ કામ કરી બેસવું.

ધમકીપત્ર પું. ધમકીનો પત્ર; નિશ્ચયપત્ર; અંગ્રપ્રતિજ્ઞા; ' અલ્ટિમેટમ.'

અલ્ટિમેટમ એટલે નિશ્ચયપત્ર અથવા ધમકીપત્ર તે વકીલના ઇરાદાથી જ મોકલવામાં આવે છે. ગાંધીજી

ધમકીલા [હિ.] પું. ચળકતો રંગ.

ધમકો ૧ પું. ભોંયના ધરમા પેસી કાંઈ ચીજ ચુપચાપીને ચોરી જવી તે.
૨. પું. ગડદો; પીમકો, ધબ્બો; જોરથી મારેલી મુક્કી.
૩ જી. જલદી સમજ જી.

ધમ કોરડો (ધમ કોગ્રે) પું. ચેટકાદ તરફ રમાતી એ નામની એક દેશી રમત; દમ કોરીલો.

ધમખલાસ પું. (વહાણવટું) તળિયામાં ભરાવી પડવાને બદલે વહાણના સૌથી નીચે તળિયે રાખેલા બોજના જેવા સીધા અને ભારે લાકડાને ઊંચું કરવાનો ઘરસો; ઊંટડો; ' જૅક-સ્ક્રૂ.'

ધમખલી જી. એ નામની એક દેશી રમત; ખોલિકસ્તુ.

ધમગજર ૧. [હિ.] પું. ઉપાત; ઉપદ્રવ.
૨. પું. લડાઈ; યુદ્ધ.

ધમઝમાત જુઓ ધમધમાટ.

ધમચકડ (ધમચકડ) ૧. જી. ઉધમાત; તોફાન; મારામારી.
૨. જી. ધમધમ થાય તેમ ધુમાવું તે; ગડબડ; મસ્તી, ધાંધલ; ધમાલ.
૩. જી. બહુ ઉતાવળે બહુ માણસોનું મોટેથી બોલવું તે.
૪. જી. લડાઈ.
૫. અ. ખૂબ ઉતાવળે; ઉતાવળથી; ઝપાટાબંધ કાઈ ભય એમ.

ધમચકડી (ધમચકડી) જુઓ ધમચકડ.

ધમચકરડી (ધમચકરડી) જુઓ ધમચકડ.

ધમચકરી જુઓ ધમચકડ.

ધમચી જુઓ ધમચકડી.

ધમચૂર્ણ પું. એક પ્રકારનો દારૂ. તે કોલસાની ભાણ બોદ્યામાં બહુ ઉપયોગી નીવડે છે. એ દારૂ ફોડતી વખતે આસપાસની જગ્યામાં પાણી છાંટવું જરૂરનું છે.

ધમડાઢા (ધમડાઢ) પું. એ નામનો એક પ્રદેશ.

બાર દેશ બલહિલવાડના ચોલકોએ કબારે ઢાબો તેની માહિતી ધમડાઢામાંથી મળેલા બે તામ્રપત્રો આપે છે. મુ. સા. પરિષદ

ધમડાણિયા (ધમડાણિયા) ૧. જી. કબૂતરોની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ધમડી (ધમડી) જી. (કચ્છી) દમડી.

ધમણ ૧. જી. જોરથી અગ્નિનું બળવું તે.
૨. [સં. ધમની] જી. ધમની; ન.વી.
૩. જી. પવન ફૂંકવાનું એક સાધન; પવન ભરવાને અને જોરથી પાછો ફૂંકવા માટે પહોળું થાય ને બિડાય તેવું ચામડાનું કોથળા જેવું પત્ર; સોની, સુથાર વગેરે લોકો પોતાની ભઠ્ઠીના અગ્નિનો જોર વધારવાને સાંખી નાળવાળું અને ચામડાના બે બાજુ પડવાળું ક્રામે બનાવે છે તે સાધન. તેનો ઉપરનો છેડો એક લાંબા વાંસ સાથે સમતોલ હોય છે ને વાંસનો બીજો છેડો નીચે બેસવાથી ધમણ પોલી થાય છે એટલે પવન ભરાય છે. તે દબાવવાથી પવન અગ્નિને લાગે છે.
૪. જી. પ્રસારણ અને ગાડી કરાય એટલે વળાંક એવું ગાડી ઉપર રાખવાનું ઢાંકણ કે છત; ગાડી ઉપર કરાતો ચામડાનો પડદો; બગીનો ઓઢો. તેથી તડકો, પાણી આવતાં નથી. તેને બંને બાજુએ બારીઓ હોય છે, જેથી તે ચડાવવામાં અને પાડી નાખવામાં આવે છે.
૫. જી. રમવા માટે લુહારનો કરેલ મોટો દડો.
૬. જી. ચાસણી.
૧. ધમણ બેસવી-ચલાવવી-ધમવી = (૧) દમ લેવો; ફેફસાંથી શ્વાસ લેવો. હાં કેમ બોલી શકું, વેણ બતો શકું, ધમણ ધમતો રહું, શ્વાસો-પ્રાસે.-નરસિંહ (૨) ધમણ ચલાવવી
૨. ધમણ ચલાવી = જોરથી શ્વાસ ચાલવો.
૩. ધમણ ધમવી = (૧) બેહની બેઠ વાત કરવી. (૨) નકામી બોલબાલ કરવી.
૪. શરીરની ધમણ = ફેફસાં.
૭. જી. ચાસોચ્છ્વાસ.
૮. જી. દિલમાં બતો એક ભાતનો સર્પ.

ધમણ ફેંકું ન. ગોદિલવાડ તરફ રમાતી એ નામની એક દેશી રમત. તેને ધમચી ફેંકું પણ કહેવામાં આવે છે. આ રમતમાં રમનારાની સંખ્યા દસ કે તેથી વધારે પણ બેકી સંખ્યા જોઈએ. રમવા માટે જેરીમાં ખુલ્લી જગ્યા કે ખુલ્લું મેદાન જોઈએ. તેમાં પ્રથમ પગ વડે ધૂળનું દસ હાથનું વ્યાસનું ગોકું કૂંડાળું કરવું. રમનારાની સંખ્યા વધારે હોય તો તેથી પણ મોકું કૂંડાળું કરવું. જેર પાડવાની રીત પ્રમાણે રમનારાના બે જથ્થા પાડી તેમાંથી એક ટોળાને માથે દાવ કરાવવામાં આવે છે. દાવવાળી ટોળી કૂંડાળાની બહાર ઊભી રહે ને બીજા ટોળાવાળા કૂંડાળામાં

રહે. પછી હાથવાળી ટોળીમાંથી એક જણ કૂંડાળામાંના છોકરાઓને અડવા કૂંડાળામા દોડે. તે ધમચી કરે કે તેલમાં કૂંડું. તેલ તડી તડી, કે માર જડી જડી, વગડે વીછી, મોરના પીછી, મોરમા મોર, લાખ મણા કાબરિયા ચોર એમ બોલતો બોલતા શ્વાસભેર દોડી કૂંડાળામાંના કોઈ છોકરાને અડી બહાર નાસી જાય. આ પ્રમાણે તે જેને અડે તે છોકરો રમતમાંથી દૂર થાય અને બહાર બેસે. જે શ્વાસ ન મૂકવો હોય તો તે જ વખતે બીજા છોકરાને પણ અડી શકાય. પણ શ્વાસ મૂકવો હોય તો બહાર નીકળી જઈ ફરી આવવુ પડે શ્વાસ ન મૂકવો હોય ને બીજા છોકરાને અડવા દોડે તો તે વખતે બોરી બોરી ચણેલા, દૂધી તારા મણેલા એમ બોલે. ચાલુ શ્વાસે ત્રીજાને અડવા જાય તો ગજડી ગુંજની વેલ, વાહુ બાવળ કાંકુ તેલ એમ બોલે. ચોથાને અડવા જતાં ધમચી બાવન વીર, બેંચુ તરવાર કે તાડુ તીર એ પ્રમાણે બોલતો બોલતો અડવા દોડે. આ પ્રમાણે જેટલા છોકરાને તે અડે તે બધા રમતમાંથી બાતલ થાય ને કૂંડાળામાંથી દૂર જઈ બેસે. જે છોકરો કૂંડાળામાના છોકરાઓને અડવા આવ્યો હોય તેને કૂંડાળામાંના છોકરા કૂંડાળામાં પકડી રાખે તો તે દાવ ગયો ગણાય અને તે બેગણો બેસે. પછ તેને કૈકાણે હાથવાળી ટોળીનો બીજો છોકરો કૂંડાળામાના છોકરાઓને ઉપર પ્રમાણે બોલી અડવા જાય. આ પ્રમાણે રમતાં જે ટોળીના બધા છોકરા રમતમાંથી દૂર થાય તે ટોળી હારી કહેવાય, એટલે હાથવાળી ટોળી જો કૂંડાળામાંના બધા છોકરાને અડી રમતમાંથી દૂર કરી શકે તો તે જીતી કહેવાય ને કૂંડાળામાં પેસવાનો તેના વારો આવે અને કૂંડાળા માહેના બહાર નીકળે. પણ કૂંડાળાની અંદરના છોકરા બહારના બધા છોકરાને અંદર પકડી લઈ રમતમાંથી દૂર કરે તો તે ટોળી જીતી કહેવાય ને તેની તે કૂંડાળામાં રહે અને હાથવાળી ટોળીને માથે દાવ કાયમ રહી ફરીથી કૂંડાળા બહાર રહેવુ પડે.

ધમણગોટીલો પું એ નામની બાળકોની એક દેશી રમત.

ધમણવું ૧. સ. ક્રિ. ધમણથી ફૂંકવુ, પવન ફૂંકીને અગ્નિ સળગાવવો; ધમણથી અગ્નિ પ્રજ્વલિત કરવો.

૨. સ. ક્રિ. કુગરાવવું; ભાજી નાખવુ.

૩. સ. ક્રિ. યંત્રમાં પવન ભરવો અને બહાર કાઢવો; ધમણ ચલાવવી; પવન નાખ્યા કરવો.

૪. સ. ક્રિ. સતેજ રાખ્યા કરવુ. ઠંડુ પડવા ન દેવુ; ઉત્તેજન આપ્યા કરવું; ઉશ્કેરવુ.

ધમણાર ન. મધ્યભારતમા આવેલું એ નામનુ એક સ્થાન. તેનુ પ્રાચીન શિલ્પકામ વખણાય છે.

ધમણિયા પું. બ. બ. ખૂબ મોટા ફલા. તે ધમણની માફક ઊપસેલા હોય છે અને તેમાંથી ધમણની જેમ પવન છૂટે છે.

ધમણી ૧. સ્ત્રી. ધમની; પોરી નાસ.

૨. સ્ત્રી. ફૂંકણી, ભૂગળી; ધમવાનુ સાધન.

ધમણું ૧. ન (દેશ્ય) પવન ફૂકવો તે.

૨ વિ. ધારીલું, સુદર

ધમતાળી સ્ત્રી. ગડમથલ, ભાજગડ.

ધમધમ ૧. [સં.] પું. (પુરાણ) કુમારનો એ નામનો એક અનુચર. તે પાર્વતીના કોપથી ઉત્પન્ન થવાનું મનાય છે.

૨. પું. તંદુરસ્ત સુખી જુવાન માણસ.

૩. ન. ઢોલ; નગારું.

૪. ન, વગ અથવા ખૂબ જોર-થી ચાલવુ તે.

૫. અ. જોરથી.

૬. અ. ધસેડાટ કરતો અવાજ, જોરથી પગ પડતાં થતો અવાજ.

ધમધમતું ૧. વિ. ઉશ્કેરાયેલ; ધૂંવાપૂવાં થયેલ.

૨. વિ. ગરમ; ઊકળતું.

૩. વિ. ધમધમ અવાજ કરતુ; ધમધમાટ કરતુ.

ધમધમતી આગમ રાજના મહાપ્રાસાદમાં એકાએક સુધાકર જેવી ઊતરે. ઉદયકુમાર

ધમધમવું ૧. અ. ક્રિ. ગરમીનો જોસ વધી જવો; પ્રજ્વલિત થવું; ગરમ ગરમ થઈ જવું; બહુ ગરમ થવું.

૨. અ. ક્રિ. બફા તાપથી ધૂજ જવું; ધૂંવાપૂવા થઈ જવું; જોરથી બાઝણા પડી જવુ.

૩. અ. ક્રિ. ધોધાટ કરવો.

૪. અ ક્રિ. ધસેડાવું; ધમધમ થવુ.

ધમધમી ઊઠવુ એ ધમધમ થવુ; ધમધમાટી થવી. સાગર ગર્જના ને સંખ ગર્જનાના સમમ ધ્વનિથી અંતરિક્ષ ધમધમી ઊઠે છે.–ઉદયકુમાર

૫. અ. ક્રિ. ધમણથી ફૂંકવું; ધમણ હલાવવી.

૬. અ. ક્રિ. પૂજવુ; કંપવુ.

ધમધમા [સં.] સ્ત્રી. કુમારની અનુચર એક માતૃકા.

ધમધમાટ ૧. પું. આનંદ.

૨. પું. ઉતાવળ.

૩. પું. ગરબડ; ધાંધાધાંટ.

૪. પું. તીખાશ; ગરમી; ધમધમ થઈ જાય એવુ તે; ગરમી કે તેજનો ભાવ; ખૂબ મસાલેદાર હોવાપણાનો ભાવ. ઘણાકામાં ખૂબ મસાલો હોવાથી જે સ્વાદ લાગે તેને ધમધમાટ કહે છે.

૫. પું. તોફાન; ધિંગામસ્તી; ધાંધલ

૬. પું. દોર તોર; તેજ; દમ; રોફ; સખણમાટ; જોસનો ઉછાળો.

૭. પું. ધમણ કે ફરજ્યાદિના અવાજને મળતો ઝેરો રવાનુકારી શબ્દ

૮. પું. ધમધમ એવા અવાજનો ધોધાટ; ધમધમ થઈ રહેવુ તે.

૯. પું. પગથી.

૧૦. પું. ભપકો, દબદબો, દમામ.

૧૧. પુ. મહેક; સુગધ.

૧૨. વિ. ગરમ અથવા તેજ કરે એવુ; તીખું; ધમધમ થઈ જવાય એવુ આકરું.

૧૩. વિ. જોરદાર.

ધમધમાટી ૧. સ્ત્રી ઢામનો બોલે.

૨ સ્ત્રી. ચાલતા થતો અવાજ.

૩. સ્ત્રી, જમણવારમા ખૂબ રસ ઘઈ કરવામાં આવતો ઊહાપોહ.

૪. સ્ત્રી. તીખાશ; તેજી; ગરમી.

૫ સ્ત્રી. તોર; દોર.

૬. સ્ત્રી. મહેક; સુગધ.

૭. સ્ત્રી. મારપછાડ; તોફાન કરવું તે.

૮. સ્ત્રી. રમઝટ; રમતની જમાવટ.

ધમધમાયમાન [સં.] વિ. ઢાલનાર.

ધમધમાવવું ૧. સ. ક્રિ. ખીજવુ; ગુસ્સે થવુ.

૨. સ. ક્રિ. જોરથી કામ ચલાવવુ.

૩. સ. ક્રિ. જોરથી ફૂંકીને સળગાવવુ; જોરથી અગ્નિ વધારવો; ગરમ થાય કે ધમધમ થાય એમ કરવુ.

૪. સ. ક્રિ. ઠોક દેવો, માર મારવો; ધોકાવવું.

૫. સ. ક્રિ. ધમકો આપવી; ધમકાવવું; ઠપકો આપવો.

૬. સ. ક્રિ. ધ્રુજાવી નાખવુ; કંપાવવુ; ધ્રુજાવી કરી નાખવું.

૭. સ. ક્રિ. પ્રકાશિત રીતે બળે તેમ કરવું.

ધમધૂસર વિ. અતિ જાડું; રબૂજ; મેદસ્વી.

ધમધોકાર ૧. વિ. ભપકા; ચાલાક.

૨. અ. ઢામના કપાટાથી આસપાસ ધમધમાટ થઈ રહે એમ.

૩. અ. કપાટાબંધ; કપાટાબંધ; પૂર જોશમાં; હોંશ અને ઉતાવળ સાથે; એકદમ ઉત્સાહ ભરી ઝડપથી.

ધમન ૧. [સં.] પું. નલ નામે એક ઘાસ; ગરુ.

૨. ન. ફૂંકણી; ફૂંકવાનું સાધન.

૩. ન. ફૂંકવાનુ કામ; ધમવું તે; ધમણ.

ધમણિલાડી કૂકી

૪. ન. વાયુ પૂરવો તે.
૫ વિ. ફૂંક
૬. વિ ધમણથી ફૂંકનાર, ધમનાર.
૭ વિ બાળીને ભસ્મ કરનાર.

ધમનિ ૧. [સં.] સ્ત્રી. ગ્રોહ; ગરદન.
૨. સ્ત્રી ધમણ.
૩. સ્ત્રી નખતો, એક જાતનું સુગંધી દ્રવ્ય.
૪. સ્ત્રી નાડી; નસ; રક્તવાહિની; 'આર્ટરિ.'
૫ સ્ત્રી. પ્રહલાદના ભાઈ હ્રાદની સ્ત્રી; વાતાપિ અને ઇલ્વની મા.
૬ સ્ત્રી કુકણી, સૂરમણી, કુકવાની નળી.
૭ સ્ત્રી. શબ્દ; બાકડ; બાણી.
૮. સ્ત્રી. હજાદર.

ધમનિક ૧ ન. રજ્જુવિશેષ
૨ ન. બકાર્મમાં વપરાતું દાણા જેવું એક સાધન.

ધમનિકા ૧. કું (પિંગળ) એ નામનો એક સમદલ વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, નગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે. ૧ ૩ જ ના મળી જ ધમનિકા. રણછિયણ
૨ ી અતિ સૂક્ષ્મ ધમની
૩. ી. ભૂંગળા; રણશિંગું.
૪.૬ આને ધમનિકા કૂકી એરણે બીજા રોહકનો કાનણીમાંથી બહાર આવતા લાગ્યા.
કનૈયાલાલ મુનશી

ધમનિલ ૧. [સં.] વિ. ગોકળાળું.
૨. વિ ધમણવાળું.
૩. વિ. ધમની નાડીવાળું.
૪. વિ. હજાદરવાળું.

ધમની ૧. [સં] સ્ત્રી. ગ્રોહ.
૨ સ્ત્રી. ધમણ
૩ સ્ત્રી. ધમણની માફક ફૂંકની તથા ઝરોખાની નાડી; રક્તવાહિની; પોરી નસ; 'આર્ટરિ.' તેને રોહિણી પણ કહેવામાં આવે છે. તે પ્રાણવાયુ વડે શુદ્ધ થયેલા લોહીને હૃદયમાંથી શરીરના દરેક દરેક ભાગમા પહોંચાડે છે. જીવતા શરીરમાં તે લાલ રંગની અને મુદ્દામાં પીળાશ પડતા આછા લાલ રંગની દોય છે. તેની દીવાલ જાડી અને કઠણ દોય છે. એથી ધમનીઓમા કાપે લાલ ચણોઠી જેવુ શુદ્ધ લોહી વહે છે. તે કેફમાં શુદ્ધ થયેલા લોહીને રક્તાશયની ડાબી કર્ણિકામા અને ત્યાથી ફુપ્ફુસ માર્ગ વાટે ડાબી જઘનિકામા લાવી ત્યાથી આખા શરીરમાં ફેલાવે છે. શરીરની અંદર બધી મળીને ૭૦૦ વાહિની છે. તેમાં ૧૬ મોટી છે, તેને કેદરા કહે છે અને ૨૪ ધમની છે. સમુખ પ્રમાણે ૨૪ ધમની નાભિથી નીચળાને ૧૦ ઉપરની તરફ, ૧૦ નીચે અને ૪ બાજુમા જાય છે. ઉપર જતી ધમની દ્વારા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પ્રશ્વાસ, ઉચ્છ્વાસ, ભગાસું, છીંક, હસવું, રોવું, બોલવું ઇત્યાદિ બાબત થાય છે. એ ઊર્ધ્વગામિની ધમનીઓ હૃદયમાં પહોંચે છે ત્યારે જ્યાં ત્યાં શાખાઓમા વહેંચાઈ જતાં ૭૦ થાય છે. તેમાં ૨ વાતવહા, ૨ પિત્તવહા, ૨ કફવહા, ૨ રક્તવહા અને ૨ રસવહા છે. તે ઉપરાંત ૮ શબ્દ, રૂપ, રસ અને ગંધને વહન કરનારી છે. જેથી મનુષ્ય બોલે છે, જેથી જોવાજ કરે છે, જેથી સૂંઘે છે, જેથી ભમે છે, જેથી અનુ વહે છે, બે બીજા રસનમાં દૂધ અને પુરુષના શરીરમાં શુક્ર પ્રવર્તિત કરે છે. અધોગામિની ધમનીઓ વાત, મૂત્ર, પુરીષ, વીર્ય, આર્તવને નીચે લઈ જાય છે. આ ધમનીઓ પહેલાં પિત્તાશયમાં જઈ આમાશયપક્વાશય રસને ઉષ્ણતાથી શુદ્ધ કરીને ઊર્ધ્વગામિની અને તિર્યગ્ગામિની ધમનીઓમાં તથા આખા શરીરમા પહોંચાડે છે. આ ૧૦ અધોગામિની ધમનીઓ પણ આમાશય અને પક્વાશયની વચ્ચે પહોંચી ત્યાં ત્યાં જાઠરમાં વિભક્ત થઈ ૩૦ થાય છે. તેમાથી બે બે ધમનીઓ વાયુ, પિત્ત, કફ, રક્ત અને રસનું વહન કરવા માટે છે. આંતરડાને લાગેલી બે ગુદવાહિની છે. બે બસ્તિવાહિની અને બે મૂત્રવાહિની છે. મૂત્રબસ્તિને લાગેલી બે ધમનીઓ શુક્ર ઉત્પન્ન કરનારી અને બે પ્રવર્તિત કરનારી છે. મોટા આંતરડાને લાગેલી ૨ ધમનીઓ મળ ઝાલનારી છે. બાકી ૮ ધમનીઓ તીક્ષ્ણી જનારી ધમનીઓને પસીનો આપે છે. ચાર તિર્યગ્ગામિની ધમની છે. તેની હજારો શાખો શાખા થઈ શરીરની અંદર બાજની માફક ફેલાઈ રહી છે. કહેવાય છે કે, કેશ, દાઢી, મૂછ, નખ, કવાંટ, દાત, હાડકાં, શિરા, ધમની, સ્નાયુ અને શુક્ર આ બધું પિતા તરફથી આપણને મળે છે.
૪. સ્ત્રી. (પુરાણ) પ્રહ્લાદના ભાઈ હ્રાદ નામના અસુરની એ નામની સ્ત્રી.
૫ સ્ત્રી. નળાદથી ગાલની બારે બાંડી.
૬. સ્ત્રી. ધૂમ્રપાનની; બાતળી નળી
૭. સ્ત્રી. મુખ્ય બજાર માર્ગનું એક નામ
૮. સ્ત્રી હજાદર.

ધમનીકંચુક કું મોટી ધમનીઓની આસપાસ ઢીલા રનાયુસૂત્રોએ રચેલો રક્ષણ જેવો કંચુક.

ધમનીપ્રતિઘાત [સં.] કું. નાડીનો ધબકારો

ધમનીલ જુઓ ધમનિલ.

ધમનીસ્પંદન [સં.] ન. નાડીનો ધબકારો.

ધમનીસ્ફુરણ જુઓ ધમનીસ્પંદન

ધમપછાડ (ધમપછાડ) ૧. સ્ત્રી. આકુળવ્યાકુળ થઈ જવું તે; કોઈ વસ્તુ, વાત, દુઃખ વગેરેને લીધે ખૂબ બાકળા થઈ જવું તે; અધીરા થઈ જઈ પડી આખડી જવાય એમ કરવું તે.
૨. સ્ત્રી. ધમ કરીને પછાડ્યા જેવો ઉતાવળ; ધાંધલ; અતિ ત્વરા કરવી તે.
૩. સ્ત્રી. બાવરા થઈ તોફાન મચાવવું તે; તોફાન અને અધીરાઈ
૪. સ્ત્રી. શરીરનો તરફડાટ.

ધમપછાડખોર (ધમપછાડખોર) વિ. ધમપછાડા કરનાર.

ધમપછાડા (ધમપછાડા) ૧. કું બ વ. અત્યંત ક્ષોભ બતાવવો તે; ધમ કરી નીચે પછાડી રહેવું કૂદવું તે.
૨. કું બ વ ખૂબ ધમાલ મચાવવી તે, બાકળા થઈ ખૂબ બરાડા અને પછાડા બાવા તે; કોઈ કાર્ય કે દુઃખને લીધે અતિ બાકુળ થઈ જઈ છટપટ બટકો નાખવો તે.
૩. કું બ.વ. તોફાન; મસ્તી, ઉપદ્રવાત; ધમાચકડી.
૪. કું.બ વ. નકામું વૈતરું કરવું તે; શ્રમત મજૂરી; ફળહીન પ્રયત્ન.
૫. કું. બ.વ. શરીરનો તરફડાટ.

ધમપછાડો (ધમપછાડો) જુઓ ધમપછાડ.

ધમપલાશ ન. ટેકો આપવામાં વપરાતું એક જાતનું સાધન.

ધમપાંચશેરી ૧ સ્ત્રી ક્રોધ, ક્ષોભ કે ઠઠાપાથી મોટો ને ભારે પસ્તર જઈ કપાળ ફૂટી નાખવું તે; ભાની ને માથાં ફૂટવાં તે; રોકકળ; ઠઠાપો.
૧. ધમપાંચશેરી બાપવી-લેવરાવવી = (૧) ખાલી ઠસેલ કરાવવો; ચીડવવું. (૨) પથરો મૂકવો; ઠઠાપો કરાવવો
૨. ધમપાંચશેરી લેવી = માથું ફૂટીને 'ઠઠાપો કરવો
૨. સ્ત્રી. ભૂખ કે બરાડા મારી ધમધમાવી નાખવું તે; શ્રમત ક્રોધ કેવા તે.
૩. સ્ત્રી. બાવતા ધમ એવો અવાજ થાય તેવી પાંચશેરની ઝટા, રોકું કે પસ્તર.

ધમપાંચ્છેરી જુઓ ધમપાંચશેરી

ધમબિલાડી કૂકી (ધમબિલાડી કૂકી) સ્ત્રી. એવાડ તરફ રમાતી એ નામની એક મેદાની રમત. આ રમતમાં રમનાર છોકરાઓ રમવાની જગ્યાની હદ મુકરર કરી તે હદ જગ્યાવના પૂર્વનું કે પશ્ચિમ કલાનું નિશાન કરી તેમાં દાવવાળા છોકરા સિવાય બધા ઊભા રહે. પછી દાવવાળો છોકરો

એક હાથે પોતાના કાનની બૂટ પકડી ધમધિલાડી કુદી, ધમધિલાડી કુદી એ પ્રમાણે બોલતો બોલતો બીજાને અડવા સારૂ તેમની હદમાં જાય. તે વખતે અમે તે એકને અડ્યા સિવાય કાનની બૂટ છોડી દેવાની નથી. જો તે છોડી દે તો તે હદ બહાર નીકળે ત્યાંસુધી બીજા છોકરા તેને મારે અને તેને માથે દાવ કાયમ રહી કૂદીથી બૂટ પકડી ઉપર પ્રમાણે બોલતાં બોલતાં આવવું પડે. પણ જો તે કોઈ એક છોકરાને અડે તો પછી બૂટ પકડવાની જરૂર રહેતી નથી. દાવ દેવાવાળો જે છોકરાને અડે તે હવે દાવવાળા છોકરાને મદદ કરે. તેઓ અંકબંધનો હાથ ઝાલી બીજાને અડવા જાય. જો છૂટા પડી જાય તો કોઈને અડાય નહિ, એટલું જ નહિ પણ તેઓ હદની બહાર જતા રહે ત્યાંસુધી તેમને બીજા છોકરાઓ મારે. તે બે જણ મળી બીજાને અડવાનો પ્રયત્ન કરે ને કોઈ અડે તો બન્ને જણા હાથ પકડી એકબીને પકડવા જાય. આમ બધા છોકરાઓને અડી રહે ત્યાંસુધી રમત રમાય છે.

ધમધિલાડી કુદી (ધમધિલાડો કુદી) જુઓ ધમધિલાડી કુદો.

ધમરાજ ન. તોફાન; ધાંધલ.

ધમરાણી સ્ત્રી. કજિયાખોર સ્ત્રી.

ધમરું ૧. ન. એક જાતનું ઘાસ. તેના દાણાને ધમરા કહે છે. દાણા કાઢી લીધા પછી આ ઘાસ ઢાંજ તરીકે ઘણી જગ્યાએ કામે લગાડે છે.

૨. વિ. ધોળું.

ધમરો ૧. પું. ચોમાસામાં ઊગતો એક જાતનો છોડ. તે બધિ કૂટ ઊંચો થાય છે. તેમાં જતા પોળા અને લીસા દાણાને કસિયા કહે છે. ગરીબ લોકો દુકાળમાં તે ખાય છે તેનું ઘાસ સારે વરસે ઢાંજ તરીકે વપરાય છે.

૨. પું. બળદ.

ધમરોળ ૧. પું. ઢગલો; માથાકૂટ.

૨. પું. ઘરનો મધ્યભાગ.

સુઘડ હેવાળ સુંદરી, સુખની ઝાકમઝોળ;
ખોખા ને ધમરોળ, પાદર ચોરે પોરહા.
રસધાર

૩. પું. ધમાધમ; ભારે ગબડાટ; ઘોરબકોર.

૪. પું. નુકસાની; ખોટ.

૫. પું. ભારે રોકકળ; રોવું કૂટવું તે; રોઈને ધાંધલ મચાવવી તે; કારી મરજીથી લહાકાર વર્તાઈ રહેવો તે; મજબૂત બાંધો તે રોકકળવાનું તોફાન.

૬. પું. મારપછાડ; ધિંગામસ્તી.

ધમરોળવું ૧. સ. ક્રિ. ગામ બાંધવું; લૂંટવું.

૨. સ. ક્રિ. દુઃખ આપવું.

૩. સ. ક્રિ. ધમરોળ કરવો.

૪. સ ક્રિ. રોવરાવવું

ધમલી સ્ત્રી નાના બાળકોનું ધીરે ધીરે કૂદવું તે

ધમલું વિ. રોકકળ ખૂબ; બદામી રંગનું.

ધમલો પું. ધમપાચશેરી; ગોકુટ; કટાપો.

ધમલો કૂટવો = ધમપાચશેરી લેવી.

ધમલોં ઓઢો પું. ખુલ્લી જગ્યા કે ખુલ્લા મેદાનમા રમવાની એક દેશી રમત લૂગડાનો એક મોટો ઢગ આ રમત રમાય છે પહેલા એક છોકરાને માથે દાવ કરવામા આવે. પછી તે દાવ દેનાર છોકરા સિવાય બીજા બધા છોકરા ગોળ કુંડાળામાં બેસી જાય દાવ દેનાર છોકરો મોટો ઢગ તેને કાંઈક સતાડી કુંડાળામાં બેઠેલા છોકરાની પાછળ ઊતાવળો ઊતાવળો ફરે ફરતાં ફરતા તે બોલે કે, ધમલો મોટો ધમધમ થાય, પડ્યુ વાળી ખુબ્બે તેનું તૂંબલું રેમાય. કયાંક ઢીંઢું રેમાય એમ પણ કહેવાય છે આમ બોલી ફરતા ફરતા તે છોકરો કોઈ છોકરાની પાછળ મોટો ઢાનોમાનો મૂકી દે પણ તે મૂકે તે પહેલાં કોઈ છોકરો પાછુ વાળીને જુએ તો તેને તે છોકરો મોટો મારે. કોઈ છોકરાની પાછળ મોટો મૂકી આખું ચક્કર ફરીને તે છોકરો તે જગ્યાએ આ સાંસુધી જેના પાછળ મોટો મૂકવામા આવ્યો હોય તેને તેની ખબર ન પડે તો મોટો ઉપાડી તેના બાંધામાં તે દાવ દેનાર છોકરો મારે અને તેના માથેથી દાવ ઊતરી જેને મોટો મારવામાં આવ્યો તે છોકરાને માથે દાવ આવે. જેને માથે દાવ આવ્યો ને ઊભો થાય અને તેની જગ્યાએ જેનો દાવ ઊતર્યો તે છોકરો બેસે. જેને માથે દાવ આવ્યો ને પ્રથમના છોકરાની માફક કરે. જે છોકરાની પાછળ મોટો મૂકવામાં આવ્યો હોય તે છોકરાને તેની ખબર પડી જાય તો તે ઊઠી જઈ મોટો લઈ દાવ દેનાર છોકરાને મારે એટલે તે દાવ દેનારને માથે દાવ કાયમ રહે. જો દાવ દેનારો નાસી જાય તો પછી તે છોકરો મોટો મારવા તેની પાછળ દોડે અને તેને પકડી મોટો મારી જલદીથી પોતાની જગ્યાએ બેસી જાય ને દાવ દેનારને માથે દાવ કાયમ રહે. જો પોતે આવીને બેસી જાય તે પહેલાં દાવવાળો છોકરો આવીને બેસી જાય તો તેને માથેથી દાવ ઊતરે અને તે જેની જગ્યાએ બેસી જાય તેને માથે દાવ આવે.

ધમવું ૧. [સં. ધમ્ (ફૂંકવું)] સ. ક્રિ. અગ્નિ સળગાવવા કે તેજ કરવાને પવન નાખવો, ધમણ તાણવી; ધમણ ચલાવવી; ચીંજણીથી પવન નાખવો.

ધમીને ધૂળ કરવી = (૧) અંત લેવો; પાયમાલ કરવું. (૨) ઘણી દાણને ઢાકણીમા ઊંધરાવવુ

૨. સ. ક્રિ. અગ્નિથી બરાબર તપાવવુ

૩. સ ક્રિ. ઝપાઝપી થવું; મારામારી જનવું. ઝર લોભનમા કામધેની, મોહન મળવા **ધમતી** રે. નરસિંહ

૪. સ. ક્રિ. ઉશ્કેરવું

૫. સ ક્રિ. પૂતવું; ચોરવું.

૬. સ ક્રિ. સમજાવી પટારીને સામાની પાસેથી કંઈ ને કંઈ કાઢી લેવું; કૂદીને જઈ આવવું, સટોરવું.

ધમી જવુ = (૧) સર્ક જવુ, ચોરવું; સમજાવીને ઉપાડી લઈ જવુ (૨) લાભ લઈ લેવો, ઊતરવું.

ધમસ પું એક જાતનો ખાજો.

ધમસાણ ૧ સ્ત્રી અસ્તવ્યસ્ત નાખી મૂકેલું તે; વેરઝેરવ્યું કરેલું તે

૨. સ્ત્રી. આડંબર; ગોળ

૩ સ્ત્રી. ધ.ધા.ટ. ગોબકોર, ધમ.સ; ધમાચકડી. પાણના પાણી ને રમણના **ધમસાણ**.
ઉદયકુમાર

૪. સ્ત્રી. જનસમૂહની હરફર; ભીડ; ગિરદી.

૫. સ્ત્રી. તોફાન; ધિંગાણું.

૬. સ્ત્રી. પલટણ, ટોળું.

૭. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

૮. સ્ત્રી રમખાણ, દાણોવટો; કજરખાણ.

ધમસાણિયા ૧. સ્ત્રી. કડવા કચ્છીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધમસાણી ૧. સ્ત્રી. કડવા કચ્છીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ધમહાણ (ધમઢાણ) જુઓ ધમસાણ.

ધમળ સ્ત્રી. ભેસ.

ધમળિયું ૧. વિ પુષ્ટ; મજબૂત.

૨. વિ. જૂના રંગનું; ધુમાડાના રંગનું.

ધમળું જુઓ ધમળિયું.

ધમળો પું. જૂના રંગવાળો બળદ.

ધમા ન. બ. વ. અદિવાંના આંકના પાકા. છલિયટ ઢોલ વગેરેનાં નીચે પ્રમાણે નામ આપે છે:

ડેબટા = ૧રૂ. ઢોલાં

ધમા = ૨રૂ. અદિવાં

ઢોટા – ૩રૂ; ઊંટાં

ધમાક ૧. પું. ધમધમાટ.

૨. સ્ત્રી. એક પ્રકારની તોપ.

ધમાકા ૧ [કિ.] પું ધાંધલવાળી ઝડપ.
૨. પુ ધક્કો
૩. પું ફટકો; ઘા.
૪. પું. બંદૂકનો અવાજ
૫. પું ભારે વસ્તુ પડતાં થતો અવાજ; ઉપરથી જોરથી નીચે પડવાનો અથવા ફૂટવાનો અવાજ.
૬ પું ઢાંચા ઉપર લાઈ જવામાં આવતી નાની તોપ.

ધમાકાબંધ જ ઝડપથી, જલદી.

ધમાકો ૧. પું. ઉલ્લાસની ઝપટ
૨. પું તોફાન; ઊધમાત
૩ પુ ત્વરા; વેગવત ગતિ
૪ પુ ધક્કો; રેલો
૫. પુ ધમ એવો અવાજ
૬ પું. ધમચકડ; ધમાલ
૭. પું લહેર, આનંદ; મજા.

ધમાચકડી (ધમાચકડી) ૧. સ્ત્રી. અનિયમિત કૂદાકૂદ; આમતેમ દોડાદોડ.
૨. સ્ત્રી. ગિરદી; ભીડ.
૩. સ્ત્રી. ગોળ ફરવું તે.
૪ સ્ત્રી તોફાન; ધમધમ થાય એવું ધાંધલ, ગડબડ; ગડબડાટ; ધમાધમ થઈ રહે એવી મસ્તી; ધમાલ; ઊધમાત.
૫. સ્ત્રી. ધમ્મધક્કા; ધમધમ અવાજથી થતી ક્રિયા; ધડાધડી.
૬. સ્ત્રી. ખોલાચાલી; લડાલડી; મારામારીનું કારણ, ટંટોફિસાદ.

ધમાચકરડી (ધમાચકરડી) જુઓ ધમાચકડી.

ધમાચો પું. રમઝટ.
ધમાચા મચવા = રમઝટ બોલવી.

ધમાચોકડી (ધમાચોકડી) જુઓ ધમાચકડી.

ધમાડાબોરી (ધમાડબોરી) પું. એક જાતનો બગાદ.
ધમાડાબોરી પછી ધમાડાબોરીના મુખ ઉપર રાઈ અને રાઈ ઉપર સૃષ્ટિ છે. મુ. સા. પરિષદ

ધમાણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક
૨ જ એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધમાધમ ૧. સ્ત્રી. ઉતાવળ; પડાપડી.
૨. સ્ત્રી. એકબીજાની ઉપર ધબોધબ મારવું તે; મોટેથી બોલી બબાળી તોફાન કરવું તે; મારામારી; લડાલડી.
૩. સ્ત્રી. ધોંધાટ, કોલાહોર.
૪. સ્ત્રી. દોડાદોડ; હડિયાકડી.
૫. સ્ત્રી. ધમાલ; ગરબડ; ધમાચકડી
૬ સ્ત્રી. પીમેથી પડવાનો અવાજ.
૭. સ્ત્રી. પગ પછાડીને અવાજ કરવો તે

ધમાધમી જુઓ ધમાધમ.

ધમાપૂરી સ્ત્રી માર મારવો તે.

ધમાપોણી જુઓ ધમાપૂરી.

ધમાર ૧ પું એ નામના નાલમાં મવાતી ચીજ.
૨. પું. ઝાડ, ભેંસ કે ઘોડાને નદીમાં નવરાવવો તે.
૩. પું. (સંગીત) સંગીતનો એક તાલ; ધમાલ; જયશેખર. તે ખંડગતિ સાત અથવા ચૌદ માત્રાનો છે. તેમાં પહેલી, છઠ્ઠી અને અગિયારમી માત્રા ઉપર તાલ આવે છે
૪. [કિ] પું. હોળીમાં ગવાતું એક જાતનું ગીત; વૈષ્ણવ મંદિરમાં ફુલડોલની ના દિવસોમા હોળીના રાગનું કરાતું ગાયન.
૫. સ્ત્રી. કજાખાજ; ધોકિયારી.
૬. સ્ત્રી. ધમચકડી; ઉપદ્રવ; ધમાલ.
૭. સ્ત્રી. વિશેષ પ્રકારના સાધુની બળતી આગ ઉપર કૂદવાની ક્રિયા.

ધમારપાક ૧. પું. કચરો, મેલ.
૨. પું હોર અને આસ કરીને ઘોડાને નદીએ લઈ જઈ ખૂબ ચોળી ચોળી નવરાવવાની ક્રિ ..
૩. પું. સખ્ત માર.

ધમારવું ૧. અ. ક્રિ. ઢોરને ધોવું કે નવરાવવું.
૨. અ. ક્રિ. મારવું; માર મારવો; પીટવુ.

ધમારિયો ૧. પું. આગમાં કૂદનાર સાધુ કે માણસ.
૨. પું. કલાબાજ.
૩. પું. હોળીમાં ધમાર ગાનાર માણસ.
૪. વિ. ઉપદ્રવ કરનાર; ઉત્પાતી.

ધમારી વિ. ઉપદ્રવી; ઉત્પાતી.

ધમાલ ૧ પું. અવાજ; ધોંધાટ.
૨. પું. (સંગીત) ખંડગતિ સાત અથવા ચૌદ માત્રાનો એક તાલ; ધમાર. આ તાલમાં સાત માત્રા આવે છે. તેની દુગનની ૧૪ માત્રા થાય છે. તેના એક આવર્તમાં ત્રણ તાલના ઠેકો એટલે સ્થાન છે. પહેલી તાલ કે જેના ઉપર સમ છે તે પહેલી માત્રા ઉપર છે, બીજી તાલ છઠ્ઠી અને ત્રીજી અગિયારમી માત્રા ઉપર અનુક્રમે આવે છે
૩. પું. ધાર્મિક પ્રસંગે મુસલમાન ફકીરોનું અગ્નિમાંથી હેમખેમ કે હેતાતમાં પસાર થવું તે.
૪. પું. નાચવું અને કૂદવું તે.
૫. પું. મોટો માણસ.
૬. પું. હોળી પ્રસંગે ગવાતું એક જાતનું ગીત.
૭. સ્ત્રી આતુરતા; ઉતાવળ.
૮ સ્ત્રી આમતેમ ફેરફેર
૯ સ્ત્રી ઉનાળે અને બહુ કામ કરે છે એમ બતાવવુ તે.
૧૦ સ્ત્રી. ઊંટની આરે પગે ચોરણ પડની ચાલ. આ ચાલ વખણાય છે અને નથી તેના ઉપર બેસનારને કંઈપણ ગતનો નથી.
૧૧. સ્ત્રી. ગડબથલ; માથાકૂટ
૧૨. સ્ત્રી. મારપરા થઈ બનવ એમ કરવુ તે.
૧૩. સ્ત્રી. ધોંધાટવાળી મિજલસ; ધામધૂમ.
૧૪. સ્ત્રી તોફાન; ધમાલ; ધમાચકડી. ધિંગામસ્તી.
૧૫. સ્ત્રી. ધમધમાટીને અવાજ કરવો તે

ધમાલગોટો જુઓ ધમાલોમોટો

ધમાલધાજ વિ. ધમાલ કરનારું

ધમાલબાજપત્રકારિત્વ ન. પત્રકારિત્વનો એક પ્રકાર; પત્રની અંદર ખોટા સાચા અખબર આપી ધમાલ કરી મૂકવી તેવુ કામ; 'ધમો જર્નલિઝમ.'
દીપબ્લિકનોનો કામનું સૌથી મહિમાવંત અંગ તો આ છે કે ધમાલબાજપત્રકારિત્વની રીતો ગમે ઠેકાણે તેના માલિકો લલચાયા નથી
વિજયરાય

ધમાલબાજી જુઓ ધમાલ.

ધમાલિયું વિ તોફાની; ધમાલ કરનારું; ધાંધલિયું; ધમાલ કરી મૂકે એવું

ધમાલું ન. મોટી ને બેડોળ બાબરીની બાબડી; ધબાલું; મોટું બેડોળ બાબરું.

ધમાલો પું પ્રવૃત્તિ; કામકાજ.

ધમાવું ૧. અ. ક્રિ. ધમાવ એમ થવું.
૨. અ. ક્રિ. પૂરબહારથી થવું

ધમાસણ જુઓ ધમાધમ.

ધમાસસાક પું. એક પ્રકારની વનસ્પતિ; ધમાસો.

ધમાસો [સં ધન્વાસ] પું. એક જાતનો નાનો કાંટાવાળો છોડ; અક્ષમસ્મિ; સુક્ષમપત્રિણ. તેને જવાસો પણ કહેવામાં આવે છે. તે સિંધ અને અફઘાનિસ્તાન વગેરે દેશમાં પણ થાય છે. તે થાય દોઢ હાથ ઊંચો વધે છે. તે ઉનાળામાં લીલોછમ અને વરસાદ પડ્યે સુકાઈ જાય છે. તેના ઉપર શુમારે અંજળીભર લાંબા કાંટા હોય છે. તેનાં પાન ચીમળાયેલાં, લાંબાં, ઝીણાં અને દરેક પાન પાસે તીક્ષ્ણ અણીદાર લાંબા બે કાંટા હોય છે. કાર્તિક માસમા તેની પાંદડી ખરી પડી છોડનો રંગ પીળો થવા માંડે છે અને મુલાયમ રેસનાં પાંચ પાંખડિયાં સુંદર ફૂલ આવે છે. ઉનાળામા તેના ઠીંટામાંથી તાપના લીધે એક જાતની લાકર નીકળે છે. તેને ધારવી આવામાં તુરંજબીન કહે છે. તેને પુનાની બેલો બાબરને

રેચ આપવા દુધમા આપે છે. અરબસ્તાનમાથી આવતી આ સાકર લોહીને સાફ કરે છે. આ છોડના ગઠમાથી નીકળતો ગુંદર કપડાં છાપવાના કામમા મોટે ભાગે વપરાય છે. તે શોધક, મૂત્રલ અને કફઘ્ન તરીકે ત્વચારોગ, તાવ, વિસ્ફોટક, ખસ, શ્વાસ, ખાંસી, તરસ, ઊલટી તથા ધાતુરોગ ઉપર કરવામા વપરાય છે તે મધુર, કડવો, ગ્રાહક, અગ્નિદીપક, સારક, શીતળ, લઘુ તથા તૂરો છે અને કફ, પિત્ત, રક્તો કોઢ, વિસર્પ, મેદ, ભ્રમ, મદ, ધાતરક્ત, તૃષા, ઊલટી, ઉપરસ, દાહ તથા તાવનો નાશ કરનાર મનાય છે. તાજાં ધમાસો તીખો, કડવો, મધુર, રક્તશુદ્ધિકારક, શીત તથા ઉષ્ણ છે અને વિસર્પ, વિષમજ્વર, તૃષા, ઊલટી, મોહ, રક્તદોષ, ધાત, પિત્ત, કફ, કોઢ તથા તાવનો નાશ કરે એમ કહેવાય છે. તેને ખુશ્કાસાથી દસ્ત આવનાર, મૂત્રવર્ધક અને કફનો નાશક માનેલ છે. તેમાથી નીકળતુ સત્ત્વ આંસીનો નાશ કરે છે. તેના ચૂર્ણનુ ધાપુના રોગમા નસ્ય અપાય છે. તેના પાદડામાંથી બનાવેલ તેલ સાંધા ઉપર ચોપડાય છે. કૂલને વાટીને લેપ કરવાથી દસ્ત ખરી પડે છે. તેમાથી બનતી સાકર જખના પાણી સાથે આપવાથી દસ્ત ખુલાસે આવે છે, પિત્તને કાઢે છે, કફને ખેસારે છે અને રુધિરને શુદ્ધ કરે છે. દૂધની સાથે આપવાથી તે શરીરને પુષ્ટ કરે છે અને કામવૃત્તિને વધારે છે. પાણીમા ધમાસો ઉકાળી તે પાણી વડે સ્નાન કરવાથી ખરજ મટે અને ત્વચારોગની શાંતિ થાય. સુવારોગ ઉપર તે બહુ ઉપયોગી મનાય છે. ઉનાળામા તેની ટહોળો કરી ઉપર પાણી છાટવાથી ગરીબોથી ઠંડો પવન આવે છે.

ધૂળ ને ધમાસો ન કાંઈ નહિ જાતમાં કાંઈ
માલ ન હોયો તેડ નકામી વસ્તુ

ધમિલ્લા [સં.] સ્ત્રી. સુથારણ; સુથારની સ્ત્રી.

ધમિલ્લા સ્ત્રી. (પુરાણ) અનુહ્લાદ રાજાની એ નામની સ્ત્રી.

ધમૂકા ૧. [હિ.] પું. ધાક; આઘાત; પ્રહાર.
૨. પું. મુક્કો.

ધમેખ [સં. ધર્મચર] પું. કાબોથી એ જાતે હર્ષ ના બુદ્ધદેવ ધર્મોપદેશ કરવા કર્યો હતો તે જગ્યાએ બાંધેલો સ્તૂપ.

ધમેલ ૧. વિ. ગુસ્સે થયેલું.
૨. વિ. ધમીને લાલ કરેલું.

ધમેલું ૧ ન. લોહાની ધમેલ.
૨. ન. સળગ એટલે વજરે સાધાનુ તપાઈ. અખંડ ટોપલો.

ધમો પું. સોનીની તાવા કે પિત્તળની કુંભાની ભાખી નળી. કુંપણી.

ધમોકા [હિ.] પું. ધોકા જાતનો તબલે

ધમોડવું (ધમોડવુ) ૧. સ. ક્રિ. લોઢાથી ફેરવવુ.
૨. સ. ક્રિ. મારવુ

ધમોડા (ધમોડ) સ. એક જાતનુ કઠોરતી લાકડુ. તેના ગ્રાહક નવસારી પ્રાંતના જગલમા ગોંડો છે હથિયારના દાખા, દાંડા, માથાના ભાર તથા કોલસા પાડવામા આ લાકડું ઉત્તમ મનાય છે. આ લાકડુ બહું મજબૂત અને સખત હોય છે, પણ પાણીની અંદર સારી રીતે ટકી શકતુ નથી. જહાજમાં ગેરિયા માટે આ લાકડુ વાપરવામા આવે છે.

ધમોડિયા (ધમોડિયા) ૧ કોં વૃત્તાન્તિયા કોળીની એ નામની એક પેટા જાતિ
૨. સ. એ નામની પેટા જાતિનુ માણસ
૩. વિ. એ નામની પેટા જાતિનુ.

ધમોડો (ધમોડો) જુઓ ધમોડ

ધમોધમ અ. સામસામું અથડાય એવી રીતે.

ધમોર્મંગળ ૧. ન તાલ.પિંગ. બ્રહ્મનન. બહું આનંદ કરવો તે.
પારકાને વેર ધમોરમણ ને પોતાને વેર ભાષાર્મંગળ = બીજાને વેર પોતે સંપૂર્ણ લાભ લેવો અને પોતાને વેર બીજાને બિલકુલ લાભ ન આપવો તે
૨. સ. ધર્મના જેવુ મંગળ કાર્ય.
૩. ન. ધર્મરૂપી મંગળ; ધર્મ એ જ મંગળ

ધમોર સ્ત્રી. મોટા કાનવાળી ગાય.

ધમ્મ [સં. ધર્મ] પું. (પ્રાકૃત) ધર્મ. આ બૌદ્ધ સાહિત્યનો પારિભાષિક શબ્દ છે. બધી વાર નામ રૂપાત્મક પદાર્થ માત્રનો તે વાચક છે.

ધમ્મચક્ક ૧. ન. (જૈન) ધર્મને પ્રગટ કરનારું તીર્થંકરની આજ્ઞા ચલાવતું ચક્ર; તીર્થંકરના ચોત્રીસ માહેનો એ નામનો એક અતિશય
૨. ન. જગજ્જન્તુની તાકાત વિરુદ્ધ સત્ત શક્તિના રાજ્યનો પ્રારંભ કરાવવું ધર્મનું ચક્ર તેના સંબંધમાં રાધાકૃષ્ણન મુખરજી લખે છે કે: હિંદના રાજકીય ઉપર અંકિત કરવામાં આવેલા ચક્રને પણ કેટલાક અશોકચક્રને નામે ઓળખાવવામા આવ્યું છે, પરંતુ ઇતિહાસની દૃષ્ટિથી એ વર્ણન પૂરેપૂરું આવું નથી. એ ચક્રની શોધ સમ્રાટ અશોકની નથી. તેની પરંપરાગત કલ્પના કરનાર સમ્રાટના ગુરુ જ્ઞાનવાન બુદ્ધ હતા. તથાગતે સારનાથમા પ્રજ્ઞાળથી પાલીમાં ધમ્મ-ચક્ક-પવત્તન-સુત્તને નામે ઓળખાયેલો પ્રથમ ઉપદેશ કર્યો તેમાં એ ચક્રને ધમ્મ-ચક્ક નામ આપેલું. આ શબ્દનો અર્થ એ થાય છે કે ધર્મના રાજ્ય એટલે ચક્રના, જગજ્જન્તુની તાકાત વિરુદ્ધ સત્ત શક્તિના રાજ્યનો પ્રારંભ. મહાવીર એને દિવ્ય જે આદર્શને કાજે ખડુ છે તે રાજ્યારોહણ તરીકે ઘણાયે. વળી ભગવાન બુદ્ધનુ ધમ્મ ચક્ક તેથી યે પ્રાચીન વિષ્ણુના સુદર્શન ચક્રના અવાજોથી આવેલું છે. એ સુદર્શન ચક્ર એટલે એમાં જે કંઈ જડ અને ચેતનનુ અસ્તિત્વ છે તે જીવનને સમાવી લેનારું વિશ્વચક્ર. આમ એ ચક્રમા ઊંડો આધ્યાત્મિક મર્મ રહેલો છે. ભગવાન બુદ્ધ પોતાના ધમ્મ ચક્રના સૌથી આદરણીય પ્રથમ ઉપદેશ જે સ્થળે આપ્યો તે સ્થળ ઉપર તેને પ્રસાદમાં મૂર્તિમંત કરી દરપરસ્વરૂપ આપવાનું મહાન અશોકને હાથે બન્યુ. ઉપરાન્ત, આપીછના અર્થમાં એ ચક્રને રેંટિયા તરીકે પણ લઈ શકાય, કેમકે રેંટિયો જન્મ-મરણોથી ઊતરી આવેલી હિંદની પરંપરાગત અર્થવ્યવસ્થાનુ પ્રતીક છે.

૩. ન. રેંટિયો
૪. ન. વિશ્વચક્ર.

ધમ્મચક્ષુ જુઓ ધમ્મચક્ક.

ધમ્મપદ ૧ ન ધર્મના વાક્યનો સમૂહ.
સુક્ષ ગાતા બનાવ્યો, પુરાણા પદ ધર્મના,
ગોઠવ્યા તે પુણ્ય જાણીને. ધમ્મપદ રામપીએ
ધમ્મપદ
૨. ન. પાલી ભાષાનો નીતિબોધક બૌદ્ધ ગ્રંથ; પુસ્તકનિકાયના પંદર ગ્રંથોનો એક પેટા વિભાગ. આ ગ્રંથ ધાર્મિક અને નૈતિક છે, પણ તેમાં પરસ્પર સુસંબદ્ધ વિચારના ૪૨૩ શ્લોકો જેવા કરેલા કોષ જેમ જણાય છે. સમગ્ર શ્લોકો બૌદ્ધ ધર્મ પ્રમાણે નીતિ અને સદ્વર્તનના ૨૬ વિષયોમા વહેંચી નાખેલા છે દરેક વિષયમાં દસથી વીસ શ્લોક મૂકેલા છે તેમના કેટલાક શ્લોક મહાભારત, મનુસ્મૃતિ વગેરે ગ્રંથોમાં જોવામા આવે છે. આ ગ્રંથ ઉપર એક પ્રાચીન ટીકા છે. તેમ, પ્રત્યેક શ્લોક માટે જુદીજુદી વાત આપેલી છે. તેમાં કોઈક, કયારે અને કયા રીતે અમુક શ્લોક કહ્યો હતો એ દર્શાવવા પ્રયત્ન કર્યો છે. આ વાતો સરળ પાલી ભાષામાં લખેલી છે અને ઘણીખરી રસપ્રદ છે. પ્રાચીન કાળમા નાલંદા, વિક્રમશિલા વગેરેમા જે મોટી મોટી પાઠશાળાઓ હતી ત્યા અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ, તથા ગિરિગુહાઓ અને વિહારોમાં રહેનારા બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ, મુસાફરો અને વૈરાગી સર્વ કોઇસરખી રીતે આ ગ્રંથનું ભક્તિપૂર્વક પઠન કરતા હતા.

ધમ્મપદ [સં.] પું. કેદખાનું; જૂથેલા કે ભોગેલા કેદ

ધમ્મસહગણિ ન. જૈન ધર્મના સમ્યક્ત્વના ગ્રંથ

પિટકમાંના અભિધર્મપિટકના સાત માંહેનું એ નામનું એક પુસ્તક

ધરમંગો પુ. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. માગથી પિંગળ પ્રમાણે તે આઠ છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ અને ૬૧ લઘુ મળી ૯૭ અક્ષર અને ૧૨૯ માત્રા હોય છે.

ધરમતેવાસિક વિ. દિવસે આવશ્યકનું કામ કરી રાત્રે અધ્યયન કરનાર

ધરમાચકડી (ધરમાયકડી) જુઓ ધમાચકડી.

ધરમાધમ જુઓ ધમાધમ.

ધરમાધમી સ્ત્રી મારામારી; મરણતા ધમાધમી.

ધરમાધરમી સ્ત્રી ધમાધમી; મારામાર; લડાલડ.

ધરમામુકી સ્ત્રી. ધમાધમ ને મુક્કામુક્કી.

ધરિમલ્લ ૧. પું. એ નામનો એક જૈન મુનિ.
૨. [સ.] પું. વાળા; રેશા; રેસાવાળા; ગૂંથેલો અને કૂસ વગેરે પાલેલા હાથ તેવો ચોટલો; વેણી; ગૂંથેલો અંબોડો, આંબેલો ચોટલો.
કામનીનો ધરિમલ્લ પ્રહરે બોલ્યા સોબાગી રસે. પ્રેમાનંદ
૩. પું. સુગંધ; પરિમલ.

ધરિમલ્લક ન. નાનું અત્તરનું.

ધરિમલ્લ જુઓ ધરિમલ.

ધરય [સં.] વિ ધારણ; પાન કરનાર; ધારનાર. આ શબ્દ સમાસને અંતે વપરાય છે. જેમકે, રત્નધરય

ધરયન ન. પાન; પીવું તે.

ધરયા [સં] સ્ત્રી. ધારણી કન્યા.

ધરયાપુત્ર ન ૧ ૨. બાળબચ્ચાં; છોકરાંછૈયાં.

ધર ૧. પું. (પુરાણ) આઠ માંહેનો એ નામનો એક વસુ. તેની ભાર્યાનું નામ મનોહરીની અને પુત્રનું નામ દ્રવિણ હતું. તેની માતાનું નામ ધૂમ્રા હતું. વસુ આઠ છેઃ ધર, ધ્રુવ, સોમ, અપ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ.
૨. પું. (પિંગળ) એ નામનો ત્રણેક માત્રાનો એક માત્રામેળ છંદ. તેને ભુજંગપ્રયુ તથા ચમલાવતી છંદ પણ કહે છે તેમાં ૧૦, ૮, ૮ અને ૧ માત્રાએ યતિ અને ત્રીજી તથા તે પછી ૬૨ ચોથી માત્રાએ તાલ આવે છે.
૩. પું. કપડાનું રૂ.
૪. [સ. धृ (ધારણ કરવું)] પું. કૂર્મરાજ; રાજાનો રાજા; વિષ્ણુનો બીજો અથવા કૂર્મ અવતાર જેણે પૃથ્વીને ધારણ કરેલ માટે ધર કહેવાય છે
૫. પું ખડો; ડેકારું. નિયમ.
૬. પું. પર્વત.
૭. પું (પુરાણ) પાંચમ પક્ષનો એ નામનો એક ઋષિ.
૮ પું પ્રમાણભૂત પક્ષ
૯ પું ખળદ
માઠું ધર કરવું = માઠો ખળદ જોડવા
૧૦. પું. વિષ્ણુ; ભગવાન.
૧૧. પું. અધિકારી પુરુષ.
૧૨. પું. શિવનાં દશનર માંહેનું એક નામ.
૧૩. પું. (પુરાણ) શુક્રાચાર્યનો એ નામનો પુત્ર.
૧૪. પું. બીજપક્ષ.
૧૫. સ્ત્રી. કાપ, કાપો, ચીરો.
જેહ વસ્ત્રમાં ભાત, ધર સુતો ઘેરી ઘણી.
મેહ ઉજ્જવળનો દુહો
૧૬. સ્ત્રી ઘોડી.
૧૭ [સં પુર.] સ્ત્રી. ધૂસરી, બળદની આપ ઉપર રહેતો ધૂસરીનો આગલ ભાગ.
મુખા લગી ધર ઘાણી. દેવાનંદ
૧. ધર કરવું–નાખવું = બળદ જોડવા.
૨. ધર ધરવી = (૧) કુટુંબનો બોજો ઉપાડવો. (૨) જોતરું રહેવું. (૩) માથે લેવું.
૧૮. સ્ત્રી. પકડવાની ક્રિયા.
૧૯. [સં ધરા] સ્ત્રી. પૃથ્વી; ધરા; ધરતી.
૨૦. સ્ત્રી. બળદ જોડાતો આવ તારથી ગણાતું વર્ષ. જોટલાં વરસ બળદ આર વહે તેટલા વરસને ધર કહે છે. કોઈ બળદ પાસેથી પાંચ વરસ સુધી એનું કામ લીધું હોય તો તે પાંચ ધરનો બળદ કહેવાય છે. જેમ વધારે ધર તેમ બળદની કીમત ઓછી.
૨૧. સ્ત્રી. બાજુ; દિશા.
૨૨. સ્ત્રી. લીટી.
૨૩. સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.
મનમાં ધર આવવી–વળવી = (૧) તૃપ્તિ થવી; સંતોષ થવો. (૨) વિશ્વાસ આવવો.
૨૪. ન. આગડીનું ઉપલું પડ.
૨૫. ન. મુખ્ય ઠેકાણ.
૨૬ ન. (જૈન) મૃત્યુ; કાળપ્રાપ્ત; આરંભ. જૈનોનાં પર્યુષણ આઠ દિવસનાં છે. તેમાં મુખ્ય દિવસ સવત્સરી કહેવાય છે સવત્સરી આઠો એક માસ રહે તેને માસખમણનું ધર કહેવાય છે. સવત્સરી આઠા પંદર દિવસ રહે તેને પંદરનું ધર કહે છે. તે પ્રમાણે સવત્સરી આઠા આઠ દિવસ રહે તેને અર્ધમાસ ધર, પાંચ દિવસ રહે તેને કલ્પ ધર અને ત્રણ દિવસ રહે તેને તેલા ધર કહે છે.
ધર મૂળથી = આરંભથી; કાળપ્રાપ્તથી.
૨૭. ન. ચતર.
૨૮. વિ. અસલનું; પ્રથમનું; મૂળનું.
ધર મળી ધર દહાડો = કાળપ્રાપ્તથી હોય તેવી ને તેવી સ્થિતિ
૨૯. વિ. ધારણ કરનાર. ધારણ કરી રાખે એવું, ધરનાર; રાખનાર; વારી રાખનાર. આ શબ્દ બીજા શબ્દની સાથે ધરનાર કે રાખનાર એવા અર્થમાં આવે છે. જેમકે, ગદાધર, ગિરિધર, ભૂધર
૩૦. વિ. બે; બેની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ
૩૧. અ ઉત્તમ રીતે. પરિપૂર્ણપણે.
૩૨ અ મરીને; મર્યા પછી
૩૩. અ પહેલથી, મૂળથી; આરંભથી, કાળપ્રાપ્તથી.
૩૪. અ. વસ્તુ ઉપાડી લેવા માટે હાથને સૂચના કરે વપરાતો શબ્દ.

ધરઅઢાણું વિ બે; બે સૂચક સાંકેતિક શબ્દ.

ધરક ૧. [સ.] પું. અનાજ તોળવાનું કામ કરનાર માણસ.
૨. પું મુખ્ય અઢાર માંહેનો એ નામનો એક ધર્મગ્રંથ
૩. [હિ.] સ્ત્રી. ધડક; ધ્રુજારી; કંપારી
ધરક ધરક હરસે હિમ કરસ્ત રુમરી મન.
ગીત ગોવિંદ
૪ વિ. ધડકતું, ધ્રુજતું.
ખાતું ખસ્યું હશે તો ધરક હશે જ. પ્રેમાનંદ

ધરકટ ૧. વિ. અજાણ્યું, ટકાઉ.
૨. સ્ત્રી. સાટું; નીસગી.

ધરકધર વિ. એકસરખું; સરખે સરખી જોડીનું, બરાબર સમાન, બરાબર સરખી કક્ષાનું; ભેળવાયા કોયું અધિક કે ન્યૂન છે તે કહી ન શકાય તેવી સ્થિતિવાળું.

ધરકલી સ્ત્રી. ગોદડી; ધડકી.

ધરકલું ન. ભાતો કે ચૂંથો કાઢી ભરેલું ગોદડું.

ધરકવું ૧. અ. ક્રિ. દોડવું
ધરતા ધસકે તુરી ચાર ધરકે
કવિ દયારામ
૨. અ ક્રિ. ધડકવું
૩. અ. ક્રિ. ફીકા પડવું; ઝાંખા થવું

ધરકેલું ન. ક ન. (વહાણવટું) કાંડા.

ધરખમ ૧. વિ. જોરદાર, ધર કે ધુરા ખમી શકે એવું; સક્ષમ; મજબૂત.
૨. વિ. પરાક્રમી; નિપુણ; પ્રવીણ
૩. વિ. મહાન; મોટું; ભવ્ય; ગંભીર
ધરખવું ૧. અ ક્રિ. ધડકવું; કંપવું
પારને કેવી માણ્ય રે, રખે પડ તારે ભવ ધરખી.
મીરાં

૨. [સં. ધૃ્ (હરાવવું)] સ. ક્રિ. હારવું; હારી જવું; હિમત હારવી; નાઉમેદ થવું; નાસીપાસ થવું

ઓ વિષસણ સરખો રે,
ધર્મ કહિ જોઈ ન ધરખો રે.
પ્રેમાનંદ

ધરમરવું સ ક્રિ જમીન ચવું; લેખમ માથે લેવું; ખોળાધરી આપવી કે લેવી.

ધરગાહા પું. નામધિમ માંહેનો એ નામનો એક માત્રામેળ છંદ.

ધરગું ન. ઊંચું; માઠાનું; કલાવર.

ધરઘડી (ધરપડો) જી. ધ.રવું કરેલી ઘડી; પ્રથમ હતી તેવી જ ઘડી; ઘરજાતની હાલત.

ધરચકાવું અ. ક્રિ. આકુવ્યાકુળ થઈ જવું, સહેજ મરઘાઈ જવું.

ધરચકો પું. અવ; કર.

ધરચોડા (ધરચોડા) પું. ન ક. ગપ્પાં; ખોટી વાતો

ધરછોડ (ધરછેડ) ૧. જી. અનિશ્ચિતતા; ડચુપચુપણું

૨. જી. કમકમ; તકરાર.

૩. જી. કેટલીક બાબતથી પોતાની જોડી કેવી અને બીજાની કેટલીક રહીકારણી તે; બાંધછોડ, મેળમૂક; સેમેસ.

૪. જી. હિસાબનો મેળ મેળવવા અમુક રકમ વધારવી કે ઘટાડવી તે.

ધરજાવું સ. એ નામનો પેડાનો એક અવયવ.

ધરજવું જ. ક્રિ. બીવું; કરવું.

ધરજાતિ જી. જમીન જોડવી તે.

ધરડધરડ (ધરડમરડ) જ. નીચે કોઈ વસ્તુ ઘસાતી હોય એમ.

ધરણ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું એ નામનો એક નાગ

૩. પું જમીન

૪. પું તાદુલ

૫. પું ધાન્ય; અનાજ

૬. પું નદીમાં બાંધેલો બંધ; સેતુ; પાળ; પુલ

૭. પું. પર્વત.

૮. પું. સલામતી

૯. પું. સંસાર; જગત; લોક; બ્રહ્માંડ.

૧૦. પું. સર્પ.

૧૧. પું. સ્તન

૧૨ પું. રક્ષણ; બચાવ.

૧૩. પું. હિમાલય પર્વત

૧૪. જી. લેખનું એક જાતનું માપ કે વજન; લાંબું; ટંક; કે તોલાનું વજન; ચાર માસાનું વજન; ૧૬ પલનું ધન પદાર્થ જોખવાનું વજન. તે કર્ષક ૨૪ રતીનું, કર્ષક ૧૦ પલનું, કર્ષક ૧૬ માસાનું, કર્ષક ½ શતમાનનું, કર્ષક ૧૯ નિષ્કાવનું, કર્ષક ½ કર્ષનું અને કર્ષક ½૦ પલનું માપવામાં આવે છે જેનાં કોષ્ટક નીચે મુજબ છે:

૪ જવકાર = રતી
૪ રતિ = વાલ
૮ વાલ = ધરણ
૨ ધરણ = મદિયાણો
૧૧ રૂપમાપ = ધરણ (રૂપું તોળવા માટે)
૨૦ માપ = ધરણ (તાંબું તોળવા માટે)
૨૦ તંદુલ = ધરણ (હીરા, રત્ન વગેરે તોળવા માટે)
= માષક = લાલ (૨૪ રતી, ધરણ તથા ટંક પણ લાલને જ કહે છે)
૨૦ મોખાકાર = ધરણ
૧૦ ધરણ = પલ
૧૦૦ પલ = ભારભામિ.

૧૫. જી. પૃથ્વી; ધરતી
રાયતાં જોય પગ્યો ત્યાં ધરણ,
પડ્યો આભ જી અસરાયપણ.
પ્રેમાનંદ

૧૬. જી. ભોંય; જમીન.

૧૭. ન. આશ્રય; સહાય.

૧૮. ન. ઢબ; આવવાની રીત; આવવી મત કે ભાવ.

૧૯. ન. દોરડું.

૨૦. ન ધરવું તે. ધારણ કરવાપણું.

૨૧. ન. ધારણ કરવી તે.

૨૨. ન ધારણનું તત્ત્વિયું.

૨૩. ન. સ્વરભારનું ચિહ્ન.

૨૪. વિ. ધારણ કરનાર.

ધરણકીલક [સં. ધરણી (પૃથ્વી) + કીલક (ખાનારો)] પું. ધરણી ઉપરનો ખાનારો; પર્વત; ગિરિ

ધરણજ જ. એવો અનાજ
ધરણજ ધરતી ખાનારી રે,
અનન ખાએ જે તે ચોર. ભાણદાસ

ધરણપ્રિયા [સં.] જી. એ નામે એક જૈન શાસન દેવતા; મલ્લિનાથ તીર્થંકરની શાસન દેવી.

ધરણહાર વિ. ધારનાર; ધારણ કરનાર.

ધરણા ૧. જી. લેણદાર દેણદારને ઘેર જઈ બેસવા એસે તેવું કૃત્ય; ત્રાગું.

૨. જી. હાથીને બાંધવાની એક જાતની ઘાટ વગરની કડીવાળી સાંકળ. તે ૬૨ કડીનું વજન ત્રણ શેર હોય છે. સાંકળનો એક છેડો જમીનમાં સાંકળો નાખી તે સાથે બાંધવામાં આવે છે અને બીજો છેડો હાથીના પાછલા ડાબા પગે બંધાય છે. આ સાંકળ સોટાની જેમ જ સોનાની કે રૂપાની બને છે.

ધરણિ ૧ પું આકડો; આમ.

૨. પું (પિંગળ) એ નામનો એક સમબૃત્તિ માત્રામેળ છંદ. તે તોટક છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગ્રહ અને ૪૦ લઘુ મળી ૪૪ વર્ણ અને માત્રા ૪૮ હોય છે.

૩. પું. (પિંગળ) એ નામનો એક સમબૃત્તિ માત્રામેળ છંદ; ભામવત, તે મત છંદનો એક ભેદ છે. તેનું માપ ૧૭ માત્રા છે.

૪. [સં.] જી. એક જાતનો છંદ.

૫. જી. એક સુગંધ કાંકેતિક શબ્દ.

૬. જી ગૃહિણી; પત્ની.
૪૦ ધરણિ પું નાખી ઘડિ. વિમલપ્રબંધ

૭. જી. નાડી.

૮. જી (પુરાણ) પરશુરામની બહેન.

૯. જી. પીઠિયું.

૧૦. જી. પૃથ્વી; ભૂમિ; ધરા; ભોંય; જમીન.
પૃથિવી ક્ષિતિ ક્ષોણી ક્ષમા ધરણિ ધાત્રી ધારા;
ઉર્વી જગતી વસુમતી વસુધા સર્વ સરખી.
પિંગળપ્રકાશ

૧૧. જી. ભૌમ ધર્મની એક જાતની ક્રિયા.

૧૨. જી. ગોટી નામના દશ માંહેનો એ નામનો એક પ્રકાર.

૧૩. જી રીતભાત.

૧૪. જી. શ્રીમળાનું ઝાડ; ફાલ્ગુનિ વૃક્ષ.

ધરણિકન્યા [સં.] જી. સીતા.

ધરણિકંઠ [સં.] પું. એ નામનો એક બાણ છંદ.

ધરણિકંપ [સં.] પું. ધરતીકંપ.

ધરણિકીલક [સં.] પું. પર્વત

ધરણિકૃત જુઓ ધરણિકૃત.

ધરણિજ ૧. [સં] પું. નરકાસુર દૈત્ય.

૨. પું. (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ.

૩. વિ. પૃથ્વીમા ઉત્પન્ન થયેલ

ધરણિજા [સં.] જી. સીતા; રામની પત્ની; ધરણિસુતા.

ધરણિતલ [સં.] ન. પૃથ્વીનું પડ; ભૂપૃષ્ઠ.
અલ્પ અવરોધ આરોધ સંક્રમ કરી,
કમનિયત ધરણિતલ અલ્પ ધરતી.
ઝવેરચંદ્રિકા

ધરણિધર ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ નગણ અને એક યગણ મળી બાર વર્ણ હોય છે.
૨. [સં] પું. ફણધર; ફણાળો
૩. પું. શેષનાગ; ગણપતિ.
૪. પું. જમીનદાર.
૫. પું નરકાસુર.
૬. પું. પર્વત; ગિરિ.
૭. પું. પૃથ્વીને ટેકો આપતો મનાતો હાથી.
૮. પું (ભૌ૦) જોધિસત્ત્વનું એક રૂપ.
૯. પું. રાજા.
૧૦. પું. વિષ્ણુનાં ફણધર માફેનું એક નામ શેષ અને દિગ્ગજ વગેરે રૂપથી અથવા વરાહરૂપથી પૃથ્વીને તે ધારણ કરે છે તેથી તે ધરણિધર કહેવાય છે. વળી વિષ્ણુ પોતે પૃથ્વીને ધારણ કરનારા અથવા પૃથ્વીનાં અર્ધરૂપ સ્થૂળ શરીરોને ધારણ કરનારા, શેષનાગરૂપ, અવ્યક્ત શરીરમાં અહંકારરૂપ, નામને ધારણ કરનારા શેષનાગરૂપ અને નેતિ અનવશેષ અસ્તિત્વ શેષ પણ પોતે હોવાથી વિષ્ણુ ભગવાન ધરણિધર કહેવાય છે.
ધર્મરત્નિ એ ધરણિધરનું આસન પૃથિવી ધરવા દે. સુરદાસ
૧૧. પું. શિવ.
૧૨. [સ. ધરણિ (પૃથ્વી) + ધર (ધરનાર)] પું. શેષનાગ.
શેષ મહા અહિ કર્પપતિ ધરણિધર અનંત,
સહસ્ર વદનથી ગુણ ગટે પણ નહિ આવત અંત. વિજયવલ્લભ
૧૩. વિ. પૃથ્વીને ધારણ કરનાર.

ધરણિધરભાન્યા [સં.] સ્ત્રી. નર્મદાનાં ફણધર માફેનું એક નામ.

ધરણિધરવલ્લભા [સં.] સ્ત્રી. નર્મદાનાં ફણધર માફેનું એક નામ.

ધરણિધરા [સં.] સ્ત્રી. નર્મદાનાં ફણધર માફેનું એક નામ.

ધરણિભૃત ૧. [સં. ધરણિભૃત્] પું. વિષ્ણુ.
૨. જુઓ ધરણિધર ૨, ૬, ૧૧, ૧૨.

ધરણિપતિ [સં. ધરણિ (પૃથ્વી) + પતિ (માલિક)] પું. રાજા.

ધરણિપુત્ર ૧. [સ.] પું. નરકાસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે પૃથ્વીનો પુત્ર મનાય છે.

ધરણિપુત્રી [સં.] સ્ત્રી સીતા. તે જમીનમાંથી નીકળ્યાં હતાં.

ધરણિપ્રેક્ષણા સ્ત્રી. ઘસિતચિરતરમા જમીનવેધી ચોસઠ મહેનો એ નામની એક સિદ્ધિ.

ધરણિપ્લવ [સં.] પું. સમુદ્ર.

ધરણિભૃત ૧. [સં. ધરણિભૃત્] પું. રાજા.
૨. જુઓ ધરણિધર ૬, ૧૦, ૧૧, ૧૨

ધરણિરન્ધ્ર [સં. ધરણિ (જમીન) + રન્ધ્ર (છિદ્ર)] પું. દર; ગાબ.

ધરણિરારન્ધ્ર [સં. ધરણિ (પૃથ્વી) + રારન્ધ્ર (ખાડો)] વિ. ઘણું હળી ચકેલું
રજનિમય ધરી કપે સજની ! ગ્રિયલ તન,
ધરણિરારન્ધ્ર વલપે રમની હિમકરકર મન. ગીતગોવિંદ

ધરણિસુત ૧ [સં] પું નરકાસુર
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ; ધરણિપુત્ર.

ધરણિસુતા [સ. ધરણિ (પૃથ્વી) + સુતા (પુત્રી)] સ્ત્રી. સીતા; ધરણિજા; જનકા.

ધરણિસ્થ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ધરણી જુઓ ધરણિ.

ધરણીકન્યા જુઓ ધરણિકન્યા.

ધરણીકંદ જુઓ ધરણિકંદ

ધરણીકંપ જુઓ ધરતીકંપ.

ધરણીકોલાહલ જુઓ ધરણિકોલાહલ.

ધરણીકૃત જુઓ ધરણિકૃત.

ધરણીજ જુઓ ધરણિજ.

ધરણીજા જુઓ ધરણિજા

ધરણીતલ જુઓ ધરણિતલ

ધરણીધર જુઓ ધરણિધર.

ધરણીધરભાન્યા જુઓ ધરણિધરભાન્યા.

ધરણીધરવલ્લભા જુઓ ધરણિધરવલ્લભા.

ધરણીધરા જુઓ ધરણિધરા

ધરણીભૃત જુઓ ધરણિભૃત.

ધરણીમંડલ જુઓ ધરણિમંડલ.

ધરણીપુત્ર જુઓ ધરણિપુત્ર.

ધરણીપુત્રી જુઓ ધરણિપુત્રી.

ધરણીપુર [સ] ન. ચાર ખૂણાવાળું મંડળ.

ધરણીપ્રેક્ષણા જુઓ ધરણિપ્રેક્ષણા.

ધરણીપ્લવ જુઓ ધરણિપ્લવ.

ધરણીભૃત જુઓ ધરણિધર.

ધરણીય ૧. વિ. આધારને યોગ્ય
૨ વિ. પકડવા યોગ્ય.
૩. વિ ધારી જવા જેવું

ધરણીરુહ જુઓ ધરણિરુહ.

ધરણીરૂઢ ૧. પું. કોઈ માણસે રાજા અગર કોઈ મોટા આસામીને રૂબરૂની મોટી રકમ ધીરી હોય અને તે આપતો ન હોય અને તેની કોર્ટ દાદ ફરિયાદ સાંભળતી ન હોય તો માગનાર તેને ખરેખો જઈ લાગે તે. ભાગ
૨. [સં. ધરણી પૃથ્વી) + ઈશ (ધણી)] પું. ભૂમિપતિ. રાજા.
૩. પું વિષ્ણુ.
૪. પું. શિવ

ધરણીરારન્ધ્ર જુઓ ધરણિરારન્ધ્ર

ધરણીશ્વર જુઓ ધરણીશ

ધરણીસુત જુઓ ધરણિસુત.

ધરણીસુતા જુઓ ધરણિસુતા

ધરણીસ્થ જુઓ ધરણિસ્થ

ધરણું ૧. ન. ચારણોનો એક જાતનો સત્યાગ્રહ; ખાતે દિવસ ઉપવાસ કરી આકરો દેહાડો ધારણું કરી પાડવું તેમ કરવું તે જાતનું ન.મું.
ધરણું કરી બ્રાહ્મણ કર માગ. રસમાલ
૨. ન. જમીન સાથે માથું અફાળવું તે.
૩. ન. તકાદો; તગાદો; માગણીની કે લેણાની કરડી ઉઘરાણી.
૪. ન. ન.ગુ; તરાગુ; જબરદસ્તી.
૫. ન. ખાતેધરી; જમીની; માથે લેવું કે વિશ્વાસ કરવો તે; ધીર.
૬. ન. માનું આખર.

ધરણેંદ્ર ૧. પું. (જૈન) એ નામનો એક નાગરાજ. તેણે પાર્શ્વનાથને માથે ફણાનું છત્ર રચ્યું હતું.
૨. પું. (જૈન) દક્ષિણ દિશાના નાગકુમારોના ઇંદ્રનું નામ

ધરણોપપાત ન. (જૈન) એ નામનું એક કાલિકસૂત્ર.

ધરતલ વિ. ધારણ કરનાર

ધરતા ૧. [હિ.] પું. કોઈ કામ દેતાં તેમાંથી કોઈ ખાધેલ ઘાટા અથવા તો ધર્મના કામ માટે કાંઈ દ્રવ્ય આપી લેવું તે.
૨. પું. દેણદાર; ઋણી, કરજદાર.
૩. વિ. ધારણ કરનાર; કોઈ કામ વગેરે પોતાની ઉપર લેનાર

ધરતી ૧ [સં. ધરિત્રી] સ્ત્રી. પૃથ્વી.
૨. સ્ત્રી. ભૂમિ; જમીન
ગામ નગર બેસા નવ કરે,
ધરતી કબા પગ નવ ધરે;
ગામ વિષે જઈ ન ગળે ગળ,
એ લો કેવા ભાઈની કૂલ. દોનેશ્વિ
૧ ધરતી ઉપર પગ ન ધરવો-મૂકવો = અહિમાનથી અદ્ધર ચાલવું, ઉદ્ધત થઈ જવું.

કોઈને નહિ લેખવવું જે માણસ ત્રિવિક્રમપણામાં ઊભો ને ઊભો રહે છે તેને વિષે જોવાતાં આમ વપરાય છે.

૨ ધરતી ચીરની = જમીન ખેડવી.

૩. ધરતી ધ્રુજેધ્રુજી = ધરતીકંપ થયો.

૪. ધરતી વાંઝણી ન હોય = દુનિયામાં કંઈ ન હોય એવું અને જ નહિ

૫. ધરતીનાં કૂબા = ખિસાડીનો દોષ.

૬. ધરતીનો ઊંડો આવી જવો–રહેવો = આડો આંક કે હદ થવી; બહુ થવું. જ્યારે કોઈ માણસ જેટલે પાટલે બેસે એવું બોલવા હદ ઉપરાંત ન બોલવા જેવું બોલે ત્યારે કહેતો કે બાઈ! હવે ધરતીનો ઊંડો આવી રહ્યો, બહુ થયું, બસ કરો, હવે બહુ કહેવામાં માલ નથી.

૭. ધરતીમાં પેસી જવું = (૧) અદશ્ય થવું; દેખાતું બંધ થવું. (૨) બહુ શરમાઈ જવું; અત્યંત દીનું લાગવું. જ્યારે કોઈકે દીનું કર્મ કર્યું હોય અને તે વિષે તેના મનમાં ઊંડા લાગણી થઈ આવે ત્યારે તે કહેતો કે, ધરતીમાતા મારગ આપે તો મહિ પેસી જાઉં. શરમને લીધે લોકોને પોતાનું મોડું નહિ બતાવવાની ઇચ્છાથી આમ બોલાય છે.

૪. સ્ત્રી. સંસાર; દુનિયા; જગત.

ધરતીકંપ પું. પૃથ્વીની કંપારી; ધરતી ધ્રુજવી તે; ભૂકંપ; પૃથ્વીના અંદરના ભાગમાં રહેલી ગરમીના ઓચિંતા ફાટવાના લીધેથી જમીનનો જે ઘણો ભાગ તે, અંદરનો ઓચિંતો રસ, ગરમી, વરાળ વગેરે પૃથ્વી ફોડીને બહાર નીકળે તે પહેલાં ધરતી ધમધમી ઊઠે છે ને પછી તે ઊભરો નવી ફાટ પાડી બહાર જૂના જ્વાળામુખીના સ્ફોટમાંથી બહાર નીકળે છે. એ બહાર નીકળેલો રસ લાવા કહેવાય છે.

ધરતીખાતું ન. ગામના મહેમાનોની સરભરાને માટે ખેડૂતોએ કરેલા ફાળાનો હિસાબ; મોરાખાતું.

ધરતીઠંક સ્ત્રી. મરી ગયેલું

મળે બેસી બબ્બા, મળે આમ બબ્બા;
બહુ સો સબ્બહુ કથાથી મળે ધરતીઠંક થયાં
લોકોક્તિ

ધરતીપતિ પું. પૃથ્વીપતિ

ધરતીમંડળ ૧. ન. જગતનું ભૂગોળ; જગતને દીપાવનાર.

આભામંડળ પીળળ્યા, ધરતીમંડળ ગે;
નરમંડળ નાગશે, (એમ) અક્ષોમાં આલ્યા દે.
નાગનાગમટેનો કવો

૨. ન. પૃથ્વી; જગત.

ધરતીમાતા સ્ત્રી પૃથ્વી.

ધરથડી અ. અંદરથી; ધરમૂળથી.

ધરથી અ. મૂળથી; અંતરંગથી; પહેલેથી; પ્રથમથી; શરૂઆતથી.

ધરથી ન બબ્બા પુતારાના દમ ચે.
મીસબંદર્ડ

ધરદહાડો (ધરદબાડો) ૧. પું. જેવો ને તેવો જ વખત, એટલે ગરીબી હોય તો તે, ચાંદ્રિમાપણું હોય તો તે ને દુઃખ હોય તો તે રહેવાપણું; પહેલાંના જેવી જ સ્થિતિ; અસલ સ્થિતિ.

૨. પું પ્રથમનો દિવસ; શરૂઆત; પહેલો દિવસ.

૧. ઘર ઘડી ને ઘર દહાડો રહેવો = સંતાન ન હોવું કોઈ કોને સંતાન થતું નથી તો એને માટે આ કહેવત વપરાય છે.

૨. ઘર દહાડાથી – દહાડેથી = પ્રથમથી; મૂળથી; શરૂઆતથી; પહેલે ધરથી. બાલાજી રે ધરદહાડાથી બણ્યું નહિ તે થવો અતિશે અનર્થ.–દયારામ

ધરધ પું. (કચ્છી) દરદ; રોગ.

ધરધમકવું અ. ક્રિ. ગેબરવું રોડવું.

ધરધર ૧. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે પંદર છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૨૬ લઘુ મળી ૩૬ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.

૨. પું. વરસાદનો અવાજ.

ધરધર ધરતા, ધરધર ધરતા,
ઘરઘર ઘરતા ઘરતા. બબ્બસહિત્યા

૩. સ્ત્રી. ખીનાઝવાણી બબ્બા.

૪. અ. ધડધડ અવાજ થતો હોય તેમ.

ધરધામબ્બ સ્ત્રી. અનાવશ્યક આડબ્બમાં બબ્બાને વગાવતાં આપવાની વસ્તુઓ.

ધરધી ક્રિ. (કચ્છી) દરદી; રોગી.

ધરધુરાં ન. ગામનો સીમાડો.

ધરધૂબ્બ ન. ધરતીકંપ.

ધરન ૧ પું. (પિંગળ) એ નામનો એક અર્ધમમાત્રામેળ છંદ તે મોરદા છંદનો ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૨૪ લઘુ મળી ૩૬ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે પદ્મ છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૧૮ લઘુ મળી ૩૨ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.

૩. [હિ.] સ્ત્રી. ગર્ભાશય.

૪. સ્ત્રી. ગર્ભાશયને દહતાથી પકડી રાખનાર નસ; ગર્ભાશયનો આધાર.

૫. સ્ત્રી. ટેક; હઠ.

૬. સ્ત્રી. પીઠિયું.

૭. સ્ત્રી. પૃથ્વી; ધરતી.

૮. સ્ત્રી. ભૂમિ; જમીન.

૯. સ્ત્રી. સ્વરબ્બાર.

ધરનિ ૧. [હિ.] સ્ત્રી. ધરતી; ધરણી.

૨. સ્ત્રી. પીઠિયું.

ધરપકડ (ધરપકડ) ૧. સ્ત્રી. ઊભા ઝઘડા; તીવ્ર વેગ.

૨. સ્ત્રી ઝાપટાથી પકડવું તે, પકડાપકડી; ઝપટાથી ઓચિંતા બબ્બાં માણસોને પકડવાં તે; ઝાલાઝાલી.

ધરપચ ૧. સ્ત્રી. અભિમાન; અહંકાર.

૨. સ્ત્રી ખાલી ધામધૂમ.

૩. સ્ત્રી. ખોટી ધામધી.

૪. સ્ત્રી. ખોટો દેખાવ.

૫. સ્ત્રી ધ.બબ્બ.

૬. સ્ત્રી. બહાર બેર ઊડી જવા કે ઢાંક ઢરવા વગેરેની ઉતાવળ કરવી તે

ધરપત ૧. પું. ધરપતિ; પૃથ્વીપતિ; રાબ્બ.

૨. સ્ત્રી. આશ્વાસન; શાંતિ.

૩. સ્ત્રી. ખોટી ધામધૂમ.

૪ સ્ત્રી. ધરાઈને બાવાથી વળેલી નિરાંત; ધરાવાપણું; સંતોષ; તૃપ્તિ.

ધરપત ન ધારે રે, ધરાયો નહિ ઘરે બાલે.
મીરબ્બ

બાન ધરપત ને ધી સંપત = બાન કે અનાજ ધરાય તેટલું બબ્બાય, બબ્બ ધી શક્તિ પ્રમાણે બબ્બાય.

૫. સ્ત્રી.. ધારબ્બ કરી રાખવાની શક્તિ; ધીરજ; સબૂરી.

૬. સ્ત્રી. ધાસ્તી; ડર.

૭. સ્ત્રી. વિશ્વાસ.

૮. સ્ત્રી. હિંમત.

ધરપતિ પું. પૃથ્વીપતિ; રાબ્બ.

ધરપવું ૧. અ. ક્રિ. અડગ રહેવું; નક્કિત કે નિશ્ચિત રહેવું.

૨. અ. ક્રિ. ગોઠવું; ગમવું; મન માનવું.

૩. અ. ક્રિ. બાઝવું.

૪. અ. ક્રિ. તૃપ્ત થવું; ધરાવું; સંતોષ થવો; શાંતિ થવી.

તારા બબર અમૃતથી નાબ, હું નવ ધરપું રે.
મુક્તાનંદ

૫. અ ક્રિ. હિંમત બાવવી.

ધરફ બુબ્બો ધરબો.

ધરફડી (ધરફડી) સ્ત્રી. ધમબ્બ; બબ્બ.

ધરફરું બુબ્બો ધરબું.

ધરડો પું. એક જાતનું ઘાસ. તેનાં ઘૂમડાં વધુ વિસ્તારવાળાં અને પાન લાંબાં, સાંકડાં અને ભાલાં હોય છે. ઘૂમડાં પાસે પાસે એટલે બીચ હોય છે. તેમાં પીળા રંગની ચમરી આવે છે. ચમરી પાતળી સળી ઉપર ચામની આકૃતિ ગોઠવાયેલી હોય છે.

ધરણ ૧. સ્ત્રી. સંતોષ.

૨. સ્ત્રી. હિંમત.

ધરણિયું ન. ધરણવાનું સાધન.

ધરણું ૧. સ. ક્રિ. ફરી ફરીને ભરવું; ઠાંસવું.

૨. સ. ક્રિ. ખોસવું; નાખવું.

૩. સ. ક્રિ. ધરવવું; સંતોષ પમાડવો; તૃપ્ત કરવું.

૪. સ. ક્રિ. પોલાણમાં કાંઈ વસ્તુ ભરી ઉપરથી સામેલા કે ઢોલ જેવા સાધનથી ફચરવું, સામટી જેવા દાણાથી ફચરતાં પોલી વસ્તુને નાકર આવ તેમ બેસાડવી.

૫. સ. ક્રિ. સંકોચ કરવો.

ધરણ્ડ પું. નિયમ, ધારો

ધરબાવું અ ક્રિ. દબાઈ જવું; ઢરમાવું

ધરબી સ્ત્રી. રબ્બાત જી

ધરબોળ ૧. ન. પ્રલય; સત્યાનાશ; અનર્થ.

૧. ધરબોળ વાળવો = મોટો અનર્થ કરવો.

૨. ધરબોળ જવું = બીજ પણ નહિ રહેવું. સત્યાનાશ પામવું કે જવું; સાવ નાશ થવો.

૨. ન. સ.વ ઊંધું મારવું તે.

ધરબોળ વાળવું = વશુસાડવું; સદંતર પાયમાલ કરવું; તદ્દન બરબાદી નાખવું.

૩. અ. ધરાબોળ થઈ જાય તેમ, નામનિશાન રહ્યું ન હોય તેમ.

ધરમ ૧. પું. ખોટા અજ્ઞાન પ્રમાણે જાણેલા રૂપમાં વિષ્ણુના ચાર માહેનો એક અવતાર.

૨. પું. ધર્મોદા તરીકે કે મહત મળેલું જે કંઈ તે.

૧. ધરમની ગાના દાત જોવામાં નહિ = બીજ બાબતમાં કે મહત મળતું હોય ત્યારે તો જે મળે તે લઈ લેવું જોઈએ.

૨. ધરમનો દા કેનાર = (૧) પોતાને માથે દાવ આપવાનો ન હોય છતાં પોતે દાવ આપનાર. (૨) મહતની અવજ્ઞા લેનારે. (૩) મહતની ચેઠ કરનાર.

૩. પું. પ્રામાણિકપણું

૧. ધરમથી કહેવું = પ્રામાણિકપણે કહેવું, પ્રતિજ્ઞાપૂર્વક કહેવું; સાચું બોલવું

૨. ધરમની તરખી = સત્ય બોલાવવા માટે ધર્મની આમન્યારૂપ અપાતી બાબત.

૩. ધરમનો બાંધ્યો = બહું જ ધર્મિષ્ઠ માણસ.

૪. જુઓ ધર્મ.

ધરમઉપદેશ પું. ધાર્મિક બોધ.

ધરમકાંટો પું. કાંટોરાત, સોનું, રૂપું વગેરે અદલ જોખવા માટેનો કાટો.

ધરમકોળા પું. શૈવોના ચોરાસી માહેનો એ નામનો એક પેટા સમ્પ્રદ.

ધરમખાતું ન. ધર્માદા ખાતું; ધર્મદાન તરીકે આપેલી રકમનું ખાતું, ધરમાર્થે કે દાનમાં આપેલા નાણાં સંબંધી ખાતું

ધરમગોઠિ સ્ત્રી. (જૂ. ગુ) ધર્મની વાત; ધર્મગોષ્ઠિ

ધરમગોઠિ જી આદિરનું.
કરઈ કથા રસ પૂરઈ રે. કુશલવિલય

ધરમઘડી (ધરમઘડો) સ્ત્રી. જેમાંથી વાહણના મોટા અવાજ આવ એવી યુદ્ધા

ધરમઘેલું જુઓ ધર્મઘેલું.

ધરમજાગરણ જુઓ ધર્મજાગરણ.

ધરમડાંડિયો ૧. પું. ચોર સહિત બધાનમા એલ્લા જતો પ્રવાસ. જેટલી ચોરી હોય તેટલી તમામ ચોરી મૂકી ઈને માત્ર સહેલ કરવાને માટે ચોરીનો બાજાર ઊઠો મૂકી દેવામા આવે તેવી ચોરીવાળો ઊંચો બાસમાન ઉપર ગોલનો ગોલતો બનો કનકવો ધરમડાંડિયો કહેવાય છે

ધરમડાંડિયો બાજ, બહા બારે સો બનો,
સો રીસે છે રસિયા, બેય બે બહુ ઢિલ્લમે !
વિજયવિનોદ

૨. વિ. પું. ધરમને બહાને બાપ કરનારો.

ધરમઢાંકણી સ્ત્રી. ઓની ગુજેન્દ્રિય; યોનિ.

ધરમદેબલી જુઓ ધરમઢાંકણી.

ધરમથી ૧. અ. ખરેખર !

૨. અ. ધર્મ સમજીને; ધાર્મિક દૃષ્ટિથી.

૩. અ. મારા સમ ! પરમેશ્વરના સમ !

ધરમધક્કો જુઓ ધર્મધક્કો.

ધરમધારી વિ. ન્યાયની રીતે કે નીતિને પથે વર્તનાર

ધરમનંદન પું. ધર્મનો પુત્ર, સહજાનંદ સ્વામીનાં બેકસો બાર માહેનું એક નામ

ધરમપારેવો ૧. પું ઓકમા પહેરવાનો એક બાતનો રાગીનો

૨ પું. ધરબતી બખતે કન્યાને કન્યાદાનમાં આપવાનો સોનાનો પારેવો.

ધરમરાજ જુઓ ધર્મરાજ.

ધરમરાજા ૧. પું. ધર્મરાજા; યુધિષ્ઠિર.

૨. પું. ધર્માત્મા; દાનવીર; પુરુષ કરવામાં પાછી પાની ન કરે એવો માણસ.

ધરમ રાજાનો રોળ = (૧) ધર્મરાજા જેવો કુકાવટ વિનાનો માણસ. (૨) ધર્માદામાં પહોંચાયેલો મહતનો ભોગ. (૩) વગર બદલે મળેલો કાયદો.

૩. વિ. બહુ ધર્મિષ્ઠ; બબંત ધર્મપરાયણ.

ધરમરાસ્તર જુઓ ધર્મરાજ.

ધરમરાળો જુઓ ધર્મશાળા.

ધરમસંકટ જુઓ ધર્મસંકટ.

ધરમસાર ૧. [સં. ધર્મશાલા] સ્ત્રી. ધર્મશાળા.

૨. સ્ત્રી સદાવત.

ધરમાઉ વિ. ધર્માદાનું.

ધરમાચરણ જુઓ ધર્માચરણ.

ધરમાત્મા જુઓ ધર્માત્મા.

ધરમાનંદ ૧. સ્ત્રી. સોરઠિયા બહીરની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ધરમાવતાર જુઓ ધર્માવતાર.

ધરમાળું વિ. ધર્મબાળું; ધર્મી.

ધરમૂળ ૧. ન. એક રાજ્યાતર તદ્દન પ્રારંભ.

૨. અ. પહેલાંથી જ; ધરથી જ; મૂળથી જ; બદમાંથી

ધરમૂળનું વિ. પ્રથમનું.

ધરવ પું. સંતોષ; તૃપ્તિ; નિરાત

૧. ધરવ થવો = તૃપ્ત થવું; સંતુષ્ટ થવું.

૨. રાંક ધરવ કરનો = જોઈએ તે કરતાં વધુ ઓછું કરવું કે બાકી પણ લેવું

૩. લાકાનો ધરવ = કન્યાવિક્રય કે લાચરિયત વગેરેના દુષ્ટ લાભથી બનાતી તૃપ્તિ.

ધરવટ (ધરવડ) પું. બાંત સંતોષ.

ધરવત જુઓ ધરપત.

ધરવવું ૧. સ. ક્રિ. તૃપ્ત બાય એમ બવરાવવું; સંતુષ્ટ કરવું; ક્રાંતિ કરાવવી; તૃપ્ત કરવું; સંતોષવું.

ધરવી દેવું = તૃષ્ણા કે ભૂખ મટાડી દેવી.

૨. સ. ક્રિ. પકડાવવું; ઝડપાવવું.

ધરવાણ ન. ખૂબ ઠોવાપણું.

ધરવાસેઠ વિ. ધરાય એટલું; તૃપ્તિ બાય એટલું; પેટપૂરણ; તૃપ્ત બતાં સુધીનું

ધરવાસેઠ જુઓ ધરવાસેટ.

ધરવાહેઠ (ધરવાહ) જુઓ ધરવાસેટ.

ધરવું ૧. ન. કોઈ વાત કે પ્રાર્થના પૂરી કરાવવા માટે કોઈ પાસે અથવા દ્વાર ઉપર જઈને બેસવું અથવા બ્યાસુધી તે વાત કે પ્રાર્થના પૂરી ન થાય ત્યાંસુધી અન્ન ન લેવું તે.

૨. સ ક્રિ. અટકાવવું

૩. સ ક્રિ. અવલંબન કરવું; આરોપિત કરવું.

૪. સ ક્રિ. અંગીકાર કરવું.

૫. સ ક્રિ. ઊંચકવું; ઉપાડવું; અધર રાખવું.

૬. સ ક્રિ. ઓઢવું; સ્થાપિત કરવું; સ્થિર કરવું.

૭. સ ક્રિ. જન્મ કે અવતાર લેવો

૮. સ ક્રિ. દફતાથી બનાવી રહેવું.

પગ ધરવો = (૧) કષ્ટસહ થવું. (૨) પ્રવેશ કરવો.

૯. સ. ક્રિ. ધ્યાનમાં લેવું; લક્ષ ઉપર રાખવું.

૧. કાને ધરવું = (૧) અરજ સાંભળવી; ધ્યાનમાં લેવું. (૨) કબૂલ કરવું; કાન પકડવો; ખૂબ કબૂલ કરવી. (૩) લેવી લેવું. (૪) વશ કરી લેવું; કરીને કે આજ્ઞાધારક બનાવી રેવું. ફરજ પાડવી.

૨. ધ્યાન ધરવું = ચિંતન કરવું.

૩. મનમાં ધરવું = લક્ષમાં લેવું.

૧૦. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.

૧૧. સ ક્રિ. પાસે રાખવું.

૧૨. સ. ક્રિ. કોઈ ખાસ જોગી વસ્તુને બીજી કોઈ વસ્તુમાં સમાવવી.

૧૩. સ ક્રિ. માંડવું; આદરવું; આરંભવું.

૧૪. સ. ક્રિ. વેષ લેવો; રૂપ લેવું

૧૫. સ ક્રિ. વ્યવહાર માટે હાથમાં લેવું; અધ્ય કરવું; પકડવું; ઝાલવું.

૧૬. સ. ક્રિ. સહાયતાને માટે કોઈને બોલવું; આશ્રય અપવો કરવો.

૧. મોં ધરવું = વચમાં પડવું; આવું આરવું

૨. હાથ ધરવો = (૧) પરાભવ. (૨) નીચ મ.જની. (૩) સરખ આપવું; સહાય થવું (૪) હાથ પકડવો

૧૭. સ. ક્રિ. સામે મૂકવું; પાસે મૂકવું. રજૂ કરવું; અર્પણ કરવું.

૧. નૈવેદ્ય ધરવું = મૂર્તિ સમક્ષ નૈવેદ્યની થાળી મૂકવી

૨. ભોગ ધરવો = ભોગ ચડાવવો

૩ માથું નીચું ધરવું = તાબે થવું

૧૮. સ ક્રિ. રહીને રખાત તરીકે રાખવી

ધરવું ૧. અ ક્રિ. ઠરી જવું; ઠંડાઈ જવું.

૨. અ. ક્રિ. સરી પડવું.

૩. સ. ક્રિ. અપમાનિત કરવું

૪. સ. ક્રિ. તોડી નાંખવું.

આદરનો બાર વરસે રે, ધરજો સરવર પાજ.
પ્રેમાનંદ

૫. સ ક્રિ. ઠંડાવવું.

૬ સ ક્રિ. દુખતો કરી સપડાવવું.

ધરસંડિયા ૧. જ્ઞા. સુતાર અને કડિયાની એ નામની એક અટક

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધરસાડિયા ૧. જ્ઞા. લોહાણા કડિયાની એ નામની એક અટક.

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધરસાવું ૧. સ ક્રિ. ખાઈને ધરાઈ રહેવું.

૨. અ. ક્રિ. ધસી પડવું.

ધરસોંડિયા ૧. જ્ઞા. દરજી કડિયાની એ નામની એક અટક

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ધરસેન પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એ નામનો એક રાજા.

ધરસોડું વિ જુઓ; પ્રપંચી; કપટી.

ધરહઈ જ્ઞી. બીજા શ્રાવણની આઠમ મહિનાની એ નામની એક બજારની માગણી.

ધરહર ૧. [હિ.] જ્ઞી. ધરપકડ; ગિરફતારી.

૨. જ્ઞી. ધૈર્ય; ધીરજ

૩. જ્ઞી. બચાવ; રક્ષા.

૪ જ્ઞી. લડનારાઓને પકડી લડાઈ બંધ કરાવવાનું કર્મ

ધરહોડવું (ધરહોડવું) સ. ક્રિ. પીરસવું; થાળામાં નાખવું.

ધરા ૧. પું. (પિંગ.) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને બિજવા છંદ પણ કહે છે. તેમાં તગણ અને યુક્ત મળી ચાર વર્ણ હોય છે.

જો ત્રા ધરણ. જયદેવિલ

૨. જ્ઞી. એ નામની દેવી. તેનું સ્થાન સંખોદ્ધારમાં છે.

૩ જ્ઞી એક સૂચક સાંકેતિક શબ્દ.

૪. જ્ઞી. કષ્ટ; દુઃખ; પીડા

ધરા બબ્બું = કષ્ટ કરવું.

૫. જ્ઞી. આકાશથી જમીન.

૧. ધરામાં નાખવું = (૧) નુકસાનના મોટા આકારમાં નાખ્યું હોય એવી દુર્ઘટનાએ પહોંચાડવું. (૨) પાણીથી ભરેલા મોટા આકારમાં અમુક પ્રાણી કે વસ્તુને નાખવી.

૨. ધરામાં પડવું = ધરામાં પેસી હોય તેમ દેખાતું બંધ થવું; દુર્ઘટનાને પામવું. આ પ્રયોગ વિશેષે આકાશમાં જ તેમ બેદરકારીમાં જોવામાં છે. જોખો, ન આવ તો પડ ધરામાં જઈને.

૬. જ્ઞી. ગર્ભાશય.

૭ જ્ઞી. ચાર શેરનું વજન.

૮. જ્ઞી જમીન; ભૂમિ.

૯. [હિ.] જ્ઞી. તોલની ભરોસરી; પલો. કોઈ વસ્તુનું સમતોલપણું કરવા મુકાતો બાર.

૧૦. જ્ઞી. (પુરાણ) દ્રોણ નામના વસુની બી. કૃષ્ણાવતારમાં એ જ પ્રયોજનસર અવતરી નંદની બી થઈ હતી

૧૧. જ્ઞી ધૈર્ય; ધીરજ.

૧૨. જ્ઞી નવ આંકડાની એક નાડી.

૧૩. જ્ઞી. પૃથ્વી.

અબલા વિપુલા સાગરા ધરા કર્દમા સોમ;
ગોત્રા અવની કુંભિની મહિ મેદિની હોમ.
પિંગલપ્રકાશ

૧૪. જ્ઞી. મેદ; ચરબી

૧૫. જ્ઞી. રાજા વગેરેની પાર.

૧૬. જ્ઞી. સંસાર; દુનિયા.

ધરાઅમર પું. ભૂદેવ; બ્રાહ્મણ.

ધરાઈ ૧. જ્ઞી રેલ.

૨. જ્ઞી. સમા; ઓસંદ; આણ; દુહાઈ

ધરાઉજંગ પું. પૃથ્વી માતાનો ખોળો.

ધરાઉજંગ લહી મંદ વાણી.
નરસિંહરાવ

ધરાકદંબ [સં.] પું. કદંબનું ઝાડ.

ધરાકન્યા [સં.] જ્ઞી. સીતા.

ધરાકારી વિ. આવિષ્ટ આવવાળું; ઓહપુક્ત.

ધરાકાશ [સં. ધરા (પૃથ્વી) + આકાશ] સ. પૃથ્વી અને આકાશ

ધરાખ ૧. જ્ઞી. દ્રાક્ષવેલ; દ્રાક્ષનો વેલો. તેના વેલા મોટા અને લાંબા થાય છે પાન તુરિયાંનાં પાન જેવાં પણ નાનાં હોય છે. તેને ફળની લુમો આવે છે

૨. જ્ઞી. દ્રાક્ષવેલનું ફળ. તેની ઘણી જાત થાય છે. તે કાળી, લાલ અને સફેદ એમ મુખ્યત્વે ત્રણ જાતની થાય છે. સફેદ દ્રાક્ષને કિસમિસ કહે છે. તેમાં બી હોતાં નથી. લાલ અને કાળીમાં બી હોય છે. તે શીતળ અને રેચક છે. તૃષા, તાવ, ખાસી તથા મૂત્રાવરોધ ઉપર તેનો ઉપયોગ થાય છે. દ્રાક્ષ, બિજોરા, ખજૂર, પીપર અને મરી એ સર્વ ચીજો સમભાગે લઈ મધ અને ઘીની સાથે મેળવીને બનાવેલી ગોળીઓ સફેદ ઉધરસ તથા જેમાં કફ વધેલા હોય ત્યાં ઉપર ઉપયોગ છે.

ધરાખમાંડવો ૧. પું. એ નામનું એક જાતનું ઝાપડ.
૨. પું. ભરતકામની એ નામની એક તરાહ.

ધરાજન [સં. ધરા (પૃથ્વી) + જન (માણસ)] પું. પૃથ્વીના લોકો.
ધરાજન તણું સર્વ ધૈર્ય જો ધોવાઈ ગયું.
કાન્હરસિંહ

ધરાઢકા [હિં] સ્ત્રી. ઢાંકેલું ન્યાવેલું હોય તેવું સંચિત વસ્તુ.

ધરાણી ૧. સ્ત્રી. રાળનું ઝાકડું.
૨. સ્ત્રી. હાથમાંનું અમુક વખત સુધી કરી જવું તે.

ધરાતલ ૧ ન. પૃથ્વી; ધરતી.
૨. [સં. ધરા (પૃથ્વી) + તલ (તળિયું)] ન. પૃથ્વીનું તળ; સપાટી.

ધરાતલક્ષેત્ર ન. સીધી સપાટી.

ધરાતળ જુઓ ધરાતલ.

ધરાત્મજ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ ગુરુ અને ૬૨ લઘુ મળી ૯૦ વર્ણ અને ૯૮ માત્રા હોય છે
૨. [સં.] પું. નરકાસુર.
૩. [સં. ધરા (પૃથ્વી) + આત્મજ (દીકરો)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે પૃથ્વીનો પુત્ર મનાય છે.

ધરાત્મજા [સં. ધરા (પૃથ્વી) + આત્મજા (દીકરી)] સ્ત્રી. સીતા.

ધરાદેવ [સં.] પું. રાજા.

ધરાદ્રોહ્યપ્રીતિકર્તા [સં. ધરાદ્રોહ્યપ્રીતિકર્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

ધરાધર ૧. [સં. ધરા (પૃથ્વી) + ધૃ (ધારણ કરવું)] પું. આકાશ.
પું. ઈશ્વર.
૩. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૪૪ લઘુ મળી ૭૦ વર્ણ અને ૬૬ માત્રા હોય છે.
૪. પું. કલ્પ; પ્રલયો.
૫. પું. પર્વત; ગિરિ.
૬. પું. પૃથ્વીને ધરનાર શેષનાગ.
૭. પું. રાજા.
૮. પું. લક્ષ્મણ. પૂર્વજન્મે તે શેષનાગ હોઈ પૃથ્વીને ધારણ કરનાર મનાય છે.
બાકી બાંધો લક્ષ્મણ કોપીઓ છે ધરાધર ભળ ભડાર. પ્રેમાનંદ
૯. પું. વિષ્ણુના હજાર નામોનું એક નામ. તે રોજ પગેરે પોતાના સપૂર્ણ અંગોથી પૃથ્વીને ધારણ કરે છે તેથી તે ધરાધર કહેવાય છે
પૃથ્વી અને પૃથ્વીના આધારરૂપ જ્યોતિષ ચક્રોને ધારણ કરનારા અને પૃથ્વીને ધારણ કરનારા શેષનાગ અને લોકપાલ આદિ દેવતા પણ પોતે જ હોવાથી વિષ્ણુ ભગવાન ધરાધર કહેવાય છે.
૧૦. સ્ત્રી. પણ માણસોની ધરપકડ કરવી તે
૧૧. સ્ત્રી. રારઆત.
૧૨. અ. ધડાકા, ભડાકાભર; ધુતરી ગીરે
૧૩. અ. ધરાર; સ્વચ્છંદપૂર્વક; સામાની મરજી વિરુદ્ધ.
૧૪. અ. બેશક; અલબત્ત.
૧૫. અ. મૂળથી; પહેલેથી.

ધરાધરકોશ પું. પર્વતરૂપ નદિ
તમ ભગ્ન સૃષ્ટિ રચવાનું મનું પ્રથમ ધરાધરકોશ પ્રેમાનંદ

ધરાધરથી અ. રારઆતથી; આથી; પૃથ્વીને ધારણ કરનાર શેષનાગથી તે છેક પર્વત.
પીરા ધરાધરથી રે નહિ કોઈ રહેનાર. પીરો

ધરાધરધર [સં. ધરાધર (શેષનાગ) + ધૃ (ધારણ કરવું)] પું. શેષનાગને ધારણ કરનાર ઈશ્વર; પરમેશ્વર; ભગવાન.

ધરાધરા [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

ધરાધરી ૧. અ. અરેખર.
૨. અ. બોલ્કસ; બેશક; અલબત્ત.
નામ નીકળવાનું મુહૂર્ત ધરાધરી નથી કરે છે
કેશવ કર્ણદ
૩. અ. તમામ; સુદ્ધાં; બધું યે.
૪ અ. ધરાર.
૫. અ. સાથે, જોડે; સહિત

ધરાધામ સ્ત્રી. સંસાર; દુનિયા

ધરાધાર [સં. ધરા (પૃથ્વી) + આધાર (ટેકો)] પું. શેષનાગ. પૃથ્વી તેની ફણા ઉપર રહેલી છે એમ મનાય છે.

ધરાધારધારી [સં. ધરાધાર (શેષનાગ) + ધૃ (ધારણ કરવું)] પું. મહાદેવ.

ધરાધિનાથ જુઓ ધરાનેશ.

ધરાધિપ [સં. ધરા (પૃથ્વી) + અધિપ (અધિપતિ)] પું. પૃથ્વીનો અધિપતિ; રાજા

ધરાધિપતિ જુઓ ધરાધિપ.

ધરાધીશ જુઓ ધરાધિપ.

ધરાધીશ્વર જુઓ ધરાધિપ

ધરાધ્રુજ સ્ત્રી. પૃથ્વીનો ધ્રુજારો; ધરતીકંપ; ભૂકંપ

ધરાનંદ ૧. સ્ત્રી. પચોલિયા આહીરની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધરાનાથ [સં.] પું. રાજા.

ધરાનામ ન. ધરણ કરેલું નામ

ધરાપદ્ર ન. ધારાનગરી.

ધરાપુત્ર ૧. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૫૮ લઘુ મળી ૭૩ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. પું. નરકાસુર.
૩. [સં. ધરા (પૃથ્વી) + પુત્ર (દીકરો)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે પૃથ્વીનો પુત્ર મનાય છે

ધરાફ સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ. તેનું મૂળ કાંઈક નામનું વશકરનું ઔષધ બનાવવામાં વપરાય છે.

ધરાબ્ધ ન. એક જાતનું વહાણ.

ધરાબોળ ન. સત્યાનાશ; પ્રલય.
૧. ધરાબોળ વાળવું = પૂરેપૂરો વિજય મેળવવો
૨. ધરાબોળ જવું = (૧) ન સંતાન થતું; ઉછેરિયું થતું; વંશ ડૂલી જવો. (૨) રેસકોર્સ થવી, સમુદ્ર મર્યાદા મૂકવી, પ્રલય થવો; બધુ નાશ પામવું; પૃથ્વી રસાતળ જવી; ગજબ થવો

ધરાભૃત [સં. ધરાભૃત્] પું. પર્વત.

ધરાભોગ [સં. ધરા (પૃથ્વી) + ભોગ (ભોગવટો)] પું. પૃથ્વીનો ભોગવટો.

ધરામણી સ્ત્રી. દ્વિપની ષટ્પદી વર્ગનું એક પ્રાણી; 'ટિપુલિડ.'

ધરામર [સં. ધરા (પૃથ્વી) + અમર (દેવ)] પું. આકાશ; ભૂદેવ.

ધરાયન સ્ત્રી. ધરતી.

ધરાર ૧. પું. આત્મવાન.
૨. પું. વાહનમાં પૂંઠરી આગળ વચારે આર ઠોકાવવું; આડુ આગળથી પૂંઠરી તરફ આરે ને નમતુ થવું તે.
૩. વિ. ધરાળ; આરે નમતું
૪. અ. અચાનક; અવારનવાર; બેશક; બેલાશક; બોલ્કસ.
૫. અ. આગળ; પહેલા, મોખરે.
મૂતને અવિચળ માર્ગો ધરાર,
એક ઉપર આવતા ઇક રે જોબે

૬ અ. આપખુદીથી; બળપૂર્વક; જરાણે; કબ્જા વિરુદ્ધ; ઉપરવટ જઈને.
૭. અ. જાની ઠોકોને; ખુલ્લેખુલ્લું.
૮. અ. પરવા રાખ્યા વગર; છડેચોક; બધુકાર્યા સિવાય
૯. અ. સાવ, તદ્દન.

ધરાર બધું જુઓ ધરાર પટેલ.

ધરાર પટેલ ૧. પું પોતાની મેળે બની બેઠેલો આગેવાન.

ધરાર પટેલ થઈ ફરનારા
અપાર આ સંસારે છે;
કામો પોતાનો નવ છોડે
લાભ અલાભ વિચારે છે. ચંદ્રકાંત બોઝ

૨. વિ. પારકી ચીજ પરાણે પચાવનાર.

ધરાર મુનીમ જુઓ ધરાર પટેલ.

ધરારી ૧. સ્ત્રી. અનામત.
૨. સ્ત્રી. આપખુદી; જબરાઈ.

ધરાલા ૧. સ્ત્રી. ગુજરાતમાં કપડવંજ તરફ વસતી એ નામની એક કોમ.
૨. અ. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

ધરાહીએઠ ૧. ન. સાંત્ર.
૨. ન. ઘાસ.

ધરાવઠ [હિં.] સ્ત્રી. વગર ભાવે બદલે કરેલું જમીનનું આપ.

ધરાવના [હિં.] સ્ત્રી. ભીજી વખત પરણેલી સ્ત્રી.

ધરાવવું ૧. સ. ક્રિ. આભાર તળે હોવું.
૨. સ. ક્રિ. બોરિયાળા વગા જેવું કોઈનું કોઈ પોતાની પાસે રાખવું; દરકાર કે બરજ રાખવી; કોઈ માગતું હોય તેવી સ્થિતિમાં હોવું.

તે તેના બાપની પણ ધરાવતો નથી = તે તેના બાપનો બોરિયાળો નથી કે તેમની પણ તેને શેહ પડતી હોય.

૩. સ. ક્રિ. માફ કરવું; રદ કરવું.
બદી ધરાવવી = બદી માફ કરવી; દગાવાની કરજાત કરવી.
૪. સ. ક્રિ. તૃપ્ત કરવું; સંતોષ પમાડવું.
૫. સ. ક્રિ પકડાવવું; ઝલાવવું; ઝપટાવવું.
૬. સ. ક્રિ. પાસે મૂકવું; નૈવેદ્ય ધરવું.
બાળ ધરાવવો = દેવને પ્રસાદ કે નૈવેદ્ય ધરવું.
૭. સ. ક્રિ. બક્ષિસ મેળવવી.
૮. સ. ક્રિ. મનમાં રાખવું; ધ્યાન દેવું

ધરાવું ૧. અ. ક્રિ. તૃપ્ત થવું; સંતોષ પામવો; પેટ ભરાવાથી સંતોષ થવો; જોઈતું હોય તેટલું મળવાથી પરિપૂર્ણ થઈ જવું.

નિમિષ રહિત હું નિરખું રહી,
ધરી ન પીતા ધરાઉં નહીં. ભાલણ

૨. અ. ક્રિ. થાકવું.
૩. અ. ક્રિ. પકડાવું.
૪. અ. ક્રિ. પાસે મુકાવું; રજૂ થવું.

ધરાશય [સં. ધરા (પૃથ્વી) + શી (શયન)] વિ. ભોંય ઉપર સૂનાર.

ધરાશાયી [સં ધરા (પૃથ્વી) + શી (શયન)] વિ. પૃથ્વી ઉપર સુનાર; જમીન ઉપર પડેલું, પૃથ્વી ઉપર સૂનેલું.

૧. ધરાશાયી કરવું = મારી નાખવું.
૨. ધરાશાયી થવું = પૃથ્વી ઉપર સૂઈ જવું; બરબાદ થવું; જાં જેવા થઈ જવું.

ધરાશ્રયી સાધુ પું. આખ ધરાને આશ્રયે રહેનાર સાધુ. તે બાકડીના ટેકા ઉપર શરીર ટેકવી રાત દહાડો દિવસોના દિવસો સુધી ઊભો રહે છે.

ધરાસુર [સં ધરા (પૃથ્વી) + સુર (દેવ)] પું. ભૂસુર; ભૂદેવ; બ્રાહ્મણ; ધરામર.

ધરાસૂનુ ૧. પું. (વિંશતિ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૬૪ લઘુ મળી ૭૬ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. પું. નરકાસુર.
૩. [સં. ધરા (પૃથ્વી) + સૂનુ (દીકરો)] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ધરાસ્કો પું. ઉચાટ; ફિકર; ચિંતા.

ધરાસ્ત્રોત [સં.] ન. એક જાતનું અસ્ત્ર. વિશ્વામિત્ર અને વસિષ્ઠની લડાઈમાં વિશ્વામિત્રે વસિષ્ઠ ઉપર આ અસ્ત્ર ચલાવ્યું હતું એમ કહેવાય છે.

ધરાસ્વામી [સં. ધરા (પૃથ્વી) + સ્વામિન્ (ધણી)] પું રાજા.

ધરાહાર ૧. અ. નકો; ચોક્કસ; બેશક.
૨. અ. ધરાણે; કબ્જા વિરુદ્ધ; જબરાઈથી.

ધરાળ ૧. પું. આગેવાન.
૨. પું. વાહનમાં પૂંઠરી આગળ વધારે આર હોવાપણું.

નહિ ધરાળ નહિ ઉસળ—આગળ બેઠે ધરાળ નહિ ને પાછળ બેઠે ઉસાળ નહિ = (૧) આગળપાછળ કાંઈ ચિંતા ન હોવાપણું. (૨) બેફકરખી સ્થિતિમાં હોવું તે.

૩. વિ. જેની પૂંઠરી તરફ વધારે આર હોય તેવું.

ઇજનેરકકમાં ઉસાળ કે ધરાળ છે.
તેનો કરે તોલ જો, ઇજન સુખકાર છે.
ચંદ્રકાંત બોઝા

ધરાં પું. ધરવ; સંતોષ.

ધરાંધરાં ૧. સ્ત્રી. ખુશામદ.
૨. અ. પૂરાંપૂરાં.

ધરિણી જુઓ. (પુરુષ) આઠ મહિનાના બેઠ વસુની બો.

ધરિત્ર જિ ધારણ કરનાર.

ધરિત્રી [સં.] સ્ત્રી. ધરતી; પૃથ્વી; ભૂમિ.

તો ધરિત્રી માતાની મહિમા પણ ધર્મ કર્તવ્ય છે. નાનાલાલ

ધરિત્રીદેવ [સં.] પું. બ્રાહ્મણ; ભૂદેવ.

ધરિત્રીનાથ [સં.] પું. રાજા.

ધરિત્રીપ [સં.] પું. રાજા; નૃપ.

ધરિત્રીપતિ જુઓ ધરિત્રીનાથ

ધરિત્રીપરમેશ્વર [સં.] ચક્રવર્તી રાજા.

ધરિત્રીશ્વર જુઓ ધરિત્રીનાથ.

ધરિત્રીસુર [સં.] પું. બ્રાહ્મણ; ભૂદેવ.

ધરિત્રીસ્વામી [સં. ધરિત્રી (પૃથ્વી) + સ્વામિન્ (ધણી)] પું. રાજા; ધરાસ્વામી; નૃપ.

ધરિનગા [હિં.] પું એક જાતના ચોખા.

ધરિમ ૧. ન. ભાર; વજન.
૨. ન. બાજવાથી તોળીને વેચી શકાય તેવી વસ્તુ.

ધરિયા ૧. પું (કચ્છી) દરિયો.
૨. પું. સિંધુ નદી
૩. સ્ત્રી. એ નામની માબોલીની એક બટા.
૪. ન એ નામની બટાનું બ.વ.
૫. વિ. એ નામની બટાનું.

ધરિયાઈ પરસાણ પું. એક પ્રકારનો છોડ. તે દરિયાની ઊડતી રેતી બટકાવે છે અને દોરનો ચારો છે.

ધરિયાલાલ પું દરિયાનો અધિષ્ઠાતા દેવ; દરિયાલાલ.

ધરિયાવલ પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. તે સો સો ફૂટ લાંબો થાય છે. તેને મર્યાદવેલ પણ કહે છે. વાળાના સોળ ઉપર તેનાં પાન ગરમ કરી બંધાય છે.

ધરિયો પું. (કચ્છી) દરિયો.

ધરી ૧. સ્ત્રી. આધાર.

૨ સ્ત્રી. ગરદનના ભીતર મણકામાંથી દાંતને મળતો આવતો બટકાનો બદાર નીકળી આવતો એક ભાગ; માથાને આમતેમ ફેરવામાં મદદ કરનાર કરોડનો બીજો ઢાકડું તેને બોટી પણ કહે છે.

૩. સ્ત્રી. (કચ્છી) ચોખ્ખો.
૪ [હિં.] સ્ત્રી. ચાર શેરનું વજન.

ધરો

૫. સ્ત્રી. જેની ઉપર અથવા જે મધ્યબિંદુની આસપાસ ગોળો ફરે છે તે.

૬. સ્ત્રી. પીરિયો અને ચૂસરી જ્યાં બેઠાં નાડેલાં હોય તે જગ્યા.

૭. સ્ત્રી. (ભૂગોળ) પૃથ્વીના મધ્યબિંદુમાં જઈને ઉત્તર દક્ષિણ ધ્રુવને સાંધતી સ્થિર કલ્પિત સુરેખા. તેના ઉપર પૃથ્વી ફરતી હોવાનું માનવામાં આવે છે.

૮. સ્ત્રી. ગીતમા ફરેલો કટાહ; તાકુ.

૯. સ્ત્રી. રખાત; રાખેલી સ્ત્રી.

૧૦. સ્ત્રી. લોખંડના જે બધા સાંધા ઉપર પૈડું ફરે છે તે; ગાડીનાં બે પૈડાંને ધરનારી લાકડાની કે લોઢાની આડી; અક્ષ; આસ; વાહનની લઠ્ઠી.

ધરી ગીરવી = (૧) અત્યારભૂત થવું. (૨) કોઈનું ગાડું એટલે કામ ચાલે એવી રીતે આશ્રય આપવો. (૩) ભાર વહેવો.

૧૧. સ્ત્રી. (વહાણવટું) વહાણનો પાછલો પીઢનો પહોળો ભાગ

૧૨. સ્ત્રી. ઓઢોને પ્રસન્નમાં પહેરવાનું એક ઘરેણું.

ધરીએ ધરીએ સ્ત્રી. એ નામની કન્યાઓ રમતી એક દેશી રમત; નિસરણી.

ધરીખું ન. પૈડાની ધરી પૈડાને બરાબર ન બાંધે તે માટે બંને બાજુ ધમાતો લોઢાનો ટુકડો.

ધરીચા [હિં.] પું. નાતરાના રિવાજવાળી હિંદુ જાતિમાં વિધવાનો બીજો પતિ

ધરુ ન. ઊખાડીને રોપવા માટે ઉછેરેલો છોડ કે રોપો. કરમદા, કાંગર, તમાકુ અને કેટલાક ફળઝાડનાં બી વાવીને તેને થોડાં ઊછર્યા કેવામાં આવે છે. તે થોડાં ઊછર્યાં પછી મૂળ સાથે જમીનમાંથી ખેંચી કાઢી બીજે જગ્યાએ રોપવાં હોય ત્યાં ખોડાય કે રોપાય છે. બીજા રોપવાને માટે તૈયાર કરેલા જે નાના છોડ તે પણ કહેવાય છે. પણ વાવ્યું કહેવાય નહિ પણ રોપ્યું કહેવાય છે. વાવવું એટલે બી જેવાં કે રોપવું એટલે છોડ જમીનમાં ખોડવા કે બાંધવા. કાંગર વગેરે રોપવાથી સારાં ફાલે છે.

ધરુક ૧. પું. અગ્નિ

૨. પું. અગ્નિબાણ

૩ પું. બાલદેવ

૪ પું. વાછડો

૫ પું. સ્વર્ગલોક

૬ ન. ટેકો

૭ [સં.] ન. પાણી

૮. ન. ભૂમિ

૯. ન. ઘોજ

૧૦ વિ. ધારણ કરનાર

૧૧ વિ. માન્ય; સમત

ધરુચાડિયું (ધરુવાડિયું) ૧. ન. એક જાતનું

૨. ન. જેમાં ધરુ કરવામાં આવ્યું હોય એવું નાનું ખેતર; ધરુનું ખેતર; જેમાં ધરુ ઉછેરવામાં આવ્યું હોય તેવી જમીન.

ધરુણ ૧. [સં.] પું. અગ્નિ

૨. પું. એકવીસ આદિત્ય.

૩. પું. ચિત્રાનું ઝાડ.

૪. પું. પક્ષી.

૫. પું. ભાવના; વિચાર.

૬. પું. સ્વર્ગ.

ધરુ ૧. પું. ધ્રુવ ધ્રુવનો તારો.
મેરુ ધરા સલ વચને ઊભા,
વચને અટલ રે વાર. લોમે

૨. પું. નાનો છોડ.

૩. વિ. અચલ; નિશ્ચલ.

૪. ન. નક્ષત્ર.

ધરુડો (ધરુડો) પું. ઝાડવું.

ધરુપાંખડી (ધરુપંખડી) સ્ત્રી. (જ્યોતિષ) ધ્રુવતારક; ધ્રુવનો તારો જેમાં છે તે નક્ષત્ર

ધરુવાડી (ધરુવાડો) સ્ત્રી. રોપા ઉછેરવાની જગ્યા.

ધરૂં ન. વર્ષ.

ધરેક સ્ત્રી. હીનોગીની જાત. તે હરસ, કોઢ અને કફમાણમા અપાય છે

ધરેકાવવું (ધરેકાવવુ) સ. ક્રિ. જોરથી પ્રવાહ ચલાવવો.

ધરેડિયું (ધરેડિયુ)) ન. નાની ગર્ભના.
સાવજ બાંધ્યો ધરેડિયું નાખ્યા. ડાયરો

ધરેડો (ધરેડો) પું ઊંચેથી પડતી મોટી ધાર; મોટો પ્રવાહ. પોષ. દરેડો
ભાર મેઘ એક સામટા તૂટી પડ્યા હોય તેમ ઢાળની સહ સહ જેવા ધરેડામાં પડ્યા માટવા. રસધાર

ધરેણું ન ક્રિ. ઝૂલવું; કંપવું

ધરેણાવવું સ. ક્રિ. મોટું મોજું મૂકવું; રોપા માટવું; ઓરવું.

ધરેલ ૧. સ્ત્રી એ નામનું સુતારનું એક ઓજાર. સારડી

૨. સ્ત્રી. રખાત સ્ત્રી.

ધરેલું ૧. ન. ઓસડ.

૨. ન. પૈડાની નાભિના રક્ષણ માટે તેમા નાખેલ લોઢાની જાડી નળી. તેના ઉપર ધરો ફરે છે તે લોઢાની હોય છે અને ખીલાની અણ જેસાડેલી હોય છે તેના આધારે પૈડું ધરા ઉપર ફરે છે

ધરેલું મેસાડવુ = કોર્ટ પણ ક્રમ ચોક્કસ કરવું; નક્કી કરવું; ચોકકું બેસાડવું.

૩. વિ. પાસે મૂકેલું; રજૂ કરેલું; અર્પણ કરેલું.

ધરેશ ૧. [સં. ધરા (પૃથ્વી) + ઈશ (પતિ)] પું. ઈશ્વર; પરમેશ્વર

૨. પું. નૃપતિ; પૃથ્વીપતિ; ભૂપતિ, રાજા.

૩. સ્ત્રી. ખોજાની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું આભૂષણ.

૫. વિ. એ નામની અટકનું.

ધરેંદ્ર [સં. ધરા (પૃથ્વી) + ઇંદ્ર] પું ક્ષિતિપાલક.

ધરો ૧. પું. ઇચ્છા; આશા; મનનો ભાવ.

૨. પું. ધરવ; સંતોષ; તૃપ્તિ.

૩. પું. પાણી ભરેલો ઊંડો ખાડો; જેમાં પુષ્કળ પાણી ભરેલું રહેતું હોય એવો નદી, તળાવ આદેનો ઊંડો ખાડો; વમર બાંધેલો કૂવો; ઝૂનો.
ધરામાં નાખવું = (૧) ખાડામાં નાખવું. (૨) નાશ કરવું; ઉરોટી દેવું; દૂર કરવું. અભાવ અને તિરસ્કારમાં વપરાય છે. (૩) નુકસાન કરવું.

૪ પું. મૂએલા માણસની પાછળ શ્રાવણ ભાદરવા માસમા કરવામાં આવતી એક જાતની ક્રિયા.

૫. પું. મોટી ધરી; પૈડામાં રહેનારો લોઢાનો ગોળ ટુકડો; જેની બે બાજુએ ગાડા કે પૈડાં પરોવવામાં આવેલાં હોય એવા ગાડી કે ગાડાની વચલી આડી; ગાડાની તળેના ભાગમાં અથવા પ્રસંગમા જડેલો લોઢાનો ટુકડો

૬. [સં. દૂર્વા] સ્ત્રી. એક જાતનું તૃણ; દૂર્વા; ધોં; ધોબાડ. આ ઘાસનો એક વિશેષ પ્રકાર એ છે કે, કેટલાક મૂદત સુધી વરસાદ ન પડે ત્યારે બધી વનસ્પતિ સુકાઈ જાય તોપણ ધોનાં મૂળ લીલા જ હોય છે. દુકાળમાં એનાં મૂળ ઢોરને ખવરાવવાના કામમાં આવે છે. રેવપૂજામાં તથા બરેલાની બાધા થતી ક્રિયાઓમા પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના બે પ્રકાર છે ધરો સાધારણ, ધોળો ધરો અને લીલો ધરો. ધરો સાધારણ, તૂરી, શીતળ, મધુર તથા તૃપ્તિકારક છે અને પિત્ત, તૃષા, ઊલટી, દાહ, રક્તદોષ, શ્રમ, કફ, મૂર્છા, અરુચિ, વિસર્પ તથા ભૂત બાધાનો નાશ કરતી મનાય છે. ધોળો ધરો મધુર, રુચિકર, તૂરી, કડવી તથા શીતળ છે અને ઊલટી, વિસર્પ, તૃષા, કફ, પિત્ત, દાહ, આમાતિસાર, રક્તપિત્ત તથા ઊધરસનો નાશ કરે એમ મનાય છે. લીલો ધરો અતિ મધુર, કડવી, શીતળ, રુચિકર, સજીવન, તૂરી તથા રક્તરોગક છે અને રક્તપિત્ત, અતિસાર, તાવ, પિત્ત, ઊલટી, કફ, રક્તરોગ, વિસર્પ, તૃષા, દાહ તથા ચર્મરોગનો નાશ કરનાર મનાય છે.

૧. નવેસ પાસે ધરો ભેળવાવવી = સારી ચીજ કોઈ અયોગ્ય માણસને આપવી; સારી વસ્તુ અપાત્રને હાથે બરાબ કરી નખાવવી.
૨. તૂણી ધરોને તાણી જાય = મોટી વસ્તુ લેતાં જતાં નાની વસ્તુ પણ ચોરી લેવી; ઢબેવા લેતાં ગુજરાત ખોરી.

ધરો આઠમ જી. ધરો આઠમ, ભાદરવા સુદિ આઠમ તે દિવસે સ્ત્રીઓ ધરોની પૂજા કરે છે

ધરોઈ જુઓ ધરો

ધરોગો પું. જુવાન પુરુષ

ધરોડ (ધરોડ) જુઓ ધરોત.

ધરોડવું (ધરોડવુ) સ. ક્રિ. દોહવું.

ધરોડું (ધરોડુ) પું. સૂંઢવાળું: હાથી.

ધરોત સ્ત્રી. આપણું; અનામત.

ધરોત્તમ [સં.] પું. શિવના હજાર માંહેનું એક નામ

ધરોના [હિ.] પું. કન્યાના બાપે પોતાની દીકરીની સગાઈ કરી હોય અને સામા પક્ષ તરફથી સગાઈની લક્ષિકો પણ આવી હોય, છતાં બાપ કમાંથી તે દીકરીની સગાઈ બીજા સાથે કરે ને પરણાવે તેની ક્રિયા.

ધરોહડ (ધરોહડ) જુઓ ધરોત.

ધરોહર ૧. પું. વિશ્વાસ.
૨. [હિં.] સ્ત્રી. આપણું; અનામત.

ધરોહરો ૧. [હિ.] પું. સહભુક્મેદાર; સહનિક્ષેપધારી
૨. જુઓ ધરોત.

ધરોળું સ. ભરવું પીવું.

ધર્ઋસિ ૧. [સ.] પું. બળ.
૨. સ્ત્રી. ધારણશક્તિ
૩. વિ. ધારણ કરનાર.
૪. વિ. ધારણ કરવા જેવું

ધર્ષિ [સ.] વિ. ધારણ કરનાર.

ધર્તા [સં. ધર્તૃ] વિ. ધારણ કરનાર.

ધર્તૂર [સ.] પું ધતૂરો.

ધર્ત્ર ૧. [સં] સ. ઘર.
૨. સ. ધર્મ
૩. સ. યજ્ઞ
૪. વિ. ધારણ કરનાર.

ધર્મ્ય ૧. [સં] વિ ધર્મિષ્ઠ; ધર્મવાળું; ધર્મને અનુસરનાર.
૨. વિ ન્યાયવાળું; ન્યાયી.

તારે જેતા વળી સ્વયમ્બરમે કંઈ યે ઘટે ના, ક્ષત્રિયોને ગુણ નથી બીજું ધર્મ્ય આ યુદ્ધ વિના
નીલકંઠવિજયામૃત

ધર્મ ૧. [સં.] પું. અવશ્ય કરવા જોગ અને પાળવા યોગ્ય આચાર, વિચાર ને કર્તવ્ય; વેદવાક્ય પ્રમાણેનું આચરણ; સદાચરણ; શાસ્ત્રોક્ત વિધિનિષેધ. સ્મૃતિઓમા આચારને પરમ ધર્મ કહેલ છે અને વર્ણ તથા આશ્રમ અનુસાર તેની અવસ્થા કરી છે. જેમકે, બ્રાહ્મણનો ધર્મ અધ્યયન ને અધ્યાપન, દાન લેવુ અને દાન દેવુ, યજ્ઞ કરવો અને યજ્ઞ કરાવવો; ક્ષત્રિયનો ધર્મ પ્રજાની રક્ષા કરવી ને દાન દેવુ; વૈશ્યનો ધર્મ વ્યાપાર કરવો અને શૂદ્રનો ધર્મ બધે વર્ણની સેવા કરવી. જ્યાં દેશકાળની વિપરીતતાને અંગે પોતપોતાના વર્ણ કે ધર્મ દ્વારા નિર્વાહ ન થઈ શકે ત્યાં શાસ્ત્રકારોએ આપદ્ધર્મની અવસ્થા કરી છે, જે અનુસારે કોઈ વર્ણનો મનુષ્ય પોતાનાથી ઊતરતી વર્ણની વૃત્તિનો સ્વીકાર કરી શકે છે. જેમકે, બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્યની, ક્ષત્રિય વૈશ્યની અને વૈશ્ય શૂદ્રની. પરંતુ પોતાનાથી ઉચ્ચ વર્ણની વૃત્તિ ગ્રહણ કરવાનો આપત્કાલમા પણ નિષેધ છે. એ પ્રમાણે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસીના ધર્મનું પણ અલગ અલગ નિરૂપણ કરવામાં આવ્યુ છે. જેમકે, બ્રહ્મચારીને માટે સ્વાધ્યાય, ભિક્ષા માગી ભોજન કરવું, જંગલમાંથી લાકડાં લાવવા, ગુરુની સેવા કરવી વગેરે. ગૃહસ્થને માટે પંચમહાયજ્ઞ, અગ્નિ, અતિથિઓને ભોજન અને ભિક્ષુક, સન્યાસીઓને ભિક્ષા દેવી વગેરે વાનપ્રસ્થને માટે સામગ્રી સહિત ગૃહની અગ્નિ સાથે વનમાં વાસ કરવો, જટા, નખ, મૂછ આદિ રાખવાં, ભૂમિ ઉપર સૂવુ, શીત, તાપ સહેવાં, અગ્નિહોત્ર, દર્શપૌર્ણમાસ, ચાતુર્માસ્ય આદિ કરવાં વગેરે. સન્યાસીઓને માટે બધી વસ્તુઓનો ત્યાગ, અગ્નિ આદિ ગૃહ્યો રહિત થઈ ભિક્ષા દ્વારા નિર્વાહ કરવો, મુંડ, નખ આદિ કપાવવાં અને દંડ કમંડળ ધારણ કરી રહેવુ આ બધું અને આશ્રમના અલગ અલગ ધર્મ થયા. આ બધાના સમુદાય ધર્મને વર્ણાશ્રમ ધર્મ કહેવામાં આવે છે જેમકે, બ્રાહ્મણ બ્રહ્મચારીએ યજ્ઞોપવીત ધારણ કરવો કોઈ ગુરુ કે વિદ્યાપીઠના આચરણરૂપ ધર્મને ગુણધર્મ કહે છે. જેમકે, શાસ્ત્રોક્ત રીતિથી અભિષેક થયો હોય તે રાજાએ પ્રજા પાલન કરવું. કોઈ નિમિત્તથી કરવામા આવે તે નિમિત્તધર્મ કહેવાય છે. જેમકે, શાસ્ત્રોક્ત કર્મ નહિ કરવાથી અથવા શાસ્ત્રોનિષ્ઠ કર્મ કરવાથી પ્રાયશ્ચિત કરવું એ પ્રમાણે વિશેષ ધર્મ, કુલધર્મ, જાતિધર્મ વગેરે છે. કેટલાક પ્રાચીનો ધર્મના પાંચ પ્રકાર કહે છે અનુમતી, ખિલપ્રતિખિલ, આચારપાલ, ઉપકુર્વાત અને વસ્તુપ્રતિવસ્તુઆચારપાલ. યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ધૃતિ, ક્ષમા અને અલોભ એ ધર્મના આઠ પ્રકાર કહ્યા છે. તેમાં પહેલા ચાર એટલે યજ્ઞ, અધ્યયન, દાન તથા તપ એ દંભથી પણ કોઈ કરી શકે છે, પરંતુ સત્ય, ધૃતિ, ક્ષમા અને અલોભ કોઈ સાધારણ માણસથી થઈ શકે તેમ નથી. ધર્માચરણ, શાસ્ત્રવિહિત વર્ણાશ્રમાદિ ધર્મનું યથાવત્ પરિપાલન સાત્ત્વિક યજ્ઞરૂપ છે. કણાદ મુનિ વૈશેષિક દર્શનારંભમાં કહે છે કે: જે વૈદિક આચરણ વિશેષથી ભવ લોક સાધવી તથા પરલોકિક સ્વર્ગાદિ તેમ જ મોક્ષસુખની પ્રાપ્તિ થાય તે ધર્મ, અર્થાત્ દાનાદિ ધર્માચરણ અભ્યુદયનો હેતુ છે તથા શ્રવણ મનન નિદિધ્યાસનરૂપ ધર્માચરણ નિઃશ્રેયસ મોક્ષનો હેતુ છે. ધર્મના દેશધર્મ, કુલધર્મ, જાતિધર્મ, વયોધર્મ, ગુણધર્મ, શરીરધર્મ, કાળધર્મ, આપદ્ધર્મ ઇત્યાદિ અનેક ભેદ મહાભારતમાં કહ્યા છે. ક્ષત્રિયમાં જાહ્મણો પણ માનુષ કર્મનું પરિણમણ કરે છે તે દેશધર્મ કહેવાય છે વસિષ્ઠ મોનીઓ બાળકને બાળબોધણા ઊતરાવતી વેળા પાંચ મુખ્યા રાખે એ કુળધર્મ ગણાય. જે અંગ સહિત વેદનું અધ્યયન કરવું તથા અર્થજ્ઞાન સંપાદન કરવુ એ જાતિધર્મ કહેવાય. આઠ વર્ષના જાહ્મણ બાળકને ઉપનયન કરવું, કેશ બાળ હોય તેવામા જ અગ્નિહોત્ર લેવુ ઇત્યાદિ વયોધર્મ કહેવાય છે. ધૃતિ, સ્મૃતિ, સત્પુરુષોનું આચરણ અને જે વર્તન કરવાથી પોતાનો અંતરાત્મા સંતુષ્ટ રહે તે આચરે બધા પુરુષો ધર્મનું સાક્ષાત્ લક્ષણ કહે છે. ધર્મનું જ્ઞાન ત્રણ પ્રકારે થઈ શકે છે: એક તો ધર્મજ્ઞ વિદ્વાનોની શિક્ષાથી, બીજું આત્માની બુદ્ધિ તથા સત્ય જાણવાની ઇચ્છાથી અને ત્રીજું પરમેશ્વરની કહેલી વેદવિદ્યાને જાણવાથી મનુષ્યને સત્યાસત્યનો યથાવત્ બોધ થાય છે.

ધૃતિસ્મૃતિ પ્રતિપાદન કર્યો જેનો જે સદાચાર તે ધર્મ જાણવો. શિક્ષાપત્રી

૧. ધર્મ ઊડાવવો–આવો = ધર્મના સોગન આવા; ધર્મને સાક્ષીરૂપે રાખવો
૨. ધર્મ કમાવો = સારાં કામ કરીને મોક્ષ પ્રાપ્ત કરવો
૩. ધર્મ કરતાં કર્મ નડવું– ધર્મ કરતાં આડ આવવી–નડવી = કોઈનું ભલું કરવા જતાં પોતે સંકટમાં આવી પડવું
૪. ધર્મ કરવો = (૧) ધર્માદો કરવો; પુણ્યદાન કરવું. (૨) સત્કર્મ કરવાં
૫. ધર્મ પાળવો–સાચવવો = પોતાના ધર્મના કાયદાનું પાલન કરવું
૬. ધર્મ બગાડવો = (૧) પોતાના ધર્મનો નાશ કરવો. (૨) બીજું સતીત્વ નષ્ટ કરવું.
૭. ધર્મના કામમા ઢીલ નહિ = મુહૂર્ત

કરવામાં વાર લગાડવી નહિ; પુણ્યનું કામ પ્રથમ કરવું; ધર્મની વારે તરત પાડુ.

૮. ધર્મની માયા = (૧) ગરીબ; બહુ જ ઓછું; સાધારણ. (૨) દાનમાં આપેલી ગાય. (૩) ઉછીરી. (૪) ભક્ષિસ

૯. ધર્મની લાગતા ઢાંક ન ખોવા = મહત્ત્વ લાગતી વસ્તુમાં સારાખોટાપણું જોવું નહિ

૧૦. ધર્મની ચિઠ્ઠી = ધર્મને ઠેકે લોભ કરી તમા કસોટી કરી આપી કાઢી આપવામાં આવતી ચિઠ્ઠી. ખાસિયા સોનાથી માંડી ઊંચા તેજાબના સોના સુધીની ખરી કસોટી કાઢી પૈસો પણ લીધા વગર ધર્મની પેઢીઓ ધર્મની ચિઠ્ઠી કરી આપે છે.–અમરકોશ

૧૧. ધર્મની જે = ધર્મની જય હો કે ધર્મની જે બાબો, એનું ટૂંકું રૂપ. આ પ્રમાણે બોલવા આવનાર આશીર્વાદ આપે છે.

૧૨. ધર્મની પેઢી = ધર્મને ઠેકે ફાગીનાની કસોટી કરી ચિઠ્ઠી કાઢી આપનાર પેઢી. ખાસિયા સોનાથી માંડી ઊંચા તેજાબના સોના સુધીની ખરી કસોટી કાઢી પૈસો પણ લીધા વગર ધર્મની પેઢીઓ ધર્મની ચિઠ્ઠી કરી આપે છે.–અમરકોશ

૧૩. ધર્મનો ઢોલ = જેની ઊપજ પુણ્યદાનમાં આપાતી હોય એવો લોભ.

૧૪. ધર્મે જય ને પાપે ક્ષય = પુણ્યસંચય કરવાથી સદ્ગતિ તથા કલ્યાણ અને પાપથી દુઃખ કે નાશ થાય છે.

૧૫. ધર્મો જય = ધર્મથી વિજય છે; ધર્મથી જય છે. બ્રાહ્મણો જ્યારે બહુને આ પ્રમાણે આશિષ દે છે.

૧. પું. અહિંસા.

૨. પું. આત્મા; જીવ. ધર્મ શબ્દ ધૃ ધાતુ જેનો અર્થ ધારણ કરવું થાય છે, તેના ઉપરથી બનો છે. શરીર, ઇંદ્રિયો વગેરેના સંઘાતનો ધારણ કરનારો હોવાથી ધર્મ શબ્દનો અર્થ આત્મા થાય છે. એ આત્મા સૂક્ષ્મ છે. અહીં સૂક્ષ્મ એટલે આંખથી ન જોવાય એવો અર્થ નથી. સૂક્ષ્મતાનો અર્થ પવિત્રતાથી પ્રાપ્ત એવો અનુભવ પ્રમાણ છે આત્મા સૂક્ષ્મ છે, એટલે કે મેલા હૃદયવાળાથી કોટિ વર્ષે એ સમજાય તેવો નથી. પવિત્ર અંતરવાળાને માટે તો આત્મજ્ઞાન સહજ છે. આથી આત્મા એ કંઈ સુવિજ્ઞેય નથી.

દેવો વળી ક્યાં કરતા જ સંશા,
એ ધર્મ વિજ્ઞેય નથી બનાવે. કેનોપનિષદ

૪. પું (જૈન) આત્માનો સ્વભાવ.

૫. પું. ઈમાનઃ પ્રામાણિકપણું. ગાંધીજી કહે છે કે: એક સર્વોપરી અદૃશ્ય શક્તિને વિષે જીવતી શ્રદ્ધા એનું નામ મારે મન ધર્મ. ધર્મ એક અતિમત સંજ્ઞા છે. તેને માણસ પોતે જ રાખી શકે છે અને પોતે જ ખુએ છે. સમુદાયમાં બહુમતી જોકાય તે ધર્મ નથી, મત છે. મરજાંત લાગી પાળવો એ જ ધર્મ, સારી મજબૂત કે વિનોદ. ધર્મ સીધી લીટી નથી, એ તો વિકાસ વૃક્ષ છે. તેનાં કરોડો પાંદડાઓમાં બે પણ સરખાં નથી હોતાં. પ્રત્યેક પ્રાણીમાં પણ ભેદ છે. તેમાંનો એક પણ આકૃતિ ભૂમિતિની આકૃતિ જેવી મક્કમ નથી હોતી. તેમ છતાં આપણે જાણીએ છીએ કે બીજ, પ્રાણ અને પાતરા એક જ છે. ધર્મ સીધી લીટી નથી, પણ વાંકો યે નથી. સીધી લીટીથી તે પર છે, કમકે બુદ્ધિથી પર છે. તે અનુભવથી ઓળખાય છે

૬. પું. ઈશ્વરને ઓળખવાનો, તેનાથી કરીને જાણવાનો અને તેનું ભજન, કીર્તન વગેરે કરવાનો પવિત્ર માર્ગ; પુણ્ય માર્ગ; શ્રેય માર્ગ. વેદકાળમાં રોગો સિંધ પ્રાંતમાં પ્રથમ આવ્યો હતા ને તેમનો જે ધર્મ તે સનાતન ધર્મ ને તે ધર્મ તે વેદોક્ત ધર્મ છે. આર્યોના સમયમાં તે ધર્મ સમષ્ટિ જે પ્રકારે ચાલ્યો તે આ છે: વેદમાં કહેલા લોકનું બુદ્ધિપૂર્વક સમજીને શ્રદ્ધાપૂર્વક પાલન કરવું ને શુદ્ધ ઇચ્છાઓએ શુદ્ધ સત્ત્વગુણી સ્થિતચિત્ત થઈ પરમાત્મા સાથે એકતાર થવું, તે ધર્મનો મુખ્ય હેતુ. આવો વિચાર પરાપૂર્વથી ચાલતો આવેલો છે. ધર્મ જો જ્ઞાન સાથે હોય તો જ તે નહીં તો જ્ઞાન વગરનો ધર્મ મોળો અથવા નિસ્તેજ છે. તે ઝાઝી વાર ટકતો પણ નથી. ધર્મ સ્વભાવ છે જ્ઞાનથી ખરો, પણ તે ઓળખાયો છે, તમા જ્ઞાન હોય તો સ્વભાવેલો ધર્મ મુદ્દલ જાય, ને ધર્મ જ્ઞાનને અનુસરી વિશેષ સબળ થાય. જ્યાં આ વાત સમજવા જોગ છે કે, જ્ઞાન વિકટ ને દુર્લભ છે, તે ઓલાને માટે છે, સહજ તે સુલભ છે; ને ધર્મ સુલભ ને સૌ જન માટેનો છે. ધર્મના પણ બે ભેદ છે: નિવૃત્તિ ને પ્રવૃત્તિ નિવૃત્તિ ધર્મ બહુ પ્રાચીન નથી ને પ્રવૃત્તિ ધર્મ સહજમાં પહેલો આવે છે. વળી નિવૃત્તિ ધર્મમાં પણ બે ભેદ છે: નિત્ય ને અનિત્ય આવું પ્રશ્નનો જે ધર્મ તે નિવૃત્તિમાન, નિત્ય ને સત્ત્વગુણી છે ને તેથી કાળના ફાળ વહી ગયા, તેના ઉપર ઘણા પણ પ્રકારો થયા, પણ આસમાનીસુલતાની થઈ, તોપણ તે જેવો ને તેવો જ સ્થિર, દીપતો, ચમકતો ને તપતો રહ્યો છે. એ એનો જય જયવંતીન છે. સર્વ રીતનું તાત્પર્ય જોતાં એમ જણાય છે કે, આર્યાવર્તની પ્રજાનો જે મૂળ ધર્મ તે વેદ છે. વેદમાં જે ધર્મ છે તે જ્ઞાનયુક્ત નિવૃત્તિ ઉપર પણ છે, ને તેના સ્થાપનાર ઋષિઓ છે. એ ધર્મ સ્થાપવાનો મુખ્ય હેતુ જીવોનું પરમ કલ્યાણ કરવું આ જ છે. ઘણા કાળ સુધી એ ધર્મ પ્રવૃત્ત હતો, પણ વખત જતાં જેમ જેમ વેદ ધર્મ કર્મ મોળાં પડતાં ગયાં તેમ માત્ર જ્ઞાનધર્મ, વેદાંત જ્ઞાન હોવાથી, જાડી બુદ્ધિના જનોને તે રુચ્યો નહિ તે તેથી ધર્મ સમજાવવાને, તેને પાળવા પળાવવા માટે સ્મૃતિઓ રચાઈ. આ સ્મૃતિ ધર્મ કેટલાક કાળ સુધી ચાલ્યો, પરંતુ તેમાં યે ધર્મ ને જ્ઞાન મુખ્ય હતાં અને પરમાત્માને જાણવાને માટે સહજ વિકટ કહેવાળાં સાધન હોવાથી લોકની સમજમાં ઊતર્યાં નહિ ને તેથી ઘણા કાળ પુરાણોની રચના થઈ. મનુષ્ય માત્રને ધર્મ પાળવો તો અવશ્યનો છે જ, તે પાળ્યા વિના આત્માને શાંતિ મળતી નથી. વળી જ્ઞાન એ થોડાને માટે ને દુર્લભ છે અને ઈશ્વરને ઓળખ્યા વિના ચિનાશી પામર જીવનું કલ્યાણ નથી, તેથી ઈશ્વરને ઓળખાવવા અથવા ઓળખવા, તેનું જ્ઞાન મેળવવા માટે પુરાણ ધર્મની સ્થાપના થઈ. આ પુરાણ ધર્મની સ્થાપના કયારે થઈ, તેને માટે અનેક પ્રકારનો વાદવિવાદ ચાલે છે. કેટલાક ઈ સ. પૂર્વે ૬૦૦૦ વર્ષ ઉપર ગયેલી ગણાવે છે, કેટલાક ઈ સ. પૂર્વે ૮૦૦થી ૫૦૦ વર્ષ ઉપર ને કેટલાક ઈ. સ. ૮૦૦થી ૧૫૦૦ સુધીમાં જણાવે છે. અર્વાચીન વિદ્વાનોના તર્કવાદો, તેઓના આર્ય પ્રજાના સમયના વિચારો ને સૃષ્ટિની રચનાના સમયમાં જે જે મજલતરી તેઓએ કરી છે, તે કેવળ મિથ્યાવાદ અથવા ચિંતના જેવી છે. તેમાંનાં ઘણાક અનુમાનો ખોટાં પડ્યાં છે ને ખોટાં પડતાં જાય છે. તોપછી વેદકાળ, સ્મૃતિકાળ ને પુરાણકાળના સંબંધમાં તે જે જણાવે તે આપણને માનવાને ગમતી નથી. આટલું તો દહાડાથી કહી શકાશે કે, ઈ.સ. પૂર્વે ૨૦૦થી ૧૦૦ વર્ષ સુધીમાં આર્યાવર્તમાં પુરાણ ધર્મ બહુ સારી રીતે પ્રસરેલો હતો ને શિવશક્તિનું પૂજન પ્રેમે થતું હતું. અર્થાત્ પુરાણ ધર્મ ઈ.સ. પૂર્વે પ્રવર્તેલો હતો જ. અને જ્યારે ઈ સ પૂર્વે તે મુદ્દલ હતો, ત્યારે તેની સ્થાપના ઘણાં વર્ષ પૂર્વે થયેલી હોવી જોઈએ. હવે વેદોક્ત ધર્મમાંથી પુરાણોક્ત ધર્મ કયારે નીકળ્યો ને નક્કી થવું મુશ્કેલ નથી. વેદધર્મ તે જ્ઞાનપ્રધાન ધર્મ છે અને પુરાણ ધર્મ તે ભક્તિપ્રધાન ધર્મ છે. વેદમાર્ગ કે ઉપનિષદમાર્ગ એ એટલા બધા તો કઠિનતાવાળા છે કે, સામાન્ય મનુષ્યથી તે વિધિએ વર્તાય નહીં બધો ઘોડો સંભવ રહે છે. એટલે વેદવેદાંતના ધર્મનું પરમ ફળ મોક્ષ છે, તોપણ તે જ્ઞાનમાર્ગનો ધર્મ અલ્પમતિ મનુષ્યને આપે જ શાસ્ત્રકાર

ઈ પડે ને તેથી જ પુરાણોનો જન્મ થયો છે. વેદમાં જે ધર્મ હતો છે તે પુરાણમાં રૂપાંતરથી હતો છે. વેદમાં જણ દેવો મુખ્યત્વે કરીને મનાયા છે, તેમનું ઉપાસન પુરાણમાં છે, પણ નહિ સમજનારા કેટલાક તેના સંબંધમાં ઘણા જુદા જુદા અર્થો કરીને ગૂંચવાડો ઉત્પન્ન કરે છે. ગ્રાહિદાસના સમયમાં શિવશક્તિનાં પૂજન કેવાં હતાં ! તે ઉપરથી જણાય છે કે, પુરાણ ધર્મ પ્રવર્તેલો હતો. વેદોક્ત ધર્મની પ્રવૃત્તિ બધી ન હોવાથી, તેનો લોપ થવાનો સમય આવેલો હશે તે વેળાએ પુરાણમંથો થયા છે. પુરાણમાં જણ દેવનું ગમે તે પ્રકારે પણ પૂજન છે: બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્ર. બ્રહ્માનું ઉપાસન નિસ્તેજ થઈ ગયું છે, પણ શિવ ને વિષ્ણુનાં ઉપાસન તો આજ જ છે. મનુષ્યના મનને શાંતિ દેનાર ધર્મ છે, તેના તનને શાંતિ દેનાર ધર્મ છે, તેના દુઃખની નાસ્તિ કરનાર ને સુખની વૃદ્ધિ કરનાર ધર્મ છે, તેની વાસના અથવા મનોવૃત્તિની શુદ્ધિને સંપોષનાર, જ્ઞાન દેનાર, પ્રજ્ઞાનમય જીવનો બોધ કરનાર, સંસારવ્યવહારમાં તેજવંત કરનાર, કુવિકલ્પ જગતમાંથી તારનાર, દુઃખિત ક્ષુબ્ધિતમાંથી સુખમય ધામમાં પહોંચાડનાર, પુનર્જન્મમાંથી બચાવનાર, કર્મવાસનાને ટાળનાર, અજ્ઞાનાંધકારનો નાશ કરનાર, સ્વાત્મવૃત્તિમય નીતિએ દોરનાર, નિર્બંધપદ ઉપર પહોંચાડનાર, માયામોહથી બચાવનાર, દયા પ્રેમમાં મસ્ત કરનાર, અક્ષરબ્રહ્મને પમાડનાર, ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવનાર, બ્રહ્મલોકમાં સુખ આપનાર ને પરલોકમાં મોક્ષ આપનાર, સર્વોપરી ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી પર, સંસારી બુદ્ધિએ નિખોરેલો નહિ પણ ઈશ્વરે આપેલો તે ધર્મ છે, જે મનુષ્ય અથવા અન્ય પ્રાણીને ઉત્તમ, સત, અવિનાશી, અપૂર્વ ગતિ આપે છે. ધર્મથી સૃષ્ટિની રચના, સ્થિતિ ને સંહાર થાય છે; ધર્મથી મનુષ્યપ્રાણી સત્કર્મમાર્ગે પ્રવર્તે છે. ધર્મને સોપવા ખોળવાને માટે મોટા મોટા ઋષિઓ, પંડિતો, વિદ્વાનો ને ફિલસૂફો મનન કરે છે, છતા કોઈને પણ તે અકલ્પ ધર્મ સાંપડતો નથી, તે છતા તે મેળવવાને ફાંફાં મારે છે. ધર્મ છે તે એક જ છે ને ઈશ્વરપ્રેરિત છે તેમાં અસત નથી, ભ્રાન્તિ નથી, દંભ નથી, અહંકાર નથી, પણ તે સત્ચિત્ આનંદમય છે ને તેવો ધર્મ છે તે આપણો વૈદિક આર્યાવર્તનો સનાતન સર્વોપરી ધર્મ છે. તેવા ધર્મનું રહસ્ય સમજનારા કોઈ પણ જ્ઞાનીજન થયો હોય તો તે આર્યાવર્તમાં જ છે ને તેઓમાનો એક શ્રેષ્ઠ ગ્રંથ તે વ્યાસપ્રણીત શ્રીમદ્ભાગવત ગ્રંથ છે. ધર્મ શબ્દનો અર્થ, આજ્ઞા, રહસ્ય બહુ જ ગહન છે. જિજ્ઞ જિજ્ઞ દેશના જિજ્ઞ જિજ્ઞ પંડિતો તેના સંબંધમાં જિજ્ઞ જિજ્ઞ વિચાર દર્શાવી ગયા છે. તે બધાનું એક સ્વરૂપ બાંધીએ તોપણ સર્વમાન્ય ધર્મવિચારના આદેશનું સ્વરૂપ પણ વાસ્તવિક રીતે આપણે યથાર્થપણે બાંધી શકીએ તેમ નથી, કારણ કે દરેક વ્યક્તિએ ધર્મ માટે જુદા જ વિચારો કીધા છે. તેથી ધર્મની આજ્ઞા સંબંધે કોઈ પણ નિષ્પક્ષપાત વિચાર આપણે, એ કેરણ ઊભું બાંધવાની અધમ નિશાની છે. તેથી આજ આટલું જ માની લેવું કે, ધર્મ એ અનાદિ કાળથી સ્થાપિત થયેલો છે ને તે વિશ્વરચનાની સાથે ઈશ્વરથી અપાયેલો છે. પાછી જેની જેની જેની પ્રતિભાની રહુતા, તે તે પ્રમાણે તેણે ધર્મના રહસ્ય સંબંધે વિચાર કર્યો છે. ધર્મની અનેક આજ્ઞા આ દેશના ને પરાયા દેશના વિદ્વાનોએ કીધી છે. નારદ મુનિ કહે છે કે: ધર્મ તેને જ જાણવો કે જેથી પરબ્રહ્મનું યથાર્થ જ્ઞાન થાય. પણ બીજે સ્થળે વળી એવું કહે છે કે, આત્મા પરમાત્માની એકતા કરવી તે ધર્મ. વસિષ્ઠ મુનિ કહે છે કે: વિષ્ણુ ભક્તાધીની એકતા થવી તે ધર્મનું મુખ્ય સ્વરૂપ. મહાત્મા ગૌતમાચાર્ય ગૌતમ જણાવે છે કે: જેથી સર્વ દુઃખનો નાશ થાય અને આનંદમય નિર્બંધપણાને પામવું તે ધર્મ. વેદવ્યાસ કહે છે કે: આત્મા પરમાત્માની એકતા તો ખરી, તે સાથે નિરંતરની જ્ઞાનવૃત્તિ રહેવી તે ધર્મ, મોક્ષ ને સુખ. શાંડિલ્ય સૂત્રકાર લખે છે કે: ભક્તિભાવ સાથે અનંતને વિષે જોડવું તે ધર્મ. વલ્લભાચાર્ય કહે છે કે: ભક્તિમાં પૂર્ણ આસક્તિ ધરી પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને ભજવા તે ધર્મ અને શંકરાચાર્ય કહે છે કે: આત્માને જડવૃત્તિમાંથી કાઢી ચૈતન્યમાં આણવો તે ધર્મ આમ અનેક ઋષિઓએ અને આચાર્યોએ અનેક પ્રકારે ધર્મનાં જિજ્ઞ જિજ્ઞ સ્વરૂપ આપ્યાં છે કોઈ વિષ્ણુ ભક્તાધીની એકતા, કોઈ આત્મા પરમાત્માની એકતા, કોઈ જીવાત્મા પરમાત્માની એકતા, કોઈ ભક્તમાં લીનતા ને કોઈ સ્વસ્વરૂપાનુસંધાન, એમ ધર્મના ભેદ પાડે છે. પદ્મપુરાણમાં એક સ્થળે કહે છે કે: ધર્મ તે જ કે જે યથાર્થ જ્ઞાન આપે, અર્થાત્ જે અસત જ્ઞાન આપે તે ધર્મ. અને અસત ને સત જ્ઞાન તે એ જ કે આત્મા પરમાત્માની ખરી સ્થિતિ જાણી એકતા કરવી. પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા એ બે ગ્રંથોમાં સનાતન ધર્મનું યથાર્થ જ્ઞાન આપવામાં આવ્યું છે. પૂર્વ મીમાંસામાં વેદમાંના કર્મમાર્ગને કેવા પ્રકારે અનુસરીને વર્તવું તે વિષય સમજી વર્ણન કરેલું છે. જૈમિની ઋષિ એમ સમજાવે છે કે: વર્તમ વેદ અર્થ સાથે જાણવાથી પૂર્ણ રીતે પ્રભુ જાણવામાં આવે છે ને પ્રભુને જાણવા એ જ ધર્મ જાણવા બરોબર છે. ઉત્તર મીમાંસાના કર્તા વેદવ્યાસ મુનિ છે. તેમણે જ્ઞાનધર્મ સમજાવવા માટે વિશ્વરચનાના સંબંધમાં બહુ જ ઝીણવટથી ઊંડાણથી ચર્ચન કરેલું છે. મીમાંસાનો અને સાંખ્યદર્શનનો મૂળ એક મત છે, પણ સાંખ્યમત મીમાંસકોના મતથી થોડો વિપરીત છે. સાંખ્યના બે મોટા આચાર્યો છે, કપિલ ને પતંજલિ. કપિલે નિરીશ્વરવાદ પ્રકટ કીધો છે ને તે આત્માને માનતાં પરમાત્માને ભૂલી જાય છે. પણ પતંજલિ કહે છે કે: સર્વે આત્માથી એક જુદો જ પુરુષ છે, જેને દુઃખ, સુખ, જન્મ, મરણ કંઈ લાગતું નથી, ને તેને પામવાનો જે યોગમાર્ગ તે જ ધર્મ. એ યોગ દ્વારા પ્રાણાયામથી અને પ્રત્યાહારથી આત્મા પરમાત્માનું ઐક્ય થાય. ઐક્ય થતાં જન્મ મરણ ટળે છે ને અહૈતાવસ્થા થાય છે. ગૌતમ ધર્મનું રહસ્ય સમજાવતા કહે છે કે: આત્મા અનાદ્યંત, પ્રકૃતિ રહિત ને સ્વતંત્ર છે. પરમાત્મા અથવા ઈશ્વર અનાદ્યંત, જ્ઞાનનિધિ, સર્વનો નિયંતા ને સર્વ વસ્તુનો પ્રેરક છે. તેને યથાર્થ જાણવામાં સર્વ ધર્મ સમાય છે. આ તો પ્રાચીન વિદ્વાનોના મત વિષે વિચાર થયો, પણ અર્વાચીન લોકો કે જેઓ આજે પ્રવૃત્તિના ક્ષેત્ર છે, જેઓએ વિદ્વાનોને આધારે ધર્મમાં પણ, બાળક પેઠે અનેક જાતના તર્કવિતર્ક કરે છે, તેઓ શું કહે છે તે તપાસીએ. જોરો નામનો એક વિદ્વાન કહે છે કે: ધર્મ તે શુભ સારગ્રાહી છે અને પ્રસિદ્ધમાં કહેવાય છે. તે દરેક જનના સુખનું કારણ ને પ્રજાની આબાદી છે. આ વિચારમાં ધર્મ સમજે કશું પણ નથી. હોર્ન નામનો એક વિદ્વાન કહે છે કે: ધર્મ છે તે બ્રહ્મપથનો ભંડાર, પૂર્ણ પવિત્ર માર્ગ સૂચવનાર, વિશ્રામનું મધુરું ફળ છે. કાત નામનો એક જર્મન વિદ્વાન કહે છે કે. ધર્મ એટલે નીતિ, અર્થાત્ સુનીતિએ રહેવું, સુનીતિએ વર્તવું ને સુનીતિએ ઈશ્વરાજ્ઞા માથે ચઢાવવી, એટલે બસ થયું. જોમેસન નામનો એક સાધુ કહે છે કે: ધર્મ એટલે ઈશ્વર થવું. ઈશ્વરપણું પામવું. જેમાં ઈશ્વર થવાના વિચાર નહિ હોય તે ધર્મ નહિ. હિરો નામનો વિદ્વાન કહે છે કે: ધર્મ એટલે જ્ઞાન. પ્લેટો કહે છે કે: ધર્મ એટલે ઈશ્વરને સંપૂર્ણ જાણવો, પણ કેવા પ્રકારે તેનું અર્થ પુષ્કારણ તે કહ્યો નથી. આનાકસાગોરાસ કહે છે કે: એક ઈશ્વર છે ને તે સર્વત્ર છે, જેણે ચૈતન્ય વિનાનાં જડ પરમાણુઓને ગતિમાન કીધાં છે; તે સર્વમાં છે, પણ તેનામાં કોઈ નથી. એને જે જાણવો તે ધર્મ. સોક્રેટીસ કહેતો હતો કે: મરણ પછી ઉત્તમ

મતિ જીવનની આમ તે કોઈક ઈશ્વરી સત્તા વિશ્વમાં વ્યાપક છે જે વળી અવ્યાપકમાં પણ વ્યાપક છે તેને જાણવાનું નામ ધર્મ. તે ધર્મ એ ક્રાંતિકર તે સુખકર છે. પ્લેટો ઈશ્વરની સચરાચર વ્યાપકતા સારી રીતે માનતો હતો તે કહેતો કે, ઈશ્વર અનંત રક્ષિત, સ્વયંભૂ, કારણનું કારણ તે સકલ પદાર્થનો પિતા કોગો જોઈએ તે તે સંપૂર્ણ, એટલે જેવા આપણા અવલોકનને પરિપૂર્ણ પડ. ઐશ્વર્યવાળા કહીએ છીએ તેવો અતિ વધો ધર્મબુદ્ધિમાન તે સકળ શક્તિમાન છે. વળી તે જ્ઞાનીઓને પણ જાણવો દુર્લભ છે તે અલ્પમતિના તો હૃદયમાં કાળાંતરે આવે તેવો નથી. તેને જે જાણવો, તેનામાં એક થવું તે ધર્મ. એરિસ્ટોટલ નામનો વિદ્વાન કહે છે કે: આત્માને પૂર્ણ રીતે જાણવો તે ધર્મ. ગ્રીનોના ધર્મ સંબંધી વિચાર આવા છે: સૃષ્ટિ તે જ ઈશ્વર. ઈશ્વરને જાણવો હોય તો સૃષ્ટિને જાણવી. એ ઈશ્વર જ્ઞાનદ્રષ્ટિ ને જ્ઞાનમય છે. ક્રિશ્ચન ક્રાયસ્ટની ધર્મની હદ બહુ છે. જિસસ ક્રાયસ્ટનો મુખ્ય બોધ સૌને પ્રેમપૂ ધર્મની આજ્ઞા આ પ્રમાણે કરે છે: શત્રુને ચાહો, શાપ દે તેને આશિષ દો: ધિક્કારે તેનું ભલું કરો ને તેના દ્રોહ માટે પ્રાર્થના કરો. ધર્મ તે જ કે જે શત્રુને મિત્ર કરે, અને કરનારનું ભલું કરે: અર્થાત્ જિસસ ક્રાયસ્ટના ચેલાઓનો બહુ મત એવો છે કે, નીતિથી વર્તવું. ઇમાનુએલ નામનો એક જર્મન વિદ્વાન કહે છે કે: ધર્મ એટલે પૂર્ણ પવિત્રતા. હેગલ નામનો વિદ્વાન કહે છે કે: ધર્મ એટલે પૂર્ણ સ્વાધીનતા ફ્રાયરબાક નામનો એક પ્રસિદ્ધ જર્મન કહે છે કે, ધર્મ એ કોઈ નથી, પણ એક રોગ છે ને એ પવિત્ર રોગ છે. મોશીઝ નામનો એક ઇજિપ્શિયન વિદ્વાન ઈ. સ. પૂર્વે ૧૭૫૭ વર્ષ ઉપર થઈ ગયો છે કે: જેણે આ સૃષ્ટિ રચી છે, જે સર્વનો પ્રેરક છે ને જેણે પાપી માત્રને સારાસાર સમજવાની બુદ્ધિ આપી છે, તેને પિછાણવો ને ધર્મ જેમ મુજબ કહે છે કે: અનંત શક્તિવાળા કે અનંતને પિછાણવો ને ધર્મ જિસસ ક્રાયસ્ટ કહે છે કે: ધર્મ એ જ કે ઈષ્ટ સાધન કરવાં, આત્માને ઓળખવો, પરમાત્માને જાણવો ને પાપ માટે કરવું. આનંદશંકર ધ્રુવ લખે છે કે: જો આપણે ઐતિહાસિક દૃષ્ટિ ધારણ કરીએ તો આપણો મતિહાસ ગંગાના પ્રવાહ જેવો દેખાય છે. એ બેટકો પ્રાચીન છે કે, જેમ હિમાલયની ઉપત્યકામાં ઊભો રહીને મનુષ્ય દૂર પ્રવાહમાંથી ગંગા ચાલી આવે છે એટલું જ કહી શકે છે, પરંતુ એનું મૂળ જોઈ શકતો નથી. તે રીતે આપણો ધર્મ અતિ પ્રાચીન છે, પરંતુ ને કેટલો પ્રાચીન છે એ આપણે બરાબર કહી શકીએ તેમ નથી. પરંતુ આ ઉપરથી એમ સમજવાનું નથી કે કેવળ પુરાતનતાને લીધે કોઈ પણ ધર્મ સનાતન ધર્મની પદવી લઈ શકે છે. ઝોરિસ્ત્રિઅન, બ્રેહ્મિનોન, કન્ફ્યુશ, રોમ એ દેશોનો ધર્મ કેવળ સ્મૃતિશેષ થઈ ગયો છે. આપણો ધર્મ જ એવો છે કે જે અતિ પ્રાચીન કાળથી ચાલતો આવે છે અને ચાલ્યા કરશે. આ ધર્મને કંઈ વૈદિક ધર્મ નહિ કહું જૈન ધર્મ નહિ કહું, તેમ બૌદ્ધ ધર્મ પણ નહિ કહું. હું એને કેવળ સનાતન ધર્મ કહીશ. વૈદિક, જૈન અને બૌદ્ધ એ બધે એક જ સનાતન ધર્મનાં વદા વદા વિ ધર્મસ્ય ઇત્યાદિ મહાવાક્ય અનુસાર ઉત્પન્ન થયેલાં રૂપો છે. જે રીતે ગંગામાં અનેક ઝરણાં મળે છે, તોપણ ગંગાની એકતા અબાધિત રહે છે, તે પ્રકારની સનાતન ધર્મની એકતા નથી. પરંતુ જેમ નદીનો પ્રવાહ પરવર છે ત્રિવાર્થી નોકાઓને અટકતો નથી, પરંતુ વિશ્વકલ્યાણી બનીને રહે છે, તે રીતે આપણા ભારતવાસીઓનો સનાતન ધર્મ વૈદિક, જૈન અને બૌદ્ધ એવા બધા પ્રવાહમાં વિશ્વકલ્યાણી બનીને વહતો આવે છે પરંતુ એટલું સમજવું જોઈએ કે એ બધુ એક જ ગંગાજળ છે. કેવળ પુરાતનતાથી ઉત્તમતા સિદ્ધ થતી નથી. વળી બધા ધર્મગ્રંથોમાં વેદ અધિક પુરાતન છે. વેદમાં પ્રતિપાદિત કરેલો ધર્મ ઋષિઓએ ઉત્પન્ન કરેલો ધર્મ નથી. વેદથી પણ વધારે પ્રાચીન સમયથી ચાલ્યો આવતો ધર્મ વેદમાં શબ્દરૂપે આવિર્ભાવ પામ્યો છે વેદમાં મુખ્ય કર્મ અગ્નિહોત્ર છે અને એ અગ્નિહોત્રનું તત્ત્વ આત્મબલિદાન છે એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને એ તત્ત્વને કારણપર્યન્ત અર્થાત્ પરમાત્મામાં પ્રતિપાદન કરેલો ધર્મ ઉપનિષદોમાં આવ્યો છે. સમસ્ત મહાભારતના મધ્યબિંદુમાં મૂકવી પોટ્ટ એક ઉપદેશ પરોવાયેલો છે તે એ છે કે, યતઃ કૃષ્ણસ્તતો ધર્મઃ યતો ધર્મસ્તતો જયઃ અર્થાત્ જ્યાં કૃષ્ણ ત્યાં ધર્મ, જ્યાં ધર્મ ત્યાં જય. આ જ મહાભારતનો કેન્દ્રસ્થ ઉપદેશ જે ગીતાનું રહસ્યોદ્ઘાટન કરતાં કહ્યું છે કે, સંસારમાં પરમાત્માનો અવતાર થાય છે એમ સમજી પરમાત્માનું શરણ કરવું. એની સર્વવ્યાપકતા લેવી અને મનુષ્યજીવનરૂપી રથમાં બેસીને પરમાત્માને સારથિ બનાવી, આસુરી સંપત્તિની સામે યુદ્ધ કરવું એ ધર્મ. આ ધર્મ જ્યાં હોય ત્યાં જય જ છે.

ધર્મ વેદગ્રંથો કે કુ ઋષિગ્રંથો ન માનતો.
સિદ્ધ આ કલ્યાણી કુ શક્તિ વાપ પ્રભુ કને
વાપીગીતા

ધ. કું. ઉચિત અનુચિતનો વિચાર કરનારી ચિત્તવૃત્તિ; ન્યાયબુદ્ધિ; વિવેક.

૮. કું. ઉપમા; ઉપમાન અને ઉપમેયમાં સામાન્ય હોય એવો ગુણ કે વૃત્તિ.

૯. કું. ઉષ્માંક; 'દેગ્રી.'

૧૦. કું. એ નામનો એક પૌરાણિક ઋષિ. તેને કોઈ કાર પ્રજાપતિઓ માંહેના એક તરીકે ગણવામાં આવે છે. તેણે તેર દક્ષની પુત્રીઓ પરણી બધાં સંતાનો ઉત્પન્ન કર્યાં.

૧૧. કું. (પુરાણ) એ નામનો એક પ્રજાપતિ. તેને દક્ષની દીકરી મૂર્તિ નામની સ્ત્રી હતી

૧૨. કું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, નગણ, જગણ, નગણ, જગણ, સગણ મળી ૨૧ વર્ણ હોય છે.

૧૩. કું ઐહિક નીતિબંધન.

રાજધર્મ, પ્રજાધર્મ, દેશધર્મ, જ્ઞાતિધર્મ, કુલધર્મ, મિત્રધર્મ વગેરે ઐહિક નીતિબંધનોને પણ ધર્મ એ શબ્દ વાપરવામાં આવે છે.

ગીતારહસ્ય

૧૪ કું. કર્તવ્ય; ફરજ.

૧૫. કું. ક્રમરૂઢ નીતિ; ન્યાયવ્યવસ્થા; કાનૂન.

મારા ગ્રન્થાભિપ્રાયના છઠ્ઠીસમા વર્ષમાં ધર્મ (કાયદા)ને ક્રમરૂઢ આ હેમ મેં લખ્યો છે.

હિંદુલગ્નવ્યવસ્થા

૧૬. કું કોઈ સંબંધ, સ્થિતિ કે મુખ્ય વિશેષના વિચારથી ઉચિત અને આવશ્યક કર્મ; સમાજના કાર્ય વિભાગના નિર્વાહ માટે આવશ્યક અને ઉચિત કર્મ; કોઈ જાતિ, કુળ, વર્ગ, પદ વગેરે માટે ઉચિત કરેલ અવલંબ કે વ્યવહાર; કર્તવ્ય; ફરજ. જેમકે, બ્રાહ્મણનો ધર્મ, ક્ષત્રિયોનો ધર્મ, માતાપિતાનો ધર્મ, પુત્રનો ધર્મ

૧૭. કું. જાતિગત; ખાસ મુખ્ય; લક્ષણ; સ્વભાવ.

૧૮. કું. (જૈન) અતિસહાયક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય. તે દરેક વસ્તુને ગતિ આપવામાં મદદ કરે છે

ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે અમૂર્ત હોવાથી ક્રિયારહિત નથી તત્ત્વાર્થસૂત્ર

૧૯. કું. (જૈન) આવતી અવસર્પિણી કાળના ભરતક્ષેત્રમાં થયેલા એ નામના પંદરમા તીર્થંકર.

૨૦. કું. (ન્યાય) મોશીઝ માંહેનો એક મુખ્ય મોશીઝ મુખ્ય રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્‌પ્રત્વ, સંયોગ, વિભોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.

૨૧. કું. છંદઃશાસ્ત્ર પ્રસિદ્ધ એક પ્રસ્તાર.

૨૨ કું. જેનાથી ઉચ્ચ ઉચ્ચ ગતિ પ્રાપ્ત થાય તેવી ક્રિયા; જેના વડે અભ્યુદય અને મોક્ષની સિદ્ધિ થાય તેવી ક્રિયા.

૨૩. પું. તડકો; તાપ.
૨૪. પું. (પુરાણ) ત્રીજા ઉત્તમ મન્વંતરમાંના સત્યસેનનો પિતા. તેની બી સુનૃતા હતી.
૨૫. પું. ત્રેતાયુગમાં ઈ. સ. પૂર્વે ૪૮૦૦માં થયેલ એ નામનો પુરુષ. તેણે ધર્મારણ્ય નામના કળદુપ દેશની સ્થાપના કરી હતી
૨૬. પું ધાન; પુરસ
૨૭. પું. ધનુષ
૨૮. પું. (જ્યોતિષ) ધ્રુવ મંડળની આજુબાજુ ફરનાર એક તારો. એ સિશુમાર મંડળના પૂંછડાની જગ્યાએ આવેલો છે
૨૯. પું. નવની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ
૩૦ પું. નીતિ, સદાચાર વિષેનું તથા મરણ, સંપરાય, પ્રક્રિયાદિ ગૂઢ તત્ત્વો વિષેનું જ્ઞાન, શ્રદ્ધા કે માન્યતા; ઈશ્વર સંબંધી આસ્તિક મતવ્ય.
૩૧. પું. પરસ્પર વિરોધ ન આવે તેમાં શાસ્ત્રોક્ત પ્રમાણવાળાં યથાર્થ વચનોથી જણાવેલું અને મૈત્રી વગેરે ભાવનાથી યુક્ત એવું અનુષ્ઠાન.
૩૨. પું. પંથ; સંપ્રદાય.
૩૩. પું. પુરુષાર્થના ચાર ભાગોનો એ નામનો એક પ્રકાર.
૩૪. પું. પુરુષોત્તમનાં હજાર ભાગોનું એક નામ. સર્વ જીવોને ધારણ કરે છે તેથી તે ધર્મ કહેવાય છે. બીજા પરલોકમાં સદ્ગતિ સાધવા માટે જે સત્કર્મ કરવામાં આવે તે સર્વ ધર્મ, પરમધર્મ અને મોક્ષ તથા ઐહિક અને પારલૌકિક હિત માટે ધારણ કરાતો જે ધર્મ તે પણ પોતે જ હોવાથી તેઓ ધર્મ કહેવાય છે.
૩૫. પું. ભગ; સંપૂર્ણ ઐશ્વર્ય. સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ જનું નામ ભગ છે. એ ભગ જેનામાં છે તે ભગવાન કહેવાય છે.
૩૬. પું. (જ્યોતિષ) ભાગ્યસ્થાન; જન્મલગ્નથી નવમું સ્થાન. તેમાં જન્મનારનું ભાગ્ય કેટલું ખીલશે તે જોવું હોય છે
૩૭ પું. યજ્ઞ મીમાંસા પ્રમાણે વેદવિહિત જે યજ્ઞાદિ કર્મ છે તેના વિધિપૂર્વક અનુષ્ઠાનને ધર્મ કહે છે. જૈમિનિએ ધર્મનું જે લક્ષણ આપ્યું છે તેનો અભિપ્રાય એ છે કે, જે કરવાની પ્રેરણા વેદ વગેરેમાં હોય તે ધર્મ છે. સંહિતાથી માંડીને સૂત્રગ્રંથો સુધી ધર્મની આ મુખ્ય માન્યતા રહી છે. કર્મકાંડનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરનાર જ ધાર્મિક કહેવાતો હતો. જોકે શ્રુતિઓમાં न हिंस्यात् सर्वभूतानि એટલે પ્રાણીઓની હિંસા ન કરવી વગેરે વાક્યો વડે સાધારણ ધર્મનો પણ ઉપદેશ છે, પરંતુ વૈદિક કાળમાં વિશેષ લક્ષ કર્મકાંડ તરફ જ હતું.
૩૮. પું. યમરાજા, પ્રાણીઓને પુણ્યપાપનાં ફળ આપનારો દેવ.
૩૯. પું. યયાતિ રાજાનો એ નામનો પૌત્ર.
૪૦. પું યુધિષ્ઠિર.
૪૧. પું. રીત; વ્યવહાર; આચાર.
ધર્મમાં આવવું = જોઈને પરેલી વખત રજોદર્શન થવું
૪૨. પું. લોક કે સમાજની સ્થિતિ માટે આવશ્યક વૃત્તિ કે આચરણ; જેથી સમાજની રક્ષા અને સુખશાંતિની વૃદ્ધિ આ તથા પરલોકમાં પણ ઉત્તમ ગતિ મળે તેવો આચાર; કલ્યાણકારી કર્મ; સુકૃત; સદાચાર; સત્કર્મ સ્મૃતિકારોએ યજ્ઞ, અધ્યયન, દાન અને નિમિત્ત ધર્મ ઉપરાંત સામાન્ય ધર્મ પણ કહેલ છે. આ ધર્મનો સ્વીકાર બાહ્યસૃષ્ટિ માંથી આંતરસૃષ્ટિને માટે સમાનરૂપે આવશ્યક છે. મનુએ વેદ, સ્મૃતિ, સાધુના આચાર અને પોતાના આત્માની તુષ્ટિના ધર્મનાં સાક્ષાત્ લક્ષણ બતાવી સાધારણ ધર્મમાં દશ વાત કહી છે. દશ લક્ષણ: ધીરજ, ક્ષમા, મનોનિગ્રહ, અસ્તેય, પવિત્રતા, ઇંદ્રિયનો નિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ. મનુષ્ય માત્રને માટે જે સામાન્ય ધર્મ નક્કી કરાયેલ છે તે સમાજે ધારણ કરવા જોગ છે. તેના વિના સમાજની રક્ષા શક્ય નથી. મનુએ કહેલ છે કે, રક્ષા કરેલ ધર્મ રક્ષા કરે છે. આથી દરેક સભ્ય દેશના જનસમુદાયની વચ્ચે શ્રદ્ધા, ભક્તિ, દયા, પ્રેમ વગેરે ચિત્તની ઉદાત્ત મનોવૃત્તિઓ સાથે સંબંધ રાખનાર પરોપકાર ધર્મની સ્થાપના થઈ છે. તે એટલે સુધી કે પરલોક વગેરેની શ્રદ્ધા વગરના બરબર અધિભૌતિક તત્ત્વવેત્તાઓને પણ સમાજની રક્ષા માટે સામાન્ય ધર્મનો સ્વીકાર કરવો પડ્યો છે તેઓએ આ ધર્મનું લક્ષણ એવું બતાવ્યું છે કે, જે કર્મથી બધાને મનુષ્યોને બધારે સુખ મળે તે ધર્મ. બૌદ્ધ ધર્મમાં આ ધર્મને શીલ કહેલ છે. જૈનશાસ્ત્રોમાં અહિંસાને પરમધર્મ માનેલ છે.
૪૩. પું. શિવનો એ નામનો નંદિ.
૪૪ પું. સત્સંગ
૪૫. પું. સદાચારી પુરુષ
૪૬. પું સદ્ગુણ.
૧. ધર્મ કોડે ને પાપ જોડે = સારાની સામે નરસું કે બરાબર તો ઊભું જ હોય.
૨. ધર્મ કરી વળવો = સારી રીતે પરિપૂર્ણ કરવું
૪૭ પું સરખાપણું.
૪૮ પું સર્પનું એક નામ.
૪૯. પું સોમયજ્ઞ કરનાર બ્રાહ્મણ.
૫૦. પું. (પુરાણ) સોમવંશી કુકુદ્મીપુત્ર આનર્ત રાજાનો પુત્ર. તેનો પુત્ર કૃત હતો.
૫૧. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના પૃથુશ્રવા રાજાનો પુત્ર. તેનો પુત્ર ઉશના હતો.
૫૨. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશના ધૈવત રાજાનો પુત્ર. તેનો પુત્ર નેત્ર હતો.
૫૩. પું. સ્વવૃત્તિ પદાર્થ; આધેય.
૫૪. પું ;ન. ઉપનિષદ.
૫૫. પું ;ન. (જૈન) દુર્ગતિમાં પડતાં ધરી રાખનાર જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ; દયા, ક્ષમા, સદાચાર આદિ આત્મમૈત્રીની સામગ્રી.
૫૬. પું.ન. (જૈન) વસ્તુનો સ્વભાવ
૫૭. ન. હાલી નદીના મૂળ પાસે આવેલું એ નામનું એક ગામ.
૫૮. ન. (જૈન) આર્ત અને રૌદ્ર એ પ્રકારનું ધ્યાન. ચાર પ્રકારનાં ધ્યાન: આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. પહેલાં બે ધ્યાન સંસારમાં ભટકાવે છે. પાછળનાં બે ધ્યાન આત્મસાધકરૂપ છે.

ધર્મજ્ઞ [સં. ધર્મ + જ્ઞ (જાણનારો અર્થ)] વિ. ધર્મની જેમ લાભ ન કરી શકાય એવી રીતે બજાવવાની ફરજ.

ધર્મજ્ઞઋષિ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ તેની બીનું નામ મૂર્તિ હતું.
૨. પું. (પુરાણ) ત્રીજા ઉત્તમ મન્વંતરમાં થયેલા વિષ્ણુ અવતારનો પિતા.
૩. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંનો બ્રહ્મમાનસપુત્ર. તેને ઉત્તાનપાદ વગેરે પ્રાચેતસ દક્ષ નામના રાજાએ પોતાની સત્યાવીસ દક્ષ કન્યા પરણાવી હતી. પહેલીને મરુત્વાન અને જયંત જેમ બે પુત્રો, બીજીને આઠ વસુઓ, છઠ્ઠીને કેટલાંક પ્રાણી, સાતમીને સંકલ્પ સંતાનવાળા દેવ, આઠમીને મુહૂર્ત નામે દેવ, નવમીને સાધ્ય દેવ અને દસમીને વિશ્વદેવ જેમ સંતતિ થઈ હતી.
૪. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમા રતનની ઢીંટડીમાંથી ઉત્પન્ન થયેલો એ નામનો બ્રહ્મમાનસ પુત્ર. દક્ષે પોતાની સોળમાંથી મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ વગેરે તેર પુત્રીઓ આ ઋષિને પરણાવી હતી. તે દંપતીને એક પુત્ર થયો હતો. તેમની દક્ષ કન્યા મૂર્તિને નર નારાયણ નામે બે પુત્ર થયા હતા.

ધર્મઔદાર્ય [સં. ધર્મ + ઔદાર્ય (ઉદારતા)] ન. ધર્મ વચ્ચે અથવા ધર્મના વિષયોમા ઉદારતા.

ધર્મકથા [સં.] સ્ત્રી ધર્મની કથા; ધર્મ સંબંધી વાર્તા; ધર્મની વાત; ધર્મોપદેશ; ધર્મપ્રધાન દાન, શીલ, તપ, ભાવ વગેરે સંબંધી કથા.

ધર્મકથા વિષટે ધરી, સુજ્યો હીર સુજાણ.
ઝવેરચંદ

ધર્મકથાનુયોગ પું. (જૈન) મહાન ધાર્મિક પુરુષોના જીવનની કથાને લગતી જાણત. મહાન આત્માઓનાં જ્વલંત પ્રેરણા આપતા જીવનચરિત્રો સન્માર્ગ ગમન કરનારને પુરોગામી સહાયક બને છે, જ્યારે સન્માર્ગથી ચ્યુત થતા આત્માઓને પુનઃ સન્માર્ગમાં સંસ્થાપિત કરવાનું સામર્થ્ય પણ તે જ ધરાવે છે.

ધર્મકથી [સં ધર્મકથિન્] વિ. ધર્મકથા કહેનાર; ધર્મોપદેશક.

ધર્મકરણી સ્ત્રી. ધર્મનાં કામ કરવાં તે; ધાર્મિક ક્રિયા

ધર્મકર્તવ્ય [સં.] ન. ધાર્મિક ફરજ.

ધર્મકર્મ ૧. [સં. ધર્મકર્મન્] ન. કોઈ ધર્મમંથમાં જરૂર કરવાનું જણાવેલું કામ; ધર્મયુક્ત કામ; ધર્મનું પુણ્ય કામ; સુકૃત; પુણ્ય આપ તેવું કર્મ. ૨. ન. યજ્ઞ અને ક્રિયાકાંડ વગેરે ધર્મ સંબંધી કર્મ; ધાર્મિક ક્રિયા; આસ્તિક મંતવ્યનો વિધિ કે કર્મ.

૩. ન. સારી રીતભાત.

ધર્મકલરા જુઓ ધર્મધ્વજ.

ધર્મકલ્પના [સં.] સ્ત્રી. ધર્મ સંબંધી કે તેને લગતો વહેમ.

સરસ્વતીચંદ્ર ધર્મજ્ઞાની સારે ધર્મકલ્પનાના આરોપનો ગુણાકાર જોઈ કંઈક ખૂંચવાયો.

મોવર્ધનરામ

ધર્મકવચ [સં.] ન. ધર્મરૂપી બખ્તર.

ધર્મકાજ જુઓ ધર્મકર્મ.

ધર્મકામ ૧. [સં.] પું. ધર્મની ઇચ્છા રાખનાર કે કર્તવ્ય બુદ્ધિથી ધર્મ કરનાર માણસ.

૨. વિ. ધર્મની ઇચ્છા રાખનાર.

૩. જુઓ ધર્મકર્મ.

ધર્મકાય ૧. પું. ધર્મસંઘ; ધર્મની સંસ્થા.

પ્રભુનો અવતાર કે જિનસ કાયરૂપ તથા એની આજ્ઞાને અનુસરીને જે ધર્મ કહેતાં ધર્મસંઘ યાને ધર્મકાય તે સ્થાપવામાં આવ્યો છે એનો આશ્રય કરવાથી મનુષ્ય પ્રભુની કૃપા મેળવી શકે છે તથા પાપમાંથી તરી શકે છે. આનંદશંકર ધ્રુવ

૨. [સં.] પું. શુદ્ધદેવ

૩. પું. શુદ્ધની આધ્યાત્મિક કાયા

શુદ્ધની ત્રિકાયની (ધર્મકાય, સંભોગકાય અને નિર્માણકાય) માન્યતા સ્વીકારી. રાજા સોમપ્રકાશ

ધર્મકારણ ન. સમાજવ્યવસ્થામાં ધર્મને લગતી બાબતોની વ્યવસ્થા; ધર્મસમવ.

ધર્મકારી ૧. પું. ધર્માધિકારી

ધર્મકારી ધર્મચર્યા કરે કિ વિસ્તારી,
રહી જીવ સાથસિ આનંદ અંગિકુમાર. આલણ

૨. પું. ન્યાયાધીશ

ધર્મકાર્ય ૧. ન. જીવનકાર્ય

૨. [સં ધર્મ + કાર્ય (કામ)] ન. ધર્મનું કામ; કોઈ ધર્મમાર્ગમાં જરૂર કરવાનું જણાવેલું કામ; ધર્મપ્રતિપાદક કોઈ કર્મ; પુણ્યકર્મ; ધર્મયુક્ત કામ.

ધર્મકાર્યે પુત્ર આવીને આજ્ઞા કરી રાજે
મોવર્ધનરામ

૩. ન. ધર્મપ્રચાર.

ધર્મકાર્યધુરંધર ૧. [સં] પું. જી શારદા પીતાંબર તરેહનો ઝભ્ભો.

૨. [સં. ધર્મ + કાર્ય + ધુરંધર (મુખ્ય કામ કરનાર)] વિ. ધર્મના કામમાં આગેવાની ભર્યા ભાગ લેનાર.

ધર્મકાવ્ય [સં.] ન. ધાર્મિક કવિતા; ધાર્મિક પદ્યગ્રંથ

ગીતા એક મહાન ધર્મકાવ્ય છે.

અનુમોદ

ધર્મકાંક્ષિત [સં.] વિ. ધર્મની ઝંખનાવાળું

ધર્મકીર્તિ [સં] પું. નાલંદામાં રહેનારો ધર્મપાલનો એ નામનો શિષ્ય. સાતમી સદીમાં તેણે ન્યાયબિંદુ નામનો ગ્રંથ લખ્યો છે.

ધર્મકીલ [સં.] પું રાજ્યશાસનનો સ્તંભ.

ધર્મકુળ ન. સહજાનંદ સ્વામીનું કુટુંબ. સહજાનંદ સ્વામીના પિતા ધર્મ કોઈને તેના કુળને ધર્મકુળ કહે છે.

ધર્મકુંજ જુઓ ધર્મધ્વજ.

ધર્મકૃત ૧. [સં. ધર્મકૃત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ધર્માધર્મથી રહિત છે, છતાં ધર્મની મર્યાદા રક્ષાપન કરવા માટે ધર્મ જ કરે છે, તેથી ધર્મકૃત કહેવાય છે. વળી તે ધર્મને કરનારા હોવાથી, વળી ધર્મ એ જ તેમની સાકાર મૂર્તિ છે, પુનઃ ધર્મની રક્ષા કરવા માટે સમુગ્ર સાકાર અવતારો ધારણ કરનારા પણ પોતે હોવાથી વિષ્ણુ ધર્મકૃત કહેવાય છે.

૨. [સં ધર્મ + કૃત (કરનાર)] વિ. ધર્મશાસનનું કામ કરનાર; ધર્મ કરનાર.

ધર્મકૃત્ય [સં. ધર્મ + કૃત્ય (કામ)] ન. ધર્મનું કામ; પરોપકારનું કામ; ધર્મકર્મ. ધર્મકૃત્યો નીચે મુજબ ગણાય છે: (૧) સત્રસદારંભ, (૨) દેવી નવરાતોત્સવ, (૩) રામજન્મોત્સવ, (૪) પ્રપાદાન, (૫) વિદ્યાવ્રત, (૬) આલેદૂવન, (૭) મત્સ્યજયંતી, (૮) દમનકોત્સવ, (૯) આદોલનોત્સવ, (૧૦) નામપૂજા, (૧૧) ઉપવાસ, (૧૨) અનંતવ્રત, (૧૩) હનુમાનજયંતી, (૧૪) વૈશાખ સ્નાનારંભ, (૧૫) મન્વાદિ અને (૧૬) કલ્પાદિ.

ધર્મકેતુ ૧. [સં. ધર્મ + કેતુ (ચિહ્ન)] પું ધર્મનું ચિહ્ન

૨. પું. નિમેતનો એ નામનો પુત્ર.

૩. પું. શુદ્ધ ભગવાન

૪. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષાત્રવૃદ્ધના વંશના કારપપકુળમાં થયેલ સુકેતુ રાજાનો એ નામનો પુત્ર.

૫. વિ. ધર્મદ્વેષી; પાખંડી.

ધર્મકોલ પું ધર્મનું વચન

ધર્મકોષ ૧ [સં.] પું. ધર્મનો સમૂહ.

૨. [સં. ધર્મ + કોષ (ખજાનો)] પું. ધર્મરૂપ ખજાનો.

૩. પું. ધર્મરૂપ રક્ષણ કરવા યોગ્ય વસ્તુ.

ધર્મક્રિયા [સં. ધર્મ + ક્રિયા (કામ)] સ્ત્રી ધાર્મિક ક્રિયા; ધર્મનું કામ; ધર્મ સંબંધી વિધિ, અનુષ્ઠાન; ધર્મશાસ્ત્રને અનુસરી કરેલી ક્રિયા.

ધર્મક્ષેત્ર ૧. [સં.] ન. કુરુક્ષેત્ર; પાણીપતની રણભૂમિ; આણેશ્વર બ્રાહ્મણનો સપાટ પ્રદેશ કે જ્યાં કૌરવ પાંડવ વચ્ચે મહાભારત યુદ્ધ થયું હતું. કુરુક્ષેત્ર તે જ ધર્મક્ષેત્ર આર્યાવર્ત વારંવાર કહ્યું છે કે: પૂર્વકાળમાં કુરુક્ષેત્રનો ઘેરાવો ૪૮ કોસનો હતો. પાણીપતના મેદાનનો પ્રભાવેશ તેમાં આવી જતો હતો. અત્યારે કુરુક્ષેત્ર અને પાણીપત જુદાં છે. આ ઉપરથી એમ માની ન લઈએ કે એ બધું ૪૮ કોસ લાંબુનું મેદાન હતું.

કુરુક્ષેત્ર. આ પુણ્યના ખોળા ઉપર તું એકવું જ એ જ ધર્મક્ષેત્ર છે. ઝવેરચંદ મેઘાણી

૨. ન. ધર્મને ઉત્પન્ન કરનાર અને વધારનાર કરકોઈ ભૂમિ; પવિત્ર રમણ; ધામ; પુણ્યક્ષેત્ર.

૩ ન. ભારતવર્ષ, હિંદુસ્તાન. ધર્મના સંચય માટે તે કર્મભૂમિ માનવામાં આવેલ છે.

ધર્મખાતું ન. ધર્માદાખાતું

ધર્મખ્યાતિ [સં.] વિ. ધર્મની ખ્યાતિવાળું; ધર્માત્મા.

ધર્મગત [સં.] વિ. વસ્તુમાં જે ધર્મ રહેલો હોય તેને લગતું.

પ્રયોજનવતીના સોળ ભેદ બતાવ્યા તેમાં **ધર્મગત** અને ધર્મયુક્ત કૃત્ય બતાવી બત્રીસ ભેદ થાય છે.

કાન્તાચાર્ય

ધર્મગામી [સં. ધર્મ + ગામિન્ (જનાર)] વિ ધર્મને રસ્તે જનાર; ધર્મનિષ્ઠ.

ધર્મગામી કે ધર્મનિષ્ઠ માણસ પ્રભુને પોતાની અંદર જ અને પોતાના આત્મપ્રદેશ જુએ છે.

પ્રસ્થાન

ધર્મગુપ્ત [સં. ધર્મ + ગુપ્ત (સમૂહ)] પું. ધાર્મિક સાહિત્ય કે વસ્તુઓનો સમૂહ.

ધર્મગુપ્ત ૧. [સં. ધર્મ + ગુપ્ત (રક્ષણ કરવું] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ધર્મની રક્ષા કરે છે તેથી ધર્મગુપ્ત કહેવાય છે.

૨. વિ. ધર્મનું રક્ષણ કરનાર.

ધર્મગુરુ [સં. ધર્મ + ગુરુ] પું. ધર્મનો ઉપદેશ કરનાર માણસ; આચાર્ય; ધર્મ સંબંધી શિક્ષા દેનાર વ્યક્તિ; ધર્મની દીક્ષા દેનાર કે તે ઉપદેશનાર ગુરુ

ધર્મગોધર્મસાધન [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

ધર્મગોપ્તા [સં. ધર્મ + ગોપ્તૃ (રક્ષણ કરનાર)] પું. ધર્મનું રક્ષણ કરનાર.

રાજેંદ્ર તો થઈ ગયા સાંખ ! ધર્મગોપ્તા,
તે પ્રબોધની કથા સુણવની માંગો. નાનાલાલ

ધર્મગોષ્ઠી [સં ધર્મ + ગોષ્ઠી (વાતચીત)] સ્ત્રી ધર્મ સંબંધી વાતચીત.

ધર્મગ્રહણ [સં. ધર્મ + ગ્રહણ (સ્વીકાર)] ન. ધર્મ અંગીકાર કરવાપણું, ધર્મનો સ્વીકાર

ધર્મગ્રંથ [સં. ધર્મ (કરજ) + ગ્રંથ (ચોપડી)] પું. ધર્મનું પુસ્તક; ધર્મ સંબંધી પાળવાના નિયમો જેમાં આપેલ હોય તેવું પુસ્તક; જેમાં ધર્મનિરૂપણ હોય તેવો ગ્રંથ; ધાર્મિક પુસ્તક; કોઈ જનસમાજના આચાર વ્યવહાર તથા ઉપાસના વગેરે સંબંધી જેમાં ઉપદેશ હોય તેવું પુસ્તક; પવિત્ર ગ્રંથ

પહેલે દિનરો ગીતાને અહમાના ધર્મગ્રંથ હરીફ ઓલખારી એને મિલ્યા હિંદુઓ કે હિંદીઓની નહિ પરંતુ માનવ સમસ્તની સંપત્તિ કહી. કૌમુદી

ધર્મઘટ [સં. ધર્મ + ઘટ (ઘડો)] પું. કોઈ વૈશાખ મહિનામાં ધર્મ નિમિત્તે અપાતો સુખડી ભરેલ અને ભોજનના પદાર્થવાળો ઠળિયો

ધર્મઘડી (ધમઘડી) સ્ત્રી. ભણ્યા લોક જોઈ શકે એવે ઠેકાણે રાખેલ મોટું ઘડિયાળ

ધર્મપલટા સ્ત્રી. ધર્મને માટે જાતા ગાય થઈ જવું તે; ધર્માંધતા.

ધર્મપલડું (ધમપેલડું) વિ. ધર્મની તીવ્ર લાગણીને લીધે ગાંડા જેવા જેવું દેખાતું.

ધર્મપલ્લું વિ. ધર્મની તીવ્ર લાગણીને લીધે ગાંડા જેવા જેવું દેખાતું

ધર્મપોષણા [સં.] સ્ત્રી. ધર્મનો ઠરેરો.

અમ મહારાજાધિરાજનું સંસારમાં છે, સિંહ રાજપરિવારની ધર્મપોષણા છે. સંધ્યાકાલ

ધર્મપ્ર ૧. [સં.] પું. જેહાદનું ઝાડ.

૨. [સં. ધર્મ + પ્ર (ધારનાર)] વિ. ધર્મનો નાશ કરનાર.

ધર્મચક્ર ૧. [સં.] પું. જિનદેવ.

૨. પું. બુદ્ધદેવ.

૩. ન. જૈન મતનું પ્રાચીન સમયનું અસ્ત્ર; વિશ્વામિત્રે રામને આપેલ જૈન દિવ્ય અસ્ત્ર.

૪. ન. ગૌતમ બુદ્ધની ધાર્મિક સંસ્થાનું સામ્રાજ્ય પોતાની ધાર્મિક સત્તા (ધર્મચક્રનું મોટું રાજ્ય, સામ્રાજ્ય સ્થાપવાની એને આકાંક્ષા હતી. હિંદુસામ્રાજ્યવારસો

૫. ન. (જૈન) તીર્થંકરોનો એક અતિશય; ધર્મને પ્રકાશ કરનારી તીર્થંકરની ભ્રમણ થવાનું ચક્ર

૬. ન. ધર્મનો સમૂહ

૮. ન. બુદ્ધનો ધાર્મિક ઉપદેશ. તેની સારનાથ ટેકરીથી શરૂ હતી.

ધર્મચક્રધર જુઓ ધર્મચક્રધારી.

ધર્મચક્રધારી ૧. [સં. ધર્મચક્રધારિન્] પું. જિનદેવ.

૨ વિ. ધર્મસમૂહ ધારણ કરનાર

ધર્મચક્રપ્રવર્તન [સં.] ન. ધર્મનો ફેલાવો; ધર્મરૂપી ચક્ર ફેલાવવા બોધ કરવો તે; ધર્મનો પ્રચાર; ધર્મના સામ્રાજ્યનો ફેલાવો.

જે જમીન ઈશ્વરની છે, તે બધા સજ્જનો સાથે વહેંચી ખાવ એનું નામજ ધર્મચક્રપ્રવર્તન રણજી.

ધર્મચક્રભૃત જુઓ ધર્મચક્રધારી

ધર્મચક્રવર્તી [સં. ધર્મ + ચક્રવર્તિન (જૈન)] વિ. ધર્મ પ્રચારનારાઓમા સર્વથી શ્રેષ્ઠ.

ધર્મચર [સં. ધર્મ + ચર્ (ચાલવું)] વિ. ધર્મ પ્રમાણે આચરણ કરનાર; સદાચરણી.

ધર્મચર્ચા [સં ધર્મ + ચર્ચા (વિચારણા)] સ્ત્રી ધર્મ સંબંધી વિવાદ અને ચાતચીત; ધર્મશાસ્ત્રની ચર્ચા

ધર્મચારી ધર્મચર્ચા કરિ છિ વિસ્તરિ. ભાલણ

ધર્મચર્યા [સં. ધર્મ + ચર્યા (આચરણ)] સ્ત્રી ધર્માચરણ કરવું તે; ધર્મ પાળવો તે. ધાર્મિક કર્મ કરવું તે.

ધર્મચર્યા અને સાધનોના ટેકણે કેટલાએક દાનો સ્વર્ગે ચાલી છે. પુરાતત્ત્વ

ધર્મચારિણી ૧. સ્ત્રી. એ નામની એક વેલ.

૨. [સં. ધર્મ + ચારિન્ (આચરનાર) + ઙી (નારીવાચક પ્રત્યય)] સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી, પતિપરાયણ સ્ત્રી, પત્ની, ભાર્યા.

૩. વિ.સ્ત્રી. ધર્મ પ્રમાણે ચાલનારી

ધર્મચારિની જુઓ ધર્મચારિણી.

ધર્મચારી ૧. [સં. ધર્મચારિન્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૨. વિ. પવિત્ર; સદ્‌ગુણી; ધર્મ કરનાર; ધાર્મિક વૃત્તિવાળું; ધર્મપરાયણ; ધર્મજ્ઞ; ધર્મ પ્રમાણે ચાલનારું.

ધર્મચારી આ લોકમાં અને પરલોકમાં સુખે સૂએ છે. ધમ્મપદ

ધર્મચિંતક ૧. વિ. કાવ્ય ઉપર પ્રકાશ પાડનાર.

૨. [સં. ધર્મ + ચિંતક (વિચારનાર)] વિ ધર્મનું ચિંતન કરનાર; ધર્મ વિચારનાર; ધર્મ સંબંધી અભ્યાસ કરનાર.

ધર્મચિંતન [સં. ધર્મ + ચિંતન (વિચાર)] ન. ધાર્મિક મનન; ધર્મનું ચિંતન; ધર્મનો વિચાર.

ધર્મચિંતા જુઓ ધર્મચિંતન.

ધર્મચુસ્ત વિ. દરેક પ્રસંગે ધર્મને વળગી રહેનાર; ધર્મની બાબતમાં બારે આકરો; ધર્મ સંબંધી દરેક બાબત બરાબર; ધર્મને અક્ષરશઃ પાળનાર; ધાર્મિક બાબતોમાં ચુસ્ત રહેનાર.

મારો જન્મ ધર્મચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં થયો છે. મામીજી

ધર્મચુસ્તતા સ્ત્રી. ધર્મચુસ્ત હોવાપણું.

ધર્મચ્યુત [સં. ધર્મ + ચ્યુત (ભ્રષ્ટ)] વિ. ધર્મભ્રષ્ટ; ધર્મ ચૂકેલ.

ધર્મચ્યુતિ [સં.] સ્ત્રી. ધર્મભ્રષ્ટતા; ધર્મ ભ્રષ્ટ થવાપણું.

ધર્મછત્ર [સં. ધર્મ (કરજ) + છત્ર (છત્રી)] ન. ધર્મની આણ, ધર્મની સત્તા.

ધર્મજ ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. પું. ઔરસ પુત્ર; ધર્મપત્નીથી ઉત્પન્ન થયેલ પુત્ર. તેનાથી પિતા પિતૃઋણથી મુક્ત થાય છે.

૩. પું. યુધિષ્ઠિર.

૪. પું. બ. વ. નર અને નારાયણ.

૫. ન. એક પ્રકારનું દિવ્ય

૬. ન. પાટણ પાસે આવેલ એ નામનું એક ગામ.

૭. [સ. ધર્મ + જ (ઉત્પન્ન થયેલ)] વિ. ધર્મથી ઉત્પન્ન થયેલું.

ધર્મજડતા (ધર્મજડતા) સ્ત્રી. ધર્મમાં જડપણું.

ધર્મજનિત [સં. ધર્મ + જનિત (પેદા થયેલ)] વિ. ધર્મથી ઉત્પન્ન થયેલ.

ધર્મજન્ય [સં. ધર્મજ-મન્] વિ. ધર્મથી ઉત્પન્ન થનારું.

ધર્મજન્મા ૧. [સં. ધર્મજન્મન્] પું. ઔરસ પુત્ર.
૨. પું. યુધિષ્ઠિર
૩. વિ પું. ધર્મથી ઉત્પન્ન થનારો.

ધર્મજન્મ જુઓ ધર્મજન્મ.

ધર્મજાગરણ ન ધર્મને માટે જાગરણ કરવું તે; ધર્મિક વિચાર કરતાં વખત પસાર કરવાપણું.
હરકોઈ નિમિત્તે ઉપવાસ કરીને આખી રાત્રિ પોતે જાગ કરી ધર્મજાગરણમાં વખત રહેવું તે પૌષધોપવાસવ્રત. તત્ત્વાર્થસૂત્ર

ધર્મજાગરિયા ૧. સ્ત્રી. કુળધર્મ પ્રમાણે બાળકના જન્મને છઠ્ઠે દિવસે કરવું જાગરણ.
૨. સ્ત્રી. ધર્મને માટે જાગરણ કરવું તે.

ધર્મજાગૃતિ [સં. ધર્મ + જાગૃતિ (જાગવું તે)] સ્ત્રી. ધર્મની બાબતોમાં જાગૃતિ; ધર્મને માટે જાગતું રહેવાપણું.

ધર્મજિજ્ઞાસા [સં. ધર્મ + જિજ્ઞાસા (ઇચ્છા)] સ્ત્રી. ધર્મનું સ્વરૂપ સમજવાની ઇચ્છા, ધર્મવિચારણા; ધર્મ જાણવાની આતુરતા.
ખિસ્તી મિત્રોના સમાગમે મારામાં ધર્મજિજ્ઞાસા જાગ્રત કરી. આપીત

ધર્મજિજ્ઞાસુ [સં. ધર્મ + જિજ્ઞાસુ (જાણવાને ઇચ્છનાર)] વિ ધર્મ જાણવા ઇચ્છનાર.

ધર્મજીવન ૧. [સં.] પું. યજ્ઞયાગાદિ ધર્મ કરાવી તે ઉપર આજીવિકા ચલાવનાર બ્રાહ્મણ
૨. [સં. ધર્મ + જીવન (જિંદગી)] ન. ધર્મમય જીવન.
૩. વિ. ધર્મરૂપી જીવનવાળું; ધર્મિષ્ઠ.

ધર્મજ્ઞવી ૧. [સં. ધર્મ + જ્ઞપ્ (જાણવું) + ઘન્ (વાળું)] પું. ધર્મપ્રચારક; ધર્મ માટે લેખધારી; આદેશવાહક; 'મિશનરિ.'
૨. વિ. ધર્મિક કે ધર્મ પ્રમાણે જીવન ગુજારનાર; સંયમમાં જીવન ગાળનાર; ધર્મચારી; ધર્મનિષ્ઠ.

ધર્મજ્ઞ [સં. ધર્મ + જ્ઞ (જાણનાર)] વિ. ધર્મ જાણનાર; પવિત્ર અને આસ્તિક વિચારે વર્તનાર; કર્તવ્યાકર્તવ્ય સંબંધી તત્ત્વને જાણનાર.

ધર્મજ્ઞાન ૧. [સં. ધર્મ + જ્ઞાન (સમજ)] ન. ધર્મ સંબંધી જ્ઞાન; ધર્મનું જ્ઞાન.
આપણા આરાધ્યધર્મમાં આ ધર્મજ્ઞાનના ઘણા ભેદો પડ્યા જણાય છે. નર્મદાશંકર મહેતા
૨. ન. ગીતાનાં કર્તવ્યનું જ્ઞાન.

ધર્મજ્યોતિર્ધર ૧. [સં.] પું. ધર્મિક તેજસ્વી પુરુષ
૨. વિ. ધર્મરૂપી જ્યોતિને ધારણ કરનાર.

ધર્મજ્વર ન. ધર્મનો જુસ્સો; ધાર્મિક જુસ્સો; ધર્માંધતા.

ધર્મજ્ઞનૂની વિ. ધાર્મિક બાબતોમાં અજ્ઞતાળુ.

ધર્મઠગ ૧. [સં. ધર્મ + ઠગ (છેતરે તે માણસ)] પું. ઢોંગી માણસ; બગભગત; પુતારો; ધર્મને નામે ઠગનાર
૨. પું. મોટો ઠગ; મહા ઠગારો

ધર્મઠોંગી વિ. ધર્મને નામે ઢોંગ કરનાર.

ધર્મણ્ય ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; ધામિન વૃક્ષ
૨ પું. ધામિન પક્ષી
૩. પું. ધામિન સર્પ

ધર્મતત્ત્વ ૨. [સં.] ન. ધર્મમાંહ્યો સમનો મેદનો ભાગ.
૨. ન. ધર્મનું તત્ત્વ; ધર્મનું રહસ્ય.

ધર્મતનુજ [સં. ધર્મ + તનુજ (પુત્ર)] પું. યમરાજા; સહજાનંદ સ્વામી.
ધર્મતનુજ નર તન ધરી, તન વિચરણ વિખ્યાત
હરિલીલામૃત

ધર્મતંત્ર ૧. [સં.] ન ધર્મનું તંત્ર; ધર્મ સમજાવે બતાવાતું તંત્ર; ધાર્મિક તંત્ર.
૨. ન. ધર્મશાસ્ત્ર.
૩. ન. ધર્મનો સમાજ; 'ચર્ચ.'
૪. ન. ધાર્મિક નિયમ; ધાર્મિક પ્રથા.

ધર્મતા [સં.] સ્ત્રી. ધર્મપણું; ધર્મત્વ.

ધર્મતાત [સં.] પું યુધિષ્ઠિર.
ધર્મતાત અજાતશત્રુ કૌંતેય તે કુરુરાજ,
નૃપતિ યુધિષ્ઠિર સમ કુરી તારા સમ તુજ બાઈ.
વિમલપ્રબોધ

ધર્મતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

ધર્મતીર્થંકર [સં.] પું. (જૈન) જિન ભગવાન

ધર્મત્યાગ [સં.] પું. પોતાના ધર્મને તજીને બીજા ધર્મનો આશરો લેવો તે; પરધર્મનું અવલંબન કરવું તે; સ્વધર્મનો ત્યાગ કરવો તે

ધર્મત્રયી [સં.] સ્ત્રી. ત્રણ ધર્મનો સમૂહ.
આરાધ્ય ધર્મક્ષેત્ર છે, હિંદુ ધર્મ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ એ ત્રણેની મહાન પ્રાચીન ધર્મત્રયી છે. બાબાસાહેબ

ધર્મત્રાત [સં.] વિ. ધર્મનું રક્ષણ કરનાર.

ધર્મત્વ [સં.] ન. નૈતિકતા; ધર્મપણું.

ધર્મથી ૧. અ. ખરેખર.
૨. અ. ધર્મના સોગન ખાઈને.
૩. અ ધાર્મિક દૃષ્ટિથી; ધર્મ સમજીને.

ધર્મદ ૧. [સં.] પું. કીર્તિ સ્વામીનો એક નામનો એક અનુચર.
૨. વિ. ધર્મદાતા; ધર્મ સ્થાપનાર
૩. [સં. ધર્મ + દ (દેનાર)] વિ. પોતાનું ધર્મકૃત્ય બીજાને આપનાર.

ધર્મદત્તાવદાન [સં] પું. (બૌદ્ધ) એ નામનો એક અવદાન

ધર્મદય વિ. ધર્મની પ્રાપ્તિ કરાવનાર; ધર્મદેશક.

ધર્મદંડધારક ૧. [સં.] પું. ધર્મગુરુ.
૨. વિ. ધર્મના દંડને ધારણ કરનાર

ધર્મદાન [સં. ધર્મ + દાન (આપવું તે)] ન. સુશીલ, વિદ્વાન અને ગરીબ માણસના સુખ માટે આપવું, વસ્ત્ર વગેરે આપવું તે; સુપાત્રે દાન; ધર્મનું દાન; પુણ્યદાન; કોઈ પણ પ્રાણીના ઉપકાર માટે નિઃસ્વાર્થે આપવું તે; ધર્મ અર્થે દાન આપવું તે; ધર્મ સમજી કરેલું દાન; કેવળ સાત્ત્વિક બુદ્ધિની પ્રેરણાથી કરવામાં આવતું દાન.
સર્વ દાનને ધર્મદાન કહે છે.
ધરમપદ

ધર્મદાય [સં] ન. ધર્મ નિમિત્તે આપેલું દાન.

ધર્મદાર [સં.] સ્ત્રી. ધર્મપત્ની.

ધર્મદારા [સં. ધર્મદાર] સ્ત્રી. ધર્મપત્ની; જોરુ; વહુ; ધર્મશાસ્ત્ર પ્રમાણે પરણેલી સ્ત્રી; પહેલી સ્ત્રીએ પરણેલી સ્ત્રી

ધર્મદાસ ૧. પું. કબીરના મુખ્ય બે શિષ્યો એ નામનો એક શિષ્ય. એનું બીજું નામ સંતબોધ હતું.
૨. પું. પૂજારી

ધર્મદાસણીપા પું. (જૈન) ઢૂંઢિયાનો એકલે સાધુમાર્ગી જૈનોનો પણ બનાવનાર ધર્મગુરુ.

ધર્મદીક્ષા [સં.] સ્ત્રી. કોઈ પણ ધર્મમાં આપવામાં આવતી દીક્ષા. કોઈ પણ ધર્મનું વ્રત લેવું.

ધર્મદીપ (સં.] પું. ધર્મરૂપી દીવો.
પુત્રના હાથથી પૂજાથી આખો વર્ષ ભરવો ધર્મદીપ એની મેળે વધારે પ્રકાશી નીકળે.
અધિકારવર્ષ રત્નમ

ધર્મદીપિકા [સં.] સ્ત્રી ગૌતમપ્રસિદ્ધ એ નામનો મીમાંસા ગ્રંથ.

ધર્મદુકા ૧. [સં] સ્ત્રી. ધર્મદાન સ્વીકારવાની જગ્યા.
૨. સ્ત્રી. ધર્મિક ક્રિયા માટે દેહરામાં આવતી જગ્યા.

ધર્મદુર્લભભાવના [સં.] સ્ત્રી. (જૈન) બાર ભાવનાઓની એક નામની એક ભાવના; ધર્મના ઉપદેશક તથા ગુરુ જ્ઞાનના બોધક જેવા પુરુષ અને એનું જીવનું દુર્લભ છે એવું ચિંતવન.

ધર્મદૂષણ ૧. [સં. ધર્મ + દૂષણ (કર્મ૰)] ન. ધર્મનું કલંક.
૨. વિ. ધર્મને કલંક લગાડનાર.

ધર્મદૃઢ [સં] વિ. ધર્મમાં ચુસ્ત; ધાર્મિક.

ધર્મદેવ ૧. પું. સહજાનંદ સ્વામીના પિતાનું નામ
૨. પું. (જૈન) સાધુ; મુનિ; ધર્મમાં દેવ સમાન માણસ.

ધર્મદેશ ૧. [સ.] પું. એ નામનું એક તીર્થ
૨. પું. જ્યાં ધર્મ વ્યાપેલ હોય એનો દેશ.

ધર્મદેશક વિ. ધર્મની પ્રાપ્તિ કરાવનાર

ધર્મદેશના [સં.] સ્ત્રી. ધર્મનો ઉપદેશ.
દરરોજ ધર્મદેશના આલતી હતી અને સર્વ મ.નનું સમાધાન કે સંકલ્પવારણ પુનિ મહારાજ અલૌકિક રીતે કરતા. તહેવારને ગોમિયાં

ધર્મદ્રવી [સં.] સ્ત્રી દેવનદી ગંગા.

ધર્મદ્રવ્ય [સં.] ન. (જૈન) એ નામનું એક દ્રવ્ય; ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય. અતિરૂપ પરિણત છવ અને પુદ્ગલોને ગમન કરવામાં સહાયકારી હોય તેને ધર્મદ્રવ્ય કહે છે. જેમકે, માછલીને માટે પાણી આ એક અખંડ દ્રવ્ય છે અને તે સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે.

ધર્મદ્રાહ [સં.] પું. ધર્મનું ખરું કરવું તે.

ધર્મદ્રોહી ૧. [સં.] પું. રાક્ષસ
૨ પું. લુચ્ચો માણસ
૩ વિ. દુષ્ટ.
૪. [સં ધર્મ + દ્રોહિન્ (દ્રોહ કરનાર)] વિ ધર્મનો દ્રોહ કરનાર.

ધર્મધાર ૧. ન પ્રતિજ્ઞા વસ્તુ આપનાર સ્થળ.
૨ [સં] ન ધર્મનું આગાર.

ધર્મદ્વેષ [સં] પું. ધર્મ ધર્મ વચ્ચેનો દ્વેષ; સાંપ્રદાયિક દુરભાવ

ધર્મદ્વેષી [સં. ધર્મદ્વેષિન્] વિ ધર્મને લીધે દ્વેષ કરનાર.

ધર્મધજા ૧. [હિ.] પું. ધર્મધ્વજ. પરોપકાર કે ધર્મ માટે સહેવાં પડતાં કષ્ટ કે હાનિ.
૨. પું નકામી મહેનત

ધર્મધક્કો ૧ પું. ધર્માદાના કામ માટે લીધેલ મહેનત
૨ પું. ફોગટ ફેરો; નકામો પ્રયત્ન; નકામી મહેનત.

ધર્મધજા [સં. ધર્મ + ધ્વજ] સ્ત્રી ધર્મની ધજા, ધર્મનો વાવટો.

ધર્મધનુર્ધર [સં.] વિ. ધર્મરૂપી ધનુષને ધારણ કરનાર

ધર્મધર [સં. ધર્મ + ધૃ (ધારણ કરવું)] વિ. ધર્મી, ધર્મમાં શ્રદ્ધાવાળું.
બહુ ભોળે એટલાથી ધર્મધર થવો નથી; જે અલ્પ પણ સાબજીને ધર્મને કામ લાગે તુજને છે (ધર્મ પ્રમાણે ચાલવાનું કરે છે) એજ ધર્મધર થાય છે. પ્રેમાનંદ

ધર્મધર્મિભાવ [સં.] પું. ગુણ ને તે જે દ્રવ્યમાં રહેતો હોય તે દ્રવ્યનો સંબંધ. જેમકે, સોનાની પીળાશ

ધર્મધાતુ [સં.] પું. બુદ્ધદેવ.

ધર્મધામ [સં. ધર્મ + ધામન્ (ઉત્પત્તિ)] પું. શિવ.

ધર્મધારિણી [સં. ધર્મધારિન્ (ધર્મ ધારણ કરનાર) + ઈ (નારીલિંગનો પ્રત્યય)] સ્ત્રી ધર્મને ધારણ કરવાવાળી સ્ત્રી; ધર્માતુરતા સ્ત્રી.

ધર્મધારી ૧. [સં ધર્મધારિન્] વિ. ધર્મિક; પવિત્ર.
૨. વિ. ન્યાયને રસ્તે ચાલનાર.

ધર્મધીર [સં. ધર્મ + ધીર (હિંમતવાળું)] વિ. ધર્મમાં ધીરજ ધરનાર.

ધર્મધુર [સં. ધર્મ + ધુરા (ભાર)] સ્ત્રી. ધર્મનો ભાર; ધર્મનો બોજો.

ધર્મધુરંધર ૧. [સ. ધર્મ + ધુરા (ભાર) + ધૃ (ધારણ કરવું)] પું. ધર્મની બાબતમાં અગ્રેસર; ધર્મનો બોજો ઊંચકનાર માણસ.
૨. વિ ડાહ્યો.
૩. વિ. ધર્મનિષ્ઠ; મોટો ધર્મ કરનાર.
૪ વિ. ધર્મની ધુરા ધારણ કરનાર.
૫. વિ. ન્યાયી.
૬. વિ. પરમાર્થ ક્રમ કરનાર; પરમાર્થ કરવામાં આગળ પડતું.

ધર્મધુરા [સં. ધર્મ + ધુરા (ભાર)] સ્ત્રી ધર્મનો બોજો, ધર્મ સ્વીકારવાના ક્રમનો ભાર.
એમણે સહજાનંદ સ્વામીને જ સોંપી ધર્મધુરા લોપવાનો નિયમ કર્યો. ક્ર. સા. ઉપોદ્ઘાત

ધર્મધૂર્ત [સં. ધર્મધૂર્ત] પું. ધર્મનો ઢોંગ કરનાર માણસ; ધર્મનો મોટો ઢોંગ કરનારો બદમાશ
બોલિયો બાણ હિતે, બુ દ્વનિમાન ત્યાં,
અમદ કહે ધર્મધૂર્તિ. સામળ

ધર્મધેનુ ૧ [સં.] પું. શિવનાં હનુમાન ગાહેનું એક નામ
૨ સ્ત્રી. ધર્મરૂપી ગાય.

ધર્મધૌરિધર ૧. [સ. ધર્મધુરંધર] પું. ધર્મનો બોજો વહન કરનાર માણસ
ધર્મધૌરિધર તમ હસ્તેથી,
હું કમમ ન્યાં નિરાસ્ત. દયારામ
૨. જુઓ ધર્મધુરંધર.

ધર્મધ્યાન ૧. [સં.] ન. (જૈન) ચાર ધ્યાનનું એ નામનું એક ધ્યાન; જ્ઞાનીઓએ જે આજ્ઞા કરી છે, દોષ કહ્યા છે, તેમાંથી કેમ છૂટાય વગેરે ધાર્મિક બાબતોનો વિચાર કરવામાં આવતો મનોયોગ.
૨. ન. ધર્મચિંતન, ધર્મનું ચિંતન કરવું તે; ધર્મવિચારમાં તલ્લીનતા.

ધર્મધ્વજ ૧. [સં. ધર્મ + ધ્વજ (ધજા)] પું. ધર્મની ધજા; ધર્મનો વાવટો; ધર્મનું ચિહ્ન; ધર્મદ્યોતક ધ્વજ.
૨. પું. ધર્મનો આડંબર કરી સ્વાર્થ સાધનાર માણસ; ધર્મનો વેષ કે ઢોંગ ધારણ કરી લોકોમાં પોતાને પૂજાવનાર માણસ; પાખંડી; ધર્મધ્વજ.
૩. પું (પુરાણ) મિથિલાનો જનકવંશી એ નામનો એક રાજા. તે પરમ ભક્તરાજા હતો.
૪. પું. (પુરાણ) રમધ્વજ નામના રાજાનો એ નામનો પુત્ર. તે કુશધ્વજ નામના રાજાનો મોટો ભાઈ હતો. એને તુલસી નામે કન્યા હતી.
૫. પું. (પુરાણ) વિદેહ વંશના કુશધ્વજ જનકનો એ નામનો પુત્ર. એને કૃતધ્વજ અને મિતધ્વજ નામે બે પુત્ર હતા.
૬. પું. જૈનનાં એકસો આઠ મહેનું એક નામ.

ધર્મધ્વજી ૧. [સં. ધર્મધ્વજિન્] વિ. ધર્મ જેને વાવટારૂપે હોય તેનું
૨. વિ ધર્મમાં ઢંગ રાખનાર; પાખંડી.
પાખંડમાં લાગી રહેવા, લોભી, લોભંધ, ધર્મધ્વજી, બિહ્વર અને ઠોબી વગેરે જેવી ગાળો વર્ણવી. ભાગવતી ભાગવત

ધર્મધ્વંસ [સં. ધર્મ + ધ્વંસ (નાશ)] પું ધર્મનો નાશ.

ધર્મધ્વંસક [સં.] વિ ધર્મનો નાશ કરનાર.

ધર્મધ્વંસકારી જુઓ ધર્મધ્વંસક.

ધર્મધ્વંસી [સં. ધર્મધ્વંસિન્] વિ. ધર્મનો નાશ કરનાર

ધર્મન ૧. પું. એક જાતનું ઝાડ.
૨. પું એક જાતનો નાગ

ધર્મનંદન ૧. [સં. ધર્મ + નંદન (દીકરો)] પું. ઔરસ પુત્ર; ધર્મપત્નીથી થયેલો પુત્ર.
૨. પું યુધિષ્ઠિર.
૩. પું. સહજાનંદ સ્વામીનું એક નામ.

ધર્મનંદી [સં.] પું. બૌદ્ધ શાસ્ત્રોનો ચીની ભાષામાં અનુવાદ કરનાર એ નામનો એક બૌદ્ધ પંડિત.

ધર્મનાથ ૧. પું. એક જૈનતા દેવ.

૨ પું (જૈન) આવતી અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં થયેલ એ નામના પંદરમા તીર્થંકર. તેમનું ચિહ્ન વજ્રદંડ છે. તેના પિતા ભાનુ રાજા અને માતા સુવ્રતા હતાં. પૂર્વે રાજા રાણીને ધર્મ ઉપર અલ્પ રાગ હતો, પણ પ્રભુ ગર્ભે આવ્યા પછી ધર્મ ઉપર ખૂબ રાગ થયો. આ ગર્ભનો મહિમા જાણી તેમને ધર્મનાથ નામ દીધું. તેમનું જન્મસ્થાન રત્નપુર અને મરણ સ્થળ સમેત શિખર છે.

મહા સુદિ ૧૩ પરમ. તીર્થંકર શ્રી ધર્મનાથ સ્વામીની દીક્ષા તિથિ તહેવારનો જોગિયો

ધર્મનાથ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. સ્ત્રી. એ નામની એક નદી.

ધર્મનાશક [સં. ધર્મ + નાશક (નાશ કરનાર)] વિ. ધર્મનો નાશ કરનાર.

ધર્મનિબંધ ૧. [સં.] પું. ધર્મનું પ્રતિપાદન કરનાર ગ્રંથ.

૨. પું. સદ્‌ગુણની રીત.

ધર્મનિબંધન [સં.] પું. ધર્મનું પ્રતિપાદન કરનાર ગ્રંથ.

ધર્મનિબંધી [સં. ધર્મ + નિબંધિન (બાંધનાર)] વિ પવિત્ર; સદ્‌ગુણી.

ધર્મનિરીક્ષણ [સં.] ન. ધર્મની તપાસ.

મારી પહેલી મોટી મારીમાં મને ધર્મનિરીક્ષણ કરવાનો અલભ્ય લાભ મળ્યો. ગાંધીજી

ધર્મનિર્ણય [સં. ધર્મ + નિર્ણય (નક્કી કરવું તે)] પું. ધર્મવિધિચિકિત્સા; દોષાદોષ વિવેકજ્ઞાન.

ધર્મનિવેશ ૧. [સં.] પું. ધર્મનું નિવાસસ્થાન; ધર્મનું ઘર.

૨. પું ધાર્મિક ક્રિયા.

૩ પું. ધાર્મિક ભક્તિ.

ધર્મનિશ્ચય જુઓ ધર્મનિર્ણય.

ધર્મનિષ્ઠ [સં.] વિ. ધર્મમાં આસ્થાવાળું, ધાર્મિક; ધર્મપરાયણ; ધર્મયુક્ત; ધર્મયુરત; ધર્મગામી.

હું તમને આજ્ઞા આપું છું કે તેઓ પોતાનું વચન બધા ધર્મનિષ્ઠને શોભાવે તેમ પાળે. નવલરામ

ધર્મનિષ્ઠા [સં. ધર્મ + નિષ્ઠા (શ્રદ્ધા)] સ્ત્રી. ધર્મ વિષેની આસ્થા; ધર્મની આસ્થા; ધર્મમાં શ્રદ્ધા.

ધર્મનિષ્પત્તિ [સં.] સ્ત્રી ફરજ; ધાર્મિક ફરજ; ધર્મનું આચરણ.

ધર્મનિંદક [સં ધર્મ + નિંદ (વખોડવું) + અક (કરનાર)] વિ. ધર્મને વખોડનાર.

ધર્મનીતિ ૧. [સં] સ્ત્રી. ધર્મ અને નીતિ.

૨. સ્ત્રી. ધર્મશાસનના નિયમ; ધર્મશાસનની પદ્ધતિ.

ધર્મનીમ [સં. ધર્મ + નિયમ] પું. ધાર્મિક સંયમ

ધર્મનૃપ [સં. ધર્મ + નૃપ (રાજા)] પું. ધર્મરાજા.

ધર્મનૃપ તણા અનુજે કહું હેજ,
તેમ મેં કહું રહસ્યસાર. પ્રેમાનંદ

ધર્મનેતા [સં. ધર્મ + નેતૃ (નાયક)] પું. ધર્મનો મુખ્ય માણસ; ધર્મગુરુ.

ધર્મનેત્ર ૧ [સ] પું. મદુવરી દ્વૈપ્ય રાજાનો એ નામનો પુત્ર.

૨. ન. ધર્મદૃષ્ટિ.

૩. વિ. ધર્મરૂપ નેત્રવાળું.

ધર્મનેમિ [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

ધર્મનૈપુણ્ય [સં.] ન. ધર્મમાં કુશળતા.

ધર્મનૈપુણ્યકામ [સ.] વિ. ધર્મમાં કુશળતા ઇચ્છનાર; ધર્મની અતિજ્ઞતા ઇચ્છનાર.

ધર્મન્યાય [સં.] પું. શુદ્ધ ન્યાય; ધાર્મિક ન્યાય

ધર્મપક્ષ [સં] પું રાજા કે ધર્માધિકારીને દેવામાં આવતો અવસ્થા પત્ર.

ધર્મપટ્ટન ન. અયોધ્યાથી ૫૮ માઈલ ઉત્તરે આવેલ શ્રાવસ્તી ગામ; ઋદ્ધિપુરી. અત્યારે તે ઉત્તર કોસલની રાજધાની હતું.

ધર્મપત્તન ૧ [સં] ન. એ નામનું એક શહેર. શ્રાવસ્તી નગરી.

૨. ન. એ નામનો એક દેશ.

૩. ન. ધર્મનાં બંદરો; તીર્થો.

ધર્મપડો (ધર્મપડો) પું. ન્યાયથી રાજ્ય કરવાનો દંડકો.

ધર્મપતાકા [સં] સ્ત્રી. ધર્મરૂપી ધ્વજ

ધર્મપતિ ૧ [સં.] પું. ધર્મ ઉપર અધિકાર રાખનાર પુરુષ.

૨. પું. વરુણદેવ.

૩. વિ ધર્મરાજ; ધર્મનિષ્ઠ.

ધર્મપત્તાલ ૧. [સં.] પું. બૃહત્સંહિતા અનુસાર કુર્મ વિભાગમાં દક્ષિણ દેશ પાસેનું એક જનસ્થાન.

૨. પું. શ્રાવસ્તી નગરી; ધર્મપટ્ટન.

૩. ન. ધર્મનાં બંદરો; તીર્થો.

ધર્મપત્ની ૧. સ્ત્રી ધર્મિ.

૨. સ્ત્રી. ક્ષમા.

૩. [સં. ધર્મ + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. ધર્મ પ્રમાણે વિધિપૂર્વક પરણેલી પત્ની, પરિણીત સ્ત્રી, ધર્માદિક કાર્યની સહચારિણી; આર્યા. જુ સ્મૃતિમાં પહેલી સ્ત્રીને ધર્મપત્ની અને વિવાહ કરીને લાવેલી બીજી સ્ત્રીને કામપત્ની કહેલ છે.

૪. સ્ત્રી. શુદ્ધિ

૫. સ્ત્રી. વાણી.

૬. સ્ત્રી. સદ્‌ગુણશીલતા.

૭. સ્ત્રી. સ્મૃતિ.

ધર્મપત્ર ૧. [સં.] પું. ધર્મના કામ માટેનું લખિતપત્ર.

૨. ન. મુસ્લર; ઉંબરાનું ઝાડ. તેનાં પાંદડાં યજ્ઞ જેવાં ધર્મકાર્યમાં કામ આવે છે.

ધર્મપત્રિકા [સં. ધર્મ + પત્રિકા (લેખ)] સ્ત્રી. ધર્મદાન સંબંધી લેખ; ધાર્મિક વૃત્તિથી કરેલ દાન સંબંધી લેખ; દાન આપવા સંબંધીનો લેખ.

ધર્મપથ ૧. [સં. ધર્મ + પથ (માર્ગ)] પું. ધર્મનો માર્ગ; ધાર્મિક વૃત્તિનો રસ્તો; ધર્મને અનુકૂળ રસ્તો.

૨. પું. ધાર્મિક સંપ્રદાય.

ધર્મપદ ૧. [સં. ધર્મ + પદ (ઉપાય)] પું. ધર્મનો ઉપાય; ધર્મનો માર્ગ.

૨. ન. ધર્મનું વાક્ય.

કયો કુશળ પુરુષ સારી રીતે કહેવાયેલા ધર્મપદનો કુશળી પેઠે સંયમ કરી ? ધમ્મપદ

ધર્મપરાયણ જુઓ ધર્મપરાવણ.

ધર્મપરાયણ ૧. [સં. ધર્મ + પરાયણ (તત્પર)] વિ. ધર્મને વળગી રહેનાર; ધર્મરત; ધર્મ ઉપર બહુ જ શ્રદ્ધાવાળું; ધર્મનિષ્ઠ; ધર્મમાં લીન.

૨. વિ. ધાર્મિક ક્રિયા કે દાન તરીકે આપનાર કે સેવા કરનાર.

૩. વિ મહેનતાણું લીધા વિના સેવા કરનાર કે આપનાર

ધર્મપરાયણતા ૧. સ્ત્રી. ધર્મમાં તત્પરતા; ધર્મમાં તત્પરતા; ભક્તિભાવ.

૨. સ્ત્રી. ધાર્મિક ક્રિયા કે દાન તરીકે આપવાપણું.

૩ સ્ત્રી. મહેનતાણું લીધા વગર સેવા કરવી તે.

ધર્મપરિણામ [સં.] પું. જૈનદર્શન પ્રમાણે જીવો પ્રાણી અને ઉદ્ભિજોની એક રૂપ કે સ્થિતિમાંથી બીજા રૂપ કે સ્થિતિમાં જવાની શક્તિ; એક ધર્મમાંથી નિવૃત્ત થતા બીજા ધર્મની પ્રાપ્તિ. જેમકે, માટીની પિંડતારૂપ ધર્મમાંથી નિવૃત્ત થતાં ઘટત્વરૂપ ધર્મની પ્રાપ્તિ. જૈનાચાર્યોએ પોતાના જૈનદર્શનમાં ચિત્તનાં જે રીતે નિરોધ, સમાધિ અને એકાગ્રતા એ ત્રણ પરિણામ કહેલ છે, તે જ રીતે સૂક્ષ્મ રચૂલ પ્રાણીઓ તથા ઉદ્ભિજોનાં પણ ત્રણ પરિણામ બતાવ્યા છે- ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ. પુરુષ ઉપરાંત બધી વસ્તુઓ

આ પરિણામોને અધીન અર્થાત્ પરિણામી છે. પ્રત્યેક ધર્મી એટલે કે પ્રાકૃતિક દ્રવ્ય ત્રણ પ્રકારના ધર્મયુક્ત છે: શાંત, ઉદિત અને અવ્યપદેશ્ય. વસ્તુનો જે ધર્મ પોતાનો આધાર કરી ચૂક્યો હોય તેને શાંત ધર્મ કહે છે જેમકે, ઘડો ફૂટી જતાં ઘટત્વ, બીજમાંથી અંકુર ફૂટતાં બીજત્વ. જે ધર્મ વિદ્યમાન હોય તેને ઉદિત કહે છે. જેમકે, ઘડો ઘડાયેલ રહે ત્યાંસુધી ઘટત્વ. જે ધર્મ ભાવ હોવા છતાં શક્તિરૂપે સ્થિત કે નિહિત રહે તેને અવ્યપદેશ્ય કહે છે. જેમકે, બીજમાં વૃક્ષ થવાનો ધર્મ.

ધર્મપરિવર્તન [સં. ધર્મ + પરિવર્તન (રૂપાંતર)] ન. ધર્મ બદલવો તે; ધર્મનો રૂપાંતર; ધર્માંતર.

ધર્મપરિષદ [સં. ધર્મ + પરિષદ (સભા)] સ્ત્રી. અમુક ધર્મના અનુયાયીઓનું સંમેલન.

ધર્મપર્યેષણા [સં. ધર્મ + પર્યેષણા (અવલોકન)] સ્ત્રી. ધાર્મિક અવલોકન.

અશોકે પોતાની ધર્મપર્યેષણાના પરિણામમાં તેણે જોયેલ પંચવર્ષી રંગાએલા બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો. અશોકચરિત

ધર્મપંથ ૧. [સં. ધર્મપથ] પું. ધર્મનો રસ્તો; ધર્મનો માર્ગ; ધર્મને અનુકૂળ રસ્તો.

૨. પું. ધાર્મિક સંપ્રદાય.

ધર્મપંથી [સં. ધર્મ + પથ (માર્ગ) + ઇન (વાળું)] વિ. ધર્મને જાનનાર.

ધર્મપા પું. (બૌદ્ધ) ગોરાણી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ધર્મપાજ સ્ત્રી. ધર્મરૂપી પાળ.

ધર્મપાજને તોડે, પુરુષ ક્યાસને આંબે,
સંપતિઓ! એનાં પ્રાયશ્ચિત્ત શા? સંપત્તિત્રા

ધર્મપારક્ય રાજસત્તા સ્ત્રી. ધર્મગુરુઓથી ચલાવાતો રાજ્યકારભાર; 'થિયોક્રસિ.'

હરકાનું સ્વરૂપ ધર્મપારક્ય રાજસત્તા હતું. નાનાલાલ

ધર્મપાઠક [સં.] પું. ધર્મશાસ્ત્ર ભણનાર વ્યક્તિ, ધર્મશાસ્ત્રનું અધ્યયન કરનાર બ્રાહ્મણ.

ધર્મપાલ ૧. [સં.] પું. (પુરાણ) દક્ષરાજના આઠ માંહેનો એ નામનો એક અમાલ; મંત્રપાળ.

૨. પું. દંડ; શિક્ષા. તેના ભયથી લોકો ધર્મનું પાલન કરે છે.

૩. [સં. ધર્મ + પાલ્ (રક્ષણ કરવું)] વિ. ધર્મનું રક્ષણ કરનાર.

તમે પરમ અક્ષર જ્ઞાનવંત,
તમે વિશ્વના આ પરમ નિશાન;
તમે અવ્યય શાશ્વતે ધર્મપાલ,
આનું તમને પુરુષે સનાતન. નાનાલાલ

ધર્મપાલક જુઓ ધર્મપાલ.

ધર્મપાલન [સં.] ન. ધર્મનું રક્ષણ.

ધર્મપાશ ૧. [સં.] પું. ધર્મરૂપી ફાંસો; ધર્મરૂપી જાળ.

૨. ન. એ નામનું એક પ્રકારનું અવકર અસ્ત્ર.

ધર્મપાળ જુઓ ધર્મપાલ.

ધર્મપિતા ૧. પું. ખ્રિસ્તી ધર્મમાં જળસંસ્કાર કરતી વખતે ધાર્મિક પિતા તરીકે રહેતો પુરુષ.

૨. [સં.] પું. દત્તક પિતા. જેને ખોળે બેસવા હોય કે જેણે દત્તક લીધેલ હોય તેવો પુરુષ ધર્મપિતા કહેવાય છે.

તીર્થરાજ ધર્મપિતા છે મહાન,
જ્યાં એમને નહિ નર.
જયાજયંત

૩. પું. સસરો.

૪. પું. સહજાનંદ સ્વામીના પિતા.

ધર્મપિપાસુ [સં.] વિ. ધર્મ જાણવાને આતુર; ધર્મજિજ્ઞાસુ.

ધર્મપીઠ ૧. [સં. ધર્મ + પીઠ (સ્થાન)] સ્ત્રી. ગાદી; નારાયણી.

૨. સ્ત્રી. જ્યાં ધર્મની અવરણા હોય એવું સ્થાન.

૩. સ્ત્રી. ધર્મનું આસન.

એમની શક્તિમાં ધર્મપીઠ પામવાની આશા ન હતી અખરાર

૪. સ્ત્રી. ધર્મનું મુખ્ય સ્થાન.

ધર્મપીડા (ધર્મપીડ્ય) [સં.] સ્ત્રી. ધર્મ કે ન્યાય વિરુદ્ધ આચરણ.

ધર્મપુત જુઓ ધર્મપુત્ર.

ધર્મપુત્ર ૧ [સં. ધર્મ + પુત્ર (દીકરો)] પું. કાયદેસર રીતે ધાર્મિક વિધિથી થયેલો પુત્ર; ઔરસ પુત્ર; સ્ત્રીને વશ થઈને નહિ પણ ધર્મ સમજી ઉત્પન્ન કરેલો પુત્ર.

૨. પું. ધાર્મિક પ્રતિજ્ઞા પુત્ર તરીકે જેને સ્વીકારાયેલો હોય તે; દત્તકપુત્ર; દત્તકવિધિથી પાળેલ બોકરો; જન્મથી નહિ પણ ધર્મથી માનેલો પુત્ર.

૩. પું. નરનારાયણ.

૪. પું. (પુરાણ) યુધિષ્ઠિર.

૫. પું. સહજાનંદ સ્વામી. તેમના પિતાનું નામ ધર્મદેવ હોવાથી તે ધર્મપુત્ર કહેવાય છે.

ધર્મપુરી ૧. સ્ત્રી નર્મદાના ઉત્તર તટ ઉપરનું એ નામનું એક રમણીય સ્થાન. પ્રદેશ જંગલનો અને તપોભૂમિ છે. સામેના કાંઠા ઉપર પુનવાટ છે. અહીં ધર્મેશ્વર મહાદેવનું સ્થાન છે. વનવાસના સમયમાં ધર્મરાજાએ અહીં રહીને યજ્ઞ, દાન અને તપ કરીને તેનો મહિમા પ્રકટ કર્યો, ત્યારથી તે ધર્મપુરી કહેવાય છે.

૨. [હિં.] સ્ત્રી. નાયની ફરેરી.

૩. સ્ત્રી. યમપુરી. જ્યાં મરણ પામેલ જીવોના ધર્માધર્મનો વિચાર થાય છે.

ધર્મપુરીસ્થાન જુઓ ધર્મપુરી.

ધર્મપુરીતીર્થ જુઓ ધર્મપુરી.

ધર્મપુરુષાર્થ [સં.] પું. એ નામનો એક પુરુષાર્થ. તેમાં વ્યાકરણ, જ્યોતિષ, તર્ક, ન્યાય, ઉત્તરમીમાંસા, પૂર્વમીમાંસા વગેરે ૬ શાસ્ત્ર, ચૌદ વિદ્યા, ચાર વેદ, ૬ વેદાંગ, અઢાર સ્મૃતિ, અઢાર પુરાણ, ધર્મસૂત્ર, ઉપનિષદ તથા ધ્યાન, આવાહન, પાદ્ય અર્ઘ્ય, આચમન, આસન, મધુપર્ક, સ્નાન, નિરાંજન, વસ્ત્ર, ઉપવીત, ભૂષા, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પાનીય, ફલ, તાંબૂલ, અનુલેપ, પુષ્પહાર, ગીત, વાદ્ય, નૃત્ય, હવન, દક્ષિણા, પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિ અને વિસર્જન વગેરે ષોડશોપચારની ૬૨ મુખ્ય ક્રિયાનો સમાવેશ થાય છે.

ધર્મપુસ્તક [સં. ધર્મ + પુસ્તક (ચોપડી)] ન. ધર્મગ્રંથ; ધર્મને લગતું પુસ્તક; માણસે ઈશ્વર પ્રત્યે ને પોતાના જ્ઞાતભાઈ પ્રત્યે વર્તવા સબંધી રચેલ શિક્ષાનું પુસ્તક.

ધર્મપુંજ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ધર્મપૂત [સં.] વિ. ધર્મથી પવિત્ર બનેલ.

ધર્મપ્રચાર ૧. પું. જીવનકાર્ય; જીવનનો આદેશ.

૨. [સં.] પું. ધર્મનો ફેલાવો.

ધર્મપ્રચારક [સં. ધર્મ + પ્રચારક (ફેલાવો કરનાર)] વિ. ઉપદેશક; ધર્મનો પ્રચાર કે ફેલાવો કરનાર; આદેશવાહક; બોધકારી.

ધર્મપ્રચારકોમાં દેવોના પ્રિય અશોકધર્મનું નામ અગ્રસ્થાને છે. ગોલેકર

ધર્મપ્રતિજ્ઞા [સં. ધર્મ + પ્રતિજ્ઞા (બોલવું)] સ્ત્રી. ધર્મને માટે લેવામાં કે કરેલમાં આવતી પ્રતિજ્ઞા.

ધર્મપ્રતિરૂપક [સં. ધર્મ + પ્રતિરૂપક (નકલ)] ન. પોતાનાં સ્વજનો દુ:ખમાં હોય એવા સશક્ત અને સબળ માણસે બીજાને આપેલું દાન. મનુએ કીર્તિ, યશ વગેરે માટે આપેલા દાનને ધર્મ નથી કહ્યો, પણ ધર્મનું પ્રતિરૂપક કહેલ છે.

ધર્મપ્રધાન [સં. ધર્મ + પ્રધાન (મુખ્ય)] વિ. ધર્મપરાયણ; ધર્માચરણ કરવામાં શ્રેષ્ઠ.

ધર્મપ્રભાસ [સં.] પું. જુદનું એક નામ.

ધર્મપ્રવક્તા ૧. [સં. ધર્મપ્રવક્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. [સં. ધર્મ + પ્ર (વધારે) + ભક્ત (ભોજનાર)] વિ. ધર્મનું પ્રવચન કરનાર.

ધર્મપ્રવચન ૧. [સં.] પું. શાક્યમુનિ; બુદ્ધનું એક નામ

૨. ન. ધર્મનું આખ્યાન; ધર્મનો બોધ.

ધર્મપ્રવર્તક [સં ધર્મ + પ્રવર્તક (ફેલાવનાર)] વિ ધર્મ પ્રવર્તાવનાર; ધર્મનો પ્રચાર કરવાવાળું; ધર્મ ફેલાવનાર

ધર્મપ્રવિચય ન (બૌદ્ધ) મનોવૃત્તિનું પૃથક્કરણ કરવાનું સામર્થ્ય અથવા પ્રજ્ઞા; બૌદ્ધોના સાત માંહેનું એક બોધ્યંગ.

ધર્મપ્રસારક [સં. ધર્મ + પ્રસર (ફેલાવો કરવો) + અક (કરનાર)] વિ. ધર્મનો ફેલાવો કરનાર.

ધર્મપ્રસ્થ [સં.] ન. (પુરાણ) મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ધર્મપ્રાણ [સં] વિ. ધર્મ છે પ્રાણ જેનો એવું; ધર્મરત; ધર્મના પ્રાણરૂપ.

ધર્મપ્રાણ પંડિત બને,
જો પંડિત કહુ ઓર. આત્મોદ્ધાર

ધર્મપ્રાપ્ત [સં. ધર્મ + પ્રાપ્ત (મેળવેલ)] વિ. ધર્મને રસ્તે મેળવેલું.

ધર્મપ્રાસાદ [સં. ધર્મ + પ્રાસાદ (મહેલ)] પું. ધર્મરૂપી મહેલ.

ધર્મપ્રીતિ [સં. ધર્મ + પ્રીતિ (સ્નેહ)] પું. ધર્મ માટે પ્રેમ; ધર્મ માટે લાગણી.

ધર્મપ્રેમી [સં. ધર્મ + પ્રેમિન (પ્રેમવાળું)] વિ. ધર્મ માટે પ્રેમવાળું; ધર્મ માટે પ્રેમ ધરાવનાર.

ધર્મબહાર વિ. ધાર્મિક સંપ્રદાયથી બહિષ્કૃત

ધર્મબહારવું ન. ધર્મબહારપણું.

ધર્મબંધુ ૧. [સં. ધર્મ + બંધુ (ભાઈ)] પું. ધર્મભાઈ, ધર્મ સમજીને માનેલો ભાઈ.

૨. પું. પોતાના ધર્મગુરુનો પુત્ર; ગુરુપુત્ર.

૩. પું. પોતાના ધર્મનો માણસ.

ધર્મબાધિજિક [સં.] વિ. ધર્મનો વેપાર કરનાર; ધર્મને જ ધંધારૂપે કરનાર.

ધર્મબાહ્ય ૧. [સં. ધર્મ + બાહ્ય (બહારનું)] વિ. ધર્મ બહારનું.

૨. વિ. ધર્મ વિરુદ્ધ; શાસ્ત્રનિષિદ્ધ

અડદ નહીંતી પેલી માર બહુ એ ધર્મબાહ્ય મહાપાપ છે. પ્રસ્થાન

ધર્મબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ધર્મની સમજ; ધર્મદૃષ્ટિ

૨. સ્ત્રી. ધર્માધર્મની વિવેકશક્તિ; કર્તવ્ય અકર્તવ્યનો વિચાર; સારાનરસા કે ધર્મ અધર્મનો વિચાર.

કેળવણી ધર્મબુદ્ધિ બહાર લાવી જોઈએ
પ્રદીપકર

ધર્મભક્તિ ૧. [સં.] સ્ત્રી. ધર્મ ઉપર ભક્તિ; ધર્મ ઉપર શ્રદ્ધા.

૨. ન. બ. ક. સહજાનંદ સ્વામીના પિતા તથા માતા.

ધર્મભગિની ૧. [સં. ધર્મ + ભગિની (બહેન)] સ્ત્રી ધાર્મિક ભાવનાથી બહેન તરીકે જેને સ્વીકારવામાં આવ્યો હોય તેવી સ્ત્રી; ધર્મ સમજીને માનેલી બહેન

૨. સ્ત્રી પોતાના ધર્મગુરુની પુત્રી; ગુરુ-બા.

૩. સ્ત્રી. પોતાના ધર્મની સ્ત્રી.

ધર્મભંગ [સં. ધર્મ + ભંગ (તોડવું તે)] પું. ધર્મનો ભંગ

સ્વભંગ થાય તે જડતાથી અને ધર્મભંગ થાય તે દુષ્ટતાથી. ગોવર્ધનરામ

ધર્મભાઈ ૧. [સં. ધર્મ + ભ્રાતૃ (ભાઈ)] પું ધર્મબંધુ; ધર્મ સમજીને માનેલો ભાઈ.

૨. પું. પોતાના ધર્મગુરુનો પુત્ર; ગુરુપુત્ર

૩. પું. પોતાના ધર્મનો માણસ.

ધર્મભાગિની ૧ [સં. ધર્મ + ભાગ + ઇન્ (વાળું) + ઈ (નારીવાચકનો પ્રત્યય)] સ્ત્રી. પતિએ કરેલ સદ્ધર્મની ભાગીદાર સ્ત્રી, ધર્મમાં ભાગ લેનાર સ્ત્રી.

૨. સ્ત્રી. સદ્ગુણી સ્ત્રી.

૩. વિ સ્ત્રી. ધર્મ પ્રવૃત્તિઓમાં ભાગીદાર.

ધર્મભાગ્યક [સં.] પું. મહાભારત વગેરે કથા પુરાણ સાંભળનાર માણસ.

ધર્મભાવ [સં.] પું. સ્વભાવનો લક્ષણ; ગુણ.

ધર્મભાવના ૧. [સં. ધર્મ + ભાવના (લાગણી)] સ્ત્રી. ધાર્મિક વૃત્તિ; ધર્મની લાગણી; ધર્મપ્રીતિ; ધર્મ ઉપરનો ભાવ; ધર્મની ભાવના; ધર્મબુદ્ધિ.

અદ્ભુત સુખ સોબતો ભલે ધર્મભાવનાને વશ રહી દુઃખ વેઠે છે. માધી ૭

૨. સ્ત્રી. (જૈન) બાર માંહેની એ નામની એક ભાવના

ધર્મભાવી [સં. ધર્મ + ભાવિન્ (ભાવનાવાળું)] વિ. ધર્મની ભાવનાવાળું.

ધર્મભિક્ષુક [સં. ધર્મ + ભિક્ષુક (ભીખ માગનાર)] પું. ધર્મને માટે ભિક્ષાવૃત્તિ અંગીકાર કરનાર; ધર્મને અર્થે ભિક્ષા માગનાર. મનુએ નવ જાતના ધર્મભિક્ષુક જણાવ્યા છે: (૧) પુત્રની ઇચ્છાથી વિવાહ કરનાર, (૨) યજ્ઞની ઇચ્છા રાખનાર, (૩) મુસાફર, (૪) વહેમો પોતાનું બધું ખાઈ દઈ નિર્ધન થયેલ માણસ, (૫–૭) ગુરુ, માતા અને પિતાના ભરણપોષણ માટે ધન મેળવનાર, (૮) અભ્યાસની ઇચ્છાવાળો વિદ્યાર્થી અને (૯) રોગી. આ નવ ધર્મભિક્ષુક સિવાય બીજા કોઈ ભિક્ષા માગે તો તેને યજ્ઞની વેદિની અંદર બેસાડી દક્ષિણા અર્પવા અગાઉ કરવું જોઈએ તે નિયમના બીજા બ્રાહ્મણોને વેદિની બહાર બેસાડવા જોઈએ

ધર્મભીરુ [સં.] વિ. ધર્મના ભયવાળું; અધર્મ કરતાં ડરનાર; ધર્મથી ડરીને વર્તનાર; પાપભીરુ

ધર્મભીરુતા [સં.] સ્ત્રી ધર્મથી ડરવાપણું.

ધર્મભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળી માંહેનું નવમું ભુવન. ભાગ્યભુવન.

ધર્મભૂપાળ [સં. ધર્મ + ભૂ (પૃથ્વી) + પાલ (રક્ષણ કરનાર)] પું. ધર્મરાજા.

ધર્મભૂમિ [સં.] સ્ત્રી. પવિત્ર ભૂમિ.

ધર્મભૂમા જુઓ ધર્મભૂમિ.

ધર્મભૂષણ ૧. [સં. ધર્મ + ભૂષણ (અલંકાર)] ન. એ નામની ધર્મોપધિ

૨. ન ધર્મને અલંકારરૂપ માણસ

ધર્મભૃત ૧. [સં. ધર્મભૃત્] પું. દેવકારવખમાં રહેનાર એ નામનો એક ઋષિ.

૨. વિ ધર્મ ધારણ કરનાર.

૩. વિ. ધર્મિષ્ઠ; સદ્ગુણી.

ધર્મભ્રષ્ટ [સં. ધર્મ + ભ્રષ્ટ (પતિત)] વિ. ધર્મમાર્ગથી ચલિત; ધર્મથી પડેલ; ધર્મવિમુખ; અધર્મી; પાપી.

ધર્મભ્રષ્ટતા [સં.] સ્ત્રી ધર્મથી ભ્રષ્ટ થવું તે.

ધર્મભ્રાતા ૧. [સં. ધર્મ + ભ્રાતૃ (ભાઈ)] પું. ગુરુભાઈ; ગુરુપુત્ર.

૨. પું. ધર્મ સમજીને માનેલો ભાઈ; ધર્મબંધુ.

૩. પું. ભ્રાતૃભાવે સાથે રહેનાર એકાકીની

૪. વિ. સમાન ધર્મી; એક ધર્મવાળું.

ધર્મમત [સં.] પું. ધર્મ સંબંધી માન્યતા; આકીદ.

કેટલાક અજ્ઞાન એને ધર્મમત કહે છે. કેટલાક ભક્તિને કહે છે, કેટલાક ક્રિયાને કહે છે, કેટલાક વિનયને કહે છે અને કેટલાક ગંભીર ચારિત્ર્યને એને ધર્મમત કહે છે. રાજચંદ્ર

ધર્મમતવાદી [સં. ધર્મ + મત (વિચાર) + વાદિન્ (મતવાળું)] વિ. ધર્મ કે મતને માનનાર

તત્ત્વજ્ઞોને માટે યુક્તિ કે ન્યાયથી અજાણ્યા એવા ધર્મમતવાદીઓને ક્રિયા આપવાને બદલે તો આપણે કેવા જ્ઞાનવાદી ? રાજચંદ્ર

ધર્મમતરક્ષાપક [સં. ધર્મમત (માન્યતા) + રક્ષાપક (રક્ષાપનાર)] વિ. ધર્મ કે સંપ્રદાય રક્ષાપનાર.

એ ધર્મમતરક્ષાપકોએ એમ બોધ કર્યો જણાય છે કે અમે જે કહીએ છીએ તે સર્વજ્ઞ વાણીરૂપ અને સત્ય છે. રાજચંદ્ર

ધર્મમય [સં. ધર્મ + મય (ભરપૂર)] વિ. ધાર્મિક લાગણીથી ભરેલ; નૈતિક

ધર્મમહામાત્ર ૧. [સ ધર્મ + મહામાત્ર (મુખ્ય મંત્રી)] પું. ધર્મ સંબંધી બાતોનો મુખ્ય મંત્રી.

રાંતોના સૌભાગ્ય કાજે
અસંતોના ભાતિય માટે
ધર્મમહામાત્રોને નિર્માંણ કું સપમિત્રા

૨. વિ ધર્મનો રક્ષક અને પ્રચારક.

ધર્મમહાસભા જુઓ ધર્મપરિષદ.

ધર્મમહોત્સવ [સં. ધર્મ + મહત્ (મોટું) + ઉત્સવ (ઊજવણી)] પું. ધાર્મિક મોટો ઉત્સવ

ધર્મમંત્ર [સં.] પું. ધર્મનો મંત્ર; પવિત્ર મંત્ર.

પ્રબુદ્ધ થાએ તેમ રહેજ તે **ધર્મમંત્ર**. નાનાલાલ

ધર્મમંદ [સં.] વિ. ધર્મમાં મંદ હોય તેવું.

ધર્મમંદિર [સં.] ન. ધર્મનું મંદિર.

સંસારના અગ્નિ કયાં હોલવાય એ **ધર્મમંદિર** નાનાલાલ

ધર્મમાતા ૧. [સં. ધર્મ + માતૃ (મા)] સ્ત્રી. ઉછેરીને મોટા કરનાર બ્યાઈ, દત્તક માતા.

૨. સ્ત્રી. ધાર્મિક વૃત્તિથી માની લીધેલી મા.

મારાજુસીની રાજરાણી તો છે,
અમારીવર્તની **ધર્મમાતા** જયાજયંત

૩. સ્ત્રી. સાસુ.

ધર્મમાત્ર [સં.] ન. ત્રણ માંહેનું એક બીજાનું ઉપમાન એટલે સાદૃશ્ય જ્ઞાન. જેમકે, ગેંડાને નહિ જોયેલનાર માણસ ગેંડાને નાકે શીંગડું હોય એટલું બીજાનો હોય તો તે નાકે શીંગડાવાળું પ્રાણી જોઈ ઉપમિતિ કરી શકે કે એ ગેંડો છે. આ ઉપમિતિમાં શીંગડારૂપ અસાધારણ ધર્મનું જ્ઞાન એ ઉપમાન છે.

ધર્મમાર્ગ [સં.] પું. ધર્મનો રસ્તો; ધર્મપથ.

ધર્મમાર્તંડ [સં. ધર્મ + માર્તંડ (સૂર્ય)] વિ. ધર્મના આચરણમાં સૂર્ય જેવું પ્રકાશી. ધાર્મિક ઉપાધિ તરીકે આ શબ્દ વપરાય છે.

રત્ન ભાઉ રાજી હોલે **ધર્મમાર્તંડ** હતા. પ્રસ્થાન

ધર્મમીમાંસા [સં.] સ્ત્રી. ધર્મ અધર્મની ચર્ચા; પૂર્વ મીમાંસા. એના પ્રણેતા જૈમિનિ છે. ધર્મ એ જ એનો વિષય છે. વેદવાક્યમાં વિધિરૂપ આદેશ તે જ ધર્મ. એ આદેશ પ્રમાણે ચાલવાથી ધર્મ પ્રાપ્ત થાય ત્યારે મોક્ષ મળે. ધર્મમીમાંસાના ચાર અધ્યાય છે. પહેલામાં વિધિ અર્થવાદરૂપ મંત્ર તથા સ્મૃતિ વગેરેનાં પ્રમાણનો વિચાર, બીજામાં વાજપેય કર્મોનાદિ પરસ્પર અંગાંગિ ભાવાર્થ વિચાર, ત્રીજામાં પ્રયાજાદિ ચતુર્વિંશતિપુરુષાસાદિના રોચનાંગભૂત છે, એવા શેષશેષિભાવ વિચાર, ચોથામાં યજ્ઞ તથા પુરુષ માટે પ્રયોજન્ય પ્રયોજક ભાવ, પાંચમામાં કર્મના ક્રમ વગેરેનો વિચાર, છઠ્ઠામાં અધિક વિચાર, સાતમામાં સામાન્યાતિદેશ વિચાર, આઠમામાં વિશેષાતિદેશ વિચાર, નવમામાં ઊહવિચાર, દશમામાં બે તરફથી પ્રાપ્ત થતા વિધિ વગેરેના પરસ્પર બાધનો વિચાર, અગિયારમામાં કર્મ અંગ દ્વારા ઉપકારક છે એવો તંત્રવિચાર, બારમામાં પશુને માટે અનુષ્ઠિત પ્રધાનાદિથી પશ્ચંત્ર પુરોડાશ પર્યંત પણ ઉપકારક થાય છે એ વિચાર છે અધ્યાયનાં જુદાં જુદાં અધિકરણ કરેલાં છે. દરેક અધિકરણમાં જોઇતા વિષયનો વિચાર હોય છે. તે વિચાર અવયવોનાં પાંચ અંગ છે: વિષય, સંશય, પૂર્વપક્ષ, સિદ્ધાંત અને સંગતિ.

ધર્મમૂઢ [સં. ધર્મ + મૂઢ (અક્કલ વગરનું)] વિ. ધર્મના મોહમાં આંધળું બનેલું; ઝનૂની.

તે જ અવસ્થામાં સ્વામી બ્રહ્માનંદનું કોઈ **ધર્મમૂઢે** ખૂન કર્યું. મહાદેવ દેસાઈ

ધર્મમૂર્ખ [સં.] વિ. ધર્મની બાબતમાં અક્કલ વગરનું.

ધર્મમૂર્તિ [સં. ધર્મ + મૂર્તિ (પ્રતિમા)] સ્ત્રી. ધર્મનું સાક્ષાત્ સ્વરૂપ.

હે **ધર્મમૂર્તિ**! તમને પણ પણ પ્રણામ હોજો. જગતની લાગવત

ધર્મમૂલ ૧. [સં.] ન. ધર્મનું આદિ કારણ, ધર્મનું મૂળ.

૨. ન. વેદ

અજ્ઞાન કુવિ અજ્ઞાયન **ધર્મમૂલ** કહુ કાજ,
નિત્યમાનમ જેને કહે તે જો સુદર રાજ. વિજ્ઞાનકૌમુદી

ધર્મમૂલક [સં.] વિ. ધાર્મિક; ધર્મરૂપી મૂળવાળું.

રાજા તથા રાજકુટુંબના સર્વે **ધર્મમૂલક** પ્રવૃત્તિવાળા હોવાથી પ્રજા પણ વ્રત, તપ, જપ આદિ પાળવા લાગી. તહેવારનો ભોમિયો

ધર્મમેઘ જુઓ ધર્મમેઘ સમાધિ.

ધર્મમેઘ સમાધિ [સં.] પું. (યોગ) એક જાતની સમાધિ; અસંપ્રજ્ઞાત સમાધિનો એક ભેદ. તેમાં વૈરાગ્યના અભ્યાસથી ચિત્ત બધી વૃત્તિઓથી રહિત બની જાય છે. સિદ્ધિઓમાં નિસ્પૃહ રહેવાથી ચિત્તનું વ્યુત્થાન ન થાય તેથી સંપ્રજ્ઞાતયોગની પરાકાષ્ઠારૂપ ધર્મમેઘ સમાધિ થાય છે. આ સમાધિની પ્રાપ્તિથી ક્લેશ કર્મ વગેરેનો નાશ થાય છે. યોગીઓ નિરિચ્છ સમાધિને ધર્મમેઘ સમાધિ એવું નામ આપે છે, કેમકે તે સમાધિ આત્માકાર વૃત્તિઓના પ્રવાહરૂપ ધર્મામૃતની ધારાઓનો વરસાદ વરસાવે છે. એ સમાધિથી અહંતા, મમતા, કર્તાપણું ને ભોક્તાપણું વગેરે દુઃખની સર્વ વાસનાઓ નાશ પામે છે અને શુભાશુભ કર્મના સરકારોનો ઉચ્છેદ થઈ જાય છે. તેથી તત્ત્વમસિ આદિ મહાવાક્યોના અર્થનું જ્ઞાન, પ્રકૃતિપ્રલય અથવા સ્વપ્રકાશરૂપે થઈ જાય છે.

નિરુદ્ધ ચિત્ત વિષે અસંપ્રજ્ઞાત નામની સમાધિ થાય છે. તે જ સમાધિ સર્વ સુખોથી વિરક્ત જોગી પુરુષને દૃઢ ભૂમિકારૂપ વર્ષેલ **ધર્મમેઘ** એ નામથી કહેવાય છે. ગોલપંચાસૂત્ર

ધર્મયજ્ઞ ૧. [સં.] પું. ધર્મની પ્રાપ્તિ માટે કરેલ યજ્ઞ.

૨. પું. ધર્મરૂપી યજ્ઞ.

ધર્મયાત્રા [સં] સ્ત્રી. ધર્મ માટે કરવામાં આવતી યાત્રા

ધર્મયુ [સં.] વિ. ધાર્મિક; ધર્મશીલ.

ધર્મયુક્ત ૧. [સં.] વિ. ધાર્મિક; પવિત્ર.

૨. વિ નિષ્કલંક; નિષ્પાપ.

૩ વિ. વાજબી.

ધર્મયુગ [સં.] પું. સત્યયુગ.

ધર્મયુજ [સં. ધર્મયુજ્] ન. ન્યાયપૂર્વક મેળવેલ વસ્તુ

ધર્મયુદ્ધ ૧. [સં.] ન. ધર્મ માટે ખેલાતું યુદ્ધ; ધર્મની રક્ષા કે પ્રચાર માટે થતું યુદ્ધ.

૨. ન. નીતિના અમુક સિદ્ધાંતો સાચવીને કરાતી લડાઈ; દયા, ધર્મ, ધર્મશાસ્ત્ર વગેરેને અનુસરતા નિયમો સામે સામને આવેલ બે જણ કે યુદ્ધના નિયમો અનુસાર કરેલું યુદ્ધ; ધાર્મિક લડાઈ. જેમાં કાંઈ છુપું નથી, જેમાં કાંઈ ચાલાકી કરવાપણું નથી રહેતું, જેમાં અસત્ય હોય જ નહિ એવું ધર્મયુદ્ધ તો ભાગ્યેજ આવે છે અને ધર્મો તેને માટે હમેશા તૈયાર હોય છે. પ્રથમથી રચ્યું પચ્યું હોય તે ધર્મયુદ્ધ નથી. ધર્મયુદ્ધનો રચનાર અને ચલાવનાર ઈશ્વર જ છે. તે યુદ્ધ ઈશ્વરને નામે જ ચાલી શકે. હમેશા ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન જ યુદ્ધ કરે છે. ધૃતરાષ્ટ્ર બીજાનું રાજ્ય અન્યાયથી ઝૂંટવી લે છે અને એને પોતાને અધીન રાખવા યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે. એથી એના તરફથી જે યુદ્ધ થાય છે એ અધર્મ યુદ્ધ કહેવાય છે. પરંતુ જેઓ દુર્યોધન પક્ષના હોય હોય કે, તેઓ પોતાનું ગયેલું સ્વરાજ્ય પુનઃ

પ્રાપ્ત કરવા ધર્મપૂર્વક યત્ન કરે છે. એટલા માટે તેઓનો સંપ્રદાય હોવાથી તેઓના તરફથી જે દાન છે તે ધર્મકુલ કહ્યું છે.

ને સ્વધર્મે ન ગો તો થઈ ન કશું હને,
નથી ક્ષત્રિયને ખેવના, અન્ય જો ધર્મયુદ્ધની.
કવિતા

ધર્મયૂપ [સં. ધર્મ + યૂપ (યજ્ઞનો)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. યૂપમાં જેમ પશુ બંધાય છે, તેમ આરાધનારૂપ ધર્મ જગવાનમાં બંધાય છે, તેથી તે ધર્મયૂપ કહેવાય છે. વિષ્ણુ ધર્મના સ્તંભ, ધર્મની પૂંસરી ધરનારા, ધર્મોનું ઉત્પત્તિસ્થાન, ધર્મોનું મૂળપણું અને ધર્મના ધર્મ અને ધર્મરૂપ યજ્ઞના સ્તંભરૂપ હોવાથી ધર્મયૂપ કહેવાય છે.

ધર્મરક્ષક [સં. ધર્મ + રક્ષક (બચાવનાર)] વિ. ધર્મનું રક્ષણ કરનાર. ધર્મના ચાર રક્ષક મનાય છે: (૧) વેદ, (૨) બ્રાહ્મણ, (૩) સાધુ અને (૪) રાજા.

રોટલો જેટલો રક્ષિદ દુઃખનાશક છે તેટલો જ ધર્મરક્ષક પણ છે. નવલકથા

ધર્મરક્ષા ૧. [સં.] સ્ત્રી. ધર્મનું રક્ષણ.

૨. સ્ત્રી. ભિક્ષુઓ તરફથી ઉચ્ચારાતું એક આશીર્વચન.

ધર્મરક્ષિત [સં.] પું. એ નામનો એક બૌદ્ધ ધર્મોપદેશક. તેને મહારાજ અશોકે અપરાંતક એટલે હાલના કચ્છ-સૌરાષ્ટ્રમાં ઉપદેશ કરવા માટે મોકલ્યો હતો.

ધર્મરત [સં. ધર્મ + રત (તલ્લીન)] વિ. ધર્મના કામમાં ગૂંથાયેલ.

ધર્મરતિ [સં. ધર્મ + રતિ (પ્રેમ)] સ્ત્રી. ધર્મ પ્રત્યે સારી લાગણી; ધર્મભાવ.

સર્વ રતિને ધર્મરતિ જીતે છે. ધમ્મપદ

ધર્મરત્ન ૧. [સં.] ન. પંડિત જ્ઞાનતત્ત્વાહને બનાવેલ એ નામનો એક સ્મૃતિગ્રંથ.

૨. વિ ધર્મમાં રત્ન જેવું પ્રકાશિત. ધર્મોપાધિ તરીકે આ શબ્દ વપરાય છે

ધર્મરથ ૧. [સં.] પું. વિદિશાનો એ નામનો એક પુત્ર.

૨. પું. દેવદર્શન કે એવા ધર્મના કામ માટે જતાં વપરાતો રથ.

૩. પું. સગર રાજાનો એ નામનો એક પુત્ર.

ધર્મરશ્મિ ૧. [સં. ધર્મ + રશ્મિ (કિરણ)] પું. સૂર્યનું એક નામ.

૨. ન. ધર્મનું કિરણ.

ધર્મરસ [સ.] પું. ધર્મમાં લેવાતો આનંદ.

સર્વ રસને ધર્મરસ જીતે છે. ધમ્મપદ

ધર્મરાજ ૧. પું. જિન; તીર્થંકર.

૨. [સં. ધર્મ + રાજન્ (રાજા)] પું. ધર્મનું પાલન કરનાર રાજા; ધાર્મિક રાજા. ધર્મરાજ જાણતરાજા પણ મનાય છે. તેનો કોઈ શત્રુ નથી, તે કોઈનો દ્વેષ કરતો નથી, તે કોઈની હિંસા કે હાનિ કરતો નથી, શત્રુનો પણ દ્વેષ તે કરતો નથી, શત્રુની પણ સુધારણા માટે તે યત્ન કરે છે, શત્રુના પણ મુખ તે જુએ છે

ધર્મને કે ધર્મરાજને પ્રાપ્તિ થાય ?
સંપત્તિ

૩. પું. પરમેશ્વર; પરમાત્મા. તે ધર્મમાં જ પ્રસન્નમાન અને અધર્મથી રહિત ધર્મનો જ પ્રકાશકર્તા છે. તેથી તેનું નામ ધર્મરાજ છે.

૪. [સં. ધર્મરાજ્] પું. પ્રજાપતિ.

૫. પું. બુદ્ધદેવ.

૬. પું. યમરાજ; પ્રેતપતિ

૭. પું. યુધિષ્ઠિર; તે ધાર્મિક વૃત્તિવાળા હોવાથી ધર્મરાજ કહેવાતા. જે કલામાં તેઓ યુદ્ધમાં ઉપસ્થિત થતા, તેમાંથી તે પાછા હઠતા નહિ. યુદ્ધમાં પોતાની ભૂમિકા ઉપર સ્થિર રહેવું એ પણ એક મોટું કાર્ય છે.

૮. ન. ન્યાયી રાજ્ય; જ્યાં ધર્મનાહ અપાતો હોય તેવું રાજ્ય.

ધર્મરાજપરીક્ષા [સં. ધર્મ + રાજન્ (રાજા) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. આરોપી ગુનેગાર છે કે નહિ તે જાણવા માટેની એક જાતની દિવ્ય પરીક્ષા. ધર્મ અને અધર્મની બોળા અને કાળી એવી બે મૂર્તિ ભોજપત્ર ઉપર બનાવી તેની પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક પૂજા કરી તેને માટીના બે સરખા પિંડમાં રાખવામાં આવે છે. પછી તે બે પિંડને બે નવા મઠામાં રાખી આરોપીને બોલાવે અને બન્ને ઉપર હાથ રાખવાનું કહેવામાં આવે છે. જો તેનો હાથ ધર્મપિંડવાળા બન્ને ઉપર પડે તો તેને નિર્દોષ માનવામાં આવે છે.

ધર્મરાજવી [ધર્મ + રાજવી (રાજા)] પું. ધર્મરાજ; અત્યંત ધાર્મિક રાજા.

ઉપનિષદમાં નચિકેતાએ પૂછ્યું હતું એ જ પ્રશ્ન છે ધર્મરાજવીને. સંપત્તિ

ધર્મરાજા જુઓ ધર્મરાજ ૧-૭.

ધર્મરાજ્ય [સ] ન. ધર્મથી ચાલતું રાજ્ય; નીતિથી ચાલતું રાજ્ય.

ધર્મરાય જુઓ ધર્મરાજ.

ધર્મરુચિ ૧. [સં] પું (જૈન) એ નામના એક સાધુ. તેને માસક્ષમણને પારણે નાગશ્રી નામની એક બાઈ એ કડવા તુંબડાનું શાક પુષ્કળ ઘીવાળું હતું. મુનિને આ આહાર જણાતાં મુનિએ જરા ચાખી જોયું અને તપસ્વીને આવા શાક નહિ જણાતાં તે શાક મોઈ નિર્વદ્ય એટલે જીવજંતુ વગરની જગ્યાએ પરઠી આવવા એટલે નાખી આવવા કહ્યું. મુનિએ કુંભારવાડે જઈ રાખવાળી ભૂમિ ઉપર શાકનું એક ટીપું નાખતાં જ કીડીઓ તેની સુગંધ મરી ગઈ. કીડીઓની રક્ષા ખાતર બાકીનું શાક કાં ન પરઠવતાં ગુરુની આજ્ઞા આનંદમાં લાઈ પોતાના દોષોને નિર્વદ્ય જાણી પોતે બધુ શાક આરોગી ગયા. કાં જ સંસારી કરી અનુપમ પૂર્ણ થતા સર્વાર્થસિદ્ધ વિમાને ઊપજ્યા. ત્યાંથી એક ભવ કરી મોક્ષે જશે

૨. [સં. ધર્મ + રુચિ (પ્રીતિ)] સ્ત્રી. ધર્મ પ્રત્યેનો ભાવ, ધર્મના પ્રેમ

૩. વિ. ધર્મમાં રુચિવાળું.

ધર્મલક્ષણ [સં.] ન. ધર્મનું લક્ષણ

ધર્મલક્ષિણી [સં.] વિ. સ્ત્રી. ધાર્મિક વર્તનવાળી.

ધર્મલબ્ધ [સં. ધર્મ + લબ્ધ (મેળવેલું)] વિ. ધર્મથી સંપાદન કરેલું; નીતિથી મેળવેલું.

ધાર્મિક અને ધર્મલબ્ધ ભોગ હોવા છતાં જે પુણ્યપુરુષ માતાપિતાનો સત્કાર કરે છે તેને માતાપિતા પ્રસન્ન મનથી આશીર્વાદ આપે છે. પુણ્યલક્ષ

ધર્મલાભ ૧ [સં ધર્મ + લાભ (ફાયદો)] પું. ધાર્મિકતાની પ્રાપ્તિ કે ધાર્મિકતાનો ગુણ વધવો તે; ધર્મનો ફાયદો; ધાર્મિક સુકૃતની પ્રાપ્તિ.

૨. પું. (જૈન) ભિક્ષા માગનાર સાધુનો ધર્મનો લાભ થાઓ એવો આશીર્વાદ; જૈન ધર્મનો આશીર્વાદાત્મક શબ્દ

ધર્મલિપિ [સં.] સ્ત્રી. અશોકનું ધર્મશાસન.

ધર્મલુપ્તા ઉપમા [સં. ધર્મ (ગુણ) + લુપ્ત (ઊડી ગયેલ) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય) + ઉપમા (સરખામણી)] સ્ત્રી ઉપમાન અને ઉપમેયમાં સમાન રૂપવાળી બાબતનું કથન ન હોય એવી ઉપમા. જેમકે, તે રાજા સિંહ જેવો છે. આમાં ધર્મ નથી આવ્યો, માટે આવી ઉપમા ધર્મલુપ્તા ઉપમા કહેવાય છે.

ધર્મલોપ [સં. ધર્મ + લોપ (અદશ્ય થવું તે)] પું. ધર્મનો લોપ; જનતામાંથી ધર્મની ભાવના નાબૂદ થવાપણું.

ધર્મવક્તા ૧. [સ. ધર્મ + વક્તૃ (બોલનાર)] પું. ધર્મપ્રચારક; ધાર્મિક પ્રવચન આપનાર પુરુષ.

૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ધર્મવચન [સં. ધર્મ + વચન (વાણી)] ન. ધર્મનો આદેશ.

તમારે લોભ તે એમ વાપરો કે બીજાની મિલકતને નુકસાન ન થાય, આ ધર્મવચન છે.
ત્રાંબીજ

ધર્મવણિક પું., ચક્ષુકની પેઠે ધર્માચરણથી કુળની પ્રતિષ્ઠા રાખી કામ કરનાર પુરુષ

ધર્મવતી સ્ત્રી. (સંગીત) બત્રીસ શ્રુતિઓનો જે નામનો ક્રમ છે તે. તેમાં આધાર એટલે જ કોમળ, મધ્યમ એટલે જ તીવ્ર અને બાકીના પાંચ સ્વર શુદ્ધ આવે છે.

ધર્મવત્ [સં] જ. ધર્મની જેમ.

ધર્મવત્સલ [સં. ધર્મ + વત્સલ (ચાહનાર)] વિ ધર્મપરાયણ; ધર્મને ચાહનાર; ધર્મ વિશે પ્રેમવાળું.

ધર્મવર્ધન ૧. [સં ધર્મ + વર્ધન (વધારવાવાળ)] જ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવકૃત જે નામનું ધર્મવિષયક ક્રોધ પુસ્તક

૨. જ ધર્મનું વર્ધન

ધર્મવર્ધું વિ. ધર્મવાળું; ધર્મથી રંગાયેલું જગતને ધર્મવર્ધું કરવું એ અશોકદેવનો છળનાદર્શ. સંપમિત્રા

ધર્મવર્ધન [સં.] જ. (પુરાણ) રામાયણમાં વર્ણવેલ અયોધ્યા પ્રાંતનું જે નામનું ક્રોધ ગામ. ૬૬૫ દેશમાંથી અયોધ્યા જાવતી વખત ભરતના રસ્તામાં તે આવેલ હતું.

ધર્મવર્મા ૧. [સં. ધર્મવર્મન] જ. ધર્મનું બખ્તર.

૨. જ. ધર્મનું રક્ષણ.

૩. વિ. ધર્મનું રક્ષણ કરનાર.

૪ વિ. ધર્મરૂપ બખ્તર ધારણ કરનાર.

ધર્મવહી સ્ત્રી. ધર્માદા ખાતે જતા આવક અર્થનો હિસાબ રાખવાનો ચોપડો.

ધર્મવંત [સં. ધર્મ + વત્ (વાળું)] વિ. ધર્મવાળું; ધર્મિક.

ધર્મવંશી વિ. સહજાનંદ સ્વામીના પિતાના વંશનું; ધર્મના વંશમાં જન્મેલ.

ધર્મવંશી ગુરુપરંપરા દીક્ષાને પામ્યા જેવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જે ત્રણે વર્ણના અમારા સત્સંગીઓએ કંઠને વિષે તુલસીની જેવડી માળા ધારણ. સિદ્ધાન્તસાર

ધર્મવાક્ય [સં. ધર્મ + વાક્ય (વચન)] જ. ધર્મનું વચન.

ધમ્મપદમા ધર્મનો અર્થ બતાવેલ નથી પણ કેવળ ધર્મવાક્યોનો સંગ્રહ કરેલો છે. ધમ્મપદ

ધર્મવાટિકા સ્ત્રી. ધર્માદા અર્થ માટેનો ચોપડો; ધર્મચોપડી.

ધર્મવાલિજિક [સં. ધર્મ + વાણિજ્ય (વેપાર) + ઇક (વાળું)] વિ ધર્મના આચરણમાં કૃતની આશા રાખી કામ કરનાર; ધર્મવાણિજિક.

ધર્મવાદ [સં. ધર્મ + વાદ (ચર્ચા)] પું. ધાર્મિક ચર્ચા; ધર્મ સંબંધી વાદ.

પરલોકમાં માનનાર કર્મફલ વિનાના અને સ્વરાજ્યનાં તત્ત્વોને બરાબર જાણનાર એવા બુદ્ધિમાન પ્રતિવાદી સાથે જે વાદ તે **ધર્મવાદ**. પુરાતત્ત્વ

ધર્મવાદી [સં ધર્મ + વાદ (ચર્ચા) + ઇન્ (વાળું)] વિ ધર્મવાદને જાનનાર.

ધર્મવાન જુઓ ધર્મવંત.

ધર્મવાસના [સં. ધર્મ + વાસના (ઇચ્છા)] સ્ત્રી. ધર્મ સંબંધી વાસના; ધર્મજ્ઞાનની ઇચ્છા; ધર્મજિજ્ઞાસા.

ધર્મવાસર [સં. ધર્મ + વાસર (દિવસ)] પું. પૂનમ; પૌર્ણમાસી.

ધર્મવાહન ૧. [સં.] જ. ધર્મરાજનું વાહન; પાડો.

૨. જ. મહાદેવ; શિવ. તેનું વાહન ધર્મ છે.

ધર્મવિચાર ૧. [સં.] પું ધર્મ વિષેનો વિચાર.

૨. પું. ધર્મ સંબંધી વિજ્ઞાન; ગોસઠ બાહેનું જે નામનું વિજ્ઞાન.

૩. પું. નર્મદાશંકર લાલશંકર કવિએ લખેલ જે નામનું ધર્મસંબંધી ક્રોધ પુસ્તક.

ધર્મવિચારણસભા ૧. [સં. ધર્મ + વિચારણા (નક્કી કરવું તે) + સભા] સ્ત્રી. ધર્મ સંબંધી વિચારણા કરનારી સભા.

૨. સ્ત્રી રોમન કેથોલિક પંથથી વિરુદ્ધ મત સંબંધી ખાતરી કરી સજા ફરમાવનારી રોમન રાજાએ સ્થાપેલ ક્રોધ સભા; 'ઇન્કિઝિશન.'

ધર્મવિચિકિત્સા [સં. ધર્મ + વિ (વધારે) + ચિકિત્સા (તપાસ)] સ્ત્રી. દોષાદોષ વિવેક જ્ઞાન

ધર્મવિજયી [સં.] પું. નમ્રતા કે વિનવણી સંતુષ્ટ કરનાર માણસ

ધર્મવિદ [સં. ધર્મ + વિદ્ (જાણવું) + અ (પ્રત્યય)] વિ ધર્મ જાણનાર; ધર્મજ્ઞ; ધર્મનાં તત્ત્વોને જાણનાર.

ધર્મવિદુત્તમ [સં.] પું. વિષ્ણુ. શ્રુતિ અને સ્મૃતિ જેની આજ્ઞાસ્વરૂપ હોવ તે સર્વ ધર્મવેત્તાઓમાં ઉત્તમ હોવા જોઈએ, તેથી વિષ્ણુ ધર્મવિદુત્તમ કહેવાય છે. તેઓ સર્વ ધર્મ જાણનારાઓમાં ઉત્તમ ધર્મ જાણનાર છે અને તેમનું નામસ્મરણ એ જ ભક્તજનોનો ઉત્તમ ધર્મ છે. તેમના નામસ્મરણમાં જ સર્વ ધર્મોનો સમાવેશ થઈ જાય છે, તેમાં જ વેદ, તેમાં જ વેદાંતજ્ઞાન, તેમાં જ નિજ્ઞાન અને તેમાં જ સર્વ કર્તવ્યતા સમાઈ રહે છે. તેથી વિષ્ણુ ધર્મવિદુત્તમ કહેવાય છે

ધર્મવિદ્યા [સં. ધર્મ + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ધર્મને લગતી વિદ્યા; મીમાંસા વગેરે શાસ્ત્ર; શાસ્ત્રવિદ્યા.

ધર્મમાં ઈશ્વર સંબંધી વિચાર અને મનુષ્યના સંબંધનો વિચાર વગેરે બાબતો ધર્મવિદ્યાનો વિષય છે. પાશ્ચાત્ય કોષ

ધર્મવિદ્રોહ [સં.] પું. ધર્મનો દ્રોહ; ધર્મ પ્રત્યે દ્રોહ

ધર્મવિધિ [સં. ધર્મ + વિધિ (ક્રિયા)] સ્ત્રી. ધર્મ સંબંધી વિધિ; ધર્મક્રિયા.

ધર્મવિધ્વંસક [સં. ધર્મ + વિધ્વંસ (નાશ કરવો) + અક (નાર)] વિ. ધર્મનો નાશ કરનાર

ધર્મવિનિશ્ચય [સં. ધર્મ + વિ (વધારે) + નિશ્ચય (નિર્ણય)] પું. (બૌદ્ધ) ધર્મ સંબંધી પાકો વિચાર; પ્રજ્ઞા.

અદ્ધાણી, શ્રદ્ધાણી, મેધાણી, સમાધિણી, ધર્મવિનિશ્ચય એટલે પ્રજ્ઞાણી વિદ્યા અને આચરણ સંપન્ન થઈ, સ્મૃતિવાળા થઈ આ અનંત દુઃખને છોડી દો. ધમ્મપદ

ધર્મવિપ્લવ [સં. ધર્મ + વિપ્લવ (ભંગ)] પું ધર્મનો નાશ; અધર્મનો પ્રચાર.

ધર્મવિભાગ [સં. ધર્મ + વિ (વિશેષ) + ભાગ (નાશ)] પું. ધર્મનો નાશ; અધોગતિ; ધર્મનું છેદન.

ધર્મવિમુખ [સં. ધર્મ + વિ (ઊલટું) + મુખ (મોઢું)] વિ. ધર્મથી વિમુખ; અધર્મી.

ધર્મવિમુખતા [સં.] સ્ત્રી. ધર્મથી વિમુખ હોવાપણું.

ધર્મવિરુદ્ધ [સં ધર્મ + વિરુદ્ધ (સામા પક્ષનું)] વિ. શાસ્ત્રનિષિદ્ધ; ધર્મબાહ્ય; પાખંડી.

ધર્મવિરુદ્ધતા [સં.] સ્ત્રી. ધર્મવિરુદ્ધ હોવાપણું; પાખંડીપણું.

ધર્મવિવાહ [સં.] પું. ધાર્મિક વિધિ પ્રમાણે થયેલ લગ્ન; બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય અને બ્રાહ્મપત્ય એ પાંચ જાતનાં ઉત્તરદેસરનાં લગ્ન બાહેનો કોઈ પણ પ્રકાર.

ધર્મવિવેક ૧. [સં.] પું. ધર્મનો વિવેક.

૨. પું. પંડિત હલાયુધે રચેલ જે નામનો ક્રોધ નિબંધ ગ્રંથ.

ધર્મવિવેચન ૧. [સં.] જ. ધર્મ અને અધર્મનો વિચાર.

૨. જ. ધર્મ સંબંધી વિચાર

૩. જ. બીજાઓ કરેલું કામ સદોષ કે નિર્દોષ છે તે સંબંધી વિચાર.

ધર્મવિષય [સં.] પું. ધર્મ સંબંધી બાબત

ધર્મવીર ૧. [સં. ધર્મ + વીર (બહાદુર માણસ)] પું. ધર્મ કરવામાં સાહસી માણસ; ધર્મકાર્યમાં વીર.

૨. પું. (કાવ્યશાસ્ત્ર) ધર્મનિષ્ઠ અથવા સદ્‌ગુણમાંથી ઊપજતો વીર રસ; ધર્મ પરત્વે વીર રસનો ભાવ.

૩. પું. શહીદ, ગાઝી.

ધર્મવીર્ય [સં. ધર્મ + વીર્ય (વીરતા)] ન. નીતિધૈર્ય, લોકનિષ્ઠાસ્થિરતા; નૈતિક હિંમત.

ધર્મવૃક્ષ [સં.] ન. એ નામનું વલય ભ્રમિતું એક વૃક્ષ

ધર્મવૃત્તિ ૧ [સ.] સ્ત્રી. ચિદ્‌વૃત્તિ; સારાસાર બુદ્ધિ; 'કૉન્શન્સ.'

મહાસભાએ તો આ વાત વિદ્યાર્થીઓની ધર્મવૃત્તિ ઉપર છોડી. હસેલકર

૨. [સં. ધર્મ + વૃત્તિ (વર્તણૂક)] સ્ત્રી. ધર્મની લાગણી; ધર્મની વૃત્તિ; ધર્મ પ્રત્યે વર્તણૂક.

ધર્મવૃદ્ધ ૧. [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશી યદુકુળના સાત્વતવંશના અંધકના તેર પુત્રોનો એ નામનો એક પુત્ર.

૨. વિ. ધર્માચરણથી વયોવૃદ્ધ સૌથી સારું.

૩. વિ. ધર્મિષ્ઠ; અતિશય ધર્મવાળું.

ધર્મવેત્તા [સં. ધર્મ + વેત્ (જાણનાર)] પું. ધર્માચાર્ય; ધર્મશાસ્ત્રજ્ઞ; ધર્મવિદ.

ધર્મવૈચિત્ર્ય [સં. ધર્મ + વૈચિત્ર્ય (વિચિત્રતા)] ન. ધર્મનું ખાસ ફેર પડતું તત્ત્વ.

સર્વ ધર્મ ભણી બાજરે બાજાબાબાં આપેલો ઉત્તર કહી આપે છે કે ઓછાવત્તે એ રજપૂતોના રાજ્યોનું ધર્મવૈચિત્ર્ય જળવાતું. મોરબંદરામ

ધર્મવૈતંસિક [સં.] પું. પાપથી ધન કમાઈ લોકોને બતાવવા અને ધાર્મિક તરીકે પ્રસિદ્ધ હોવા દાન પુણ્ય કરતો હોય તેવો માણસ.

ધર્મવૈલક્ષણ્ય [સં.] ન. ધર્મની વિલક્ષણતા.

અહીં કહેલું છે કે યુગે યુગે યુગલક્ષણનુરૂપ ધર્મવૈલક્ષણ્ય પ્રાપ્ત થાય છે. મોરબંદરામ

ધર્મવ્યતિક્રમ [સં. ધર્મ + અતિક્રમ (ઉલ્લંઘન)] પું. અધર્મ કૃત્ય; ધર્મનું ઉલ્લંઘન.

ધર્મવ્યવસ્થાપક [સં. ધર્મ + વ્યવસ્થાપક (વ્યવસ્થા કરનાર)] પું. ધર્મનો વ્યવસ્થાપક.

ધર્મવ્યાધ [સં.] પું. (પુરાણ) મિથિલા નગરીમા રહેનારો એ નામનો એક શિકારી તેણે કૌશિક નામના એક તપસ્વી વેદાભ્યાસી બ્રાહ્મણને ધર્મનું તત્ત્વ સમજાવ્યું હતું. મહાભારતના વન પર્વમાં કથા છે કે: કૌશિક નામનો એક તપસ્વી બ્રાહ્મણ એક ઝાડ તળે બેસીને અધ્યયન કરતો હતો. તે વખતે એક બગલી તેના ઉપર બરકી. બ્રાહ્મણે જરા ક્રોધ કરીને ઊંચું જોયું, તેથી તે બગલી મરીને નીચે પડી. આથી બ્રાહ્મણને બારે દુઃખ થયું અને તે ગામમાં એક ઓળખીતા ગૃહસ્થને ત્યાં ભિક્ષા માગવા ગયો. તેની સ્ત્રી તેને બેસાડી ઘરના અન્ય વ્યવહાર લેવા ગઈ. પણ તેવામાં તેનો પતિ ભૂખ્યો તરસ્યો કામપરથી આવી ચડ્યો અને તેથી તે ભાઈ પોતાના પતિની સેવામાં લાગી ગઈ. પણ ત્યારે તેને દ્વાર ઉપર ઊભેલા બ્રાહ્મણની યાદ આવી કે તરત તે ભિક્ષા લઈ બહાર આવી અને વિલંબનું કારણ બતાવી ક્ષમા માગી. કૌશિક બહુ ગુસ્સે ભરાયો અને બ્રાહ્મણના ક્રોધનું ભયંકર રૂપ બતાવી ડરાવવા લાગ્યો. તે ઉપરથી તે બાઈએ કહ્યું કે બગલી નથી. આપના ક્રોધથી મારું શું થઈ શકે તેમ છે? હું મારા પતિને પરમ દેવતા સમજું છું. તેમની સેવામાંથી છૂટી પડતાં હું ભિક્ષા લઈ આવી છું. ક્રોધ બહુ અનર્થ કરનાર છે. જે ક્રોધને વશ ન થાય તેને દેવતાઓ બ્રાહ્મણ કહે છે. જો આપને ધર્મનું યથાર્થ તત્ત્વ જાણવું હોય તો મિથિલામાં ધર્મવ્યાધની પાસે જાઓ કૌશિક અવાક થઈ ગયો અને પોતાને ધિક્કારતો મિથિલા નગરે આવ્યો. ત્યાં જઈ તેણે જોયું કે ધર્મવ્યાધ અનેક પ્રકારનાં પશુનું માંસ રાખી વેચતો હતો. ધર્મવ્યાધે બ્રાહ્મણ દેવતાને દેખી આદરથી બેઠી તેને બેસાડ્યો અને કહ્યું કે, આપને એક બ્રાહ્મણીએ મારી પાસે મોકલેલ છે. કૌશિકને બહુ આશ્ચર્ય થયું. તેણે ધર્મવ્યાધને કહ્યું: તું આટલો જ્ઞાનસંપન્ન હોવા છતાં આવું અશુભ કામ કેમ કરે છે? ધર્મવ્યાધે કહ્યું કે, મહારાજ, આ વંશપરંપરાથી આવતો આપતો મારો કુળધર્મ છે. તેથી હું તેમાં રક્ત છું. હું મારા માબાપની અને અતિથિઓની સેવા કરું છું, દેવપૂજન અને ઋતિ અનુસાર દાન કરું છું, જૂઠું બોલતો નથી, ઈર્ષ્યા કરતો નથી, જે માંસ વેચું છું તે બીજાએ મારેલ પશુઓનું હોય છે મારા ધર્મો બાપકર્મ અવશ્ય છે, પણ શું થાય? મારે માટે એ ધર્મો નિર્દિષ્ટ કર્યો છે. તે મારે કુલોચિત કર્મ છે. તેનો ત્યાગ કરવો ઉચિત નથી પણ તેની સાથે સદાચારના આચરણમાં મને કોઈ હરકત નથી. આ ઉપરાંત ધર્મવ્યાધે પોતાના પૂર્વજન્મનું વૃત્તાંત સંભળાવ્યું કે, હું પૂર્વજન્મમાં વેદ ભણેલ બ્રાહ્મણ હતો. હું એક દિવસ મારા મિત્ર એક રાજા સાથે શિકારે ગયો હતો અને ત્યાં મેં એક બગલી ઉપર તીર માર્યું. પાછળથી ખબર પડી કે એ તો બગલીના રૂપમાં એક ઋષિ હતો. ઋષિએ મને શાપ આપ્યો કે તે મને વગર અપરાધે માર્યો તેથી તું શૂદ્ર યોનિમાં જઈ એક શિકારીને ઘેર ઉત્પન્ન થઈશ. આ પછી ધર્મવ્યાધ અને કૌશિક વચ્ચે સંવાદ થયો. જીવને પતિસેવા અને પુત્રને માતાપિતાની સેવા એ જ ધર્મ છે એવો બોધ કરી ધર્મવ્યાધે બ્રાહ્મણને વિદાય કર્યા હતો

ધર્મવ્યાપ્તિ [સં. ધર્મ (ગુણ) + વ્યાપ્તિ (ફેલાવો)] સ્ત્રી. પદની ધર્મો ઉપર વ્યાપ્તિ; ધર્મોના વાચક હોવાપણું

અવ્યાપ્ત પણ જરૂર હોય તેને અમુક વિસ્તાર હોય છે અને તે વિસ્તારના દરેક લક્ષ્યાર્થે અમુક ધર્મ હોય છે. તેનો વિસ્તાર ધર્મી ઉપર હોય અને તેના વિશેષણના આપેલા ધર્મોમાંના દરેક લક્ષ્યાર્થે તો પ્રકાશ્ય એટલે એ ધર્મો હોય છે. આથી રીતે દરેક અતિવ્યાપ્ત પદને અમુક ધર્મવ્યાપ્તિ હોય છે. રામનારાયણ પાઠક

ધર્મવ્રત ૧. [સ.] ન ધર્મ નિમિત્તે કરવું વ્રત.

૨. વિ. ધર્માચરણ કરવામા તત્પર; ધર્મસક્ત.

૩. વિ. ધર્મિષ્ઠ; ધર્મરત

ધર્મવ્રતા [સં] સ્ત્રી. મરીચિ ઋષિની પત્ની, વિશ્વરૂપાના ગર્ભથી ઉત્પન્ન થયેલો ધર્મ નામના એક રાજાની પુત્રી. તેણે પતિવ્રત મેળવવા ઘોર તપ કર્યું હતું. મરીચિ ઋષિએ તેને દુનિયામાં સૌથી વધારે પતિવ્રતા જોઈને તેની સાથે વિવાહ કર્યો હતો

ધર્મશાલા ૧. [સં.] સ્ત્રી. ધર્મ અને અધર્મનો વિચાર કરવાનું સ્થાન; ન્યાયાલય; ન્યાયમંદિર.

૨. સ્ત્રી ધર્મોપદેશ માટેનું સ્થાન; જ્યાં ધર્મનો ઉપદેશ થતો હોય અને ધર્માદા તરીકે ગરીબ તથા અનાથને અન્ન મળતું હોય તેવું મકાન.

૩. સ્ત્રી. વિચારાલય.

૪. સ્ત્રી. રીબ્બ લોકોના મૃત્યુ સાહેબ જ્યાં રખાય છે ને બચાય છે તે સ્થાન; મુકદ્દારા.

૫. સ્ત્રી. સાધુઓ, યાત્રાળુઓ અને મુસાફરોને ઊતરવાનુ સ્થાન; મુસાફરખાનું; સરાઈ.

પૂર્વી તો થયેલા અને બનાર રાજ્યોની ધર્મશાલા-ક્ષેત્ર છે. મોરબંદરામ

ધર્મશાલાનો ઝમરો ન્હેવાનું અથવા સાધારણ સાર્વજનિક મકાન.

ધર્મશાલાઘાટ પું. નર્મદાના તટ ઉપરનું એ નામનું એક સ્થળ. તે પિતરોનું સ્થાન મનાય છે

ધર્મશાસન ૧. ન ધર્મ સંબંધી કેસો ચલાવનારી કચેરી.

૨. [સં.] ન. ધર્મશાસ્ત્ર.

૩. ન. ધર્મશિક્ષણ.

ધર્મશાસ્તા [સં. ધર્મશાસ્તૃ] પું ધર્મ સંબંધે સત્તા ધરાવનાર આચાર્ય.

ધર્મશાસ્ત્ર ૧ [સં] ન. ચાર વેદના ઉપાંગો આદેના એક ગ્રાચનું નામ. એ સ્મૃતિ નામથી પ્રસિદ્ધ છે

૨. ન. ધર્મપુસ્તક; મનુષ્યના સુવર્તન સંબંધી નક્કી કરેલ નિયમોનું પુસ્તક, મનુષ્યના આ

લોક અને પરલોક સંબંધી ક્રિયા અને શુભાચારવિચારના નિયમોનું નિર્ણયન; ધર્મને લગતું શાસ્ત્ર; તત્ત્વમંથ.

૩. ન. ન્યાય કચેરીના આઠ માંહેનો એક ભાગ. જુઓ અષ્ટાંગ.

૪. ન. ફરજ સંબંધી શાસ્ત્ર; કર્તવ્યશાસ્ત્ર.

૫. ન. હિંદુ ધર્મના કાયદાનું પુસ્તક; ન્યાય ને નીતિ ઉપર ઋષિઓએ લખેલ કાયદાઓનું પુસ્તક; મનુ, યાજ્ઞવલ્ક્ય વગેરે ઋષિઓએ રચેલ અનેક કાયદાઓનો સંગ્રહ. આ પુસ્તકના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે: (૧) આચાર, (૨) વ્યવહાર અને (૩) પ્રાયશ્ચિત્ત. કાયદા આપનારા અઢાર ઋષિ મનાયા છે: (૧) અત્રિ, (૨) વિષ્ણુ, (૩) હારીત, (૪) ઉશના, (૫) અંગિરસ, (૬) યમ, (૭) આપસ્તંબ, (૮) સંવર્ત્ત, (૯) કાત્યાયન, (૧૦) બૃહસ્પતિ, (૧૧) પરાશર, (૧૨) વ્યાસ, (૧૩-૧૪) શંખ અને લિખિત બંનેનું સયુક્ત નામ મનાય છે, (૧૫) દક્ષ, (૧૬) ગૌતમ, (૧૭) શાતાતપ, (૧૮) વસિષ્ઠ. આ ઉપરાંત નારદ, ભૃગુ, મારીચિ, કશ્યપ, વિશ્વામિત્ર, ભોજાયન, પુલસ્ત્ય, ગાર્ગ્ય, પૈથીનસિ, સુમંતુ, લોકાક્ષિ, કુત્સુમિ, ભીમ વગેરે પણ કાયદાના રચનાર છે. બીજા મત પ્રમાણે મનુ ઉપરાંત નીચે મુજબ અઢાર સ્મૃતિકાર મનાય છે: (૧) યમ, (૨) વસિષ્ઠ, (૩) અત્રિ, (૪) દક્ષ, (૫) વિષ્ણુ, (૬) અંગિરા, (૭) ઉશના, (૮) બૃહસ્પતિ, (૯) વ્યાસ, (૧૦) આપસ્તંબ, (૧૧) ગૌતમ, (૧૨) કાત્યાયન, (૧૩) નારદ, (૧૪) માંધાતૃસ્મૃતિ, (૧૫) પરાશર, (૧૬) સંવર્ત્ત, (૧૭) શંખ અને (૧૮) હારીત.

ધર્મશાસ્ત્રોના ગ્રંથમાં રહેલી યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ વગેરે આઠ સતસાત્ર અમને હાથ છે.
શિક્ષાપત્રી

ધર્મશાસ્ત્રી ૧. [સં. ધર્મશાસ્ત્રિન્] પું. ધર્મમાં પારંગત વિદ્વાન.

૨. વિ. ધર્મશાસ્ત્ર જાણનાર.

ધર્મશાળા જુઓ ધર્મશાલા.

ધર્મશિક્ષણ [સં. ધર્મ + શિક્ષણ (કીધ્યર્થનું તે)] ન. ધાર્મિક શિક્ષણ.

ધર્મશિક્ષા જુઓ ધર્મશિક્ષણ.

ધર્મશીલ ૧. પું. ઉપદેશક; ધર્મપ્રચારક; મિશનરિ.'

બુદ્ધ ભગવાનનો સંઘ એ દુનિયાની પહેલવહેલી ધર્મશીલોની (મિશનરીઓની) સંસ્થા કહેવાય.
કાલેલકર

૨. [સં.] પું. પર્વતમાં; પુણ્યાત્મા.

૩. ન. ધર્મ પ્રમાણે આચરણ; ધાર્મિક આચરણ.

૪. [સં. ધર્મ + શીલ (સ્વભાવ)] વિ. ધાર્મિક; ધર્મી; ધર્મપરાયણ; ભક્તિવાળું; ધર્મ પાળવાવાળું; ધર્મ પ્રમાણે આચરણ કરનાર; ધર્મિષ્ઠ.

ધર્મશીલતા [સં. ધર્મશીલ (ધર્મ પ્રમાણે આચરણ) + તા (પણું)] સ્ત્રી. ધર્મપરાયણની વૃત્તિ; ધર્મશીલ હોવાનો ભાવ.

ધર્મશીલા ૧. [સં. ધર્મશીલ (ધર્મી) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ધર્મનિષ્ઠ સ્ત્રી; ધર્મપરાયણ સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ધર્મશીલતાવાળી; ધાર્મિક વૃત્તિવાળી.

ધર્મશૂન્ય [સં. ધર્મ + શૂન્ય (બહારનું)] વિ. ધર્મ વગરનું.

નાસ્તિકો, ધર્મશૂન્યો, હત્યાવિલાસીઓ, હિંસામર્મીઓ, મુગયુઓના બાપોરો વિધ્વંસવાદના પિતા છે. નાનાલાલ

ધર્મશૂન્યતા [સં. ધર્મ + શૂન્ય (બહારનું) + તા (પણું)] સ્ત્રી. નાસ્તિકતા; ધર્મમાં નહિ માનવાપણું

ધર્મશોધક [સં. ધર્મ + શોધક (શોધી કાઢનાર)] પું. ધર્મ સંસ્થાપક.

ધર્મશોધકો કહી ગયા છે કે દયા ધર્મનો મૂળ છે. ગોવર્ધનરામ

ધર્મશોધન [સં. ધર્મ + શોધન (શુદ્ધિ)] ન. ધર્મની શુદ્ધિ; ધાર્મિક શુદ્ધીકરણ.

ધર્મશ્રદ્ધા [સં. ધર્મ + શ્રદ્ધા (વિશ્વાસ)] સ્ત્રી. ધર્મ ઉપર આસ્થા.

ધર્મશ્રમણ પું. અપ્રમત્તતા અને વિવેકને સૂણે સૂણે સ્થાન આપી ક્રોધ, માન, માયા, લોભ, વિષય, મોહ, અસૂયા, ઈર્ષા જેવા આત્મશત્રુઓનો વિજય મેળવતો ભગ્ન એવો સાધુ.

ધર્મસદન ૧. [સં. ધર્મ + સદન (ઘર)] ન. ધર્મનું ઘર.

૨. ન. સહજાનંદ સ્વામીના પિતાનું ઘર.

ધર્મસભા ૧. [સં. ધર્મ + સભા (મંડળી)] સ્ત્રી. ધર્મ નિમિત્તે ભરાતી સભા; ધર્મ સંબંધી નિર્ણય આપનારી મંડળી.

૨. સ્ત્રી. ધર્મ સંબંધી વિચાર કરવા માટે મળવાનું સ્થાન.

૩. સ્ત્રી. ધર્મ સંબંધી વિચાર ને ઊહાપોહ કરનારું મંડળ.

૪. સ્ત્રી. ધર્મોપદેશ કરનારું મંડળ.

૫. સ્ત્રી. ન્યાયની કચેરી; અદાલત; ન્યાયાલય.

ધર્મસખીતા [સં.] સ્ત્રી. ભલાઈના ધરકોણ નાયિકાનો એ નામનો એક ભેદ તે ધર્મના લાભથી અસાધ્ય મનાય છે. કોઈ લાભથી કે મદદગાર નહિ મળવાથી ભારંભ કરતાં અટકનારી સ્ત્રીને અસાધ્યા કહેવાય. તેના પાંચ ભેદ છે. (૧) ગુરુજનસખીતા, (૨) ધર્મસખીતા, (૩) દૂતિવર્જિતા, (૪) અતિક્રાંતા અને (૫) અક્ષિપ્તતા.

ધર્મસમાજ ૧. [સં. ધર્મ + સમાજ (મંડળ)] પું. ધર્મના પોરણ ઉપર રચાયેલો સમાજ કે મંડળ. જેમકે, આર્યસમાજ.

૨. પું. ધાર્મિક પુરુષોનો સમાજ.

૩. પું. હિંદુની ધર્મસભા.

ધર્મસમીક્ષણસભા જુઓ ધર્મવિચારણસભા.

ધર્મસમ્રાટ [સં. ધર્મ + સમ્રાજ્ (રાજાધિરાજ)] પું. ધર્મનો પાદશાહ; ધર્મસ્થાપક.

ધર્મસદાચાર [સં. ધર્મ + સદ્ (સારું) + આચર (કરવું)] પું. ધાર્મિક કર્મોમાં લાગ લેવો તે.

તેની અવસ્થામાં શું લહાગ ધર્મસદાચારનો લાગ અને નહિ બને? ગોવર્ધનરામ

ધર્મસહાય ૧. પું. નાટકમાં નાયકને સહાય કરનાર ઋત્વિજ, પુરોહિત કે બ્રહ્મચારી.

૨. વિ. ધર્મને માટે સહાય કરનાર; ધર્મની વહારે ચડનાર.

૩. વિ. ધર્મમાં સહાય કરનાર.

ધર્મસહાયિકા સ્ત્રી. પતિને ધર્મમાં સહાય કરનાર પત્ની.

ધર્મસહિષ્ણુતા [સં. ધર્મ + સહિષ્ણુતા (સહન કરવાપણું)] સ્ત્રી. અન્ય ધર્મ સહન કરી લેવાની વૃત્તિ.

ધર્મસંકટ [સં. ધર્મ + સંકટ (મુશ્કેલી)] ન. આગળ અને બાજુએ ધર્મ નડે એટલે કર્તવ્ય શંકા કરવો પડે તેની મુશ્કેલી; ઊભયતઃ આપત્તિ; સાપ ને છછુંદરી જેવી સ્થિતિ; ઊભડસંકટ; જેમાં ધર્મ અધર્મની સૂઝ ન પડે એવો કટોકટ પ્રસંગ.

ધર્મસંજ્ઞ ૧. [સં.] પું. ન્યાયને અનુસરવું તે.

૨. પું. પાખંડ; ઢોંગ.

ધર્મસંગીતિ ૧. [સં.] સ્ત્રી. ધર્માનુશાસનની ચર્ચા.

૨. સ્ત્રી. ન્યાયસભા.

ધર્મસંગ્રામ [સં] પું. ધર્મયુદ્ધ.

ધર્મસંઘ ૧. [સં.] પું. ધર્મની સંસ્થા; ધર્મસરણ; ધર્મકાય; 'અર્મ'

પ્રભુનો અવતાર જે જિનસંઘ કાઢતા, તથા તેની આજ્ઞાને અનુસરીને જે આજ કહેતા ધર્મસંઘ યાને ધર્મકાય તે સ્થાપવામાં આવ્યો છે એનો આશય કરવાથી મનુષ્ય પ્રભુની કૃપા મેળવી શકે છે તથા પામવાથી તરી શકે છે. આનંદશંકર ધ્રુવ

૨. પું. ધર્મનું પ્રજાસત્તાક રાજ્ય.

એની આધ્યાત્મિક ચોજનાઓમાં કુનેહ મેળવવા માટે એને ધર્મનું પ્રજાસત્તાક રાજ્ય (ધર્મસંઘ) બનાવી રાખવાનું હતું. હિંદુ રાજ્યવ્યવસ્થા

૩. પું. ધર્મમંડળ; ધર્મના પ્રેરક બળથી સંગઠિત થયેલો સમ

ધર્મસંગ્રહન ન. ધર્મનું સંગ્રહન.

ધર્મસંચય [સં. ધર્મ + સંચય (સંચરો)] પું. ધર્મ એકઠો કરવાપણું.

ધર્મસંજ્ઞ [સં.] ન. (જ્યોતિષ) ક્રમથી નવમું સ્થાન.

ધર્મસંજ્ઞા ૧. [સં.] સ્ત્રી. ધર્મ ઉપર વિશ્વાસ. ૨. સ્ત્રી. ધર્મબુદ્ધિ.

ધર્મસંમત [સં. ધર્મ + સમ્ (સારી) + મત (માન્ય કરેલ)] વિ. ધર્મથી સ્વીકારાયેલ.

અસહકાર એ ન્યાયી ધર્મસંમત છે. નવજીવન

ધર્મસંમૂઢ [સં.] વિ. ધર્મની બાબતમાં મુંઝાયેલ.

આ પ્રમાણે તેનું મન તેને બાજુ ખેંચતું, તેથી ધર્મસંમૂઢ થતાં કયો કર્તવ્યધર્મ સ્વીકારવો એ ન સૂઝતાં, તે બી કૃષ્ણને શરણે ગયો. ગીતારહસ્ય

ધર્મસંસ્કરણ [સં. ધર્મ + સંસ્કરણ (સંસ્કાર)] ન. ધર્મની સંસ્કારવિધિ.

ધર્મસંસ્કરણ બ્યાંસુધી નથી થયું ત્યાંસુધી સમાજનું સંતુલન થવાનું નથી. કાકેલકર

ધર્મસંસ્થા ૧. [સં.] સ્ત્રી. ધર્મસંઘ; ધર્મસમાજ; 'ચર્ચ.'

આ હસ્તપત્રપ્રણાલી, પરિણામના બાબતે બીજે નિયમની દૃષ્ટિએ મહત્ત્વની, અતીવ મહત્ત્વના વિષયોમાં અપ્રમાણિકતા, સરકારી ધર્મ (ધર્મસંસ્થા)ને કારણે ખાસી વધી ગયા છે. મહાદેવ દેસાઈ

૨. સ્ત્રી. ધાર્મિક સંસ્થા કે મંડળ.

ધર્મસંસ્થાપક [સં. ધર્મ + સંસ્થાપક (સ્થાપના કરનાર)] પું. ધર્મની સંસ્થાપના કરનાર પુરુષ.

ધર્મસંસ્થાપન [સં. ધર્મ + સંસ્થાપન (સ્થાપના)] ન. અધર્મને દૂર કરી ધર્મનું સ્થાપન કરવું તે.

ધર્મસંહિતા ૧. [સં. ધર્મ + સંહિતા (કાયદાનો સમૂહ)] સ્ત્રી. ધર્મ સંબંધી કાયદા કાનૂનનો સંગ્રહ; ધર્મશાસ્ત્ર.

૨. સ્ત્રી. રામાનુજાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

ધર્મસાધના [સં. ધર્મ + સાધના (મેળવવાપણું)] સ્ત્રી. ધર્મની સાધના; ધર્મપ્રાપ્તિ.

ધર્મસાર ૧. [સં.] પું. એક પુણ્ય કર્મ.

૨. પું. એક પુણ્ય કર્મ કરવાનું સાધન.

ધર્મસારથિ ૧. [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશના આયુષુત્ર અને નાના વંશના ત્રિકકુત રાજાનો એ નામનો પુત્ર. એને ક્ષાંતરય નામે પુત્ર હતો

૨. [સં. ધર્મ + સારથિ (રથ હાકનાર)] વિ. ધર્મ જેનો સારથિ હોય એવું; ધર્મની સહાયવાળું.

ધર્મસારી [સં. ધર્મસાલા] સ્ત્રી. (હિંદી) ધર્મશાળા.

ધર્મસાવર્ણિ [સં.] પું. (પુરાણ) એ નામનો અગિયારમો મનુ; મોટ માંહેનો હવે પછી થનાર અગિયારમો મનુ. એનો મન્વંતર એના નામે જ ઓળખાશે. કોઈ એને મેરુસાવર્ણિ એ નામે પણ ઓળખાવે. એને સત્ય, ધર્મ વગેરે દસ પુત્રો થશે. એના મન્વંતરમાં સ્વર્ગમાં વિહંગમ, કામગમ, નિર્વાણરુચિ એ નામના વિવિધ દેવ થશે. એના સ્થાની તરીકે વૈધૃતિ નામે ઇંદ્ર થશે. અરુણાદિ સાત ઋષિ થશે. આર્યક નામના એક આકાશથી વૈધૃત નામની તેની ઓની કુખે ધર્મસેતુ નામે વિષ્ણુનો અવતાર થશે અને એ ઇંદ્રને મદદ કરશે.

ધર્મસિદ્ધિ [સં. ધર્મ + સિદ્ધિ (સાબિતી)] સ્ત્રી. ધર્મ મેળવવામાં સાબિતી.

ધર્મસુત ૧. [સં. ધર્મ + સુત (દીકરો)] પું. ઔરસ પુત્ર.

૨. પું. યુધિષ્ઠિર.

૩. પું. સહજનંદ સ્વામી. તેમના પિતાનું નામ ધર્મ હતું, તેથી તેઓ ધર્મસુત કહેવાય છે.

ધર્મસુધારક [સં. ધર્મ + સુધારક (સુધારો કરનાર)] વિ. ધર્મમાં સુધારો કરનાર.

ધર્મસુધારણા [સં.] સ્ત્રી. ધર્મમાં સુધારો કરવો તે; 'રેફર્મેશન.'

ધર્મસુધારો પું. ધર્મમાં સુધારો; 'રેફર્મેશન.'

ધર્મસૂ ૧. [સં.] ન. એક જાતનું પક્ષી; ધૂમ્રાટ પક્ષી.

૨. [સં. ધર્મ + સૂ (ઉત્પન્ન કરવું)] વિ. ધર્મમાં પ્રેરણા કરનાર; ધર્મપ્રેરક.

ધર્મસૂત્ર ૧. [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશના પુરુકુળના જરાસંધ વંશમાંના સુક્રત નામના રાજાનો એ નામનો પુત્ર.

૨. ન. એક પ્રકારનો ધર્મપુરસ્કાર.

૩. ન. જૈમિનિએ રચેલ ધર્મમીમાંસાનો એક ગ્રંથ; જૈમિનિએ બનાવેલ ધર્મનિર્ણય ઉપરનો ગ્રંથ.

૪. ન. ધાર્મિક ક્રિયાઓનું જેમાં વર્ણન કરેલું છે તેવું એક સૂત્ર; કલ્પસૂત્રનો એ નામનો એક ભાગ. તે શ્રૌતસૂત્ર તેમજ ગૃહ્યસૂત્ર પછી રચાયેલ હતું.

ધર્મસૂત્રકાર [સં.] પું. ધર્મસૂત્ર લખનાર.

ધર્મસૂનુ [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

ધર્મસેતુ ૧. [સં.] પું. (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુ ભગવાનનો અવતાર.

૨. પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

૩. વિ. ધર્મની રક્ષા કરનાર; સેતુની જેમ ધર્મને ધારણ કરનાર; ધર્મનું પાલન કરનાર.

ધર્મસેતુનાં સાક્ષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર મોંહેનું એક નામ.

ધર્મસેન ૧. [સં.] પું. એક પ્રાચીન બૌદ્ધ મહાત્માનું નામ. તે ઋષિપત્તન સંઘમાં પ્રધાન હતો. અનુરાધાપુરના રાજા દુઃખગામિનીએ જ્યારે ઈ. સ. પૂ. ૧૫૭માં મહાસ્તૂપની સ્થાપના કરી, ત્યારે તે બાર ઉત્તર અનુચરો સાથે હાજર થયો હતો

૨. પું. (જૈન) સાતમા અજિતદેવના ત્રીજા પૂર્વભવનું નામ.

૩. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના યુવનાશ્વ રાજાના પુત્ર માંધાતાનો એ નામનો પુત્ર; અંબરીષ.

ધર્મસેવક [સં.] પું. ધર્મની ખાતર સેવા કરનાર માણસ.

ધર્મસ્કંધ ૧. [સં.] પું. (જૈન) ધર્મસ્તિકાય નામે એક દ્રવ્ય.

૨. પું. યજ્ઞ, અધ્યયન અને દાન.

ધર્મસ્કંધોમાં યજ્ઞ, અધ્યયન તથા દાન એ પ્રકારે ત્રણ પ્રકારના ધર્મસ્કંધો કહ્યા છે. સુબંધુકૃત

ધર્મસ્તંભ [સં.] પું. ધર્મના સ્મારકરૂપે ઊભો કરેલો થાંભલો.

અહીં ધર્મસ્તંભ રોપારો,
કાળને કહેરો અશોકની ધુજાવલિ.
સંજીવિતા

ધર્મસ્થ ૧. [સં.] પું. (જૈન) ન્યાયાધીશ; ધર્માધ્યક્ષ.

ધર્મસ્થીય તેમાં ત્રણ ધર્મસ્થો ઊભાની કામ કરતા. પુરાતત્ત્વ

૨. [સં. ધર્મ + સ્થ (રહેલ)] વિ. ધર્મમાં રહેનાર.

૩. વિ. વિચારક ધર્મ પ્રમાણે શુદ્ધિ કરાવનાર.

અસાહસથી, ધર્મથી અને અન્યથી ખોવાયેલ ચોર તેવા ધર્મથી મુક્ત મેળવીને ધર્મસ્થ કહે છે. ધર્મપદ

ધર્મસ્થાન ૧. [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળી માંહેનું નવમું સ્થાન; ભાગ્યભુવન.

૨. [સં. ધર્મ + સ્થાન (જગ્યા)] ન. ન્યાયમંદિર.

ધર્મસ્થાપક [સં. ધર્મ + સ્થાપક (સ્થાપનાર)] વિ. ધર્મ સ્થાપનાર; ધર્મનો પાયો નાખનાર.

ધર્મસ્થિત [સં. ધર્મ + સ્થિત (રહેલ)] વિ. ધર્મની અંદર રહેલ.

ધર્મસ્થીય [હિ.] ન. ન્યાયાલય; ન્યાય કચેરી.

ધર્મસ્થીય કોર્ટે ૪૦૪ ગામે, ૮૦૦ ગામે, ૧૬ પ્રાંતો વચ્ચે અને સૌથી ઉપરી મોટે પાટલીપુત્રમા હતી. પુરાતત્વ

ધર્મસ્વાખ્યાતત્વાનુપ્રેક્ષા [સં.] સ્ત્રી. (જૈન) જીવનશુદ્ધિમાં વિશેષ ઉપયોગી બાર માંહેની એ નામની એક ભાવના.

ધર્મમાર્ગથી ચ્યુત ન થવા અને તેના અનુષ્ઠાનમાં સ્થિરતા લાવવા એમ ચિંતવવું કે જેના વડે સંપૂર્ણ પ્રાણીઓનું કલ્યાણ થાય તેવો સર્વગુણસંપન્ન ધર્મ ઋષભદેવે ઉપદેશ્યો છે તે કેટલું મોટું આશ્ચર્ય છે એ ધર્મસ્વાખ્યાતત્વાનુપ્રેક્ષા. તત્ત્વાર્થસૂત્ર

ધર્મસ્વાતંત્ર્ય [સં. ધર્મ + સ્વાતંત્ર્ય (મુક્તિ)] ન. પોતપોતાનો ધર્મ આચરવાનું સ્વાતંત્ર્ય; ધર્મની બાબતમાં સ્વતંત્રતા.

ધર્મસ્વામી ૧. [સં. ધર્મ + સ્વામિન્ (ધણી)] પું. ધર્મનો સ્વામી.

૨. પું. શુદ્ધનું એક નામ.

ધર્મહર્ષ [સં. ધર્મ + હર્ષ (આનંદ)] પું. ધર્મથી ઉત્પન્ન થતો પ્રેમ.

ધર્મહાનિ [સં.] સ્ત્રી. ધર્મમાં થતું નુકસાન.

ધર્મહાનિબ્રહ્મહત્યાન્યાય [હિ.] પું. વાદવિવાદમાં એકબીજાનું ખંડન કરવાને બદલે પક્ષપ્રરોથી એકબીજા ઉપર થતી અંગત ટીકા કે આક્ષેપ.

ધર્મહીન [સં. ધર્મ + હીન (વગરનું)] વિ. ધર્મભ્રષ્ટ.

ધર્મા પું. (પુરાણ) ચાક્ષુષ વૈવસ્વત મન્વંતરમાંનો એકમો ભાસ.

ધર્માઉ વિ. ધર્માદાનું.

ધર્માખ્યાન ૧. [સં. ધર્મ + આખ્યાન (કથા)] ન. ધાર્મિક કથા.

૨. ન. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો ધાર્મિક ગ્રંથ. તેની અંદર શ્રી સ્વામીનારાયણ પ્રભુના પ્રાકટ્યનો સંબંધી કથાઓ છે.

ધર્માખ્યાયી [સં. ધર્માખ્યાયિન્] પું. ધર્મ પ્રતિપાદક.

ધર્માગાર [સં. ધર્મ + આગાર (ઠેકાણું)] ન. ધર્મસ્થાનક; મંદિર.

સમજ્યા જઈને રહ્યા રણધાર,
હતામંડપ રમ્ય ધર્માગાર.
નાનાલાલ

ધર્માગ્રહ [સં. ધર્મ + આગ્રહ (તરફ) + ગ્રહ્ (લેવું)] પું. ધર્મ તરફ ખેંચાણ; ધર્મપ્રેમ.

ધર્માગ્રહી [સં. ધર્માગ્રહિન્] વિ. ધર્મ તરફ ખેંચનાર; ધર્મ માટે આગ્રહ રાખનાર.

ધર્માચરણ [સં. ધર્મ + આચરણ (વર્તન)] ન. ધાર્મિક વર્તન; ધર્મને અનુસરીને ચાલવું તે.

ધર્માચરણવિધિ [સં. ધર્મ + આચરણ (આચરવું તે) + વિધિ (રીત)] સ્ત્રી. ધર્મના વર્તનની રીત.

ધર્માચરણી [સં. ધર્મ + આચરણ (વર્તન) + ઇન્ (વાળું)] વિ. ધર્મિક આચરણવાળું; ધર્મ પ્રમાણે વર્તનાર.

એ શિપાઈ એટલો બધો ધર્માચરણી હતો કે એક વખત ઘાટી પડી ગયેથી લૂંટનો માલ ખાતાં તેણે એમાંથી લવમાત્રને અડવાની ના પાડેલી. કુમાર

ધર્માચાર [સં. ધર્મ + આચાર (વર્તન)] પું. ધર્મ પ્રમાણેનું વર્તન; ધાર્મિક આચરણ.

ધર્માચારી ૧ [સં. ધર્મ + આચાર (વર્તન) + ઇન્ (વાળું)] પું. ધર્માચાર્ય; ધર્મગુરુ.

૨. વિ. ધર્મના આચારવાળું.

ધર્માચાર્ય ૧. [સં.] પું. જેને માટે તર્પણ કરવામાં આવે છે એવા ઋગ્વેદીઓના ઋષિ.

૨. [સં. ધર્મ + આચાર્ય (ગુરુ)] પું. ધર્મનો શિક્ષક; ધર્મગુરુ; ધર્મનો આચાર્ય; ધર્મ પાળનાર અને પળાવનાર સાધુ.

૩. પું. સંપ્રદાયનો આચાર્ય.

ધર્માજ્ઞા ૧. સ્ત્રી. ગુરુમંત્ર.

૨. [સં. ધર્મ + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. ધર્મની આજ્ઞા.

મહારાજની ધર્માજ્ઞા છે ને
કે સર્વ પાપો સંપીને રહેજો. સંપમિત્રા

ધર્માડંબર [સં. ધર્મ + આડંબર (ઢોંગ)] પું. ધર્મને નામે થતો ઢોંગ.

ધર્માતિક્રમ [સં. ધર્મ + અતિક્રમ (ઉલ્લંઘન)] પું. ધર્મનું ઉલ્લંઘન; ધાર્મિકની અવજ્ઞા.

ચક્રવર્તી અમારે માટે જે દેશકાળ રૂપે તેના કરતાં વધારે પ્રમેયનું અવધારણમાં કરવી એ અમારે માટે ધર્માતિક્રમ છે. સરસ્વતીચંદ્ર

ધર્માતું ૧. વિ. આચારવિચાર રાખનાર.

૨. વિ. ધર્મવાળું; ધર્મ માટેનું.

૩. વિ. ધર્માદાને લગતું.

૪. વિ. પરમાર્થ કરનાર.

ધર્માત્મજ [સં. ધર્મ + આત્મજ (પુત્ર)] પું. સહજાનંદ સ્વામી.

ધર્માત્મતા [સં.] સ્ત્રી. ધર્માત્માપણું.

ધર્માત્મત્વ જુઓ ધર્માત્મતા.

ધર્માત્મા ૧. પું. દાનવીર.

૨. [સં. ધર્મ + આત્મન્] પું. ધાર્મિક માણસ; ધર્મનિષ્ઠ માણસ.

૩. પું. પુરુષોત્તમનાં ઢબનાં માંહેનું એક નામ.

૪. વિ. આચારવિચાર રાખનાર; સદ્‌ગુણી.

૫. વિ. દાનશીલ; ધર્મશીલ.

૬. વિ. ધર્મ ઉપર શ્રદ્ધાવાળું.

૭. વિ. ધાર્મિક; પવિત્ર; સાધુચરિત.

ધર્માત્યય ૧. [સં. ધર્મ + અત્યય (અપરાધ)] પું. ધર્મનો દોષ; ધાર્મિક અપરાધ.

૨. [સં. ધર્મ + અત્યય (નાશ)] પું. ધર્મનો નાશ; ધર્મનો અભાવ.

ધર્માદા ૧. [સં. ધર્મ + આદાય (આપ)] સ્ત્રી. દાનમાં અપાતા દેવનિમિત્તે પુણ્ય માટે અર્પણ કરેલ વસ્તુ.

૨. સ્ત્રી. ધર્મનાં કાર્ય માટે અમુક જુદી રાખેલી જમીન.

૩. વિ. ધર્મને અર્થે આપેલું હોય એવું; પુણ્ય માટે આપેલું; દાનમાં આપેલું.

૪. વિ. ધર્માદા અંગેનું.

ધર્માદાખાતું ન. ધર્માદા અર્થે થયેલ જમા ઉધાર બતાવનારું ખાતું.

ધર્માદાય ૧. સ્ત્રી. ધર્માદા મિલકતની ઊપજ.

૨. વિ. ધાર્મિક; મજહબી; દીની.

ધર્માદિત્ય [સં.] પું. વલભી રાજવંશોમાં થઈ ગયેલ એ નામનો એક રાજા.

ધર્માદિયું ૧. વિ. ધર્માદા સંબંધી.

૨. વિ. ધર્માદો આપનાર; મફતનું આપનાર.

ધર્માદીનાં પોષક [સં.] પું. પુરુષોત્તમનાં ઢબનાં માંહેનું એક નામ. તે ધર્મ વગેરેના પોષનાર મનાય છે.

ધર્માદેશ [સં. ધર્મ + આદેશ (ફરમાન)] પું. ધર્મનું ફરમાન; ધર્મનો બોધ.

ધર્માદો પું. ધર્મ અર્થે આપવું તે; દાન; સખાવત.

ધર્માધર્મ [સં. ધર્મ + અધર્મ] પું. ધર્મ અને અધર્મ; પુણ્ય અને પાપ; સારાંનરસાં કર્મ.

ધર્માધર્મપરીક્ષા [સં. ધર્મ + અધર્મ (પાપ) + પરીક્ષા (તપાસ)] સ્ત્રી. ધર્મ અને અધર્મની પરીક્ષા.

ધર્માધર્મવિચાર જુઓ ધર્માધર્મવિદ્યા.

ધર્માધર્મવિદ ૧. [સં. ધર્મ + અધર્મ (પાપ) + વિદ (જાણનાર)] પું. મીમાંસક.
૨. વિ. ધર્મ અને અધર્મ જાણનાર.

ધર્માધર્મવિદ્યા [સં. ધર્મ + અધર્મ + વિદ્યા] જ્ઞો. કાર્યકારણવિવેકજ્ઞાન; દોષાદોષવિદ્યા.

ધર્માધર્મૌ [સં.] પું. દ. ા. ધર્મ અને અધર્મ બંને.

ધર્માધિકરણ ૧. [સં.] પું. ન્યાયાધીશ.
૨. ન. ન્યાય આપવાનું સ્થાન; ન્યાયમંદિર.

ધર્માધિકરણી [સં. ધર્માધિકરણિન્] પું. ધર્માધ્યક્ષ; ન્યાયાધીશ.

ધર્માધિકાર ૧. [સં. ધર્મ + અધિકાર (સત્તા)] પું. ધર્મની બાબતોમાં સત્તા; ધર્મનો અધિકાર.
૨. પું. ધર્માચાર્ય.
૩. પું. ન્યાય આપવો તે.
૪. વિ. ધર્મની સત્તાવાળું.

ધર્માધિકારસ્થાન [સં. ધર્મ + અધિકાર (સત્તા) + સ્થાન (જગ્યા)] ન. ધર્મ-સાહની જગ્યા; ધરમાદા; કોર્ટ.

ધર્માધિકારી ૧. [સં. ધર્માધિકારિન્] પું. દાનાધ્યક્ષ; ધર્માર્થમાં વાપરવાના પૈસા પાત્રાપાત્રનો વિચાર કરીને યોગ્ય આપવાની જોગવણ કરનાર અમલદાર; પુણ્ય ખાતાનો પ્રબંધકર્તા.
૨. પું. ધર્મ જાણવાને યોગ્ય વ્યક્તિ.
૩. પું ધર્માધ્યક્ષ; ન્યાયાધીશ; જજ.
પંડિત એટલે કામદારની ઉપરે અન્ય સ્થળે ધર્માધિકારી કહ્યો છે, તેની કરણે શુક્રનીતિ આ પ્રમાણે જણાવે છે. કિંતુ રાજ્યવ્યવસ્થા
૪. પું ધર્મોપદેશક; ધર્મજ્ઞાની; ધર્મગુરુ; ધર્મ જાણવાની જેને સત્તા હોય તે બ્રાહ્મણ.
૫. વિ ધર્માધિકારવાળું

ધર્માધિગચ્છો પું. (ભૂ. શુ.) અમલના વખતમાં રજાસભામાં બેસનાર આસામીઓ માંહેનો એ નામનો એક વર્ગ.

ધર્માધિપત્ય [સં. ધર્મ + આધિપત્ય (સત્તા)] ન. ધર્મની બાબતોમાં સત્તા.

ધર્માધીન [સં ધર્મ + અધીન (તાબેદાર)] વિ. ધર્મને વશ; ધર્મને તાબે હોય એવું.

ધર્માધ્યક્ષ ૧ [સં ધર્મ + અધ્યક્ષ (પ્રમુખ)] પું. ધર્મની બાબતોનો અધ્યક્ષ; ધર્મની સભામાં મુખ્ય; ધર્માચાર્ય; ધર્મગુરુ.
૨. પું. ધર્માધિકારી.
૩. પું. ન્યાયાધીશ.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. અનુરૂપ ફલ દેનાર હોઈ ધર્મ અને અધર્મને સાક્ષાત્ દેખે છે તેથી તે ધર્માધ્યક્ષ કહેવાય છે. વળી ધર્મના અધ્યક્ષ એટલે આગેવી પણ પોતે જ હોઈ તે ધર્માધ્યક્ષ કહેવાય છે.
૫. પું. શિવ.

ધર્માધ્યાપક [સં. ધર્મ + અધ્યાપક (ગુરુ)] પું. ધર્મોપદેશક; ધર્માચાર્ય.

ધર્માનંદ [સં. ધર્મ + આનંદ] પું. ધર્મભાવે થતો આનંદ.

ધર્માનુકૂલ [સં. ધર્મ + અનુકૂલ (પ્રમાણે)] વિ. ધર્મને અનુસરતું; ધર્મને બંધબેસતું.

ધર્માનુકૂળ જુઓ ધર્માનુકૂલ.

ધર્માનુભવ [સં. ધર્મ + અનુભવ] પું. ધર્મનો અનુભવ.

ધર્માનુયાયી [સં. ધર્મ + અનુયાયિન્ (પાછળ જનાર)] પું. ધર્મનો અનુયાયી; ધર્મ પાળનાર.

ધર્માનુરાગ [સં. ધર્મ + અનુરાગ (પ્રેમ)] પું. ધર્મ તરફનો પ્રેમ.

ધર્માનુષ્ઠાન [સં. ધર્મ + અનુષ્ઠાન (આચરણ)] ન. ધર્માચરણ; ધાર્મિક ભાવનાથી આચરણ રાખવું તે

ધર્માનુસાર ૧. [સં. ધર્મ + અનુ (પાછળ) + સૃ (જવું)] પું. ધર્મને અનુસરવું તે
૨. વિ. ધર્મને અનુસરતું; ધર્મ પ્રમાણેનું; ધાર્મિક; પવિત્ર; ધર્મિષ્ઠ.
૩ વિ. નિષ્કલંક; નિષ્પાપ.
૪. ન. ધર્મને અનુસરીને; ધર્મની આજ્ઞાઓનું પાલન કરીને; ધર્મ અનુસરે

ધર્માનુસારિણી ૧ [સં. ધર્મ + અનુ (પાછળ) + સારિન્ (જનાર) + ઙી (સ્ત્રીજાતિનો પ્રત્યય)] જ્ઞો. બૈરી; પત્ની.
૨. વિ. જ્ઞો. ધર્મને અનુસરનારી.

ધર્માનુસારી [સં ધર્માનુસારિન્] વિ. ધર્મ પાળનાર; ધર્મને અનુસરનાર.

ધર્માધેત ૧. [સં.] ન. અધર્મ.
૨. વિ. અધર્મી; ધર્મભ્રષ્ટ; ધર્મથી દૂર ગયેલ

ધર્માભાસ [સં. ધર્મ + આભાસ] પું. અસદ્ ધર્મ; ધર્મનો દેખાવ; ધર્મ જેવો જણાતો મિથ્યા ધર્મ.

ધર્માભિમન [સં. ધર્મ + અભિ (તરફ) + મનસ (મન)] વિ. ધર્મસોલ; ધાર્મિક; ધર્મમાં મનવાળું; ધર્મનિષ્ઠ.

ધર્માભિમાન [સં. ધર્મ + અભિમાન (ગર્વ)] ન. ધર્મનો ગર્વ; ધર્મ માટેનું અભિમાન.

ધર્માભિમાનધારી [સં. ધર્મ + અભિમાન + ધારિન્ (ધારણ કરનાર)] વિ. ધર્મનું અભિમાન રાખનાર.

ધર્માભિમાનિની ૧. [સં. ધર્મ + અભિમાનિન્ (અભિમાન) + ઙી (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ.જ્ઞો. ધર્મનું અભિમાન કરનારી.
૨. વિ જ્ઞો. ધર્મને માટે ઝનૂની.

ધર્માભિમાની ૧. [સં. ધર્મ + અભિમાન (ગર્વ) + ઇન્ (વાળું)] વિ. ધર્માભિમાન ધરાવનાર; ધર્મ વિષે અભિમાન રાખનાર.
૨. વિ. ધર્માંધ; ધર્મ માટે ઝનૂની.

ધર્માભિષેક [સં. ધર્મ + અભિષેક (જળસિંચન)] પું. ધર્મને અનુસરીને અભિષેક કરી કોઈની ધર્મોપરી સત્તા જાહેર કરવી તે; ધર્માનુસાર રાજ્યાભિષેક.

ધર્મામૃત ૧. [સં. ધર્મ + અમૃત (અમર કરે એવો રસ)] ન. ધર્મરૂપી અમૃત.
૨. ન. સ્વામીનારાયણ સંપ્રદાયનું સાધ્વીઓના ધર્મ દર્શાવતું એ નામનું એક પુસ્તક.

ધર્માયતન [સં. ધર્મ + આયતન (સ્થાન)] ન. બૌદ્ધ મતાનુસાર જ્ઞાનના સંસારના ભાર માંહેનું એ નામનું એક સ્થાન. ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, કાય અને મન એ છ આભ્યંતર આયતન કહેવાય છે અને રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને ધર્મ એ છ બાહ્ય આયતન કહેવાય છે.

ધર્માર્ણવ ૧. [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ એ પદ્મનાભ નામના નાગ પાસેથી ઋગ્વિદ્યા પ્રાપ્ત કરીને તરી ગયા હતા.
૨. ન. એ નામનું એક અગ્રંથ ગદ્યે ગુરુપત્ની તારાનું હરણ કર્યું ત્યારે ધર્મ વ્યાકુળ થઈને આ વનમાં ઘૂસી ગયો હતો.
૩. ન. કૃતના દીકરા અમૂર્ત રજસે રચાયેલ અને રામાયણમાં વર્ણવેલ એ નામનું એક સરોવર; પ્રાગ્જ્યોતિષ
૪. ન. કૂર્મ વિભાગના મધ્ય ભાગમાં આવેલો એક દેશ
૫. ન. પવિત્ર જંગલ; તપોવન; ધર્મપરાયણ સાધુઓ જેમાં વસતા હોય તેવું અરણ્ય
૬. ન. (પુરાણ) પુરુરવના પુત્ર વિજયના પુત્રના મૂર્તિમ રાજાએ વસાવેલું એ નામનું નગર.
૭ ન. મહાભારતમાં જણાવેલ એ નામનું એક પ્રાચીન ક્ષેત્ર. એ નામનું એક તીર્થ. હાલના મધ્ય પ્રાંતમાના શુદ્ધ નર્મદા પાસે તે આવેલું છે.

૮. ન. રજપૂતસ્થાનમાં કોટાથી ચાર માઇલ ઉપર ચમલના કિનારા ઉપર આવેલા કલ્યાણજીનું બીજું નામ.

૯. ન. સત્યયુગમાં બિહાર, બંગાળ તથા ઓરિસ્સામાં જ્યાં આર્યો રહેતા હતા તે પ્રદેશ.

ધર્મારણ્યવાસી [સં. ધર્મ + અરણ્ય (જંગલ) + વાસિન્ (રહેનાર)] વિ ધર્મારણ્યમાં રહેનાર.

ધર્મારાધન જુઓ ધર્મારાધના.

ધર્મારાધના [સં. ધર્મ + આરાધના (પૂજા)] સ્ત્રી. ધર્મની આરાધના; ધાર્મિક વિધિ.

ધર્માર્થે ૧. [સં. ધર્મ + અર્થ (માટે)] વિ. ધર્મને માટે હોય તેવું; ધર્મ માટેનું; ધર્મ કાજેનું, ધર્મનું.

૨. અ. કેવળ ધર્મ કે પુણ્યના હેતુથી પરોપકાર માટે.

ધર્માર્યપ્રતિબદ્ધતા [સં.] સ્ત્રી. એ નામે વાણીનો એક ગુણ.

ધર્માર્યે જુઓ ધર્માર્થે ૨.

ધર્માલય ૧. [સં. ધર્મ + આલય (ઘર)] ન. ધર્મનું મંદિર; ધાર્મિક ઉપદેશ કરવાનું સ્થાન.

૨. ન. મઠ.

ધર્માલંકાર [સં. ધર્મ + અલંકાર (ઘરેણું)] પું. ધર્મને શોભારૂપ પુરુષ; એ નામની એક ધર્મોપાધિ.

ધર્માવતાર ૧. [સં. ધર્મ + અવતાર] પું. ધર્મનું સંરક્ષણ કરવા જેણે અવતાર લીધો હોય એવો પુરુષ.

૨. પું. ધર્માધર્મનો નિર્ણય કરનાર પુરુષ; ન્યાયાધીશ.

૩. પુ. યુધિષ્ઠિર.

૪. પું. સાક્ષાત્ ધર્મસ્વરૂપ; અત્યંત ધર્માત્મા; ધર્મનો અવતાર.

૫ વિ. ન્યાયનિપુણ; ધર્મના અવતારરૂપ.

૬. વિ પવિત્ર.

ધર્માવલંબી [સં. ધર્મ + અવલંબિન્ (આધાર રાખનાર)] વિ. ધર્મ ઉપર આધાર રાખનાર

ધર્માવસથિ જુઓ ધર્માવસથી.

ધર્માવસથી [સં. ધર્મ + અવસથિન્ (ઊભું રહેનાર)] પું. પુરુષ વિજયનો અધિકારી. માણાકયના સમયમાં તેનું કાર્ય યાત્રીઓ તથા પૈગામીઓને શહેરમાં રહેવા માટે સ્થાન આપવાનું હતું

ધર્માવેશ [સં. ધર્મ + આવેશ (જુસ્સો)] પું. ધર્મનો આવેશ; જનૂન.

ધર્માશ્રમ [સં. ધર્મ + આશ્રમ (આશરો)] પું. ધર્મનો આશ્રમ.

ધર્માશ્રયી ૧. [સં ધર્માશ્રયિન્] પું. સૂર્યના ઘોડાઓ આઠ માહેનું એક નામ.

૨. વિ. ધર્મના આશ્રયવાળું.

ધર્માસન ૧. [સં. ધર્મ + આસન (બેઠક)] ન. અદાલત. ન્યાયની કચેરી.

૨. ન. ધર્મનું આસન; ધર્મગાદી ગાદી; ન્યાયાસન.

ધર્માસ્તિકાય [સં.] પું. (જૈન) સર્વને ગતિમાં સહાય કરનાર એક પ્રકારનું લોકવ્યાપી અરૂપી દ્રવ્ય; ગમનસહાયક શક્તિ; જીવને ગતિમાં મદદ કરનાર એ નામનું લોકવ્યાપી એક દ્રવ્ય. અજીવ પાંચ પ્રકારના છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાલાસ્તિકાય. સર્વે જીવ અજીવના ગમનમાં ધર્માસ્તિકાય સહાયક છે. જેમકે, માછલાં પાણીમાં ગતિ કરે છે. માટે પાણી એ ધર્માસ્તિકાય છે.

ધર્માસ્થા [સં ધર્મ + અસ્થા (શ્રદ્ધા)] સ્ત્રી. ધર્મ ઉપર શ્રદ્ધા.

ધર્માળુ ૧. વિ. આસ્તિક; ધર્મ ઉપર શ્રદ્ધાવાળું; ધર્મરત; ધર્મબુદ્ધિવાળું; ધર્મિષ્ઠ; ધર્મવાળું; ધર્મી.

૨. વિ. પરોપકારી

ધર્માંગ [સં] પું ગમતો ધર્મનો ફેર પોળો છે અને ગમતો પણ પોળો છે તેથી ગમતો ધર્માંગ કહેવાય છે.

ધર્માંતર ૧. [સં ધર્મ + અંતર (બીજું)] ન. ધર્મ બદલવો તે એક ધર્મ છોડી બીજા ધર્મમાં જવું તે.

૨. વિ. જુદા જુદા ધર્મનું.

આ હિસાબે તો તમારે હિંદુઓમાં જ વર્ણાંતર લગ્ન કરવા માટે સોએક વરસ જોઈશે અને ધર્માંતર લગ્ન માટે પાંચસો. સુવર્ણમાલા

ધર્માંતરગામી [સં. ધર્મ + અંતર + ગામિન્ (જનાર)] વિ. સ્વધર્મત્યાગી; એક ધર્મમાંથી બીજા ધર્મમાં દાખલ થનાર.

ધર્માંધ [સં. ધર્મ + અંધ (આંધળું)] વિ. ધર્મની બાબતોમાં અવિચારી આગ્રહવાળું; ધર્મને માટે કોઈ પણ ન જુએ એવું; ધર્માગ્રહી; ધર્મઘેલું; ધર્મના આચારવિચારમાં વધારે પડતું આગ્રહી.

ધર્માંધતા [સં ધર્મ + અંધતા (આંધળાપણું)] સ્ત્રી ધર્મ બાબતની બેસમજ; અંધશ્રદ્ધા; ધર્મને માટે અંધપણું; ધર્મયુક્તપણું; ધર્મઘેલાઈ; કોઈ બીજા વિચારો વગર શ્રદ્ધાથી ધર્મને માનવાને અનુસરવાપણું

ધર્માંધપણું જુઓ ધર્માંધતા.

ધર્મા ૫ [સં.] પું. એ નામનું એક તીર્થ.

ધર્માંશુ [સં.] પું. સૂર્ય.

ધર્મિક [સં. ધર્મ + ઇક (વાળું)] વિ. ધર્મવાળું; ધર્મયુક્ત; ધર્મશીલ.

ધર્મિણી ૧. [સં.] સ્ત્રી. બાયડી; પત્ની.

૨. સ્ત્રી. રેણુકા.

૩. વિ સ્ત્રી. ધર્મ કરનારી.

ધર્મિષ્ઠ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. વિ. આચારવિચારવાન; પવિત્રતાથી રહેનાર; પવિત્ર.

૩. વિ. ધર્મ એને ઇષ્ટ છે એવું; ધર્મપ્રેમી; ધર્મમાં તત્પર; ધર્મની બહુ લાગણીવાળું; ધર્મબુદ્ધિવાળું; ધાર્મિક.

૪ વિ. નીતિવાન; સદ્‌ગુણી; સદાચારી.

૫. વિ. પરમાર્થ કરનાર.

ધર્મિષ્ઠતા [સં.] સ્ત્રી. ધાર્મિકતા; ધર્મિષ્ઠપણું.

ધર્મિષ્ઠાસન [સં. ધર્મિષ્ઠ (ધાર્મિક) + આસન (રાજ્ય)] ન. ધર્મયુક્તોથી ચલાવાતું રાજ્ય.

ધર્મી ૧. [સં. ધર્મિન્] પું. જેમા ધર્મ એટલે ગુણ રહેતો હોય તે વસ્તુ. જે વસ્તુમાં જે વસ્તુ હોઈ તેમાં ધારણ કરનારાવાળી વસ્તુ ધર્મી છે અને જે ધારણ કરવામાં આવે છે તે ધર્મ છે

૨. પું. ધર્મનો આધાર; ધર્મનો આશ્રય.

૩. પું. ધર્માત્મા; સદ્‌ગુણી; પુણ્યાત્મા.

૧. ધર્મી દાતા = દાન દેવામાં ઉદાર.

૨. ધર્મી ધર્મ કરે ને પાપી પેટ ફૂટે = ભલો માણસ દાન દે છે ત્યારે ખોટો માણસ રાગદ્વેષમાં પડે છે.

૩. ધર્મીને તાં પાડા, ને કમાઈને ઘેર કુટાણ = નીતિમાન માણસોને દુઃખ અનુભવવું પડે છે, ત્યારે અનીતિવાળા માણસો આનંદ કરે છે.

૪. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે ધર્મોને ધારણ કરે છે. બધા ધર્મ જેનામા છે એવા પોતે જ ધર્મવાળા છે અને પ્રજાને ધારણ કરનારા છે. પુરુષસ્વરૂપ પણ પોતે જ છે. તેથી તે ધર્મી કહેવાય છે.

૫. વિ. અમુક ગુણવાળું

૬. વિ. આચારવિચાર રાખનાર.

૭. વિ. દાન આપવા પરમાર્થ કરનાર.

૮. વિ. ધર્મને બહાને સમાજને અંતે તે વધારે છે એવો, ઢોંગી-ધર્મી; બિંદુધર્મી.

૯. વિ. ધર્મિષ્ઠ; ધર્મ કરનાર; ધાર્મિક.

૧૦. વિ ધર્મ કે ધર્મને માનનાર.

૧૧. વિ. સદ્‌ગુણી; નીતિમાન

ધર્મગિત [સં. ધર્મ + ઇન્ (વાળું) + ગત (ગયેલું)] વિ. જે વસ્તુમાં જે ધર્મ હોય તેને ધારણ કરનાર જે હોય તેને લગતું.

પ્રયોજનવતીના જે સોળ ભેદ બતાવ્યા તેમાં ધર્મગત અને ધર્મગિત ફળ બતાવી બત્રીસ ભેદ થાય છે. કાવ્યાદર્શ

ધર્મી જન [સં. ધર્મ + ઇન્ (વાળું) + જન (માણસ)] ન. ધર્મિક માણસ.

ધર્મી દાન ન. રમતની શરૂઆતમાં રમનારમાંથી જમે તે એકથી પોતાની મુઠીથી પોતાને આપી આગી લેવાતો દાન. આ દાનને ધર્મી દાન બીજું એમ કહે છે.

ધર્મીપુત્ર [સં.] પું. નાટકનું કોઈ પાત્ર; નટ; નાટકિયો.

ધર્મીય [સં. ધર્મીયસ] વિ. ધર્મમાં માનનાર; અત્યંત ધાર્મિક.

ધર્મીષ્ઠ વિ. ધર્મિક.

ધર્મીષ્ઠાપ્તિ [સં. ધર્મ (ગુણ) + ઇન્ (વાળું) + આપ્તિ (ફેલાવો)] સ્ત્રી. (ન્યાય) વિસ્તાર; 'ઓવરટેન્શન.'

જેમ ગાય પરની ધર્મીવ્યાપ્તિમાં ગાય વ્યક્તિઓ આવે છે, ઢિંચર પરની ધર્મીવ્યાપ્તિમાં કલ્પનામાં રહેલાં ચિત્રો આવે છે, તેમ સદ્ગુણ પરની ધર્મીવ્યાપ્તિમાં બહાદુરી, ઉદારતા વગેરે બુદ્ધિએ ગ્રહણ કરેલા ભાવો આવે છે. પ્રમાણમીમાંસાપ્રમેયચંદ્રિકા

ધર્મેચ્છકપણું ન ધર્મની ઇચ્છાવાળું હોવાપણું.

આ સિલસિલો ક્રોતરબ્બોલો ત્યારે કલિંગ દેશમાં અશોક ધર્મનું પાલન તથા ધર્મેચ્છકપણું અને ધર્મસૂચના કાજ કરી રીતો હતા. અશોકચરિત

ધર્મેચ્છુ વિ. ધર્મની ઇચ્છાવાળું.

ધર્મેજુ [સં.] પું. પૂરુવંશી રૌદ્રાશ્વ રાજાનો એ નામનો પુત્ર.

ધર્મેન્દ્ર ૧. [સં.] પું. ધર્મરાજા; પાંડવોનો મોથી મોટો ભાઈ; યુધિષ્ઠિર.

૨. પું નર્મદાના ઉત્તર તટ ઉપર ધર્મપુરીમાં આવેલ એ નામના મહાદેવનું રજળ. પુરાણમાં કહ્યા છે કે પૂર્વયુગમાં ક્રકમાગદ રાજા બહુ પ્રતાપી અને ધર્માત્મા થયો. તે પરમ વૈષ્ણવ હતો. તેનાથી પ્રજા પ્રસન્ન રહેતી હતી. બધી પ્રજાને તે અતિથિ-સેવાનું વ્રત કરવાની ઉત્તેજના આપ્યા કરતો હતો. તેનાથી વૈકુંઠની વસ્તી વધવા લાગી અને યમરાજ ખાલી બેઠા રહેતા હતા. યમરાજે સંકરનું તપ કરીને બીજો અધિકાર માગ્યો. સંકરે તેનું કારણ પૂછ્યું. યમરાજે રાજા ક્રકમાગદના પુણ્યનો મહિમા કહી સંભળાવ્યો અને નિવેદન કર્યું કે, મારી નગરી બિલકુલ ખાલી થઈ ગઈ છે. સંકરે કહ્યું કે, તે રાજા વિષ્ણુભક્ત છે અર્થાત્ મારો પણ ભક્ત છે. તે માટે તું હાલ મારી પાસે રહે. જ્યારે રાજાનું શરીર છૂટી જશે, ત્યારે તું તારી નગરીમાં જઈને કામ કરજે. પછી યમરાજે ત્યાં સંકરની સ્થાપના કરી. ત્યાં બધા પ્રકારનાં વ્રત, દાન કરવામાં આવે છે અને અનેકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ત્યાં પૃથ્વીદાન કરવાથી રાજા પ્રાપ્ત થાય છે

૩. પું. યમ; પ્રેતપતિ.

ધર્મેષ્ટ [સં. ધર્મ + ઇષ્ટ (ચહાયું)] વિ. ધર્મપ્રિય.

ધર્મેંદ્ર જુઓ ધર્મેશ્વર ૧, ૩.

ધર્મૈકચિત્ત [સં. ધર્મ + એક + ચિત્ત (મન)] વિ. ધર્મમાં જ માત્ર જેનું ચિત્ત હોય એવું.

ધર્મોત્તર [સં.] વિ ધર્મ જેમાં મુખ્ય હોય તેવું. ધર્મપ્રધાન.

ધર્મોદ્ભૂતિ [સં. ધર્મ + ઉદ્ભવ (જન્મ)] સ્ત્રી ધર્મની ઉત્પત્તિ; ધર્મજન્મ

ધર્મોદ્ધાર ૧. [સં. ધર્મ + ઉદ્ધાર (મુક્તી)] પું. ધર્મની મુક્તી.

૨ વિ ધર્મનો ઉદ્ધાર કરનાર.

ધર્મોદ્ધારક [સં. ધર્મ + ઉદ્ધારક (મુક્તી કરનાર)] વિ. ધર્મનો ઉદ્ધાર કરનાર.

ધર્મોદ્ધારણ [સં. ધર્મ + ઉદ્ધારણ (ઉદ્ધાર કર્યો તે)] ન. ધર્મનો ઉદ્ધાર કરવો તે.

ધર્મોન્મત્ત [સં. ધર્મ + ઉન્મત્ત (ગાંડું)] વિ. ધર્માંધ; ઝનૂની.

ધર્મોન્માદ [સં. ધર્મ + ઉન્માદ (ગાંડપણું)] ન. ધર્માંધપણું; ધર્મનું ઝનૂન; ધર્મોન્મત્તતા.

ધર્મોપદેશ ૧. [સં. ધર્મ + ઉપદેશ (બોધ)] પું. ધર્મનો ઉપદેશ; ધર્મશિક્ષા; ધર્મનો બોધ; પ્રવિપ્રાપ્તિ અને મહાત્માનો ઉપદેશ

૨. પું. ધર્મરાજા.

૩. પું. (જૈન) સ્વાધ્યાયના પાંચ ભાદેનો એ નામનો એક પ્રકાર; અજ્ઞેય વસ્તુનું રહસ્ય સમજવું અથવા ધર્મનું કથન કરવું તે.

ધર્મોપદેશક ૧. [સં ધર્મ + ઉપદેશક (ઉપદેશ કરનાર)] પું. ધર્મગુરુ.

૨. વિ. ધર્મનો ઉપદેશ કરનાર.

ધર્મોપદેશિકા [સં ધર્મ + ઉપદેશિકા (ઉપદેશ કરનારી)] સ્ત્રી.જી. ધર્મનો ઉપદેશ આપનારી.

ધર્મોપદેષ્ટા [સં. ધર્મ + ઉપદેષ્ટૃ (ઉપદેશ આપનાર)] જુઓ ધર્મોપદેશક.

ધર્મોપધ [સં.] વિ ધર્મદ્રોહી; પાપી

ધર્મોપમાનલુપ્તોપમા [સ.] સ્ત્રી. (અલં) લુપ્તોપમા અલંકારનો એ નામનો એક ભેદ. જ્યાં ઉપમાન હોતું નથી ને ઉપમાનનો સાધારણ ધર્મ એ બેનો લોપ હોય છે.

ધર્મોપમાનવાચકલુપ્તોપમાલંકાર [સં.] પું. (અલં) લુપ્તોપમાલંકારનો એક ભેદ. જ્યાં ઉપમાન, ઉપમાનવાચક અને સાધારણ ધર્મનો લોપ છે.

ધર્મોપાધ્યાય [સં. ધર્મ + ઉપાધ્યાય (વિદ્યાગુરુ)] પું. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરાવનાર; પુરોહિત.

ધર્મોપાર્જન [સં. ધર્મ + ઉપાર્જન (મેળવું કરવું તે)] ન. ધર્મ મેળવું કરવું તે; પુણ્યની કમાણી.

મન, કર્મ અને વાણીથી પ્રાણીમાત્રનું હિત કરવું તે જ મોટામાં મોટું ધર્મોપાર્જન છે, એ હર્ષનો સિદ્ધાંત હતો. કેશવ હર્ષદ

ધર્મોપાસક [સં. ધર્મ + ઉપાસક (આરાધના કરનાર)] વિ ધર્મની ઉપાસના કરનાર; ધર્મનું ઉપાસક.

ધર્મોપેત [સં.] વિ. ધાર્મિક; ધર્મવાળું.

ધર્મૌદાસીન્ય [સં. ધર્મ + ઔદાસીન્ય (બેદરકારી)] ન. ધર્મલોપ; ધર્મ તરફ ધિક્કાર.

ધર્મ્ય જુઓ ધર્મ.

ધર્મ્યરથ [સં. ધર્મ + રથ (રહેણ)] વિ શાસ્ત્રમાં નિપુણ.

ધર્મ્યવ્યવહારીય ૧. [સં.] વિ બે અથવા બોદી વ્યક્તિઓ વચ્ચેની તકરાર ચૂકવનાર. અદાલતને માટે આ વિશેષણ વપરાય છે

૨ વિ. શાસ્ત્રમાં નિપુણ એવા ત્રણ માણસની બનેલી અથવા ત્રણ અમલદારની બનેલી અદાલતને માટે આ વિશેષણ વપરાય છે.

ધર્મ્યોત્તર સ્ત્રી. પુરોહિત વૃત્તિ; ધર્મશિક્ષક વૃત્તિ.

ધર્મ્ય ૧. [સ.] વિ. કાયદેસરનું.

૨. વિ. ખરું; સાચું.

૩ વિ ધર્મ સબંધી. ધર્મને લગતું.

૪ વિ. ધર્મથી પ્રાપ્ત કરવા જેવું

૫ વિ ધર્મયુક્ત; ધર્મને લાયક.

૬. વિ. ધર્મવાળું.

૭ વિ. પવિત્ર

૮. વિ શાસ્ત્રોક્ત.

ધર્મ્યવિવાહ [સં. ધર્મ્ય (ધર્મવાળું) + વિવાહ (લગ્ન)] પું. ધર્મયુક્ત વિવાહ; શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થયેલ લગ્ન; બ્રાહ્મ,

દૈવ, આર્ષ, ગાંધર્વ અને પ્રાજાપત્ય એ પાંચ પ્રકારના વિવાહ.

ધર્મામૃત ૧. [સં. ધર્મ (ધર્મનું) + અમૃત] ન. ગીતાના બારમા અધ્યાયના જેવા આઠ એટલે ૧૩ થી ૨૦ સુધીના શ્લોકનો ભાગ.

૨. ન. ધર્મમાંથી તારવી કાઢેલું અમૃત; ધર્મનો સાર.

ધર્યું ૧. વિ આવું.

૨. વિ સક્ત.

૩. વિ. નકામું; નિરર્થક.

૪. [સં. ધૃત] વિ. પાળ્યા રહેલું હોય એવું. ધર્યું રહેવું = પડ્યું રહેવું. જમો કેદાર તારા ધર્યા રહેશે.—અખો

૫. ન. વિ. પકડ્યું; ધારણ કર્યું.

ધર્વે પું. ધરવ; સંતોષ; તૃપ્તિ; તુષ્ટિ.

ધર્ષ ૧ [સં.] પું. અપમાન; અનાદર; તિરસ્કાર.

ધાતુકુશલ [સં.] વિ. ધાતુને મારવા કરવામાં કુશળ; ધાતુના કામકાજમાં હોશિયાર.

ધાતુક્રિયા વિ. [સં. ધાતુ + ક્રિયા (કર્મ)] સ્ત્રી. ધાતુનું પૃથક્કરણ કરવા સંબંધી ક્રિયા ધાતુકર્મ

૨. સ્ત્રી. ધાતુશોધનવિદ્યા; ધાતુઓને શુદ્ધ કરવાની વિદ્યા.

ધાતુક્ષય વિ. [સં.] પું ક્ષય રોગ; શરીર ધીમે ધીમે ઘસાતું જાય એવો રોગ ખાંસીનો રોગ, મળમૂત્રનો વેગ રોકવાથી, અતિ ઉપવાસથી, ઓસેપણથી, ચિંતા, શ્રમ, અભ્યાસ, બહુ બોલવું, હરડી, તાવ વગેરે કારણોથી આ રોગ થાય છે. આ રોગ ચારસામાં ઊતરે છે. તેના ઉપાયમાં અરડૂસીનો રસ, વસંતમાલતી, સીતોપલાદિ ચૂર્ણ, ઇજન, કોડલીવર અથવા નક્ષત્રોમિશ્રાનું સેવન કરાય છે.

૨. પું. પ્રમેહ રોગ.

૩. [સં. ધાતુ (શરીરનો એક રસ) + ક્ષય (નાશ પામવું)] પું. વીર્યનો ઘટાડો; શરીરમાંથી ધાતુનો નાશ થઈ જવો તે.

ધાતુક્ષયદાહ [સં.] પું. ઘાતરોગનો એક પ્રકાર.

ધાતુક્ષાર [સં. ધાતુ (ખનિજ) + ક્ષાર (ખારાશવાળું તત્ત્વ)] પું. કોઈ પણ ખનિજમાંથી રાસાયણિક ક્રિયાથી બનતો ક્ષાર; ધાતુલવણ.

ધાતુક્ષીકતા વિ. [સં. ધાતુ (શરીરનો કોઈ પણ રસ) + ક્ષીણતા (ઘટી જવાપણું)] સ્ત્રી. ધાતુક્ષય. અત્યંત રતિવિલાસ કરવાથી કે વીર્યસ્ત્રાવ વારંવાર હસ્તક્રિયાથી અથવા બીજી કોઈ રીતે જ્યારે વીર્યનો બહુ મોટો પ્રમાણમાં ક્ષય થાય, ત્યારે ધાતુ ક્ષીણ પડી જાય છે. તેથી શરીર નબળું પડી જાય, કમર દુઃખે, માથું ફરે અને ઊંઘ આતો રહે અને કામ કરવાની તાકાત જતી રહે.

૨ સ્ત્રી નામદર્દી.

ધાતુગતજ્વર [સં. ધાતુ (શરીરનો એક રસ) + ગત (ગયેલ) + જ્વર (તાવ)] પું. સાત ધાતુને દૂષિત કરી ઉત્પન્ન થયેલો તાવ.

ધાતુગર્ભ [સં.] પું શુદ્ધ અથવા કોઈ મોટા મહાત્માના હાડ કે હાડકાં રાખવાની એક જાતની કોથળી અથવા વાસણ; ધાતુકોષ.

ધાતુગર્ભા [સં. ધાતુ (ખનીજ) + ગર્ભ (અંદરનો ભાગ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. જેના ગર્ભમાં ધાતુઓ રહેલ હોય એવી. જમીન માટે આ વિશેષણ વપરાય છે.

ધાતુગુણક [સં. ધાતુ (ખનિજ) + ગુણ્ + ક (વાળું)] વિ. ધાતુના ગુણવાળું.

ધાતુગોપ જુઓ ધાતુનર્જા.

ધાતુઘડાં (ધાતુઘડા) [સં. ધાતુ + ઘટ્ (ઘડવું)] કું ધાતુ ઘડવાનું કામ કરનાર માણસ; ધાતુ ઘડનાર કારીગર.

ધાતુઘન [સં. ધાતુ (ખનિજ) + ઘન (નક્કર)] વિ. ઘન ધાતુના બનાવ જેવું; ખોખરું.

ધાતુઘ્ન ૧. [સં ધાતુ + ઘ્ન (મારનાર)] કું. શરીરની ધાતુનો નાશ કરનાર પદાર્થ, જેમકે, પારો.
૨. વિ. ધાતુને ઝેરનાર.

ધાતુચૈતન્ય [સં. ધાતુ + ચૈતન્ય (જ્ઞાન)] વિ. ધાતુને ઉત્પન્ન કરનાર; વીર્યે વધારનાર.

ધાતુચૈતન્યતા [સં. ધાતુ + ચૈતન્ય (જ્ઞાન) + તા (પણું)] સ્ત્રી. જેના સેવનથી ધાતુ ઉત્પન્ન થાય તેવો પદાર્થ.

ધાતુજ ૧. [સં. ધાતુ (ત્રિપાદનું રૂપ) + જ (જન્મેલ)] ન. ત્રિપાદ ઉપરથી બનેલ શબ્દ; નામ
૨. [સં. ધાતુ (ખનિજ) + જ (ઉત્પન્ન થયેલ)] વિ. ધાતુનું બનેલું.
૩. વિ ધાતિક; ધાતુ સંબંધી.

ધાતુજનક [સં. ધાતુ (ખનિજ) + જનક (પેદા કરનાર)] વિ. ધાતુપ્રદ; ધાતુ પેદા કરનાર

ધાતુતા [સં.] સ્ત્રી. ધાતુપણું.

ધાતુત્વ જુઓ ધાતુતા.

ધાતુધોવી સ્ત્રી વીર્ય જેવું પ્રવાહી ઝોબળી.
એ ઝોબળીઓમા ધાતુ ઓછી માત્ર છે અને તે માટે તેને ધાતુધોવી કહેવામા આવે છે.
ડૉ. ભરુચા

ધાતુદ [સં. ધાતુ + દ (આપનાર)] વિ. ધાતુ આપનાર; ધાતુ ઉત્પન્ન કરનાર.
ધાતુસ્વરૂપમા ધાતુદ પદાર્થોની ચિકિત્સા મે તેને સમતા ઉપયોગ નિમે નિવેદન છે.
આયુર્વેદસંહિતા

ધાતુદ્રાવક ૧. [સં. ધાતુ (ખનિજ) + દ્રાવક (ઓગાળનાર)] કું. ટંકણખાર. ટંકણખારથી સોનું વગેરે ઝણી બને છે.
૨. કું. સાજીખાર.

ધાતુધર્મક ૧. [સં. ધાતુ (ખનિજ) + ધર્મ (ગુણ) + ક (વાળું)] વિ. ખનિજના ગુણનું.
૨. વિ. ધાતુમય.

ધાતુનાશક [સં. ધાતુ (શરીર માટેનું એક દ્રવ્ય) + નાશક (નાશ કરનાર)] કું. શરીરની ધાતુનો નાશ કરનાર પદાર્થ.

ધાતુનાશન ૧. [સં.] ન. કાંટાક નામનો પદાર્થ.
૨. વિ. સોનું વગેરે ધાતુને ઝારનાર.

ધાતુપ કું. શરીરમાં રહેલ રસ ધાતુ.

ધાતુપરમિયો કું. એક જાતનો રોગ. આ રોગ ઉપર કપાસના ઝાડની જાતનો અને નાગિયેરનો રસ એકત્ર કરી પવાય છે.

ધાતુપરિવર્તન [સં. ધાતુ (ખનિજ) + પરિવર્તન (ફેરફાર)] ન. કીમિયો; સોખંડ કે ચાદીમાંથી સોનું બનાવવાનો હુનર.

ધાતુપરીક્ષક ૧. [સં. ધાતુ + પરીક્ષક (પરીક્ષા કરનાર)] કું. ધાતુની પરીક્ષા કરનાર માણસ.
૨. કું. ધાતુનું શોધન કરનાર
૩. વિ ધાતુશોધનવિદ્યામાં પ્રવીણ.

ધાતુપાક [સં. ધાતુ + પાક (પાકવું તે)] કું. ધાતુનું પાકવું તે. જે તાવમાં આખો પાક થાય તે તાવ અસાધ્ય મનાય છે. ત્રિદોષ જ્વરમાં રોગની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈને બળનો નાશ થઈ, અરુચિ અંગ પડી જઈને રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ, શુક્ર વગેરે સાતે ધાતુઓ દૂષિત થઈ જાય છે, તેને ધાતુપાક કહે છે. તેમાં દર્દીને ઊંઘ બિલકુલ ન આવે, હૃદય પકડાઈ જાય, શરીર ભારે લાગે, અરુચિ જણાય અને બળનો નાશ થાય.

ધાતુપાઠ ૧. [સં. ધાતુ (ત્રિપાદનું રૂપ) + પાઠ (વાચન)] કું. પાણિનીની આઠસહસ્રપદ્ધતિ પ્રમાણે ગોઠવેલા ધાતુઓની યાદી; ક્રિયાપદોની વર્ગીકૃત યાદી; ક્રિયાપદોનાં મૂળ રૂપોની યાદી
આઠસહસ્રના પાંચ અંગો છે: સૂત્ર, ગણપાઠ સહિત ધૂળિ, ધાતુપાઠ, ગણાદિ અને લિંગાનુશાસન.
પુરાતત્ત્વ
૨. કું. હેમચંદ્રાચાર્યે રચેલો એ નામનો ગ્રંથ

ધાતુપાત્ર [સં. ધાતુ (ખનિજ) + પાત્ર (વાસણ)] ન. ધાતુનું બનાવેલ વાસણ.
ધાતુપાત્ર નહિ પર રહેવા. પ્રેમાનંદ
ધાતુ પાત્ર સરખું પે ન હોવું = બહુ જ ગરીબ હોવું.

ધાતુપારાયણ [સં.] કું. ધાતુપ્રતિપાદક ગ્રંથ.
નવું ધાતુપારાયણ, નવા કોશો, નવો નિઘંટુ, નવું પુરાણ અને નવું કોકશાસ્ત્ર વગેરે એ બધુ જેનોની વિદેશતાને બાદર નવું નવું સજ્જ કરતા આગમોની આપણા જ પ્રદેશમા જોવાયે રહ્યું પ્રવાહની સામે બહુ ગૌણ બનાવ્યું. પુરાતત્ત્વ

ધાતુપિંડ [સં. ધાતુ (ખનિજ) + પિંડ (ગોળો)] કું. સોના ચાંદી વગેરેની ઈંટ.

ધાતુપુષ્ટ [સં. ધાતુ (વીર્ય) + પુષ્ટ (પોષેલ)] વિ. ધાતુને નીરોગી અને દૃઢ બનાવે એવું; વીર્યવર્ધક; પુષ્ટિકારક; પૌષ્ટિક; બળવર્ધક.

ધાતુપુષ્ટિ [સં ધાતુ (વીર્ય) + પુષ્ટિ (પોષણ)] સ્ત્રી ધાતુનું પોષણ કરવું તે. વીર્યની પુષ્ટિ.

ધાતુપુષ્પિકા જુઓ ધાતુપુષ્પી.

ધાતુપુષ્પી [સં.] સ્ત્રી. એ નામનું ઝાડ; ધાતવણી; ધાતવડી.

ધાતુપોષણ [સં. ધાતુ (વીર્ય) + પોષણ (પોષવું તે)] ન ધાતુને પુષ્ટ કરનાપણું.

ધાતુપૌષ્ટિક [સં. ધાતુ (વીર્ય) + પૌષ્ટિક (પોષણ આપે એવું)] વિ. વીર્યને વધ બનાવનાર.

ધાતુપૌષ્ટિકચૂર્ણ [સં. ધાતુ (વીર્ય) + પૌષ્ટિક (પોષણ આપે એવું) + ચૂર્ણ (ભૂકો)] ન (વૈદક) શક્તિ આપનાર એ નામનું એક ચૂર્ણ. તે બનાવવા માટે એખરો, ગોખરુ, શતાવરી, કૌંચા અને મુસળી એ બધાં ચમ્મચાર તોલા, મોરશળ, નાગકેસર અને જેઠીમધ દરેક બબ્બે તોલા, બાવંચી, સૂંઠ અને અફિણ દરેક અઢી તોલો એ પ્રમાણે ચીજો મેળવી તેનું ચૂર્ણ કરવું અને તે સમસ્ત ચૂર્ણના વજનની બરાબર સાકર મેળવવી

ધાતુપ્રદ [સં. ધાતુ + પ્રદ (આપનાર)] વિ ધાતુ પેદા કરનાર; ધાતુપા ક.

ધાતુપ્રધાન [સં. ધાતુ (શરીરનો રસ) + પ્રધાન (મુખ્ય)] વ વીર્ય.

ધાતુપ્રમેહ [સં] કું. ધાત જાય એવો પ્રમેહનો રોગ.

ધાતુબગાડ (ધાતુબગાડ) કું. ધાતુ બગડવાનો રોગ.

ધાતુબૈરી [હિ.] કું. મંજરા; ધાતુવૈરી.

ધાતુભસ્મ [સં.] સ્ત્રી. ધાતુ બાળીને કરેલી ભાખ.

ધાતુભસ્મલક્ષણ [સં. ધાતુ (ખનિજ) + ભસ્મ (રાખ) + લક્ષણ (ચિહ્ન)] ન. ધાતુની ભસ્મની કસોટી કરવી તે. અંગૂઠા અને તર્જની વચ્ચે ભસ્મની ચપટી લઈ ચોળી જોવાથી આંગળીની ઝીણી રેખાઓમા તે ભસ્મ કાંઈ ખાવા તથા તુરાશથી પણ બળ નહિ, તેમ જ ભસ્મને ચાટી, ઘી અને મધ સાથે મેળવી પૂતળીમા નાખીને ધમ્યા છતાં ચાટીનું વજન ઘટે કે વધે નહિ તો ધાતુની ભસ્મ બરાબર હોવાનું જણાય છે.

ધાતુભૂત ૧ [સં ધાતુભૃત્] પું. પર્વત; પહાડ. ૨ વિ ધાતુનું પોષણ કરનાર; ધાતુ ધારણ કરનાર

ધાતુમત્તા [સં] સ્ત્રી ધાતુવાળાપણું.

ધાતુમય ૧. [સં. ધાતુ (ખનિજ) + મય (વાળું)] વિ. ખનિજના ગુણનું; ધાતુધર્મક.
૨. વિ ધાતુવાળું.

ધાતુમર્શી [સં] પું. કાચી ધાતુને સાફ કરવી તે.

ધાતુમલ [સં ધાતુ (શરીરનો રસ) + મલ (મેલ)] પું શરીરમાં કોઈ ધાતુનો ક્ષય થતાં તેના બગેસ નકામા બાકી કે મેલમાંથી ઉત્પન્ન થતા કફ, પિત્ત, પરસેવો, નખ, વાળ તથા આંખ કે કાનનો મેલ.

ધાતુમાક્ષિક [સં.] ન. સોનામખ્ખી નામની ઉપધાતુ

ધાતુમાતુકાર પું ઉત્તમ પંક્તિનો આવક.
એ પ્રમાણે પ્રત્યાહાર કોટલે ધાતુકારને અધમ, ગ્રેમ કોટલે ધાતુકારને અધમ અને ધાતુમાતુકારને ઉત્તમ માપક ગણ્યો છે. સંજીવકકાર

ધાતુમાન [સં ધાતુમત્] વિ. ધાતુવાળું.

ધાતુમારણ [સં. ધાતુ (ખનિજ) + મારણ (મારવું તે)] ન. ભસ્મીકરણ.

ધાતુમારિણી ૧. [સં ધાતુ (ખનિજ) + મારિણી (મારનાર)] સ્ત્રી. ટંકણખાર.
૨. સ્ત્રી. સાજીખાર.

ધાતુમિશ્ર [સં. ધાતુ (ખનિજ) + મિશ્ર (ભેળસેળવાળું)] વિ. જેમાં કોઈ ધાતુ મેળવેલ હોય એવું.

ધાતુમિશ્રજલ [સં. ધાતુ (ખનિજ) + મિશ્ર (મેળવેલ) + જલ (પાણી)] ન. જે પાણીની અંદર રાસાયનિક સંયોગથી ધાતુઓ ભળી ગઈ હોય તેવું પાણી.

ધાતુમિશ્રિત [સં. ધાતુ (ખનિજ) + મિશ્રિત (મેળવેલ)] વિ. ધાતુમય; ધાતુ મેળવેલ હોય તેવું.

ધાતુમૂલ્ય ૧. [સં. ધાતુ (ચીજ) + મૂલ્ય (કીમત)] ન. ચીજનું બારદાનવિના મૂલ્ય.
૨. ન. ધાતુની ખરેખરી કીમત.

ધાતુમેલ પું. ધાતુનો કચરો.

ધાતુયુગ [સં ધાતુ + યુગ (જમાનો)] પું. ધાતુનાં હથિયાર મનુષ્યે વાપરવાં શરૂ કર્યાં તે સમય. સર્વથી પ્રથમ તાંબું, ત્યારપછી કાંસું અને છેલ્લે લોઢું સંપાદન થયું.

ધાતુરંગ પું. પ્રવાહી બનાવેલ ધાતુનો રંગ.

ધાતુરસ પું. (ડાંગી) ઝેર ખાતનો જોડ. જેની જમીનો ઉપર વપરાયેલી હોય છે.

ધાતુરસાયન [સં.] ન. ધાતુઓને કોઈ પ્રવાહી રૂપમાં ફેરવી નાખી જુદા જુદા રંગોની પેઠે તેમને પણ જુદા જુદા પદાર્થો ઉપર ચઢાવવાના અખતરા સહિત નીવડ્યા છે, ને એ મુજબ લોઢ સીસું, તાંબું, ઝેલ્યુમિનિયમ, ક્રોમિયમ, જસત, કલાઈ, પિત્તળ અને કાંસાને તો પ્રવાહી સ્વરૂપે બજારમાં મૂકી પણ શકાયાં છે રેયમાં આ પ્રવાહો અસરકારક માલૂમ પડ્યાં છે ઉદ્યોગોમાં પણ આ ધાતુરસો મહત્ત્વના બન્યા છે, મરણ હાઇડ્રોક્લોરિક એસિડથી જે ધાતુઓ બચાતી બતી તેમને માત્ર સીમાના રંગનો પાતળો થર ચઢાવતાં એ અસરથી નિર્લેપ બનાવી શકાય છે. અને એ જ સીમાના રંગના બબે થર ચઢાવવામાં આવે તો તે ઓક્સમ ક્રિયાથી પણ અભેદ્ય બને છે. આ ધાતુરંગો સ્પ્રેથી પણ ચાંટી શકાય છે

ધાતુરાગ [સં] પું. ધાતુમાંથી નીકળતો રંગ. જેમકે. ગેરુ, સિંદૂર.

ધાતુરાજક ૧. [સં.] પું પારો.
૨ પું વીર્ય; શુક્ર. તે શરીરની બધી ધાતુમાં શ્રેષ્ઠ મનાય છે

ધાતુરુત્તમ [સં.] પું. વિષ્ણુનાં કલ્પેલાં અઢાર ઋષિઓનું નામ. સર્વ ધાતુઓ કરતાંરાઓમાં તે ઉત્તમ હતા અને બધાથી પણ તે શ્રેષ્ઠ હોઈને ધાતુરુત્તમ કહેવાય છે સમસ્ત ઉત્કૃષ્ટ પદાર્થોમાં અનંત ભેદ હોવાથી ઉત્તમ છે, તેથી પણ તે ધાતુરુત્તમ કહેવાય છે.

ધાતુરૂપ [સં.] વિ. ધાતુના જેવું.

ધાતુરૂપાવલિ [સં. ધાતુ (ક્રિયાપદનાં રૂપ) + આવલિ (હાર)] સ્ત્રી. તે નામની જોડ સંસ્કૃત વ્યાકરણની ચોપડી જેમાં ધાતુનાં જુદા જુદા કાળ પત્રોરેનાં રૂપ આપેલાં છે.

ધાતુરૂપાવલી જુઓ ધાતુરૂપાવલિ.

ધાતુરેચક [સં.] વિ. ધાતુને મહી નાખે તેવું; વીર્યને વહેડાવનાર.

ધાતુર્વાદી જુઓ ધાતુવાદી.

ધાતુલવણ [સં. ધાતુ (ખનિજ) + લવણ (ખાર)] ન. ધાતુનો ક્ષાર.

ધાતુવર્ણન [સં.] ન. ધાતુ સંબંધી વર્ણન.

ધાતુવર્ધક [સં. ધાતુ (વીર્ય) + વર્ધક (વધારનાર)] વિ. શરીરમાંની રસાદિ ધાતુઓને વધારનાર; વીર્યને વધારનાર; ક્ષય. જે ઔષધિ વીર્યની વૃદ્ધિ કરી તેને ઘાટું બનાવે તેને ધાતુવર્ધક કહે છે.

ધાતુવલ પું. (ડાંગી) ઝેર ખાતનો જોડ. જેની જમીનો ઉપર વપરાયેલી હોય છે.

ધાતુવલ્લભ [સં.] પું. ટંકણખાર.

ધાતુવાદ ૧. [સં.] પું. ચોસઠ કલાની જે નામની એક કલા; જેથી ધાતુને સાફ કરવાની તથા એકમાં મળેલી બધી ધાતુને જુદી જુદી કરવાની કલા; ધાતુસંશોધનશાસ્ત્ર.
૨ ન ધાતુ સંબંધી વિદ્યા; ધાતુ સબંધી શાસ્ત્ર. અશ્વિનીકુમારે તે રચ્યાનું મનાય છે.
૩. પું. રસાયણ બનાવવાનું કામ.
૪. પું કલાઈ ધાતુનું સોનું કરી દેવાની કલા; કીમિયાગીરી.
ધાતુવાદ વિદ્યા બેટલે લોહસિદ્ધિ (કલાઈ ધાતુને સોનામાં ફેરવી નાખવું) અને રેહસિદ્ધિ (આ માનવ શરીરને લોઢાં વર્ષો સુધી જરા મરણના ભય વિના ટકાવી રાખવું) આ બંને વિદ્યાઓ પ્રાચીન કાળથી લોખંડોનો ચાલી રહી છે. આયુર્વેદરહસ્યાંક

ધાતુવાદકલા [સં,] સ્ત્રી. ચોસઠ કલાની જે નામની એક કલા. ધાતુ કેમ ગાળવી, પતરાં કેમ પાડવાં, વાટ કેમ વાળવા, ધાતુની મેળવણી કેમ કરવી, તે સર્વ આ કલામાં આવે છે. કેટલીક વાર સોનારૂપાનાં વાસણો દેખીતાં કાંઈ જણાય, પણ અંદર કાંઈ હોતું નથી. આ કલા જાણવાથી તેનો ભેદ તત્કાળ પરખાય છે.

ધાતુવાદકળા જુઓ ધાતુવાદકલા.

ધાતુવાદી ૧. [સં. ધાતુવાદિન્] પું. ધાતુઓ વિષે જ્ઞાન ધરાવનારો માણસ.
૨. વિ. રસાયણની મદદથી સોનું, રૂપું બનાવનાર; કીમિયાગર.

ધાતુવિકાર [સં] પું. વીર્યનો વિકાર; વીર્યનો કોઈ રોગ; વીર્યમાં ખરાબ.

ધાતુવિદ [સં. ધાતુવિદ્] ન. સીસું.

ધાતુવિદ [સં ધાતુવિદ્] પું. ધાતુ સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ; ધાતુજ્ઞાનવેત્તા.

ધાતુવિદ્યા [સં. ધાતુ (ખનિજ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ધાતુ સંબંધી વિદ્યા; ધાતુસંશોધનશાસ્ત્ર.

ધાતુવિદ્યાવાન [સં ધાતુ (ખનિજ) + વિદ્યા (જ્ઞાન) + વત્ (વાળું)] વિ. ધાતુશોધક; ધાતુ સંબંધી વિદ્યા જાણનાર.

ધાતુવિજંભસુત્ત ન. મજ્ઝિમનિકાય નામના બૌદ્ધ પુસ્તકનો એ નામનો ભાગ.
તેમાં બુદ્ધે સો ઉપદેશ કર્યો અને આનંદ જ્યાં ઊભતા ગામથી તે કેવી રીતે બાલે એ બધું વર્ણન ઉપર કહેલા ધાતુવિજંભસુત્તમાં જ છે.

પુરાતત્ત્વ

ધાતુવિષ [સં. ધાતુ (ખનિજ) + વિષ (ઝેર)] ન. ધાતુમાંથી ઉત્પન્ન થતું ઝેર.

ધાતુવૃક્ષવિદ્યા [સં. ધાતુ (ખનિજ) + વૃક્ષ (ઝાડ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ખનિજ અને વનસ્પતિનો એકબીજાનો સંબંધ દર્શાવનારી વિદ્યા.

ધાતુવેત્તા ૧. [સં. ધાતુ (ખનિજ) + વેત્ત (જાણનાર)], પું. ધાતુપરીક્ષક; ધાતુવાદ, ધાતુવિદ્યા જાણનાર, ખનિજવાદી.

૨. પું. પથ્થર થઈ ગયેલા હાડકા વગેરે પારખનારો માણસ.

ધાતુવેધી સ્ત્રી. એ નામની વનસ્પતિ.

આ વનસ્પતિને ભ્રાહ્મણોના બોટાદી, ઉત્તરાપથના રસહરપર્ણી, પૂર્વ તરફના લોકો **ધાતુવેધી** અને સ્વર્ણમા કરપત્રક કહે છે. આયુર્વેદસ્વરૂપાર્ક

ધાતુવૈરી [સં. ધાતુર્વૈરિન્] પું. પારદ.

ધાતુવૈષમ્ય [સં.] ન. ધાતુની વિષમતા; વાત, પિત્ત અને કફની અસમાનતા.

અન્ન અને પાણી અંદર રહેલા જે રોગો, દુષ્ટ વ્રણોમાં પોતાપણે દાહ કરે છે–**ધાતુવૈષમ્ય** કરી રોગો ઉત્પન્ન થાય છે. રુદ્રો

ધાતુશાસ્ત્ર [સં.] ન. ખનિજ ધાતુ સંબંધી શાસ્ત્ર.

ધાતુશાસ્ત્રવેત્તા જુઓ ધાતુવેત્તા.

ધાતુશાસ્ત્રી જુઓ ધાતુવેત્તા.

ધાતુશિલ્પ [સં.] ન. ધાતુઓના કામ સંબંધી વર્ણન કરતું સિદ્ધાન્તશાસ્ત્ર.

ધાતુશુદ્ધિ [સં.] સ્ત્રી. ખનિજને સ્વચ્છ કરવાપણું.

ધાતુવિદ્યા જોરથી ખનિજ પદાર્થોમાંથી **ધાતુશુદ્ધિ**ની ક્રિયામાં હિંદુઓએ ખાસ જોરદાર મેળવી હતી. ગુ. સા. પરિષદ

ધાતુશેખર ૧. [સં.] ન. મોરથૂથુ.

૨. ન સીસું.

૩. ન. હીરાકસી.

ધાતુશોધક [સં. ધાતુ (ખનિજ) + શોધક (શોધનાર)] પું. ધાતુનું શોધન કરનાર માણસ.

ધાતુશોધન [સં.] ન. ધાતુનું પૃથક્કરણ કરવું તે.

ધાતુશોધનવિદ્યા [સં.] સ્ત્રી. ધાતુપૃથક્કરણશાસ્ત્ર; ધાતુરસનાવિજ્ઞાન.

ધાતુસદૃશ [સં. ધાતુ + સદૃશ (સરખું)] પું. ઉપધાતુ. જેમકે, સંખક. તેમાં ધાતુના અને માક્ષિક ઉપધાતુના ગુણ હોય છે.

ધાતુસર્વસ્વ [સં.] ન. ઋષિ ભોગરને બનેલું ધાતુ સંબંધી એ નામનું જોડ શાસ્ત્ર. તેમાં ખનિજ પદાર્થોનાં સ્વરૂપ, જુદા જુદા પ્રકારનાં વિષ; તેમનો પ્રતિકાર, ધાતુ સમેલન વગેરે બાબતો ચર્ચેલી છે.

ધાતુસત્ત્વ [સં.] પું. સીસું.

ધાતુસંશોધન [સં. ધાતુ (ખનિજ) + સંશોધન (શુદ્ધિ)] ન. ધાતુ શોધવાની ક્રિયા.

ધાતુસંશોધનવિદ્યા [સં. ધાતુ (ખનિજ) + સંશોધન (શુદ્ધિ) + વિદ્યા] સ્ત્રી. ધાતુ શોધવાની વિદ્યા.

એનું કોઈરાજે **ધાતુસંશોધનાંવદ્યા** પરત્ન બગલનું બહેલું પુસ્તક મલી આવ્યું.

સુવર્ણમાલા

ધાતુસંશોધનશાસ્ત્ર જુઓ ધાતુસંશોધનવિદ્યા.

ધાતુસાધિત [સં.] વિ. (બાહરણ) ધાતુ ઉપરથી થયેલ.

ધાતુસાધિત નામ ન. (બાહરણ) ક્રિયાપદના ધાતુ ઉપરથી બનેલ નામ.

ધાતુસામ્ય [સં. ધાતુ (શરીરમાંનો રસ) + સામ્ય (સમપણું)] ન. આરોગ્ય; તંદુરસ્તી; શરીરમાંની કફ, પિત્ત અને વાયુ એ ત્રણ ધાતુ પ્રમાણસર હોવાની સ્થિતિ.

ધાતુસામ્યતા [સં. ધાતુ (શરીરનો રસ) + સામ્ય (સરખાપણું) + તા (પણું)] સ્ત્રી. ધાતુનું પ્રમાણ સરખું હોવાપણું. નામને તા પ્રત્યય લાગતો નથી, જોકે ધાતુસામ્યતા પ્રયોગ ખોટો છે. ધાતુસામ્ય શબ્દ સાચો છે.

જેનામા **ધાતુસામ્યતા** વધારે તે વધારે ઉત્સાહ કરે છે, જ્યાંમાં તે શક્તિ વધારે હોય છે, માટે તે વધારે મૂરને છે. અ. મ. શાહ

ધાતુસ્તંભક [સં. ધાતુ (વીર્ય) + સ્તમ્ભ (રોકવું) + ક (કરનાર)] વિ. વીર્યને રોકનાર.

ધાતુસ્રાવ [સં. ધાતુ (વીર્ય) + સ્રાવ (વહેવું તે)] પું. વીર્યસ્રાવ; મૂત્રમાર્ગથી નિયમ વિના ધાતુનું ઝરવું તે.

ધાતુહન [સં. ધાતુહન્] પું. પારદ.

ધાતૂ ૧. [સં. ધાતુ] સ્ત્રી. (હિંદી) શરીરનો એક રસ.

૨. જુઓ ધાતુ.

ધાત્પત્ર [સં.] પું. આકડો; અર્ક.

ધાત્પુત્ર [સં. ધાતુ (ધાતુ) + પુત્ર (દીકરો)] પું. બ્રહ્માનો પુત્ર સનત્કુમાર.

ધાત્પુષ્પિકા [સં.] સ્ત્રી. ધાવડીનું ઝાડ.

ધાત્પુષ્પી જુઓ ધાત્પુષ્પિકા.

ધાત્વભ [સં.] ન. (જ્યોતિષ) રોહિણી નક્ષત્ર.

ધાત્વામ્લ પું. શિવના હલાહલ મહેલું એક નામ.

ધાત્ર ૧. ન. આમળાનું ઝાડ.

૨. [સં.] ન. ધાત્રી વાસણ. ભાજન

૩. ન. બ્રહ્મા કે અદિતિ જેનો દેવ હોય તેવો પુરોડાશ.

ધાત્રિ પું. (પુરાણ) એ નામનો એક દેવ. ઋગ્વેદના પાછલા મંત્રોમાં આ દેવ વર્ણવ્યો છે. સવિતા, સવિતૃ અને ગૃહપતિ ઉપર એની સત્તા કહેવાય છે. તે રોગ મટાડે છે અને ભાંગેલા હાડકા સાંધી દે છે એમ મનાય છે. એણે પ્રથમના જેવા સૂર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી, હવા અને સ્વર્ગ બનાવ્યાનું કહ્યું છે. પાછલા કાળમાં એ બ્રહ્મા એટલે પ્રજાપતિ હોય એમ લાગ્યું છે. વિષ્ણુ અને કૃષ્ણને પણ એ નામ લગાડાય છે. કેટલીક જગાએ એને બ્રહ્માનો પુત્ર પણ કહ્યો છે.

ધાત્રિકા ૧. [સં.] સ્ત્રી. આમળાનું ઝાડ. તેના પાંદડાં ધાત્રી એટલે આમલીના પાંદડાં જેવાં હોય છે. તે આમલીના જેવું હોવાથી તેને ભ્રાન્તિએ કહે છે

૨ સ્ત્રી એક જાતનું ઝાડ: આમલી.

ધાત્રી ૧. પું. (પિંગળ) આર્યા છંદની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૯ ગુરુ અને ૧૯ લઘુ મળી ૩૮ વર્ણ હોય છે.

૨. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ ચૂલાણા ઉપલાલા છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૮૦ લઘુ મળી ૯૪ વર્ણ અને ૧૦૮ માત્રા હોય છે.

અરસિક જન પ્રેમે કાલ્યના કહેવું ખોટું,
ન સમ ન સમ રેખી ધાત્રી મારે લલાટે.

વિહારી

૩. [સં.] સ્ત્રી આમળાનું ઝાડ. તેનાં પાન પુલ્લમાં વપરાય છે. લોકમાનલીનાં જેવાં તેનાં પાન થાય છે, માટે તે ધાત્રી નામથી ઓળખાય છે.

૪. સ્ત્રી. આમળી.

૫. સ્ત્રી. આમળું.

૬. સ્ત્રી. ઉપમાતા; ધવરાવીને ઉછેરનારી માતા, ધાવ

એહેના માટે ધાત્રી ગાય પામી બાળને શેર નથી. નાકર

૭. સ્ત્રી. એ નામની એક ઔષધ.

૮. સ્ત્રી. ગંગા.

૯. સ્ત્રી. રાત્રિ.

૧૦. સ્ત્રી. સાવત્રી.

૧૧. સ્ત્રી. છોકરાં સંભાળનાર સ્ત્રી; છોકરાંને સાચવવા માટે રાખેલ સ્ત્રીનોકર.

૧૨. સ્ત્રી. દુર્ગાનું એક નામ

૧૩. સ્ત્રી. ધાવડીનું ઝાડ.

ધાન

૧૪. જી. (જૈન) ધાવનું કામ કરીને જેનાવેલ ભિક્ષા. આ એક દોષ મનાય છે.
૧૫. જી પૃથ્વી; ભૂમિ.
૧૬. જી. બહેનની પુત્રી.
૧૭. જી માતા; મા
૧૮. જી માયા; પ્રકૃતિ.
૧૯. જી. સુવાવડી; 'મિડવાઇફ'
૨૦. જી. સેના; ફોજ.
૨૧. જી. ઉંટડી.
૨૨ વ એ નામની અટકનું માણસ.
૨૩ વિ. એ નામની અટકનું.
૨૪. [સં. ધાતૃ (ધારણ કરનાર) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. જી. ધારણ કરનારી.

ધાત્રીઅરિષ્ટ [સં. ધાત્રી (આંબળું) + અરિષ્ટ (આસવ)] ન. (વૈદક) આંબળાંમાંથી બનતો એક બનતો આસવ. તે બનાવવા આંબળાં ૨૫૬૦ આંબળાંનો રસ કાઢી તેમાં આઠમા ભાગનું મધ નાખવું તથા ધીંડીપીપર ૧૬ તોલા અને સાકર ૧૦ શેર નાખી તેને બોડો વખત ઉકાળવું. પછી બધું એક માટીના કામમાં ભરી મુખમુદ્રા બંધ કરી એક માસ રાખી મૂકવું. તેની માત્રા ૫ તોલા છે.

ધાત્રીકર્મ ૧. [સં. ધાત્રી (ધાર્ય) + કર્મન્ (કામ)] ન. ધાઈનું કામ; બાળઉછેરનું કામ.
૨. ન. ધવરાવવાનું કામ; ધાવમાતા તરીકેનું કામ.

ધાત્રીદોષ [સં. ધાત્રી (ધાવ માતા) + દોષ] પું. (જૈન) સાધુને આહાર પાણી લેતાં લાગતું એક બનતું પાપ; ધાવની પેઠે બાળકને રમાડીને કે બોલાવીને ભિક્ષા લેવી તે.

ધાત્રીપત્ર ૧. [સં.] ન. આમળાનું પાન.
૨. ન. આંબલીનું પાંદડું.
૩. ન. તાલીસપત્ર. તે ઝેળનાં પાંદડાં જેવું અને તેના બરડામાં ત્રણ ધારવાળું મોટું કાંડું હોય છે.

ધાત્રીપદ [સં ધાત્રી (ધાર્ય) + પદ (સ્થાન)] ન. ધાયપણું; ધાવપણું.

ધાત્રીપાક [સં. ધાત્રી (આંબળું) + પાક (બનાવવાની રીત)] પું. એક પ્રકારનો પાક. તેમાં પડેલાં આંબળાં તથા બીજી ઔષધિ અને ગરમ આવે છે.

ધાત્રીપિંડ પું. (જૈન) ભિક્ષાનો એક દોષ; ધાવની પેઠે બાળકને રમાડી કે બોલાવીને ભિક્ષા લેવી તે.

ધાત્રીપુત્ર ૧. [સં. ધાત્રી (ધાવ) + પુત્ર (દીકરો)] પું. ધાઈનો પુત્ર. ધાવ માતાનો પુત્ર; દૂધભાઈ. આ જુદી જુદી હોય અને બે બાળકો એક જ ધાને ધાવીને જીવ્યાં તે બે ધાત્રીમા અને બાળકો દૂધભાઈ કહેવાય છે.
૨. પું. નટ, નટવા

ધાત્રીફલ ૧. [સં.] ન. આમળું; આમળો
૨ ન. આમલીનું ફળ.

ધાત્રીફળ જુઓ ધાત્રીફલ.

ધાત્રીલોહ [સં.] જી. (વૈદક) પાંડુ રોગ, તથા યકૃત અને બરોળનાં દરદ ઉપર અપાતી એ નામની એક ઔષધ. તે બનાવવા આંબળાં ૬૪ તોલા, લોહભસ્મ ૩૨ તોલા, ગોમૂત્રનું ચૂર્ણ ૧૬ તોલા એ બધાને બરાબર મેળવી તેને બળતા રસની સાત ભાવના દેવાય છે. તેની માત્રા ૨ થી ૪ વાલની છે

ધાત્રીવિદ્યા [સં.] જી. છોકરાં જન્માવવાની અને ગર્ભવતી સ્ત્રી તથા બાળકની માવજત વગેરેની વિદ્યા; બાળક જન્મવાની અને તેના પાલન વગેરેની વિદ્યા.

ધાત્રીશ [સં. ધાત્રી (પૃથ્વી) + ઈશ (પ્રભુ)] પું શિવ.

ધાત્રીશિક્ષા [સં. ધાત્રી (ધાર્ય) + શિક્ષા (શિક્ષણ)] જી. ધાત્રી એટલે નર્સના કામકાજ સંબંધી શિક્ષણ.

ધાત્રેય [સં.] પુ એ નામના એક ઋષિ.

ધાત્રેયિકા ૧. [સં] જી. આંબલીનું ઝાડ.
૨ જી. ધાઈ; ઉપમાતા; ધાવમાતા.
૩. જી. પાલક બહેન; 'નર્સ.'
૪. જી. પાલક માતાની દીકરી; દૂધબહેન; ધાવમાતાની છોકરી; ઉપમાતાની પુત્રી; ધાઈની દીકરી

ધાત્રેયી ૧. [સં.] જી. આંબલીનું ઝાડ.
૨. જુઓ ધાત્રેયિકા.

ધાત્યરિષ્ટ જુઓ ધાત્રીઅરિષ્ટ.

ધાત્વર્થ [સં. ધાતુ (ક્રિયાપદનું રૂપ) + અર્થ (સમજ)] પું. મૂળ ધાતુ ઉપરથી નીકળતો અર્થ; મૂળ અને પહેલો અર્થ; મૂળ શબ્દાર્થ.

ધાત્વાકાર [સં. ધાતુ (ખનિજ) + આકાર (રૂપ)] વિ. ધાતુરૂપ.

ધાત્વાત્મા [સં. ધાતુ (વીર્ય) + આત્મન્] વિ. ધાતુઓમાં પ્રાણરૂપ.

> પુરુષના શરીરના પ્રત્યેક અંગ પ્રત્યંગમાંથી સારભૂત ઉત્તમ તત્ત્વ ધાત્વાત્મા રૂપ સૂક્ષ્મરૂપ સ્વભાવે ઉત્પન્ન થાય છે. સ્વામીકૃષ્ણ

ધાત્વિક ૧. [સં. ધાતુ (ખનિજ) + ઇક (લગતું)] વિ. ધાતુ સંબંધી. ધાતુને લગતું.
૨ વિ ધાતુનું

ધાત્વિકચલન [સં. ધાત્વિક (ધાતુનું) + ચલ્ (ચાલનું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ધાતુનું ચલણ.

ધાત્વિકમૂલ્ય [સં. ધાત્વિક (ધાતુનું) + મૂલ્ય (કીમત)] ન સિક્કાની અંદર રહેલ ધાતુ પ્રમાણે સિક્કાની કીમત.

ધાધર ૧. પું ઢોંસ
૨. પું. તડતડી, તડંતડા; ભોલાચાલી

ધાધ્ય ૧. જી. (કચ્છી) દાદ
૨. વિ. ચળાતું; ચોળીતું.
૩ અ. નક્કી.

ધાધરું વિ. દેખાવ એવું; સ્પષ્ટ.

ધાધરેલ વિ. પોરસીલું; પોરસવાળું.

ધાધર જી. આમડીનો એક રોગ; દરાજ.

ધાધરાટ ૧. જી કથ્થકની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.

ધાધલ ૧. જી. ક્ષત્રીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધાધલો વિ. પું. (કચ્છી) ધાધલ.

ધાન ૧. [સં. ધાન્ય] ન. અનાજ; ધાન્ય.
૧. ધાન આય છે કે મૂળ આય છે ? = (૧) માણસ છે કે પશુ ? (૨) મૂર્ખ છે.
૨. ધાન આવું ધણીનું, ને ગીત ગાવા પીરાનાં = એકનું ખાય બીજા બીજાની સેવા કરવી.
૩. ધાન ધરપત ને બી સંપત = અનાજ પેટ ભરીને ખાય, પણ બી તો પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે ખવાય.
૪. ધાન ધાન કરવું = રોટલો મેળવવાને માટે તલખવું. અમે બધા ભૂખ ભેળા થઈ ગયા અને આખું સુરત શહેર ધાનધાન કરશે.—બાલશ્રી દેસાઈ
૫. ધાન મળે પણ પૈસો મળે નહિ = કરીને મહેનત કરે તો પેટ ભરાય, કંઈ ધનવાન થવાય નહિ.
૬. ધાન મારે ને ધાન જિવાડે = ધાનથી જીવન નભે, પણ જો બધારે પ્રમાણમાં તે લેવાય તો મૃત્યુ થાય.
૭. ધાન વિના મરે કે જ્ઞાન વિના = માણસ ધાન વગર મરણ પામે, કે તેમ જ્ઞાન એટલે બુદ્ધિ વગર પણ દુનિયામાં તે મૃત સમાન છે.

૮. ધાને ઢાંચેલું = પોતાનો ગુજારો પોતાની મેળે કરી શકે એવી સ્થિતિવાળું; મધ્યમ સ્થિતિનું

૯ રાંધ્યા ધાન રહેવાં = ઉપવાસ થવા, કટોકટીના સમયે ખૂબ મોંઘવારી; લોકોને ઘરમાં રાંધેલી રસોઈ કામમાં ન આવવી. ઘેર ઘેર રાંધ્યાં ધાન રહ્યાં, અને રામરોળ થઈ રહ્યો.–નવલમય.વલી

૨. ન. જમતી વખતે ભાણામાંથી ભાત માટે કઢાનો કોગિયો

૩. ન. જુવાર, બાજરો, મકઈને કાચા ખાંડી, પકવીને બનાવેલ ખાનો.

ખાઈ માઈ, કુકરી ચિબાઈ;
ધાન સં. કે ખોરે ચો. ભિક્ષુઅષ્ટક

૪. [સં.] ન. ધારણ કરવું તે.

૫. ન. પોષવું તે; પોષણ કરવું તે.

૬. ન. રાખેલ ચોખા.

૭. ન. રાંધેલું અન્ન.

૧. ઊભ્યજ્ઞ ધાન ગેપમા ન રહે = ઊભા મનથી ક્રમ થતું નથી.

૨. ધાનનું માર્યું નાસું જીવે = કોઈને અપકારીને ઉપકાર નીચ મૂરખ હોય તો તેને એ વસ્તુ વિસરાતી નથી.

૩. ધાનમા ધૂળ નાખવી = બેવાર્થાઓ વચ્ચે કજિયો કરાવવો.

૮. ન. રાંધેલ, કાંકરા; બી.ઢ. ભારત, ચીન, બ્રહ્મદેશ, મલાયા, અમેરિકામાં ખૂબ પ્રમાણમા અને પટલી, રંગૂન વગેરે બરમાના દક્ષિણ ભાગમા ચોક્ક પ્રમાણમા કાંકરની ખેતી કરવામાં આવે છે. તેને માટે તર ભેટલ ભીનાશવાળી જમીન અને ગરમીની જરૂર રહે છે. તેને પુષ્કળ વરસાદ અથવા કૂવાના પાણીની જરૂર રહે છે. કાંકરની ખેતી બહુ પ્રાચીન કાળથી થતી આવે છે, તેથી તેની અનેક જાત થઈ છે. ઋગ્વેદમાં ધાના અને ધાન્ય શબ્દ આવેલ છે. ધાના શબ્દનો અર્થ સાથેજે ભાડિયા જવ કહેલ છે, પરંતુ ધાન્યનો અર્થ બાજો કરેલ નથી. આ ઉપરાંત અથર્વવેદ, કાંખાયન ગૃહ્યસૂત્ર, શતપથ બ્રાહ્મણ, કાત્યાયન શ્રૌતસૂત્ર વગેરેમાં ધાન્ય શબ્દનો પ્રયોગ લેખકમાં આવે છે, પણ કયાંક કયાંક ધાન્ય શબ્દ માત્ર અન્નના અર્થમાં પણ વપરાયેલ છે. તૈત્તિરીય સંહિતા, વાજસનેય સંહિતા વગેરેમાં વીહ શબ્દ વારંવાર આવે છે. કૃષ્ણ યજુર્વેદમા શુક્લ અને કૃષ્ણ વીહિનો ઉલ્લેખ છે ફારસીમાં પણ બિરંજ શબ્દ ચાવલને માટે છે, જે નકી વીહિની સાથે સંબંધ રાખે છે. આથી સ્પષ્ટ છે કે, પ્રાચીન આર્યોને ધાનનું જ્ઞાન એ સમયે પણ હતું કે જ્યારે તેનો વિસ્તાર મધ્ય એશિયા સુધી હતો. ઈ.સ. પૂર્વે ૨૮૦૦ વર્ષ અગાઉ શિવનંગ રાજાના વખતમા ચીનમાં એક તહેવાર ધાનમાં ઋતનો હતો, જેમાં પાંચ પ્રકારના અનનું વાવેતર કરે કરાતુ હતુ. આ પાંચ અનમા ધાનનું નામ પ્રથમ છે ચીનમાં ધાન જંગલી પણ થાય છે અને ધાનની ખેતી પણ વર્ષોથી થતી આવી છે. જપેન, ચીન, હિંદુસ્તાન, બ્રહ્મદેશ, મલાયા વગેરેમા ચોખા બહુ ખવાય છે જેકે તેમાં માંસ બનાવનાર અંશ બહુ ઓછો હોય છે, તોપણ ગરમ દેશો માટે આ અન બહુ ઉપયોગી છે ભારતવર્ષમા સૌથી અધિક ધાન બંગાળમા થાય છે. તેના ત્રણ જાત બનાવ છે: (૧) આમન અથવા અગહની, જે જેઠ અષાઢ મહિનામા વાવવામા આવે છે અને માગશર પોષ માસમાં લણવામાં આવે છે, (૨) આઉસ અથવા આદઈ, જે વૈશાખ જેઠમા વાવવામા આવે છે અને ભાદરવા આસોમાં લણવામા આવે છે અને (૩) બોરો, જે પોષ મહા માસમાં વાવવામા આવે છે અને વૈશાખ જેઠમા લણવામાં આવે છે. જે ધાન એક ઠેકાણેથી ઉખાડીને બીજે ઠેકાણે વાવીને પેદા કરવામા આવે છે, તેને જટહન કહે છે, કેમકે તે કીડીમાં તૈયાર થાય છે આમ જુદે જુદે સ્થળે ધાનનું વાવતરે પોષ્યા અષાઢ સુધી થાય છે અને લણણી જેઠમા માગશર સુધી થાય છે, પણ ઉત્તર હિંદમા મોટા પ્રમાણમાં ધાન અષાઢ શ્રાવણમાં વવાય છે. સાધારણ ધાન તો ભાદરવા આસો સુધીમાં તૈયાર થઈ જાય છે, પણ જલ્દ જાતનું ધાન માગશરમા લણાય છે બીજા ચોખા કરતાં તે કરી વાવવાથી થાય છે ચોખાની બધી જાત છે. સને ૧૮૭૨માં આબોહવા ઘરમાં રાખવા માટે ચાવલનો જે સમહ કરેલ હતો તેમા પાંચ હજાર જાતના ચોખા હતા. બીજા સુગધી ચાવલમાં બાસમતી સૌથી પ્રસિદ્ધ છે. રોપ કરીને કરી વવાતા ચાવલમાં બાસમતી ઉપરાંત હાજેરા, રામજોમ, રાનીકાજર, તુલસીમંજર, મોતીચૂર, સમુદ્રફેન, કનકજીરા વગેરે પણ સારા ચાવલ ગણાય છે. સાધારણ ચાવલની પણ ઘણી જાત છે: જેમકે, આગરી, દુધો, સાઠી, સરવા, રામજવાઈન. પડતર ફળદ્રુપ જમીનમાં પણ ધાન સારૂં થાય છે જેમકે, કાંગડામા, હરિકેયની પાસે તપોવનમા તથા જમ્મુ પ્રાંતમાં. ભારતવર્ષ અને ઓસ્ટ્રેલિઆના કેટલાક ભાગમાં કાંકરની જંગલી જાત પણ થાય છે.

ધાનક ૧. [સં. ધાનુષ્ક] પું (હિંદી) ધનુર્ધારી, તીરંદાજ; ભાણાવળા.

૨. પું. પીંજનારો.

૩. સ્ત્રી એ નામની એક પહાડી જાતિ.

૪ ન. એ નામની જાતિનું માણસ.

૫. [સં.] ન. એક પ્રકારનું માપ; રતિના ચોથા ભાગ જેટલું માપ.

૬ ન. ખાણું; કોયમીર.

૭. વિ એ નામની જાતિનું.

ધાનકડા (ધાનકડા) ૧. સ્ત્રી એ નામનું એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩ વિ. એ નામની અટકનું

ધાનકાટી સ્ત્રી. કમોદ કાપવાની ઋતુ; ઉનાળાનો પાક લણવાની મોસમ.

ધાનકી ૧. [હિ.] પું. ગ્રામદેવ.

૨. પું. ધનુર્ધર; ધનુષ્કારી.

ધાનકુટી સ્ત્રી. કમોદ ખાંડવી તે.

ધાનજાઈ [હિ.] પું. એક પ્રકારનું ધાન.

ધાનજી ૧ સ્ત્રી. તરબાળાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

ધાનડિયા (ધાનડિયા) સ્ત્રી. ન બ ધાન, અનાજ; અન્ન; ધાન માટે કવિતામા વપરાતુ રૂપ.

મને ધાનડિયાં નથી ભાવતા રે લોલ
રઢિયાળી રાત

ધાનડાર પું. મહેસાણા અને પાલનપુર વચ્ચેનો એ નામનો પ્રદેશ.

મહેસાણા અને પાલનપુરની વચ્ચેના પ્રદેશને ધાનડાર કહેતા. જી. સા. પરિષદ

ધાનધનેડું (ધાનધનેડું) વિ. અતિ લુચ્ચાળું; ધૂર્ત

ધાનધાન ૧. વિ. ભૂખે મરતું.

૨. ન. ભૂખ ભાંગું; ભૂખમરાની સ્થિતિમાં.

ધાનધાન ને પાનપાન = ભૂખમરાની સ્થિતિ હોય તેમ.

ધાનધુન ન. ન. ન. જુદી જુદી જાતનાં ધાન; મકાઈ, જવ, બટી વગેરે ધાન્ય.

ધાનપાન ૧. [હિ.] પું. વિવાહથી બોડો વખત અગાઉ થતી એક પ્રકારની વિધિ. તેમા વરપક્ષ તરફથી કન્યાને બે ધાન અને કળદર મોકલવામા આવે છે. આ વિધિથી વિવાહ સબંધ પ્રાય: પૂર્ણરૂપથી નિશ્ચિત થાય છે.

૨. વિ. નાજુક

૩. વિ. બહુ જ કૃશ

ધાનબંધી સ્ત્રી. પાક કટલો ઊતરશે તેના અદાજ.

ધાનભૂમિ સ્ત્રી. ડાંગરનું ખેતર; શાલિભૂમિ.

ધાનમારી [હિં.] વું બીજાએ ફેંકેલું અનાજ રોકવાની એક ક્રિયા.

ધાનમૂઉ વિ. [સં. ધાન્ય (અનાજ) + મૃત (મરેલ)] વિ. અનાજ માટે મરી ફીટવું; અનાજ માટે ટળવળવું; ભૂખે મરવું; ધાનને માટે વલખા મારવા.
૨. વિ. કંજૂસ; લોભી
૩. વિ કોઈને બબડાવવું પડે ત્યારે કુટુંબ બાબ તેવું; બીજાને બબડાવવામાં કંજૂસ.
૪. વિ દીનહીન; ગરીબ.

ધાનયક [સં ધાનક] વું જ ઓ. ધાણા.

ધાનલુગડાં (ધાનલુગડું) ન. બ. ઓ. કારણપોષણ; ભોગકીપોષાક.

ધાનવાયા વું સાબેલું.

ધાનવાલા વિ. સ્ત્રી મેમણની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

ધાનવેચુ વિ. ધાન વેચી પૈસા પેદા કરનાર.

ધાનવેલ સ્ત્રી એક જાતની વેલ; કમળવેલ; હાથિયાવેલ. તે ૧થી ૧૦ ફુટ લાંબી થાય છે. તેના પાન પાલોળનાં પાન જેવાં પણ જરા જાડાં હોય છે. તેમાં લાંબી સળી ઉપર જીણકી છાયા જેવાં પીળાં નાનાં ફુલ થાય છે અને પાલોળ જેવી જ બીંડાણા થાય છે.

ધાના ૧. વું. ધન; પૈસો; દોલત.
૨. [સં. ધાન્ય] વું. ન. બ. ખાવાનું પુષ્કળ હોવું તે; ખાવાપીવાની છત; ધાન વગેરેનું ખાવાપીવાનું સુખ.
ધાના ખા ધાના નહિ ને ધાના લાં ધાના નહિ = (૧) ખાવાનું હોય ત્યાં ખાનાર ભોગવનાર નહિ, ખાનારપીનાર હોય ત્યાં ખાવાપીવાનું નહિ. (૨) પૈસાદાર હોય તેને છોકરાંની ખોટ હોય અને જેને છોકરાં બહુ હોય તેને ખાવા અનાજ ન હોય.
૩. સ્ત્રી બાજરી; રાંધેલ ધાન.
૪ સ્ત્રી. અનનું કણ.
૫. સ્ત્રી. બહેનો ભોટ.
૬ [સં.] સ્ત્રી. ખાણ; ક્ષેત્રમીર.
૭. સ્ત્રી ધાણી.
૮. સ્ત્રી નવો અંકુર.
૯. સ્ત્રી શરીર ચોખા.
૧૦. સ્ત્રી શરીરના અંગ.
૧૧. સ્ત્રી. માથાનો ભાતુ; ભાત.
૧૨. ન. ધારણ કરનાર દ્રવ્ય.
૧૩. વિ. (કચ્છી) દાનું; બહોળા.

ધાનાકા [સં.] સ્ત્રી ન. બ. શરીરના અંગ.

ધાનાખાડ વું. નર્મદાના દક્ષિણ તટ ઉપરનું એ નામનું એક સ્થળ. ત્યાં જવાનો માર્ગ જંગલનો છે.

ધાનાચૂર્ણ ૧. [સં.] ન. આટો; લોટ.
૨. ન. સાબરો.

ધાનાજી ૧. સ્ત્રી. ગોદિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધાનાતવર્ત [સં.] વું એ નામનો એક સંપર્વ.

ધાનાધરત અ. (કચ્છી) બહોર; ખુલ્લેખુલ્લું.

ધાનાપૂપ [સં.] વું. શેકેલા જવની રોટલી.

ધાનાભર્જન [સં.] ન અનાજ શેકવું તે.

ધાનાયા વું. ચેટવડિયો નોકર; મજૂરીના બદલામાં માત્ર ખાવાનું આપવાની શરતે રાખેલ નોકર.

ધાનાર [સં. ધાવ્ (દોડવું)] વિ. દોડનાર.

ધાનિ વું. (સંગીત) એ નામનો એક રાગ. તે મધ્યરાત્રિ પછી ગવાય છે

ધાનિકા ૧. [સં.] સ્ત્રી. આધાર.
૨. સ્ત્રી. પીલુનું ઝાડ.

ધાનિષું ૧. ન. ભરખું; ધાન રાખવાનું વાસણ.
૨. વિ. ખાવાની ટેવવાળું.
૩. વિ. રાંધેલું અનાજ ખાનારું.
૪. વિ. રાંધેલું પોતું બાજ ખાઈને જીવનારું; દાળભાત ઉપર રહેનારું.

ધાની ૧. વું. (સંગીત) સાડી બાવીસમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ.
૨. વું. (સંગીત) બ્યાસી બાવના બોલવ પ્રકારના રાગો મારુનો એ નામનો એક રાગ. તેમાં ત્રિબાબ, ધૈવત વર્જ્ય છે અને ગાંધાર, નિષાદ કોમળ છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વર હોય છે આ રાગનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. તે કોઈ પણ સમયે ગાઈ શકાય છે આ રાગમાં કેટલેક ઠેકાણે ભીમપલાસીનો બાસ થાય છે.
૩. વું. (સંગીત) પીલુના જેવો સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમાં ધ-નીનો બાસ ઓછો રહે છે. ગાવાનો વખત દિવસનો ત્રીજો પહોર છે. અરજ, રિબાબ તીવ્ર, ગાંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર તેમાં આવે છે.
૪. સ્ત્રી. અનાજના વાવેતરને માટે અનુકૂળ જમીન.
૫. [સ] સ્ત્રી. આધાર.
૬. સ્ત્રી. એક જાતની બાણી.
૭. સ્ત્રી. ત્રાંબો લીલો રંગ.
૮. સ્ત્રી. બાણી.
૯. [હિં.] સ્ત્રી. પીલુનું ઝાડ.
૧૦. સ્ત્રી. શેકેલા જવ કે ઘઉં
૧૧. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એ નામની એક રાગણી. તેમાં કોમળ ગાંધાર પ્રધાન છે. રિબાબ મધ્યમ ધૈવત અને નિષાદ શુદ્ધ છે. કવાક કવાંક કોમળ નિષાદ પણ લેવાય છે. દિવસના અપોર પછી તે ગાવાનો સમય છે.
૧૨. સ્ત્રી રહેણાક; બેઠક; જગ્યા. સ્થાન.
૧૩. વિ. બાજા લીલા રંગનું; ધાનનાં પાન જેવા રંગનું.

ધાનુક ૧. [સં. ધાનુષ્ક] વું. ધનુષ્યધારી; ધનુર્ધર; ધનુર્ધારી; બાણાવળી.
૨ સ્ત્રી. એ નામની એક જાતિ. આ જાતિના લોકો લશ્કરપ્રસંગોમા તુરકી બજાવે છે.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ એ નામની જાતિનું.

ધાનુર્ઈડિક [સં] વું. ધનુષ્ય ઉપર ચઢનાર બ્યક્તિ; ધનુષ જેનું હથિયાર હોય તેવો માણસ.

ધાનુષ્ક [સં] વું. ધનુર્ધારી; તીરંદાજ; ધનુષ ધારણ કરનારો પુરુષ; ધનુષ ઉપર ચઢનાર માણસ.

ધાનુષ્કાર [સં.] સ્ત્રી. બખામાર્ગ; બખેડો.

ધાનુષ્ય ૧. [સં.] વું. વાંસ; વાંસડો.
૨. ન. વાંસનું ઝાડ.

ધાનુસ્તંભ વું. એ નામનો એક રોગ; ધનુર્વા.

ધાનેજા ૧. સ્ત્રી. બ્યાસની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધાનેય [સં.] વું. બાણા; ક્ષેત્રમીર.

ધાનેયક [સં.] વું. બાણા, ક્ષેત્રમીર.

ધાનેયો વું જાનમાં માત્ર જમવાના જ મુખ્ય હેતુથી આવેલો માણસ.

ધાન્ય ૧ [સં.] ન. અનાજ; દાણા, ઘઉં, ચોખા, અડદ, મગ, જવ, તલ, કાંગ વગેરે અનાજ
૨. ન. એક જાતની નાગરમોથ.
૩. ન. (સિદ્ધ) એક જાતનું ત્રિકાળ ઘર; ઉત્તર દિશાના મુખવાળું ત્રિકાળ ઘર. તેની પૂર્વ દિશામાં એક ઓસરી હોય છે.
૪. ન. ચાર તિલભારનું એક વજન.
૫. ન. જૂના વખતનું એક જાતનું અનાજ. તેનો ઉપયોગ શત્રુના અંગને નિષ્ફળ કરવા માટે થતો

હતો વિશ્વામિત્ર પાસેથી રામચંદ્રજીને આ અસ્ત્ર મળ્યું હતું

૬. પ્ર. ધાણા; કોથમીર.

૭. પ્ર. નવની સંજ્ઞા.

૮ પ્ર. રાંધેલું અન્ન.

ધાન્યની ખોપરીમાં પાણી પાવું = ધીમે ધીમે મારી નાખવું.

ધાન્યક ૧ [સં.] પું. કોથમીર; ધાણા. જેમ ખેતરમાં ધાન્ય બહુ જ પાકે છે, તેમ કોથમરીના છોડમાં ધાણા પણ બહુ જ પાકે છે, માટે તેને ધાન્યક કહે છે

૨. પું. ૭ રતીનું વજન; માસો.

૩. ન ધાન; અનાજ.

અનાર્ય ભાષાના શબ્દોને છેડે ક લગાડીને તેમને સંસ્કૃતનો જામો પહેરાવવામાં આવ્યો છે. જેમકે, પાટક, અટક, ધાન્યક ઇત્યાદિ. કોમુદી

ધાન્યકોશ [સં ધાન્ય + (અનાજ) + કોશ (ખજાનો)] પું. અનાજનો ભંડાર; કોઠાર.

ધાન્યકોષ જુઓ ધાન્યકોષક.

ધાન્યકોષક ૧. [સં.] ન. અનાજનો કોઠાર; અનાજ ભરવાનું સ્થળ.

૨. ન. ધાન્ય ભરવાનું સાધન. જેમકે, સાંઠલી, માટલી, ગોળો.

ધાન્યક્ષેત્ર [સં.] ન. ડાંગરનું ખેતર; વાહિક્ષેત્ર.

ધાન્યગિરિ [સં. ધાન્ય (અનાજ) + ગિરિ (પર્વત)] પું. દાન માટે કલ્પેલ ધાન્યનો પર્વત.

ધાન્યગૃહ [સં. ધાન્ય (અનાજ) + ગૃહ (ઘર)] ન. કોઠાર; અનાજનો ભંડાર.

ધાન્યગૃહપાલ [સં. ધાન્યગૃહ (કોઠાર) + પાલ (રક્ષક)] પું. કોઠારી.

ધાન્યગ્રસ [સં.] પું. પીવા; પીંઆ.

ધાન્યઘાંકણ ન. અનાજનો કોઠાર; અનાજ ભરી રાખવાનો ઓરડો.

ધાન્યચુક્રોઠ [સં.] પું કાંજી.

ધાન્યત્વચ [સં. ધાન્ય (દાણો) + ત્વચ્ (ચામડી)] સ્ત્રી. અનાજનું ફોતરું.

ધાન્યધેનુ ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) દાન આપવા માટેનું અનાજ.

૨. સ્ત્રી. (પુરાણ) દાન દેવા માટેની કલ્પિત ગાય. તેની કલ્પના ધાનના ઢગલામાં કરવામાં આવી છે. તેનું દાન વિષુવસંક્રાંતિ અથવા અયનસંક્રાંતિ માસમાં બધા પ્રકારનું સુખ, સૌભાગ્ય અને પુણ્ય સંચય કરવા માટે થાય છે.

૩. સ્ત્રી. ધાન્યનો ઢગલો.

ધાન્યનાશ [સં.] પ્ર. (શિલ્પ) ઉત્તરમાં બૂટલાક એટલે બે મહાં અને ચાર સ્તંભોવાળી ઓરડી તથા પરસાળ અને પશ્ચિમે પણ પરસાળ હોય તેનું ઘર.

સ્વયંવરના અપવર્કમાં વહ્યા આવે છે તે ધાન્યનાશ નામે ઘર થાય. રાજવલ્લભ

ધાન્યનિધિ [સં. ધાન્ય (અનાજ) + નિધિ (ભંડાર)] પું. કોઠાર; અનાજનો ભંડાર.

ધાન્યપતિ ૧. [સં.] પું. ચોખા.

૨. પું. જવ

ધાન્યપર્વત [સં.] પું. દાનમાં કલ્પેલ ધાનનો ઢગલો.

ધાન્યપંચક ૧. [સં. ધાન્ય (ધાણા) + પંચક (પાંચનો સમૂહ)] પું. (વૈદક) એક પ્રકારનું પાચક ઔષધ. તે ધાણા, સૂંઠ, નાગરમોથ, બેલગિરી અને આમળાં મેળવીને થાય છે આમાતિસાર, ઉદરશૂલ વગેરે ઉપર તે અપાય છે

૨. [હિં.] ન. એક પ્રકારનું પાચક ચાણી. તે પાંચ પ્રકારનાં ધાન, આમ આદિ મેળવી બનાવવામાં આવે છે. તે આમ, શ્વાસ તથા અતિસાર ઉપર અપાય છે

૩. [સં. ધાન્ય (અનાજ) + પંચક (પાંચનો સમૂહ)] ન પાંચ પ્રકારનાં ધાન્ય. જેમકે, ડાંગર, ઘઉં, ચોળા, મકાઈ અને મગ.

ધાન્યપાલવંશ પું. (જૈન) એક નામનો એક ઉત્તમ વંશ

ધાન્યપેષણી [સં. ધાન્ય (અનાજ) + પેષણી (ઘંટી)] સ્ત્રી. અનાજ દળવાની ઘંટી.

ધાન્યબીજ [સં. ધાન્ય (કોથમીર) + બીજ (બી)] ન. ધાણા.

ધાન્યભક્ષક ૧. [સં. ધાન્ય (અનાજ) + ભક્ષક (ખાનાર)] પું. એક જાતની માછલી.

૨ વિ. ધાન્ય ખાઈને રહેનાર; અનાહારી

ધાન્યભોગ [સં.] પું. જળ બહુ પહોંચતું હોય તેવી ભૂમિ.

ધાન્યમાતા [સં. ધાન્ય (અનાજ) + મા (માપનું) + તૃ (કરનાર)] પું. મપારો; ધાન્ય માપનાર.

ધાન્યમાત્ર [સં. ધાન્ય (અનાજ) + માતૃ (માપનાર)] પું. ધાન્ય માપનારો માણસ.

ધાન્યમાપ [સં.] વિ. ધાન્ય માપનાર; ધાન્ય વેચનાર.

ધાન્યમાલિની ૧. [સં.] સ્ત્રી (પુરાણ) એ નામની એક અપ્સરા. કાલનેમિ રાક્ષસના વધ વખતે માલતિએ એનો ઉદ્ધાર કર્યો હતો

૨. સ્ત્રી. (પુરાણ) રાવણને ત્યાં રહેતી એ નામની એક રાક્ષસી રાવણે સીતાને સમજાવવાનું કામ તેને સોંપ્યું હતું. કેટલાકના મત પ્રમાણે મંદોદરીનું બીજું નામ ધાન્યમાલિની હતું.

ધાન્યમાલી પું. બીજમાં ફેંકેલું અન્ન રોકવાની એક ક્રિયા.

ધાન્યમાષ [સં.] પું. બે ચોખાભારનું એક વજન.

ધાન્યમુખ [સં.] ન. ખૂના વખતનું એક જાતનું અસ્ત્ર.

ધાન્યમૂલ [સં.] પું. કાંજી

ધાન્યયૂષ જુઓ ધાન્યમૂલ.

ધાન્યયોનિ [સં.] સ્ત્રી. કાંજી; ધાન્યમૂલ.

ધાન્યરાજ [સં.] પું. જવ, યવ.

ધાન્યરોપ પું. અનાજનો છોડ

ધાન્યવર્ધનિ [સં.] પું. ધાન્યનો ઢગલો.

ધાન્યવર્ગ [સં.] પું. પાંચ જાતનાં ધાન્ય; ધાન્યપંચક.

ધાન્યવર્ધન [સં. ધાન્ય (અનાજ) + વર્ધન (વધારો)] ન. ઓછું કે નવાયું અનાજ પાકું આપવાની શરતે અનાજ ઊછીનું આપવાની રીત.

ધાન્યવાન [સં ધાન્યવત્] વિ. ધાન્યવાળું; જ્યાં અનાજ ખૂબ પાકતું હોય તેવું.

ધાન્યવાપ [સં.] પું. જળ બહુ પેઠા થતું હોય તેવું સ્થાન.

ધાન્યવોજ ૧. [સં.] પું. ચોખાનું બી.

૨. પું. ધાણા.

ધાન્યવોર [સં] પું. અડદ

ધાન્યશર્કરા [સં] સ્ત્રી ખાંડ સાથે મેળવેલું ધાણાનું ધાણી. તે અંતરદાહ મટાડવા વિષાય છે.

ધાન્યશીર્ષક [સં.] પું. ધાનની મંજરી; ધાન્યની માંજર; ધાન્યનું દ્રવ્યમલ.

ધાન્યશુંઠી [સં.] સ્ત્રી એ નામનું એક ઔષધ. તે જ્વરાતિસાર કે કફના પ્રકોપને મટાડવા વપરાય છે. તે બનાવવા ૧ તોલો ધાણા અને ૨ તોલા સૂંઠને આઠી અર્ધા કે ૨ પાણીમા ઉકાળવામાં આવે અને પાંચ રૂપિયાભાર પાણી રહે ત્યારે ઉતારી લેવામાં આવે છે

ધાન્યશુક [સં] ન. અનાજની ડૂંડી

ધાન્યશૈલ [સં.] પું (પુરાણ) દાન કરવા માટેનો કલ્પિત ધાન્યનો પર્વત. આ પર્વતની કલ્પના અનાજના ઢગલામાં કરાય છે આ દાન કરનારને સ્વર્ગમા સેવા કરવા માટે અપ્સરાઓ અને ગંધર્વ મળે અને જો આ લોકમા આવે તો રાજા થાય એવી માન્યતા છે

ધાન્યકોષ [સ.] પું એક જાતના ઊંચા ચોખા.

ધાન્યસંગ્રહ [સ.] પું અનાજ સંઘરો; અનાજ ભરવું તે.

ધાન્યસાર વિ. [સ.] પું. અડદ
૨. પું. ચોખા; તાંદુલ.
૩. પું. ધાન્યનો સાર.

ધાન્યા [સ.] સ્ત્રી. ધાણા; કોથમીર

ધાન્યાક [સં.] ન. ધાણા, કોથમીર જેમ આઠ એટલે આઠકામાં લાંબા લાંબા કાકલા નોખી નોખી હોય છે, તેવી રીતે કોથમીરના એક પણ નોખી નોખી કાકલીવાળા અંદર પોલા હોય છે. માટે તેને ધાન્યાક કહે છે.

ધાન્યાકૃત [સ. ધાન્યાકૃત્] પું. ખેડૂત.

ધાન્યાગાર [સ. ધાન્ય (અનાજ) + આગાર (ઘર)] પું. અનાજનો કોઠાર.

ધાન્યાચલ [સ. ધાન્ય + અચલ (પર્વત)] પું. દાન કરવા માટે કરેલ ધાન્યનો ઢગલો; દાન કરવા માટે કલ્પેલ ધાન્યનો પર્વત.

ધાન્યાદિચૂર્ણ [સં.] ન એક જાતનું ઔષધિ ચૂર્ણ. અતાય, શુષ્ઠ, સુખ, સૂળેખમ, અતિસાર, હરસ, સમહણી, કોઠારોગ, શ્વાસ અને કાસ મટાડવા તે અપ.૫ છે.

ધાન્યાભ્રક ૧. [સં.] પું. અભ્રકને ધાન્યની મદદથી શોધવાની ક્રિયા

૨. પું. (વૈદ્યક) ઝેરની મદદથી શાધ્યા અને સાફ કરેલ અભ્રકમાં ધાન્ય સાથેના પ્રયોગદ્વારા બનાવેલ અભ્રકનું ચોખાના લોટ જેવું ચૂર્ણ. તે બનાવવા અભ્રકને સૂકી ખૂબ બારીક વાટી ચોખા જાડના ચોખા સાથે ભળતા તેને ધાબળીમાં બાંધી પાણીમાં ત્રણ દિવસ દૂબ રાખવું. પછી તે કોથળીને ચોળતા. અભ્રકનું ચાખણ કરતી વખતે તેને દ્વારા કપડામાં ચોળવામાં આવે છે. કપડું પાણીમાં રાખવામાં આવે છે. બધો અભ્રક પાણીના પેસા પછી તે પાણીને ગાળવા દેવું પાણી ગાળ્યા પછી નિતારી નાખવું નીચે ચકચકિત લોટ જેવો અભ્રકનો ભૂકો પડ્યો રહે છે તેને ધાન્યાભ્રક કહે છે. ભસ્મ બનાવવા માટે આ અભ્રક સારું બનાવ છે. અભ્રકને નિતારી સૂકવ્યા પછી તેને આકડાના દૂધમાં એક દિવસ ઘૂંટવું અને પછી અજપૂટ દેવો જેમ વધારે પુટ દેવામાં તેમ ઉત્તમ. એ ઔષધિ લાલ ઈંટના જેવી કે ગુલાબી રંગની થાય છે. સ્વાદમાં તે ખારાશ ઉપર હોય છે.

ધાન્યાગ્ર [સ] ન. (વૈદ્યક) અભ્રક મારવામાં ઉપયોગી સોડવેલ ધાન્ય કે દાણા.

ધાન્યાગ્રણી [સ.] ન. ડાંગર; ભાત.

ધાન્યાગ્રહક [સ.] પું. ધાનથી બનાવેલી બટાણા કે દાણા. બનાવવા પાણી સાથે ચોખાને એક રાત્ર વાસણમાં રાખી આગામી તે વાસણ ઢાંકવું. સાત દિવસ પછી તેને માટી બળી લેવું. એ બાટા પાણીને ડાંગર કહે છે.

ધાન્યાયન [સ.] પું. ધાન્ય નામના ઋષિનો ગોત્રજ.

ધાન્યાર્યાન [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

ધાન્યારિ [સં. ધાન્ય (અનાજ) + અરિ (દુશ્મન)] પું. ઉંદર, કેમકે તે ધાન્યનો શત્રુ છે

ધાન્યાર્થ ૧. [સં.] પું. અનાજરૂપી દ્રવ્ય; ધાન્યરૂપી ધન.
૨. પું. ધાન્યનું પ્રયોજન.

ધાન્યાર્થી [સ. ધાન્યાર્થિન્] વિ ધાન્યરૂપ દ્રવ્ય જેની પાસે હોય તેવું

ધાન્યાલય [સં. ધાન્ય (અનાજ) + આલય (જગ્યા)] પું. અનાજઘર; અનાજનો કોઠાર.

ધાન્યાવરિષ [સં.] ન ધાન્યનું ઘોતરું.

ધાન્યાહારી [સં. ધાન્ય (અનાજ) + આહારિન્ (ખાનાર)] વિ. ધાન્યનો આહાર કરનાર; વનસ્પત્યાહારી.

ધાન્યૈક આહાર [સ. ધાન્ય (અનાજ) + એક + આહાર (ખોરાક)] પું. અનાહાર; ફક્ત ધાન્યનું ભોજન; વનસ્પતિનું ભક્ષણ; નિરામિષ ખોરાક.

> આ વાક્યમાં અગાઉ છપ્પનિયાને અંગે જે બે મોટા પ્રશ્નો આવેલા છે એક ધાન્યૈક આહાર અને બીજો પશુ, પંખી, કીડાદિકના દેહનું ભક્ષણ રહ્યા.
>
> આનંદશંકર ધ્રુવ

ધાન્યૈકાહાર જુઓ ધાન્યેક આહાર.

ધાન્યૈકાહારી [સં. ધાન્ય (અનાજ) + એક + આહાર (ખાવું તે) + ઇન્ (વાળું)] વિ. માત્ર ધાન્યનો જ આહાર કરનારું.

> આપણે ધાન્યૈકાહારીની સ્તુતિ કરવી નહિ અને માંસાહારીની નિંદા કરવી નહિ
>
> આનંદશંકર ધ્રુવ

ધાન્યોત્તમ [સં. ધાન્ય (અનાજ) + ઉત્તમ (શ્રેષ્ઠ)] પું. ચોખા; તંદુલ; સાલિ. તે અનાજમાં શ્રેષ્ઠ મનાય છે.

ધાન્યોત્તમા [સ. ધાન્ય (અનાજ) + ઉત્તમ (સૌથી સારું) + આ (નારીજાતિનાં પ્રત્યય)] સ્ત્રી. કમોદ; ડાંગ.

ધાન્ય ૧. [સં.] વિ. ધન્ય એટલે મરે દેશ સબંધી. મરે દેશનું
૨. વિ. મરે દેશમાં ઉત્પન્ન થનાર; ધન્વજ.

ધાન્વન ૧. ન. ચોતરફ રણથી રક્ષણ થયું હોય તેવું સ્થળ.
૨. [સં.] વિ. નિર્જળ દેશમાં હોય એવું; મરે દેશમાં થનાર

ધાન્વયાસ [સ] પું ધમાસો.

ધાન્વંતર [સં] વિ ધન્વંતરિનું; ધન્વંતરિ સબંધી.

ધાન્વંતર્ય [સં.] ન. ધન્વંતરિ દેવતા માટેના હોમ વગેરે; જેમાં ધન્વંતરિ વગેરે દેવ પ્રધાન હોય એવા હોમ વગેરે

ધાપ ૧. પું ફુદકો.
૨. પું. ઠાવકું ઉતરવું.
૩. [હિં] પું પાણીની ધાર.
૪. પું. ઘાસ પથરોળું મેદાન.
૫. સ્ત્રી અફવા; ખોટી વાત; ગપ; ડિંગ.
૬. સ્ત્રી. આડુંઅવળું સમજાવવું તે.
૧. ધાપ બતાવવા = ભૂલાપ દેવી.
૨. ધાપ દોડાવી-દેવી-મારવી = ગપ મારવી; ખોટું બોલવું
૭. સ્ત્રી ઉતાવળમાં ચૂક થયી તે; ભૂલ.
૮. સ્ત્રી. ખોટો વિષ.સ
૯ સ્ત્રી. ચોરી.
૧૦. સ્ત્રી. ઊંતરપિંડી. ફરેબ.
ધાપ ખાવી = છેતરાવું, પોતાની કે બીજાની ભૂલના ભોગ થવું
૧૧ સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
૧૨. સ્ત્રી. કપટકપટમાં ઠગાઈથી પોતાનો લાભ કર્યા લેવો તે; ધાપ મારીને એટલે જુગારીને ભમમાં નાખીને કર્યા લેવું તે.
ધાપ મારવી = (૧) અયોગ્ય રીતે સારી પેઠે કમાવું. (૨) આડોઅવળો ઘાવ મારવો.
૧૩. [સં. ધાવ (દોડવું)] સ્ત્રી. શ્વાસ લીધા વિના દોડી શકાય તેટલા અંતરનું એક માપ. કેટલાકના મત પ્રમાણે તે માઈલ અને કેટલાકના મત પ્રમાણે તે અર્ધા માઈલ જેટલું હોય છે.

ધાપણ સ્ત્રી. પૂતળા બનાવવાની માટીકી.

> ન્યૂરાસિક ખડકોમા વચમાં વચમાં આસમાની તથા ભૂરા જેવા કાચમણિના પડ, આસમાની કે કાળા પથ્થરને ધાપણના જેવા માટીકાના પથ્થર હોય છે
>
> ગુજરાત સર્વસંગ્રહ

ધાપમારુ વિ. ધાપોડી; કપ્પીદાસ.

ધાપલાં ન. બ. વ રિબાયેલાને રીબવા અથવા સારું સમાડવા માટે શરીર ચાપડીને મહાવરો કરવા તે; અનુભવ. ઊભા પછી રાજી કરવાને સારું સમાડવા ચાપડવું ને એવા કરવું તે;

અલાવવું; રિઝવવું; પંપાળવું તે; મીઠાં મીઠાં વચન બોલવાં ને હાથ ફેરવવા તે.
ધાપલાં કરવાં = (૧) ગેલ કરવું; ગેલમાં અંગ પસારવા (૨) વિલાસેચ્છને મનાવવાનો કે પ્રસન્ન કરવાનો યત્ન કરવો.

ધાપલું ૧. ન. ચાડીચુગલી; સત્યુજૂકું.
૨. ન. સારું લાગે તેમ કરવું તે; ખુશામત; અલાવકું.
૩. વિ. મીઠકું; અલાવકું કરનારું; ખુશામતખોર.
૪. વિ. સાચાજૂઠિયું; ચાડિયું.

ધાપવું ૧. અ. ક્રિ. દોડવું; ભાગવું; ઝડપી ગતિથી ચાલવું.
૨ અ. ક્રિ. (જૂ. ગુ.) ધરાવું; સંતોષ પામવું; તૃપ્ત થવું.
પરનારી શું રાતા જોઉ.
ધાપી ધાન ન ખાએ તેહ. જિનહર્ષ
ધાપી ધાપીને = હસી હસીને.

ધાપી ૧. સ્ત્રી. કચ્છપીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
૪. વિ. ભપોડી; ધાપોડી; ધાપ મારનાર.

ધાપે ધાપ અ. ખોટે ખોટું; તદ્દન ખોટું.

ધાપોકાર પું દુઃખી હૃદયનું કલ્પાંત; રદારોળ.

ધાપોડાં (ધાપોડું) ન. બ. ક. ખોટાં કપડાં.

ધાપોડી (ધાપોડો) જુઓ ધાપી ૪.

ધાફ અ. વિના.

ધામ ન. એક પ્રકારનું ગાયન.

ધામડ (ધામડ) ૧. ન. ખોવાની ક્રિયા.
૨. ન. વાદળાંને લીધે સૂર્ય ન દેખાય તેનો દિવસ.

ધામડધિયું (ધામડધિયું) વિ. તોફાની.
૨. વિ. શરીરે બરડું અને મહેનત સહન કરી શકે તેવું; સશક્ત; સહન કરે એવું; સદ્ધ; પુષ્ટ; જોરાવર.

ધામડધીમડ (ધામડધીમડ) અ. મૂળ સ્થિતિમાં, જેમનું તેમ.

ધામડધીંગું (ધામડધીંગું) જુઓ ધામડધિયું.

ધામડવું (ધામડવું) ૧. સ. ક્રિ. ઉતરવું; ઠમવું.
૨. સ. ક્રિ. નઠારો માલ સારો છે એમ સમજાવી કોઈને વેચવો; અરે ખોટું સમજાવી માલ કે વસ્તુનું વેચાણ કરવું.
૩. સ. ક્રિ. ભજાવવું.
૪. સ. ક્રિ. માથે મારવું
૫. સ. ક્રિ. જોડા જેવી વસ્તુને પહોળે પંજે ઝપટ બેસાડવી; ઝપટે લાવે દાબવું; ધામડવું.

ધામણું ન. (કચ્છી) ધોવાનું તે.

ધામધૂમ સ્ત્રી. (કચ્છી) દાણદૂણ.

ધામરડવું (ધામરડવું) જુઓ ધામડવું.

ધામરિયો પું. વિધવા સ્ત્રી સાથે રહી સંસાર ભોગવતો તથા ખેતી, ઢોકરાં સંભાળતો કુંવારો પુરુષ. આ પુરુષથી જનાર સંતાનને ભરનાર ધણીની ખેતીમાં હિસ્સો મળે.

ધામલી સ્ત્રી. નાની ભગારી.

ધામળ જો. ધામણી; ડામણી; ધાતનો ધામળો.
કામળ કરી ધામળ ખોળી ચૂંદડી રંગ અઢકે. પ્રેમાનંદ

ધામળાડી (ધામળડી) જુઓ ધામણી.

ધામળાવાળું ૧. વિ. ધામળો રાખનાર; ધામળો પહેર્યો હોય એવું.
૨. વિ. ધામળો વેચનાર.

ધામળિયા ૧. સ્ત્રી. વાલિયા, ખવાસ, ચોરા અને ભોચીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધામળિયાળું વિ. ધામણીવાળું; ધામણી ઓઢેલું.

ધામણી સ્ત્રી. પાતળો અને નાનો ધામણો, કામળો; ઊનનું બનેલું અને ભારે વજનનું ઓઢવા, પહેરવા અથવા પાથરવાનું કપડું.

ધામણો ૧. પું. ઘઉંપચ્ચામાં મળતી સાધારણ ચામડી.
૨. પું. ઘનું ઊનનું કપડું; બનાવટ કામળો. તે પાથરવા તથા ઓઢવામાં વપરાય છે. ધામણા દરજ્જાના હોય છે: કેમ્બા, કોચબક, કુલમિનિક, સૌમિતિક, તુરગાસ્તરણ, ગર્ધુક, તલિચ્છક, વારવાણ, પરિસ્તોમ, સમંતભદ્રક.
ધામણે પગ સુવાય ઓઢાયે ચામરી;
જેના હોયે મેમાન તેની વસ્ત ચારરી. ભોજીદાસ
ધામણાને છેડે ભાખવું = કોઈ ન મળે તેવું હોવું.
૩. પું. ઢોરના ખભાની નીચે લટકતો માંસલ લોચો; ગાભર.

ધામણાંબંધ વિ. ધામણવાળું; ચૂનામજબૂતીવાળું.

ધામણાવાળી સ્ત્રી ધામું એટલે દૂધનું ખેડું જિયકનારી કે જો ટીપનારી મજૂર.

ધામણાવાળું ૧. વિ. ઘી વગેરેના ડામવાળ.
૨ વિ ધામો કરનાર.

ધામણાવાળો પું. ધામું એટલે દૂધનું ખેડું જિયકનારો અથવા જો ટીપનારો મજૂર.

ધામણી ૧. વિ. અંધારાવાળું; આકાશમાં વાદળાં રહેવાથી ઝાંખું લાગતું. દિવસને માટે આ શબ્દ વપરાય છે.
૨. વિ. ભરાવદાર; હલકી જાતનું.
૩. વિ. ગોળ.
૪. વિ. પોચું જેવું; જર્જરું.

ધામું ૧ ન. ધાતુ નિદાન.
૨. ન. ઘેગરેલું અનાજ; વાદળાવાળું આકાશ.
૩. ન. ચામડું.
૪. ન. બાપરાને ઠેકાણે કરેલો ભોજન પરથાર; ભગારી.
ધામું બેસવું = ભગારીનું બેસી કે પડી જવું.
૫. ન. ડાઘો; રંગ, સાહી, ઘી વગેરેનો ડાઘ.
ધામું પડવું-બેસવું = ડાઘો ડાઘ લાગવો.
૬. ન. દૂધનું ખેડું; દૂધની ક્રેલ
૭. ન પક્ષી પકડવા કે ઉડાડવા બેતરમાં ઊભું કરવામાં આવેલું બાવકું.
૮. ન. કાંદો; બટકું.

ધામો ૧. પું. ભાંડિયા કરવા માટે બાંધેલો ઓટ.
૨. પું. ઘાનો, પંપોળા વગેરેના રચ્યાપચ્યાને ટીપવો તે કે તેનો કૂબો
૧. ધામો પકવવો = ધામા ઉપર બટ, કૂબો વગેરે નાખી તેને પાકો કરવો.
૨. ધામો વાળવો = નીકે ચડાવી કરવા ટીપા પછી બીજે રોજ ટીપણી પહરી
૩. પું. ભોં; ભગારી; ભોજન પરથાર.
ઠેકાકેસ કરતા લોકની ગુજરાના બગીચાના ધામામાંના ઘાસ જેવા ભાગમાં દીવાનો પ્રકાશ દેખાયો. સરસ્વતીચંદ્ર
૪. પું. ગમજ વગેરે પીડાર્થે કરવા ચણાના લોટમાં ઘોયું દૂધ નાખી ઓટ ચોગવો તે.
૫. [હિ. ધામા] પું. વીશી.

ધામાર્ઈ ૧. [હિ.] પું. એકજ ભાર્યાનું રતનપાન કરનાર માણસ; દુખભાર્ઈ
૨. પું. ઓરમાન ભાર્ઈ.

ધામું જુઓ ધામું

ધામ ૧. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો એક ભેદ છે.
૨. પું. આરદીચારી; રક્ષકપનાહ; કોટ; કિલ્લો.
૩. પું. કમરો.
૪. [સં.] પું. મહાભારતમા જણાવેલ એ નામનો એક દેવતા.
૫. પું. મુસલમાન કોમનું સમગ્ર જમાત.
૬. [હિ.] પું. ક્રોધ
૭. ન. અવસ્થા; ગતિ.
૮. ન આશ્રય.
૯. ન એ નામે એક દેવસ્થ
૧૦. ન એક જાતનું નાનું ઝાડ.
૧૧. ન. કાયદો.
૧૨ ન કારજ; મરેલ પાછળ કરવામા આવતું ભોજન.
૧૩. ન. કુટુંબનું માણસ; ઘરની બાઈલ.

૧૪. ન. ઘર; સદન; ગૃહ; ગેહ; આલય.

૧૫. ન. જન્મ; ઉત્પત્તિ.

૧૬. ન. તેજ; જ્યોતિ; કાંતિ.

ધામ તેજ ને ધામ વસુ ધામ કિરન ગૃહ ધામ,
ધામ જ્યોતિ જોઈ બ્રહ્મમા, હરિ નામ સુખ ધામ.
માવદાનજી

૧૭. ન. દેહ; શરીર, તન.

કામ કલેવર કુસુપ વપુ, દેહ આતમા અંગ,
વિગ્રહ વપમત સંકનન ધામ શરીર પતગ.
પિંગળપ્રકાશ

૧૮. ન. ઘોડા; ઉતાવળ.

૧૯. ન. ધન.

૨૦. ન. પરમાત્માનું નિવાસસ્થાન. હિંદમાં ચાર ધામ મનાય છે: ઉત્તરમાં બદરીકેદાર, પૂર્વમાં જગન્નાથપુરી, દક્ષિણમાં રામેશ્વર અને પશ્ચિમમાં દ્વારકા.

૨૧. ન. પરમેશ્વર.

૨૨. ન. પરલોક

૨૩. ન પવિત્ર જગ્યા; પુણ્યસ્થળ; તીર્થસ્થાન.

પરમાત્મા નુદા નુદાં રૂપને ઘઈ જેમ દેવો અનેક
તેમ જે દેવોનાં ધામ પણ અનેક,
હિંદુધર્મની બાબકોષી

૨૪. ન પ્રકાશનું કિરણ

૨૫. ન. પ્રભાવ; પ્રતાપ.

૨૬. ન. ખેડી; બંધન.

૨૭. ન. ભક્ત.

૨૮. ન ભવ્યતા; ઓટાઈ.

૨૯. ન. મંદિર; દેવળ.

૩૦. ન. મુખ; મોઢું

આનન આરય વમન વદન વકત્ર તુંડ ઘણી ધામ,
મુખની શોભા જોઈને લાજ્યા કોટિક કામ.
પિંગળપ્રકાશ

૩૧. ન. વર્ગ.

૩૨. ન. વિષ્ણુનાં ઉત્તર માટેનું એક નામ. તે પરમજ્યોતિ છે તેથી, વળી સર્વે પ્રમાણોના આધાર હોવાથી અને સર્વને રહેવાનું કેવાયું પણ ભગવાન હર્ષ વિષ્ણુને ધામ કહેવાય છે.

૩૩. ન. વૈભવ.

૩૪ ન. શક્તિ; બળ.

૩૫. ન શ્રેષ્ઠપણું.

૩૬. ન. સમૂહ; સમૂહ.

૩૭. [સં ધામન્] ન. સ્થાન; રહેઠાણ; નિવાસ.

તે માટે કૃત્યવાદી નામ,
તેણે ન લહું મૂળનુ ધામ. અખો

૩૮. ન. સ્વભાવ.

૩૯ ન. સ્વર્ગ, અક્ષરધામ. જે ધામને બીજા કોઈ ધામની ઉપમા દેવાતી નથી એ અક્ષરધામ કહેવાય છે. નિત્ય-નિમિત્ત પ્રલયમાં બ્રહ્મકોટિને દેવકોટિના સ્થાનનો નાશ થાય છે. પ્રાકૃત પ્રલયમાં પુરુષની ઉપાધિ લીન થાય છે. આત્યંતિક પ્રલયમાં તો તે પુરુષ પણ અક્ષરબ્રહ્મના પ્રકાશમાં લીન થાય છે. એક અચળ સ્થાન અક્ષરધામ જ છે.

ધામ ભાલવું = દેહ વિસર્જન કરવો; પરમાત્મપદ પામવું; મૃત્યુ પામવું.

ધામક ૧. [સં.] પું. એક આસા બરોબર વજન.

૨. પું. શિવનાં ઢગર માહેનું એક નામ.

ધામકેશી [સં. ધામકેશિન્] પું. સૂર્યનું એક નામ.

ધામચડો (ધામચડો) પું. સરસામાન સહિત ઉતારો કરવો તે.

ધામચડો ઉપાડવો = ઉતારો ઉપાડવો, મુકામ ઉપાડવો.

ધામચ્છદ ૧. પું. વેદમાં વપરાયેલું અગ્નિનું એક નામ

૨. [સં. ધામચ્છદ] વિ. ઓજસને પૂર્ણ કરનાર અને વધારે હોય તેને સમાન કરનાર.

ધામડું (ધામડું) ન. છાપરાવાળું કે મચ્છર વગેરે કરડવાથી બચવા નાનું ઢીમડું

ધામણ ૧. [સં. ધન્વન] પું. એક જાતનું ઝાડ ધનુર્વૃક્ષ. તે ૧૫થી ૨૦ ફૂટ ઊંચું હોય છે. તેની ડાળીઓ ટૂંકી ને પાતળી, મૂળ સંડા અને પાન બદામનાં પાન જેવાં અને તેના ઉપર રેખા હોય છે. પાનનું એક અર્ધ બીજા અર્ધ કરતાં લાંબું હોય છે. એના ફળ ખાવાના કામમાં આવે છે. આ ઝાડની અંતરછાલ દોરડા બનાવવાના કામમાં આવે છે. આ દોરડાં બનાવી ધનુષ્યની દોરી બનાવવાના કામમાં આવતાં, તેથી તેને ધનુર્વૃક્ષ કહેવાય છે. આ ઝાડની અંતરછાલ અતિસાર ઉપર કામ કરે છે. તેનું લાકડું તલવાર વગેરેની મૂઠ, વહાણનો ગેજ, ગોફણ રમતની ગેડી, હળિયારના હાથા અને ઘોડીનાં ઢબેસા બનાવવાના કામમાં વપરાય છે. તે જેમ વાંકું હોય તેમ વળી જાય અને લાંબી જતું નથી. તે બહુ મજબૂત, ચીવટવાળું અને ટકાઉ હોય છે. તેનું મૂળ પ્રાણી અને સ્તંભક મનાય છે. તે તૂરો, દુષ્ન, મધુર, તીખો, બલકર, રક્ષ, લઘુ, ધાતુવર્ધક, કિંચિત્ ઉષ્ણ તથા વસુરોપણ છે અને કફ, વાત, દાહ, શોષ, કંઠરોગ, રક્તરોગ, પિત્ત, કૃમિ તથા પીનસ મટાડનાર મનાય છે. એના નાના ફોલ ફળ સ્વાદુ, શીતળ તથા તૂરા હોય છે. તે કફ અને વાત મટાડે છે

ધામણ ઉપરોક્ત ઝાડી અને ઔષધિક છે

વનસ્પતિશાસ્ત્ર

૨. સ્ત્રી. તાડ અગર ખજૂરનું ઊંચું ઝાડ ઉપર ચડનારે કમર ઉપર વીંટવાનો ધામડાનો પટો. આ પટો પગ ટેકવી ઝાડ ઉપર ચડનારો ઉપર ખેંચવતો જાય છે.

૩. સ્ત્રી. દીકરીને પરણાવતી વખતે દાનમાં આપેલી ભેંસ

૪. સ્ત્રી. (વહાણવટું) સાધામાંથી નીચે પાણી ભરાવું તે

૫. ન. એક જાતનું ઘમારતી ચીકણું લાકડું

૬. ન. એક જાતનું ઘાસ.

૭. ન. એક જાતનો બાઝો પણ ઝેર વગરનો સાપ ધામરોળું. ધામણમાં નર માદા બંને છે, પણ નર હમેશા મોટો અને માદા નાની હોય છે. માદા ૬ કે ૭॥ ફૂટથી વધારે લાંબી નથી હોતી, જ્યારે નરની લંબાઈ ૧૦ ફૂટ સુધીની પણ હોય છે. સામાન્ય રીતે તો આ સાપ પાંચ કે સાત ફૂટ લાંબો હોય છે. તે શરીરે મોટો હોય છે. મિજાજ તીખો હમ તે કૂંફાડા બહુ મારે છે. તે વધારે ઝેરીલો મનાય છે. એની ઉચ્છૃંખલ પ્રકૃતિને લીધે મોટો થયા પછી એને પાળવો અત્યંત કઠિન બને છે. આહારમાં તે ગરોળી, ઉંદર, કાચબા, પક્ષી વગેરે ખાય છે. ગામ જેવાને એ ખારી જાય છે એવી એમને વિષેની પ્રચલિત માન્યતા ખોટી છે.

૮. [સં. ધામન્ (કારક)] ન. (વહાણવટું) વહાણ બંધાતું મજબૂત દોરડું; 'ગોટ'. તેનાથી સઢને લગાડવું કે ઢીલો કરી શકાય છે.

ધામણકાંકણી સ્ત્રી. એક જાતનો છોડ. તે એક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન પહોળાં ને ગોળાઈ લેતા હોય છે. તેમાં બોળાં બાંધ્યા નળીવાળા ફૂલ થાય છે. તે સંધ્યા સમયે ઊઘડી સવારે બરી જાય છે. હળ જૂના રેતના ઢોળાવ જેવાં ઊપસેલાં હોય છે

ધામણી ૧. સ્ત્રી બાઝી જાતની ભેંસ; શરીરે બરાબર ગોળ.

૨. ન. એક જાતનું ઘમારતી લાકડું.

ધામણું ૧. ન. એક જાતનો ઘાસનો છોડ. તે બે ફૂટ ઊંચો વધે છે. એનાં ફૂલની ચમરી પાકે ત્યારે ઝાંખા રંગની થઈ જાય છે. તે ખરસટ હોય છે અને કપડે ચોંટી જાય છે. આ ઘાસ લીલું હોય છે ત્યારે ઢોર ખાય છે.

૨. ન. એક જાતનો સર્પ. બીજો ધામણ છે.

ધામધણી પું. પરમેશ્વર; સ્વર્ગના ધણી.

ધામધર પું. પરમેશ્વર; સ્વર્ગના સ્વામી.

ધામધૂમ ૧ [સં ધામ્ (દોડવું) + ધૂમ (નિરર્થક શબ્દ)] સ્ત્રી. ઉતાવળે અને ધોંધાટ સાથે ચાલતું કામ; ગડબડ; ધોંધાટ.

૨ સ્ત્રી. લગ્ન વગેરે ઊજવવાની તૈયારીની ધાંધલ, ધમાલ; ધામધૂમી.

૩. સ્ત્રી. શુભ કામ કે ઉત્સવની તૈયારી, ગડબડ અને દોડાદોડ; રંગરાગ અને ઉત્સાહ ભરેલો દેખાવ

૪. સ્ત્રી. સત્કાર.

ધામધૂમિયું ૧. વિ. દમામી; રોકદાર.

૨. વિ. ધામધૂમ કરનાર

૩. વિ. ધામધૂમવાળું; ઉત્સવ વગેરેની તૈયારીના ઉત્સાહવાળું.

ધામધૂમી જુઓ ધામધૂમ.

ધામધોડ (ધામધોડ) વિ. ધાડું; સુચ્ચું.

ધામન જુઓ ધામણ.

ધામનિકા ૧. [સં] સ્ત્રી. ધમણ.

૨. સ્ત્રી ધમની; પોરી નસ.

ધામનિધિ ૧. પું. આકાશનો ખોડ.

૨. [સં. ધામન્ (તેજ) + નિધિ (ભંડાર)] પું. સૂર્ય; સૂરજ.

ધામની જુઓ ધામનિકા.

ધામપૂજ્યા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.

ધામફો જુઓ ધામન.

ધામભાજ [સં. ધામભાજ્] પું. મજ્જાસ્થાનમાં ભાગ લેનારા દેવતા; મજ્જાસ્થાન ભોગવનાર દેવ.

ધામર ન. એક જાતનું ધમારની જાતનું.

ધામરોજું ૧ ન. ચપળ માણસ; ખટપટુ માણસ.

૨. જુઓ ધામણ ન

ધામવત ૧. [સં ધામન્ (ઘર) + વત્ (વાળું)] વિ. ઘરવાળું.

૨. [સં ધામન્ (તેજ) + વત્ (વાળું)] વિ તેજોમય; તેજસ્વી

૩. [સં. ધામન (દેહ) + વત્ (વાળું)] વિ. દેહી. શરીરધારી.

૪ [સં ધામન્ (ધન) + વત્ (વાળું)] વિ. ધનવાન; શ્રીમંત.

૫. વિ. ઘરડામી.

ધામશઃ ૧ [સ] અ. ઠેકઠેકાણે; સ્થાને સ્થાને

૨. અ શરીરે શરીરે.

ધામશ્રી [સં] સ્ત્રી. (સંગીત) એક જાતની રાગણી તે દિવસના ૨૫ થી ૨૮ દંડ સુધી ગવાય છે

ધામળા પું. એક જાતનું કાપડ.

ધામા ૧. [હિ.] પું. અનાજ આદિ રાખવાનું મોટું સ્થાન

૨. [સં ધામન્ (રહેઠાણ)] પું. ન. વ. બ. પ્રવાસના પડાવ નામના તે; લાંબો વખત રહેવું તે. આગળ વધવાનું ન હોય અને કાયમ કેટલોક વખત બેસવા રહેવાનો નિશ્ચય હોય એવા અર્થમાં બહુધા એ શબ્દ વપરાય છે

અક્ષરજ્ઞાન આપવા માટે નવા જમાનાના શિક્ષકોએ ગામડામાં ધામા નાખવાના બદલે છે એમ કેટલાક ભાઈઓનું માનવું છે. પ્રસ્થાન

૧ ધામા ધાલવા-નાખવા = લાંબા વખત માટે પડાવ નાખવો.

૨. ધામા ધમવા = કરગરવું; લાચારી કરવી.

૩. પું. નેતરની ટોપલી.

૪. પું ભોજનનું નિમંત્રણ.

ધામાર્ગવ ૧. [સં.] પું એ નામની વનસ્પતિ; પીતબોળ.

૨. પું. તુંબિરું; બિલોડું

૩. પું રાનો અળેડો.

ધામાસા [હિ.] પું. ધમાસો.

ધામિન ૧. [હિં] પું. એક જાતનું પક્ષી. તે દક્ષિણ ભારત, રેજપૂતાના અને આસામના પહાડોમા વધારે પ્રમાણમાં થાય છે. તેનું શરીર ઘરા કરતાં ને મજબૂત હોય છે. તે મેજ, પુરસ્કી, ભસમારી વગેરે બનાવવાના કામમાં આવે છે.

૨. પું. એક જાતનો વાંસ.

૩. પું. એક જાતનો સાપ; ધામણ. તે બહુજ લાંબો થાય છે અને તેની પૂંછડીમાં ઝેર હોય છે. તે કરડતો નથી, પરંતુ પૂંછડીથી કોરડાની જેમ મારે છે. શરીરના જે ભાગ ઉપર તેની પૂંછડી વાગે, તે સ્થાનનું માંસ સડી સડીને નષ્ટ થઈ જાય. તે બહારીથી દીઠો છે.

ધામિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું મંદિરનું એક નામ.

ધામિયા ૧. [હિં.] પું એ નામનો એક પંથ; પ્રાણનાથ અનુયાયીઓનો પંથ. પ્રાણનાથ ૧૭મા સૈકામાં બુંદેલખંડમાં થઈ ગયો. તે હિંદુ મુસલમાન ઉભયનો

૨. ન. એ નામના પંથનું માણસ.

૩. વિ. એ નામના પંથનું

ધામી ૧ સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. ભજન વગેરેનું ચોપડું.

૪ વિ. એ નામની અટકનું.

૫. વિ ધામ એટલે ચોક્કસ સ્થળમાં રહેનાર.

૬. વિ. ધામવાળું.

૭. વિ સ્વર્ગમાં રહેનાર.

ધામીજ પું. ઢોરને થાયુ પડતો એક કષ્ટસાધ્ય રોગ.

ધામું પું. (કચ્છી) ધામો; મેલાણ; પડાવ.

ધામેચ ૧. સ્ત્રી. વાઘરણની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધામેચા ૧. સ્ત્રી. કણબી અને કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધામેડા ૧. સ્ત્રી. દરજીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

ધામેણી ૧. સ્ત્રી. ઢોરીને પિયર તરફથી પરિવારમાં મળેલ ગામ કે ગેસ.

૨. ન. પહેલા આણા વખતે કન્યાને આપેલો સામાનઃ કરિયાવર; દાયજો.

ધામેલું જુઓ ધામેણી.

ધામેશ્વામ ન. મંદિર મંદિર.

ધામેલિયા ૧. સ્ત્રી. કણબી અને ઘાંચીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધામેશા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધામેસા ૧. સ્ત્રી. દરજી, સુતાર અને કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધામો ૧. પું. ભરતીની ભીંત

૨. [સં. ધામન્ (વસવાટનું સ્થાન)] પું. પડાવ; મુકામ; ઊતારો; લાંબા વખત માટેનો પડાવ.

ઘડાડી આખે ને પાખે ઊડણે હવામા,
બ્લેકબક વિહારી વાયા નીમે નહોય ધામા.
વિહારી

ધામો નાખવો = લાંબા વખત માટે વસવાટ કરવો.

૩. પું વિસામો.

ધામોડા (ધામોડા) ૧ પું. ન. વ. દૂધ દોહવાના અવાજની એકસરખી રમઝટ.

૨. પું. ન બ. ધમધમાટ; ધમાલ.

ધામોડી (ધામોડો) ૧. સ્ત્રી. ઢોરને કારવારમાં આપવામાં આવેલી ગામ કે જેસ.
૨. સ્ત્રી. નાની ગામ.

ધામોડો (ધામોડો) પું. દૂધ દોહવાના અવાજની રમઝટ.

ધાય ૧. [સં. ધાત્રી] સ્ત્રી. ધાત્રી; દાઈ; બચરાવનારી બાઈ; ધાર્ય.
૨. [હિ.] ન. ધાવડીનું ઝાડ.
૩. [સં.] વિ. ધારક; ધારણ કરનાર.
૪. વિ. વિશિષ્ટ.

ધાયણ ૧. પું. ક. બ. ઢોરની સાળમાં રાખને ઊંચા નીચા કરવા માટે રાખની ઉપરના ભાગમાં બાજુમાં આવતો મોળ દાડીનો કટકો.
૨. સ્ત્રી. ઢાંકણિયો.
૩. સ્ત્રી. ઢીમણી.
૪. સ્ત્રી. ઢોકળિયો.
૫. [સં. ધૃ (ધારણ કરવું)] સ્ત્રી. ધારણ.

ધાયણું ન. (કચ્છી) ધાવવું તે.

ધાયબાઈ ૧. પું. ઓલાદ સ્તને દૂધ પીનારો માણસ.
૨. પું. ઓરમાન ભાઈ.

ધાયરા [સં. ધાયક્] વિ. ધારણ કરનાર.

ધાયલ [સં. ધાવક] ન. પીવું તે; પાન કરવું તે.

ધાયા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક
૨. સ્ત્રી. વજનિર્માણ કળાની એક ક્રિયા.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ધાયાધાયું વિ. સ્વચ્છ; ધોયેલ.

ધારુ ૧. [સં.] વિ ઉદાર.
૨. વિ. ધારણ કરનાર; ધારક.
૩. વિ. પોષણ આપનાર.

ધારેતી ન. ટેકરાળ જમીનમાં ઊગતો એક જાતનો છોડ.

ધાવો પું. મોટું સ્તન.

ધાવ્ય ૧. [સં.] પું પુરોહિત; ગોર.
૨. વિ. ધાન્ય નામની ઋગામાં હોનાર કે બનાર.

ધાવ્યા [સં.] સ્ત્રી. અગ્નિ પ્રજ્વલિત કરવા વખતે બોલાતો મંત્ર.

ધાર ૧. [હિ.] પું. ભાલકણું; કુમકો.
૨. [સં.] પું. એક જાતનો પથ્થર.
૩. પું. કરા; બરફનો વરસાદ.
૪. પું કૂવાની બેખડ પડતી અટકાવવા માટે કૂવામાં ચુસાડેલું પોલું લાકડું.
૫. પું. ખાડો; ખગો.
૬. પું. ઊંડાણ સ્થાન.
૭. પું. જહાજોના તખ્તાની સંધિ કે જોડ; કરતૂરા.
૮. પું દિશા.
૯. પું. વિષ્ણુનું એક નામ.
૧૦. પું. સેના; ફોજ.
૧૧. પું. હદ; સીમા.
૧૨ પું. ક્રિમ.
૧૩. સ્ત્રી. અખંડ પ્રવાહ.
૧૪. સ્ત્રી. એક જાતનું ઢોતરકામ.
૧૫. સ્ત્રી. કિનારો.
૧. ધાર દેવી = (૧) અનાજ ભરી મેલી હલકાને આંક કરવા (૨) ઉપયોગી કામ કરવું. (૩) બળામાં અનાજ ઊપણવું. (૪) દૂધ દેવું.
૨. ધારે ધારે જાવું = રસ્તાને કાંઠે જાવું.
૧૬. સ્ત્રી. ઢોરણ; ઉંબો; અંત.
૧૭. સ્ત્રી. જલધારાની વૃષ્ટિ; વર્ષાજલ; આકાશમાંથી પડેલું પાણી.
૧૮. સ્ત્રી. મોસમી વરસેલ વરસાદ.
૧૯. સ્ત્રી. કરો; વહેન.
૨૦. સ્ત્રી. કુંભારોની ઢાર.
૨૧. [સં. ધારા] સ્ત્રી. પાણીની લહરી; રોડ; પ્રવાહોનો પાતળો દોરડી જેવો પ્રવાહ; પ્રવાહી પદાર્થની પાતળી ધારા કે રોડ; પ્રવાહી પદાર્થ ઊંચેથી રેડતી વખતે જે લાંબા આકારમા દેખાય તે.
૧. તેલ જોવું, તેલની ધાર જોવી = મામલો તપાસતાં રહેવું; સાવચેતીથી કામ લેવું.
૨. ધાર કરવી = પ્રવાહી રેડવું.
૩. ધાર તૂટવી = અખંડ ચાલતો પ્રવાહ બંધ થવો.
૪. ધાર મારવી = (૧) જોરથી પેશાબ કરવો (૨) તજ દેવું. (૩) પરવા કરવી. (૪) સહચાવવું; ભોગાવવું.
૨૨. સ્ત્રી. પાળ, ભેખ
૨૩. સ્ત્રી. પ્રાંત; પ્રદેશ.
૨૪. સ્ત્રી. તીક્ષ્ણ.
૨૫. સ્ત્રી. વરસાદનું એકધું કરેલું પાણી. વૈદકમાં તેને ત્રિદોષનાશક, બલવર્ધક, બળકારક, તૃપ્તિ કરનારું, પાચક અને તંદા, થાક, તરસ વગેરે દૂર કરનારું માન્યું છે આયુષ અને આદરવાનું વરસાદનું પાણી હાનકારક કહેવાય છે. વૈદકમા પાણી ચે જાતનું કહેલું છે માંગ અને સામુદ્ર. આકાશગંગામાંથી પાણી જાને મેઘ જે પાણી વરસાવે છે તેને માંગ કહે છે અને તે બધું ઉત્તમ મનાય છે. સમુદ્રમાંથી જાને મેઘ જે પાણી વરસાવે છે તે સામુદ્ર કહેવાય છે. આસો માસમા જો સૂર્ય સ્વાતિ અને વિશાખા નક્ષત્રમાં હોય તો તે માસના વરસાદનું પાણી ગાંગ હોય છે. તે સિવાયનું બધું પાણી સામુદ્ર હોય છે. સા.ધ.રણ રીતે સામુદ્ર જળ આરે, વીર્યનાશક, આંખને નુકસાનકારક અને બળનો નાશ કરનાર માનવામાં આવે છે. પણ અગસ્તના તારાના ઉદય પછી સામુદ્ર જળ પણ ગાંગ જળની માફક મુખ્યકારી મનાય છે.
૨૬ સ્ત્રી. હથિયાર કે ઓજારની કાપે જોવી તીક્ષ્ણ કોર; અણી; તલવાર, કરી વગેરેના પાનાની કાપે જોવી પાતળી બાજુ.
૧. બાકાની-તરવારની ધાર ઉપર રહેવું = પોતાની રીતભાત અંદર અપણ રહેવું; આકરી ટેક રાખવી.
૨. ધાર કાઢવી-ચઢાવવી-આવવી = હથિયારની પાતળી કોરને ઘસીને વધારે તીક્ષ્ણ ને કાપે જોવી બનાવવી; સજવું; ધાર કાઢવી
૩. ધાર ભરી જવી = અણી બૂટી જવી જવી.
૪. ધાર ચડાવવી = (૧) અણી કાઢવી; ધાર કાઢવી. (૨) ઉશ્કેરવું; ઉત્તેજિત કરવું; ચડાવવું.
૫. ધાર ન મારવી-ધાર પર મારવું = દરકાર ન કરવી.
૬. ધાર પર આવવું = (૧) પાંસરું થવું; સુધરવું; ઠેકાણે આવવું. (૨) કપ્ત અમલ કે અવસ્થા તળે આવવું; બગડી જોખમ ભરેલી સ્થિતિમાં આવવું.
૭. ધાર પર રહેવું = જોખમ ભરેલી સ્થિતિમાં રહેવું; કપ્ત અમલ નીચે રહેવું. તરવારની ધાર પર રહેવું બધું જોખમ ભરેલું છે અને જોની જેમાંએ બધી સંભાળ અને બબરદારી રાખવી પડે છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.
૮. ધાર પાડવી = બૂઠું કરવું.
૯. ધાર બાંધવી = મંત્રાદિ વડે કોઈ ધારવાળા હથિયારને નકામું કરવું. પ્રાચીન કાળમાં લોકો માનતા હતા કે મંત્રના બળથી હથિયારની ધાર નકામી થઈ જાય છે અને તે હથિયાર કાપવાનું કામ કરી શકતું નથી.
૧૦. ધાર જેસવી = (૧) ધાર કાઢવી. (૨) બૂઠું થવું.
૧૧. ધાર રાખવી = (૧) અણી કાયમ તીક્ષ્ણ કરવું. (૨) કાટકરવું.
૨૭. ન. કરજ; ઋણ. દેવું.

૨૮. ન. (વહાણનું) ધામત; બલની પાટિયાંમાંથી પાણીનું ટીપું કે બીજું કંઈ જતું કે પાણી.
૨૯. ન. તર્પણમાં આપવામાં આવતું પાણી.
ધાર ચડાવવી = ક્રોધ દેવી, દેવતા કે પવિત્ર નદી ઉપર દૂધ, જળ કે સાકરનું અથવા કોઈ બીજી વસ્તુ દ્વારનું અર્પણ કરવું.
૩૦. ન. દૂધ.
૧. ધાર કાઢવી = (૧) ગાય દોહવી. (૨) નીકણ કરવું; અણી કાઢવી.
૨. ધાર લેવી = ભેંસ કે બકરીનું દૂધ બચ્ચાંમાંથી પરત્યાવે પીવું.
૩૧. ન. બક્ષિસના અર્થે.
૩૨ વિ. ઝરતું; ટપકતું.
૩૩ [સં. પૃ (ધારણ કરવું)] વિ. ધારણ કરનારું.
૩૪ અ. (કચ્છી) જુદો હોય તેમ.
ધારક ૧. પુ. કળશ; ઘોટો.
૨. પું. રક્ષક; રખવાળ.
૩ સ્ત્રી. એ નામની સોનીની એક બટક.
૪. ન. એ નામની બટકનું માપસ.
૫ વિ. એ નામની બટકનું.
૬. [સં.] વિ. કરજદાર; દેવાદાર.
૭ વિ. કટાળાવાળી ધાર પાડે તેવું.
૮. વિ. ધોઈ કેળવનાર.
૯. વિ. જેની અણતરી બરાબર ઊતરે તેવું.
કવિતા સાચિકા સરખા, વેર વણી ધારક પુનિ. સામળ
૧૦. [સં. પૃ (ધારણ કરવું)] વિ. ધારણ કરનાર; ધારનાર.
એવા શિક્ષક વિદ્યાર્થીઓને બાળ લોકોના વિચારોના ધારક બનાવવામાં સફળ નથી. શિક્ષણનો ઇતિહાસ
૧૧. વિ. રોકનાર.
ધારકત્વ ૧. [સં. ધારક (ધારણ કરનાર) + ત્વ (પણું)] ન. ધારણશક્તિ; ગ્રહણશક્તિ.
૨. ન. સામર્થ્ય; શક્તિ.
ધારકદેય [સં.] વિ. નામલેખ. દાનને માટે આ વિશેષણ વપરાય છે.
ધારકપદ્ધતિ [સં.] સ્ત્રી. સ્મરણશક્તિમાં જ્ઞાન વધવાની શિક્ષણની શૈલી
ધારકા [સં.] સ્ત્રી. સોનિ; સોનીની ગુજરાતિન.
ધારકાધિકાર [સં. ધારક (ધારણ કરનાર) + અધિકાર (હક)] પુ. જમીન ઉપરનો ખેડૂતનો હક; ખેડહક.
ધારકારોલાં ન. બ. ક. કટોલાં.
ધારગરી સ્ત્રી ધારા નગરી.
ધારગાલકર ૧. સ્ત્રી. એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માપસ.
૩. વિ. એ નામની બટકનું.
ધારડી (ધારડો) ૧. સ્ત્રી. ધારાક્ષેત્ર; જે ડોંગરો નર્મદા બકની ટીબાને કાપી તેમાંથી અનેક ધારાઓમાં વહે છે તે સ્થાન.
૨. સ્ત્રી નાની ધાર.
ધારણ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. પું. એ નામનો સંવત્સર.
સંવત્ ૧૯૯૫ સર્વધારી (ધારણ) નામના ૨૨મા સંવત્સરના સ્વામી વિષ્ણુ છે. ગતિરી બ્યાસપંચાંગ
૩. પુ. (પુરાણ) કરવપનો એ નામનો એક દીકરો.
૪. પું માસિક; પગી.
નાથજિયાને મેં નેજે બાંધો,
ધરનો ધારણ બાંધી રે. નરસિંહ
૫. પું શિવ.
૬. [સં પૃ (ટેકવવું)] સ્ત્રી. આધાર; ટેકો; અવલંબન.
૭ સ્ત્રી આશ્વાસના; દિલાસો
૮. સ્ત્રી. લેખ કરવામાં લેખનાં જેટલાં એકમ થયાં હોય તે દરેક; તોળવામાં વતી આકૃતિ
મરમની ધારણ લો હે સદાવતની સાખ. સામળ
૯. સ્ત્રી. તોલ; જોખ.
ધારણ કરવી = જોખ કરવો.
૧૦. સ્ત્રી. ધીરજ; આમોદ.
બાબો કહે બાબાળને તું સખને ધારણ ધીર. કેરાવ હર્ષદ
૧૧. સ્ત્રી. નિદ્રા; ઊંઘ
૧૨. સ્ત્રી. ઝાડો નહિ જેવી જેલ.
૧૩. સ્ત્રી. કૂતું એક જાતનું વજન.
૧૪. સ્ત્રી. હિંમત.
૧૫ સ્ત્રી ; ન. ધારવટિયો; બદમો; બોલ.
હિંડોળા બાબા ધારણે,
કલ્યાણસંબંધ રોપ્યા બારણે. નલાખ્યાન
૧૬. સ્ત્રી ,ન. સનોલો; ચારે ચારે તોળવામાં સમમ રાખેલ વજન; ધ્રો.
૧૭. ન. અંગીકાર; સ્વીકાર; ગ્રહણ.
૧૮. ન. આધારભૂત હોવ તે.
૧૯. ન એક જાતનું [illegible], તે પીળું હોય છે અને બટપણ દૂર કરવા ઉપયોગ થતાં હોય છે.
૨૦. ન. ઘરનો જીનો સાંબલો.
૨૧. ન. ધરવાની ક્રિયા; ધરવું તે.
૨૨. ન. ધારણ કરવાની અવસ્થા.
૨૩. ન. પરિધાન; પહેરવું તે.
ધારણ કરવું = (૧) પહેરવું, સજવું; ધરવું. (૨) યાદ રાખવું.
૨૪. ન. બુદ્ધિના આઠ ગુણોનો એ નામનો એક પ્રકાર.
૨૫ ન. મનની દૃઢતા.
૨૬. ન. યાદ રાખવું તે; યાદશક્તિ.
૨૭. ન. રક્ષણ
૨૮. ન. રાખવું તે.
૨૯. ન. વિચાર; મનન.
ધારણ આખરી = અટકળ કરવી
૩૦. ન. સંરક્ષણ.
૩૧. ન. સેવન કરવું તે; બાવુપીવું તે.
૩૨. વિ કરજદાર.
૩૩. વિ. જાનૈ બાળક માટે આ વિશેષણ વપરાય છે.
૩૪. વિ. દૃઢ; નિશ્ચળ.
૩૫ [સં. પૃ (ધારણ કરવું)] વિ. ધારણ કરનાર
૩૬. વિ. ધારણામાં; મનમાં રહેલું.
ધારણક જુઓ ધારણ ૨૨-૩૬
ધારણક્ષમ [સં. ધારણ (ધારવું તે) + ક્ષમ (સહન કરવું) + અ (પ્રત્યય)] વિ. ધારણ કરે એવી શક્તિવાળું; ગ્રાહી.
ધારણક્ષમતા [સં] સ્ત્રી. ધારણશક્તિ; ગ્રાહકતા.
ધારણધીર વિ. ધીરજ ધરનાર.
ધારણપુંડ્રિણી [સ.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક ગામ.
ધારણપોષણ [સં. પૃ (ધારણ કરવું) + પુષ્ (પોષવું)] ન. દ્વ. વ. આધાર અને પોષણ.
જગતના જીવોએ પરમેશ્વરની પેઠે જગતના ધારણપોષણને માટે યત્ન કરવો જોઈએ મીમાંસાદર્શન
ધારણમાતૃકા ૧. સ્ત્રી. કાગળ અથવા ભૂર્જપત્ર ઉપર અક્ષર ભેગી મંત્રપ્રયોગની વિદ્યા.
૨. સ્ત્રી સોળ પૈકીની એક કળા; તોળવાની કળા. જમે તેવી વસ્તુ આ કળાથી તોળી શકાય. રાંધી, પર્વત વગેરે જમે તે તોળી શકાય. વળી તોળવાથી કેટલાક તોલાટો ગણ્યાગણ્યા કરે છે, તે ધારણી કહેવાય છે.
ધારણશક્તિ ૧. [સં. પૃ (ધારણ કરવું) + અન (નાર) + શક્તિ (બળ)] સ્ત્રી. ગ્રહણશક્તિ; સ્મરણશક્તિ. યાદશક્તિ.
પુસ્તકાલય માટે ફેરફારનાં પુસ્તકો જેટલાં વધારે રાખી શકાય તેટલું સારું એ પુસ્તકોની વપરાશથી ખોરાકોની જિજ્ઞાસા અને ધારણશક્તિ જોરદાર બને છે. કાલેલકર
૨. સ્ત્રી દૃઢતા.
૩. સ્ત્રી. ધારણ કરવાની શક્તિ.

ધારણહાર જ. ધારણ કરનાર
ભારત મારી, માનવી મારી,
ધારણહાર સ્વદેશ અમપડો

ધારણા ૧. [હિ.] સ્ત્રી. આકૃતિ; મુદ્રિકા.

૨. [સં.] સ્ત્રી. અમુક દેશમાં ચિત્તને સ્થિર કરવું તે; અંગૂઠા, ઢૂંટી, ગોઠણ, સાથળ, મૂળાધાર, લિંગ, નાભિ, હૃદય, ભ્રૂમધ્ય, કંઠ, લલિકા, નાસિકા, ભ્રમરાનું મધ્ય, મસ્તક, મસ્તક ઉપરના બ્રહ્મ અને દ્વાદશાંત જેટલા સ્થાનમાં પ્રાણને રોકવો તે. હૃદયકમલ આદિ સ્થાનોમાં બાબો વખત સુધી મનનું સ્થાપન કરવું તે ધારણા કહેવાય છે. એની ધારણા દઢ થવાથી ધ્યાન બને છે.

નાભિચક્ર, હૃદયકમલ, મૂર્ધસ્થાન, ભ્રૂમધ્ય, નાસિકાગ્ર અથવા જિહ્વાના અગ્ર ભાગમા અથવા કોઈ પણ વિષયમાં કે ઈશ્વરનું ચિંતન કરવામા ચિત્તની વૃત્તિને રોકવી તેને ધારણા કહે છે
યોગદર્શન

૩. સ્ત્રી. આજ્ઞાના; પ્રતિપત્તિ.

૪. સ્ત્રી. આકાંક્ષા; અપેક્ષા, આશા.

૫. સ્ત્રી. આકસ્મિકના ટેકારૂપ યાંત્રણી.

૬ સ્ત્રી. પ્રજ્ઞા; બુદ્ધિમત્તા.

૭. સ્ત્રી. પ્રતીતો; મનસૂબો; ભાવ; વિચાર.

૮. સ્ત્રી. એ નામનો એક યોગ. તે જેઠ માસની સુદિ આઠમથી અષિાઢસુદ પુર્ણિમા સુધીમાં એક આસ વધુ ચાલવાથી થાય છે. આવતું ચોમાસું સારૂં થશે કે કેમ તેનો નિર્ણય આ યોગ ઉપરથી થાય છે. આ યોગ વરસાદનો સર્જનધારણનો યોગ મનાય છે, તેથી તેને ધારણા કહે છે.

૯. સ્ત્રી. તર્ક; કલ્પના.

૧૦. સ્ત્રી. નિશ્ચય; સંકલ્પ.

૧૧. [સં. ધૃ (ધારવું) + અન (પણું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (જૈન) મતિજ્ઞાનના ચાર ભેદોનો એક ભેદ. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર મતિજ્ઞાનના ભેદ છે. જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાંતરમાં સ્મરણ અને વિસ્મરણ ન હોય તેને ધારણા કહે છે. અવાયરૂપ નિર્ણય કેટલાક સમય સુધી કાયમ તો રહે છે, પણ પછી મન બીજા વિષયોમાં ગયું હોવાથી તે નિર્ણય ભુલ થઈ જાય છે; છતાં તે એવો સંસ્કાર મૂકતો જાય છે કે જેથી આગળ કોઈ યોગ્ય નિમિત્ત મળતાં એ નિર્ણિત વિષયનું સ્મરણ થઈ આવે છે. આ નિર્ણયની સતત ધારા, તજ્જન્ય સંસ્કાર અને સંસ્કારજન્ય સ્મરણ એ બધા મતિજ્ઞાપર ધારણા છે.

૧૨. સ્ત્રી મનની સ્થિરતા.

૧૩ સ્ત્રી મનમાં ધારેલો વિચાર; વિચાર;

૧૪. સ્ત્રી. મનમાં પાકી છાપ.

૧૫. સ્ત્રી મનોવૃત્તિ જ્યાં જ્યાં જાય તે તે સ્થળે બ્રહ્મદર્શન કરવું તે.

૧૬. સ્ત્રી. માન્યતા, મતવ્ય.

૧૭. સ્ત્રી. (વેદાંત) મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા એ છ ચોમાંથી ગમે તે એકમા ચિત્તનું સ્થાપન.

૧૮. સ્ત્રી. યોગના આઠ આદેનું એક અંગ; એકાગ્રતાં. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના આઠ અંગ છે. હઠયોગ પ્રમાણે ધારણા પાંચ છે: પૃથ્વીતત્ત્વની, જલતત્ત્વની, અગ્નિતત્ત્વની, વાયુતત્ત્વની અને આકાશતત્ત્વની. એમા દરેક તત્ત્વનું પૃથક્ પૃથક્ ધ્યાન ધરવામાં આવે છે અને ચિત્ત સાધક પ્રાણને તેમાં લીન કરવામા આવે છે. હૃદયમાં પ્રાણવાયુને નિશ્ચલ કરીને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પંચભૂતની પૃથક્ પૃથક્ ધારણા કરવી એ ધારણા છે. જે સ્થાનમાં મન જાય ત્યાં બ્રહ્મના સાક્ષાત્કાર નિમિત્તે મન જે સ્થાપના કરે એ ધારણા છે. પ્રાણવાયુનો આધાર પામ ઘડી પર્યંત રોકવો તે ધારણા કહેવાય છે. ધારણાથી મનમાં ધૈર્ય વધવાથી ઉત્તમોત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે

૧૯. સ્ત્રી. જીવાત્માની જ્ઞાનમાર્ગમાં રહેવાની સ્થિતિ; જીવનું જ્ઞાનના રસ્તામાં રહેવું તે.

૨૦. સ્ત્રી. કૂવા વગે મજબૂત વજન.

૨૧. સ્ત્રી. વિચારપૂર્વકતા.

૨૨. સ્ત્રી. વિનય

૨૩. સ્ત્રી. સમાધિનું એ નામનું એક સાધન; બ્રહ્મનો નિશ્ચય. પ્રત્યાહાર એટલે મનોવૃત્તિનું એકત્રીકરણ, ધ્યાન એટલે બ્રહ્મનું અવલોકન, ધારણા એટલે બ્રહ્મનો નિશ્ચય અને સમાધિ એટલે બ્રહ્મમાં લય એટલાં અંતરંગ સાધન છે.

૨૪. સ્ત્રી સંયમ. ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણેને સંયમ કહે છે.

૨૫ સ્ત્રી. (વેદાંત) સાર અસારના નિશ્ચયપૂર્વક ઉત્તર આપતી વખતે સ્મરણ શક્તિનું સંપાદન.

૨૬. સ્ત્રી. સ્થિરપણું.

૨૭ સ્ત્રી. સ્મરણશક્તિ; યાદશક્તિ; સ્મૃતિ.

૨૮. સ્ત્રી. હેતુ; નેમ.

ધારણાઅંત [સં. ધારણ (ધરવું તે) + અંતિ (પાકું આપવું તે)] સ્ત્રી. વેચેલા માલની કીમતમાં કાંઈ બોલ્યું લેવું તે; ખરાબ માલની કીમતમાં છૂટ આપવી તે; બરીદેલા માલ બરાબર મળવા વગેરે.

ધારણાભય [સં. ધારણા + ભય (બીક)] વિ. શ્વાસોચ્છ્વાસ કરવામાં આસક્ત; ધારણાયુક્ત.

ધારણાયોગ [સં.] પું. એકનિષ્ઠ ભક્તિ.

ધારણાવાન [સં. ધારણા + વત્ (વાળું)] વિ. જેની ધારણાશક્તિ બહુ પ્રમાણ હોય તેવું; મેધાવાળી.

ધારણાશક્તિ [સ ધારણા (ગ્રહણ કરવું તે) + શક્તિ (બળ)] સ્ત્રી. યાદદાસ્ત; ગ્રહણશક્તિ.
જે પુસ્તકની વપરાશથી બોકરાઓની જિજ્ઞાસા અને ધારણશક્તિ બોકરમ વધે છે.
કામેશ્વર

ધારણાંપારણાં ન. બ. વ. એકાંતરે ઉપવાસ કરવાનું વ્રત; એકાંતરા ઉપવાસ; એકાંતરે જમવાનું વ્રત.
મારી આવ્યો ચાતુમાસમાં **ધારણાંપારણાં** કરેલા. ચાબીક

ધારણાંપારણાંવ્રત ન. એકાંતરે જમવાનું વ્રત. અષાઢ સુદિ એકાદશીથી કાર્તિક સુદિ એકાદશી સુધી આ વ્રત કરાય છે. તેમાં એક દિવસ ઉપવાસ અને એક દિવસ એકટાણું જમાય છે.

ધારણહર ૧. [સં. ધૃ (ધારણ કરવું) + અન (નાર) + ધર (પકડ)] પું. જેની પાસે ધન જમા કર્યું હોય તે માણસ.

૨. [સં.] વિ. ટેકાદાર; કરજદાર.

ધારણિયો ૧. પું. ચાંલ્લો; ધારણ.

૨. પું. ધારવટિયો; પાટડો

ધારણી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અગ્નિધ્રાતાગ્નિ પિતૃયજ્ઞ અને દક્ષકન્યા સ્વધાની બે નામની પુત્રી. એ બ્રહ્મનિષ્ઠ હતી.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. તેના ચાંલ્લા બનાવવામાં આવે છે.

૩. સ્ત્રી. એક પ્રકારનો ચાંલ્લો.

૪. સ્ત્રી. છાપરૂં.

૫. [સં. ધૃ (ધારણ કરવું)] સ્ત્રી. પૃથ્વી.

૬. સ્ત્રી. નાડી; નાડ.

૭. સ્ત્રી. નેપાળી વજનનું એક માપ; ૮૨ રૂપિયાભારનું વજન.

૮. સ્ત્રી. બોહ તંત્રનું એક અંગ. બૌદ્ધ તાંત્રિકો તેને પ્રસિદ્ધિ અને દીર્ઘ જીવનનું સાધન માને છે.

૯. સ્ત્રી. શ્રેણી, પંક્તિ.

૧૦. સ્ત્રી. સ્થિરતા; સ્થિરપણું.

ધારણીક વ. ભવ ગોત્રનું એ નામનું એક પ્રવર.

ધારણીમતિ [સં.] સ્ત્રી. (યોગ) એક જાતની સમાધિ.

ધારણીય ૧. [સં.] પું. એ નામનો એક દેશ; ધરણી દેશ.
૨. પું. (તાંત્રિક) એક જાતનું જંત્ર. સોનાની કમળની કેસર, રોચન, લાખ, કસ્તૂરી, ચંદન અને હરતાલ વડે તે બનેલું હોય છે.
૩. [સં. ધૃ (ધારણ કરવું) + અનીય (વિધ્યર્થકૃદંતનો પ્રત્યય)] વિ. ધારણ કરવા જેવું; રાખવા યોગ્ય.

ધારણીયા [સં] સ્ત્રી. ધરણી દેશ.

ધારણું ન. (કચ્છી) રાખવું તે.

ધારણુંપારણું જુઓ ધારણાંપારણાં.

ધારણો [સં.] ન. જ. જ. સ્ત્રીનાં સ્તન.

ધારત પું. તાલીમી પટેદારો તરફથી ખેડૂતો પાસેથી લેવાતો એ નામનો કર.

ધારતા સ્ત્રી. ધારણા; ધીરજ.

ધારદાર વિ ધારવાળું; તીક્ષ્ણ; તીણું.

ધારદારસ્તંભાકાર પું. ધારવાળા આકારનો કટકો; 'પ્રિઝમ.'

ધારધર પું. ઘેટ.

ધારપુરા ૧. [હિ.] પું. ગંજાવરાર; નદીની રેતીથી બનેલી કે નદીના કોર જવાથી નીકળેલી જમીન.
૨. પું. નદીથી નક્કી થતી બે ગામ વચ્ચેની સીમ..

ધારણ ૧. [હિ.] પું. ધરી રાખવું તે; ધારણ.
૨. પું. લોકોને ખવરાવવા માટે તૈયાર કરેલ દવા.

ધારપાર ન. (કચ્છી) કાળજી પાડી જાતું મરેલ હોય તેમ.

ધારમી [સં. ધર્મ + કક (વાળું)] વિ. ધાર્મિક; ધર્મિષ્ઠ
વલ્લભ કે આ તો હતો. રાજજનમાં ધારમી. વલ્લભ

ધારયિતા ૧. [સં. ધારયિત્] પું. ધારણ કરનાર માણસ.
૨. વિ. ધારણ કરનાર.
૩. વિ. પોષણ કરનાર.

ધારયિત્રી ૧. [સં. ધારયિત્ (ધારણ કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પૃથ્વી.
૨. વિ. સ્ત્રી. ધારણ કરનારી.
૩ વિ સ્ત્રી. પોષનારી.

ધારયિષ્ણુ [સં.] વિ. ધારણ કરવાના સ્વભાવવાળું.

ધારયિષ્ણુતા [સં.] સ્ત્રી. ધારણશીલપણું.

ધારયિષ્ણુત્વ જુઓ ધારયિષ્ણુતા.

ધારસુ [સં.] વિ. ધારવાળું.

ધારવવું ક્રિ. અનાજ તથા કઠણવાળી વસ્તુની દમણીને ચાળીને ઝિંખર અલગ ધારવાળી કરવી કે જેથી તેમાનો કચરો નીકળી જાય, સૂપડાથી ઊપણવું; ધાર પાડતા પવન નાખીને ઝાટકવું.

ધારવાક [સં.] વિ. સ્તોત્ર ધારણ કરનાર.

ધારવાવવું ક્રિ. દાણાને ફોતરાં રહિત કરવા પવનમાં અનાજ વાવવું.

ધારવાળું [સં. ધારા + વત્ (વાળું)] વિ. ધારદાર; તીક્ષ્ણ; કાપી નાખે એવી કોરવાળું.

ધારવું ૧. સ ક્રિ. અનુમાન કરવું. અટકળ કરવી.
૨. સ. ક્રિ. ધ્યાનમાં.
ધારે તેને આપવું ને ધારે તેને ઓહવું = પોતાની પોતે જ હોય તેમ વર્તવું; કતોહતા હોવું.
૩. સ. ક્રિ. કલ્પના કરવી.
૪. સ. ક્રિ. અલંકૃત કરવું
૫. સ. ક્રિ. આહવું.
૬. સ. ક્રિ. ખરી રાખવું.
૭. સ. ક્રિ. ઝીણી નજરે જોવું.
૮. સ. ક્રિ. ધારણ કરવું.
૯ સ ક્રિ. ભાવના રાખવી.
૧૦. [સં. ધૃ] સ. ક્રિ. મનમાં આણવું; વિચારવું.
૧. ધાર્યું તીર પાડવું = ધારેલા અર્થની સિદ્ધિ થવી; નસીબ અનુકૂળ હોવું.
૨. ધાર્યા પાસો પાડો = નસીબ અનુકૂળ હોવું; ધારણા સફળ થવી.
૧૧. સ. ક્રિ. માનવું.
૧૨. સ. ક્રિ. રક્ષણ કરવું.
૧૩. સ. ક્રિ. ગર્ભ કરવું.
૧૪. સ. ક્રિ. સૃષ્ટિના નિયમ ઉપરથી આની જેવું

ધારહર ન. તહન; નિષ્કુલ.

ધારા ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ધારિ. તેના દરેક ચરણમાં રગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધાર. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૩. [સં.] સ્ત્રી. અતિવૃષ્ટિ; પુષ્કળ વરસાદ; અધિક વરસાદ.
૪. સ્ત્રી. અસ્ત્ર.
૫. સ્ત્રી. આવલિ; ઓળ.
૬. સ્ત્રી. આંગળીનું ટચ.
૭. સ્ત્રી. ઉત્કર્ષ; ચડતી.
૮. સ્ત્રી. એ નામની એક નગરી; ભોજરાજાની રાજધાની; માલવાની રાજધાની. કહેવાય છે કે, ભોજરાજાએ ઉજ્જયિનીથી પોતાની રાજધાની ધારા ફેરવી હતી.
૯. સ્ત્રી. એ નામની વનસ્પતિ; મળો.
૧૦. સ્ત્રી. ધ્રુતની ધાર.
૧૧. સ્ત્રી. કીર્તિ; આબરૂ.
૧૨. સ્ત્રી. કોર.
૧૩ સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.
૧૪. સ્ત્રી. ગુણનો ઉત્કર્ષ.
૧૫. સ્ત્રી. ચેરાવો; પરિધિ.
૧૬. સ્ત્રી. ઘોડાની એક પ્રકારની ગતિ.
૧૭. સ્ત્રી. જળપ્રવાહ; વાણી.
૧૮. સ્ત્રી. ઝરો; પ્રવાહ.
૧૯. સ્ત્રી. તરવાર, બરછી જેવા શસ્ત્રની ધાર.
૨૦. સ્ત્રી. દક્ષિણ હિંદની એક પ્રાચીન નગરી.
૨૧. સ્ત્રી. ધર્મ.
૨૨. સ્ત્રી. નદી.
૨૩. સ્ત્રી. ન્યાય.
૨૪. સ્ત્રી. પરંપરા; હાર.
૨૫. સ્ત્રી. પર્વતની ઢળતી બાજુ; ગિરિસ્થિ.
૨૬ સ્ત્રી. પહાડનું ઝિંખર.
૨૭. સ્ત્રી. પાણીનું વહેણ; પ્રવાહ.
૨૮. સ્ત્રી. પાત્રનું બાકું.
૨૯. સ્ત્રી. પ્રવાહોની ધાર; દંડકી; રીત; દુઃખ, પાણી, તેલ વગેરેની ધાર કે ઊંડ.
૩૦. સ્ત્રી. મહાભારતમા બનાવેલું એક પ્રાચીન તીર્થ
૩૧ સ્ત્રી. રથનુ પૈડું; રથનું ચક્ર.
૩૨. સ્ત્રી રાત્રિ
૩૩ સ્ત્રી. રીત; પદ્ધતિ.
૩૪ સ્ત્રી રેખા.
૩૫. [હિ.] સ્ત્રી. વજન મૂકીને સરખું કરવું તે.
૩૬. સ્ત્રી. વાદ્યાવલિ; પંક્તિ.
૩૭ સ્ત્રી. વૃષ્ટિ; વરસાદ
૩૮. સ્ત્રી. શ્વાત હોવાપણું.
૩૯ સ્ત્રી. સમૂહ; ઝુંડ.
૪૦ સ્ત્રી. સરખાપણું.
૪૧. સ્ત્રી. સંતાન; સંતતિ.
૪૨. સ્ત્રી. સૈન્યનો આગળનો વિભાગ; સૈન્યનો અગ્ર સ્કંધ
૪૩. સ્ત્રી. હદ; પાર.
૪૪. [સં. ધૃ (ધરવું)] વિ. ધારણ કરનાર. સમાસમાં જ વપરાય છે. જેમકે, દયાધારા.

ધારાકદંબ [સં.] ન. એક જાતનું કદંબ. વર્ષા ઋતુમાં તેને ફૂલ આવે છે. તેની છાલ તાવ ઉપર વપરાય છે. તેનું લાકું

કારીગરના કામમા આવે છે. ધારાદણ્ડ ઉપરાંત મૂષિદણ્ડ, મૂકદણ્ડ, રાજદણ્ડ અને નીમ એની દણ્ડની જાતો છે. ધારાદણ્ડ, કડવું, વર્જીને ઉત્તરાવ કરનાર, સોનો, વિષ, ક્ષ, ત્રણ તથા ચપુનો નાશ કરનાર મનાય છે.

ધારાકર ૧. [સં. ધારા (ધાર) + કર (હાથ)] પુ. ધારરૂપી હાથ.

૨. પું. પ્રવાહ; ઝરણ.

૩. પું. ધર્મેન્દ્રિયનુ.

ધારાકલશ [સં ધારા (ધાર) + કલશ (ઘોટો)] પું. પ્રવાહીની શેર પાડી લાવવા જેવું વાસણ.

ધારાકાન્હરા પું. (સંગીત) એ નામનો એક રા.મ. તે ગ્રામેશ્વરી, ગ્રીજોડી અને કાન્હરાનું મિશ્રણ છે.

ધારાગૃહ ૧. [સં. ધારા (ધાર) + ગૃહ (ઘર)] ન જ્યાં રાજાઓ છૂટતી હોય એવુ સ્નાન કરવાનુ ગૃહ; ફુવારાવાળુ ઘર.

ધારાગૃહ વિષે જેસી અનુઓ હાલ ન્હાય છે. કાંત

૨. ન. પુલગીના ફુવારાવાળો મહેલ.

૩. ન ફુવારાવાળી કારની બેઠક.

૪. ન. લોકોના મોજશોખ તરીકે બનીયામા સ્નાન કરવા માટે ફુવારાવાળું બંધિયામાં આવેલું સ્થળ.

ધારાગ્ર [સં. ધારા (અણી) + અગ્ર (આગલો ભાગ)] ન. ધનુષ્યનો પહોળી ધારવાળો આગળનો ભાગ.

ધારાજ [સં. ધારા (ધાર) + જ (ઉત્પન્ન થયેલ)] ન. એક પ્રકારનુ દિવ્ય જળ.

ધારાજીવાટ પુ. નર્મદાના ઉપર તટ ઉપરનું એ નામનું એક રમણીય સ્થાન. અહીં કાંઠાના ઉત્તમ પ્રકારનાં ખાખુ નીકળે છે અને મોટો જકાત્રોત છે.

ધારાટ ૧. [સં.] પુ. ઘોડો

૨. પું ઘાતક પક્ષી; બપૈયો.

૩. પું. નાગરમોથ.

૪. પું. મસ્ત હાથી.

૫. પું. મેઘ; વાદળ.

ધારાટી ૧. [સં.] સ્ત્રી. ઘોડી.

૨. સ્ત્રી. ઘાતક પક્ષિણી.

ધારાણી ૧. સ્ત્રી. ખોળની એ નામની એક બટક.

૨. ન એ નામની બટકનું માપ.

૩ વિ. એ નામની બટકનું.

ધારાતીર્થ ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.

રાજા રાજ્ય ખેલતા કુટુંબ પરિવાર સાથે ધારાતીર્થમા નાતા ગયો.

આર્યોના તહેવારનો ઇતિહાસ

૨. ન. પુષ્કળ તીર્થ; પવિત્ર સ્થળ.

૩. ન. રણસંગ્રામમાં તલવારે કપાઈ મરવારૂપી તીર્થ.

ધારતીર્થ મૃત્યુ મેળવનાર ક્ષત્રિય અરેખર ધન્ય છે. આપીજ

૪. ન લાકડામાં બનાવેલાં ઘોડાંને મારી નાખવામાં આવે તે જગ્યા.

ધારાધર ૧. [સં.] પું. અદ્રમ; તલવાર.

૨. પું. નાગરમોથ.

૩. પુ. મેઘ; વાદળું; જલધર.

ધામધર જલધર જલદ જગદાધન છમ્યુ, અજ્ઞ બાલક મુદિત હરિ કાનુડો પ્રમદપૂલ.

ત્રિભુવનદાસ

ધારાધરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ગામોનું એક નામ.

ધારાધારણ ૧. ન. ન કામદા, નિયમો વગેરે; કામદાકાનૂન; ધારા અને કામની પદ્ધતિ.

૨. ન ન. ન. બનાવ બાદ કરેલી અમુક રીત; નિયમને અનુસરીને કરેલો વહીવટ.

ધારાધ્વનિ ૧. [સં.] પું. તરવારની ધારનો અવાજ

૨. પું. વરસાદની ધારાનો અવાજ; પાણીની ધારનો અવાજ

ધારાપાત ૧. [સં.] પુ. જલધારાનું પડવું તે.

૨. પુ. તલવારની ધારનું પડવુ તે.

ધારાપૂપ [સં.] પુ. એક જાતનું અપૂપ; એક જાતનો માલપૂડો. તે મેદાને બી દૂધનું મોણ દઈ બીબાં બનાવવામા આવે છે અને પાછળથી તેમાં ખાંડ ભેગવવામાં આવે છે. આયમહારા અનુસાર તે બલકારક અને પિત્ત તેમ જ કફનાશક મનાય છે.

ધારાપોથી સ્ત્રી. કામદાનું પુસ્તક; કામદાની ચોપડી; કામદાઓનો સંગ્રહ.

સેસ્ટ એક્ટની ધારાપોથીને કલમિત કર્યા પછી જ વાચનલોકના હાથમાં પૂરતી સત્તા છે

નવજીવન

ધારાપ્રેક્ષ [સં.] પું. મદનવૃક્ષ; મીંઢળનું ઝાડ.

ધારાબદ્ધ [સં. ધારા (પરંપરા) + બદ્ધ (બાંધેલું)] વિ. એકસરખી ધારમાં ચાલ્યુ આવતું હોય તેવુ.

ધારાબંદી વિ. આકારી; કરનિર્ધારિત; કર મુકરર થયેલ.

ધારાભગ્ન [સં.] વિ. પાણીની ધારનું ભાંગેલું.

ધારાભંડળ ન. કાયદા ઘડનારી સત્તા.

ધારાયંત્ર [સં.] ન. ફુવારો

ધારાયંત્રગૃહ [સં.] ન. ફુવારાવાળું ઘર.

ધારાલ [સં.] વિ. ધારદાર; ધારવાળું.

ધારાલાડુ પું. ઘીની ધાર કરી તૈયાર કરેલ ચૂરમુ.

ધારાલી ૧. [સં.] સ્ત્રી. કટારી.

૨. સ્ત્રી. તરવાર.

ધારાલેખની [સં. ધારા (ધાર) + લેખની (કલમ)] સ્ત્રી. સાહી ભરીને લખાતી કલમ; 'ફાઉન્ટિન પેન.'

ધારાવત્ [સં.] અ. ધારની પેઠે.

ધારાવનિ [સં.] સ્ત્રી. વાયુ; હવા; પવન.

ધારાધર [સં.] પું. મેઘ; વાદળ.

ધારાવર્ષ [સં. ધારા (ધાર) + વૃષ્ (વરસવુ) + અ (પ્રત્યય)] પુ. ધારાબદ્ધ વરસાદ; અવિચ્છિન્ન વૃષ્ટિ; એક ધારે પડતો વરસાદ; સતત વરસાદ

ધારાવહી ૧. સ્ત્રી. ધાર; ધારાવાડી.

૨. વિ. અખંડ, અવિચ્છિન્ન; સતત; અખંડિત.

ધારાવાર્ઈ ૧. સ્ત્રી. ઝારી

૨. સ્ત્રી. ભૂતપ્રેતને શેકવા કરેલું પાણી અથવા દૂધનું કૂંડાળું; ધારવાડી

ધારાવાડી (ધારાવાડી) ૧. સ્ત્રી. ઝરી; ધરાવાડી દેવાનું પાતળું કે માટીનું વાસણ

૨. [સં. ધારા (ધાર) + વ (ભ્રમ કરવુ)] સ્ત્રી ધાર ની વાડ કરવી તે, મર્યાદા બાંધવા તે; કૂંપ, પાણી વગેરેની ધારનું કૂંડાળું કરવું તે; ગામ અથવા કોઈ સ્થળમાં ભૂત, પિશાચ વગેરેને આવતું અટકાવવા તેની આસપાસ પર્વત જળની કરાની ધાર.

ધારાવાડી દેવી = (૧) ગરેજ બેસાડે ત્યારે બોજ દેવા આગળ U આકારમાં ચૂનર ચોટાડી વચ્ચે ઘીના રેલા ઉતારવા. (૨) જમની વખતે પીરસેલ ભાતની આસપાસ પાણીની ધારા કરવી. જમવાનુ રાંધ કરતાં અગાઉ ભાઙામોમા આગમન કરવાનો અને આણાની આસપાસ પાણીનું કૂંડાળુ કરી તે ઉપર પાત્ર કોળિયા ઉંટે મૂકવાનો રિવાજ છે તેને ધારાવાડી દેવા કહે છે. (૩) નવા ઘરના વાસ્તુપૂજન વખતે તે ઘરની આસપાસ નાતર વીંટી તે ઉપર બાહ્મણોએ દૂધની ધારા કરવી. (૪) માતા, ભવિષ્યાકાલ વગેરેની આસપાસ કૂંપનું કૂંડાળુ કરવુ.

ધારાવાડી કાંઈ દૂધ, પણ પણ વિચારી જુઓ.

૩ સ્ત્રી. પાણીથી કરાતો અભિષેક; પાણી રેડવું તે, જળ છાંટવું તે.
રાજે ઝીલી આજ્ઞા દીધી, વારિની ધારાધારી દીધી. પ્રેમાનંદ

ધારાવારિક વિ. જ્યાં ધારાથી પાણી પડતું હોય એવું.

ધારાવારિકલયન ન. કુવારાવાળું ઘર.

ધારાવાહિક ૧. [સં.] વિ. ક્રમે ક્રમે એક સાથે જોડાયેલું.
૨. વિ. ચાલુ; નિત્ય; લાગલગાટ.
૩. [સ. ધારા (ધાર) + વાહિક (વહેનાર)] વિ. ધારાપૂર્વક વહેતું; ધારથી પડતું.

ધારાવાહિકજ્ઞાન [સં.] ન. (વેદાંત) આ ઘડો છે, આ ઘડો છે એમ ચાલુ રહ્યા કરતું જ્ઞાન.

ધારાવાહિતા [સં. ધારા (ધાર) + વહ્ (વહેવું) + ક્ત (એલું) + ટા (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ધારાનો પ્રવાહ; સળંગપણું; ચાલુપણું
એમની કવિતાની અસ્ખલિત ધારાવાહિતા જોતાં લાયદર્શનને માટે એમને કદી પણ શબ્દ શોધવા જરૂ પડતુ હોય એમ જણાતુ નથી.
કાંકુદી

ધારાવાહી ૧. [સં. ધારા (ધાર) + વાહિન્ (વહેતું)] વિ. ક્રમે ક્રમે એક સાથે જોડાયેલું.
૨. વિ. ક્રમે ક્રમે વહેતું.
૩. વિ. ચાલુ; સતત; ધારાવાહિક.
૪. વિ. સમુચ્ચિત; જોડેલું કરેલું.

ધારાવિષ [સં.] પું. તરવાર; ખડ્ગ.

ધારાવ્રત [સં. ધારા (ખડ્ગની ધાર) + વ્રત] ન. આકરું વ્રત; તરવારની ધાર ઉપર ચાલવા જેવું આકરું વ્રત.

ધારાશાસ્ત્ર ૧. ન. કાયદાઓનું કે ધારાઓનું શાસ્ત્ર.
તેમાં વળી નયનશાસ્ત્ર ને ધારાશાસ્ત્રોથી અનભિજ્ઞ પુરુષ, સિદ્ધાંતને બદલે વ્યક્તિના અનુસરીને મત બાંધવા જતા હતા. પ્રસ્થાન
૨. ન. ધર્મશાસ્ત્ર; સ્મૃતિશાસ્ત્ર.
૩. ન. વ્યવહારશાસ્ત્ર.

ધારાશાસ્ત્રી ૧. પું. કાયદાશાસ્ત્રનું જાણનારો સનદી વકીલ; કાયદાનો પંડિત; મોટો ન્યાયશાસ્ત્રી; 'બેરિસ્ટર.'
૨. પું. ધારાસભાનો સભ્ય.

ધારાસત્તા ૧. સ્ત્રી. કાયદા બનાવવાની સત્તા.
૨. સ્ત્રી. પાણીના વહેવાની શક્તિ.
ધારાસત્તા એટલે પાણીની ધારાની શક્તિ એનો અર્થ લઈએ તો ડ્રેનેજ એટલે પ્રવાહને બંધ કરનાર સ્થિત કે બંધ એવો અર્થ થાય છે.
પ્રસ્થાન

ધારાસભા સ્ત્રી. રાજ્યતંત્ર ચલાવવાના કાયદા બાંધનારી સભા; કાયદા બાંધનારી મંડળી; દેશની સુવ્યવસ્થા માટે નિયમો બાંધનારી પરિષદ.
અત્યારે ધારાસભાની પ્રજા સ્વરાજ્યને પથે ચાલવા મંડી છે ત્યારે સંસ્થાનોની પ્રજાને યોગ્ય પમાયલે, રાહેરસુધરાઈઓ, ધારાસભાઓ પણ મળતી નથી. પ્રસ્થાન

ધારાસભારોહણ સ્ત્રી. ધારાસભામાં વધારે પડતી ગરદા.
આપણું પાલ ધારાસભારોહણ અને બાંધણીદ કરવાની રીતોમાં પડી જશું. મહાદેવ દેસાઈ

ધારાસર ૧. [સં. ધારા + સ (સરવું) + અ (પ્રત્યય)] પું. જોસબંધ વરસાદ.
૨. ન. ધારા પ્રમાણે.

ધારાસંપાત [સં. ધારા (ધાર) + સમ્ (સાથે) + પાત (પડવું તે)] પું. મુસળધાર વરસાદ; મહાન વૃષ્ટિ; અવિચ્છિન્ન ધારાએ પડતો વરસાદ; ધોધમાર વરસાદ.

ધારાસંસ્થાપક ૧. [સં. ધારા (કાયદા) + સંસ્થાપક (સ્થાપનાર)] વિ. કાયદા સ્થાપનાર.
૨. વિ ધારને તીક્ષ્ણ બનાવનાર.

ધારાસાર ૧. [સં. ધારા (પ્રવાહ) + સ (સરવું) + ઘ (પ્રત્યય)] પું. ધારાઓનો વરસાદ વરસવો તે; ઝડીએ વરસાદ પડ્યો તે; મુસળધાર પડવું તે. ધોધમાર વરસાદ.
૨. ન. ઉપરાઉપરી.

ધારાસ્નાન ૧. [સ. ધારા (ધાર) + સ્નાન] ન. કુવારા નીચે બેસી કરાતું નાવણ.
૨. [સ. ધારા (સતત પ્રવાહ) + સ્નાન (નાવણ)] ન. સિંચાઈ, નહેર મારફત ખેતરમાં પાણી પૂરું પાડવું તે.

ધારાસ્ત્રુહી [સં.] સ્ત્રી. ઝાડ ધારવાળો થોર.

ધારાહત [સ. ધારા (પાણીની ધાર) + હત (હણાયેલું)] વિ. વરસાદથી ઝાડાયેલું

ધારાહૃપત્ય પુ. પૃથ્વીપતિ; ઈશ્વર.
સહુ સંમતિ ભક્તિ કરવી, વરવું નહિ અસત્ય;
પરિચર્યા પાલવની કરવી, પોષવા ધારાહૃપત્ય.
પ્રેમાનંદ

ધારાહર ન. અણસાર; અણસર; ધરાર.

ધારાળા ૧. સ્ત્રી. દ્રોણીની એ નામની એક જાત.
૨. સ્ત્રી. રાનીપરજની એ નામની એક જાત, મુલ્યાતની એક વનકુંજરાણી જાત.
૩. સ્ત્રી. વરસાદની ધારા.
આલે ધારાળા કાઢિયા, વાદળ ચમકો વીજ
અરદેસર મેખણી
૪. ન. એ નામની જાતનું માણસ.
રવિશંકરભાઈ તો ધારાસભાના ચોર સભ્ય એટલે તેમને પોતાના કલ્યાણમંત્ર જજમાનો જેવામાં મળ્યા હતા. મહાદેવ દેસાઈ

૫. વિ. એ નામની જાતનું.

ધારાળી ૧. સ્ત્રી. ધારાળાની સ્ત્રી.
૨. સ્ત્રી. ધારાળા જાતિની સ્ત્રી.
૩ વિ.સ્ત્રી. અણીવાળું; તીક્ષ્ણ. ધારવાળી. હથિયાર માટે વપરાય છે. જેમકે, ધારાળી તરવાર.
૪. વિ. સ્ત્રી. ધારવાળી. જમીન માટે આ વિશેષણ વપરાય છે.

ધારાળું ૧. વિ. ધારવાળું; જેને ધાર કાઢેલી હોય એવું; તીક્ષ્ણ. તેજ.
૨. વિ. ધારેડ; ધારવાળું; ટેકરાળ.

ધારાળો ૧. પું. ઊંટકેરાય તેવો માણસ.
૨. પું પ્રહરડો.
૩. પું. ધારાળા જાતિનો પુરુષ.
૪. પું. ભાલ, ફોળા વગેરે હોમનો હથિયારબંધ વર્ષને કરનાર માણસ
અમે એટલે ધારાળા ને કુળના. કદી ને ખસિયા, અકારણી ને અડીખા, કજી ને સિપી. આરબ ને રોહીલા, અસવાર ને આયર, વાઘિયા ને આહલ્ય, ખોજ ને લોહાણા, ઢેઢ અને ચમાર.
ત્રિભુવનદાસ અને ધારાગેલ
૫. પું. લડવૈયો.
૬. વિ. ધારવાળું હથિયાર રાખનારો; સ:ક્ષ.રી.

ધારાં અ. (કચ્છી) વગર.

ધારાંકુર ૧. [સ.] પું. કણો.
૨. પું. જવાકુર; પાણીનું ટીપું.

ધારાગ ૧. [સ.] ન. એ નામનું એક પ્રાચીન તર્ક.
૨ ન. ખડ્ગ; તરવાર

ધારિ ૧ પું. (ચિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધારા; ધારી; ધારિયા. આ છંદ પ્રતિલોમ છંદનો એક ભેદ છે. તેમાં રગણ અને લઘુ મળી ૪ વર્ણ હોય છે
૨ ૫ ધારિ. રણછોડ
૨. સ્ત્રી સમૂહ, જૂથ.
૩. ન એક જાતનું ધારવાળું હથિયાર.

ધારિકા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; આર્યાનો. તે ગણત્રી છંદનો એક ભેદ છે. તેમાં રગણ અને જગણ મળી ૭ અક્ષર હોય છે.
ધારિકા ૨ ન ૭. રણછોડ
૨. [સં] સ્ત્રી. સમૂહનું એક માપ; ઢગી; ૭ ગણું.
૩. વિ સ્ત્રી. ધારણ કરનારી.

ધારિણી ૧. [સં.] સ્ત્રી. (જૈન) અઢારમા તીર્થંકર અરનાથની એ નામની શાસન દેવી.
૨. સ્ત્રી. એક જાતનું વહાણ. તે ૧૬૦ હાથ લાંબું, ૨૦ હાથ પહોળું અને ૧૬ હાથ ઊંચું હોય છે.

૩. સ્ત્રી. સૌંદ દેવતાની ઓગણીસ શક્તિઓ: રાત્રી, વનસ્પતિ, ગાયત્રી, પૃથ્વીધૃતિ, અચિરાકૃતિ, સિનીવાલા, કુહૂ, રાકા, અનુમતિ, આપ્યાયિતિ, પ્રજ્ઞા, સેજા, ચેજા.

૪. સ્ત્રી. (પુરાણ) દક્ષપુત્રી સ્વધાની એ નામની દીકરી.

૫ સ્ત્રી. નર્મદાનાં દક્ષાર માંહેનું એક નામ.

૬. સ્ત્રી. નવ માંહેની એ નામની એક નાડી.

૭ [સં. ધારિન્ (ધારણ કરનું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પૃથ્વી; ધરણી, ભૂમિ; જમીન.

૮. સ્ત્રી પ્રાચીન કાળમાં વર્ષા ઋતુ એ નામની એક ઋક્ષવાહિની સ્ત્રી.

૯ સ્ત્રી શેમળાનું ઝાડ; શાલ્મલી.

૧૦. સ્ત્રી. સહદેવી સ્ત્રી.

૧૧. સ્ત્રી. સૂર્યની બાર માંહેની એ નામની એક કલા. બાર કલા: તપિની, તાપિની, ધૂમ્રા, મરીચી, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી અને ક્ષમા.

૧૨. વિ સ્ત્રી. ધારણ કરવાવાળી.

ધારિત ૧. [સં.] ન. ઘોડાની એક જાતની ગતિ

૨. વિ. જાગતી રાખેલું.

૩. વિ. ધારણ કરેલ.

૪. વિ. ધીરેલ.

ધારિતક [સં.] ન. ઘોડાની એક જાતની ગતિ.

ધારિયા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધારિ. આ છંદ પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.

૨. પું ન ન. ખેતીનો તથા બીજો ધર્મ ઉઠાવવા માટે ખેડૂતને મજૂરી માટે અપાતી તમારી જેવી છૂટછાટ; બી અને ખેડવાની મજૂરી માટે કોઈ છૂટ મૂકવી તે.

૩. સ્ત્રી. દેઢની અને મેમણની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું

ધારિયું ૧. ન. ચપ્પુ.

૨. [સં. ધારા (અણી) + ઈય (વાળું)] ન. ધારવાળું એક જાતનું હથિયાર; ટૂંકી ધારવાળી લાતરડાની વાંસી; દાંતી; નાના લાતરડા જેવું એક હથિયાર; કમાનદાર પાનાવાળું એક હથિયાર. લાતરડી.

ભેતર નહે ધારિયું પેસે,
કૂતો વંઠે કબૂતર પેસે. કાવ્યસાહિત્ય

૩ ન. વણાટમાં સોનેરી રૂપેરી કસબવાળું એક જાતનું કપડું.

ધારિયાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધારિષ્ઠ ૧. ન દર્શ

૨. ન. સહન કરવાની શક્તિ. ધૈર્ય ધૃતિ, દુઃખ કે આફત આવી પડતાં મનમાંથી ન ચસ ધીરજ રાખવાની શક્તિ; સહનશીલતા.

૩. ન. હિમત.

ટપારનાથી સુંદરા જેવું ધારિષ્ઠ એ સુંદરાબાઓએ કર્યું એ મોટા આશ્ચર્યની વાત છે.

અદ્ભુત સંદારો

ધારી ૧. પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; પરિશેષ. તેના દરેક ચરણમાં ત્રણ જગણ અને ચગણ મળી બાર અક્ષર હોય છે

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધારા; ધારિ; ધારિણ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ અને લઘુ મળી બાર અક્ષર હોય છે.

૩. પું. ધુસકમાન વણનારો. તે સુનત કરાવે છે.

૪. સ્ત્રી. એક જાતનું ધારા; કુતરી

૫. સ્ત્રી ધારા; ટોર.

૬. [સ. ધારિન્] સ્ત્રી. પીપળનું ઝાડ.

૭. [હિં.] સ્ત્રી. લીટી; લકીર; રેખા.

૮. સ્ત્રી. સમૂહ; જૂથ.

૯. સ્ત્રી. સેના; ફોજ.

૧૦. વિ. આકારમાં સમતલ હોય એવું.

૧૧. વિ. આશ્રય આપનાર; બચાવનાર.

૧૨. વિ. કરજદાર; દેવાદાર.

૧૩. વિ. કોઈ બાબત તાત્પર્યને સારી રીતે જાણનાર.

૧૪. વિ. ધારણ કરનાર; ધરનાર; રાખનાર. સમાસને અંતે તે વપરાય છે. જેમકે, વેષધારી, છત્રધારી, જટાધારી.

૧૫. વિ. ધારવાળું.

૧૬. વિ. વત વગેરે બાધારણ કરનાર.

૧૭ વિ. ગરબની ધાર બદનાર.

૧૮. વિ. સ્મૃતિમાં રાખનારું.

૧૯. અ. ધારણ કરીને.

૨૦ અ. નીરખીને; જોઈને.

ધારીદાર ૧. વિ. કોરવાળું.

૨. વિ. ઘટાવાળું; બાની બાંખી લીટીવાળું. જેમકે, ધારીદાર મલમલ

ધારીધારીને અ. ઝીણી નજરથી; બારીક અવલોકનથી.

ધારુ ૧. પું. કુલીનાની જાતનો એક જોડ.

૨. સ્ત્રી. એક જાતની જેસ. દોવાને બદલે ચાર લાગે તો દૂધની ધાર બાબણમાંથી બાય છે, તેથી તેને ધારુ કહે છે.

૩. ન. ચેતરું બાકર.

૪. વિ. ધારણ કરવાવાળું.

૫. [સં.] વિ. પીવાના અભ્યાસવાળું; પીવાના સ્વભાવવાળું; પીનાર.

૬. અ. વિના; વગર.

ધારુજલ [હિં.] પું. બરફ; તરવાર.

ધારું અ. (કચ્છી) વગર.

ધારુસ પું. એ નામનો એક જોડ. તેનાં કુમળાં કળનું શાક થાય છે.

ધારેક ન. લીમડાની જાતનું એક ઝાડ; બકાન; મહાનિમ.

ધારેકૂલ ન. એક જાતની વનસ્પતિ.

ધારેચા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધારેશ્વર પું. એ નામના એક શંકર.

ધારેશ્વરી ૧. [સં.] સ્ત્રી. એ નામની બજાણા. એ પર્વતમાં વાસીનાં કાર્યને સિદ્ધ કરનારા ધારેશ્વરી નામની બજાણા છે.

બાગવતી બાગવત

૨. સ્ત્રી. ધારાનગરી બાંહેની એ નામની એક રેવી.

ધારૈયા ૧. સ્ત્રી. સુતાર અને સુથારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધારૈયું વિ. (કચ્છી) પરાયું.

ધારો ૧. [સં.] પું. કોઈ પણ કાર્ય બજાવવા માટે તેની સુબ્યવસ્થા રાખવાને બનાવેલા નિયમોની રચના; નિયમ; કાનૂન; કાયદો.

ધારો બાંધવો = નિયમ કરવો.

૨. પું મુકરર કરેલ દર; મહેસૂલી દી

૩. પું. રીત; રિવાજ; પ્રથા; વહીવટ.

૪. પું. વેરો; કર.

૫. સ. ક્રિ (બ્યાકરણ) ધારવું ધાતુનું બાજ્ઞાર્થે ભીજા પુરુષ બહુવચનનું રૂપ.

ધારોડ (ધારોડ) ૧. સ્ત્રી. બાજુવાળી જમીન; ધારવાળી જમીન

૨ વિ સ્ત્રી ધારવાળી; બાજુવાળી.

ધારોડા (ધારોડા) પું. બ.વ. ધારાઓ.

ધારોડી (ધારોડી) ૧. સ્ત્રી. ધારા; ઝંડુડી; ધારા; પ્રવાહ.
૨. વિ સ્ત્રી. ધાડપાડનારાવાળી; ધારવાળી.

ધારોડું (ધારોડું) વિ. ધારવાળું; પેનાણું; પથ્થરવાળુ.

ધારોડો (ધારોડો) ૧. પું. મોટી ધારા; ધોધ જેવી ધાર.
૨. વિ. પું. ધારવાળો.

ધારોષ્ણ ૧. [સ.] ન. તરત દોહેલું દૂધ; રોડકું દૂધ; પહેલી રોડનું દૂધ; તાજુ દૂધ. આવું દૂધ કાંઈક ગરમ હોય છે અને રતનમાંથી નીકળ્યા પછી પણ ઠેઠલોક વખત સુધી ગરમ રહે છે. આવા દૂધને વૈદકમાં અમૃત સમાન, શ્રમ હરનારું, નિદ્રા લાવનાર, વીર્ય અને પુરુષાર્થ વધારનાર, પુષ્ટકારક, અગ્નિ વધારનાર, બધું રસાદિક અને ત્રિદોષને હરનાર માન્યું છે.
૨. [સ. ધારા (ધાર) + ઉષ્ણ (ગરમ)] વિ. રોડકું; તરતનું દોહેલું. દૂધ માટે આ વિશેષણ વપરાય છે.

ધાર્તરાજ્ઞ [સ.] પું. ધૃતરાષ્ટ્રના પુત્રો માટેનો દરેક.

ધાર્તરાજ્ઞો [સ.] સ્ત્રી. ધૃતરાષ્ટ્રની એ નામની પુત્રી; દુઃશલા.

ધાર્તરાષ્ટ્ર ૧ [સં.] પુ. એક જાતનો સાપ; ધૃતરાષ્ટ્ર વંશમાં પેદા થયેલ નાગ; ધૃતરાષ્ટ્ર સર્પનો વંશજ નાગ.
૨. પું. કાળા ચાંચવાળો અને ધોળા રંગનો હંસ.
૩. પું. ધૃતરાષ્ટ્રનો કોઈ પણ પુત્ર; કૌરવ.
૪. પું. ધૃતરાષ્ટ્રનો વંશજ.

ધાર્તરાષ્ટ્રપદી સ્ત્રી. એ નામની જેવા; હંસપદી. લાલ રંગની રાસામણી.

ધાર્તરાષ્ટ્રી [સં.] સ્ત્રી. ધૃતરાષ્ટ્રની એ નામની પુત્રી; દુઃશલા.

ધાર્તા ૧. સ્ત્રી. અક્કમપણું.
૨. સ્ત્રી. બાઠડારત.

ધાર્તેય [સં.] પું. વૈદિક સમયનો એ નામનો એક દેવ.

ધાર્ત્રેય [સં.] પું. ધૃતા નામની સ્ત્રીનો એ નામનો પુત્ર.

ધાર્મ ૧. [સં.] વિ. ધર્મ સંબંધી.
૨. વિ. ધર્મિક.

ધાર્મપત ૧. [સં.] પું. ધર્મપતિનો પુત્ર.
૨. વિ. ધર્મપતિનું; ધર્મપતિ સંબંધી.

ધાર્મપત્તન ૧. [સં.] ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.
૨. વિ. ધર્મપત્તન શહેરમા બનુ.

ધાર્મિક ૧. [સં.] પું. (પુરાણ) દાશરથિ રામના સુત નામના મંત્રીનો એ નામનો એક પુત્ર
૨. વિ. ધર્મને લગતું; ધર્મ સંબંધી
૩. [સ. ધર્મ + ઇક (વાળું)] વિ. ધર્મશીલ; ધર્મનુ આચરણ કરનાર; ધર્મવાળુ; પુણ્યાત્મા; ધર્મનિષ્ઠ; ધર્મિષ્ઠ; ધર્મવાન.
૪. વિ. નિષ્કલંક; નિષ્પાપ.
૫. વિ. પવિત્ર
૬. વિ. ભોગ.
૭. વિ. શ્રાદ્ધનું; શ્રાદ્ધીય.
૮. વિ. વેદાન સંધ્યા જેવા વેદોક્ત ધર્મનુ પાલન કરનાર.

ધાર્મિકતા [સં. ધર્મ + ઇક (વાળું) + તા (પણું)] સ્ત્રી. ધાર્મિક હોવાનો ભાવ. ધાર્મિકપ્રય; ધાર્મિકપણું; ધર્મિકતા.
ધાર્મિકતા એ એક સ્વભાવિક અને અંતર્મુખી વૃત્તિ છે. કાલેલકર

ધાર્મિકનગર જુઓ ધાર્મિકપુર.

ધાર્મિકન્યાય [સં. ધાર્મિક (ધર્મવાળું) + ન્યાય] પું. શુદ્ધ ન્યાય; ધર્મન્યાય

ધાર્મિકપુર [સ. ધાર્મિક (ધર્મશીલ) + પુર (શહેર)] ન. નદીની દક્ષિણ બાજુએ આવેલ શહેર; ધાર્મિકનગર.
એ નગર નદી વહી દક્ષિણ દિશામા હોય તેનુ નામ ધાર્મિકપુર. રાજવલ્લભ

ધાર્મિક પ્રવૃત્તિ સ્ત્રી. આધિભૌતિક ધર્મ તથા રૂઢિ.
વળી સમુદ્રને વરેલી નદીઓ જેમ સદાવહતાવાળી તેમ જ જળથી ભરપૂર રહે છે તે પ્રમાણે વધારે ધાર્મિક પ્રવૃત્તિઓ (આધિભૌતિક ધર્મો તથા રૂઢિઓ) મનુષ્યોનું હિત સાધનારી હોય તો જ સફળતાપૂર્વક સેવાય છે. માધિમરહસ્ય

ધાર્મિકભાવ [સં. ધાર્મિક (ધર્મનું) + ભાવ (લાગણી)] પુ. ધાર્મિક વૃત્તિ; ધર્મિકતા ધર્મિકભાવ નીચેની બાબતો ઉપર અવલંબે છે: (૧) સંપ્રદાયો અને તેમના મતબ્યો, વહેમો, ઉત્પત્તિ અને બ્યહેર સંસ્થાઓ સાથે, (૨) દરેકના આસપાસના કુદરત અંગે, (૩) કર્મકાંડો, (૪) નીતિશાસ્ત્રો, (૫) લોકો ઉપર તેમના પ્રભુ અને અસર, (૬) રાજસત્તાની તેમના ઉપર હકૂમત અને સહાયનું પ્રમાણ વગેરે, (૭) અસંતોષ અને ઊલટપાલટના આચારવિચારના ધાર્મિક પ્રસંગો, (૮) દાનના પ્રકાર, (૯) પ્રજામાં ધાર્મિક પ્રચાર કરનારા મંડળો કે વર્ગો, (૧૦) યાત્રાનાં સ્થળો, (૧૧) મંદિરો, દેવળો, દેરાસરો, મસ્જિદો વગેરે.

ધાર્મિકરાશિ [સ.] સ્ત્રી (જ્યોતિષ) બાર માંહેની મેષ, મકર, કુલ અને મીન રાશિ.

ધાર્મિકવૃત્તિ [સં ધાર્મિક (ધર્મવાળું) + વૃત્તિ (વલણ)] સ્ત્રી. ધર્મની વૃત્તિ; ધર્મ ઉપર આસ્થા.
ઉપવાસ અને પ્રાર્થના જો સાચા દિલથી અને ધાર્મિકવૃત્તિથી કરવામાં આવે તો તેમાંથી અદ્ભુત પરિણામો નીપજવાં શક્ય છે, એમ મારી છે અને મારો અનુભવ છે. ગાંધીજી

ધાર્મિકત્વ [સં.] ન. ધર્મશીલપણું; ધર્મનિષ્ઠપણું.

ધાર્મિજ્ઞ [સં.] ન. ધર્મ પાળનારાઓનો સમૂહ; ધાર્મિકોનો સમૂહ.

ધાર્મિણેય [સં.] પું. ધર્મિણી સ્ત્રીનો પુત્ર.

ધાર્મ્યાયન [સં.] પું. ધર્મ ઋષિનો ગોત્રજ.

ધાર્ય ૧. [સં.] ન. વજ્ર; કપડું.
૨. [સ. ધૃ (ધારવું કરવું)] વિ ધારવું કરવા જેવું, ધારણીય.

ધાર્યું ૧ ન. ધારણા; સંકલ્પ.
ધાર્યું કરવું = ધાર્યો પ્રમાણે જ કરવું; જે ધારેલું હોય તેમાંથી નહિ ફરતા તે જ કરવાનો પાકો આગ્રહ રાખવો.
૨. વિ. ધારેલું.
૩. ન ક્રિ. ધારવાનો ભૂતકાળ; ચિંતન કર્યું.

ધાર્ષ્ટ ૧. [સં.] પું. ધૃષ્ટ રાજાના વંશમાં ઉત્પન્ન થયેલ માણસ.
૨. ન. ધૃષ્ટતા; નિર્લજ્જપણું.
૩. વિ. ધૃષ્ટ રાજાના કુળમા પેદા થયેલ.

ધાર્ષ્ટક પું. ધૃષ્ટ રાજાના વંશમા પેદા થયેલ ક્ષત્રિય.

ધાર્ષ્ટ્ય ૧. [સં.] ન. ઉદ્ધતાઈ; ધૃષ્ટતા; ધૃષ્ટપણું; પ્રગલ્ભપણું
૨. ન ધીરજ.
૩. ન નિર્લજ્જપણું

ધાર્ષ્ણુક [સ] ન. ધૃષ્ણ રાજાનો દીકરો.

ધાલ જુઓ ધાલા.

ધાલા ૧. પું. ગામડામાં ઉઘરાવાતો એક જાતનો કર
૨ પું. વહેળો; ઝરો.

ધાલાવેલી સ્ત્રી તાલાવેલી; ઉત્કટ અધીરાઈ
દાતાર કુબતદાન નહિ આપે કુબતદોરી ઈશ્વરના હાથમા છે. તેના ઉપર શ્રદ્ધા રાખી તું તારો માર્ગ ન છોડ. આમ ધાલાવેલી મનમા ચાલતી હતી. ગાંધીજી

ધાલી જો લગ્નક્રિયા વખતે વર તરફથી કન્યાને મળે બનાતો દોરો

ધાલા વિ પું (કચ્છી) ઘાટડો; ધાવલશાહ પીરનો આપેલો

ધાવ્ ૧. [સ.] સ. ક્રિ. અપમાન કરવું; હુમલો કરવ.
૨. અ ક્રિ. જવું; ગમન કરવું.
૩. અ ક્રિ. (ધાતુ) દોડવું. જેમથી આજ્ઞા વપરાય. તે ઉપરથી થયેલ શબ્દો: ધાવક, ધાવણ, ધાવન, ધાવિત.
૪. અ. ક્રિ નાસી જવું.
૫. સ. ક્રિ. વહેવું; જોરથી વહન કરવું.
૬. સ. ક્રિ. ધોવું
૭. સ. ક્રિ. સ્વચ્છ કરવું.

ધાવ ૧. પું. ઝેડ જાતની વનસ્પતિ; ધાવડો.
૨ પું. ધોવડો; સમરસ.
૩ પું ધા: મદદ માટે દોડો એવો પોકાર; ધાઓ એવો મદદ માટે પોકાર.
૪. સ્ત્રી. ધાત્રી; માતાની ગેરહાજરીમાં અથવા માતાને બદલે બાળકને ધવરાવનાર સ્ત્રી. સારી ધાવ પોતાની જ જ્ઞાતિની, મધ્યમ વયની, સારા અને પૂરતા ધાવણવાળી અને પુત્રવાળી હોવી જોઈએ. તે સારા સ્વભાવની, બાનદી, માયાળુ, બા.ત્રિત, સંતોષી, સારા કુળની, સારું ખોરાકવાળી, સારા આચરણવાળી અને પોતાના બાળકની માફક જ બવરાવવાની ઇચ્છાવાળી હોવી જોઈએ.
૫. ન. આરબ લોકોનું ઝેડ જાતનું નાનું વહાણ.

ધાવઅણુ ન. ઝેડ જાતની આગબી.

ધાવક ૧. [સં. ધાવ્ (દોડવું) + અક (કરનાર)] પું. ધોબી; રજક.
૨. પું. નામાનક, રત્નાવલી વગેરે ગ્રંથ કરનાર એ નામનો એક કવિ.
૩ પું. સંસ્કૃત ભાષાનો એ નામનો એક આચાર્ય તથા કવિ. તેનું નામ કાલિદાસના માલવિકાગ્નિમિત્ર નાટક, કાવ્યપ્રકાશ અને સાહિત્યમા આવે છે.
૪. પું. હલકારો, ઓપિયો.
૫ સ્ત્રી. ધાવ; ધવરાવનાર સ્ત્રી.
૬. વિ ધોનાર; વસ્ત્ર વગેરે સાફ કરનાર.
૭. વિ રક્ષા કરનાર.
૮. [સં. ધાવ્ (દોડવું)] વિ. જેમથી દોડનાર. શીઘ્રગામી.

ધાવકિલ્લો પું. આબુપાસ ઉનાળ, પાણી વગરની જગ્યા હોય એવો કિલ્લો.

ધાવડ (ધાવ) ૧ સ્ત્રી સતાગ તરફ રહેતી, લુહારનો ધંધો કરતી એ નામની એક જાત.
૨. સ. એ નામની જાતનું માણસ.
૩ વિ. એ નામની જાતનું

ધાવડા (ધાવડા) ૧. [સિં.] પું ધવનું ઝાડ.
૨. પું. ધવની ધજી.

ધાવડી (ધાવડી) ૧. સ્ત્રી. ઝેડ જાતની વનસ્પતિ; ધાવડી. તેનાં ઝાડ શુમારે ત્રણેક ગાઉ બે ત્રણેક ઊંચાં વધે છે. એનાં ફૂલ લવિંગ જેવાં અને રાતા રંગનાં હોય છે. તેનો ઔષધમાં તથા રંગના કામમા ઉપયોગ થાય છે
૨. [સં. ધાતકી] સ્ત્રી. ઝેડ જાતનો છોડ. તેનાં પાન દાડમડીનાં પાનને બળતાં હોય છે અને સામસામે ઊગે છે. ફૂલ ગુલાબી તથા રાતા રંગનાં, અરધો ઇંચ લાંબાં અને બેટડીના આકારનાં થાય છે. એવડી જેવડા તેના ફળની અંદર કાળાં દુબાગેલ બી થાય છે. ધાવડીનાં ફૂલ દ્રાક્ષારસમાં આવે છે. ફૂલ રંગે લવિંગ જેવાં હોય છે. ધાવડી તીખી, શીતળ, તૂરી, માદક, કડવી, લઘુ તથા વર્ણકારક છે અને રક્તપ્રદરહિત, પિત્ત, તૃષા, વિસર્પ, જ્વર, કૃમિ, અતિસાર અને રક્તદોષ મટાડનાર મનાય છે. ધાવડીનાં ફૂલ માંદી અને શીતળ તરીકે અતિસાર, મરડો, સંગ્રહણી, હરસ અને તાવ ઉપર કવાથ તથા ચૂર્ણના રૂપમાં અપાય છે. મરડા ઉપર અરધો તોલો ચૂર્ણ દહીં સાથે અપાય છે. ચાંદા ઉપર ચૂર્ણ લગાડવાથી રસ ઝરી ચર્મ રૂઝ આવે છે અને અતિ આર્તવ ઉપર એનો સાથે અપાય છે.
૩. સ્ત્રી. ખાંટની એ નામની એક બટક.
૪ સ. એ નામની બટકનું માણસ.
૫. વિ. એ નામની બટકનું.

ધાવડીકુંડ પું નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક કુંડ. અહીં પર્વતરાજ વિંધ્યાચળનો ગર્વ ઉતારવાને માટે જ્યારે વિશ્વકર્માએ પુલસ્ત્યાશ્રમ જલસ્રોત રૂપ કૂવો નીચે પડી અદૃશ્યતીર્થ દરય નિર્માણ કરે છે. આ સ્થાનની રમણીયતા બહુજ સુંદર છે કે, નજરે જોવાથી જ જ્ઞાત થાય છે. અહીં બીજા નાના મોટા અનેક જલસ્રોત પડે છે. દક્ષિણ તટ ઉપર ધારેશ્વર શિવલિંગ છે પ્રાચીન સમયમાં બાણાસુર એક કરોડ શિવલિંગ બનાવીને પૂજન કરવા બેઠો તે સમયે ઝંકરે તેનું સ્મરણ કર્યું, તે કારણે બનાવેલ બધાં લિંગ તેણે નર્મદાકુંડમાં નાખી દીધાં, તે જ દિવ્ય શિવલિંગ ધાવડીકુંડમાથી નીકળે છે. નર્મદાજીનાં જગપ્રસિદ્ધ બાણ અહીં નીકળે છે. અહીં બધા પ્રકારનાં કર્મ કરવામાં આવે છે.

ધાવડો (ધવડો) [સં ધવ] પું ઝેડ જાતનું ઝાડ. આ ઝાડ ઊંચાં થાય છે. પોરબંદર તરફના રબારી આ ઝાડને ભૂતબાકરો કહે છે. આ ઝાડનો રંગ ધોળાશ પડતો અને પાદડાં લાંબાં હોય છે. આ ઝાડને ધવનું ઝાડ પણ કહે છે. ધવડાને સુંદર પુષ્પળ આવે છે. લાકડું ઇમારતી કામમાં ઉપયોગી થા.ય છે. કોંકણ પ્રાંતમાં આ ઝાડ પુષ્પળ ઊગે છે તેના ઠોબલા સારા થાય છે. ધાવડો તૂરો, શીતળ, મધુર, તીખો, દીપન ને કફવિકાર મનાય છે. તે પાંડુ રોગ, પ્રમેહ, કૃમિ, પિત્ત, અર્શ અને વાયુ મટાડનાર કહેવાય છે. તેનાં ફળ કડવાં, રુચકારક, કફ, તૂરાં, મલરતંભક ને વાતુલ મનાય છે અને કફ તથા પિત્ત મટાડે છે.

ધાવણ ૧. [સં. ધાવ્ (દોવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. દૂધ; પ્રાસક.
૨. ન. માતાના સ્તનમાથી નીકળતું દૂધ; ઓની જાતીમાથી નીકળતું દૂધ. સાદું ધાવણ રંગમાં ફેરફાર વગર સિવાય પાણી સાથે તરત મળી જાય છે, અંદર રોકાણ પડતા નથી, તે સહેજ તથા ઠંડું હોય છે, બહુ ઘાડું હોતું નથી. પીપર, મૂડ અને હરડેનું ચૂર્ણ ઘી તથા ગોળમાં ઘાલવી લેવાથી ધાવણ વધે છે.
૧. ધાવણ મુકાવવું = બાળકને ધાવતાં છોડાવવું.
૨. ધાવણના દાંત હોવા = બિનઅનુભવી હોવું.
૩. ન સ્તન.

ધાવણલજ્જાભણ્ણ ૧. વિ. નમાલું; કાંઈ પણ ગરાનત વગરનું.
૨. વિ. માતાના ધાવણને લજવે એવું.

ધાવણી ૧. સ્ત્રી. ઝેડ જાતની વનસ્પતિ, ધાતકી; ધાતુપુષ્પી; તા.મ્રપુષ્પી; સુબલ્લા; બહુપુષ્પી; વહ્નિજ્વાલા. તે આખદેશમા ઊગે છે. ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધીમાં તેને પીળા ફૂલ આવે છે. આ ફૂલ રંગના કામમાં આવે છે. ઔષધ પણ થાય છે. તેના લાકડાનું ફર્નિચર થાય છે. સુંદર હોવાથી બાગમાં તથા રસ્તાની બેઉ બાજુ એ વાવવામાં આવે છે. તેમાં ટેનિક એસિડ વધારે હોય છે. અર્જાપાતને તે રોકનાર મનાય છે. તે શીતળ, પિત્તહર, કૃમિઘ્ન, રક્તદોષહ મનાય છે. અતિસાર, રતવા અને વિષ ઉપર ઉપયોગી છે.
૨ સ્ત્રી. ધાવણા બાળકને ધાવવાનું લાકડાનું અથવા ચાંદી વગેરેનુ રમકડું; ચૂસણિયું; ચૂસણી.
૩. સ્ત્રી. બાળકને દૂધ પાવાની ડીંટડીવાળી કોથળી.
૪. સ્ત્રી. સ્તનનું ટોચકું, ડીંટડી; કુચાગ્ર; સ્તનાગ્ર.

ધાવણું ૧. ન. ધાવવું છોકરું; ધાવણ ઉપર નભતું બાળક.
૨. વિ. ધાવણથી પોષણ પામે એટલી ઉંમરનું; ધાવણ ઉપર રહેતું હોય એટલી ઉંમરનું.
૩. વિ. ધાવતું હોય તેનું; ધાવણ ઉપર રહેનારું.

ધાવણો ૧. પું. એક જાતનું વૃક્ષ. તેનો ગુંદર દવામાં ઉપયોગી મનાય છે. તે પ્રમેહ, પાંડુ અને હરસ મટાડનાર કહેવાય છે.
૨. વિ. પું. ધાવણથી પોષાય એવડી ઉંમરનો; નાનો અને ધાવતો.
૩. વિ પું. ધાવતો હોય એનો; ધાવણ ઉપર જીવનારો

ધાવત ૧. [સં ધાવત્] ક્રિ વિ દોડતું
૨. વિ. પલાયન થતાં પારકાં સૈન્યોની પાછળ દોડનાર.
૩. વિ. વેદમાં વપરાયેલું જૂનું એક વિશેષણ.
૪. વિ. શુદ્ધ કરતું; સ્વચ્છ કરતું.

ધાવન ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ચૂપ્રણા ઉપરોક્ત છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૭૨ લઘુ મળી ૯૦ વર્ણ અને ૧૦૮ માત્રા હોય છે.
૨. પું. કામદુ બનાવવાનો વાંસ
૩. પું. ગાય જેવાને ધાવી જતો મનાતો એક જાતનો સર્પ.
૪. પું. દૂત; સંદેશો લઈ જલદી જનાર કાસદ.
૫. ન. ચીજને ધોવા કે સાફ કરવાની વસ્તુ.
૬. [સં. ધાવ્ (દોડવું)] ન. ધાવું તે; દોડવું તે; ઝેપ; ગતિ; વેગથી દોડવું તે; શીઘ્રગમન.
૭. ન. ધોવું તે; સાફ કરવું તે; પ્રક્ષાલન.
૮. વિ. દોડી જનાર; દોડતું.
૯. વિ. ધોનાર; સાફ કરનાર.

ધાવનક [સં.] પું. દૂત; દોડનાર સેવક.

ધાવનિ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; પુષ્પિપર્ણી લતા.
૨. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ધવો સમેરવો.
૩. સ્ત્રી. ચકાર્ઈ.
૪. સ્ત્રી. જલદીથી ચાલવાની ક્રિયા.
૫. સ્ત્રી ધાવડી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. જોખરીઝાડી.

ધાવનિકા જુઓ ધાવનિ.

ધાવની જુઓ ધાવનિ.

ધાવબાઈ [સં. ધાત્રી (ધાઈ) + ભ્રાત (ભાઈ)] પું. દૂધભાઈ.

ધાવમા જુઓ ધાવમાતા.

ધાવમાતા [સં. ધાત્રી (ધાઈ) + માત્ (મા)] સ્ત્રી. ધાત્રી; ધાય; બચ્ચાંને ઉછેરનાર બાઈ.

ધાવરો ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ.
૨ [ક્રિ.] સ્ત્રી. ખોળી ભાગ; ધોરી.
૩. વિ. મોટું; ઉત્તમ પ્રકાર.

ધાવરું ૧. ન. ધાબો ધાબો, એવી ભૂમ પડ્યાને બદલે બનાવવાનું રબ્બરિયું, ચુનાઈ; જમીન બચાવે બનાવાતું રબ્બરિયું.
૨. ન. લોહીબિકારને લીધે મોં, હાથ વગેરે અવયવનું સૂજી આવવું તે; સહેજ ખાવુજ આવા આમડી સૂજવા તે; રતવા; હાથ મોંનો સોજો.
ધાવરું ઊંજવું = મજેલ ઘોડાના કટકો શરીર ઉપર ફેરવવો.

ધાવલ પું. એક જાતનો ચુદર.

ધાવલ્ય [સં.] ન. ધોળાશ.

ધાવવું સ. ક્રિ. બાળકે માતું દૂધ ચૂસવું; સ્તન માંહેનું દૂધ પીવું.

ધાવસેન જ. માદુસેન એવી ભૂમ. મોદરમમાં આ પ્રમાણે ભૂમ પડાય છે.

ધાવા ૧. પું. એક જાતનો છોડ. તેમાંથી રંગ બને છે.
૨. [ક્રિ.] પું. કોઈ કામ માટે જલદી જવું તે; દોડ.
૩. પું ન. જ. ઝાડ; હિંસા.
ધા૰ા પાડવા = જમીનના ઝાડ પાડવા.
૪. [સં. ધાવ્ (દોડવું)] વિ. દોડતું.

ધાવિત ૧. [સ.] વિ. ધોયેલું.
૨. વિ. પોંખેલ.
૩. વિ. ભાગેલ; નાસી ગયેલ.
૪. વિ. શત્રુ ઉપર ચઢાઈ કરી ગયેલ.
૫. વિ. સાફ કરેલું; શુદ્ધ કરેલું; સ્વચ્છ કરેલું.

ધાવિતા ૧. [સ. ધાવિતૃ] વિ. ઝડપથી દોડનાર; વેગથી દોડનાર.
૨. વિ. ધોનાર.
૩. વિ. સાફ કરનાર.

ધાવિની [સં. ધાવ્ (દોડવું) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઝોકારદાર દૂતી.

ધાવી જુઓ ધાવિતા.

ધાવુડું (ધાવુડું) વિ. ચબરાક; ચાલાક; હોશિયાર.

ધાવું ૧. ન. એક જાતનું વહાણ; ધાઉ; બે ખૂણવાળું વહાણ.
૨. વિ. સરખું; બરોબર.
૩. અ. ક્રિ. એકદમ રોગ વ્યાપવો.
૪. અ. ક્રિ. નવું; ઉત્પન્ન થવું
એવી દુષ્ટને દુર્મતિ ધાઈ,
મુખે બીસરી ગયો છે ભાઈ. પ્રેમાનંદ

ક્રમતડી ધાવી = કુમતિવાળાં કામ થવા.
૫. અ. ક્રિ. દોડતા આવવું; ઉતાવળથી આવવું.
૬. અ ક્રિ. ધ્યાન ધરવું, ભજવું; ધ્યાન કરવું.
૭. અ. ક્રિ ધ્યાવું. ચિંતવવું ચિંતન કરવું
૮. [સં ધાવ્ (દોડવું)] અ ક્રિ. નાસવું; દોડવું; એકદમ દોડી જવું; ઉતાવળથી ચાલવું.
૯. અ. ક્રિ. મદદે દોડવું, મદદે જવું
૧. ધણીને કહે ધા અને ચોરને કહે નાસ = બેઉ બાજુ ઢોલકો વગાડવી; દુષ્ટ અને દુષ્ટ બનેમાં પક્ષ રાખવો.
૨. ધ૰તા ધાન મળે, ધન ન મળે = મહેનતુ માણસ કદી ભૂખે મરતો નથી.
૩. ધાવ તે પાવે = દોડે તે મેળવે.
૪. વગર ધાવું = મદદે જવું.
૫. સામું ધાવું = (૧) નો તરફ દોડવું. (૨) દુશ્મનો કરવો.

ધાવેડું (ધાવેડું) વિ. ખપું; ચલાવું.

ધાવો ૧ પું. (કચ્છી) દાવો.
૨. પુ. લશ્કરનો ઘેરો. દુશ્મનો; આક્રમણ.
ધાવો મારવો = (૧) આક્રમણ કરવું, દુશ્મનો કરવો, છાપો મારવો; ચઢાઈ કરવી (૨) આશ્ચર્ય પામવું; અચંબો પામવો.

ધાશક વિ. જખમીત થયેલ; ત્રાસકો પડેલ.
ધર જિદા ધાશક મુજતી, શાસક રહી નિરાશ;
વરી બલ દાસક હઈ. અઈ! વિધાતા અંક.
ક્ષત્રિયમિત્ર

ધાસકો પું. જાણ અજાણ ગોકનો સખત આઘાત; ફાળ; ચમકાટો; ચીચરવટો; ચોંકવું તે; ત્રાસકો.

ધાસડો જુઓ ધાશકો.

ધાસતી ૧. સ્ત્રી. ચિંતા; ચિતા.
૨. સ્ત્રી. બાક. ભય; દહેશત; ધારતી; ડર.

ધાસા [સ. ધાસસ્] પું. પર્વત.

ધાસિ [સં.] પું. અન્ન.

ધાસી સ્ત્રી. એ નામની એક દેવી.

ધાસુરાં ન. બ. વ. મુસલમાન લોકોના મોહરમના દિવસ.

ધાસ્કો જુઓ ધાશકો.

ધાસ્ત જુઓ ધાસ્તી.

ધાસ્તી ૧. સ્ત્રી ભોખમ.
૨. સ્ત્રી. ચિંતા; ચિતા; કાળજી.
૩. [અ. દહશત] સ્ત્રી. બીક; ભય; ડર.
૧. ધાસ્તી આપવી-દેવી-બતાવવી = બીક બતાવવી.
૨. ધાસ્તી કરવી-રાખવી-લાગવી = (૧) ચિંતા કરવી. (૨) ડરવું.

પિ

પાસ્તીબર્યું ૧. વિ. પાસ્તીવાળું; ભોમમચ્યાળું.
૨. વિ. ભયવાળું

પાહ ૧. સ્ત્રી. ભરવાજ; પોકાર; પા.
૨. સ્ત્રી. ચીસ; રાડ.
પાહ મારવી = રાડ પાડવી.
૩. સ્ત્રી. ભેરથી રોવું તે
૪. [સં. પાલિ] સ્ત્રી. ત્રાસ.
૫. સ્ત્રી. ભય; બીક.

પાહી [સં. પાત્રી] સ્ત્રી. દૂધ પાનાર ઢોર; ગાઈ; ધ.વ.

પાહુસેન ન. પાદુસેન. મોહરમમાં મુસલમાનો કુટની વખતે આ શબ્દ બોલે છે.

પાં સ્ત્રી. (કચ્છી) કુરિવાજ; રાવ.

પાંઈ પું. (કચ્છી) ભનાજ; દાણા; ધા-ન.

પાંઉ ૧. [હિં.] સ્ત્રી. રીતભાતમાં બીજાને બહુ મળતી આવતી એ નામની ભેદ જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પાંકણિયો પું. ભેદ જાતનો જાપલુનિયો ઘોડો. તેને બીજ ભેદની ઉપર વાળના મુચ્છા હોય છે.

પાંખ સ્ત્રી. પંખના; ઝંખના; આતુરતા; તીવ્ર ઇચ્છા.
પંખી દીઠો કાનની પાંખે રે,
મોહના રાને મન થઈ પાંખ રે. લાલદાસ

પાંખડા (પાંખડ઼ા) ૧. સ્ત્રી. બાબરિયા રજપૂતની એ નામની ભેદ શાખા.
થઈ કાજે બે પાંખડા શાખાના મૂળમાલિક મરાઠિમાઓના વંશજોનું કિલ્લો હતો.
અંબરામ ભેંસાણી
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

પાંખડી (પાંખડી) સ્ત્રી. ઝંખના; પંખના. આતુરતા..
સખિ ! મારુન મળવાની ભેદ, અંતર મારે પાંખડી;
જોઈ છબલની વાટ, પાંખ જે તો આખડી. દેવાનંદ

પાંખના ૧. સ્ત્રી. પંખના; ઝંખના; અભિલાષા.
૨ સ્ત્રી. ખાનગી કામકાજ.
૩. સ્ત્રી સાક્ષ્ય

પાંખરો ૧. પું. ધરડો માણસ; વૃદ્ધ પુરુષ.
૨ પું. હિસ્સો; ભેજ.
૩. પું. ભક્તિ તિરસ્કારમાં આ શબ્દ વપરાય છે.

પાંખવું ૧ સ ક્રિ ઝંખવું.
૨. સ ક્રિ. ધારી ધારીને જોવું; નિહાળવું

પાંખો ૧. પું ખાનગી; છિપો; હિસ્સો.
૨. પું ઘર; વહેમ; ભ્રમ.

પાંગડ (પાંગઽ) ૧. સ્ત્રી. વિંધ્ય પર્વત અને કૈમોરની ટેકરીઓ ઉપર રહેતી એ નામની ભેદ અનાર્ય જંગલી જાતિ. તેઓ દૂધ, તળાવ વગેરે ખોદવાનું કામ કરે છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પાંગડિયું (પાંગડિયું) ન. અખાટ કે સાદીના કપડાથી બનાવેલું કામચલાઉ કબાટ.

પાંગણિયું જુઓ પાંગડિયું.

પાંગર જુઓ પાંગઽ.

પાંગલી સ્ત્રી બે કૂદ લાંબાઈની સાંકડા મોઢા અને કાળા રંગની ઊંચિયાંવાળી માછલી. તે દરિયાને કાંઠે રહે છે. તેને કાંટા સાધારણ હોય છે.

પાંગરું ૧. ન. ભેજના ઉપર બ્લાઉઝ ચોળ તે પાતળો ભેજો કે અસ્તિકાઈ.
૨. ન. ખૂણો; કમાડે જડેલું આડું પાટિયું.
૩. ન. બે કામને જોડનારો કામકાનો અમલા લોખંડનો કટકો.

પાંગિયા ૧. સ્ત્રી. બરવાડની એ નામની ભેદ અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાંગી ન. ભેદ જાતનું વહાણ.

પાંગો ૧. પું. ઝાટો; બસકો.
૨. પું. નાનો ઓરો.
૩. પું. રેખા; રેસો; સફેદ બાંક.

પાંત પું. પુનાસો.
નથી શુદ્ધાદિક કું વરસે.
પાંત રાંત ત્રાલ કે વરસે. પ્રેમાનંદ

પાંતાળ વિ. બુદ્ધિમાન; ચાલાક; ચબળ.
અત્યારે મનુષ્યજાતિનું આયુષ્ય વધ્યા વિજ્ઞાનને આભારે બહુ લાંબો વર્ષનું ગણાય છે. બિટલા વર્ષમાં આની પાંતાળ મનુષ્યજાતિ કોના કયા તેની (મુખની) શોધ ન થઈ હોય એમ તો ન બને. જયેન્દ્રરાય દુરાણ

પાંધડો (પાંધડ઼ો) પું. પાકપટ; મોટો બનાવ.

પાંધણિયું ૧. ન. તોબા; ખૂબ ઝેરાનચલિત.
પાંધણિયાં પુલાવવાં = (૧) ખબાલ મચાવવો. (૨) ઝેરાન કરવું; દુઃખ દેવું; તોબા પોકારવી.
૨. ન. વાકાનું કબાડિયું.

પાંધલ ૧. સ્ત્રી. ઉતાવળ અને બહુ કામકાજ કરવાની તરખડ.
૨. [હિં.] સ્ત્રી. ઉપદ્રવ; તોફાન.
૩. સ્ત્રી. ધરબડ; ધમાલ.
૪. સ્ત્રી. દમો; ઊતરપિટી.

પાંધલખોર જુઓ પાંધણિયું.

પાંધલપણું ન. પાકપણું; દમામાકા.

પાંધલપુર ન. સિદ્ધરાજ જયસિંહનું જન્મસ્થાન.

પાંધલિયું ૧. વિ. ઉતાવળિયું
૨. વિ. તોફાની; ઉપદ્રવી
૩. વિ. દમામોર; ઊતરપિટી કરનારું.
૪. વિ. પાંધલ કરનારું; ધમાલિયું; ગરબડિયું; ગભરાટ અને ઉતાવળથી કોઈનું ધ્યાન ખેંચાય એમ ધમાલ કરી મૂકનાર.

પાંધલી ૧. [હિં.] વિ. ઉપદ્રવી.
૨. વિ પાકપ; દમામાજ.

પાંધરસ ન. અનાજના પૂળા વગેરે ઢબકી વસ્તુઓનો ભેગ; કસ્તર.

પાંધળ જુઓ પાંધલ.

પાંધળખોર જુઓ પાંધલખોર.

પાંધળપણું જુઓ પાંધલપણું.

પાંધળિયું જુઓ પાંધલિયું.

પાંધળિયેલ વિ. સ્ત્રી. ઉતાવળ અને ખૂબ કામ કરનારી.

પાંધળી જુઓ પાંધલી.

પાંધળું વિ. ઝાંખા પ્રકાશવાળું; અંધકાર જેવું.

પાંધા [સં.] સ્ત્રી. ભેલચી.

પાંધિયા ૧. પું. ન. બ. વ. અનાજ મુસેલી.
૨. પું. ન. બ. વ. ઊંચુપ; ખાંસી; ચુંટી.
૩. પું ન બ. નકામું વધારું.

પાંધુ ૧. સ્ત્રી. મુસલમાન ખતરી કોમની એ નામની ભેદ અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાંપર પું (કચ્છી) આમલી સાલના વલ્કના ઝોડ

પાંપ સ્ત્રી. રોકકળ; રડારોળ.
પાંપ દેવી = રાજિયા આવા

પાંસ સ્ત્રી. સૂકો ખારી; ક્ષારો; બાજર કે તમાકુનો ધુમાડો કાઢવા પછી ઉપરસ ખારી તે.

પાંસવું સ ક્રિ. ઉપરસ ખારી; ખોખો કરવું.

પાંસી ૧. સ્ત્રી. ખાંસી; ઉપરસ
૨. સ્ત્રી ખોરડીના કાંટાનો ભર; કાટાનું ખરોડુ

પિ ૧. [સં] પું. સમૂહ; ભંડાર. સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, જલધિ, ઉદધિ, પારિધિ

૨ સ કિ ધક્કવું, ધરવું, ધારણ કરવું.

૩ સ કિ. યુક્ત હોવું.

૪ સ કિ વિશિષ્ટ હોવું

ધિક્કા ૧. [હિ.] સ્ત્રી દીકરી.

૨ સ્ત્રી. નાની છોકરી

ધિક્કાન [હિ] ન. ખ્યાન

ધિકડ અ. (સંગીત) મૃદંગ કે નરઘા ઉપર થતો તાલનો અવાજ.

ધામી મૃદંગ ધિકડ ધી ધીટટ,
ત ત યે યે સંગતિ દમ કટ . ' શિવાનંદ

ધિકધિકાવવું સ કિ. ખૂબ ધિક્કારવું.

ધિક્કારવું ૧. સ કિ. ખૂબ જરબ કરવું; તબાહીને લાવ કરવું

૨. સ કિ ખૂબ સળગાવવું; ભડભડાટ બળે એમ કરવું

૩ સ કિ નફાવાળો વેપાર કરવો; વેપારમાં નફો મેળવવો.

ધિક્ ૧. [સં.] અ. અરેરે !

૨. અ. ધિક્કાર, તુચ્છકાર, લાજમ કે શરમ બતાવનાર અવ્યય.

ધિક્ક ૧ સ્ત્રી. (કચ્છી) પીઠમાં જોરથી હાથ મારવો તે.

૨. અ ધિક્; કટ; તુચ્છ.

ધિક્કમૂઠ સ્ત્રી. (કચ્છી) મોટી મારકૂટ.

ધિક્કરણ [સં.] ન. તિરસ્કાર, ધિક્કારવું તે.

ધિક્કાર [સં] પું તુચ્છકાર; કટકાર; તિરસ્કાર; અપમાન, નિંદા

ધિક્કારક [સં ધિક્ (ધિક્કાર) + કારક (કરનાર)] વિ. ધિક્કારનાર.

ધિક્કારપાત્ર [સ] વિ ધિક્કારને યોગ્ય, ધિક્કારવા લાયક; તિરસ્કાર કરવા જેવું

ધિક્કારવું સ કિ. ધિક્કાર કરવો, તુચ્છકારવું, તુચ્છ કે હલકું સમજવું, તિરસ્કાર કરવો.

ધિક્કારાવું અ. કિ ધિક્કારને પાત્ર થવું; તુચ્છકાર પામવો, તિરસ્કૃત થવું.

ધિક્કૃત ૧. [સં.] ન. ધિક્કાર; તિરસ્કાર.

૨. વિ. ધિક્કારાયેલું; તિરસ્કાર પામેલું.

ધિગ્ધિત [સ] ન ધિક્કારપાત્ર કૃત્યન.

ધિગ્દંડ [સ પું ધિક્કાર કરવાની સિક્ષા; તિરસ્કારરૂપ દંડ.

ધિગ્ધિક્ [સ] અ. ધિક્કારવાચક શબ્દ.

ધિગ્ધિક્કાર [સ] પું ધિક્ શબ્દથી અતિશય તિરસ્કાર કરવો તે.

ધિગ્ધિર ૧ સ્ત્રી ઝાડઝાડનો ધધો કરતી એ નામની એક જાતિ.

૨. વ. એ નામની જાતિનું માણસ

૩ વિ. એ નામની જાતિનું

ધિગ્વણ [સં.] પું એક જાતનો વર્ણસંકર, મનુ અનુસાર એક સંકર જાતિ બ્રાહ્મણ પિતા અને આયોગવી માતાથી તે ઉત્પન્ન થયેલ માનવામા આવે છે.

ધિજજ [પ્રા.] ન. ધૈર્ય; ધીરજ.

ધિણોળા ૧. સ્ત્રી ઝાડવું, સોની અને વાણિયાની એ નામની એક અટક.

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ધિણોળિયા જુઓ ધિણોળા.

ધિણોઓ ૧. પું. ઓરેખો માણસ

૨. પું. ધુત્કો; ઠગ

ધિણોવું સ કિ ગાવને ગર્ભ રહેવો.

ધિણોર્યો જવું = ગાયનું સગર્ભા થવું

ધિતિ [સં] સ્ત્રી. ધારણ કરવું તે; ધરવું તે; પૃતિ

ધિત્તાક અ. (સંગીત) મૃદંગનો એક બોલ.

ધિન અ. (જૂ ગુ.) ધન્ય; સહજ.

મુનિ જાવકમસમય બાણ,
ધિન ધિન ઉદય નરેસ. જાવકમસમય

ધિનકટ અ (સંગીત) તબલા નો એક જાતનો અવાજ.

ધિનોળા જુઓ ધિણોળા

ધિનોળિયા જુઓ ધિણોળિયા.

ધિનોર પું. અગ્નિનો ભડકો.

ધિબાલો પું (કચ્છી) પીઠ કે માથા ઉપર જોરથી હાથ મારવો તે

ધિબાવવું ૧. સ. કિ. ધિબાવ એમ કરાવવું.

૨ સ કિ. સ્તબ્ધ કરવું.

ધિબાવું ૧. અ. કિ. ધિબાવ એમ થવું.

૨. અ કિ. સ્તબ્ધ થવું; આકુળવ્યાકુળ થવું. ગભરાવું.

ધિબોવવું સ કિ. પીઠ જેવો અવાજ થાય એમ કરવું; મારવું, પીટવું, ધબધબ કરવું; કૂટવું

ધિમચ્ચા [હિ.] સ્ત્રી. એક જાતની આમલી.

ધિય ૧ [હિ] સ્ત્રી છોકરી, બાળકી, બાલિકા.

૨. [સં દુહિતૃ] સ્ત્રી (હિંદી) દીકરી.

૩. સ્ત્રી બુદ્ધિ.

ધિયા જુઓ ધિય.

ધિયાડવું (ધિયાડવુ) સ કિ. બાળવું; સળગાવવું.

ધિયાનગી સ્ત્રી. રોજિંદું કામ, રોજમદારી.

ધિયાન્ન પુ. જમાઈ

ધિયાવસુ ૧. [સં] પું. બુદ્ધિનો દેવતા; સરસ્વતીના વર્ગનો એક વૈદિક દેવતા. તે ધી એટલે બુદ્ધિનો દેવતા બનાય છે.

૨ પું સરસ્વતી દેવતા; વાગ્દેવી.

ધિયાંગ [સ] ન શરીરે પહેરવાનું સીવેલું એક જાતનું વસ્ત્ર.

ધિયાંપતિ [સં] પુ બ્રહ્મપતિ,

ધિયાંહ સ્ત્રી. પુત્રી, દીકરી.

ધિરકાલ ૧ સ્ત્રી. વાંસ ઉપર કામ કરનારી એક જાત.

૨. ન એ નામની જાતનું માણસ.

૩ વિ. એ નામની જાતનું.

ધિરજણું ન. (કચ્છી) બંધુ ન

ધિરાવવું સ કિ ધીરે એમ કરાવવું.

ધિરાવું અ કિ ધીરે એમ થવું.

ધિરીકીટતક અ (સંગીત) મૃદંગનો એક બોલ.

ધિલ પુ (કચ્છી) દિલ.

ધિલજાન વિ. (કચ્છી) પ્રિય.

ધિલજાની પું (કચ્છી) વહાલો દોસ્ત

ધિલલગી ૧. સ્ત્રી. (કચ્છી) સ્નેહ.

૨ વિ સ્ત્રી (કચ્છી) મનને ગમેલી

ધિલધિલ સ્ત્રી. (કચ્છી) અજંપતા; ધરીને બેસવું નહિ તે.

ધિલધિલિયો વિ પુ (કચ્છી) ધરીને બેસે નહિ એવો

ધિલાવર વિ (કચ્છી) દિલાવર, ઉદાર

ધિલાંગ અ (સંગીત) નગારાનો એક બોલ.

વનસ્પતિ વગેરે ફેલાતાં નાખતાં નીકળતો સુગંધીદાર ધુમાડો; દેવપૂજનમાં અથવા તો સુગંધ માટે કપૂર, ગૂગળ, અગર કે બીજાં સુગંધીવાળાં દ્રવ્યો બાળી કરાતો ધુમાડો. ધૂપ માટે પાંચ પ્રકારનાં દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે: (૧) નિર્યાસ એટલે ગુંદ, જેવો કે ગૂગળ, રાળ. (૨) ચૂર્ણ એટલે જાયફળ વગેરેનું ચૂર્ણ. (૩) મદ્ય એટલે કસ્તૂરી વગેરે. (૪) કાષ્ઠ એટલે અગર વગેરેનું લાકડું. (૫) કૃત્રિમ અથવા કેટલાંક દ્રવ્યોના યોગથી બનાવેલો ધૂપ. કૃત્રિમ ધૂપ અનેક પ્રકારનો હોય છે. જેમકે, પંચાંગ ધૂપ, અષ્ટાંગ ધૂપ, દશાંગ ધૂપ, દ્વાદશાંગ ધૂપ, ષોડશાંગ ધૂપ વગેરે. આમાં દશાંગ ધૂપ સૌથી પ્રસિદ્ધ છે. તેમાં દશ ચીજોનો મેળ હોય છે, પરંતુ એ દશ ચીજો કઈ એ માટે મતભેદ છે પદ્મપુરાણ અનુસાર કપૂર, કુષ્ઠ, અગર, ગૂગળ, ચંદન, કેસર, સુગંધીવાળો, તેજપત્તા, અસ અને જાયફળ આ દશ ચીજો જોઈએ. ગ્રંથનો શુક્ર, મત્સ્યપુરાણ, અગર, દેવદાર, પદ્મકાષ્ઠ, મોચરસ, મોથ, જટામાંસી વગેરે દ્રવ્યો ધૂપ દેવાના કામમાં આવે છે. ધાર્મિક પૂજામાં ધૂપનો વપરાશ પુરાણો વખતથી થાય છે. મહદી લોકો પણ ધૂપનો ઉપયોગ કરતા. આ રિવાજ ધીમે ધીમે ખ્રિસ્તી ધર્મમાં પણ દાખલ થયેલ છે. ધૂપ અથવા ધૂંવાડી લેવી એ વારાં તેમ જ ત્વકૃદોષમાં ગુણકારી મનાય છે. એક પહોળા કામની અંદર દેવતા રાખી તે ઉપર ધૂપ આપવાનાં દ્રવ્ય નાખી માથે મારી અગર ખુરસી મેલી દરદીને ખુલ્લે શરીરે તે ઉપર બેસાડવો. માથું ખુલ્લું રાખી ઢોક નીચેનો બધો ભાગ કપડાંથી ઢાંકવો. ધુમાડો બહાર નીકળી ન જાય તેને માટે કપડું ઢોક ભોંય સુધી પહોંચે એવું મોટું હોવું જોઈએ. દરદીના રહેવાના ઘરની હવા શુદ્ધ કરવા માટે પણ ધૂપ વપરાય છે. તે ધૂપ સાધારણ રીતે ખુલ્લી મૂકવામાં આવે છે, જેથી તેની સુગંધીદાર હવા ઘરમાંની ગ્રેરી અને દુષ્ટ હવાને દૂર કરે છે.

ધૂપ આપવો-કરવો-દેવો = (૧) જેમાંથી સુગંધીદાર ધૂણી નીકળે એવી વસ્તુને દેવતામાં નાખી બાળવી; સુગંધીદાર ધૂણી આપવી. (૨) સૂર્યની ગરમીમાં સૂકવવા મૂકવું.

૫. પું. સુગંધીવાળું દ્રવ્ય.

૬. પું.; સ્ત્રી. તડકો; તાપ; સૂર્યની ગરમી.

૭. અ. એકદમ; જલદી; તુરત.

ધૂપક ૧. [સં.] વિ. તપાવનાર.

૨. વિ. દીપાવનાર; પ્રકટ કરનાર.

૩. વિ. ધૂપ કરનાર.

૪. વિ. સળગાવનાર.

ધૂપકડુચ્છુક (ધૂપકડુચ્છુક) પું. ધૂપનો કાજો.

ધૂપકાલ પું. ઉનાળો; ગરમીની ઋતુ.

ધૂપગંધ [સં.] ન. ધૂપ માટેની સુગંધીદાર વસ્તુ કે દ્રવ્ય.

આ જાતની કીમતનાં મોતી, ધૂપગંધ, હાથીદાંત, મસલીન અને હીરા પણ ત્યાં ચપટીમાં વેચાઈ જતાં. પુરાતત્ત્વ

ધૂપઘટિકા [સં.] સ્ત્રી. ધૂપ રાખવાનું પાત્ર.

ધૂપઘટી [સં.] સ્ત્રી. જેમાં ધૂપ ઊભેલ્યામાં આવે તે વાસણ.

ધૂપઘડી (ધૂપઘડી) [હિં.] સ્ત્રી. વખત જોવાનો એંસો; સૂર્યઘડી; તાંબુલાકારયંત્ર; તડકામાં વખત બતાવવાનું યંત્ર; "સનડાયલ."

ધૂપછત્તરી જુઓ ધૂપછત્રી

ધૂપછત્રી સ્ત્રી. તાપ નિવારવાને ઓઢવાની છત્રી; તડકાથી બચવા માટે ઓઢવાની છત્રી.

ધૂપછાંય જુઓ ધૂપછાંવ.

ધૂપછાંવ ૧ પું. તડકોછાંયો.

૨. સ્ત્રી. એક જાતની રંગત.

૩. ન એક પ્રકારનું રેશમીન કપડું; ધૂપછાંહ.

૪. વિ. જુદા જુદા રંગનું; વિવિધરંગી.

ધૂપછાંહ [હિં.] સ્ત્રી. એરંગી કપડું. તેમાં તાણો એક રંગનો અને વાણો બીજા રંગનો હોય છે, આથી જોનારની સ્થિતિ અને કપડાની સ્થિતિ અનુસાર કયારેક એક રંગ દેખાય અને કયારેક બીજો રંગ દેખાય.

ધૂપદું (ધૂપદું) ન. ધૂપેલ; માથે બાંધવાનું સુગંધીદાર તેલ.

ધૂપદો (ધૂપદો) પું. એક જાતનું ઝાડ. આ મોટું થાય છે. તેના ગુંદરને કુંદરુ કહે છે. આ ગુંદર કે જેમાં પાંદડી સાથે ભળી હોય છે, તે પાંદડિયો ધૂપ કહેવાય છે.

ધૂપણી સ્ત્રી. ઓળાનો એક રોગ; પ્રદર.

ધૂપદું ન. ધૂપેલ તેલ બાંધવાનાં વસ્ત્રાદિ.

ધૂપત પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ચૌદાક્ષરી ઉપજાતિ છંદનો એક ભેદ છે. તેમાં પંદર ગુરુ અને ત્રણેક લઘુ મળી સાતેય વર્ણ અને એકત્રીસ માત્રા હોય છે.

ધૂપદશમી સ્ત્રી. ભાદરવા માસના બદેલા પખવાડિયાની દશમી તિથિ. તે દિવસે પ્રભુની મૂર્તિ પાસે ધૂપ ધરવાની ક્રિયા કરવામાં આવે છે

ધૂપદાન ૧. ન. ધૂપ રાખવાનો કળો કે વાસણ.

૨. ન. ધૂપિયું; ધૂપ કરવાનું પાત્ર.

ધૂપદાની સ્ત્રી. ધૂપ કરવાનું નાનું પાત્ર; ધૂપિયું.

ધૂપધાપ પું. સુગંધીદાર દ્રવ્ય બાળી ધૂપ કરવાની ક્રિયા.

ધૂપધારણું ન. ધૂપદાન; ધૂપિયું; ધૂપ કરવાનું પાત્ર.

ધૂપધુમાડો (ધૂપધુમાડો) ૧. પું. ધૂપનો ધુમાડો.

૨. જુઓ ધૂપધાપ.

ધૂપપૂસર ૧ સ્ત્રી. ધૂપ બળવાથી નીકળતો ધુમાડો.

૨. વિ. ધૂપનો પટ જેવો હોય એવું.

ચંદનચર્ચિત ધૂપપૂસર વેશ ઉત્તમ ઠીક

જ્ઞાનસુ

ધૂપન ૧. [સં.] પું. તપાવવું તે.

૨ પું. ધૂપ; તડકો.

૩. પું. ધૂપ દેવાની ક્રિયા; મંથદ્રવ્ય બાળી સુગંધીવાળો ધુમાડો કાઢવાની ક્રિયા.

૪. પું. વટધૂપ.

૫. પું. રાળ

૬. પું. રોગનિવૃત્તિ માટે ધૂપમાં વપરાતો સુગંધીદાર પદાર્થ

ધૂપપાત્ર [સં] ન. ધૂપ કરવાનું વાસણ; ધૂપધારણું; ધૂપિયું

ધૂપપ્રક્ષાલની [સં.] સ્ત્રી. સવાર સાંજ ધૂપ કરવાનો રિવાજ.

ધૂપબત્તી સ્ત્રી. સુગંધીદાર મસાલાથી બનાવેલી સળી. તેને બાળવાથી સુગંધ ફેલાતો ધુમાડો નીકળે છે

ધૂપભાજન જુઓ ધૂપપાત્ર.

ધૂપભુગ્દા [સં.] સ્ત્રી. દેવપૂજાના અંગરૂપ દેવને ધૂપદાનાદિ બતાવવા યોગ્ય એક મુદ્રા.

ધૂપમૂરત [હિં.] સ્ત્રી. બળીઝળી ગોટોમોટો.

ધૂપયંત્ર [સં.] ન સોના કે ચાંદીનાં પતરાંને ધુમાડી આપવા માટેનું યંત્ર. તે બનાવવા આઠ ઇંચ પહોળું અને આઠ ઇંચ ઊંચું લોઢાનું એક ડાબ લેવું તેના કાંઠાથી બે ઇંચ નીચે જગા રહી શકે તેવા ગોઠવણ કરવી. તેના ઉપર લોઢાની સળીઓ આડી મૂકવી. તે સળીઓ ઉપર સોનાના પાતળાં પતરાં મૂકવાં. તે ડાબ નીચે મંથદ્રવ્ય, ઘરવાળ, મનઃશિલ એમાની કોઈની કુંપળીની અથવા નાગકારમની ધુમાડી આપવી. તેમ કરતાં તે ડાબને બીજા ડાબથી ઢાંકવું અને સંધિલેપ કરવો. પછી નીચે અગ્નિ દેવો, એટલે સોનાનાં પતરાં કાળાં વર્ણ જરમરૂપ વર્ણ જશે. તે પતરાંમાં પારદ એકદમ પેસી જશે અને પારદમાં તે પતરાં એકદમ ગળી જઈ દ્રવિત થઈ

જરી. ચાંદીની ઝિણા માટે ચાંદીનાં પતરાંને બગબત્તમથી ધુમાડી દેવી. જરણ કરવાના પદાર્થોનું જરણકર્મ કરવા માટે આ બંનેનો ઉપયોગ થાય છે.

ધૂપરેખા [સં.] સ્ત્રી. ધૂપદાનીમાંથી નીકળતા ધુમાડાની વળી લીટી.

ધૂપરો પું. ધૂપેલ તેલ.

ધૂપવાસ ૧. [સં.] સ્ત્રી. ધૂપની સુવાસ.

૨. સ્ત્રી. સ્નાન કર્યા પછી સુગંધીદાર ધુમાડાથી શરીર, વાળ વગેરેને સુવાસવાળાં બનાવવાનું કામ, ધૂપ વડે સુગંધવાળું કરવું તે. પ્રાચીન કાળમાં આર્યા સ્નાન કર્યા પછી અમુક સમય સુગંધિત ધુમાડામાં રહી શરીર કે વાળ સુકાવતા તેને સુગંધીદાર બનાવતા. રઘુવંશ, મેઘદૂત વગેરે કાવ્યોમા આ પ્રથાનો ઉલ્લેખ છે

ધૂપવું ૧ સ ક્રિ. ધૂપ કરવો; ધૂપ બાળતો, સુગંધવાળી વસ્તુ બાળી ધુમાડો કાઢવો.

૨. સ. ક્રિ. ધૂપના ધુમાડા ઉપર પકડી રાખવું, ધૂપનો ધુમાડો દેવો.

ધૂપવૃક્ષ ૧. [સં.] પ. ગૂગળનું ઝાડ, તેનો ગુંદ ધૂપની સામગ્રી તરીકે વપરાય છે.

૨. પ. સરલ દેવદાર; સાલનું ઝાડ. તાડવાની ગરમીમાં તેના થડમાંથી રસ નીકળે છે. તે ધૂપ તરીકે વપરાય છે.

ધૂપવૃક્ષક જુઓ ધૂપવૃક્ષ.

ધૂપસરલ જુઓ ધૂપવૃક્ષ.

ધૂપસામગ્રી સ્ત્રી. બળતાં સુગંધી આપે એવાં દ્રવ્યો નાખીને બનાવેલી ધૂપ કરવાની સળી; અગરબત્તી.

ધૂપસારવી સ્ત્રી. (જરથોસ્તી) સુગંધીદાર પદાર્થ આપવાની અથવા વહેચવાની ક્રિયા. પારસીઓમાં તેને ખ્રિસ્તીઓ કમ્યુનિકેશન કહે છે. તે ઉદ્યમણની ક્રિયાનો એક ભાગ છે. તેમા ભાજન ઉપર સુગંધીદાર પદા, ગુલાબજળ વગેરે પદાર્થો મૂકવામાં આવે છે અને ક્રિયા કર્યા રહ્યા બાદ આવેલા માણસોમાં તે ધૂપ વહેંચવામાં આવે છે અને તેમોના ઉપર ગુલાબજળ છાંટવામા આવે છે. વળી ક્રિયા દરમિયાન સુખડ તથા અગર જેવાં સુગંધિત લાકડાં તથા સોપારી જેવા સુગંધીદાર પદાર્થ બાળવામા આવે છે.

ધૂપાગુરુ [સં.] ન. ધૂપ માટેનો અગર.

ધૂપાયિત ૧. [સં.] વિ. બાફી નાખેલું; ઉકેલાં ધાન અને સંતાપ

૨. વિ. ધૂપ આપેલું.

ધૂપાર્હ ૧. [સં.] ન. બાળું અગર

૨. વિ. ધૂપ આપવાને યોગ્ય.

ધૂપાંગ ૧. [સં] પું. સાગનું ઝાડ; સરલ વૃક્ષ.

૨. ન. નખલેપ; 'ઇંપેટાહ્ન.'

૩. ન. ગોરજનું ઝાડ. તેનાં પાદડાં, ડાળી, થાબાઓ અને ફળફૂલ વગેરે બળવાથી ધૂપ જેવી સુવાસ આવે છે, માટે તેને ધૂપાંગ કહે છે.

ધૂપિક [સં.] વિ. ધૂપ આપનાર.

ધૂપિત જુઓ ધૂપાયિત.

ધૂપિયું ન. ધૂપ કરવાનું પાત્ર; નાની સગડી જેવું અને ઉપરને ફરાવ જેવું ધૂપ કરવાનું વાસણ; ધૂપદાન.

ધૂપેન્દ્રદ્રુમ [સં.] પું. ધૂપ આપી પૂજન કરવું તે

ધૂમ્ય વિ. ધૂમ જેવો અવાજ થવ તેમા ધીમા ધમ.

ધૂમકંવેરો પું. ચાસુ વેરા ઉપરાંત ખાસ ખરચ માટે તાલુકદારો તરફથી ગામ બે વરસ સુધા લેવામા આવતો કર.

ધૂમકો પું. ઊંચેથી નીચે પડતું મૂકવું તે; દડકો; ઠેકડો.

ધૂમ્રલ વ. (કચ્છી) ધૂમ્રવું તે.

ધૂમ્ર ૧. [સં.] પું. (વૈદક) અગ્નિમાતરસ્પર્શ અને વાયુ; અદૃશ્ય કે અપ્રગટ હોય અવસ્થા ઓડકાર.

૨. પું. ઉલ્કાપાત.

૩. પું. એ નામનો એક ઋષિ.

૪. પું. એ નામનો એક દૈત્ય.

૫. પું. કબજિયાત; બદ્ધકોષ્ઠતા; મારામારી.

૬. પું. કોઈ રોગમાં સેવન કરાવવામાં આવતો કોઈ ખાસ જાતનો ધુમાડો. સુશ્રુતમા પાચ પ્રકારનો ધુમાડો કહ્યો છે: (૧) પ્રાયોગિક. તે મસાલાવાળા ઘાટ ઝગાવવાથી થાય. (૨) સ્નેહન. તે મસાલો લપેટેલા ઘાટને બી કે તેલમા બોળવાથી થાય. (૩) વૈરેચન. તે પીપળા, વિડંગ, અપામાર્ગ વગેરે તરત પદાર્થો બાળવાથી થાય. (૪) કષાય. તે કાકડાસિંગ, કેટકારી, જાતી વગેરે કષ્ટ ઔષધો બાળવાથી થાય. (૫) વામનીય. તે રનાયુ, ચામડુ, સિંગ, સાપો માખણી અથવા કૂર્મ વગેરે બાળવાથી થાય.

૭. પું. ઘર બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ સ્થાન.

૮. પું. ધનનું રક્ષણ કરનાર એક જાતનો દેવ.

૯ પું. જ્યોતિષ મા વપરાયેલું કેતુનું એક નામ.

૧૦. પું. દ્વેષ, અપ્રીતિ.

૧૧. [સં. ધૂમ] પું. પૂણી; ધુમાડો.

૧૨. પું. ધૂમકેતુ; પુછડિયો તારો.

૧૩ પું. ધૂમસ.

૧૪. પું. વરાળ.

૧૫. પું. (જૈન) આપત્તિ નિવારવાના અઠ્ઠાર શુદ્ધિના આઠ આઠેનો એ નામનો એક દોષ. તે ધુમાડાની માફક સંયમને મલિન કરે છે.

૧૬. સ્ત્રી. બહુ માણસોની અવળ, ઓકારા ચતું, અવાજ કરવો વગેરે ઘાપાર; હાલચાલ.

૧૭. સ્ત્રી. ચોમેર ફેલાયેલી ગર્દા, પ્રસિદ્ધિ. જનરવ.

૧૮. સ્ત્રી. તણાવમા થતું એક જાતનું ઘાસ.

૧૯. સ્ત્રી. તોફાન; દમો

આવી ધૂમ મચાવે સજ્જા,
નહિ કોઈ પ્રબંધક૨ ૨. નાસિક

૨૦ સ્ત્રી. નામના; રીતિ

૨૧. સ્ત્રી ભપકો, ઠાઠમાઠ

૨૨. સ્ત્રી મજા; ઝલેર, આનંદ

૨૩. સ્ત્રી વાદળા.

૨૪ સ્ત્રી રોર; અવાજ; ગડબડ; ધમિલ; ધમાલ

૧. ધૂમ મચી–મચવી = (૧) આનંદ થવો. (૨) પડપો પડવો. (૩) પ્રખ્યાત થવું.

૨. ધૂમ મચાવવી = (૧) આનંદનાં ગીતથી ગર્જના કરવી. (૨) બરાડા પાડવા; હોહા કરવી; ધોમાટ કરવો.

૨૫ વિ. ખૂબ; પુષ્કળ; પાર વિનાનું.

૨૬. ન. અનેરાબેર; સખ્ત.

૨૭. ન. ઝકપથી

૨૮ ન. ભારી પેઠે

ધૂમક ૧ [સં.] પું. ધુમાડો.

૨. ન. એક જાતનું ઝાડ.

૩ વિ ધુમાડાથી બનાવેલું.

ધૂમકેપણા સ્ત્રી. ઉપદ્રવ; ઉત્પાત, નાઝકૂદ.

ધૂમકૂપ્ય [સં.] વિ. ધુમાડા જેવું કાળું.

ધૂમકેતન ૧. [સં] પું. અગ્નિ; અગ્નિદેવ.

૨. પું. (જ્યોતિષ) કેતુ ગ્રહ.

૩ પું. ચિત્રાનું ઝાડ.

૪ પું. ધૂમકેતુ; પુછડિયો તારો.

૫. પું. શિવના કુળનાં માણેનું એક નામ.

ધૂમકેતુ ૧. [સં. ધૂમ (ધુમાડો) + કેતુ (ધ્વજ)] પું. અગ્નિ, કેમકે તેની ધ્વજા ધુમાડાની છે

૨ પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ, અશુભાશી માણેનો એ નામનો છવીશમો ગ્રહ

૩. પું. ચિત્રાનું ઝાડ.

૪. પું. ધુમાડાની કાંતિ જેવો તારો, પુછડિયો તારો: શિખાનક્ષત્ર; કેતુદિશા. સર્વ દેશોના પ્રાચીન ગ્રંથોમાં પ્રત્યેક ધૂમકેતુના ઉદયનો કોઈ પણ ગમકર બનાવ સાથે સંબંધ વર્ણવવામા આવે

છે. પણ હવે કેતુનો પરિભ્રમ વધવાથી તેનો ઝોટલો ઓછો જાય છે. તથાપિ ત્રણસો ચોકોને તેનો ભય હજુ પણ સર્વ દેશોમાં લાગે છે. ધૂમકેતુનો દેખાવ હજુ પણ અશુભકારક મનાય છે. શરૂઆતમાં ધૂમકેતુ માત્ર તારાની જેવો જ દેખાય છે. માત્ર તેની અતિ ઉપરથી માલૂમ પડે કે તે તારો નથી પરંતુ ધૂમકેતુ છે. અમુક માસ પછી તેની પૂછડી દેખાવા માંડે છે. તેની પૂછડી અસંખ્ય વાયુના અણુઓની બનેલી છે. સને ૧૯૦૮ની સાલના ઋતુમાં દેખાયેલ પૂછડિયા તારાથી ધૂમકેતુ વિષે ઘણું જ્ઞાન મળ્યું છે. આ ધૂમકેતુ બહુ તેજસ્વી ન હતો, છતાં યે ફોટોગ્રાફરની દૃષ્ટિએ તે અભ્યાસ કરવા જેવો લાગ્યો. અમુક અમુક અંતરે ધૂમકેતુની પૂછડીના દેખાવમાં ફેરફાર થયા કરે છે. ઈ. સ. ૧૮૩૫માં દેખાયેલ હેલ્લે નામના ધૂમકેતુની પૂછડી બીજા સમય માટે અદૃશ્ય થઈ ગઈ હતી. બધા ધૂમકેતુ ધીમે ધીમે ક્ષય પામતા જાય છે. ધૂમકેતુને ભરતા તારા સાથે મળતી સામ્યતા છે. ધૂમકેતુમાં લોઢું, નિકલ અને કલાઈ ધાતુ હોય છે. હાઈડ્રોજન અને કેટલાક બીજા વાયુ પણ તેમાં હોય છે. પૃથ્વીમાં આ બધા પદાર્થ મિશ્રણમાં માલૂમ પડે છે, જ્યારે ધૂમકેતુમાં તેમનું અસ્તિત્વ તદ્દન અલગ હોય છે. જૂહરપતિના મંડળમાં આશરે ૬૩ જેટલા ધૂમકેતુ છે. શનિને બે અને યુરેનસને પણ બે ધૂમકેતુ છે. બધામાં નેપ્ચ્યુનના ધૂમકેતુ વિશેષ રસદાયક છે. તેને આશરે પાંચ ધૂમકેતુ છે. પણ બધામાં દેખા ધૂમકેતુ સાથી વધારે મહત્વનો છે. સૂર્યમાંથી સીધી રીતે બધા ધૂમકેતુ ઉત્પન્ન થયા છે કે ગ્રહોમાંથી ઉત્પન્ન થયા છે તે પ્રશ્નનું નિરાકરણ કરવું બહુ મુશ્કેલ છે, પરંતુ તેઓ ગ્રહમાંથી જ ઉત્પન્ન થયા હોય એ કહેવું વાજબી જણાય છે. ધૂમકેતુઓનો પિંડ બહુ જ પાતળા પદાર્થનો બનેલો હોય છે. તે એટલો બધો પાતળો હોય છે કે બધા ધૂમકેતુને આપણે એકત્ર કરી તે બધાના પદાર્થનું વજન કરીએ તો તે વજન મદ્રાસ વજન જેટલું પણ થશે નહિ. ઈ. સ. ૧૮૧૧માં દેખાયેલ ધૂમકેતુ સતર મહિના સુધી દેખાયો હતો તે માર્ચ મહિનામાં નજરે પડ્યો અને સાત મહિના પછી તો તેનો પ્રકાશ બહુ જ હતો. તે વખતે તેની પૂછડી ૧૦,૦૦,૦૦,૦૦૦ માઈલ હતી. ધૂમકેતુ મહમાંથી ઉત્પન્ન થયા છે અને અત્યારે પણ અનેક ઉત્પન્ન થતા હશે એમ માનવાને બળવાન કારણો મળે છે. નેપ્ચ્યુનમાંથી મોટા ધૂમકેતુ ઉત્પન્ન થઈ શકે તેમ છે. હેલી અને પોન્સવધકરના બે મોટા ધૂમકેતુ બૃહસ્પતિના ધૂમકેતુ કરતાં અરેબર મોટા હતા. નરી આંખે દેખાતા ધૂમકેતુના ત્રણ ભાગ હોય છે. તેમાં સાધારણ તારા જેવો નાનો મોટો ગોલ તારો દેખાય છે. તેની આસપાસ ધૂમસ જેવી નાનકડી ચોટલી હોય છે, તેને શિખા કહે છે અને બહાર જેવું ગોટ મોટું પૂછડું હોય છે, તેને કેતુ અથવા પુચ્છ કહે છે. તારો અને શિખા એ બંને મળીને ધૂમકેતુનો આત્મા ભાગ થાય છે. ત્રણ ભાગ પરસ્પરથી જુદા સ્પષ્ટ દેખાતા નથી. તેમાં શિખા કયાં પૂરી થઈ અને કેતુ કયાંથી શરૂ થયો એ પણ ઘણા પ્રસંગોમાં સમજાતું નથી. કોઈ પૂછડાને જ શિખા અથવા ચોટલી કહે છે અને તેને લીધે જ ધૂમકેતુનું શિખાનક્ષત્ર એવું નામ પડ્યું છે. તેમ છતાં પણ સઘળા ધૂમકેતુઓને પૂછડું હોય છે એમ પણ નથી હોતું. તેથી તાગે, શિખા અને કેતુ એવા ત્રણ ભાગ માનવા એ સારું છે. આને લીધે ધૂમકેતુને માટે કેતુશિખા એટલે શિખી કહેવે છે તે, એવી પણ સંજ્ઞા છે. ધૂમકેતુ માટે અંગ્રેજી શબ્દ કોમેટ છે. તેનો અર્થ શિખી એવો થાય છે. ધૂમકેતુનું પૂછડું હંમેશા તારાની જે બાજુએ સૂર્ય હોય તેથી ઊલટી બાજુ ઉપર હોય છે. તે ઉપરના ભાગમાં પહોળું અને ઝાંખું થતું જાય છે. કેટલાક ધૂમકેતુઓને બે ત્રણ પૂછડાં હોય છે. બરી રીતે તે એક જ પૂછડાની જુદી જુદી શાખા હોય છે. સને ૧૭૪૪માં ધૂમકેતુને ૬ પૂછડાં હતાં. એક કરતાં વધારે પૂછડાં હોય છે ત્યારે મુખ્ય પૂછડાને ઘાંટા કૂટતા હોય એવું દેખાય છે. સને ૧૮૮૨માં કેતુને બે પૂછડાં હતાં. તેમાંનું એક નિયમ પ્રમાણે સૂર્યથી ઊલટી બાજુએ હતું, પરંતુ બીજું પણ બાજુ સૂર્ય તરફ હતું. બરી આખે જોતાં જ ધૂમકેતુ દેખાય છે. દૂરબીનની મદદથી જે દેખાય છે તેવાને દૂરબીનકેતુ કહે છે. તેઓ નાના હોય છે. તેમનાં સ્વરૂપ જુદાં જુદાં હોય છે. કોઈ વાર તેમાં તારા હોતા નથી, તો કોઈ વાર પૂછડાં હોતાં નથી કોઈ વાર પુચ્છ અને શિખા જુદા જુદા ગોળાની જેવાં નથી. તથાપિ સર્વ પ્રકારના ધૂમકેતુની ગતિ એક જ છે. દૂરબીનકેતુ બહુ ઊંચેથી પ્રથમ દેખાય છે ત્યારે ખેતરાં મોટે ભાગે તેની શિખા દેખાય છે અને જો તાગે દેખાય છે તો તે પાછળથી દેખાય છે. તેની જે બાજુએ સૂર્ય હોય છે તે બાજુએ શિખા દેખાય છે. બરી આંખે દેખાતા કેતુનું દળ અને વાસ્તવિક આકાર વિલક્ષણ હોય છે, તે સર્વનો સરખો નથી હોતો. તેના આકારનો વ્યાસ ઓછા બે લાખ માઈલ હોય છે. કેટલાક તો સૂર્યથી પણ મોટા હોય છે. તેમનાં પૂછડાં લગભગ માઈલ લાંબાં હોય છે. ઈ. સ. ૧૮૧૧ના કેતુનાં પૂછડાં ૧૧ કરોડ માઈલ લાંબાં હતાં. ધૂમકેતુની ઘનતા બહુ જ ઓછી હોય છે અને દ્રવ્ય પણ થોડું હોય છે. આને લીધે તે ગ્રહ પાસે જાય છે ત્યારે તેનો આકાર અને ભ્રમ બંને બદલાય છે તેનું પૂછડું પારદર્શક હોય છે, તેની જાડાઈ કોઈ કોઈ વાર ૫૦ હજાર માઈલ હોય છે, તેમ છતાં પણ તેમાંથી પેલી તરફનાં નક્ષત્રો દેખાય છે. ધૂમકેતુની કક્ષા જુદા પ્રકારની હોય છે કેટલાકની કક્ષા દીર્ઘગોળાકાર હોય છે અને તેને લીધે તેની કેન્દ્રવ્યુતિ બહુ હોય છે. આવા પ્રકારની કક્ષા પણ અતૃપ્ત હોય છે, એટલે કે તે દીર્ઘવર્તુળ હોવા છતાં પણ તેની કક્ષાની બે શાખા બંને છેડે મળેલી હોય છે. કેટલાકેક ધૂમકેતુઓની કક્ષા અન્વસ્ત કે અપાસ્ત જાતની અનાવૃત્ત હોય છે. અંતવૃત્ત કક્ષાની બે શાખા સૂર્યની એક બાજુ ઉપર જ માત્ર મળેલી હોય છે અને બીજી બાજુ ઉપર દૂરની જાય છે. જે ધૂમકેતુની કક્ષા અતિ દીર્ઘવર્તુળ હોય છે, તે હમેશા સૂર્યની આસપાસ ફરે છે. એક વાર સૂર્યની બહુ નજીક આવે છે અને ત્યાંથી પાછા જવા પછી બહુ દૂર જાય છે, પરંતુ કાળાંતરે ફરીથી સૂર્ય નજીક આવે છે. જે ધૂમકેતુ સૂર્યના આકર્ષણમાં આવી ગયા પછી તેની કક્ષા અન્વસ્ત હોય તો તે ધૂમકેતુ એક વાર સૂર્ય નજીક જઈને ગયા પછી પાછો ફરીથી આવતો નથી, તથાપિ આવા ધૂમકેતુની ગતિમાં કોઈ અસ્વાભાવિક નડે છે, ત્યારે તેની કક્ષા અતિ દીર્ઘવર્તુળ થવાનો સંભવ હોય છે. એકાદ વાર સૂર્યના તડાકામાં આવી જઈને તે તરફ આવેલ અપાસ્ત કક્ષાઓના ધૂમકેતુને એક વાર સૂર્યદર્શન થઈને ગયા તે પછી પાછા તેમના સપાટામાં આવવાનો સંભવ મુદ્દલ હોતો નથી. ધૂમકેતુના વેગ ઉપરથી તેની કક્ષા કેવા પ્રકારની છે એનો નિર્ણય કરી શકાય છે. સૂર્યથી પૃથ્વી જેટલે અંતરે છે તેટલા અંતર ઉપર રહેલા પદાર્થનો વેગ દર સેકંડે ૨૬ માઈલ જેટલો હોય અને તેના ઉપર સૂર્ય સિવાય બીજા કોઈનું આકર્ષણ ન હોય તો તેની કક્ષા અન્વસ્ત થાય; અને જો વેગ તેથી થોડોક ઓછો હોય તો કક્ષા અતિદીર્ઘવર્તુળ થાય. અને વધારે હોય તો અપાસ્ત થાય. અતિદીર્ઘવર્તુળ કક્ષાના ધૂમકેતુનો વેગ જેમ જેમ ૨૬ માઈલની પાસે પાસે હોય, તેમ તેમ તેનો પ્રદક્ષિણાકાળ વધારે હોય છે. અતિદીર્ઘવર્તુળમાં નિયમિત ગતિ સૂર્ય આસપાસ ફરનારા બધા ધૂમકેતુઓ મળેલા છે. તેમને નિયતપ્રદક્ષિ કહે છે. તેઓમાં એકથી વધારે વખત દેખાયેલા એવા ૧૧ છે. હેલીના ધૂમકેતુનો પ્રદક્ષિણાકાળ ૭૬ વર્ષનો છે. ધૂમકેતુની કક્ષા કોઈ પણ પ્રકારની હોય તોપણ તેનો એક ભાગ સૂર્યથી બહુ જ લાંબે હોય છે અને ધૂમકેતુનાં દ્રવ્ય બહુ

વિરલ હોય છે, એને લીધે કોઈ પણ ધૂમકેતુ કક્ષાના સઘળા ભાગમા દેખાતો નથી. સૂર્યની તદ્દન પાસે એટલે પૃથ્વીની કક્ષામાં નીચમાં આવે છે ત્યારે તેનો વેગ પુષ્કળ હોય છે અને તે માત્ર થોડા દિવસ દેખાય છે જે ધૂમકેતુઓ આપણને દેખાય છે તે કક્ષાના થોડા ભાગમાં થોડો વખત દેખાય છે. પુષ્કળ ધૂમકેતુઓનો વેગ સેકંડે ૨૬ માઈલની નજીક છે. બહુખરા ધૂમકેતુની કક્ષા અતિદીર્ઘવર્તુળ હશે, અને તે એક વાર દેખાયા પછી, હજારો વર્ષ વહી જવા છતાં કોઈ પણ વખતે ફરીથી સૂર્ય નજીક આવશે એવો સંભવ છે. પ્રદક્ષિણાકાળ હજારો વર્ષનો હોય એવા ધૂમકેતુ બહુ છે. કેટલાક ધૂમકેતુ તો અપારસ્ત કક્ષાના હશે તે કોઈ વાર ફરીથી આપણા સૂર્ય પાસે આવનાર નથી પરંતુ તેવા ધૂમકેતુઓ પણ બહુ થોડા છે. ધૂમકેતુ મૂળથી જ આપણી સૂર્યમાલાના છે કે સૂર્યમાલાની આસપાસ જે અનંત તારકાપ્રદેશ પથરાઈ રહ્યો છે તેમાંથી આવેલા છે, તેમ જ તેમની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે, ઇત્યાદિ સબંધમાં સિદ્ધાંત હજુ સુધી કોઈ નક્કી થયેલ નથી. હાલમાં એ વિષયમાં એવો મત છે કે, વિશ્વના અપાર પ્રદેશમાં તેજ પથરાયેલ છે. તે તેજને ગતિ છે. આપણો સૂર્ય અહમાલા સહજગતિમાન આકાશમાં કોઈક પણ સ્થાન તરફ વેગથી ચાલી રહ્યો છે. આને લીધે તે તેજોમેઘ દ્રવ્યના અંશ અનાદિ કાળથી એક પછી એક આપણા સૂર્યના આકર્ષણને લીધે તેની તરફ જ આવતા જાય છે. આ ધૂમકેતુઓ છે. બીજો મત એવો છે કે, અગ્નિના દ્રવ્યના ધૂમકેતુઓ બનેલા છે, અથવા તો તે અગ્નિસમાત્મક જ છે અને તે આકાશમાં સર્વત્ર પથરાયેલા છે અને તે કોઈ કોઈ વાર સૂર્યના આકર્ષણમાં ઝપટાય છે. ધૂમકેતુ ઉપર સૂર્ય ઉપરાંત ગ્રહોનું પણ આકર્ષણ થાય છે અને તેને લીધે ધૂમકેતુઓની ગતિ ઓછી વધતી થાય છે. તેમનો વેગ દર સેકંડે ૨૬ માઈલથી ઓછો છે વધતો જે માનથી થાય તે માન પ્રમાણે તેમની કક્ષા બને. ગુરુ જેવા મોટા ગ્રહની તદ્દન નજીક ધૂમકેતુ જાય ત્યારે તેનો વેગ તદ્દન વધી જઈ તે લઘુપ્રાસિક એટલે થોડા ગાળામાં સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરનારો બને છે. હાલમા સૂર્યમાલામાંના જે નિયતપ્રાસિક ધૂમકેતુ જણીતા છે, તે બધા ગ્રહોના આકર્ષણને લીધે સૂર્યમાલામાંના થયા છે કે કેમ, એ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી, પરંતુ તેમાંના બહુખરાની કક્ષા કોઈ પણ ગ્રહની કક્ષા પાસે જાય છે, એ ઉપરથી તેવો સંભવ દેખાય છે. જે ધૂમકેતુઓના પ્રદક્ષિણાકાળ આઠ દશ વર્ષની અંદરના હોય છે તેને લઘુપ્રાસિક કહે છે. પ્રોક્ટર નામના પ્રસિદ્ધ અંગ્રેજ જ્યોતિષીનો મત એવો છે કે, નિયતપ્રાસિક ધૂમકેતુઓમાંના ઘણાખરા પ્રાચીન કાળમાં જ્યારે આપણી પૃથ્વી અને બીજા ગ્રહો સૂર્ય જેટલા ગરમ હતા તે વખતે તેમના પેટામાંથી જે ઉષ્ણ દ્રવ્ય બહાર નીકળી પડયું તે દ્રવ્યના બનેલા છે. અપરાસ્ત અને અપારસ્ત કક્ષાના જે ધૂમકેતુઓ કોઈ કોઈ વાર આપણી સૂર્યમાલામાં આવે છે, તે તારાઓમાંથી ઉત્પન્ન થયા હોવા જોઈએ. અગ્નિની ઉત્પત્તિ પણ આ પ્રમાણે જ છે એવો પ્રોક્ટરનો મત છે. ધૂમકેતુ પોતાની કક્ષામાં જેટલો દૂર કે નજીક હોય તે માન પ્રમાણે તે નાનો મોટો દેખાય, પરંતુ તેનો વાસ્તવિક આકાર પણ સર્વત્ર સરખો નથી હોતો. તે નાનો મોટો થાય છે. જેમ જેમ તે સૂર્યની નજીક અને નજીક આવતો જાય તેમ તેમ તેનો આકાર નાનો થતો જાય અને તે સૂર્યથી દૂર જાય તેમ તેમ તે મોટો થાય. પૂછડાનું બાબતથી તદ્દન જુદું છે. કેતુ સૂર્ય પાસે આવે તેમ તેમ તેનું પૂછડું વધે છે અને દૂર જાય તેમ તેમ તે ઘટતું જાય છે. આ પ્રમાણે તે કેતુનું તેજ પણ સૂર્ય પાસે આવતાં વધે છે અને દૂર જતાં ઘટે છે. ધૂમકેતુનો વિશેષ એટલે ક્રાંતિવૃત્તથી કાટખૂણો કેટલો થાય છે એનો નિયમ નથી. તે ગમે તેટલો થાય. આને લીધે આકાશમાં તે ગમે તે જગ્યામાં ને ગમે તે દિશામાં દૂરે છે. વરાહમિહિર દૂર ગ્લોકના એક અધ્યાયમાં ધૂમકેતુનાં સ્વરૂપ, સંખ્યા, શુભાશુભ ફલ વગેરે જણાવેલ છે. તે લખે છે કે: બસ્સો એક ધૂમકેતુઓ છે એમ કેટલાક ઋષિઓ કહે છે, ત્યારે કેટલાક કહે છે કે તેમની સંખ્યા હજાર છે. હજારમાંથી કેટલાક સૂર્યથી થયેલા છે, કેટલાક ચંદ્રના પુત્ર છે, તેમ જ કેટલાક બુધ આદિ પાંચ ગ્રહ, રાહુ, પૃથ્વી, મૃત્યુ, બ્રહ્મા, અગ્નિ, વાયુ, પ્રજાપતિ, વરુણ એમના પુત્ર છે અને કેટલાક અંતરિક્ષમાંથી જુદી જુદી દિશાઓમાંથી ઉત્પન્ન થનાર વિકૃતપુત્રો છે. ઈસવી સનના આરંભથી આજ સુધી નવી આવેલ સુમારે ૫૦૦ ધૂમકેતુ દેખાવાનો લેખ છે એમ વરાહમિહિર કહ્યો ઉપરથી અનુમાન છે. દૂરબીન નીકળ્યા પછી તેની મદદથી સુમારે ૬૫૦ કેતુ આજ સુધી દેખાયા છે. દર સાલ બહુ કરી સાત આઠ નવા દૃષ્ટિએ પડે છે. કેપ્લરનો મત એવો હતો કે, સમુદ્રમાં જેમ માછલાં તેમ આકાશમાં ધૂમકેતુ પથરાયેલા છે. હાલમાં પણ કેટલાકનો તેવો જ મત છે. આપણી સૂર્યમાલાની બહાર જે સ્થિતિ હોય તે ખરી, પરંતુ સૂર્યમાલાની અંદર તો કેતુ અસંખ્ય નથી જ. જો તેમ હોય તો હાલના દૂરબીનમાથી નિત્ય એકાદ તો દેખાતો હોત જ. તથાપિ એકંદર જે ધૂમકેતુ હશે તેમાંથી થોડાક જ આજ પર્યંત દેખામા છે એટલું તો ખરું. નિયમિત કાળે ઉલ્કાવૃષ્ટિ થાય છે. તેનો અશ્વનિસમૂહ ધૂમકેતુની કક્ષામાં ફરતો રહે છે. ઉલ્કાવૃષ્ટિ અને ધૂમકેતુ એ બેને નિકટ સબંધ છે. કેતુની ઘટના વિષે અનેક મત છે, પરંતુ તે માટે કોઈ સિદ્ધાંત હજી પણ નક્કી થયો નથી. તેનાં તદ્દન સાદાં સ્વરૂપ દૂરબીનકેતુમાં દેખાય છે તે વાદળા જેવા અથવા વરાળ જેવા બારીક કણોના બનેલા દેખાય છે. દૂરબીનકેતુની ઘટના તેવી જ ધૂમકેતુની હોવી જોઈએ એમ અનુમાન થાય છે. કેતુનો વ્યાસ હજારો માઈલનો હોય છે, પરંતુ તેમાંથી પેલી તરફના પદાર્થ દેખાય છે, તેમ જ તેના શેષ દ્રવ્યમાથી ઉલ્કાવૃષ્ટિ થાય છે. આ ઉપરથી એવા અનુમાનને સમર્થન મળે છે કે, નાના નાના અશ્રનિ એકઠા થઈને ધૂમકેતુ બનેલો હોવો જોઈએ. દૂરબીનકેતુ પાતળા અને વાયુરૂપી એવા કોઈ મિશ્રણનો બનેલો હોવો જોઈએ એવું અનુમાન છે. મોટા ધૂમકેતુના તારાનો વ્યાસ હજારો માઈલનો હોય છે, તે તારા, અહની માફક એક ઘન પદાર્થ હોય અથવા ધૂમકેતુ જે દ્રવ્યોનો બનેલો હોય છે તે દ્રવ્યો એક કેકાણે ભેગાં કોઈ તેમાંથી તે બન્યો હોય, અથવા અનેક અશ્રનિ એક કેકાણે સમૂહ બની જઈ તે થયેલો હોય, એ વિષે કોઈ પણ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. પરંતુ સૂર્યની ઉષ્ણતાથી જેની વરાળ થાય છે એવા દ્રવ્યોનો તે બનેલો છે એમાં સંશય નથી. તેની આસપાસ એક ઉપર એક એમ વરાળનાં આવરણો હોય છે. મોટા કેતુનું પૂછડું એ કોઈ તે કેતુને બદેલો સ્થિર અવયવ નથી. ધૂમકેતુનું પૂછડું એ તેનો મુખ્ય ભાગ જે તારો તેમાંથી સૂર્યની ઉષ્ણતાથી નીકળનાર વરાળનો મોટો છે. કેતુનો તારો અશ્રનિનો બનેલો હોય છે. અશ્રનિના પ્રકૃતિઅશ્ર વિરલ હોવાથી તેમાં વાયુ હોય છે, તે સૂર્યની ઉષ્ણતાને લીધે બહાર નીકળે છે. સૂર્યની ઊલટી બાજુએ તેના પ્રકૃતિ-અંશનું કર્ષક ધનીકરણ થઈને અતિ વિરલ એવું પૂછડું બને છે, આવો એક મત છે. પરંતુ તે સંબંધમાં હજુ સુધી કોઈ પણ સિદ્ધાંત નક્કી થયો નથી સૂર્યની ઉષ્ણતાથી ધૂમકેતુના અવયવોની ક્રમેણ વરાળ થતી જાય છે. એ ઉપરથી તેનો આકાર ઉત્તરોત્તર ઘટતો જતો હોવો જોઈએ આકાર ઉત્તરોત્તર ઘટતો જાય છે. તેને લીધે એક વાર જોયેલો ધૂમકેતુ ફેરવા બાબ સ્વરૂપ ઉપરથી બીજા એવે ઓળખાય એવો નિયમ નથી. કક્ષાની સ્થિતિ ઉપરથી એટલે મુખ્યતઃ તેની કેંદ્રસ્મૃતિ અને વિશેષ ઉપરથી તે ઓળખાય છે. એકાદી ધૂમકેતુની

સવારી વેગથી આવીને પૃથ્વીને અડિંગન આપે તો શી દશા થાય એવો ભય વારેવાર લાગેલ છે. પરંતુ તે ધૂમકેતુ જે પ્રકારનો હોય અને તેનો જે ભાગ પૃથ્વી સાથે અથડાય તે પ્રમાણે તેનાં જુદાં જુદા પરિણામ આવે. ધૂમકેતુના પૂછડામાંથી પૃથ્વી નીકળી જાય તો કંઈ પરિણામ થવાનું નહિ. આવો બનાવ ૈટલીક વેળા થયો પે હશે. સને ૧૯૧૦માં દેખાયેલા ધૂમકેતુના પૂછડામાંથી પૃથ્વી સહીસલામત પસાર થઈ હતી. દૂરબીનોદ્વારા પૂછડામાંથી પૃથ્વી બાજુ તો બહુ મોટો ઉલ્કાપાત થાય એટલું જ, તેથી વધારે ભયંકર પરિણામ તેમાંથી થાય નહિ. પરંતુ મોટા કેતુના તારા સાથે પૃથ્વીને યુદ્ધ થાય ત્યારે જ માત્ર ભાંગી નહિ. તે વાતાવરણમાં સરકતાં વેંત જ સર્વે આકાશ વગરો સૂર્યથી સર્વત્ર તેજસ્વી બની રહે અને તેમાંથી ઓટલી ઉષ્ણતા ઉત્પન્ન થાય કે તેની ગરમીથી કરોડમાં કરોડ બધા પણ પીગળી જાય. ચાર પાંચ સેકંડ વીતે નહિ, તેટલામાં તો તે પૃથ્વી ઉપર હશે. તે તો ચૂર્ણ થઈ ને વીરણી બની જાય; પણ પૃથ્વીના પૃષ્ઠ ઉપરના સર્વે પદાર્થોની વરાળ થઈ જઈને પૃથ્વીનું જેવું રૂપાંતર થાય તેની કલ્પના સુદ્ધાં કરી શકીએ નહિ, પરંતુ આવા યુદ્ધનો સંભવ બહુ જ ઓછો છે.

૫. પું. પૂછડીમાં ઝાંખરીવાળો ધોળો આવો ધોળો અશુભ મનાય છે.

૬. પું. (પુરાણ) રાવણના સરદારમાંનો એ નામનો એક રાક્ષસ.

૭. પું. શિવ; મહાદેવ.

૮. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

ધૂમગંધ [સં.] સ્ત્રી. ધુમાડાની ગંધ.

ધૂમગંધિ ૧. [સં.] પું. અગ્નિ

૨. પું. ચિતાનું ઝાડ.

૩. ન. એક જાતનું ઘાસ; રોહિષ તૃણ.

ધૂમગંધિક [સં.] ન. રોહિષ ઘાસ.

ધૂમકેતુ ૧. [સં.] પું. ધૂમકેતુ.

૨. પું. રાહુ નામનો ગ્રહ.

ધૂમચક્રી સ્ત્રી. તોફાન; વાવઝોડ.

ધૂમજ ૧. [સં.] ન. મેઘ; વાદળ.

૨. ન. ઓષ.

ધૂમજાંગજ [સં.] પું. વજ્રક્ષાર નામનું રસાયણ.

ધૂમડ (ધૂમડ) ૧. પું. એક જાતનો કપાસ. તેનાં છોડવાં મોટાં અને ઝાડ હોય છે. તેનો પાક કુતારાની ઉપર આવે છે.

૨ સ્ત્રી. કાળા રંગનું.

ધૂમડા (ધૂમડા) ૧. સ્ત્રી. ટેટની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ધૂમડું (ધૂમડું) વિ. ધૂમાડાના રંગનું.

ધૂમદર્શી ૧. પું. એક જાતનો નેત્રરોગ. આ રોગમાં આંખ આડા ધુમાડાના મોટે મોટા દેખાય છે. સુશ્રુતના મત પ્રમાણે આ રોગ શોક, આઘાત અને માથાની પીડાના કારણથી થાય છે.

૨. [સં. ધૂમદર્શિન] પું. જેને ધુમાડો દેખાય એવા નેત્રરોગવાળો માણસ.

ધૂમદોષ પું. (જૈન) નિંદા કરતાં કરતાં ભોજન કરવાથી લાગતો દોષ.

ધૂમધડાકા (ધૂમધડાકા) [હિં.] પું. ધામધૂમ; ઠાઠમાઠ; આપડો; સમારોહ.

ધૂમધડાકો (ધૂમધડાકો) જુઓ ધૂમધડાકા.

ધૂમધર [સં.] પું. અગ્નિ; આગ

ધૂમધાર સ્ત્રી. ધાકધમકી; ત્રિવરાવવું તે.

ધૂમધામ ૧. સ્ત્રી. ઝાઝપ અને બ્લેસલારી ઠિકાણાલ.

૨. સ્ત્રી. ધામધૂમ; આપડો; ઠાઠ

ધૂમધોકાર વિ. બહુ; વિશાળ; જબ્બો પ્રમાણનું.

ધૂમધ્વજ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિતાનું ઝાડ.

ધૂમન ૧. [સં.] ન. ધુમાડો આપવો તે

૨. ન. ધૂમપાન.

ધૂમનાલી સ્ત્રી. ધુમાડો બહાર કાઢવાને કરેલી ચીમની.

ધૂમપ ૧. [સં.] પું. તપશ્ચર્યા માટે માત્ર ધુમાડો પીનાર તપસ્વી.

૨. વિ. ધૂમ્રપાન કરનાર

ધૂમપથ ૧. [સં.] પું. કર્મમાર્ગ પિતૃયાન માર્ગ.

૨. પું. ધુમાડાને નીકળવાનો રસ્તો; ભાગિયું.

૩. પું. નભ.

ધૂમપાન ૧. [સં.] પું. બીડી કે હોકો પીવા તે.

૨. પું. વાદકુડનો ધુમાડો.

૩. ન. નળી દ્વારા રોગીને કરાવાતું કોઈ ખાસ પ્રકારના ધુમાડાનું સેવન. નેત્રરોગ, મુખરોગ વગેરેમાં સુશ્રુતે અમુક મસાલા કે ઔષધિઓનો ધુમાડો નળી વડે મોઢામાં લેવાનું જણાવ્યું છે.

ધૂમપાયિ વિ. બીડી કે હોકો પીતું; સ્મોક.

ધૂમપુષ્પ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધૂમપોત [હિં.] સ્ત્રી. આગબોટ; 'સ્ટીમર.'

ધૂમપ્રકરણ [સં.] ન. એક જાતનું શાસ્ત્ર. મહર્ષિ નારદે તે રચેલું છે. તેમાં ધૂમોની પૃથક્ પૃથક્ જાતની પરીક્ષા કેમ કરવી તે ક્રમબદ્ધવત્‌માં આપેલું છે. આ કામને માટે ખાસ આરસીઓ બનાવવાની રીતો સમજવવામાં આવી છે. વિવિધ પ્રકારના અગ્નિઓના ધૂમોને મજબૂર આરસીઓ ઉપર ફેરવી એ અગ્નિઓના ગુણોની કેમ પરીક્ષા કરવી તે પણ જણાવેલ છે. વળી મજબૂર આરસી ઉપર બનેલા મેદાને અમુક જાતનાં ઓસડોથી તપાસવામાં આવે ત્યારે કયા પદાર્થ સળગાવી ઉત્પન્ન થયેલા અગ્નિના ધૂમની એ મેદા છે એ પણ શોધી કાઢાય છે. પછી તે પદાર્થનું પૃથક્કરણ કરી તેમાં જાણવું કે વિષ કેટલા પ્રમાણમાં છે તે શોધવામાં આવે છે. આ રીતે અમુક ધૂમ ઝેરી છે કે નહિ તે નક્કી કરવામાં આવે છે. આ જ્ઞાનના દ્વારાથી મનુષ્યો ઝેરી ધુમોથી દૂર રહી શકે અને તંદુરસ્તી બગાડનારા ધુમો ટાળી શકે

ધૂમપ્રભ [સં.] વિ. ધુમાડા જેવા રંગવાળું.

ધૂમપ્રભા [સં. ધૂમ (ધુમાડો) + પ્રભા (તેજ)] સ્ત્રી. (જૈન) એ નામે પાંચમી નરકભૂમિ. તેની જાડાઈ એક લાખ અઢાર હજાર યોજન છે. તેમાં નવ લાખ નરકાવાસ છે. ત્યાં ધુમાડા જેવો પ્રકાશ હોય છે તેથી તે ધૂમપ્રભા કહેવાય છે.

ધૂમપ્રાશ ૧. [સ.] પું. ધુમાડો પીનાર તપસ્વી.

૨. વિ. ધુમાડો પીનાર.

ધૂમબધ [સં.] વિ. ધુમાડાબંધ; પુષ્કળ ધુમાડાવાળું.

ધૂમબહ્વિષી [સં.] સ્ત્રી. ગાયત્રી.

ધૂમમાર્ગ ૧. [સં.] પું. કર્મમાર્ગ; ઉપાસનાનો માર્ગ; ધૂમરૂપ પદાર્થથી પ્રાપ્ત કરેલો પિતૃયાન માર્ગ, દક્ષિણાયન, પદ્યમાગતિનો માર્ગ

૨. પું. ધુમાડિયું; ભાગિયું; ધૂમપથ.

ધૂમયોનિ ૧. પું. અગ્નિ.

૨. [સં.] પું. નાગરમોથ.

૩. પું. મેઘ; વાદળ.

૪. પું. લીલું લાકડું.

ધૂમર ૧. [સં. ધૂમ્ર] પું. ધુમાડો.

૨. સ્ત્રી. અસુરની એક જાત.

૩ સ્ત્રી. ધુમ્મસ; ઝાકળવાળી ધૂપણી હવા.

૪. વિ. ધુમાડાના રંગનું

૫. વિ. ધૂળના રંગનું.

ધૂમરજ ૧. [સં. ધૂમ (ધુમાડો + રજસ્, (રજ)] પું. ઘરનો ધુમાડો.

૨. પું. ધૂસ; ઝાપરા તથા ભીતને લાગેલો ધુમાડાનો કાળો મેલ.

ધૂમરપાન [સં ધૂમ્ર (ધુમાડો + પાન (પીવું તે)] ન. બીડી પીવી તે.

ધૂમરાઈ ૧. સ્ત્રી. (જૂ. ગુ.) એક જાતનું કાપડ; છીંટ.

દિઇ પહુ વેલિ કણા ઉપરિ,
પુણી ધૂમરાઈ નિમી ભાવસમય

૨. ન એક જાતનું રત્ન.

ધૂમરાશિ [સં. ધૂમ (ધુમાડો) + રાશિ (જથ્થો)] પું. ધુમાડાના મોટેમોટા.

ધૂમકેતુ વિ. ધુમાડાએ હાકી દીધેલ હોય એવું.

અન્ય સ્થાને જે ધૂમકેતુ દક્ષિના એ મજબાનની
તો આહુતિ વહ્નિમાં જ પડી. નાનાલાલ

ધૂમર્ય ૧ [સં.] ન. ઝાકળ; ધૂમસ.

૨. ન. હિમ.

ધૂમલ ૧. [સં.] પું. ધુમાડાનો રંગ; કાળો અને લાલ મિશ્ર રંગ.

૨ ન. એક જાતનું વાસણ.

૩. ન. લવણજનક વર્ગનું એક અધાતુક તત્ત્વ; 'આયોડિન.' તે કમેરા કોઈ નીલ પદાર્થના આંધિ સંયુક્ત અવસ્થામાં રહે છે. જ્યારે તેને છૂટું પાડવામાં આવે છે, ત્યારે તે ઘેરા શ્યામ જાંબરા વાતુનાં ચીંગડાનું રૂપ લે છે. તે નરમ પણ ભાંગી જાય તેવું છે અને ક્લોરિનના જેવી ગંધ ધરાવે છે. તેનું પરમાણ્વીક વજન ૧૨૬.૫ છે. તેને જિનું કરવાથી તે સુંદર નીલલોહિત વરાળ થઈને ઊડી જાય છે. ધૂમલનો ક્ષાર જો સાચે જ પક્કો હોય તો સાધુ તમા ગરમ પાણીથી સાફ થાય છે.

૪. વિ. ધુમાડાથી ભરેલું.

૫. વિ. ધુમાડાના રંગનું; નીલલોહિત; શ્યામ અને લાલ મિશ્ર રંગવાળું; લાલાશ પડતા કાળા રંગનું.

ધૂમલતા [સં.] સ્ત્રી. ધુમાડાના મોટા.

ધૂમવર્ણ ૧. [સં.] પું. (પુરાણ) સર્પનો એ નામનો રાજા. તેણે પોતાની પાંચ દીકરી બહુને પરણાવી, તેમાથી સાત જુદાં જુદાં કુળ ઉત્પન્ન થયા.

૨. વિ. ધુમાડાના રંગ જેવું.

ધૂમવર્તિ [સં.] સ્ત્રી. ધુમાડાની વાટ; ધુમાડાના મોટા.

ધૂમવલ્લરી [સં.] સ્ત્રી. ધુમાડાના મોટા; વેલાની માફક જણાતા ધુમાડાના મોટેમોટા.

ધૂમયાન [સં. ધૂમયત્] વિ. ધુમાડાવાળું; જેમાં જવા માં ધુમાડો હોય એવું.

ધૂમવું અ. ક્રિ. અગ્નિ કે તાપ વધારવા પમણ જેવી પવન નાખવો.

ધૂમરિખા [સં.] સ્ત્રી. ધુમાડાનો આછો ઝાપ.

ધૂમસ ૧ [સં.] પું. સાગનું ઝાડ.

૨. સ્ત્રી. એક જાતની કાકડી.

૩. સ્ત્રી. ધૂમ્મસ; ઝાકળ્યાળી હવા; ઓસ; ગરમ હવાનું પાણીરૂપ થઈ ઝીણી છાંટમાં રાતના અને પગેાદિયામાં વરસવું તે; વાતાવરણમાંની હવાની વરાળનું ઠંડકને લીધે પાણીના રૂપમાં ફેરવાઈ જવું તે.

ધૂમસપૂત ૧ પું. મેઘ; વાદળું

ધારાધર જલધર જલદ જગજીવન જીમૂત.
અબ્ધ અભ્રાભ્ર મુદિર હરિ હાયુકિ ધૂમસપૂત. પિંગળપ્રકાશ

૨. સ્ત્રી. ઓઢવા કે પાથરવાની ટીપણી.

ધૂમસમૂહ ૧. [સં.] પું. ધુમાડાનો જથ્થો

૨ પું. નિહારિકા; જ્યોતિપુંજ; 'નેબ્યુલા.'

૩. પું. મેઘ; વાદળું.

ધૂમસંહતિ જુઓ ધૂમસમૂહ.

ધૂમસાર [સં. ધૂમ (ધુમાડો) + સાર] પું ધૂમ; ઘરમાં ભભેલો ધુમાડાનો મેલ.

ધૂમસી ૧. [સં.] સ્ત્રી. ખડતી દાળનો ઓઢ.

૨. જો નર્મદાનાં હલ્દર માંહેનું એક નામ.

ધૂમળ સ્ત્રી ઊડતી ઝીણી રજ.

ઓઢે અખીલ ગુલાલ મુખથી,
નભ તણી ધૂમળ ખાઈ જ. કાલિદાસ

ધૂમા ૧. પું. એક જાતનો રંગ.

૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં હલ્દર માંહેનું એક નામ.

ધૂમાકાર [સં.] વિ. ધુમાડા જેવા આકારનું.

ધૂમાકુલિત [સં.] વિ. ધુમાડાથી જેની દૃષ્ટિ ઢંકાઈ ગઈ છે એવું; ધુમાડાથી અકળાઈ ગયેલું.

ધૂમાક્ષ [સં.] વિ. ધુમાડા જેવા નેત્રવાળું.

ધૂમાગ્નિ ૧. [સં.] પું. એક પ્રકારનો અગ્નિ; જેમાંથી જ્વાળા નહિ નીકળતાં માત્ર ધુમાડો જ નીકળે તેવો અગ્નિ.

૨. પું. જ્વાલામુખી જ્વાળા નિસાની કાબલ કરતો પ્રકાશ; 'બીકન લાઇટ.'

ધૂમાભ ૧. [સં.] પું. ધુમાડા જેવો રંગ; આસમાની રંગ.

૨. વિ. ધુમાડા જેવા રંગવાળું.

ધૂમાયન ૧. [સં.] ન. ગરમી; તાપ.

૨. વિ. ધુમાડો માલ્યું હોય એવું.

૩. વિ. વરાળ માલ્યું હોય એવું.

ધૂમાલિકા [સં.] સ્ત્રી. ધુમાડો.

ધૂમાવતી ૧. [સં.] સ્ત્રી. (તાંત્રિક) દસ મહાવિદ્યા માંહેની એ નામની એક દેવી. તેની ઉત્પત્તિ વિષે એવી કથા છે કે, એક વાર પાર્વતીને બહુ ભૂખ લાગી, એટલે તેણે મહાદેવ પાસે કાંઈ આપવાનું માગ્યું. મહાદેવે થોડો વખત ચોલવા કહ્યું, પણ પાર્વતીને બહુ ભૂખ લાગી હોવાથી તે મહાદેવને ગળી ગઈ. મહાદેવને ગળી જતાં પાર્વતીના શરીરમાંથી ધુમાડો નીકળવા લાગ્યો. છેવટે મહાદેવે પ્રગટ થઈ કહ્યું કે, તેં મને આખો ગળી લીધો છે, તેં વિધવા થઈ ચૂકી. મારા વરદાનથી તું આ લોકમાં પૂજાઈશ. ધૂમાવતી દેવીનું ધ્યાન બહુ મલિન અને ભયંકર જણાવ્યું છે.

૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૩. સ્ત્ર. સ્ત્રી. ધુમાડાવાળી.

ધૂમાવલિ [સં] સ્ત્રી. ધુમાડાની હાર; ધુમાડાના મોટા

ધૂમાવિષ્ટ [સં.] વિ. સંધુચિત દૃષ્ટિવાળું; અરી વસ્તુસ્થિતિ નહિ જાણનારું.

ધૂમાંગ ૧. [સં.] પું. સીસમનું ઝાડ.

૨. વિ. ધુમાડાના જેવા અંગવાળું.

ધૂમાંધ ૧. પું. એ નામનો એક ભાવ

૨. [સં. ધૂમ (ધુમાડો) + અન્ધ (અંધાપો)] ન. ધુમાડાના અંધકારને લીધે કાંઈ ન દેખાવાપણું.

ધૂમિકા [સં.] સ્ત્રી. ધૂમ્મસ; ઝાકળ.

ધૂમિત ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. (તાંત્રિક) સાદા અક્ષરોનો એક જાતનો દૂષિત મંત્ર.

૩. ન. અત્તર વગેરે સુગંધી પદાર્થનો ધૂપ દેવો તે

૪. વિ. ધુમાડાવાળું થયેલ

ધૂમિતા [સં.] સ્ત્રી. સૂર્યને ગમન કરવા યોગ્ય કોઈ દિશા; જે દિશામાં સૂર્ય જવાનો હોય તે દિશા.

ધૂમિની ૧. [સં.] સ્ત્રી. અગ્નિની એક જીભ.

૨. સ્ત્રી. (પુરાણ) સોમવંશી અજમીઢ રાજાની ચાર માંહેની એ નામની એક સ્ત્રી.

ધૂમિલ [સં. ધૂમલ] વિ. (હિંદી) ધુમાડાના રંગનું; ધૂંધળું.

ધૂમી ૧. [સં. ધૂમિન્] સ્ત્રી. અગ્નિની એક જીભ.

૨. સ્ત્રી. (પુરાણ) અજમીઢ રાજાની એ નામની એક સ્ત્રી

૩ વિ ધુમાડાવી ભરેલું. જ્યાં અગ્નિકાનો અભાવ ન હોય ત્યાં ધૂમવાન રૂપ વપરાય.

ધૂમીક [સં.] ન. એક જાતનું પક્ષી.

ધૂમીકી [સં.] સ્ત્રી. એક જાતની પક્ષિણી.

ધૂમોત્થ ૧. [સં.] ન. એક રસાયણ; પન્નાખાર.

૨. વિ. ધુમાડાથી ઉત્પન્ન થનાર.

ધૂમોદ્ગાર ૧. [સં.] પું. જઠરમાંથી ઊંચે આવતો ધુમાડા જેવો કડવો ઓડકાર; જઠરાગ્નિનું મંદપણું સૂચવનાર એક જાતનો ઓડકાર; ખાટો ઓડકાર.

૨. પું. ધુમાડાનું નીકળવું તે; ધુમાડાનો ગોટો.

ધૂમોપહત [સં.] પું. એ નામનો એક રોગ.

ધૂમોર્ણા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) માર્કંડેય ઋષિની એ નામની સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) યમની સ્ત્રી

ધૂમોર્ણાનાથ ૧. [સં.] પું. માર્કંડેય.

૨. પું. યમ દેવ.

ધૂમોર્ણાપતિ જુઓ ધૂમોર્ણાનાથ.

ધૂમ્યા [સં.] સ્ત્રી. ધુમાડાનો સમૂહ.

ધૂમ્યાર [સં.] પું. એક જાતનું પક્ષી; ભૃંગ.

ધૂમ્યારી [સં.] સ્ત્રી. એક જાતની પક્ષિણી.

ધૂમ્ર ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ; પૌલ્મ.

૨. પું. એ નામનો એક અસુર.

૩. પું. માનિક સ્વામીનો એ નામનો એક અનુચર.

૪. પું. ઝાંખો રતાશ પડતો રંગ; ઘૂમરો રંગ; કૃષ્ણલોહિત વર્ણ

૫. પું. (પુરાણ) મહામદ નામના વાનરનો પુત્ર અને રામની સેનામાનો એક વાનર.

૬. પું. ધુમાડો; ધૂણી.

૭. પું. ધૂપ.

૮. પું. ધૂસિત જ્યોતિષ પ્રમાણે એક યોગ.

૯. પું. અગ્નિ રાજાનો એ નામનો સેનાપતિ.

૧૦. પું. માણેક કે લાલનું ધૂમલાપણું. તે એક દોષ ગણાય છે.

૧૧. પું. રામની સેના માંહેનો એ નામનો રીંછ.

૧૨. પું. ચિત્રાંજિત.

૧૩. પું. શિવ; મહાદેવ.

૧૪. ન. દુર્ગુણ; દુષ્ટતા.

૧૫. ન. પાપ.

૧૬. વિ. ધુમાડાથી રંગાયેલું; ધુમાડાવાળું.

૧૭. વિ. ધુમાડાના રંગનું; લાલાશ પડતા કાળા રંગનું; કૃષ્ણલોહિત.

ધૂમ્રક [સં] પું. ઊંટ.

ધૂમ્રકાંત [સં.] ન. એક જાતનું રત્ન કે નંગ.

ધૂમ્રકી [સં.] સ્ત્રી. ઊંટડી.

ધૂમ્રકેતુ ૧. [સં] પું. (પુરાણ) કૃષ્ણાત્રેય રાજાને અર્ચિ નામની સ્ત્રીથી થયેલો એ નામનો પુત્ર.

૨. પું. અગ્નિ; અગ્નિનાં.

૩. પું. (પુરાણ) ધ્રુવ રાજાનો એ નામનો એક પુત્ર

૪. પું. (પુરાણ) પ્રિયવ્રતવંશી ઋષભદેવનો એ નામનો પૌત્ર; ભરતને પંચજનીને પેટે થયેલા પાંચ માંહેનો કોથી નાનો પુત્ર.

૫. પું. (પુરાણ) સુમેરુથી દક્ષિ કુલોદ્ભવ તૃણબિંદુ રાજાને અલંબુષા નામની અપ્સરાની કુખે થયેલા ત્રણ માંહેનો સાથી નાનો પુત્ર.

ધૂમ્રકેશ ૧. [સં.] પું (પુરાણ) ઉત્તાનપાદ વંશી ધ્રુવ રાજાને તેની સ્ત્રી અગ્નિની કુખે થયેલા પાંચ માંહેનો બીજો પુત્ર તેને પૃથ્વીની દક્ષિણ દિશા મળી હતી.

૨. પું. (પુરાણ) કૃશાશ્વ રાજાનો એ નામનો એક પુત્ર.

૩. વિ. ધૂમરા રંગના કેશવાળું; લાલ કાળા કેશવાળું.

૪. વિ. ધૂમરા રંગની પાંખવાળું.

ધૂમ્રકોટ [સં.] પું. ધુમાડાના ગોટા.

ધૂમ્રજનક [સં.] વિ. ધુમાડો નીકળે એવું.

ધૂમ્રજ્વાલા [સં.] સ્ત્રી. લાલ રંગનો અગ્નિનો ભડકો.

ધૂમ્રપત્ર ૧. [સં.] ન. તમાકુ.

૨. વિ. લાલ કાળાં પાંદડાંવાળું.

ધૂમ્રપત્રા [સં.] સ્ત્રી. એક જાતનો ક્ષુપ; સુલફા; ઘૂમિયો. આયુર્વેદમાં તેને કફવિકારક, ગરમ, અગ્નિદીપક તથા સોજો, કૃમિ અને ખાંસીને દૂર કરનાર માનેલ છે.

ધૂમ્રપરાશર [સં.] પું. (પુરાણ) પરાશર કુળમાં થયેલો એ નામનો એક ઋષિ. એના કુળમાં ભલ્લાવન, વાધ્યશ્વિન, તૈલેય, ધૂમ્રપ અને તતિ એવા બધા પ્રખ્યાત ઋષિ થઈ ગયા.

ધૂમ્રપાન ૧. [સ ધૂમ્ર (ધુમાડો) + પાન (પીવું તે)] ન. તમાકુ, ગાંજો, ભાંગ વગેરે પીવા તે.

૨. ન. ધુમાડો ખેંચવો તે.

૩. ન. (વૈદક) બીડી, ચલમ, હુક્કો વગેરે મારફત ઔષધના ધુમાડાનું પાન. દમ, ખાંસી, હેડકી અને ઉપદંશ માટે ધતૂરો, તમાકુ, ગાંજો, આકડો, પારો વગેરે ધૂમ્રપાનમાં વપરાય છે. ધૂમ્રપાનનો ધુમાડો મોઢેથી અથવા નાકેથી લેવાય છે. કેટલીક વખત હેવતા ઉપર ઓસડ નાખી, તે ઉપર એક ઊંધું કામ ઢાંકી, તેમાં નાનું બાકું પાડી, પોલી નળી નાખી, તે નળી મોઢામાં રાખી, તેનો ધુમાડો મોઢામાં લેવામાં આવે છે. ધૂમ્રપાન કફોની રોગ માટે ઉપયોગી મનાય છે. કેટલાક યોગી ઊંચે માથે ઝાડે લટકી, નીચે પેટી સળગાવી તેની ધુમાડીનું પાન કરે છે. ધૂમ્રપાનને માટે તમાકુ, ટીબર કે આસોદરાના પાનની બીડી કરવામાં આવે છે.

ધૂમ્રપાનનૃહ [સં.] ન. બીડી પીવાનો ઓરડો.

ધૂમ્રપાની વિ. ધુમાડાનું પાન કરનાર.

ધૂમ્રપ્રકરણ જુઓ ધૂમપ્રકરણ.

ધૂમ્રમાર્ગ જુઓ ધૂમમાર્ગ

ધૂમ્રમૂલિકા [સં] સ્ત્રી. એક જાતનું ઘાસ; ગાંજો નામનું ઘાસ.

ધૂમ્રરુચ [સં. ધૂમ્રરુચ્] વિ. આસમાની રંગનું

ધૂમ્રરોહિત ૧. [સં.] પું. ઘૂમરા રંગ મિશ્ર લાલ રંગ.

૨. વિ. ઘૂમરા રંગ મિશ્ર લાલ રંગવાળું.

ધૂમ્રલોચન ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય શુંભ નામના દાનવનો એક સેનાપતિ. શુંભનિશુંભના વધ માટે જ્યારે દેવીએ એક પરમ સુંદરીનું રૂપ ધારણ કરી કહ્યું હતું કે, મને જે યુદ્ધમાં જીતે તેને હું વરમાળા પહેરાવીશ, ત્યારે શુંભે તેને પકડવા માટે ધૂમ્રલોચનને મોકલ્યો હતો

૨. પું. કબૂતર.

૩ પું. ઘોલો

૪. વિ. ધુમાડાથી અથવા ભાંગ વગેરે કેફી વસ્તુના પાનથી જેની આંખો લાલ થઈ આવી હોય તેવું; લાલ કાળાં નેત્રવાળું; ધુમાડાના રંગની આંખવાળું.

ધૂમ્રલોહિત ૧. [સં.] પું. ઘૂમરા રંગ મિશ્ર લાલ રંગ.

૨. પું. શિવ.

૩. વિ. ઘૂમરા રંગ મિશ્ર લાલ રંગવાળું.

ધૂમ્રવર્ણ ૧. [સં.] પું. (પુરાણ) અજમીઢ રાજાનો એ નામનો એક પુત્ર

૨. પું. ધુમાડાનો રંગ; લાલાશ પડતો કાળો રંગ.

૩. પું. ધૂપ.

૪. ન. ચિત્રકૂટની ચિત્રાંજિત.

૫. ન. શિકારસનું ઝાડ. તેની આજુબાજુ

જ્યારે કોઈ પુષ્પાદિ દેખાતો હોય તેની રીતે તેની દૃષ્ટા તે ઝાડ ઉપર તથા આજુબાજુ ઊડતા પુષ્પાદિ જોતી હોય છે, માટે તેને પુષ્પવર્ષ કહે છે.

ફ્રે. વિ. પુષ્પાદિના રંગનું; લાલાશ પડતું કાળું

પુષ્પવર્ષક ૧. [સં.] પું. ગુજરાતમાં રહેનાર પ્રાણી.

૨. પું ચિતળ.

૩. વિ. પુષ્પાદિના રંગનું.

પુષ્પવર્ષા [સં] સ્ત્રી. અગ્નિની સાત જીભોની અંદરવાળી એક જીભ.

પુષ્પશાસ્ત્ર [સં.] ન. પુષ્પાદિનું શાસ્ત્ર. જુઓ પુષ્પપ્રકરણ.

પુષ્પશૃંગ [સં.] પું. ઊંદર.

પુષ્પશૃંગી [સં.] સ્ત્રી. ઊંદરી.

પુષ્પા ૧. [સં.] સ્ત્રી. અગ્નિની દસ જીભોની એ નામની એક જીભ.

૨. સ્ત્રી. એક જાતની કાકડી.

૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

૪. સ્ત્રી. (પુરાણ) વસુની ભાર્યા. તેને ધર અને ધ્રુવ નામના બે પુત્ર હતા.

૫. સ્ત્રી. સિદ્ધપરંપરાકરના મત પ્રમાણે જમીનના આર જીભોનો એ નામનો એક પ્રકાર.

૬. સ્ત્રી. અગ્નિની બાર જીભોની એ નામની એક જીભ.

પુષ્પાક્ષ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ; રાવણનો એ નામનો એક સેનાપતિ. તે રામ રાવણના યુદ્ધમાં હનુમાનને હાથે માર્યો ગયો હતો.

૨. પું. (પુરાણ) તામ્રબિંદુપત્ની હેમચંદ્ર રાજાનો એ નામનો એક પૌત્ર; સુચંદ્ર રાજાનો પુત્ર.

૩. વિ. લાલ મિશ્ર કાળા રંગનાં નેત્રવાળું; પુષ્પાદિના રંગની આંખવાળું.

પુષ્પાક્ષહારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર આવેલું એક નામ.

પુષ્પાક્ષિ [સં.] ન. અરાળ વર્ણવાળું મોતી

પુષ્પાગ્નિ [સં.] પું. જ્વાળા નહિ નીકળતા ભોમાથી માત્ર પુષ્પાદિ નીકળે તેવો અગ્નિ.

પુષ્પાચ્છાદિત [સં. પુષ્પ (પુષ્પાદિ) + આચ્છાદિત (ઢંકાયેલું)] વિ. પુષ્પાદિથી ઢંકાયેલું.

પુષ્પાજ [સં.] પું. એક જાતનું પક્ષી; પુષ્પાદ; સિંગરાજ.

પુષ્પાનીક ૧. [સં.] પું. (પુરાણ) ત્રિધન્વત રાજાના પુત્ર મેધાતિથિના સાત જીભોનો બીજો પુત્ર. એનો દેશ એનાજ નામે પ્રસિદ્ધ છે.

૨. પું. શાકદ્વીપના સાત જીભોનો એ નામનો એક દેશ. સાત દેશઃ પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રસેન, સુરાદ અને વિધધૃક.

પુષ્પાભ ૧. [સં.] પું. (જ્યોતિષ) કેતુનું એક નામ. તે પુષ્પાદિ જેવી કાંતિવાળો છે.

૨. પું. વાયુ; વાતાવરણ.

પુષ્પાયજ્ઞ [સં.] પું એ નામનો એક ઋષિ.

પુષ્પાર્ચિ [સં. પુષ્પાર્ચિસ] સ્ત્રી. અગ્નિની દસ જીભોની એ નામની એક જીભ.

પુષ્પાલી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

ય મા મા ગ સી માંથી પુષ્પાલી.

રણછોડકવિ

પુષ્પાવ ૧. [સં.] પું. વિશાખા નક્ષત્રીનો વિશાખથી ચોથો રાજા.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી દિલીપમાં થયેલ હેમચંદ્રનો એ નામનો પૌત્ર અને સુચંદ્ર રાજાનો પુત્ર. એને ધ્રુવાક્ષ પણ કહ્યો છે.

પુષ્પાંધકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ. ભગવતી લક્ષ્મણત ભટ્ટકુમાર તે તપેલી ઈંટોથી બનાવેલો છે. તેની અંદર સો સો પરુષ ઊંડાં ખિલો છે. પરસ્ત્રી નિંદા કરનારો અને ઉત્તમ વાક્યોની નિંદા કરનારો માણસ સો વર્ષ સુધી પુષ્પાંધકુંડમાં વસે છે એમ કહેવાય છે.

પુષ્પિકા [સં.] સ્ત્રી. સીસમનું ઝાડ.

પુષ્પોત્પાદક [સં.] વિ. પુષ્પાદિ નીકળે એવું.

પુષ્પ [સં. દુહિતૃ; પ્રા. પુત્રા] સ્ત્રી. પુત્રી; દીકરી.

પુષ્યા ૧. પું. પુષ્પાદિ.

ઊંચા ઊંચાતિ દાન કરી પુષ્યા ન પરગટ હોય.

નાકરસુંદર

૨. [સં. દુહિતૃ] સ્ત્રી. (પ્રાકૃત) દીકરી; પુત્રી.

પુર [હિં.] ન. એક જાતનું ઝાડ.

પુરજટી [સં. પુરજટિ] પું. (હિંદી) પુરજટિ; શંકર.

પુરટાંગાર [હિં.] પું. કોલસા.

પુરત કું. પૂર્ણ; પુરતો, પૂરો માણસ; કામ.

મેં અમારું તું જાઈને જોયું,
મારા પુરતની સારી રે. નરસિંહ

પુરધાન [હિં.] પું. પુરનો રાશિ; પુરનો ઢગલો.

પુરધાની ૧. પું. મજબૂત અને કિલ્લો માણસ.

૨. [હિં.] સ્ત્રી. પુરનો ઢગલો.

૩. સ્ત્રી. વિનાશ; ખંત.

પુરપંડા [હિં.] સ્ત્રી. સંધ્યા; ગોપૂજનનો વખત.

પુરા ૧. [હિં.] પું. ચૂનો; ચૂનો.

૨. પું. પુત્ર; પુત્રિ; રજ; રેણુ.

પુરાકોષ્ઠ [સં.] પું ઘરીના બને ઊંચા ઊપરની પેટી.

પુરાદેવી સ્ત્રી. હિમાલયમાં આવેલી એ નામની એક દેવી.

પુરિષા ૧. સ્ત્રી. ગુજરાતમાં વસતી અને ખેતીની મજૂરી કરતી એ નામની એક દલિત કોમ.

૨. વ. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

પુરિયા મલ્હાર [હિં.] પું (સંગીત) મલ્હાર રાગનો એક ભેદ.

પુરિયો પું. (કચ્છી) નીક; પોરિયો.

પુરી ૧. પું. અગ્રેસર; નેતા; આગેવાન.

૨. [સં. પૂમિ] સ્ત્રી. પુત્ર; માટી.

૩. સ્ત્રી. પૂંસરી.

પુરૂ અ. પહેલાં; ગઈકાલમાં

કહું આજે રે જે પુરૂ પરિણામ અતિ હૂય.

નયવિજય

પુરો પું. (વલાણપદું) પોરો; માલ ભરવા માટેનો તળિયાનો ખાલી ભાગ; 'હોલ્ડ'

પુરંદર [સં.] પું. ઇંદ્ર; મહાદેવ.

ત્રિનયન અંબક ત્રિપુરઅરિ ઈશ દમયતિ હોય;
બારી ત્રિનામો પુરંદરિ કદ્ર ઇન્દ્રાજ હોઈ.

ત્રિનયનપુરો૦

પુરું અ. સમૂહ; પગ.

પુર્ત ૧. પું. અર્જુન વૃક્ષ; સાદડનું ઝાડ.

૨. [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો શબ્દાલંકાર.

૩. પું જુગારી

૪. પું. કામ; કામકાજ; પુરુષાર્થ; કામધંધો કરનાર આદમી.

૫. પું. પનારો.

૬. વ. ઘેર નામનું સુગંધીદાર દ્રવ્ય.

૭. વ. ત્રિકટવ્રત; સંયમવ્યવહાર.

૮. વ. મારવું તે; વધ કરવો તે; હિંસા.

૯. વ. લોહીનો ઝાટ.

૧૦. વિ. પ્રવીણ; ચતુર; સમર્થ નહિ એવું. કોઈથી ઓછું ન હોય તેવું.

૧૧. વિ. કામકાજ; કામો કરનારું.

૧૨. વિ. પ્રેમી; એક પત્ની મેળવ્યા છતાં બીજીને આકર્ષનાર; વિકારી.

૧૩. વિ. ચુસ્ત; પક્કા; કપટી; બદમાશ; સમજવી પોતાનું કામ સાધનાર; ઠગનાર; પુત્રારી; મારનારી, કામારી.

૧૪. વિ. હિંસા કરેલ; મારી નાખેલ.

ધૂર્તક ૧ [સં.] પું. એ નામનો એક સર્પ; ભૈરવ કુળનો નાગ.
૨ પું. જુગારી.
૩ પું. ધુર્ત્ત માણસ; ઠગ.
૪. પુ. શિયાળ.

ધૂર્તકલા [સં] સ્ત્રી. ઊતરવાનો ધંધો; ધૂર્તવિદ્યા.

ધૂર્તકિતવ [સં. ધૂર્ત (ઠગ) + કિતવ (જુગારી)] પું. જુગારી.

ધૂર્તકૃત ૧. [સં. ધૂર્તકૃત] પું. બનાવો.
૨. વિ, બનાવટિયું.
૩. વિ. હિંસક; હિંસા કરનાર.

ધૂર્તચરિત ૧. [સં.] ન. ધુતારાનું ચરિત્ર; ઠગાઈ.
૨. ન. (નાટ્ય) સંસ્કૃત નાટકનો એક ભેદ.

ધૂર્તચૂડામણિ [સં.] પું. કોટિધ્વરાજ; માણકચ.

ધૂર્તજંતુ [સં.] ન. મનુષ્ય; માણસ.

ધૂર્તતા ૧. સ્ત્રી. જુગાર.
૨. [સ. સ્ત્રી. જુગારીપણું
૩. સ્ત્રી. ઠગાઈ; લુચ્ચાઈ; ધૂર્તપણું; ધુતારાપણું; માયાવીપણું.

ધૂર્તત્વ જુઓ ધૂર્તતા.

ધૂર્તપણું જુઓ ધૂર્તતા.

ધૂર્તમનુષ્ય [સં.] પું. ધુતારો માણસ.

ધૂર્તમંડલ ૧. [સં.] ન. જુગારીઓનું ટોળું.
૨. ન. ધુતારાનું મંડળ; ઠગટોળી.

ધૂર્તમાનુષ ૧. [સં.] પું. જુગારી.
૨. પું. ધુતારો માણસ; ઠગ; કપટી મનુષ્ય.
૩. વિ. મનુષ્યહિંસક; મનુષ્યોનો જેણે નાશ કર્યો હોય તેવું.

ધૂર્તમાનુષા [સં.] સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.

ધૂર્તમોચટી (ધૂર્તમોચડી) પું. લુચ્ચાઓનો આગેવાન; ઠગનો નાયક.

ધૂર્તરચના [સં.] સ્ત્રી. ધૂર્તતા; ઠગારાપણું; બાતા; લુચ્ચાઈ.

ધૂર્તવિદ્યા [સં.] સ્ત્રી. ધૂર્તપણાની કળા.

ધૂર્તવું સ. ક્રિ. ઊતરવું; ઠગવું.

ધૂર્તશાંબલ [સં. ધૂર્ત (ઠગ) + શાંબલ (ઘાસવું)] ન. બોનેર માંહેની એ નામની એક કળા; ધુતારાને પહોંચી વળવાની કળા.

ધર્તાઈ જુઓ ધૂર્તતા.

ધૂર્તાચાર્ય ૧. [સ.] પું. ઠગનો સરદાર; મોટો ઠગ.
૨. પું. લુચ્ચો ધર્મગુરુ.

ધૂર્તિ ૧. [સ.] સ્ત્રી. હિંસા.
૨. વિ. હિંસક; હિંસા કરનાર.

ધૂર્મ પું. ધુમાડી લેવી તે; 'ધૂમ્રમિગ્રેશન.'

ધૂર્વે [સં.] પું. વિષ્ણુ.

ધૂર્વ ૧. [સં.] સ્ત્રી. હિંસા; નુકસાન.
૨. સ્ત્રી. ભારી નામનું તે; વધ.

ધૂર્વહ ૧. [સં.] પું. રથ વગેરેની ધૂંસરી ધારણ કરનાર બળદ.
૨. વિ. ભાર ઉપાડનાર.

ધૂલ ૧. [સં. ધૂલિ] સ્ત્રી. ધૂળ; માટી.
૨. સ્ત્રી. ધૂળના જેવી તુચ્છ વસ્તુ.

ધૂલક [સં.] ન. વિષ; ઝેર.

ધૂલધાની [હિ.] સ્ત્રી. વિનાશ; ધ્વંસ.

ધૂલવું સ. ક્રિ. પાણીથી સાફ કરવું; ધોવું.

ધૂલિ ૧. [સં.] સ્ત્રી. ધૂળ; રજ.
૨. સ્ત્રી. પરાગ.

ધૂલિકદંબ ૧. [સં.] પું. એક જાતનો કદંબ. જેમાં કદંબનાં મોટા ગોળ થાય છે. તે ૧૫ થી ૨૫ કે ૩૦ ફુટ સુધીનાં ઊંચાં જોવામાં આવે છે. તેના પાન મહુડાનાં પાનને મળતાં હોય છે. તેમાં પીળી નાની દડીઓ આવે છે. તેમાંથી મીઠી સુગંધી નીકળે છે
૨. પું. તિનિક વૃક્ષ.
૩. પું. ધૂળનો સમૂહ.
૪. પું. સ્ત્રી. વરુણ વૃક્ષ.

ધૂલિકા ૧. [સં.] સ્ત્રી. ગારા; ઝીણા જળકણોનો વરસાદ.
૨. સ્ત્રી. ધૂળ; રજ.

ધૂલિકુટ્ટિમ [સં.] ન. ખેડેલું ખેતર.

ધૂલિકેદાર [સં.] પું. ખેડેલા ખેતરમાં કચારો.

ધૂલિગુમ્ફક ૧. [સં.] પું. ભમરીત.
૨. પું. ગુલાલ.

ધૂલિચિત્ર [સં.] ન. ધૂળ ઉપર દોરેલું ચિત્ર.
પ્રાચીન ચિત્રકારો ચિત્રના ગ્રંથ પ્રથમ પાકે છે. પ્રાકારમય, ચિત્ર અને રસચિત્ર. પુરાતત્ત્વ

ધૂલિજંઘ [સં.] પું. કાગડો.

ધૂલિજંઘા [સં.] સ્ત્રી. કાગડી.

ધૂલિધૂસર વિ. ધૂળ ઊડવાને લીધે ભૂખરું થયેલું, ધૂળવાળું.

ધૂલિધ્વજ [સં.] પું. વાયુ; પવન.

ધૂલિપટલ [સં.] પું.; ન ધૂળનો મોટો; ધૂળની ડમરી.

ધૂલિપુષ્પિકા [સ.] સ્ત્રી. કેતકી; કેવડો.

ધૂલિપુષ્પી જુઓ ધૂલિપુષ્પિકા.

ધૂલિમય [સં.] વિ. ધૂળવાળું.

ધૂલિયા ૧. સ્ત્રી. વણિયાની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ
૩. વિ. એ નામની બટકનું.

ધૂલિયા સારંગ પું. (સંગીત) તેર માંહેની એક જાતનો સારંગ રાગ.

ધૂલિવંદન [સં.] ન. ધૂળેટી; ફાગણ વદિ ૧.

ધૂલિસંમોહિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનારા માંહેનું એક નામ.

ધૂલી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ અને અગિયાર રગણ મળી કુલ વર્ણ ૩૪ હોય છે.
નગ પર કંદ છે રગણો બારબારે મળીને બધા.
ત્રીજા ને સાત તો વર્ણ પ્રથમના એમ ધૂલી લિયે.
રણછોડ

૨. [સં.] સ્ત્રી. ધૂળ; રજ.
૩. સ્ત્રી. પરાગ.

ધૂલીકદંબ જુઓ ધૂલિકદંબ.

ધૂલીવંદન જુઓ ધૂલિવંદન.

ધૂલું વિ. (બા. પ્રા.) ખોળું; સફેદ.

ધૂવર ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે ચૌપાઈ ઉપદોહા છંદનો એક ભેદ છે. તેમાં સત્તર ગુરુ અને ચુંમોતેર લઘુ મળી એકાણું વર્ણ અને એકસો આઠ માત્રા હોય છે.
૨. પું. ધુમાડો.
૩. પું. રજ; ધૂળ.

ધૂવા પું. (પિંગળ) બોંતેર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, જગણ અને વગણ આવે છે.
સ પછી જ બે કર આર ને સ જ આપ તે પછી
આ ધરી રચ ધૂવા. રણછોડ

ધૂવાં [હિ.] પું. ધુમાડો.

ધૂસણ ૧. ન. એક જાતનું રોગ જેવું જનાવર.
૨. ન. ધૂસરું; ધૂસરી.

ધૂસ ૧. પું. હિસ્સો.
૨. પું. ગરમ ભીનનું કાપડ.
૩ પું ધુમાડો.
૪. સ્ત્રી. રાતી વેરાન જમીન.

ધૂસકું ન. ખેંચ મૂકીને રડવું તે.

ધૂસમૂસ અ. ગડપથી દોડવું; ધસવું.

ધૂસર ૧. [સં] પું. ઊંટ.
૨. પું. કબૂતર.

૩. પું. ગળોટો.
૪. પું. ઘાન્યો તેલો.
૫. પું. જમણી ચામડી.
૬. પું. બૂરો રંગ; પીળાશ પડતો ધોળો રંગ.
૭. પું. રાખોડિયો રંગ.
૮. પું. ઢોલો.
૯. સ્ત્રી. ધૂળ; રજ.
ધૂસર ગોરજણી કંઈ લાગે. પ્રેમાનંદ
૧૦. વિ. કાળા ધોળા રંગવાળું.
૧૧. વિ. ધૂળના જેવા રંગનું.
૧૨. વિ. ધૂળવાળું; ધૂળથી ભરેલું.
૧૩. વિ. ધૂંધળું; ધૂમાડી જેવા રજ કે વરાળથી ઝાંખું; ઝિણું; મલિન.
૧૪. વિ. બૂખરું; તપખીરિયું; બદામી; કપિલ; પીળચટું; બૂરું; પાંડુવર્ણું.

ધૂસરચકોર જ. જુઓ તેતર.

ધૂસરજટા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શ્વેતવારુણી.

ધૂસરપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાચીસદનું વૃક્ષ.

ધૂસરા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ક્ષુપ વનસ્પતિ; પાંડુહલ્લી.
૨. વિ. ધૂળ લાગેલું.
૩. વિ. ધૂળના રંગનું.

ધૂસરાક્ષ ૧. [સં.] પું. શિવ.
૨. પું. કબૂતર.
૩. પું. મધેડો.
૪. પું. ચકલો.
૫. પું. ઘોબો.

ધૂસરાક્ષ્યા ૧. [સં.] સ્ત્રી. ઊંટડી.
૨. સ્ત્રી. કબૂતરી.
૩. સ્ત્રી. મંકોડી.
૪. સ્ત્રી. ચકલી.
૫. સ્ત્રી. ઘોબી.

ધૂસરિત ૧. [સં.] વિ. ધૂળથી ખરડાયેલું.
૨. વિ ધૂળથી ભરેલું.

ધૂસરી ૧. [સં.] સ્ત્રી. ઊંટડી.
૨. સ્ત્રી. એ નામની એક ઝિંગરી.
૩. સ્ત્રી. કબૂતરી.
૪. સ્ત્રી. મધેડી.
૫. સ્ત્રી. ચકલી.
૬. સ્ત્રી. રજ; ધૂળ.
ધૂલિ ધૂસરી ઘેહ રજ પાંસુ સકંસમંદ,
જેનાં પદરજ પામવા ઇચ્છે સતત સનંદ.
ત્રિભુવનપુરોધ
૭. સ્ત્રી. ઘોબી.

ધૂસરું વિ. કાબરચીતરું.

ધૂસી [સં.] સ્ત્રી. વિસ્તાર.

ધૂસો પું. ઓઢવાનું ઊનનું જાડું કપડું; ધુંસો.

ધૂસ્તમા [સં.] સ્ત્રી. અતિશય ચાર; બધો જ કાર્યભાર.

ધૂસ્તરા જુઓ ધૂસ્તમા.

ધૂસ્તૂર જુઓ ધુસ્તૂર

ધૂસ્તૂર [સં.] પું. ધતૂરો.

ધૂળ ૧. સ્ત્રી તુચ્છ વસ્તુ.
૨. [સં. ધૂલિ] સ્ત્રી. રજ; રેણુ; માટીકી, તરજાં વગેરેનો ઝીણો ભૂકો; રેત. ધૂળ પૃથ્વી ઉપર લાંબે ઠેકાણે ધરતી ઊંચાઈ સુધી મળી આવે છે. પૃથ્વી ઉપરની હવામાં ધૂળનાં રજકણોનું અમુક પ્રમાણ ન હોય તો વાદળાં બંધાવાં અશક્ય થઈ પડત. આકાશનો ભરો રંગ ઘાણ માટી જેવો છે, પરંતુ આ રજકણોને લીધે જ તેમજ હવાના અણુઓના ટેટલાક ભાગોને લીધે આકાશનો રંગ આપણને સૌમ્ય ઠંડો અભિમાની લાગે છે. પ્રભાતમાં અને સંધ્યાના સમયે દેખાતા આકાશના સુંદર રંગોનાં કારણમાં પણ ધૂળનો ભાગ નાનો નથી. આ પ્રમાણે મેઘ, વર્ષા, મેઘધનુષ્ય, ઉષા, સંધ્યા વગેરે સૃષ્ટિની સુંદર ઘટનાઓ સાથે ધૂળનો સંબંધ નિકટ છે. તે ઉપરાંત જીવનને આવશ્યક જળ અને પ્રકાશ પૃથ્વી ઉપર ઓછાવત્તા રીતે પ્રસારવાનું એ સાધન છે. ઉષ્ણકટિબંધના વિરમઘકારક રંગનું એક અગત્યનું કારણ સુક્ષ્મ મણકાની ધૂળ છે. ક્ષિતિજ ઉપર ધૂળને લીધે હવા જાડી હોય છે અને તે જાડી હવાના થરમાં થઈને જતાં સૂર્યનાં શ્વેત કિરણોનું વિશ્લેષણ થાય છે. ટૂંકા તરંગોવાળાં વાદળી રંગનાં કિરણો આકાશ તરફ જાય છે અને લાંબા તરંગોવાળાં લાલ અને પીળા રંગના કિરણો પૃથ્વી તરફ આવે છે. એવા સમયના આકાશના અદ્‌ભુત રંગો પણ આવી જ રીતે ઉત્પન્ન થાય છે. આ રીતે પૃથ્વીના હવામાનમાં અને સૃષ્ટિસૌંદર્યમાં નજીવી લેખી શકાતી ધૂળ અસાધારણ સ્થાન ભોગવે છે.
જેણે નહિ જગતમાં પુરુષાર્થ સાધ્યો,
ઉચ્ચોચ્ચ જે પદ નહિ કદી એ જ પામ્યો;
તે જન્મ વ્યર્થ બસતો ! ધૂળ તેથી સારી,
નક્ષત્રોએ ચડી ઊડે પછી વ્યોમ માંહી.
સ્નેહમુદ્રા
૧. આડી વાટની ધૂળ = કંઈ નહિ; રાખ.
૨. ઉપર ધૂળે ધૂળ = કંઈ નવું નહિ જેવું સાર વગરનું ભ્રમ કરવું તે; પાણી વલોવવા જેવું ભ્રમ.
૩. ઢેરા ભાંગીને ધૂળ = જેમાં કાંઈ લાભ ન હોય તેવું કામ; નકામી મહેનત જેવી તે; પાણી ડહોળવા જેવું કામ.
૪. ધૂળ ઊડાડતાં કરવું = મુજરાત માટે અહીંતહીં ફરવું; વ્યાકુલ થઈને ઘૂમવું.
૫. ધૂળ ઊડાડવી = (૧) ધૂળ ભમવા રજ ઊડે એમ કરવું. (૨) નકામું બોલવું. (૩) હોમટ તોફાન મચાવવું. (૪) હાસી કરવી.
૬. ધૂળ ઊડી = (૧) ઉજ્જડ થઈ જવું; સત્યાનાશ થવું. (૨) દોષ કે ત્રુટિ ઊઘાડી પડવી; બૂરાઈઓ પ્રકટ થવી. બદનામી થવી.
૭. ધૂળ ઊડી જવી = (૧) બરાબરબસ્ત થવું. (૨) મિટ્ટીમાં મિટ્ટી મળી જવી. (૩) સમળું અપમાન સહન કરવું.
૮. ધૂળ કરવું = બરાબર કરી નાખવું; બગાડી દેવું.
૯. ધૂળ કર્યું = (૧) કાંઈ જ ન કર્યું. (૨) ધૂળ જેવું નકામું કર્યું.
૧૦. ધૂળ કાઢવી-કાઢી નાખવી-બખેરવી-ઝાટકવી ઝાટકો નાખવી = (૧) ધૂળ ખંખેરાવવું; સજ્જડાવવું; પત્તર રગડી નાખવી. (૨) જબ્બર આઘાતનો કે સામેલ થવાનો સંબંધ કાઢી નાખવો. (૩) માથેથી ભ્રમ ઉતારી નાખવું. (૪) માર મારી હલકું કરવું.
૧૧. ધૂળ ખાવી = (૧) અકસ્માતોસિવારી ન આવવી, જેવું ધાર્યું આવે તેવી અકસ્માત હોય, ને ઉપરથી ધૂળ આવવાથી ધૂળ જેવી અકસ્માતોસિવારી આવે. (૨) અપદતું બોલવું કે આચરણ કરવું. (૩) જબ્બર માર ખાવો; અપદતું પેટ ભરવું. (૪) પસ્તાવું. (૫) માટી ખાવી. જે નાના બચ્ચાને ધૂળ ખાવાની ટેવ હોય તેનું પેટ મોટું થઈ જાય અને વખતો વખત પેટ ચડી આવે તથા ઝટ્ટો સારું ન ઊતરે.
૧૨. ધૂળ જાતની વાત = (૧) સાવ વજૂદની બાબત; જેનો કંઈ અર્થ નહિ તેવી બાબત. (૨) સહેજ સવેજમાં.
૧૩. ધૂળ વાવવી-માથે ધૂળ વાવવી = (૧) ફજિયો કરવો (૨) બરબાદ કરવું; ડાંખ મારવી; વધુસાડવું. (૩) પોતાને માથે આક્ષેપ લેવો. (૪) કજોત થવું.
૧૪. ધૂળ વાટવું કરવું = (૧) નાશ કરવો. (૨) બરબાદોસ કરી નાખવું. (૩) દોઢ પાડી ધૂળમાં રગદોળવું.
૧૫. ધૂળ ચાટવી = (૧) બહુ મિનતિ કરવી;

બહુ નમ્રતા બતાવવી. (૨) હારી જવું; પરાભૂત થઈ જવું.

૧૬. ધૂળ જવું = બગડવું; વ્યર્થ જવું.

૧૭. ધૂળ ઝાડવી = (૧) ખુશામત કરવી. (૨) મારવું; પીટવું. (૩) સાફ કરવું. (૪) સેવા કરવી.

૧૮. ધૂળ નાખવી–નામ પર ધૂળ નાખવી = (૧) આબરૂ બરબાદ કરવી. (૨) બદબખ્તને લાંછન લગાડવું; બદબખ્ત સુધી બજાવેલી ફરજ આખી કરવી. (૩) બબ્બુ કે જબ્બુ કરવું; ઉપેક્ષા કરવી; ડાબુ કરવું; બબ્બા દેવું. બબ્બુ તેનું નામ કે મોઢું, એમ તિરસ્કારમાં બોલાય છે. (૪) બબ્બાનાં બાવડાં

૧૯. ધૂળ પડી કરવી = ધમકાવવું; ધૂળ કાઢી નાખવી.

૨૦. ધૂળ પડવી = (૧) બરબાદીનિ થવી, નાશ થવો. (૨) ધિક્કાર દોવો; દુઃ પડવી; શરમ ભરેલું દોવું. (૩) વ્યર્થ જવું.

૨૧. ધૂળ પર ઢેકું = નામોશી; બદબોતિ.

૨૨. ધૂળ પર લીંપણ = નકામી બાબત.

૨૩. ધૂળ ફક્કાવવી = (૧) બાલવા ન દેવું. (૨) જબ્બ મરાવવી. (૩) ટેક બોબે કરવો. (૪) દરકાર નહિ રાખવી. (૫) પાછળથી પસ્તાય એમ કરવું. (૬) બેદાલ કરવું; બરાબબસ્ત કરવું; પતન કરવું. (૭) હરાવવું; હરાવીને પાયમાલ કરી નાખવું.

૨૪. ધૂળ ફાંકતા કરી દેવું = પાયમાલ કરવું.

૨૫. ધૂળ ફાકવું જવું = નિરાશ થઈ બબ્બા પસ્તાબે મોમી પાછા જવું.

૨૬. ધૂળ ફાકવું થઈ જવું = બરાબબસ્ત થવું; બેદાલ થવું; બાવાનાં બાંસાં પડે એવી દશાએ પદોંચવું.

૨૭. ધૂળ ફાકવી = (૧) બરાબ દશામાં દોવું. (૨) જબ્બ મારીને જેમ કહે તેમ કરવું. (૩) ટેક છોડી દેવો; ટેક બોબો કે જતો રહેવો. (૪) ત્રાસ ત્રાસ થવું. (૫) દરકાર ન રાખવી. (૬) ધૂળ ફાકીને પસ્તાવો દેખાડવો. (૭) વસબાં મોરવાં. (૮) હારી જવું. (૯) ફેર પડી ધૂળમાં રગદોળાવું; પડી જવું.

૨૮. ધૂળ ફેરવવી વાળવી – (૧) ઉપેક્ષા કરવી; અવગણના કરવી. (૨) દાટવું. (૩) વ્યર્થ કરવું. પાણી ફેરવવું; બરબાદ કરવું; ફોગટ જબ્બ એમ કરવું.

૨૯. ધૂળ મેળવું કરવું = (૧) જમીનદોસ્ત કરવું; મારી તોડી ફોડે પાડી ધૂળની સાથે રગદોળવું (૨) સબ્બત ઠપકો આપી ધૂળ બાનબબ્બ કરવું.

૩૦. ધૂળ મળવું–ધૂળમાં મળી જવું = (૧) ઉપબોગમાં ન આવવું; બરાબ થઈ જવું; બગડવું; વ્યર્થ જવું; ફના થવું; પાયમાલ થવું. (૨) બાકું દોબ તેમ ન થવું. (૩) મરણ પામવું.

૩૧. ધૂળ મેળવવું = (૧) નુકસાન કરવું; ફના કરવું; બરાબ કરવું. (૨) વ્યર્થ કરવું.

૩૨. ધૂળ વળવું = બગડવું; બરાબ થઈ જવું.

૩૩. ધૂળ સમજવી = બાબ દલ્લ સમજવું; ગણતરીમાં ન લેવું.

૩૪. ધૂળથી બૂંડ કરવું = (૧) ધૂળ ધમકાવવું. (૨) ઉંટ હલકું કરી નાખવું; ઉંટ જ બાનબબ્બ કરવું

૩૫. ધૂળને પાડે = નબ્બથી ઠોબનો; ધૂળ જેવા મૂલે; ધૂળની ઠોબનો; પાણીને મૂલે

૩૬. ધૂળને પેટ બાલવું = (૧) પત્તર રગડી નાખવી. (૨) મહેનતું દર્ઇ ધમબબ્બી હલકું બાડવું; શરમિંદુ કરવું; ઊતારી પાડવું.

૩૭. ધૂળનો બે ભબ પડે = સાધારણમાં સાધારણ ચીજ પણ વબતે કામ લાગે; કશાની ઉપેક્ષા કરવી નહિ.

૩૮. ધૂળમાં જવું = બગડવું; વ્યર્થ જવું.

૩૯. ધૂળમાંથી સોનું મળવું = અણધાર્યો લાભ થવો; ધૂળ જેવી બાબતમાંથી પણ મોટો લાભ થવો.

૪૦. પગની ધૂળ = તુચ્છ માણસ કે વસ્તુ.

૪૧. પોતાના ઠોસા પર ધૂળ વાળવી = સ્વાર્થ સાધવો.

૩. સ્ત્રી. શૂન્ય; કંઈ નહિ.

૪. વ. એક જાતનું બાસ.

૫. વિ. નકામું.

ધૂળઅધ્યાર્ડું ૧. વિ. અર્ધ ધૂળવાળું; સાવ ધૂળ ભરેલી દોબ એવું

૨. વિ. નકામું; વ્યર્થ.

ધૂળઉડામણી ૧. સ્ત્રી. કોઈ વિરલ બબ્બ કે કોઈ બાબતમાં બાવા વગરની વાત કરવી તે.

૨. સ્ત્રી. ધૂળ ઉડાવવી તે.

ધૂળકઢ ૧. કું. ધૂળ ધૂળ ભેગીને બતાવરણ બરાઈ જવું તે; વંટોળિયો; ધૂળનું ઊભું થયું તે; ડોરણું; ધૂળોટ.

૨. કું. ધૂળનો ઢગલો.

ધૂળકોટ જુઓ ધૂળકટ.

ધૂળખાણિયો કું. ધૂળ નીકળતી દોબ તેવો ખાડો.

ધૂળગજનું વિ માલ વગરનું. ધૂળ જેવું. વ્યર્થ.

ધૂળગજ્જુ જુઓ ધૂળગજનું

ધૂળઝોકું (ધૂળઝોકું) ન વા વાબથી થતું ધૂળનું તોફાન; ધૂળકટ.

ધૂળઢગલી સ્ત્રી. એ નામની સોરઠ તરફ રમાતી એક રમત; બીજ માંડ્યાં; ગોર ગોર બાજરી. કરાવેલી જગ્યામાં દરેક પક્ષવાળા સામા પક્ષવાળા જણે નહિ તેમ ધૂળની ઢગલીઓ કરી આવે. પછી દરેક પક્ષવાળા સામાવાળાની નક્કી કરેલી હદમાં તેની ઢગલીઓ શોધવા જાય અને જેટલી ઢગલી જોવામાં આવે તે ભેગી નાખે. આમ કરતા જે પક્ષની વધારે ઢગલી રહી દોય તે પક્ષ જીત્યો ગણાય.

ધૂળધકેડ સ્ત્રી. પાયમાલી; વિનાશ.

ધૂળધકેડે અ. પાયમાલ થઈ જબ્બ તેમ.

ધૂળધમાડ વિ. ધૂળ જેવું; નહિ જેવું; નકામું; નિરર્થક.

ધૂળધમાસ જુઓ ધૂળધમાસો.

ધૂળધમાસો ૧. કું. કંઈ નહિ; બાલ વગરની વાત.

૨. કું. ધૂળ જેવી નકામી ચીજ.

૩. વિ. કંઈ પણ ઠેકાણા વગરનું કામ થતું દોબ તેવી સ્થિતિનું; ભંડ આડુબબ્બું અને બરાબબસ્ત કરી નાબ્બું દોબ તેવું; કંઈ પણ સાર વગરનું.

ધૂળધાણી ૧. સ્ત્રી. બરાબી; નુકસાન; બરબાદી.

૨. સ્ત્રી. બડેર કે જમીનદોસ્ત થયું તે.

૩ સ્ત્રી. નિષ્ફળતા; સંપૂર્ણ હાર.

૪ સ્ત્રી પાયમાલી; સબ્બનાશ, નબોદ; નિકંદન.

૫. સ્ત્રી. બબડી જવું તે.

૬. સ્ત્રી. બેરાઈ વીબરાઈ નકામું જવું તે; રહેંદરૂ બબડી જવું તે.

૧. ધૂળધાણી કરવું = બબાડી નાબ્બું; બરાબી કરવી; પાયમાલ કરવું; નાશ કરવો; ધૂળ મેળવવું; નુકસાન કરવું

૨. ધૂળધાણી થઈ જવું = બબડી જવું; બરાબ થવું; પાયમાલ થવું. નકામું થઈ જવું.

૩. ધૂળધાણી ને રાખ–વા પાણી = ઉંટ નકામાપણું; બરબાદી; બરાબી; પાયમાલી.

૭. વિ. નકામું; બરબાદ; બરાબબસ્ત થઈ બયું દોબ તેવું.

૮. વિ. નિષ્ફળ.

ધૂળધારી ૧. કું. ગંદો માણસ.

૨. વિ. ગંદું; મલિન; મેલું.

ધૂળધૂધો કું. (બબ્બી) ધૂળધોયો.

ધૂળધૂરીસા અ. ધૂળધમાસ; કંઈ નહિ તે; બાલ વગરનું દોવું તે.

ધૂળધોયું ૧. વિ. ધૂળ ધોનારું; બબ્બરની અને સાનીના ઢાટ બાબતની ધૂળ ઝાટકી તબા ધોઈને સોનાની રજ શોધનાર

૨. વિ. ધૂબે છબાયેલું.

૩. વિ. શરીર ધૂળ વળી દોબ તેવું.

ધૂળધોયો [સં. ધૂલિ (ધૂળ) + ધોતૃ (ધોનાર)] કું. ધૂળ ધોઈને સોનું

ધોવનાર માણસ; સોના ચાંદીની રજ ધોવવા ધૂળ ધોનાર પુરુષ.

ધૂળપડવો (ધૂળપડ્યો) પું. ધુળેટી; ધૂળી પડ્યો. ફાગણ વદ એકમ; હોળી પછીનો દિવસ. એ દિવસે ધૂળ ઉડાડવાનો મહિમા છે.

ધૂળપાપ સ. નકામી વસ્તુ.

ધૂળ ફાકવું ૧. વિ. ધૂળ જેવું થઈ ગયેલું; ભોં ભેળું થયેલું; પછડાઈ પડેલું
૨. વિ. પરાજિત; હારેલું.

ધૂળબલા ૧. સ્ત્રી. થોડી કીમત.
૨. સ્ત્રી. નજીવી ચીજ કે વગરવપ.

ધૂળબાર્દ સ. વરસાદ થયા પહેલાં ધૂળમાં બનાજ વારી રાખવું તે.

ધૂળ ભેગું વિ. ધૂળ ચાટતું; નકામું.

ધૂળમય ૧. વિ. ધૂળવાળું; ધૂળ ધૂળ થઈ ગયેલું.
૨. વિ. રહસ્યાત્મક; અર્થ

ધૂળસિયા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક અટક.
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધૂળસૂઈ વિ. ધૂળ જેવું સાદું.

ધૂળાડો (ધૂળાડો) ૧. પું. ધરતી ધૂળ ઊડી તે; ધૂળકોટ; ગોરજ.
૨. પું. ધૂળનો ઢગલો

ધૂળાર્દ સ. ધૂળનું તોફાન; વંટોળિયો.

ધૂળિયા ૧. સ્ત્રી. વાઘરીઓની એ નામની એક અટક.
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધૂળિયા પીર પું. ઝોકરાંથી બનાવાતો ધૂળનો કલ્પિત દેવતા.
ધૂળિયા પીરના કસમ ખાવા = ઝોકરાંઓથી ધૂળરૂપી દેવતાના સોગન ખાવા.

ધૂળિયું ૧. સ. એક જાતનો કપડું. તેનો રંગ ધૂળ જેવો હોય છે.
૨. વિ. ગામડી; ગંજેરી.
૩. વિ. ધૂળ જેવું; નમાલું.
૪. વિ ધૂળવાળું.
૫. વિ ધૂળના જેવા રંગનું
૬ વિ પાટી ઉપર ધૂળ નાખી લિખવાનું કામ લેવાતું તે જમાનાનું.
૭. વિ. મેલું, ગંદું; મલિન.

ધૂળિયો પું. એક જાતનો ઘોડાનો.

ધૂળી ૧. સ્ત્રી. અત્તર સોખવા માટે ધૂળનો ઉપયોગ કરનારી; ધૂળ ઉપર કામળીને અત્તર સોખનારી; ગામડી.
૨. સ્ત્રી. ધૂળ નાખી કામ લેવાનું તે જમાનાની.

ધૂળી નિશાળ સ્ત્રી. ગામડી નિશાળ; પાટલા ઉપર ધૂળ નાખીને લખાવનારી નિશાળ; પાટલાશાળા. અમારા બચપનમાં જ્યારે પથ્થરપાટી તથા પેનની સગવડ ન હતી ત્યારે બાળકોને લાકડા કે એવી કોઈ સપાટ સપાટી ઉપર ઝીણી રજ પાથરીને આંગળીથી તેના ઉપર અક્ષરો લખાવવાની રીત હતી. તે વખતની નિશાળોને ધૂળી નિશાળ કહેવાતી.

ધૂળી પડચો (ધૂળી પડ્યો) પું. ધુળેટી; ધૂળપડ્યો; હોળી પછીનો દિવસ; ફાગણ વદિ એકમ.

ધૂળી શાળા જુઓ ધૂળી નિશાળ.

ધૂં પું. (કચ્છી) ધુમાડો.

ધૂંઅ જુઓ ધૂં

ધૂંઆ ૧. [હિ.] પું. ધુમાડો.
૨. પુ વરાળ.

ધૂંઆડો (ધૂંઆડ઼ો) પું. (કચ્છી) ધુમાડો.

ધૂંઆધારધાર ૧. પું. નર્મદાના ઉત્તર તટ ઉપરનું એ નામનું એક સ્થાન.
૨. પું. નર્મદાના દક્ષિણ તટ ઉપરનું એ નામનું એક સ્થાન. તેની શોભા અપૂર્વ છે. અહીં નર્મદા ભારે જલપ્રોતમાં વહે છે.

ધૂંઆપૂંઆ સ. આવેશ કે ગુસ્સાથી બોલાતું થાય તેમ; ધૂવાંપૂવા.

ધૂંધ ૧. સ્ત્રી. ગુસ્સો; આવેશ.
૨. સ્ત્રી. તાપણી; ધૂણી.
૩. સ્ત્રી ધુમાડો.
૪. સ્ત્રી. ધૂપ.
૫. સ્ત્રી. વહેમ; શંકા.

ધૂંકાર [હિ.] સ્ત્રી. ગર્જના; જોરથી કરેલો અવાજ.

ધૂંકી સ્ત્રી. ૩ પીંજરાનો પોલો.

ધૂંખર સ્ત્રી. ધુમાડા જેવી કમરી; ધૂળની આંધી.

ધૂંખળવું સ. ક્રિ. બળબળવું; ગમગમવું.

ધૂંખળું સ. ગુહ્ય.

ધૂંખાળવું સ. ક્રિ. ખૂબ ધોવું; સ્વચ્છ કરવું.

ધૂંખાળાવવું સ. ક્રિ. ધૂંખાળે એમ કરાવવું.

ધૂંખાળાવું સ. ક્રિ. ધૂંખાળે એમ થવું.

ધૂંગ પું. (કચ્છી) મોટો કટકો.

ધૂંગાર [હિ.] પુ. મસાલો; વઘાર.

ધૂંગારવું ૧ સ. ક્રિ. ઘીનું કરવું
૨ સ ક્રિ. ધૂણી દેવા; ધુમાડો આપવો; ધુમાડો લાગે તેમ કરવું.
૩. સ. ક્રિ. મારવું; પીટવું.
૪. સ. ક્રિ. વઘારવું.
૫. સ. ક્રિ. સ્વાહાકાળ કરવું.

ધૂંગી પું. જગદંબા દેવીની આવાહન ક્રિયા કરનાર માણસ.

ધૂંધું ૧. ન. કરતાં કાબરાનું કાળું.
૨. ન. ધુંધ; કાળા વમરનું ચટ
૩. ન. સમઢ; ઢગલો.
૪. વિ. ધુમાડો આપતુ

ધૂંધ્ર વિ. (કચ્છી) સર્વોત્કૃષ્ટ.

ધૂંધવું (ધૂંધવુ) સ. ક્રિ. ફૂંકવું; ઓગવું; સોખવું.

ધૂંધવા મલ્હાર (ધૂંધ્યા મલ્હાર) પું. (સંગીત) મલ્હાર રાગની એક જાત. વર્ષા ઋતુમાં તે ખાસ ગવાય છે. મલ્હાર ને સોરઠ મળવાથી તે બને છે.

ધૂંધા [હિ.] વિ. આંધળું.

ધૂંધી ૧. સ્ત્રી. આંખે ઓછું દેખાવું તે; ઝાંખ.
૨. સ્ત્રી. બેભાન હાલત; બેસુધ સ્થિતિ.
૩. વિ. ધૂતવાળુ.

ધૂંધ્ય ૧. સ્ત્રી. ગંદી હવા; રોગચાળો.
૨. સ્ત્રી. આંખ; આંખી નજર; આંખનો એક રોગ.
૩. સ્ત્રી. ધૂપ.
૪. સ્ત્રી. ધૂમસ; ઝાકળ.
૫. સ્ત્રી. હવામાં ઊડતી ધૂળ
૬. સ્ત્રી. હવામાં ધૂળ મળવાના કારણથી થતું અંધારું.

ધૂંધક પું. (પુરાણ) કંસે કૃષ્ણને મારવા મોકલેલ એ નામનો રાક્ષસ. તેણે વૃંદાવનમાં રાત્રે હલ્લો કર્યો. કૃષ્ણે અગ્નિ મુખમાં ભર્યો ધૂમકેતુને મારી હતો.

ધૂંધકા [હિ.] પું. ધુમાડો નીકળવા માટે રાખવામાં આવતું દ્વાર; ચીમની.

ધૂંધકાર ૧. [હિ.] પું. ગર્જના; ગડગડાટ.
૨. [સં ધૂલિ (ધૂળ) + અંધકાર (અંધારું)] પું. ધૂળકોટ વગેરેથી થયેલું અંધારું; અંધકાર; વંટોળિયાથી થયેલું અંધારું; ધૂળ ઊડીને થયેલો અંધકાર.
૩. વિ. અંધકાર જેવું; આંધળું; ઝાંખું.

ધૂંધલી સ્ત્રી. સારડી ફેરવવાનું દોરીવાળું સાધન.

ધૂંધલ પું. બહો માણસ.

ધૂંધર ૧. [હિં] સ્ત્રી. ધૂળ ઊડવાથી થતું અંધારું.
૨. સ્ત્રી. હવામાં ઊડતી ધૂળ.

ધૂંધરકું ન. મળસકું; પ્રાતઃકાળ.

ધૂંધરો પું. કોયથી ચડેલું મોટું; તોબરો.

ધૂંધલાઈ સ્ત્રી. ઝાંખપ; ઝાંખાપણું.

ધૂંધલાપણ જુઓ ધૂંધલાઈ.

ધૂંધલી જુઓ ધૂંધ.

ધૂંધલું ૧. વિ. અસ્પષ્ટ; ઓછ્યું ન દેખાય એવું.
૨. વિ. કાર્કિ કાળું; ધુમાડાના રંગનું.
૩. વિ. ઝાંખું; આછા પ્રકાશવાળું.

ધૂંધવવું ૧. અ. ક્રિ. કોપને લઈને બોલી ન શકાતાં મોઢું મરડી જવું.
૨. અ. ક્રિ. તાપ નહિ થતાં ધુમાડો નીકળ્યા કરવો.
૩. અ ક્રિ. મનમાં ને મનમાં મૂંઝાયા કરવું.

ધૂંધવાટ ૧. કું. ધૂણતી વખતે શરીરમાં થતો આવેશ.
૨. પું. ધૂંધવાવું તે; બળાળાએ નહિ બળતાં ધૂણી થઈને અગ્નિનું ઝાંખું બળવું તે; ધુમાડવું તે; ધુમાડો થયા કરવો તે; ધુમાડાના મોટે મોટા થપા કરવા તે.
૩. પું. મનમાં ને મનમાં અણગમતી બાબત માટે રીસે રહ્યા કરવું તે; રીસ; બળાપો; કમનપણું; દબાઈ રહેલો ગુસ્સો.

ધૂંધવાટી ૧. સ્ત્રી. ગુસ્સામાં તાણી તાણીને બોલવું તે.
૨. સ્ત્રી. ધૂણતી વખતે શરીરમાં આવતો આવેશ.

ધૂંધવાતું વિ. ભડકો નહિ થતાં ધુમાડા સાથે બળતું.

ધૂંધવાવવું અ. ક્રિ. ધૂંધવાય એમ કરાવવું.

ધૂંધવાવું ૧. અ. ક્રિ. અકળાવું; મૂંઝાવું.
૨. અ. ક્રિ. ધુમાવું; મોઢાવું; દેવતાનું ધૂણી થઈને બળવું; બળાળાએ નહિ બળવું, પણ ધૂણી કાઢ્યા કરવી; બરોબર દેવતા ન સળગવો; ધુમાડો થવો.
૩ અ. ક્રિ. ધૂણીથી ઝાંખું થવું; ચોકી આંધીથી પ્રકાશનું મંદ પડવું.
૪. અ ક્રિ. મનમાં ગુસ્સે થવું; ગુસ્સો દબાવી મૂકવો
૫ અ ક્રિ. શરીરમાં આવેશ હોવો.
૬. અ. ક્રિ. સૂર્યના તેજનું ઝાંખું થવું; તડકો મંદ પડવો; અંધારવું.

ધૂંધવું જુઓ ધૂંધવાવું.

ધૂંધળ ન. મુદ્દો; લડાઈ.
ધમ્મસિયા મોટા બોધ
સેધ કરઇ ધૂંધળ ચડી ઓ. ઉખાણરત્ન

ધૂંધળકું જુઓ ધૂંધળું.

ધૂંધળચર્મું વિ. ઝાંખા પ્રકાશવાળું; ઝાંખું.

ધૂંધળવું ૧. ન. સવાર સાંજનો ઝાંખો પ્રકાશ.
૨. વિ ઝાંખું; ધૂમસવાળું.
૩. વ ક્રિ. ઢાંકો દેવું; આવરવું.

ધૂંધળવેળા જુઓ ધૂંધળું ૧-૪.

ધૂંધળાવું અ ક્રિ. ધૂણીથી કે ધુમાડાથી ઝાંખું થવું; રજ વડે મલિન થયેલા વાતાવરણથી પ્રકાશનું મંદ પડવું; સૂર્ય ચમક તડકાનું ઝાંખું થવું, આંધરાવું.

ધૂંધળીમલ્લ પું. ગોકર્ણનો એ નામનો ભાર્ગ.

ધૂંધળું ૧. ન. કંઈક ઊભરા ને બધું અંધારું એવો સૃષ્ટિનો દેખાવ.
૨. ન. બરોબિયું; ભળભાંખ.
૩. ન. સવાર સાંજનો ઝાંખો પ્રકાશ; ઝાંખું અજવાળું.
૪. ન. સૂરજ આથમ્યા પછી ને દીવા થતા પહેલાંનો વખત.
૫. વિ. ગમગીન; શોકાતુર; ઉદાસીન.
૬. વિ. ઝાંખું, ધૂમસવાળું; અંધારાવેલું; અસ્પષ્ટ; અકૂટ; નિસ્તેજ; ધૂણીવાળું, અસ્વચ્છ; તેજદાર નહિ એવું; દેખાય ન દેખાય તેવું.
૭. વિ. ધૂમસ વરસે તેવું.

ધૂંધાર ન. ધૂળ ઊડવાથી થયેલું અંધારું.
ઓદિયા કાઈએ નેમ દેખે,
ભ્યાં લ્યા છે ધૂંધાર. રસલહર

ધૂંધી ૧. સ્ત્રી. આંખની ઝાંખપ.
૨. સ્ત્રી. ઝાંખો પ્રકાશ.
૩. વિ. ધાંધલિયું; ખોટી ધમાલ કરે એવું.
૪. વિ. પ્રખર; ધુરંધર; મોટું.
૫. વિ. લીન; મરક; કામમાં ખૂબ રોકાઈ રહેતું હોવ તેવું.

ધૂંધુર વિ ઝાંખું; ઓછા પ્રકાશવાળું.

ધૂંધું ૧. ન. એક જાતનો સર્પ.
૨. ન. જાર બાજરીના પૂળાઓ મોભારાકાર ગોઠવી સીમમાં રહેવા માટે બનાવેલું નાનું ઘર.
૩. વિ. નબળું; રચૂળ.
૪ વિ. ઝાંખા, ઓછા પ્રકાશવાળું.

ધૂંધૂકાર ૧ [હિં.] પું. અંધકાર; અંધારું.
૨ પું અંધારાવાળું અને વાદળાંથી ઢંકાયેલું વાતાવરણ.
૩. પું. નગારાનો શબ્દ; ધૂમર.
૪. પું. સખત વરસાદ.

ધૂંધૂનું જુઓ ધૂંધવાતું.

ધૂંન વિ. (કચ્છી) સર્વોત્કૃષ્ટ.

ધૂંમ અ. ધમ; ધમ દઈને; ધમ જોવા અવાજ સાથે.

ધૂંમડ (ધૂંમડ) ૧. પું. એક જાતનો કપડાં.
૨. વિ. સ્થૂલ; જાડું.

ધૂંમડા (ધૂમડા) ૧. સ્ત્રી. દેહની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધૂંમડાવું (ધૂંમડાવું) અ. ક્રિ. બકરીનું આઠ સખત ઓઢા જેવું થઈ જવું.

ધૂંમડું (ધૂમડું) વ. જાડું અને મજબૂત માણસ.
હડહડ હસઈ જઇ પરિ અસઇ,
ડોસે ઠારઇ ધૂંમડિ મસઇ. સાબરમતીમંડન

ધૂંરી સ્ત્રી. ધુમાડાનાં રજકણ; ધૂંસ.

ધૂંવર સ્ત્રી. ધૂમસ; ઝાકળવાળા ધૂંધળા ઉજા.

ધૂંવાડાબંધ (ધૂવાડાબંધ) જુઓ ધુમાડાબંધ.

ધૂંવાડિયું (ધૂંવાડિયું) જુઓ ધુમાડિયું.

ધૂંવાડિયો (ધૂવાડિયો) જુઓ ધુમાડિયો.

ધૂંવાડી (ધૂવાડી) જુઓ ધુમાડી.

ધૂંવાડો (ધૂંવાડો) [સં. ધૂમ] પું. ધુમાડો; ધૂમ.

ધૂંવાતું જુઓ ધુમાતું.

ધૂંવાધાર ૧. પું. ધુમાડાના ગોટા.
૨. પું. નર્મદાનો એ નામનો ધોધ. તે બધે દૂરથી સંભળાય છે. તેના પડવાથી ઊડતી ઝરમર દૂરથી ધુમાડા જેવી દેખાય છે, તેથી તેને ધૂંવાધાર કહે છે.
૩. વિ. ધુમાડાવાળું; ધૂવાડાવાળું.
૪. વિ અવંઢર; વિકરાળ.
૫ વિ. રાબ્યુ.રેલું.
૬. વિ. સુંદર.

ધૂંવાં ૧. સ્ત્રી. ઘોઢ.ણાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધૂંવાંધૂંવાં ૧. વિ. અમુક કાર્ય કરી નાખવાની તાલાવેલી જાગી રહેલું.
૨. વિ. આવેશ કે ગુસ્સાથી બેબાકળું; ગુસ્સાના ઊભરાટથી અકળાયેલું; ગાજરું.
૩. વિ. ગાઢમદ થઈ ગયેલું.
૪. વિ. બહુ જ ઉતાવળું.

ધૂંવાંકૂંવાં જુઓ ધૂંવાધૂંવાં.

ધૂંવાંર પું. ધુમાડાનો રંગ.

ધૂંવાંસ સ્ત્રી. બાજનો ઘોઢ. ઉદર કરજો હોય ત્યાં ધૂંવાંસ, મજીઠ, હળદર અને સિંધવનો લેપ કરવામાં આવે છે.

ધૂંવો ૧. [સં. ધૂમ] પું. ધુમાડો; ધૂમ; ધૂણી.

૨. પું. બાષ્પમાંથી ઘૂણીને રૂપે નીકળતી હવાનું કરીને બનું પ્રવાહી. ધૂણીનું પ્રવાહી સત્ત્વ.

ધૂંશ જુઓ ધૂંસ

ધૂંસરાળ ૧. ન. ધૂસરું.

૨. ન. વરને પોંખવાનું એક સાધન.

ધૂંસ ૧. પું. તાપ; તહકો; ગરમી.

૨. પું. ધુમાડાના બનેલાં ભારા; ઝાપટા કે દીવાલ ઉપર બાઝતો ધુમાડાનો મેલ.

૩. પું. ધુમાડો.

૪. પું. રૂપાના દાગીના ઉપર સોનાનો ઢોળ.

૫. પું. સોનાગેરુ.

૬. સ્ત્રી. ઝાકળની અત્યંત ઝીણી કરારા; ધૂમર.

૭. સ્ત્રી. રજ; ધૂળ.

૮. સ્ત્રી. હવામાં સમૂસણાટ; અવાજની રમઝટ; ચારે બાજુ અવાજને લીધે હવામાં ભરાઈ રહેલો ધમધમાટ.

ધૂંસઢ ન. (જૂ. ગુ.) સોડિયું; ઓઢતી વખતે સોડમાં લેવાતું કપડું.

ધૂંસઢ કરી મચારી માય,
પાલ્યુડિ પુઢાડિ ભાય. ગાવદમસમય

ધૂંસર ૧. ન. ગાડી, હળ વગેરે ખેંચવા માટે બળદની ખાંધ ઉપર મૂકવામાં આવતું આડું લાકડું; ધૂંસરી; ઝૂંસરી; ધુરા.

૨. ન. ધૂળની ડમરી.

ધૂંસરી ૧. સ્ત્રી. ધૂંસર; ગાડી, હળ વગેરે ખેંચવા માટે બળદની ખાંધ ઉપર મૂકવામાં આવતું આડું લાકડું; ધુરા.

૨. સ્ત્રી. ખોસરું; સત્તાનો બોજો.

ધૂંસરું જુઓ ધૂંસર.

ધૂંસલું ૧. ન. ભરવાડની બીજાને બાધરા તરીકે પહેરવાનું ઊનનું કાપડ.

૨. ન. બીજાને ઓઢવાનું ઊનનું વસ્ત્ર.

ધૂંસવું ૧. અ. ક્રિ. ઠંસવું; દાબીને ભરવું.

૨. અ. ક્રિ. સજ્જ કરવી.

ધૂંસળ જ. ધૂંસરી; ધુરા.

ધૂંસી સ્ત્રી. ભરવાડની બીજાને પહેરવાનું ઊનનું બાંધું કપડું.

ધૂંસું ન. કપેલાં રૂનાનો ઢગલો.

ધૂંસો ૧. પું. ઊનના બાંધા વણાટનું ઓઢવાનું કપડું; ઊનની બાંધી પછેડી; બાંધો કામળો.

૨. પું. ડોસો; પુનો.

ધૂંહ (ધૂંહ) જુઓ ધૂંસ.

ધૂંહરી (ધૂંહરી) જુઓ ધૂંસરી.

ધૃ ૧. સ. ક્રિ. આશ્રય કરવો.

૨. અ. ક્રિ. ટેવાદાર હોવું.

૩. અ. ક્રિ. સ્થિતિ કરવી; રહેવું.

૪. સ. ક્રિ. બાબરવું.

૫. સ. ક્રિ. ટકાવવું.

૬. સ. ક્રિ. તાબામાં રાખવું.

૭. સ. ક્રિ. (ધાતુ) ધારણ કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: ધૃત, ધર્મ, ધૃતિ, ધારણ, ધરણી.

૮. સ. ક્રિ. પકડવું.

૯. સ. ક્રિ. પહેરવું.

ધૃક ૧. [સં. ધૃક્] વિ. ધારણ કરનાર. સમાસમાં અંતે વપરાય છે. જેમકે, વિશ્વધૃક.

અનંત મુખદાતાર સહજ સક્તિધૃક.
દયારામ

૨. વિ. ધૃક.

૩. વિ. સહનશીલ.

ધૃષ્ણિ પું. (પુરાણ) સ્વયંભૂ મન્વંતરના અત્રિમુનિ ઋષિને ઊજ્જા નામની સ્ત્રીથી બનેલા છ બાળકોનો એ નામનો એક દીકરો.

ધૃત ૧. [સં.] પું. (પુરાણ) બંદવંશી કુશુ કુળમાં બનેલ ધર્મનો એ નામનો પુત્ર.

૨. પું. (પુરાણ) તેરમા મનુ રૌચ્યનો એ નામનો એક દીકરો.

૩. વિ. ધારેલું.

૪. વિ. બાબત કરેલું.

૫. [સં. ધૃ (પકડવું)] વિ. ગ્રહણ કરેલ; પકડેલું; બાબી રાખેલું.

૬. વિ. ટકાવેલું.

૭. વિ. તાબામાં રાખેલું.

૮. [સં. ધૃ (ટેવાદાર હોવું)] વિ. ટેવાદાર.

૯. [સં. ધૃ (ધારણ કરવું)] વિ. ધારણ કરેલું.

૧૦. વિ. નિશ્ચિત; સ્થિર કરેલું.

૧૧. [સં. ધૃ (પડવું)] વિ. પતિત.

૧૨. વિ. પહેરેલું.

૧૩. [સં. ધૃ (સ્થિતિ કરવી)] વિ. સ્થિતિ કરેલું; રહેલું.

ધૃતકેતુ [સં.] પું. વસુદેવના બનેવીનું નામ.

ધૃતદંડ ૧. [સં.] પું. સજ્જ કરવામાં બાવે તે બાબુધ; બખરાધી; ધનુર્ધર.

૨. પું. સજ્જ કરવી તે.

ધૃતદીધિતિ [સં. ધૃત (ધારણ કરેલું) + દીધિતિ (પ્રકાશ)] પું. બગ્નિ.

ધૃતદેવા [સં.] પું. (પુરાણ) વસુદેવની બીજીબાની બે નામની બેન; દેવક રાજાની બે નામની કન્યા. તેના પુત્રનું નામ વિદૂર હતું.

ધૃતપદ્ધ [સં.] વિ. વજ્રથી ઢંકાયેલું.

ધૃતપૃષ્ઠ [સં.] પું. સ્વાયંભુ મનુનો પૌત્ર; પ્રિયવ્રતના દસ બાંઠેનો બે નામનો બેક પુત્ર.

ધૃતબાહી [સં.] પું. બસ્ત્રોને નિપજાવ કરવાનું એક બસ્ત્ર.

ધૃતરાજ્ઞ [સં. ધૃતરાજન્] પું. ઘારા રાજવાળો દેશ.

ધૃતરાષ્ટ્ર ૧. [સં.] પું. બારો મહિનામાં ત્વષ્ટા નામના બાદિત્યની સાથે સંચાર કરનાર એક દેવગણવર્ગ. તે કશ્યપની ભાર્યા મુનીની કૂખે ઉત્પન્ન થયો હતો. તેને એક વખત ઇંદ્ર મરુત રાજા પાસે બાંધી ચટણી બર્થે મોકલ્યો હતો.

૨. પું. (પુરાણ) બે નામનો એક રાજા. તેની પાસે એક વખત બકૃતવ્રણ નામના ઋષિએ બાવીને ગાય માટે પશુ માગ્યું, પરંતુ તેણે ઋષિની મશ્કરી કરીને કહ્યું કે, બા મરી ગયેલો બાય છે તે બર્થ લાગો. બા ઉપરથી ઋષિએ ક્રોધાયમાન થઈ તેને શાપ પમાડ્યો. રાજા તેથી તેને શરણે બાવ્યો બને પશુ વગેરેને બાપીને વિદાય કર્યો.

૩. પું. એક વસુનું પદવી.

૪. પું. (પુરાણ) કશ્યપથી કદ્રુને પેટે ઉત્પન્ન થયેલા બનેક બાઠેનો બે નામનો એક નાગ. તેનાથી બનેક નાગકુળો ઉત્પન્ન થયાં હતાં. તેમાંનાં કેટલાંક નાગકુળો જનમેજય રાજાના સર્પસત્રમાં બળી ગયાં હતાં.

૫. પું. કાળા મુખ બને પગવાળો એક જાતનો હંસ.

૬. પું. (પુરાણ) જનમેજયનો બે નામનો એક પુત્ર.

૭. પું. (પુરાણ) વિરોચન દૈત્યનો પૌત્ર બને નમિના સો બાઠેનો બે નામનો એક પુત્ર.

૮. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૩૦ બને દક્ષિણ કાલ્યક ૧૫૫ બાવેલો ત્રીજા મહત્ત્વનો તારો; 'બાલ્હા બોરિ.'

૯. પું. (પુરાણ) શાંતનુના પુત્ર વિચિત્રવીર્યના મરણ પછી સત્યવતીની બાજ્ઞાથી કૃષ્ણ દ્વૈપાયને વિચિત્રવીર્યની મોટી બે બંબિકાની સાથે નિયોગ કરી ઉત્પન્ન કરેલો પુત્ર; પાંડવોનો પિતા. તે હંસ નામના ગંધર્વનો બંશાવતાર હતો બને જન્મથી બંધ હતો. તે ગાંધારના સુબલ રાજાની પુત્રી ગાંધારી સાથે પરણ્યો હતો. ગાંધારીની કૂખે ધૃતરાષ્ટ્રને દુર્યોધન બને પોતરસના

અંશાવતાર તરીકે બીજા ૯૯ પુત્રો થયા હતા. સૌથી છેલ્લી દુઃશલા નામે કન્યા જન્મી હતી. તેને યુયુત્સુ નામે એક દાસીપુત્ર પણ હતો. તેના સો પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, દુઃસહ, દુર્મર્ષણ, વિવિંશતિ, જય, સત્યવ્રત, પુરુમિત્ર, યુયુત્સુ, વિકર્ણ અને ચિત્રસેન એ અગિયાર મહારથી હતા. તે સોમા વિકર્ણ નામનો પુત્ર એકલો જ નીતિમાન હતો. ધૃતરાષ્ટ્ર જાણે સમજતા છતાં પુત્રસ્નેહથી દોરાઈ પોતાના કુમાર્ગે ચાલનારા પુત્રોને અંકુશમાં રાખતો હતો. દ્રૌપદીએ પાંડવો સામે અનેક કાવતરાં કર્યાં, છતાં તેને તેણે રોકવા નહિ, એ તેનો મોટો દોષ હતો. પાંડવો જુગારમાં બધું હારી ગયા, ત્યારે દ્રૌપદીને દ્રૌપદીને સંતાપી હતી, છતાં તે કાંઈ કરી શકયો ન હતો. પાંડવો વનવાસ અને અજ્ઞાતવાસની પ્રતિજ્ઞા પૂરી કરીને પાછા આવ્યા અને ધૃતરાષ્ટ્ર પાસે રાજ્યનો અર્ધો ભાગ માગ્યો, ત્યારે ધૃતરાષ્ટ્રે સંજય દ્વારા વિચિત્ર સંદેશો કહાવ્યો કે, હે યુધિષ્ઠિર, તું ધર્મનિષ્ઠ છે, માટે દૂર એવું યુદ્ધ કરવામાં પ્રવૃત્ત ન થઈશ. જો દુર્યોધન તને રાજ્યભાગ ન જ આપે, તો તું ભિક્ષા વડે તારી ઉપજીવિકા કરજે. જેટલે કુલક્ષય અટકાવવાને અર્ધું રાજ્ય નહિ તો પાંચ જણા માટે માત્ર પાંચ જ ગામ યુધિષ્ઠિરે માગ્યાં. તે પણ દુર્યોધનના કહેવાથી આપવાની ધૃતરાષ્ટ્રે ના પાડી. તે પછી વિદુરે યુધિષ્ઠિરે કૃષ્ણને મોકલ્યા, તોપણ કાંઈ વળ્યું નહિ અને કૃષ્ણ પાછા ફર્યા તેથી મહાભારતના યુદ્ધનો આરંભ થયો તેમાં દ્રૌરવ પક્ષના રાજાઓ અને ધૃતરાષ્ટ્રના સો પુત્રો મરાયા. માત્ર કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા એ ત્રણ જ જીવતા રહ્યા. એ સાંભળીને ધૃતરાષ્ટ્ર બળીને ખાખ થઈ ગયો. પુત્રશોકાગ્નિમાં બળી ગયેલો તે પોતાના સોએ પુત્રોની સ્ત્રીઓ અને ગાંધારી સહિત રણભૂમિ ઉપર આવ્યો અને પુષ્કળ શોક કર્યો. ત્યાં યુધિષ્ઠિરે આવીને તેને વંદન કર્યું અને ભેટયા. પછી ભીમસેનને ભેટવા બોલાવ્યો. ભીમ ભેટવા જતો હતો પણ કૃષ્ણે એને પાછો ખેંચી લીધો અને ભીમના જેવી લોહમય પ્રતિમા દુર્યોધને તૈયાર કરાવી હતી તે આગળ કરી. એ મૂર્તિને ધૃતરાષ્ટ્ર ભીમ ધારીને ક્રોધોન્મત્ત થઈને ભેટવા જવાથી ભેટયો છે તે ભાંગીને ભૂકો થઈ ગઈ. પછી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી યુધિષ્ઠિર સાથે રહ્યાં, પણ તે દરમિયાન ભીમસેન પ્રત્યેના પક્ષપાતથી તેને બાળી મૂકવો. તેથી ત્યાંથી કંટાળીને તે અરણ્યમાં વાનપ્રસ્થ જીવન ગાળવા માટે ગયો અને ત્રણ વર્ષ પછી યોગાગ્નિથી પોતાનાં દેહ ત્યાગી દીધો એ જ અગ્નિમાં ગાંધારીએ પોતાનો દેહ નષ્ટ કર્યો ધૃતરાષ્ટ્ર અંધ હોવા છતાં બુદ્ધિ વડે જ બધા વિષયોનો જ્ઞાતા હોવાથી એને પ્રજ્ઞાચક્ષુ કહેતા. ધૃતરાષ્ટ્ર શબ્દનો આમ અર્થ એવો છે કે, રાષ્ટ્રને જે પુત્ર જોટલે ખૂંચવી લઈને ભોગવે છે તે. તેના ઉપર અન્યાય અને પક્ષપાતથી પોતાનો અધિકાર જમાવવા એ યત્ન કરી રહ્યો હતો. બીજાનું રાજ્ય પરાક્રમથી મેળવવું, તેના ઉપર સદાને માટે પોતાનો અધિકાર સ્થિર સાચવવા યત્ન કરવો અને તેનો અસરકારક અધિકારી પુરુષ પોતાનું રાજ્ય પાછું માગે ત્યારે તેને ન મળે તેવો પ્રયત્ન કરવો તેમજ તેને અનધિકારી ઠરાવવો, આમ ધૃતરાષ્ટ્ર કરી રહ્યો હતો. ધૃતરાષ્ટ્ર અને કૃતરાષ્ટ્ર એ બે વચ્ચે મહાભારતનું યુદ્ધ હતું. કૌરવો ધૃતરાષ્ટ્રના પક્ષના હતા અને પાંડવોનો પક્ષ કૃતરાષ્ટ્ર હતો. ધૃતરાષ્ટ્ર અંધ પણ હોય છે. મનુષ્ય પરાક્રમના માર્ગે અંધ બને છે. બળ, ધન અને અધિકારના અંધારામાં તણાતો મનુષ્ય ન્યાય-અન્યાય ધર્મ અધર્મ, કર્તવ્ય અકર્તવ્ય, નીતિ અનીતિ અને યોગ્યાયોગ્ય જોવામાં અસમર્થ બને છે. ચર્મચક્ષુથી અંધ હોય વા ન હોય પણ જ્ઞાન દૃષ્ટિથી એ અંધ જ બને છે.- મહાભારતમાં ધૃતરાષ્ટ્રની કહીકત આ પ્રમાણે આવે છે: પુરુવંશમાં જાતનુ નામનો એક રાજા થયો. તેણે ગંગા સાથે વિવાહ કર્યો. તેને તેનાથી દેવવ્રત નામનો પુત્ર થયો, જે ભીષ્મના નામથી પ્રસિદ્ધ થયો. ભીષ્મે પોતાનાં લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા કરીને પોતાના પિતાનાં લગ્ન સત્યવતી અપરા અસ્વયંધા સાથે થયા દીધાં. સત્યવતી જ્યારે કુંવારી હતી ત્યારે પરાશરથી તેને દ્વૈપાયન નામનો એક પુત્ર થયો હતો. આ દ્વૈપાયન મહાભારતના કર્તા પ્રસિદ્ધ મહર્ષિ વેદવ્યાસ થયા. સત્યવતીના મહેલથી જાતનુને વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ નામના બે પુત્ર થયા. ચિત્રાંગદ યુવાવસ્થામાં આવ્યા પહેલા એક ગાંધર્વ મારફત માર્યો ગયો હતો વિચિત્રવીર્ય રાજા થયો અને તે કાશીરાજની અંબિકા અને અંબાલિકા નામની બે કન્યા પરણ્યો. કેટલોક વખત વીત્યા પછી વિચિત્રવીર્ય નિઃસંતાન મૃત્યુ પામ્યો. વંશ ક્રમમ રાખવા માટે સત્યવતીએ પોતાના પુત્ર વેદવ્યાસને બોલાવી અને પુત્રવધૂઓ સાથે નિયોગ કરવા કહ્યું. સમાગમ સમયે વેદવ્યાસનો કાળો વાન અને જટા દેખી અંબિકાએ આંખ મીંચી દીધી. આ ઉપરથી વેદવ્યાસે કહ્યું કે, આ કારણથી પરમ પ્રતાપી પુત્ર ઉત્પન્ન થશે પણ તે પોતાની માતાના દોષથી આંધળો થશે. અંબાલિકા સ્નેહના નિયોગથી પાંડુ ઉત્પન્ન થયો અને સુદેષ્ણા દાસી સાથેના નિયોગથી વિદુરનો જન્મ થયો. ધૃતરાષ્ટ્ર આંધળો હતો, તેથી પાંડુ રાજા થયો. પાંડુ રાજા પુજારી જતાં ધૃતરાષ્ટ્ર રાજા થયો. ધૃતરાષ્ટ્રનાં સાત અંધાર દેશના રાજાની કન્યા ગાંધારી સાથે થયાં હતાં. આ ગાંધારીના ગર્ભથી દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ, ચિત્રસેન વગેરે સો પુત્ર જન્મ્યા હતા, જે કૌરવો કહેવાયા અને તેઓ યુદ્ધમાં પાંડવોને હાથે માર્યા ગયા હતા.

૧૦. પું. સારા રાજાઓ દેશ.

૧૧. પું. સારો રાજા; જેનું રાજ્ય દઢ હોય એવો રાજા.

ધૃતરાષ્ટ્રી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની બીજી તામ્રાથી ઉત્પન્ન થયેલી પાંચ મા.દેવી એ નામની એક કન્યા.

૨. સ્ત્રી. ધૃતરાષ્ટ્રની સ્ત્રી.

૩. સ્ત્રી. ડાંગલી; ડાંગી.

ધૃતવર્મા ૧. [સં. ધૃતવર્મન્] પું. કવચ ધારણ કરેલો માણસ.

૨. પું. (પુરાણ) ત્રિગર્તરાજ કેતુવર્માનો નાનો ભાઈ.

૩. વિ. જેણે બખ્તર ધારણ કર્યું હોય તેવું.

ધૃતવિક્રય [સં.] પું. તોલ કરી કોઈ પદાર્થ વેચવો તે.

ધૃતવ્રત ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ઘેટું.

૩. પું. (પુરાણ) અક્ષુમંતુને નડ્વલાને પેટે થયેલ એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) અદવશી અનુપ્રશ્નોત્પન્ન રોમપાદના વંશના ધૃતિરાજનો એ નામનો પુત્ર. તે પુત્રનું નામ સત્કર્મા અથવા સત્યકર્મા હતું.

૫. પું. (પુરાણ) પુરૂવંશી જયદ્રથ રાજાના પુત્ર વિજયનો એ નામનો પૌત્ર.

૬. પું. વ્રત ધારણ કરનાર માણસ.

૭. પું. રુદ્ર; શિવ.

૮. પું. વરુણ.

૯. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરમાંના અથર્વણ ઋષિને પોતાની ચિત્તિ નામની ભાર્યાને પેટે થયેલા ત્રણ ભાઈઓનો એ નામનો મોટો પુત્ર.

૧૦. ન. અગ્નિષ્ટ સમયમાં રાજ્યારોહણ વખતે તખ્ત ઉપર બેસતા પહેલાં રાજાએ કરવાનો એક સંકલ્પ અથવા લેવાનું એક વ્રત. તૈત્તિરીય બ્રાહ્મણમાં એ વ્રત, વચન અથવા પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરેલો છે. તેનો અર્થ એમ છે કે, જો હું તમારા ઉપર જુલમ કરું તો જે રાતના હું જન્મ્યો છું અને જે રાતના હું મરણ પામું, એ બે રાતની વચ્ચે મેં મને તેવાં સુકૃત કર્યાં હોય તો, મારું સ્વર્ગ, મારું જીવન અને મારી સંતતિ મારી પાસેથી છીનવી લેવામાં આવે.

૧૧. વિ. અનુરક્ત; આસક્ત.

૧૨. વિ. વ્રત ગ્રહણ કરનાર.

ધૃતમતી સ્ત્રી. (વિંશતિ) ચોવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંચદશાવસિ; સારસી. તેના દરેક ચરણમાં નગણ, પંચ જગણ અને રગણ એમ ચોવીસ અક્ષર હોય છે. તેમા સાતમા અને ચૌદમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. આ છંદ પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને ઋષિવદના પણ કહે છે.

ધૃતસેન [સં.] પું. (પુરાણ) ભારતના યુદ્ધમા દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

ધૃતહાલા સ્ત્રી. (વિંશતિ) નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે ભૂયતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, જગણ અને મગણ એમ નવ અક્ષર હોય છે.

મા જા મા થી ધૃતહાલા છે. ચન્દ્રવિજય

ધૃતાત્મા ૧. [સં. ધૃતાત્મન્] પું. ધીર પુરુષ.

૨. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. જન્મમૃત્યુથી રહિત રહીને પોતાના સ્વરૂપને એકરૂપથી ધારણ કરનાર જગતના ધૃતાત્મા કહેવાય છે. જગત સર્વને ધારણ કરનારા, અષ્ટમૂર્ત જગતને ધારણ કરનારા અને સર્વ જગતરૂપે પ્રતીત થતા હોવાથી વિષ્ણુ ધૃતાત્મા કહેવાય છે.

૩. વિ. આત્માને સ્થિર રાખનાર; ધીર.

ધૃતાયુધ [સં.] પું (પુરાણ) ભારતના યુદ્ધમા દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

ધૃતિ ૧. [સં.] સ્ત્રી. અનાહત નાદનો એક ભેદ.

૨. પું. (પુરાણ) આઠમા સાવર્ણિ મનુના દસ પૈકી બનાર પુત્રો માહેનો એ નામનો એક પુત્ર.

૩. પું. એ નામનો એક વિષદેવ.

૪. પું. (વિંશતિ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેને પુરરીકતા તથા પ્રમદા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

૫. પું. કાશ્યપના ચોથા માહેનો એ નામનો એક છંદ.

૬. પું. (પુરાણ) ચક્ષુષો અનુકુલોત્પન્ન રોમપાદના વંશના વિભરાજનો એ નામનો એક પુત્ર

૭. પું. જયદ્રથ રાજાનો એ નામનો એક પૌત્ર.

૮. પું. યદુવંશી અજમીઢનો એ નામનો એક પુત્ર.

૯. પું. (પુરાણ) વિદેહવંશના નીતિવન્ત જનકનો એ નામનો એક પુત્ર. તેનો પુત્ર બહુલાશ્વ જનક હતો.

૧૦. પું. વિષ્ણુના વીસે સત્તાવીસ માહેનો આઠમો યોગ. તે સંપત્તિયુક્ત ગણાય છે.

૧૧. પું. વૈદિક ચોવીસ માહેનો એ નામનો એક છંદ. તેના દરેક પદમાં અઢાર અક્ષર મળી કુલ બોતેર અક્ષર આવે છે. આખા વેદમાં કુલ બે જગ્યા આ છંદમાં રચાયેલ છે.

૧૨. પું. હાથનો યજ્ઞ.

૧૩. સ્ત્રી. અઢાર અક્ષરના વૃત્તોની સંજ્ઞા.

૧૪. સ્ત્રી. અઢારની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

૧૫. સ્ત્રી. અનેક પ્રકારનાં વિઘ્નો પ્રાપ્ત થયા છતા પણ પોતાના પરમાર્થનાં સાધનોના અભ્યાસનો પરિત્યાગ ન કરવો તે; મનની દૃઢતા; ધૈર્ય; ધીરજ; સ્થિર રહેવાની ક્રિયા કે ભાવ; સુખ અથવા દુઃખની બાબત પણ ધૈર્ય અને ધર્મ ઉપર સ્થિર નિશ્ચય રાખવો તે; મહાનમા મહાન મુશ્કેલી આવી પડે અથવા ભય ઉપસ્થિત થાય તોપણ મનકરાવું નહિ તે

૧૬. સ્ત્રી. અયોધ્યાની એ નામની એક આકૃતિ.

૧૭. સ્ત્રી. અદિતિ.

૧૮. સ્ત્રી. એ નામની એક દેવી; સોળ માતૃકા દેવી માતૃકા તેનું સ્થાન પિતારકમાં છે.

૧૯. સ્ત્રી. કપિલ મુનિની એ નામની બહેન

૨૦. સ્ત્રી. ચતુર્માની સોળ માહેની એ નામની એક કળા

૨૧. સ્ત્રી. (પુરાણ) દક્ષની કન્યા અને ધર્મની પત્નીનું નામ.

૨૨. સ્ત્રી. દમ, ભેદ, હામ

૨૩. સ્ત્રી. ધારણ; અવસ્થાન.

૨૪. સ્ત્રી. ધારવાની ક્રિયા; પકડવાની ક્રિયા, ધારણ, ધારણ કરવું તે.

૨૫. સ્ત્રી. ધારણા; સ્મૃતિ.

૨૬. સ્ત્રી. ધીરજ; સ્થિરની સ્વસ્થતા.

૨૭. સ્ત્રી. ધારની સંજ્ઞા.

૨૮. સ્ત્રી. બેફામપણું, નિર્લજ્જતા.

૨૯. સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.

૩૦. સ્ત્રી. સાહિત્યપ્રસિદ્ધ એક વ્યભિચારી ભાવ.

૩૧. સ્ત્રી સીતાનાં હજાર માંહેનું એક નામ.

૩૨. સ્ત્રી. સુખ.

૩૩. સ્ત્રી. સ્થિરતા; શાંતિ.

૩૪. સ. એ નામનું એક વન. તે વિપુલ નામના વિપુલ પર્વત ઉપર છે.

ધૃતિક [સં.] પું. ચિત્તિ થઈ ગયેલા કે ભટકેલાને ટકાવી રાખવાના હેતુરૂપ પ્રયત્ન.

ધૃતિકર સ. એક જાતનું રત્ન.

ધૃતિમત જુઓ ધૃતિમાન.

ધૃતિમાન ૧. [સં. ધૃતિમત્] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું (પુરાણ) કુશદ્વીપમાં આવેલો એ નામનો એક ખંડ.

૩. પું. (પુરાણ) ધૃતિમાન રાજાનું બીજું નામ.

૪. પું. (પુરાણ) પાંચમા રૈવત મનુનો એ નામનો એક પુત્ર.

૫. પું. શિવનાં હજાર મહેનું એક નામ.

૬. પું. (પુરાણ) સુદીપ્ત આઠમાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

૭. વિ. ધુરંધર, અગ્રણી.

૮. વિ. દૃઢ, મક્કમ, નિશ્ચયી.

૯. વિ. ધીરજવાળું.

૧૦. વિ. સતારી.

૧૧. વિ. સુખી.

ધૃતિમુષ ૧. [સં. ધૃતિમુષ્] વિ. ધૈર્ય હરી લનાર

૨. વિ. સંતોષ તજાવનાર

૩. વિ. સાવધતા હરી લેનાર.

ધૃતિયામ [સં.] પું. એ નામનો એક યોગ.

ધૃતિશાલી જુઓ ધૃતિમાન ૭–૧૧.

ધૃતિહોમ [સં.] પું. વિવાહના અંગરૂપ એક હોમ.

ધૃતી [સં] સ્ત્રી. દુર્ગા દેવી; પાર્વતી.

ધૃત્યક્ષી [સં.] સ્ત્રી. પૃથ્વી.

ધૃત્વા ૧. [સં. ધૃત્વન્] પું. આકાશ; ગગન.

૨. પું. ધર્મ.

૩. પું. નીતિ; સદ્‌ગુણ.

૪ પું. યજ્ઞ.

૫ પું. બ્રહ્મા.

૬ પું. વિષ્ણુ.

૭. પું. સમુદ્ર.

૮ વિ. ધારણ કરનાર; ધારક.

૯ વિ. બુદ્ધિમાન.

૧૦. [સં] અ. ધારણ કરીને.

ધૃષ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) બહાદુરી બતાવું; શૂર કરવો; અભિમાન કરવું; બહાદુર કરવો. જે ઉપરથી અનેક શબ્દ: ધૃષ્ટ, ધૃષ્ટતા.

૨. અ. ક્રિ. નિર્લજ્જતા કરવી

૩. અ ક્રિ. બહાદુર હોવું; ડોળ કરવો.

૪ અ ક્રિ. હિમત કરવી

૫. અ ક્રિ. ઉદ્ધત કરવો.

૬. અ. ક્રિ. ઓરડું કરવું, જમા કરવું.

૭. અ ક્રિ. હોમ કરવો

૮ અ ક્રિ. પરાજય કરવો; હરાવવું.

૯ અ ક્રિ. પરાભવ કરવો; અપમાન કરવું.

૧૦. અ ■. સામર્થ્યહીન કરવું.

૧૧. અ. ક્રિ. હલ્લો કરવો; આક્રમણ કરવું.

૧૨. અ. ક્રિ હિંસા કરવી; ઘર કરવું; મારી નાખવું.

ધૃષિત [સં.] વિ. બહાદુર; હિમતવાન.

ધૃષ્ણુ ૧. [સં.] પું. સમૂહ, સંઘાત; ટોળું; રાશિ.

પૃષ્ટ

૨. વિ. ચર્વિત.

૩. વિ. ચતુર; હોશિયાર.

૪ વિ. નિર્લજ્જ.

૫. વિ. બહાદુરીખોર.

૬. વિ. હોશિયાર.

પૃષ્ટ ૧. પું. અસ્ત્રોનો સંહાર.

૨. [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો નાયક. તે વારંવાર અપરાધ કરે છે, અનેક પ્રકારનાં અપમાન સહન કરે છે અને કોઈ વાર કોઈ પ્રકારની વાત બનાવી નાયિકાની સાથે રહે છે.

૩. પું. (પુરાણ) ચેદિવંશી કૃતીનો એ નામનો પુત્ર.

૪. પું. (પુરાણ) વૈવસ્વત મનુના નવ ભાંડેનો એ નામનો એક દીકરો. તેની સંતતિ તપોબળે બ્રાહ્મણ થઈ હતી. એ બોધો પાર્ષ્ટ કહેવાતા.

૫. પું. હિરણ્યાક્ષરનો એ નામનો એક દીકરો.

૬. વિ. અનુચિત સાહસ કરનાર; અવિચારી. વિચારશૂન્ય; મોઘા.

૭. વિ. અવિનયી.

૮. વિ. ઉદ્ધત.

૯. વિ. ગર્વિષ્ઠ; બહાદુરીખોર.

૧૦. વિ. ચોખ્ખે ચોખ્ખું કહી દે એવું; પરિણામનો વિચાર કર્યા વગર મને તેને મને તેવું કહે એવું.

૧૧. વિ. ધીર; ગંભીરચિત્ત.

૧૨. વિ. નિર્દય; ક્રૂર.

૧૩. વિ. શરમાય નહિ એવું; બેશરમ; નિર્લજ્જ.

૧૪. વિ. જોનો અપરાધી હોવાથી પોતાનું વારંવાર અપમાન થાય તે છતાં નિર્લજ્જપણે વિનય કરનાર.

૧૫. વિ. હિંમતવાળું; બહાદુર; નીડર.

પૃષ્ટકેતુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક કેકય દેશાધિપતિ. વસુદેવની પાંચ ભાંડેની શ્રુતકીર્તિ નામની બહેન આની સ્ત્રી થતી હતી. તેને સંતર્દનાદિક પાંચ પુત્રો અને એક કન્યા હતી.

૨ પું. (પુરાણ) કાશીરાજ સહદેવનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) ચેદિદેશના રાજા શિશુપાળનો એ નામનો એક પુત્ર. શિશુપાળ પછી એ રાજા થયો હતો. એની નગરીનું નામ શક્તિમતીપુર હતું. તેણે પોતાની કરેણુમતી નામની બહેન પાંડુપુત્ર નકુળની સાથે પરણાવી હતી. તે બહુ પરાક્રમી હતો અને મહાભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં લડ્યો હતો. તેના રથના ઘોડા સારંગ રંગના હતા. દ્રોણાચાર્યે તેને માર્યો હતો.

૪. પું. (પુરાણ) નવમા મનુ રોહિતનો એ નામનો એક પુત્ર.

૫. પું. (પુરાણ) પાંચાલકુળના દ્રુપદ રાજાના પૃષ્ટદ્યુમ્નનો એ નામનો એક પુત્ર. એ પાંડવોના પક્ષમાં હતો અને મહાભારતના યુદ્ધમાં મરાયો હતો.

૬. પું. (પુરાણ) વિદેહ વંશના સુધૃતિ નામના જનકનો પુત્ર. તેના પુત્રનું નામ હર્યશ્વ જનક હતું.

૭. પું. શત્રુઓને જોતી ક્ષણ જોતાં ક્રોધ ઊપજે એવો રાજા.

૮. પું. સગતિ રાજવંશી સુકુમારનો એ નામનો એક પુત્ર.

પૃષ્ટતા ૧. [સં.] સ્ત્રી. અનુચિત સાહસ; અવિચારીપણું.

૨. સ્ત્રી. ઉદ્ધતાઈ.

૩ સ્ત્રી. નિર્દયતા; ક્રૂરતાપણું.

૪. સ્ત્રી. નિર્લજ્જપણું; બેશરમી.

૫. સ્ત્રી. નીડરપણું; બહાદુરી; હિંમત.

૬. સ્ત્રી. પરિણામનો વિચાર કર્યા વિના ચોખ્ખે ચોખ્ખું કહી દેવાનો સ્વભાવ.

૭. સ્ત્રી. બહાદુરી; અભિમાન.

પૃષ્ટત્વ જુઓ પૃષ્ટતા.

પૃષ્ટદ્યુમ્ન [સં.] પું. (પુરાણ) અગ્નિવંશી પાંચાળ રાજા દ્રુપદનો એ નામનો પુત્ર; દ્રૌપદીનો ભાઈ. તેની ઉત્પત્તિ વિષે કથા એમ છે કે: પૃષત રાજાને દ્રુપદ નામનો એક પુત્ર હતો. પૃષત અને ભારદ્વાજ ઋષિને બહુ જ મિત્રતા હતી, તેથી તે નિત્ય દ્રુપદને લઈને ઋષિના આશ્રમ ઉપર આવ્યા કરતો હતો. વખત જતાં દ્રુપદ અને ઋષિપુત્ર દ્રોણને માટી મિત્રાચારી થઈ ગઈ. જ્યારે દ્રુપદ રાજા થયો ત્યારે દ્રોણ તેની પાસે ગયો, પરંતુ તેણે તેની અવજ્ઞા કરી. તેથી દ્રોણ દીન ભાવથી જ્યાં ત્યાં ઘૂમવા લાગ્યો. છેવટે પાંડવકૌરવોની અસ્ત્રશિક્ષાનો બોજો માથે લીધો. દ્રોણનો શિષ્ય અર્જુન ગુરુના અપમાનનો બદલો વાળવા દ્રુપદને બંદીવાન બનાવીને લાવ્યો. દ્રુપદે દ્રોણને અર્ધું રાજ્ય આપી છુટકારો મેળવ્યો. આ અપમાનનો બદલો લેવા દ્રુપદે યજ અને અનુયાજ નામના ઋષિકુમારોની સહાયતાથી એક મોટા યજ્ઞનું અનુષ્ઠાન આદર્યું. આ યજ્ઞમાંથી એક અત્યંત તેજસ્વી પુરુષ અશ્વ, વર્મ અને ધનુષ્યબાણથી સુસજ્જિત ઉત્પન્ન થયો. દેવવાણી થઈ કે, આ રાજપુત્ર દ્રુપદના શોકનો નાશ કરશે અને દ્રોણાચાર્યનો વધ તેના હાથથી થશે જ-માંથી જ તે સ્વભાવે ક્રૂરકર હતો. ધનુર્વિદ્યા દ્રોણાચાર્ય પાસે જ તે શીખ્યો હતો. મહાભારતના યુદ્ધ વખતે તે પાંડવોની સેનાનો સેનાપતિ હતો. યુદ્ધ વખતે તે પોતાના રથને પારેવાના રંગના અશ્વો જોડાવતો. અશ્વત્થામા મરણ પામ્યો એવું સાંભળીને દ્રોણાચાર્યે પોતાનાં શસ્ત્ર મૂકી દીધાં અને પોતે બેસીને યોગધારણા વડે પોતાનો જીવ કાઢી નાખતા હતા, તેટલામાં પૃષ્ટદ્યુમ્ને આવીને તેનો શિરચ્છેદ કર્યો. આ જોઈ અર્જુનને બહુ ક્રોધ આવ્યો અને પૃષ્ટદ્યુમ્નને મારવા દોડ્યો, પણ કૃષ્ણે સમજાવી શાંત પાડ્યો. આગળ જતાં મહાભારતના યુદ્ધના અઢારમા દિવસની રાત્રિએ પૃષ્ટદ્યુમ્ન તંબુમાં સૂતો હતો તે વખતે અશ્વત્થામાએ તેને અરધો ઊંઘતો, અરધો જાગતો, એવી સ્થિતિમાં માથું કાપીને મારી નાખ્યો હતો. તેને ઘણા પુત્રો હતા અને તે પણ મહાભારતના યુદ્ધમાં જ મરણ પામ્યા હતા.

પૃષ્ટધી ૧. [સં.] વિ. બહાદુરીખોર; ધૃષ્ટ.

૨. વિ બહાદુર; હિંમતવાન.

પૃષ્ટનાયક [સં.] પું. (કાવ્ય) અપરાધ કર્યે જનાર અને અનેક બહાનાં અને વાતો બતાવી નાયિકાની પાછળ જાઓ રહેનાર નાયક.

પૃષ્ટપદ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે જગણ, જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે. તે જગતી છંદનો એક ભેદ છે.

પૃષ્ટપદે રથ ચ ના જ ચ આણી. રણપિંગળ

પૃષ્ટબુદ્ધિ પું. (પુરાણ) કુતબ્ધ રાજાનો એ નામનો પ્રધાન.

પૃષ્ટરથ [સં.] પું. એ નામનો એક રાજા.

પૃષ્ટા ૧. [સં] સ્ત્રી. નિર્લજ્જ અભિચારિણી સ્ત્રી.

૨. સ્ત્રી. ઘાંઈ; દુરાગ્રહ; મમતા; જીદ.

પૃષ્ટિ ૧. [સં.] પું. (પુરાણ) દશરથ રાજાનો એ નામનો એક મંત્રી.

૨. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘ પુત્રમાં જન્મેલા કુંતિ રાજાનો એ નામનો પુત્ર.

૩. પું. (પુરાણ) સોમવંશી સાત્વત પુત્રના ભજમાન રાજાનો એ નામનો ત્રીજો પુત્ર.

૪. પું. (પુરાણ) હિરણ્યરોમિપુત્રના મોટા ભાઈ હિરણ્યાક્ષનો એ નામનો એક પુત્ર.

૫. સ્ત્રી નિર્લજ્જપણું; બેશરમી.

૬. સ્ત્રી. નીડરપણું; બહાદુરી.

૭. સ્ત્રી. હિંમત.

૮. ન. એક જાતનું વસ્ત્રપાત્ર.

૯. વિ. અવિનય

૧૦. વિ નિર્દય.

૧૧. વિ. નિર્લજ્જ; બેશરમ.

૧૨. વિ. બહાદુરીખોર.

પૃષ્ણુ ૧. [સં.] પું. સાત્વતવંશી વસુદેવનો એ નામનો એક પુત્ર.
૨. જુઓ પૃષ્ટ ૬–૧૫.

પૃષ્ણુજ ૧. [સં. પૃષ્ણુજ] વિ. અવિવ.
૨. વિ. નિર્દય.
૩. વિ. નિર્લજ્જ.
૪. વિ. બડાઈખોર.

પૃષ્ણુતા જુઓ પૃષ્ટતા.

પૃષ્ણુત્વ જુઓ પૃષ્ટતા.

પૃષ્ણુયોજ્ઞ [સં. પૃષ્ણુયોજ્ઞ] પું. કાર્તવીર્યનો એ નામનો એક પુત્ર.

પૃષ્ણુા સ્ત્રી. તિરસ્કાર; નિંદા.

પૃષ્ણિ [સં] પું. કિરણ.

પૃષ્ણુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા.
૨. પું. (પુરાણ) વારુણિ કવિના બાર મહિનો એ નામનો ત્રીજો પુત્ર.
૩. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર
૪. પું. કાર્તવીર્યના પુષ્કરનો એ નામનો એક પુત્ર
૫. પું. સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.
૬. વિ. ઉદ્ધત.
૭. વિ. ખુશમિજાજ.
૮. વિ. ધીર.
૯. વિ. પૃષ્ટ; પ્રસન્ન.

પૃષ્ણુક [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મનુના વંશનો એ નામનો એક રાજા.

પૃષ્ણુયોજ્ઞ [સં. પૃષ્ણુયોજ્ઞ] પું. (પુરાણ) કાર્તવીર્ય રાજાનો એ નામનો પુત્ર.

પૃષ્ય ૧. [સં.] વિ. પ્રશંસનીય.
૨. વિ. ધિક્કારવા યોગ્ય; તિરસ્કાર કરવા જેવું.
૩. વિ. પરાજય કરવા યોગ્ય.
૪. વિ. હરાવવા યોગ્ય.

પૃ [સં.] ભ. ક્રિ. ભરવું; છાંટવું વગેરે.

પે ૧. પું. (કચ્છી) દેવ.
૨. [સં.] ભ. ક્રિ. પાન કરવું; પીવું.

પેઈ સ્ત્રી. સોમરસ આંજવાની સળી.

પેઢાને ૧. પું. માર.
૨. સ્ત્રી. એ નામની એક બટક.
૩. વ. એ નામની બટકનું માણસ.
૪. વિ. એ નામની બટકનું.

પેઠી સ્ત્રી. હીંગલી; ખૂણી

પેધારો પું. દેવતાનો અંગારો; દેખાળો.

પેન જો (કચ્છી) દેવ.

પેનડો (પેનડ્રો) પું. (કચ્છી) દેવડો.

પેજ ૧. પું. રીસ; ક્રોધ; ગુસ્સે થવું તે.
૨. પું. (કચ્છી) ચોરબજાર; કજેતી.

પેઠ (પેઠ) ૧. પું. પેઢો; દેડો
૨. પું. નાકારો કે હલકો માણસ.
૩. સ્ત્રી. ખરપૂરમ બનાવી એ નામની એક જાતિ; પેઢ.
૪. સ્ત્રી. પરાડા નામની વનસ્પતિની એક જાતિ. મહાભારતમાં લખ્યું છે કે: પરશુરામે મારેલા ક્ષત્રિયમાં તે હતા. મનુ લખે છે કે, તે સ્વધર્મથી પતિત થયેલા ક્ષત્રિય છે. પેઠની ઘણી જાત છે: મેમવાળ, વાડિયા કે રતળા, ચોરાસી, કાનમ, મારવાડી વગેરે.
૫. વ. એ નામની જાતિનું માણસ.
૬. વિ. એ નામની જાતિનું.

પેઠઉંબરડો (પેઠઉંબરડો) પું. એક જાતની વનસ્પતિ; વાડમાં થતો એક જાતનો ઉંબરો

પેઠગુજરાતી (પેઠગુજરાતી) સ્ત્રી. અરબી કે અસંસ્કારી ગુજરાતી; જેમાં હિંદી, ઉર્દૂ, અંગ્રેજી વગેરે ભાષાઓના શબ્દ સમિશ્ર થયેલા હોય એવી ગુજરાતી બોલી; પેઠ ગુજરાતી

પેઠગુજરી (પેઠગુજરી) જુઓ પેઠગુજરાતી.

પેઠગૂજરાતી (પેઠગૂજરાતી) જુઓ પેઠગુજરાતી

પેઠગૂજરી (પેઠગૂજરી) જુઓ પેઠગુજરાતી.

પેઠફજેતી (પેઠફજેતી) સ્ત્રી. અમસ્તી કજેતી; પેઠકજેતી; પેઠ જેમ સહેજ સહેજમાં લડે અને પાછા એકઠા થાય, એટલે કે લડાનો ટેક તો જરા યે રાખે નહિ અને આવી લવારો કરે તેમ અમસ્તી કજેતી કરવી તે; પેઠ વજરની લડાઈ, લોકોમાં પરસ્પર ખોટું વગોવું કરવું તે; વારંવાર લડવું ને વળી એક થઈ જવું એવી રીતે એકબીજાના ભાવાડા કરવા તે.

પેઠવાડો (પેઠવાડો) ૧. પું. ઉતાર; કચરો, અધમ લોક.
૨. પું. પેઢવાડો; પેઢ લોકોને રહેવાની જગ્યા.

પેઠિયું (પેઠિયુ) ૧. વિ. પેઢનું, નીચ; હલકું; પેઢ જેવું.
૨. વિ. પેઢાઉ.

પેડી (પેડી) ૧. સ્ત્રી. પેઢી; પેઢી; પેઢની સ્ત્રી.
૨. સ્ત્રી. વિવાહ નહિ કરેલી પુત્રી; કન્યા. સંધીમાં દીકરીને પેડી કહીને જ ગીત ગવાય છે.

પેડી ઠીવા (પેડી ઠેવા) પું. મોટો ઠાળો ઠાવો.

પેડો (પેડો) ૧. પું. કિનારો.
૨. પું. પેઢ; પેઢ; અંતજ.

પેણ ૧. [સં. પન્ના] સ્ત્રી. પહેલી જ વારની ગર્ભવતી સ્ત્રી; અધરધિયાત સ્ત્રી
૨. વ. ગાયોનું ટોળું.

પેણાવું અ. ક્રિ. ગાય, ભેંસનું સગર્ભા થવું.

પેણુ [સં. પેનુ] સ્ત્રી. ગાય.

પેપે ૧. અ. ભેંસને દોવા બેસતી વખતે કરાતો અવાજ.
૨. અ. ઘોડી ઉપર સવારી કરવા માટે બેસતી વખતે કરાતો અવાજ.

પેપો પું. છાણનો સુકાયેલો પોદળો

પેન ૧. [સં.] પું. નદ.
૨. પું. સમુદ્ર
૩. સ્ત્રી. ન.વ.
૪ સ્ત્રી. તાજી વિયાયેલી વાગડાવાળી ગાય; પેનુ.
૫. સ્ત્રી. પેણ; અધરધિયાત સ્ત્રી.

પેનારી ૧. અ. દેવર્ષિ નારદનું એ નામનું વાહન.
૨. વ. સસલું

પેનડ (પેનડ) સ્ત્રી. ગાય; પેનુ
પેનડનો મુખ જોયવા ઘરે મન અભિલાખ રે.
આનંદઘન ચમ્મોદધિ

પેનમુખ ૧. [સં. પેનુમુખ] વ. ગાયનું મોઢું.
૨. વ. ગોમુખ નામનું વાજું.

પેનરૂહ પું. એક જાતનું ઝાડ; બીડો

પેના ૧. સ્ત્રી. ગાય
૨. [સં.] સ્ત્રી. નદી
૩. સ્ત્રી. વાચા; વાણી.

પેનિકા [સં.] સ્ત્રી. પત્રાવળ.

પેની જુઓ પેનિકા

પેનુ ૧. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે સોરઠ છંદનો ભેદ છે. તેમાં તેર ગુરુ અને બાવીસ લઘુ મળી પાંત્રીસ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.
૨. [સં.] સ્ત્રી. ગાય. વેદમાં પેનુ માટે સો, સોરભેયી, માતા, કલ્યાણી, પાવની, સૌરી, સુરભિ, રોહિણી, ધેન્વા, મહેંડી, દોગ્ધ્રી, ભદ્રા, ભદુલા, મહી, સરસ્વતી, ઉક્ષા, અદિતિ વગેરે પર્યાય છે.
૩. સ્ત્રી. દૂઝણી ગાય; તાજી વિયાયેલી વાગડા સહિતની ગાય; સવત્સા ગાય.
૪. સ્ત્રી. પૃથ્વી.
૫. સ્ત્રી ભેટ; બક્ષિસ

પેનુક ૧. પું. (સંગીત) એ નામનો એક પાટ. તેમાં રિષભ, ગાંધાર અને પૈવત એ સ્વર કોમળ અને બાકીના સાત સ્વર શુદ્ધ આવે છે.

ધેનુક

૨. [સં.] પું. (પુરાણ) એ નામનો રાક્ષસ. બળદેવે તેને માર્યો હતો.
૩. પું. રતિમંજરી અનુસાર રતિબંધના સોળ આકૃતિનો એ નામનો એક પ્રકાર.
૪. સ્ત્રી. માવલા બનાવવાની ઢાબણી.
૫. ન. એ નામનું એક તીર્થ. તેમાં નાહીને તલની માપનું દાન દેવાનો રિવાજ છે.
૬. ન. બજલાની જાતનું એક પક્ષી; કરગીલ.

ધેનુકધ્વંસી ૧. [સં. ધેનુક (એક રાક્ષસ) + ધ્વંસિન્ (નાશ કરનાર)] પું. બલરામ. તેણે ધેનુકાસુરને માર્યો હતો.
૨. પું. વિષ્ણુ; નારાયણ.
૩. પું. શ્રીકૃષ્ણ.

ધેનુકસૂદન જુઓ ધેનુકધ્વંસી.

ધેનુકહા જુઓ ધેનુકધ્વંસી.

ધેનુકા ૧. [સં.] સ્ત્રી. ગાય; ધેનુ.
૨. સ્ત્રી. બાવળ; કોમળીર.
૩. સ્ત્રી. કરકોશિ પ્રાણીની માદા.
૪. સ્ત્રી. હાથણી; હસ્તિની.

ધેનુકાદુગ્ધ ૧. [સં.] ન. ગાયનું દૂધ.
૨. ન. ચીભડાનું દૂધ.

ધેનુકાદુગ્ધાકર [સં.] ન. ગાજર.

ધેનુકારિ ૧. [સં.] પું. નાગકેસરનું ઝાડ.
૨. પું. બલભદ્ર તેણે ધેનુકાસુરને માર્યો હતો.

ધેનુકાસુર [સં.] પું. (પુરાણ) વૃંદાવનની પાસેના તાલવનમાં રહેનો એક અસુર. વનનાં ફળને સ્પર્શ કરનારને તે મારતો. એક દિવસ ગાયો ચારતા ચારતા કેટલાક ગોપ ત્યાં આવ્યા. ફળોની સુગંધથી તેમને ફળ ખાવાનો ભાવ થયો. બળરામે ઝાડ હલાવીને હચમચાવ્યું, તેથી ફળ ખરીને ભોંય ઉપર પડ્યાં. એ ફળ ગોપ ખાતા હતા, ત્યાં ધેનુકાસુર મોટા ગધેડાનું રૂપ ધારણ કરી એમના ઉપર ધસ્યો. બળરામે એના પાછલા પગ ઝાલી, ઊંચકી ચક્કર ચક્કર ફેરવીને એવો પટક્યો કે તે તત્કાળ મરણ પામ્યો.

ધેનુકુગ્ધ ૧. [સં.] ન. ગાયનું દૂધ.
૨. ન. ચીભડું.

ધેનુકુગ્ધાકર [સં.] ન. ગાજર.

ધેનુકુક્ષિકા ૧. [સં.] સ્ત્રી. ગોમાખી; ડાંસ.
૨. સ્ત્રી. ભમરી.

ધેનુમતી ૧. [સં] સ્ત્રી. ગોમતી નદી.
૨ સ્ત્રી (પુરાણ) પ્રિયવ્રતના પુત્રમાં થયેલ ઋગ્વલ્લેવના વંશના દેવદ્યુમ્ન રાજાની સ્ત્રી અને પરમેષ્ટિ નામના રાજાની માતા.
૩. ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ધેનુમાન ૧. [સં. ધેનુમત્] પું ગાયનો માલિક.
૨. વિ. ગાયવાળું.

ધેનુમુખ ૧. [સં] ન ગાયનું મોઢું.
૨ ન. ગોમુખ નામનું વાદ્ય.

ધેનુમુદ્રા [સં.] સ્ત્રી. એ નામની એક યોગમુદ્રા. તે કરવા ડાબા હાથની કનિષ્ઠિકા એટલે ટચલી આંગળી ઉપર જમણા હાથની અનામિકા એટલે ટચલી પાસેની આગળી મૂકવી અને જમણા હાથની કનિષ્ઠિકા ઉપર ડાબા હાથની અનામિકા મૂકવી. વળી ડાબા હાથની તર્જની એટલે અંગૂઠા પાસેની આંગળી ઉપર જમણા હાથની મધ્યમા એટલે વચલી આંગળી મૂકવી અને જમણા હાથની તર્જની ઉપર ડાબા હાથની મધ્યમા મૂકવી લાર પછી પહેલા સમૂહ સાથે બંને અંગૂઠાઓ જોડી દેવા એટલે ધેનુમુદ્રા થશે.

ધેનુમૂલ્ય [સં.] ન. ગાયનું મૂલ્ય; ગાયની કીમત; પ્રાયશ્ચિત્તમાં ગોદાનને બદલે અપાતું ગાયનું મૂલ્ય.

ધેનુયષ્ટી [સં.] સ્ત્રી. ગૌણ ગાય.

ધેનુસ્તરી ૧. [સં] સ્ત્રી. દૂધ ન આપનારી ગાય.
૨. સ્ત્રી. સુંદર ગૌણ ગાય; પ્રશસ્ત ગાય.

ધેનુષ્યા ૧. [સં.] સ્ત્રી. દેવું પૂરતું ભરાઈ રહે ત્યાંસુધી લેણદારને ત્યાં કરજને બદલે આપેલી ગાય; કરજ ભરી વાળવા માટે આપેલી ગાય.
૨. સ્ત્રી. દોહવા માટે આપેલી ગાય.

ધેનુષ્યિત [સં.] પું. પોતાનું લેવું આવા વાયદે ત્યાંસુધી દેવાદારની ગાય જેણે પોતાને કબજે રાખી હોય તેવો લેણદાર.

ધેનુહરણ [સં.] ન. ગાય લઈ જવી તે.

ધેમસ સ્ત્રી. ઢોલ કૂટવા વગાડવાની, લાકડા કેરની, બોંગડાવાળી માંજરી તે બીજથી પકડાય છે.

ધેય ૧. [સં.] પું. પરમેશ્વર.
૨ સ્ત્રી. પુત્રી; દીકરી.
૩. ન. ધરવું દેવું ધારણ.
૪. ન. પાન; પીવું તે.
૫. ન. પોષણ.
૬. ન. લક્ષણ; હેતુ; ધ્યેય.
૭. વિ. ધારણ કરવા જેવું.
૮. વિ. પાવવા યોગ્ય.
૯. વિ. ધ્યાન કરવા જેવું.
૧૦. વિ. પીવા લાયક.
૧૧. વિ પોષણ કરવા યોગ્ય; પોષ્ય.

ધેર ૧. સ્ત્રી. એ નામની એક અનાર્ય જાતિ. આ જાતિના લોક રજપૂતસ્થાન, પંજાબ અને સંયુક્ત પ્રાંતમાં જોવામાં આવે છે. તેઓ ગામ બહાર રહે છે અને મરેલ ઢોર વગેરેનું માંસ ખાય છે. સૂવરનું માંસ ખાતા નથી. રજપૂતસ્થાનમાં મરેલ ગાય, બળદ વગેરેનાં ચામડાં તેઓ કાઢીને ચમારોને વેચે છે
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ એ નામની જાતિનું.
૪ ન. પહેલા.

ધેરવવું સ. ક્રિ. તૃપ્ત કરવું; પેટ ભરીને ખવરાવવું.

ધેરવાવું ૧. સ ક્રિ. ઘોડાને પાણી પાવું.
૨. સ ક્રિ. ઘોડાને પાણી પાવું
૩. સ. ક્રિ. ઢોરને પાણી પાવું

ધેરસ [હિં.] વિ. ત્રાંસી આંખવાળું; ઠગું.

ધેરાણી સ્ત્રી. બદરણી આવેલી ઓ.

ધેલડિયા [હિં.] પું અર્ધા પૈસાની કીમતનો સિક્કો.

ધેલા ૧. [હિં.] પું. અધેલો; અર્ધો પૈસો.
૨. પું. પચાસ રૂપિયા. દલાલો અંદરોઅંદર આ શબ્દ વાપરે છે.
૩. વિ. કોઈ પણ વસ્તુનું અર્ધું.

ધેલી ૧. [હિં.] સ્ત્રી. અર્ધો રૂપિયો.
૨. સ્ત્રી. મિલકતમાં અર્ધો ભાગ.
૩ સ્ત્રી. સોનાની અર્ધી મહોર

ધેલો [હિં.] પું. અર્ધો પૈસો; અધેલો.

ધેવતા [સં. દૌહિત્ર] પું. દીકરીનો દીકરો.

ધેવતી [સં. દૌહિત્રી] સ્ત્રી. દીકરીની દીકરી.

ધેવરિયા ૧. સ્ત્રી. કચ્છખીની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધેસુ ૧. પું. કોષ; રીસ.
૨. પું. ધૂળની ઢગરી; ધૂળનો મોટો.

ધૈગું ૧ વિ ચીકણું.
૨. વિ. ધિંગું; જાડું.
૩. વિ. મજબૂત.

ધૈંડરી [સં. ટિંટિભ] સ્ત્રી. એક જાતનું ઝાડ. તે ગુજરાત તેમ જ દક્ષિણમાં થાય છે. તેનાં પાન લાંબાં પણ સાંકડાં હોય છે. ફળ પનસ જેવાં પણ ઘોળા રંગનાં અને ગુમારે અર્ધા શેર વજનનાં હોય છે. તેનું ઝાડ કરાય છે. તે મૂત્રવર્ધક અને પથરીનાશક મનાય છે.

ધૈપ સ્ત્રી. નાળી; ફૂંકી.

ધૈર્યું ન. ઢોલનો અવાજ.

ધૈના [સં. ધેનુ] સ્ત્રી. ગાય; ધેનુ.

ધૈનવ [સં.] વ ગાયનું બચ્ચું; વાછરું.

ધૈનવી [સં.] સ્ત્રી. વાછરડી.

ધૈનુક ૧. [સં.] ન. ગાયનો સમૂહ; ગાયનું ટોળું; પશુ.

૨. ન. સંગીતનો એક પ્રકાર; એક જાતનો રતિબંધ

ધૈયાપૂતા પું ન ન. છોકરાછૈયાં; સંતતિ.

ધૈરજ ૧. પું. (પિંગ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે ચૂડાપા ઉપદોહા કુકભિની છંદનો એક ભેદ છે. તેમાં એકવીસ ગુરુ અને છસો સાત લઘુ મળી સત્યાવીસ વર્ણ અને એકસો આઠ માત્રા હોય છે

૨. સ્ત્રી. ધીરજ; ધૈર્ય.

ધૈરત સ્ત્રી. તૃષ્ણા; મહત્ત્વાકાંક્ષા.

ધૈર્ય ૧. [સં.] પું. પુરુષભેદ વચમાં આવતો એક દેવ

૨. ન. અવ્યાકુલપણું; સ્વસ્થતા; શાંતિ; મનની સ્થિરતા

૩. ન. ગંભીરતા.

૪. ન. નિર્વિકાર ચિત્તપણું.

૫. ન. શક્તિ.

૬. ન. સબૂરી; ધીરજ; ધીરાપણું; ધીરતા.

૭. ન. હિંમત; ધૃતિ.

ધૈર્યચ્યુતિ [સં.] સ્ત્રી. ધીરજનું ખૂટવું તે; ધીરજનો નાશ.

ધૈર્યનિધાન [સં.] પું. ધીરજનો ભંડાર.

ધૈર્યભ્રંશ [સં.] પું. ધીરજનો નાશ.

ધૈર્યવંત જુઓ ધૈર્યવાન.

ધૈર્યવાન ૧. [સં. ધૈર્યવત્] વિ. ધીરજવાળું; ધીરજ રાખનાર; ધૈર્યવાળું.

૨. વિ. શાંત.

ધૈર્યસ્ખલન [સં.] ન. ધીરજનું જતું રહેવું તે.

ધૈર્યાકર્ષિણી સ્ત્રી. એ નામની દેવી.

ધૈર્યેંદુ [સં., પું. એક જાતનો ઘોડો. જે તરફ જવું હોય તે તરફ સમાનના સહેજ ઇશારે ગતિ કરે, યુદ્ધની ભાવનાવાળો, બળવાન અને ગંભીર હોય, અર્જુનના સાવજના જેવી હોય, જેનું અંગ જ્યાં જેવું જોઈએ ત્યાં તેવું જ, નીડર અને નીરોગી હોય, પ્રવાહ સામો ચાલી પાણી પીએ, ખૂબ ધીરજવંત હોય તેવો ઘોડો શાલિહોત્ર પ્રમાણે ધૈર્યેંદુ કહેવાય છે.

ધૈવત [સં.] પું. (સંગીત) ભાવપ્રકાશ પ્રમાણે એક સૂર, સંગીતના સ્વરસપ્તકમાંનો છઠ્ઠો સ્વર. તાળવું તેનું ઉત્પત્તિસ્થાન છે, ઘોડા અથવા દેડકાના અવાજ સરખો તેનો અવાજ છે, તે ક્રાંત અને ક્રોધના ભાવથી બોલાય છે. સારસ પક્ષી વિરહગાન ધૈવતમાં ઉચ્ચારે છે. આડંબર નામના વાદ્યિત્રથી ધૈવત સ્વર નીકળે છે. વીસ વર્ષની ઉમરે બાણ કરીને તે પૂર્ણ રીતે નીકળી રહે છે. પશુઓમાં ઘોડો ધૈવત બોલે છે. તેના કોમળ અને શુદ્ધ એવા બે ભેદ છે. તેનો સંજ્ઞાક્ષર ધ છે. ધૈવત સ્વર બોલતાં નાભિ, કંઠ, તાલુ, મસ્તક, હૃદય એટલા સ્થાન વાયુ ધારણ કરે છે. તેનો રંગ શ્વેત મિશ્રિત પીળો છે. તેનો અધિષ્ઠાતા ગ્રહ શુક્ર અને અધિષ્ઠાતા દેવ ચક્રેશ અને વિકલ્પે નારદ છે. તેનો મુખ્ય છંદ ઉષ્ણિક અને તેમાં હ્રસ્વ નવા કુમાર રસ પ્રધાન છે. આ સ્વર સમશીતોષ્ણ હેમંત ઋતુમાં બાલ યૌવન, રાત્રમાં અહોરાત્ર, નિદાઘ ઉનાળામાં અનુકૂળ અને સારંગ, નિર્ઘાત ઉલ્કાદિમાં પ્રતિકૂળ છે. તેનું વાહન ઘોડાનું છે. તેનો જન્મ ઋષિકુળમાં શ્રીજને દિવસે રેવતી નક્ષત્રમાં છે. તેના ચાર ભાગમાં વીણા, પ્રાસ અને મિત્ર હસ્તાને માટે ખૂબીદાર ફળ ધારણ કરેલ હોય છે. તેના ઋષિ વિશ્વાવસુ, સ્થાન શ્વેતદ્વીપ અને જાતિ ક્ષત્રિય છે. તેની કુળદેવી ચામુંડી અને વરિષ્ઠ ઋષિ અત્રિ છે. તેનો સ્વર સારસ ને ક્રૌંચ પક્ષી જેવો છે.

ધૈવતી સ્ત્રી. (સંગીત) ધ અંશથી થતી રાગની જાતિ

ધૈવત્ય ૧. [સં.] ન. જ્ઞાનયુક્તપણું.

૨. ન. હોશિયારી.

ધૈવર ૧. [સં.] પું. ધારણીનો છોકરો.

૨. પું. માછીમારનો દીકરો

ધો ૧. પું. પ્રવાહ.

૨. પું.; સ્ત્રી. આવેશ; તોર; જુસ્સો.

૩. પું.; સ્ત્રી. ધૂન; તુક્કાન.

૪ પું.; સ્ત્રી. કપડું જેટલી વાર ધોવાય તે કપડાં વગેરેની ધોબણી; ધોવણ.

ધો ધોવા = (૧) કોક દઈ હવાનું પાકું; ખૂબ પ્રમકાવવું (૨) માર મારવો.

૫. પું., સ્ત્રી. ખોટી તકરાર.

૬ પું., સ્ત્રી. ઠમાઈ; ઉતરપિંડી

૭. પું., સ્ત્રી. ઘોડાનું તોર; ઘોડા ઘોડવાનો તોર.

૮. પું.; સ્ત્રી. મૂત્રજળ

૯. પું., સ્ત્રી. ચૂપચાપ ધોવાની રીત; ધોવું તે.

૧૦. પું.; સ્ત્રી. હાક; પ્રભુતા; દુરાગ્રહ.

૧. ધો કરવી = એકની એક વાતને વળગી રહેવું.

૨. ધો ધરવી = (૧) મારે આવી પડવું. (૨) વળગવું.

ધોઈ ૧. પું. કપડાં ધુનારો.

૨. પું. દુશ્મન.

૩ સ્ત્રી. એક જાતનું વસ્ત્રાભૂષણ.

૪. સ્ત્રી. ખમણખાસના ઘોડવાના રસનું ઝરવું તે

૫. સ્ત્રી. ફોતરાં વગરની અડદ મગની દાળ.

૬. વિ. તરંગી; મનમોજી.

૭. વિ. સ્ત્રી. ધોયેલી.

ધોઈ દાળ = ધોયેલ અને ફાડ કરેલ દાળ.

ધોઈના ૧. સ્ત્રી. જિંદગીની મુદત

૨. સ્ત્રી. સંજોગ; અવસર; પ્રસંગ.

ધોઈયો ૧. પું. અડદિયો લાડુ; અડદનો લાડુ.

૨. પું. જેમ પોતા હોય તેમ માર મારવો તે; અડદાયો; સખ્ત માર.

ધોઈયો આપવો–કાઢવો = ખૂબ માર મારવો; ખૂબ ટીપવું; મારવું.

ધોઉ ૧. સ્ત્રી. મૂર્તિને કરાતું નમન.

૨. ન. એક પ્રકારનું ઘરેણું.

ધોકડ (ધોકડ) ૧. ન. તબલું; નગારું

૨. વિ. મજબૂત; જોરાવર

ધોકડિયા (ધોકડિયા) ૧. સ્ત્રી દેહની એ નામની એક અદા.

૨. ન. એ નામની અદાનું અનુકરણ.

૩. વિ. એ નામની અદાનું.

ધોકડિયો (ધોકડિયો) પું. તબલાં બજાવનાર માણસ.

ધોકડી (ધોકડી) ૧. સ્ત્રી. કાયા; શરીર.

૨. સ્ત્રી. ધોવાનો ધોકો; ધોકણું.

૩. સ્ત્રી. દાની મોટી ગાંસડી.

ધોકડી ધોપી–ધોઈ નાખવી = (૧) કપડાં ધોવા. (૨) મારવું; શિક્ષા કરવી.

ધોકડું (ધોકડું) ૧. ન. લાકડું માણસ.

૨. ન. ધોકો; ધોકડો; લાકડો

૩. ન. દેહ; કાયા; શરીર.

૪. ન. ધોવાનો ધોકો; ધોકણું.

૫. ન. દાની મોટી ગાંસડી; દાનો મોટો બંધો. તેમાં રૂપિયાની બનાવેલી મોટી બોળામાં ૩ પળથી કચરી કચરીને ભરીને સીવી લીધું હોય છે. એક પોટલામાં આવરે વીસથી પચીસ મણ રૂ સમાય છે

ધોકણું પું. ધોવાનો ધોકો; ધોબીકણું; ધોકડું.

ધોકપાટ પું ધોકાનો માર.

ધોકમારું ૧. ન. ધોકે ધોકે મારવું તે.

૨. ન. કિ. ધોકવે ધોકવે મારવું.

ધોકવણી સ્ત્રી. નાનું ધોકણું

ધોકવું ૧. ન. કાયા; શરીર

૨. ન. તંબાકુની ગાંસડી.

૩. ન. ધોવાનું. ધોકો; ધૂમાં ધોવાના કામમાં વપરાતો લાકડાનો જાડો દંડો.

૪. ન. દાની ગાંસડી.

ધોકરવું ન. ધોકનો જાડો દંડીકો; ધોવાનો ધોકો.

ધોકરિયા પું. (ખેંટ) ચોરાસી ખેંટનો એ નામનો એક સિદ્ધ.

ધોકલાવવું જુઓ ધોકાવવું.

ધોકલી સ્ત્રી. નાનો ધોકો.

ધોકલું ન. નાનો ધોકો.

ધોકલો ૧. પું ઠંડો; મોટી લાકડી.
૨. પુ. પક્કો; ઠસ્સેદાર.
૩. પું. ધોકો; સૂતરનાં ધોવાના કામમાં વપરાતો લાકડાનો ત્રણેક હાથનો લાંબો કટકો.

ધોકવું ૧. અ. ક્રિ. અટકીને ઊભવું.
૨. અ. ક્રિ. મૃત્યુ પાસે નમવું.

ધોકડ ૧. [કિ.] પું. ઊતરપિંડી; પ્રપંચ; ઠગાઈ.
૨. પુ. નિરાશા.
૩. પુ. ભૂત.
૪. પુ મૃગજળ.
૫. પુ. સંતા; વહેમ.

ધોકડવું સ. ક્રિ. ધોકેથી મારવું; ધોકે ધોકે મારવું.

ધોકડાપંથ ૧. પું. અંધેર; અવ્યવસ્થા.
૨. પું. પમાડીને કામ લેવું તે.
૩. પું. મમત; હઠ.
૪. પું. વિચાર કરી સારે માર્ગે વર્તવાની રીત.

ધોકડાપંથી ૧. પું. ધોકો વર્તનને સામે બનાવ માણસ.
૨. વિ. ડરાવીને કામ લેનાર.
૩ વિ. તકરારી; ધોકો પૂરે એવું.
૪. વિ. ધોકો મારી પોતાને માટે સમાજ કરનાર.
૫. વિ, મમતી; દુરાગ્રહી.
૬. વિ. શિક્ષાના સિદ્ધાંતમાં માનનાર.

ધોકડાપાક પું. મેથીપાક; ધોકાનો માર.

ધોકાખત્તી સ્ત્રી. આંખ દબાવવાથી પ્રકાશ આવ અને બીસામાં રહી શકે તેવી બત્તી; ધોકા જેવી લાંબી ને જાડી મેટરી

ધોકાર પું. જબ્બો; ધોકે.

ધોકારાબંધ ૧. અ. ક્રિ. અને જોસથી; કપાટાબંધ; ઉતાવળે કપાટાબેર.
૨. અ. કતેકમતીથી
૩. અ ભભ્રતાથી.

ધોકારે જુઓ ધોકારાબંધ

ધોકાવવું ૧. સ. ક્રિ. ઉતાવળે આવવું.
૨. સ ક્રિ. ધોકા મારવા; ધોકાથી ટીપવું; ધોકડવું.
૩. સ. ક્રિ. ધોકો મારીને બાકળા બનાવવું; ઉતાવળે બનાવવું; જલદી કરવું; જોસબેર બનાવવું; ઘડાવવું.
૪. સ. ક્રિ. મારવું

ધોકાવારી સ્ત્રી. ઉપરાઉપર ધોકા મારવા તે.

ધોકો ૧. પું. આપત્તિ; વિપત્તિ; મુશ્કેલી.
૨. પું. ગુસ્સો, ક્રોધ.
૩. પું. ચૂડવી વિનાનો હાથ
૪. પું. ભૂકકટ.
૫. પું. જાડી અને ટૂંકી લાકડી, દંડ; દંડીકો, સોટો; ગઠ્ઠો.
૧. ધોકો કૂટવો-પછાડવો-ફેરવવો = (૧) માર મારવો. (૨) મિથ્યાવાદ કરવો. (૩) હઠ કરવી.
૨. ધોકો પડ્યો બાદને પાણા પાડવું = (૧) કોઈ વાતનો અંત લેવા પ્રયત્નશીલ થવું (૨) કોઈની પાછળ લાગવું; કોઈને હેરાન કરવામાં મંડ્યા રહેવું
૩. ધોકો ધરવો = મુશ્કેલીની શક્યતા હોવી.
૪. ધોકો પછાડવો-લાગવો = કપાટો લાગવો. ખર્ચ થવો; નુકસાન થવું
૫ ધોકો મારવો = (૧) આડખીલી કરવું. (૨) ગેરવ્યવસ્થા કરવી; અવ્યવસ્થા કરવી. (૩) વાતને પાછી પાડવી.
૬. ધોકો સમજવો = (૧) કોઈ વાત અડાબ્બા કરવા. (૨) દરેક વાતમાં પોતાની મોટાઈ બતાવવા કરવી (૩) પોતાનું જ સાચું માનવું. (૪) પોતાનો જ કક્કો ખરો કરવા પ્રયત્ન કરવો. (૫) મારની પ્રથા સાચું ગણવી, જુલમની રીત ચલાવવી.
૬. પુ. દંડ; ખેતરપિંડી, ધોખો.
૭ પું. પક્કો લાગ્યો તે; ગઠ્ઠો; માર; આઘાત.
૮. પું. માળો નાખવામાં વપરાતું સાંબેલું.
૯. પું. નુકસાન; તોટો; પક્કો; હરકત; અડચણ
૧૦. પુ મારણનું જાડું લાકડું; કમાડમા વેષ્ટનીની સાથે જડાતો લાકડાનો ટૂંકો કટકો.
૧૧. પું. સૂતરનાં ધોવાના કામમા વપરાતો લાકડાનો લાંબો કટકો.
૧૨. પું. સટકો; સોટા.
૧૩. પું. સોનીનું વાળો ખેંચવાનું એક ઓજાર.

ધોખ ૧. પું. ધોકો; દંડો.
૨. વિ. અત્યંત; બહું.

ધોખડ (ધોખડ) સ્ત્રી. એક જાતનું ઘાસ; પ્રો. તેનાં મૂળ બહુ ઊંડા હોય છે, તેથી તે ખેતરમાંથી કાઢવી મુશ્કેલ પડે છે.

ધોખડું (ધોખડું) ન. નદીની વચમાં રહેતા ઘાસવાળી જમીન.

ધોખવું અ. ક્રિ. ભૂખ્યા ને તરસ્યા રાહ જોઈને નકામા બેસી રહેવું; નકામા બેસીને ટોળાં બાંધ્યા કરવાં; નકામા બેસી ચર્ચા કરવી; વાટ જોતા રહેવું; ઝૂરવું.

ધોખા ૧. [કિ.] પું. બબ્બે કપટ.
૨. પું. પશુ પક્ષીને બિવરાવવાને ખેતરમાં ઊભો કરાતો ચાડિયો.

ધોખાબાજ વિ. ધોખો કરનારું; બોટું બનવા માટું બતાવનારું.

ધોખાબાજી સ્ત્રી. છળ; કપટ, ધૂર્તતા.

ધોખેબાજ જુઓ ધોખાબાજ.

ધોખેબાજી જુઓ ધોખાબાજી.

ધોખો ૧. પું. અપદા; અડચણ; નડતર.
૨. પું. કલેશ; ઠંકાસ.
૩. પુ. ચિંતા; અફસોસ; ફિકર.
૪. પુ. ડર; ભય
૫. પું. દગો; દ્રોહ; છળ.
૧. ધોખો ખાવો = (૧) ઠગાવું (૨) ભ્રમમાં પડવું; કાર્યનું કારણ સમજવું.
૨. ધોખો દેવો = ઠગવું; વિશ્વાસઘાત કરવો
૬. પું. ધોકો; નુકસાન; તોટો.
૭. પું. પશ્ચાત્તાપ; પસ્તાવો, મનદુઃખ; કજિયો.
૮. પું. ભૂલ, ચૂક.
૯. પું. ભ્રમ; ભ્રાંતિ.
૧૦. પું. માઠું બનાવવાપણું; કોઈની રીતભાતથી તેના ઉપર ઓછું આવું તે; ખોટું બનાવ્યું તે.
૧૧. પું. માયા; અસત વસ્તુ; ભ્રમ ઉત્પન્ન કરનારી વસ્તુ.
૧૨. પું. રોષ; ગુસ્સો.
૧૩. પું. હઠ; સંશય.

ધોગવું સ. કમાડનાં પાટિયાં ઉપર આવો જડવાનો લાકડાનો ચોરસ કટકો; પટ્ટો; પાંસવું.

ધોટો પું. સામસામા વાસણના કોકડી રાખવાનું પડું; કાટલો; નળો.

ધોડ (ધોડ્) ૧. [સં.] પું. એક જાતનો પાણીનો સાપ; ડુંડુભ.
૨. સ્ત્રી. ઉતાવળ.
૩. સ્ત્રી. દોડ; ધાવન.

ધોડવું (ધોડવું) ન. (કચ્છી) દોડવું તે; દોડ.

ધોડધોડ (ધોડધોડ) સ્ત્રી દોડાદોડી.

ધોડવું (ધોડ્વું) ૧. અ. ક્રિ. ઉતાવળા આવવું; દોડવું.
૨. અ. ક્રિ. નાસવું; ધાવું; ભાગવું.

ધોડા (ધોડા) ૧. પું. ન. ન. પ્રયત્ન; ઉપાય; ઉપાય.
૨. પું. ન ન. ફેરા; આંટા.
ધોડા કરવા = (૧) હોબ્ટ ફેરા ખાવા. (૨) હેરાન થવું.

ધોડાવવું (ધોડ્વવું) ૧. સ. ક્રિ. દોડાવવું.

૨. સ. ક્રિ. નસાડવું.

ધોડાવું (ધોડવું) અ. ક્રિ. દોડાવું.

ધોડાસરા (ધોડસરા) ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક જાત.

૨. સ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ધોડિયા (ધોડિયા) ૧. સ્ત્રી. ગુજરાતમાં ડાંગનાં જંગલમાં વસતી વન્ય માટે પ્રસિદ્ધ એક રાનીપરજ કોમ. તે મજૂરી અને ખેતીનો ધંધો કરે છે.

૨. સ. એ નામની કોમનું માણસ.

૩ વિ. એ નામની કોમનું.

ધોડો (ધોડો) ૧. પું. મુસાફરીનો ફેરો; આંટો.

૨. પું. અર્ધ ફેરો; નિષ્ફળ આંટો; ધક્કો.

ધોણ ૧. સ્ત્રી. આઠડીની એ નામની એક જાત.

૨. સ્ત્રી. ધોવાનાં લૂગડાનો ઢગલો.

૩. સ્ત્રી. ધોવાનો કસબ; ધોવાની રીત; ધો; ધોવું તે.

૪. સ. એ નામની જાતનું માણસ.

૫. સ. કપડાંની એક વખતની ધોવાઈ; ધોવરામણ.

૬. સ. ચોખાને પાણીમાં ધોવાથી કે ઉકાળવાથી નીતરતું ધોળું પાણી.

૭. સ. ધોયેલા પદાર્થનું પાણી.

૮. વિ. એ નામની જાતનું.

ધોણવાલ પું. પ્રમાદો જવાનો રસ્તો.

ધોણવીછણ ૧. સ્ત્રી. ધોવા નીછળવાથી નીકળતું પાણી.

૨. સ્ત્રી. ધોવા નીછળવાનું કામ.

ધોણિયાસ સ્ત્રી. સંધવા ઓ.

ધોણિયું ૧. સ. દૂધ દોહવાનું વાસણ.

૨. સ. ખીંડીના રેસાની ઝૂડી.

ધોણી ૧. પું. વરાહ; સૂવર; ભૂંડ.

૨. સ્ત્રી. ધો; ધોવું તે; ધોવણ; ધોણ.

ધોત ૧. સ્ત્રી. ભાતું દેવી કપડું.

૨. [સં ધૌત] સ્ત્રી. ધોણ; ધોવાની ક્રિયા.

૩. સ. ધોતિયું; ધનિયું.

૪. વિ. ધોયેલું, સ્વચ્છ.

૫. વિ. ધોળું; ઊજળું, સફેદ.

ધોતડ (ધોતડ) સ. ધોતિયું; ધનિયું; પહેરવાનું કાપડિયું.

ધોતપનોત ૧. વિ. ઉદાર રહેતાં અને ધોવાઈ જાય એવું; અતિ ઉદાર; પનોતા જણાવાને અતિ ઉદાર થાય એવું.

૨. વિ. ઝોરકું.

૩. અ. રકેટે ચઢી જવું તેમ; ખરાબખસ્ત થવું તેમ; સત્યાનાશ.

ધોતર ૧. સ. ભાતું દેવી કપડું.

૨. સ. ધોતિયું; ધોતિયું; પુરુષને કમરે પહેરવાનું મોટું લાંબું વસ્ત્ર.

ધોતલી [સં. ધૌત (ધોયેલું)] સ્ત્રી. ઓઢરને પહેરવાનું નાનું ટૂંકું ધોતિયું; ધોતિયું; નાનું ધોતિયું.

ધોતાળ ૧. [સં. ધૌત (ધોયેલું)] વિ. ઉદાર; સખી; છૂટા હાથનું.

૨ વિ. ખરચાળ; ઉડાઉ; ખેલા હાથનું.

ધોતાળપણું ૧. [સં. ધૌત (ધોયેલું)] સ. ઉદારપણું; ઉડાઉ; ખરચાળપણું.

૨. સ. ઉદારતા; અને ધોવાઈ જવામ એવા છૂટા હાથનું હોવાપણું.

ધોતાસું ૧. સ. ખેડૂતને ખેતર આપતી વખતે આપવામાં આવતી ભેટ.

૨. [સં. ધૌત (ધોયેલું)] સ. ધોવાય અને પહેરાય એવું પુરુષને કમરથી નીચેના ભાગને ઢાંકવા માટે પહેરવાનું વસ્ત્ર સીવેલું લાંબું વસ્ત્ર; ધોતર; ધોતિયું.

ધોતિયાં ધોવાઈ કમંડળ ઊંધું
પુખીસદ્વચરિત્ર (સં. ૧૮૭૮)

૧. ધોતિયામાં આખું જગત નાચુ = અંદર મેળે સૌ સરખું, માત્ર પહેરવા પૂરતી ઉપરની ટાપટીપ હોય; સૌનાં ઘર પહેરવારમાં સરખાં. વાસ્તવિક રીતે તો સૌ નાગા જ છે, પરંતુ નાગા થવું નથી, એવા ભાવમાં બોલાય છે.

૨. ધોતિયાં છૂટી જવાં-દીવાં અને જવાં-લેવાવાં-લેવાઈ જવાં = મજબૂરી જવું. જાયથી ફિલાવિયા આવી જવું; જાયજીત થવું; ડરી જવું; ઘરઘરી જવું; કાળનું પખડવું.

૩. ધોતિયું ઊંચું કરીએ તો આપણે જ નાગા દેખાઈએ = અંતરપટ દૂર કરવામાં માલ નહિ; ઢાંકવું હોય તે જ સારું

૩. સ. માથે બાંધવાની પાઘડી

ઠોલો બાંધે ધોતિયાં, માથાવટ માન ન આપ.
આવ ઠોલાનો દુહો

ધોતી ૧. સ્ત્રી. (યોગ) એક શારીરિક પ્રક્રિયા, ધોતી. તેમાં પંદર હાથ લાંબુ અને ચાર આંગળ પહોળું એવું ઝીલું કપડું લઈ, ઊના પાણી કે દૂધમાં પલાળી, મુખ વાટે દોરી પદાર્થને ગળતા ઓહ્યએ તેમ ગળવામાં આવે છે. ગળ્યા પછી પેટને આમતેમ હલાવવાની ક્રિયા કરી તેને બહાર કાઢી ધોઈ નાખવામાં આવે છે. આ ક્રિયા કરવાથી ઉપરસ, પ્લીહા, જલોદર, કોઢ અને બીજા તમામ વ્યાધિઓનો નાશ થઈ આરોગ્ય જળવાઈ રહે એમ મનાય છે.

૨. સ્ત્રી. નાનું ધોતિયું; ધોતલી; ધોતિયું.

૩. સ્ત્રી. હઠયોગની ધોતી ક્રિયા કરવાની કપડાની લાંબી પટ્ટી

ધોતીકરમ ન. ધૌતીકર્મ. જુઓ ધોતી ૧.

ધોતીજોટો પું. ધોતિયાની જોડ.

ધોતીજોડો (ધોતીજોડો) જુઓ ધોતીજોટો

ધોતીદાસ ૧ પું. ધોતિયું પહેરનાર કરપોક માણસ.

૨. પું. બાયલો.

ધોતીપોતી ૧. સ્ત્રી (યોગ) એ નામની એક શારીરિક પ્રક્રિયા. જુઓ ધોતી ૧.

૨. સ્ત્રી. લૂગડાંલત્તાની ટાપટીપ.

ધોતીપોતી જેવા ચળા ને ટીલાંટપ્પા કામના ચાળા = પૈસો હોય તો લૂગડાંલત્તાની ટાપટીપ સારી અને શરીર સારું હોય તો ટીલાં ટપ્પા સારે.

ધોતીપોરિયા જુઓ ધોતીદાસ.

ધોતીપ્રસાદ જુઓ ધોતીદાસ.

ધોતીબંદ જુઓ ધોતીદાસ.

ધોતુ [હિં.] ન. ડિંગલું.

ધોતોડું (ધોતોડું) ન. બાકોરું, કાણું; છિદ્ર.

ધોધ પું. ઊંચેથી જોરથી પડતો પાણીનો પ્રવાહ; ધો ધો એવા અવાજ અને જોર સાથે ખડક ખસતો કે વહેતો પાણીનો પ્રવાહ; ધોધવો; દદડો.

ધોધડો (ધોધડો) જુઓ ધોધ.

ધોધપછાડ (ધોધપછાડ) પું. ધોધનું પડવું તે.

ધોધબંધ જુઓ ધોધમાર

ધોધમાર ૧. સ. કપાટાબંધ; જોસબોર.

૨. સ. પુષ્કળ; મોટી ધારાઓમા; મુશળધાર.

ધોધવેલ સ્ત્રી એક પ્રકારનો વેલો. તેની કાચી ચિરમ અવાય છે.

ધોધવો જુઓ ધોધ.

ધોધિયલ વિ. જાડું ભાડું; સ્થૂળ

ધોધિયાલ પું. (કચ્છી) એક જાતનો વેલો. જુઓ ધોધવેલ.

ધોધો પું. પાણીના જોરદાર ખસવાનો અવાજ.

ધોન ૧. સ્ત્રી. ભરી કબા.

૨. સ્ત્રી. ગ્રાહ્ય અથવા ધૂમસ આવવી તે.

૩ સ્ત્રી ઝાખી નજર

૪. [સં. ધેનુ] સ્ત્રી. ઢોરઢાંખર.

૫. સ્ત્રી. દોલત, પૈસો.

૬ સ્ત્રી. ધરતી, પૃથ્વી; ધરા.

ધોનતાલ ૧. ક્રિ. પૈસાદાર.
૨. વિ. મજબૂત

ધોનારવું ૧. સ.ક્રિ. ઝાપટવું; ખંખેરવું.
૨. સ.ક્રિ. ટીપવું; મારવું.
૩. સ.ક્રિ. ધોવું.

ધોપ ૧. સ્ત્રી. એક જાતની તરવાર.
૨. સ્ત્રી. દોડવું તે; દોડ.
૩. સ્ત્રી. ધોળાને લાથી ધોવાઈને આવેલા લૂગડાં.

ધોપવું સ. ક્રિ. દોડવું, પસવું.

ધોપા ૧. [સં. પૂર્ત (કપડી)] પું. કપડાં પ્રપંચ; ઉતરપિડી.
૨. પું. ધોબી
૩. પુ. નિરાશા.
૪ પુ. ભૂલ.
૫. પું. મજબૂતી.
૬. સ્ત્રી. આળીનો છોડ. વાગડી ભાષામાં તેને ધોપા કહે છે.

ધાપાર્કે સ્ત્રી. દેવ પાસે પરવાનું નાખ્યું.

ધોપાયપુર ન. રામ.વમ્રમાં વર્ણવેલું એ નામનું એક નગર. તે સુલતાનપુરથી ૧૮ માઈલ અગ્નિ ખૂણા તરફ ગોમતી નદી ઉપર છે.

ધોપા પું. દમ; ધક.
ધોપો કસવો = કસમનો દમ વગાડવો.

ધાપ્ય પું. ધોવું; ધોવું તે.

ધોંબણ ૧. સ્ત્રી. એક જાતની માછલી.
૨. સ્ત્રી. નદી નાળાને કાંઠે રહેતું એક જાતનું પક્ષી તે પથ્થર નીચે ઈંડાં મૂકે છે અને જાતુ પ્રમાણે પોતાનો રંગ બદલે છે.
૩. સ્ત્રી. ધોબી જાતિની સ્ત્રી.
૪. સ્ત્રી. ધોબીની સ્ત્રી.
૫. સ્ત્રી. લૂગડાં ધોનારી સ્ત્રી.

ધોબાડું ન. સોનારૂપામાં નકશી કરતી વખતે ઝીણા ખાડા કરવાના કામમાં વપરાતું એક ઓજાર.

ધોબ્નિયા જુઓ ધોબણ.

ધોબલા [હિ.] પું. ચણિયો; ઘાઘરો.

ધોબાલું ન. મોટી પાપડી; મોટો પાપ.

ધોબાલો પું. માથે બાંધેલી પાટલૂટ વજનની મોટી પાપડી; મોટો પાપડો.

ધોબાં ન. ન. વ. ઈંટના કટકા; રોડાં.

ધોબિન ૧. [હિ.] સ્ત્રી. સીસમની જાતિનું એક વૃક્ષ. તેનું લાકડું ઇમારતના કામમાં આવે છે
૨. જુઓ ધોબણ.

ધોબી ૧. [સં. વાવક] પું. મેલાં કપડાં ધોવાનો ધંધો કરનાર માણસ; વાવક; રજક.
૧. ધોબીનો કૂતરો = જેમાંથી જેને ય તરફ ન રહે એવી સ્થિતિનું માણસ.
૨. ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો = (૧) અહીંના ને નહિ અને સાંના ને નહિ; બે ઠેકાણે છત રાખીને ભ્રમ કરતાં એક સચવાય નહિ અને એક ઠેકાણેથી અર્થ સરે નહિ તેવું. (૨) લટકમેળનું; બેમાંથી એક પણ નહિ તેવું.
૨. પું મૂર્ખ; બેવકૂફ માણસ; અક્કલ વગરનો માણસ.
૩. સ્ત્રી. એ નામની એક જાતિ. તે કપડાં ધોવાનો ધંધો કરે છે.
૪ સ્ત્રી. સયવારની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬ ન. એ નામની જાતનું માણસ
૭. વિ. એ નામની અટકનું.
૮. વિ. એ નામની જાતિનું.

ધોબીકહ્યું ન. ધોકરણું; કપડાં ધોવાનો ધોકો; ધોણ.

ધોબીખાનું ન. ધોબીનું કામ કરવાનું સ્થાન.

ધોબીગઢો જુઓ ધોબીઘાટ

ધોબીઘઢો જુઓ ધોબીઘાટ.

ધોબીઘર ૧. ન. બંગલામાં ધોબીને રહેવાનો ઓરડો; ધોબીને રહેવાનું ઘર.
૨. જુઓ ધોબીઘાટ.

ધોબીઘાટ પું. ધોબીને કપડાં ધોવાનો ઘાટ; આરો.

ધોબીડો (ધોબીઢો) પું. ધોબી.

ધોબીન ન. એક જાતનું ધોળા રંગનું, ઢમેરા પોતાની સાંબી પૂછડી હલાવ્યા કરનારું પક્ષી, 'વેગટેલ.'

ધોબીપછાડ (ધોબીપછાડ) પું. કુસ્તીનો એક જાતનો દાવ; મલ્લવિદ્યાનો એક દાવ; ધોબીપાટ. તેમાં એક પહેલવાન સામા પહેલવાનની નજર ચુકાવી, પોતાની કમર ઉપર લીધો તે પહેલવાનનો હાથ પોતાના હાથથી પકડી, પોતાની પીઠ ઉપર લાદી, કમરથી તેને ઉઠાવે છે અને તેથી સામો પહેલવાન નીચે ચીત આવી જાય છે. સામાવાળિયાના હાથ બાજા ઉપર જાય જેમ ધોબી કાસળો પછાડે, તેમ તેને પછાડાયો તે ચીત થાય છે, તેથી તેને ધોબીપછાડ કહે છે.

ધોબીપાટ ૧. પું ધોબીનો લૂગડાં ધોવાનો પથ્થર.
૨. જુઓ ધોબીપછાડ.

ધોબીરાસ સ્ત્રી. એ નામની એક દેશી રમત; ઝીબલિયો. તેમાં રમવાની જગ્યાની વચ્ચે લાકડાના ખીલા તરીકે દાવ આપનાર સિવાયના ગમે તે એક રમનારને બેસાડવામાં આવે. દાવવાળા છોકરાના હાથમાંના લૂગડાનો એક છેડો તે બીજાવાળો છોકરો ઝાલે અને બીજો છેડો દાવવાળો છોકરો ઝાલી બીજાને ઠેકાણે બેસાડેલા છોકરાની આસપાસ કુંડાળામાં ફરે. બીજા રમનારાઓ પોતાની પાસેના લૂગડાના જોડીદા કરી બીજાવાળા છોકરા પાસે મૂકી કુંડાળાની બહાર ઊભા રહે. પછી દાવવાળા છોકરાની નજર ચૂકવી કુંડાળામાંથી એકે એક જણ મોટેથી લાંબું જણ પ્રયાણ કરે તેમ કરતાં દાવવાળો છોકરો ઝાલે ને પકડી પાડે તો તેને બાયથી દાવ ઊતરી જે પકડાયો હોય તેના ઉપર દાવ આવે. આ રમત રમવાની બીજી રીત: દાવવાળા છોકરાને લૂગડાનો એક છેડો ઝાલવી વચ્ચોવચ બીજાને ઠેકાણે બેસાડે અને એક હાજિયાર છોકરો એક હાથે તેનો બીજો છેડો ઝાલી બીજા હાથમાં કોરડો રાખી ગોળ ફરે. બીજા રમનારાઓ વચમાં બેઠેલા છોકરાને ધપ્પા મારવા જાય એટલે કોરડાવાળો છોકરો તેને કોરડો મારવા અથવા અડવા પ્રયત્ન કરે. જેને કોરડો વાગે અથવા જેને અડવામાં આવે તેને માથે દાવ આવે.

ધોબું ૧. ન. ઈંટ; રોડું.
૨. વિ. અણસમજી; અબજુર; બેવકૂફ; ઠ; મૂર્ખ.
૩. વિ. જેને કાંઈ આવડતું ન હોય એવું; ઠોઠ; કમઅક્કલ; જેને ઝાઝી ઊંડી સમજ ન હોય તેવું.
૪. વિ. સાદું; કોયું.

ધોબો ૧. પું અડધાં વાળી હથેલીમાં કરેલ બાકામાં અદોદળનો કસંબો ભરી કામા બળીને આપવામાં આવે તે.
૨. પું. કસનો પીવાનું નાનું ઝભલિયું.
૩. પું. ખોટી દલીલ.
૪. પું ખોબાના આકારનું માંદીનું પાત્ર; હથેળીના બાડા જેવું અથવા અરધિયા જેવું રૂપાનું વાસણ.
૫. પું. ખોબો; અંજલિ; પોક.
૬. પું. ઠોઠ માણસ.
૭. પું. ધોબી માટે વપરાતો તિરસ્કારસૂચક શબ્દ.
૮. પું. મોટી પાપડી. મોટો પાપ.
૯. વિ. મૂર્ખ; ઠોઠ; ભોળિયો.

ધોબ્ણ જુઓ ધોબણ.

ધોબ્લી જુઓ ધોબી.

ધોબ્લિયુ જુઓ ધોબણ.

ધોમ ૧. પુ. અગ્નિ.
૨. પું. અતિ આકરો તાપ કે તડકો.
ધોમ ધખ્યો = (૧) ખૂબ ક્રોધ આવવાથી રાતાપીળા થઈ જવું. (૨) તાપનું જામવું;

બગડતાનું મૂળ પકડી જવું; અગ્નિનું આકરાપણું થવું (૩) બહુ તાપ પડવો; મારમારનો તડકો પડવો.
૩. પું. હોય.
૪. પુ. સૂર્ય.
૫ ન. ચંદ્રવંશ ગોત્રનું એ નામનું એક પ્રવર.
૬. વિ. ઘણું; અતિશય.

ધોમકલાસ ન. દુમકલાસ; ઝાડ પરજન ગિરકવાનું પત્ર

ધોમચ્યમ ૧. વિ ઠોંચ કરાયેલું.
૨. વિ. મરતા; મરવાળું.

ધોમઝાળ ૧. સ્ત્રી. અપોરની પછી સખત ગરમી
૨. વિ. ગુસ્સાથી તપીને લાલચોળ થયેલું

ધોમ ધખ્યું ૧. વિ. બહુ તાપથી તપેલું; અત્યંત પ્રજ્વલિત; ગરમાગરમ.
૨. વિ. તડકો અતિશય જામ્યો હોય તેનું; બહુ જ તડકાવાળું.

ધોમધોકાર ન. એકદમ; જલદી.

ધોમપાલ વિ. બહુ ભાડું; સ્થૂળ.

ધોમબપોર પું. ન. ન. બળતા બપોર.

ધોમરા ન. એક જાતનું દરિયાઈ પક્ષી; 'સીગલ.'

ધોમાખી સ્ત્રી. એક જાતની મોટી માખી. તે ડંખ, માખી અને પતંગિયાંનો ભક્ષ કરે છે.

ધોમકલું જુઓ ધોમીકલું.

ધોલક જુઓ ધો.

ધોયરો પું. બાનેડિયું; ઢોરનું બાજ બાંધવાનું સાધન.

ધોયલું જુઓ ધોપેલું.

ધોયલો ૧. પું. બાકળનો લાડુ; અડદિયો લાડુ
૨. પું. ધોઈબો; ધોવા માટે કપડાં મુકાય તેમ બૂડવું કે મારવું તે; ખૂબ માર મારવો તે.
ધોયલો કાઢવો-કાઢી નાખવો = (૧) બીક બતાવવી. (૨) માર મારવા મેણાથી ખૂબ ગ્લાનિ નાખવું.

ધોયલોપાઠ પું. ધોકાપાઠ; ખૂબ માર મારવો તે; ધોકે ધોકે મારવું તે.
ધોયલોપાઠ આપવો = સખત માર મારવો.

ધોયા ૧. સ્ત્રી. ઘરઝની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરી [સં.] પું. બંગાળના મહારાજા લક્ષ્મણસેનનો એ નામનો રાજકવિ. જયદેવે ગીતગોવિંદમાં તેના વિષે કરેલ ઉલ્લેખ ઉપરથી જણાય છે કે, તેણે મેઘદૂતની ઢબનો પવનદૂત નામનો ગ્રંથ લખ્યો હતો.

ધોરું વિ. મમતાવાળું; હઠીલું; દુરાગ્રહી.

ધોરું ધકેલું વિ. સ્વચ્છ; ધોયેલું; સાફ કરેલું.

ધોરેલું વિ. સાફ કરેલું; સ્વચ્છ; ધોઈ નું
ધોરેલ મૂળા જેવું = (૧) એકદું; સત્ત્વ વિનાનું. (૨) કીમત વગરનું. (૩) ગરીબ; પનહીન. (૪) નામનું; બહારના મોટા દેખાવવાળું.

ધોર ૧. [સં.] વ. કિ. ગમન કરનું; જવું; જલદી જવું.
૨. વ. કિ. ચતુરાઈ કરવી.

ધોર ૧. [સં.] પું. એક જાતનો સાપ.
૨. [સં. પુર] ન. (પહાડપર્વત) આગલા મોરા પાસે ઘોડાને બાંધવા માટે આવતું કઠ બાંધવાનું બાકડું.

ધોરક ન. સોપારી.

ધોરડા (ધોરડ્યા) ૧. સ્ત્રી. સોનીની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ એ નામની બટકનું

ધોરડિયા (ધોરડિયા) ૧. સ્ત્રી. હરિજનની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરણ ૧. ન બધુ કામકાજ કરવાની નિયત રીત; નક્કી કરેલી નિયમિત રીત; પદ્ધતિ. વહીવટ.
૨. ન. અંદાજ; શુમાર
૩. ન. કાગળ; બાનું; લખ.
૪. [સં. ધોર્ (જવું) + અન (પ્રત્યય)] ન. ગમન; ગતિ.
૫. ન. ઘોડાની એક જાતની કડપી ચાલ; 'જંલપ.'
૬. [સં. ધોર્ (ચતુરાઈ કરવી) + અન (પ્રત્યય)] ન. ચાલાકી ચતુરાઈ.
૭. ન. પગો; ત્રિકોણમાપ.
૮. ન. નિશ્ચય; ખાતરી; નક્કીપણું.
૯. ન. પ્રમાણ; આધાર.
૧૦. ન. માપ; પરિમાણ; માન.
૧૧. ન. વર્ગ
૧૨. ન. વલય.
૧૩. ન. ક્રમ; નિયમ
૧૪. ન. ઘરઝોઈ વાહન.

ધોરણપ્રિય વિ. ધારાધોરણને વળગી રહેનાર; ધોરણ જેને વહાલું હોય એવું.

ધોરણસર ૧. ક્રિ. નિયમાનુસાર; ચાલતી આવતી રીત મુજબ.
૨. ક્રિ. યોગ્ય.

ધોરણિ ૧. [સં.] સ્ત્રી. અગાઉથી ચાલી આવતી મોટી; પરંપરા; દંતકથા.
૨. સ્ત્રી. પંક્તિ.

ધોરણી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ.
૨. સ્ત્રી. જળની નીક; ધોરિયો.
૩. વિ. નિયમ પ્રમાણે વર્તનારું.
૪. જુઓ ધોરણિ.

ધોરવવું ૧. સ. ક્રિ. જમીન ન ખોદ્યાં વચ્ચે કંઈક અણનમનું ઊભું કરવું; માલ ક્રમમાં ગોઠવાત ઊભો કરવો; ગોળવું.
૨. સ. ક્રિ. અટકાવી રાખવું; રોકવું.
૩. સ ક્રિ. ગણી ધારવું.

ધોરવાડિયા (ધોરવાડિયા) ૧. સ્ત્રી. કુંભારની એ નામની એક બટક
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરસ ૧. [સં. ધૂર્ત (કપટી)] પું. ઉતરપિઠી; પ્રપંચ.
૨. પુ. નિરાશા.
૩ પું ધૂમ.
૪. પું. મૃગજળ.

ધોરાજિયા ૧. સ્ત્રી. ખેડુઆ કણબી અને સુતારની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરાજી ૧. ન. ગોંડલ રાજ્યના બાર ભાઈનો એ નામનો એક મહાલ
૨. ન. સૌરાષ્ટ્રમાં આવેલ ગોંડલ રાજ્યનું એ નામનું એક શહેર.

ધોરાજીવાલા ૧. સ્ત્રી. મુસલમાનની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરા બપોર પું. (કચ્છી) બોળ બપોર; દિવસના બાર

ધોરાયલું ન. (કચ્છી) દૂરથી ધોળું ધોળું દેખાતું તે.

ધોરાવા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ધોરાંસ સ્ત્રી. (કચ્છી) ધોળાશ.

ધોરિત ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં અનુક્રમે

નગણ, બે રગણ અને સગણ મળી પંદર અક્ષર હોય છે. નવમા અક્ષર ઉપર વિસ્રામો આવે છે.

ધોરિત મતિ નવે છઠે ભાન ગણ રગણ થી.
રણછોડ

૨ [સં.] ન. ગતિ; જવું તે.
૩ ન. ઘોડાની એક જાતની ચાલ.
૪ ન. મારુ; મારવું તે.
૫. ન. વધ.
૬. વિ. ગમન કરેલ; ગયેલ.

ધોરિતક જુઓ ધોરિત ૨–૫.

ધોરિયા ૧. સ્ત્રી. કચ્છની અને દેહની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું

ધોરિયો ૧. પું. કોઈ પણ પશુના ઘોડાના આકારના પથ્થરમાંથી પાણી વહેવું હોય તેવી રચના.
૨. પું. ગાડાં અને માટીને બે જગ્યા જોડતાં તેમની વચ્ચે રહેતુ લાકડું; ઊંચિ; ઊંચ.
૩. [સં. ધુર (ધુરી)] પું. ધોરી; ભળદ.
૪. પું. ધોરો; કોલ્હે
૫. પું. પાણી લાવી જવાની નીક; હાળિયો; પરનાળ.

ધોરિયેર જુઓ ધુરંધર.

ધોરી ૧. [સં. ધુર્ય] પુ. આખલો; ભળદ. ધોરી શબ્દનું મૂળ ધોરેયમાં છે. ધોરેયનું ધોરી થવાનું અસ.ધ.રણ કારણ અતિ ત્વરિત ઉચ્ચારણ છે. ભાષામાં વપરાતો ઢોર શબ્દ પણ એ ધોરેયમાંથી નીકળેલો જણાય છે. ઢોરનો વ્યુત્પત્યર્થ તો પુરાવાહક ભળદ છે, પણ પછીથી તે પશુ માત્રના અર્થમાં આવી ગયો છે.

ઊતમ સગી આકૃતિ તુહ અપાર,
તહ ધોરી ઝિલ્લિહ રજ્જબાર.
પ્રબોધચિંતા.માળી (સોળમી સદી)

૨. પું. છોકરો; પુત્ર; દીકરો.
૩. ન પતિ, ભાઈ કે કોઈ પણ જાતનો પુરુષ સગાંનો. બીજો તરફથી અન્યોક્તિમાં અથવા વહાલપમાં આ શબ્દ વપરાય છે.
૪. પું. કોઈ આગેવાન પુરુષ
૫. સ્ત્રી. એક જાતની સાપેણ.
૬. સ્ત્રી. શરીરની મુખ્ય નાડી; હૃદય તરફથી મુખ્ય ચોડી વહી જનારી નાડી.
૭. ન. એક જાતનું આઠથી દસ હાથ ઊંચું થતું ઝાડ. તેનાં પાન લીંબડાનાં પાન જેવાં થાય છે અને તેને સુગંધી સફેદ ફૂલ આવે છે.
૮. વિ જબરું; મોટું; ભાર તાકે કે સહે એવું.
૯. વિ મજબૂત; હૃષ્ટપુષ્ટ.
૧૦. વિ. મુખ્ય; આગેવાન.
૧૧. વિ. સરિયામ. રસ્તા માટે વપરાય છે.
૧૨. વિ. સીધું.

ધોરીઆંખડું ધોરીઆખડું) ન. ગાડાના ચોકઠાની ઉપર સવરણની વચ્ચે જડવામાં આવતું લાકડું. તેમાં તળાવા રાખવામાં આવે છે

ધોરીડો (ધોરીડો) પું. ધુંસરે જોડાય એવો ભળદ; મોટો ધોરી ભળદ.

ધોરી ધરાર- ન. (કચ્છી) જોર જોરથી; ખુલ્લે ખુલ્લું.

ધોરીબાંહ્યો પું. બેજું વજનના હાથને ઊંચકવાનું એ નામનું એક સાધન.

ધોરી નસ સ્ત્રી. શરીરની અંદરની મુખ્ય રક્તવાહિની. મોટી નસ. ધોરી નસ કપાય ત્યારે તેમાંથી ચોધાર લોહી જેવા લાલ લોહીની ધાર અથવા રોહ ફૂટે. આ ધાર બંધ ન થાય તો દરદીનો ચહેરો ફિક્કો થતો જાય, નાડી નબળી પડતી જાય, ફેર આવે અને છેવટે બેસુધ થઈને મરણ પામે. લોહી અટકાવવા નસ ઉપર દબાણ કરવું, શરીરો ફૂખની, કાંજી કે સારો પૌષ્ટિક ખોરાક આપવો.

ધોરીપસા સ્ત્રી. ખેતીનો એક પ્રકાર. તેની ઉત્પત્તિમાં પહેલા બે ત્રણ વર્ષ સુધી જમીનદારોનો લાભ લેવામાં આવતો નથી.

ધોરીબાંધ ૧. પું. ખણીધોરી; માલિક.
૨. પું. ધોરી રસ્તો.

ધોરી માર્ગ પું. સરિયામ રસ્તો; રાજમાર્ગ

ધોરીમીલ પું. (વહાણવટું) પરમીલ, રવ; રવીસર; વહાણની પીઠ માટે જડવામાં આવતા ઊભા લાકડાં.

ધોરી મૂળ ન. જી કે આંખમાંથી પ્રથમ નીકળતું મૂળ; મુખ્ય મૂળિયું; વનસ્પતિને જમીન સાથે સજ્જડ ચોંટાડી રાખનાર અને ખોરાક તથા પાણી ચૂસે પહોંચાડનાર મૂળ.

ધોરી રગ સ્ત્રી. મોટી નસ; ધોરી નસ.

ધોરી રસ્તો પું. રાજમાર્ગ; સરિયામ રસ્તો.

ધોરો રાહ જુઓ ધોરી રસ્તો.

ધોરોસાં ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધોરે ક્ર. વિ. નજીક; પાસે.

ધોરેચા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધોરેધારે ૧. [હિં.] પું. પાડોશી.
૨. વિ. નજીકનું.
૩. અ. આસપાસ.
૪ અ. સમજાવ.

ધોરેપી ૧. સ્ત્રી. કુંકરાળ પ્રદેશમાં રહેતી ભીલની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ધોરો ૧. પું. ભગાસી અથવા માળાની ટોચે પડી ન જવાય તે માટે ચણેલી ઊંચી ભીંત; દીવારખી; કોઠાની ભીંત; ભગાસીની પાળ.
૨. પું. ઓટલાને છેડે અડિંગીને બેસવા તકિયા જેવુ કરેલું ચણતર; ચણેલો તકિયો.
૩. પું. ભાંગ પીને તાલેમાલે થયેલો જાડો અને બેદિકરો માણસ; અલમસ્ત માણસ; મજબૂત અને તંદુરસ્ત માણસ.
૪. પું. ખેતરની પાળ.
૫. પુ. ગાડાની ચોતરફ કરાતો માટીનો ઓટલો.
૬. પું. પતિ; ધણી.
૭. પું. ભીંતને મજબૂતી માટે આપેલો બહારના ચણતરનો ટેકો.
૮. [સં. પૃ (ધારણ કરવું)] પું. (વહાણવટું) માલ ભરવા માટેનો તળિયાનો આખી લાંબ; 'હોલ્ડ.'
૯. પું. વહાણમાં બે તાર સાથે નાખવા તે; બેરડા તારનો ગાળો

ધોરો પાડવો = બે તાર સાથે વહાણમાં નાખવા.

૧૦. વિ.પું. (કચ્છી) ધોળો.

ધોરો પીંજરો પું. એક જાતનો વેલો; દુધિયો હેમકંદ.

ધોલ ૧. પું. એક જાતની માછલી. તે લગભગ મણ વજનની હોય છે.

ધોલ ધાલવા = માછલાં પકડવા. બે લાકડાં ઊભાં ખોસી તેની વચ્ચે જાળ બાંધવામાં આવે છે. તેમાં ભરતી વખતે પાણી ચડતાં માછલાં પકડાય છે અને ઊતરતી વખતે જાળ ફરી જાય છે ત્યારે અટવાઈ રહેલાં માછલાં ઓડીમાં ભરી લેવામાં આવે છે. તેને ધોલ ધાલવા કહે છે.

૨. પું. જાડો રસ; રગડો.
૩. સ્ત્રી. ટોચુ; ટપલો.

૧. ધોલ ધાપોટ કરવી = (૧) ચેતવણીરૂપે સાધારણ શિક્ષા કરવી. (૨) બીક બતાવવી.
૨. ધોલ મારવી = (૧) ઊતરવું. (૨) ટોચુ મારવું. (૩) તમાચો કે ફટકો મારવો. (૪) પાછું પાડવુ. (૫) સખ્ત જવાબ આપવો.
૩. ધોલમા દેવુ = લપડાક મારવી.

૪. સ્ત્રી. ફટકો મારવો તે; પાયું પાડવું તે.
૫. સ્ત્રી. લપડાક; તમાચો; ધાપોટ.
૬. સ્ત્રી. સખ્ત જવાબ આપવો તે.
૭. ન. એક જાતનું પડદામ.

ધોલપટ્ટો પું. ધબાટ અને પટ્ટો.

ધોલપપાટ સ્ત્રી. ધોડોધબ્બો માર; સાધારણ શિક્ષા.

ધોલપાપટ સ્ત્રી. ધોલપાપટ; ધોડોધબ્બો માર.

ધોલપંથ્યાં ન. સાહસ.

ધોલર સ્ત્રી. ઢંગધડો કાંટાવાળી અને ઝીંગા સહિત એક જાતની માછલી.

ધોલશ્રી સ્ત્રી. (સંગીત) એક જાતની રાગણી; ધોળ. તેનું નામ ધવલ ઉપરથી પડ્યું છે. તે રાગનો વખત દિવસના ત્રીજા પહોરનો છે. તેની જાતિ સંપૂર્ણ એટલે આરોહ, રિષભ તીવ્ર, ગાંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે. પંચમ તેનો વાદી સ્વર છે.

ધોલા વિ. સફેદ; ધોળું.

ધોલાઈ ૧. સ્ત્રી. ધોવું; ધોવું તે.
૨. સ્ત્રી. ધોવરામણ; ધોવાનું મહેનતાણું; ધોવાઈ.

ધોલાડી સ્ત્રી. સફેદાઈ; ધોળાશ.

ધોલાડવું સ. ક્રિ. ધોબે ધોબે મારવું.

ધોલામણ સ્ત્રી. ધોવાઈ; ધોવાનું મહેનતાણું.

ધોલારી સ્ત્રી. ગંધી; મરઘ પકડી કુટાવવાનું કામ કરનાર ઓ.

ધોલાવવું જુઓ ધોવાટવું.

ધોલેરા ૧. ન. એક જાતનું કપડું.
૨. ન. ગુજરાતમાં આવેલું એક પ્રાચીન બંદર.

ધોલો પું. દૂધળા, કોળા વગેરેની વેલીનો પુષ્પરી. તે ત્રીજા કોમનો હોય છે.

ધોવડામણ (ધોવડામણ) ૧. ન. ધોવણ; નિતાર; ધોતાં વધેલું પાણી.
૨. ન. તૂટ્યાં ધોયાં હોય તેની કીમત; ધોવાઈ; ધોવામણ, ધોવરામણી.

ધોવડામણી (ધોવડામણી) સ્ત્રી. ધોવાની મજૂરી; ધોવાઈ, ધોવાઈ.

ધોવડાવવું (ધોવડાવવુ) ૧. સ. ક્રિ. ધોવાની ક્રિયા કરાવવી; મૂએ કરાવવું; સ્વચ્છ પાણીથી મટકો કે મેલ નીકળી જતો રહે એમ કરાવવું. ધોયેલું કરાવવું.
૨. સ. ક્રિ. પાવન કરાવવું; પંક્તિ અપાવવી; નાતમાં લેવાવું.

ધોવણ ૧. ન. ધોઈ વસ્તુ ધોઈ હોય તેનું નીતરેલું પાણી; નિતાર; ધોજ.
૨. ન. ધોવાઈ; ધોવાઈ; ધોવાનું કામ; ધોવાની ક્રિયા; ધોવું તે; ધો.

ધોવન [સં.] ન. ધોવું તે; સાફ કરવું તે.

ધોવરામણ જુઓ ધોવડામણ.

ધોવરામણી જુઓ ધોવડામણી.

ધોવરાવવું જુઓ ધોવડાવવું.

ધોવાઈ જુઓ ધોવાઈ.

ધોવાણ ૧. ન. ધોવું; અનાજને પાણીમાં નાખી નિતારી લીધેલું પાણી.
૨. ન. ધોવરામણ; ધોવાના પૈસા; ધોવાઈ.
૩ ન. ધોવાઈ જવું તે; ધોવાયેલું હોય એવું થઈ જવું તે.
૪. ન. પાણી કે પૂરના વહેવાથી માટી કે ચૂના વગેરેના બાંધકામનું નબળાઈ જવું તે; પાણીથી માટીનું ખોવાઈ જવું તે.

ધોવાવું ૧. અ. ક્રિ. ધસડાઈ જવું.
૨. અ. ક્રિ. તવાવું; નિચોવાવું.
૩. અ. ક્રિ. નકામું જવું; અર્થ જવું.
૪. અ. ક્રિ. નષ્ટ થવું; નાશ પામવું.
૫. અ. ક્રિ. પવિત્ર થવું; નાતમાં લેવાવું.
૬. અ. ક્રિ. પાણીથી સાફ થવું; ધોવાની ક્રિયાથી પસાર થવું.
૭. અ. ક્રિ. ખોવી ખોવી જવું.

ધોવીછળ સ્ત્રી. ધોવાની તથા નીચોવાની ક્રિયા.

ધોવું ૧. [સં. ધાવ્ (શુદ્ધ કરવું)] સ ક્રિ. અજવાળવું.
૨. સ ક્રિ. દુઃખપાટ આપવો; ઠોકવું; મેથીપાક જમાડવો; માર મારવો.
૩. સ. ક્રિ. મંદવાડો કાઢી સાફ કરવું.
૪. સ. ક્રિ. પવિત્ર કરવું; પંક્તિ આપવી; નાતમાં લેવું.
૫. સ. ક્રિ. પાણીથી સાફ કરવું; પાણી વડે મેલ કાઢવો; કપડામાંથી મેલ કાઢી તેને ઊજળાં કરવાં; ધોળું કરવું; નિખારવું.
૧. દુઃખમાં ધોઈને દેવું – કરજ પૂરેપૂરું ઉતરવાથી ચૂકવવું.
૨. ધોઈ નાખવું = (૧) કૂટવું; માર મારવો; મારી મારીને અશક્ત કરવું; ધોવાની માફક ખૂબ મારવું. (૨) રોગ દર્દ કે નિંદા કરી માન ઘટાડવું. (૩) પાણી ફેરવવું; બધું બળ ઓછું કરવું; વધું બળ ઓછું કરવું. (૪) વૃત્તિને મનમાંથી કાંઢી મૂકવી; નિરાશાને ધોઈ નાખવી. (૫) સત્ત્વ કે ધન રહિત કરવું.
૩. ધોઈ પીવું = (૧) અખાડા કરવા; સાંભળેલું ભેરવારીથી નીચે હાને કાઢી નાખવું. (૨) કંઈ અમથું નહિ રહેવું; નકામું પડવું. (૩) ન લેખવવું; ન ગણકારવું; હિસાબમાં ન લેવું; અવગણના કરવી. (૪) પીવાના ક્રમમાં પણ ન આવે તેવું નકામું રાખી મૂકવું.
૪. ધોઈ વાળવું = (૧) અપજશ લેવો. (૨) ઇજ્જતઆબરૂ કરી મારીમારે માટી વાળવું; ધૂસી વાળવું; વેરી મારવું; પતાવવું; બાકી કાંઈ થયું જ નથી એમ દરમુજર કરી, ઉડાવી દેવું. (૩) પાણી ફેરવવું; કર્યું કારવ્યું બધું ધૂસાઈ જાય તેમ કરવું; રદ કરી નાખવું.
૫. ધોવાઈ જવું = (૧) ગરીબ થઈ જવું. (૨) નષ્ટ થઈ જવું; નાશ પામવું. (૩) મહેનત ઉપર પાણી ફરી વળવું; બધું જવું; બરબાદ જવું; નિરર્થક જવું. (૪) લોહી ઊડી જવું. (૫) શરીર નબળું પડી જવું; તવાઈ જવું; નીચોવાઈ જવું. (૬) સત્ત્વ જતું રહેવું; ધન, શક્તિ વગેરે ઘટી જવાં.
૬. ધોયેલો મૂળો = (૧) અપકો બતાવનાર માણસ; ખાલી આડંબર કરનાર પુરુષ; ઉદ્વારણું; પૈસેટકે ખાલી હોવા છતાં ફરતી લાજ થઈને ફરે તેવો પુરુષ. મૂળો સ્વચ્છ, ધોળો અને સરસ દેખાય પણ પોલો અને તીખો હોય છે. તે ઉપરથી આ કહેતી થઈ છે. (૨) સમાજકાર્યમાં ચિનાનો એકડો મારનાર માણસ; ઠોઠ.
૭. ધોયેલું મોતી = સુંદર બીજાના ચહેરાનું માણસ.
૮. પાપ ધોવું = નિંદા કરવી; કુથલી કરવી; કોઈનાં પાપકર્મની વાત કરવી.
૯. માજમાં ધોવાં = (૧) બદનામી કરવી; વગોવવું; હલકું પાડવું. (૨) સખ્ત ઠપકો આપવો.
૧૦. હાથ ધોવા-ધોઈ નાખવા = (૧) તજી દેવું; છોડી દેવું; આશા મૂકવી; પરવારી જવું. (૨) હદ બાંધી જવી; કૈફતમ હોવું.
૬. સ. ક્રિ. ભૂંસી જવું.

ધોવું ધકેલવું (ધોવું ધકોડવું) સ ક્રિ. વારંવાર ધોઈને સાફ કરવું.

ધોવું ધકોવું જુઓ ધોવું ધકેલવું.

ધોવું ધાબડવું (ધોવુ ધાબડવુ) જુઓ ધોવું ધકેલવું.

ધોવું ધીબડવું સ. ક્રિ. પાણી વગેરેથી સાફ કરવું.

ધોરાણ ન. ધોંસડું.

ધોરિયો પું. ખોદીકાઢીયાની રમતમાં પાળાથી દાવ લેનારો છોકરો.

ધોસ પું (ફારસી) દોસ્તાર; મિત્ર.

ધોસપાસ પું સીમની જમીનની ઊપજના રાજભાગના માલિક કામગી કે અમુક મુદતને

આટે પોતાના હકની રાહત બેડનારને આપી હોય તે હક.

પોસચડી (પોસચડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પોસો ૧. પુ. ગપ્પો, ખોટી વાત.
૨. પું. ભાડો ક્રમગો; ધૂંસો.
૩. પું. ચાદળાંનો ઘટાટોપ.

પોસ્તાર પુ. (કચ્છી) આર્કિપેલ; મિત્ર; ઇષ્ટ યાર.

પોળ ૧. પું. અપયશ; અપકીર્તિ.
૨. પું. ઉજાગર; પોળું કરવું તે.
૩. પું. એક જાતની પોચી માટી.
૪. પું. ગીતનો એક ઢાળ
૫. પું. વહેવાર; નાતો; સંબંધ
૬. પું.;બ. બીજોજે મંગળ અવસરે ગવાનું ગીત.
૧. પોળ ગાવા = (૧) ગીત ગાવાં. (૨) વખાણ કરવા. (૩) વાંક જોવડ. બંનમાં બોલાય છે.
૨. નાતરામાં પોળ નહિ ને બીયરીમા ગોળ નહિ = (૧) પ્રસંગને અનુસરતું કાંઇ કરાય. (૨) વિવાહનાં ગીત વિવાહમાં જ ગવાય.
૭. સ્ત્રી. એ કૂટ જગ્યાની, રાતા રંગની અને ઝીણાંવાળી માટલી. તે અપરિયામા રહે છે. તેમા ઇંટા પોચા હોય છે.
૮. સ્ત્રી. હલકી જાતની ઇંગર
૯. ન. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડા નાનાં અને લાંબાં હોય છે. તેની ભાજી બને છે, તેનાં બિયાં બહારના કાર જેવાં હોય છે. તે ઔષધિમાં ઉપયોગી મનાય છે
૧૦ ન. ઘાસ.
૧૧ ન. એક જાતનું હોલું; આમાકુર.
૧૨. [સં. પલ્લ] વિ. ઊજળું; પોળું.

પોળકા [સં. પલ્લગઢ] ન. પલ્લગઢ, ગુજરાતનું એ નામનું એક શહેર.
પોળકાનું પાદર = સપાટ ઉજ્જડ મેદાન.

પોળકારવું સ. ક્રિ. પોળું કરવું, ઉજાળવું.

પોળકારું ૧. સ. ક્રિ. આઘેથી પોળું દેખાવું
૨. સ. ક્રિ. પોળું કે ઊજળું બને તેમ કરાવું.

પોળકિયા ૧. સ્ત્રી. નાગર, ભાભણ, વાણિયા, સુતાર, સોની, કુંભાર, કોળી, બ્રાહ્મણ અને સિપાઈની એ નામની એક અટક
૨ ન એ નામની અટકનું માણસ.
૩ વિ એ નામની અટકનું

પોળકિયું ૧. વિ. ઉપરથી સારું દેખાતું; ઊજળું દેખાતું
૨ વિ પોળ કરેલ. મકાન માટે વપરાય છે.
૩. વિ. પોળકામાં થતું. જેમકે, પોળકિયાં ભમકણ.
૪. વિ. પોળાં કપડાં પહેરીને રહેતું હોય એવું. અંદરથી ખાલીખમ હોવા છતાં દેખાવમા સારા કપડામાં રહેતું હોય તેવું.
૫. વિ. પોળું. માણસના વાન માટે વપરાય છે.

પોળકું ૧. ન. પોળવું તે; પોળું બનાવવું તે.
પોળકું પોળવું = (૧) અજવાળું કરવું. (૨) કામ ઉપર પાણી ફેરવવું; મહેનત બરબાદ કરવી. (૩) કાંઈ સારું કામ ન કર્યું હોવું વક્રોક્તિમા બોલાય છે. (૪) નાસીપાસ થવું. (૫) કાવદો કરવો. (૬) બહુ બારે કામ કરવું.
૨. ન. નિષ્ફળતા; નાસીપાસી.
પોળકું કરીને આવવું = કોઈ પર અસર થયા વિના પાછા ફરવું; કામ સાધ્યા વિના પાછું આવવું; કોઇક કેસે બાકીને આવવું; કાંઈ કામ કર્યા વિના પાછું આવવું.
૩. ન. પ્રભાત; મળસકું.
૪. ન. સફળતા, બહાદુરી. કટાક્ષમા બોલાય છે.

પોળકોબો પું. એક જાતનો બગાદ. તેની કળી પોચી હોય છે.

પોળજ ન. ખેતીને ઉપકારી એક જાતનું પક્ષી.

પોળપ સ્ત્રી. પોળાશ; પોચાપણું.

પોળભાજી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પોળમંગળ ન. બ. વ. પોળ અને મંગળ; લગ્ન વખતનાં ગીતો.

પોળવું ૧. સ. ક્રિ. ખસ કરવાની દોણી; દોળવું. માલવું; ગોરસ
૨. સ. સ્ત્રી ઘાસ્ત્રીને કરેલો રમડો; મહો; બાદી જાગ; પોળવું
૩ સ. ક્રિ. કરવું; ઉજાળવું; બનાવવું
૧. તમે પરીક્ષામાં શું પોળ્યુ ? = તમે પરીક્ષામાં કેવું કર્યું છે ?
૨. ત્યાં જઈને શું પોળ્યું ? = ત્યાં જઈને શું સારું કામ કર્યું ?
૩. પોળાને આવવું = બગાડીને આવવું; ખરાબ કરીને આવવું.
૪. [સ. પર્ચલ્લક્ષ્ય પર્ચલ્લિય] ૭. ક્રિ. ચૂનો લગાડવો. ભીંતને ચૂનો લગાડીને પોચી કરવી; પોળું કરવું; ઉજાળવું.
૫. સ ક્રિ દાટી દેવું; ઢાકવું.
૬ સ ક્રિ. ભેળું કરવું.
૭. સ ક્રિ. માથા ઉપરથી જવું; વારી જવું; ઓળઘોળ થવું.
૮. સ. ક્રિ. વકરવી કામ કરવું.
પોળા આવવું = (૧) કામ પાર પાડવું. (૨) કાંઈ સારું કામ ન કરવું. કટાક્ષમાં બોલાતાં વપરાય છે (૩) કામનો કરી આપવો.

પોળવો પું. એક જાતનું ગરુડના જેવું પક્ષી.

પોળાઈ ૧. સ્ત્રી. પોળવાનું કામ.
૨. સ્ત્રી. પોળવાનું મહેનતાણું

પોળા અપોર જુઓ પોરા અપોર.

પોળાવવું ૧. સ ક્રિ. કામ કરાવવું
૨. સ. ક્રિ. પોળામાં એમ કરાવવું; ચૂનો લગાડવવો.

પોળાવું સ. ક્રિ. પોળવાની ક્રિયા થવી.

પોળાશ સ્ત્રી. પોચાપણું; પચપચતા.

પોળાં ન. બ. વ. પોચા વાળ; પળિયાં.
૧. પોળામાં ધૂળ વાયરી = દુકાવસ્થામાં અપકીર્તિ આવે તેવું કામ કરવું.
૨. પોળામાં ધૂળ પડી = વૃદ્ધત્વમાં અપકીર્તિ થવી.

પોળાં પડિયાં ન. બ. વ. માણસના પોચા વાળ-ગોઠથી તમા ગમથી ફોવેલો વાયુ હરીરની ગરમીને માથામા લઈ જાય છે અને માથામાં રહેલું ભાજક નામનું પિત્ત પણ ફોધથી ફોવે છે. એ રીતે ફોવેલાં વાયુ અને પિત્ત ગ્રહને ફોપાવે છે અને એ ગ્રહના ફોપથી માથાના વાળ જુવાન અવસ્થામાં પોચા થઈ જાય છે. તેને પકિતપળિયાં અથવા પોચા પળિયાં આવવાનો રોગ કહે છે.

પોળાં ભરી ન. બ વ. એક જાતનાં નાનુક વેલાનાં ફળ; સફેદ તીખાં. તેને બરાબર પાકી રહ્યા પછી એકઠાં કરી પાણીમાં બોળી નરમ કરાય છે ફળાં ભરી કરતાં તે બોળાં તીખાં હોય છે.

પોળિયા ૧. સ્ત્રી. વાણિયા અને બ્રાહ્મણોની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પોળિયું ન. એક જાતનું તરબૂચ.

પોળિયો ૧. પું. પોળું પાણી. જેમકે, બળદ. કૂતરો.
૨. પું. પોચો માણસ.
૩. પું. નિર્બળ માણસ.
પોળિયા ! પાક આવી-પકી તો કહે મણીને વેર = (૧) કોઈ લેવાદેવા કે ખોવાપણું ન હોવું. જેને કોઈ ખોવાનું હોય તેને જ ચૂંટારાઓની બીક લાગે છે. (૨) જેને ચરીપણું છે તને ગુમાવવાનું, બીજાને નહિ; નોકરને શાહુકારીની કાંઈ ફકર નહિ.
૪. સ્ત્રી. કાળો સફેદ અને વદેલી પાંકે એવી એક જાતની જુવાર
૫. વિ. પું. પોળો; પોળા રંગનો.

ધોળિયો સરસ પું. એક જાતનું ઝાડ. તેના થડ અને ડાળાઓની છાલ પીળાશ લેતા ધોળા રંગની, પાન કાળાં સિરીષનાં પાન જેવાં પણ મોટા, ફૂલ પણ તેના જેવાં અને શીંગ પીળાશ લેતા રંગની નાની પહોળી હોય છે.

ધોળી સ્ત્રી. એક કુમરાઉ ઝાડ. તેને લીમડીના જેવા અને કઠણ પાદડાં થાય છે. તેનું લાકડું ભારે અને કઠણ હોય છે. તેની લાકડી ઢાળમાં હોય તો સાપ અંગ ઉપર ચડી આવતો નથી, તેમ ભૂત વગેરેનું નહતર થતું નથી એવી માન્યતા છે. ધોળીના લાકડાનો રસ સફેદ હોય છે. ધોળાની એક બીજી જાત છે, તેના વેલા થાય છે. તેનું લાકડું હાથીદાંતની પેઠે મજબૂત હોય છે.

ધોળી અરડૂસી (ધોળા અરડૂસી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પત્ર, મૂળ અને પુષ્પ કફ ઉપર ઉપયોગમાં આવે છે. તે કફઘ્ન, વાયુકર, શીતલ અને જ્વરઘ્ન ગણાય છે.

ધોળી ઉપલસરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ શ્વાસ, કાસ, પ્રદર તથા વિષમાં ઉપયોગી બનાવ છે. તે દક્ષિણમાં તથા બંગાળામાં થાય છે. ગુણમાં તે કૃષ્ણ અને દીપન કહેવાય છે.

ધોળી કપાટ સ્ત્રી. બાર મહેની એક જાતની કપાટ

ધોળી કરણી સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

ધોળી ગુલાબ્બો કંબાઈ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ઔષધ પાન, ફૂલ વગેરે ગુલાબી હોય છે.

ધોળીડો (ધોળાડો) ૧. પું. ધોળા રંગનો બળદ.
૨. વિ. પું. ધોળા રંગનો.

ધોળી તલવણી સ્ત્રી. એક જાતની તલવણી. આ છોડ ઓમાસે ઊગે છે. તેનાં ફૂલ ધોળાં, ગુલાબી કે જાંબુડા જાતવાળાં હોય છે. શીંગ બાર ઉંચ લાંબા અને ચોળાકણી જેવા જાડી હોય છે. તેનાં પાન તથા બીજનો ઉકાળો ખાવાથી અને દાઝેલ્લ તાંબ ઉપર ચોપાય છે. ખેડૂત લોકો આખી, મગેર અને બગાઈ બગાડવા આ છોડવાની ધૂણી કરે છે.

ધોળી ઢાળ સ્ત્રી. દૂધપાક. આખી ભાવા દૂધપાકને ધોળા ઢાળ અને માલપૂઆને કાળા રોટી કહે છે.

ધોળી ધરમ ૧. ન. કન્યાના બાપે વરના બાપ પાસેથી કાંઈ ન લેવું તે.
૨. જા. બાકાત કાંઈ પણ સુખ આપ્યા કે લીધા વિના

ધોળી ધાવડી (ધોળા ધાવડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉક્ષો. તે કુમરાઉ જંગલમાં થાય છે. તેનાં પાદડાં ચાર આંગળ લાંબાં અને કોમળ તથા ફૂલનો આકાર સીતાફળ જેવો હોય છે. આ વનસ્પતિનો ઉપયોગ નળબાયુ, મધુ, પાંડુરોગ, સોજો, ટૂંટિયુ વગેરે રોગ ઉપર થાય છે.

ધોળી ધાવડો સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં ફૂલ ધોળાં, લાલ, નખીયાળ હોય છે. આ છોડ પાસ આંબતા નથી, તેથા તેને આંકડાંખી કહે છે.

ધોળી નગદી સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં ત્રણ ત્રણ પાન જેવાં હોય છે. ધન્વન્તરિનિઘંટુમાં આ પાનનો રોગ અને આ હસ્તાદાકારક બનાવ છે.

ધોળી નસોતર સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધોળી નાગિયેરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ ઉપયોગી છે. નાગિયેરીનો તે એક ભાત છે.

ધોળી પરજ સ્ત્રી. ધોળી પ્રજા; પરપ, અમેરિકા વગેરે દેશની ધોળી પ્રજા.

ધોળી પીલુ સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન ત્રિદલ લાલરાશાના હોય છે. તેના વેલાનો પ્રથમ રંગ રાતો હોય છે, પછી તે ધોળો થઈ જાય છે. પીલુ દવામાં વપરાય છે.

ધોળી પીલુડી (ધોળા પીલુડો) સ્ત્રી. એક જાતની બહુ કદની વનસ્પતિ. તેના વેલા હોય છે. સુખે પ્રસવ થવા માટે તેનાં મૂળ કમોની પેઠે બંધાય છે. આ વેલાના પાદડાં પીપરનાં પાદડાં જેવાં અને ફૂલ અંદરથી ધોળા રંગનાં પણ બહારથી નીલવર્ણી અને પાંચ પાંખડીવાળાં હોય છે. આ વેલાનાં સર્વ અંગ દુધાળ હોય છે તેને બરછી જેવાં, દોંડકાર, એક રીંડવાને બદલે ફળ આવે છે. તેને બહુ ભાગ હોય છે. કાકડીની ચાંચ જેવી એ ફળની દોંડ હોય છે, તેથી જ આ વેલાનું આવળી એવું મરાઠી નામ પડેલું છે. આ વેલ બહુ જ કડવો હોવાથી તેના સેવનથી અતિસાર ઊલટી અને પિત્ત નીકળે છે. એ બહુ તીવ્ર વનસ્પતિ છે. તેનો ગુદ ક્રમમા ઉપર ચોપડવાથી તે બહાદી જેવી બાત છે. તે વેલાનાં પાંદડા ત્રિદલ હોઈ તેને કાતરા હોય છે. આ વેલાનો રંગ પ્રથમ રાતો અને પાકી ધોળો થાય છે. એ વેલો વહે દેવાલે ઝાડ ઉપર થાય છે. પીલુડી રસ વખતે ઉષ્ણ, કડવી, તીક્ષ્ણ, રસાયન, ક્ષુધ્ય, સ્નિગ્ધ, સ્વર્ય, કફ, વાતુવર્ધક, નેત્ર, રુચિકર, સ્મરક અને લઘુ છે. તે કફ, વાત, અર્શ, સોજો, ત્રિદોષ, કોઢ, કૃમિ, કેફ્યુંકોટ, અતિસાર, ઊલ્ટી, ઊલટી, દમ, ઉધરસ, જ્વર, હરસ અને મેહનો નાશ કરનાર મનાય છે.

ધોળી ફૂણી સ્ત્રી. એક જાતનો છોડ. તેની ઊંચાઈ ચુમારે હાથ દોઢ હાથ અને રંગ ધોળો હોય છે. તેને રાઈ કરતાં મોટાં ધોળા રંગના બિયાં આવે છે, જે ઢોરનો ખોરાક છે. દુષ્કાળમાં લોકો ધોળી ફૂણીનાં બિયાંનો લોટ કરી ભાખરી બનાવી ખાય છે. તેનાં પાન સીસૂવરીનાં પાન જેવાં હોય છે. આ વનસ્પતિ મધુર, બલકર, વૃષ્ય તથા શીતલ છે અને મૂત્રઘાત, પિત્તદોષ, મૂત્રકૃચ્છ્ર તથા રક્તદોષનો નાશ કરનાર મનાય છે.

ધોળી ફુલરી (ધોળા ફુલરી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધોળી બાબચી પું. એક પ્રકારનો છોડ. આ આખા છોડ ઉપર ધોળા રંગની ભેદી ખરજ ફૂટેલા હોય છે.

ધોળી બોરિંગડી (ધોળા બોરિંગડી) સ્ત્રી. એક જાતનો છોડ. શ્વેતા, ક્ષુદ્રા, ચટકાસા, લક્ષ્મણા, ચટકા, ચટરી, ચંદ્રપુષ્પા, પ્રિયકરી તેના પર્યાય છે.

ધોળી બોયરંગણી જુઓ ધોળા બોરિંગડી.

ધોળી મીઢીઆવળ જુઓ ધોળા મીઢીઆવળ.

ધોળી મીઢીઆવળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સેદ, વિષ, શ્વાસ, કાસ વગેરે રોગમાં ફાયદાકારક મનાય છે.

ધોળી મૂસલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળિયાં લાંબાં, માવદાર અને સફેદ થાય છે. ચિકોતરામાં તે એક ખોરાક તરીકે વપરાય છે. દવામાં એ બાસ ઉપયોગી કહેવાય છે. હાળા કે ભેંસના વાંસાનાં ચામડાં પૂરી નાખવા તેમ જ એ ચામડાને ફેલાવો અટકાવવા પાણી સાથે તેની લાડી કાઢ કરીને બાવામાં આવે છે. ધાતુપુષ્ટિ માટે વસાણામાં તેનો ઉપયોગ થાય છે.

ધોળી સૂવ્વી સ્ત્રી. એક પ્રકારનો છોડ. તે જરા જેટલા ધોળો દેખાય છે, માટે તેને ધોળી સૂવ્વી કહે છે.

ધોળી વાલોળ સ્ત્રી. એક જાતની વાલોળ.

ધોળી શંખાવળી સ્ત્રી. એક પ્રકારનો વેલો.

ધોળી સદોડી (ધોળા સદોડી) સ્ત્રી ઔષધોપયોગી એક વનસ્પતિ.

ધોળીસર સ્ત્રી. એક જાતનો છોડ. તે બહેક ફૂટ જેટલો ઘણે છે. તેનો દાંડી ધોળા રંગનો અને મજબૂત હોય છે. છેડેથી તે બગલાની પાંખ જેવી દેખાય છે. તેનાં મૂળ સંધિવાતા રોગ ઉપર વપરાય છે.

ધોળી સાગોટી સ્ત્રી. ઔષધોપયોગી એક વનસ્પતિ.

ધોળી સેદરડી (ધોળા સેદરડી) સ્ત્રી. એક પ્રકારનો છોડ. આ આખા છોડ ઉપર ધોળા ખરસટ વાળની રુંવાટી હોય છે. તેને માંકડમારી પણ કહે છે.

ધોળુકું (ધોળુકું) જિ. ધોળું.

ધોળું ૧. [સં. ધવલ] વિ. દૂધ અને ચૂના જેવું; ધવલ; સફેદ.

૧. ધોળા પર કાળું કરવું = (૧) સહી કરવી. (૨) સાહીથી ધોળા કાગળ ઉપર લખવું; લખી આપવું.

૨. ધોળામાં ધૂળ = વૃદ્ધ ઉમરમાં કજોડી.

૩. ધોળામાં ધૂળ ઘાલવી = ઘડપણમાં અપયશનું કામ કરવું.

૪. ધોળામાં ધૂળ પડવી = ઘડપણ લાગવું; અવસ્થાને લગતે ન કરવાનું કરવું; વૃદ્ધાવસ્થા વગોવવી; ઘડપણમાં અપકીર્તિવાળું કામ કરવું.

૫. ધોળું પૂણી–આકા–આસ્તા–જેવું = કાંઈ જેવું જ્ઞાન ધોળું.

૬. ધોળે દિવસે તારા દેખવા = અસહ્ય પરિસ્થિતિ અનુભવવી.

૨. જિ. ફિક્કું; નિસ્તેજ.

૩. જિ. સ્વચ્છ.

ધોળુંકાળું જિ. ખરાબ અને સારું; સારુંમાઠું.

ધોળું ઘાસ ન. એક પ્રકારનું ઘાસ. ખરડામાં તે ચોમાસે ઊગે છે. તે ચારથી ૭ ઇંચ ઊંચું થાય છે.

ધોળું જાંબુ ન. એક પ્રકારનું ઝાડ. તેમાં ધોળાં સોગઠી જાંબુ થાય છે.

ધોળું ધબ્બ જિ. સાવ સફેદ.

ધોળું ધૂમકું જિ. બહુ ધોળું.

બહું છે તમને સુણો નંદરાજા,
રહી રાખજો ધોળાં ધૂમરી ગાજા.

દયારામ

ધોળું પાણી ન. વીર્ય; શુક્ર.

ધોળું ફક ૧. જિ. તદ્દન ધોળું; સાવ ધોળું.

૨. જિ. ફિક્કું; ઝાંખું; નિસ્તેજ.

ધોળું ફૂગ જુઓ ધોળુ ફક.

ધોળું ફટક જુઓ ધોળુ ફક.

ધોળું ફૂલ ૧. ન. સફેદ પુષ્પ.

૨. જિ. ખૂબ ધોળું; તદ્દન સફેદ.

ધોળેણ ન. એક જાતનું ખેતીને ઉપકારી પક્ષી; ધોળણ.

ધોળે દહાડે (ધોળે છાડે) જુઓ ધોળે દિવસે.

ધોળે દિવસે ૧. ક્રિ.વિ. ખુલ્લી રીતે; જાહેરમાં.

૨. ન. દિવસના અજવાળા; દહાડે.

૧. ધોળે દિવસે અંધારું = અંધેર; અવ્યવસ્થા

૨. ધોળે દિવસે તારા જોવા-દેખવા = અસહ્ય દુઃખ અનુભવવું

૩. ધોળે દિવસે ધાડ પાડી = બારે અજવાળું હતા લૂંટ કરી.

ધોળે દીસે જુઓ ધોળે દિવસે.

ધોળે ધર્મે અ. મફત; કાંઈ પણ આપ્યા વિના.

ધોળેશરી ૧. સ્ત્રી. પૈસો; નાણું; દોલત.

૨. સ્ત્રી ધનની અધિષ્ટાત્રી; ધનની દેવી. ધનના વેપારીઓ ધોળેશરીના સોગન ખાય છે.

ધોળો આગિયો પું. એક જાતનો છોડ.

ધોળો ઉંદરજવ પું. એક જાતની વનસ્પતિ. તેને મીઠો ઉંદરજવ પણ કહે છે. તેના ગુણદોષ ઉંદરજવ જેવા મનાય છે

ધોળો ઊભ પું. એક જાતનું ઝાડ. તે વીસ ફૂટ ઊંચું થાય છે. તેના થડની છાલ લીસી હોય છે. પાન ત્રણથી પાંચ ઇંચ લાંબાં, બે ઇંચ પહોળાં, લંબગોળ અને છેડે ઉપર ટોચવાળાં હોય છે. તેમાં લીલા રંગનાં ફૂલ અને આલઝાંખાં જેવા ફળ થાય છે.

ધોળો ઓખરાઢ (ધોળો ઓખરાડ) પું. એક જાતનો વેલો. તેનાં ફૂલ ગુલાબી કે લીલા રંગનાં અને ફળ લંબગોળ હોય છે. તેમાં બધાં સૂક્ષ્મ બીજ હોય છે.

ધોળો કટકિયો પું. એક જાતનો વેલો. તેને દૂધિયો કેમકંદ પણ કહે છે. તેની લીલી ધોળાશ ઉપર અને લટકણી, પાન લંબગોળ, ફૂલ લીલાશ ઉપર ધોળાં અને લીંબ લાંબી સર્વાંગ ઉપયોગી મનાય છે. તે પાચક, કૃમિઘ્ન અને શોભક કહેવાય છે.

ધોળો કાંદાસૌળિયરે પું. એક જાતનો છોડ. તેના ઉપર ધોળા રેસા હોય છે. તેના ફૂલ ઊંચકા પંકી ધોળા રંગનાં બર્ડ બાય છે. તે ઊંટ અને બકરાનો ચારો છે. તેની રાખ ચૂનામાં ઉપર લગાડાય છે

ધોળો કાંદાસરિયો જુઓ ધોળો કાંટાસૌળિયો.

ધોળો કાંદાસળિયો જુઓ ધોળો કાંટાસૌળિયો.

ધોળો કોઢ પું. શ્વેત કુષ્ઠ; ચામડીનો મૂળ રંગ બદલાઈ ધોળાં ચાઠાં થવાનો રોગ. આ કોટમા રસી કે પરુ વહેતું નથી.

ધોળો ખેર પું. એક જાતની વનસ્પતિ. કચ્છમાં તેને મોરડ કહે છે. તેનું લાકડું કાળું હોય છે. આ વનસ્પતિ કફઘ્ન અને મુખરોગ તથા રક્તરોગ ઉપર ફાયદાકારક મનાય છે.

ધોળો ગુલાબ પું. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલ ઉપલેપી મનાય છે. તેમાં સુગંધ હોતી નથી. તે શીતલ, બાંધી અને જ્વર તથા રક્તદોષ અને ત્રિદોષમાં ફાયદાકારક મનાય છે

ધોળો ચંપો પું. વૃક્ષ; સફેદ ચંપો તેનું ઝાડ મોટું થાય છે. તેનાં પાન લાંબાં હોય છે અને તે તોડતાં તેમાંથી દૂધ નીકળે છે. ફૂલ પીળાં, મોટાં અને સુગંધવાળાં થાય છે તે દવાના કામમાં આવે છે. ચંપાનો રસ ગ્લેત્મો ઉષ્ણ હોય છે કે તે શરીરે લગાડવાથી ઠોલો થાય છે. ચપાના જૂના ઝાડને શીંગ આવે છે. તેનાં ફૂલનું ઝાડ થાય છે. ચૂમડાં વગેરેની ગાંઠ બેસી જવા માટે ચંપાના દૂધનો લેપ કરાય છે. સર્પદંશ ઉપર ચંપાની છીંગ ઘસી પિવરાવાય છે. તે કારક, કડવો, તીખો, તૂરો તથા ઉષ્ણ છે અને કોઢ, ખરજ, વણ, કૃમિ, કફ, વાયુ, ઉદર તથા પેટના વાયુનો નાશ કરનાર મનાય છે

ધોળો ચિત્રો પું. એક પ્રકારનો છોડ.

ધોળો ચીતરો જુઓ ધોળો ચિત્રો.

ધોળો જાંબ પું. એક જાતનું ઝાડ. તેમાં ધોળાં સોગઠાં જેવાં જાંબુ આવે છે.

ધોળો ડીપટો પું. એક પ્રકારનો છોડ. તેના ફૂલમાં કાંટા હોય છે.

ધોળો તંતુ પું. એક જાતનું મોટું માછલું. તેના ત્રિકોણાકાર દાંત કરવતના જેવા હોય છે તેથી હિંદી મહાસાગર, આટલાંટિક મહાસાગર અને દક્ષિણ સમુદ્રોમાં ફરનારા વહાણવટીઓ તેનાથી બહુ જ ત્રાસ પામે છે. તે બચ્ચાં ખાઉધરો અને ભોગવટ છે. તે વીસ કે ત્રીસ ફૂટ લાંબો હોય છે. તેના કલેજામાંથી મણ મણ જેટલું તેલ નીકળે છે.

ધોળો પ્રાણો [ધોળો + પ્રાણો (જ્યાંથી બધા ડાંખે ચડતા મરે છે ત્યાંથી કેડ ઉપર સુધીનો ભાગ)] પું. (વ.ઔષધ) ધોળો રંગનાનો પ્રાણાનો નીચલો ભાગ.

ધોળો બોળ પું. ઋગ્વેદસ્તાન અને પૂર્વ આફ્રિકામાં થતું એક જાતનું ઝાડ. તેના રસને બોળ કહે છે અને તે સુવાવડીને દાધા સાથે અપાય છે

ધોળો ભાંગરો પું. એક જાતની વનસ્પતિ. આ છોડ બરફ ઉપર ઉપયોગી મનાય છે તેનાથી વાળ કાળા થાય છે. ચોમાસાનો ઋતુમાં તે બધે હોય છે. તે ઉષ્ણ, રસાયન, કફઘ્ન, વાતહર અને કૃમિઘ્ન છે, તથા નેત્રરોગ, કંઠરોગ, ત્વચારોગ, શ્વાસ, કાસ, સોજો, પાંડુ અને કોઢમાં ફાયદાકારક મનાય છે.

ધોળો મરચો પું. એક જાતનો છોડ. તે તુમારે વેતજર ઊંચો રપે છે. કોઈ ઠેકાણે જરા મોટો થાય છે, પરંતુ તેને મોટો થવા દેતા નથી. તેનાં પાન મેથીનાં પાન જેવાં હોય છે. પાનની વાસ ઘણી આવે છે. મરચો તીખો, કડવો, ઉષ્ણ, તીક્ષ્ણ, હલકો, પિત્તકર, રુચિપ્રદ, રક્ષ તથા લઘુ છે અને કૃમિ, કોઢ, અજીર્ણકર્તા, પેટનો આફરો, શ્વાસ, કફ, રક્તદોષ વિષ, જ્વર, અગ્નિમાંદ્ય, ત્વચ્રોષ, અરુચિ, વાયુ, દમ, સોજો, હડકોમ તથા વીંછીના વિષનો નાશ કરનાર મનાય છે. શ્વેત અને કૃષ્ણ એવા મરચાના બે ભેદ છે. તેમાં શ્વેત ઔષધમાં લેવાય છે. મરચી ઉપર મરચાનો રસ કાઢી પવાય છે.

ધોળો વજ્ર પું. દવામાં ઉપયોગી એ નામનું એક ખનિજ.

ધોળો શિરીષ પું. એક પ્રકારનું ઝાડ. તેમાં સુંદર ફૂલ આવે છે. આ ઝાડ કાળા શિરીષથી નાનું થાય છે. ઝાડની છાલ અને સીંગ ધોળી હોય છે.

ધોળો શેમળો પું. એક જાતનું ઝાડ. તે લીસું અને મોટાં ધોળાં ફૂલવાળું થાય છે. તેના મૂળમાંથી સફેદ ગંદ નીકળે છે.

ધોળો સરપંખો પું. એક પ્રકારનો કુંજરાવો છોડ. તેમાં ધોળા ફૂલ આવે છે.

ધોળો સાજડ (ધોળો સાજડ) પું. એક જાતનું ઝાડ. તેના પાન શુમારે પાંચ આંગળ પહોળા અને વેતજર જાળાં હોય છે. આ ઝાડને ધોળો સફેદ મોર આવે છે. તેની છાલ પણ સફેદ હોય છે. આ ઝાડ બહુ જ મોટું થાય છે. તેનું લાકડું ઇમારતી કામમાં આવે છે. ઔષધિમાં તેનો અંતરછાલનો ઉપયોગ થાય છે. તે તૂરો, મધુર, શીતળ, કાંતિકારક, બલકર, લઘુ અને મધુરોપક છે. અસ્થિભગ્ન, સંધિભગ્ન, કફ, પિત્ત, શ્રમ, તૃષા, દાહ, ભેદ, વાયુ, હડકોમ, પાંડુરોગ, વિષબાધા, ક્ષતક્ષય, ભેદવૃદ્ધિ, રક્તદોષ વગેરે રોગનો નાશ કરનાર મનાય છે.

ધોળો હડકુચરો પું. એક પ્રકારનો છોડ. તેના ઉપર ધોળા વાળની રૂંછળી હોય છે. તેનાં ફૂલ કંઠમાળની દવામાં આવે છે.

ધોળો હાથી ૧. પું. ઉપયોગ વિનાનું માત્ર શોભારૂપ માણસ

૨. પું. જેને સાચવવા માટે ઘણું ખર્ચ કરવું પડે તેવું માણસ.

૩. પું. ધોળા રંગનો હાથી. એમ કહેવાય છે કે, સિયામના રાજા પાસે એક પવિત્ર ધોળો હાથી હતો. તે હાથી પવિત્ર હોવાથી એની પાસેથી સેવા તો લેવાતી જ નહિ. એક વખત રાજાની પોતાના કોઈ સરદાર ઉપર અંદરથી અકૃપા થઈ એટલે રાજાએ દરબારમાં તેનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું કે, હું ખુશ થઈને મારો ધોળો હાથી તમને ભેટ આપું છું. રાજાનો હાથી એટલે સરસ ખરડાવવું પિવડાવવું જોઈએ અને તેની બબડ સેવા થવા જોઈએ. એટલું કરતાં સરદારનું તો દેવાળું જ નીકળી ગયું. આજે પણ નહા વિનાની અર્થાળ પ્રકૃતિ કોઈ વહોરી લે ત્યારે લોકો કહે છે કે, તેણે ધોળો હાથી વારસે આપ્યો છે.

ધોં ૧. સ્ત્રી. ખોટી તકરાર કે હઠ.

૨. સ્ત્રી. લાંબ; ખરાબ ટેવ.

ધોકણી સ્ત્રી. ધમણ.

ધોંકણી લાગવી = જલદી શ્વાસ લેવો.

ધોંકાર પું. નાદ; અવાજ.

यत्र यत्रास्य पितरौ धरि है, आसनमा धोंकार ।.अखत्रय

ધોંધડ (ધોંધડ) સ્ત્રી. (કચ્છી) ખૂબ ઊંડાણ તે.

ધોંચા પું. ન. ન. સાડાચારના પાડા; ઢોંચા. જેમ સાડાત્રણના પાડાને ઊંઢા કહે છે, તેમ સાડાચારના પાડાને ધોંચા અને સાડાપાંચના પાડાને દગિયા કહે છે.

ધોંટા ૧. સ્ત્રી. ઝોર.

૨. સ્ત્રી. સોપારી.

ધોંટી સ્ત્રી. ઓઢવાનું એક જાતનું ઓળર.

ધોંડાણ વિ. પથ્થરવાળું; જ્યાં પથ્થર વધારે હોય એવું.

ધોંડિયા ૧. સ્ત્રી. ગુજરાતમાં વસતી એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ધોંઢો ૧. પું. ઉંમરે ઝાંખેલો અને શરીરે ખીલેલો પણ આકારનો બારદાન માણસ.

૨. પું. પથ્થર; પહાણો.

૩. પું. પથ્થરઢોંઢો.

ધોંસ ૧. સ્ત્રી. જોર; જબરા.

૨. સ્ત્રી. ત્રાસ.

૩. સ્ત્રી. (કચ્છી) ઝીણી રજ ઊડવી તે.

૪. સ્ત્રી. હલ્લો; ધુમ્મો.

ધોંસરી ૧. સ્ત્રી. ધૂંસરી; ઝૂંસરી; પુરા. બળદની કાંધ ઉપર તે રહે છે. તે પોણાસાત, પોણાઆઠ, પોણાપાંચ, પોણાચાર, સવાત્રણ કે પોણાત્રણ હાથની લંબાઈની વપરાય છે.

૨. સ્ત્રી. ભારટ ખોખે.

૩. સ્ત્રી. રેંટાને લાકડા ઉપર ચલાવવા ખંને હાથનો ભાર દેવાનું અને રેંટાને ખેંચવાનું તેની ઉપર જડેલ પાતળું લાકડું.

૪ સ્ત્રી. લગ્નમાં પોંખતી વખતે વપરાતું પોંસરા જેવું એક સાધન.

ધોંસરું જુઓ ધોંસરી

ધોંસાખોર વિ. ગપ્પી; ખોટી વાતો કરનારું.

ધોંસાં ન. ન. ન. ગપ્પાં; ખોટી વાત.

ધોંસો ૧. પું. ગપ; ગપાટો; ખોટી વાત.

૨. પું. ગુસ્સો; ક્રોધ, કોપ, ગુસ્સો.

૩. પું. ધુમ્મસો; ઊનના ભારા વણાટનો કામળો.

૪. પું. (સંગીત) ગાવણી શરૂ કરતા પહેલા આવતી એક તરહ.

ધોંહાં (ધોંસા) જુઓ ધોંસાં.

ધોંહ્યો (ધાંધો) જુઓ ધોંસો.

ધૌ ૧. [સં. પુ] ન. એક જાતનું ઊંચું ઝાડ; ધાવડો. હિમાલયમાં તે ૬૦૦૦ ફૂટની ઊંચાઈ એ ઊગે છે.

૨. ન. પૈડા માટેનું લોઢાનું બહાર પાટો; પાટ.

ધૌકરા [સં. પુ] ન. એક જાતનું ઝાડ. તે અયોધ્યા પ્રાંત, કુર્દેલખંડ અને મધ્ય પ્રદેશમાં થાય છે. તેનું લાકડું ખેતીનાં ઓજાર બનાવવાના કામમાં આવે છે.

ધૌત ૧. [સં.] ન. ધોવું તે; સાફ કરવું તે.

૨. ન. રૂપું કે ચાંદી.

૩. ન. હંતાકડી.

૪. વિ. ઊજળું; શુભ્ર; સફેદ.

૫. વિ. ધોયેલું; સાફ કરેલું, ઓખ્યું; શુદ્ધ; રહ્યાં.

૬. વિ. નાહેલું; સ્નાત.

ધૌતકેશ [સં.] પું. ડોબળો; ધોકડું; વધનો ઘેટો.

ધૌતકૌશેય ૧. [સં.] ન. ધોયેલું રેશમ.

૨ ન. ધોયેલું રેશમી વસ્ત્ર.

ધૌતકૌશેજ જુઓ ધૌતકૌશેય.

ધૌતકૌશેય જુઓ ધૌતકૌશેય.

ધૌતકૌષેય જુઓ ધૌતકૌશેય

ધૌતખંડી [સં.] સ્ત્રી. ધોયેલી સાકર.

ધૌતપાપ ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.

૨. વિ. ધોવાઈ ગયેલાં પાપવાળું; પાપ રહિત.

ધૌતપાપા [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

ધૌતમૂલક [સં.] વિ. ધોવાઈ ગયેલાં મૂળવાળું.

ધૌતય [સં.] ન. રૌપ્ય; એક જાતનું ધાતુ; સિંધાલૂણ.

ધૌતશિલ [સં.] ન. સ્ફટિક ખનિજ.

ધૌતશિલા [સં.] સ્ત્રી. સ્ફટિક ખનિજ.

ધૌતાત્મા ૧. [સં. ધૌતાત્મન્] પું. પવિત્રાત્મા; પવિત્ર આત્માવાળો પુરુષ.

૨. વિ. શુદ્ધ આત્માવાળું; નિર્મળ અંતઃકરણવાળું; શુદ્ધ મનવાળું

ધૌતાધર [સં. ધૌત (સ્વચ્છ) + અધર (હોઠ)] વિ. નીચલો હોઠ સ્વચ્છ હોય એવું.

વાદળીરંગી આદ્રે સુપલ્લવ
અધુણી જે ધૌતાધર જેવી,
પુષ્પનો કદ્રજ કાલવિહીન છે,
અંગ છે કૂજન વિશ્વપ્રાણ જેવી.

કાન્ત:રાજ્ઞ

ધૌતિ ૧. [સં.] સ્ત્રી. (યોગ) શરીરને અંદર તથા બહારથી શુદ્ધ કરવાની હઠયોગની એક ક્રિયા. ધૌતિ ચાર પ્રકારની છે: અંતર્ધૌતિ અથવા શરીરની અંદરની શુદ્ધિ, દંતધૌતિ અર્થાત્ દાંતોને સ્વચ્છ કરવા તે, હૃદ્ધૌતિ એટલે હૃદયને નિર્મળ કરવું તે અને મૂલશોધન એટલે નાડિની શુદ્ધિ. ધૌતિકર્મ કરવા માટે ચાર આંગળ પહોળું અને પંદર હાથ લાંબું મુલાયમ જેવું વસ્ત્ર લેવું. તેને જરા ગરમ પાણીમાં પલાળી મુખથી ગળતા કરવું. પહેલે દિવસે વસ્ત્રનો થોડો ભાગ ગળવો, બીજે દિવસે એક હાથ, ત્રીજે દિવસે બે હાથ. આ પ્રમાણે દરરોજ વધારીને પંદરેક દિવસમાં એક હાથ જેટલું કપડું બહાર રાખી બાકીનું ગળવાનો અભ્યાસ કરવો. બાર આંગળથી વધારે કપડું મુખની બહાર અવશ્ય રાખવું જોઈએ; નહિ તો આખું પેટમાં જાય તો બહાર કાઢવું મુશ્કેલ થઈ પડે. વસ્ત્ર પેટમાં જાય એટલે બહાર રહેલા વસ્ત્રને દાંતથી પકડી અંદર જતું અટકાવવું. પછી જબરી નૌલિ કરીને ઉદરનું સંચાલન કરવું ઉદરસંચાલન કર્યા પછી વસ્ત્રને ધીમે ધીમે બહાર કાઢવું. વસ્ત્રને બહાર કાઢતી વખતે પેટ થોડું ઊંચું અને આગળ નીચું કરવાથી વસ્ત્ર સહેલાઈથી બહાર ખેંચી શકાય છે. વસ્ત્રને પેટમાં બહુ વાર સુધી રાખવું નહિ. વસ્ત્ર બહુ વાર રહે તો પેટથી નીચે જાય અને કાઢવું કઠિન પડે. ધૌતિ કરવાથી આસી, શ્વાસ, કમ, કફદોષ, પ્લીહા, કોઢ અને બીજા પ્રકારના કફરોગ દૂર થાય એમ મનાય છે. કોઈ પણ મનુષ્યે માત્ર પુસ્તક વાંચીને ધૌતિકર્મ કરવું નહિ, પરંતુ સારા જોગીની પાસે શીખી અને પછી કરવું. આ ક્રિયાને વસ્ત્રધૌતિ પણ કહે છે. વસ્ત્ર ખાતીમાં થઈ ઉદરમાં જઈ આંતરડાંને પણ સાફ કરે છે. અંતર્ધૌતિના ચાર પ્રકાર છે: વાતસાર, વારિસાર, વહ્નિસાર અને બહિષ્કૃત. કાચબાની નીચલી ચાંચના જેવો છાલનો આકાર કરી તેને મોઢા બહાર રાખી તે વડે ધીમે ધીમે બહારના વાયુને અંદર ખેંચવો અને બન્ને નાસિકાનાં બંને છિદ્ર દ્વારા તે વાયુને ધીરે ધીરે બહાર કાઢવો, તે વાતસાર અંતર્ધૌતિ કહેવાય છે. મોઢાથી કંઠ પર્યંત પાણી પી નૌલિક્રિયા વડે ઉદરને હલાવવું અને પછી તે પાણી મુદ્રા દ્વારા વિરેચન કરવું, તે વારિસાર અંતર્ધૌતિ કહેવાય છે. નાભિમધ્યિને આકર્ષીને ફરી ફરી બરડાની કરોડ સાથે સજાડવી, તે વહ્નિસાર અંતર્ધૌતિ કહેવાય છે. આ ક્રિયાથી પેટના રોગ દૂર થઈ જઠરાગ્નિ વૃદ્ધિ પામે છે. કાચબાની નીચલી ચાંચની જેમ છાતીને મોટાની બહાર કાઢી નાસિકાનાં બંને છિદ્ર જમણે હાથે બંધ કરી બહારના પવનને અંદર ખેંચી તે વડે પેટ ભરવું પછી વધારાની તે પૂરેલા પવનનું રેચન કરી નૌલિ કરી તે પવનને મુદ્રા દ્વારા બહાર કાઢવો, તે બહિષ્કૃત અંતર્ધૌતિ કહેવાય છે દંતધૌતિના પાંચ ભેદ છે: દંતમૂલ, જિહ્વામૂલ, કાકચર્ણરંધ્ર, કર્ણરંધ્ર અને કપાલરંધ્ર. કેળવિના કાચાની ત્રીજી ભૂકી તથા તેનાથી ત્રણગણી શુદ્ધ માટીની ત્રીજી ભૂકી લઈ તે બંનેને મેળવી, તેમાં થોડું પાણી નાખી તે વડે વચલી આંગળીથી હમેશા સવારમાં દાંતનાં મૂળ ઘસવાં, તે દંતમૂલધૌતિ કહેવાય છે. આ ક્રિયા વડે પિત્તની નિવૃત્તિ થઈ દાંત દૃઢ થાય છે. જમણા હાથની તર્જની, મધ્યમા અને અનામિકાને આખણ લગાડી તે વડે ગળાની પાસે રહેલા છાલના મૂળ ઉપર સારી રીતે ઘર્ષણ કરવું. પછી બંને હાથની તર્જની તથા અંગૂઠાથી છાલનું દોહન કરવું અને તેના અગ્રભાગનું ધીમે ધીમે બહાર આકર્ષણ કરવું. આ ક્રિયાને જિહ્વામૂલધૌતિ કહે છે. આ ક્રિયાથી કફરોગ દૂર થાય છે. જમણા હાથની તર્જની અથવા અનામિકા વડે બંને કર્ણરંધ્રોને દબાવી સારી રીતે ઘસવાથી બંને પ્રકારની કર્ણરંધ્રધૌતિ થાય છે. આ ક્રિયાથી નાદનું અનુસંધાન થાય છે. જમણા હાથના અંગૂઠાને મંટિકા એટલે કાકડી ઉપરથી અંદર લઈ જઈ કપાલની પાછળનો ભાગ ઘસવો, તે કપાલરંધ્રધૌતિ કહેવાય છે. આ ક્રિયા કફરોગને દૂર કરે છે, નાડીઓને નિર્મળ કરે છે અને દિવ્યદૃષ્ટિ આપે છે. હૃદ્ધૌતિના ત્રણ ભેદ છે: દંડધૌતિ, વસ્ત્રધૌતિ અને વમનધૌતિ. લૂમડાની પોચેલી પાતળી લાંબી પટીનો એક છેડો હાથમાં રાખી બાકીનો ભાગ આખી જગાદ્વારા પેટમાં ઉતારવો. પછી નૌલિ કરી બંને નળને ફેરવવા. પછી મોઢાને ઉઘાડી બહારને છેડેથી તે પટીને ધીમે ધીમે ખેંચી કાઢવી, જે તેમાં વળગેલા કફાદિ મલને સાફ કરવો. તેને વસ્ત્રધૌતિ કહે છે. આ ક્રિયાથી કફ, ગુલ્મ, જ્વર, પ્લીહા, ઉદરરોગ, શ્વાસ ને કુષ્ઠાદિ રોગ દૂર થાય છે. દંડધૌતિમાં સાતના લગભગ એક વજ્ર લાંબા તથા હાથના અંગૂઠા જેવા જાડા અને સારી રીતે મેળવેલા ઘીવાળા કે તેવા દોરાને બીજા ચાર તેના આગળના ભાગમાં અર્ધા આંગળ જેટલો કૂચો રાખી તે કૂચાની ઉપરનો ભાગ ચીકણા દોરાથી સારી રીતે બાંધી બહાદાતણની ક્રિયા કરવી, તેને વજ્ર અથવા દંડધૌતિ કહે છે. કેળનો પાતળો દંડ, નેતરની લાંબી લાખી કાતળી તથા તાજા કે સોટાની પાતળી સલાકા ઉપર મલમલ વીંટાળી તેને ઝીણા દોરાથી સારી રીતે સીવી બહાદાતણની ક્રિયા કરી શકાય છે. આ ક્રિયાથી કફાદિ દૂર થવા ઉપરાંત હૃદયરોગ પણ મટવાનું મનાય છે. ભોજન કર્યા પછી બીજી વાર અપાનવાયુને કંઠનાલમાં ચઢાવી પેટમાં મહારૂપે રહેલા અન્નજલાદિકને મુખ વાટે વમન કરી કાઢી નાખવાં, તેને વમનધૌતિ અથવા વજ્રકરણી કહે છે. આમ કરવાથી નાડીઓનો સમૂહ વજ્ર થાય છે. મલત્યાગ કરી રહ્યા પછી અધ્યમા આંગળી વડે ગુદાચક્રમાંનો સર્વ મલ પાણીથી ધોઈ નાખવો તે મૂલશોધનધૌતિ કહેવાય છે. આ ક્રિયા વડે અપાનની કૃશતા, કોઠાની કઠિનતા અને અજીર્ણ દૂર થાય છે, તથા શરીરની કાંતિની અને જઠરાગ્નિની વૃદ્ધિ થાય છે.

૨. સ્ત્રી. હઠયોગમાં શારીરિક ક્રિયા કરવાની કપડાની લાંબી પટ્ટી

ધૌતિકર્મ ૧. [સં.] ન. આંતરડાં સાફ કરવાં તે; ધોવાનું એક કર્મ.

૨. ન. ધોવાની ક્રિયા; ધોવું તે.

ધૌતી ૧. [સં.] સ્ત્રી. આછનારી કોઈ સ્ત્રી.

૨. જુઓ ધૌતિ.

ધૌતીકર્મ જુઓ ધૌતિકર્મ.

ધૌન ૧. ન. અધમણ; બીજ શેરનું વજન.

ધૌનભર ન બીજ શેર વજનનું.

૨. વિ. કોઈ પણ વસ્તુનું અર્ધું.

ધૌનિક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પૃથ્વી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ અને સગણ મળી નવ વર્ણ આવે છે.

ધૌનિક ૨૫ ૫ ન સ ગી રસ્રવિપ્રિયા

ધૌમ્ય ૧. [સં] પું. ધુમાડાવાળા દેશમાં કોપ તે.

૨. વિ. ધુમાડાવાળા પ્રદેશમાં કોપનાર.

ધૌમીય [સં.] વિ. ધુમાડાથી અંકાયેલું.

ધૌમ્ય ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે દેવલ ઋષિનો નાનો ભાઈ અને પાંડવોનો પુરોહિત હતો. તે ઉત્કોચ નામના તીર્થમાં રહેતો હતો. મિત્રરથના આદેશથી

યુધિષ્ઠિરે તેને પોતાનો પુરોહિત બનાવ્યો હતો. વનવાસમાં તે પાંડવો સાથે હતો. પાંડવોને તેણે અનેક તીર્થયાત્રાના વર્ણન અને કથા કહ્યા હતાં, તેમજ અજ્ઞાતવાસ વખતે રાજગૃહમાં કેવી રીતે વર્તવું તે તેણે પાંડવોને સમજાવ્યું હતું

૨ પુ. (પુરા.ણ) એ નામનો એક ઋષિ. તે આયોદ ઋષિનો પુત્ર અને મોટો શિવભક્ત હતા. તે સત્યયુગમાં થયો હતો અને અયોપધૌમ્ય પોતાની માતાથી ગુસ્સે થઈ શિવનું તપ કરી અજરામર અને દિવ્ય જ્ઞાનસંપન્ન થયો હતો

૩. પુ. (પુરા.ણ) એ નામનો એક ઋષિ. તેને આયોદ પણ કહેતા. તેણે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં હોતાની પદવી સ્વીકારી હતી. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાંના આઠ દ્વારપાળ માંહેનો તે એક હતો

૪. પુ. (પુરા.ણ) ભવિષ્ય દિશામાં તારારૂપે સ્થિત એક ઋષિ

ધૌમ્ય ૧. [સં.] પુ. (પુરા.ણ) એ નામનો એક ઋષિ; પુત્ર ઋષિ

૨. પુ પુત્ર વર્ષ; પુત્રમાસનો રંગ.

૩. ન. તે નામનું એક વારતુરમાન.

૪. વિ. રાખા અને ભાલ રંગના મિશ્રણવાળું.

ધૌમ્રાયણ [સં.] પુ. પુત્ર ઋષિનો ગોત્રજ.

ધોર ૧. [હિ.] ન. એક જાતનું પક્ષી; સફેદ બગલું.

૨. ન. ભદામની જાતનું એક ઝાડ. તેની ડાળી હળિયારના હાથા અને પૈડાના આરા બનાવવામાં વપરાય છે.

ધોરા ૧. [હિ.] પુ. સફેદ રંગનો બળદ.

૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડનું એક નામ.

૩. ન. એક જાતનું પક્ષી; એક પ્રકારનું પંખીડું. તે કાર્તિક મોટું અને ખૂબસૂરત રંગનું હોય છે.

૪. ન. દૂધ.

૫. ન. ધીનું ઝાડ; ઘાવડો.

૬. વિ. સફેદ; નિર્જળું; ધેત.

ધોરાદિત્ય [સં.] ન. એ નામનું એક તીર્થ.

ધોરાહર [હિ.] પુ. ભવનનો એક ઊંચો ભાગ; ઊંચી અટારી.

ધોરિત [સં.] ન. ઘોડાની એક જાતની ચાલ.

ધોરિતક જુઓ ધોરિત.

ધોરિય [હિ.] પુ. બળદ; બેલ.

ધોરી ૧. [હિ.] સ્ત્રી. એક જાતની સફેદ રંગની ગાય; કપિલા.

૨. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૩. સ્ત્રી. ટેકરાળ જમીનમાં ઊગતો એક જાતનો ઘાસ.

ધોરેય ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે સરસૃતિ છંદનો એક ભેદ છે. તેને માત્રામિલ છંદ પણ કહે છે. તેમાં બે જગણ, બે સગણ, બે નગણ, સગણ અને મગણ મળી ચોવીસ વર્ણ આવે છે.

બે જ પરે દ્વિ સ પરે બે ન કરી સ પર મ અગ્ર કરા ધૌરેયે રણછોડદાસ

૨. [સં.] પુ. ઘોડો.

૩. પું. બળદ.

૪. વિ ધુરા ખેંચનાર, ધૂંસરી ખેંચનાર; રથ વગેરે ખેંચનાર; બોજો વહન કરનાર.

ધૌર્તક ૧. [સ] ન. ધૂર્તતા; ધુતારાપણું.

૨ ન. ચાલાકી; ચતુરાઈ

ધૌર્તિક ૧. [સં.] પું. ઠગ; ધુતારો.

૨. પું. ચાલાક; ચતુરો.

ધૌર્તેય [સ.] પુ. વૈદિક સમયનો એક પ્રાચીન ઋષિ.

ધૌર્ત્ય ૧. [સં.] ન. ધૂર્તતા; ઠગાઈ; ધુતારાપણું.

૨. ન. ચાલાકી. ચતુરાઈ.

ધૌર્ય [સં.] સ્ત્રી. ઘોડાની એક જાતની ગતિ કે ચાલ

ધોલ ૧. પું. બાજ જાનવર.

૨. [હિ.] પુ. બળદનું લીલું રાકું; ઘાંસો.

૩. સ્ત્રી. તમાચો; ધબ્બો; ચાપટ; ધોલ.

૪. સ્ત્રી. નુકસાન; હાનિ.

૫. વિ. બળવાન; જોરાળું, ધોળું.

ધોલધકડી (ધોલધકકો) પું. લડાઈ; મારામારી.

ધોલધપ્પડ (ધોલધપ્પો) [હિ.] પું. મારપીટ, ઉપદ્રવ.

ધોલધપ્પો [હિ.] પું. આઘાત.

ધોલધપ્પા (ધોલધપ્પો) સ્ત્રી. મારપીટ; બલાબળી

ધોલધપ્પા સ્ત્રી. લડાઈ; મારામારી.

ધોલભાલશ્રી સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે માલશ્રી રાગિણીની ચાર ભાર્યાની એક જાતિ. તેમાં ધૌલ અને માલશ્રી રાગિણીનું મિશ્રણ હોય છે.

ધોલશ્રી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; ધવલ ધનાશ્રી; ધોળ. તે રાગનો વખત દિવસના ત્રીજા પ્રહરનો છે. તેની જાતિ સંપૂર્ણ છે, ઔડવે ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ કોમળ અને છે.

ધોલા ૧. [હિ.] પું. એક જાતનું ઝાડ; ધોનું ઝાડ

૨. [સં. ધવલ] પું. ભારનું રાકું, ઘાંસો. તે રોકડીની માફક ચુકાય છે.

૩ પુ. દૂધ.

૪. પુ. સફેદ બળદ.

૫. વિ ધોળું, સફેદ.

ધોલાઈ ૧. [હિ.] સ્ત્રી ધોબણપણું; સફેદી; ધોબીપણું

૨. સ્ત્રી. ધોવાની ક્રિયા

૩. સ્ત્રી. ધોવાની મજૂરી; ધોબાઈ.

ધોલાગિરિ [હિ] પુ ધવલગિરિ પર્વત; હિમાલયનું એ નામનું એક શિખર.

ધોલાગીર જુઓ ધોલાગિરિ.

ધોલાપણ પું. સફેદાઈ; ધોળાપણું.

ધોલાંજર [સં ધવલાચર] પું. પંજાબના કાંગડા જિલ્લામાં આવેલો એ નામનો એક પર્વત.

ધોલી ૧. પુ ઓરિસ્સામાં ભુવનેશ્વરની દક્ષિણમાં આવેલો એ નામનો એક પર્વત. ત્યાં અનેક પ્રાચીન મંદિર છે. શિખર ઉપર મહારાજ અશોકનું અનુશાસન કોતરેલ છે.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનું ઝાડું નરમ અને ખૂબ રંગનું હોય છે. તે બેતીનાં ઓજાર બનાવવાના કામમાં આવે છે. તેની અંદરની છાલ દવાના અને આમડા કમાવવાના કામમાં આવે છે.

૩. [સં. ધવલ] ન. દૂધ.

૪. વિ. સફેદ; ધોળું.

ધોલ્ય જિ. (કચ્છી) ખાળવું. તિરસ્કારમાં બોલાય છે.

ધોં સ્ત્રી. ઉપરાછપી કે ઠોકે ઠોકે થતો અવાજ; ઠોકો.

ધોંકણી ૧. [હિ.] સ્ત્રી. ધમણ.

૨. સ્ત્રી. ફૂંકણી.

ધોંકની [હિ.] સ્ત્રી. ભઠ્ઠી; ધમણ.

ધોંકણું [સં. ધ્મા] ન. કિ. ધમણ ફોકણી; ધમવું.

ધોંકા [હિ.] સ્ત્રી. લૂ; ગરમ વાયુ.

ધોંકિયા ૧. [હિ.] પું. ભઠ્ઠી ફૂંકનાર માણસ.

૨ પું. ધમણ વગેરે વડે રોટીઓમાં હવા નાંખવા વાસણોની મરામત કરનાર માણસ.

ધોંકો સ્ત્રી. ધમણ.

ધોંજ ૧. [હિ.] સ્ત્રી. ચિંતાતુરપણું; બહુળતા; ઉદ્વિગ્નતા.

૨. સ્ત્રી. દોડાદોડી; દોડધામ.

ધૌંસા [હિં.] કું. અધિકારી; ઘાણીએ ખોડેલા બળદની આંખોનું ઢાંકણ.

ધૌંતાલ ૧. [હિં.] વિ. ગમે તેમ ન સમજનાર.
૨. વિ. ચપળ.
૩ વિ. જેને કોઈ વાતની પૂરી લાગી ભપ આવું પૂરી.
૪. વિ. દુષ્ટ.
૫. વિ. નિપુણ; હોશિયાર.
૬. વિ. મજબૂત.
૭. વિ. સાહસિક.

ધૌમ્યકુમાર ૧ [સં.] પ્ર. મહાભારતના વનપર્વમાં આવતું એક ઉપાખ્યાન.
૨. વિ ધૌમ્યકુમારનું; ધૌમ્યકુમાર સંબંધી.

ધૌરીધોર [હિં.] સ્ત્રી. ઉતાવળ; શીઘ્રતા.

ધૌર [સં. ધવલ] સ્ત્રી. એક જાતની સફેદ ઝીરવી.

ધૌંસ ૧. [હિં.] સ્ત્રી. ધમકી.
૨. સ્ત્રી. ધાક.
૩. સ્ત્રી. નકી કરેલા સમય ઉપર માલમુલ્લારી ન દેવાને કારણે જમીનદારથી કંઈ રવાજે વસૂલ લેવામાં આવતી રકમ.
૪. [સં. ખંડ] સ્ત્રી. યુક્તિ; ભળ; દાવપેચ.
ધૌંસ દેવી = (૧) ઊતરવું. (૨) ધમકી આપવી.

ધૌંસપટ્ટી સ્ત્રી. યુક્તિ; દાવપેચ.

ધૌંસા ૧. [હિં.]] કું. મોટું પડઘમ.
૨. કું. સામર્થ્ય, શક્તિ.

ધૌંસિયા ૧. [હિં.] કું. ઠગ; ધુતારો માણસ.
૨. કું. નસાડે ભગાવનાર માણસ.
૩. કું. માલમુલ્લારી વસૂલ કરવાનો અર્થે જોનાર માણસ.

ધ્મા ૧. [સં.] ક્રિ. (ધાતુ) ધમવું; ફૂંકવું. તે ઉપરથી અનેક શબ્દ: ધમવું; ધમણ.
૨. સ. ક્રિ. મોઢેથી વગાડવું.

ધ્માકાર ૧. [સં.] કું. ધ્મા એવો શબ્દ કરવો તે.
૨. કું. સુથાર.

ધ્માત ૧. [સં.] વિ. નિર્બળ કરેલું; અગ્નિ વગેરે વડે તપાવીને ગોળેલું.
૨. વિ. ફૂંકેલું; ધમેલું.
૩. વિ. મુખથી ફૂંકી બજાવેલું.

ધ્માન [સં.] વિ. અભિમાની; મગરૂર.

ધ્માંક્ષ ૧. [સં.] કું. કાગડો.
૨. કું. લિંગુક; બિમારી.
૩. કું. સુથાર.

ધ્માંક્ષજંઘા [સં.] સ્ત્રી. એક નામની એક વનસ્પતિ.

ધ્માંક્ષજંઘ્યુ [સં.] સ્ત્રી. એક જાતની લંબુડી.

ધ્માંક્ષતુંડી [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ધ્માંક્ષદંતી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધ્માંક્ષનખી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધ્માંક્ષનારિની [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધ્માંક્ષનાસા [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધ્માંક્ષનાસિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ધ્માંક્ષપુષ્ટ [સં.] કું કોયલ પક્ષી

ધ્માંક્ષપુષ્ટી [સં.] સ્ત્રી. મેંયલની ભાડા.

ધ્માંક્ષમાચી [સં.] સ્ત્રી. કાકમાચી નામની વનસ્પતિ.

ધ્માંક્ષયષ્ટકી [સં.] સ્ત્રી. કાકનાસા નામની વનસ્પતિ.

ધ્માંક્ષવટની [સં.] સ્ત્રી. કાકનુંડી નામની વનસ્પતિ.

ધ્માંક્ષિકા [સં.] સ્ત્રી. કાબોરી કંદ. તે ખાવાથી ખાસ મટવાનું મનાય છે.

ધ્માંક્ષી ૧. [સં.] સ્ત્રી. કાકોલી નામનું કંદ.
૨. સ્ત્રી. કાગડી.

ધ્માંક્ષોલી સુખ્યો ધ્માંક્ષિકા.

ધ્યાત ૧. [સં.] ન. એ નામનું એક ઉપનિષદ.
૨. [સં. ધ્યૈ (વિચારવું)] ન. ધ્યાન; વિચાર; ચિંતન.
૩. વિ. વિચારેલું; ધ્યાનમાં લીધેલું; ચિંતન કરેલું.

ધ્યાતવ્ય [સં. ધ્યૈ (ચિંતન કરવું) + તવ્ય (જોઈ)] વિ. ધ્યાન કરવા જોગું.

ધ્યાતા ૧. [સં. ધ્યૈ (ધ્યાન કરવું)] કું. જ્ઞાન.
૨. [સં. ધ્યાતૃ] વિ. ધ્યાન ધરનાર; ધ્યાનાર; ચિંતન કરનાર.

ધ્યાતિ કું. અર્જુનવૃક્ષની જાતનો એક ઝેર; ભિલાવાં જેવી.

ધ્યાધૂપ ન. ધ્યાનધૂપ.

ધ્યાન ૧. ન. (જૈન) આઠ કર્મનું એ નામનું સાતમું અંગ: જે વસ્તુની ધારણા કરવામાં આવે તે જ વસ્તુમાં પ્રબળ ચિત્ત જ વૃત્તિઓની એકતારતા. વિષયમાં અનંત તન્મયને ધ્યાન કહે છે. જે સ્થાનનો જોવાથી નાશ થાય તેને ધ્યાન કહે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સવિકલ્પ સમાધિ એ યોગનાં આઠ અંગ કહેવાય છે. ધ્યાન તે ધારણા અને સમાધિ વચ્ચેની અવસ્થા છે. જ્યારે યોગી પ્રત્યાહાર એટલે મનોવૃત્તિના એકત્રીકરણ વડે પોતાના ચિત્તની વૃત્તિઓ ઉપર અધિકાર મેળવી લે છે, ત્યારે તેને ચારે કોરથી ખેંચી લઈ નાભિ વગેરે સ્થાનોમાંથી કોઈ એક સ્થાને લગાડે છે. અને ધારણા કહે છે ધારણીય વસ્તુની સાથે ચિત્ત પ્રત્યયની એકતાનતા જેવી સ્થિતિએ ધારણા પહોંચે ત્યારે તેને ધ્યાન કહે છે. ધ્યાન જ્યારે પોતાની અવસ્થાએ પહોંચે ત્યારે તેને સમાધિ કહે છે તેમાં ધ્યેય સિવાય કાંઈ રહેવા પામતું નથી, એટલે કે ધ્યાતા ધ્યેયમાં એટલો તન્મય થઈ જાય છે કે તેથી તે પોતાની સત્તા ભૂલી જાય છે ધ્યાન ત્રણ પ્રકારનાં છે: સ્થૂલ ધ્યાન, જ્યોતિ ધ્યાન અને સૂક્ષ્મ ધ્યાન. યોગના મતે આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક અને તુરીય એવા ધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે. વળી સગુણ ને નિર્ગુણ એવા ભેદથી બે પ્રકારનું ધ્યાન પણ કહેવાય છે. નામ રૂપ છોડી સત્‌માત્રનું ચિંતન તે ઉત્તમ ધ્યાન, ઘોર અને મૂઢ વૃત્તિમાંથી દુઃખ તજી સત્ ચિત્‌નું ચિંતન તે મધ્યમ ધ્યાન, શાંત વૃત્તિમાં સત્ ચિત્ આનંદનું ચિંતન તે ઉત્તમ ધ્યાન અને વૃત્તિ રહિત ઔદાસીન્યમાં ચિંતન તે ઉત્તમોત્તમ ધ્યાન છે. બૌદ્ધ અને જૈનોમાં પણ ધ્યાન એક આવશ્યક અંગ છે. જૈન શાસ્ત્રોમાં ઉત્તમ સંહનન યુક્ત ચિત્તનો અવરોધ એટલે એક વિષયમાં અંતઃકરણની વૃત્તિનું સ્થાપન તેનું નામ ધ્યાન છે. જૈનોમાં પદસ્થ ધ્યાન, પિંડસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યાન એવા ધ્યાનના ચાર પ્રકાર છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એવા પણ ચાર પ્રકાર છે. આમાંથી ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન એ બે મોક્ષનાં કારણ છે.
૨. [સં. ધ્યૈ (ધ્યાન કરવું)] ન. (જૈન) આભ્યંતર તપના છ ભેદોનો એક પ્રકાર: આત્મપ્રદેશોની નિષ્પ્રકંપતા: જ્ઞાનધ્યાને અનેક વિષયગામિની જતી અટકાવી એક વિષયગામિની બનાવવી તે; ચિત્તના વિક્ષેપોનો ત્યાગ કરવો તે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે.
૩. ન. ઊંડો વિચાર; વિચારણામાં મગ્ન હોવું તે; ચિંતન; મનન; કલ્પના.
૪. ન. એક જ બાબત ઉપર બધી વૃત્તિઓનું વલણ; એકાગ્રતા; એકચિત્તતા; મનને ખેંચી લઈ એક વસ્તુ કે બાબત ઉપર સ્થિર રાખવું તે.
ધ્યાન આપવું-દેવું-લગાડવું = (૧) કાન દેવો; સાંભળવું. (૨) ચિત્ત એકાગ્ર કરવું. (૩) વિચાર કરવો.

૨. ધ્યાન ખેંચવું = લક્ષ ખેંચવું.
૩. ધ્યાન પહોંચવું = સમજ પડવી.
૪. ધ્યાનમાં આવવું-બેસવું-લાગવું = (૧) ખાતરી પડવી; વિશ્વાસપાત્ર લાગવું. (૨) ગમવું; રોગ્ય લાગવું; પસંદ પડવું. (૩) મનને ગોવું. (૪) સમજવું; બરાબર લાગવું.

૫. સ્ત્ર. ખંત; કાળજી.

૬. સ્ત્ર. ચિંતા; ફિકર.

૭. સ્ત્ર. પસંદ પડવું તે; પસંદગી.

૮. સ્ત્ર. ભક્તિમાર્ગના નવ અંગોનો એક પ્રકાર; પરમાત્મચિંતન; ભજન; નિદિધ્યાસન; આત્મોપાસના; ઈશ્વર સંબંધી વિચાર કરવો તે. શ્રવણ, કીર્તન, ધ્યાન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને આત્મનિવેદન એ ભક્તિના નવ પ્રકાર કહ્યા છે.
ધ્યાન ધરવું = એકચિત્તે ઈશ્વરનું નામ લેવું; ભજનમાં મગ્ન રહેવું.

૯. સ્ત્ર. ધ્યાન; ખબર; ગમ; નજર; દૃષ્ટિ.
ધ્યાન જવું = દૃષ્ટિ પડવી.

૧૦. સ્ત્ર. મન; ચિત્ત; લક્ષ.
ધ્યાનમાં લેવું = (૧) કાળજી રાખવી. (૨) ચિંતા કરવી (૩) લક્ષ ઉપર લેવું, મનમાં લેવું.

૧૧. સ્ત્ર. ગાલોગાલ્ફ.સને લાઠ મારી મુખી રોકો પુરાવ કરવો તે

૧૨. [હિં.] સ્ત્ર. સમજશક્તિ; બુદ્ધિ

૧૩. સ્ત્ર. સમાધિ, ધ્યેય પદાર્થમાં એકાગ્ર થવું તે.

૧૪. સ્ત્ર. (જૈન) સંવર; કાયિક સ્થૂલ વ્યાપારને રોકવાનો પ્રયત્ન.

૧૫. સ્ત્ર. સ્મૃતિ, સ્મરણ.
૧. ધ્યાન ઉપર ચડવું = ચિત્તમાંથી ન ઊતરવું, ન જવું.
૨. ધ્યાન દઈને = લક્ષપૂર્વક.
૩. ધ્યાન બહાર જવું = ભુલાઈ જવું; યાદ ન રહેવું.
૪. ધ્યાન રાખવું = (૧) ખ્યાલ રાખવો, નજર રાખવી. (૨) સંભાળ રાખવી; સાચવવું.
૫. ધ્યાનમાં આવવું-રહેવું = યાદ આવવું.

ધ્યાનગમ્ય ૧. [સં.] પું. પુરુષોત્તમનાં ભજન માટેનું એક નામ.
૨. વિ. ધ્યાનથી જાણી શકાય એવું.

ધ્યાનમગ્ન [સં.] વિ. ધ્યાનમાં રોકાયેલું; એકચિત્ત

ધ્યાનચલિત [સં.] વિ. ધ્યાનથી ચલાયમાન થયેલું.

ધ્યાનચિહ્ન [સં.] સ્ત્ર. લઘુમિડું.

ધ્યાનચ્યુત [સં.] વિ. ધ્યાનચલિત.

ધ્યાનજ [સં.] વિ. ધ્યાનમાંથી ઉત્પન્ન થયેલું.

૩. સ્ત્રી. અમમાખીનું ઢોળું.

નકિસ [અ.] પું. અંધિવા.

નકી ૧. [સં.] સ્ત્રી. મગરની માદા; મગરી.
૨. સ્ત્રી. માછલી.

નકેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઉપર આવેલું એક નામ.

નકલ ૧. સ્ત્રી. અભિનય.
૨. સ્ત્રી. પ્રતિકાસ.
૩. સ્ત્રી. કળીથી કાપવું તે.
૧. નકલે પરવાના = સાળો.
૨. નકલે મકાન કરવું = (૧) દેહનો ત્યાગ કરવો. (૨) મરી જવું.
૪. સ્ત્રી. મજા બતાવવી તે.
૫. સ્ત્રી. વર્ણન.
૬. (નકલ) [અ.] સ્ત્રી. વાર્તા; કથા.
૭. સ્ત્રી. સ્થાન બદલવું તે.
૮. સ્ત્રી. હાસ્યરસની વાત.
૯. જુઓ નકલ.

નકલનવીસ જુઓ નકલનવીસ.

નકલનવીસી જુઓ નકલનવીસી.

નકલપરવાના જુઓ નકલપરવાના.

નકલસાંકલું ન. સુતારનું એક જાતનું ઓજાર. તે ગોળ છિદ્ર પાડવાના ઉપયોગમાં આવે છે.

નકલિયાત (નકલિયાત) ૧. [અ.] સ્ત્રી કથા,સંગ્રહ.
૨. સ્ત્રી. વેષ બજાવવો તે

નકશી (નકશી) [અ.] સ્ત્રિ. કૃત્રિમ બનાવટી.

નકશા ૧. પું. એક પ્રકારનો સુથાર.
૨. પું. કન્યાદીથી બનાવું એક જાતનું યાન.
૩. પું. કોતરકામ.
૪. (નકશ) [અ. નકશ (તેણે ચીતર્યું)] પું. ચિત્ર; નકશો; તસવીર.
તેઓ માટીની બહાર કોતેલાં કાચી સુધરણ કારતનો નકશો નીકાળવા બધા હતા.
કાબરાજી
૧. નકશો ઘર્યો જવું = મનમાં છાપ પડવી.
૨. નકશો કલ ઉપર = પત્થર ઉપરની છાપ; કુંમાશ નહિ એવી નિશાની.
૩. નકશો ચિતાર = ચર્ચિત થયેલું; સ્તબ્ધ.
૫. પું. બનાવટી ચોરસ.
૬. પું. તારીજ કોષ્ટકના રૂપમાં બનાવેલું જંત્ર તે અનેક પ્રકારના રોગો દૂર કરવા માટેના, જોજપત્ર વગેરે ઉપર લખી કાંડા કે ગળામાં પહેરાવવામાં આવે છે.
૭. પું. ભારતકામ.
૮. પું. મહોરું; છાપ.
નકશા બેસાડવો = છાપ મારવી.
૯. વિ. ચીતરેલું.

નકશાબંદિયા પું. ધાર્મિક ફકીરોનો એક મુસલમાની પંથ.

નકશા જુઓ નકશો.

નકશાનવીસ જુઓ નકશાનવીસ.

નકશાનવીસી (નિકશાનવીસી) [અ. નકશા + ફા. નવીસી] સ્ત્રી. નકશા બનાવવાનું કામ.

નકશી (નકશી) ૧. [અ. નકશ (તેણે ચીતર્યું)] સ્ત્રી. કોતરકામ; ચિત્રકામ.
૨. સ્ત્રી. ચિત્રકલા.
૩. વિ વેલ ભુટ્ટાવાળું.

નકશીકળા સ્ત્રી. ચિત્ર; મૂર્તિવિધાન.

નકશીન વિ. ચીતરેલું.

નકશોનિગાર [અ. નકશ વ નિગાર] પું. નકશી; વેલ ભુટ્ટી વગેરે કોતરવાનું કામ.

નક્ષ્ ૧. [સં.] અ. ક્રિ. જવું.
૨. અ ક્રિ. નજીક આવવું; પાસે આવવું.

નક્ષ ૧. [સં.] ન. આકાશમાં ગ્રહોતો ઓળો; તારો.
૨. પું. ચિહ્ન.
સનાતન ધર્મના જીવનરહસ્યરૂપ ઓમનો અખંડ નક્ષ ઇસ્લામના સ્તંભરૂપ અલીનું લક્ષ કરાવે.
વેદિક ઇસ્લામ

નક્ષત્ર ૧. [સં.] ન. અથર્વવેદના પાંચ મંત્રોનો એક કલ્પ.
૨. ન. (જૈન) જ્યોતિષ્ક નિકાયના પાંચ માંહેનો એ નામનો એક ભેદ.
સૂર્ય, ચંદ્ર, તથા ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણ તારા એ જ્યોતિષ્ક નિકાય છે.
તત્ત્વાર્થસૂત્ર
૩. [સં. ન (નહિ) + ક્ષત્ર (નાશ પામે તેવું)] ન. (અગોળ) તારકપુંજ; તારાનું ઝૂમખું. ચંદ્રમાના રસ્તામાં આવતા તારાના જુદા જુદા સમૂહ બનાવી તેનો જે આકાર થાય તે પ્રમાણે તેને નામ આપવામાં આવે છે અને તે સમૂહ નક્ષત્ર કહેવાય છે. બધા આકાશમાં ફરી વળવાને ચંદ્રને સવાસત્તાવીસ દિવસ લાગે છે. તે ઉપરથી સત્તાવીસ કે અભિજીત નક્ષત્રો માન્યાં છે. નક્ષત્રોની કલ્પના હિંદ સિવાય બીજા કોઈ દેશમાં નથી. વળી પૂર્ણિમાને દિવસે જે નક્ષત્રમાં ચંદ્ર હોય તે નક્ષત્ર ઉપરથી બારે મહિનાનાં નામ પણ પાડવામાં આવ્યાં છે. જ્યોતિષ્કના સત્તાવીસ વિભાગ કરીને તેમાંના પ્રત્યેક વિભાગને નક્ષત્ર કહે છે. આપણે જોયા મુજબ ચંદ્રને આપણને અર્ધું આકાશ દેખાય છે. તેથી સુમારે તેર નક્ષત્રો ક્ષિતિજવૃત્તે જ દેખવામાં આવે છે. સઘળે બાર તેર નક્ષત્રો ક્ષેત્રમાં આવ્યાં તો બીજાં બાર તેર નક્ષત્રો પરોક્ષે દેખાવાનાં. સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્ર અને તેના આગલાં પાછલાં બેએક જે નક્ષત્ર સૂર્યના પ્રચંડ તેજમાં ઢંકાઈ જવાથી બિલકુલ દેખાતાં નથી. સઘળાએ તથા પરોક્ષમાં એક રાત્રિ જેટલા ગાળામાં સુમારે પચીસ નક્ષત્રનાં દર્શન થાય છે. અશ્વિનીથી ગણતાં બાર નક્ષત્રોના તારા વિષુવવૃત્તની ઉત્તરે છે તેવી જ રીતે સ્વાતિ, અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, અને રેવતી નક્ષત્રના કેટલાક તારા ઉત્તરમાં છે. બાકીના સર્વે તારા દક્ષિણમાં છે. આ નક્ષત્રોના બધા તારા સરખા અંતર ઉપર નથી હોતા. તેને લીધે ચંદ્રાદિકની ગતિની

ગણતરી કરવાને બદલે ક્રાંતિવૃત્તના સત્તાવીસ ભાગ કરીને તેમાંના દરેક વિભાગને નક્ષત્ર કહે છે. પ્રત્યેક નક્ષત્રમાં ૧૩ અંશ ૨૦ કલા હોય છે. એટલું અંતર ચાલવાને ચંદ્રને જે કાળ લાગે છે તેને નક્ષત્ર કહે છે. મધ્યમ માન પ્રમાણે એક નક્ષત્ર ૬૦ ઘડી ૪૩ પળ હોય છે. કોઈ કોઈ નક્ષત્રો આ માનથી ઓછાં વધતાં હોય છે, તેને લીધે વૃદ્ધિ ક્ષય થાય છે. પંચાંગમા રોજનાં નક્ષત્ર આપેલાં હોય છે, તે ચંદ્રનાં હોય છે. એનો અર્થ એમ સમજવાનો કે, ચંદ્ર તે દિવસે તે નક્ષત્ર પાસે હોય છે, તેથી એને ચંદ્રનક્ષત્ર કહે છે. તેને દિનનક્ષત્ર પણ કહેવાય છે. જેવા રીતે ચંદ્ર નક્ષત્રમાં ભમે છે તે પ્રમાણે સૂર્ય પણ નક્ષત્રોમાં ભમે છે. સૂર્યને એક નક્ષત્રનું ક્રમણ કરતાં ૧૩ અથવા ૧૪ દિવસ લાગે છે. આર્દા પુનર્વસુ જે ત્રોમાસાનાં નક્ષત્રો છે તેમને સૂર્યનક્ષત્રો એવું નામ પણ અપાય છે. સૂર્યનક્ષત્રો જેવા ત્રોમાસામાં તેવાં બીજા ઋતુઓમાં પણ હોય છે. સૂર્યને સર્વ નક્ષત્રોમા ફરતાં એક વર્ષ લાગે છે. વરસાદનો આધાર સૂર્ય ઉપર હોય છે, તેટલા માટે સૂર્ય જે નક્ષત્રમાં હોવાથી વરસાદ પડે છે તે નક્ષત્રને વરસાદનું નક્ષત્ર પણ કહે છે. રોહિણી, ઉત્તરા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, એ ચાર નક્ષત્ર સ્થિર કહેવાય છે. એ નક્ષત્રોમાં ઘર બાંધવું, ગામ વસાવવું, રાજ્યાભિષેક, બ્રાહ્મણગોષ્ઠિ, દેવાલય તથા બીજો વખત ટકનારાં કામ કરાય છે. મઘા, પુષ્ય, અશ્વિની, મૃગશિર, અનુરાધા, સ્વાતિ, રેવતી, હસ્ત અને પુનર્વસુ એ નવ નક્ષત્રો દેવગણનાં છે. ભરણી, રોહિણી, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને આર્દ્રા એ નવ નક્ષત્રો મનુષ્યગણનાં તથા મૂળ, વિશાખા, કૃત્તિકા, મઘા, ચિત્રા, ધનિષ્ઠા, શતભિષા, જ્યેષ્ઠા અને અશ્લેષા એ નવ નક્ષત્રો રાક્ષસગણનાં મનાય છે. નક્ષત્રના બે ભાગ પાડવામાં આવેલ છે: (૧) સજ્ઞ અને (૨) અપસજ્ઞ. સજ્ઞ નક્ષત્રોના ત્રણ ભાગ છે: (૧) અશ્વિની, પુનર્વસુ, હસ્ત, મૂળ, પૂર્વાભાદ્રપદા; (૨) ભરણી, પુષ્ય, ચિત્રા, પૂર્વાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને (૩) કૃત્તિકા, અશ્લેષા, સ્વાતિ, ઉત્તરાષાઢા, રેવતી. અપસજ્ઞ નક્ષત્રોના ત્રણ વિભાગ છે: (૧) રોહિણી, મઘા, વિશાખા, મઘા; (૨) મૃગશીર્ષ, પૂર્વા, અનુરાધા, ધનિષ્ઠા અને (૩) આર્દ્રા, ઉત્તરા, જ્યેષ્ઠા, શતભિષા. નક્ષત્રનાં ગોત્ર અઠ્ઠાવીસ મનાય છે: મુદ્ગલાયન, સંખ્યાયન, અગ્રભાવ, કશ્યપીયાયન, ભાર્ગવ, પુષ્પાયન, અત્રાયન, જામદગ્નેય, અગ્નીવેશ્ય, ગૌતમ, ભારદ્વાજ, લોહિત્ય, વસિષ્ઠ, અવમમયન, માંડવ્યાયન, પિંગલાયન, કોપહવાયન, કાશ્યપ, કૌશિક, દર્ભાયન, ચામરજાય, સંકૃત્યાયન, લોહ્યાનન, તીર્ગોદ્યાપન, પ્રસ્કાવન, અવધ્યાયન અને આદ્યાપત્ય. પ્રાચીન કાળમાં નક્ષત્રો દેવોનાં ઘર મનાતાં અને જેઓ યજ્ઞ કરતા તેઓ સ્વર્ગ જાય છે એમ માનવામાં આવતું, માટે તે નક્ષત્ર કહેવાયાં. નક્ષત્ર એટલે સ્થિર તારા. પૃથ્વી પોતાની ધરી ઉપર એક દિવસમા એક આટો ફરે છે, તેથી આકાશનો દરેક પદાર્થ ઊગતો, આથમતો અને એક દિવસમાં પૃથ્વીની આસપાસ એક આટો ફરતો દેખાય છે. આવા ફરવા ઉપરાંત આકાશના કેટલાક પદાર્થો સ્થિર તારાઓની વચ્ચે ભમે છે અમતા માલૂમ પડે છે. સૂર્ય ભટ્ટ બીજો તો ફરતો નથી, પણ પૃથ્વી સૂર્યની આસપાસ એક વરસમાં એક આટો ફરે છે, તેથી સૂર્ય તારાઓમાં ભમે છે એક વરસમાં એક આટો ફરતો દેખાય છે. આથી સૂર્યને નક્ષત્ર મનાવામા આવતો નથી. ચંદ્ર, મંગળ વગેરે ગ્રહો ભમે છે જ, તેથી ચંદ્ર વગેરેને પણ નક્ષત્ર કહેવામાં આવતા નથી. સ્થિર તારો એક હોય, તોપણ તેને નક્ષત્ર કહી શકાય. પણ બારીકીથી વખત સ્થિર તારાઓના સમુદાયને નક્ષત્ર કહેવામા આવે છે. નક્ષત્ર શબ્દનો આ વિદ્યાણ અર્થ થયો, પણ બારીકીથી વાર આ શબ્દ તેના વધારે સાદા અર્થમાં વપરાય છે. આ સાદા અર્થમાં અશ્વિનીથી રેવતી સુધીના ૨૭ તારાસમૂહોને નક્ષત્ર કહેવામાં આવે છે. આ નક્ષત્રો શું છે, તેઓ ૨૭ જ શા માટે છે, તેઓની ગણતરી ક્યાં, કયારે અને કેવી રીતે થઈ વગેરે જાણવું બહુ મનોરંજક છે, એટલું જ નહિ પણ તેનો ક્રાંતિહાસ સમજવાથી હિંદુસ્તાનનો ઓછાં છ સાત હજાર વર્ષનો ક્રાંતિહાસ જોકસે છે. લોકમાન્ય તિલક મહારાજનાં મૃગશીર્ષ વગેરે પુરાવો આનાં દષ્ટાંતો છે. વળી બીજી બે પૌરાણિક હકીકતો ઐતિહાસિક બનાવો કે કલ્પિત વાર્તાઓ નથી, પણ આકાશના પદાર્થોની અમુક સ્થિતિનાં વર્ણનો છે, એમ પણ સમજાય છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ૨૭½ દિવસમાં એક આટો ફરે છે, તેથી એક દિવસમાં તે આકાશનો સરેરાશ ૨૭મો ભાગ તારાઓમાં ભમે છે એમ લાગે છે. આકાશનો ૨૭મો ભાગ સમજવી વખતે એટલું યાદ રાખવું કે, કોઈ પણ વખતે આકાશનો જેટલો ભાગ દેખાય છે તે અર્ધું આકાશ છે. આકાશનો જેવો અર્ધભોગ પુષ્કળ કોઈ પણ વખતે દેખાય છે, તેવો બીજો અર્ધભોગ આપણા ક્ષિતિજની નીચે છે એવી કલ્પના કરવાથી જે આખો ગોળ બને છે તેને આખું આકાશ કહેવામાં આવે છે. આ આખા આકાશ ઉપર એક કલ્પિત વર્તુળ દોરવામા આવ્યું છે, તેને ક્રાંતિવૃત્ત કહે છે. આ વર્તુળની સમજણમા સૂર્ય, ચંદ્ર અને મંગળ વગેરે બધા ગ્રહો ફરતા દેખાય છે. ચંદ્ર આ વર્તુળ ૨૭ દિવસમા પૂરું કરે છે, તેથી તે દરરોજ આ વર્તુળનો ૨૭ મો ભાગ કરે છે ચંદ્ર દરરોજ આ વર્તુળનો જેટલો ભાગ કરે છે તેને એક નક્ષત્ર કહે છે. તેથી ચંદ્ર ૨૭ દિવસમા બધાં નક્ષત્રો ફરી રહે છે કેટલીક વખત નક્ષત્રો ૨૭ ને બદલે ૨૮ સખ્યામા આવે છે. ચંદ્રનો આખું ક્રાંતિવૃત્ત ફરવામા બરાબર ૨૭ નહિ પણ ૨૭½ દિવસ લાગે છે, તેથી બધા મહિને ૧ દિવસનો ફેર પડે, તેથી જૂના વખતમા કેટલીક વખત ૨૭ ને બદલે ૨૮ નક્ષત્રો ગણવામા આવતા હતાં. વધારાનું એક નક્ષત્ર અભિજિત ગણવામું કહ્યું. પણ હાલમા તો નક્ષત્રો ૨૭ જ ગણવામા આવે છે. તે નીચે પ્રમાણે છે: (૧) અશ્વિની, (૨) ભરણી, (૩) કૃત્તિકા, (૪) રોહિણી, (૫) મૃગશીર્ષ, (૬) આર્દ્રા, (૭) પુનર્વસુ, (૮) પુષ્ય, (૯) અશ્લેષા, (૧૦) મઘા, (૧૧) પૂર્વાફાલ્ગુની, (૧૨) ઉત્તરાફાલ્ગુની, (૧૩) હસ્ત, (૧૪) ચિત્રા, (૧૫) સ્વાતિ, (૧૬) વિશાખા, (૧૭) અનુરાધા, (૧૮) જ્યેષ્ઠા, (૧૯) મૂળ, (૨૦) પૂર્વાષાઢા, (૨૧) ઉત્તરાષાઢા, (૨૨) શ્રવણ, (૨૩) ધનિષ્ઠા, (૨૪) શતતારા, (૨૫) પૂર્વાભાદ્રપદા, (૨૬) ઉત્તરાભાદ્રપદા અને (૨૭) રેવતી. આટલું યાદ રાખવાની જરૂર છે કે, ઉપલા નક્ષત્રોનાં નામો બે અર્થમાં વપરાય છે: એક તો ઉપર કહ્યા પ્રમાણે ક્રાંતિવૃત્તનો ૨૭ ભાગ, જે અર્થ માત્ર ગણિત માટે છે. આ અર્થમા બધા નક્ષત્રો સરખી સંખ્યાનાં છે. આને વિભાગાત્મક નક્ષત્રો કહે છે. બીજો અર્થ આકાશમા દેખાતા આ નામના તારાપુંજ. આને તારાત્મક નક્ષત્રો કહે છે. આ તારાત્મક નક્ષત્રો સરખા બનાવેલાં પણ નથી અને સરખે અંતરે આવેલાં પણ નથી. ચિત્રા, સ્વાતિ જેવા કેટલાક નક્ષત્રોમાં એકેક જ તારો છે, ત્યારે રેવતી જેવા કેટલાક નક્ષત્રોમાં બહુ તારા છે. જે વિભાગનો પાસે જે તારાપુંજ આવ્યો છે, તે તારાપુંજ ઉપરથી તે વિભાગનું નામ પાડવામાં આવ્યું છે. પૃથ્વી પોતાની ધરી ઉપર ૨૪ કલાકમાં એક આટો ફરે છે, તેથી આ ૨૭ નક્ષત્રો ૨૪ કલાકમાં પાંચકરતી એક પછી એક ઊગે છે, મધ્યોત્તરવૃત્ત ઉપર આવે છે અને આથમે છે. મધ્યોત્તરવૃત્ત એટલે ક્ષિતિજ ઉપરનું ઉત્તર દિશાનું બિંદુ, ધ્રુવનો તારો, ખસ્વસ્તિક એટલે આપણા માથા ઉપરનું બિંદુ

અને ક્ષિતિજ ઉપરનું દક્ષિણ દિશાનું બિંદુ, આ ચાર બિંદુઓથી પસાર થતું અર્ધવર્તુળ. આ ઉપરથી જાણવા છે કે, ઊગવા, પામ્યોત્તર થવા કે આથમવા માટે એક નક્ષત્રને કેટલા એક કલાક લાગે છે. આપણા મહિનાઓના નામ જેવી રીતે પાડવામાં આવ્યાં છે કે જે મહિનાની પૂનમે કૃત્તિકામાં ચંદ્ર હોય તે કાર્તિક, મૃગશીર્ષમાં હોય તે માગશર, પુષ્યમાં હોય તે પોષ, મઘામાં હોય તે માહ, ઉત્તરાફાલ્ગુનીમાં હોય તે ફાલ્ગુન, ચિત્રામાં હોય તે ચૈત્ર, વિશાખામાં હોય તે વૈશાખ, જ્યેષ્ઠામાં હોય તે જ્યેષ્ઠ, પૂર્વાષાઢામાં હોય તે અષાઢ, શ્રવણમાં હોય તે શ્રાવણ, પૂર્વાભાદ્રપદામાં હોય તે ભાદરવા અને અશ્વિનીમાં હોય તે આસો. તે નક્ષત્રો તે તે મહિનામાં સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયામાં અસ્ત થાય છે. દરેક નક્ષત્રમાં નીચે મુજબ તારાની સંખ્યા વગેરે છે.

નક્ષત્ર	તારા સંખ્યા	આકૃતિ અને ઓળખાણ
અશ્વિની	૩	ઘોડો
ભરણી	૩	ત્રિકોણ
કૃત્તિકા	૬	અગ્નિશિખા કે અગ્નિ
રોહિણી	૫	ગાડું
મૃગશીર્ષ	૩	હરણનું મસ્તક
આર્દ્રા	૧	ઉત્તમરત્ન
પુનર્વસુ	૫	ધનુષ અથવા ૧ ધનુષ અથવા ઘર
પુષ્ય	૧ અથવા ૩	આખિકબ પણું
અશ્લેષા	૫	કૂતરાની પૂંછડી અથવા કુંભારનો ચાકડો
મઘા	૫	હળ
પૂર્વાફાલ્ગુની	૨	ખાટલાનો આકાર
ઉત્તરાફાલ્ગુની	૨	ઝૂલાકાર
હસ્ત	૫	હાથનો પંજો
ચિત્રા	૧	મોતી જેવો ઉત્તમરત્ન
સ્વાતિ	૧	કુંકુમ વર્ણ
વિશાખા	૫ અથવા ૬	તોરણ અથવા માલા
અનુરાધા	૭	સૂપ અથવા જલધારા
જ્યેષ્ઠા	૩	સર્પનું કુંડાળું
મૂળ	૯ અથવા ૧૧	વીંછી અથવા સિંહની પૂંછડી
પૂર્વાષાઢા	૪	સૂપ અથવા હાથીદાંત
ઉત્તરાષાઢા	૪	સૂપ
શ્રવણ	૩	બાણ અથવા ત્રિશૂળ
ધનિષ્ઠા	૫	ઢોલ
શતભિષા	૧૦૦	મંડલાકાર
પૂર્વાભાદ્રપદા	૨	બારકત અથવા ખંટાકાર
ઉત્તરાભાદ્રપદા	૨	બે મસ્તક
રેવતી	૩૨	માછલી અથવા મૃદંગ

આ ૨૭ નક્ષત્રો ઉપરાંત અભિજિત નામનું એક વધારે નક્ષત્ર આકાશ મનાતું પણ એ નક્ષત્ર પૂર્વાષાઢાની અંદર આવી જાય છે, તેથી ૨૭ નક્ષત્ર ગણાય છે.

તૈત્તિરીય બ્રાહ્મણમાં નક્ષત્રોના પ્રજાપતિ નામે એક વિરાટ આકૃતિનું વર્ણન આવે છે. હસ્ત નક્ષત્ર એ તે આકૃતિનો હાથ, ચિત્રા આંખ, સ્વાતિ હૃદય, વિશાખાના બે તારા તે જાંઘ અને અનુરાધા તે એના રહેવાની જગ્યા.×××પુરાણોમાં બીજો પણ તેમ કહે પરંતુ આપને નક્ષત્રનું જ્ઞાન થોડુંક આપ હવે વર્ણવી છે.

જ્યોતિર્વિલાસ

૪. ન. તારો; તારક.

૫. ન. મોતી.

૬. ન. વખતનું એક માપ; ૧૬ અક્ષ ૨૦ કલા માત્રાનાં બંદને ભેટલો વખત લાગે તેટલો વખત.

૭. ન. સત્તાવીસ મોતીનો હાર.

૮. ન. સત્તાવીસની સંખ્યા.

૯. [સં. ન + ક્ષર્ (ક્ષીણ થવું) + ત્ર] ન. સૂર્ય. ઋગ્વેદમાં બહુવચનમાં તેનો અર્થ સૂર્ય અને બહુવચનમાં તારાઓ થાય છે.

નક્ષત્રકક્ષ ૧. [સં.] પું. ચંદ્રની ગતિ વગેરેનું વર્ણન કરતો અથર્વવેદનો એ નામનો ભાગ.

૨. ન. જ્યોતિષનું એ નામનું એક પુસ્તક.

નક્ષત્રકાળ [સં. નક્ષત્ર + કાલ (વખત)] પું. નક્ષત્રથી આવેલો કાળ; નક્ષત્રોની ગતિ ઉપરથી ગણેલો વખત.

નક્ષત્રકાંતિવિસ્તાર [સં.] પું. એક જાતનું ફૂલ; પીળું ચાવનાલનું ફૂલ.

નક્ષત્રગણ [સં. નક્ષત્ર (તારાઓનું ઝૂમખું) + ગણ (સમૂહ)] પું. નક્ષત્રોનો સમૂહ; તારાઓનો સમૂહ; કુલિત જ્યોતિષ પ્રમાણે અમુક અમુક નક્ષત્રોનો અલગ અલગ સમૂહ કે ગણ. બૃહત્ સંહિતામાં કહ્યું છે કે: રોહિણી, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને ઉત્તરફાલ્ગુની આ ચાર નક્ષત્રને ધ્રુવગણ કહે છે. ધ્રુવગણમાં અભિષેક, શાંતિ, વૃક્ષ, નગર, ઘર, બીજ અને ધ્રુવ કાર્યનો આરંભ કરવો ઉચિત છે. મૂલ, આર્દ્રા, જ્યેષ્ઠા અને અશ્લેષાનો સ્વામી તીક્ષ્ણ છે. તેથી તેના સમૂહને તીક્ષ્ણગણ કહે છે. આમાં અગ્નિઘાત, મંત્રસાધન, વેતાલ, બંધ, વધ અને ભેદ સંબંધી કાર્ય સિદ્ધ થાય છે. પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, પૂર્વા ભાદ્રપદ, ભરણી અને મઘા આ પાંચ નક્ષત્ર ઉગ્રગણ કહેવાય છે. પશુને માટે, નષ્ટ કરવાને, પ્રપંચ કરવાને, ભોજન, વિષ, દહન અને શસ્ત્રઘાત આદિની સિદ્ધિને માટે આ ગણનાં નક્ષત્ર બહુ જ ઉપયોગી છે. હસ્ત, અશ્વિની અને પુષ્યના સમૂહને લઘુગણ કહે છે. તેમાં પુષ્ય, રતિ, જ્ઞાન, ધૂપણ, કલા, શિલ્પ આદિની કાર્યસિદ્ધિ થાય છે. અનુરાધા, ચિત્રા, મૃગશીર્ષ અને રેવતીને મૃદુગણ કહે છે અને એ વસ્ત્ર, ભૂષણ, મજા, ગીત અને મિત્ર આદિના સબંધમાં હિતકારી અને ઉપયોગી મનાય છે. વિશાખા અને કૃત્તિકાને મૃદુતીક્ષ્ણગણ કહે છે. એનું ફળ મૃદુ અને તીક્ષ્ણગણોના ફળનું મિશ્રણ હોય છે. મઘા, ધનિષ્ઠા, શતભિષા, પુનર્વસુ અને સ્વાતિ એ પાંચ ચરગણ કહેવાય છે અને તેમાં ચરકર્મ હિતકારી છે.

નક્ષત્રગોડાંત [સં. નક્ષત્ર + ગંડાંત (તિથિ, નક્ષત્ર વગેરેનો એક સમય)] પું. (જ્યોતિષ) નક્ષત્રોની અંતની બે ઘડી. અશ્વિની નક્ષત્રથી નવમું નક્ષત્ર આશ્લેષા આવે, આશ્લેષાથી નવમું જ્યેષ્ઠા અને જ્યેષ્ઠાથી નવમું રેવતી નક્ષત્ર, એ નક્ષત્રોની અંતની બે ઘડી નક્ષત્રગંડાંત કહેવાય છે.

નક્ષત્રગૃહ [સં.] ન. નક્ષત્રમંડળ દર્શાવતું એક જાતનું યંત્ર. વરેપ વગેરેના નામવાળે પોતાના નગરમાં એક નાના ગૃહના ધુમ્મટમા નક્ષોમંડળનાં વિભાદર્શન કરે છે. એવા ગૃહને પ્લાનેટોરિયમ કે નક્ષત્રગૃહ કહે છે. તે સાધારણ રીતે ૬૦ માણસ બેસી શકે એટલું મોટું અને લગભગ ૨૫ ફાર ભ્રાસના ગોળાર્ધ આકારનું હોય છે. એવા મકાનનો ધુમ્મટ બની જાય છે. જમીન ઉપર મધ્યમાં પ્રકાશક્ષેપક યંત્ર રાખેલું હોય છે, તેમાં નક્ષત્રમંડળ દર્શાવનારી સર્વ યોજના હોય છે.

નક્ષત્રચક્ર ૧. [સં.] ન. (તાંત્રિક) દેવતાના ઉપયોગી એક યંત્ર. આ યંત્ર ઉપરથી શિષ્યને કયો મંત્ર આપવો તે ગુરુ નક્કી કરે છે.

૨. ન. રાશિચક્ર; નક્ષત્રમંડળ.

નક્ષત્રચાર [સં. નક્ષત્ર + ચાર (ગમન)] પું. નક્ષત્રની આકાશની ગતિ.

નક્ષત્રચિત્ર [સં] ન. નક્ષત્રોનો નકશો.

નક્ષત્રચિંતામણિ [સં.] ન. માગેલી વસ્તુ આપનાર એક કલ્પિત રત્ન.

નક્ષત્રજાત [સં.] વિ. અમુક નક્ષત્રમાં જન્મેલું.

નક્ષત્રજ્ઞવી સ્ત્રી. એક પ્રકારની સાકર જાતિ.

ક્ષત્રિય માતા આદ્રાણ વડે સવર્ણ નામની પ્રજાને ઉત્પન્ન કરે છે, પરંતુ તે પ્રજા ચોરીથી ઉત્પન્ન કરી હોય તો નક્ષત્રજ્ઞવી નામ આપવામાં આવે છે.

સંસ્કૃતિકોશ

નક્ષત્રજ્ઞાન [સં.] ન. નક્ષત્રનું જ્ઞાન.

નક્ષત્રદર્શ ૧. [સં. નક્ષત્ર (તારાનો સમૂહ) + દર્શ (જોવું)] પું. જોશી; જ્યોતિષી.

નક્ષત્રમાલા

૨. પું. નક્ષત્ર જોનાર માણસ.

નક્ષત્રદાન [સં. નક્ષત્ર (તારાનો સમૂહ) + દાન (દેવું તે)] ન. અમુક નક્ષત્રમાં અમુક પદાર્થનું કરાતું દાન. રોહિણી નક્ષત્રમાં ઘી, દૂધ અને રત્ન, મૃગશિર નક્ષત્રમાં વાઘા સહિત ગાય, આર્દ્રામાં ખીચડી, હસ્તમાં હાથી અને રત્ન, અનુરાધામાં ઉત્તરીય સહિત વસ્ત્ર, પૂર્વાષાઢામાં વાસણ, દહીં અને સાથવો, રેવતીમાં ઢાંસું, ઉત્તરાભાદ્રપદામાં માંસ વગેરે અપાય છે. આ પ્રકારનાં દાનથી બહુ અધિક પુણ્ય થાય અને સ્વર્ગ મળે એમ મનાય છે.

નક્ષત્રદિવસ [સં] ક. એક નક્ષત્રના ઉદયના સમયથી ફરી બીજી વખત તે જ નક્ષત્રના ઉદય સુધીનો સમય.

નક્ષત્રદેવતા [સં.] પું. નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. પુષ્યના વર્ષ ૫ અને વર્ષનાં અયન ૨ તેથી પુષ્યનાં અયન ૧૦ થાય. ૧૦ અયનોને ગુણતા ૧૦ નક્ષત્રદેવતા છે.

નક્ષત્રનાથ ૧. [સં] પું. કપૂર.

૨. [સં. નક્ષત્ર (તારાનો સમૂહ) + નાથ (ધણી)] પું. ચંદ્ર; ચંદ્રમા. પુરાણમાં કહ્યાના પ્રમાણે દક્ષની અશ્વિની વગેરે સત્તાવીસ પુત્રીના એટલે નક્ષત્રોના વિવાહ ચંદ્ર સાથે કરવામાં આવ્યા હતા, તેથી ચંદ્ર નક્ષત્રનાથ કહેવાય છે.

> વિનતા વદન વિધિએ કીધું, સાર સરોનું લીધું;
> નક્ષત્રનાથને લાજન આપે, કહેવું લાગે કીધું.
> પ્રેમાનંદ

નક્ષત્રનેમિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. ધ્રુવ તારો.

૪ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + નેમિ (ધરી)] પું. વિષ્ણુનાં કાંડાં ઉપરનું એક નામ જ્યોતિશ્ચક્ર સહિત નક્ષત્રમંડળને ફેરવનાર ધ્રુવ, તારામય શિશુમાર આકૃતિ જાણવા જ્ઞાનમાં રહેલ છે. એ શિશુમારના મધ્યજ્ઞાનમાં જ્યોતિશ્ચક્રની નેમિ સમાન એના પ્રવર્તકરૂપ ભગવાન વિષ્ણુ વર્તમાન છે. તેથી ભગવાન નક્ષત્રનેમિ કહેવાય છે.

૫. સ્ત્રી. (જ્યોતિષ) સત્તરમું તારાવાળું રેવતી નક્ષત્ર.

નક્ષત્રપ ૧. [સં] પું. કપૂર.

૨. [સં. નક્ષત્ર (તારાપુંજ) + પ (પાળનાર)] પું. ચંદ્ર; ચાંદો.

નક્ષત્રપટ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + પટ (પડદો)] પું. નક્ષત્રોનો નકશો

નક્ષત્રપતિ ૧. [સં.] પું. કપૂર.

૨. [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + પતિ (ધણી)] પું. ચંદ્ર; નક્ષત્રરાજ; નક્ષત્રનાથ; ઉડુ. તે નક્ષત્રોનો સ્વામી મનાય છે.

> ઉત્પતિ રમર ઝર ધરી,
> રામા રમિ રાજ્યો;
> નેહ સહિત નક્ષત્રપતિ,
> ઉત્ગ્રહ ગણી છાજ્યો. કાન્હરાજ

નક્ષત્રપથ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + પથ (માર્ગ)] પું. નક્ષત્રોને ફરવાનો માર્ગ.

> ધીર, પ્રાજ્ઞ, બહુશ્રુત, પુરંધર, શીલવાનો,
> મતવાળો, આર્ય, તેવા સુમેધ સત્પુરુષને ચદ્રમા
> જેમ નક્ષત્રપથ સેવે છે તેમ સેવવો
> ધર્મપદ

નક્ષત્રપદયોગ [સં.] પું. (જ્યોતિષ) વૃદ્ધ યાત્રાના અંગરૂપ યોગ. સૂર્ય જન્મરાશિથી ભદ્રા રહ્યાનમાં અથવા મેષ રાશિમાં હોય અને ચંદ્ર કૃત્તિકા રાશિમાં હોય ત્યારે આ યોગ થાય છે. એ વખતે જો રાજા યુદ્ધ માટે યાત્રા કરે તો પોતાના શત્રુને હરાવી શકે એમ મનાય છે

નક્ષત્રપદ્ધતિ [સં.] સ્ત્રી. નક્ષત્રના વર્ષોકરણની રીત

નક્ષત્રપરિક્રમણ [સં. નક્ષત્ર (તારાપુંજ) + પરિ (ચોતરફ) + ક્રમણ (ભમવું તે)] ન. સઘ એક નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારથી આકાશનો એક આંટો મારી ફરીને તે જ નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યાંસુધીનો વખત.

નક્ષત્રપાઠક [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + પાઠક (અભ્યાસ કરનાર)] પું. જોષી.

નક્ષત્રપુરુષ [સં.] પું. જુદાં જુદાં નક્ષત્રોને જુદાં જુદાં અંગો આપી કલ્પેલ પુરુષ. તે નક્ષત્રવલયનું અંગ મનાય છે. બૃહત્સંહિતામાં કહ્યું છે કે મૂળ નક્ષત્રને નક્ષત્રપુરુષના પગ, રોહિણી અને અશ્વિનીને જાંઘ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાને ઊરુ, ઉત્તરા ફાલ્ગુની અને પૂર્વા ફાલ્ગુનીને ગુહ્ય, મૂત્તિકાને કમર, ઉત્તરા ભાદ્રપદ અને પૂર્વા ભાદ્રપદને પડખાં, રેવતીને કુખ, અનુરાધાને છાતી, ધનિષ્ઠાને પીઠ, વિશાખાને ભુજ, હસ્તને હાથ, પુનર્વસુને અંગુલિ, અશ્લેષાને નખ, જ્યેષ્ઠાને ગરદન, શ્રવણને કાન, પુષ્યને મુખ, સ્વાતિને દાંત, શતભિષાને હાસ્ય, મઘાને નાક, મૃગશિરને આંખ, ચિત્રાને લલાટ, ભરણીને માથું અને આદ્રને વાળ માની નક્ષત્રપુરુષની કલ્પના કરવામાં આવી છે. યમનપુરાણમાં કહ્યાના પ્રમાણે તેનું વ્રત સુંદરતા મેળવવા માટે ચૈત્ર વદિ અષ્ટમીના રોજ ચંદ્રમા મૂળ નક્ષત્રમાં હોય ત્યારે કરવામાં આવે છે. વ્રતને દિવસે વિષ્ણુ અને નક્ષત્રોની પૂજા કરી આખો દિવસ ઉપવાસ કરાય છે. નક્ષત્રપુરુષના પગવાળા નક્ષત્રથી શરૂ કરી દરેક મહિને એક અંગના નક્ષત્રના નામથી પણ વ્રત કરવાનું વિધાન છે.

નક્ષત્રપુંજ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + પુંજ (ઢગલો)] ન. નક્ષત્રોનો સમૂહ

નક્ષત્રબાહુલ્ય [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + બાહુલ્ય (વધારેપણું)] પું. અંગ્રેજ તારો: 'બ્રિટિશ સ્ટાર.' આવો તારો નરી આંખે એક જ દેખાય, પણ દૂરદર્શક યંત્રથી પણ તારા દેખાય છે. પણ તારાઓ બહુ જ એકબીજા નજીક હોય છે, તેથી પણે દૂરથી એક નક્ષત્ર જોવા લાગે છે.

નક્ષત્રભૂષિતા [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + ભૂષિત (સુશોભિત) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી જુદાં જુદાં નક્ષત્રોથી શોભી રહેલી રાત્રિ.

નક્ષત્રભોગ [સં.] પું. રાત્રિમાનમાં રહેલાં નક્ષત્રોનો એક એક દિવસનો ઉપભોગ.

નક્ષત્રભ્રમણ [સં. નક્ષત્ર (તારાઓનો પુંજ) + ભ્રમણ (ફરવું તે)] ન. નક્ષત્રપરિભ્રમણ; સઘ એક નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારથી આકાશનો એક આંટો મારી ફરીને તે જ નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યાંસુધીનો વખત.

નક્ષત્રમંજરિ જુઓ નક્ષત્રમંજરી.

નક્ષત્રમંજરી [સં નક્ષત્ર + મંજરી (માંજર)] સ્ત્રી. (જ્યોતિષ) નક્ષત્રરૂપી માંજર.

> કઈ નક્ષત્રમંજરીએ વસે છે,
> તારા સહુકામ નાનાભાઈ

નક્ષત્રમંડલ [સં.] ન. નક્ષત્રોનો સમૂહ.

નક્ષત્રમંડળ જુઓ નક્ષત્રમાલ.

નક્ષત્રમાડુ (નક્ષત્રમાડું) પું. આમતેમ ફરતો માણસ.

નક્ષત્રમાન [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + માન (માપ)] ન. (જ્યોતિષ) નક્ષત્ર ઉપરથી બનતું દિનાદિ માન.

નક્ષત્રમાર્ગ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + માર્ગ (રસ્તો)] પું. નક્ષત્રોને ફરવાનો માર્ગ.

નક્ષત્રમાલા ૧. [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + માલા (હાર)] સ્ત્રી. નક્ષત્રોની પંક્તિ; નક્ષત્રોનો સમૂહ; સત્તાવીસ નક્ષત્રોની માળા.

૨. સ્ત્રી. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

૩. સ્ત્રી. સત્તાવીસ મોતીનો હાર.

૪ સ્ત્રી. હાથીના ગળાનો એક અલંકાર.

૫. સ્ત્રી. હાથીની પંક્તિ.

નક્ષત્રમાલાઉદ્વાહ સ્ત્રી. ગળામાં પહેરવાનું એક ઘરેણું.

નક્ષત્રમાલિની [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; ભાઈ.

નક્ષત્રમાલી [સં. નક્ષત્રમાલિન્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નક્ષત્રમાસ [સ.] પું. સત્તાવીસ દિવસનો મહિનો.

નક્ષત્રમાળા જુઓ નક્ષત્રમાલા.

નક્ષત્રયંત્ર ૧. ન. આકાશી પદાર્થોના ઉન્નતાંશ માપવાનું યંત્ર. આ યંત્ર સૂર્ય અથવા તારાઓનો ઉન્નતાંશ માપવા માટે વપરાય છે. ખલાસીઓને તે બહુ ઉપયોગી થઈ પડે છે.

૨. [સં.] ન. તારા અને નક્ષત્રોનાં સ્થળો જોવાનું એક જાતનું યંત્ર.

નક્ષત્રયાજક [સં.] પું. ગ્રહ, નક્ષત્ર વગેરેના દોષની શાંતિ કરાવનાર બ્રાહ્મણ. મહાભારત અનુસાર આવો બ્રાહ્મણ નિકૃષ્ટ અને અંત્યજ જેવો મનાય છે.

નક્ષત્રયુગ્મ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + યુગ્મ (જોડું)] ન. નરી આંખે એક જ દેખાતું બે તારાઓનું જોડું. બે તારા એટલા બધા પાસે હોય કે નરી આંખે જોવાથી બંને એક જ લાગે, પણ દૂરદર્શનયંત્રની મદદથી તેઓ બે જુદા હોય તેમ માલૂમ પડે છે.

નક્ષત્રયોગ ૧. [સં. નક્ષત્ર (તારાપુંજ) + યોગ (જોડાણ)] પું. ચંદ્રની સાથમાં નક્ષત્ર આવીને તેનો સંબંધ; ચંદ્રનો અને નક્ષત્રનો સંયોગ; ચંદ્રની સાથે નક્ષત્રનો સંબંધ.

૨. પું. નક્ષત્રો સાથે ગ્રહોનો યોગ.

૩. પું. નક્ષત્રોમાં કૂર ગ્રહ વગેરેનો યોગ. રવિવારે હસ્ત, પુષ્ય, રોહિણી, મૃગશિર, અશ્વિની કે હસ્ત વગેરે; તથા મંગળવારે રેવતી, પુષ્ય, અશ્લેષા, મૂલ કે સ્વાતિ વગેરે નક્ષત્રો હોવાથી આ યોગ થાય છે.

નક્ષત્રયોગિની [સં.] સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિની વગેરે નક્ષત્ર.

નક્ષત્રયોનિ ૧. [સં.] સ્ત્રી. વિવાહ માટે બનાવેલું નક્ષત્ર.

૨. સ્ત્રી. વિવાહ વગેરેમાં યોનિકૂટ.

નક્ષત્રરાજ ૧. પું. કપૂર.

૨. [સં. નક્ષત્ર (તારાપુંજ) + રાજન્ (રાજા)] પું. ચંદ્ર. તે નક્ષત્રનો સ્વામી મનાય છે.

૩. પું. ઔષધિસત્ત્વનું એક સ્વરૂપ.

નક્ષત્રરાળા જુઓ નક્ષત્રરાજ.

નક્ષત્રલોક [સં. નક્ષત્ર + લોક (પ્રદેશ)] પું. નક્ષત્રોનો પ્રદેશ; નક્ષત્રાધિષ્ઠિત અમુક લોક; નક્ષત્રો આવેલાં છે તે લોક. તે ચંદ્રલોકથી ઉપર આવેલો મનાય છે. પ્રયોગમાં લખ્યું છે કે, દક્ષકન્યાઓએ મહાદેવને માટે કઠિન તપસ્યા કરી, ત્યારે તેણે પ્રસન્ન થઈ જ્યોતિષમાં ચંદ્રલોકથી ઉપર એક સ્વતંત્ર લોકમાં રહેવાનું વરદાન દીધું હતું.

નક્ષત્રવત્મે [સં. નક્ષત્ર (તારાપુંજ) + વર્ત્મન્ (રસ્તો)] ન. આકાશ.

નક્ષત્રવર્ષ [સં.] ન. સૂર્ય એક તારા આગળ આવી ફરીને તે જ તારા આગળ આવે ત્યાંસુધીનો સમય. આને કેટલાક નિરયન વર્ષ પણ કહે છે.

નક્ષત્રવનમહુમતિ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નક્ષત્રવિદ્યા [સં.] સ્ત્રી. જ્યોતિષવિદ્યા.

નક્ષત્રવિષયક [સં. નક્ષત્ર (તારાપુંજ) + વિષયક (સંબંધી)] વિ. નક્ષત્ર વિષેનું. નક્ષત્ર સંબંધનું.

નક્ષત્રવીથિ ૧. [સં. નક્ષત્ર (તારાપુંજ) + વીથિ (માર્ગ)] સ્ત્રી. (જ્યોતિષ) નક્ષત્રોની ગતિ પ્રમાણે જણાતા નક્ષત્ર વચ્ચેનો કલ્પિત માર્ગ. બૃહત્સંહિતા અનુસાર ત્રણ ત્રણ નક્ષત્રોમાં એક રસ્તો થાય છે. સ્વાતિ, ભરણી અને કૃત્તિકામાં નાગવીથિ, રોહિણી, મૃગશિર અને આર્દ્રામાં ગજવીથિ, પુનર્વસુ, પુષ્ય અને અશ્લેષામાં ઐરાવત, મઘા, પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરા ફાલ્ગુનીમાં વૃષભ, અશ્વિની, રેવતી અને પૂર્વા ઉત્તરા ભાદ્રપદમાં ગોવીથિ, શ્રવણ, ધનિષ્ઠા ને શતભિષામાં અજવીથિ, અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળમાં મૃગવીથિ, હસ્ત, ચિત્રા અને ચિત્રામાં અજવીથિ તથા પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢામાં દહનવીથિ થાય છે. આ પ્રકારે ૨૭ નક્ષત્રોમાં ૯ વીથિ હોવાથી પ્રત્યેક વીથિ ત્રણ ત્રણ ચાર હોય છે. તેથી એમાં ત્રણ ત્રણ વીથિ સૂર્યમાર્ગથી ઉત્તર, મધ્ય અને દક્ષિણે હોય છે. વળી તેમાં પણ દરેક યથાક્રમ ઉત્તર, મધ્ય અને દક્ષિણે હોય છે. જેમકે, ત્રણ નાગવીથિ છે, તેમાંથી પ્રથમ ઉત્તરમાર્ગસ્થા, બીજી મધ્યસ્થા અને ત્રીજી દક્ષિણ માર્ગસ્થા થઈ. આ વીથિઓનો વિચાર કૃષ્ણિત જ્યોતિષમાં થાય છે. જેમકે, શુક્ર જે સમયે ઉત્તર વીથિમાં હોઈ ઉદય કે અસ્ત પામે છે તે સમય સુભિક્ષ અને મંગળ હોય છે, મધ્ય વીથિમાં હોવાથી મધ્ય ફળ અને દક્ષિણ વીથિમાં હોવાથી અંદ ફળ થાય છે.

૨. સ્ત્રી. પ્રાચીન આર્યોએ ગણાવેલ નક્ષત્રોના સમૂહો.

નક્ષત્રવૃષ્ટિ [સં નક્ષત્ર (તારો) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી તારા ખરવા તે; ઉલ્કાપાત

નક્ષત્રવ્યૂહ ૧. [સં] પું. (જ્યોતિષ) કયા પદાર્થ, જાતિ વગેરેનો સ્વામી કયું નક્ષત્ર છે તે જણાવનાર ચક્ર. બૃહત્સંહિતાના ૧૮૨મા અધ્યાયમાં લખ્યું છે કે, ખોટું કૃત્ય, અગ્નિહોત્રી, મંત્ર જાણનાર, સૂત્રની ભાષા જાણનાર, આકર્ષક કામ કરનાર, હજામ, દ્વિજ, કુમાર, પુરોહિત અને વર્ષફળ જાણનાર કૃત્તિકા નક્ષત્રને અધીન છે. સુવર્ણ, પુષ્પ, રાજા, ધની, ચોરી, ગાદીમાં બેસી કરનાર, ગાય, ભાગેડુ, જલચર, ખેડૂત અને પર્વત રોહિણીના અધિકારમાં છે. પક્ષ, કૃષ્ણ, ફળ, રત્ન, વનચર, પક્ષી, મૂત્ર, વૃક્ષમાં સોમપાન કરનાર, અપવિત્ર, ક્રોધી અને પત્રરહિત મૃગશિરના અધિકારમાં છે. વસ્ત્ર, ભય, પરજોહરણ, રાતા અને ભેદ કરાવનાર અને મોહન, મારણ, ઉચ્ચાટન વગેરે કરનાર આર્દ્રાના અધિકારમાં છે. આ પ્રમાણે ભીન્ન ભિન્ન પદાર્થોના સમૂહમાં પણ તેઓ કયા નક્ષત્રના અધિકારમાં છે તે જણાવ્યું છે.

૨. પું. શુક્રાદ્યુદયસમયે નક્ષત્રોનો સમૂહ.

નક્ષત્રવ્રત [સં. નક્ષત્ર (તારાપુંજ) + વ્રત (નિયમ)] ન. નક્ષત્ર નિમિત્તે કરવું અમુક વ્રત, જે નક્ષત્ર નિમિત્તે વ્રત કરવામાં આવ્યું હોય તે નક્ષત્રના સ્વામી દેવતાની તે વ્રતને દિવસે પૂજા કરવામાં આવે છે.

નક્ષત્રશરાવ ૧. ન. ખાજમંડળ.

૨. ન. (જ્યોતિષ) વિષુવવૃત્ત ૧૦ થી ૧૧૫ અને ઉત્તર ક્રાન્તિવૃત્ત ૨૫ થી ૫૫ માં આવેલ એ નામનું એક તારામંડળ.

૩. [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + શકટ (ગાડું)] ન. (જ્યોતિષ) સપ્તર્ષિ

નક્ષત્રશાસ્ત્ર [સં.] ન. નક્ષત્ર સંબંધી વિદ્યા.

> નક્ષત્રશાસ્ત્રના સ્વરૂપમાં તારા પછી આ દેશમાં કુષ્ઠિ ગ્રહ છે તે અન્યત્ર ક્વચિત્ પામ્યું હશે.
>
> સરસ્વતીચંદ્ર

નક્ષત્રશૂલ [સં.] પું. (જ્યોતિષ) પ્રવાસ વગેરેમાં નિષિદ્ધ નક્ષત્ર; અમુક દિશામાં અમુક નક્ષત્ર હોવાથી તે દિશામાં મનવડમાં જવાતો કાળનો વાસ. પૂર્વ દિશામાં ત્રણ કે જ્યેષ્ઠા, દક્ષિણમાં અશ્વિની કે ઉત્તરા ભાદ્રપદ, પશ્ચિમમાં રોહિણી કે પુષ્ય અને ઉત્તરમાં ઉત્તરા ફાલ્ગુની કે હસ્ત નક્ષત્ર હોય તો તે દિશામાં મુસાફરી વગેરે માટે નક્ષત્રશૂલ મનવામાં આવે છે.

નક્ષત્રસત્ર [સં.] ન. નક્ષત્ર નિમિત્તે કરવામાં આવતો યજ્ઞ. આ યજ્ઞ નક્ષત્રમાસ પ્રમાણે થાય છે.

નક્ષત્રસમૂહ [સં.] પું તારામંડળ.
નક્ષત્રસમૂહ આજે પાછો ફરી.
નારસિંહી સ્મૃતિ આવી પ્રમાણ. પ્રેમાનંદ

નક્ષત્રસધિ [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + સંધિ (જોડાણ)] પું. પૂર્વ નક્ષત્રથી ઉત્તર નક્ષત્રમા ચંદ્ર વગેરે ગ્રહોની ગતિરૂપ સક્રાંતિ.

નક્ષત્રસંવત્સર [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + સંવત્સર (વર્ષ)] પું (જ્યોતિષ) નક્ષત્ર પ્રમાણે ગણાતું વર્ષ.
બૃહસ્પતિ નામનો ગ્રહ બાર વર્ષે સર્વ નક્ષત્રોના મંડળને ભોગવી પૂર્ણ કરે તેને નક્ષત્રસંવત્સર કહેવાય. ન્યાતિસીર

નક્ષત્રસાધક [સં] પું. મહાદેવ; શિવ.

નક્ષત્રસાધન [સં.] ન. (જ્યોતિષ) ક્યો ગ્રહ ક્યા નક્ષત્રમાં કેટલો વખત રહે છે તે જાણવાની ગણતરી; નક્ષત્ર જાણવાનું ગણિત.

નક્ષત્રસારણી [સં. નક્ષત્ર + સારણી (માંડી)] સ્ત્રી. નક્ષત્રોની માંડી; નક્ષત્રોની ટીપ.

નક્ષત્રસૂચક [સં.] પું. (જ્યોતિષ) બરાબર જોશી; જ્યોતિષના સિદ્ધાંત નહિ જાણનાર જોશી; પોતે મોટી ગણતરી વગેરે કરી શકતો ન હોય પણ બીજાના મત પ્રમાણે જ્યોતિષ સંબંધી સાધારણ કરતો હોય એવો જોશી.

નક્ષત્રસૂચી જુઓ નક્ષત્રસૂચક.

નક્ષત્રસ્થિતિપત્રક [સં. નક્ષત્ર (તારાઓનો સમૂહ) + સ્થિતિ (જગ્યા) + પત્રક (ટીપ)] ન. નક્ષત્રોની સ્થિતિ બતાવનાર પત્રક.
કાલગીના નક્ષત્રસ્થિતિપત્રકને પણ વખત વર્ષ નવો એવું જોઈને હલકુલ જેવો વેષ લઈને નવીન તારાસ્થિતિપત્રક કર્યું. ન્યાતિવિલાસ

નક્ષત્રા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ડુંગર માંહેનું એક નામ.

નક્ષત્રામૃત ૧. [સં.] ન. અમુક વારે અમુક નક્ષત્રના યોગથી બનતો અમૃતયોગ. જેમકે, રવિવારે હસ્ત, પુષ્ય, રોહિણી કે મૂલ વગેરે નક્ષત્ર હોય, સોમવારે શ્રવણ, ધનિષ્ઠા, રોહિણી, મૃગશિર, અશ્વિની કે હસ્ત વગેરે હોય, મંગળવારે રેવતી, પુષ્ય, અશ્લેષા, કૃત્તિકા કે સ્વાતિ આદિ હોય, આ પ્રમાણે હોય ત્યારે નક્ષત્રામૃત થાય છે. આવા યોગમાં અતીપાત વગેરે દોષોનો નાશ થાય છે.
૨ ન. વારભેદ

નક્ષત્રાંતર [સં. નક્ષત્ર (તારાસમૂહ) + અંતર (છેદ)] ન. કોઈ પણ નક્ષત્રનું અંતર.

નક્ષત્રિદ [સં] પું. એક વૈદિક દેવતા. તેનું રહેઠાણ નક્ષત્રોમાં મનાયું છે.

નક્ષત્રિય ૧. [સં.] પું. કપૂર.
૨. પું ચંદ્ર.
૩. પું. નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
૪. પું. વિષ્ણુ.
૫. વિ. ક્ષત્રિયથી ભિન્ન.

નક્ષત્રી ૧. [સં. નક્ષત્રિન્] પું. કપૂર.
૨. પું. ચંદ્રમા.
૩. પું. વિષ્ણુનાં ડુંગર માંહેનું એક નામ. નક્ષત્રપણાથી રહિત પૂર્ણ પણ વિષ્ણુ છે અને નિરાકાર હોય છતાં સાકારપણે દેખાય છે વળી નક્ષત્રોવાળા પણ વિષ્ણુ જ છે. વળી નક્ષત્ર જેવા ચંદ્રમારૂપ પણ તે જ છે.
૪. વિ. સારા નક્ષત્રમાં જન્મેલ; ભાગ્યવાન.

નક્ષત્રિય ૧. [સં. ન (નહિ) + ક્ષત્રિય] વિ. જો ક્ષત્રિય વંશનો; ક્ષત્રિય રહિત; ક્ષત્રિય ન હોય તેવો
પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરી હતી, તેના દાબમા વડે આનો ભય ટાળ્યો. કીર્તિ

નક્ષત્રીય પ્રજાપતિ પું. અમુક નક્ષત્રોથી બનતી એક વિશાલ આકૃતિ.
તૈત્તિરીય બ્રાહ્મણમાં નક્ષત્રીય પ્રજાપતિ નામે એક વિશાલ આકૃતિનું વર્ણન આવે છે. હસ્ત નક્ષત્ર એ તે આકૃતિનો હાથ, ચિત્રા માથું, સ્વાતિ હૃદય, વિશાખાના બે હાથ તે બંધા અને અનુરાધા તે ઊભા રહેવાની જગ્યા. પ્રજાપતિએ મરવાની બે બાજુ ઉપર હાથ ટેકવ્યો કર્યો છે, એવી કલ્પના કરતાં આ આકૃતિ સરસ રીતે જોઈ શકાય છે. જ્યોતિર્વિલાસ

નક્ષત્રું [સં. ન (નહિ) + ક્ષત્રિય] વિ. ક્ષત્રિય વંશનું.

નક્ષત્રેય ૧. પું. કપૂર.
૨. [સં. નક્ષત્ર (તારાપુંજ) + ઈય (સ્વામી)] પું. ચંદ્ર.

નક્ષત્રેશ્વર ૧. પું. કપૂર.
૨ [સં. નક્ષત્ર (તારાપુંજ) + ઈશ્વર (પ્રભુ)] પું. ચંદ્ર
૩. પું. નક્ષત્રાધિષ્ઠાતક દેવોએ કાશીમાં સ્થાપેલ એક શિવલિંગ.

નક્ષત્રેષ્ટકા જુઓ નક્ષત્રેષ્ટિ.

નક્ષત્રેષ્ટિ [સં.] પું. નક્ષત્ર નિમિત્તે કરવામાં આવતી યજ્ઞ. પ્રાચીન સમયમાં તે કૃત્તિકા નક્ષત્રમાં શરૂ કરવામાં આવતો.

નક્ષત્રોન્મીલન ૧. [સં. નક્ષત્ર + ઉદ્ (ઊર્ધ્વ) + મીલન (મીંચવું તે)] ન. તારાઓનું પલકારાવાળું થવું તે.
૨. ન. બે નક્ષત્રોના જોગ પ્રમાણે ભરતા તફાવત.

નક્ષી સ્ત્રી. નકશી; ચોતરફામ; કારીગરી.

નક્ષ [અ.] પું. ઊંધું વાળવું તે.

નક્ષત્રવાનિકા [અ. નક્સવૉમિકા] ન. ઝેરકોચલું. તે ઔષધોપયોગી છે. તેમાંથી સ્ટ્રિકનિન નામનું ખાસ સત્ત્વ મોક્કસ રસાયણી રીતથી કાઢવામાં આવે છે. તેનો ગુણ ઝેરકોચલાને મળતો પણ વધારે જલદ છે.

નક્સીર [અ.] સ્ત્રી. નાકની રગ.

નખ ૧. [સં.] ન. વિ. જવું; ખસવું.
૨. ન. વિ. ઘરડું.

નખ ૧. [સં.] પું. અંશ; ખંડ; ટુકડો; ભાગ.
૨. [હિં.] પું. એ નામનું એક ગંધદ્રવ્ય; નખલો. તે સીપ આદિની જાતિના એક પ્રકારના જળચરના મોંના ઉપરનું આવરણ કે ઢાંકણ હોય છે. તેનો આકાર નખ પ્રમાણ ચંદ્રાકાર કે કોઈ કોઈ વખત બિલકુલ ગોળ પણ હોય છે. એ નાનો, મોટો, સફેદ, નીલો એમ ઘણા પ્રકાર અને રંગનો હોય છે. તેમાં નાનો અને સફેદ સારો માનવામાં આવે છે. વૈદ્યક ગ્રંથોમાં નાનાને ક્ષુદ્રનખી અને મોટાને શંખનખી, આદ્યનખી, બૃહનખી કહે છે. કોઈ કોઈનો આકાર હાથીના પ્રાણ જેવો પણ હોય છે. તેને બાળવાથી બદબો નીકળે છે, પરંતુ તેલમાં ઊકાળવાથી ખુશબો નીકળે છે. તેનો ઉપયોગ દવામાં થાય છે. વૈદ્યક અનુસાર એ હલકો, ગરમ, સ્વાદિષ્ટ, શુક્રવર્ધક અને વસ્તુ, વિષ, શ્લેષ્મ, વાત, જ્વર, કૃષ્ટ અને મુખની દુર્ગંધ દૂર કરનાર મનાય છે.
૩. (નખ્) [ક્ષ] પું. એક જાતની શેતરંજ.
૪. પું. નખ રૂપી ચામનખ જેવી કટાર.
૫. પું. નુકસ; અટક.
૬. પું. પતંગનો દોર.
૭. પું. પશુ પંખીને હોતો નહોર.
૧. આંગળીથી નખ વેગળા તે વેગળા = દૂર એટલું દૂર; જુદાપણાનો ભેદ તે ભેદ જ; ઘરકું તે બારકું.
૨. નખ ઊતરાવવા = વધતા નખને દૂર કરાવવા.
૩. નખ ઊતારવા-લેવા = નખ કાપી લેવા; કરડી કે કાપીને નખ કાઢી નાખવા
૪. નખ ઉપર દહાડા ગણવા = અત્યંત આતુરતાથી આશા રાખવી; આતુરતાથી વાટ જોવી.

૫. નખ ખૂંપવો = (૧) કઠણ હોવું; અઘરું હોવું; નહિ ગાલવું. આવો અર્થ બતાવવા માટે નહાર સાથે આમ બોલાય છે. જેમકે, નવા દીવાનના કારભારમાં નખ નહિ ખૂંપે. (૨) પેસવું; પ્રવેશ થવો. (૩) પોચી જીભમા ખોસતાં નખ દાખલ થવો.

૬. નખ જેટલું = બહુ નાનું; તુચ્છ.

૭. નખ નખ બોલવું = બહુ ઊંચે સ્વરે અને અવિરતપણે કડપથી બોલવું

૮. નખથી તે શિખા સુધી = આખે શરીરે; પગથી તે માથા સુધી; સર્વાંગ; ફરે ફરે.

૯. નખમાં પેસે રોગ ન હોવો = બરોબર તંદુરસ્ત હોવું; કોઈ પણ રોગ વગરનું હોવું.

૧૦. નખમાં રમી રહેવું = બરાબર માહિતગાર હોવું.

૮. પું. પગ.

૯. પું. રસનો રચ્યો ભાગ પાકતાં થતું મેલનું રવરૂપ.

૧૦. પું. વીશની સંખ્યા બતાવનાર સંજ્ઞા; વારતવિક રીતે તે વીશ હોવાથી વીસસૂચક સાંકેતિક શબ્દ.

૧૧. પું. સિપાઈની હાર.

૧૨. પું. હાથપગની આંગળીઓના ટેરવા ઉપરનું હાડકું; કરવત. તે ભાગ કપ્યા છતા પણ પાછો થાય છે, ને જે કાપતાં દુઃખ પણ થતું નથી.

કરજ પુનર્જન્મ નખર નખ કે રંજણીની જાત; નખથી ક્ષિતિ ખોદની બે નથી નખનું કામ. વિજાણવપ્રકોપ

૧૩. સ્ત્રી. આંકડી.

૧૪. કિ. બોડું.

૧૫. અ. નહિ. બીજની ભાષામાં આ અર્થમાં વપરાય છે.

નખ કરડાપણી (નખ કરડાપણો) સ્ત્રી. ભારી, ભારણાં કે કબાડ બંધ કરવા માટે તેના ઉપર જડવામાં આવતી અને ઊપડે ખિલાય એવી નાની ચાંપ.

નખકર્તની [સં. નખ + કર્તની (કાપવાનું (હથિયાર)] સ્ત્રી. નેરણી; નખ - કાપવાનું ઓજાર સાધન.

નખકૃંત [સં.] પું. નખ ઉતારનાર; હજામ; વાળંદ.

નખકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ. જે માણસ મદ, ઉપવાસ અને બાલ આદિના સમયમા ક્ષૌર કરાવે છે, તે નખકુંડમા પડે છે. અગ્નિપુરી જ્ઞાનગંગા

નખક્ષત ૧. [સં. નખ + ક્ષત (ઘા)] પું. ઉઝરડો; વિખોડિયો; નખથી થયેલો ઉઝરડો; નખથી થયેલ ક્ષત.

૨. ન. કોઈના શરીર ઉપર, ખાસ કરીને સ્તન આદિ ઉપર પુરુષના મર્દન અર્થક પ્રકારથી થતું નખનું ચિહ્ન.

સીતારથી સંકલ્પ સમાગમનાં દંતક્ષત નખક્ષત પ્રકારના છે. શીલ-ગોવિંદ

નખખાદી [સં. નખખાદિન્] ૧. પું. દાંત વડે નખ કરડનાર માણસ. મનુ અનુસાર આવા માણસનો બહુ બ્રાહ્મણી નાશ થાય છે.

૨. કિ. નખથી ખાનાર.

નખગુમ્ફફૂલા [સં.] સ્ત્રી. એક જાતનું પાત્ર.

નખઘાત [સં.] પું. નખનો ઉઝરડો.

સંભોગ પહેલાં ચુંબન, આલિંગન, નખઘાત, દંતઘાત વગેરે કરવાનું જે કહેલું છે, તે સ્ત્રીને આકર્ષવા અને આર્દ્ર બનાવવા માટે જ. અ. કા. શા.ગ્રં

નખચારી [હિં.] પું. પંજાના બળથી ચાલનાર જીવ.

નખચિત્ર ૧. [સં.] ન. નખથી આકૃતિ આલેખવાની કળા.

૨. ન. નખથી કોતરેલું ચિત્ર.

નખચ્છેદક [સં.] ન. નેરણી; નખ કાપવાનું એક સાધન.

નખચ્છેદ્ય [સં.] ન. કોતર કામની એક નામની એક કળા; નખ કાપવાની કળા.

નખછોલ ૧. ન. વાળંદનું નખ કાપવાનું એક સાધન; નેરણી.

૨. કિ. નખ જેટલું છોલેલ.

નખજમણું કિ. બહુ ઓછું ખાનાર; અલ્પભોજી; અલ્પાહારી; અલ્પાશી.

નખજાહ [સં.] પું. નખનો અણગમો ભાગ, નખનું મૂળ.

નખજીવું ૧. કિ. કરજ વિનાનું; અમર્યુ. અમસ્તુ.

૨. કિ. અલુણ વિનાનું.

નખત (નખત) ૧. [અ.] પું. અત્તર.

૨. [સં. નક્ષત્ર] પું. તારો.

૩. પું. મુહૂર્ત.

નખતર [સં. નક્ષત્ર] ન. નક્ષત્ર; તારાઓનું ઝુમખું.

કે જોરશે જે રૂડા જોશ, જોરશે જે રૂડા જોરા, કેવા નખતરમાં જનમિયા. લોકગીત

નખતરપતિ ૧. [સં. નક્ષત્ર + પતિ] પું. નક્ષત્રપતિ; ચંદ્ર.

વાયા જોતાં વાટ. આ નખતરપતિ નમી ગયો. લોકસાહિત્ય

૨. પું. સરજ્યા રવિ; સૂર્ય.

નખતરમાડુ (નખતરમાડુ) ન. બહુમણાળી માણસ

નખતરમાણસ પું. સારા નક્ષત્રમાં જન્મેલ માણસ; નસીબદાર માણસ; ભાગ્યવાન માણસ.

નખતરરાજ [સં. નક્ષત્રરાજ] પું. ચંદ્ર.

નખતરરાય જુઓ નખતરરાજ.

નખતા ૧. પું. એક પ્રકારનું પક્ષી. તે હિમાલય થાય છે. વરસાદની શરૂઆતમાં તે આખો દિવસ ઊડ્યા કરે છે અને જુદી જુદી ઋતુમાં જુદાં જુદા સ્થાનોએ રહે છે. તે કીડી, મકોડા, અને ઇયળ વગેરે ખાય છે તે પાળી શકાય છે.

૨. [જુ.] સ્ત્રી. બુલબુલી.

નખતેલ ૧. ન. અનિજ કોયલાની કુદરતિયા વખતે નીકળતો તેલી પદાર્થ

૨. ન. પંપળિરોગનું તેલ. તે કફનાશક મનાય છે. સંસ્કૃતમાં તેને શ્વેતેક્ષુ કહે છે.

૩. [અ. નફ્ત] ન. વનસ્પતિમાંથી તેમજ જમીનમાંથી મળતું જ્વાળામુખી તેલ; એક જાતનું પારદર્શક તેલ; 'કરસેટાકન.' આ તેલ જરા પીળાશ પડતું અને પાણી જેવું પાતળું હોય છે તથા હવામા ખુલ્લું રહેતા ઊડી જાય છે. અગ્નિ અડતાં તે પોળી જવાળાએ બળે છે.

નખતો પું. બેલ.

નખદારણ ૧. પું. બાજ પક્ષી; રવૈન.

૨. [સં. નખ + દારણ (કાપવું તે)] ન. નખ કાપવાનું હજામનું એક ઓજાર; નેરણી.

નખધારિણી [સ] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.

નખનિકૃંતન ૧. [સં નખ + નિકૃંતન (કાપવું તે)] ન. નખ કાપવાનું એક ઓજાર; નેરણી; નરેણી.

નરેણી માટે નખનિકૃંતન શબ્દ ઉપનિષદમા પણ વપરાયેલ છે. પુરાતત્ત્વ

૨. ન. નખ કાપવાનું કાર્ય.

નખનિષ્પાવ [સં.] પું. એક જાતની વનસ્પતિ; નખાણી.

નખનિસ્તોદન [સં. નખ + નિસ્તોદન (કાઢવું તે)] ન. નખના ઘા કરવા તે.

નખપદ ૧. [સ.] ન. નખનું સ્થાન.

૨. ન. નખનો ઉઝરડો; નખક્ષત.

નખપદા પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક અક્ષરમેળ છંદ; માલતી. તેના દરેક ચરણમાં નગણ, રગણ, ગુરુ અને લઘુ એમ આઠ અક્ષર હોય છે.

નખપદા ન ર ગા લ. અનુષ્ટુપ

નખપર્ણી [સં] જી. એક જાતની ક્ષુપ વનસ્પતિ; એક જાતનું ઘાસ.

નખપુષ્પી [સં.] જી. એ નામનું એક ગવડાવ વૃક્ષ

નખપૂંજપ્રભા [સં.] જી. એક જાતની વનસ્પતિ; સફેદ સેમ.

નખફેલિની જુઓ નખનિષ્પાવ.

નખફોળી જુઓ નખનિષ્પાવ.

નખબરું વિ. જાત વગરનું.

નખભાન [હિ.] પું. નખ.

નખબિંદુ [સં.] પું. મેંદીથી સ્ત્રીઓના નખ ઉપર બનાવવામાં આવતું ટપકું કે ચંદ્રાકાર ચિહ્ન.

નખભર ૧. [સં. નખ + ભૃ (ભરવું)] વિ. ઓછામાં ઓછું; નખ ઉપર સમાય તેટલું

૨. વિ. બહુ જ નાનું.

નખભિન્ન [સં.] વિ. નખથી ચીરેલ; નખથી ઉતરડેલ

નખમેદ [સં. નખ + મેદ (ભૂંડ કરવું તે)] પું. નખનું ઘારી જવું તે.

નખમણિ [સં] પું. રત્ન જેવો નખ; મણિ જેવો ચળકતો નખ.

નખમણિ ચંદ્ર જયા જળઝોલિ. શિવદાસ

નખમંડલ ન. નખનો સમૂહ.

કેવ અને દૈત્યોના મુકુટોનાં કાંતિથી જેનું નખમંડલ પ્રકાશ છે, એવું અત્યંત સુંદર ભગવતીનું ચરણારવિંદ મનમાં સ્મરણ કરતા હોવા. ભગવતી ભાગવત

નખમંઢળી જુઓ નખમંડલ.

નખમાર પું ઉંદરો; વિનાડિયો.

નખમુચ ૧. [સં.] ન. એ નામનું ઝાડ; ચિનોછ; ચારોળીનું ઝાડ.

૨. ન. ધનુષ.

નખમૂલ ન. નખેલો; ખીલી.

નખમૂળ જુઓ નખમૂલ.

નખર ૧. [સં.] પું. નખ; નહોર.

કરજ પુનર્ભવ નખર નખ કે રમણીની ધામ,
નખથી ક્ષિતિ ખોદવી એ નથી નખનું કામ.
વિનયસમુદ્રોપ

૨. પું પ્રાચીન કાળનું એક વહાણ.

૩. [સં. ન (નહિ) + ખર (ખરેડો)] વિ. ખરબચડું; ખરેડો સિવાયનું.

૪. વિ. તીક્ષ્ણ ન હોય તેવું.

નખરજની ૧. [સં. નખ + રંજ્ (રંગવું)] જી. મેંદી.

૨. જી. મેંદીનું ઝાડ.

નખરશૂંગી [સં. નખર (નખ) + શૃંગિન્ (શૃંગવાળું)] વિ. નખના આકારનું; નહોરના આકાર જેવું.

નખરંજની [સં.] જી. નેરણી; નખ કાપવાનું એક ઓજાર.

નખરંજિકા [સં.] જી. મેંદી.

નખરા ૧. [અ.] પું. ચાળો.

૨ પું. બહાનું; ઢોંગ.

૩. [હિ.] જી. જુવાનીના ઉમંગમાં કે પ્રિયને રીઝવવાને કરવામાં આવતી ચેષ્ટા; હાવભાવ.

૪. જી. બનાવટી ધૂનકાર.

નખરાકાર ૧. [સં. નખર (નખ) + આકાર] વિ. નખના આકાર જેવું.

૨. વિ. પગના આકારનું.

નખરાળી જી. નખરા નામનું સુગંધિત દ્રવ્ય.

નખરાતિહરા [હિ.] પું. હાવભાવ; નખરા.

નખરાબાજ ૧. [મ.] વિ. ઠોંગી.

૨. વિ નખરા કરનાર.

નખરાયુધ ૧. [સં. નખર (નખ) + આયુધ (હથિયાર)] પું. કૂકડો.

૨ પું. કુતરો.

૩ પું. બિલ્લો.

૪ પું. વાઘ.

૫ પું. સિંહ.

૬. વિ. નખરૂપી હથિયારવાળું.

નખરાયુધી ૧. [સં.] જી. કૂકડી.

૨. જી કુતરી.

૩ જી બિલાડી માદા.

૪ જી. વાઘણ.

૫. જી. સિંહણ.

૬. વિ જી નખરૂપી હથિયારવાળી

નખરાલુ [સં] પું. કરેણનું ઝાડ.

નખરાળું વિ. મરકટું; નખરાં કરનાર.

નખરાં ૧. ન. વ. ક. અવિવેકી ચર્યાયુક્ત.

૨ ન. વ. ક. રમત કરવી તે રમતરાળાં.

કામ કરવામાં કેટલાક બાળકો કોઈ વાર બાળ વિદ્યાર્થીઓ નખરાં કરતા. ગાંધીજી

૩. [જા. નખરા] ન. વ. ક. હાસ્ય આરંભે તે ભોળ ઉત્પન્ન કરે એવા ચેનચાળા; ચેષ્ટા, આડંબરસહ; આડંબર હાવભાવ; શૃંગારચેષ્ટા.

મદિરા નેત્ર નખરાંનો પી પીને ચાલ ઝૂલ્યો ઝૂંપ.
કલાપી

નખરાંખોર જુઓ નખરાંબાજ.

નખરાંબાજ ૧. વિ. ઠોંગી.

૨ [મ. નખરાબાજ (નખરાં કરનાર)] વિ. નખરેદાર; નખરાં કરવામાં કાબેલ; નખરાબાજ; નખરાળું; નખરાં કરનાર; નખરાં કરવામાં કાબેલ; ચટકાળું

નખરાંબાજ કમલિનીના શબ્દે શબ્દે કટાક્ષ ભર્યો હતો. કાંતાબાઈ

નખરાંબાજી જી. નખરાં કરવાં તે

ઘેડાક વખત થયા મહારાણા સાથે નખરાંબાજી કરવા લાગ્યા હતા. મહાદેવ દેસાઈ

નખરાંબાઝ જુઓ નખરાંબાજ.

નખરી ૧. [સં.] જી. એ નામનું એક ગંધદ્રવ્ય; નખ; નખલો.

૨. જી. નખ. નખ દુશ્મનને મારી નાખવાનું સાધન છે. બિલ્લીના નખ ઉંદરને મારે છે.

નખરીલું [હિ.] વિ. નખરાંબાજ.

નખરું ન. ચટકું; શૃંગારિક ચેષ્ટા.

નખરેખ ૧. [સં. નખ + રેખા (લીટી)] જી. નખથી કરેલ ઉઝરડો.

૨. જી. શરીરમાં કાબેલ નખનું ચિહ્ન; નખરોઢ.

નખરેખા ૧. [સં.] જી. કશ્યપ ઋષિની એ નામની પત્ની.

૨. [સં. નખ + રેખા (લીટી)] જી. નખક્ષત.

નખરેદાર વિ. શૃંગારિક ચેષ્ટા કરનાર.

નખરેબાજ જુઓ નખરાંબાજ.

નખરેબાજી જુઓ નખરાંબાજી.

નખરો ૧. પું ઠપકો.

૨. પું. ઠરકો.

૩. [સં. નિષાદ] પું (સંગીત) સાતમો સૂર.

નખરોઢ [હિ.] જી. નખથી થયેલ શરીર ઉપરનું ચિહ્ન.

નખલા કોર જી નખના જેવા ચંદ્રોની તરેહની પટી; ત્રીજી નક્ષિયા જાતની કિનારી; ત્રીજી નખજાતની કોર

નખલિયું ન. ઓજારનું હાથનું એક પરોણું.

નખલી ૧. જી. એક જાતનું સુતારી ઓજાર.

૨. જી. ઘસ્યા સીવતી વખતે કરડની આંગળીના રક્ષણ માટે રખાતું સાધન; અંગૂઠી.

૩. જી. (સંગીત) સિતાર બજાવવા માટે આંગળીમાં નખ ઉપર રાખવાનું એક જાતનું સાધન.

કરીને કોમળું ઉજું નેત્રની નખલી કરી;
બજાવી તે બજાવી જે, તારે બીન હતી હતી.
કલાપી

૪. જી. સોનાની વાળી જેવું અને હરતી ઘૂમરીવાળું સ્ત્રીઓને હાથમાં પહેરવાનું અર્ધચંદ્રાકાર એક ઘરેણું.

નખલેખ ૧ [સં નખ + લિખ્ (ચીતરવું)] પું. નખનું ચિત્રકામ; નખની જ મદદથી કરેલું ચિત્રકામ.

૨. પું. નખે કોતરેલું લખાણ.

નખલેખક ૧. [સં. નખ + લિખ્ (ચીતરવું)] પું. નખથી ચિત્રકામ કરનાર માણસ; નખની જ મદદથી ચિત્ર પાડનાર ફોટોગ્રાફર; નખે કોતરનાર માણસ

૨. વિ. નખલેખન કરનાર.

નખલેખન ન. નખથી ચિત્ર પાડવું તે.

નખલેખા [સં. નખ + લિખ્ (લખવું)] સ્ત્રી. નખક્ષત; નખના ઘાવની નિશાની

નખલો ૧. પું. ઓક્ષ જાતનું કરિયાણું. તે કફ આપનાર છે માથામાં નાખવાનું તેલ બનાવવામાં તે વપરાય છે.

૨. પું. કપડા સીવતી વખતે દરજીએ આંગળીમા પહેરવાની અણી; નખલી.

૩. પું. કાનનું ઓક્ષ ઘરેણું.

૪. પું. ચહેરો, સૂરત.

૫ પું. નકશીકામ કરવાનું સોનીનું ઓક્ષ ઓજાર.

૬ પું. નખક્ષત; નખનો ઉઝરડો.

૭. પું. નખથી કાનેલું રેશમ.

૮. પું. નખના જેવા ચંદ્રાકાર ઘાટનો ચાંદલો.

૯. પું. પુષ્પ નીચની દાંડી; કુલની પાંખડીનો નીચલો ભાગ.

૧૦. પું. રેશમની વળ દીધેથી પાતળી કોરી.

૧૧. પું. વાદળનો નખ; ખાદ્યનખ.

૧૨. પું. વાકડી કે નખિયા તરેહ ખોદવાનું સુતારનું ઓક્ષ જાતનું ઓજાર.

૧૩. પું. સધાડિયાનું ઓક્ષ જાતનું ઓજાર. તેનાથી લાકડું છોલાય છે.

૧૪. પું. સિતાર વગાડતાં આંગળીમાં પહેરવાનું સાધન; નખલી.

નખવત (નખ્વત) ૧. [સ.] સ્ત્રી. અભિમાન; મગરૂરી.

૨. સ્ત્રી. અપકો, અસ્મતા.

નખવર્દ્ધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું ઓક્ષ નામ.

નખવિદલન ન. નખથી ફોલવાપણું.

અવહનન (ખાડાની) માફક કોઈક નખવિદલન (નખથી ફોલવાં કાઢવા) પણ આમ થાય જ. પૂર્વમીમાંસા પ્રવેશિકા

નખવિલેખ [સં.] ન. નખક્ષત; નખના ઘાવની નિશાની.

નખવિલેખન [સ.] ન. નખલેખન; નખ મારવો તે.

નખવિષ ૧. [સં નખ + વિષ (ઝેર)] પું. નખમાં ઝેર હોવ ઓવું પ્રાણી. જેમકે, મનુષ્ય, બિલાડી, કૂતરો, વાદરો, મગર.

૨. ન. નહોરનું ઝેર.

નખવિષ્કિર ૧. [સં.] પું. શિકારને નખ વડે ફાડી ખાનાર જનવર.

૨. વિ. નખથી ફાડનાર.

નખવૃક્ષ [સં.] ન. નીલનું ઝાડ.

નખશસ્ત્ર [સં.] ન. નખપક્ષ; નખનો ઉઝરડો; નખક્ષત.

નખશની ચોડી (નખશની ચોડો) સ્ત્રી. હાથવણાટની સાળ ઉપર નકશીકામ માટે ઠેરવાળા કે વજન લટકાવેલા ઉપરનીચે થતા દોરા.

નખશરાબ [સ.] સ્ત્રી. પૂર્ણિમા.

નખશસ્ત્રો [સં. નખ + શસ્ત્રિન્ (વંદ)] પું. નખના કપરૂપી વંદ.

નખ નખશસ્ત્રોને મુકવે બાવકે અધિકમ માણા મિલે. મીરાબેહિ

નખશિખ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં કાંઠાર માંહેનું ઓક્ષ નામ.

૨. ન. મેરણી; નખ કાપવાનું ઓક્ષ ઓજાર.

નખશંખ [સં.] પું. નાનો શંખ; શંખલુ.

નખશંખક જુઓ નખશંખ.

નખશિખ ૧. [સં. નખ + શિખ (ચોટલી)] પું. આખું અંગ.

૨. પું. બધાં અંગોનું વર્ણન.

૩. ક્રિ. વિ. વસ્ત્રની બાબતના નખથી તે માથાની શિખા સુધી; આખા શરીરે, રોમરોમ; સર્વાંગ; પગથી માથા સુધી

ઋષિવચન સુણી રાજા, લાગી કરને નખશિખ બ્યાળ. શિવકર

૪. ક્રિ. વિ. પહેલેથી છેલ્લે સુધી; બાબત.

મારો અર્થ નખશિખ બાલનાર પ્રગટ કરવામા આવે તો સંસ્કૃત કવિઓ એટલે એને કાવ્ય કહે છે તેના કર્તાઓ આપને સન્માનપરી લાગે છે. નવકમંથાવલિ

૫. ક્રિ. વિ. સર્વાંગે; તદ્દન; છેક; સમૂલું રીતે. પૂરેપૂરૂં હોય તેમ.

નખશિખાંત [સં. નખ + શિખા (ચોટલી) + અંત (છેડો)] ક્રિ. વિ. નખથી ચોટલી સુધી; પૂરેપૂરી રીતે.

પ્રથમ જોબનમે મને નખશિખાંત નવલાની દીધે. કવાડિયો

નખસૂલ [સં.] ન. નખનો ઓક્ષ રોગ. તેમાં નખની આસપાસ આવતા નખના મૂળમાં પીડા થાય છે.

નખસોળ વિ. અંગૂઠાની ટોચો અરી કસોટી કરેલ. કુષિણ માટે આ વિશેષણ વપરાય છે.

નખસ્તાન ન સતાનાક.

અરે સાડ વર્ષની નવાઈ? તે કેડ.રેસના ટટ્ટાર આપ મું નખસ્તાન ચાડી મેલું? પીનાક

નખહરણો [સ.] સ્ત્રી. ને-ણી

નખહેતિ પું. પક્ષી

નખંપચ [સં.] વિ. નખને તપાવનાર.

નખંપચા [સં.] સ્ત્રી. રાતડી; રાગ.

નખા ૧. પું. સૌર નામની તલવારની મૂઠનો ઓક્ષ ભાગ.

૨. [સં. નખ] પું. ન. ઘ (વધારવું) ઓશીકાની પડખેના કટકા.

નખાગ્ર [સં.] પું. નખનો આગલો ભાગ; નખના અણી.

નખાઘાત ૧. [સં. નખ + આઘાત (મા)] પું. નખનો ઘા; નખના લાલી નિશાની; નખનો પ્રહાર; નખપક્ષ; નખક્ષત.

૨. પું. યુદ્ધમાં નખ વડે મારી નાખવું તે.

નખાતરું વિ. ખાતર વગરનું.

નખાતરા ખેતરના નબળા ઉતા પર વેતની અસર વહેલી થાય. ખેતી સુધારો

નખાનખિ [સં.] ક્રિ. વિ. નખે નખે થયેલું યુદ્ધ.

નખામણ ૧. ન. નખાવવાનું કામ.

૨. ન. માલ કે ચીજ નખાવવા બદલ અપાતું મહેનતાણું.

નખામુખ ૧. [સં.] પું. કુબડો.

૨. પું. કૂતરો.

૩. પું. મિત્રો.

૪. પું. વાઘ.

૫. પું. સિંહ.

૬. [સં. નખ + આયુધ (હથિયાર)] વિ. જેનું હથિયાર નખ હોય ઓવું.

નખામુખી ૧. [સં.] સ્ત્રી. કુબડી.

૨. સ્ત્રી. કૂતરી.

૩. સ્ત્રી. બિલાડી માદા.

૪ સ્ત્રી. વાઘણ.

૫. સ્ત્રી. સિંહણ.

૬. વિ.સ્ત્રી. નખરાંવાળી, નખરાંવાળી.

નખારિ [સં.] પું. સિંહનો ઓક્ષ નામનો ઓક્ષ જનવર.

નખારુ [સં.] સ્ત્રી. શરીરની નસ.

નખાલસ [સ. ખાલિસ (ચોખ્ખું)] વિ. નિખાલસ; નિખપટી; ખુલ્લા મનનું; ભોળું.

નખાલિ ૧. [સં.] પું. નાનો શંખ; નાનું છીપલું.
૨. સ્ત્રી. નખની પંક્તિ.

નખાલિયું ન. નાગરવેલના વેલા ઉપરથી પાન ચૂંટવા માટે વપરાતું એક ઓજાર.

નખિ [સં.] પું. એક જાતનું ઝાડ; નીલ વૃક્ષ.

નખાવલિ [સં. નખ + આવલિ (હાર)] સ્ત્રી. નખોની હાર, પંક્તિ.
પતિવ્રતાનુ કુમકુંમ મુખ,
નખાવલિ રાતુંનતી જ કેમ;
રાજા વીરોનાં મન કપણનું,
છે લક્ષ એ પાંચ જ અંતરાયે. સુભાષિત

નખાવલી જુઓ નખાવલિ.

નખાવવું ૧ જુ. ક્રિ. નખાવ તેમ કરવું.
૨. સ ક્રિ નોકરીમાં રખાવવું; નોકરી અપાવવી.

નખાવું ૧. જુ. ક્રિ. અસલત થઈ જવું; નબળું થવું; લેવાઈ જવું.
નખાઈ જવું = અશક્ત થઈ જવું; નબળું થવું. તેનું નખાઈ ગયેલું શરીર ઝાઝા માંડ્યું ન્હાતું. —આત્મકથા
૨. જુ. ક્રિ. નાખવાની ક્રિયા થવી.
૩. જુ ક્રિ. કેહેવાતું; નંખાવું.

નખારી ૧. [સં. નખાસિન્] પું. ઘુવડ.
૨. વિ. નખ વડે ખાનાર.

નખાસ ૧. [અ. નખ્ખાસ] પું. ગુલામનું બજાર.
૨. પું. બોડા અને ઢોરના વેચાણ ઉપરનો કર.
૩. પું. પશુ અને ખાસ કરીને બોડા વેચવાનું બજાર.
૪. પું ઢોરબોર્ડ બજાર.
નખાસની બોડી = વેશ્યા.

નખાઙ્ગ [સં.] પું નખલો નામનું ગંધદ્રવ્ય.

નખાંક ૧. [સં. નખ + અંક (ચિહ્ન)] પું. નખના ધાતુ ચિહ્ન. નખક્ષતઃ નખથી થયેલ ઉઝરડાની નિશાની
૨. પું વાયનો નખ.
૩. પું ભાંગરખી નામની વનસ્પતિ.

નખાંગ ૧. [સં.] પું. નખ નામનું ગંધદ્રવ્ય.
૨. પું નલી નામનું ગંધદ્રવ્ય.

નખાંતર [સં. નખ + અંતર (છેદું)] ન. બે નખ વચ્ચેનો ખાલો.
તે નખાંતરમાં ભરાયો કુલ્લર જંતુની પેર સમાયો. પ્રેમાનંદ

નખિ [સં.] વિ. સરકી જનાર; ખસી જનાર.

નખિની ૧. [સં. નખ + ઇન્ (વાળું) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કુકડી.
૨. સ્ત્રી. કુતરી.
૩. સ્ત્રી. ચિત્તાની માદા.
૪. સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઉપરનું એક નામ.
૫. સ્ત્રી. વાઘણ.
૬. સ્ત્રી. સિંહણ.

નખિયાં ૧. ન જ ઘ. નખ વડે રેસા તાણી કાઢીને વીણેલી રૂની પૂણી કરવાની પદ્ધતિ.
૨. ન જ ઘ. નખના આકાર.
૩. ન. જ ઘ. નખથી પડેલા ઘા; નખથી થયેલ ચામડી ઉપરના ઉઝરડા.
નખિયાં ભરવાં = નખ મારવા; બચકાં ભરવા.

નખિયું ૧. ન. નખ કાપવાનું સાધન; નખ કાપવાનું એક ઓજાર.
૨. ન. નખ વડે કોરેલું ચિત્રકામ; નખલેખ.
૩. ન. નખનું કામ.
૪. ન. નખનો ઉઝરડો.
૫ ન. નખથી રેસા તાણી કાઢીને વીણેલી રૂની પૂણી; નસ ઉતારેલી ક્રિયા.
૬. ન. નિસાડીના નખ જેવું પોલાદનું એક ઓજાર. તેને ત્રણ અણી કરેલી હોય છે, તથા તેને ધાર પણ હોય છે.
૭ વિ. નખના આકારનું.

નખી ૧. [સં. નખ + ઇન્ (વાળું)] પું. કુકડો.
૨. પું. કુતરો.
૩. પું. કોઈ પણ પકડીને ફાડી કે ચીરીને ખાનાર જનાવર.
૪ પું. ચિત્તો.
૫. પું. નખિયું ઓજાર; તીક્ષ્ણ ધારવાળું હથિયાર.
૬ પું. વાઘ.
૭. પું. વાદ્યિંત્ર વગાડવા માટે આંગળીએ પહેરાતી ઓટાની વીંટી.
પછાડ આવ્યા તેવરની નખી બજારીને બીજાને વગાડવી. પુરાતત્વ
૮. પું. શિવધર્મી સાધુઓનો એક પંથ. તેઓ પોતાના નખને કાપી ન નાખતાં વધવા દે છે.
૯ પું. સિંહ.
૧૦. સ્ત્રી. એક જાતનું અત્તર.
૧૧. સ્ત્રી. નખના આકારની વસ્તુ.
૧૨. સ્ત્રી. નખલો નામનું ગંધદ્રવ્ય.
૧૩. ન. એ નામનું આણુ ઉપરનું એક તળાવ.
તેના પારનું નખી તળાવ તેની અતમાં સૌ કોઈથી ચઢે તેવું અને સુંદર છે. ગુ. સા. પરિષદ
૧૪. ન. ફેર
૧૫ ન. ધોયેલું રેશમ.
૧૬. ન. વાસ રીંછ વગેરેનો નાનાં બાળકોને ગળે પહેરાવવાનો સોને મઢેલો નખ
૧૭. વિ. મોટા અણીદાર નખવાળું.

નખીનખલી સ્ત્રી. વાદ્યિંત્ર વગાડવા માટે આંગળીમાં પહેરવાની નખલી.

નખીલા ૧. [સિં] વિ. અણીવાળું.
૨. વિ મોહ પમાડે એવું
૩. વિ. કંઈ આકારનું

નખુદ પું. ખલા.

નખુદોફૈદી (નખૂદીફૈદી) સ્ત્રી. એ નામની એક રમત. આ રમતમાં બે છોકરીઓ એક બીજીની સામે ઊભી રહીને હાથની આંગળીઓ પકડી પાછળ કોક રાખીને જોળ ફરે છે.

નખે અ. રખે.

નક્ષેતર ૧. [સં. નક્ષત્ર] ન. તારામંડળ; તારાનો સમૂહ; નક્ષત્ર.
બપાદિ પાંચ નક્ષેતરે, પશ્ચિમ કુબને જોય;
બાકી ચારે પહેલરી, પાછી પૂજ્યા ન હોય. બાકી
૨. વિ. અશુભ; હીણું.
૩. વિ. ક્રૂર; દયા વગરનું.
૪. વિ. નખેદ.

નક્ષેદ ૧. [સં. નિષિદ્ધ] વિ. અશુભ; હીણું.
૨. વિ. ક્રૂર; દયા વગરનું.
૩. વિ. ખરાબ; નાદાર.
૪. વિ. બેદ વિનાનું; પક્ષપાત વિનાનું.
૫. વિ. પાકું; ચુસ્ત.
૬. વિ. ખૂંચું કરનાર; બગાડનાર.
નખેદનું પાનિયું = ખૂંચું બાબુલ.
૭. વિ. હેરાન કરે એવું.

નખેનખ ન. તદ્દન પૂરેપૂરી રીતે.

નખોઈ સ્ત્રી. નદેર; 'કનેલ.'

નખોતર પું. એક જાતનું ઝાડ.

નખોદ ૧. ન. અકલ્યાણ; અશુભ; અશ્રેય.
૨. ન. દુર્ગતિ; અધોગતિ; અસદ્ગતિ.
૩. ન. દુર્ભાગ્ય.
૪. ન. નુકસાન.
૫. ન. મૂળ; જડ.
૬. [સં. નિ (નીચ) + ક્ષદ (મારવું)] ન. વંશનો ઉચ્છેદ; વંશપરંપરાનો નાશ; વંશમાં કોઈ ન હોવું તે; નિર્વંશ.
નખોદ જવું—વીગળવું—વળી જવું = વંશમાં કોઈ ન રહેવું; નિર્વંશ જવું; વંશ ખલાસ

મળે નહિ એવું થઈ જવું; વસ્તેલો નાશ થવો.

૭ મ સત્યનાશ; સમૂળગો નાશ; સર્વનાશ; સર્વસ્વ જવું તે; વિનાશ; મૂળથી ખોદાઈ જવું તે; ઘાટ; પૂર્ણ નાશ; જડામૂળ.

૧. નખોદ કાઢવું = તદ્દન નાશ કરવું; ૫.૫મ.૬ કરવું.

૨. નખોદ વાળવું-વાળવું = પાયમાલ કરવું; મૂર્ખ કરવું; બગાડી નાખવું

૩. નવરો બેઠો નખોદ વાળે = નિરુદ્યમી માણસ પાયમાલી આણે; કામધંધા વગરનો માણસ ખૂટે કરે.

૮. વિ ખરાબ, ખૂટ.

નખોદણ ૧. સ્ત્રી. નખોદ કાઢે એવી સ્ત્રી, નખોદ્યા સ્ત્રી

૨. વિ સ્ત્રી. નખોદ કાઢે એવી; જડામૂળ કાઢે એવી.

૩. વિ સ્ત્રી. ખૂટ કરનારી.

નખોદણી જુઓ નખોદણ.

નખોદણું ૧. વિ. નખોદ કાઢનારું; જડામૂળ કાઢે એવું.

૨. વિ. ખૂટ કરનાર.

નખોદપાટી ૧. સ્ત્રી. વંશનો ઉચ્છેદ.

નખોદપાટી વળવી = ઘર ઉજાડ થવું.

૨. સ્ત્રી. સત્યનાશ; વિનાશ.

નખોદિયું ૧. ન. નિર્વંશ થયેલાનું ધન; જેનું નખોદ બગેલું હોય તેની માલમિલકત.

૨. વિ. જેનો વંશવેલો રહેલો ન હોય એવું; વાનિયું; જેનો આગળ અંકુર ન રહેલો હોય એવું.

નખોદિયો માલ = જેને વારસામાં પુત્ર કે પુત્રો કોઈ ન હોય એવા માણસનો માલ.

૩. વિ. નખોદ કાઢી નાખનાર; જડમૂળથી ખરાબ કરનાર; નખોદ વાળનાર.

૪. વિ. નઠારું; દુષ્ટ. માળી તરીકે આ શબ્દ વપરાય છે.

૫. વિ. વિનાશકારક.

નખોરા પું. બ. વ. નખના ઉઝરડા.

નખોરિયું ૧. ન. ચાંદલું; આડપણું.

નખોરિયું કરવું = આડપણું કરવું.

૨. ન. તીખો નખ.

૩. ન. નખ મારવો તે.

૪. ન. નખ મારીને ચામડી ઉપર પાડેલો લસૂરો; નખનો ઉઝરડો; નખ મારેલો સિસોટો.

૫. ન. માર્ક કરી આપવો તે.

નખોરિયો પું. નવેસો નામનો રોગ નહિવું પાકવું તે. આ રોગ નખ અને આંગળી વચ્ચે થાય છે અને તેમાં નખ ઉપલી બાજુએ ઊપસી આવે છે.

નખોરું વ. નસકોરું; નાકોરું.

નખ્ખાસ (નખ્ખાસ) ૧. [અ.] પું. ગાય અને ભેંસોનો વેપાર કરનાર પુરુષ.

૨. પું. ઘોડા અને ઢોરના વેપાર ઉપરનો કર.

૩. પું. ઘોડા કે ગુલામનું બજાર.

નખ્ખેદ જુઓ નખેદ.

નખ્ખોદ જુઓ નખોદ.

નખ્ખીર (નખ્ખીર) [ફા.] પું. શિકાર.

નખ્ખીરગાહ (નખ્ખીરગાહ) [ફા.] ન. શિકાર કરવાની જગ્યા.

નખ્ખર વ. નહિવું પાકવાનો રોગ.

આવી રીતે નખમાં ફોડલાથી નખ્ખર થવાનો પણ સંભવ રહે છે. મુંબઈ સમાચાર

નખ્ત ૧. [સં. નક્ષત્ર] ન. તારાઓનું ઝૂમખું.

૨. ન. ફળ; રોકડ.

નખ્તાતિલ્લા [હિં.] પું. ન. ક. ફાવલાવ; આળા.

નખ્રાબાજ (નખ્રાબાજ) [અ.] વિ. નખરાં કરનાર

નખ્રાબાજી (નખ્રાબાજી) [અ.] સ્ત્રી. નખરો; નાજ.

નખ્લી (નખ્લ) ૧. [અ.] પું. ખજૂરનું ઝાડ.

૨. પું. ખોડ.

નખ્લીબંદ (નખ્લબંદ) ૧. [અ.] પું. કૃત્રિમ રીતે બનાવનાર આદમી.

૨. પું. માળી.

નખ્લીબંદી (નખ્લબંદી) [અ.] સ્ત્રી. વાવેતર.

નખ્લ્યા (નખ્લ્યા) [અ.] ન. ખજૂરનું વાવેતર.

નખ્શિસ્તાન (નખ્શિસ્તાન) [ફા.] ન. ખજૂરના વાવેતરની જગ્યા.

નખ્લેમહમુદ (નખ્લેમહમુદ) [અ.] ન ઇરાનથી મક્કા જવાના રસ્તામાં આવતી યાત્રાળુને આરામ લેવાની એક જગ્યા. ખૂરજી બબ્બે દિવસની મુસાફરીએ ત્યાં પડાવ છે.

નગ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તેમાં ચૌદ ગુરુ અને છત્રીસ લઘુ મળી પચાસ અક્ષર અને ચોસઠ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તેમાં ત્રણેક ગુરુ અને બાર લઘુ મળી પાત્રન અક્ષર અને ચોવીસ માત્રા હોય છે.

૩. પું. નામ કોતરવાનો પત્થર.

૪. [ફા.] પું. પતંગ ઉડાડવામાં વપરાતો રેશમનો દોર.

૫. [સં. ન (નહિ) + ગ (જનાર)] પું. પર્વત; પહાડ; ડુંગર.

અગ નગ ભૂધર ભૂવર્ણી,
ગિરિવરી ગુમી ક્ષોણી,
શૈલ શિલોચ્ચય ક્ષોણ ક્ષિતિ,
અચલ અદ્રિને એહ. પિંગળપ્રકાશ

૬. પું. વીંટીનો હીરો; નંગ.

૭. પું. (પુરાણ) શુમ્ભનો એ નામનો એક સેનાપતિ

૮. પું. સંખ્યા; નંગ.

૯. પું. સાતની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

૧૦. પું. સાપ.

૧૧. પું. સર્પ.

૧૨. પું. હિમાલય; હિમવાન.

૧૩. ન. ઝાડ; વૃક્ષ.

નગ ઠલીયે દુમ નગ નગ,
નગ કહેનારે ખામ.
નગ ગિરિ ધર્યો કૃષ્ણજી,
તેથી નગધર નામ. માધવદાસજી

૧૪. ન. પાપ, રજોગુણ

૧૫. વિ. અચળ; સ્થિર; ખાલી હો નહિ એવું.

૧૬. વિ નગ્ન; નાગું.

નગકન્યકી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પોપી મોગરી.

નગકાપા ૧. સ્ત્રી. મુસલમાનની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નગગહ્વ [સં.] પું. પર્વતનો સમૂહ.

નગગંધા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ.

નગજ ૧. [સં. નગ (પર્વત) + જ (જન્મનાર)] પું. હાથી; ગજ.

૨. વિ. પર્વતમાંથી ઉત્પન્ન થયેલું.

નગજા ૧. [સં.] સ્ત્રી. એ નામની વેલ; પાષાણવલ્લી.

૨. સ્ત્રી. પર્વતી; શંકરની પત્ની.

નગજારણ ન. પર્વતનું ઝરણું.

નગટલ વિ દોતરેલ; કોતરી કાઢેલ.

વેઢલા રાજના પુત્ર, વેઢલા શૈલ જોલો રાજ,
નગટલ ચોરણો તે કેમ કરી જોવાશે.
દેવિદાસ રાવ

નગટવું સ. ક્રિ. કોતરવું.

નગટાવવું સ. ક્રિ. કોતરાવવું.

ઓરડીમાં ચણાવું રાજ,
ટોડલિયે નગટાવું વનનો મોરવો. લો.-ઉત્ત

નગદી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૨. સ્ત્રી. નાક વિનાની સ્ત્રી.
૩. સ્ત્રી મોટી ઉપરસવાળા બાળકની ઓકમાં બાંધવામા આવતું એ નામની વનસ્પતિનું ફળ; ઊટાટિયું મટાડવા બાળકની ઓકમાં નાખવામાં આવતી ઇમોરિયાની અરધી ફાડ.

નગદું વિ. ઝરગ વિનાનું; બેચરમ; નિર્વંજર.

નગદૂ [હિં.] પું. નખથી કરેલ ઉઝરડો.

નગદ (નગ્ગ) [સં. નિર્ગુંડી] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નગોડ.

નગડી (નગ્ગડી) સ્ત્રી. નગદી; ગગડી.

નગણ ૧. [સં.] પું. (પિંગળ) ત્રણ લઘુ અક્ષરનો એ નામનો એક ગણ. જેમકે, કમળ, નગર, વદન, કલમ. આ ગણથી છંદનો આરંભ કરવો શુભ માનવામાં આવે છે.
નગર તે નગણ પ્રમાણો. દલપતપિંગળ
૨. [સં. ન (નહિ) + ગણ્ (ગણવું)] સ્ત્રી. ગણી ન શકાય એટલું.
૩. વિ. નગણ્યું; નગુણ્યું.

નગણ્યપણું વિ. નમ્રતા.

નગણ્યા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; માલકાંગણી.

નગણિકા પું. (પિંગળ) પ્રતિપા છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

નગણી વિ. નગણવાળું; નગણ સંબંધી.
બે મહાકાવ્યોમાં નગણી અષ્ટાક્ષ સૌથી વખારે આવે છે, ગગણી સોથી ઓછો આવે છે. સુદિપ્રકાશ

નગણ્યું વિ. ગણ્ય ન ગણ્યે એવું; કૃતઘ્ની, અવગુણિયું; ગુણ્ય નહિ માનનાર; નિમકહરામ; ઉપકાર ભૂલી જનાર; નગુણું; ગુણચોર.

નગણ્ય [સં.] વિ. નકામું; અકાજ; તુચ્છ.

નગત ૧. પું. નાગદમની.
૨. ન. એક જાતનું ઝાડ; નિર્ગુંડી. તેની બે ત્રણ જાત થાય છે. કાળા નગદ, કાળી નગદ અને નગદ કાંટા. નગદનાં પાન કાતરેલાં, ફૂલ લીલાં અને આંબાના મોરની માફક ગુચ્છાદાર લંબગોળ રંગનાં થાય છે. ફળમાં બી હોય છે. કાળી જાતની એક બીજી પેટા જાત છે, તેનાં પાન કાંબરાળાં અણીદાર હોય છે.
૩. ન. જંગમ મિલકત.
૪. ન. હોરડું
૫. [અ. નકદ] ન. રોકડ નાણું; રોકડ પૈસા.
નગદ કામ સો વાત વહરી,
નગદ દાનમાં વજ આપીયા પ્રેમાનંદ
૬. વિ. કીમતી; મતાવાળું; મૂલ્યવાન.
તમે માર નગદ નાણું છો,
તમે માર કૂલ વસાવું છે.
આખ્યાં ખારે અમર થઈને રો. હાવરું
૭. વિ. નિર્ભળ; ચોખ્ખું.
૮. વિ. પોલું નહિ એવું. નક્કર.
૯. વિ. બહાદુર; હોશિયાર.
નગદ માણસ = બહાદુર, ચાલાક, ચપળ અને મહેનતકશી કોઈથી ન ઊતરાય તેવો માણસ.
૧૦ વિ. ભરપૂર; ભરેલું.
૧૧. વિ. ખારું; ક્ષારીય; જવનદાર.
૧૨. વિ. રોકડું.
૧. ઉધારની માને કૂતરા—નગદ ધરણે = રોકડા પૈસા વિના માલ ન આપવો
૨. દમ નગદ = રોકડું.
૩. નગદ ધરાક = બમની આસામી, નુકસાન બમી હો એવો ગ્રાહક.
૪. નગદ થઈને બેસવું = (૧) પોતાની મિલકત ન દેખાડતાં રોકડો જવાબ આપવો. (૨) રોકડ રૂપિયા ગાંઠે કરી નિરાંતે રહેવું.
૫. નગદ નાણું = રોકડા પૈસા; બમે ખારે પૈસામાં ફેરવી શકાય તેવી મિલકત
૬. નગદ નારાયણ = (૧) પૈસા દામ વિનાનો કે મિત્ર વિનાનો કંગાળ પુરુષ. (૨) પૈસાદાર; ધનાઢ્ય; જેની પાસે રોકડ બારણ હોય તેવું.
૭. નગદ માલ = (૧) ખોરાકની મુખ્ય વસ્તુ. (૨) ધન પદાર્થ. (૩) પૈસો.
૮. નગદ સોદો = પૈસા સંબંધી સોદો
૧૩. વિ. ચકચકું; ચુખ્ખું
૧૪. વિ. સિક્કારૂપે હોય એવું
૧૫. વિ. સોથી સરસ; બેસ્ટ; ઉત્તમ.

નગદંતી સ્ત્રી. વિલીજાતની એ નામની સ્ત્રી.

નગદાનગદી ૧. [નગદનો દ્વિર્ભાવ] વિ. એકદમ નગદ; રોકડ.
૨. વિ. બરાબર સંગીન; પૂરેપૂરું નક્કર.

નગદી ૧. [અ. નકદ] સ્ત્રી. કોમની રોકડ; નગદ નાણું; સિક્કા; ચલણી નાણું.
૨. સ્ત્રી. જમીન મહેસૂલ બદલ બાપતી રોકડ રકમ; વિધોટી.
૩. સ્ત્રી. બારે માસ; કીમતી માલ; ઝવેરાત.
૪. સ્ત્રી. સિક્કા પાડવાની ધાતુ; સોનારૂપાની પટ્ટ; જેનો બાદ બદાતો નથી એવી કીમતી ધાતુ.
૫. વિ. કીમતી.
૬. વિ. ચોખ્ખું
નગદી માલ = ચોખ્ખો માલ.
૭. વિ. બારે; વજનદાર.
૮. વિ. રોકડું
૯. વિ સંગીન; નક્કર.

નગદીજ અ. નક્કર; નગદીક

નગદીઆળ સ્ત્રી વસાતી બાતામાં રોકડ રકમ વસૂલ કરવાની જુદી જુદી બાબતો.

નગદુહિતા [સં. નગ (પર્વત) + દુહિતૃ (દીકરી)] સ્ત્રી. પાર્વતી. તે હિમાલય પર્વતની પુત્રી મનાય છે.

નગદુહિતૃપતિ [સં. નગ (પર્વત) + દુહિતૃ (દીકરી) + પતિ (ધણી)] પું. શંકર; શિવ. મહાદેવ.

નગદુહિતાપતિરિપુ [સં. નગ (પર્વત) + દુહિતૃ (દીકરી) + પતિ (ધણી) + રિપુ (દુશ્મન)] પું. અનંગ; કામદેવ.

નગદોના ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. બાકડાનો છત્રો.

નગધર ૧. [સં. નગ (પર્વત) + ધર (ધરનાર)] પું મિરિધર. શ્રીકૃષ્ણ. તેમણે ગોવર્ધન પર્વત ધરી રાખ્યો હતો.
નગ ગિરિ બાખે કૃષ્ણજી, તેણે નગધર નામ. માવદાનજી
૨. વિ. પર્વત ધરનાર

નગધરન જુઓ નગધર.

નગન ૧. [સં. નગ્ન] પું. જગલમાં રહેનાર નાગો સાધુ.
૨. વિ. જેના ઉપર કોઈ પણ પ્રકારનું આવરણ ન હોય એવું
૩. વિ. નવજાત; નાગું, દિગંબર.
કેમ તમે નગન નાયા,
હોય ઝપબ્યો પડ્યો. પ્રેમદ

નગનદી [સં. નગ (પર્વત) + નદી] સ્ત્રી. પર્વતમાંથી નીકળતી નદી.

નગનંદિની [સં. નગ (પર્વત) + નંદિની (દીકરી)] સ્ત્રી. પાર્વતી. તેને હિમાલય પર્વતની પુત્રી માનવામાં આવે છે.

નગનાથ ૧. [સ.] પું. કપૂર.
૨. પું. મેરુ.
૩. પું. શિવ; શંકર.
૪. પું. હિમાલય; નગાધિરાજ; નગપતિ.

નગનિકા ૧. સ્ત્રી. (સંગીત) એક જાતનો સકીર્ણ રાગ.
૨. સ્ત્રી. (પિંગળ) જેના દરેક ચરણમાં નગણ અને ગુરુ હોય એવો છંદ; ઉદા.

નગની ૧. [હિં.] સ્ત્રી. કન્યા; પુત્રી.
૨. સ્ત્રી. નાગી સ્ત્રી.
૩. સ્ત્રી. રત્નોદ્યોતમાં ન આવેલ હોય એવી કન્યા; દુર બેસતી ન ઘર્ષ હોય એવી કન્યા.

નગનિકા ૧. પું. (પિંગળ) પ્રતિષ્ઠા જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.
૨. જુઓ નગનિકા.

નગપતિ ૧. પું. કપૂર.
૨. [સં. નગ (પર્વત) + પતિ (ધણી)] પું. કૈલાસના સ્વામી શિવ; શંકર.
૩. પું. ચંદ્ર.
૪. પું. મેરુ પર્વત; સુમેરુ પર્વત.
૫. પું. હિમાલય; નગાધિરાજ.

નગપતિકુમારી [સં. નગપતિ (હિમાલય) + કુમારી (પુત્રી)] સ્ત્રી. પાર્વતી. તે હિમાલય પર્વતની પુત્રી મનાય છે.

નગપતિપનારકા સ્ત્રી. પાર્વતી.

નગભંગ ૧. [હિં.] પું. કરીર.
૨. વિ. નટખટ.

નગભિદ ૧ [સં. નગ (પર્વત) + ભિદ (કાપનાર)] પું. ઇંદ્ર. તેણે પર્વતોની પાંખો કાપી નાખી એમ મનાય છે.
૨. પું. કાગડો.
૩. પું. કુહાડી.
૪. પું. પથ્થર તોડવાનું પ્રાચીન કાળનું અસ્ત્ર; વજ્ર.
૫. પું. પાષાણભેદ નામની લતા.

નગભૂ ૧. [સં.] પું. નાની પાષાણભેદ નામની વનસ્પતિ.
૨. પું પર્વતમાં વસનાર પુરુષ.
૩. સ્ત્રી. નાની શિલા.
૪. સ્ત્રી. પહાડી જમીન; પર્વતની જમીન.
૫. વિ. પર્વતનું.
૬. વિ. પર્વતમાં ઉત્પન્ન થનાર.

નગભૂમિ [સં.] સ્ત્રી. પર્વતનું પૂઠ.
એહી નગભૂમિ ઉપર તેહ,
જે જોઈ બાળકને થયો સંદેહ. પ્રેમાનંદ

નગમધ્ય વિ. પર્વતની અંદરનું; નગમધ્ય.
નગમધ્ય નેહડો રે. લલિત

નગમધ્ય [સં. નગ (પર્વત) + મધ્ય (વચ્ચેનું)] વિ. પર્વતની અંદરનું.

નગમહિતા પું. (પિંગળ) જગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કમુકવતી. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

સ જ જા સે કરજે નગમહિતા.
સ્વયંપ્રકાશ

નગમા પું. સુમધુર અવાજ.

નગમૂર્ધા [સં. નગ (પર્વત) + મૂર્ધન્ (માથું)] પું. પર્વતનું શિખર; કુંજરનું મસ્તક.

નગર ૧. પું. (પિંગળ) એક પ્રચૂર્ણપ્રીતિ માત્રામેળ છંદ; નમ. તે રક્ષંધક પ્રીતિનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૪ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.
૨. સ્ત્રી. એક જાતનો છોડ.
૩. ન. કર વિનાનું ગામ.
૪. ન. જામનગર શહેરનું એક નામ; નવાનગર. લાંબું કહે અને જાડીનું વખણાય છે.
૫. [સં. નગ (પર્વત) + ર (રક્ષણવાચક પ્રત્યય)] ન. પુર; શહેર; રાજનગર; મોટું શહેર; કસ્બાથી મોટું હોય અને જ્યાં ઘણુ ધંધો વેપાર આબનો હોય એવું શહેર આસપાસ ગામની વચ્ચે એક બજાર-રસ્થાન હોય એવા શહેરને અમારીના વખતમાં નગર કહેવાતું. જ્યાં ઘણી જાતના લોકો વસતા હોય તથા જ્યાં ઘણા વેપારી અને કારીગરો હોય તેમજ પ્રધાન ન્યાયાલય હોય તે નગર ગણાતું. રાજવલ્લભમાં કહેવાયું છે કે, નગરનું અર્ધું હોય તેને ગ્રામ કહેવું અને તેવા ગ્રામનું અર્ધ હોય તેને ખેડ અથવા ખેટક કહેવું તથા ખેટકનું અર્ધ હોય તો તેને કુટ કહેવું અને કુટનું અર્ધ હોય તેને અર્ધર કહેવું. વળી રાજવલ્લભમાં વિશેષ જણાવ્યું છે કે, નગરના બીજા ભેદ પણ મહારૈવજ્ઞએ કહ્યા છે. જેવા કે, (૧) ચતુરસ્ર આકાર અથવા ચોખંડા નગરનું નામ માહેંદ્ર, (૨) લાંબા સાથે ચોખંડું હોય તે સર્વતોભદ્ર, (૩) ગોળ હોય તે સિદ્ધ, (૪) વિલોમન આકાર અથવા લંબગોળ હોય તે વારુણ, (૫) ખાલી પૂરવાનું છંદ, (૬) સાધિયાના આકારવાળું લંબાવર્તક, (૭) વજ્ર આકાર અથવા ત્રણના આકારે હોય તે જયંત, (૮) પર્વતના મસ્તક ઉપર જે નગર હોય તે દિવ્ય, (૯) અષ્ટકોણ એટલે આઠ ખાંખડીવાળા ક્રમશ જોવી આકૃતિવાળું પુષ્પપુર, (૧૦) પુરુષના આકારે હોય તેનું નામ પદ્મક, (૧૧) પર્વતની કુખમાં રહેલું તે રત્નાક, (૧૨) બાવડીપને હોય તે દ્વીપનગર, (૧૩) નદીથી પૂર્વ દિશામાં હોય તેનું નામ શક્રપુર, (૧૪) નદીથી પશ્ચિમ દિશામાં હોય તે કમળપુર, (૧૫) નદીથી દક્ષિણ દિશામાં આવેલ હોય તે ધાર્મિકપુર, (૧૬) નાનુકે નદી હોય તે મહાજય, (૧૭) નદીથી ઉત્તર દિશામાં હોય તે નગરનું નામ સૌમ્ય, (૧૮) એક કિલ્લાવાળું બીનગર, (૧૯) બે કિલ્લા હોય તે રિપુઘ્ન અને (૨૦) જેને બાર કોણ હોય તે સ્વસ્તિક નગર કહેવાય. યુક્તિ કલ્પતરુમાં સમોસ કે કે: રાજાએ શુભ મુહૂર્તે ગામ, ચોખૂણ, ત્રિકોણ કે ગોળ નગર વસાવવું જોઈએ તેમાં ત્રિકોણ અને ગોળ નગર ખરાબ સમજવા કે બંધુ નગર અતુ શુભ અને રથાની મનાય છે. ચોખૂણ નગર અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એ ચારે પ્રકારનું ફળ આપનાર મનાય છે.
નગરે વસતા દેવતા, ગામે વસતાં માનવી ન ગામડાંના લોકો કરતાં શહેરના લોકો વધારે મોજશોખ માણે છે.
૬. ન. ભુવન; ઘર.
૭. ન. વડનગર ગામનું એક નામ.
એ વસ નગરના એટલે વડનગરના રહેનારા વતિકઓની અને ગુર્જરો નામવાળો હતો.
મુ. સા. પરિષદ
૮. ન. શહેરની મોટાઈ દર્શાવવા તેના નામને છેડે લગાડાતો એક શબ્દ
૯. ન. હીરા, માણેક વગેરે રત્ન; નંગ.

નગરક ૧. [સ. નગર (શહેર) + ક (વાળું)] પું. રાજધાનીની દેખરેખ રાખનાર અધિકારી.
૨. વિ. નગરનું

નગરકટી ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

નગરકર પું. રત્ન.

નગરકાક ૧. [સં. નગર (શહેર) + કાક (કાગડો)] પું. કાગડા જેવા આચારવાળો પુરુષ.
૨. પું શહેરી કાગડો.

નગરકાર્ય [સં. નગર (શહેર) + કાર્ય (કામ)] ન. સુધરાઈનો કારભાર; સુધરાઈનો વહીવટ.

નગરકીર્તન [સં.] ન. શહેરમાં ગાતાં ભજવતાં કરવું તે; શહેરમાં ફરતાં ફરતાં હરિનું ભજન કરવું તે; શહેરની શેરીઓ તથા રસ્તામાં ફરતાં ફરતાં ઈશ્વરના નામનાં ભજન કે કીર્તન કરવા તે

નગરકોટ ૧. પું. પન્નાનું એ નામનું એક શહેર.
૨. પું શહેરનો કિલ્લો.

નગરકોટિયા પું. કચ્છના ચોરાશી મજ્જનો એ નામનો એક પેટા મજ્જ.

નગરખંડ [સં] પું. સ્કંદપુરાણનો એ નામનો એક ભાગ.

નગરખાસ ન. એ નામની નગરી; કલ્પિતવસ્તુ.

નગરગલો સ્ત્રી. શહેરના નિકાસના પાણીનો ખોરિયો; ગટર.

નગરગુમિક [સં. નગર (શહેર) + ગુમિ (રક્ષણ કરવું તે) + ક (મત્વર્થ)] પું. નગરની રક્ષા કરનાર કોટવાળ, કોજદાર વગેરે.

નગરગોદો પું. ઊંડિયો; ખાણી ખાડી.

નગરઘાત ૧. [સં.] પું. નગરનો નાશ; શહેર ભાગવું તે.

૨. પું. હાથી.

નગરચર્યા [સં.] સ્ત્રી. અફવા; ગપ; લોકવાયકા; ગામગપાટા; શહેરના લોકોમાં ચાલતી વાત; લોકવાર્તા, જનશ્રુતિ

નગરચર્યા જોવા નીકળવું = શહેરના લોકોમાં ચાલતી વાત જાણવા શહેરમાં ફરવા નીકળવું

નગરચું ન. એક જાતની રમત; નગરચો.

નગરચો પું. એક દેશી રમત. જુઓ નગોરચો.

નગરજન ૧. [સં. નગર (શહેર) + જન (માણસ)] પું. બ. વ. ગામલોક.

૨. પું. બ. વ. શહેરી; શહેરવાસી.

નગરજીવન [સં.] ન. શહેરમાં રહી ગુજરાતુ જીવન; શહેરી જીવન.

નગરભૂધ [સં. નગર (શહેર) + ભૂધ (સમૂહ)] ન. કેટલાંક શહેરનો સમૂહ.

નગરહીરકરી સ્ત્રી. એક જાતનો લાલ પથ્થર. તેનાથી પથ્થરપાટી ઉપર ભાત્તર સખી શકાય છે.

નગરતીર્થ [સં.] ન. ગુજરાત બાંહેનું એ નામનું એક પ્રાચીન તીર્થ. ત્યાં કેટલોક વખત શિવનો નિવાસ માનવામાં આવતો હતો.

નગરદ્વાર [સં. નગર (શહેર) + દ્વાર (બારણું)] ન. નગરમાં જવાનો દરવાજો.

નગરદ્વારસ્તંભ [સં. નગરદ્વાર (દરવાજો) + સ્તંભ (થાંભલો)] પું. નગરના દરવાજા ઉપર શત્રુસૈન્યનો હાથી સીધો પ્રવેશ ન કરી શકે માટે તેની પાસે રાખવામાં આવતો મજબૂત થાંભલો

નગરનાયકા [સં. નગર + નાયિકા (સ્વામિની)] સ્ત્રી. અધિષ્ઠાત્રી; દેવતા; દેવી.

નગરનાયકા ' રૂપ અપાર,
નિતુ નિતુ નવલાં કરણ સિણગાર.
કવેણ (સંવત ૧૪૨૬)

નગરનાયિકા જુઓ નગરનાયકા.

નગરનારી ૧. [સં.] સ્ત્રી. દેવતા; દેવી.

૨. સ્ત્રી. શહેરમાં રહેનાર સ્ત્રી.

નગરનિવાસી [સં. નગર (શહેર) + નિવાસિન્ (રહેનાર)] વિ. શહેરમાં રહેનાર; ગામમાં રહેતું; નગરમાં વસનાર

નગરપડો (નગરપડો) [સં. નગર + પટહ (ઢંઢેરો)] પું. જાણી પિટાવી નગરનાં તમામ લોકને અમુક ફરમાન કે વાત જાહેર કરવી તે; નગરમાં ઢંઢી પિટાવવી તે.

નગરપરિષદ [સં. નગર (શહેર) + પરિ (ચોતરફ) + ષદ્ (બેસવું)] સ્ત્રી શહેર પ્રતિનિધિ સભા; 'મ્યુનિસિપલ કાઉન્સિલ.'

ઝટપટીપુરમ્ ગ્રીસ પુરજનોની નગરપરિષદ હતી. સંધમિત્રા

નગરપાલ [સં. નગર (શહેર) + પાલ (રક્ષણ કરનાર)] પું. નગરની રક્ષા કરનાર પુરુષ; ખાસ જાતના ઊપદ્રવ વગેરેથી નગરની રક્ષા કરનાર માણસ.

નગરપિતા [સં. નગર (શહેર) + પિતૃ (પિતા)] પું. મ્યુનિસિપાલિટિનો પુરુષ સભ્ય.

નગરપ્રદક્ષિણા ૧. [સં. નગર + પ્રદક્ષિણા (આસપાસ ફરવું તે)] સ્ત્રી. નગરની પ્રદક્ષિણા.

૨. સ્ત્રી. મૂર્તિ સાથે શહેરની આસપાસ ફરવું તે.

નગરપ્રબંધ [સં. નગર + પ્રબંધ (ગોઠવણ)] પું. શહેરની બંદોબસ્ત.

નગરપ્રવેશ [સં. નગર (શહેર) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. ગામમાં દાખલ થવું તે.

નગરપ્રાંત [સં. નગર (શહેર) + પ્રાંત (છેડો)] પું. નગરનું પરું; ઉપનગર.

નગરભવન [સં.] ન. શહેરનો જાહેર ખંડ અથવા ઓરડો; પુરાલય; 'ટાઉન હૉલ.'

નગરભવાની સ્ત્રી વેશ્યા; રંડી.

નગરમર્દી ૧. પું. મસ્ત હાથી; માંડ હાથી, મત્ત ગજ.

૨. [સં. નગર (શહેર) + મર્દિન્ (તોડનાર)] વિ. શહેર ભાંગનાર; નગરનો નાશ કરનાર.

નગરમંડપ [સં. નગર (શહેર) + મંડપ (માંડવો)] પું. નગરભવન; પુરાલય; શહેરદીવાન; 'ટાઉન હૉલ'

નગરમંદિર જુઓ નગરમંડપ.

નગરમાતા [સં. નગર (શહેર) + માતૃ (મા)] સ્ત્રી. મ્યુનિસિપાલિટિની સ્ત્રી સભાસદ

નગરમાપણી સ્ત્રી. શહેરની ઘરવાર કે મિલકતવાર કરેલી માપણી

નગરમાર્ગ [સં. નગર (શહેર) + માર્ગ (રસ્તો)] પું. શહેરનો રાજમાર્ગ; સુખ્યમાર્ગ રસ્તો.

નગરમુસ્તા [હિ.] સ્ત્રી. નગરમોથ.

નગરરક્ષક ૧. [સં. નગર (શહેર) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. ચોકીદાર; પોલીસ.

૨. પું. દેવપાલક; પ્રાંતરક્ષક.

નગરરક્ષા ૧. [સં. નગર + રક્ષા (રક્ષણ)] સ્ત્રી. નગર ઉપર રક્ષક તરીકે નજર રાખવી તે; શહેરનું રક્ષણ, શહેરની દેખરેખ.

૨. સ્ત્રી. શહેર ઉપર દેખરેખ રાખવાનું કામ.

નગરરચના [સં. નગર (શહેર) + રચના (બનાવટ)] સ્ત્રી. નગરની બનાવટ; શહેર વસાવવાની યોજના; 'ટાઉન પ્લાનિંગ'

ગ્રીસની સિકપાલ્સ અને પ્રાચીન સમયે પરિપૂર્ણતા પામેલી હતી. એટલું જ નહિ નગરરચનાના જે સુંદર નિયમો આર્ય ઋષિઓએ નક્કી કરેલા હતા, તેમાં આજપર્યંત પૂરેપૂરા કોઈ ખાસ સુધારા કરી શકાયા નથી.
પુરુષોત્તમ વિશ્રામ

નગરરચનાશાસ્ત્ર [સં. નગર (શહેર) + રચના (બાંધણી) + શાસ્ત્ર (વિજ્ઞાન)] ન. નગરરચના સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર; 'ટાઉન પ્લાનિંગ.' આ શાસ્ત્રમાં આરોગ્યવિદ્યા, રાજ્યશાસ્ત્રવિદ્યા, સર્વેજનરાસવિદ્યા, ધનોપવનવિદ્યા અને દેવાલયવિદ્યાનો સમાવેશ થયો છે.

નગરરાજ્ય [સં. નગર (શહેર) + રાજ્ય] ન. ફક્ત શહેર પૂરતું રાજ્ય; એક શહેરનું રાજ્ય. 'સિટિ સ્ટેટ.' હરપ્રાત સુધ્ધ રાજ્ય અને રાજ્યવ્યવસ્થામાં નગરરાજ્ય વિષે ક્રમ એ કે: ઈ. સ. પૂર્વે આઠમી સદીમાં ગ્રીસના ગામોમાં જે પ્રજા વસતી હતી, તેમનાં ગામડાં રાજ્યો થયાં. આ રાજ્યોને નગરરાજ્ય કહેવામાં આવે છે. શરૂઆતની પ્રાચીન ગ્રીક દંતકથાઓ અને જાતો વચ્ચ રાજકીય ઐક્ય ન હતું, પણ ધાર્મિક અને સામાજિક એકતા જાગી હતી. આ જાતોએ ઘણી જાતની રાજકીય સંસ્થાઓ અને રાજ્યો સર્જ્યાં છે. રપાર્ટા નામનું નગરરાજ્ય નહીં કારે નષ્ટક નષ્ટક આવેલ પાંચ ગામડાંઓમાંથી થયું હતું. કોરીન્થ નામની સમાપીભૂમિમાં આવેલ કોરીન્થ નામનું શહેર પણ આવી જ રીતે થયું હતું. એટીકા નામના પ્રાંતમાં અનેક ગામડાંઓનું એક શહેર બન્યું, જે મારફતે ગ્રીક સંસ્કૃતિનું અને ગ્રીક સંસ્કૃતિનું પારણાંઘર બન્યું. આ શહેર તે પોતે આથેન્સ. સમય જતાં નગરરાજ્યના વહીવટમાં ફેરફાર થતા ગયા. આ બાબતમાં એરિસ્ટોટલ જણાવે છે કે, આ રાજ્યોમાં પ્રથમ રાજસત્તાક રાજ્ય હતું, પછી રાજસત્તા ઉમરાવોના હાથમાં ગઈ, પછી બોડા ધનવાનોના હાથમાં ગઈ, પછી આપખુદ સત્તાધીશોના હાથમાં ગઈ, પછી આમ પ્રજાના હાથમાં ગઈ અને ફરી પાછી રાજાઓના હાથમાં આવી. એરિસ્ટોટલ કહે છે કે, મનુષ્યસ્વભાવ બદલાતાં રહે છે. આમ રીતરસમોમાં ફેરફાર થાય છે, પરંતુ પદ્ધતિ અને તેનું તત્ત્વ તો તેનું તે રહે છે.
પ્રાચીન યુરોપમાં નગરરાજ્યો હતાં. નાનાભાઈ

નગરવર્તી વિ. [સં. નગર (શહેર) + વર્તિન્ (હોનાર)] વિ. શહેરમાં રહેનાર.

૨. વિ. શહેરમાં હોનાર.

નગરવા [હિ.] પુ. પ્રદેશ; ઇલાકો; ઇરદીનું એક જનતનું વનેચર. મધ્ય પ્રાંતના જે ભાગમાં ક્વાણી અને કરેલી માટી છે ત્યાં અ. પ્રમાણે વનેચર થાય છે તેમાં પાકને કુવા વગેરેનું પાણી પાવાની જરૂર પડતી નથી, પણ વરસાદ પછી જ્યારે ઇરદીના અંકુર ફૂટે છે ત્યારે જમીન ઉપરનું પાણી વરાળ થઈને ઊડી ન જાય તેટલા માટે તેની ઉપર પાંદડાં પાથરી દે છે.

નગરવાયસ વિ. [સં. નગર (શહેર) + વાયસ (કાગડો)] પું. નગરકાક.

૨. પું. શહેરી કાગડો.

નગરવાસી [સં. નગર (શહેર) + વાસિન્ (રહેનાર)] વિ. નગરમાં રહેનાર; શહેરી; નાગરિક; પુરવાસી.

નગરવિધાન [સં. નગર (શહેર) + વિધાન (રચવું તે)] ન. નવું શહેર બાંધવાની યોજના. તેમાં નીચેની બાબતો લક્ષમાં લેવાય છે: (૧) ભૂમિપરીક્ષા, (૨) ભૂમિસંગ્રહ, (૩) દિક્પરિચ્છેદ, (૪) પદવિન્યાસ, (૫) બજારબંધવિધાન, (૬) ગ્રામ અથવા નગરવિન્યાસ, (૭) ભૂમિવિધાન, (૮) ગોપુરવિધાન, (૯) મંડપવિધાન અને (૧૦) રાજ્યેશવિધાન.

નગરવિધાયક [સં. નગર (શહેર) + વિધાયક (રચનાર)] પું. નગરવિધાન કરનાર અધિકારી; નગરરચના કરનાર અમલદાર; 'ટાઉન પ્લાનર.' કોઈ સ્થળે નવી કરવામાં નીચેની બાબતો ઉપર ધ્યાન આપવું જોઈએ: (૧) રેલ, (૨) બંધ, (૩) અગ્નિશમિ, (૪) આકાર, (૫) દિશા, (૬) સ્પર્શ, (૭) અવાજ, (૮) ઢાળ, (૯) પાણી, (૧૦) ભૂમિ, (૧૧) આબોહવા, (૧૨) ખેતરની મોકળતા, (૧૩) કુદરતીપણું અને (૧૪) કુદરતી સમરૂપતાઓ.

નગરવિન્યાસ જુઓ નગરવિધાન.

નગરવિવાદ [સં નગર (શહેર) + વિવાદ (ઝઘડો)] પું. દુનિયાના ઝઘડા; બખેડા.

નગરવીર [સં. નગર (શહેર) + વીર (શૂરો પુરુષ)] પું. નગરનો શૂરવીર પુરુષ.

> ઘાટે ને હાટે, ચોરે ને ચકલે, નગરના નરનારીઓ એ નગરવીરના ગુણ ગાવા લાગ્યા.
> ઇટાલીનો મુક્તિયજ્ઞ

નગરવ્યવસ્થા [સં. નગર (શહેર) + વ્યવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. શહેરસુધરાઈ; ગામવ્યવસ્થા.

નગરવ્યવસ્થામંડલ [સં. નગર (શહેર) + વ્યવસ્થા (ગોઠવણ) + મંડલ (ટોળું)] ન. નગરસભા; સુધરાઈસમિતિ; શહેરસુધરાઈ ખાતું; 'મ્યુનિસિપાલિટિ.'

નગરવ્યવસ્થામંડળ જુઓ નગરવ્યવસ્થામંડલ.

નગરવ્યવહારક પું. નગરની દેખરેખ રાખનાર અમલદાર.

> મહોલ્લા અને બજારોના નુકસ નુકસ લેખો પોતાના પહેલા લેખમાં અશોકે તેને નગરવ્યવહારક કહ્યો છે. અશોકચરિત

નગરરક્ષક [સં. નગર (શહેર) + રક્ષક (રક્ષા કરનાર)] પું. નગરરક્ષણથી તરત જ નીચેના દરજ્જાનો અમલદાર; 'ઓલ્ડરમન.'

નગરશુલ્ક [સં. નગર (શહેર) + શુલ્ક (મૂલ્ય)] ન. કરમાજ્જાતા; દસ્તૂરી; ચુંગી; 'ઑક્ટ્રૉઇ.'

નગરશ્રેષ્ઠ [સં. નગર + શ્રેષ્ઠિન્ (સૌથી સારો માણસ)] પું. નગરનો આબરૂદાર શેઠ; નગર મંડેનો સૌથી મોટો શેઠિયો; નાગરિકોનો પ્રમુખ; મુખ્ય; નગરશેઠ.

નગરશેઠી જુઓ નગરશ્રેષ્ઠ.

નગરસભા [સં. નગર (શહેર) + સભા] સ્ત્રી. ગ્રામસભા; નગરવ્યવસ્થામંડળ; શહેરસુધરાઈ ખાતું; સુધરાઈ; 'મ્યુનિસિપાલિટિ.'

નગરસભાગૃહ જુઓ નગરસભાભવન.

નગરસભાભવન [સં. નગર (શહેર) + સભા + ભવન (ઘર)] ન. મ્યુનિસિપાલિટિની કચેરી.

નગરસંરક્ષા જુઓ નગરરક્ષણ.

નગરસીમા [સં. નગર (શહેર) + સીમન્ (હદ)] સ્ત્રી. સુધરાઈની સ્થળસીમા.

નગરસુધારક [સં. નગર (શહેર) + સુધારક (સુધારો કરનાર)] વિ. શહેરની સુધારણામાં ભાગ લેનાર.

નગરસુધારક સમાજ પું. શહેરસુધરાઈ મંડળ; 'સેપરેશન.'

> તે મુંબઈના નગરસુધારક સમાજનો સભાસદ હતો. ગોવર્ધનરામ

નગરસ્થ [સં. નગર (શહેર) + સ્થ (રહેનાર)] પું. શહેરી. નગરજન.

નગરસ્વાસ્થ્ય [સં. નગર (શહેર) + સ્વાસ્થ્ય (આરોગ્ય)] ન. શહેરનું આરોગ્ય.

નગરસ્વાસ્થ્ય નિરીક્ષક [સં. નગર (શહેર) + સ્વાસ્થ્ય (આરોગ્ય) + નિરીક્ષક (તપાસનાર)] પું. નગરની સફાઈ તપાસનાર અધિકારી. 'સેનિટરિ ઇન્સ્પેક્ટર.' તેનું કામ નગર સફાઈનું નિરીક્ષણ કરવાનું છે. ખાસ કરીને તેને નીચેનાં કામ જોવાનાં હોય: (૧) નગરની અંદર મલમૂત્રથી સાર્વજનિક જગ્યાઓ સ્વચ્છ રાખવી, (૨) લોકોને પોતાની અંદરોઅંદર તકલીફ, કયાં કયાં રોગજનક સ્થિતિ છે ? આ સ્થિતિનું કારણ શું છે ? (૩) પાણીના દોષ, (૪) નગરની અંદરની ગટરની સફાઈ, (૫) દુકાનોમાં ખાવાની ચીજોની ઉત્તમતા, (૬) દૂધ, ઘી, માખણ, અનાજ વગેરે ખાવાના પદાર્થોનું સ્વચ્છ અને શુદ્ધ વેચાણ, (૭) ચેપી રોગ માટેના દવાખાને, (૮) કૂવા અને પાયખાનાની સફાઈ જોવી. આ કામોમાં ઓળોની પણ નિમણૂક થઈ હોય છે. તેઓ જન્મમરણનો રિપોર્ટ લખે અને પ્રસવ બાદ ઓળોમા સ્વાસ્થ્યહાનિ ન થાય તેટલા માટે સૂચના આપે.

નગરહા [હિં.] પું. નાગરિક; શહેરી.

નગરહાર વિ. ન. એ નામનું એક પ્રાચીન રાજ્ય. તે ઉત્તરમાં કાબુલ નદીથી દક્ષિણમાં સફેદ કોહ સુધી હતું

૨. ન. જલાલાબાદની નજીકમાં આવેલું એ નામનું એક પ્રાચીન નગર. ચીની મુસાફર હ્યુએનસાંગ હિંદમાં આવ્યો, ત્યારે આ શહેર કાપિશ રાજ્યના તાબામાં હતું.

નગરંધકર [સં.] પું. કાતિલનું એક નામ; કાતિલ સ્વામી.

નગરા વિ. સ્ત્રી. મીઠા પાણીની ખાડીમાં માછલીની એક જાતની માછલી.

૨. ન. ભુવન; ઘર.

નગરાઈ વિ. [હિ.] સ્ત્રી. ચતુરાઈ; ચાલાકી.

૨. સ્ત્રી. નાગરિકતા; શહેરીપણું.

નગરાજ વિ. પું. અંજાનો પિતા.

૨. પું. ઉંદરનો બીજો.

૩. [સં.] પું. પર્વતોનો રાજા; હિમાલય; ગિરિરાજ.

નગરાધિસન્નિવેશ [સં.] પું. નગર વગેરેની સ્થાપના. અગ્નિપુરાણમાં કહ્યું છે કે: શહેર વસાવવા માટે રાજાએ પહેલાં એક કે અધી યોજન લાંબું સુંદર સ્થાન પસંદ કરવું અને બજાર વગેરે બનાવવા જોઈએ. નગરના અગ્નિકોણમાં કોષી વગેરે માટે, દક્ષિણમાં નાટકશાલ કરનાર તથા વૈદ્યોનો માટે, નૈઋર્તમાં નટો, ભારવા, માછીમાર વગેરે માટે, પશ્ચિમમાં રથ અને સજ્જ આદિ બનાવનાર માટે, વાયવ્ય કોણમાં નોકરચાકર અને દાસો આદિ માટે, ઉત્તરમાં જાહેરખબર, વણિક અને સિક્કો આદિ માટે, ઈશાનકોણમાં કણકુંભાદિ તથા જળ વગેરે વેચનાર માટે અને પૂર્વમાં બોલાવો આદિને

રહેવા માટે સ્થાન બનાવવું જોઈએ. આ ઉપરાંત પૂર્વમાં સૂતિયો માટે, દક્ષિણમાં વૈસ્યો માટે, પશ્ચિમમાં શૂદ્રો માટે સ્થાન રાખવુ અને નગરની ચોતરફ સેના રાખવી જોઈએ. દક્ષિણમાં કબ્રસ્તાન, પશ્ચિમમાં ગામ આદિને રહેવાને તથા ચરવાને માટે જમીન અને ઉત્તરમા ખેતર હોવાં જોઈએ. નગરમાં ઠેકઠેકાણે દેવમંદિર હોવાં જોઈએ.

નગરાધ્યક્ષ ૧. [સં. નગર (શહેર) + અધ્યક્ષ (મુખી)] પું. નગરના રક્ષણ માટે નીમવામાં આવેલો અધિકારી; કોટવાળ.

૨. પું. નગરશેઠ; 'મેયર.'

૩. પું. શાસન તથા ન્યાય વગેરેના કામ માટે નિમાયેલ અધિકારી; પાટનગરનો સૂબો; નગરનો સ્વામી કે રક્ષક; જેના ઉપર નગરની રક્ષા વગેરેનો પૂરેપૂરો બોજો હોય તે અમલદાર.

૪. પું. સુપરાઈ કામદાર; 'મ્યુનિસિપલ કમિશ્નર.'

નગરાજિગા પું. (પિંગળ) એ નામનો એક છંદ.

નગરાલિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; પુરાણી. તેના દરેક ચરણમાં નગણ, તગણ, જગણ, યગણ, રાયુ અને ગુરુ મળી કુલ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) કાર્કરીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પુરાણી.

નગરાસિયું વિ. બરાસ નગરનું; કોઈ પણ બરાસ ન હોય એવું.

નગરિયા ૧. સ્ત્રી. ચાષ્ટિપા, કણ્ઠની, વાંઝા, બરાણા, ચોરા અને મેમણની એ નામની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નગરિયું ૧. ન. એક જાતનો સાલ્લો.

૨. વિ. જામનગરમાં બનેલું.

નગરી ૧. [સં. નગરિન્] પું. નાગરિક; શહેરમાં રહેનાર માણસ.

૨. સ્ત્રી. એક જાતની માછલી. તે રંગ કરતાં કંઈક પાતળી હોય છે. તેનાં ભિંગડાં તથા કદ રંગના જેવાં જ પણ માપું રંગ કરતાં નાનું હોય છે.

૩. સ્ત્રી. પુરી; નાનું શહેર; નગર. કેટલીક નગરીનું વર્ણન કરતાં પદ્મનાભ શ્રીમદ્ ભાગવતમા કહ્યું છે કે: પ્રથમ મુખ્ય આ નગરીના રાજા કુવલયાશ્વ છે, મનજીભાઈ વકીલ છે, કોબજીભાઈ કોન્સ્ટેબલ છે, ગોબજીભાઈ સરકારી અમલદાર છે, ઓકારજીભાઈ મેજિસ્ટ્રેટ છે, પરનિંદા પોલીસ પટેલ છે, કામદેવભાઈ કામદાર છે, મનજીભાઈ સર ન્યાયાધીશ છે, પંચભૂત એટલે આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વી એવા પાંચ પાકીદાર ગરાસિયા છે, બુદ્ધિભાઈ રાજ્ય પટરાણી છે, જિહ્વાભાઈ પ્રધાનણી છે, તૃષ્ણાભાઈ દાસી છે, વિવેકભાઈ ચતુરાયા છે, જઠરાગ્નિ જમાદારનું છે. આવનનગરીના દશ દરવાજા છે. તેમાં મુખ્ય દરવાજે નગરીક શાહુકારો નિવાસ કરી રહ્યા છે અને તે લોકો અન્ન જળ વગેરે પદાર્થો ખરીદ કરવા ગયા છે. આવી રીતે આ તમામ અમલદારો બેસી રહી ઓ નારાયણ પ્રભુ! અમારું જ્ઞાન ભુલાવી પોતાની ચિરસ્મરણીયી અમારા ઉપર બલાત્કાર વાપરી ઈશ્વરનું ધ્યાન ધરવામાં તથા પરોપકાર કરવામાં અટકાવે છે. તેમ જ અમોને નિરુપાય બનાવી મનજીભાઈ વકીલ સંસારના ખોટા અવહારના અટપટા કામથી વિશ્રાંતિ પામતો નથી. આવીશ વર્ષ સુધી આ તનનગરીનું રાજ્ય ભુવાનસિંહજીભાઈનું છે. તેમાં પોતાનું કંઈ સાધન ચાલ્યું નથી. એટલામાં તો જરાસિંહજી નામનો રાજા આવી સદરહુ રાજ્ય છીનવી પોતે પોતાના કબજામાં લે છે અને પોતાના નવીન સિક્કાની કરજ પાડી નગરના બાવા રંગના હતા તેને શ્વેત રંગના કરી નાખે છે. ભુવાનસિંહના રાજ્યમાં આ નગરી ચેતન હતી. તેમાં નવ દરવાજા, નવસે નવાણું ગેરીઓ, ઓગણ્ય કોઠાઓ અને કાંઠા ત્રિવેણા સુધુમ્ણા મળી ત્રિવેણીનો ઘાટ છે, સાત પુરીઓ છે, ઓગણ્ય દરવાજા નાકીઓ છે. આવું રમણિક શહેર પૂરી ઉપર રચ્યું હતું, તેને એકદમ જરાસિંહજી નામનો રાજા આવી પામમાલ કરી નાખે છે. જરાસિંહજીની ધારતીપી સાત પુરીઓના દેશોની સત્તા કબી જાય છે. અસ્તકપુરી કોયવા લાગે છે, હરનપુરી કંપવા લાગે છે, મરણપુરી ધરધરવા લાગે છે, લોચનપુરીનું તેજ ઓછું થાય છે. કર્ણપુરી ઉજ્જડ થઈ જાય છે, નાસિકાપુરીમાં શ્વાસ કરનો નથી. નગરીની અંદર માલ આવતો નથી, તેથી મુખ્ય નગરીના ઉગ્રોક્ષ શાહુકારો દુકાન ઉપાડી ચાલતા થાય છે. નગરી ખાલી જર્જરિત થાય છે, ત્યારે કાર્ય પુત્ર ઓ કોઈ આને નહિ. આવી અશક્તિ વેગાઓ દુઃખ સહન કરવું પડે છે, તો હે ધનાજી ભગવન્! જરાસિંહજી રાજનો ઉપરી અમલદાર કાળ નામનો પોલિટિકલ એજન્ટ ચારેતની સાથે આવી આ તનનગરીના કુવરાજભાઈને પકડી જવા દશ દરવાજાને સીલ મારી દે છે. ત્યારે ઉચાટનું સકટ જોઈ મનજીભાઈ વકીલ, જ્ઞાનચક્ષુસ ભગવાનને શરણ આવી અરજ કરે છે કે, હવે મારી મુખ કમાલ કરે છું.

૪. વિ. નગરનું; શહેરી.

નગરીકાઢ [સં. નગર (શહેર) + કૃત (કાઢ્યું) + કાઢ (કાઢવો)] પું. ભંગલો.

નગરીકાઢી [સં. નગરીકાઢ (ભંગલો) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ભંગલી.

નગરીબ્રહ્મ [સં.] પું. ભ્રમરો.

નગરીય [સં.] વિ. નગરમાં થતું; શહેરનું; નગરમાં હોનાર.

નગરુ ૧. વિ. કૃતઘ્ન; ઉપકાર ન માનનાર; નગણ; નગુણ, અવગુણિયુ.

૨. [સં. ન (નહિ) + ગુરુ] વિ. જ્ઞાન લેવા માટે જેણે કોઈ ગુરુ કર્યા ન હોય એવું; ગુરુ વિનાનું.

૩. વિ. નઘરોળ; કોઈને માટે નહિ એવું; નિરંકુશ.

૪. વિ. બેસરમ; શરમ વિનાનું.

નગરેણા ૧. સ્ત્રી. ગોલા કાતિની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નગરેશ્વરી [સ.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.

નગરો ૧. સ્ત્રી. પગ્યા કાટાવાળી એક જાતની માછલી.

૨. વિ પું. ગુરુ વિનાનો.

નગરોકસ [સં. નગર (શહેર) + ઓકસ (ઘર)] પું. કોટવાળ.

નગરોદ્ભવ [સ.] વિ. નગરમાં ઉત્પન્ન થનાર.

નગરોદુમ્બા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગરમોથ.

નગરોદ્યાન [સં. નગર (શહેર) + ઉદ્યાન (બગીચો)] ન. શહેરનો બગીચો.

નગરોન્નતિકારિણી સમિતિ સ્ત્રી. શહેર સુધરણા માટેની સમિતિ; 'ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ.'

નગરોપાંત [સ.] ન. ઉપનગર; ઉપપુર; પરું; નગરનું પરું; સાબાનગર.

નગરોળ ૧. વિ. ઓદી; અપોરી, સુસ્ત.

૨. વિ. ઓની એ જ ચૂલો કરે એવું; કામ વિનાનું; નમાર.

નગરૌષધિ [સં.] સ્ત્રી. કેળ; કદલી; કેળનું ઝાડ.

નગરૌષધી જુઓ નગરૌષધિ.

નગલ [હિં.] સ્ત્રી. શહેર.

નગલી [હિં.] સ્ત્રી. શહેર; નગરી.

નગવાન ૧. [સં નગ (પર્વત) + વત્ (વાળું)] વિ. પર્વતવાળું.
૨. [સં. નગ (વૃક્ષ) + વત્ (વાળું)] વિ. ઝાડવાળું.

નગવાસ [સં નાગપાશ] પું (હિંદી) ઝકડને નાખવા કે ફસાવવાનો એક ફંદો; નાગપાશ.

નગવાહન [સં.] પું. શિવ; શંકર.

નગવૃત્તિકા [સં] સ્ત્રી. ચટલાકી.

નગસ્વરૂપિણી પું (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રમાણી; પ્રમાણિકા. તેના દરેક ચરણમાં જગણ, રગણ, સગણ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. તેમાં બીજા અક્ષર પછી યતિ એટલે વિસામો આવે છે.

નગા પું. (પિંગળ) પ્રતિજ્ઞાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઇલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.

નગાઢ [સં નગ (પર્વત) + અટ્ (ફરવું)] પું. વાનર; વાંદરો.

નગાટન ૧. પું. વાનર; કપિ.
૨. ન. ઝાડમાં ગમન કરવું તે.
૩. [સં નગ (પર્વત) + અટન (ફરવું તે)] ન. પર્વતમાં ગમન કરવું તે.
૪. વિ. પર્વત ઉપર ફરનાર.

નગાટની [સં.] સ્ત્રી. વાંદરી.

નગાડા (નગાડો) પું. ઢોલ; નગારું.

નગાધિપ ૧. [સં. નગ (પર્વત) + અધિપ (ધણી)] પું. નગપતિ; મોટો પર્વત; પર્વતોનો રાજા.
૨. પું શિવ.
૩. પું. સુમેરુ પર્વત.
૪. પું. હિમાલય પર્વત.

નગાધિપતિ જુઓ નગાધિપ.

નગાધિરાજ જુઓ નગાધિપ.

નગાનટ [સં.] પું. વાનર.

નગાનિકા પું (પિંગળ) પ્રતિજ્ઞાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઇલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.

નગારખાનું ૧. ન. જુદી જુદી જાતનાં નગારાંના ઘાટ.
૨. [અ. નક્કારહ્ (નગારું) + ફા. ખાનહ્ (જગ્યા)] ન. નગારાં વગાડનારાઓને બેસવાની જગ્યા; ઢોરખાનું.
નગારખાનામાં તૂતીનો અવાજ કોણ સાંભળે ? = જ્યાં મોટો સમારંભ ચાલી રહ્યો હોય, ત્યાં નાની વસ્તુ તરફ ધ્યાન કોનો હોય ? મોટામાં નાનાને કોણ ગણે કે પૂછે ?

નગારચી ૧. [અ. નક્કારહ્ + ફા. ચી (કર્તૃવાચક પ્રત્યય)] પું. નગારાં વગાડનાર પુરુષ. હોળી.
૨. સ્ત્રી. સીદીની એ નામની એક જાત.
૩. વિ. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

નગારચી પું. નગારાં વગાડનાર આદમી.

નગારા [અ. નક્કારહ્] પું. ઢોલ; નગારું.

નગારિ [સં. નગ (પર્વત) + અરિ (દુશ્મન)] પું. ઇંદ્ર. જેણે પર્વતની પાંખો કાપી નાખી હતી એમ મનાય છે.

નગારી ૧. પું. નગારું વગાડનાર આદમી; નગારચી; ઢોલી.
૨. સ્ત્રી. નાનું નગારું.
હોળીના દિવસમાં બાળકો બે દંડમ વડે નગારીઓ વગાડવા મંડી જાય છે.
ગુ. સા. પરિષદ
૩. વિ. નગારું વગાડનાર.
સોળિ એ નર પાડલ વાટ;
મારણ વિદ્ય નગારી ઘાટ.
અનન્તદેવસૂરિ

નગારું ૧. ન. કમળો.
૨. [અ. નક્કારહ્] ન. ઢોલ; તાંબાકૂંડી ઉપર ચામડું મઢેલું હોય એવું વાજું; દંડો મારતાં બરાબર કરે એની અંદરથી પોતી ને ઉપરથી ચામડે મઢેલી બનાવટ; પીટવાથી વાગે એવું વાજું.
૧. નગારામાં તતૂરીનો નાદ = બહુમતીના બળ સામે અલ્પમતીનો પોકાર.
૨. નગારાં પીટ્યાં-વગાડ્યાં = મોટે અવાજે જાહેર રીતે ઢોલ્યો જોવું; પોકારી પોકારીને કહેવું.
૩. નગારે ઊપું વાગવું = (૧) નહિ ગાવું; નપું જેવી બનવું. (૨) નુકસાની બનવી.
૩. ન. મોટું, ભારે ને બોજથી ભરેલું એવું સ્થૂળ માણસ.

નગાલિકા પું. (પિંગળ) પ્રતિજ્ઞાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઇલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.

નગાવાસ [સં. નગ (પર્વત) + આવાસ (રહેઠાણ)] પું. મોર પક્ષી.

નગાશન ૧. [સં. નગ (પર્વત) + આશન (આહાર)] પું. પર્વતનો આહાર.
૨. પું. હાથીકંદ; હસ્તિકંદ.
૩. વિ. પર્વતમાં રહેનાર.

નગાસ્ત્ર [સં. નગ (પર્વત) + અસ્ત્ર (હથિયાર)] ન. પત્થરનો વરસાદ થાય એવું હથિયાર.

નગાસ્ત્રે બાણ છૂટતાં જ અંતરિક્ષમાંથી મોટમોટા નગો આવીને મકામક પડવા લાગ્યા.
ઇન્દ્રજાસ્ત્ર

નગાંગના [સં. નગ (પર્વત) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. પર્વતની સ્ત્રી; પહાડી સ્ત્રી.
દેવાંગના થી દયાગણી;
નગાંગના સમનિમ. શામળ

નગી ૧. પું (પિંગળ) પ્રતિજ્ઞાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઇલા. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.
૨. સ્ત્રી. નગ; રત્ન; મણિ.
૩. [સં. નગ (પર્વત) + ઈ (નારીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. પર્વતની પુત્રી; પાર્વતી.
૪ સ્ત્રી. પહાડી સ્ત્રી; પર્વત ઉપર રહેનારી સ્ત્રી.

નગીચ ૧. [હિં.] અ. કોઈના મતમાં.
૨. [હિં.] અ. નજીક; નજદીક; પાસે.

નગીજ જુઓ નગીચ.

નગીન ૧. પું. નગીનદાસનું ટૂંકું નામ.
૨. ન. કશ્મીરમાં આવેલું એ નામનું એક ઉપવન
૩. [ફા.] ન. નંગ; રત્ન; હીરો.

નગીનગર [ફા. નગીન (રત્ન) + ગર (કર્તૃવાચક પ્રત્યય)] પું. રત્ન જડનાર પુરુષ; જડાવ દાગીના બનાવનાર કારીગર; ઝવેરી; દાગીનામાં નંગ જડવાનું કામ કરનાર માણસ.

નગીના ૧. [હિં.] પું. બાર બાનાંવાળું એક જાતનું દેશી કપડું.
૨. [ફા.] પું. રત્ન; મણિ; હીરો; નંગ; નગીનો.

નગીનાગર જુઓ નગીનગર.

નગીનાસા ૧. વિ. નાનું.
૨. વિ. બરોબર બેસાડેલું; જડેલું.
૩. વિ. સુંદર.

નગીનાસાહ ૧. [ફા.] પું. નગીના બનાવવાનું કે જડવાનું કામ કરનાર માણસ.
૨. પું. હીરાનો ભોપ બતાવનાર માણસ.

નગીનો ૧. [ફા. નગીના] પું. જડાવ દાગીનો.
૨. પું. કોઈ પુરુષ; સંભ.
૩. પું. દેખાવડો, ચતુર અને હોશિયાર પુરુષ; કૂટડો માણસ.
૪. પું. પત્થર.
૫. પું. રત્ન; હીરો; મણિ; કીમતી નંગ.

નગુણ [સં. ન (નહિ) + ગુણ] વિ. ગુણ વિનાનું.

નગુણાપણું ન. બેકદરી; ગુણની કીમત ન કરવાપણું.

નગુણું ૧. [સં. ન (નહિ) + ગુણ] વિ. ગુણ જાણે નહિ એવું; કૃતઘ્ન; નિમકહરામ; કરેલા ઉપકારને ગણે નહિ એવું. કરેલો ઉપકાર ભૂરી જાય એવું, અવગુણિયું; અપકારી.
૨. વિ. નિર્લજ્જ; બેશરમ.

નગુરુ ૧. [સં. ન (નહિ) + ગુરુ (બોધ આપનાર)] વિ. ગુરુ વગરનું.
૨. વિ. નગણ્ય.
૩. વિ. બેશરમ.

નગુરું જુઓ નગુરુ

નગું વિ. (ગામડી) નાગું; વસ્ત્ર રહિત.

અણુહ રેયે, ખાય અગ્મખ,
નાય જગમાં દુર્ઘ નગાં. રસખાર

નગેરા જુઓ નગેંદ્ર

નગેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ માંહેનું એક નામ.

નગૈશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ માંહેનું એક નામ.

નગૈસરિ [સં.] પું. નાગકેસર.

નગૈંદ્ર ૧. [સં. નગ (પર્વત) + ઇંદ્ર (દેવોનો રાજા)] પું. ઉત્કૃષ્ટ પર્વત; મોટો પર્વત.
૨. પું. મેરુ પર્વત.
૩. પું. હિમાલય; પર્વતરાજ.

નગો ૧. પું. કમઠ.
૨. પું. જાતિનો માણસ.

નગોચ્છ્રાય ૧. [સં. નગ (ઝાડ) + ઉચ્છ્રાય (ઊંચાઈ)] પું. ઝાડની ઊંચાઈ.
૨. [સં. નગ (પર્વત) + ઉચ્છ્રાય (ઊંચાઈ)] પું. પર્વતની ઊંચાઈ.

નગોડ (નગોડ) [સં. નિર્ગુંડી] સ્ત્રી. એક જાતનો છોડ; સિંદુવાર; સિંધ્ય. ભમકણી જેનો આ છોડ તુમારે દોઢથી બે માથોડાં ઊંચો વધે છે. આ છોડથી ત્રણ હાથ છેટે દક્ષિણ દિશામાં રાહડો હોય તો તે ઠેકાણે જમીનમાં પાણી હોવાનું મનાય છે. તેની ડાળી ઉપર ખીલીપત્ર જેવાં ઝીણાં, પાતળાં, અણીદાર ત્રણ અથવા પાંચ પાન આવે છે. તે ઉપરથી લીલાં અને નીચે પોચાશ પડતાં હોય છે. વાયુથી માયું દુખતું હોય તો પાનને વરાળ આપી માથે બાંધવામાં આવે છે. વાયુ, સોજો અને કૃમિ ઉપર પાન જરા વરાળવાળાં કરી બાંધવામાં આવે છે. કેટલા ઠેકાણે ઝાડમાં પણ તે વપરાય છે. તેનાં ફૂલ ગુચ્છાકાર અને જાંબુડા રંગનાં તથા ફળ વટાણા જેવડાં અને કાળા રંગના થાય છે. તેનાં બીજ રેચક-બીજ કહેવાય છે. તે સંધિવા, સોજો, ગૃધ્રિકારોગ, અર્દિત અને આંચકી ઉપર ઇલાજના રૂપમાં અપાય છે. નગોડની જુદી જુદી જાત થાય છે. કાળા નગોડનાં પાન ગોતરેલા અને ફૂલ લીલાં હોય છે. આ જાત કફકર, વર્ણકારક અને પિત્ત, તાવ, વિષ તથા કૃમિની મટાડનાર મનાય છે. એનાં પાદડા તીખા, અગ્નિદીપક, લઘુ અને કૃમિ, કફ તથા વાયુનાશક મનાય છે. ફૂલ તીખાં, ઉષ્ણ તથા કફવા હોય છે અને કૃમિ, કફ, વાયુ, પ્લીહા, ગુલ્મવાયુ, કોઢ, સોજો, અરુચિ તથા અજીર્ણ મટાડે છે. સાદી નગોડના પાન લાંબાં અને ફૂલ પીળાં હોય છે. સાદી નગોડ કરતાં કાળા નગોડ વધારે ગરમ મનાય છે. જેની ભાજરતા છાલ અને ફૂલ કાળા રંગનાં હોય તે કાળી નગોડ કહેવાય છે. તેને નીલપુષ્પી, સુરક્ષા કે શીકાકી પણ કહે છે. તે વધારે ગુણવાળી કહેવાય છે. તેના પાદડાં તુલેરનાં પાદડાં સમાન નરમ અને સુવાળાં હોય છે. આ જાત કડવી, રક્ષ, ઉષ્ણ અને તીખી છે તથા આમવાતવાયુ, પ્રદર, ઉપરસ, સોજો, કૃમિ તથા વાયુનો નાશ કરે છે. વળી કાળી નગોડનાં પાન પુરસ્કર અથવા લૂણમાં રાખવાથી તેમાં કીડા પડતાં નથી એમ મનાય છે. જેને ધોળાં ફૂલ થાય છે, તે ધોળી નગોડ કહેવાય છે. તેનાં પાદડા લીંબડાના પાદડાથી દર્ભકે પહોળાં, કાંસરાવાળાં અને અણીદાર હોય છે. આ જાતની નગોડ તીખી, કડવી, રક્ષ, ઉષ્ણ, તૂરી, સ્મૃતિભ્રંશ, નેત્રો અને કેશને હિતકર, લઘુ, અગ્નિદીપક, મેધાકારક તથા વર્ણકર અને મુદ્દવાત, કૃમિ, સંધિવાત, વાત, સોજો, આમ, કૃમિ, કોઢ, કફ, મધુ, પ્લીહા, ગુલ્મ, કંઠરોગ, વિષ, જૂના, અરુચિ નાશ, મેદારોગ, ગૃધ્રસીવાયુ, ગળોબ્રમ, ઉપરસ, દમ તથા પિત્તનો નાશ કરે છે. પાંદડાં લઘુ અને કૃમિ મટાડનાર કહેવાય છે. વનનગોડ નામની એક બીજી જાત પણ થાય છે.

નગોઢ જુઓ નગોડ

નગોદર ૧. ન. કાંઠે પહેરવાનું એક જાતનું ઘરેણું.
૨. ન. ઓળાને નાકે પહેરવાનું એક ઘરેણું.

નગોનિતા પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં તગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર, બીજા ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર, ત્રીજા ચરણમાં રગણ, જગણ અને ગુરુ મળી સાત અક્ષર તથા ચોથા ચરણમાં બે રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

નગોપમા પું. (પિંગળ) સંકોર્ણની જાતનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં તગણ, જગણ અને રગણ મળી નવ અક્ષર, બીજા ચરણમાં ભગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર, ત્રીજા ચરણમાં તગણ, જગણ અને રગણ મળી નવ અક્ષર તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

નગોર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે ઝેર ઉતારનાર મનાય છે.

નગોરચું જુઓ નગોરિયો.

નગોરચો પું. આઠ અથવા બાર કે પણ બેથી રમનાર છોકરાઓથી રમાતી એ નામની એક રમત; ઘાડિયો ગઢ; અગલી ગોટો; દડાનાગેલી; દડેકૂમેલી; નવનાગાલિયો, નવન.ગેલિયો, નાગોરિયો; નાગોરો. સપાટ જાડાના અથવા ઈંટના સાત કટક ચડતા ઊતરતા ગોઠવીને ઉતરડ બનાવી તેની ઉપર દડો મૂકવામાં આવે છે. આ આકારને નગોરચો કહે છે. એ નગોરચાથી દૂરના ઠેકાણે પોતું અગાઉ ઠરેલા ઠેકાણે છે કે તે જગાએ ધૂળનું નિશાન કરે છે. પછી રમનારાઓના દાવ લેનાર અને દેનાર એમ બે પક્ષ પાડી દાવ લેનારી ટોળીનો એક ઠરેલા પાસે ઊભો રહે અને બીજો નગોરચા પાસે ઊભો રહે. દાવ આપનાર પક્ષનો પણ એક છોકરો એ નગોરચા પાસે ઊભો રહે. બાકીના બધા છોકરાઓ નગોરચાની બીજી બાજુએ જુદે જુદે ઠેકાણે જરૂર પ્રમાણે થોડે થોડે છેટે ઊભા રહે. દાવ લેનાર છોકરાનું કામ પોચ, આગળથી નગોરચાને તાકીને દડો મારવાનું હોય છે અને દાવ આપનાર પક્ષનો જે છોકરો નગોરચા પાસે ઊભો રહેલો હોય તેનું કામ તે આવતો દડો હાથમાં લઈ સામા પક્ષના છોકરાઓ જે નગોરચા પાસે ઊભા હોય તેને મારવાનું છે. બાકીના છોકરાઓનું કામ એ નગોરચા તરફ આવતો દડો જો પ્રતિપક્ષીઓ હાથ મારીને દૂર લઈ જાય અથવા નગોરચાને ન વાગતાં બાજુએ ચાલ્યો જાય અગર ભમે તે કારણે પણ દડો છેટે ગયો હોય સાથી બનતી ઉતાવળે જાવાને પોતાના પક્ષનો જે છોકરો નગોરચા પાસે ઊભો હોય તેને આપવાનું હોય છે. દાવ લેનાર પક્ષનો જે છોકરો નગોરચા પાસે ઊભો હોય તેનું કામ નગોરચો પડી જાય કે તરત જ અને તેટલી ઝડપથી તેને જેવો હતો તેવો ફરી બનાવી દેવાનું હોય છે અને બીજા છોકરાઓનું કામ તે નગોરચા ઉપર આવેલા દડાને ઝીલી લેવાનું અને તે ઝિલાય તો પગથી લાત મારીને દડાને લાંબે ઘા કરવાનું હોય છે. રમવાની રીત એવી છે કે, દાવ લેનાર પક્ષનો જે છોકરો

હાથમાં દડો લઈ હરીફના પાસે ઊભેલો હોય તે નગોરચાને પાડવા માટે દડો ફેંકે. જો દડાથી નગોરચો ન પડે અને આઉટ બાય અને તે દડો હાથ આપનાર પક્ષ અધરથી ઝીલી લે તો તે દડો ફેંકનાર આઉટ થયો ગણાય અને તેના પક્ષનો બીજો છોકરો દાવ લેવા આવે. જો પ્રમાણે બધા આઉટ થતાં રમત પૂરી થાય, પણ ફેંકેલો દડો નગોરચાને પાડ્યા વગર આઉટ બાય અને પ્રતિપક્ષનો તેને ઝીલી ન શકે તો તે જ છોકરો ફરી દડો ફેંકી શકે. જો એ દડો નગોરચાને વાગે અને નગોરચો પડે તો તે જ પક્ષના બીજા છોકરાઓ જ્યાં દડો પડ્યો હોય ત્યાંથી લાત મારીને છેટે ને છેટે લઈ જાય. હાથ બિલકુલ અડાડી શકાય નહિ. દાવ લેનાર પક્ષ જ્યારે આ પ્રમાણે લાત મારીને દડાને દૂર ને દૂર લઈ જતો હોય, ત્યારે એ પક્ષના નગોરચા પાસે ઊભેલા છોકરાઓ એ પડેલા નગોરચાને બનતી ઝડપથી ફરી ગોઠવી દેવાનો હોય છે. જ્યારે દાવ લેનાર પક્ષ દડાને છેટે ને છેટે લઈ જતો હોય ત્યારે દાવ આપનાર પક્ષના છોકરાઓમાંથી તે દડાને હાથમાં લઈને પોતાના પક્ષના નગોરચા પાસે ઊભેલા છોકરાને બનતી ઉતાવળે પહોંચાડવો. આમ દાવ આપનાર જ આ રીતે દડાને હાથ વતી લઈ શકે અને ફેંકી શકે. ઉપર પ્રમાણે નપાઝપી આવતી હોય તેવામાં જો દાવ આપનાર આહેના કોઈ છોકરાના હાથમાં દડો આવી જાય અને તે પોતાના પક્ષના નગોરચા પાસે ઊભેલા છોકરાને આપી દે અને તે પ્રમાણે નગોરચો પૂરો ગોઠવાય પહેલાં પ્રતિપક્ષના તે ગોઠવનાર છોકરાને મારે તો દાવ લેનાર બધા આઉટ થઈ જાય અને તેના પક્ષ ઉપર દાવ આપવાનો વારો આવે.

નગોઠવ્યા ૧. [સં. નગોઠવ્ય] કું. આઠ પગવાળું જનાવર.

૨. કું. કામડો.

૩. [સં. નગ (ઝાડ) + ઓઠવ્ય (રહેઠાણ)] કું. પક્ષીઃ પંખી.

૪. કું. ઝરણ.

૫. કું. સિંહ.

૬. [સં. નગ (પર્વત) + ઓઠવ્ય (રહેઠાણ)] વિ. પર્વતમાં રહેનાર.

૭. વિ. વૃક્ષ ઉપર રહેનાર.

નગોરી જી. રીંગડાંવાળાં ઢોરની મોટી અને ઊંચી ઓલાદ.

નગ્ગુ વિ. (જૂ. ગુ.) નગ્ન; નાગું.

ટોડર ભિરદ સિંહારણુ લીહ,
નગ્ગુ તે વલી નગ્ગુ કીહ. કાન્હડદેપ્રબંધ

નગ્ન ૧. [સં] કું. (જૈન) એક જાતનો દિગંબર. તે કૌપીન અને કષાય વસ્ત્ર પહેરે છે. તે પાંચ જાતના છેઃ દિગ્ચક્ષ, કુન્દપોત, યુક્તકટ્ટક, એકવાસા અને અવાસા.

૨. કું. ત્રણ વેદરૂપ આવરણને છોડનાર માણસ.

૩. કું. નાગો બાવો.

૪. કું. વાનપ્રસ્થ આશ્રમ કર્યા સિવાય ગૃહસ્થાશ્રમમાંથી ઘરબારનો સંન્યાસી થયેલ પુરુષ. પુરાણ અનુસાર આવો આશ્રમ ચાર આશ્રમ સમાન છે.

૫. કું. વેદમાં ન માનનાર માણસ.

૬. કું. શાસ્ત્ર વગેરેનું જ્ઞાન ન હોય અને જેના પુણ્યમાં કોઈ વેદ અધ્યયન ન હોય એવો માણસ. આવા માણસનું અન્ન ગ્રહણ કરવું વર્જિત કહ્યું છે.

૭. કું. (પિંગળ) ૨૮મની જાતનો એક પ્રચૂર્ણવૃત્તિ માત્રામેળ છંદ; નગર. તેમાં ૬૦ ગુરુ અને ૪૪ લઘુ મળી ૧૪ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૮. વિ. કપાસ વગેરે પાકનું કરનાર.

૯. વિ. ખુલ્લું; ઉઘાડું.

૧૦. વિ. હોય રહિત; નિરાભરણ.

૧૧. વિ. બેશરમ; નિર્લજ્જ.

૧૨. વિ. ક્ષુચ્ચુ.

૧૩. વિ. વસ્ત્ર પહેર્યા વિનાનું; વસ્ત્ર રહિત. ફક્ત વસ્ત્રનું; નવસ્તુ.

નગ્નક જુઓ નગ્ન.

નગ્નકન્યા ૧. [સં. નગ્ન (વસ્ત્ર પહેર્યા વગરનું) + કન્યા (છોકરી)] જી. નાગી કન્યા.

૨. જી. જોતિષ પ્રમાણે ન ચરુ હોય એવી કન્યા.

નગ્નકન્યા કેમ ગણાય એમ બે આને છે, એટલે જોતિષ પ્રમાણે ચરુ ન હોય એવી કન્યા એમ અર્થ હશે.

ગુજરાતી અને કુટુમ્બસંસ્થા

નગ્નકા જુઓ નગ્નકન્યા.

નગ્નક્ષપણક [સં. નગ્ન (નાગું) + ક્ષપણક (જૈન સાધુ)] કું. એક જાતનો જૈન ભિક્ષુ.

નગ્નચર્યા [સં. નગ્ન (નાગું) + ચર્યા (કરવું તે)] જી. નાગા કરવું તે.

નગ્નજિત ૧. કું. પુરુષ અક્ષર માંહેનો એ નામનો એક સિદ્ધપક્ષ.

૨. [સં. નમજિત] કું. (પુરાણ) કેકય દેશનો એ નામનો એક રાજા. તેની દીકરી સત્યા અથવા નાગ્નજિતીને શ્રીકૃષ્ણ સાથે પરણાવી હતી. આ રાજા પોતે દિગ્વિજય કરવા નીકળેલ ત્યારે જ્યેં તેનો જીતેલો હતો. ક્ષત્રુપાત નામના અસુરના અંશરૂપે એ જન્મ્યો હતો એમ કહેવાય છે. મહાભારતના યુદ્ધમાં તે દુર્યોધનના પક્ષમાં હતો.

૩. કું (પુરાણ) માધારનો એ નામનો એક બહુ પ્રાચીન રાજા. તેનો ઉલ્લેખ શતપથ બ્રાહ્મણમાં છે.

નગ્નજિતી જી. (પુરાણ) શ્રીકૃષ્ણનું. એ નામની એક પટરાણી.

નગ્નતા જુઓ નગ્નત્વ.

નગ્નત્વ [સં નગ્ન (નગુ) + ત્વ (પણું)] ન. નગ્ન હોવાપણું; નાગાપણું; નગ્નતા; વસ્ત્રહીનતા. નિર્વસ્ત્રપણું. દિગંબરપણું

સાધુઓના આચાર. પરીષહો ગણાવતાં તેઓ નગ્નત્વ પરીષહને આગમ પ્રમાણે ગણાવે છે. પણ નગ્નત્વ એટલે શું એ વિષે જૈનમ સુદ્ધામાં કશું જ કહેતા નથી. તત્ત્વાર્થસૂત્ર

નગ્નપરીષહ કું. (જૈન) બાવીસ માંહેનો એ નામનો એક પરીષહ; નગ્નપણું સમભાવપૂર્વક સહન કરવું તે. આ પરીષહના વિષયમાં શ્વેતાંબર અને દિગંબર સમ્પ્રદાયમાં ખાસ મતભેદ છે. એ જ મતભેદને લીધે શ્વેતાંબર અને દિગંબર એવા નામ પડ્યા છે. શ્વેતાંબર સાધ્વો વિશિષ્ટ સાધનો માટે સર્વથા નગ્નપણું સ્વીકારતા હોવા છતાં અન્ય સાધનો માટે મર્યાદિત વસ્ત્રપાત્રની આજ્ઞા આપે છે અને તેવા આજ્ઞા- પ્રમાણે અમૂર્છિતભાવથી વસ્ત્રપાત્ર સ્વીકારનારને પણ તેઓ સાધુ તરીકે માને છે, જ્યારે દિગંબર શ્રમણો મુનિ નામધારક બધા સાધનો માટે એકસરખું એકાંતિક નગ્નત્વનું વિધાન કરે છે.

નગ્નપર્ણી [સં.] કું પ્રાચીન સમયનો એ નામનો એક દેશ.

નગ્નપર્ણી [સ નગ્ન (ઉઘાડું) + પર્ણ (પાંદડું) + ઙીપ્ (વાળું)] વિ સ્ત્રીમાં નગ્ન પાનવાળું.

નગ્નપુષ્પી [સં. નગ્ન (ઉઘાડું) + પુષ્પ (ફૂલ) + ઇનિ (વાળું)] વિ. સ્ત્રી, જેમાં કે જેનું ફળ જોવા ન હોય એવાં ફૂલવાળું

નગ્નફલ [સં. નગ્ન (ખુલ્લું) + ફલ (ફળ)] ન. કોઈ પણ જાતના ઢાંકણ વગરનું ફળ.

નગ્નફળ જુઓ નગ્નફલ.

નગ્નબીજ [સં. નગ્ન (ખુલ્લું) + બીજ] જી. જેનું બીજ ઢાંકણ વગરનું ખુલ્લું હોય એવી વનસ્પતિ.

નગ્નભાવ [સં.] કું. નગ્નવૃત્તિ; સાધુવૃત્તિ.

નગ્નમુષિત [સં. નગ્ન (નાગું) + મુષિત (ચોરાયેલ)] વિ. ધન વગેરે ચોરાવાથી નાગું થઈ ગયેલ.

નમ્રવાદ [સં નમ્ર (નાનું) + વાદ (મત)] પું. નમ્રતા રહેવાનો મત

નમ્રસત્ય ૧. [સં. નમ્ર (ખુલ્લું) + સત્ય (સત્ય)] ન. નર્યું સત્ય; નિર્મળ સત્ય; એકલું સત્ય; જેવી હોય તેવી સાચી વાત.

૨ વિ. ચોખ્ખેચોખ્ખું સાચું; સાવ સાચું; તદ્દન ખરું

નમ્રસંઘ [સં નમ્ર (નાનું) + સંઘ (સમૂહ)] પું. નાનાં માણસોનું ટોળું; નાના જ રહેવું એવા મતવાળાં માણસોનું મંડળ.

નમ્રસ્થિતિ [સં. નમ્ર (નાનું) + સ્થિતિ (હાલત)] સ્ત્રી. નમ્રાવસ્થા; વજ્ર વિનાના હોવાની હાલત.

નમ્રહું જુઓ નમ્રહ.

નમ્રહુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પું. ઘા રાંઢવી વખતે તેમાં નાખવાની એક જાતની ઔષધિ; જટામાંસી દ્રવ્યોથી બનેલા દારૂમાં પડતો એક પદાર્થ.

નમ્રાંકરણ [સં. નમ્રમ્ (નાનું) + કરણ (કરવું તે)] ન. નાનું કરવું તે.

નમ્રાંજવિષ્ણુ [સં. નમ્રમ્ (નાનું) + અજ્ (જવું)] વિ. નાનું જનાર.

નમ્રાંભાવુક જુઓ નમ્રાંજવિષ્ણુ.

નમ્રા ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

૨ સ્ત્રી. નાની સ્ત્રી.

નમ્રાઢ ૧. પું. (જૈન) દિગંબર જૈન.

૨. પું. નાનો સાધુ.

૩. [સં. નમ્ર (નાનું) + આઢ્ (ઓટવું)] વિ. પું. નાનો કરનાર.

નમ્રાઢક જુઓ નમ્રાઢ.

નમ્રાધોગંડી ૧. [સં. નમ્ર (નાનું) + અધોગંડ (ચૂર્ણ)] ન. જેની ચૂર્ણ ખુલ્લી હોય એવું મૃદુકાય પ્રાણી. 'ન્યૂડિબ્રેન્ક્સ.'

નમ્રાધોગંડી ઘણાં ઝરણાંના મૃદુકાય પ્રાણી છે ને તે પથ્થરોની સપાટી ઉપર દેખાતાં હોય છે.
પ્રાણીસૃષ્ટિ

૨. વિ. જેની ચૂર્ણ ખુલ્લી હોય એવું.

નમ્રાવસ્થા [સં. નમ્ર (નાનું) + અવસ્થા (હાલત)] સ્ત્રી. નાનું હોવાની સ્થિતિ; નમ્ર હાલત; ઊપાડી હાલત; નાનાપણું. કેટલાક લોકો નાના રહેવાને રેવાયેલ હોય છે અને તે સિવાયમાં તેમને કંઈ વિચિત્ર જણાતું નથી. પહેલાં દક્ષિણ આફ્રિકામાં કસ્તુરી બધી પુરુષો સમસમ નામની જગ્યામાં જ ફરતાં, હાલ પણ ત્યાંમાં વધ્યાં એ જ પ્રમાણે વર્તે છે. યુરોપ આપણને એક ત્યાંથી ઢાંકે છે. કોઈ એટલો પણ ઉપરોપ ન કરે. પણ તેઓ પોતાની હદિવાને વશ નથી રાખી શકતા એમ નથી. આ બધો સમુદાય એક હદિને વશ થઈને વર્તતો હોય, ત્યાં બીજા સમુદાયને એ હદિ અનોખ્ય લાગતી હોય, છતાં પહેલાની દૃષ્ટિમાં મુદ્દલ દોષ ન હોય એ તદ્દન સંભવિત છે. આ હબસીઓ એકબીજાની તરફ જોવા કરવાને નવરા હોતા જ નથી. યુરોપવાસ બધારે નમ્રાવસ્થામાં નાહની ઓળોની વચ્ચે થઈને ચાલ્યા ગયા, તારે ન એમના મનમાં જરા વિકાર થયો, ન તે નિર્દોષ ઓળોને જરા પણ ક્ષોભ થયો, ન જરા યે શરમ જેવું લાગ્યું એમ ભાગવતમાં જણાવેલ છે.

નમ્રિકા ૧. [સં.] સ્ત્રી. ઋતુપ્રાપ્તિ નહિ પામેલી સ્ત્રી; ઋતુ નહિ પ્રાપ્ત થયેલ કન્યા.

૨. સ્ત્રી. નાની સ્ત્રી.

નમ્રોકરણ [સં. નમ્ર (નાનું) + કરણ (કરવું તે)] ન. ઘૂમતાં ઊતરાવી નાખવાં તે; નાનું કરવું તે.

નમ્રીકૃત [સં. નમ્ર (નાનું) + કૃત (કરેલ)] વિ. નાનું કરેલ; નમ્રતા કરેલ.

નમ્રો પું. મધુર સ્વર; મીઠો રાગ.

નમ્રા સ્ત્રી. કુંવરી જમીન.

પ્રમાણ કર્યા પ્રહ્લે સમે ભૂપતિ ભોગ,
અર્તવ્યો તેહ નમ્રા પાસ રે.
નેમવિજય

નમ [હિં.] ન. નજર.

નમોષ [સં. ન્યમોષ] પું. (હિંદી) ઘડ વજન; ઘડનું માપ.

નયજ્ઞ ૧. [સં.] વિ. અદ્ભુત.

૨. વિ. અપત્ય.

૩. વિ. સુંદર.

નયઝક ૧. [સં.] સ્ત્રી. કેરી.

૨. વિ. સુંદર.

નયભા ૧. [સં.] પું. ગાયન.

૨. પું. મીઠો અવાજ.

નયમા ભોપાળી પું. (સંગીત) એ નામનો એક રાગ.

નયમાર [સં.] પું. ઘોડનો રોગ.

નયમાસરાઈ [સં.] ન. સંગીતનું ગાયન.

નયમાસંજી જુઓ નયમાસરાઈ.

નયરું [સં. ન (નહિ) + ગૃહ (ઘર)] વિ. ઘર વિનાનું.

નાસતા ભાગ ને તેમ સહી વૈરાગ્ય ભોગવ્યા;
નયરક્ષ ઘર જોડીને મુમુક્ષુઓ અમે બન્યા.
પ્રસ્થાન

નયરો સ્ત્રી. બધા કાંટાવાળી એક જાતની માછલી; નયરો

નયરોર જુઓ નયરોળ.

નયરોળ ૧. વિ. આગ્રહ; જોદી.

૨. વિ. ચિંતા કે ફાગણ વિનાનું; બેફકરાઈ.

૩. વિ. કદાગ્રહ વિનાનું; ગમ વગરનું; સમજણ વિનાનું; અણપરા; બેસમજ; કમસમજણ; જડ.

૪. વિ. માત્ર શરીર બધારી બહેલું હોય એવું; જડજરત; મૂઢ.

૫. વિ. માન અપમાનની અસર વગરનું; નફટ.

નયાયું જુઓ નયાયું.

નયાય [સં.] પું. ઘોડનો રોગ.

નયાયું ૧. વિ. અસાધારણ સ્થિતિનું.

૨. વિ. અરધાને હોય એવું; કેડાણા વગરનું; અબોગ.

નયાયું વામનું = ન જોઈએ એ તે સ્થળે વામનું.

નયારચી પું. નયારું વગાડનાર આદમી; નોબત વગાડનાર માણસ.

નયારા [રા.] પું ઢોલ; નગારું; નોબત.

નયારિષ [સં.] પું. ઘોડનો રોગ.

નયુરી સ્ત્રી. હાથની પોંચી.

નયુષ [સં.] પું. નહુષ રાજા.

નયોરું વિ. નબળું. નમણું; મૃદુ કે પાતળ વગરનું. કુદરત. ઉપકાર ભૂલી જનાર.

પણી હું નયોરી કાં સૌ કનેરી નર્મદ

નર્ઘ ૧. [સં.] પું. ગાયન.

૨. પું. મીઠો અવાજ.

નર્ચકૂદ સ્ત્રી (હંમેશાં) નાચકૂદ.

નર્ચવું અ. ક્રિ. (હંમેશાં) નાચવું.

નર્ચને ૧. [સં. ન (નહિ) + ચિત્ત (દિલ)] અ. ચિત્ત વગર.

૨. [સં. ન (નહિ) + ચિત્ત (મન)] અ મન વિના.

નર્ચાનિ [હિં.] સ્ત્રી. નાચ; નૃત્ય.

નર્ચાનિયા [હિં.] પું. નાચ કરનાર માણસ; નૃત્ય કરનાર માણસ

નર્ચની ૧. [હિં.] સ્ત્રી. ગદીતકી ઘૂમનાર સ્ત્રી.

૨. વિ સ્ત્રી. નૃત્ય કરતી.

નર્ચવું [સં. નૃત્ (નાચવું)] ક્રિ. અ. નાચવું; નાચે એમ કરવું.

નચવૈયો [સં. નૃત્ (નાચવું)] પું. નાચનાર પુરુષ.

નચંત ૧. [સં. નિશ્ચિત] વિ. નક્કી; ચિંતા રહિત.

૨. અ ચિંતા વગર; ચિંતા ન રહે એમ.

પગિ ઘરીનઇ તે આરયાસ,
પછઇ નચંત રાજ કરયાસ

જીમ

નચંત્ય જુઓ નચંત.

નચાવવું ૧. સ ક્રિ. ઉતાવળું.

૨. સ. ક્રિ. કુદાવવું.

૩. સ. ક્રિ. જેમ કહે તેમ કર્મ કરવું; આજ્ઞા પ્રમાણે વર્તવું કરવું.

૪. [સં. નૃત્ (નાચવું)] સ. ક્રિ. નાચ કરાવવો; નાચે એમ કરવું; નચવવું.

આખ નચાવવી = ચમકાતાપૂર્વક આંખની કીકીઓ ફેરવવી.

૫. સ. ક્રિ. રમાડવું; ખિલાવવું; લડાવવું; કુલાવવું; છૂટથી જેમ કરવા ચહાય તેમ કરવા દેવું.

૬. સ. ક્રિ. હેરાન કરવું.

નચાવું ૧. અ ક્રિ. આજ્ઞાધીન થઈ રહેવું; જોઈ નચવે તેમ નાચી રહેવું.

૨. અ. ક્રિ. મૂલ કરી રહેવું.

નચિકેત જુઓ નચિકેતા

નચિકેતા ૧. [સં. નચિકેતસ્] પું. અગ્નિ.

૨. પું. એ નામનો એક ઋષિ.

૩. પું. ચિંતાનું ગાડ.

૪. પું. (પુરાણ) યમરાજ પાસેથી બ્રહ્મવિદ્યા શીખી જાણનાર એ નામનો એક બ્રાહ્મણકુમાર; ગૌતમ ગોત્રમાં થયેલા આરુણિ અથવા ઉદ્દાલક ઋષિનો એ નામનો પુત્ર. એ કુમારે પાંચ વર્ષનો હતો ત્યારે ઉદ્દાલક ઋષિએ યજ્ઞ કર્યો. યજ્ઞમાં આપવાને બરાબર બરાબર ગાયો જુદી રાખી હતી. પોતા ઉપરના સ્નેહને લીધે પોતાના પિતા આમ કરે છે એમ ધારી નચિકેતાએ પિતાને પૂછ્યું કે, આપ મને કોને આપો છો? ત્રણ વખત પૂછ્યું ત્યારે તેના પિતાએ ખિજાઈને કહ્યું કે, યમને. વચન અપાયા પછી દિલગીર થયો, છતાં નચિકેતાના કહેવાથી ઉદ્દાલકે એને યમને સમર્પણ કરતાં જ એ યમલોકમાં ગયો. યમ પાતાળમાં ગયા હતા, તેથી તેના દ્વાર ઉપર અનશન લીધા સિવાય બીજો રહ્યો. ત્રીજે દિવસે યમે પોતાને ઘેર આવેલા અને અનશન વિનાના ઊભા રહેલા અતિથિને જોઈને તેનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું અને વરદાન માગવાનું કહ્યું. પહેલા વર તરીકે પોતાના પિતા શાંતસ્વરૂપ થાઓ એમ માગ્યું. બીજા વર તરીકે નચિકેતાએ સ્વર્ગપ્રાપ્તિ સારુ સાધનરૂપ અગ્નિ માગ્યો. યમે એને અગ્નિનું સ્વરૂપ સમજવ્યું અને એ અગ્નિ નાચિકેત નામે ઓળખાશે એવું વધારાનું વરદાન આપ્યું અને પોતાની અનેકરૂપી માળા પહેરાવી. ત્રીજા વર તરીકે નચિકેતાએ બ્રહ્મવિદ્યા સમજવવા માગ્યું. યમે નચિકેતાને બીજું વરદાન બદલાવવાને બધે સમજાવ્યા. નચિકેતાને ઘણું દ્રવ્ય, સ્વર્ગના ભોગ, ભોગો, પણ જ લાંબું આયુષ્ય વગેરે માગવાનું કહ્યું, પણ નચિકેતા પોતાના દૃઢ નિશ્ચયથી ચળ્યો નહિ. ઊલટે વચનમાં ભોળવેલા યમે નચિકેતાને બ્રહ્મવિદ્યાનો એટલે અક્ષરબ્રહ્મનો બોધ કર્યો. આ પ્રમાણે વરદાનો મળે, જ્ઞાનનો ભંડાર ભરીને નચિકેતા પોતાના પિતા ઉદ્દાલક અથવા આરુણિ ઋષિની પાસે આવ્યો. આ હકીકત કઠવલ્લી ઉપનિષદમાં વિસ્તારે વર્ણવી છે.

૫. પું. વાજશ્રવસ ઋષિનો એ નામનો પુત્ર

નચ્ચિચું [સં. ન (નહિ) + ચિત્ર] વિ. ચિત્ર વગરનું.

એમનું નિશાન છે હરેક રુચિર આસિક અને નચ્ચિત્રા રેમાસિક પર ઉડાવું હતું. કૌમુદી

નચ્ચિર [સં. ન (નહિ) + ચિરમ્ (લાંબો વખત)] વિ. અચિર, સત્વર, ઝટપટ. અવાચી.

નચ્ચિંત ૧. [સં. નિશ્ચિન્ત] વિ. ચિંતા વિનાનું; ફિકર વગરનું; બેફિકર; નિશ્ચિંતર.

૨. વિ. બીક વગરનું.

૩. અ. ચિંતા રહિત હાલતમાં હોય એવી રીતે; નિરાંતે; ચિંતા ન હોય તેમ; બેપરવાપણે

નચ્ચિંતતા [સં. નિશ્ચિન્ત (ચિંતા વગરનું) + તા (પણું)] સ્ત્રી. નચ્ચિંતપણું; બેફિકરાઈ; સ્વારસ્ય.

નચ્ચિંતપણું જુઓ નચ્ચિંતતા.

નચ્ચિંતપણે અ. બિલકુલ ચિંતા વિના; નિરાંતે.

નચ્ચિંતા સ્ત્રી. બેફિકરાઈ; નચ્ચિંતતા.

નચ્ચિંતાઈ જુઓ નચ્ચિંતતા.

નચ્ચિંતે અ. નિશ્ચિંતપણે; નિરાંતે; નચ્ચિંતતાપૂર્વક.

વિદ્યાઓ તે સુખરિર રહી ચાર નાખી નચ્ચિંતે.
પરાક્રમની પ્રસાદી

નચ્ચૂકી સ્ત્રી. નાનો નચ્ચૂકો.

નચ્ચૂકો પું. નચૂકો; જેમાં સાંકળ ભેરવવામાં આવે તે લોઢાનો વાળેલો આંકડો.

નચ્ચોવવું ૧. સ. ક્રિ. ઠબાવવું

૨. સ. ક્રિ. ઠબાવીને કે વગ કરીને પાણી બહાર કઢવું; નિચોવવું.

નચ્ચોવાવવું ૧. સ ક્રિ ઠબાવવાનું કામ બીજાથી કરાવવું; નચોવાય એમ કરવું

૨. સ. ક્રિ. નિચોવાય તેમ કરવું

નચ્ચોવાવું ૧. અ ક્રિ ઠબાવવાનું કામ થવું; લૂંટાવું.

૨. અ. ક્રિ. નીતરવું; નિચોવાવું; પાણી ટપકે એમ થવું.

નચ્ચોહાં [હિ.] વિ. ચમત્કાર; અચ્છિરજ

નચ્ચ્યણ [સં. નર્તન] ન. (જૂ. ગુ) નાચવું તે.

નચ્ચ્યણી [સં. નર્તકી] સ્ત્રી (જૂ. ગુ) નટી. નાચનારી સ્ત્રી

નચ્ચ્છર ૧. ન. નહિવું પાણું તે.

૨. ન. રેસ.ળો; વરસાળો.

નચ્ચુત [સં. ન (નહિ) + ચ્યુત (પડેલું)] વિ. નહિ ઝરેલું; નહિ પડેલ.

નજતરી જુઓ નક્ષત્રી.

નજત્તર જુઓ નક્ષત્ર

નજત્ર જુઓ નક્ષત્ર.

નજત્રી [સં. નક્ષત્ર + ઇન્ (વાળું)] વિ. સારા નક્ષત્રમાં જન્મેલું; નસીબદાર; ભાગ્યવાન; ભાગ્યશાળી.

નજદું વિ. જુદું; અલગ, ભિન્ન.

નજદૂકે અ. નાજીકે; ન આવે; લાચારીથી; પરાણે, અણટકે.

નજદોરવી ૧. સ્ત્રી. જેને દયા મર્યાનું ભાન ન થયું હોય એવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. વખા; બાળકને જન્મ આપ્યો ન હોય એવી

નજદોરવું ૧. [ન (નહિ) + જોર (જોરદાર)] વિ. નસંતાન; વીજિયુ, જેને જોરદાર ન હોય એવું; બળાત્ કિનાનું

૨. વિ. નાદાન; મૂર્ખ

નજદોરું જુઓ નજોરવું.

ન જ જ [સં ન (નહિ) + જ (અને)] અ. બરોબર નહિ.

નજદ [અ] પું. મધ્ય અરબસ્તાનનો એ નામનો એક પ્રદેશ.

નજદીક ૧. [ફા.] અ. પાસે; પડોશમાં, કને; નજીક; સમીપ, કરીબ.

૨. અ સગામમ.

૩. અ. સામે; સમક્ષ.

નજદીકી ૧. [હિ.] પું નિકટનો સંબંધી

૨. [ફા.] સ્ત્રી. નજીકપણું, પડોશ; સામીપ્ય.

૩. વિ. નિકટનું; પાસેનું.

નજરૂ (નજરુ) ૧. [અ.] પું. જમીની કુદરતી જમ્યા.
૨. પું. પાણી પહોંચી ન શકે એવી ઊંચી જમ્યા.

નજરુમ ૧. [અ.] પું. ગ્રહ; તારો; સિતારો.
૨. પું. જન્મોતરી.
૩. પું. જ્યોતિષરાજ.
૪. પું. નસીબ.
૫. પું. ભવિષ્યવાણી
૬. [સં. નઝમ] સ્ત્રી. ટૂંકી કવિતા; પદ્ય; છંદ.
૭. ન. સફેદ રંગનું મોતી

નજર ૧. [અ. નઝર] સ્ત્રી. આંખ; ચક્ષુ.
૨. સ્ત્રી. મહેરબાની
૩. સ્ત્રી. જમાનો કે મિલકતનો વારસો મળવાથી રાજાને આપવી પડતી રકમ; અધિકાર અથવા વારસ મળે તે વખતે રાજાને ધરાતી ભેટ.
૪. સ્ત્રી. જોવું તે; દૃષ્ટિ; નિગાહ. પ્રિયરે કરેલ મનુષ્ય અને જનાવરમાં આંખરૂપી એક મુખ્ય અવયવનો અવયવ મૂકેલો છે, જેથી તે જોઈ શકે છે અને સહેલાઈથી દોરી શકે છે. આપણે જે જ્ઞાન મેળવીએ છીએ, તેમાં વધારે જ્ઞાન આંખોથી જ મેળવીએ છીએ. ટૂંકી નજરવાળું માણસ દૂરની વસ્તુઓ કરતાં નજીકની વસ્તુઓ સ્પષ્ટ જોઈ શકે છે. વાંચતી વખતે હંમેશા ચોપડી એક ફૂટના અંતરે રાખવી જોઈએ. પ્રકાશ ડાબી બાજુ તરફથી આવે એ પ્રમાણે વાચવા બેસવું જોઈએ. જેમને આંખની તકલીફ હોય તેમણે આંખની તપાસ કરાવી તેના નિષ્ણાત કહે તે પ્રમાણે કરવું જોઈએ. દરેક માણસે સવાર સાંજ આંખમાં ઠંડા પાણીની છાલક મારવી એ સ્વાસ્થ્યપ્રદ છે. તેથી આપણે કદી પણ આંખનું તેજ વધે એમ મનાય છે.
૧. નજર કરડી કરવી = ખતરાજી રાખવી; અપ્રસન્નતા બતાવવી; ગુસ્સે થવું.
૨. નજર કરવી = (૧) મહેરબાની કરવી. (૨) સામું જોવું; લક્ષ આપવું.
૩. નજરે ખૂંચવી = ધ્યાન પડવું.
૪. નજર ખેંચવી = (૧) જોવું. (૨) ધ્યાન ખેંચવું
૫. નજરે પાડવી = (૧) દાનત બગાડવી. (૨) ધ્યાન ચમકાવું; ચિત્ત પરોવવું. (૩) બારીકીથી જોવું.
૬. નજર ચુકાવવી–ચોરાવવી = (૧) એક નજર ન થવા દેવી. (૨) ગુલબાજ દેવી. (૩) લક્ષ બસેડવું.
૭. નજર ચૂકવી = સરતચૂક થવી.
૮. નજર ચોરવી = દેખે નહિ એમ કરવું; એકનજર ન થવા દેવી.
૯. નજર ઠારી-ભીડી હોવી = દયા કે પ્રેમભાવ રાખવો; કૃપાદૃષ્ટિ બતાવવી.
૧૦. નજર તળે રાખવું = દેખરેખમાં રાખવું; સંભાળ લેવી.
૧૧. નજર નાખવી = (૧) છત્ર પાડવો. (૨) તરફ જોવું. (૩) બહુ તપાસ કરવી.
૧૨. નજર નીચે ઠારી નાખવું = ઉપર ઉપરથી તપાસી જવું.
૧૩ નજર નોંધવી = દૃષ્ટિ સ્થિર કરવી; નજર ઠેરાવવી.
૧૪. નજર પડવી = (૧) છત્ર પડવો. (૨) જોવાઈ એમ થવું. (૩) ધ્યાન પડવું; સમજવું.
૧૫. નજર પર ચડવું = પસંદ આવવું.
૧૬. નજર ફાટવી = સ્તબ્ધ થઈ જવું.
૧૭. નજર ફેરવવી = ઉપર ઉપરથી તપાસી જવું.
૧૮. નજર ફેંકવી = દૂર સુધી જોવું.
૧૯. નજર બગડવી = (૧) અપ્રમાણિકપણે કોઈ કામ કરવા પ્રેરિત કરવી. (૨) આબરૂનો દુરુપયોગ કરવો. (૩) કોઈનું સારું જોઈ અદેખાઈથી તે બાબ લેવાની દાનત કરી.
૨૦. નજરે ચમકાવવી = (૧) ધ્યાન બહાર જવું. (૨) ન જોવાનો ઢોંગ કરવો. (૩) સંતાડવું.
૨૧. નજર ઠારીને જોવું = (૧) ગુસ્સામાં જોવું. (૨) તાકીને જોવું. (૩) ભોંઠા કરેલી નજર ફેરવી.
૨૨. નજર મારવી = (૧) આંખથી ઇશારો કરવો. (૨) પ્રેમની નજરથી જોવું.
૨૩. નજર મારવી–ઝમાવવી (૧) = નીરખીને જોવું; તાકીને જોવું. (૨) દુષ્ટ નજર કરવી; ખરાબ નજર ફેંકવી.
૨૪. નજરનું ખોટું–પાપી = (૧) અદેખું. (૨) અપ્રમાણિક; ચોર. (૩) નઠારી દૃષ્ટિનું
૨૫. નજરનો ભેદ = (૧) અમુકની હાજરીને લીધે બનનારી બાબતનું સાફખોટું બનવું તે શક પડવી તે. (૨) નજરબંધીનો ખેલ; ચમત્કારિક બાબત.
૨૬. નજરમાં નજરે આવવું = (૧) દૃષ્ટિએ પડવું. (૨) પસંદ પડવું.
૨૭. નજરમાં માપવું–રાખવું = (૧) કોઈને નુકસાન કરવાની તજવીજમાં રહેવું. (૨) પોતાના તાબામાં રાખવું. (૩) ધ્યાનમાં રાખવું
૨૮. નજરમાં ભેમવું = સમજવુમાં આવવું.
૨૯. નજરમાં વસવું = તરી આવવું; જરતાઈ જવું.
૩૦. નજરે આવવું–ચડવું = (૧) દેખરેખમાં રાખવું. (૨) દેખા દેવી. (૩) દેખાદેખી આકરવી. (૪) બીજાનું લક્ષ ખેંચવું.
૩૧. નજરે થાવું = કૃપારે જવું
૩૨. નજરે જોવું = બંગત દેખરેખ રાખવી.
૩૩. નજરે નજરે મળવી = નજર એક થવી; આખ મળવી; સામસામે મંડવું.
૩૪. નજરે પડવું = દેખાવમાં આવવું.
૫. સ્ત્રી. જ્ઞાન.
૬. સ્ત્રી. ઝાંખી; દર્શન.
૭ સ્ત્રી દૃષ્ટિનો કલ્પિત ખરાબ પ્રભાવ. પ્રાચીન કાળમાં લોકોને એવો વિશ્વાસ હતો અને હાલ પણ ઘણા લોકોને એવો વિશ્વાસ છે કે, કોઈ માણસની નજરમાં એવો પ્રભાવ હોય છે કે જેના ઉપર તેની નજર પડે તેમાં કાંઈ ને કાંઈ બરાબરી પેદા થાય છે. આવી નજર કોઈ બાજ પદાર્થ ઉપર પડે તો તે બાનારને તે પચે નહિ અને ભવિષ્યમાં તે પદાર્થ બાનારની કૃપિ પણ ઘટી જાય. એવું પણ માનવામાં આવે છે કે, કોઈ સુંદર બાળક ઉપર જોરી નજર પડે તો તે બાળક બીમાર પડી જાય. સારા પદાર્થોના સમબધમાં માનવામાં આવે છે કે, તેના ઉપર નજર પડે તો તેમાં કોઈ ને કોઈ દોષ કે વિકાર ઉત્પન્ન થઈ જાય
૧. નજર ઉતારવી–વારવી = સારો ખોટો ભાવ રાખી લેવાથી થતી અસર મટાડવી; બરાબ નજરનો પ્રભાવ મંત્ર કે યુક્તિથી દૂર કરવો; કોઈની નઠારી દૃષ્ટિ પડી હોય તે દુઃખથી મટાડવી; કોઈ અદેખા માણસની અથવા ભૂત વગેરેની નજર લાગી હોય અને તેથી પીડા થતી હોય તો તે નજરને કેટલાક દુઃખથી દૂર કરી સુખ દેતી અટકાવવી
૨. નજર બાંધવી = બહુ કે મંત્ર વગેરેના જોરથી કોઈની નજરમાં ભ્રમ ઉત્પન્ન કરવો.
૩. નજર બેસવી–લાગવી = (૧) અભિપ્રાય બાંધવો. (૨) ધ્યાનમાં આવવું (૩) બુદ્ધિ પહોંચવી. (૪) વિચાર આવવો. (૫) સારા ખોટા જાણવાના પ્રસંગથી અસર થવી; કોઈની બરાબ નજરની અસર થવી, છત્ર પડવો, કુદૃષ્ટિની અસર થવી એવા વાટકામાં મરચું, મીઠું ને રેતના નાખી તે એક થાળીમાં ઊંધો પાડી ઉપર પાણી નાખવામાં આવે છે. વાટકો ઘણી સારે ચડી જાય તો બગડેલ નજર બંધાઈ એમ કહેવાય છે. બરી રીતે તો હવાના હલનચલનથી વાટકો ઓછી ઝાંખો થાય છે. બાકી નજર ન લાગે એટલા માટે પાયરીમાં લોબુ રખાય છે અને કાને મફતનો ચાંદલો કરવામાં આવે છે.
૮. સ્ત્રી. દેખરેખ, તપાસ.

૯. સ્ત્રી. દેખવાની શક્તિ; જોવાની શક્તિ.

૧૦. સ્ત્રી. દેખાવ.

૧૧. સ્ત્રી. ધ્યાન; ખબરાત; લક્ષ.

૧૨. સ્ત્રી. નજરાણું; અધીનતા બતાવવાની એક રસમ. રાજા, મહારાજા, જમીનદાર વગેરેને પ્રસન્નતાર્થે કે કોઈ તાબાના માણસ તરફથી ઇનામ વખતે અથવા કોઈ ખાસ અવસરને પ્રસંગે રોકડ રૂપિયા કે અશરફી વગેરે ઢબેણામાં રાખી સામે લાવવામાં આવે છે. આ ધન કોઈ વખત મહણ કરવામાં આવે છે અને કોઈ વખત કેવળ સ્પર્શ કરી છોડી દેવામાં આવે છે.

૧૩. સ્ત્રી. પારખવાની શક્તિ.

૧૪. સ્ત્રી. ખુબી; અજબ.

૧. દૂંવી નજર = (૧) કમબખ્તી; ઓછી ખુબી. (૨) દુઃ ન ભાઈ શકાય તેવો આખનો રોગ. (૩) સદ્ગુસ્તતા; બદનુદાર દૃષ્ટિ; ખરાબ મન.

૨. નજર પહોંચવી = (૧) તર્ક પહોંચવો; બુદ્ધિ ચાલવી. (૨) દૃષ્ટિમર્યાદાની અંદર હોવું.

૧૫. સ્ત્રી. અસર; બીક.

૧૬. સ્ત્રી. ખાતર; સુખ, ગમ; અસર.

૧૭. સ્ત્રી. ભાવ; ઇચ્છા; ઇરાદો; મત.
નજર ચડવી = ઇચ્છા રાખવી

૧૮. [અ. નજ્ર (ભેટ)] સ્ત્રી ભેટ; બક્ષિસ; ઉપહાર; અર્પણ; સમર્પણ

૧. નજર કરવું-ચુકારવું-દેવું = (૧ અર્પણ કરવું, ભેટ તરીકે આપવું, નજરાણામાં આપવું. (૨) પેશ કરવું, રજૂ કરવું, દેખાડવું

૨ નજર થવા = ખલિ અપાવું, હિકાર થવો.

૩ નજર ધરવી = ભેટ આપવી., બક્ષિસ કરવું

૧૯. સ્ત્રી માન, અભિપ્રાય.

૨૦. સ્ત્રી. મહેરબાની; કૃપા.

૧. કરડી નજર = ધૃતરાષ્ટ્ર, અપ્રસન્નતા, ખુન્સો.

૨ મીઠી નજર – (૧) કૃપાદૃષ્ટિ (૨) પ્રેમભાવ.

૩ નજર ઉતારી નાખવી – કૃપાદૃષ્ટિ ઓછી કરવી; મહેરબાની ઓછી કરવી.

૪. નજર બદલવી = (૧) ફરી જવું. (૨) મહેરબાની લઈ લેવી.

૫. નજર રાખવી – (૧) કૃપાદૃષ્ટિ રાખવી. (૨) તપાસ રાખવી. (૩) વિચાર રાખવો. (૪) વિચારવું.

૨૧. સ્ત્રી માનતા લેવી તે.

૨૨ [અ. નજ્ર (માનતા લેવી)] સ્ત્રી. માનતા ચડાવવી તે, જે કામ માટે બાધા રાખી હોય તેના પ્રતિષ્ઠ મળવાથી માનતા ચડાવવા તે. બાધી નજરનો અર્થ નજરાણું એવો પણ થાય છે.

૨૩. સ્ત્રી. વિચાર; તર્ક.

૨૪. સ્ત્રી. લક્ષ; મૂંઝવણ.

૨૫. સ્ત્રી. સંબંધ.

નજરકેદ [અ.] સ્ત્રી. નજર આગળથી ખસે નહિ તેટલા પૂરતી કેદ; આંખ તળેથી બહાર ન જાય એમ રોકી રાખવું તે; અમુક હદની બહાર જવાય નહિ એવો પ્રતિબંધ; નીકળી જવાથી બચાવ નહિ તેવી કેદ; જોડી વગેરેનું બંધન નહિ પણ મુકરર કરેલી જગ્યાએથી હદ બહાર બચાવ નહિ એવી કેદ; દૃષ્ટિબંધન; ઓકો.

નજરકેદી ૧. વિ. આંખ તળેથી બહાર ન જઈ શકે એમ રોકી રાખેલ માણસ.

૨. વિ. રાજદ્રોહ કેદી; રાજનીતિક બંદી.

નજરચુકર [ફા.] સ્ત્રી. ખરાબ દૃષ્ટિની અસર; નજર લાગવી તે.

નજરચુકર [જ્ઞ.] સ્ત્રી. પરીક્ષા.

નજરચૂક [અ. નજર (દૃષ્ટિ) + ચૂક (ભૂલ)] સ્ત્રી. બરાબર ધ્યાન નહિ આપવાથી થયેલી ભૂલ; બરાબરી ને નહિ કરેલી પણ આડીઅવળી નજર નાખવી રહી ગયેલી ચૂક; ધ્યાન બહાર રહેલી ભૂલ; સરતચૂક; દૃષ્ટિદોષ.

નજરચોર વિ. નજર ચુકવનાર આદમી; સરત ચૂકી જાય કરી જેનાર માણસ.

નજરચોરી સ્ત્રી. નજર ચોરવાની ક્રિયા; નજર ચોરવા તે; સરત ચુકાવીને કાર્ય કરી જેવું તે.

નજરછડી પૂડી (નજરછડી પડી) સ્ત્રી. એ નામની એક ઔષધિ. તેનો રસ કાનના દુખાવામાં વપરાય છે. તેને શેકીને તની પોટલી સૂજી ગયેલા ભાગ ઉપર લગાડવામાં આવે છે

નજરજોખમ વિ. આજુબાજુનો વિચાર કરનાર, દીર્ઘદૃષ્ટિ વાપરી કામ કરનારું; નજર પહોંચાડનારું.

નજરબંધી સ્ત્રી રહેમનજર કરવા તે.

નજરબંધ વિ નજર ન લાગે માટે નાના બાળકને હાથે કે ગળે પહેરાવવામાં આવતો કાળા રંગના મોળાં દબાંવાળો મનકો કે પથ્થરનો મણકો કે તેની માળા.

નજરબંદ ૧ [અ નજર + ફા. બંદ] વિ. બહારથી અથવા બારબારણાંઓથી જોનાર જોઈ શકે નહિ એમ હેતુપૂર્વક કરી દેખાડનાર આદમી, જોનારથી સમજાય નહિ એમ કરનાર માણસ; બહારથી લોકની આંખને ભૂલમાં નાખનાર ખેલાડી, બહારથી નજર નાખનાર માણસ

૨. વિ. નજરકેદી; બીજે કયાંય જઈ આવી ન શકે એવી રીતે દેખરેખ નીચે રાખેલ માણસ.

૩. વિ. નજરબંધથી; નજર નાખવા તે; બહુ અથવા લોકોની દૃષ્ટિમાં ભ્રમ ઉત્પન્ન કરી કરાતો ખેલ.

નજરબંદી ૧. [અ. નજર + ફા. બદી] સ્ત્રી. બહારથી અથવા બારબારણાંથી જોનાર જોઈ શકે નહિ એમ હેતુપૂર્વક કરી દેખાડવું તે; જોનારથી સમજાય નહિ એમ કરવું તે; બહારથી લોકોની આંખને ભુલાવામાં નાખવાપણું; બહારથી લોકોની નજર બાંધવી તે; ઇન્દ્રજાલ.કી, ગારડી વિદ્યા; દૃષ્ટિબંધનાં લોકોની દૃષ્ટિમાં ભ્રમ ઉત્પન્ન કરનારી વિદ્યા, બાજીગરી, બાજીગરી.

૨. સ્ત્રી. નજરબંદની શિક્ષા, રોગ્ય તરફથી જેને આ શિક્ષા કબજામાં આવી હોય તેને સુરક્ષિત રાખી, તેના ઉપર બરાબર દેખરેખ રાખવામાં આવે છે. તેને કશાય જવા આવવાની કે કોઈને મળવાની રજા આપવામાં આવતી નથી.

૩. સ્ત્રી. નજરબંદ હોવાની દશા.

નજરબંધ જુઓ નજરબંદ

નજરબંધી જુઓ નજરબંદી.

નજરબાગ [અ. નજર + ફા. બાગ (બગીચો)] પુ. ઘરની પાસે આવેલો બાગ; અંગ્રેજોમાનો બગીચો; રાજમહેલ કે મોટા મકાન આગળનો બગીચો; મકાન પાસેનો બાગ.

નજરબાજ ૧. [અ. નજર + ફા. બાજ] પુ. જાસૂસ; નજરે રાખનાર માણસ.

બીજે દિને બેઉ મહારાજ,
તેઓ પોતાના નજરબાજ,
મનુષ્યના પારખુ બાજ તુને,
બે તરફ દેખતો મુને. સામળ

૨. વિ. આસપાસ નજર રાખનાર; સાવધાન; અવલોકન કરનાર; બારીકીથી જોનાર; ચોમેર નજર રાખનાર.

૩. વિ. તર્કશક્તિવાળું; ઝટ સમજી જાય તેવું.

૪. વિ. દીર્ઘદૃષ્ટિ વાપરી કામ કરે એવું; દૂરંદેશીવાળું; નજરપહોંચ, નજર પહોંચાડવાળું; આજુબાજુનો વિચાર કરનાર.

૫. વિ. પ્રેમની દૃષ્ટિથી જોનાર.

નજરબાજી [હિ.] સ્ત્રી. નજરબાજ હોવાની ક્રિયા કે ભાવ.

નજરબાણ ન. નજરરૂપી બાણ; સામા માણસના હૃદયને ભેદે તેવી નજર.

એક સુંદરીએ તિરસ્કાર અને ધિક્કારનું નજરબાણ મારીને અર્જુનને વિચારમાં ડૂબેલા સહાધ્યાયીને બહુ. ગુજરાતીસાહિત્ય

નજરબારી સ્ત્રી. દરવાજાની અથવા મહેલની રાજમાર્ગ જોવાની નાની બારી.

નજરબુલંદ સ્ત્રી કૃપાદૃષ્ટિ રહેમનજર.

નજરબૂલ ૧. સ્ત્રી. આડીઅવળી નજર જવાથી રહી ગયેલી ચૂક

૨. સ્ત્રી. દૃષ્ટિમાં ભ્રાંતિ

નજરભેટ સ્ત્રી. નજરાણું; ભેટ.

નજરમુબારક જુઓ નજરમુબારકી.

નજરમુબારકી સ્ત્રી. શુભ દૃષ્ટિ; મીઠી નજર.

નજરમોજબા સ્ત્રી. મોકસી; તપાસ.

નજરવાન વિ. આબરૂદાર; નજરવાળું.

નજરવેગ પું. નજર જેવો વેગ

નજરવેગું વિ. નજરવેગવાળું; ખૂબ ત્વરિત.

નજરસાની [સં] સ્ત્રી. પુનર્વિચાર; ફરી વિચારણા; કોઈ કરેલ કામ કે લખેલ લેખ વગેરેને તેમાં સુધારોવધારો કરવા માટે ફરી જોઈ જવાં તે.

નજરહાયા [હિં.] વિ. નજર લગાડનાર; જેની નજર પડવાથી કોઈ દોષ ઉત્પન્ન થતો હોય તેવું.

નજરાજો [અ. નઝરાના] પું. બાદશાહ કે રાજા સિવાયની ગામ અથવા સીમની જમીન તેમ જ મિનારબાગની સીમની પાદરે જમીન હરરાજ થયેથી થતી રાજાની ઊપજ.

નજરાણું ૧. [અ. નઝરાના (ખંડણી)] ન. અર્પણ કરેલી વસ્તુ; ઉપહાર; ભેટ; બક્ષિસ; ભેટની ચીજ; ઇનામ; રોકડી; મુલાકાત કરતાં ધરવાની ભેટ; રાજા અથવા તેની પંક્તિના પુરુષ કે કોઈ અધિકારીની આગળ મૂકેલી ભેટ. એ પણું કરીને રીતરિવાજ મુજબ અથવા લાંચ તરીકે પણ આપવામાં આવે છે. નજરાણું લેનાર આપનાર કરતાં ઊંચી પંક્તિનો હોય છે. જ્યારે બક્ષિસ લેનારની પંક્તિ બક્ષિસ આપનાર કરતાં ઊંચી હોય કે ન પણ હોય.

૨. ન. કસૂનો.

૩. ન. જપ, તપ, વ્રત કે પુણ્યદાન કરવાપણું.

૪ ન. દેવની આગળ ધરાતો પ્રસાદ.

૫. ન. બાધા રાખવાપણું, આખડી રાખવી તે.

૬ ન ત્રિખોટી ઉપરાંત ખેડુ પાસેથી લેવાની રકમ.

નજરાણું જુઓ નજરાણું.

નજરાનજર જુઓ નજરોનજર.

નજરાના જુઓ નજરાણું.

નજરાનાં જુઓ નજરાણું.

નજરાવું ૧. અ. ક્રિ. ખરાબ નજર લાગવી; ખૂરી દૃષ્ટિનો પ્રભાવમાં આવવું

૨. અ. ક્રિ. નજર લાગવી; મોહિત થવું.

> છે ગામ ગાસે સુખ તિણ ભેક,
> સૂંપાર મોંનો અનતો વરોક;
> કમો વસે ના નજરાય મટે ઉદયભિલખ

નજરિ જુઓ નજર.

નજરિયાં ન વ. વ. નજર.

નજરિયું ૧. ન ખોખાં ટપકાંવાળો ભેક જાતનો કાચા રેશમનો પાગો. નજર ન લાગે એ વહેમથી નાના બાળકની ટોપે તે પહેરાવાય છે.

૨. ન. નજર ન લાગે માટે બળક કે ઘરને રક્ષણારી તથા અંધ બાળકને તેને ગળે કરવામાં આવતું કાળું દોરું; ગાય ઉપરનું મેસનું દોરું.

૩. ન. બૂરી નજરની અસર અટકાવવા પહેરાવાતું બાવળિયું કે કરાતો કોઈ દુબડો.

નજરિયો ૧. પું. તખ્ત રાખનાર બાદશાહ

> ત્યાં બાર પા ઘોડેલ નજરિયાએ ચિતબ્યાને
> ચેતવ્યા. ગંગસ્વ

૨. વિ. પું. નજર રાખનારો.

નજરું સ્ત્રી બ. વ. નજર; દૃષ્ટિ.

નજરેલ સ્ત્રી. બાલસા જમીન.

નજરેનજર જુઓ નજરોનજર.

નજરો પું. ચારડી.

નજરોનજર અ. સમક્ષ; નજર સામે; ખુલ્લી આંખે; પ્રત્યક્ષ જોયું હોય તેમ; નજરેનજર; દેખતાં; આંખ સામે.

નજલાબંદ [અ. નજલા + ફા. બંદ] પું નજલાને ઊતરતો રોકવા માટે બંને બ્રમની બાટ ઉપર બનાવાતી અફીણ, ચૂનો વગેરેમાં પલાળેલી પટ્ટી.

નજલો ૧. [અ. નઝલ (તે ઊતરી આવ્યો)] પું. આંખનો એક જાતનો રોગ. તેમાં આંખમાંથી પાણી પડે છે.

૨. પું. ગંઠિયો વા; 'આર્થ્રાઇટિસ.'

૩. પું. આળીસ વર્ષ પછી મસ્તકમાંથી રસ નીચે ઊતરવાથી થતો એક જાતનો રોગ; ચૂનાની વૈદક અનુસાર મગજીના કારણથી આવતું વિકારયુક્ત પાણી નીચે ઊતરીને જુદા જુદા અંગમાં ફેલાવાથી થતો એક જાતનો રોગ. જે અંગ તરફ તે પાણી ઢળે તે અંગને તે બરાબર કરી દે છે. કહેવાય છે કે, નજલાનું પાણી માથામાં જ રહી જાય તો ઘણી સહેજ થઈ જાય, આંખો ઉપર ઊતરે તો આંખે ઝાંખ આવી જાય, કાન ઉપર ઊતરે તો બહેરું થઈ જાય, નાક ઉપર ઊતરે તો સન્નેપાત થાય, બળામાં ઊતરે તો ઉધરસ થાય અને એકાએકમાં ઊતરે તો તેની વૃદ્ધિ થાય.

નજલો ઊતરવો = માથામાંથી એક જાતનો રસવિકાર નીચે આવવો

૪. પું. કરડી

૫. પું. કાનનું દરદ; કાનતંતુના બસકા; નાડીકાય; કાનતંતુનું દરદ

નજરો [અ.] સ્ત્રી. વેચવાની વસ્તુની કીમત વધારી તે.

નજસ [અ. નજસ (તે ગંદું હતું)] વિ. ગંદકી; કચરો.

નજળો જુઓ નજલો.

નજાકત [અ. નઝાકત] સ્ત્રી. નાજુકપણું; કોમળતા; નાજુકાઈ; સુકુમારતા.

નજાત ૧. [અ.] સ્ત્રી. છુટકારો.

૨. સ્ત્રી. માફી.

૩. સ્ત્રી. મુક્તિ; મોક્ષ.

૪. સ્ત્રી. સ્વતંત્રતા; આઝાદી.

નજાતિ જુઓ નજાત.

ન જાને ૧. [હિં.] અ. કદાચ.

૨. [સં. ન (નહિ) + જાને (કું જાણું છું)] અ. કું જાણતો નથી.

નજાબત [અ.] સ્ત્રી. ઉદારતા.

નજામત ૧. [અ.] સ્ત્રી. નાજિમનું પદ.

૨. સ્ત્રી. નાજિમનો વિભાગ.

નજારત [અ.] ૧. સ્ત્રી. નાજિરનું દફ્તર; નાજિરની કચેરી.

૨. સ્ત્રી. નાજિરનું પદ.

૩. સ્ત્રી. નાજિરનો વિભાગ

નજારિયા ૧. સ્ત્રી. વહોરાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ એ નામની અટકનું.

નજારો પું. આખનો અજમાગો.

નજાસત [અ નજસ (તે ગંદું હતું)] સ્ત્રી. મરડી

નજિયાગાડી (નજિયાગાડો) પું. એક જાતનો ગાડો.

નજિસ ૧. [અ. નજસ (તે ગંદું હતું)] પું ગંદવાડ.

૨. વિ. અપવિત્ર; મલીન; નાપાક; ગંદું; મેલું.

> નબ કરકરા એ બધી નજિસ બાબત છે.
> મુબઈ સમાચાર

૩. વિ. નાસ્તા સ્વભાવનું.

૪. વિ. નીચ; હલકું; હીણું.

નજિસત સ્ત્રી. અપવિત્રતા; મંદવાડ; ગંદવાડ.

નજિસાત જુઓ નજિસત.

નજીક ૧. [જુ. નજદીક] અ. પાસે; કને; સમીપ; અડોઅડ; લોહાલોહ; નિકટ.

૨. ન ઘણવગ.

૩. અ. સામે; સમક્ષ.

નજીબ ૧. [અ.] પું. ઉમદા પુરુષ.

૨. પું. હાથ નીચેનો અધિકારી; તાબાનો અમલદાર.

૩. વિ. ઉમદા; ઉદાર.

૪. વિ. ખાનદાન; ઊંચા કુળનું.

૫. વિ. સુંદર.

નજીબઝાદા [અ.] પું. જન્મથી જ ઉમદા પુરુષ; ઊંચા કુળનો માણસ.

નજીબઝાદી [અ.] સ્ત્રી. ઉમદા કુળની દીકરી.

નજીબી [અ.] સ્ત્રી. ઉમદાપણું.

નજીબુલ્લાહ વિ. અલ્લાહથી મુક્તિ અપાવનાર. આ ઉપનામ હજરત ગુહ પેગમ્બરને લગાડાય છે.

નજીર ૧. [અ.] સ્ત્રી. ઉદાહરણ; દૃષ્ટાંત.

૨. સ્ત્રી. ઉપમા.

૩. સ્ત્રી. કોઈ મુકદ્દમાનો ફેસલો જે બીજી જ જાતના મુકદ્દમામાં બીજો જ મુકદ્દમો ચલાવવા માટે દાખવામાં આવે તે.

નજીસબડી (નજીસબડ્ડી) પું. એક જાતનો બાજો.

નજીવું ૧. [જુ. નિર્જીવ (જીવ વગરનું)] વિ. અગત્યનું નહિ એવું; નકામું, બિનજરૂરી.

૨. વિ. જીવ વગરનું; મૂએલું.

૩. વિ. બોદું; સહેજ.

૪. વિ. માલ વગરનું; સાર રહિત; નિઃસત્ત્વ.

૫. વિ. સામાન્ય; સાધારણ.

નજુસ ૧. [અ. નજિસ (નાપાક)] વિ. ગંદું, મોનું

૨. વિ. તકરારી; નકારા સ્વભાવનું.

૩. વિ. નીચ; દુષ્ટ; હલકું, હલકટ.

નજૂકો (નજૂકો) પું. એક જાતનો તાંબાનો સિક્કો, દોકડો

નજૂમ ૧. [અ. નજ્મ (તારો)] પું. ખગોળશાસ્ત્ર.

૨ [અ. નુજૂમ (જ્યોતિષવિદ્યા)] પું. જોશ; જ્યોતિષવિદ્યા; ભવિષ્યવિદ્યા; ગ્રહ જોઈને ફળ કહેવાની વિદ્યા.

ક્રિ.વિ. નજૂમ = જ્યોતિષ.

૩. પું. તારામંડળ.

૪. પું. શુકન; આગામી સૂચના.

નજૂમી ૧. [અ. નુજૂમી] પું. ખગોળવિદ્યા જાણનાર આદમી; ખગોળશાસ્ત્રી.

અમેર પછીના વખતમાં તે નજૂમીઓ સારે જોસીને આસમાનના સિતારાની ચાલ આગે વધીને હલ્યો. નૂરી ઓસમ

૨. પું. જોશી; જ્યોતિષી; ભવિષ્યવેત્તા.

જવાનું ના જવાનું કહે. નજૂમી જોષ જોવો છે ? ન નજૂમી બતાડીનાથે સચારે મું જવાનું છે. લોકોક્તિ

૩. વિ. જ્યોતિષને લગતું.

નજેવું વિ. નહિ જેવું; નજીવું; નહિવત્.

બંગાળી વિષેનું પોતાનું જ્ઞાન જેમ હાંળા વખત સુધી દબી રાખ્યું, હક્ક પણ નજેવું જ પ્રજાને પ્રકાશ આપવાને બહાર કાઢવું છે, તેમ પોતાના હિંદી જ્ઞાનનું પણ કર્યું લાગે છે. ઝવેરી

નજોખમી વિ. જોખમ વિનાનું.

અસહકાર મુખ્યત્વે પોતપોતાને નજોખમી રીતે વહી જવાનો માર્ગ કરી આપે છે. નવજીવન

નજોરી ૧. સ્ત્રી. એક પ્રકારની ગેરકાયદેસરની રમત. આવી રમતમાં કોઈ સોગઠીને બીજાનું જોર બેટકે મદદ કરતી નથી.

રોહણજના શેઠ્યોનાઓના પક્ષપાતને જબર હરા છે, તે રમત આ દેશમાં જોરી અને નજોરી એમ બે રીતે રમાય છે.

મુ. સા. પરિષદ

૨. વિ. સ્ત્રી. જોર વગરની

નજોરું ૧. વિ. જોર વિનાનું; નિર્બળ; કમતાકાત; કમજોર; નબળું.

૨ ન પાકટ.

નજોરો વિ. પું. જોર વગરનો.

નજ્જાર ૧. [અ.] પું. કારીગર.

૨. પું. સુતાર.

નજ્જારી [અ.] સ્ત્રી. સુતારકામ.

નજ્મ ૧. [અ.] પું. ગ્રહ; તારો.

૨. પું. જન્મકુંડળી.

૩. પું. નસીબ.

નજ્ર ૧. [અ.] ન. દુઃખ.

૨. સ્ત્રિ. જોવું.

નજ્રઅ ૧. [અ.] પું. જેલ્લો પ્રયત્ન.

૨. પું. જેલ્લો શ્વાસોચ્છ્વાસ.

૩. પું. મૃત્યુની પીડા.

નજ્રદીક ૧. [જુ.] અ. કોઈના જામાં.

૨. અ પાસે; નજીક નજદીક.

નજ્રદીક જવું-હોવું = (૧) નજીક પહોંચવું; પાસે જવું. (૨) સહોબત કરવી

નજ્રદીકી ૧. [જુ] સ્ત્રી. નજીકપણું; નિકટતા; પાસે હોવાપણું.

૨. સ્ત્રી. પાડોશ.

૩. સ્ત્રી સહોબત.

નજ્રપત પું. એક જાતની વનસ્પતિ; મણી અથેડીનો છોડ.

નજ્મ (નજમ) [અ.] સ્ત્રી. કવિતા; પદ્ય; કાવ્ય.

પ્રથમ બોરાજી મદ્રસ એ-મોહમદીયાના આળકોએ કુરને શરીફની એક આયાત અને નજ્મ પઢી હતી. ઇસ્માઇલી આફતાબ

નજ્ર (નજર) ૧. [અ.] સ્ત્રી. ક. (ધાતુ) તેણે જોયું. એ ઉપરથી નીકળેલ શબ્દ: નાઝિર, કુદરતે, મનઝર, મઝૂર.

૨. જુઓ નજર.

નજ્રઅંદાઝી [હિ.] સ્ત્રી. ઊંચો મોલ નજરે જોઈને પાકની કીમતનો કરતો અંદાજ.

નજ્રઅંનાયત સ્ત્રી. કૃપાદૃષ્ટિ

નજ્રબેલ ૧. સ્ત્રી કિલ્લાની વાયવ્ય સરહદ ઉપર વસતી એ નામની એક પઠાણ કોમ.

૨. સ. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

નજ્રબાઝ (નજરબાઝ) ૧. [અ.] સ્ત્રી. મસ્મેરિઝમ; દમ્મૂમિ; દમ્મૂવિદ્યા.

૨. સ્ત્રી. જાદેરખબર; પ્રસિદ્ધપત્ર.

૩. સ્ત્રી. રમમદપ.

નજ્રમેરસ [હિ.] સ્ત્રી. ક્ષિતિજ; દૃષ્ટિમર્યાદા.

નજ્રબંદ (નજરબંદ) ૧. [અ.] પું. જાદુ; નજરબંદ.

૨. પું રોબનકોટી

નજરબંદ રાખવું = કંગાવાળા માણસને અટકાયતમાં રાખવું.

૩. સ. અટકમાં.

નજ્રબંદી (નજરબંદી) ૧. [અ.] સ્ત્રી. જાદુ; કેદ, નજરકેદ; નજરબંદી.

૨. સ્ત્રી. દેખરેખ; જાપતો.

૩. સ્ત્રી. નજર ખાબી લેવી તે.

૪. સ્ત્રી. સરદાર અથવા પકડેલા માણસને નજર રાખી છૂટો ફરવા દેવો તે.

૫. સ્ત્રી. કાયમવાસ.

નજ્રબાજ (નજરબાજ) ૧. પું ઇશારો કરનાર પુરુષ.

૨. પું. જાદુગર.

૩. પું. જાસૂસ.

૪. પું. નખરાં કરનાર માણસ.

નજ્રબાજી (નજરબાજી) સ્ત્રી. નજરબાજ હોવાપણું.

નજ્રસાની જુઓ નજરસાની.

નજરલાઈ ૧. સ્ત્રી. ખરાબ નજર ફેંકનારી સ્ત્રી, ડાકણ નજરવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. લાલચુ સ્ત્રી.

નજરલાયા ૧. પું. ખરાબ નજર ફેંકનાર પુરુષ, ડાકણ નજરવાળો આદમી.
૨. પું. લાલચુ પુરુષ.

નજરાણું [અ. નઝરાના] ન. નાના માણસ તરફથી મોટા મનુષ્ય કે રાજાને અપાતી ભેટ; બક્ષિસ

નજરાન (નઝરાન) [અ.] સ્ત્રી. નજર.

નજરાના (નઝરાના) ૧. [અ.] પું. એક જાતનો કર.
૨. પું. જમીન આપવા માટે રાજાને આપવામાં આવતી રકમ.
૩. પું. મોટા માણસને અથવા રાજાને માન આપવાં અપાતી બક્ષિસ; ભેટ; અર્પણ.

નજરાનો પું. ભેટ; અર્પણ; નજરાણું.

નજરી (નઝરી) [અ.] વિ. દૃષ્ટિ સંબંધી; નજર સંબંધી

નજરુ વિ. બીજું; બીજ.
તેઓ શરીરે કરાવા છે, બધાં પણ ભેદ. ભોળા ને નજરુ છે. નવલગ્રન્થ

નજરેસાની ૧. સ્ત્રી. પુસ્તકની બીજી વખત તપાસેલી આવૃત્તિ.
૨. સ્ત્રી. રેંટણની ફરી તપાસણી.

નજલસા [અ. નઝલ્સ (તે નીચે જીતવું)] પુ. એક જાતનો રોગ; નજલો.

નજલાઅંધ પું ગળેબ્રમ મટાડવા માટે ગળા ઉપર લગાડાતો લેપ.

નજલાદ ૧. [ફા.] પું. મૂળ.
૨. પું વંશ

નજાકત ૧. [ફા.] સ્ત્રી. કોમળતા; નાજુકપણું.
૨. સ્ત્રી. નમ્રતા; નરમ હોવાપણું.

નજાદ જુઓ નજાદ.

નજાદા ૧. [ફા.] પું. મૂળ.
૨. પું વંશ.

નજાફત ૧. [અ.] સ્ત્રી. કોમળતા; નાજુકપણું.
૨. સ્ત્રી. સ્વચ્છતા; પવિત્રપણું.

નજામત (નઝામત) [અ.] સ્ત્રી. રાજવ્યવસ્થા.
નજામને અદલાત = ફોજદારી ન્યાય આપનારી વરિષ્ઠ કચેરી.

નજારગી (નઝારગી) [અ.] સ્ત્રી. જોવું તે.

નજારત (નઝરત) ૧. [અ.] સ્ત્રી. તાજગી.
૨. સ્ત્રી. નાઝિરની પદવી.
૩. સ્ત્રી. રાજપાટ.
૪. સ્ત્રી. સૌંદર્ય.

નજારા (નઝારા) ૧. [અ.] પું. આંખનો અજવાસરો.
૨. પું. જોનાર માણસ.
૩. પું. દૃષ્ટિ; નજર.
૪. પું. દેખાવ.
૫. પું. એ કે પુરુષે બીજા પુરુષ કે સ્ત્રી તરફ લાલસા કે પ્રેમની દૃષ્ટિથી જોવું તે, વિષયદૃષ્ટિ.

નજારાકુન (નઝારાકુન) [અ.] વિ. જોનાર.

નજારાબાજ (નઝારાબાઝ) ૧. વિ. આંખના ઇશારા કરનાર.
૨. વિ. જોનાર.

નજારાબાજી (નઝારાબાઝી) [અ.] સ્ત્રી. કોઈ પુરુષ તરફ અને પુરુષે સ્ત્રી તરફ લાલસા કે પ્રેમની દૃષ્ટિથી જોવું તે.

નજાહત (નઝાહત) ૧. [અ.] સ્ત્રી. નાજુકપણું; કોમળતા.
૨. સ્ત્રી. પવિત્રતા; સ્વચ્છપણું.

નજિજ (નજિઝ) [અ.] વિ. ચાકું.

નજીક ૧. [અ.] અ. કોઈના મતમાં.
૨. અ. પાસે.

નજીફ (નઝીફ) [અ.] વિ. સ્વચ્છ.

નજીર (નઝીર) ૧. [અ.] સ્ત્રી. આધાર ગણવા જેવો આગળનો દાખલો; આગળ બનેલો બનાવ
નજીર દેવી-લેવી = (૧) અગાઉ બની ગયેલ દાખલાનો આધાર આપવો. (૨) કહેવું; બોલવું.
૨. સ્ત્રી. ઉદાહરણ; દૃષ્ટાંત.
૩. વિ. સરખું.

નજીરા (નઝીરા) ૧. [અ. નાઝીરા] સ્ત્રી. આંખ; ચક્ષુ.
૨. સ્ત્રી. ખોટ; ખરાબ દૃષ્ટિની અસર.
૩. સ્ત્રી. તપાસણી; દેખરેખ.
૪. સ્ત્રી. દૃષ્ટિ; નજર.
૫ સ્ત્રી. ભેટ; બક્ષિસ.
૬ સ્ત્રી. મહેરબાની; કૃપા.
૭. સ્ત્રી. માનતા.

નજૂરત (નઝૂરત) [અ.] સ્ત્રી. સરહદની પહેલી હદ.

નજૂસ ૧. [અ.] વ. તેજ.
૨. વ. પાણી નીકળતું હોય એવી જમીન.

નજૂસજમ (નઝૂસમ) ૧. [અ.] પું. દક્ષિણ હેદરાબાદના રાજનો ઇલકાબ.
૨. પું. રાજા.

નજૂસારગી [અ. નઝૂસારગી] સ્ત્રી. જોવું તે.

નજૂસારૂ (નઝૂસરૂ) ૧. [અ.] પુ. જોનાર માણસ.
૨. પું. નજર.
૩. પું. મોહક દૃષ્ટિ

નજ્જ [ફા.] અ. નજીક; પાસે.

નજ્જદીક [ફા.] અ. નજીક; પાસે

નજ્જદીકી [ફા.] સ્ત્રી. નજીક હોવાપણું.

નજ્મ (નઝ્મ) ૧ [અ.] સ્ત્રી કવિતા; કાવ્ય.
૨. સ્ત્રી ગોઠવણ; વ્યવસ્થા.
૩. સ્ત્રી જોરી.
૪. સ્ત્રી. રાજવહીવટ.

નજ્મી (નઝ્મી) ૧. [અ.] પું. કવિ.
૨. પું. ગોઠવણ કરનાર પુરુષ.

નજ્રૂ (નઝ્ર) ૧. [અ.] સ્ત્રી. અભિપ્રાય.
૨ સ્ત્રી ઇચ્છા.
૩. સ્ત્રી. ખરાબ નજરની અસર; મોહ.
૪. સ્ત્રી. મહેરબાની.
૫. સ્ત્રી. દૃષ્ટિ; નજર.
૬. સ્ત્રી. દેખાવ.
૭. સ્ત્રી. ધ્યાન.
૮. સ્ત્રી. પ્રતિજ્ઞા.
૯. સ્ત્રી. શુદ્ધિ; જાગૃતિ.
૧૦. સ્ત્રી. ભેટ; બક્ષિસ.
૧. નઝ્રે ઇમામ = હસન અને હુસેનની શહાદતીમાં મુસલમાનોની મસ્જિદોમાં અપાતી બક્ષિસ.
૨. નઝ્રે ઈદ = ધાર્મિક ઉત્સવો વખતે અપાતી ભેટ.
૧૧. સ્ત્રી સંબંધ.

નઞર્થ [સં નઞ્ (નહિ) + અર્થ (મતલબ)] પું. (અલંકાર) નકાર અર્થ.
આ પ્રમાણે શબ્દવર્તનો નઞર્થની સાથે અન્વય બની શકતો નથી. પૂર્વમીમાંસા

નઞાકૃતિ [સં. નઞ્ (નહિ) + આકૃતિ (આકાર)] સ્ત્રી. નિષેધાર્થસૂચક શબ્દ; 'નેગેટિવ ફોર્મ'
મંત્રદ્રષ્ટા કહે છે: સ્વરેરી. રોતબ્રહિ આની નઞાકૃતિ (નેગેટિવ ફોર્મ) બનીને ચટકમ જોરે છે-બહિષ્કાર. નગજલાલ કાળો

નઞાત્મક [સં.] વિ. નિષેધાત્મક; નકારયુક્ત; અભાવદર્શક; 'નેગેટિવ.'
એના વિના બીજો કશો નથી. ગોલ નથી, મોલ નથી. ચિલાલ નથી, બે સિદ્ધાન્તો જેના આધારમાં (નઞાત્મક Negative નહિ પણ Positive) સ્વરૂપમાં અનુભવે છે.

નઞાત્મક નિર્દેશ [સં. નઞાત્મક (નકારવાચક) + નિર્દેશ (કહેવું તે)] પું. નાસ્તિવાચક્ય નાસ્તિરૂપ નિર્દેશ; નિષેધ નિર્દેશ; 'નેગેટિવ પ્રોપોઝિશન.'

નઞ્ [સં.] અ. (અવ્યય) નકાર, અટકાવ, રહિતતા, ખોટું, અરાબર, ન.પુંસક, અરાબર, વિરોધ, ફરક વગેરે અર્થ બતાવનાર એક અવ્યય; નકારવાચક સત્તા.

નઞ્ તત્પુરુષ [સં.] પું. (અવ્યય) એક જાતનો તત્પુરુષ સમાસ; જેમાં પૂર્વપદ નકારવાચક ન, અ, અન્ ને અવ્યય હોય તેવા જાતનો સમાસ. જેમકે, નક્ષત્ર, અધર્મ, અનુપકાર, અજીર્ણ.

નઞ્ બહુવ્રીહિ [સં. પું. (અવ્યય)] એક જાતનો બહુવ્રીહિ સમાસ. જેમકે, અબુદ્ધિ, અજાત, અનુત્તમ, અપુત્રણ, નોત્તમ.

નટ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) નાચવું. તેના ઉપરથી નીચેના શબ્દો: નટ, નાટક, નાટચ.

૨. અ ક્રિ. નીચે પડવું.

૩. અ. ક્રિ. પ્રકાશવું.

૪. અ ક્રિ વેશ બજવવો

૫. સ. ક્રિ. ધ્રુજ કરવી.

નટ ૧. [સં.] પું. આસોપાલવ; અશોક વૃક્ષ.

૨. પું. એ નામનો એક નાગ. શુદ્ધ કેવે આઠ નામના બીજા એક નાગ સાથે તેને અયુરા નક્ષત્રે ઉરુમુંડ નામના પર્વત ઉપર સોહ ધર્મની દીક્ષા આપી હતી.

૩. પું. એક જાતની વનસ્પતિ; ગરમાળો.

૪. પું. એક જાતનું ઘાસ; રમોનાક વૃક્ષ.

૫. સ્ત્રી. ગાઈ બજાવી તથા જુદા જુદા ખેલ તમાશાથી જીવનનિર્વાહ કરનાર એક જાતિ. યુક્તપ્રાંતમાં આ જાતિના લોકો વાંસ ઉપર જાતજાતની કસરત કરે છે અને દોરડા ઉપર અનેક રીતે ચાલે છે. જનાળામાં આ જાતના લોકો મોટે ભાગે નાચા બજાવવાનું કામ કરે છે.

૬. પું. મકાનું અવસ્તિક અંતર.

૭. [સં. નર્તક; પ્રા. નટ્ટ] પું. દોરડા ઉપર નાચ કરનાર માણસ; ખેલ કરનાર બાજીગર.

જેમ નટ દડ દોરમાં, પતિહારીનું ભેટવા માંહે દયારામ

૮. પું. નટ જાતનું ઘાસ.

૯. પું. નર્તક; નૃત્ય કરનાર; નાટકમાંનો પ્રતીતિ પુરુષ.

ચોકુટાઈ બજવા ચારણ ભાટ;
શ્રીમોલીક નાચક નટ નાટ. ઋષભદાસ

૧૦. પું. નીચ જાતિનો.

૧૧. પું. પોતાની સ્ત્રી ઉપર અતિશય ચાહનાર પુરુષ.

૧૨. સ્ત્રી. પ્રાચીન કાળની એ નામની એક સંકર જાતિ. તેની ઉત્પત્તિ સૌચિદી સ્ત્રી અને સૌદિક પુરુષથી માનવામાં આવે છે.

૧૩. પું. વેશ બજવનાર માણસ; સ્ત્રી વગેરેનો વેશ ધરી નાચનારો નાટકિયો; નાટક બજવનાર પુરુષ

આકારસૂચકદૃષ્ટિએ નટ શબ્દ આપણે જે અર્થ માટે અંગ્રેજી શબ્દ ઍક્ટર વાપરીએ છીએ તે અર્થમાં વપરાય છે અને નર્તક શબ્દ સામાન્યરૂપ નાચનારના અર્થમાં છે. સાંપ્રતમાં પણ સામાન્ય રીતે આ વિષે કરવામાં નટી નર્તક શબ્દ વધારે વ્યાપક હોવાથી નટને માટે વપરાય એ સંભવિત છે. રમણભાઈ નીલકંઠ

૧૪ પું. વેતિયો માણસ.

૧૫. પું. શિવનાં હજાર નામેનું એક નામ.

૧૬ પું (સંગીત) સંપૂર્ણ જાતિનો એક જાતનો એક રાગ. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે. કોઈ આચાર્ય તેને માલકોશ રાગનો અને કોઈએ શ્રીરાગનો પુત્ર માનેલ છે. કોઈના મત પ્રમાણે એ વાસીશ્વરી, મધુમાધ અને પૂરિયાના મિશ્રણથી અને કોઈના મત પ્રમાણે કુકુભ, પુરબી, કેદારા અને નિલાવલના મિશ્રણથી બનેલ સંકર રાગ છે. રત્નમાળામાં એને રાગ નહિ પરંતુ રાગિણી ભત.વેલ છે. બીજા એક લાક્ષકારે તેને દીપક રાગની રાગિણી બતાવેલ છે. તેના મત પ્રમાણે તે સંપૂર્ણ જાતિની રાગિણી છે અને તેનો ગાવાનો સમય ત્રીજો પહોર અને સંધ્યા છે. જુદા જુદા રાગોની સાથે મિશ્રણ કરવાથી જેટલાક લક્ષકર રાગ પણ બને છે. જેમકે, કેદારનટ, જયવાનટ, કામોદનટ.

આરોહઅવરોહસ્વરૂપ સ, મ, પ, ધનિસં। સંધ, નિપ, ગિમધ, મગમરિ, સ ॥ છે. વાદી સવાદી સ્વરે મ સ છે. ગાવાનો સમય રાત્રિનો બીજો પહોર છે. રમૂજ પકડ સ, ગ, મ, ધ છે.

૧૭. પું. સુતાર.

૧૮. [અ.] સ્ત્રી. ઓટાવાળી ચેરની ગાડી; ભાડા ગાડી; બોલ્ટમાં બેસાડવાની ડેનરી.

૧૯. સ્ત્રી. (સંગીત) દીપક રાગની પાંચ સાંઠેની એ નામની એક રાગિણી. તેના શરીરનો વર્ણ કેસર જેવો છે, તેણે લાલ રંગનાં વસ્ત્ર પહેર્યાં છે, અંગે વિવિધ અલંકાર ધારણ કર્યા છે, હંસ સરખી ગતિ છે, હાથીની પીઠ ઉપર હાથ મૂકેલો છે, બધી સખીઓનાં ખૂબ મોજે છે. તે હમેશાં નાટચવિદ્યાનું સાધન કરે છે અથવા એમ પણ છે કે, પુરુષનો પોશાક પહેરી ઘોડા ઉપર સવાર થયેલી છે. તેના જમણા હાથમાં ખુલ્લી તલવાર અને ડાબા હાથમાં દુશ્મનનું કપાયેલું માથું છે અને જમીન ઉપર દુશ્મનનું ધડ પડેલું છે તથા તેના સામે એક માણસ હાથમાં ઢાલ, તલવાર લઈને ઊભો છે. તેથી આ રાગિણી વધારે ક્રોધાયમાન દેખાય છે તે મારાનો વખત સાંજનો અથવા દીવા વખતનો છે. જાતિ સંપૂર્ણ છે એટલે આરજ શુદ્ધ, રિખભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર આરજ અથવા મધ્યમ છે આ રાગિણીની મુખ્ય જાતિ નીચે મુજબ છે: (૧) શુદ્ધ નટ, (૨) નટ કેદારા, (૩) સારંગ નટ, (૪) કલ્યાણ નટ, (૫) નટ મલ્હાર, (૬) નટ નારાયણ, (૭) નટ અહીરી, (૮) નટ બહારતા અને (૯) નટ ગંભીર. એ સિવાય પણ કેટલા નટ, કામોદ નટ વગેરે જાતિઓ મનાય છે

૨૦. સ્ત્રી. મનુ અનુસાર ક્ષત્રિયની એ નામની હલકી જાતિ. તેની ઉત્પત્તિ બાબત ક્ષત્રિયોથી માનવામાં આવે છે

ક્ષત્રિય સ્ત્રી આલક વડે પિત્રાવરે, તે પિત્રાવ વડે નટને, નટ વડે કરણને, કરણ વડે કર્મને અને કર્મ વડે દ્રવિલને ઉત્પન્ન કરે છે. સૂતસંહિતા

૨૧. સ્ત્રી. (પુરાણ) માતા પિતા અને વડા બહેનો ઉત્પન્ન થયેલી મનાતી એક સંકર જાતિ.

૨૨. વ. એ નામની જાતિનું માણસ.

૨૩ વ. કોયથી ઢંકાયેલ ફળ; વેષ્ટનવાળું ફળ. જેમકે, નાળિયેર, અખરોટ.

૨૪. વ. નૃત્ય; નૃત્ત

નટનો અર્થ નૃત્ય અને નૃત્ત બાબ છે કે જે કરવામાં નર્તક કહેવાય છે. રમણભાઈ નીલકંઠ

૨૫. સ્ત્રી. એ નામની જાતિનું.

૨૬. સ્ત્રી કપડી.

નટઅહીરી સ્ત્રી (સંગીત) દીપક રાગની નટ રાગિણીની એ નામની એક જાતિ. તેમાં નટ અને અહીરીનું મિશ્રણ હોય છે.

નટઈ ૧. [હિં.] સ્ત્રી. મગજ; ગરદન.

૨. સ્ત્રી. ખાંડી; મણની પંડી

નટક પું. (પિંગળ) સંતિર્યું વર્ણનો એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ચાર સગણ મળી બાર અક્ષર તથા બીજા અને ચોથા ચરણમાં તગણ, બે જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

વિધને સ સ સા સ પરે નટકે;
લ ન જ ત ચા સમ પાર કરે. અજ્ઞાતકવિ

નટકટ જુઓ નટખટ.

નટકટી જુઓ નટખટી.

નટકમેશક [સં.] ન. હાસ્યરસપ્રધાન દૃશ્ય નાટક; 'કૉમિક.'

નટકલા ૧. [સં.] સ્ત્રી. ચેષ્ટાકૌશલ્ય; નટની કળા.

નિરંતરનો પીર આનંદી સ્વભાવ × × × બાલકને સારૂ બાલક, વૃદ્ધ સારૂ વૃદ્ધ, આનંદી સારૂ આનંદી, બહુરૂપાની અસાધારણ નટકલા–નટકલા નહિ, સમસ્તાવલંબિત દૃઢ વર્તૂલવાની શક્તિ: આ શક્તિએ બે મુખમુદ્રા ઉપર દિવ્ય વિભૂતિમય રેખાઓ અંકિત કરેલી છે. રમણભાઈ નીલકંઠ

૨. સ્ત્રી. ચતુરાઈ; હોશિયારી.

નટકલ્યાણ પું. (સંગીત) એક જાતનો કલ્યાણ રાગ.

નટકંઠ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ગાવાનો સમય રાત્રિનો છે. જાતિ સંપૂર્ણ છે, એટલે ષડજ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બંને, પંચમ ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. પ્રહ સ્વર ગાંધાર છે. ન્યાસ સ્વર મધ્યમ છે. આ રાગ નટ અને કલ્યાણ મળીને થાય છે.

નટકાર્ય [સં. નટ (નાટકિયો) + કાર્ય (કામ)] ન. નટનું કામ; નાટક.

અને આ વિચાર ઉપરથી એમ અનુમાન થઈ શકે કે આ નટકાર્ય નાટક હોવાનો સંભવ છે. રમણલાલ

નટકિદારા ૧. સ્ત્રી. (સંગીત) કિદારા રાગિણીની સાત ભાર્યામાંની એ નામની એક જાત; નટકેદાર; નટ અને કિદારા એટલે કેદાર રાગિણીનું મિશ્રણ.

૨. સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની સાત ભાર્યામાંની એ નામની એક જાત.

નટકી [સં. નર્તકી] સ્ત્રી. નટ કોમ; નટની.

નટખટ ૧. [સં. નટ (નાટકિયો) + ચટ (ચતુર)] વિ. બદમાશ; તોફાની; ઠીબખોરી; કાંઈ ને કાંઈ ઉપદ્રવ કરનારું.

૨. વિ. કોઈથી બીજાનું ન જાય એવું.

૩. વિ. ચબરાકી; રમુજી; હાસ્યજનક વાતો કરી કે નવા નવા ચહેરા કરી બીજાને હસાવનાર.

૪. વિ. નરસું; બદમાશ.

૫. વિ. નાચણિયું.

૬. વિ. પ્રપંચી; બદમાશ.

૭. વિ. બાદશેહ; સાવધાન; ચબરાક; ચાલાક; ચાલબાજ; ચૂકે નહિ અને ગફલતમાં રહે નહિ એવું.

૮. વિ. ધુતારું; કપટી; ધૂર્ત; ઠગ.

૯. વિ. કરામતી; કસબબાજ.

નટખટતા સ્ત્રી. નટખટ હોવાપણું.

નટખટાઈ જુઓ નટખટતા.

નટખટી સ્ત્રી. નટખટપણું; બદમાશી; ધુતારાઈ; પજવણી.

નટગતિ પું. (પિંગળ) ગઝલોની જાતનો એ નામનો એક અર્ધસમવૃત્ત બહુમેળ છંદ; અક્ષિપદ. તેના દરેક ચરણમાં ચાર નગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

નટગતિ અક્ષિપદ ન ન ન ન ગા ગા.

રઘુપતિમણ

નટઘર ન. નાટક વગેરે ભજવવાનું સ્થળ.

નટચમૂ [સં. નટ (નાટકિયો) + ચમૂ (લશ્કર)] સ્ત્રી નાટકમંડળી.

નટચર્યા [સં.] સ્ત્રી. નટનું કૃત્ય; અભિનય.

નટડી (નટડો) ૧. સ્ત્રી. નખરાં કરનારી સ્ત્રી; નખરાખોર સ્ત્રી.

૨. સ્ત્રી. નટ જાતિની સ્ત્રી.

૩. સ્ત્રી. નટની સ્ત્રી, અભિનેત્રી.

૪. સ્ત્રી. નટી; નટનું કામ કરનારી સ્ત્રી.

નટણ ૧. સ્ત્રી નટી.

૨. ન. નાચનો ઢંગ.

નટણી ૧. સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.

૨. સ્ત્રી. માયા; નાટકી માયા.

એની અજીબની આપ મુજને,
તારી નટણીની ન મોહાઉ. દયારામ

નટતા ૧. [સં.] સ્ત્રી. નટનું કામ.

૨. સ્ત્રી. નટપણું.

૩. સ્ત્રી. નાટક.

નટત્વ જુઓ નટતા.

નટનારાયણ પું. (સંગીત) એ નામનો એક રાગ.

નટન ૧. [સં.] ન. અભિનય; નૃત્ય; નાચ.

૨. ન. નકાર

નટનાગર ૧. [સં. નટ + નાગર (ચાલાક)] પું. કુશળ નટ.

૨. પું ટાપટીપથી અને સુંદર પોશાકથી સહજમાં છેતરામાં રહેનાર પુરુષ; બેસમઝાક.

૩. પું. વિચક્ષણ નાટકનો સૂત્રધાર; પરમેશ્વર.

તું નટનાગર, હું રમણાનટ, જરી જોઈ જરિયે,
દેખાની લીલા! ખેલ ન ઘટે જો ઘટ.

નાનાલાલ

૪. પું. શ્રીકૃષ્ણ.

નટનારાયણ ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક રાગ. હનુમત મત પ્રમાણે તે મેઘ રાગના આઠ ભાર્યામાંનો ત્રીજો પુત્ર ગણાય છે. ભરતના મત પ્રમાણે તે દીપક રાગનો પુત્ર છે, પણ સોમેશ્વર અને કલ્લિનાથના મતથી તે ૭ ભાર્યાનો એક રાગ ગણાય છે અને કામોદી, કલ્યાણી, આભીરી, નાટિકા, સારંગી અને નટનારાયણી એ ૭ તેની રાગિણી મનાય છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે, એટલે ષડજ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર કોમળ અને એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે. તે ગાવાનો સમય હનુમંત મત પ્રમાણે દિવસનો બીજો પહોર છે. પરંતુ તેના પરિવાર સાહજ હેમંત ઋતુમાં રાતને વખતે ૨ થી ૨૬ ઘડી સુધી ગવાય છે. કેટલાક તેને મધુમાધવ, ભિલાવલ અને સોરઠારામના મતથી ભૈરવો માને છે. કેટલાક કલ્યાણ, કલરાજરામ, નટ અને ભિલાવલના મતથી ચોથો પ્રહર રાગ માને છે. પણ કેટલાક પંચમ, મદમાદ અને ભિલાવલથી ભિન્ન બધા સોમેશ્વર, મદમાદ, ભિલાવલ અને સારંગથી ભિન્ન માને છે. વળી તે દીપક અને મેઘ રાગના મિશ્રણવાળો રાગ પણ ગણાય છે. બીજા એક ગ્રંથકારના મતથી તે પાંચમ જાતિનો રાગ છે. તેમાં નિષાદ વર્જિત છે અને તે વરસાદમાં ત્રીજે પહોરે ગવાય છે. તેના મત પ્રમાણે ભિલાવલ, કામોદી, સારંગી, સુઘરી અને સોરઠ તેની રાગિણીઓ છે અને શુદ્ધનટ, ગંભીરનટ, સારંગનટ, છાયાનટ, કામોદનટ, કેદારનટ, મેઘનટ, સોરઠનટ, ભૂપાલનટ, જયજયવંતનટ, રાજરંગનટ, હીરનટ, શ્યામનટ, વરાડીનટ, વિભાસનટ, વિક્રમનટ અને શંકરાભરણનટ એ તેના પુત્રો છે.

૨. સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની સાત ભાર્યામાંની એક જાત. તે રાગિણી નટ અને નારાયણનું મિશ્રણ ગણાય છે.

નટનારી સ્ત્રી. નટકની નાયિકા.

નૂતન ધનિની સુંદરી,
કે તો નટનારી નૃત્ય ય. નરસિંહરાવ

નટનિ ૧. [હિં.] સ્ત્રી. ઠગનાર; અભ્યાકૃતિ.

૨. [સં. નર્તન] સ્ત્રી. નૃત્ય; નાચ.

નટની ૧. [હિં.] સ્ત્રી. નટ જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. નટણી

૩. સ્ત્રી. નટી; નટનું કામ કરનારી સ્ત્રી.

નટપત્રિકા [સં] સ્ત્રી. રીંગણી; વેંગણનો છોડ.

નટપદ્ર ન. નડિયાદ ગામનું જૂનું નામ.

કેટલાંક પદ્ધતિઓમાં આવેલા ગામનાં નામ પ્રચલિત સમયના છે. તેમાંથી કોટા નામ ક્યારે આપ્યાથી જણાશે કે પેટલાદને પેટલાદક્ષ તથા પેટલાપદ્ર, નડિયાદને નટપદ્ર ઇત્યાદિ નામો આપ્યાં છે. ન્યા. સા. પરિષદ

નટપર્ણી ૧. [સ.] ન. ચામડી.
૨. ન. છાલ.

નટપુત્ર [સં.] પું. વાલ ક્ષત્રિયથી વાલ જાતિની ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલ દીકરો

નટપુર [સં.] ન. નડિયાદ ગામનું એક પ્રાચીન નામ.

એ નટપુર નડિયાદ હોય અથવા નટનાગરાદ એ વક્તિ પ્રમાણે વડનગર પણ હોય.
ગુ. સા. પરિષદ

નટબિલાવલ પું. (સંગીત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થયેલ એ નામનો એક રાગ. તે દિવસના પહેલા પહોર ગવાય છે. તેમાં નિષાદ વર્જ્ય છે. તેનું આરોહાવરોહ સ્વરૂપ સ, ગ, રિ ગ મ, પ, ધ નિ સં। સં નિ ધ પ, રિ ગ મ પ, ધ ગ, મરિ, સ ॥ છે. વાદી સંવાદી સ્વર ગ સ છે. રચૂપ પકડ સ, ગમ, રિ ગ મ પ, ધ નિ સં છે.

નટભયરવ પું. (સંગીત) એ નામનો એક થાટ. આ થાટ પણ સિંધ ભૈરવી કે આશાવરી પણ કહેવાય છે.

નટભૂષણ [સં.] પું. કરતાલ.

નટભૈરવો ૧. પું. (સંગીત) ભત્રીજ રાગિણીનો પંદરમો થાટ; સિંધભૈરવી થાટ. તેમાં ગાંધાર, ધૈવત અને નિષાદ એ ત્રણ સ્વર કોમળ અને બાકીના ચાર સ્વર શુદ્ધ આવે છે.
૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; સિંધભૈરવી.

નટભૈરૉ જુઓ નટભયરવ.

નટમલ્લ પું. (સંગીત) એ નામનો એક રાગ.

નટમલ્હાર પું. (સંગીત) નટ અને મલ્હાર રાગના મિશ્રણથી બનેલો સંપૂર્ણ જાતિનો એક સંકર રાગ. ખમાજ થાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં વિવાદી સ્વર તરીકે તીવ્ર મધ્યમનો પ્રયોગ કરી શકાય છે આ રાગનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડજ છે. આ રાગ રાત્રે પહેલે પહોર ગાવાનો પ્રચાર છે તેમાં જમાનટ અને મલ્હારનો ભાસ થાય છે

નટમલ્હાર ૧. પું. (સંગીત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થયેલ એ નામનો એક રાગ. તે વર્ષાઋતુમાં ગવાય છે.
૨. સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની સાત ભાર્યાની એક જાત. તે નટ અને મલ્હારનું મિશ્રણ છે.

નટમંજરી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; મેઘ રાગની બાર ભાર્યાની એ નામની એક પુત્રવધૂ.

નટમંડન [સં.] પું. કરતાલ.

નટમંડલ [સં.] પું. કરતાલ.

નટમ્હારવા સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની સાત ભાર્યાની એ નામની એક જાત. તે નટ અને મ્હારવાનું મિશ્રણ છે.

નટરાજ ૧. [સં. નટ (નૃત્ય કરનાર) + રાજન્ (રાજા)] પું. નટમાં શ્રેષ્ઠ; ઉત્તમ નટ; સૂત્રધાર.
૨. પું. પ્રભુ; ઈશ્વર.
૩. પું શિવનું એક સ્વરૂપ; તાંડવ કરતા શિવ.
સિખરે સિખરે મોરલા નાચે છે,
કૈલાસ માંહે નટરાજ નાચે છે ઉદયકુમાર
૪ પું. બીરબ્બલ.

નટવર ૧. [સં. નટ (નૃત્ય કરનાર) + વર (શ્રેષ્ઠ)] પું. આખા વિશ્વને નચાવનાર પ્રભુ
દીનનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશો ખ. કેશવાદિ
૨. પું ઉત્તમ નટ; શ્રેષ્ઠ અભિનેતા; નાટ્યશાળામાં થયો પ્રતીષ્ઠ પુરુષ.
૩. પું ઊભાપટાંગે; કદકમાં કદક પુરુષ; હાંકલે.
૪. પું. બાકડો દીકરો.
૫. પું. શ્રીકૃષ્ણ
૬. વિ બહુ ચતુર; ઘણું ચાલાક.

નટવરવેલ સ્ત્રી. એક જાતનો વેલો તેમાં જાતાં મોટાં ઘંટાકાર ગુલાબી ફૂલ દેખને ચડાવાય છે.

નટવર્ગ [સં. નટ (નૃત્ય કરનાર) + વર્ગ (સમૂહ)] પું. નાટકનાં પાત્રોનો સમૂહ.

નટવા ૧. [હિં.] પું. નટ; નાચવાનો ધંધો કરતો પુરુષ.
૨. પું. નાની ઉમરનો કે નાના કદનો બળદ.

નટવાઈ ૧. સ્ત્રી. બાકારાયલ્લીની રમત.
૨. સ્ત્રી. દેખાવ અને સુંદરતાનો પ્રેમ.
૩. સ્ત્રી. દોરડા ઉપર નાચવું તે.
૪. સ્ત્રી. નટનો ધંધો; નટનું કામકાજ; નાચવુંકૂદવું; નટચેષ્ટા; બાજીગરી.

નટવિદ્યા ૧. [સં. નટ (નૃત્ય કરનાર) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. નટની વિદ્યા.
૨. સ્ત્રી. બાજીગરીની એક કળા; દોરડા ઉપર રમવાની કળા.

નટવી ૧. સ્ત્રી. નટ જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. નટની સ્ત્રી; નટવાની સ્ત્રી.
૩. સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.

નટવું ૧. સ. ક્રિ. નાચવું; નૃત્ય કરવું; ખેલવું
વૈરાગી થઈ નાટક નટીએ,
તુલસી તિલક કેમ ધરીએ ? નરસિંહ
૨ સ. ક્રિ. નાટકમાં ભાગ ભજવવો.

નટવો ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ; નટ.
૨. પું. દોરડા ઉપર નાચનાર માણસ; ગોડિયો; બેલાડી
શશાંકનું સુંદર બિમ્બ જોઈ,
કહે વિચારી કવિ એક કોઈ,
ગગનમાં શું નટવો નચાવ્યો
તેણે જ આ થાળ ઊંચો ઉછાળ્યો દલપતરામ
૩. પું નટ; નાચ કરનાર; નાટકિયો; ભવાયો; વેશ ભજવનાર પુરુષ
૪. પું નટ જાતિનો પુરુષ.
૫ વિ. પું મશ્કરો.

નટશ્રેષ્ઠ [સં. નટ (નાટકિયો) + શ્રેષ્ઠ (ઉત્તમ)] પું. ઉત્તમ નટ

નટસંપક ૧ [સં] પું મોટી કરતાલ
૨. પું. નટ; નટવો; નાટકિયો.

નટસાર જુઓ નટસારા.

નટસારંગ પું (સંગીત) સારંગ રાગનો એક ભેદ. મોડસારંગ.

નટશાલા [સં. નટશાલા] સ્ત્રી. (હિંદી) નાટકશાળા.

નટસાલ ૧. [હિં.] સ્ત્રી. કોઈ મનુષ્યના સ્મરણથી થતી માનસિક અસર.
૨. સ્ત્રી. ક્ષય.
૩. સ્ત્રી. શરીરની અંદર રહી ગયેલો કાંટાનો નૂરેસ ભાગ.

નટસૂત્ર [સં.] ન. નૃત્ય સંબંધી સૂત્ર. અભિનયનું શાસ્ત્ર. ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં તેના ઉપર ભાર મૂકવાનું બતાવ્યું છે
શ્રી વેણીસંહાર મત પ્રમાણે નટ્ટ ધાતુ પરથી બનેલા પાણિનિના સૂત્રોમાં આવે છે. આ નટ ધાતુ અનેક ઠાર તેમાં વપરાયો છે. આ ઉપરાંત તેમાં નટસૂત્ર અને રમનારાઓના પણ નિર્દેશ આવે છે. પુરાતત્ત્વ

નટસ્ત્રી [સં.] સ્ત્રી. નટ જાતિની સ્ત્રી.

નટહમીર સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની સાત ભાર્યાની એક જાત; નટ અને હમીર રાગનું મિશ્રણ.

નટહાસ્ય [સં. નટહસ્ય] ન. પીળાશટી આંખોવાળું અને કાબરચિતા ચામડાની રંગનું વરુ અને ઝમેરિયનું એ નામનું એક પક્ષી. કાચબાવાળા કૂતરાને તે કાન ફાડે ત્યારે બાજીગરી કરે છે.

નટવન

નટા સ્ત્રી. એક જાતનો છોડ.

નટાઈ સ્ત્રી. નટપણું; નટવિદ્યા.

નટાવો જુઓ નટવો.

નટાંગ [સં. નટ (નાચનાર) + અંગ (શરીર)] વિ. ચપળ શરીરવાળું.

નટાંગી [સં. નટ (નાચનાર) + અંગિન્ (શરીરવાળું)] સ્ત્રી. સ્ત્રી.

નટાંતિકા [સં.] સ્ત્રી. લજ્જા; લાજ; શરમ. લજ્જા દોરાયી નાટચ થઈ શકતું નથી, તેથી તેને નટાંતિકા કહે છે.

નટાંબિકા જુઓ નટાંતિકા.

નટિત જુઓ નટન.

નટિની ૧. [સં.] સ્ત્રી. નટ જાતની સ્ત્રી.
૨. સ્ત્રી. નટની સ્ત્રી
૩. સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.
૪. સ્ત્રી. નર્મદાના કાંઠા ઉપર આવેલું એક નામ.

નટિયા ૧. [હિં.] પું. નાના કદનો માણસ.
૨. પું. હલકી જાતનો બળદ.

નટી ૧. સ્ત્રી. અઠાર માંહેની એ નામની એક ઔષધિ.
૨. [સં.] સ્ત્રી. એ નામનું એક સંગીતમાં નખી.
૩. સ્ત્રી. એક જાતની ઔષધિ.
૪. સ્ત્રી. એક જાતની ગોકળગાય.
નટી નામની માંસાહારી ગોકળગાય ચોમાના દિવસોમાં રેતીના ઢગલા ઉપર મૂકે છે. પ્રાણીસૃષ્ટિ
૫. સ્ત્રી. એક વર્ણસંકર સ્ત્રી.
૬. સ્ત્રી. બાર માંહેની એક બત્રિણી.
૭. સ્ત્રી. (સંગીત) દીપક રાગની એ નામની એક રાગિણી.
૮. સ્ત્રી. નટ જાતિની સ્ત્રી.
૯. [સં. નર્તિકા; પ્રા. નટ્ટિઆ] સ્ત્રી. નટકા; નટણી; વેશ બજવનાર સ્ત્રી; નટ સ્ત્રી; નાટક કરનારી સ્ત્રી.
૧૦. સ્ત્રી. નટની સ્ત્રી.
૧૧. સ્ત્રી. નાચનારી સ્ત્રી; નર્તકી.
૧૨. સ્ત્રી. રાતું મનઃશિલ.
૧૩. સ્ત્રી. વિદૂષકની સ્ત્રી.
૧૪. સ્ત્રી. વેશ્યા. વાત્સ્યાયનના મત મુજબ નટી ત્રીજી શ્રેણીની વેશ્યા મનાય છે.
૧૫. સ્ત્રી. સૂત્રધારની સ્ત્રી.

નટ્ટ ૧. [સં. નપ્તૃ] પું. (મરાઠી) દીકરાનો દીકરો; પૌત્ર.
૨. સ્ત્રી એ નામની એક મરાઠી અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

નટ્ટણો જુઓ નટ.

નટેશ્વર ૧. [સં.] પું. મહાદેવ; શિવ; શંકર.
૨. પું. મોટો નટ; મુખ્ય નટ.

નટોરી સ્ત્રી. ઠોરડા ઉપર ચાલવાનો પ્રયોગ.

નટ્ટ જુઓ નટ.

નટ્ટકલ્યાણ પું (સંગીત) એક જાતનો રાગ

નટ્ટનારાયણ પું. (સંગીત) એક પ્રકારનો રાગ. તે પાર્વતીજીના મુખમાંથી નીકળ્યો હોવાનું મનાય છે.
મહાદેવના મુખમાંથી મૂળ છ રાગ નીકળ્યા. તે શ્રી, વસંત, પંચમ, ભૈરવ અને મેઘ. અને છઠ્ઠો રાગ જે પાર્વતીજીના મુખમાંથી નીકળ્યો તે નટ્ટનારાયણ. કેમુદી

નટ્ટશાલા [સં. નાટ્યશાલા] સ્ત્રી. નાટકશાળા.

નટ્ટા ૧. [સં.] સ્ત્રી. (સંગીત) એક પ્રકારની રાગિણી. તે બપોરે આસે નટ્ટ સમાન હોય છે.
૨. સ્ત્રી. નટનો સમૂહ.
૩. સ્ત્રી. નાચ; હોડી.

નટ્ટમઠાકું ૧. વિ. નવરું; નિરુદ્યોગી; પ્રપંચવા વિનાનું
૨. વિ. નિર્લજ્જ; બેશરમ.

નટ્ટર [સં. નિષ્ઠુર] વિ. નઠારું; બરાબર.

નટ્ટરાઈ સ્ત્રી. નાદારપણું.

નટ્ટાકું ૧. ન. અપશબ્દ; ગાળ.
૨. ન. બરાબર ચાળા; અસભ્ય રીતભાત.
૩. ન. વિનંતી વિનાની આજ્ઞા.
૪. વિ. અસભ્ય; જંગલી.
૫. [સં. નષ્ટ] વિ. બરાબર નરસું.
૬. વિ. ખોટું; મેલું
૭. વિ. નકામું; કીમત વગરનું.
૮. વિ. હલકો પ્રતિનું.

નટ્ઠિયો પું. નકામું કે કહ્યું ન હોય એવો રખડતો માણસ.

નટ્ઠોર ૧. [સં. નિષ્ઠુર] વિ. આનાકા ન લાગે તેવું; નાદર; નિર્લજ્જ; ધૃષ્ટ; અસભ્ય; અભણ.
એવાં કઠોર નટ્ઠોર નખ્યાં અણી,
નંદલાડીએ હાલ્યા લહી. નિષ્કુળાનંદ
૨. વિ. શિષ્ટાચાર ન લાગે એવું.

નટ્ઠોરતા જુઓ નટ્ઠોરપણું.

નટ્ઠોરપણું ૧. ન. બેશરમી; નફટાઈ; ધૃષ્ટતા
૨. ન. શિષ્ટાચાર ન લાગે એવું હોવું તે

નટ્ઠોરાઈ જુઓ નટ્ઠોરપણું.

નટ્ઠોરિયું જુઓ નટ્ઠોર.

નટ્ટ (નટ્ટ) [સં.] ભ. ક્રિ. ભષ્ટ થવું, પતન થવું

નટ્ટ (નટ્ટ) ૧. પું. એ નામની ક્ષત્ર જાતિનો પુરુષ; દુલગો.
૨. [સં.] પું. ચૂડકર. બંગડી બનાવવાનો ધંધો કરનાર માણસ.
૩. પું. શિવ; શિવ; પુરુષેન્દ્રિય.
૪. પું હલકા પ્રકારનો માણસ.
૫. સ્ત્રી. આડ; કરડ, અટકાવ, અવરોધ; અંતરાય; અડચણ. વિપ્ર. અડચણ.
૬. સ્ત્રી. એ નામની એક જાતિ, તે જાતની બંગડી બનાવવાનો ધંધો કરે છે
૭. સ્ત્રી એ નામની એક ક્ષુદ્ર જાતિ.
૮. ન. એ નામની જાતિનું માણસ
૯. ન. એક જાતનું અફ. એક જાતનું ઘાસ.
૧૦ વિ. બાજરું, મૂર્ખ
૧૧ વિ. એ નામની જાતિનું.

નટ્ટક (નટ્ટક) [સં.] ન. બજાનું નળ જેવું ઢાંકણ;

નટ્ટકીય (નટ્ટકીય) [સં.] વિ. પુષ્કળ નટ્ટ પામવાળું

નટ્ટર (નટ્ટર) ૧. સ્ત્રી અડચણ, અંતરાય; અવરોધ; કરકર, વિઘ્ન
આપણે ત્યાં એ નટ્ટર જ બધત જ્યાં ઘણુ ઘણુ મહી બનીને અમે તેવા કાર્ય કે કાર્યપ્રવાહનો ભેદ કરી નાખે છે. બળવંતરાય ઠાકોર
૨. ન. ભૂતપ્રેતનો વળગાડ
૩. ન. વળગણ

નટ્ટલ (નટ્ટલ) ૧. સ્ત્રી. અડચણ; અંતરાય; વિઘ્ન, નટ્ટર
આ ઝંડાએ પાછી પણ નટ્ટલ પઈ પડે છે. બાલાશંકર કંથારિયા
૨. વિ. નડતું હોય તેવું.

નટ્ટણી (નટ્ટણી) ૧. સ્ત્રી. નટ્ટર; અડચણ.
જામ્યમાં પાતી ભાં, નટ્ટણીમાં નટ્ટણી પરાગજી પ્રસાદી
૨. વિ. સ્ત્રી. અડચણ કરનારી.
૩. વિ સ્ત્રી. નઠારી

નટ્ટું (નટ્ટું) ૧ ન. અટકાવણ; અટકાવ.
૨. વિ. અડચણ કરનારું; આડે આવનું
૩. વિ નઠારું; બરાબર, અનિષ્ટ.
નટ્ટું કોઈનું નાખ કરે નહીં, વેર લાખ. દયારામ

નટ્ટભટ્ટા (નટ્ટભટ્ટા) [સં.] ન. નટ્ટ પામવાનો પ્રદેશ.

નટ્ટમીન (નટ્ટમીન) [સં.] ન. એક જાતનું માછલું

નટ્ટવન (નટ્ટવન) [સં.] ન. નટ્ટ પામની ઝાડી.

નહ્યું (નહ્યુ) ૧. જ કિ. પીડવું; પીડા કરવી; સતાવવું; દુઃખ દેવું.
નડે પ્રકૃતિ પ્રીત આસ, ગત ભલ કેની ધકી.
અજ્ઞવરામ ગરોર
૨. સ.ક્રિ. વચમાં આવી કરાત કરવી; વિઘ્ન નાખવું; અટકાવવું; કબજા કરવી.
આલો બટને પૂળાએ નહ અસોદાને,
પ્રેમ નડે છે તે શા માટ ?
નરસિંહ

નડરા (નડરા) [સં.] વિ. નડ ઘાસવાળું.

નડસંહતિ (નડસહતિ) [સં.] સ્ત્રી. નડ ઘાસનો સમૂહ.

નડહ (નડહ) [સં.] વિ. સુંદર.

નડાંગખડંગ (નડંગખડંગ) ૧. વિ. ઓજારહોણ; સ્વતંત્ર વિનાનું.
૨. વિ. નાશું; નવસ્વ.

નડા (નડા) [હિ.] પું. બાજરની અંદરનો સખ્ત ભાગ; પીતું.

નડાગાર (નડાગાર) [સં] સ્ત્રી. નડ ઘાસની ઝૂપડી.

નડાગિરિ (નડાગિરિ) [સં.] પું. પુષ્કળ નડ ઘાસવાળો પર્વત.

નડાયન (નડાયન) [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

નડાવ (નડાવ) પું. કરાત; નડ; અટકાવ; નકતર
એ કોઈના આગમ તણે રહું તો તેઓનો નડાવ નડે નહિ.
ગંગાશંકર સૂર્યશંકર

નડિ (નડિ) [સં.] સ્ત્રી. શરીર મહિની નાડી.

નડિની (નડિની) ૧. [સં.] સ્ત્રી. નડ ઘાસનો સમૂહ.
૨. સ્ત્રી. નડ ઘાસવાળી નદી.

નડિલ (નડિલ) [સં.] વિ. નડ ઘાસની પાસે રહેલું.

નડિમખડિગ (નડિમખડિગ) જુઓ નડંગખડંગ.

નડી ૧. [સં. નડિન્] પું. નડ ઘાસવાળો પર્વત.
૨. [હિં.] સ્ત્રી. એક જાતની બ્રાતલક્ષ્મણા.
૩. સ્ત્રી. કેડ, ગળું.
૪. સ્ત્રી. પ્રાચીન સમયની એ નામની એક લિપિ.
૫. સ. એક પ્રકારનું ઘાસ. તેને ઘાસ અથવા ઘાસડો પણ કહે છે.
૬. વિ. નડ ઘાસવાળું.

નડેશ્વર (નડેશ્વર) પું. મહાદેવ; નીલકંઠ મહાદેવ.

ત્યાર પછી ત્યાંથી આવી મહત્વ વાટ છ,
આગળ આવ્યું ઉજ્જડ નડેશ્વર છ.
નિષ્કુલાનંદ

નડો (નડો) પું. વણકરનું તાણેવાણો વણવાનું એક સાધન.

નઢો જુઓ નડ.

નઢ્યા (નઢ્યા) [સં.] સ્ત્રી. નડ ઘાસનો સમૂહ.

નઢ્યૂષ ૧. [સં.] પું. એ નામનો એક વૈદિક દેવતા.
૨. પું. પુષ્કળ નડ ઘાસવાળો પ્રદેશ.

નઢ્યૂલા ૧. [સં.] સ્ત્રી. નડ ઘાસનો સમૂહ.
૨. સ્ત્રી. (પુરાણ) વૈરાજ મનુની એ નામની એક પત્ની.

નઢિયો પું. ગળાનો ઊપરથી આવેલો ભાગ.

નણદલ [સં. નનાન્દ] સ્ત્રી. નણંદ; નણદી.

નણદલડી (નણદલડી) સ્ત્રી. નણદલ; નણંદ.

નણદલવીર પું. પતિ; ધણી. પ્રાચીન ગુજરાતી સ.વિત્તમાં સાસુસસરો, નણદલવીર એવા શબ્દો પતિ માટે પ્રયોજેલા છે.
નણદલવીર એ નીરમાં નહાવા,
ત્યાં સામાસામી બે ઘાટ રે.
પ્રસ્થાન

નણદલી સ્ત્રી. નણંદ.

નણદી [સં. નનાન્દ] સ્ત્રી. નણંદ; વરની બહેન.
સુતા અમો રે નાની નણદીના વીર,
નીંદરડી મેણા ઘેરી રહી.
લોકગીત

નણદુલી સ્ત્રી. નણદ; પતિની બહેન.
હાં રે નણદુલીબાઈ એવાં મેણા દો,
એવો તેનો બાપ આવે છાનતો રહો.
વિષ્ણુદાસ

નણદોઈ પું. નણદનો વર
દિયર ભદ્રા સોળ કળાના ચંદ્ર એ,
દેરાણી એ ચારસિંગાની બંદની;
નણદલ ભદ્રાનાં કૂકડકૂબાં કૂવાડી એ,
નણદોઈ નાહીના રસિયા રાજની.
નળાખ્યાન

નણદોયો પું. નણદનો વર; નણદોઈ.
નણદોયો ચાકીનો બાંધનો રે,
કેમને બનશ્ય આજ વાલા.
રહિયાની રસ

નણંદ [સં. નનાન્દ] સ્ત્રી. વરની બહેન; નણદી.
પ્રાચીન કાળથી જ સ્ત્રી બોલાયો છે કે, ન નન્દતિ ઇતિ નનાન્દા, અર્થાત્ જાણીને જોઈને આનંદ ન પામે તે નણંદ.
ગોવર્ધનરામ

નત ૧. [સં.] વ. કરમાયેલું ફૂલ; ચીમળાયેલું ફૂલ.
૨. ન. (જ્યોતિષ) અક્ષ અને મધ્યાહ્ન રેખા વચ્ચેનું અંતર.
૩. ન. ખેતરાલા.
૪ ન નમર.
૫. ન. નગરમૂલ.
૬. ન. નક્ષોતર.
૭. ન. રાળનું ઝાડ.
૮ વિ. ચપટું.
૯. વિ. ઢળી ગયેલું.
૧૦. વિ. નમી ગયેલું; નીચું; વાંકુ વળેલું.
નત મસ્તકથી અહીં ઘા રહ્યા
વણ કૃપણ કેં અમરી બહાં.
ખોટાદાસ
૧૧. વિ. નમેલું; નમસ્કાર કરવામાં આવેલું.
૧૨. વિ. નમ્ર; શાંત સ્વભાવનું.
૧૩. વિ. સપાટ.
૧૪. અ. નિત્ય; હમેશ; દરરોજ.

નતકાલ ૧. પું. (ગણિત) અક્ષાંશીય પદાર્થને ધ્રુવ સાથે જોડનારો મહાવૃત્ત અને ક્ષિતિજ વૃત્તના યામ્યોત્તરવૃત્ત વચ્ચેનો ખૂણો; 'અવર ઝેનિથ.'
૨. [સં.] પું. (જ્યોતિષ) પૂર્વ તરફ મધ્યાહ્ન બિંદુમાં આવવાને સૂર્યને જેટલી ઘડી પળ લાગે તથા મધ્યાહ્નબિંદુથી પશ્ચિમ તરફ જેટલી ઘડી પળ સૂર્ય ચાલ્યો હોય તેટલી ઘડીપળનો વખત.

નતકાલાંશ જુઓ નતકાલ.

નતકુર [હિં.] પું. દીકરીનો દીકરો.

નતદ્રુમ [સં.] સ. સતાલાલ નામનું ઝાડ.

નતન ૧. [સં. ન (નહિ) + તનુ (શરીર)] પું. કામદેવ.
૨. વિ. શરીર વગરનું.

નતનત અ. દરરોજ; હરહમેશ.

નતનાગર ૧. પું. ઉત્તમ નટ; નટનાગર.
૨. વિ. ચતુર વર્તનારમાં પ્રવીણ.

નતનાડિકા (નતનાડિકા) [સં.] સ્ત્રી. બે પ્રહર પછી અથવા મધ્યરાત્રે જ્યોતિષની ઘડી.

નતનાસિક [સં.] વિ. ચીબું; ચપટા નાકવાળું.

નતની [હિં.] સ્ત્રી. પૌત્રી; દીકરાની દીકરી.

નતપદ સ. એક જાતનું પ્રાણી. તેને કાળા મુખના રંગની ઝબરી, પાંચ અંગુલાકાર પગ, પહોળી અને ચટપટી પૂછડી તથા આકાર અહાર તમ્બુ જાંખી અને નતકના જેવી ચાંચ હોય છે. તરવામાં અને કૂદવી મારવામાં તે હોશિયાર મનાય છે. તે પક્ષીમાંના પટ્ટાવા ઉપર છાપન મુજબ છે. તેનાં ઈંડાં આકાર પોપો તમ્બુ જેટલી લંબાઈનાં હોય છે.

નતપર્ણ [સં. નતપર્ણ] વિ. ચપટા પાંદડાવાળું.

નતપર્વનખ પું. સિંહના નહોર જેવા સાધનમાંથી વગાડાતું નખ

નટવરે એ નતપર્વનખે પૂરા.
બળવંતરાય ઠાકોર

નતપર્વશર [સં.] ન. સાંધા છોલી નાખેલું બરનું તીર.

બળ હવા નતપર્વશરે ત્રાસે.
બળવંતરાય ઠાકોર

નતપાલ [સં.] વિ. શરણે આવેલાને પાળનાર; પ્રણતપાલ.

નતપૃલક [સં.] ન. ઢાળ; ઢોળાવ.

નતભાગ [સં.] પું. (જ્યોતિષ) નતાંશ; મધ્યબિંદુથી ગ્રહ સુધીનું અંતર.

નતભૃગુ પું. (ખિસ્કા) સહીનું વર્ગનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ત્રણમાં મગણ, જગણ, નગણ, લઘુ અને ગુરુ એમ અનિયત, બીજા ત્રણમાં સગણ, તગણ, નગણ અને સગણ એમ ચાર અક્ષર, ત્રીજા ત્રણમાં નગણ, મગણ, બે નગણ અને ગુરુ એમ તેર અક્ષર અને ચોથા ચરણમાં જગણ, બે નગણ અને સગણ એમ ચાર અક્ષર હોય છે.

નતમૂ [સં] વિ. નમેલાં નેત્ર અથવા ઝુકેલી દૃષ્ટિવાળું.

નમી રહી મુજ બે નતમૂને તે.
ન્હિકમોરેશી

નતમ [હિં.] વિ. વાંકું

નતમસ્તક ૧. [સં.] ન. નમાવેલ માથું.

૨. વિ. નમાવેલ માથાવાળું.

નતમી સ્ત્રી. આસામ પ્રાંતમાં થતું એક પ્રકારનું ઝાડ. તેનું લાકડું મીંજવું, મજબૂત અને લાલ રંગનું થાય છે.

નતમુખ ૧. [સં.] ન. નીચું મોઢું

૨. ન. નીચે જોવું તે.

૩. વિ. શરમથી નીચું મોઢું કરેલ હોય તેવું.

નતર જુઓ નતરક.

નતરક [હિં.] અ. નહિતર; નહિ તો; અન્યથા.

નતરો જુઓ નતરક.

નતરોન [મુ.] ન. જવખાર.

નતવાળિયો [સં. નિત્યાવલીય] પું. મરનારની પાછળ બરાબર દિવસ સુધી દરરોજ જમાડાતો બ્રાહ્મણ.

નતશિર જુઓ નતમસ્તક.

નતાન અ. દરરોજ; નિત્ય; હમેશ.

નતાનન [સં. નત (નમાવેલું) + આનન (મોઢું)] વિ. નિમ્નમુખ; નમાવેલ મુખવાળું.

નતાયજ ન. પરિણામ; અંજામ.

નતાર ૧. સ્ત્રી. મોચીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માપસૂચ.

૩. વિ. એ નામની બટકનું.

નતાંગ [સં.] વિ. નમેલા અંગવાળું.

નતાંગી ૧. [સં.] સ્ત્રી સ્તન અને જઘનના ભારથી નમી ગયેલા અવયવવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. રમો. નારી.

૩. વિ. સ્ત્રી. નમેલા અંગવાળી.

નતાંશ ૧. [સં. નત + અંશ (ભાગ)] પું. (જ્યોતિષ) આકાશીય ક્ષિતિજબિંદુથી માપાતું અંતર; આકાશી પદાર્થનું ક્ષિતિજથી અંતર; 'ઝેનિથ ડિસ્ટન્સ'

૨ પું. કોઈ જગ્યાએથી જોતાં બીજે કોઈ પદાર્થ ક્ષિતિજ સમાંતર રેખાથી નીચે માલૂમ પડે તો ક્ષિતિજ સમાંતર રેખાની તથા અવલોકન બિંદુ અને દૃશ્ય પદાર્થને જોડનારી રેખાની વચ્ચેનો ખૂણો; 'એંગલ ઑફ ડીપ્રેશન.'

૩. પું કોઈ પણ પ્રદેશમાં બરાબર મધ્યાહ્ને પોતાના અક્ષવૃત્તમથી ઉત્તરે અથવા દક્ષિણે જેટલા અંશ ઊપર નમેલો દેખાય તેટલા માહેનો દરેક અંશ.

૪ પું. જોવું ટેઢ ખૂણે ઉપર હોય અને જે વિષુવત્ રેખા ઉપર સમ હોય એવું વૃત્ત. આ વૃત્ત ગ્રહો વગેરેની સ્થિતિ નક્કી કરવામાં આવે છે.

નતાક્ષરાસ્પર્શક [સં] પું. (ગણિત) નતાંશનો રપર્શક. હરિહર ભટ્ટ લખે છે કે: સપાટ જમીન ઉપર એક લાકડી સીધી ઊભી ખોડો અને જ્યારે સૂર્યના તાપમાં તેની છાયા મધ્યોત્તરરેખા ઉપર પડે, ત્યારે તે છાયાની લંબાઈ અને જમીનની બહાર રહેલી લાકડીની લંબાઈ માપો. છાયાની લબાઈને ૧૦૦૦થી ગુણીને, જમીન બહાર રહેલા લાકડીની લબાઈથી ભાગો, જે આવે તેને નતાક્ષરસ્પર્શક કહો. તે અક્ષાંશ કાઢવામાં ઉપયોગી છે.

નતિ ૧ [સં] સ્ત્રી. અક્ષાંશ પરત્વે દૃષ્ટિસ્થાનમાં પડતો ભેદ.

૨. સ્ત્રી. જ્યોતિષમાં એક જાતની ગણતરી.

૩. સ્ત્રી. નમસ્કાર; પ્રણામ. નમન; નમવું તે.

વંદન પ્રણતિ પ્રણુતિ નતિ અભિવંદન પરણામ.
સખી નમી આગળ ગઈ કુમરી રાણા કામ.
ખિલ્લારૂપકોષ

૪. સ્ત્રી (ભોગ) સંભવને લીધે આકાશીય પદાર્થના સ્થાનમાં પડતો ફરક.

૫. સ્ત્રી. વાંક; ગુનો

૬. સ્ત્રી. વિનય; વિવેક; નમ્રતા.

નતિની [હિં] સ્ત્રી. દીકરીની દીકરી; દોહિત્રી.

નતિયો પું. કાન ઢાંકવા જેવી સુતરાઉ કે રેશમી જરતે ભરેલી બાળકની ટોપી; ચકેચી.

નતીજ ન. પરિણામ.

નતીજો ૧. [ફા. નતીજ] પું. અંત; નિકાલ

૨. પું. પરિણામ; ફળ.

૩. પું. બદલો; બાતર

નતુ [હિં.] અ નહિ તો; અન્યથા

નતો ૧. અ. અને નહિ.

૨. અ. નહિતર; નહિ તો; અથવા તો.

નતોડ (નતોડ) વિ. ચોપાટની રમતમાં તોડ ન મળ્યો હોય એવું. તોડ વગા વગરનું

નતોડિયું (નતોડિયું) ૧. ન. ચોપાટની રમતમા તોડ વગા વગર બાજીનું પડ જેટલે થતી હાર.

૨. વિ. નતોડ; તોડ વગા વગરનું.

નતોદર ૧. [સં.] વિ. અંતર્ગોળ; ' કૉનકેવ.'

૨. વિ. જેનું પેટ નાનું હોય એવું.

નતોદરકોષ્ઠ [સં] પું. (ગણિત) અંતર્ગોળ ખૂણો; 'કૉનકેવ એંગલ.'

નતોદરદર્પણ [સં] પું અંતર્ગોળ કાચવાળો અરીસો. તેની નાભિથી પદાર્થ જેમ જેમ દૂર જાય તેમ તેમ તેનું પ્રતિબિંબ નાનું થતું જાય અને તે ઊંધું અને પડદા ઉપર ઝીલી શકાય તેવું હોય છે; પરંતુ પદાર્થ જ્યારે અરીસાની નાભિ ઉપર આવે ત્યારે પ્રતિબિંબ અનંતતામા હોવાનું જાય છે નાભિ અને અરીસાના ધ્રુવબિંદુના વચ્ચના બિંદુ વચ્ચે પદાર્થને રાખતા પ્રતિબિંબ ઊલટું, મોટું અને પડદા ઉપર ન ઝીલી શકાય તેવું થાય છે. પદાર્થને અરીસાની નજીક લાવીએ તો પ્રતિબિંબ ઊભું સરખા માપનું અને છે.

નતોદર ઊન્સ ન. અંતર્ગોળ કાચની તકતી. આ કાચમાં પદાર્થનું પ્રતિબિંબ હમેશ પડદા ઉપર ન ઝીલી શકાય તેવું હોય છે. પદાર્થ જેમ જેમ કાચની નજીક આવે તેમ તેમ તેનું પ્રતિબિંબ મોટું અને મોટું થતું જાય છે અને છેવટે જ્યારે પદાર્થ તદ્દન પાસ આવે ત્યારે તેનું પ્રતિબિંબ પદાર્થના જેટલા જ માપનું આવે છે.

નતોદરીય [સં] વિ. ઉદરાકાર; પુટાકાર; અંતર્ગોળ; ' કૉનકેવ.'

નતોન્નત ૧. [સં.] વિ. અંતર્ગોળ તથા બાહ્યગોળ.

૨. વિ. ખરબચડું; આડાઅવળિયાવાળું.

નતોન્નતોદર [સં.] વિ. એક તરફથી બાહ્યગોળ બીજી તરફથી અંતર્ગોળ.

નત્તુ [સં. નપ્તૃ] પું. પૌત્ર; દીકરાનો દીકરો.

નત્તુઆ [સં. નપ્તૃક] સ્ત્રી પૌત્રી; દીકરાની કે દીકરીની દીકરી

નત્તો અ. તરત; જલદી; ઉતાવળે. આ શબ્દ સુરત તરફ દરિયાકિનારાના પ્રદેશમાં વપરાય છે.

નત્થ જુઓ નથ.

નત્થા [હિં.] સ્ત્રી. બળદના નાકમાંનું દોરડું; નાથ.

નત્થી [હિં.] સ્ત્રી. ઢગલા સાથે બાંધવામાં આવતી દોરી.

નત્ય અ. નિત્ય; હમેશ.

નત્યાન અ. નિત્ય, હમેશ.

નદ્યુહ [સ.] પું. ખાતક પક્ષી; પપૈયો.

નત્ર ૧. પું. એક જાતનો રાસાયણિક પદાર્થ; નત્રવાયુ; નિર્ગુણવાયુ; 'નાઇટ્રોજન.'

વાતાવરણનું પૃથક્કરણ કરતાં તેમાંથી પ્રાણવાયુનું પ્રમાણ જાણી લેવામાં આવે, તે બાદ બાકી રહેતો વાયુ તે નત્ર. શ્રી જ્ઞાનકોષ

૨. વિ. સુરોખારનો ગુણ ધરાવનારું; 'નાઇટ્રિક.'

નત્રક વિ. જેમાં સુરોખારનો ગુણ રહેલો હોય એવું, નત્રયુક્ત; 'નાઇટ્રિક.'

નત્રકામ્લ [સં.] પું. સુરોખારનો તેજાબ; 'નાઇટ્રિક ઍસિડ.'

તાંબાના ટુકડાને નત્રકામ્લમાં ઓગાળવું જો તાંબું ઓગળશે અને ભરાશ વાસવાળા રતાશ પડતા ધુમાડાના ગોટા ઉત્પન્ન કરશે. બાલશાસ્ત્રમાળા

નત્રજન પું. નિર્ગુણવાયુ; નત્ર; 'નાઇટ્રોજન.' આ એક વાયુરૂપ અને સુગંધીહીન વાયુ છે, જે પ્રાણીને તથા વનસ્પતિના જીવનને જરૂરનો છે.

નત્રજનીય વિ. નત્રજન વાયુ સંબંધી; નિર્ગુણવાયુના સંયોગથી ઉત્પન્ન થયેલું. નત્રામ્લ, અમોનિયા વગેરે નત્રજનીય પદાર્થો છે.

નત્રપ્રાણિજ પું. નિર્ગુણવાયુનું એક દ્રવ્ય; 'નાઇટ્રસ ઑક્સાઇડ.'

નત્રમધુક ન. નિર્ગુણવાયુમિશ્રિત એક મીઠો પદાર્થ; 'નાઇટ્રો ગ્લીસરિન.'

નત્રમાપક ન. નિર્ગુણવાયુ માપનાર યંત્ર; 'નાઇટ્રોમિટર.'

નત્રવાયુ પું. નિર્ગુણવાયુ; નત્ર; 'નાઇટ્રોજન.' આ એક રંગહીન વાયુસ્વરૂપનાર્હું અંધાતુક તત્ત્વ છે. તેને સ્વાદ અને ગંધ હોતાં નથી અને તેનું વજનફળ ઓટલું છે કે હલકો હું હાઇડ્રોજન તેનાથી કરતાં છે. હવામાં નત્રવાયુનું પ્રમાણ ઘણીજ વાયુઓની સરખામણીમાં ઘણું વધારે છે. પ્રાણવાયુ કરતાં તેનું પ્રમાણ ચારગણું છે. તે જીવન ટકાવવાને અસમર્થ છે. તેનું પરમાણુક વજન ચૌદ છે. પ્રાણુરસના રાસાયણિક મિશ્રણમાં અંગારવાયુ, પ્રાણવાયુ, અદ્રવાયુ અને નત્રવાયુ એ ચાર મુખ્ય તત્ત્વો રહેલાં છે. નત્રવાયુ વરસાદના પાણીમાં ઓગળી જાય છે. ચાંસઠ પદાર્થોમાં સોળ ટકા નત્રવાયુનું તત્ત્વ હોય છે. બી રોથામસ્ટેડે પ્રયોગ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે કે, એક વરસમાં એક એકર જમીનમાં વરસાદ વાટે લગભગ ચારથી પાંચ હજાર રતલ નત્રવાયુ જાય છે.

નત્રામ્લ પું. સુરોખારનો તેજાબ; 'નાઇટ્રિક ઍસિડ.'

નત્રાયિત વિ. નત્રામ્લ સાથે ગરમ કરવા બનતા મલમાર બેજવતાં તૈયાર થતો પદાર્થ; 'નાઇટ્રાઇટ.'

નત્રિકામ્લ પું. તીવ્ર જલ; 'ઍકવા ફોર્ટિસ.'

નત્રિત પું. કોઈ મૂળતત્ત્વ સાથે નત્રનો તેજાબ મળવાથી બનતો ક્ષાર; 'નાઇટ્રેટ.'

નત્રિલ સ્ત્રી. ઘણી, મકાઈ, બાજરી, માળવી, દૂધ, દાળ વગેરે આવાની વસ્તુઓમાં રહેલો પ્રોટીન નામનો પદાર્થ. ચોખામાં તેનું પ્રમાણ બહુ ઓછું હોય છે.

નત્રીઠ વિ. અખૂટ; ખૂટે નહિ તેવું.

કરો જમીનનું પોત જેમાંહ પણ ખરાં,
વળ નાખવું ભળા નત્રીઠ પળાશે પેરજના પલ્લી.
દુહો

નથ ૧. સ્ત્રી. મિસ્રોગમાં વપરાતું એક જાતનું સાધન. તે આસ કરીને આવળના ઝાડવાની બનાવેલ હોય છે.

૨. [સં. નાથ (બળદના નાકમાં પરોવેલ દોરડું)] સ્ત્રી. નાકનું એક જાતનું ઘરેણું; વાળી; વેસર. ગુજરાત, મહારાષ્ટ્ર, સિંધ, પંજાબ તેમ જ ઉત્તર તથા પશ્ચિમ હિંદુસ્તાનના પ્રદેશમાં બધી હિંદુ સ્ત્રીઓના અલંકારમાં નથનો સમાવેશ થયેલો છે. નથને સૌભાગ્યનું ચિહ્ન ગણવામાં આવે છે. વિધવાઓ તે પહેરતી નથી. સંસ્કૃત સાહિત્યમાં અને જૂનાં કાવ્યોમાં આનો અર્થ દર્શાવતા કોઈ અલંકારનો ઉલ્લેખ નથી. એટલે આ વિચાર સંસ્કૃત સાહિત્યમાં અને પ્રાચીન હિંદી સંસ્કૃતિમાં અપરિચિત છે. પ્રાચીન કાળમાં નાકના અલંકારનું અસ્તિત્વ ન હતું, પણ તે પરદેશનો રિવાજ મુસલમાનમાંથી આવ્યો. મુસલમાનોમાં પણ મૂળ તો તે ફાસલ્લા ચિહ્ન હતું. મુસલમને કાનમાં વાળી પહેરાવવામાં આવતી, પણ કાળાંતરે તેને માનવતારીનું ચૂનચ્છ બનાવી તેનું મૂલ્ય વધારવામાં આવ્યું. સંસ્કૃતિના અધઃપાતના સમયની ઓબ્બોની દાસવૃત્તિમાંનું દુઃખદ સૂચન આ અલંકારમાં બળી રહે છે. ઓસુલ્લા માનવૃત્તિની ખુશામદ કરવા તેને અલંકારનું રૂપ આપવામાં આવ્યું. એ પણ સમજી શકાય તેવી ઘટના છે. અરબસ્તાનમાં અને બીજા પ્રદેશોમાં નક્ષ અને કાન વીંધવાની ક્રિયા ફાસલ્લાસૂચક હતી. આથી નથ, બુલાક, વાળી વગેરે મુસલમાનોના પ્રદેશમાંથી આવ્યાં છે એમ સહેજે અનુમાન થઈ શકે છે.

નથ નાકમાં પહેરાય, કાંઈ કાનમાં ન પહેરાય = કોઈ પણ વસ્તુ તેના યોગ્ય સ્થળે ફીટ થાય.

૩. અ. કિ. નથી, છે નહિ

નથલી (નથડી) જુઓ નથલડી.

નથી (નથડી) [સં. નાથ] સ્ત્રી. નાકની વાળી; નકવેસર; નથ.

એની વહુને રાણીએ નથડી આપી છે.
મોરબંદરરામ

નથણી જુઓ નથડી.

નથન ૧. સ. અંકુશ; સમજ.

૨. સ. કબજે રાખવું તે.

૩ સ. નાકની વાળી; નથની.

મુખ જિદુરાલ નથી નથન,
કાન બહુ બોલાં કહે. સામળ

૪. [સં. નાથ] સ. નાથવું તે; નાકમાંથી દોરડું કાઢવું તે; નાથ બાંધવો તે.

નથના ૧. [હિં.] સ. નાકના છિદ્રની અને આજુનું પડદા જેવું ચામડું.

૨. સ. નાકનું છિદ્ર; નસકોરું.

નથની ૧. [હિં.] સ્ત્રી. તલવારની મૂઠમાં ખાલડી નાની ચીંટી.

૨. સ્ત્રી નથ; નાકમાં પહેરવાની વાળી; વેસર; નકવેસર.

વેલી માંહે મોતની માલી,
ગજદ્વમંતની બાલ છ,
કર કંકણ સાહે મુદ્રિકા,
નથની ઝાકઝમાલ છ. ભાલણ

નથની ઉતારવી = (૧) સૌભાગ્યનો અંત કરવો. (૨) શોભા હરી લેવી.

૩. સ્ત્રી નથના આકારની ચીજ.

૪ [સં નાથ] સ્ત્રી નાથ; બળદના નાકમાં પરોવેલું દોરડું.

નથનીપર ૧. પું. શિવ; સંકર અર્ધનારીનટેશ્વરના રૂપમાં શિવ પોતાના નાકમાં નથ ધારણ કરે છે.

જય નાથ નથનીપર શિવા નમો.
કેદારખંડ

૨. વિ. નથનીને ધારણ કરનાર, નાકમાં નથની પહેરી હોય એવું.

નથલડી (નથલડી) [સં. નાથ (બળદના નાકમાં પરોવેલ દોરડું)] સ્ત્રી. નથડી; નથ; નથની; નાકની વાળી. નથ માટે કવિતામાં વપરાય છે.

નથલડી વહેરે રૂ,
એવો દેવ રણમો. નરસિંહ

નથલી સ્ત્રી. નાકમાં પહેરવાનું એક ઘરેણું; નથ.

નથવાણી ૧. સ્ત્રી. લોઢાણાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નથવેસર જુઓ નથડી.

નથાવું ૧. અ. ક્રિ. નાથવાળા થવું; અંકુશમાં આવવું, કાબૂમાંના થવું.
૨. અ. ક્રિ. પરણવું; લગ્ન કરી બંધન વહોરવું.

નથિયા [હિ.] સ્ત્રી. નાકમાં પહેરવાનો એક અલંકાર; નથ, નથડી.

નથી ૧. [સં. નાથ (બળદના નાકમાં પરોવેલ દોરડું)] સ્ત્રી. નાકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; નથ; નકવેસર.
૨. સ્ત્રી. મુકદ્દમાને લગતા કાગળોનું દફ્તર.
૩. [સં. ન (નહિ) + અસ્તિ (છે); પ્રા. નત્થિ] અ. ક્રિ. છે નહિ; એનું નકારવાચક રૂપ. નથી શબ્દ સંસ્કૃત ન અસ્તિ ઉપરથી ન બની પણ છે ઉપરથી એનું રૂપ થયેલ છે.

નથુડો (નથુડો) પું. પુરુષની ગુહ્યેન્દ્રિય; શિશ્ન

નથુની [હિ.] સ્ત્રી. નાકનું એક જાતનું ઘરેણું; નથ; નથડી
નથુની ઉતારવી = મોમાર્ગનો ભંગ કરવો.

નથુભાઈ પું. પુરુષની ગુહ્યેન્દ્રિય; શિશ્ન.
નથુભાઈ ભાણે = કંઈ કાંઈ ભાણતો નથી. બેદરકારીમાં બગાડ આપતાં આમ બોલાય છે

નથુરામ શર્મા પું. ખીલખાના વેદશાસ્ત્રપારંગત એક સંત મહાત્મા. સૌરાષ્ટ્રના ઝાલાવાડ પ્રાંતમાં આવેલ લીંબડી રાજ્યનું મોજીદડ ગામ તેમનું જન્મસ્થાન હતું સંવત ૧૯૧૪ના આસો સુદિ ચોથ એટલે તારીખ ૧૦ ઑક્ટોબર સને ૧૮૫૮ના રોજ માતા નંદુબા અને પિતા પીતાંબરજીને ઘેર તેમનો જન્મ થયો હતો. મોજીદડ, ચૂડા અને રાજકોટમાં ૧૬ વર્ષની કુમાર અવસ્થામાં ગુજરાતી અભ્યાસ પૂરો કરી પોરબંદર તાબે અડવાણામાં, ખાટવા તાબે લીંબુડામાં અને ભાડરાણાદમાં તેમણે શિક્ષક તરીકે કામ કર્યું હતું. સ્વભાવે મિલનસાર, સરલ અને વિનમ્ર હતા. ગ્રહણશક્તિ અને ધારણશક્તિ તીવ્ર હતી એટલે બહુ વાંચી શકતા અને બહુ યાદ રાખી શકતા. ભાડરાણાદથી નીકળી પ્રવાસ કરતા કરતા તે હિમાલયના તપોવનમાં ગયા હતા. ત્યાં બીજાં તપસ્વી કરી તે ઋષીશ્વર બન્યા. ત્યાંથી ભાડરાણાદ પાછા ફરી શિક્ષકજીવન પૂર્ણ કર્યું. અંગરોળ અને વરસડામાં બહુમાં તેમનું સ્મરણ રહીગયું. વરસ બેઠી તે નદીમાં મંગા કિનારે આનંદગુફામાં અને ત્યાર પછી જૂનાગઢથી બોડે દૂર દામોદર કુંડે મુક્તાનંદગુફામાં રહ્યા. ત્યા અવધૂતનું એકાંત જીવન જીવતા અને જીવન્મુક્તિનો વિલક્ષણ આનંદ અનુભવતા. જનકલ્યાણ માટે એકાંતજીવનનો અદ્‌ભુત આનંદ ઓછે કરી તેઓએ આત્મોદ્ધારજીવન સ્વીકાર્યું. પોતે જે મહાશક્તિ મેળવી હતી તેનો જગતને પરિચય કરાવવો હતો, એટલે જીવનસમયમાં તેમણે વાતો, આખ્યાન અને જીવન દ્વારા લોકકલ્યાણનું કાર્ય અવિરત ચાલુ રાખેલું લગભગ અર્ધી સદી સુધી તેમનું આ કાર્ય એકધારું, અખૂટ અને અભંગ ચાલ્યું. બીલખા આશ્રમમાં તેમણે આશ્રમ સ્થાપ્યો. પ્રતિવર્ષ લગભગ આઠ માસ ઉપદેશ માટે પ્રવાસ કરતા. આખું જીવન ધર્મપ્રવૃત્તિમાં ઓતપ્રોત કરીને તેમણે ઉપનિષદો, ગીતા, પાતંજલ યોગદર્શન, પંચદશી વગેરેનાં ભાષાંતર તેમજ શ્રી યોગકોરતુલ વગેરે યોગ અને વેદાંત ઉપર નાનાં મોટાં એકસો કરતાં વધારે પુસ્તકો રચ્યાં છે.

નથુરામ હીરો ૧. પું. ઉત્તમ વક્તાવી માણસ.
૨. કુ. મૂર્ખ માણસ. વાક્યપ્રયોગમાં આ પ્રયોગ થાય છે.

નથૈયા પું. નાકનાર માણસ.

નથ્થૈયો પું. બી કૃષ્ણ. તે બાલપણમાં નાકમાં નથ પહેરતા હતા.

નદ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તે ઉપરથી અનેક શબ્દ નદ; નદી.
૨. અ. ક્રિ. આનંદ પામવો; સુખ પામવું.
૩. અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.
૪. અ. ક્રિ. પ્રકાશવું.
૫. સ. ક્રિ. પૂજા કરવી; સ્તુતિ કરવી.

નદ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. પોલો.
૩. પું. પ્રવાહ.
૪. પું. મેઘ; વાદળું.
૫. [સં. નદ્ (અવાજ કરવો)] પું. મોટી નદી.
બહુપુત્રા એવી વિશાળ નદી છે કે તે નારી મટી નર-નદ થયેલ છે, જ્યાં તેની નમ્રતાને થાર નથી. ઝવેરચંદ
૬. પું. શબ્દ; નાદ; ધ્વનિ.
૭. પું. સમુદ્ર; સિંધુ; સાગર.
૮. સ્ત્રી. મુસલમાન માણસની એ નામની એક જાત.
૯. ન. એ નામની જાતનું માણસ.
૧૦. વિ. એ નામની જાતનું.

નદતટ [સં. નદ (મોટી નદી) + તટ (કિનારો)] પું. મોટી નદીનો કાંઠો.

નદથુ ૧. [સં. નદ્ (અવાજ કરવો)] પું બળદનો નાદ.
૨. [સં. નદ (આનંદ પામવું)] પું. હર્ષ; આનંદ.

નદન [સં. નદ (અવાજ કરવો)] પું. શબ્દ કરવો તે; અવાજ કરવો તે

નદનું ૧. [સં. નદ (અવાજ કરવો)] પું. અવાજ; શબ્દ.
૨. પું. નાગરમોથ.
૩. પું. મેઘ; વાદળું.
૪. પું સિંહ.

નદપતિ [સં. નદ (મોટી નદી) + પતિ (ધણી)] પું. સમુદ્ર; સાગર; દરિયો.

નદબ [હિ.] પું. દક્ષિણ હિંદમાં થતો એક જાતનો કપાસ.

નદમુખ [સં. નદ (મોટી નદી) + મુખ (મોં)] ન. મોટી નદીનું મુખ; મોટી નદી સમુદ્રને જ્યાં મળતી હોય તે સ્થાન.

નદર ૧. [સં.] વિ. નદીની આસપાસનો પ્રદેશ.
૨. વિ. નીડર; નિર્ભય; જાય વગરનું.

નદરાજ [સં. નદ (મોટી નદી) + રાજન્ (રાજા)] પું. સમુદ્ર; સાગર.

નદવી પું. એક જાતનો મુસલમાની મજહબ.

નદવું [સં. નદ્ (અવાજ કરવો)] અ. ક્રિ. અવાજ કરવો.

નદાત [સં. ન (નહિ) + દત્ત (આપેલું)] વિ. લાંબે ને પાછું ન આપે એવું; નાદાર; લીધેલું પાછું ન આપનાર.

નદાતિયું જુઓ નદાત

નદાન ૧. [ફા. નાદાન] વિ. બેસમજ; બુદ્ધિહીન.
૨. વિ સમ.ની જેને સમજ ન હોય એવી નાની વયનું.

નદામત ૧. [અ.] સ્ત્રી. દિલગીરી; પસ્તાવો.
૨. સ્ત્રી. શરમ; લજ્જા.

નદાયું ૧. વિ. ખિતા વગરનું; નદાઈ.
૨. વિ. જેને માથે કાંઈ આબરૂ ન હોય એવું.
૩. વિ બિનજવાબદારી; બોઝી સમજનું.
૪. વિ. વાંઝ અથવા હોય વિનાનું.
૫ વિ. સમજ્યા નહિ બનેલું; નહિ સાંભળેલું. હોર માટે બોલાય છે.

નદારત જુઓ નદારદ.

નદારદ ૧. [ફા.] અ. ગેરહા; નષ્ટ; અસ્તિત્વ.

૨. અ. પાસે નથી; કાંઈ જ નહિ.

નદાલ [સં.] વિ. ઝાપટવાળું; નસીબદાર.

નદાવા [અ.] અ. હવે હક અમારા હાથો ન રહ્યો એ રીતે; હવે પછી કોઈ રીતે માગ્યું નહિ મળે એમ; હક કે હાથો રહેલો નથી એમ.

નદાવાચિઠ્ઠી જુઓ નદાવાપત્ર.

નદાવાપત્ર અ. કારમતી; છૂટકારો; 'એક્વિટન્સ.'

નદાવો જુઓ નદાવાપત્ર.

નદિ [સં. નદ્ (સ્તુતિ કરવી)] સ્ત્રી. સ્તુતિ; પ્રશંસા.

નદિકા [સં. નદ્ (અવાજ કરવો)] સ્ત્રી. નાની નદી; ઝરણું.

નદિની ૧ું (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, ભગણ અને બે ગુરુ મળી તેર વર્ણ હોય છે. તેમાં પ્રત્યેક ચરણ ઉપર વિસામો આવે છે.

ન જ ભ ભ ગ ગ થી ઉદ્ ધ્વ નદી છે. રણછોડ

૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ગાંડેતૂ એક નામ.

૩. સ્ત્રી. નારી; સ્ત્રી.

૪. [સં. નદ્ (અવાજ કરવો) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પાણીનો જે પ્રવાહ પર્વત, સરોવર વગેરેમાંથી નીકળી જમીન ઉપર વહી સમુદ્ર અથવા સરોવરને જઈ મળે તે; સરિતા; પર્વત કે સરોવરમાંથી વહેતો મોટો કુદરતી જળપ્રવાહ. પર્વત ઉપરનો બરફ ઓગળવાથી અથવા વરસાદના કારણથી પાણી એકત્ર થાય છે અને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત અનુસાર નીચાણ તરફ વહે છે અને મેદાનમાં થઈ મોટે ભાગે સમુદ્ર સુધી પહોંચે છે. કોઈ વખત આ પાણી પોતાના સ્વતંત્ર પ્રવાહમાં સમુદ્ર સુધી પહોંચે છે અને કોઈ વખત સમુદ્ર સુધી જનારી બીજી કોઈ મોટી નદીમાં મળી જાય છે. જે પ્રવાહ સીધો સમુદ્ર સુધી પહોંચે છે તેને ભૌગોલિક પરિભાષામાં મુખ્ય નદી કહે છે અને જે બીજા પ્રવાહમાં મળી જાય છે તેને સહાયક નદી કહે છે. એમ પણ બને છે કે, નદી કોઈ સરોવરમાં પડતી હોય છે અથવા કોઈ રેતાળ મેદાનમાં અદૃશ્ય થઈ જાય છે. જ્યાંથી નદી નીકળે છે તેને તેનું મૂળ કહે છે. જ્યાં તે બીજી નદીને મળે તેને સંગમ કહે છે. જ્યાં તે સમુદ્રને મળે તેને તેનું મુખ કહે છે. સામાન્ય રીતે નદી બારે માસ વહેતી રહે છે, પણ નાની નદીઓ ગરમીના દિવસોમાં સાવ સુકાઈ જાય છે. વરસાદમાં બધી નદીનાં પાણી બહુ વધી જાય છે, કારણ કે આસપાસના પ્રદેશનું વરસાદનું પાણી તેમાં આવી મળે છે. તે પાણી બહુ ડહોળું હોય છે. નદી શબ્દની વ્યાખ્યા ઈંગ્લિશ, નામ, પુ, પતિ, વર વગેરે પતિવાચક શબ્દ કે પ્રત્યય લગાડવાથી સમુદ્રવાચી શબ્દ બને છે. નદીના પ્રવાહના પટનો આધાર મુખ્યત્વે નદીની જમીન, આસપાસની વનસ્પતિનો પ્રકાર, આબોહવાનો ભીનાશ પ્રદેશ અને સરેરાશ વરસાદના પ્રમાણ ઉપર રહે છે સામાન્ય રીતે મોટી નદીઓના પટનો દ્રાણ ઓછો રહે છે. નદીના પટમાં ઊંડું તેમ જ આબોહવાથી પણ પોવાણ થાય છે. નદીનાં ઓછા વધતા દ્રાણ કે પોચા અડકની જાતને લીધે પાણીના ધોધ કે દરિયા ઉત્પન્ન થાય છે. જે પટમાં આવેલ અડક કે પથરની જાત પોચી અને દ્રાવક હોય તો પાણી જમીનમાં નીચે ઊતરી જઈ નદી પાતાળપ્રવાહ બની જાય છે. પાણીના પ્રવાહની ગતિના આર્જનના ફેરફારને લીધે નદીના કાંઠા ધસાતા જાય છે અને પહોળા બને છે. પ્રવાહ વધુ વેગથી જતાં નદીને ઓટી ઊંડી બનાવે છે. નદી બધી વસ્તુઓ તાણી લાવે છે અને જ્યારે તેનો પ્રવાહ બંધ થાય છે ત્યારે તે કચરો જમા થાય છે, જેથી કેટલેક ઠેકાણે જમીનની ફળદ્રુપતા વધે છે, અથવા નદીના મુખ આગળ ફળદ્રુપ પ્રદેશ બને છે. સંસ્કૃત ભાષામાં નદીના જે જાતિમાં વિભાગ પાડવામાં આવ્યા છે. કેટલીક નદી ઓલિય તરીકે અને કેટલીક નદી પુલ્લિંગ તરીકે ઓળખાય છે. કુદરતી રીતે નીકળતાં પાણીના વહેણ જો ૮૦૦૦ ચોરસ માઈલ હોય તો તેને નદીનું નામ આપી શકાય. તેનાથી નાના વહેણો અથવા ઝરા કહેવાય. નદીનું પાણી ધીમે વહે છે અને ઘણે ઊંડાણ છે. નદીનું પાણી જલદીથી વહે છે અને હલકું જણાય છે. રેતી અને કોતરાળ પ્રદેશ ઉપર થઈને વહેતું પાણી સ્વચ્છ જણાય છે. હિમાલયમાંથી નીકળી આવતાં પાણી જમીત ક્ષાર અને ઔષધીય મૂળથી ભરપૂર હોવાની માન્યતા છે. વિંધ્ય પર્વતમાંથી વહેતું પાણી સ્ત્રીઓ, પિતરોને, મહિનાના રોજ અને અષ્ટમી મટાડનાર મનાય છે. કેટલાક પાણી કોઢ, સ્ત્રીપદ, મગજ અને હૃદયના રોગ મટાડે એમ કહેવાય છે. નદીનો પાણી પ્રાપ્ત કરનાર દેશ નદીપોષિત અને વરસાદથી પાણી મેળવનાર દેશ દેવપોષિત કહેવાય. પુરાણની કથા પ્રમાણે અસલ સાત મુખ્ય નદી હતી. માનસસરોવર પર્વત ઉપર બ્રહ્મદેવ અને અરુંધતીના સ્તવ પ્રસંગે જાગ્યા, વિષ્ણુ અને શિવે વિવાહ મુજબ વરપોતિયા ઉપર પવિત્ર પાણી છાંટી આશીર્વાદ આપ્યા તે પાણીના જુદી જુદી દિશામાં સાત રેલા ચાલ્યા અને તેનાં સાત નદી થઈ. એક રેલો સિપ્રા સરોવરમાં પડ્યો અને ત્યાંથી સિપ્રા નદી થઈ. બીજો રેલો મહાદોરથી પાસેના પ્રપાતમાં પડ્યો અને ત્યાંથી કૌંચદરી નદી થઈ. વિશ્વામિત્ર તેને પૃથ્વી ઉપર આણી. ત્રીજી નદી ઉમરકંટકમાંથી શરૂ થઈ. આ નદીનું પહેલું પાણી કુબેરે આકાશમાં કર્યું એટલે તેનું નામ કાવેરી પડ્યું. ચોથી નદી મહાકાલ નામના મોટા સરોવરમાં પડી. નોમત નામના ઝોરો આ નદીને નીચા ઢાળવાળા ખીણમાં લેતું નામ ગોમતી પડ્યું. પાંચમી રેલિકા નદી હિમાલયના પુત્ર મૈનાક પર્વતમાંથી નીકળી. મહાદેવ તેને સમુદ્ર તરફ મોકલી. છઠ્ઠો ભાગવમાંથી નીકળી સરયૂ નામથી ઓળખાતી થઈ. હિમાલયની દક્ષિણે આવેલ ઋષભ પર્વતમાંથી નીકળી સાતમી નદી ઉપરાંતી કે ઉપરાંતી નામથી ઓળખાણી. હિંદુસ્તાનમાં અઢાર મુખ્ય નદી કહેલી છે: વિપાશા, સિંધુ, શતદ્રુ, ચન્દ્રભાગા, હાસ્તિદ્રુ, ગંડકી, સરયૂ, શોણ, ઇરાવતી, નર્મદા, તાપી, ગોમતી, ગોદાવરી, ભીમરથી, કૃષ્ણા, કાવેરી, તામ્રપર્ણી અને કૃતમાલા.

વંશધરિતી ગંગવિશ્વની, દ્રોપદી જમુના સ;
નદી નહિ આવે પારમા, સોળ બ ઇરાવતી, બાણ.

પિંગળગ્રંથ

પૃથ્વી ઉપરની સાથી લાંબી સોળ નદી નીચે પ્રમાણે છે.

નામ	કયા દેશમાં	લંબાઈ માઈલ
૧. મિસિસિપિ અથવા મિસૂરી	ઉત્તર અમેરિકા	૪,૨૦૦
૨. આમાઝોન	દક્ષિણ અમેરિકા	૪,૦૦૦
૩. નાઇલ	ઇજિપ્ત	૩,૪૦૦
૪. યાંગ્સેકયાંગ	ચીન	૩,૦૦૦
૫. આમુર	સૈબિરિઆ તથા ચીન	૩,૦૦૦
૬. મેકંગ	અનામ	૨,૮૦૦
૭. હોઆંગહો	ચીન	૨,૮૦૦

૮.	કોંગો	મધ્ય આફ્રિકા	૨,૮૦૦
૯.	લાપ્લાટા	દક્ષિણ અમેરિકા	૨,૫૦૦
૧૦.	વોલ્ગા	સોવિયેટ રશિયા	૨,૩૦૦
૧૧.	સેંટ લોરેન્સ	ઉત્તર અમેરિકા	૨,૨૦૦
૧૨.	સિંધુ	હિંદુસ્તાન	૧,૯૦૦
૧૩.	બ્રહ્મપુત્રા	હિંદુસ્તાન	૧,૮૦૦
૧૪.	ડાન્યુબ	મધ્ય યુરપ	૧,૭૦૦
૧૫.	યુફ્રેટિસ	એશિયા માઇનર	૧,૬૮૦
૧૬.	ગંગા	હિંદુસ્તાન	૧,૬૫૦

આ બધી નદીઓમાં સૌથી વધારે ઝડપથી વહેનારી નદી આમ.ઝોન છે તે અટલાંટરને મળે છે એ જગાએ તેના મુખની પહોળાઈ ૨૦૦ માઈલ કરતાં પણ વધારે છે અને લાંબો મહાસાગરની અંદર ઘણો માઈલ સુધી તેનો પ્રવાહ સમુદ્રના પાણીથી જુદો તરી આવે એટલા જોરથી એનું પાણી વહેતું દેખાય છે. અફ્રિકામાં આવેલી કોંગો નદીનો વેગ પણ વધારે છે. સમુદ્રને જે રસ્તે તે મળે છે તે રસ્તાથી ૪૦ માઈલ સુધી તેના પ્રવાહનો વેગ સમુદ્રમાં દેખી શકાય છે. હિંદુસ્તાનની સિંધુ નદી અરબી સમુદ્રને મળે છે ત્યાંથી બસોક માઈલ સુધીના સમુદ્રને મીઠો મેરામણ કહેવામાં આવે છે, કારણ કે એ વિસ્તારમાં તેના પાણીને સમુદ્રના ક્ષારની અસર થતી નથી, પણ તે મીઠું જ માલૂમ પડે છે.

૧. નદી નાથ સંજોગ = (૧) બેઠાડીઓને મળવાનો બેફામ પ્રાપ્ત થયેલો શુભ યોગ. (૨) નદી અને નાથના સમાગમ જેવું આકસ્મિક, પરદેશીઓનો અને આપણા દેશનો સંબંધ માત્ર નદી નાથ સંજોગ જેવો આકસ્મિક રહ્યો નથી –પ્રસ્થાન

૨. નદીએ જવું = બાજરી જવું; જંગલ જવું; ઝાડે જવું.

૫. સ્ત્રી. પ્રવાહીનો રેલો; પ્રવાહ.

૬. સ્ત્રી. સાતની સંખ્યાસૂચક શબ્દ.

નદીકદંબ ૧. [સં. નદી + કદંબ (એક વૃક્ષઝાડ)] પું. બોરખંડી નામની વનસ્પતિ; મહાશ્રાવણિકા.

૨. ન. નદીઓનો સમૂહ.

નદીકાંત ૧. [સં.] પું. નમોનું ઝાડ.

૨. પું. નેતર.

૩. [સં. નદી + કાંત (પતિ)] પું. સમુદ્ર; સાગર.

૪. પું. સમુદ્રફળ.

નદીકાંતા ૧. [સં.] સ્ત્રી. કાકજંઘા નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. ગ્રંથ.

૩. સ્ત્રી. જંબુનું ઝાડ.

૪ સ્ત્રી. લતા; વેલ.

નદીકૂલ [સં. નદી + કૂલ (કાંઠો)] પું નદીનો કાંઠો.

નદીકૂલપ્રિય [સં. નદી + કૂલ (કાંઠો) + પ્રિય (ચાહનું)] પું નેતરનો છોડ; એક જાતનો ઊંચો, તે નદીના કાંઠા ઉપર બહુ જોવામાં છે.

નદીકૃકંઠ [સં.] ન. નેપાળી ચોહોનું એ નામનું એક તીર્થ અમુક યોગમાં ત્યાં સ્નાન કરવાથી ઐશ્વર્ય થાય છે અને શત્રુ નાશ પામે છે એમ મનાય છે.

નદીગમન [સં. નદી + ગમન (જવું તે)] ન નદીનું સમુદ્રને મળવા જવું તે; સરિતાપ્રવાસ.

નદીગર્ભ [સં. નદી + ગર્ભ (વચ્ચેનો ભાગ)] પું નદીના બે કિનારા વચ્ચેનો ભાગ.

નદીઘાટ [સં. નદી + ઘાટ (ઉતરણ)] પું નદીનો ઓરો.

નદીજ ૧ [સં] પું. અર્જુન વૃક્ષ; સાદડનું ઝાડ

૨. પું. એક જાતનું ઝાડ; અગ્નિમંથ વૃક્ષ; અગ્નિન ઝાડ.

૩ પું કમળ.

૪. પું હાળો સુરમો.

૫. પું. નેતરનો છોડ

૬. [સં. નદી + જ (જન્મેલ)] પું ત્રીજમધિનામક. તે ગંગાના મર્જાથી ઉત્પન્ન થયેલ મનાય છે.

૭. પું. સમુદ્રફળ.

૮. વિ. નદીમાં ઉત્પન્ન થયેલું.

નદીજલદર્શક જુઓ નદીજલમાપક.

નદીજલમાપક [સં. નદી + જલ (પાણી) + માપક (માપનાર)] ન. નદીની અંદરના પાણીની ઊંડાઈ માપવાનું સાધન; 'બાથોમિટર.'

નદીજા જુઓ નદીજ.

નદીજાંબુ [સં. નદી + જંબુ (એક જાતનું ઝાડ)] ન. એક પ્રકારનું ઝાડ. તેમાં સાંકડાં પાન અને ઝીણાં ખાટાં ફૂલ થાય છે.

નદીતટ [સં. નદી + તટ (કિનારો)] પું. નદીનો કાંઠો.

નદીતરસ્થાન [સં. નદી + તરસ્થાન (ઊતરવાનું ઠેકાણું)] ન. નદી ઊતરવાનું ઠેકાણું; ઘાટ; ઓરો.

નદીદત્ત [સં.] પું. બુદ્ધ દેવનું એક નામ.

નદીદર્શક જુઓ નદીજલમાપક.

નદીદ્ય ૧. [સં.] પું. ભોળી માણસ.

૨. વિ અકરાતિયું

૩ વિ આતુર; ઉત્સુક.

૪. ન ભેગું; નદીનું

૫. વિ. બાલમુગ્ધ; ભોળી.

નદીદુર્ગ [સં. નદી + દુર્ગ (કિલ્લો)] પું. નદીની વચ્ચે કે દ્વીપમાં બનેલો કિલ્લો. તે સ્થળદુર્ગથી ઉતરતા અને પર્વતદુર્ગથી ઊતરતો છે

નદીદોહ [સં નદી + દોહ (દુઃખ)] પું. નદી ઊતરવા માટે આપવાનો એક જાતનો કર; નદી ઊતરવા માટે અપાતું ભાડારૂપી દુઃખ

નદીધર [સં. નદી + ધર (ધારણ કરનાર)] પું. શિવ; મહાદેવ. તે ગંગા નદીને માથા ઉપર ધારણ કરનાર મનાય છે

નદીન ૧. [સં] પું. નદીનો સ્વામી; સમુદ્ર.

૨. પું. પલાશની જાતનું વરુણ નામનું જંગલી ઝાડ.

૩ પું. વરુણ દેવ.

નદીનાથ ૧. [સં. નદી + નાથ (પતિ)] પું. દરિયો; સમુદ્ર; સાગર.

૨. પું. વરુણ દેવ.

નદીનાળું [સં. નદી + નાલ (નીક)] ન. નાની નદી; વહેળો.

નદીનાળાં કરવા = આપઘાત કરવા યત્ન કરવો.

નદીનિષ્પાવ [સં.] ન. એક પ્રકારનું ધાન્ય.

નદીનેકું જુઓ નદીનાળું.

નદીપતિ જુઓ નદીનાથ.

નદીપથ ૧. [સં. નદી + પથ (માર્ગ)] પું. નદીને જવાનો રસ્તો.

૨. પું નદીનો રસ્તો; તરી; નદી માર્ગ.

૩. પું વહાણ વગેરે જવા માટે નદી ઊંડીનો રસ્તો.

નદીપંક ૧. [સં.] પું કાદવવાળો નદીનો કિનારો.

૨. પું. નદી આંહેનો કાદવ.

નદીપાત્ર [સં. નદી + પાત્ર (હોજ)] ન. જે જમીનની સપાટી ઉપરથી પાણી વહેતું હોય તે જમીનનો ભાગ; તળ; 'રિવર બેડ.'

નદીપૂર [સં. નદી + પૂર (ઊભરાવું તે)] પું જેના કિનારા ઉપર પાણી ભરી જતું હોય તેવી નદી.

નદીપ્રદેશ [સં. નદી + પ્રદેશ (જમીનનો ભાગ)] પું. જમીનના જે ભાગનું પાણી નદીમાં જતું હોય તે બધો ભાગ; 'રિવર બેસિન'

નદીપ્રધાન [સં. નદી + પ્રધાન (મુખ્ય)] વિ. જ્યાં ઘણી નદી હોય એવું.

નદીબહલજાતક [સં. નદી + બહલજાતક (જિલ્લામુ)] ન. એક જાતનું ખીર; જિલ્લામુ.

નદીભવ ૧. [સં. નદી + ભવ (જન્મ)] પું. ભીષ્મપિતામહ. તે ગંગા નદીના પુત્ર મનાય છે.

૨. ન. સિંધાલૂણ.

૩. વિ. નદીમાં હોનાર કે થનાર.

નદીમ [અ.] પું. સોબતી; મિત્ર; દોસ્ત.

નદીમાતૃક ૧. [સં. નદી + માતૃ (માતા) + ક (વાળું)] પું ખેતીવાડી માટે વરસાદ ઉપર નહિ પણ નદી ઉપર જ આધાર હોય એવો દેશ; નદીના કે નહેરના પાણીથી જે દેશમાં ખાન્ય પેદા થતું હોય તેવો દેશ.

આ વિશાળ નદીઓ ઉપર નભતી ખેતીને લીધે પ્રબળ દેશને **નદીમાતૃક** દેશ કરીક મુસ્લિકિરના દૂત બનારે ઓળખાવ્યો છે. પ્રસ્થાન

૨. વિ. નદીના પાણીથી પાકતાં અનાજ ઉપર જીવનારું; નદીના પાણીથી પોષાયેલું.

નદીમાતૃકતા [સં.] સ્ત્રી. નહેર વાટે જમીનને પાણી પૂરું પાડવું તે; 'કનેક્ષ ઇરિગેશન.'

નદીમાપક જુઓ નદીજલમાપક.

નદીમાર્ગ જુઓ નદીપથ.

નદીમુખ ૧. પું. (જ્યોતિષ) વિષુવાંક ૨૪ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૫૮માં આવતો પહેલા વર્ગનો એ નામનો તારો.

૨. [સં. નદી + મુખ (મોં)] ન. નદી જ્યાં સમુદ્રને મળતી હોય તે જગ્યા; નદીના પાણીને નીકળવાનો માર્ગ; નદીનું મોં.

નદીમુખપ્રદેશ [સં. નદી + મુખ (મોં) + પ્રદેશ (જમીન)] પું. નદી જ્યાં સમુદ્રને મળતી હોય ત્યાં જાતેથી ફળદ્રુપ જમીનનો 'ડેલ્ટા.'

નદીરય ૧. [સં. નદી + રય (વહેણ)] પું. નદીનો પ્રવાહ.

૨. પું. નદીનો વેગ.

નદીવટ [સં. નદી + વટ (વડનું ઝાડ)] પું. નદીના કાંઠા ઉપર ઊગેલું વડનું ઝાડ.

નદીવર્ધન [સં. નદી + વર્ધન (વધારનાર)] ન. નદીઓ સંબંધી જ્ઞાન આપવું તે; 'પ્લેટમોગ્રાફિ.'

નદીવંક [સં. નદી + વંક (વાંકાપણું)] પું. નદીનો વાંક; નદીનો ફાંટો.

નદીવાસ ૧. [સં. નદી + વાસ (રહેઠાણ)] પું. કપીલો. તે નદીને કાંઠે થાય છે. વળી નદીવાસ એટલે દેશી ભાષામાં નદીએ જવું, ઝાડે જવું એમ થાય છે. કપીલો આવવાથી ઝાડા થાય છે, માટે તેને નદીવાસ કહે છે.

૨. પું. જંગલ જવું તે; ઝાડે જવું તે.

નદીવિદ્યા ૧. [સં.] સ્ત્રી. નદી સબંધી જ્ઞાન; 'પ્લેટમોલોજિ.'

૨. સ્ત્રી. નદીઓ વિષે લખેલો નિબંધરૂપી ગ્રંથ.

નદીવેગ જુઓ નદીરય.

નદીવેલા ૧. સ્ત્રી. નદીનો કાંઠો.

૨. [સં. નદી + વેલા (વહેલ)] સ્ત્રી. નદીનો પ્રવાહ.

નદીવ્યાપ્તન્યાય [સં. નદી + વ્યાપ્ત (વ્યાપ) + ન્યાય] પું. આમ જાય તો નદીમાં ડૂબી મરે અને બીજી બાજુ જાય તો વાઘના પંજામાં સપડાય તેવો ન્યાય; કોઈ રીતે છૂટવા ન મળે તેવા સ્થિતિ, સાપ વચ્ચે સોપારી જેવી સ્થિતિ; સાપે છછુંદર ગળ્યા જેવી હાલત. કોઈ માણસની એક બાજુ નદી આવેલી હોય અને બીજી બાજુ વાઘ હોય અને તે માણસ જેમ વચ્ચે સપડાઈ જાય તેવી રીતે આ વાદમાં પ્રતિવાદી બે વિકલ્પ વચ્ચે સપડાઈ જાય છે. આ પદ્ધતિ પ્રતિવાદીને પકડવાની છે, માટે તેને ઉભયતઃ પાશારજ્જુન્યાય પણ કહે છે.

નદીશ જુઓ નદીનાથ.

નદીષ્ણ ૧. વિ. નદીનો અભિલાષાર.

૨. [સં. નદી + સ્ના (નાહવું)] વિ. નદીમાં સ્નાન કરવામાં કુશળ.

૩. વિ. નિષ્ણાત; હોશિયાર; કુશળ.

નદીસ પું. (ગણિત) એક અર્ધસમ માત્રામેળ છંદ. માત્રની ગિણતી પ્રમાણે તે ઉલ્લાલ છંદનો એક ભેદ છે. તેમાં ચાર મુક્ત અને અડતાલીસ લઘુ મળી બાવન વર્ણ અને છપ્પન માત્રા આવે છે.

નદીસર્જ [સં. નદી + સર્જ્ (ઉત્પન્ન કરવું)] પું. અર્જુન વૃક્ષ; સાદડનું ઝાડ. તે નદીને કાંઠે થાય છે.

નદીહિંગુ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિનાં મૂલના ડોડાનો રસ; હિંગામાળી.

નદેય [સં.] સ્ત્રી. ભૂમિનખ્યું; નાનું બંબુ.

નદેયી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાદેયી.

નદેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર વસેલું એક નામ.

નદોલા [હિં.] પું. એક જાતનું માટીનું વાસણ; માટીની નાની નાંદ.

નદ્દારૂ (નદ્દરૂ) ૧. [અ.] પું. પીંજારો.

૨. પું. રૂનો વેપારી.

નદ્દારૂણી (નદ્દરૂણી) ૧. [અ.] સ્ત્રી. પીંજારાનું કામ.

૨. સ્ત્રી. રૂનો વેપાર.

નદ્ધ ૧. વિ. બાંધેલું.

૨. [સ નદ્ધ (બાંધવું)] વિ બાંધેલું, જડેલું.

૩. વિ યુક્ત, જોડાયેલું.

નદ્ધી ૧. [સ. નદ્ધ્ (બાંધવું)] સ્ત્રી. ચામડાની દોરીઃ વાઘરી.

૨. સ્ત્રી. તાંત.

નદ્રો જુઓ નદ્રો.

નધા [સ] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર આવેલું એક નામ.

નધાગ્ર [સ] પું. એક જાતનું ઝાડ; સમટિકા.

નધાવર્ત ૧. [સં.] પું (શિલ્પ) એક પ્રકારનું નગર-વિન્યાસ તેમાં બોળાકાર અથવા તિર્યક માર્ગ આવેલા હોય છે.

૨. પું. (સંગીત) સાત માંહેનો પહેલો સ્વર; ષડ્જ.

નધાવર્તક [સં.] પું. (જ્યોતિષ) એ નામનો યાત્રાનો એક શુભ યોગ. શુભ પોતાની રાશિ ઉપર હોય અને શુક્ર અથવા શુક્ર લગ્નમાં હોય અથવા ચંદ્રમા ઉચ્ચનો હોય અને કર્ક કુંભ ૨.શિમાં હોય ત્યારે આ યોગ થાય છે.

નધ્રુ વિ. બાંધ વગરનું, નિરંકુશ, કોઈની બીક વિનાનું.

નધ્રુટ્ટુ , નધ્રુડુ) ૧. વિ. ઉદ્ધત, અવિનયી.

૨. વિ. નીડર; સાહસિક.

નધણિયાતું ૧. વિ. જેનો કોઈ ધણી કે માલિક ન હોય એવું; અસ્વામિક.

નધણિયાતું જન હેત ખવાર છે,
પતિ વિના વિધવા લગ્ન નાર છે.
ઉદ્રજિતવધકાવ્ય

૨. વિ. બિનવારસું.

નધણિયાતું ધન = (૧) જેનો ધણી ન મળતો હોય તેવું ધન. (૨) ભૂમિગત દબ; જમીનમાં દટાયેલું ધન.

૩. વિ. રખડતું, રઝળતું.

નધણિયું જુઓ નધણિયાતું

નધણિયેશ ૧. વિ. જી નિરાધાર; દુર્ભાગી; કમનસીબ.

૨. વિ. જી. પતિ વિનાની; પતિએ લગ્ન કર્યાં હોય અથવા પોતે પતિનો ત્યાગ કર્યો હોય એવી.

નધાપૂમ વિ. નર્યું; તદ્દન સાવ.

નધાર [સં. ન (નહિ) + આધાર] વિ. અધ્ધર; કોઈ પણ આધાર કે ટેકા વગરનું.

નાંણો ૧. સ્ત્રી. એક જાતની ચામડાની વાખરી.

૨. સ્ત્રી (બોલ) ક્રોધ.

નાંણી ક્રોધ), વરવા (તૃષ્ણા) અને વાસુરા (સાત્ત્વિકાદિ બુદ્ધિ)નું અનુકૂલન ઉદ્ભવ કરીને અને અરબલ્લો દૂર ફેંકી દઈને જે બુદ્ધ થાય તેને હું બ્રાહ્મણ ગણું છું. સુત્તનિપાત

નનકડું (નનકડું) વિ. નનું.

નનકૂડું (નનકૂડું) વિ. નનકડું; નાનું.

નનગિરા પું એક જાતનો મંડપ.

આ મેદાનમાં મધ્ય ભાગમાં એક ઊંચો લાકડાનો ચબૂતરો બનાવેલો હોય છે. તેની ઉપર એક ચાર સ્તંભનો મંડપ રચેલો હોય છે. જેને નનગિરા કહે છે. તે ઠેકાણે સાંજની વખતે બાદશાહ બેસે છે. આઈને અકબરી

નનડવું (નનડવું) સ. ક્રિ. કનડવું; પજવવું, દુઃખ દેવું.

નનદ [સં. નનાન્દ] સ્ત્રી. નણંદ; ધણીની બહેન.

નનદિયા [સં. નનાન્દ] સ્ત્રી. નણંદ.

નનદી જુઓ નનદ.

નનદૈયા જુઓ નનદ.

નનદોર્શ [હિં.] પું. નણંદનો વર; પતિનો બનેવી.

નનરવું સ. ક્રિ. ધિક્કારવું; નિંદવું.

નનસાર [હિં.] સ્ત્રી. માના બાપનું ઘર; મોસાળ.

નનેગ સ. નકામો કજિયો; ખોટી તકરાર.

નનંદ [સં.] સ્ત્રી. નણંદ; પતિની બહેન.

નના ૧. [સં] સ્ત્રી. પુત્રી.

૨. સ્ત્રી. માતા.

૩. સ્ત્રી. વડચ

નનાઢિયા ૧. સ્ત્રી. કડવા કબૂતરીની એ નામની એક અટક.

૨. સ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નનામી ૧. સ્ત્રી. ઘોડાની એક પ્રકારની ખોડ અથવા ખામી.

૨. [સં. ન (નહિ) + નામન્ (નામ)] સ્ત્રી. કાઢવી, સળગાવી ઠારવાની વાંસની બાંધણી; શબવાહિકા.

નનામી બાંધવી = કાઢવી બાંધવી.

નનામું ૧. [સં. ન (નહિ) + નામન્ (નામ)] સ. કોઈ પણ નામ વિનાનું પ્રાણી કે પદાર્થ.

૨. સ. ધુપ્પડ.

૩. વિ. કીમત વગરનું.

૪ વિ જેનું નામ દેવાય નહિ એવું. અનિષ્ટ વગેરે માટે વપરાય છે.

૫. વિ. નામ વગરનું; લખનારનું નામ ન હોય તેવું

નિષ્પક્ષપાત શિક્ષકને તો નનામો કાગળ વિનોબા કરતાં વધારે કૂવે છે. નવજીવન

૬. વિ. લખનારની સહી કે હસ્તાક્ષર વગરનું.

નનામો ૧. પું. ઘોડાને થતો એક જાતનો રોગ; જેરનામ.

૨. વિ પું. નામ વગરનો.

૩. વિ. પું. સહી વિનાનો.

નનાયકું [સં. ન (નહિ) + નાયક (નેતા)] વિ. નાયક વિનાનું; જેનો કોઈ નેતા આગેવાન ન હોય એવું

કંઈકે દુશ્મનની ભાગ્યથી ઘેરી લઈ ભાલપરજના નનાયકા સૈન્યને તરણ બનાવી ફતેહ પાછી. કેશવ હર્ષદ

નનાંગકાપણું (નનાંગકાપણું) સ. નાનું કાકું; શરીરનો નખો નાનો હોવો તે.

નનાંગકું (નનાંગું) વિ. નાના કદનું; નાના બાંધાનું.

કસ્તિકાકીની મૂર્તિ કશી આંખ આગળથી ખસે એવી નહોતી. શરીરે નનાંગકા. તે નનાંગકાપણું કાપવાને માટે આવે એ ન હોય એમ આંખે પાપણી નહિ પણ પાપણીમાં આંખ. કેવા પ્રમાણમાં ઝોળી પાપણી. કપાળે આડા ટીલામાં વચ્ચે કકુનો ચાલ્લો, અસલખારણ બુદ્ધિબળ ગાતી વીરલ તેજસ્વી આંખો x x વગેરે લક્ષણથી ભનેલું કેવળ પ્રગટ શરીર અને લક્ષણ શરીર અત્યારે હું પ્રત્યક્ષ જોઉં છું. નરસિંહરાવ

નનાંદા ૧. [સં. નનાન્દ] સ્ત્રી. નણંદ.

૨. સ્ત્રી. સાળી.

નનિયાઉર [હિં.] સ્ત્રી. માના બાપનું ઘર; નાનાનું ઘર.

નનિયાસસુર [હિં.] પું. સ્ત્રી કે પતિનો નાનો.

નનિયાસાસ [હિં.] સ્ત્રી. સ્ત્રી કે પતિની નાની; સાસુની મા.

નનિહારી [હિં.] સ્ત્રી. એક જાતની ઊંટ.

નનિહાલ [હિં.] સ્ત્રી. માના બાપનું ઘર; નાનાનું ઘર.

નનુ [સં.] સ. ખરેખર; પ્રશ્નમાં, અવધારણ કે નિશ્ચયમાં, સંદેહમાં, અનુજ્ઞા અથવા સંમતિમાં, વિનયમાં, આમંત્રણમાં, સંબોધનમાં, વિનિમયમાં, પરકૃતિમાં, અધિકારમાં, ગભરાટમાં, અફસોસપૂર્વક પ્રત્યુક્તિમાં, વાદવિવાદમાં તથા વિતર્કમાં વપરાતું એક અવ્યય.

એ સિવાય આત્માને જે કોઈ અસ્તિ-નાસ્તિ આદિ છે, નથી-નથી કરે છે, સમદુઃખનો અનુભવ કરે છે તે બધુ ઉપપોગને લીધે જ.

તત્ત્વાર્થસૂત્ર

નનુ ચ [સં.] સ. વિરોધોક્તિમાં વપરાતું અવ્યય.

નનુરેલ ૧. વિ જલહીન; નળણું.

૨. વિ. નમાલું; કૌવત વગરનું; વીર્ય વિનાનું.

નનેતું [સં. ન (નહિ) + નેત્ર (આંખ)] વિ. અંધળું; આંખ વગરનું.

નનૈયો પું નકાર; ના; નમો; ના પાડવી તે.

એક નનૈયો ગ્રાહકોના રોજ હરે હોકોક્તિ

નનૈયો ભણવો–વાસવો = ના પાડવી.

નનોર્શ [હિં.] પું. વસ્ત્ર વાળે વર્ષા ઋતુમાં થતા વનું એક પ્રકારનું જંગલી ધાન્ય; પસંદી; તિનો.

નનોરિયો પું. બાવળનું બીજ. બાવળનાં ફળ કે જેને પરડા કહે છે, તેનાં બીજ કે જે ગુજરાતના કેટલાક ભાગમાં નનોરિયા એ નામે ઓળખાય છે, તેને પાણી સાથે વાટી કંસેરી જમાડે છોપડાયી પણ નાના જંતુઓનું ઝેર ઉતરે છે.

નન્ના ૧. [હિં.] પું. નાનો; માતામહ; માનો બાપ.

૨. પું. પુત્ર; દીકરો.

૩. સ. બધુ નાનું બાળક.

૪. સ. મૂર્ખ માણસ.

૫. સ. વહાલું માણસ.

૬. વિ. ઉમરમાં નાનું.

૭. વિ. હલકું; ઊતરતી પંક્તિનું.

નન્નારી સ્ત્રી. એક જાતનો છોડ; અનંતમૂળ; ઉપલસરી. દુધસાલિ.

નન્નુ ૧. સ. ન અક્ષર.

૨. સ. ન ઉચ્ચાર.

૩. સ. નકાર; ના પાડવી તે.

૪. સ. નામુકર બધું તે; ઇનકાર કરવાપણું.

નન્નેમિયાં પુ. મુસલમાન ફકીરોથી પૂજાતું એક કલ્પિત પીર.

નન્નો જુઓ નનુ.

નન્હા ૧. [હિં.] વિ. નાનું.

૨. વિ. કૃશ; લઘુ.

નપુંસકપણું જુઓ નપુંસકતા.

નપુંસકભાવ જુઓ નપુંસકતા.

નપુંસકમંત્ર [સં.] પું. (જૈન) જૈને નમઃ અથવા એવો મંત્ર.

નપુંસકલિંગ ૧. [સં. નપુંસક + લિંગ (ચિહ્ન)] ન. નપુંસકવેદ; જેનામાં કાર્યક્ષ પુરુષનાં અને કાર્યક્ષ સ્ત્રીનાં ચિહ્ન હોય એવું હોવાપણું.

> આ લિંગ નીચે પ્રમાણે છે, જેમકે, પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. લિંગોનું બીજું નામ વેદ પણ છે. વાચકસૂત્ર

૨. ન. (વ્યાકરણ) નાન્યતરજાતિ.

નપુંસકલિંગી [સં. નપુંસક + લિંગિન્ (ધારણ કરનાર)] વિ. નપુંસકલિંગવાળું; જેની જાતિ નાન્યતર હોય એવું.

નપુંસકવચન [સં.] ન. (વ્યાકરણ) નાન્યતર જાતિવાચક પ્રત્યય.

નપુંસકવધૂ [સં નપુંસક + વધૂ (પત્ની)] સ્ત્રી. નપુંસક પતિની સ્ત્રી; આખા પરકોટા નાવિકાનો એક ભેદ.

નપુંસકવેદ ૧. [સં.] પું. નપુંસકલિંગ.

૨. પું. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી સ્ત્રી અને પુરુષ બંનેના સમાગમની ઇચ્છા થાય છે.

> નપુંસકભાવની વિકૃતિ પ્રકટાવનાર કર્મ નપુંસકવેદ કહેવાય છે. વાચકસૂત્ર

નપૂત ૧. [સં. ન (નહિ) + પુત્ર (દીકરો)] વિ. દીકરા વગરનું.

૨. વિ. સંતાન વગરનું; જેને કોઈ સંતાન ન હોય એવું.

નપેડિયા ન. કચ્છમંદ શહેરની જન્મભૂમિ.

નપેતર વિ. વધારે બરાબર; અધમ; દુષ્ટ.

> અરે ! એ બાવાટના ભૂંડા કરતાં બી નપેતર છે. પીતામ્બર

નપોતું [સં. ન (નહિ) + પોત (વસ્ત્ર)] વિ. કપડા વિનાનું; નાગું; નવસ્ત્ર.

નપોવ્યું ૧. વિ. માન ન રાખે તેવું; દુરાગ્રહી.

૨. વિ. બોડું બગાડેલું.

નબા [સં. નપ્તૃ] પું. દીકરા કે દીકરીનો દીકરો; પૌત્ર કે દૌહિત્ર.

નબાઈ ૧. [હિં.] સ્ત્રી. અપ્રતિષ્ઠા; બદનામી.

૨. સ્ત્રી. નાનાપણું.

નબિરયા ૧. [હિં.] પું. એક જાતના ગરાસ.

૨. પું. એક પ્રકારનું પાન.

નબર્યું ૧. વિ. આધાર વિનાનું; ટેકા વિનાનું.

૨. વિ. મૂળ કે થડ જ ન હોય એવું; ઉઠાગ; અસલ; પાયા વિનાનું; જોડી કાઢેલું.

૩. [સ. ન (નહિ) + પાદ (પગ)] વિ. લંગડું; પગ વગરનું.

નબહ (નબહ) પું. પાણીની રેલ જ્યાં કરી વળતી હોય તેવો જમીનનો ભાગ.

નબળત જુઓ નબાઈ.

નબળતા [હિં.] પું. એક જાતનું પક્ષી.

નબરહા [હિં.] પું. ગરદન અને પેટ લાલ તથા પગ અને આંખ પીળી હોય એવું એક પ્રકારનું પક્ષી.

નબરાજિત [સં. ન (નહિ) + પરાજિત (હાર પામેલ)] પું. અજાતશત્રુ; જિન. તે કદી કોઈથી હાર પામતા નથી.

નબાર્ડ ૧. [હિં.] સ્ત્રી. બાપવાનું કામ.

૨. સ્ત્રી. બાપવાનું મહેનતાણું.

૩. સ્ત્રી. બાપવાનો ભાવ કે વૃત્તિ.

નબાહ [દ્વા. નાપાક] વિ. અશુદ્ધ; અપવિત્ર.

નબાક ૧. [સં. ન (નહિ) + પ્રસન્ન (ખરોસો)] વિ. નફારું; પ્રસન્ન કરે નહિ એવું; હલકું; ઊતરતું.

> જે પુરુષને બાયકું સ્ત્રીનું કામ આવડે નહિ તે બીજા કરતા પણ નપાક અને માણે રાજ્યમા નોકરી કરવા નાલાયક છે. ગોવર્ધનરામ

૨. વિ. નફટ; નિર્લજ્જ; બેશરમ.

૩. વિ. નબળું.

૪. વિ. લુચ્ચું; બદમાશ.

નબાણિયું ૧. વિ. પાણી પાયા વગર ઊછરેલું કે ઉગેલું.

૨. [સં. ન (નહિ) + પાનીય (પાણી)] વિ. પાણી વગરનું; નિર્જળ; પાણી બળી શકતું ન હોય એવું.

૩. વિ. સહજ વિનાનું; આવકાર ન હોય એવું; દૂરે વગરનું.

નબાત ૧. [સં.] પું. દેવમાન માર્ગ.

૨. [સ. નપાત્] પું. પુત્ર.

૩. વિ. પાપ રહિત; પાપ વગરનું.

૪. [સં. ન (નહિ) + પા (રક્ષણ કરવું)] વિ. રક્ષણ નહિ કરનાર.

નબાયું [સં. ન (નહિ) + પાદ (પગ)] વિ. પાયા વિનાનું; નબળું.

નબારક જુઓ નપાટ

નબાવટતા ૧. [સં. ન (નહિ) + પ્રસન્ન (વિશ્વાસ) + તા (પણું)] સ્ત્રી. નાલાયકી; હલકાઈ.

૨. સ્ત્રી. નબળાઈ.

૩. સ્ત્રી. નિર્લજ્જતા; બેશરમી.

૪. સ્ત્રી. લુચ્ચાઈ; બદમાશી.

નબાસ વિ. નિર્ધન; પાસ નહિ થયેલું; નાપાસ.

નબારી [સં. ન (નહિ) + પિતૃક (પિતાનું ઘર)] વિ. સ્ત્રી. જેને પિયેર અથવા માવતરમા કોઈ ન હોય એવી. માણ તરીકે આ શબ્દ વપરાય છે.

નબુલ ૧. સ્ત્રી. આહીરની એક નામની એક જાતિ. તેનો ચોરાસી જાતિના ભાટચારણમાં સમાવેશ થતો નથી.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નબુંસ ન. (જૈન) નપુંસક વેદ; જેમાં સ્ત્રી અને પુરુષ બંનેના લક્ષણ હોય તે.

નબુંસક ૧. [સં.] પું. જેનામાં કામેન્દ્રિય બિલકુલ ન હોય અથવા બહુ ઓછી હોય અને કોઈ વિશેષ ઉપાયથી જાગ્રત થાય તેવો પુરુષ. તેના પાંચ પ્રકાર આગમ છે: આસેક્ય, ઋષ્યી, કુંભિક, ઈર્ષ્યક અને વંદ.

૨. [સં. ન (નહિ) + પુરુષ (મરદ)] પું. ન હોય પુરુષ કે ન હોય સ્ત્રી તેવી વ્યક્તિ; કલીબ; નામર્દ, હીજડો; બોબો; પાવૈયો. મનુષ્યમાં કેટલાક એવા પણ હોય છે કે જેને ન પૂરો પુરુષ કહી શકાય કે ન સ્ત્રી. તેનામાં મૂત્રની કોઈ ઇંદ્રિય સ્પષ્ટ હોતી નથી અને મૂછ, દાઢી કે પુરુષત્વ નથી હોતાં. વૈદક પ્રમાણે જ્યારે પિતાનું વીર્ય અને માતાની રજ બે પણ સમાન હોય ત્યારે સંતાન નપુંસક થાય છે.

> નથી નપુંસકની નારી કહાવે,
> તેને પુત્ર વહ્યું સુખ નવ આવે. નિષ્કુલાનંદ

૩. વિ. ક્રૂર; કઠોર.

૪. વિ. નમાલું; ક્ષુદ્રાતન વગરનું; પાણી વગરનું.

૫. વિ. (વ્યાકરણ) નાન્યતરજાતિનું. જેમકે, ઘોડું

૬. વિ. પુરુષચિહ્ન રહિત; જેનામાં વંશવૃદ્ધિ કરવાની શક્તિ ન હોય એવું; નામર્દ; પુરુષત્વ વિનાનું.

નબુંસકતા ૧. [સં. નપુંસક + તા (પણું)] સ્ત્રી. નામર્દાઈ; હીજડાપણું

૨. સ્ત્રી. પુરુષનું વીર્ય નષ્ટ થઈ જવાનો એક રોગ.

૩. સ્ત્રી. ભીરુતા; ક્રૂરતા; કઠોરપણું.

૪. સ્ત્રી. ક્ષુદ્રાતન ન હોવું તે નમાલાપણું.

નબુંસકત્વ જુઓ નપુંસકતા.

નબુંસકત્વાવિષ્કૃત [સં નપુંસકત્વ (નામર્દાઈ) + અરિ (દુશ્મન) + કૃત (કી)] ન. (વૈદક) નામર્દાઈ દૂર કરનાર એ નામનું એક ઔષધ.

નબુંસકપણું જુઓ નપુંસકતા.

નબુંસકભાવ જુઓ નપુંસકતા.

નબુંસકમંત્ર [સં.] પું. (જૈન) જૈને નમઃ અથવા એવો મંત્ર.

નબુંસકલિંગ ૧. [સં. નપુંસક + લિંગ (ચિહ્ન)] ન. નપુંસકવેદ; જેનામાં કાર્યક્ષ પુરુષનાં અને કાર્યક્ષ સ્ત્રીનાં ચિહ્ન હોય એવું હોવાપણું.

> આ લિંગ નીચે પ્રમાણે છે, જેમકે, પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. લિંગોનું બીજું નામ વેદ પણ છે. વાચકસૂત્ર

૨. ન. (વ્યાકરણ) નાન્યતરજાતિ.

નબુંસકલિંગી [સં. નપુંસક + લિંગિન્ (ધારણ કરનાર)] વિ. નપુંસકલિંગવાળું; જેની જાતિ નાન્યતર હોય એવું.

નબુંસકવચન [સં.] ન. (વ્યાકરણ) નાન્યતર જાતિવાચક પ્રત્યય.

નબુંસકવધૂ [સં નપુંસક + વધૂ (પત્ની)] સ્ત્રી. નપુંસક પતિની સ્ત્રી; આખા પરકોટા નાવિકાનો એક ભેદ.

નબુંસકવેદ ૧. [સં.] પું. નપુંસકલિંગ.

૨. પું. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી સ્ત્રી અને પુરુષ બંનેના સમાગમની ઇચ્છા થાય છે.

> નપુંસકભાવની વિકૃતિ પ્રકટાવનાર કર્મ નપુંસકવેદ કહેવાય છે. વાચકસૂત્ર

નબૂત ૧. [સં. ન (નહિ) + પુત્ર (દીકરો)] વિ. દીકરા વગરનું.

૨. વિ. સંતાન વગરનું; જેને કોઈ સંતાન ન હોય એવું.

નબેડિયા ન. કચ્છમંદ શહેરની જન્મભૂમિ.

નબેતર વિ. વધારે બરાબર; અધમ; દુષ્ટ.

> અરે ! એ બાવાટના ભૂંડા કરતાં બી નબેતર છે. પીતામ્બર

નબોતું [સં. ન (નહિ) + પોત (વસ્ત્ર)] વિ. કપડા વિનાનું; નાગું; નવસ્ત્ર.

નબોવ્યું ૧. વિ. માન ન રાખે તેવું; દુરાગ્રહી.

૨. વિ. બોડું બગાડેલું.

નબા [સં. નપ્તૃ] પું. દીકરા કે દીકરીનો દીકરો; પૌત્ર કે દૌહિત્ર.

નમો [સં. નપ્ત્રી] સ્ત્રી. પૌત્રી; દીકરીની દીકરી; પુત્રની પુત્રી.

નપ્તુકા ૧. [સં] સ્ત્રી. એક જાતની ઔષધિ; મગો.

૨. સ્ત્રી. એક પ્રકારનું પક્ષી. તેનું માંસ હલકું, ઠંડું અને મીઠું માનવામાં આવે છે.

૩. સ્ત્રી. પૌત્રી; દીકરા કે દીકરીની દીકરી.

નપ્ત્રી [સં] સ્ત્રી. દીકરા કે દીકરીની દીકરી.

નમપ્રકૃતિ [સં] સ્ત્રી. મૂલપ્રકૃતિ. તેનાં બે તત્ત્વ પુરુષ અને પ્રકૃતિ છે.

આ પચીસ તત્ત્વના ચાર વર્ગો છે (૧) મૂળપ્રકૃતિ, (૨) પ્રકૃતિવિકૃતિ, (૩) વિકૃતિ અને (૪) નમપ્રકૃતિ-નવિકૃ ત. ગીતારહસ્ય

નફકરાઈ ૧. સ્ત્રી. ફિકર ન હોવી તે; ચિંતા ન હોવાપણું.

૨. સ્ત્રી. બેપરવાઈ; બિનકાળજી.

અક્ષય નફકરાઈના ખાલ ઝાડી દેખો. પ્રસ્થાન

નફકરાપણું જુઓ નફકરાઈ.

નફકરું ૧. વિ. કાળજી વિનાનું; ફરકાર રહિત.

૨. વિ. ફિકર વગરનું; ચિંતા રહિત; નિશ્ચિંત.

નફકા (નફ્કા) ૧. [અ.] પું. ગુજરાન માટેનું જરૂરી ખરચ.

૨. પું. પગાર.

નફફટ [સં નિસ્ (વિનાનું) + ત્રપા (શરમ)] વિ. બેશરમ; બેશરમ; નિર્લજ્જ.

તેઓ એવું નફફટ કે ઉન્મત્ત વર્તન ભાગ્યેજ્ઞોને શોભતા. ભગવંતરાય ઠાકોર

નફટમા નફટ ચાકરી = (૧) ચાકરી કરવામાં અહમ્ કે શરમ આડે નહિ. (૨) ચાકરી કબૂલવામા કહ્યું કામ છે.

નફફટપણું જુઓ નફટાઈ

નફફટાઈ [સં. નિસ્ (વિનાનું) + ત્રપા (શરમ)] સ્ત્રી. બેશરમપણું; નિર્લજ્જતા; નફીકરપણું. બેદરકારી.

અટલી અમમતા અનુભવ્યા છતાં પણ આ નફટાઈ ભારનારને એવું સ્વાભાવનો તિરસ્કાર થયો. ન્હેમાલાલ ભુખણી

નફરત ૧. પું એક જાતનો તેલી પદાર્થ.

૨. (નફ્રત) [અ.] પું. સળગી ઊઠે તેવી વસ્તુ. 'પટ્રોલ.'

નફરતેલ [અં. નેપ્થ ઓઇલ] ન. એક જાતનું તેલ; નફતેલ. બૅલ બનાવવા માટે તે સાબુ બનાવવામા વપરાય છે.

કાળજાનો ડાઘ નફરતેલના સાબુ વડી ઊના પાણીથી ધોવાયો જાય છે. પરમેશ્વરી

નફરતેલ [અં. નેપ્થ ઓઇલ] ન. એક જાતનું તેલ; નફતેલ.

સારીવ અને અરમીલ મધુને નફરતેલમાં રાખી મૂકવામાં આવે છે. આલ્હાનમાળા

નફરતેલિન [અં. નેપ્થલિન] પું. કોલસામાંથી બનતો એક જાતનો સફેદ, ઘન, વાસદાર પદાર્થ. તે રંગમાં તથા ઔષધોનામાં બહુ કામ આવે છે. રસોટક પદાર્થો બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે. તે જંતુવિનાશક હોઈ ઊન વગેરેથી કોર્ટ પણ વસ્તુનું રક્ષણ કરવામાં પણ તે વપરાય છે.

નફર (નફ્ર) ૧. પું. ચાકર; ગુલામ; દાસ; સેવક.

રાજીવાસનો એક નફર આમ બાજાની રાજ્યટ નીચોળી રહ્યો છે. ઝોરી સમરોર

૨. [અ.] પું. ટુકડી; ટુકડી; બહુ. આ અર્થમાં આ શબ્દ બહુ ચોક્કસ કામ કરનારની સંખ્યા વગેરે બતાવવા માટે વપરાય છે.

૩. પું. સિપાહી.

૪. વિ. જેમાં ફેરફાર થાય નહિ એવું.

નફરખંદું વિ. નાદ અને બંધું; ચુસ્ત અને બેશરમ; હરામખોર.

નફરખંદું જુઓ નફરખંદું.

નફરત (નફ્રત) ૧. [અ.] સ્ત્રી. ધિક્કાર; તિરસ્કાર; ધૃણા.

૧. નફરત કરવી = (૧) ધિક્કારવું. (૨) ભાગવું; નાસવું.

૨. નફરત ખાવી = ધિક્કારવું.

૨. સ્ત્રી. ચાપ; બદદુઆ.

નફરતબંગેજ (નફ્રતબંગેજ) ૧. [અ.] વિ. અપવિત્ર.

૨. વિ. અસલ.

૩. વિ તિરસ્કાર ઉત્પન્ન કરનારું.

નફરાઈ જુઓ નફરાગી.

નફરાગી (નફ્રાગી) [અ. નફર (ચાકર)] સ્ત્રી. નોકરી; ચાકરી; દાસત્વ.

નફરાજ જુઓ નફરાગી.

નફરાન (નફ્રાન) [અ. નફર (દાસ)] પું. ચાકરો; નોકરો; ગુલામ.

નફરી (નફ્રી) ૧. [અ. નફર (ચાકર)] સ્ત્રી. નોકરી; ચાકરી; ગુલામી.

૨ સ્ત્રી. મજૂરની એક દિવસની રોજી.

૩. સ્ત્રી. મજૂરનું એક દિવસનું કામ.

૪ સ્ત્રી. મજૂરીનો દિવસ.

નફરીન (નફ્રીન) જુઓ નફરત.

નફસ (નફ્સ) ૧. [અ.] પું. એક જાતની મુસલમાન લોકોની ગંદકી. તેનું વાચન કુરાનમાં નથી.

૨. પું ઝાડ પરથી પડેલી કરેલી તૂટ

નફસલ [અ. મુફ્લિસ] વિ. ગરીબ; કંગાલ.

નફસ (નફ્સ) ૧. [અ.] પું ધબ્બું; પગ.

૨. પું. છાતીમાંથી નીકળતો અવાજ.

૩. પું. દમ; શ્વાસોશ્વાસ.

નફસગીર (નફ્સગીર) [અ. નફ્સ (શ્વાસ) + ફા. ગીર (લીધેલ)] વિ. ગૂંચળાયેલું; શ્વાસ રૂંધાયેલું.

નફા (નફ્અ) [અ.] પું. લાભ; ફાયદો.

અફા તેટલા નફા = પવન આવાને અદલે જેટલો લાભ વેડવામાં આવે તેટલો ફાયદો; પવન આવા કરતાં બહારો વેડવો સારો.

નફાકારક વિ. ફાયદો કરનારું; લાભ કરે એવું.

નફાખોર (નફ્અખોર) [અ.] વિ. વધારે પડતો નફો લેનાર.

નફાખોરી (નફ્અખોરી) [અ.] સ્ત્રી. બહુ નફો આરો તે; નફો જ તાકવાપણું.

નફાખોરીપણું જ. વધારે પડતો નફો આવાની વૃત્તિ.

તેવી જ રીતે તે નુકસાનકારક માલનું વેચાણ અને નફાખોરીપણું પણ અટકાવે છે. પુરાતત્ત્વ

નફાઝ (નફ્અઝ) ૧. [અ.] પું. દુશ્મન પાસેથી લૂટકનું તે.

૨. પું. હુકમ માન્ય કરવો તે.

૩. વિ. ચોરી નાખે તેવું.

નફાદાર વિ. ફળદાયક; ફાયદેમંદ; લાભ થાય એવું; લાભકારક.

નફાસ (નફ્અસ) ૧. [અ.] પું. જન્મ આપવો તે.

૨. પું. બાળકના જન્મ પછી કોઈનું કુદરતી રીતે નીકળવું જોઈએ તે કચરું તે.

૩. પું. બાળકના જન્મ પછીના ચાલીસ દિવસનો સમય.

૪. પું. સુવાવડી સ્ત્રી. બાળકનો જન્મ આપ્યા પછી ચાલીસ દિવસ સુધી સુવાવડી સ્ત્રી નફાસ કહેવાય છે.

નફાસત (નફ્અસત) ૧. [અ.] સ્ત્રી. ઝડપાઈ.

૨. સ્ત્રી. કોઈ વસ્તુને ઊંચી કોમતની ધારવી તે.

૩. સ્ત્રી. બાનદાની; ઉમદાપણું.

૪ સ્ત્રી. જન્મ.

નફિકરું વિ. બેફિકર; નિશ્ચિંત; ચિંતા વિનાનું.

નફિલ જુઓ નાફલ.

નફિસ વિ. ભોગ્ય; માણવા જેવું.

નફી (નફો) ૧. [અ.] પું. ઠગારો; ભેજ.
૨. પું. દૂર કરવું તે; બરતરફી.
૩. પું. નામુકર જવું તે; ઇનકાર કરવો તે.
૪. પું. નાશ.

નફીર (નફેર) ૧. [અ.] સ્ત્રી. ભેરી જાતનું વાદ્ય.
નફીર ઈરાની, ઉર્દુમાં અને હિંદુસ્તાની તરેહનું વાદ્ય છે અ. રે અનેક સામટાં બનાવવામાં આવે છે. આઈને અકબરી
૨. ન, મોહોરો; અવાજ.

નફીરાકરાર (નફીરાકરાર) [અ.] પું. પદમાથી દેહભાવ પૂરેપૂરો ખાલી કરવાનું વચન. કુરાને શરીફમા એવું ફરમાન છે કે, લા ઇલાહ, ઇલલલાહ એ આપનું પૂરાંચ લા ઇલાહ જપતી વખતે પોતામાંથી તમામ દેહાત્મભાવ ખાલી કરવાની ભાવના કરવાની છે. આ નફીરાકરાર છે. એવા ખાલી થયેલા ચિત્તમાં ઇલલલાહ એ ઉત્તરાર્ધ જપતી વખતે પરમાત્માને અંદર ભરવાની ભાવના કરવાની છે. તેને અસબાતનો ઝરૂર કહે છે.

નફીરો (નફીરી) [ઝ.] સ્ત્રી. તૂરી; ઝરણાઈ.

નફીલ વિ. ફરજ્યાતનું; કરેલાનું; સમય બહારનું.

નફીસ (નફીસ) ૧. [અ.] વિ. ઉમદા; ખાનદાન.
૨. વિ. કોમતી, અમૂલ્ય; ઉત્તમ.
૩. વિ. ચોખ્ખું, સાફ; સ્વચ્છ.
૪. વિ. સુંદર.

નફુર (નફર) ૧. [અ.] વિ. તિરસ્કારને પાત્ર; ધિક્કારવા જેવું.
૨. વિ. બાર પાડેલું; બી ગયેલું.

નફેદ અ. સાવ; તદ્દન; કેવળ.
પુનન લાગે ખામી, ન બોલે શઠ સ્વામી;
નીચપણું નફેદ. કુળ હલ્યણું ભેદ.
પ્રેમાનંદ

નફેબાજ વિ. કુટિલતાથી નફો ખાનાર.

નફેબાજી સ્ત્રી. નફેબાજપણું.

નફેરાન (નફેરાન) [અ.] પું. નુકસાન; ખોટ; ઘાસ.

નફેરી ૧. સ્ત્રી. ભેરી જાતનું વાદ્ય; ઢોલ.
કપાત ઉપર દુંદુભી વાગે, રણઝાઈ નફેરી ઢોલ.
પ્રેમાનંદ
૨. [અ. નફીર (અવાજ)] સ્ત્રી. હરિયાદ; બુમરાણ.

નફેરીર વિ. ફાયદાવાળું; લાભદાયક.

નફો ૧. [અ. નફ્અ] પું. વેપારમાં અથવા કોઈ વસ્તુ વેચતાં ખરચ અને ખરીદી બાદ કરતાં રહેલી કમાણી; લાભ; બગતર; ફાયદો. કર્મ કામ કરવાથી તેનું ફળ જે આવે તેને ફાયદો કહે છે. ફાયદામાં નફાનો સમાવેશ થાય છે. નફાની જગ્યાએ ફાયદો શબ્દ વાપરી શકાય, પણ ફાયદો શબ્દને બદલે નફો શબ્દ ન વપરાય, કેમકે નફો ફક્ત વેપારમાં મળેલા લાભ માટે જ વપરાય છે. ધંધાની ઝોકદર આવકમાંથી બાદ, મહેનતાણું. બાજ અને અવરજવરનો ખર્ચ બાદ કરતાં વેપારી કે ધંધાદારીના લેખામ વગેરે માટે જે રકમ બચત રહે તેને નફો કહે છે અને બજારની કે ધરાકની અમુક પરિસ્થિતિનો લાભ લઈને દર ઉપરાંત નફો કરનારને નફાખોરી કહે છે. કોઈ ધંધામાં માલિક પોતે શ્રમ કરે છે, તો કોઈક્રિમ પોતાનું મકાન વાપરે છે. સામાન્ય રીતે મૂડી તો બધા માલિકો પોતાની વાપરે છે એવી સ્થિતિમાં બીજું રોકાણ અર્થ બાદ કરતાં જે બચે તે બધો માલિકનો નફો બચાય છે. પણ તે ઠરવો નફો છે. માલિકનું મહેનતાણું, તેની મૂડીનું બાજ અને ઘરનું ભાડું બાદ કરતા તેના જોખમ પેટે રહે તે જ ખોખ્બો નફો બચાય.
નફો કાઢવો-આવો-મેળવવો = બાદ કરવું; કમાવું; ફાયદો કરવો.
૨. પું. સાર, સત્ત્વ.

નફોદો જુઓ નફોતોટો.

નફોદોદો જુઓ નફોતોટો.

નફોતોટો પું. ફાયદો અને ગેરફાયદો; લાભ અને ગેરલાભ; બચત અને ખોટ.
નફાતોટાનું પત્રક-સરવાળું = નિયમિત હિસાબદારીવાળી મંડળી દર વર્ષે પોતાના કામકાજનો હિસાબ રજૂ કરતાં જે નફો અથવા તોટો બતાવતું પત્રક તૈયાર કરે તે; 'બેલન્સ શીટ.'

નફોનુકસાન જુઓ નફોતોટો.

નફ્ખ (નફ્ખ) ૧. [અ.] પું. દમ લેવો તે; શ્વાસ લેવો તે.
૨. પું. ફેલાવો.
૩. પું. મોટેથી ફિંમડું વગેરે ફૂંકવું તે.
૪. પું. સોજો.

નફ્સ (નફ્સ) ૧. [અ.] પું. હકમ ભેદી નાખે એવું હોવાપણું.
૨. વિ. હકમભેદક.

નફ્સેહ જુઓ નફ્સ.

નફ્સેહાઈ જુઓ નફ્સાઈ.

નફ્સેહર જુઓ નફ્સર.

નફ્સ્રાખ (નફ્સાખ) ૧. [અ.] વિ. પેટ ઊપસેલું, પેટ ચડેલ.
૨. વિ. વાયુ ઉત્પન્ન કરે એવું; વાયકું.

નફ્સૂત (નફ્સૂત) જુઓ નફરત.

નફ્સૂતઅંગેજ (નફ્સૂતઅંગેજ) જુઓ નફરતઅંગેજ.

નફ્સૂની (નફ્સૂની) [અ.] સ્ત્રી. બાકરડી; દાસી. ગુલામડી

નફ્સૂલ (નફ્સૂલ) જુઓ નફ્સલ

નફ્સ્રૂલ (નફ્સૂલ) જુઓ નફ્સલ

નફ્સ્રૂસ (નફ્સૂસ) ૧. [અ.] પું. આત્મા; જીવ.
૨. પું. ભ્રમ; વિષયવાસના.
૩. પું. દુર્લક્ષ્ય
૪. પું. પુરુષનું લિંગ; શિશ્ન.
૫. પું મનની મુખ્યતા.
હકીમની કે તબીબની તલબ નથી મને,
નફ્સની પરવા નથી ન ઇલાજની મને.
કલાપી
૬. પું. ચૈતન્ય; હોલત.
૭. પું. વ્યક્તિ; પુરુષ.
૮. પું. સત્ત્વ; ગર્ભ.
૯. સ્ત્રી. પાપી મન.
જે કામમાં પોતાના નફ્સ (પાપી મન)ને અને પોતાની બાદશાહી (ઇચ્છાઓ)ને તાબે થાય છે તે ખુદાની નજરમાં રાંકથી બદતર અને નબળો છે.
મુ. સા. પરિષદ

નફ્સઉલઅમ્મ (નફ્સઉલઅમ્મ) [અ] પું. બનાવની ખરી હકીકત.

નફ્સઉલઅમલલ્લ (નફ્સઉલઅમલલ્લ [અ.] પું. સાર.

નફ્સઉલહવાસ (નફ્સઉલહવાસ) જુઓ નફ્સઉલઅમ્મ.

નફ્સકુશ (નફ્સકુશ) [અ.] વિ. વાસનાને કાબૂમાં રાખનાર.

નફ્સકુશી (નફ્સકુશી) [અ.] સ્ત્રી. ઇંદ્રિયનિગ્રહ; મનને મારવું તે.

નફ્સપરવર (નફ્સપરવર) [અ.] વિ. કામી; વિષયી.

નફ્સપરસ્ત (નફ્સપરસ્ત) ૧. [અ.] પું. વાસના ભોગવનાર માણસ.
૨. વિ. અભિમાની.
૩. વિ. કામી, વિષયી.
૪. વિ સ્વાર્થી

નફ્સપરસ્તી (નફ્સપરસ્તી) ૧. [અ.] સ્ત્રી. અભિમાન.
૨. સ્ત્રી વાસના ભોગવવી તે.
૩ સ્ત્રી વિષયવાસના; કામાતુરતા.
૪ સ્ત્રી સ્વર્થ.

નફ્સાનફ્સી (નફ્સાનફ્સી) ૧. [અ.] સ્ત્રી કેવળ અભિમતે સ્વાર્થ ખાતર રાખી કરવામાં આવતો વિરોધ કે ઝપાઝપી; ખેંચતાણ.
૨. સ્ત્રી વૈમનસ્ય, લડાઈ

નફ્સાનિયત (નફ્સાનિયત) ૧. [અ.] સ્ત્રી અહંકાર; ગર્વ, કુંપદ.
૨. સ્ત્રી. કામાતુરતા; વિષયવાસના.
૩. સ્ત્રી. ગુસ્સો, રોષ.
૪. સ્ત્રી વૈભવ; ભભકો.
૫. સ્ત્રી. સ્વાર્થ, મમતા.

નફ્સાની (નફ્સાની) ૧. [અ.] વિ. વિષયવાસનાથી ભરેલું; કામાતુર.
૨. વિ. સ્વાર્થ સબંધી.

નફ્સી (નફ્સી) ૧. [અ.] વિ. આત્માને લગતું
૨. વિ ત્રિપદી; કામી, વિષયવાસનાથી ભરેલું.

નફ્સુદ્દમ પું. રેફસામાંથી લોહી પડવાનો રોગ.

નફ્સુલ્અમ્મારે વિ. ખાવું; સજા; ખરું.

નબજ [અ. નબ્ઝ] સ્ત્રી. નાડી; રગ; નસ.

નબતર [દે. બાતર] સ્ત્રી. નીચ; નાદાઈ; હલકું; ઊતરતું; વધારે ખરાબ.

નબહવું સ. ક્રિ. નહિ ગાંઠવું; કહેવું ન માનવું.

નબહું વિ. જોઈને ગાંઠે કે મચકારે નહિ એવું; ઉદ્ધત-ક્રમમ; જોપરવા; બરે નહિ એવું; ઉદ્ધત; નિરંકુશ.

નબર્દ ૧ [દે.] પું. લડાઈ; વિગ્રહ.
૨. વિ. બહાદુર.

નબવી [અ.] વિ. પેગમ્બરને લગતું; નબી સબંધી.

નબસા [અ] પું. દીકરીનો દીકરો કે દીકરી.

નબળાઈ ૧. [સં. નિર્બલતા] સ્ત્રી અશક્તિમત્વ; નબળી હાલત; અશક્તિ; કમજોરી; દુર્બળતા; કમજોરાતી
૨ સ્ત્રી. કોઈ માણસ બરોબર ન રાખે એવી સ્થિતિ.
૩. સ્ત્રી. ખોડ; દૂષણ; ખિટ; ઐબ.
૪ સ્ત્રી ચોખ્ખું ન હોતાં ભેળ અથવા મિશ્રણવાળું હોવું તે.
૫ સ્ત્રી નામર્દાઈ, બાયલાપણું.
૬ સ્ત્રી. મારું હોવું તે; તબિયત નરમ રહેવાપણું.
૭. સ્ત્રી. હલકાઈ; નીચતા; દુષ્ટતા.

નબળું ૧. [સં. નિર્બલ] વિ. અશક્ત; નામર્દ; બાયલું; નબળા મનનું.
૨. વિ. ખોડખાંપણવાળું; ઐબીલું.
૩. વિ. નઠારું; ખરાબ; દુષ્ટ.
૪. વિ. નરમ; મારું.
૫. વિ. બળ કે શક્તિ વગરનું; દુર્બળ; નાઝેબત; નિર્બળ; અશક્ત; કમજોર.
૧. નબળા બાજરને બધાં ડાકી—નબળી વાડે ભીંડા પણ = દુઃખમાં દુઃખ જ હોય છે
૨. નબળે ઘરે આવું સરે = વિનાકારણે વિપરીત બુદ્ધિ.
૩. નબળો બધી રોષ ઉપર કરે = નકામાં પ્રતિ પોતાનો રોષ પોતાની સ્ત્રી ઉપર જ પ્રગટી શકે છે.
૬. વિ. ભેગ અથવા મિશ્રણવાળું.
૭. વિ. ભરોસો ન રાખવા જેવું.

નબળુંકુબળું જુઓ નબળુંપાતળું.

નબળુંપાતળું ૧. વિ. કમજોર; દુર્બળ.
૨. વિ. સાધારણ; સારું ખોટું એવું હોય એવું.
૩. વિ સારું કે નરવું

નબળુંસબળું જુઓ નબળુંપાતળું.

નબંધી [સં. ન (નહિ) + બંધિન (બંધનવાળું)] વિ. બંધન વગરનું; નિરંકુશ.

નબંધીનાત [સં. ન (નહિ) + બંધ (બંધન) + જાતિ] સ્ત્રી. સારા કે નિયમ વગરની નાત; કોઈ પણ જાતના નિયંત્રણ રહિતની જાતિ; બારાબોરમ કે ઢાળા વગરની જાતિ.

નબંધીવિદ્યા સ્ત્રી. કબજામાં કે બંધનમાં ન રહે એવી ઠોળી; નબંધી ટોળા.

નબંધું [સં. ન (નહિ) + બંધ (બંધન)] વિ. બંધ વગરનું; બંધન રહિત; જેના ઉપર કોઈની સત્તા ચલાવી ન શકાય એવું; નિરંકુશ.

નબાજબાપ પું એક પ્રકારની કુસ્તી; કરીને ચીત કરવાની એક રમત.

નબાત ૧. [અ.] પું. ઘાસ.
૨. પું. વનસ્પતિ; વીરોતરી.
૩. પું. રાઝબાજ.
૪ [દે.] સ્ત્રી. ખાંડ.
૫. સ્ત્રી. મીઠાઈ.

નબાતી ૧. [અ.] વિ. ઘાસ બાબતનું.
૨. વિ. ખાંડ સબંધી.
૩. વિ. મીઠાઈને લગતું.
૪ વિ. વનસ્પતિ સબંધી.
૫. વિ. રાઝબાજને લગતું.

નબાપું [સં. ન (નહિ) + પિતૃ (પિતા)] વિ. બાપ વગરનું બાપ હયાત ન હોય એવું; અનાથ; જેનો બાપ મુજરી ગયો હોય એવું.

નબાબ [અ.] પું. નવાબ; સૂબો; બાદશાહ તરફનો પ્રાંતનો અધિકારી; ' ગવર્નર.

નબાબાત સ્ત્રી. વજ્રટી; વજ્ર તરીકેનું કામ.

નબી ૧. [અ.] પું. પેગમ્બર; રસૂલ; ઈશ્વરી દૂત.
નબીનો બાર = પેગમ્બરનો ગુસ્સો કે કોપ.
૨. પું. સારા સમાચાર આપનાર માણસ.
૩. ન. કુરાન; મુસલમાની ધર્મનું એક પવિત્ર પુસ્તક.

નબીરા ૧. [દે.] પું. દીકરાનો દીકરો.
૨. બહુ નબીરો.

નબીરી ૧. [દે.] સ્ત્રી. દીકરાની દીકરી; પૌત્રી.
૨. સ્ત્રી. દીકરી; પુત્રી.
૩. વિ. સ્ત્રી. નસીબદાર; ભાગ્યશાળી.

નબીરો ૧. [દે. નબીરા] પું. દીકરા કે દીકરીનું સંતાન.
૨. પું. દીકરાનો દીકરો; પૌત્ર.
૩. પું. પુત્ર; દીકરો.
૪ વિ. ભાગ્યશાળી.

નબીસા [દે.] પું. દીકરાનો દીકરો.

નબીસી [દે.] સ્ત્રી. દીકરાની દીકરી.

નબુદ વિ. બરોબર; પ્રસિદ્ધ.

નબૂત ૧. [અ.] પું. પેગમ્બર.
૨. ન. નબીનું પ્રગટ થવું તે.

નબૂદ ૧. [દે.] સ્ત્રી. અનુકમણિકા.
૨. સ્ત્રી. ટોળ; બજારનો દેખાવ.
૩. સ્ત્રી પહેલું પાનું.
૪. સ્ત્રી બરાબર, દેખી.
૫ સ્ત્રી. કબરો.

નબૂવત [અ] સ્ત્રી. પેગંબરી; નબીપણું.

નબેહ (નબેહ) [હિ.] પું. ન્યાય; ઈસાફ.

નબેહર વિ. વધારે ખરાબ.

નબોજું વિ. નબાવું, બોજ વિનાનું; વજન વગરનું.

નબ્જ [અ.] સ્ત્રી. નાડ; રોગ પારખવા માટે જોવાતી હાથની નાડી.

નબ્જશનાસ [અ.] પું. નાડીવૈદ.

નબ્જશનાસી [અ.] સ્ત્રી. નાડી જોવાનું કામ.

નબ્બારા ૧. [અ.] પું. કબર ખોદનાર માણસ.
૨. પું. ચોરખોદિયું.

નભ્ [સં.] સ. ક્રિ. ઠાર મારવું; મારી નાખવું; હિંસા કરવી

નભ ૧. [સં.] પું. અભ્રક.
૨. પું. આશ્રય.
૩. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૪. પું. (પિંગળ) એક સમવર્ણાત્મક અક્ષરમેળ છંદ તે તોમર છંદનો ભેદ છે. તેમાં પ્રાસ મુક્ત અને આઠ રગણ લઘુ મળી તેત્રીસ વર્ણ હોય છે.
૫. પું. (પુરાણ) આયુષ મુનિનો એ નામનો એક પુત્ર.
૬. પું. જન્મકુંડલીમાં લગ્નસ્થાનથી દશમું સ્થાન.
૭. પું. (પુરાણ) ત્રીજા ઉત્તમ મનુનો એ નામનો એક પુત્ર
૮. પું. (પુરાણ) નલ રાજાનો એ નામનો એક પુત્ર.
૯. પું. (પુરાણ) બીજા સ્વારોચિષ મનુનો એ નામનો એક પુત્ર
૧૦. પું. ભાદરવો મહિનો
૧૧. પું. વર્ષા; ચોમાસું.
૧૨. પું. શિવ; મહાદેવ.
૧૩. પું. શ્રવણી સંજ્ઞા; મીંડું.
૧૪. પું. શ્રાવણ માસ. આ માસમા સૂર્યમંડલાધિપતિ ઉદ્ નામનો આદિત્ય હોય છે. તેના સમાગમમાં અંગિરા ઋષિ, વિશ્વાવસુ ગંધર્વ, પ્રમ્લોચા અપ્સરા, વર્ચ રાક્ષસ, એલાપત્ર નાગ અને પોતા નામનો યક્ષ હોય છે.
૧૫. પું (પુરાણ) સપ્તર્ષિ મંડલનો એ નામનો એક ઋષિ.
૧૬. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રક્રુત્યક્રુક્ષોત્પન્ન કક્ષવૃધિ રામના પૌત્ર અર્તિમિનો પોત્ર; નિષધ રાજાનો કનિષ્ઠ પુત્ર. તેને પુંડરીક નામે પુત્ર હતો.
૧૭. [સ. નભસ્] ન. આકાશ; આસમાન; શૂન્યસ્થાન; ગગન; પંચતત્ત્વમાનું એ નામનુ એક.
અંબર પુષ્કર નભ વિયત અંતરિક્ષ મલ્લાક; વ્યોમ અનંત વિહાયસ ઔર સુરપથ જું ગગનાક
પિંગળપ્રકાશ
૧૮ ન જળ.
૧૯ ન. નાકનું એક ઘરેણું; નાસિકાભરણ.
૨૦ ન. વાદળું; મેઘ.
૨૧. વિ. ઠાર મારનાર; હિંસક; હિંસા કરનાર.
૨૨. ન. નષ્ટપ; પાસો.
નભ આયમ નભ ભાદ્રપદ, નભ શ્રાવણનો માસ;
નભ આકાશ નભો નષ્ટક તે, પદમદ રાજ નિવાસ.
પિંગળપ્રકાશ

નભઃકટિ [સં. નભસ્ (આકાશ) + કટિ (મધ્ય ભાગ)] સ્ત્રી. આકાશનો મધ્ય વિભાગ.

નભઃકુહર [સં. નભસ્ (આકાશ) + કુહર (ગુફા)] સ્ત્રી. આકાશની ગુફા; પોલાણ.
જે ગગન સ્વનિ નભકુહર વિષે પ્રસરતી ભારે.
નરસિંહરાવ

નભઃખંડ [સં. નભસ્ (આકાશ) + ખંડ (ભાગ)] પું. આકાશ.
રૂપેરી રંગોમાં વિશાળ ગગનાંડથી નભઃખંડે ઉતરે છે દર્શને.
નાનાલાલ

નભઃગ ૧. [સં. નભસ્ (આકાશ) + ગ (જનાર)] પું. પક્ષી.
૨. પું. વાદળ.
૩. પું. (પુરાણ) વૈવસ્વત મનુના દસ પુત્રોનો એ નામનો નવમો પુત્ર. તેનો પુત્ર નાભાગ હતો.
૪. પું. હવા.
૫. વિ આકાશગામી; આકાશમાં વિચરનાર; આકાશમાં જનાર.
૬. [સં. ન (નહિ) + ભગ (નસીબ)] વિ. ભાગ્યહીન; અભાગિયું; કમનસીબ.

નભઃગમન [સં. નભસ્ (પક્ષી) + ગમન (પક્ષી)] પું. એક પક્ષી. તે બધાં પક્ષીનો રાજા મનાય છે.

નભઃગંગા [સં. નભસ્ (આકાશ) + ગંગા] સ્ત્રી. આકાશગંગા; આકાશમાં રાતે દેખાતો અસંખ્ય તારાઓનો લાંબો, પહોળ, ચળકતો લિસોટો
નભગંગા પુલકાવિત, શુક્ર તારો ચરિત
શ્રીધરાણી

નભઃગામી ૧. [સં. નભસ્ (આકાશ) + ગામિન્ (જનાર)] પું. મેઘ.
૨. પું. તારો.
૩. પું દેવતા.
૪ પું. પક્ષી
૫. પું. સૂર્ય.

નભઃગેરુ ન્યુ નભગનાથ.

નભઃગોળ પું. આકાશરૂપી ગોળો.

નભઃગ્રહ [સં. નભસ્ (વાદળું) + ગ્રહ (સમૂહ)] સ્ત્રી. વાદળાંની ઝીણી; વધુ વાદળાનો સમૂહ.

નભઃચક્ષુ ૧. પું. આકાશનો ભોક્તા.
૨. [સં. નભસ્ (આકાશ) + ચક્ષુસ્ (આંખ)] પું. સૂર્ય; સૂરજ. તે આકાશની આંખરૂપ ગણાય છે.

નભઃચર ૧. [સં. નભસ્ (આકાશ) + ચર (ગતિ કરનાર)] પું. પવન. તે આકાશમાં ગતિ કરે છે.
૨. પું. પંખી; પક્ષી.
૩. પું. વાદળ; મેઘ.
૪. પું. સિદ્ધ દેવતા, ગંધર્વ, યક્ષ વગેરે.
૫. વિ. આકાશમાં ગતિ કરનાર.

નભઃચારી જુઓ નભશ્ચર.

નભઃચારી [સં. નભસ્ (આકાશ) + ચારિન્ (ચાલનુ)] સ્ત્રી. આકાશમાં ચાલવાની રીત.
રમે રીઝવે રે મૂર્ખો ચારણિયો નભચારી.
બોટાદકર

નભઃજત સ્ત્રી. આકાશરૂપી જત.

નભઃતારિકા [સં. નભસ્ (આકાશ) + તારિકા (તારો)] સ્ત્રી. આકાશમાં રહેલો તારો.
જાણે આકાશ નભતારિકા રે હોય.
ગુજમુંદરીનો રાસ

નભઃદેવતા [સં. નભસ્ (આકાશ) + દેવતા (દેવી)] સ્ત્રી. આકાશની દેવી; ઇંદ્રાણી.

નભઃધ્વજ [સં.] પું. મેઘ; વાદળ.

નભઃનીરપ [સં. નભસ્ (આકાશ) + નીર (પાણી) + પ (પીનાર)] ન. ચાતક પક્ષી. તે આકાશમાંથી પડતું પાણી અમારથી પીએ છે, એમ મનાય છે.

નભઃનુ ૧. [સં.] પું. પક્ષી.
૨. સ્ત્રી. નદી.
૩. વિ. શબ્દ કરનાર.
૪. વિ. હિંસક.

નભઃસ્થ ૧. [સં.] વિ. આકાશમાં હોનાર કે થનાર; આકાશીય.
૨. વિ. હિંસક; હિંસા કરનાર.

નભઃપદ [સં. નભસ્ (આકાશ) + પદ (પગ)] ન. આકાશરૂપી પગ.
પ્રભુ નભઃપદ સોંપશે, અમીની સેજે થશે,
પ્રિયની આજડીના દર્શન આપણે રે હોય.
[redacted]

નભઃપત્ર [સં. નભસ્ (આકાશ) + પત્ર (પાદડું)] ન. આકાશકુસુમ; કદી બની શકે નહિ તેવી વાત; અસંભવિત વસ્તુ.

નભઃપ્રસૂન જુઓ નભપત્ર.

નભઃપ્રાંત [સં. નભસ્ (આકાશ) + પ્રાંત (કિનારો)] પું. આકાશનો છેડો.

નભશ્ચિદ્ [સં. નભસ્ (આકાશ) + ચિદ્ (ટપકું)] ન. આકાશના પ્રમાણમાં એક બિંદુ સમાન હોવું તે.
જોઉં નાનાં વપુ મોટામાં, જે નાનાં પણ મોટાં;
બ્રહ્માંડીય સવિ નભશ્ચિદ્ તે, ધરતીના શહેર જોઉં ?
બોટાદકર

નભમણિ ૧. [સં. નભસ્ (આકાશ) + મણિ (રત્ન)] પું. ચંદ્ર.
૨. પું. સૂર્ય. તે આકાશના મણિ સમાન છે.

નભમંડલ [સં. નભસ્ (આકાશ) + મંડલ (ગોલ)] ન. ગગનમંડળ; ખોમમંડળ; પૃથ્વી ઉપરથી દેખાતું આખું આકાશ; ખગોળ.

નભમંડળ જુઓ નભમંડલ.

નભમાસ [સં. નભસ્ (શ્રાવણ) + માસ] પું શ્રાવણ મહિનો.

નભમુગટ [સં. નભસ્ (આકાશ) + મુકુટ (તાજ)] પું. આકાશરૂપી છત્ર.
નભમુગટ નીલો ઢંબૂકસે સ્થિર મારવો,
બળવંતરાય ઠાકોર

નભરખું વિ. આખાની દરકાર વગરનું; બેદરકાર; નિર્લજ્જ.

નભરથ [સં. નભસ્ (આકાશ) + રથ] પું. આકાશમાં ગમન કરનાર રથ; વિમાન; હવાઈ જહાજ; 'એરોપ્લેન.'

નભરવું ૧. વિ. ઢાંકપિછોડ; નિરવેજ.
૨. વિ. ઠીક ન લાગે તેવું; ગમે નહિ એવું.
૩. વિ. નઠારું; ખરાબ.
૪. વિ. બેડોળ, વરવું.
૫. વિ. બેસ્વાદ; કદુસ્વાદ.
૬. [સં. ન (નહિ) + ક્ષમ] વિ. ક્ષમ વિનાનું.

નભરવરા ૧. વિ. બાળસુ; સુસ્ત; મંદ; પ્રમાદી.
૨. વિ. ગાફેલ; બેદરકાર; બેદિકરું.
પારસીઓ જે નભરવરા રહેશે તો તેઓ
અગીત જ બનશે પડશે. પીલ્મ

નભરેખવું [સં. નિર્ભરંકૃ; પ્રા. ણિબ્ભરક્ક] સ.ક્રિ. તિરસ્કાર કરવો; નિંદવું; વખોડવું; હલકું પાડવું.

નભવવું સ.ક્રિ. ગમાવવું; બગરી રાખવું; રોકવું.

નભવિલાસી [સં. નભસ્ (આકાશ) + વિલાસિન્ (રમનારું)] વિ. આકાશમાં રમનારું.

નભવું ૧. અ.ક્રિ. કામચલાઉ થવું.
૨. [સં. નિર્વહ્] અ.ક્રિ. ટકવું; ચાલવું; નીભવું; બગરી રહેવું; જેમ તેમ કામમાં આવ્યા કરવું; કોઈ વસ્તુ હોય ન હોય તોપણ બગાર બગરી રહ્યા કરવો.
૩. અ.ક્રિ. પોષાવું; નિર્વાહ થવો.

નભશેષ્ઠ જુઓ નભશ્વક્ષ

નભશ્ચમસ ૧. [સં.] પું. ઉદુમ્બર; બડુ.
૨. પું. એક બતનું પકવાન.
૩. પું. કપૂર.
૪. પું. મંદ.

નભશ્ચર જુઓ નભચર

નભશ્ચિનભદ્રક પું. (સિદ્ધ) એક બતનો રસ.

નભસ ૧. [સં.] પું. દસમા મન્વંતરના સપ્તર્ષિમાંના એકનું નામ.
૨. પું. પ્રાચીન આર્યોના મધુમાધવાદિ માસમાંથી પાંચમો માસ
૩. પું. (પુરાણ) સૂર્યવંશી પૃદ્ધ્રાકુક્ષોત્પન્ન અતિથિ રાજાનો એ નામનો પ્રપૌત્ર; નિષધ રાજાનો પૌત્ર; નભ રાજાનો પુત્ર
૪. [સં. નભસ્] ન. આકાશ; બાસમાન.

નભસંગમ [સં. નભસ્ (આકાશ) + સંગમ (સાથે જવું) + બ (પ્રત્યય)] ન. પંખી; પક્ષી જે આકાશમાં ઊડે છે.

નભસંગમી [સં.] સ્ત્રી. પક્ષિણી; પક્ષીની માદા.

નભસુર [સં. નભસ્ (આકાશ) + સુર (દેવ)] પું. દેવતા; દેવ. તે આકાશમાં રહેનાર મનાય છે.
નભસુર આદિ કરતા સેવ. દયારામ

નભસ્તલ [સં. નભસ્ (આકાશ) + તલ (તળિયું)] ન. નભ; આકાશ.

નભસ્થ [સં. નભસ્ (આકાશ) + સ્થ (રહેનાર)] વિ. આકાશનો; હવાઈ; આકાશમાં રહેનાર.

નભસ્થલ ૧. [સં.] પું. મહાદેવ; શિવ.
૨. ન. આકાશ.

નભસ્વત ૧. ન. એ નામે એક નરક.
૨. ન. એક પાતાળનું નામ.
૩. [સં. નભસ્ (આકાશ) + સ્થિત (રહેલું)] વિ. આકાશમાં રહેલું; આકાશમાં આવેલું.

નભસ્પમથ [સં.] પું. સૂર્ય; આદિત્ય.

નભસ્ય ૧ [સં] પું. (પુરાણ) ઉત્તમ મનુનો એ નામનો એક પુત્ર.
૨. પું. ભાદરવો મહિનો. જેની પૂર્ણિમા ભાદરવા નક્ષત્રમાં આવે છે, માટે તેને ભાદરવો મહિનો કહે છે. આ મહિનામાં વિવસ્વાન નામનો આદિત્ય સૂર્યમંડળનો અધિપતિ હોય છે. એ આદિત્યના સમાગમમાં ભૃગુ ઋષિ, ઉગ્રસેન ગંધર્વ, આસારણ યક્ષ, શ્રમપાલ નાગ, અનુમ્લોચા અપ્સરા, આપ નામનો રાક્ષસ હોય છે. આ બધાય આ મન્વંતરમાં જ હોય છે. મન્વંતરે મન્વંતરમાં જુદી જોઠવણ હોય છે
૩. પું શિવનાં હજાર માહેનું એક નામ.
૪. પું. (પુરાણ) સ્વારોચિષ મનુનો બે નામનો એક પુત્ર.
૫. વિ. આકાશમાં હોનાર કે બનાર.

નભસ્વ [સં. નભસ્વત] પું પવન.
ચલત સદાગતિ મરુત હમે અમૃત જગતપરાન,
અનિલ પ્રભંજન નભસ્વ નભસ્વ પવન પવમાન.
પિંગળપ્રકાશ

નભસ્વતી ૧. [સં.] સ્ત્રી. અંતર્વાનની એ નામની સ્ત્રી.
૨. સ્ત્રી. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ચિત્રતાપ રાજાની બાજી સ્ત્રી. તેના પુત્રનું નામ દ્રવિણક હતું.

નભસ્વાન ૧. [સં. નભસ્વત] પું. પવન, વાયુ; હવા.
૨. પું. (પુરાણ) પુર દૈત્યના સાત માહેનો એ નામનો એક દીકરો.

નભ:કેતન ૧. [સં.] પું. આકાશનો છોડ.
૨. પું. સૂર્ય

નભ:ક્રાન્ત [સં.] પું. સિંહ.

નભ:ક્રાંતી [સં. નભ:ક્રાન્તા] પું. સિંહ.

નભ:ચર જુઓ નભચર.

નભ:પાંથ ૧. [સં.] પું. આકાશનો છોડ.
૨. પું. સૂર્ય.

નભ:પ્રભેદ [સં.] પું એ નામનો એક વૈદિક ઋષિ. તે વિપ્રનો વંશજ હતો. ઋગ્વેદમાં તેના બેટલાયે મંત્ર મળે છે.

નભ:પ્રાણ [સં.] પું. વાયુ; હવા, પવન.

નભ:સદ જુઓ નભચર.

નભ:સરિત ૧. [સં. નભસ્ (આકાશ) + + સરિત્ (નદી)] સ્ત્રી. આકાશગંગા
૨. સ્ત્રી. ગંગા નદી.

નભ:સુત [સં. નભસ્ (આકાશ) + સુત (પુત્ર)] પું પવન; હવા.

નભ:સ્તલ ૧. [સં. નભસ્ (આકાશ) + તલ (તળિયું)] ન. આકાશનો નીચલો પ્રદેશ.
૨. ન. વાતાવરણ.

નભ:સ્થ જુઓ નભસ્થ.

નભ:સ્થલ જુઓ નભસ્થલ.

નભ:સ્થિત જુઓ નભસ્થિત.

નભા [સં.] સ્ત્રી. પિત્તાની; ચૂંક નાખવાનું સાધન.

નભાઈ વિ સ્ત્રી. ભાઈ વગરની; જેને ભાઈ ન હોય એવી. ગાળ તરીકે આ શબ્દ બીજાને માટે વપરાય છે.

નભાઽ ૧. [સં.] પું. અંધકાર; અંધારું.
૨. પું. આકાશ.
૩. પું. એ નામનો એક ઋષિ.
૪. પું મેઘ
૫. પું (જ્યોતિષ) રાહુ ગ્રહ.
૬. જી. પ્રાચીન હિંદના લોકોની એ નામની એક જાતિ
૭. ન. એ નામની જાતિનું માણસ.
૮. વિ એ નામની જાતિનું.

નભાજી પું સોળમી સદીમાં થઈ ગયેલ એ નામનો એક ધર્મયુક્ત વૈષ્ણવ. તેણે ભક્તિમાળા નામનું પુસ્તક લખ્યું છે.

નભાતી વાડી (નભાની વાડી) જી. જ્યાં બેડુતોને ભાત ન મળવાનું હોય તેવી ફરતી વાડી.

નભઃક્ષ [સં. નભસ્ (આકાશ) + અક્ષ (વાહનુ)] ન. આકાશમાંનું વાહનું.

નભાર્યું [સં. ન (નહિ) + ભાનુ (ભાઈ)] વિ જેને ભાઈ ન હોય તેનું; ભાઈ વગરનું.

નભાવ ૧. [સં. નિર્વહ] પું. ગુજરાન; ભરણપોષણ.
૨. પું નિભાવ; મુલ્યનો; ટકાવ; ગમે તે રીતે આવા કરવું તે.

નભાવણી જી. નભાવ; નભાવવું તે.

નભાવવું ૧. સ. ક્રિ. ટકાવવું; નિભાવવું; સાચવવું; મુલ્યનો કરી લેવો.
૨. સ ક્રિ. પોષણ કરવું; પોષવું.

નભાંબુપ [સં. નભસ્ (આકાશ) + અંબુ (પાણી) + પ (પીનાર)] પું. આતક પક્ષી.

નભિ [સં.] જી. પૈડું; ચક્ર; ચાક.

ન ભૂતો ન ભવિષ્યતિ [સં.] સ. વ. અગાઉ થયું નથી અને ભવિષ્યમા થશે પણ નહિ

નભેશા | સં. | જી. નર્મદાનાં કાંઠા પર આવેલ એક તીર્થ.

નભોગ ૧. [સં. નભસ્ (આકાશ) + ગ (જનાર)] વિ આકાશમાં ચાલતાં પક્ષી, દેવ, દેવતા, ગ્રહ વગેરે.
૨. પું. જન્મકુંડલીમા લગ્નસ્થાનથી દશમુ સ્થાન.
૩. પું. દશમા મન્વંતરના સપ્તર્ષિમાંનો એ નામનો એક ઋષિ.
૪. પું. લગ્નસ્થાનથી દશમા સ્થાનમાં રહેલો ગ્રહ.
૫. વિ આકાશમાં જનાર.
૬ વિ આકાશમાં રહેલ.

નભોગજ [સં. નભસ્ (આકાશ) + ગજ (હાથી)] પું. મેઘ; વાદળું.

નભોગતિ ૧. [સં. નભસ્ (આકાશ) + ગતિ (જાવું તે)] પું. પક્ષી, દેવતા, ગ્રહ વગેરે. તેની ગતિ આકાશમાં હોય છે.
૨. પું. સિંહનાં કાનનાં ઘરેણાંનું એક નામ.
૩. જી. આકાશમાં ગમન કરવું તે.
૪. વિ. આકાશમાં ગમન કરનારું.

નભોગ્રહ [સં.] ન. આકાશસ્થ ગ્રહ; આકાશમાંનો ગ્રહ.

નભોઘ પું. એ નામનો એક વિશ્વદેવ.

નભોદુહ [સં.] પું. મેઘ; વાદળ.

નભોદ્વીપ [સં. નભસ્ (આકાશ) + દ્વીપ (બેટ)] પું. મેઘ; વાદળ.

નભોધૂમ [સં. નભસ્ (આકાશ) + ધૂમ (ધુમાડો)] પું. મેઘ; વાદળ.

નભોધ્વજ ૧. [સં. નભસ્ (આકાશ) + ધ્વજ (ધજા)] પું. મેઘ; વાદળ.
૨. પું. બોધ

નભોનદી [સં. નભસ્ (આકાશ) + નદી] જી. સ્વર્ગંગા; આકાશગંગા.

નભોમણિ ૧. પું. આકાશનો એક.
૨. [સં. નભસ્ (આકાશ) + મણિ (રત્ન)] પું. સૂર્ય.

નભોમંડપ [સં. નભસ્ (આકાશ) + મંડપ (માડવો)] પું. આકાશરૂપી મંડપ.
જેના લહેના અદ્વિતીય ઝિલિમિલમાં છે,
પૃથ્વી પર ને નભોમંડપની વચ્ચમાં.
ઉદયકુમાર

નભોમંડલ [સં. નભસ્ (આકાશ) + મંડલ (વર્તુલ)] ન. આકાશનો ગોળો; ગોળ; પૃથ્વી ઉપરથી દેખાતું આખું આકાશ.
મારે માટે તો જગતમાંએ રચેલા નભોમંડલમાં કશાના અર્થ ખબના જરેલા છે. તે જોઈને મારી આંખ કરી ઝાકળી નથી. કરેક વખતે કશું નવું નવું જોવાનું મળ્યા કરે છે. ઈશ્વરની એ જેવી કલાકૃતિ આકાશ અનુભવી તુચ્છ કહ્યા રાય હિંદાળામાં ? ?
ગામીજી

નભોમંડલદીપ ૧. પું ચંદ્ર
૨. [સં. નભોમંડલ (આકાશ) + દીપ (દીવો)] પું. ચંદ્ર.

નભોમંડળ જુઓ નભોમંડલ.

નભોમાસ [સં. નભસ્ (શ્રાવણ) + માસ (મહિનો)] પું. શ્રાવણ માસ.

નભોમુદ્રા [સં. નભસ્ (આકાશ) + મુદ્રા] જી. (યોગ) એક જાતની મુદ્રા; જીભને કેવળ તાળવામાં જ ઊર્ધ્વ રાખી પવનને રોકવાનો અભ્યાસ. જ્યારે યોગી કોઈ કામમાં જોડાય, ત્યારે સર્વદા ઉપરની તરફ જીભ રાખીને કુંભક વડે સ્થિર થઈ પવનને ધારણ કર્યા કરે. આ અભ્યાસ સદા રાખવાથી યોગીઓના સમસ્ત રોગ નિવૃત્ત થાય છે મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડીયાનબંધ, મૂલબંધ, જાલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોનિ, વજ્રોલી, શક્તિચાલિની, આકર્ષણી, દ્રાવણી, સંક્ષોભણી, વશી, ઉન્માદ, મહાંકુશ, તાડાંગી, માડવી, શાંભવી, પંચધારિણી, અશ્વિની, પાશિની, કાકી, માતંગી, ભુજંગિની વગેરે યોગની મુદ્રાઓ છે.

નભોમું [સં. ન (નહિ) + ભય (બીક)] વિ. સુરક્ષિત; નિર્ભય; ક્ષેમકુશળ.

નભોયોનિ [સં. નભસ્ (આકાશ) + યોનિ] પું. મહાદેવ; શિવ.

નભોરજસ [સં. નભસ્ (આકાશ) + રજસ્ (કણ)] ન. અંધકાર; અંધારું.

નભોરૂપ [સં. નભસ્ (આકાશ) + રૂપ] વિ. આકાશના જેવા રંગનું; વાદળી રંગનું.

નભોરૂપા [સં] જી. નર્મદાનાં કાંઠા પરનું એક તીર્થ.

નભોરેખા [સં. નભસ્ (આકાશ) + રેખા (લીટી)] જી. આકાશરેખા; અંતરીક્ષપથ.

નભોરેણુ ૧. [સં. નભસ્ (આકાશ) + રેણુ (રજ)] જી. ઝાકળ.
૨. જી. ધૂમસ.
૩ જી હિમ.

નભોલય ૧. પું. ધુમાડો.
૨ [સં. નભસ્ (આકાશ) + લય (લીન થવું તે)] વિ. આકાશમાં લીન થઈ જાય એવું; આકાશમાં લય પામનાર.

નભોવહ [સં.] પું. આકાશમંડળ.

નભોવીથી [સં.] જી. આકાશમાં રહેલ વીથીરૂપ માર્ગ.

નભોંબુપ [સં.] પું. આતક પક્ષી; અપૈયો.

નભોંબુપા [સં] જી. આતક પક્ષિણી.

નમ ૧. [સં.] ન. મરી.
૨. ન. પૈસાનો વીસમો ભાગ.
૩. ન. રસનાં પૈસાને અનુકૂળ આંબવું; પૈસા વગેરેમાં ચોપડાનો હોય.
૪. વિ. રસ વગેરેનાં પૈસાંની ખરીને હિતકારક.

નમઃ [નમસ્] પું. વાદળ; મેઘ.

નમ ૧. [સં.] અ. ક્રિ. અવાજ કરવો.
૨. સ. ક્રિ. ઝુકવું.

નમણ

૨. ન. કિ. તાબે થવું.
૪. ન. કિ. (ધાતુ) નમસ્કાર કરવો; નમવું. તેના ઉપરથી નીચેના શબ્દો: નમન, નમસ્કાર.
૫. ન. કિ. નીચે નમી જવું.
૬. ન. કિ. વાંકા થવું.

નમ ૧. [હિ.] પું. જળ.
૨. પું. આંસુ.
૩. [ફા.] પું. ઝાકળ.
૪. પું. લાગ.
૫. પું. નમસ્કાર.
૬. પું. યજ્ઞ.
૭ પું. વજ્ર.
૮. પું. સ્તોત્ર.
૯. વિ. ભીનું; ભેજવાળું; આર્દ્ર.

નમક ૧. પું. અન્ન; ખોરાક.
૨. પું. આત્મા.
૩. પું. ઉત્તેજન.
૪. પું. એ નામનો ઋગ્વેદનો એક અધ્યાય.
૫. પું. ખુશ્કો; દમ.
૬. પું. સજ્જન કરવું તે.
૭. પું. પુત્રંપ.
૮. પું. સૌંદર્ય; લાવણ્ય; મનોહરતા.
૯. [ફા.] ન. લૂણ; મીઠું; નિમક; લવણ; એ નામનો એક પ્રસિદ્ધ ખારો પદાર્થ. તેનો ઉપયોગ ભોજ્ય પદાર્થોમાં એક જાતનો સ્વાદ ઉત્પન્ન કરવા માટે થોડા પ્રમાણમાં થાય છે. મીઠું સંસારના લગભગ બધા લાગમાં બે રૂપમાં મળે છે: એક તો જમીનમાંથી ખાણોમાં થરના રૂપમાં અને બીજું સમુદ્ર, તળાવ વગેરેના ખારા પાણીમાંથી. હિંદમાં પંજાબ, કોહાટ, તથા ઢાંગડામાં મહી રાજ્યમાં મીઠાની ખાણો છે, જેમાંથી બહુ પ્રાચીન કાળથી નમક નીકળે છે. સિંધ પણ મીઠા માટે પ્રસિદ્ધ હતું, તેથી ત્યાંનું નમક સેંધા અથવા સૈંધવ કહેવાતું. પંજાબની બીજીના નમકને પણ સેંધા અથવા સૈંધવ કહે છે આ મીઠું સાફ અને સફેદ રંગનું હોય છે અને તેમાં કોઈ જાતની ગંધ હોતી નથી. આ ઉપરાંત સમુદ્ર, તળાવ વગેરેનાં ખારાં પાણીને સુકાવી પણ જાતનાં નમક બનાવવામાં આવે છે. આ જાતનાં નમકને કરકચ એટલે સમુદ્રલવણ કહે છે. કોઈ કોઈ સ્થળે ખારવાળી જમીન કે માટીમાંથી પણ એક જાતનું નમક નીકળે છે, જેને ખારો કહે છે. વળી એક બીજા પ્રકારનું નમક થાય છે, જેને કાળું નમક અથવા સંચળ કહે છે. તે સાધારણ મીઠાને હરડાં, આદુંપ તથા સાજીની સાથે ઓગાળીને બનાવાય છે. આ ઉપરાંત ઔષધિ અને રસાયણ વગેરેના ક્રમ માટે અનેક વનસ્પતિ તથા બીજા પદાર્થોને બાળી ક્ષાર કે નમક તૈયાર કરે છે. વૈદ્યકમાં સૈંધવ, સાકોરી અથવા સાંભર, સમુદ્રલવણ અથવા કરકચ, બિડલવણ, સૌવર્ચલ કે કાળું નમક કે સંચળ, ઉદ્ભિલવણ એટલે ખારી માટીમાંથી બનાવેલું નમક, ઔદ્ભિદ, ઔષર, રોમક અને પ્રૌંડી વગેરે કેટલાય પ્રકારનાં નમક બતાવ્યાં છે, જેમાં સૈંધવને બધાં નમક કરતાં સારું માન્યું છે.

૧. જખમ પર નમક છાંટવું–લગાવવું = (૧) દુઃખનો ઢગલો થવો. (૨) દુઃખીને દુઃખ દેવું; પીડિતને વધારે પીડા કરવી.
૨. નમક અદા કરવું = ઉપકારનો બદલો વાળવો; માલિક પ્રતિ પોતાના કર્તવ્યનું પાલન કરવું
૩. નમક ફૂટી નીકળવું = (૧) નિમકહરામીની સજા મળવી, કૃતઘ્નતાનો દંડ મળવો. (૨) શાપના રૂપ તરીકે ભૂમિમાં થઈને નીકળવું
૪. નમક મિર્ચ લગાવવું = મીઠુંમરચું ભભરાવવું; અતિશયોક્તિ કરવી; મીઠુંમરચું ભભરાવીને વર્ણન કરવું.
૫. નમકનો સહારો = ચોડી સહાયતા.
૬. નમકનો હક અદા કરવો = પોતાની ફરજ બજાવવી.

નમકખાર ૧. [ફા. પું. નોકર.
૨. વિ. નિમક ખાનાર.

નમકખ્વાર ૧. [ફા. નમક (મીઠું) + ખાર (ખાનાર)] પું જૂનો નોકર.
૨. વિ. લૂણ ખાનાર.

નમકખ્વારા [ફા. નમકખોર] વિ. નિમક ખાનાર; લૂણ ખાનાર; જેનું બીજ મારફત પાલનપોષણ કે ઇજ્જતાનરોટ થતો હોય એવું.

નમકચશી ૧. [ફા] સ્ત્રી. છ કે સાત મહિનાના બાળકને પહેલી વખત અન્નપ્રાશનવાળી ક્રિયા; અન્નોટિયા કરાવવાં તે.
૨. સ્ત્રી. સમપક્ષ થયા પછી બંને પક્ષ વચ્ચે મીઠાઈના બાળની થતી અદલાબદલીની વિધિ.

નમકદરિયા [ફા.] પું. લવણ સમુદ્ર; ક્ષાર સમુદ્ર.

નમકદાન ૧. પું. મીઠું પકવવાનું ઠેકાણું.
૨. [ફા. નમક (મીઠું) + દાન (પાત્ર)] પું. મીઠું રાખવાનું કાચ; મીઠાનું વાસણ.

નમકનાજાયઝ [ફા. નમક (મીઠું) + નાજાયઝ (અયોગ્ય)] ન. બનાવટી મીઠું; ભેરસાવટેમર મીઠું.

નમકપરવર્દા ૧. [ફા. નમક (મીઠું) + પરવર્દન (પાળવું)] પું. આશ્રિત જન.
૨. પું. આનગી અને મહેરબાનીવાળો નોકર.
૩ પું. ગુલામ.

નમકબંદ [ફા. નમક (મીઠું) + બસ્તન્ (બાંધવું)] વિ. મીઠા સાથે બાંધેલ.

નમકસત્યાગ્રહ પું. મીઠા ઉપરનો કર કઢાવી નાખવા માટે મહાત્મા ગાંધીજીએ સરકાર સામે આરંભેલ ૧૯૩૦–૩૧નો સત્યાગ્રહ.

નમકસાર [ફા.] પું. મીઠું નીકળતું અથવા બનતું હોય તે સ્થાન.

નમકસુલેમાની વ. એક જાતનું મીઠું.

નમકહરામ [ફા. નમક + અ. હરામ (બેચ્છા)] વિ. લૂણહરામી; કૃતઘ્ન; અકૃતજ્ઞ; જેનું અન્ન ખાધું હોય તેનો દ્રોહ કરનાર; પોતાના અન્નદાતાને હાનિ પહોંચાડનાર.

નમકહરામી ૧. [ફા. નમક + અ. હરામ (બેચ્છા) + ઈ (પ્રત્યય)] સ્ત્રી લૂણહરામીપણું; વફાદાર ન હોવાપણું; કૃતઘ્નતા.
૨. વિ. લૂણહરામી; કૃતઘ્ન; નમકહરામ.

નમકહલાલ ૧. [ફા નમક (મીઠું) + અ. હલાલ (વફાદાર)] પું. સ્વામી કે અન્નદાતાનું કાર્ય ધર્મપૂર્વક કરનાર મનુષ્ય; કૃતજ્ઞ; સ્વામીભક્ત; સ્વામીનિષ્ઠ
૨. વિ. વફાદાર; લૂણહાર; કૃતજ્ઞ; સ્વામીભક્ત; સ્વામીનિષ્ઠ.

નમકહલાલી [ફા. નમક + અ. હલાલ (વફાદાર) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. સ્વામીભક્તિ; વફાદારી; કૃતજ્ઞતા; નમકહલાલનો ભાવ; સ્વામીનિષ્ઠા.

નમકી [હિ.] સ્ત્રી. ખારવાળી જમીન.

નમકીન ૧. [ફા.] પું. મીઠું નાખેલ ખાવાની વાની.
૨. વિ. જેમાં મીઠાનો સ્વાદ હોય એવું.
૩. વિ. ઝાટકો લાગે એવું.
૪. વિ. મીઠાવાળું; ખારું; લવણયુક્ત; જેમાં મીઠું નાખ્યું હોય એવું.
૫. વિ. સુંદર; ખૂબસૂરત.

નમકીની [ફા.] સ્ત્રી. આર્દ્ર હોવાપણું; આર્દ્રતા.

નમખુર્દા [ફા. નમ (ઝાકળ) + ખુર્દન (ખાવું જવું)] વિ. ઝાકળથી નાશ પામેલ.

નમગીરા [ફા.] પું. ચંદની; છત્રી.

નમચીશતી ૧. સ્ત્રી. વિનંતિ.
૨. વિ. પ્રખ્યાત.

નમજ્ઞ ૧. સ્ત્રી. નાગરી પૃચ્છવિધિ.
૨. ન. તોલમાં વધારો; નમવું તે.

૩ ન દેવને ચડાવેલાં બીલીપત્ર, ફૂલ, જળ વગેરે; નિર્માલ્ય.

૪. [સં. નમન] ન. નમસ્કાર; પ્રણામ; નમન.

વહું વેરા ને રૂપ મુદ્દા,
નમણ કમણ દેવ વાંદવા. અખો

૫. ન. માલ ખરીદનાર વેપારીને બેઠતે અમુક માલ પૈસા લીધા વિના આપવો તે

૬. ન. વાંક; રાંટ.

નમણકસળાઈ [પ્રા.] સ્ત્રી. વરને ઘોડે ચડાવવા પહેલાં કરવાતો સ્નાનવિધિ.

નમણાં ૧. [સં. નમન] ન. બ. વ. નમવું તે; નમસ્કાર.

૨. ન બ. વ. નમી પડવું તે; તાબે થવું તે.

ન મૂકશો માન, દુર્જનને ન કરો નમણાં. સામળ

૩. વિ. નાજુક.

૪. વિ. કૃપાળું; દેખાવડું; નમણું.

નમણી ૧. સ્ત્રી. નમ્રતા; શાંત સ્વભાવ.

૨. સ્ત્રી. સીંગડાં અને આગલા પગ બાંધનારું દોરડું; બળદ નીચું જોઈ રહે માટે તેને આગલે પગે ને સીંગડે બાંધેલી દોરી.

૩. સ્ત્રી. સપાટી.

૪. [સં. નમ્ (નમવું)] વિ સ્ત્રી. નમેલી.

૫. વિ સ્ત્રી. કૃપાળી; ખૂબસૂરત; સુંદર.

નમણું ૧. ન. નમી પડવું તે; નમન.

નમણું આપવું = (૧) તાબે થવું. (૨) નમન કરવું તે.

૨. ન. નીચું નમવાપણું.

૩. ન. પાછા પડવું તે.

૪. વિ. ઢીલું.

૫. વિ. નમેલું; નત; નીચું વળેલું હોય એવું; ઢળતું.

૬. વિ. નમ્રતાવાળું; નમ્ર; વિવેકી.

૭. વિ. વાંકું; આડું.

૮. વિ. સુંદર બનાવવાળું. નાક માટે સામાન્ય રીતે આ વિશેષણ વપરાય છે.

નમત ૧. [સં] પું. પુમાડો.

૨. પું. નટ; નાટકિયો.

૩. પું. પ્રભુ; સ્વામી.

૪. [અ.] સ્ત્રી. રીત; રિવાજ.

૫. સ્ત્રી. સરખાપણું.

૬. ન. ઊનનું વસ્ત્ર.

૭. [સં. નમન] ન. નમન; નમવું તે; નમી પડવું તે; નમણું.

૮. ન. નિમિત્ત; નસીબ.

નળીઓ નાખને બળ! વારા નમતની નોંધીને,
આખાં સંખલાં ને રોબાજ, માલવિયું ટોળે વળ્યું,
સોન કલામણને દહો

૯. વિ. નમ્ર.

નમતું ૧. વિ. આથમતું; અસ્ત થતું.

૨. વિ. ઢીલું; નરમ.

૧. નમતી કમાન = પડતી દશા.

૨. નમતી દોરી = (૧) મરજી મુજબ વર્તવાની છૂટ. (૨) રહેમનજર.

૩. નમતું મૂકવું = (૧) કૃપાદૃષ્ટિથી જોવું; રહેમનજર રાખવી. (૨) નમ આપી જવી; સહન કરવું. (૩) છૂટથી વર્તવા દેવું; ઢીલું મૂકવું.

૩. વિ. નમન કરતું.

૪. વિ. નીચે પડતું.

૧. નમતી દશા = પડતી દશા.

૨. નમતી બેસવી = પડતી આવવી; પડતાં દશા આવવી.

૫. વિ. નીચે વળતું; ઢળતું; ઢાળ પડતું.

૧. નમતો દિવસ = પડતા દહાડા; પડતી દશા; અસ્તકાળ.

૨. નમતો પહોર = (૧) પડતી દશા. (૨) પાછલો ત્રીજો પહોર.

૬. વિ. મુકરર કરેલા તોલ કરતાં જોખવામાં વધતું હોય તેવું.

નમતું જોખવું = (૧) તોલમાં વધારે જોખવું. (૨) ઠગવું.

૭. વિ. વધારે તોલથી નીચે આવતું.

નમતે ઝાઝવે સૌ બેસે = લાભ હોય ત્યાં સૌ માણસો આકર્ષાય.

૮. વિ. વિવેકી; સભ્ય; નમ્ર.

૯. વિ. હાર કબૂલ કરવું; હારવે આવવું.

નમતું આપવું = (૧) કહેવાને તાબે થવું. (૨) મક્કમપણે નરમ પડવું; ઢીલું થવું. (૩) ઝાંખું થવું. (૪) ટેક જોડવી. (૫) નરમ થવું; ખમી આવું; નરમાશ રાખવી.

નમદ ૧. [ફા.] પું. ખાસ ઊનનું કપડું.

૨. પું. વીર્ય.

નમદજીન [ફા.] પું. ઘોડા ઉપરના ઝૂલનું ખાસ ઊનનું કપડું.

નમદપોશ [ફા.] વિ. ઊનના કપડાથી ઢંકાયેલ.

નમદા ૧. [ફા.] પું. ઊનની દળી; ઊનને ટીપીને બનાવેલો ગાલીચો.

૨. પું. બનાસ; પાનબો.

૧. નમદા બંધાવવું = ગરીબ બનાવવું.

૨. નમદા બાંધવું = દીવાળું કાઢવું. જેના ઉપર બેપારી પોતાનો માલ પાથરતો હોય તે બનાસ સંકેતના ઉપરથી આ પ્રયોગ બન્યો છે.

૩. નમદા ભેગવું = (૧) તજી દેવું. (૨) શાપ દેવો.

નમદો ૧. પું. ઘોડાના જીન નીચે મૂકવામાં આવતી બનાતની દળી.

૨. [ફા. નમદા] પું. ખાસ ઊનનું કપડું; દબાવી બનાવાતું ખાસ ઊનનું કાપડ.

૩. પું. પગ કે બૂટ સાફ કરવા પાથરેલું કાથી વગેરેનું સાધન.

૪. પું. હાથીના બરડા ઉપર પ્રથમ નાખવાનું પાથરણું; હાથીની ઝૂલ નીચે નાખવામાં આવતું બનાતનું ગાદલું.

નમધીયરી સ્ત્રી. (વહાણવટું) કંપાસિયાથી બનાવેલ સુધીનો ઘરીનો ઢાળવાળો આગ; 'ગ્રાઉન્ટર.'

નમધેય ૧. પું. લેખ.

૨ વિ. નક્કી કરેલું; નિમિત્ત થયેલું; નોંધાયેલું; નિર્માલ્ય થઈ ચૂકેલું.

નમન ૧. ન. અક્ષરપંદર; વિસ્મરણ.

૨. ન. મંથને આરંભે કરાતી ઈશ્વરસ્તુતિ; મંગળાચરણ.

૩. ન. દેવ દેવતાને નજરાણી પૂજારીએ ચડાવેલ પાણી, ફૂલ, પાન વગેરે.

૪. [સં. નમ્ (નમવું) + અન (પણું)] ન. નમવું તે; નમસ્કાર; અભિવંદના; પ્રણામ; નમીને માન આપવું તે; પગેલાગણું.

૫. ન. વાંકા થવું તે.

૬ [હિ.] વિ. જોવું.

નમનતા ૧. સ્ત્રી. નરમાઈ; સાલસાઈ.

૨. [સં. નમ્ (નમવુ) + અન (પણું) + તા (પણું)] સ્ત્રી નમ્રતા; નરમ.ગુ.

નમનનાઈ જુઓ નમનતા.

નમનમ ન. એક જાતનું ઘાસ. તે ઉખ્યુ, જોજવાળી હવામાં ઊગે છે. તેને એક બીયાંવાળ ફળ આવે છે. તે ખવાય છે.

નમનશીલ ૧. [સં. નમન (નમવુ તે) + શીલ (સ્વભાવવાળું)] વિ. નમ્ર; આજ્ઞાંકિત.

૨. વિ, વળે એવું.

નમનાક [ફા.] વિ. બીનું; જોજવાળું

નમનાકી [ફા.] સ્ત્રી. બીનાશ; જોજ.

નમનાત્મક [સં. નમન (નમવુ તે) + આત્મક (વાળું)] વિ. જેમાં પરમેશ્વરને પ્રણામ હોય એવું.

નમનિયાં ન. બ. વ. નમસ્કારો.

નમની જી. બીજી મૌલિક આજ્ઞા.

નમનીય ૧. [સં.] વિ. આદરણીય; નમસ્કાર કરવા જોગ; પૂજનીય; નમવા જોગ; માનનીય.

૨. વિ. ઝૂકી કે ઝુકાવી શકાય એવું.

નમનીયતા [સં.] જી. નમવાનો સ્વભાવ.

નારીની રૂપસંપન્નતા, અનુકમનપ્રાબલ્ય, નારીની કમનીયતા અને **નમનીયતા** અને નારીની દ્વંદ્વાત્મકવૃત્તિ અને તેની સાથે જ રહેલી તીવ્ર નિષ્ઠા * * * એ સર્વ બંગાળીના ધર્મમાં તેમ જ શિલ્પમાં તથા સાહિત્યમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. ગુ. સા. પરિષદ

નમયંતું [સં. નમત્] વિ. નમતું; નમન કરતું. આ શબ્દ કાવ્યમાં વપરાય છે.

બેહુ કરજોડી નમયંતી.
હસ પ્રેમે કહે દમયંતી પ્રેમાનંદ

નમયિષ્ણુ [સં.] વિ. નમવાના સ્વભાવવાળું.

નમરું વિ. સાદું; નરવું; રોગ વિનાનું.

નમર્દ [ફા. નામર્દ] વિ. નાહિંમત; પુરુષાતન નમરવું; નામદું; નપુંસક.

જય ભૂમિ જાસે, નમર્દોં જ નાસે.
દલપતરામ

નમર્દાઈ જી. નામર્દપણું; નપુંસકતા; બાયલાપણું.

નમલ જી. ઊધઈ.

નમલું વિ. માબાપ મરી ગયાં હોય એવું.

નમવું ૧. અ. ક્રિ. આયમવું.

૨. અ. ક્રિ. ઓછું થવું; ઘટવું.

૩. અ ક્રિ. ડૂબવું.

૪. અ. ક્રિ. તાબે થવું; કરજે થવું; અધીન થવું.

નમી પડવું = તાબે થવું.

૫. અ. ક્રિ. નમ્ર થવું.

૬. અ. ક્રિ. નીચા વળવું; કોઈ પણ બીજાનું જમીન તરફ વળવું.

૭. [સં. નમ્] અ. ક્રિ. નીચું નમીને વંદન કરવું; વંદવું; પગે લાગવું; નમસ્કાર કરવા; સ્તુતિવંદન કરવું.

૧. કોઈ વેંત નમે તો આપણે હાથ નમીએ = કોઈ આપણને માન આપે તો આપણે તેને તેથી વિશેષ માન આપવું જોઈએ.

૨. નમતામાં નવ ગુણ–નમ્યો તે પરમેશ્વરને ગમ્યો = નમ્રતા ધારણ કરવામાં ઘણો ફાયદો છે.

૮. અ. ક્રિ. પડતી આવવી.

૯ અ ક્રિ ફટાવું.

૧૦. અ. ક્રિ. મરડાવું

૧૧. અ ક્રિ. હલકું થવું; હલકું પડવું.

નમરા ૧. [અ] પું. ઊતરપિંડી.

૨. પું. ઘરડ.

૩. [ફા] પું. દ્વેષ.

નમલ્લુદ પું. અંત્યજ.

નમલ્લ [સં.] વિ. અનુકૂળ.

નમસાન [સં.] વિ. નમસ્કાર કરવાના સ્વભાવવાળું.

નમસિત [સં. નમસ્ (નમસ્કાર કરવો) + ક્ત (એલું)] વિ. નમસ્કાર કરાયેલ; પૂજિત.

નમસ ૧. [સં.] પું. વજ્ર.

૨. પું. નમન; પ્રણામ; નમસ્કાર. નમસ શબ્દનો અર્થ અહંમાન રહિત થવું અને સત્યનું માન કરવું એવો છે. નમન કેવળ હાથ વડે કરવાનું છે એમ નથી, પરંતુ મનોવૃત્તિ અભિમાન રહિત થવી જોઇએ

૩. ન અન્ન.

૪ ન યજ્ઞ

૫ ન. વજ્ર.

૬. ન. રતોત્ર.

૭. અ. પોતાનો અપાર્થનોધક વ્યાપાર અને લાગ બતાવનાર આવ્યય.

૮. અ. સંસ્કૃત ધાતુ ! સાથે વપરાતો એક પૂર્વગ.

નમસ્કરણ [સં.] ન. નમસ્કાર કરવો તે.

નમસ્કરણીય [સં. નમસ્કૃ (નમસ્કાર કરવો) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. પગે લાગવા જોગ; નમસ્કાર કરવા લાયક.

નમસ્કાર ૧. [સં.] પું. એક જાતનું ઝેર.

૨. પું. ધર્મપુરુષાર્થમાં કહેલાં બત્રીસ આંદોની એ નામની એક કળા.

૩. [સં. નમસ્કૃ (પગે લાગવું)] પું. નમન; પ્રણામ; વંદન; પ્રપત્તિ; અભિવાદન.

૧. નમસ્કાર ત્યાં નમસ્કાર = નમસ્કારિક બદલ બતાવ્યા સિવાય કોઈ નમતું નથી.

૨. નવ ગજના નમસ્કાર = દૂર રહેવું તે. મહત્કાર્ય માથે લેનારે અગ્રહાની દેવાદુબળાઈને પ્રથમથી જ નવગજના નમસ્કાર કરવા ઘટે - ધૂનિદાસ દિગ્દર્શન

૪ પું (વેદાંત) નમસ્કાર કરવાને યોગ્ય જે ગુરુ અને ઈશ્વર વગેરે છે, તેમનાથી નમસ્કાર કરનાર પુરુષમાં જે ન્યૂનતા છે, તે ન્યૂનતા દોષોને જણાવનારનો નમસ્કાર કરનારાના શરીરનો એક પ્રકારનો વ્યાપાર. તે નમસ્કારરૂપ અંગળ કહેવાય છે.

૫. પું (જૈન) પંચપરમેષ્ઠી મંત્ર.

૬. પું. બે હાથ જોડી માથું નમાવી નમસ્કાર એમ કહેવું તે. સમાન વયનો સામાને નમસ્કાર કરે છે, મોટી વયનો આશીર્વાદ કહે છે અને નાની વયનો પ્રણામ કરે છે.

પક્ષા તો કહે નમસ્કાર = પોતાનો દોષ કે ખામી છુપાવવી.

૭. પું. માન આપવાની અથવા પૂજા કરવાની અઢાર માંહેની એ નામની એક રીત. પોતપોતાના અધિકાર પ્રમાણે નમસ્કાર, દંડવત્ પ્રણામ, આશીર્વાદ, કુશળ પ્રશ્ન, રામરામ, સલામ વગેરે કરવાની રીત છે.

૮. પું. હસ્તમેલાપ; કરાલિંગન.

નમસ્કારમંત્ર પું. (જૈન) નોકાર મંત્ર; પંચપરમેષ્ઠી મંત્ર.

પ્રભાત પહેલાં ઊઠી **નમસ્કારમંત્ર**નું સ્મરણ કરી મન વિશુદ્ધ કરવું. રાજચંદ્ર

નમસ્કારવજ્રે પું. એક જાતનો દંડ; આખામણો એ નામનો એક દંડ. સાધારણ રીતે દંડ કાઢતાં જ્યારે આપે બે હાથ બગલથી બહાર આવે અને ઉપર જાય ત્યારે બે પગ એકદમ સાથે આગળ આવે અને તે વખતે તે પગ ઉપર ઊભા થઈ નમસ્કાર કરવો એટલે હાથ જોડવા. પહેલાં તે હાથ જોડી છાતી પાસે સ્થિતિમાં તે મૂકવા અને તે જ ઘડીએ બે પગ જે આગળ આવેલા હોય તેને બે હાથના ટેકા ઉપર શરીર રાખી પાછા અંદર ઉપાડવા અને દંડ કાઢવો. તે પછી તરત જ બે પગને આગળ લાવી ઉપર પ્રમાણે કરવું. આ દંડ સૂર્યોપાસનામાં પણ આગે થાય છે.

નમસ્કારવિધિ [સં નમસ્કાર (નમન) + વિધિ (રીત)] પું નમસ્કાર કરવાની રીત.

નમસ્કારાત્મક [સં નમસ્કાર (નમન) + આત્મક (વાળું)] વિ. નમસ્કારવાળું; જેમાં નમસ્કાર કરેલા હોય એવું.

મંગલાચરણ બહુ પ્રકારના છે. **નમસ્કારાત્મક**, વસ્તુનિર્દેશાત્મક અને આશીર્વાદાત્મક

ગીતા પ્રસ્થામૃત

નમસ્કારાત્મકમંગલ [સં. નમસ્કાર (નમન) + આત્મક (વાળું) + મંગલ] ન જેમાં કે જુરુને નમસ્કાર કરેલા હોય તેવું મંગળ.

નમસ્કારાત્મકમંગળ જુઓ નમસ્કારાત્મકમંગલ.

નમસ્કારાસન [સં.] ન. બંને પગ પાસે પાસે રાખી બે હાથ જોડીને સીધા ઊભા રહેવાથી થતું આસન.

નમસ્કારી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ઝોડ; કીસામણી; સહજમણી. તે વેલની પેઠે પથરાયેલ હોય છે. તેનાં પાન વિલેટિયાં જેવાં ઝીણાં, ફૂલ પીળા રંગનાં અને શીંગ ચપટી લાંબી

હોય છે. એનો આખો ચહેરો લીલો, ભયાનક, બિહામણો હોય છે. એને જોઈને જ બીક લાગે. માનને બદલે ભય ઉત્પન્ન થાય એટલે બીકાઉ અર્થ છે.

૨. સ્ત્રી. અઢારિયા નામનો છોડ.

૩. સ્ત્રી વરાધારતા.

નમસ્કાર્ય વિ. [સં.] વિ. જેને નમસ્કાર કરવામાં આવે એવું.

૨. વિ. નમસ્કાર કરવા જેવું; પૂજ્ય; વંદનીય.

નમસ્કૃત વિ. [સં.] પું. સૂર્યનાં એકસો આઠ મહેનું એક નામ.

૨. વિ. જેને નમસ્કાર થયા હોય એવું; નમસ્કાર કરાયેલું.

૩. વિ. પૂજિત; સન્માનિત.

નમસ્કૃતા [સં.] વિ સ્ત્રી. નમસ્કાર કરવા યોગ્ય હોય એવી પવિત્ર

હે ગાર્ગ્ય, આ સર્વ કોરણી નમસ્કૃતા, અપાપા, અક્ષતા, શુદ્ધ અનાદીનું ભક્ષણ કરો

પુરાવસ્તુ

નમસ્ક્રિયા [સં.] સ્ત્રી. નમસ્કાર; નમસ્કૃતિ; નમન; વંદન; પ્રણામ; નમવું તે; નમસ્કૃતિ.

નમસ્કૃતિ [સં] સ્ત્રી. નમસ્કાર; નમસ્કૃતિ; નમન; વંદન; પ્રણામ.

નમસ્તે [સં. નમસ્ (નમન) + તે (તને)] અ. તમને નમસ્કાર હોજો એ અર્થનું વાક્ય.

નમસ્ય [સં.] વિ. નમસ્કાર કરવા યોગ્ય; પૂજવા યોગ્ય; પૂજ્ય; નમવા યોગ્ય; નમસ્કારને યોગ્ય; માનનીય; આદરણીય.

નમસ્યા [સં.] સ્ત્રી. નમસ્કાર.

નમસ્યુ [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશી પુરુકુલોત્પન્ન પ્રવીર રાજાનો એ નામનો પુત્ર.

નમસ્વી વિ. [સં. નમસ્વિન્] વિ. નમસ્કાર કરવાના સ્વભાવવાળું.

૨. વિ. નમસ્કારને યોગ્ય.

૩. વિ. નમસ્કારવાળું.

નમહેર વિ. મહેર ન કરે એવું; મહેરબાની ન રાખે એવું; દયા વિનાનું.

નમાઈ વિ. મદ વિનાનું.

નમઃ જુઓ નમસ્.

નમઃ શિવાય [સં] પું. મહાદેવને નમસ્કાર હો એ અર્થનો પંચાક્ષરી મંત્ર.

નમા [અ.] પું. વધારો.

નમાઈ [સં. ન (નહિ) + માતૃ (માતા)] વિ. સ્ત્રી. મા વિનાની.

આઈ તે ઉજરી હો નમાઈ હું સંડસી. પ્રેમાનંદ

નમાઈવું વિ. માનાર્થ વસ્ત્રનું; મારીતર વિનાનું.

નમાઈરા [સ્ત્રી.] સ્ત્રી. દેખાવ.

નમાજ [સ્ત્રી. નમાઝ] સ્ત્રી. ઇસ્લામી ધર્મ પ્રમાણે ખુદાની બંદગી; ઈશ્વરની પ્રાર્થના ઇસ્લામ ધર્મમાં દરરોજ સૂર્યોદય પહેલાં એટલે ફજર, બપોર પછી એટલે ઝુહર, ત્રીજા પહોર પછી એટલે અસર, સૂર્યાસ્ત પછી એટલે મગરિબ અને રાત્રે એટલે ઈશા એમ પાંચ વખત નમાજ પઢવાની આજ્ઞા છે અને તે દરેક મુસલમાન ઉપર દરેક સ્થિતિમાં ફરજ છે. ઉમરલાયક થાય ત્યારે તેણે નમાજ પઢવી જ જોઈએ. કેટલાકના મત પ્રમાણે પાંચ નમાજ પઢવાનો વખત આ પ્રમાણે છે: (૧) ફજરની નમાજ પરોઢિયે અજવાળું થાય ત્યારે, (૨) ઝુહરની નમાજ બપોર આજરે હોઈ જાય ત્યારે, (૩) અસરની નમાજ સાંજે આજરે સાડાપાંચ વાગે, (૪) મગરિબની નમાજ સાંજે આજરે સવાસાત વાગે અને (૫) ઈશાની નમાજ રાત્રે આજરે નવ વાગે. આ દૈનિક પાંચ નમાજ ઉપરાંત રમજાન મહિનાની વખતે, અનાવૃષ્ટિને સમયે, ઈદને દિવસે, કોઈનું મરણ થાય ત્યારે તથા એવા કોઈ બીજા પ્રસંગોએ પણ નમાજ પઢવામાં આવે છે.

પાંચે નમાજે મૂરતાં ચારે કદમ,
આવા કૂરે છે એ ખુદાનો એ સનમ. કલાપી

૧. જનાજાની નમાજ = મરણ પ્રસંગની પ્રાર્થના.

૨. નમાજ કજા હોવી = વખતસર નમાજ ન પઢવી.

૩. નમાજ ગુજારવી = પ્રભુનાં ગુણગાન ગાવાં; પરમાત્માને સંભારવા.

૪. નમાજ પઢવી = બંદગી કરવી; ભક્તિ કરવી; પ્રાર્થના કરવી; સ્તુતિ કરવી.

નમાજગાહ [સ્ત્રી. નમાજ (પ્રાર્થના) + ગાહ (જગા)] સ્ત્રી. મસ્જિદમાં નમાજ પઢવાની જગા.

નમાજબંદ પું. કુસ્તીનો એક દાવ. દુશ્મનને ઘૂંટણભર પડાડી તેના જમણા હાથને દબાવી ડાબા પગ નીચે દબાવવો અને બીજો હાથ મરડી પકડી તેના જમણા હાથને ખેંચો મૂકી ઉઠાવવો એટલે ચત્તો પડશે.

નમાજી વિ. સ્ત્રી. નમાજ પઢતી વખતે પાથરવામાં આવતું વસ્ત્ર.

૨. [સ્ત્રી. નમાઝી] વિ. બંદગી કરનારું ભક્તિ કરનાર; ઈશ્વરભક્ત નમાજ પઢનાર.

૧. નમાજી કપડાં = નમાજને વખતે પહેરવામાં આવતાં અપવિત્ર નહિ થયેલાં લૂગડાં.

૨. નમાજી કરવી = પવિત્રતા સંપાદન કરવી; પાક થવું.

૩. નમાજી જનાજી = મુસલમાનોની કોમ કરતી વખતની દુઆ.

નમાજે જુમા [સ્ત્રી. નમાજ (પ્રાર્થના) + અ. જુમા (શુક્રવાર)] સ્ત્રી. શુક્રવારની નમાજ.

નમાઝ જુઓ નમાજ.

નમાઝગાહ જુઓ નમાજગાહ.

નમાઝી જુઓ નમાજી.

નમાઝે જુમા જુઓ નમાજે જુમા.

નમાડવું (નમાડવુ) ૧. સ. ક્રિ. અપમાનિત કરવું.

૨. [સં. નમ્ (નમવું)] સ. ક્રિ. નમાવવું; પગે લગાડવું.

નમાણું ૧. વિ. નિસ્તેજ; ફીકું.

૨. વિ. માન વગરનું.

નમાનું ૧. વિ. નિર્માની; માન વગરનું; ગર્વ રહિત.

૨. વિ. વિનમ્ર; મરીજ.

નમાબાપું વિ. માબાપ વગરનું; અનાથ.

નમામ [ગુ.] પું. કાળી તુલસીનો છોડ.

નમાયલું ૧. વિ. નમાયું હોય એવું; નમેલું.

૨ વિ. નમ્ર; રાંક; દીન.

૩. વિ. નિરાશ; નિરુત્સાહી.

૪. વિ. મા વગરનું.

નમાયલા ન બાપલા બની રહ્યુ સમર્પિને. પ્રેમાનંદ

નમાયું ૧. વિ. નમ્ર; શાંત.

૨. [સં. ન (નહિ) + માતૃ (માતા)] વિ. મા વગરનું; માતા રહિત.

૩ વિ રાંક; દીન.

નમાર [સં. નીવાર] પું. ઝેની પેઠે ઊગેલી ડાંગના ચોખા; નીવાર; સામો; વેવાત; ખેતર વિના ઊગેલી ડાંગર.

નામડાના નમાર, નહિ સમજે ચોખા ને નમાર. કૌમુદી

નમારમૂંડું ૧. વિ. ક્રમબદ્ધ વગરનું; નવરું; કોઈ પણ ઉદ્યમે નહિ વળગેલું; કુમારનો નિભાડો મૂકનાર એટલે માટલા ઉપર માટી ચોપડી તે અગ્નિથી ઉભાડવાનો મહાવરો કરનાર એવું નવરું.

૨. વિ. જેને અમળપાળ્યા કોઈ સરસંબંધ કે અવલારની ચિંતા રહેતી ન હોય તેવું; એકલપાયું; કુટુંબ પરિવાર વગરનું.

નમૂના

૩. વિ. રંકુશ; સ્વચ્છંદી.

૪. વિ. ઢમાળા મૂકનારું; જા હલ્લામત શીખતા.

નમાલ 'રે માલ વગરનું.

નમાલમૂંડું જુઓ નમારમૂંડું.

નમાલું ૧. વિ. કંઈ કામનું નહિ એવું; નકામું.

૨. વિ. કીમત વિનાનું; કોડીનું.

૩. વિ. બળ વગરનું; કમજોર.

૪. [સં. નિર્માલ્ય] વિ. માલ વગરનું; સત્ત્વહીન.

'વું ૧. સ. ક્રિ. ઊંચી સ્થિતિમાંથી નીચી સ્થિતિમાં લાવવું; નમાડવું.

૨. સ. ક્રિ. તાબે કરવું; વશ કરવું; અધીન કરવું.

૩. સ. ક્રિ. નીચું કરવું, જમીન તરફ વાળવું; ઝુકાવવું.

૪. સ. ક્રિ. હલકું પાડવું; ઊતારી નાખવું.

નમારામ [ફા.] સ્ત્રી. સાંજની દુઆ.

નમિ [સં.] પું. (જૈન) ચાલુ અવસર્પિણી કાળના એ નામના એકવીશમા તીર્થંકર. તેમની જન્મભૂમિ મિથિલામાં હતી. તે વિદેહ દેશના હોવાથી નમિવિદેહી કહેવાય છે. તેમના પિતા વિજય રાજા ને માતા વિપ્રા રાણી હતાં. પ્રભુ ગર્ભે આવ્યા પછી રાજાના શત્રુઓએ ચઢી આવી નગરના કિલ્લાને ઘેરી લીધો. રાજા ભડ હતો, પણ રાણીએ કિલ્લા ઉપર ચઢી શત્રુઓને વાંકી નજરે જોયા. રાણીનું તેજ તેઓ ન ખમી શકયા તેથી પાસે આવી નમીને કહ્યું કે, અમારા ઉપર સૌમ્ય દૃષ્ટિ કરો. રાણીએ તેમ કરતાં શત્રુઓ રાણીને પગે લાગી આજ્ઞા માગી પોતપોતાને ગામ ગયા. આ ગર્ભનો પ્રભાવ જાણી પ્રભુનું નામ નમિ રાખ્યું. તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય હતું. તેમાં અઢી હજાર વર્ષ કુંવરપણે રહ્યા, સાડાપાંચ હજાર વર્ષ રાજ્ય પાળ્યું, એમ નવ હજાર વર્ષ ગૃહવાસમાં રહી એક હજાર વર્ષ પ્રવ્રજ્યા પાળી. પ્રવ્રજ્યા લીધા પછી નવ મહિને કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચાર તીર્થ સ્થાપી તીર્થંકર નામ કર્મ ભોગવ્યા પછી એક હજાર સાધુ સમાધિ ને સમેતશિખર નિર્વાણ પામ્યા.

નમિજિન જુઓ નમિ.

નમિત ૧. વ. આપેલી મર્યાદાથી નીચું સ્થાન.

૨. વિ. ઝીણું; બારીક.

૩. વિ. ઝૂકેલું.

૪. વિ. દુઃખ ભરેલું; કરુણ.

પશ્ચિમ તરફ ત્યાં સંધ્યાનું, પડ્યું નમિત કરુણ, વાતાવ

૫. [સં. નમ્ (નમવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. નમાવેલું; નમ્ર કરેલું.

૬. વિ. નમ્ર; વિનયી.

નમિનાથ જુઓ નમિ.

નમિયાપ્રિય વિ. નમેલું; ઢાળવાળું.

નમિયાપ્રિય જગ્યા = ખાડો; ગોબો.

નમિયાપરા ૧. સ્ત્રી કુંભારની એ નામની એક જાટક.

૨. વ. એ નામની જાટકનું માણસ.

૩. વિ. એ નામની જાટકનું.

નમિર [અ.] પું. ચિત્તો.

નમિલ [અ.] વિ. ચાલાક; ચબરાક.

નમિવિદેહી જુઓ નમિ.

નમિસ [ફા. નમિરહ] સ્ત્રી. ખાસ તૈયાર કરેલું કપડું એક જાતનું રૂંવાટ. તે ઠંડીમાં ચામડાં આવે છે. પ્રથમ કપડાને ઊકાળી તેમાં સાબરા, પ્રવાળની, કેસર વગેરે નાખી આખી રાત ચામડામાં રાખી પ્રહારમાં રવૈયાથી મથી રૂંવાટ કાઢવામાં આવે છે.

નમી ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. [ફા.] સ્ત્રી. ભેજ; ભીનાશ; આર્દ્રતા.

નમુચિ ૧. પું. આર્ય સોળો પંજાબમાં આવ્યા ત્યારે ત્યાં રહેતા અનાર્ય લોકોનો એ નામનો એક સરદાર.

૨. [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર. તે શુભ નિશુંભનો નાનો ભાઈ હતો.

૩. પું. એ નામનો એક ઋષિ.

૪. પું. (પુરાણ) એ નામનો એક દાનવ. તે વિપ્રચિત્તિ નામના દાનવનો પુત્ર હતો. તે પહેલા તો ઇંદ્રનો મિત્ર હતો છેટે તેની આજ્ઞા ઝીલવા પ્રતિજ્ઞા કરી હતી કે, હું તને દિવસે નહિ મારું, રાતના નહિ મારું, સૂકા અજાથી નહિ મારું, ભીના અજાથી નહિ મારું. પણ પછી તેણે તેનું બળ હરી લીધું હતું. સરસ્વતી અને અશ્વિનીકુમારો પાસેથી ઇંદ્રે સમુદ્રનો ફીણ સરખું એક વજ્રાસ્ત્ર બનાવ્યું હતું. સંધ્યા સમયે તેને મારી નાખ્યો હતો.

૫. પું. કંસનો ભાઈ દેવકનો.

૬. પું. (પુરાણ) ઉત્તરકુરુ દિશામાં રહેનાર એ નામના એક ઋષિ.

૭. પું. (પુરાણ) રુરુપુત્ર એક દાનવ.

૮. પું. દાનવોનો એ નામનો એક શિલ્પી.

નમુચિદ્વિષ ૧. [સં. નમુચિદ્વિષ્] પું. ઇંદ્ર.

૨. વિ. નમુચિનો દ્વેષ કરનાર.

નમુચિરાતુ [સં.] પું. ઇંદ્ર.

નમુચિસૂદન [સં.] પું. નમુચિ દૈત્યને મારનાર ઇંદ્ર.

નમુચિહા [સં. નમુચિહન્] પું. ઇંદ્ર.

નમુર [સં.] પું. નમુચિ નામનો અસુર.

નમૂરિ વિ. અમૂલ્ય; કીમતી; નમૂલતી.

નમૂરી [સં. ન (નહિ) + મૂલ (મૂળ)] સ્ત્રી. (વનસ્પતિ) મૂળ ન દેખાય એવી ગાંઠ.

નમૂલિયું ૧. વિ. બાતલું; નામરદ.

૨. વિ. મૂળ રહિત; શરૂઆતથી જેને મૂળે આધી જ ન હોય તેવું.

૩. વિ. મૂળ વિનાનું; મૂળ ઓહાયેલ.

૪. વિ. બાજ હોય જ નહિ એવું; બેઅસ્લ.

નમૂળિયું (નમડિયું) વિ. મૂળી વિનાનું.

નમૂશ ૧. [ફા.] સ્ત્રી. અનુકમણિકા; સૂચકાંક.

૨. સ્ત્રી. કરજનો બોજો.

૩. સ્ત્રી. દેખાવ; ઝમકો.

૪. સ્ત્રી. પલેલું પાતુ.

૫. સ્ત્રી. બદનામી.

નમૂશ કરવું = (૧) બદનામી કરવી; જાહેર કરવું; પ્રગટ કરવું; બતાવવું. (૨) બદનામી કરવી.

૬. સ્ત્રી. ભોમિયો.

૭. વિ. જાહેર; દર્શનિક.

૮. વિ. પ્રખ્યાત.

૯. વિ. મુકરર કરેલ.

નમૂહડી (નમૂડી) વિ. સુકાઈ ગયેલ.

નમૂદાર ૧. [ફા.] પું. અનુક્રમણિકા.

૨. [ફા. નમૂદન (બતાવવું)] પું. બાહ્યનો નમૂનો.

૩. [ફા.] વિ. પ્રખ્યાત; દરજ્જેદાર; ઉક્તિ થયેલું.

૪. વિ. પ્રખ્યાત.

નમૂદારી ૧. સ્ત્રી. જમીનની બરોબરી આપણી કર્યા વિના ખેડૂતથી અપાયેલ બદલો.

૨. [ફા.] સ્ત્રી. જાહેરાત; પ્રસિદ્ધિ; પ્રખ્યાતિ.

૩. સ્ત્રી. દેખાવ; શોભા.

નમૂદિયા ૧. [હિં.] વિ. બતાવ કરનાર.

૨. વિ. બતાવવાની ટેવવાળું.

નમૂદી સ્ત્રી. શોકનું; ઉધાર નહિ એવું.

નમૂના ૧. [હિં.] પું. બાદશો.

૨. પું. ઓનું; ઢરબો.

૩. પું. જોવાથી તેના જેવી બીજી વસ્તુઓનાં સ્વરૂપ, મૂલ્ય વગેરેનું જ્ઞાન થાય તેવી વસ્તુ. જેમકે, નમૂનાનું ચાન, નમૂનાની ટોપી.

૪. પું. જોને જોઈને તે પ્રમાણે બીજી વસ્તુ બનાવવામાં આવે તે ચીજ.

૫. [ફા.] પું. બાનગી. જેમકે, ચાવલનો નમૂનો.

નમૂનાદાર ૧. [ફા.] વિ. આદર્શરૂપ; દાખલો લેવા જેવું; નમૂનારૂપ.

૨. વિ. સુંદર; સુશોભિત; ઉત્તમ.

નમૂનાપુલાવ કું. એક જાતની આદાની વાની. તે બનાવવા શેર ચોખા, બે માસા તજ, બે માસા મરી, સાડાત્રણ તોલા શીંદ્, દોઢપાશેર ઘી, બે માસા લવિંગ, બે માસા એલચી, નવટાક કાંદા, રોઢ તોલો આદુ, દશ તોલા બધી જાતનાં દાળ લેવાં. પહેલા દાળને પલાળી, તે પલળે એટલે તેને કાઢી લઈ તેમાં શીંદ્, આદાનો કૂટો અને કાંદાની કચુંબર જેવાં કરી એક બોઘરણામાં તળો કરી તે ઉપર મસાલો વગેરે નાખવો. પછી ચોખાને અધકચરા બોઝવી તેના ઉપર દાળ નાખવી. પછી તેમાં ઘી નાખી પા કલાક સુધી ભાત રેવા. પછી વાસણ ચૂલા ઉપરથી નીચે ઉતારી અંગારા ઉપર મૂકી તેને દમ દેવો.

નમૂનેદાર જુઓ નમૂનાદાર.

નમૂનો ૧. [ફા. નમૂના (નકલ)] કું. અનુકરણ કરવા જેવી આકૃતિ; આદર્શ, અનુકરણીય વસ્તુ

૨. કું. અસલ પ્રત; મૂળ નકલ.

૩. કું. ઉત્તમ પ્રકારની વસ્તુ.

૪. કું. એકસરખી આકૃતિ, ગુણ અને જાતવાળી વસ્તુના સમૂહ માટેનું એકાદ; વાનગી. તેના ઉપરથી આખા સમૂહનું સ્વરૂપ સમજાય છે. નમૂનો રાખી મુકવામાં આવે છે અને વાનગી વાપરી દેવામાં આવે છે. વાનગી અમુકજ આવાના પદાર્થની હોય છે. નમૂનો ગમે તે પદાર્થનો હોય છે.

૫. કું. ઓડું; ફરમો; બીબું; ઘાટ.

૬. કું. તરેહ; જાત.

૭. કું. દાખલો, દૃષ્ટાંત; ઉદાહરણ.

નમૂનોનિશાની સ્ત્રી. કોર્ટ સભાસદના સમર્થનમાં એ સભાસદને અંતે જોડેલા નમૂનાના સહીઓ પૈકીનો કોર્ટ એક; પુરાવા પેટે આપેલું પરિશિષ્ટ; અમુક અનુક્રમાંકવાળો નમૂનો.

નમૂલતી વિ. અમૂલ્ય; કીમતી.

નમૂલિયું ૧. વિ. મૂલ વગરનું; નિર્મૂલ્ય.

નિષ્ફળતા નમૂલિયાની અંતે ઠરે નહિ ટેક. નિષ્ફળ.નંદ

૨. વિ. મૂળ વગરનું.

નમૂળિયું વિ. મૂળ વગરનું.

નમેજિયું ન. રાંધવા વખતે પહેરવાનું અલોટિયું.

નમેરજ વિ. સ્ત્રી. માણ વિનાની; દયા વગરની.

નમેરાઈ સ્ત્રી. નમેરો હોવું તે.

નમેરી જુઓ નમેરું.

નમેરું ૧. કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ, રગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.

ગા ના ૨ મળી રચ્યા નમેરું. પિંગળ

૨. [સં-] કું. રાક્ષસનું વૃક્ષ.

૩. કું. સુરપુન્નાગ વૃક્ષ.

૪. વિ. નિર્દય, દયા વગરનું.

નમેરું [સં. નિર્મર્યાદ (મર્યાદા વગરનું)] વિ. મહેર વગરનું; દયા રહિત; નિર્દય; ખાતરી; ફેર.

આ નમેરી નાર, ભોળવે પિયુને ઘાતે,
આ ભુજથી કરે બન્ધ, બાર ઘમે દિલ ખાતે.
નરસિંહ

નમેરૂ જુઓ નમેરું ૨–૩.

નમેશ્વર કું. એક જાતનો રોગ. કંઈ તેવું રૂપ બતાવે છે.

નમેસ કું. એક જાતનું ઝીંજવું.

નમો [સં. નમસ્] અ. નમસ્કાર હો; નમન હો; નમ .

નમોકારો કું. (જૈન) પ્રણામ; નમસ્કાર.

એસો પંચ નમોકારો, સબ્બ પાવ પણાસણો.
જૈનસ્તુતિ

નમોક્કાર કું. (જૈન) નમસ્કાર. જૈનમાં તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીને કરવાના નમસ્કારને માટે આ શબ્દ રૂઢ છે.

નમોગુરુ ૧. [સં.] કું. ગુરુને આચાર્ય.

૨. કું. બ્રાહ્મણ.

નમોજ જુઓ નમન.

નમોત્થુણં ૧. ન. (જૈન) એ શબ્દથી શરૂ થતો સંસ્કૃત પ્રકારના વંદનનો સૂત્રપાઠ. વ્રતાદિક ધારણ કરતી વખતે આ પાઠ બોલી નમસ્કાર કરાય છે.

૨. ન. (જૈન) સ્તુતિ સાથ નમસ્કાર; સંસ્કૃત પ્રકારનું વંદન.

કરી નમોત્થુણં ધરે હવે ધ્યાન,
ઉપાડ્યો હસ્તના સહકાર પણ.
સમરાદિત્યકથા

નમોત્થુણં જુઓ નમોત્થુણં.

નમોનમઃ ૧. [સં. નમસ્ + નમસ્] અ. અનેક વાર નમસ્કાર.

ધારવાને કીર્તિ નમોનમઃ હો.
બોટાદકસ્મ

૨. ન. નમન, નમન જેવા વેદાદિકને નમસ્કાર કરતાં ઉચ્ચારવાનો ઉદ્ગાર.

નમો નારાયણ અ. હિંદુ ધર્મ પાળનારાઓનો એકબીજાને પ્રણામ કરતી વખતનો એક ઉદ્ગાર.

નમોરહું (નમોરહં) વિ. બળહીન; બળ વિનાનું.

નમોરમૂંડું [નિમાળા (વાણ) + મૂંડવું (હજામત કરવી)] વિ. આળસુ; બેકાર; કાર્ય પણ પ્રયો ન કરતું; નમારમૂંડું.

નમોલું [સં. નિર્મલ્ય] વિ. મૂલ્ય વિનાનું; નકામું.

નમોચ્ચાર ૧. [સં. નમોચ્ચાર] કું. નમસ્કારવચન; નમસ્કાર બોલવા તે

૨. વિ. નમસ્કારને માટે કહેવા યોગ્ય.

નમોડુધ [સં. નમોદધ્] કું. યજ્ઞ.

નમોસકે ૧. ક્રિ. વિ. ઉદાસ; ચિંતામગ્ન.

૨. વિ. દેખાવ વગરનું; કદરૂપું.

નમ્રાગ્ર [સં.] કું. ગુનો મૂકનાર.

નમ્રીઓ કું. (બા. પ્ર.) તમ્રો.

કાંય કાંઈ લોભર લટકાદિ,
નમ્રીઓ નારાજ વિષાદિ. લાવણ્યસમય

નમ્ય ૧. [સં.] વિ. નમવા યોગ્ય; નમનને લાયક; પૂજ્ય; માન આપવા જેવું.

૨. વિ. નવા નવા ઘાટો બનાવવા લાયક તેવું; આકારદક્ષ; વાળી શકાય તેવું

નમ્યતા ૧. [સં. નમ્ય (વાળી શકાય એવું) + તા (પણું)] સ્ત્રી. તારને વાળીને તાર કાઢી શકાય એવો ગુણ; તાંતણતા.

૨. સ્ત્રી. નમન કરવા યોગ્ય હોવાપણું.

નમ્યું ૧. [સં. નમિત, અપ. નમિય] ન. નમી પડવું તે; નમવાની ક્રિયા; નતિ.

૨. ન. પાછા પડવું તે; હાર કબૂલ કરવી તે.

નમ્યું આપવું = (૧) યોગ્ય વર્તન કરતાં વધુ આપવું. (૨) વશ થવું; તાબે થવું.

૩. વિ. નમવું; નમેલું.

નમ્ર ૧. વિ. ગરીબ; રાંક.

૨. વિ. ઢીલું. નરમ; પોચું.

૩. વિ. તાબેદાર; આજ્ઞાંકિત; કહ્યામાં.

૪. [સં. નમ્ (નમવું)] વિ. નમન કરવાવાળું.

૫. વિ. નમેલું; નત.

૬. વિ. નીચું વળેલું; જમીન તરફ ઢળતું.

૭. વિ. વિનયી; વિવેકી.

૮. વિ. જ્ઞાત.

નમ્રક ૧. [સં.] કું. નેતર; વેતસ વૃક્ષ.

૨. જુઓ નમ્ર.

નમ્રતમ [સં. નમ્ર (જ્ઞાત) + તમ (શ્રેષ્ઠતાવાચક પ્રત્યય)] વિ. સૌથી વધારે નમ્ર; અતિશય નમ્ર.

નમ્રતા ૧. [સં. નમ્ર + તા (પણું)] સ્ત્રી આજ્ઞાંકિતપણું; અધીનતા; તાબેદારી.
૨. સ્ત્રી. નમેલપણું. નમ્રપણું
૩. સ્ત્રી નરમાશ; નરમપણું.
૪. સ્ત્રી. વિવેક; વિનય.
૫. સ્ત્રી. શૂન્યતા.
સતોમાં નમ્રતાને સ્થાન આપવું જોઈએ નમ્રતાનો પૂરો અર્થ તો શૂન્યતા છે શૂન્યતાને પહોંચવાને અર્થે મથતો હોય છે. શૂન્યતા એ મોક્ષની સ્થિતિ છે. ગાંધીજી
૬. સ્ત્રી. સાદગી; નરમ સ્વભાવનું હોવાપણું; ગરીબાઈ

નમ્રતાપૂર્વક [સં.] અ. નમ્રતા સહિત; વિનય સાથે

નમ્રત્વ જુઓ નમ્રતા.

નમ્રપણું જુઓ નમ્રતા

નમ્રભાવ [સં. નમ્ (નમવું) + ભાવ (ગુણ)] પું નમવાનો ગુણ; વિનય; નમ્રતા.

નમ્રભાવી વિ. નમવાના ગુણવાળું. નમ્રતાવાળું
એક નમ્રભાવી ગોપીને કૃષ્ણે સાથે લીધેલી તેને પણ અભિમાન થતા કૃષ્ણ વનમાં એકલી મૂકે છે રાસગોપાળ

નમ્રવૃત્તિ સ્ત્રી. વિવેક રાખવાપણું.

નમ્રિકા [સં] સ્ત્રી. નમનારી સ્ત્રી.

નમ્રેડ પુ. દુખની બનની એક જાતની ચાની

નમ્રસંગિયા સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષા. તે ગોન્ડની શાખા છે.

નમ્રેહેરાઈ ૧. સ્ત્રી. નમેલ હોવાપણું.
૨. સ્ત્રી વિશ્વાસઘાત.
દ્રાક્ષીઓના સાકથી ન જિતાયલા નર તે નમ્રેહેરાઈના વજ્રપાતે જિતાઈ ગયા. કેશવ હર્ષદ

નમ્રેહેરું વિ. મહેર વગરનું; દયાહીન.

નય ૧. [ત્રિ] પું. ઉપનય
૨. [સં.] પું. એક જાતનો ભુંગારો.
૩. પું (જૈન) એક વસ્તુના અનેક ધર્મમાંથી એક ધર્મને મુખ્ય અને બીજાને ગૌણ રાખી કરેલ માં આવતો વિચાર; જુદી જુદી અપેક્ષાએ પદાર્થને જોવાની અને સમજવાની દૃષ્ટિ; અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મનો બોધ કરાવનાર અભિપ્રાય; નૈગમ આદિ સાત નય મહેનો કોઈ તે એક, પ્રમાણો દ્વારા નિશ્ચિત કરેલને ગ્રહણ કરવાની વૃત્તિ. વસ્તુના એક દેશ એટલે ભાગને જણાવવાળા જ્ઞાનને નય કહે છે. તેના સાત પ્રકાર: નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. નયના બે પ્રકાર છે: નિશ્ચયનય અને વ્યવહારનય. વસ્તુના કોઈ અંશથી એટલે મૂળ અંશને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહે છે. જેમકે, માટીના ઘડાને માટીનો ઘડો કહેવો. કોઈ નિમિત્તના કારણથી એક પદાર્થને બીજા પદાર્થરૂપે જણાવવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે જેમકે, માટીના ઘડાને ઘીના રહેવાના નિમિત્તથી ઘીનો ઘડો કહેવો.
૪ પું. (ન્યાય) જે સોળ પદાર્થોના જ્ઞાનથી મોક્ષ મેળવાય છે તેમાનો એક પદાર્થ.
૫. પું. ન્યાયપક્ષ.
૬. પું. તત્ત્વજ્ઞાન; વેદાંત.
૭. પું. દાખલો; દૃષ્ટાંત.
૮. પું. દર્શનિક સિદ્ધાંત.
૯ [સં. ની (દોરવું)] પું. દોરનાર; નેતા.
૧૦. પું. ન્યાય; નીતિ.
૧૧ પું. પદાર્થને સમજવાની દૃષ્ટિ; વસ્તુની પરીક્ષાપદ્ધતિ.
૧૨. પું. મતઃ દૃષ્ટિ; અપેક્ષા.
૧૩ પું. રાજનીતિ.
નય એટલે રાજનીતિ અને તેથી બનતું તે અનય. પુરાતત્ત્વ
૧૪. પું. વિનય.
૧૫. પું. ત્રિપિ.
૧૬. પું. વિનય; વિવેક; નમ્રતા.
૧૭. પું. વિષ્ણુ, કેમકે તે સર્વને નિયમમાં રાખે છે.
૧૮. પું. સદ્વર્તન.
૧૯ પું. સન્માર્ગ.
૨૦. [સં નદ] સ્ત્રી. નદી.
૨૧. [ફા.] સ્ત્રી. નળી.
૨૨. સ્ત્રી. ભંમરી.
૨૩. વ. ગુપ્તાચાર્યે રચેલ એ નામનું રાજ્ય.
૨૪. વિ. દોરનાર
૨૫. વિ નીતિવાળું.
૨૬. વિ. થઈ જનાર.

નયચક્રગતિ જુઓ નૈગમંત.

નયજ્ઞ ૧. [સં.] વિ. નીતિકુશળ.
૨. વિ. રાજનીતિમાં પ્રવીણ.

નયનકટારી ૧. [સં. નૃત્યકારી] પું. નાચનારાઓના દળનો નાયક.
૨. પું. નૃત્ય કરનાર માણસ; નાચણિયો.

નયનકોવિદ [સં. નય (રાજનીતિ) + કોવિદ (પંડિત)] પું. રાજનીતિજ્ઞ.

નયનગતિ સ્ત્રી. (જૈન) નૈગમ આદિ નયોએ પોતપોતાનો મતનું પોષણ કે સ્થાપન કરવું તે; પરસ્પર સાપેક્ષ સર્વ નયોથી પ્રમાણને બાધ ન આવે એવી રીતે વસ્તુનું અવસ્થાપન કરવું તે.

નયચક્ષુ [સં. નયચક્ષુસ્] પું. રાજનીતિ પ્રમાણે ચાલનાર.

નયજ્ઞ [સં. નય + જ્ઞ (જાણનાર)] વિ. નય જાણનાર.

નયણું (નય્ણું) ન. ચીબરાં, ચણા વગેરેનું રાંધ્યાનું નાનું ફળ.

નયણિયો પું. ચણા ઉપરનો બ્રહ્મ ઉપમેલ દેખાતો ભાગ

નયણ [સં. નયન] ન. આંખ.

નયણું ૧. [સં. નયન] ન. આંખ.
૨ વિ. ઉપવાસી.
૩. વિ. એકલું.
૪. વિ. કંઈ પણ આધું ન હોય એવું; સવારના વખતમાં જમ્યા વગરની સ્થિતિવાળું; નરવું. ભૂખ્યું.
ઓલી રાતણ જે કરે નયણાં હરડે ખાય;
દૂધે ધાણ જે કરે, તે ઘર વૈદ ન જાય.
લોકોક્તિ

નયણે જુઓ નયણું.

નયત [અ. નૈત] સ્ત્રી. દાનત.
નયતની નિગહેબાન જે ઔરી આ. અજ્ઞાત

નયધરવંશ પું. નીતિવાળા કુળનો પુરુષ.

નયન ૧. સ્ત્રી. એક જાતની બાજરી.
૨. [સં. નય્ (દોરવું) + અન (નાર); પ્રા. નયણ; અપ. નેણ] ન. આંખ; નેત્ર; ચક્ષુ. આપણ તેનાથી દોરાય છે.
૩. ન. જાણવું તે.
૪. ન. મોળીબંધન. તેનાથી બાલ કરતી વખતે ઉંને મોળી સાથે બાંધવામાં આવે છે. તે સૂતરનું બાંધ છે.
૫. ન. (જૈન) જ્ઞાન; નિશ્ચય.
૬. ન. દોરવું તે; પહોંચાડવું તે.
૭. ન. નિયમ.
૮. ન. નેણ.
૯. ન. પમાડવું તે; પ્રાપ્ત કરાવવું તે.
૧૦. ન. પહોંચાડવું તે.
૧૧. ન. બંધારણ.
૧૨. ન. બે સૂચક સાંકેતિક શબ્દ.
૧૩. ન. વર્ષ જવું તે.
૧૪. ન. સમય કાઢવો તે.
૧૫. વિ દોરનાર; માર્ગ દર્શાવનાર.

નયનઔષધ [સં. નયન (આંખ) + ઔષધ (દવા)] ન. આંખની દવા.

નયનકલ્લોલ [સં. નયન (આંખ) + કલ્લોલ (મોજું)] ન. ન. ન. નયનમાંથી ઊછળતાં આનંદનાં મોજાં; નેત્રહર્ષણ.

નયનકુસુમ [સં. નયન (આંખ) + કુસુમ (ફૂલ)] ન. નેત્રકમળ; નેત્રરૂપી ફૂલ.

નયનખંજર ન. આંખરૂપી ખંજર; કટાક્ષ આંખ.

નયનખેલન [સં. નયન (આંખ) + ખેલન (ખેલવું તે)] ન. નયનનું ખેલવું તે; નયનનૃત્ય.

નયનગોચર [સં. નયન (આંખ) + ગોચર (ઇંદ્રિયનો વિષય)] વિ. દેખાય એવું; સમજ્ય. દગ્ગોચર; દૃષ્ટિગોચર

નયનચાપલ્ય [સં. નયન (આંખ) + ચાપલ્ય (ચપળતા)] ન. આંખનું ચપળપણું

નયનચ્છદ [સં. નયન (આંખ) + છદ (ઢાંકણ)] પું. આંખનું પોપચું

નયનતારલો પું. આંખની કીકી સમાન વહાલો પુરુષ.

> અગો સ્નેહે સિધારો **નયનતારલા** રે લોલ,
> કહે અર્જુ વિજય વરમાળ લે.
> ગુણસુંદરીનો રાસ

નયનદોર [સં. નયન (આંખ) + દોર (દોરડી)] પું. આંખરૂપી દોરી, નેત્રનો મોહપાશ.

નયનનલિન [સં. નયન (આંખ) + નલિન (કમળ)] ન. નેત્રકમળ.

નયનનીલોત્પલ [સં. નયન (આંખ) + નીલ (ભૂરું) + ઉત્પલ (કમળ)] ન. આંખરૂપ ભૂરું કમળ.

> મોહ કેર અર્પતાં તીર કટપૈના
> **નયનનીલોત્પલો** આજે. ગીતસંવિદ

નયનનૃત્ય [સં. નયન (આંખ) + નૃત્ય (નાચ)] ન. આંખનું હલનચલનરૂપ કાયારત.

નયનપક્ષ [સં.] પું. આંખની પાંપણ.

નયનપથ [સં. નયન (આંખ) + પથ (માર્ગ)] પું. દૃષ્ટિપથ; નયનમાર્ગ; જ્યાં સુધી આંખ જોઈ શકે તે હદ.

નયનપાલી પું. (પિંગળ) અગિયારેય ગતિનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં મગણ, ભગણ, જગણ અને યગણ મળી ચાર, બીજા પાદમાં તગણ, ભગણ, જગણ અને યગણ મળી ચાર, ત્રીજામાં નગણ, ભગણ, જગણ અને યગણ એમ ચાર અને ચોથામાં નગણ, બે જગણ અને યગણ એમ ચાર માત્રા હોય છે.

નયનપ્રસાદ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નિર્મળી.

નયનપ્રાંત [સં.] પું. આંખના ખૂણાનો પ્રદેશ.

નયનબાણ [સં.] ન. નજરરૂપી બાણ.

નયનબુદ્બુદ [સં. નયનબુદ્બુદ] પું. આંખનો ગોળો.

નયનમાર્ગ જુઓ નયનપથ.

નયનયુગલ [સં.] ન. આંખની જોડી.

નયનરચના ૧. [સં. નયન (આંખ) + રચના (બનાવટ)] સ્ત્રી. આંખની બનાવટ.

૨. [સં. નયન (દોરવું તે) + રચના (ગોઠવણ)] સ્ત્રી. પ્રવાહને દોરવાની ગોઠવણ.

નયનરંજક [સં. નયન (આંખ) + રંજક (આનંદ આપનાર)] વિ. આંખને આનંદ આપનારું.

નયનવાન [સં. નયનવત્] વિ. આંખવાળું.

નયનવારિ [સં. નયન (આંખ) + વારિ (પાણી)] ન. આસુ; અશ્રુ.

> દુઃખ કહું આલીને નાર,
> હવે શું કરી **નયનવાર**. પ્રેમાનંદ

નયનવારિ [સં.] ન. આંખમાં આવતું પાણી; આસું; અશ્રુ.

નયનાવરણ ૧. [સં. નયન (આંખ) + વિવરણ (આવરણ)] પું કોઈ પણ દરવ પદાર્થ.

૨. પું. દૃષ્ટિમર્યાદા; ક્ષિતિજ.

૩ પું. ભ્રૂકુટિપ્રદેશ.

નયનવ્યવહાર [સં.] પું. નયનનો વ્યવહાર; આંખનું કામકાજ.

નયનશરાર [સં.] ન. નજરરૂપી બાણ.

નયનશોભાંજના ન. રતાંધળાપણા ઉપર વપરાતું એક જાતનું ઔષધ.

નયનસલિલ [સં. નયન (આંખ) + સલિલ (પાણી)] ન. આંખમાં આવતું પાણી; આસું; અશ્રુ.

નયનસુભગ [સં. નયને (આંખ) + સુભગ (સુંદર)] વિ. આંખને ગમે તેવું; રમણીય.

નયનહારી [સં. નયન (આંખ) + હારિન્ (હરી જનાર)] વિ. નેત્રને મનોહર લાગે એવું; ધ્યાન ખેંચે એવું.

> નયનહારી દીસો મુખ પૂર્વનું. વિકમોર્વશીય

નયના [હિં.] સ્ત્રી. આંખ; નેત્ર; નયન.

નયનાગર [સં. નય (રાજનીતિ) + નાગર (હોશિયાર)] વિ. નીતિનિપુણ; રાજનીતિમાં હોશિયાર; નીતિજ્ઞ.

નયનાધ્યક્ષ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નયનાનંદભાજન [સં.] ન. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

નયનાપાંગ [સં.] પું. કટાક્ષ મારવાનો આંખનો ભાગ.

નયનાભિઘાત પું. આંખનો એક રોગ.

નયનાભિરામ ૧. પું. કપૂર.

૨. [સં. નયન (આંખ) + અભિરામ (મનોહર)] પું. અદ.

૩. વિ. નેત્રને આનંદદાયક; આંખને આનંદ આપે એવું. આંખને ગમે તેવું.

નયનાભિરામત્વ [સં.] ન. આંખને આનંદ આપે એવું હોવાપણું.

> કુસુમિતા શબ્દથી આભરણત્વ અને
> **નયનાભિરામત્વ** સૂચિત છે. બુદ્ધિપ્રકાશ

નયનામૃત ૧. [સં. નયન (આંખ) + અમૃત] ન. (વૈદક) આંખમાં આંજવાની એ નામની એક દવા. તે બનાવવા સીસું શુદ્ધ કરી તેને અગ્નિ ઉપર તપાવતાં તે પાતળું થાય ત્યારે તેની અંદર તેટલો જ શુદ્ધ પારો નાખવો. પછી તે બંનેની બરાબર સુરમો નાખી ખૂબ હલાવવું. બરાબર ચણેનું ચૂર્ણ મળી જાય ત્યારે ચણેનાં સમાન ચૂર્ણથી દશમા ભાગનો ભીમસેની કપૂર નાખી તે સઘળાને ખૂબ ખરલ કરવાં.

૨. ન. આંખમાંથી ઝરતું ઝરોખું અમૃત. કોઈ મીઠી નજર કરે ત્યારે કવિ તેની આંખમાંથી અમૃત ઝરતું કહે છે.

૩. ન. કૃપાદૃષ્ટિ; પ્રેમદૃષ્ટિ.

નયનામોષી ૧. [સં. નયન (આંખ) + આમુષ્ (ચોરવું)] વિ. કોળાનું ઢાંકણું ચોરનાર. ૨ [સં નયનમોષિન્] વિ નજર કરી લેનાર; નજર ચોરનાર.

નયનાં [સં. નયનાનિ; અપ. નયણાઈ] ન. બ. વ. આંખો. નપુંસકના બહુવચનનો પ્રત્યય આં હાલ ચરોતરમાં વપરાય છે. જેમકે, ઘરાં; રાયણાં

> ખિલ ખિલતા કર દેઉ કપોલ,
> નીર ઝરિ નયનાં અતિ લોલ. જ્ઞાનસુ

નયનાંગ ૧. [સં.] ન. આંખનો ખૂણો.

૨. ન. નેત્રનું કટાક્ષ.

નયનાબ્બુ [સં. નયન (આંખ) + અબ્બુ (પાણી)] ન. આસુ.

> આવ્યા ત્યાં અમ બંધુઓ મસમસ્યા ઊભા થઈ ઊઠ્યા,
> આતાઓ **નયનાંબુ**એ ઊંજવતા હા.મી અને વત્સલા.
> પ્રતિમા નાટક

નયની ૧. [સં.] સ્ત્રી. આંખની કીકી; આંખની પુતળી

૨. વિ સ્ત્રી. આંખવાળી. આ અર્થમાં આ શબ્દ સમાસમાં વપરાય છે. જેમકે, મૃગનયની; કમલનયની.

નયનું ૧. ન. એક પ્રકારનું મલમલ. તેના ઉપર સફેદ સૂતરની બુટ્ટીઓ બનાવેલી હોય છે.

૨. [સં. નવનીત] ન. (હિંદી) માખણ.

નયનોત્સવ ૧. પું. ઇચ્છિત વસ્તુ.
૨. પું કોઈ સુંદર વસ્તુ.
૩. પું. દીવો.
૪. [સં. નયન (આંખ) + ઉત્સવ] વિ. આંખને ઉત્સવરૂપ; નેત્રને પ્રિય.

નયનોપાંગ ૧. [સં.] ન. આંખનો ખૂણો.
૨. ન. નેત્રનું કટાક્ષ.

નયનોપાંત પું. નેત્રકોણ; આંખનો ખૂણો.

નયનૌષધ [સં. નયન + ઔષધ (દવા)] ન. હીરાકસી.

નયનૌષધિ જુઓ નયનૌષધ

નયનૌષધી જુઓ નયનૌષધ.

નયપીડી [સં.] સ્ત્રી. સુથાર ખેતરાનો પટ.

નયપીડી (નયપીઢ) [સં.] સ્ત્રી. સોનાર, કંસારનું વગેરે ખેતરાનો પટ.

નયપ્રયોગ [સં.] પું. નીતિની યોજના; રાજનીતિ ચલાવવી તે.

નયમાલિની પું (વિષમ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વનમાલિકા; નવમાલિતી; નવમાલિકા; નવમાલતી. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, જગણ અને યગણ મળી બાર વર્ણ હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.
વસુ નયમાલિની ન જ ભેષી. ઇન્દ્રવિજય

નયર ન. (જૂ. ગુ.) નગર; શહેર.
નગરને બદલે નયર એ શબ્દ પ્રાચીન પુસ્તકોમાં વપરાયેલો જોવામાં આવે છે.
મ. સા. પરિષદ

નયરંગી ૧. [સં.] સ્ત્રી. અસ્થિરપણું; ચંચળતા.
૨. સ્ત્રી. ઊતરપિંડી.

નયરિ સ્ત્રી. નગરી; શહેર.
ઇણિ પરિ નયર અનેકના સંપ મિલ્યા સુવિચાર.
જૈન કાવ્યસંચય

નયરી જુઓ નયરિ

નયવત ન. રાજનીતિ.
વિચારીને ચાલે નયવત રહે નિષ્કપ મને.
કેશવ હર્ષદ

નયવર્મા ૧. [સં. નયવર્મન્] ન. નીતિમાર્ગ.
૨. ન. સર્વવિરતિસાધિક છ ગુણો.

નયવાદ પું (જૈન) અપેક્ષાવાદ; પરસ્પર વિરોધી દેખાતા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર; વિચારોની મીમાંસા. નયવાદની ટૂંકામાં આપ્યા એમ આપી શકાય કે, વિરોધી દેખાતા વિચારોના વસ્તુતઃ અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેવા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર. દાખલા તરીકે એક આત્માના જ વિષયમાં પરસ્પર વિરોધી મંતવ્યો અપે છે. કોઈ આત્મા એક છે એવું કથન છે તો કોઈ અનેક છે એવું કથન છે. એકપણું અને અનેકપણું પરસ્પર વિરોધી દેખાય છે. એવી સ્થિતિમાં આ વિરોધ વાસ્તવિક છે કે નહિ અને જો વાસ્તવિક ન હોય તો તેની સંગતિ શી છે? એ જોવા નયવાદે કરી એવો સમન્વય કર્યો છે કે, અસ્તિની દૃષ્ટિએ આત્મતત્ત્વ અનેક છે, પણ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિએ તે એક છે. આવા અવિરોધનું મૂળ વિચારકની દૃષ્ટિ અથવા તાત્પર્યમાં રહેલું હોય છે. એ દૃષ્ટિને અપેક્ષા નામથી ઓળખવામાં આવે છે, તેથી નયવાદ અપેક્ષાવાદ પણ કહેવાય છે.

નયવાદી [સં. નયવાદિન્] પું મુત્સદ્દી.

નયવાન ૧. [સં. નયવત્] વિ. નીતિવાળું; નીતિમાન.
૨. વિ. રાજનીતિવાળું.

નયવિદ [સં. નયવિદ્] પું. મુત્સદ્દી.

નયવિજય પું. નાગર કુળનો એ નામનો એક કવિ. તે સંવત ૧૬૭૨ના અરસામાં થઈ ગયો.

નયવિશારદ [સં.] વિ. નીતિકુશળ.

નયવ્યવહાર [સં.] પું. રાજનીતિ; રાજપ્રપંચ; મુત્સદ્દીગીરી.

નયશાસ્ત્ર ૧. [સં. નય + શાસ્ત્ર (વિદ્યા)] ન. નીતિશાસ્ત્ર; રાજદ્વારશાસ્ત્ર.
૨. ન. રાજનીતિશાસ્ત્ર; રાજ્યના નિયમની રચના.

નયશાળી વિ. રાજનીતિમાં કુશળ.
જય જય નયશાળો આર્ય ચાણક્ય.
કેશવ હર્ષદ

નયશીલ ૧. [સં.] વિ. નીતિવાન
૨. વિ. વિનીત; વિવેકી.

નયસિદ્ધિ [સં.] સ્ત્રી. નીતિથી કરાતી કામની સિદ્ધિ.

નયસુજ્ઞ [સં. નય + સુ (સારી રીતે) + જ્ઞ (જાણનાર)] વિ. નયને સારી રીતે જાણનાર.

નયસુંદર પું સતરમા સૈકામાં થઈ ગયેલો એ નામનો એક જૈન કવિ. તેણે નાના મોટા અનેક રાસા લખેલ છે.
જૈન કવિઓ નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસની કૃતિ આ ક્રમમાં આપવું ખાસ ધ્યાન ખેંચશે.
મ. સા. પરિષદ

નયા ૧. સ્ત્રી. નણંદ.
૨. વિ. આવું; અનોખું
૩. [સં. નવ] વિ. (હિંદી) નવું; તાજું; જેનું સંગ્રહન, સૃજન, આવિષ્કાર કે આવિર્ભાવ તાજું થયેલ હોય એવું.
૧. નયા કરવું = (૧) નવું કરવું. (૨) પહેલી વખત ચાખવું. (૩) સૂતકું ખાણી નાખવું.
૨. નયા પુરાણા કરવું = (૧) પુરાણું દૂર કરી તેના સ્થાને નવું રચવું. (૨) પુરાણો હિસાબ સાફ કરી નવો મંડાવવો.
૪ વિ. પહેલાં હતું તેનાથી જુદું
૫. વિ. વિચિત્ર.

નયાગાન પું. ન. બ. આપદ્ધર્મ.

નયાચાંદ [હિં.] પું. બીજનો ચંદ્રમા; બીજનો ચાંદ.

નયાનિકોર [હિં.] સ્ત્રી. એકદમ નવું; તદ્દન નવું.

નયાપન [હિં.] ન. નવું હોવાનો ભાવ; નવીનતા; નૂતનત્વ.

નયાબ્જ પું. એક જાતનો આંબો.

નયાભ્યત [સં. નિયાભ્યત (કોઈની જગ્યાએ ઊભા રહેવું)] સ્ત્રી. મુખત્યારી; કોઈને કોઈના કામ કરવું તે; પ્રતિનિધિત્વ.

નયાભ્યતચેરો પું. શહેર કોટવાળને માટે ઉપરાવવામાં આવતો વેરો.

નયામ [સં.] પું. તરવારનું મયાન; તરવારની ખોળ.

નયાલ ૧. વિ. પુખ્ત.
૨. વિ. પૈસાદાર.
૩. વિ. રાજી; ખુશી.

નયાંગવાવડી (નયાંગવાવઢી) ન. રબ્બરનું ડાંડિયું.

નયી [સં. નય (નીતિ) + ઇન્ (વાળું)] વિ. નીતિવાળું; ધર્માચરણવાળું.
રાજા નયવાન હોય તો પ્રજા નયી થાય છે.
મણિલાલ નભુભાઈ

નયું ૧. ન. આંબળીના નખ પાસેનો ચામડીનો ભાગ.
૨. ન. કાચું નાનું ફળ.
૩. ન. દુંપી.
૪. [હિં. નયા] વિ. નવું.

નયે ૧. [કા.] સ્ત્રી. ખાવો.
૨. સ્ત્રી. ભૂંજણી.
૩. સ્ત્રી. કોકડાની નળી.

નરેનવાભ ૧. પું. એકાએક પૈસાદાર થયેલો માણસ.
૨. પું. નવો શ્રીમંત.

નરેપંજ [ફા.] પું. પાંચ વર્ષ નીચેનો ઘોડો.

નરેશાકર [સં. નર (માંણો) + શાકર (સાકર)] સ્ત્રી. રેવડી.

નરૈત [હિં. નૈના] સ્ત્રી. હોડી.

નરોત્તમવલ [સં. નર (નીતિ) + ઉત્તમવલ (ઊત્તમણું)] વિ. સજ્જના તેજથી પ્રકાશતું.

નરોત્તર ન. એ નામનું એક તંત્રશાસ્ત્ર.

નર ૧. [સં.] પું. અર્જુન. તે નરદેવનો અવતાર મનાય છે.
૨. પું. અશ્વ. ઘોડો
૩. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ ૧૮ લઘુ મળી ૩૩ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.
૪. પું. એ નામનો એક દેવ.
૫. પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે ઋગ્વેદ મંડલનાં ૪૫ તથા ૬૬મા સૂક્ત રચ્યાં છે.
૬. પું. એક જાતનું ઘાસ. તેને રાજકપૂર, રોહિષ, સેંધિપા અને મંધેલ પણ કહે છે.
૭. પું. એક રેચનૌષધિ.
૮. પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તે ૨૭૫૬ ગીતિનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૫ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.
૯. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ૬૬૫૬ છપ્પન જાતનો એક ભેદ છે. તેમાં ૧૩૬ લઘુ અને ૮ ગુરુ મળી ૧૪૪ અક્ષર અને ૧૫૨ માત્રા હોય છે.
૧૦. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ ને ૩૨ લઘુ મળી ચાલીસ વર્ણ અને અડતાલીસ માત્રા હોય છે.
૧૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાસવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૩ ગુરુ અને ૧૮ લઘુ મળી ૫૧ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૧૨. પું. કમાડની સાખમાં બેસાડેલ લોઢાનો એક જાતનો નમૂનો, મિલ્લસરો; બારસાખ કે બારીના ચોકઠા વગેરેમા જડેલા સાંબા ખીલા, બારણાની સાથે જડેલા છિદ્રવાળા ચાપડામાં બેસતા આવે છે તેમાંનો દરેક ખીલો.
૧૩. પું. કામ કરવામાં વખરાતી કળી.
૧૪. પું. કોલુમાં રહેલો આંટાવાળો મજબૂત.
૧૫. પું. ખૂંટો.
૧૬. પું. જય રાક્ષસનો એ નામનો એક પુત્ર.
૧૭. પું. અધિષ્ઠારામાં ફરતો કમાડનો બીજો.
૧૮. પું. (પિંગળ) છપ્પન જાતનો એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦ ગુરુ અને ૧૨ લઘુ મળી ૨૨ અક્ષર અને ૩૨ માત્રા હોય છે.
૧૯. પું. (સંગીત) ડંકાની અંદરનો મોટો ભાગ.
૨૦. પું. (પુરાણ) તામસ મનુનો એ નામનો એક પુત્ર.
૨૧. પું. ધર્મરાજ અને દક્ષ પ્રજાપતિની કન્યાથી ઉત્પન્ન થયેલ એ નામનો એક પૌરાણિક ઋષિ. તે ઈશ્વરનો અવતાર મનાય છે. તે તથા નારાયણ એમ બે ભાઈ હતા.
૨૨. પું. નગારાંની જોડીમાનું એક. તેનું ચામડું જાડું હોવાથી ભારો અવાજ નીકળે છે.
૨૩. પું. (આકરણ) નરજાતિ; પુલ્લિંગ.
૨૪. પું. પરમાત્મા; ઈશ્વર.
૨૫. પું. પશુપંખી વગેરેમા જોને પુરુષાત્મિક હોય તે પ્રાણી.
૨૬. પું. પાણીનો નળ.
૨૭. પું. પુરુષ; મરદ; બાવો.
૧. એક નર ને હજાર કુંજર = માણસ હજારો બોજના ગોથી કાઢે છે.
૨. નર કરે તો નરના નારાયણ થાય = માણસ પ્રયત્ન કરે તે ઈશ્વર જેટલી શક્તિ દર્શાવી શકે.
૩. નર અમર છે = પુરુષ પસંદગી કરવાને સ્વતંત્ર છે, પણ ઓ નહિ.
૪. નર બાંધ્યો = મરદને નપુંસક કરી નાખ્યો.
૫. નરો વા કુંજરો વા = માણસ અથવા હાથી એમે તે કોઈ એક. ઉડાવવાનો જવાબ દેતાં વપરાય છે.
૨૮. પું. જાબન્મનનો એ નામનો એક પુત્ર.
૨૯. પું. મૂંગ કે તજવાનો લોઢ સમાવેશ થાય. તે બાજનો બજાર મોટો હતો હોવાથી નર નામ પડ્યું જણાય છે.
૩૦. પું. વિષ્ણુ. જગતમાં નર અથવા પુરુષરૂપ તે બનાવ છે. વળી માયા અને અજ્ઞાનનો નાશ કરનાર પરાક્રમી પુરુષરૂપ પણ તે જ છે. ભક્તજનોને મોક્ષ આપનાર પણ તે જ છે.
૩૧. પું. સોંસ; ઝાપા વગેરે બાંધવા માટે જમીનમાં ખોદવામાં આવતી ખૂંટી.
૩૨. પું. શિવ; મહાદેવ.
૩૩. પું. શૂરવીર માણસ; પરાક્રમી પુરુષ; મર્દ.
૩૪. પું. ઈતરેજ; સોગાંલાજ.
૩૫. [સં. ન (નહિ) + રમ્ (આનંદ] પું. સુખમાં અથવા ભોગમાં આનંદ ન પામે એવી વ્યક્તિ.
૩૬. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુળના સુકૃતિ રાજાનો પુત્ર. એનું બીજું નામ કેતુપૃંગ હતું.
૩૭. પું. સેવક.
૩૮. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ભરતપુત્ર મન્યુના પાંચ પુત્રોનો એ નામનો ચોથો પુત્ર.
૩૯. પું. (પુરાણ) સ્વારોચિષ મન્વંતરમાંના ઋષિનો એ નામનો એક પુત્ર.
૪૦. વિ. પુરુષ જાતિનું.
૪૧. વિ. પુરુષ સબંધી; માણસનું.
૪૨. વિ. બેડોળ; જબરી.

નરઆમિષ [સં. નર (પુરુષ) + આમિષ (માંસ)] ન. મનુષ્યનું માંસ.

નરઈ ૧. [હિં.] સ્ત્રી. ધઉની ડૂંડી.
૨. સ્ત્રી. ઘાસની પોલી ડાખળી.
૩. સ્ત્રી. જવારાબોનો પાસે થતુ એક પ્રકારનું ઘાસ.

નરઉંદ પું. સાંઢિયો.

નરએલચી સ્ત્રી. જંગલી એલચી; કુદરતમાં આપોઆપ ઉત્પન્ન થતી એલચી.

નરક ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર. તે પૃથ્વીનો પુત્ર હતો. મહાભારત અને વિષ્ણુ પુરાણમાં તે અદિતિનાં રત્ન પ્રાગ્જ્યોતિષ નામના સમૃદ્ધ કિલ્લામાં રહીને સમાનું સમેલ છે. દેવોની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ ત્યાં ગયા અને નરકનો નાશ કરી રત્ન પાછાં મેળવ્યાં. હરિવંશમાં તેના સબંધી જુદી હકીકતો આપી છે કે, પ્રાગ્જ્યોતિષનો રાજા નરક દેવોનો મોટો દુશ્મન હતો. તે હાથીનું રૂપ લઈ વિશ્વકર્માની પુત્રી ઉપાડી ગયો. આ ઉપરાંત દેવોની, ગંધર્વોની અને મનુષ્યોની પુત્રીઓ, અપ્સરાઓ પણ ઉપાડી જતા હાતો. આમ તેને ૧૬,૦૦૦ સ્ત્રીઓ થઈ. તેઓ માટે તેણે સુંદર મહેલ બંધાવ્યા. આ ઉપરાંત તેની પાસે અસંખ્ય રત્ન અને અમાપ દોલત હતી. આવાં અપાર ઐશ્વર્યો ભોગવતો અસુર તેની પહેલા કોઈ થયો હોવાનું જણાયેલ નથી.
૨. પું. (પુરાણ) કલિનો એ નામનો એક પૌત્ર. તે કલિના પુત્ર ભય અને કલિની પુત્રી મૃત્યુના સંયોગથી ઉત્પન્ન થયો હતો અને તે પોતાની બહેન યાતના સાથે પરણ્યો હતો.
૩. પું. નરકાસુર. તેને વિષ્ણુએ માર્યો હતો.
૪. પું. નિકૃતના સંયોગથી ઉત્પન્ન થયેલ અનૃતનો એ નામનો એક પુત્ર.
૫. પું. પાતાળ.

૬. પું. વિપ્રચિત્તિ દાનવનો એ નામનો એક પુત્ર. ૭. ન. ગંદી જગ્યા.
૮. ન. (બૌદ્ધ) ચાર માંહેનો એ નામનો એક જાતનો અપાય.
૯. ન. ચાળીસ સુધ્ધાં સોકોટિક શબ્દ. નરક ૪૦ મનાય છે.
૧૦. ન. દુર્ગંધવાળો અશાન્ત પદાર્થ; એવું; મળ; વિષ્ટા.
૧૧. ન. દુઃખ પડે એવું અત્યંત અશાન્ત સ્થળ; ઘણી પીડાવાળી જગ્યા.
૧૨. ન. નીચ યોનિ.
૧૩. ન. પ્રાણીને તેના મરણ પછી શિક્ષા ભોગવવા માટે રહેવાનું સ્થાન; કોજખ; જહન્નમ; નરકલોક; નરકવાસો; નારકી જીવોને રહેવાનું સ્થાન; પાતકી જનોની સજા સારૂ યમલોકમાં નિર્માણ કરેલ સ્થળ. અનેક પુરાણો તથા ધર્મશાસ્ત્રોમાં નરક સંબંધમાં અનેક મીના મળે છે, પરંતુ તેનાથી અધિક પ્રાચીન ગ્રંથોમાં નરકનો ઉલ્લેખ નથી. એવું અનુમાન છે કે, વૈદિક સમયમાં લોકોમાં નરકની ભાવના નહોતી. પુરાણો વગેરેમાં જણાવેલ ૨૮ નરકોનાં નામ: તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તમૂર્તિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચિમુખ. ભાગવતમાં જણાવ્યું છે કે: નરક પાતાળની નીચે ને ગર્ભાદક નામના જળની ઉપર જે ત્રીસ હજાર યોજનનું અંતર રહ્યું છે ત્યાં આવેલાં છે. પાપી પુરુષ કોઈ કોઈ વાર ઘોર નામના નરકમાં જાય છે, તો કોઈ સુઘોર નામના નરકમાં જાય છે. વળી કોઈ અતિઘોર નરકમાં, તો કોઈ મહાઘોરમાં, કોઈ ઘોરરૂપમાં, કોઈ કરાલમાં, કોઈ વિકરાલમાં, કોઈ કાલરાત્રિમાં, કોઈ મહાકાલમાં, કોઈ ચંડમાં, કોઈ મહાચંડમાં, કોઈ ચંડકોલાહલમાં, કોઈ પ્રચંડમાં, કોઈ પદ્મમાં, કોઈ ભીમામાં, કોઈ ભીષણમાં, કોઈ કરાલવિકરાલમાં, કોઈ વજ્રમાં, કોઈ ત્રિકોણમાં, કોઈ પંચાનની પદ્મકોણમાં, કોઈ સુદીર્ઘમાં, કોઈ ગોલમાં, કોઈ સમચોરસમાં, કોઈ અષ્ટકોણમાં, કોઈ દીર્ઘમાં અને કોઈ રૌરવમાં જાય છે એ પ્રમાણે પાપીઓને વિવિધ નરકોમાં સજા કરવું પડે છે. મનુસ્મૃતિમાં નરકની સંખ્યા ૨૧ જણાવી છે: તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, નરક, મહાનરક, કાલસૂત્ર, સંજીવન, મહાવીચિ, તપન, પ્રતાપન, સંઘાત, કાલોલ, કુડ્મલ, પ્રતિમૂર્તિક, લોહશંકુ, ઋજીષ, શાલ્મલી, વૈતરણી, અસિપત્રવન અને લોહદારક. ભાગવતમાં પણ ૨૧ નરકનું વર્ણન છે. તેનાં નામ: તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચિમુખ. ભાગવતમાં જણાવ્યું છે કે: નરક પાતાળની નીચે ને ગર્ભોદક નામના જળની ઉપર જે ત્રીસ હજાર યોજનનું અંતર રહ્યું છે ત્યાં આવેલાં છે. પાપી પુરુષ કોઈ કોઈ વાર ઘોર નામના નરકમાં જાય છે, તો કોઈ સુઘોર નામના નરકમાં જાય છે. વળી કોઈ અતિઘોર નરકમાં, તો કોઈ મહાઘોરમાં, કોઈ ઘોરરૂપમાં, કોઈ કરાલમાં, કોઈ વિકરાલમાં, કોઈ કાલરાત્રિમાં, કોઈ મહાકાલમાં, કોઈ ચંડમાં, કોઈ મહાચંડમાં, કોઈ ચંડકોલાહલમાં, કોઈ પ્રચંડમાં, કોઈ પદ્મમાં, કોઈ ભીમામાં, કોઈ ભીષણમાં, કોઈ કરાલવિકરાલમાં, કોઈ વજ્રમાં, કોઈ ત્રિકોણમાં, કોઈ પંચાનની પદ્મકોણમાં, કોઈ સુદીર્ઘમાં, કોઈ ગોલમાં, કોઈ સમચોરસમાં, કોઈ અષ્ટકોણમાં, કોઈ દીર્ઘમાં અને કોઈ રૌરવમાં જાય છે એ પ્રમાણે પાપીઓને વિવિધ નરકોમાં સજા કરવું પડે છે. મનુસ્મૃતિમાં નરકની સંખ્યા ૨૧ જણાવી છે: તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, નરક, મહાનરક, કાલસૂત્ર, સંજીવન, મહાવીચિ, તપન, પ્રતાપન, સંઘાત, કાલોલ, કુડ્મલ, પ્રતિમૂર્તિક, રત્નપ્રભા નામની નરકભૂમિમાં ૩૦ લાખ, બીજીમાં ૨૫ લાખ, ત્રીજીમાં ૧૫ લાખ, ચોથીમાં ૧૦ લાખ, પાંચમીમાં ૩ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫ અને સાતમી ભૂમિમાં પાંચ નરકાવાસ એટલે નારકી જીવોને રહેવાનાં સ્થાન છે. નોંધમાં નીચે મુજબ નરક માને છે: અર્બુદ, નિરર્બુદ, અગાધ, અક્ષય, અટટ, કુમુદ, સૌગંધિક, ઉત્પલક, પુંડરીક અને પદ્મ. તે ધર્મવાળા માને છે કે, વીસ ભારી તલના ગાડામાંથી દર સોમે વર્ષે એક તલ કાઢવામાં આવે તો તે કામે તલ વહેલા ખલાસ થાય, પણ અર્બુદ નરકમાંનું આયુષ્ય ખલાસ ન થાય. અર્બુદથી બીજામાં નિરર્બુદ નરકમાંનું આયુષ્ય, તેનાથી બીજામાં અગાધ નરકનું, તેનાથી બીજામાં અક્ષય નરકનું, તેનાથી બીજામાં અટટ નરકનું, તેનાથી બીજામાં કુમુદ નરકનું, તેનાથી બીજામાં સૌગંધિક નરકનું, તેનાથી બીજામાં ઉત્પલક નરકનું, તેનાથી બીજામાં પુંડરીક નરકનું અને તેનાથી બીજામાં પદ્મ નરકનું આયુષ્ય મનાય છે.

૧. નરકનો ઠોપલો = અપજશનો ખોખલો.
૨. નરકમાં કૂબવું = દેવામાં ડૂબી જવું.
૩. નરકે જવું-પડવું = મૂવા પછી બરાબ સ્થાને જવું; દુઃખ ભોગવવાં પડે એવે સ્થળે વાસ થવો; અસદ્ગતિ થવી.

નરકકુંડ ૧. [સં.] પું. એ નામનું એક યાતનાસ્થાન; નરકમાં પાપીઓને દુઃખ આપવાનો કુંડ; યમલોકમાં પાપીઓને નાખવા માટેનો કુંડ. તે ૮૬ મનાય છે: (૧) વહ્નિકુંડ, (૨) તમકુંડ, (૩) ક્ષારકુંડ, (૪) ભયાનકકુંડ, (૫) વિષ્ટાકુંડ, (૬) મૂત્રકુંડ, (૭) શ્લેષ્મકુંડ, (૮) મરકુંડ, (૯) દૃષિકાકુંડ, (૧૦) વસાકુંડ, (૧૧) રુધિરકુંડ, (૧૨) અસૃકકુંડ, (૧૩) અશ્રુકુંડ, (૧૪) માત્રમલકુંડ, (૧૫) કર્ણવિટ્કુંડ, (૧૬) નખલાલાકુંડ, (૧૭) માંસકુંડ, (૧૮) નખકુંડ, (૧૯) લોમકુંડ, (૨૦) કેશકુંડ, (૨૧) અસ્થિકુંડ, (૨૨) તામ્રકુંડ, (૨૩) લોહકુંડ, (૨૪) ચર્મકુંડ, (૨૫) તપ્તસુરાકુંડ, (૨૬) તીક્ષ્ણકંટકકુંડ, (૨૭) વિષકુંડ, (૨૮) પ્રતપ્તતૈલકુંડ, (૨૯) કૃતકુંડ, (૩૦) કૃમિકુંડ, (૩૧) પૂયકુંડ, (૩૨) સર્પકુંડ, (૩૩) મશકકુંડ, (૩૪) દંશકુંડ, (૩૫) મરણકુંડ, (૩૬) વજ્રકંટકકુંડ, (૩૭) ક્ષિપ્તકુંડ, (૩૮) ક્ષારકુંડ, (૩૯) ક્ષારકુંડ, (૪૦) અગ્નિકુંડ, (૪૧) લોહકુંડ, (૪૨) નક્રકુંડ, (૪૩) ઝષકુંડ, (૪૪) ભયાનકકુંડ, (૪૫) ભીમકુંડ, (૪૬) વજ્રકુંડ, (૪૭) તામ્રપાષાણકુંડ, (૪૮) તીક્ષ્ણપાષાણકુંડ, (૪૯) લાલાકુંડ, (૫૦) મસ્તકુંડ, (૫૧) ચૂર્ણકુંડ, (૫૨) ચક્રકુંડ, (૫૩) વક્રકુંડ, (૫૪) કૂર્મકુંડ, (૫૫) જ્વાલાકુંડ, (૫૬) ક્ષારમકુંડ, (૫૭) કમકુંડ,

(૫૮) તમસ્સૂચિકુંડ, (૫૯) અસિપત્રકુંડ, (૬૦) ક્ષુરધારકુંડ, (૬૧) સૂચિમુખકુંડ, (૬૨) ગોમુખકુંડ, (૬૩) નક્રમુખકુંડ, (૬૪) વજ્રદંશકુંડ, (૬૫) ગોમુખકુંડ, (૬૬) કુંભીપાકકુંડ, (૬૭) કાલસૂત્રકુંડ, (૬૮) મત્સ્યોદકુંડ, (૬૯) કૃમિકેતુકુંડ અથવા અરંતુદ, (૭૦) પાંસુભોજનકુંડ, (૭૧) પાસવેષ્ટકુંડ, (૭૨) દંદશૂકકુંડ, (૭૩) પ્રકંપનકુંડ, (૭૪) ઉલ્કામુખકુંડ, (૭૫) અંધકૂપકુંડ, (૭૬) વેધનકુંડ, (૭૭) તાડનકુંડ, (૭૮) અવટનિકુંડ, (૭૯) કૈચૂર્ણકુંડ, (૮૦) દલનકુંડ, (૮૧) શોષણકુંડ, (૮૨) કપકુંડ, (૮૩) સર્પાકારકુંડ, (૮૪) જરાસામુખકુંડ, (૮૫) ધૂમાંધકુંડ અને (૮૬) નાગવેષ્ટનકુંડ.

૨. [સં. નરક + કુંડ (ખાડો)] પું. નરકનો ખાડો; જેમાં વિષ્ટા હોય તેવો કુંડ.

નરકકુંડસ્વરૂપ [સં. નરક + કુંડ (ખાડો) + સ્વરૂપ (જેવું)] વિ. નરકના જેવું દુઃખદાયક

નરકખાડી સ્ત્રી. ગંદનખાડી.

નરકખાતું ન. નરકખાડ જેવું ગંદું સ્થળ.

> અને આ નરકખાનામાંથી નહિ છોડાવો તો ઈશ્વર એ અન્યાય સાંખશે નહિ. જ્યોત્સ્ના

નરકગતિ ૧. [સં.] સ્ત્રી. નરકમાં જવું તે.

૨. સ્ત્રી. (જૈન) માણસને મરીને નરકમાં જવું પડે તેનું કર્મ. મહારંભ, મહિરાપાન, મ.સભક્ષણ વગેરે તીવ્ર હિંસા કરનારા જીવો અધોર નરકમાં પડે છે. ત્યાં બેસવા પણ ઠામ, વિશ્રામ કે સુખ નથી. ત્યાં મહા અંધકાર હોવાનું મનાય છે. અંગછેદન, ભૂમિમાં ભળવું અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુઃખો કરીને ત્યાં પ્રત્યુષ્ણભૂતે સાડા, ત્રણાતા અને વિલવિલાટ સહન કરવાં પડે છે. તે દુઃખને કેવળજ્ઞાનીઓ પણ કહી શકતા નથી.

નરકગામી [સં. નરક + ગામિન્ (જનાર)] વિ. નરકમાં જનાર.

નરકચતુર્દશી [સં.] આસો વદિ ૧૪; નરકચૌદસ; કાળી ચૌદશ. આ દિવસે કરવાની વિધિ માટે એમ કહેલું છે કે, તે દિવસે સૂર્ય ઊગ્યા પહેલાં નાહી લેવું. જે સૂર્યોદય પછી સ્નાન કરે, તેનું આખા વર્ષનાં શુભકર્મનું ફળ નષ્ટ થાય. તે દિવસે તેલ ચોળીને સ્નાન કરવું અને અપામાર્ગથી અંગપ્રોક્ષણ કરવું જોઈએ. પછી યમતર્પણ કરી સાંજે યમને માટે દીપદાન કરવું. દીપદાન માટે ધનતેરસ, નરકચતુર્દશી અને દિવાળી એ ત્રણે દિવસ માન્યા છે. તેનું કારણ એ છે કે, વામન ભગવાને આ ત્રણ દિવસોમાં એક એક પગલું કરીને પૃથ્વીને માપી હતી. પૃથ્વી પૂરી ત્રણ પગલાં ન થઈ એ વખતે બલિએ વરદાન માગ્યું કે, જે કોઈ આ તિથિઓમાં યમને દીપદાન કરે, લક્ષ્મીપૂજન કરે, તેને યમની પીડા ન થાય, તેમ જ લક્ષ્મી તેને ઘેર કાયમ રહે. ભગવાન વરદાન આપીને બલિ અને બલિ સ્વર્ગ છોડી પાતાળમાં રાજ્ય કરવા લાગ્યો. એમ પણ કહેવાય છે કે, નરકચતુર્દશીના દિવસે મધ્યરાત્રિના સમયે સતી માતાએ કહ્યના વધમાં પોતાનું અપમાન થવાથી કેહલાગ કર્યો, તેથી તેના રમારક તરીકે તે રાત્રિ કાલરાત્રિ કહેવાય છે.

નરકચૂર પું. એક જાતનો છોડ. તે ઉપરથી હજાર જેવો લાગે છે, પણ તેની ગાંઠ સફેદ હોય છે. વૈદક અનુસાર તે રેચક, અગ્નિદીપક અને વાત તથા કફનો નાશ કરે છે.

નરકચોરું જ. એક જાતનું કરિયાણું.

> અરબસ્તાને બનાવવામાં નાગરમોથ, અજમો, નરકચોરું, જટામાંસી, હજ, વાળો વગેરે વપરાય છે. મુ. જ્ઞાનકોશ

નરકચોળું જુઓ નરકચોરું.

નરકચૌદશ જુઓ નરકચતુર્દશી.

નરકજિત ૧. [સં. નરકજિત્] પું. વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

નરકટ [હિ.] પું. નરકુલ નામ; પોટલસા નેતરના જેવો એક જાતનો છોડ; કટસરૈયા.

નરકટિયા સ્ત્રી. મધ્યમ વર્ગની એક જાતની ખાંડ.

નરકતમિસ્રા [સં. નરક + તમિસ્ર (અંધકાર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. નરકનું ગાઢ અંધારું.

> મનુ જ જો અમારા વહી ગોદે તો પણ પ્રભુને કહેશે ? માનશે નરકતમિસ્રા વાસી એમા જે અવનીપતિને આણ ? નાનાલાલ

નરકતા [સં.] સ્ત્રી. નરકપણું.

નરકત્વ [સં. નરક + ત્વ (પણું)] ન. નરકપણું.

નરકદેવ પું. (જૈન) પરમાધામી; નરકમાં નારકો જીવને શિક્ષા કરનાર હલકો કોટિનો દેવ.

નરકદેવતા [સં.] પું. નિર્ઋતિ દેવ.

નરકદ્વાર [સં. નરક + દ્વાર (બારણું)] ન. નરકનું બારણું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કામ, ક્રોધ અને લોભને નરકનાં દ્વાર કહેલ છે. તે પોતાનો જ વિનાશ કરનાર હોઈ તજવા યોગ્ય છે.

નરકનાથ [સં. નરક + નાથ (પતિ)] પું. નરકલોકના અધિપતિ; યમ; મૃત્યુનો દેવ.

નરકનિવારણ ન. નરકગતિ અટકાવવી તે.

નરકનિવારણી વિ. સ્ત્રી. નરકથી બચાવનારી. યમુનાને માટે આ વિશેષણ વપરાય છે.

નરકપાત ૧. [સં. નરક + પાત (પડવું તે)] પું. નરકમાં પડવું તે.

૨. પું. નીચું ઊતરવું તે; અધઃપાત; અધોગતિ; દુર્ગતિ.

નરકપાલ ૧ [સં. નરક + પાલ (પાળનાર)] પું. (જૈન) નરકના રક્ષક પંદર જાતના પરમાધામી.

૨. [સં. નર (માણસ) + કપાલ (ખોપરી)] ન. માણસની ખોપરી.

નરકપાલક [સં. નરક + પાલક (પાળનાર)] પું. (જૈન) નારકોઓને સજા કરનાર પરમાધામી. તે બીજી નરક સુધી હોય છે અને નારકોઓને છેદનભેદન વગેરે અનેક પ્રકારનાં દુઃખ આપે છે.

નરકપાળી જુઓ નરકપાલ.

નરકપુરી [સં. નરક + પુરી (નગરી)] સ્ત્રી. ખરું ગંદું રમણ; અશ્લીલ રમાન.

નરકપ્રદ [સં. નરક + પ્રદ (આપનાર)] વિ નરક આપનારું.

> કેટલાક સંચિત કર્મો નરકપ્રદ હોવાથી તે સર્વનાં ફલ ભોગવવાને જોગવવાનું બની શકે તેવું હોત નથી. ગીતારહસ્ય

નરકભૂમિ ૧. [સં. નરક + ભૂમિ (જમીન)] સ્ત્રી. નરકની પૃથ્વી; નરકની જમીન.

૨. સ્ત્રી. નારકી જીવોનું નિવાસસ્થાન; નરકલોક.

નરકભૂમિકા જુઓ નરકભૂમિ.

નરકભોક્તા [સં. નરક + ભોક્તૃ (ભોગવનાર)] વિ. નરકનું દુઃખ ભોગવનાર.

નરકમુક્ત [સં. નરક + મુક્ત (છૂટેલ)] વિ. નરકમાંથી છૂટેલ.

નરકયાતના ૧. [સં. નરક + યાતના (પીડા)] સ્ત્રી. નરકનું દુઃખ; યમલોકની પીડા; નરકની વેદના.

૨. સ્ત્રી. નરકવાસ.

૩. સ્ત્રી. વિષ્ટામાં રહીને સહેવું પડતું દુઃખ.

નરકયાન [સં. નરક + યાન (જવું તે)] ન. નરકમાં જવું તે; નરકપાત.

નરકર [સં. નર (માણસ) + કર (હાથ)] પું. પુરુષનો હાથ.

> આસે ભુજંગ સમ નરકરો. ભોજાભગત

નરકરિપુ ૧. પું. વિષ્ણુ.

૨. [સં. નરક (એ નામનો દાનવ) + રિપુ (દુશ્મન)] પું. (પુરાણ) શ્રીકૃષ્ણ. તેમણે નરકાસુરને માર્યો હતો.

નરકલ્પ જુઓ નરકટ.

નરકલંક [સં. નર (માણસ) + કલંક (કાય)] પુ. કલંકરૂપ પુરુષ.

નરકવારણ ૧. [સં. નરક + વારણ (અટકાવવું તે)] જ. નરકનિવારણ.

૨. વિ. નરકને અટકાવનાર.

નરકવાસ ૧ [સં નરક + વાસ (રહેઠાણ)] પું. નરકમાં રહેવું તે. નરકવાસ.

૨. પું. નીચ ગતિ; અધઃપાત; અધોગતિ; દુર્ગતિ

નરકરાજ જુઓ નરકરિપુ.

નરકલ ૧. [સં નર (માણસ) + અરકુ (ઝેરની પાંખનો આમ)] પુ. જાદુ

૨. જુઓ નરકટ.

નરકસાધન [સં નરક + સાધન] ન. માણસ નરકમાં પડે એનું કર્મ. પાપકર્મ અને તેમાં પણ અત્યંત ઘોર પાપાચરણ મનુષ્યને નરકપાતના ભોગવાવે છે. વળી કેટલીક વિદ્યા પણ એવી છે કે જેથી તેવી વિદ્યાના ઉપાસકને નરકપાતના ભોગવવી પડે છે. એ બધી વિદ્યા ઓને શાસ્ત્રકારો ભાષામાં એવી વિદ્યા કહી છે. જેમ કે, ભારણ, મારણ મોહન, વશીકરણ, ઉચ્ચાટન, સ્તંભન. આ વિદ્યાના ઉપાસકો નરક પામે છે એમ કહેવામ છે.

નરકસૂદન ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

નરકસ્થ [સં. નરક + સ્થ (રહેલું)] વિ. નરકમાં રહેલું

નરકસ્થા ૧. [સં. નરક + સ્થા (રહેલી)] સ્ત્રી. નરકસ્થાનમાં આવેલી વૈતરણી નદી.

૨. વિ સ્ત્રી. નરકમાં રહેલી.

નરકસ્થાન [સં. નરક + સ્થાન (જગ્યા)] ન. નરક

પુરુષાકૃતિ લોકના મધ્ય ભાગમાં નાભિના સ્થાને મૃત્યુલોક છે તેની નીચે અસુરસ્થાને નરકલોક છે અને અનુક્રમે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને તમસ્તમપ્રભા એમ સાત નરકસ્થાન છે. મુ. જા. પરિષદ

નરકહા ૧. [સં. નરકહન્] પું. વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

નરકોડાલ પું. કોડોકું; કોડોકું. કોડોમાં કે કોડોમાંનું ચોક ધાન છે. બાજરી કોડોમાં ફળ નથી આવતાં એથી એને વંધ્યા કકોંટડી કહી છે. કૂકડવેલી જેવાં જ આનાં ફળ થાય છે

નરકોડોલી સ્ત્રી. વિદમાં સોમાસામાં સર્વત્ર થતી એક જાતની વનસ્પતિ. તેનું કંદ ઔષધ, બીજી ઔષધોનું ઝેર ઉતારનાર, રસાયન, દીપક કફવનાર અને શોધન મનાય છે. મૂત્રકૃચ્છ્ર, ધાતુસાવ ને રક્તપ્રદરમાં તે ફાયદો કરે છે. સુવાવડી સ્ત્રી દસમે દિવસે માથું ધૂએ તે વખતે એનું ચૂર્ણ શરીર અને વાળમાં ચોળવા વાપરવાનો રિવાજ છે. તેથી શરીરમાં ઉષ્ણતા આવે છે.

નરકોડોલો પું. કોડોલાની જાતનો પણ ફળ વગરનો વેલો.

નરકંત [સં. નરકાંત] પું. રાજા.

નરકાક [સં. નર (માણસ) + કાક (કાગડો)] પું. નિદ્ય માણસ; નિંદાને પાત્ર મનુષ્ય.

નરકાગાર [સં. નરક + આગાર (ઠેકાણું)] ન. નરકનું ઘર; નરકસ્થાન.

નરકાતીત [સં. નરક + અતીત (પર)] વિ. નરકથી પર; નરક જેને માટે નથી જ એવું. પણ પળ કહી જો ગુરુજી જોવા નરકાતીત નરેંદ્ર. પ્રેમાનંદ

નરકાનુપૂર્વી વિ. (જૈન) નરકમાં લઈ જતું; નરકમાં ખેંચી જનારું.

નરકાનુપૂર્વી. દેવાનુપૂર્વી એ અનુપૂર્વીઓ વિગ્રહો આ પાઠ નથી. સાગરજી

નરકાભય ૧. [સં.] પું. નરકરૂપ રોગ.

૨ પું. પ્રેત.

નરકાયુ [સં. નરક + આયુસ્] ન. નરકમાં ભોગવાનું આયુષ; નારકી જીવનું આયુષ.

નરકારિ ૧. [સં. નરક + અરિ (દુશ્મન)] પું. નારાયણ; વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

નરકાર્નિહ [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નરકાવાસ ૧. પું. નરકમાં રહેવું તે.

૨. [સં. નરક + આવાસ (રહેઠાણ)] પું. નારકી જીવને રહેવાનું ઠેકાણું; નરકવાસો; નરકોનું સ્થાન.

નરકાવાસો જુઓ નરકાવાસ.

નરકાસુર [સં] પું. (પુરાણ) એ નામનો એક અસુર. એ ભૂમિનો પુત્ર હતો, માટે એને ભૌમાસુર પણ કહેવામ છે. ભૂદેવીએ વિષ્ણુને પ્રસન્ન કરીને એને વૈષ્ણવાસ્ત્ર સંપાદન કરી આપ્યું હતું. એને લીધે એ બહો બળવાન હતો. એ અસ્ત્ર એણે પોતાના પુત્ર અક્રદત્તને આપ્યું હતું. એ દેવને બહુ પીડા કરીને તેમની અને ઇંદ્રની સંપત્તિ હરી લ્યો હતો. તેથી કૃષ્ણ પોતાની સ્ત્રી સત્યભામાને સાથે લઈને તે અસુરના શહેર પ્રાગ્જ્યોતિષપુર ગયા. પૃથ્વી પાસેથી મેળવેલાં વરદાનોમાં એક એવું પણ હતું કે, એની માતા સિવાય બીજા કોઈ મારી નાખી શકશે નહિ. સત્યભામા પૃથ્વીનો અવતાર હતાં, માટે કૃષ્ણે એને સાથે લીધાં હતાં. પ્રથમ કૃષ્ણે નરકાસુરના પક્ષપાતી પંચજનાસુર નામના દૈત્યનો, નરકાસુરના સેનાપતિનો અને સૈન્યનો નાશ કર્યો. આથી નરકાસુર કૃષ્ણ ઉપર ચઢી આવ્યો. ત્યાં યુદ્ધ થતાં સત્યભામાએ ગરુડારૂઢ થઈને કરેલું કે, આ પાપીને મારી નાખો. એટલે કૃષ્ણે સુદર્શન ચક્રે એનું માથું ઉડાવી દીધું. પછી કૃષ્ણે અદિતિનાં કુંડળ તથા ઇંદ્રની કપરિ છત્રને અપાવી અને નરકાસુરે બંદીખાનામાં પૂરેલી સોળ હજાર કન્યાઓને છોડાવી. એ કન્યાઓ કૃષ્ણને વરી. નરકાસુરના પુત્ર ભગદત્તને ગાદીએ બેસાડી કન્યાઓ સહિત કૃષ્ણ પાછા ફર્યા. નરકાસુર સંબંધી એમ પણ કહેવાય છે કે, જ્યારે ભગવાને વારાહ અવતાર ધારણ કર્યો, તે વખતે તેમણે પૃથ્વી સાથે ગમન કર્યું હતું, જેથી પૃથ્વીને ગર્ભ રહ્યો હતો. જ્યારે દેવતાઓના જાણવામાં આવ્યું કે આ ગર્ભમાં એક ઊગ અને બળવાન અસુર છે ત્યારે તેઓએ પૃથ્વીનો પ્રસવ રોકી દીધો. આથી પૃથ્વીએ ભગવાનને પ્રાર્થના કરી. ભગવાને વરદાન દીધું કે, ત્રેતાયુગમાં જ્યારે રામચંદ્રજીને હાથે રાવણનો વધ થશે, ત્યારે તમારા ગર્ભથી એક પુત્ર ઉત્પન્ન થશે અને તેના બળવાનના વખતમાં તમને કાંઈ કષ્ટ નહિ થાય. જે વખતે રાવણ માર્યો ગયો, તે વખતે પૃથ્વીના ગર્ભથી આ અસુરનો જન્મ થયો જે સ્થાને સીતાનો જન્મ થયો તે જ સ્થાને તેનો જન્મ થયો. પૃથ્વીના આ બાળકને જનક રાજાએ સોળ વર્ષની ઉમર સુધી પોતાને ત્યાં જ રાખી તેનું પાલનપોષણ કર્યું અને તેને ભણાવ્યો ગણાવ્યો. જ્યારે નરક સોળ વર્ષનો થયો, ત્યારે પૃથ્વી તેને જનકને ત્યાંથી લઈ આવી. તે વખતે પૃથ્વીએ પોતાના પુત્રને તેના જન્મ સબંધી બધી હકીકત જણાવી અને વિષ્ણુનું સ્મરણ કર્યું. નરકને લઈ વિષ્ણુ પ્રાગ્જ્યોતિષ ગયા અને ત્યાં તેને ત્યાંનો રાજા બનાવ્યો. તે વખતે વિદર્ભની રાજકુમારી માયાની સાથે નરકનો વિવાહ પણ થયો. વિષ્ણુએ આ વખતે તેને સમજાવ્યું કે, તારે બ્રાહ્મણો અને દેવતાઓ સાથે કદી વિરોધ કરવો નહિ. તેમણે તેને એક દુર્લભ રથ આપ્યો હતો. નરકે અસુર વખત સુધી તો બહુ સારી રીતે રાજ્ય કર્યું, પણ જ્યારે બાણાસુર કરવા કરતાં પ્રાગ્જ્યોતિષપુર પહોંચ્યો, ત્યારે નરક પણ તેના સંસર્ગને લીધે દુષ્ટ બન્યો અને દેવતાઓ ઋષિઓને કષ્ટ દેવા

જાગ્યો. આ અવસર ઉપર એક વાર વસિષ્ઠ કામાખ્યા દેવીના દર્શન માટે ત્યાં ગયેલ, પણ નરકે તમને નગરમા દાખલ પણ થવા ન દીધા. આથી વસિષ્ઠે બહુ નારાજ થઈ શાપ દીધો કે, તારા આપને કાયે તરત તારે મોત થશે. આથી ભગદત્તસુરની સમતિથી નરક તપશ્ચર્યા કરવા જાગ્યો, જેથી પ્રસન્ન થઈને બ્રહ્માએ તેને વરદાન આપ્યું કે, દેવતા, અસુર, રાક્ષસ વગેરેમાથી કોઈ તને મારી શકશે નહિ અને તારે રાજ્ય સદા રહેશે. આ પછી તેને ભગદત્ત, મહારૌદ્ર, મદધાન અને સુમાલી નામના ચાર પુત્ર થયા. તે પછી તેણે ઇન્દ્રલોક, મુર, સૂદ અને ઉપસુંદ વગેરે અસુરોની સહાયતાથી ઇંદ્રને છતી બહુ અત્યાચાર કરવા માડ્યો. અંતમાં શ્રીકૃષ્ણે જતાર ઇંદ્રી પ્રાગ્જ્યોતિષ ઉપર ચઢાઇ કરી અને વિષ્ણુએ પોતાના સુદર્શન ચક્રથી નરકનું માથું કાપી નાખ્યું. કહેવાય છે કે, તેના ભંડારમાં જેટલું ધન વગેરે હતું તેટલું કુબેરના ભડારમાં પણ ન હતું. આ બધું ધન વગેરે શ્રીકૃષ્ણ પોતાની સાથે દ્વારકા લઈ ગયા હતા.

હે મા ! કંસ, નરકાસુર, કાલયવન, જેવા વગેરે રાજાઓ પ્રભુની ઉપર આરૂઢ છે.

ભગવતી ભાગવત

નરકાસુરઘાતિની [સં.] સ્ત્રી. નર્મદાનાં હલ્દર માહેનું એક નામ.

નરકાસુરનાશી [સં] સ્ત્રી. નર્મદાનાં હલ્દર માહેનું એક નામ.

નરકાંત [સં. નર (માણસ) + કાંત (પતિ)] પુ. રાજા.

નરકાંતક વિ. [સં. નરક + અંત (છેડો) + ક (વાળું)] પું. પરમેશ્વર; વિષ્ણુ.

૨. [સં. નરક (એક અસુર) + અંતક (મારનાર)] પું. શ્રીકૃષ્ણ.

૩. વિ. નરકમાંથી તારનાર.

નરકાંતરગામી [સ. નરક + અતર્ (અંદર) + ગામિન્ (જનાર)] વિ. નરકમાં જઈ જનાર. તે કૃત્ય જે મેં કીધા કર્મો ત્રાસ નરકાંતરગામી.

દયારામ

નરકાંતર્ગામી [સ. નરકાંતર્ગામિન્] વિ. નરકમાં જઈ જનાર.

નરકાંતા સ્ત્રી. (જૈન) ભુગલિયાના રમ્યક નામના ક્ષેત્રમાં આવેલી એ નામની નદી.

નરકી ૧. સ્ત્રી. એક જાતનો કંદ.

૨. [સં. નારકિન્] વિ. નારકી; નરક સંબધી; નરકનું.

નરકીટ [સં.] પું. નર કીડો.

તેની આસપાસ પ્રકાશ સ્થર હોતા નથી. પ્રસંદની કરતા તેઓ નરકીટોની સાથે પ્રયાણ કરે છે.

ચિત્રમય જગત

નરકોલાહ [સં.] પું. મૃત્યુ વખતનો; મૃત્યુને માટે આવનાર માણસ.

નરકુક્ષ [હિ.] પું. નેતર જેવો એક જાતનો છોડ; નરકટ; પટ્ટવાસિક.

નરકેસારી જુઓ નરકેસરી.

નરકેશ્વા જુઓ નરકેસરી.

નરકેસરી ૧. [સં. નર (માણસ) + કેસરિન્ (સિંહ)] પુ. નરસિંહ; વિષ્ણુનો ત્રીજો અવતાર; નૃસિંહ.

૨ પું. નરોમા કેસરી જેવો ઉત્તમ પુરુષ, સર્વોત્તમ નર.

૩. પુ. સિંહ જેવો બહાદુર પુરુષ, શૂરવીર મનુષ્ય.

૪. વિ નરોમાં સિંહ સમાન; નરશ્રેષ્ઠ.

નરકેહરિ જુઓ નરકેસરી.

નરકેંદ્ર ૧. [સં. નર + ઇંદ્ર] પું. નરકનો અધિપતિ.

૨. પું. મોટામાં મોટો નરકાવાસો

નરકોકિલ [સં. નર (માણસ) + કોકિલ (કોયલ)] પું. બીજાથી પોષાયેલ માણસ; પરભૃત.

નરકોકો જુઓ નરકોળ

નરકોલ જુઓ નરકોળ.

નરકોષ પું. વીર્યમા રહેલ નરતત્ત્વ.

નરકોશેય ૧. પું. ઈંડાની અંદર જોવાતે બાહ્યકોષની અંદર પુસેલો નરતત્ત્વના ગોળાનો ભાગ.

આ નરકોશેય જે વખતે ઈંડામા દાખલ થાય છે તે વખતે કે તો ઈંડામા મુખ્યબિંદુની ઉત્પત્તિ થઈ હોય અથવા ન પણ થઈ હોય. એ મુખ્યબિંદુની સ્થાપના ન થઈ હોય તો નરકોશેયને બીજા કોઈ પણ ક્રિયા કરવાં પહેલાં ચોક્કસ વખત રાહ જોવી પડે છે.

કેતકીની કથા

૨. સ. વીર્ય; ધાતુ; રેતસ; બીજ.

નરકોળ સ્ત્રી. નખેણું

મનુષ્યો માટે કોણ ગણીને જિનકે નીકળ્યો, પણ પડોશીના ઘર આગળ નરકોળ હતી એમ સંતાઈ રહ્યો.

આત્મવાર્તા

નરકૌતુક [સં. નર (માણસ) + કૌતુક (આશ્ચર્ય)] ન. મદારીનો ખેલ.

નરકૌંચ (નરકૌંચ) પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માણવક. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

નરક્ષેત્ર [સં.] ન. મનુષ્યોને રહેવાનું ક્ષેત્ર.

નરખ ૧. સ્ત્રી. નીરખ; તપાસ; પરીક્ષા; કસ.

૨. [સં. નિર્ખ (આદર)] સ્ત્રી. આદરની નજરે કરેલ ભાવ.

૩. સ્ત્રી. મુકરર ભાવ; દર.

નરખઉદ ન. એ નામની એક વનસ્પતિ. તેનું લાકડું આછા બદામી રંગનું, પોચું ને રેસાવાળું હોય છે. તેની ગંધ માણસના મળ જેવી હોવાથી તેનું નામ નરખઉદ પડ્યું છે.

નરખડા (નરખડા) [હિ.] પું ગળું; સ્વરપેટી.

નરખણ [સં. નિરીક્ષણ] ન. જોવું તે; તપાસ.

નરખરાં જુઓ નરખડા

નરખવું ૧ [સં નિસ (બહાર) + ર્ખ્ (જોવું)] સ. ક્રિ. જોવું; નીરખવું.

જોયાખ્યો નહિ હરે રામ રઘુનાયને,
નીચ દેહથી નર જેહ નરખ્યો.

દામળ

૨. સ. ક્રિ. બારી બારીને જોવું; તપાસવું.

નરખી વિ. ખત કાઢનાર.

નરખેંદીયાદ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક પાટ.

નરગ ૧. [સ. નરક] ન. નરક; દોજખ.

૨. ન. વિષ્ટા; મળ; ઝાડો.

નરગણ ૧. પું (જ્યોતિષ) નક્ષત્રોનો એક સમૂહ. તેમાં ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, પૂર્વભાદ્રપદ, રોહિણી, ભરણી અને આર્દ્રા એ નક્ષત્રો સમિલિત હોય છે. આ ગણમાં જન્મ લેનાર સુશીલ અને બુદ્ધિમાન થાય એમ મનાય છે. રાક્ષસગણની સાથે આ ગણનો વિરોધ માનવામાં આવે છે. આને મનુષ્યગણ પણ કહે છે.

૨ સ નર (માણસ) + ગણ (સમૂહ)] પું. માણસોનો સમૂહ.

નરગંડી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નરગણ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, સગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

નરગણ આણો નરગડમાં. રણજિતરાય

નરગાવ [હ.] પું. ખાડો.

નરગિસ ૧. [ફા] પું. એક જાતનો છોડ; કુંવરપાઠાના છોડ જેવો એક છોડ. તેનું ફૂલ પ્યાલાના આકારનું અને સફેદ હોય છે. તેમાં ગોળ કાળાં બીજાં હોય છે. તેની સુગંધ પણ મનોહર આવે છે. હારસી અને કેટલ કવિ બાંબને આ ફૂલની ઉપમા આપે છે. ઓક્ટોબર

નવેમ્બરમાં મેદાન તેમ જ પહાડો ઉપર આ છોડ વાવવાની મોસમ છે. વસંત ઋતુમાં તેને ફૂલ આવે છે. આ છોડ નવ ઇંચથી એક ફૂટ જેટલો ઊંચો વધે છે.

૨. ન. એ નામના છોડનું ફૂલ.

નરસિંહ સહીખાં જેન ને
મુખ્ત છટા રિવદારનાં. ખરદ

નરસિંહદાન [સં.] પુ. ફૂલની પથારી.

નરસિંહસ્તાન [સં.] પુ. નરસિંહના ફૂલની પથારી

નરસિંહી ૧. પું. એક પ્રકારનું તળેલું ઘૈડું

૨. [સં.] પું. નરસિંહનાં ફૂલની તરેહવાળું એક જાતનું કપડું.

૩ [સં.] સ્ત્રી. એક જાતનું કપડું.

૪. વિ નરસિંહવાળું.

૫. વિ. નરસિંહ સબંધી.

૬. વિ. નરસિંહના ફૂલ જેવું.

નરસીંજ ૧. ન. એક જાતનું પંખી.

નરસીંજની પાળવાની રીત અત્યંત સહજ અને તાલબદ્ધ હોય છે નિયમિત રીતે તે બોલે આદર સત્કાર છે અને તેટલી જ નિયમિતતાથી માદા રૂપરાતા તે પાખરે છે. ચિત્રમય જગત

૨. ન. એક જાતનું ફૂલ; નરસિંહ.

નરસૈયા ૧. [સં. નરસિંહ] પું. એક જાતનો ફૂલછોડ.

૨. ન. નરસિંહનું ફૂલ.

નરસૈસ જુઓ નરસિંહ.

બની જે આખ્યા-ભણે અસ્ત નરસૈસ.
પ્રસ્થાન

નરસોઢો પુ. ફૈડિયો.

નરસોલ ૧. ન એ નામનું એક ગામ.

૨. ન. એક જાતનું વહાણ.

નરહું ન. (સંગીત) તાલના હલકા કે ભારે ઠેકા દેવાનું હોલ જેવું ચામડે મઢેલું એક વાદ્ય, તબલું; મૃદંગ, ઢોલકું; નગારું. નરઘામાં જેનો અવાજ ઝીણો તે માદા નરહું ને જેનો અવાજ બોદો તે નર નરહું કહેવાય છે. તે તંતુવાદ્યની સાથે ઉપયોગમાં આવે છે

નરચંદ [સ. નર (માણસ) + ચંદ] પું. રાજા.

નરચા [હિ.] પું. એક પ્રકારનું પાટ.

નરછગ [સં. નૃસિંહ] પું. નરસિંહ.

નરજ ન (સિદ્ધ) એક જાતનું ચતુષ્કારયુક્ત ત્રિકાણ ઘર.

જે ત્રિકોણ ઘરના મુખ આગળ આ ચાર અક્ષરો હોય. તે ઘરની જમણી તરફ એક અક્ષિત અને ડાબીને અક્ષિત હોય ૪ ૪ ૪ પણ તે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તો નરજ નામે ઘર કહેવાય.
રાજવલ્લભ

નરજણી ૧. સ્ત્રી. ભારોટ અને ભાવાની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નરજન્મ ૧. [સ. નર (પુરુષ) + જન્મન્] પું. પુરુષનો અવતાર, આદમીનો અવતાર.

૨ [સં. નર (માણસ) + જન્મન્ (અવતાર)] પું. મનુષ્યાવતાર; માણસનો જન્મ.

નરજળો પું. નજલો; એક જાતનો રોગ.

નરજંપતિ પું. ફૂલના પુંકેસરમાં ઉત્પન્ન થતો કણને ઉત્પન્ન કરનાર કોષ; કલલોત્પત્તિ કોષ.

નરજા [હિ.] પું. નાનું ગાજવું

નરજાતિ ૧. [સં. નર + જાતિ (જાત)] સ્ત્રી (બાદરણ) નર કર્યાવનારી જાતિ; પુલ્લિંગ.

૨. સ્ત્રી. પુરુષવર્ગ.

૩. સ્ત્રી. મરદાની, જોરાવર સ્ત્રી.

૪. વિ. પુરુષના ગુણવાળું.

નરજાક ન. એ જાતનું હિંસક પક્ષી; બાજ. તેની લંબાઈ આશરે ૧૪ ઇંચ હોય છે. નરનું માથું અને તેના ગળાની બાજુઓ રાખોડી કે ભૂરી હોય છે. તેના ચહેરાની બાજુ સફેદ અને ઉપર કાળી રેખાઓ હોય છે. પૂછના છેડાના ભાગ ઉપર રાખોડી ભૂરો ચાંદો રહેલું હોય છે. માદાને બગાડતાં બદામી કે ભૂરા રંગનાં પીછાં તથા માથા ઉપર રેખાઓ હોય છે. તેની આંખ ટૂકી અને ચળકતી તથા પૂછ લાંબું હોય છે. આ બાજની બણી જાતો છે. લંબલંબ આખા હિંદુસ્તાનમાં આ પક્ષી જોવામાં આવે છે. ભુલ્લા પ્રદેશમાં રહેનારૂં આ પંખી નાનાં પક્ષી, ટેટ્ટરોળી, તીડ અને ઉંદર ખાય છે. તે ઝડપથી ઊડે છે. ઘણુ કરીને તે જમીનથી ઘણુ અધ્ધર ચોડો વખત સીધું ઊડે છે અને પછી મોટાં ચક્કર લે છે. ઊંચે ઊડતાં ઊડતાં જમીન ઉપર બરાબર ધ્યાન રાખે છે અને કોઈ જીવડું કે ઉંદર નજરે ચડે તો તરત જ ઝડપથી નીચે ઊતરી શિકારને પકડી પાડે છે. તે દરમિયાન જો શિકાર કયાંય છૂપાઈ જાય તો આ બાજ પાછું ઊંચો રસ્તો માપી લે છે અને ફરીથી શિકારની શોધ કરે છે. ખડક અથવા ઝાડ ઉપર ખોરાકની શોધમાં લાંબો વખત બેસે છે. બેઠા બેઠાં તે માથું આમતેમ ફેરવ્યા જ કરે છે. પછી ઠળવેકથી તે પોતાની બેઠક છોડે છે અને અવનીચી પાંખે ઝપાટાબંધ શિકાર ઉપર તરાપ મારે છે. તે ઈંડા બેથી ચારની સંખ્યામાં મૂકે છે.

નરઝણી ૧. સ્ત્રી. ભારોટ અને ભાવાની એ એક નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નરઝનક જુઓ નરજાક.

નરઝા જુઓ નરજા.

નરઝી જુઓ નરજાક.

નરડ (નરડ) ૧. પું. પુરુષની ઇંદ્રિય; શિશ્ન.

૨. વિ.પું. વાહો. વાપરી લોકો ગાળ તરીકે આ શબ્દ વાપરે છે.

નરડી (નરડી) ૧. સ્ત્રી. ગળાની નળી; અન્નમાર્ગ.

૨. સ્ત્રી. ગળુ.

૩ સ્ત્રી. કૂબળા કોમની સ્ત્રી.

૪ સ્ત્રી. શ્વાસનળી.

૫. સ્ત્રી. સોના કે રૂપાનો ઢાળિયો.

નરડું (નરડ) ન. નાળ; ગર્ભમાંના બાળકની ડૂંટી સાથે જોડાયેલી નાડી.

નરડો (નરડો) ૧. પું. ગળાની નળી; અન્નમાર્ગ.

૨. પું. ગળું.

૩. પું. કૂબળા કોમનો માણસ.

૪. પું. શ્વાસનળી; દૈંઠિયો; શ્વાસનલિકા.

નરણ સ્ત્રી. ભૂખ.

નરણું ૧. [સં. નિસ્ (બહાર) + અન (ખોરાક)] વિ. ખાલી પેટે હોય એવું; ખાલી કોજરીવાળું; નહિ ખાધેલું; ભૂખ્યું.

નરણે કોઠે = ભૂખ્યા પેટે; ખાલી પેટે.

૨. વિ. ચોખ્ખુ, વાસણ બગરનું.

૩. વિ. દેણા બગરનું; અઋણી.

૪. વિ. નર્યું; એકલું.

૫. ન. કાંઈ પણ ખાધા પહેલાં.

નરત ૧. પું. નાચ.

૨. [સં. ન (નહિ) + ઋતુ] વિ. ઋતુ વિનાનું.

૩. વિ. નકામું; હીણું.

નરતક ૧. [સં. નૃત્ (નાચવું)] પું તાલ વગેરેને અનુસરી નાચ કરનાર પુરુષ, નાચનારો માણસ; નૃત્ય કરનાર આદમી.

પેટ ચડાવે વાસ, પેટથી નરતક નાચે.
ગામણ

૨. ન. નૃત્ય; નાચ.

નરતક નાટક ન્યામતે. નામદ

નરતત્ત્વ ૧. [સં. નર (પુરુષ) + તત્ત્વ (સાર)] ન. નરજાતિનું તત્ત્વ; પુરુષગીજ.
આવું છે એને પ્રકાશનો સંપર્ક ક્યાંય હોય તો ખરો, પણ તેમાં નરતત્ત્વ ક્યાં સુધી જળવાયું નથી આસુધી તેના વિકાસ થઈ શકવા નથી.
કોષની કથા

૨. ન. પુરુષપણું.

નરતન | સં. નર (મનુષ્ય) + તનુ (શરીર)] પું. મનુષ્યદેહ; માણસનું શરીર.
નરતન નગરીમા મનમાર્ગ રિસાઈને ગેલા.
ઋષિ

નરતનુ [સં. નર (મનુષ્ય) + તનુ (શરીર)] ન. માણસનો દેહ; મનુષ્યદેહ; મનુષ્યશરીર.
નરતનુ કોઈ નૂર, સ્ત્રી ન બળ નિર્ધનર.
કુમારપાલ

નરતંતુ [સં. નર (પુરુષ) + તંતુ (તાંતણો)] પું. કુળમા રહેલ પુરુષજીવકોષો તાંતણો. પું.પ્રકર

નરતા ૧. [સં. નર (માણસ) + તા (પણું)] સ્ત્રી. નરત્વ; મનુષ્યપણું; માણસાઈ.
૨. સ્ત્રી. પુરુષત્વ.

નરતાત [સં. નર (માણસ) + તાત (પિતા)] પું. રાજા; નૃપતિ.

નરતિ [સં. નિરીક્ષા ; સ્ત્રી. (બા. પ્ર.) જોખ; તપાસ; પત્તો.
નરતિ લાગે નરપતિની,
તો સરે બાકીનું કાજ. ભાલણ

નરત્તિકા [સં. નર્તિકા] સ્ત્રી. નાચનારી સ્ત્રી.

નરતુરંગ [સં. નર (માણસ) + તુરંગ (ઘોડો)] પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રમાર્ગની દક્ષિણે આવેલ એક તારાસમુદાય; દક્ષિણર્ક્ષ. તેનો આકાર નર અને ઘોડા જેવો છે. તે વિષુવાંશ ૧૬૫થી ૨૨૫ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૩૦થી ૬૫માં આવેલ છે. નરતુરંગ એ સ્વસ્તિકના ચાર હાથ ઉપર છે. તેમાના બે મહેકા વર્ણના તારા ક્ષિતિજથી દસ અંશ ઉપર દેખાય છે. દક્ષિણે આકાશગંગાની ઝાંખપમા નરતુરંગના તારા જોકે સહેજ નીચાણમાં રહ્યા છે, તોપણ હજુ પ્રકાશે છે. તેનો પૂર્વ તરફનો તારો જે આપણો સૌથી પાસેમાં પાસેનો પડોશી સૂર્ય છે, તેમાંથી પૃથ્વી ઉપર પ્રકાશ આવતા ૪·૩૫ વર્ષ થાય છે.

નરતું ૧. વિ. ખોટું.
૨. વિ. તરસ્યું.
૩. [સં. ન (નહિ) + રત (રમેલું)] વિ. નાહકું; ખરાબ.
સ્વામી કેરો સંગ નહિ નારીને,
એથી બીજું શું નરતું રે? પ્રેમાનંદ

૪. વિ. નબળું; દુર્બળ.
૫. વિ. (બા. પ્ર.) નિર્બળ; ચોખ્ખું.
નાદ પડે નર તુમને આવો,
કરવું નરતો ન્યાય. [redacted]
૬. વિ. નીચું; હલકા દરજ્જાનું.

નરત્રાણ ૧. [સં. નર (માણસ) + ત્રાણ (રક્ષણ)] પું. રાજા; નરપાલ.
૨. પું. બીજા.

નરત્વ ૧. [સં. નર (પુરુષ) + ત્વ (પણું)] ન. નરતા; મનુષ્યપણું; માણસાઈ.
૨. ન. પુરુષપણું.

નરત્વારોપ ૧. [સં. નરત્વ (મનુષ્યપણું) + આરોપ (આરોપવું તે)] પું. પુરુષત્વારોપ; માનવગુણારોપણ; સાકારેશ્વરવાદ
૨. પું. માણસને લાગુ પડતી વાતથી ઈશ્વરનું વર્ણન

નરધેર | સં. નર (માણસ) + ઘર (ઘર)] પું. (હિન્દુ) સિદ્ધાસનના ૮૬ પૈકીના સાત આસનોનો સમૂહ એક આસ. તેમા મનુષ્ય પ્રાણીની આકૃતિઓ ક્રોતરવામાં આવે છે
સિદ્ધાસનના ઉદયમાં અર્ધેધર ઉપર મનુષ્યના ચિત્રનો વર આવે છે. તેની ઊંચાઈ સિદ્ધાસનના ઊંચાઈ જેટલી હોય છે સિદ્ધાસનના ઉદયથી ૮૬ આનો કરવા અને તે આનોમાંથી ૧ × ૪ = સાત આનોનો નરધેર કરવો. શબ્દકલ્પદ્રુમ

નરધ્રુ ૧. સ્ત્રી. એક ઝાડનો જોડ. તેનાં ફૂલમાંથી અર્ક ઔષધમાં આવે છે. તેનાં પાદડાં મકાન તરીકે વપરાય છે.
૨. [સં. નર્દ (અવાજ કરવો)] સ્ત્રી. (હિંદી) નાદ; શબ્દ; ધ્વનિ.
૩. સ્ત્રી. પાસો.
૪. [કા.] સ્ત્રી. પૈસો; નાણું.
૫. [કા. નર્દ] સ્ત્રી. ચૌસરની રમતમાં વપરાતું મહોરું; સોગઠી.
૬. [સં] ન. જટામાંસી નામની વનસ્પતિ.
૭. ન. પુરુષરસ.
૮. ન. સુગંધી વાળો; અસ.

નરદત્તા [સં.] સ્ત્રી. (જૈન) વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના શાસનની અધિષ્ઠાત્રી દેવી; જૈનાગમપ્રસિદ્ધ સોળ માંહેની એક દેવી.

નરદન [હિ.] સ્ત્રી. નાદ કરવો તે; ગર્જવું તે.

નરદમ ૧. વિ. એક જ જાતનું; શુદ્ધ; ભેળસેળ વિનાનું; ચોખ્ખું; અમિશ્રિત.
૨. વિ. કીમતી; સારું.
૩. વિ. તત્ત્વવાળું.
૪. વિ. તેજ જાતનું.
૫. વિ. નકરું; કેવળ; એકલું.
૬. ક્રિ. વિ. બહુ; નર્યું; સાવ; બિલકુલ; તમામ.

નરદમ્યું જુઓ નરદા.

નરદંડધર [સં. નર (માણસ) + દંડ (લાકડી) + ધર (ધરનાર)] પું. યમરાજા.
નૈઋતનો નરદંડધર ધિષ્ણપતિ રવિસુતરાજ;
સપ્તમનીપતિ અદ્રિજરાજ સમર્તા જમરાજ
પિંગળશાકોષ

નરદા | સં. નાળદાન | સ્ત્રી. મેલા પાણીની ખાળ.

નરદારા ૧. | સં. નર (માણસ) + દારા (પત્ની)] પું. કાયર માણસ; બીકણ માણસ; કરપોડ.
૨. પું. હીજડો; નપુંસક.
૩. સ્ત્રી. પરણેલ સ્ત્રી; ભાર્યા

નરદિક | સં. | વિ. સુગંધી વાળો અથવા અસ વેચનાર.

નરદિવારાત્રિ [સં. નર (માણસ) + દિવા (દિવસ) + રાત્રિ (રાત)] પું.,સ્ત્રી. મનુષ્યનાં દિવસ અને રાત
નરેશ મુહૂર્ત જેવો નરદિવારાત્રિ થાશે.
પ્રેમાનંદ

નરદીનઅલી પું. ઇમામી ધર્મનો એક નામનો આઠગોત્રમાંનો એક ઇમામ. તેની ઇમામત ઈ. સ. ૧૫૧૬થી ૧૫૫૦ સુધી ૩૫ વરસ ચાલી હતી.

નરદીમ જુઓ નરદમ

નરદુર્ગ [સં. નર (માણસ) + દુર્ગ (કિલ્લો)] પું. માણસોથી રક્ષાયેલો કિલ્લો.
જલદુર્ગ, પર્વતદુર્ગ, વનદુર્ગ એ બધા કિલ્લાઓ કરતા નરદુર્ગ સૌથી મજબૂત કિલ્લો છે.
પ્રકાશ

નરદેવ ૧. [સં. નર (માણસ) + દેવ (ઈશ્વર)] પું. બ્રાહ્મણ.
૨. પું. માણસમાં દેવતુલ્ય ગણાતો પુરુષ.
૩. પું. રાજા; નરોનો દેવ; નૃપતિ; નરપતિ
૪. પું. સાર્વભૌમ; ચક્રવર્તી.

નરદેવકુમાર [સં] પું. એ નામનો એક ઋષિ.

નરદેહ [સં. નર (માણસ) + દેહ (શરીર)] પું. માણસનું શરીર; મનુષ્યદેહ.

નરદ્વિષ [સં. નરદ્વિષ્] પું. રાક્ષસ; અસુર.

નરધાર અ. નક્કી; નિર્ધાર.

નરધિ [સં.] પું. પૃથ્વી; દુનિયા.

નરધીશ [સં. નર + અધીશ (ઈશ્વર)] પું. નરાધીશ; રાજા.
હું જાવાં દુને મે નવ મારે,
સાંભળ હો નરધીશ. મિસર

નરખોલ [સં. નૃ (માણસ) + ગુ. ખોલ] ન. વહાણમાં ગધાડાસારને મજબૂત કરવા માટે વપરાતું જરેડીબાળ દોરડું.

નરનગર [સં.] ન. એ નામનું એક શહેર.

નરનાથ ૧ [સં. નર (માણસ) + નાથ (પતિ)] પું. પરમેશ્વર.

તે લીલા તમને કંઈ નરનાથ સહો ધરી નેહ. દયારામ

૨. પુ. મનુષ્યોમાં શ્રેષ્ઠ પુરુષ.

૩. પું. રાજા; ભૂપતિ; નૃપાલ.

નરનામ ૧. [સં. નર (પુરુષ) + નામન્ (નામ)] વિ. પું. નર તરીકે ખોટું નામ ધારણ કરનાર.

પરી કરવે નરનામ નરેશ. પ્રેમાનંદ

૨. વિ. પું. જાદો.

નરનાયક [સં. નર (માણસ) + નાયક (નેતા)] પુ. રાજા; નરનાથ

નરનાર ન. જ. ક. સ્ત્રીપુરુષ.

નરનારાયણ ૧. પું. ઋષભદેવ.

૨. [સં.] પું. (પુરાણ) તપશ્ચર્યા કરી ભરતખંડના લોકોનું કલ્યાણ કરવા માટે ભગવાને લીધેલો એ નામનો એક અવતાર; વિષ્ણુના ચોવીસ અવતારોનો પાંચમો અવતાર.

૩. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મ ઋષિની મૂર્તિ નામની પત્નીને વિષ્ણુના અંશથી થયેલો એ નામનો પુત્ર.

૪. [સં. નર (અર્જુન) + નારાયણ (શ્રીકૃષ્ણ)] પું. જ. ક. અર્જુન અને કૃષ્ણ

૫. પું. જ. ક. ધર્મ અને અહિંસાના પુત્રો.

૬. પું. જ. ક. વિષ્ણુના અવતારરૂપ મનાતા એ નામના બે ઋષિ. કહેવાય છે કે, નર અને નારાયણ બે ભાઈ હતા. તેમાં નારાયણ મોટા હતા. મહાભારતમાં લખ્યું છે કે: એક વાર તેઓ ગંધમાદન પર્વત ઉપર તપશ્ચર્યા કરતા હતા. તે વખતે દક્ષનો યજ્ઞ ચાલતો હતો. તે યજ્ઞમાં રુદ્રને આમંત્રણ અપાયું ન હતું, તેથી ગુસ્સે થઈને દક્ષનો યજ્ઞ નષ્ટ કરવા માટે રુદ્રે એક ભૂત ઉત્પન્ન કર્યું હતું. આ ભૂતે યજ્ઞ નષ્ટ કરીને બધા દેવતાઓ ઉપર આક્રમણ કર્યું. તે વખતે નારાયણના હુંકારથી હાર પામીને તે પાછું રુદ્ર પાસે ગયું. આથી ગુસ્સે થઈને રુદ્ર નરનારાયણ ઉપર ચઢી આવ્યા. નારાયણે રુદ્રનું ત્રીજું પડ્યું અને નરે તેને મારવા એક સળી ફેંકી તો મોટું પરશુ બની ગઈ. નારાયણ અને રુદ્ર વચ્ચે ઘોર યુદ્ધ થયું. આથી પૃથ્વી અને આકાશમાં અનેક પ્રકારના ઉપદ્રવ થવા લાગ્યા. ત્યારે બ્રહ્માએ આવીને રુદ્રને સમજાવ્યા કે તે ખુદ નારાયણનો અવતાર છે, તારે તેની પ્રાર્થના કરીને નારાયણને પ્રસન્ન કર્યા. ઉપરાંત રુદ્રને નરનારાયણ સાથે પણ મિત્રાચારી થઈ. મહાભારતના નારાયણીયાખ્યાનમાં લખ્યું છે કે: પરબ્રહ્મના અવતાર નર તથા નારાયણ નામના બે ઋષિઓએ નારાયણી એટલે ભાગવત ધર્મનો પ્રચાર કર્યો હતો અને તેમના કહેવાથી નારદ ઋષિ શ્વેતદ્વીપ ગયા હતા ત્યારે ખુદ ભગવાને તેને આ ધર્મનો ઉપદેશ કર્યો હતો. હરિવંશમાં લખ્યું છે કે: બ્રહ્માના પુત્ર ધર્મે દક્ષની દસ કન્યા સાથે વિવાહ કર્યો હતો, જેનાથી હરિ, કૃષ્ણ, નર અને નારાયણ નામના ચાર પુત્ર થયા હતા. નારાયણ હરિ અને કૃષ્ણ યોગાભ્યાસ કરતા હતા અને નર તથા નારાયણ હિમાલય ઉપર કઠણ તપશ્ચર્યા કરતા હતા. તે વખતે ઇંદ્રે હરિને તેમની તપશ્ચર્યાનો ભંગ કરવા માટે કામ, લોભ અને મોહને મોકલ્યા તે પણ નરનારાયણ સામે મોકલ્યા, પણ તેમના તપમાં ભંગ પડ્યો નહિ. તેથી ઇંદ્રે કામદેવનું શરણ લીધું. કામદેવ પોતાની સાથે વસંત, રંભા, તિલોત્તમા વગેરે અપ્સરા લઈ નરનારાયણ પાસે પહોંચ્યો. તે વખતે અપ્સરાના ગાન વગેરેથી નરનારાયણની આખો ઊઘડી. તેમણે બધી વાત જાણી લીધી અને તરત પોતાની જાંઘમાંથી ઉર્વશી નામની બહુ સુંદર અપ્સરા પેદા કરી. વળી ઉર્વશી જેવડી બીજી હજારો અપ્સરાની સેવા કરવા માટે તેમણે તેમનાથી પણ સુંદર હજારો દાસીઓ ઉત્પન્ન કરી. આથી બધી અપ્સરા નરનારાયણની સ્તુતિ કરવા લાગી. વળી તેઓએ નારાયણ પાસે એવું વરદાન માગ્યું હતું કે, તમે અમારા પતિ થાઓ. આથી તેમણે કહ્યું હતું કે, દ્વાપરમાં જ્યારે હું અવતાર લઈશ, ત્યારે તમે રાજકુળમાં અવતરશો અને તે વખતે તમારી ઇચ્છા પૂર્ણ થશે. આ પ્રમાણે નારાયણ કૃષ્ણ થયા હતા અને નર અર્જુન થયા હતા. કાલિકાપુરાણમાં લખ્યું છે કે: મહાદેવે જ્યારે શરભ પક્ષીનું રૂપ ધારણ કરી પોતાના દાંત વડે નરસિંહના બે ટુકડા કરી નાખ્યા, ત્યારે નરસિંહના નરરૂપી અર્ધા ભાગમાંથી નર અને સિંહરૂપી અર્ધાભાગમાંથી નારાયણ થયા હતા.

નરનારાયણતીર્થ [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ; ભરદ્વિકાશ્રમ. તેની કથા એમ છે કે: પ્રાચીન કાળમાં પૃથ્વીનો ભાર હરવાના હેતુથી નરનારાયણ ભરદ્વિકાશ્રમથી અહીં રેવાતટે આવ્યા. તપ કર્યું અને શંકર ભગવાન પાસેથી કાંક્ષિત વરદાન મેળવ્યું. તેમણે રામ, કૃષ્ણ વગેરે અવતાર લઈને ભૂમિભાર ઉતાર્યો. અહીં ભરદ્વિનારાયણનું પણ માહાત્મ્ય છે. આઠમ ને ચૌદશનું માહાત્મ્ય વિશેષ છે. અહીંથી બોડે દૂર નદીકેશ્વરતીર્થ આવે છે.

નરનારાયણપ્રિય [સં] પું શિવનાં ઝબ્બર માઠેનું એક નામ.

નરનારાયણાનંદકાવ્ય [સં.] ન. વસ્તુપાલે લખેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

નરનારાયણિયું વિ. નરનારાયણરૂપે પરમાત્માની સ્તુતિ કરનાર.

નરનારિ [હિં] સ્ત્રી અર્જુનની સ્ત્રી દ્રૌપદી; પાંચાલી.

નરનારી [સં. નર (પુરુષ) + નારી (સ્ત્રી)] ન જ ક. સ્ત્રી અને પુરુષ.

નરનાલ [સં નર (આદમી) + નાલ (નળી)] સ્ત્રા. એક માણસ ઊભો રહે એવી તોપ.

એક માણસ ઊભો રહી ભરે તેવી તોપ બાદશાહે બનાવી છે અને તેને નરનાલ નામ આપેલ છે. આઇને અકબરી

નરનાહ [સં. નરનાથ] પું. રાજા; ભૂપતિ.

નવાબ નરનાહ, દુનિયામાં ન દાદવા. લોકસાહિત્ય

નરનાહર [હિં.] પું. મૂર્તિમંત ભગવાન.

નરનાળિયેરી [સં. નાળિકેર] સ્ત્રી. એક જાતની નાળિયેરી, તેનાં ફળ ઉપયોગી મનાય છે.

નરની [હિં.] સ્ત્રી. એક જાતનો ઘોડો.

નરનીતિપ્રિયા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઝબ્બર માઠેનું એક નામ.

નરપણું ૧ ન નરપણું, મરદાઈ, નરની શક્તિ; પુરુષાતન; પરાક્રમ.

નરબદાને નિરખી નરપુત્ર નરના નરપણું ભાળો. નવલરામ

૨. ન. માણસાઈ; માનવતા; મનુષ્યત્વ

નરપત ૧. [સં. નર (માણસ) + પતિ (ધણી)] પું. રાજા; ભૂપતિ; હાકેમ.

નથ મહ આવ્ય, છે નરપત. ગ્રામગીત

૨. પું. શ્રીકૃષ્ણથી બ્યાશીમી પેઢીએ વિક્રમ સંવતના સાતમા સૈકામાં થયેલા દેવેંદ્ર નામના રાજાના ચાર માઠેનો એ નામનો ઉલ્લો દીકરો. આ નરપતના વંશમાં કચ્છ કાઠિયાવાડના બીજા રજપૂતો વંશનો ઉલ્લેખ છે. નરપતની તેત્રીસમી પેઢીએ જામ રાવળ થયા હતા.

નરપતિ ૧. [સં.] પું. મજકૂરની એક પ્રાચીન રમતના ચાર માઠેનો એક રાજા.

૨. પું દેવડના ચાર માઠેનો એ નામનો એક પુત્ર. તેણે જામ એવું પોતાનું નામ ધારણ કર્યું હતું.

આ દેવેંદ્રને આઠ પુત્રો થયાઃ અષ્ટવસુ, અજપતિ, નરપતિ અને અહિર્બુધ્ન.
ગુજરાતનાં તીર્થસ્થાનો

૩. [સં. નર (પુરુષ) + પતિ (ધણી)] પું. રાજા; ભૂપતિ; હોકેમ; લોકોને પાળનાર માણસ.
હવે અહો આવી નરપતિ રહ્યો કાલ રમરતો. કલાપી

નરપતિજયચર્યા [સં.] સ્ત્રી. એ નામનો એક પ્રબંધ.

નરપત્ય પું. રાજા; ભૂપતિ.
કુબેર સુરેશ્વર અન્ય સમર્થ;
જયપતિ કહે સામળ નરપત્ય. પ્રેમાનંદ

નરપદ ૧. [હિં] પું ;ન. દેશ; જનપદ.
૨. પું ;ન. નગર.

નરપરાઈ સ્ત્રી. નરપણું હોવાપણું; લોકરવાદીપણું; અટકચાળું.

નરપણું ૧ વિ. અટકચાળું; બાજરીતરું.
૨. વિ. મિજાજવાળું; મોટે ચઢાવેલ.
૩. વિ. નમાલું; હોંશ વગરનું.
૪. વિ. નરમ; પાતળું; દુબળું.

નરપશુ ૧. [સં. નર (માણસ) + પશુ (પાણી)] પું. જૂસિદ.
૨. પું. પશુ જેવો માણસ; અધમ માણસ.

નરપાલ [સં. નર (માણસ) + પાલ (રક્ષણ કરનાર)] પું. રાજા; ભૂપતિ; ભૂપ.

નરપાલિ [સં.] પું. નાનો સંખ.

નરપાલિની [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનું એક નામ.

નરપાળ જુઓ નરપાલ.

નરપિશાચ [સં. નર (માણસ) + પિશાચ (પ્રેત)] પું. બધો દુષ્ટ અને નીચ માણસ; મનુષ્ય હોવા છતાં પિશાચોનું કામ કરનાર માણસ; નરરૂપી રાક્ષસ.

નરપુર [સં. નર (માણસ) + પુર (રહેઠાણ)] ન. મૃત્યુલોક; મનુષ્યલોક; ભૂલોક.

નરપુષ્પ [સં. નર (માણસ) + પુષ્પ (ફૂલ)] ન. નરતંતુવાળું ફૂલ; પુંપુષ્પ.

નરપું ન. ઉંબરું; લોઢાનો ગોળ હોય ઉપર ઉપરથી જોઈ લેવો તે.

નરપુંગવ ૧. [સં. નર (માણસ) + પુંગવ (બૈલ)] પું. પુરુષોત્તમ; શ્રેષ્ઠ પુરુષ.
૨. પું. રાજા.
૩. પું. વીર પુરુષ.
૪. વિ સર્વ મનુષ્યમાં શ્રેષ્ઠ.

નરપ્રકૃતિશાસ્ત્ર [સં. નર (માણસ) + પ્રકૃતિ (સ્વભાવ) + શાસ્ત્ર (વિદ્યા)] ન. મનુષ્યની પ્રકૃતિ સંબંધી શાસ્ત્ર.

નરપ્રિય ૧. પું. નીલકંઠ.
૨. પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.
૩. [સં. નર (માણસ) + પ્રિય (ગમતું)] વિ. મનુષ્યને પ્રિય.

નરપ્રિયા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનું એક નામ.

નરપૂલ ન. નરતંતુવાળું ફૂલ; પુંકેસરવાળું ફૂલ; નરપુષ્પ.

નરબડ વિ. સાધારણ; સામાન્ય.

નરબદા [હિં.] સ્ત્રી. નર્મદા.

નરબલિ [સં. નર (માણસ) + બલિ (બલિદાન)] પું. નરમેધ; મનુષ્યનું બલિદાન અપાય એવો યજ્ઞ

નરબસી સ્ત્રી. એક જાતની સુગંધી ઔષધિ. તે તીખી અને શક્તિ આપનાર મનાય છે.

નરબ્રહ્મસ્તિગદ્ધર [સં. નર (પુરુષ) + બ્રહ્મ (જેનું નીચેનો ભાગ) + ગદ્ધર (ગધેડા)] પું. પુરુષની જનનેંદ્રિય.

નરબંકો વિ પું. બહાદુર; વીર

નરબીજ [સં. નર (પુરુષ) + બીજ (બી)] ન. વીર્ય; ધાતુ; પુરુષબીજ.

નરભક્ષક [સં. નર (માણસ) + ભક્ષક (ખાનાર)] વિ. મનુષ્યાહારી; માણસને ખાઈ જનાર; આદમખોર.

નરભક્ષી ૧. [સં. નર (માણસ) + ભક્ષિન (ખાનાર)] પું. રાક્ષસ; દૈત્ય.
૨. વિ. માણસને ખાનાર.

નરભગવાન પું. વિષ્ણુનું એક નામ; નરરૂપ ધારણ કરેલ ભગવાન; ભગવાનના ચોવીસ માંહેનો એ નામનો એક અવતાર.

નરભવ [સં. નર (માણસ) + ભવ્ (થવું)] પું. મનુષ્ય તરીકેનો અવતાર.

નરભારતી સ્ત્રી. સરસ્વતીનો પુરુષરૂપ અવતાર.

નરભુજ [સં. નર (માણસ) + ભુજ્ (ખાવું)] વિ. નરભક્ષી

નરભૂ ૧. [સં. નર + ભૂ (ભૂમિ)] સ્ત્રી. નરભૂમિ; વીરભૂમિ.
૨. સ્ત્રી. ભારતવર્ષ; હિંદુસ્તાન.
૩. [સં. નર (પુરુષ) + ભૂ (થવું)] સ્ત્રી. મનુષ્યોની ઉત્પત્તિ.

નરભૂમિ ૧. [સં. નર (વીરપુરુષ) + ભૂમિ (જગ્યા)] સ્ત્રી. ભારતવર્ષ.
૨. સ્ત્રી. વીરભૂમિ; વીરક્ષેત્ર.

નરમ ૧. [સં. નિર્મલ] વિ. બહાદુર; જાતીવાળું; બીજ વગરનું; નિર્મળ.
૨. અ. નમ્રતા હોય તેમ; નિરમે; બીજ વગર.

નરમેરામ પું. ઈસવી સનની અઢારમી સદીમાં થયેલ એ નામનો એક ગુજરાતી કવિ, નરહરિ.

નરહરિ પું. ગુજરાતનો એ નામનો એક કવિ. એણે પ્રસ્તાવિક કવિતા બહુ સારી લખી છે.
કહે નરહરિ મરને માર તો,
બીજરી બાર કે મરડિયા. નાકેરામ

નરહોજી ૧. [સં. નર (માણસ) + હોજિન્ (ખાનાર)] પું. મનુષ્યાહારી માણસ.
૨. વિ. નરમાંસ ખાનાર; મનુષ્યાહારી; નરભક્ષક.

નરાઅમર [સં. નર (પુરુષ) + અમર (અમરો)] પું. અમરા જેમ નવાં પુષ્પો એટલે પ્રેમપાત્રોની સુગમ સેવા કરનાર પુરુષ.

નરમ ૧. વિ. ઓછું; કમ; ઓછું.
૨. વિ. ઠોમળ.
૩. વિ. માઠું ન લોય એવું.
૪. વિ. ધીરું; ઠંડું.
નરમ કરવું-પાડવું = (૧) ઠંડું પાડવું, શાંત પાડવું. (૨) મુલાયમ બનાવવું.
૫. વિ. નબળું; કમજોર.
૬. વિ ઓછું; ઢીલું.
૭. વિ. ગરીબ; સાધારણ; રાંક.
૮. વિ. મંદ.
૯. વિ. મિતાચરણી; સૌમ્યમાર્ગી
૧૦. વિ. લીસું; સુંવાળું; મુલાયમ; મૃદુ.
૧૧. વિ. બાકું વગે કે મરડાય એવું
૧૨. [સં. નમ્ર] વિ. વિવેકી; નમ્ર; સભ્ય.
૧૩. વિ. સહેજ વાતમાં ગભરાઈ જાય એવું; નરમ જાતીનું.
૧૪. વિ. સાધારણ; ચાલુ.
૧૫. વિ ઢબકું

નરમગરમ ૧. વિ. કોઈ વાર રાત અને વાર કોપી
૨. વિ. સાધારણ

નરમઘેરા ૧. વિ. અતિ નમ્ર.
૨ વિ. ઘેટા જેવું ધીમું, શાંત ઢીલું.
નરમ ઘેટા જેવું થઈ જવું = ગુસ્સો શાંત થવો.

નરમઘેંસ જુઓ નરમઘેટા.

નરમચારા [હિં] પું. પ્રથમી ખોરાક.

નરમચાંદી સ્ત્રી. (વૈદ્યક) ચાંદીનો એક જેમ તેમાં ચાંદુ અથવા ખારૂં પડે છે તેની કોર ઉપદંશ અથવા ફિરંગ રોગની ચાંદીના કરતાં નરમ હોય છે

નરમટ [હિં.] સ્ત્રી. પોચી માટીવાળી જમીન.

નરમણિ [સં. નર (પુરુષ) + મણિ (રત્ન)] પું. પુરુષરત્ન; નરરત્ન.

નરમતાલુ ન. તાળવાનો નરમ ભાગ.

નરમદલી [હિં.] વિ. નમદલી; ઉદારમતવાદી; સુધારક; 'લિબરલ.'

નરમદળ ન. નરમ વિચારવાળાઓનો સમૂહ.

નરમડા [હિં.] સ્ત્રી. નર્મદા.

નરમડોરી સ્ત્રી. પોચુ અથવા ઢીલું હોવાપણું.

નરમની સ્ત્રી. નારી; સ્ત્રી.
નગરશેઠની નરમની, બાઈના વિચાર્યું બંધ.
ચારણ

નરમ પાણી ન. ચૂના વગરનું પાણી; બનિજ ક્ષાર વિનાનું પાણી; 'સૉફ્ટ વૉટર.'

નરમલી સ્ત્રી. એક પ્રકારનું ઝાડ; રીંજવેલ.

નરમ લોખંડ ન. પાતરનું લોખંડ; 'રૉટ આયર્ન.'

નરમ લોહા [હિં.] પું. અગ્નિમાં તપાવી હવામાં ઠંડું કરેલું મુલાયમ લોઢું.

નરમળ [સં. નિર્મલ] વિ. નિર્મળ; લોખ્ખું.
કાયલે જેનડી ને કાયલો વીર,
બંધે જોપા ને અમે નરમળ નીર.
રઢિયાળી રાત

નરમા ૧. [હિં.] પું. એક જાતનો કપાસ. તેને મનવા, દેવકપાસ કે રામકપાસ પણ કહે છે.
૨. સ્ત્રી. કાનનો નીચલો ભાગ; કાનની બૂટ.
૩. સ્ત્રી સેમરનું ફૂલ.

નરમાઈ ૧. સ્ત્રી. મટાડવું તે.
૨. સ્ત્રી. નરમાશ; નરમ હોવાનો ભાવ; નરમપણું; નમ્રતા.
૩. સ્ત્રી. મુલાયમપણું; મૃદુતા.

નરમાખ પું. માખોનો નર; માખોમાં નર. તે હમેશા આળસુ રહે છે.

નરમાડા ૧. ન. જ ન. નગારાંની જોડી. જેનું ગમડું જાડું હોવાથી મોટો અવાજ નીકળે તે નર અને પાતળું ગમડું હોવાથી કોમળ અવાજ નીકળે તે માદા કહેવાય છે.
૨. ન. જ. ન. નર અને નારી; પુરુષ અને સ્ત્રી; નર અને માદા.
૩. ન જ. ન. બરડવાની જોડી. જેમાં ખીલો હોય છે તે નર અને ખીલાને ધારણ કરનાર તે માદા કહેવાય છે.
૪ ન. જ. ન મૃદંગને મઢેલ ગમડાના સાહી લગાડેલ અને સાહી નહિ લગાડેલ બે ભાગ. મૃદંગ કે તબલાની ચોટ લગાડેલ ભાગ તે નર અને સાહી લગાડેલ ભાગ તે માદા કહેવાય છે.
૫. ન. જ. ન. સારસ જોડી.

નરમાદી ૧. સ્ત્રી. એક પ્રકારનું તાળું.
૨. સ્ત્રી. પુરુષ અને સ્ત્રી.
૩. સ્ત્રી. મજબૂતી.

નરમાદીન ૧. [હિં.] સ્ત્રી. પુરુષ અને સ્ત્રી, નર અને માદા.
૨. સ્ત્રી. બારણાનું બરડવું.

નરમાધા [સં. નૃ (માણસ) + માતૃ (માતા)] ન. વહાણમાં નકરાને તથા પાછલા મોરાને લગાડાતાં લોઢાનાં મજબૂત પાટિયાં.

નરમાનિકા જુઓ નરમાનિની.

નરમાનિની [સં. નર (પુરુષ) + માનિની (સ્ત્રી)] સ્ત્રી. દાઢીમૂછવાળી સ્ત્રી.

નરમાલા [સં. નર (માણસ) + માલા (માળા)] સ્ત્રી. માણસોની ખોપરીની માળા.

નરમાલિની [સં.] સ્ત્રી. માણસોની ખોપરીઓની માળાવાળી, દાઢીમૂછવાળી સ્ત્રી.

નરમાલી ૧. સ્ત્રી. એક જાતની પુરુષવેલી.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ; નિર્ગુંડિકા.

નરમાલું [સં. નિર્માલ્ય] વિ. નમાલું; નિર્બળ; બાયલું.
નર નરમાલો નપુંસકો અકર્મી હોય અનંદા.
ચારણ

નરમાવટી (નરમાવટો) [હિં.] સ્ત્રી. કનકપાસ.

નરમાવવું સ.ક્રિ. નરમ કરવું; કૂણવવું; પોચું કરવું.

નરમાશ ૧. [ફા. નર્મ (મુલાયમ)] સ્ત્રી. કોમળતા; મૃદુતા.
૨. સ્ત્રી. નમ્રતા; નરમપણું; સાલસાઈ; ભલમનસાઈ.
૩. સ્ત્રી. નાજુકાઈ; સુકુમારતા.
૪ સ્ત્રી. મધુરતા; માધુર્ય; મીઠાશ.
૫. સ્ત્રી. મનોહરતા; લાલિત્ય.
૬. સ્ત્રી. સુંવાળાપણું; કુમાશ; કુમળાશ.

નરમાહટ ૧. [હિં.] સ્ત્રી. મટાડવું તે.
૨. સ્ત્રી. નમ્રતા.
૩. સ્ત્રી. મુલાયમપણું.

નરમાણી જુઓ નરમાણી.

નરમાંચ પું. માંચ જાતનો નર; માંચોમાં નર; પુરુષજાતિની માંચ.

નરમાંશું વિ. નરમ; પોચું.

નરમાંસ ન. માણસનું માંસ; માણસની માદી.

નરમી [ફા. નર્મ] સ્ત્રી નમ્રતા; નરમાશ; મૃદુતા; મુલાયમિયત; કોમળતા.

નરમીનાર [ફા.] પું. નરમ ઊંચી જાતનું રેતથી કાપડ

નરમુંડ [સં. નર (માણસ) + મુંડ (માથું)] પું. માણસનો ખોપરી

નરમુંડમાલાધારિણી [સં. નર (માણસ) + મુંડ (માથું) + માલા (માળા) + ધારિણી (ધારણ કરનારી)] સ્ત્રી. મનુષ્યની ખોપરીની માળા ધારણ કરનાર દુર્ગા.
હે મા દુર્ગે ! કાલીરણચંડી, નરમુંડમાલાધારિણી, દિગમ્બરી, ભદ્રગાત્રાણી, અસુરાવનાશિની હે દેવી !
દુર્ગાસ્તોત્ર

નરમેઢ [સં. નરમેધ] પું. મનુષ્યનો જોગ અપાય એવો યજ્ઞ; નરમેધ.

નરમેધ ૧. [સં. નર (માણસ) + મેધ (યજ્ઞ)] પું. એક પ્રકારનો યજ્ઞ; પુરુષમેધ યજ્ઞ. આ યજ્ઞમાં માણસનું બલિદાન અપાય છે. આ યજ્ઞ ચૈત્ર સુદિ ૧૦ના રોજ શરૂ થઈ ચાલીસ દિવસે પૂરો થતો.
૨. ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં ષડ્જ અને પંચમ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

નરમો પું. એક જાતનો કપાસ. તેના બે પ્રકાર છે. એકનાં બી કપાસ જેવા જ અને બીજાનાં ઝાડાં ને ડાળાં હોય છે.

નરય [પ્રા.] ન. નરક; નારકીઓનું નિવાસસ્થાન.

નરયંત્ર [સં. નર (માણસ) + યંત્ર (સાધન)] ન. સાતુબાબા યંત્ર; સૂર્યઘડી; એક પુરુષપ્રમાણ એટલે સાડાત્રણ હાથ ઊંચાઈનો મોટો સોટ કરી ગાંઠા રહિત સર્વ કોર સરખું માપ લેવાને કરવામાં આવતું યંત્ર; સૂર્યસિદ્ધાંત અનુસાર એક જાતનું સાધનયંત્ર. તેનો ઉપયોગ તડકામાં વખત જાણવા માટે થાય છે.

નરયંદ પું. રાજા.

નરયાન [સં. નર (માણસ) + યાન (વાહન)] ન. માણસથી ઊંચકાતું વાહન.

નરરત્ન ૧. [સં. નર (માણસ) + રત્ન (મણિ)] ન. ઉત્તમ પુરુષ; માણસરૂપી રત્ન; નરમણિ.
૨. વિ. પુરુષોમાં ઉત્તમ.

નરરથ પું. ચક્રવર્તી ભીમરથનો એ નામનો પુત્ર.

નરરાક્ષસ [સં. નર (માણસ) + રાક્ષસ] પું. રાક્ષસ જેવો પુરુષ.

નરરાજ [સં. નર (માણસ) + રાજન (રાજા)] પું. કુબેર.

નરરાજ્ય [સં. નર (માણસ) + રાજ્ય (હકૂમત)] ન. પુરુષોનું સામ્રાજ્ય; પુરુષોનું પ્રાબલ્ય; પુરુષોનું બળ.

નરરાહુ પું. માણસરૂપી રાહુ.

નરરૂંડ ન. મનુષ્યની ખોપરી

નરર્ષભ [સં. નર + ઋષભ (બૈલ)] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નરલખ પું સલક્ષણો પુરુષ; લાખેણો નર.

નરલવિંગ ન. એક જાતની વનસ્પતિ.

નરલોક [સં.] પું. મનુષ્યલોક; મૃત્યુલોક; દુનિયા; પૃથ્વીલોક.

નરવર ૧. [સં. નર (માણસ) + વર (સૌથી સારું)] પું. પુરુષોમાં શ્રેષ્ઠ માણસ.

આપણા જો વાંસરા પાસેથી પણ એમ થે છે અને નરવરની પેઠે વર્તે છે.

ઠાકોર

૨. પું. પ્રભુ; ઈશ્વર.

૩. પું. રાજા.

નરવરી ૧. સ્ત્રી. મનુષ્યોની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નરવલ્લભ [સં.] પું. કપૂતર.

નરવરા ૧. વિ. નરમ; ઢીલું; પોચું.

૨. વિ. હતાશ.

નરવંશ ન. એક જાતની વનસ્પતિ; નરડાર્ય ઘાસ.

નરવંશ [સં.] પું. માનવજાત; મનુષ્યજાતિ.

નરવા ૧. [હિ.] પું. એક જાતનું પક્ષી

૨. પું. ક્ષમતા જમાનખીવાળી જમીન.

૩. [સં. નિવાહ] પું જમીન સંબંધી વહપરંપરાનો એક જાતનો વહીવટ. ગામની આબાદી રહે ને વહીવટદારોનો નિર્વાહ ચાલ્યા કરે તે માટે સરકારે વહીવટ બાંધી આપેલો હોય છે. નરવા, નરવાદારની મુકરી વજર તોડી શકાય નહિ. કાયદામાં તેને બાગીદારી કહે છે.

નરવાઈ સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી; સુખાકારી; સાજું હોવાપણું.

નરવાઉ ૧. સ્ત્રી. કાઠીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નરવાણુ ૧. સ્ત્રી. ચૌહાણ રજપૂતોની એ નામની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ.

૩. વિ. એ નામની શાખાનું.

નરવાદાર પું. નરવાનો ધણી; જમીનદાર; નરવાની જમીનવાળો પુરુષ.

નરવાહ ૧. [સં. નર (માણસ) + વાહ (વહન કરનાર)] ક. નનામી.

૨. ન. માણસ ખેંચે કે ઉપાડે એવું વાહન.

નરવાહન ૧. પું. કિન્નર.

૨. પું. કુબેર.

૩. પું. વિદ્યાધરોનો રાજા.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. [સં. નર (માણસ) + વાહન] ન. માણસ ખેંચે કે ઉપાડે એવું વાહન.

૬. વિ. માણસથી વહેલું

નરવાહનગોળાવાળા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નરવાહનદત્ત [સં.] સ્ત્રી. બોસઠ માંહેની એ નામની એક પૌરાણી.

નરવિષ્ટિન ૧. પું. રાક્ષસ.

૨. વિ. મનુષ્યનું ભક્ષણ કરનાર.

નરવિષ્ણુક ૧. [સં.] પું. રાક્ષસ.

૨. વિ. મનુષ્યાહારી.

નરવિષ્ણુવી ૧. [સં.] સ્ત્રી. રાક્ષસી.

૨. વિ સ્ત્રી. મનુષ્ય ખાનારી.

નરવીર ૧. [સં.] પું. નરનારાયણ ભગવાન.

૨. પું. પુરુષોમાં ઉત્તમ પુરુષ; વીર પુરુષ.

૩. વિ. હોશિયાર; બહાદુર.

નરવું ૧. [સં. ન (નહિ) + ઽત્ (બોલવું)] વિ. આરોગ્યવાળું; સાજું; તંદુરસ્ત; નીરોગી.

૨. [સં. ન (નહિ) + ઽ (બરડું)] વિ. કુંવારું; અવિવાહિત; નહિ પરણેલું.

૩. વિ. બાલી.

૪. વિ. છોકરું; બોકલું.

૫. વિ. બજર જેવું; બોખું; ગૂઢ.

૬ અ તદ્દન.

૭. અ. નરદમ.

નરવૃષભ [સં. નર (માણસ) + વૃષભ (બળદ)] પું. બહુ ઊંચા ભાગ માણસનો અને બહુ ઓછા ભાગ બળદનો હોય એવું કલ્પિત પ્રાણી.

નરવેડો ૧. (નરવેડો) પું. અંત; છેવટ, પરિણામ.

૨. પું. બબાલ.

૩. પું. તોડ; નિર્ણય; ફેંસલો; ચુકાદો.

૪. પું. નિરાંત; શાંતિ.

૫. પું. પત્તો.

નરવેધ પું. (જૈન) પુરુષવેદ.

નરવે પાને ૧. અ. બબ્બા કે બાબલા સિવાય.

૨. અ. ખાલી રહીને.

નરવેલ સ્ત્રી. એક જાતનું ઘાસ, નાની ઝરણી. આ ઘાસ મોટું થાય છે. એનાં પાંદડાં નાનાં અને લાંબાં હોય છે. એને કાતરા હોય છે. એના પાંદડાની સુગંધયુક્ત વાસ આવે છે. એ ઝાડની ડાળીઓ વેલાની પેઠે પાંગરે છે. પાંદડાની બટણી થાય છે. કોઈ કોઈ એના પાંદડાંનું શાક કરે છે. દમ ઉપર એની ભાજી દવા તરીકે અપાય છે. એના ગુચ્છ ઝરણી જેવા જ છે, પરંતુ ઘાસ કરીને વાત તથા કફને મટાડે છે.

નરવો ૧. પું કાયમી જમાનખીવાળી જમીન; જેની ઉપરનો મહેસૂલી કર હંમેશને માટે એકસરખો જ નક્કી કરેલ હોય એવી જમીન.

૨. પું. કુંવારો માણસ.

૩. [સં. નિર્વાહ] પું. જમીનનો વંશપરંપરાનો વહીવટ.

૪. પું. નીગ્રો માણસ.

૫. પું. હિજરે બિનાનો માણસ; બેકાબો માણસ; કોઈ જાતની સાંસારિક પીડા રહેલી ન હોય એવો માણસ.

૬. વિ પું છોકરો; બોકલો.

૭. વિ પું. તંદુરસ્ત હોય એવો.

નરવ્યાઘ્ર ૧ [સં. નર (માણસ) + વ્યાઘ્ર (વાઘ)] પું. પાણીમાં રહેતું એક જાતનું જનાવર. એના શરીરનો નીચલો ભાગ મનુષ્ય જેવો અને ઉપરનો ભાગ વાઘ જેવો હોય છે.

૨ પું પુરુષમાં વાઘ જેવા બળવાળો અર્જુન.

૩. પું. વાઘ જેવા બળવાળો પુરુષ.

૪ પું. શ્રેષ્ઠ પુરુષ.

૫. વિ. માણસમાં વાઘ જેવું, બળવાન.

નરશાહ [સં. નર + શાહ (રાજા)] પું. નરેંદ્ર; રાજા.

નરશાર્દૂલ ૧ [સં.] પું. મનુષ્યમાં વાઘ જેવો પરાક્રમી પુરુષ.

૨. વિ મનુષ્યમાં સિંહરૂપ; બહાદુર

નરસિંહિ પું (વિકાસ) એક સમકૃત વર્ણમેળ છંદ તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, જગણ, સગણ, નગણ અને ગુરુ મળી ૧૬ વર્ણ હોય છે.

નરસિંહિ રચ ન જા જ સ ન ગા કવિ ' કવી.

રજ્જડ્યલ

નરશૃંગ [સં.] ન. મનુષ્યનું ધીમું. અસાધ્ય વસ્તુના અર્થમાં આ શબ્દ પ્રયોજાય છે.

નરશોણિત [સં. નર (માણસ) + શોણિત (લોહી)] ન. માણસનું લોહી

નરશ્રેષ્ઠ ૧. [સં. નર (માણસ) + શ્રેષ્ઠ (ઉત્તમ)] પું. ઉત્તમ પુરુષ.
૨. વિ. માણસમાં શ્રેષ્ઠ.

નરસ ૧. વિ. નાકરું; બરાબર નરસું.
૨. [સં. નિસ્ (વગરનું) + રસ] વિ. રસ વગરનું; નીરસ.

નરસાઠ્યો પું. ચોક્કસ ચીનો શીરો. જમણમાં શીરો સારો ન હોય તો તેને આ નામ ચરત તરીકે અપાય છે.

નરસાકર વિ. નરસું કરનાર; દુષ્ટ; અનિષ્ટ નકારું.

નરસખ [સં. નર + સખિ (સોબતી)] પું. નારાયણ.

નરસત્ત્વ [સં. નર (પુરુષ) + સત્ત્વ (તત્ત્વ)] ન. વીર્ય; પુરુષનું ઉત્પાદક બીજ.

નરસત્ત્વશાસ્ત્રી પું. પરાગસ્પેશ.

નરસરી પું. એક જાતનો છોડ. એનાં પાન વાસણનાં પાન કરતાં પણ લાંબાં હોય છે. તે જ્યાં જોડે ત્યાં તેનાં મૂંઢનાં મૂંઢ ઊગે છે. એની દાંડી અંદરથી પોલી હોય છે, તેથી તેની મોરલી પણ બને છે. દાંડી ઉપર જાંબલી રંગની સુવાળી રૂંછળ એક ઇંચ લાંબી આવે છે. તેના મૂળમાં ઝાઝી ગાંઠ હોય છે. આ છોડ ઢોરનો ચારો છે. તે ઘોડાને ખાસીમાં અવડાવાય છે. મૂત્રકૃચ્છમાં તેનાં ફળ વાટીને ચાવામાં આવે છે.

નરસલ [હિં.] પું. એક જાતનો છોડ; નરકટ.

નરસલિયા ૧. સ્ત્રી. સાંધીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નરસંસર્ગ [સં. નર (માણસ) + સંસર્ગ (ભેળા થવું તે)] પું. માનવસમાજ.

નરસાઈ ૧. સ્ત્રી. નકામાપણું; નરસું હોવાનો ભાવ.
૨. સ્ત્રી. નબળાઈ; નિર્બળતા.
૩. સ્ત્રી માણસાઈ; માણસપણું.

નરસાપણું જુઓ નરસાઈ.

નરસાપુર ન. એ નામનું એક ગામ. ત્યાં ગોદાવરી નદીનો હાંટો વસિષ્ઠ સમુદ્રને મળે છે

નરસાયરા ૧. સ્ત્રી. આદમજીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નરસાર [હિં.] પું. નવસાર.

નરસિંગ [હિં.] ન. એક પ્રકારનું પરદેશી કૂલ.

નરસિંગપુરાણ ન. નરસિંહપુરાણ; નૃસિંહપુરાણ; અઢાર માહેનું એ નામનું એક ઉપપુરાણ.

નરસિંગા ૧. [હિં.] પું. લાંબી નળી.
૨. પું. સિંગડાના આકારનું એક સંગીતવાદ્ય; રણશિંગું.
૩. પું. સિંગડું.

નરસિંગિયો વિ. પું. રણશિંગું ફૂંકનાર.

નરસિંહ [હિં.] પું. નૃસિંહ.

નરસિંહા [હિં. નર (મોટું) + સિંહા (સિંહનું બનાવેલું એક પ્રકારનું વાજું)] ન. તૂરી; રણશૃંગ; નળના આકારનું તાંબાનું મોટું વાજું. તે ઘોડાને બજાવવામાં આવે છે. જે સ્થાન ઉપર ફૂંક મારવામાં આવે છે તે ભાગ બહુ જ પાતળો હોય છે અને તેનો બાકીનો ભાગ પહોળો હોય છે. વચમાંથી તેના બે જુદા ભાગ પણ થાય છે અને બજાવ્યા પછી પાતળો ભાગ બારીક કરી મોટા ભાગની અંદર રાખી દેવામાં આવે છે. પ્રાચીન કાળમાં તેનો ઉપયોગ રણક્ષેત્રમાં થતો. આજકાલ ગામડામાં વિવાહ આદિ અવસર ઉપર તે બજાવવામાં આવે છે.

નરસિંહ ૧. પું. એ નામનો એક રતિબંધ.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે રોલાજાતિ છંદનો ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૧૬ લઘુ મળી ૫૬ વર્ણ અને ૬૬ માત્રા હોય છે.
૩. [સં. નૃસિંહ] પું. નૃસિંહ ભગવાન; નરસિંહાવતાર; પરમેશ્વરનો સિંહના આકારે મનુષ્યરૂપનો અવતાર; વિષ્ણુનો ચોથો અવતાર.
૪. પું. રાજા.
૫. [સં.] પું. વીર નર.
૬. પું. શ્રેષ્ઠ પુરુષ.
૭. પું. સિંહ જેવો બહાદુર પુરુષ.
૮. પું. સૌથી પ્રથમ ગુજરાતી કવિતા લખનાર ભક્તશિરોમણિ કવિ નરસિંહ મહેતા. ગુજરાતી ભાષાના સૌથી પ્રથમ કવિ તરીકે નહિ, તો પ્રથમ સૌથી પ્રસિદ્ધ આદિકવિ નરસિંહ મહેતા ગણાય છે. એમનો જન્મ સંવત ૧૪૭૦માં જૂનાગઢ પાસેના તળાજા ગામમાં થયો હતો. તે જ્ઞાતે વડનગરા નાગર બ્રહ્મક્ષત્ર હતા. તેમના પિતાનું નામ કૃષ્ણદાસ અને કાકાનું નામ પર્વત મહેતા હતું. કાકાના અવસાન પછી પોતાના એક મોટા ભાઈને ત્યાં તે ઊછર્યા. સંવત ૧૪૮૩માં માણેકબાઈ સાથે લગ્ન થયા પછી ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે ઉદ્યમે લગાડવાનો તેમના સંબંધીએ બહુ પ્રયત્ન કર્યો, પણ તેમાં કંઈ વળ્યું નહિ. આખરે લૌકિક વ્યવહારમાં કેવળ ઉદાસીન રહેતા આ જાણીને જાનીએ કડવું મેણું માર્યું. આથી નરસિંહ મહેતાને ઘણું માઠું લાગ્યું અને ઘર છોડી ચાલ્યા ગયા. ગોપનાથ મહાદેવની ભક્તિ કરતાં તેમણે મહેતાને દર્શન દીધાં અને વૈકુંઠની રાસલીલા બતાવી. ત્યારથી નરસિંહ મહેતાના કૃષ્ણભક્તિમય દિવસ વીતવા લાગ્યા. કવિને ત્યાં સંવત ૧૪૯૫માં કુંવરબાઈનો અને સંવત ૧૪૯૭માં શામળદાસનો જન્મ થયો. કુંવરબાઈનાં લગ્ન સંવત ૧૫૦૪માં જોનામાં થયાં. પછી લગભગ બારેક વરસમાં માંડેકું પૂરું થતાં આવ્યો. પુત્રનાં લગ્ન પછી બીજા દિવસોમાં નરસિંહ મહેતાના પત્ની અને પુત્ર ગુજરી ગયાં અને કુંવરબાઈ પણ વિધવા થઈ. સંત મહેતાજીએ જીવનમાંથી સાર તારવ્યો છે, સુખ સંસારીનું મિથ્યા કરી માનલે, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું. દરેક મહાપુરુષ કે સંત મહાત્માના જીવનની આસપાસ ચમત્કારનો ઘાટો વર બનતો હોય છે, તેમ નરસિંહ મહેતાના જીવનમાં પણ શામળશાનું પ્રત્યક્ષ દર્શન, રાસલીલાનું અદ્‌ભુત દર્શન, કુંવરબાઈનું મામેરું પૂરવાનો પ્રસંગ, તીર્થયાત્રીઓની હૂંડી સ્વીકારવાનો પ્રસંગ, પિતાના શ્રાદ્ધનો પ્રસંગ, હારમાળાનો પ્રસંગ વગેરેમાં અજબ ચમત્કાર ને ભક્તિભાવ ભળેલો છે. નામરી નાને મહેતાને જન્મજાતમાં કાંઈ ખાસ રાખી નહિ. નરસિંહ મહેતાની કવિતાનું વિશિષ્ટ અંગ તેમના પ્રભાતિયાં છે. તેમાં મુખ્યત્વે કૃષ્ણસ્તુતિ અને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ સરળ ને મીઠી વાણીમાં છે. આ ઉપરાંત તેમણે શોવિંદગમન વગેરે ખંડકાવ્યો પણ રચ્યા છે

નરસિંહજીની પહેલી = (૧) મોહિકરાઈથી માંડે લખેલું કામ. (૨) ભગવાનને ઓરણે ચઢાવું કામ. અમુક કામને માટે તેના નૈવાચિકો નીમ્યા ન હોય પણ દૈવગતિથી આવ્યું જતું હોય એવા કામને માટે આમ બોલાય છે.

નરસિંહઉરા ૧. સ્ત્રી. (કોળી) વાઘરીની ચોરાશી માંહેની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નરસિંહચૂર્ણ ન. (વૈદ્ય) એક જાતનું ચૂર્ણ. તે શતાવરી, ત્રિકટુ, તિલ, ગોખરુ, લસણ વગેરેનું બને છે. આ ચૂર્ણ ઉત્તેજક, ધાતુપરિવર્તક અને શક્તિવર્ધક મનાય છે. તે નપુંસકાર્ય, હાર્નો રોગ, કોઢ, ચાંદી, રસાયુક્ત અને અશ્મરીમાં અપાય છે. તેની માત્રા ૧૦થી ૪૦ ગ્રેન છે. દિવસમાં બે વખત દી અને બાંડ સાથે તે લેવાય છે.

નરસિંહજ્વર પું. (વૈદ્ય) એક જાતનો તાવ; જેમાં દિવસ આવે અને ચોથે દિવસે ન આવે એવા ક્રમવાળો તાવ.

નરસિંહનિપાતન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નરસિંહપરા ૧. સ્ત્રી. વાણિયા અને બ્રાહ્મણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

નરસિંહપુરા જુઓ નરસિંહપરા.

નરસિંહપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એ નામનું એક ઉપપુરાણ; નૃસિંહપુરાણ.

નરસિંહભદ્ર પું. વેરમા સૈકામાં થયેલ એ નામનો એક રાજા. જગન્નાથપુરીમાં તેણે અર્જનો પમાડે તેવું મંદિર બંધાવ્યું હતું.

નરસિંહમુખી સ્ત્રી. એ નામની પુરાતની એક તોપ. તે રણજિતસિંહના હુકમથી લાહોરમાં તૈયાર કરવામાં આવી હતી.

નરસિંહમૂર્તિદાન [સં.] ન. નૃસિંહ ભગવાનની મૂર્તિનું દાન.

નરસિંહરાવ પું. ગુજરાતનો એ નામનો એક કવિ. ગુર્જર કાવ્યસાહિત્યના પ્રચલિત પ્રવાહને નવીન દિશામાં ગતિ આપનાર કવિ વિવેચક નરસિંહરાવનો જન્મ અમદાવાદમાં ઈ.સ.૧૮૫૮માં થયો હતો. ભોળાનાથ સારાભાઈ એમના પિતા થાય. ૧૮૮૦માં બી.એ.ની પરીક્ષામાં એમણે સંસ્કૃત વિષયમાં ઉનાઈ મેળવ્યું હતું. ૧૮૮૩માં એ રૉયલ્ટુટરિ સિવિલ સર્વિસમાં જોડાયા હતા અને અસિસ્ટંટ કલેક્ટર થઈને એ ૧૯૧૫માં નિવૃત્ત થયા. મરાઠી અને ફ્રાન્સી ભાષાનું એમને સારું જ્ઞાન હતું. અંગ્રેજી કાવ્યની સુંદર પ્રતિચ્છાયા પાડવામાં તે એક્કા હતા. નરસિંહરાવનું સાક્ષરજીવન અનેકદેશીય હતું. વિવેચક તરીકે, ભાષાશાસ્ત્રી તરીકે, સંગીતજ્ઞાની તરીકે, હરિકીર્તનકાર તરીકે, રસજ્ઞ તથા કલાનિપુણ તરીકે, ઉચ્ચ પક્ષવાદીપણે અને અર્થપત્રો તરીકે એમનો સંસ્કારી જીવનને એ જીવનના પહેલ પાડી રહ્યા હતા. તેમણે લખેલાં ગેય પુસ્તકો કુસુમમાળા, હૃદયવીણા, નૂપુરઝંકાર, સ્મરણસંહિતા, મનોમુકુર વગેરે છે. એમને સંગીતનો સારો અભ્યાસ હતો. આનંદશંકરભાઈના શબ્દોમાં કહીએ તો તેમની વિશિષ્ટતા પ્રકૃતિના કવિ તરીકે છે. તેમનાં કાવ્યોમાં સૃષ્ટિનાં અપૂર્વ સૌંદર્યવાળાં ઝરણાં, ચંદ્ર, તારક, નિશા, કોકિલ, રજની વગેરેનાં વર્ણનો કેવળ બાહ્ય પદાર્થોમાં નથી, પણ એક સંસ્કારી હૃદયનાં પ્રતિબિંબો છે. તેમનાં ચિંતનાત્મક કાવ્યોમાં, ઈશ્વરની પ્રાર્થનાઓમાં અને કર્ણપ્રશસ્તિમાં મહાન મનન છે અને માનવહૃદયના ભાવોનું સ્પોટન છે. એમણે પુરાણ પ્રસંગોનો આધાર લઈને ઉત્તરા અને અભિમન્યુ તથા શાંતનુ અને મત્સ્યગંધા જેવાં સુંદર ખંડકાવ્યો રચ્યાં છે. જ્યોત્સ્નોત્સવમાં જુદાજુદા કાવ્યપ્રસંગો ઉપરનાં એમનાં ખંડકાવ્યો એકવિધ આનંદોદ્ગાના ગાયક જોવ એકસૂત્ર ઉપરથી કરેલાં રસિક ભાવાંતરો છે. તેમનું અવસાન ૧૯૩૭માં થયું. કવિ તરીકે તેમણે ગુજરાતી કવિતામાં નવીન તત્ત્વો દાખલ કર્યાં. અંગ્રેજ કવિઓનું વાસ્તવ અને પ્રકૃતિદર્શન એમણે ગુજરાતીમાં પહેલવહેલાં રેલાવ્યાં. ગુજરાતી કવિતાના સુદ્ધ સ્વરૂપમાં એમની કવિતા બીજી કુંજ જેવી છે. તેમની કવિતામાં સંસ્કૃત સાહિત્યનું સુભગ મિશ્રણ છે. તેમની શૈલી સંસ્કારી અને સંયમયુક્ત છે. ભાષા સંસ્કૃતમય છતાં કુદરતી છે. સઘળી ભાવના ટૂંકમાં અને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. એમણે પ્રકૃતિસૌંદર્યનાં વર્ણનો કર્યાં છે. તેઓ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ઊંડા અભ્યાસી અને ગુજરાતી વ્યુત્પત્તિશાસ્ત્રમાં પ્રમાણરૂપ મનાય છે

નરસિંહરૂપ [સં.] ન. માણસના આકારમાં સિંહનું સ્વરૂપ.

નરસિંહાવતાર [સં. નરસિંહ + અવતાર] પું. વિષ્ણુનો એ નામનો ચોથો અવતાર.

નરસીપરા જુઓ નરસિંહપરા.

નરસીપુરા જુઓ નરસિંહપરા.

નરસું ૧. વિ. નઠારું; ભૂંડું; ખરાબ

૨. [સં. ન (નહિ) + રસ] વિ. રસ વિનાનું; નીરસ.

નરસૃષ્ટિ [સં. નર (પુરુષ) + સૃષ્ટિ (દુનિયા)] સ્ત્રી. પુરુષોની દુનિયા.

નરસેજ [હિં.] પું. એક પ્રકારનો ત્રણ ધારવાળો ભોર. તેને પાંદડાં હોતાં નથી.

નરસૈંયો જુઓ નરસિંહ ૮.

નરસ્કંધ [સં.] પું. મનુષ્યોનો સમૂહ.

નરહડ (નરહડ) ૧ પું. ગાડાના જેવો પગ.

૨. પું. નળાનું હાડકું

નરહત્યા સ્ત્રી. મનુષ્યવધ

નરહય [સં. નર (માણસ) + હય (ઘોડો)] ન. નર અને અશ્વ વચ્ચેની દુશ્મનાવટ.

નરહર [હિં.] સ્ત્રી. પિંડીના ઉપલા ભાગનું પગનું હાડકું

નરહરદાસ પું અખાનો એ નામનો એક ગુરુભાઈ.

નરહરિ ૧. પું. એ નામનો એક હિંદી કવિ.

૨. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ઓગણીસ માત્રા હોય છે. અંતે નગણ અને ગુરુ આવે છે. ચૌદ તથા પાંચ માત્રાએ યતિ એટલે વિસામો અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૮ માત્રાએ તાલ આવે છે

મત્ર સારે યતિ ઓગણીસ કલ કરે,
પણ તેમાં નગણ ન અંતે ઠીક ધરો;
ત્રણ પછી ચમ્મારે તાલો ચાર ભરી,
એ જતિ તો કવિ! જાણો નરહરિ

રણપિંગલ

૩. પું. (પિંગળ) એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે રસઊલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૪ લઘુ મળી ૪૫ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૪. [સં.] પું. નૃસિંહ; વિષ્ણુ; હિરણ્યકશિપુ દૈત્યને મારનાર નૃસિંહરૂપધારી વિષ્ણુ ભગવાન; વિષ્ણુના દશ માંહેનો ચોથો અવતાર.

૫. પું. રાજા.

૬. પું. વીર નર; સિંહ જેવો પરાક્રમી માણસ.

૭. પું. એક મનુષ્ય.

નરહરિતીર્થ [સં.] પું. મધ્વાચાર્યનો એ નામનો મુખ્ય શિષ્ય.

નરહરી ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; કૃતપુ; કૃશપુ. તેના દરેક ચરણમાં બે નગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક પાદમાં ૧૯ માત્રામાં છેડે નગણ તથા ગુરુ હોય છે. ૧૪ તથા ૫ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે.

નરહસ્તી [સં. નર (માણસ) + હસ્તિન્ (હાથી)] પું. હાથી જેવો માણસ.

નરહા [હિં.] પું. એક પ્રકારનું જંગલી પક્ષી.

નરહાઈ પું. જંગલોનું ટોળું; ઝાળું.

નરહાલ ન. એક જાતનું માછલું. તે ઉત્તર મહાસાગરમાં થાય છે.

નરહિંસા [સં. નર (માણસ) + હિંસા] સ્ત્રી. મનુષ્યવધ.

નરહીરા [હિં. નર (મોટું) + હીરા (મણિ)] પું. ૭ કે ૮ બાજુ પાસાવાળો હીરો. તેને કિનારે બહુ તેજ હોય છે. કહેવાય છે કે, આવો હીરો જેની પાસે હોય તે રાજા બની જાય.

નરહીરો પું. સમપ્રમાણવાળો, તીક્ષ્ણ ધારવાળો, તેજસ્વી, મોટો અને જરા પણ ડાઘ વિનાનો હીરો.

નરહું (નરહું) વિ. નરસું; નઠારું; બરાબ.

નરંગ ૧. [સં.] ન. એક પ્રકારનું ફળ.

૨. ન. નારંગીનું ઝાડ.

૩. ન. પુરુષનું ચિહ્ન.

નરંગી ૧. સ્ત્રી. નારંગી.

૨. સ્ત્રી. સ્તન.

નરંધિ [સં.] પું. દુષ્ટની જ્ઞાતિ.

નરંધિષ [સં.] પું. વિષ્ણુ.

નરંમન્ય [સં.] પું. પોતાને નર માનનાર માણસ.

નરા ૧. [હિં.] પું. ખેતરમાંનો પાણીનો ખાડો.

૨. પું. સુતર લપેટવાની નરઇની નાની નળી.

૩. સ્ત્રી. આરણની એ નામની એક અટક

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

નરાગમ [સં. નર (પુરુષ) + આગમ (આવવું તે)] ન. પુરુષનું આવવું તે.

નરાચ ૧. [સં. નારાચ] પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મહામાલિકા; નારાચ. તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી બાર બાર અક્ષર હોય છે. આ છંદ ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ૭ ૭ અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નારાજ; નાગરાજ; પંચચામર; વિપાક. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

જ ર જ ર જ ર ગા પહો નરાચ બોલે જાણજો.
કવિ દિપ્પણ

૩. પું. તીર; બાણ.

નરાચિકા [સં.] સ્ત્રી (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, રગણ, જગણ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

નરાચી ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; નરાચી. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

જા ર જ ગા નરાચીમાં. કવિ દિપ્પણ

૨. [સં.] સ્ત્રી. અમૃતાકેટકિની વનસ્પતિ.

૩. સ્ત્રી. વાસુદેવની એ નામની એક પત્ની.

નરાજ ૧. સ્ત્રી. ઓઢવાનું ગોદડાનું એક ઓજાર; બરાડ; ગોદ.

૨. ન. નારાજ; નાખુશ; અપ્રસન્ન.

નરાજવું ૧. અ. ક્રિ. અપ્રસન્ન થવું; નારાજ થવું.

૨. સ. ક્રિ. અપ્રસન્ન કરવું; નારાજ કરવું.

નરાજિયું ન. ખંભાતી તાળું; મોટું તાળું.

નરાઢ [સં. નરરાટ્] પું. નરેંદ્ર; રાજા; નૃપાલ.

નરાદો પું. નર; માણસ.

નરાધ (નરાઇ) ૧. વિ. ઉતરતું.

૨. વિ. રાઇ ન સંભળે એવું.

નરાણી સ્ત્રી. નખ કાપવાનું હથિયાર એક ઓજાર; નેરણી.

નરાણી તો નખ કાપે, તેનાથી કોઈ માર્યું મુંડાય ? = ગમે પ્રમાણે તો કામ આપી શકે

નરાતર જુઓ નરાતાગ.

નરાતરી જુઓ નરાતાળ.

નરાતળી જુઓ નરાતાળ.

નરાતામ જુઓ નરાતાળ.

નરાતારે જુઓ નરાતાગ.

નરાતાળ ૧. વિ. ઘાટું; બહુ.

૨. ન. તહન; નિકાકુલ; એકદમ; સાવ, નરદમ.

નરાધમ ૧. [સં. નર (માણસ) + અધમ (હલકું)] પું. અધમ માણસ; દુષ્ટમાં દુષ્ટ માણસ; નીચ માણસ; પાપી માણસ.

૨. પું. ઠેબાગર; મરીજ; દુરાત્મા.

૩. પું. નકામો માણસ; દમ વગરનો માણસ

નરાધમી વિ. નીચ; પાપી; દુષ્ટ; હલકું.

નરાધાર [સં.] પું. સિંહ.

નરાધારા [સં. નર (માણસ) + આધાર (ટેકો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પૃથ્વી

નરાધિપ [સં. નર (માણસ) + અધિપ (રાજા)] પું રાજા; માણસનો અધિપતિ; ભૂપતિ; નરપતિ; નૃપાલ.

નરાધિપતિ જુઓ નરાધિપ.

નરાધીશ જુઓ નરાધિપ.

નરાનુપૂર્વી સ્ત્રી. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તે જીવને બીજી ગતિમાંથી મનુષ્યની ગતિમાં લઈજવાનો કર્મ આપે છે.

નરાબું વિ. નરાળનું; ઘાસનું; ઘાસ જોવું.

નરાપદે અ. વિના હરકતે.

નરાપંખી વિ. કોઈની પણ સહાય ન હોય એવું; સાવ એકલું; નિરાધાર.

નરાબું વિ. રાબ વગરનું; પાણી વગરનું; નબળું.

નરાબ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંચચામર. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ, રગણ, ગુરુ અને ગુરુ મળી બાર અક્ષર આવે છે.

જ રા જ રા જ રા ગ આવી પંચચામરે નરાબ થાય છે.
કવિ દિપ્પણ

નરાયણ [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

નરારી વિ. સ્ત્રી. નારીને ચાહતી.

નરાર્તિહા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ડુંગર ઉપરનું એક તીર્થ.

નરાવલિ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; નિરાવલિ. તેના દરેક ચરણમાં તગણ, જગણ, બે નગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

બારી નરાવલિ ત જ ન ન ગ થકી.
કવિ દિપ્પણ

નરાવલી જુઓ નરાવલિ.

નરાશ ૧. [સં. નર (માણસ) + અશ (ખાનાર)] પું. રાક્ષસ.

૨. વિ. મનુષ્યભક્ષક.

નરાશંસ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિત્રાનું ઝાડ.

૩. પું. યજ્ઞ.

નરાશ ૧. [સં નર (માણસ) + અશ (ખોડો)] પું. અર્ધો નર અને અર્ધો ઘોડો એવું કલ્પિત પ્રાણી.

૨ પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૬૫થી ૨૨૫ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૨૦થી ૬૫માં આવેલું એ નામનું એક તારામંડળ.

નરાસન ૧. [સં. નર (માણસ) + આસન] ન. (યોગ) એ નામનું એક યોગાસન; કપાલાસન; કપોતાસન; ઉષ્ટ્રાસન; મુંડાસન. અને હાથના પંજા માથા પાસે સહેજ

મતા રાખી તેની પાસે માથું ઝુકિયું ટેકાવી પગ સીધા લાંબા કરી પગના અંગૂઠા પાસે રાખી ઊંચે મસ્તક રહેવાથી આ આસન થાય છે.

૨. ન. (તાંત્રિક) મનુષ્યાકાર એક આસન.

નરાહ વિ. નિર્બળ; નબળું.

નરાળવું ૧. વિ. ચોખ્ખું; નિર્મળ.

૨ વિ. નિરાહાર; ભૂખ્યું.

૩. વિ. નિરાળું.

નરાણું [પ્રા. ણુવરે] વિ. કેવળ; નરાળવું; શુદ્ધ. પ્રાકૃત ણુવરં વિશેષણ સંસ્કૃત નિતરામ અવ્યય સાથે સંબંધ ધરાવે છે. આનંતર્યના અર્થમાં પ્રાકૃત અવ્યય ણુવરિ સંસ્કૃત વિશેષણ નિકટ, નેદીયસ્ અને નેદિષ્ઠનો સંબંધી છે, તેને પ્રાકૃત ણુવરં સાથે પ્રત્યક્ષ સંબંધ નથી. કેવળ, શુદ્ધના અર્થમાં નરૂ કે નવું વિશેષણ વપરાય છે.

નરાં ૧. સ્ત્રી. ગોરણીની નાડી.

૨. ન. બ. વ. ખોળ ઉપર પડેલાં અનાજના ડોડાનાં ફોતરાં.

૩. ન. બ. વ. માણસો.

નરાંગ ૧. પું. એક જાતનું વસ્ત્ર.

૨. પું. પુરુષનું લિંગ.

નરાંત [સં. નર (માણસ) + અંત (છેડો)] ન. મોત; મૃત્યુ; મરણ.

નરાંતક ૧. [સં.] પું. (પુરાણ) અંતરે મારેલો રાવણનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) પ્રહસ્ત નામના રાવણના પ્રધાનના ચાર માંહેનો એ નામનો એક પ્રધાન. એને દ્વિવિદ વાનરે માર્યો હતો.

૩. [સં. નર (માણસ) + અંત (છેડો) + ક (કરનાર)] વિ. માણસને મારી નાખનાર; મનુષ્યનો નાશ કરનાર.

નરાંબા ન. એક જાતનું વસ્ત્ર. તેના ઉપર ગોળાકૃતિ ફૂલના ગુચ્છ આવે છે. તેનું બારકું ઇમારતમાં વપરાય છે. જાદ પાવવાને એનાં પાંદડાં કામ આવે છે.

નરાંમંડળ ન. માણસોનું ટોળું.

નરિ ૧ [પ્રા. નરી] સ્ત્રી. બકરાનું માદાનું.

૨. ન. ભાંજણા રંગનું વસ્ત્ર.

૩. વિ. ઓછું.

૪ વિ. ખુલ્લું.

૫. વિ. ચશ્મા વગરનું.

૬. વિ. ચોખ્ખું; શુદ્ધ.

નરિમાન ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. ઇમાનવાળું.

૪. વિ. એ નામની અટકનું

નરિયર ૧. [સં. નારિકેલ] પું. (હિંદી) નારિયેર.

૨. પું. નાળિયેરનો બનાવેલ હુક્કો.

૩. પું. માથું.

નરિયલ જુઓ નરિયર.

નરિયા [હિં.] સ્ત્રી. નળિયું.

નરિયો પું. એક જાતનો છોડ. તેમાં લાખી નળીઓમાં સુગંધિત પ્રવાહ થાય છે.

નરિષ્ટા સ્ત્રી. વૈદિક ઋષિની સ્તુતિ કરનારાઓને ગમતી એક સરથા.

નરિષ્ઠા [સં.] સ્ત્રી. પુરુષભેષ ધારણ કરનારી સ્ત્રી.

નરિષ્યંત ૧. [સં.] પું. વૈવસ્વત મનુના દસ માંહેનો એ નામનો સાતમો પુત્ર. એને મિત્રસેન અને દમ નામે બે પુત્ર હતા.

૨. પું. (પુરાણ) સોમવંશનો એ નામનો એક રાજા.

નરિંદ [સં. નરેંદ્ર] પું. રાજા; નરાધિપ. નરપતિ.

નરી ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

ન લ ગ ને નરી. સ્વરૂપિલક્ષણ

૨. [હિં.] સ્ત્રી. કમાયેલ ચામડું; મુલાયમ ચામડું.

૩. સ્ત્રી. ભેંસ માટે વપરાતું બકરાનું રંગેલું ચામડું.

૪. સ્ત્રી કૂકણી; કૂકવાની નળી.

૫. [ફા.] સ્ત્રી. લાલ રંગનું ચામડું.

૬. સ્ત્રી. કબૂતરનો માંહ્યો.

૭. સ્ત્રી. વાંસની નળી.

૮. સ્ત્રી. સ્ત્રી; નારી.

૯. ન. એક જાતનું પક્ષી; જાણુપ્રા રંગનું બકરું.

૧૦. ન. એક પ્રકારનું ઘાસ. તે નદી કે તળાવને કિનારે થાય છે.

૧૧. વિ. સ્ત્રી. ઓઢણી; સાધન વિનાની.

૧૨. વિ. સ્ત્રી ચશ્મા વગરની; પુરુષની; ખુલ્લી. આંખ માટે વપરાય છે.

૧૩. વિ. સ્ત્રી. ચોખ્ખી; શુદ્ધ.

૧૪. [પ્રા. ણુવરિ] અ. કેવળ; ફક્ત.

૧૫. અ. તદ્દન; સાવ.

નરીજનંદ ૧. સ્ત્રી. નાયેરા આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નરીના ૧. [ફા.] પું. પુરુષ.

૨. વિ. માણસનું; માણસ સંબંધી.

નરીમખરીમ વિ. ભડું અને ઊંચું.

નરીંદ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ.

નરુ [હિ.] પું. નર.

નરુડી [હિ.] સ્ત્રી. નાની નળી.

નરુવા [હિ.] પું. અનાજના ડોડાની પોલી દાંડલી.

નરૂ ૧. વિ. ઓછું; નાનું.

૨. વિ. ચશ્મા વગરનું.

૩. વિ. તંદુરસ્ત; નવું; નીરોગી

૪. વિ. શુદ્ધ; ચોખ્ખું

૫. અ. અવિરતપણે; અખંડ રીતે; સદા સર્વદા.

૬. અ. તદ્દન; છેક. બિલકુલ; બોકદમ.

નરૂખ પું. પુરુષ.

નરૂ જુઓ નરુ

નરેઠ જુઓ નરેટી

નરેડા જુઓ નરેટી.

નરેટી ૧. સ્ત્રી. ગાયનળી.

નરેટીની સૂજન = ગળાની ઉપરસ.

૨. [હિં.] સ્ત્રી. સ્વરપેટી

નરેડો પું. ગળાનો ભૈડિયો.

નરેડો ઢાબવો = ગળું દાબવું.

નરેડાઢ (નરેડાટ) ૧. સં. ઉત્પાત; વેરાન; ભેદાનભેદાન.

૨. અ. સદંતર નાશ થાય એમ; સત્યાનાશ નીકળી જાય તેમ.

નરેટી (નરેડી) ૧. સ્ત્રી એક જાતનો છોડ.

૨. સ્ત્રી. ચોખ્ખી ચોટી; શુદ્ધ રૂપ.

૩. સ્ત્રી. સોનાની ચમડી.

નરેડી જેવું = (૧) નરવું; તંદુરસ્ત. (૨) (૨) મજબૂત; ટકે એવું.

૪. સં. નરડા; મૂર્ખ.

નરેણ સ્ત્રી. એ નામની એક ઔષધિ.

નરેણી ૧. સ્ત્રી. એક જાતનું ખેતીનું ઓજાર.

૨. [સં. નખર (નખ)] સ્ત્રી. નખ કાપવાનું હથિયારનું એક ઓજાર.

નરેણી તો નખ જ કાપે, કર્યું મધુ મુંડે ? = મૂળ પ્રમાણે સૌ કોઈ કામ આપી શકે.

૩. સ્ત્રી. પગ.

નરેણુ વિ. ચૂર્ણ્યું; જમ્યા વગરનું.

નરેતર ૧. [સં. નર (માણસ) + ઇતર (બીજું)] વિ. મનુષ્યથી ભિન્ન. જેમકે, દેવ.
૨. વિ. મૂર્ખ; અજ્ઞાની.

નરેનરું જુઓ નરેનર્યું.

નરેનર્યું ૧. વિ. તદ્દન ચોખ્ખું
૨. વિ. નરદમ
૩. અ. નર્યું; તદ્દન; તેજ માત્ર; તે જ એકલું.

નરેબી [હિ.] સ્ત્રી. આસામમાં થતો એક પ્રકારનો છોડ. તેની છાલમાંથી આખી રેંટનો ચળકતો ગુંદ નીકળે છે. આ ગુંદ જલદી સુકાઈ જાય છે.

નરેર ૧. સ્ત્રી. એવરતિયા કાઠીની એ નામની એક પેટા જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નરેલા ૧. સ્ત્રી. બારણાની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

નરેલી કોબી સ્ત્રી. સીધી રીતે ઊગતી એક જાતની કોબી. તેને ગ્રંથિઓ નાના મોટા ગોળ હોય છે. તે સ્વાદિષ્ટ હોય છે.

નરેશ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; સુચિત્રા; ઉપચિત્રા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. [સં. નર (માણસ) + ઈશ (પ્રભુ)] પું. રાજા; નૃપ.

નરેશતંત્ર [સં.] ન. રાજાથી રાજ્ય ચલાવવાની પદ્ધતિ.

નરેશપાલિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નરેશાના [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નરેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નરેશોચિત [સં. નરેશ (રાજા) + ઉચિત (ગોગ્ય)] વિ. રાજાને છાજે એવું.

નરેશ્વર [સં. નર (માણસ) + ઈશ્વર (પ્રભુ)] પું. રાજા; મહારાજા; નરેંદ્ર; ચક્રવર્તી.

નરેસર જુઓ નરેશ્વર.

નરેઠી સ્ત્રી. આસામનો એક જાગ.

નરેંદુ પું. (પિંગળ) ત્રણ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મરેંદુ. તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેમાં એક જગણ હોય છે.

નરેંદ્ર ૧. પું. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેની સોળમી માત્રાએ યતિ આવે છે. અંતે બે ગુરુ હોય છે. તેને ચલિત પદ પણ કહે છે.
૨. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિ માત્રામેળ છંદ. તે જગણવાળા ૨૬૫૬ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૨૪ લઘુ મળી ૪૪ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.
૩. પું. એક જાતનું ઝાડ; રક્ષોનાશ વૃક્ષ.
૪. પું. (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૫ ગુરુ અને ૩૪ લઘુ મળી ૭૯ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.
૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સમુચ્ચય છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, બે નગણ, બે જગણ અને વગણ મળી ૨૧ વર્ણ હોય છે. તેમાં ૭ને ૧૪ અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે છે.
આ ૨ નરેંદ્રમાં ફિ ન ફિ જ પદ.
૫ છે યતિ ચૌદ વર્ણે છે. રઘુપિંગળ
૬. [સં.] પું. મહા નરેશના હોય દૂર કરનાર વૈદ્ય.
૭. પું. (પિંગળ) ત્રણ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મરેંદુ; નરેંદુ. તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેમાં જગણ આવે છે.
જ વામ, કમાન; મુનેંદ્ર, નરેંદ્ર. રઘુપિંગળ
૮. [સં. નર (માણસ) + ઇંદ્ર]; પું. મહારાજા નરમાં ઇંદ્ર જેવો પુરુષ; રાજા, નૃપતિ.
૯. પું. વિષવૈદ્ય; સર્પ કે વીંછીના ડંખનો ઉપચાર કરનાર માણસ; ઓઝો.
૧૦. વિ. ઇંદ્રજાળ જાણનાર.

નરેંદ્રતા ૧. [સં. નરેંદ્ર (રાજા) + તા (પણું)] સ્ત્રી. રાજાપણું; નરેંદ્રપણું.
૨. સ્ત્રી. વિષવૈદ્યપણું.

નરેંદ્રભવન [સં. નરેંદ્ર (રાજા) + ભવન (ઘર)] ન. રાજમહેલ.

નરેંદ્રમંડલ [સં. નરેંદ્ર (રાજા) + મંડલ (ટોળું)] ન. રાજા મહારાજાનું મંડળ; નૃપતિસમ.

નરેંદ્રમંડળ જુઓ નરેંદ્રમંડલ

નરેંદ્રમાનિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ

નરેંદ્રાણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નરેંદ્રાક્ષ [સં.] પું. એક જાતનું અગર દ.ઔ.ગુજ.

નરોડીણું (નરોડીણું) અ. ક્રિ (કચ્છી) પાછલા પગ ઉપર ઊભા થવું

નરોત્તમ ૧. [સં. નર (માણસ) + ઉત્તમ (સૌથી સારું)] પું. પુરુષમાં ઉત્તમ; ઉત્તમ પુરુષ.
૨. પું. પુરુષોત્તમ; પરમેશ્વર; ભગવાન.
૩ પું. રાજા.

નરોત્તમ પું. મણતરનો ભાગ. તેમાં પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અનુક્રમે બેલાબંધ આવે છે.

નરોલિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નરો વા કુંજરો વા ૧. અ. કોણ જાણે; પ્રભુ જાણે; દૈવ જાણે. કોઈએ કાંઈ સવાલ પૂછ્યો હોય તેના જવાબ બરાબર તદ્દન અજ્ઞાન દર્શાવવું હોય કે કશો સંબંધ ન હોય એવું બેદરકારીભર્યું વર્તન રાખવું હોય ત્યારે આ વાક્ય વપરાય છે.
૨. સ. પ્ર. અજ્ઞાનપણું; અસ્પષ્ટ વચન. બાતરીનો નહિ પણ ઉડાવવાનો અથવા બેદરકારીનો જવાબ દેતાં એ વપરાય છે.
૩. [સં. નર (માણસ) + વા (અથવા) + કુંજર (હાથી) + વા (અથવા)] સ. પ્ર. નર અથવા હાથી. અશ્વત્થામા નામનો કૌરવદળમાં એક હાથી હતો. તેને ભીમે કૃષ્ણના કહ્યાથી મારી નાખ્યો હતો અને ધર્મરાજ પાસે દ્રોણાચાર્યના યુદ્ધ પ્રસંગે નરો વા કુંજરો વા એટલે માણસ અથવા હાથી મર્યો તે હોય એમ કહેવડાવ્યું હતું તે ઉપરથી જોડાયું છે.

નરોળું વ. એક જાતનું જંગલી ઝાડ.

નર્ક ૧. [હિ.] ન. નરક; અધોલોક.
૨. ન. મળ.

નર્કચતુર્દશી સ્ત્રી. આસો વદિ ૧૪; કાળી ચૌદશ.

નર્કટ જુઓ નરકટ.

નર્કદ્વાર જુઓ નરકદ્વાર.

નર્કયાતના સ્ત્રી. નરકના જેવું દુઃખ

નર્કસ [હિ.] પું. ઝાંસણી.

નર્કરેખા ૧ જી. નરકની નદી.
૨ સ નરક + રેખા (રહેલી)] વિ જી. નરકમાં રહેલી.

નર્કાગાર [સં. નરક + આગાર (ઘર)] ન. નરકરૂપી ઘર.

નર્કુટક ૧. કું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; અવિતથ; નર્કટક; નર્હટક; મર્કટક. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, બે જગણ, લઘુ અને ગુરુ એમ સત્તર અક્ષરો હોય છે. તેમાં ૭ અને ૧૦ અક્ષરે યતિ કે વિસામો આવે છે. આ છંદ અલષ્ટિ છંદનો ભેદ છે.
૨ [સં.] કું. નાક; નાસિકા; ઘ્રાણેંદ્રિય.

નર્કટક જુઓ નર્કુટક ૧.

નર્ગિસ ૧. ન. એક જાતનું અત્તર.
૨. [ફા.] ન. એક જાતનું ફૂલ; નરગિસ
૩. ન. એક જાતનો ફૂલઝોડ.

નર્ગિસી જુઓ નરગિસી.

નર્ગી કું. એક જાતનો છોડ; અંજબાર. તે છાયામાં ઊગે છે ને વેલ માફક ચડે છે. તેને પીળાં ફૂલ આવે છે. તેનાં પાન ૪થી ૫ ઇંચ લાંબાં હોય છે. દીવાના પ્રકાશમાં તે સુંદર દેખાય છે. તેનાં ફૂલ ખવાય છે.

નર્ગિસ જુઓ નગિસ.

નર્ગિસપ્રાય કું. શિશુભાવ; બાલિશ ભાવ.

નર્ઘૃણ [સં. નિર્ઘૃણ] વિ. દયા વગરનું.

નર્ઘૃણ [સં. નિર્ઘૃણ] કું. રાજસત્તાની ઓથમાં વધારો કરનારી વારતુશાસ્ત્ર પ્રમાણેની એક બનાવટ.

નર્ત ૧ [સં. નૃત્ (નાચવું)] કું. નૃત્ય; નાચ.
૨. વિ. નૃત્ય કરનાર; નચનાર.

નર્તક ૧. કું. અઢાર માત્રાનો એ નામનો એક દેશ.
૨. [સં.] કું. એક જાતનો વર્ણસંકર; પિતા ધોબી અને માતા નેરમાંથી ઉત્પન્ન થયેલ માણસ.
૩. કું ચારણ; ભાટીજન.
૪ કું. નટ તથા
૫. કું. નાગલી.
૬. [સં. નૃત્ (નાચવું)] કું. નાચનાર; નટ; ભવૈયો; નાટકિયો; અનેક વેશ ધારણ કરનાર પુરુષ.
૭. કું. મુખ્ય અઢાર માંહેનો એક કર્ણાટ.
૮. કું. મોર.
૯. કું રાજા.
૧૦. કું વિદૂષક; રમલો; ભાંડ.
૧૧. કું. શિવ; મહાદેવ.
૧૨. કું. હાથી.
૧૩. વિ. નૃત્ય કરનાર; નાચનાર.

નર્તકી ૧. [સં. નૃત્ (નાચવું)] જી. નટી; નટડી.
૨. જી. નાચનારી સ્ત્રી; નૃત્ય કરનારી.
નર્તકી અર્થાત્ નાચનારી સ્ત્રી જેમ સભાને સંતોષ પમાડી નાચવાની બંધ પડે છે તેમ પ્રકૃતિ પુરુષને વિવેકજ્ઞાન કરાવી નિવૃત્ત થાય છે.
સાંખ્યદર્શન
૩. જી. નાસિકા નામનું સુગંધી દ્રવ્ય.
૪. જી. વેશ્યા.

નર્તન ૧. ન. (સંગીત) ગવાયેલી કે વગાડી બતાવવામાં આવેલી કવિતાનો ભાવ કે રસ શરીરના હાવભાવ, અભિનયથી પ્રગટ કરવો તે.
૨. [સં. નૃત્ (નાચવું)] ન. નાચવું તે; નૃત્ય; નાચ; નાચવાનું કામ. તેના ત્રણ ભાગ છે: નાટ્ય, નૃત્ત અને અભિનય.
૩. ન. નાટ્યનાં આઠ માંહેનું એક અંગ

નર્તનગૃહ [સં. નર્તન (નાચ) + ગૃહ (ઘર)] ન. નૃત્યશાળા; નાટકશાળા.

નર્તનપ્રિય ૧. [સં. નર્તન (નાચ) + પ્રિય (વહાલું)] કું. મોર પક્ષી.
૨. કું. શિવ.
૩. વિ. નાચવું જેને પ્રિય હોય એવું.

નર્તનશાલા [સં. નર્તન (નાચ) + શાલા] જી. નૃત્યશાળા; નાચઘર.

નર્તનશાળા જુઓ નર્તનશાલા.

નર્તનશીલ [સં.] વિ. નર્તન કરનાર.

નર્તનાગર ન. નાટકશાળા; નૃત્યશાળા.

નર્તયિતા ૧. [સં. નર્તયિત્] કું. નૃત્ય શિક્ષક.
૨. વિ. નચાવનાર; નાચ શીખવનાર.

નર્તવું [સં. નૃત્ (નાચવું)] અ. ક્રિ. નાચવું; આનંદમાં ડોલવું.

નર્તિત [સં. નૃત્] વિ. નાચવું.

નર્તી ૧. [સં.] કું. નાચનાર માણસ.
૨. વિ. નૃત્ય કરનાર.

નર્ત્તક જુઓ નર્તક.

નર્ત્તકી જુઓ નર્તકી.

નર્ત્તન જુઓ નર્તન.

નર્ત્તનનિર્ણય ન. સંગીત ઉપર લખાયેલું એ નામનું પુસ્તક. આ પુસ્તક અકબરના વખતમાં થયેલ પુંડરીક વિઠ્ઠલ નામના સંગીતજ્ઞાનીએ બનાવ્યું હતું. આ સંગીતકારે ચાર પુસ્તકો લખ્યાં છે: સદ્રાગચંદ્રોદય, રાગમાલા, રાગમંજરી અને નર્તનનિર્ણય.

નર્ત્તનશાલા જુઓ નર્તનશાલા.

નર્ત્તનશાળા જુઓ નર્તનશાલા.

નર્ત્તિકા ૧. [સં.] જી નટી.
૨. વિ. જી. નાચનારી

નર્ત્તિત [સં.] વિ. નચાવેલું; નાચેલ.

નર્દુ ૧. [સં.] કું. નટ; નટવો.
૨. જી. નટવા.
૩ વિ. તલવારની ધાર ઉપર નાચનાર.

નર્ત્યેટી જુઓ નર્તકી.

નર્દ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. ગાજવું. તે ઉપરથી થયેલ શબ્દ નર્દન, નર્દિત, નર્દી.
૨. અ. ક્રિ. જવું.

નર્દ ૧. જી. એક જાતની ઘરમાં રમવાની રમત. આ રમતનો શોધક રોતરંજનો ઉકેલનાર ધર્મરાજના નૌશીરવાન રાજાનો વડો પ્રધાન બુઝરજ મહેર હતો અને તેણે જે રાજાએ રોતરંજ મોકલી હતી તેને આ રમત ઉકેલ માટે મોકલી હતી, પણ હિંદમાં કોઈ ઉકેલ કરી શકયુ ન હતું.
૨. [ફા.] જી. ચોપાટની રમતની સોગઠી.
નર્દ મારવી = પાસો ફેંકવો.
૩. જી. પૈસો; નાણું

નર્દબી [હિ.] જી. એક પ્રકારનો કપાસ; કટીરા; બગાર

નર્દટક [સં.] ન. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; નર્કુટક; મર્કટક; અવિતથ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, બે જગણ, લઘુ અને ગુરુ એમ સત્તર અક્ષરે યતિ કે વિસામો આવે છે. આ છંદ અલષ્ટિ છંદનો એક ભેદ છે

નર્દન [સં. નર્દ્ (અવાજ કરવો)] ન. શબ્દ કરવો તે; ગાજવું તે; અવાજ; ગર્જના

નર્દબાન ૧. [હિ.] કું. માર્ગ; રસ્તો.
૨. [ફા.] કું. લાકડાની સીડી

નર્દબટક જુઓ નર્દટક

નર્દા [હિ.] કું. મેલા પાણીની ખાળ.

નર્દિ કું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે યમાતા અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

નર્મદિત ૧. વું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ: અદિતિ. તેના દરેક ચરણમાં જ જગણ, નગણ અને ચગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર યતિ કે વિશ્રામો આવે છે.

૨. [સં.] વું. પાસો ફેંક્યો તે.

૩. ન. ગર્જના.

૪. વિ. ઊજવેલ.

૫. વિ. માણેલ.

નર્મી ૧. [સં. નર્મિન્] વિ. ગાજનાર; શબ્દ કરનાર.

૨. વિ. બડાઈ મારનાર.

નર્વુઆન [ફા.] સ્ત્રી. નિસરણી.

નર્હટક જુઓ નર્હટક.

નર્યા ૧. [હિં.] વું. એક જાતનું લાંબું નગારું.

૨. વું. ઢોળ.

૩. વું. મુશ્કેલી; આફત.

૪. વું. વાતાવરણ.

૫. વું. શિકારીઓએ બનાવેલું થાક.

નર્યા કરવું = ઘેરો ઘાલવો.

નર્યાંગી ન. એક જાતનું ઢોલું.

નર્વ [સં. નૃપ] વું. રાજા.

ચદુવર્યું પ્રબ્ધ મંત્રી નર્વ. પ્રેમાનંદ

નર્મદા [સં. નર્મદા] સ્ત્રી. નર્મદા નામની ગુજરાતની નદી.

નર્મી ૧. વું. ખરી વિદ્યા જાણી જનાર પુરુષ.

૨. વું. ઠઠ્ઠામશ્કરી કરનાર મિત્ર.

૩. વું. નર્મદાશંકર કવિનું ટૂંકું નામ.

૪. [સં.] વું. પુરુષમેધયજ્ઞના અંગરૂપ એક દેવ.

૫. ન. આનંદ; વિનોદ.

૬. [સં. નર્મન્] ન. ક્રીડા; રમત; રમત.

૭. ન. ઠઠ્ઠામશ્કરી; પરિહાસ; હાંસી.

૮. વિ. નમ્ર; પોચું.

૯. વિ. મજાક કરેલું.

૧૦. વિ. મર્મ; કટુ.

૧૧. વિ. મૂર્ખ

૧૨. વિ. સામાન્ય; વાજબી.

૧૩. [સં.] વિ. સુંવાળું; નરમ; મુલાયમ.

૧૪. વિ. હલકું; ઓછું.

નર્મકથાકોષ વું. નર્મદાશંકર કવિએ બનાવેલો એ નામનો વાર્તાઓનો એક ગ્રંથ.

નર્મકવિતા સ્ત્રી. કવિ નર્મદાશંકરે બનાવેલ કવિતા.

નર્મકાવ્ય ન. નર્મદાશંકરે રચેલ કાવ્ય.

નર્મકોલ [સં.] વું. પતિ; ધણી; ભર્તા.

નર્મકોષ વું. કવિ નર્મદાશંકરે બનાવેલો એ નામનો શબ્દકોષ. એને ૧૮૬૨માં શરૂ કરી એને ૧૮૭૦માં તેણે તે પૂરો કર્યો હતો. ગુજરાતી ભાષાનો આ પ્રથમ શબ્દકોષ છે. તેમાં ૨૫,૨૬૮ શબ્દ છે.

નર્મગદ્ય ન. નર્મદાશંકર કવિએ બનાવેલ ગદ્યનો સમૂહ.

નર્મગર્ભ [સં.] વું. ઉપપતિ; રખાત ધણી.

નર્મગર્ભ વિ. સારું અને ખરાબ નરમગરમ.

નર્મગર્ભ સહેતુ = સકારણીયતા રાખવી.

નર્મગોષ્ઠિ સ્ત્રી. ગેલ; ગંમત.

નર્મગોષ્ઠી જુઓ નર્મગોષ્ઠિ.

નર્મચિત્ર ન. હાસ્યચિત્ર; મશ્કરી કરવા કરેલું કટાક્ષવાળું આલેખન.

નર્મઠ ૧. [સં.] વું. આકાશનો છોડ.

૨. વું. બાપરિયું.

૩. વું. ભાંગેલું પાત્ર.

૪. વું. ઘર.

નર્મઠ ૧. [સં.] વું. પરિહાસ આદિમાં કુશળ માણસ; મશ્કરી કરવામાં હોશિયાર માણસ; મશ્કરો.

૨. વું. સંભોગ.

૩. વું. ઓના સ્તનનું ડીંટું.

૪. વું. ઓનો યાર; ઉપપતિ; જાર.

૫. વું. હાસ્યકથી.

૬. વિ. રંગીલાજ; અભિસારી.

નર્મદ ૧. વું. ગુજરાતીમાં વીર રસ લખનાર, નવયુગના પ્રથમ કવિ. જુઓ નર્મદાશંકર.

૨. વું. વિદૂષક; મશ્કરો; ભાંડ.

૩. વિ. આનંદ કરાવનાર; ગંમત કરાવનાર; હસાવનાર.

નર્મદકુમ વું. કવિ નર્મદાશંકરનો સમય.

નર્મદલ [હિં.] વું. વિનીતદાસ; 'ઓડરેહ.'

નર્મદા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ધૃતરાષ્ટ્રકુંવરના દુર્યોધનની એ નામની બહેન.

૨. સ્ત્રી. એ નામની એક નદી; રેવા; સોમોદ્ભવા.

આ પવિત્ર નદી અમરકંટક પર્વતમાંથી નીકળી ભરૂચ પાસે દરિયાના ખારા ખાબોચિયા સમુદ્રને મળે છે. અમરકંટક ઘોર જંગલમાં હોવા છતાં તે અત્યંત રમણીય છે. અહીં અનેક પ્રકારની હિંસ્રપશુઓ અને કંદમૂળ થાય છે. જળ પણ અમૃતમય છે. સાધુઓને માટે તપશ્ચર્યા કરવા અત્યંત સુંદર આશ્રમ છે. અહીંથી ચાર માઈલ સુંદર વનપ્રદેશની શોભા જોતાં જોતાં અમરકંટકમાં નર્મદાઉદ્ગમસ્થાન તથા અમરનાથનું દર્શન કરવું એ ખૂબ આનંદદાયક છે. અહીંથી નર્મદા નીકળે છે ત્યાં અગિયાર ખૂણાવાળો અને ૨૬૦ હાથ પરિઘનો પાકો કુંડ છે. અમરકંટક પર્વત સમુદ્રથી ૩૫૦૦ ફુટ ઊંચો છે. આ જ કારણથી હવા ઘણી જ શુદ્ધ છે. ચારે દિશામાં બિહામણું ઘોર જંગલ હોવાથી જનાવરોનો ભય રહે છે. પશ્ચિમ દિશાનો વાયુ હમેશા વેગથી વાય છે. આ કારણથી અહીંના નિવાસીઓને ચારે માસ ગરમીની સાથે સ્નેહ કરવો પડે છે. શિયાળામાં બરફ પડે છે. અમરકંટક તીર્થ બધાં તીર્થોમાં પ્રાચીન છે. નર્મદા નદીના મૂળ પાસે કપિલધારા નામે ઊંચી કૂદની ઊંચાઈથી પડતો ધોધ છે. મડલાથી રામનગર પર્યંત ૧૫ માઈલ સુધી એના પાણીનો રંગ આસમાની દેખાય છે. જબલપુર પાસે દુધધારા નામે બીજા કૂદની ઊંચાઈથી પડતો ધોધ છે. ત્યાંથી આગળ જતાં એ આરસપહાણના પાત્રમાં વહે છે અને કાંઠે મહેશ્વર, ઓંકારમાંધાતા, રણપાલેશ્વર વગેરે પવિત્ર સ્થાનો આવ્યાં છે. એના દરેક ઘાટે અને ચારે બાજુ ધર્મક્ષેત્રો આવી રહ્યાં છે. રણપાલેશ્વર આગળ મોખડી નામનો ઘાટ છે, ત્યાં દસ બાર કૂદના ઢાળવાળો ધોધ છે. મોખડી ઘાટ આગળ નર્મદા સાંકડા પાત્રમાં થઈને વહે છે. અને તરફના કિનારા લંબરૂપ ખીણો જેવા ઢોર ગોટલા પાસે પાસે આવેલા છે કે એ જગાને ઠરણપ્રાળ એવું નામ આપવામાં આવ્યું છે, કેમકે ત્યાં ઠરણે સદંતરાઈથી નર્મદાને કૂદી જવાય એવું છે. નર્મદાની ઉત્પત્તિ શંકર ભગવાનના શરીરમાંથી થઈ છે એમ રામાયણ અને મહાભારતમાં ઉલ્લેખ છે. નર્મદાની ઉત્પત્તિ સબંધમાં નીચે મુજબ કથા છે: અમરકંટકમાં આ કથા શિવભક્તોએ વાયુને કહી હતી. આ જ કથા નૈમિષારણ્યમાં શૌનક વગેરે ઋષિઓને સૂતે કહી. વનવાસના સમય દરમિયાન જ્યારે પાંડવો અમરકંટક પહોંચ્યા, ત્યારે ત્યાં તેમને તપોનિધિ માર્કંડેય ઋષિનું દર્શન થયું. આદરસત્કાર થઈ રહ્યા પછી યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તરમાં માર્કંડેય તપસ્વિએ સાંભળવા જેવું વર્ણન કર્યું. જગ્યા નર્મદાજીની ઉત્પત્તિ વિશે કહ્યું કે, કૃતયુગનાં ૧૦,૦૦૦ વર્ષ પહેલાં બધાં પ્રાણીઓથી અદશ્ય રહી શંકરે ઋશ્ય પર્વત ઉપર તપશ્ચર્યા કરી ઘોર તપ કર્યું, ત્યારે શંકરના શરીરમાંથી શ્વેત રંગનો પસીનો નીકળ્યો. બધો પસીનો પર્વતમાં વહેવા લાગ્યો અને તેની એક કન્યા બની ગઈ. પછી તે કન્યાએ શંકરની સામે એક પગ ઉપર

ઊભા રહી ઘોર તપ કર્યું. શંકર પ્રસન્ન થયા. વરદાન માગવાનું કહેતાં નર્મદાએ વરદાન માગી લીધું કે, હું અમર થઈ જાઉં અને મારામાં સ્નાન કરવાવાળો જીવ પાપ રહિત થઈ જાય. ઉત્તરમાં જેવી ગંગીરથી ગયા છે, એવી જ હું દક્ષિણમાં થાઉં અને આખી પૃથ્વીનાં તીર્થોમાં સ્નાન કરવાનું ફળ મારામાં સ્નાન કરવાથી મળે. આપ પાર્વતીજી સાથે હમેશા મારામાં નિવાસ કરો. મારા જળનો સ્પર્શ જે પત્થરને થાય તે પત્થર પણ આપ સ્વરૂપ બની જાય. શંકરે એ પ્રમાણે વરદાન આપીને વધારામાં કહ્યું છે, તારા ઉત્તર તટમાં વસવાવાળા મારા લોકમાં અને દક્ષિણ તટમાં વસવાવાળા પિતૃલોકમાં જશે. હવે તું વિધ્યાચલ ઉપર જઈ જગતનું કલ્યાણ કર. આ સાંભળી નર્મદાજી ગુપ્ત થયાં અને વિધ્યાચલમાં પ્રગટ થયાં. અહીં તેનું સ્વરૂપ અને મતિ જોઈ બધા દેવો અને દાનવો મોહિત થયા અને વિવાહની ઇચ્છાથી શંકરની પાસે પહોંચ્યા. એમણે કહ્યું, જે અધિક બળવાન હશે તેની સાથે વિવાહ થશે. હરી બધાએ નર્મદાને વશ કરવા શક્તિ અનુસાર ઉદ્યોગ શરૂ કર્યો, પણ આ જોઈ નર્મદાજી ગુપ્ત થઈ ગયાં. હરી બધાએ જેવો શોધવા લાગ્યા ત્યારે તેઓએ તેમને અનેક સ્ત્રીઓની સાથે રમતાં જોયાં. આવી રીતે જેમ જેમ તેઓ શોધતા ગયા તેમ તેમ નર્મદાજી ગુપ્ત થતાં ગયાં. આમ હજાર દિવ્ય વર્ષો સુધી નર્મદાજી ખેલ્યાં. આ જોઈને શંકરે પાર્વતીજીને કહ્યું કે, આ સ્ત્રીરૂપ મૂર્ખ છે. અવિચ્છિન્નતો પત્તો મેળવવાની તેઓ આશા રાખે છે. આમ કહેવાયું ત્યાં તો નર્મદાજી પોતાના પિતા શંકર પાસે આવી પહોંચ્યાં. શંકરે તેમની પ્રશંસા કરી, અનેક વરદાન આપી દેવોના નર્મદાને સમુદ્રને સોંપી દીધી. મુંબઈ પ્રાંતને આશ કરીને ગુજરાતને નર્મદા અને તાપી નદીની જળશક્તિનો લાભ મળે, નહેરો બંધાય, જલબંધો બાંધવામાં આવે અને જેના દ્વારા ઉત્પન્ન થતી વિદ્યુતશક્તિનો પણ લાભ મળે એટલા ખાતર અમેરિકની ટેનીસી ખીણની યોજના મુજબનું જે બંને નદીઓ ઉપરનું બાંધકામ હાથ ધરવાની યોજના છે. નર્મદા નદીના વિકાસનું એક મુખ્ય અંગ તેની રેલોથી આજુબાજુની જમીનને રક્ષણ આપવાને બનતું છે. આથી દર વર્ષે આ નદીઓમા આવતી રેલને લીધે પ્રાંતના મોટા ભાગને થતું નુકસાન અટકી જશે. ખેતીવાડીની અદ્યતન પદ્ધતિઓ દાખલ કરવા માટે અને નવા ઉદ્યોગોને ઉત્તેજન આપવા માટે જળ દ્વારા મોટા પ્રમાણમાં વિદ્યુતશક્તિનો ઉપયોગ કરવામાં આવવાનો છે. નર્મદાનું વર્ણન આપતાં નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: નર્મદાનાં દક્ષિણ તટ ઉપર અમરકંટકથી વિમલેશ્વર સુધી નીચે પ્રમાણે અનેક સ્થળો આવેલ છે: (૧) મુંડામહારણ્ય, (૨) કપીરચૌતરા, (૩) કરમંડલ અથવા કરાલસાસંગમતીર્થ, (૪) કરંજિયા, (૫) કનસાસંગમતીર્થ, (૬) કુમારસંગમતીર્થ, (૭) સિનલીસંગમતીર્થ, (૮) ઘટ્ટોલા, (૯) ત્રિકારસંગમતીર્થ, (૧૦) ખોંદરગ્રામ, (૧૧) કુકુરીમઠ અને ગોમતીસંગમતીર્થ, (૧૨) કોતરાસંગમતીર્થ, (૧૩) ડિંડોરીઘાટ, (૧૪) રામપુરીગ્રામ, (૧૫) ખરમેરસંગમતીર્થ, (૧૬) મંદાકિનીસંગમતીર્થ, (૧૭) ચાળીગ્રામ, (૧૮) મહોગાવ, (૧૯) સુકનેરસંગમ અને જ્વાલમિતીર્થ, (૨૦) રામનગરઘાટ, (૨૧) સીતારપટન, (૨૨) મધુપુરીઘાટ, (૨૩) બંજર અથવા ધનજ્વસંગમતીર્થ, (૨૪) સહસ્રધારાતીર્થ, (૨૫) સુપેરાઘાટ, (૨૬) પ્રયોઘાટ, (૨૭) મેંદાઘાટ, (૨૮) સુકેશ્વરતીર્થ, (૨૯) ભખારીઘાટ, (૩૦) ભ્રૂંધાઘાટ, (૩૧) ભીમસેનગ્રામ, (૩૨) ભાનસીગ્રામ, (૩૩) પૂપરીખરહટઘાટ, (૩૪) રેવાટેમરસંગમતીર્થ, (૩૫) ખિરહનીઘાટ, (૩૬) ખારીઘાટ, (૩૭) ખનસોરઘાટ, (૩૮) ત્રિજ્ઞાઘાટ, (૩૯) મુગવતીર્થ, (૪૦) વરાહતીર્થ, (૪૧) ત્રિલોચનેશ્વરતીર્થ, (૪૨) ગોપેશ્વરઘાટ અને પિપ્પલેશ્વરતીર્થ, (૪૩) ભોલાઘાટ, (૪૪) રાજઘાટ અને રામકૃષ્ણતીર્થ, (૪૫) ભોજેશ્વરીઘાટ, (૪૬) સિનિવરસંગમતીર્થ, (૪૭) ભોલભેદીઘાટ, (૪૮) કપોતઘાટ, (૪૯) ભોંસાઘાટ, (૫૦) ચક્રકૂટ અથવા કેતતીર્થ, (૫૧) ભુખઘાટ, (૫૨) પિપરિયાઘાટ, (૫૩) મરારૂઘાટ, (૫૪) કપિતાઘાટ, (૫૫) ધૂમ્બાધારઘાટ, (૫૬) સેંદસંગમ, (૫૭) છોટી ચક્રાકૂપઘાટ, (૫૮) ખોટી ચક્રાકૂપ, (૫૯) ભર્તિયા, (૬૦) સુખસેનસંગમ અને ત્રિજ્ઞાઘાટ, (૬૧) કોર્તિયાઘાટ, (૬૨) કકરાઘાટ, (૬૩) સેહરાસંગમ, (૬૪) ભટેરાઘાટ, (૬૫) ચક્રકરસંગમ, (૬૬) રોરાસંગમ, (૬૭) સોનાધર, (૬૮) ત્રિકોલીઘાટ, (૬૯) ભજુનઘાટ, (૭૦) દુખીસંગમ, (૭૧) ભેરિયાઘાટ, (૭૨) ગાર્દિલેશ્વરતીર્થ, (૭૩) કુબ્જસંગમ, (૭૪) ભનખેડીઘાટ, (૭૫) રાવનસંગમ, (૭૬) પદ્મમતીસંગમ, (૭૭) માકૃસંગમ, (૭૮) સાગાખેડાઘાટ, (૭૯) ધાનાઘાટ, (૮૦) ગૌઘાટ, (૮૧) ભીમેરઘાટ, (૮૨) સૂર્યકુંતીર્થ, (૮૩) ધાનરબાસુતીર્થ, (૮૪) કુકમાળાઘાટઘાટ, (૮૫) રેહાસઘાટ, (૮૬) કેવલારીસંગમ, (૮૭) ગૌમુખાગામ, (૮૮) નાનપાઘાટ, (૮૯) કુલેરા અથવા કુંતિપુરઘાટ, (૯૦) ભાંવરીઘાટ, (૯૧) રેહનાસંગમ, (૯૨) ભાવરીઘાટ, (૯૩) ભિલાગાઘાટ, (૯૪) ગન્ધસંગમતીર્થ, (૯૫) ગમેસરી, (૯૬) છીપાનેરઘાટ, (૯૭) ભહોલાઘાટ, (૯૮) મોંઘઘાટ, (૯૯) ભાકુસંગમ, (૧૦૦) રિહનાયતીર્થ, (૧૦૧) ઉંચનઘાટ, (૧૦૨) ભોગાડિલાઘાટ, (૧૦૩) અજનાસંગમ, (૧૦૪) માગસંગમ, (૧૦૫) પુણ્યઘાટ, (૧૦૬) ભહેશ્વરઘાટ, (૧૦૭) ભહી, (૧૦૮) છોટા તવાસંગમ, (૧૦૯) ભહાવાગ્રામગ્રામ, (૧૧૦) પુનાસાગ્રામ, (૧૧૧) આવહ્ય, (૧૧૨) સાતમાતા અથવા સપ્તમાતૃકાતીર્થ, (૧૧૩) હાવેરીસંગમ, (૧૧૪) વારાહીસંગમ, (૧૧૫) ગંડકેશાસંગમ, (૧૧૬) ભેરંડીસંગમ, (૧૧૭) પિતૃતીર્થ તથા ગાકતીર્થ, (૧૧૮) ઓંકારનાયતીર્થ, (૧૧૯) ખેડીઘાટ, (૧૨૦) ગોમુખાઘાટ, (૧૨૧) ધર્મસાગ્રામઘાટ, (૧૨૨) ભડકસંગમ, (૧૨૩) ખોરખજીતીર્થ, (૧૨૪) સાતપીપલીઘાટ, (૧૨૫) વેદાસગર્ભસ્થિત સારસ્વતતીર્થ અને ખરઘંટીતીર્થ, (૧૨૬) માંડ્યાગ્રામ, (૧૨૭) રવર્ણરેખાતીર્થ, (૧૨૮) ભહાકાંબાઘાટ, (૧૨૯) ભહાભારા, (૧૩૦) સાટાસંગમ અને સાઠ શિવતીર્થ, (૧૩૧) નર્મદાસંગમ અને અર્જિયાર શિવતીર્થ, (૧૩૨) ગાકાર્ણતીર્થ, (૧૩૩) કપેસસંગમ, (૧૩૪) ખોકામાંધાઘાટ, (૧૩૫) નાહિલીસંગમ, (૧૩૬) મોહિપુરા ભહાસપત્નાખ્યતીર્થ, (૧૩૭) કતવાડાઘાટ અને કપાલમોચનતીર્થ, (૧૩૮) ખેટાવર્ધાઘાટ અને અમિતીર્થ, (૧૩૯) સુસારસંગમ, (૧૪૦) સહસ્રમસ્તતીર્થ, (૧૪૧) રાજઘાટ અને રોહિણીતીર્થ, (૧૪૨) મેઘનાદતીર્થ અને જ્યોતિઘાટ, (૧૪૩) ગોનદ અથવા ચૈરવતીસંગમ મનોરમતીર્થ, (૧૪૪) શીલસેનતીર્થ, (૧૪૫) કરજીઘાટઘાટ, (૧૪૬) ભાર્ગવીઘાટ, (૧૪૭) ભહાકાલનદીસંગમ, (૧૪૮) નકટાદી ચૌકી અને ઉદ્ગારસંગમ, (૧૪૯) ભાસસંગમ, (૧૫૦) કપેશ્વર અને કપેશ્વરતીર્થ, (૧૫૧) કદરીસંગમ, (૧૫૨) સિદ્ધરીસંગમ, (૧૫૩) રાજાજ્ઞેશ્વરતીર્થ, (૧૫૪) કદ્રક, (૧૫૫) મહાતીર્થ, (૧૫૬) મોક્ષગ્રામ, (૧૫૭) ઉદ્ગમતીર્થ, (૧૫૮) પિપલાદ ભાશ્રમ, (૧૫૯) શાંતીર્થ, (૧૬૦) ભાસેશ્વર તથા વૈદ્યનાથ, (૧૬૧) આનંદેશ્વરતીર્થ, (૧૬૨) ભામલીર્થ, (૧૬૩) નર્મદાતીર્થ, (૧૬૪) મુકેશ્વરતીર્થ, (૧૬૫) અનાકવાહીસંગમ, (૧૬૬) અમરેશ્વર, (૧૬૭) અર્જુનેશ્વર, (૧૬૮) ધર્મેશ્વર, (૧૬૯) મુકેશ્વર, (૧૭૦) ધનદેશ્વર, (૧૭૧) અટેશ્વરતીર્થ, (૧૭૨) અમલેશ્વરતીર્થ, (૧૭૩) સોમારેશ્વરતીર્થ, (૧૭૪) સુખચકેશ્વર, (૧૭૫) ભારીહારનાયતીર્થ, (૧૭૬) પારાશ્વરતીર્થ, (૧૭૭) ભલેશ્વરતીર્થ, (૧૭૮) તેજોનાથ અથવા વૈદ્યનાથ, (૧૭૯) ચાનરેશ્વર, (૧૮૦) ભહેશ્વર અથવા કુલેશ્વર, (૧૮૧) રામેશ્વરતીર્થ, (૧૮૨) હનુમતેશ્વરતીર્થ, (૧૮૩)

પુતિકેશ્વરતીર્થ, (૧૮૪) નલેશ્વરતીર્થ, (૧૮૫) ઠઠમામ, (૧૮૬) યુકેશ્વરતીર્થ, (૧૮૭) માર્કંડેશ્વરતીર્થ, (૧૮૮) કોટિનાર અથવા કોટેશ્વર, (૧૮૯) મુકુટેશ્વરતીર્થ, (૧૯૦) રહેશ્વર, (૧૯૧) નર્મદેશ્વર, (૧૯૨) અરુશીલા, (૧૯૩) વાલ્મીકેશ્વરતીર્થ, (૧૯૪) કોટીશ્વરતીર્થ, (૧૯૫) પંચમુખી હનુમાન, (૧૯૬) તારકેશ્વર, (૧૯૭) ઇદ્રકેશ્વરતીર્થ, (૧૯૮) વાલ્મીકેશ્વર, (૧૯૯) દેવેશ્વરતીર્થ, (૨૦૦) ગ્રહતીર્થ, (૨૦૧) નાગેશ્વરતીર્થ, (૨૦૨) ગૌતમેશ્વર, અદ્વિતેશ્વર, રામેશ્વર અને મોક્ષતીર્થ, (૨૦૩) સિદ્ધેશ્વરતીર્થ, (૨૦૪) તાપેશ્વરતીર્થ, (૨૦૫) સિદ્ધેશ્વરતીર્થ, (૨૦૬) વાગ્વેશ્વરતીર્થ, (૨૦૭) પરાશરેશ્વર, (૨૦૮) કુસુમેશ્વર અથવા કુસુમાયુધેશ્વર, (૨૦૯) કલકલેશ્વર અથવા જ્વરેશ્વર, (૨૧૦) સત્યમેશ્વર, (૨૧૧) અનર્કેશ્વર, (૨૧૨) નર્મદેશ્વર, (૨૧૩) સર્પેશ્વરતીર્થ, (૨૧૪) મોક્ષતીર્થ, (૨૧૫) સોપેશ્વરતીર્થ, (૨૧૬) માર્કંડેશ્વર, (૨૧૭) ગુમાનદેવ, (૨૧૮) નામતીર્થ અને સૌર અથવા સાંબાદિત્યતીર્થ, (૨૧૯) સિદ્ધેશ્વરતીર્થ, (૨૨૦) માર્કંડેય, (૨૨૧) અંકલેશ્વર અથવા અંકલ્યેશ્વર, (૨૨૨) અહૂરેશ્વરતીર્થ, (૨૨૩) ભલભલાદુ અથવા સૂર્યકુંડ, (૨૨૪) સિદ્ધકેદારેશ્વરતીર્થ, (૨૨૫) વૈદ્યનાથ, (૨૨૬) સૂર્યકુંડ, (૨૨૭) માતૃકાતીર્થ, (૨૨૮) ઉત્તરેશ્વર, (૨૨૯) નર્મદેશ્વર, (૨૩૦) માત્રતીર્થ, (૨૩૧) હસેશ્વરતીર્થ, (૨૩૨) તિલકેશ્વરતીર્થ, (૨૩૩) વામ્રમતીર્થ, (૨૩૪) કોટેશ્વર અથવા મસાનિયા કોટેશ્વર, (૨૩૫) અક્ષિકાતીર્થ અને (૨૩૬) વિમલેશ્વરતીર્થ. નર્મદાના ઉત્તર તટ ઉપર સાગરસંગમથી અમરકંટક સુધીનાં નીચેનાં સ્થળો આવેલાં છે: (૧) રેવાસાગરસંગમતીર્થ, (૨) જ્વાલહ્રદતીર્થ, (૩) રામતીર્થ, (૪) કુંડેશ્વર અથવા ઋણમોચકેશ્વર, (૫) ભૂતનાથ, (૬) દુર્ધનાથ અને જ્વરવતી દેવી, (૭) નીલકંઠેશ્વર; સોમનાથ અમિધાનાથ અને ચંદ્રમૌલેશ્વર, (૮) સોમેશ્વર, (૯) કપિલેશ્વરતીર્થ અને ઔદ્રીસંગમ, (૧૦) વૈદ્યનાથ, (૧૧) કપિલેશ્વર, (૧૨) માર્કંડેશ્વર, (૧૩) આપાદીશ્વર, સૂર્યેશ્વર અને વટકલેશ્વર, (૧૪) કેદારેશ્વરતીર્થ, (૧૫) ગણિતાતીર્થ, (૧૬) માર્કંડેશ્વર, (૧૭) મુન્યાલયતીર્થ, (૧૮) અપ્સરેશ્વર, (૧૯) ડિંડીશ્વર, (૨૦) સુંડીશ્વરતીર્થ, (૨૧) અમલેશ્વર, (૨૨) ભારભૂતેશ્વરતીર્થ, (૨૩) ઋણમોચનતીર્થ, (૨૪) સુવર્ણબિંદેશ્વર, (૨૫) દક્ષા-ખાતીર્થ, (૨૬) ભૃગુક્ષેત્ર અથવા ભડોચ. આ ક્ષેત્રમા નીચેના ૪૬ પ્રસિદ્ધ તીર્થો આવેલાં છે: દંડિશ્વરતીર્થ અથવા ક્ષેત્રપાલતીર્થ, કુરરીતીર્થ, ભદ્રતીર્થ અથવા પિતામહતીર્થ, કોટિતીર્થ, સિદ્ધિતીર્થ, રૈવતીર્થ, ભરવેશ્વરતીર્થ, માતૃતીર્થ, નર્મદેશ્વર, ભાલ્વિલેશ્વર, સાવિત્રીતીર્થ, ગોનાસોનીતીર્થ, અશ્વિનીતીર્થ, દારુકેશ્વર, સરસ્વતીતીર્થ, ચક્રેશ્વર અને ચક્રેશ્વરી દેવી, ભૂમ્રેશ્વરતીર્થ, અષ્ટાસ્રેશ્વર, કોટેશ્વર, ભાસ્કરતીર્થ, પ્રભાતીર્થ, હંસતીર્થ, રૈવતીર્થ, ગૌરમીપતિતીર્થ, મુસમીપતિતીર્થ, નારાયણતીર્થ, વિશ્વરૂપતીર્થ, ત્રિવિક્રમેશ્વરતીર્થ, કપિલેશ્વરતીર્થ, સિદ્ધેશ્વરતીર્થ, દ્વાદશાદિત્યતીર્થ, ચંદ્રપ્રભાસતીર્થ, ઉત્તીર્ણધારાહતીર્થ, સોમેશ્વરતીર્થ, ભાલિમામતીર્થ, જ્વાલેશ્વરતીર્થ, કનખલતીર્થ, ઔદ્રીતીર્થ, ધૂતપાપતીર્થ, કેદારતીર્થ, સોભાગ્યસુંદરી, દક્ષારામેશ્વરતીર્થ, ગૌતમેશ્વરતીર્થ, ગંગાવાહ અથવા ગાંગોદ્વારતીર્થ, મહાસ્કંદસ્થાનમાં સોમના દેવી અને શાકલહ્રદ, અને પિંગલેશ્વર તથા ભૂતેશ્વર. (૨૭) ધોડેશ્વર અને વૈદ્યનાથ, (૨૮) કપિલેશ્વરતીર્થ, (૨૯) સોપેશ્વર તથા કોટેશ્વર, (૩૦) શુકલતીર્થ અને તેની પાસે હુંકારેશ્વરતીર્થ, રહેતીર્થ આવેલ છે. (૩૧) ભાર્ગલેશ્વર, (૩૨) શ્વેતભરાહતીર્થ અને તેની પાસે અંકોલ અને સિદ્ધેશ્વરતીર્થ છે. (૩૩) અંગારેશ્વરતીર્થ, (૩૪) અમાહક અથવા પિતૃતીર્થ, (૩૫) ઋક્ષિમણ્યૃતીર્થ અને તેની પાસે રામોદ્વહતીર્થ, ચિત્રતીર્થ, જ્વલનારહતીર્થ અને ભદ્રતીર્થ આવેલ છે. (૩૬) નંદાતીર્થ, (૩૭) સોમતીર્થ અને તેની પાસે શાકતીર્થ, કર્કેશ્વર, ઓજ અથવા અયોધ્યાપુરી આવેલ છે. (૩૮) કુબેરેશ્વરતીર્થ અને તેનાથી થોડે દૂર આશાપુરી દેવી, આદિવારાહતીર્થ, કોટીતીર્થ, ભદ્રાપ્રસાદતીર્થ, માર્કંડેશ્વરતીર્થ, ભૂમ્યીશ્વર, પિંગલેશ્વર અથવા અગ્નિતીર્થ, અયોનિજતીર્થ, રહિતીર્થ અને ધૌરાદિત્ય આવેલાં છે. (૩૯) સાગરેશ્વરતીર્થ અને તેની પાસે કપર્દિકેશ્વર આવેલ છે. (૪૦) નર્મદેશ્વર અને નારેશ્વર, તેની પાસે કોટિલેશ્વર તીર્થ છે. (૪૧) ચંદ્રપ્રભાસ અથવા ચંદ્રેશ્વર તીર્થ, (૪૨) કેમુકેશ્વરતીર્થ અને તેની નજીક કપિલેશ્વરતીર્થ, ત્રિલોચનતીર્થ આવેલ છે. (૪૩) પાંડુતીર્થ, અંગારેશ્વર અને અયોનિજતીર્થ, (૪૪) કોટીશ્વરતીર્થ, તેની પાસે આગિરસતીર્થ આવેલ છે (૪૫) સીનોર અથવા સેનાપુર, તેમાં આઠ તીર્થ આવેલાં છે: ધૂતપાપેશ્વર, માર્કંડેશ્વર, નિષ્કલંક મહેશ્વર, કેદારતીર્થ, ગોરેશ્વર, ઉત્તરેશ્વર, ચક્રતીર્થ અને રોહિણેશ્વર, (૪૬) પનદેશ્વર અથવા ભંગારેશ્વર, (૪૭) સોભાગ્યસુંદરી માતા, નાગેશ્વર, ભરતેશ્વર અને કર્કશ્વેશ્વર, (૪૮) ઋણિકેશ્વરતીર્થ, (૪૯) સુવર્ણરીખાતીર્થ અને તેની નજીક ઔદ્રીસંગમ અથવા હનાદ્રહતીર્થ તથા અનસૂયા માતાજી આવેલ છે. (૫૦) મન્મથેશ્વર, (૫૧) ભ્રમરેશ્વરતીર્થ, (૫૨) સંકર્ષણતીર્થ, તેની નજીક પ્રભાતીર્થ અથવા પ્રભાસેશ્વર શિવ અને આશેશ્વર આવેલ છે. (૫૩) કોટેશ્વરતીર્થ, (૫૪) ભરદ્વિઆશ્રમ અથવા નરનારાયણતીર્થ તથા તેની નજીક નીલકંઠેશ્વરતીર્થ આવેલ છે. (૫૫) કપ્લોદ્ધિ અથવા ગંગનાથતીર્થ, (૫૬) ચમહાસતીર્થ, અહીંથી ઉત્તર આઠ દૂર ચાણોદમાં ૭ તીર્થ આવેલાં છે: અદ્રિકાદેવી, ચક્રાદિત્ય, ચક્રતીર્થ અથવા અલકાપુરી નારાયણતીર્થ, કપિલતીર્થ, ઋણમોચનતીર્થ, પિંગલેશ્વરતીર્થ અને નંદાહ્રદ. (૫૭) સોમેશ્વર, તેનાથી થોડે છેટે કુબેરેશ્વર, પાપકેશ્વર આવેલ છે. (૫૮) વરુણેશ્વર, તેનાથી થોડે દૂર નક્ષ ગામમા નંદિકેશ્વર, કપિરુદ્રેમ, મધુરુદ્રેમ, નારદેશ્વર, અમરપર્ણીસંગમ, ચંદ્રેશ્વર અથવા ગુપ્ત પ્રયાગ આવેલાં છે. (૫૯) માતૃતીર્થ, તેની નજીક મોતમેશ્વર અને તિલકેશ્વર આવેલ છે. (૬૦) મણિનાગેશ્વર, (૬૧) કપિલેશ્વરતીર્થ, તેનાથી થોડે દૂર રેંગણ ગામમાં કામેશ્વર અને રવીશ્વરતીર્થ આવેલ છે. (૬૨) કેદારેશ્વર, તેનાથી થોડે દૂર અકલેશ્વર અથવા અમરતેશ્વર ગામમાં અમરતેશ્વર આવેલ છે. (૬૩) કુમારેશ્વરતીર્થ, તેની નજીક કરોટેશ્વર આવેલ છે. (૬૪) ભીમકુમારસંગમ, (૬૫) આદિત્યેશ્વર, કંબલેશ્વર અને પુષ્કરણીતીર્થ, (૬૬) વિમલેશ્વરતીર્થ, (૬૭) કપિલતીર્થ, તેની નજીક પુષ્કરણીતીર્થ આવેલ છે. (૬૮) આયુસંગાસંગમ, (૬૯) હંસેશ્વર, હંસેશ્વર, હંસેશ્વર, (૭૦) કૃતનીસંગમ, (૭૧) કૃતખેટાબાદ, (૭૨) હરણ્યાશ્વ, (૭૩) ધર્મરાજતીર્થ, (૭૪) મેઘનાદતીર્થ, (૭૫) કોટેશ્વર અને કુબેરતીર્થ, (૭૬) ચિખલદા અને પંચકુંડતીર્થ, તેની પાસે દેવમયતીર્થ અને દેવપયસ્વિનીતીર્થ આવેલ છે. (૭૭) ભગાદસંગમ, (૭૮) વાત્રેશ્વરતીર્થ, (૭૯) દીમિકેશ્વરતીર્થ, તેની પાસે કાંકડિયાસંગમ વિખ્યાતીર્થ આવેલ છે. (૮૦) ભદ્રાવર્ધમાદ અને વરાહેશ્વરતીર્થ, (૮૧) ઋક્ષેશ્વર અને અદિતીશ્વરતીર્થ, (૮૨) માનસંગમ, (૮૩) શુક્લેશ્વર ગૌરતીર્થ, (૮૪) કૃતનોર અને દારુકેશ્વરતીર્થ, (૮૫) પુણ્યસંગમ અને ભિલ્લ-ખાતીર્થ, (૮૬) પસારામગામ, (૮૭) કાલીબાવડીગામ, (૮૮) માંડવગઢ અને નીલકંઠ શિવજી, (૮૯) લોદ્રવા ગામ, (૯૦) સુંદરેલગામ, (૯૧) ભગવાદ અને કપિલતીર્થ, (૯૨) કારમ અને ભૂરી, (૯૩) મહેશ્વર અથવા માહિષ્મતીતીર્થ, લા જ્વાલેશ્વર, અર્જુનરિજની ગુફા, રહેશ્વર, મલ્લેશ્વર, નરસિંહજી, પંચદિનાથ, આલ્વેશ્વર, માર્તંડેશ્વર, અશોકવનિકાતીર્થ, સિદ્ધેશ્વરી દેવી, રાજરાજેશ્વર, કાલીવિશ્વેશ્વર, કાલેશ્વર અને જ્વાલેશ્વર વગેરે સ્થાનો આવેલાં છે (૯૪) ગાદીસંગમ, (૯૫) મંડલેશ્વર અને મલ્લમનેશ્વરતીર્થ, અહીં ગુપ્તેશ્વર આવેલ છે. (૯૬) નાનસંગમ,

(૯૭) માલનસંગમ, (૯૮) પિપ્પલેશ્વરતીર્થ અને પિપ્પલાદ આશ્રમ, (૯૯) પુષ્પારસંગમ અને દાઢોશ્વરતીર્થ, (૧૦૦) વિમલેશ્વરતીર્થ, (૧૦૧) નાગેશ્વર, (૧૦૨) ખેડીઘાટ, (૧૦૩) ચક્રસંગમેશ્વર અને ગંગનાથ, (૧૦૪) ગંગાનદીસંગમ અને કોટેશ્વરતીર્થ, (૧૦૫) અવતારતીર્થ, (૧૦૬) સેલાનીઘાટ, (૧૦૭) કુલાઉસંગમ, (૧૦૮) સીતાચાટિકાતીર્થ અથવા સીતામાતાતીર્થ, (૧૦૯) પાવડીકુંડ, (૧૧૦) આંડાસંગમ, (૧૧૧) ચક્રકોટ, (૧૧૨) કાલાદેવ, (૧૧૩) પ્રાગણેડી, (૧૧૪) ધર્મપુરીતીર્થ, (૧૧૫) કોટીઘાટ, (૧૧૬) શાંતોનીસંગમ અને કૃતેગઢ, (૧૧૭) ભાગદીસંગમ, (૧૧૮) નર્મદાનાભિમંડલ અને સિદ્ધનાથતીર્થ, (૧૧૯) ભગનેરસંગમ અથવા ભંગુવતીસંગમ, (૧૨૦) મોતીસંગમ, (૧૨૧) કોકેડીસંગમ, (૧૨૨) છીપાનેરઘાટ અને સીપસંગમ, (૧૨૩) સલિલકેદાર શિવજી, (૧૨૪) કોલારસંગમ અથવા કૌસલ્યાસંગમ, (૧૨૫) ત્રિમરનીસંગમ, (૧૨૬) મહીનાઘાટ, (૧૨૭) બાનરીઘાટ, (૧૨૮) તાલપુરાઘાટ, (૧૨૯) સાતતુમડીઘાટ, (૧૩૦) ભાગનેરસંગમ અને પંચમુખી હનુમાન, (૧૩૧) તીંદરીસંગમ, (૧૩૨) મહુઘાટ, (૧૩૩) દુધનીઘાટ, (૧૩૪) મદરિયાંસંગમ, (૧૩૫) ચાનરાબાન અથવા ચાનરબાલુતીર્થ, (૧૩૬) ચાંદનીસંગમ, (૧૩૭) ચિચલીઘાટ, (૧૩૮) મહાવન, (૧૩૯) કુસુમેલીસંગમ, (૧૪૦) હતનોરાઘાટ, (૧૪૧) ખોડિયાઘાટ, (૧૪૨) મનક્રમનેશ્વર અને મહાકાલેશ્વર, (૧૪૩) કુસુમખેડાઘાટ, (૧૪૪) ભારદ્વાજતીર્થ અથવા ભૃગુકચ્છતીર્થ, (૧૪૫) મોરાઘાટ, (૧૪૬) મોતબક્સિર ને નારદીસંગમસંગમ, (૧૪૭) ભગવાડાઘાટ અને વાગ્યાસંગમ, (૧૪૮) તેંદોનીસંગમ અને ભાકાલાદીપ્રતીર્થ, (૧૪૯) મોભાર, (૧૫૦) માસરોગ, (૧૫૧) બર્લા, (૧૫૨) કેતુધાનઘાટ અને ખાડસંગમ, (૧૫૩) ઉકિયાઘાટ, (૧૫૪) ખોરાસઘાટ, (૧૫૫) બાંસખેડાઘાટ, (૧૫૬) કેલકચ્યઘાટ, (૧૫૭) અનબોરાઘાટ અને જનકેશ્વરતીર્થ, (૧૫૮) શુકલઘાટ અને શુક્લતીર્થ, (૧૫૯) રિજાવરઘાટ, (૧૬૦) સિનોરીસંગમ, (૧૬૧) કરોદીઘાટ, (૧૬૨) ભેલઘારીઘાટ, અથવા ચક્રિસ્થલીઘાટ, (૧૬૩) અડિયાઘાટ, (૧૬૪) રામઘાટ, (૧૬૫) બહાદુરીઘાટ અથવા બહાદુરઘાટ, (૧૬૬) સમુનઘાટ, (૧૬૭) કુબ્જાધારઘાટ, (૧૬૮) રામપુરાઘાટ, (૧૬૯) કરપડિયાઘાટ, (૧૭૦) પિરોરાઘાટ, (૧૭૧) કરણીસંગમ, (૧૭૨) પાંડકુંડતીર્થ, (૧૭૩) ઝસોનઘાટ, (૧૭૪) સુનાચરઘાટ અને સહસ્રાવર્તતીર્થ, (૧૭૫) સરોઘાટ અને સૌભાગ્યાવતીતીર્થ, (૧૭૬) ગોરાગ્રામ અને બહોદતીર્થ, (૧૭૭) ભેલાઘાટારઘાટ, (૧૭૮) માલકચ્છઘાટ, (૧૭૯) બ્રહ્મેરીઘાટ, (૧૮૦) સિદ્ધાઘાટ, (૧૮૧) પિપરીયા રામઘાટ, (૧૮૨) ભેડાઘાટ અને ભૈરવક્ષેત્ર, (૧૮૩) બાણગંગાસંગમ, (૧૮૪) ગોપાલપુરઘાટ, (૧૮૫) ભમેટાઘાટ, (૧૮૬) ત્રિશ્રોતભેદ અને ગૂપ્તમૂર્તિતીર્થ, (૧૮૭) રામનગરાઘાટ અને મુકુટક્ષેત્ર, (૧૮૮) તિલકાંડેશ્વરતીર્થ, (૧૮૯) ઝરીઘાટ, (૧૯૦) ભૈરવસંગમ, (૧૯૧) નાંદિયાઘાટ, (૧૯૨) નંદકેશ્વરતીર્થ, (૧૯૩) છોલિયાઘાટ, (૧૯૪) કાકીઘાટ, (૧૯૫) બાગલીસંગમ, (૧૯૬) ખ્યોઘાટ, (૧૯૭) મહોદરસંગમ, (૧૯૮) ત્રિસર્પ ગૌતમીઘાટ, (૧૯૯) કુબ્જાગર, (૨૦૦) સહસ્રધારાતીર્થ, (૨૦૧) મંડલા અથવા મંડલેશ્વરતીર્થ, (૨૦૨) રામનગરાઘાટ, (૨૦૩) ચિંગાઘાટ, (૨૦૪) ત્રિલચક્રાશ્રમ અથવા ભદ્રીરાશ્રમ, (૨૦૫) દુપટ્ટા, (૨૦૬) બહર્ષ, (૨૦૭) બાપા, (૨૦૮) સિવની, (૨૦૯) સનગીસંગમ, (૨૧૦) સારંગપુર, (૨૧૧) પટપરા, (૨૧૨) કન્ધેવાસંગમ, (૨૧૩) પુસિયા, (૨૧૪) સાહપુર, (૨૧૫) ભેગાપુરમ ટિંડિયા, (૨૧૬) કેવરાઘાટ અને કટોરીસંગમ, (૨૧૭) ભગમન ગંડવાતીર્થ, (૨૧૮) કેકડિયા, (૨૧૯) કુલ્હારસંગમ, (૨૨૦) ટેટીસંગમ, (૨૨૧) કાંચનપુર, (૨૨૨) કેવરીસંગમ, (૨૨૩) કમ્ભેટી, (૨૨૪) ભીમકુંડીઘાટ, (૨૨૫) હરદીટોલા, (૨૨૬) કમ્મડ, (૨૨૭) કપિલધારા, બહી કપિલગુપ્ત, નીલગંગાસંગમ, ગાયત્રીસાવિત્રીસંગમ કોટિતીર્થ અથવા કપિલપિપ્પલાસંગમ આવેલ છે. (૨૨૮) કૈલાસન અને ઋણતીર્થ, (૨૨૯) શિવક્ષેત્ર, (૨૩૦) કાકલતીર્થ, (૨૩૧) જંબુકેશ્વરક્ષેત્ર, (૨૩૨) સારસ્વતતીર્થ, (૨૩૩) બ્રાલેશ્વર, (૨૩૪) બ્રહ્મપદ, (૨૩૫) માર્કંડનો ભગીચો, (૨૩૬) માર્કંડેયાશ્રમ, (૨૩૭) કર્ણમઠ અને (૨૩૮) અમરનાથ. નર્મદાનાં હજાર નામ: નર્મદા, નાગકન્યા, નાગેશી, નાગવલ્લભા, નારાયણી, નિરાકારા, નિરાલમ્બા, નિરંજની, નિરીહા, નિર્વિકારા, નિલાનંદસ્વરૂપિણી, નિસ્પૃહા, નિલરૂપ, નિલાંજના, નિશ્ચાદિગ્રિકા, નીકેશી, નાગગમની, નાગકન્યા, નગેશ્વરી, નિર્દોષા, નિર્ઝરા, નીરા, નિશ્ચલદિગ્રી, નિશ્ચમા, નિશ્ચલા, નીલા, નિલંબા, નિર્ધનેશ્વરી, નલદીલવિલાસા, નારાયણપરાયણા, નાકગમની, નક્ષત્રા, નેત્રવર્ધિની, નિર્ઝરા, નિર્મલા, નેત્રા, નિરસ્તકા, નિર્ઝરાત્મિકા, નીર્ધ્રિયા, નીપરતા, નિષ્કલંક, અક્ષેશ્વરી, સર્વશત્રુણાં નાશિની, નૂતના, નૂતનેશ્વરી, નિર્વંત્રધારિણી, નીચા, નિર્ભમા, નગ્નવર્ધિની, નદી, મદર્ધિની, માનરૂપા, નરસિંહા, નરકાસુરનાશી, નરેશી, નરપાલિની, નરેંદ્રમાનિની, નિદ્રાનિમગ્ના, નિગ્રહેશ્વરી, નટિની, નાટિની, નાટચા, નિર્દેહા, નિર્દેહેશ્વરી, નિતંબિની, નિતંબી, નિર્ધના, ધનવર્ધિની, નિર્ધૂતા, નિર્દયા, દુષ્ટા, નિષ્ઠુરા, નૈકગામગા, નકોરૂપા, નલેશી, નાગરી, નાગરાત્મિકા, નરનીનિપ્રિયા, નેમી, નિર્ભોગા, નિષ્કલેશ્વરી, નરેશપાલિની, નૌકા, નાગસ્થા, નાગપાર્શ્વિની, નાગેંદ્રમાનિની, નલા, નદેશી, નર્મબાધિણી, પરમા, પરમેશી, પાકશાસનપોષિણી, પવિત્રા, પાવની, પદ્મા, પાદુકા, પદ્મેશ્વરી, પોષિણી, પોષિકા, પોષ્ય, પૂર્વિકા, પૂર્વમંત્રિકા, પંચમી, પંચિતપ્રેમા, પાંચાલી, પરમેશ્વરી, પક્ષધારા, પક્ષેશી, પક્ષિણી, પક્ષિરૂપધૃક, પક્ષિપાલનસંપ્રીતા, પક્ષિણી, પરમાદિગ્રા, પજ્જરી, પિજરી, પિંગા, પિંગલા, પિંકચક્ષલજા, પિંકરૂપધરા, પિંગા, પિંકેશી, પિંકબાધિણી, પ્રજાકારા, પ્રજારૂપા, પ્રજલ્પા, પાકશાસિની, પશુપ્રીતા, પશુરતા, પુરંદરદ્વિતૈષિણી, પુરુહૂતપ્રિયા, પદ્મમાલા વિભૂષણા, પાપસંત્રાસિની, પાપોત્પાટિની, પક્ષેશ્વરી, પંકજાક્ષી, પરમૂર્તિ, પક્ષિની, પક્ષિરક્ષિણી, પક્ષિપ્રિયા, પવિત્રતા, પરસંમોહકારિણી, પરેશી, પરહંત્રી, પરબ્રહ્મસ્વરૂપિણી, પરાત્પરરતા, પાપા, પદ્માક્ષી, પદ્મરહસ્યજ્ઞા, સર્વવિદ્યાનાં પાદિની, પાપપાક્ષચિત્રિણી, પદ્મપ્રીતા, પાકરતા, પંડિતા, બુદ્ધિવર્ધિની, પુંડરીકવિશાલાક્ષી, પુરુષાસ્થપુષ્ટિણી, પૂતના, પુત્રપાલી, પુરુષાર્થપ્રસાધિની, પદ્મયા, પાપદમની, પાદપંકજસેવિતા, કલા, કૃલરૂપા, કૃલેશી, કૃલવર્ધિની, કુકારી, કૃચ્ચિપાલી, કૃલેશી, પલગેશ્વરી, કૃત્કારી, કેકી, કૃલેશી, કૃલબોધિણી, કટાકારા, કૃણાદરી, કૃલ્ગુની, કૃલસાધિની, કૃલ્ગુનપ્રીતા, કૃલ્યુ, કૃલ્યુલ્લાત્મિકા, કૃલદાત્રી, નિરંકુશિત્રા, કંકુસિત્રિની, બાલિકા, બાલિકામાલા, બાલા, બુદ્ધિવિવર્ધિની, બરદા, બરરૂપા, બરમાતા, બરેશ્વરી, બગલા, બાગ્વિલાસી, બાગ્વની, બચનપ્રિયા, બત્સલા, બત્સલેશી, બજ્રિણી, બજ્રધારિણી, બાલિકાવરજા, બાદુકવિલાસિની, બાકુની, બાદુબરદા, બર્તિની, બર્તુલા, બલા, બામિની, બાંધિક્ર, બીજિ, વિકટા, વિકટેશ્વરી, બાલરૂપા, વિષ્ણુપ્રીતા, બાલવિષ્ણુરિલાત્મિકા, બરાહી, બામના, બામા, બામિક્ર, બરદાવિદ્યા, બા.ત્મી, બરાહી, બરાહી, વિકૃતાનના, બસિટા, બાદિની, બાકપા, બા.ક્રરૂપ, બરેશ્વરી, બષટ્કારા, બકેશી, બાકલાલબપાલિક્ર, બાગુરી, વિકસદ્કૃત્રા, બકૃચ્ચિણી, બકારિણી, બકરૂપા, બકપરા, બકેશી, બકબાધિણી, બકત્રા, બાબકત્રા, બલદા, બબેશા, બાલબારિણી,

બદરાશ્રમસંસ્થા, બદરાશ્રમવાસિની, બદરીફલસંતુષ્ટા, બદરી, બદરીચરી, બદરીફલસંદોહા, બદરીફલભાવિની, બદરીફલસપૂજ્યા, બદરીફલતોષિતા, બદરીફલસંસ્તુતા, બદરીફલભાવિની, બરદા, બરદેશી, બહિશ્ચરૈસ્તુપૂજિતા, વિશ્વામિત્રસદાપાલી, વિશ્વમરી, વિશ્વક્ષણી, વિશ્વભરા, વિશ્વરૂપા, વિશ્વાત્મા, વિશ્વાપત્તિની, વિશ્વેશી, વિશ્વહર્ત્રી, વિશ્વોષિણી, વીરહા, નિરતા, વીરા, વિભીષણસુરરમદા, વિશ્વામિત્રપૃહસ્નેહા, વિશ્વકા, વિશ્વરૂપિણી, ભગવતી, ભૂતભવ્યા, ભવપાશવિમોચની, ભોગિની, ભોગકારી, ભોગદા, ભોગવધિની, ભીષણા, ભીષણેશી, ભીમા, ભીમપરાક્રમા, ભિક્ષુકાપાલિની, ભૂતિ, ભૂધરા, ભૂધરાત્મજા, ભૂપણા, ભૂતપાણી, ભૂજગી, ભોમદાયિની, ભૂતાત્મા, ભૂતસરક્ષી, ભૂતિદા, ભૂતિભૂષણા, ભવદા, ભવહંત્રી, ભવભોહવિનાશિની, ભ્રામરી, ભ્રમરાકારા, ભૂતભાવનભાવિની, ભારદ્વાજસદાપૂજ્યા, ભૂમિના, ભૂમિનેશ્વરી, ભક્ષિણી, ભદ્રભુજા, ભીષ, ભૈરવી, ભવનાશિની, ભાનુપૂજ્યા, ભાનુરતા, ભવાની, ભુવનેશ્વરી, ભૂતમા, ભૂતનેશી, ભૂતધી, ભૂતધાત્મિકા, ભોગિની, ભોગદાત્રી, ભોગદા, ભોગવધિની, ભગાત્મિકા, ભગવતી, ભગેશી, ભગપૂજિતા, ભાસ્કરી, ભાસ્કરપ્રીતા, ભાસ્વતી, ભાસકારિણી, ભાવણી, ભાવિણી, ભામા, ભજની, ભવરૂપધૃક, ભટિની, ભદ્રસપૂજ્યા, ભદ્રાનાં ભુદ્ધિવધિની, ભૂપશ્રી, ભૂપસરક્ષી, ભૂપાત્મા, ભૂપપાલિકા, ભૂપસાક્ષી, ભૂપરતા, ભૂમિપા, ભૂમિધારિણી, ભૂમિભોગરતા, માયા, ભૌમપૂજ્યા, સનાતની, ભૂમિદા, ભૂમિજનની, ભૂમિસ્થિતા, ભવાપહા, ભાવુકા, ભવનાશ્યા, ભૂરિદા, ભૂમિપાલિકા, ભુવના, ભુવનેશા, ભુવનૈકસુપાલિકા, ભૂરિપુણ્યરતા, નિત્યા, ભૂરિદા, ભૂરિભોગિની, ભૂતનાથસદાપ્રીતા, ભૂતનાથસુપૂજિતા, ભૂતનાથસદાપાલી, ભૂતનાથપ્રહર્ષિણી, ભૈરવપ્રીતિભાપન્ના, ભૈરવાનંદવર્ધિની, ભિક્ષુપાલી, ભિક્ષુકેશી, ભિક્ષુદા, ભિક્ષુરક્ષિણી, ભેદકરી, ભેદેશી, ભીતિદા, ભીતિપતિની, ભીતિરક્ષાકરી, ભંગા, ભીતિરૂપા, ભવાત્મિકા, ભારભચ્છનસમુક્તા, ભાલગ્ના, ભાલિની, ભાલપ્રીતિકરી, ભદ્રા, ભદ્રાંતકવિદારિણી, મોહિની, મોહનેશા, મહિષા, મદનાતુરા, મહામાયા, મહાદેવી, મહામોદવિનાશિની, મહામોગરતા, રેવા, મદિરા, મદિરેક્ષણા, મખરૂપા, મખેશી, મખભા, મખધારિણી, માનિની, માનદા, માન્યા, મોહરાત્રિ, મહેશ્વરી, માર્ગણી, માર્ગણપ્રીતા, માર્ગદા, માર્ગરક્ષિણી, મંત્રરૂપા, મયકરી, મયાણી, મયસેશ્વરી, મોક્ષદા, મોહદાત્રી, મોક્ષજ્ઞા, મોક્ષકારિણી, મતરા, મતરપ્રીતા, મતરાત્મા, મર્ખાતકૃત, માર્જની, માર્જનરતા, માર્જના, માર્જનેશ્વરી, મિહિકા, મેદિણી, મેઘા, મેદૂ, મેદૂવિવર્ધની, મનોરૂપા, મનસ્વા, માનસી, મનમોહિની, મનસ્વિની, મન.સ્થૈર્યા, મનિકા, માનમર્દિની, મનોરૂપા, માનજ્ઞવા, માનજ્ઞાવવિદારિણી, મંત્રિણી, મંત્રમાયા, મજ્ઞાત્મા, મંત્રપાલિની, મચ્છા, મંત્રમંત્રપ્રીતા, માંત્રિકી, મંત્રકારિણી, મચ્છકારી, મખેશ્વરી, મંત્રિની, મંથનાપીઠા, મંથનેક્ષરસ્વપાલિકા, મદના, મદરૂપા, મદ્યા, મદજ્ઞની, મેદુરા, મેદુરાક્ષી, મેદુરાત્મા, મદેશ્વરી, મારરૂપા, મારમારી, માર્તંડી, મારચર્ધિની, મારજ્ઞાંતિકરી, માયા, માનસૌક્ષ્ય, મનસ્વિની, મંત્રયા, મંત્રમાકાર, મજ્ઞાત્મા, મદ્યાસુરી, મખ્યનીલંબમખ્યસ્થા, મખ્યમા, મખ્યરક્ષિણી, મહતી, મજ્જના, મોટા, મટકા, મરટાત્મિકા, મલ્લા, મર્દ્યધ્વંસા, મલ્લસંતોષકારિણી, જનની, જગદ્ધાત્રી, જદ્ધરી, જગદ્વન્દિતા, યોગમાયા, જગજ્જેત્રી, જનિત્રી, જનની, જરા, જદ્ધરા, યોગસિદ્ધા, યોગાક્ષી, યોગચર્ધિની, યોગસંરક્ષિણી, યોગ્યા, યોગિનાં ગતિદાયિની, યોગસરક્ષ્યપ્રીતા, જગત્સર્યવિદ્યારિણી, યોગરક્ષાકરી, યોગ્યમોદ્ધકારિણી, યોગિની, યોગિસસેવ્યા, યોગદ્યા, યોગપાલિકા, જગદાત્મા, જગદ્રૂપા, જગંતી, જગતી, જગત, જગના, જગનેત્રી, યક્ષિણી, યક્ષપાલિકા, યક્ષમોહનિરતા, યક્ષાત્મા, યક્ષભેદિની, ક્ષયકરી, ક્ષયકરેત્રી, યક્ષદા, યક્ષકારિણી, યક્ષમાતા, યક્ષસપ્રીતવર્ધિની, જગદ્ધૃત, જગદ્ધર્ધિની, યમુના, યમુનાપાલી, યમયાતનિવારિણી, યોગેશી, યોગમાયા, જદ્ધરાત્મિકા, યંત્રરૂપા, યંત્રમયી, જગજ્જિત્વિવર્ધિની, જગેત્રી, જનસરક્ષી, જનદ્યી, યુદ્ધનિયુદ્ધપ્રીતા, યુદ્ધજ્ઞાંક્ષાપ્રવર્ધિની, યોધનિ, યોધપ્રીતા, યુદ્ધમર્યપ્રદર્શિની, યુદ્ધરિ, યુદ્ધમાતા, યુદ્ધાત્મા, યુદ્ધજ્ઞાંચની, જગદ્જનારી, જનતા, જનદ્યાત્મિકા, યોગરૂપા, યોગમરા, યોગમાનિની, જગરૂપા, જગમયી, જગાત્મા, જગનેશ્વરી, જગદ્યા, જગસરક્ષી, જગક્ષમોહધારિણી, જ્ઞવની, યુવની, જ્ઞયા, જ્ઞવની, જ્ઞવરક્ષિકા, જ્ઞપાલી, જ્ઞવજેતી, જ્ઞવદ્યા, જ્ઞવપાલિકા, જ્ઞરેશી, જ્ઞવસંમોહા, જ્ઞવકૌતુકધારિણી, જ્ઞવના, જ્ઞવનારંભા, જ્ઞવની, જગદુદ્વિની, રમણી, રંક્ષિણી, રૈવતા, રણરક્ષિણી, રાજકર્મરતા, અનંતા, રક્ષણા, રક્ષણેશ્વરી, રક્ષિકા, રક્ષણાવદ્યા, રાક્ષસાદ્રિવિમર્દિની, રોગદા, રોગહરી, રોગાત્મા, રોગનાશિની, રઘુરાજસદાપૂજ્યા, રઘુવરવિનંદિની, રામદાર્યકરી, રામા, રામરાજ્યપ્રતિષ્ઠિતા, રામણી, રાક્ષી, રાજ્યશ્રી, રાજ્યલક્ષ્મિની, રક્ષિણી, રક્ષા, રક્ષેશી, રક્ષણાત્મિકા, રાજ્ઞી, રાજ્યોગવિભાવિની, રક્ષિની, રક્ષણપ્રીતા, રક્ષાત્મા, રક્ષકારિણી, રતિરૂપા, રૂપધારી, રૂપાત્મા, રૂપધારિણી, રૂપ્યા, રૂપસભેદી, રૂપાક્ષી, રૂપકારિકા, રાકાપતિસદાલીતા, રાકાપતિવિભેદિની, રાકાપતિસદાલીના, રાકાપતિસુપૂજિતા, રાસની, રાસણી, રાસભપ્રીતા, રાસણા, રાસમંડિની, રાજ્યેક્ષીસમાક્રાંતા, રામરાજ્યપ્રતિષ્ઠિતા, રૈજની, રૈમરૂપા, રાકુપર્મકરી, રાકુરોર્યંગ્યદ્યા, રોદ્યા, રક્ષરૂપપ્રપર્ધિણી, રેવતી, રમ્યા, રોહિણી, રતિભોગિની, રતિપુત્રસમા, રતિપ્રજનવિભેદિની, લોલાક્ષી, લક્ષ્મણા, લક્ષ્મી, લોકપાલા, લક્ષાવતી, લંકાપાલી, લક્ષેશી, લોકાલોકપ્રપૂજિતા, લોમેક્ષણા, લોમપાલી, લોમેશી, લોકપાલિકા, લાક્ષા, લક્ષણ્યા, રક્ષા, લક્ષણા, લક્ષ્યભેદિની, લલિતાગી, લોલવતિ, લીલા, લજ્જાવિધારિણી, લાલસા, લજ્જિમાંગી, લાલિતા, લાલનેશ્વરી, લોકેશી, લોકપાલી, લોકાત્મા, લોકરક્ષિણી, લોકસ્થા, લોકમાક્ષી, લોકલોકવિલાસિની, રોગની, રોગના, લોલા, લીલાવારવધિવારિણી, લક્ષિતા, લક્ષ્યા, લક્ષ્મલક્ષવિનાશિની, લજ્જામયી, લોકલજ્જા, લજ્જાભેદપ્રતિપ્રકારિણી, લોપામુદ્રા, લોમશી, લિપ્સા, લિપ્સપ્સિતા, લવણાબ્ધિસ્તરી, લંબ, લંકપાલિકા, લોલદા, લોલહંત્રી, લોલમોહમહાકારિણી, લોલક્ષાંતિકરી, મજ્ઞા, લોમક્ષાત્મિકા, વાલસાર્ચનિની, વાસ્યા, વક્ષિકા, વક્ષદાયિની, વસ્તિકાવરદામોદ્યા, વીર્યેક્ષ, વીર્યચર્ધિની, વિક્રમાવસ્થિની, વંક્ષા, વંક્ષનાક્રિમવદના, વાસિતા, વાસિતાક્ષરા, વિદ્યા, ઓમપ્રકારિણી, સાવિત્રી, સારદા, સંધ્યા, સાલની, સાંકરી, સિવા, સુકેશી, સોલના, સૌમ્યા, સર્વત્રગી, સત્યધારિણી, સત્યા, સત્યાત્મિકા, શૈવ્યા, રામ, રક્ષિસ્વરાત્મિકા, સોમદા, સોક્ષનાશી, સોમ્યા, સોકર્ધિની, સગુણા, સોમ્યકરી, સાક્ષિણી, સૂક્ષ્મરૂપધાક, સ્વક્ષા, સ્વક્ષર્ચિનક્રિમા, સિજ્જના, સિજ્જનાવતી, સાદિની, સાદસુભા, સંકેશી, શૈલેશ્વરેશ્વરી, સત્યદ્યા, સત્યપાલી, સત્રુદ્યા, સત્રુનાશિની, સત્રુસમોહિની, સત્રુક્ષં ભુદ્ધિનાક્રિની, સુરક્ષા, સુરક્ષણી, સ્વરક્ષા, સુંદરી, સુંદરા, સુક્ષના, સુદ્યમાનસ્થા, સુધાર્ણવનિવાસિની, સુધાસાગરસંભૂતા, સુધાક્ષી, સુદ્યવક્રિકા, સ્રુત્યરૂપા, સ્રુત્યમયી, સ્રુત્યાસ્રુત્યનિવર્તિની, સર્પભૂષા, સર્પધરી, સર્પેસી, સર્પેન્દ્રનિલયા, સ્વયાવતી, સુપુષ્ટિસ્થા, સર્વેક્ષા, સર્વપ્રસિની, સર્વાંગી, સાપૂર્ણોક્ષા, સુપ્રીક્ષા,

સુધાસાગરી, સુધા, સોજના, સોભા, સુધામા, સુજગા, સુભા, સોમોદ્ભવા, સોમસુતા, સોમાત્મા, સોમક-પક્ષા, સોમજા, સમતા, સોમા, સોમ્યા, સૌમ્યવિહારિણી, સુરાજ્યસુરતા, સુર્યા, સુરેશી, સુરતિ, સ્વરા, સુરાત્મજા, સુરસુતા, સુરયા, સુરવર્ધિની, રાક્ષા, રાક્ષજાત, રાક્ષજિત, નિરાક્રકૃતા, અપ્સરા, રાક્ષજા, અપ્સરાજા, રાક્ષા, સુલોચના, સર્વરી, સર્વરપ્રીતા, સમના, સામનેશ્વરી, સહજા, સિંહિકમ, સિંહી, સિંહિકા, સિંહપાલિની, અહ્નિની, અહ્નિમા, અહ્ની, અગેશી, અમગામિની, અલમી, અલસમોહા, અલરૂપા, અલપ્રિયા, અલજા, સાપુશીલા, રાબરી, રાબરાત્મિકા, સંકરપ્રીતા, સંકરપ્રિયકારિકા, સૌદરી, સોખા, સુધાસિંધુનિવાસિની, સર્વેદા, સર્વમાન્યા, સર્વાત્મા, સર્વભોગિની, સર્વરા, સર્વા, સર્વસ્થા, સર્વભૂષણી, સર્વગ્રહા, સુવાર્તા, સુવાર્તાવચનેશ્વરી, ધર્મસેતૂનાં સાક્ષિણી, સર્વકર્મણાં સાખિની, સુમા, સુમોત્તિતા, રૂપામા, રૂપામજા, સૌખ્યકારિણી, સૌખ્યદા, સૌખ્યપાલી, સૌખ્યમા, સૌખ્યભોગિણી, સુહતી, સુમુખી, રમેશ, સુવાસા, સરદબિમ્બ, સરિતા, સૌરા, સોરેયી, સોમકારિણી, સુખ્યા, સુખદા, રખ્યા, રખ્યણી, રખ્યેશ્વરી, હાસિની, હર્ષિણી, હંસી, હંસજા, હંસપારિણી, હરિની, હર્યસર્ધિ, હરાહરવિહારિણી, હનૂમત્પ્રીતિમાપન્ના, હરિરૂપા, હરિપ્રિયા, હર્યક્ષી, હારિણી, હેરી, હેરંબા, હરવલ્લભ, હરિકેલિ, હરાસ્નેહા, હલાહલવિમર્દિની, હલહા, હલરૂપા, હરૈકા, હરતોષિણી, હવિની, હેતનપ્રેમતા, હરેયી, હંદકારિણી, હ્યાત્મા, હ્યાલેરી, સુદ્રબુદ્ધિવિનાશિની, ક્ષત્રિણી, ક્ષત્રા, ક્ષત્રા, સુક્ષત્રા, ક્ષત્રમારિણી, આદિરૂપા, આદિમાયા, આત્મા, અંબરી, અક્ષરીરક્ષધારી, આદિચક્રિત, અજેશ્વરી, આજ્ઞ, આજની, આજ્ઞમા, આજ્ઞપોષિણી, આદ્યા, આદ્યરૂપા, આમિસ્રા, આમિસ્રિણી, આવર્સા, આર્જુના, આજ્ઞ, અશોકા, શોકહારિણી, આદિત્યા, આજની, આંબા, આમનેયા, આંત્રિકા, અશ્વિની, ઇંધિરી, ઇંધપાલી, ઇંધાના, ઇંધપાલિની, ઇંધ, ઇંધવિલાસા, ઇંધરથા, ઇંધપોષિણી, ઇતિકા, ઇતિકર્ત્રી, ઇતિભીતિવિમર્દિની, ઉમા, ઉમાપતિપ્રીતા, ઉમાપતિવિહારિણી, ઐશ્વર્યદાયિની, ઐશ્વર્યા, ઐશ્વાત્મા, અનેકસજ્ઞવા, કલિકા, કામિની, કાંતા, કામજોગિની, કૌતુકી, કમલા, કાલી, કલ્યાણી, કમલેશ્વરી, કાલી, કાંચી, કાવેરી, કૈલાસી, કેશવી, કવિ, કામદા, કાંતિદા, કાંતિ, કાંતિકી, કૃત્તિકા, ક્રિયા, કાર્તવીર્યવિદ્યાસા, કાર્તવીર્યપ્રબોધિની, કુરુક્ષેત્રનિવાસા, કુરુકુલ્યા, કપાલિની, કુમારી, કુલજા, કપાલી, કેશપાલિની, કૌશિની, કંજચારી, કંજાક્ષી, કંજપાલિની,કંજપુષ્પસદાપ્રીતા,કંજમાલાવિહારિણી, કંજસ્થા, કંજિની, કાલા, કાલસ્થા, કાલસુંદરી, કામજોમસદાપ્રેમા, કામિકા, કામસુંદરી, કામકેલીરતો-મત્તા, કામકોડાવિહારિણી, કામદાત્રી, કાર્યદા, કાર્યધિની, કોકા, કે.કી, કૈશેરી, કુટિલા, કુટિલેશ્વરી, કુરપ્ત, કુરસર્જા, કુરકોડા, કામાખ્યા, કૌશિકપ્રીતા, કોલસ્થા, કોલપાલિની, કુબસ્થાના, કુબ્જપૂરા, કવચ્યા, કૌચદારિણી, કુદિની, કુલજેશ્વા, કોંચિકાગ્રરવાસિની, કોખા, કોપવતી, કુમ, કુંડલેશ્વા, કુંડલી, કુબ્જોજ્જરતા, કુંભા, કુંજિની, કુબ્જગામિની, કુપના, કોખિની, કુહા, કુલાવર્તનિવાસિની, કુમારી, કુરસ્થી, કુરપાલિની, કુજરી, કુંજરપ્રીતા, કુંજપાલી, કુલ્લાતિકા, કુજમાતા, કોલીના, કુલીના, કુલજોજના, કામદા, કાલજરનિવાસિની, કુરસ્થા, કુદસ્કારી, કામવર્ધિની, ખલિની, ખલપાલી, ખલદા, ખલવર્ધિની, ખડ્ગકરતા, ખટ્વેશી, ખર્પરી, ખર્પરપ્રિયા, ખટ્વાંગધારિણી, ખટ્વા, ખગદા, ખગગામિની, ખેચરી, ખેચરા, ખેમા, ખજ્જનેત્રા, ખત્રેશ્વરી, ખટ્વાંગી, ખડ્ગધારી, ખરમુખી, ખરમુખપ્રિયા, ખરેશી, ખરસ્થી, ખરદુષ્યમર્દિની, ગૌરી, ગૌરાગિની, ગિરિવરાત્મજા, ગિરીશતનયા, ગૌર્યા, ગીર્વરી, ગીર્વરેશ્વરી, ગીર્વાણી, ગિરિજા, ગીર્વ્યા, ગીર્વપતિપ્રેમવર્ધિની, ગિરીશવલ્લભા, ગોત્રા, ગોત્રજા, ગોત્રપાલિની, ગોત્રેશ્વા, ગોપના, ગોપી, ગોપાલી, ગોપવલ્લભા, ગૌતમી, ગાકરીગેયા, ગૌતમપ્રિયા, ગોદાવરી, ગંડકના, ગોકુલા, ગોકુલાંગજા, ગણેશી, ગણપાલી, ગણહા, ગણતોષિણી, ગણપૂજ્યા, ગણેશ્વરી, ગણેશ્વસી, ગણમાન્યા, ગણેશ્વરી, ગણમી, ગણસતુષ્ટા, ગારડી, ગરુડપ્રિયા, ગદેશી, ગદમાન્યા, ગદપૂજ્યા, ગદેશ્વરી, ગાદિણી, ગદહા, ગેહા, ગદેશા, ગદવલ્લભા, ગોપા, ગોપાગિની, ગોપ્ત્રા, ગોપાલી, ગિરિજેશ્વરી, ગગના, ગગનેશા, ગગની, ગગનેશ્વરી, ગંગા, ગજ્યા, ગાયત્રી, ગોધના, ગોધનેશ્વરી, ગૌણી, ગૌણાત્મિકા, ગોત્રા, ગોત્રિણી, ગોત્રધિની, ગોત્રજ, ગોત્રપાલી, ગોત્રક્ષ, ગોત્રવલ્લભા, ગોરજ્ય, ગોસ્તરૂપા, ગોપાલી, ગિરિજન્યા, ગોત્રજ, ગોત્રસરહિ, ગોધનપ્રિયા, ગોલગર્ભનિવાસા, ગોલગર્ભવિમોચના, ગોલગર્ભમહાસ્નેહા, ગોલગર્ભવિમર્દિની, ગર્ભિણી, ગર્ભવાસિન્યા, કુરગર્ભનિવારિણી, ગર્ભરૂપા, ગર્ભમયી, ગર્ભિણી, ગર્ભમોચના, ગર્ભદા, ગર્ભહંત્રી, ગર્ભિની, ગર્ભપાલિની, ગર્ભેશી, ગર્ભગોપ્યા, ગર્ભદા, ગર્ભકારિણી, ગલગંડવિનાશા, ગલગંડપ્રિયોદની, ગલગંડહિરસ્થા, મલગ્રહોપકારિણી, ગોગ્રહણી, ગોગ્રનિ, ગુર્વી, ગુર્વિણી, ગર્ભમર્દિની, ગીતાજ્ઞાના, ગોલમ્બિ, ગોલેપી, ગોત્રજ્ઞ, ગ્રહ્ય, ઘનેશી, ઘનપાલી, ઘનોપા, ઘનચર્ધિની, ઘોષપાલી, ઘોષેશી, ઘોષહા, ઘોષપ્રતિની, ઘટસ્થા, ઘટરૂપા, ઘટેશી, ઘટના, ઘટા, ઘંટાનાદસદાપ્રીતા, ઘંટાનાદપ્રતોષિણી, ઘટિકા, ઘટિકા, ઘટા, ઘંટાનાદપ્રબોધિણી, ઘોટિની, ઘોટજ્ઞ, ઘોટા, ઘોટકી, ઘોટકપ્રિયા, ઘનિની, ઘનરૂપા, ઘનકેશી, ઘનનિદ્રા, ઘનદા, ઘનસમોહા, ઘનદ્યુતિ, ઘનપ્રિયા, ઘર્મરૂપા, ઘર્મકરી, ઘર્મદા, ઘર્મહારિણી, ઘર્મેશી, ઘર્મસંમોહા, ઘનોપા, ઘનચર્ધિણી, ચંદ્રિકા, ચદ્રવદના, ચચ્ચિકા, ચદનપ્રિયા, ચંદ્રિકા, ચંદ્રકાંતી, ચડી, ચંડપરાક્રમા, ચાકરૂપા, ચાકમણી, ચતુરા, ચતુરાનના, ચિત્રિણી, ચિત્રરૂપા, ચિચિત્રા, ચિત્રવલ્લભા, ચર્ચિની, ચર્ચેશી, ચારુકેતા, ચાન્દ્રહાસિની, ચૂડામણિ, કરરત્ના, ચૂડામણિવિભૂષણા, ચાર્વંગી, ચારુસર્વંગી, ચચ્ચિની, ચર્ચનેશ્વરી, ચાર્ચિની, ચાપહસ્તા, ચાપેશી, ચંપકદ્યુતિ, ચંપકપુષ્પપ્રસપ્રીતા, ચપેશી, ચપિકા, ચપલા, ચારુચર્વંગી, ચામીકરમહાદ્યુતિ, ચામીકરસદાપ્રીતા, ચામીકરવિભૂષણ, ચામીકરમહાપ્રેમા, ચંપકા, ચંપકપ્રિયા, ચમરી, ચામરી, ચૌરી, ચૌરાંગી, ચૌરચર્ધિની, ચારુચદ્રકલાપુત્રા, ચડમુંડનિતાશિની, ચરેશી, ચરરૂપા, ચર્ચિની, ચર્મનાર્ચિતા, ચારુચંદનલિપ્તાંગી, ચલત્કુંડલચિન્મૌલી, ચારુબાહુવિલાસિની, ચતુર્મુખા, ચતુર્વક્ત્રા, ચતુર્બાહુ, ચતુર્ભુજા, ચક્રધરા, ચક્રાણી, ચક્રહા, ચક્રભેદિની, ચોરી, સ્નેહા, ચદ્રકાંતિ, સદ્ચિંતા, છત્રરૂપા, છત્રણી, છત્રપાલિની, છત્રેશી, છત્રિકા, છદના, છદનપ્રિયા, છાત્રપ્રિયા, છાત્રભજ્ઞા, શોકહા, શોકભેદિની, શોકદા, શોકહત્રી, શ્લેષ્મકરી, શ્વરેશ્વરી, જ્વલિની, જ્વલરૂપા, જ્વરહા, જ્વરદાયિની, જ્વલામારા, જ્વલમુખી, જ્વદની, જ્વદવલ્લભા, જ્વાયુદા, જ્વાયુરૂપા, શ્યામદા, શ્યામસુંદરી, શ્રોજના, શ્રોજિની, શ્રોભા, શ્રોજાત્મા, શ્રોજકારિણી, જ્વલિની, જ્વલજ્વલ, જ્વલિની, જ્વટના, ધૃતિ, શ્રેયેશી, શ્રેયણી, શ્રેયા, શ્રમાનાથસદાપ્રિયા, શ્વરેશી, શ્વરકારી, શ્વપના, શ્વયિની, શ્વપા, જગન્માતા, જનયિત્રી, જરાજપા, જનશ્રોદ્ધરી, જન્યા, જનદા, જનરંજની, જયરૂપા, જર્જરા, જર્જરેશ્વરી, જયના, જયની, જંભા, જમ્ભસુ, જંભચર્ધિની, પત્રિણી, પંત્રરૂપા, જગદ્યા, જોગિની, જોગિનાં સુહિદ્વધિની, જગજ્જયતી, જેત્રા, જરઠા, જ્યેષ્ઠાન્યા, જરઠી, જરાજુર્દ્ધા, જલજહા, જલજપ્રભ્રમી, જલજસમેદમારિણી, ઘટરૂપ, ઘટ.ગી, ઘટેશી, જલરમ.ર્ગના, જલરા,

જજ્જરી, જગન્માતૃકા, જયિની, જૃંભણી, જૃંભા, જદુનાથવિમોહિની, જાદવપ્રીતિમાપના, જદ્દીકા, જાદવાત્મજા, જશોદા, જશ.પાલી, જશોજા, જશોદર્ધિની, જશા ક્ષેમંકરી, જોષા, જ્જ્વપાલિની, જ્વાલા, જ્વાલસૃષ્ટિ, જ્વાલારામહારિણી, જ્વાલેશી, જ્વલરાપ્યા, જ્વાલસાગરવાસિની, જ્વાલસહોત્પન્નિ, જ્વેપ્રા, જ્વેપ્રેટેશ્વા, જ્વેપ્રપાલિની, જ્વેપ્રરૂપા, જ્વેપ્રમણી, જ્વેપ્રસમોદ્ધારિણી, જૂર્મૂરિણી, જૂરિભૂષા, જૂપેશા, જૂપરિણી, જૂપપાલી, જૂપેશી, જૂપપ્રોતા, જૂપપ્રિયા, ઢંકિની, ઢક્કરૂપા, ઢંકાત્મા, ઢંકનેશ્વરી, ઢોપા, ઢોપપત્ની, ઢેરા, ઢોરિકા, ઢારહારિણી, ઢાસન્ના, ઢાઢિની, ઢૌરા, ઢામરપ્રિયકારિકા, ઢોરા, ઢક્કાઢક્કા, ઢમિનિ, ઢંકાઢિની, ઢંઢિની, ઢઢારી, ઢકેશી, ઢમરાત્મિકા, ઢક્કિની, ઢામરી, ઢઢી, ઢેરેક્ષ, ઢામરપ્રિયા, ઢક્ક, ઢક્કોત્પિની, ઢોરા, ઢુંઢિરાજસદાપ્રિયા, ઢુંઢિરાજપ્રકર્ષા, ઢુંઢિરાજપ્રપૂજિતા, નારાયણી, નરેંદ્રાણી, નરકાંતિકા, નિશુંભશુંભમથિની, નરકાસુરમાતિની, નિલાનંદા, નરેશ.ના, નિર્ધિકારા, નિરંજની, નિર્ણોષા, નિર્ભયા, નીલા, નારિકેલફલપ્રિયા, નાદિની, નાકસ્થના, નીરવાહા, નરપ્રિયા, નિર્ભીમા, નૂતનાનંદા, નદિયપ્રપૂજિતા, નદિયધર્મમોદા, નદિયપ્રપૂજિની, નીકામનદિની, નીલા, નાસિકાસ્થસુગંધિની, નાગમધારિણી, નગ્ના, નગેશી, નગરેશ્વરી, નિત્યાનિષ્ઠા, નારી, નવીના, નરપાલિની, નરવાહનકોલાહલા, નંખિની, નખમારિણી, તંત્રિણી, તંત્રવાહા, તારિકા, તારિકોત્તમા, તારા, તરંગિણી, તીરા, તાટંકી, તટની, ત્વચી, તુહ્યા, તોતલા, તુર્મા, તુરીયા, તરુણી, ત્વરા, તારિણી, તામસી, તંત્રા, તંત્રિકા, તમહારિણી, તુંદરા, તુહ્યરૂપા, તોયિણી, ત્રિગુણાત્મિકા, તપિની, તુગ્ભદ્રી, નિર્ભૂરા, નિત્યકારિણી, તપિની, તાપિની, તાપી, તપેશી, તપમાનિની, તારુણ્યતમહરી, તમોહા, તમર્ણિહારિણી, સ્તંભિની, સ્તંભરૂપા, સ્થલિની, સ્થલધારિણી, સ્થલેશી, સ્થલહારી, સ્થર્ય, સ્થલકારિણી, સર્વેશત્રુણાં દમની, દમયંતી, દમાર્ણવી, દુર્ગા, દુર્ગતિહારી, દુર્ગિણી, દુર્ગરેણિણી, દુરંતા, દુષ્કૃતિદૂરા, દુરંરોહારોહેશ્વરી, દુર્વિનીતા, દૈત્યારિ, દાનવાનાં વિમર્દિની, દુઃખહા, દુર્ગરૂપા, દમિતા, દયા, દુર્ભિક્ષહારિણી, દીર્ઘા, દીર્ઘકા, દીર્ઘલોચની, દ્વિજરૂપા, દ્વિજપ્રીતા, દ્વિજેશી, દ્વિજપૂજિતા, દ્વિજાત્મા, દ્વિજમાન્યા, દ્વિજવિશ્વાધિવધિની, દ્વિરૂપા, દીર્ઘનયના, દીર્ઘવૃત્તપ્રકાશિની, દીર્ઘકરતા, દીર્ઘદેહા, દીર્ઘદામા, દક્ષાસિની, દ્રવ્યા, દુર્ભગા, દુર્ગા, દુર્વાસોમુનિપૂજિતા, દંડિની, દંડરૂપા, દેમદંડસુધારિણી, દુની, દુરત્યયિમ, દુર્ઘટાઘટધારિણી, દનદા, દાનપૂજ્યા, દાનમાનવિલાસિની, ધુમધિ, તિમિરારિ, દુઃસહા, દુઃસહેશ્વરી, ધામિની, ધામપૂજ્યા, ધૂમા, ધૂમ્રાક્ષહારિણી, ધ્વજિની, ધ્વજવાહી, ધ્વજાત્મા, ધ્વજધારિણી, ધનદા, ધનપૂજ્યા, ધનહા, ધનવર્ધિની, ધનેશપોષિણી, ધન્યા, ધારિણી, ધનદેશ્વરી, ધરણીધરમાન્યા, ધરણીધરસંભવા, ધારાધરી, ધ્વજધરી, ધરેશા, ધરણીધરા, ધૂર્જટિસમોહિની, ધોરા, ધર્મણી, ધૂમસી, ધ્વજા.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક નાગકન્યા; સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન માંધાતા રાજાના પુત્ર પુરુકુત્સની સ્ત્રી. એને વસદસ્યુ નામે પુત્ર હતો.

૪. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પૃક્કા

૫. સ્ત્રી. એ નામની નર્મદા નદીની અભિમાનિની દેવી.

૬. સ્ત્રી (પુરાણ) એક પર્વત સ્ત્રી. એણે પોતાની સુંદરી, કેતુમતી અને વસુદા નામની ત્રણ કન્યા સુકેશ રાક્ષસના માલ્યવાન, સુમાલી અને માલી એ ત્રણ પુત્રોને અનુક્રમે વરાવી હતી.

૭. સ્ત્રી. (પુરાણ) વિંધ્યાચલ પર્વતમાંથી નીકળતી એ નામની નદી

૮. સ્ત્રી. (પુરાણ) સોમપ નામના પિતરની માનસ કન્યાનું નામ. સોમ શબ્દથી ચાલતો આવેલ એના વંશમાં ચંદ્ર, ઉદુમ્બ એવાં પણ નામો એનાં છે.

૯. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો જમણો નિતંબ પડ્યો હતો

૧૦. [સં. નર્મન્ (આનંદ) + દા (આપનારી)] સ્ત્રી. આનંદ આપનારી.

નર્મદાકુંડ [સં.] કું. એ નામનો નર્મદા નદીનો એક કુંડ.

નર્મદાખંડ [સં.] કું. (પુરાણ) એ નામનો ૧૪,૦૦૦ શ્લોકનો નર્મદા માહાત્મ્યનો એક ગ્રંથ.

નર્મદાતીર [સં. નર્મદા (એ નામની નદી) + તીર (કાંઠો)] કું. નર્મદા નદીનો કાંઠો

નર્મદાદક્ષિણ્ય [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પર્યાંતમાં કહ્યું છે કે: આદિ પુત્રમાં સૂર્યવંશી રાજા દશરથ થયા. તે તેમના શત્રુઓથી ૩૦ વર્ષના સુધી લડતા રહ્યા. રાજાનો હિમ્ન ક્ષેત્ર અને કોશ સર્વ નાશ થયા. તે સમયે બે પુત્રો મહિન કિલ્લો છોડીને જંગલમાં ભટકવા લાગ્યા. બોડા દિવસ પછી બે પુત્રો પણ બીજે ભટકવા લાગ્યાં રાજા એકલા રહી ગયા. તે બહુ જ બેદથી નર્મદાકાંઠે આવ્યા અને દાન પત્ર આપીને આત્મહત્યા કરવાના હેતુથી નર્મદામાં કૂદી પડ્યા. તે સમયે નર્મદાજીએ પોતે જ તેમને જાતની બહાર કાઢી નાખ્યા અને સમજાવ્યા કે, તું સાહસ કર મા, એમ કહીને નર્મદાજીએ તેને એક લાકડી અને એક મણિ આપ્યો અને કહ્યું કે, આ વસ્તુ દ્વારા તારી કાર્યસિદ્ધિ થશે. જ્યારે તારું કાર્ય પૂર્ણ થાય, ત્યારે આ વસ્તુઓને મારામાં સમર્પણ કરી દેજે. પછી રાજા ત્યાં નર્મદાની મૂર્તિ સ્થાપન કરીને પોતાના દેશમાં પાછા ફર્યા, તો ત્યાં તેમણે જોયું કે શત્રુનો પરાજય થયો છે અને બંને પુત્રો રાજધાનીમાં આવી ગયા છે. પછી બધા એ મળીને નર્મદાજીની જય પોકારી. આ તીર્થમાં તપ કરનાર અયશ કરાવનાર રાજાઓની બધી કામના પૂર્ણ થાય છે. અહીંથી ડોઢેક માઈલ પર મુકેશ્વરતીર્થ આવે છે.

નર્મદાદેવી ૧. [સં.] સ્ત્રી. ઓંકારેશ્વરના મંદિરની પ્રતિષ્ઠા કરતાં આવતું એ નામનું એક તીર્થસ્થાન.

૨. સ્ત્રી. નર્મદા નદીની અભિમાનિની દેવી.

૩. સ્ત્રી. નર્મદા નદી.

૪. સ્ત્રી. નર્મદાની મૂર્તિ.

નર્મદાદ્વાર [સં.] ન. (પુરાણ) ભારતવર્ષે એ નામનું એક તીર્થ.

નર્મદાનાભિમંડલ [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપરનું એક ક્ષેત્ર. તેમાં સિદ્ધનાથતીર્થ આવેલ છે.

નર્મદાશંકર કું. ગુજરાતના એ નામના એક મહાન કવિ. તે સાહસિક, વીર, સુધારક અને સ્વદેશાભિમાની હતા. સને ૧૮૩૩માં સુરતમાં વડનગરા બ્રાહ્મણ જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા લાલશંકર લહિયાનું કામ કરતા, માર્ગ બતાવતા. કામળ જેવી વાર્તાઓ પદ્મેલવદ્મેલી બાપુ હરિ રોઈ સિલાજપમાં બહાર પાડી, ત્યારે આ કવિના પિતા જ તેમને પ્રેરણા આપનાર, તેમ જ પુસ્તકો આણી આપનાર હતા. બાર વર્ષની ઉમરે કવિ એલ્ફિન્સ્ટન હાઈસ્કુલમાં દાખલ થયા અને પાંચ વર્ષે કોલેજમાં દાખલ થવાની પરીક્ષા પસાર કરી કોલેજમાં ગયા, પણ તરતમાં જ તેમનાં માતુશ્રી ગુજરી જવાથી એ સુરત જઈને ઘર માંડીને રહ્યા. સને ૧૮૫૨માં રા.દેરમાં મહેતાજી થયા અને ૧૮૫૩માં રૂા. ૧૫૫થી સુરતમાં જ નાનપરાની નિશાળમાં બદલાયા. આ વર્ષમાં એ વિધુર થયા, તેથી સુરત છોડી પાછા મુબઈ ગયા. ત્યાં બુદ્ધિપ્રકાશ સભા માંડી ફરી કોલેજમાં દાખલ થયા. પરંતુ પરીક્ષા પાસ કરી પ્રખ્યાત થવાના વિચારમાં મશગૂલ રહેવાથી ૧૮૫૬માં કોલેજ છોડવાને માટે છોડી અને કવિ તરીકે કામ કરવા લાગ્યા. સંસ્કૃત

તથા વલ્લભાચાર્યનાં પુસ્તકો જોયાં, વાંચ્યાં અને ૧૮૫૭માં તેણે પિતાપ્રત્યેક પ્રકટ કર્યો અને પછી રસ અને અલંકાર અંગે તે સંબંધી પુસ્તકો પણ તરતમાં જ બહાર પાડ્યાં. પછી પુના જઈ બાજીરાવની તથા વિક્રમોર્વશીય જોયા અને કાવ્ય, રસ, અલંકાર સંબંધી ખીજા પુષ્કળ ગ્રંથો વાંચ્યા. આમ ૧૮૫૮માં કવિ બનવાનો પ્રયત્નકાળ પૂરો થયો અને ત્યારથી સર્વ પ્રકારની નોકરી મૂકી દીધી. એમણે લખ્યું છે કે, મે વીર આવી પ્રભુના સામું જોઈ આંખમાં અશ્રુજલિયાં સાથે તેને અરજ કરી કે હવે હું તારે ખોળે છું. ત્યાર પછી સરિતાલહરિવર્ણન, ઋતુવર્ણન, વનવર્ણન તથા પ્રવાસવર્ણન, હિંદુઓની પાર્વતી વગેરે લખ્યાં અને સને ૧૮૬૪માં કવિનો નામનું પખવાડિક કાઢવા માંડ્યું. સને ૧૮૬૫માં નર્મગદ્ય બહાર પાડ્યું. રાજપરંત્ર લખવા માટે લગભગ ૨૦૦ પુસ્તકો કવિએ વાંચ્યાં હતાં. નર્મકવિતાના કાવ્ય શબ્દોનો કરવા માટેનો કોષ પુષ્કળ સુધારા સાથે નર્મકોષરૂપે ૧૮૬૮માં બહાર પાડ્યો. આ ઉપરાંત પોતે એમણે એકલે હાથે, કોઈ પણ આર્થિક મદદ સિવાય ઉપાડ્યું હતું. તેનો વિચાર કરીએ છીએ, ત્યારે કવિના સાહસ તથા ઉત્સાહ માટે ત્યારે માન ઊપજે છે. સને ૧૮૫૬ પછીનો દશકો કવિના ધાર્મિક તેમજ સામાજિક વિચારમંથનનો હતો. વિધવાવિવાહની તરફદારી કરતાં તેમને ખૂબ રોકવું પડ્યું હતું. પરંતુ ધીમે ધીમે તેમના સુધારાના ઊજળા વિચારો ફાલ પકડ્યા હતા અને નિર્ભાસપણે ધર્મવિચાર જાળવીને પોતાનું સનાતન ધર્મ તરફનું વલણ જાહેરમાં મૂકવાની હિંમત બતાવી. તેમનાં કાવ્યોમાં જુસ્સો છે. જીવનને જોમ આપે, માણુ જીવનની ખામીઓ બતાવે અને દેશ સમસ્તને અધુક માર્ગે દોરવાનાં આવાહન કરે તેવી બલતનું તેમનામાં પણ હતું. કવિતા એ હૃદયની લાગણી છે. ઊન્માદ દશામાં આવી ગયા પછી ચિતામાં જે ફોજ થાય તેના ઉદ્ગારરૂપે તે નીકળતી જોઈએ એમ પોતાની સમજ હોવાથી પોતાની બાનગી લાગણીઓને કવિતા દ્વારા ઊતારવાનો તેમણે પહેલ કરી અને આત્મલક્ષી કાવ્યો અને પુસ્તકો લખવાની શરૂઆત કરી. એમની લાગણીઓ રોજાદાતની કવિતામાં વિશિષ્ટ રીતે દીપી નીકળે છે. અંગ્રેજી સાહિત્યની સૌથી પ્રથમ અસર નર્મદાશંકરની કવિતામાં જોવામાં આવે છે. નર્મદાશંકરની કીર્તિ કવિ કરતાં ગદ્યલેખક તરીકે વિશેષ અમર રહેશે. તેમને અર્વાચીન ગુજરાતી ગદ્યશૈલીના પિતા કહીએ તો કાંઈ અતિશયોક્તિ નથી. તેણે નિબંધો, પ્રતિજ્ઞાપત્ર, કવિચરિત્રો, સંસારસુધારાના વિષયો, નાટકો વગેરે અનેક પ્રકારના ગ્રંથો રચ્યા છે. નર્મકોષ, નર્મગદ્ય, નર્મકથાકોષ અને ધર્મવિચાર એ નર્મદના કીર્તિસ્તંભો છે. કવિનું હૃદય લાગણીઓથી ભરપૂર, સ્વદેશપ્રેમ અને સ્વધર્મપ્રેમથી ઊભરાતું હતું. સ્પષ્ટ વિચાર, સ્પષ્ટ ભાષા અને ઊન્માદ એ નર્મદશૈલીનાં લક્ષણો છે. વિદ્વાનો આનંદ, દેશહિતચિંતનની મસ્તી, સ્પષ્ટ વાણી, નિઃસ્પૃહી ભાવના, ઊંચી રેઢ અને સારી દેશદાઝ એ ગુણો નર્મદાશંકરમાં મૃત્યુથી ઊપર સુધી અખંડિત જ્યોતિથી જ પ્રકાશી રહ્યા હતા.

નર્મદાસંગમ [સં.] ન. નર્મદામાં મળતું ત્રિવલિત્ર.

નર્મદિલ જિ. રહેમનાળું.

નર્મદેશ [સં.] ન. પ્રદેશમાં નર્મદાએ સ્થાપેલું એક શિવલિંગ.

નર્મદેશ્વર ૧. [સં.] પું. નર્મદા નદીમાંથી નીકળતું એક જાતનું શિવલિંગ. તે ઓંકાર હોય છે

૨. ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ: ઓંકારેશ્વરના મંદિરની પ્રદક્ષિણા કરતાં આવતું એ નામનું એક તીર્થસ્થાન.

૩. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થસ્થાન. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: પુરાતન કાળમાં શિવજી અને પાર્વતીજી ફરતાં ફરતાં અહીં આવ્યાં. નર્મદાએ જળમાંથી નીકળીને તેમની પૂજા કરી અને અહીં રહીને જગતકલ્યાણ કરવાનું વચન લીધું. ત્યારથી આ તીર્થ પ્રસિદ્ધિમાં આવી રહેલ છે.

૪. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ ભૃગુક્ષેત્રમાંનું એક તીર્થસ્થાન. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: ભૃગુઋષિએ તપ કરીને નર્મદાને પ્રસન્ન કર્યાં અને પોતાનું ભલું કરવાનું વરદાન મેળવ્યું. અહીં અઢાહલ મઠ છે, જ્યાં જન્મનાં પાપ દૂર થઈ જાય છે અને અપમૃત્યુનું ભય પ્રાપ્ત થાય છે.

૫. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થસ્થાન. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: એક સમય અઢાહઋષિએ સર્વ દેવર્ષિ, પિતૃઓ, કિન્નર અને નદીઓને સાથે રાખીને અહીં યજ્ઞ કર્યો. બધા ઋષિઓની સાથે માર્કંડેય પણ અહીં ઉપસ્થિત થયા. પ્રશ્ન થયો કે, અઢાહઋષિએ લાગીરથી જોડીને અહીં યજ્ઞ કેમ કર્યો ? તેનો ઉત્તર કોઈએ આપ્યો નહિ. અહીં બધી નદીઓ સાથે સમુદ્ર પણ હતો. તે બધાંએ વિચાર્યું અને તેમાં ખાતક નાશ કરવાની શક્તિ દેખી, તેથી નર્મદા જ એક હોવાનું કહ્યું. તેનાં દર્શનથી જ બધાં પાપ નષ્ટ થઈ જાય છે. આ બધાં તીર્થોથી બધા દેવોએ નર્મદા ઉપર પુષ્પ વરસાવ્યાં. તે સમયે બધાંએ નર્મદામાં સ્નાન કર્યું પરંતુ માર્કંડેયઋષિએ ન કર્યું. નર્મદાએ તેનું કારણ બધાની સામે પૂછ્યું. માર્કંડેયજી કહેવા લાગ્યા, હે માતા ! જ્યારે તારાં દર્શનથી જ મુક્તિ મળી જાય છે, તારે સ્નાન કરીને દૂજાની ઇચ્છા કેમ કરું ? નર્મદા પ્રસન્ન થયાં. બધાંએ મળીને નર્મદેશ્વરની સ્થાપના કરી અને મહિમાનું વર્ણન કર્યું. પોષ વદિ પંચમ અને વૈશાખ માસનું બોટું માહાત્મ્ય છે. બધાં કર્મ સફળ થાય છે. અહીંથી બોડે દૂર ઋણતીર્થ આવે છે.

૬. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એક તીર્થસ્થાન. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: એક વખત શિવજી દૂધ બળદ બનીને નર્મદાનાં બધી તટ જોતા જોતા અહીં આવ્યા. જળમાંથી સુંદર રૂપ ધારણ કરનારી નર્મદાએ પ્રગટ થઈને શંકરની પૂજા કરી, સ્તુતિ કરી અને આ તીર્થમાં સ્થિત રહીને ભક્તોના મનોરથ પૂર્ણ કરવાનું વરદાન લીધું. અહીંથી બે ગાઉ દૂર માલ તીર્થ આવે છે.

નર્મદ્યુતિ ૧. [સં.] સ્ત્રી. નાટ્યશાસ્ત્ર અનુસાર પ્રતિમુખ સંધિના તેર અંદેનું એક અંગ: અસહ્યના પરિહાસથી ઉત્પન્ન થયેલ આનંદ તથા દોષ છુપાવવાને કરવામાં આવતો પરિહાસ.

૨. સ્ત્રી. વિનોદ.

૩. વિ. આનંદિત; હર્ષ પામેલ.

નર્મનટ પું. (જરથોસ્તી) ધાર્મિક પુસ્તક ગાથાઓથી વાંચનાર માણસ.

નર્મપદ ન. કવિ નર્મદાશંકરનું પદ્યાત્મક લખાણ.

નર્મજાધિપતી [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક નામ.

નર્મરસ ૧. [સં.] સ્ત્રી. મશ્કરી.

૨. સ્ત્રી પ્રેમલક્ષ્મી ગાંજ

૩. સ્ત્રી. મોટા સ્ત્રી.

૪. સ્ત્રી. સરસ્વતી રસ.

નર્મલેખક [સં. નર્મન્ (વિનોદ) + લેખક (લખનાર)] પું હાસ્યરસનો લેખક.

નર્મવતી ૧. સ્ત્રી. એ નામનું એક નાટક.
૨. [સં.] સ્ત્રી. એક પ્રકારની નાવિકા.

નર્મવાક્ય [સં. નર્મન્ (વિનોદ) + વાક્ય (વચન)] ન મધુર મશ્કરી અને મીઠાશવાળું વચન.

નર્મવાન [સં. નર્મવત્] વિ મશ્કરીખોર; ઠઠ્ઠાખોર; હાસીવાળુ.

નર્મવૃત્ત ન. એક જાતનું વૃત્ત.

નર્મવૃત્તિ ૧. સ્ત્રી. મર્માળું ઠઠ્ઠાક; બુદ્ધિચાતુર્યવાળું વાક્ય.
૨. સ્ત્રી. વિનોદની વાત; રમૂજી ટુચકો.

નર્મસચિવ ૧. [સં. નર્મન્ (વિનોદ) + સચિવ (પ્રધાન)] પું. વિદૂષક; રાજાના આનંદ માટે રાખેલ સેવક; મશ્કરો.
૨. વિ. હસાવનાર; મંમત કરાવનાર.

નર્મસાચિવ્ય [સં] ન. નર્મસચિવપણું, નર્મસચિવનું કામ.

નર્મસુહૃદ જુઓ નર્મસચિવ.

નર્મસ્ફૂર્જ [સ.] પું. મશ્કરીનું બરાબર પરિણામ.

નર્મસ્ફોટ [સં.] પું. સામાન્ય બોલ; રમત.

નર્મોદ્ગાર્ય ન. મર્મ; ઠઠ્ઠાક.

નર્મોજી [સં. નિર્મલ] વિ. નિર્મળ; મેલ રહિત; ઓખ્ખું.

નર્મા ૧. [હિં.] પું. રેશમ જેવા રૂનો છોડ.
૨. સ્ત્રી. એક જાતનું ઘાસ; ઝારદાક્ષ.

નર્માઈ સ્ત્રી. નરમાશ.

નર્માડા [ફા.] પું. સાંધો.

નર્માલાપ [સં. નર્મન્ (વિનોદ) + આલાપ (વાતચીત)] પું. હાસ્ય; નર્મ ભાષણ.

નર્મી ૧. [સં. નર્મન્ (વિનોદ) + ઇન્ (વાળુ)] પું. નર્મલેખક; હાસ્યરસ લેખક.
૨. સ્ત્રી. કોમળતા; મૃદુતા; નમ્રતા.
૩. સ્ત્રી. નરમાશ; પોચાશ; મુલાયમપણું.
૪. સ્ત્રી. નરમી; રાહત; સુખ.

નર્મેગોરા [ફા.] પું. ગળની ગાંઠ.

નર્મોક્તિ [સં. નર્મન્ (વિનોદ) + ઉક્તિ (વચન)] સ્ત્રી. ન ન. આનંદનાં વચન.

નર્ય ૧. [સં.] પું. મનુષ્ય.
૨. પું. રાજા
૩. વિ. મનુષ્યના હિતનું.

નર્યું ૧ વિ. એક જ જાતનું; અસલ.
૨. [સં. નગતર; પ્રા. જુવર] વિ. ઓલું; નકરું.
૩. વિ. ચોખ્ખું; શુદ્ધ; સ્વચ્છ; નિર્મળ.
૪. વિ. તંદુરસ્ત; નીરોગી.
૫. ન. એકદમ; બળતું બળતું હોય એવું. આમેજ્ય.
૬ ક્રિ. વિ. તદ્દન; નરવટમ.
૭. ક્રિ. વિ. બિલકુલ.

નર્રા [હિં.] પું. ગાજરની અંદરનો સખત ભાગ; પિતું; દાદરો.

નર્વી ૧. [હિં.] સ્ત્રી. એક પ્રકારનું બારમાસી ઘાસ.
૨. સ્ત્રી. એક પ્રકારનો પહાડી ઘાસ.

નર્વદા જુઓ નર્મદા.

નર્વાદાર [ફા. નરવર (ઝરણપોષણ) + દાર (વાળું)] પું. નરવા જમીન ધારણ કરનાર માણસ.

નર્વિત [સં. નિસ્ (બહારનું) + વિત્ત (દ્રવ્ય)] વિ. પૈસા વિનાનું; ગરીબ.

નર્સ [અં.] સ્ત્રી. દાઈ; ધાવમાં; માંદાની માવજત કરનારી સ્ત્રી; ધાત્રી; પરિચારિકા; માંદાની સારવારનું કામ કરનારી બાઈ.

નર્સરિ ૧. [અં.] ન. બાળકોરનું રમણ.
૨. ન. માંદાની માવજત જ્યાં થાય તે સ્થળ.

નર્સિંગસરાળા જુઓ નર્સરિ.

નલ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુ કુળોદ્ભવ ઋતુપર્ણ રાજાના એ નામનો બીજો પુત્ર.
૨. પું. એ નામનો એક નાગ.
૩. પું. એ નામનો એક સંવત્સર; ૬૦ માંહેનો ૫૦ મો સંવત્સર.
૪. પું. એ નામે એક પિતૃદેવ.
૫. પું. એક જાતનું ઘાસ; નળ; નડ.
૬. પું. (પુરાણ) કશ્યપની કદ્રુ નામે સ્ત્રીથી વિપ્રચિત્તિ દાનવથી ઉત્પન્ન થયેલ તેર માંહેનો એક પુત્ર; સૈંહિકેય.
૭. પું. ગંડો, મેલું આદિ વહે તેવો ઈંટ, પથ્થર આદિનો બનાવેલો માર્ગ.
૮. પું. (પુરાણ) ચંદ્રવંશી આયુષ્મામાં ઉત્પન્ન થયેલ નહુષરાજાના ચાર માંહેનો ત્રીજો પુત્ર.
૯. પું. જૂના વખતમાં લશ્કરને વખતે વપરાતું ખોડાનગારું.
૧૦. પું. નરકટ; નેતરના જેવો એક છોડ.
૧૧. પું. (પુરાણ) નિષધ દેશાધિપતિ સૂર્યવંશી વીરસેન રાજાનો એ નામનો એક પુત્ર; નળ. તે રૂપે બધો સુંદર, સત્યવાદી અને અશ્વવિદ્યામાં નિપુણ હતો. હંસની મદદથી તે વિદર્ભ દેશાધિપતિ ભીમ રાજાની કુંવરી દમયંતીને પરણ્યો હતો. દમયંતીથી તેને ઇંદ્રસેન નામે પુત્ર અને ઇંદ્રસેના નામે પુત્રી થયાં. પોતાના ભાઈ પુષ્કર સાથે જુગટું રમવાથી નળ પોતાનું રાજ હારી ગયો, તેથી પુષ્કરે નળને એક વસ્ત્ર આપીને નગર બહાર કાઢી મૂક્યો. બાળકોને તેમને મોસાળ મોકલી દમયંતી પણ એક વસ્ત્રે નળની સાથે ચાલી. લેખો ભૂખ્યાં જંગલમાં ભટકતાં હતાં ત્યાં કલિએ પક્ષીરૂપે દેખાવ દીધો. નળે તેને પકડવાને પોતાનું વસ્ત્ર તેના ઉપર નાખ્યું. તે ઊડી પણ ગયો. આથી નળે દમયંતી પાસેથી અર્ધું વસ્ત્ર ફાડીને પહેર્યું. એક રાત્રે દમયંતીને છોડી નળ ચાલ્યો ગયો. દમયંતી એકલી વનમાં ભટકવા લાગી. ત્યાં અજગરે તેને પકડી. તેમાંથી પારધીએ તેને છોડાવી. પારધી દમયંતી ઉપર મોહિત થયો, પણ દમયંતીની ક્રોધાન્વિત દૃષ્ટિથી તે બળીને ભસ્મ થયો. ત્યાંથી તે એક વણજારની સાથે ચેદિ દેશમાં સુબાહુ રાજાના નગરમાં સુબાહુ પહોંચ્યો. ત્યાં અંતઃપુરમાં રાજપુત્રી સુનંદાની દાસી તરીકે દિવસ ગાળવા માંડી. સુનંદાની મા દમયંતીની માસી થતી હતી, છતાં તેણે દમયંતીને ઓળખી નહિ. નળ રાજા અરણ્યમાં જતો હતો ત્યાં અરણ્યમાં દવ લાગેલો જોયો અને તેમાંથી કોઈને ધૂમ પાડવું જોયું. પાસે જતાં તેણે કર્કોટક નાગને બળતો જોયો. નળે તેને બહાર કાઢ્યો ત્યારે તેણે તેને દંશ કર્યો, તેથી તેનું શરીર કૂબડું બદ્ધ બધું. કર્યું કહ્યું જે, મારા વિષની અસર તારી ઉપર રહેલા કલિ ઉપર થશે અને જ્યારે તારે તારું પૂર્વરૂપ ધારણ કરવું હોય ત્યારે આવે રમરણ કરજે એટલે હું તને પૂર્વવત્ કરીશ. પછી નળ અયોધ્યાના રાજા ઋતુપર્ણને ત્યાં જઈ બાહુક તરીકે ઘોડારમાં રહ્યો. પોતાના જમાઈ અને દીકરી જંગલમાં ગયાં છે એ વાત જાણીને ભીમ રાજાએ તેની શોધમાં સુદેવ નામના બ્રાહ્મણને મોકલ્યો. તેને અચાનક દમયંતીનો ભેટો થયો. તેને ઘરે સુદેવ ઘેર ગયો. પછી દમયંતીએ નળની ભાળ માટે અનેક બ્રાહ્મણોને જુદી જુદી દિશામાં મોકલ્યા. પર્ણાદ નામનો બ્રાહ્મણ ટેમ નામનો નામતો અયોધ્યા પહોંચ્યો, પણ કોઈ એની ટેમનો અર્થ સમજ્યું નહિ, પણ બાહુકે એનો ઉત્તર આપ્યો. તે સમાચાર લઈ પર્ણાદ કુંડિનપુર પાછો આવ્યો. પછી દમયંતીએ તેને ફરીથી અયોધ્યા મોકલ્યો અને દમયંતી આવતી કાલે સૂર્યોદયે ફરીથી સ્વયંવર કરે છે એવા સમાચાર ઋતુપર્ણને આપવાનું કહ્યું. બાહુકની મદદથી ઋતુપર્ણ રાજા સહજવેગ પહોંચ્યો. કુંડિનપુર પહોંચી ગયો. ઋતુપર્ણને આવડતી અક્ષવિદ્યા પોતે બાહુક

કરી અને પોતાની અશ્વવિદ્યા ઋતુપર્ણને આપી. આથી કલિ તેના શરીરમાંથી બહાર નીકળ્યો અને બધુ કરગરવાથી નલે તેને જવા દીધો. બે દિવસમાં નલ વિના ઋતુપર્ણ રાજા આવી રાકે નહિ. તેથી દમયંતીને લાગ્યું કે, કદાચ બાહુક એ જ નલ હશે પછી નાહવાની અને રાંધવાની પરીક્ષા કરી. નલે વરુણના વરદાને આવી વાસણમાં પાણી ભરી દીધું અને વસ્ત્ર દેવતાએ અગ્નિ પ્રગટાવ્યો આથી દમયંતીને ખાતરી થઈ કે એ નલ જ છે પછી દમયંતી નલને એકાંતમાં મળી. જ્યાં પ્રશ્ન પૂછ્યા તે નલ હોવાની પૂરી ખાતરી થતાં દમયંતી તેને વરવે પડી. હવે નલે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું. પછી તેમણે પોતાને દેશ જઈ ન્યાયપુરઃસર રાજ્ય ચલાવ્યું.

૧૨. પું. પાણીનો નળ; નળી.

૧૩. પું. પેટ માંહેનું મોટું આંતરડું.

૧૪. પું. બદૂકની નાળ.

૧૫. પું. માટી કે ધાતુનો ગોળ પોલો લાંબો પાઇ.

૧૬. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર. તેણે રામ રાવણના યુદ્ધ વખતે લંકામાં સેના વગેરે લઈ જવા સારૂ સમુદ્ર ઉપર સેતુબંધન કર્યું હતું. નલ અને નીલ બન્ને ભાગકો હતા સારે સમુદ્ર કિનારે રમતાં રમતાં ઋષિમુનિઓના આશ્રમમાંથી શાલિગ્રામ આદિ પથ્થરની મૂર્તિઓ લાવી સમુદ્રમાં નાખતા. આથી એક મુનિએ તેમને બાળકો જાણી તેમના ઉપર ગુસ્સે નહિ થતાં એમ કહ્યું કે, તમો તમારા હાથનો સ્પર્શ પામેલ પથ્થર પાણીમાં નહિ ડૂબે. આ પ્રમાણે મુનિઓએ પોતાના ઉપાસ્ય મૂર્તિની રક્ષા કરી અને તેમના આશીર્વાદથી નલ નીલે સેતુ બાંધી પોતાના ઉપાસ્ય દેવ રામની સેવા કરી.

બાંધ્યો સેતુ સમુદ્ર ઉપર નલે ને વાનરોએ બહુ,
તુલસિ.ચળની તોળી ઊતર્યા સામે તીરે સૌ જઈ.
૨.માયણસાર

૧૭. પું. વિષ્વક્સેનનો પુત્ર.

૧૮. ન. પદ્મ; રાતુ કમળ.

નલક ૧ પું. કાળદેવળનો એ નામનો એક ઋત્વિજ. બુદ્ધે તેને ઉપદેશ આપ્યો હતો.

૨. [સં.] ન. નળ; નળી.

૩. ન. નળીના આકારનું લાંબુ હાડકું.

૪. ન. રુદ્રાક્ષ.

નલકા ૧. [હિં.] પું. નળી; નાળ.

૨. પું. વાંસનો સાંધો.

નલકાકાર [સં. નલક (નળી) + આકાર (રૂપ)] વિ. નળીના આકારનું.

નલકૂબર ૧. [સં.] પું. એ નામનો એક રૂદ્ર.

૨. ન. નક્ષ જાતિના વાસનું વન.

નલકારિષ [સં. નલક (નળી) + અરિષ (હાડકું)] ન. નળા જેવું પોલું હાડકું.

નલહિની ૧ [સં] સ્ત્રી. ધૂંટણની હાંડણી.

૨. સ્ત્રી. જંઘા; જાંઘ.

નલકીલ [સં.] પું. ધૂંટણ; જાનુ.

નલકૂટ પું. એક જાતનો ઝોક. આ ઝોક મોસાસે પાણી ભરાઈ રહેતું હોય તેવા આડાઆમોચિયામાં ઊગે છે. તે દોઢ હાથ ઊંચો વધે છે. પાન લાંબાં ને સાંકડાં હોય છે. ફૂલડા જેની ડોડી ઉપર પોગા રૂંવાટાં ફૂલ આવે છે. તેને ફળ કરચલીવાળાં નાનાં થાય છે.

નલકૂબર ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ. તેમાં ચાર ગુરુ અને ચાર લઘુ માત્રા હોય છે.

૨. પું. (પુરાણ) કુબેરનો એ નામનો પુત્ર. તે અગ્નિબોલનો મોટો ભાઈ હતો. એક સમય એ બે જણ દારૂ પીને સ્ત્રીઓ સાથે મંદાકિની તીરે ક્રીડા કરતા હતા, તેવામાં નારદ ત્યાંથી નીકળ્યા. સ્ત્રીઓએ આથી બહાર નીકળી વસ્ત્ર પરિધાન કરી લીધાં, પણ બંને મદમસ્ત ભાઈઓ પાણીમાં નગ્ન પડી રહ્યા અને નારદને પ્રણામ કર્યા નહિ. આથી નારદે શાપ આપ્યો કે તમો વૃક્ષ બનો. બહુ પ્રાર્થના કરતાં નારદે કહ્યું કે કૃષ્ણાવતારમાં તમે મૂળ યોનિને પામશો. આથી બંને ભાઈઓ ગોકુળમાં જોડાજોડ ઊગેલા અર્જુનનાં વૃક્ષનું રૂપ પામ્યા. એક વખત માતા જશોદાએ કૃષ્ણને ઊખળે બાંધ્યા હતા. કૃષ્ણ તે ઊખળ ખેંચતા ખેંચતા અર્જુનના જોડક પાસે ગયા. ઊખળ તે બંને વચ્ચે ભરાયું અને કૃષ્ણે જોર કરીને ખેંચતાં બંને ઝાડ પડી જઈ તેમાંથી નલકૂબર અને મણિગ્રીવ દિવ્ય સ્વરૂપે નીકળ્યા અને કૃષ્ણને વંદન કરી સ્વસ્થાન ગયા. રામાયણમાં જણાવ્યું છે કે: એક વાર જ્યારે રાવણ દિગ્વિજય કરી પાછો ફર્યો ત્યારે નલકૂબરની સાથે રસ્તામાં જતી રંભા નામની અપ્સરા મળી. રાવણ તેને જબરદસ્તીથી પકડી પોતાની સાથે લઈ ગયો. એ સમયે રંભાએ શાપ દીધો કે, જો તું કોઈ સ્ત્રી સાથે બલાત્કાર કરીશ તો તરત જ મૃત્યુ પામીશ. કહેવાય છે કે, આ કારણે રાવણે સીતાની સાથે બળાત્કાર કર્યો ન હતો.

૩. પું. (જ્યોતિષ) વિષ્ણુયાગ ૧૯૦ અને ઋષિપુત્ર કાંતવંશ ૧૫માં આવેલો ગોળ મહત્વનો એક તારો.

૪. પું. વૈશ્રમણ દેવના પુત્ર સમાન એક દેવ; અતિ બાહોશવાન એક દેવ.

નલકૂબરી સ્ત્રી. એ નામની એક દેવી.

નલકૂબર ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ.

૨. [સં.] પું. કુબેરનો એ નામનો પુત્ર. જુઓ નલકૂબર ૨.

નલકોલ [હિં.] પું. એક જાતનો બગલો.

નલતુલ સ્ત્રી. એક જાતના જળચર પ્રાણીનું નામ. તેનો દેખ નલ નામના વાસના જેવો હોય છે.

નલતૂલા જુઓ નલતુલ.

નલદ ૧. પું. એક જાતનો ઝોક. માણસનું મડદું બળવા માટે બાળી તેનો ઉપયોગ થતો હતો.

૨. [સં.] ન. જટામાંસી નામની વનસ્પતિ.

૩. ન. પુષ્પરસ; મકરંદ.

૪. ન. સામળજાક નામનું ઘાસ.

૫. ન. સુગંધી વાળો; અસ.

૬. વિ. નલ આપનાર.

નલદમન ન. નલ દમયંતી નામના પુરાતનું ફારસી ભાષાંતર.

નલદંષ્ટ્ર [સં.] પું. સીંગડાનું પ્રાણી નીલ.

નલદા ૧. [સં.] સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. રુદ્રાક્ષ રાજાની ધૃતાચી નામની અપ્સરામાં ઉત્પન્ન થયેલી એ નામની કન્યા.

૩. સ્ત્રી. સુગંધી વાળો

નલદિક [સં.] વિ. સુગંધી વાળો વેચનાર.

નલદી સ્ત્રી. એ નામની એક અપ્સરા.

નલન ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે કુલિયા ૩૬નો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૨૭ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૨. [સં.] ન. દ્રવણ; પીગળવું તે

નલની જુઓ નલિની.

નલનીરુહ [સં] પું. મૃણાલ; કમળની નાળ.

નલનીલવિલાસા [સં.] સ્ત્રી. નર્મદાનાં દક્ષર માદેનું એક નામ.

નલપટ્ટિકા [સં.] સ્ત્રી. નલ તરુની બનાવેલી ચટાઈ; નક્ષ ઘાસની સાદડી.

નલપુર ન. એ નામનું એક જૂનું નગર. જોડ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે.

નલમીન [સં.] પું. એક જાતનું માછલું.

નલયતિ જ્રી. વાડ બનાવવા માટે વાવવામાં આવતી એક જાતની વનસ્પતિ.

નલવટ ૧. [સં. લલાટ] ન. કપાળ; ભાલ.

૨. [સં. નીલ] વિ. ઘૂરા રંગનું; આસમાની.

નલવટિ [સં. લલાટ] ન. કપાળ.

નલવા ૧. [હિં.] પું. વાંસની નળી; ડોરને બી વગેરે પાડવાની નાળ.

૨ પું વાંસનો સાંધો

નલવાંસ પું. હિમાલયની તળેટીમાં થતો એક જાતનો વાંસ.

નલસું ન. જિ. સુ. સોનીની પારસીમાં સૂત્રને નલસુ કહે છે.

નલસેતુ પું. રામેશ્વર નજીક સમુદ્ર ઉપર રામચંદ્રે બંધાવેલો પુલ. જુઓ નલ ૧૧.

નલહટી ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન અહીં સતીના ગળાની નળી પડી હતી.

નલા ૧. [હિં.] પું. એ નામની પેશાબની પેશાબની નળી. તેમાં થઈને પેશાબ નીચે ઊતરે છે.

૨. પું. ગોરણીની નાડી.

૩. પું. નાની નદી.

૪. પું. રાનો ડોરો.

૫. પું. હાથ કે પગનું નળીના આકારનું હાડકું.

નલાકાર ૧. [સં. નલ (નળી) + આકાર (રૂપ)] પું. નળીનો આકાર.

૨. વિ. નળના આકારનું.

નલાયક વિ. નાલાયક.

નલાયની જ્રી. એ નામની એક સતી.

નલાસ્થિ [સં. નલ (નળી) + અસ્થિ (હાડકું)] ન. નળીનું હાડકું.

નલિકા ૧. [સં.] જ્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય.

૨. જ્રી. જ્વરોદરના રોગમાં પેટમાંથી પાણી કાઢવાનું જૂના વખતનું એક યંત્ર.

૩. જ્રી. તીર રાખવાનું ભાથું.

૪ જ્રી નળાકાર હરકોઈ ચીજ.

૫. જ્રી. નળી.

૬. જ્રી. નાડી

૭. જ્રી. પ્રવાલાકૃતિવાળું એક ઝાડ.

૮. જ્રી. ભદ્રક; પિત્તોલ.

૯ જ્રી. ભદ્રકના જેવું પ્રાચીન કાળનું એક અસ્ત્ર. કેટલાકનું માનવું છે કે હાલની બંદૂક જેવું તે અસ્ત્ર હતું અને તેના વડે ગોળાની બદલે નાની ગોળી તથા તીર ફેંકવામાં આવતાં હતાં. તેનો ઉલ્લેખ રામાયણ મહાભારત ઉપરાંત જૂની સુધી મળે છે. શુક્રનીતિમાં તેનું સારું વર્ણન છે તેને નાલક તથા નાલ પણ કહેતા હતા.

૧૦. જ્રી કુટીનો.

૧૧ જ્રી વજ્રકરંજ વજ્રપાનું એક સાધન.

૧૨. જ્રી. ઓકેસરનો વચલો પોલી નળી જેવો ભાગ.

નલિકાકરણ [સં. નલિકા (નળી) + કરણ (કરવું તે)] ન. નળી બનાવવાનું કામ.

નલિકાકાર [સં. નલિકા (નળી) + આકાર (રૂપ)] વિ. નળાકાર; નળીના આકારનું.

નલિકાકૂપ [સં. નલિકા (નળી) + કૂપ (કૂવો)] પું. ઠંડી; નળી નાખીને બનાવાતો કૂવો.

નલિકાગ્રમુખ [સં. નલિકા (નળી) + અગ્ર (ઉપલો ભાગ) + મુખ (મોઢું)] ન. ઓકેસરનો ઉપરનો ભાગ.

નલિકાતંત્ર [સં.] ન. વનસ્પતિના મુખ્યનું એક ઉપાંગ.

નલિકામુખ ૧. [સં. નલિકા (નળી) + મુખ (મોં)] ન. નળીનું મોં.

૨. ન. ઓકેસરનો ઉપર ભાગ; દીઠાના જે ભાગ ઉપર કેસરનો તંતુ બેસે તે ભાગ.

નલિકાયંત્ર ૧. [સં.] ન. દૂરબીન.

૨. [સં. નલિકા (નળી) + યંત્ર (સાધન)] ન. નળી જેવું અથવા નળી હોય એવું કોઈ યંત્ર.

નલિત [સં.] પું. એક જાતનું ઝાડ. જેને પિત્તનાશક અને શુક્રવર્ધક માનવામાં આવે છે.

નલિત ૧. [સં.] પું. એક જાતનું ઘાસ.

૨. પું. (જૈન) ચોરાસી લાખ નલિનાંગ જેટલો કાળ.

૩. ન. (જૈન) આઠમા દેવલોકનું એ નામનું એક વિમાન.

૪. ન. કરમદું.

૫. ન. નળી; નલિકા.

૬. ન. પાણી.

૭. ન. રાતું કમળ; પદ્મ.

૮. ન. વનસ્પતિ.

૯. ન. સારસ પક્ષી.

નલિનદલ [સં. નલિન (કમળ) + દલ (પાંખડી)] ન. કમળપત્ર.

નલિનપત્ર [સં. નલિન (કમળ) + પત્ર (પાન)] ન. કમળનું પાંદડું.

નલિનપા પું. (જૈન) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ.

નલિનાંગ ન. (જૈન) ચોરાસી લાખ પદ્મ જેટલો કાળ.

નલિની ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; ભ્રમર.વળી; મનહરણ. તેના દરેક ચરણમાં પાંચ સગણ મળી પંદર અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) ચિત્રરચનાનો એક છંદ.

૩. પું. (પિંગળ) પચીસ અક્ષરનો એક છંદ.

૪. જ્રી. આકાશગંગા.

૫. જ્રી. (પુરાણ) ઇંદ્રની એ નામની નગરી.

૬. જ્રી. કમળ.

૭. જ્રી. કમળફૂલનો સમૂહ; નલિન કમળનો સમૂહ.

૮. જ્રી. કમળવાળું તળાવ.

૯. જ્રી. કમળવાળો દેશ; ખૂબ કમળ ઊગતાં હોય તેવો પ્રદેશ.

૧૦. જ્રી. મોળા કમળની દાંડી.

૧૧. જ્રી. મોળા કમળની વેલ; કમળનો વેલો; કમળનો છોડ.

૧૨. જ્રી. કેદારમાં આવેલી એ નામની એક નદી.

૧૩. જ્રી. ગંગાષ્ટની સાત માંહેની એ નામની એક ધારા.

૧૪. જ્રી. તળાવ; સરોવર.

૧૫. જ્રી. નળી; ભૂંગળી.

૧૬. જ્રી. નાળિયેરનો ઝાડ.

૧૭. જ્રી. નાળિયેરી.

૧૮. જ્રી. ભદ્રક.

૧૯. જ્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી.

નલિનીખંડ [સં.] ન. કમળના વેલાઓનો સમૂહ.

નલિનીનંદન ૧. [સં.] ન. કુબેરનું એ નામનું ઉપવન.

૨. ન. દેવોનો એક ભાગ.

નલિનીનાળ પું. કમળનો દાંડો.

નલિનીપત્ર [સં. નલિની (કમળ) + પત્ર (પાન)] ન. કમળનું પાંદડું.

નલિનીસ્કંધ ૧. [સં. નલિની (કમળ) + સ્કંધ (ઊભવું)] પું. કમળની નાળ; મૃણાલ; કમળનો દાંડલો; કમળની નાળ માંહેનો તંતુ.

૨. પું. બ્રહ્મા.

નલિનેશય ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું. વિષ્ણુ.

નલિયા [હિં] પું. વાઘરી; પક્ષી પકડનાર માણસ.

નલી ૧. જ્રી. એક જાતની વેલ. તેમાંથી ચંદન જેવી સુગંધ આવે છે. તેનાં પાંદડાં મોટાં

મનાતા રંગ જેનાં હોય છે. ચારણકન્યા માટે તે ઉપયોગી મનાય છે
૨. [હિં.] સ્ત્રી. ઘૂંટણની નીચેનો ભાગ.
૩. સ્ત્રી. નસિકા નામનું વંશપરમ્ય.
૪. સ્ત્રી. નળાકાર પોલું હાડકું; પગનું હાડકું. તેની અંદર મજ્જા હોય છે.
૫. [સં.] સ્ત્રી. નળી; ચૂંગળી; નલિકા.
૬. સ્ત્રી. ખંદક.
૭. સ્ત્રી. મનઃશિલ ધાતુ.
૮. સ્ત્રી. વજ્રહરનો પ્રકારો.
૯. સ્ત્રી. ચાલનળી.

નલીબાર [મા.] પું. તોપચી; નાળ ફોડનાર.

નલીભોજ પું. એક જાતનું પ્લવંતર.

નલુઆ ૧. [હિં.] પું. નાનો નળ.
૨. પું. પશુઓનો એક રોગ. તેમાં ઢોર ચોળે આવે છે.
૩. પું. વાસની બે ગાંઠો વચ્ચેનો ભાગ.

નલેશ્વર [સં.] પું. કાઠીયાં નળ રાજાએ સ્થાપેલ એક શિવલિંગનું નામ.

નલેશ્વરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાયતમાં લખ્યું છે કે: રાવણના વધ પછી અનેક વાનરો સહિત નળે બ્રહ્મહત્યા મટાડવાના હેતુથી અહીં તપ કર્યું હતું. ત્યારથી અહીં મણાએ તપ કરી સિદ્ધિ મેળવી છે. ગ્રામ પુષ્પિમાનું ઘણું જ માહાત્મ્ય છે. અહીં ૭ માસ તપ કરવાથી ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે. અહીંથી ગણ મહિલ ૬૨ ઉંચામાં આવે છે.

નલેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

નલોત્તમ ૧. [સ.] પું. એક જાતનું પામ; દેવનળ.
૨. પું. ચોર.

નલોદય [સં.] ન. એક સંસ્કૃત કાવ્ય. આમાં નળદમયંતીની કથા છે. આની વર્ણનશૈલી અને છંદોની વિવિધતા ખાસ મહત્ત્વની છે. તુકોનો અમત્કાર આની વિશેષતા છે. કેવળ અંતમાં નહિ પણ મધ્યમાં પણ તે જણાય છે. આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં એક નવીન ચીજ છે.

નલોપાખ્યાન [સં.] ન. મહાભારતના વનપર્વનું એક પેટા પર્વ. તેમાં નળ રાજાની કથા વર્ણવી છે.

નલ્ય [સં.] પું. નદીની સમીપનો પ્રદેશ.

નલ્લાઉપમી સ્ત્રી. ઉપધિ નામના કાકડી જે માંહેની કાળી જાત. આ જાતનાં ફળ પ્રમેહ, મૂત્રરોગ અને ખરિતદોષમાં ફાયદાકારક મનાય છે, પણ પિત્ત કરે છે. એવી જાતનાં ફળ આખા શરીર અને હાડકાંની તેજના મટાડે છે.

નલ્વ ૧. [સં.] પું. પ્રાચીન કાળનું જમીન માપવાનું એક માપ. કોઈ ચારસો હાથનું અને કોઈ સો હાથનું માપ માને છે.
૨. પું. ટ્રાંગ; એક માર્કિનનો આકારો ભાગ.
૩. ન. ખનુજ

નલ્વધ ૧. પું. એક પ્રકારનું જમીન માપ; ક્ષેત્રફળ; ઉન્માન; ખેટ; રજ્જિ; દોણ; ૧૦૨૪ કુપિકાભાર.
૨. [સં.] ન. ખૂના વખતનું એક જમીન. તે કેટલાકના મત પ્રમાણે ૧૬ શેરનું અને કેટલાકના મત પ્રમાણે ૩૨ શેરનું હતું.

નલ્વધર્મેગ [સં.] સ્ત્રી. ચારસો હાથના માપે જનાર.

નલ્વધર્મેગા ૧. [સં.] સ્ત્રી. એક જાતની નેજા; કાકાણી વતા.
૨. સ્ત્રી. ચારસીનું માપ.

નવ ૧. [સં.] પું. ઉશીનર રાજાનો એ નામનો એક દીકરો.
૨. પું. એ નામની વનસ્પતિ; રાતી સાદોડી.
૩. [મા.] પું. જાત.
૪. પું. બિકાનેર રાજ્યના તાબેદાર ખેડૂતો તરફથી ખેડૂતો પાસેથી લેવાતો એ નામનો એક કર.
૫. પું. મરનારના પ્રથમ દિવસથી ચારણ કરી દસ દિવસ સુધીનું નિર્ધારિત માપ.
૬. પું. રીત.
૭. પું. સ્તુતિ; સ્તોત્ર; સ્તવ; વખાણ.
૮. વિ. કાચું.
૯. વિ. કેટલાક; અમુક.
૧૦. વિ. જુવાન; તરુણ.
૧૧. વિ. તાજું.
૧૨. [સં. નવન્] વિ. નવ; નવની સંખ્યા; ૯. નવની સંખ્યા પ્રાચીન કાળથી ધર્મની ગૂઢ સંખ્યા મનાય છે એમ પાશ્ચાત્ય પ્રજા માને છે. હિંદુમાં પણ એ સંખ્યા બહુ માન્ય છે. નવ ઉપરથી નવા અંક નીકળતા છે. નવમા આંકડા જેવી મિત્રતા રાખવી એમ એક કહેવું છે. ૯ x ૨ = ૧૮ (૧ + ૮ = ૯). ૯ x ૩ = ૨૭ (૨ + ૭ = ૯) ૯ x ૪ = ૩૬ (૩ + ૬ = ૯). એ પ્રમાણે આખા આંકમાં નવનો અંક ફરતો નથી. તેમ સજ્જન મિત્ર પણ વિચારમાં ફરતો નથી. વળી ગ્રહ નવ છે, ખંડ નવ છે, નદીઓ પણ નવસે નવાણું કહેવાય છે.

૧. નવ કુળ નામનું ઊંચું ઊંચું ગયું, ત્યારે ગળધિવાનું રાજ થયું = મોટી સત્તાના નાશ પછી બક્તરાનું ચલણ વધ્યું.

૨. નવ કોળાં મે તેર લગા = પ્રમાણ રહિત વહેંચણી.

૩. નવ મજના નમસ્કાર = ઠારી છૂટવા; ચાકરો; પગે લાગવું ન જોઈએ.

૪. નવ મજની છટ્ટ = (૧) ચાવણું જોહનારી, ઢાંકી, સમાપણી ન રહે એવી છટ્ટ; વસ્ત્ર વિચારું ગમે તેવું જોયે એવી છટ્ટ. (૨) બહુ જોબવાપણું.

૫. નવ દશ = પૈસાની કોઈ અનિશ્ચિત સંખ્યા.

૬. નવ નેજા ધણી = મહામુશ્કેલી કે વિપત્તિ વેઠવી; મહાદુઃખ સહન કરવું; મોટી અડચણ કે કરકસ વેઠવી.

૭. નવનું સાડીતેર વેતરવું = (૧) ગમે તે કરવું; ગમતું કરવું; ઊંધું કરી બગાડી નાખવું. (૨) વેરણાશ્ય ભાવ એવું કરવું. (૩) વખારે આપી ઊતરવું.

૧૩. વિ. નવું; નવીન; તરતનું.

૧૪. વિ. સુંદર; રૂપાળું.

૧૫. [સં. ન (નહિ) + અપિ (પણ); મા. ણવિ; અપ. નવિ] અ. નહિ; નકાર બતાવનાર શબ્દ.

નવઆમોજ [સ.] વિ. નવશિક્ષિત; બિનઅનુભવી.

નવઉ [સં. અવ] વિ. નવું; નવતર.

નવક ૧. [સં નવન્ (નવ) + ક (સમૂહવાચક પ્રત્યય)] પું. એક પ્રકારની નવ ચીજોનો સમૂહ.
૨. સ્ત્રી. નવની સંખ્યા; નવનો સમૂહ.
૩. વિ. નવ; ૯.
૪. [સં. નવ] વિ. નવું.

નવકન્યા ૧. સ્ત્રી. તંત્ર પ્રમાણે નવ જાતની સ્ત્રી. તેને મકરધ્વજને લીધે બહુ જ પવિત્ર માનવામાં આવે છે. સ્ત્રીની નવ જાત: નટી, પ્રભાવિકી, વેશ્યા, પોલિણ, વાળદિમાણી, ઋત્વિણી, રાડા, ગોવાલણ અને માલણ.
૨. [સં. નવ (નવ) + કન્યા] સ્ત્રી. નવ માહેની એક પ્રકારની દેવીકન્યા. તે નવ નીચ મુજબ છે: કુમારિકા, ત્રિમૂર્તિ, કલ્યાણી, રોહિણી, કાલિકા, ચંડિકા, શાંભવી, દુર્ગા અને સુભદ્રા.

નવકાર ૧. પું. નમસ્કાર.
૨. [સં. નમસ્કાર] પુ. (જૈન) પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનું પદ; નમસ્કાર પદ, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. આ પવિત્ર વાક્યોને નિત્યપ્રવચનમાં નવકાર મંત્ર કે પંચપરમેષ્ઠી મંત્ર કહે છે. અર્હત ભગવાનના બાર ગુણ, સિદ્ધ ભગવાનના આઠ

ગુરુ, આચાર્યના છત્રીસ ગુણ, ઉપાધ્યાયના પચ્ચીસ ગુણ અને સાધુના સત્તાવીસ ગુણ મળીને એકસો આઠ ગુણ થાય છે. અંગૂઠા સિવાયની આઠેની ચાર આંગળીઓના ચાર ટેરવાં થાય છે અને એથી એ ગુણોનું ચિંતવન કરવાની જોડના હોવાથી બારને નવે ગુણતાં ૧૦૮ થાય છે; એટલે નવકાર એમ કહેવામાં સાથે એવું સુચવન રહ્યું જણાય છે કે, હે જીવ! તારાં એ આંગળીનાં ટેરવાથી નવકાર મંત્ર નવ વાર ગણ. બાર એટલે કરનાર એમ પણ થાય છે. બારને નવે ગુણતાં જેટલા થાય એટલા ગુણનો જરેલો મંત્ર એમ નવકાર મંત્ર તરીકે એનો અર્થ થઈ શકે છે.

ઉ. કુ. શ્રીકૃષ્ણઃ શરણું મમ એ મંત્ર.

નવકારવળી જુઓ નવકારવાળી.

નવકારવાળી સ્ત્રી. (જૈન) જપ કરવાની માળા; નમસ્કાર પદની માળા ફેરવવી તે.

નવકારશી ૧. [નવકાર (જૈનોનો નમસ્કાર મંત્ર) + અશું (જમવું)] સ્ત્રી. (જૈન) નમસ્કાર મંત્ર ભણનાર બધા જોડોનો જમણવાર.

૨. સ્ત્રી. (જૈન) સૂર્યોદય પછી બે ઘડીએ એટલે ૪૮ મિનિટે ત્રણ નવકાર ગણી પ્રાતઃ કરવું તે.

નવકારસી જુઓ નવકારશી.

નવકારિકા ૧. [સં.] સ્ત્રી. તાજી પરણેલી સ્ત્રી; નવોઢા.

૨. સ્ત્રી. નવાપણું; નૂતનત્વ.

૩. સ્ત્રી. નવી કારિકા.

૪. [સં. નવ (નવું) + કાર (કરનાર) + ઇકા (વાળી)] સ્ત્રી. નવું કરનારી સ્ત્રી.

નવકાર્ષિગુગ્ગલ પું. (વૈદક) સૂરણ, ત્રિફળા અને પીપર સરખે ભાગે લઈ તેનું બનાવેલું એક જાતનું ચૂર્ણ. ગૂમડ, બરાજર વગેરે દરદ ઉપર તે વપરાય છે.

નવકાલિકા ૧. [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી; નવયૌવના.

૨. સ્ત્રી. પહેલવહેલી રજસ્વલા થયેલી યુવતી.

નવકાંકરી સ્ત્રી. એક જાતની રમત. તે જુદી જુદી રીતે રમાય છે. નીચેની આકૃતિ મુજબ ફલક ઉપર સામસામા બે માણસો નવ નવ કાંકરી લઈ રમે છે. તેમાં એક જણની ત્રણ કાંકરી બેગી થાય તેને ભરત કહે છે અને જ્યારે ભરત ભરાય, ત્યારે તેની મરજીમાં આવે તે એક કાંકરી સામા માણસની ઉપાડી લે. પણ સામા માણસની ભરતવાળી એક પણ કાંકરી ઉપાડી શકાય નહિ. એ રીતે રમતાં રમતાં જ્યારે એક જણની બધી કાંકરી સામો જણ ઉપાડી લે અથવા તો



તે પોતાની કાંકરી ગણાવી ન શકે ત્યારે રમત પૂરી થાય. કોઈ ડેકાણે નીચે મુજબની આકૃતિવાળા ફલક ઉપર રમાય છે. તેમાં દરેક

રમનારાએ કાંકરીને આગળ હાંકવી પડે છે, પાછળ ચાલી શકાય નહિ. જો સામે દુશ્મનની કાંકરી હોય અને તેની પછી ખાલી ઘર એટલે જગ્યા હોય તો તેને ઓળંગીને કાંકરી ખાલી ઘરમાં બેસે. તેમ થતાં સામાની કાંકરી મરી ગયેલી ગણાય અને તેને પહેલાંથી ઉપાડી લેવાય. આવી જાતના કૂદકા અને ચાલ માત્ર સીધી લીટીમાં જ થઈ શકે. એક કાંકરીને ઓળંગ્યા પછી ખાલી જગ્યા હોય તો બીજી અથવા તેની જ રીતે ત્રીજીને પણ મારી શકાય. આમ જ્યારે એક પક્ષની બધી કાંકરી મરી જાય ત્યારે સામો પક્ષ રમત જીત્યો ગણાય.

નવકાંકરીબંધ પું. એક જાતનું ચિત્રબન્ધ. આ ચિત્રબન્ધમાં નવકાંકરી જેવી આકૃતિ અને વચ્ચે હોજ બને છે. આ આકૃતિમાં એક ઊભેડી ચાર કરી વાંકતાં વાંકતાં ત્રીજા ખાના સુધી પહોંચ્યા પછી વચ્ચેનો અક્ષર નવકાંકરીની ચાર જેવી લીટીની ચતુષ્કોણમાં ગોઠવાય છે બીજી લીટીના અક્ષરો બે બાજુ ગોઠવાય છે. આ ચામત્કારિકતાને હોજબંધ પણ કહે છે.

નવકાંડ જુ. નવકાંક.

નવકાંડી સ્ત્રી. ચતુષ્કોણની વાણી.

નવકુમારી [સં.] સ્ત્રી. નવરાત્રમાં આઠમ કે નોમને દિવસે જોજન કરાવવામાં આવતી નવ કુમારી. તેની ઉમર બે થી દસ વર્ષની વચ્ચે હોય છે. તેઓને નીચેની નવ દેવી કલ્પવામાં આવે છે: કુમારિકા, ત્રિમૂર્તિ, કલ્યાણી, રોહિણી કાલી, ચંડિકા, શાંભવી, દુર્ગા અને સુભદ્રા.

નવકુમુદેશ્વર [સં. નવ (નવું) + કુમુદ (કમળનું ફૂલ) + ઈશ્વર (પ્રભુ)] પું. ચંદ્ર.

નવકુસુમ [સં. નવ (નવું) + કુસુમ (ફૂલ)] ન. તાજું ફૂલ.

નવકુળ [સં. નવ (નવું) + કુલ (કુટુંબ)] ન. બ. વ. સર્પ જાતિનાં નવ કુટુંબ. અનંત, વાસુકી, શેષ, પદ્મનાભ, કંબલ, કર્કોટક, ધૃતરાષ્ટ્ર, તક્ષક અને કાલિય એ નવ સર્પના કુટુંબ છે.

નવકૂકી જુઓ નવકાંકરી.

નવકૂડી જુઓ નવકાંકરી.

નવકૂકરી જુઓ નવકાંકરી.

નવકૂકી જુઓ નવકાંકરી.

નવકૂંચી જુઓ નવકાંકરી.

નવકૂંડી જુઓ નવકાંકરી.

નવકૂંપિયા જિ. નવ ખૂણાવાળું.

નવકેરા [હિં.] પું. નાનો ઝોકરો.

નવકોટિ ૧. [સં. નવન્ (નવ) + કોટિ (કરોડ)] સ્ત્રી. નવ કરોડ.

૨. સ્ત્રી. (જૈન) પચ્ચખાણના નવ ભાંગા; ત્રણ કરણ અને ત્રણ યોગના સંયોગથી ઉત્પન્ન થતા વિકલ્પના નવ પ્રકાર. સાધુના મહાવ્રત નવ કોટિએ હોય છે.

નવકોટી ૧. પું. નવ ખિસ્સાવાળો કોટ.

૨. પું. ઝારવાડ. તેમાં નવ દુર્ગ આવેલ છે.

૩. સ્ત્રી. નવ કરોડ.

નવકોણ [સં. નવન્ (નવ) + કોણ (ખૂણો)] પું. નવ ખૂણાવાળી સમતલ આકૃતિ; જેની દરેક નવ સીધી લીટીઓથી બંધબેસ હોય તેવી સમતલ આકૃતિ.

નવકોળ સ્ત્રી. એક જાતની મગજી; નાગમાગજી.

નવખરીદ જિ. નવેથી ખરીદ કરેલું; નવું ખરીદેલું.

નવખલી પું. નોઆખલી; બંગાળનો એ નામનો એક જિલ્લો.

નવખંડ [સં. નવન્ (નવ) + ખંડ (ભાગ)] પું. બ. વ. આખી પૃથ્વી; તમામ પૃથ્વી; જુદા જુદા તમામ દેશ. હિંદુ શાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના નવ ભાગ કરેલા છે. તેનાં જુદા જુદા પ્રમાણમાં જુદાં જુદાં નામ આપવામાં આવેલાં છે. એક ગ્રંથમાં નવ ખંડનાં નીચે પ્રમાણે નામ આપેલ છે: (૧) ભારત, (૨) કિંપુરુષ, (૩) હરિવર્ષ, (૪) ભદ્ર, (૫) કેતુમાલ, (૬) ઇલા, (૭) હિરણ્મય, (૮) રમ્ય અને (૯) કુરુ. કોઈ નીચે મુજબ નવ ખંડ જણાવે છે: (૧) ભદ્રાશ્વ, (૨) ભદ્રાશ્વ, (૩) હરિવર્ષ, (૪) કિંપુરુષ, (૫) કેતુમાલ, (૬) રમ્યક, (૭) ભારત, (૮) હિરણ્મય અને (૯) ઉત્તરકુરુ. જૈન ગ્રંથોમાં વળી આ પ્રમાણે

નામ આપવામાં આવ્યાં છે. (૧) ભરત, (૨) વર્ત્ત, (૩) રામ, (૪) દામાળ, (૫) કેતુમાલ, (૬) હિરે, (૭) વિબિવસ, (૮) મહિ અને (૯) સુવર્ણ નીચે પ્રમાણે પણ નવ ખંડનાં નામ છે: (૧) ઇંદ્ર, (૨) કેશે, (૩) તામ્ર, (૪) ગભસ્તિ, (૫) નાગ, (૬) સૌમ્ય, (૭) ગાંધર્વ અને (૮) વરુણ.

નવખંડવાસી વિ. આખી પૃથ્વીમાં વસનાર.
આર્યાવર્ત જ છે આદર્શ, આ જ **નવખંડવાસી** આર્યકુળવ્રત. જયાજયંત

નવખંડા [સં. નવન્ (નવ) + ખંડ (પૃથ્વીનો ભાગ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નવ ખંડવાળી

નવખાસ્તા [ફા.] વિ. ભુવાન.

નવખેજ જુઓ નવખેડ.

નવખેડ ૧. [ફા.] વિ. બીજવું; તાજું.
૨. વિ. તાજું.

નવખેડી ૧. [ફા.] સ્ત્રી. તાજગી.
૨. સ્ત્રી. તાજુકપણું.

નવગર પું. ઘોડા જાતનો ખાર.

નવગરી સ્ત્રી. હાથના કાંડા ઉપર પહેરવાનું એક જાતનું ઘરેણું; ઘૂઘરીવાળી બંગડી.

નવગામી ૧. સ્ત્રી. ભાટિયાનું એક તડ; નવ ગામના ભાટિયાનું એ નામનું એક તડ. તેઓ દીકરીના પૈસા લેતા નથી
૨. ન. એ નામે ભાટિયાના એક તડનું માણસ.
૩. વિ. એ નામે ભાટિયાના એક તડનું.

નવગાંઠિયું વિ. ખોટા વજનનું.

નવગૃહ [સં.] ન. એક જાતનું ઘરેણું. તે બાજરે બે કૂદ ઊંચું અને તેના પીળાં બોગા હોય છે. પુત્રિકામાં આવા ઘરેણાં ઘણી સખ્યામા માલમ પડે છે.

નવગ્રહ [સં. નવન્ (નવ) + ગ્રહ] પું. ન. બ. મનુષ્યના ભાવિ ઉપર હિંદુ માન્યતા પ્રમાણે અસર કરનાર નવ ગ્રહોનો સમૂહ. નવ ગ્રહનાં નામઃ મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, પૃથ્વી, યુરેનસ, નેપ્ચ્યુન અને પ્લૂટો. ફલિત જ્યોતિષમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવ ગ્રહ ગણેલ છે.

નવગ્રહા [સં. નવ (નવું) + ગ્રહ (પકડવું) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. તરત પકડી આણેલી.

નવગ્રહેશ્વર [સં.] પું. ઓંકારેશ્વરના મંદિરની પ્રતિષ્ઠા કરતાં આવતું એ નામનું એક તીર્થસ્થાન.

નવગ્રામવાદ [સં. નવ (નવ) + ગ્રામ (સ્વીકારવા જેવું) + વાદ (મત)] પું. ઉદ્યમ પશુવાદ: નવું નવું જરૂરી ગ્રહણ કરી ખૂનું ખૂનું ઊચિત્યપાયલ કરી નાખવું એવો મત.

નવગ્રે [સં. નવગ્રહ] પું. નવ ગ્રહો.
રામજી પામરે રે હો નવગ્રે પામરા,
રામજી વારે વારે સંસાર. પ્રેમાનંદ

નવચક્ર ૧. [સં.] પું. ઋગ્વેદનો એ નામનો એક ઋષિ. ઉંદરની સાથે તેના નામનો ઉલ્લેખ થાય છે. તેની સાથે અંગિરસ અને દક્ષગ્ર ઋષિ પણ ઉલ્લેખવામાં આવેલ છે.
તમે નવચક્ર ઉપર, અંગિરસે ઉપર, દક્ષગ્ર ઉપર અને ગ્રામસ્થ ઉપર મનનો પ્રકાશ કર્યો
દેવિક પાઠારબિ

૨. વિ. નવ મહિને તૈયાર થયેલ.
૩. [સં. નવ (નવું) + ચક્ર (બનાવ)] વિ. નવીન પ્રતિબાળું.

નવચક્ષુ [સં. નવન્ (નવ) + ચક્ષુ (મેષ)] પું. જૂનાગઢની ગાદી ઉપર બેઠેલ એ નામનો એક રાજા. તે તેના માતા ઉદરમાં નવ ગોમાસાં એટલે નવ વર્ષ રહ્યો હતો, તેથી તેનું નામ નવચક્ષુ પડ્યું.

નવચક્ષુ કૂવો પું. જૂનાગઢમાં ઉપરકોટમાં આવેલ એ નામનો એક ઊંડો કૂવો. રા' નવઘણના નામ ઉપરથી તેનું નામ પાડવામાં આવેલ છે. તેમાં ઊતરવાનાં પગથિયાની સંખ્યા છે. કૂવામાં કોતરેલાં છે. તેની રચના જોવા પાત્ર છે. તેથી અડીકડી ને નવચક્ષુ કૂવો, જે ન જુએ તે જીવતાં મૂઓ, એવી કોકોક્તિ ચાલી આવે છે.

નવચન ૧. પું. ગરબાતનો વરસાદ.
૨. [સં. નવન્ (નવું) + ચન (વાદળું)] ન નવ વર્ષની મુદત.
૩ [સં. નવ (નવું) + ચન (વાદળું)] ન નવું ચડી આવેલું વાદળું.
૪. ન. પાણીથી ભરેલ વાદળ.
મંગળ નવચન મંગ ઉદાર ઇમારામ

નવચરું ૧. [સં. નવન્ (નવ) + ચરુ] ન. નવ ગ્રહનાં નંગ જેમાં ખેસાડેલાં હોય એવું ઘરેણું; દાગણી
૨. ન. માથે બાંધવાનું કરિયાતનું ખોળિયું; કસબી ખોળિયું; ભારે ફેંટો.
નમો જગીનો પાયમાં જરી,
નવચરું નવલ દુરાલ. ભ્રમાનંદ

નવચક્રાંગ [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

નવચત્વારિંશત [સં. નવન્ (નવ) + ચત્વારિંશત્ (ચાલીસ)] વિ. ઓગણપચાસ.

નવચત્વારિંશત્તમ [સં.] વિ. ઓગણપચાસમું.

નવચંડિકા [સં.] સ્ત્રી. દુર્ગા દેવીનાં નવ સ્વરૂપ: શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી.

નવચંડી ૧. સ્ત્રી. નવદુર્ગા. જુઓ નવચંડિકા.
૨. [સં.] સ્ત્રી. નવદુર્ગાની સ્તુતિ, પૂજન અને હોમહવન

નવચંદરી જુઓ નવચંદી

નવચંદું વિ. પાવરધું, હોશિયાર; કામેલ.
ભણીગણીને નવચંદા થયા,
રામના નામના મામણ થયા. ભોજો ભગત

નવચંદ્ર ૧. [સં. નવ (નવું) + ચન્દ્ર (ચાંદો)] પું. નવો ચંદ્ર; બીજનો ચાંદ; ચાંદોડું.
૨. પું. નવો મહિનો.

નવચંદ્રાકાર [સં. નવચન્દ્ર (બીજનો ચાંદો) + આકાર (રૂપ)] વિ. અર્ધચંદ્રાકાર; બીજના ચાંદાના આકાર જેવું

નવચેદ્રી સ્ત્રી. શરીરના જુદા જુદા નવ ભાગ ઉપર નવ ખોળાં ટપકાંવાળી એક જાતની બોલ; ચારે પગનાં બોળાં કાર્ડ, પૂજાને ઊંડે બોળા વાળ, એક આખળ બોળો, લલાટમાં બોળું ટીલું, મોં બોળું, એક આખ બોળી, એવાં ચામાં નવ ચિહ્નવાળી બોલ.

નવચોંદરી જુઓ નવચંદી.

નવચૈતન ૧. ન. એ નામનું એક ગુજરાતી માસિક.
૨. [સં. નવ (નવું) + ચેતન (જીવન)] ન. નવજીવન, નવું જીવન.
૩. ન. નવી જાગૃતિ.

નવચૈતનવંતું [સં. નવ (નવું) + ચેતન (જીવન) + વત્ (વાળું)] વિ. નવા ચૈતનવાળું.
પ્રલયજીવનમા જેમ જેમ ચેતન આવતું નવ તેમ તેમ તેનુ ચાહિલ પણ નવચૈતનવંતું થતું નવ છે. અખરાદ

નવચ્છાત્ર [સં. નવ (નવું) + છાત્ર (વિદ્યાર્થી)] પું. નવો વિદ્યાર્થી; નવો ક્રિશ્ચ.

નવચ્છિદ્ર [સં. નવન્ (નવ) + છિદ્ર (કાણું)] ન. દેહ; શરીર.

નવછેકડી (નવછેડી) ૧. [નવ (નવું) + છેડ્યા (ધાપ)] સ્ત્રી. ધાપ; ધુમ્મસ; દાવપેચ; જાદુકપટ; કાવતરું.
૨. સ્ત્રી. યુક્તિ; બોજના.

નવછેકું ૧. [સં. નવ (નવું) + છેદ (પ્રપંચ)] વિ. નવા નવા છેદ કરનાર, પોતાનો હેતુ સાધવાને નવા નવા પ્રપંચ રચનાર.

નવોરી

૨. વિ. પાવરધું; પહોંચેલું; ચોકસ; હોશિયાર.

નવજ ૧. [સં. નવન્ (નવ) + જ (જન્મેલ)] વિ. નવથી ઉત્પન્ન થયેલ.

૨. [સં. નવ (નવું) + જ (પેદા થયેલ)] વિ. નવાઈ પેદા કરનાર.

નવજનકતા ૧. [સં. નવ (નવું) + જનક (પેદા કરનાર) + તા (પણું)] સ્ત્રી. નવીનતા ઉત્પન્ન કરવાની શક્તિ.

૨. સ્ત્રી. સદ્ભવ ચંચળતાના કરેક સ્વરૂપના આધારરૂપ એક જાતની ચેતનશક્તિ.

નવજનન ૧. ન. ઉદ્ધાર; ઉદય.

૨. [સં. નવ (નવું) + જનન (ઉત્પન્ન કરવું તે)] ન. શરીરના અમુક ૨૫ વર્ષ બદલાય અને નવાં પલ્લવવાળાં થાય તેવો ઉત્પત્તિક્રમ

નવજન્મ ૧. [સં. નવ (નવું) + જન્મન્ (જન્મ)] પું. નવો અવતાર.

૨. પું. મંદવાડમાંથી ઊઠી સાજું થયું તે.

નવજલ [સં. નવ (નવું) + જલ (પાણી)] ન. નવું પાણી. શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદી માનસીમાં જણાવે છે કે: વિક્રમોર્વશીયમ્ નાટકનો ઓથો અંક પુત્ર સાહેબે અમને ઘરે રસપૂર્વક શીખવ્યો હતો. વર્ષાનું મંડાણ પ્રકૃતિમાં થઈ ચૂક્યું હતું, એટલે વર્ણમાં પોતે ધીરગંભીર નવજલથી ભરેલા મેઘ જેવી વાણીમાં नवजलभरसनद्धोऽयं न दर्भनिशाचरः શબ્દો ઉચ્ચાર્યા, ત્યાં તો કોણ જાણે કયાંથી વાદળાં ઘેરાયાં અને વરસાદ તૂટી પડ્યો. સહુએ જીવનની એક ધન્ય ઘડીનો આનંદ અનુભવ્યો. પુત્ર સાહેબે તત્કાલ કોળવવાનું બંધ રાખ્યું અને પોતે પૂર્વ આવી જ ધન્ય ક્ષણ એ જ હોલમાં એ જ સ્ત્રોત વંચિતાં વિદ્યાર્થીઓ સમક્ષ અનુભવી હતી, એ પ્રસંગ પ્રકૃતિ સાથે પરમ સમરસતાથી વર્ષાની બતાવ્યો. સાથે સાથે ઉમેર્યું છે, તે સમયે તો બારીના વૃક્ષ ઉપરથી કોકિલસ્વર પણ સંભળાયો હતો.

નવજલજ [સં. નવ (નવું) + જલજ (કમળ)] ન. નવાંકુર; નવું કમળ.

નવજવાન ૧. [સં. નવ (નવ) + યુવન્ (યુવાન માણસ)] પું. બીજતો જુવાન; નવો જુવાન; નવયુવક; ઊગતો જુવાન.

ગુજરાતના ઘડતરમાં જ્યાં જ નવજવાનો ફાળો દઈ શકવાના એમ છે. કાકાસાહેબ

૨. વિ. જુવાનીમાં પ્રવેશ કરનાર.

નવજવાની સ્ત્રી. બીજતી જુવાની; નવયુવાવસ્થા.

નવજાગ જુઓ નવજાગ.

નવજાત [સં. નવ (નવું) + જાત (જન્મેલ)] વિ. તરતનું જન્મેલું.

નવજાતશિશુકુટિયા [સં. નવજાત (નવું જન્મેલ) + શિશુ (બાળક) + કુટિયા (ઝાંપડી નાખવું તે)] સ્ત્રી. નવા જન્મેલ બાળકને ઝાંપડી નાખવું તે.

નવજીવન ૧. [સં. નવ (નવું) + જીવન] ન. નવચેતન; નવું ચેતન; નવું જીવન.

૨. ન. પુનરુત્પાદન; પુનર્જનન; પુનર્વૃદ્ધિ; પુનરુત્પત્તિ.

હિંદી રોમમાં નવજીવન રેડાયું. ગાંધીજી

૩. ન. મહાત્મા ગાંધીજીએ કરેલ એ નામનું એક સામયિક: હિંદી સમાજના જીવનમાં નવીન ચેતન પ્રેરતું રાજકારણી, સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક વિષયો અંગેનું અમદાવાદમાંથી મહાત્મા ગાંધીજીની પ્રેરણા અને આગેવાની નીચે પ્રગટ થતું સાપ્તાહિક પત્ર.

નવજીવયુગ [સં. નવ (નવું) + જીવ + યુગ (જમાનો)] પું. પ્રથમ પ્રાણીયુગ: પૃથ્વી ઉપર કરોડાતમાં પ્રાણીજીવન શરૂ થયું તે સમય.

નવજુગ [સં. નવ (નવું) + યુગ (જમાનો)] પું. નવો જમાનો. જુઓ નવયુગ.

આસિય દીપી આમ,
નામ તુજ નવજુગ રહેજો. પ્રસ્થાન

નવજુગલ [સં. નવ (નવું) + યુગલ (જોડી)] ન. નવું જોડું; નવી જોડી; નવયુગલ.

નવજુવાન ૧. [સં. નવ (નવું) + યુવન્ (જુવાન)] પું. બીજતો જુવાન; નવો જુવાન; નવયુવક; ઊગતો જુવાન.

૨. વિ. જુવાનીમાં પ્રવેશ કરનાર; જુવાનીમાં આવતું.

નવજ્યોત ૧. સ્ત્રી. નવો જન્મ. કેટલાક નવજ્યોત શબ્દને નવજાત એટલે નવો જન્મ શબ્દનું બીજું રૂપ ગણે છે. એટલે કે, નવજ્યોતની ક્રિયાથી પારસી બાળકનો ધાર્મિક જન્મ થાય છે.

૨. [નવ (નવું) + જ્યૂ (પ્રાર્થના કરવી)] સ્ત્રી. (જરથોસ્તી) બાળકને સદરો કે કરતી પહેરાવવાનો સરકાર: પારસી બાળકોને ધર્મમાં દાખલ કરવા ધર્મની દીક્ષા આપવાની ક્રિયા. આ ક્રિયાને નવજ્યોત નામ આપવાનું કારણ એ છે કે, આ ક્રિયા થયા પછી તે બાળક ખંતથી કરવાને તથા ધર્મના રીતરિવાજ પાળવાને જવાબદાર થતો કહેવાય છે. પારસી બાળકોને આ દીક્ષા ૭ થી ૯ વર્ષની ઉંમર દરમિયાન અપાય છે. આ ક્રિયા દિવસના ઉજવણા સરકારને મળતી આવે છે. તે સ્ત્રી અને પુરુષ બંનેને લાગુ પડે છે.

નવજોબન ન. તાજી જુવાની; નવયૌવન; બીજતી યુવાવસ્થા.

નવજોબના ૧. સ્ત્રી. અટકાવમાં આવેલી છોકરી.

૨. સ્ત્રી. નવયૌવના; જોબનવંતી સ્ત્રી; નવજુવન સ્ત્રી.

નવજૌબના જુઓ નવજોબના.

નવજ્વર [સં. નવ (નવું) + જ્વર (તાવ)] પું. નવો તાવ; ચડતો તાવ; આરંભિક જ્વર; તાજો તાવ.

નવટકા પું. ઘ. ક. પૈસાની કોઈ અનિશ્ચિત સંખ્યા.

નવ દશ છોડીને આપવું = કાંઈક પ્રાપ્તિ કરાવવી; થોડું આપવું.

નવટાંક ૧. [નવ (નવની સંખ્યા) + ટાંક (પૈસાભાર)] ન. નવટાંકિયું.

૨. વિ. પારીનું અર્ધું; નવ પૈસાભાર; પાંચ રૂપિયાભાર વજન જેટલું; શેરના આઠમા ભાગનું, જે અપભોગ.

નવટાંકિયું ૧. ન. નવટાંકનું કાટલું; નવ પૈસાભાર કે પાંચ રૂપિયાભાર જેટલું પ્રવાહી માપનું પાત્ર અથવા તોલાય એવું આવિયું.

૨. વિ. કંજૂસ.

નવટાંકી સ્ત્રી. નવટાંકભારનું આવિયું અથવા કાટલું; અધપાશેરી; નવટાંક જેટલું તોલ; નવટાંકિયું.

નવટાંકી માટે નકિયાદ જવું = થોડી પ્રાપ્તિ માટે વધારે પડતી મહેનત કરવી.

નવડાતાર (નવડાતાર) વિ. દાની; નિત્ય નવું દાન કરનાર.

નવડાવવું (નવડાવવુ) ૧. સ. ક્રિ. બાકામાં ઊતારવું; નુકસાન કરાવવું

૨. સ. ક્રિ. ઊતરવું; ડૂબવું.

૩. સ. ક્રિ. નવરાવવું; સ્નાન કરાવવું

નવડી (નવડો) સ્ત્રી. કુંવારી કન્યાઓથી પૂજાની એક રૂઢિ. આસો માસમાં નવરાત્રિના નકોરાતે દરમિયાન કુંવારી છોકરીઓ કાદવની દેવી બનાવી તેની પૂજા કરે છે. એ દેવીને નવડી કહે છે

નવડુંજ (નવડુંજ) ન. એક જાતનું કુસકાડ.

નવડુંજ કેરાં સેવની રે,
મુજથી મુસદાવદી રે. નિષ્કુળાનંદ

નવડેરી સ્ત્રી. નવ ઉગવાળી ભંગલી; નવ કેરીવાળો કોયો.

નવડો (નવડે) પું. નવની સંખ્યાનો આંકડો; ૯; નવનું ચિહ્ન.

નવડે મીંડે નેવું = દુનિયા સ્વાર્થી છે.

સમરથ સમરથ શું સમળવે નવડે મીંડે નેવું -કેસરકૃતિ

નવડુ ૧. વ. બબોટ; નાહીને કોર્યા ને ન અડવાની સ્થિતિ; સોળું.

હાં, હાં, અડકશો નહિ નવડુમાં હું. કુસુમ માફ્ક ઊઠી. સરસ્વતીચંદ્ર

૨. [સં. નમન] વ. (જૂ. ગુ.) નમન; વંદન.

નવડુ કરે જે જિન ભાવશું,
તે નાવે તે સંસાર.

વસ્તુપાળ તેજપાળનો રાસ

૩. વ. (જૂ. ગુ.) નાહવાનું સાધન.

નવડુ વિશેષણ ન્હાનડા,
નિત નિત થાયે જેણ. આનંદકાવ્યમહોદધિ

૪. વ. રસોડું.

એક દિવસ ગરબડદાસ એને ઘેર જમવા આવેલા અને નવડામાં ઓઢમાં ઓઢવાનો ગાભા વઈ આકાડિયોરીની મરકરી કરી. સરસ્વતીચંદ્ર

નવડુજળી વ. કેવળજ્ઞાતિને નવડાવવાનું પાણી.

નવત ૧. [સં.] પું. હાથીની પીઠ ઉપર નાખવાની ઝૂલ.

૨. વિ. નેવુમું.

નવતત્ત્વ ૧. [સં. નવ + તત્ત્વ (આત્મકલ્યાણ માટે જાણવા-જોવા જેવા વસ્તુ)] વ. (જૈન) આત્મકલ્યાણ માટે જાણવા-જોવા જેવા નવ વસ્તુ. તેના નામ: (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ.

૨. વ. પાંચ તન્માત્રા અને ચાર અંતઃકરણ મળી નવ તત્ત્વોનું બનેલું વાસનાત્મિક.

નવતન [હિં.] વિ. નવીન; નવું; તાજું.

નવતમ [સં. નવ (નવું) + તમ (શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય)] વિ. સૌથી નવું; તદ્દન નવું.

નવતમ નાર મળી નવલેખન,
હસી હસી લે ચાલો ચાળી.

હરગોવિંદદાસ

નવતરી ૧. સ્ત્રી. નવી પરણી આવેલ સ્ત્રી.

મોટા પ્રભુ નવતરી સાથ. દયારામ

૨. વિ. અજાણ્યું; કલ્પેલું નહિ એવું.

૩. વિ. અપૂર્વ; પૂર્વે કદી ન થયેલ હોય એવું.

૪. વિ. નવ ખોળું અને તેર ભાલું.

૫. [સં. નવ (નવું) + તર (વિશેષતાદર્શક પ્રત્યય)] વિ. નવું; તરતનું આવેલું હોય તેવું. કમબુનું; તાજું; નવીન.

૬. વિ. વિચિત્ર; નવાઈ જેવું

નવતરતા [સં.] સ્ત્રી. નવાપણું.

નવતરુ વિ. અજાણ્યું; આવેતરું; પરિચય નહિ તેવું; નવતર.

નવતંતુ ૧. [સં.] પું. નવા તાંતણાવાળું વસ્ત્ર.

૨. પું. નવો તાંતણો; નવો તારો.

૩. પું. (પુરાણ) વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

નવતા ૧. સ્ત્રી. ઢાળવાળી જમીન; ઉતાર.

૨. સ્ત્રી. તાજાપણું.

૩. [સં. નવ (નવું) + તા. (પણું)] સ્ત્રી. નવાઈ; ' નોવલ્ટિ. '

આજકાલ તો વર્તમાનમાં કાંઈ કાંઈ નવતાનું દર્શન થાય છે. અહિરાકર રાવળ

૪. સ્ત્રી નવીનતા; નવાપણું; નવપણું.

કાંઈ કાંઈ નવતા સરજવતા આ યુગમાં જોઈતું નથી નહિ થાય તેવું જોઈ. મેઘાણી

નવતિ ૧. [સં.] સ્ત્રી. નેવુની સંખ્યા.

૨. વિ. નેવું. ૯૦

નવતિકા ૧. [સં.] સ્ત્રી. નેવુની સંખ્યા.

૨. સ્ત્રી. રેજવાની પીંછી; રેજ દેવાનો કૂચો. તેમાં નેવું વાળ હોવાનું કહેવાય છે.

નવતિતમ [સં.] વિ. નેવુમું.

અહીં નવતિતમોધ્યાય પણ પૂરો રે. પ્રેમાનંદ

નવતિધા ૧. [સં.] અ. નેવું પ્રકારે.

૨. અ. નેવું વાર.

નવતી જુઓ નવતિ.

નવતીતમ જુઓ નવતિતમ.

નવતેર [સં. નવ (૯) + તેર (૧૩)] વિ. બાવીસ; ૨૨; નવ ને તેર જેટલું.

તેના સમું સર્વે થયું ભગ,
વઈ વર્ષ વય નવતેર. પ્રેમાનંદ

નવતેરી ૧. [નવ (૯) + તેર (૧૩)] વિ. તેર ભાગ ભાલું અને નવ ભાગ પહોળું.

નવતેરી નગરી વસે ત્યા તરવેણી તીર.

ભોજો

૨. વિ. સત્તાવીસ.

નવતેરું ૧. વિ. અજાણ્યું; કલ્પેલું નહિ એવું.

૨. વિ. તેર ભાગ ભાલું અને નવ પહોળું.

૩. વિ. નવાઈ જેવું.

૪. વિ. નવું; તરતનું; તાજું, કમબુનું; નવતર.

નવત્વ ૧. [સં. નવ (નવું) + ત્વ (પણું)] ન. તાજાપણું.

૨. ન. નવાપણું; નવી નવાઈ.

નવત્સું ૧. [સં. ન (નહિ) + વત્સ (બાળક) + ઉન્ (ઊણું)] વિ. વત્સ વગરનું; બાળક વગરનું.

નવદ [સં.] વિ. નેવું; ૯૦.

નવદક્ષો [સં. નવ (નવું) + દીક્ષિત (દીક્ષા લીધેલું)] વિ. (જૈન) તાજેતરમાં દીક્ષા લીધેલ હોય એવું.

નવદલ ૧. [સં. નવ (નવું) + દલ (પાદડું)] ન. કમળના કેસરની પડે રહેલું પાંદડું.

૨. ન નવું પાદડું.

નવદરા ૧. [સં. નવદલ્ન] વિ ઓગણીસ; ૧૯.

૨. વિ. ઓગણીસમું.

નવદંડ [સં.] પું. એક પ્રકારનું રાજ્યતંત્ર; રાજ્યનાં નવ પ્રકારનાં તંત્રમાંથી એ નામનું એક પ્રકારનું તંત્ર. તેની દાંડી, કમાન વગેરે શુદ્ધ સોનાનાં અને કપડું તથા ઝૂમરી ઝાંખા રંગના હોય છે. તેમાં બત્રીસ બત્રીસ મોતીના બત્રીસ ગુચ્છાની ઝાલર ઘટની રાખી તેમાં અનેક રત્નો જડેલાં હોય છે.

નવદંડક જુઓ નવદંડ.

નવદંપતી [સં.] વ. ન. દ. નવાં પરણ્યાં પતિપત્ની

નવદાણી સ્ત્રી. નવ દાણાવાળી એક જાતની જરીની ઝૂમર.

નવદિગર વિ. બહુસંખ્યાનું; બાવનદાવનું.

નવદીક્ષિત ૧. [સં. નવ (નવું) + દીક્ષિત (દીક્ષા લીધેલું)] વિ. તરતમાં જ દીક્ષા લીધેલ હોય એવું; નવદક્ષો.

૨. વિ. (જૈન) બહુદીક્ષા અને બહુદીક્ષાની વચ્ચેની સ્થિતિવાળું.

નવદીધિતિ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે ભગણવન્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૫૪ લઘુ મળી ૭૧ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

૨. [સં.] પું. (જ્યોતિષ) ભગણ ૯૬.

નવદુર્ગા ૧. [સં.] સ્ત્રી. ઉજ્જયિનીમાં આવેલ નવ મહેનીઓ એ નામની એક દેવી. તેનું સ્થાન અજાદાલપુરામાં છે.

૨. સ્ત્રી. (પુરાણ) દુર્ગા દેવીનાં નવ સ્વરૂપ. નવરાત્રિમાં નવ દિવસ સુધી તેમની ક્રમવાર પૂજા થાય છે. શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી અને સિદ્ધિદા એ દુર્ગા દેવીનાં નવ સ્વરૂપ મનાય છે.

નવદું ૧ [સં. ન (નહિ) + વદ્ (બોલવું)] વિ. વદવા ન દેનારું.

૨. પ્રે. સારું ન કહેનાર.

નવદેશ [સં. નવ (નવું) + દેશ] પું. નવો દેશ

નવદેશ લક્ષ્ય ધરી છલન પ્રમાણે વાળો.
નદિકાકાવ્ય

નવદેહી [સં. નવ (નવુ) + દેહિન્ (દેહવાળું)] વિ. નવા શરીરવાળુ.

નવદોલા ૧. [સં.] સ્ત્રી. નવ માણસને બર્ફ જવાની ડોળા.

૨. સ્ત્રી. નવો ઢીંચકો; નવી ડોળા.

નવદ્રવ્ય [સં. નવ (નવની સંખ્યા) + દ્રવ્ય (પદાર્થ)] ન. જ ન પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો.

નવદ્વાર ૧. [સં. નવન્ (૯) + દ્વાર (બાર)] ન. દેહ; શરીર.

૨. ન.વ.વ. બે કાન, બે આંખ, બે નસકોરાં, મોઢું અને બે મૂત્ર ઇંદ્રિયો એમ શરીરનાં નવ દ્વાર. માણસ મરે છે ત્યારે આ નવ પૈકી કોઈ એક દ્વારમાંથી જીવ નીકળે છે એવી કેટલાકની માન્યતા છે.

નવદ્વારપુર [સં. નવન્ (નવ) + દ્વાર (બારણું) + પુર (શહેર)] ન. દેહ; શરીર. તેમાં બે કાન, બે આંખ, નાકનાં બે છિદ્ર, એક મુખ, મૂત્ર અને લિંગ એમ નવ દરવાજા છે.

નવદ્વીપ [સં.] ન. બંગાળનું એ નામનું એક શહેર; નદિયા. અહીં સરકૃત વિદ્યાપીઠ અને રાજા લક્ષ્મણસેનની રાજધાની હતી. આ નગર ગંગા નદીની વચ્ચે એક ટાપુ ઉપર વસેલું છે. કહેવાય છે કે, ત્યાં નાનાં નાનાં નવ ગામ છે, જેના સમૂહને પહેલાં નવદ્વીપ કહેતા હતા. હાલનું નદિયા આ શબ્દનું અપભ્રંશ છે. આ સ્થાન આસ કરીને ન્યાયશાસ્ત્ર માટે બહુ પ્રસિદ્ધ છે.

ચૈતન્યદેવે સંન્યાસ દીક્ષા લેવા માટે નવદ્વીપ છોડ્યું, તે વખતે તેમના ભક્તોને થયેલો શોક આ પદમાં વર્ણવ્યો છે. પ્રસ્થાન

નવદ્વેષ [સં. નવ (નવુ) + દ્વેષ (તિરસ્કાર)] પું. નવી કે અજાણી વસ્તુ ઉપરનો દ્વેષ.

નવધર્મી ૧. [સં. નવ (નવુ) + ધર્મિન્ (ધર્મવાળું)] પું. નવો ધર્મ સ્વીકારનાર માણસ.

૨. વિ. નવો ધર્મ સ્વીકારનાર.

નવધા ૧. વિ. નવ પ્રકારનું.

૨. [સં. નવન્ (નવ) + ધા (રીતે)] અ. નવ પ્રકારે; નવ રીતે

૩. [સં. નવ (નવુ) + ધા (રીતે)] અ. નવી નવી રીતે; જુદી જુદી રીતે.

નવધાઅંગ [સં. નવધા (નવ પ્રકારનું) + અંગ] ન. શરીરનાં નવ અંગ. બે આંખ, બે કાન, બે હાથ, બે પગ અને એક નાક એ શરીરનાં નવ અંગ છે.

નવધાતુ [સં.] સ્ત્રી ન વ. સોનું, રૂપું વગેરે નવ પ્રકારની ધાતુઓ.

નવધાભક્તિ [સં. નવધા (નવ રીતે) + ભક્તિ] સ્ત્રી. પરમેશ્વરની નવ પ્રકારની ભક્તિ. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એમ નવ પ્રકારની ભક્તિ ભાગવતમાં બતાવી છે.

નવન ૧. સ્ત્રી. ઓઢની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. ન. નમન; વંદન.

૪. [સં.] ન. પ્રશસ્તિ; સ્તુતિ.

૫. વિ. એ નામની બટકનું.

૬. [સં. નવન્] વિ. નવ; ૯.

નવનગરતીર્થ ન. ઉજ્જયિનીમાં આવેલ ૨૮ પૈકી એ નામનું એક તીર્થ.

નવનવક [સં.] ન. જ. ન. જ્યોતિષમાં બતાવેલ એકાકી પદાર્થ.

નવનવત [સં.] વિ. નવ્યાનુમુ.

નવનવતિ [સં.] સ્ત્રી. નવ્યાનું; નવ્યાનની સંખ્યા.

નવનવતિતમ [સં.] વિ. નવ્યાનુમું.

નવનવમિકા [સં.] સ્ત્રી. (જૈન) એકાશી દિવસનું એક અભિગ્રહ તપ; ભિક્ષુની બાર પ્રતિમાની એ નામની એક પ્રતિમા.

નવનવીન વિ. બિલ્લ બિલ્લ.

કેશવલાલ, રમણભાઈ, નરસિંહરાવ, આનંદશંકર, કમળાશંકર, ભગવતરાય ઇત્યાદિ સારાય લોખંડો નવનવીન શૈલીનું ગદ્ય-સાહિત્ય ઉત્પન્ન કરવા યથાશક્તિ પ્રયત્નો આદરી રહ્યા છે.
મણિલાલ દ્વિ

નવનવું [સં. નવ (નવું)] વિ. નવું નવું; નવીન નવીન; બહાળતાનું; જુદું જુદું; અવનવું; નવીન.

વાજિંત્ર વાગે નવનવાં આનંદ અંગે ન માય.
ઝવેરચંદ

નવનાગ [સં. નવન્ (નવની સંખ્યા) + નાગ (સાપ)] પું બ વ. નવ જાતના નાગ. અનંત, વાસુકિ, શેષ, પદ્મનાભ, કંબલ, શંખપાલ, ધૃતરાષ્ટ્ર, તક્ષક અને કાલિય એ નવ જાતના નાગ મનાય છે. તેને નવકુલ પણ કહે છે.

નવનાગલિયો પું. ખુલ્લા મેદાનમાં રમવાની એ નામની એક દેશી રમત; નવનાગેરિયો; નવનાગેલી; નવનાગેલિયો. આ રમતમાં ચડતી ઊતરતી ઈંટના સાત કટકા અથવા નવ નળિયા અથવા ઠીકરાં એક ઉપર એક ગોઠવી એક દડી વડે છોકરાઓ રમે છે. પહેલાં બે પક્ષ પાડી એક પક્ષ દાવ આપનાર અને બીજો પક્ષ દાવ લે. દાવ આપનાર પક્ષ ઈંટના કે નળિયાના સાત કટકામાંથી સૌથી મોટો કટકો જમીન ઉપર મૂકે, તેની ઉપર તેથી નાનો કટકો, તેના ઉપર તેથી નાનો કટકો, એમ સાતે કટકા મૂકી નગોરચો બનાવે. દાવ લેનારા તે નગોરચાની આજુબાજુએ અને દાવ દેનારા તેની પાછળની બાજુએ ગોઠવાય. સારા બાદ દાવ લેનાર પક્ષનો એક જણ દડી વડે નક્કી કરેલે અંતરે ઊભો રહી તે દડી નગોરચાને મારે. જો તે દડી નગોરચાને લાગ્યા વગર પસાર થાય અને તેની પાછળ ઊભેલો કોઈ દાવ દેનારો તે દડી ઝીલી લે, તો દડી દેનારો રમતમાંથી બાતલ થઈ દૂર બેસે. પણ જો ન ઝિલાય, તો દાવ દેનાર પક્ષ તે દડી પેલા દડી દેનાર છોકરાને પાછી આપે, એટલે તે દડી લઈને નગોરચા ઉપર દોડે. જો તે દડી નગોરચાને વાગે અને નગોરચો પડી જાય તો દાવ દેનારો એક છોકરો નગોરચો ફરી રમવા માંડે અને દાવ દેનારા બીજા છોકરાઓ તે દડીને ઠેસ મારી દૂર લઈ જાય કે જેથી નગોરચો ઊભો કરવાને વખત મળે. પણ તેઓ ઠેસ મારીને લઈ જાય તે પહેલાં દાવ લેનાર પક્ષનો નગોરચા પાસે ઊભેલો છોકરો દડી હાથ કરે તો તે દાવ દેનાર પક્ષના છોકરાને તે દડી મારે. જો તે દડી તેને વાગે તો તે પક્ષ હાર્યો કહેવાય. ઠેસ મારી દડી દૂર લઈ ગયા હોય તે દડી નગોરચા પાસે ઊભેલા દાવ લેનાર પક્ષના છોકરા પાસે પાછી આવે તે દરમિયાન નગોરચો તૈયાર કરી દાખો હોય તો દાવ દેનાર પક્ષ જીત્યો કહેવાય, એટલે તે પક્ષ દાવ લેવા જાય અને સામો પક્ષ દાવ આપે.

નવનાગલી સ્ત્રી. એ નામની એક દેશી રમત; નવનાગેલી.

નવનાગેલિયો જુઓ નવનાગલિયો.

નવનાગેલી જી. એ નામની એક રમત; નવનાગલી. જુઓ નવનાગલિયો.

આપો એને નવનાગેલી રમવી જ જોઈએ. નવલકથા

નવનાગેલિયો જુઓ નવનાગલિયો.

નવનાડી (નવનાડી) [સં. નવન્ (નવ) + નાડી] સ્ત્રી. બ. વ. શરીરમાંની નવ જાતની નાડીઓ. તેના નામઃ ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તજિહ્વા, પૂષા, પ્રસાદ, કુહૂ અને શંખિની.

નવનાડીચક્ર (નવનાડીચક્ર) [સં.] ન. એક જાતનું ચક્ર.

નવનાત ૧. સ્ત્રી. વાણિયાની નવ નાતનું સહભોજન.

૨. સ્ત્રી. બ. વ. વાણિયાની નવ જાતની નાત.

નવનાથ પું. એક જાતના સંન્યાસી.

નવનારી ૧. સ્ત્રી. નવી પરિણીત સ્ત્રી; નવવધૂ.

૨. [સં. નવન્ (નવ) + નારી] સ્ત્રી. બ. વ. નવ સ્ત્રીઓ.

નવનિ ૧. [હિં.] સ્ત્રી. નમવાની ક્રિયા કે ભાવ.

૨. સ્ત્રી. નમ્રતા; દીનતા.

નવનિગાહ્વદારત [ફા. નવ (નવું) + નિગાહ (નજર) + દારતન્ (રાખવું)] સ્ત્રી. નવી કોજબાજી; નવી કોજ.

નવનિધ જુઓ નવનિધિ.

નવનિધિ ૧. [સં. નવન્ (નવ) + નિધિ (ભંડાર)] પું. બ. વ. નવ પ્રકારના ભંડાર. મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ અને ખર્વ એ કુબેરના નવનિધિ મનાય છે.

મહાપદ્મ પદ્મ અને કચ્છપ મકર મુકુંદ,
શંખ ખર્વ ને નીલ નવી નવમી કહીયે કુંદ;
એ નવનિધિ આ જગતમાં કોઈક વિરલા દેખ,
તે રાખાલ આગલે કરત ભિખારણ ભેખ.
પિતામહપ્રકાશ

૨. સ્ત્રી બ. વ. સર્વ પ્રકારની અખૂટ સંપત્તિ.

૩. ન. માખણ

૪. ન. નવ પ્રકારના ભંડાર ભરેલા હોય તેમ. બધી રીતે સુખસમૃદ્ધ હોય તેમ.

નવનિર્માણ ૧. [સં. નવ (નવું) + નિર્માણ (સર્જવું તે)] ન. આવિષ્કાર; પ્રકટીકરણ; ભાર કાઢવું અથવા ખુલ્લું કરવું તે.

૨. ન. નવું બંધારણ; નવું સર્જન.

આમસુધિના સમગ્ર કરવ પ્રશ્નોમાં ઘર બદલે નવનિર્માણ કરનારે સંસ્કારહિત હોય છે.
ગોમૂત્રી

નવની [સં.] સ્ત્રી. તાજું માખણ; નવનીત.

નવનીઓ ન. બ. વ. શરીરનાં નવ છિદ્ર.

નવનીઓ દુશ્મનો પડે, પણ ઉપપાણ ભેદ.
સમાધિયોગ

નવનીકા સ્ત્રી. મુલ્તાની જાતનું એક ઝાડ.

નવનીત ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ.

એમા કવિએ વાપરેલા નવનીત શબ્દ ઉપરથી એ છંદને નવનીત નામ આપીએ છીએ.
મુ. સા. પરિષદ

૨. પું. ધીકુમ્ભ.

૩. [સં.] ન. માખણ.

જમનાજીને તીર, વૃંદાવનના ચોક મધે
કૃષ્ણ ગોપીએ ચોરસ મંમા
રે નિરંતર ઉવાચ નવનીત.
નરસૈયો

૪. ન. સાર; સત્ત્વ.

૫. વિ કુમળું; મૃદુ.

૬. [સં. નવ (નવું) + ની (લઈ જવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. નવું જોયું માહેલું

નવનીતક ૧. [સં. નવનીત (માખણ) + ક (વાળું)] ન. ઘી

૨. ન. નવનીત; માખણ.

નવનીતગણપતિપંચ પું. એ નામનો ગણપતિનો એક પંચ. એ પંચના હોદ્દો ગણપતિ એક અધિકારણ છે એમ માને છે.

નવનીતજ [સં. નવનીત (માખણ) + જ (ઉત્પન્ન થયેલ)] ન. ઘી.

નવનીતધેનુ [સં. નવનીત (માખણ) + ધેનુ (ગાય)] સ્ત્રી. દાન દેવા માટે કલ્પેલી માખણના બનાવની ગાય. આ દાનથી શિવસાયુજ્ય પ્રાપ્ત થાય અને વિષ્ણુલોકમા વાસ થાય એમ મનાય છે.

નવનીતપ્રિય ૧. [સં.] પું. પુરુષોત્તમનો બનાવ માહેનું એક નામ.

૨. પું. વલ્લભકુળના મત પ્રમાણે કૃષ્ણના આઠ મંદિરનું એક નામ. આઠ નામઃ શ્રીનાથ, નવનીતપ્રિય, મથુરાનાથ, વિઠ્ઠલનાથ, દ્વારકાનાથ, ગોકુળનાથ, ગોકુળચંદ્રમા અને મદનમોહન.

નવનીતરૂપ [સં. નવનીત (માખણ) + રૂપ] વિ. સારરૂપ; તારવણીરૂપ.

ગુજરાતનું આ પ્રધાન બાહ્યસ્વરૂપ અનેક બાહ્યસ્વરૂપોના નવનીતરૂપ છે. પુરાતત્ત્વ

નવનીતાભ્રક [સં.] પું. એક પ્રકારનો તેજાનઃ દવામાં બીજા એક પ્રકારના જંતુ છે તેમનું કામ નવનીતાભ્રક (બ્યુટીરીક) નામનો એસિડ બનાવવાનું છે. મુ. હાનકોષ

નવનીલતા પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; અવનીલતા; અવલીલતા. આ છંદ સંકોર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ દસ દસ અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, જગણ અને રગણ એમ બાર બાર અક્ષર હોય છે.

નવનૂર [ફા. નવ (નવું) + નૂર (તેજ)] ન. નવું તેજ

નવનૂર બહારમાં દેખાયા અજાંત નામી જન મહીં.
અદ્વિકાભાગ્ય

નવનેજા [ફા. નેઝહ (ભાલો)] ન. બ. વ. મહામુશ્કેલી, બહુ પરિશ્રમ પડવો તે; ઘણી જ આપદા; પુષ્કળ મહેનત; અતિશ્રમ કષ્ટ.

૧. નવનેજા પાણી ઊતરાવવાં = તોબા પોકરાવવી; ઘણો જ શ્રમ દેવો.

૨. નવનેજા પાણી આવવું = ઘણું જ દુઃખી કરવું.

૩. નવનેજા થવી = મહામુશ્કેલી વેઠવી; મહાકષ્ટનો સહન કરવું.

નવનેજાં ૧. ન બ. વ. નવ વાંસ.

નવનેજાં પાણી ચડે પણ ન ઓલે કોય.
ગોગાસ્તિ

૨. ન. બ. વ મહામુશ્કેલી.

૩. વિ. પુષ્કળ; ખૂબ; હદ બહારનું, અતિશય.

નવનેજાળ ૧. [ફા. નવ (નવું) + નેઝહ (ભાલો)] પું. દીકરો.

૨. ન. બ. વ. નાનાં મોટાં, બાલબચ્ચાં; આખાકુટુંબ.

નવપત્રિકા ૧. [સં. નવન્ (નવ) + પત્રિકા (પાંદડું)] સ્ત્રી. નવદુર્ગાની પૂજામાં વપરાતાં નવ વૃક્ષનાં પાન. નવ વૃક્ષઃ કેળ, દાડમી, પાન, હલદી, માનકચ્ચુ, કચ્ચુ, બેલ, અશોક અને જયંતી.

૨. [સં. નવ (નવું) + પત્રિકા] સ્ત્રી. નવી પત્રિકા.

નવપદ ૧. [સ.] પું. (પિંગળ) એ નામનો એક છંદ.

૨. પું. એક પ્રકારની મૂર્તિ. તેની ઉપાસના જૈન લોકો કરે છે.

૩. પું. નવકાર; નવકાર મંત્ર; નમસ્કાર પદ.

તેણે અંધારામાં તપાસ કરીને નવપદનો જપ કર્યો. કનૈયાલાલ મુનશી

નવપદી ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) જે નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; કરખી. આ છંદ રેવા છંદનો એક ભેદ છે.

૨. સ્ત્રી. (પિંગળ) ચોપાઈ છંદ

નવપરણીત જુઓ નવપરિણીત.

નવપરણીતા જુઓ નવપરિણીતા.

નવપરિણીત [સં. નવ (નવું) + પરિણીત (પરણેલ)] વિ. તાજેતરમાં પરણેલું; નવું પરણેલું.

નવપરિણીતા [સં. નવ (નવું) + પરિણીતા (પરણેલી)] સ્ત્રી. નવી અથવા તુરતની પરણેલી સ્ત્રી.

નવપર્વ [સં. નવ (નવું) + પર્વન્ (તહેવાર)] ન. નવો ઉત્સવ.

આજ્યા આ નવપ્રસવા રાજ્ઞાં નવપર્વ મંડાયા છે. નાનાલાલ

નવપલ્લવ ૧. [સં. નવ (નવું) + પલ્લવ (કૂંપળ)] કું. નવું પાનઃ કિસલયઃ કૂંપળઃ તાલુનું આગેલ પંદરું

ડોબા દહાડે છે બનારી,
સાસરો એનો ગ્રેણી દહાડ!
ઇવનના નવપલ્લવને ખાવેલી,
પડ્યા ઘેરી ઘેરી ઘેરાણી છે. નાનાલાલ

૨. વિ. તાલું ખીલેલું.

૩. વિ. નવું સોબન બાબું હોય તેવું.

નવપલ્લવતા [સં. નવપલ્લવ (તાલું ખીલેલું) + તા (પણું)] સ્ત્રી. કૂંપળ આવવી તે; નવાં પાનવાળી ડાળી ઊગવી તે.

નવપલ્લવવું સ. ક્રિ. નવપલ્લવિત થવું; નવાં કૂંપળ ફૂટવાં.

નવપલ્લવિત ૧. વિ. તદ્દન તાલું.

૨. [સં. નવપલ્લવ (કૂંપળ) + ઇત (વાળું)] વિ. નવપલ્લવવાળું; કૂંપળ આવી હોય એવું.

પ્રભાતના સોહણને નવપલ્લવિત કરનાર તો એક જ સાધન છે અને તે તેઓનું સોહસહિત્ય. મુ. સા. પરિષદ

નવપંચક [સં. નવન્ (નવ) + પંચક (પાંચ)] કું. (જ્યોતિષ) જે નામનો એક યોગ; વરની રાશિથી કન્યાની રાશિ સુધી તથા કન્યાની રાશિથી વરની રાશિ સુધી ગણતાં નવ કે પાંચની સંખ્યા આવે તેવો યોગ. વિવાહમાં એ અતિ નિંદિત મનાય છે.

નવપંચમ [સં.] કું. વરકન્યાના વિવાહના અંગરૂપ એક રાશિકૂટ.

નવપાઠક [સં.] કું. નવો અધ્યાપક; નવો શિક્ષક.

નવપાષાણયુગ [સં. નવ (નવું) + પાષાણ (પથ્થર) + યુગ (જમાનો)] કું. નવશૈલયુગ; નવપ્રસ્તરયુગ. આ યુગમાં માણસે પથ્થરનાં જે સાધનો અને હથિયારો વાપર્યાં હતાં તે વખતે સુધરેલ અને ઘડેલાં હતાં.

નવપુત્રી [સં. નવ (નવું) + પુત્રી (દીકરી)] વિ. સ્ત્રી. તરતમાં જ જેને પુત્રી જન્મી હોય એવી.

નવપુષ્પિત [સં. નવ (નવું) + પુષ્પિત (ફૂલવાળું)] વિ. નવાં ફૂલ જેને આવ્યાં હોય એવું.

નવપૈઠંબરી [નવ (નવું) + પૈઠંબરી (સરેરો)] સ્ત્રી. નવો સરેરો.

નવપ્રફુલ્લ [સં. નવ (નવું) + પ્રફુલ્લ (ખીલેલ)] વિ. નવીન ખીલેલ; નવું ખીલી નીકળેલ.

નવપ્રવિષ્ટ [સં. નવ (નવું) + પ્રવિષ્ટ (દાખલ થયેલ)] વિ. નવું દાખલ થયેલ.

નવપ્રસૂ ૧. [સં. નવ (નવું) + પ્રસૂ (જન્મ આપવો)] સ્ત્રી. તાજી વિયાયેલી ગાય.

૨. સ્ત્રી. તાજી સુવાવડી સ્ત્રી.

૩. વિ.સ્ત્રી. તાલું આવેલ બચ્ચાવાળી; તરતમાં જન્મેલ બચ્ચાવાળી.

નવપ્રસૂત [સં. નવ (નવું) + પ્રસૂત (જન્મેલ)] વિ. નવું જન્મેલું; તરતમાં જન્મેલું.

નવપ્રસૂતા [સં.] સ્ત્રી. તાજેતરમાં જેને સુવાવડ આવી હોય એવી સ્ત્રી; સુવાવડી સ્ત્રી.

નવપ્રસૂતિ ૧. [સં.] સ્ત્રી. તાજી વિયાયેલી ગાય.

૨. સ્ત્રી. તાજી સુવાવડી સ્ત્રી.

નવપ્રસૂતિકા જુઓ નવપ્રસૂતિ.

નવપ્રસ્તરયુગ જુઓ નવપાષાણયુગ.

નવપ્રાણ [સં. નવ (નવું) + પ્રાણ (જીવ)] ન. નવીન પ્રાણ; નવું જીવન.

નવપ્રાશન [સં. નવ (નવું) + પ્રાશન (ખાવું તે)] ન. નવાં અન્ન, ફળ વગેરેનું ભોજન.

નવફલિકા ૧. [સં.] સ્ત્રી. નવી પરણેલી સ્ત્રી.

૨. સ્ત્રી. રજ'સ્વલ થયો હોય તેવી છોકરી; નવપ્રસૂતિકા.

નવબત્તાઈ [ફા.] સ્ત્રી. નવી રીત

નવબત સ્ત્રી. (જૂ. ગુ.) નોબત.

નવબતિ વાજ વાજવા,
વાજા જન સવિ દુઃખી રે. કાન્હડદે પ્રબંધ

નવબહાર [હિં.] સ્ત્રી. વસંતઋતુ.

નવબાલા [સં. નવ (નવું) + બાલા (છોકરી)] સ્ત્રી. યુવતિ; ઉંમર લાયક બનેલી કુમારિકા

નવબિંદુયુક્ત [સં નવન્ (નવ) + બિંદુ + યુક્ત (કૂંડાળું)] વ. (ગણિત) એક ગતનું નવ બિંદુવાળું વર્તુળ: 'નાઇન પોઈંટ સર્કલ.' કોઈ પણ ત્રિકોણની બાજુઓના મધ્યબિંદુઓ, ત્રિકોણના શૃંગોનાં બિંદુઓમાંથી સામેની બાજુ ઉપર દોરેલા લંબના પાયા અને આ લંબો જે બિંદુમાં મળે તે બિંદુને ત્રિકોણનાં શૃંગોનાં બિંદુઓની સાથે જોડનારી સીધી લીટીઓનાં મધ્યબિંદુઓ આ નવ બિંદુઓમાંથી જનારું વર્તુળ. કોઈ પણ ત્રિકોણની ત્રણે બાજુઓનાં ત્રણ મધ્યબિંદુઓ, તેજ ત્રિકોણનાં ત્રણે શિરોબિંદુઓમાંથી દોરેલા લંબ સામેની બાજુઓને જે બિંદુઓમાં મળે તે ત્રણ બિંદુઓ તથા એ ત્રણ લંબના સંગમ બિંદુને ત્રિકોણના દરેક શિરોબિંદુ સાથે જોડવાથી થયેલી ત્રણ સીધી લીટીઓનાં ત્રણ મધ્યબિંદુઓ એમ નવ બિંદુમાં થઈ પસાર થતા એવા વર્તુળને નવબિંદુયુક્ત કહે છે. સામેના ક ખ ગ ત્રિકોણમાં ક ઘ ચ એ ત્રણ બાજુઓનાં મધ્યબિંદુઓ છે, છ જ ઝ એ ત્રણે બાજુઓ ઉપર સામેના શિરોબિંદુમાંથી

દોરેલા લંબના પાદ છે. અને ત ણ દ એ લંબસંગમના બિંદુ થની સાથે અનુક્રમે ક ઘ ગ જોડવાથી થયેલી ટ્ય, ણ્ય અને ત્ય લીટીઓનાં મધ્યબિંદુઓ છે. ત ચ, ણ દ અથવા ઝ્યને બાજુ તરીકે લઈ દોરેલું વર્તુળ એ નવ બિંદુમાંથી પસાર થશે. એ વર્તુળને નવબિંદુયુક્ત કહે છે.

નવબ્રહ્મચર્યવ્રત (નવબ્રહ્મચર્યવ્રત) સ્ત્રી. (જૈન) બ્રહ્મચર્યના નવ નિયમો. સ્ત્રી સાથે એકલી વાત ન કરવી, સ્ત્રી સાથે ભોગવેલું સુખ ન સંભારવું, સારો આહાર ન કરવો વગેરે નિયમ.

નવભક્તિ જુઓ નવધાભક્તિ.

નવભાગ [સં.] કું. રાશિનો નવમો ભાગ.

નવભુજ [સં. નવન્ (નવ) + ભુજ (લીટી)] કું. (ગણિત) નવ સીધી લીટીઓથી હદ બંધાયેલી હોય તેવી નવ ખૂણાવાળી સમતલ આકૃતિ; નવકોણ.

નવમ [સં.] જિ. નવમું.

નવમણિ [સં. નવન્ (નવ) + મણિ (રત્ન)] પું. નવરત્ન; નવ જાતનાં રત્નઃ હીરો, મોતી, માણેક, પરવાળું, પાનું, પોખરાજ, વૈદૂર્ય, ગોમેદ, લસણિયું.

નવમતવાદી [સં. નવ (નવું) + મત (અભિપ્રાય) + વાદિન્ (મતવાળું)] જિ. કોઈ નવા મત કે વાદવાળું.

નવમલ્લિકા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદઃ ૧ જગણ. આ છંદ વર્ણવૃત્ત કહેવાય છે. તેના દરેક ચરણમાં નવ વર્ણ અને બે ગુરુ મળી ઓગણત્રીસ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. કામદેવનાં પાંચ બાણોનું એક બાણ.

૩. સ્ત્રી. ચમેલી.

૪. સ્ત્રી. જૂઈ.

૫. સ્ત્રી. નવી માલતી; નવો અટપોંગરોઃ પોંગરાનો છોડ.

ચિમંતા ! કોણ વળી ઊભાં પાકી નવમલ્લિકાને ખાંટે છે ?
નાનાલાલ

૬. સ્ત્રી. વસંત ઋતુમાં ખીલતી એક ઘટાદાર પાંદડાવાળી વેલ.

નવમસ્સી સ્ત્રી. ઉનાળામાં થતી એક જાતની વનસ્પતિ.

નવમાલતી ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદઃ નવમાલિની. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

વસુ નવમાલિકા ન જ જ ય થી શ.
રણછોડ

૨. પું. પોંગરાનો છોડ; નવો અટપોંગરો.

૩. સ્ત્રી. એક જાતની વેલ; ચમેલી.

૪. સ્ત્રી. કામદેવનાં પાંચ બાણોનું એક બાણ. કામદેવનાં પાંચ બાણઃ અરવિંદ, અશોક, આંબામોર, નવમાલિકા અને નીલોત્પલ.

૫. સ્ત્રી. જૂઈનું ફૂલ.

૬. સ્ત્રી. સુગંધી ફૂલવાળું નેપર નામનું ઝાડ.

નવમાલિની જુઓ નવમાલિકા ૧.

નવમાંશ [સં. નવન (નવનું) + અંશ (ભાગ)] પું. (જ્યોતિષ) જન્મકુંડલી માંહેના લગ્નભુવનનો નવમો ભાગઃ ૩ અંશ ૨૦ કળા જેટલો જે ભાગઃ નવાંશઃ જે રાશિના ત્રીસ અંશ અને તેનો નવમો ભાગ તે નવમાંશ. એમાં મુખ્યત્વે કરીને કોઈ વ્યક્તિનું સુખ જોવાય છે. આખી જન્મકુંડલીમાં આ કુંડલી ઉપયોગી ગણાય છે.

નવમાંશચક્ર [સં.] ન. (જ્યોતિષ) જોવા જ્યોતિષ કુંડલી ઉપર જોવાનું સાધન. જુઓ નવમાંશ.

નવમિકા સ્ત્રી. (જૈન) જન્મન માંહેની એ નામની એક દિક્કુમારિકા.

નવમિશ્ર ન. એક જાતનું ગાદ; ગોદાવરીદિ સર્વ ઊનાળિયા પર્વંતનું ગાદ.

નવમી ૧. [સં.] સ્ત્રી નોમઃ સુદ માસની નવમી તિથિ; પખવાડિયાનો નવમો દિવસ. ધાર્મિક કૃત્યોમાં અષ્ટમી વિદ્ધા નવમી તિથિ લેવાય છે કેટલાક માસની નવમીના જુદાં જુદાં નામ છે. જેમકે, માહ માસની સુદિ નવમીનું નામ અજાનંદા, ચૈત્ર સુદિ નવમીનું નામ રામનવમી.

૨. જિ.સ્ત્રી. નવમા ક્રમની.

નવમુસલાઙ્ગિમ [સં. નવ (નવું) + મુસલાઙ્ગિમ (નોકર)] પું. નવો નોકર

નવમુસલ્લેમ પું. હિંદુસ્તાન ઉપર હુમલો કરવા આવેલા મુસલમાનોમાંથી પાછળ રહી ગયેલ એવો કારણથી ધર્મ સ્વીકારનાર તેનો મુસલમાન.

નવમુસ્લિમ જુઓ નવમુસલ્લેમ.

નવમું [સં. નવમ] જિ. અનુક્રમે આઠમા પછીનું.

નવમેઘ [સં. નવ (નવ) + મેઘ (વરસાદ)] પું. પ્રથમનો વરસાદ; ગ્રહશાંતનો વરસાદ.

પુત્રનું મુખ પત્નીમાં નવમેઘ જોવારો ત્યારે પુત્ર વિનય ને સદ્‌ગુણ વધે.
નાનાલાલ

નવમે નાકે પું. ક્રબોટીની સત્તાવાર નામની રમતમાં નવમે દરપે બોલાતો શબ્દ.

નવય સ્ત્રી. દુર્ગા.

નવયજ્ઞ [સં. નવ (નવ) + યજ્ઞ] પું. નવા પાત્ર નિમિત્તે કરાતો યજ્ઞ.

નવયુગ [સં. નવ (નવું) + યુગ (જમાનો)] પું. નવો યુગઃ નવો જમાનોઃ નૂતન કાળઃ નૂતન યુગ. નવયુગના સાહિત્ય માટે કહેવાય છે કે, ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં અનેક સાક્ષરો પોતાના હૃદયના ઉદ્‌ગારો કાઢી રહ્યા હતા અને ભાષાને, વિચારને, શૈલીને તેમજ ત્રિભોને નવું રૂપ આપી રહ્યા હતા. આ નવા યુગમાં ગુજરાતી ભાષા ઉપર પહેલે અંશે અંગ્રેજીની ને સંસ્કૃતની તથા થોડે અંશે ફારસીની અસર થઈ છે. તેની અસર તળે અંગ્રેજીમાં ટૂંકા ટૂંકા કાવ્યખંડોનાં ભાષાંતરો થયાં છે તથા સંસ્કૃતમાંથી તો નાટકો ને કાવ્યો આખે આખાં ગુજરાતીમાં ભાષાંતર પામ્યાં છે.

નવયુગિયું [સં. નવયુગ (નવો જમાનો) + ઇય (વાળું)] જિ. નવા જમાનાનું.

ગુજરાતમાં નવીન યુગ પ્રવર્તી રહ્યો છે વગેરે ખાલી શબ્દોથી નવયુગિયા ખૂબ વાહે ચઢાવે છે.
સુવર્ણમાલા

નવયુગી [સં. નવ (નવું) + યુગ (જમાનો) + ઇન્ (વાળું)] જિ. નવા જમાનાનું.

નવયુગ્મ [સં. નવ (નવું) + યુગ્મ (જોડું)] ન. નવું જોડું.

નવયુવક [સં. નવ (નવું) + યુવક (જુવાન)] પું. નવજુવાન માણસઃ ઊગતી વયનો જુવાનિયોઃ તરુણ પુરુષ.

નવયુવતી [સં. નવ (નવ) + યુવતી (જુવાન સ્ત્રી)] સ્ત્રી. નવજુવાન સ્ત્રી.

નવયુવા [સં. નવયુવન્] પું. જુવાન માણસઃ તરુણ પુરુષઃ નવજુવાન.

નવયુવાન ૧. [સં. નવયુવન્] પું. નવજુવાન પુરુષઃ નવયુવકઃ નવી જુવાનીવાળો પુરુષ.

૨. જિ. નવી જુવાનીવાળું.

નવયોનિન્યાસ [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક જાતનો ન્યાસ.

નવયૌવન ૧. [સં. નવ (નવું) + યૌવન (જુવાની)] ન. નવું યૌવનઃ નવી જુવાનીઃ જોબન.

૨. જિ. નવજુવાનઃ તરુણ વયનું.

નવયૌવનમુગ્ધનાયકા જુઓ નવયૌવનમુગ્ધનાયિકા.

નવયૌવનમુગ્ધનાયિકા [સં.] સ્ત્રી. અંગમાં બાલ્યપણું મટી યૌવન પ્રાપ્ત થયું હોય તેવી સ્ત્રી.

નવયૌવના ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) એક જાતની મુગ્ધા.

જે મુગ્ધાના શરીરમાં યૌવનની કળા સુદિના ચંદ્ર પેઠે નવલી ભાસ તેને નવયૌવના કહે છે.

૨. [સં. નવ (નવું) + યૌવના (જુવાન સ્ત્રી)] સ્ત્રી. જુવાની હજી થતી હોય એવી સ્ત્રી; નવી જુવાનીવાળી સ્ત્રી; તાજું યૌવન આવ્યું હોય તેવી સ્ત્રી; નવયૌવનવાળી સ્ત્રી; તારુણ્યી.

નવયૌવની [સં. નવ (નવું) + યૌવની (યુવાન સ્ત્રી)] વિ. સ્ત્રી. જોબનવંતી; તાજા જોબનવાળી.

નવરચના [સં. નવ (નવું) + રચના (ગોઠવણ)] સ્ત્રી. નવેસરથી રચવું તે; પુનર્ઘટના.

નવરજસ [સં. નવ (નવ) + રજસ્ (અટકાવ)] સ્ત્રી. પહેલો વાર અટકાવેલી સ્ત્રી.

નવરતન જુઓ નવરત્ન.

નવરત્ન ૧. [સં. નવન્ (નવ) + રત્ન (કીમતી પથ્થર)] પું. નવ જાતના રત્નવાળો બજામાં પહેરવાનો એક જાતનો હાર.

૨. પું. વલ્લભાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ

૩. વ. એક જાતનું મલમનું તળ. ગૃહવિધાનમાં વીરેશ્વરાય મહેતા લખે છે કે: પંચરત્નની મૂળ ગોઠવણી ઉપર ચારે ખૂણે બાજે તેટલે ચાર ખંડ ગોઠવાય, તે તળ નવરત્ન વર્ગમાં આવે. આવી ગોઠવણી બહુ જૂજ પ્રમાણમાં પ્રચલિત છે. તાજમહાલના ચારે બાજુના મિનારા નજદીક ગોઠવાય તો જે તળ બને તે નવરત્ન વર્ગમાં આવે.

૪. વ. સ. ૧૬. અકબર બાદશાહના દરબાર મંડેના નવ મહાન પુરુષો. તે નવરત્નોને નામે ઓળખાતા. આધારરૂપ રીતે તે નવ નામો આ પ્રમાણે છે: (૧) રાજા બીરબલ, (૨) રાજા માનસિંહ, (૩) રાજા ટોડરમલ, (૪) અબુલફઝલ, (૫) ફૈઝી, (૬) તાનસેન, (૭) અબદુલરહીમ, (૮) હકીમહુમામ, (૯) મુલ્લા દોપિયાઝા. પહેલા સાત તો પ્રસિદ્ધ છે. હકીમહુમામ તે અકબરનો ધન્વન્તરિ હતો અને મુલ્લા દોપિયાઝા દરબારી વિદૂષક હોવાનું મનાય છે. કોઈ પંડિત જગન્નાથને એક રત્ન તરીકે મૂકે છે, તો કોઈ તુલસીદાસજી કે સુરદાસજીને મૂકાવે છે.

૫. વ. સ. ૧૬. નવ પ્રકારનાં રત્નો. તેનાં નામ: (૧) મુક્તા, (૨) માણેક, (૩) વૈદૂર્ય, (૪) ગોમેદ, (૫) વજ્ર, (૬) વિદ્રુમ, (૭) પદ્મરાગ, (૮) મરકત અને (૯) નીલમ. બીજા કોઈ કોઈ માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું અને નીલમ, તો વળી કોઈ કોઈ માણેક, મોતી, ગોમેદ, ઇંદ્રનીલ, પાનું, પરવાળું, પુષ્પરાજ, વૈદૂર્ય અને તોરમલ્લી પણ મૂકાવે છે. પુરાણાનુસાર આ નવરત્નમાંનું દરેક એક એક ગ્રહના દોષની શાંતિ માટે ઉપકારી મનાય છે. સૂર્ય માટે લસણિયો, ચંદ્ર માટે નીલમ, મંગળ માટે માણેક, બુધ માટે પોખરાજ, બૃહસ્પતિ માટે મોતી, શુક્ર માટે હીરો, શનિ માટે નીલમ, રાહુ માટે ગોમેદ અને કેતુ માટે પાનું.

૬. વ. સ. ૧૬. વિક્રમાદિત્ય રાજાના દરબારમાના નવ મહાપંડિતો. તેનાં નામ: (૧) ધન્વંતરિ, (૨) ક્ષપણક, (૩) અમરસિંહ, (૪) શંકુ, (૫) વેતાલ ભટ્ટ, (૬) ઘટકર્પર, (૭) કાલિદાસ, (૮) વરાહમિહિર અને (૯) વરરુચિ. એ નવ વિદ્વાનો નવરત્ન મનાય છે. આ બધા પંડિતો એક સમયે નથી થયા, પણ જુદે જુદે સમયે થયા છે. લોકોએ તે બધાને એકત્ર કરી કલ્પના કરી લીધી છે, તે બધા વિક્રમાદિત્ય રાજાની સભાના નવરત્ન હતા.

નવરત્નાવધાનપદ્ધતિ [સં.] સ્ત્રી. એ નામનું એક પુસ્તક. તે પુસ્તકમાં વિવાહના પ્રશ્નો, વૈદ્યના યોગજાતિ, સાવિત્રી વ્રતવિધાન તથા અર્ઘપ્રત્ય, સ્વસ્તિવાચન, ગણપતિપૂજન, મહરાત્રિ, પ્રતિષ્ઠાસંકલ્પ, કન્યાદાન સંકલ્પ, પતિવ્રતાધર્મ, રજસ્વલાધર્મ વગેરે અનેક વિષયોનો સમાસ કરવામાં આવ્યો છે.

નવરત્ના [સં. નવન્ (નવ) + રત્ન (મણિ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નવ રત્નોવાળી.

નવરથ પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર પ્રતીપના વંશના વિદર્ભકુળના ભીમરથનો એ નામનો દીકરો. તેને દમયંત નામનો પુત્ર હતો.

નવરસ ૧. [સં. નવન્ (નવ) + રસ (સાહિત્યનો આનંદ)] પું. વ. સ. સાહિત્યમાં પ્રસિદ્ધ શૃંગારાદિ નવ જાતના રસ; કાવ્યશાસ્ત્રમાં વર્ણવેલા નવ રસ. તેનાં નામ: (૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) કરુણ, (૪) રૌદ્ર, (૫) વીર, (૬) ભયાનક, (૭) બીભત્સ, (૮) અદ્ભુત અને (૯) શાંત

૨. વિ. તાજું

૩. વિ. સુંવાળું.

નવરસલીલા [સં. નવન્ (નવ) + રસ (બ્રહ્મનો આનંદ) + લીલા (વિલાસ)] સ્ત્રી. નવે રસ મિશ્રિત આનંદ; બધા પ્રકારનો આનંદ.

જ્યાં ભુજસકિશોર છે, ત્યાં નવરસલીલા નિત્ય નવી. દયારામ

નવરસીદા ૧ [ફા.] વિ. તાજું

૨. વિ. સુંવાળું

નવરંગ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૮ લઘુ અને ૧૨ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

આંહીં ભુક્તિ તણી ગતિ બહુ રે,
નવરંગની રચના આવી રે.
દયારામ

૨. પું. નાગરિકોના માહેનો એ નામનો એક વર્ણમેળ છંદ.

૩. વ. એક જાતનું પક્ષી. તે ગોમાસામાં સ્થળાંતર કરે છે

૪. વિ. તાજું રંગેલું; નવા રંગવાળું.

૫. વિ. નવા ઢંગનું; નવી શોભાવાળું.

૬. વિ. બોલકું; લલિત; સ્વરૂપવાન; સુંદર; સુશોભિત.

બહુ ઝાઝી કાયા, નહીં નવરંગ પાઘ.
પ્રબોધચિંતામણી

નવરંગી ૧ સ્ત્રી. નવા રંગવાળી સ્ત્રી; જોબન અને ઘાટવાળી સ્ત્રી; ઊભડબીલા બૈરી, ગુમાની સ્ત્રી.

૨. [હિં.] સ્ત્રી. નારંગી.

૩. સ્ત્રી. હાડલી; હાલ્લી.

હાલ્લી ઘડતાં આવડે નહિ ને નવરંગીનું ખ્યાનું માગે. લોકોક્તિ

૪ વિ. ઊભડબીલું

૫. વિ. જુદા જુદા રંગનું; નવા નવા રંગવાળું; વિવિધ રંગવાળું.

૬. વિ. હમેશા નવો નવો આનંદ કરનાર.

૭. વિ. હસમુખું; ખુશમિજાજી.

નવરંગીલું ૧. વિ. ઊભડબીલું

૨. વિ. નવા નવા રંગવાળું.

વિચારથી બનતાવિણી નવરંગીલી શું વરણી. લલિત

૩. વિ. હમેશા નવો નવો આનંદ કરાવનાર એવો.

૪. વિ. હસમુખું.

નવરંગ [સં. નવન્ (નવ) + રંગ (રાગ)] વ. સ. ૧૬. નવ ભિન્ન.

એ ગઢમાં નવરંગ છે. દે.સરી

નવરા ૧. [અ.] પું વરરાજા.

૨. [હિં.] વ. નોળિયો.

નવરાઈ સ્ત્રી. નવરાશ; ફુરસદ; નિવૃત્તિ; અવકાશ; નવરાપણું.

નવરાત જુઓ નવરાત્ર.

નવરાતરે જુઓ નવરાત્ર.

નવરાતા [હિં.] સ્ત્રી નવરાત્ર. જુઓ નવરાત્ર.

નવરાત્ર ૧. [સં. નવન્ (નવ) + રાત્રિ (રાત)] પું. ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો આસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે

છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે. કેટલાક લોકો નવરાત્રમાં વ્રત પણ કરે છે. ઘટસ્થાપન કરનારા આઠમ કે નોમને દિવસે કુમારીકાભોજન પણ કરાવે છે. આ ભોજનમાં બેથી દસ વર્ષની ઉમરની નવ કુમારિકાઓ હોય છે. આ કુમારીઓનાં કલ્પિત નામ પણ છે. જેમકે, કુમારિકા, ત્રિમૂર્તિ, કલ્યાણી, રોહિણી, કાલી, ચંડિકા, શાંભવી, દુર્ગા અને સુભદ્રા. નવરાત્રમાં નવ દુર્ગામાંથી નિત્ય ક્રમવાર એક એક દુર્ગાનું દર્શન કરવાનું પણ વિધાન છે.

૨. પું. નવ દિવસ સુધી ચાલતો પ્રાચીન કાળનો એક જાતનો યજ્ઞ.

૩. પું. નવું અન્ન પાકવાથી ખુશાલીનો થતો એક ઉત્સવ.

૪. પું. ચૈત્ર, ચૈત્ર, અષાઢ અથવા આશ્વિનમાં સુદિ પડવાથી નોમ સુધીના નવ દિવસ; માતાજીની પૂજાના નવ દિવસ.

૫. ન. નવરાત્રિ ચાલે તેવું વ્રત.

નવરાત્રારંભ [સં. નવરાત્ર (નવરાત્રિ) + આરંભ (પ્રારંભાત)] પું. નવરાત્રિનો પ્રથમ દિવસ; નોરતાંનો પહેલો દિવસ.

નવરાત્રિ જુઓ નવરાત્ર.

નવરાત્રી જુઓ નવરાત્ર.

નવરાવવું ૧. [સં. स्ना (નાહવું)] સ. ક્રિ. નવડાવવું; સ્નાન કરાવવું; નહાણ તેમ કરવું.

૨. સ. ક્રિ. નુકસાન કરાવવું; બાકામાં ઉતારવું. નવરાવી નાખવું = (૧) ના પાડવી; આશા ભાંગી નાખવી. (૨) નુકસાનમાં ઉતારવું.

૩. સ. ક્રિ. ઓળવીને ઉતરવું; કરવું.

નવરાશ [નવરું (ફુરસદવાળું) + આશ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. કામકાજ ન હોય એવો વખત; ફુરસદ; અવકાશ; નિવૃત્તિ; નવરાઈ. કોઈ કામ કરવાનું ન હોય અથવા તો કામ બંધ કરવું હોય અથવા બંધ રાખ્યું હોય ત્યારે તે વખતને નવરાશ કહે છે. નવરાશ કામનો અભાવ જણાવે છે. ફુરસદ કામનો અભાવ જણાવતી નથી ફુરસદવાળાને કામકાજ છે જ, પરંતુ નવરાશવાળાને કામ બિલકુલ નથી.

વિદ્યાપીઠના પંડિતો નવરાશનો વખત પત્રાવળી તૈયાર કરવામાં ગાળતા. મહેસાણા

નવરાશિક ૧. [સં. નવન્ (નવ) + રાશિ (સંખ્યા) + ઇક (વાળું)] પું. (ગણિત) નવ પદવાળો દાખલો.

૨. વિ. નવ રાશિવાળું.

નવરાષ્ટ્ર ૧. [સં.] પું. ઔશીનર રાજાનો એ નામનો એક દેશ.

૨. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ. સહદેવે દક્ષિણ તરફ દિગ્વિજય કરતી વખતે આ દેશ જીત્યો હતો.

૩. ન. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નગરી

નવરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ; નેવરી તેને પીળા રંગનાં ફૂલ આવે છે. તેનાં પાનની ચટણી થાય છે. તેને ખટમોરી કહે છે.

૨. [અ.] સ્ત્રી. કન્યા.

૩. વિ. સ્ત્રી. કામકાજ વગરની.

નવરીનું વિ. કામકાજ વગરનું. ગાળ તરીકે વપરાય છે.

નવરું ૧. વિ. આળસુ; નિરુદ્યમી.

૧. નવરો બેઠો નખોદ વાળે = જેને કામધંધો ન હોય તે ઓટાં કામ કરે. ઓટાં કામ કર્યાં કરવાં તે નવરાની નિશાની છે.

૨. નવરો વાણિયો કાટલાં સાંધે = ઉદ્યોગી માણસને કામ ન હોય તોપણ કામ કાઢે અર્થાત્ ઉદ્યોગી વાણિયો કંઈ કામ ન હોય તો કાટલાને સાંધી જુએ કે જોખી આપવામાં અને લેવામાં પોતાના લાભમાં કયું કાટલું વાપરવું તે સમજવા.

૩. નવરો હજામ પાડા મૂંડે–નવરા હાથ તબળાં તોડે કે વાળ ઊપાડે = કામ વગરનું માણસ જે તે ખોટું કામ કર્યા કરે.

૨. [સં. નિવૃત્ત] વિ. કામકાજ વગરનું; બેકાર; ધંધા વિનાનું.

૩. વિ. કામથી કારગત; નહિ કામે લાગેલું. કામ કરવું બંધ રાખ્યું હોય એવું.

૧. નવરા થવું = નિરાંત મેળવી; શાંતિ મેળવવી.

૨. નવરે દીએ ઘડવું = બહુ સારે બનાવેલું હોવું.

૪. વિ. નકામું.

૫. વિ. પરહેલું નહિ તેનું; કુંવારું.

નવરૂંઝોક વિ. નિકામું કામ વગરનું; ખૂરતી નવરાશવાળું.

નવરૂસ્તા [જ્ઞા. નવ (નવું) + રૂસ્તા (ઉગેલ)] વિ. ભુવાન.

નવરો ૧. [સં.] પું. વર; પતિ; ધણી.

૨. વિ.પું. આળસુ; નિરુદ્યમી.

૩. વિ પું. કામ વિનાનો; ધંધા વગરનો; બેકાર.

૪. વિ.પું. કામથી કારગત નહિ કામે લાગેલો; કામ કરવું બંધ રાખેલ હોય તેવો.

૫. વિ પું. નકામો.

૬. વિ પું. નહિ પરણેલો; કર્યા વગરનો.

નવરોજિકા પું (સંગીત) એ નામનો એક રાગ. તે ભિન્નષડ્જ આઠમાંથી ઉત્પન્ન થાય છે. કેદાર અને મલ્હારના મિશ્રણથી તે બને છે. રાતના બીજા પ્રહરે તે ગવાય છે.

નવરોજ જુઓ નવરોઝ.

નવરોજનું સ. નવા સંવતનો દિવસ.

નવરોઝ ૧. [જ્ઞા. નવ (નવીન) + રોઝ (દિવસ)] પું. અકબરના વખતમાં ઊજવાતો એક જાતનો મેળો.

નવરોઝનો વસંતોત્સવ આવે છે ને ? બાદશાહ બાનૂએ પહેલો વસંતોત્સવ છે.
જહાંગીર નૂરજહાં

૨. પું. એક જરથોસ્તી તહેવાર; પારસીઓનું બેસતું વર્ષ. આ તહેવાર ફરવરદીન મહિનાની પહેલી તારીખે એટલે તા. ૨૨મી માર્ચે આવે છે. અગાઉ પારસી લોકો આ દિવસથી વરસ બદલતા હતા.

૩. પું. વસંત ઋતુમાં આવતો એકસરખા માનનાં રાત્રિદિવસવાળો દિવસ; ૨૧મી માર્ચનો દિવસ. આ દિવસે રાત્રિ અને દિવસ સરખાં હોય છે.

નવરોઝી વિ. જરથોસ્તી નવા વર્ષને લગતું.

નવરો બાબર પું. તદ્દન નવરો માણસ.

નવર્ચ [સં.] વિ. નવ ઋચાવાળું એક સૂક્ત.

નવર્ઈ ૧. [જ્ઞા.] સ્ત્રી. વાડો.

૨. સ્ત્રી. મુસાફરી કરવું.

નવર્યા [સં. નૌકા] સ્ત્રી. હોડી.

નવલ ૧. પું. (પિંગળ) એક સમમાત્રિક છંદ. તે સવૈયા છંદનો ભેદ છે. તેમાં ૪૪ મૂંઠ અને ૩૬ લઘુ મળી ૮૦ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે

૨. [અ. નેવલ (વહાણ)] પું વહાણવાળાને દેવામાં આવતું માલનું ભાડું.

૩. સ્ત્રી આશ્ચર્યકારક બીનાનો નવાઈ ભરેલી વાત.

૪. સ્ત્રી. નવલકથા; વાર્તાની ચોપડી; 'નોવેલ.' નોવેલને માટે આપણે નવલ શબ્દ યોજ્યો. તેની સામે પણ વાંધો તો હતો જ, કારણકે નવલનો અર્થ થાય છે માત્ર નવું (વિશેષણ). તે વાર્તાના અર્થમાં શી રીતે વપરાય ? હજ પણ નવીન સમાચાર લખનારે બે અર્થમાં કેટલાક નવલ વિશેષ શબ્દ વાપરે છે. પ્રસ્થાન

૫. વિ. અદ્ભુત; વિચિત્ર; આશ્ચર્યકારક.

૬. વિ. ભુવાન; નવયુવાન

૭. [સં. नव] વિ. નવું; નવીન; નૂતન.

૮. વિ શુદ્ધ; સાદું; સ્વચ્છ.

૬. વિ. સુંદર.

નવલ અનંગા જી. (કામ્ય) જેના શરીરમાં નવો જ અનંગનો પ્રવેશ થયા હોય એવી જાતની મુગ્ધા નાયિકા.

નવલ અનંગા મુગ્ધા નાયિકા જી. (કામ્ય) પણી રસોથી પણ કામક્રીડાથી ત્રાસ પામતી જો.

નવલકથા [સં. નવલ (અદ્ભુત) + કથા (વાર્તા)] જી. મઢમા સાંભેલી કલ્પિત વાર્તા; નવી તાર્કિક સાંસારિક કથા. કોલેરિજની માન્યતા મુજબ નવલ પદ અંગ્રેજી નોવેલ ઉપરથી ઉપજાવેલું છે અને સંસ્કૃત શબ્દ નવલ એટલે નવુંનો આભાસ તેને આપી દેવામાં આવ્યો છે. અંગ્રેજી નોવેલ શબ્દ ઇટાલિયન Novella એટલે વાતવૃત્તાંત ઉપરથી થયો છે. આ નવલ શબ્દમાંથી નવલિકા એટલે ટૂંકી વાર્તા થયો છે. મરાઠીમા કાદમ્બરી, બંગાળીમાં ઉપન્યાસ અને હિંદીમાં મઢપ શબ્દ ઉપરથી ગુજરાતી નવલકથાના જેવુ જ સ્વરૂપ થાય છે. નવલકથાઓ મનોરંજનને અર્થે લખવામા આવે છે નવલકથાના પ્રયોગ ઉપર પાશ્ચાત્ય કાને બહુ અસર કરી છે. આ નવલકથાઓ અર્વાચીન સાહિત્યમા બે પ્રકારની માલમ પડે છે: કેટલીક માત્ર કલ્પનામય અને કેટલીક ઐતિહાસિક સ્વરૂપની હોય છે. અને વિદ્વાનના ઉત્તમ નમૂનાઓ કરણ ઘેલો, વનરાજ ચાવડો અને સરસ્વતીચંદ્ર છે. નવલકથાના ક્ષેત્રમાં કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં પુસ્તકો વાચકોમાં અતિપ્રિય થયા છે. કરણ ઘેલો નામની એક જ ઐતિહાસિક નવલકથા નંદશંકરે લખી છે, છતાં કૃતિ એટલી સરળ નીવડી છે કે ગુજરાતના આદ્ય નવલકારનુ માન તેને ભળ્યુ છે.

નવલકથાકર જુઓ નવલકથાકાર.

નવલકથાકાર [સં. નવલ (નવું) + કથા (વાર્તા) + કાર (કરનાર)] પું. નોખી કાઢેલી વાત કરનાર માણસ; નવલકથાનો લેખક.

નવલકાર જુઓ નવલકથાકાર.

નવલકિશોર [સં.] પું. કૃષ્ણચંદ્ર.

નવલકોર ન. એ નામનો એક વિલાયતી ઝાડપાલો. તેનાં બી ગોમાસાની લઢ્ઢાતથી બરફા ડિયાળા મુદીમાં વપરાય છે.

નવલક્ષણ ૧. [સં. નવ (નવું) + લક્ષણ (ચિહ્ન)] ન. નવું લક્ષણ.

> નવલક્ષણ અવસ્થામાં હોમેલા ગાયનુ જ દોય છે અને તેનું અમૃતક નિરાકરણ એ ઉત્કાલિના અભ્યાસનો વિષય છે. પ્રાણવિદ્યાનું રેખાદર્શન

૨. [સં. નવન્ (નવ) + લક્ષણ (ચિહ્ન)] ન. ન. ૬. પરમેશ્વરના નવ લક્ષણ.

નવલખ ૧. વિ. અમૂલ્ય; કીમતી.

૨. વિ. ઘણું; અસંખ્ય; અગણિત.

> તો લહમાં જ છે, રાજેન્દ્ર! પ્રભુનાં મંદિર રે દેહના મહેલ નવલખ લાલચોની સામે.
>
> જયાજયંત

૩. [સં. નવન્ (નવ) + લક્ષ (લાખ)] વિ. નવ લાખ; ૯,૦૦,૦૦૦.

૪. વિ. નવ લાખ જેવું મૂલ્ય થાય કે હોય એવું; નવ લાખની કીમતનું.

૫. વિ. નવ લાખની મૂડી કે આવકવાળું.

નવલખાનું [સં. નવન્ (નવ) + લક્ષણ (ચિહ્ન)] વિ. નવ જાતનાં લક્ષણવાળું.

> ઘરે બધુ ત્યાં કરે વિચાર,
> તે દીઠી નવલખાણી નાર.

નવલખી ૧. [સં. નવન્ (નવ) + લક્ષ (લાખ)] વિ. નવ લાખની મૂડીવાળું; લક્ષાધિપતિ; લાખોની મિલકતવાળું.

૨. વિ. જી. નવ લાખની કીમતવાળી.

> નવલખી હવેલી = (૧) જોવા, કેદખાનુ. (૨) નવ લાખની હવેલી.

નવલખું ૧. વિ. અમૂલ્ય.

૨. વિ. ઘણું મોટું.

૩. [સં. નવન્ (નવ) + લક્ષ (લાખ)] વિ. નવ લાખની કીમતનું.

૪. વિ. નવ લાખની મૂડી, પુંજી કે આવકવાળું.

૫. વિ. પૈસાદાર.

નવલખો ૧. પું. ઊંચી કીમતનો બગલો.

૨. પું. એ નામનો એક દેવતાર્ય પર્વત. તે હિમાલયની બાજુમાં આવેલો મનાય છે. તેના ઉપર નવ લાખ જોગી કાળાંતરના તપ કરતા હતા. તેને સ્વામીનારાયણ પ્રભુએ દર્શન આપી કૃતાર્થ કરી અક્ષરધામ પહોંચાડ્યા એવી માન્યતા છે.

> પછી નવલખે પર્વત પધારીયા રે,
> બહુ જોગી મુક્ત બધાર્યા રે,
> જોગી નવ લાખ જોઈ દર્શન રે,
> થયા નાથ વિરખીને મગન રે.
>
> નિષ્કુળાનંદ

૩. વિ. પું. નવ લાખ કોરી કે રૂપિયાની કીમતનો.

નવલખો બાગ પું. અમદાવાદ શહેરથી ત્રણ ગાઉને અંતરે આવેલ એ નામનો એક બાગ. આ બાગ મહમદ બેગડાએ કરાવ્યો હતો. તેમાં ૬,૦૦,૦૦૦ આંબા, રાયણ અને આમળાનાં ઝાડો રોપાયાં હતા, તેથી એને નવલખો બાગ કહેવામા આવ્યો.

નવલગ્રંથાવલિ જી. સાક્ષર નવલરામ લક્ષ્મીરામે લખેલ લેખો અને પુસ્તકોનો સંગ્રહ.

નવલગ્રંથાવલી જુઓ નવલગ્રંથાવલિ.

નવલતા [સં. નવલ (નવું) + તા (પણું)] જી. નવીનતા; નવીનપણું.

> એવી સૃષ્ટિ રચનાની નવલતા છે.
>
> શીતારહસ્ય

નવલનિચોર વિ. નવીન વસ્ત્ર પહેરનાર; નવાં નવાં વસ્ત્રો પહેરનાર.

> નવરીત નવલનિચોર કાજે કાજે હુટે રૂપ ઝોર.
>
> પ્રેમાનંદ

નવલપચીશી જી. એ નામની ઉખાણાની એક ચોપડી.

નવલપચીસી જુઓ નવલપચીશી.

નવલપન્ચીશી જુઓ નવલપચીશી.

નવલપન્ચીસી જુઓ નવલપચીશી.

નવલમાલા [સં. નવલ (નવલકથા) + માલા (હાર)] જી. નવલકથાની પુસ્તકમાળા.

> ૬. પુનરપી નવી ઐતિહાસિક નવલમાલાના આ પહેલા મણકાને અમે સહર્ષ વધાવીએ છીએ.
>
> કૌમુદી

નવલમુગલ [સં. નવલ (નવું) + મુગલ (મોહું)] ન. નવુ મોહું; નવાઈનો.

નવલરંગ ૧. [સં. નવલ (નવું) + રંગ] પું. નવો રંગ.

૨. વિ. નવા નવા રંગ ધારણ કરનાર.

નવલરંગી [સં. નવલ (નવું) + રંગિન્ (રંગવાળું)] વિ. નવા નવા રંગવાળું.

નવલરામ પું. ગુજરાતી સાહિત્યમાં અવલોકન કરનાર તરીકે પંકાયેલ એ નામનો એક સાક્ષર. આદ્ય વિવેચક તરીકે કીર્તિ મેળવનાર નવલરામનો જન્મ ઈ. સ. ૧૮૩૬માં સુરતમા થયો હતો. તેના પિતાનું નામ લક્ષ્મીરામ. તે જ્ઞાતે વીસનગરા નાગર બ્રાહ્મણ હતા. બાળવયથી તેને એકાંતમાં રહેવાનું પસંદ હતું. સુરતમાં મામકી નિશાળે ભણવાનું શરૂ કરી આગળ વધી તેણે કુમારાશ્રમ મહેતાજીવાળી નિશાળમા પ્રવેશ કરેલો. ત્યારી હાઈ સ્કૂલમાં દાખલ થઈ ને ૧૮૫૩માં અભ્યાસ પૂરો કર્યો અને તે સંસારસાગરના વિદ્યાર્થી બન્યા. ગુજરાતી અભ્યાસ પૂરો કર્યો તે વખતે નવલરામે ભૂમિતિ તથા બનસ્પતીશરસ્વતા વિષયમા પ્રાવીણ્યતા મેળવી હતી. સને ૧૮૫૪માં તેણે સુરતની અંગ્રેજી હાઈ સ્કૂલમાં ૬૪ રૂપિયાના પગારથી નોકરી લીધી. ત્યારી બઢતાં બઢતાં છેક રાજકોટ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે બસો રૂપિયા સુધી એ પહોંચેલ. સને ૧૮૬૭–૬૮માં ગ્રંથકાર થવાની હોંશ તેને નવું ઉત્તેજન આપવા લાગી. અનેક પ્રકારની

માનસિક પ્રવૃત્તિઓને પરિણામે આખરે મોલિયરના મોક હોકટર ઉપરથી ઘટનું ઓપાળું નામે ગુજરાતી રૂપાંતર પ્રસિદ્ધિમાં મૂકયું. તેમાં હાસ્યરસની ભૂમિકા છે અને સંસારસુધારો તેનું પ્રયોજન છે. આ વખતે કવિ નર્મદની સાહિત્ય તથા સુધારાપ્રવૃત્તિની સત્તા તેના મન ઉપર પ્રબળ થઈ હતી. સને ૧૮૬૯માં તેણે વીરમતી નાટક ભજવાર પાડયું. તેમાં દીર્ઘસૂત્રી સવાદો અને ઠઠ્ઠાકીક અપ્રસ્તુત તથા ક્લિષ્ટ કવિતાઓથી રસમાં ક્ષતિ આવી ગઈ છે, છતાં તેમાં સમર્થ, વિદ્વત્તાભાળો, જન સ્વભાવને આલેખવાની કુશળતાનો લેખક ઠગમે ઠગલે જણાઈ આવ્યા વિના રહેતો નથી. સને ૧૮૭૦માં અમદાવાદની ટ્રેનિંગ કોલેજના વાઇસ પ્રિન્સિપલ તરીકે તે નિમાયા તેને અંગે ગુજરાત શાળાપત્રનું તંત્રીપદું એના હાથમાં આવ્યું તથા બાળવિવાહ નિષેધક મંડળીનું મંત્રીપદું તેણે સ્વીકાર્યું. મેઘદૂતનું નવા જેમ છંદમાં આપાંતર, બાળલગ્ન બત્રીશીની અરબીઓ, પ્રેમાનંદના મામેરાની સટીક આવૃત્તિ, પ્રેમાનંદ ઉપર વિવેચન વગેરે એના લેખો અહીં ગણાવ્યા અને તે મારફત તેની નિઃસ્પૃહવૃત્તિ, રસજ્ઞતા તથા ઉદ્યોગ લોકપ્રસિદ્ધિમાં આવ્યાં. અમદાવાદમાંથી તેને બદલીકરનું પદ પ્રાપ્ત થયું. તેની સાક્ષરતા અંગ્રેજ સ્ત્રી સને ૧૮૭૬માં તેને રાજકોટની ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપલનું પદ મળ્યું. ત્યાર પછી કેટલ વિચારો તેનામાં ઉદય પામવા લાગ્યા. ભાળ મરણાવળી રચી, મહમાં ઇંગ્લંડનો ઇતિહાસ લખ્યો અને ભાષીનો સમય ગ્રંથપરીક્ષામાં પસાર કરવા લાગ્યા. તેનાં બીજાં પ્રસિદ્ધ લખાણોમાં આકરણ, શિક્ષણ પદ્ધતિ, ગોખણ, શારીરિક કેળવણી, ભાષા, જોડણી વગેરે તરેહ તરેહના ઉપયોગી વિષયો ઉપરનાં લખાણો છે. એ બધું છતાં તેની કીર્તિ એક ઉત્તમ શાસ્ત્રીય અને સાહસી વિવેચક તરીકે વિશેષ દઢ રહી છે. નવલરામનું મત તથા પક્ષ નથી જાત પાડે છે તે પણું કરેલ, સચોટ અને અસંદિગ્ધ છે. ગુણદોષની તુલના કરવા એ બેસે છે ત્યારે એ પક્ષપાત કરતા નથી. સંસારસુધારો, રાજકીય ઉન્નતિ ફેલોશિપ, સાહિત્યસભા વગેરે માનવજીવનને સ્પર્શ કરતા દરેક વિષય ઉપર તેણે ઘણું લખ્યું છે. ગોવર્ધનરામ કહે છે તેમ નવલરામમાં સર્વ રોદ્રોનાં દ્વાર ઉઘાડાં, વખત સાચે વહેવું, જ્ઞાનભંડાર અને સમતુલાવૃત્ત એ ગુણો હતા. નવલરામ એ પ્રથમ કવિ અને પંડિત અને પછી વિવેચક અર્થાત્ કવિ તથા પંડિત હતા, માટે જ તે વિવેચક થયા.

નવલરામ નર્મદાશંકર કરતાં વિશેષ ઠરેલ હોવાથી આરંભથી જ જે વિચાર તેણે જાળ્યા તે ઉંમર સુધી મોટે ભાગે કાયમ રહ્યા. નવલરામ ઊછરતા લેખકોનાં પુસ્તકોનાં અવલોકન જે નોંધ લખતા ત્યારે તેને પ્રેરણા આપવાનો તેનો સદ્હેતુ એ વ્યક્ત કરતા. એનો તેને સતત ઉપદેશ હતો કે અભ્યાસ, અવલોકન અને અનુભવ એ ગ્રંથકાર બનારનું તેજ છે અને તે વિના એકલી વધતા પ્રમાણની બુદ્ધિ દીવાસળીની પેઠે તરત હોલવાય છે.

નવલવધૂ [સં.] સ્ત્રી. (કાવ્ય) એક જાતની મુગ્ધા નાયિકા. જે મુગ્ધાને નવીન વધૂપણું પ્રાપ્ત થયેલું હોય તેને નવલવધૂ કહે છે.

નવલવધૂ મુગ્ધા નાયિકા જુઓ નવલવધૂ મુગ્ધા નાયિકા.

નવલવધૂ મુગ્ધા નાયિકા [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; કાંતિ દિવસે દિવસે વધતી જતી હોય તેવી સ્ત્રી.

નવલવલ્લી [સં.] સ્ત્રી. એ નામની એક જાતની સુંદર વેલ.

નવલવાદી [સં. નવલ (નવું) + વાદિન્ (વાદનું)] વિ. નવમતવાદી.

નવલવિશેષ વિ. નવીનતા નવું.

નવલવિહારી ૧. [સં. નવલ (નવું) + વિહારિન્ (વિહાર કરનાર)] પું. પ્રભુ; પરમેશ્વર.

૨. વિ. નવા નવા ખેલ કરનાર.

નવલશા પનેત્તર જુઓ નવલશા હીરજી.

નવલશાહી ૧. સ્ત્રી. ઉદારદિલ; ખોટી ભાદશાહી.

૨. વિ. સાહુકાર; ધનવાન; પૈસાદાર; ધનિક.

નવલશા હીરજી પું. ઇંગ્લંડથી; કોલેજવાર ઉડાઉ; રોકાઈનો ગ્રોસ બાલનાર; બોતાળ; બોજ નકિ તે છતાં અપકો કરનાર. બોતાળ પુરુષને માટે મરઠમાં આ શબ્દ વપરાય છે. સાધારણ માણસ મોટા માણસ જેવી વર્તણૂક ચલાવે તેને માટે મરઠમાં કહેવામાં આવે છે. તેને નવલશા પનેત્તર પણ કહેવામ છે. આવી જાતનો સુરત તરફ એ નામનો એક માણસ થઈ ગયો, જેણે રોકાઈનો ખૂબ ગ્રોસ કર્યો હોવાનું મનાય છે.

નવલા [સં.] સ્ત્રી. નવીન સ્ત્રી; તરુણી; જુવાન સ્ત્રી.

નવલા ભત પીધું પડયું, સ્નેહ કંથ આવે ઝટી;
ઉતાવ રાખી મુજ નિરખતી, આલોલ જેવી રહી
ગંગારામ

નવલાક્ષ પું. ઇંગ્લંડથી; નવલશા હીરજી.

આ નવો બાનારા નવલાક્ષોએ બે ગામમાં વહેંચાઈ જવા. રોરસોદર અને રોરબંદર

નવલાંગી [સં. નવલ (નવું) + અંગિન્ (અંગવાળું)] સ્ત્રી. યુવતી; તરુણી.

નવલિકા [સં.] સ્ત્રી. નાની નવલકથા; ટૂંકી વાર્તા.

એક પલાંઠીએ ધ્યાનના એક જ કર્મમાં જોઈ લેવાય તે નવલિકા. ત્રણેક કલાકથી આખા દિવસ સુધીની બેઠકોવા માટે તે નવલ, એથી લાબી તે મહાનવલ. બળવંતરાય ઠાકોર

નવલિકાકાર [સં.] પું. નવલિકા લખનાર; ટૂંકી વાર્તા લખનાર.

નવલિકાકાર બાણ જેવી ચોટો નથી કરતો, એ તો માનવીના હૃદયના ગુપ્ત ભાવો, દિલનાં દર્દો, કુદરતની અગમ્ય લીલા અને ભગવાનની અદ્ભુત સર્જનકલાનાં ચિત્રો આલેખે છે.
ઠીમુરી

નવલિકા સંમેલન ન. નવલિકા લખનારાઓનું એકત્ર થવું તે.

પ્રથમના હિંદી સાહિત્ય પરિષદના પ્રમુખપણે સને ૧૯૩૫ની સાલ પૂરી પડિયાને દિવસે એક નવલિકા સંમેલન ભરાયું. ઠીમુરી

નવલી ૧. સ્ત્રી. એ નામની એક જાતની વેલ, તેનાં પાંદડાં દ્રાક્ષ જેવાં ઢોળ છે. તેને પીળાં ફૂલ આવે છે. પશ્ચિમ ઘાટમાં ટેકરાળ પ્રદેશમાં ઠરિયાકાંઠે તે ઊગે છે.

૨. સ્ત્રી. જુવાનીમાં નવા યૌવનવાળી.

કીધું કયારે મુગ્ધલગ્નમાં માન બંદરને ત્યાં,
સોળે સોળે નવલી વયણી શોર્ય કાજા ધરે ત્યાં.
પીરજી

નવલું ૧. વિ. અદ્ભુત; અલૌકિક.

વસો આ અપ્સરા લીલ રમેલનાં-બહાચર્યનાં,
પુરાણું-નવલાં ત્હોને પાળેલા પુરુષવર્મના
નાનાલાલ

૨. વિ. તરેહવાર; અનનું

રૂડી અમરે આશા કેરી વાદળી રે,
એમા નવલા પુરુષ પ્રકારા.
ગુપ્તસુંદરીનું રાસ

૩. વિ. નવરંગી.

૪. [સં. નપુ (નકુ)] વિ. નપુ; તાબું.

નવલો ૧. [સં. નવ (નવું) + વર (પતિ)] પું. ધણી; વર; પતિ.

૨. સ્ત્રી. બ વ નવલશાઓ.

નવલોઢિયાળ વિ. નવા બોઠીનું; નવતા બોઠીનું; જુવાન.

નવલોઢિયું ૧. વિ. અબોધ.

તેનામા નવલોઢિયા કુમારનો ઉત્સાહ રેડાઈ ગયો નવલખા

૨ વિ. જુવાનના જેવા સ્વભાવનું; ઉંમર સ્વભાવનું.

૩. વિ. જેને બહુ સારાસાર વિચાર થાય નહિ એવું; ઉતાવળું; ઊભરતું; નવજુવાન.

૪. વિ. નવા વિચારવાળું.

રમણભાઈ જેવા નવલોહિયા તરછ સામે ઊતરીને બે જ કુસુમ માતાને ધરી ટોચે મૂકે જ.
ગુ. સા. પરિષદ

૫. વિ. નવું લોઢું જેનામાં ભરાયું હોય તેનું. નવા લોઢીનું, ચડતા લોઢાનું.

નવલોહું જુઓ નવલોહિયું.

નવવધૂ ૧. [સં. નવ (નવું) + વધૂ (વહુ)] સ્ત્રી. તાજેતરમાં પરણેલી સ્ત્રી; નવી વહુ; નવોઢા.

અજ્ઞાન ભામડી જે નવવધૂ બનીને આવે છે, તે રજનું ગજ કરી પતિના કાન ભરે છે.
દિનચર્યા.

૨. સ્ત્રી. નવી આવેલી દીકરાની વહુ.

૩. સ્ત્રી. રજ થઈ ગયો હોય તેવી ગોકરી.

નવવરિકા [સં.] સ્ત્રી. તાજી પરણેલી સ્ત્રી; નવોઢા.

નવવર્ષ ૧. [સં. નવન્ (નવ) + વર્ષ (દેશ)] પું એરિયાના નવ મુખ્ય દેશ-નવખંડ. ઉત્તરકુરુ, હિરણ્મય, રમ્યક, ભદ્રાશ્વ, કેતુમાલ, હરિવર્ષ, કિંપુરુષ, ભારત અને ઇલાવૃત એ નવખંડ પ્રાચીનમાં આવેલા છે.

૨. [સં. નવ (નવું) + વર્ષ] પું. નવું વર્ષ.

૩. પું. નવો વરસાદ.

નવવર્ષા [સં.] સ્ત્રી. વરસાદની શરૂઆત.

આજે ચૈત્રનાના કુવારા છે; જ્યારે નવવર્ષાની વાદળીઓ છે.
નાનાલાલ

નવવલ્લભ ૧. [સં. નવ (નવું) + વલ્લભ (પતિ)] પું. નવો પતિ; નવો પરણી.

૨. ન. એક જાતનું અત્તર; ઢાકાનું.

૩. વિ. નવાને વહાલું.

૪. વિ. નવું જેને વહાલું હોય એવું.

નવવસ્ત્ર ૧. [સં. નવ (નવું) + વસ્ત્ર (કપડું)] ન. નવું કપડું; નહિ ધોયેલું વસ્ત્ર.

૨. વિ. નવા વસ્ત્રવાળું

નવવાડ (નવવાડ) સ્ત્રી. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલન માટે પાળવાના નવ નિયમો. નવ નિયમ: (૧) વસતી એટલે સ્ત્રી, પશુ, નપુંસક વસતાં હોય તેવા સ્થાનમાં બ્રહ્મચારીએ વસવું નહિ. (૨) કથા એટલે સ્ત્રીના સૌંદર્ય, શૃંગાર, હાવભાવનું વર્ણન આદિ વિષયવર્ધક વિકથા કરવી નહિ. (૩) આસન એટલે સ્ત્રી સાથે એક આસને બેસવું નહિ. જે સ્થાને સ્ત્રી બેઠેલી હોય ત્યાંથી ત્રે ઊઠ્યા પછી બે ઘડી સુધી તે આસને બેસવું નહિ. (૪) ઇંદ્રિયનિરીક્ષણ એટલે સ્ત્રીના અંગોપાંગ વિષયબુદ્ધિથી જોવાં નહિ. (૫) કુડ્યાંતર એટલે સંસારીના મકાનથી એક ભીત કે બારણાંથી આંતરેલ મકાનમાં રહેવું નહિ. (૬) પૂર્વક્રીડા એટલે સંસારાવસ્થામાં ભોગવેલ ભોગોનું સ્મરણ કરવું નહિ. (૭) પ્રણીત એટલે ઘીમેલા સરસ કામોત્તેજક ખોરાક લેવો નહિ. (૮) અતિ આહાર એટલે સૂકાથી અધિક આહાર કરવો નહિ, અને (૯) વિભૂષણ એટલે સ્નાન, મજન, વિલેપન, કુમારાદિ વડે શરીરની વિભૂષા કરવી નહિ.

નવવાણિયું વિ. નવી વાણી ઉચ્ચારનારું.

નવવારિ [સં. નવ (નવું) + વારિ (પાણી)] ન. નવું પાણી; વરસાદનું આવેલ નવું પાણી.

નવવાસુદેવ [સં.] પું. (જૈન) વાસુદેવની પદવી ધારણ કરનાર નવ પુરુષ. દરેક ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળમાં નવ વાસુદેવ થાય છે. આવું અવસર્પિણી કાળમાં થયેલ નવ વાસુદેવનાં નામ: ત્રિપૃષ્ટ, દ્વિપૃષ્ટ, સ્વયંભૂ, પુરુષોત્તમ, સિંહપુરુષ, પુંડરીક, દત્ત, લક્ષ્મણ અને શ્રીકૃષ્ણ.

નવવાસ્તુ [સં.] પું. એ નામે એક વૈદિક રાજર્ષિ.

નવવિદ્રોપી [સં. નવ (નવું) + વિ (પખારે) + દ્રોપિન્ (દોષ રાખનાર)] વિ. નવા સુધારા તરફ દ્વેષ બતાવનાર; પ્રરક્ષક; સ્થિતિરક્ષક; સંરક્ષક; પ્રાચીનપંથી; પૂર્વપક્ષી; રૂઢિરક્ષક. સ્થિતિચુસ્ત; પ્રગતિવિરોધી; જડગતિમાન.

નવવિધ ૧. [સં. નવન્ (નવ) + વિધ (ભેદ)] પું. નવ પ્રકાર.

૨. વિ. નવ પ્રકારનું.

૩. વિ. નવી તરેહનું.

નવવિધાન [સં.] ન. નવીન રચના; નવી યોજના; નવીન ઘટના.

જગતમાં નવું વિધાન ઊભવ પામી રહ્યું છે તેનો આ હિંદુસ્તાનનું નવવિધાન એ એક ભાગ જ લાગે છે.
મહાદેવ દેસાઈ

નવવિધાંશ [સં. નવન્ (નવ) + વિધ (પ્રકાર) + અંશ (ખોરાક)] ન. નવ પ્રકારનું અન્ન. તેનાં નામ: દાળ, શાક, ભાજી, મિષ્ટાન્ન, રોટલી, ભાત વગેરે, મૂળો, બટેટું વગેરે દાતે કરડીને ખાવા તેવી વસ્તુઓ, અથાણું, પીવાની ખાદ્ય વસ્તુઓ, ચટણી રાયતું વગેરે, ખંજન, ઠંડી વગેરે.

નવવિવાહિતા [સં. નવ (નવું) + વિવાહિતા (પરણેલી)] વિ. સ્ત્રી. તાજેતરમાં પરણેલી; નવી પરણીને આવેલી.

નવવિધ [સં. નવન્ (નવ) + વિધ (પ્રકાર)] ન. ષ. ન. નવ ભાતનાં પ્રકાર. તેના નામ: વસનાભ, હારિદ્રક, સટ્ટુક, પ્રદીપન, સૌરાષ્ટ્રિક, સૂત્રક, કાલકૂટ, હલાહલ અને ગર્ભપુત્ર.

નવવિંશ [સં. નવન્ (નવ) + વિંશ (વીસ)] વિ. ઓગણત્રીસમું.

નવવિંશતિ [સં. નવન્ (નવ) + વિંશતિ (વીસ)] વિ. ઓગણત્રીસ; ૨૯.

નવવિંશતિતમ [સં.] વિ. ઓગણત્રીસમું.

નવવૈધવ્ય [સં. નવ (નવું) + વૈધવ્ય (વિધવાપણું)] ન. તાજું વિધવાપણું; થોડી મુદત થયાં થયેલું વિધવાપણું.

નવવ્યૂહ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. ષ. ન. શરીરરચનાના નવ વ્યૂહ. તેનાં નામ: (૧) કુલવ્યૂહ, (૨) નામવ્યૂહ, (૩) જ્ઞાનવ્યૂહ, (૪) ચિત્તવ્યૂહ, (૫) નાદવ્યૂહ, (૬) બિંદુવ્યૂહ, (૭) આત્મવ્યૂહ, (૮) કલાવ્યૂહ અને (૯) કાલવ્યૂહ.

નવવ્યૂહાત્મક [સં. નવન્ (નવ) + વ્યૂહ (શરીરરચના) + આત્મક (વાળું)] વિ. નવ વ્યૂહવાળું.

નવશક્તિ ૧. [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

૨. સ્ત્રી. ષ. ન. તંત્રશાસ્ત્રમાં જણાવેલ નવ પ્રકારની શક્તિ. તેનાં નામ: પ્રજ્ઞા, માયા, જયા, સૂક્ષ્મા, વિશુદ્ધા, નંદિની, સુપ્રભા, વિજયા અને સર્વસિદ્ધિદા. કોઈ વળી તેના નામ આ પ્રમાણે જણાવે છે: વૈષ્ણવી, બ્રહ્માણી, રૌદ્રી, માહેશ્વરી, નારસિંહી, વારાહી, ઐંદ્રાણી, કૌમારી અને સર્વમંગલા.

નવશત ૧. વિ. એકસો નવ.

૨. [સં. નવન્ (નવ) + શત (સો)] વિ. નવસો.

નવશબ્દકાર [સં. નવ (નવું) + શબ્દ + કાર (કરનાર)] વિ. ભાષામાં નવા શબ્દો અથવા જૂના શબ્દોના નવા અર્થ દાખલ કરનાર.

નવશબ્દરચના [સં. નવ (નવું) + શબ્દ + રચના (બનાવટ)] સ્ત્રી. ભાષામાં નવા શબ્દ અર્થ સાથે દાખલ કરવા તે.

નવશબ્દવિદ્યા જુઓ નવશબ્દરચના.

નવશશિભૃત [સં. નવશશિભૃત્] પું. શંકર; શિવ; મહાદેવ.

નવશશી [સં. નવ (નવું) + શશિન્ (ચંદ્ર)] પું. શુક્લપક્ષની બીજનો ચંદ્ર; સુદિ બીજનો ચંદ્ર.

નવશસ્ય [સં. નવ (નવું) + શસ્ય (અનાજ)] ન. નવું પાકેલું; નવું અનાજ.

નવશસ્યેષ્ટિ [સં. નવશસ્ય (નવું અનાજ) + ઇષ્ટિ (યજ્ઞ)] સ્ત્રી. નવું પાકેલ પાકો તૈયાર થતાં કરાતો યજ્ઞ.

નવશઃ [સં.] અ. નવ નવ કરીને.

નવશાહ ન. એ નામનું એક સહેર. તે નામ તેની વસતીના સૌંદર્ય ઉપરથી પાડવામાં આવેલ છે.

નવશાયક [સં. નવન્ (નવ) + શાયક (હલકો માણસ)] જ્ઞી. જ્ઞ. જ્ઞ. (પુરાણ) નવ પ્રકારની જાતિ. નવ જાતિઃ ગોવાળ, માળી, તેલી, વણકર, હલવાઈ, તંબોળી, કુંભાર, સુથાર અને હજામ. કોઈ વળી ગોવાળ, માળી, તેલી, કુંભાર, કર્મકાર, ધાબાદ હલવાઈ, કોષ્ટિ અને તંત્ર ગ્રેમ પણ ગણાવે છે. પરાશર સંહિતા પ્રમાણે આ નવ જાતિ સહેર છે અને શુદ્ધ શૂદ્ર જાતિની અંદર છે. બંગાળમાં નવશાયકોના હાથનું પાણી બ્રાહ્મણ પીએ છે અને તેઓનું દાન લે છે

નવશાહુ ૧. [ફા.] પું. જુવાન રાજા.
૨. પું વરરાજો; નૌશાહ.
૩. વિ. આનંદી.

નવશિકસ્ત [ફા.] સ્ત્રી. નવી બેસાયેલી જમીનનો નકામો કાદવ.

નવશિક્ષણ [સં. નવ (નવું) + શિક્ષણ (જ્ઞાન આપવું તે)] ન. નવું શિક્ષણ; અર્વાચીન પુસ્તનું શિક્ષણ.

નવશિક્ષિત ૧. [સં. નવ (નવું) + શિક્ષિત (શીખેલ)] વિ. હાલની પદ્ધતિએ શિક્ષણ પામેલ.
૨. વિ. હાલમાં શીખેલ; તાજેતરમાં શીખેલ. નવશિખાઉ.

નવશિષ્ય ૧. પું. નવો શિષ્ય.
૨. પું. શિખાઉ માણસ.

નવશિખાઉ ૧. [સં. નવ (નવું) + શિક્ષિત (ભણેલ)] વિ. જેણે તાજેતરમાં શીખવું શરૂ કર્યું હોય તેવું; શિખાઉ.
કપ્તાન રોલરજની રમતમાં નવશિખાઉ હતો.
આત્મકથા
૨. વિ. નવો અભ્યાસ કરનાર નહિ શીખેલ.

નવશેકું વિ. જરાક ગરમ; કોકરવરણું; થોડું ગરમ; સહેજ ગરમ.

નવશૈલસુતા જુઓ નવપાષાણસુતા.

નવશો ન. (જરથોસ્તી) રવાન.
જરથુસ્ત્ર જેઈ ને આવે આમેદેર,
નવશો નવાવા કરવી પેગમ્બર. પ્રેમાનિધિ

નવશોભ [સં. નવ (નવું) + શુભ્ (શોભવું)] પું. (હિંદી) તરબૂચ; ગુવાન; પુચક.

નવશ્રાદ્ધ [સં. નવ (નવું) + શ્રાદ્ધ (મરેલાની પાછળ કરાતી ક્રિયા)] ન. મરણના દિવસથી વિષમ દિવસે એટલે મરેલા માણસ પાછળ ત્રીજે, પાંચમે, સાતમે, નવમે અને અગિયારમે દિવસે થતું શ્રાદ્ધ.

નવષષ્ટ [સં.] વિ. ઓગણ્ણોતેરમું.

નવષષ્ટિ [સં. નવન્ (નવ) + ષષ્ટિ (સાઠ)] વિ. ઓગણ્ણોતેર; ૬૯.

નવષષ્ટિતમ [સં.] વિ. ઓગણ્ણોતેરમું.

નવસ [અ.] ન. માનતા; બાધા.

નવસત જુઓ નવસમ.

નવસપ્ત ૧. [સં. નવન્ (નવ) + સપ્તન્ (સાત)] પું. સોળ અક્ષરનો.
૨. વિ. સોળ.

નવસપ્તતિ [સં. નવન્ (નવ) + સપ્તતિ (સિત્તેર)] વિ. ઓગણ્ણાએંસો; ૧૯૭.

નવસપ્તદશ [સં.] પું. એ નામનો એક અતિરાત્ર યાગ.

નવસમ ન. એક જાતનું ગૂલ.

નવસમૂહવાદ [સં. નવ (નવું) + સમૂહ (જથ્થો) + વાદ (મત)] પું. નવસમાજવાદ, 'નીઓ કોમેર્સિયલિઝમ.' સમૂહવાદ અને નવસમૂહવાદમાં તફાવત એ છે કે સમૂહવાદ ખાનગી જમીનદારનો બિલકુલ નિષેધ કરે છે, ત્યારે નવસમૂહવાદ સરકૃતિ અને નાના નાના ઉદ્યોગ ધંધા માટે ખાનગી જમીનદારનું કાંઈક કાંઈક સમર્થન કરે છે.

નવસમૃદ્ધ [સં. નવ (નવું) + સમૃદ્ધ (આબાદ થયેલ)] વિ. તાજેતરમાં આબાદ બનેલું.

નવસય [સં. નવન્ (નવ) + શત (સો)] વિ. નવસો; ૯૦૦.

નવસર ૧. પું. નવ સેરનો હાર.
૨. વિ. નવસેરનું; નવસેરવાળું; નવસેરું.
૩. [સં. નવ (નવું) + વત્સર (વર્ષ)] વિ. નાની ઉમરનું

નવસરવું ૧ [સં. ન (નહિ) + અપસ્ (પાછા હઠવું)] સ. ક્રિ. પ્રાપ્ત ન હઠવું; વિજય મેળવવો; છતવું; કોઈ પામવું.
૨. સ ક્રિ. વારસ થવું; વારસામાં મળવું; કોઈને કેડાથે આવવું.

નવસરહાર [સં. નવન્ (નવ) + સર (હોરી) + હાર (માળા)] પું. નવ સેરની માળા; નવ દોરીનો હાર; નવસરો હાર.

નવસરા પું. (ચિત્રા) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મલ્લિકા. તે ઉપજાતિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

આ તા મે નવસરા. ચમત્કૃતિ

નવસરું જુઓ નવસર.

નવસરેહુ ન. નવસારીનું પ્રાચીન નામ.

નવસર્જક [સં. નવ (નવું) + સર્જક (ઉત્પન્ન કરનાર)] વિ. નવું ઉત્પન્ન કરનાર.
સંક્ષેપમાં આ પત્રિકાના સંપાદક અને સંપાદક નવસર્જક સાહિત્યકારો છે. કૌમુદી

નવસર્જન ૧. [સં. નવ (નવું) + સર્જન (ઉત્પન્ન કરવું તે)] ન. નવી કળામય રચના; નવી સૃષ્ટિ.
૨. ન. નવી બનાવટ.

નવસહું વિ. નવું; તાજું.

નવસસિ [હિં.] પું. સુદિ બીજનો ચંદ્ર; નવરાત્રો; શુક્લપક્ષની બીજનો ચંદ્ર.

નવસંગમ [સં. નવ (નવું) + સંગમ (મેળાપ)] પું. પ્રથમ મેળાપ; નવો મેળાપ; પતિથી પત્નીને પહેલો મેળાપ.

નવસંજીવન [સં. નવ (નવું) + સંજીવન (જીવનું કરવું તે)] ન. નવી ઉત્પત્તિ
કુદરત બધી વાર બીજ બાળીને કામ કરે છે કિન્તુ સૌંદર્ય અને નવસંજીવનનો મુખ્ય ગુણ બીજ છે.
કૌમુદી

નવસંસ્કૃતિ [સં. નવ (નવું) + સંસ્કૃતિ] સ્ત્રી. નવી સંસ્કૃતિ.

નવસાગ જુઓ નવસાર.

નવસાગર પું. ધાતુ ઓગાળવાનો એક ક્ષાર; નવસાર; નવસાદર. એ ધોળો અને રેચકગુણ છે. રવારે ખારો હોય છે.
માકણીથી આખા બારે ૨૦૦૦ કડિયા બાદ, ૨૦૦ ગુણી નવસાગર, ૨૦ કલસો પાતરી, ૧૦૦૦ લીંબોળા અને ૩૦૦ કળશી તલ ચડ્યા.
નાલાકાર્ય ઉપાધ્યાય

નવસાત ન. ખેતીવાડ કામમાં પાકની વહેચણી બાબતનું પ્રચલિત ધોરણ. તેમાં જમીનદાર સોળ આનામાંથી નવ આના અને ખેડનાર બારોનાં સાત આના લે છે.

નવસાદર [સં.] પું સોમેલા ચૂનાનો પાણી માટે દોલતપરથી ઉકાળેલ ઉકાળો, નવસાર, નવસાગર.
ખીલ ઉપર લગાડવા સારૂ સેન્ધે દંતમંજન બનાવ્યા નવસાદર લોહ. આ વર્ષ તેને ૩ તોલા સોના ચુવાલાલમાં ખિતાબવો. નવલોહ

નવસાનવરી ન જુ ન. વરકન્યા.

નવસાર [ફા. નોશાદર] પું. નવસાદર; ધાતુ ગાળવાનો એક ક્ષાર; હોલાવતમાં ચૂનો અને પાણીયો પકવેલો એક જાતનો ક્ષાય. આ પદાર્થ ખનિજ કોલસાની શુદ્ધિક્રિયા વેળાએ નીકળે છે. તે હાઇડ્રોક્લોરિક ઍસિડ અને અમોનિઅમના મિશ્રણનો બને છે. તેના લાંબા રેસાદાર કટકા થા છે. જાંગવાથી તેની કટકીઓ જુદી પડી જાય છે. તે ઘણી ચવડ હોય છે. તે ઓસડમાં ઉપયોગી છે. તેમાંથી રાજવલ્લભ રસ બને છે. નવસાર અને કણીચૂનો એક શીશીમાં ભરી બંધ રાખી જરૂર પડે ત્યારે ઉઘાડી સુંઘવાથી મૂર્છા, મસ્તકશૂળ, સન્નિપાત, ઉન્માદ અને વીંછીનું વિષ મટી જાય છે. જલાર સજાવવામાં તે ક્ષોનણ છે. પાણીમાં નાખવાથી તે બધું ઠંડું થાય છે. નવસાર અને રેક્ટિફાઇડ સ્પિરિટ એક એક ઔંસ અને પાણી ૧૦ ઔંસ મિશ્ર કરી તેનાં પોતાં તાવમાં માથા ઉપર મુકાય છે. તે તીક્ષ્ણ, ઉદ્દેજક, શોષક, ઋતુ લાવનાર મનાય છે. મૂત્રોદર ઉપર તે ઘણો જ અસરકારક મનાય છે. જુદી જુદી જાતના સતત જ્વર અને સન્નિપાત જ્વરમાં વખતોવખત યકૃતની અંદર લોહીનો જમાવ થાય છે. આવે પ્રસંગે યકૃત જરા ફૂલેલું હોય છે. પેટના જમણા પડખામાં દુખાવો થાય છે અને તે ભાગ સામાન્ય રીતે ચોડો દેખાય છે. આવા દરદીને દિવસની અંદર બે ત્રણ અક્ષર ચાર વખત બે વાલ માત્રાથી નવસાર બીજી યોગ્ય જ્વરહર દવા સાથે આપ્યો હોય તો તેથી સારો ફાયદો થાય છે. જેમ જ્વરહર દવાઓ જ્વરનો નાશ કરે છે તેમ તેની સાથે યોજેલો નવસાર યકૃતના આધિને તોડે છે. જ્વરજન્ય યકૃતના તાજા આધિમાં સામાન્ય રીતે દાહા દેવાની જરૂર પડે છે, પણ જો અગાઉથી યોગ્ય નિદાન કરી નવસારનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો દાહ દેવાની જરૂર રહેતી નથી. કોલેજનાં દરદ ઉપર તેની ખાસ અસર છે. શરીરના કોઈ પણ ભાગમાં પાક થતો માલમ પડે તો અગાઉથી જ તે ઉપર નવસારનાં પોતાં મૂકવાં. જે જે દરદોમાં પિત્તનું રંધન થયેલું હોય, તેવાં દરદોમાં નવસાર સારો ફાયદો કરે છે. જલોદર અને અર્શ જે સામાન્ય રીતે યકૃતના વિકારથી જ થઈ આવે છે, તેમાં નવસાર આપવો ફાયદાકારક મનાય છે. રક્તપિત્તની અંદર ઓઢેયો, ખોઢેયો, નાકેયો અગર ગમે લાંબો લોહી પડતું હોય, તોપણ નવસાર આપવો યોગ્ય છે. સ્તનપાક અને બીજાઓને સ્તનની અંદર દૂધ થતી વખત સુવાવડમાં ગમે તે ચોથે દહાડેથી જે દુખાવો થાય છે તથા સોજો થઈ આવે છે તો નવસારનાં પાણીનાં પોતાં મૂકવાથી દૂર થાય છે. વખરાળ, સારજી અને લાદની અંદર નવસાર પોતાં મૂકવાને માટે વપરાય છે અંતરજળ ઉપર નવસારનાં પોતાં અપાય છે. ફૂલેલું વૃષણ તેથી સંકોચાય છે અને અંતરનું પોલા કલાકની અંદર પાછું ચડી જાય છે. અનિયમિત આર્તવ અને અનાર્તવની અંદર તે લાભ પડે છે. અટકી રહેલ ઋતુ તે પાછુ લાવે છે. કૃમ, ઇર્ષ્યુપ્રસ, સસરણી, દમ વગેરે ઉપરસનાં દરદોમાં જ્યારે કફ બહુ જામ્યો હોય ત્યારે નવસાર અપાય છે. તેથી કફની ચીકાશ તૂટી જઈને જલદી બહાર આવે છે. ફેફસાંની અંદર જ્યારે દાહ બહુ થાય ને ગળ ઘણી બાઝતી હોય ત્યારે નવસારનાં પોતાં મૂકવાં યોગ્ય છે. માથાના દુખાવા ઉપર પણ તેના પોતાં મુકાય છે, તેમજ ભીજા ભાગ ઉપર વાયુથી સોજો થઈ આવ્યો હોય તો તેમાં પણ તે ઉપયોગી છે. ગોદામાં ચરબી નીકળતી હોય ત્યારે ૧૦થી ૬૦ ગ્રેનની માત્રામાં દિવસમાં બે ચાર વખત પાણી સાથે આપવામાં આવે છે. તેની વરાળ દમ ઉપર લેવાય છે. તેની માત્રા ૨ થી ૬ વાલ છે અને ગુણ ઉપર ૮ થી ૧૦ વર્ષની છે.

નવસારિકા સ્ત્રી. નવસારીનું પ્રાચીન નામ.

નવસારી ૧. સ્ત્રી. મુંબઈ તરફ વપરાતી એ નામની એક જાતની કેરી. આ કેરીનું વજન આશરે ૫૦ તોલા અને તે આકારમાં ગોળી હોય છે.

નવસારીનો મોપહો = નવસારી જાતની કેરી.

૨. ન. ગુજરાતમાં આવેલું એ નામનું એક શહેર. તેના જૂનાં નામો નવસારિકા, નાગસારી, નાગસર્વન, નવસરેહ, નવસૈહો, નાગમઝગ વગેરે હતાં.

નવસારીવાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નવસાહ પું. વરરાજો.

નવસાહસાંકચરિત [સં.] ન. પદ્મગુપ્ત નામના કવિએ રચેલું એ નામનું સંસ્કૃત ઐતિહાસિક કાવ્ય.

નવસિખ [સં. નવ (નવું) + સિખ્ (શીખવવું)] જ. (હિંદી) શિખાઉ માણસ.

નવસિખિયા [હિં.] પું. વિદ્યાર્થી.

નવસિદ્ધિ પું. બ. જ. (પુરાણ) ત્રણકાંડેરને જમતીની કૂખે થયેલ, સો ભાઈના સિદ્ધ થયેલા નવ પુત્રો.

નવસિદ્ધો પું. લખનાર માણસ; લેખક; લહિયો.

નવસૂ ૧. [સં. નવ (નવું) + સૂ (જન્મ આપવો)] સ્ત્રી. તાજી વિયાયેલી ગાય.

૨. સ્ત્રી. તાજી સુવાવડી સ્ત્રી

નવસૂતિ જુઓ નવસૂ.

નવસૂતિકા જુઓ નવસૂ.

નવસૃષ્ટિ [સં. નવ (નવું) + સૃષ્ટિ (દુનિયા)] સ્ત્રી. નવી દુનિયા; નવલું જગત.

નવસૃષ્ટિનું સર્જન આપણને શક્ય છે કે નહિ, એ સર્જન માટે નિઃસીમ ઉત્સાહ અને પ્રચંડ પરાક્રમ શક્તિ આપણને સાંપડી છે નહિ.

નવસેર વિ. નવસરું; નવા સરનું

તે બોલ્યે બંધ તૂટીયા,
ઘટયો નવસેર ઘર. સુદામાચરિત્ર

નવસેરું વિ. નવસેરનું; નવસરું.

નવસો [સં. નવન્ (નવ) + શત (સો)] વિ. નવ વાર ૧૦૦ની સંખ્યા; ૯૦૦.

નવસો નદિયાંનો = સમુદ્ર; દરિયો.

નવસૌહી સ્ત્રી. નવસારીનું પ્રાચીન નામ.

નવહો ૧. [સં. નવ (નવું) + ગ્રહ (ગ્રહણ)] પું. વરરાજો; વરપક્ષ જનાર વર. આજ વરરાજા આ શબ્દ બોલાય છે.

૨. [સં. નવન્ (નવ) + શત (સો)] વિ. નવ વાર ૧૦૦નો નવસો; ૯૦૦.

નવહો [સં. ન (નહિ) + વહ્ન (કપડું)] વિ. નાગું; કપડાં પહેરેલાં વગરનું; નવસ્ત્રું.

નવહ્યું [સં. ન (નહિ) + વસ્ત્ર (કપડું)] વિ. નાગું; કપડાં વગરનું; નગ્ન; વસ્ત્ર વગરનું.

નવહ્યો ૧. પું. (બા. પ્ર.) એક જાતનો ખોડો.

કાંઈ સમોડા અમર હોસેમ,
સારસા નવહ્યમ નાદિમ. વિમલપ્રબંધ

૨. વિ. પું. નવ દાવ લાંબો.

નવહ્યું [સં. નવન્ (નવ) + હસ્ત (હાથ)] વિ. નવ હાથ લાંબું.

નવળ [સં. નવલ] વિ. નવું; નવલ.

નવંશ [સં. ન (નહિ) + વંશ] વિ. વિનાશ વગરનું; વંશ વિનાનું.

નવા ૧. સ્ત્રી. રોકાત.

૨. [ફા.] સ્ત્રી. રાગ; સૂર; અવાજ.

૩. [હિં.] વિ. નવું.

નવાઈ ૧. [સં. નવ (નવું)] સ્ત્રી. અજબજ; રોજ જોવામાં ન આવે તેવી બાબત કે ચીજ; અજરત; નવીનતા.

૨. સ્ત્રી. આબરૂ; રાજની હદ.

૩. [હિં.] સ્ત્રી. નમ્રતા.

૪. સ્ત્રી. નવી ચીજ; તરતની પેદા થયેલી અથવા નવી જોવામાં આવી હોય તેવી ચીજ.

૫. સ્ત્રી. પુલાવ.

૬. સ્ત્રી. ક્રમ.

૭. વિ. નવું; નવીન.

નવાક્ષર [સં. નવન્ (નવ) + અક્ષર] પું. નવ અક્ષર; નવ અક્ષરનો સમૂહ.

નવાગ્યા ૧. વિ. ઉકેરેલું.

૨. [જ્યો.] સ્ત્રી. ત્રિભ; ચાડીલું

નવાગત ૧. પું. નવી ભરતીની ફોજ; રંગરૂટોની સેના. ટૉટિએ લખ્યું છે કે: નવાગત અને દુરવાત સૈન્યમાં નવાગત સૈન્ય ખીજ કેહથી આવી પુરાણોની સાથે મળી યુદ્ધ કરી શકે છે. દુરવાત સૈન્ય સંબંધમાં આ વાત નથી.

૨. [સં. નવ (નવું) + આગત (આવેલું)] વિ. નવું આવેલું.

નવાજ ૧. [જ્યા. નવાજ્તન (મહેરબાની કરવી)] સ્ત્રી. કૃપા કરનાર; દયા દેખાડનાર; મહેરબાની કરનાર. સામાસિક શબ્દમાં શબ્દને છેડે વપરાય છે. જેમકે, ગરીબનવાજ; બંદેનવાજ.

૨. વિ. બાંધ્યા જેવું.

૩. વિ. પાળનાર; પોષણ કરનાર.

નવાજખાની સ્ત્રી. એ નામની એક તલવાર. સને ૧૭૩૬ની ઈરાની ચોરોની લડાઈમાં તે વપરાણી હતી. એક સંરક્ષક સાથે એક સરદારને હાથોહાથ લડવાનો પ્રસંગ આવ્યો ત્યારે આ તલવારનો ઉપયોગ થયો હતો.

નવાજણી [મ.] સ્ત્રી. વખાણ કરવા તે.

નવાજદાર જુઓ નવાજણી.

નવાજવું ૧. [જ્યા. નવાજ્તન (મહેરબાની કરવી)] સ. ક્રિ. કૃપા બતાવવી; મહેરબાની કરવી; પ્રસન્ન થવું.

૨. સ. ક્રિ. ખુશ થઈને કંઈ આપવું; બેટ આપવી; બક્ષિસ આપવી; ઇનામઅકરામ આપવું.

૩. સ ક્રિ. પદવી આપવી; પદવીઓ આપવું

૪ સ ક્રિ. પ્રશંસા કરવી; વખાણવું; મુખ આપવા.

૫. સ. ક્રિ. માફ કરવું.

૬. સ. ક્રિ. પાલનપોષણ કરવું.

૭. સ. ક્રિ, વધાવવું; માન આપવું.

૮. સ. ક્રિ. સહાય કરવી, મદદ આપવી; આશ્રય આપવો.

નવાજસ ૧. [જ્યા. નવાજિશ] સ્ત્રી. કૃપા; મહેરબાની.

૨. સ્ત્રી. પ્રસન્નતા.

૩. સ્ત્રી. બેટ; બક્ષિસ.

નવાજિશ ૧. [જ્યા. નવાજિશ] સ્ત્રી. કૃપા; દયા; મહેરબાની.

નવાજિશ કરવી = મહેરબાની બતાવવી.

૨. સ્ત્રી. બક્ષિસ; બેટ; ઇનામ.

નવાજિશનામા ૧. [જ્યા. નવાજિશનામા] પું. કૃપાપત્ર; બક્ષિસપત્ર.

૨. પું પ્રમાણપત્ર

નવાજિશપત્ર જુઓ નવાજિશનામા.

નવાજી [જ્યા. નવાજી] સ્ત્રી, નવાજિશ.

નવાજીવમયયુગ પું. દુનિયાના ઇતિહાસનો એક યુગ; ત્રિજો યુગ; સસ્તન પ્રાણીઓનો સમય; મધ્યયુગ પછીનો સમય. આ સમયમાં દરિયાનું તળ ઘેટલું ઊંચું આવ્યું હતું કે વર્તમાન ખંડોની જમીન આ વખતે જ પાણીની બહાર આવી. જમીનનો હાલનો આકાર પણ આ સમયે જ બંધાયો કહેવાય છે. આ સમયનાં પ્રાણી અને વનસ્પતિ બધું ફરીને હાલના સમયનાં જેવાં જ હતાં.

નવાજૂની ૧. સ્ત્રી. તાજા ખબર; નવા બનાવો જેવા સમાચાર; નવું કે જૂનું જે કંઈ બનવા જેવું હોય તે; બનવાબનાવ.

૨. સ્ત્રી. નવી કે જૂની વાતો; નવી કે જૂની વાતચીત.

૩. સ્ત્રી. આવે ફેરફાર; ઊથલપાથલ.

૪. સ્ત્રી. પદવા.

અત્યારે આફ્રિકાદેશ દરબારમાં બધા છે, પણ બીજા નવાજૂની કરીને બધા છે.

સરસ્વતીચંદ્ર

નવાજૂનું ૧. વિ. નવાજૂનીવાળું.

૨. વિ. નવું; અસાધારણ.

૩. વિ. નવું અને જૂનું; આમળાપાચળનું.

નવાજેશ જુઓ નવાજિશ.

નવાઝ ૧. [જ્યા.] સ્ત્રી. નવાજવું તે; ખુશ થઈ કોઈને કંઈ આપવું તે.

૨. સ્ત્રી. પ્રાર્થના.

૩. વિ. પાળનાર; પોષણ કરનાર; પાલનપોષણ કરનાર.

૪ વિ. મહેરબાની કરનાર.

૫. વિ. લાડીલું.

નવાઝનામા [જ્યા. નવાઝ (પ્રાર્થના) + નામા (લખાણ)] પું. વિનતિપત્ર.

નવાઝવું જુઓ નવાજવું.

નવાઝશ જુઓ નવાજિશ.

નવાઝશનામા જુઓ નવાજિશનામા.

નવાઝંદા ૧. [જ્યા.] પું. પાલનપોષણ કરનાર પુરુષ; ઉછેરનાર માણસ.

૨. પું. મહેરબાની બતાવનાર માણસ.

નવાઝિશ જુઓ નવાજિશ

નવાઝિશનામા જુઓ નવાજિશનામા.

નવાઝિશપત્ર જુઓ નવાજિશપત્ર.

નવાડવી (નવાડી) [સં. ન (નહિ) + વાડવ (વાકામવું) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. વાકામવું બંધ કરવી.

નવાડવું (નવાડવું) સ. ક્રિ. સ્નાન કરાવવું; નવડાવવું; નવરાવવું

નવાડ (નવાડા) [હિ.] પું. એક જાતની હોડી.

નવાણ ૧. [સં. નવાલ] પું. એક જાતના ચોખા.

૨. [સં. નિપાન; પ્રા. નિવાણ-નવાણ] ન કૂવો, વાવ, તળાવ વગેરે જળાશય.

૩. ન. પ્રવાસીના ઉપયોગ માટે ધર્મબુદ્ધિથી બંધાવેલ સાર્વજનિક જળાશય

૪. સ્ત્રી. નવાણું, ૯૯

નવાણિયું ૧. વિ. જેને કોઈ વસ્તુ સાથે સંબંધ ન હોય છતાં વાતમાં હોંસવું પડે એવી વ્યક્તિ; નિર્દોષ હોવા છતા દોષિત તરીકે દંડાય એવું માણસ; અમુક વાતમાં કંઈ ન જાણતું હોય તેવું માણસ.

૨. વિ. વાંક વિનાનું, નિષ્પાપ; નિર્દોષ.

નવાણિયું કૂતરું = નિર્દોષ માર્યું જવું.

નવાણે જુઓ નવાણે.

નવાણું ૧. વિ. એક; ૧. વેપારીઓ સંકેતમાં આ શબ્દ વાપરે છે.

૨. [સં. નવનવતિ] વિ. સોમાં એક ઓછું; નેવું અને નવ; ૯૯.

૧. નવસે નવાણું = બધું જ; અસંખ્ય.

૨. નવાણું ઓસડ, સોમું નહિ = વૃદ્ધી એની બૂટી નથી.

૩. નવાણું દહા-વહા = બધું કરીને; બહુધા.

૪. નવાણું દહ ખાઈ = તદ્દન બૂડ્યું.

૫. નવાણું દહાની ખોટ = ભારે કરમ.

૬. નવાણું તો કહે અમો સો = નષ્ટપ્રાય બાબતનું દુઃખ ધરવું.

નવાસળાનીકરતી

.૭ નવાનું આકીનો ધક્કો = (૧) આશા તુષ્ણાનો અંગે થતી દુ:ખની લાગણી. (૨) ખરી કસોટી. (૩) પરાજય, ઊતરતી દશા. (૪) પૂરી પામમાલી.

૮ નવાનું ધક્કો = સો પૂરા થયા ન હોય ને નવાણું જુથી ઓછા થયા હોય ત્યારે સો પૂરા કરવાની થતી ધમસ; સંખ્યા કરવાની લાલચ.

૯ નવાણને મોઢે આવવું = મેળવાયું જતવું; નકામા ફાંફા મારવા.

૧૦. નવાનું ધક્કો લાગવો = ભોજ કરવો.

૧૧. બે નવડે નવાનું ને તળે પડવું તે કવાનું = પરાધીન માણસ તેના ધણીની દયા ઉપર જીવે છે.

નવાન્ન ૧. [સં. નવ (નવું) + અન્ન] ન. અનાજનો પહેલો કોળ; નવું અનાજ; નવું અન્ન; નવું ધાન્ય.

૨. ન તાજું પકવેલું કે રાંધેલું અન્ન.

૩. ન. નવા ચોખા.

૪. ન. નવા વર્ષના ચોખા પહેલી વખત ખાતી વખતે કરાતી ક્રિયા.

૫. ન. પાક તૈયાર થતાં પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવતો એ નામનો એક યજ્ઞ.

૬. ન. માગ માસમાં નવા પાકનો ઊજવણામાં આવતો એક તહેવાર.

નવાન્નભક્ષણ [સં. નવ (નવું) + અન્ન (અનાજ) + ભક્ષણ (ખાવું તે)] ન. નવા અનાજનું ભક્ષણ કરવું તે. એ ભક્ષણ કરવાનો દિવસ આસો સુદિ ૧૫ મનાય છે.

નવાન્નેષ્ટિ [સં. નવ (નવું) + અન્ન (અનાજ) + ઇષ્ટિ (યજ્ઞ)] સ્ત્રી. નવું અનાજ તૈયાર થતાં કરાતો યજ્ઞ.

નવાપણું ન. નવાઈ; નૂતનતા.

નવાબ ૧. [અ. નયબ (પાસે રહેવું)] પું. એક પ્રધાનપદ; રાજા. આ ઉપાધિ મુસલમાન અમીરને અંગ્રેજ સરકાર તરફથી અપાતી હતી.

૨. પું. નાના રાજ્યનો મુસલમાની હોદ્દેદાર; મોટા પાદશાહ તરફથી રાજ્યના કોઈ વિભાગ ઉપર અમલ કરનારો સૂબો; પાદશાહ તરફથી હોદ્દો કરવા મોકલેલો મુસલમાન અમલદાર. હિંદુસ્તાનમાં આ શબ્દનો પ્રયોગ પહેલવહેલો મુઘલ શહેનશાહોના વખતમાં તેના પ્રતિનિધિઓ માટે થયો હતો.

૩. પું. મુસલમાન રાજ્યકર્તા; મુસલમાન રાજા; નાના મોટા મુસલમાની રાજ્યનો માલિક.

૪. વિ. અમીરની માફક રહેનાર અને ઉદારપણે ખર્ચ કરનાર.

નવાબગંજ જી પ્રથમ વર્ષની એક જાતની ખાંડ.

નવાબજાદા ૧. [ફા.] પું. નવાબનો દીકરો. નવાબનો બેટો.

૨. પું. બહુ જ છોકરીન માણસ.

નવાબજાદો જુઓ નવાબજાદા.

નવાબની આમડી (નવાબની આમડી) સ્ત્રી. એક ઉત્તમ જાતની કેરી. તેનું વજન બેથી ત્રણ શેરનું હોય છે.

નવાબપસંદ ૧. પું. બારવાના અંતમાં અથવા આસોની શરૂઆતમાં થતું એક પ્રકારનું અનાજ.

૨. સ્ત્રી. એક જાતની કેરી; નવાબપસિંદ.

નવાબપસિંદ જી. એ નામની એક જાતની કેરી. તે રંગે એકદમ લાલ, ચળી ગોઠી અને રેસા વગરની હોય છે. તેની ગોટલી પાતળી અને ચપટી હોય છે. તે જૂન માસમાં પાકે છે. એક કેરીનું વજન બેથી ત્રણ રતલનું હોય છે.

નવાબબોગ સ્ત્રી. બંગાળની એ નામની એક જાતની કેરી. આ જાત ઉત્તમ ગણાય છે. તે ચળી મોટી, ગોઠી અને સુગંધવાળી હોય છે.

નવાબશાહી ૧. સ્ત્રી. આબાદી.

૨. સ્ત્રી. નવાબની સત્તા.

નવાબી ૧. પું. એક જાતના ચોખા.

૨. સ્ત્રી. અંધેર કારભાર.

૩. સ્ત્રી. આબાદી; જલાંમીરી.

૪. સ્ત્રી. એક જાતનું કપડું. તે અગાઉ અમીરો પહેરતા.

૫. સ્ત્રી. ઘણો વધારે અને અયોગ્ય ખરચ; અમીરના જેવો મોટો ખરચ.

નવાબી કરવી = રાજાની માફક રહેવું.

૬. સ્ત્રી. મોર બાજુવાળી દેશી ટોપી.

૭. સ્ત્રી. નવાબ તરીકેની કારકીર્દિનો વખત; નવાબનો રાજ્યકાલ.

૮. સ્ત્રી. નવાબ હોવાની સ્થિતિ.

૯. સ્ત્રી. નવાબના જેવી હકૂમત.

૧૦. [અ. નવાબી] સ્ત્રી. નવાબના હોદ્દાનું કામકાજ અને અમલ બજાવણી; નવાબશાહી; નવાબનું કામ.

ભીરુબાને બંગાળની નવાબી મુલક કરીને પુત્રોથી તેની પાસે બીજા પત્ની જાલ કરતી નંખાતી. ચિત્રમયજગત

૧૧. સ્ત્રી. નવાબનો કરજ્યો; નવાબનું પદ.

૧૨. સ્ત્રી. કાઠેલા કાલવાનું પ્રાણી. ખાસ કરીને ઘોડા માટે આ શબ્દ વપરાય છે.

૧૩. વિ. નવાબ સંબંધી; નવાબને લગતું.

નવાબીદસ્ત સ્ત્રી. એક જાતની રમત.

નવામસ [સં.] ન. (વૈદક) સુશ્રુતમાં કહેલો એક જાતનો લોહચૂર્ણ. આ ઔષધ દિવ્ય મનાય છે.

નવાર ૧. [સં. નીવાર] પું. અણખેડ જમીનમાં એની મેળે થતું એક અનાજ; સામા જેવી પણ તેથી સારી અને એની મેળે થયેલી ડાંગર; નીવાર.

૨. પું. સામો.

૩. [ફા. નિવાર] સ્ત્રી. તુવાર; પલંગમાં ભરાતી ભાડી અને પહોળી સૂતરની પાટી.

તેને સામડાના પટ્ટાથી જડી મજબૂત બનાવે છે અને તેની ઘડી વાળે છે. તેને ખાટલામાં તરેડી નવારથી બાંધે છે.

આહને આબની

નવારપાટી સ્ત્રી. સામાન્યથી બનાવેલી પલંગમાં ભરવાની પાટી.

નવારવું ૧. અ. ક્રિ. આવવું; ઢહેવું.

૨. સ. ક્રિ. વાવા કરવી; સહર કરવી.

૩. સ. ક્રિ. નવરાવવું; નવાડવું.

નવારસ ૧. [અ. લાવારિસ (વારસ વિનાનું)] વિ. નવરાવું; નવારસું; જેનો કોઈ વારસ ન હોય એવું; વારસ વગરનું.

૨. વિ. વારસ થવા માટે હકદાર ન હોય એવું.

માતાપિતા મોટાં છોકરાંને ઉછેર કરી નવારસ કરે ને નાના બાળકને જ ખરું રાખે તેના જેવું આ તો થાય છે. કુ. મા. પરિષદ

નવારસિયું જુઓ નવારસું.

નવારસું વિ. બિનવારસી; જેનો કોઈ વારસ ન હોય એવું; નવરાવું; વારસ વગરનું; નવારસ.

નવારા [હિં.] પું. એક જાતની મોટી હોડી.

નવારી સ્ત્રી. એક જાતનું કપડું.

નવાર્ચિ [સં. નવન્ (નવ) + અર્ચિસ્ (કિરણ)] પું. (જ્યોતિષ) મંડલ નામનો ગ્રહ. તે નવ કિરણવાળો મનાય છે.

નવાલ ૧. [અ.] પું. હાવણ.

૨. પું. રીત.

નવાલી [અ. નવાલા (કોળિયો)] સ્ત્રી. નાનો નવાલો; નાનો કોળિયો.

નવાલો [અ. નવાલા] પું. કોળિયો; ગ્રાસ; કવલ; જમતી વખતે હાથમાં લીધેલો અનાજનો ભાગ. મોંમાં એકવાર લેવાય એટલો ખોરાક.

નવાવકું ન. રાતનું ભોજન કર્યા પછીનું; વાળુ કર્યા પછીનું.

નવાસક્તિ [સં. નવ (નવું) + આસક્તિ (પ્રેમ)] સ્ત્રી. નવી વસ્તુ પ્રત્યે વધારે પડતો મોહ રાખવાની વૈરાગ્ય.

નવાસળાનીકરતી સ્ત્રી. એક પ્રકારનું ચોપિયાવાળું

નવાસરવાની સ્ત્રી. નવસારીમાં થતી એક જાતની કેરી. તેનું વજન આશરે ૫૦ તોલા જેટલું હોય છે.

નવાસા [ફા.] પું. દોહિત્ર; દીકરીનો દીકરો.

નવાસિકા [સં.] પું. (પિંગ.) એ નામનો એક માત્રામેળ છંદ.

નવાસી ૧. સ્ત્રી. દોહિત્રી; દીકરીની દીકરી.

૨. [સં. નવન્ (નવ) + અશીતિ (એંશી)] વિ. નેવ્યાસી; એંશી ને નવ; ૮૯.

નવાસ્તર ૧. [અ.] ન. ખોપરીના હાડકાના સાંધા ઉપર થતું નાનું ગૂમડું.

૨. ન. ગુદા આગળ થતું ગૂમડું; અમદર.

નવાહ્ન [સં. નવન્ (નવ) + અહ્ન (બપોર)] વિ. જેને નવ બપોર હોય એવું.

નવાહ ૧. [અ.] પું. આસપાસનો પ્રદેશ.

૨. પું. કિનારો.

૩. [સં. નવન્ (નવ) + અહન્ (દિવસ)] પું. નવ દિવસમાં પૂરો કરવામાં આવતો રામાયણનો પાઠ.

૪. [સં. નવ (નવું) + અહન્ (દિવસ)] પું. છમાહ, માસ, વર્ષ વગેરેનો નવો દિવસ.

૫. સ્ત્રી. પરૂં; નવાહો.

૬. વિ. નવ દિવસનું.

૭. વિ. નવ દિવસમાં પૂરું થતું

નવાહ યજ્ઞ [સં.] પું. નવ દિવસ ચાલતો યજ્ઞ.

એ નવાહ યજ્ઞ પૂરો થતાં, તે જ સમયે પરીક્ષિત રાજા દિવ્ય દેહ ધરીને સ્વર્ગમાં ગયા હતા. ભગવતી ભાગવત

નવાહ્ની ૧. [અ.] પું. બ. વ. આસપાસનો પ્રદેશ.

૨. સ્ત્રી. પરૂં; નવાહ.

નવાં ૧. ન. ઘ. ઘ. ઘ. નવ એકાંનો બડિયો, ૬૪૨થી ૬૪૧૦ સુધીનો પાડો.

૨. વિ. નવમું.

નવાંકુર [સં. નવ (નવું) + અંકુર (ફણગો)] પું. નવો ફૂટેલો અંકુર.

નવાંગ ૧. પું. (વૈદક) એક જાતનો ઉકાળો.

૨. પું બ. વ. સૂંઠ, પીપર, મરી, હરડાં, બહેડાં, આંમળા, મજીઠ, ત્રિફળ અને ચાવડિંગ એ નવ ચીજો.

૩. [સં. નવન્ (નવ) + અંગ (ભાગ)] વિ. નવ પ્રકારના અંગવાળું.

૪ વિ. નવા અંગવાળું.

નવાંગ [સં.] સ્ત્રી. સાડત્રિશી.

નવાંગી ૧. [સં. નવ (નવું) + અંગિન્ (શરીરવાળું)] સ્ત્રી. જુવાન સ્ત્રી; તરુણી.

૨. વિ. નવ પ્રકારના અંગવાળું.

આ કારણથી જ આ આચાર્ય નવાંગી ટીકાકાર તરીકે પ્રસિદ્ધ છે. મુ. જ્ઞાનકોશ

નવાંગું [સં. નવ + અંગ (શરીરનો અવયવ)] વિ. નવી રીતે સંપૂર્ણ; સર્વાંશે પૂર્ણ; નવાં અંગોવાળું.

નવાકું ૧. વિ. ખુલ્લું; સ્પષ્ટ.

૨. વિ. તદ્દન; બિલકુલ.

૩. વિ. બાકી વગરનું.

નવાણે-કેવળ વદન એ શબ્દના બેઅના પ્રયોગથી બહુબ ઉપજાવ કેવાઈ પણ અર્થ સમજ શકાય ન હોતા. નવાંકોનો તેમણે બાંધા વિના બેનો અર્થ કર્યો હતો. મણેકલાલ ભટ્ટ

નવાંબર ૧. [સં. નવ (નવું) + અંબર (કપડું)] ન. નવું કપડું; ધોયા વગરનું નવું વસ્ત્ર.

૨. વિ. નવા વસ્ત્રવાળું.

નવાંબુ [સં. નવ (નવું) + અંબુ (પાણી)] ન. નવું પાણી.

નવાંબુજ [સં. નવ (નવું) + અંબુ (પાણી) + જ (જન્મેલ)] ન. નવું કમળ.

નવાંશ ૧. [સં.] પું. (જ્યોતિષ) એક રાશિનો નવમો ભાગ. તેનો ઉપયોગ નવા જન્મેલ બાળકનું ચરિત્ર, આહાર, ચિહ્ન આદિનો વિચાર કરવામાં થાય છે.

૨. [સં. નવન્ (નવ) + અંશ (ભાગ)] પું. નવમો ભાગ.

૩. [સં. નવ (નવું) + અંશ (ભાગ)] પું. નવો ભાગ.

નવિ [પ્રા.] અ. નહિ; નિષેધસૂચક શબ્દ.

એક અમૃત વરિ આણે મરૂં,
પણિ હું પાછલ નવિ ઉગરૂં. વિમલપ્રબંધ

નવિત [સં. નવ (નવું)] વિ. નવું; નવીન.

ન વિપુલા પું. (પિંગ.) એ નામનો એક વિષમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ વૃત્તાદિનો ભેદ છે. તેમાં વિષમ પદે બીજા અક્ષર પછી નગણ આવે છે. બાકી આ વિપુલા પ્રમાણે હોય છે.

નવિવાહિત [સં. ન (નહિ) + વિવાહિત (પરણેલ)] વિ. વિવાહ કરાયા વગરનું, અવિવાહિત; પરણ્યા વગરનું.

નવિસત [ફા.] સ્ત્રી. લખાણ; દસ્તાવેજ.

નવિસતખાંદ ૧. [ફા.] સ્ત્રી. મિલકતપત્રનો અવહાર.

૨. સ્ત્રી. વાંચવું અને લખવું તે.

નવિસતા ૧. [ફા.] પું. પત્ર.

૨. પું. લેખ; લખાણ; દસ્તાવેજ.

નવિષ્ટિ [સં.] સ્ત્રી. એ નામનો એક રાગ.

નવિષ્ઠ ૧. [સં.] વિ. અતિશય સ્તુતિ કરનાર.

૨. વિ. અત્યંત નવું.

નવી ૧. સ્ત્રી. નૌબત.

૨. અ. નહિ; ના. આ શબ્દ કવિતામાં વપરાય છે.

નવીકરણ ૧. ન. ઉત્સાહ અને અંગની સ્વાભાવિકતાને નવું રૂપ આપવાના કાર્યરૂપી આનંદ; 'રિક્રીએશન.'

૨. [સં. નવ (નવું) + કરણ (કરવું તે)] ન. નવું કરવું તે.

૩. ન. શરીરના જૂના પરમાણુઓનો નાશ અને નવાઓની પુનર્ઘટના.

૪. ન. સમરામણી; જીર્ણોદ્ધાર.

નવીકાર [સં.] પું. નવું કરવું તે.

નવીકૃત [સં.] વિ. નવું કરેલું; તાજું બનાવેલું.

નવી ગુજરાતી સ્ત્રી. નવી ગુજરાતી ભાષા. નવું ગુજરાતી સાહિત્ય ઉત્પન્ન કરવાનું પ્રથમ માન પારસી ભાઈઓને ઘટે છે એમ મનાય છે, કેમકે ભાષુદેવ શાસ્ત્રીએ ગદ્યપદ્યરીતિનું આધારતર અને ૧૮૨૮માં પ્રગટ કર્યું, તે અગાઉ ફરદુનજી મરજબાને સને ૧૮૧૪માં પ્રથમ છાપખાનું કાઢ્યું અને ગુજરાતી અક્ષરના ઘાટ પોતાને હાથે તૈયાર કર્યા, તેમ જ તેમણે સને ૧૮૨૧માં મુંબઈ સમાચાર નામના વર્તમાનપત્રને જન્મ આપ્યો.

નવીજૂની ૧. સ્ત્રી. ગીતગપશપ; ગારે કેરગાર.

૨. સ્ત્રી. જાણવા જેવા સમાચાર; નવા સમાચાર; જાણવા જેવી નવી અથવા જૂની બાબત. એ શબ્દ ન જાણેલી એવી બાબત કે વાત જાણવાને માટે બોલાય છે.

૩. વિ. નવુંજૂનું.

નવીદ [ફા.] પું. ખુશખબર.

નવી દુનિયા સ્ત્રી. અમેરિકા નામનો ખંડ. કોલમ્બસે સને ૧૪૯૨માં તે શોધી કાઢ્યો ત્યાંસુધી તેના અસ્તિત્વની બબર ન હતી.

નવીન ૧. પું. એક જાતનો વાયુ.

૨. વિ. અસાધારણ; અનોખું.

૩. વિ. તરુણ; જવાન.

૪. [સં. નવ (નવું)] વિ. નવું; તાજું; નૂતન.

૫. વિ. મૌલિક; મૂળ.

૬. વિ. વિચિત્ર; અપૂર્વ.

નવીન કાવ્ય [સં. નવીન (નવું) + કાવ્ય] ન. સ્વમુદ્રિથી રચેલ કવિતા.

નવીનઅંડ [સ. નવીન (નવું) + અંડ (ઈંડું)] પું. મુદ્રિ બીજનો અંડ; ઊગતો અંડ.

નવીનતમ [સ. નવીન (નવું) + તમ (ઉત્તમતા વાચક પ્રત્યય)] વિ. સૌથી વધારે નવીન.

નવીનતમયુગ [સં. નવીન (નવું) + તમ (સૌથી વધારે) + યુગ (જમાનો)] પું. નવીન યુગમાં વધ્યો જ નજીકનો સમય.

નરસિંહરાવ જે રીતે નવીનયુગ અને નવીનતરયુગ કહે છે, તે મુજબ નવીનતરયુગ પછીનો **નવીનતમયુગ** કહેવાય. ત્રિમુદી

નવીનતર [સ. નવીન (નવું) + તર (વધારે)] વિ. વધારે નવીન.

આ રીતે ભારત અર્વાચીન જગતનું નવીનતર કારીગૃહ કહ્યું છે. ત્રિમુદી

નવીનતરયુગ [સં નવીનતર (વધારે નવું) + યુગ (જમાનો)] પું. નવીનયુગમાં વધારે નજીકનો સમય.

નવીનતા ૧ [સં. નવીન (નવું) + તા (પણું)] સ્ત્રી નવીનપણું. નવાપણું; નૂતનત્વ; નૂતનતા.

૨. સ્ત્રી. વિચિત્રતા

નવીનતાપૂજક [સં. નવીન (નવું) + તા (પણું) + પૂજક (પૂજનાર)] વિ નવીન આબતને અનુસરનાર.

નવીન પ્લેટોવાદ પું આત્મા સૂક્ષ્મ વાયુ સ્વરૂપે પૃથ્વી ઉપર જન્મ લે છે, તથા પૃથ્વી ઉપરથી પાછો સૂક્ષ્મરૂપે મરીને જાય છે એવો મત.

નવીન યુગ [સં. નવીન (નવું) + યુગ (જમાનો)] પું ગુજરાતી ભાષાના સાહિત્યનો નવો યુગ. હાલના નવીન યુગનો આરંભ ઈ. સ. ૧૮૮૦થી થયો કહી શકાય તે વખતથી અંગ્રેજી, ફારસી અને સંસ્કૃત સાહિત્યના જુદા પ્રકારની પ્રેરણાથી એ યુગનું સાહિત્ય ઉત્પન્ન થયું છે

કેવળ નવીન યુગ ગોવર્ધનરામ, મણિલાલ દ્વિવેદી, કલાપી ઇત્યાદિ કવિઓના જુદા જ સંસ્કાર અને પદ્ધતિથી રચાયલા સાહિત્યથી અંકિત થાય છે પાશ્ચાત્ય જ્ઞાનપ્રકાશનો પ્રવાહ પૂર જોસમાં આવ્યો, પછી આ સાહિત્ય ઉત્પન્ન થયું. આ સાહિત્યયુગમાં નવલકથાનો અપૂર્વ નવો પ્રદેશ જ ઊઘડ્યો; અને વિજ્ઞાન, જીવનચરિત, સમાજરાજ્ય ઇત્યાદિના જે પ્રદેશો ઉઘાડવાનું મુખ્ય માન ગુજરાત બનકયુલર સોસાયટીને ઘટે છે તે સાહિત્ય વિભાગને પણ અઠ્યારો આદર આપ્યો. ગુ. સા. પરિષદ

નવીન વસ્તુદ્વેષ [સં. નવીન (નવું) + વસ્તુ (ચીજ) + દ્વેષ (ખાર)] પું. નવી વસ્તુઓ તરફ ખારની લાગણી; પરિવર્તન દ્વેષ.

નવીન વાદ [સં. નવીન (નવું) + વાદ (મત)] પું. નવો મત.

ઈ સ. ૧૮૭૫માં ઓલ્કટને પોતાનો **નવીન વાદ** જાહેર કર્યો, તેણે જાહેર કર્યું કે, મુક્તિ પામેલા બૌદ્ધોના દીક્ષા લે ત્યારના છત્ર રહેલા હોય છે. પહેલી ભૂમિકાનું કાર્ય નવીન મનુષ્યત્વ ભાવકના શરીરનું યોગ્યતા-વૃદ્ધિ કરવાનું હોય છે. બીજી ભૂમિકા છત્ર નવીન ભાવકના અધિકારે પડે છે.

આ કા શાસ્ત્રી

નવીન સાહિત્ય [સં. નવીન (નવું) + સાહિત્ય (લખાણ)] ન. નવા યુગનું લખાણ. નવીન સાહિત્યનો આરંભ ઈ. સ. ૧૮૮૦ પછી થયો ગણી શકાય. આ સાહિત્યકારોમાં ગોવર્ધનરામ, મણિલાલ, કલાપી અને નાનાલાલ મુખ્ય ગણાય છે.

નવીન હિંદી સ્ત્રી. પ્રેમસાગર પછી રાઇ કરેલી નવી હિંદી ભાષા

ઉર્દૂ અને નવીન હિંદી ' પ્રેમસાગર પછી રાઇ કરેલી હિંદી) એ બેને માટે ફેર છે, તથાપિ અનેમાં કાંઈ કાંઈ સાધિલ્ય, વ્યવહારને માટે નડે છે. ગુ. સા. પરિષદ

નવીના ૧. [સ] સ્ત્રી. નર્મદાનાં કાનડ માહેનું એક નામ.

૨ સં નવીન (નવું) + આ (નારીજાતિનો પ્રત્યય) સ્ત્રી નવા જમાનાની સ્ત્રી.

૩. સ્ત્રી યુવાન સ્ત્રી.

નવીનાત્પાદક સં. નવીન (નવું) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] વિ નવીન ઉત્પન્ન કરનાર, નવું સર્જનાર; નૂતન સર્જક.

નવીનોત્પાદકતા [સ નવીન (નવું) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર) + તા (પણું)] સ્ત્રી કલ્પકતા, નિર્માણશક્તિ; મૌલિકતા.

નવીનોત્પાદન ' સં નવીન (નવું) + ઉત્પાદન (ઉત્પન્ન કરવું તે)] ન નવીન ઉત્પત્તિ.

નવીનોરી ૧. વિ. તાજું; તરતનું પાકેલું

૨ વિ. નવાઈનું.

નવીભવન [સ.] ન. નવું થવું તે.

નવીભાવ [સં] પું નવું થવું તે

નવીભૂત [સ] વિ. નવું થયેલું; તાજું કરેલું.

નવીર્ય [સ. ન (નહિ) + વીર્ય (શક્તિ)] વિ શક્તિ વગરનું; કમજોર.

નવીવલ સ્ત્રી (કચ્છી) એક પ્રકારનો વેલો; કડવી નર્મ તેનો કંદ મર્યંદ્ય ઉપર ઉપયોગી ગણાય છે.

નવીવાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નવીશ જુઓ નવીસ.

નવીસ ૧. [સં. નવિસ્તન (લખવું)] પું. લેખક, લહિયો; લખનાર માણસ. આ શબ્દ સમાસને છેડે વપરાય છે.

૧ અખબારનવીસ = વર્તમાનપત્રકાર.

૨. અરજીનવીસ – અરજીઓ લખનાર.

૩ ખુશનવીસ = સુંદર અક્ષર લખનાર.

૨ વિ લખનાર.

નવીસંદા ૧ પું. કારકુન; મુનીમ.

૨ [સં.] પું લખનાર, લેખક.

૩. પું પત્રવ્યવહાર ચલાવનાર માણસ

૪. પું. હિસાબી; હિસાબ લખનાર મહેતો.

નવીસંદાઈ ૧ સ્ત્રી મુત્સદ્દીપણું, કાયસ્થપણું.

૨. [સં. નવિસ્તન્ (લખવું)] સ્ત્રી. લખવાની રીત કે આવડત.

નવીસંદો ૧ [સં. નવિસ્તન્ (લખવું)] પું નકલ કરનાર માણસ; સારે અક્ષરે લખનાર પુરુષ. લહિયો.

૨ પું નવી નવી કલ્પનાઓથી લખનાર લેખક.

૩. પું પત્રવ્યવહાર ચલાવનાર પુરુષ

૪. પું. મહેતો; મુનીમ, કારકુન.

૫ પું હિસાબ રાખનાર માણસ

નવી સંસ્કૃત [સ. નવ (નવું) + સંસ્કૃત] સ્ત્રી. કેટલાક સુધારા અને ફેરફાર કરેલ નવી બોલાતી, મુજબની સંસ્કૃત ભાષા વિદ્વાન ડૉક્ટર આફ્રેડ બેન્ઝ એક નવી સંસ્કૃત ઉપભાષાની સૂચના કરે છે તે માટે સંસ્કૃતનું સ્વરૂપ એવું છે કે (૧) એક અર્થના અનેક શબ્દોમાંથી એક જ બોલવા લાગતો શબ્દ સ્વીકારવો. જેમકે, નયન, નેત્ર, અક્ષિ વગરેમાંથી માત્ર નેત્ર, સૂર્ય, રવિ, અર્ક ઇત્યાદિ પર્યાયોમાંથી માત્ર સૂર્ય; આદ્ય, અદ્ય, અદ્ય, અદ્ય ઇત્યાદિમાંથી માત્ર અદ્ય (૨) જેમ અને તેમ જુદા જુદા, કારણ જુદા જુદા વિભક્તિઓ માટેના પ્રાતિપદિક શબ્દોના વર્ગ ને બોજા કરી નાખવા. જેમકે, કૃત્રિમ પ્રકારાંત નરજાતિના તથા નારીજાતિના શબ્દો બધા તજવા; અગ્નિને બદલે અનલ શબ્દથી ચલાવવું, વારિને બદલે જલ; વિમાનને બદલે વિમાન, સરકાર; તેમજ કૃત્રિમ ઉકારાંત સર્વ શબ્દો તજવા. જેમકે, શત્રુ, મિત્રને બદલે વૈરી વાપરવો., તે જ પ્રમાણે બીજા નિયમો બતાવી, ગરીબાનને બદલે ગુરુતર ઇત્યાદિ સ્વીકાર્યા. એ જ પ્રમાણે ત્રિભક્તિ અને ધાતુ રૂપો વિષે કેટલીક યોજનાઓ બતાવી છે.

નવીસિંદા જુઓ નવીસદા.

નવીસી ૧. [ફા.] સ્ત્રી. લખવાની કીમત.
૨. સ્ત્રી. લખવાની ક્રિયા; લખાઈ.
૩. સ્ત્રી. લખવાનો ભાવ.

નવીસીદો જુઓ નવીસદો.

નવુપ ન. એ નામનો એક સુગંધી વનસ્પતિ; તગર.

નવું ૧. [સં. નવન્ (નવ)] વ. નવ એકડાનો પડિયો; ૬×૧થી ૬×૧૦ સુધીનો પાડો.
૨. વિ. અપૂર્વ; અગાઉ નહિ બનેલ.
૩. [સં. નવ] વિ. અભિનવ; મોટા વખત ઉપર બનેલું, જેની જાણ થવાને મોટો કાળ થયો હોય તેવું; તરતનું.
૪. વિ. ઉક્ત પણ જૂના કાળનું નહિ પણ હાલનું.
૫. વિ. તાજું; ઘીલું.
૬. વિ. નવાઈ જેવું.
૭. વિ. ફેરફારથી બદલાયેલું; ફરી બનેલું.
૮. વિ. મહાવરા વિનાનું; વખત જેવાનું; શિખાઉ; ઘોડા વખત થયાં હાલમાં બનેલું.
૯. વિ. રોજ લેવામાં આવતું ન હોય તેવું.
૧૦. વિ. કાચું થતું; આરંભ થતું. જેમકે, નવું વર્ષ.
૧. નવી આંખે જોવું = આધુનિક દૃષ્ટિથી જોવું.
૨. નવી ગેડી નવો હડ = બધું નવેસરથી કાચું કરવું.
૩. નવી વહુ ને બેસતો રાજ, વખાણીએ તો વખાણાય = નવી વહુ અને નવો રાજ કારભારમાં જ નામ કાઢી શકે.
૪. નવું થવું = ભાંગી જવું.
૫. નવું ઘોડી = (૧) બુચાનીનું તાજું ઉઝાડવું ઘોડી. (૨) નવો ઉચ્ચ પ્રકારનો ઘુડસવો.
૬. નવે અવતારે આવવું–નવે જન્મે આવવું–નવો અવતાર આવવો–નવો જન્મ આવવો = (૧) આકૃતમાંથી બદલીને વખતે મોકળા થઈ જવું, બધા મોટા ભેખમમાંથી બચવું; ભારે વિઘ્ન ઘટાવવું (૨) મરણપ્રસંગથી બચી જઈને સારા થવું; મૃત્યુના મુખમાંથી બચવું; ભારે મરણપ્રસંગથી બરતાં બચવું; ઘાત ગયો, મોટી આંતરી પધાર થવી.
૭. નવે ઠોડિયે દીવા કરવા = નવે નામે કરવું; ફરીથી કરવું.
૮. નવે નામે = (૧) બદલે સામો આબાદ બનાવતો જ ન હોય તેમ. (૨) ફરીથી; નવેસર; નવું મંડાણ કરીને; બીજે નામે; બીજી વાર.
૯. નવો છાંટ = તાજો ઉચ્ચ પ્રકારનો ઘુડસવો.
૧૦. નવો ભેડો ને જૂનો વૈદ = જેથી નવા જ્ઞાનવાળો અને વૈદ્ય અનુભવવાળો હોય તે સારો.
૧૧. નવો દિવસ જિનવો = (૧) ઋતીની શરૂઆત થવી. (૨) સખ્ત માંદગીમાંથી બચી જવું; ભેખમમાંથી બચવું.
૧૨. નવો નિશાળિયો નવ છાંયા ને થયું કરે તો દસ છાંયા–નવો સૂપો નવ દિવસ પૂપે = નવો ઉત્સાહ હોય ત્યાંસુધી ઠીક અને પછી કંઈ નહિ એમ હોવું તે.
૧૩. નવો રાજ નવી પ્રજા = એકનો એકની કરે કરવું; ફરીથી.

નવું અર્જણ વિ. વગર વપરાયેલું; સાવ કોરું.

નવુંજૂનું ૧. વ. ઊપલાપાપલા.
૨. વ. બરબર કે બાકાત સબંધી બાબતમાં જેવું તેવું સારોમાઠો ફેરફાર થયો.
૩. [સં. નવ (નવું) + જીર્ણ (જૂનું)] વિ. આગળપાછળનું; તરતનું અને આગલું જેવું, તરતનું અથવા બધા છાંયા ઉપરનું બનેલું; નવું અને જૂનું.
૪. વિ. બાકાત, બરાબર કે બરબર જેવો બનાવ બનવાથી ફેરવાઈ ગયેલું હોય તેવું.
૫. વિ. કુટુંબમાં હળીમળી ગયેલું હોય તેવું; નવું પણ બનવામાં બાબતથી જૂના જેવું થયેલું.
૬. વિ. નવાજૂનીવાળું.
૭. વિ. નવું; અસાધારણ.
૮. વિ. નવું અને અવરત ચેલા કરે એવું.
૯. વિ. નહિ બનાવેલું; નહિ બનેલું; બનવામાં ન આવેલું.

નવુંનકોર વિ. એકદમ નવું; તદ્દન નવું; વપરાશ વિનાનું; જરા યે જૂનું થવા ન પામેલું, જેવું ને તેવું જ રહેલું; જરા યે ચૂપાયેલું કે ભેદું ન થયું હોય તેવું

નવુંનોકે વિ. સાવ નવું; તદ્દન કોરું; નવુંનકોર.

નવુંનોખું ૧. વિ. અપરિચિત; અજાણ્યું.
નવીનોખી ચીજ કોઈ ખેપૂત બાપના આવે છે તે જોતો નહિ. એ બહેનો
૨. વિ. તરતનું.
૩. વિ. તાજું. તરતનું પાકેલું.

નવું વરસ ન. બેસતું વર્ષ. વિક્રમ સંવતનું નવું વરસ કારતક સુદિ ૧ને દિવસે બેસે છે. એ દિવસે વાસ્તવ અજવાળાને બાદ રાખીને પાતાળનું રાજ આપ્યું બનાવ છે. શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગાયો ઉદ્ધારવા બંધ કરાવી ગોવર્ધનપૂજન કરાવ્યું હતું. બેસતા વર્ષને દિવસે અન્નકૂટનો ઓચ્છવ અને સાંજરાની ખરીદી થાય છે, તેમ જ દેવદર્શને તથા વડીલને વંદન કરવા જવાનો નિયમ છે.

નવુંસવું ૧. વિ. અપરિચિત હોય એવું; અજાણ્યું; નિનવાઈફ.
૨. વિ. તરતનું; તાજું; નવું જ હોય એવું; તદ્દન નવું; હમણાનું.

નવું સાહિત્ય [સં. નવ (નવું) + સાહિત્ય (સાહિત્ય)] ન. નવા યુગનું સાહિત્ય.
નવા સાહિત્યની ઉત્પત્તિ અંગ્રેજી કેળવણી થયા પછી થઈ છે અને વર્તમાનપત્રો, માસિકો, નિબંધો, નવલકથાઓ, પાઠ્યપુસ્તકો અને બીજા ઉપયોગી માર્ગો મારફતે લખાવા લાગ્યા. નવા સાહિત્યના લેખકો દલપતરામ, નવલરામ રાસ્કો, રણછોડભાઈ, ગિરધરભાઈ, મોહનલાલ, પ્રાણલાલ, ભોગીલાલ, નંદશંકર, મહીપતરામ વગેરે સારી રે સરળ ગુજરાતી વાપરનારા હતા. હાલોવિદ્વાસ

નવેડો (નવેરો) પું. નિવેડો; પાર; છેડો.

નવેજ ૧. [સં. સ્નાન; પ્રા. ણહવ્વ] સ્ત્રી. કોઈને અડાય નહિ એવી જાતના પદાર્થની પવિત્ર હાલત; જમવા જમાડવાની શુદ્ધ સ્થિતિમાં હોવું તે.
૨. સ્ત્રી. જ્યાં એવું હોય તેટલી જગ્યા; અજોઠ; રસોડું; નાહ્યા ધોયા વગર જ્યાં જઈ ન શકાય એવી જગ્યા.
૩. સ્ત્રી. નાહીને પૂજામાં બેઠા હોય તેવી સ્થિતિ.
૪. સ્ત્રી. નાહ્યા ધોયા વગર જેમાં જવાય કે અડાય નહિ એવી હાલત.
૫. સ્ત્રી. રાંધણીની પૂજીવાળા ભીતો વગેરે ધોળવી તે; જમીન લીંપવી તે; અજોઠ અને ભીંત ધોળવી તે; રસોડા વગેરેની શુદ્ધિ કરવાની ક્રિયા.
નવેજ ધોળવી = રસોડાની જગ્યા જ્યાં રસોઈ રાંધેલી હોય તેની ભીંત વગેરે ધોળીને સાફ કરવી.

નવેજિયું ૧. ન. નવેજમાં પહેરવાનું કપડું; નાહીને પહેરવાનું કપડું. તે રેશમી કે જાજરું હોય છે.
૨. [સં. સ્નાત (નાહવું)] વિ. નવેજને લગતું; નવેજમાં રહેતું હોય એવું; રસોઈ અને રસોડા માટેનું.
૩. વિ. સ્વચ્છ; ચોખ્ખું; શુચિ; પવિત્ર.

નવેજિયો પું. નવેજમાં રહેતો માણસ; રસોઈયો; રાંધનાર કે પીરસનાર આદમી.

નવેતર ન. હમણાંથી. ☞

નવેત્રીનગર ન. ઉજ્જયિની શહેરનું એક જૂનું નામ. જુદે જુદે કાળે તેનાં અમરાવતી, અવંતી, કનકશૃંગ, કુમુદવતી, કુશસ્થલી, નવેત્રીનગર, પદ્માવતી, પ્રકાશ, શિવપુરી, વિશાલા વગેરે નામ હોવાનું કહેવાય છે.

નવેદ ૧. [સં.] સ્ત્રી. ખુશખબર; સારા સમાચાર.
૨. [સં. નૈવેદ્ય] ન. દેવને ધરેલ ભોજન.
૩ [સં. નિવેદન] સ્ત્રી. નિમંત્રણ; આમંત્રણ.
૪. સ્ત્રી. નિમંત્રણપત્ર.

નવેદવું સ. ક્રિ. નિવેદન કરવું; જાહેર કરવું.
કુબરી કમોદી કો રાજ
નવેદી તુજને કહું. નેમવિજય

નવેદ્ય [સં. નૈવેદ્ય] ન. દેવને ધરેલ ભોજન; નિવેદ.

નવૈમિયું વિ. પ્રત્યેક પ્રાપ્તિનું; જન્મ કોમનું; આપણું રાખ્યું ન અપે એવું.

નવૈ નપ્ર સ્ત્રી. કોઈ બાબતની અપૂર્ણતા ન હોય એવી સ્થિતિ.

નવૈનવું વિ. કોરું; વપરાયા વગરનું; અકબંધ; નવુંનકોર.

નવે નાગે ૧. અ. નવેસર; ફરીથી; પહેલી વખત જ વાત કરવી હોય તેમ; જાણે સામો માણસ જાણતો જ ન હોય તેમ.
૨. અ. બીજે નાગે.

નવેરડું (નવેરડું) વિ (જૂ. ગુ.) નવું.
પ્રહુની નિત્ય નવેરડી,
પુરુષ પુરાણો થાય. આનંદકાવ્યમહોદધિ

નવેરું વિ. નવું.
તે વહેવા દેવા વહવાં વાડી,
નવાં નવેરાં દીસઇ
મેલહુમણ સમઘુ. પેથડરાસ

નવેલડું (નવેલડું) વિ. નવું; નવલું.
ધરતી નિત્ય નવેલડી, કેની ન પૂરી આશ;
કેવા રામ રમી ગયા, કેવા ગયા નિરાશ.
કૌમુદી

નવેલા ૧. [હિં.] પું. જાકઝો માણસ.
૨. વિ. અસામાન્ય; વિરલ.
૩. વિ. ખાસ.
૪. વિ. ચાલાક.
૫. વિ. નવું; નવીન.
૬. વિ. મોહક.
૭. વિ યુવાન; તરુણ.
૮. વિ. વિચિત્ર; નવાઈ ભરેલું.
૯. વિ. સારું; ભોળું.
૧૦. વિ. સુંદર.

નવેલી ૧. સ્ત્રી. જુવાન સ્ત્રી; યુવતી; તરુણી.
૨. સ્ત્રી. નવોઢા; નવી પરણેલી સ્ત્રી; નવવધૂ.
૩. વિ સ્ત્રી. નાની ઉમરની; તરુણી.

નવેલું ૧. વિ. ખાસ.
૨. વિ. ચાલાક.
૩. [સં. નવલ] વિ. નવું; નવ; નવીન.
૪. વિ નાની ઉમરનું; તરુણ.
૫ વિ. મોહક.
૬. વિ. વિચિત્ર; નવાઈ ભરેલ.
૭. વિ. સારું; ભોળું.
૮. વિ. સુંદર.

નવેલો ૧. પું. નદિયું; નખના મૂળનો ભાગ.
૨. જુઓ નવેલું.

નવેરા જુઓ નવીસ.

નવેસર ૧. પું. એક જાતનો કપાસ.
૨. અ. નવેથી; ફરીથી શરૂ કરીને; ફરીથી; પહેલેથી; ધરમૂળથી.

નવેસરથી અ. નવેથી; ફરીથી શરૂ કરીને; ફરીથી; પહેલેથી; નવું મંડાણ માંડીને; ધરમૂળથી; પુનઃ; ફરીવાતથી.
વર્તમાન ઇતિહાસ **નવેસરથી** લખવાની અને અભ્યાસવાની અનિવાર્ય આવશ્યકતા છે.
શ્રુ. સા. પરિષદ

નવેસરું વિ. નવસેરનું.

નવેહ ૧. સ્ત્રી. કંટી.
૨. સ્ત્રી. પૈડાનો નારખો.
૩. સ્ત્રી. વચલો ભાગ; મધ્ય ભાગ.

નવેળિયું જુઓ નવેળું.

નવેળી ૧. સ્ત્રી. ઘર પાછળની નાની સાંકડી ગલી; ખડકી; ખડાવી; નવેળું.
૨. સ્ત્રી. પાણી જવાનું ખાડું; નીક.

નવેળું ૧. ન. ઘર પાછળની ખડકી; ઘરની પછવાડે આવેલી ખડકી; ખંડારી; બે ઘર વચ્ચેનો સાંકડો ભાગ; ઘર પછવાડેનો નાહવા માટે કે બીજા વપરાશ માટેનો સાંકડો ભાગ; બે ઘર વચ્ચેની સાંકડી જગ્યા.
૨. ન. પાણી જવાનું ખાડું; નીક.
૩. ન. સામસામાં નેવાંઓનાં પાણીના નિકાસ માટેનો સાંકડો ભાગ; ઘરની પાછળ પાણીના નિકાસનો માર્ગ.
૪. ન. સાંકડી ગલી.

નવેંદિયું ૧. વિ. ગોખ્યું; શુદ્ધ.
૨. વિ. નહિ ભણાવેલું; સૌને આવે એવું.

નવેંદુ [સં. નવ (નવું) + ઇંદુ (ચાંદો)] પું. સુદિ બીજનો ચંદ્રમા.

નવેંબર [અં.] પું. ઈસવી સનનો અગિયારમો મહિનો; ક્રિસ્તી વરસનો અગિયારમો મહિનો

નવૈ [સં.] અ. સંકલ્પાર્થ જણાવનાર એક અવ્યય.

નવૈયા સ્ત્રી. નવાઈ.

નવ્યો જુઓ નવ્વો.

નવ્વો કરાર પું. ઈસુ ક્રિસ્તના જન્મ પછીનો વૃત્તાંત તથા ક્રિસ્તી ધર્મના સિદ્ધાંતોનું પુસ્તક; '-ધ ન્યુ ટેસ્ટમન્ટ' તે જુદે જુદે વખતે જુદા જુદા લેખકોથી ઈશ્વરી પ્રેરણાથી લખાયેલ પુસ્તકોનો સંગ્રહ છે.

નવ્વો કોલ જુઓ નવો કરાર.

નવ્વો જન્મ ૧. પું. ગુમ થયેલા અવયવો અને શારીરિક ભાગોને ફરીથી ઉત્પન્ન કરવાની શક્તિ, અમુક જાતનાં પ્રાણીઓ આ શક્તિ ધરાવે છે. જીવનનાં છીપલાં, કાચબો, માછલી અને ગરોળા જુદે જુદે અંશે ગુમાવેલ ભાગને ફરીથી ઉત્પન્ન કરી શકે છે
૨. પું. ફરીને થયેલ જન્મ; મર્યા પછી જન્મવું તે
૩. પું. સખત બંદોબસ્તમાંથી સહીસલામત બચી જવું તે; બંદોબસ્તમાંથી બચી જવું તે.

નવ્વોઢ (નવોઢ) ન. નવું પહેરવા ઓઢવું એવું તે.

નવ્વોઢા ૧. [સં. નવ (નવું) + ઊઢા (પરણેલી)] સ્ત્રી. નવવધૂ; નવી વહુ; પહેલી સાસરે આવેલી વહુ; તરતની પરણેલી વધૂ.
૨. સ્ત્રી. યુવતી સ્ત્રી; નવયૌવના.
૩. સ્ત્રી (કામ્ય) ધરમ અને જયને લીધે નામદ પાસે જવાનું નહિ ચાહનારી નાયિકા; લાજ અને જવની અધિકતાથી પતિસહોગની ઇચ્છા ન કરનારી સ્ત્રી; જ્ઞાનયૌવના નાયિકાનો એક ભેદ.

નવ્વોદક ૧. [સં. નવ (નવું) + ઉદક (પાણી)] ન. આકાશમાંથી તાજું પડેલું પાણી; નવું પાણી.
૨. ન. ખોદીને કાઢેલું નવું પાણી

નવ્વોદિત [સં. નવ (નવું) + ઉદિત (ઉદય પામેલ)] વિ. નવીન ઉદય પામેલું.

નવ્વો દિવસ ૧. પું. નવરાત્રિનો દિવસ.
૨. પું. પર્વનો દિવસ; ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી જેવા શુભ માટેનો કોઈ પણ એક દિવસ.
૩. પું. બેસતા વર્ષનો દિવસ.

નવ્વોદ્ભૂત ૧. [સં. નવ (નવું) + ઉદ્ (ઉપર) + ભૂત (થયેલ)] ન. આખલો.
૨. વિ. નવું ઉતારેલું. આખલા માટે આ વિશેષણ વપરાય છે

નવ્વો નિશાળિયો વિ. પું. અભણ; અપઢ; નિરક્ષર; નિશાળે.

નવ્વોં ૧. [હિં.] વિ. અસાધારણ; ખાસ; અનોખું
૨. [સં. નવ (નવું)] વિ. નવું; તાજું.
૩. વિ. વિચિત્ર

નવ્ય ૧. [સં.] વિ. નવી સાહોડી; નવી પુનર્નવા.
૨. ન. સ્તુતિ.
૩. વિ. તા.જુ. તરતનું.
૪. વિ. નવું; નૂતન; નવીન.
૫. [સં. નુ (વખાણવું) + ય (વિખ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. સ્તુતિ કરવા જોગ.
૬. અ. ના; નહિ.

નવ્યતા [સં.] સ્ત્રી. નવીનપણું.

નવ્યવર્દ્ધમાન [સં.] પું. એ નામનો એક સ્મૃતિનિબંધકાર.

નવ્યાશી [સં. નવ (નવ) + અશીતિ (એંસી)] વિ. નેવુમાં એક ઓછું; એંસી ને નવ; નેવ્યાસી; ૮૯.

નવ્યાસી જુઓ નવ્યાશી.

નવ્વાણું જુઓ નવ્વાણુ.

નવ્વાણું [સં. એક + ઊન (ઓછું) + શતમ્ (સો); પ્રા. નવણ્ણવયં)] વિ. સોમાં એક ઓછું. નવાણું; ૯૯.

નવ્વાબ [અ.] પું. નવાબ રાજ્ય ચલાવનાર પ્રતિનિધિ. જુઓ નવાબ.

નવ્વાબી [અ.] સ્ત્રી. નવાબી, પ્રતિનિધિ હોવાપણું. જુઓ નવાબી.

નવ્વો ૧. પું. નવ આંકવાળું પત્તું કે પાસો; જેની ઉપર નવ ટપકાં કે નવનો આંક પડેલો હોય તે પત્તું કે પાસો.
૨. પું. સૈકામાંનો નવમો સંવત્સર.

નશ્ ૧. [સં.] અ. ક્રિ. દેખાતા બંધ થવું.
૨. અ. ક્રિ. (ધાતુ) નાશ પામવું તે ઉપરથી થયેલ શબ્દોમાં નષ્ટ, નાશ, નાશક, વિનાશ, નશ્વર, વિનાશી.
૩. અ. ક્રિ. નાસી જવું; ભાગી જવું.

નશાકેવળું વિ. ચોખ્ખે ચોખ્ખું; ભેળ વિનાનું; મિશ્રણ કર્યા વગરનું; શુદ્ધ; એકલકું; એકસરખું.

નશારહું વિ. બેહરમ; લાજ વિનાનું; શરમ વગરનું.

નશ્ય જુઓ નશો

નશ્યાર્થ [સં.] પું. નશો.

નશ્યક ૧. [સં.] પું. એક જાતનો ક્રમનો.
૨. પું. પક્ષી.

નશ્યકારક વિ. નશો ઉત્પન્ન કરનારું.

નશ્યાખાનું ન. (જરથોસ્તી) કાડકી રાખવાનું સ્થાન.

નશ્યાખોર ૧. [સં.] પું. દારૂડિયો, નશાબાજ; નશો કરવાની ટેવવાળો માણસ.
૨. વિ. નશામાં ચકચૂર રહેનારું.

નશ્યાખોરી સ્ત્રી. નશાબાજી; વ્યસનમાં ચકચૂર રહેવાપણું.

નશ્યાજાળ સ્ત્રી. નાડીઓનો સમુદાય.

નશ્યાત ૧ [અ.] પું. આનંદ.
૨. સ્ત્રી. કાર્ય પણ કેફવાળું હોય તે.
૩. સ્ત્રી. પ્રાણી.
૪. સ્ત્રી. સારા સમાચાર.

નશ્યાપાણી સ. ન. ન. નશો કરવાની સામગ્રી.
નશ્યાપાણી કરવાં-જમાવવાં = (૧) દારૂ પીવો. (૨) લાંચ લેવી.

નશ્યપાની [હિં.] સ. ન. ન. નશો કરવાનો બધો સામાન.

નશ્યાર્થી સ્ત્રી. માદક વસ્તુનો પ્રસાર બંધ કરવાપણું.

નશ્યાબાજ જુઓ નશાબાજ.

નશ્યાબાજી જુઓ નશાબાજી.

નશ્યાબાજી જુઓ નશાખોરી.

નશ્યાંધ વિ. નશો; જોર; સંભાન રહિતતા બેભાન.
નશ્યાંધ કામાધિપા રીપા,
નદ્યાને લાવે રૂ,
જરીપૂરીએ ન જાય. કબીર

નશ્રી વિ. નશાવાળું માણસ
પ્રાન વિના સક્તિ તે અસરી,
અસરી પાને જેમ ઉરે નશ્રી. અખો

નશ્રીચેતન વિ. બેભાન.

નશ્રીષ વિ. અભદ્ર; અશુભ; અમંગળ.

નશ્રીન ૧. સ્ત્રી. કપૂરીનો એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. [ફા.] વિ. ભરેલું; ભોરું. આ શબ્દ સમાસવાળા શબ્દને છેડે વપરાય છે. જેમકે, ગાદીનશીન, તખ્તનશીન.
૪. વિ. એ નામની અટકનું.

નશ્રીની [ફા.] સ્ત્રી. બેસવાની ક્રિયા કે ભાવ. આ અર્થમાં આ શબ્દનો ઉપયોગ સમાસવાળા શબ્દને છેડે થાય છે. જેમકે, ગાદીનશીની, તખ્તનશીની

નશ્રીલા જુઓ નશીલું.

નશ્રીલું ૧. વિ. જેના ઉપર નશાનો પ્રભાવ થયો હોય એવું; નશો ચડેલું.
નશીલી આંખો = ઘેન ભરેલી આંખો.
૨. વિ. નશાવાળું; મસ્ત કરે એવું; મસ્તીમાં લાવવું; કેફ ચડાવવું; માદક.

નશે અ. રખેને.

નશ્રોચી [અ. નિહાદ (અવરથ)] પું. અવરથાપક.

નશ્રોત ૧. [અ. નસિહત] સ્ત્રી. ઉપદેશ.
૨. સ્ત્રી. શિક્ષા; મૂળ.
૩. સ્ત્રી. શિખામણ.
૪. સ્ત્રી. સમજણવણી.

નશ્રોષ ૧. [ફા.] પું. હાળ; નીચાણ
૨. વિ. પોલું.

નશ્રોબખ્તરાજ ૧. પું. ચડતીપડતી; જિંદગીનો સારોનરસો સમય.
૨. પું. નફોતોટો.
૩. પું. હાનહો અને ગેરહાજરો.

નશ્રોબાજ વિ. નશાનું સેવન કરવાની ટેવવાળું.

નશ્રોબોખ્તરાજ જુઓ નશ્રોબખ્તરાજ.

નશ્રોશાહ પું. (જરથોસ્તી) મુકદ્દમું ચીયકનાર માણસ; કાયિયો.

નશો ૧. [સં. નશ્યા (બેહોશી)] પું. કેફી ચીજથી ચડતો કેફ; માદક પદાર્થ બેભાન થતી દશા; દારૂ વગેરે પીવાથી થતી બેહોશી. શરાબ, ભાંગ, ચાલે, અફીણ વગેરે એક જાતનું વિષ છે. તેના ઉપયોગથી શરીરમાં એક પ્રકારની ગરમી ઉત્પન્ન થાય છે, જેથી માણસનું મગજ ક્ષુબ્ધ અને ઉત્તેજિત બને છે અને વાદશક્તિ કે ધારણા ઘટી જાય છે. આવી દશાને નશો કહે છે. સાધારણ રીતે તે ઓછો માનસિક ચિંતાઓથી છૂટવાના કે શારીરિક ગ્લિષ્ટતા દૂર કરવાના વિચારથી માદક દ્રવ્યોનો ઉપયોગ કરે છે. ઘણા લોકોને આ દ્રવ્યોનું એટલું બધું વ્યસન પડી જાય છે કે કરરોજ તેનો ઉપયોગ કરે છે. સાધારણ નશાની અવસ્થામાં ચિત્તમાં અનેક પ્રકારનો ઉમંગ ઊઠે છે, મણી નવા નવા અને વિલક્ષણ ખ્યાલ સ્ફરી આવે છે અને ચિત્ત કાર્યક્ષ પ્રસન્ન રહે છે. પણ જ્યારે નશો ચઢી જાય છે, ત્યારે મનુષ્ય કાંઈનું કાંઈ કરવા લાગે છે અને બેહોશ બની જાય છે.
૧. ગફલત નશા જેવું = બહુ જ દારૂ પીવો.
૨. નશા કિરકિરા થવું = અપ્રિય ઘટનથી નશાનો આનંદ બગડી જવો.
૩. નશાની ઝાજ-લહર = દારૂની મજા.
૪. નશાનો ઉતાર = મળીર થવું તે.
૫. નશાનો ખુમાર = બહુ દારૂ પીવાથી માથું દુખવું તે.
૬. નશામાં મરજાદ-ચૂર થવું = બેહોશ બેભાન થવું; બહુ દારૂ પ્રસવો
૭. નશામાં ચકચૂ = (૧) માંડ બનવું. (૨) હોંશી બનવું. (૩) દારૂના કેફમાં હોવું.

૬. નહો જેતરવો-હરણ થવો = (૧) અભિમાન ભર્યું રહેવું; ગર્વ દૂર થવો; ઘમંડ દૂર થવો. (૨) જાનમાં આવવું. (૩) માદક પદાર્થની અસર જતી રહેવી.

૯. નહો કરવો = (૧) દારૂ પીવાની ટેવ હોવી. (૨) મસ્તીમાં આવવું. (૩) માદક પદાર્થ પીવો.

૧૦. નહો આવે-ચડો = (૧) મસ્તીમાં આવવું. (૨) માદક પદાર્થની અસર થવી.

૧૧. નહો ભમવો = સારી રીતે ઊંઘ આવો.

૨. પું ઊંચો પદાર્થ; ઝાડ કે વૃક્ષ.

૩. પું મદ; ગર્વ; અભિમાન; ધન, વિદ્યા, પ્રભુત્વ કે રૂપ આદિનો ઘમંડ.

૪ પું. માથાનો દુખાવો; માદક પદાર્થ અતિ પીવાથી માથું દુખવું તે.

૫. પું. સુમેરુ.

નશોહર [સં નાશ + કર (કર્તા જનાર)] વિ. (હિંદી) નાશ કરનાર.

નશ્તિયસ વિ. નાલાયક; હલકું.

નશ્તર ૧. [ફા.] સ્ત્રી. નશ્તર; ચૂમડાં વગેરે ચીરવાનું ઓજાર.

૨. સ્ત્રી. ઝાંસું.

નશ્રત ૧. સ્ત્રી ઉપદેશ; શિખામણ; બોધ.

૨. [અ. નસીહત] સ્ત્રી. સલ્લા; શિક્ષા; નસિયત.

નશ્રતપ્રસૂતિકા [સં. નશ્રત્ (નાશ પામવું) + પ્રસૂતિકા (જન્મ આપનારી)] સ્ત્રી. મરેલા બાળકને જન્મ આપનારી સ્ત્રી; મૃતપુત્રિકા.

નશ્રતપ્રસૂતિકા [સં.] સ્ત્રી. મૃતપુત્રિકા; જેનું બાળક જન્મતે મરી ગયું હોય એવી સ્ત્રી.

નશ્રયહું ૧. વિ. નાને મોટે મોઢા આગળ બકબક કરનાર; તોછડું; અવિવેકી.

૨. વિ ખૂબ બોલવાળું.

નશ્વ ૧. [અ.] પું. દારૂથી મસ્ત બનવું તે; નશો.

૨. પું. વનસ્પતિ.

નશ્વર [સં. નશ્ (નાશ પામવું)] વિ. નાશ પામે તેવું; નાશવંત; અસ્થાયી; ક્ષણને વશ થાય એવું; થોડા વખત સુધી ટકે એવું. ક્ષણિક. ક્ષણભંગુર; વિનાશી; જેમનું તેજ નહિ રહેનારું.

નશ્વરતા [સં. નશ્વર (નાશ પામે એવું) + તા (પણું)] સ્ત્રી. ક્ષણિકતા; ક્ષણભંગુરતા; નશ્વર હોવાપણું.

નશ્વરપણું જુઓ નશ્વરતા.

નષ જુઓ નખ.

નષત જુઓ નક્ષત્ર.

નષરિષ જુઓ નખરિખ.

નષા ૧. [હિં.] પું. નખ.

૨. પું. નસ; રગ.

૩. પું. નેસ.

નષ્ટ ૧. [સં] ન. અદર્શન; દેખાવનો અભાવ.

૨ ન. નાશ.

૩. ન. પલાયન.

૪. ન. (ચિત્રણ) પ્રસ્તારમાં અમુકમા નંબરનું રૂપ કેવા આકારનું હોય તે જોવાની છંદઃશાસ્ત્રના અભિજ્ઞની રીત; અમુક આંકના પ્રસ્તારમાં અમુક રૂપ કેવું છે, એટલે કે તેમાં બધુ ગુરુ કેવા ક્રમે આવે છે તે બતાવવાની રીત.

નવમા અધિકારમાં પ્રસ્તાર, નષ્ટ, ઉદ્દિષ્ટ વગેરે આવી અધિકારમાં ક્રમાંક કર્યું છે. પુરાતત્વ

૫. ન. રખડુ ઢોર.

૬. વિ. અદૃષ્ટ; નજરે નહિ આવતું.

૭. વિ. ખરાબ થઈ ગયેલું; બગડી ગયેલું.

૮. વિ. ખોવાયેલું; ગુમ થયેલું.

જે ચોરાયેલાં કોર બીજાનાં હોવા હોવાનાં બળી ગયાં હોય અથવા જે બીજી રીતે અદશ્ય થયા હોય તે નષ્ટ કહેવાતાં. નરેંદ્રભાઈ જો

૯. વિ ગુમ; દેખાયેલ.

૧૦. વિ. દુરાચારી; પાપી; અધમ; નીચ.

૧૧. વિ. દુષ્ટ આચરણવાળું; નુકસાન કરનારું.

૧૨. વિ. ધનહીન; દરિદ્ર.

૧૩. વિ. નાશરૂ; બરબાદ થયેલું.

૧૪. [સં. નશ્ (નાશ પામવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. નાશ પામેલું. સામાસિક શબ્દમાં આ શબ્દ પહેલો આવે છે, જેમકે, નષ્ટબીર્ય; નષ્ટબુદ્ધિ.

૧. નષ્ટ કરવું = અંત લાવવો.

૨. નષ્ટ થવું = નાશ પામવું.

૩. ચિરાગ નષ્ટ થવું = વારસ નબાવું; મરવું.

૧૫. વિ. નાસી ગયેલ.

૧૬. વિ. અર્થ; નિષ્ફળ.

નષ્ટકણ [સં. નષ્ટ (નાશ પામેલ) + કણ (કણ)] ન. કુણકું ખેતું; પણ નહિ જેવું ખેતું; પીસે પાને લખી નાખવા જેવું ખેતું.

નષ્ટકપર્દિક [સં. નષ્ટ (નાશ) + કપર્દિક (કપાસ)] પું. રૂનો કચરો; નિરુપયોગી રૂ.

નષ્ટકામ ૧. [સં.] વિ. કામવિકાર નષ્ટ થયો હોય એવું.

૨. વિ. જેને કોઈ બાબતની ઇચ્છા ન હોય એવું.

નષ્ટગર્વિતત્વતા [સં. નષ્ટ (નાશ પામેલ) + ગર્વિતત્વતા (ગર્વવાળું હોવાપણું)] સ્ત્રી. ગર્વ ચૂકાઈ જવાપણું.

નષ્ટગર્વિતત્વતા પણ જોવાતા જેવું જ વિપરીતત્વ છે. અ. કા. શાહ

નષ્ટચર્યા [સં.] સ્ત્રી. રહેવાની સામાન્ય રીતથી વિરુદ્ધ રીતે રહેવું તે.

વન નષ્ટચર્યા પૂરી થાય
સૌને હલક અંગ ન આવ. મુ. કાન્યસંગ્રહ

નષ્ટચંદ્ર ૧. [સં. નષ્ટ (નાશ) + ચંદ્ર (ચાંદો)] પું. બારવા મહિનાના બને પખની બીજનો ચંદ્ર. પુરાણમાં તે ચંદ્રના દર્શનનો નિષેધ કરેલ છે. કહેવાય છે કે, તે દિવસે ચંદ્રને જોવાથી કાંઈ ને કાંઈ કલંક આવે છે. કેટલાક લોકો બારવાની શુક્લ ચતુર્થીના ચંદ્રને નષ્ટચંદ્ર માને છે.

૨. પું. સૌર બારવા મહિનાના બને પખવાડિયાનો ચંદ્ર.

નષ્ટચંદ્રા [સં. નષ્ટ (નાશ પામેલ) + ચંદ્ર (ચાંદો) + આ (નારીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. અમાવાસ્યા; અમાસ તિથિ.

નષ્ટચિત્ત [સં. નષ્ટ (નાશ પામેલ) + ચિત્ત (મન)] વિ. ઉન્મત્ત; ગાંડું.

નષ્ટચેતન [સં. નષ્ટ (નાશ પામેલ) + ચેતન (જીવ)] વિ. જેનું ચેતન નાશ પામ્યું હોય એવું; અચેતન; જડ; બેહોશ; મૂર્છા પામેલ.

નષ્ટચેષ્ટ [સં. નષ્ટ (નાશ પામેલ) + ચેષ્ટા (હલનચલન)] વિ. હાલવાચાલવાની શક્તિ નાશ પામી હોય એવું; નાશ પામેલી ચેષ્ટાવાળું.

નષ્ટચેષ્ટતા ૧. [સં.] સ્ત્રી. એ નામનો એક સાત્વિક ભાવ.

૨. સ્ત્રી. પ્રલય.

૩. [સં. નષ્ટ (નાશ પામેલ) + ચેષ્ટા (હલનચલન) + તા (પણું)] સ્ત્રી. મૂર્છા; બેહોશી.

૪. સ્ત્રી. હર્ષ, શોક વગેરેની સમગ્ર ચેષ્ટાઓનો નાશ.

નષ્ટચેષ્ટત્વ જુઓ નષ્ટચેષ્ટતા.

નષ્ટચેષ્ટા [સં. નષ્ટ (નાશ પામેલ) + ચેષ્ટા (હલનચલન)] સ્ત્રી. નાશ પામેલી ચેષ્ટા.

નષ્ટજન્મા [સં. નષ્ટ (નાશ) + જન્મન્ (જન્મવાળું)] પું. ચર્મચક્ષુહર; ભરજન્મ રોગવા.

નષ્ટજાતક [સં. નષ્ટ (ગુમાવેલ) + જાતક (જન્મેલ)] ન. (જ્યોતિષ) જન્મતિથિ, જન્મસમય વગેરે ન હોય તેવા માણસની જન્મકુંડલી વગેરે બનાવવાની ક્રિયા કે ઉપાય.

નષ્ટતા ૧. [સં. નષ્ટ (નાશ પામેલ) + તા (પણું)] સ્ત્રી. નાશ પામવાનો ભાવ.

૨. સ્ત્રી. ચક્રિતાપણું; દુરાચરિતા.

નષ્ટતેજ [સં. નષ્ટ (નાશ પામેલ) + તેજસ્ (તેજ)] વિ. તેજ વિનાનું

ઽદાહરણ તારા તો બધાયે તેમના નિર્ણયોનો હેતુ પૂરો થયો હોય તેને લીધે નષ્ટપ્રભ અને નષ્ટતેજ થઈ ગયા છે. જ્યોતિર્વિલાસ

નષ્ટદૃષ્ટિ [સં. નષ્ટ (નાશ પામેલ) + દૃષ્ટિ (નજર)] વિ. આંખનું: દૃષ્ટિહીન.

નષ્ટધર્મનષ્ટપુણ્યાદિલક્ષણજ્ઞાપનોત્સુક [સં.] પું. પુરુષોત્તમનાં દુષ્કર માટેનું એક નામ.

નષ્ટપુરુષ [સં. નષ્ટ (નાશ પામેલ) + પુરુષ (મર્દમાંનું દ્રવ્ય)] વિ. જેનું પુરુષ નાશ થયું હોય એવું.

નષ્ટપુષ્પ [સં. નષ્ટ (નાશ પામેલ) + પુષ્પ (ફૂલ)] પું. યોગ્ય વખતે અથવા બરાબર અટકાવ આવતો ન હોય એવો સ્ત્રીઓનો એક રોગ.

નષ્ટપ્રભ [સં. નષ્ટ (નાશ પામેલ) + પ્રભા (તેજ)] વિ. તેજ વિનાનું; કાંતિ રહિત.

નષ્ટપ્રાય [સં. નષ્ટ (નાશ પામેલ) + પ્રાયસ્ (લગભગ)] વિ. લગભગ નાશ પામેલ; મરણતોલ.

નષ્ટબીજ ૧. [સં. નષ્ટ (નાશ પામેલ) + બીજ (બી)] વિ. જેનું બી પણ નાશ પામેલું હોય એવું; વાવવા યોગ્ય નહિ રહેલું એવું. અનાજ માટે આ વિશેષણ વપરાય છે.

૨. વિ. વંશવારસ ન રહેલ હોય એવું.

નષ્ટબુદ્ધિ [સં. નષ્ટ (નાશ પામેલ) + બુદ્ધિ (સમજ)] વિ. મૂર્ખ; બેવકૂફ; મૂઢ.

નષ્ટભાગ્ય ૧. [સં. નષ્ટ (નાશ પામેલ) + ભાગ્ય (ગોવેલો પડેલ)] વિ. ધૂળધાણી; તારાજ; સાવ તૂટીફૂટી ગયેલું અને નાશ પામેલું; નાશ પામેલું અને ઊતરી ગયેલું.

૨. વિ. હેરાનઃ દુઃખી.

નષ્ટમાર્ગણ [સં. નષ્ટ (ગુમ થયેલ) + મૃગ (શોધવું) + અન (પણું)] ન. ખોવાઈ ગયેલું શોધવું તે.

નષ્ટરાજ્ય [સં.] ન. જૂના વખતનો એ નામનો એક દેશ.

નષ્ટરૂપા સ્ત્રી. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક છંદ.

નષ્ટવત્ [સં. નષ્ટ (નાશ પામેલ) + વત્ (જેવું)] અ. નાશ પામ્યા જેમ.

નષ્ટવિષ [સં. નષ્ટ (નાશ પામેલ) + વિષ (ઝેર)] વિ. ઝેર નાશ પામ્યું હોય એવું.

નષ્ટબીજ જુઓ નષ્ટબીજ.

નષ્ટવીર્ય [સં. નષ્ટ (નાશ પામેલ) + વીર્ય (બળ)] વિ. તાકાત વગરનું; શક્તિહીન.

નષ્ટવ્યય [સં. નષ્ટ (નાશ કરવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. નાશ કરવા યોગ્ય.

નષ્ટશુક્ર [સં. નષ્ટ (નાશ પામેલ) + શુક્ર (વીર્ય)] વિ. વીર્ય નાશ પામ્યું હોય એવું.

નષ્ટસંસ્મૃતિ ૧. [સં. નષ્ટ (નાશ પામેલ) + સંસ્મૃતિ (યાદદાસ્ત)] સ્ત્રી નાશ પામેલું સ્મરણ.

૨. વિ. જેનું સ્મરણ નાશ પામેલું હોય તે.

નષ્ટા ૧. [સં] સ્ત્રી. વેશ્યા.

૨. સ્ત્રી. વ્યભિચારિણી; કુલટા

૩. વિ. સ્ત્રી. નાશ પામેલી.

નષ્ટાગ્નિ ૧. [સં.] પું. પ્રમાદ, આળસ વગેરેથી જેનો ગૃહાગ્નિ નાશ પામેલો હોય એવો સામિક બ્રાહ્મણ કે દ્વિજ

૨. [સં નષ્ટ (નાશ પામેલ) + અગ્નિ] વિ. જેનો જઠરાગ્નિ મંદ પડી ગયો હોય એવું

નષ્ટાત્મ [સં. નષ્ટ (નાશ પામેલ) + આત્મન્ (આત્મા)] વિ. વિચારહીન.

નષ્ટાત્મા ૧. [સં.] પું. મૂર્ખ.

૨. [સં. નષ્ટ (નાશ પામેલ) + આત્મન્ (આત્મા)] વિ. આત્માને વિષે જ્ઞાન વગરનું; નાશ પામેલી બુદ્ધિવાળું.

અજ્ઞાનજન્ય આ નષ્ટાત્મા અને દુષ્ટ લોકો દુષ્ટ કર્મનું આચરણ કરી જગતનો ક્ષય કરવાને ઉત્પન્ન થાય છે. ગીતારહસ્ય

૩. વિ. દુષ્ટ; ખલ.

નષ્ટાગ્નિસૂત્ર ૧ [સં. નષ્ટ (ખોવાયેલ) + અગ્નિ (ભેગવવું તે) + સૂત્ર (તાંતણો)] પું. ખોવાયેલી વસ્તુનો કોઈ અંશ મળતો તે, જેથી ગાડીની ચીજનો પણ પત્તો લાગે; ચોરેલા દ્રવ્યની પ્રાપ્તિના સાધનરૂપ એક ચિહ્ન.

૨. ન જુઓ.

નષ્ટાર સ. દેવદારનું ઝાડ.

નષ્ટાર્તવ [સં. નષ્ટ (નાશ પામેલ) + આર્તવ (ઋતુસ્રાવ)] પું. દરમ્યાન ત્રણ થઈ ત્રણ એવો સ્ત્રીઓનો રોગ; ઋતુ બંધ પડી જવો તે; માસિક આવવું અથવા રજોદર્શન ન થાય એવો રોગ; અટકાવ બંધ પડવો તે; અનાર્તવ; રજોરોધ; રજોગોધ; ઋતુબંધ. ગર્ભાશયના મુખમાંથી અંદર રસ્તામાં કોઈ પણ નહતરથી ઋતુ અટકે છે. ઓબંધની ખામી હોવાથી પણ આર્તવ આવતું નથી. અવયવની સ્વાભાવિક ખામી વગેરે કારણોથી દરમ્યાન જેવું બનતું નથી. વળી ઘણી

નષ્ટેંદુકલા [સં. નષ્ટ (નાશ પામેલ) + ઇંદુ (ચંદ્ર) + કલા (ચંદ્રનો સોળમો ભાગ)] સ્ત્રી. અમાવાસ્યા; અમાસ તિથિ; ચૌદશ સાથે મળેલી અમાસ.

નસ ૧. સ્ત્રી. જ્ઞાનતંતુ.
૨. [સં. નસ] સ્ત્રી. નાક.
૩. [સં. રસના] સ્ત્રી. નાની અને ઝીણી નાડ; રસવાહિની, શિરા; રગ.
૧. નસ નસમાં = સારા શરીરમાં; સર્વાંગે.
૨. નસ પકડવી = (૧) મૂળ કારણ શોધી કાઢવું. (૨) ખટકો ન ખાય તેવી રીતે મૂળ સ્થળેથી પકડવું. (૩) ભેદ કે મર્મ જાણવો.
૩. નસ ઝડઝડી = નસ ચૂંટી જવી.
૪. નસ મૂઢાવી–મૂઢાવી = (૧) નસમાં ગાંઠ પડી જવી. (૨) સ્તનમાં નાડીની ગાંઠ પડી જવી; સ્તન પાકવું.
૫. નસે નસ ભૂંડું = સંપૂર્ણ ભૂંડું
૪. સ્ત્રી. નાડ, પાયમાલી.
૫. સ્ત્રી. પાન, ફૂલ વગેરેનો પાતળો રેસો; પાંદડાની મુખ્ય રેખા.
૬ સ્ત્રી. લિંગ; પુરુષની મૂત્રેંદ્રિય; જનનેંદ્રિય.
૧. નસ ઢીલી પડી જવી = શિશ્નેંદ્રિયનું શિથિલ થવું.
૨. નસ મરાવવી = સંભોગ કરાવવો.
૭. સ્ત્રી. શરીરમાં જે બધે લોહી પ્રસરતું રહે તે ઝીણી નળી; ધમની, રક્તવાહિની.
પોચા નસ = પગની પાછળની બાજુએ પિંડી નીચેની મોટી નસ. તે કપાયથી ખૂબ લોહી વહે છે અને મરણ પણ નીપજે છે.
૮. [સં. સ્નાયુ] સ્ત્રી. સ્નાયુ; માંસનો તંતુ; એક પેશીના જેવાને બીજી પેશી કે હાડકા સાથે જોડવા માટેનો શરીર બંધના તંતુઓનો બંધ. સામાન્ય વાતચીતમાં કોઈ શરીરતંતુ કે રક્તવાહિની નળી માટે આ શબ્દ વપરાય છે. નસોના તંતુ દેખ અને ચીવટ હોય છે. ખેંચવાથી તે વધતા નથી. નસ એ શરીરની સૌથી દેખ અને મજબૂત સામગ્રી છે. જે આઘાતથી હાડકાં ભાંગી જાય છે અને પેશીઓ કપાઈ જાય છે તેવા આઘાતથી કોઈ કોઈ વાર નસ તૂટતી નથી.

નસક (નસક) ૧. [અ.] પું. ક્રમ.
૨. પું. રીત.
૩. પું. લખવાની ઢબ.
૪ વિ. નિષ્પાપ.
નસક નામ લે જે સદા પર્યું. પ્રેમાનંદ

નસકચી (નસકચી) ૧. [અ.] પું. અરદલી ઉપરી.
૨. પું. ફાંસીએ લટકાવનાર માણસ.
૩. પું. બકરને કપમા જોડવનાર આદમી.

નસકટા ૧. [હિ.] પું. નપુંસક; હીજડો.
૨. પું. સૃષ્ટિ વિરુદ્ધ કર્મ કરનાર માણસ.

નસકારી ૧. વિ. સ્ત્રી. અદેખી.
૨. વિ. સ્ત્રી. અપશુકનિયાળ.
૩. વિ. સ્ત્રી. બરાબર નરસીકાકારી.
શું કરો બહુરી નસકારી,
કુરીજન હૌડિ હસ્યા રે. નરસિંહ
૪. વિ. સ્ત્રી. ટંકણખા વગરની.

નસકારું ૧. વિ. અદેખું.
૨. વિ. અપશુકનિયાળ.
૩. વિ. ટંકણખા વગરનું.
૪. વિ. નાકરું; બરાબર નજેદ.

નસકોરી [સં. નાસિકા + છિદ્ર (નસ); પ્રા. નક્કસિરા] સ્ત્રી. નાકમાંનો નાનકડા ચામડીનો પડદો; નસકોરાંમાંની કુમળી ચામડી.
નસકોરી ફૂટવી = નાક ઉપર આફત આવી અથવા અત્યંત ગરમીથી નાકમાંથી લોહી પડવું. એવે વખતે આંખ ઉપર ઠંડા પાણીની પોર કરવી. લૂગડું બીજું કરી ચોળી વાર આંખ ઉપર રાખવું અને કૂતું બીજું પોતું રાખવું

નસકોરું ૧. જ. નાક; નાસિકા.
૨. જ. નાકનાં બે માહેનું એક કાણું; ફોરણું; નાસિકારંધ્ર.
૧. નસકોરામાં ઊંટ આવ્યા જવા = અજિમાનમાં કોઈને લેખવવું નહિ; મોટાઈ બારણ કરવી.
૨. નસકોરાં ફોરવાં–ફોલવાં = ઊંધમાં નાકમાંથી અવાજ થવો. આમાં કોમળ તાળુ શ્વાસોચ્છ્વાસની સાથે જ ફૂલે છે અને અવાજ કરે છે.
૩. નસકોરાં ફૂલવા = મર્મ આવવો; અભિમાન આવવું

નસખ (નસખ્) ૧. [અ. નસ્ખ] પું. અરબી, ફારસી વગેરે ભાષાઓ લખવાનો એક પ્રકારનો મરોડ.
૨. પું નકલ કરવી તે.

નસડ (નસડ) વિ. નિર્લજ્જ; બેશરમ; નાક વગરનું.

નસડું (નસડું) વિ. બેશરમ; શરમ વગરનું; લાજહીન.

નસતરંગ ન. સુષિર જાતનું એટલે પવનથી વગડાવવાનું એક વાદ્ય; કારણાર્થના ભાકારનું પિત્તળનું એક જાતનું વાદ્ય. તેના પાતળા ભેડા ઉપર એક ઝીણું કાણું હોય છે. આ ભેડા ઉપર કરોળિયાનું ખોળું પડ રાખે છે. વાદળના ભેડાને બગાની પાટીની પાસેની નસો ઉપર રાખીને બગાના સ્વરથી ભરે છે, જેથી વાદળમાંથી અવાજ ઉત્પન્ન થાય છે. આમાં બે વાદળો બગાની પાટીની બે બાજુ રાખી એક સાથે વગાડાય છે. કોઈની રચનાના સિદ્ધાંત ઉપર આ વાદ્ય બોલનારું હોય એમ જણાય છે.

નસતાલીક ૧. [અ.] પું. ફારસી કે અરબી લિપિમાં સુંદર અને સાદ અક્ષર લખવાની રીત.
૨. વિ. બહુ સારો અને સુંદર જેનો રંગઢંગ હોય એવું.

નસદાર વિ. નસથી ભરપૂર; રગાળવાળું.

નસનાડ ૧. [અ.] પું. એક જાતનો લાંબો ઊનાંગઠિયાં.
૨. પું. કૂદકા મારીને ચાલતો, એક પગ અને એક સાથળવાળો કલ્પિત રાક્ષસ

નસનાડી [અ.] સ્ત્રી. રાક્ષસી; રાક્ષસ સ્ત્રી.

નસબ (નસબ) [અ.] ન કિ (ધાતુ) તેણે ઘડેલી આપ્યું. તે ઉપરથી બનેલ શબ્દ. નસબ, પ્રા-સાદ, પ્રનસબ.

નસબેહાડ (નસબાહ) પું. હાથીનો એક રોગ. તેમાં તેનો પગ સૂજી જાય છે.

નસબ ૧. [અ.] પું. કુટુંબ
૨. પું જાતિ.
૩. પું. વંશ.
૪. અ. કિ. (ધાતુ) તેને સંબંધ હતો. આ ધાતુ ઉપરથી બનેલ શબ્દ: નિરબત, પ્રનાસિબ.
૫. અ. કિ. (ધાતુ) તેણે નીમ્યો. તેના ઉપરથી બનેલ શબ્દ: મનસબ, મનસબદાર, મનસૂબ.
નસબ કરવું = નક્કી કરવું.

નસબનામા [અ.] પું. પેઢીનામું, વંશાવળીનો ચોપડો; વંશવૃક્ષ; વંશવેલો

નસબબતુમા [અ.] પું. (ગણિત) ઉંદ.

નસબી વિ. વંશપરંપરાનું.

નસર ૧. [અ.] ન. ગદ્ય.
૨. અ. કિ (ધાતુ) તેણે મદદ કરી. તે ઉપરથી બનેલ શબ્દ: નસરત, મનસૂર, નાસિર.

નસરત [અ.] સ્ત્રી. વિજય; ફતેહ.

નસરતજંગ સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. તેની ઉપર પહેલા ત્રણ પંક્તિઓ લખેલી છે, જેની મતલબ એવી છે કે, આ તોપ અજગરની માફક આગ ઓકું ધરાવતી નથી, પણ પોતાના મુખથી બીજાઓના તખ્તા કાઢનારી છે. પોતાના એક અવાજથી કાયરનું જાગ્રત પોતાના દુશ્મનોની બાજુ કાયર કરી દે છે. કિલ્લા ફતેહ કરવાના કારણે એનું નામ નસરતજંગ રાખ્યું છે. બહાદુર રણજિતસિંહ બહાદુરના સમયમાં તોપખાનાર અબાગાસિંહની દેખરેખ નીચે તેનો બનાવનાર રામસિંહ તોપસાજ હતો અને વિક્રમ સંવત ૧૮૮૭મા તે પૂરી થઈ છે.

નસરતખાન જી. એ નામની એક પુરાતની તોપ. તેમાં અરબી ભાષામાં કોતરેલું છે કે, શ્રી અકબર પુરંદરની કૃપાએ, મહારાજા રણજિતસિંહ બહાદુર દામ મુલ્કો હુ વ સલ્તનતુ શ્રી મહારાજમાહેબાધિરાજ, આ નસરતખાન નામક તોપ, પવિત્ર નૂકમથી મૃતાલિક ચિકની સન ૧૮૮૧માં અમ્બુઝે કિતરત, કલાતુને કિતનત મેરસ્મો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદુર તૈયાર કરાવા છે.

નસર મુસજ્જની જિ. જોરૂં.

નસરાણી ૧. જી લોહાણાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નસરાની ૧. કું. કાફર.

૨ [અ. નસ્રાની] કું. ખ્રિસ્તી.

૩. કું. ધુરચ્યો માણસ.

નસરી ૧. [હિ.] જી. એ જાતની મધમાખીનું મીણ.

૨. જી. એક જાતની મધમાખી.

નસલ ૧. [અ. નસ્લ (ઓલાદ)] જી. મૂળ; વંશ; ગોત્ર.

૨. જી. જડ; મૂળ; જમીનમાં રહેલો મૂળાંકુર; ઉત્પત્તિસ્થાન.

નસલ કાઢવી = મૂળ ખોદી કાઢવું.

૩. જી. નાક; રગ.

૪. જી. નિશાની; પત્તો; નામનિશાન.

નસલી ૧. [અ. નસ્લ (ઓલાદ)] વિ. કુળવાન.

૨. વિ. મૂળવાળું.

નસવાણ [ન + સુવાણ] જિ. અણકળ; નખાઈ ગયેલું; નિર્જળ; કમજોર

નસવાદું ૧. વિ. ઓછી સમજણવાળું; સમજણ વિનાનું

૨. વિ. કાલું. ચાસલું.

૩. વિ. બેની તકરારમાં વિના કારણ અને વિના સમંધ વચમાં પડનાર.

૪. [ન + સ્વાદ] જિ. બીકાશ વગરનું; સ્વાદહીન; સ્વાદહીણું.

નસવાન જુઓ નસવાણ.

નસવાર [હિ.] જી. સૂપણી; તપખીર; બરફ.

નસવું ૧. અ. ક્રિ. જોસથી હાંકવાથી બળદની ગરદનનું સૂજવું. બળદને ખૂબ હાંકવાથી તેના ગળા આગળની નસ ફૂલી બહુ બહાર બંધાઈ બાય છે.

૨. [સં. નશ્] અ. ક્રિ. (બા. પ્ર.) નાશ પામવું.

દુરીત સવિ એહથી નસૈં,
વસૈં સકલ કુશલાત.
અમરદાસબ્રહ્મોદધિ

નસંક ૧ ન. નસીકવું તે; નસીકવાની ક્રિયા; નાક સાફ કરવું તે.

૨. [સં. નિઃશંક] વિ. નિર્ભય; નીડર.

નસંતાન ૧. [સં. ન (નહિ) + સંતાન (બાળબચ્ચાં)] ન. છોકરાંનો અભાવ હોવો તે; નિર્વંશ હોવો તે; નિર્વંશપણું; કુળનું નિકંદન જવું તે; વંશનું પરવારવું તે.

હવે મુંબઇ મહેતાનું નસંતાન જવાનું.
કનૈયાલાલ મુનશી

૨. જ. નપોદ્દા; પાયમાલી

૩. વિ. સંતાન વગરનું; વારિસું; નિર્વંશ.

નસંદુ વિ. અણધું; કદકા કર્યા વગરનું.

નસ્ય ૧. [હિ.] જી. નસો.

૨. [સં.] જી નાક; નાસા; નાસિકા.

૩. જી. નાકનો રોગ.

૪. જી નાડી; રગ.

૫. જ. મુકદું; કળ

૬. જ. નિર્બે; નક્કી; નિર્ધાર.

નસાઈ જિ. (કપડી) બંધાણી; નસો કરવાવાળું.

નસાઈકત જ. (જરથોસ્તી) મુકદું રાખવાનું ઘર.

નસાઈમ [અ.] કું. જ. વ. પવનો.

નસાકરી [સં. ન (નહિ) + સાક્ષર (વિદ્વાન) + મત્ (વાળું)] જિ. સાક્ષર વિનાનું.

આવે આજે તો દુનિયા એકદમ નસાક્ષરી કરી દઉ.
નથમુસુમ

નસાખાના ન. (જરથોસ્તી) મુકદું રાખવાનું ઘર.

અગાઉ પારસી લોકોને અમે લઈ જવા પહેલા નસાખાનામા લઈ જઈ ત્યાં ઉત્તરક્રિયા કરતા આવતી. હવે નસાખાનાનો ઉપયોગ ઉત્તરક્રિયાને લગતો સામાન મેલવો કે નનામી પથ્થર વગેરે રાખવા માટે કરવામાં આવે છે. જમશેદજી મોદી

નસાજણ ૧. જી. જ્ઞાનતંતુનો સમૂહ.

૨. જી. નસનો જથ્થો; રગ; શિરાનો.

કૂડી કૂડી સહુ નસાજણ રે,
વાહે વેદ અન્યો નંદલાલ રે. પ્રેમાનંદ

નસાડવું (નસાડવું) ૧. સ. ક્રિ. નાસી જાય તેમ કરવું; ભગાડવું; બાકી કાઢવું; દૂર કરવું; કાઢેરી કાઢવું; દૂર ધકેલવું.

બીજુ બીજું બોલે ને હસાવે,
બાકેલાનો થાક નસાડે. ગોવર્ધનરામ

૧. નસાડી કાઢવું = (૧) ભગાડી મૂકવું; નાસે તેમ કરવું. (૨) હરાવવું; પરાજય કરવો.

૨. નસાડી મૂકવું = નાસી જાય તેમ કરવું; કાઢેરી કાઢવું; કાઢે કાઢવું.

૩. નસાડી કાઢી જવું = મીજલસ કજલ્લમાંથી ભગાડી જવું.

૨. સ ક્રિ. હરાવવું; પરાજય કરી નાસે તેમ કરવું. ભેગા રહેવા નહિ દેવું.

નસાડાવવું (નસાડાવવું) ૧ સ. ક્રિ. નસાડવાની ક્રિયા કરાવવી; હાકો કઢાવવું; દૂર કરાવવું.

૨. સ. ક્રિ. હરાવવાવવું; પરાજય કરાવવો.

નસાડાવું (નસાડાવું) ૧ અ ક્રિ. નસાડી શકાવું; નાસી જાય તેમ કરી શકાવું

૨. અ. ક્રિ. હરાવું, પરાજય પામવો

નસાણું ન. નાસી જવું તે; ભાગી જવાની ક્રિયા; ત્રાસથી વતન છોડી નાસવું તે; જય કે ત્રાસથી નાસવું તે; નાસરું; નાસણ.

નસાદર [ફા.] કું નવસાર

નસાનું [સં. ન (નહિ) + સ્વાદુ (સ્વાદિષ્ટ)] વિ. સ્વાદમાં બગડી ગયેલું; બેસ્વાદ.

નસાબેહ [અ.] જી. જ ક્ષ ક્ષિબામણો.

નસાર [સં. ન (નહિ) + સાર (સત્ત્વ)] જિ સાર વિનાનું; રસ વિનાનું.

કુ.ખમય અને નસાર સંસારમાંથી નિવૃત્ત થયા વિના મોક્ષપ્રાપ્તિ થતી નથી. ગીતારહસ્ય

નસારા ૧. કું. અંગ્રેજ.

૨ [અ.] કું ખ્રિસ્તી

૩. કું પેગમ્બર પરંપરાએ ઊતરી આવેલા ધર્મના અનુયાયીઓ.

ધર્મયુક્ત મુસલમાન નસારાનું બાળ, પણ કાફિરનું તો ન જ બાય. પ્રસ્થાન

નસાવણ જિ. નસાડનારું, ભગાડનારું.

નસાવણહાર જુઓ નસાવણ

નસાવવું જુઓ નસાડવું.

નસાવાવવું જુઓ નસાડાવવું.

નસાવાવું જુઓ નસાડાવું.

નસાં ૧. વિ બાયલું; ચેતન વિનાનું; શક્તિહીન.

૨. અ ક્રિ. નરમ પડવું.

૩. અ. ક્રિ પાછી જવું.

નસાંય અ. નહીં.

નીચપણું જો નસાંય નરકે લઈ જાય.
બજન

નસિકાવવું સ. ક્રિ. નસીકે એમ કરાવવું.

નસિકાવું અ ક્રિ. નસીકો થવાવું. નસીકવાની ક્રિયા થવી.

નસિબ [સં નિષિદ્ધ] ન. નિષિદ્ધ ખાનગત; મનાઈ કરેલ વસ્તુ.

રાજ કન્યાં ભોજન પણ કીધા,
નહીં નસિબનું બાજ. રણછોડ

નસિયત ૧. [અ. નસીહત (શિખામણ)] સ્ત્રી. બોધ; શિખામણ; નસીહત.
૧. નસિયત આપવી-દેવી = (૧) બોધ દેવો; શિખામણ આપવી. (૨) ગાળિદક પ્રકાર કરવો, કપટ આપવો.
૨. નસિયત માનવી = (૧) શિખામણ માનવી. (૨) કહ્યા કરીએ બો સૂતી જવાબ તેમ વર્તવું
૩. નસિયત લાગવી = બોધ લાગવો, શિખામણ માનવી.
૨. સ્ત્રી. છન્દપ્રકાર; કપડો; બોધ.
૩. સ્ત્રી. સાન્ત; શિક્ષા.

નસિયા ૧. [અ.] ન. કોઈ પણ જવાબ તેવું હોવાપણું.
૨. ન. કીમત વગરની વસ્તુ; નકામી વસ્તુ.
૩. ન. પીરેલ પૈસો.

નસિરું ૧. વિ. ઉદ્ધત; અભિમાની.
૨. વિ ૯૬ આમલો; હઠીલું; રસિયું; જક્કો; અડિયલ; મક્કમ; પકડવું હોય તે કદાપિ પણ નહિ મેલવું.
બોલ નસિરું = મુશ્કીલીનો અને દુઃખ આવ્યા જતાં પણ નહિ મેલવું.

નસી [હિ.] સ્ત્રી. હાલતું અથડાતું બોલવું ચાલવું.

નસીકરવું ૧. સ. ક્રિ. કાઢીને નાખી દેવું.
૨. [સં. નસ્ય (નાક) + કૃ (કરવું)] સ. ક્રિ. ઔષધું; નાકમાંથી જળ કાઢવો; નાક સાફ કરવું; નાકમાંથી વાયુનું જોર કાઢી ને ઓટ કાઢવું; નાક સીધારવું

નસીકારવું સ. ક્રિ. નાક સાફ કરવાની ક્રિયા હોવી.

નસીજ [અ.] ન. બોક જાતનું ખારીક કપડું.

નસીઠ [હિ.] વિ. બળવાખોર.

નસીત ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નસીની સ્ત્રી. નિસરણી; સીડી.

નસીપૂજા [હિ.] પું. હસ્તપૂજા; વાવણીની મોસમ પછી કરાતી હાલની પૂજા.

નસીબ ૧. પું. હિસ્સો; ભાગ.
૨. ન. બાબાદી.
૩. [અ. નસબ] ન. કિસ્મત; ભાગ્ય; કર્મ; પ્રારબ્ધ; દૈવ; તકદીર.
૧. નસીબ ઊઘડવું-ખૂલવું-બળવું-બળી ઊઠવું-ફરવું = ભાગ્યોદય થવો; ભાગ્ય ઊઘડવું; ભાગ્ય ફળવું; કલ્યાણ થવું; સામો પક્ષ પડતો પડ્યો; સારું થવું; પ્રાપ્તિ થવી.
૨. નસીબ થવું = (૧) ભાગ્યમાં હોવું. (૨) મળવું; પ્રાપ્ત થવું. મારી જિંદગીની એક સોનેરી પળ તે પછી મને નસીબ થઈ.–નેહિ ફરસ્તામ
૩. નસીબ ફરી જવું = પાપ આવી જાવું. બરબાદી થવી.
૪. નસીબ ફૂટવું - ભાગ્ય ફૂટવું. નસીબ નાઠું નીકળવું; માઠું થવું.
૫. નસીબ ફોડી નાખવું = પાયમાલ કરવું; મોટી નુકસાની કે દુર્દશામાં આણી મૂકવું.
૬. નસીબ એ કામાં આગળનું આગળ = બનવાં બનવાનું તે તો બનવાનું જ; ભાગ્ય બદલ મળવું નથી
૭. નસીબ ઘડવું = ભાગ્યની બબ્બાબાવ કરવી
૮. નસીબ વેચવું = નસીબમાં હતી તે જ થશે, એમાં કોઈના આધારની દરકાર નથી; નસીબમાં હશે તો કાંઈ બચવું નથી.
૯. નસીબના ભોગ = કમબખ્તી
૧૦. નસીબનું આર્જીગણત = કમનસીબ; જેને નસીબ આગળ ને આગળ નાસા કરે એવું.
૧૧. નસીબનું આમળું-વાંકું = અભાગી; કમનસીબ
૧૨. નસીબનું ઊંધું = બેનસીબ; કમનસીબ.
૧૩. નસીબનું વાંકું કરવું = ભાગ્યોદય થવો; નસીબ ખૂલવું; નસીબની આડે જે અંતરાય હોય તેનો નાશ થવો.
૧૪. નસીબનું નગિયું = હીણભાગી; અભાગિયું.
૧૫. નસીબનું વાંકું = મહેનત પણ અકર્મી; હીણભાગી.
૧૬. નસીબનો બેલ = ભાગ્ય બળવાન હોવું તે. જિંદગીમાં બોલ દોઢે, દીઠે કનકતું તેહ; કહ્યા કરે કમનાયજી, બધા નસીબનો બેલ.–નવલરામ લોરા
૧૭. નસીબમાં લખ્યું હોય તે ખરું = નસીબ ઉપર આધાર રાખવો.

નસીબજલા [હિ.] વિ કમભાગી; અભાગી.

નસીબદાર ૧. વિ. પૈસાદાર; ધીમાન.
૨. [અ.] વિ. ભાગ્યશાળી; દૈવયોગ; સારા નસીબવાળું; સુખસંપન્ન; સુખી; સુભાગી, સદ્ભાગી; ભાગ્યવાન; પુણ્યશાળી; પ્રતાપી.
૧. નસીબદારનું તાલું ભાનું ન રહે = નસીબદારીનું ચિહ્ન બબ્બું રહેતું નથી.
૨. નસીબદારને ઘેર ભેંસ મરે–નસીબદારને ત્યાં ખૂટ રહે = બનવાં નસીબ હોય તેનું સારું જ થાય.

નસીબદારી ૧. [અ.] સ્ત્રી. ભાગ્ય; કિસ્મત.
૨. સ્ત્રી. ભાગ્યોદય.

નસીબવર [અ.] વિ. ભાગ્યવાન; નસીબદાર.

નસીબવંત જુઓ નસીબવાન.

નસીબવાદી ૧. પું. નસીબ ઉપર આધાર રાખી બેસી રહેનારો; દૈવવાદી; કર્મવાદી; પ્રારબ્ધવાદી.
૨. વિ નસીબ ઉપર આધાર રાખી બેસી રહેનારું; દૈવવાદી; કર્મવાદી; પ્રારબ્ધવાદી.

નસીબવાન વિ. ભાગ્યશાળી; સુદૈવી; ભાગ્યવાળું.

નસીબ્યા જુઓ નસીબ.

નસીબી ૧. [અ.] સ્ત્રી. કર્મસંયોગ; કર્મયોગ; દૈવસંયોગ; દૈવરંગ; દૈવસંજોગ.
૨ વિ. બળેલું.

નસીબેવર જુઓ નસીબવર.

નસીબો ૧. [અ. નસીબ (કિસ્મત)] પું. કમનસીબ; દુર્ભાગ્ય.
૨. પું. નસીબ; ભાગ્ય.
૩. પું. નસીબમાં બનેલો પ્રસંગ કે બનાવ.

નસીમ ૧. [અ.] સ્ત્રી. ધીમો પવન; મંદ વાયુ. સુંદર હવા; ઠંડી, ધીમી અને ઉમદા હવા.
૨. ન. કશ્મીરમા આવેલું એ નામનું એક ઉપવન.

નસીમ સહર પું. સવારનો સુંદર પવન.

નસીમા ૧. સ્ત્રી. વાણિયાની ચોરસી માંહેની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નસીર ૧. [અ.] પું. મદદનીશ; સહાયક; ' અસિસ્ટંટ. '
૨. પું. મિત્ર; દોસ્ત.
૩. [અ. નસર (તેણે બચાવ કર્યો)] પું. રક્ષણ કરનાર પુરુષ, બચાવ કરનાર માણસ.

નસીલા ૧. [અ.] વિ. નસવાળું; રેસાદાર.
૨. વિ. સારા કુટુંબનું; ખાનદાન.

નસીલું ૧. વિ. નસદાર; નસવાળું; રસિયું; નસિયું.
૨. વિ. મક્કમ; હઠીલું; આગ્રહી.

નસીવ જુઓ નસીબ.

નસીહત ૧. [અ. નસહ (તેણે બોધ આપ્યો)] સ્ત્રી. ઉપદેશ; શિખામણ; બોધ.
૨. સ્ત્રી. ચેતવણી.
૩. સ્ત્રી. કપડો; શબ્દપ્રકાર; બોલ
નસીહત દેવી = (૧) કપડો દેવો. (૨) શિક્ષા કરવી. (૩) શિખામણ આપવી; સલાહ આપવી.
૪. સ્ત્રી. શિક્ષા; સજા; નસિયત.

નસીહત આમેજ [અ. નસીહત (ઉપદેશ) + આમીઝ્ત (ભેળવવું)] વિ. ઉપદેશવાળું; બોધક, શિખામણરૂપ; સારી સલાહવાળું.

નસીહતગર ૧ પું વડો વિદ્યાર્થી; 'મોનિટર.'

૨. [અ. નસીહત (શિખામણ) + ગર (દેનાર)] પુ. સલાહકાર

નસીહતગો જુઓ નસીહતગર.

નસીહત હુકમ પું. લેખિત સાબિતી કે પુરાવો.

નસીહા [હિ.] પું પોચા ભેતરમાં ચલાવવાનું હથિયાર

નસીંગવું જુઓ નસીહવું.

નસુ પું (જરથોસ્તી) મલિનતાનું પ્રેત.

નસૂગ [ન (નહિ) + સૂગ (અણગમો)] વિ. મળમૂત્ર કે એવી બીજ જોઈને જેનો ઇજ્ય કે મન બંધાય નહિ એવું.

નસૂર [હિ] પું. નાસૂર.

નસે અ. નહિ.

નસેડવું સ. ક્રિ. નસીડવું; નાક સાફ કરવું.

નસેનસ ૧. સ્ત્રી. દરેક નસ.

નસેનસ અને રોમરોમ પડઘા અને ચમકવા લાગી. સરસ્વતીચન્દ્ર

૨. અ. આખા શરીરમાં ફેલેફેલે; રગેરગે.

૧. નસેનસ જૂનું = તાન અસલ; હાડોહાડ જૂનું; ફેલેફેલે ખોડું.

૨. નસેનસ વ્યાપી જવું = સર્વાંગે વ્યાપ થઈ જવું; પૂર્ણ થઈ જવું. ઝેર વગેરે માટે બોલાય છે.

નસેલાલાર જુઓ નસેસલો.

નસેસલો ૧. પું (જરથોસ્તી) આખિનેટ મુડદું ઉપાડી જવાનું કામ કરનાર પુરુષ; લાશને ઊંચકનાર માણસ.

૨. વિ. પું. મુડદું ઉપાડી જનાર.

નસેસાલ [ફા.] વિ. મુડદાં ચીરનાર

ત્રિપડા નસેસાલે તે બલા,
મૂએની સિરે જ બલા. મલબારી

નસેસાલાર જુઓ નસેસલો.

નસૈ ૧. અ. નિચે; નક્કી.

૨. [સં. ન (નહિ) + અસ્તિ (છે); અપ. નત્થિ; પ્રા. નત્થિ] અ ક્રિ. નથીક છે નહિ.

નસૈની [સં. નિ:શ્રેણી] સ્ત્રી. (હિંદી) લાકડાની સીડી

નસો ૧. પું. અપવિત્રતા

૨ [ફા. નદ્સ્ત (બેહોશી)] પું. દારૂ જેવા માદક પદાર્થ પીવાથી થતી બેહોશી; નશો; ઉદા. જી. ગાંડી; ઘાનો

નસોડાં (નસોડ્ય) ૧. ન. વ. વ. આંતરડાં.

૨. ન. વ. વ. બિસોડાં, કારેલાં વગેરે ઉપરની રજ.

૩. ન. વ. વ. શરીરની નસો; રજ.

૧. નસોડાં ઊતરવાં–કાઢવાં–તોડી નાખવાં = (૧) ખૂબ હાજરી લેવી. (૨) સખત માર મારવો

૨. નસોડાં તોડવાં = નસો તૂટે તેટલું કામ કરાવવું; ખૂબ કામ કરાવવું; મજૂર ઉપરાંત કામ કરાવવું.

નસોડું (નસોડું) ૧. ન. આંતરડું.

૨. ન. બીસોડાં, કારેલાં વગેરે ઉપરની રજ.

૩. ન. રજ; નસ.

નસોતર [સં. નિત્યોત્તર] સ્ત્રી.; ન. એક જાતનું કરિયાણું; એક જાતના વેલાનાં મૂળ. આ ઔષધિ સારક હોવાથી હલકાઈ આપવામાં વપરાય છે. તેનો હલકાઈ આપવાથી પેટમાં વીંટ ભરાય છે. રેચક તરીકે તે ૨૦થી ૬૦ ગ્રેનની માત્રામાં અપાય છે. નસોતર કેસો પદાર્થ ગણાય છે. આખનું કૂણું મટાડવામાં પણ તે ઉપયોગી ગણાય છે. આ વેલાનાં પાન બોદાં તથા બિસોડાંના વેલાનાં પાનને મળતાં હોય છે અને કૂણ પટના આકારનાં ગ્રેક્ટ ઉંચ લાંબાં થાય છે. નસોતરના વેલાની ડાંડીને ત્રણ પાર હોય છે. ફૂલ સોપારી જેવું ત્રિરિયા આકારનું અને પાંચ સારે કાલાની માફક ગોપડે છે. તેમાં બાર કાળાં બી હોય છે. આ વેલાનાં કૂલ ઉપરથી તેની રાતી, ધોળી અને કાળી એવી ત્રણ જાત ગણેલી છે. ધોળું નસોતર સારસા કહેવાય છે. તે મધુર, કષ્ય, તૂરું, સ્વાદુ, રેચક, ગ્રાહક, ઉષ્ણ, પાચનમાં તીખું તથા વાતકારક છે અને કફ, પિત્ત, તાવ, પ્લીહા, ગુલ્મ, વાયુ રોગ, કોઢોદર, પિત્તોદર તથા પિત્તજ્વર મટાડે એમ મનાય છે. કાળું નસોતર સારા કહેવાય છે. તે કડવું, ઉષ્ણ તથા સખત રેચક ગણાય છે અને મૂર્છા, દાહ, મદ, ભ્રાંતિ, કોઢ, કેફ, કૃમિ, ગુલ્મ, કોઢોદર તથા કૃમિ મટાડનાર મનાય છે. ધોળા નસોતર કરતાં આ નસોતર ઓછા ગુણવાળું મનાય છે. રાતું નસોતર મધુર, કષ્ય, વાતકારક, તૂરું, રેચકમાં કડવું, તીખું, ઉષ્ણ, રેચક, પિત્તકારક તથા મલસ્તંભક છે અને સંગ્રહણી, કફરોગ, સોજો, પાંડુ રોગ, કૃમિ, પ્લીહા, તાવ, પિત્ત, કફ, વાતરક્ત, ઉદાવર્ત તથા હરસનો નાશ કરે છે. નસોતરને સરખિ, કોલકણ, સુવચા, સુપેણી, સરણા, સરસા અને સારા પણ કહે છે.

નસોતરચૂર્ણ ન. નસોતરની એ નામની એક બનાવટ. નસોતર ચાર ફ્રામ અને સૂંઠ તથા સાકર દરેક અર્ધો ફ્રામ મિશ્રણ કરવાથી તે થાય છે. બુલાબ તરીકે તે ૨૦થી ૬૦ ગ્રેનની માત્રામાં અપાય છે.

નસોસ [અ. નર્વસ] વિ. બેચેન; બેહોશ.

નસોસહું (નસોસહું) વિ. ઘૂપું; અબુઝ.

બીજા નસોસહા હશે ને આ દીસત હશે.
સાયલા

નસોળાં ન. વ. વ. બિસોડાં, કારેલાં વગેરે ઉપરની રજ.

નસોંધ અ. ઠામ.

નસ્ક સ્ત્રી. (જરથોસ્તી) પુસ્તક; ગ્રંથ; ચોપડી.

નસ્ખ ૧. [અ.] પું. અક્ષરમાં લખવું તે.

૨. પું. અરબી લિપિ.

૩. પું. ઝાડી નાખવું તે; રદ કરવું તે.

નસ્જ [અ.] ન. વણવાનું કામ

નસ્તા ૧. [સં.] પું. નાક; નાસિકા.

૨. ન. ખજર; તપખીર.

૩. ન. (વૈદક) નાકને હિતકારક પાંચ જાતનું નસ્ય.

નસ્તાક [સં.] પું. ખજાનું નાક વીંધવાનું સાધન.

નસ્તકરણ [સં.] પું. એક પ્રકારનું યંત્ર. તેનો ઉપયોગ નાકમાં દવા નાખવાને માટે કરાતો હતો.

નસ્તર ૧. [ફા. નિશ્તર (ફસ ખોલવાનું ઓજાર)] ન. શસ્ત્રક્રિયા; શસ્ત્રક્રિયા કરવાનું ઓજાર; દુ:ખ દરદ ઉપર ચાકુપાત કરવાનું કામ્પુ જેવું તીણું ઓજાર; ફસ ખોલવાનું બે ધારવાળું અને અણીદાર ઓજાર, વરણ; લઘુશસ્ત્રકર્મ.

નસ્તર મૂકવું = દવાથી ન મટે એવા દરદનો વિચાર દૂર કરવાને કાપવું.

૨. ન. ઉદરનો ઉદ્ર. ઝપ.

૩. ન ચાકુપાત; શસ્ત્રક્રિયા; 'ઓપરેશન'

૪. [ફા. નસ્રત (વિજય)] વિ. વિજયી, જય મેળવનાર; કુનેહબાજ.

નસ્તરન ૧. પું. એક જાતનું કપડું.

૨. [ફા.] પું. મોટું ચુલ્લાનું ફૂલ.

નસ્તલિક સ્ત્રી એ નામની એક લિપિ. નસ્ખ.

નસ્તા ૧. [સં.] ન. નાક વીંધવું તે.

૨. [હિ.] ન. નાકની દાંડીમા પાડેલું કાણું; નાકનું છિદ્ર; પશુના નાકમાં દોરડું નાખવા પાડેલું છિદ્ર.

નસ્તાલિક (નસ્ત.લિક) ૧. [અ.] પું. સુંદર ગોળ અક્ષર.
૨. પું. સુંદર પુરુષ.
૩. સ્ત્રી ઉર્દૂ ભાષાની એક લિપિ.

નસ્તિત પું. નાકની દાંડીમાં કાણું પાડી દોરડું પરોવવામાં આવ્યું હોય તેવું પ્રાણી. જેમકે, બળદ, ઊંટ.

નસ્તોત જુઓ નસ્તિત.

નસ્ર (નસ્ર) [અ. નસ્ર (તેણે વધેરી આપ્યું)] વિ. અર્પણ; અરપણ.

નસ્ય ૧. [અ.] પું. સોડવું તે; સોડણી.
૨. પું. જડવું તે; જડતર.
૩. પું. વાવવું તે; વાવણી.
૪. [અ. નસબ (તેણે નીમ્યો)] સ્ત્રી. નિમણૂક.

નસ્ર્મહિ અ. નહિ.

નસ્ય ૧. [સં.] સ્ત્રી. બળદની નાથ.
૨. ન. તપખીરું; સૂંઘણી, બજર.
૩. ન. નાક.
૪. ન. નાક વાટે પૂણી કે વરાળ લેવી તે.
૫. ન. નાકમાં સૂંઘવાની થી વગેરેમાં બનાવેલી કોઈ ચીજ; જીભ આવવાને માટે નાકમાં સૂંઘવાનું ઓસડ; સૂંઘવાની દવા; નાક વાટે લેવામાં આવતું ઔષધ. આ દવા લેવાથી નાકમાંથી કેટલીક વખત પાણી ઝરે છે અને મગજમાં થયેલો લોહીનો જમાવ હલકો પડે છે. જ્યારે જીભ લાવી નાકમાંથી પાણી છોડવાનું હોય તો સાધારણ રીતે તીક્ષ્ણ પદાર્થનું ચૂર્ણ સૂંઘાડવામાં આવે છે. તેથી મગજની અંદરનો પિત્તનો પ્રકોપ શાંત થાય છે, આધાનાં, જખમનાં તથા જાતીનાં દરદોમા હાયદો થાય છે. મસ્તકશૂળ, કમળો, કાંકર અને આધાશીશી માટે નસ્ય અપાય છે. નસ્યના પાંચ પ્રકાર ગણાય છે: (૧) પ્રતિમર્શ એટલે નાકમાં સ્નેહનનાં ટીપાં નાખવાં તે. (૨) અવપીડન એટલે વનસ્પતિના કલ્કને ચોળી તેમાંથી નીકળતા રસના ટીપા નાકમાં નાખવા,તે. (૩) નસ્ય એટલે નાકમાં શ્વાસ વાટે દવા ચઢાવવી તે. (૪) પ્રધમન એટલે દરદીના નાકમાં ભૂંગળી વાટે ફૂંકીને દવા ચઢાવવી તે. (૫) શિરોવિરેચન એટલે જીભો લાવવા નાક વાટે દવા સૂંઘવી તે. નસ્યના બે ભેદ ગણાય છે: (૧) રેચન એ કર્ષણ છે અને (૨) સ્નેહન એ બૃંહણ છે. અફીમ વગેરેમાં રેચન અને ઘી, દૂધ તથા બાળકોને સ્નેહન નસ્ય અપાય છે. નસ્ય આપવાનો સમય પણ નક્કી કરાયેલો છે. કફ વ્યાધિવાળાને સવારમાં, પિત્તના વ્યાધિવાળાને બપોરે અને વાત વ્યાધિવાળાને સાંજે તથા અતિશય ઊંચા વ્યાધિવાળાને રાત્રે નસ્ય આપી શકાય છે. પરંતુ તેમાં પણ નિષેધકાળ છે. જમ્યા પછી, વાદળાંવાળા દિવસે, અજીર્ણમાં કશું હોય ત્યારે, નવા પ્રસૂતામાં, ઝાડાવાળા, અજીર્ણવાળામાં, અસ્વસ્થ દીપી હોય તેવો તથા સ્નેહ અથવા આસવ પીધો હોય તેવો, ક્રોધ, શોક વગેરે માનસિક આઘાતવાળામાં, તૃષાર્ત, ઘેન અને બાળક, તેમજ વેગ રોકીને કે ઓકવામાં અને સ્નાન કરવાની ઇચ્છાવાળામાં નસ્ય ન લેવું. આઠ વર્ષની અંદરના અને એંસી વર્ષ ઉપરનાએ પણ ન લેવું.
૬. ન. પીજણ.
૭. વિ. અનુનાસિક; નાકમાંથી ઉચ્ચાર થતો હોય એવું.
૮. વિ. નાકનું, નાક સંબંધી.

નસ્યકર્મા [સં. નસ્ય (નાક સંબંધી) + કર્મન્] પું. આયુર્વેદને ઉપદેશનાર ઋષિ; 'અગ્નિવેશ અગ્નિવેદ.'

નસ્યા ૧. [સં.] સ્ત્રી. નાક; નાસિકા.
૨. સ્ત્રી. નાકનો ઘેટ; નસકોરું.

નસ્યાધાર [સં.] પું. નાસદાની; બજર રાખવાનું કામ.

નસ્યાંજન [સં. નસ્ય (નાક) + અંજન (આંજણ)] ન. નાકમાંથી પાણી ઝરી નાખનારી દવા.

નસ્યોત [સં.] પું. નાકની દાંડીમાં કાણું પાડી નાથ પરોવવામાં આવી હોય તેવું પ્રાણી. જેમકે, બળદ, ઊંટ.

નહ્ન ૧. [અ.] પું. ગલ; પાઠ.
૨. પું. ગીધ.
૩. પું. છળ.
૪. પું. બખાણ.

નહ્રાની ૧. [અ.] પું. ખ્રિસ્તી.
૨. પું. ખ્રિસ્તી ધર્મ.

નહ્રાનીઅત ૧. [અ.] સ્ત્રી. ખ્રિસ્તી ધર્મ.
૨. સ્ત્રી. ખ્રિસ્તી જાતિ.

નહ્રીન [અ.] પું. એક જાતનું જંગલી ચોપાગ.

નહ્લ ૧. [અ.] સ્ત્રી. કુટુંબ; કુળ.
૧. નસ્લ વધારવું = ઉછેરવું; વૃદ્ધિ કરવી.
૨. નસ્લે પિદરી = બાપનું કુળ.
૩. નસ્લે મોદરી = માનું કુળ.
૨. સ્ત્રી. વંશ; પેઢી.

નસ્લદાર [અ. નસ્લ (કુળ) + દાર (વાળું)] વિ. સારા કુળનું; સારી ઉછેરનું.

નસ્લન [અ. નસ્લ (કુળ)] અ. વંશમાં; કુળ પ્રમાણે.

નસ્લી [અ. નસ્લ (કુળ)] વિ. વંશનું; કુળનું.

નસ્વામી ૧. [સં. ન (નહિ) + સ્વામિન્ (ધણીવાળું)] વિ. ધણી કે પતિ વગરનું.
૨. વિ. સ્વામી વગરનું; માલિક વગરનું.

નસ્સ ૧. [અ.] સ્ત્રી. અમુક કામનો ફેરવી ન શકાય એવો હુકમ.
૨. સ્ત્રી. દલીલ; સાબિતી.

નસ્સાજ ૧. [અ.] પું. વણનાર પુરુષ; વણકર.
૨. વિ. વણનાર.
૩. વિ. ઘોષ કરનાર.

નસ્સાર [અ.] પું. સારો મહલેખક.

નસ્સાહ્માલાર પું. (જરથોસ્તી) મુડદું ઉપાડી જવાનું કામ કરનાર માણસ; કાધિયો; કામ ઊંચકનાર માણસ; કામને ઠાઠડીમાં મૂકવાનું અને કબ્રમાંમાં કામને ખુલ્લું મૂકવાનું કામ કરનાર પુરુષ.

નહ ૧. [હિં.] પું. નખ.
૨. સ્ત્રી. (બ્રજ. ગુ.) નોખના; ઘેલ.
નહ વાજિ ખમખમિ ધરણી,
હરનરીઆ હલહલિ. કાન્હડદેપ્રબંધ
૩. [સં. નભસ્] ન. (પ્રાકૃત) આકાશ.
૪. અ. નહિ.
૫. [સં.] અ. પ્રત્યારેક બતાવનાર અવ્યય.

નહક [હિં.] વિ. ખોટું.

નહચા [હિ.] પું. ઘોડાની નળી.

નહચો [હિં.] પું. ભરોસો; વિશ્વાસ

નહછૂ [હિં.] પું. વિવાહની એક રૂઢિ. તેમાં વરની કનમત કરાવવામાં આવે છે, નખ કપવામાં આવે છે અને મેંદી લગાડવામાં આવે છે.

નહજ ૧. [અ.] પું. રીત; રસ્તો.
૨. પું. સમતા.

નહટા [હિં.] પું. નખનો ઉઝરડો; નખક્ષત.

નહડું (નહડું) ૧. વિ. કશું ન માને એવું.
૨. [ન (નહિ) + હઠ (હઠ)] વિ. હાઠથી વગરનું; હઠવગર.
૩. વિ. શરમ નહિ; નિર્લજ્જ; શરમ વગરનું.

નહણક અ. સાથ; તરત; ત્રિલકુલ.

નહણી ૧. [સં. નખહરણી] સ્ત્રી. નખ કાપવાનું એક ઓજાર; નેરણી.
૨. સ્ત્રી. લાકડામાં બીબું પાડવાનું એક ઓજાર; સારડી.

નહતું ૧. વિ. ઓછું; નજીવું; બીજાથી કોઈ નહિ એવું.
૨ વિ. બધું.
૩. વિ. શુદ્ધ.

નહુન પું. ઢોર ખેંચવાનું મોટું દોરડું.

નહુની [સં. નખ્હરણી] સ્ત્રી. નખ કાપવાનું એક ઓજાર; નેરણી.

નહુપાન પું. ગુજરાતનો એ નામનો એક પ્રખ્યાત રાજા. તેના જમાઈ ઉપરાંત પુષ્પકર્ણ કરી પોતાનું નામ પહેલા સૈકામાં ધર્માત્મા તરીકે ગજવી મૂકવાનું કહેવાય છે.

૧૯૦૬માં નાસિક જિલ્લામાંથી નહપાન રાજાના સિક્કાનો એક મોટો સંગ્રહ જડી આવ્યો હતો. આજસુધી એ રાજાના બાર સિક્કાઓ પણ સિક્કારાજાના અભ્યાસીઓને માલૂમ ન હતા.

મુ. સા. પરિષદ

નહુષ [અ.] પું. વહ.

નહેર ૧. [પ્રા.] પું. નખ.

૨. [અ.] પું. ભોગ

ચૌમુનહેર = મહીનામાં હંમેશ પહેલા ત્રણેક દિવસોનો ગુલામોનો ભોગ આપવાનો દરમ્યાનો દિવસ.

૩. સ્ત્રી. નળ

૪. સ્ત્રી પાણી લઈ જવાની નીક; પોરિયો.

૫. સ્ત્રી. મોટા સરોવર અથવા મોટી નદીમાંથી બીજે રસ્તે વાળી દૂર લઈ જવામાં આવેલ પ્રવાહ; નહેર; મોટા જળભંડારમાંથી કાઢેલો ફાંટો. સાધારણ રીતે એક સ્થાનથી બીજા સ્થાન સુધી પાણી લઈ જવા, ખેતરને પાણી સિંચવા વગેરે માટે નદીઓમાંથી જળમાર્ગ તૈયાર કરવામાં આવે છે. મોટી મોટી નહેરો સાધારણ રીતે નદીઓ જેવી હોય છે અને તેમાં મોટી મોટી હોડી આવે છે. કોઈ કોઈ વાર જીવા અથવા મોટા તળાવોનાં પાણી લેવા કરવા માટે નહેર બનાવાય છે.

નહેરકિનારેવેરા પું. નહેરની પાસે વસાવવામાં આવતી વસતી.

નહેરકાર [અ. નહર (નહેર) + ફા. કાર (વાળું)] વિ. નહેરવાળું.

નહેરના [હિં.] પું. નખ કાપવાનું એક ઓજાર; નહરની, નેરણી

નહેરની [સં નખ્હરણી] સ્ત્રી. નેરણી; વાળંદનું નખ કાપવાનું ઓજાર.

નહેરમ [હિં.] સ્ત્રી. એક પ્રકારની માછલી. ભારતવર્ષની બધી નદીઓમાં અને ખાસ કરીને પહાડી કરણોમાં તે વિશેષ જોવામાં આવે છે.

નહેરવાલા સ. અનુહિલવાડ.

મુસલમાન લેખકોનાં પુસ્તકોમાં કયાંક કયાંક અનહિલવાડને સ્થાને નહરવાલા લખેલું મળી આવે છે. જે અનહિલવાડનું સૂચક છે. ફારસીમાં જખાયેલા ઉક્ત નામમાંથી અલીફ (ا) અક્ષર કાઢી નાખવાથી નહરવાલા રૂપ બની જાય છે.

પ્રસ્થાન

નહેરી ૧. [અ. નહર] સ્ત્રી. નહેર.

૨. [હિં.] વિ. સ્ત્રી. નહેરમાંથી પાણી પાવામાં આવતું હોય તેવી. જમીન માટે આ વિશેષણ વપરાય છે.

નહેરુઆ [હિં.] પું. વાળાનો રોગ. આ રોગમાં કોઈ વાર પગ આદિ અંગ નેકામ થઈ જાય છે. પાણીની સાથે આ રોગનાં જંતુ શરીરમાં પ્રવેશ કરે છે. પહેલાં કોઈ સ્થાન ઉપર સોજો આવે છે, પછી ધાર પડે છે અને તેમાંથી દોરીના જેવો કીડો નીકળે છે.

નહોર જુઓ નહેર.

નહોરા ૧. [હિં.] પું. બંદૂકમાંનું નવ દારૂનું પડું; નળો.

૨. પું. નાની બરપડી.

નહોરાઈ ૧. [હિં.] સ્ત્રી. નવરાવવાની ક્રિયા કે ભાવ.

૨. સ્ત્રી. નવરાવવાનું સાધનબળ.

નહ્ય ૧. [અ.] સ્ત્રી. રીત; રસ્તો.

૨. સ્ત્રી. વાક્યરચના.

૩. સ્ત્રી. સમાસ.

નહ્યવાદુ (નહ્યાદુ) ૧. વિ. અક્કલમંદ; ગાલાવેલું.

૨. વિ. ચુસ્ત

૩. [સં. ન (નહિ) + સ્વાદુ (સ્વાદવાળું)] વિ. સ્વાદ વગરનું.

નહ્યવી ૧. [અ.] પું. આકરણ રચનાર માણસ; વૈયાકરણી.

૨. વિ. આકરણનું; આકરણ સંબંધી.

નહ્યવીયત [અ.] સ્ત્રી. આકરણ રચવાની કળા.

નહ્યસ ૧. [અ. નહસ (ખુલમ કરવું)] પું. અપશુકન; બરાબ શુકન.

૨. વિ. કમનસીબ; અભાગણ.

૩. વિ. નાલાયક.

નહ્યસીયત [અ.] સ્ત્રી. અપશુકન.

નહ્યસુત ૧. [હિં.] પું નખની રેખા; નખનું નિશાન.

૨. પું. પ્યાલાની બાતનું એક ગ્રાહક કરહક.

નહ્યસ્ત પું. (સિદ્ધ) આઠ આઠેનું એક સૂત્ર.

નહ્યાણ ૧. સ. અણગમો; જેને અડવાથી નાહવું પડે તેવી ચીજ.

૨. [સં. સ્નાન] સ. નાહવું તે; સ્નાન.

૩. સ. પહેલો બટકાવ; ઋતુ.

૪. સ. કોઈ સ્ત્રીનું રજસ્વલા થવું તે.

૫. સ. કોઈને સુવાવડમાં નવરાવવી તે.

નહ્યાણી સ્ત્રી માસિક ઋતુ.

નહ્યાણું [સં. સ્નાન; અપ. પહ્હાણઉ] સ. નાહવું તે; સ્નાન.

નહ્યાતીધોતી વિ. સ્ત્રી. અટકાવ આવતો બધો હોય એવી.

નહ્યાન ૧. [હિં.] સ. નાહવાની ક્રિયા.

૨. સ. ઘરનું નિમાજ પઢતા પહેલાં સ્વચ્છ થવાની ક્રિયા.

૩. સ સ્નાનનું પર્વ.

નહ્યાનડિયું (નહાનડિયુ) ૧. સ. બાળક.

૨. વિ. નાનું.

નહ્યાનપ ૧ સ્ત્રી. નાનપણું.

૨ સ્ત્રી ગરમ; લાજ.

નહ્યાનપણ જુઓ નહાનપણું.

નહ્યાનપણું સ. બાલ્યપણું; બાલ્ય; નાનપણ; નાનાપણું.

નહ્યાની ૧. [હિં.] સ્ત્રી. રજસ્વલા સ્ત્રી; અડાયેલી સ્ત્રી; છેટે બેઠેલી સ્ત્રી.

૨. સ્ત્રી. કોનું રજસ્વલા થવું તે.

૩ વિ સ્ત્રી નાની; મોટી ઉમરની.

નહ્યાનુડો (નહાનુડો) વિ. પું. નાનો; છોટો.

નહ્યાનું વિ. નાનું.

નહ્યાનુંસૂનું વિ. નજીવું.

નહ્યામું (નહામું) [સં. ન (નહિ) + સ્વાદ + મન (વાળું)] વિ. બેસ્વાદ; બરાબ સ્વાદવાળું.

નહ્યાર ૧. [હિં.] પું. તાંતણા જેવો એક જીવડો; 'ગિનિવર્મ.'

૨. [અ.] પું. દિવસ.

૩. સ્ત્રી એ નામની એક બટક.

૪. સ. એ નામની બટકનું માણસ.

૫ સ નાહર; વરુ

૬ સ. બૂડા સરર; કુકરા સકર.

૭ વિ. એ નામની બટકનું.

૮. [સં. ન (નહિ) + આહાર (ખોરાક)] વિ. નવલું; વાસી બોટાવાળું; બાબાપીપા વગરનું.

૧. નહાર તોડવું = જલપાન કરવું; સવારના સમયે હલકું ભોજન કરવું

૨. નહાર રહેવું = ઉપવાસ કરવો.

નહ્યારમુંહ ૧. [સં. ન (નહિ) + આહાર (ખોરાક) + મુખ (મોઢું)] પું. બાબા વગરનો માણસ; ભૂખ્યો માણસ.

૨. વિ. બાબા વગરનું; વાસી બોટાવાળું.

નહ્યારી ૧. [હિં.] સ્ત્રી. કડી ઋતુમાં સવારમાં લેવામાં આવતું નરમ ભોજન.

૨. સ્ત્રી. પતળી કઢીવાળી લપ્સી
૩. સ્ત્રી. સવારનો નાસ્તો. ચિરાગ્ય.
૪ સ્ત્રી. સવારમાં અથવા અર્ધી રસ્તો પસાર કર્યા બાદ બોડાને ગોળ કે ગોળની સાથે લોટ મેળવી આપવામાં આવતો ખોરાક.

નહારુઆ [હિ.] પું. એક જાતનો તાંતણા જેવો પાતળો છુપાડો; 'સિનિયમ.'

નહારું વિ. (જૂ. ગુ.) મંદું
તુલ્ય પડી સ્વામી સેવમાં, થયું કામ નહારું.
દયારામ

નહાવણ ૧. [સ. સ્નાન (નાહવું)] ન અટકાવ; ઋતુ, જેમાં રજસ્વલા થવું તે
નહાવણ આવવું = અટકાવ આવવો અટકાવને યોગ્ય દિવસે જોઓ નાહી ધોઈ શુદ્ધ થાય છે, તે ઉપરથી આવો પ્રયોગ થયાનું મનાય છે.
૨. ન. નાહવાનું સ્થળ; નાહવાની ચોકી.
૩ ન. સ્નાન; નાહવું તે.

નહાવાધોવું ૧. ન જેની ઉપર બેસીને સ્નાન કરવું હોય તે; લાકડાનો પેઢો, પાટિયું કે પથ્થર.
૨. ન નાહવાનું સ્થળ.

નહાવું ૧. [સં. સ્ના] અ, ક્રિ. સ્નેહધર્મ તથા સુવાવડમાર્ય. નિવૃત્ત થતાં જોઓ સ્નાન કરવું
નહાઈ ધોઈને ઊઠવું = જોઓ સુવાવડમાર્યા સાતે તાતે થઈ ઊઠવું; પ્રસૂતિમાર્યી મુક્ત થવું
૨. સ ક્રિ. સ્નાન કરવું, નાહવું; પાણીથી શરીર સાફ કરવું; અંગોળ કરવી. નાહવાથી શરીરનો થાક દૂર થાય છે. ભારત જેવા ગરમ દેશોમા શૌચ આદિથી નિવૃત્ત થઈ લોકો નિત્ય સવારમાં સ્નાન કરે છે અને કોઈ સાંજે અને સવારે બે વખત નહાય છે. ઠંડા દેશોમાં લોકો નિત્ય નહાતા નથી. પણ સપ્તાહમાં એક બે વાર નહાય છે.
૧. દૂધે નહાવું અને પુત્રે ફળવું = ધન અને પરિવારથી પૂર્ણ હોવું. આશીર્વાદ આપતાં બોલાય છે.
૨. નહાઈ ધોઈને બેસવું = (૧) આકાંક્ષાતૃપ્તિ છોડી દેવી; પાછું મળવાની આશા ન રાખવી. (૨) કુટુંબ કે પરિવારના મરી જવાથી એકલાઠોય થઈ રહેવું (૩) ધન, માલ મહેલ વગેરે ઉડાવી દઈ કોરડા થઈ બેસવું; વેપારમાં ખોટ આવવાથી કે ખોવાથી કે બીજી કોઈ રીતે નાણે ખાલી થઈ જવું; ખોટ ખોલવી. (૪) પરવારી જવું. (૫) રદ્દી ઊઠવું
૩. નહાઈ નાખવું = (૧) આકાંક્ષાતૃપ્તિ છોડી દેવી. (૨) હિસ્સેદારી દૂર કરવી. (૩) નિરુપાય થવું મરનારની પાછળ રહેલું કુટેલું નહાઈને વિસારે મૂકવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે વપરાય છે કે, જે થયું તે થયું, હવે નહાઈ નાખો. (૪) પાછું મળવાની આશા છોડી દેવી. (૫) મનનું સાંત્વન કરી નિરાંતે બેસવું. (૬) વેપારમાં ખોટ આવી હોય તે વિસારે મૂકવી
૪. નહાઈ બેસવું = નિવૃત્તિ પામવી; નિરાંત વાળવી; નહાઈ ધોઈને બેસવું
૫. નહાવી ધોવી = જેને અટકાવ આવતો થયો હોય એવી સ્ત્રી.
૬. નહાવાની હાજત = સ્વમહોય; વીર્ય સ્ખલન થાય એવું સ્વપ્ન.
૭. નહાવું નિચોવવું = (૧) અટકાયમા ઊતરવું. (૨) નહાવું અને પછી પહેલું કપડું નિચોવી લેવું. (૩) પરિશ્રમ લેવો. (૪) રદ્દી ઊઠવું; ખોવું; ગેરવાજ હોવો. કોઈ સંબંધી ગુજરી જાય છે ત્યારે સ્નાન કરવું પડે છે અને લુગડાં પોતે નિચોવવાં પડે છે તે ઉપરથી આપ્તજન અને વસ્તુ બંનેમાં લાક્ષણિક અર્થે સંબંધ દર્શાવતાં વપરાય છે (૫) લેવાદેવા હોવી; સંબંધ હોવો.
૮. નામનું નાહી નાખવું = કામમ માટે સંબંધ તોડી નાખવો

નહાવું ધોવું જા. ક્રિ. નહાવું અને કપડાં ધોવાં.

નહાસ [ચુ.] ન. તાબું.

નહાસનહાસ સ્ત્રી. નાસાનાસ; ભાગાભાગ
હું આવું છું કે અહારમા સેકામાં આપણે ત્યા ચાલી રહેલ મારકાટ, નહાસનહાસ અને ઑંધાપૂંધીમા આપણો આપણી સંસ્કૃતિ માતા ઉપરનો મમ ઊક તાજસી થઈ ગયો હતા.
ભગવતસિંહ ઠાકોર

નહિ ૧. [સં. ન + હિ (નક્કી)] સ્ત્રી. નિષેધ, ના પાડવી તે.
૨. [સં. નાયિન્] વિ. (પ્રાકૃત) નહોરવાળું
૩. અ. ના; નાં; મતાં; માં; નકારના અર્થમાં વપરાતો શબ્દ. તો ઉત્તમ-પ્રથમની પૂર્વે પણ મુકાય છે. જેમકે, આમ નહિ તો, આમ.
૧. નહિ કરવું = (૧) ઇનકાર કરવો. (૨) કાઢી નાખવું; રદ કરવું. (૩) ન કરવું.
૨. નહિ ધરવું કે નહારવું = ડામકેકારવા વગરનું. આ પ્રયોગ રખાતા અથવા જોયે ઘર તરફનો ને નહારનો બંને તરફનો બાજુ ખોવો હોય એવા માણસ વિશે બોલતાં વપરાય છે.
૩. નહિ જેવું = (૧) થોડું; ઓછું. (૨) પાયમાલ થયેલું; જાણે હોય જ નહિ એવું
૪. નહિ નહિ તો = ઓછામાં ઓછું.
૫. નહિ આમા કરતાં કહેજો–કાઢો આમો શો ખોટો ? = જરા પણ ન હોય તેના કરતાં નામનું કંઈક હોય તે સારું છે
૬. નહિ સહી = કોઈ ગિતા નહિ; પરવા નહિ.

નહિઆન [હિ.] પું. રીંછડાના ચામડાનું પગની ઠચલી આંગળીમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

નહિકર જુઓ નહિતર.

નહિતર [સં. ન (નહિ) + હિ (નક્કી) + તહિ (તો); નહિતહિ-નહિતરિ–નહિતર] અ. નહિ તો; અથવા તો; નહીંતર; નીકર. અથવાના સંબંધમાં તેમ અસ્વીકારના અર્થમાં વપરાય છે.

નહિતરી [સં. ન (નહિ) + હિ (નક્કી) + તહિ (તો)] અ. (જૂ. ગુ.) નહિ તો; નહિતર.
નહિતરી વસ્ત્રણ મુખવાસ, તે સવિ ચીસારી મિ આસ. આસઠ

નહિતો જુઓ નહિતર.

નહિનિંદાન્યાય [સં.] પું. એકની સ્તુતિ કરતાં બીજાની નિંદા ન થાય તેવો ન્યાય.
ગાયત્રી મંત્રથી અધિકતર બીજો કોઈ મંત્ર નથી તે નહિનિંદાન્યાયથી ગાયત્રીની મહત્તા બતાવવા માટે છે. ઉપદેશમીમાંસા

નહિયર [હિ] સ્ત્રી પહોંચ કુટુંબ.

નહિયાં ૧. ન. બ. વ. લોઢાના દાંતાના કાંસકામાં ભરાવામા આવતા વાસના ભૂગળા.
૨. ન. બ. વ. રીંછડાના ચામડાનું પગની ઠચલી આંગળીમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

નહિયું ૧. ન. દાંતી; નાઈ.
૨. [સ. નખ; અપ. નહ] ન. નખનું મૂળ; નખ આંગળીની ચામડી. નખને લગતી ચામડીનો ભાગ.
૩. ન. નેપું; કટવું આખું ફળ.

નહિયરનો જુનો નહરની

નહિવત્ [સં. ન (નહિ) + હિ (નક્કી) + વત્ (જેવું)] અ. નહિ જેવું, નહિ જેટલું; નજીવું, જરાતરાક; નહિ સરખું; શૂન્ય.

નહિસમું જુઓ નહિસરખું.

નહિસરખું ૧. વિ. થોડું; નહિ જેવું.
૨. વિ. નમાલું.
૩. અ. માત્ર; જૂજ.
નહિસરખું કરવું = (૧) બરાબરાસ્ત કરી નાખવું; નાશ કરવું. (૨) નામનું બનાવવું; સત્તાહીન કરવું

નહિસું ૧. વિ નહિ સરખું
૨. અ. નહિવત્; નહિ જેવું.

નહિસ્તો અ. ના; નહિ જ.

નહિ જુઓ નહિ.

નહી ૧. જી. દુખી.
૨. [અ.] જી. મતા.
૩. જુઓ નહિ.

નહીચું [સ. નયન] ન. નયણ; નયનનાં આખ.

નહીફ (નહીફ) ૧. [અ.] વિ. દુબળું; પાતળું.
૨. જિ. નબળું.

નહીમ ૧. [અ.] પું. ઉતાવળ.
૨. પું. ચિંતા.
૩. પું. ભય; બીક.

નહીં જુઓ નહિ.

નહીંતર જુઓ નહિતર

નહીંતો જુઓ નહિતર.

નહીંદું ન. નહું; અમર.

નહુ [સં. નેત્ર] જ. (પ્રાકૃત) નહિ.

નહુગ (નહુગ) જિ. બરાબ વસ્તુ જોતાં જોને અણગમો ન આવતો હોય એવું.

નહુત જિ. (ન્હોદ) દસ હજાર તેમ જ અનેક.
પાંચ કરોડ નહુત અને બારસો કરોડ તથા ગાદામાના તથની જેટલા વરસો પણ નારકમાંનું આયુષ્ય છે, એવી વિદ્વાનો ગણના કરે છે.
સુનિપ્રસાદ

નહુરેતા ૧. [ફા.] જિ. બાનગી.
૨. જિ. સંતાડેલું; છુપેલું.

નહુષ ૧. [સં.] પું. અયોધ્યાનો પ્રાચીન પરવાનુવંશી એક રાજા. તે અંબરીષનો પુત્ર અને યયાતિનો પિતા હતો. મહાભારતમા તેને ચંદ્રવંશી આયુનો પુત્ર માનેલ છે. પુરાણાનુસાર તે મહાપરાક્રમી, સદ્‌ગુણી, વિદ્વાન અને ધર્માત્મા હતો. તેણે ઘણા યજ્ઞ કર્યા હતા અને તપશ્ચર્યા કરી દેવોની કૃપા મેળવી હતી. વૃત્રાસુરનો વધ કરવાથી ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી હતી. તેના ભયથી ઇંદ્ર ૧૦૦૦ વર્ષ સુધી કમલનાળમા સંતાઈ રહ્યો હતો. ઇંદ્રાસન ખાલી દેખીને દેવો અને ઋષિઓએ મળીને સર્વાનુમતે નહુષ રાજાને ઇંદ્રાસન ઉપર બેસાડ્યો. પોતે ઇંદ્ર હોઈ પોતાને ઇંદ્રાણી ભોગવવાનો અધિકાર છે એમ માની ઇંદ્રાણીને કહેણ મોકલાવ્યું. ત્યારે ઇંદ્રાણીએ બૃહસ્પતિની સંમતિથી નહુષને કહેવરાવી મોકલ્યું કે, સપ્તર્ષિ પાસે ઉપાડવાની પાલખીમાં બેસી આવો તો હું તમારે સ્વાધીન થઈશ. આ ઉપરથી સપ્તર્ષિ પાસે પાલખી ઉપડાવીને તે ઇંદ્રાણીને ત્યાં જવા નીકળ્યો. રસ્તામાં ઉતાવળને લીધે કામધે ઋષિઓના મસ્તકને પગનો સ્પર્શ કરીને કહ્યું કે, સર્પ, સર્પ, એટલે જલદી ચાલો, જલદી ચાલો એ સાભળતાં અગસ્ત ઋષિએ શાપ આપ્યો કે, અ તું સર્પ થઈને મૃત્યુલોકમા અવતર આ ઉપરથી નહુષ પાલખી ઉપરથી હેઠો પડ્યો અને પોતાના અપરાધને માટે તેણે ક્ષમા માગી. મુનિને દયા આવતાં શાપના અંતરૂપ વચન કહ્યાં કે, જ્યારે તમે યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછશો અને તેનો તેઓ ઉત્તર આપશે ત્યારે તમે શાપમાથી મુક્ત થશો. મારી કૃપાથી તમને સ્મૃતિ રહેશે. આ પ્રમાણે સાભળતાં નહુષ રાજા અજગર જાતિનો મોટો સર્પ થઈ યમુના પર્વત ઉપર પ્લક્ષના વિશાખયુપ નામના સરોવરમાં પડ્યો. પાંડવો વનવાસ દરમિયાન જ્યારે દ્વૈત વનમા રહેતા હતા, ત્યારે એક વાર ભીમ શિકાર ખેલવા ગયો હતો. તે વખતે તેને એક મોટા સર્પે પકડ્યો ભીમને પ્રાણ જાવતાં વાર લાગી, એટલે યુધિષ્ઠિર તેને શોધવા નીકળ્યા. એક જગ્યાએ તેમણે ભીમને મોટા સર્પે પકડેલો દીઠો તેમના પૂછવાથી સાપે કહ્યું કે, હું મહાપ્રતાપી નહુષ રાજા છું. પહેલાં, દેવતા, રાક્ષસ અને પન્નગ વગેરે મને કર આપતા હતા. મહર્ષિઓ મારી પાલખી ઉપાડીને ચાલતા હતા. એક વાર અગસ્ત ઋષિ મારી પાલખી ઉપાડી ચાલતા હતા, તે વખતે મારો પગ તેને અડી ગયો, તેથી તેણે મને સર્પ થવાનો શાપ આપ્યો. મેં ઘણી પ્રાર્થના કરી ત્યારે તેમણે કહ્યું કે, આ યોનિમાથી યુધિષ્ઠિર તમને મુક્ત કરશે. આ પછી તેણે યુધિષ્ઠિરને ઘણા પ્રશ્ન કર્યા હતા, જેના તેમણે યોગ્ય ઉત્તર આપ્યા હતા. આ પછી સર્પે ભીમને છોડી દીધો અને દિવ્ય શરીર ધારણ કરી સ્વર્ગે ગયો.

૨. પું. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્રમડળ.

૩. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે મનુનો પુત્ર અને ઋગ્વેદના અમુક મત્રોનો કર્તા મનાય છે.

૪. પું. એ નામનો એક નાગ.

૫. પું. એ નામનો એક મરુદ્‌ગણ.

૬. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો. તે વિષુવાંશ ૨૬૨ અને ઉત્તર ક્રાન્તિ ૫૨મા આવેલો ત્રીજા મહત્ત્વનો છે.

૭. પું. (પુરાણ) મુંડક વસનો એ નામનો એક આદ્યપુરુષ રાજા.

૮. પું. અસ્ત્ર પકડનાર નિષાદ.

૯. પું. મનુષ્ય; આદમી.

૧૦. [સં. નહ્ (બાધવું)] પું. વિષ્ણુનાં હજાર મોટું એક નામ. તે જૂતોને બાધવાથી બધે છે. વળી માછી જેમ જળમાં અસ્ત્ર પકડવાની જોડવણ કરે, તેમ માયાજાળમા સર્વ જીવોને મજબૂતી પૂર્વક ફસાવવામાં જોડવણ કરનાર હોવાથી ભગવાન નહુષ એટલે કે નિષાદ પણ કહેવાય છે.

નહુષમાનવ ૧. પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે નવમા મડલના ૧૦૧મા સૂક્તની ૭ થી ૯ ઋચા રચી હોવાનું મનાય છે.
૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

નહુષરાજ પું. (જ્યોતિષ) એ નામનુ એક નક્ષત્ર. તે વિષુવાંશ ૨૧૫ થી ૧૪૫ અને ઉત્તર ક્રાન્તિ ૨૦ થી ૫૦માં આવેલું છે

નહુષાખ્ય [સં.] ન. તગરનું ફૂલ. તગરના ઝાડને નવી નવી શાખાઓ નીકળે છે. તેના ઘડમા આખના જેવા આકાર હોય છે. વળી ઘડ માથે નખના જેવા આકાર હોય છે. માટે તગરને નહુષાખ્ય કહે છે.

નહુષાત્મજ [સં. નહુષ (એ નામનો રાજા) + આત્મજ (દીકરો)] પું. નહુષનો પુત્ર; યયાતિ.

નહૂર જી. તિબેટનું એક પ્રકારનું ઘેટું. તે કાર્ડ કોર્ડ ચાર મેપાળમા પણ આવે છે. નહૂર ખરડ પડવાથી તેનાં ટોળાં પર્વતની ટોચ ઉપરથી ઊતરી સિંધુ નદીના કિનારા સુધી પણ આવે છે.

નહૂસત ૧. [હિ.] પું. અશુભ લક્ષણ.
૨. જી. ઉદાસી; ખિન્નતા.
૩. [અ.] જી. દુર્ભાગ્ય.

નહેર ૧. [અ. નહર] જી. સરોવર, તળાવ અથવા મોટી નદીમાથી ખોદીને ખેતરમાં પાણી પહોંચાડવા માટે કરેલો પાણીનો ચાટો; કાંસ. કેટલીક નહેરો સતત ચાલુ હોય છે અને કેટલીક નહેરોમાં તેમની નદીમાં પૂર આવે ત્યારે જ પાણી આવતું હોય તેને મોસમી નહેરો કહે છે. જે નહેરોની આવકમાથી તેનું ચાલુ ખર્ચ મળી રહે તેને ઉત્પાદક અને જેમાથી ખર્ચ ન મળી રહે તેને અનુત્પાદક નહેરો કહે છે. નહેરો ઉપરાંત કૂવા વગેરેમાથી કોઈ પણ રીતે પાણી પાઈને જે જમીનમાં ખેતી થતી હોય તેને પીતની જમીન કહે છે.
૨. જી. સપાટ ભૂમિને તોડી નાખી હરિયાળા બે વચ્ચને જોડી દેનારી પાણીની સાંકડી પટ્ટી. દુનિયામાં આવી બે મોટી નહેરો છે: સુએઝ અને પનામા.

નહેરકામ ન. આબપાશી; જમીનસેચન; સિંચાઈ.

નહેરિયું ૧. ન. નાની નહેર.
૨. ન. નાળું; ચહેળો.

નહેરી ૧. સ્ત્રી. નહેરથી પીતી જમીન.

૨. સ્ત્રી. નેરો; પાયરો, સુરવાલ કે એવા કપડાને મચાળે નાડી નાખવા માટે સીવેલ સાકડો અને બંને બાજુ ખુલ્લો કોથળી જેવો ભાગ.

ત્રણ વર્ષ રાખ્યા, મેલ્યા વસ્ત્ર પહેરી,
નહિ કંઈ કાજળ, નહિ નાડું નહેરી

નળાખ્યાન

૩. સ્ત્રી. મોઢામાં નાખવાનું તેજ.

૪ સ્ત્રી. મેખો.

નહેરુ ૧. સ્ત્રી. ધાતુપાત્રની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માપસ.

૩. વિ. એ નામની બટકનું.

નહેરું ન વહેળો; પાયું; નાળું.

નહોત [હિં] સ્ત્રી. તંગી; મરીબાઈ; નિર્ધનતા

નહોતું અ. ક્રિ. નહોવું નું ત્રીજે પુરુષ એકવચન ભૂતકાળનું રૂપ; ન હતું.

નહોય અ. ક્રિ. નહોવું નું વિધર્થે રૂપ.

નહોર ૧. [સં. નખર; અપ. નહસ—નહોર] પું. નખનો ઉઝરડો.

૨ પું. પંજાનો નખ; મોટો અણીવાળો નખ. બિલાડી, સિંહ વગેરે હિંસક પ્રાણીના નખને નહોર કહે છે.

નહોર ભરાવવા = પાસેની સામે થવું.

નહોરા પું. ક ન. આછીજી; કાચાવાળા.

રસભર્યું રસહું, નાપુ નહોરા કરે.

નરસિંહ

નહોરિયું ૧. ન. નહોરનો ઉઝરડો; નખનો ઉઝરડો.

૨. ન. મસરણી કાઢવાનું હાથનાં આંગળાંના આકારનું લોઢાનું એક ઓજાર.

નહ્લલ ન. એક જાતનું ઘાસ.

નળ ૧. પું. અવસરના સમયમાં ત્રણ વારની સમાપ્તિની ઘાડી

૨. પું. એ નામનો એક સંવત્સર.

૩. પું. (વનસ્પતી) કુલીનો છોડ.

૪ પું. (અણિત) ચોરસ અથવા ગોળાકાર ચોખૂણી ચોખૂણની એક બાજુને સ્થિર રાખીને તેને ફરતું તે ચોખૂણને એક પૂરે ચક્કર ફેરવવાથી બનતી બનાકૃતિ; વૃત્તમિતિ.

૫. [સં. નાલ] પું. નહેર.

૬. પું. નગો. શરીરમાંનું બાકું પોલું હાડકું.

૭. પું (પુરાણ) નૈષધ દેશના ચંદ્રવંશી વીરસેન રાજાનો એ નામનો એક દીકરો; દમયંતીનો પતિ. તે બહુ સુંદર, યશો પુણ્યવાન અને વિદ્વાન કરીને મોટા ઋષિની પરીક્ષા તથા તેમને મનાવવામાં બહુ હોંશિયાર હતો. તે વિદર્ભ દેશના તે વખતના ભીમક રાજાની દીકરી દમયંતીનાં રૂપ અને ગુણની પ્રશંસા સાંભળી તેના ઉપર આસક્ત થયો હતો એક દિવસ જ્યારે તે બગીચામાં દમયંતીના વિચારમાં બેઠો હતો, ત્યારે કોઈ ઠેકાણેથી કેટલાક હંસ ઊડતા ઊડતા આવી તેની સામે બેઠા. નળે તેમાંથી એક હંસને પકડી લીધો. તે હંસે કહ્યું કે, મહારાજ, મને છોડી દો હું વિદર્ભ દેશમા જઈ દમયતી આગળ આપનાં રૂપ અને ગુણની પ્રશંસા કરીશ. તેને છોડી દેવામા આવતાં તે હંસ વિદર્ભ દેશમાં ગયો અને ત્યાં દમયંતીના બગીચામાં જઈ તેની આગળ નળનાં ગુણ અને રૂપની બહુ પ્રશંસા કરી. તે સાંભળી નળ પ્રત્યે તેમનો પ્રથમનો અનુરાગ વધી ગયો અને તેણે હંસને કહી દીધું કે, હું નળ સાથે જ વિવાહ કરીશ. તું જઈને આ વાત નળને કહે. હંસે તે પ્રમાણે કર્યું. જ્યારે ભીમક રાજાએ દમયંતીનો સ્વયંવર રચ્યો, ત્યારે તેમાં બધા રાજાઓ ઉપરાંત અનેક દેવતા પણ આવ્યા હતા. જ્યારે ઇંદ્ર, યમ, અગ્નિ અને વરુણ સ્વયંવરમાં જતા હતા, ત્યારે તેમને માર્ગમાં નળ પણ જતો મળ્યો. આ ચારે દેવોએ નળને આજ્ઞા કરી કે તું જઈને દમયંતીને કહે કે, અમે પણ આવ્યા છીએ, અમારામાંથી કોઈને તારે વરવું. નળે જ્યારે દમયંતીને આ વાત કરી, ત્યારે તેણે કહ્યું કે, હું તો તમને જ પતિ કરવાની પ્રતિજ્ઞા લઈ ચૂકી છું. આ વાત તમારે દેવોને કહી દેવી. નળે દેવતાઓની તરફથી દમયંતીને બહુ સમજાવી, પણ દમયંતીએ માન્યું નહિ અને કહ્યું કે, દેવો તો ધર્મના રક્ષક હોય છે, તેઓએ મારા ધર્મની રક્ષા કરવી જોઈએ. નળે આ બધી વાત દેવોને કહી. તે ઉપરથી એ ચારે દેવતા નળનું રૂપ ધારણ કરી સ્વયંવરમા પહોંચ્યા અને નળની નજીક જ બેઠા. પહેલા તો દમયંતી નળ જેવાં પાંચ રૂપ દેખીને ગભરાઈ, પણ પાછળથી અસલ નળને ઓળખી તેની ડોકમાં જ માળા પહેરાવી. આ ઉપરથી ચારે દેવોએ પ્રસન્ન થઈ નળને આઠ વરદાન આપ્યાં. દમયંતી સાથે નળનાં લગ્ન તો થયાં, પણ કળિયુગ અને દ્વાપરે અસંતુષ્ટ બની નળને દુઃખ દેવાનું ધાર્યું. કળિયુગ હમેશાં નળના શરીરમા પ્રવેશ કરવાની તક જોયતો હતો, પણ બાર વર્ષ સુધી તેને અવસર મળ્યો નહિ. આ અરસામાં નળને ઇંદ્રસેન નામનો દીકરો અને ઇંદ્રસેના નામની દીકરી થઈ. એક દિવસ તક મળતાં કળિયુગે નળના શરીરમાં પ્રવેશ કર્યો અને નળના ભાઈ પુષ્કરને નળની સાથે જુગટું ખેલી નિષેધ દેશ છતવાને ઉશ્કેર્યો. તે પ્રમાણે જુગટામાં નળ પોતાનું બધું હારી ગયો. પુષ્કરે આજ્ઞા કરી કે, નળ અને તેના પરિવારને ઘોર્યા આપવા, ભોજન વગેરે આપવું નહિ. દમયંતીએ પોતાના બે સંતાનને પોતાને પિયર મોકલી દીધાં. જ્યારે ઘણા દિવસ સુધી નળ અને દમયંતીને અન્ન ન મળ્યું, ત્યારે તે બે જણ જંગલમાં જતાં રહ્યાં. ત્યાં તે દંપતીને ઘણું ઘણું દુઃખ પડ્યું એક દિવસ નળે સોનેરી રંગનાં કેટલાંક પક્ષી દીઠાં અને તેને પકડવા તેણે તેના ઉપર પોતાનું કપડું નાખ્યું, પણ તે પક્ષી તેનું કપડું લઈને ઊડી ગયાં. બહુ દુઃખી થયાથી નળે દમયંતીને પોતાને પિયર જવા માટે કહ્યું, પણ તેણે માન્યું નહિ તે વખતે તેમની પાસે માત્ર એક કપડું રહ્યું હતું, તે પહેરી તેઓ બે ચાલવા લાગ્યાં. એક જગ્યાએ દમયંતી થાકીને જ્યારે સૂઈ ગઈ, ત્યારે નળ તેનું અર્ધું વસ્ત્ર ફાડીને અને તેને તે હાલમાં મૂકીને ચાલ્યો ગયો. જ્યારે દમયંતી જાગી ત્યારે બહુ વિલાપ કરવા લાગી અને વલવલતી વલવલતી નળને શોધવા લાગી. અનેક કષ્ટ ભોગવી તે છેવટ પોતાને પિયર પહોંચી. નળ પણ અનેક કષ્ટ ભોગવતો અયોધ્યા પહોંચ્યો અને ઋતુપર્ણ રાજાને ત્યાં સારથિ તરીકે રહ્યો. બહુ તપાસ કરાવતાં પત્તો લાગ્યો કે, ઋતુપર્ણને ત્યાં બાહુક નામનો સારથિ છે તે કદાચિત્ નળ હોય. આથી ભીમક રાજાએ ઋતુપર્ણને ત્યાં બ્રાહ્મણ મોકલાવ્યા કે, કાલે અમારી કન્યાનો ફરી સ્વયંવર થવાનો છે. તેના સારથિ બાહુક જોઈએ કે નળે એક જ દિવસમાં તેને વિદર્ભ પહોંચાડી દીધો. ત્યાં દમયંતીએ નળને ઓળખ્યો અને બાર વર્ષ સુધી ઘોર કષ્ટ સહન કરી તે દંપતી ફરી મળ્યા. આ વખતે કળિયુગે પણ તેમનો પીછો છોડી દીધો. ઉપરાંત ઋતુપર્ણે પણ નળની ક્ષમા માગી. એક માસ વિદર્ભમાં રહી નળે પુષ્કરની પાસે જ ફરી જુગટું ખેલ્યું અને ફરી પોતાનું રાજ્ય છતી લીધું. તે પછી તે બે દંપતી સુખપૂર્વક રહેવા લાગ્યા. દમયંતીનું પતિવ્રત આદર્શ મનાય છે અને ઘોર કષ્ટ સહન કરવા માટે નળ દમયંતી પ્રસિદ્ધ છે

૮. પું. પક્ષી પકડવાને માટે વપરાતો એક પાસ. તે પાસની ટોચ ઉપર પક્ષીને ફસાવવા માટે એક જાતનો ચટ્ટ પદાર્થ ચોપડવામાં આવે છે.

નળ ઝલાવવો = ચોરી પકડવા માટેની એક ખાસ રીત. તેમાં ચારપાંચ ગજાઓના વાંસના બે ટુકડા એકબીજાને ચોપડીને ઘરેક છેડે બે માણસથી પકડવામાં આવે છે. પછી ખાસ્સર અમુક ભાગ બાંધે એટલે એની મેળે જે માણસ પાસે ચોરાઈ ગયેલો માલ હોય તે

તરફ વાંસનો ટુકડો હોય અને માણસ પણ તે તરફ ખેંચાય એમ મનાય છે.

૯. [સં. નાડ; પ્રા. નલ)] પું. પાણી લાવવા તથા કાઢવા માટે બનાવેલી ખાળ જેવી અથવા નીક જેવી બનાવટ; પાણી જવાનો રસ્તો.

૧૦. પું. પાણીની નળી ઉપરની ધાતુની ચાવી; 'ટોપ.'

૧૧. પું. પેટની અંદરની જે નળીમાં થઈને પેશાબ નીચે ઊતરે છે તે નળી.

૧૨. [સં. નલક] પું. પેટમાંનું અંદરથી પોલું મોટું આંતરડું.

નળ છૂટી જવા = હિંમત હારી જવી; ગુસ્સો કમી થવો.

૧૩. પું. બાજનો પ્રદેશ; નળકાંઠો.

૧૪. પું. માટી કે ધાતુનો ગોળ પોલો લાંબો બાદ; પાણી લાવવા કાઢવા બનાવેલી ધાતુ વગેરેની ગોળ નળી; પાણી વગેરેને જવાનું ભૂગળું; 'પાઇપ.'

૧૫. પું. (પુરા.) રામની સેનાનો સેતુ બાંધનારો એક વાનર નાયક; રામનો એક સુભટ વાનર.

૧૬. [સં. કેતનક] સ્ત્રી એક જાતની વનસ્પતિ; એક પ્રકારનું નેતર; ઊંચા; એક જાતનું ઘાસ. તેની સોટી જેવી પોલી અને ઉપર ગાંઠ હોય છે. એની નળીની નળીઓ બને છે, પાન વાંસ જેવાં હોય છે. તે શીતળ, રુક્ષ, તૂરી, મધુર, વીર્યવર્ધક, કફ્ની, કૃમિ તથા મૂત્રકૃચ્છ્ર મનાય છે અને વિસર્પ, મૂત્રકૃચ્છ્ર, દાહ, રક્તદોષ, પિત્ત, કફ, હૃદ્રોગ, અસ્તિશૂળ, મોનિરોગ તથા રક્તપિત્તનો નાશ કરે છે.

૧૭. સ્ત્રી. એ નામનું એક સરોવર; નળસરોવરનું સરોવર. તે અજાતના અખાત નજીક છે

નળકામ ન. નળ બનાવવાનું કામ; નળ સંબંધી કામ.

નળકાંઠો પું. ગાંધીવાડના પૂર્વભાગનો પ્રદેશ; ખાલસા કચ્છનું રણ અને અજાતના અખાત વચ્ચે આવેલો અને સૌરાષ્ટ્રને હિંદુસ્તાન સાથે જોડતો જમીનનો ભાગ.

નળકુબેર પું. (પુરાણ) કુબેર ભંડારીનો બે માંહેનો એ નામનો એક દીકરો; મણિગ્રીવનો ભાઈ. તે નારદના શાપથી આમલીના ઝાડરૂપે થયો હતો શ્રીકૃષ્ણે તેનો ઉદ્ધાર કર્યો હતો.

નળકર પું. નળ સાંધનાર અને નળનું સમારકામ કરનાર કારીગર.

નળગોંદો ૧. પું. ખાતાં કે પીતાં ઊબકોનીઓ થતો નળાનો ઊપસેલો ભાગ; હરડિયો; નળગો; નળાનો ઊપસેલો ભાગમાં ચામડી પાતળી ટેકરા જેવો ભાગ.

૨. પું. જોડણના નળામાં નીચલા ભાગમાં ખાડા જેવો ભાગ.

નળઘો પું. નળગોટો.

નળબંધવાયુ પું. (વૈદક) વાયુના કોપથી પેટનું ફૂલવું તે; બાળકોનાં ખાસકરીને થાતોકર. તેમાં અન્નરસોમાં વાયુ ઊકળો થાય, પેટ ફૂલીને ચડી આવે અને તેના ઉપર આંગળીથી ઠકોરા મારતાં ઢોલની પેઠે અવાજ થાય. વખતે વધુ ઓટલો બધો ઓડકો થાય કે પેટમાં જબ્બર વધુ હોય એવું તે ઊપસેલું લાગે.

નળબાવળી સ્ત્રી. અજાતના અખાતની નજીકનું એ નામનું એક સરોવર; નળ સરોવર.

નળબાયુ પું. આંતરડાનો વાયુ.

નળબાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. સ્ત્રી. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું

નળબાવું અ. ક્રિ. શરીરે સોજો ચઢ્યો; અશક્ત બની જવું.

નળબાહાર ૧. પું. કોર્ટ અટકાયત બજાવનારને, તેની એક બાજુને પકડી તરીકે રાખી, તે બાજુના આસપાસ ફેરવવામાં આવવાથી થતી બનાવટ.

૨. પું. નળના જેવા આકારનો બન કે પોલો પદાર્થ; 'સોલિન્ડર.'

૩. વિ. નળ જેવા આકારનું; ગોળ નળના આકારનું; ગોળ અને પોલું.

નળબાહારઅંક પું. (ગણિત) સમાંતરબાજુ ગોળાકૃતિ જેની ઉપર ફરે તે સ્થિર સીધી લીટી.

નળબાકૃતિ સ્ત્રી. ગૂંચવ્યા જેવો આકાર; નળબાકાર.

નળબાખ્યાન ૧. [સં. નલ (એ નામનો રાજા) + આખ્યાન (કથા)] ન. નળ રાજાની કથા.

૨. ન. નળ રાજાની કથાનું પુસ્તક

નળબારિષ્ટ ન. નળારિષ્ટ; નળાનું ઘાડું.

નળિકા ૧. સ્ત્રી. કેસરને ટેકો આપતો નીચલાભાગનો સાંકડો વિસ્તાર.

તબક્કીના ફોડવાની સીંગને નીચે ઝીણી પણ સળી જેવી અને તેને મથાળે નળિકા પણ સળી જેવી સફેદી હોય છે. વનસ્પતિવિજ્ઞાન

૨. સ્ત્રી. દૂરબીન.

૩. [સં. નલિકા] સ્ત્રી. નળી.

નળિયર વિ. નળિયાથી બનેલું; નળિયાંવાળું; નલિયર.

નળિયાખૂટ વિ. અંદર કંઈ ન હોય એવું.

નળિયાપાટ સ્ત્રી. એ નામની એક રમત; નાળદડી.

નળિયારી ૧. સ્ત્રી. પોતું પલાળવાનું વાસણ.

૨. સ્ત્રી. હાથસાપડ વહેવાની નળી જેવી મૂકવાનું વાસણ.

નળિયાંઝડી સ્ત્રી. નળિયાની જડી; કર્પરપાક.

નળિયું ૧. [સં. નલ] ન. છાપરું ઢાંકવાની પરનાળા જેવી માટીની બનાવટ; છાપરું છાવવા માટે નળા જેવો માટીનો અર્ધગોળ પકવેલો ઘાટ; નાળું; કવલ.

૨. ન. નાસીપાસીનો વખત.

૩. ન. વહેવાની સાણમાં જેની માથે ઝોકડી વીંટાય તે ભાગ.

૪. વિ. ગોળ નળના આકારનું; ગોળ અને પોલું હોય એવું

નળિયેરો વિ. નળિયાથી છાયેલું; નળિયે ચડ્યું.

આ ઓરોમા નળિયેરી ઘર બધુ ઓળને હોય છે. શિક્ષણસાહિત્ય

નળી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે વાંસની પેઠે જમ્યા,માં થાય છે, પાન પણ વાંસ જેવા હોય છે. તેનું થડ પોલું અને તેની ગાંઠની અંદરથી પોલી હોય છે.

૨. [સં. નલિકા] સ્ત્રી. ગોદામ નીચેના નળાની રસ

નળીયું હતી નકોર, ભોગાવળો ભરડાનો ધણી,
રહ્યું ન ભરે ભોર, ભલા ગામા જોગમા.
હલામણ જોડવાનો દુહો

૩. સ્ત્રી આંતરડું

૪ સ્ત્રી તાર બાંધવાનું એક સાધન; 'થર્મોમિટર.'

૫. સ્ત્રી. પગનું લાંબું હાડકું; નળો.

૬ સ્ત્રી. પવાલી.

૭. સ્ત્રી. પાતળી, ગોળ અને અંદરથી પોલી સળી કે લાકડી જેવી બનાવટ; પોલો અને લાંબો ઘાટ; નાનો પાતળો નળ; ભૂગળી.

૮ સ્ત્રી. પોલી ડાંડલી.

જેમ કાનજરના શરીરમાં ચૂસવા ગોદીની નસો, ફેફસું હોય છે, તેમ ઝાડમાં નળીઓ છે અથવા બરાબર કહેવામાં આવે તો આ નળીઓ, ફોલરીઓ, અનરસ લઈ જનારી નસો તથા ફેફસું આ બધું તેમાં છે. વનસ્પતિ વિજ્ઞાન

૧૦. સ્ત્રી. યોનિમાર્ગ

૧૧. સ્ત્રી. વહેવા માટેનું એક ઓજાર; વાહ્યા માટેનું કોકડું જેની ઉપર જાય છે તે ઝરણીનું પોલું ઘાડકું.

નળી ભરવી = અરણીના લાકડાની પાતળી પોલી નાતણી ઉપર ખેળવાળું સૂતર વીંટવું.

૧૧. સ્ત્રી. વાદિની; વહન કરનાર નળી

૧૨. સ્ત્રી. કુક્કાની નેહ.

નળોડી (નળોડો) જુઓ નરેડી.

નળો ૧. પું. ખાળિયો; ગંદારીમાંથી પાણી નીકળવાનું ચૂસણું.

૨. પું. ઘૂંટણ અને પગની પાટલી વચ્ચેનો નળા જેવો કંડારદાર ભાગ; ઢીંચણથી ઘૂંટી સુધીનું પગનું હાડકું; ગોઠણ નીચેના પગનો ઉપલો હાડકાંવાળો ભાગ; ઘૂંટણથી પાટલી સુધીનો ભાગ અરબપ કે તેનું હાડકું.

૩. પું. ધાતુની મોટી નળાકાર કોઠી કે પખાલું. પાલું; કોડી.

૪. પું. પેડૂથી છાતી સુધીનો ભાગ.

૫. પું. મોટી નળી.

૬. પું. વાસણની કોરેકરી રાખવાનું ઘર; કંતલો; તાણા વચ્ચે વાઘો ફેરવાને ખેરના લાકડાનું બનાવેલું કોડી જેવું ઓજાર.

નળોકડી (નળોહડી) સ્ત્રી. સાંકડી વાટ; નાળ; ગલી; નવેળા; નેળ; બે વાડની વચ્ચેનો સાંકડો રસ્તો.

નળ્ય સ્ત્રી. સાંકડો લાંબો રસ્તો; બીજા જેવો માર્ગ; કોટાળા ઘોરની બે હાર વચ્ચેનો લાંબો સાંકડો માર્ગ

ન્હે. ૧. પું. નવમું ટૂંકું રૂપ.

૨. પું. નંબરનું ટૂંકું રૂપ.

નંઈ અ. નહિ

નંઈ વિ સ્ત્રી. (કચ્છી) નવી.

નંઉં વિ. (કચ્છી) નવું.

નંઢાવું અ ક્રિ. કાચનું ભાંગવું; નંદવાવું; ફૂટવું; ફૂટી જવું; નંદાવું.

નંઢેરી [જા. ગઢોર] સ્ત્રી. ઊભી નાની લીટી.

નંખાવવું ૧. સ. ક્રિ. નખાય તેમ કરવું; નખાવવું.

૨. સ. ક્રિ. ચોકરીમાં કામગ્રસ્ત કરાવવું.

નંખાવું ૧. અ. ક્રિ. અકેલાને પડવું; દમનો ઘર્ષ તે અચેતન પડવું.

૨. અ. ક્રિ. અતિશય નબળા પડવું; ભાન ભૂલી જવું; કુર્બળ થઈ જવું; લેવાઈ જવું.

નખાઈ જવું = (૧) અચેતન પડવું. (૨) ઊલટી થવી (૩) શરીરે લેવાઈ જવાવું.

૩. અ. ક્રિ. ઊલટી થવી; ઓકવું.

૪. અ. ક્રિ. નાદિમત થવું

૫. અ ક્રિ. ફેંકાવું, નાખી શકાવું

નંગ ૧. [ફા.] પું. કલંકિત માણસ.

૨. પું. કાશ્મીરમાં આવેલ એ નામનો એક પર્વત. તે ૨૧,૬૨૫ ફૂટ ઊંચો છે. હિમાલયનું તે એક શિખર છે.

૩. પું. ભંગાર; ઉપપતિ; રખાત ધણી.

૪. પું. ધિક્કાર; તિરસ્કાર.

૫. પું. નખ; નાખૂન.

૬. [સં. નગ્ન (નાગું)] પું. (હિંદી) પુરુષનું લિંગ; શિશ્ન.

૭. પું. બેજવાબદારી; કલંક; નામોશી.

૮. પું. ઝાડ.

૯. [સં. નખ્ (જવું)] પું. (વહાણવટું) વહાણને ફેરવવા માટેનો વાંસડો; 'બોમ.'

૧૦. સ્ત્રી. પ્રતિષ્ઠા; કીર્તિ; આબરૂ.

૧૧. ન. આડથી ભાર દેવા બાંધેલો પત્થર; મોટો પત્થર.

૧૨. ન. એક વસ્તુ.

૧૩. ન. કલમ માટેનું પ્રાણી.

૧૪. ન. ખરેખું; હાજીનો.

૧૫. ન. ઘેટું.

૧૬. ન. ઘોડાના સામાનનો એક ભાગ.

૧૭. ન. નાગાપણું; નગ્નતા.

૧૮. ન. પહેલ પાડેલ હીરો.

૧૯. ન. પહેલ પાડેલા હીરાનો કટકો; હીરાકણી.

૨૦. ન. ખાનદાન; કુળમાં 'આઇટમ.'

૨૧. ન. માંસ.

૨૨. ન. મૂર્ખ માણસ.

૨૩. ન. બુચ્ચું માણસ; બંધું માણસ.

૨૪. ન. વિલાયતથી લોહિત માણસ; વલાયતી માણસ.

૨૫. ન. વીંટીમાં જડેલ હીરો.

૨૬. વિ. પક્કું; પાકું.

૨૭. વિ. બુચ્ચું; બદમાશ.

૨૮. વિ. કુદરત વગરનું.

૨૯. વિ. હોશિયાર.

નંગડ [સં. નગ્ન] વિ. (હિંદી) નાગું.

નંગદાર ૧. [ફા.] વિ. કલંકથી ભરપૂર.

૨. વિ. નંગ ધરાવનારું; નંગવાળું; નંગિયું; જેમાં નંગ જડેલ હોય એવું; નંગથી વિભૂષિત. ઘરેણા વિષે આ વિશેષણ વપરાય છે.

નંગધડંગ (નંગધડંગ) વિ. તદ્દન નાગું; નાગુંપૂગું; દિગંબર; વિવસ્ત્ર.

નંગન ન. નંગ.

નંગન મુદ્રિકા સોય. દયારામ

નંગબંધ વિ. નિરલંકૃત.

નંગમાળ સ્ત્રી. હીરાની માળા.

સુરતની ભડોભડાવી તમને રહી વહુંપની? નંગમાળ સમી નમણવટ ને સોનાની પાટ સમું ખોખીયું. નાનાલાલ

નંગર ૧. પું. લંગર

૨. ન. શહેર.

નંગરવારી [હિં.] સ્ત્રી. સમુદ્રમાં ચાલતી એક જાતની સાધારણ નાવ. તે તોફાનને વખતે કોઈ રક્ષિત જગ્યાએ લંગર નાખી રહી જાય છે.

નંગરવાળું જુઓ નંગદાર.

નંગા ૧. [હિં.] પું. કલંક.

૨. પું. કલંકિત માણસ.

૩. પું. કાશ્મીરની સરહદ ઉપરનો એ નામનો એક મોટો પર્વત

૪. પું. શિવ; મહાદેવ.

૫. વિ. ખુલ્લું; ઢાંકયા વગરનું.

૧. નંગા કરવું = (૧) કપડાં ઉતારવાં. (૨) ખુલ્લું કરવું.

૨. નંગે પાઉં = ઉઘાડે પગે.

૩. નંગે સમશેર = મિયાનમાંથી બહાર કાઢેલી તરવાર.

૬. વિ. નાગું; વસ્ત્ર વગરનું; દિગંબર.

૭. વિ. પાંદડાં વગરનું

૮. વિ. બેફકરમ; નિર્લજ્જ.

૯. વિ. બુચ્ચું; પાક્કું; બદમાશ.

નંગાધુડંગા (નંગાધુડંગા) જુઓ નંગાધાદરઝાદ.

નંગાપાઉં [હિં.] વિ. ઉઘાડા પગવાળું.

નંગાબાદરઝાદ [હિં.] વિ. બિલકુલ નાગું; માથે જરૂર હોય એવું.

નંગાબુનંગા [હિં.] વિ. બિલકુલ નાગું.

નંગાબૂંગા જુઓ નંગાબુનંગા.

નંગારી સ. ગોરાણી માંહેની એક જાતનું કવેરાત.

નંગાલુચ્ચા [હિં.] વિ. નીચ અને દુષ્ટ; બદમાશ.

નંગાસર જુઓ નંગાસિર.

નંગાસિર [હિં.] વિ. ઉઘાડા માથાનું.

નંગિયા જુઓ નંગિયું.

નંગિયું વિ નંગવાળું; નંગ જડેલું; નંગ ધરાવનારું; જેમાં નંગ જડેલ હોય એવું; નંગથી વિભૂષિત; નંગદાર.

નંગી ૧. [હિં.] વિ સ્ત્રી. ખુલ્લી.

૨. વિ સ્ત્રી. નાગી.

૩. વિ સ્ત્રી. પાંદડાં વગરની.

નંગે અ. (ફા૦) કાંઈ પણ સાધન કે હથિયાર વિના.

નગોનામ જુઓ નગોનામૂસ.

નગોનામૂસ [ફા.] કું. આબરૂ અને કલંક.

નંગોરા ૧. સ્ત્રી. તંબોળીની એ નામની એક બટક.

૨. વ. એ નામની બટકનું માપસ.

૩. વિ. એ નામની બટકનું.

નંગ્યાવર્ત વ. (સંગીત) મધ્ય માર્ગનું પહેલું ગ્રામ

નંદી જુઓ નદી.

નંદી ૧. કું. (કચ્છી) એક પ્રકારનો છોડ; કંદેરી

૨ વિ જો. નાની.

નંદી ઇંડક કું. (કચ્છી) એક જાતનો છોડ. તે ઢોરને ચારા તરીકે કામ આવે છે.

નંદી કંજિયારી જી (કચ્છી) એક વનસ્પતિ. એના છોડ ૩ થી ૪ હાથ ઊંચા અને ફૂલ અને ફળ વદ્યારી જેવાં થાય છે.

નંદેરી ગોરખમેસ જી. (કચ્છી) એક જાતનો છોડ. આખા છોડ ઉપર લાખી ધોળી ફૂલળ હોય છે તેનાં પાન ઔષધરી જેવાં થાય છે.

નંઢો વિ. કું. નાનો

નંઢો બિખરો કું. (કચ્છી) એક જાતનો છોડ; નાની તલવણી.

નંત અ. નિત્ય; હમેશા.

સાંઝ સમાણી સર્વે મળી,
નીજણી નાહે નંત. કેશવદાસ

નંતવ્ય [સં] વિ નમવા યોગ્ય; પ્રણામ કરવા લાયક; નમસ્કાર કરવા જેવું.

નંતાણી ૧. સ્ત્રી. ચોવીસામાંના બે નામની એક બટક.

૨. વ. એ નામની બટકનું માપસ.

૩. વિ. એ નામની બટકનું.

નંત્વ [સં.] વિ. નમન કરવા યોગ્ય; નમસ્કાર કરવા જેવું; પ્રણામ કરવા લાયક; નંતવ્ય.

નંદ [સં.] અ. ક્રિ. (ધાતુ) ખુશી થવું; સંતોષ પામવો; પ્રસન્ન થવું. તે ઉપરથી બનેલ શબ્દ: નંદ, નંદન, નાંદી, અભિનંદન.

નંદ ૧. કું. અગિયાર આગળ લાંબી એક જાતની વાંસળી. તે ઉત્તમ વાદ્ય છે અને તેના દેવતા રુદ્ર મનાય છે.

૨. કું. (અલં) અઠ્ઠાવન માંહેનો એ નામનો એક જાતનો વર્ણાલંકાર.

૩. [સં. નંદ (પ્રસન્ન થવું)] કું. આનંદ; હર્ષ; પ્રસન્નતા.

૪. કું. (જૈન) અવસર્પિણી ચોવીસીમાં બનાર એ નામના પ્રથમ વાસુદેવ.

૫. કું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેના વિષમપાદમાં અગિયાર અને સમપાદમાં બાર માત્રા હોય છે. તેના પ્રથમ ૨૫માં ૧૬ ગુરુ અને ૬ લઘુ આવે અને અંત્ય ૨૫માં ૨ ગુરુ અને ૨૪ લઘુ ક્રમમ રહે આ પ્રમાણે ગુરુલઘુની વ્યવસ્થામાં તેના ૧૫ એક પ્રાપ્ત છે.

૬ [સં.] કું. એ નામનો એક ક્ષત્રિય રાજા

૭ કું. એ નામનો એક યાદવ.

૮ કું (પુરાણ) એ નામનો એક સર્પ.

૯. કું. એક જાતનો વાંસ.

૧૦ કું. એક પ્રકારનું ધૂસ્કમ હોય

૧૧ કું. એક પ્રકારનો વાદ્યકારી.

૧૨ કું (પિંગળ) એક પ્રચુરયુક્તિ માત્રામેળ છંદ તેમા ૨૮ ગુરુ અને ૮ લઘુ મળી ૩૬ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૧૩ કું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે તેમાં બે નગણ અને ચોત્રીસ રગણ મળી એકસોબાર વર્ણ હોય છે.

૧૪. કું. કાર્તિક સ્વામીનો એ નામનો એક અનુચર.

૧૫. કું. (પુરાણ) ક્રૌંચદ્વીપના સાત માંહેનો એ નામનો એક પર્વત.

કુમુદ, વર્ધમાન, સોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર એ નામના ક્રૌંચદ્વીપના સાત પર્વતો છે. ભાગવતી ભાગવત

૧૬. કું. બાર માંહેના એક પ્રકારનો કુંડ; પ્રતિભદ્ર સહિત કુંડ.

૧૭. કું. (પિંગળ) જગણરાગણ રહેવાની જાતનો એક અષ્ટસમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ત્રીસ ગુરુ અને બાર લઘુ મળી ચોત્રીસ વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.

૧૮. કું. ૬૪ માંહેના એક પ્રકારનો કૂવો. તે બાર હાથની પહોળાઈનો હોય છે.

૧૯. કું. દીકરો; પુત્ર; નંદન.

સુત અપજા આતમજ, સુવ તનુજ તનય ને વાર;
નંદ નંદ જોવિંદથી, ન કર મનની બાત.
પિંગળપ્રકાશ

૨૦. કું. (પુરાણ) દુર્યોધન પક્ષનો એ નામનો એક યોદ્ધો.

૨૧. કું. ઠેકડો; મેઢક.

૨૨. કું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક દીકરો.

૨૩. કું. (પુરાણ) નવ માંહેનો એ નામનો એક નિધિ.

૨૪. કું. નવની સંખ્યાવાચક શબ્દ.

૨૫. કું. પરમેશ્વર; સચ્ચિદાનંદ પરમેશ્વર.

૨૬. કું (પિંગળ) પ્રતિષ્ઠાની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના ૬૨૬ ચરણમા રગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે

નંદ રા ગા. સ્થપિંગળ

૨૭. કું. બુદ્ધનો એ નામનો એક ઔરમાન ભાઈ. બુદ્ધે બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કપિલવસ્તુ આવી તેને દીક્ષા આપી હતી. જ્યારે તે બુદ્ધના સાથે રહેતો હતો, ત્યારે એક વાર પોતાની સ્ત્રી જાનાને જોવા માટે પાછો જવા માગતો હતો, પણ બુદ્ધે તેને જવા દીધો ન હતો બુદ્ધે તેને ભિક્ષુ બનાવ્યો, સાક્ષાત્કિક બ્રહ્મનોથી છોડાવી સ્વર્ગ અને નરકનાં દશ્યો દેખાડ્યા હતા.

૨૮. કું મગધ દેશનો એ નામનો એક મોટો રાજા. તેના ઈ.સ.૨ અદ્યગુપ્તે તેને મારી મૌર્યવંશનું રાજ્ય સ્થાપ્યું હતું.

૨૯. કું. મગધ દેશનો એક પ્રાચીન રાજવંશ. ભરતખંડનો એક હિંદુ રાજવંશ. તે વિક્રમ સંવત પૂર્વે ૨૫૯મા વર્ષ સુધી રહ્યો હતો તેની પછી મૌર્યવંશનું રાજ્ય થયું હતું.

૩૦ કું. વસ્ત્રોપરનો એ નામનો એક અનુચર.

૩૧. કું (પિંગળ) રાજવસ્તુની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તમા ૨૨ ગુરુ અને ૪૦ લઘુ મળી ૬૨ અક્ષર અને ૮૪ માત્રા હોય છે

૩૨. કું. ઓઢાનું આસન.

૩૩. કું. (પુરાણ) વસુદેવને પૂરદેવીથી થયેલો એ નામનો એક દીકરો.

૩૪. કું. (પુરાણ) વસુદેવનો અદિત્ય નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ એ નામનો એક દીકરો

૩૫. કું. વાઘિયો; વાઘિયાને ટૂંકાક્ષરી વાણીમાં અપાયેલું એક નામ

૩૬ કું. વિષ્ણુના કળશ માંહેનું એક નામ. નંદ એટલે સંપત્તિ. આનંદ ઉપજાવનારી સંપત્તિવાળા હોવાથી. સર્વ પ્રકારની સિદ્ધિઓથી સંપન્ન હોવાથી અને નવ નદીમાં નહાવાથી હોવાથી તે નંદ કહેવાય છે.

૩૭. કું. (પુરાણ) વિષ્ણુનો એ નામનો એક મુખ્ય પાર્ષદ

૩૮ કું શ્રીકૃષ્ણ.

૩૯. કું. શ્રીકૃષ્ણના પાલક પિતાનું નામ. શ્રીકૃષ્ણને ઉછેરનાર ગોકુળનો મુખી; ગોકુળવાસના સમસ્ત ગોપનો સ્વામી. એ કૃષ્ણના પિતા વસુદેવનો પરમ મિત્ર હતો, માટે જ વસુદેવે પોતાની એક સ્ત્રી રોહિણી અને પછીથી પોતાનો પુત્ર કૃષ્ણ એને ત્યાં રાખ્યાં હતા. આ નંદને બલરામ નામે સ્ત્રી હતી

૪૦. કું. સંપત્તિ.

૪૧. કું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી

૩. પું. કાર્તિકેયનો એ નામનો એક અનુચર.
૪. પું. કૃષ્ણપુરુષોત્તમ.
૫. પું. કૌંચદ્વીપનો એ નામનો એક પર્વત.

દુદ્રુમ, વર્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર એ નામના કૌંચદ્વીપના સાત પર્વતો છે. જગદ્વિભંડલ જગવતી જાગવત

૬ પું. ટેકરો; મેડક.
૭. પું (પિંગળ) ધૃતિની જાતનો અઢાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ અને બે રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં અગિયારમા અક્ષર પછી યતિ એટલે વિસામો આવે છે

સિવ મુનિવે યતિ નજ જ ન, ૨ ત કહે નંદને. રણછોડદાસ

૮. પું. નંદરાજનો પુત્ર.
૯. [સં. નંદ (આનંદ આપવો) + અન (કર્તૃવાચક પ્રત્યય)] પું. પુત્ર; દીકરો.

ઉલો એક અનંત, પ્રીત્ય પરતો, નંદન જે નંદનો. રેવાશ

૧૦. પું. ભાદરવા સંવત્સરના સાઠ મોટાનો છપ્પનમો સંવત્સર; પ્રભવથી છપ્પનમો સંવત્સર; વિષ્ણુની બીજી માદનો છઠ્ઠો સંવત્સર. કહેવાય છે કે, આ સંવત્સરમાં ખૂબ ખૂબ થાય, ખૂબ ખૂબ દુઃખ આવે અને લોકો નીરોગી રહે.
૧૧. પું. મહાદેવ; શિવ; શિવનાં ઉજ્જર મોટાનું એક નામ.
૧૨. પું. રાતો સુરમો.
૧૩. પું. વિષ્ણુના ઉજ્જર મોટાનું એક નામ. તે આનંદિત કરે છે, તેથી નંદન કહેવાય છે.
૧૪. પું. વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

એ લોકમાં એક મનુષ્યની આકૃતિમાં ઉપર બનેલા સુનંદ અને નંદન આદિ પાર્ષદો તથા બીજા પણ વિષ્ણુની સ્તુતિ કરતા હતા. જગવતી જાગવત

૧૫. પું. શ્રીકૃષ્ણ.
૧૬. ન. ઉદ્યાનનું ઉપવન; ઉદ્યાનનો ભાગ; ઉદ્યાનનું આનંદસ્થાન; સ્વર્ગનો બગીચો. સ્વર્ગનું વન; દેવતાનો બગીચો. પુરાણ અનુસાર બધા સ્થાનોથી તે સુંદર માનવામાં આવે છે અને જ્યારે મનુષ્યનો ભોગકાળ પૂરો થાય છે ત્યારે તેને આ વનમા સુખપૂર્વક વિહાર કરવા માટે મોકલવામા આવે છે.

એ પર્વતોની ઉપર અનુક્રમે નંદન, વૈશ્રવણ, વૈભ્રાજ અને સર્વતોભદ્ર નામના ચારેબાજુ સુખ આપનારા ચાર દેવતાઓના બગીચા છે. જગવતી જાગવત

૧૭. ન. એક જાતનું અત્તર
૧૮. ન એક જાતનું સ્થાવર વિષ.
૧૯. ન. કેસર.
૨૦. ન. ચંદન.
૨૧. ન. (શિલ્પ) કોની પૂર્વે અને દક્ષિણે ઓકરી હોય તેવું ઘર.
૨૨. ન. (શિલ્પ) ત્રણીસ હાથના વિસ્તાર અને સોળ સૂત્રવાળું છ ભૂમિવાળું મકાન
૨૩. ન. મેઘ; વાદળ.
૨૪ ન. (જૈન) મેરુ પર્વત ઉપરનાં ચાર માહેનું બીજું વન; દેવોનું ક્રીડાસ્થાન. ત્યા દેવતાઓ આનંદ કરવા આવે છે.

ચાર વનોના નામ ક્રમપૂર્વક ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક છે. તત્ત્વાર્થસૂત્ર

૨૫. વિ. આનંદ આપનાર; ખુશ કરનાર; હર્ષ આપનાર; પ્રીતિ ઉત્પન્ન કરનાર; પ્રસન્ન કરનાર.

નંદનક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
નંદનજ ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.
૨. ન. ઉદ્યાન નંદન વનમાં ઉત્પન્ન થનાર હરિચંદન.
૩. [સં. નંદન (આનંદ) + જ (ઉત્પન્ન થયું)] વિ. આનંદથી ઉત્પન્ન થનાર.
નંદનતાલ પું. (સંગીત) એક ગતસમ્મતિ વાલ માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧, ૫, ૭, ૯ માત્રા ઉપર હોય છે. તેના કોટડીના બોલ ધાધિન ત્રિતક ધાત્રિત્રટ ધાત્રિતી ત્રિના ત્રિતક ધાત્રિતી તિત્રા ત્રિતક તાત્રિતટ.
નંદનપ્રસાદ પું. (શિલ્પ) એક જાતનું દેવળ.
નંદનબાલા [સં.] સ્ત્રી. એક જાતની ભાળા. શ્રીકૃષ્ણને તે બહુ ચઢાવી હતી.
નંદનબોહન ન. એક પ્રકારનું અવંકર અત્તર
નંદનવન ૧. પું. કપાસ.
૨. ન. અદ્ભુત દેખાવ.
૩. ન. ઉદ્યાનનું ઉપવન; ઉદ્યાનનો ભાગ; દેવતાનું વન; દેવતાઈ બગીચો; દેવતાઓનું ક્રીડાસ્થાન.

ભૂમિ ભૂમિ બહુ સ્વર્ગભૂમિ,
વાસ નંદનવન જાં વાન રે. વિહારી

૪. ન. (પુરાણ) કૈલાસ શિખર ઉપરનું એ નામનું એક વન; ગંધમાદન.
૫. ન. (પુરાણ) મેરુની પૂર્વે મંદર પર્વત ઉપર આવેલું એ નામનું વન.
૬. ન. શોભાયમાન ભાગ; નદવાડી.
૭. ન. (જૈન) સુમેરુ પર્વત ઉપર જમીનથી પાંચસો જોજન ઊંચે આવેલું એ નામનું વન.
નંદનંદ [સં.] પું. નંદનો પુત્ર; શ્રીકૃષ્ણચંદ્ર.
નંદનંદન [સં.] પું. નંદનો દીકરો; શ્રીકૃષ્ણ.

મોપી આઠ નામ, નંદનંદન લહી મુકામ. જગન્નંદરાય ઠક્કોર

નંદનંદના [સં] સ્ત્રી. યોગમાયા.
નંદનંદની જુઓ નંદનંદિની
નંદનંદિની [સં.] સ્ત્રી નંદની કન્યા, દુર્ગા; યોગમાયા. કંસના ભયથી વસુદેવ શ્રીકૃષ્ણને નંદને ઘેર રાખી આ કન્યાને પોતાની સાથે લાવ્યા હતા. કંસ જ્યારે તેને મારવા જતો હતો, ત્યારે તે ઊડીને આકાશમાં ચાલી ગઈ હતી.
નંદના ૧. [સં.] સ્ત્રી. દીકરી; પુત્રી.
૨. સ્ત્રી. નંદ નામનું વાસુદેવનું અટક.
નંદનાનંદ [સં] પું. શ્રીકૃષ્ણ.
નંદનાવર્યનર [સં. નંદન (સ્વર્ગનો બગીચો) + અવતર (વચલો ભાગ)] ન. નંદનવનની વચ્ચેની જગ્યા.
નંદની જુઓ નંદિની.
નંદનીનાથ પું. દીકરીનો સ્વામી; જમાઈ.

અદ્ભુત નરવર ભાળો,
હોયે નંદનીનાથ. નેમવિજય

નંદનોપવન [સં. નંદન (આનંદ આપનાર) + ઉપવન (બગીચો)] ન. સ્વર્ગનો બગીચો.
નંદપાલ [સં] પું. વરુણ દેવ.
નંદપુત્ર [સં] પું. શ્રીકૃષ્ણ.
નંદપુત્રી [સં.] સ્ત્રી. નંદની પુત્રી; દુર્ગા; યોગમાયા; નંદનંદિની
નંદપુરાણ [સં.] ન. અઢાર માહેનું એ નામનું એક પુરાણ.
નંદપ્રધાન [સં.] પું. નંદવનનો સ્વામી ઇંદ્ર.
નંદપ્રયાગ [સં.] ન. અલકનંદાકમ પાસેનું એ નામનું એક તીર્થ. તે સાત પ્રયાગ માહેનું એક પ્રયાગ છે
નંદપ્રિય [સં.] પું. પુરુષોત્તમના ઉજ્જર માહેનું એક નામ
નંદબત્રીસી સ્ત્રી. કવિ શામળે બનાવેલું એ નામનું વાર્તાનું એક પુસ્તક
નંદભાગ્યભૃગોકુલોદ્ભવ [સં] પું. પુરુષોત્તમના ઉજ્જર માહેનું એક નામ.
નંદભાગ્યમહોદય [સં.] પું. પુરુષોત્તમના ઉજ્જર માહેનું એક નામ.
નંદયંત [સં.] પું. પુત્ર.
નંદરબારી સ્ત્રી. દળમા કોક તથા અવધ વચ્ચેનો આયો.
નંદરાજ પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલાપતિપ્રભા. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

નંદરાણી જી નંદ રાજાની સ્ત્રી; યશોદા.

નંદરાનો [હિં.] જી નંદ રાજાની સ્ત્રી; યશોદા.

નંદરાય પું. શ્રીકૃષ્ણના પિતાનું નામ. તેનો જન્મ પોષ સુદિ આઠમના રોજ થયો હતો.

નંદરૂખ પું. પીપળાની જાતિનું એક વૃક્ષ. તેનાં પાંદડાં રેશમના કીડા ખાય છે.

નંદલાલ [નંદ + લાલ (દીકરો)] પું. નંદનો દીકરો; શ્રીકૃષ્ણ.

નંદલાલા જુઓ નંદલાલ

નંદલોડા પું. શ્રીકૃષ્ણ ભગવાન

નંદવચ્છ ૧. પું (જૈન) આજીવક પંથનો એ નામનો એક નાયક

> આજીવક પંથના નંદવચ્છ, કિસસંકિચ્ચ અને મક્ખલિ એ ત્રણ નાયકોનો નિર્દેશ બૌદ્ધ ગ્રંથોમાં છે. સુખલાલજી

૨. પું. પરમશુક્લ જાતિનો એ નામનો એક વર્ગ.

નંદવર્ધિની જી (જૈન) છપ્પન દિકકુમારિકા પૈકીની એ નામની એક દિકકુમારિકા.

નંદવવું જ. ક્રિ. ખંડિત કરવું; ભાંગવું; કટકો કરવો; નંદવાય તેમ કરવું. ત્રાસ કરીને બીજાનો કબજો મારે આ શબ્દ વપરાય છે.

નંદવંતી જી. દુર્ગા દેવી.

નંદવંશ [સં] પું. મગધ દેશનો એ નામનો એક રાજવંશ આશરે ઈ.પૂ. ૪૫૦ આસપાસ એ વંશનો નાશ કર્યો હતો. આ વંશનો ઉલ્લેખ વિષ્ણુપુરાણ, શ્રીમદ્ ભાગવત, મહાબોધિવંશ વગેરેમાં મળે છે. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે, શૂદ્રાના ગર્ભથી મહાનંદિને મહાપદ્મનંદ નામનો પુત્ર થશે, જે સમસ્ત ક્ષત્રિયોનો વિનાશ કરી પૃથ્વીનું એકછત્રે રાજ્ય કરશે. તેને સુમાલિ વગેરે આઠ પુત્ર થશે, જેઓ અનુક્રમે સો વર્ષ સુધી રાજ્ય કરશે. અંતે કૌટિલ્યને હાથે નંદોનો નાશ થશે અને મૌર્ય લોકોનું રાજ્ય થશે આ પ્રકારનું વર્ણન ભાગવતમાં પણ છે. મહાબોધિવંશમાં કાર્તિક વિશેષ વર્ણન છે. તેમાં લખ્યું છે કે, વિમલસાર (કદાચિત બિમ્બસાર, જે ગૌતમ બુદ્ધના સમય સુધી હતો અને જેનો પુત્ર અજાતશત્રુ બુદ્ધનો શિષ્ય બન્યો હતો) ૨૮ વર્ષ સુધી, તેનો પુત્ર અજાતશત્રુ ૩૫ વર્ષ સુધી, તે પછી ઉદાયી ૨૮ વર્ષ સુધી, નંદિવર્ધન ૪૨ વર્ષ સુધી અને મહાનંદિ ૪૩ વર્ષ સુધી રાજ્ય કરશે. શૂદ્રાના ગર્ભથી ઉત્પન્ન થયેલ મહાનંદિનો પુત્ર ક્ષત્રિયોનો નાશ કરનાર નંદ થશે. તે અને તેના આઠ પુત્ર ૧૦૦ વર્ષ રાજ્ય કરશે. છેવટ કૌટિલ્યને હાથે બધા માર્યા જશે. કથાસરિત્સાગરમાં પણ નંદની હકીકત નીચે પ્રમાણે આપેલ છે: ઉદંદત્ત, વ્યાડિ અને વરરુચિ ધન મેળવવા નંદની સભામા ગયા, પણ તે ત્યાં પહોંચ્યા પહેલાં ચોરે વખતે નંદ મરી ગયો ઉદંદત્તે યોગબળથી નંદના મૃત શરીરમાં પ્રવેશ કર્યો, જેથી નંદ ઊભો થયો. વ્યાડિ ઉદંદત્તના શરીરની રક્ષા કરવા લાગ્યો. રાજા ઊઠવાથી તેના મંત્રી શકટારને કાંઈક સંદેહ પડ્યો અને તેણે હુકમ કર્યો કે, શહેરમાં જેટલાં મુડદા હોય તે બધાને એકદમ બાળી નાખો. આ પ્રમાણે ઉદંદત્તનું પરેલું શરીર બાળી નાખવામા આવ્યું અને તેનો આત્મા નંદના શરીરમાં પેસી ગયો. નંદનું શરીર ધારણ કરેલ ઉદંદત્ત યોગાનંદ નામે પ્રસિદ્ધ થયો. યોગાનંદે બાલ્યાવસ્થાના આરોપસર શકટારને તેના પરિવાર સહિત કેદ કર્યો અને તેને અનેક પ્રકારનું કષ્ટ દેવા લાગ્યો શકટારના બધા પુત્રો તો દુ:ખથી મરી ગયા, પણ શકટારે કાંઈ ઉપાય કરવાની ઇચ્છાથી પોતાના પ્રાણની રક્ષા કરી. વરરુચિ યોગાનંદનો મંત્રી થયો. તેના કહેવાથી નંદે શકટારને છોડી દીધો. ધીરે ધીરે નંદે અનેક પ્રકારના અત્યાચાર કરવા માંડ્યા. એક દિવસ તેણે વરરુચિ ઉપર ગુસ્સે થઈ તેને મારી નાખવાની આજ્ઞા દીધી શકટારે તેને છુપો રાખ્યો. એક દિવસ વધી રાજા વરરુચિને માટે બાકુળ થયો; તેથી શકટારે તેને હાજર કર્યો, પણ વરરુચિએ ઉદાસ થઈ વાનપ્રસ્થ ગ્રહણ કર્યું. શકટાર લોકે નંદનો મંત્રી રહ્યો, પણ તેના વિનાશનો ઉપાય શોધ્યા કરતો હતો. એક દિવસ તેણે જોયું કે, એક બ્રાહ્મણ મુખ ઘાસ ઊખેડીને બાકી ખોદ્યા કરતો હતો. પુછવાથી તેણે કહ્યું કે, આ ઘાસ અને પગમા ખૂચ્યું, તેથી હું તેનો સમૂળગો નાશ કરી રહ્યો છું. આ બ્રાહ્મણ કૌટિલ્ય ચાણક્ય હતો. શકટારે ચાણક્યને પોતાના ઘરમાં ઉપયોગી માની તેને નંદને સાં જવા માટે આદરનું આમંત્રણ આપ્યું. ચાણક્ય નંદને મહેલે પહોંચ્યો અને મુખ્ય આસન ઉપર બેસી ગયો. નંદને આ બધી ખબર ન હતી. તેણે આ આસન બીજા માટે રાખ્યું હતું. ચાણક્યને તે આસન ઉપર બેઠેલ જોઈ તેણે તેને કાઢવાનો હુકમ કર્યો. તથી ચાણક્યે બહુ ગુસ્સે થઈ કહ્યું કે, સાત દિવસમા નંદનું મરણ થશે. શકટાર ચાણક્યને ઘેર લઈ ગયો અને રાજની વિરુદ્ધ ખૂબ ઉશ્કેર્યો. છેવટે અભિચાર ક્રિયા કરી ચાણક્યે નંદને સાત દિવસમાં મારી નાખ્યો. ઉપરાંત યોગાનંદના પુત્ર હિરણ્યગુપ્તને મારી નંદના પુત્ર ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડ્યો અને પોતે તેનો મંત્રી બન્યો. બૌદ્ધ અને જૈન ગ્રંથમાં પણ નંદનું વૃત્તાંત મળે છે પણ ફેર ઘણો છે, પુરાણોમાં મહાપદ્મનંદને શૂદ્રાના ગર્ભથી ઉત્પન્ન થયેલ, પણ મહાનંદિનો પુત્ર માન્યો છે, ત્યારે જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં તેને સર્વથી નીચ કુળનો અને ગરમાત આવીને રાજસિંહાસન ઉપર બેઠેલ જણાવ્યો છે. કથાસરિત્સાગરમાં નંદસુમને નંદનો પુત્ર લખ્યો છે, ઇતિહાસવેત્તાઓ તે બરાબર હોવાનું માનતા નથી. મૌર્યવંશ એક જુદો રાજવંશ હતો કોઈ કોઈ ઇતિહાસવેત્તાઓ નવ નંદનો બદલે નવો નંદ કરે છે, કે જે શૂદ્ર હતો. તે પ્રમાણે નંદવંશ શૂદ્ર ક્ષત્રિયવંશ હતો અને નવ નંદ શૂદ્ર હતો.

નંદવા [હિં.] જી માટીનું પાણી ભરવાનું મોટું વાસણ; નાંદ.

નંદવાજ જુઓ નંદવાજ.

નંદવાણા ૧. જી જાડાપણની એ નામની એક જાતિ. નાદી ઋષિને બ્રહ્માની સ્ત્રીઓએ શાપ દીધેલો તેના વંશના તેઓ મનાય છે.

૨. જ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નંદવાયુ પું માયાનો એક જાતનો રોગ, અર્બુદવાત.

નંદવાવું ૧. જ. ક્રિ. અસ્વીકાર થવો.

> આકરો નાખ્યું મેં વેણ,
> વેણ મારે નંદવાવું રે. નાનાલાલ

૨. જ. ક્રિ. ખંડિત થવું; કટકા થવા; ભાંગવું, તૂટવું. ત્રાસ કરીને બીજાના કબજા માટે બોલાય છે. સમવા નારીની ચૂડી તૂટે તેને નંદવાઈ કહેવાય. તૂટવું એ અમંગળ શબ્દ હોઈ વૈધવ્ય વખતના ચૂડીભંગનું સૂચન કરે છે.

૩. જ. ક્રિ. નિંદા થવી.

નંદવું ૧. [સં. નંદ્ (આનંદ પામવો)] જ. ક્રિ. આનંદવું, આનંદ પામવું, ખુશ થવું.

૨. જ. ક્રિ. નંદવવું; ભાંગવું; કટકા કરવા.

૩. જ ક્રિ. નિંદવું; નિંદા કરવી; વખોડવું; બીજ કાઢવો; દોષ કાઢવો

નંદવ્રજજનાનંદી [સં. નન્દવ્રજજનાનન્દિન્] પું. પુરુષોત્તમનાં ઠાકર માંહેનું એક નામ.

નંદશંકર પું ગુજરાતનો એ નામનો એક લેખક. તેનું આખું નામ નંદશંકર તુળજાશંકર હતું. તેણે માત્ર કરણઘેલો નામનું ઐતિહાસિક નાટક લખેલ છે. તે આખંત લોકપ્રિય થઈ ગયું છે. અહીના લગભગ પરેલા પુસ્તક તરીકે, નવલકથાના તો તદ્દન પરેલા ગ્રંથ તરીકે કરણઘેલો બહુ આવકારદાયક પુસ્તક છે. તેની અંદરનાં વર્ણનો તાદૃશ અને સુંદર છે; ભાષા પ્રવાહી અને અર્થગંભીર છે; શૈલી સરળ હોવા છતાં સંસ્કારી છે;

કાબો સહેલા હોવા છતાં ઘટતી મોજમતાવાળા અને વાદ્યવરચના અથરી થયા વિના પ્રૌઢ અને ગંભીર છે.

નંદરાત્રિ [સં] પું. બાર મહિનો એ નામનો એક મેમ.

નંદરાત્રિપ્રસાદ પું. એક જાતનું ટેકણ.

નંદસુત [સં. નંદ + સુત (દીકરો)] પું. શ્રીકૃષ્ણ.

નંદસુતા [સં.] સ્ત્રી. યોગમાયા.

નંદસૂનુ ૧. [સં. નંદ + સૂનુ (દીકરો)] પું. નંદપુત્ર; શ્રીકૃષ્ણ.

૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

નંદંત ૧. [સં.] પું. દીકરો.

૨. પું. મિત્ર.

૩. પું. શબ્દ.

નંદા ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં નવ પાદમાં અનુક્રમે ૧૪, ૧૧, ૧૪, ૧૧, ૧૪, ૧૩, ૧૧, ૧૩ અને ૧૧ એમ ૧૧૨ માત્રા હોય છે.

> જ પર કમ્પ બિ વિશ્વ પરે,
> જ ગાય લધુ સમ ધ.ય;
> એ રીતે પદ પાય રચી,
> દુહો એક રચાય.
> સો કલા સો રે બાર ધરો;
> નંદા રચના નામ છે,
> ભીલે ભેદ અનુપ;
> કવિ પ્રભુપ્રભુ તેમાં કળે,
> મનમાહે હરખાય.
>
> રણછોડ

૨. પું. એ નામનો એક હરિજન સંત.

૩. પું. (પિંગળ) એક અનુષ્ટુભી માત્રામેળ છંદ. તે કૈકા છંદનો એક ભેદ છે. તેમાં નવ પાદ હોય છે. વિષમપાદ એટલે ૧, ૩, ૫, ૭, ૯ એ ૫૨૬ પાદમાં તેર તેર અને સમપાદ એટલે ૨, ૪, ૬, ૮ એ ૫૨૬ પાદમાં અગિયાર અગિયાર માત્રા હોય છે. એ રીતે આ છંદમાં કુલ ૧૦૯ માત્રા આવે છે.

૪. પું. (પિંગળ) ત્રિભંગીની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦ લઘુ અને ૫૯ ગુરુ મળી ૧૨૯ માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) દ્રૌપદી છંદની જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૩૧ ગુરુ અને ૪૦ લઘુ મળી ૭૧ વર્ણની ૧૧૨ માત્રા હોય છે.

૬. [સં.] સ્ત્રી. અમુક સંક્રાંતિ.

૭. સ્ત્રી. (જિન) અષ્ટ માંહેની એક પ્રકારની રાજ્યસભા.

સમા કરવાના હેતુની એક બાજુએ ચાર પદો અથવા ચાર વિભાગો કરવા અને તે જ રીતે બીજે ઠરાવ ચાર ચાર પદો કરવાથી સોળ પદો થાય. તે પદોના મરુતા જે ચાર પદો પડે છે તે ચારેનું એક પદ કરી સમા બાજુના એક અવિદ કરવાથી તે નંદા સમા થાય.

૮. સ્ત્રી. આનંદ; મજા.

૯. સ્ત્રી. એ નામની એક અપ્સરા.

૧૦. સ્ત્રી. એ નામનું એક તીર્થ.

૧૧. સ્ત્રી. એક જાતની ક્રમપેતુ.

૧૨. સ્ત્રી. એક માતૃકા અથવા ભાવમાત્ર. તેના સંબંધમાં મનાય છે કે, તેને લીધે બાળક પોતાના જીવનમાં પહેલા દિવસ, પહેલા માસ અને પહેલા વર્ષમાં તાવથી પીડાઈ બહુ રડે છે અને અચેત થઈ જાય છે.

૧૩. સ્ત્રી. (સિદ્ધ) એક મુખની અને બહુ પ્રેતોવાળી યોનિ; રાજ્યસભામાં વર્ણવેલી બાર માંહેના એક પ્રકારની યોનિ.

> વાનરીને એક મુખ હોય અને તેમાં બહુ દાંત હોય તે વાનરીનું નામ નંદા કહેવાય.
>
> રાજ્યસભા

૧૪. સ્ત્રી. (પુરાણ) કુબેરની નગરી અલકા વહેતી એ નામની નદી; અલકનંદા.

૧૫. સ્ત્રી. (જૈન) કૃષ્ણપક્ષની એક તિથિ.

૧૬. સ્ત્રી. (સંગીત) ગાંધાર ગ્રામની એક મૂર્ચ્છના; એકવીસ માંહેની પંદરમી મૂર્ચ્છના; તારસપ્તકની મૂર્ચ્છના. આ મૂર્ચ્છનામાં પહેલો સ્વર અતિ કોમલ ગાંધાર, બીજો કોમલ ધૈવત, ત્રીજો અતિ કોમલ પંચમ, ચોથો અતિ કોમલ નિષાદ, પાંચમો અતિ કોમલ ષડ્જ અને બાકીના અગિયારનો અતિ કોમલ રિષભ હોય છે.

૧૭. સ્ત્રી. ગોદાવરી નદીની ઉત્તર તરફની શાખા; ગોનસી નંબા.

૧૮. સ્ત્રી. ગૌરી

૧૯. સ્ત્રી. (જૈન) કમળ માંહેની એ નામની એક સિદ્ધકુમારિકા.

૨૦. સ્ત્રી. દુર્ગા

૨૧. [સં. નન્દ] સ્ત્રી. નવું.

૨૨. સ્ત્રી. (પુરાણ) નંદાત્રમતીર્થમાં વર્ણ ઋષિના વર્ણ નામના પુત્રની સ્ત્રી.

૨૩. સ્ત્રી. નિંદા.

૨૪. સ્ત્રી. પડવો, છઠ કે અગિયારશની તિથિ; એકમ, છઠ ને અગિયારશ એ ત્રણ તિથિનું નામ.

૨૫. સ્ત્રી. વાસણનું મોટું વાસણ; નાંદ.

૨૬. સ્ત્રી. મહાભારતમાં વર્ણવેલો ગંધમાદન પર્વત ઉપરની એક પ્રાચીન નદી.

૨૭. સ્ત્રી. માટીનો ઘડો.

૨૮. સ્ત્રી. (જૈન) વર્તમાન અવસર્પિણીના દસમા અર્હત શીતલનાથની માતાનું નામ.

૨૯. સ્ત્રી. વિભીષણની એ નામની એક દીકરી.

૩૦. સ્ત્રી. ઢાંકણ.

૩૧. સ્ત્રી. (પુરાણ) લાવણીપની એ નામની એક નદી.

૩૨. સ્ત્રી. (પુરાણ) લાવમલીદ્વીપમાં આવેલી એ નામની નદી

> અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા અને રાકા એ નામની સાત લાવમલીદ્વીપની નદીઓ છે. ભાગવતી લાવવત

33. સ્ત્રી. (જૈન) ઐક્ષિક રાજાની રાણી અને અભયકુમારની માતાનું નામ.

૩૪ સ્ત્રી. સંપત્તિ; સંપદા.

૩૫. સ્ત્રી. સંજોગની બહુ ગુંચવાળી સ્ત્રી.

નંદાણિયા ૧. સ્ત્રી. કડવા કણબી અને આહિરની એ નામની એક અટક.

૨ ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું

નંદાતિથિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પડવો, છઠ અને અગિયારશ એ ત્રણ તિથિ. નંદાતિથિમાં જન્મેલું બાળક આનંદ આપે છે એમ મનાય છે.

નંદાદ્રી ૧. [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર ભૃગુક્ષેત્રમાં આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે મહિષાસુરનો વધ કર્યા પછી જગદંબા આનંદ કરતી કરતી અહીં આવી. શિવજીની આરાધના કરી. પછી નર્મદાજીએ તેની પૂજા કરી. ત્યારથી આ તીર્થને નંદાદ્રિ કહેવા લાગ્યા. ભૈરવ, કેદાર, રુદ્રમહાલય અને નંદાદ્રિ આ ચાર તીર્થ પ્રભાવશાળી અને પ્રસિદ્ધ છે. નંદાદેવીના પૂજનથી પુત્રપૌત્રાદિ બધા ઇચ્છિત ફળ મળે છે.

૨. પું. હેમકૂટ પર્વત ઉપર આવેલી એક નદી અને તીર્થ. ત્યાં હવા તેજ રહે છે અને જોરથી વરસાદ પડ્યા કરે છે. સાધારણ લોકો ત્યાં સુધી પહોંચી શકતા નથી. હમેશા ત્યાં વેદધ્વનિ સંભળાય છે, પરંતુ કોઈ વેદ બોલનાર દેખાતો નથી. સવારે અને સંધ્યા સમયે ત્યાં અગ્નિદેવનાં દર્શન થાય છે. ત્યાં જેણે કોઈ તપસ્યા કરવા માંડે તો બાધાઓ તેને કરવી જાય છે. યુધિષ્ઠિર તેના ભાઈઓ સાથે એક વાર આ તીર્થમાં ગયા હતા.

નંદાત્મજ [સં. નંદ + આત્મજ (પુત્ર)] સ્ત્રી. શ્રીકૃષ્ણ.

નંદાત્મજા [સં. નંદ + આત્મજા (દીકરી)] સ્ત્રી. યોગમાયા.

નંદાદિગોપમાત્રેષ્વેકૂનત્રિંશદ્વાસર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

નંદાદિત્યાંત્યનવકર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

નંદાદ્વીપ પું. મૂર્તિની આગળ અખંડ બળતો દીવો; દીપસ્તંભ.

નંદાદેવી ૧ [સં] સ્ત્રી એ નામની એક દેવી. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ નંદાતીર્થમાં છે.

૨. ન. દક્ષિણ હિમાલયનું એ નામનું એક શિખર. તે ૨૫,૦૦૦ ફૂટથી વધારે ઊંચું અને બરફોથી ઢંકાયેલું છે.

નંદાનંદ [સં. નંદ + આનંદ] પું. નંદને આનંદ આપનાર પુત્ર; નંદનંદન; શ્રીકૃષ્ણ.

નંદાપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ. તેમાં નંદાદેવીનું માહાત્મ્ય બતાવ્યું છે. તેના વક્તા કાર્તિકેય છે. મત્સ્ય અને શિવપુરાણ અનુસાર તે ત્રીજું ઉપપુરાણ છે.

નંદાફૂલ પું. નંદી ઉપર સવારી કરનાર મહાદેવ.

નંદાર્થી [સં.] પું. શાકદ્વીપના બ્રાહ્મણોનો એ નામનો એક સમુદાય.

નંદાલય [સં. નંદ + આલય (મકાન)] ન. નંદજીને રહેવાનું સ્થાન; ગોકુળ.

નંદાવતી પું. બેવડી આંટીવાળો સાથિયો; નંદાવર્ત.

નંદાવર્ત જુઓ નંદાવર્તો.

નંદાવર્ત્ત ૧. [સં.] પું.; ન. (જૈન) એક પ્રકારનો સાથિયો; નંદાવતી.

૨. પું.; ન. (જૈન) આર ઘંટિવાળો એક જાતનો છત્ર.

૩. પું.;ન પદર માંહેના એક પ્રકારનો ગવાક્ષ; આર ઘુમ્મિવાળો ગવાક્ષ.

૪. ન. એ નામનું વિમાન; ઉંદક.

નંદાવર્ત્તક ૧. [સં.] પું. (શિલ્પ) પંદર માંહેના એક પ્રકારનો ગવાક્ષ; આર ઘુમ્મિવાળો ગવાક્ષ; સ્વસ્તિક ગવાક્ષ

ઃ જે ગવાક્ષને આર ઘુમ્મિ હોય તે સ્વસ્તિક ગવાક્ષ નંદાવર્ત્તક ગવાક્ષ કહેવાય. રાજવલ્લભ

૨. ન. (શિલ્પ) સાથિયાના આકારે રચાયેલું મકાન; સ્વસ્તિક.

ઃ જેનો સાથિયાના આકારે હોય તેનું નામ નંદાવર્ત્તક. રાજવલ્લભ

નંદાવવું સ. ક્રિ. નંદવાવ એમ કરાવવું; બીજા પાસે ભંગાવવું.

નંદાવું અ ક્રિ. ખંડિત થવું; નંદવાવું, ભાંગવું, ફૂટવું

નંદાવૃક્ષ ન. એક જાતનું ઝાડ; વેલિયો પીપળો.

નંદાવૃત્ત પું (જૈન) એક પ્રકારનો આર ઘંટિવાળો છત્ર.

નંદાશ્રમ [સં.] પું. મહાભારતમા જણાવ્યા એ નામનું એક તીર્થ.

નંદાસ્તુટ ૧. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: પ્રાચીન સમયમાં જ્યારે દૈત્યદાનવોએ સોમનાથ તીર્થનો મહિમા મટાડવાની કુચેષ્ટા કરી, ત્યારે શંકરજીએ પોતાની પ્રાણશક્તિને પ્રેરણા કરીને દૈત્યોનો નાશ કરાવ્યો. આ કાર્યથી પ્રસન્ન થઈને શિવજીએ નંદિતીર્થ સ્થાપન કર્યું. પછી કશ્યપ ઋષિએ અહીં સિદ્ધિ મેળવી હતી. અહીં સ્નાનથી નાનાં મોટાં સુખ કરે છે. આઠમ, નોમ અને ચૌદશનું મોટું માહાત્મ્ય છે.

૨. જુઓ નંદાતીર્થ.

નંદિ ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.

૨. પું. ગર્દભાડફળ.

૩. પું. (પિંગળ) માત્રાની જાતનો એક સમવૃત્ત ચતુર્મેળ છંદ; દુમદર. તેના દરેક ચરણમાં બે જગણ અને છ અક્ષર હોય છે.

નંદ જ લી ગી. ઝવેરિલાલ

૪. પું. બળદનું બાળ.

૫ પું. નંદિકેશ્વર નામનો મહાદેવનો એક પાર્ષદવર.

૬. પું. પરમેશ્વર; સચ્ચિદાનંદ પરમેશ્વર.

૭. [સં. નંદ્ (આનંદ પામવો)] પું. પ્રમોદ; આનંદ; હર્ષ; રમતગમત.

૮. પું. મહાદેવ; શિવ.

૯. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પરમાનંદરૂપ હોવાથી, સર્વને આનંદ દેનારા, સર્વને આનંદ કરાવનારા, ભક્તજનોને આનંદ આપનારા તથા સ્વતઃ આનંદસ્વરૂપ હોવાથી ભગવાન નંદિ કહેવાય છે

૧૦. પું શિવનો પોતિનો; કૃષ્ણ. તેની અલૌકિક ભક્તિને લીધે શિવને તે પ્રિય હતો.

૧૧. પું હર્ષમગ્ન માનવી; આનંદમગ્ન માણસ.

૧૨. પું.; ન. સુકાયનું અમુક અંગ.

૧૩. ન. બંધુ.

૧૪. ન. (જૈન) નંદીસૂત્ર.

૧૫. ન. વાજિંત્રનો ધ્વનિ.

નંદિક ૧. [સં.] પું. આનંદ; હર્ષ.

૨. પું. કુટુંબ.

૩. પું. બળદ બાળ.

૪. પું. નંદિવૃક્ષ; વૃશ્ચી; વૃંગી.

૫. પું. નંદી વૃક્ષ. એનું ઝાડ મહોગની જેવું હોય છે.

૬. પું. વેદમાં વપરાયેલ ઋષનું એક નામ. તે નંદિ વાહનવાળા છે.

૭. પું. ઝવેરનો નંદી.

૮. વિ નિંદક.

નંદિકર [સ.] પું. શિવ, મહાદેવ; શંકર.

નંદિકા ૧. [સં.] સ્ત્રી. ઉદ્યનું ક્રીડાસ્થાન; નંદનવન.

૨. સ્ત્રી. એકમ, છઠ અને અગિયારસ એ ત્રણ માંહેની કોઈ પણ એક તિથિ.

૩. સ્ત્રી. નંદી વૃક્ષ.

૪. સ્ત્રી. નાકઃ પાણી ભરવાનું મોટીનું મોઢું વાસણ.

૫. સ્ત્રી. હર્ષ; આનંદ.

૬ જા હસમુખી સ્ત્રી.

નંદિકાવર્ત્ત ૧. પું. (જૈન) એ નામનો એક ચોકપાળ.

૨. [સં.] પું. એક જાતનો મણિ.

૩. પું. (જૈન) સાતમા મહાશુક્ર દેવલોકનું એ નામનું એક વિમાન.

નંદિકુંડ પું. મહાભારતમા જણાવેલ એ નામનું એક તીર્થ.

નંદિકેશ્વર ૧. [સં.] પું. નંદિશ્વર; શિવનો દ્વારપાળ.

૨. પું. ઝવેરનું એક નામ

નંદિકેશ્વરાપ્રપૂજિતા [સ] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નંદિકેશ્વર ૧. [સં] પું. (પુરાણ) કામધેનુનો પુત્ર અને શિવગણ માંહેનો એક. તેની આકૃતિ મનુષ્ય જેવી, મોં વાનર જેવું અને હાથ ટૂંકા હતા. દક્ષપ્રજાપતિ વિશ્વસ્રા નામે તેને એવો શાપ નામના ઋત્વિજને આપ્યો હતો. આ ઉપરથી એ સ્યાપણ મન્વંતરમાં થયો એમ જણાય છે. એણે રાવણને શાપ આપ્યો હતો.

૨. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ નંદીપુર નામના પીઠસ્થાનમા છે.

૩. પું. અહિસુર પાસે નાની પર્વત ઉપર આવેલું એ નામનું મહાદેવનું મંદિર.

૪. પું. ઝવેરનો એક પાર્ષદવર; શિવનો એક મુખ્ય મનુ, નંદી.

૫. ન. એ નામનું એક ઉપપુરાણ; નદિપુરાણ. ત નંદીએ કહેલું અને ચોથું ઉપપુરાણ મનાય છે. તેને નદીશ્વર અને નંદિપુરાણ પણ કહે છે.

૬. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: પુરાતન યુગમાં એક સમય દધિમધુક્ષેત્રમાં ઝવેરજી આવ્યા હતા. ત્યાંથી કૈલાસમાં પાર્વતીજીના

રક્ષણાર્થે નંદિએ શિવજીને પૂછ્યા વિના બાણો ચલાવ્યાં. આ કારણે તેને પૃથ્વી ઉપર બળદ બની જવાનો શિવજીએ શાપ આપ્યો. નંદીએ સ્તવન કર્યું. શિવજીએ નર્મદાતીર જઈને તપ કરવા કહ્યું. તેણે તેમ કર્યું. સિદ્ધિ પ્રાપ્ત થઈ. ત્યારથી આ તીર્થ બધાની ઇચ્છા પૂર્ણ કરી રહેલ છે.

નંદિકેશ્વરતીર્થ ૧. [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પ્રપાત્રમાં લખ્યું છે કે: એક સમય નંદીશ્વરને શિવવરદાનથી ગર્વ થયો. તે પાર્વતીજીને તુચ્છ માનવા લાગ્યો તેણે પતિત થઈ જવાનો શાપ આપ્યો. તે શાપના નિવારણ માટે નંદીએ અહીં તપ કરી સિદ્ધિ મેળવી હતી.

૨. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એક તીર્થ. અહીં નંદિકેશ્વર શિવજીનું મંદિર છે. વાસ કરીને ઊનાળામાં નિવાસ કરવા યોગ્ય અને સંતોનું હૃદય છે. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: વસિષ્ઠજી કહેવા લાગ્યા કે, હે રામચંદ્ર, પ્રાચીન સમયની વાત છે. બ્રહ્મપુત્ર ધર્મે આ તીર્થમા રહીને દસ હજાર વર્ષ સુધી તપ કર્યું. ત્યારે સહિત શંકર પ્રકટ થયા. ધર્મે શંકરની સ્તુતિ કરીને પૂજા કરી. શંકરે પ્રસન્ન થઈને કુંભોદર નાદિયાના સ્થાનમાં પોતાનો નંદીશ્વર બનાવ્યો. બધા દેવોએ જય જયકાર કર્યો. પછી શંકરે આ તીર્થમા સદા રહીને ભક્તોની ઇચ્છા પૂરી કરવાનું વરદાન આપ્યું. અહીં તપ કરીને અનેક સિદ્ધ થઈ ગયા છે.

નંદિકેશ્વરપૂજાવ્રતી [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માહેનું એક નામ.

નંદિકેશ્વરસંભોદ્યા [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠાર માંહેનું એક નામ.

નંદિગણ ૧. [સં.] પું. ઓરેલ ખૂંટિનો.

૨. પું. શિવનો પોરિનો.

નંદિગાંવ જુઓ નંદિગ્રામ.

નંદિગ્રામ [સં] ન. અયોધ્યા પાસે આવેલ એક પ્રાચીન ગામ; અયોધ્યાની બજારનો એ નામનો એક ભાગ; નંદિગાવ. તે અયોધ્યાથી થોડ ગાઉ દૂર છે. રામના વનવાસ સમયે આ સ્થળે ભરતે ચૌદ વર્ષ રહી રામની પાદુકાએ એમની ગાદી પધરાવી તપસ્યા કરી હતી.

નંદિજ્ઞાન ન. દ્રવ્ય સબંધી જ્ઞાન આપતુ એ નામનુ એક પુસ્તક.

નંદિદાપ ૧. [સં.] પું. અર્જુનનો રથ. અગ્નિદેવ પ્રસન્ન થઈ આ રથ અર્જુનને આપ્યો હતો.

૨. પું. આનંદનો અવાજ; આનંદનાદ; કોઈ જાતની શુભ કે મંગળ ઘોષણા.

૩. પું. બંદીજનોની ઘોષણા.

૪. પું. (જૈન) બાર પ્રકારનાં વાદ્યોનો અવાજ

૫. પું. રથયાત્રાને દિવસે જગન્નાથપુરીમા નીકળતો શ્રી જગન્નાથજીનો એ નામનો રથ. આ રથ ૩૯ફૂટ ઊંચો, ૩૭ફૂટ પહોળો અને ૩૬ફૂટ ઊંચો તથા સોળ પૈડાંવાળો છે.

૬. વિ. આનંદના અવાજવાળું.

નંદિઘોષા [સં.] સ્ત્રી. એક પ્રકારનું વાદ્ય.

નંદિચૂર્ણક ન. ઘોડ રોગનાનું એક ચૂર્ણ.

નંદિણી પું. (પિંગળ) જગતીની જાતનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; તોટક. તેના દરેક ચરણમા ચાર સગણ મળી બાર અક્ષર હોય છે

નંદિત ૧. [સં.] વિ. આનંદયુક્ત; પ્રસન્ન; સુખી.

૨. વિ. સમૃદ્ધિવાન.

નંદિતરુ [સં.] સ્ત્રી. પાવડીનું ઝાડ; પાવડો.

નંદિતાલ પું (સંગીત) એક ગતઝમ્પતિ ૪૬ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩, ૧૭, ૨૧ અને ૨૯ માત્રા ઉપર

૧૪મ ૨
છે તેના ઠોટકીના બોલ: ધા ધિનનક ધા ધિનનક
૩ ૪ ૫ ૬ ૭
ધિના ધિના ધા ધિનનક ધાધિનનક ધા ધનનક
તક તાં તરિક ધા ધિનનક તક તાં તરિક.

નંદિતીર્થ [સં.] ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

નંદિતૂર્ય [સં.] ન. પ્રાચીન કાળનું એક જાતનું વાદ્ય.

નંદિન ૧. [હિં] સ્ત્રી. એક પ્રકારની માખણી. તે બંગાળ અને આસામમાં થાય છે. તે આશરે ત્રણ ફૂટ લાંબી અને તોલમાં અઢીસો બસો રતલ થાય છે.

૨. સ્ત્રી. બેટી; પુત્રી.

નંદિનાગરીલિપિ સ્ત્રી. નાગરી લિપિ. દક્ષિણમાં તેને નંદિનાગરીલિપિ કહે છે. તેનો પ્રચાર દક્ષિણમાં ઈ સ. ની આઠમી સદીમાં થયો જણાય છે

નંદિની ૧. પું. (પિંગળ) અનિજાતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, તગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

સ ભ ત સ ગે નંદિની કવિ રચે છે. રણછોડમિશ્ર

૨. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દરિદ્રા. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિરામો આવે છે.

૩. સ્ત્રી. ઉમા; પાર્વતી

૪. સ્ત્રી. એ નામની એક દેવી. તેનુ સ્થાન દેવીકોટમાં છે.

૫ સ્ત્રી. એ નામની વનસ્પતિ; અશ્વેતિબો.

૬. સ્ત્રી. એક જાતની મજાદાર કેરી

૭. [સં. નંદ (આનંદ આપવો) + ઇનિ (પ્રાણુ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કન્યા; દુહિતા; દીકરી; પુત્રી; છોકરી.

૮. સ્ત્રી. ક્રમધેનુ ગાયની પુત્રી તે વસિષ્ઠ ઋષિ પાસે હતી. દિલીપ રાજાએ તેને વનમાં ચરતી વખતે સિંહથી બચાવી હતી અને તેની આરાધનાથી તેણે રઘુ નામે પુત્ર મેળવ્યો હતો. મહાભારતમાં લખ્યું છે કે: દ્યો નામનો વસુ પોતાની સ્ત્રીના કહેવાથી તેને વસિષ્ઠના આશ્રમમાંથી ચોરી લાવ્યો હતો, જેથી વસિષ્ઠના શાપથી તેણે ભીષ્મ બની આ પૃથ્વી ઉપર જન્મ લેવો પડ્યો હતો. જ્યારે વિશ્વામિત્ર રાજા લોકોને પોતાની સાથે લઈને એક વાર વસિષ્ઠને ત્યાં ગયા, ત્યારે વસિષ્ઠે આ ગાયથી બધુ મેળવીને બધા લોકોનો સત્કાર કર્યો હતો. આ જોઈને વિશ્વામિત્રે વસિષ્ઠ પાસે આ ગાય માગી, પણ જ્યારે વસિષ્ઠે તે ન આપી, ત્યારે વિશ્વામિત્ર બળજબરીથી તેને લઈ ગયા. રડતાં તેને ચલાવવાથી તેના શરીરનાં જુદાં જુદાં અંગોમાંથી પ્લેચ્છો અને યવનોની મોટી સેના નીકળી પડી, જેણે વિશ્વામિત્રને હરાવી તેની પાસેથી ગાયને છોડાવી

૯ સ્ત્રી. કપિલેશ્વરની એક માતૃકા.

૧૦. સ્ત્રી નંદા નદી.

૧૧. સ્ત્રી મોચરસ.

૧૨. સ્ત્રી. જટામાસી નામની વનસ્પતિ.

૧૩. સ્ત્રી. તંત્રશાસ્ત્રમા જણાવેલ નવ માહેની એક પ્રકારની શક્તિ.

૧૪. સ્ત્રી. દુર્ગા દેવી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ નદીપુર નામના પીઠસ્થાનમાં છે.

૧૫. સ્ત્રી. નથુડ.

૧૬. સ્ત્રી. પત્ની; સ્ત્રી.

૧૭. સ્ત્રી. પવિત્ર ભૂમિ

૧૮ સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી

૧૯. સ્ત્રી. મેદીનાં ઝાડ

૨૦. સ્ત્રી. વેણુકા નામનુ સુગંધી દ્રવ્ય

૨૧ સ્ત્રી. વસિષ્ઠ ઋષિની ક્રમધેનુ ગાય.

૨૨. સ્ત્રી. આદિ મુનિની માતાનું નામ

૨૩. સ્ત્રી. સીતાના કાંઠાર માહેનું એક નામ

૨૪ સ્ત્રી (પુરાણ) સુરભિને કરવડથી થયેલ એ નામની એક કન્યા.

૨૫. વિ. સ્ત્રી. આનંદ આપનારી.

નંદિનીતનય [સં.] પું. આદિ ઋષિ. જે અક્ષરજ્ઞનો સમઝદાર મનાય છે.

નંદિનીપુત્ર જુઓ નંદિનીતનય.

નંદિનીપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ.

નંદિનીસુત જુઓ નંદિનીતનય

નંદિપતિ [સં] પું. શિવ; શંકર.

નંદિપુર ન. માલિક દેશનું એક પ્રસિદ્ધ નગર; ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો હાર પડ્યો હતો એમ મનાય છે.

નંદિપુરાણ [સં] ન. અઢાર માંહેનું એક ઉપપુરાણ; નંદિએ કરેલું પુરાણ.

નંદિભાજન ન. એક જાતનું વાસણ.

નંદિમાનક પું. એક જાતનું પક્ષી

નંદિમુખ ૧. પું. એક જાતના શ્રોભા.

૨. [સં.] પું. એક જાતનું પક્ષી.

૩. પું. યજ્ઞ.

૪. પું. પિતૃઓનો એક વર્ગ.

૫. પું. મહાદેવ; શંકર.

નંદિમુખી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી. તેની આંખનો ઉપલો ભાગ ગોળ હોય છે. આ પક્ષીનું માંસ પિત્તનાશક ગણાયું, ભારી, ચીકું અને વાયુ, કફ, બળ તથા શુક્રવર્ધક મનાય છે.

૨. સ્ત્રી. તંદ્રા.

નંદિરુદ્ર [સં.] પું. શિવનું એક નામ.

નંદિવર્ધન જુઓ નદિવર્ધન.

નંદિવર્ધન ૧. [સં.] પું. આણુ; અણુંદમિરિ.

૨. પું (પુરાણ) કલિયુગમાં પ્રદ્યોતવંશના રાજાનો પુત્ર.

૩. પું. (પુરાણ) કલિયુગમાં શિશુનાગવંશના અંતિમ રાજાનો દીકરો. એનો દીકરો મહાનંદિ હતો.

૪. પું. દોસ્ત; મિત્ર.

૫. પું પખવાડિયાનો અંત.

૬. પું. પુત્ર.

૭. પું. પૂર્ણિમા કે અમાસનો દિવસ

૮. પું. મગધ દેશના બિમ્બિસાર રાજાના દીકરા અજાતશત્રુનો એ નામનો એક પ્રપૌત્ર.

૯. પું. મહાવીર સ્વામીના મોટા ભાઈનું નામ.

૧૦. પું. (પુરાણ) વિદેહવંશના ઉદાવસુ જનકનો એ નામનો દીકરો. એનો પુત્ર સુકેતુ જનક હતો.

૧૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૨. ન. (સ્થાપ) ચોવીસ હાથના વિસ્તારવાળું તથા સાત ભૂમિ અને બીજ કૂટવાળું એક જાતનું મંદિર.

૧૩. ન. જૂના વખતનું એક જાતનું વિમાન.

૧૪. વિ. આનંદ પમાડનાર.

નંદિવારણ [સં.] પું. એક જાતનું હરિયાળ માળખું.

નંદિવારણી [સં.] સ્ત્રી. એક જાતની હરિયાળ માળખી.

નંદિવાહન [સં.] પું. શિવ; શંકર.

નંદિવૃક્ષ ૧. [સં.] પું. સાગરગોટી; મહાકુંભ

૨ ન. એક જાતનું ઝાડ; અશ્વત્થ; પેલિયો પાપળો

૩. ન. નાહરખાનું ઝાડ.

નંદિવેગ [સ.] પું. કલિયુગનો એ નામનો એક રાજા

નંદિષેણ [સં.] પું. કાર્તિક સ્વામીનો એ નામનો એક અનુચર.

નંદિસ્વર પું. નંદીશ્વર દ્વીપ.

નંદિસાલ પું. (જૈન) પ્રતીક્ષા માંહેના એક પ્રકારનો પ્રાસાદ; એક જાતનું મંદિર.

નંદિસેન પું. (પુરાણ) રઘુનો પરિવાર.

નંદિસ્કંધધર [સ.] પું. શિવના હજાર માંહેનું એક નામ.

નંદી ૧. પું. આઠ.

૨. પું. (જૈન) એ નામનો આઠમો દ્વીપ તથા સમુદ્ર.

૩. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેની દરેક માત્રામાં ૧૨ અને ૮ ઉપર યતિ એટલે વિસામો આવે છે. અંતે બે ગુરુ હોય છે. ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રાએ તાલ આવે છે.

> બીજ ક્રમાંક બે ગુરુ, અંતે આવે,
> ભારે આઠે પ્રતિપદ, વિરતિ સુહાવે;
> તાલ પ્રથમ પછી ચડતી, ચારે ભાખ્યો.
> આ નંદી ગતિ એ રીતે ભાખ્યો
>
> સ્વરચિત ગણ

૪. પું. કશ્યપ અને સુરભિનો એ નામનો પુત્ર. તેની મૂર્તિ દૂધ જેવી સફેદ છે. તે બધા પશુઓનો અધિષ્ઠાતા છે અને તેને સાર્વભૌમન, નાદિરેય અને તાંડવતાલિક પણ કહે છે

૫. પું શ્રોણી અને ભુજાઓની વચમાં વધારાના મનકોણ.

૬. [સ.] પું. નાટકમાં પ્રસ્તાવના બોલનાર પાત્ર.

૭. પું. પારવરનું વૃક્ષ; ગરમાંડ વૃક્ષ.

૮. પું. પુત્ર

૯. પું. બંગાળમાં કાયસ્થ, તેલી, વાળંદ વગેરે જાતિની ઉપાધિ.

૧૦. પું. મહાદેવનો ખાસ્વૈયર; નાદિયો.

૧૧. પું. મુખ્ય અઢાર માંહેનો એ નામનો એક સિદ્ધપદ.

૧૨. પું. (પુરાણ) મુની નામની અપ્સરાને પેટ કમળને થયેલ એક રોગપર્વ.

૧૩. પું. ગોલ.

૧૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. શિવપક્ષ એવા નંદી અવતાર પણ ભગવાન જ હતા તેથી, તેમજ સર્વને સુખ આપનારા તથા આનંદી સ્વભાવવાળા હોવાથી ભગવાન નંદી કહેવાય છે.

૧૫. પું. શરીર ઉપર આંધવાળો બળદ. આવો બળદ ખેતીમાં કામ આવતો નથી, તેથી સાધુ બાવાઓ તેને લઈને ફરે છે અને લોકોને તેનાં દર્શન કરાવી પૈસા માગે છે.

૧૬. પું. શિવના નામ ઉપર આડીને છોડેલો બળદ; ભાંજા ખૂટિયો.

૧૭. પું. શિવના હજાર માંહેનું એક નામ.

૧૮. પું. શિવનો એક જાતનો ગણ. તેના ત્રણ પ્રકાર છે: કનકનંદી, મણિનંદી અને શિવનંદી.

૧૯. પું. શિવનો દ્વારપાલ; પોડિયો; નંદીશ્વર. તેનાં શિંગડા ઉપર અનામિકા તથા ટચલી આંગળી રાખી શંકરનાં દર્શન કરવાથી વધારે ફળ મળવાનું માહાત્મ્ય ગવાયું છે. કહેવાય છે કે, પૂર્વજન્મમાં તે શાલંકાયણ મુનિનો પુત્ર હતો. માનવજાતિનો સ્વભાવ એવો છે કે, જ્યારે તે એક સ્થળેથી બીજે સ્થાનાંતર કરે છે, ત્યારે તે પોતાની સાથે પોતાનાં સાસરીયાંની જેમ પિતૃભૂમિની માન્યતાઓને પણ લઈ જાય છે. આ દૃષ્ટિબિંદુથી જોતાં નાગ, નંદી કે શિવ વગેરેની પૂજાઓ આ દેશમાં આર્યપ્રજા કરતાં અસલ જાતિઓ પાસેથી લીધી એમ કેટલાક કહેવા માગે છે, એ તદ્દન અયોગ્ય છે. એના મૂળ ઊંડા અને દૂર દૂર ફેલાયેલાં છે.

૨૦. પું. સાઠ; પોડિયો; બાબલો.

૨૧. સ્ત્રી ઉદ્દનો ભત્રીજો.

૨૨. સ્ત્રી. (સંગીત) એક માત્રાબદ્ધ વૃત્તિ.

૨૩. સ્ત્રી. (સંગીત) ગાંધાર ગ્રામની સાત માંહેની પહેલી મૂર્ચ્છના.

૨૪. સ્ત્રી. દુર્ગા દેવી.

૨૫. સ્ત્રી. પાવડીનું ઝાડ.

૨૬. સ્ત્રી. [સં. નન્દા] સ્ત્રી. (હિંદી) નણંદ; પતિની બહેન.

૨૭. સ્ત્રી. નંદી વૃક્ષ.

૨૮. સ્ત્રી. વધવું તે.

૨૯. સ્ત્રી. વૃદ્ધિ; સમૃદ્ધિ.

૩૦. ન. (જૈન) એ નામનું એક ઉત્પાતિક સૂત્ર.

૩૧. ન. પારસપીપળો.
૩૨. ન. (જૈન) પાંચ જ્ઞાનઃ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાન.
૩૩. [સં. નંદ (આનંદ પામવો) + ઈન (વાળું)] વિ. પ્રસન્ન; રાજી; ખુશ; હર્ષવાળું; આનંદવાળું.
નંદીકેશ્વર જુઓ નંદિકેશ્વર.
નંદીગણ જુઓ નંદિગણ.
નંદીગદી કું. શિવનો મઠ.
નંદીગીતા [સં.] સ્ત્રી. એ નામનું એક ધાર્મિક પુસ્તક.
નંદીગ્રામ જુઓ નંદિગ્રામ.
નંદીઘંટ [હિં.] કું. બળદના ગળામાં બાંધવાની ઘંટડી.
નંદીઘોષ જુઓ નંદિઘોષ.
નંદીઘોષા જુઓ નંદિઘોષા.
નંદીત [સં.] વિ. મસ્તક ઉપર તાણવાળું.
નંદીતટ [સં.] ન. નંદિગ્રામ પાસ.
નંદીપતિ જુઓ નંદિપતિ.
નંદીપુરાણ જુઓ નંદિપુરાણ.
નંદીભૂંગી કું. મહાદેવનો એક અનુ.
મહાદેવની જાણે નંદીભૂંગી ન આવે તો કામ આવે કઈ રીતે? નિરાંત ભજન
નંદીમુખ જુઓ નંદિમુખ.
નંદીમુખી ૧. કું. એક જાતનું પ્રાણી.
૨. [સં.] કું. તંદ્રા; બગાસ.
નંદીમૃદંગ ન. એક પ્રકારનું વાદ્ય.
નંદીવાણો ૧. સ્ત્રી. કોઠાના તરંહ રહેનારી ધાર્મિક ભિક્ષારીઓની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
નંદીવૃક્ષ ૧. કું. મેંદાકિની.
૨. જુઓ નંદિવૃક્ષ.
નંદીવ્રત ન. મહાદેવજીના નંદીનું પૂજન વગેરે કરવાનું વ્રત.
નંદીશ જુઓ નંદીશ્વર.
નંદીશાળા સ્ત્રી. ગામો રાખવાનો કે બંધાવવાનો ઓરડો.
નંદીશ્વર ૧. કું. (જૈન) એ નામનો આઠમો દ્વીપ.
૨. [સં.] કું. કામધેનુનો પુત્ર અને શિવજીનો માંહેનો એક; નંદિકેશ્વર. તેની આકૃતિ મનુષ્ય જેવી અને મોં વાનર જેવું છે. પુરાણ અનુસાર તોટકનો તે અવતાર મનાય છે. કહે છે કે, તે વામન છે, તેનો રંગ કાળો છે, માથું મોટું છે અને મોઢું વાંદરા જેવું છે.
૩ કું. (જૈન) પચીસ માંહેનાં એક પ્રકારનો પ્રાસાદ; એક પ્રકારનું મંદિર
૪. કું. મત્સ્યપુરાણમાં જણાવેલ અઢાર માંહેનો એ નામનો એક શિલ્પક.
૫. કું. શિવ.
૬. કું. શિવનો એક પાર્શ્વચરાધિપતિ.
૭. કું. સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક તાલ; નંદીત તાલ.
૮. ન. વડાવનનું એ નામનું એક તીર્થ.
નંદીશ્વરવર કું. (જૈન) એ નામનો દ્વીપ અને સમુદ્ર
નંદીસર ૧. કું. (જૈન) એ નામનો એક સમુદ્ર
૨. કું. નંદીશ્વર નામનો દ્વીપ.
૩. [સં. નંદીસરસ] ન. ઉંદનું સરોવર.
નંદીસરદ્વીપ કું (જૈન) ક્ષુલ્લકક્ષુદ્ર અને નંદીશ્વર સમુદ્રની વચ્ચે આવેલો એ નામનો દ્વીપ; નંદીશ્વર નામનો આઠમો દ્વીપ.
નંદીસૂત્ર ન. (જૈન) એ નામનું એક અંગસૂત્ર.
શ્વેતાંબર જૈનોના પીસ્તાલીસ આગમોમા અનુયોગદ્વારસૂત્ર અને નંદીસૂત્ર સૌથી અર્વાચીન છે. પુરાતત્ત્વ
નંદુલિયો કું. ચીકણું.
નંદોઈ [હિં.] કું. નણદોઈ; નણંદનો વર; પતિની બહેનનો વર.
નંદોત્તરા સ્ત્રી. (જૈન) કાર્તિક માંહેની એ નામની એક દિક્કુમારિકા.
નંદોત્સવ [સં. નંદ + ઉત્સવ] કું. એ નામનો એક ઉત્સવ. શ્રાવણ માસમાં કૃષ્ણજન્મને બીજે દિવસે તે ઉજવાય છે. નંદને ત્યાં પુત્રજન્મ થયો, તેથી આ તહેવાર પાળવામાં આવે છે અને ગાયન, નાચ, નાટક વગેરેના જલસા થાય છે.
નંદોન્નિદ્રા ૧. સ્ત્રી. આસોસુદી ચોરાસી માંહેની એ નામની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.
નંદોલક [હિં.] કું. માટીની મોટી નંદ.
નંદોસી જુઓ નંદોર્ષ.
નંદ્યાવર્ત જુઓ નંદ્યાવર્ત.
નંદ્યાવર્તક જુઓ નંદ્યાવર્ત.
નંદ્યાવર્ત્ત ૧. [સં.] કું. (જ્યોતિષ) એ નામનો એક પંચાયોગ.
૨. કું. (શિલ્પ) એક જાતનું ઘર. હોય પશ્ચિમ તરફ બારણું હોવું જોઈએ નહિ.
૩. કું. એક જાતનું માણસું.
૪. કું. એક જાતનું વૃક્ષ; તગર. તેનું લાકડું ઇમારતી લાકડા તરીકે વપરાતું નથી.
નંદ્યાવર્ત્તક જુઓ નંદ્યાવર્ત.
નંદુક સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
નંબર ૧. [અ.] કું. આંક; આંકડો; અમુક સંખ્યાનો આંક; ક્રમાંક.
૨ [હિં.] કું. કપડાં માપવાનો લોઢાનો વાટ.
૩. કું. મજબૂરી.
૪. કું. પત્થરમાં, લાકડા કે બીજી વસ્તુ ઉપર સંખ્યાનો આંકડો પાડવા માટેનું પોચટિયું એક હથિયાર
૫. કું. સંખ્યા; રકમ.
૬. કું. ઓપ્રસંગ; ઓપ.
નંબર આપવો-સમાવવો = સઓપ કરવો.
નંબર ૨ એક વિ. ઉત્તમોત્તમ; ઊંચામાં ઊંચું; કોમતી; બારમાં બારે
નંબરખરડો (નંબરખરડો) કું. સીમની જમીનના ખેડવાણ દરેક નંબરનો ભાવાર મુકરર કર્યાનું પત્રક
નંબરદાર કું. ગામનો જમીનદાર. તે પોતાની હિસ્સેદારોની માલગુજારી આદિ વસૂલ કરવામાં મદદ કરે છે
પ્રત્યે વર્ષ નીકળેલા સરકારી ભમતદારોનો મુકામ થાય છે ત્યારે હરિજનો પાસે દૂધ, ઉપલું ને ઘાસ લેવામાં આવે છે ને તેમની પાસે દરેક જાતની વેઠ લેવામાં આવે છે. જાણે ખાલોના ગલુડા હિંદુઓ પાસેથી આવી કોઈ ચીજ લેવામા નથી આવતી. કોઈ અમલદાર ઉપર જણાવેલી ચીજોની કિમત પેટે પૈસા આપે છે તો તે જોવાદાર અથવા નંબરદાર ખાઈ જાય છે ને હરિજનોને મળતા નથી. ગુજરાત
નંબરપત્રક ન. ક્રમવારી પત્રક; નંબર પૂરવાનું પત્રક; 'કેટલૉગ'
સિક્કો પોતાના વર્ગનાં નંબરપત્રક પૂરવા. કેળવણી પ્રકાર
નંબર વન વિ. આબાદ; ઉત્તમ.
નંબરવાર ૧. અ. અનુક્રમ જળવીને; ક્રમસર; નંબર પ્રમાણે; આંકડા પ્રમાણે. અંક પ્રમાણે.
૨. અ. ગુણના અનુક્રમથી; લાયકીના અનુક્રમે; ગુણ જાત પ્રમાણે.
નંબરવારી સ્ત્રી. નંબરવાર કરવાપણું.
નંબરી ન. એ નામનું એક ગામ. ત્યાં તાડની ઝોલેના કામીગરો રહે છે.

નેબ્યુલિઅમરિન [અં. નેબ્યુલિઅમ (ક્રમાંક ૭૫નો તે) + મશિન (યંત્ર)] ન. ક્રમસંખ્યા ૭૫ ધરાવતું તત્ત્વ.

નેબ્યુલી ૧. વિ. અમુક આંકડાથી પ્રસિદ્ધ થયેલું.
૨. વિ. આંકવાળું; નંબરવાળું; નંબરના આંકવાળું.
૩. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; મશહૂર.

નેબ્યુલી ગજ પું. કપડાં આદિ માપવાનો ઘોડાનો આકડાવાળો ગજ.

નેબ્યુલી સેર [હિં] પું. અંશરી રૂપિયાભારનો હાર

નેબ્યુહીરી ૧ સ્ત્રી. મદ્રાસ પ્રમાણની જમીનદાર વર્ગની એ નામની શ્રીમંત આહ્મણ કોમ. આ કોમમાં કુટુમ્બનો સૌથી મોટો પુરુષ પોતાની કોમમાં પરણી શકે છે. બીજાઓ બીજી કોમમાં પરણે છે અને તેના દરજ્જાને કોઈપણ મિલકતમાંથી કાંઈ પણ મળતો નથી.
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

નેબ્યુહી ૧. સ્ત્રી. આહ્મણની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. [સં. નમ્બૂ (જાતુ) + ઉદર (પેટ)] વિ. ઉદરનિર્વાહ માટે બજાર જનાર.
૪. વિ. એ નામની જાતનું.

નેબ્યુરી ૧. સ્ત્રી. મલબારી બ્રાહ્મણની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નેમાસા [હિં.] પું. દીકરીનો દીકરો.

નેસ [સં. નાશ] વિ. (હિંદી) નાશ થયેલું; નષ્ટ.

ના ૧. પું. (સંધિત) મુખમાંનું સંબંધકર્તક એક ચિહ્ન; મુખના જેવું ચિહ્ન.
૨. [સં. નાભિ] પું. નાભિ.
૩. [સં. નૃ] પું. મનુષ્ય.
૪ સ્ત્રી. નકાર; ના પાડવી તે.
ના ને હા બે ભાઈ = હકાર અને નકાર બે વચ્ચે ખૂબ સમય છે.
૫. સ્ત્રી નામ આગળ વપરાતો નકારસૂચક ઉપસર્ગ.
૬. [મ.] અ. અભાવ, ગેરહાજરી, નહિ, વગર જેનો અર્થ બતાવનાર એક પૂર્વપ્ર, નિષેધ કરવાના તેમજ અપ્રસન્નતા, અરુચિ અને ગેરહાજરી વગેરે બતાવવાના અર્થમાં વપરાતો નકારદર્શક એક શબ્દ. તે બીજા શબ્દની આગળ જોડાય છે જેમકે, નાપાક, નાદાર, નાલાયક.

૭. અ. ઊલટું જેનો અર્થ બતાવતો એક પૂર્વપ્ર. જેમકે, નામુરાદ, નાફરમાન, નાઉમેદ.
૮. સ્ત્રી. (ન્યાયશા) ગુજરાતીમાં બહુ વિખ્યાત નો એક પ્રત્યય.
૯. [સં. ન] અ. નહિ; ના; પૂછેલા સવાલનો નકાર.
૧૦. અ. જેમાંથી એક નહિ એવા અર્થના વાક્યમાં વપરાતો એક શબ્દ.

નાઅહલ [ફા.] વિ નાલાયક.

નાઅંદેશ ૧. [ફા.] વિ. અવિચારી; વિચાર વગરનું.
૨. વિ ટૂંકી દૃષ્ટિવાળું.
૩. વિ. વિચારની જરૂર ન પડે એવું.

નાઅકલમંદ જુઓ નાઅંદેશ.

નાઅાયદત (નાઅાયદત) સ્ત્રી. બિનઆયદત.

નાઆશ્નાઈ [ફા.] વિ. ઓળખાણ ન હોય એવું; અજાણ્યું.

નાઆશ્નાઈ [ફા.] પું. અજાણ્યો માણસ.

નાઇ ૧. [પ્રા.] સ્ત્રી. જાતિ; જ્ઞાતિ; જાત.
૨. સ્ત્રી જ્ઞાન; બોધ.
૩. સ્ત્રી. માતા, પિતા વગેરે સગાવહાલાં સંબંધી.
૪. અ. નહિ.

નાઇક ૧. [સં. ની (દોરવું)] કુ. (હિંદી) કર્મ.
૨. પું. માણસોનો ઉપરી.
૩. પું. નાયક; નેતા; સરદાર.
૪. પું. મજૂર ઉપર દેખરેખ રાખનાર માણસ.
૫. પું. લશ્કરની ટુકડીમાં સૌથી નીચા દરજ્જાનો અમલદાર.
૬. ન વિ. નથી. વાપેરી બોલીમાં વપરાય છે.
૭. ક્રિ. વિ. (વજ) નમાવવું.

નાઇટ ૧. [અં.] પું. એ નામનો પ્રકાશ; એક જાતનો ખિતાબ. જે લોકો બીજો કે ગરીબોનાં દુઃખને માટે ભોગ આપતા હોય, તેને આ પ્રકારનો ખિતાબ અપાય છે.
૨. સ્ત્રી. રાત્રિ; રાત.

નાઇટશેઅર [અં.] ન. વરખમા જેવું ચકચકા જેવું એક પક્ષી. આ પક્ષી ઘાનબર ઋતુમા દક્ષિણના પ્રદેશોમાં અને વસંત ઋતુ બેસતાં ઉત્તરના મુલકોમાં જાય છે.

નાઇટ ટ્રેમ્પ્લર [અં.] પું. ભટકાદુરીનું કામ કરનારને આપાતો એક જાતનો ખિતાબ. આ ખિતાબ સને ૧૧૧૮માં જેરુસલેમમાં તેનું રક્ષણ કરનારને આપવામાં આવ્યો હતો તેનો ઉદ્દેશ્ય, ગરીબાઈ અને પવિત્રતાના સોગંદ લેવા. સને ૧૩૦૦માં તેમાં ૧૫૦૦૦ સભ્યો હતા. સને ૧૩૧૨માં પોપે તે બંધ કર્યો. તેઓ સફેદ ઝભ્ભો પહેરતા, જેની ઉપર રાતી ક્રોસની હતી.

નાઇટ ડ્યૂટિ [અં. નાઇટ (રાત્રિ) + ડ્યૂટિ (ફરજ)] સ્ત્રી. રાતની નોકરી.

નાઇટહુડ [અં.] ન. નાઇટની પદવી.

નાઇટિંગેલ ૧. [અં.] ન. બુલબુલ પક્ષી.
૨. ન. સરોજિની નાયડુ માટે લોકોએ પ્રસન્નોપાત કાઢેલ હુલામણું નામ. તે પ્રજામાં આપેલ ઉપનામરૂપે પ્રચલિત થઈ ગયેલ છે.

નાઇટ્રાઇડ [અં.] ન. એક પ્રકારનો ક્ષાર. રક્તવાહિનીઓ ઉપર તેની ઝડપી અસર થાય છે.

નાઇટ્રિક ઍસિડ પું. સુરોખારનો તેજાબ. આ રંગકીન પ્રવાહી ધાતુ ગાળવામાં બહુ વપરાય છે. તેમાં બાસ જાતની ગંધ છે, ચીનાશને તે ઝડપથી ઓગળે છે, ચામડી ઉપર પડે તો ફોલ્લા ઊઠે સેંદ્રિય પદાર્થને પીળો કરે છે, તે ઝેરક છે અને તેમાંથી ધુમાડો નીકળે છે. તે ગંધાતો ગાંઠાં ગાળવાના કામમાં આવે છે. તેમાં તેનાથી ચોગણું પાણી ઉમેરવાથી તે પાચક, પૌષ્ટિક અને ઘોડી સુધારનાર ઔષધ તરીકે ૧૦ થી ૬૦ ટીપાંની માત્રામાં અપાય છે.

નાઇટ્રેટ ઑફ સોડા [અં.] પું. ખાતરમાં વપરાતો એ નામનો એક રાસાયણિક પદાર્થ. આ જાતનું ખાતર દરેક જાતનાં કઠોળ, કપાસ, ઘાસ અને શાકભાજી તેમજ ડાંગર, કપાસ, જુવાર વગેરે દરેક જાતના અનાજના પાકને પ્રમાણમાં આપવાથી સારાકાયક ગણાય છે.

નાઇટ્રોગ્લિસરિન [અં.] પું. એ નામનો એક જાતનો તેલી પદાર્થ. હૃદયરોગમાં તે દવા કરે છે. ચોકીનું ઉત્પાદ વધારવામાં તે ઉપયોગી છે મોટા ખડક તોડવામાં તેની બહુ વપરાશ થાય છે

નાઇટ્રોજન [અં.] પું. જવાદ ઑક્સિજનની શક્તિ મંદ કરવાને તેમાં ભેળવેલો વાયુ; નિર્જીવવાયુ; નત્રવાયુ; નત્રજન; હવામાં મોટા પ્રમાણમાં હોતો એક વાયુ વાયુમંડળમાં ૪/૫ ભાગ નાઇટ્રોજનનો છે. આ એક અર્જીવ અથવા મૃત્યુ વગરનો વાયુ છે. તે પ્રાણી અથવા વનસ્પતિના જીવનને જરૂરનો છે.

નાઇતીઆદી [ફા.] સ્ત્રી. ભેદવિજ્ઞાનપણું

નાઇત્તિફાકી જુઓ નાઇત્તેફાકી

નાઇત્તેફાકી ૧. [ફા.] સ્ત્રી. અસુમનાપણું; મુશ્કેલ.
૨. સ્ત્રી. મતભેદ; વિરોધ; જુદાપણું.

નાઇસ્વામી પું. અજામનાથ; મેર; હજામ.
નાઇસ્સારું [ફા.] વિ. અન્યાયી.
નાઇસ્સારી [ફા.] સ્ત્રી. અન્યાય.
નાઇબ ૧. [અ. નવબ (તે નબ્ધ કર્તા)] પું. પ્રતિનિધિ; વકીલ; આડતિયો; 'એજન્ટ.'
૨ વિ. અધિકારમાં બીજા પછીનું.
૩. વિ. નાનપણ; તાબાનું; હાથ નીચેનું.
નાઇબગુમાસ્તા પું. પેટા આડતિયો; ઉપઆડતિયો; 'સબ એજન્ટ.'
નાઇબર પું. (જરમોસ્ની) નાયર.
નાઇલ ૧. સ્ત્રી. ચામિકાની ચોરાસી માંહેની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.
નાઇલાજ વિ. જેનો ઇલાજ ન હોય એવું; નિરુપાય; ઉપાય વગરનું; ઇલાજ વગરનું; લાચાર.
નાઇલ્તિફાતી ૧. [ફા.] સ્ત્રી. અકૃપા.
૨. સ્ત્રી. બેદરકારી
નાઈ ૧. [સં. નાપિત; પ્રા. નાવિઅ] પું. હજામ; ગામલો; વાળંદ; રાત; નાપિક. નાઈ શબ્દનું મૂળ સંસ્કૃત નાપિતમાં છે. નાઈનો ધર્મો હરીરશુદ્ધિ કરાવવાનો છે. અત્યારે પણ ગામડાંમાં નવરાવવા વગેરેનું કામ તે કરે છે. એ ઉપરથી જોતાં નાપિતનું મૂળ રના એટલે નાહવું એ ધાતુમાં છે એમ જણાશે. રના ધાતુના રનાપિત રનાપયિતૃ અને રનાપક એ પ્રેરક કૃદંતો નવરાવનાર એ અર્થમાં પ્રસિદ્ધ છે. આમાંના છેલ્લામાંથી જ નાપિત શબ્દ થયો જણાય છે.
૨. સ્ત્રી. એ નામની સંપીની એક જાત.
૩. [હિં.] સ્ત્રી. એ નામનો કેર; નાકુલી કંદ.
૪. [ફા.] સ્ત્રી. નણંદ.
૫. સ્ત્રી. પૈડાનો વચલો ગાડો; નીવ.
૬. સ્ત્રી. વાંસળી; પાવો.
૭. સ્ત્રી. સમાન દશા; એકસરખી ગતિ.
૮. વ. એ નામની જાતનું માણસ
૯. ન. એક જાતનું ઘાસ; નાણી.
૧૦. વિ. એ નામની જાતનું.
૧૧. વિ. સ્ત્રી. સમાનતા તુલ્ય; સરખી.
૧૨. અ. ક્રિ. નથી, વાપરી જોવીમાં વપરાય છે.
૧૩. સ. ક્રિ. (વજ) નમાવવું
નાઈકા ૧. [સં. નાયિકા] સ્ત્રી. નાયિકા.
૨. સ્ત્રી. રામજણી.
નાઈજીવણ સ્ત્રી. (કચ્છી) એક પ્રકારની વેલ. એના વેલા નીચે કંદ થાય છે.
નાઈડી (નાઈડો) ૧. સ્ત્રી. ધૂંસરી બાંધવાનો ગાડાનો દોર; ગાડાની ઘેરીયો મૂંજ દોરડું.
૨. સ્ત્રી. નારપું; રથચક્રની નાભિ. તેમાં આરા ખોસેલા હોય છે.
૩. સ્ત્રી. પૈડાની ધરી
નાઈન ૧. સ્ત્રી. હજામ જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી હજામની સ્ત્રી.
૩. [અં.] વિ. નવ, ૯.
નાઈનોશ [ફા.] સ્ત્રી. ગાનતાન.
નાઈર ૧. [અ.] પું. અગ્નિ.
૨. પું. ચિત્તાર
૩ પું. ભાગતરા.
નાઈરિત [અ] પું. અગ્નિ.
નાઈરી સ્ત્રી. એક જાતના ઘાસનો ઝુપ. એના પાન ઘાસનાં પાનથી લાંબાં હોય છે. નાઈરી જ્યાં ઊગે ત્યાં ઝુંડનાં ઝુંડ ઊગે છે. એની ડાંડી અંદરથી પોલી હોય છે. તેમાં ખાલણી જેવી સુંવાળી એકાદ ફૂટ લાંબી ફૂલણ ઝમરી આવે છે. તેના મૂળમાં ગાંઠ હોય છે. નાઈરી ઢોરનો ચારો છે.
નાઈચાડો (નાઈવાડો) પું. ઘાસ કરીને હજામ રહેતા હોય તેનો હક્ક
નાઈવેસ [ઘ.] સ્ત્રી. કડવી નાઈ.
નાઉ ૧. પું મેળ; વાળ
નીરવ સ્થીરદ અંબુરુહ, વારિદ જલમુખ નાઉ.
ધન વિશ્રામ ઠીકાણો સમો. જેનાં વારી જાઉ.
વિજયવિજયોદય
૨ પું હજામ; વાળંદ.
૩. [હિં.] સ્ત્રી. નાવ; હોડી.
નાઉત [હિં] પું. મંત્રમંત્રથી ભૂત પ્રેત કાઢનાર માણસ.
નાઉમીદકદંન [ફા] વ. નિરાશ થઈ જનું તે.
નાઉમેદ [ફા] વિ. નિરાશ થયેલ; નાસીપાસ; આશાભગ્ન; આશા વિનાનું.
નાઉમેદી [ફા] સ્ત્રી. નિરાશા; નાસીપાસી; આશાભંગ; મનોભંગ.
નાઉમ્મીદી જુઓ નાઉમેદી.
નાઉમ્મેદ જુઓ નાઉમેદ
નાઉમ્મેદી જુઓ નાઉમેદી
નાઉલ [સં. નાકુલી] સ્ત્રી ગોમાસામાં નહી કાઢે પોતાની મેળે ઊગી નીકળતો એક જાતનો વેલો. તેનાં પાન ભાજીવાળાં થાય છે. તે દવાના ઉપયોગમાં આવે છે. ધાંડાનો રસ ગાયર સાથે આપવાથી મૂત્રકૃચ્છ અને મૂત્રાઘાત મટે છે. આંખો ઊઠી હોય તે ઉપર તેમ જ ઉપદંશ ઉપર પણ તે રસ ઉપયોગી છે. ધાંડાનું શાક ઠંડું અને પચ્યકર મનાય છે. ગરમીવાળા માણસને એ શાક ફાયદાકારક મનાય છે.
નાઉળ જુઓ નાકુલ.
નાઉં [હિં.] ન. નામ.
નાઉ ૧. [હિં.] પું નાઈ; વાળંદ; હજામ
૨. સ્ત્રી. નાકુલી કંદ
નાઉંઝ જુઓ નાકોઝ-ઉંઝાકાહ.
નાઉંઝાખિલ્લાહ [અ.] અ. ઈશ્વર ન કરે!
નાઉમેદ ૧. પું. આશક; પ્રિય પુરુષ.
૨. પું. કોઈ મંડળ કે ટોળાનો ઉપરી; નાયક; મુખી; આગેવાન; મુખ્ય જન; નેતા.
૩. પું. નાટક અથવા અભિનય કરનારાનો વડો; સૂત્રધાર; મોટો આગેવાન નટ; ભવાયો. ભવાયામાં નાયક સંબોધન માનથી બોલાવવામાં વપરાય છે.
૪. [સં. નાયક] પું. વાર્તા અથવા નાટકમાંનો મુખ્ય આગેવાન પુરુષ; મુખ્ય અભિનેતા.
૫. પું. સરદાર; સેનાપતિ; સિપાઈઓનો વડો; જમાદાર
૬. પું. સાહિત્યશાસ્ત્ર પ્રમાણે વિદ્વાન, ચતુર, રસિક ને ઢાલો જુવાન.
નાઓ ૧. ન. આનરૂ; કીર્તિ
૨. ન. શ્રદ્ધા.
નાઓ ૧. પું. અંગનો એક આઘાત.
૨. [સં.] પું. આકાશ.
૩ પું ઈશ્વર.
૪ પું કમળના કોષમાંથી નીકળતો મેલ; રેસા.
૫. પું. ચરખો ફેરવવાનો લાકડાનો ઢાળો.
૬. પું. ચંદ્ર.
૭. પું. શરીરદેહ.
૮. પું. ચતુરાવરણ
૯. ન. અત્યંત સુખ.
૧૦. ન આનરૂ, માન.
કાયા ભલે સાબદી, નાઓ ન જાણે નબ,
પાણી મ જાણે પારકું, જાણે હોળી વહ્યા બાદ લબ.
રાજસૂરા
૧. નાઓ ઉડાડવુ-ઉતારવુ-કાપવું = (૧) આબરૂને કલંક લગાડવું. બેઇજ્જત કરવું. (૨) નાઓ કાપી નાખવુ
૨. નાઓ ઊંચુ રહેવુ = (૧) આબરૂ રહેવી; માન જળવાઈ રહેવુ (૨) માન પામવું; માન વધવુ
૩. નાઓ જવુ = (૧) આબરૂ જવી. (૨) ટેક કે શોભાની ખાતર જવી.
૪. નાઓ નીચું થવું = આબરૂ જવી; કીર્તિ ઓછી થવી.
૫. નાઓ રાખવુ-રાખી લેવું = આબરૂ રાખવી; પ્રતિષ્ઠા સાચવવી; આબરૂ સાચવવી.

૬. નાક ઘસીને જવું = (૧) અણફોર જવું; સારાપણાને લાઈ જવું. (૨) શરમ આવવી જેમકે, એની પાસે તે શું નાક ઘસીને જવા ?

૭. નાક લેવુ = (૧) ઇજ્જત લઈ લેવી. (૨) હજકુ પાડવુ; નીચુ પાડવું.

૮. નાક લાખ રાખવી = આબરૂ રાખવી.

૧૧. ન. કોઈ પણ વર્તનની મુખ્ય વસ્તુ.

૧૨. ન ગાડાનો સોયી આગળનો ભાગ. તેને ઊંચકવાથી ગાડુ ઊભું રહે છે.

૧૩. ન. ટેક.

નાક ઊંચું ને ઊંચું રહેવુ = ટેક કે મગરૂરી બહુ હોવી.

૧૪. ન. હાતરડી કે હાતરડાના હાથાનો કુંડલીવાળો ભાગ.

૧૫. ન. મગરમચ્છ; કુંભીર; ઘડ.

૧૬. [સં. નક્ર] ન. મગરની જાતનું એક જળચર પ્રાણી. મગરમાં અને આમાં ઝીટલો તફાવત છે કે, આ જન્તુ મગર જેટલું ભારું હોતું નથી, પણ પહોળું વધારે હોય છે. તેનું મોઢું વધારે ચપટુ હોય છે અને દાંતો નીકળેલા નથી હોતા. પૂછડીમાં કાંટા પણ સ્પષ્ટ હોતા નથી. તે જમીન ઉપર મગરથી વધારે દૂર જઈ જનવરોને ખેંચી લાવી શકે છે. મરજુ તથા તેને મળતારી બીજી નાની નદીઓમાં તે બહુ જોવામાં આવે છે.

૧૭. ન. માન અથવા ફોજા અપાવનાર મોટા સમુદાયમાંનું મુખ્ય મનુષ્ય કે સ્થળ; જેનાથી આસપાસનું ગૌરવ જળવાતું હોય તે વસ્તુ, વિચાર, માણસ કે સ્થળ, ગૌભાની વસ્તુ.

ગામનું નાક = ગામમાંની સૌથી વધારે ગૌરવવાન વ્યક્તિ.

૧૮. ન. લાજ; શરમ.

નાક વિનાનું = બેશરમ.

૧૯. ન. ફોજા.

૨૦. [સં. નાસિકા] ન. શ્વાસ લેવાનો ચહેરા ઉપરનો ઊંચો અને બે કાણાવાળો અવયવ; ચહેરા ઉપરનું બે આંખો અને મોં વચ્ચેનું બે કાણાંવાળું ટીચકું; નાસિકા; ઘ્રાણેંદ્રિય; સપાટાની ઇંદ્રિય; ઘ્રાણ. મનુષ્યને બે અવયવ ચહેરાની વચ્ચોવચ્ચ અને જનાવરમાં મોઢાને છેડે હોય છે. નાકના મૂળમાં દરેક બાજુએ એક એક હાડકુ આવેલું છે. તે બે ઝર્ખદ્રવ્યોની વચ્ચે રહેલાં હોઈ, મધ્યરેખામાં પરસ્પર મળી જઈ નાકનો મૂળ ભાગ રચે છે. નાકમા થઈ વાયુ અંદર જાય છે. વાયુમા ઝમરાળા અટવી રહે છે. નાકના અસ્તરની ચામડીનો ઉપલો ભાગ જ ઝમરાવક હોય છે, નીચલો નહિ. નાકે સૂંઘી સપાટાસૂત્ર હોતુ નથી નાસારંધ્રનો મુખવિવર, નેત્રગોલક, કપાલપટ વગેરે સાથે સંબંધ હોવાથી નાકથી સ્વર અને સ્વાદનું ચોકુંપણું સાધન થાય છે અને કપાળના અંદરના કોશોમાં ભેગો થયેલ મેલ તથા આંખનાં આંસુ પણ નાકેથી નીકળે છે. જીવવિદ્યાનીનો કહે છે કે, ઊપલેલું નાક મનુષ્યની ઉન્નતિનું ચિહ્ન છે. હબ્શી વગેરે અસભ્ય જાતિઓનું નાક બહુ ચપટુ હોય છે. નાકના ૩૬ રોગ ગણાય છેઃ (૧) પીનસ, (૨) પૂતિનસ્ય, (૩) પૂયરક્ત, (૪) ક્ષવથુ, (૫) અક્ષરુ, (૬) દીપ્ત, (૭) પ્રતિનાહ, (૮) નાસાસ્રાવ, (૯) નાસાશોષ, (૧૦) નાસાપાક, (૧૧–૧૫) વાત, પિત્ત, કફ, સન્નિપાત અને રક્તજ એમ પંચ પ્રકારના પ્રતિશ્યાય, (૧૬–૨૨) સાત પ્રકારના અર્બુદ, (૨૩–૨૬) ચાર પ્રકારના સોજા, (૨૭–૩૧) પાંચ પ્રકારના અર્શ અને (૩૨–૩૬) પાંચ પ્રકારનાં રક્તપિત્ત. કોઈ કોઈના મતથી પીનસના રોગને નાકનું છોડ કહે છે વળી નાકનાં બીજાં પણ બહુ પ્રકારનાં દરદ થાય છે. જેવાં કે, વાસ મારવાની શક્તિનો નાશ, અરાળ વાસ, નાકનું પાકવું, પરુ વહેવુ, બળતરા, શ્વાસનો અવરોધ, ખસ, નસકોરી ફૂટવી, પીનસ વગેરે. મલમનો ઉપાય કરવાથી નાકનાં દરદ મટે છે. નાકમાં કોડા પડે, ત્યારે લીંબડાની લીંબોળીનું તેલ નાકમાં નખાય છે અથવા પાંચ રૂપિયાભાર મરચું પાણીમાં દરપેન્ટાઇન બે ડ્રામ મેળવી પિચકારી મારાય છે અથવા દરપેન્ટાઇન તથા કપૂર એકત્ર મેળવી તેમાં રૂ બોળી પૂમડુ નાકમાં રખાય કે સુંઘાય છે.

૧. નાક આવવું–વહેવુ = નાકમાંથી શેડા નીકળવા; નાકે લોંટ આવવુ

૨. નાક ઉપર આંગળી મૂકવી = ચૂપ રહેવાનું કહેવુ.

૩. નાક ઉપર ગુસ્સો-મિજાજ હોવો = બહુ જ ગુસ્સે થવું; વાત વાતમાં ગુસ્સે થવું.

૪. નાક ઉપર દડો રાખી દેવો = તરત જ પૈસા આપવા.

૫. નાક ઉપર પૈડું ફરી જવું = નાક ચપટું હોવુ; નાક ચીબું હોવું; નાકની દાંડી બેસી ગયેલ જણાવી.

૭. નાક ઉપર માખ બેસે તો નાક કાપી નાખે એવું = (૧) આબરૂ રાખવાનો પ્રયત્ન કરનારું. (૨) બહુ જ કડક અને ચીડિયા સ્વભાવનું.

૮. નાક ઉપર માખી બેસવા ન દેવી = (૧) કોઈનું જરા પણ અહેસાન માથે ન ચડાવવુ. (૨) જરા પણ લાગ્યુ જેવી વાત ન કરવી; આબરૂ રાખવાનો પ્રયત્ન કરવો. (૩) બહુ આકરો સ્વભાવ હોવો; થોડો પણ દોષ કે ત્રુટી સહન ન કરવાં. (૪) બહુ સાવ રહેવું. જરા પણ ડાઘ લાગવા ન દેવો.

૯. નાક ઉપર લોળુ બસવું = ઠંડાવવું; પ્રતિપક્ષીને હરીફાઈમાં છતવું.

૧૦. નાક કટ્યા તો કટ્યા પણ ખીર–ખી તો ચટ્યા = બાળકને નુકસાન પહોંચે તોપણ સ્વાદિષ્ટ ચીજનો સ્વાદ લેવો

૧૧. નાક કપાવવું = આબરૂ ખોવી.

૧૨. નાક કપાવું = બેઇજ્જત થવું; ફોજા કે આબરૂ જવી.

૧૩. નાક કાન કાપવાં = (૧) આકરી શિક્ષા કરવી. (૨) કલંક લગાડવું; બેઇજ્જત કરવું.

૧૪. નાક કાપવુ = (૧) ઇજ્જત ઝુંટાવી; પ્રતિષ્ઠા નષ્ટ કરવી. (૨) કપકો આપવો.

૧૫. નાક કાપી ચૂનો તળે રાખી લેવું = બોકાસાજ્જ ઓઢી રહેવી; નિર્લજ્જ થવું, પોતાની પ્રતિજ્ઞાનું ભાન ભૂલી જવું કાર્ય કરવું.

૧૬. નાક કાપે એવું = બૂઠું; ધાર વિનાનું. ચપ્પુ, છરી અથવા એવા બીજા કોઈ ધાર વગરના હથિયારને માટે વપરાય છે.

૧૭. નાક ખોસવું = માથું મારવું; વચ્ચે દખલગીરી કરવી; ધોંચપરોણો કરવો.

૧૮. નાક ઘસવું–રગડવું = (૧) પૂણ માફી; પૂર્ણ તાબે થવું. (૨) નમી જવું. (૩) પસ્તાવો બતાવવો; માફી માગવી. (૪) બહુ જ નમ્રતાથી આજીજી કરવી; બહુ વિનતિ કરવી.

૧૯. નાક ચડવું = કોપ આવવો; તોખરો આવવો.

૨૦. નાક ચડાવવું = (૧) અણગમો બતાવવો. (૨) ગુસ્સો દેખાડવો. (૩) ધિક્કારવું. (૪) નાક ઊંચું કરવું.

૨૧. નાક ચૂવું = (૧) દારૂ પીવાની તલપ લાગવી. દારૂની હાજત થવી. (૨) નાકમાંથી પાણી ટપકવું.

૨૨. નાક ચોટી કાપવાં = આકરી શિક્ષા કરવી.

૨૩. નાક ચોટી કાપી હાથમાં દેવાં = (૧) આકરી શિક્ષા કરવી. (૨) દુર્દશા કરવી; અપમાન કરવુ.

૨૪. નાક ચોટી જિરફતાર થવી = મોટી મુસીબતીમાં આવવુ.

૨૫. નાક છેટે નાખવું = તિરસ્કાર કરવો; હલકુ પાડવુ.

૨૬. નાક છીંકવું = જોરથી હવા કાઢી નાકનો મેલ બહાર કાઢવો.

૨૭. નાક તક ખાવુ = બહુ અધિક ખાવું.
૨૮. નાક તો વેતનું છે = આબરૂ તો બધી છે મરડમાં બોલતાં વપરાય છે.
૨૯. નાક દાબવુ = અમુકમો બતાવવો. જ્યાં માણસોની રસોઈના જેવો મળે એવો ખોરાક નાક દાબ્યા વિના ખાઈ લેવો ને પ્રસન્નચિત્ત રહેવું.–પ્રભુદાસ ગાંધી
૩૦. નાક દાબીએ તો મોં ઊઘડે = કોઈ પાસેથી અમુક કામ કરાવવુ હોય ત્યારે સીધું ન થાય તેમ હોય તો તેને જોર કરે તેવી યુક્તિ બતાવવી.
૩૧. નાક નકોરડું = નાક સાદુ કરવું.
૩૨. નાક નમાવવુ = નમી જવુ.
૩૩. નાક નીચુ ને પેટ ઊંચુ = બીજાની ખુશામદ કરી તેની કમાણી ઉપર જ નિર્વાહ ચલાવવો. બીજાની ખુશામદ કરી તેની કમાણી ઉપર જ નિર્વાહ ચલાવનાર હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.
૩૪. નાક ફાટે એવું = અસહ્ય દુર્ગંધવાળું.
૩૫. નાક ફાડી નાખે એવું = નાક સહન ન કરી શકે એવી દુર્ગંધવાળું.
૩૬. નાક બે આંગળ ભરીને કાપવું = (૧) આબરૂ ઓછી કરવી. (૨) ઓછા મહાડવી.
૩૭. નાક બેસવુ = ગીલું થવુ.
૩૮. નાક મારવુ = કૃપણ પ્રકટ કરવી; તિરસ્કાર બતાવવો.
૩૯. નાક વીંધવું = ચૂની, નથ વગેરે પહેરવા માટે નાકમાં છેદ પાડવો.
૪૦. નાક સામી વાટ = સીધો આડો મોરી રસ્તો; ઊંધો માર્ગ.
૪૧. નાક સુધી આવવું = બહુ જ કંટાળો આવવો.
૪૨. નાકની દાંડી = નાકના બહારની ઉપલા બાજુની પટ્ટી.
૪૩. નાકની દાંડી આગળ = નજર સમક્ષ; નજર આગળ.
૪૪. નાકની દાંડી સામે આંખો રાખવી = સીધે રસ્તે ચાલવું; આડીઅવળી વાસના રાખ્યા વિના પ્રામાણિક બનવું.
૪૫. નાકની દાંડી સામે જવું–નાકની દાંડીએ ચાલ્યા જવુ = સીધેસીધું જવું; સીધા ને સીધા ચાલ્યા જવુ.
૪૬. નાકની વાટે દાણો ન ખવાય = શક્તિ કરતાં વધારે શ્રમ ન થઈ શકે; શક્તિના પ્રમાણમા માણસ કામ કરી શકે.
૪૭. નાકનો બાલ–મોવાળો–વાળ = (૧) અમૂલ્ય માણસ. (૨) જેની બીજા ઉપર લાગવગ હોય એવો માણસ; મોટા માણસ પાસે જેનું ચાલતું હોય એવો નાનો માણસ (૩) પ્રિય માણસ; ગાઢ મિત્ર; વિશ્વાસપાત્ર પુરુષ.
૪૮. નાકનો મસો = નાકનો એક જાતનો રોગ; 'પોલિપસ.' ટૅનિક ઍસિડથી જૂનો મસો મટાડી શકાય છે. ખુશામતી મેસ, પીપર, કેદાર, દૂધ, કરંજ, સિપ્રોફ્લૉક્સ અને ઑફ્લોક્સાનાં બીજમાં પાકેલ તેલ નાકમા નાખવાથી આ રોગ મટી જતો મનાય છે.
૪૯. નાકનો વાંસો = નાકના બે કાણા વચ્ચેનો પડદો.
૫૦. નાકમાં ઊંટ પેસવો = બહુ ગર્વ હોવો
૫૧. નાકમાં મેખ ન મારી = બહુ અભિમાન હોવું; અતિશય ગર્વિષ્ઠ બનવુ.
૫૨. નાકમાં તીર લાગવું-નાખવુ = (૧) નાખવુ; બરબેરીથી વશ કરવું. (૨) બહુ સતાવવુ. હેરાન કરવુ.
૫૩. નાકમાં દમ આવવો = હેરાન થવુ
૫૪. નાકમાં દમ કરવો-લેવો = બીજવર
૫૫. નાકમાં–નાકમાંથી બોલવું = ગૂંગળાઈ બોલવું; નાકમાંથી અવાજ કાઢીને બોલવું.
૫૬. નાકે અધ્ધા છૂટ્યા = હેરાન પરેશાન થવુ.
૫૭. નાકે ઝરા છૂટાવવા = ખૂબ ત્રાસ આપવો; ઘણી સતાવણી કરવી.
૫૮. નાકે દરી મૂકવી = આબરૂ જાય તેમ કરવું.
૫૯. નાકે દમ આણવો = વાંસે લાગવું; પજવ જાંકારી.
૬૦. નાકે મોતી આવ્યાં = લીંટ આવવુ. નાના બાળકને માટે વપરાય છે.
૬૧. નાકે વીંટી તાણવી = સ્વમાનહીન બની કહે તેમ કરવુ.
૬૨. મારું માર્યું જાય પણ નવટાંકનું નાક ન જાય = બીજાનું ગમે તેટલું નુકસાન થાય પણ આબરૂ સાચવી રાખવી.

૨૧. [સં. ન (નહિ) + અક (દુઃખ)] ન. સ્વર્ગ; અક વગરનું સ્થાન; ત્રિદિવ; ત્રિદશાલય; સુરલોક; ત્રો; દિવ; ત્રિવિષ્ટપ.

૨૨. વિ. સુખ કરનાર; સુખકારી.

૨૩. [જુ.] જ. ભરેલું. પૂર્ણ. ચણું એવો વિશેષકનો અર્થ બતાવતો એક પ્રત્યય. જેમકે, દર્દનાક, ખતરનાક.

નાકઉચ્ચતી સ્ત્રી. અવહિત; નખરાંઈ.
બહારની ખુબી હવાથી તે હવે પોતાની નાકઉચ્ચતીમાંથી જરા હોશિયાર થયો હતો.
પીતામ

નાકકટ્ટ વિ. [હિ.] બે કલંકિત થયેલુ
૨. વિ. નાક વગરનું.
૩. વિ. શરમ વિનાનુ

નાકકટ્ટાઈ [હિ.] સ્ત્રી. અપ્રતિષ્ઠા, બેઇજ્જત.

નાકકટ્ટી સ્ત્રી. અપકીર્તિ; બદનામી, બદબોઈ, ફજેતી.

નાકકટ્ટું વિ. [સં. નાસિકા (નાક) + કૃત્ત (કાપવુ)] વિ. અપમાન પામેલુ
૨. વિ. કપાયેલા નાકવાળુ
૩. વિ નિર્લજ્જ, બશરમ

નાકખૂરું ન. લાકડા કે પથ્થર માંહેનુ કાણુ

નાકગામની [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠાનો એક છોડ.

નાકચસણી સ્ત્રી. સ્ત્રી. ખુશામદ
૨. સ્ત્રી વિનતિ; આજીજી, લાચારી.

નાકચર વિ. [સં. નાક (સ્વર્ગ) + ચર (ફરનાર)] પુ. આકાશમા ચાલનાર દેવ, ગંધર્વ, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે
૨. પુ. એ નામનો એક પિતૃદેવ.

નાકચંઢ વિ. વિ. નાક સામસું પસાર થતું. ઊલટી તથા વાસ માટે આ વિશેષણ વપરાય છે.
૨. ક્રિ. વિ. નાક સુધી ભરાઈ ગયુ હોય તેમ.
નાકચંઢ આવવુ = પૂરેપૂરો પસ્તાઈ જવુ.
૩. ક્રિ. વિ. બહુ હેરાનગતિમા આવી પડે એમ.

નાકચળી સ્ત્રી. નાકમાં પહેરવાનું એક ઘરેણું

નાકછાંકણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; માણસુખણા; છિકોપત્રા; છિકોકાની; છિક્રિકા; છિક્કની; ક્ષવકૃતા; તીક્ષ્ણા. આ છોડના સૂકા પાંદડાની ભૂકો બજર તરીકે વપરાય છે. માથાનો દુખાવો અને શરદીમા આ બજર સૂઘવાથી નાકમાંથી શ્લેષ્મ એકદમ છૂટ છે. આ બજરને સુગંધીદાર બનાવવા માટે તેમાં સુખડનું તેલ કે બીજા કોઈ સુગંધીદાર પદાર્થો ઉમેરાય છે નાકછીંકણી તીખી, કડવાશ, પિત્તહ, અગ્નિદીપક, લઘુ, ઉષ્ણ, તથા ઉત્તમ છે અને ત્રણદોષ, કફ, વાયુ, જંતુકૃષ્ટ, કૃમિરોગ, રક્તવિકાર, મંદવીર્ય, ભૂતબાધા તથા દૃષ્ટિરોગનો નાશ કરે એમ કહેવાય છે.

નાકછંઢ ન. શેરા; નાકમાંથી નીકળતી લાળ.

નાકજોપિતા [સં. નાક (સ્વર્ગ) + યોષિતા (સ્ત્રી)] સ્ત્રી. સ્વર્ગની સ્ત્રી.

નાકટ વિ. કલંકિત થયેલુ; નાકકટ્ટું
૨. વિ. નાક વગરનુ.
૩. વિ. નિર્લજ્જ; શરમ વિનાનું.

નાકલ્લા (નાકલ્લા) ૧. [હિં.] પું. નાકમાં થતી બળતરા.
૨. પું. નાકમાં સોજો થવાનો રોગ.
૩. પું. મોટું નાક.

નાકલ્લિયું (નાકલ્લિયું) જ. નાનું નાક.

નાકડી (નાકડી) સ્ત્રી. (ભીલી) નાકડી.

નાકતખુદા જુઓ નાકખુદા.

નાકખુદા [ફા.] વિ. પું. વાહો; કુંવારો.

નાકખુદાઈ સ્ત્રી. વાંઢની અવસ્થા; કુંવારાપણું.

નાકદર (નાકદર) ૧. [હિં.] વિ. કદર વિનાનું; પ્રતિષ્ઠા વગરનું.
૨. વિ. જેમાં મુખ્યમાલકતા ન હોય એવું

નાકદરદાની સ્ત્રી. ગણના નહિ કરવી કે થવી તે

નાકદરા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

નાકદરી (નાકદરી) [ફા. ના (નહિ) + અ. કદ્ર (કદર)] જ. નાકદર હોવાનો ભાવ કે ક્રિયા.

નાકદાંડી સ્ત્રી. નાકની દાંડી; નાક માંહેનું ઉપરનું મૂળ હાડકું.

નાકનટી [સં. નાક (સ્વર્ગ) + નટી (નાટ્યકારી)] સ્ત્રી. અપ્સરા; સ્વર્ગની નાટ્યનારી સ્ત્રી

નાકનમણ જ. નાક કાપ વગેરેનું બનેલું.
નાકનમણ કરવું = નાનો મોટો દાગીનો કરાવવો. ચેવિરાઝામાં દાગીના ચડાવવા માટે બોલાય છે.

નાકનાથ [સં. નાક (સ્વર્ગ) + નાથ (પતિ)] પું. ઇંદ્ર

નાકનાયક જુઓ નાકનાથ.

નાકનાયકનિકેતન [સં. નાક (સ્વર્ગ) + નાયક (પતિ) + નિકેતન (રહેવાનું)] પું. ઇંદ્રનું નિવાસગૃહ.

નાકપ [સં.] પું. ઇંદ્ર

નાક પકડવું (નાક પકડવું) જ. એ નામની એક રમત. તે રમવામાં એક જોકરા ઉપર દાવ કરાવવો અને બાકીના જોકરાઓએ જમણો પગ ઊંચો રાખી તેની નીચેથી જમણો હાથ લઈ તેના વડે નાક પકડી દાવવાળા જોકરાની આજુબાજુ ઊભા રહેવું. દાવવાળા જોકરાએ તે આજુબાજુ ઊભેલા જોકરા ઉપર નજર રાખવી. જે જોકરાના હાથમાંથી નાક છૂટી જાય તેને પકડવો. નાક પકડેલું ન હોય તેવી સ્થિતિમાં જે જોકરો પકડાઈ જાય તેના ઉપર દાવ આવે અને દાવવાળો રમતમાં સામેલ થઈ જાય. નાક છૂટી ગયું હોય પણ પકડાતાં પહેલાં જો તે નાક પકડી લે તો તેના ઉપર દાવ આવે નહિ.

નાકપટી સ્ત્રી. ઘોડાના સામાનનો એક ભાગ; ઘોડાના નાક ઉપર રહેતી મોવડ માંહેની એક પટી.

નાકપતિ ૧. [સં. નાક (સ્વર્ગ) + પતિ (સ્વામી)] પું. ઇંદ્ર; નાકનાથ.
૨. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ ચૂડાળા ઉપવાહો છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૦૮ માત્રા હોય છે.

નાકપથ [સં. નાક (સ્વર્ગ) + પથ (માર્ગ)] પું. સ્વર્ગનો રસ્તો.

નાકપધોર વિ. નાકની સીધી લીટીએ દેખાવ એટલું: સાવ સીધું ને સામું; સીધે સીધું; વાંકચૂક નહિ એવું.
નાકપધોર જવું = સીધે માર્ગે જવું.

નાકપૃષ્ઠ [સં.] જ. સ્વર્ગ.

નાકપૃષ્ઠસ્થ ૧. [સં.] વિ. સ્વર્ગમાં રહેલું.
૨ વિ. સ્વર્ગમાં રહેનાર.

નાકફેણી સ્ત્રી. નાકનું એક બનતું બસતી ઘરેણું.

નાકબંદ પું. નાકનો પડો.

નાકબુદ્ધિ વિ. તુચ્છ બુદ્ધિવાળું; ઓછી સમજનું; જેનો વિવેક નાક સુધી જ હોય એવું, જે બુદ્ધિથી નહિ પણ નાક વડે સૂંઘીને બધાબાબત, સારાનરસું વગેરેનો વિચાર કરી લે એવું. ઓળોની નિંદારૂપે લોકો બોલે છે કે, જેની બુદ્ધિ નાક સુધી જ છે, અર્થાત્ જો તેને નાક ન હોય તો તે બધાબાબત બધું બાઈ બસ.

નાકબૂલ (નાકબૂલ) ૧. જ. કબૂલાત નહિ આપવી તે; અસ્વીકાર.
૨. વિ. નાપસંદ; નાપસંદ.
૩. [ફા. ના (નહિ) + અ. કબૂલ] વિ નામંજૂર; કબૂલાતમાંથી કરી ચૂક હોય તેવું, અમાન્ય; કબૂલાતમાં ન હોય એવું.
૪. જ કબૂલ ન કર્યું હોય તેમ.

નાકબૂલાત (નાકબૂલાત) ૧. [અ.] સ્ત્રી. અસ્વીકાર.
૨. સ્ત્રી. મતભેદ; મતાંતર.

નાકબૂલી સ્ત્રી. નાકબૂલાત; ઇન્કાર કરવો તે.

નાકભૌદ્રલ્ય [સં.] પું. એ નામનો એક પ્રાચીન ઋષિવંશની અટક.

નાકર ૧. પું. કર ન આપવો એવી હદ; કોઈ બાબતનો કર સરકારને ભરવો નહિ તેવી બાબત.
૨. પું. સોળમા સૈકાનો ગુજરાતનો એ નામનો એક કવિ. તેણે મહાભારતનું કાવ્ય રચેલું હતું. તે પોતે બ્રાહ્મણ વૈષ્ણવ હતો.
સોળમો સૈકો કવિતાની સેર વિનાનો શૂન્ય હતો એમ જે કહેવું થાય છે તે વાસ્તવિક નથી. એ સૈકાના કવિઓની સંખ્યા આપણે ગણવા બેસીશું તો તે સંખ્યા કંઈ નાનીસૂની જણાશે નહિ. એમાં વિષ્ણુદાસ, શિવદાસ, નાકર, મુકુંદ, મોરારિ, અનોદર, ભગવાનદાસ, હરિદાસ, વિશ્વનાથ ભટ્ટ, અવિચલ આદિ કવિઓ થઈ ગયેલા છે.
ભાનુસુખરામ
૩. જ. ઢોર બાંધવા માટે ભીંતના પાયામાં કે લાકડામાં પાડેલ કાણું
૪ જ. ખેતરને ફોરવા લાકડાના બે માંચડાનો નીચલો કટકો તેમાં તેની અણી બરાબર સુધી લાકડું કોરેલું હોય છે અને તે આમમાં ઘેલાના વાંસડાનો છેડો બેસાડવામાં આવે છે.
૫. જ. નાથ પરોવવા માટે પશુનું નાક વીંધી પાડેલું કાણું.
૬. જ. પશુના નાકના કાણામાં નાથવાની કડી બાંધવા ખીલી.
૭. વિ. કર વગરનું.

નાકરખ જ. ઢોલના ઉપલા ભાગમાં દોરી બાંધવા પાડેલ છિદ્ર.

નાકરચુડા પું. નાકર કવિનો જમાનો.
વિષ્ણુદાસ, તુલસી, વસ્તો અને વલ્લભ સુધના નાકરચુડાના કવિઓ તો હજુ કૂદતા જ હતા, ને નાકરચુડા પદોમાં બળવત્તર બનતો, લહકમાં બની જતો અને પદોમાં કોણ કોનો જમાનો વહેતો હતો. એટલામાં ૧૭૦૦ની સાલ બેઠી ને પ્રેમાનંદનાં પડઘમો વાગ્યાં. મુનશી સમારોહ

નાકરવું ઉ. ક્રિ. પશુને નાથવું; નાથ પહેરાવવા માટે પશુના નાકમાં છિદ્ર પાડવું.

નાકરાણી ૧. સ્ત્રી. મેવિંદવાડી મેઢમા બ્રહ્મપત્નીની એ નામની એક અટક.
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાકર્દાકાર વિ. અનુભવ વગરનું.

નાકલંગડી (નાકલંગડી) સ્ત્રી એ નામની એક રમત. આ રમત સાત કે આઠ જોકરોથી રમી શકાય છે. તેમાં એક રમનાર દાવ લે અને બાકીનાં જોકરાં એક હાથે પોતાનો પગ અને બીજે હાથે પોતાનું નાક પકડી રાખે. અનુકૂળ એ સ્થિતિ બરાબર જળવી રાખે ત્યાંસુધી દાવવાળો તેને પકડી શકે નહિ. પણ કોઈ પણ એક હાથ છૂટી જાય તો દાવ લેનાર

હોડી જઈને તેને પકડી લે. જે રમનાર આ પ્રમાણે પકડાય તેના ઉપર દાવ આવે. જ્યારે દાવ લેનાર પકડવા જાય ત્યારે બીજાં છોકરાં ચસે તેમ ઊભાં રહે, પણ તે દાવ લેનાર આવીને કોઈ પણને પકડે તે પહેલાં તેણે પોતાનાં નાક અને પગ પકડી લેવાં જોઈએ, નહિ તો દાવ આવે.

નાકલિયું ન. નાક.

> વાસ નાકલિયાની ડાઢ રે ત્રિપારી,
> ન્હાણે દીવે સજ્યું આવી રે,
> ઊડતું ચકાળ રે, ત્રિપારી. લોકગીત

નાકલિસોટી જુઓ નાકલીટી.

નાકલિસોટો જુઓ નાકલીટી.

નાકલી સ્ત્રી. ચાકડી.

નાકલીટી ૧. સ્ત્રી. જમીન સાથે નાક ઘસવું તે; માફી માગવા માટે જમીન ઉપર નાક ઘસવું તે; નાકલિસોટી; નાકલિસોટો

૨. સ્ત્રી. નાકાલીટી; તીખા પોકારવું તે; ત્રાસી કે વાળી જવું તે.

નાકલીટી ખેંચવી–તાણવી = (૧) આબરૂ કરવી; કાલાવાલા કરવા. (૨) ક્ષમા માગવી; વારી માફી માગવી. (૩) ત્રાસ ત્રાસ થઈ જવું; કાયર, દુઃખી કે હેરાન થઈ જવું. (૪) પસ્તાવો કરવો.

નાકલોટો જુઓ નાકલીટી.

નાકલોટી જુઓ નાકલીટી.

નાકવનિતા [સં. નાક (સ્વર્ગ) + વનિતા (સ્ત્રી)] સ્ત્રી. અપ્સરા.

નાકવાલા ૧. [હિ.] પું. આબરૂદાર માણસ.

૨. વિ. આબરૂદાર.

નાકવાલી ૧. [હિ.] સ્ત્રી. આબરૂદાર સ્ત્રી

૨. વિ.સ્ત્રી. આબરૂદાર હોય એવી.

નાકવાળું વિ ઉન્નતવાણું; આબરૂવાળું.

નાકવિનાયના [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.

નાકવેધક [સં.] પું. ઊંદર.

નાકસ ૧. પું. કસ વગરનો માણસ.

૨. [ઇ.] વિ. કસ વગરનું; નમાલું; હલકું.

૩. વિ. બરાબર.

નાકસદ [સં. નાકસદ્] પું. દેવ.

નાક સામું વિ. સીધે સીધું; સાવ સીધું.

નાક સામી વાટ = સીધો રસ્તો.

નાકસી [ઇ.] સ્ત્રી નાલાયકપણું; હલકાપણું.

નાકસૂર ન. નાકનો એક જાતનો રોગ; નાકનું નાસૂર; નાકને લાંબે ચાલું ગૂમડું. જેને પાપડીની અંદર ખૂણામાં અનેક છિદ્ર હોય છે, તેમાંથી નાક તરફ જીવો આવે છે તે વાટે નાકનું સ્વાભાવિક પાણી નાકમાં જઈ વરાળ થઈ શ્વાસોચ્છ્વાસ સાથે ઊડી જાય છે. તે રસ્તામાં અટકાતાં નાકને ખૂલ્લેથી પાણી ભરાઈ ગાલ ઉપર વહ્યા કરે છે. કોઈ વાર તે નળી પાકવાથી પરુ નીકળે છે. તેને લીધે ખૂણામાં ગ્રંથી કોથલી થઈ વારંવાર ફૂટે છે. તેને નાકસૂર કહે છે.

નાકસોરી સ્ત્રી. નાકમાંથી લોહી નીકળે એવો બોડને થતો એક રોગ.

નાકસોરું ન. નસકોરું.

નાકહ ૧. [હિ.] પું. અણપલોટ વછેરો.

૨. પું. ભોળો માણસ.

નાકા ૧. [હિ] પું. નદી કે રસ્તાનું આરંભસ્થાન.

૨. પું. દાણ લેવાની જગા; ચોકી

૩. પું. પાણી જવાનો રસ્તો.

૪. પું. પોલીસનો પહેરો.

૫. પું. પ્રવેશદ્વાર; અંદર જવાનો રસ્તો.

૬ પું. ફાટક.

૭ પું. વણકરનું એ નામનું એક ઓજાર. તેમાં તાણાના દોરા ભરવામાં આવે છે.

૮. પું. વાડમાં રહેલ કાંકું; બીડું.

૯. પું. સામુદ્રધુની.

૧૦. પું. સોપનું માપું; નાકું.

૧૧. (નાકા) [અ.] સ્ત્રી. ઊંટની માદા.

૧૨. [સં. નાક] સ્ત્રી. અમરની જાતિનું એક જળજંતુ.

નાકાચીલો પું. એક જાતનો જૂનો વેરો; રસ્તાદાણી; નાકા ઉપર ભરવાની ચીજાદાણી.

નાકાતૂર ૧. પું. ચારિત્ર્યહીન માણસ; અભિચારી માણસ.

૨. વિ. ચારિત્ર્યહીન; અભિચારી.

૩. વિ. ક્રમ વિનાનું.

નાકાતૂટ જુઓ નાકાતૂર.

નાકાદાર પું. નાકે બેસી દાણ લેનારો માણસ; જકાત ઉઘરાવનાર દાણી.

નાકાદારી સ્ત્રી. નાકાદારની કામગીરી.

નાકાધિનાથ જુઓ નાકાધિપ.

નાકાધિપ [સં. નાક (સ્વર્ગ) + અધિપ (સ્વામી)] પું. ઇંદ્ર.

નાકાધિપતિ જુઓ નાકાધિપ.

નાકાપગા [સં. નાક (સ્વર્ગ) + આપગા (નદી)] સ્ત્રી. સ્વર્ગગંગા.

નાકાફી વિ. અપૂરું સંજોગોને પહોંચી વળે નહિ તેવું.

નાકાબલિયત સ્ત્રી. કરી ન શકવાપણું; અશક્તિ; નાલાયકી.

નાકાબલી સ્ત્રી. કર્તવ્યશૂન્યતા; નાલાયકી; અશક્તિ

નાકાબંદી ૧. પું. ચોકીદાર; સિપાઈ.

૨. પું. ફાટક કે નાકા ઉપર પહેરા માટે રાખેલો સિપાઈ

૩. સ્ત્રી. દાણ લેવાનું કરવું તે.

૪. સ્ત્રી. ફાટક વગેરે બંધ કરવું તે.

૫. સ્ત્રી. રસ્તો બંધ કરવો તે; પ્રવેશદ્વારનો અવરોધ.

નાકાબંધી જુઓ નાકાબંદી.

નાકાબિલ ૧. [હિ.] વિ. અયોગ્ય; અનર્હ.

૨. વિ. અશક્ત.

> મારી બબીબતે મને દલીલો માટે પણ નાકાબિલ કરી મૂક્યો છે. નવલરામ

૩. (નાકાબિલ) [ઇ. ના (નહિ) + અ. કાબિલ] વિ. નાલાયક; કાબેલ ન હોય એવું.

નાકાબેલિયત જુઓ નાકાબેલિયત.

નાકાબેલ જુઓ નાકાબિલ.

નાકાબેલિયત (નાકાબેલિયત) [ઇ. ના (નહિ) + અ. કાબેલિયત (હોશિયારી)] સ્ત્રી. નાલાયકી; અયોગ્યતા; બિનહોશિયારી; કાબેલ ન હોવાપણું.

નાકામ ૧ વિ. નારાજ.

૨. [ઇ.] વિ. હેતુમંદ નહિ થયેલું.

નાકામયાબ વિ. નિષ્ફળ; અકાર્યભૂત.

નાકામી ૧. સ્ત્રી. નારાજપણું.

૨. [ઇ.] સ્ત્રી. હેતુમંદ નહિ થવાપણું; નિષ્ફળતા

નાકાર [સં.] પું. નકાર; નન્નો ભણવો તે; ના કહેવી તે.

> કહેવો પડશે મુખથી નાકાર,
> તેથી અસ્ત્ર બહું સંસાર. કામણ

નાકારગી સ્ત્રી. બાતલ.

નાકારવું સ. ક્રિ. નકારવું; નકાર ભણવો; ના કહેવી; ઇન્કાર કરવું.

નાકારા ૧. [હિ.] વિ. અનીતિવાળું; અન્યાયી.

૨. વિ. બરબાદ; કામમાં નહિ એવું.

૩. વિ. કામચું.

૪. વિ. કદરૂપું.

૫. વિ. બરબાદ થયું

૬. વિ. ખોડિયું.

નાકું

૭. સ્ત્રી. નાકના

૮. વિ. તોહની.

૯. [સં.] વિ. નકામું; ઉપયોગમાં ન આવે એવું.

૧૦ વિ. નાપસંદ.

૧૧. વિ. બેકાર.

૧૨. વિ. બેરહમ; દયા વગરનું.

૧૩. વિ. બાલચું, બોળી.

૧૪. વિ. હલકું.

નાકારી સ્ત્રી. બિનઉપયોગીપણું.

નાકારૂઢ [સં. નાક (સ્વર્ગ) + આરૂઢ (ચડેલું)] વિ. સ્વર્ગે ચડેલું.

નાકારેપણ ન. હલકટ પ્રકૃતિ; ખરાબ વૃત્તિ.

નાકારો પું. નકાર; નિષેધ.

નાકાલીટી જુઓ નાકલીટી.

નાકાસ વિ. નાકેસ; અપૂરું; અપૂર્ણ

નાકાસૂર ન. નસકોરું

નાકાસ્થિ ન. નાકનું હાડકું.

નાકાં ૧. ન બ. ન. ઢાળ, ચોખા વગેરે અનાજના કણનાં અણિયાના કટકા; કણકો.

૨. જુઓ નાકું

નાકિક (નાકિઽ) [અ.] પું. નાવું ચારખનાર માણસ.

નાકિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

નાકિકૂળદા સ્ત્રી એ નામની એક દેવી; મી સ્ત્રી ૨ જી.

કુમુદ પર્વતની તળાટીમાં દેવ અને દૈત્યોએ સેવેલા. મનોકામના દેવી નાકિકૂળદા નામથી પ્રસિદ્ધ છે.

ભાગવતી ભાગવત

નાકિન્યા સ્ત્રી. એ નામની એક દેવી.

પ્રેકિકારી, કામકલા, કલ્યા, કામકૂજિકા, કલેશનિગ્રહા, ખન્યા, નાકિન્યા અને ગણસ્તિની એ નામોથી એ દેવીનો મનુષ્યોએ જય કરવો જોઈએ. ભાગવતી ભાગવત

નાકિયા ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નાકિલ (નાકિઽ) ૧. [અ] પું. અત્તરપત્રો.

૨. પું. ચિત્રકાર.

નાકિસ (નાકિઽ) ૧. [અ. નકસ (ઓછું કરવું)] વિ. અપૂર્ણ; ઓછું

૨. વિ. કસ વગરનું; ચેડને માટે બિનઉપયોગી.

૩. વિ. ખરાબ; અપ્રશસ્ત.

૪ ન. આગીયાનું.

૫. ન. ઘોડાનું પશુનું.

૬ વિ. તુચ્છ, હલકું.

નાકી ૧. પું. નાવિક.

૨. [સં. નાકિન્] પું. સ્વર્ગમાં રહેનાર દેવતા; દેવ.

૩. વિ. નાકને લગતું

નાકીદંક પું. રોવા ચોરાશી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

નાકીન ન. કાપડ.

નાકીર્દિ સ્ત્રી. નહિ ખેડાયેલી જમીન અકૃષ્ટ ભૂમિ.

નાકુ ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. પું. નાવિક.

૩. પું. પર્વત; પહાડ.

૪. પું. રાહડો; કીડીનું ઘર; વલ્મીક.

નાકુઠ (નાકુઠ) પું. (બોલી) હાકુડ.

નાકુલ ૧. [સં.] પુ. એક જાતનું ઝેર; વર્ષતિકતા.

૨. પું. ખેડાની એક ચાલ; નોળિયાની માફક પસમસવું તે.

૩. પું. અશ્વ; અશ્વિકા.

૪ પું નકુલનો ગોત્રજ.

૫. પું. રાસ્નાના નામની વનસ્પતિ.

૬. વિ. નોળિયા જેવું.

૭. વિ. નોળિયા સંબંધી.

નાકુલક [સં.] વિ. નોળિયાની ચાકરી કરનાર.

નાકુલિ ૧. [સં.] પું. (પુરાણ) નકુલનો પુત્ર; પાંડુપુત્ર નકુલના શતાનીક અને નરમિત્ર નામના બે ભાઈનો દરેક પુત્ર.

૨. પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક ઋષિ

૩. વિ. નોળિયા જેવું.

૪. વિ. નોળિયા સંબંધી.

નાકુલી ૧. [વિ.] પું. અશ્વ; અશ્વિકા.

૨. પું. સફેદ કેટકારી.

૩. સ્ત્રી એ નામની એક દેવી. એનું સ્થાન નર્મદા કિનારે છે.

૪. [સં.] સ્ત્રી. એક પ્રકારનું ઝેર. તે બધી જાતનાં ઝેર અને ખાસ કરીને સર્પનું ઝેર દૂર કરે છે. નાકુલી બે જાતની છે: (૧) નાકુલી અને (૨) મંથનાકુલી. બંનેના ગુણ એકસરખા છે. મંથનાકુલી કાંઈક વધુ સારી ગણાય છે.

૫. સ્ત્રી. કુકડી રોગ; વર્ષતિકતા.

૬. સ્ત્રી. ધોળી ઓરિત્રડી.

૭. સ્ત્રી. રાસ્નાનો નોળવેલ, જેમ સર્પ લાંબો છે તેમ રાસ્નાનાં કંદમાં પણ સર્પના જેવા લાંબા લીટા હોય છે, માટે રાસ્નાને નાકુલી કહે છે.

૮ ન. નર્મદા નદીને કાંઠે આવેલું એ નામનું એક સ્થાનક

૯. વિ. નકુલ નામના પાંડવે બનાવેલ.

૧૦. વિ. નોળિયા સમંધી.

૧૧ વિ. સ્ત્રી. નાગના ફુળમા ઉત્પન્ન થયેલી.

નાકુલતા સ્ત્રી. નબળાઈ; અશક્તિ; કમજોરી.

નાકુલેય પું (પુરાણ) એ નામના એક ઋષિ.

નાકુલસદ્મન [સં. નાકુ (રાહડો) + સદ્મન્ (ઘર)] પું. સર્પ

નાકુળું વિ. કુળ વગરનું; કુળહીણ.

નાકું ૧. ન. કર; વેરો.

૧. નાકું ચુકાવવું = ખીજા માટે બધું કરવેરો ન ભરવો.

૨. નાકું ચૂકવવું-ભરવું = કરવેરો ભરવો.

૩. નાકું બેસાડવું = કરવેરો લેવાની બબાતમાં માણસની નિમણૂક કરવી.

૨. ન. કાણું; બાકું; વેધ.

૩. ન. કોટ, કબજો વગેરેનું બદલ ભરાવવાનું બિંદુ.

૪. ન. કોસને કૂવિયા આગળ કાણું રહે તેવી રીતે આમડાની વાપરી ઠાંકવી તે.

૫. ન. કથારાનું મોઢું; કથારામાં પાણી જવાને કરેલ ખોરિયાનું મોઢું.

૬. ન. ખૂણોખાંચરો.

૭. ન. ગલી કે રસ્તાની શરૂઆતનું સ્થાન.

૮. ન. ગાડાની ઊપર સાથે સીવું બાંધવાને દોરડાની આંટી પાડીને વળવામાં આવેલી ગાંઠ.

૯. ન. ગાડામાં ધાંસરા ઉપરની લોઢાની બે કમાન

નાકાની દુકાન = બે કે વધુ રસ્તા મળતા હોય તેવી જગ્યા ઉપર આવેલી દુકાન.

૧૦. ન. બધા રસ્તા જ્યાં મળતા હોય તે સ્થળ; જ્યાંથી બધે સ્થળે જવાતું હોય તે સ્થાન.

૧૧. ન. ચાકળા, તોરણ, ખોયું વગેરેને ટાંકવા માટે દોરાની આંટી પાડી ટાંકેલો ભાગ.

૧૨. ન. જકાત લેવાનું ઠેકાણું; બારું; ચોકી; જકાત કચેરી.

૧૩. ન. કસ્તૂરી; દરબારમાં પેસવાના પૈસા.

૧૪. ન. દાણાનું કણસ્યા જેવું ચિહ્ન.

આ કહે હું ઝીલો દાણો, મારે આવે નાકું; મારી ખરખ કયારે પડે, કે ઘોડું આવે માકુ.

લોકોક્તિ

૧૫. ન. દાણો ખાંડતાં કે ભરડતાં આંગી તૂટી પડે તે ભાગ.

૧૬. ન. પાણ દંડ ખોસવાનો પાણામાનો આંચો.

૧૭. ન. પોલીસ ચોકી.

૧૮. ન. કુબાડનો આગ.
૧૯. ન. મુખદ્વાર; ગામમાં પ્રવેશવાનો દરવાજો; ઝાંપો; પ્રવેશદ્વાર.
કાઠિયાવાડ એક સરસ ચારોબાજુએ જળી રહે એવું એ બીજું નાકું છે.
સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં
નાકું રોકવું = પ્રવેશદ્વારમાં અટકાયત ઊભી કરવી.
૨૦. ન. બોનિ.
૨૧. ન. રસ્તાનો ઊંડો; ગલી અથવા માર્ગનો અંત ભાગ અથવા ઊંડો.
૨૨. ન. ઘેરી; રસ્તો.
૨૩. ન. સાંકડી જગ્યા; બારી
પસલીબાળી કે રસુનબટ્ટાબાળી બારી (નાકું) ઉઘાડી રાખતે પાછી બારણાની બાકીબોની બીક રહી.
બાલ્યવિવાહ
નાકું પરોવવું = લાભમાં ઘોરો પરોવવો.
૨૪. ન. સોયના બાણામા દોરો પરોવવાની જગા; સોયબાકુ દોરા બાંધેનું છિદ્ર.
૨૫. ન. ૬૬.

નાકૂ [સં. નક] કું. (હિંદી) ચરબ.

નાકૂસ (નાકસ) વિ. [અ.] કું. ઊણપમા પ્રાર્થના માટે વપરાશમાં આવતો બંદ.
૨. [હિ.] કું. શંખ.

નાકે જીભ જી. નકુ જ મુશ્કેલ કામ.

નાકેદાર વિ. કું. નાકા ઉપર રહીને જકાત લેવા ઊભરાવવાનું કામ કરનાર માણસ; નાકાવાળો; નાકાદાર; ચોકીદાર; જકાતનું નાકું સાચવનાર અમલદાર કે કર્મચારી.
૨. કું. નાકા ઉપર રહેતો સિપાઈ.
૩. વિ. નાકાવાળું; છિદ્રવાળું.

નાકેદારી જી. નાકેદારનું કામ; નાકાદારી. ચોકીદારપણું; નાકું સાચવવાનું કામ.

નાકેબંદી જી. નાકાં બંધ કરવાં તે; રસ્તો બંધ કરવો તે; નાકાબંદી; ઘેરો; નાકે નાકે ચોકી મૂકી દેવા તે.

નાકેબંધી જુઓ નાકેબંદી.

નાકેરા ૧. [સં. નાક (સ્વર્ગ) + ઈશ (પતિ)] કું. ઇંદ્ર; સ્વર્ગનો અધિપતિ.
૨. કું. શિવના હજાર નામોનું એક નામ.

નાકેલ ૧. વિ. અબ૦.
૨. [અ. નાકિસ (અપૂર્ણ)] વિ. અપૂરું; અપૂર્ણ; બાકી રહેલું; ઊણું.

નાકો ૧. કું. ઘોરો.
૨. કું. ચોકી.
૩. કું. દરવાજો; ઝાંપો; નાકું

નાકોદડો (નાકોદ્રો) કું. નાક.
અમૃત જ્યો નાકોદડો, મહિલા જો મરી.
વિશ્વનાથ ભટ્ટ

નાકોડી (નાકેડી) [સં. નાસારકા] જી. નસકોરી કુદરતી તે; નાકમાંથી લોહી નીકળવું તે; નાકોરી; નાકની અંદરની નસમાંથી લોહી નીકળવું તે. તે મટાડવા માટા ઉપર ઠંડું પાણી ખૂબ રેડવું. નાકમાં ઠંડા પાણીની પિચકારી મારવી, મોરપૂછ કે કટકડીની પિચકારી નાકમા મારવી અથવા કે પાણીથી ભીંજવીને નાકમાં દબાવી રાખવું

નાકોરો જુઓ નાકોડી.

નાકોરું ૧. ન. નાક; નસકોરું.
૨. ન. નાકુ.
૩. ન. નાખોરું; ઘોરને બાંધવા માટે ભીંતના પથ્થરમાં પાડેલ કે સ્વાભાવિક પડેલું.

નાકોલ કું. રોટલા ઓરાણી મગ્નનો એ નામનો એક પેટા મગ્ન.

નાકોનાક વિ. પૂરેપૂરું ભરેલું; મચોમચ.

નાકોબ્બત જુઓ નાકોબત.

નાકૌકસ [સં. નાક (સ્વર્ગ) + ઓકસ (ઘર)] કું. દેવ.

નાકૌતી જુઓ નાકોંવતી.

નાકૌંબત (નાકોબત) [જ્ઞા. ના (નહિ) + કુબ્બત (કોબત)] જી. કોબત ન હોય તેવું; અશક્તતા; નિર્બળ; કોબુ; નબળું; કમજોર.

નાકૌંવતી (નાકોંવતી) વિ. [જ્ઞા. ના (નહિ) + કુબ્બતી (શક્તિ)] જી. નબળાઈ; અશક્તિ; અશક્તપણું; કમજોરી.
૨. વિ. કોબત વિનાનું.

નાક્ષત્ર વિ. [સં.] કું. ચંદ્ર સત્તાવીસ નક્ષત્રોમા ફરતે ને પસાર થાય તેટલો સમય; ચંદ્રમાસ.
૨. વિ. નક્ષત્ર સંબંધી; નાક્ષત્રિક; નક્ષત્રને લગતું. નક્ષત્રનું

નાક્ષત્રકજ્ઞાનનિધિ [સં] કું. ચંદ્ર.

નાક્ષત્રકાલ [સં.] કું. વસંતસંપાત કોઈ પણ સ્થળના યામ્યોત્તરવૃત્ત ઉપર આવે ત્યારથી તે પાછો ફરીને ત્યાં જ આવે ત્યાંસુધીનો સમય; નાક્ષત્રયોગ.

નાક્ષત્રકાળ કું. નક્ષત્રોથી બતાવાતો સમય. કોઈ તારો એક વાર ઊગે, મધ્યાહ્નવૃત્ત ઉપર આવે અથવા અસ્ત પામે ત્યારથી તે પાછો ઊગે, મધ્યાહ્ને આવે અથવા અસ્ત પામે ત્યાંસુધીમા હમેશા એકસરખો જ સમય થાય છે. આ કાળનું માપ ૨૩ કલાક અથવા ૯૦ મિનીટ છે.

નાક્ષત્રગતિ જુઓ નાક્ષત્રદિવસ.

નાક્ષત્રદિન જુઓ નાક્ષત્રદિવસ.

નાક્ષત્રદિવસ [સં. નક્ષત્ર (નક્ષત્રનું) + દિવસ] કું. કોઈ એક ચોક્કસ તારો એક વાર ઊગે તે મધ્યાહ્નવૃત્ત ઉપર આવે અથવા અસ્ત થાય ત્યારથી તે પાછો ઊગે, મધ્યાહ્નવૃત્ત ઉપર આવે અથવા અસ્ત થાય ત્યાંસુધીનો સમય; નક્ષત્રબિંદુના આધારે પૃથ્વીનો તેની ધરી ઉપરનો એક આંટાનો સમય; તારાદિન. એક નક્ષત્રના ઉદયથી ફરી બીજી વખતે તે જ નક્ષત્રના ઉદય સુધીના વખતને એક નાક્ષત્રદિવસ કહે છે. આ કામનું માપ ચોરીક્ષ કલાક અથવા ૬૦ મી મનાય છે. નાક્ષત્રદિવસ હમેશા સમાન હોય પણ આપણને દિવસની શરૂઆત જુદે ઉપરથી પડે છે. તેથી સ્થિતિમાં વ્યવહારને માટે નાક્ષત્રદિવસ ઉપયોગી નથી, તેથી સાવનદિવસ લેવાય છે. નક્ષત્રોનો ઉદય અસ્ત પૃથ્વીની દૈનંદિન ગતિને લીધે થાય છે. પૃથ્વીને દૈનંદિન પ્રદક્ષિણા કરવામાં હમેશા સમાન કાળ એટલે મધ્યમ સાવનમાન પ્રમાણે ૨૬૦ ઘ. ૫૬ મિ. ૪૦૦૬૦૧ સે. લાગે છે. આને લીધે નાક્ષત્રદિવસોનું માન હમેશા સમાન જ હોય છે. સાવનદિવસની માફક ઓછું વધતું નથી હોતું, તેથી કરીને નક્ષત્ર અથવા પૃથ્વી એ સૂર્ય કરતાં પણ વધારે સમયકર્કણ ધરિનાળ છે.

નાક્ષત્રમાન [સં. નાક્ષત્ર (નક્ષત્રનું) + માન (માપ)] કું. નક્ષત્રનો પૂર્વ ક્ષિતિજમાં ઉદય થવાનો સમય. એક નક્ષત્રનો પૂર્વ ક્ષિતિજમાં ઉદય થાય, ત્યારથી ફરી તેજ નક્ષત્રનો પૂર્વ ક્ષિતિજમા ઉદય થાય તે કાળને નાક્ષત્રિક અગર અક્ષમ કહે છે.

નાક્ષત્રમાસ [સં. નાક્ષત્ર (નક્ષત્રનું) + માસ (મહિનો)] કું. સત્તાવીસ નક્ષત્રો ફરવાને ચંદ્રને લાગતો વખત; ચંદ્રને ૨૭ નક્ષત્ર ફરી વળવા લાગતો સમય; ૨૭ અહોરાત્ર જેટલો વખત. જેટલા વખતમાં ચંદ્રમા સત્તાવીસ નક્ષત્રોમાં એક વાર ફરી રહે તેને નાક્ષત્રમાસ કહે છે. માસનો પ્રથમ દિવસ ચંદ્રમા અશ્વિની નક્ષત્ર ઉપર રહે ત્યારે માનવામાં આવે છે. અશ્વિની નક્ષત્ર ઉપર ચંદ્રમા ૧૦ દંડ, ભરણી ઉપર ૬૩ દંડ એમ બધાં નક્ષત્ર ઉપર અમુક વખત ચંદ્રમા રહે છે. હિંદુ જ્યોતિષમાં આયુષ્યની ગણતરી વગેરે માટે નાક્ષત્રદિન, માસ વગેરે કહેવામાં આવે છે. ૧ યુગ = ૧૮૦ નાક્ષત્રમાસ,

તેથી ૧ નાક્ષત્રમાસ = $\frac{૧૮૩૦}{૧૭}$ = ૨૭$\frac{૧}{૩}$ સાવનદિવસ. ૧ નાક્ષત્રમાસમાં ૨૭ નાક્ષત્રદિવસ, માટે ૧ નાક્ષત્રદિવસ = $\frac{૧૮૩૦}{૧૭} \times \frac{૧}{૨૭} = \frac{૧૦}{૧૭}$ સાવનદિવસ: $\frac{૧}{૩} \times \frac{૧૦૩}{૧} = ૩૪$ઽ કલા. નીશ નાક્ષત્રિક અહોરાત્ર એટલે ૧ નાક્ષત્રિક માસ અગર મહિનો થાય છે. એક તારા પાસે ચન્દ્રને આપણે મુકરર દિવસે દેખીએ, તે તારા પાસેથી રોજ ચંદ્ર પૂર્વ તરફ આશરે ૧૩ અંશ ખસતો જણાય છે અને એમ ૨૭$\frac{૧}{૩}$ દિવસમાં તે ૩૬૦ અંશે આવી પહોંચે છે. આ મુદ્દતને નાક્ષત્રમાસ કહે છે

નાક્ષત્રવર્ષ [સં. નાક્ષત્ર (નક્ષત્રનું) + વર્ષ (વરસ)] ન. સૂર્ય અમુક તારા આગળ હોય તે પછી ફરીને એ જ તે તારા આગળ આવે ત્યાંસુધીનો સમય; તારાવર્ષ. નાક્ષત્રવર્ષમાં ૩૬૬ દિવસ, ૧૫ ઘડી, ૩૧ પળ, ૩૧ વિપળ અને ૧૪ પ્રતિપળ થાય છે.

નાક્ષત્રસાવનકાલ જુઓ નાક્ષત્રકાલ.

નાક્ષત્રસૌરવર્ષ [સં. નાક્ષત્ર (નક્ષત્રનું) + સૌર (સૂર્યનું) + વર્ષ (વરસ)] ન. રેવતીથી સૂર્ય નીકળ્યા પછી ફરીથી ત્યાં આવી પહોંચતાં લાગતો સમય; ૩૬૫ દિવસ, ૧૫ ઘડી અને ૨૩ પળ જેટલો વખત.

નાક્ષત્રિક ૧. [સં.] પું. નક્ષત્ર દીઠ એક દિવસ ગણતાં સત્તાવીસ નક્ષત્રોમાં ફરીને ચંદ્ર પસાર થતાં સત્તાવીસ દહાડાનો મહિનો; ચાંદ્રમાસ; નાક્ષત્રમાસ.

૨. વિ. આકાશી પદાર્થને લગતું; ગ્રહોળને લગતું

શું હું એવું કહેવા ઇચ્છું છું કે હું સુધને એક નાક્ષત્રિક સત્ર અને બોજ ધર્મને એક નાક્ષત્રિક ધર્મ અથવા પ્રાકૃતિક પુરસ્કાર કહ્યા વગરને રજૂ કરવા ઇચ્છું છું ? પુરસ્કાર

૩. વિ. નક્ષત્ર સંબંધી; નક્ષત્રના નિમિત્તનું. નક્ષત્રને લગતું; નાક્ષત્ર.

નાક્ષત્રિકચાંદ્રગોલક [સં. નાક્ષત્રિક (નક્ષત્રનું) + ચાંદ્ર (ચંદ્રનું) + ગોલક (ગોળો)] પું. માનવીય ચાંદ્ર. માનવીય ચાંદ્રનો ગોલક જોઈ તે ઉપરથી મનુષ્યાદિ જીવોનાં શુભાશુભ કૃત્યોનો કાળ અથવા સમય જાણી શકાય છે. નાક્ષત્રકપ્રાદિ પદ્ધતિની ઉત્પત્તિ આ ગોલકે જ મહર્ષિઓની કરી ગણેલ છે.

નાક્ષત્રિકદિવસ [સં. નાક્ષત્રિક (નક્ષત્રનું) + દિવસ] પું. નાક્ષત્ર ચક્રને એક વખત ફરવાને માટે લાગતો સમય. એક અહોરાત્ર એટલે દૈનિક ગતિનું પરિભ્રમણ અથવા એક નક્ષત્રવૃત્તને પૂર્વસ્થિતિમાં લેવા બનાવે માટે જે સમય લાગે છે તેને એક નાક્ષત્રિક દિવસ કહ્યા છે.

નાક્ષત્રિકી ૧. [સં.] સ્ત્રી. નક્ષત્રની અસર.

૨. વિ. સ્ત્રી. નક્ષત્ર સંબંધીની.

નાક્ષત્રી વિ. નાક્ષત્રિક; નાક્ષત્ર; નક્ષત્ર સંબંધી; નક્ષત્રને લગતું.

નાગ [જ્ઞા. નાગપાતી] સ્ત્રી. નાગપાતી નામનું ફળ. કાશ્મીરની નાગપાતી વખણાય છે અને તે નગ અગર નાક નામે પ્રસિદ્ધ છે.

નાગતી સ્ત્રી. માફી; દુર્લક્ષ; જતું કરવાની વૃત્તિ.

નાગર ૧. પું. ધિક્કારો

૨. પું. મરી ગયેલા માણસનો ભોવાળો

૩. વિ. મરકરી કરવામાં હોશિયાર; મરકણ.

નાગલક્ષ ૧. પું. કપૂત; પોતાની ફરજ ન બજાવે એવો દીકરો.

૨. (નાગલક્ષ) [જ્ઞા.] વિ. દુષ્ટ વિષયી.

નાખવું ૧. સ. ક્રિ. આરોપવું; પહેરાવવું.

ઓસ ઉપર સૂરનું નાખવું = ઊતાવળે કપડાં પહેરવાં.

૨. સ. ક્રિ. ઉડાડવું; ઉલેટવું.

૩. સ ક્રિ. ઉપાડી કોઈ ઉપર મૂકવું.

એમ કહી રાજાએ હાથ નાખ્યો.
ખડ્ગ ઉપર ખડ્ગ. નિરાંત

૪. સ. ક્રિ. ઉમેરવું; વધારવું.

મુદ્દલ તળે નાખી એવું = ખીજાના પૈસા પચાવી પાડવા

૫. સ. ક્રિ. ઉલ્લંઘન કરવું.

૬. સ. ક્રિ. ગમે તેમ ઉપર મૂકવું.

૭. સ. ક્રિ. હકાર તેમ કરવું; હોકવું.

૧. પડદો નાખવો = છુપાવવું.

૨. સામાન નાખવો = (૧) ખોડા ઉપર છાપ નાખવું. (૨) ઓછી સાથે સંબોધ કરવો.

૮. સ. ક્રિ. નાશ કરવો; નષ્ટ કરવું.

૯. સ. ક્રિ. નાંખવું; બોરથી દૂર ફેંકવું.

૧. નાખી અજમ = ક્લેશ ને અડચણ ન થાય તેવી ખાતરી કરી ફેંકી દેવું

૨. નાખી દેવું = બીજાને અડચણની ખાતરી કર્યા વિના ફેંકી દેવું

૩. નાખ્યા ન પહોંચવું = પોતાના બળ અથવા શક્તિની બહાર હોવું; પ્રયત્ને ન પહોંચાય એવું હોવું.

૪. નાખ્યું પહોંચવું = નાખેલ બારેલે ફેંકાયે બધ તેમ થવું; ધાર્યું થવું

૧૦. [સં. નિમ્ન (નીચે) + અસ્ (ફેંકવું)] સ ક્રિ. નીચે જોર ઉપર પડે તેમ કરવું

૧. નીચે નાખવું = કરાવવું; તાબે થાય તેમ કરવું

૨. પેટ નાખવો = (૧) અંદર પેટ મૂકવો. (૨) ડાબલ થવાને પ્રયત્ન કરવો. (૩) ડાબલ થવું.

૩. બી નાખવું = (૧) પાયો નાખવો. (૨) બી વાવવું.

૧૧. સ. ક્રિ. નીરવું.

ઢોરને ઘાસ નાખવું = ઢોરની આગળ ઘાસચારો નાખવો.

૧૨. સ ક્રિ. પસાર કરવું; ગાળવું; ગાળવું.

દેવકી, વસુદેવ કારાગૃહમાં દોહ્યલે દહાડા નાખે. પ્રેમાનંદ

૧૩. સ. ક્રિ. પૂરું કરવું. આ ક્રિયાપદ બીજા ક્રિયાપદ સાથે જોડાતાં ક્રિયાની પૂર્ણતા બતાવે છે. જેમકે, કાપી નાખવું; મારી નાખવું.

૧. કરી નાખવું = પૂરું કરવું.

૨. ગોળી નાખવું = ઘસીને મારીક કરવું.

૩. ઝોડી નાખવું = છૂટું પાડવું.

૪. તોડી નાખવું = છૂટું પાડવું; કામ કરવા.

૫. પાડી નાખવું = નીચે પાડવું.

૬. મારી નાખવું = પ્રાણ લેવા.

૧૪. સ. ક્રિ. પેટમાંથી પાકું કાઢવું; ઓકવું; ઊલટી થવી.

માડી નાખવું–નાખી કાઢવું = (૧) ઊલટી થવી. (૨) ઠેકો દેવું.

૧૫. સ. ક્રિ. ભરવું; ભરાવવું; સંચારવું.

૧૬. સ ક્રિ. ભોંય ઉપર પાથરવું; બિછાવવું.

પાથરણું નાખવું = ગોકોને બેસવા માટે શેતરંજી પાથરવી.

૧૭. સ. ક્રિ. સોંપવું; હવાલે કરવું.

૧. આખરે પર હાથ નાખવો = (૧) ગેરવર્તણૂક બતાવવી; હાજર થવું. (૨) બેબાકરે કરવા પ્રયાસ કરવો.

૨. ઓવારી નાખવું = તુચ્છ ગણી કાઢવું.

૩. કાન ઉપર વાત નાખવી–કાન્ત નાખવો = નમ્રતાથી કોઈ હકીકત કહેવી.

૪. કામમાં હાથ નાખવો–વચ્ચે હાથ નાખવો = વચ્ચે પડવું; બીજાના કામમાં માથું મારવું.

૫. નાખી નજરે પહોંચે નહિ એવું = બહુ વેગળું; વિસ્તારમાં પણ જેના અનોદા જણાય નહિ એટલું બધું વેગળું.

૬. નાખી મૂકવું = પડી રહેવા દેવું.

૭. પાણી નાખવું = બીમારીમાંથી ઊઠ્યા પછી પહેલે દહાડે મરણ સ્નાન કરાવવું.

૮. વચ્ચે માથું નાખવું = તકરારમાં ભાગ લેવો.
૯. શબ્દ-સવાલ નાખવો = અરજ કરવી; વિનંતિ કરવી.
૧૦. હાથ નાખવો = (૧) ચૂંટ ભરવી. (૨) વચ્ચે પડવું.

નાખવો ૧. [સં. નૌ (નાવ) + ક્ષાર (ખારાશ) + વહ્ (વાહ જવું)] પું. ખારવો.
૨. [સં. નૌ (નાવ) + અધ્યક્ષ (મુખી)] પું. નાખુદો; મુખ્ય ખલાસી; કપ્તાન. તે વહાણનો મુખ્ય અમલદાર છે.

નાખાલ ન. એક જાતનું માછલું; એકરૂખી માછલ.

નાખાલ્લ (નાખાલ) ૧. [દે.] વિ. અનિચ્છિત.
૨. અ. બિનખુશીથી; કમને.

નાખાંહ્યા (નાખાંયા) [દે.] વિ. અજાણ; અજ્ઞાન.

નાખુઓ પું. (કચ્છી) વહાણવટી; ખારવો.

નાખુદા (નાખુદા) ૧. [દે. ના (હોડી) + ખુદા (ધણી)] પું. નાખવો; વહાણનો વહાણવટી; વહાણ ચલાવનારો; કપ્તાન.
૨. પું. નાસ્તિક માણસ.
૩. વિ. નાસ્તિક.

નાખુદાઈ (નાખુદાઈ) ૧. [દે.] સ્ત્રી. કપ્તાનગીરી; વહાણવટીપણું.
૨. સ્ત્રી. કપ્તાનની ચોરી.

નાખુદાતર્સ (નાખુદાતર્સ) ૧. [દે. ના (નહિ) + ખુદા (ઈશ્વર) + તર્સ (બીનાર)] પું. ઈશ્વરથી ના બીનારો માણસ.
૨. વિ. ઈશ્વરની બીક નહિ રાખનારો; નાસ્તિક.

નાખુદો જુઓ નાખુદા.

નાખુન (નાખુન) ૧. [દે.] પું. આંખનું કૂલું.
૨. પું. તંબૂરાની તાંત વગાડવા માટેનું ઓજાર.
૩. પું. પશુના કાનના કે ઝરીનો વધેલો કિનારો.
૪. ન. પ્રાણીનો નખ.
૫. પું. સિંહનો નખ; નહોર.
૬. પું. હાથનાં કે પગનાં આંગળાના નખ.
૧. નાખુન લેવા = (૧) કોઠર લાગવી; ગોબો આવવો. (૨) નખ ઉતરાવવા.
૨. નાખુનમાં પડી રહેવું = કોઈના બીસામાં પક્કા રહેવું.
૭. પું. હાથીનો નખ. એનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે.

નાખુનગીર (નાખુનગીર) ૧. [ફા.] ન. નખ કાપવાનું ઓજાર; નેરણી.
૨. વિ. નખ કાપનાર.

નાખુનતરાશ (નાખુનતરાશ) ૧. [ફા.] પું. નેરણી; નખ કાપવાનું હથિયાર.
૨. વિ. નખ કાપનાર.

નાખુના ૧. [દે.] પું. આંખનો એક રોગ; વેલ. તેમાં આખની કીકીમાં લાલ પડ પેદા થાય છે અને તે વધીને કીકીને ઢાંકી દે છે.
૨. પું. ઘોડાની આંખમાં પેદા થતી મોટી લાલ રેખા.
૩. પું. તંબૂરા જેવા વાદ્યમાં વગાડવા માટેનું ઓજાર.
૪. પું. રેશમ અને સૂતરનું બનેલું એક કાપડ; અરબસ્તુતરાઈ એક જાતનું કપડું. તેનો તાણો સફેદ હોય છે અને વાણામાં અનેક રંગની પાર હોય છે. આયામાં તે બહુ બને છે.
૫. સ્ત્રી. અરેબાઈ; દુરમલમલ.

નાખુવો પું. નાખુદો; ખારવો.

નાખુશ (નાખુશ) ૧. [ફા.] વિ. દિલગીર; નારાજ; અપ્રસન્ન; ઉદાસ.
૨. વિ. બીમાર.
૩. વિ. રુષ્ટ; કુદ્ધ.
૪. અ. ખુશો અગર મરજી વગર

નાખુશી (નાખુશી) સ્ત્રી. નામરજી; કમનસીબી; અપ્રસન્નતા; નેરમરજી; નારાજી; કરડી નજર.

નાખૂન જુઓ નાખુન.

નાખૂનગીર જુઓ નાખુનગીર.

નાખૂનતરાશ જુઓ નાખુનતરાશ.

નાખૂના જુઓ નાખુના.

નાખૂશ (નાખુશ) ૧. [ફા.] વિ. બરાબ.
૨. જુઓ નાખુશ.

નાખોદા [ફા. નાખુદા] પું. નાખુદા; નાખવો; કપ્તાન.

નાખોદાખેરાજ પું. (વહાણવટું) જગતનું તથા માલ ઉતારનાર ચલાવનાર માણસ.

નાખોરિયું વિ. ઓછી ઓછી વારમાં રીસ ચડવે એવું; નાખોરે રીસવાળું.

નાખોરી સ્ત્રી. નસકોરી.
નાખોરી ફૂટવી = નાકની અંદર રહેલી રગ ગરમીથી ફૂટીને નાકમાંથી લોહી નીકળવું.

નાખોરું ૧. ન. નાકું; નાકોરું; નસકોરું.
નાખોરે રીસ = ઓછી ઓછી વારમાં રિસાઈ જવું તે.
૨. ન. નાકું; નાકોરું; ઢોરને નાથવા માટે લોઢાના સ્થરમાં પરોવેલ કે સ્વાભાવિક નાકું.

નાગ ૧. ન. ક. ન. પ્રપંચ; યુક્તિપ્રયુક્તિ.
આ ઠેકાણે આપણા નાગ્યાં પહોંચે તેમ નથી. હરગોવિંદદાસ
૨. ન. ક. ન. હિતસંબંધ; સત્તાના કે હાલના સાધન તરીકે મોટા માણસો સાથેના સબંધ; સ્વાર્થસંબંધ.

નાગ ૧ પું. અગિયાર માહેનું એક કરણ; કાળના અવધિનો એક ભેદ.
૨. પું. આર્ય લોકો હિંદમાં આવ્યા ત્યારે ત્યાં વસતા એક જાતના અનાર્ય. તેમનું ચિહ્ન સર્પ હશે અથવા તેઓ સર્પની પેઠે ચૂપકીથી અને ઘાતકીપણે આર્ય ઉપર હુમલો કરતા હશે, તેથી તેઓ નાગ કહેવાયા હોવા સંભવે છે. આર્યોને હમેશા આ નાગ લોકો સાથે યુદ્ધ થતાં. કોઈ વખતે નાગના કપમાં મારી નાખ્યો, લાગી તક કરી જન્મેજયે તો નાગકુળનું નિકંદન કાઢવું ત્યાંસુધી એ યુદ્ધ ચાલુ રહ્યું. ધીમે ધીમે આર્ય લોકો નાગકન્યાઓ પરણવા લાગ્યા અને આર્ય લોકો નાગની અંદર ભળી ગયા.
૩. પું આસામ પ્રાંતમાં આવેલ એ નામની એક ટેકરી; નાગા ટેકરી.
૪. પું. એ નામના દેશમાં રહેતી એ નામની એક જાતિ. બૌદ્ધગ્રંથોના મત પ્રમાણે નાગ રાક્ષ લોકોની એક શાખા હતી, જે હિમાલયની પેલી તરફ રહેતી હતી. તિબેટવાળા પોતાને નાગવંશી અને પોતાની ભાષાને નાગ ભાષા કહે છે. જનમેજયની કથા ઉપરથી પુરુવંશીઓ અને નાગવંશીઓ વચ્ચે વેરનો આભાસ જણાય છે. આ વેર બહુ વખત સુધી ચાલુ રહ્યું. જ્યારે સીકંદર હિંદમાં આવ્યો ત્યારે તેને પહેલવહેલો તક્ષશિલાનો નાગવંશી રાજા અમ્ભી, જેને પલ્લવના પૌરવ રાજા સાથે વેર હતું. સીકંદરના સાથીઓએ તક્ષશિલાના રાજાને ત્યાં મોટા મોટા સાપ પકડેલા જમાડી દીધા હતા, જેની ખૂબ ચર્ચા થતી હતી
૫. પું. (જ્યોતિષ) એ નામનું એક કરણ; તિથિનું અર્ધ.
૬. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તે ભોજનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૪૪ લઘુ મળી ૪૯ વર્ણ અને ૬૯ માત્રા હોય છે.
૭. [સં.] પું. એ નામનો એક દેશ.
૮. પું. એ નામનો એક ગ્રહ.
નાગ, કૂર્મ, દેવદત્ત, ધનંજય, કૃકલ એ પાંચ મળી એકંદર ૧૧ ગ્રહ પ્રસિદ્ધિમાં થયા. ગ્રહલાઘવ
૯. પું. એ નામનો એક શ્લોક.
૧૦. પું. (પિંગળ) એ નામનો એક વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ. તે રાજવસ્તુ છંદનો એક ભેદ છે.

તેમાં ૨૧ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૩ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

૧૧. પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રામેળ છંદ. તે સવૈયા છંદનો ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૮૨ લઘુ મળી ૧૦૩ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે

૧૨. પું. (પુરાણ) એ નામનો એક પર્વત; મેરુપ્રસ્થિકા.

મેરુ પર્વતના મૂળ ભાગમાં નાગ નામનો પર્વત આવેલો છે. — ભાગવતી ભાગવત

૧૩. [હિં.] પું. એક જાતનું પાસ.

૧૪. પું. એક જાતનું ઝાડ; પુન્નાગ.

૧૫. પું. એક જાતનો ચંપો.

૧૬. પું. એક જાતનો છોડ, નાગકેસર.

૧૭. પું. એક જાતનો હાથી. શુદ્ધિ, મેધા, કુંજરયોગ, દાંત, આંખ, હાડ, દેખાવ, કાંતિ, પગ, આસન અથવા મુદ્રા, પીઠ અને મદ એ બાર લક્ષણ નાગ હાથીમાં હોય છે. આ બાર લક્ષણવાળો હસ્તી નાગહસ્તી કહેવાય છે.

૧૮. પું. (પિંગળ) એક વિષમમાત્રા મેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૧૩૪ લઘુ મળી ૧૪૩ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે

૧૯. પું. કરચલો.

૨૦. પું. (પુરાણ) તાર્ક્ષ્ય અને કદ્રુનો પુત્ર.

૨૧. પું. તોપ

૨૨. પું. દસ માંહેનો એ નામનો એક પ્રાણ; નૌકા પ્રાણવાયુ. પુષ્પદંતમાં આવેલ સુમસ્તકમાં તેનું સ્થાન છે.

પ્રાણ, અપાન, વ્યાન, સમાન, નાગ, ઉદાન, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય એ પ્રકારના દસ વાયુનો આ નાડીઓને આર્યે સંચાર કરી રહ્યા છે. — સુતસંહિતા

૨૩. પું. દુષ્ટ કે ક્રૂર માણસ.

નાગપુત્ર અને નાગ મજ નાગ દુષ્ટ નર વાચ; નાગ સર્પ સંસારનો સિદ્ધિ મંત્ર હરિ નામ. — મારવાડાલ

૨૪. પું. નવ મ.હેનો એ નામનો એક ખંડ.

૨૫. પું. નવની સંખ્યા.

૨૬. પું. નાગરમોથ.

૨૭. પું. નાગવેલ; નાગરિયા નામની વનસ્પતિ.

૨૮. [સં. ન (નહિ) + અગ્ર (પાપ)] પું. (જૈન) નિષ્પાપ માણસ.

જે કદાપિ કોઈ પણ પાપ કરતો નથી અને જે બધા સંયોગ અને બંધનો છોડાવીને સર્વત્ર બધે નથી જતો, વિમુક્ત થાય છે, તેને નાગ કહે છે. — સુત્તનિપાત

૨૯. [સં. ન (નહિ) + અદ્રિ (પર્વત)] પું. પર્વત; પહાડ.

૩૦. પું. પાતાળમાં રહેતો એક જાતનો કાલ્પનિક સર્પ; એક ઉપદેવ; સર્પના આકારમાં એક અપદેવતા.

૩૧. પું. ભાર માંહેનું એ નામનું એક કરણ.

૩૨. પું. (જૈન) ભવનપતિ દેવતાની એક જાત; નાગકુમાર દેવતા.

૩૩. પું. જીતમાં મારેલો ખીલો; ખીલી.

૩૪. પું. મનુષ્ય જેવું મુખ અને સર્પ જેવા પૂછડાવાળું એક કાલ્પનિક દેવી પ્રાણી. નાગની ૧૦૦૦ જાત છે. પાતાળમાં વસતી ઉત્પન કરવા કશ્યપ અને કદ્રુએ આ પ્રાણીઓ ઉત્પન કર્યાં હોવાનું મનાય છે. કદ્રુને કોઈક વાર સુરસા પણ કહે છે. તેમનું પાતાળનું રાજ્ય માંધર્વોએ છતી લીધું હતું, પરંતુ નાગોની બહેન નર્મદાએ તે પાછું મેળવ્યું. આ લોકોની ઓગ્યે વધુ ખૂબસૂરત હોવાનું મનાય છે. તેઓ મનુષ્ય સાથે વિવાહથી જોડાતાં. જેમકે, નાગકન્યા ઉલૂપી અને અર્જુન. કૃષ્ણના વખતમાં નાગ જાતના લોકો હતા અને તેમનો આગેવાન કાલિય હતો. તેનો પરાજય કૃષ્ણે નાની ઉમરમાં કર્યો હતો.

૩૫. પું. (જૈન) મહોરગ જાતના અંતર દેવોનું એક ચિહ્ન. આઠ પ્રકારના અંતરોનાં ચિહ્ન અનુક્રમે આ પ્રમાણે છે: અશોક, ચંપક, નાગ, તુંબરુ, વટ, કદંબાંગ, સુલસ અને કદંબક.

૩૬. પું. મેઘ; વાદળું.

૩૭. પું. અગ્નિ.

૩૮. પું. શરીરમાંનો એક વાયુ; ઓડકાર લાવનાર વાયુ.

૩૯. પું. લોઢાની મૂર્તિ ઉપર વીંટાઈને ડંખ કરતો તાજા અથવા રૂપાનો સાપ.

૪૦. પું. સર્પ કે સાપડાનો સાપ; ભુજંગ. નાગની ઉત્પત્તિ સંબંધમાં વરાહપુરાણમાં લખ્યું છે કે: સૃષ્ટિના આરંભમાં કશ્યપ ઉત્પન થયા. તેમની બે કદ્રુ હતી. તેને અનંત, વાસુકિ, કંબલ, કર્કોટક, પદ્મ, મહાપદ્મ, શંખ, કુલિક અને અપરાજિત નામના પુત્રો ઉત્પન થયા. કશ્યપના આ બધા પુત્ર નાગ કહેવાયા. તેના પુત્ર પૌત્ર ખૂબ ક્રૂર અને ઝેરી થયા, તેથી ધીમે ધીમે પ્રજા ઘટવા લાગી. પ્રજાએ બ્રહ્મા પાસે ફરિયાદ કરી. બ્રહ્માએ નાગોને બોલાવી કહ્યું કે, જેમ તમે મારી સૃષ્ટિનો નાશ કરી રહ્યા છો તેમ માતાના શાપથી તમારો પણ નાશ થશે. નાગોએ કરતાં કરતાં કહ્યું કે, આપે જ અમને ક્રૂરતિક અને ઝેરી બનાવ્યા, અમારો શો અપરાધ? હવે અમને રહેવા માટે કોઈ બરાબર સ્થાન બતાવો કે જ્યાં અમે સુખે પડી રહીએ. બ્રહ્માએ તેમને રહેવા માટે પાતાળ, વિતલ અને સુતલ એ ત્રણ સ્થાન બતાવ્યાં. એક વાર કદ્રુ અને વિનતાને વાદ થયો કે, સૂર્યના ઘોડાની પૂછડી કાળી કે પીળી? વિનતાએ સફેદ અને કદ્રુએ કાળી કહી અંતમાં એવું ઠર્યું કે, જે હારે તે બીજાની દાસી થઈ રહે. જ્યારે કદ્રુએ આ વાત પોતાના પુત્રોને કહી, ત્યારે તેઓએ કહ્યું કે, પૂછડી તો સફેદ છે, હવે શું થશે? અંતમાં જ્યારે સૂર્ય નીકળ્યો, ત્યારે બધા નાગ ઉચ્ચૈશ્રવાની પૂછડીને વીંટાઈ ગયા, જેથી તે કાળી દેખાઈ. જે નાગોએ પૂછડીને કાળી દેખાડવાનું ન સ્વીકાર્યું તેને કદ્રુએ નાશ પામવાનો શાપ આપ્યો, જેથી જનમેજયના સર્પયજ્ઞમાં તે નાશ પામ્યા. પુરાણમાં બધા નાગનાં નામ આપ્યાં છે, પણ તેમાં આઠ મુખ્ય છે: અનંત, વાસુકિ, પદ્મ, મહાપદ્મ, તક્ષક, કુલીર, કર્કોટક અને શંખ. આ અષ્ટનાગ અને તેનું કુળ અષ્ટકુલ કહેવાય છે. અવિમ્યપુરાણમાં નાગ અને સાપમાં કેવી રીતે પ્રજની ઉત્પત્તિ થાય છે, તેની ઋતુમાં ઈંડાં ઉત્પન થાય છે અને કઈ ઋતુમાં નર અને માદા અક્ષય કરે છે વગેરેનું વર્ણન છે. ઈંડાં પરિપક્વ થતાં તેના લાલ રંગ ઉપરથી નર અને સોનેરી રંગ ઉપરથી નારી સર્પની ઉત્પત્તિ થાય છે. જન્મ્યા પછી સાત દિવસમાં સાપનો રંગ મેરો થાય છે. પંદર દિવસમાં દાંત આવે છે અને વીસ દિવસે દાંતમાં ઝેર ઉત્પન થાય છે. પચીસમી રાત્રે આ ઝેર પ્રતિષ્ઠિત થાય છે. છ છ મહિને સાપ કાંચળી ઉતારે છે. મનુષ્ય, નોળિયો, મોર, ગરોળ, બિલાડી, વીંછીથી સાપનું મોત થાય છે, પરંતુ તેમાંથી બચવા પામે તો તે અનેક વર્ષ જીવે. સામાન્ય રીતે નાગ ૪ કે ૫ ફૂટ લાંબો હોય છે પણ જે સાડાત્રણ ફૂટથી લાંબો હોય તો એ નાગ નથી. એની લંબાઈ વિષે પણ ભ્રમમૂલક મત પ્રવર્તે છે.

પ્રથમ નાગ ભુજંગ ને બિજાત, બોલા સર્પ;
ચક્ષુઃશ્રવા અરિસુપ હરિ અહોદર ત્રણ કર્પ.
— પિંગળપ્રકાશ

૧. લાંબો નાગ = પહોળો ઝેરી સાપ.

૨. નાગની ચાલ ચાલવી = એક જાતની દેશી રમત. છોકરાઓ બે ટોળામાં વહેંચાઈ જાય, પણ પગ લાંબા રાખીને ન બેસતાં સામે સામે અધૂકડા બેસે અને નાસનાર છોકરો બીજા બેઠીદારની પાસે જઈને નાગની ચાલ ચાલતો આગળ વધે.

૪૧. પું. સાતનો સંખ્યાવાચક શબ્દ.

૪૨. પું. સિંદૂર.

૪૩. પું. સીમું. આ ધાતુના સંબંધમાં આલ્પ્રકાશમાં લખ્યું છે કે: વાસુકિ એક નાગકન્યા જોઈ મોહિત થઈ ગયો. તેના સ્પર્શિત થઈ ગયેલ વીર્યમાંથી આ ધાતુની ઉત્પત્તિ થઈ.

૪૪ પું કાચી.
૪૫. સો બરવાડ અને રબારીની એ નામની એક અટક.
૪૬ સો સહિત વિસ્તરમાં બજાવેલ એ નામની એક લિપિ
૪૭. ન (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.
૪૮ ન અંજન; કાજળ; આંજણ.
કજ્જલ જેવા ઘાટલપુરુષી નાગ દીપસુત સોઈ,
લ્હાજન કુલ આજવાં દેખી રાજે ન કોઈ.
વિનયવિજયોપ
૪૯. ન. એ નામની અટકનું માણસ.
૫૦. ન. એક જાતનું ઘરેણું.
નાગ નાગોદર ગાલ ગુજ્યા. કાન્હડદેમહ
૫૧. ન. એક જાતનું દ્રવ્ય. આ દ્રવ્ય જમકરખ જેવું અને ખાવામાં મારું મીઠું હોય છે.
૫૨. ન. કરણ દરમિયાન કામ ઉપર તે કામની અસર.
૫૩. ન. કાળું અભરખ. દેવતામાં નાખતા તેમાંથી ધુંવાડાની જેમ અવાજ નીકળે છે.
૫૪. ન. ઝેર
૫૫. ન. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું એક તીર્થ.
૫૬. ન. ચારતુના કામમાં શુભ મનાતું એ નામનું એક કરણ
નાગ બાલ, તૈતલ અને ગિર એ ચાર કરણ સારા છે રાજવલ્લભ
૫૭ ન. લાક લોકોની એ નામની જ્ઞાતિનું માણસ
૫૮. વિ આઠ સૂચક સાંકેતિક શબ્દ.
૫૯. વિ. એ નામની અટકનું.
૬૦. વિ. દૂર આકારવાળું.
૬૧. વિ. દેખાતું, દેખે ન ભૂલનાર.
૬૨. વિ પર્વતનું; પર્વતમાં થનાર.
૬૩. વિ. ક્રોધ સમાસને અને વપરાય છે. જેમકે, પુરુષનાગ.
૬૪. વિ. સાપનું
૬૫. વિ. હાથીનું.
નાગ ગ્રામ અને દિવાળી, એ બધે એક વારી = સારા અને બરાબ પ્રસંગ વચ્ચે ભેદભાવ ન કરવો તે

નાગઈ ૧. સો. સંતાઈ. ભુગ્ચાઈ
૨ સો બેશરમી; નિર્લજ્જપણું.
૩ સો બ્યવહાર વિરુદ્ધ બોલવું, ચાલવું અને વર્તવું તે. નાગાઈ

નાગઈંડું ન. ઘડો કે ઘોટો ઊંચકવાને તેને ગળે બાંધવાના ઓટીવાળો ગાળો.

નાગઉરા ૧ સો જૈન મત પ્રમાણે ચોરાશી મહાની એ નામની એક જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નાગકન્યકા ૧. [સં.] સો ઉરપી; પાતાળમાં રહેતી એવી જાત. મનાય છે કે તે બહુ સુંદર હોય છે. તેનું તેજ સૂર્યથી ચડતું નથી, પણ ચકચકિત જવાહિરથી ચડે છે.
૨. સો. નાગની કુમારિકા; નાગની કન્યા; સર્પ જાતિની સ્ત્રી; સર્પકન્યા. પુરાણમાં નાગકન્યા બહુ સુંદર વર્ણવી છે.
૩. સ્ત્રી. પાતળી સુંદર સ્ત્રી; દેખાવડી કન્યા; પરમ સુંદર સ્ત્રી.

નાગકન્યા ૧. [સં] સો. નર્મદાનાં કાંઠા પરનું એક નામ.
૨. જુઓ નાગકન્યકા.

નાગકન્યાનૃત્ય [સં.] ન. એક જાતનું નૃત્ય.

નાગકર્ણ ૧. પું. ઝેરનું ઝાડ.
૨. [સં. નાગ (હાથી) + કર્ણ (કાન)] પું હાથીનો કાન

નાગકલી સો. એ નામની એક વનસ્પતિ: નાગકણી

નાગકંદ [સં.] પું. હસ્તિકંદ નામનું કંદ.

નાગકિંજલ્ક ૧ પું. નોરાનો ગુચ્છો.
૨. [સં.] પું. નાગકેસર.

નાગકિંજા જુઓ નાગકિંજલ્ક

નાગકુમાર [સં.] પું. (જૈન) ભવનપતિ નિકાયના દસ પૈકી એક પ્રકારના દેવ તેઓમાં ધરણ અને ભૂતાનંદ નામે બે ઇંદ્ર છે.
નાગકુમારોને ત્યાંનાકમાં નાગનું ચિહ્ન હોય છે. ધંસુત

નાગકુમારરાજ [સં. નાગકુમાર + રાજન્ (રાજા)] પું. નાગકુમાર દેવોનો રાજા; ધરણેંદ્ર નામા ભૂતાનંદ નાગેનો ઇંદ્ર.

નાગકુમારિકા ૧. [સં.] સો. ચળો.
૨. સ્ત્રી મજ્જા.

નાગકુમારી ૧ [સં.] સ્ત્રી. નાગકુમારદેવની દેવી.
૨. જુઓ નાગકુમારિકા

નાગકુમારેંદ્ર જુઓ નાગકુમારરાજ.

નાગકુલ ૧ [સં] ન નાગનું કુળ.
૨. ન. નાગનું ટોળું

નાગકુષ્માંડ [સં.] સો. ગજપીપર.

નાગકેસર ૧. [સં.] ન. એક જાતનું ઝરિયાનું; પુન્નાગ નામના મોટા વૃક્ષનાં સૂકાયેલાં કેસાનાકર ફૂલ. તે સુગંધી, મીઠી અને દીપક છે. તે દવામાં ૫ થી ૧૫ ગ્રેનની માત્રામાં અપાય છે. તે ઉપરાંત તેજાનામાં અને રંગકામમાં પણ વપરાય છે. નાગકેસરનો બરણી ૧૦ ગ્રેન ચૂર્ણ સાકર અને ઘાબ્બુ સાથે આપતાં કુલ લોહીનું ઓકી બંધ થાય છે. પોરેબ કીની સાથે નાગકેસર ચટાડવાથી દાહનું શમન થાય છે. કાળું નાગકેસર ઠંડા ગુણવાળું અને રાતું નાગકેસર ઉષ્ણ ગુણવાળું છે સાલ નાગકેસરની જાતને લઘુ નાગકેસર કહે છે. કાળું નાગકેસર મસાલામાં ઉપયોગી થાય છે. નાગકેસર કડવું, તૂરું, આમપાચક, કિંચિત્ ઉષ્ણ, લઘુ તથા રૂક્ષ છે અને પિત્ત, ઊલટી, કફ, ખુડવાત, રક્તરોગ, વાયુ, અરુચિ, હૃદયવ્યથા, રક્તદોષ, દુર્ગંધ, વિષ, તૃષ્ણા, કોઢ, વિસર્પ, અસ્તિપીડા, વાતરક્ત, કફરોગ અને મરડાદસ્તોનો નાશ કરે છે તેનાં બીજાં નામ નાગપુષ્પ, નાગકેસર, નાગકિંજલ્ક, પ્રિયનાગ વગેરે છે.

૨. ન. એક જાતનું વૃક્ષ; નાગચંપો. દેખાવમાં આ ઝાડ બહુ સુંદર હોય છે. દિવસે અંધારું તે ઉત્પન્ન થાય છે. પાકડા સુરંગીનાં પાન જેવાં, બહુ પાતળાં અને ઝાંખાં હોય છે તેથી તેની નીચે બહુ માણે ઝાંખો થાય છે. તેમાં ચાર પાંખડીવાળાં મોટાં અને મકેદ ફૂલ ઉનાળામાં થાય છે. ફૂલમાં બહુ સુગંધ હોય છે તેનું ઝાડ એટલું બધું ઝાંખું હોય છે કે કલ્પનારના પડછાયો પાર પણ જેવો ભાસે. આથી તેને બાબાડાં પણ કહે છે. તેના ફળમાંથી બે કે ત્રણ બી નીકળે છે. હિમાલયના પૂર્વ ભાગમાં, પૂર્વ બંગાળમાં, આસામ, બરમા, દક્ષિણ ભારત, સિંહલ આદિમાં તેના વૃક્ષ બહુ થાય છે. નાગકેસરનાં સૂકાં ફૂલ ઔષધ, મસાલો કે રંગ બનાવવાના કામમાં આવે છે. એના રંગથી મોટે ભાગે રેશમ રંગવામાં આવે છે. તેના બીજમાંથી સારું પીળું તેલ નીકળે છે આ તેલ દીવો બાળવાના, તેમ જ દવાના કામમાં આવે છે. વાના રોગમાં આ તેલ ચોળવામાં આવે છે. તેના સાકરામ થી અનેક પ્રકારનો મામાન બને છે. સાકરુ એટલું બધું સારું હોય છે કે હરેકી ચમનાં પણ વાનિલના જેવી ગમક આવી જાય છે. ચૈત્રમાં નાગકેસર તૂરું, મરમ, રૂક્ષ, કફનું તથા જ્વર, ખૂજલી, દુર્ગંધ, વિષ, ખાસ અને પસીનો દૂર કરનાર માનવામાં આવે છે. કાચર પાણીથી પોરેબ કી સાથે નાગકેસરનું ચૂર્ણ ચટાડવાથી હાથપગનો દાહ શાંત થાય છે

નાગકેસર જુઓ નાગકેસર.

નાગકેસર જુઓ નાગકેસર

નાગખડિયો (નાગખડિયે) પું. એક જાતની વનસ્પતિ; અડિયા નાગ.

નાગખંડ [સં.] પું. જબુદ્વીપના નવ ભાગોનો એ નામનો એક ખંડ.

નાગગતિ [સં] સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિની, ભરણી અને કૃત્તિકા નક્ષત્રમાં ગ્રહ હોય તે વખતની તેની ગતિ

નાગગમની [સં.] સ્ત્રી નર્મદાના કાંઠા પરનું એક નામ

નાગગર્ભ [સં.] પું સિંદૂર.

નાગગોધા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; નાગલક્ષ.

નાગગ્રાહ સ્ત્રી. નાગના આકારની પથ્થરની કોતરણીમાં પાડેલા આંટી. તે કાચળા અને પાડિયા વચ્ચે રખાય છે.

નાગગોળા પું. તોપનો ગોળો.

નાગગ્રહ પું. નાગદેવતાના આવેશથી થયેલ રોગ.

નાગચક્ર ન. (શિલ્પ) સંખ્યાબંધ પહોળાઈના આડા આડા કોઠા મળવાથી બનતા ચોસઠ કોઠાવાળી આકૃતિ.

> નાગચક્ર કરવાની બીજી રીત છે કે, એ નાગચક્રના આડા આઠ કોઠાઓ કરવા, પહોળાઈમાં આઠ આડા મળવાથી ચોસઠ કોઠાઓ થશે.
>
> રાજવલ્લભ

નાગચૈત્રેશ્વરા પું. એ નામના શંકર. તેમનું મંદિર ઉજ્જયિનીમાં આવેલ છે.

નાગચંદ્રેશ્વર પું. એ નામના શંકર. તેમનું મંદિર ઉજ્જયિનીમાં પટની બજારમાં છે.

નાગચંપક [સં.] પું. પનાગ; એક જાતનો ચંપો; નાગચંપો. આ ઝાડ મોટું થાય છે. એનાં પાન મોટાં તથા મજબૂત હોય છે. તેને સાત આઠ વરસે પીળાં ફૂલ આવે છે. તે દવાના કામમાં વપરાય છે. તેનાં પાંદડાં નાની કેરી જેવા આકારનાં હોય છે ફૂલની આકૃતિ પણ નાગની ફેણ જેવી હોય છે. આ ફૂલની વાસ સર્પને બહુ પ્રિય હોય છે, તેથી સર્પો આ ઝાડ પાસે રહે છે.

નાગચંપા જુઓ નાગચંપો.

નાગચંપો પું. એક જાતનો ચંપો; નાગકેસરનું ઝાડ. નાગચંપાના ઝાડ કોંકણ અને કર્ણાટક પ્રાંતમાં થાય છે. આ ઝાડ મોટું થાય છે. તેનાં પાંદડાં પણ મોટાં હોય છે. એને સાત આઠ વર્ષે ફૂલ આવે છે. એનાં ફૂલ દેખાવે સુંદર, મધુર વાસવાળાં અને કેસરી જેવડા હોય છે. ફૂલ સૂકવી રાખી મૂકે છે. તેની આકૃતિ નાગની ફેણ જેવી હોય છે. નાગદમનીના ઝાડને પણ નાગચંપો કહે છે. એનાં ફૂલ પીળાં અને નાગની ફેણની જેમ વળેલાં હોય છે. નાગચંપો વર્ણ્ય, ઉષ્ણ, તીખો, ચક્ષુરોપણ તથા ચક્ષુષ્ય છે અને કફ તથા વાયુનો નાશ કરે છે. બીજી વસ્તુના સર્વોત્તે તે અગ્નિસ્તંભક મનાય છે. તેનું લાકડું મજબૂત હોય છે. એનાં ફૂલ હથેળી જેવાં થાય છે. નાગચંપાની સીંગ અગર વાંજણી કેટોલીનો કલ્પ પણી સાથે ધસી કલ્પ ત્રણ ખ્યાલા સુધી અને સીંગનો ધસારો અરધા રૂપિયાભાર સુધી કરીને પાર્શ્વ કરાય છે. તેની એક જાત લાંબો નાગચંપો કહેવાય છે. તેને લીલા રંગના સુગંધીદાર ફૂલ આવે છે. સંધિવા, દુખાવો અને ગરમીના આજાર ઉપર તે વપરાય છે.

નાગચૂડ (નાગચૂડ) ૧. [સં] પું. શિવ; મહાદેવ.

૨. સ્ત્રી. પકડ; સજ્જડ પકડ; ફાંસલો; સખત બંધ; ફાંસો.

નાગચોટલી સ્ત્રી એક જાતની ચોમાસે; બદન ઉપર કપડું.

> નાગચોટલી ગણાં ચપાવ્યાં,
> નીમબટે રીકડી ઝમકે રે નરસિંહ

નાગછત્રા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; નાગદની; નાગોજી. તેનાં પાન કાનનાં જેવાં હોય છે. કાચલીના કેક જેવો નાગછત્રાનો કેક થાય છે. આ કેક કોરડી જેવો મીઠો હોય છે. તે દવામાં વપરાય છે. ભૂમિ ઉપર કોરડી પ્રમાણે તેને ચાખી રસ પીવો. તે તીખો, કચિકર, તીક્ષ્ણ તથા ઉષ્ણ છે અને વાત, કફ, પિત્ત, ગુલ્મ, શૂળ, ઉદર, યોનિરોગ, ગ્રહણી, કફદોષ તથા કૃમિ મટાડે એમ મનાય છે.

નાગછત્રી ૧ સ્ત્રી. વાસના જેવો નકોર ઝોડ. મધુર હોવાથી કેટલાક લોકો તે ખાય છે.

૨. જુઓ નાગછત્રા.

નાગજ ૧. [સં.] ન. કલાઈ; જંગ.

૨. ન. સિંદૂર.

૩. વિ. સર્પથી થયેલું.

૪. વિ. હાથીથી થયેલ.

નાગજન્મ [સં. નાગ + જન્મન્] પું. શ્રાવણ સુદિ પાંચમનો દિવસ. જુઓ નાગપંચમી.

નાગજાતિ ૧. સ્ત્રી. અશ્વની એક જાત.

૨. સ્ત્રી. નાગ લોકોની જાતિ.

૩. સ્ત્રી. સર્પની જાતિ.

૪. સ્ત્રી. હાથીની જાતિ.

નાગજિહ્વા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અનંતમૂળ.

૨. સ્ત્રી. સારિવા.

૩. સ્ત્રી. સર્પની જીભ.

૪. સ્ત્રી. હાથીની જીભ.

નાગજિહ્વિકા [સં.] સ્ત્રી. અનંતમૂલ.

નાગજીવન ૧. પું. પતંગ.

૨. [સં.] ન. કલાઈ; જંગ.

નાગડદાઈ (નાગડદાર્ઈ) સ્ત્રી. ખોટાઈ; દોંગાઈ; લુચ્ચાઈ; નઠારાઈ

નાગડદું (નાગડદુ) વિ. દોંગું; લુચ્ચું.

નાગડમણ સ્ત્રી. એક જાતનો ઝોડ.

નાગડા (નાગડા) ૧. પું. આનંદપુર.

> આ સ્થળે આનંદપુર બોલ્યે વડનગર નહિ પણ ઉદયપુરથી ૨૩ માઈલ દૂર આવેલ નાગડદ અથવા નાગડા ગામ છે તે સમજવાનું છે
>
> કૌમુદી

૨. પું બ. વ. એક જાતના ભાવા.

નાગડાર્ઈ (નાગડાર્ઈ) જુઓ નાગડદાઈ.

નાગડી શાળા (નાગડી શાળા) સ્ત્રી. બાલમંદિર; બચ્ચાઓની શાળા.

નાગડું (નાગડું) ૧. ન. કુરુક્ષેત્ર પાસે આવેલું એક પ્રાચીન સ્થળ. તે થાણેશ્વરથી નૈર્ઋત્યમાં અગિયાર માઈલ દૂર આવેલ છે. ત્યાં ભીષ્મ મૃત્યુ પામ્યા હતા એમ મનાય છે.

૨. વિ. એકવડા પાતળા શરીરનું, નાજુક; નિર્બળ; નમણું

૩. વિ. નાગું; ઉઘાડું.

૪. વિ. શરમ વગરનું; બેશરમ.

નાગડો (નાગડો) ૧. પું. બાળો; સાપ.

૨. પું. લુચ્ચો બદમાશ માણસ.

૩. પું. લોકસાહિત્યમાં પ્રસિદ્ધ થયેલ એ નામનો એક નાયક; નાગ.

> આભામંડળ વીજળી, ધરતીમંડળ મેં;
> નરામંડળ નાગડો, (એમ) અક્ષરોનાં આલમૂદે.
>
> નાગ-નાગમદેનો દુહો

૪. સ્ત્રી. હાથણી

૫. વિ પું. લુચ્ચો.

નાગડોળી પું. એક જાતનો ઝોડ. તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર મનાય છે

નાગડોડા સ્ત્રી. કડવી નર્સ.

નાગણ ૧. સ્ત્રી. અશ્વની એ નામની એક જાત.

૨. સ્ત્રી. કોટમાં પહેરવાનું સોનાનું ઘૂંઘરું એક જાતનું ઘરેણું; નાગેણ.

૩. સ્ત્રી. ક્રોધી, ઉન્મત્ત, સહેજસાજમાં નાગણની માફક ફેણ ચડે તેવી સ્ત્રી.

૪. સ્ત્રી જીભ.

> નાગણ આંખમાં રહેતી નથી. કલાપી

૫. સ્ત્રી. નાગેણ; નાગની માદા; સાપણ; નાગણી. એ બધી ઝેરીલી અને ડંસીલી હોય છે.

૬. સ્ત્રી. પારો.

૭. સ્ત્રી. હાથણી.

નાગણજણ્યું વિ. નાગણથી ઉત્પન્ન થયેલ.

નાગણી ૧. સ્ત્રી. એક જાતનું સોનાનું ઘરેણું પહેરવાનું ચૂડીવું ઘરેણું.

૨. સ્ત્રી. કૂવાનું ઝાડ. આ ઝાડને નાગની ફેણ જેવાં રાતાં ફૂલ આવે છે, માટે આ નામ પડેલું છે.

૩. સ્ત્રી. ઘોડાનું એક અશુભ લક્ષણ; જીભને સર્પની માફક હલાવવાનું કુલક્ષણ.

૪. સ્ત્રી. નાગણ; નાગની માદા; સાપણ.

૫. સ્ત્રી. સીધી તલવાર.

નાગણી સીધી આ સિર ઝેદે તપત્યખ્યાન

૬. સ્ત્રી. હાજરી.

નાગણું ૧. ન. દામણું; ઢોરને બાંધવાનું દોરડું; નાગપણ.

૨. ન. વાસણ ઊંચકવા કરાતો ગાળો.

૩. ન. હળને ધૂંસરી બાંધવાનું દોરડું.

નાગણ્યું વિ. પાકાં, વાછરડાંના ગળામાંનું દોરડું

નાગતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાગમાં લખ્યું છે કે: પુરાતન કાળમાં ઔદુમ્બર નામે પોતાની વંશવૃદ્ધિ માટે બાર વર્ષ તપ કરી આ તીર્થ નિર્માણ કર્યું અને સિદ્ધિ મેળવી. અહીં સર્પની મૂર્તિમાં ઉદુમ્બર આવતા ઉમરાવતી નદી નિર્માણ થઈ. આસો સુદિ ૫ અને રવિવારનું માહાત્મ્ય છે. ઓખોનું વૃક્ષત્વ હોવાને સંતતિ મળે છે.

નાગતૂમડી (નાગતૂમડો) સ્ત્રી. પાણીમાં થતો એક જાતનો છોડ.

નાગદત્ત [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈઓનો એ નામનો એક પુત્ર.

નાગદત્તા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

નાગદમણ ૧. સ્ત્રી. નાગદાવનો; નાગદાનઃ સાપની રાફડીની અંદર થતો એક વેલો. તે સંજીવની જેવી ગણાય છે. સાપનું ઝેર ઉતારવાને આ દવા ખૂબ ગણાતી હોવાથી લોકો તે બાબરે છે. એમાં કુવાર જેવાં પાન અને પીળાં ઝાંખી નળિયાળાં ફૂલ થાય છે.

૨. ન. નરસિંહ મહેતાએ લખેલ એ નામનું કાવ્ય.

૩. ન. પ્રેમાનંદે લખેલું એ નામનું કાવ્ય.

નાગદમણો જુઓ નાગદમણ.

નાગદમન ૧. [સં.] ન. એક જાતનો છોડ; નાગદોના; કંદાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

૨. ન. નાગને દમવો તે.

૩. ન. પ્રભુનું એક નામ

૪. ન. શ્રીકૃષ્ણે કાલિય નાગનું કરેલું દમન.

૫. ન. શ્રીકૃષ્ણે કાળી નાગને જે રીતે દમેલો તેનું કવિત.

નાગદમની ૧. [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાન એક ઇંચ પહોળાં અને લાંબાં હોય છે. એ ઝાડના મધ્ય ભાગે એક લાંબો દાંડો નીકળે છે. તેના ઉપર લાબાં સફેદ ફૂલ થાય છે. એ ફૂલમાં સમચતુષ્કી કળી જેવાં બિયાં હોય છે. તે ઉષ્ણ, કડવી, લઘુ, કફઘ્ન, કોષ્ઠશુદ્ધિકર, તીક્ષ્ણ તથા તીખી છે અને યોનિદોષ, ક્ષુદ્ર તથા સર્પનું વિષ, વાયુ, કૃમિ, ઊલટી, કૃમિ, મળ, મૂત્રકૃચ્છ્ર, ઉદર, પ્રમેહ, ત્રિદોષ, ઉપરસ, કંઠરોગ, દાહ, શુલ્મ, રક્તદોષ, તાવ, સર્વ પ્રકારનાં વિષ, આધ્માન અને ગ્રહપીડા મટાડે એમ મનાય છે.

૨. સ્ત્રી કેતકી

૩ સ્ત્રી, ગીપટો.

નાગદરિકા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગવેલ.

નાગદલા [સં. નાગ + દલ (પાંદડું)] પું. (હિંદી) એક જાતનું ઝાડ. તે બંગાળ, આસામ, બિહાર, મલબાર અને સિલ્હટીપમાં થાય છે. બંગાળમાં તેને પોસુર કહે છે સુંદરવનમાં તેનું લાકડું આવે છે. તે બહુ કઠણ અને મજબૂત હોય છે. તે પાણીમાં લાંબો વખત રહી શકે છે. તેમાંથી ગાડીનાં પૈડાં, હોડી અને બીજો જાતનો સામાન બને છે. તેનાં બીજમાંથી નીકળતું બારું તેલ બાળવાના કામમાં આવે છે.

નાગદલોપમ [સં.] પું. એક જાતનું ઝાડ: હાલસા.

નાગદવણા ૧. પું. એક જાતનો છોડ. તેનાં પાન મોટાં, લાંબાં અને સાંકડાં, ઉપર લીલા ને નીચેના ભાગમાં ધોળાશ ઉપર ઝિણા લીલા રંગનાં અને ફૂલ ધોળાશ પડતા પીળા રંગનાં હોય છે. ફૂલમાં સમચતુષ્કી કળી જેવાં બિયાં હોય છે. આ છોડ કયારે ૩ હાથ ઊંચો થાય છે. આને ગુજરાતીમાં પોમણ કહે છે. જે જગાએ બહુ પાણી ભરાઈ રહેતું હોય ત્યાં આ છોડ થાય છે. તેનાં ફૂલ ભમરકળી જેવાં થાય છે. મૂળમાં કુંવળીના પૌંઠે માંઠો હોય છે.

૨. પું. ત્રિરખાણી.

૩. પું. પાનડિયો.

નાગદશમીવ્રત [સં.] ન. એક જાતનું વ્રત. ભાદરવા સુદિ ૫ ને દિવસે એ વ્રત કરાય છે. જેને સર્પ કરડ્યો હોય તેની ઝેરી ગતિ થાય, તે માટે આ વ્રત બાગ કરવામાં આવે છે.

નાગદંત ૧. પું. હાથીમાં મારેલો બીજો; ટોલ્લો; બીજો; હાથીના દાંતના આકારની ખીંટી, લોઢની વાંકી ખીલી.

૨. પું. સ્થાપત્યમાં એક જાતની તરેહ: ઘાટ્યોત.

૩. [સં. નાગ (હાથી) + દંત (દાંત)] પું હાથીદાંત; હાથીનો દાંત.

નાગદંતક જુઓ નાગદંત

નાગદંતિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વિશલ્યા; દૂધિકાલી.

૨. સ્ત્રી. ભીંતમાં ખોડેલી ખીલી

નાગદંતી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઝેરી ફળાવાળી વનસ્પતિ; ઘોડાગંધા.

૨ સ્ત્રી. એક જાતનું સૂર્યમુખી ફૂલ

૩. સ્ત્રી ઘરને બારણે પવિત્ર ગણાતાં પાન અને ફૂલનું ટાંગવામાં આવતું તોરણ

૪. સ્ત્રી. ઝાકર; ઝૂમ; તોરણને આકારે પથ્થર, ઈંટ વગેરેની ઢબાન જેવી આકૃતિ.

૫. સ્ત્રી. નખી નામનું ઘરેણું.

૬. સ્ત્રી. નાગબંધનો છોડ.

૭. સ્ત્રી. વસ્તુ ટાંગવા માટે ભીંતમાં ખોડેલી ખીલી

૮ સ્ત્રી. વેશ્યા

નાગદાન પું. એક જાતની વનસ્પતિ; નાગદમની.

નાગદાવનો પું. એક જાતની વનસ્પતિ; નાગદમની.

નાગદુમા [નાગ (હાથી) + દુમ (પૂછડું)] વિ. જેની પૂછડીનો છેડો સર્પની ફેણ જેવો હોય એવું. હાથી માટે આ વિશેષણ વપરાય છે. આવો હાથી જોખમવાળો મનાય છે.

નાગદેવ પું. એ નામનો એક રસસિદ્ધ.

નાગદેવતા [સં. નાગ (સર્પ) + દેવતા (દેવ)] પું. દેવતા તરીકે પૂજાતો નાગ; નાગરૂપી દેવતા.

નાગદોન ૧. [સં. નાગદમન] પું. એક જાતનું ઝાડવું. એમ કહેવાય છે કે, તેને અડવાથી એની મેળે જેડીઓ નીકળી જાય છે.

૨. પું. નાના આકારનું એક પહાડી ઝાડ. સીમલા અને હજારામાં તે બહુ થાય છે. તેનું લાકડું અંદરથી પોચું અને સફેદ હોય છે. આ લાકડા પાસે સર્પ આવતો નથી એવી લોકોની માન્યતા છે.

૩. જુઓ નાગદોના ૨

નાગદોના ૧. [હિ.] પું. એક જાતનું ઝાડ. તેના સૂકાં પાન લોકો કપડાં તથા ઓરડાને જીવડાંથી બચવા તેની વચ્ચમાં રાખે છે.

૨. પું એક જાતનો નાનો છોડ; નાગદમની. તેને ડાળ કે ચક્ર હોતા નથી. મૂળના ઉપલા ભાગમાંથી ચોતરફ પાંદડાં નીકળે છે, જે એક હાથ

નાગકર્ણચમ્પી

બાંધ્યાં અને બે બાજી બાંધણ મહોળાં હોય છે. ફરસ તે બેસ લીલાં હોય છે. વૈષ્ણવો તે કંઠમાં, હાથમાં. ત્રિલોચનાક્ષ, કોઢાને શુદ્ધ કરનાર, વિષનાશક અને સોજા, પ્રમેહ અને તાવને દૂર કરનાર મનાય છે.

૩. પુ. ઝાડનો કીડો.

નાગકન્યા ૧. સ્ત્રી. વાસુકિની ચોરાશી બાંધેની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

ઘણા નાગકન્યાની જાતિ. વાલ્મીકિરામાયણ

૩. વિ. એ નામની એક જાતિનું.

નાગકન્યા ૧. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી મહાની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નાગકંદ [સં.] પું. એક જાતનું ઝાડ.

નાગકકુભ ૧. [સં.] પું. ચોર.

૨. પું. નાગકણી નામનું ઝાડ

નાગકીપ ૧. [સં.] પું. એ નામનો એક દ્વીપ; દેવદ્વીપ પછી આવેલ દ્વીપ.

૨. પું. ભારતવર્ષનો એ નામનો એક ભાગ.

નાગકન્યા ન. (પુરાણ) એ નામનું એક તીર્થ; મહાભારતમાં બતાવેલું એક પ્રાચીન તીર્થ. જ્યાં બળરામ ગયા હતા.

નાગકર [સં. નાગ (સર્પ) + ધૃ (ધારણ કરવું) + અ (પ્રત્યય)] પું. મહાદેવ; શિવ.

નાગકવનિ સ્ત્રી. (સંગીત) મલ્હાર અને કેદાર અથવા સારંગ કે મલ્હાર અને સારંગના મોગથી થતી એ નામની એક રાગિણી. તેની સારી ગમ આ પ્રમાણે છે. નિ સા ગ મ પ.

નાગન ૧. સ્ત્રી. કંજિયાણી સ્ત્રી.

૨. સ્ત્રી. ભુલકું; વાળની લટ.

૩. [સં. નાગિની] સ્ત્રી. નાગણી.

૪. ન. એક જાતની તલવાર.

૫. ન. નાગના જેવું એ નામનું એક ચકચકીત હથિયાર.

નાગનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર

નાગનગ [સં] પું. મજબૂતતા.

નાગનદરા પું. રોવા ચોરાશી જ્ઞાતનો એ નામનો એક પેટા જ્ઞાત.

નાગનસ જુઓ નાગનય.

નાગના ન. નવાનગર પાસેનું એ નામનું બંદર. કચ્છમાંડવી પાસેના જોડિયાથી પૂરબસ્થાન બોરણી વાસે છે અને બોરણીથી નાગનાનું બંદર (નવાનગર પાસે) આવ્યા.

ગુજરાતનાં તીર્થસ્થાન

નાગનાથ ૧. પું. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

૨. પું. વાસુકિ.

૩. પું. શિવના ભાર બારેનું એ નામનું એક લિંગ. તે દારુકવનમાં છે.

૪. પું. શેષ નાગ.

૫. [સં. નાગ (હાથી) + નાથ (ધણી)] પું. એક હાથી; ઐરાવત હાથી; નાગનાથક.

નાગનાથસ્વામી [સં. નાગ (સર્પ) + નાથ (ધણી) + સ્વામિન્ (ધણી)] પું. ઈશ્વર. તે મોટા નાગોને ધારણ કરનાર મનાય છે

નાગનાથેશ્વર [સં.] પું. શિવનાં ભાર બારેનું એ નામનું એક લિંગ.

નાગનામક [સં.] ન. સીસું

નાગનાશન [સં. નાગનાશન] પું. તુલસી.

નાગનાયક ૧ [સં] પું. અનંત, વાસુકિ, પદ્મ, મહાપદ્મ, તક્ષક, કર્કોટક, કુલિક અને શંખ એ આઠ મોટા સર્પ બારેનો ઈશ.

૨. પું. ઐરાવત હાથી.

૩. પું. શેષ હાથી.

૪. ન. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

નાગનારસા [સં.] સ્ત્રી. હાથીની સૂંઢ.

નાગનિર્યૂહ [સં.] પું. ભીંતમાં બારેલી બીલી.

નાગની ૧. સ્ત્રી. કંજિયાણી સ્ત્રી.

૨. સ્ત્રી. ભુલકું; વાળની લટ.

૩. [સં. નાગિની] સ્ત્રી. નાગણી.

૪. સ્ત્રી. ખાવટો

નાગની બારણી સ્ત્રી. પેટે ચાલનાર એ નામનું એક જંતુ. તે લગભગ ૪ થી ૫ ઇંચ લાંબી હોય છે. તેને સર્પની માફક પણ કહે છે.

નાગની માસી જુઓ નાગની બારણી.

નામનું મૂળ ન. નાગના કંઠ ઉપર બારણ તરીકે વપરાતો એક જાતનો ઘરેણ.

નાગનું લાકડું (નાગનું લાકડું) ન. કાળાગરનું લાકડું. વેરટ ઉંદીઝમાંથી તે મળે છે. તે ભચેરાના બેકનટ ઝાડના અંદરના લાકડાનું અને ટ્રિનિદાદના એવા જ ઝોડનું બનેલું છે. લાકડાનો રંગ બેરો ઘૂરો હોય છે. તે પાલેશના કામમાં આવે છે.

નાગનેહ ન. નવાનગર.

નવાનગરનું જૂનું નામ નાગનેહ હતું.

નાગપતિ

નાગપતિ ૧. પું. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

૨. પું. (ચિત્રણ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ચૂયાલ્લ ઉપનામા છંદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૦૫ વર્ણ અને ૧૦૮ માત્રા હોય છે.

૩. [સં.] પું. ચન્દ્ર.

૪. પું. (જૈન) નાગકુમાર દેવોનો ઇંદ્ર.

૫. પું. શેષ નાગ

૬. પું. સર્પોનો રાજા વાસુકિ.

૭. [સં. નાગ (હાથી) + પતિ (ધણી)] પું. એક હાથી.

૮. પું. હાથીઓનો રાજા; ઐરાવત હાથી.

નાગપત્ની [સં. નાગ (સર્પ) + પત્ની (સ્ત્રી)] સ્ત્રી. નાગણ.

નાગપત્રા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગદમની.

નાગપત્રી ૧. [સં.] સ્ત્રી. એ નામનો એક છંદ, વૃત્ત.

૨. જુઓ નાગપત્રા.

નાગપદ ૧. [સં.] પું. એક જાતનો રતિબંધ.

૨. ન. હાથીનું પગલું.

૩. ન. હાથીનો પગ.

નાગપદમણી સ્ત્રી. નાગકન્યા.

નાગપદમણી જેવી = નાગકન્યા જેવી શ્યામ અને સુકોમલ સુંવાળા શરીરવાળી. જેના માટે આ પ્રયોગ વપરાય છે.

નાગપરા ૧. સ્ત્રી. એ નામની જોગીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નાગપર્ણી [સં.] સ્ત્રી. નાગરવેલ.

નાગપર્વતક પું. એક જાતનું ચંદનનું એક જાતનો સુગંધી પદાર્થ. તે નાગપર્વતમાંથી ઉત્પન્ન થાય છે. તે ખરજવાને અને કૈવલ્યના જેવા રોગવાળો હોય છે.

નાગપહાડ (નાગપહાડ) પું. પુષ્કરરાજ પાસે આવેલ એ નામનો એક પર્વત. પ્રાચીન ઋષિઓએ અહીં તપ કર્યું હતું.

નાગપંચમી સ્ત્રી. શ્રાવણ માસની સુદિ પંચમનો દિવસ. આ દિવસે નાગની પૂજા કરવામાં આવે છે. તે ઉપરથી આ તહેવારને નાગપંચમી કહે છે. કૃષ્ણે પ્રથમ નાગનો પરાજય કર્યો તે દિવસ શ્રાવણ સુદિ પાંચમ હતો. તે ઉપરથી નાગની પૂજા પ્રચારમાં આવી એમ કેટલાકનો મત છે. નાગપંચમીનો દિવસ વિદ્યારંભ કરવા માટે શુભ દિવસ ગણાતો હોવાથી તે દિવસે છોકરાઓ

પાસે મણેરાપૂજા કરાવી આદમજી પાસે તેમના અભ્યાસનો આરંભ કરાવવામાં આવે છે. વરાહપુરાણમાં લખ્યું છે કે: આ પાંચમની તિથિએ જ નાગોને બ્રહ્માએ શાપ અને વરદાન આપેલા, તેથી તે તિથિ તેને અત્યંત પ્રિય છે. આ તિથિએ નાગની પૂજા ભારતમાં જોઓ ઠામઠામ સર્વત્ર કરે છે. કેટલેક સ્થળે શ્રાવણ વદિ પાંચમે નાગની પૂજા કરાય છે.

નાગ અને આર્યોની વચ્ચે ઘણા વખત સુધી લડાઈ ચાલી. આખરે સુલેહ થઈ અને આર્યોએ તેમના ઉપર હુમલો કરવો નહિ તેમ જ નાગોએ આર્યોને ઈજા કરવી નહિ એવું કહ્યું. આ સલાહસૂચક નાગપંચમીનો તહેવાર છે.

તહેવારનો ઇતિહાસ

નાગપાર્ચિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું આહેવ એક નામ

નાગપારડા ૧. પું. એક જાતનો રતિબંધ.

૨. પું. સાળો; સરકાગાંઠ; સર્પશિરસ.

૩. [સં.] પું. નાગ પોતાના શરીરના વીંટા પાડે તેવી જાતની સૈન્યની વ્યૂહરચના.

૪. પું. નાગના મુખના જેવો હાંસો; સરકાગાંઠ; એક જાતનો હાંસો.

૫. પું. નાગનું બંધન કરનાર બાણ; એ નામનું એક અસ્ત્ર; વરુણનું એ નામનું અસ્ત્ર, જેનાથી શત્રુઓને બાંધી લેતા હતા; શત્રુને બાંધવા માટે એક પ્રકારનું બંધન કે હાંસો. વાલ્મીકિ રામાયણમાં મેઘનાદે આ અસ્ત્ર ઉદ્ધ પાસેથી મેળવ્યાનું લખ્યું છે. બાણાસુર અસ્ત્ર વડે અનિરુદ્ધને બાંધ્યો હતો. પુરાણોમાં પણ તેનો ઉલ્લેખ છે. તંત્રમાં કહ્યું છે કે, ઘઉંની આંટાના બંધનને નાગપાશ કહે છે.

મેઘનાદ તિહાં મેઘસમ ગાજણ,
અગ્નિબાણ મેલ્હાવું,
નાગપાશ તિહાં બરબિ મૂકે ગરુડ,
બહિ તાં આવાવું.

સીતાહરણ

૬. પું. ફાંદો; બળ; પાશ.

૭. પું. લડાઈમાં વપરાતો એક જાતનો મંત્ર.

૮. ન. અકૂપારી આહેવું એ નામનું એક જોગાસન.

નાગપારાક [સં.] પું. એ નામનો એક રતિબંધ; નાગપાશ.

નાગપારામબંધ પું. એક જાતનું ચિત્રકામ.

નાગપારામબંધન જુઓ નાગપાશબંધન.

નાગપારામોડિયો (નાગપાશમોડિયો) પું. વરમોડિયાની રક્ષા કરવા તથા કન્યાના શુભ ચિહ્નસૂચક કાઢવામાં આવતું કૂવાની નજીકનું એક જાતનું ચિત્ર.

નાગપારી વિ. નાગપાશ સંબંધી.

નાગપાસો પું. નાગના આકારની પથ્થરની કોતરણીમાં માઢેલી આંટી. તે શંકરના મંદિરમાં કાચમા અને પોઠિયા વચ્ચે રખાય છે.

નાગપાંચમ સ્ત્રી. નાગપંચમી; નાગ દેવતાની પૂજા કરવાનો શ્રાવણ વદિ પાંચમનો દિવસ. નર્મદાની જેમ તરફ સુદિ પાંચમ પળાય છે. એ દિવસે નાગજન્મ થયો હતો એમ મનાય છે. ઋષિપુત્રનો જન્મ પણ તે જ દિવસે થવાનું કહેવાય છે.

નાગપાંચેમ જુઓ નાગપાચમ.

નાગપિંગળ ન. (ગારુડી) એક પ્રકારનું પિંગળ. આ પિંગળ કાવ્ય રોષનાશે ગરુડજીને ભણાવેલ હતું એવી માન્યતા હોવાથી તેનું નામ નાગપિંગળ પડ્યું કહેવાય છે.

નાગપુર ૧. સ્ત્રી એ નામની એક જાતની નારંગી. આ જાતની નારંગી મોટી હોય છે અને વર્ષમા તેના બે પાક આવે છે

૨. [સં.] ન. અગ્નિપુરાણમાં જણાવેલું એ નામનું એક સ્થાન. અગ્નિપુરાણમાં લખ્યું છે કે: જ્યાં ગંગા મહાદેવજીની જટામાંથી નીકળી હેમકૂટ, હિમાલય વગેરે ઓળંગી આવી ત્યારે સ્વર્ગીય નામનો એક દાનવ પર્વતના રૂપે તેનો માર્ગ રોકો બેઠો. ભગીરથે શંકરને પ્રસન્ન કરી તેની પાસેથી એક નાગવાહન મેળવ્યું, જે વડે તે પર્વતરૂપ દૈત્યનો નાશ કરવામા આવ્યો. જ્યાં તે દૈત્યનો નાશ થયો તે જગ્યાનું નામ નાગપુર પડ્યું.

૩. ન. નાગનું શહેર.

૪. ન. પાતાળ; નાગલોક.

૫ ન. જોગવતી નામની નગરી. તે પાતાળમા હોવાનું માનવામાં આવે છે.

૬. ન. હસ્તિનાપુર નગર.

૭ ન. હિંદુસ્તાનમાં મધ્ય પ્રાંતની રાજધાનીનું શહેર.

નાગપુર નામ એ સ્થળે નાગોની મોટી આબાદી હોવાથી પડ્યું એમ ઇતિહાસવિદ શ્રી વૈદ્યનું કહેવું છે. ૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત

નાગપુરી વાઘનાગ પું એક પ્રકારની ઝેરી વનસ્પતિ; વત્સનાભ.

નાગપુરી સંતરું ન સંતરાની એક જાત.

ખૂબી છલના સંતરાને નાગપુરી સંતરું કહે છે
ખેતીવાડી પાઠ્યપુસ્તક

નાગપુષ્પ ૧. [સં.] ન. એક જાતનું ઝાડ; નાગકેસર.

૨. ન. એક જાતનું ફૂલ; નાગચંપો.

૩. ન. કેસર.

૪. ન. ચંપો; ચંપક વૃક્ષ.

૫. ન. પુનાગ વૃક્ષ.

નાગપુષ્પફેલા [સં.] સ્ત્રી. કોળાનો વેલો; પેઠા.

નાગપુષ્પિકા ૧. [સં] સ્ત્રી. નાગદોના.

૨. સ્ત્રી. પીળો જૂનો ઝાડ.

નાગપુષ્પી ૧. સ્ત્રી. શ્રાવણકાંકું.

૨. સ્ત્રી. કીપટો

૩. સ્ત્રી. નાગદમની.

૪. સ્ત્રી. મેંદાસીંગી

નાગપૂજા [સં.] સ્ત્રી નાગની પૂજા. શ્રાવણ સુદિ તથા વદિ પાંચમને દિવસે આ પૂજા થાય છે.

નાગપૂત [સં નાગપુત્ર] પું સિક્કિમ, ભુતાન અને આસામમા થતી કચનાર જાતિની એક જાત.

નાગફેણ કુંભાર પું (કચ્છી) એક જાતનો ઘોડો. નાગફણી કુવાર. કુંભાર જેવા આ ઘોડાનાં પગ સફેદ તે મજબૂત રેસાવાળા હોય છે

નાગફેણ કુંવાર જુઓ નાગફણ કુમાર.

નાગફેણા ૧. સ્ત્રી નાગકુમાર દેવતાનું મુગટમાં રહેલું ચિહ્ન

૨. સ્ત્રી. સાપની ફેણ.

નાગફેણી ૧ પું એક જાતનો ઘોડ તેના અંગ ઉપર સર્પના જેવા ચિહ્નોટા હોય છે. દિવસ. વિષ ઉપર નાગફણીનાં મૂળ આગના કુંડમા મૂકી તિલ બે વખત આપવાથી સાત દિવસમા આરામ થઈ જવાનું કહેવાય છે. એ ઘોડ નાના ઝાડ છે અને નાગની ફણી જેવો એ ઘોડના ઉપરના ઊંડા ઉપરનો આકાર હોય છે.

૨. પું દરવાજો, કાંટાળો થોર

૩. સ્ત્રી. એક જાતની કેતકી,

૪. સ્ત્રી એક જાતનું નાના બાવાઓનું વાજિંત્ર; તૂરી. આ વાજું સર્પની પેઠે ગણ વ.ક વળેલું, ભૂંગળી જેવું હોય છે. પૂછડી તરફથી મુંહ મારવામ. આવે છે એટલે ઝીણો ને મીઠો અવાજ નીકળે છે નાગા બાવાના અખાડા તથા મોટા મહતોના મકાને બહાર જમવાની પંગત ઊઠે થતી વખતે તથા ઉઘતી વખતે તે વગાડાય છે.

૫. સ્ત્રી ગદ્દાના ઢગ્યા ઉપર ચાપગાના હાયતા રક્ષણ માટે જડવામા આવતી નાગની ફેણ જેવા ચામડાની ગાદી

૬. સ્ત્રી. જાજરી નીચેનો ગાળ

૭ સ્ત્રી નાગના આકારની સાત આગળ વાળી ખીલી, ભૂત પિશાચને મારવા, વશ કરી નેતર રહેવાના સ્થાનક પાસે ખોડવાના ઉપયોગમાં લેવાતી ખીલી.

૮. સ્ત્રી. નાગની ફેણ જેવા આકારનો લોઢાનો આગે વાળેલો ખીલો

૯. ન એક જાતનું માંકડના જેવું નાનું જંતુ.

નાગફેણી કુંભાર જુઓ નાગફણ કુંભાર.

નાગફેણી કુંભાર જુઓ નાગફણ કુંભાર.

નાગફેણી કેતકી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. કેટલાક વૈદ્યો આને મોરવેલ માને છે.

નાગફેણી પાત્ર ન. એક પ્રકારનું ઝાડ; સોગોપામ. અળૂરી જેવા દેખાતા આ ઝાડમાં કાંટા હોતા નથી. એમા નાગફેણ જેવા પોટા ને તેની કોર ઉપર ફૂલ આવે છે.

નાગફેણ્યા સ્ત્રી. લોઢાની એ નામની એક જાત.

નાગફેની ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું ચાબખું. તે નેપાળમાં બહુ વપરાય છે.

૨ સ્ત્રી કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૩. સ્ત્રી નાગા બાવાની લંગોટી.

૪. સ્ત્રી કાયમનો ચોર; ચોરની જાતનો એક જાતનો જોડ. તેને કાણી હોતી નથી. સાપની ફેણના આકારનાં રસદાર મોટાં ફળ એરંડીના ઉપર નીકળતાં ચાલે છે. આ ફળ કાર્બન સીલ.ક્ષ લેતુ હરિ રંગનું અને કાંટાવાળું હોય છે. કાંટા લાગવાથી બહુ પીડા થાય છે. ફળની ટોચે પીળા રંગનાં મોટાં ફૂલ આવે છે. ફૂલનો નીચલો ભાગ નાની ગોળીના આકારનો હોય છે, જેમા લાલ રંગનો રસ ભરેલો રહે છે. ફૂલ ખરી જતા આ ગોળી વધીને ગોળ ફળના રૂપમાં આવે છે. આ ફળ પાકવામાં ચટણીદાં હોય છે અને ફળાના કામમાં આવે છે. તેનું શાક અને અથાણું પણ થાય છે. કોઈ સ્થાનને ઘેરી લેવા માટે નાગફણીની વાડ કરવામાં આવે છે. કાંટાને લીધે તેને ઓળંગવી મુશ્કેલ પડે છે.

નાગફેલ [સં.] પું. પંડોળાનો વેલો; ખટોલબેદ; પરવલ

નાગફોસ ૧. પું. લડાઈમા દુશ્મનને પકડવાનો ફાસો

૨ [હિ] સ્ત્રી નાગપાશ; સરકિયા ઝાડ.

૩. ન. દુશ્મનોના માણસોના અવયવો જડ બનાવી દે એવુ અસ્ત્ર.

નાગફોક ૧. પું. લાયકો ચોર.

૨. સ્ત્રી. નાગનો આકાર પડતો દેખાવ, નાગની ફેણ.

નાગફોણા વિ. નાગની ફેણ જેવુ.

નાગફોણી ન. ચોર ઉપર ઊભરતું એક જાતનું જંતુ. એમાંથી અગાઉ લાલ રંગ કાઢવામાં આવતો. આ જંતુઓને ચોર ઉપર ઉછેરી તેમને ઊના પાણીમાં નાખી નાખવામાં આવતાં, એટલે રંગ તૈયાર થતો. એને ચૂના ઉપર યુક્તિસર મારી નાખી તેના શરીરનો કુદરતી બોળો બૂકો મેળવી શકાય છે, પણ અરબ પ્રદેશથી અમલ વધારાયો મારી નાખ્યાથી તે બૂકો નષ્ટ થાય છે.

નાગફોન [હિ.] ન. અફીણ, અહિફેન.

નાગબર પું. (જરથોસ્તી) નાવર.

નાગબલ ૧. [સં.] પું. (પુરાણ) ભીમસેન. ભીમસેનમાં દસ હજાર હાથીનું બળ હતું એમ મનાય છે. જ્યારે દુર્યોધને ભીમને ઝેર દઈ પાણીમાં ફેંકી દીધો હતો, ત્યારે તે નાગલોકમા પહોંચ્યો હતો. ત્યારે તેને આ બળ મળ્યું હતું નાગલોકમાં પડતાં નાગ તેને બહુ કરડ્યા, જેથી તેના સ્વાભાવર ઝેરનો પ્રભાવ ઊતરી ગયો અને તે સ્વસ્થ થયો. આમ થતાં કુંતીના પિતાના મામાએ ભીમને ઓળખ્યો. ઉપરથી વાસુકિની કૃપાથી તેને એક કુંડનું રસપાન કરવાનું મળ્યું, જે પીવાથી હજારો હાથીઓનું બળ મળ્યુ

૨. [સં. નાગ (હાથી) + બલ (બળ)] વિ. હાથી સમાન બળવાળુ

નાગબલા [સં.] સ્ત્રી એક જાતનો વેલો. તેનાં મૂળ અને બીજ, દવાના કામમા વપરાય છે. એનાં પાન નાનાં અને પહોળાં તથા ફૂલ સફેદ થાય છે. તેને બે કે ચાર બીજવાળા નારંગી રંગના ખટમીઠાં ફળ થાય છે. તે દૂધ અને સાકર સાથે આપવાથી પ્રમેહ મટે છે અને મૂત્રરોગ ઉપર પણ કામ લાગે છે.

નાગબંધ પું. જોડેલા હાથના ૨૪ બાંધેનો એ નામનો એક અભિનય.

૨૪ પ્રકારના જોડેલા હાથ નીચે પ્રમાણે છે. કોલક, મકરમ, કપોત, શિવલિંગ, **નાગબંધ** વગેરે.
પ્ર. જ્ઞાનદીપ

નાગબંધુ ૧. પું. અંજીરનું ઝાડ.

૨. [સં. નાગ (સાપ) + બંધુ (મિત્ર)] પું. પીપળાનું ઝાડ.

નાગબાણ ૧. પું. એક જાતનો દિવ્ય ઘોડો.

૨. ન. એક જાતનું બાણ. તે છૂટ્યા પછી નાગની માફક મનુષ્યને પાસરૂપે વીંટાઈ શરીરમાં પ્રવેશ કરે છે.

નાગબાપા પું. નાગ દેવતા.

નાગબેલ ૧. [હિ.] સ્ત્રી કોઈ વસ્તુ ઉપર બનાવેલી સર્પાકાર વેલ.

૨. સ્ત્રી. ઘોડાની આડી તીરછી ચાલ.

૩. સ્ત્રી. નાગરવેલ.

નાગબોધનાથ પું. નાગપથનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

નાગબોધિયા પું. (ભોંઇ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ

નાગભગિની ૧. [સં.] સ્ત્રી. એ નામની મનસા દેવી. એ નાગલોકોની બહેન મનાય છે.

૨. સ્ત્રી. વાસુકિની બહેન; જરત્કારુ.

નાગભદ્રક ન. એક જાતનું રત્ન

નાગભસ્મ [સં. નાગ (સીસું) + ભસ્મન્ (રાખ)] સ્ત્રી. સીસાની ભસ્મ. તે બનાવવાની રીતઃ સીસાનો રસ થાય ત્યારે આમલીના ઝોકડાંનો બૂકો ચોકો ચોકો નાખતા જવું અને લોઢાની સળીથી ઘૂંટવું. કેટલા સીસાથી બમણા ભાગનો આમલીનો બૂકો નાખવો. એક પ્રહર ઘૂંટવાથી સીસાની ભસ્મ થાય. ભાર પછી તેમાં સમભાગે મનઃશિલ નાખી, કાંજીમાં ચાર ગરાવસપુટ કરી ગજપુટ દેવો. આથી શુદ્ધ નાગભસ્મ થાય છે. નાગભસ્મ બોળા અને રોતા એવા બે રંગની કરવામાં આવે છે. તેને વીર્યની વૃદ્ધિ કરનાર માનવામાં આવે છે. તે પૌષ્ટિક હોવાથી ક્ષય, પ્રમેહ, સંગ્રહણી, અગ્નિમાંદ્ય, વીર્યદોષ, પ્રહર, રક્તવિકાર તથા ઋતુદોષ ઉપર અપાય છે. તે ઘણ, દૂધ કે માખણ સાથે સવાર સાંજ લેવાય છે. તેની માત્રા ૨ રતી છે.

નાગભાષા [સં.] સ્ત્રી. પ્રાકૃતમાંથી ઉત્પન્ન થયેલ એક ભાષા. આ ભાષા પાતાળમાં વસતા નાગલોકો બોલે છે એમ મનાય છે.

નાગભિદ્ [સં. નાગભિદ્] પું. એક પ્રકારનો ભારે સર્પ

નાગભૂપ [સ નાગ (સર્પ) + ભૂપ (રાજા)] પું. સાપનો રાજા; શેષનાગ.

કવિ કપમ કરી વખાણે રૂપ,
કહેતા હારે મિલા નાગભૂપ. સિલ્હર

નાગભૂષણ [સં.] પું. શિવ; મહાદેવ. આભૂષણ તરીકે શિવ ગળામાં નાગ પહેરે છે.

નાગમગું વિ. નાગનું માત્રમિયાત.

નાગમમાંને નાગ, કોમથી કરડે નહિ;
પડે અજવાળે પાગ, ઝાર પર સૂરજ મારીઆ.
ગોકુળ

નાગમગો ૧. પું. નાગની પાસેથી ઉપાસના વડે પ્રાપ્ત થતુ જ્ઞાનમાં એક જ વાર પ્રાપ્ત કરનાર એક જાતિનો માણસ; નાગનાં જપ પૂજનો ઉપાસક પુરુષ.

૨. પું. નાગનો ભારોટ; નાગના પૂજની ચંગાઈણી નાગને વાશી સાજણવનાર માણસ.

નાગમણિ [સં.] પું. નાગના માથા ઉપરનું મનાતું રત્ન.

નાગમણી પું. (પિંગ) એક સમવૃત્ત માત્રામેળ છંદ. તેનું દરેક પદ ૪૮ માત્રાનું હોય છે અને એક ઉપર પછી બીજે ક્રમે આડતા તાલ આવે છે.

નાગમતી ૧. પું (જૂ. ગુ.) સાપ રમાડનાર માણસ.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક સરિતા.

૩. સ્ત્રી. નવાનગર પાસેની એ નામની એક નદી. જામ રાવળજીએ વિક્રમ સંવત ૧૫૯૬ના શ્રાવણ સુદિ ૯ ગુરુવારને દિવસે રંગમતી ને નાગમતીને કાંઠે નવાનગર વસાવ્યું.

નાગમરોડ (નાગમરોડ) [હિં.] પું. કુસ્તીનો એ નામનો એક દાવ. તેમાં કરીદને પોતાની બરદન અથવા કમર ઉપરથી એક હાથ ખેંચીને પછાડવામાં આવે છે. આ દાવ અને ધોબીપછાડમાં એટલો ફેર છે કે ધોબીપછાડમાં કરીદને એક હાથથી પીઠ ઉપર વાંકો કરીને ઊંચકી ફેંકવામાં આવે છે.

નાગમલ્લ [સં.] પું. ઐરાવત હાથી.

નાગમંગું વિ. નામના પરિયા વાંચનારું.

નાગમંગો વિ.પું. નામના પરિયા વાંચનારો.

> નામમંગા નામ જિવાય બીજ કોરનિ પણ જાયતા નથી. અને જેમ બાર જોસો-વહીવચા-આપણા પરિયા વાંચે છે તેમ નામમંગા નામોના પરિયા વાંચી તેમની બારોબારી જ રોજી લે છે, એથી જોડોક્તિ છે. કચ્છનાં રસઝરણાં

નાગમંડલિક [સં.] પું. સર્પ પકડનાર માણસ.

નાગમંડળ ન. નવમારીનું એક પ્રાચીન નામ.

નાગમા પું. મધુરતા; મીઠાશ.

નાગમાતા ૧. [સં. નાગમાતૃ] સ્ત્રી. નાગની માતા કદ્રુ.

૨. સ્ત્રી. મનઃશિલા; મૈનસિલ.

૩. સ્ત્રી. સર્પની ઉપરી મનસા દેવી.

૪. સ્ત્રી. સુરસા રામાયણમાં લખ્યું છે કે, જે વખતે હનુમાન સમુદ્ર ઓળંગી રહ્યા હતા, ત્યારે દેવતાઓએ તેમના બળની પરીક્ષા માટે નાગોની માતા સુરસાને મોકલી હતી.

નાગમાત્રો જુઓ નાગમાતા.

નાગમારુ ૧. [સં.] પું. કાગો બાજનો; બૈસરાજ

૨. વિ કાંસીને મારી નાખનાર

નાગમુખ [સં. નાગ (હાથી) + મુખ (મોઢું)] પું. ગણેશ

નાગમોટી (નાગમોઠી) પું. એ નામનો રમાણુ.

> કોનિયા અને રબ્બેરોઇડના સંયોગ પાસે બંદર એક નાગમોટી રમાણુ છે. ત્રિભુવન સાહ

નાગમોતી ન. એક જાતનું મોતી. તે રંગે નીલ, મોર, ખિસોર જેવું, રંગ અને તેજમાં અતિ ઉત્તમ અને બધી ઉચ્ચ કક્ષાની જ્યોતિવાળું તથા નિર્મળ હોય છે.

> નાગમોતી મોટે ભાગે ચળકાટ નરસ્તાં અને આરોગ્યપ્રદ ગુણો માટે ખાસ કીમતી છે. ચિત્રમયજગત

નાગયજ્ઞ ૧. [સં.] પું. નાગનો યજ્ઞ.

૨. પું. નાગપૂજા નાગ દેવતાઓનો ઉત્સવ.

૩. ન. (સંગીત) ગાડવનું એક તાનઃ પડજ ગ્રામમાં પંચમસ્વામી સંવાદી ઉત્પન્ન થતું એક તાન.

નાગયલું ન. નાગલું; દામલું.

નાગયષ્ટિ [સં.] સ્ત્રી. તગાદ કે પુષ્પગિરીમાં ઊગતો લાકડા કે પથ્થરનો બાજલો. હનશીંગ અને બૃહસ્પતિ અનુસાર આ વાંસલો પુષ્પાગ, નાગકેસર કે ચંપાના લાકડાનો હોવો જોઈએ. લાકડું સીધું અને સારા આકારનું હોવું જોઈએ. અગ્નિપુરાણમાં લખ્યું છે કેઃ પવેત્ર આઠ નામોના નામ અલગ અલગ પત્ર ઉપર લખી બળતા કરેલા કુંડમાં કુબાવી દેવા. પછી પત્રોને ખૂબ હલાવી એક પત્ર ઉઠાવી લેવો જે નામનું નામ તે પત્ર ઉપર હોય, તે જગ્યાનો અધિપતિ થાય. તે નામની પ્રતિષ્ઠા નૈવેદ્યથી પૂજા કરી નામયષ્ટિની સ્થાપના કરવી.

નાગયષ્ટિક જુઓ નાગયષ્ટિ

નાગર ૧. [સં.] પું. એ નામનો એક દેશ

૨. પું. (પિંગ) એ નામનો એક સમવૃત્ત માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો ભેદ છે. તેમા ૪૨ ગુરુ અને ૪૦ લઘુ મળી ૮૨ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.

૩. પું. એક જાતનો રતિબંધ.

૪. પું. દેહ; કાયા. બ્રજમાં બોલાય છે.

૫. પું. દિવર; દેવર; દેર.

૬. [હિં.] પું. દીવાલનું ચોકાચૂનાપથ્થરનું. જમીનની તગીના કારણે તે થાય છે.

૭. પું. દેવ.

૮. પું. નગરમાં રહેનાર મનુષ્ય.

૯. પું. નારંગી.

૧૦. પું. નારંગીનું ઝાડ.

૧૧. પું. પુરુષપુરુષોત્તમ પુરુષ

> મીરા કહે પ્રભુ નટવર નાગર,
> ચરણકમળ ચિત્ત ભાજયુ મીરાબાઈ

૧૨. પું. સજાવાનીની સલાનો સભ્ય

> સભાના મંત્રીઓ તથા નાગરો (સજાવાનીની સભાના સભ્યો અથવા સજાવાનીના નાગરિકો) સાધારણ રીતે સત આપીને સર્વાનુમતે સંમત થતાં તેમણે પોતાના વચ્ચ રાજનું સંધરણ કર્યું. હિંદુસભ્યતા

૧૩. પું સ્કંદના મત પ્રમાણે અપભ્રંશનો એક વિભાગ.

૧૪ પું. સક્ષમ, શિષ્ટ અને નિપુણ વ્યક્તિ; ચતુર માણસ

૧૫. સ્ત્રી એ નામની મોગીની એક બટક

૧૬. સ્ત્રી એક પ્રકારનું શિલ્પ. શિલ્પમાં નાગરહણ નામે ઓળખાતી કલમાં નાગર એ શબ્દ નગર ઉપરથી નહિ, પણ નાગરના નામ ઉપરથી છે માનસારમાં સ્થાપત્યની ત્રણ મુખ્ય જાતો જણાવી છે. નાગર, વેસર અને દ્રાવિડ

૧૭. સ્ત્રી. બાજબાની એ નામની એક જાતિ. નાગરોની જન્મભૂમિ ગુજરાત મનાય છે. કોઈ પણ જાણ્યા તળ ગુજરાતના મૂળ નિવાસી હોવાનો દાવો કરી શકે તો તે નાગર જ છે. આનર્ત દેશની રાજધાની પ્રાગ્નિપુરી એટલે પ્રતિજ પાસેના હાટકેશ્વર તીર્થમાં વસતા બાહ્મણોનાં ગોત્રેર ગોત્રમાંથી આઠસ ગોત્રે પ્રતિગ્રહ કરી નગરમાં વાસ કર્યો એ આદિત્યા ગંદર્પગણાંતર્ગત નાગરખંડમા જણાવી છે વળી એમ પણ મનાય છે કે, નાગરખંડમાં નાગસેનાથી પોતાનું રક્ષણ કરવા નગર એવો મંત્ર શિવ પાસેથી પ્રાપ્ત કરી તેના ઉચ્ચાર કરનારા નાગર કહેવાયા. તે પણ જે શક અને તક્ષકાદિ નાગ લોકોએ પરિસ્થિતના ઉદ્ભવસ્થને શત્ત દિવસમાં તોડી નાખ્યું તેના જ ત્રાસની સૂચના કરે છે અને નગરનો અર્થ કરવાથી એ બધ દૂર થવાનો મત એમ સ્પષ્ટ થાય છે ભગવાન શંકરની પૂજાના પ્રસાદે જે વર્ણ નાગને રક્ષાને છે તે નાગર કહેવાયો; પછી કે નો ગ થઈ નાગર શબ્દ નાગર તરીકે વપરાયા હોવાનો કેટલાકની માન્યતા એવી પણ છે કેઃ ઈ સ ની પ્રથમ બે ત્રણ શતકોમા આર્યભૂમિના પશ્ચિમ પ્રદેશ ઉપર શક અને યવનોના જે આક્રમણ થયા છે, જેમાંથી સૌરાષ્ટ્રનાં અનેક રાજ્યોની સ્થાપના થઈ છે, તેમના જ ભયથી પોતાનું રક્ષણ કરવા અરવલ્લીની એકાંતભૂમિ તજીને આ બ્રાહ્મણો રાજાને આશ્રયે નગરમાં વસી નાગર સંજ્ઞા પામ્યા. નાગરની નીચે પ્રમાણે જાતો છે જે જોડો વિજાલનગરમાં રહ્યા તે વિજાલનાગર, વટપદમાં રહ્યા તે સાહોદરા, કૃષ્ણોગ અને ચિત્રોડના નિવાસી કૃષ્ણોરા અને ચિત્રોડા અને પ્રભાસનો પ્રભો ક્ષેત્રના પ્રભાસોરા નાગરો કહેવાયા

> બીહડને ભાળો નહિ ને ઉદરને ઉપાળો નહિ, નાગર બચ્ચો કાળો નહિ ને બ્રાહ્મણ મેર પાળે નહિ. લોકોક્તિ

૧૮. સ્ત્રી. બાજબાની એક પ્રકારની રીત, દેવનાગરી.

૧૯. જ્ઞા. વાણિયાની ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૨૦. જ્ઞા. સંદ્ર. સંદ્ર નાગરમોથ જેવા આકારની હોય છે. નાગરમોથને ક્યારવાથી છોલતા છોલતા મર્કટ જેવા થઈ જવાય છે તેમ જ સૂંઠને ક્યારવાથી છોલતા છોલતા થઈ જવાય છે, માટે તેને નાગર કહે છે.

વિદ્યા નાગર જગન્નિવાસ, મહા ઔષધિ નામ;
સહી, ગ્રહી ગુણખાણી. સર્વે દુખનું ધામ.
પિત્તલહરપુત્રોપ

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૧. નાગર નર કોરે નહિ, કોરે હોય કલમ = નાગરને હરાવવો બહુ મુશ્કેલ છે; નાગર બહુ ચતુર હોય છે.

૨. નાગરથી ભિજ્યા કોહિયા = નાગરની સામટી સામાન્ય રીતે ધોળી હોય છે અને જો કોઈની સામટી તેથી વધારે ધોળી કે ભિજ્યેલી હોય તો તે કોઢની કોઈ કહે; નાગરથી કોઈ વધારે ધોળું ન હોઈ શકે એમ મનાતું.

૩. નાગરની કન્યા ઊમાડી = બધું ખુલ્લું હોવું; કાંઈ છાનું ન હોવું.

૪. નાગરનો મોટો ભાઈ = બહુજ ભોળી છતાં મોટાઈ ધરાવતો માણસ; ખાલી મોટપવાળું માણસ.

૨૩. ન. એક જાતનું ઘાસ.

૨૪. ન. (કાવ્ય) છ માંહેનું એક પ્રકારનું પદ.

૨૫. ન. નાગર દેશમાં બોલેલા પહેલા અક્ષર.

૨૬. ન. નારંગીનું તેલ.

હીન હીનો નહિ મુખડ મે,
અક્ષિયાગાર સાગર નાગર દે ૪.
પ્રાચીન કાવ્યમાળા

૨૭. ન. મોથ; નાગરમોથ.

૨૮. ન. વહાણની બિલાડી.

૨૯. ન. હળ.

૩૦. વિ એ નામની અટકનું.

૩૧. વિ. એ નામની જ્ઞાતિનું

૩૨. વિ. કુત્સિત; બરાબર નિહ.

૩૩. વિ. ચતુર; કુશળ

કુતી કુશલ કોવિદ નિપુણ, સુન પ્રવીણ વિખ્યાત;
પદ્ધ વિદગ્ધ નાગર ચતુર, આવે રસની બત.
પિત્તલહરપુત્રોપ

૩૪ વિ. નગર સંબંધી

૩૫. વિ. નગરવાસી; નગરમાં રહેનાર; નગરનું; શહેરનું.

૩૬. [નાગ (એ નામના લોકો) + ૨ (છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય)] વિ. નાગ સાથે સંબંધ ધરાવતું

૩૭. વિ. પંડિત.

૩૮. વિ. ડહાપણવાળું; ચતુરાઈ.

૩૯. વિ. સભ્ય; વિવેકી.

નાગર અપભ્રંશ જી. એક પ્રકારની અપભ્રંશ ભાષા; શૌરસેનીની અપભ્રંશ ભાષા. એ અપભ્રંશ ગુજરાતમાં ને રાજસ્થાનમાં બોલાતી. સર જ્યોર્જ ગ્રિયર્સન એમ માને છે કે, હેમચંદ્રે પોતાના વ્યાકરણમાં જે અપભ્રંશનું વર્ણન કર્યું છે તે આ નાગર અપભ્રંશ છે અને આ નામ નાગર જ્ઞાતિ ઉપરથી આવ્યું છે. નરસિંહરાવ માને છે કે, એક નાની જ્ઞાતિ ઉપરથી આખી ભાષાનું નામ પડી શકે નહિ.

નાગરક ૧. [સં.] પું. એક જાતનો રતિબંધ.

૨. પું. કારીગર.

૩. પું. ચોર.

૪. પું. જેનામાં મોટા શહેરના દુર્ગુણો આવી ગયા હોય એવો માણસ.

૫. પું. પોલીસનો સરદાર.

૬. પું. રાજધાની તથા મોટાં શહેરોની વસતી વગેરેનું કામ કરનાર અમલદાર.

૭. પું. વિદગ્ધ પુરુષ; ચતુર આદમી.

૮. પું. શહેરનો ધણી; નગરનો રક્ષણકર્તા, પાદનગરને માટે બધા જેવા અધિકારીઓ ઉપર દેખરેખ રાખનાર, સુબેદ સ્વરૂપનો વગેરે ગણાતો એક મુખ્ય અધિકારી.

૯. પું. શહેરી; નગરમાં રહેતો માણસ.

૧૦. પું. શિલ્પી.

૧૧. ન. નગર ઉપર નાખવામાં આવતો કર.

૧૨. ન. સંઘ.

૧૩. વિ. નગરનું; શહેરનું.

૧૪. વિ. પ્રવીણ; કુશળ; ચતુર.

૧૫. વિ. વિવેકી.

૧૬. વિ. સામાજિક.

નાગરક ભટ્ટ સૂચી [સં.] જી. સુધરાઈની ચૂંટણીની યાદી.

નાગરકફા ૧. [સં. નાગ (સર્પ) + રક્ત (લોહી)] ન. સર્પનું લોહી.

૨. ન. સિંદૂર.

૩. [સં. નાગ (હાથી) + રક્ત (લોહી)] ન. હાથીનું લોહી.

નાગરખંડ ૧. [સં.] પું. નાગરની ઉત્પત્તિ વગેરે પ્રતિપાદન કરનારો સ્કંદપુરાણનો એક અંતર્ગત ભાગ.

૨. જ્ઞા. સોપારી.

આ દેશમા ઉત્પન્ન થયેલા નાગરખંડ (સોપારી) અને નાગરવેલનાં પાન ખાઈને ચિત્રોની માફક સદા લોકોનાં મુખને રંજિત રાખે છે. પુરાતત્ત્વ

નાગર ગૃહસ્થ ૧. [સં.] પું. ભિક્ષાવૃત્તિ ન કરે તેવો નાગર

૨. જ્ઞા. વડનગરા નાગરની જ્ઞા માંહેની એ નામની એક પેટા જ્ઞાતિ. વડનગરામાં જ્ઞા પેટા જ્ઞાતિ છે: નાગર ગૃહસ્થ, નાગર બ્રાહ્મણ અને કુંભરપરા.

૩. વ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૪. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

નાગરગોર પું. નાગર બ્રાહ્મણનો ગોર

નાગરચન્દ [સં.] પું., ન. નાગરમોથ.

નાગરચિ પું. એ નામનો એક કેદ; બોરડુ.

નાગરડી (નાગરડી) જી. નાગરની સ્ત્રી.

નાગરત્વ ૧. જ્ઞા. નાગર જ્ઞાતિની સ્ત્રી.

૨. જી. નાંગરેલાં વહાણો તરતાં રહી શકે તે જગ્યા.

નાગરણું ૧. ન. ઘોરડું; દામણું.

૨. ન. નાંગરણું; ખોટો, ભમરો વગેરે જીવડાને ઠીક પડે તે માટે તેને બોડે બાળો કરીને ભરાવેલી દોરી; બાળો; ફાંસો.

૩. ન. પશુને બાંધી મૂકવાનું દોરડું.

૪. ન. હળને ધૂંસરી બાંધવાનું દોરડું.

નાગરતા ૧. જ્ઞા. ચતુરાઈ; ડોશિયારી; ચાલાકી.

અહંજ્ઞાન સંક્ષોભ, દયા સપજે નાગરતા.
દયારામ

૨. જ્ઞા. જીવન અને તેનો આનંદ અનુભવવાની શક્તિ.

૩. જ્ઞા. નાગરપણું; નાગર બ્રાહ્મણની રહેણીકરણી

૪. જ્ઞા. નાગરિકતા; શહેરીપણું.

૫. જ્ઞા. મુલકીપણું; પ્રપ્રાદિકની જ્ઞાત.

૬. જ્ઞા. શહેરના રીતિ વહેવાર; સભ્યતા.

૭. જ્ઞા. વિજ્ઞતા; ડાહ્યાપણની પ્રૌઢી; નાગરત્વ.

નાગરત્વ ૧. ન. વિજ્ઞતા; ડાહ્યાપણની પ્રૌઢી; સુજ્ઞત્વ; ઔચિત્ય; માધુર્ય; માર્દવ; 'ઓલિગ્નસ.'

"નથિ મોટા કરિ વખને વાખા, ગાજ્યુ વહા "
વગેરે ઠપ્પાળ બોલવીજ સંપોષવા જેમાં ચાલ્યો રહેતો છે ખરો, પણ નાગરત્વ તો નથી જ.
નવલરામ

૨. જુઓ નાગરતા.

નાગરદાર્ઢ્ય જી. નાગરદાપણું; કામ માટે અણનમો; દિલદઢાર્ઢ્ય.

નાગરદું વિ. કામ કરવાને નાખુશ; નાગડું.

નાગરપણું જુઓ નાગરતા.

નાગરપંચમી જુઓ નાગપંચમી.

નાગરબંદી જી. હળ ઉપર લેવાતો કર.

નાગરવેલ [સં નાગવલ્લી] સ્ત્રી. (હિંદી) પાનની વેલ; નાગરવેલ.

નાગર બ્રાહ્મણ સ્ત્રી. 'વડનગરા' નાગરની ત્રણ મોટી ને બીજી બે નામની એક પેટા જ્ઞાતિ. વડનગરાની ત્રણ પેટા જ્ઞાતિઃ નાગર ગૃહસ્થ, નાગર બ્રાહ્મણ અને કુમરપુરા. ચૌલોક્યોના વખતમાં વિદ્વત્તા અને રાજકારણમાં નાગર બ્રાહ્મણો જ અગ્રેસર હતા, એ વાત તેઓએ બનાવેલા ગ્રંથો, તેઓને રાજ્યમા મળેલી મોટી મોટી જગ્યાઓ વગેરે ઉપરથી સ્પષ્ટ થાય છે. વલ્લભીરાજાપછી નાગર બ્રાહ્મણો મહત્ત્વનું સ્થાન ભોગવે છે. વલ્લભી વખતના તેઓનાં અનેક તામ્રપત્રો ઉપરથી તેમ જ અણહિલવાડ પાટણના વખતમાં ઉપર બતાવેલાં સાધનો ઉપરથી દેખાય છે. હાલમાં નાગર અને બ્રાહ્મણ એવા જે બે સ્પષ્ટ વિભાગો દેખાય છે તેવા તે વખતે નહોતા. હાલના નાગરોને પોતાના નામ સાથે બ્રાહ્મણ શબ્દ બનાવવામાં સંકોચ લાગે છે, તેઓ બ્રાહ્મણ શબ્દનો ભિક્ષુક શબ્દના અર્થમા ઉપયોગ કરે છે. તથાપિ પૂર્વકાળમાં સર્વ નાગર જ્ઞાતિ પોતાને નાગર બ્રાહ્મણ પદ મોટા અભિમાન સાથે લગાડતી એમ માલૂમ પડે છે.

નાગરમુસ્તા [સં.] સ્ત્રી. નાગરમોથ.

નાગરમોથ ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ. તેને આમતેમ નીકળેલી કે ફેલાયેલી ડાળી હોતી નથી. તેના મૂળની પાસે ચોતરફ સીધાં લાંબાં પાદડાં નીકળે છે, જે મૂજનાં પાંદડાની જેમ નોકદાર અને બહુ ઓછા પહોળાં હોય છે. પાંદડાની વચ્ચોવચ્ચ એક સીધી લાંબી નીકળે છે જેને મથાળે ફૂલોની પાતળી મંજરી હોય છે. આ ઘાસ હાથભર ઊંચું થાય છે અને તળાવને કિનારે બહુધા મળે છે. તેનું મૂળ ગાંઠા ગાંઠાવાળું અને સુગંધિત હોય છે. આ મૂળ મસાલામાં કે ઔષધમાં કામ આવે છે. નાગરમોથ પિત્ત, જ્વર, અતિસાર, અરુચિ, તૃષા અને દાહને દૂર કરનાર મનાય છે. જેટલી જાતની મોથ થાય છે તેમાં નાગરમોથ ઉત્તમ માનવામાં આવે છે.

૨. [સં. નાગરમુસ્તા] સ્ત્રી. ઊનાનાં મૂળની ગાંઠ. ઊનાનાં મૂળ ગાંઠાગઠ્ઠાવાળાં, આકારેય, કાળા, જરા દબાયેલાં ને લાંબાં હોય છે. તેમાં મોથ કરતાં વધારે સુગંધ હોય છે. તેનાં પાન, ફૂલ વગેરે મોથનાં જેવા જ હોય છે. તેમાંથી સુગંધી ખુશબો નીકળે છે અને તેથી તે જુદી જુદી જાતનાં તેલની અંદર પડે છે. તે ઉષ્ણ, સ્વેદજ, મોહી, વાતહર અને મૂત્રલ તરીકે તાવ, પિત્ત, કફ, વાયુ, તૃષા, દાહ, અરુચિ, અતિસાર, રક્તદોષ ઇત્યાદિ રોગો ઉપર બીજી દવાઓ સાથે અપાય છે.

નાગરમોથ [સં. નાગરમુસ્તા] સ્ત્રી. (હિંદી) નાગરમોથ; મીઠી ગંધવાળું એક જાતનું ઘાસ.

નાગરવટ સ્ત્રી ; ન. નાગરપણું

નાગરવટ નહીં કંઈ ચટપટ નહીં. નરસિંહ

નાગરવાડો (નાગરવાડે) પું. નાગર શેરી; નાગરોનું રહેઠાણ; નાગરોના વસવાટવાળો હલ્લો.

નાગડી નાર ને નાગમાં મોતી,
બિજુ પરદેસ રે વાટડી જોતી;
ઉડાડતી કાગ ને ગણતી દાડા,
એ નિસલીએ નાગરવાડા.

લોકોક્તિ

નાગર વાણિયા ૧. સ્ત્રી. વડનગરમાથી ઉત્પત્તિ હોવાનો દાવો કરનાર વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. સ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ એ નામની પેટા જ્ઞાતિનું.

નાગરવેલ ૧. સ્ત્રી. એ નામની એક રેશમી રમતઃ ચમરગોપ.

૨. [સં. નાગવલ્લી–નાગવેલી–નાગરવેલ] સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાન મુખવાસમાં વપરાય છે. સર્પદંશ ઉપર નાગરવેલનાં મૂળ પાનમાં વાટી ખાવાથી ઊલટી થઈ વિષ ઊતરે છે. પ્રથમ પાનથી ઊલટી ન થાય તો બે ત્રણ ખાવાં જોઈએ ઊલટી થશે. ખાવાના પાનમાં કાળાં પાન અને કૌંઠા પાન એવી બે જાત છે. કાળાં પાન ગરમ પ્રકૃતિ અને બહુ ગરમ મનાય છે. રોગ અવસ્થામા એનો ઉપયોગ થાય છે. કૌંઠાં પાન કે જે કપૂરી કહેવાય છે, તે મૃદુ અને સૌમ્ય ગણાય છે. રામટેક પાસે પાન બહુ ઉત્તમ થાય છે. એ પાન બહુ દિવસ રહે તોપણ સુકાતાં નથી. લીલા પાન કરતાં પાકેલાં પાન ખાવામાં સારાં તેમ જ શુદ્ધિકરણમાં પણ વધારે મનાય છે. પાન વીર્યવૃદ્ધિકર, કામોદ્દીપક, રુચિકર અને કાંતિકર છે. તાજાપાનના અતિ સેવનથી પિત્ત, દંતદૌર્બલ્ય, નેત્રરોગ, બલક્ષય અને મુખરોગ ઉત્પન્ન થાય છે. ચરિબણી તેમ જ બાળકને પાન આપવું નહિ. તે વેલ તીખી, તીક્ષ્ણ, રુચિકર, કડવી, અગ્નિદીપક, દાહકારક, કામોદ્દીપક, સારક, ઉષ્ણ, તૂરી, ભારી, વિષદ, રક્તપિત્તહારક, બલકર, લઘુ, ગ્રાહક, સ્વરપ્રદ, મુખશુદ્ધિકારક તથા મુખને શોભાવનારી અને પીનસ, ઉધરસ, કફ, વાત, શ્રમ, કૃમિ, વાતરક્ત, ભ્રમ, કફોદ્રેક તથા કંઠ મટાડનાર મનાય છે. આ એક જાતની પીળી વેલ છે. તેને કાપીને ઝાડ ઉપર નાખવામાં આવે તો ઝાડનો રસ પીને તે લીલી રહે છે અને ઝાડને સુકવી નાખે છે. સમણીમાં ઝેરાંતી જાતી ઉપર પાનનો શેક મુખકારી મનાય છે. બીજી દવાઓ સાથે તેનો રસ અનુપાન તરીકે અપાય છે. પાનમાંથી ચેવિકોલ નામનો એક કાર્બોલિક ઍસિડ જેવો પદાર્થ નીકળે છે. તેનાં પાન ગરમ કરીને સ્તન ઉપર મૂકવાથી દાવણ સૂકવી નાખે છે. પાનનો રસ કાનમાં નાખવાથી બહેરાશ દૂર થાય છે.

નાગરવેલનું પાન = એક જાતની વેલનું પાદડું; તાંબૂલ. આ પાનની સારામા સારી જાત દક્ષિણ હિંદુસ્તાનમા જ્યા મબ્બો વરસાદ પડે છે ત્યા તથા પૂના તરફ જ્યા થોડો વરસાદ પડે છે ત્યા સારા થાય છે નાગરવેલના વાવેતર માટે જમીન બહુ ઝીણવટ જોઇએ. રેતીના કાપવાળી તદ્દન નવા જમીનમાં કે જ્યાં પાણી મળતું ન હોય તેમાં વાવેતર સારું થાય છે. નાગરવેલને ખૂબ પાણી જોઇએ છે. વરસાદની ઋતુ ગયા પછી જમીનને દોઢ ફૂટ ઊંડી ખોદી તેમા પાદડાનુ તથા ઝાડનું બારીક ખાતર ખૂબ ભરવું. પછી દોઢ દોઢ ફૂટને અંતરે એક પાળો ને એક ચટ્ટર કરી પાળા ઉપર નાગરવેલનાં કટિંગ વાવવા અને ચટ્ટરમાં પાણી છોડવું. દર બીજે પાણીની ચટ્ટર ૭ ૭ ઇંચ ઊંડી ઉતારવી. તેમાથી જે માટી નીકળે તે નાગરવેલના પાળા ઉપર ના.ખરી. ચટ્ટર અને પાળાની કિનારી ઉપર અગથિયા રોપા જવાં. અગથિયા જેમ મોટા થાય તેમ તેને નાગરવેલનો વેલો બીટળાઈને છાંયો કરે છે. નાગરવેલના વાવેતરને કરતી બહુ મજબૂત વાડ કરવી. ચોમાસું બેસતા આઠ તરત અગથિયાં નાખી રોપી દેવાં અને ઓગસ્ટમાં નાગરવેલના પાનના કટકા રોપવા. નવ નવ ઇંચ લાંબા કટકા લેવા, જેમના આઠ ઇંચ જમીનમાં આડા નાખવા અને એક ઇંચ ઉપર ખુલ્લા રાખવા. અગથિયાના બેઠમા નાગરવેલના કટકા રોપવા. દોઢ ફૂટને અંતરે ક્યારામાં વેલના કટકા રોપવા. દશ દિવસ સુધી હજોલજ પાણી પાવું. નવાં મૂળ મૂકવા પછી દર ત્રીજે દિવસે પાણી પાવું, તથા જેમ વેલા મોટા થાય તેમ પાણી પાવાની મુદત લાંબાવતા જવું. ચોમાસામાં વરસાદ થોડો આવે તો કોશ કોદરીને પણ પાણી પાવું. નાગરવેલ અગથિયા ઉપર ચડવા માટે વાંસ કે લાકડીના ટેકા મૂકવા. વાસ વગેરે નીંદી સાફ કરવું. અગથિયાની ડાળી ને પાતરા વધારે ફેલાવા દેવા નહિ. નાગરવેલના છોડો રહે તેટલાં લાંબી ડાળીનાં કાપી નાખવાં. દરેક ઉનાળામાં જમીન ખોદી નવી માટી પૂરવી

તથા ખાતર નાખવું. ચોમાસું બેસી ગયા પછી પણ ખાતર પાંણીની જરૂરીયાત રાખવામાં આવે તો બીજે વર્ષે પાન સારા આવે. પણ ત્રીજે વરસથી પાન ચૂંટવા મંડવાં એ વધારે સારૂં છે સારી સલામત સાચવામાં આવે તો દશ વરસ સુધી પાન ઉતર્યા કરે છે. દર ચોમાસામા જમીયા ઉપરથી વેલા નીચે ઉતારી વાળીને જરૂર જમીનમાં દાબવા, એટલે દરી ફરી વેલ જામશે.

નાગરવેલી ૧. સ્ત્રી. એ નામની એક રમત; ચંચળવેલ

૨. [સં. નાગરવલ્લરી] સ્ત્રી એક જાતની પાનની વેલ; નાગરવેલ. તેનાં પાન કાચો ચૂનો સોપારી મુખવાસમાં ખાવાના કામમાં આવે છે. નવરંગી તે નાગરવેલી ૨. દેવીદાસ

નાગરવેલ્ય જુઓ નાગરવેલ.

નાગર શોરા ૧. સ્ત્રી. નાગરના મોરની એ નામની જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નાગરશી સ્ત્રી. એરંડની એક જાતની ખોડ જેમાં બંને સિંગ આમલેમ હોય તેને નાગરશી કહે છે.

નાગરસ પું અમૃત; સુધા.

મોરી જરા નાવે તુજને રે, નાગરસ કરાવું પાન; લાંબું યૌવન રહે સદા સખી, વામતું વાધે વાન
પ્રેમાનંદ

નાગરસાયન ન. (વૈદક) એક ઔષધીય યોગ. એ યોગ પાનબીડામાં આપવાથી સર્વ વાત, કફ, ઉપરસ, આઠ પ્રકારના તાવ, અજીર્ણ, સંગ્રહણી, રોગો અને શ્વાસ માટે એમ મનાય છે.

નાગરંગ ૧. [સં] પું. નારંગીનું ઝાડ

૨. [સં નાગ (સિંદૂર) + રંગ (વર્ણ)] સ્ત્રી. નારંગી. તે મધ્ય હિંદના ઉત્તર અને પશ્ચિમ પ્રદેશમાં થાય છે. તે ઓછી શુદ્ધ કરે છે. કડવા નારંગીનાં ફૂલની પાખડીના સોડેલ પાણીનો ઉપયોગ શરીરના રોગમાં આંખ થાય છે તેની છાલ અને ફૂલના તેલનાં આકરના ગાંગડા ઉપર એક બે ટીપાં નાખી બાવાથી પેટનો દુખાવો મટે એમ મનાય છે. તે જળવર્ધક, કડવુ અને પેટનો દુખાવો મટાડનાર મનાય છે. તે બીજી કડવી ઔષધિ સાથે અપાય છે. તેનું પાણી અને તેલ સુગંધીદાર માલનું તેલ બનાવવામાં કામ લાગે છે. તેની સૂકી છાલ મોઢાની બામડીને ચળકતી બનાવવા માટેની ભૂકીમાં વપરાય છે.

નાગરાજ ૧. પું. (ચિત્રણ) એ નામનો એક ઝાડરમેળ છંદ; નારાજ; પંચમર. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે.

૨. [સં. નાગ (હાથી) + રાજન્ (રાજા)] પું. ઐરાવત હાથી.

૩. પું. ઉદ્યોગ કરનાર ચિંતાનાગ.

૪ પું. નાગકુમાર દેવતાનો રાજા.

૫ પું. નાગોનો રાજા; શેષ નાગ; અનંત નામનો સાપ.

૬ પું. મોટો સર્પ.

૭. પું. મોટો હાથી.

૮. પું. હાથીનો ખેડનાર માવત.

૯ ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક તીર્થ.

નાગરાજતીર્થ [સં.] ન. મહાભારતમા જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

નાગરાણી ૧. સ્ત્રી દેહડી. બંસમાં બોલાય છે.

૨. સ્ત્રી. નાગરની બૈરી; નાગરજ્ઞ.

નાગરાત પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પર્વત.

નાગરાદિમિશ્ર [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડનાં માહેનું એક નામ.

નાગરારણ્ય ૧. [સં.] ન. ગિરનારનો અને શહેર ઉપર ફેરો વાળવાની હાથીને અપાતી તાલીમ.

૨. ન. હાથીએ શહેર તથા કુર્ગ ઉપર કાઢવો કરવો તે.

નાગરાલ પું. (વૈદક) દેવદારના ઝાડની માહેનો એ નામનો એક પેટા પ્રકાર.

નાગરાલુ [સં.] ન. સૂંઠ. સૂંઠ નાગરમોથના આકારની છે. નાગરમોથ કાળી છે અને સૂંઠ પોળી છે, પણ બંને જમીનમાં કંદની માફક થાય છે, કદમાં સરખી છે, માટે તેને નાગરાલુ કહે છે.

નાગરિક ૧. [સં.] પું. ગોટવાળ.

૨. પું. પોલીસ પટેલ.

૩. પું. શહેરસુધારા ખાતાનો તથા ગામરક્ષણ ખાતાનો અમલદાર.

૪. પું. શહેરી; શહેરનો પ્રજાજન.

૫. વિ. ચતુર; હોશિયાર.

૬. વિ. નગર સંબંધી.

૭. [સં. નગર (શહેર) + ઇક (વાળું)] વિ. નગરનું; શહેરનું.

૮. વિ. શહેરમાં રહેનાર.

૯. વિ. સભ્ય; વિવેકી.

નાગરિકજન [સં.] પું. શહેરી; નાગરિક.

નાગરિકતા ૧. સ્ત્રી. ચતુરાઈ

૨. સ્ત્રી. નાગરતા; નાગરપણ; નાગરોની રહેણીકરણી.

૩. સ્ત્રી. મુત્સદ્દીપણું

૪ [સં.] સ્ત્રી. શહેરીપણું. પૃથ્વિધ્રુનમાં જણાવ્યું છે કે: પૃથ્વનું મમત્વ જ્યારે સાચી ધર્મભાવનામાં પરિણમે, ગૃહસ્થ જ્યારે સાચો ગૃહસ્થાશ્રમ પળાતો થાય, ઘરબણી જ્યારે આધુનિક ફેરણે બદલા કરતો થઈ જાય ત્યારે ગૃહવ્યવહાર, નગરવ્યવહાર અને સમાજવ્યવહાર સરલ, સરકૃત અને સભ્યકારી બને. ઘર વિના નગર નહિ અને નગર વિના ઘર નહિ. પરંતુ નાગરિકતા વિના બંનેમાં ઓપ નહિ. પછી તે નાગરિકતા ભવ્ય રાજધાનીની હોય કે નાનકડા ગામડાની. આદર્શ નાગરિકતા કોઈ પણ સ્થળે અને કોઈ પણ કાળમાં વિકાસ અને પ્રગતિનો પાયો છે. તેની સાધના મનુષ્યત્વને પ્રાપ્ત કરવાનો સીધો અને સચોટ માર્ગ છે. પૃથ્વિધાન તે સાધનાનું એક અગત્યનું અંગ છે, ઇજનવિધાનની જેમ જ. નાગરિકતા એ રાષ્ટ્રીયતાની જનેતા છે.

૫. સ્ત્રી સભ્યતા; વિવેક

નાગરિકત્વ જુઓ નાગરિકતા.

નાગરિકપણું જુઓ નાગરિકતા.

નાગરિકશાસ્ત્ર [સં. નાગરિક (શહેરનું) + શાસ્ત્ર] ન. પૌરશાસ્ત્ર; 'સિવિક્સ.'

નાગરિકા [સં] સ્ત્રી. નગરમાં વસતી સ્ત્રી.

નાગરિપુ ૧. [સં. નાગ (સર્પ) + રિપુ (દુશ્મન)] પું. ગરુડ.

૨. પું. નોળિયો.

૩. પું. મોર

૪. [સં. નાગ (હાથી) + રિપુ (દુશ્મન)] પું સિંહ.

નાગરી ૧ પું. મગજ.

૨. [સં.] સ્ત્રી ચતુર સ્ત્રી, પ્રવીણ સ્ત્રી.

૩. [હિં.] સ્ત્રી. મોર.

૪. સ્ત્રી દેવનાગરી; હિંદી ભાષા.

૫ સ્ત્રી નગરની સ્ત્રી. શહેરી સ્ત્રી; નગરમાં રહેનારી બૈરાત.

૬. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડનું એક નામ.

૭. સ્ત્રી. નાગરની સ્ત્રી; નાગરજ્ઞ; નાગરાણી.

૮ સ્ત્રી. પથ્થરની એક મોટી પાટ

૯. સ્ત્રી. પથ્થરનો મોટાઈનું એક મોટું માપ.

૧૦. સ્ત્રી સંસ્કૃત લિપિ; બાળબોધ લિપિ; વિશેષાવશ્યક જ્ઞાનમા નિર્દેશ કરેલ અઢાર માહેની એક લિપિ. હરિજન બંધુમાં મહાદેવભાઈ

લખે છે કે: લિપિઓમાં નાગરીને જ હું સૌથી આદા દરજ્જાની માનું છું, છતાં નાગરીનો પક્ષપાત કરનારા લોકો ઉર્દૂ લિપિનો વિરોધ કરે છે ત્યારે મને તેના દ્વેષની એટલે કે વેરની અને અસહિષ્ણુતાની ગંધ આવે છે. ઇટાલાલ પુરાણી લખે છે કે: નાગર વાલ્મીકીએ પ્રાકૃતના ઉપયોગનો વિરોધ કર્યો જણાતો નથી. તેમની કચેરીઓમાં પ્રાકૃત ભાષા વપરાતી હતી વાકાટકના સમયના લેખોમાં અક્ષરો ઉપર ચેટી જેવા આકારનાં માથા બાંધેલાં જોવામાં આવે છે, તેવાં ચોથા સૈકામાં તેમ જ પાંચમા સૈકાના પ્રારંભમાં વપરાતી લિપિમાં હતાં. તે લિપિને નાગરી એવું નામ આપવામાં આવ્યું કહી. ગુર્જર લિપિને ગુજર-નાગરી બનાવવા એટલે કે ગુજરાતી લિપિની જોડે નાગરી લિપિનું સંમિશ્રણ કરી માથા બાંધ્યા વગરની જલદ નાગરી લિપિને મળતી ગુર્જર-નાગરી લિપિ લખવા માટે હરિજન બંધુમાં હિરોરલાલ મશરૂવાળા લખે છે કે: ગુજરાતી લિપિનું નાગરીકરણ કરવાના મારા પ્રયત્નથી ગુજરાતી વાચકો અજાણ્યા નથી. પ્રસ્થાનમાં મારા લેખો સામાન્ય રીતે આ રૂપમાં આવે છે એમ તેના વાચકો જાણતા હશે. કોકોએ-વિદ્વાનોએ પણ એને બહુ આવકાર નથી આપ્યો એનું મને ભાન છે છતાં મારો પ્રયત્ન મેં ચાલુ રાખ્યો છે. મારું કે હું માનું છું કે બોડોબહેનો મારો પ્રયત્ન સર્વે એકનાદ્રિય લોકોને માન્ય થયા વિના રહેવાનો નથી. હરિજન બંધુમાં આ લિપિ છાપવા બાબતમાં નવજીવનના ટ્રસ્ટીઓ સાથે એવું ઠર્યું હતું કે, એક નાનકડી પણ નોંધ દર અકમાં આ લિપિમાં છાપી પ્રજાને એનો મહાવરો કરાવવાની મને સગવડ આપવી.

> જોડે કેટલાક અક્ષરોના જોડને લીધે અને લખવાની ઢબોદીના જોડને લીધે, હિંદી પુસ્તકોની લિપિને નાગરી અને મરાઠી પુસ્તકોની લિપિને બાળબોધ કહેવાનો રિવાજ પડી ગયો છે. આ લેખમાં નાગરી, દેવનાગરી ને બાળબોધ એ ત્રણે શબ્દો બાજુ જોડ વિના જ વાપરીશ. કિશોરલાલ

૧૧. ન. ચિતોડની ઉત્તરે આશરે ચાર માઈલ ઉપર આવેલ એ નામનું એક પ્રાચીન ગામ.

૧૨. વિ. ચતુર; હોશિયાર, ચાલાક.

૧૩. વિ. નગરનું; નગર સંબંધી.

> અમને કાંઈક તેહ રાખતીએ નાગરી નવલ કિશોરી. દયારામ

૧૪. વિ. નાગરનું; નાગર સંબંધી.

> નાગરી ઓઢ = (૧) આપવા લેવામાં નિયમિત વહેવાર રાખવો તે. (૨) ચતુરાઈથી ઉતરવાની વાત. (૩) વિવેક તથા રજપૂતાપણું બતાવવું તે.

૧૫. વિ. નાગરને બધે એનું.

૧૬ વિ. સુઘર; સારું; સુધરેલું.

> નાગી રહ્યમ અમારા
> રૂપરસો આજની નાગરી કુણ માણે.
> કમળ મારા મરી ચિકરવા,
> પુષ્પ કહેનારા બની ને આવે. કાગસાહેબ

નાગરોઢરણ ન. નાગરી જેવું બનાવવું તે. કિશોરલાલ મશરૂવાળા લગભગ ગુજરાતીને મળતી પણ નાગરી જેવી લિપિ લખે છે. તેણે ગુજરાતી લિપિનું નાગરીકરણ કર્યું કહેવાય.

નાગરીહ ૧. [સં.] પું. ચતુર ઓઝે કરેલો મશ્કરો ધ્વનિ.

૨. પું. ચતુર પુરુષ; વ્યભિચારી પુરુષ.

નાગરીપ્રચારિણી વિ. સ્ત્રી. નાગરી લિપિનો પ્રચાર કરનારી.

> એનું આ મત તો હિંદી નાગરીપ્રચારિણી સભાને પટે છે. ધૂમકેતુ ગરેરી

નાગરી ભાટ ૧. સ્ત્રી. ભાટની એ નામની એક પેટા જ્ઞાતિ. તેઓ ટોકરી કે ઢોલ વગાડી ભિક્ષા માગે છે.

૨. પું. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

નાગરીય વિ. નગરનું; શહેરનું.

નાગરી લિપિ સ્ત્રી. વિન્ધ્ય પર્વતની ઉત્તરમાં ચાલતી બાર બારની એક પ્રકારની લિપિ; નંદિનાગરી. આ લિપિ મૂળ કુટિલ લિપિમાંથી નીકળેલ છે. એનો પ્રચાર ઉત્તરમાં ઈ. સ.ની ૬ ઠ્ઠી સદીમાં પરંતુ દક્ષિણમાં ૮ મી સદીમાં થયો. દક્ષિણમાં એને નંદિનાગરી લિપિ કહે છે. પ્રાચીન નાગરીની પૂર્વ શાખામાંથી બંગલા લિપિ નીકળી તથા નાગરીમાંથી કૈથી, મહાજની, રાજસ્થાની અને ગુજરાતી લિપિઓ ઉત્પન્ન થઈ છે. પાટણ દરબારના આશ્રયથી ચાલનગર અદેખાઈ ઉપજાવ એવું નગર થયું હતું. ઐક વાર્યેલા વંશની આખર સુધી પાટણ દરબારમાં નાગર પંડિતો અને નાગર મુત્સદ્દીઓ ક્રમ કરતા હતા. આથી સંભવિત છે કે, નાગરી લિપિના પ્રવર્તક નાગરો હોય. નાગરી લિપિનો ભરોસ ભરડાતાં ભરડાતાં ગુજરાતી લિપિ થઈ. નાગરી લિપિનો ઉપયોગ ગુજરાત કરતા રજપૂતાનામાં વિશેષ છે

નાગરેક્ષ [સં.] પું. નારંગીનું ઝાડ.

નાગરેચ્છા ૧. સ્ત્રી. સોદાગરી તથા સોનીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નાગરેજ્ઞ [સં.] પું. સિંદૂર.

નાગરેયક ૧. [સં.] વિ. નગરમાં બનનાર.

૨. વિ. નગરમાં રહેનાર.

નાગરોત્થા [સ.] સ્ત્રી. નાગરમોથ.

નાગર્ય ૧. [સં.] ન. નાગરપણું; ચતુરાઈ; ચતુરપણું.

૨. પું. નાગરિકતા; શહેરીપણું.

નાગર્ષ્ય જુઓ નાગર્ય

નાગલ ૧. પું. પોંકરાની સંજ્ઞેલ, તેને બેતર બાંધવામાં આવે છે.

૨. પું. હળ.

૩. સ્ત્રી. એક પ્રકારની જંસ. તે નાગલોમાંથી બાવેલ દોરીને નાગલ કહેવાય છે.

નાગલક્ષણ [સ. નાગ (સર્પ) + લક્ષણ (ચિહ્ન)] ન. સર્પોનું લક્ષણ.

નાગલતા ૧. [સં.] સ્ત્રી. નાગ જેવી લાંબી વેલ.

૨ સ્ત્રી. નાગરવેલ; નાગરવેલના પાનનો વેલો.

૩. સ્ત્રી. પુરુષનું ચિહ્ન

નાગલપુર ન. પટ્ટ; શહેરનો વપારનો ભાગ.

નાગલા હળ ન. એક જાતનું હળ. આ હળ પાળિયાં બાંધવા માટે અને રોરડી વાવવાના ઉપયોગમાં આવે છે.

નાગલા ૧. પું ન. ન. જુવાર અને જવારા પૂજતી વખતે તેને ચઢાવવામાં આવતા કૂના લાંબા સાંઠા દાંગીના.

૨. સ્ત્રી. કળથની એ નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

નાગલા દુધેલા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ખમાર દુધલી, ઉતરણ. તેનો ઉપયોગ ઝાડા અને કૃમિ ઉપર થાય છે. બાળક એક જેવી જ વેલ થાય છે, પરંતુ તેમા દૂધ હોતું નથી. તેને કુંદણી કહે છે. એના પાંદડા વાટી ગૂમડા ઉપર બાંધવાથી તે તેને તરત પકવી ફોડી નાખે છે. આ વેલો વર્ષો સુધી ટકે છે. બાળે વેલો જે પક્ષની ડાળી બાજુથી ચડેલ હોય તે એક વર્ષ રહે છે. એને બબ્બે ફળો આવે છે. તેનો આકાર પોપટ જેવો હોય છે. એ ફળમાંથી રેચક તેલ કે નીકળે છે. બીજમાંથી દૂધ નીકળે છે. એ વેલાની ડાળી કલમ કરી જમીનમાં ઊંધી પૂરવાથી તેને મૂળો ફૂટી જાય છે. તે તીખી, શ્વેત, આખોને હિતાવહ, લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ, સારક, તૂરી અને ત્રણદોષનો છે અને ઉંદરસ, વણ, કૃમિ, કફ, જ્વર, પિત્ત,

પ્રમેહ, કૃમિ, કુષ્ઠ, પ્રદાહ, વાયુ, તંદ્રા, દરાજ, ગર્દ, ક્ષય, કાસ, મૂત્રકૃચ્છ્ર, યોનિરોગ અને સ્વજ મટાડે એમ મનાય છે. એનાં ફળ ખારાં, કડવાં, ઉષ્ણ, તીખાં, લઘુ, અગ્નિદીપક, પિત્તકોપન, વિરાડ અને વિષનાશક મનાય છે.

નાગલા દુધલી જુઓ નાગલા દુધેલી

નાગલા ૧ ન. ઢ ઢ. માદીના ચપટા પતરા ઉપરની નાગની આકૃતિ. તેની પૂજા કરાય છે અથવા ગળામા કેટલાક સ્ત્રીઓ પહેરે છે.

૨. ન. ઢ ઢ નાગનાં ચિત્ર.

૩ ન ઢ ઢ. નાગના બચ્ચાં: નાના સાપ નાનાં નાનાં સાપોલિયાં.

નાગલિપિ જા. લલિત વિસ્તરમાં બ્રહ્મદેવની ચોસઠ મહેલી એ નામની એક લિપિ.

નાગલિયાં કોરલિયાં ન ઢ ઢ. કઠોળના વેલાનાં ફળ. એમાંથી રાઈ જેવા દાણા નીકળે છે, તે બાવામા આવે છે.

નાગલી ૧. સ્ત્રી એ નામની એક જાતની ઘાસ. ઘાસની જાત લોકોક્તિમાં નીચે મુજબ કહી છે:

ગયાં નામ કુંડી ત્યાં, નાગલું, મોઢકમુ,
નેત્રમુ, નાલકમુ, રાંગિ નમણા,
મીઠકું, ખાટું બોજ કોસાળિયું,
બીનકું, કાચલી ગર્ભ બમણા.

લોકોક્તિ

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાગૂણી; ઉંડાર; કણગી; ઊસટચડેલ; કલિયારી; રાગરી. કોંકણમાં વાડામાં તે ઊગે છે. તેનું ફૂલ પણ દિવસ સુધી તાજું રહી સુગંધ આપે છે. ફૂલ કાંઈક પીળું હોય છે.

૩. સ્ત્રી. કન્યાને ચૂડી ઓઢાડી વખતે તેનાં માબાપ સામાવાળા પાસેથી લે તે પૈસા.

૪. સ્ત્રી. કાનમાં પહેરવાનું સોના કે રૂપાનું એક ઘરેણું. રબ્બરી અને બરવાડ લોકો સામાન્ય રીતે તે પહેરે છે

૫. [સં. નતીક્ષ] સ્ત્રી. ત્રીજા ત્રીજા વાલ દાણાનું કોદરા જેવું એક અનાજ; ભાવટા જેવું અનાજ; ભાવટો. દખ્ખણમાં નાગલી ને ગુજરાતમાં ભાવટો કહેવાય છે. એના રોટલા સારા થાય છે. આ એક જાતનું દક્ષકું ધાન્ય છે. તે કોરડુ, ગુજરાતમાં વિશેષ થાય છે. સોંઘી હોવાથી ગરીબ લોકો તેનો વધારે ઉપયોગ કરે છે. તે દવાના ઉપયોગમાં પણ આવે છે. એના દાણા ભારીક રાઈ જેવા અને રંગ પણ તેવો જ હોય છે. નાગલી તૂરી, કડવી, મધુર, તર્પણ, લઘુ, બળકર તથા શીતળ છે અને પિત્ત તથા ત્રિદોષ મટાડે છે. નાગલીના ઉપયોગ: અશક્ત તથા નાના બાળકને શક્તિ આપવાને નાગલીનું સત્ત્વ વપરાય છે નાગલી રાત્રે પાણીમા પલાળી રાખી સવારે તે કાઢી ભારીક વાટવી. એનું દૂધ જેવું ધોળું પાણી નીકળે તે પાણી પરબમાણ કરી કલઈના વાસણમાં બે ચાર ઘડી રાખી મૂકવું, એટલે તેમાનું સત્ત્વ તે વાસણની તળે જામી જશે. પછી ઉપરનું પાણી નાખી દઈ જે સત્ત્વ જામેલું હોય તે કાઢી લઈ સ્વચ્છ વસ્ત્રની ચોવડી ઘડી કરી તે ઉપર પાથરવું. પછી પાંચ છ ઘડીએ ચીકણી માટી જેવું પડ થયા પછી તેની સોપારી જેવડી ગોળીઓ કરી તાપમાં સૂકવી રાખવી. કોઈ એ ગોળી પાણીમાં ઓગળી ગોળ નાખી ઠંડું થયા પછી બાળકોને થોડું થોડું આપવું. શરીરના કલકા બાવવા માટે નાગલી વાટી અંગ ઉપર ચોપડાય છે બાળકોને શક્તિવર્ધક ખોરાક કુમળી નાગલી અર્ધો શેર સુધી લઈ, સારી ધોઈ, સૂકવી, સારી ભઠ્ઠી, ખોરણ કાઢી નાખવાં. પછી અદરની નાગલી રોજ સવારે પૈસાભાર લઈ બાવના દૂધમાં ભારીક વાટી, વસ્ત્રગાળ કરી દૂધમાં સીંજવી, મલાઈ જેવું તૈયાર કરી બાવવું. આ ઉત્તમ ઔષધ છ મહિના કરતાં અધિક વયના બાળકની કૃશતા મટાડે છે. ગુડપી એટલે ગોઠણના દરદ ઉપર જેસના જાથુમાં નાગલીનો અને કપાસીનો સોટ સરખી મસળી બાંધે રોટલો રોજી તે સોસાય તેટલો ગરમ બાંધી ઉપર પાટો બાંધવો.

નાગલી દુધેલી જુઓ નાગલા દુધેલી.

નાગલું વું (જૂ મુ.) દૃષ્ટિરોધ.

ગદ્ધા કાવા કુકડા ચાંલ્લું,
નક્ષત્ર ક્યા નિરખિયે નાગલું. લાવણ્યસમય

નાગલું ૧. ન. સાપોલિયું; નાગડું.
૨. ન. ઘોડાની નાળ સાથે બાંધેલી દોરી અથવા સાકળી.

નાગલું પૂગલું ૧. વિ. ગરીબ; નિર્ધન.
૨. વિ. નાગું; નગ્ન; નાગુપૂગુ.

નાગલેહરસ વું. એ નામનો કુલીનો એક રસ

નાગલો ૧ વું. જવારા, મોર વગેરે પક્ષીનાં તેને ચડાવાનો ફનો ચાંદીમાંગીઝનો પોલનો દાગીનો.
૨. વું. પાણીથી કોસ ભરવો ભારી ભરાઈ બાદ તે માટે બળતો પાણાનો તોલ.

નાગલોક ૧. વું. અસુરસ્થાન.
૨. વું. નાગ; નાગા એવે નામે ઓળખાતી એક અસલી પ્રજા: હિંદુસ્તાનની દક્ષિણ તરફના પ્રદેશમાં વસતા એક જાતના લોકો.
૩. [સં.] વું. નાગનો દેશ; પાતાળ; નાગ વસતા હોય તે પ્રદેશ.

૪ વું. સાપ.

જ્યાં નાગલોકનાં મણિ અને વિષ પણ નિષ્ફળ થાય છે. સરસ્વતીચંદ્ર

નાગવકેત્રી [સં] સ્ત્રી. નાગરવેલ; પાનનો વેલો.

નાગવજ્ર ન. અભ્ર.

નાગવટરિયા ૧. સ્ત્રી સુતી મેમલની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

નાગવન [સં નાગ (હાથી) + વન (જંગલ)] ન. હાથીથી ભરપૂર વન: માતંગ અરણ્ય.

આજરાજે દુનિયાર્ય ધનપાલક નામનો કુંજર આંબો આખો પૂળો ખાતો નથી; એ કુંજર નાગવનનું રમણ કરે છે. પ્રબન્ધ

નાગવનપાલ [સં. નાગ (હાથી) + વન (જંગલ) + પાલ (પાળનાર)] વું. હાથીના જંગલની દેખરેખ રાખનાર અમલદાર.

નાગવનાધ્યક્ષ [સં. નાગ (હાથી) + વન (જંગલ) + અધ્યક્ષ (ઉપરી)] વું. હાથીના જંગલનો રખવાળ.

નાગવર ૧. [સં.] વું. ઉત્તમ સર્પ.
૨. વું. ઉત્તમ હાથી; પ્રધાન હાથી.
૩. વું. નાગસમૂહનો અધિપતિ દેવતા.

નાગવર્મા [સં. નાગવર્મન્] વું. એ નામનું એક તીર્થ.

નાગવર્ધન ન. નવસારીનું એક પ્રાચીન નામ.

નાગવલ્લભા [સં] સ્ત્રી. ગર્ભવતી ઘોડાનું એક નામ.

નાગવલ્લરી ૧. [સં.] સ્ત્રી. નાગ જેવી લાંબી વેલ.
૨. સ્ત્રી. નાગરવેલ.

નાગવલ્લી [સં.] સ્ત્રી નાગરવેલ; પાનનો વેલો: નાગવલ્લી; નાગવલ્લરી.

નાગવલ્લી વૃક્ષિ અતિ ઘટી,
દીસિ દેવલિ પાસિ અટી.

નાગવંશ ૧. [સં.] વું. નાગનો વશ; નાગની કુલપરંપરા.
૨ વું. રાક્ષ ભલિતી એ નામની એક જાત. પ્રાચીન કાળમા તેમનું રાજ્ય ભારતવર્ષમાં કેટલેક ઠેકાણે તથા સિંહલદ્વીપમાં હતું. પુરાણોમાં લખ્યું છે કે: સાત નાગવંશી રાજા મયુરાનું રાજ્ય કરશે અને તે પછી ગુપ્ત રાજાઓનું રાજ્ય થશે. નવ નાગ રાજાના જે જૂના સિક્કા મળ્યા છે તે ઉપર વૃષભપતિ, નાગ, દેવ નાગ, અશ્વપતિ નાગ વગેરેનાં નામ લેખામાં આવે છે. આ નાગવંશ વિક્રમ સંવત ૧૫૦ અને ૨૫૦ની વચ્ચે

રાજ્ય કરતા હતા. જે નવ નાગની રાજધાની કહ્યા હતી તે ચોક્કસ જણાયું નથી, પણ નરવરમાં તેમની રાજધાની હતી એમ મોટા ભાગના વિદ્વાનોનું માનવું છે. મથુરા અને ભરતપુરથી ગ્વાલિયર અને ઉજ્જૈન સુધીનો પ્રદેશ નાગવંશીઓના અધિકારમાં હતો કર્નલ ટૉડ જેવા ઇતિહાસપ્રસિદ્ધ વાત છે કે, મહાપ્રતાપી ગુપ્તવંશી રાજાઓએ ૩૫૦ એટલે નાગવંશીઓને હરાવ્યા હતા. પ્રયાગના કિલ્લાની અંદરના સ્તંભ ઉપર સ્પષ્ટ લખેલું છે કે, મહારાજ સમુદ્રગુપ્તે ગણપતિ નાગના નાશને કરાવ્યો હતો. આ ગણપતિ નાગના સિક્કા બહુ મળે છે. મધ્યભારતમાં પણ કોઈક ઠેકાણે નાગોનો ઉલ્લેખ છે. પંડિતોએ નાગો પાસેથી મળેલ રાજ્ય ઈ.ની ૪થી સદી હતું આંધ્ર વંશ જાણતી વખતે મળ્યા નામનો નાશ થયો હતો. જનમેજયના સર્પયજ્ઞથી જણાય છે કે, પુરુવંશી આર્ય રાજાઓને નાગવંશી રાજાઓ સાથે વિરોધ હતો આ વાતનું સમર્થન સિકંદર સમયની મળતી હકીકતથી પણ મળે છે. સિકંદર ભારતવર્ષમાં આવ્યો, ત્યારે તેને સૌથી પહેલાં તક્ષશિલાનો નાગવંશી રાજા મળ્યો તે રાજાએ સિકંદરનું બહુ દિવસ સુધી તક્ષશિલામાં આતિથ્ય કર્યું હતું અને પોતાના શત્રુ પૌરવ રાજા ઉપર ચઢાઈ કરવામાં તેણે સિકંદરને મદદ કરી હતી. સિકંદરના સાથીઓએ તક્ષશિલામાં રાજાને ત્યાં મોટા મોટા સર્પ પાળેલા દીઠા હતા, જેની નિસ્બત પૂજ્ય થતી હતી. આ રાજ અથવા નાગ જાતિ હિમાલયની પેલી પારની હતી. તિબેટી આજ સુધી પોતાની ભાષાને નાગભાષા કહે છે.

નાગવંશી [સં. નાગવંશિન્] વિ. નાગવંશનું.

નાગવાસુ પું. એક પ્રકારનો વાયુ આ વાયુનું સ્થાન મણકામાં છે. તેનું કામ ઓડકાર તથા ઊલટી લાવવાનું છે. તેના દેવતા શેષનાગ મનાય છે.

નાગવાર ૧. [વિ.] જે. અણુગમતું, મનપસંદ નહિ એવું; અણુગમો ઉપજાવનારું.

૨. વિ. અસહ્ય.

નાગવારા જુઓ નાગવાર.

નાગવારિક ૧. [સં.] પું. અજૈન.

૨. પું ગરુડ પક્ષી.

૩. પું. માવત.

૪. પું. મોર.

૫. પું. હાથી.

૬ પું. હાથીના ટોળાનો અધિપતિ.

નાગવારી સ્ત્રી. નાગપાંચમી.

નાગવાલા સ્ત્રી. જેમ્સોર તરફ બતાં પીળાં કેળાંની એક પેટા જાત. આ જાતનાં કેળાંને ખૂણા ઉપર બીજા પાંચ હોય છે.

નાગવિદ્યા [સં.] સ્ત્રી. નાગદમી.

નાગવીર [સં] પું. નાગ.

નાગવીથિ જુઓ નાગવીથી.

નાગવીથી ૧. [સં.] પું. આકાશમાં ઉત્તર દિશામાં આવેલ એક માર્ગ.

૨. પું. ૨૭ નક્ષત્રોને આલેખાનો ૨૨મો. અશ્વિની, આશ્લેષા અને મૃગશિરા એ નાગવીથી કહેવાય છે. જ્યોતિષી જ્ઞાનવત

૩. પું. ચંદ્રનો નક્ષત્રની વચ્ચે રહેને જતો માર્ગ. ૨૭મો ૨૨મો.

૪ પું. શુક્રની ગતિમાં સ્વાતિ, અશ્લેષા અને કૃત્તિકા નક્ષત્ર વચ્ચેનો માર્ગ. બધા નક્ષત્રોમાં એક એક વીથી માનેલી છે.

૫. સ્ત્રી. કશ્યપની એ નામની એક પુત્રી.

૬. સ્ત્રી. (પુરાણ) ધર્મ ઋષિને ધર્માની કુખે થયેલા એ નામની કન્યા.

નાગવૃક્ષ [સં.] પું નાગોસરનું ઝાડ તેના રેસામાંથી કપડાં બને છે. આ રેસાઓનો રંગ પીળો હોય છે.

નાગવૃત્તધર [સં. નાગ (સર્પ) + વૃત્ત (ગોળાકૃતિ) + ધર (ધારણ કરનાર)] પું. શિવનાં કાનનાં બાહેનું એક નામ.

નાગવેલ જુઓ નાગવલ્લી.

નાગવેષ્ટનકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.

બ્રહ્મહત્યો નાગવેષ્ટનકુંડ જો બહુવના પ્રમાણમાં છે. જ્ઞાનવતી જ્ઞાનવત

નાગવેષ્ટિત [સં.] વિ. નાગથી વીંટળાયેલ.

નાગશત [સં] પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પર્વત.

નાગશય્યા [સં.] સ્ત્રી શેષનાગની પથારી બધી ઉપરે ક્ષુદ્ર વિષ્ણુમૂર્તિઓમાં જોવા બધા કમલાપતિ નાગશય્યામાં પોઢેલા હતા. પુરાતત્વ

નાગશાહી સ્ત્રી. નવસારીનું એક પ્રાચીન નામ

નાગશુદ્ધિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નવું ઘર બનાવતી વખતે નાગની સ્થિતિનો કરવામાં આવતો વિચાર. હસ્તિ જ્યોતિષમાં જણાવ્યું છે કે, આકરણે, આસો અને કાર્તિકમાં નાગોનું મોઢું પૂર્વ તરફ, માગશર, પોષ અને માહ મહિનામાં દક્ષિણ તરફ, ફાગણ, ચૈત્ર અને વૈશાખમાં પશ્ચિમ તરફ અને જેઠ, અષાઢ તથા શ્રાવણમાં ઉત્તર તરફ હોય છે. પાયો ખોદવાની શરૂઆત કરતાં પહેલો ઘા જો નાગના માથા ઉપર આવે તો ઘર બનાવનારનું, પીઠ ઉપર આવે તો કોઈ પ્રિયનું મોત થાય છે એમ મનાય છે. પેટ ઉપર ઘા જો પડે તો શુભ મનાય છે.

નાગશુંડી [સં] સ્ત્રી. એક પ્રકારની કાકડી

નાગશ્રી સ્ત્રી. (જૈન) ચંપા નગરીના સોમ બ્રાહ્મણની એ નામની સ્ત્રી. તેણે ધર્મઘોષ નામના તપસ્વી મુનિને કડવી તુંબડીનું શાક વહોરાવ્યું હતું.

નાગસત્ત્વ [સં.] ન. મુહાલસિમા; મુરદાશ્રિયમ.

રસરાજ ગ્રંથમાં રસીરાસત્ત્વ અથવા નાગસત્ત્વ લખેલ છે આયુર્વેદ રહસ્યાંક

નાગસત્ત્વા સ્ત્રી. જમાલ ગિરનારા, ભાતરીઆ, બહુ ચાલ પ્રપાલ લેનારી, બગાસાં આનારી તથા હમેશા ઊંઘણશી સ્ત્રી.

નાગસમુદ્ર [સં.] પું. નાગદ્વીપ પછી આવેલ એ નામનો સમુદ્ર.

નાગસર ન. ગરણાઢની જાતનું એક વાજિંત્ર. તે નાળિયેરની કાચલાના બાદલાનું બનેલું હોય છે.

નાગસરમ જુઓ નાગસર.

નાગસરૂપા પું (ત્રિભા) એ નામનો એક અક્ષરમેળ છંદ; નીલસારી. તેના દરેક ચરણમાં બધા જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તે ત્રિષ્ટુપ છંદનો ભેદ છે.

નાગસંચારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નાગસંજય ૧. [સં.] ન. એક જાતનું મોતી. તે વાસુકિ, તક્ષક વગેરે નાગના શિરમાં બહુ હોવાનું મનાય છે.

૨. ન. સિંદૂર.

નાગસંભૂત ૧. [સં.] ન. એક જાતનું મોતી; નાગસંજય.

૨. ન. સિંદૂર.

નાગસાર જુઓ નાગસરો.

નાગસારિકા સ્ત્રી. નવસારી.

નાગસાહ્વય [સં.] ન. હસ્તિનાપુર.

નાગસુગંધા ૧. [સં] સ્ત્રી. એક જાતની રાસના; સર્પસુગંધા; રાસ્નાસન. તે ગાઢ પાંદે સર્પ જેવા મૂળ બહુ જ રહે છે, માટે તેને નાગસુગંધા કહે છે.

૨. સ્ત્રી જુઈગાંઠી લતા; નોળવેલ.

નાગસુર ન. ગરણાઢની જાતનું એક વાજિંત્ર. તેને તુમડી પણ કહે છે. એના સરોદથી સાપ મોહી પડી મદારીના હાથમાં સપડાય છે.

નાગસેનાંક [સં.] ન. વહાણ.

નાગસ્તોકક [સં.] પું. વાસનાગ વિષ; અમૃત વિષ નામનું વછનાગ.

નાગસ્થા [સ.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ ઉપરનું એક નામ.

નાગસ્ફોતા ૧ [સ] સ્ત્રી. હંસી.
૨. સ્ત્રી. નાગદમણી.

નાગસ્વરાવલી પું. (સંગીત) એ નામનો એક રાગ જે ખમાજ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને ૨.ત્રિના બીજા પ્રહરે ગવાય છે.

નાગહદ જ અનદ્રુ; નાગડા
અ. મેદપાટ દેશમાં ઇલાખડની ભૂમિના અપભ્રંશ નાગહદ એટલે નાગડા ગામ આવેલું છે. કૌમુદી

નાગહનુ ૧. [સં.] પું. નખલો નામે એક સુગંધી દ્રવ્ય.
૨. જ. નખ.

નાગહંત્રી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઝાડી; વંધ્યા કર્કોટકી.
૨. સ્ત્રી સર્પને મારનારી.
૩. સ્ત્રી હાથીને મારનારી.

નાગહાન [સં.] અ. અચાનક; એકદમ; બોર્મિનું.

નાગહાની [સં.] સ્ત્રી. આકસ્મિક; એકાએક આવી પડેલી; અકસ્માત્ આવેલી.

નાગહાર પું નાગનું બખોલ.
મહાદેવ શોધવાને મહાકાલીને નાગહાર આપ્યો. અખાની ગરબાવલી

નાગહારધૂક [સં. નાગહારધૃક] પું. શિવનાં કાંકર એ હેતુ એક નામ. તેમણે કોકમાં અનેક નાગ ધારણ કરેલ છે.

નાગહાં [સં] અ. ઓચિંતું; એકાએક; અચાનક.

નાગાકૂટી ૧. સ્ત્રી. વણિકની એ નામની એક જાતિ.
૨ જ એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નાગાળી ૧. જ. કંસર; નાંગળી.
રહેણી હૃદયમાં રાખો રે નાગળી નિશ્ચય તણા. બોધ
૨ જ. હળને ધૂસરી બાંધવાની રાસ.

નાગા ૧ પું આસામનો એ નામનો એક પહાડ. તેની આસપાસ નાગ લોકોની વસતી છે.
૨. પું. ઈશાન અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો.
૩. પું. પરંપરાનો ક્રમ.
૪ પું. જ જ નાગા ફરતા લોકના સંપ્રદાયના કોઈ સાધુ. આગાઉ તેઓ સાવ નવધા ફરતા હતા, પણ અંગ્રેજ રાજ્યમાં તેઓ લંગોટી પહેરે છે, જેને નાગલંગી કહે છે. તેઓ માથે જટાને ઠોકળની માફક વીંટીને પાઘડીના આકારમાં સ્થાપે છે અને શરીરે ભસ્મ લગાવે છે ભસ્મનો એક કોળો તેઓ સાથે રાખે છે અને તેની રોજ તેઓ પૂજા કરે છે.
નાગમત બાવાઓ તેમના નામ પ્રમાણે જુલ્લી જગ્યાઓ તદ્દન નાગા રહે છે અને ૩૭ વર્ષની ઉમર સુધી ઠંડોગની પ્રક્રિયા કરે છે
ચિત્રમય જગત
૫. પું જ જ. નાગા માણસો; નવધા લોકો
નાગાઓના ગામમાં ખોળી વરસો લગે કહે આવી ફરવા રે આઈ આવી ફરવા. કૌતક સંગ્રહ
૬. પું. જ જ. પહાડી પ્રદેશની કોમના લોક. એ લોકો ખરા પહાડોમાં વસનારા છે. તેની ચાર પેટા જાતિ છે: (૧) એંગામી, (૨) આઓ, (૩) સેમા અને (૪) લ્હોવ. એ ઉપરાંત બે નાની જાતિ છે: (૧) કચા અને (૨) રેંગમા.
૭. પું જ જ. સાધુઓનો એ નામનો એક સંપ્રદાય વર્ગ.
૮. સ્ત્રી આસામમાં નાગા નામની ટેકરીઓ ઉપર રહેતી એ નામની એક જંગલી જાતિ તેનું મુખ્ય ગામ કોહીમા છે. આ જાતિની વસતી અઢી લાખની છે. નાગા ટેકરીઓની મધ્યમા આવેલા કોહીમા ગામમાં જિલ્લા કમિશનરની કચેરીમાં આ વિવિધ પ્રકારના નાગાઓને દુભાષિયા તરીકે કોકવામાં આવ્યા છે. નાગા ટેકરીઓની ઉત્તરે જોરહાટ, સીબસાગર, જોખીમપુર અને ત્યાં રાજ્યતંત્ર જેવ કંઈ નથી એવો પ્રદેશ બ્રહ્મપુત્રા તિબેટની પાસે આવેલ છે. આ પ્રદેશ ખરેખર સાચા અર્થમાં હિંદથી અલગ રહેલા છે. અહીં રહેતા નાગા લોકો હિંદની આદિ જાતિઓ જેવો બહારજ પ્રભાવ છે. મનુષ્યવધ હજી યે તેના લોકોમાં પ્રચલિત છે કોહીમા જિલ્લા કમિશનર પાસે ૮૦ માનવીના માથાં કાપવાનો એક કેસ ચાલી ગયો છે નાગા લોકો અનાજ કરતાં માંસ વધુ પ્રમાણમા ખાય છે હિંદુની માફક માથે ચોટલી રાખે છે, પણ પોતાને હિંદુ અને હિંદુ કહેવડાવતા નથી અંગ્રેજ રાજની કૃપાથી ખ્રિસ્તી પાદરીઓનો અહીં સારો પ્રચાર છે. કોઝેમા પ્રધાનમંડળ સત્તામા આવ્યું, ત્યાર પહેલાં કોઈ પણ હિંદી અમલદાર આ પ્રદેશમાં નીમવામાં આવ્યો ન હતો અને હિંદીને આ પ્રદેશમાં અવરજવરની બંધી હતી ઊંચી ટેકરીઓને માથે નાગાઓની ઝૂંપડીઓનું ગામ વસેલું હોય છે. જે નાગાએ મનુષ્યવધ કર્યો હોય યા જેણે કંઈ પુરુષાર્થ બતાવ્યો હોય તેના ઘર ઉપર કપાયેલાં માથાંનું તોરણ બાંધવામાં આવ્યું હોય છે અને ઘર ઉપર ચીમડાના આકારનું ચિહ્ન મૂકવામાં આવ્યું હોય છે. નાગા શરીરે પણ સજાવટ અને સ્વચ્છતાને ઉતરતા ગણે છે. જાપાનીઓના આક્રમણથી નાગા લોકો બહારની દુનિયાથી અળગા થયા છે. સિગારેટ પીવાનો શોખ તેમનામાં વધ્યો છે અને તેની સાથે રાજકોય હકો મેળવવા માટે નાગા લોકોની રાષ્ટ્રીય સમિતિ સ્થાપવામાં આવી છે. આ સમિતિએ નાગા પ્રદેશ સ્વતંત્ર એવુ જાહેર કરવાની માગણી કરી છે. નાગાની પેટા જાતિઓ નીચે પ્રમાણે છે: (૧) કોનીઆક નાગા, (૨) આઓ નાગા, (૩) ઓટી નાગા, (૪) સેના નાગા, (૫) એંગામી નાગા, (૬) ઝની નાગા. આ બધાની બોલીઓ જુદા પ્રકારની છે.
૯. સ્ત્રી. એ નામની રબારીની એક અટક.
૧૦. સ્ત્રી. હિંદુસ્તાનમાં બોલાતી એ નામની એક ભાષા.
૨૨ કરોડ આસામી અને બીજી બારી, નાગા, ગારો, મણિપુરી, હિંદી, ગુંજારી અને ઉડિયા ભાષાઓ બોલે છે. પ્રસ્થાન
૧૧. [જ.] જ. (વહાણવટું) ઊંદરી.
૧૨. જ. એ નામની અટકનું માણસ.
૧૩. વિ. એ નામની અટકનું.
૧૪ જ. અચાનક.

નાગાઈ ૧. સ્ત્રી. નફટાઈ.
૨. સ્ત્રી. ધુર્તાઈ.

નાગાકાર [સં. નાગ (સર્પ) + આકાર (રૂપ)] વિ. સર્પના જેવા આકારનું.

નાગાકુકિ સ્ત્રી. આસામમાં વસતી ભાષાઓનો એક વર્ગ. તેની શાખા મેમિ અને તંગખુલ છે.

નાગાકૃતિ ૧. [સં. નાગ (સર્પ) + આકૃતિ (આકાર)] સ્ત્રી. નાગની આકૃતિ જેવી બૂબની એક રચના.
નાગાકૃતિ બહુ સન્મુખ સજિયો.
કાન્હડદે પ્રબંધ
૨. વિ. નાગની આકૃતિ જેવું.

નાગાક્ષ્ય [સં] જ. નાગકેસરનું ઝાડ. તેના ફૂલના આડાઅવળા વીંટાયેલા હોય છે. સર્પની પેઠે તેની કાંડલીઓ એકબીજાને વીંટાયેલી હોય છે, માટે તે નાગાક્ષ્ય કહેવાય છે.

નાગાજ્જુ પું. નાગાર્જુન.

નાગાણી ૧. સ્ત્રી. વાઘિયા, મેમલ, સેવદ, કોળી અને લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાગાધિપ ૧. [સં. નાગ (હાથી) + અધિપ (રાજા)] પું. ઐરાવત.
૨. પું. શેષનાગ.
૩. પું. શ્રેષ્ઠ નાગ.
૪. પું. શ્રેષ્ઠ હાથી.

નાગાધિપતિ જુઓ નાગાધિપ.

નાગાનન [સં. નાગ (હાથી) + આનન (મોઢું)] પું. ગણેશ; ગજાનન.

નાગાનંદ [સં.] ન. એ નામનું એક સંસ્કૃત નાટક

નાગા બાવા પું. બ.વ. એક જાતના હિંદુ સાધુ. તેઓ નાગા રહે છે. કોઈ કોઈ વખત તેઓ પાસે હથિયાર હોય છે અને રાજાઓની સેવા કરે છે

નાગાબા પું. હસ્તિનાપુરનું જૂનું શહેર.

નાગાભિજૂ [સં.] પું. શુદ્ધ દેવનું એક નામ.

નાગારિક ન. એક જાતનું અભક્ષ. તેની ચાર જાત છે: સફેદ, લાલ, પીળું ને કાળું. આ અભક્ષને ઉંમરવાળા સર્પની પેઠે અંદરથી ફૂંફાડા જેવો અવાજ નીકળે છે. તે ઝેરકર વિષ સરખું મનાય છે.

નાગારક જી. માનુષ જાતનો એ નામનો એક વિભાગ.

નાગારાતિ ૧. [સં.] પું. એક જાતની કઠોર; ઘંટા કઠોરી.
૨. પું. ગરુડ પક્ષી.
૩. પું. નોળિયો.
૪. પું. મોર પક્ષી
૫. પું. સિંહ

નાગારિ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, ગુરુ અને લઘુ એમ આઠ અક્ષર હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.
સ ભ ગા લ થી નાગારિ. અધિપજ
૨. જી. વાંસળી કઠોલી.

નાગાર્જુન ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન બૌદ્ધ મહાત્મા અથવા બોધિસત્વ. તે માધ્યમિક શાખાનો પ્રવર્તક હતો. એમના વિષે કહેવાય છે કે તે વિદર્ભ દેશનો બ્રાહ્મણ હતો. કેટલાકના મત પ્રમાણે તે ઈસાથી ૧૦૦ વર્ષ પૂર્વે અને કેટલાકના મત પ્રમાણે ઈસા પછી ૧૫૦–૨૦૦ વર્ષે થયો. પણ તિબેટમાં લામાના પુસ્તકાલયમાંથી મળેલ એક પ્રાચીન મંજુ પ્રમાણે પહેલો મત ઠીક સિદ્ધ થાય છે. બૌદ્ધ ધર્મને દાર્શનિક રૂપ પહેલવહેલું નાગાર્જુને જ આપ્યું હતું. આથી તેની મારફત સત્ય અને અહેતુક લોકોમાં બૌદ્ધ ધર્મનો જેટલો પ્રચાર થયો તેટલો બીજા કોઈ આચાર્ય થયો નથી. તેના દર્શનગ્રંથનું નામ માધ્યમિક સૂત્ર છે. તે ઉપરાંત બૌદ્ધ ધર્મ સંબંધી તેણે બીજા કેટલાક ગ્રંથ પણ લખ્યા છે. તેણે સાત વર્ષ સુધી આખા આરતવર્ષમાં ઉપદેશ અને શાસ્ત્રાર્થ કરી પણ બીજાને બૌદ્ધ ધર્મ પાળતા કર્યા હતા. છેવટમાં શ્રીપર્વત નામના એક મોટા રાજાને દક્ષ કરવા બદલ્યો સહિત બૌદ્ધ ધર્મમાં લાવ્યો હતો. તેના દર્શનના બે ભાગ છે: એક સંવૃતિસત્ય અને બીજું પરમાર્થસત્ય. સંવૃતિસત્યમાં તેણે માયાનું મૂળ તત્ત્વ નિરૂપિત કર્યું છે અને પરમાર્થસત્યમાં એવું પ્રતિપાદિત કર્યું છે કે, ચિંતન અને સમાધિ દ્વારા મહાત્માને કોઈ પ્રકારે બતાવી શકાય છે. મહાત્માને બતાવી લીધા પછી માયા દૂર થઈ જાય છે. માધ્યમિક દર્શનનો સિદ્ધાંત એવો છે કે, સાધારણ નીતિધર્મના પાલનથી જ પ્રાણી પુનર્જન્મથી રહિત થઈ શકતો નથી. નિર્વાણ મેળવવા માટે દાન, શીલ, શાંતિ, વીર્ય, સમાધિ અને પ્રજ્ઞા એટલા મુદ્દાઓ ચારે બાજુથી પૂર્ણતાએ પહોંચાડવા જોઈએ. તે કહેતો હતો કે વિષ્ણુ, શિવ, કાલી, તારા વગેરે દેવદેવીઓની ઉપાસના સાંસારિક ઉન્નતિ માટે કરવી જોઈએ નાગાર્જુને બૌદ્ધ ધર્મને જે રૂપ આપ્યું તે મહાયાન કહેવાય છે અને તેનો પ્રચાર બહુ ઉતાવળે થયો. નેપાળ, તિબેટ, ચીન, તાતાર, જપાન વગેરે દેશોમાં આ શાખાના અનુયાયી છે. તાંત્રિક બૌદ્ધ ધર્મના પ્રવર્તક કેટલાક લોકો નાગાર્જુનને જ માને છે. કાશ્મીરમાં લોકોનો જે મોટો ગ્રંથ થયો હતો તે તેણે કર્યો હતો. તે ચિકિત્સક પણ બહુ સારો હતો. મહામહિમ પંડિત જે વિક્રમ સંવત ૧૦૦૦ લગભગ થઈ ગયો હતો, તેણે પોતાના ચિકિત્સા સંગ્રહમાં નાગાર્જુને કરેલ નાગાર્જુનાંજન અને નાગાર્જુનયોગ નામની દવાઓનો ઉલ્લેખ કર્યો છે. ચક્રપાણિએ લખ્યું છે કે, પાટલિપુત્ર નગરમાં તેને આ અને બુદ્ધના પથ્થર ઉપર કોતરેલા મળ્યા હતા. એવું પ્રસિદ્ધ છે કે, પથ્થરો ઉપર આ પ્રકારના બુદ્ધના કોતરણી તેણે કેટલાંયે કેટલાંયે ઠેકાણે કરાવ્યા હતા. રસરત્નાકર, કોતુહલ ચિંતામણિ, યોગરત્નમાલા યોગરત્નાવલિ અને નાગાર્જુનીય સિદ્ધિત્સા આ બધાં પુસ્તકો તેના નામથી પ્રસિદ્ધ છે.
૨. પું. (બૌદ્ધ) ચોલાણી માંહેનો એ નામનો એક સિદ્ધ.
૩. પું. ૭ માંહેનો એ નામનો એક શકકર્તા રાજા.
૪. પું. દક્ષિણ હિંદમાં થઈ ગયેલ એ નામનો એક તત્ત્વવેત્તા.
૫. પું. નામદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન.
૬. પું વૈદિક સાહિત્યનો એ નામનો એક મહાન આચાર્ય. અગિયારમા શતકના પ્રથમ ભાગમાં આ દેશમા રહી જનાર એલબેરૂની નાગાર્જુન માટે નીચે પ્રમાણે લખે છે: રસવિદ્યાના નાગાર્જુન નામના એક પ્રખ્યાત આચાર્ય હતા, જે સોમનાથ પાસે દૈવકમાં રહેતા હતા. એ રસવિદ્યામા પ્રવીણ હતા અને એમણે એ વિષયનો એક ગ્રંથ લખ્યો છે. અમારા વખત પહેલા ૧૦૦ વર્ષ ઉપર એ થઈ ગયા છે. જો એલબેરૂનનું કહેવું ખરું હોય તો નવમા શતકના અંતમા અને દશમા શતકના પ્રથમ ભાગમાં ગુજરાતમાં એક નાગાર્જુન થઈ ગયા હોવા જોઈએ.
બૌદ્ધ સાહિત્યમાં, જૈન સાહિત્યમાં અને વૈદિક સાહિત્યમા લિખે નાગાર્જુન એક મહાન આચાર્ય, રસવેદ અને મહાપુરુષ ગણાય છે.
શ્ર સા. પરિષદ

નાગાર્જુનાજ્ઞ પું. (વૈદક) કુષ્ઠ, હૃદયરોગ, સોજા તથા નબળાઈ મટાડનાર એક ઔષધ. તેની માત્રા ૧ થી ૨ રતી છે અને તે મધ, દૂધ કે ઘીના સાથે લેવાય છે.

નાગાર્જુની ૧. પું. એ નામનો એક પર્વત.
નાગાર્જુનીના પર્વતની ગુફાઓના ગુહાલેખોમાં અશોકના પૌત્ર તરીકે ઓળખાવા દશરથ રાજાને માટે દેવાના પ્રિય શબ્દ વપરાયા છે
અશોકચરિત
૨. પું. બદરિકે પર્વત ઉપર આવેલી એ નામની એક ગુફા.
૩. [સ] જી. એક પ્રકારનો છોડ; દુધેલી; દુધિયા ઘ.સ.

નાગાર્જુની ગુટિકા જી (વૈદક) એક પ્રકારની ઔષધીય બનાવટ. પારો, વછનાગ, ગંધક, સીસાની ભસ્મ અને મરી આદુના રસમાં ખરલ કરી તેની ગોળી કરાય છે. તે વાતરોગ, વિષમજ્વર, કફ, અજીર્ણ અને આફરો મટાડનાર મનાય છે.

નાગાર્જુની દુધેલી જી. એ નામની એક વનસ્પતિ; દુગ્ધિકા; સ્વાદુપર્ણી; ક્ષીરા; વિદારિણી.

નાગાલ જી. ગાયસમૂહ; નાગપુચ્છી.

નાગાલુરાર્ય જી. આસામ પ્રાંતમાં આદિમ જાતિના પ્રદેશમાં આવેલી એ નામની એક ટેકરી

નાગાવલોક પું. નામજા.
નાગાવલોકનું બીજું નામ નામજા હતું એમ જણાય છે.
શ્ર સા. પરિષદ

નાગાશન ૧ [સં નાગ (સર્પ) + અશ્ (ખાવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)]
૧ ગરુડ
૨. પું. નોળિયો.
૩. પું. મોર.
૪ પું સિંહ

નાગાશ્વ [સં.] પું. એ નામનો એક છંદ: હરિતછંદ.

નાગાસ્ત્ર [સં. નાગ (સર્પ) + અસ્ત્ર (હથિયાર)] ન. સર્પના આકારનું એક અસ્ત્ર; સર્પોક્ત; નાગોની શક્તિવાળું અસ્ત્ર.
વાહ મેઘેન્દ્રિક નાગાસ્ત્ર બાણ,
પ્રલ્હિ અ.પુ બાહડિએ. ઉમાહરણ

નાગાહ્વ અ. એનામેક; બોલિવું; અમાનક.

નાગાહ્વાર વિ. લાજ વગરનું; બેશરમ.

નાગાહ્વ ૧. [સં] પું. નાગકેસર.
૨. પું. હસ્તિનાપુર.

નાગાહ્વા [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; લહમણકંદ

નાગાંગ [સં] ન. હસ્તિનાપુર.

નાગાંગના ૧. [સં. નાગ + અંગના (સ્ત્રી)] સ્ત્રી. નાગ જોગીની સ્ત્રી.
૨. સ્ત્રી. નાગણી.
૩. સ્ત્રી. નાગના જેવા અંગવાળી સ્ત્રી.
૪. સ્ત્રી. કાયણી.

નાગાંગલતા ૧. [સં.] સ્ત્રી. પાણીમાં ઊગતો કરેણો વૃક્ષ: નાગપુષ્પિ.
૨. સ્ત્રી વૈદ્ય પાઠવાનો સંગિયો.

નાગાંજના ૧. [સં.] સ્ત્રી. પાણીમાં ઊગતો કરેણો વૃક્ષ: નાગપુષ્પિ
૨. સ્ત્રી કાયણી.

નાગાંતક ૧. [સં. નાગ (સર્પ) + અંતક (અંત લાવનાર)] પું. ગરુડ. તે સર્પોનો નાશકર્તા મનાય છે.
૨. પું. મોર.
૩. પું સિંહ

નાગાંબર [સં.] પું શંકર.

નાગિણી સ્ત્રી. નાગણી
નાગદ કુલિ નાગિણી કરઇ હત્ય,
અવર પિલગ અંતરિ સત્ય.
પ્રબોધચિંતામણિ

નાગિન ૧. [હિં.] સ્ત્રી. કુટિલ અને દુષ્ટ સ્ત્રી.
૨. સ્ત્રી. ભુતકેશ; વાળની લટ; ગરદન ઉપર વળી ફરતાંની લાંબી લામરી. ઓળોમાં આવી લામરી કુલફણ સમજાય છે.
૩. સ્ત્રી. નાગણી, નાગની સ્ત્રી; સાપની માદા.
૪ સ્ત્રી ગળદ, ઘોડું વગેરે પશુઓની પીઠ ઉપરના વાળની એક બાજુની લામરી. તે અશુભ મનાય છે.

નાગિની ૧. સ્ત્રી. એક પ્રકારની વેલ. એની પાસે સર્પ રહે છે. પારલૌકિક માટે તે વપરાય છે
૨. સ્ત્રી. ગરમેરણું.
૩. સ્ત્રી. નાગણી.
૪ સ્ત્રી. નાગદમણ.
૫. સ્ત્રી નાગરવેલ
૬. સ્ત્રી પૃષ્ટપર્ણા નામની વેલોની એક પ્રસિદ્ધ જાતી.
૭. વિ સ્ત્રી. નાગી, ઉઘાડી
૮. વિ સ્ત્રી બેશરમ.

નાગી ૧. [સં. નાગિન] પું. શિવ; રુદ્ર.
૨. સ્ત્રી. નાગણી; સાપેણ.
૩. વિ સ્ત્રી વસ્ત્ર વિનાની.

નાગી ગાયત્રી [સં.] સ્ત્રી. (પિંગળ) પહેલા બે ચરણમાં નવ નવ અને બીજા ચરણમાં છ અક્ષરવાળો ચોવીસ અક્ષરનો એ નામનો એક વૈદિક છંદ.

નાગીત્વ સ્ત્રી. નાગપણ.

નાગીનું વિ. નાગી માતાનું. આ શબ્દ ગાળ તરીકે વપરાય છે.

નાગીપૂગીનું જુઓ નાગીનું.

નાગીપોશાળી પું. (જૈન) એક પ્રકારનો કુળગોર.
એ લોકમાં ગૃહસ્થી અને નાગીપોશાળી એમ બે ફાંટા છે. ગુ. સા. પરિષદ

નાગુઝીર ૧. [સં. ના (નહિ) + સુઝીર (ઉપાય)] વિ. ઉપાય વિનાનું; લાચાર
૨. વિ. જેના વગર ચાલે નહિ એવું; જરૂરી.

નાગુર ન. નાગોર; જોધપુર રાજ્યનું એ નામનું એક શહેર. ત્યાના બળદ વખણાય છે.
સયવર, ચિતોડ અલા ગઢ, વલી લીડ નાગુર.
કનકસુંદરકૃત

નાગુરા ૧. સ્ત્રી. (ચા. પ્ર.) ચામડિયાની ચોરાસી જાતોની એ નામની એક જાતિ.
જોલવાલ નાગુરા નવા, તે રોહા સાકુરા પણ.
સાવ્યમસમય
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નાગુલા ૧. સ્ત્રી. નાકુલી નામની જડી.
૨ [સં. નકુલ] સ્ત્રી. નેવલા.

નાચું ૧. [સં. નગ્ન] વિ. કમરે વસ્ત્ર ન હોય એવું; નગ્ન; ઉઘાડા શરીરનું; ઉઘાડું. નાચું શબ્દ માણસના ગુપ્ત ભાગ ઉઘાડા હોય ત્યારે વપરાય છે. ઉઘાડું શબ્દ ઢાંકેલું નહિ એની જગ્યાએ વપરાય છે. ઉઘાડું શબ્દ નાગું શબ્દની જગ્યાએ વપરાય, પણ નાગું ઉઘાડું શબ્દની જગ્યાએ હમેશ વાપરી ન શકાય નાગું શબ્દમાં શરમનો આભાસ છે ઉઘાડું શબ્દમાં તેવું નથી નાગી વાત કરતાં શરમ આવે તેવી વાત. ઉઘાડી વાત એટલે ખુલ્લી, સ્પષ્ટ, સર્વના દેખતાં થાય તેવી વાત.
૧ નાગાથી નારાયણ વેગળા = ધુત્કારથી સાવધાન રહેવું.
૨. નાગાની પાંચશેરી ભારે = નાગો માણસ નગ્નાવસ્થા પોતાનું ધાર્યું કરવી શકે છે.
૩. નાગાને કૂલે આવળિયો = લાજવું નહિ ને માજવું.
૪. નાગાને કૂલે આવળિયો ઊગ્યો તો કહે કે મને છાપો થયો = મૂર્ખને શરમ હોય નહિ.
૫. નાગો જોઈને મુનિવર ચળે = આવેશમાં મહાન પુરુષ પણ અક્ષમ રહી શકે નહિ.
૬. નાગું બાવું ને એકું ખાવું = અપશબ્દ બોલવા અને એકવાર ખાવું એ બંને તિરસ્કારને પાત્ર છે.
૭. નાગું નાગું બોલવું = (૧) અપશબ્દ વાપરવા. (૨) ઉઘાડું બોલવું; નિર્લજ્જપણે બોલવું.
૮. નાગે કૂલે કરેણાં = નાગા માણસને શરમ ન હોય.
૯. નાગો કૂદે કે બગ્ગો કૂદે = પૈસાદાર કે મૂર્ખને ઉડાડી મૂકવું પાલવે.
૧૦. નાગો નહાય શું ને નિચોવે શું? = જેની પાસે ન હોય તેની મદદની આશા ફોગટ છે.
૧૧. નાગો પાડશાહથી આપો = નાગા માણસથી સૌ દૂર રહે.
૧૨. નાગો વરસાદ = નકામો હોવા છતાં પડતો વરસાદ
૨. વિ. ઢંકાયા વગરનું; ઉઘાડું; ખુલ્લું; ઢાંકેલું નહિ તેવું
૩. વિ. જેને પાછા પહેરવાને કંઈ ન હોય તેવું.
૪. વિ. ઠીવાળિયું; લાજને આપવાની દાનત વગરનું, વહેવારમાં ન રહે એવું; લાજ વગરનું.
૫. વિ ભૂખાળું; નિર્લજ્જ.
૬. વિ. લાજ વગરનું; નિર્લજ્જ; બેશરમ.
૭. વિ. ખુલ્લું; દેખું.
૮- વિ અનિચારી.

નાચુંછ વિ. જુઓ નાગું; તદ્દન નાગું.

નાગુંદાટ ૧. વિ. લહન નાગું; સાવ નાગું.
૨. વિ. લાજ વગરનું; લંપટ.
૩. વિ. વિવેકની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર; અવિવેકી; જંગલી; અસભ્ય.

નાગુંમત્ત વિ. સાવ નાગું; નાગુંબચ્ચ.

નાગુંપૂગું વિ. નાગું; ઉઘાડું.

નાગુંબંગ ૧. વિ. ઢાંકું; નિર્લજ્જ; શરમ વગરનું.
૨. વિ. સાવ નાગું; બચ્ચ વગરનું; ઉઘાડું.

નાગુંબૂચ્ચું વિ. પહેરવાને વસ્ત્ર કે આપવાને અનાજ મળતું ન હોય એવું; કંગાળ.

નાગેચ્છ ૧. સ્ત્રી. નાગણી; સર્પિણી; નાગની માદા.
૨. સ્ત્રી. નાગરની સ્ત્રી.

નાગેલ વિ. સીધું; સીધોતરીવાળું.

નાગેલિયો સ્ત્રી. એક પ્રકારની દેશી રમત. આ રમતમાં સાત પાણાના કટકા ઉપર ઉપર ગોઠવે છે. આ કટકાને નાગેલિયો કહે છે. ગોટે ગોટથી એક ગોકરો તેને પાડી નાખે છે અને પાડી નાખનારની જમણા બીજા ગોકરા કરતાં લાંબ હોય છે અને એક ગોકરો ફરી પાછો નાગેલિયો બને છે.

નાગેશ ૧. [સં.] પું. ઐરાવત
૨. [સં. નાગ (સર્પ) + ઈશ (ઈશ્વર)] પું. નાગોનો ઘણી; શેષનાગ; નાગરાજ; શેષ નામ.
૩. પું. પતંજલિ.
૪. પું. પરિભાષેન્દુશેખરના કર્તાનું નામ.
૫. પું. પાણિનિ વ્યાકરણ ઉપર ભાષ્ય વિવરણ કરનાર એ નામનો એક વિદ્વાન; નાગેશ ભટ્ટ.
૬. પું. મહાદેવનું એ નામનું એક જ્યોતિર્લિંગ. નામ પડ્યું નાગેશ કોટિ જો વાળી આ. ભવાય ભટ્ટ
૭. પું. શિવ.
૮. પું. શેષ હાથી.

નાગેશરી સ્ત્રી. એક જાતનું કપડ.

નાગેશરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નાગેશ્વર ૧. [સં.] પું. એ નામના એક શંકર. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર છે. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: ત્યાંના પુત્ર પુંડરીક નામે ઉંદર આપેલ શાપ મટાડવાના હેતુથી તપ કરીને અહીં સિદ્ધિ મેળવી હતી. અહીં સર્પભય રહેતો નથી. રવિવારનું માહાત્મ્ય છે.
૨. [સં.] પું. ઐરાવત હાથી.
૩. પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના એક શંકર. તેનું મંદિર રેવાકુંડમાં આવેલ છે. ઓંકારનાથની ઝાડી અઢીથી બનાવ છે.
૪. પું. નાગકેસર.
૫. [સં. નાગ + ઈશ્વર (ઘણી)] પું. નાગોનો ઘણી; શેષનાગ નાગરાજ.
૬. પું. પાણિનિ વ્યાકરણ ઉપર ભાષ્ય વિવરણ કરનાર એ નામનો એક વિદ્વાન.
૭. પું. મહાદેવ શંકર.
૮. પું. મહાદેવનાં દ્વાદશ સ્વયંપ્રકાશી માંહેનું એ નામનું એક જ્યોતિર્લિંગ.
૯. પું. સુમારે ૧૮૫૫ની સાલમાં અહિલ્યાબાઈમાં બાંધેલ કુંડલા ચાકેના ચાર્યકડા નામના ગામમાં થઈ ગયેલો એ નામનો એક કવિ. તે કંઈ ભણેલો ન હતો, છતાં તેનામાં નૈસર્ગિક કવિત્વશક્તિ હતી. તે વખતે ચાર્યકડા ગામ ભૂતગઢને તાબે હતું અને તેની કોર્તિની ભૂતગઢ ખબર પડતાં, લાંબા નખાવે તેને ત્યાં બોલાવ્યો અને પૂછ્યું, મુસ્લિમ ધર્મ શ્રેષ્ઠ, યા હિંદુ ધર્મ શ્રેષ્ઠ, બરાબર જવાબ આપજો, નહિતર હાથકડી તૈયાર છે. આવું ધર્મસંકટ આવતાં કવિએ તરત જ હાજરજવાબી દ્વિઅર્થી દુહો કહ્યો: તીન લોક તારનેકું હજરત મસીત હૈ. કવિએ તો આમાં હિંદુ ધર્મને જ શ્રેષ્ઠ માન્યો હતો. જેમકે, તીન લોક તારનેકું હજ્જ રામ સીત હૈ. નવાબ સમજ્યો કે મુસ્લિમ ધર્મ શ્રેષ્ઠ છે. આથી તેને તે દિવસથી રાજકવિની પદવી આપી અને વર્ષાસન બાંધ્યું.
૧૦ પું. શ્રેષ્ઠ હાથી.
૧૧. ન. એક જાતનું કપડ. તે ચંપાની જાતનું. ધોળું અને સાર કંઈકીણું હોય છે.
૧૨. ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

નાગેશ્વરઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નાગેશ્વર-તીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: કશ્યપ ઋષિની ઓ કદુ સર્પોની માતા બની ઉચ્ચૈઃશ્રવા અશ્વના રંગ ઉપર તેની શોક્ય વિનતા સાથે તેમને વાદ થયો, ત્યારે તેણે પોતાના પુત્ર સર્પોને કહ્યું કે, તમે મારા પક્ષના રક્ષણ માટે ઉચ્ચૈઃશ્રવાના શરીરને ઢાકીને કાળું કરો. તેઓએ બીજા માતાના શાપના ભયથી આ કર્મનો વિરોધ કર્યો. આ જોઈને કદુએ પોતાના પુત્ર સર્પોને શાપ આપ્યો કે, તમે બળી જશો. પછી માતાનો શાપ મટાડવા માટે બધાએ મળીને શિવજીની આરાધના કરી અને સિદ્ધિ મેળવી શાપમુક્ત થયા. અહીં સર્પભય રહેતો નથી. નાગપાંચમનું મોટું માહાત્મ્ય છે.

નાગેશ્વરરસ [સં.] પું. (વૈદક) એ નામનું એક રસૌષધ. પારો, ગંધક, સીસું, કલાઈ, મનઃશિલ, નોસાદર, જવખાર, સજ્જી, સોહાગા, ધોતૂરું, તાંબું અને અફીણ એ બધી ચીજ સરખે ભાગે લઈ ધોરના દૂધમાં મેળવવી. પછી ત્રિફળા, અરડૂસો અને દંતીના ઉકાળામાં મેળવી અડદની દાળ જેવડી ગોળી બનાવવી.

નાગેશ્વરવાહિની સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ટોડી રાગની એક જાત છે

નાગેશ્વરી [સં] સ્ત્રી. એ નામની મનસા દેવી. જનમેજય રાજાના યજ્ઞમાં તેણે નાગલોકોના પ્રાણની રક્ષા કરી હતી, તેથી નાગેશ્વરી કહેવાય છે.

નાગેસર ૧ સ્ત્રી. એક જાતનો છોડ હિંદુઓ તેને પવિત્ર માને છે.
૨. ન. એક જાતનું કપડ.
૩. ન. નાગકેસર.
૪. ન. સંગીતનું એક વાદ્ય.

નાગેસરી [હિં] વિ. પીળું; નાગેસરના રંગનું.

નાગેંદ્ર ૧ [સં] પું. ઐરાવત
કાજે તે મૂઢ-પથ-વહ થયો ? નાગેંદ્રને બાંધવા. નરસિંહરાવ
૨. પું (જૈન) નાગકુમારનો ઇંદ્ર.
૩. [સં. નાગ (સર્પ) + ઇંદ્ર] પું. મોટો નાગ.
૪. પું. મોટો હાથી; શ્રેષ્ઠ હાથી.
૫. પું. શિવ; શંકર
૬. પું. શેષ, વાસુકિ વગેરે નાગ
૭. પું. શ્રેષ્ઠ નાગ.
૮. ન. (ગિરુપ) એક જાતનું બહારગામનું મકાન પર.
મુબઈની કાળી તરફ એક અલિદર જો તે નાગેંદ્ર. રાજબલ્લભ

નાગેંદ્રમચ્છ પું. (જૈન) એ નામનો એક સંપ્રદાય.
આ સ્થિતિમાં એક વાર નાગેંદ્રગચ્છના સૂરિએ આવી અર્બુદગિરિનું માહાત્મ્ય ગાયું. પ્રબંધ

નાગેંદ્રમાલિની [સં.] સ્ત્રી નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

નાગેંદ્રહાર [સં] પું. શિવ.

નાગેણું ૧. ન. ચાળો; ફાળો; નાંખરણું.
૨. ન. ખરેલા વાસણને ઊંચકવા માટે તેને નીચે મૂકવા વપરાતું તેવું બાંધેલું ગાભણનું ગોરણ.

નાગો ૧. જી. એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.
૪. [સં. નમક–નગ્નક–નાગો] વિ.,પું. ઉઘાડો.

નાગોગોસો પું. એ નામની એક દેશી રમત; સંતાકૂકડી. ઢાંકીનો ધોકો.

નાગોચંપો પું. એક જાતનો ચંપો.

નાગોચા ૧. જી. એ નામની આહીરની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાગોઠાણા જી. પશ્ચિમ હિંદુસ્તાનની એ નામની એક ગુફા.

નાગોડિયું (નાગોડિયું) વિ. નગ્ન; નાગું.

નાગોડ ૧. પું. (જૈન) એ નામનો એક સમુદ્ર.
૨. ન. ભણિણી ઓનો એક ગર્ભોપહર.
૩. ન. છાતી ઉપર પહેરવાનું અન્તરઃ પેટના રક્ષણ માટે પહેરવાનું અન્તર.

નાગોદર ૧. [સં. નાગ (સર્પ) + ઉદર (પેટ)] પું. ગર્ભોજ રોગના આઠ ભાંહેનો એ નામનો એક પ્રકાર; પેટમાં ગર્ભ થયો પેટ ફૂલે લેવો રોગ. સંપોગકાળે વાયુના ધોમે કરી ગર્ભનો આકાર સર્પ જેવો થાય છે. તેથી તેને નાગોદર કહે છે. ગર્ભવતી સ્ત્રીએ ઉપવાસ વગેરે કરવાથી અથવા રૂક્ષ પદાર્થોનું અતિશય સેવન કરવાથી અથવા યોનિથી અતિ રક્તસ્રાવ થવાથી કુણ થયેલ ગર્ભ વાયુપ્રકોપથી સુકાઈ જાય છે.
૨. ન. છાતી ઉપર પહેરવાનું અન્તરઃ પેટ ઉપરનું અન્તર.

નાગોદરિકા [સં.] જી. બોળ જેવું કાચું અન્તર, ગર્ભના પાલનું રક્ષણ કરનું અન્તર.
નાગોદરિકાવાળા હાથ એક પર એક ઠોકે આખી કુમારે કહે. કનૈયાલાલ મુનશી

નાગોદ્વીપ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

નાગોપૂગો વિ પું. નગ્ન; બિલકુલ વસ્ત્રો જ જેની પાસે ન હોય એવો; તદ્દન નાગો; ઉઘાડો; દિગમ્બર.

નાગોબ્રેગ ૧. વિ. પું ઠાંઠ; ફજેત; નિર્લજ્જ; ઠાટેલ
૨. વિ. પું. વસ્ત્ર વગરનું; તદ્દન નાગું; ઉઘાડું.

નાગો ભારો પું. નગ્ન દશામાં કરતો ભાવો.

નાગોર ૧. પું. ભરવાડ; ગોવાળ.
૨. જી. ગાલ્યુ અથવા વાછરાની ચોરાસી ભાંહેની એ નામની એક પેટા જાતિ.
૩. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૪. ન. નાગ લોકોનું શહેર; અહિપુર.
૫. વિ. એ નામની પેટા જાતિનું.

નાગોરા પું. રોપ્યા ચોરાસી ગજ્ઞનો એ નામનો એક પેટા મજ્ઞ.

નાગોરિયો પું. એ નામની એક દેશી રમત; એક જોડ ઉપર નવ ઠીકરી મૂકો તેની ઉપરની ઠકીને દોટ મારી ઉઠાડવાની રમત.

નાગોરી ૧. જી. કચ્છમાં થતી એક જાતની ભેંસ.
કચ્છમાં જે જોડો નાગોરનું કહેવાય છે તે બે પહાની ખોદાય છે એની વાત આવી છે.
કચ્છનાં રજવાડાં
૨. જી. ઢોર પાળનાર મુસલમાન ભરવાડની એ નામની એક જાતિ.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.
૫ વિ. નાગોર ગામનું.

નાગો વરસાદ પું. તડકામાં આવતો વરસાદ.

નાગોચા જી. ઢેંક.

નાગોરાહ જી એ નામની એક રમત.

નાગોળી જ. એક જાતનું ઝાડ. તેનાં પાન કેળનાં પાન જેવાં હોય છે. તેને ફળાળાના ફૂલ જેવો ફૂલ થાય છે. તે ફૂલડીના જેવો મીઠો હોય છે અને દવામાં વપરાય છે.

નાગૌર ૧. પું. મારવાડમાં આવેલું એ નામનું એક નગર. ગાય અને બળદને માટે ભારતવર્ષમાં તે પ્રસિદ્ધ હતું જનશ્રુતિ એવી છે કે દિલ્હીના કેટલા હિંદુ સમ્રાટ મહારાજ પૃથ્વીરાજે ગોપોષણ માટે સોથી વધારે અનુકૂળ સ્થાન જોયું કાઢવાની આજ્ઞા કરી. માણસો ચોતરફ ફરી વળ્યા. તેમાના એક માણસે જંગલમાં એક તરતની વિયાયેલી ગાયને ચારથી પોતાના વાછરડાની રક્ષા કરતી જોઈ. વાઘ અકુ ફેર કરતો હતો, પણ ગાય સીંગડાથી તેને મારીને હટાવતી હતી. આ સમાચાર મહારાજને પહોંચ્યા, ત્યારે તેણે આ જગ્યા પસંદ કર્યું અને તેનું નાગોર કે નવનગર નામનું નગર અને ગઢ બનાવ્યા.
૨. વિ. સારી જાતિનું. ગાય, બળદ, વાછરા વગેરે માટે વપરાય છે

નાગૌત્ર ૧. [વિ.] વિ. નાગોરને લગતું.
૨. વિ. સારી જાતિનું; નાગોર.

નાગૌરી ૧. પું. સારી જાતનો બળદ; સીંગડાવાળાં ઢોરની મોટી અને ઊંચી ઓલાદ.
૨. વિ. સારી જાતિનું.
૩. વિ. જી. ઊંચી જાતિની. ગાય માટે વપરાય છે.

નાગ્નજિતી [સં.] જી. (પુરાણ) કોસલ દેશના રાજા નગ્નજિત રાજાની કન્યા. સત્રા; શ્રીકૃષ્ણની આઠ પટરાણી.
વળે વારાહ કલ્પમા અંતરી નગ્નજિત રાજાને ઘેર અવતરીને નાગ્નજિતી નામે મારી પત્ની થશો. ભાગવતી ભાગવત

નાગ્ન્ય [સં.] ન. નગ્નભાવ; નિર્લજ્જભાવ.

નાઘલું વિ. ચતુર.
તે નાઘલી વયમાં એટલે સોળ સત્તર વરસની વયમા અવશ્ય પામ્યા. વ્રજ ને બંધાર

નાઘા ૧. [ગુ.] પું. ગેરહાજરી.
૧. નાઘા કરવું = (૧) ગેરહાજર રહેવું. (૨) મોકૂફ રાખવું.
૨. નાઘા પડવું = ગેરહાજર રહેવું.
૨. પું. મુલતવી રાખવું તે.
૩. જી ખત કરવું તે.
૪. વિ. આળી, બેકાર.

નાઘેર પું. સોરઠનો એ નામનો એક કળકુપ વિભાગ. પ્રભાસપાટણની આજુબાજુના મુલકને નાઘેર કહેવામા આવે છે.
લીલી નાઘેર જે લહા,
મુલક હલકની કાઠીની ઠોર થી,
ને એ ઠોરે જુદીના ઠો
લીલમ સરીખડું લીલુ જે ચોરવાડ. નાનાલાલ

નાઘેરા ૧. જી. આહીરની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું.

નાઘેરારી જુઓ નાગેરારી.

નાઘોરી જુઓ નાગોરી.

નાઘોરી ચહોરા ૧. [ના (નહિ) + ઘોર (ભય)] જી. માંસ ન ખાનાર, કાયદો વહોરા સાથે કન્યાવ્યવહાર ન કરનાર તથા અલીભા સાથે બેટીવ્યવહાર કરનાર વહોરાની એ નામની એક પેટા જાત.
૨. ન. એ નામની પેટા જાતનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતનું.

નાચ ૧. પું. (કાવ્ય) કવિતા અથવા સંગીતની અંદર રહેલો એક ભાવ. જ્યારે એક જ માણસ ગાનને સાથે સાથે તાલ, માન અને રસને અનુસરી યોગ્ય હાવભાવથી, તે પ્રકટ કરી બતાવે ત્યારે તે નૃત્ય અથવા નાચ કહેવાય છે.

૨. કું. કૃત્ય; કર્મ; પ્રયત્ન.
૩. કું. ખેલ; ક્રીડા; નાટક.
૪. કું. જેમાં નાચ થવાનો હોય તેવો મેળાવડો; મિજલસ; જલસો.

૫ [સં. નૃત્ (નાચવું)] કું. નાચવું તે; નૃત્ય; આવુ અને ગાવાના તાલમાં મસ્તકાદિને કુદવું તે; હાથ, પગ, કમર, નિતંબ, છાતી, ડોક, નેત્ર, ભમર, મુખ, ઓષ્ઠ વગેરે શરીરનાં જુદા જુદા અંગોનાં ભાવદર્શક અને તાલદર્શક હલનચલન કરવા કે અંગોને મરડવાં તે. નાચની પ્રથા સભ્ય, અસભ્ય બધી જાતિમાં આદિથી ચાલી આવે છે. કારણ કે તે એક સ્વાભાવિક વૃત્તિ છે. સંગીત દામોદરમાં નૃત્યનું લક્ષણ જણાવ્યું છે કે: દેશની રુચિ અનુસાર તાલ, માન અને રસનો આશ્રિત જે અંગવિક્ષેપ તેને નૃત્ય કહેવાય છે. નૃત્યના બે પ્રકાર છે: તાંડવ અને લાસ્ય. પુરુષના નાચને તાંડવ અને સ્ત્રીના નાચને લાસ્ય કહે છે. આ બન્નેના પાછા બબ્બે પ્રકાર છે. તાંડવના બે પ્રકાર: પૈલવિ અને બહુરૂપ. અભિનય વગરના અંગવિક્ષેપને પૈલવિ અને અનેક પ્રકારના ભાવભાવ, વેષ, શણગાર સહિત અંગમરોડને બહુરૂપ કહે છે. લાસ્યના પણ બે ભેદ છે: છુરિત અને યૌવત. નાયક નાયિકા પરસ્પર આલિંગન, ચુંબન વગેરે સહિત જે નાચ કરે તે છુરિત કહેવાય છે. એક સ્ત્રી લીલા અને હાવભાવ સહિત જે નાચ નાચે તેને યૌવત કહે છે. આ સિવાય અંગ પ્રત્યંગની ચેષ્ટા અનુસાર પ્રયોગમાં નાચના અનેક ભેદ કહ્યા છે. ભારતવર્ષમાં નાચનો ધંધો કરનાર પુરુષને નટ કહેતા હતા. સ્મૃતિમાં નટને હલકી જાતિમાં ગણેલ છે. પણ પ્રાચીન કાળમાં નૃત્યવિદ્યા રાજકુમાર પણ શીખતા હતા. અર્જુન આ વિદ્યામાં નિપુણ હતો. નાટક, રાસલીલા વગેરેમાં અનેક પ્રકારના સ્વાંગ સાથે પણ નાચ થાય છે. નાચવું એ મનુષ્યજીવનનો એક મહત્ત્વનો ભાગ છે. મનમાં આનંદ ઉત્પન્ન થવાનું એ એક બાહ્ય ચિહ્ન છે. નાનાં બાળકોના મન ઉપર વિકારોનો હજી ન હોવાથી તેમને આનંદ થતાં જ તેઓ નાચવા માંડે છે. મોટાં માણસોને પણ તે જ પ્રમાણે તેવે પ્રસંગે નાચવાની વૃત્તિ થઈ આવે છે. પણ એ કુદરતી વૃત્તિને તેઓ શિષ્ટાચારના કારણે દબાવી રાખે છે. હિલચાલ એ જ જીવનપ્રાણનું મુખ્ય લક્ષણ છે. રોગ રહિત શરીરમાં તેવી હિલચાલ વિશેષ જણાય છે. જેમ જેમ નીરોગતા વિશેષ, તેમ તેમ મન વિશેષ આનંદી રહે છે. આવા આનંદના પ્રસંગે બાળકો કોઈ પણ વિશેષ કારણ નહિ હોવા છતાં ખૂબ ખુશ નાચે છે. આનંદ થતાં જ જેમ નાચવાની વૃત્તિ થઈ આવે છે, તેમ જ મનુષ્યને આનંદી થવું હોય તો તેણે ખુલ્લા દિલથી ખૂબ નાચવું જોઈએ, એટલે તેને આનંદ લાવવો અમુક પદ્ધતિથી જ નાચવું જોઈએ એવું કાંઈ સ્વભાવતઃ કુદરતે નથી; પણ મનુષ્યે આવાં નૃત્યની એક કળા બનાવી દીધી છે અને તેનું એક સ્વતંત્ર શાસ્ત્ર નિર્માણ કરેલું છે. નાચમાં મનુષ્યોના બધા અંગોને ઉત્તમ પ્રકારની કસરત થાય છે. શહેરનાં મનુષ્યોની રહેણીકરણી વિશેષ કૃત્રિમ થઈ ગઈ છે, એટલે કુદરતી પ્રેરણાથી નાચવાની વૃત્તિ તેમનામાં નહિ જેવી હોય છે પરંતુ ગામડાના લોકોનાં જીવન હજુ જેટલાં કૃત્રિમ થયાં નથી, એટલે તેમને નાચવામાં કાંઈ શરમ નથી. ગામડાંમાં તો પુરુષો હજી પણ નાચનો આનંદ ખુલ્લી રીતે લૂંટે છે. દિવસે દિવસે સુધારાના નામે મનુષ્યજીવન વિશેષ કૃત્રિમ બનું જાય છે અને જીવનનો આનંદ લાવી આરોગ્ય આપનારા એવો નાચ પામતા જાય છે. તેની જગ્યાએ વિશેષ ખર્ચાળ, શ્રમ આપનારા નવીન ખેલો દાખલ થતા જાય છે. તેને લીધે ઘણાં માણસો એ નવીન અર્થાળ ખેલોનો લાભ લઈ શકતાં નથી અને જૂના સાદા ખેલનું મહત્ત્વ પણ જવાથી તેનો લાભ પણ લઈ શકતાં નથી એટલા માટે એવા વધતા ખર્ચાળ અને આરોગ્ય આપનાર નાચના પ્રકાર પુનઃ પ્રચારમાં લાવવાની જરૂર છે. તે પ્રકાર નીચે મુજબ છે: તેજારીની રિયતિ, પખાજ બજાવનારો મધ્ય આગે ઊભો રહે અને તાકોના ક્રમમો તેની આજુબાજુ જમણી તરફ ચોડા ત્રાંસા રહીને અને જમણો પગ આગળ મૂકીને ઊભા રહે. પછી મોટેથી ગાતાં ગાતાં પખાજના તાલ પ્રમાણે એક એક પગ આગળ મૂકીને અને જમણો હાથ ઊંચો કરીને બધા ગોળ ગોળ ફરે. આગળ મૂકેલો પગ ચોકઠામાંથી બહાર અને તેના ઉપર આધાર લઈને બીજો પગ આગળ મૂકવો. વળી આગળ મૂકેલો પગ ચોકઠામાંથી બહારનો અને જે કમરમાંથી જરા આંચકો લઈને ગોળ વર્તુલમાં ફરવું. કેટલોક વખત કર્યા પછી આગળનું પ્રથમ પદ રાઇ જાય એટલે જમણો પગ ઊંચો લઈને જરા લાંબો કરી અંદરની બાજુએ મૂકવો અને જમણો હાથ ઊંચો કરવો. પછી ઊંચો કરેલો હાથ તેમજ રાખીને જમણો પગ જરા જરા આગળ લેતાં તથા બાકીનો પગ તેની પાછળ ખસેડતા જઈ વર્તુલાકાર ચક્કર લેવાં. પછી ધ્રુવપદ પૂરું થતાં જમણો પગ ઊંચો લઈ જમણી તરફથી ફાંસી તરફ ફરીને પાછલી બાજુએ મોટાં ફેરવવાં. પછી ઉપર બતાવેલી રીતે જમણો પગ થોડે થોડે આગળ બસેડતા જઈ ઊલટી દિશાએ વર્તુલાકાર ફરવું. ને પછી ધ્રુવપદ આવે એટલે જમણો પગ ઊંચો લઈને જમણી તરફ ફરવું અને ફરી તે દિશાએ ઉપર પ્રમાણે પગ આગળ નાખતા જવું. આમાં ધ્યાન રાખવાનું કે, જમણો પગ આગળ મૂક્યા પછી તે પગની પાની જમીન ઉપર કાયમ રાખીને એ પગનો પંજો ફાંસી તરફ અને પછી જમણી તરફ ઊંચકીને મૂકવો અને પાછી આગળ પગ મૂકવો. ફરી ઉપરની રીતે પાની કાયમ રાખીને પંજો ફાંસી બાજુ તથા જમણી બાજુ રાખવો. આ ક્રિયાને જમરી આપીને ચાલવું કહે છે. આ રીતે જમરી આપીને પાછળ ફરવાની તથા વર્તુલાકાર ચાલવાની ક્રિયા ઉપર બતાવેલ રીતે જ થાય છે. નાચના અનેક પ્રકાર છે તે કરતાં કરતાં આડે સાથે ગોટલે વચમાં જુદા જુદા પ્રકારના વેષ ધારણ કરવામાં સમય વ્યતીત કરીને રમનારાઓ પોતાના મનને આનંદમાં રાખે છે. ગણપતિ, રણવીર વગેરેના જુદા જુદા વેષ લાવે છે અને વેષને વખતે જેને તેને જમતા જાનવરો કરે છે તથા જાનવરો પણ બોલે છે. આ પ્રકારે નિર્દોષ આનંદ પ્રાપ્ત કરી શકાય છે

૧. નાચ દેખાડવો = (૧) ગોળગધું; કુદવું. (૨) કોઈની સામે નૃત્ય કરવું. (૩) વિલક્ષણ આચરણ કરવું.

૨. નાચ નચવવો = (૧) જેમ ગમે તેમ બીજાને રમાડવું; ખેલવવું. (૨) નજરમાં કે મરજીમાં આવે તેમ કોઈની પાસે કામ કરાવવું. (૩) નૃત્ય કરાવવું; નાચ કરાવવો. (૪) હેરાન કરવું; પજવવું

૬. કું. રામજણીએ નાચવું અને ગટકાં ફરીને ગાવું તે.

નાચકણું [સં. નૃત્ (નાચવું)] વિ. ઘડી ઘડીમાં ફરી જનાર; કોઈ પણ બાબત ઉપર સ્થિર ન રહેનાર.

નાચકૂદ ૧ સ્ત્રી આનંદના પ્રસંગ.
૨. સ્ત્રી. કોઈથી ઊછળવું તે; કોઈથી ભભરાટ કરવા તે.
૩ સ્ત્રી ખુશ, બેફામ, બદમાશ વગેરે પ્રકટ કરવાનો ઉદ્યોગ; ક્રિયા.
૪. સ્ત્રી. નાચગાનાવાળો.

નાચકો કું. મર્યનો હબસ્યો; મસકરીબાજ કેમાય.

નાચણ (નાચણ) ૧. [સં.] કું. પ્રહરી.
૨. કું. ટૂંકો કટાર.
૩. કું. બે બણીવાળું બાણ.

નાચગાન [સં. નૃત્ત (નાચ) + ગાન (ગીત)] ન. નાચવું અને ગાવું તે.

નાચઘર [સં. નૃત્યગૃહ] ન. નાચ કરવાનું સ્થળ, નૃત્યશાળા; નાચવા માટે વગેરેની જગ્યા. ઉદાહરણ: 'ડૅન્સ રૂમ.'

નાચઘર જુઓ નાચગૃહ.

નાચણ ૧. સ્ત્રી. નખરાંખોર જુવાન સ્ત્રી. પ્રમાણો.

૨ સ્ત્રી નટી; નાટકમાં કામ કરનાર સ્ત્રી. 'ઍક્ટ્રેસ.'

૩. [સં. નર્તની; પ્રા. નચ્চણી] સ્ત્રી. નાચનારી સ્ત્રી; નાચવા ગાવાનો ધંધો કરનારી સ્ત્રી. રામજણી

૪ સ્ત્રી વેશ્યા.

૫. ન. નાચવું તે; નાચ, નખરા કરવાં તે.

નિરખી નિરખીને નિરવરનાં આભણ સુજનજનોના
નહ નાચણ. નાનાલાલ

નાચણકુશળરી ૧. સ્ત્રી. નખરાંબાજ જુવાન સ્ત્રી. પ્રમાણો.

૨ સ્ત્રી. છિનાળ, પાતર.

૩. વિ અસતી; લપટ; ભટ્ટેલ.

નાચણવેડા (નાચણવેડા) પુ. બ. વ. નાચણ જેવા ચેનચાળા કરવા તે; વેરવાના ચાળા, નખરાં.

નાચણિયું ૧. વિ. નખરાંબાજ.

૨. વિ. નાચવાનો ધંધો કરતું.

નાચણિયો ૧. પું. નટ; ભેજાડી; 'ઍક્ટર.'

૨. પું. નાચવા કૂદવાનો ધંધો કરનારો પુરુષ; નૃત્ય કરી, વેષ કાઢીને પેટ ભરનારો માણસ; ભવાયો.

નાચણી ૧. સ્ત્રી. એક જાતનો સુગંધી પદાર્થ. ચંદન, અગર, કપૂરકાચલી, નાચણી જેવા ચાર પદાર્થોના મિશ્રણથી સફેદ અબીલ તૈયાર થાય છે.

૨. સ્ત્રી. નૃત્યકળા; નાચ કરવાની પદ્ધતિ, નાચવાની રીત.

નાચણું ન. નાચ; નૃત્ય.

નાચતમાશો પું. નૃત્ય અને સંગીતનો મેળાવડો; આનંદ જેનો હેતુ છે એવા નાચ, ગાવાં વગેરેનો જલસો; નાચ અને જેવી મોજમજા.

નાચતમાસો જુઓ નાચતમાશો.

નાચનારી ૧. સ્ત્રી. નાચવાનો ધંધો કરનારી સ્ત્રી; રામજણી.

૧. નાચનારીના પગ ન રહે ને નાચારીની ઇજ્જત ન રહે = (૧) બહુ જ અયોગ્ય; અરિયર. (૨) સ્વભાવ બરતાવ વગર રહેતો નથી.

૨. નાચનારીનું ભાગ્યું ચાડુ = (૧) કામ કરવાની ઇચ્છા ન હોવાથી ગમે તેવું નજીવું બહાનું કાઢવું. (૨) જેમ નાચનારી વ્યક્તિનું રૂપ, સંગીત, હાવભાવ, સૌંદર્ય, સાજ વગેરે ભલે ઉત્તમ હોય, છતાં તેના ઘરનું આંગણું જરા વાંકું છે એમ કહી દોષ કાઢવો. તેમ કોઈ વ્યક્તિનું કોઈ કામ ગમે તેટલું સરસ અને સંપૂર્ણ થયું હોય છતાં તેમાં કંઈ ને કંઈ દોષ બતાવવો. (૩) નાચનારી વેરવાનું મકાન સામાન્ય રીતે રસ્તા કરતાં ઊંચા ઓટા ઉપર ન હોય વાંકોચૂકો ગલીમાં હોવું તે.

૨. સ્ત્રી. વેશ્યા.

નાચમહેલ [હિ.] પું. નાચઘર; નૃત્યગૃહ.

નાચમુજરો પુ. નાચગાનનો જલસો

આધુનિક નાટકોમાં નાચમુજરા જો વધુ જ
લેવાઈ ગયો એની પહેલ પૂરી થઈ છે.
મુ. શા ઝવેરચંદ

નાચરંગ ૧. પું. જલસો; આમોદપ્રમોદ.

૨. પું. નાચ અને મોજમજા.

૩. પુ. નાટકચેટક.

વિદ્યાર્થીએ પોતાના મુખ્ય હિતમાં લક્ષ્ય રહેવું, નાચરંગ જેવા નહિ, અભ્યાસ કરતી વખતે એકાંત ગોઠવું. આપસ્તંબ ધર્મસૂત્ર

નાચરાગ જુઓ નાચરંગ.

નાચવું ૧. અ. ક્રિ. આડી તેડી કરવું; સ્થિર ન રહેવું

૨. અ ક્રિ. કામ ન કરવાના ઇરાદાથી આડાઅવળાં બહાનાં બતાવવાં.

૩. અ. ક્રિ. કૂદવું; ઉપાડી ઉપાડીને પગ દેવા કે ફોડવા

૪. [સં. નૃત્] અ. ક્રિ. ગાવાના સૂર અને તાલ મુજબ અંગ્રેજવાળો પગ ફોડીને મનમાટ કરવો; ઘૂમરા પહેરેલા પગની આળવણી કરી ગગનમાંના તાલને ઠેકો દેવો અને પગ ઉપર બેબેપેર્કાર કરવો; નૃત્ય કરવું; નાચ કરવો; સંગીતના તાલસ્વર અનુસાર હાવભાવ સાથે ઊછળવું કે કૂદવું

૧. નાચવું કૂદવું = આનંદમાં મસ્ત બની આમતેમ ઊછળવું.

૨. નાચી જાણે પગ સામું જોવું = ગમે તેમ કરીએ પણ આખરે તો પોતાને જ સોસવું પડે તેમ હોવું.

૫ અ. ક્રિ. મનમાટ કરવો.

૬. અ. ક્રિ. ભરમરવું; ફૂલવું.

૭. અ. ક્રિ. બીજો જેમ ચલાવે કે પણ્ડી ચાલ તેમ કરવું.

નાચાક ૧. વિ. ગણકારું; સુસ્ત.

૨. વિ. ચીડ ચામેલું; નાખુશ થયેલું.

૩. [ફા.] વિ. બીમાર; બીમાર.

૪ વિ. વેરઝેરવાળું કરેલું.

નાચાકી ૧. સ્ત્રી. કુસંપ, વેર, વૈમનસ્ય.

૨. સ્ત્રી. નાખુશ થવું તે.

૩. [ફા] સ્ત્રી બીમારી, માંદગી.

૪ સ્ત્રી. સુસ્તી; આળસ.

નાચાનાયકા ૧. પું. રાનીપરજની નાયક્ક જાતિનો એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ

૩. વિ. એ નામની જાતિનું

નાચાર ૧. વિ ફંગાયું; દીન; અશક્ત.

૨. વિ. દુઃખી

૩. વિ. નિરાધાર, નિરાશ્રિત.

૪. [ફા.] વિ. લાચાર; નિરુપાય; વિવશ; અસહાય; ઉપાય વગરનું.

આપકર નાચાર હું યાહી રે. અખાકાવ્ય

૫. વિ. અર્થે

૬. અ. વિવશ થઈને; અસહાય બનીને.

નાચારી ૧. સ્ત્રી. લાચારી; દૈન્ય; કંગાલિયત; દુર્બળાવસ્થા; રંકપણું.

૨. સ્ત્રી. દુઃખતા.

૩. સ્ત્રી. નિરાધારતા; નોધારાપણું.

૪. [ફા] સ્ત્રી. લાચારી; નિરુપાયતા.

૫. સ્ત્રી. અર્થે હોવું તે.

નાચિકેત [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

નાચિકિ જુઓ નાચિક.

નાચિકેત ૧. [સં.] પું. અગ્નિ; આગ.

૨. પું. (પુરાણ) નચિકેત ઋષિનો પુત્ર.

૩. સ્ત્રી. એ નામની યમરાજાએ નચિકેતાને આપેલી વિદ્યા; યજ્ઞવિદ્યા; અગ્નિવિદ્યા.

૪. ન. એ નામનું એક ઉપાખ્યાન; જેની એક કથા

નાચિકેતવિદ્યા [સં.] સ્ત્રી. યજ્ઞવિદ્યા; અગ્નિવિદ્યા. કઠોપનિષદ અનુસાર યમરાજે નચિકેતાને કહ્યું હતું કે, હે નચિકેતા ! હું તારા ઉપર અત્યંત પ્રસન્ન થયો છું. તેં ત્રીજા વરદાનથી જે વિદ્યા માગી છે તે મેં તને કહી. તારી મેધા ઉપર હું પ્રસન્ન છું. તને આ મારા તરફથી એક વિશેષ વરદાન આપું છું કે, આજથી આ વિદ્યા તારે નામે પ્રસિદ્ધ થશે, અર્થાત્ આજ પછીથી આ વિદ્યા નાચિકેતવિદ્યા તરીકે પ્રસિદ્ધિ પામશે. તાત્પર્ય કે, લોકો તારા નામથી જ તે અગ્નિવિદ્યા જાણશે તથા જાણાવશે.

નાચિકેતસ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. નચિકેતા નામનો ઋષિ.

નાચિકેતુ ૧. [સં.] પું. અગ્નિ
૨. પુ. ચિત્રાનું ગ્રહ.

નાચી જી. પ્રાચીન સમયની એ નામની એક વિદુષી સ્ત્રી. આ વિદુષી વિધવા બાઈ પોતાના પિતા પાસે સંસ્કૃત ભણી અને જ્ઞાનની દીક્ષા લીધી હતી. તેણે નાચી નામનું અનાવેલ નાટક વીરરસથી ભરપૂર છે. કાશી, મથુરા, વૃંદાવન, દિલ્હી વગેરે સ્થળે ફરી વાદવિવાદ કરી તેણે સૌને હેરત પમાડ્યા હતા. ઘણા રાજાઓએ તેની વિદ્વત્તાની કદર ખૂબ બક્ષિસોથી તેને નવાજી હતી.

નાચીજ ૧. [ફા. નાચીઝ] વિ. તુચ્છ; હલકું; પામર
આપ આ નાચીજની કોઈ ખાસ કામમાં સલાહ અને મદદ માગો એ આપની મહાકૃપા છે. અભિલાષ દેવી
૨. વિ. નિર્માલ્ય; અસાર; નકામું.

નાચીજી જુઓ નાચીઝી.

નાચીઝ જુઓ નાચીજ.

નાચીઝી ૧. [ફા.] જી. તુચ્છપણું; હલકાપણું; પામરતા.
૨ જી નિર્માલ્યતા; નકામું હોવું તે.

નાચીન ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા
૨ પું એ નામનો એક દેશ.
૩. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

નાચુ પું (કચ્છી) નૃત્ય કરનાર માણસ.

નાચેણ જુઓ નાચણ.

નાછૂટકે અ. પરાણે; બરવા જેવું નહીં; લાચારીથી.

નાજ ૧. [હિં.] પું. અનાજ; ધાન્ય.
૨ પું ખાવાની વસ્તુ; ભોજનસામગ્રી.
૩. પું નખરાં; ચાળા; હાવભાવ.
૪. જી. ગર્વ; અભિમાન; ઘમંડ.
૫. જી. દગો.
૬. [ફા. નાઝ] જી. લાડ; પ્રેમ; વહાલ; સ્નેહ.
૭ જી. શરમ; લજ્જા.
૮. જી ફરમાન; હુકમ; આજ્ઞા.

નાજકારી [વિ.] જી. અનાજનો પાક.

નાજનખરાં ન. બ. વ. ચેનચાળા; હાવભાવ; લટકાં

નાજની જુઓ નાજનીન.

નાજનીન ૧. જી. અપ્સરા.
૨ [ફા. નાઝનીન] જી. નવયુવાન ખૂબસૂરત સ્ત્રી; રૂપાળી; સુંદર સ્ત્રી.
૩. જી. પ્રિયા; વહાલી સ્ત્રી; માશૂક.

નાજબૂ [ફા. નાઝબૂ] જી. અસ્વાનો ભેદ.

નાજમ જી. શરમ; લાંબ્જા; ભોંપ.
નટવર પોવાનો રાગ ભરે ને તે સાંભળી પીગળે નાજમ લાગી. અખપુરો

નાજમંડી જી. ધાન્યપીઠ; અનાજનું બજાર.

નાજર ૧ [અ. નાઝિર (નજર રાખનાર)] પું. કેદીઓનો તપાસ કરીને હાજર કરવા અને રાખનાર અમલદાર.
૨. પું. જનાનખાનું સાચવવા નીમેલો માણસ; કંચુકી; અંતઃપુરનો રક્ષક.
૩. પું. નિરીક્ષક; ઉપરણા; તપાસકામ કરનાર અધિકારી. 'ઇન્સ્પેક્ટર.'
બીજાં વર્ષોમાં જો શરૂઆતના એક ભાગમાં જે ઓછો નાજર ની નીકળે અને એનો ઉપરી પણ એ પાક ઊતરેલું જ પાછું પીએ.
પ્રસ્થાન
૪. પું. વેપારીઓનો દલાલ.
૫. પું. હીજડો; પાવૈયો; બોન્દો; નપુંસક; ખંદ; પુરુષત્વહીન માણસ.
૬. પું. હુકમનામું લઈ જઈ જારી બજવેરનું કામકાજ કરનાર ન્યાયકચેરીનો એક અમલદાર.

નાજરી વિ. નાજરને લગતું; નાજરથી કામ સંબંધી

નાજલ [અ. નાઝિલ] વિ. પારંગત; હોશિયાર; કુશળ; નિષ્ણાત.

નાજવાનું અ. ક્રિ. લજવાનું; શરમિંદા થઈ જવું

નાજાઈઝ ૧. [ફા.] વિ ગેરકાયદેસર; ગેરવાજબી; નિયમ વિરુદ્ધ; અનુચિત.
૨. વિ ધર્મની દૃષ્ટિએ પ્રતિષેધ કરેલું; હરામ.
૩ વિ. ખોટું; ખોર્યું; નિરર્થક.

નાજાયઝ જુઓ નાજાઈઝ.

નાજિન્સ ૧. [ફા.] વિ. કુમેળવાળું; બીજી જાતનું; વિરોધી તત્ત્વવાળું; 'હેટરોજીનિયસ.'
૨. વિ વિચિત્ર.
૩. વિ. હલકા કુટુંબનું.

નાજિમ ૧ પું. કવિ
૨. [અ. નાઝિમ] પું મુસ્લમાની રાજ્યમાં પ્રધાન કર્મચારી. રાજ્યનો વહીવટ કરનાર માણસ; સૂબો; હાકેમ; 'ગવર્નર-ઍડમિનિસ્ટ્રેટર.' તેના ઉપર રાજ્યનો બધી જાતનો પ્રબંધ કરવાનો ભાર રહેતો હતો.
૩. વિ. તપાસ કરનાર.
૪. વિ. બંદોબસ્ત કરનાર; પ્રબંધકર્તા.

નાજિર જુઓ નાજર.

નાજિરાત ૧. [હિં.] જી. નાજરી ખાતાની વેરવા વગેરે બાબતોથી નાજિરને મળતી દલાલી.
૨. જી. નાજર તરીકેનું કામ.

નાજી ૧ વિ. અર્વિષ્ઠ; અભિમાની.
૨. વિ. દેખી; ઘમંડી.
૩. વિ. વહાલું; પ્રિય.
૪. વિ. શરમિંદું; લજ્જા પામેલું.
નાજી નામનું = હોલસી નામનું; કારી નામનું.

નાજીમ જુઓ નાજિમ.

નાજીમી [અ. નાઝિમી] જી. નાજીમની પદવી.

નાજુક ૧. વિ. અલ્પ; થોડું
૨. વિ. અશક્ત; નબળું.
૩. વિ. ગંભીર; કટોકટીવાળું; હાનિ કે અનિષ્ટની આશંકાવાળું
નાજુક વખત = કટોકટીનો સમય; નિર્ણયાવસર; પરમાવધિ; 'ક્રાઇસિસ.'
૪ વિ. જરા પણ જોર લાગતાં જાતી જાય તેવું; તકલાદી.
૫. વિ. તરત જાત થઈ જાય એવું
૬. [ફા. નાઝુક] વિ. દુઃખ સહેવાય નહિ એવી પ્રકૃતિનું; સુકુમાર; કોમળ; આઘાત ન સહી શકે તેવું; સુંવાળું; કુમળું
૭ વિ. ચાતર્યું; ચારીક; ઝીણી કારીગીરીનું.
૮. વિ. બદલાતું; અસ્થિર
૯. વિ. માપ અથવા મજૂતરીની સૂક્ષ્મ નોંધ લઈ શકે એવું.
૧૦. વિ. સુંદર; રૂપાળું; હાવભાવવાળું

નાજુકડું (નાજુકડું) જુઓ નાજુક.

નાજુકતા ૧ જી. અલ્પતા; થોડાપણું.
૨. જી. અશક્તિ; દુર્બળતા.
૩. જી. અસ્થિરતા; બદલાતું રહેવું તે.
૪. જી. ગંભીરતા; કટોકટી.
૫. જી. જરા પણ જોર લાગતાં જાંખી જાય એવું હોવું તે; તકલાદીપણું
૬. જી. તરત જાત થઈ જાય એવું હોવાપણું.
૭. જી. ચારીકતા; ઝીણી કારીગીરીવાળું હોવું તે
૮. જી. માપ અથવા મજૂતરીની સૂક્ષ્મ નોંધ લેવાય એવું હોવું તે
૯. જી. સુકુમારતા; સુકોમળતા; દુઃખ સહેવાઈ નહિ એવી પ્રકૃતિ.
૧૦. જી. સુંદરતા; રૂપ; હાવભાવ

નાજુકપણું જુઓ નાજુકતા.

નાજુકબદન જુઓ નાજુકબદન.

નાજુકાઈ જુઓ નાજુકતા.

નાજુકી જુઓ નાજુકતા.

નાજુકીપણું જુઓ નાજુકતા

નાજો ૧. પું. નોબત

વહુ મેં કર્યું કર્યું રે,
નગરી ગાઢ વિકાસ,
બારમાસો નાજો પુરે રે,
તો હે પણ શું થાય. નંદલાલનો રાસ

૨. [ફા. નાઝ] સ્ત્રી. (હિંદી) ચટકમટકવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. વહાલી સ્ત્રી; પ્યારી સ્ત્રી.

નાઝ જુઓ નાજ

નાઝકાસાંકળ સ્ત્રી. નોઝલ્લાસાંકળ; સાંકળની માથક આદી દઈને પત્રે બાંધવાનું દોરડું; સેલો; દોહતી વખતે ઢોરને પાછલે પગે બાંધવાનું દોરડું, નોઝલું

નાઝની જુઓ નાજનીન

નાઝનીન જુઓ નાજનીન.

નાઝપરચરણ [ફા.] ન. અભડેલ ઝોકરું; અતિશય લાડને લીધે ગંદુજ બહાર પ્રવેલ છોકરું.

નાઝબરદાર [ફા.] પું. બીજાની ઇચ્છા પ્રમાણે ચાલનાર માણસ; ખુશામદખોર.

નાઝબરદારી [ફા.] સ્ત્રી. બીજાની ઇચ્છા પ્રમાણે ચાલવું તેં; ખુશામદ.

નાઝબો [ફા.] પું. તુલસીનો છોડ.

નાઝર જુઓ નાજર.

નાઝરીખાનાદાર સ્ત્રી. મીનાબજાર. તેમાં ઓજો કુકાન મ.ટી માલ વેચે છે અને બીજો ખરીદી કરી આપે છે.

નાઝાદ [ફા.] સ્ત્રી. એક પશુ બાળકને જન્મ ન આપતાં હોય તેવી સ્ત્રી; વાંઝણી.

નાઝાન ૧. પું. ધમકી; ખોટો મિજાજ 'એર્સો.'

૨. [ફા.] વિ. આનંદ કરતું.

૩. વિ ખફા કરતું; ગમગીન; અભિમાની.

નાઝાયઝ જુઓ નાજાયજ.

નાઝિમ જુઓ નાજીમ.

નાઝિમો જુઓ નાજીમી.

નાઝિર (નાજિર) જુઓ નાજર.

નાઝિરખાના ન. નાજરની કચેરી.

નાઝિરપસંદ પુ. એક જાતનો શિકારી કલગી આખો.

નાઝિરા (નાજિરા) ૧. [અ.] પું. નજર; દૃષ્ટિ.

૨ પુ ચામડું તે

નાઝિરાખાની (નાજિરાખાની) [અ.] સ્ત્રી. વાંસળુ તે.

નાઝિરી (નાજિરી) [અ.] સ્ત્રી. નાજર તરીકેનો હોદો; નાજરની પદવી.

નાઝિરીન (નાજિરીન) ૧. પું. બ. વ. તમાશો જોનાર માણસો.

૨. પું. બ વ. વાચનારાઓ; વાચકવર્ગ.

નાઝિરે જમાદાર પું. મુખ્ય પોલીસ અમલદાર.

નાઝિલ [અ.] વિ. ઊતરેલું; આવી પડેલું.

નાઝિલ થવું ૦ ઊતરવું; નીચે આવવું.

નાઝિલ્લા [અ.] પું. આફતા; કમનસીબી.

નાઝિસ્તખો વિ. ચીડિયા સ્વભાવનું; ખિન્નખ પ્રકૃતિનું.

નાઝિસ્તગો ૧. વિ. જેને જોઈ અમુકમો ઉત્પન્ન થાય એવું.

૨. વિ. શોકમય અથવા ઉદાસ બનેલાવાળું.

નાઝી પું. નાઝીવાદમાં માનનાર માણસ.

નાઝીવાદ પું. એ નામનો એક વાદ. ૧૯૧૯ પછી સને ૧૯૨૪માં જર્મનિમાં જે ફેસિસ્ટવાદ આવ્યો તેને નાઝીવાદ કહે છે. નાઝીવાદ અને ફેસિસ્ટવાદ બંને રાષ્ટ્રીય સમાજવાદના પ્રકારો છે, બંનેનો રીતરસમો એકજ છે. માત્ર સ્થાનિક પરિસ્થિતિ જુદી હોવાથી અમુક બાબતોમાં તફાવત રહે છે.

નાઝુક જુઓ નાજુક.

નાઝુક અદા ૧. [ફા.] ન. ચુલબુલ પણો.

૨. વિ. સુંદર ઢબવાળું.

નાઝુકબદન ૧. [ફા.] ન. એક જાતનું સુંવાળું કપડું.

૨. વિ. કોમળ શરીરવાળું; સુકુમાર.

નાઝુકમિજાજી [ફા.] સ્ત્રી. શરીરની કોમળતા.

નાઝુકમિજાજ ૧. પું. એકદમ ગુસ્સે થઈ જવાય તેવો સ્વભાવ.

૨. પું. જેના ઉપર એકદમ અસર થઈ જાય તેવું મન

૩. વિ. એકદમ ગુસ્સે થઈ જાય તેવા સ્વભાવનું.

૪. [ફા.] વિ. થોડું પણ દુઃખ સહન ન કરી શકે એવું.

નાઝુકમુઆમલા [ફા.] પું. ગંભીર પ્રશ્ન.

નાઝુકવક્ત [ફા.] પું. કટોકટીનો સમય; અણીનો વખત

નાઝુકબુજાૂદ [ફા.] વિ. કોમળ. નાજુક

નાઝુકી જુઓ નાજુકતા

નાટ્ય ૧. [સં.] વિ. અભિનય; અભિનય

૨. વિ. ખેડેલું; કસાયું.

નાટ્યાઈશ ૧. [ફા.] સ્ત્રી. અયોગ્યતા

૨. સ્ત્રી. બેહોળપણું.

નાટ્યોન્મત્ત [ફા.] પું. હાવભાવ; નખરાં; ચેનચાળા.

નાટ્ ૧. [સં.] અ. ક્રિ. નાચવું; નૃત્ય કરવું.

૨. સ ક્રિ. અનુકરણ કરવું.

નાટક ૧. [સં.] પું. એ નામનો એક રોગ. તે કમળા પાસે હતો.

૨. પું. (સંગીત) એક જાતનો રાગ. કેટલાક તેને મેઘ રાગનો અને કેટલાક દીપક રાગનો પુત્ર માને છે. તે રાગમાં વારસ ગવાય છે.

૩. પું. નાટ દેશમા રહેનારો માણસ; એ નામના દેશમાં રહેનારો પુરુષ.

૪. પું. બે દીવાલ કે બે થાંભલા ઉપર રાખેલ લાકડું મજબૂત લાકડું. તેના ઉપર થાંભલા માટી આકસર વગેરે મુકાય છે.

૫. પું. સ્વાંગ નાચ.

૬. સ્ત્રી. (સંગીત) દીપક રાગની એક રાગિણી. તેનું સ્વરૂપ ગાયન છે અને તેમા નિષાદ વર્જ્ય છે. હેમંત ઋતુમાં વારસથી દિવસના ત્રીજા પ્રહરમાં તે ગવાય છે

૭. ન. અંજનમ.

૮. ન. એક જાતનું કપડું.

જેમ વહુને ઝીંદ જ આવી;
નાની વહુને નાટ છ. પ્રેમાનંદ

૯. ન. નૃત્ય; નાચ.

૧૦. ન. યુક્તિ; રચના.

એ પણ કીધુ શા માટ,
બીજાં શું નાંતા નાટ. ઉદય

૧૧. વિ. સારું; ઉત્તમ.

૧૨. ન. નક્કી; નિશ્ચે; ચોક્કસ.

મારીચ કહે છે અરથા જાજો,
નથી બીતા નાટ ઉદય

નાટક ૧. પું. કામાખ્યા પાસનો એ નામનો એક પર્વત

૨. પું નટ; અભિનય કરનાર માણસ

૩. [સ] ન. અમુક ઐતિહાસિક કે સાહિત્યવિષયક પ્રસંગના વિષયને લઈ નટ લોક તેને વર્ણે અને વાણીએ કરીને તેના જેવુ જ અનુકરણ કરી બતાવે છે તે; જેમાં નટ લોક અમુક વેષ લઈ નાચે, ગાય અને હાવભાવ કરી બતાવે તે દશ્ય; રંગભૂમિમા નટોની આકૃતિ હાવભાવ, વેષ, વચન આદિ દ્વારા પાત્રોનું પ્રદર્શન; સ્વાંગ દ્વારા ચરિત્ર બતાવવામા આવે એવુ દશ્ય; અભિનય; ભવાઈ; 'થીએટ્રિકલ ઓર્ગેનિઝેશન.'

નાટક એ એક પ્રબંધ છે. નાટક બે જાતનાં છે: શ્રાવ્ય એટલે માત્ર શ્રવણ કરવા યોગ્ય અથવા તો માત્ર કથારૂપ અને દૃશ્ય એટલે જોવા યોગ્ય કે જાણવા યોગ્ય જૂનામાં જૂનાં સંસ્કૃત નાટકો કાલિદાસ અને ભવભૂતિનાં શાકુંતલ, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર, ઉત્તરરામચરિત, મહાવીરચરિત, માલતી માધવ, શૂદ્રક રાજાનું મૃચ્છકટિક અને વેણીસંહાર મનાય છે. તે નાટકોનો કાલ ઈસ્વી સન પૂર્વે પ્રથમ સૈકાથી ઈસ્વી સનના દશમા સૈકા સુધીનો મનાય છે. ત્યાર પછી ચૌદમા સૈકા સુધીનો બીજો કાળ મનાય છે. તેમાં હનુમાન, ઝોલદેવ, રત્નાવલી, નાગાનંદ, મુદ્રારાક્ષસ વગેરે નાટકો રચાયાં છે. તે પછીના ત્રીજા કાળમાં એટલે આ વીસમા સૈકાના આરંભ સુધીમાં છૂટક છૂટક કેટલાક નાટકો રચાયાં છે, પરંતુ તે નિર્જીવ છે. આ સર્વે ગ્રંથો સંસ્કૃત તથા પ્રાકૃતમાં રચાયેલા છે અને મદ્ય તથા પદ્યાત્મક નાટકો છે. મધ્યકાલીન નાટકો કાંઈ જણાતાં નથી. પ્રેમાનંદે કાંઈ નાટકો ગુજરાતીમાં રચ્યાં છે, એમ કેટલાક શોધકો માને છે. આધુનિક સમયમાં સંસ્કૃત નાટકો જેવાં ઊંચાં સ્વરૂપનાં અને ગુજરાતી સાહિત્યને દીપાવે તેવા નાટક થયાં હોય છે મણિલાલકૃત કાંતા, દી. બ. રણછોડભાઈકૃત જયકુમારીવિજય નાટક, નર્મદાશંકરનું દ્રૌપદી દર્શન, દોલતરામનું અમરસત્ર, રમણભાઈકૃત રાઈનો પર્વત અને નાનાલાલનું જયા જયંત જેવાં નાટક ગુજરાતી નાટકના ઉત્તમ નમૂના છે. અને જ નાટક સાહિત્ય કહી શકાય. જે વખતે સંસ્કૃતમાં પણ પંડિત કવિઓને હાથે સારાં નાટકો રચાતાં બંધ પડ્યાં હતાં તથા હિંદુસ્તાની કે મરાઠીમાં નાટક મૂળમાં રચાયાં જ ન હતાં, તે વખતે કાલિદાસ, ભવભૂતિ, વિશાખદત્ત, હર્ષદેવ, શૂદ્રક અને નાગાનંદે મળી જેટલાં નાટકો રચ્યાં છે તેટલાં પ્રેમાનંદે એકલે રચ્યાં સંસ્કૃતમાં કાલિદાસ અને ભવભૂતિની કૃતિ આપણ ઉપર રાખીએ તો જે બીજાં નાટકો રહ્યાં, તેથી એ ઊતરે તેવાં કહી શકાય નહિ. રણછોડભાઈ ઉદયરામનાં નાટકોનો મોટો ભાગ રંગભૂમિને માટે જ રચાયેલો હતો અને તે પણ સમયના લોકોની ગ્રહણશક્તિને અનુસરતો જ. મણિલાલ નભુભાઈનાં નાટકો પણ રંગભૂમિને ઉદ્દેશીને રચાયેલા. દોલતરામ કૃપારામનું અમરસત્ર નાટક જુદા પ્રકારનું છે. નાટકના છત્રીસ લક્ષણ પ્રસિદ્ધ છે, જે નીચે પ્રમાણે છે. મૂખવું, અમૂખસંધિ, શોભા, ઉદાહરણ, હેતુ, સંશય, દૃષ્ટાંત, તુલ્યતર્ક, પ્રાદોષ્યય, નિદર્શન, અભિપ્રાય, પ્રાપ્તિ, વિચાર, દિષ્ટિ, ઉપદિષ્ટ, મુક્તાપ્તિપાત, મુક્તાપ્તિદાય, વિશેષોક્તિ, નિરુક્તિ, સિદ્ધિ, બંધ, વિપર્યય, દાક્ષિણ્ય, અનુનય, માલા, અર્થાપત્તિ, ગર્હણ, પૃચ્છા, પ્રસિદ્ધિ, સારૂપ્ય, સમૂહ, ગુણકીર્તન, લેશ, મનોરથ, અનુક્તસિદ્ધિ અને પ્રિયોક્તિ. નાટક લખવાની કળા પણ બીજી કળાઓની માફક પ્રથમ આર્યલોકોએ જ શોધી કાઢેલી.

પંચ સબ્દ કુણ પેખાણાં,
એ નાગર નાટક પાત્ર. કાન્હડદેપ્રબંધ

ઇ. સ. (ક્રિયા) એક જાતનું કોનરકામ.

પા. સ. (કાળ) ગત પક્ષમા સમાયેલો અને ભજવાય તેવો ચટાદાર લેખા દૃશ્ય કાવ્ય. નાટકની ગણતરી કાવ્યોમાં છે. કાવ્ય બે પ્રકારના માનેલ છે: શ્રાવ્ય અને દૃશ્ય. દૃશ્ય કાવ્યનો એક ભેદ નાટક માનવામાં આવેલ છે ભરત મુનિનું નાટ્યશાસ્ત્ર આ વિષયનો સૌથી પ્રાચીન ગ્રંથ મળે છે. અગ્નિપુરાણમાં પણ નાટકનાં લક્ષણ વગેરેનું નિરૂપણ છે. તેમાં એક પ્રકારના કાવ્યના નામ પ્રકીર્ણ કહેલ છે પ્રકીર્ણના બે ભેદ છે: શ્રાવ્ય અને અભિનેય. અગ્નિપુરાણમાં દૃશ્ય કાવ્ય એટલે રૂપકના સત્તાવીસ ભેદ કહ્યા છે: નાટક, પ્રકરણ, ડિમ, ઈહામૃગ, સમવકાર, પ્રહસન, વ્યાયોગ, ભાણ, વીથિ, અંક, ત્રોટક, નાટિકા, સટ્ટક, શિલ્પક, વિલાસિકા, દુર્મલ્લિકા, પ્રકરણિકા, ઉત્સાદ્યક, કાવ્ય, શ્રીગદિત, શિવક, વિલાસિકા, દુર્મલ્લિકા, પ્રકરણિકા, હલ્લીશ અને ભાણિકા. અગ્નિપુરાણમાં દૃશ્ય કાવ્ય એટલે રૂપકના સત્તાવીસ ભેદ કહ્યા છે: નાટક, પ્રકરણ, ડિમ, ઈહામૃગ, સમવકાર, પ્રહસન, વ્યાયોગ, ભાણ, વીથિ, અંક, ત્રોટક, નાટિકા, સટ્ટક, શિલ્પક, વિલાસિકા, દુર્મલ્લિકા, પ્રકરણિકા, હલ્લીશ અને ભાણિકા. કાવ્યના મુખ્ય બે વિભાગ છે: રૂપક અને ઉપરૂપક. રૂપકના દશ ભેદ છે: નાટક, પ્રકરણ, ભાણ, વ્યાયોગ, સમવકાર, ડિમ, ઈહામૃગ, અંક, વીથિ અને પ્રહસન. ઉપરૂપકના અઢાર ભેદ છે: નાટિકા, ત્રોટક, ગોષ્ઠી, સટ્ટક, નાટ્યરાસક, પ્રસ્થાન, ઉલ્લાપ્યક, કાવ્ય, પ્રેક્ષણ, રાસક, સંલાપક, શ્રીગદિત, શિલ્પક, વિલાસિકા, દુર્મલ્લિકા, પ્રકરણિકા, હલ્લીશ અને ભાણિકા. આ ભેદ પ્રમાણે નાટક એ રૂપકનો એક ભેદ માત્ર છે. પણ સાધારણ રીતે લોકો નાટક શબ્દ દૃશ્ય કાવ્ય માત્રના અર્થમાં વાપરે છે. નાટક કલ્પિત નહિ પણ કોઈ જાણીતો બનાવ લઈ તે ઉપર રચવું જોઈએ અને તે વિલાસ, સુખ, દુઃખ તથા અનેક રસવાળું હોવું જોઈએ. તેમાં પાંચથી દશ અંક જોઈએ. નાયક ધીરોદાત્ત તથા પ્રખ્યાત વંશનો કોઈ પ્રતાપી પુરુષ કે રાજર્ષિ જોઈએ. નાટકમાં મુખ્ય રસ શૃંગાર અને વીર છે. બીજા રસ ગૌણપણે આવે છે. વચ્ચે વચ્ચે વિસ્મય પમાડનારી વાતો હોવી જોઈએ. ઉપસંહારમાં મંગળ દેખાડવું જોઈએ. નાટકની શરૂઆતમાં મંગલાચરણ, નાંદી વગેરે થાય છે, તેને પૂર્વરંગ કહે છે. તે પછી પ્રધાન નટ એટલે સૂત્રધાર આવી પ્રસ્તાવના કરે છે. પછી નટ, નટી, સૂત્રધાર વગેરે પરસ્પર વાર્તાલાપ કરે છે, જેમાં ભજવવાના નાટકની બાબત, કવિના વંશનું વર્ણન વગેરે વિષય આવે છે. નાટકમાં આ અંશને પ્રસ્તાવના કહે છે. જે પ્રતિપાદ્ય લઈને નાટક રચવામાં આવે છે તેને વસ્તુ કહે છે. વસ્તુ બે પ્રકારનું હોય છે: આધિકારિક વસ્તુ અને પ્રાસંગિક વસ્તુ. સમસ્ત કૃતિનાના પ્રધાન નાયકને અધિકારી કહે છે. આ અધિકારીના સંબંધમાં જે વર્ણન કરવામાં આવે છે તેને આધિકારિક વસ્તુ કહે છે. જેમકે, રામલીલામાં રામનું ચરિત્ર અધિકારીના ઉપકારને માટે અને રસપુષ્ટિને માટે જે પ્રસંગસર વર્ણન કરવામા આવે તેને પ્રાસંગિક વસ્તુ કહે છે. જેમકે, સુગ્રીવ, વિભીષણ આદિનું ચરિત્ર. અભિનય ચાર પ્રકારના છે: આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક. અંગોની ચેષ્ટા થી જે અભિનય કરવામાં આવે છે તેને આંગિક કહે છે. વચનથી જે કરવામા આવે છે તેને વાચિક, વેશ કપડાં કરવામાં આવતા અભિનયને આહાર્ય અને ભાવોના ઉદ્રેકથી કપરવેદ આદિ દ્વારા થતા અભિનયને સાત્ત્વિક કહે છે. નાટકમાં બીજ, બિંદુ, પતાકા, પ્રકરી અને કાર્ય આ પાંચ દ્વારા પ્રયોજનસિદ્ધિ થાય છે. જે વાત મોટેથી કહેતાં જ આવે તથા કૌશાર્ય ભય અને દયાસિદ્ધિનું પ્રથમ કારણ હોય તેને બીજ કહે છે. જેમકે, વેણીસંહારમાં ભીમના દ્વારથી યુધિષ્ઠિરનું ઉત્સાહવર્ધક દ્રૌપદીના કેશાકર્ષણનું કારણ દ્વારથી બીજ છે. કોઈ એક વાત પૂરી થતાં બીજા વાક્યની સાથે તેનો સંબંધ ન રહેવા છતાં પણ તેમાં એનું વાક્ય લાવવામાં આવે કે જેની બીજા વાક્ય માટે અપેક્ષા ન હોય તેને બિંદુ કહે છે. નાટકમાં કોઈ આપક પ્રસંગના વર્ણનને પતાકા કહે છે જેમકે, ઉત્તરરામચરિતમા સુગ્રીવનું અને અભિજ્ઞાન શાકુંતલમા વિદૂષકનું ચરિત્રવર્ણન. એક દેશવ્યાપી અવિસ્તૃતવર્ણનને પ્રકરી કહે છે. આરંભની ક્રિયાની ફલસિદ્ધિ માટે જે કાર્ય કરવામા આવે તેને કાર્ય કહેવામાં આવે છે જેમકે, રામસીતા માં રાવણનો વધ કરવો એક વિષયની ચર્ચા ચાલી રહી હોય તેની વચમા કોઈ બીજો વિષય ઉપસ્થિત થઈને પહેલા વિષયના સાથે મેળમાં આવતું માલમ પડે ત્યારે પતાકાસ્થાન બને છે જેમકે, રામચરિતમા રામ સીતાને કહે છે કે, હે પ્રિયા! તમારી કોઈ વાત મને અસહ્ય નથી, જો અસહ્ય હોય તો કેવળ તમારો વિરહ. તેની વચમા પ્રતિહારી આવી કહે છે કે, દેવ! દુર્મુખ ઉપસ્થિત અહીં

ઉપસ્થિત શબ્દથી વિરહ ઉપસ્થિત એવી પ્રતીતિ થાય છે અને એક પ્રકારનો ચમત્કાર જણાય છે. સંસ્કૃત સાહિત્યમા નાટક સંબંધી ઝાઝી અનેક કુશળતાની ઉદ્ઘોષણા કરવામાં આવી છે અને અનેક પ્રકારના વિભેદ બતાવવામાં આવ્યા છે. આજકાલ દેશભાષાઓમાં જે નવા નાટક લખવામાં આવે છે તેમા સંસ્કૃત નાટકોના જેવા નિયમોનું પાલન અથવા વિષયોનો સમાવેશ અનાવશ્યક સમજવામાં આવે છે. ભારતેંદુ હરિશ્ચંદ્રે લખ્યું છે કે: સંસ્કૃત નાટકની જેમ હિંદી નાટકમા તેનું અનુસંધાન કરવું અથવા કોઈ નાટકમાત્રમાં તેને યત્નપૂર્વક રાખી નાટક લખવું વ્યર્થ છે, કેમકે પ્રાચીન લક્ષણ રાખીને આધુનિક નાટકાદિની શોભા સંપાદન કરવાથી વિરુદ્ધ ફળ આવે છે અને યત્ન વ્યર્થ જાય છે. ભારતવર્ષમાં નાટકોનો પ્રચાર બહુ પ્રાચીન કાળથી છે. ભરત મુનિનું નાટ્યશાસ્ત્ર બહુ પુરાણું છે. રામાયણ, મહાભારત, હરિવંશ વગેરેમાં નટ અને નાટકનો ઉલ્લેખ છે. પાણિનિએ શિલાલી અને કૃશાશ્વ નામના બે નટસૂત્રકારોનાં નામ લીધાં છે. શિલાલીનું નામ શુક્લ યજુર્વેદીય શતપથ બ્રાહ્મણ અને સામવેદીય અનુપદ સૂત્રમાં મળે છે. વિદ્વાનોએ જ્યોતિષની ગણતરી અનુસાર શતપથ બ્રાહ્મણને ૪,૦૦૦ વર્ષ ઉપરનું બતાવ્યું છે. આથી કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોનો મત છે કે, ગ્રીસ અથવા યૂનાનમાં જ સૌથી પહેલાં નાટકનો પ્રાદુર્ભાવ થયો એ ઠીક નથી. હરિવંશમાં લખ્યું છે કે, જ્યારે પ્રદ્યુમ્ન, સાંબ વગેરે યાદવ રાજકુમાર વજ્રનાભના શહેરમાં ગયા હતા ત્યારે ત્યા તેઓએ રાસજન્ય અને રૈવતાભિસાર નાટક ભજવ્યું હતું. પહેલાં તેઓએ પ્રહો આપ્યો હતો, તેની અંદરથી સ્ત્રીઓએ મધુર સ્વરથી ગાન કર્યું હતું. ઘર નામનો યાદવ રાજપુત્ર જન્યો હતો, મનોવતી નામની સ્ત્રી રંભા બની હતી, પ્રદ્યુમ્ન નલકૂબર અને સાંબ વિદૂષક બન્યો હતો. હિંદુઓએ પોતાને ત્યાં નાટકનો પ્રાદુર્ભાવ પોતાની મેળે કર્યો હતો, એમ વિલ્સન વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ સ્વીકાર કર્યો છે. પ્રાચીન હિંદુ રાજાઓ મોટી મોટી રંગશાળા બનાવતા હતા. મધ્ય ભારતમાં સરયુના એક પહાડી સ્થાન છે. ત્યાં એક ગુફાની અંદર આવા પ્રકારની એક રંગશાળાના ચિહ્નો મળી આવેલ છે. એ ઠીક છે કે, યૂનાનીઓના આગમન પહેલાંનાં સંસ્કૃત નાટક આજકાલ મળતાં નથી, પણ એથી તેનો અભાવ, આટલાં પ્રમાણે છે તો માની શકાતો નથી. સંભવ છે કે, કદાચિત્ યૂનાની જાતિ ત્યાં જ્યારે હિંદુ જાતિનું મિશ્રણ થયું ત્યારે જેમ કેટલીક બાબતો એકબીજાની ગ્રહણ કરી, તેમ નાટકના સંબંધમાં કેટલીક બાબતો હિંદુઓએ પણ પોતાને ત્યાં લીધી હોય. યવનવૃત્તીનું જવનિકા નામ જોઈ કેટલાક લોકો યવનસંસર્ગ સૂચિત કરે છે. અંકોમાં જે દસ સંસ્કૃત નાટકોમાં ગણેલ છે, તેથી અનુમાન થાય છે કે, આ પટો ઉપર ચિત્ર બની રહેતા હતાં. વધારેમાં વધારે આ વિષયમાં એ કહી શકાય છે કે, અત્યંત પ્રાચીન કાળમાં જે અભિનય થયા કરતો હતો, તેમાં ચિત્રપટ કામમાં લેવામાં આવતો નહિ. સિકંદરના આવ્યા પછી તેનો પ્રચાર થયો. આજે પણ રામલીલા તથા રાસલીલા પડદા વગર કરાય છે ઉ. જ. જમત પડે અને હસતું આવે એમ બીજાના ચાળા પાડવા તથા જોકરું ચાલવું તે.

ઉ. જ. ભવાડો; કજેતો; તમાસો.

નાટકકર્તા [સં. નાટક + કર્તૃ (કરનાર)] પું. નાટક રચનાર માણસ; નાટક લખનાર પુરુષ.

જે દિવસમાં પણ એવો અદ્ભુત પ્રતિભાવાળો નાટકકર્તા જન્મશે, ત્યારે તેને પણ જોવાને જઈશું. ભણશાલી

નાટકકલા [સં. નાટક + કલા] સ્ત્રી. નાટક લખવાની કળા.

નાટકકંપની સ્ત્રી. નાટક કરવાનો ધંધો કરનારી મંડળી.

નાટકકાર ૧. [સં. નાટક + કાર (કરનાર)] પું. નાટક લખનાર કે બનાવનાર કવિ. રણછોડલાલ ઉદયરામના પ્રોત્સાહનથી ગુજરાતી મહેતાજીઓની નાટકમંડળી ઊભી થઈ. તે એ નાટકકારનાં નાટકો ભજવવા લાગી. સંગીતમા એ મંડળી કંઈક મહિયાતી હતી, પરંતુ અભિનયના કલાનિધાનમાં અરસિકતા જ ઉત્પન્ન થતી હતી. લગભગ તે જ સમયમા પણ કાંઈક બે વર્ષ પછી કવિ નર્મદાશંકરની પ્રેરણાથી એક નાટકમંડળી ઊભી થઈ અને એ કવિનાં નાટકો ભજવવા લાગી. એમાં પહેલી મહેતાજીઓની મંડળી કરતાં અભિનયકલા ઠીક હતી, પરંતુ સ્વતંત્ર દૃષ્ટિએ તે ઉત્તમ નહોતી.

૨. પું. સૂત્રધાર; નટ; વેશ ભજવનાર પુરુષ.

નાટકકારિણી [સં.] સ્ત્રી. નટી; નાટક ભજવનારી સ્ત્રી.

નાટકગૃહ [સં. નાટક + ગૃહ (ઘર)] ન. નાટકશાળા; રંગભૂમિ.

તેથી અનેક વખત તેની સાથે તેને નાટકગૃહમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થતા.
કાંતમાલા

નાટકગ્રંથ [સં. નાટક + ગ્રંથ (પુસ્તક)] પું. નાટકનું પુસ્તક.

પ્રેમાનંદની પૂર્વે નાટકગ્રંથ બાબત શું બન્યું અને એના સમય પછી પણ શું બન્યું, આ ઇતિહાસ ઐતિહાસિક છે. નરસિંહરાવ

નાટકઘર જુઓ નાટકગૃહ.

નાટકચક્ર [સં. નાટક + ચક્ર (મંડલ)] ન. એક જ કર્તાનાં લખેલાં નાટકોની શ્રેણી. સ્વપ્નવાસવદત્તા કર્તાના પુત્રની પ્રજ્ઞ માટે ૧૯૧૨માં પ્રસિદ્ધ થયું, પછી ક્રમે ક્રમે બીજાં બાર નાટકો પ્રસિદ્ધ થયાં. તે બધા ન.એ પ્રમાણે છે: (૧) સ્વપ્નવાસવદત્તા, (૨) પ્રતિજ્ઞાયૌગંધરાયણ, (૩) પંચરાત્ર, (૪) અવિમારક, (૫) બાલચરિત, (૬) મધ્યમવ્યાયોગ, (૭) દૂત વાક્ય, (૮) દૂત ઘટોત્કચ, (૯) કર્ણભાર, (૧૦) ઊરુભંગ, (૧૧) અભિષેક, (૧૨) પંચરાત્ર, (૧૩) પ્રતિમા નાટક. આ નાટકોની પ્રાપ્તિથી સંસ્કૃત સાહિત્યના ભંડારમાં અને પ્રતિષ્ઠામાં બારે વધારો થયો છે, અત્યાર સુધી નહિ અનુભવેલી રસસામગ્રી પ્રાપ્ત થઈ છે. આ બધાનો નાટકકાર કોણ એ વિચારપ્રશ્ન છે, પરંતુ એક જ કર્તાનાં કૃતિનાં તેર નાટકો મળ્યાં છે. આને નાટકચક્ર કહી શકાય.

આ નાટકચક્રને એના વિષયના મૂળ આધાર પ્રમાણે ગોઠવીએ તો ચાર વિભાગ પાડી શકાય.
પુરાતત્ત્વ

નાટકચેટક ૧. ન. કામણી વિદ્યા.

૨. ન. નાટકનું આકર્ષણ કે અદ્ભુત અસર.

૩. ન. હરકતિનોદ; ઠીબળ; નખરાં.

બદમાશી કેવી કરે, જ્યારે જોઉં નાટકચેટકમા લીન રહે. ભાંપીલ

નાટકણી સ્ત્રી. નટી; નાટક ભજવવાનું કામ કરનાર સ્ત્રી.

નાટકત્વ [સં.] ન. નાટકપણું.

આપણા કોઈક નાટકોમા તો નાટકના નાટકત્વ બગાડનારા અંશનો ત્યાગ કરવાની કાળજી નથી હોતી. કુ. સા. પરિષત્

નાટકનાટિકા ન. બ. વ. નાનાં મોટાં નાટકો.

નાટકપત્ર [સં. નાટક + પત્ર (કાગળ)] ન. જેમાં નાટકનું તાત્પર્ય તથા કોણ કયો વેશ લેવાનું છે તે લખ્યું હોય તેવો કાગળ કાગળ.

નાટકપ્રપંચ [સં.] પું. નાટકમંડળી રચવાનો 'પ્લોટ.'

નાટકપ્રિયા [સં] સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ મેલનો એક રાગનો એક ઘાટ. તેમાં રિષભ રિ, ગાંધાર ગ અને નિષાદ નિ એ સ્વર કોમળ અને બાકીના સાત સ્વર શુદ્ધ આવે છે.

નાટકભૂમિ [સં.] સ્ત્રી. નાટકશાળા; નાટક ભજવવાનું સ્થળ; નાટ્યભૂમિ; રંગભૂમિ; નૂતનશાળા; 'થીએટર.'

નાટકમંડળી સ્ત્રી. નાટક ભજવનારાઓની ટોળી. નટ અને નટીઓનું મંડળ; નાટક કંપની. ક્ષત્રિયના રાજ્ય આરંભેલ અને અશોકના શિલાલેખોના ઉલ્લેખોથી એમ નક્કી કરી શકાય છે કે, રાજાઓ નાટકમંડળીઓને અને જાહેર જલસાઓને ઉત્તેજન આપતા હશે. આજને જેવું વર્ષ ઉપર ગુજરાતમાં જૂની પદ્ધતિની દક્ષિણી નાટકમંડળીઓ પ્રથમ આવી પુરાણાદિકનાં આખ્યાનો કાંઈક અસરકારી રીતે ભજવવા લાગી. આ પછી કેટલેક વર્ષે પ્રથમ મુંબઈમાં નવીન નવીન પદ્ધતિના ખેલ પારસી મંડળીઓએ શરૂ કર્યા.

નાટકરચના [સં.] સ્ત્રી. નાટકના વસ્તુનું સંકલન; નાટકપ્રપંચ; 'પ્લૉટ.'

નાટકરસિક [સં.] વિ. નાટકમાં રસ લેનાર; નાટક જોવાનો, સાંભળવાનો, ભજવવાનો, જોવરાવવાનો, સાંભળવાનો કે બીજા પાસે ભજવાવવાનો શોખ રાખનાર.

નાટકરૂપ કવિતા [સં.] સ્ત્રી. નાટકના સ્વરૂપમાં રચાયેલ કવિતા.

નાટકલક્ષણ [સં.] ન. સાહિત્યશાસ્ત્રમાં પ્રસિદ્ધ નાટકનાં જરૂરી માહેનું દરેક લક્ષણ. તે નીચે પ્રમાણે જરૂરી છે: બીજ, અક્ષરસહતિ, શોભા, ઉદાહરણ, હેતુ, સંકાશ, દૃષ્ટાંત, તુલ્યતર્ક, પદોચ્ચય, નિદર્શન, અભિપ્રાય, પ્રાપ્તિ, વિચાર, દિષ્ટ, ઉપદિષ્ટ, ગુણાતિપાત, ગુણાતિક્રમ, વિશેષણ, નિરુક્તિ, સિદ્ધિ, ભંગ, વિપર્યય, કાદિવ્યય, અનુનય, આજ્ઞા, અર્થાપત્તિ, ગર્હણ, પૃચ્છા, પ્રસિદ્ધિ, સારૂપ્ય, સંક્ષેપ, ગુણકીર્તન, લેશ, મનોરમ, અનુરક્તસિદ્ધિ અને પ્રિયોક્તા.

નાટકલેખન [સં. નાટક + લેખન (લખવું તે)] ન. નાટક લખવું તે.

દ્વિજેન્દ્રલાલના નાટકલેખનથી બંગ નાટક સાહિત્યમાં એક નવો યુગ ઉપસ્થિત થયો મનાય છે. ગોવર્ધનરામ

નાટકવાચક ૧. [સં. નાટક + વાચક (વાંચનાર)] વિ. નાટક વાંચનાર.

૨. [સં. નાટક + વાચક (બતાવનાર)] વિ. નાટક સૂચવનાર; નાટકના અર્થવાળું.

નાટકવિદ્યા [સં.] સ્ત્રી. નાટક લખવા અને ભજવવાનું શાસ્ત્ર; ચૌદ માહેની એક વિદ્યા.

નાટકશાસ્ત્રી જુઓ નાટકચાલી.

નાટકશાલા [સં.] સ્ત્રી. નાટક ભજવવાને માટે ખાસ સગવડ કરીને બાંધેલું મકાન કે મંડપ; નાટ્યગૃહ; રંગભૂમિ; રંગમંડપ. નાટકશાલા બાંધવા તો નાટ્યગૃહના ત્રણ પ્રકાર છે: (૧) એકસો આઠ હાથ લાંબું, દેવોનું. (૨) ચોસઠ હાથ લાંબું, સંપન્નોરસ. (૩) ત્રિકોણાકાર, ગંધર્વોનું હાથ લાંબું. નાટકશાલા માત્ર આનંદનું સ્થાન નહિ, પણ જ્ઞાનનું મંદિર હર્ષ વિદ્યાલય જેવી સંસ્થા છે, એવી એના સ્થાપકોની ભાવના હતી.

અત્યાંસુધી નાટકશાલાઓ પ્રેક્ષકવર્ગની હલકી રુચિને અનુકૂલ થતા જ ગયે અને એને વધુ ઉચ્ચ કરવા પ્રયત્ન કરે નહિ ત્યાંસુધી લોકરુચિ સુધરે નહિ. કૌમુદી

નાટકશાહી વિ. નાટકને અનુરૂપ; જેમાં નાટકનું તત્ત્વ રહેલું હોય તેવું.

નાટકશાળા જુઓ નાટકશાલા.

નાટકસંરચના [સં.] સ્ત્રી. નાટક ભજવવાનો હેતુ બતાવનાર મંડળ.

આપણે અહીં રસિક સ્વજના બોધ્ય ઉપર કોઈ આદર્શ નાટકસંરચના નથી. ગુ. સા. પરિષદ

નાટકસાલ [સં. નાટકશાલા] સ્ત્રી. નાટકશાળા; રંગભૂમિ.

નાટકસાહિત્ય [સં.] ન. નાટકોનું સાહિત્ય કવિતા જોડે નિકટ સંબંધ રાખનાર નાટકસાહિત્ય જરૂરનું છે. એ સાહિત્ય બરાબર જોતાં આપણી ભાષામાં હજુ બેઠાયું જ નથી. કાંતા, રેવલ દેવી, જયા જયંત, રાજની પર્વત ઇત્યાદિ ઘરા ગુજરાણાં નાટકો આંગળીને વેઢે ગણાય એટલા જ છે બીજાં નાટકો ખરા કવિત્વગુણની દૃષ્ટિથી કે કલાની દૃષ્ટિથી રાંકારામ તેવાં જણાતાં પણ નથી અને ગુણહીન નાટકો પણ સંખ્યામાં અલ્પ છે હાલની રંગભૂમિ ઉપર રચાતાં નાટકો તો ગણનામાં લઈ શકારી જ નહિ. જનસમાજના હીન વર્ગની હીન વૃત્તિઓને સંતોષ આપવાની ઉદ્દેશ જ જ્યાં પ્રધાન હોય, ત્યાં ખરું સાહિત્યસંસ્કાર કેવી રીતે સંભવે? આધુનિક સમયમાં સંસ્કૃત નાટકો જેવાં ઉચ્ચ સ્વરૂપનાં અને ગુજરાતી સાહિત્યને દીપાવે તેવાં નાટકો બહુ થોડાં છે. મણિલાલકૃત કાંતા, રણછોડભાઈકૃત જયકુમારીવિજય, નર્મદાશંકરનું દ્રૌપદી વસ્ત્રહરણ, દોલતરામનું અમરસત્ર અને રમણભાઈકૃત રાજની પર્વત તથા નાનાલાલનું જયા જયંત જેવાં નાટકો ગુજરાતી નાટકના ઉત્તમ નમૂના છે. અને જ નાટકસાહિત્ય કહી શકાય.

નાટકસ્વરૂપ [સં.] ન. નાટકનું સ્વરૂપ; કેવી જાતનું કે કેવા પ્રકારનું નાટક છે તેનું નિરૂપણ.

નાટકાખ્યાયિકા [સં.] સ્ત્રી. નાટક અને આખ્યાનની ભૂમિકાઓ તૈયાર કરવી તથા બરાબર રીતે ભજવી બતાવવી તે. આ કલાના ઉદ્દેશ અનુસાર હાલમાં પણ રામલીલા અને કૃષ્ણલીલા ભજવાય છે

નાટકાખ્યાયિકાદર્શનકલા [સં.] સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક કલા. ધર્મતા સમજવાનો આ એક પ્રકાર છે. દરેક ને બાબ એવા નાટકના બે પ્રકાર છે. આ બંને પ્રકારોમાં ખૂબી તથા ખામી જાણવી, જોવી એ સર્વ આ કલાર્થી જાણવા છે.

નાટકાદેવદારુ ન. એક જાતનું નાનું ઝાડ, તે દક્ષિણ ભારત અને લંકામાં થાય છે. તેના લાકડામાંથી એક પ્રકારનું તેલ નીકળે છે અને તે જલોદરને સમાવવાના કામમાં આવે છે. આ ઝાડનાં ફળ અને પાંદડાઓમાં પાચન, સ્વેદન અને ભેદન શક્તિઓ હોવાનું મનાય છે. ભારતવર્ષમાં તેનાં ફળ અને પાંદડાં દુકાળમાં ખાવામાં આવે છે. માણસો બીડા બરચાની સાથે તેનું ફળ ખનાવીને ખાય છે.

નાટકાવતાર [સં.] પું. એક નાટકના અભિનયની અંદર બીજા નાટકનો અભિનય, ઉત્તરરામચરિતમાં એક બીજા નાટકનો અભિનય દેખાડવામાં આવ્યો છે. શેક્સપીયરના 'હેમ્લેટ'માં પણ આવા પ્રકારનો અભિનય દેખાડવામાં આવ્યો છે

નાટકાંતર્ગત [સં. નાટક અંતર્ગત (અંદરનું)] વિ. નાટકની અંદર આવેલું

નાટકી જુઓ. નટી; નાચનાર સ્ત્રી.

નાટકીયાપણું ન. નાટક કરનાર હોવાપણું

શેક્સપીયરનું કંઈવાર નાટકીયાપણું એની પુત્રિઓની શોભાને લગાર ઝાંખી નથી પાડતું? નવલરામ

નાટકિકું ૧. વિ. હોંશી; દંભી

૨. વિ. નાટકને લગતું; નાટકસાહી.

૧૬ વર્ષ જયંત જયવંતના એકાદ બે બીજા નાટકિક્યા છે. ગોપતરામ

નાટકિયો પું. નાટકમાં કામ કરતો માણસ, નટ

નાટકી ૧. પુ. નાટક કરનારો માણસ; ભાડ, નાટકનું પાત્ર; નાટક કરી બતાવવા કરનાર માણસ

૨. સ્ત્રી. ઇંદ્રની સભાનું સ્થાન.

૩. સ્ત્રી. નૃત્ય કરનારી સ્ત્રી.

૪. વિ. નાટકના જેવું; નાટકિયું, દંભી.

૫. વિ. નાટકને લગતું; નાટક સંબંધી

નાટકની સ્ત્રીઓના બનાવટમાં નાટકી ઢબને બાદ પર મૂકી સામાન્ય સ્ત્રીઓનું વાતાવરણ ઉપજાવ્યું છે. પ્રસ્થાન

નાટકીય ૧ [સં.] વિ નાટકને લગતું, નાટકનું; નાટક સંબંધી
૨. વિ. નાટકમાં વર્ણવ્યા જેવું
૩. વિ. નાટકમા હોનાર કે બનાર.
૪. વિ બનાવટી. દેખાવ પૂરતું; હોંગી.

નાટકીય કાવ્ય [સં] ન. નાટકના સ્વરૂપનું કાવ્ય; 'ડ્રામેટિક પોએમ.'
જે પ્રથમ કવિ હોય અને આવી ભવ્ય નાટક લખવા પ્રયાસ કરે તે ઓર સુંદર નાટકીય કાવ્ય લખી રાખે, પણ એક સુંદર નાટક તો ન જ લખાઈ રાકે. ઉરવત

નાટકીય યુક્તિ [સં.] સ્ત્રી. નાટકની કલા બરાબર ખીલી રહે તે માટે વપરાતી જુદી જુદી રીત; 'ડ્રામેટિક ડિવાઇસીઝ.'
નાટકકાર અમુક જાતની અસર ઉત્પન્ન કરવા અમુક નાટકીય યુક્તિઓ વાપરે છે.
ઉરવત

નાટકીય વ્યંગોક્તિ [સં.] સ્ત્રી. નાટકમાં વપરાતો કટાક્ષોનો પ્રયોગ; 'ડ્રામેટિક આયરની.'
નાટકીય અસર પ્રગટ કરવા નાટકકાર ઘણી નાટકીય યુક્તિઓ વાપરે છે. એમાં નાટકીય વ્યંગોક્તિનો ઉપયોગ સામાન્ય છે ઉરવત

નાટકુનપ ન. નાટકમાંનાં બધાં પાત્રોનો સમૂહ.

નાટકેશ્વર [સં] ન. કાર્યારંભના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક ઔરપ.

નાટકોચિત [સં. નાટક + ઉચિત (યોગ્ય)] વિ નાટકને યોગ્ય; નાટકને અનુરૂપ.
પુરાણના અથવા ઇતિહાસના વસ્તુને નાટકોચિત સ્વરૂપ આપવામાં આપું સંક્લન ફરીથી કરવું પડે છે. પુરાણત

નાટગોળી ન. (વૈદક) કાળજાનું એક દરદ. તેમાં યકૃતનું કંઈ ટેટલું છે તે કહી શકાતું નથી અને દરદીને શ્વાસ લેવો મુશ્કેલ થઈ પડે છે. એ સિવાય ચક્કર, ભેસવું, ઊલટું, ચાલવું પણ કઠણ થઈ પડે છે. અત્યંત ઠારે પીનારને આ રોગ થવા સંભવ છે

નાટપેડ [અં. નોટ (નહિ) + પેડ (પૈસા ભરેલું)] વિ. ટપાલખરચ ન આપેલ હોય એવું. ટપાલની ટિકિટ ચોડ્યા વગરનું.

નાટમંદિર [સં નાટય (નૃત્ય) + મંદિર (ઘર)] ન. નૃત્યશાળા; નાટકશાળા; નાચવાનું ઘર; નૃત્યગૃહ.

નાટયસંત [સં.] પું (સંગીત) એ નામનો એક રાગ

નાટવું ૧. અ ક્રિ. પ્રતિજ્ઞાનું પાલન ન કરવું.
૨ સ ક્રિ અસ્વીકાર કરવો; ઇન્કાર કરવો.

નાટય ૧. પું. તોફાની છોકરો.
૨. પું. નહિ નાચેલો ખૂંટિયો.
૩. સ્ત્રી. ગોવરતિયા કાહીની એ નામની એક પેટા જ્ઞતિ.
૪. સ્ત્રી. (સંગીત) સમયસારમાં આપેલ રાગોના વિભાગે માંહેના ષાડવ વિભાગની એક રાગિણી.
૫. ન. એ નામની પેટા જ્ઞતિનું માણસ.
૬. વિ એ નામની પેટા જ્ઞતિનું
૭. [હિં.] વિ. દૂંઠું પણ બરાબર; ટીચલું; નાના કદનું.

નાટયકરેજ [હિં.] સ્ત્રી. એક જાતનું કરેજનું ઝાડ.

નાટયપણ ૧. ન. ટીચણાપણું.
૨. ન. તોફાની હોવું તે.

નાટયરાજ [સં.] પું. ભગવાન; તરભુવન.

નાટયાર ૧. [સં.] પું. નટીનો દીકરો; નાચનારીનો પુત્ર.
૨. સ્ત્રી. દક્ષિણ હિંદની એ નામની એક કોમ.

નાટયારંભ પું. નાટકના જેવા હોળનાળા ઢંગ; નાટયપ્રકાર; નાટક, વૃત્ત વગેરેનો ઢંગ કે આનંદ
રચના અનેક નાટયારંભ કોર;
તે દેખી દક્ષ થાય વિષ્ણુ. મોપાસ્યાનો

નાટયારંભ ૧. [સં. નાટ (વૃત્ત) + આરંભ (શરૂઆત)] પું. નાચ અથવા વૃત્તની શરૂઆત.
૨. પું નાચનો જલસો.
૩. પું નાટક; ખેલ
૪. પું. નાટકના જેવા ઢંગવાળા વગેરે કરવા તે.
૫. પું. નાટકની શરૂઆત.

નાટિક ૧. ન. ચેન; આળા; નખરાં.
૨. ન. નાટક.
જેવું નગરથી ઉર્વી નાટિક વૃત્ત,
પંડિત જન પામવી જ્યું વૃત્તિ.
ગુજરાત

નાટિકા ૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે નટનારાયણ, હમીર અને અહીરી ગમતા યોગથી બને છે અને સંપૂર્ણ જાતની ગણાય છે. નારદના મત પ્રમાણે તે કર્ણાટકી અને હનુમતના મત પ્રમાણે દીપકની પત્ની છે. તેના સ્વરગ્રામ: સા, રે, ગ, મ, ધ, ધ, નિ, સા.
૨. [સં.] સ્ત્રી. દશ રૂપકોમાંનું એક રૂપક. નાટિકા કન્યારૂપે ઉપરૂપકના અઢાર ભેદોનો એક ભેદ; એક જાતનું દૂંઠું દશ રૂપક; દૂંઠું નાટક. તે એક પ્રકારનું નાટક જ છે અને તેમાં ચાર અંક હોય છે. તેની કથા કલ્પિત હોય છે. નાયિકા રાજકુળમાં જન્મેલી અને નવાનુરાગિણી હોય છે અને નાયક ધીર લલિત હોય છે. તેમાં ઔપાત્ર વિશેષ હોય છે.
પણ તે માત્ર સંસ્કૃત ભાષામાં જ રૂપાયિત હોવાથી કાવ્ય, નાટક, નાટિકા, આખ્યાન, આખ્યાયિકા, ચટ્ટ, ભાણ, પ્રહસન, વિજયવ્યાયોગ, ડિમ, સમવકાર, ઈહામૃગ, વિકસ્વાદિરૂપે વિસ્તીર્ણ સંસ્કૃત નાટકમયનું કવિત રૂપ બનાવી સંસ્કૃત ભેષાઓને સુપરિચિત હતું. કાન્તરાય
૩. સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.
૪. સ્ત્રી. નાનું કે હલકું હાસ્યપ્રધાન નાટક.

નાટિત ૧. [સં.] ન. નખરાં; હાવભાવ; ચટકો; અભિનય.
૨. વિ. અભિનય કરાયેલું.

નાટિતક જુઓ નાટિત.

નાટિની [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નાડિલ ન. એક જાતનું દરિયાઈ જીવડું. આ દરિયાઈ પ્રાણીની છીપ ઘણી જ સુંદર હોઈ તેની માંહેની કોર મોતીની છીપ હોય છે. દક્ષિણ કટિબંધના તમામ સમુદ્રોમાં તે થાય છે. તેને જાડી સખ્ત માંય હોય છે. તે ચતી તે જીવડાંને મારી નાખે છે. તેને પુષ્કળ મૂછ હોવાથી તે સમુદ્રને તળિયે જઈ શકે છે.

નાટી ૧. સ્ત્રી. (કચ્છી) ઊંટના નાકમાં નાખવામાં આવતી લાકડાની ખીલી.
૨. સ્ત્રી. નાચનું સંગીત; વૃત્ત વખતે કરવામાં આવતું સંગીત; 'ડેન્સ મ્યુઝિક.'
૩. [સં. નાટિન્] વિ. વૃત્ત કરનાર; નાચ કરનાર

નાટુ પુ નાથ; ધણી; પતિ; સ્વામી.

નાટેય [સં.] પું. નટીનો પુત્ર; નટીનો દીકરો.

નાટોર જુઓ નાટેય.

નાડલા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક ભટક
૨ ન. એ નામની ભટકનું માણસ.
૩. વિ. એ નામની ભટકનું.

નાટય ૧. [સં.] ન. એક પ્રકારનું ઉપરૂપક. નાટયના દસ ભેદ છે: (૧) નાટક: તેનો વિષય પ્રખ્યાત, નાયક ધીરોદાત્ત અને રસ શૃંગાર કે વીર હોય છે. (૨) પ્રકરણ: તેનો વિષય કલ્પિત, નાયક ધીર, શાંત અને રસ શૃંગાર હોય છે (૩) ભાણ: તેનો વિષય કલ્પિત, રસ શૃંગાર તથા વીરનું બોલું મિશ્રણ હોય છે. (૪) પ્રહસન: તેનો વિષય કલ્પિત, નાયક પાખંડી અને રસ હાસ્ય હોય છે. (૫) ડિમ: તેનો વિષય પ્રખ્યાત,

નાયક દેવ, ગાંધર્વ, વિદ્યાધર વગેરે હોય છે, અને રસ રૌદ્ર, શૃંગાર અને વીર થોડે અંશે હોય છે. (૬) આમોગ: તેનો વિષય પ્રખ્યાત, નાયક ધીરોદાત્ત અને રસ વીર હોય છે. (૭) સમવકાર: તેનો વિષય પ્રખ્યાત કે કલ્પિત, નાયક દેવ કે અસુર અને રસ વીર હોય છે. (૮) વીથી: તેનો વિષય કલ્પિત, નાયક ધીરોદાત્ત અને રસ થોડો શૃંગાર હોય છે. (૯) અંક: તેનો વિષય પ્રખ્યાત, નાયક સામાન્ય માણસ અને રસ કરુણ હોય છે. (૧૦) પ્રહસન: તેનો વિષય મિશ્ર, નાયક ધીરોદાત્ત અને રસમાં શૃંગારનો આભાસ માત્ર હોય છે

૨. ન. નટનું કામ. ટૂંકમાં તે નાચવા, ગાવા અને બજાવવાનું હોય છે.

ખીજી વાત એ કે પાણિનિમા નાટક શબ્દના અર્થ નટનો ધર્મ કે નટોનું કામ એવો કરેલ છે.

મ્. સા. પરિષદ

૩. ન. નાટ્યનો આરંભ કરવાનું નક્ષત્ર. અનુરાધા, ધનિષ્ઠા, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ, મઘા, શતભિષા અને રેવતી નક્ષત્રમાં નાટક આરંભ કરવુ જોઈએ એવું વિધાન છે.

૪. ન. ગૂલ: નાચ; અભિનય; સ્વાંગ વડે ચરિત્રપ્રદર્શન; રજાઓ, ગેલ વગેરે દ્વારા પ્રદર્શન. નાટ્યનાં આઠ મૂળ આ પ્રમાણે છે: ભ્રમણ, સંઘાત, તાલ, નર્તન, વાદન, ગાયન, ભાવ અને રજ્જુ. તેમાં સોથી વધારે નિયમિત પગની ગતિની જરૂર પડે છે. પગલાંનો વખત તાલ પ્રમાણે હોય છે. આ નાચ કરનાર પોતાના કમરેરાતરાળો આખો બાજુનો પોશાક પહેરે છે અને ઘૂંટીએ ઘૂઘરીઓ પહેરે છે.

૫. ન. હાવભાવ; ચેનચાળા.

૬. સ્ત્રી. નાટક સાબરી; નાટકને લગતું.

નાટ્યકલા [સં.] સ્ત્રી. અભિનયથી નાટક ભજવી બતાવવાની કળા. નાટ્યકળા બજાવનાર અનુભવ ગમે તે પ્રસંગે મન તેવા હાવભાવ દર્શાવી શકે છે. તે કરુણ, હાસ્ય, રૌદ્ર, વીરરસ વગેરે દર્શાવી કુશળ પાર પાડે છે. નાટ્યકલાની ઉત્પત્તિ માટે જૈનોનું એવું માનવું છે કે, શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને આયના મહેલમા કેવળજ્ઞાન થયું, તેનુ નાટક આત્મવિભૂતિએ તાદૃશ બજાવ્યું હતું. આથી આત્મવિભૂતિથી નાટ્યકલાની ઉત્પત્તિ થયાનું જણાય છે

નાટ્યકળાનો દરેકે આ પાત્રની રચના અતિ નિપુણતાથી સામસામા આવી છે.

પુરાતત્ત્વ

નાટ્યકવિ [સં.] પું. કાવ્યના સ્વરૂપમાં નાટક રચનાર કવિ.

નાટ્યકવિતા [સં.] સ્ત્રી. ગદ્ય માંહેની એક જાતની કવિતા; કાવ્યના સ્વરૂપે લખેલું નાટક. કવિ કાલિદાસે સંસ્કૃતમા આવાં નાટકો રચી પ્રસિદ્ધિ મેળવી હતી.

નાટ્યકળા જુઓ નાટ્યકલા

નાટ્યકાર ૧. [સં] પું. નટ; નાટકમાં પાત્રનુ કામ કરનાર માણસ; નાટક બજવનાર પુરુષ

આ નાટ્યકારો પહેલાં ઓછામા ઓછા ચાર હજારથી નાટ્યપ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી હોવી જોઈએ.

પુરાતત્ત્વ

૨. સ્ત્રી. નાટક કરનાર, નાટકકાર.

નાટ્યકો ૧. પું. નટ; નાટકી; નાટક બજવનાર પુરુષ; ભાડ.

૨. પું. નાચનાર માણસ; મૂલ કરનાર વ્યક્તિ.

નાટ્યકુતપ ૧. ન. ગદ્ય માંહેના એક પ્રકારનું કુતપ ગદ્ય કુતપ: તત્કુતપ, અવનદ્ધકુતપ અને નાટ્યકુતપ.

૨. ન. (સંગીત) નાટકમાના સર્વ પાત્રોનો સમૂહ

નાટ્યગૃહ [સ.] ન. નાટકશાળા; નાટ્યશાલા. રંગભૂમિ. અભિનયના મત મુજબ નાટ્યગૃહ ત્રણ જાતનું હોય છે: વિકૃષ્ટ, ચતુરસ્ર અને ત્र्यસ્ર. તે દરેકના ત્રણ પ્રકાર છે: જ્યેષ્ઠ, મધ્યમ અને અવર. વિકૃષ્ટ નાટ્યગૃહ સમચોરસ, ચતુરસ્ર સમચોરસ અને ત्र्यસ્ર ત્રિકોણાકાર હોય છે. જ્યેષ્ઠ નાટ્યગૃહનું પ્રમાણ બસ્સો આઠ હાથનું, મધ્યનું ચોસઠ હાથનું અને અવરનું બત્રીસ હાથનું હોય છે. જ્યેષ્ઠ નાટ્યગૃહ દેવોનું, મધ્યમ રાજાઓનું અને અવર સામાન્ય જનવર્ગનું મનાય છે નાટ્યગૃહના માપમાં વપરાતા દંડનું કોષ્ટક આ પ્રમાણે છે:

૮ અણુ = ૨૭
૮ ૨૭ = વાળ
૮ વાળ = લિક્ષા
૮ લિક્ષા = યૂકા
૮ યૂકા = યવ
૮ યવ = અંગુલ
૨૪ અંગુલ= હાથ
૪ હાથ = દંડ.

નાટ્યતત્ત્વ [સં] ન. નાટકનું તત્ત્વ.

નાટ્યતત્ત્વ વધારે વિકસાવવાને બદલે પોતાના સંવાદોને ચર્ચાત્મક વધુ ઓરો બનાવ્યા.

મુ. સા પરિષદ

નાટ્યદક્ષતા [સં.] સ્ત્રી. નાટકકાર તરીકેની કુશળતા.

નાટ્યધર્મિકા [સં.] સ્ત્રી. નૃત્યરાજાના નિયમ.

નાટ્યધારકા [સં.] સ્ત્રી. એક જાતનું નટનું નૃત્ય.

નાટ્યપ્રચારક [સં.] પું. નાટ્યકળાનો પ્રચાર કરનાર પુરુષ

નાટ્યપ્રયોગ [સં.] પું નાટકનો બનાવ, નાટક, સ્વાંગ વગેરેની રજૂઆત કરવી તે. રાજાના ઉત્સવ પ્રસંગે નાટ્યપ્રયોગ તો બધે આગે હોય જ છે આમ કરીને ફ્રેન્ચમાં અને નિશાળોના વિદ્યાર્થીઓને જ્યારે જ્યારે નાટ્યપ્રયોગો બજવી બતાવવાની તક આવે, ત્યારે એમણે રંગભૂમિ સુધારવાનો વિદ્યાગ પ્રશ્ન વિસરી ન જતાં એ પ્રયોગોને એક સુધારાનું સાધનભૂત કરવા કોઈએ એવું એક વિધાન છે.

નાટ્યપ્રયોગપદ્ધતિ [સં.] સ્ત્રી શિક્ષણયાત્રાઓના એ નામની એક પદ્ધતિ: 'ડ્રામેટિક મેથડ.' બાળકોમાં અનુકરણ કરવાની ટેવ બધારે પ્રમાણમા છે, તેથી નાટકો દ્વારા બાલમાનસવિકાસ કરવામાં આ પદ્ધતિ અગત્યનુ સ્થાન ભોગવે છે. આમ કરીને ભાષા, ગણિત અને ઇતિહાસ જુદાજુદા શિક્ષણમા નાટ્યપ્રયોગો દ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિનો સારો ઉપયોગ કરી શકે. બીજા બધા વિષયોમા થોડેઘણે અંશે નાટ્યપ્રયોગપદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે

નાટ્યપ્રવૃત્તિ [સ.] સ્ત્રી. નાટક બજવવા, તેનો પ્રચાર કરવો વગેરે કામ

નાટ્યપ્રવૃત્તિ ઘણાખરા બેકાબો જેવડી જૂની કાર્યાલય સંસ્થા છે.

પુરાતત્ત્વ

નાટ્યપ્રિય ૧. [સ.] પું. શિવ; શંકર; મહાદેવ

૨. વિ. જેને નાટક પસંદ હોય એવુ

નાટ્યભવન જુઓ નાટ્યભુવન.

નાટ્યભાર [સં.] પું. નાટકમા અભિનય કરવામા આવતી જાગરૂકી

આવશ્યક પરિસ્થિતિને પસંદ કર્યા પછી આ નાટ્યકાર જે વિકાસી ચિત્રોમા જાણવા પાત્રને આ પરિસ્થિતિને ગોઠવે છે અને નાટ્યભાર કે ઘટનાથી આકો કરે છે.

કૌમુદી

નાટ્યભાષા [સં.] સ્ત્રી. નાટકમા જુદાં જુદાં પાત્રો પ્રસંગે વપરાતી સંસ્કૃત, શૌરસેની, માગધી વગેરે જુદી જુદી ભાષા.

નાટ્યભુવન [સં.] ન. રંગભૂમિ; નાટકશાળા; 'થીએટર.'

નાટ્યમંડલ [સં.] ન. નાટ્યપ્રવૃત્તિ ચલાવી રાખનાર મંડળ; નાટકના પ્રયોગો રજૂ કરનાર ટોળી.

નાટ્યમંડળી જુઓ નાટ્યમંડલ.

નાટ્યમંદિર [સ.] ન. નાટ્યશાળા; રંગભૂમિ; રંગમંડપ.

નાટ્યમાલા [સં.] સ્ત્રી. ભજવેલાં નાટકોની પરંપરા.

એમનું એમની કૃતિઓ નાટ્યમાલાઓમાં ભાવ અને ઘૂમાયુ હતું અટવાયેલા પડ્યા છે ત્યાં અક્ષર ને જહાજીરા જો પૂરા પણ થઈ ગયા છે. કૌમુદી

નાટ્યમાળા જુઓ નાટ્યમાલા.

નાટ્યયુગ [સં.] પું. નાટકો રચવાનો તથા ભજવવાનો જમાનો. હાલમાં આપણી પાસે જે નાટકો છે તે આપણે ત્રણ યુગમાં વહેંચી શકીએ: પહેલો યુગ તે ઈ. સ. પૂર્વ અજ્ઞાત સમયથી તે ઈ. સ. ના પાંચમા સૈકા સુધી, બીજો યુગ તે ઈ. સ. ના છઠ્ઠા સૈકાથી તે ઈ. સ. ના નવમા સૈકા સુધી અને ત્રીજો યુગ તે ઈ. સ. ના દશમા સૈકાથી અઢારમા સૈકા સુધી.

નાટ્યરસ ૧. [સં.] પું. નાટકના પ્રસંગો અને તેનાં પાત્રો દ્વારા વ્યક્ત થતો ભાવ.

૨. પું નાટકમાં આવતો કે જોવા જેવો રસ.

નાટ્યરંગ ૧. પું. નાટકશાળાની ઊંચી પીઠ; 'સ્ટેજ.' તેના ઉપર નાટક ભજવાય છે.

૨. [સં.] પું. નાટકશાળામાં વર્તાતો આનંદ; નાટ્યરંગ.

નાટ્યરાસક [સં.] પું. ઉપરૂપક જોટલે ઊતરતી જાતનાં નાટકના અઢાર માહેનો જોક પ્રકાર; દશ કાળના સત્તાવીસ માહેનો એ નામે જોક ભેદ. તેમાં જોક અંક હોય છે. નાયક ઉદાત્ત, નાયિકા વાસકસજ્જા, ઉપનાયક પીઠમર્દ હોય છે. તેમાં અનેક પ્રકારનાં ગાન અને નૃત્ય હોય છે.

નાટ્યવિદ ૧. [સં. નાટ્યવિદ્] પું. નાટક ભજવવાની કળામાં માહોશ માણસ.

૨. પું. નાટ્યકળાનો નિષ્ણાત; નાટક રચવાની કળા સિદ્ધ કરેલાર પુરુષ.

નાટ્યવિદ્યા [સં.] સ્ત્રી. નાટક ભજવવા, ભજવવા વગેરેની કળા.

નાટ્યવિધાન [સં.] ન. નાટક ભજવું તે.

આ કવિઓની કલમે ગોલાઈ ઇતિહાસનું નવલ નાટ્યવિધાન રચાય છે. કેતન હર્ષદ

નાટ્યવિધિ [સં.] સ્ત્રી. નાટક સંબંધી સામાન્ય જ્ઞાન, યુક્તિ, પ્રયુક્તિ વગેરે.

આ કેરફાર કવિનો કરેલો છે કે નાટ્યવિધિ ના સમજનાર કોઈ અર્વાચીન લહિયાઓએ કરેલો સુધારો છે તે નક્કી નથી. પુરાતત્ત્વ

નાટ્યવિષયક [સં.] વિ. નાટક સંબંધી; નાટકને લગતું.

નાટ્યવૃત્તિ [સં.] સ્ત્રી. નાટક ભજવામાં કુશળતા કે ચતુરાઈ; 'ડ્રામેટિક સેન્સ.'

નાટ્યવેદ [સં.] પું. ઋગ્વેદમાંથી શબ્દો, સામવેદમાંથી ગાન, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી ભાવ, રામશ્રી વગેરે લઈ બ્રહ્માએ રચેલો નાટક સાથેસંબંધી પાંચમો વેદ, મંથર્વવેદ.

આ માગણીના ઉત્તરમાં બ્રહ્મા નાટ્યવેદ નિર્માણ કરે છે. પુરાતત્ત્વ

નાટ્યશાલા જુઓ નાટ્યગૃહ.

નાટ્યશાસ્ત્ર ૧. [સં.] ન. નાટકના નિયમો, તેની કળા વગેરેને લગતું શાસ્ત્ર; નૃત્ય, ગીત અને અભિનયને સ્પર્શતી વિદ્યા. સૃષ્ટ્યુત્પત્તિ આ શાસ્ત્રનો ઉપદેશ જિને બ્રહ્માને કર્યો હતો. બ્રહ્માએ ઇંદ્રની પ્રાર્થના ઉપરથી અભિનય અવતાર ગ્રહણ કરીને નાટ્યવેદ નામના ઉપવેદની રચના કરી. તેને મંથર્વવેદ પણ કહે છે. તેમાં નૃત્ય, વાદ્ય, ગીત વગેરેની શિક્ષા હતી. બ્રહ્મા પાસેથી ભરત મુનિએ આ ઉપવેદ શીખીને સંસારમાં તેનો પ્રચાર કર્યો.

૨. ન. ભરત મુનિએ બનાવેલો જે નામનો જોક પ્રાચીન ગ્રંથ; ભરત મુનિરચિત નાટ્યને લગતું શાસ્ત્ર. તે સંસ્કૃત ભાષામાં લખાયેલ હોવાથી સંસ્કૃત નહિ જાણનારા પુરુષોને ન સમજી શકાય તેમ છે. ભરત નાટ્યશાસ્ત્ર જોતાં એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે, આનું શાસ્ત્ર રચાય તે પહેલાં નાટકો સાહિત્ય અને અભિનયકલા તરીકે ખૂબ વિકસ્યાં હશે એમ જોઈએ. આજનાં નાટકો હિંદી ઓરિસ્ટોટલ ભરતના નાટ્યશાસ્ત્રના નિયમો બરાબર પાળે છે.

ઉત્તમ નાટક રચનારને નાટ્યશાસ્ત્રનું જ્ઞાન અને સંસ્કૃત તથા અમેરુ ભાષાના ઉત્તમ નાટકોનું પરિશીલન આવશ્યક છે.

કમળાશંકર

નાટ્યશાળા જુઓ નાટ્યગૃહ.

નાટ્યશિલ્પ [સં.] ન. ક્રિયાશક્તિની જોક હજાર જોકસો સાત મહિનો જોક શાખા; રંગભૂમિ વગેરે નિર્માણ કરવાનું જ્ઞાન.

નાટ્યસંગીત [સં.] ન. સંગીતક; સંગીતનાટક; સંગીતવિધાનનો ખેલ; 'ઓપેરા.'

નાટ્યસાહિત્ય [સં.] ન. નાટકના સ્વરૂપમાં રહેલું સાહિત્ય; નાટકનું સાહિત્ય.

સાહિત્યમાં નાટ્યસાહિત્ય પણ પ્રસન્નતાન પદ્યમાં અતિ અમલનો હિસ્સો ધરાવે છે. મેઘાણીભગત

નાટ્યસૂચિ [સં.] સ્ત્રી. નાટકમાં રહેલાં પાત્રો, વસ્તુ વગેરે જણાવતાં તે.

જો નાટિકાની નાટ્યસૂચિમાં નાયિકાનું નામ પદ્મલેખા જિયદર્શિકા સાંભળે છે. કેતન હર્ષદ

નાટ્યા [સં] સ્ત્રી નર્તકનાં હજાર મહેનું જોક નામ.

નાટ્યાચાર્ય ૧. [સં] પું. અભિનય તથા નૃત્ય શીખવનાર ગુરુ; નાટ્યકલા સંબંધી શિક્ષણ આપનાર પુરુષ.

૨. પું. નાટકનો વ્યવસ્થાપક; 'ડાયરેક્ટર.'

નાટ્યાલય [સં.] ન. નાટકશાળા; નાટ્યગૃહ.

નાટ્યાલંકાર [સં] પું. સાહિત્યપ્રસિદ્ધ છત્રીસ પ્રકારના નાટકના અલંકાર માહેનો દરેક સાહિત્યદર્પણમાં નાટ્યાલંકારની સંખ્યા નીચે મુજબ તેત્રીસની માની છે: આશીર્વાદ, આક્ષેપ, કપટ, અદ્ભુત, અર્થ, ઉદ્ગમ, આશ્રય, ઉત્પ્રાસન, રૂપહા, શ્લોક, પ્રશસ્તાપ, ઉપપત્તિ, આદ્યમા, અપ્યવસાય, વિસર્પ, ઉલ્લેખ, સંતોજન, પરીવાદ, નીતિ, અર્થવિરોધણ, પ્રોત્સાહન, સહાય્ય, અભિમાન, અનુવૃત્તિ, ઉત્કીર્તન, વાચ્યા, પરિહાર, નિવેદન, પ્રવર્તન, આખ્યાન, યુક્તિ, પ્રહર્ષ અને શિક્ષા. આ અલંકાર નાટકમાં આવવાથી નાટકનું સૌંદર્ય અધિક વધી જતું મનાય છે.

નાટ્યાવિર્ભાવિતાત્મક [સં.] વિ. ભજવી શકાય તેવું; નાટકના સ્વરૂપમાં રચાયેલું, 'ડ્રામેટિક.'

નાટ્યાંગ [સં.] ન. નાટકનાં દશ માહેનું હરકોઈ જોક અંગ જેમકે, સ્થિતપાઠ્ય, આસીન, પુષ્પગંડિકા, પ્રચ્છેદ, ત્રિગૂઢક, સૈંધવ, દ્વિગૂઢક, ઉત્તમોત્તમક અને ઉક્તપ્રત્યુક્ત જો દશ નાટકના અંગ મનાય છે

નાટ્યોક્તિ ૧. [સં.] સ્ત્રી. નાટક્ય પરિભાષા; નાટકમાં જુદા જુદા આશયોને સમોવવા માટે વપરાતા જુદા જુદા શબ્દ, જેમકે, બ્રાહ્મણને માટે આર્ય, ક્ષત્રિયને માટે મહારાજ, પતિને માટે આર્યપુત્ર, રાજાને માટે દેવ, રાજાના સાળાને માટે રાજ્ઞીશ, વેશ્યાને માટે અજ્જુકા, કુમારને માટે યુવરાજ, વિદૂષકને માટે ભાવ વગેરે.

૨. સ્ત્રી. સ્વગત, પ્રકાશ, અપવાહિત અને જનાંતિક જેવી નાટ્યશાસ્ત્ર માહેની પાત્રવર્ગની બોલી.

નાઠ ૧. [હિ.] પું. અભાવ; અસ્તિત્વ ન હોવું તે.

૨ પું. નાશ, ધ્વંસ.

૩. પું. વારસ વગરની જવાબદારી; જેનો કોઈ વારસ ન હોય તેવી માલમિલકત.

નાઠવું ૧. અ. ક્રિ. ભાગવું; નાસી જવું.

૨. સ. ક્રિ નાશ કરવો.

નાઠા [હિં.] વિ જેનાં વારસ વગરનું, જેને કોઈ વારસ ન હોય એવું.

નાડાનરડ (નાડ઼ાનરડ) ૧. સ્ત્રી. કાંડીની એ નામની એક જાત

૨ ન એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નાડાભારી સ્ત્રી નાસી જવાનો માર્ગ, ઘટકભારી; નાસી છૂટવાની ભારી કે માર્ગ

ભાગ લશ્કરાઈએ નહિ,
નાઠાભારી રાખયે ને દમારામ

નાઠી જુ. મહેમાન; પરોણો.

નાઠીગોઠી જુ. (કચ્છી) પરોણો વગેરે.

નાડું જા. ક્રિ. પલાયન થયું; નાસી છૂટયું; નાસ ધાતુનું અનિયમિત ભૂતકાળ ના-ભતરજાતિનું રૂપ

નાઠેલ વિ. પોબારા ભણી ગયેલ; ભાગી ગયેલ, નાસ ધાતુનું ભૂતકૃદન્ત.

નાઠેલું જુઓ નાઠેલ.

નાડ (નાડ) ૧. [સં] જુ. પદ્મ વગેરેનો દંડ; દાંડ.

૨. સ્ત્રી. આખા ગામડાને આવળીને બનાવેલો દોર; નાડી; ગામડાનું દોરડું; નાડબ્.

૩. સ્ત્રી. કાંડા પાસેની રગ, તેના ઉપરથી વૈદ્ય લોહીની ગતિ પારખી દર્દ વિષે અનુમાન કરે છે

૧. નાડ બેસી જવી–ઠેકાણે ન રહેવા = (૧) અચેત થઈ જવું; બુદ્ધિ ન ઠોકી; મરણપથારી ઉપર હોવું. (૨) ઉદાસ થઈ જવું. (૩) મગજ ભમી જવું; મગજ ચસકવું.

૨. નાડ જોવા = (૧) નાડીની ગતિ ઉપરથી દર્દની પરીક્ષા કરવી; રુધિરથી ધબકતી શિરા જોઈને શરીરવિકારની પરીક્ષા કરવી; રોગની તપાસ કરવી. (૨) મૂળ તપાસવું; ભાત પારખવો; માણસનું વલણ કે સ્વભાવ પારખવો.

૩. નાડ દેખાડવી = (૧) રોગની પરીક્ષા માટે પોતાની નાડ બીજાને જોવા દેવી. (૨) પોતાનું ગુપ્ત વલણ ચૂલથી કે જાસૂસોદ્વારે ખુલ્લું કરી દેવું

૪. નાડ બંધ પડવી = મરી જવું

૫. નાડ મળવા = કૂચી જડવી; ગુપ્ત દોરીસંચાર પરખાઈ જવો

૬. નાડ હાથમાં આવવી = (૧) નિદાન થવું; રોગ પરખાવો; રોગનું સ્વરૂપ સમજાઈ જવું. (૨) બીજભૂત વસ્તુ સમજવી; કોઈ બાબતનું બાહ્યસ્વરૂપ સમજાઈ જવું. (૩) વલણ જણાવા આવી જવું; ગુપ્ત વિચાર જણાવા; કોઈ માણસની અમુક પ્રવૃત્તિ પાછળનો દોરીસંચાર પરખાઈ જવો; સ્વભાવ ઓળખવો; મુરાદ જણાઈ જવી.

૭. નાડ હાથમાં લેવી = કોઈનું મર્મ પોતે ઉપાડી લેવું; કોઈના કામની જવાબદારી પોતાને માથે લેવી.

૮. નાડનું નરવું = (૧) આરોગ્યવાન; રોગ વગરનું; તંદુરસ્ત. (૨) કોઈથી ઊતરાય નહિ તેવું પાકું. (૩) મજબૂત મનવાળું; દૃઢનિશ્ચયી.

૯. નાડે નર્યા તો વૈદ્ય કર્મ મારે = જો શરીર તંદુરસ્ત હોઈએ તો પછી વૈદ્યનું કામ પડે નહિ.

૪. [સં. નાલ] સ્ત્રી. મરદના; ઢોલ.

૧. નાડ કાપવી = ઝઘડો કાપવો

૨. નાડ નીચી કરવી = શરમથી માથું નીચું રાખવું.

૫. સ્ત્રી. ગાડી, હળ વગેરે સાથે બૌસરું બાંધવાને વાપરવામાં આવતું દોરડું.

૬. સ્ત્રી. નજર; દૃષ્ટિ.

આખો નીચી નાડે ભોંતો. પ્રેમાનંદ

૭. સ્ત્રી. પાણી નીકળવા માટે બનાવેલી નાળ.

૮. સ્ત્રી. ભાવ; મનનું વલણ; મૂળ સ્વરૂપ.

નાડ જોતા રહેવું = કયાં ફરે છે, કયા ગિતરે છે, કયાં ભાવ છે વગેરે જોતા રહેવું; વલણ તપાસવું

૯. સ્ત્રી. મૂળ બાબ; આદિકારણ; બીજભૂત વસ્તુ.

૧૦. સ્ત્રી. રક્તવાહિની; નાડી; શિરા; રગ.

૧૧. સ્ત્રી. ઝરણાનો કાંપ.

નાડછેદન (નાડ઼છેદન) સ. નારનું કાપવું તે.

નાડજ્ઞ (નાડ઼જ્ઞ) ૧. જ્ઞો જેની મારફત શરીરમાં લોહી ફરે છે તે નળી; નાડી.

૨. ન. બૌસરું બાંધવાનું દોરડું; નાડું.

નાડદી (નાડ઼દી) જુઓ નાડજ્ઞ

નાડવું (નાડ઼વું) સ. ક્રિ. દોરડાથી જકડીને બાંધવું; હળ કે ઘસાણ જોડવા માટા સાથે બૌસરું બાંધવું.

નાડવેલો (નાડ઼વેલો) જુ. ખાડીના આકડા નીચે અને પથ્થર રાખવાની પાટલી ઉપર ઊભું રખાતું લાકડું; બંધેલામાં બેસતો વાંકા લાકડાનો કટકો.

નાડા (નાડ઼ા) ૧. જુ. ચોરણી, ચોરણો, ચાપરી જોડવા ચાપરો બાંધવાની દોરી; પગરબંદ; નાડી; નેતરા

નાડા બોલવા = સલામ કરવો.

૨. જુ. ઘૂમ; રાડ.

૩. જુ. ઘાસ તથા પીળું રંગેલું સૂતર. તે દેવતાઓને ચડાવવામાં આવે છે.

૪. સ્ત્રી. એક જાતની વેલ. તેની ડાખાઓ ઘણી લાંબી અને બહુધા પોકળ હોય છે. તેનાં પાન લાંબાં અને ફૂલ ઝિકાં જાંબલી મુલાયમ રંગનાં હોય છે. તે સ્વાદમાં ઊધડી સાંજે બંધ થાય છે. ફળ ગોળાઈ લેતાં અને બેથી ચાર બીચાળાં હોય છે. સોમલ કે અફીણના ઝેરને ઉતારી નાખવા માટે તેના પાનનો રસ અપાય છે.

નાડાઘડી (નાડ઼ાઘડી) સ્ત્રી. બે કે વધારે રંગની સૂતરની દોરી બનાવવા ગૂંથણી.

નાડાજોડ (નાડ઼ાજોડ) ૧. સ્ત્રી. ચોરણીની દોરી જોડ જોડ કયાં કરવી તે; નાડું જોડવું તે.

૨. સ્ત્રી. પેસાબ.

૩. સ્ત્રી. બમુક્કાની હાજત જાહેર કરવી તે; વારેવારે પેસાબ કરવાની ફરજ પડી તે.

નાડાજોડ કરવી = પેસાબ કરવો.

૪. વિ. વિમાસી; ડાબી.

નાડાયન (નાડ઼ાયન) જુ. (પુરાણ) એ નામના એક ઋષિ.

નાડાર ૧. જ્ઞો. દક્ષિણ હિંદમાં વસતી એ નામની એક કોમ.

નાડાર નામની ઓલાદોત્તર ભક્તિને અમુક મંદિરમા સ્થાન નથી એ અહીં બનવું.
મહાદેવ દેસાઈ

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

નાડાવડા (નાડ઼ાવડા) ૧. વિ. પોકું દૂર; એક નાડા જેટલું છેટું; એક રાંઢવા જેટલું અંતર હોય એવું

૨. ન એક નાડા જેટલે અંતરે; એક નાડા જેટલે છેટે.

નાડાસૌંદર્ય (નાડ઼ાસૌંદર્ય) ન. જેનો અંત જ ન આવતો હોય તેવી વાત.

નાડિ (નાડિ) ૧ સ્ત્રી. સમય બતાવવાનું એક માપ.

પ્રાણાદિ એટલે શ્વાસોચ્છ્વાસાદિ મૂર્ત સમયમાપ કાળ ઉપરથી વિપલ, પલ, નાડિ, ઘટિ, દિવસ, માસ, વર્ષાદિ કાલકલા નીકળી શકે છે. પુરાતત્ત્વ

૨ જુઓ નાડી.

નાડિક (નાડ઼िક) ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનું શાક.

૨ સ્ત્રી. ઘટિકા; દંડ

૩. સ્ત્રી નાડી.

નાડિકા (નાડ઼िકા) ૧. સ્ત્રી. ચોવીસ મિનિટનું વખતનું એક માપ; એક ઘડીનો કાળ; ઘડી.

૬૦ પ્રાણ = નાડિકા.

૨ નાડિકા = મુહૂર્ત.

૬૦ નાડિકા = દિવસ.

૧૦૦ વિનંતો એક વૈખરી (વૈખર) ધ્વનિ થાય છે અને તેના ચારગણા થાય છે તેનું નામ એક નાડિકા એટલે ઘડિકા છે એમ કહે છે.

પુરાતત્ત્વ

૨. સ્ત્રી. જાનતંતુ
૩. ખુલ્લો નાડી.

નાડિકાયંત્ર (નાડિકાયંત્ર) ન. અર્ધ કટકાનું એક જાતનું યંત્ર; નડિકાયંત્ર. તેમા ચૂલા ઉપર એક મટો ચૂડી તેમાં જે વસ્તુનો અર્ધ કટકો હોય તે વસ્તુ, પાણી વગેરે નાખીને તેના ઉપર બીજો નળવાળો ઘડો ઊંધો વાળી ચૂલા નીચે તાપ કરવો. ઉપરના ઘડાની બાજુમા એક છિદ્ર કરી તેમાં નળી દાખલ કરવી અને ઘડાનાં મુખ પાસે તમા નળી દાખલ કરી હોય ત્યાં અવિરોધ કરવો. પછી તે નળીને વાંકો મૂંગળ જેવી વાળી કરા પાણીના વાસણમાથી પસાર કરી બીજે છેડો બહાર કાઢી શીશીના મોંમા રાખવો, એટલે આ ઉકેરેથી અર્ક નીકળશે

નાડિકેલ (નાડિકેલ) ૧. [સં.] પું. નારિયેરનું ઝાડ; નાળિયેરી.
૨ ન નાળિયેર

નાડિચીર (નાડિચીર) [સં.] ન. કાપડ વગેરે વસ્ત્રમાં સૂતર વગેરે વીંટાળવાની એક જાતની નળી.

નાડિપત્ર (નાડિપત્ર) [સં.] પું. એક જાતનું ઝાડ

નાડિમંડલ (નાડિમંડલ) [સં.] ન. વિષુવવૃત્ત.

નાડિમંડલવૃત્ત (નાડિમંડલવૃત્ત) [સં.] ન. ખગોળના વિષુવવૃત્તને સમાતર અગોળમાં થતું મોળ.

નાડિયા (નાડિયા) ૧. [સં. નાડી (નાડ)] પું વૈદ; નાડીના ધબકારા પારખવામાં હોશિયાર ચિકિત્સક
૨. સ્ત્રી દલિત ઢોરો માંહેની હાડકાં અને માસ તથા ચામડાં વેચનારી એક જાતિ; ભંગી સિવાય બીજા દલિતોનું આવ તેવી હલકી જાતિ.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ એ નામની જાતિનું.

નાડિવલયયંત્ર (નાડીવલયયંત્ર) ન. એ નામનું એક યંત્ર. તે ઊજ્જનની વેધશાળામાં છે તેનાથી ગ્રહ અને નક્ષત્રોનો દક્ષિણોત્તર ભ્રમણનો સમય જણાય છે

નાડિવ્રણ (નાડિવ્રણ) ૧. [સં] પું. ગોની. સોન.ર.
૨. વિ ઊંચેનીચે મકડા સેંતરવાથી ચામકારક
૩. વિ. નળી કૂનનાર.
૪. વિ. નાડીને ગતિ આપનાર. નાડીને હલાવનાર
૫. વિ. ભયંકર.
૬. વિ હકારનાર.

નાડિશ્વર (નાડિશ્વર) [સં.] વિ. નબળી પાન કરનાર.

નાડી (નાડી) ૧. સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્રથી ગણીને સત્તાવીસ નક્ષત્રમાં ત્રણ ત્રણ નક્ષત્રોનો સમૂહ; વરવધૂની જન્મના મેળાવવામા કલ્પેલ ચક્રમાં આવેલો નક્ષત્રસમૂહ. તેના ત્રણ પ્રકાર છે: પ્રથમ નાડી, મધ્યમ નાડી અને અંત્ય નાડી. જન્મ નક્ષત્રથી ત્રણ ત્રણ નક્ષત્રની એક એક નાડી ગણવામા.
૨. સ્ત્રી. આદિ, મધ્ય અને અંત.
૩. સ્ત્રી. ઉડા, પિત્તરા અને સુષુમ્ણા
૪. [સં.] સ્ત્રી. ઉદગમ; કમટ; કમાઈ.
૫. સ્ત્રી એક જાતની ઘોબડ.
૬. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૭. સ્ત્રી. એક પ્રકારનું ચાલ; એક જાતની વાસણી; ' રીડ. '
૮. સ્ત્રી. ઘડી; ઘટી; મુહૂર્તનો અર્ધો ભાગ; ચોવીસ મિનિટનો સમય; ૭ શ્વાસ જેટલો વખત.
૧૫ કાષ્ઠ = ૧ લઘુ
૧૫ લઘુ = ૧ નાડી (ઘડી)
૨ ઘડી = ૧ મુહૂર્ત.
૯. સ્ત્રી. ઝાડની ડાળી.
૧૦. સ્ત્રી. જમીની સંતા.
૧૧. સ્ત્રી. ધૂમરી આંખવાની ચામડાની રાશ.
૧૨. સ્ત્રી. નળી.
૧૩. સ્ત્રી. નાની ઘોરી.
૧૪. સ્ત્રી નાસ્ત્રનું હાડું; વસ્ત્રગ્રંથ.
૧૫ સ્ત્રી. પ્રણાલી; પદ્ધતિ; પરંપરા.
૧૬. સ્ત્રી. બંદૂકની નળી
૧૭. સ્ત્રી. અભંગ; નાડીવ્રણ; 'ફિસ્ચુલ.'
૧૮. [સં. નદ્ (ગતિ કરવી)] સ્ત્રી. રક્તવાહિની, શિરા; નાડ; રગ. ખમનીના એકસરખા આકારના લોહીના પ્રવાહમાં રક્તારાયને પ્રત્યેક ધબકારે તેમા ઉમેરો અનાં ખમની ઊપજે છે. જુવાન આદમીના શરીરમાં અકસરે પચોતેર ધબકારા દર મિનિટે થાય છે. પક્ષીઓની નાડીનો વેગ એકદર અનુભવાણી કરતાં ચારે છે. ઉદ્દન્ન નાડીનો વેગ ૧૨૦, કૂતરાની ૭૫, ઘોડાની ૪૨ અને હાથીની ૨૮ છે બહુ જ પાણીદાર ઘો. કૂતરાઓની નાડીનો વેગ નાના કૂતરાઓ કરતા ઓછો હોય છે ગ્રે મેમોર ટેલરે એક મધ્ય સશક્ત માણસની નાડીનો વેગ આરામ વખતે તપરમો હતો અને તે ફક્ત ૪૦ થી ૬૦ જેટલો જણાયો હતો. માણસના કદ ઉપર નાડીના વેગ આધાર રાખે છે. ઉડા, પિત્તરા, સુષુમ્ણા, આધારી, હસ્તજિહ્વા, પૂષા, અપૂષા, અલબુષા, કુહૂ, સંખિની અને પ્રાણવાહિની એ શરીરની અંદર મુખ્ય નાડીઓ છે. વયના પ્રમાણમાં ૬૨ મિનિટે નાડીના ધબકારા આ પ્રમાણે હોય છે: જન્મ વખતે ૧૩૦થી ૧૪૦, પહેલું વર્ષ ૧૧૫થી ૧૩૦, બીજું વર્ષ ૧૦૦થી ૧૧૫, ત્રીજું વર્ષ ૯૫થી ૧૦૫, ૭થી ૧૪ વર્ષ ૮૦થી ૯૦, ૧૪થી ૨૧ વર્ષ ૭૫થી ૮૫, ૨૧થી ૬૦ વર્ષ ૭૦થી ૭૫ અને ૬૦ પછી ૭૫થી ૮૫. રક્તવાહિનીના બે પ્રકાર છે: એક શુદ્ધ લોહીને હૃદયથી માઠી શરીરના બધા અંગોમાં પહોંચાડે છે. બીજી બધાં અંગોનું અશુદ્ધ લોહી એકઠું કરી હૃદયમાં લાવે છે. પહેલા પ્રકારની નળીઓને ધમની કરીને નાડી કહે છે, કેમકે સ્પંદન વિશેષે કરીને તેમાં થાય છે. અશુદ્ધ રક્તને હૃદયમાં પહોંચાડનાર નળીઓ બધા ભિન્નાઓમાં મોટે ભાગે સ્પંદન થતું નથી. હૃદયનું કામ સંકોચન અને પ્રસારણ થાય છે. હૃદય જ્યારે સંકોચાય ત્યારે તેમાંનું લોહી મોટી નાડીના ખુલ્લા મુખમાં દાખલ થાય છે. મોટી નાડીમાંથી તેની શાખા પ્રશાખામાં જાય છે. સૌથી પાતળી નાડી સૂક્ષ્મદર્શક યંત્ર વિના ન દેખી શકાય એવી સૂક્ષ્મ હોય છે. નાડીઓ માસ અને પીળા તંતુઓની બનેલી હોય છે. તે ખેંચવાથી મોટી થાય છે, અને ભગવાથી એટલે અંદરથી જોર આવતાં ફેલાઈને મોટી થાય છે અને જોર જતું રહેતાં પાછી મૂળ સ્થિતિએ આવે છે. હૃદયના આકુચન અને પ્રસારણને લીધે નાડીઓમાં સ્પંદન એટલે ગતિ થાય છે. આ સ્પંદન મોટી નાડીઓમાં જ જણાય છે. જ્યારે કોઈ નાડી કપાઈ જાય ત્યારે લોહી ઊછળતું ઊછળતું નીકળે છે અને ત્યારે કોઈ અશુદ્ધ રક્તવાહિની ચિરાય કપાય ત્યારે તેમાંથી ધીરે ધીરે લોહી નીકળે છે. નાડીઓની અંદરનું લોહી લાલ હોય છે અને શિરાઓની અંદરનું લોહી કાળાશ પડતું હોય છે. જેટલી વાર હૃદય ધડકે તેટલા નાડીના ધબકારા મિનિટમાં થયકારા થાય. નાડીપરીક્ષા થી હૃદય અને રક્તભ્રમણની ક્રિયાનું જ્ઞાન થાય છે. હૃદય તથા બીજા કોઈ અંગોના રોગનો પત્તો લાગે છે. આયુર્વેદમાં રક્તવાહિની નળીઓના સ્પષ્ટ અને ઠીક વિભાગ કર્યા નથી. સુશ્રુતે ૭૦૦ શિરા ગણી છે, જેમાં ૪૦ મુખ્ય છે: ૧૦ રક્તવાહિની, ૧૦ સ્નાયુવાહિની, ૧૦ પિત્તવાહિની અને ૧૦ વાયુવાહિની. આ સિવાય શુદ્ધ અને અશુદ્ધ લોહીના વિચારથી કોઈ વિભાગ કરેલ નથી. ૨૪ ધમનીના ઊર્ધ્વગામિની, અધોગામિની અને તિર્યગ્ગામિની એવા ત્રણ વિભાગ કર્યા છે તેમાં પણ આ વિભાગ નથી. સુશ્રુતે શિરા અને ધમનીઓનું મૂળ સ્થાન નાભિ બતાવ્યું છે. નાડીપરીક્ષા પણ સુશ્રુતમાં મળતી નથી. અર્વા

પ્રયોગમાં પણ નથી, છતાં આયુર્વેદમાં નાડી પરીક્ષાને બહુ પ્રધાનતા આપી છે, તે એટલે સુધી કે નાડીપ્રકાશ નામનો એક સ્વતંત્ર ગ્રંથ પણ લખવામાં આવ્યો.

૧. નાડી ખેંચાવી–તૂટવી = (૧) કમાવાની શક્તિ જવી (૨) ખરાબખસ્ત કે પાયમાલ થવું. (૩) મરતી વખતે રગો સકોચાવી.

૨. નાડી ધોઈને પીવા જેવું = પવિત્ર આચરણવાળું.

૩. નાડી ધોરે આવા જાવે એવો પુરુષ = બહુ ચારિત્र्यવાન પુરુષ. અગાઉ જ્યારે કોઈ જાત પ્રકૃતિમાં માણસ અટવાઈ જતું, ત્યારે સિયળવત પુરુષની નાડી ધોઈને જે પાણી પાવાથી પ્રકૃતિનો ઘૂટકારો થતો. આ માન્યતા ઉપર આ પ્રયોગ રચાયો છે.

૪. નાડી ન ઝલવી–ન જોવરી–ન ઘોરી = (૧) નાડીના ધબકારા ન થવા; મરી ગયેલ હોવું. (૨) મૂર્છા આવવી; બેહોશ થવું.

૫. નાડી તેરા વજરનું = નાગું; લુચ્ચું.

૬. નાડી મતરવી = આડકતરી રીતે પોતાના મતનું કરવું અથવા કઢાવી આપવું.

૧૯. સ્ત્રી વહુ; પત્ની.

૨૦. સ્ત્રી. વસ્ત્રપટ્ટો.

૨૧. સ્ત્રી વાત, પિત્ત અને કફ.

૨૨ સ્ત્રી. સૂક્ષ્મ અને કોમળ તાંતણા જેવડા મર્મ અંગમાં સ્થિત રહેલ તંતુ; જ્ઞાનતંતુ; 'નર્વ.'

૨૩ સ્ત્રી. યોગ અનુસાર જ્ઞાનવાહિની, ક્રિયાવાહિની, પ્રાણપ્રવાસવાહિની નાડી. યોગીઓનું કહેવું છે કે, મેરુદંડની એક બાજુ અને એક પેલી તરફ એમ બે નાડી છે. તેમાં જે ડાબી તરફ છે તેને ઇડા કે ઇડા અને જે જમણી તરફ છે તેને પિંગલા કહે છે. એ બેની વચમાં સુષુમ્ણા નામની નાડી છે. સ્વરોદય તથા તંત્ર અનુસાર ડાબા નસકોરામાંથી જે શ્વાસ આવે જાય છે તે ઇડા નાડીમાંથી અને જમણા નસકોરામાંથી જે શ્વાસ આવે જાય છે તે પિંગલા નાડીમાંથી નીકળે છે. આ શ્વાસ થોડી વાર ડાબા નસકોરામાંથી અને થોડી વાર જમણા નસકોરામાંથી નીકળે તો કહેવાય છે કે તે સુષુમ્ણા નાડીમાંથી આવે છે. શ્વાસની ગતિ અનુસાર સ્વરોદયમાં શુભાશુભ ફળ પણ કહેલ છે. ઇડા નાડીમાં ચંદ્રની અને પિંગલામાં સૂર્યની અવસ્થિતિ રહે છે. આથી ઇડાનો ગુણ શીત અને પિંગલાનો ગુણ ઉષ્ણ છે. સુષુમ્ણા નાડી ત્રિગુણમયી અને અંડસ્થબ્રહ્મિસ્વરૂપા છે. આ નાડી બ્રહ્મસ્વરૂપ છે, તેમાં જગત પ્રતિષ્ઠિત છે. આ નાડીઓના જ્ઞાન વગર યોગાભ્યાસમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. જે યોગાભ્યાસ કરવા ચાહતું હોય તે પહેલાં ઇડા, પછી પિંગલા અને પછી સુષુમ્ણાનો અભ્યાસ કરે છે. સુષુમ્ણાના સૌથી નીચેના ભાગને યોગી કુંડલિની માને છે, જેને જગાડવાને તે યત્ન કરે છે તેને જગાડવા માટે જ યોગનો અભ્યાસ કરાય છે. જાગ્રત થતાં કુંડલિની ચંચલ બની સુષુમ્ણા નાડીની અંદર અંદર પ્રવેશી ચડવા લાગે છે અને ત્યાર પછી એને પ્રસાર કરી બ્રહ્મરંધ્ર સુધી ચાલી જાય છે. જેમ જેમ તે ઉપર ઉપર ચડતી જાય છે, તેમ તેમ યોગીના સાંસારિક બંધન ઢીલાં પડતાં જાય છે અને અલૌકિક શક્તિઓ તેને પ્રાપ્ત થતી જાય છે, તે એટલે સુધી કે મન અને શરીરથી તેનો સંબંધ છૂટી જાય છે અને પરમાનંદમાં મગ્ન થઈ પરમાત્માના શુદ્ધ રૂપને દેખવા લાગે છે. નિસ્તરે તંત્રમાં ૭૨ નાડીઓ ગણી છે, જેમાં ઉપરની ત્રણ મુખ્ય છે. ઘેરંડસંહિતા વગેરે યોગના ગ્રંથોમાં આતરડાને પણ નાડીમાં ગણેલ છે. પ્રજ્ઞાતંત્રક્રિયામાં શક્તિચાલિની નાડીને બહાર કાઢી તેના અંદરનો મળ ધોવાનું વિધાન છે

નાડીક (નાડીક) [સં.] પું. એક જાતનું ઘાસ; જવાસો. તેના દાણાને મુખ્યત્વે રાની કૂકડું કહે છે. તેનો છોડ બહુપગીના જેવો થાય છે. તેના દાણા પણ બહુપગીને મળતા આવે છે તેને પગીમાં નાખવાથી ચીબ્બો સુગંધ થાય છે

નાડીકલાપક (નાડીકલાપક) [સં.] પું. એક જાતનું ઘાસ; સપાસો.

નાડીકેપદર્શક (નાડીકેપદર્શક) [સં.] ન. ચોરી નમ્ર કેટલા જોરથી ચાલે છે તેનું માપ બતાવતું યંત્ર; 'સ્ફીગ્મોરેકોપ.'

નાડીકેપમાપક (નાડીકેપમાપક) જુઓ નાડીકેપદર્શક.

નાડીકેપાલેખક (નાડીકેપાલેખક) ન. ચોરી નમ્ર કેટલા જોરથી ચાલે છે તેનું માપ લખી બતાવતું યંત્ર; 'સ્ફીગ્મોગ્રાફ.'

નાડીકીટ (નાડીકીટ) [સં.] પું. એક પ્રકારનું જંતુ; આતરડામાં ઘર કરી જોવા મળતું એક જાતનું કૃમિ; 'ટેપ વર્મ;' 'રાઉન્ડ વર્મ.' આ કૃમિ મનુષ્ય તેમ જ બીજાં પ્રાણીના આતરડામાં પરોપજીવી તરીકે રહે છે. તેનું શરીર લાંબું, ચપટું અને બહુ ખંડવાળું હોય છે. મોટું નાનું ને તેને બે ચૂસણી હોય છે, તથા કોઈ કોઈ વચ્ચે વચ્ચે રહેવાને બોલો આકડો હોય છે. તેને મુખ તેમ જ પાચનનળ હોતાં નથી, પરંતુ પોતાના શરીરમાંથી પોષણ શોષવામાં આવે છે.

નાડીકૂટ (નાડીકૂટ) [સં.] ન. વિષ્ણુ વગેરેના અંગરૂપ નાડીચક્રથી સૂચિત નક્ષત્રસમૂહ; નાડીનક્ષત્ર.

નાડીકેલ (નાડીકેલ) જુઓ નાડીકોલ.

નાડીકેંદ્ર (નાડીકેન્દ્ર) [સં.] ન. જ્ઞાનતંતુઓનું મધ્યબિંદુ; 'નર્વસ સેંટર.'

અર્વાચીનોમાંના કો. સી. આર્ટન કહ્યાવે છે કે, ત્રિક આસપાસના કરોડસ્તંભના ભાગમાં એક નાડીકેંદ્ર છે. આ કેંદ્ર જ રનેડરતંત્રનું નિયમન કરે છે. અ. કા. રાજ

નાડીકોષ (નાડીકોષ) [સ] પું. તંતુકોષ, જ્ઞાનતંતુ કોષ; 'નર્વ સેલ.'

નાડીકોષાણુ (નાડીકોષાણુ) જુઓ નાડીકોષ

નાડીક્ષત (નાડીક્ષત) જુઓ નાડીવ્રણ

નાડીક્ષય (નાડીક્ષય) [સ] પું. નાડીઓનો અટકે કે જ્ઞાનતંતુઓનો ધીમે ધીમે ઘસારો થવા લાગે તેનો રોગ; 'ન્યુરેસ્થેનિઆ.'

નાડીક્ષોભના (નાડીક્ષોભના) [સં.] જુઓ નાડીક્ષોભ; નાડીના આસમાં અરાજી; 'ન્યુરેટિઝમ.'

નાડીક્ષોભ (નાડીક્ષોભ) [સં.] પું. એક જાતનો રોગ; 'સાઇકોન્યુરોસિસ' જે માનસિક રોગમાં અંતઃક્ષોભ થઈને તેનાં લક્ષણો શરીરના અવયવોની ક્રિયાપ્રણાલિમાં પરિણમે છે તે રોગનું સામાન્ય નામ નાડીક્ષોભ છે.

નાડીગતિમાપક (નાડીગતિમાપક) [સં] ન નાડીના ધબકારાની ગતિ માપવાનું યંત્ર, 'ટેકોરકોપ.'

નાડીગતિલેખક (નાડીગતિલેખક) જુઓ નાડીકંપલેખક

નાડીગતિવિજ્ઞાન (નાડીગતિવિજ્ઞાન) [સં] ન. નાડીના ગતિ જાણવાનું શાસ્ત્ર; 'સ્ફીગ્મોમેનિ.'

નાડીગંડ (નાડીગંડ) [સ.] પું. આતરડું; 'નર્વ ગેંગલિયન.'

નાડીચક્ર (નાડીચક્ર) [સ.] ન. એક જાતનું ચક્ર.

નાડીચક્ર (નાડીચક્ર) ૧. [સં.] ન. નાભિમંડળમાં રહેલું એક ચક્ર; ષડયોગ પ્રમાણે નાભિમંડળમાં આવેલી એક કલ્પિત અંડાકાર ગાંઠ; 'નર્વ પ્લેક્સસ' તેમાંથી બધી નાડી નીકળી છે.

૨. ન. ફલિત જ્યોતિષમાં નક્ષત્રમંડલ જણાવનારું રચવામાં આવેલું એક જાતનું ચક્ર.

૩. ન. જ્ઞાનતંતુઓનું મગજમાં રહેલું કેંદ્રસ્થાન. તેમાંથી નાના મોટા જ્ઞાનતંતુઓ

નાડીચક્ર

નીચલા તે રચૂળ શરીરના બધા ભાગ ઉપર ફેલાયેલા છે ન.ડીચક્રમાં ત્રણ પ્રકારની મજ્જાઓ એટલે પ્રજ્ઞાવાહીઓ રહેલી છે. એકના ઉપર સકલ્પની સત્તા હોય છે, બીજાના ઉપર સામાન્ય રીતે સકલ્પની સત્તા હોતી નથી અને ત્રીજામાં બાકીની બધાનો મુખ્ય રહેલો છે, તેથી શરીરના ગમે તે ભાગના રપર્શનું જ્ઞાપણને ભાન થાય છે. એમોનું નીચલું નાડીચક્ર બહુ જ તોફાની હોય છે અને તેથી જ પુરુષો કરતાં સ્ત્રીઓના જ્ઞાનતંતુઓના રોગો પણ વધારે અને વ્યાપક હોય છે.

નાડીચરણ (નાડીચરણ) [સં.] ન. પગો.

નાડીચિકિત્સક (નાડીચિકિત્સક) [સં.] પું. નાડીપરીક્ષા કરનાર વૈદ્ય.

નાડીચિકિત્સા (નાડીચિકિત્સા) [સં.] સ્ત્રી. નાડીપરીક્ષા કરવી તે; 'ન્યૂરોપેથોલૉજિ.'

નાડીજૂટ (નાડીજૂટ) વિ પું. બ્રહ્મચારી; કલ્પડીજૂટ; રેડીબ્રાજ; બ્રહ્મચર્યવાસો; ઉનાળાનો. વિષયી.

નાડીજંઘ (નાડીજઘ) ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. પું ડાગડો.

૩. પું (પુરાણ) મહાભારત અનુસાર બ્રહ્માને અત્યત પ્રિય અને દીર્ઘજીવી એવો એ નામે એક બ્રાહ્મણ. તે કશ્યપનો પુત્ર હતો.

નાડીતરંગ (નાડીતરંગ) ૧. [સં.] પું. એક જાતનું વિષ

૨. પું. ક્રોકસ નામની વનસ્પતિ.

૩ પું ભોંયી

૪. પું. બ્રહ્મચારી પુરુષ; બ્રહ્મચર; રેડીબ્રાજ.

નાડીતંતુ (નાડીતંતુ) [સં.] પું. નાડીનો રેસો; 'નર્વ ફાઇબર.'

નાડીતંતુક્ષય (નાડીતંતુક્ષય) [સં.] પું. રનાયુતંતુઓનો ક્ષય; એક જાતનો ક્ષય રોગ; 'ન્યૂરોમાટોસિસ.'

નાડીતંત્ર (નાડીતન્ત્ર) [સં.] ન. નાડીઓની બનેલી વ્યવસ્થા સંબંધી તંત્ર; નાડીઓનું તંત્ર; તંતુમય; 'નર્વસ સિસ્ટમ.'

નાડીતિક્ત (નાડીતિક્ત) [સં.] પું. એક જાતનો ક્ષીમડો.

નાડીતૂરેલ (નાડીતૂરેલ) વિ. શક્તિ વગરનું. નિર્બળ.

નાડીદાહ (નાડીદાહ) [સં.] પું. જ્ઞાનતંતુ ઉપર સોજા થવે દુ:ખ થવાનો રોગ; જ્ઞાનતતૂચલ; નજલો. '-ન્યૂરાલ્જિયા.'

નાડીદૃઢ (નાડીદૃઢ) ૧. [સં.] પું. અત્યંત દુબળો ભૂરી નામનો ચિરનો એક દ્રવ્યપાક.

૨. વિ બહુ જ દુબળું.

નાડીદૌર્બલ્ય (નાડીદૌર્બલ્ય) [સં.] ન. એક જાતનો રોગ; નાડીની નબળાઈ.

નાડીધર્મ (નાડીધર્મ) [સં.] પું. નાડીઓનું કર્તવ્ય; 'ન્યૂરિલિટિ.'

નાડીધ્વનિદર્શક (નાડીધ્વનિદર્શક) [સં.] ન. કોઈ પણ દૂર જેવેલા માણસના નાડીના ધબકારા સાંભળવાનું વિદ્યુતચાલું યંત્ર.

નાડીનક્ષત્ર (નાડીનક્ષત્ર) [સં.] ન. (જ્યોતિષ) વરસાદની આવના જોસરવા માટેના કલ્પિત ચક્રમાં આવેલું નક્ષત્ર. જે નક્ષત્રમાં માણસનો જન્મ થયો હોય તે અથવા તેનાથી દશમું, ચોદમું, અઢારમું, ત્રેવીસમું અને પચીસમું નક્ષત્ર નાડીનક્ષત્ર કહેવાય છે.

નાડીપરીક્ષક (નાડીપરીક્ષક) [સં.] પું. નાડી તપાસીને રોગનું નિદાન કરનાર વૈદ્ય.

> સમાજનો એ સ્વતત્ર અહોરા નાડીપરીક્ષક અનભવમાં રસાબ્યો લોકોના બ્રહ્માં રેઝો બધ છે. ઝીણુભાઈ

નાડીપરીક્ષા (નાડીપરીક્ષા) [સં.] સ્ત્રી. નાડી જોઈને રોગનિદાન કરવું તે; ચિકિત્સા; નાડીની પરીક્ષા.

> બ્રહ્મચારી મેવા, એની નાડીપરીક્ષા તો પૂરી કરી નથી. ગોવર્ધનરામ

નાડીપોષક (નાડીપોષક) [સં. નાડી + પોષક (પોષણ કરનાર)] વિ. જ્ઞાનતંતુને પોષણ આપે તેવું; 'ન્યૂરોટોનિક.'

નાડીપ્રદાહ (નાડીપ્રદાહ) જુઓ નાડીદાહ.

નાડીપ્રોત્સાહન (નાડીપ્રોત્સાહન) [સં.] ન. નાડીમાં ઉત્પન્ન થતો આવેગ; 'નર્વ્ઝ પ્રપલ્સ' ખોરાકનું વિઘટન અને ખોરાકમાં રહેલી શક્તિનું પરિવોમન થવ છે અને શરીરના વસ્ત્રવિન્યાસની વિશિષ્ટ રચનાને અનસરી ગતિ આપવા નાડીપ્રોત્સાહન વગેરે રવરૂપમાં એ શક્તિ પરિણમે છે.

નાડીબલ (નાડીબલ) સં.] ન. નાડીનો વેગ, 'ન્યૂર-નિટિ.'

નાડીભંડલ (નાડીભઞ્જ) ૧. ન. નાડીતત્ર; 'નર્વસ સિસ્ટમ.'

૨. ન. વિદ્યુતવૃત્ત; ભૂમધ્યરેખા; ભૂરેખા; 'ઇક્વેટર.'

નાડીમંડલહૃદયદર્શક (નાડીમંડલહૃદયદર્શક) ન. આકાશમિ વિદ્યુતવૃત્તની સપાટીમાં ફરી રહ્યા એની રીતે ગોઠવેલું ફરતીનું ઇક્વેટોરિયલ ટેલિસ્કોપ.

નાડીમંડલપ્રદેશ (નાડીમઞ્જપ્રદેશ) [સ.] પું. વિદ્યુતવૃત્તની નજીકમાં આવેલો પ્રદેશ; 'ઇક્વેટોરિયલ રીજન્સ.'

નાડીમંડલરેખા (નાડીમંડલરેખા) [સ] સ્ત્રી. વિદ્યુતવૃત્તરેખા; 'ઇક્વેટોરિયલ લાઇન '

નાડીમંડળી (નાડીમડળ) જુઓ નાડીમડલ.

નાડીમૂઢ (નાડીમૂઢ) ૧. વિ. જેની નાડી બરી ગઈ હોય એવું; ડા લોહીનું; મંદ.

૨. વિ. જ્ઞાનશૂન્ય.

નાડીયંત્ર (નાડીયત્ર) ૧. [સં] ન. કરોડરજ્જુ; 'રપાઇનલ કૉર્ડ.'

૨. ન. સુશ્રુત અનુસાર શસ્ત્રચિકિત્સા કે ચીરફાડનું એક ઓજાર. તે શરીરની નાડીઓમાં કે સ્રોતોમાં ધૂસી ગયેલી વસ્તુને બહાર કાઢવા માટે વપરાય છે.

નાડીરજ્જુ (નાડીરજ્જુ) [સં] ન. નાડીયંત્ર; કરોડરજ્જુ. 'રપાઇનલ કૉર્ડ.'

નાડીરોગ (નાડીરોગ) [સં.] પું. જ્ઞાનતંતુ સંબંધી કોઈ પણ બાધિ; 'ન્યુરોપથિ.'

નાડીલોપ (નાડીલોપ) [સં.] પું. નાડીસ્પર્શતા; નાડીની જાલમાં ખરાબી; 'એરોટિઝમ.'

નાડીવર્ધન (નાડીવર્ધન) [સં.] ન. જ્ઞાનતંતુ વિષે વર્ધન; 'ન્યુરોમાટિ '

નાડીવલય (નાડીવલય) [સં.] ન. વખત નક્કી કરવાનું એક જનનું યંત્ર; એક પ્રકારની ઘડી; જ્યોતિષપ્રસિદ્ધ એક ગોળાકાર યંત્ર.

નાડીવિભ્રમ (નાડીવિભ્રમ) જુઓ નાડીદોષ.

નાડીવિદ્યા (નાડીવિદ્યા) [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુ સબધી જ્ઞાન; 'ન્યુરોલાજિ.'

નાડીવેગ (નાડીવેગ) જુઓ નાડીબલ.

નાડીવેદના (નાડીવેદના) સ્ત્રી. જ્ઞાનતંતુમાં થતું દુ:ખ; 'ન્યુરેલ્જિઆ.'

નાડીવૈદ્ય (નાડીવૈદ્ય) જુઓ નાડીવૈદ્ય.

નાડીવ્રણ (નાડીવ્રણ) [સં.] પું. નાડી જોઈને દરદ પારખનારો વૈદ્ય.

> આ ગામમાનુ ગોપબ્રહ્મ. ડાહ્યા દક્ષપતનો ગામ આપાપ્રબધ એ બે લોકોનાના નાડીવૈદ્ય. ઝીણુભાઈ

નાડીવ્યથા (નાડીવ્યથા) [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુમાં પીડા થવાનો રોગ; જ્ઞાનતંતુના ચમકારા; '-ન્યુરેલ્જિઆ.'

નાડીવ્રણ (નાડીવ્રણ) [સં.] પું. એક પ્રકારનો ભગંદરનો રોગ; ગાડવણ; ઢમેલ જોઈ પડ વગેરેથી થવેનારું વ્રણ. નાસૂર; 'સાઇનસ.' જે માણસ પાકેલું ગૂમડું અપકવ છે એમ ખોટી રીતે

નથી તેનું તે પડ્યા, માસ, નાડી વગેરે વિદારણ કરી માર્ગ પાડે છે અને અંદર ઘણું ઘર કરે છે. તે પણ નાડી જેમ વહે છે માટે તેને નાડી-વ્રણ અથવા નાસૂર કહે છે

નાડીવ્રણવિદ્યા (નાડીવ્રણવિદ્યા) [સં.] સ્ત્રી. વિદ્રધિચિકિત્સા; વિદ્રધિને લગતો રોગનિદાનશાસ્ત્રનો વિભાગ. 'હેમ્રોલોજિ.'

નાડીશક્તિ (નાડીશક્તિ) જુઓ નાડીબલ.

નાડીશાક (નાડીશાક) [સં.] ન. એક જાતનું શાક; અળવી.

નાડીશામક (નાડીશામક) [સં.] વિ. જ્ઞાનતંતુઓને સારા કરે તેવું; પૌષ્ટિક; 'નર્વાઇન.'

નાડીશુદ્ધિ (નાડીશુદ્ધિ) [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુઓની શુદ્ધિ; 'નર્વ પ્યુરિફિકેશન.'

નાડીશૂલ (નાડીશૂલ) [સં.] ન. સ્નાયુશૂલ. 'ન્યુરોડીનિઆ.'

નાડીશોથ (નાડીશોથ) [સં.] પું. સ્નાયુશોથ; સ્નાયુનો સોજો; 'ન્યુરાઇટિસ.'

નાડીશોધનપ્રાણાયામ (નાડીશોધનપ્રાણાયામ) [સં.] પું. એક પ્રકારનો પ્રાણાયામ. એમાં માત્ર સ્થૂલ અને કોમળ આસને જેવી પદ્માસન વાળી સ્થિર થવું. પછી ચંદ્ર નાડી દ્વારા બાર વખત પ્રણવનો જપ કરતાં મંદ મંદ શ્વાસને અંદર ખેંચી પૂરક કરવો. પછી સોળ વખત પ્રણવનો જપ કરતાં સુધી પ્રાણને અંદર રોકી રાખવો અર્થાત્ કુંભક કરવો આ વખતે ચંદ્રમંડલનું ધ્યાન કરવું. પછી દશ સંખ્યા પ્રણવનો જપ કરતાં કરતાં સૂર્ય નાડી દ્વારા પ્રાણને મંદ મંદ રેચક કરવો એટલે વાયુને બહાર કાઢવો. આ નાડીશોધનપ્રાણાયામ કહેવાય છે

નાડીષષ્ઠી (નાડીષષ્ઠી) સ્ત્રી. ફાગણ સુદિ છઠ.

નાડીસંવેદન (નાડીસંવેદન) [સં.] ન. યંત્રસંવેદના; પ્રાણીના શરીરના કોઈ પણ ભાગમાં નાડીનું પ્રસરવું તે; તદ્વ્યાપાર; 'ઇનર્વેશન.'

નાડીસંસ્થાન (નાડીસંસ્થાન) જુઓ નાડીતંત્ર

નાડીસૂત્ર (નાડીસૂત્ર) જુઓ નાડીતંતુ

નાડીસ્થાનદેવતા (નાડીસ્થાનદેવતા) પું. નાડી, તેના સ્થાન અને તેના દેવતા. તે નીચે મુજબ છે ઇડા–ચંદ્ર–હરિ; પિંગલા–સૂર્ય–બ્રહ્મા; સુષુમ્ણા–મધ્યમા–રુદ્ર; ગાંધારી–દક્ષિણનેત્ર–રુદ્ર; હસ્તિ (જિહ્વા)–વામનેત્ર–વરુણ; પૂષા–દક્ષિણકર્ણ–ઈશ્વર; યશસ્વિની વામકર્ણ–બ્રહ્મા; કુહૂ–ગુદા–પૃથ્વી; અલંબુષા–મેઢ્ર–સૂર્ય અને કપિલિની–નાભિ–ચંદ્ર

નાડીસ્નેહ (નાડીસ્નેહ) જુઓ નાડીસ્વેદ.

નાડીસ્પંદનમાપકયંત્ર (નાડીસ્પંદનમાપકયંત્ર) [સં.] ન નાડીના ધબકારા માપવાનું સાધન.

નાડીસ્વેદ (નાડીસ્વેદ) પું. ગરમ વરાળ અથવા વાસ લેવી તે.

નાડીહિંગુ (નાડીહિંગુ) વિ. સ્ત્રી. એક જાતની હિંગ. વૈદકમાં તેને ઉષ્ણ, અગ્નિદીપક તથા કફ, વાત અને મૂત્રકૃચ્છને દૂર કરનારી માનવામાં આવી છે.

૨. [સં] ન. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં બટાટાનાં પાન જેવાં અને ફૂલ સફેદ હોય છે. આ ઝાડમાંથી એક જાતનો ગુંદ કે હિંગ નીકળે છે. તે દવામાં કામ લાગે છે.

નાડું (નાડું) ૧. ન. અંગોટો બાંધવાની દોરડી, દોરી કે દોરો; મૂંજથી અથવા વણેલું સૂતર.

૨ ન આંટો; ગૂંચ.

૩. ન. ઊન, રેશમ, સૂતર વગેરેનો પાતળો ને ટૂંકો દોરડો; નાની દોરી.

૪. ન. ઝભ્ભા કે સદરાનું નાડું અથવા નાડી; પાટી

૫ ન. કસ; શરીર ઉપર કપડું તંગ બેસાડી રહેવા માટે બાંધવાનો દોરો.

૬. ન. નાડાછડી.

૭. ન મોટું જાડું દોરડું; ખેડૂતો ગાડાનો ભાર બાંધવા માટે રાખે છે તેવું મજબૂત દોરડું; સૂતરનું રાંઢવું

૧. નાડાં બાંધવાં = લગ્ન કરવું; નાતરું કરવું; ઘર કરવું.

૨. નાડું છોડવું = (૧) દોરીથી જે બંધ બાંધ્યો હોય તે ઢીલો કરવો કે છોડી નાખવો (૨) પેશાબ કરવો. (૩) હારી જવું. (૪) હિંમત મૂકી દેવી; ઢીલા થઈ જવું.

૩. નાડું પકડી રહેવું–રાખવું = અમુકમમજથી સ્થિર કરવી; દુરાગ્રહી થવું

૪. નાડું બાંધી રાખવું = અમુક હદ અથવા આંકો બાંધી આગ્રહ પકડી રાખવો.

૫. નાડું સાંધવું = સીંદરી અથવા સૂતરના દોરાને વળ દઈ રાંઢવું બનાવવું

૬. ચોરવાળું નાડું = સીધેસીધી વાત ન મૂકવી તે; હઠ; ખિટ આ સંબંધી વાર્તા છે કે કોઈ એક રસ્તે એક ચોરો ચાલ્યો જતો હતો તેની પાછળ એક ખેડૂત ઘર ભરીને જતો હતો. બંને રસ્તામાં ભેગા થયા એટલે ખેડૂતે ચોરાને ઉપર મેલવાનું કહ્યું અને જણાવ્યું કે, મુલ્લાજી, નાડું બરાબર પકડી રાખજો. એકદમ ઘાવે છે, માટે નાડું બરાબરીને ઝાલી રાખજો. ચોરાજી પોતાની ભાષામાં પોતાના સસરાની નાડી સખ્ત રીતે ઝાલીને બેઠા. લેવામાં રોદો આવ્યો અને મુલ્લાજી નીચે પડી ગયા. પછી ઊભા થયા ત્યારે બેડૂતે કહ્યું કે, મેં તમને નહોતું કહ્યું કે નાડું બરાબર પકડી રાખજો. મુલ્લાજીએ કહ્યું કે ભાઈ, નાડું તો મેં સખ્ત રીતે પકડી રાખેલ છે, જો હજુ સુધી મૂકયું નથી. પછી બેડૂતે શિખામણ દીધી કે ગોરજી, ચોરવાની નાડી નહિ, પણ ગાડાનું નાડું પકડવું હતું. મુલ્લાજી પસ્તાવા અને પોતાની મૂર્ખ માટે અફસોસ કરવા લાગ્યા. આવી રીતે મુલ્લાજીની માફક સમજ્યા વગર અમુક પ્રકારની વાત હઠાગ્રહથી પકડી રાખે તેની બાબતમાં એમ કહેવાય છે કે, તેણે ચોરવાળું નાડું પકડ્યું છે

નાડુદાના (નાડુદાના) [હિ.] પું. મદ્રિસુરમા થતા એક જાતના બળદ. તે બહુ મોટા હોતા નથી, પરંતુ મજબૂત અને બહુ મજબૂત હોય છે.

નાડો (નાડો) પું મોટું નાડું અથવા રાઢવું.

નાડોદા (નાડોદા) ૧. પું. રજપૂતની એ નામની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ

૩. વિ. એ નામની શાખાનું

નાડ્ય (નાડ્ય) જુઓ નાડી.

નાણ ૧. ન. ઋતુદર્શનઃ અટકાવ.

નાણ આવવું = (૧) અટકાવ આવવો; રજોદર્શન બંધ. (૨) કોઈ સમાસબંધમાં મૃત્યુ થવાથી સ્નાન કરવાનું થવું

૨. ન. ઓખાણ; નિશાની

સજ્ઞ નયા ઉિરો સુકરી,
મરજતણા રાતી નાણ. નેમવિજય

૩. [પ્રા] ન. જ્ઞાન; સમજણ; બોધ.

૪. ન. નાહવું તે; સ્નાન

નાણક ૧. પું. ધાતુ

૨. [સં.] ન નાણું, સિક્કો.

૩. ન. નિષ્ક.

૪. ન. બોધ; જ્ઞાન

૫. વિ અનિષ્ટ, ખરાબ નહિ એવું

નાણકપરીક્ષા [સં.] સ્ત્રી નાણાની પરીક્ષા. નાણું પારખવું તે.

નાણકવર્ણન [સં.] ન. ટંકવર્ણન; સિક્કાઓનું વર્ણન.

નાણકવિદ્યા [સં] સ્ત્રી ટંકવિદ્યા. સિક્કાશાસ્ત્ર, મુદ્રાવિદ્યા.

નાણકવિષયક [સં.] વિ. પૈસાશાસ્ત્ર સંબંધી.

નાણકશાસ્ત્ર ૧ [સં] ન. નાણું.શાસ્ત્ર

૨. ન. સિક્કાશાસ્ત્ર; મુદ્રાવિદ્યા.

નાણુકસાસરી ૧. [સં.] પું. ટંકસાળો; સિક્કાઓ સંબંધી સંપૂર્ણ જ્ઞાન પમાડનાર માણસ.
૨. પું. નાણાસાસરો.

નાણું ન. નાણું, ધન.

નાણું ૧ સ. ક્રિ. અજમાવવું.
૨. સ ક્રિ. અનુભવ કરી જાણી લેવું; સમજવું; બોધ થવો
મે હૈ દીધા ઘર કરાસરે ચિત્તને,
નાણી રેવતિ પ્રભો જગ સ્તવાને. મીરાંબોધિદ
૩. સ. ક્રિ. જોવું; નિહાળવું.
જગજીવન તારવિયા ચકિત નયન નાણવી,
નહુ ઉદુપ કહે એ નેહે માણવી. મીરાંબો વદ
૪. સ. ક્રિ. તપાસવું; પરીક્ષા કરવી.
નાણી જોવું = બખતરો કરી જોવો; તપાસ કરી જોવી.
૫. સ ક્રિ. ન આણવું; ન લાવવું.
એહા હેવી મંડ મોહ,
નાપ વધઇ નાણઇ અરોહ. જાવધસમ

૬ [સં. જ્ઞા.; અપ. જ્ઞા] સ. ક્રિ. આપવું; આલવું
ઉપર બતાવ્યા પ્રમાણે બિનાવાળા દાણામાં એકંદર કેટલી કસર છે તેનું વજન બેલાશ પાંચ કસર કયા પ્રકારની છે તે ખાત્રી કરીને નાણવું વિશેષ જરૂરનું છે. જુ. સા. પરિષદ

નાણા ન. કમારતી લાકડાનું દક્ષિણમા થતું એક જાતનું ઝાડ, તેનાં પાન સીતાફળી જેવાં મોટા અને લાંબાં થાય છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે.

નાણાકીય ૧. વિ. નાણાં સંબંધી; પૈસાને લગતું
૨. વિ. સિક્કા સંબંધી; મુદ્રાને લગતું.

નાણાખાતું ન. પૈસાની લેવડદેવડ સંબંધી કારભાર કરતું ખાતું.

નાણાચલણ ન. નાણું ચલણમાં એટલે વાપરવામાં હોવું તે
તેઓ સરકાર તરફથી બહાર પાડનાર નાણાચલણના બિલને નામંજૂર કરીને, કમસર સોનાનું ચલણ દાખલ કરવાનો ઠરાવ પસાર કરી શકે છે. પ્રકાશ

નાણાનીતિ સ્ત્રી. નાણાં સંબંધી વહીવટ કરવાની પદ્ધતિ.

નાણાપ્રકરણ ન. નાણા સંબંધી બાબત કે હકીકત.

નાણાપ્રકરણી વિ. નાણા સંબંધી; નાણાબાબતને લગતું

નાણા બજાર સ્ત્રી. ઉધાર બજાર; પૈસાટકાની લેવડદેવડ અને ઝવેરાતની ખરીદવેચાણ ચાલતો હોય તે બજાર; ચોકસી બજાર.

નાણામાપિયું વિ. પૈસાના જોરવાળું; તવંગર; ધનવાન.

નાણારંભર પું. બજનો; નાણાંનો સંગ્રહ.

નાણાવંઠોળ ન. એકત્રિત કરેલ નાણાંનો જથ્થો; અનામત રાખેલી રકમ.

નાણાવીડ (નાણાવીડ) ૧. સ્ત્રી નાણાની તંગી; બજારમાં નાણાનો હાથ ઢીલો ન હોવો તે
૨. સ્ત્રી બજારમાં નાણા મહામુશ્કેલીએ મળે એવી સ્થિતિ
સઘળે ઘર ઠકાની રાખવા નાણાવીડ બાદ રાખવી પડશે. પ્રકાશ

નાણાવટક સ્ત્રી. નાણાવીડ વખતે કોઈને પૈસાની રાહત આપવી તે

નાણામંત્રી પું. નાણાપ્રધાન; નાણાં સંબંધી વહીવટ કરનાર પ્રધાન; નાણામાતાનો ઉપરી અધિકારી; 'ફાઇનન્સ મેમ્બર.'

નાણાવટ સ. કરાર બજાર; ચોકસી બજાર. જ્યાં નાણાની આપલે અને પરીક્ષા થતી હોય તે બજાર; નાણાબજાર; સાહુકાર, નાણાવટી, ચોકસી વગેરેની દુકાનો હોય તે ઠેકાણું
બપોરના બંડળ તરફથી સવૈયાચોરી નાણાવટની પેઢીઓ ઉઘાડવામા આવે અને દરેક બરીઝ સભ્યને ચોકસના વખતમાં ચોકડી રકમ હાજર આપે ધીરી રાખે. જુ. સા. પરિષદ

નાણાવટી ૧. પું. ગુજરાત નાણાં બદલી આપે એવો બજારકાર વેપારી; બજારકાર, પૈસાદાર માણસ.
૨. પું. કરારથી નાણાની ખીરધાર કરવાનો તથા નાણાને લેવા વટાવવા વગેરેનો ધંધો કરનાર બજારકાર; જુદા જુદા સિક્કાઓની આપલે કરનારો માણસ.
૩. સ્ત્રી. નાગર અને પારસીની એ નામની એક અટક.
૪. વ. એ નામની અટકનું માણસ.
૫. વિ એ નામની અટકનું.

નાણાવટું ન. કરારો; નાણાવટીનો ધંધો; કરારનો ધંધો; જુદા જુદા સિક્કાઓને બદલવા કે તેની આપલે કરવી તે; બ્યાજ, કમિશન વગેરેથી નાણાની લેવડદેવડ કે ખીરધાર કરવી તે.

નાણાવરણીય ૧. [સં. જ્ઞાનાવરણીય] ન. (જૈન) જ્ઞાનને ઢાંકનાર કર્મ.
૨. વિ. જ્ઞાનને ઢાંકનારું.

નાણાવહીવટ પું. નાણાં સંબંધી લેવડદેવડનો બજાર.

નાણાવાણી ૧. સ્ત્રી. વણિયાની ગોરાણી માટેની એ નામની એક જાત.
૨. સ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નાણાવિષયક વિ. નાણાં સબંધી; પૈસાને લગતું.

નાણાવી વિ. નાણાવાળું; પૈસાદાર; તવંગર.

નાણાવું સ. ક્રિ. અનુભવ કરવો.

નાણાવ્યવહાર સ. લેણદેણ; નાણાની લેવડદેવડ વગેરે સર્વ બજારનું કામકાજ.
સરકારી બાબતખર્ચ, કરજ અને તેને અંગેની બજરના વગેરેનો વિચાર કરનાર રાજાને રાષ્ટ્રીય બજારખર્ચ કે નાણાવ્યવહાર કહે છે
અર્થશાસ્ત્રની પરિભાષા

નાણાવ્યવહારી પું. નાણાવ્યવહાર જાણનાર માણસ' નાણાવ્યવહારમા પ્રવીણ પુરુષ; 'ફાઇનન્સિયર.'

નાણાસ્થિતિ સ્ત્રી. નાણા સબંધી હાલત.

નાણા ૧. સ. બ. વ. પૈસા; ધન; દોલત.
૨. જુઓ નાણું.

નાણાંચલણ સ. નાણાં વડે માલની સર્વ સામાન્ય આપલે કે વિનિમયનો બજવટ ચલણે તે. સોનું, રૂપું વગેરે ધાતુના જે સિક્કાથી વિનિમય મુખ્યત્વે ચાલતો હોય તે ધાતુનું ચલણ છે એમ કહેવાય. જે ધાતુને મુખ્ય ચલણ તરીકે સ્વીકારવામાં આવી હોય, તે ધાતુના સિક્કાને બદલે દેશની સરકાર કે મુખ્ય બેંક પોતાની શાખ ઉપર કે કાયદાને બળે જે કાગળની નોટો બહે તેને નોટનું ચલણ કહે છે. જો તેવી નોટને બદલે સરકાર કે બેંક ધાતુનું રોકડ નાણું આપવા માટે વચન આપતી હોય તો તેને પ્રોમીસરિ નોટ એટલે રોકડવારી નોટો અને જો તેમ કરવા વચન ન આપતી હોય, એટલે કે રોકડ આપવા કાયદાથી બંધાતી ન હોય તો, બિનરોકડવારી કે બિનવટાવી નોટો કહી શકાય. નોટોનો ધાતુનાં નાણાંમાં બદલો મેળવવા માટે, રોકડવારી અને બિનરોકડવારી નોટોને અનુક્રમે પરિવર્તનીય અને અપરિવર્તનીય નોટો પણ કહેવામાં આવે છે. થોડી રકમ અનામત રાખીને અને બીજા વખત માટે જ કેટલીક વખત સરકાર તરફથી જે નોટો બહાર પાડવામાં આવે તેને તિજોરીની નોટો કહે છે. કેટલીક નોટો, તેના બદલામાં પૂરેપૂરી રકમનું સોનું, રૂપું કે તેના સિક્કા તિજોરીમાં અનામત રાખીને બહાર પાડવામાં આવે છે અને કેટલીક નોટો, તેના બદલામાં આગાઉથી નક્કી કર્યા મુજબ અમુક દરે રકમ તિજોરીમાં

જમા રાખીને કાઢવામાં આવે છે. તેની નોટો સરકારની શાખ અને પ્રજાના વિશ્વાસ ઉપર નભે છે. પૂરેપૂરી અનામતવાળી નોટોને અનામતી, અર્ધેછ કે પ્રતિનિધિરૂપ નોટો અને બીજા પ્રકારની નોટોને શાખી નોટો કહી શકાય. આ રીતે નોટોના બદલામાં જમા રાખવામાં આવતા સંપૂર્ણ કે નિયત અનામતને પેપર કરન્સિ રીઝર્વ એટલે નોટોનું અનામત ભંડોળ કહી શકાય. ઉપર દર્શાવેલી જુદા જુદા પ્રકારની નોટોની સંખ્યા અને ધાતુના સિક્કાની એકંદર સંખ્યા જ્યારની માગણી કરતાં વધારી નાખવામાં આવે તેને ચલણનો ફુલાવો કે ફુગાવો અને માગણી કરતાં ઘટાડી દેવામાં આવે તેને ચલણની તંગી કે નાણાભીડ કહે છે. જ્યારની જરૂર જોઈને, ચલણમાં મોસમ તો ક્રમવધઘટ વધારો કરવામાં આવે તેને ચલણનો વિસ્તાર અને મોસમ પૂરી થયા પછી કરેલો વધારો પાછો ખેંચી લેવામાં આવે તેને ચલણનો સંકોચ કર્યો કહેવાય. આવા ચલણના ફેરફારને લીધે કે પરદેશ સાથેના વેપારની બૅલન્સ ઑફ ટ્રેડ એટલે વેપારતુલા દેશની તરફેણમાં અગર વિરુદ્ધમાં જાયી, એટલે અનુકૂળ કે પ્રતિકૂળ થાયી, એટલે કે આયાતનિકાસના વેપારના ફેરફારોને લીધે પણ નાણાના મૂલ્યમાં વધઘટ થાય છે. તેને નાણાના મૂલ્યમાં તેજી અને મંદી કર્યા કહે છે. જે ધાતુનો સિક્કો બનેલો હોય તે ધાતુની કીમત વધી જવાથી કે સિક્કામાં વપરાતી ધાતુનું પ્રમાણ ઘટાડી નાખવાથી પણ નાણાનું મૂલ્ય વધી જાય છે. તેને ચલણનો અપકર્ષ કે અપભાર થયો કહેવાય. સરકાર પોતાની મેળે તેમ કરે તો ચલણનો આરઉતાર કર્યો કહેવાય. તે જ પ્રમાણે ભાવ ઘટાડી દે તો ભાવચઢાવ કર્યો કહેવાય. બૉકોમાં ચેક, હુંડી જેવાં ઉધાર વ્યવહારનાં સાધનોના વધતાઓછા ઉપયોગને કારણે કે લેવડદેવડની તેજીમંદીને કારણે પ્રજામાં ફરતાં નાણાંની સંખ્યામાં ફેર પડે છે. નાણાંની જરાદી હેરફેર થાય તો નાણાંની સંખ્યા વધી ન હોય છતાં જેટલાં જ નાણાંમાં વધુ વ્યવહાર કર્યા રાખે અને ચલણવેગ વધ્યો કહેવાય. ગાડી ફેરવનાર ટ્રેનિંગની લેવડદેવડનો વેગ વધુ હોવાથી તે ઓછી મૂડીમાં વધુ ધંધો કરી શકે છે એ જાણીતી વાત છે. એ જ રીતે ચેક વગેરેની સગવડથી ઓછાં નાણાંમાં વધુ વ્યવહાર ચાલે છે અને એ રીતે ચલણવેગ વધવાથી રોકડ નાણાંની જરૂર ઓછી પડે છે.

નાણી ૧. [સં. જ્ઞાનિન્] પું. જ્ઞાની; મુનિ.

૨. જિ. ઓળખીતું.

પુરુષ કી નાણી આખો. નેમવિજય

૩. જ જિ. જાણીતું; સમજ્યું ઓળખીતું; નામચૂકું ભૂતકાળનું ઓલિયું રૂપ.

૪. જ જિ. ન આણેલ ન લાવી.

નાણેટિયો પું. નાણાવટી; તબંચર; પૈસાદાર માણસ.

સંસાર, નટ, નાણેટિયક.

ધડિયા વાઢ વેચ્યા ઓરીઆ.

દા-વ૮૮૬૫૦૫૫

નાણું ૧. ન. કીમતનું મૂલ્ય.

૨. [સં. નાણક] ન. ચીજવસ્તુની લેવડદેવડના વ્યવહાર માટે ચાલતા સિક્કાઓ; ધનઃ દોલતઃ ચલણી રૂપિયા, પૈસા વગેરેઃ વ્યવહારમાં ચાલતું ધાતુ વગેરેનું સરકારી છાપનું ચલણ. સર્વની સંમતિથી જે કોઈ પણ વસ્તુ બીજી વસ્તુઓનું મૂલ્યનિર્ણય કરવાને પ્રમાણ તરીકે પસંદ કરવામાં આવે તે નાણું કહેવાય છે, અથવા જે વસ્તુ વિનિમયના વાહન તરીકે વપરાય છે અથવા જેના વડે સઘળી વસ્તુઓનો વિનિમય કર્યા કરે છે તેને નાણું કહે છે. સરકાર જે નાણું દેશના મુખ્ય નાણા તરીકે નક્કી કરે અને જેની જકાતમાં કે આનતી વ્યવહારમાં ગમે તેટલા પ્રમાણમાં આપલે કર્યા કરાતી હોય. એટલે કે જેની આપલેની મર્યાદા ન હોય તેવા નાણાને મુખ્ય નાણું કહે છે. જે નાણાનો અમુક કદમ સુધી જ ઉપયોગ કર્યા કરતો હોય એટલે કે જેની આપલે માટે સરકારથી નક્કી કરેલી મર્યાદા હોય તેને ઉપનાણું કે પરચૂરણ નાણું કહે છે અને જેનું ચલણી મૂલ્ય તેની મૂળ ધાતુની કીમત કરતાં વધારે હોય તેને 'ટોકન મની' એટલે સંકેત નાણું કહે છે. આપણો રૂપિયો એ મુખ્ય નાણું છે, પણ તેમાંની ધાતુની કીમત સોળ આના જેટલી નથી, એટલે તે સંકેત નાણું છે. આની, જેમાની, પાવલી વગેરે પરચૂરણ વ્યવહાર માટે કહેવામાં આવતા સિક્કાઓ એ ઉપનાણું છે. નાણાંથી જુદે જુદે વખતે ઓછેવત્તો માલ ખરીદી શકાય છે. અમુક વખતે અમુક નાણાનો જેટલો માલ મળે તેટલી નાણાની ખરીદશક્તિ કહેવાય. ૧૯૩૬ના યુદ્ધ પહેલાં એક રૂપિયાનો જેટલો માલ મળતો તેટલો ૧૯૪૮માં મળતો નથી, એટલે યુદ્ધને કારણે રૂપિયાની ખરીદશક્તિ ઘટી છે, પણ કટોકટ કોઠો પાસે પૈસાની રેલમછેલ થવાથી તેમની અર્થક્રમત ખરીદશક્તિ વધી છે. જો કોઈ એક ધાતુનો સિક્કો મુખ્ય નાણા તરીકે ચાલતો હોય તો તેને એક ધાતુનું ચલણ કહે છે. જેમકે, સોનું કે રૂપું ગમે તે એક ધાતુનું મુખ્ય ચલણ હોય. જો કોઈ બે ધાતુના સિક્કા મુખ્ય નાણા તરીકે ચાલતા હોય, એટલે કે સરકારથી નક્કી કરેલા પ્રમાણ મુજબ જેમાંથી ગમે તે ધાતુના નાણામાં અમર્યાદિત લેવડદેવડ કર્યા કરાતી હોય, તો તેને બે ધાતુનું ચલણ કે દ્વિચલણ કહે છે. જેમકે, ૧ ગીની = ૧૫ રૂ. ના પ્રમાણે સોનું રૂપું બંનેના સિક્કા મુખ્ય ચલણ તરીકે ચાલતા હોય. આમ બને ધાતુના સિક્કા, સરકારથી કરેલા ભાવ પ્રમાણે મુખ્ય નાણા તરીકે વપરાતા હોય ત્યારે જેમાંથી એક પણ ધાતુના ભાવમાં વધઘટ થવાથી સરકારખાતે સસ્તી અને બજારભાવે મોંઘી ધાતુના સિક્કા ચલણમાંથી અદશ્ય થાય અને બજારમાં નબળી પડેલી ધાતુનું નાણું ચલણમાં રહે. આવી ચલણપરિવર્તનને સંગડી ચલણ પરિવર્તન કહે છે. જો દેશના આંતરિક વ્યવહાર માટે રૂપા જેવી હલકી ધાતુનું નાણું કે સંકેત નાણું મુખ્ય નાણા તરીકે ચાલતું હોય અને દૂરના પરદેશના વ્યવહાર માટે સોનાનાણાં કે પાઉંડમાં હૂંડીઓ પૂરી પાડવાની અવસ્થા હોય તો તેને સુવર્ણ વિનિમય પદ્ધતિ કે સોનાહૂંડી બોલ્યા અગર પાઉંડ વિનિમય પદ્ધતિ કે પાઉંડહૂંડી બોલ્યા કહેવાય. આપણા દેશમાં આંતરિક વ્યવહાર માટે રૂપિયાનું ચલણ છે અને પરદેશના વ્યવહાર માટે રૂ. ૧ = ૧૮ પેન્સના ભાવથી હૂંડીઓની લેવડદેવડ કરવાની અવસ્થા છે. આ કૃત્રિમ ચલણનો એક પ્રકાર છે. વેપારના બજારરૂપ સંજોગોમાં રૂપિયાનો આ ભાવ ટકાવી રાખવા માટે લંડનમાં જે સોનાનું ભંડોળ એકઠું કરી રાખવામાં આવે છે તેને ગોલ્ડ સ્ટૅન્ડર્ડ રીઝર્વ એટલે સુવર્ણ ભંડોળ કહી શકાય. જો ઉપર પ્રમાણે પરદેશ સા.વેના વ્યવહાર માટે સોનાની કે પાઉંડની હૂંડીઓ પૂરી પાડવાની અવસ્થા હોય અને તે ઉપરાંત આંતરિક વ્યવહાર માટે નિયત કરેલી મર્યાદામાં અને સરકારે નક્કી કરેલા ભાવથી નોટો કે રૂપાનાણાંને બદલે સોનું પ્રજાને આપવાની અવસ્થા હોય તો તે વસ્તુતઃ સોનાનું ધોરણ કે સોનાપાટ ધોરણ છે એમ કહેવાય. જો સોનાના સિક્કા જ મુખ્ય ચલણ તરીકે વપરાતા હોય તો તેને સોનાનું ચલણ કહેવાય. જો ચલણમાં, જુદી જુદી વપરાશની વસ્તુઓના ભાવની અદલાબદલ કરીને, તે વસ્તુઓના ભાવના આંક મુજબ વધારેઘટાડો કરવામાં આવે તો તેને ભાવઆંકનું ધોરણ કહેવાય. આવા ચલણને કૃત્રિમ ચલણ કહેવાય. નાણાં તરીકે પસંદ કરેલી ચીજમાં શરત મુજબ હોવા જોઈએઃ નૈસર્ગિક મૂલ્ય, સુવાહ્યત્વ,

અધ્યક્ષત્વ, ઔદ્યોગત્વ, વિજ્ઞેયત્વ, પ્રમેયત્વ, સ્વામિત્વ અને વિશ્વેશ્વરત્વ. દુનિયાનું મુખ્ય ચલણી નાણું નીચે પ્રમાણે છે:

દેશ	સિક્કો	અંગ્રેજી નાણામાં કીમત પા. શિ. પે.
અરજન્ટિન	પેસો	૦ ૧ ૮૬
ઓસ્ટ્રિઆ	રકીલીંગ	૦–૦ –૬ ૬૩૯
બેલજિયમ	બેલગા ઓર ફ્રાન્કસ	૦–૦–૬ ૮૫૮
ચીલી	પેસો	૦–૦–૬
ચીન	ડોલર	...
ડેનમાર્ક	ક્રોન	૦–૧–૧½
ઇજિપ્ત	પાઉંડ	૧–૦–૬½
ફ્રાન્સ	ફ્રેન્ક	૦–૦–૧ ૯૩૨
જર્મનિ	રિશમાર્ક	૦–૦–૧૧ ૭૪૮
ગ્રીસ	ડ્રેકમા	૦–૦–૦ ૧૪
હંગરિ	ફ્લોરો	૦–૦–૮ ૬૨
ઇટલિ	લીરા	૦–૦–૨ ૬
જપેન	યેન	૦–૨–½
મેક્સિકો	પેસો	૦–૨–½
નેધરલેન્ડ	ફ્લોરિન અથવા ગલ્ડન	૦–૧–૭ ૮૨૪
નોર્વે	ક્રોન	૦–૧–૧½
પેરૂ	સોલ	૦–૧–૧½
પોર્ટુગલ	મિલ્રેઇ	૦–૦–૪ ૫
પોર્ટુગલ	મિલ્રેઇ	૦–૦–૨½
રૂમાનિઆ	લેન	૦–૦–૦ ૩
રશેન	પેસીટા	૦–૦–૯ ૫૧૬
સ્વીડન	ક્રોના	૦–૧–૧½
સ્વિટ્ઝર્લેન્ડ	ફ્રેન્ક	૦–૦–૯ ૫૧૬
તુર્કસ્તાન	લીરા	૦–૧૮–૦
યુનાટેડ સ્ટેટ્સ	ડોલર	૦–૪–૧ ૩૨
યુગોસ્લેવિઆ	દીનાર	૦–૦–૦ ૯

૧. નાણાંના બેલ = નાણાંથી બધું થઈ શકે છે; નાણાં વગર કોઈ થઈ શકતું નથી.

૨. નાણાંનો કોઈ બેલ આવે છે ? = નાણું સહેલાઈથી મળતું નથી.

૩. નાણું કરી જાણું–રોકાઈ જવું = અમુક બેપારમાં કે બીજા ધારામાં પૈસાનો ઉપયોગ કરવો.

૪. નાણું દેખી મુનિવર ચળે = પૈસો દેખી સૌ કોઈ લોભાય છે.

૫. નાણું મળે પણ ટાણું ન મળે = ગઈ સંપત્તિ પાછી મળી શકે છે, પરંતુ ગઈ તક ફરીને મળતી નથી.

૩. ન. નહાવું; કોઈના મૃત્યુને અંગે સ્નાકરનાન કરવું તે.

નાણું [સં. જ્ઞાન; પ્રા. નાણ] ન. નાણું; જ્ઞાન.

સરસતિ માનજ મોઢા રાય,
સરસતિ વિણ નાણું ન કિણાઈ.

સ્વયમ્બરસમય

નાત ૧. [હિં.] પું. નાતેદાર; સંબંધી.

૨. [હિં.] પું. નાતો; સંબંધ.

૩. [સં. જ્ઞાતિ] સ્ત્રી. અમુક રીતરિવાજો અને ધર્મ વગેરેને લીધે હિંદુઓમાં પડેલા જે નાના મોટા લોકસમુદાય તે; જ્ઞાતિ; અમુક ગામ, દેશ વગેરે ઉપરથી એકસરખી રહેણીકરણીના લોકોનો સંસારવ્યવહારના નિભાવ માટે બંધાયેલો જથ્થો; કુળ, વર્ગ કે વર્ગનો લોકસમૂહ. બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર, સોની, કણબી, લોહાણા, ભાટિયા, મરાઠા, સુતાર, મોચી, વાળંદ, ભંગી, ચમાર વગેરે તેના નમૂના છે. નાત મૂળે ગામડાની સંસ્થા છે. શહેરમાં એનું જન્મસ્થાન નથી. હિંદુસ્તાનમાં પારસી અને બેઝ્રો ખ્રિસ્તિઅન સિવાય બધામાં નાતો છે. મુસલમાનોમાં પણ શેખ, સૈયદ, પઠાણ વગેરે નાતો છે. નાતની પ્રથા અને ગામડાં વચ્ચે કાર્યકારણ જેવો સંબંધ છે. જ્યારે અમુક પ્રાણી કરખા ગુણવાળો હોય છે તેને માટે જાત શબ્દ વપરાય છે. નાત શબ્દથી અમુક પ્રકારના વ્યવહારનું જ્ઞાન થાય છે. જાત શબ્દથી તેમ બનતું નથી, પણ અમુક પ્રકારના ગુણોનાં સામાન્યપણાનું જ્ઞાન થાય છે. જાતમાં નાતનો સમાવેશ થાય પણ નાતમાં જાતનો સમાવેશ કોઈ રીતે સમાવેશ થતો નથી. નાત શબ્દ પ્રાણીઓના અને મુખ્યત્વે માણસના સમૂહને માટે વપરાય છે. જાત બીજા પદાર્થો માટે વપરાય છે. વસ્તુ તથા સરખી ખોડવાળાં માણસો માટે નાત વપરાય છે, જાત શબ્દ વપરાતો નથી.

૧. નાત કરવી–જમાડવી = જ્ઞાતિનાં બધાં માણસોને ભોજન આપવું.

૨. નાત બંધાનો પ્રવાહ છે = નાતના માણસોનો સમુદાય જ્યારે એકત્રિત થાય ત્યારે તે પવિત્ર મનાય છે.

૩. નાત નાતનું ખાય–નાતે નાતનું વરે ને મુસાબાઈનાં બાપાણી = બરકાને બધું પોતાનું કાર્ય સાધવું. આ સંબંધમાં વાર્તા છે કે એક ગામમાં મુસાબાઈ નામે એક બાવી રહેતો હતો. તે બાણી પીવી તેમ વેચી પોતાનું ગુજરાન ચલાવતો. પોતાનો વહેવાર માંડમાંડ નિભાવતો. ગામમાં કોઈ વખતે મુસાબાઈને પૈસાની જરૂર પડે તો કોઈ આપતું નહિ. તેમાંય મુસાબાઈની મા ગુજરી ગયાં. ગામમાં બાવીના ઘર પંદરેક હતા. સગાંસબંધીઓમાં મુસાબાઈની આબરૂ ઠીક હતી. સૌ ભાઈઓ ભેગા થયા અને ઠરાવ કર્યો કે, મુસાબાઈની મા ગુજરી ગયાં, છતાં મુસાબાઈ તેનો દહાડો કરતો નથી. તે આવા માટે બધે આવે છે અને આવરાવવા ચળતો નો પાડે છે, તે કેમ ચલાવાય ? માટે જો તે દાડો ન કરે તો તેનો વહેવાર આજથી બંધ કરવો. મુસાબાઈ મૂંઝાયો. તેણે વિચાર કર્યો કે, થાય તે થાય, પણ દાડો કર્યા સિવાય છૂટકો નથી. તેણે કહ્યું કે, મારે દાડો કરવો છે, મારે સૌને જમાડવા છે, પરંતુ માઁ ઘર ગરીબ છે, ઘરમાં કોઈ ડામવાસણ પણ નથી. સૌને જમાડવાં કેમ ? સૌ આનંદથી બોલી ઊઠ્યા કે ડામવાસણની શું મૂંઝાઈ ગયો ? અમારા ઘરમાં ડામવાસણ છે તે કોનાં છે ? નાતનો માલ નાત ન વાપરે ત્યારે કોણ વાપરે ? મુસાબાઈએ તો દાડાની તૈયારી કરવા માંડી. બધા ભાઈઓને ત્યાંથી જેટલું તે કરતાં વધારે ડામવાસણ આવ્યો. રસોઈ માટે જોઈએ તેટલાં રાખી બાકીનાં બેઠક હોડને ત્યાં ગીરો મૂકી પૈસા ઉપાડ્યા અને જોઈએ તેટલો માલ આવ્યો. જાતજાતની મીઠાઈઓ બનાવી, જુદી જુદી જાતનાં કરસાણ તૈયાર કરાવ્યાં. સૌને જમવા બોલાવ્યાં. સૌ જમવા બેઠા. ઉનાળો હતો તેથી કરબી વિશેષ પડતી હતી. સૌને અકળામણ થવા માંડી મુસાબાઈએ વિચાર્યું, નાત કયાંથી ? એવા કરવાનો આવો અવસર ભાગ્યે જ મળે. મુસાબાઈ તો ઘડે પગે ઊભા રહી બીનું ધોતિયું કરી સૌને પવન નાખવા માંડ્યા. પવન નાખતા જાય અને કહેતા જાય, ભાઈઓ, ઉતાવળ કરતા નહિ, પેટ ભરીને જમજો. નાતનું છે અને નાતને આવું છે. નાતનો માલ નાતને કામ ન આવે તો બીજા કોને આવે ? માટે જરા પે પ્રમાણો નહિ. આ તો આપણી નાત ભલી છે અને મારી મદદે દોટી આવી, નહિ તો આવા જેવો દુખણો માણસ શું કરી શકે ? એટલે ખરી હકીકત તો એ છે કે, નાત નાતનું જમે છે અને મુસાબાઈનાં તો બાપાણી છે. મુસાબાઈ હસતા હસતા આમ કહેતા જાય અને લોકો આનંદમાં આવી વખારે વખારે

જમતાં જમ. જમીને સૌ સૌને ઘેર ગયાં. થોડા દિવસ પછી બધા વાસણની ઉઘરાણીએ આવ્યા. ત્યારે મુમતાબાઈએ કહે મોઢે જવાબ આપ્યો કે વાસણ તો ચોરની દુકાને પડ્યાં છે. જેને જોઈતાં હોય તે પૈસા ભરીને લઈ આવે. બધાએ ગુસ્સે થઈને પૂછ્યું, અરે બદમાશ, એ કામ અમે તને કહ્યાં ચીરો મૂકવા માટે આપ્યાં હતાં? મુમતાબાઈએ કાયદો અને તર્કશાસ્ત્ર બે બંનેનો આશ્રય લઈ પોતાનો બચાવ કર્યો કે હા, એ વાત ખરી કે વાસણ ચીરો મૂકવા માટે તમોએ મને સ્પષ્ટ કહ્યું નહોતું, છતાં તમોએ એમ પણ કર્યા કહ્યું હતું કે એ વાસણ માત્ર રસોઈ માટે જ કામમાં લેવાનાં છે. તદુપરાંત તમોએ જ એમ કહ્યું હતું કે, નાતનો માલ નાતને કામ ન આવે તો કોને આવે? તેથી નાતનો માલ હતો અને નાત જમાડવા માટે મેં તેનો ઉપયોગ કર્યો છે, તેમાં શું ખોટું કર્યું છે? નાતજાઓ બધા ગુસ્સે તો ખૂબ થયા, પરંતુ કંઈ વળે તેમ નહતું, તેથી સૌ સૌને ઘેર ગયા.

૪. નાતનું નોતરું અને પરબ્રહ્મનું પાણી એમાં સપાટો શું? = જોરદાર મારવો અને ખાવો; જમવું અને જમાડવું એમાં ઉપકાર કે સપાટા જેવું કંઈ હોય જ નહિ. તેવી રીતે નાતનું જોરદાર નાતમાં વસે એ બંનેને માટે જન્મસિદ્ધ હકને અનુસરીને છે. તેમાં કોઈ કોઈના ઉપર ઉપકાર કરતું નથી.

૫. નાતનું બંધારણ = નાતના રીતરિવાજ.

૬. નાતે થાય તે નાણે ન થાય = સંબંધના યોગે કરીને જે કાર્ય થઈ શકે છે તે પૈસાથી પણ થઈ શકતું નથી.

૭. નાતે મરવું અને નાતે તરવું = શુભ અને અશુભ કાર્યો નાતની સાથે જ રહીને પતાવવાં; નાતના સહકારથી અને નાતના સંગાથમાં જ શુભ અશુભ કાર્યો કરવાં.

૪. સ્ત્રી. નાતને આપેલું જમણ.

૫. સ્ત્રી. પંક્તિ; હાર; કતાર.

નાતજાત સ્ત્રી. જ્ઞાતિ અને જાતિ; વર્ણાશ્રમધર્મ પ્રમાણે અને વ્યવહારોજગારની દૃષ્ટિએ મનુષ્યોના કરવામાં આવેલા જુદા જુદા ભેદ; ધર્મ, વર્ણ, આશ્રમ, દેશ, વંશ, લિંગ, પોશાક, આજીવિકા વગેરેને અનુલક્ષીને થતા મનુષ્યોના જુદા જુદા ભેદ.

નાતનોતું (નાતનોતું) ન. કોઈ કારજ માટે પ્રસંગે આખી નાતનાં બધાં માણસોને બધે સ્થળેથી આમંત્રણ આપી બોલાવવા તે.

નાતપરસાઈ જુઓ નાતપરોણાઈ.

નાતપરોણાઈ સ્ત્રી. આખી નાતમાં સૌથી વધુ અનુભવવાળો, બુદ્ધિવાળો અને પ્રભાવવાળો જે હોય અને જેની આમન્યા બધાં જ્ઞાતિજનો રાખતાં હોય તે પુરુષ; જ્ઞાતિનો મુખી.

નાતપરોણાઈ સ્ત્રી. નાતપરોણાપણું કરવું તે.

નાતબહાર વિ. નાતમાંથી બાતલ થયેલ; નાતના જમવા વગેરેના તથા કન્યાની લેવડદેવડના વ્યવહારમાંથી દૂર કરાયેલ.

નાતબંધારણ ન. નાતના રીતરિવાજનો ખરડો.

નાતભાઈ પું. નાતીલો; પોતાની જ્ઞાતિનો કોઈ પણ ભાઈ તરીકેનો માણસ.

નાતભોજન ન. જ્ઞાતિનાં બધાં માણસો સારે માટે પ્રસંગે ઓકત્રિત થઈ સાથે બેસીને જમવું.

નાતમ સ્ત્રી. હલકાઈ.

નાતમામ [ફા.] વિ. અપૂર્ણ; અધૂરું, બાકીવાળું.

નાતમામી [ફા.] સ્ત્રી. અપૂર્ણતા; બાકી.

નાતમેળો [સં. જ્ઞાતિમિલન] પું. આખી નાતનાં માણસો મળે તે; જ્ઞાતિબંધુઓની સભા.

નાતર અ. નહિતર; બે એમ નહિ તો.

ખાંધે નહીં તો ઉતાર, નાતર ખૂબો રેવાશે. દયારામ

નાતરબીજાત [ફા. ના (નહિ) + અ. તરબીજાત (કેળવણી)] વિ. અણઘડ.

નાતરસ ૧. [ફા.] વિ. કૂર; દયાહીન; નાતકી. ૨. વિ. બાકી; પ્રભુના કર વિનાનું.

નાતરાશા [ફા.] વિ. અસભ્ય; અવિવેકી; તોછડું.

નાતરશોદા જુઓ નાતરાશ.

નાતરાળ વિ. સ્ત્રી. જેણે નાતરું કરેલું હોય તેવી; નાતરાની.

નાતરિયું ૧. વિ. નાતરાનું; નાતરા સંબંધી.

૨. વિ. નાતરું કરવાની છૂટવાળું; જેમનામાં નાતરાં થતાં હોય તેવું; પુનર્લગ્નના પ્રતિબંધ વગરનું.

૩. વિ. પુનર્લગ્ન વખતે વિધવા બાઈની સાથે આવેલું.

૪. વિ. વિજાતીય; બેવડ્યું. બેઠ જ જાતનું ન હોય તેવું; એક આખામાં બે જાત હોય તેવું.

નાતરિયા કાપડું = એક તરફની બાજુ રેશમી ઝુલાવાની અને બીજી તરફની સુતરેણ હોય તેવું કાપડું

નાતરિયો પું. નાતીલો; જ્ઞાતિનો સંબંધી માણસ.

નાતરિસ્તા [હિ.] પું. સગાઈ; સંબંધ.

નાતરું અ. નહિ તો; અન્યથા.

નાતરું ૧. ન બેઠકમાંથી બેઠક તોડ જતું રહી તેની જગ્યાએ બીજી વિજાતીય વસ્તુનું આવવું તે.

૨. [સં. નવતર (વિશેષ નવું)] ન. લગ્નવિધિ વગર પણી મરી ગયા પછી અથવા પરણેલ ધણીથી છૂટાછેડા લઈ બીજો પુરુષ સાથે પરણવું તે; ઘરઘરણું કરવું તે; બીજો વિધિ સિવાયનું પુનર્લગ્ન કરવું તે. રાંડેલી કે સમની વિધિ સાથે પરણે તેને પુનર્લગ્ન કહે છે. વિધિ સિવાય રાંડેલી કે છાંડેલી કોઈ બીજો ધણી કરે તો તે નાતરું કર્યું કહેવાય છે. નાતરામાં મોચરજની પૂજા કરી કોરો ચૂડો પહેરે છે અથવા તો પાણીનું બેડું ભરી દેવાલયમાં જાય છે ને ત્યાં દેવને દીવો કરી નવા ધણીનો ચૂડો પહેરે છે ને તેને ઘેર જાય છે. જો પુનર્લગ્ન ન કહેવાય. કેટલીક કણબીમાં નાતરાની એવી રીત છે કે, એક કેટલાકે ઓટલા ઉપર સાથિયા પૂર્યા હોય ત્યાં બે પાટલા ઉપર બેઠી જાજમ પાથરેલી આપીને બેસે. ભીંત ઉપર કે આવાના પાન ઉપર ગણપતિ ચીતરેલા હોય. ગણપતિના અને વરવહુના પાટલાની વચ્ચે તપેલામાં દીવો હોય. પછી જોર ગણપતિપૂજન તથા દીપપૂજન કરાવીને તપેલા ઉપર ચાળણી દાંડો અને બેઉને ભોગ અપરાવે. ત્યાં સુવાસણ કોઈ ન હોય. કડવામાં પરણનારની બહેન અથવા બીજી કોઈ સગી નાતરું કરનાર બોને તેડવા જાય અને તેને પરણનાર પુરુષને ત્યાં લઈ આવે. નાતરું કરનારી બો સામા રૂપિયા આપે

૧. ખીચડીમાં ભોગ નહિ અને નાતરામાં ભોગ નહિ = જેમ ખીચડીમાં ભોગ મેળવવો ન ઘટે, તેમ નાતરામા ભીત મળતા વગેરે ન લોજે.

૨. નાતરે જવું = (૧) જીવતે ધણીએ બીજા પુરુષને પરણવું. (૨) નરકમાં જવું, જહન્નમમાં જવું.

૩. નાતરે જવું ત્યારે ભોજન શું માણવું? = ડહાપણ બીજે જો નાતરું કરવું જ હોય તો પહેલીમા જ કરી લેવું, કારણ કે નાતરું કરવું એ બદનામી છે એમ જો સમજવામા આવતું હોય તો તેવી બદનામી બારે નાતરું થાય ત્યારે આવનાર તો છે જ, તો પછી તેનાથી ડરતા રહેવાનો શો અર્થ?

૪. નાતરે દેવી = ધન્યાવવી; બીજા પતિની સાથે પરણાવવી.

૫ નાતરે લાવવું = જેનો ધણી હયાત હોય તેવી સ્ત્રી સાથે પરણવું.

૩ ન. સબંધ.

૪. અ. અન્યથા; નહિતર; જો એમ નહિ તો.

નાતર્સ ૧. [હા.] વિ. કાયમ હયાતનું; કૂરા; પાતરી

૨. વિ. પાપી; પ્રભુના કર વગરનું; નાતરમ્.

> ઇબ્ન પર આવી ગયેલો નાતસ્સ નવાબ સુલતાનને જાણી આવી નમાજ્યા વિના રહેવાનો નહિ. પીનમ

નાતર્સચોતલ્સ વિ. સ્ત્રી. ઋતુધર્મમાં આવી ગયેલી; રજસ્વલા થતી હોય તેવી.

નાતવરો પુ. નાતના લોકોને જમાડવા તે; જ્ઞાતિભોજન, નાતજમણ.

નાતવાન ૧. [હા. ના (નહિ) + તવાન (શક્તિવાળું)] વિ. અશક્ત; નબળું; કમજોર.

૨. વિ. ઉત્તમ જ્ઞાતિનું; કુલીન.

૩. વિ. દીવાળિયું.

૪. વિ. બીમાર; માંદું.

૫. વિ. લાચાર; નિરાધાર.

નાતવાનગી જુઓ નાતવાની.

નાતવાની ૧. [હા. ના (નહિ) + તવાની (શક્તિ)] સ્ત્રી અશક્તિ; નબળાઈ; કમજોરી.

૨. સ્ત્રી. કુલીનતા; ઉત્તમ જ્ઞાતિનું હોવાપણું.

૩. સ્ત્રી. દીવાળું.

૪. સ્ત્રી બીમારી; માંદગી.

૫. સ્ત્રી. લાચારી, નિરાધારપણું.

નાતવાં [હા.] વિ. દુર્બળ; દીન; નિર્બળ; અશક્ત.

નાતા [હિ.] પું. સબંધ; સગપણ; સગાઈ.

નાતાકત (નાતાકત) [હા.] વિ. શક્તિહીન; દુબળું; નબળું.

નાતાકતી (નાતાકતી) [હા.] સ્ત્રી. દુર્બળતા; અશક્તિ; કમજોરી.

નાતાકાત જુઓ નાતાકત

નાતાકાતી જુઓ નાતાકતી.

નાતાગત જુઓ નાતાકત.

નાતાગતી જુઓ નાતાકતી.

નાતાગોતા સ્ત્રી. સગાઈ; સગપણ; સંબંધ.

નાતાદાર ૧. વિ. આબરૂદાર; શાખવાળું.

૨. વિ. સંબંધી

નાતાબ [હા.] વિ. નબળું; કમજોર.

નાતાબેદાર ૧ [હા.] વિ. આઝાદ; સ્વતંત્ર; મુક્ત

૨ વિ. ઉદ્ધત; અવિનયી; તોખું.

નાતારીત ૧. સ્ત્રી. જ્ઞાતિરિવાજ; જ્ઞાતિમાં ચાલી આવતી પ્રથા

૨. સ્ત્રી. કોઈ વખતે વરપક્ષ તરફથી કન્યા પક્ષને અમુક જ્ઞાતિમાં ચોક્કસ રકમ આપવાનો રિવાજ.

નાતાલ ૧. સ્ત્રી. ઈસુ ખ્રિસ્તના જન્મની યાદગીરીમા તા. ૨૫ થી તા. ૩૧ ડિસેમ્બર સુધીના પાળવામાં આવતા તહેવારના દિવસો.

૨. સ્ત્રી. ઈસુ ખ્રિસ્તની જયંતી; ઈસુ ખ્રિસ્તની જન્મતિથિનો ઉત્સવ.

૩. વિ. ઈસુના જન્મની યાદગીરીને લગતું; ઈસુ ખ્રિસ્તના જન્મ સંબંધી.

નાતિ સ્ત્રી. જ્ઞાતિ; નાત

નાતિક ૧. [અ. નાતીક] ન. સમજ્યાવ્યા પ્રાણી; મનુષ્ય.

૨. વિ. ચોક્કસ; નિશ્ચિત

૩. વિ. ખોબનાર.

નાતિચિર [સં.] વિ. ઘણું લાંબુ નહિ તેવું

નાતિજ [હિ.] સ્ત્રી. નબ્બો; દીકરાની દીકરી.

નાતિદૂર [સ.] વિ. ઘણું દૂર નહિ તેવું.

નાતિન [હિ.] સ્ત્રી. દીકરીની દીકરી

નાતિની જુઓ નાતિન.

નાતિપ્રીતિ સ્ત્રી. જ્ઞાતિપ્રીતિ; સગાસંબંધી સાથે સારા રાખવી તે.

નાતિભેદ પું. જ્ઞાતિભેદ; જ્ઞાતિઓ જુદી હોવાપણું.

નાતિભોજન ન. જ્ઞાતિજમણ; નાતવરો.

નાતિવાદ [સં.] પું. અતિશય આગ્રહ કે બાધવાળી તે.

નાતિશીતોષ્ણ [સં.] વિ. સમશીતોષ્ણ; જ્યાં ગરમ પણ નહિ અને ઠંડુ પણ નહિ તેવું.

નાતી ૧ પુ દીકરીનો દીકરો

૨ [સં. નપ્તૃ, પ્રા. નત્તિ] પું (હિંદી) પૌત્ર; નબ્બો; દીકરાનો દીકરો.

૩. સ્ત્રી. જ્ઞાતિ, નાત.

નાતીધાંતી વિ સ્ત્રી. જેને ઋતુદર્શન થયું હોય તેવી; રજસ્વલા; માસિક અટકાવ જેને આવતો હોય તેવી; નાતધોતલ

નાતીપોતે [હિં.] ન. બ. વ. છોકરાંનાં છોકરાં.

નાતીલું વિ. પોતાની જ્ઞાતિનું, નાતનું; પોતાના આપ્તા સમૂહમાનું જોડાદ.

નાતીલો ૧. પું. જ્ઞાતિનો માણસ.

૨. પું. સાળો; પત્નીનો ભાઈ. કોઈ લોકો સાળાને નાતીલો કહીને બોલાવે છે.

નાતું ૧. ન. સ્થિતિ; સ્થિતિ.

૨. ન. સંબંધ; સગાઈ; સગપણ.

નાતું કરવું = રાનીપરજમાં નાતના પ્રશ્નોનો નિકાલ પંચ મારફતે કરી નિર્ણય આપવો.

નાતૂરા પું. પતૂરો.

નાતે અ. ને લીધે; સંબંધથી; વાસ્તે.

નાતેદાર [હિં.] વિ. સંબંધી; સગપણવાળું

નાતેદારી [હિં.] સ્ત્રી. સંબંધ; સગાઈ.

નાતો ૧. પું. વહેવાર; નિસ્બત; પરિચય.

૨. પું. શક્તિ; સ્થિતિ.

૩. પું. સંબંધ; સગાઈ.

૪. પું. સ્નેહ; પ્રેમ; મેળ.

૫. અ નહિ તો; જો એમ નહિ તો.

નાતોબરોબો જુઓ નાતો ૧-૪.

નાતોમહોબ્બત જુઓ નાતો ૧-૪.

નાત્ર ૧. [સં.] પું. મહાદેવ; શિવ.

૨. ન. પ્રશંસા; વખાણ.

૩. વિ. પ્રાપ્ત. ઠરેલું.

૪. વિ નિશ્ચિત

નાત્સી ૧. પું. એ નામના પક્ષનો અનુયાયી

૨. પું. હિટલર સ્થાપિત જર્મનિનો એ નામનો એક ઉદામ પક્ષ.

નાથ્ ૧. [સં.] અ ક્રિ. આશીર્વાદ આપવું.

૨. અ. ક્રિ. કાબૂમા લાવવું; નાથવું.

૩. અ. ક્રિ. યાતના દેવી.

૪. અ. ક્રિ. સત્તા હોવી.

૫. ઉ ક્રિ. આશીર્વાદ દેવો.

૬. ઉ ક્રિ. નાશ કરવો

૭. ઉ ક્રિ. પીડા આપવી.

૮. સ. ક્રિ. માગવું; યાચવું.

નાથ ૧. પું. ઈશ્વર; પ્રભુ.

૨. પું ઉપરી; અધિપતિ.

૩. પું. અધ્યપતિ; ગણનાથ; ગણેશ. શિવના અનુચરોમા ગણપતિ મુખ્ય છે, તેથી તે નાથ કહેવાય છે.

૪. પું. નવસંખ્યક સાંકેતિક શબ્દ.

૫. પું. મત્સ્યેંદ્રનાથના અનુયાયી યોગીઓની એ નામની એક ઉપાધિ; ગોરખપંથી સાધુની એક પદવી.

૬ પું. માલિક; ધણી.

૭. પું. રક્ષક; રક્ષણ કરનાર માણસ.

૮ પું. રાજા.

૯ પું. વડીલ; મુરબ્બી.

૧૦. પું શિવ; ઝંકર.

૧૧. પું. સર્પ પાળનાર તથા નચાવનાર એક જાતનો મદારી

૧૨. [સં. નાથ્ (યાચ્ઞામાં જાવવું)] પું. સ્વામી; પતિ; ધણી; ભરથાર.

૧૩. જો જ્ઞાનકટા અને બીજા કેટલાક જોગી સોકોની એ નામની એક અટક; સંન્યાસીઓની દસ માહેની એક અટક.

૧૪ સ્ત્રી ઢોરને વરા રાખવાને તેના નાકમાં પરોવી બાંધેલી દોરી; બળદનું નાક વીંધીને બાંધેલી દોરી; અંકુશ.

> ગુરુ કીધા જે જોડજનાથ,
> ગુરુએ મુજને દીધી નાથ. અખો

૧૫. જો. નાકની વાળી; વેસર.

૧૬. ન. એ નામની અટકનું માણસ.

૧૭. વિ. એ નામની અટકનું.

નાથજી ૧. પું. જ્ઞાનકટા બાવાઓનો મહંત. સોમનાથ પાટણથી પૂર્વમાં નવ માઈલ છેટે ગોરખમઢી નામનું જ્ઞાનકટા બાવાઓનું મુખ્ય સ્થાન છે. આ જ્ઞાનકટા બાવાઓના મહંત નાથજી કહેવાય છે.

૨. સ્ત્રી. એ નામની બાવાની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

નાથણું ૧. ન. આંબી ઊભી કરી તેના ઉપર મૂકાતો પથ્થર.

૨. ન. ગિયોડાના માંચ ઉપર નાખવાનો ડાંગર જેવા આકારનો લાકડાનો કટકો.

૩. ન. ગાજવાની હાંડીના બે છેડાનાં કાણામાં પરોવેલી પત્રાં બટકાવવાની દોરી. તેને ગાજવાના પાગરા બળાકડવામાં આવે છે.

૪. ન. બળદનું નાક વીંધવાનું અણીવાળું લાકડું.

નાથતા [સં.] સ્ત્રી. ધણીપણું; સ્વામીપણું; માલિકી; પ્રભુતા; સ્વામિત્વ.

નાથત્વ જુઓ નાથતા

નાથદ્વારા [સં. નાથદ્વાર] ન. ઉદયપુર રાજ્યમાં આવેલું વલ્લભ સંપ્રદાયનું એ નામનું પ્રસિદ્ધ સ્થાન. ત્યાં શ્રીનાથજીની મૂર્તિ સ્થાપેલી છે. મુસલ બાદશાહ ઔરંગઝેબે જ્યારે મથુરાની બધી કૃષ્ણમૂર્તિ તોડવાનો વિચાર કર્યો, ત્યારે સને ૧૬૭૨માં ઉદયપુરના મહારાણા રાજસિંહ શ્રીનાથજીની મૂર્તિ મથુરાથી લઈ બળી ધામધૂમથી ઉદયપુર તરફ ચાલ્યા. જ્યારે આ સ્થાને રથ આવ્યો, ત્યારે તેનાં પૈડાં કોચડમાં ખૂંપી ગયાં. લોકોએ કહ્યું કે, શ્રીનાથજીની ઇચ્છા આ સ્થાને રહેવાની છે. આ ઉપરથી મહારાણાએ ત્યાં સુંદર મંદિર બનાવી મૂર્તિની ત્યાં સ્થાપના કરી. શ્રીનાથજી નામ અને તીર્થધામ સ્ટેશનથી સાત માઈલ આવે છે. કાંકરોલી નામનું ગામ પણ વૈષ્ણવોનું તીર્થધામ છે, તે પણ આ સ્ટેશનથી ૩ માઈલ ઉપર છે. કાંકરોલીમાં દ્વારકાધીશ, કૃષ્ણના પટરાણીઓ વગેરેનાં જુદાં જુદાં બબ્બે મંદિરો છે. અહીં મહાપ્રભુજીની બેઠક પણ છે.

નાથધર્મ પું. નાથ નામના કોઈ પરમહંસે પ્રવર્તાવેલો ધર્મ. નિરાકાર નિરંજન જ્યોતિસ્વરૂપ પરમેશ્વરને માનવો, હોમહવન વગેરે ક્રિયાઓ કરવી, ભૈરવ, મહાવીર હનુમાન, દેવી, શિવ, અને સૂર્ય એ મુખ્ય દેવ છે, અલેખ એક પુરુષ છે, તેણે બ્રહ્મ રચી છે, રચનામાં પ્રથમ બ્રહ્મા ઉત્પન્ન કર્યું છે, સત્ત્વ અને રજ બ્રહ્મારના શિષ્ય છે, સમાધિ મોક્ષની જગ્યા છે, પોતાની કલ્પના જ માયા છે, અજપા જોગમાં હઠયોગ એ મન અને તનની શુદ્ધિ કરાવે છે, ક્રિયા ન કરનાર પાપી છે, મત્ર જંત્ર માયા છે. છવદયા પાળવામાં પુણ્ય છે, અધર્મીઓને મારવાથી દેવ પ્રસન્ન થાય છે ઇત્યાદિ આ ધર્મના સિદ્ધાંત છે. નાથધર્મમા આદિનાથ, ગોરખનાથ, જાલંધરનાથ, ગોપીચંદનાથ, મત્સ્યેંદ્રનાથ, ગોરક્ષનાથ, મીનનાથ, વિરૂપાક્ષનાથ, સિદ્ધોરાનાથ, મંથનભૈરવનાથ, સિદ્ધબુદ્ધનાથ, કંથડનાથ, ચૌરંગદ્રનાથ, સુરાનંદનાથ, સિદ્ધપાદનાથ, ચર્પટનાથ, નિરંજનનાથ, કપાલનાથ, જિદ્રનાથ, કાકચંડીશ્વરનાથ, આત્મમાનાથ, પ્રભુદેવનાથ, ગોગેગીનાથ, ડિંડિમીનાથ, ભાલ્લુકીનાથ, ગાજવનાથ, અદ્વાનંદનાથ, ગૈબીનાથ, ગાંગેરીનાથ, પુન્નમાંડનાથ, નિત્યાનંદનાથ, નાગબોધનાથ, ચંડકપાલિકનાથ, ભાલંદરનાથ વગેરે નાથો સિદ્ધ પુરુષો ગણાય છે.

નાથનાથ [સં] પું સ્વામીનો સ્વામી; પ્રભુ; ઈશ્વર

નાથની જો. વશ કરનારી સ્ત્રી

નાથપણું જુઓ નાથતા

નાથપંથી વિ. નાથધર્મમાં માનનારું; નાથધર્મનું અનુયાયી.

નાથબાવા ૧. પું ૨ ન એક જાતના જોગી. તેઓ સર્પ પકડી લોકોને ડેરાડી નવા મોતી પગારી ગુજરાન ચલાવે છે.

૨. પું. વ. ૨ જોગપંથી સાધુ; મત્સ્યેંદ્રનાથના અનુયાયી બાવા.

નાથમુનિ પું. એ નામના વૈષ્ણવ ધર્મના પ્રથમ આચાર્ય. તે આશરે નવમી કે દશમી સદીમાં થઈ ગયેલ છે. તેણે સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો હતો અને ન્યાયતત્ત્વ નામનું પુસ્તક લખ્યું હતું.

નાથવરદ પું. ગોરક્ષનાથનો એ નામનો આઠમી જાયથી નવરના સદ્‌ગોધ બ્રાહ્મણનો એ નામનો દીકરો.

નાથવિયોગ [સં.] પું પતિથી છૂટું પડવું તે.

નાથવું ૧. સ. ક્રિ. અટકથી કામ કરે એવી ચુંગાલમાં લેવું.

૨ સ. ક્રિ. અંકુશમાં કે કબજામાં લેવું; તાબે કરવું; હાથમાં આવવું.

૩. સ. ક્રિ. પરણવવું

૪. સ. ક્રિ. પલોટવું.

૫. [સં. ન.ધ્] સ. ક્રિ. બળદ, વાછડા, પાડા વગેરેનાં નસકોરાનો વચલો ભાગ અણીદાર સાધન વડે ભોંકવો, વીંધવું.

૬. સ. ક્રિ. બળદના નાકમાં દોરી નાખવી; નાથ ઘાલવી.

નાથસંપ્રદાય [સં.] પું. એ નામનો એક પંથ. તે ધર્મિરવાદી છે. ગોરખનાથ આ પંથના પ્રથમ રત્ન હતા. આ પંથનો ઉદય ઈ સ. ૧૦૦૦ના અરસામાં થયાનું મનાય છે. નાથસંપ્રદાયમાં નવ નાથ મુખ્ય મનાય છે: ગોરક્ષનાથ, જાલંધરનાથ, કાનિફનાથ, ગહિનીનાથ, ચર્પટનાથ, રેવણનાથ, નાગનાથ, ભર્તૃનાથ તથા ગોપીચંદ્રનાથ. ગોપીચંદનાથની કથા તો સુપ્રસિદ્ધ છે મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ભક્ત તથા ધાર્મિક નેતા જ્ઞાનેશ્વર મહારાજ ગહિનીનાથની શાખાના અનુયાયી હતા. આ શાખાના યોગીઓ હજુ સુધી ગ્વાલિયરમાં વિદ્યમાન છે. નાથસંપ્રદાયના યોગીઓ પોતાના ઇષ્ટદેવનું અલખ એટલે અક્ષર શબ્દથી ધ્યાન કરે છે અને એ જ શબ્દથી શિક્ષા કરે છે. એમના શિષ્ય આદીશ એટલે આદેશ શબ્દથી ગુરુનું સંબોધન કરી અલખનો ઉત્તર દે છે. એ બને મંત્રોનો અર્થ પ્રણવરૂપી પરમેશ્વર છે નાથસંપ્રદાયના મહાત્મા જ્ઞાનકટા યોગી પણ કહેવાય છે. એમના કાનમાં ચિરાડાનાં મોટાં મોટાં કુંડળ હોય છે. એનું તાત્પર્ય અત્યંત ગૂઢ છે. જ્ઞાનેંદ્રિયોથી સંપૂર્ણ રીતે અંતર્મુખ તથા અંતર્દ્રષ્ટિનો રોગ થતા નથી. કેટલાક લોકોનો મત છે કે, એ પ્રક્રિયાથી યોગ સાધનમાં પણ સહાયતા મળે છે. આ યોગીઓની ઝોકમાં કાળી ઊનનું લાંબુ ઢોરડું હોય છે તેને સેલી કહે છે એ સેલીમાં સિંગડાની એક નાનકડી સિંગોડી બાંધેલી હોય છે, તેને નાદ કે નૃંગીનાદ કહે છે તે નાદાનુસંધાન અથવા પ્રણવાભ્યાસનો દ્યોતક છે. આ પંથના અનુયાયીઓ સિદ્ધાંત જીવન સમાધિ

થયો છે. જ્ઞાનેશ્વર મહારાજ એમાંના એક છે. બીજી રીતે મરવા પડેલા યોગીને ઉત્તરાભિમુખ પદ્માસનસ્થ બેસાડી દાટી દે છે. ઉપર સમાધિ બનાવે છે.

આ નાથસંપ્રદાય અરબ્બસ્તાન અને મોરબનાથથી ચાલ્યો કહેવાય છે
ગુજરાતનાં તીર્થસ્થાનો

નાથસાધુ પું. નાથસંપ્રદાયનો અનુયાયી સાધુ.

નાથહરિ [સં.] પું. નામેલા બળદ વગેરે પશુ.

નાથા પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે ત્રિમાત્રી છંદનો એક ભેદ છે. તેમાં ૮૦ લઘુ અને ૨૪ ગુરુ મળી ૧૦૪ અક્ષર અને ૧૨૮ માત્રા હોય છે.

નાથાજી ૧. સ્ત્રી. કચ્છની તથા સૌદ્રની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નાથી ૧. વિ. અંકુશમાં રાખતું.

૨. [સં. નાथिन्] વિ. નાથવાળું.

૩. વિ. બોંઠાતું.

નાથુ પું. એ નામનો એક શિલ્પશાસ્ત્રી.

મંડને શિલ્પનો ઉદ્ધાર કરી રૂપમંડન, વાસ્તુમંડન, પ્રાસાદમંડન, આયતત્ત્વ, વાસ્તુસાર વગેરે ગ્રંથો રચેલા છે. તેમજ તેના નાના ભાઈ નાથુએ પણ વાસ્તુમંજરી ગ્રંથ રચેલો એવામાં આવે છે.
રાજસ્થાન

નાથુરામ પું. એ નામનો સુરતનો એક કવિ. તેની ગરબીઓ પણ મળી આવે છે.

નાથો ૧. પું. નાક વીંધેલ છોકરો. બોટલા છોકરાનું નાક વીંધવામાં આવે છે અને તેવા કેટલાક છોકરાનું નામ નાથો પાડવામાં આવે છે.

૨. પું. નગારાનાલનું ટૂંકું રૂપ.

નાદ ૧. [સં.] પું. અક્ષરનો ઉચ્ચાર કરવાના અવાજના પ્રયત્નના અગિયાર ભાગોનો એક ભેદ.

નાદ વિનાદ નિસ્વન સુષિર કર રવ સ્વન ધ્વનિ રાવ, અંસી નાદે કહત કવિ, હે પ્રાણેશ્વરી આવ.
પિંગળપ્રકોષ

૨. પું. અનુસ્વાર પૂર્વે ઉચ્ચારાતો એક અર્ધચંદ્રાકાર અક્ષર; અર્ધચંદ્રાકાર સાનુનાસિક સ્વર. સંગીત દામોદરમાં નાદના ત્રણ પ્રકાર માનવામાં આવે છે: પ્રાણિજન્ય, અપ્રાણિજન્ય અને ઉભયસંજ્ઞક. જે મુખ આદિ અંગોથી ઉત્પન્ન કરવામાં આવે છે તે પ્રાણિજન્ય, જે વીણા આદિથી ઉત્પન્ન થાય છે તે અપ્રાણિજન્ય અને જે બન્નેથી કાઢવામાં આવે છે તે ઉભયસંજ્ઞક છે. નાદ વિના ગીત, સ્વર, રાગ આદિ કોઈ સમજવે નહિ તથા વિના જ્ઞાન પણ અર્થ થઈ નહિ. માટે નાદ પરજ્યોતિ કે બ્રહ્મરૂપ છે અને સારું જગત નાદાત્મક છે. આ દૃષ્ટિથી નાદ બે પ્રકારના છે: આહત અને અનાહત. અનાહત નાદને કેવળ યોગી જ સાંભળી શકે છે. હઠયોગ દીપિકામાં લખ્યું છે કે: જે મૂર્ખોને તત્ત્વબોધ ન થઈ શકે તેણે નાદોપાસના કરવી. અંતરસ્થ નાદ સાંભળવા માટે શાંતિપૂર્વક આસન જમાવી શ્રોત્રમંત્રિત થઈ બેસવું. આંખ, કાન, નાક, મોં બધાનો ઉપયોગ બંધ કરવો. અભ્યાસની અવસ્થામાં પહેલાં તો મેઘગર્જના, ભેરી આદિના જેવો ગંભીર ધ્વનિ સંભળાશે. પછી અભ્યાસ વધવાથી ક્રમશઃ તે સૂક્ષ્મ થતો જશે. આ નાના પ્રકારના ધ્વનિઓમાંથી જેમાં ચિત્ત સૌથી અધિક રમે તેમાં તેને રમાવે. આમ કરતાં કરતાં નાદરૂપી બ્રહ્મમાં ચિત્ત લીન થઈ જશે. સંગીતશાસ્ત્ર મુજબ નાદના બીજા પણ ત્રણ ભેદ છે: હૃદયમાંથી ઉત્પન્ન થતો તે મંદ, ગળામાંથી ઉત્પન્ન થતો તે મધ્ય અને મસ્તકમાંથી ઉત્પન્ન થતો તે તાર. આ ત્રણ પ્રકારના નાદને વેદની ભાષામાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત કહ્યા છે. આ પ્રમાણે થયેલો નાદ સુષુમ્ણા નાડી આસપાસ રહેલી બાવીસ નાડીઓ સાથે હવાના અથડાવાથી ઉત્પન્ન થાય છે. તેના બાવીસ પ્રકાર છે. તેને બાવીસ શ્રુતિ કહે છે.

નાદથી ચક્ર ઉત્પન્ન થાય છે, ચક્રથી બિંદુ બનાવી શકાય છે. એવા બિંદુ કે જે બધારે ઘટવી નાદમય બનુ હોવાથી તે વટે વાણી બની શકે છે.
માવનવાદન પાઠમાળા

નાદનો પુત્ર = અતીત ભાવાનો શિષ્ય. માબાપ ભુડાં હોય પણ પોતે જેને માત્ર શિષ્ય તરીકે સાથે રાખેલ હોય તેવા પુત્રને નાદનો પુત્ર અતીત લોકોમાં કહે છે.

૩. પું. અવાજ; સાદ; નાદ; ઘાંઘો સ્વર; ધ્વનિ; ધ્વનિ. નાદના બે પ્રકાર છે: આહત અને અનાહત. અનાહત નાદના બાર ભેદ છે: ઘોષિણી, વિદ્યુત્, પતંજની, વાયુવેગિની, નામધેયા, ઐન્દ્રી, વૈષ્ણવી, શાંકરી, બ્રહ્મી, ધૃતિ, નારી અને ચંડિકા. જીવાત્મા મનને પ્રેરે છે. મન શરીરમાં રહેલી ઉષ્ણતાને પ્રેરે છે, એટલે કે ગતિ આપે છે. તે ગતિથી વાયોગ્નિને ચલાવનાર શક્તિ જે પ્રાણ તે ચલાયમાન થાય છે. પછી તે શક્તિના ચલાયમાન થવાથી પ્રાણવાયુ શરીરના ઘૂંટી, હૃદય, કંઠ, તાળવું અને મુખ એ પાંચ સ્થાનોમાં જે સ્નાયુઓ છે તેમની પ્રેરણાથી તે તે સ્થાનોથી ઊંચો ચડી આવવાથી શબ્દ કે અવાજનો આવિર્ભાવ થાય છે. એ પાંચ સ્થાનોથી પ્રેરણા થવાથી આવિર્ભાવ પામેલા અવાજને નાદ કહેવાય છે. આકાશમાંના અગ્નિ અને મરુતના સયોગથી પણ નાદ ઉત્પન્ન થતો મનાય છે. જ્યાં પ્રાણની સ્થિતિ રહે છે તેને બ્રહ્મગ્રંથિ કહે છે. આત્માથી પ્રેરાઈને ચિત્ત દેહજ અગ્નિ ઉપર આઘાત કરે છે અને અગ્નિ બ્રહ્મગ્રંથિ માંહેના પ્રાણને પ્રેરે છે. અગ્નિથી પ્રેરાયેલો પ્રાણ કરી ઉપર ચડવા લાગે છે. નાભિમાં તે અતિ સૂક્ષ્મ, હૃદયમાં સૂક્ષ્મ, ગળામાં પુષ્ટ, શીર્ષમાં અપુષ્ટ અને મુખમાં કૃત્રિમ નાદ ઉત્પન્ન કરે છે. નાદ માંહેનો નકાર પ્રાણનું સૂચન કરે છે અને દકાર અગ્નિનું સૂચન કરે છે. એ પ્રમાણે પ્રાણ અને અગ્નિના સયોગથી ઉત્પન્ન થાય છે તે નાદ. પાંચ સ્થાનોમાંથી તે ઉત્પન્ન થાય છે તેથી તેના પાંચ ભાગ છે: અતિ સૂક્ષ્મ, સૂક્ષ્મ, પુષ્ટ, અપુષ્ટ અને કૃત્રિમ. યોગાભ્યાસીને આનાહતે દશ પ્રકારના નાદ અનુભવાય છે: પહેલો ચિણી એટલે તમરા જેવો. એ સાંભળતાં સર્વ અંગોમાં તમરાના ફાટવાના જેવા શબ્દની પ્રતીતિ થાય છે. બીજો ચિચિણી એટલે મકોડાના જેવો. એ નાદ સાંભળતાં શરીરનાં અંગ તૂટવાની પીડા થાય છે. ત્રીજો ઘંટ જેવો. એ નાદ સાંભળતાં ચિત્તમાં ખિન્નતા થાય છે. ચોથો શ્રૃંગનાદ જેવો હોય છે. તે સાંભળતાં ચિત્ત ક્ષુબ્ધ થાય છે. પાંચમો વીણા જેવો. એ નાદ સાંભળતાં તાંતુ ગાયે છે. છઠ્ઠો તાલ જેવો. એ નાદ સાંભળતાં અક્ષરનું જ્ઞાન થાય છે. સાતમો વાંસળી જેવો. એ નાદ સાંભળતાં ગુપ્ત પદાર્થનું જ્ઞાન થાય છે. આઠમો તબલા જેવો. એ નાદ સાંભળતાં પરા વાણીની પ્રાપ્તિ થાય છે. નવમો ભેરી જેવો. એ નાદ સાંભળતા નિર્મળ દિવ્યદૃષ્ટિ તથા અંતર્ધાનની શક્તિ પ્રાપ્ત થાય છે. દશમો મેઘ જેવો. એ નાદ સાંભળતા જીવાત્માની સન્નિધિ અને અંતરે બ્રહ્મરૂપ થાય છે. આ નાદની ચાર અવસ્થા છે: આરંભાવસ્થા, ઘટાવસ્થા, પરિચયાવસ્થા ને નિષ્પત્તયવસ્થા. હૃદયમાં રહેલી બ્રહ્મગ્રંથિનો ભેદ થતાં જે નાદ સંભળાય તેને નાદની આરંભાવસ્થા કહે છે. કંઠમાં રહેલ વિષ્ણુગ્રંથિનું ભેદન થતાં જે નાદ સંભળાય તે નાદની ઘટાવસ્થા. ભ્રકુટિમાં રહેલ રુદ્રગ્રંથિનું ભેદન થતાં જે નાદ સંભળાય તે નાદની પરિચયાવસ્થા ને બ્રહ્મરંધ્રમાં નાદની જે સ્થિરતા થાય તે નિષ્પત્તયવસ્થા કહેવાય છે.

પ્રાર્થના એ હૃદયે પામેલા આત્માનો ગંભીર નાદ છે.
ગાંધીજી

૪. પું. ૐકારની ૭ માંહેની એક માત્રા. અકાર, ઉકાર, મકાર, અર્ધમાત્રા, બિંદુ અને નાદ એ ૐકારની ૭ માત્રા છે.

૫ પું. મનહર આવાઝોની ડોકમાંના કાળા ઊનના દોરડામાં રખાતી સિક્કાની સિક્કોટી.

૬. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વન્તરમાંના સપ્તર્ષિમાનો એ નામનો એક.

૭. પું. છાંટ; ટેવ; લત; બસન.

૮. પું. તોર, મિજાજ; ગર્વ; અભિમાન.

૯. પું (પુરાણ) નાભાગ, વૈવસ્વત મનુના દસ માંહેનો નવમો પુત્ર

૧૦. પું. સંગીત.

૧૧. પું. સ્તુતિ, પ્રશંસા, વખાણ.

૧૨. પું.ન અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

નાદગતિ [સં.] સ્ત્રી. અવાજનો વેગ.

નાદગતિદર્શક ૧. [સં.] ન. અવાજની ગતિ બતાવનારું ચિહ્ન.

૨. વિ. અવાજની ગતિ બતાવનારું

નાદજનક [સં.] વિ. અવાજ ઉત્પન્ન કરનારો.

નાદજનિત [સં.] વિ. નાદથી ઉત્પન્ન થયેલું.

નાદતરંગ [સં.] ન. એક જાતનું તંતુવાદ્ય. તે ઇસરાર જેવું પણ તેનાથી ઘોડું મોટું હોય છે.

નાદતંતુ [સં.] પું. અવાજનું જ્ઞાન કરાવનાર જ્ઞાનતંતુ.

નાદતાન [સં.] ન. (સંગીત) નાભિસ્થાનથી લેવાતું તાન.

• તાનના ચાર સ્થાનભેદથી તેનાં નામ પણ ૪ પ્રકાર પડ્યાં અપાય છે. જેમકે, નાભિસ્થાનથી જે તાન લેવાય છે તેને નાદતાન કહે છે.

સંગીત કલ્પમા

નાદદેહ [સં.] પું. ઈશ્વર; બ્રહ્મ.

નાદનખરાં ન. બ. ન. હાવભાવ; ચેનચાળા.

નાદનમાર્ગ [સં.] પું. બ્રહ્મરંધ્રથી નાભિ સુધીનો સુષુમ્હાનો માર્ગ.

નાદનેરબાર પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક પાટ.

નાદપરા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક જાટ.

૨. ન. એ નામની જાટનું માણસ.

૩. વિ એ નામની જાટનું.

નાદબિંદુ ૧. [સં.] ન. ઋગ્વેદનું એ નામનું એક ઉપનિષદ.

૨. ન. ૐકાર.

૩. ન. (યોગ) નાદનું અનુસંધાન કરવાનું બિંદુ.

નાદબ્રહ્મ ૧. [સં.] પું. અનુનાસિક સ્વર; • આવી નિશાનીથી દર્શાવાતો એક જાતનો અનુનાસિક અવાજ.

૨. પું. નાદરૂપી પરમાત્મા. મૂળ નાદ કે જે સર્વ સચરાચર સૃષ્ટિમાં ભરપૂર છે, તેના સાંભળી શકાય એવાં સૂક્ષ્મ તથા સ્થૂળ બે સ્વરૂપો છે. તેમાંના સૂક્ષ્મ સ્વરૂપને અનાહત નાદ અને સ્થૂળ સ્વરૂપને આહત નાદ કહે છે મૂળ નાદને નાદબ્રહ્મ કહે છે અને તેનાં જ પ્રતિક થઈ શકે એવાં આ બને સ્વરૂપો છે. એ નાદબ્રહ્મનું સિદ્ધ ધ્વનિરૂપે ॐ અર્થાત ઓમ્ એમ બોલવાથી જે નાદ ઉત્પન્ન થાય છે તે રૂપે રાખવામાં આવ્યું છે. ચાર પ્રકારના શબ્દ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ બ્રહ્માંડમાં તેમ જ તત્સદૃશ પિંડમાં રહે છે અને સોડહમ્ શબ્દ એ અખિલ પિંડ અને બ્રહ્માંડમા વસેલું તત્ત્વ બતાવે છે. આ સોડહમ્ તે ૐકારનું રૂપ છે. જે સ અને હ બોલી રેતાં ૐકારમાંથી નીપજ્યું છે. આને જ સર્વવ્યાપી નાદબ્રહ્મ કહે છે. સકળ વિશ્વની વ્યક્તિ શબ્દથી એટલે નાદથી થયેલી છે. શબ્દ તે જ ઉત્પન્નકર્તા, પાલનકર્તા અને સંહારકર્તા છે. શબ્દને વિષે આ ત્રણ શક્તિ જે સમાયેલી છે, તેને અનુક્રમે આ ભારતવર્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપે સ્વીકારેલી છે. એ ત્રણ શક્તિને ધારણ કરનાર જે શબ્દ તે જ સચ્ચિદાનંદ બ્રહ્મ છે અને તે જ પરમેશ્વર છે. વિશ્વની વ્યક્તિનું મૂળ કારણ તે જ છે. એ જ મૂળ કારણ ઈશ્વરને અર્થે ઋષિ મુનિઓ શબ્દબ્રહ્મ નામથી ઓળખે છે. શબ્દમાં નાદ રહેલો છે તેમ જ તેમાં વર્ણ એટલે રંગ રહેલો છે. શબ્દ અને રંગ જેને કુદરત નિરાળા પાડી શકાતા જ નથી. શબ્દ છે ત્યાં રંગ છે અને રંગ છે ત્યાં શબ્દ છે. અક્ષરના સમૂહને વર્ણાવળી કહે છે. તેનો અર્થ આથી પ્રગટ થાય છે. વર્ણનો અર્થ અક્ષર અને રંગ બને છે. અનેક પ્રયોગથી આ વાત સિદ્ધ થઈ ચૂકી છે અને ચમિમના પંડિતો પણ તેને હવે સ્વીકારે છે. ભારતવર્ષના મહાન ઋષિ મુનિઓ પણ આ વિષયથી અજાણ્યા ન હતા. સનત્કુમારસંહિતા પ્રમાણે અથી આરંભીને ૧૬ સ્વર પુત્ર વર્ણના, કથી ઠ સુધીના ૧૨ રક્ત વર્ણના અને અન્ય અંજનો પીત આદિ વર્ણના છે. આ પ્રમાણે વિચાર કરતાં અક્ષર અને વર્ણની ભિન્નતા જતી રહે છે અને એકરૂપતા સમજાય છે. એ જ કારણથી ગુપ્ત રહસ્ય સમજનારા પુરુષો કહેતા આવ્યા છે કે, વર્ણ અથવા રંગ અક્ષરે સંકળાયા છે અને શબ્દનું મનુને દર્શન થાય છે. નાના પ્રકારના નાદનું, નાના પ્રકારના વર્ણનું અધિષ્ઠાન શબ્દબ્રહ્મ છે અને તે જ કારણથી તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ તે જ અસ્તિત્વ, સત્ તે જ સત્ય. ચક્ષુ અને શ્રવણ એ સર્વ ઇંદ્રિયોમા પ્રધાન છે અને સર્વ ઇંદ્રિયોનું સ્વામિત્વ જેની પાસે છે તે મન છે. સર્વ ઇંદ્રિયોને સહજે મન જેમા લીન પામે છે, તે શબ્દબ્રહ્મ છે એ શબ્દબ્રહ્મનું નાદ અને વર્ણથી બનતું ચક્ષુ સ્વરૂપ અદ્ભુત મોહ ઉપજાવનારું અને ચમત્કારી છે. તે જ પ્રમાણે તેનું કૃતિ છે અને એ જ કૃતિ તે જ લીલારૂપ છે. આ જ કારણથી સમસ્ત યોનિઓમાં, ભૂતમાત્રમા જેનો દિવ્ય અંશ અંતરમાં ગુપ્ત ભરાઈ રહ્યો છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ, શબ્દબ્રહ્મ સ્વરૂપ ઈશ્વરનાં પરમ અને ઉત્કૃષ્ટ સ્વરૂપ અને તેનું કૃતિ તેનું મહત્ત્વ એટલે મહાન જીવન દર્શાવનારી, પ્રકટ કરનારી જે વાણી તે કવિતા છે.

નાદબ્રહ્મપ્રહ્લાદન [સં.] પું. પુરુષોત્તમના હલ્લર માર્ગનું એક નામ.

નાદમાધુર્ય [સં.] ન. અવાજની મધુરતા; સ્વરની મીઠાશ

કાવ્યથી બનાર આનંદ નાદમાધુર્ય, શબ્દચમત્કાર, અર્થસૌંદર્ય, કલ્પનાવૈભવ અને રસાવિષ્કાર આ પૈકી એક અથવા વધારેનો આશ્રય લઈને ઉત્પન્ન થતો હોય છે. ઝવેરી

નાદમાપક [સં.] ન. અવાજ માપવાનું યંત્ર; 'સોનોમિટર.'

નાદમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા; જમણા હાથની મૂઠી બંધ કરી અંગૂઠો ઉપરની બાજુ ઊંચો કરવાથી થતી મુદ્રા.

નાદયંત્ર [સં.] ન. બોલતી પેટી; તાવડીવાજું; 'ગ્રામોફોન'

નાદયોગસમાધિ [સં.] સ્ત્રી. એક પ્રકારની સમાધિ

નાદર ૧. સ્ત્રી દક્ષિણ હિંદની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. અસાધારણ; અપૂર્વ, અજાતી જાતનું.

૪. વિ. એ નામની જાતિનું.

૫. વિ. કોમતી.

૬. [અ. નાદિર] વિ. બહુ સરસ; ઉત્તમ; ઉમદા

૭. વિ. દુર્લભ; દુષ્પ્રાપ્ય; મુશ્કેલીથી મળે તેવું.

૮. વિ. નમૂનેદાર ભાતનું.

નાદરી સ્ત્રી. મંજીરાની રમતમાં એકો.

નાદલહરી [સં.] સ્ત્રી. અવાજનું મોજું.

તે ગાતા હતા ત્યારથી નાદલહરી અને મુગ્ધ કરે છે. કેશવ હર્ષદ

નાદણી [જુ. નાદગ્રહણી] સ્ત્રી. સંગેમરમ નામના પથ્થરની ચોરસ તકતી. તેના ઉપર કુરાનની એક આસ આયત કોતરેલી હોય છે. રોગ કે બાધા દૂર કરવા માટે તે યંત્રની બાદક કોકમાં પહેરવામાં આવે છે. આયતની શરૂઆતમાં નાદ અક્ષરવાન એ વાક્ય હોય છે. તેથી આ યંત્ર નાદણી કહેવાય છે. હકીમોનું કહેવું છે કે, કરોળની ધડક આદિ દૂર કરવાનો તેમાં ખાસ ગુણ છે. છાતી ઉપર તેનો સંસર્ગ થવાથી દિલ ધડકવાની બીમારી દૂર થાય તેમ મનાય છે. જ્યાં આ પથ્થર હોય ત્યાં વીજળીની અસર થતી નથી એમ કેટલાકનું માનવું છે.

નાદલોપક ૧. [સં.] વ. અવાજની નોંધ કરનાર યંત્ર: 'ફોનોગ્રાફ.'

૨. વિ. અવાજની નોંધ કરનાર.

નાદવર્ધક [સં.] વિ. અવાજમાં વધારો કરનારું.

નાદવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ધ્વનિ સંબંધી જ્ઞાન.

૨. સ્ત્રી. સંગીતવિદ્યા; ગાવાની કળા.

નાદવિવશ [સં.] વિ. અવાજને વશ બની ગયેલું; અવાજથી મુગ્ધ બનેલું.

> એ જ નાદના છંદ વડે મુગ્ધસ્પંદિત પ્રાણીઓ નાદવિવશ થઈ જઈને પોતાની પુત્રારી બ્હોરી લે છે. આનંદશંકર ધ્રુવાનંદ

નાદવું ૧. અ. ક્રિ. પ્રફુલ્લિત થવું.

૨. સ. ક્રિ. શબ્દ કરવો.

નાદવૃદ્ધિ [સં] સ્ત્રી. પ્રતિધ્વનિ; અનુનાદ; પડઘો.

નાદવ્યૂહ પું. શરીરરચનાના નવ ભાંડેનો એક સમૂહ

નાદશાસ્ત્ર [સં.] ન. ધ્વનિશાસ્ત્ર; શ્રવણશાસ્ત્ર, સુમધુર કે અમધુરમાંના ગમે તેવા સામાન્ય કે વિશેષ નાદની ઉત્પત્તિ, સ્થિતિ, લક્ષણ, વર્ધન વગેરે વિષે વિચાર જે શાસ્ત્રમાં સૂક્ષ્મ રીતે કરવામાં આવે છે તે નાદશાસ્ત્ર વિષેનું પ્રાચીન હિંદુઓનું જ્ઞાન જેવું તેવું નહોતું. સંગીતનો મૂળ પાયો નાદશાસ્ત્ર અને સ્વરજ્ઞાન ઉપર રચાયેલો છે. પ્રાચીન હિંદુ સંગીતની નવીનતા અને સંપૂર્ણતા વિષે અર્વાચીન અભ્યાસકો પણ માનની દૃષ્ટિએ જુએ છે.

નાદશાસ્ત્રી [સં. નાદ + શાસ્ત્રિન્] પું. નાદશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર માણસ.

નાદૈતા સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય ત્રાવીસ ભાંડેની એ નામની પહેલી શ્રુતિ.

નાદ્યા ૧. સ્ત્રી. જમ્પન ભાંડેની એ નામની એક પાર્થિવ તત્ત્વ દેવતા.

૨. સ્ત્રી. મોતેર ભાંડેની એ નામની એક આકાશતત્ત્વ દેવતા.

નાદ્યાકૃતિકર્ષયંત્ર [સં.] વ. સ્વરલેખક યંત્ર.

નાદાત્મક [સં.] વિ. (સંગીત) નાદરૂપ. નાદને લગતું. અમુક રાગ આલાપ સ્વરોથી થાય છે, તેમાંનો અમુક મુખ્ય સ્વર જે અને તેનો વિસ્તાર અમુક આરોહ કે અવરોહ ક્રમે કરી ગવાય છે વગેરે બતાવવું તે નાદાત્મક કે સ્વરાદ્યત્મક સ્વરૂપ કહેવાય છે.

નાદાન ૧. [ફા.] વિ. અજ્ઞાનમાંનું; અજ્ઞાન; ભોટવાડ; અવિચારી.

૨. વિ. મૂર્ખ; ભેવકૂફ.

૩. વિ. સાહસિક; અવિચારી.

૧. નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન સારો = મૂર્ખ મિત્રને કાંઈ સમજણ પડતું નથી, જ્યારે દાનો દુશ્મન બધી બાબત સમજી શકે છે.

૨. નાદાનકી દોસ્તી જીવકા જોખમ = અજ્ઞાનમાંનું મિત્રાચારીથી જીવનું જોખમ થાય છે.

નાદાનતા જુઓ નાદાનપણું.

નાદાનપણું ૧. ન. નાદાનિયત; ભોટવાડી; અજ્ઞાનતા; અજ્ઞાનમાંનુંપણું.

૨. ન. મૂર્ખાઈ; ભેવકૂફી.

૩. ન. સાહસિકતા; અવિચાર.

નાદાનિયત જુઓ નાદાનપણું.

નાદાનિસ્તગી જુઓ નાદાનપણું.

નાદાનિસ્તા [ફા. ના (નહિ) + દાનિસ્તા (જાણેલું)] સ્ત્રી. અજ્ઞાનતા; જાણ ન હોય તેમ.

નાદાની જુઓ નાદાનપણું.

નાદાનુસંધાના [સં.] પું. નાદ સાથે ભેટતાર થવું તે.

નાદાર ૧. [ફા.] પું. એક પ્રકારની તંતુવાદ્યની રમત.

૨. [ફા.] પું. દીવાળિયો; દેવાદાર માણસ.

૩. પું. ફરિયાદ અરજીને બદલે અદાલતમાં કરાવેલી કોઈ અરજી કે ફરિયાદ પૂરતાં સાધનો ન હોય તેવો મનુષ્ય.

૪. વિ. જેની પાસે કાંઈ પણ હોય નહિ એવું; ગરીબ કંગાલ; અકિંચન; નિર્ધન.

૫. વિ. દેવાળિયું; દેવાદાર.

નાદારમુનાસિબ સ્ત્રી. ગરીબાઈના કારણે આપવી મહેસૂલની માફી.

નાદારી ૧. સ્ત્રી. દીવાળિયા હાલત; કોઈ આપી શકાય નહિ એવી હાલત; દીવાળિયાપણું.

૨. [ફા.] સ્ત્રી. દીવાળું.

૩. સ્ત્રી. રંકપણું; ભેવકૂફપણું; નિષ્ક્રિયતાપણું; પાસે કાંઈ ન હોવાપણું; ગરીબી; નિર્ધનતા; દીનાવસ્થા.

૪. વિ. નાદારને લગતું; નાદાર સંબંધી.

નાદારીચિઠ્ઠી સ્ત્રી. કારમી; છુટકારો.

નાદિત [સં.] વિ. અવાજ કરેલું; બજાવેલું; અવાજવાળું.

> પંદાની નાદ કરીને તેમણે દરી દિશાઓ નાદિત કરી. કાલિદાસ

નાદિદેહ પું. નંદી; શિવનો ગણ.

નાદિની સ્ત્રી. (સંગીત) મંદ્રસ્થાનીય ત્રાવીસ ભાંડેની ત્રોજણીસમી શ્રુતિ.

નાદિમ ૧. વિ. પસ્તાનો કરે તેવું; પશ્ચાત્તાપવાળું.

૨. [અ.] વિ. શરમાયેલું; લજ્જા પામેલું.

નાદિયા ૧. [હિં.] પું. પોઠિયો; ગાડાનું વાહન

૨. પું. ભીખ માગતા કેટલાક જોગી પોતાની સાથે રાખે છે તે બળદ. આવા બળદને કોઈ અંગ વધારે હોય છે, જેથી લોકોને નવાઈ લાગે છે.

નાદિર ૧. પું. એક જાતનો શિકારી કાબરી આંબો.

૨. [અ.] વિ. અદ્ભુત; અનોખું; અપૂર્વ; વિરલ; અનુપ.

નાદિરશાહ [ફા.] પું. ઈરાનનો એ નામનો એક ક્રૂર અને પ્રતાપી બાદશાહ. તેણે ઈ. સ. ૧૭૩૮માં દિલ્હીના બાદશાહ મહમદશાહ ઉપર ચઢાઈ કરી હતી અને ઈ. સ. ૧૭૩૯માં દિલ્હીમાં કત્લ ચલાવી હતી. પ્રાતઃકાળથી સૂર્યાસ્ત સુધી કત્લાકાંડ ચલાવ્યો હતો, જેમાં લાખો માણસો માર્યાં ગયાં હતાં.

નાદિરશાહી ૧. સ્ત્રી. આપખુદી; જુલમ.

૨. [ફા.] સ્ત્રી. દિલ્હીમાં નાદિરશાહે મચાવ્યું હતું તેવું અંધેર; જુલમી રાજકારભાર; મહાન અંધેર કે અત્યાચાર.

૩. વિ. નાદિરશાહના જેવું; બહુ ક્રોર કે ઉગ્ર.

નાદિરાત [અ.] સ્ત્રી. અજબપણ પમાડે તેવો બનાવ.

નાદિરી ૧ [ફા.] સ્ત્રી. મુખલ બાદશાહના વખતમાં પહેરવામાં આવતી કિનારી ઉપર કારીગીરીવાળી એક જાતની નંદી. કોઈ કોઈ વાર આ નંદી પોશાકમાં આપવામાં આવતી.

૨. સ્ત્રી. રમવાને સમયે અલગ રાખવામાં આવતું મડદાનું એક પગું.
૩. [અ.] સ્ત્રી. નિરક્ષ હોવાપણું.
૪. વિ. નાદિરશાહ સંબંધી.

નાદિહુંદ ૧. [ફા.] વિ. દીવાલિયું; જેનું નહિ આપનાર.
૨. વિ. ચોર; મધ્યમચુસ.

નાદિહુંદી ૧. [ફા.] સ્ત્રી. કોઈને કંઈ ન દેવાની ઇચ્છા હોવી તે.
૨. સ્ત્રી. ચોરપણું; કપટીપણું.

નાદી ૧. વિ. અભિમાની; તોરી; મિજાજી.
૨. વિ. અવાજ કરનાર.
૩. વિ. ઉદ્ધત; સ્વચ્છંદી.
૪. વિ. જેને નાદ લાગેલો હોય તેવું; ઘંટી; અમુક આપતને અસને ચડેલું; બસની; ઘંટીવું.
૫. [સં. નાદિન્] વિ. નાદવાળું; નાદને લગતું.

નાદીબેદી વિ. માવાનું સ્વરૂપ અને તેની સત્તા જાણનાર અને તેથી માયા અમને શું કરનાર છે એવું અભિમાન રાખનાર.
નાદીબેદી પંડિત પુરાણી, પાખાણ પરમહંસ. મીરો

નાદીરશાહ જુઓ નાદિરશાહ.

નાદીરશાહી ૧. વ. એક જાતનું કાપડ.
આ કાપડ નાદીરશાહે પાણ મર્યું હતું. સુદર્શનમાળા
૨. જુઓ નાદિરશાહી.

નાદુરસ્ત ૧. વિ. બેરવાજબી; અયોગ્ય.
૨. વિ. બોટાળા કારેલું; અવ્યવસ્થિત.
૩. વિ. માઠું; બીમાર.

નાદુરસ્તી ૧. સ્ત્રી. અવ્યવસ્થિતતા; બોટાળા કારેલું હોવું તે.
૨. સ્ત્રી. બેરવાજબીપણું, અયોગ્યતા.
૩. સ્ત્રી. બીમારી; બનારોગ્ય; માંદગી.

નાદેઅલી સ્ત્રી. કુરાનમાંના શબ્દો ઉતરેલો એક જાતનો પથ્થર. તે ક્ષેત્રમાં તારીજ તરીકે પહેરાય છે.

નાદેડ (નાંદેડ) વ. શીખ લોકોનું એ નામનું એક તીર્થક્ષેત્ર. ત્યાં ગુરુ ગોવિંદસિંહની સમાધિ છે.

નાદેય ૧. [સં.] વ. એક જાતનું તૃણ; ઘાસ; ઘાસડો.
૨. વ. નાગરમોથ.
૩. વ. નેતરનો છોડ; અંબુવેતસ.
૪. વ. સિંધાલૂણ સમુદ્રનું મીઠું; સૈંધવ.
૫. વ. સૌવીરાંજન; એક જાતનું અંજન; સુરમો.
૬. વિ. દેવા જેવું; આપવા લાયક.
૭. વિ. નદી સંબંધી; દરિયાઈ.
૮. વિ. નદીનું; નદી સંબંધી; નદીમા થનાર કે બનાર.
૯. [સં. ન (નહિ) + આદેય (લેવા જેવું)] વિ. નહિ લેવા જેવું; અગ્રાહ્ય.

નાદેયિકા ૧. [સં.] સ્ત્રી. ગાજવંજુ વગ.
૨. સ્ત્રી. નારંગીનું ઝાડ.
૩. સ્ત્રી. પાણીમાં પેદા બનાર નેતર.
૪. સ્ત્રી. જોવબાંબળી.
૫. સ્ત્રી. વૈજયંતિકા નામની વનસ્પતિ.

નાદેયી ૧. [સં.] વિ સ્ત્રી. નદી સંબંધી.
૨. જુઓ નાદેયિકા.

નાદેયેરી બીજા વું. કાચલી બીજા અને નારકેલિન ઉપરથી ઉપજતી કાઢેલું એક જાતનું અર્વાચીન તંતુવાદ્ય.

નાદેહંદ જુઓ નાદિહંદ.

નાદોત્પત્તિ [સં. નાદ (અવાજ) + ઉત્પત્તિ (ઉત્પન્ન થવાપણું)] સ્ત્રી. અવાજ ઉત્પન્ન થવો તે
સંગીતનું નાદોત્પત્તિની પહેલાનું સ્વરૂપ અને સાહિત્યનું શબ્દોત્પત્તિ પહેલાનું સ્વરૂપ એ બંને સ્વરૂપે તો જોતે એક રૂપ જ હોય છે.
કા. આ. પરિષદ

નાદોરા ૧. સ્ત્રી. અહલ્યા અને ચાલિયાની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નાદોલ્મિદર્શક ૧. [સં. નાદ (અવાજ) + ઊર્મિ (મોજું) + દર્શક (બતાવનાર)] વ. અવાજથી ઉત્પન્ન થતાં મોજાંઓ જોવાનું યંત્ર; શબ્દકમ્પદર્શક; 'ઓસિલોસ્કોપ.'
૨. વિ. અવાજથી ઉત્પન્ન થતાં મોજાં દર્શાવનારું.

નાદોલતખાહી સ્ત્રી. અદિતેખુપણું.

નાદ્ય ૧. [સં.] વિ નદીનું; નદી સંબંધી.
૨. વિ. વેદમાં બોલવામાં આવતું એક વિશેષણ.

નાધડિયું (નાધડિયું) વિ. નાનું.
હવાં ગામ ન દેજ માય ગામ.
નરસિંહ નાધડિયા ૨. નરસિંહ

નાધડું (નાધડું) વિ. નાનું.
ધરિયો બગલા કેરો વેષ, ચમો રટક નાધડો વેષ.
પ્રેમાનંદ

નાધવું ૧. સ. ક્રિ. આરંભ કરવો.
૨. સ. ક્રિ. ગૂંથવું.
૩. સ. ક્રિ. જોડવું; સાંધવું.

નાધા સ્ત્રી. કૂવા વગેરે જળાશયમાંથી પાણી ખેંચી ખેતરમાં પોરિયા વાટે પહોંચાડવામાં આવતું હોય તેવું સ્થાન.

નાન ૧. પું. વિષ્ણુના સત્તર માહેનો એક અવતાર
૨. સ્ત્રી. દક્ષિણ દિશા
૩. સ્ત્રી. મુસલમાન બાંધવારા તરફથી બનાવાતી દાબ જેવી મોટી રોટી, પાઉ.
નાન વગેરે બાબ પદાર્થોથી ભરેલો થાળ લાવીને મૂક્યો. આદરાઉ બાબર
૪. [ફા] સ્ત્રી. રોટી; ચપાટી.
૫. વ. આર્થિક માણસનો અભાવ
૬. વ. કમીપણું; ઓછપ
૭. વ. પારસીઓમા લગ્ને દિવસે સવારે બપોરે ઘર તથા કન્યાએ કરવાનુ ધાર્મિક સ્નાન.
૮. વ. લાભનું હલકાપણું.
૯. વ સુવાવડમાંથી ઊઠતાં પારસી સ્ત્રીએ સાબારણ સ્નાન કર્યા બાદ કરવાનું ધાર્મિક સ્નાન
૧૦. વ હીણપત; હલકાઈ.

નાનક પું. શીખ સંપ્રદાયના પ્રવર્તક એ નામના એક સંત. તેમનો જન્મ રાવી નદીને કિનારે આવેલ તિલોંડી એટલે હાલના રામપુર ગામમાં સંવત ૧૫૨૬ની કાર્તિકી પૂનમને દિવસે એક ખત્રી કુળમાં થયો હતો. તેમના બાપનું નામ કાલૂ હતું. નાનપણથી જ તે સંસારી બાબતોમાં ઉદાસીન રહ્યા કરતા. એવું કહેવાય છે કે, એક વાર તેમના પિતાએ નમક ખરીદવા માટે તેમને ૪૦ રૂપિયા આપ્યા. તે નમક ખરીદવા ગયા, પણ રસ્તામાં કેટલાક ભૂખ્યા સાધુ મળ્યા, તેથી તેમણે બધા રૂપિયાનું અન્ન ખરીદી તેમાંને અવરાવી દીધું. ગામલોક માટે અયોગ્ય જોઈને તેમના પિતાએ તેમને કપૂરચલા રાજ્યના સુલતાનપુર નામના ગામમા તેમની બહેનને ઘેર મોકલી દીધા. ત્યાનો નવાબ દિલ્હીના બાદશાહ બાબરીય લોદીનો સંબંધી દૌલતખાં નામનો પઠાણ હતો. તેને ત્યાં તે મોદીખાના ઉપર નોકર રહ્યા. ત્યાં પણ તેમણે સાધુને જમાડવા માંડ્યા, જેથી તેમના ઉપર રૂપિયા ઉચાપત કરવાનો આરોપ મૂકવામાં આવ્યો, પણ તપાસ કરતા હિસાબ બરાબર જણાયો. તેમનો વિવાહ સોળ વર્ષની ઉમરે ગુરદાસપુર જિલ્લામાં બટાલો ગામના રહેવાસી મૂલાની કન્યા સુલક્ષ્મી સાથે થયો હતો. તેને હરિચંદ અને લખમીદાસ નામના બે પુત્ર થયા. તે પછી તે મરદાના, લહના, બાલા અને રામદાસ નામના ચાર સાથીઓ સાથે નીકળી પડ્યા અને ઉપદેશ દેવા

દેવા લાગ્યા. તેમનો ઉપદેશ એ હતો કે, ઈશ્વર એક છે અને તેની ઉપાસના હિંદુ મુસલમાન બંને માટે છે. મૂર્તિપૂજા અને બહુ દેવોની ઉપાસનાની જરૂર નથી. હિંદુ અને મુસલમાનો ઉપર તેના ઉપદેશનો પ્રભાવ પડ્યો. ધીમે ધીમે તેમના ઘણા શિષ્ય થયા. લોકોએ તે વખતના બાદશાહ ઇબ્રાહીમ લોદી પાસે ફરિયાદ કરી. ઇબ્રાહીમ લોદીએ બહુ દિવસ તેમને કેદમાં રાખ્યા. જ્યારે પાણીપતના યુદ્ધમાં ઇબ્રાહીમ લોદી હાર્યો અને બાબર બાદશાહ થયો ત્યારે તેમનો છુટકારો થયો. તે પછી તેમની ખ્યાતિ બહુ વધી અને તેમના વિચારમાં પણ ફેરફાર થયો. પોતે વિરક્ત થઈ પોતાના પરિવારવર્ગ સાથે રહેવા લાગ્યા અને દાન પુણ્ય ભંડાર વગેરે કરવા લાગ્યા. જ્યાંપર જિંદગીમાં તેમણે કર્તારપુર નામનું એક શહેર વસાવ્યું હતું અને તેમાં એક મોટી ધર્મશાળા બંધાવી હતી. આ જગ્યાએ સંવત ૧૫૯૬ના આસો વદિ ૧૦ના રોજ તે પરલોકવાસી થયા હતા. તે લોકોનું પવિત્ર સ્થાન છે. કહેવાય છે કે, નાનકને નારદ મુનિએ ઉપદેશ આપ્યો હતો. તે બહુ ઉચ્ચ કક્ષાના સંત હતા અને તેમણે શીખ પંથ ચલાવ્યો. તેમણે સંવત ૧૫૫૬થી શરૂ કરીને પ્રાયઃ ૨૪ વર્ષ સુધી દેશાટન કર્યું. આ દરમિયાન આખું ભારત, લંકા, અરબસ્તાન, ઈરાન, બગદાદ, કંદહાર, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં ભ્રમણ કર્યું અને પોતાના ઉપદેશનો પ્રચાર કર્યો. હિંદી અને ફારસી ભાષાનું બોકુંક જ્ઞાન મેળવી તે હિંદુ તથા મુસ્લિમ ગુરુઓના સહવાસમાં આવ્યા હતા. પોતે જાતે બનાવેલ સ્તોત્ર તે ગાતા. ધર્મની બાબતમાં તેમનો મત કબીરને મળતો હતો. ઈશ્વર એક છે, અનંત છે અને તેની પૂજા સહૃદયથી થવી જોઈએ એમ એમનું માનવું હતું. જ્ઞાતિભેદને એમના શિક્ષણમાં સ્થાન ન હતું. સંસારત્યાગ કરવા કરતાં સંસારમાં રહીને પ્રભુની સેવા વિશેષ યોગ્ય છે એમ તેની અચળ શ્રદ્ધા હતી. તેમણે બતાવ્યું કે ધર્મનું સ્થાન માત્ર શબ્દોમાં, નીતિગ્રંથમાં, બાહ્યાચારમાં કે વેશભૂષામાં જ નથી, પણ તેનું સ્થાન એના જીવનમાં પણ છે કે જે સર્વ પ્રાણીઓ એક સમાન દેખે, નીચ તથા ઉચ્ચમાં, સ્ત્રી તથા પુરુષમાં, ગરીબ તથા ધનવાનમાં સમભાવ રાખે અને બધામાં પરમાત્માનું નામ જપતુ, મદ્યમાંસ છોડી ગુરુની આજ્ઞાનું પાલન કરવું, જીવની હિંસા ન કરવી એ જ ઈશ્વરીય કર્તવ્ય છે એમ તેમનો ઉપદેશ હતો. ભગવાનનું નામ તે જગતના તત્ત્વરૂપી ખજાનાની ચાવી છે એમ તે બોધ આપતા.

નાનકડું (નાનકડું) વિ. નાનું. બચ્ચાં કે બાળ જનાવરો વપરાય છે.

નાનકદેવજી જુઓ નાનક.

નાનકપંથ પું. એ નામનો મહાત્મા નાનકે ચલાવેલો સંપ્રદાય.

> પંદરમા સૈકામાં પંજાબમાં નાનકપંથ પ્રસરવા લાગ્યો. મુ. શા. પરિષદ

નાનકપંથી ૧. પું. નાનકશાહી; શીખ; નાનકનો અનુયાયી.

૨. વિ. ગુરુ નાનકે સ્થાપેલું કે પ્રવર્તાવેલું.

નાનકશાઈ વિ. ગુરુ નાનકે સ્થાપેલું કે પ્રવર્તાવેલું.

નાનકશાહ જુઓ નાનક.

નાનકશાહી ૧. પું. શીખ; નાનકનો અનુયાયી.

૨. વિ. ગુરુ નાનક સાથે સંબંધ ધરાવતું.

૩. વિ. ગુરુ નાનકે સ્થાપેલું કે પ્રવર્તાવેલું.

નાનકસંઈ ૧. સ્ત્રી. એ નામની ભાવાની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. જુઓ નાનકશાહી.

નાનકા ૧. સ્ત્રી. માના બાપનું ઘર; મોસાળ.

૨. ન. લાહોરથી દક્ષિણે ૫૩ માઈલ ઉપર આવેલું એક ગામ; નાનાકુચાન. ગુરુ નાનકનું મોસાળ ત્યાં હતું ને તેમનો જન્મ પણ ત્યાં થયો હતો.

નાનકાના સાહેબ ન. શીખોનું એક મોટું ગુરુદ્વારા. તે ગુરુ નાનક સાહેબની યાદીમાં સ્થપાયું છે.

નાનકાર [ફા.] પું. એક પ્રકારની માફી. તે અનુસાર જમીનદારને કોઈ જમીનની માલગુજારી દેવી પડતી નથી. આ પ્રકારની માફી અયોધ્યાના નવાબોના સમયથી ચાલતી આવી છે. નાનકાર બે પ્રકારનો છે: નાનકાર દેહી અને નાનકાર છસ્સી. જો કોઈ ગામમાં કોઈ જમીનની અથવા તો કોઈ તાલુકામાં કોઈ ગામની માલગુજારીની માફી હોય અને તે માફી તે ગામ કે તાલુકાની સાથે લાગેલી હોય તો તેને નાનકાર દેહી કહેવામાં આવે છે. આ પ્રકારની માફીમાં ગામના દરેક હિસ્સેદારનો હક્ક હોય છે. જો માફી કોઈ ખાસ આદમીના નામથી હોય તો તેને નાનકાર છસ્સી કહે છે. તેમાં હિસ્સેદારોનો હક્ક હોતો નથી, પરંતુ અખત્યારમાં આવી માફીનો ઉપયોગ બહુ કમ થાય છે.

નાનકારી વિ. નાનકાર સંબંધી

નાનકો ૧. જ [;]દી એનું બીજું નામ

> નામ કુંદી વહ્યું નાનકું, ચટકતું
> નેજમુ. નાનકડું. રમિત નમતાં
> ખંજનુ. ભુવ , હાજ અજાણિયુ
> નિનું. દાદુ મકા બમણું.
> પરેશચંદ્ર મેઘાણી

૨. સ્ત્રી. ગુરુ નાનકની બહેન.

૩. સ્ત્રી. છોકરી.

૪. વિ. સ્ત્રી. નાની.

નાનકોન [અં.] ન. એક જાતનું જૂના ફેશનનું સુતરાઉ કપડું. પ્રથમ તે ચીનના નાનકિન નામના શહેરમાં બનાવવું શરૂ થયું, તેથી તેનું નામ નાનકીન પડ્યું.

નાનકુરાન [ફા.] ન. પ્રામાણિકતા; નેકી.

નાનકુલાગ [ફા] ન. એક જાતનું ઘાટા ચાંગેરી.

નાનકું વિ. નાનું.

નાનકો ૧. પું. છોકરો.

૨. વિ. પું. નાનો.

નાનખટાઈ [ફા. નાનખતાઈ] સ્ત્રી. ઘઉંનો, ઘાંડ અને ઘીની મોણવણીથી બનતી એક જાતની મીઠાઈ; નાનખતાઈ.

નાનખતાઈ જુઓ નાનખટાઈ.

નાનડિયું (નાનડિયું) ૧. ન. બાવળ જેવું; છોકરું.

૨. વિ. આતુર; આકળું; ઉતાવળું.

> તમે નંદકુંવર છો નાનડિયા,
> તમે આવો છો હજી ઘડિયા. પ્રીતમ

૩. વિ. નાનું; નાની ઉંમરનું.

નાનડિયો (નાનડિયો) ૧. પું. પુત્ર; દીકરો.

૨. વિ. પું. નાનો; નાનકડો; નાની ઉંમરનો.

નાનડું (નાનડું) વિ. નાનું.

નાનત સ્ત્રી. નામોશી; હલકાઈ.

> નબ હકે જેલાબ નંગરું, નો નાનત છે એહ નરાં.
> રહબાર

નાનપ ૧. સ્ત્રી. કમીપણું; નાના; ઊણપ; ઓછપ

૨. સ્ત્રી. કુટુંબમાં મોટી ઉંમરના માણસનો અભાવ.

૩ સ્ત્રી. નાનપણું; નાનું હોવું તે

૪ સ્ત્રી. બાંધના; ઢોંગ; ઓઢ.

૫. સ્ત્રી હલકાપણું; ઓછપ; નીચપણું.

નાનપગ [ફા] પું. અડિયાગે.

નાનપણી [ફા.] સ્ત્રી. બદમાશનો ધંધો

નાનપણ ન. બચપણ; બાળપણ; નાની ઉંમર.

નાનપર્વેરી સ્ત્રી. લડાઈના કામે આવેલાઓની સ્ત્રીઓને ખાવા આપવામાં આવેલી રકમ.

નાનપણું વિ. નાનકડું.

નાનપાષાડ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંથી એક માર્ગ જતાં કુલેરા અથવા કુનિપુરઘાટ આવે છે.

નાનપુડ પું. રસોયણો; અધિકારો.

નાનપૂરો પું. એક જાતનું વાદ્ય; તંબૂરો

નાનભાઈ પું. રોટી પકાવી વેચનાર માણસ.

નાનમ જુઓ નાનપ.

નાનમમોટપ સ્ત્રી. નાનાઈ અને મોટાઈ; નાનાપણું અને મોટાપણું.

પછી જેમાં પક્ષાપક્ષ કે નાનમમોટપનો પક્ષ કયા રહ્યો? ગાંધીની વાતો

નાનરું વિ. નાની ઉંમરનું; નાની વયનું.

નાનરોખની સ્ત્રી. બીજી ચોપડેલી રોટલી.

નાનલ વિ. નાનું; મોટું નહિ તેવું

નાનલું વિ. નાનકડું;

નાનવડાઈ (નાનવડાર્ય) જુઓ નાનપ.

નાનવા [સં. નાન (રોટી)] પું. રોટલી, દાળ, શાક વગેરે વેચનાર મુસલમાન અધિકારી.

નાનથી [સં. નિધાર] સ્ત્રી. એક જાતનું ધાન્ય. તે ડાંગની એક જાત છે. તેના દાણા દવામાં કામ આવે છે. તે શીતલ, ગ્રાહી, પિત્તહર અને કફકર મનાય છે.

નાનસ ૧ [સં. નક્ષિત્ર] સ્ત્રી. દરિયાઈ ઢાંચો.

૨. [હિ.] સ્ત્રી. સાસુની મા.

નાનસરા [હિ.] પું. પતિ કે પ્રોનો નાનો સાસુનો ભાઈ.

નાનસંગમ ન નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ.

નાનસંગમઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં નાન નામની નદીનો સંગમ થાય છે.

નાના ૧. [અ.] પું. દાદીનો.

૨. પું. મનો બાપ; માતામહ.

૩. વિ. અનેક; પુષ્કળ.

૪. વિ. નાનું; ઓછી વયનું.

૫. વિ. વિવિધ; તરેહતરેહનું; વિધવિધ.

ઋષિઓ બહુધા ગાય, નાના વેદો બહુ બહુ; મુનિમત, ને યુક્તિયુક્ત, બ્રહ્મસૂત્ર પદોમાં તે. કવિવીક્ષા

૬. અ. નહિ.

૭. અ. વિના; સિવાય.

૮. અ. વિવિધ પ્રકારે; અનેક રૂપે.

નાનાઈ જુઓ નાનપ.

નાનાકંદ ૧. પું. ખોખું રતાળુ.

૨. વિ. અનેક મૂળિયાવાળું; પુષ્કળ મૂળવાળું.

નાનાકાર ૧. વિ. વિવિધ આકારનું; અનેક આકારનું; બહુરૂપી.

૨. અ. વિવિધ રીતે કરીને.

નાનાકુબ્બાન ન. ગાદોરથી દક્ષિણે ૬૩ માઈલ ઉપર આવેલ એ નામનું એક ગામ; નાનકા.

નાનાક્ષ [સં. નાના (અનેક) + અક્ષ (ઘરી)] વિ. ઘણી ઘરીવાળું.

નાનાગુણહાનિ [સં. નાના (અનેક) + ગુણહાનિ (ગુણાકારરૂપ ઓછું ઓછું કલ્પ જેમા કલ્પાય તે)] સ્ત્રી. (જૈન) ગુણહાનિઓનો સમૂહ. જેમકે, કોઈ જીવે એક સમયમાં ૬,૩૦૦ પરમાણુઓના સમૂહરૂપ સમયપ્રબદ્ધનો બંધ કર્યો અને તેમાં ૪૮ સમયની સ્થિતિ પડી. તેમા ગુણહાનિઓના સમૂહરૂપ નાનાગુણહાનિ ૬ છે તેમાથી પ્રથમ ગુણહાનિના પરમાણુ ૩૨૦૦, બીજી ગુણહાનિના પરમાણુ ૧,૬૦૦, ત્રીજી ગુણહાનિના પરમાણુ ૮૦૦, ચોથી ગુણહાનિના પરમાણુ ૪૦૦, પાંચમી ગુણહાનિના પરમાણુ ૨૦૦ અને છઠ્ઠી ગુણહાનિના પરમાણુ ૧૦૦ છે. આમાં આઠ આઠ સમયની ૭ ગુણહાનિ છે, તેમજ ૭ સંખ્યા નાનાગુણહાનિનું પરિમાણ ગણાય.

નાનાજાતીય [સં.] વિ. જુદી જુદી જાતનું.

નાનાજ્ઞાન પું. માનો બાપ; નાનો.

નાનાટ્ટ પું. એ નામનો એક કવિ. તે ચંદેરમા થઈ ગયેલ છે. તેણે કેટલાંક કાવ્યોને લઈને વૈરાગ્ય શીખો હતો.

નાનાણું ન. બોંતેર.

નાનાત્મવાદી [સં. નાનાત્મવાદિન્] વિ. સાંખ્ય મતનું

નાનાત્યય [સં.] વિ. જુદી જુદી તરેહનું; અનેક જાતનું.

નાનાત્વ ૧. ન. બહુપણું; અનેકત્વ.

૨. ન. નાનાપણું.

૩. ન. ભેદભાવ; જુદાજુદાપણું.

ત્રિગુણાત્મક જગતનું નાનાત્વ મારવી નિર્બાધ બનેલું દેખાય છે. ગીતારહસ્ય

૪. ન. વિવિધપણું; વૈદિક્ય; નાના પ્રકાર.

નાનાત્વવાદ જુઓ નાનાપદાર્થવાદ.

નાનાધ્વનિ [સં.] પું. એકથી વધારે સ્વરવાળું વાદ્ય.

નાનાપદાર્થસત્તાવાદ પું. નાનાર્થવાદ; અનેકાંતિકવાદ; સૃષ્ટિની એકતા નહિ સ્વીકારનાર મત; દરેક પ્રાણી અને મનુષ્ય પોતાના મનમાં પોતાની સૃષ્ટિ રચે છે એવા સૃષ્ટિ અનેક છે, જેટલાં મન તેટલી સૃષ્ટિ છે એવો મત; 'પ્લૂરલિઝમ.'

નાનાપ્રકાર વિ. જુદી જુદી જાતનું; વિચિત્ર.

નાનાપ્રસવબોધક [સં.] પું પુરુષોત્તમના ઢગર માહેનું એક નામ.

નાના ફડનવીસ (નાના ફડનવીસ) પું. પેશ્વાઈના સમયનો દક્ષિણનો એક મુત્સદ્દી આગેવાન.

નાનાબાત વિ. જાતજાતનું; વિવિધ.

નાનાભાતી વિ. વિવિધ જાતવાળું, જુદી જુદી જાતની જાતનું.

નાનામત [સં] વિ. ભિન્ન ભિન્ન મતવાળું; એકમતથી ઊલટું.

નાનામુદ્ધમહરણ [સં.] પું. પુરુષોત્તમના ઢગર માહેનું એક નામ.

નાનારસ [સં] વિ. અનેક જાતના રસવાળું.

નાનારંગ [સ.] વિ. જુદા જુદા રંગવાળું.

નાનારૂપ [સ.] વિ. વિવિધ આકારનું; વિવિધ રૂપનું; બહુરૂપી; જુદા જુદી જાતનું.

નાનારૂપતા [સં.] સ્ત્રી. જુદી જુદી જાતનું હોવું તે.

નાનારૂપધરિમોહન [સં.] પું. પુરુષોત્તમનાં ઢગર માહેનું એક નામ.

નાનાર્થ ૧. [સં.] વિ. અનેક પ્રકારના અર્થવાળું.

૨. વિ. ભિન્નભિન્ન ફળવાળું, વિવિધ પ્રયોજનવાળું.

નાનાર્થક જુઓ નાનાર્થ.

નાનાર્થવાદ [સં.] પું. સૃષ્ટિની એકતા નહિ સ્વીકારનાર મત; દરેક પ્રાણી અને મનુષ્ય પોતાના મનમાં પોતાની સૃષ્ટિ રચે છે એવી સૃષ્ટિ અનેક છે એવો મત; 'પ્લૂરલિઝમ.'

નાનાર્થવાદી [સં. નાનાર્થવાદિન્] વિ. નાનાર્થવાદમાં માનનાર.

નાનાલાલ પું. પ્રેમભક્તિના નામથી કવિતા લખનાર કવીશ્વર દલપતરામના કવિપુત્ર. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૮માં થયો હતો. તેમની કવિતાથી અને મુખ્યત્વે કરીને તેમના રાસથી તેઓ બહુ લોકપ્રિય થયા છે. મુખ્ય મુનિચરિતના તે એમ. એ. હતા. ઇતિહાસ એમનો પ્રિય વિષય હતો. ત્યારથી

આતામાં બધો સમય કામ કરવાથી તેમણે પોતાની સાહિત્યપ્રવૃત્તિને સારો વેગ આપ્યો હતો. નવી સંસ્કૃતિનાં બાવજી ધારી ઊભર્યા જ્યારે તેમનો આત્મા પ્રાચીનને પૂજનારો હતો તેમણે ગુજરાતી ભોજની પ્રજાના ભુવાન વર્ગની આશા, અભિલાષા અને ઉત્સાહને શુદ્ધ કલામય સાકાર કરી, તે બધાને મારમુગ્ધ કરી નાખ્યો હતો જૂના લોકગીતોમાં બહેનુ રસમગ્ન તેમણે પોતાના કલ્પોમાં ઘાલ્યું છે. મનને રમાડે તેવા, તેમ જ રસમાં તરબોળ કરે તેવા ઘાટો, તેમણે કોમળતા, મધુરતા અને મધુરતાથી ભરેલા ગીત દ્વારા રચ્યા છે. સમપ્રેમના એ રસિક મીમાંસક હતા. તેમની ઉપમાઓ, ઉત્પ્રેક્ષાઓ અને શબ્દાવલીઓ, પ્રત્યેક પદે એવી ચમત્કૃતી પામ્યા છે કે, તેની મોહક ભાત્રે છે. એની મોહક નવીનતાથી અને તેથી મળેલી લોકપ્રિયતાથી એ સખ્ત ટીકાને પાત્ર પણ બન્યા છે. એમણે કરેલું ડોલનવાળું ગદ્યકાવ્ય, અથવા કેટલાક કહે છે તેમ આત્મકથાનું ગદ્ય, અપકાવ્ય તરીકે વખાણ વિરોધનો વિષય બન્યું છે, છતાં એમનાં છંદોબદ્ધ અને ગેય કાવ્યો ઘણાં સુંદર છે, તે માટે બે મત નથી. તેમની લેખનસમૃદ્ધિમાં વસંતોત્સવ, કેટલાક કાવ્યો ભાગ ૧, કેટલાંક કાવ્યો ભાગ ૨જો, ઇંદુકુમારે ખંડ ૧ લો, ૨ જો, રાજરાજેંદ્ર, જયાજયંત, ચિત્રદર્શનો, નહાના નહાના રાસ ભાગ ૧ લો, ૨ જો એટલાં ગુજરાતી સાહિત્યનાં શિષ્ટ સાહિત્યોમાં મધુરાં પદો તેવાં છે. તે સિવાય રાજર્ષિ ભારત, પ્રેમકુંજ, જયવીર અને નૂરજહાં, મેઘદૂત, શાકુંતલ, ગીતા તથા વૈષ્ણવી પોડશ ગ્રંથો જેવા અનુવાદ અને સમસ્લોકી ભાષાંતરો પણ તેમની કૃતિ છે. તેમના ગદ્યલેખસંગ્રહો સાહિત્યમંથન, સંસારમંથન અને ઉદ્બોધન નામે પ્રકટ થયા છે. પ્રેમાનંદ, નર્મદ, દયારામ વગેરે કવિઓની જયંતીઓ ઉપર કરાયેલા તેમના લેખ તેમની રસદૃષ્ટિ અને તેમના દૃષ્ટિકોણની સાખી કરાવે છે. ઉપાની સર્જનમૂળી વાર્તાઓમાં તેમણે ગામની પહેલાંનું સ્નેહસભરનું વર્ણવ્યું છે. નાનાભાઈ કવિ હતા, તેટલા જ કલાધર હતા. રાજકવિ ટેનિસનની સૂક્ષ્મ કલાનો સાક્ષાત્કાર આપણી ભાષામાં કરાવતાં તેમને સારી સૂઝતા મળી છે. પ્રેમ, પ્રકૃતિનું સૌંદર્ય, ઈશ્વરભક્તિ અને કલાનાં નવાં સ્વરૂપો અતિ રમણીય શબ્દોમાં તેમણે ગાયાં છે. તેમની કલ્પના રમણીય છે તેટલી જ વિશાળ, અવનવી અને ઊંચાત છે. સૌંદર્યના કોઈકે અવનવા પ્રદેશો તેમણે નજર સામેથી ખુલ્લા કરે છે. તેમની પ્રેમભક્તિ ગ્રંથમાળા તરફથી નીચેનાં પુસ્તકો પ્રકટ થયાં છે: (૧) કાવ્યો, ગીતો, રાસસમગ્રો: હરિદર્શન, કેટલાંક કાવ્યો ભાગ ૧, ૨, ૩, રાસ ભાગ ૧, ૨, ૩, રાજસૂયોની ગ્રન્થત્રિપુટી, પ્રેમભક્તિ કાવ્યતત્ત્વસિદ્ધિ, ઓજ અને અમર, પાનેતર, વેણુવિહાર, વસંતોત્સવ, દાંપત્યસ્તોત્રો, મહેરામણના મોતી, ગીતમંજરી, સોહાગણ, અમર પથનો યાત્રાળુ, સોક્રિસરાજ, બાળકાવ્યો, કુસુમિની, દ્વારિકાપ્રલય. (૨) નાટકો: ઇંદુકુમાર અંક ૧, ૨, ૩, રાજર્ષિ ભારત, શાહનશાહ અકબરબાદશાહ, જહાંગીર-નૂરજહાં, જયા-જયંત, વિપત્તીતા, સપ્તમિત્રા, પ્રેમકુંજ, પુણ્યકથા, વિજય (૩) આખ્યાનસંગ્રહો: ઉદ્બોધન, મંત્રોચ્ચાર, ગુરુદક્ષિણા, જગત્કાદંબરીઓમાં સાહિત્યવિષ્ટ અર્વાચીનકાલિદાના અનુભવબોલ, મંગલમહોત્સવના સાહિત્યબોલ ભાગ ૧, ૨, મુક્તધર્મનો મહોત્સવ. (૪) ગદ્યલેખો: સાહિત્યમંથન, સંસારમંથન, પ્રસ્તાવમાળા, ચિત્રદર્શનો, સ્વાતિસત્રપર્વની વિજ્ઞપ્તિવલી. (૫) સમસ્લોકો ભાષાંતરો: શ્રીમદ્ ભગવદ્ગીતા, શકુંતલાનું સંસ્કારરૂપ, વૈષ્ણવી પોડશ ગ્રંથો, ઉપનિષદ્પંચક, મેઘદૂત, શિક્ષાપત્રો. (૬) નવલો: ઉષા, સારથી, પંખડીઓ (૭) કુરુક્ષેત્ર મહાકાવ્ય. (૮) જીવનચરિત્રો: કવીશ્વર દલપતરામ ભાગ ૧, ૨, ૩, આપણાં સાક્ષરરત્નો ભાગ ૧, ૨. (૯) પ્રેમભક્તિ-શિક્ષણમાળાઃ બાલવાર્તા ગુજરાતી બાલરત્ન, બાલવાર્તા ઊર્મિકા બાલરત્ન, બાદી કસરતના ૬૪ દાવ, ગુજરાતની ભૂગોળ, કાઠિયાવાડની ભૂગોળ. કવિ નાનાલાલના અપ્રસિદ્ધ કાવ્યો નીચે મુજબ છે: સમગ્ર મહાકાવ્ય કુરુક્ષેત્ર, શ્રી કપૂરદેવ, જયદ્રથવધ, વિચારણા ભાગ ૧, ૨, ધર્મમંથન ભાગ ૧, ૨, મહાકાવ્ય મહોત્સવ, પ્રાચીન ગુજરાતની વાતો.

નાનાલીલાવિશારદ [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાવતારકર્તા [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાવર્ણ ૧. કું. અનેક પ્રકારનો રંગ.
૨. [સં.] કું. બાહ્યસૃષ્ટિ અનેક વર્ણ.
૩. વિ. અનેક પ્રકારના રંગવાળું; વિવિધ રંગનું.
૪. વિ. બાહ્યસૃષ્ટિ અનેક વર્ણવાળું; જુદા જુદા વર્ણનું.

નાનાવાક્યવિશારદ [સં.] કું. પુરુષોત્તમના કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાવિધ ૧. [સં.] વિ. અનેક પ્રકારનું; જુદી જુદી રીતનું.
જગતમાં કર્મ, કર્તા, બુદ્ધિ વગેરે સર્વ વિષયે ગુણભેદે કરીને નાનાવિધ છે. મીમાંસકસ્વ
૨. અ. જુદી જુદી રીતે; અનેક પ્રકારે

નાનાવિધગતિપ્રદ [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાવિભૂતિલીલાદ્ય [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાવિભૂતિવક્તા [સં] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાશંકાનિવારક [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાશાસ્ત્રવિધાયક [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાસપ્તર્ષિ કું. (જ્યોતિષ) સાત તારાનું એ નામનું એક નક્ષત્ર.
આ સાત તારાની આકૃતિ લગભગ સપ્તર્ષિ જેવી જ હોવાથી તેને કેટલાક નાનાસપ્તર્ષિ કહે છે. આકાશદર્શન

નાનાસાહેબ કું. હિંદી પ્રજાના ઈ. સ. ૧૮૫૭ના અસંતોષ વખતે વર્ષ સવેલ એ નામનો એક આગેવાન.

નાનાસિદ્ધાંતગમ્ય [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનાસૃષ્ટિપ્રવર્તક [સં.] કું. પુરુષોત્તમનાં કલ્પદ્રુ માંહેનું એક નામ.

નાનિયાળ ન. મોસાળ; મામાનું ઘર.

નાનિહાલ [હિં.] ન. નાનીનું ઘર; નાના નાનીને રહેવાનું સ્થાન; મોસાળ.

નાની ૧. સ્ત્રી. માની માઃ માતામહી.
નાનીનું ઘર = આરામ લેવાનું સ્થળ.
૨. જ. એક જાતનું ઘરમારતી લાકડું.

નાની અરણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નરવેલ. તેનાં પાન નાનાં, લાંબા અને કાંટાવાળાં હોય છે. પાનની વાસ સુગંધયુક્ત હોય છે. વેલાની પેઠે તેની ડાળીઓ ચાંચરે છે. તેનાં પાનની અટણી થાય છે. વળી તે ઝાડ અને દવાના ઉપયોગમાં આવે છે. સ્તનમાં દૂધ આવવા માટે તેની ભાજી કરી ખવાય છે.

નાની કરેડી (નાની કરેડી) સ્ત્રી. એક પ્રકારનું ઘાસ. તેનો એક હાથ એક ઊંચો થાય છે. તેનાં ફૂલની ઝમરી દરિયાઈ રંગની હોય છે.

નાની કાવળી સ્ત્રી. ઉપરસાળની વેલ.

નાની ગોરખમૂંડી સ્ત્રી. એ નામની લહેરેખાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

નાની ભાષાનીજ જી. એક જાતની ભરાણી. ને આડી બંધે છે. એક મણે ૨૭ શેર દાણાનો ઉતાર થાય છે. દાણો નાનો ને કોનકું હલકુ હોય છે પાલો કસદાર હોવાથી ઢોર વધારે ખાય છે.

નાની ભમઘાડ (નાની ભમઘાટ) જી. એક પ્રકારની તલવાર

નાની ઢોડી જી. ભાઈના વેલા જેવો એક પ્રકારનો વેલો. તેની ઝાડી સિંગોનું શાક થાય છે

નાની પ્રાગમણ જી. એક પ્રકારનું ઝાડ. તેના ફળ પાકે ત્યારે ખટમધુરા લાગે છે તેનું તરબત કરે છે

નાની પાટલી જી. ઘરીને બારે હળવી કરવા માટે મોટી પાટલી નાંખે રાખવાની નાની પાટલી પાટલીરૂપ કાચર

નાની પીપલુડી (નાની પીપલુડી) જી. એક જાતની વનસ્પતિ; ઔષધી.

નાનીબેન જી. પુત્રવધૂ; દીકરાની વહુ. નાગરમા આ પ્રમાણે બોલાય છે.

નાનીમિલ્ક કું. એ નામની એક જાતના ચોખા.

નાનીવાડી (નાનીવાડી) જી. ટેટ ઘોડ. મોટા પથમાં ટેટ ઘોડને નાનીવાડી કહે છે.

નાની વેઠ જી. ટૂંકે પલ્લે જતી વેઠ.

નાનીશરીક વિ. જી. નાની સરખી; ઝીણી.
પ્રભુએ મને નાનીશરીક વાચ આપી છે.
હરગોવિંદદાસ કાંટાવાળા

નાની હરડે (નાની હરડે) જી. હીમજ.

નાનુકર [હિં.] કું. કનકાર જવું તે; કબુલ નહિ કરવાપણું.

નાનુષ્ઠેય [સં. ન (નહિ) + અનુષ્ઠેય (આચરવા જેવું)] વિ. આચરવું નહિ કરવા જેવું.

નાનું ૧. [સં. ન્યૂનક-ણરઙઉ—ન્યૂનઉ—ન્યૂનુ-નાનું] વિ. આપણે કે કબ્જતમાં કમ, અપ્રતિષ્ઠિત; ઊતરતું.

૨. વિ. ઉમર કમ જોવું; ઓછી ઉમરનું.

૧. નાનપથી મોટું થવાય = ધીમે ધીમે આગળ વધાય. નાનાને પણ સાભળવું જોઈએ એવા અર્થમાં પણ વપરાય છે.

૨. નાનાં છોકરાની રમત = કષ્ટ રમત કામમાં વધ કરે એવું સહેલું કામ.

૩. વિ. ગુલાન; તરુણ.

૪. વિ. ઝીણું; બારીક.

૫. વિ. ટૂંકું; લાંબું નહિ એવું.

૬. વિ. ઓછી મહેનતનું અને ઓછો વખત લાગે એવું.

૭. વિ. નાજુક; સુકુમાર, કોમળ

૮. વિ. નીચું; ઊંચું નહિ એવું.

૯. વિ. સંકોચ, ભોગાપણું અને વિસ્તારમા કમ એવું; કદમાં બાબત.

૧. નાનું કાણું મોટું વહાણ કુબાડે = નાનાની ઉપેક્ષા મોટો મેગ્યાપ કરે; કોઈની પણ ક્ષોડ; અકપ્રસંગી અભાવ રહેવું નહિ.

૨. નાનું મોટું કરતાં સમૂળગા રહ્યા = કોઈ બાબતમાં કશું કોગાણ કરવું નહિ.

૩. નાને મોંએ બોલવું-મોટી વાત કરવી = નાના બાળકોએ મોટી વાત કરવી.

૪. નાનો પણ રાઈનો દાણો = નાનામા પણ તાકિત હોય છે. નાનું જાણીને ઉપેક્ષા કરવી નહિ

૧૦. વિ. વજનમા હલકું, ભારે નહિ એવું

૧૧. વિ. સાધારણ; સામાન્ય.

૧૨ વિ. હલકું; ઊતરતું

૧. કામકાજ કરવાથી નાના બાપનું થવાનું નથી = કામ કરવામાં શરમ આવવી ન જોઈએ.

૨. નાના બાપનું = નીચા કુળનું

નાનું આંતરડું (નાનું આતરડું) ન ઓડરીના જમણા ઉદરથી મોટા આતરડા સુધીનો પુષ્કળ ગૂંચળાવાળો ૨૫ થી ૩૦ ફૂટની લબાઈનો નળ, તેના ત્રણ ભાગ છે. પહેલા ભાગની લંબાઈ ૬ફના આઠ ફૂટ હોયની છે અને તેમા પિત્ત અને પાંસમોળરસની નળીઓ મળે છે. નાના આંતરડાનો બાકીનો ભાગ પેટનો મોટો ભાગ રોકે છે આ આતરડું ત્રણ પડનું બનેલું છે. બાહ્ય પડ રસપડનું છે, જે તેને ઉપરે છે એટલું જ નહિ પણ પાચળ કરીને જાળી રહી તેને પોતાના સ્થળમા રાખે છે. મધ્ય પડ રનાયુના બાના તેમજ પરિપમા આવેલા સોળ તાતણાનું છે. તેના સકોચનથી તેની અંદરના પદાર્થ આગળ ધકેલાય છે. અંદરનું પડ શ્લેષ્મ.વરણનું છે, જે નાનાં મોટાં પુષ્કળ પડવાળું છે.

નાનૂંક વિ. ઘેક નાનું; બાલ નાનું.

નાનુંજાંગ વિ. નાની ઉમરનું.

નાનુંધાપું ન. બાળકની નાબ.

નાનું બોલું ન. નાનું મબજ; બબજનો એક બાગ; અનુબરતક.

નાનું રીંછ ન. (જ્યોતિષ) ઉત્તર ધ્રુવ પાસેનું એ નામનું એક નક્ષત્ર.
ઉત્તર ધ્રુવ પાસેના બે પરિચિત નક્ષત્રો નાનું રીંછ અને મોટું રીંછ કરી ઓળખાયાં છે.
મુ. ગ્રા. પરિષદ

નાનુંશીક વિ. કદ બાબતે ઉમરમાં બાબક સરખું.

નાનુંશીકડું (નાનુંશીકડું) વિ નાનું સરખું નાનકડું.
વિકાસ એ નાનુંશીકડું વાક્ય સમજવાનું છે.
કેળવણીવાક્ય

નાનું સું વિ નાનુંશીકડું; નાનું સરખું.
ત્યાં તેણે ચારિત્રજ નામનું નાનુંસું ઔષધ બનાવ્યું. ઝવેરચંદ મેઘાણી

નાનુંસૂનું વિ જેવુંતેવું, નજીવું, સાધારણ, ઉપેક્ષા કરવા જેવું.

નાનૂ [કા] ન. ઢાલકું. બાળકને સુવાડવી વખતે બનાવે છે

નાનેટા ન સર્પના બચ્ચાનું એક જાતનું ઝાંખું ઝેરી પ્રાણી. મોટા બાળક તે કાંઈક ભારે અને ઊભરે બહુ જ પાતળું, ચુમારે બદીક હાથ લાંબું, કાળાશ પડતા રંગનું અને ડાક ઉપર જમામાં બહું ચળકા હોય છે.

નાનેરું વિ. નાનું; ઘણું નાનું; નાનકડું. આ શબ્દ વહાલસૂચક છે.
મોટો થઈ જે કોઈ હાથી બંધાશેજો,
નાનેરો ઘોડે અસવાર. ઝવેરચંદ મેઘાણી

નાનેલ ન. એક જાતનું ઝાડ. તેને સુગંધી પીળાં ફૂલ આવે છે.

નાનો કું. મામો બાપ; માતામહ.

નાનો અર્જુન કું. (પિત્તળ) એક અન્યદેશીય વૃક્ષનિળ છાલ. આ છાલ ઔષધિનો ઉપયોગ છે. સામાન્ય રીતે તેના પદેશા અને ભીતર પડમાં આઠ આઠ વર્ષનું હોય છે, પરંતુ કોઈ વખત પદેશા પડમાં ૭ વર્ષનું પણ આવે છે. આ ઝાડના બહુ પ્રકાર છે. વર્ષની મોટાઈ બધેમાં જુદી જુદી હોય છે.

નાનો બુઢાણ કું. (વહાણવટું) ખલાસીઓની બોલી: 'નીચ ટાઈટ.'

નાનોબ્બો કું. જુવાન માણસોનો સમુદાય; જુવાનોનો સમુદાય.

નાન્ય જુઓ નાન્યતર.

નાન્યતર [સં.] વિ. (વ્યાકરણ) નર, નારી એમાંથી કોઈમાં નહિ એવું; નપુંસકલિંગનું; વ્યાકરણ પ્રમાણે નરજાતિ કે નારીજાતિમાં ન હોય એવું.

નાન્યાસુસર [હિં.] કું. સાસુનો બાપ.

નાબ ૧. [હિં.] વિ. નાનું; લઘુ.

૨. વિ. બીબ; લઘુ.

૩. વિ. પાતળું; બારીક.

નાન્હા [હિ.] પું. બાળક; દીકરો.

નાપ ૧. [હિ.] સ્ત્રી. કોઈ વસ્તુનો વિસ્તાર નક્કી કરવા માટે માપ તરીકે નક્કી કરેલી કોઈ સંખ્યા

૨. સ્ત્રી. માપદંડ; માપવાનું સાધન.

૩. સ્ત્રી. માપ; પરિમાણ

૪. સ્ત્રી. માપવાની ક્રિયા.

નાપદ [સં.] વિ. નાદાખ્ત; અસ્તિત્વમાં ન હોય એવું; અવિદ્યમાન.

નાપજોખ [હિં.] ન. માપવું અને જોખવું તે.

નાપતું વિ. લાયક પડે નહિ એવું.

નાપનોંધ ૧. [હિં] સ્ત્રી. માપથી કે જોખથી સ્થિર કરેલું પરિમાણ કે માત્રા.

૨. સ્ત્રી. માપવું અને જોખવું તે.

નાપદીદ [સં.] વિ. અદશ્ય; છુપું.

નાપરહેજગાર [સં.] વિ. નઠારા કામથી દૂર ન રહેનાર; પાપી; અસંયમી.

નાપસું વિ. ના પાડનારું; ના કહેનાર.

નાપવિદ્યા [હિં.] સ્ત્રી. માપણી સંબંધી શાસ્ત્રીય ક્ષેત્રવ્યવહાર; 'સેન્સ્યુરેશન.'

નાપવું ૧. સ. ક્રિ. અંદાજ કરવો; તોળવું.

૨. સ. ક્રિ. ન આપવું

૩. સ. ક્રિ. માપવું; માપ લેવું.

નાપસંદ ૧. વિ. નામંજૂર; અમાન્ય; અસ્વીકાર્ય.

૨. [સં.] વિ. પસંદ નહિ એવું; સારું ન લાગે એવું; રુચતું ન હોય એવું; અપ્રિય; અરુચિકર; અણગમતું.

૩. વિ. રદ કરેલું.

નાપસંદગી ૧. [સં.] સ્ત્રી. પસંદ નહિ પડવું તે; અપ્રસન્નતા; અરુચિ; અણગમો; અપ્રિયતા; અણગમો

૨. સ્ત્રી. માન્ય ન કરવું તે; અસ્વીકાર; નામંજૂરી.

૩. સ્ત્રી. ફરમાવવું તે.

નાપસંદી સ્ત્રી. અકૃપા; મહેરબાની ન હોવાપણું.

નાપસંદીદા વિ. ન ગમે એવું; અપ્રિય.

નાપાક ૧ [સં.] વિ અપવિત્ર; ભ્રષ્ટ; અશ્રદ્ધ; અશુચિ; અશુદ્ધ.

તે સ્ત્રીના હાથ નાપાક હોવા = સ્ત્રી અડકાવવાળી હોવી.

૨. વિ. દોષી; પાપી.

૩. વિ. મેલું; ગંદું.

નાપાક નજર સ્ત્રી. બૂરી દાનત; ખરાબ ઇરાદો.

નાપાકી ૧. સ્ત્રી. અસ્વચ્છતા; ગંદકી.

૨. [સં.] સ્ત્રી. અશ્રદ્ધા; અપવિત્રતા; અશુદ્ધતા; નાપાક હાલત.

૩. સ્ત્રી. દોષ; પાપ.

નાપાયદાર ૧. જે રદ કે મંજૂર ન હોય એવું.

૨. [સં.] વિ. જાતા વજરનું; ક્ષણભંગુર. ક્ષણિક; નાશવંત; આધાર વગરનું; અપ્રતિષ્ઠ.

નાપાયદારી ૧. [સં.] સ્ત્રી. અદ્દતા; મંજૂર ન હોવાપણું.

૨. સ્ત્રી. ક્ષણભંગુરતા; ક્ષણિકતા; અસ્થિરપણું

નાપાયાદાર જુઓ નાપાયદાર.

નાપાયાદારી જુઓ નાપાયદારી.

નાપાયેદાર જુઓ નાપાયદાર.

નાપાયેદારી જુઓ નાપાયદારી.

નાપાસ ૧. વિ. નાપસંદ

૨. વિ. નામંજૂર; અસ્વીકૃત.

૩. વિ. પાર નહિ પામેલું; પાર નહિ ઊતરેલું, પસાર નહિ થયેલું; હારી ગયેલું; પાછું પડેલું; કસોટી નહિ થયેલું.

નાપાસ થવું = પાર નહિ જવાનું; પસાર ન થવાનું; કસોટીમાં નહિ ઊતરવું.

નાપાળ ૧. સ્ત્રી. આહલ્યની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નાપિક પું. હજામ; વાળંદ; ભંગલે.

એક નાપ ને બીજો રાપ;
ત્રીજો નાપિક ચારે પાપ. કામત

નાપિકણી સ્ત્રી. હજામડી; વાળંદણ; ભંગણ; નાપિકની સ્ત્રી.

ગામમાં નાપિકણી એક,
કુકમ જોવતું તેને નેક. કામત

નાપિગ જુઓ નાપિક.

નાપિગાર [સં.] વિ. ગંદું; મેલું.

નાપિણી જુઓ નાપિકણી

નાપિત [સં.] પું. હજામ; ભંગલે; વાળંદ; નાપી; નાપિક. ધર્મશાસ્ત્રોમાં નાપિતની ગણના સારા શૂદ્રોમાં છે. સ્મૃતિઓમાં નાપિતને સંકર જાતિની અંતર્ગત માનવામાં આવેલ છે. પરાશર સ્મૃતિમાં કહ્યું છે કે, શૂદ્રના ઔરસથી આહલ્યા દ્વારા ઉત્પન્ન થયેલ સંતાનનો આહલ્યા દ્વારા સંસ્કાર ન થયેલ હોય તો તે નાપિત કહેવાય છે. પણ પરશુરામ અનુસાર કુબેરની પુત્રી અને પટ્ટિકારી સ્ત્રીના સંયોગથી નાપિતોની ઉત્પત્તિ થઈ છે. મનુએ નાપિતોની ગણના ભોજનાલય શબ્દોમાં કરી છે. સૂતસંહિતામાં કહ્યું છે કે આહલ્યા નિષાદ સાથે જોડાતાં નાપિત જન્મે છે.

નાપિતશાલા [સં.] સ્ત્રી. હજામની દુકાન.

નાપિતશાળા જુઓ નાપિતશાલા.

નાપિતહાટ જુઓ નાપિતશાલા.

નાપિતાયનિ [સં.] પું. હજામનો પુત્ર.

નાપિતી [સં.] સ્ત્રી હજામડી; ભાવજ્ઞા વાળંદિયાણી; નાપિતની સ્ત્રી.

નાપિત્ય [સં.] ન. હજામપણું; વાળંદનું કામ.

નાપી જુઓ નાપિત.

નાપૂડો (નાપૂડો) પું. હરપળીએ દરેક કામમાં ના પાડનાર માણસ.

નાપુરવાર વિ. સાબિત નહિ થયેલું.

નાપેકાર ૧. વિ. પાપી; દુષ્ટ.

૨. [સં.] વિ. બેશરમ; નિર્લજ્જ.

નાપૈદ ૧. વિ. ન મળે તેવું; અપ્રાપ્ય.

૨. વિ. નહિ જન્મેલું; નાહસ્તાલ.

નાપૈદા જુઓ નાપૈદ.

નાફે (નાફે) ૧. [સં.] સ્ત્રી. ડૂંટી; નાભિ.

૨. સ્ત્રી. મધ્યભાગ.

૩. સ્ત્રી. વિલાયતી વજરની બારીનું બંધ.

નાફેરમાન ૧. ન. પૈસા કેમનું એક જાતનું કૂલ.

૨. (નાફેરમાન) [સં.] વિ. આજ્ઞા પ્રમાણે નહિ વર્તનાર; હુકમનો અનાદર કરનાર; હુકમને તાબે નહિ થનાર; અનાજ્ઞાંકિત; અવજ્ઞા કરનાર.

નાફેરમાની (નાફેરમાની) ૧. [સં.] સ્ત્રી. હુકમ નહિ માનવો તે; હુકમને તાબે ન થવું તે; આજ્ઞાભંગ; અવજ્ઞાપના; અનાદર; અવજ્ઞા.

૨. વિ. બંબુદ્ધિના જેવું.

નાફેહમ (નાફેહમ) [સં.] વિ. અણસમજુ; મૂર્ખ.

નાફેહમી (નાફેહમી) [સં.] સ્ત્રી. મૂર્ખતા.

નાફેા (નાફેા) ૧. [સં.] પું. કસ્તૂરી મૃગની નાભિમાંની કસ્તૂરીની કોથળી; મૃગમદકોશ.

૨. પું. આમલાની કોથળી; મલક.

નાફિઝ (નાફિઝ) ૧. [અ.] વિ. જાહેર પાડેલું; પ્રસિદ્ધ કરેલું.

૨. વિ. હુકમબજાવક; અમલદારક.

નાફી (નાફી) [અ.] વિ. ઇનકારકાર; ઇન્કારી.

નાફે વિ. ઉપયોગી; કામનાનક.

નાફેમુરક (નાફેમુરક) [સં.] સ્ત્રી. કસ્તૂરી.

નાઇરવાદ પું. ન કેળવવું એવો મત.

નાઇરવાદી ૧. પું. નાઇરવાદમાં માનનાર માણસ.

૨. વિ. નાઇરવાદમાં માનનાર

નાઇલ ૧. [અ.] પું ઇનામ; ' ઇનામ ટ્રસ્ટ.'

૨. [સં.] પું. વહેલ-નો ધોરિયો.

૩. વિ. પવિત્ર. શુદ્ધ

નાઝકાર ૧. [ફા.] વિ દુષ્ટ; ખરાબ.

૨ વિ. નકામુ.

નાઝદચૂર્ણ ન. ડાબોટાની ખાંડ.

નાઝદાન [ફા] સ્ત્રી. અત્તર; મેલું પાણી વગેરે નાખવાનો ધોરિયો.

નાઝદી સ્ત્રી. સાકર

નાઝર ૧. પું (જરથોસ્તી) નાવર; નવદીક્ષિત જરથોસ્તી ધર્મગુરુ.

૨. વિ. દિલ ઊઠી ગયેલું; ઉન્નત વગરનું.

નાઝર જીવન પું. (જરથોસ્તી) નાવરની માફક જિંદગી ગુજારનાર માણસ; ધર્મગુરુ તરીકેની દીક્ષા આપતાં. વખતે પાળવાની બધી ક્રિયા આખી જિંદગી પાળનાર પુરુષ.

નાઝરિયા ન. સંવત ૧૧૧૭માં રાણે રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્ત સૂરિજીએ રચાપેલ ઓસવાળ વંશનું એ નામનું એક ગોત્ર.

નાઝાર ૧. સ્ત્રી. મરાઠાની એ નામની એક અટક.

૨. ન એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નાઝાલિક જુઓ નાઝાલિગ.

નાઝાલિગ [ફા. નાઝલિક] વિ. ગમીર; ગમદાની દૃષ્ટિએ નાની ઉમરનું. કાયદામાં કોઈ બાબત માટે ૨૧ વર્ષ અને કોઈ બાબત માટે ૧૮ વર્ષથી ઓછી અવસ્થાના મનુષ્યને નાઝાલિગ સમજવામાં આવે છે.

નાઝાલિગી [ફા. નાઝાલિકી] સ્ત્રી. ગમીર અવસ્થા; ગમીર વય.

નાઝાલિગ જુઓ નાઝાલિગ.

નાઝાલિકી જુઓ નાઝાલિગી.

નાઝીના [ફા. ના (નહિ) + બીના (જોનાર)] વિ. ન જોઈ શકે તેવું; આંધળું; આંખે અાંધળું.

નાઝીનાઈ [ફા.] સ્ત્રી. આંધાપો.

નાઝૂદ [ફા. ના (નહિ) + બૂદ (હતું)] વિ. બેદાનબેદાનું; જમીનદોસ્ત; પાયમાલ; નષ્ટ; ધ્વસ્ત; સમૂળો નાશ કરેલો હોય તેવું; હયાતી નહિ બરાબરનું; નિર્મૂળ.

૧. નાઝૂદ કરવું = નિર્મૂળ કરવું; જાણે હોય જ નહિ એવું કરી નાખવું

૨. નાઝૂદ થવું – નષ્ટ થવું, નાશ પામવું.

નાઝૂદી [ફા.] સ્ત્રી. સાર નાશ; પાયમાલી, નિર્મૂળપણું; સમૂળ ક્ષય; બરાબરી; ઉચ્છેદ.

નાઝ ૧. પું. અક્કોનો એક સંહાર.

૨. પું. પૈડાનો મધ્ય ભાગ. તેમાં ધરી રહે છે.

૩. પુ. પ્રાચીન હિંદના લોકોની એ નામની એક જાત.

નાભપક્તિ એટલે નાભ લોકોનો સંઘ હોય.
હિંદુસભ્યતા

૪ પું મધ્ય ભાગ; કેંદ્ર.

૫ પુ વિષ્ણુ.

૬ [સં પુ સૂર્યવંશી અંબરીષ રાજાનો એ નામનો એક પુત્ર

૭. [સં. નાભિ] સ્ત્રી. દુંડી; નાભિ.

૮. ન. એ નામની જાતનું માણસ.

૯. ન. નાવ; હોડી

૧૦. વિ. એ નામની જાતનું.

નાભક ૧ પુ એ નામના પ્રાચીન હિંદના એક જાતના લોકો.

૨. [સં] પું. હરીતકી; હરડે

૩. ન. અશોકના વખતનું એ નામનું એક રાજ્ય

નાભપંક્તિ ૧. સ્ત્રી અશોકના વખતનું એ નામનું એક રાજ્ય.

૨. સ્ત્રી. નાભ લોકોનો સંઘ.

નાભસ ૧. પું (પિંગલ) એક જાતનો સમવૃત્ત અર્ધમેત્ર છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ આવે છે.

જગણ સગણ ગા રચ તું નાભસે. રત્નાવલિ

૨. ન. જ્યોતિષમાં દર્શાવેલ શરીરનાં ૭ મોટાં એ નામનું એક ચક્ર. જ્યોતિષમાં પાર્શ્વિક, આપ્ય, આનય, યામ્ય, નાભસ અને માનસ એમ ૭ ચક્રનાં નામ આપ્યાં છે.

૩. [સં.] વિ. આકાશીય; સ્વર્ગીય.

નાભા પું. એ નામનો એક ભક્ત. તેનું નામ નારાયણદાસ હતું. દક્ષિણ દેશમાં ક્રોમ જાતિમાં તે ઉત્પન્ન થયો હતો. ભક્તમાલના કેટલાક ટીકાકારોએ લખ્યું છે કે, તેનો જન્મ હનુમાન વંશમાં થયો હતો. મારવાડી ભાષામાં ક્રોમ શબ્દનો અર્થ હનુમાન થાય છે, કદાચ એટલા માટે ટીકાકારોએ તેને હનુમાનવંશીય લખેલ હશે. પણ ભક્તમાલમાં લખ્યું છે કે, તૈલંગ દેશમાં ગોદાવરી નદીને ઉત્તરતટ બ્રહ્માચલ પર્વત ઉપર રામદાસ નામનો એક બ્રાહ્મણ હનુમાનજીનો અંશાવતાર રહેતો હતો. તેનો આ નાભા પુત્ર હતો. તે જન્મથી અંધ હોવાનું કહેવાય છે. નાનપણમાં જ તેના પિતા મુજરી ગયા હતા. જ્યારે તેની ઉમર પાંચ વર્ષની હતી, ત્યારે તેના દેશમાં ઘોર દુકાળ પડ્યો. માતા તેનું પોષણ ન કરી શકવાથી તેને વનમાં મૂકી ચાલી ગઈ. કીલ્હજી પોતાના શિષ્ય અગ્રદાસની સાથે ત્યાંથી નીકળ્યા. તેમણે તે બાળક ઉઠાવી લીધું અને તેને જયપુર પાસે સલતા નામના સ્થાને લઈ ગયા. ત્યાં મહાત્માઓની કૃપાથી અને સાધુઓના પ્રસાદ ખાતાં ખાતાં તેની આંખ પણ સારી થઈ ગઈ અને બુદ્ધિ પણ નિર્મળ થઈ ગઈ. પોતાના ગુરુ અગ્રદાસની આજ્ઞાથી તેણે ભક્તમાલ લખ્યું, જેમાં અનેક નવા જૂના ભક્તોનાં ચરિત્રો વર્ણવેલ છે. આ ગ્રંથ સંવત ૧૧૪૨ અને ૧૧૮૦ની વચ્ચે લખાયાનું અનુમાન થાય છે.

નાભાકકાપૂત્ર [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૩૬થી ૪૨ સૂક્ત રચનાર એ નામનો એક ઋષિ.

નાભાગ ૧. [સં] પું માર્કંડેય પુરાણ પ્રમાણે કારુષ વંશના દિષ્ટ નામે રાજાનો એ નામનો એક પુત્ર. તેની કથા તે પુરાણમાં એમ છે કે, જ્યારે તે ગુરુવાસ્તાએ પહોંચ્યો, ત્યારે એક વૈશ્યની કન્યાને જોઈને મોહિત થઈ ગયો અને તે કન્યાના પિતા દ્વારા પોતાના પિતાની વિવાહ માટે આજ્ઞા માગી. ઋષિઓની સંમતિથી પિતાએ આજ્ઞા આપી કે, પહેલાં કોઈ ક્ષત્રિય કન્યા સાથે વિવાહ કર્યા બાદ વૈશ્ય કન્યા સાથે વિવાહ કરો તો કોઈ દોષ નથી. નાભાગે પિતાની વાત માની નહિ. પિતા અને પુત્ર વચ્ચે યુદ્ધ થયું અને પરિણામે મુનિએ તે યુદ્ધ શાંત કર્યું. નાભાગ વૈશ્ય કન્યાનું પાણિગ્રહણ કરવાથી વૈશ્યત્વને પામ્યો. પ્રમતિ મુનિએ નાભ સાથે એવી વ્યવસ્થા કરી હતી કે જો કોઈ ક્ષત્રિય તેની કન્યા સાથે ગન્ધર્વપૂર્વક વિવાહ કરશે તો તેનું વૈશ્યપણું છૂટી જશે. ઉપરોક્ત નાભાગ પણ આ રીતે કરી ક્ષત્રિય થયો.

૨. પું. (પુરાણ) વાલ્મીકિના જણાવવા પ્રમાણે ઇક્ષ્વાકુ વંશના વૈવાતિ રાજાનો એ નામનો એક પુત્ર. નાભાગનો પુત્ર અજ અને અજનો પુત્ર દશરથ હતો. રામાયણની વંશાવળી પ્રમાણે અંબરીષ રાજા નાભાગનો પ્રપિતામહ હતો, પણ ભાગવતમાં અંબરીષને નાભાગનો પુત્ર જણાવ્યો છે.

૩. પું. (પુરાણ) વૈવસ્વત મનુના દસ માંહેના નવમા નભગનો એ નામનો પુત્ર. એ ગુરુગૃહે અભ્યાસ કરતો હતો, ત્યારે તેના ભાઈઓએ દાયભાગ પહેંચી લીધો અને તે આવ્યો ત્યારે

કહ્યું છે, તારા રાજ્યના તરીકે પિતા તારે માટે રાખ્યા છે. પછી તેના પિતાએ તેને કહ્યું છે, હાલ અંગિરા ઋષિ યજ્ઞ કરે છે. તેના યજ્ઞમાં ઋત્વિજ સૂક્ત બોલવામાં ભૂલ કરે છે. તેને આવી રીતે બોલવાનું સૂક્ત એમ કહીને સૂક્ત બોલી બતાવ્યાં. નાભાગ ત્યાં ગયો અને પિતાના કહેવા પ્રમાણે કર્યું. એથી ઋત્વિજને સંતોષ થયો અને યજ્ઞ સમાપ્ત થયા પછી રહેલું અવરીષ દ્રવ્ય લઈ જવા તેને કહ્યું જ્યાં દ્રવ્ય લઈ નાભાગ પેર આવ્યો. તેને અંબરીષ નામે પુત્ર હતો

વૈવસ્વત મનુને નાભાગ, પૃષ્ટ, ધર્માતિ, નાભિષ્યંત, પ્રાંશુ, નૃગ, દિષ્ટ, કરૂષ અને પૃષધ્ર એ નામના નવ પુત્રો હતા. ભાગવતી ભાગવત

૪. પું. (પુરાણ) સૂર્યવંશી કકુત્સ્થ કુલોત્પન્ન ભગીરથ રાજાના બે ભાઈનો નાનો પુત્ર. તેને નાભ પણ કહ્યો છે તેને પણ અંબરીષ નામે પુત્ર હતો

૫. પું. (પુરાણ) સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્ર દિષ્ટનો એ નામનો પુત્ર. તેને ભલંદન નામે પુત્ર હતો

નાભાગારિષ્ટ [સં.] પું. વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર.

નાભારત સ્ત્રી. ઘોડાની નાભિની નીચે આવેલી ભમરી, તે ખોડ માનવામાં આવે છે.

નાભિ ૧. પું. (પુરાણ) આગ્નીધ્ર રાજાનો એ નામનો એક પુત્ર. ભાગવત અનુસાર તેને મરુદેવીથી ઋષભદેવ નામે પુત્ર થયો હતો. તેની કથા આ પ્રમાણે છે: નાભિએ પત્ની સહિત પુત્રની પ્રાપ્તિ માટે મોટો યજ્ઞ કર્યો. આ યજ્ઞમાં પ્રસન્ન થઈ વિષ્ણુ ભગવાન પોતે પ્રકટ થયા. નાભિએ વરદાન માગ્યું છે, અને તમારા જેવો પુત્ર થાય. ભગવાને કહ્યું છે, મારા જેવું બીજું કોણ છે ? તેથી હું જ પુત્ર થઈ જન્મ લઈશ. અમુક સમય પછી મરુદેવીના ગર્ભથી ઋષભદેવ ઉત્પન્ન થયા. તેને વિષ્ણુના ચોવીસ અવતારમાંના એક માનવામાં આવે છે. ઋષભદેવને જૈનો પ્રથમ તીર્થંકર પણ માને છે.

૨. પું. કસ્તૂરીમૃગ.

૩. પું. ક્ષત્રિય.

૪. પું. ગોત્ર.

૫. પું. (જૈન) ચાલુ અવસર્પિણી કાળમાં થયેલ પ્રથમ તીર્થંકર ઋષભદેવના પિતાનું નામ; એ નામના પંદરમા કુલકર.

૬. પું. જંબુદ્વીપના નવ ભાગોનો એ નામનો એક ખંડ.

આ દરેક પુત્રને એકેક ખંડનું રાજ્ય આપવાથી તેમનાં નામ ઉપરથી નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યકવર્ષ, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ નામનાં વર્ષ થયા

પરુષોત્તમ ગીતા

૭. પું. નાનો ભાઈ.

અનુજ અગ્રજને નાભિ વળી કવિત્વ કલિત કલીન, બધુ સહોદરની સકુચ હોય નહિ કે તીન. વિશ્વલક્ષ્મીકોષ

૮ પું. નેતા; નાયક.

૯. પું. પ્રધાન રાજા; મુખ્ય રાજા; સાર્વભૌમ સમ્રાટ

૧૦. પું. પ્રધાન વ્યક્તિ કે વસ્તુ.

૧૧. પું. પ્રિયવ્રત રાજાનો એ નામનો પૌત્ર.

૧૨. પું. મહાદેવ

૧૩. સ્ત્રી. કસ્તૂરી

૧૪. સ્ત્રી. ગાયનશાસ્ત્રમાં ગણ્ય ગ્રામ માંહેનો એક મદ્ર ગ્રામ

૧૫. સ્ત્રી. ફૂટી, બરાબુજ પ્રાણીના પેટની મધ્યોમ્ય આવેલ ખાડો અથવા ચિહ્ન. જ્યાં ગર્ભાવસ્થામાં જરાયુનાલ જોડાયેલી રહે છે.

૧૬. સ્ત્રી. પારદના સંયુક્ત પદાર્થો બનાવવામાં વપરાતું એક બનતું યંત્ર.

૧૭. સ્ત્રી. પૈડાનો મધ્ય ભાગ; ગજમધ્ય

૧૮. સ્ત્રી. પ્રાણીનું અંગ

૧૯. સ્ત્રી. મધ્ય ભાગ; કેંદ્ર

નાભિઅંતર ન. કેંદ્રાન્તર; 'રોડિયસ વેક્ટર.'

નાભિકમલ [સં.] ન. ફૂંટીમાંથી કમળ

તમારા નાભિકમળમાંથી સ્વયંભુસ્વામી પ્રજાના પતિ બ્રહ્મા ઉત્પન્ન થયા. ભાગવતી ભાગવત

નાભિકમળ જુઓ નાભિકમલ

નાભિકંટક [સં. પું.] ફૂંટીની ઉપરનો માંસવાળો ઊંચો ભાગ; ઉપસેલો ફૂટો.

નાભિકંદ જુઓ નાભિકમળ.

નાભિકા [સં] સ્ત્રી. એક બનતું ઝાડ; કટભી વૃક્ષ.

નાભિકુલકર પું. (જૈન) ઋષભદેવના પિતા. ઋષભદેવના પિતાનું નામ નાભિકુલકર અને માતાનું નામ મરુદેવી હતું. ગુ. સા. પરિષદ

નાભિગતજ્યોત્સ્ના જુઓ નાભિજ્યોત્સ્ના ૨.

નાભિગતપૂર્ણજ્યોત્સ્ના સ્ત્રી. સંપૂર્ણ ચંદ્રની નાભિમાંથી પ્રસાર થતી સંપૂર્ણ ચંદ્રની જ્યોત્સ્ના.

નાભિગતાંતર ન. ક્રમ અથવા અરીસાના પ્રકાશકેંદ્રથી જ્યાં પ્રકાશનાં કિરણ મળતા હોય તે બિંદુ સુધીનું અંતર: નાભ્યંતર; કેંદ્રિકદૂરત્વ; નાભિદૂરત્વ; લક્ષ અથવા ગોળાકાર દર્પણના કેંદ્ર તથા નાભિ વચ્ચેનું અંતર: 'રોડિયસ વેક્ટર.'

નાભિગુપ્ત ૧. [સં.] પું. એ નામનો કુશદ્વીપનો એક ખંડ.

વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ એ નામના કુશદ્વીપના સાત ખંડ છે. ભાગવતી ભાગવત

૨. પું. પ્રિયવ્રત રાજાનો એ નામનો પુત્ર. તેના નામ ઉપરથી કુશદ્વીપના એક ખંડનું નામ પડ્યું છે

૩. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર હિરણ્મરેતાના સાત માંહેનો એ નામનો ચોથો પુત્ર. તેનો દેશ તેના નામથી જ કહેવાતો

નાભિગુલ્ફક જુઓ નાભિકંટક.

નાભિગોલક જુઓ નાભિકંટક.

નાભિચક્ર [સં.] ન. કેંદ્રસ્થાન; મધ્યભાગ.

નાભિછેદન [સં.] ન. તરત જ જન્મેલ બાળકની નાળ વધેરવી તે.

નાભિજ ૧. [સં.] પું. કમલાસન; બ્રહ્મા; ચતુરાનન; પદ્મદેવ; પ્રજાપતિ; વિધાતા; વિધિ; કમલોદ્ભવ. તે વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયાનું મનાય છે

૨. પું (જૈન) નાભિકુલકરના પુત્ર અને ચાલુ અવસર્પિણી કાળના પહેલા જૈન તીર્થંકર ઋષભદેવ. આદિનાથ.

૩. વિ. નાભિમાંથી ઉત્પન્ન થનાર.

૪. વિ. મધ્યે થનાર; વચ્ચે હોનાર.

નાભિજન્મ [સં. નાભિ + જન્મન્ (જન્મ)] પું. વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થનાર બ્રહ્મા.

નાભિજન્મા જુઓ નાભિજ.

નાભિજ્યોત્સ્ના ૧. સ્ત્રી. ગર્ભમાં બાળકની ફૂટી સાથે જોડાયેલી રગોની લાંબી નળી.

૨. સ્ત્રી. (ગર્ભિત) સંપૂર્ણચંદ્રની નાભિમાંથી પ્રસાર થતી સંપૂર્ણચંદ્રની જ્યોત્સ્ના; 'રોડિયસ વેક્ટર.'

નાભિતારો પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૬૦ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૧ માં આવેલો રોહિણ મહત્તનો તારો.

નાભિતિન પું. નાભ જોગોના ત્રણ સમૂહ.

અરબોના રિસાલેપોની એક આવૃત્તિમાં તેઓને નાભિતિન એટલે કદાચ ત્રણ નાભ કહ્યા છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

નાભિત્રિજ્યા ૧. [સં.] સ્ત્રી. (ગણિત) કોઈ પણ સ્થિર બિંદુથી વહેના કોઈ પણ બિંદુ સુધીનું અંતર.

૨. સ્ત્રી. (ભૂગોળ) દિક્ત્રિજ્યા; દૂરક; સૂર્ય અથવા ગ્રહથી ચંદ્ર સુધી દોરેલી લીટી; 'રેડિયસ વેક્ટર.'

નાભિદાહ [સં.] પું. ફૂંટીમાં બળતરા થવી તે.

નાભિરેશ ૧ [સં] પું. ઉજ્જૈન. ભારતની મધ્યમાં આવેલ ટોચથી તેને નાભિદેશ કહે છે.

૨. પું. ટૂંટીની આસપાસનો ભાગ

નાભિપદ્મની [સં.] સ્ત્રી. નાળની અંદર રહેલ પદ્મની. ગર્ભનું અણુ લોહી નાભિપદ્મની દ્વારા શુદ્ધ થયા કમલમાં બદલ છે.

નાભિનાડી (નાભિનાડી) [સં.] સ્ત્રી. ટૂંટીની નાડી તે ગર્ભકાળમા માતાની રસવાહી નાડી સાથે જોડાયેલી રહે છે.

નાભિનાલ [સં] સ્ત્રી. નવજાતના જન્મેલ બચ્ચાની ટૂંટીમાનો નાનકો; નાભિનાડી. ગર્ભમા બાળકની ટૂંટી સાથે જોડાયેલી રમોની ગાભી નળી. ગર્ભકાળમાં તે માતાની રસવાહી નાડી સાથે જોડાયેલી રહે છે.

નાભિનાળ જુઓ નાભિનાલ.

નાભિપદ્મ [સં.] ન. વિષ્ણુ ભગવાનની ટૂંટીમાથી પ્રકટેલ કમળ.

નાભિપદ્મ ક્યા મુનૃતથી રમ ઉકાઈ ગયાં જરી, આજે પ્રાપ્તના સતી પ્રિયતમા જેવા અમીરા બની ગીતમોચિત

નાભિપાક [સં.] પું. બાળકોની ટૂંટીનો સોજો; બાળકની નાભિમાં જખમ થઈ તે પાકવાનો રોગ

નાભિપ્રદેશ જુઓ નાભિદેશ

નાભિપ્રાપક [સં.] વિ. તેજના રાસાયણિક ફિરણોને એક કેંદ્રમા એકઠું કરતું.

નાભિભાગ જુઓ નાભિદેશ.

નાભિભૂ [સં.] પું. બ્રહ્મદેવ; બ્રહ્મા.

નાભિમર્મ [સં] ન. પક્વાશય અને આમાશયની વચ્ચે આવેલું આર આંતરાનું સહ પ્રાણહર શિરામર્મ. જ્યાં વાયુથી એકદમ મરણ થાય છે, મરણ કે પેટમાં રહેલાં આંતરડાં, વિવિધ આશયો તથા સ્વતંત્ર નાડીમંડલના મણિપુરચક્રને તેથી મોટો આઘાત લાગે છે. ગર્ભમાં બાળકની રક્તવાહિનીઓ એ સ્થળેથી પોતાનું કાર્ય શરૂ કરતી હોવાથી તેને શિરામર્મમાં ગણ્યું છે.

નાભિમંડલાધાર [સં] ન. સોળ આધારોનું એક નામનું એક આધારચક્ર.

> મૂલું નાભિમંડલાધાર છે, જેમાં જૈતન્યજ્યોતિ સ્વરૂપ આત્માનું ધ્યાન કરવાથી અને પ્રભુના જપથી નાદ ઉત્પન્ન થાય છે.
>
> ત્રિશતસંહિતાર્થ

નાભિમૂલ [સં.] ન. નાભિની નીચેનો શરીરનો ભાગ.

નાભિયંત્ર [સં.] ન. (વૈદક) પારદમાં ગંધકનું મારણ કરવા વપરાતું યંત્ર. તે બનાવવા એક કેડામાં પ્રમમાં ખાડો કરવો. તે ખાડામાં પારદ અને ગંધક નાખવાં. ખાડાને ફરતી બાજુએ ઈંધ ઊંચી પાળ કરવી. તેના ઉપર ગાયના ગોબરના અંગારની મૂસ ઢાંકવી. પછી તેને જળમુદ્રાથી સંધિક્ષેપ કરી સુકાવવી. પછી જળ બરાબ અને નીચે અગ્નિ સળગાવવો.

નાભિરન્ધ્રકુ જુઓ નાભિનાલ

નાભિલ [સં.] વિ. નજીકથી ટૂંટીવાળુ. નીકળી આવેલી ટૂંટીવાળુ

નાભિવર્દ્ધન [સં.] ન. નાભિકેંદ્રના; ટૂંટીની નાળ કેદવાની ક્રિયા. નાળ વધેરવાની ક્રિયા.

નાભિવર્ધન જુઓ નાભિવર્દ્ધન.

નાભિવર્ષ [સં.] પું. જબુદ્વીપના નવ ભાગોનો એ નામનો એક ભાગ. આગ્નીધ્ર રાજાએ પોતાના નવ પુત્રોને જબુદ્વીપના નવ ખંડ આપ્યા. નાભિને જે ખંડ મળ્યો તેનું નામ નાભિવર્ષ પડ્યું. ઋષભથી નાભિના વંશ બરતના નામ ઉપરથી ભારતવર્ષ કહેવાયા લાગ્યો

નાભિવૃદ્ધિ [સં.] સ્ત્રી. ટૂંટી વધી જવાનો રોગ

નાભિશિરા [સં.] સ્ત્રી. નાભિનાળની અંદર રહેલી શિરા.

> કમળમાથી શુદ્ધ લોહી નાભિશિરા દ્વારા ગર્ભના શરીરના પદાર્થ છે. પ્રસવવિદ્યા

નાભિશ્રુતિ [સં.] સ્ત્રી. જે પરિમાણને મહત્તર અને દિક્ષા બંને હોય અને જે બે બંને દ્વારા જ સપૂર્ણપણે નિર્દિષ્ટ થઈ શકે તે પરિમાણ.

નાભિસ્રુતિત્રિજ્યા [સં.] સ્ત્રી (ગણિત) કોઈ પણ શિખર બિંદુથી કોઈ પણ ચલબિંદુનું અંતર; નાભિત્રિજ્યા.

નાભિસ્થપુરક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માર્ગનું એક નામ

નાભિસંબંધ [સં] પું. મોસંબંધ; સહિતનો એક બંધનો સંબંધ.

નાભિસાન્નિધ્ય [સં.] ન. નાભિનો એક બંધનો રોગ. જુઓ નાભિરન્ધ્રબંધગ્રહિ.

નાભિસ્થબંધગ્રહિ [સં. નાભિસ્થ (ટૂંટીમાં રહેલું) + બંધગ્રહિ (બાંધવાનું વસ્ત્રું તે)] સ્ત્રી. ટૂંટીનો એક બંધનો રોગ. જન્મ વખતે જો નાભિદ્વાર બરાબર બંધ થયું ન હોય અથવા બાળકનો નાળ બરાબર વધેરવામાં આવ્યો ન હોય અથવા તેને સબંધ બંધક્ષેપ, ઊધરસ વગેરે રોગો થયા હોય તો આ માર્ગે આંતરડું બહાર આવે છે. બાળકનો ટૂંટો મોટો માલૂમ પડે છે અને તે દબાવતાં બાળક કોઈ બંધ થાય છે. પ્રબુદ્ધ વયનાં સ્ત્રીપુરુષોમાં આ રોગ બબલો માલૂમ પડે છે.

નાભી જુઓ નાભિ.

નાભીયપ્રતિષ્ઠાપક [સં.] પું. (ગણિત) આપેલા બિંદુને એક સ્થિર સીધી લીટી ઉપર આવેલા એક સ્થિર બિંદુ સાથે જોડવામાં આવે તો તેથી જે બૂણો થાય તે બૂણો અને તે બે બિંદુની વચ્ચેનું અંતર; 'પોલર કોઓર્ડિનેટ્સ.'

નાભીલ ૧. [હિં.] પું. ઘંટ કૂબ્બો; મુરલી.

૨. પું. ટૂંટીની ઊંડાઈ.

૩. [સં.] પું. બીજી વનસ્પતિનો સાથો; ઔષધિ.

નાભેય [સં.] પું. નાભિ રાજાના પુત્ર ઋષભદેવ

નાભ્ય ૧. [સં] પું. શિવ; મહાદેવ

૨. વિ. નાભિ સંબંધી.

૩. વિ. નાભિના હાથવાનું; ટૂંટીને સુબુદ્ધારી.

નાભ્યંતર ૧. ન. ગ્રામ અથવા અરીસાના પ્રકાશકેંદ્રથી જ્યાં પ્રકાશનાં કિરણ મળતા હોય ને બિંદુ સુધીનું અંતર; 'ફોકલ લેંગ્થ'

૨. [સં. નાભિ (ટૂંટી) + અંતર (અંદરનું)] ન નાભિનો અંદરનો ભાગ.

નાભ્યંત્રવૃદ્ધિ જુઓ નાભિરન્ધ્રબંધગ્રહિ.

નાભ્યાકાર [સં નાભિ (ટૂંટી) + આકાર] વિ. ટૂંટીના આકારનું.

નાભ્યાવર્ત [સં. નાભિ (ટૂંટી) + આવર્ત (ચકરાવો)] પું. ટૂંટીનો આકો

નાભ્યાવર્ત્ત જુઓ નાભ્યાવર્ત.

નામ ૧. પું. (ગણિત) એક વિષમઘાતિ માત્રાગેળ છંદ. તે રાજવરતુ છંદનો એક ભેદ છે. તેમાં એકરીશ ગુરુ અને ત્રેતાલીસ લઘુ મળી ત્રેસઠ વર્ણ અને ચોરાણી માત્રા આવે છે.

૨ પું. નમન.

૩. પું પરિણામ; ફલ.

૪ ન. અનુજ્ઞા; અનુમતિ

૫. ન. આમંત્રણ; સંબોધન.

૬ ન. (જૈન) કર્મનો એક પ્રકૃતિભેદ; શરીર, રૂપ, આંખો, આકૃતિ, ગતિ વગેરે શુભ કે અશુભ શારીરિક સપત્તિ મળે તેવુ કર્મ.

૭. [સં. નામન્] ન. (વ્યાકરણ) કોઈ પણ પ્રાણી અથવા વસ્તુને ઓળખવા માટેનો શબ્દ; સજ્ઞા; અભિધાન.

> આપણ ઇંદ્રિયો કે મન વડે સમસ્ત સ્થાવર જેવા પદાર્થને ઓળખવા માટે જે શબ્દ વપરાય છે તે નામ કહેવાય છે. નામ શબ્દ નમ્ નમવું ધાતુ પરથી બનો છે. એટલે કે ક્રિયાપદના અર્થને નમે છે તે નામ. સંસ્કૃતપ્રકાશિકા

૧. નામ આપવુ-પાડવું = (૧) ઓછ ઠરાવવો. કીમત નક્કી કરવી. (૨) ખાજ કે મરારીનું બીજું નામ કરાવવુ. (૩) નામકરણ કરવુ; નામાભિધાન કરવુ. (૪) નો ઉલ્લેખ કરવો. (૫) વિશેષ વિગત કહેવી.

૨. નામ કે નિશાન = પત્તો; ઠેકાણું

૩. નામ ઊઠી જવુ = નામ ન રહેવુ. લોકમાં રમરણ પણ ન રહેવુ.

૪. નામ ચડવુ = નામોની દીપમાં નામ દાખલ થવુ

૫. નામ ચડાવવુ-દાખલ કરવુ = (૧) પત્રકમાં નામ લખવુ. (૨) સહી કરવી.

૬. નામ ચાલવું = કીર્તિ ગજવાણી; લોકોમાં નામનું રમરણ રહેવુ

૭. નામ જપવું-નામનું જપવુ = (૧) ભક્તિ કે પ્રેમથી ઈશ્વરના નામની માળા ફેરવવી. (૨) વારંવાર નામ લેવુ; નામ રટવુ; સતત યાદ કરવુ

૮. નામ જવા દેવું-પર પાણી રેડવુ-મૂકવું-ભાળવું = ન સંભારવુ; ઠાળવુ; અવગણવુ. સંબંધ તોડી નાખવો.

૯. નામ કુમાડવું = નામ કલંકિત કરવુ; નામ બોળવુ

૧૦. નામ તેનો નાશ હોવો = નામ ધારણ કરનારી દરેક વસ્તુ નાશવંત હોવી.

૧૧. નામ દેવું = (૧) કોઈ દેવતાના નામનો મંત્ર દેવો; કોઈ સાંપ્રદાયિક મંત્રનો ઉપદેશ દેવો. (૨) નામ ઉચ્ચારીને કહેવું કે બોલાવવું. (૩) નામ રાખવું. (૪) પડકારવું; સામે કહેવુ કે કોઈ કરવું; પજવવું. અર્થમાં બોલાય છે.

૧૨. નામ ધરવુ = (૧) કીમત કહેવી. (૨) બોટો બાધો કાઢવો. (૩) માળ દેવી. (૪) તહોમત મૂકવુ.

૧૩. નામ ન દેવું-પૂછવું-લેવુ = ન બોલાવવું; ન કોઈ પૂછવું કે મેવાદેવા રાખવી; યાદ ન કરવુ; બોડવું; દર કરવુ; ભાગવું; દૂર રહેવુ; વિચાર પણ ન કરવો.

૧૪. નામ નીકળવું = (૧) કોઈ વાતને માટે નામનું પ્રસિદ્ધ થવું. (૨) તંત્ર આદિની યુક્તિથી વસ્તુ ચોરનારનું નામ પ્રકટ થવુ. (૩) નામનુ પ્રકટ કે પ્રકાશિત થવુ.

૧૫. નામ પર જોડો મારવો = તુચ્છ સમજવું.

૧૬. નામ પર ચૂંકવું = ઘૃણા તિરસ્કાર કરવો.

૧૭. નામ પર પાણી ફેરવવું = નામ બોળવુ.

૧૮. નામ પર મરવું = પ્રેમમાં લીન હોવું; પ્રેમના આવેશમાં પોતાના દુઃખનું કે બીજા કશાનું ભાન ન હોવું.

૧૯ નામ પુકારવું = નામ તાણીથી બોલવુ.

૨૦. નામ જ નામ = જબ્બરીઠ.

૨૧. નામ ભાળવુ-મૂકવુ = ન સંભારવું; લાંબી દેવું.

૨૨. નામ મોટાં ને દર્શન ખોટાં—નામે નવમાસી બારે મોટી = નામે બારે અને બંદાએ લારે કોઈ નહિ એવુ જે તે.

૨૩. નામ લઈને = પ્રસિદ્ધ કે મોટા આદમીના નામથી; નામના પ્રભાવથી

૨૪. નામ લઈને ભાગી જાવુ = પવિત્ર પુરુષના નામે દાન આપવુ

૨૫. નામ લખવુ = (૧) પત્રકમા નામ લખવુ. (૨) સહી કરવી.

૨૬. નામ લામવુ = તહોમત મઢવુ

૨૭. નામ લેવુ = (૧) કોઈને નામ લઈને બોલાવવું; નામ ઉચ્ચારીને કહેવું કે બોલાવવુ (૨) પુણ્યનું વર્ણન કરવું; વખાણ કરવાં (૩) તહોમત મૂકવુ. પડકારવુ; સામે કહેવુ કે કોર્ટ કરવું; પજવવું. અર્થમાં બોલાય છે. (૪) માફી ફેરવવી; નામનો જપ કરવો. (૫) વખોડવું. (૬) રમરણ કરવુ; નામ જપવું.

૨૮. નામ સમરવુ = માફી ફેરવવી.

૨૯. નામની પોક મૂકવી—નામને રોવુ = (૧) નામ મૂકી રોવુ; યાદ ન કરવું. (૨) નામ લઈને રોવુ. (૩) વસ્તુ પછી પોક મૂકવી.

૩૦. નામનું = (૧) નામધારી. (૨) ખિતકિપલોગી; નકામુ.

૩૧. નામે ચડાવવું = ને હકદાર કરાવી, કરતાવેજમા તેનું નામ લખાવવુ

૩૨. નામે ખુદા = (૧) ઈશ્વરના કસમથી. (૨) ખુદા તેનું રક્ષણ કરે

૩૩. નામે ચાલવુ = કોઈના નામથી વહીવટ ચાલવો; માલિક ગણાવું.

૩૪. નામે બોલવું—લખવુ = હિસાબમાં કોઈના નામ ઉપર રકમ માંડવી; કોઈની પાસેથી તેટલી રકમ લેવી બાકી છે એમ નોંધવુ.

૩૫. નામે રડવું = દોષ નાખવો; આરોપ મૂકવો.

૩૬. રામ નામ લખવું = કાગળના નાના કટકા ઉપર રાતી કાહીથી રામનું નામ લખવું. આ કટકા લોટની નાની ગોળાઓમાં નાખીને પછી તે માછલીઓને ખાવા માટે નદીમાં નાખવામાં આવે છે.

૮. જ. ખ્યાતિ; વાહવાહ; કીર્તિ; જશ; પ્રસિદ્ધિ; નામના; આબરૂ; આના; પ્રતિષ્ઠા.

૧. નામ ઊજળું = કલંક ધોવાવું.

૨. નામ ઊઠવુ = આબરૂ જતી.

૩. નામ કમાવુ-કરવું-કાઢવુ = (૧) આબરૂ મેળવવી; કીર્તિ મેળવવી; નામાંકિત થવુ; પ્રખ્યાતિમાં આવવુ. (૨) બદનામ થવુ વ્યંગમાં બોલાય છે.

૪. નામ ચમકવુ-તારવુ = ચોતરફ સારી આબરૂ હોવી; કીર્તિ વધારવી.

૫. નામ પામવુ-પાવુ = મશહૂર થવું

૬. નામ બદનામ કરવુ-બગાડવુ-બોળવું = કલંક લગાડવું; આબરૂને બટ્ટો લગાડવો.

૭. નામ પર જીવન દેવો = આબરૂ મેળવવામાં પોતાની જિંદગી ખોવી

૮. નામ માટે મરવુ = કીર્તિ માટે જીવતોડ મહેનત કરવી.

૯. નામ મોટું કરવુ = આબરૂ વધારવી; કીર્તિ ફેલાવવી; માનપ્રતિષ્ઠા વધારવી.

૧૦. નામ રાખવુ = (૧) કીર્તિ જાળવી રાખવી. (૨) નામ બોલાવવું; આબરૂ બોવી. અંગ્રમાં બોલાય છે

૧૧. નામ હોવુ = પ્રખ્યાત થવુ.

૧૨. સારૂ નામ = સુકીર્તિ; સુખ્યાતિ.

૯. જ. (ગૌણ) ગુણ હોય કે ન હોય છતાં અમુક ગુણદર્શક નામ પાડવું તે; નામનિક્ષેપ.

૧૦. જ. પાણી

૧૧. જ. (આકારણ) વસ્તુની સંજ્ઞારૂપ રૂઢિ.

૧૨. જ. સંજ્ઞાવના.

૧૩. [સં.] જ. કોપ, ઉપક્રમ, પ્રસિદ્ધિ, વિરમય, રમરણ, વિકલ્પ, સ્વીકાર, સંભાવના, પ્રાકારય, બૂતું વગેરે બતાવનાર અવ્યય.

૧૪. જ. એટલે કે; અર્થાત્. જેમકે, બલ્લ નામ વહ; તેની અર્થાત નામ પ્રતિપાલના.

૧૫. જ. ઈશ્વર.

૧૬ જ. મુદ્દલ; જરાય; લગારેય.

આજ અમારે આમે લાડો નામ ન ખપે.

મેઘાણી

૧. નામ—નામે નહિ = બિલકુલ નહિ.

૨. પાણીનું નામ-નામે-ન હોવું = (૧) પાણીનું ટીપું પણ ન હોવું. (૨) લાવ નિર્માલ્ય હોવુ.

નામ અકેલ [હા.] સિ. ગેરવાજબી.

નામ અર્ધપદ્માસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાસી માહેનુ એ નામનું એક આસન.

નામ અલૂબ્ધ સિ. અપ્રસિદ્ધ; જાણીતું નહિ એવું.

નામક [સં.] સિ. નામનું; નામવાળું; નામે પ્રસિદ્ધ. સમાસને અંતે વપરાય છે. જેમકે, એની બેસ્ટ નામક.

નામઠંડી (નામઠંડી) સ્ત્રી. એક જાતની રમત. તેમાં પહેલા નામનો છેલ્લો અક્ષર જે બીજા નામનો

પહેલો અક્ષર હોય છે. છોકરાંઓ વારાફરતી તેવી રીતે નામો ગોઠવીને બોલે છે: જેમકે, રહેમાન, નરીમાન, નરેંદ્ર, રમણિકલાલ, બાલકૃષ્ણ, રતિલાલ, લલ્લુ, લક્ષ્મીરામ, મહાદેવ, રઘુનિંદરામ, મહમ્મદ વગેરે

અમને અંતકડી ન ફાવે, પહેલા નામકડી રમા
ગિજુભાઈ

નામકબૂલ વિ. કબૂલ અથવા સંમત ન થવાય તેવું.

નામકરે જુઓ નામક.

નામકરણ ૧. ન. નામ પાડવાનું કામ; ઓળખ માટે નામ નક્કી કરવાની ક્રિયા.

૨. [સં.] ન. શુભ દિવસે બાળકનું નામ પાડવાનો વિધિ; હિંદુઓના સોળ માંહેનો નામ પાડવાનો પાંચમો સંસ્કાર. બાળકના જન્મ પછી અગિયારમે દિવસે નામકરણ સંસ્કાર કરવામા આવે છે અગિયારમો દિવસ તેને માટે બધો સારો માનવામાં આવે છે, પણ તે દિવસે ન થઈ શકે તો બારમા દિવસે નામકરણ સંસ્કાર કરવો જોઈએ, એમ ગોભિલ ગૃહ્યસૂત્રમાં કહ્યું છે. સ્મૃતિઓમાં થોડો ઝાઝો ફરક જોવામાં આવે છે, જેટલે કે ક્ષત્રિયને માટે તેરમો દિવસ, વૈશ્યને માટે સોળમો દિવસ અને શૂદ્રને માટે બાવીસમો દિવસ જણાવવામાં આવ્યો છે. ગોભિલ ગૃહ્યસૂત્રમાં નામકરણની વિધિ નીચે પ્રમાણે બતાવવામાં આવી છે: બાળકને સારે કપડે પહેરાવી માતા કાખી બાળકને બેઠેલા પિતાના ખોળામાં આપે. પછી તેની પીઠ તરફથી પરિક્રમા કરી તેની સામે આવી ઊભી રહે. ત્યાર બાદ પતિ વેદમંત્રનો પાઠ કરીને બાળકને પોતાની પત્નીના ખોળામાં આપી દે. પછી હોમ આદિ કરીને નામ પાડવામાં આવે. નામકરણપદ્ધતિમાં આ વિધાન નીચે પ્રમાણે બતાવી શકાય છે નામકરણને દિવસે પિતા ગોરી, ઘોડા માણસ આદિનું પૂજન અને વૃદ્ધિશ્રાદ્ધ કરીને પોતાની પત્નીને કાખી બાળકને બેસાડી પથ્થરની પાટી ઉપર જે રેખાઓ દોરે. પછી દીવો કરી જો તે છોકરો હોય તો તેના જમણા કાનની પાસે, અમુક દેવતાનાં પંચાદિ અને છોકરી હોય તો, અમુક દેવી પંચાદિ કહી નામ પાડે. નામને અંતે જો બ્રાહ્મણ હોય તો શર્મા અથવા દેવ, ક્ષત્રિય હોય તો વર્મા અથવા ત્રાતા, વૈશ્ય હોય તો ભૂતિ કે ગુપ્ત અને શૂદ્ર હોય તો દાસ હોવું જોઈએ. પારસ્કર ગૃહ્યસૂત્ર અનુસાર પુરુષનું નામ તદ્ધિતાંત ન હોવું જોઈએ, પરંતુ સ્ત્રીનું જો તદ્ધિતાંત હોય તો તેમાં દોષ નથી. જેમકે, માંધારી, કૈકેયી.

નામકર્મ ૧. ન. (જૈન) જીવને ગતિ વગેરે જુદા જુદા રૂપે પરિણમાવે અથવા શરીરાદિક બનાવે તે કર્મ; જીવને જુદી જુદી યોનિ વગેરે આપનાર કર્મ. નામકર્મ આત્માના સૂક્ષ્મત્વગુણને ઢાંકે છે. નામકર્મના ૯૩ ભેદ છે: ચાર ગતિ: નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ; પાંચ જાતિ: એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય પંચેંદ્રિય; પાંચ શરીર: ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ; ત્રણ અંગોપાંગ: ઔદારિક, વૈક્રિયિક, આહારક; એક નિર્માણકર્મ; પાંચ બંધનકર્મ: ઔદારિક બંધન, વૈક્રિયિક બંધન, આહારક બંધન, તૈજસ બંધન અને કાર્માણ બંધન; પાંચ સંઘાત: ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્માણ; છ સંસ્થાન: સમચતુરસ્ર સંસ્થાન, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, હુંડક સંસ્થાન; છ સંહનન: વજ્રર્ષભ નારાચ સંહનન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, અર્ધનારાચ સંહનન, કીલકસંહનન અને અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન; પાંચ વર્ણ કર્મ: કાળો, લીલો, રાતો, પીળો, ધોળો; બે ગંધ કર્મ: સુગંધ, દુર્ગંધ; પાંચ રસ કર્મ: ખાટો, મીઠો, કડવો, તૂરો, તીખો; આઠ સ્પર્શ કર્મ: કઠોર, સંવેદ્ય, લસણો, ભારે, ઠંડો, ગરમ, ચીકણો, લૂખો; ચાર આનુપૂર્વી: નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગત્યાનુપૂર્વી; અગુરુલઘુત્વકર્મ, ઉપઘાતકર્મ, પરાઘાતકર્મ, આતાપકર્મ, ઉદ્યોતકર્મ, બે વિહાયો ગતિ: પ્રશસ્ત ગતિ ને અપ્રશસ્ત ગતિ: ઉચ્છ્વાસનામ, ત્રસનામ, સ્થાવરનામ, બાદરનામ, સૂક્ષ્મનામ, પર્યાપ્તનામ, અપર્યાપ્તનામ, પ્રત્યેક નામકર્મ, સાધારણ નામકર્મ, સ્થિર નામકર્મ, અસ્થિર નામકર્મ, શુભ નામકર્મ, અશુભ નામકર્મ સુભગ નામકર્મ, દુર્ભગ નામકર્મ, સુસ્વર નામકર્મ, દુઃસ્વર નામકર્મ, આદેય નામકર્મ, અનાદેય નામકર્મ, યશઃકીર્તિ નામકર્મ, અયશઃકીર્તિ નામકર્મ અને તીર્થંકર નામકર્મ.

૨. [સં. નામકર્મન્] ન. શુભ દિવસે બાળકનું નામ પાડવાનો વિધિ; ગર્ભાધાન આદિ સંસ્કાર માંહેનો એક નામકરણ સંસ્કાર.

નામકીર્તન [સં.] ન. ઈશ્વરના નામનો જપ કે ઉચ્ચારણ; ભગવાનનું ભજન

પાપી પુરુષ પણ ભગવાનનાં માત્ર નામકીર્તનથી શુદ્ધ થાય છે. ભાગવત

નામકીર્ત્તન જુઓ નામકીર્તન.

નામકૂલ વિ. નામાવલિ; ખ્યાતિ વગરનું; કલંકિત.

નામકૈલ્લા પું. મધુ રાજાના એકનામનો વંશજ.

નામકર [જુ. નામુકિર] વિ નામુકર; નાલાયક; એક વાર હા કહીને પછી કરી જનાર

નામગ્રહણ [સં.] સ્ત્રી. નામ ખાતરમા લેવું તે.

કેમની નામગ્રહણના આ પ્રસંગે કરવાથી કેમને જ અન્યાય થાય. નરસિંહરાવ

નામગોત્ર [સં.] ન. (જૈન) નામ અને ગોત્ર કર્મની પ્રકૃતિ.

નામગ્રહણ [સં.] ન. (જરથોસ્તી) ધર્મની ક્રિયામાં મરનારનાં લેવાનાં નામની ટીપ. દરેક જરથોસ્તી કુટુંબમાં દાદે લખેલી એક ચોપડી અથવા ટીપો હોય છે, જેને નામગ્રહણ કહેવામાં આવે છે. તેમાં તે કુટુંબનાં મરી ગયેલાં માણસોનાં નામ હોય છે. જેવા મરનારનું નામ ટીપને મથાળે હોય છે. અહુરીનામ, સેનુષ, ફરોખ્શી વગેરે ક્રિયાઓમાં દીવાઓ બોલતી વખત ધર્મગુરુ તે ટીપમાંનાં નામ બોલે છે. જેના માનમાં તે ક્રિયા કરવામાં આવતી હોય તેનું નામ પ્રથમ લે છે અને પછી કુટુંબનાં મરી ગયેલાનાં બધાં નામ લે છે. તે પછી પ્રાચીન ઈરાનના તથા હિંદુસ્તાનના કેટલાક સદ્‌ગત જરથોસ્તીઓ જેઓએ કોમની ઉત્તમ સેવા બજાવી હોય તેનાં નામ પણ બોલે છે.

નામગ્રામ [સં.] ન. નામ અને ઠેકાણું.

નામગ્રાહ [સં.] પું. નામ લેવું તે.

નામગ્રોષ [સં.] પું. નામની ઘોષણા; નામનો અવાજ

નામચ્યા [મ. નામચઈ] સ્ત્રી. નામના; કીર્તિ; પ્રખ્યાતિ.

નવાબ પ્રજાની નજરોમાં ખુશામતો રહી નથી એનો એક બાજો તે હાલે પાપણે પલાખવા બેઠી છે? દાદાજીની વાતો

નામચીન વિ. નામીચું; વિખ્યાત; પ્રખ્યાત; નામાંકિત.

નામચીંધ ૧. વિ. બદમાશોમાંથી કોઈ દુષ્કર્મને માટે નામચીન.

૨. જુઓ નામચીન.

નામચું ન. ખોટું નામું; ઠોસ.

નામજાદ ૧. વિ નિયોજિત; જેનું નામ કોઈ બાતને માટે નિશ્ચિત કરવામાં આવ્યું હોય એવું.

૨. વિ. પ્રસિદ્ધ; મશહૂર.

નામજાદગી સ્ત્રી. નિયોજના; નિમણૂક.

નામજા [મ. નામજાદ] સ્ત્રી. નામદારપણું; ખ્યાતિ; કીર્તિ.

નામજાત [મ. નામજાદ] વિ. નામાંકિત; પ્રખ્યાત; પંકાતું; વખણાતું.

નામમાહ ૧. [સં. નામઝ] પું. અધિકારી; ઉપરી.
૨. સ્ત્રી. ખજીર.
૩. સ્ત્રી. નિમણૂક
૪. સ્ત્રી. સજાઈ કરેલી ખેપરી.
૫. સ્ત્રી. સવારી.
૬. વિ. અર્પણ કરેલું.
૭. વિ. નામ પડેલું.
૮. વિ. નીમેલું.
૯. વિ. પ્રખ્યાત; વખણાતું; પંકાતું.
૧૦. વિ. સજાઈ કરેલું.

નામમાહું [સં. નામખ્યાત] વિ. ઠોકમાં સારી રીતે ઓળખીતું; ઠોકમાં જેના નામની પ્રસિદ્ધિ હોય તેનું; નામીચું; પ્રખ્યાત; પ્રસિદ્ધિ પામેલું, જેણે નામ વગાડ્યું હોય તેનું; જાહેર.

નામલેગ વિ. નામનું; જેનું નામ લખ્યું હોય તેને જ મળે તેનું. નામલેગ અને ગાહલેગ એમ બે રીતની હુંડી હોય છે. જે હુંડીમાં નાણાં લેનાર આસામીનું નામ લખ્યું હોય તેવી હુંડીને નામલેગ હુંડી કહે છે.

નામલેગી જુઓ નામલેગ.

નામઝાદ જુઓ નામખ્યાદ.

નામઝાદ [સં.] ન. સ્મરણ.

નામઝાદરટ્ટન [સં.] ન. (જરથોસ્તી) સ્મરણ કરવાની ક્રિયા. નામઝાદરટ્ટનનો મૂળ અર્થ નામ પાડવું થાય છે, પણ પારસીઓમાં દીકરીનું સ્મરણ કરવામાં આવે એટલે તેના નામ સાથે તેના પતીનું નામ બોલવામાં આવે છે. તેથી પારસીઓમા સ્મરણની ક્રિયાને નામઝાદરટ્ટન કહે છે.

નામઠામ ન. નામ અને રહેવાનું ઠેકાણું; નામ અને સ્થાન; સરનામું

નામડુબાઉ વિ નામ ડુબાડનાર; આબરૂ ગુમાવનાર.

નામજુદીચડો (નામજુદીપડો) જુઓ નામજુદીવો.

નામજુદીવો પું. રામજુદીવો; પુલેરા અને ચરખોડા વગેરેની પાળના ગામની ઓબોમાંની મુખ્ય યજમાનપત્ની જે સાથે રાખે છે તે દીવો; ચરખોડામાં ચરની મા હાથમાં ચટકતો રાખે છે તે મંગળનો દીવો.

નામણી સ્ત્રી. ભેરડા ખાડાને નીચે મોટે બનાવવા માટે તેના ત્રિજ્યાં ઉપર વર્ષ નળાકની ધૂંસરીએ બંધાતો દોરીનો કટકો.

નામતબૂચ્ય ૧. [સં.] વિ. ભરતીકારેલું.
૨. વિ. કૃત્રિમ; બનાવટી.

નામદક ૧. સ્ત્રી. ગાલબ્યની એ નામની એક ચેટા જાતિ.
૨. ન. એ નામની ચેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની ચેટા જાતિનું.

નામદાતા [સં. નામન્ (નામ) + દાતૃ (આપનાર)] વિ. નામ આપનાર.

નામદાર ૧. [સં. નામધર] વિ. જેનું નામ બહોર હોય એવું; લોકવિખ્યાત; બાહોશ; મહાન; મોટા નામવાળું; પ્રસિદ્ધ.
૨. વિ. માનવંત; પ્રતિષ્ઠિત.

નામદારી [સં. નામધારી] સ્ત્રી. પ્રસિદ્ધિ, પ્રખ્યાતિ; કીર્તિ.

નામદેય જુઓ નામધેય.

નામદેવ ૧. [સં.] પું. એ નામના એક ભક્ત કવિ. ભક્ત નામદેવ મહારાષ્ટ્રના એક સંત હતા તેમનો જન્મ ૧૪મી સતાબ્દિમા થયો હતો. તેમનાં માતાપિતા મોટાં ભક્ત હતાં. તેમના ઘરમા હમેશ ભગવાનની પૂજાઅર્ચા થતી, હરિકીર્તન થતું હતું. આને લીધે તેઓ પણ નવપણથી જ ભગવાનનું નામસંકીર્તન કર્યા કરતા. એક દિવસ એમના પિતાર કર્યા બહારગામ ગયા અને બાળક નામદેવને કહેતા ગયા કે જ્યાસુધી હું પાછો ન આવું, ત્યાસુધી તું હમેશ ભગવાનની પૂજાઅર્ચા કરજે અને બોજન પરાબ્યા વગર બોજન કરતો નહિ. પોતાની બુદ્ધિ અનુસાર સરળ બાળકે ભગવાનની પૂજા બધા ભક્તિબાવથી કરી અને પછી બોજન પરાબ્યો. તે એમ માનતા હતા કે, ભગવાન નિત્ય આપીને કંઈ બાતા હશે. આજ આબ્યા નહિ, તેથી મારી પૂજામા કાંઈ દોષ હશે, એમ ધારી મૂર્તિની સામે બેસીને બધા વિનીત બાવથી તેને બૂબ પ્રાર્થના કરી અને ચૂપચાપ ભગવાનની રાહ જોવા બેસી ગયા. કેટલીયે કલાક બાદ આખરે ભગવાને બાળકબક્તના પ્રેમવશ પ્રકટ થઈને બોજનનો સ્વીકાર કર્યા બાતાએ બોજનની સામગ્રી જોડી જોઈ કારણ પૂછ્યું. નામદેવે કહ્યું કે, ભગવાન આપીને બાઈ ગયા. બાતાની સમજમાં કંઈ આબ્યુ નહિ. આગળ જતાં નામદેવ ભગવાનના એક બધા મોટા ભક્ત થયા. તેમણે પોતાનું આખું જીવન ભગવદ્‌ભક્તિ કરવામાં અને તેનો પ્રચાર કરવામા ગાળ્યુ. તેમણે ભગવત્ છ વર્ષની ઉમરમાં જીવનલીલા પૂરી કરી. તેમનો મા મહારાષ્ટ્રમા પંઢરપુરમાં છે. આ સિવાય એક લીંબો કે વંબો બાપનાર વેપારી નામદેવ પણ છે. તેનું સ્થાન જુલ્ટ જાહેરમાં છે. મારવાડમાં પણ એક નામદેવ થઈ ગયા છે. તે બાતના ધીંજરા હતા. આ બધા નામદેવ ભક્ત હતા, ભક્તમાલમાં નામદેવની કથા આ પ્રમાણે છે: નામદેવ એ બામદેવના દાસિત્ર હતા. બામદેવ કૃષ્ણના ઉપાસક હતા, તેથી નામદેવમાં બાલ્યાવસ્થાથી જ કૃષ્ણની સાચી ભક્તિ હતી. બામદેવ કેટલાક દિવસ માટે બહાર ગયા અને પોતાના દૌહિત્ર નામદેવને કૃષ્ણની મૂર્તિને દરરોજ દૂધ બાવવાનું કહેતા ગયા. નામદેવે મૂર્તિની આગળ દૂધ ધરી તે પીવાની પ્રાર્થના કરી. મૂર્તિએ દૂધ ન પીધુ ત્યારે નામદેવ બાંબકબા કરવા તૈયાર થયા, બાથી કૃષ્ણ બગવાને પ્રકટ થઈ દૂધ પીધુ. નામદેવ બાબ્યા ત્યારે તેણે આ બનાવથી બહુ આશ્ચર્ય થયુ. ધીમે ધીમે આ વાત બાજીબાને કાને પહોંચી. તેણે નામદેવને બોલાવી કરામત દેખાડવાનુ કહ્યું. નામદેવે તેનો સ્વીકાર કર્યો નહિ. એક દિવસ સંજોગવશાત્ એક ગામનો વાણ્યો મરી ગયો અને તેના શોકમાં તે બહુ બાકુળ થઈ. નામદેવે તે વાણ્યાને બાળી દીધો.
૨. પું. મહારાષ્ટ્ર દેશનો એ નામનો એક પ્રસિદ્ધ કવિ. તે સને ૧૨૦૦ લગભગ થયો હતો

નામદ્વાદશી ૧. [સં.] સ્ત્રી. ગૌરી, કાલી, ઉમા, ભદ્રા, દુર્ગા, કાંતિ, સરસ્વતી, લક્ષ્મા, વૈષ્ણવી, બદ્રાણી, સિવા અને નારાયણી એ બાર દેવીનાં નામ.
૨. સ્ત્રી. ગૌરી, કાલી વગેરે બાર દેવીને ઉદ્દેશી માગશર સુદિ બીજને દિવસે કરવામાં આવતું એક વ્રત. તેમાં બાર દેવીની પૂજા કરાય છે.

નામધન [સં.] પું. (સંગીત) મલ્હાર, સારંગ, સિંદૂરા, સૂડ અને કેદારો એ રાગોના યોગથી થતો એ નામનો એક સુંદર રાગ.

નામધરાઈ સ્ત્રી. બદનામી, નિંદા; અપકીર્તિ.

નામધાતુ ૧. [સં.] પું. (બાકરણ) નામ ઉપર જ ક્રિયા પ્રત્યયો લાગે એવો શબ્દ; નામ ઉપરથી બનેલો ધાતુ. જેમકે, મોહો ઉપરથી મોહાટવુ
૨. પું. (બાકરણ) નામ કે વિશેષણ ધાતુ તરીકે વપરાય તે. જેમકે, બજવાળું નામ ઉપરથી બજવાળવું; લાલું વિશેષણ ઉપરથી લાલાવવુ. કાઢ, પાડ, કરવા વગેરે કેટલાક નામધાતુ સંસ્કૃત ધાતુકૃત ઉપરથી બન્યા છે.

નામધામ [હિ.] ન. નામઠામ.

નામધારક ૧. [સં.] વિ. કોઈનું નામ ધારણ કરનારું.

૨. વિ. માત્ર નામ ધારણ કરનાર; નામનું જ; ખોટું; ઢોંગી; નામ પ્રમાણે કર્મ નહિ કરનાર; નામ માત્રનું જ્ઞાનાભ્યાસ વેદપાઠ આદિ નથી કરે તો તેને પરાશર સ્મૃતિમાં નામધારક બ્રાહ્મણ કહેલ છે.

નામધારણ [સં.] ન. કોઈનું ખોટું નામ ધારણ કરવું તે; કોઈના નામ ઉપરથી પોતાને ઓળખાવવો તે.

નામધારી ૧. [સં. નામધારિન્] વિ અરેખરું નહિ પણ જેણે માત્ર નામ જ ધારણ કરેલું હોય એનું; નામનું જ; ખોટું; ઢોંગી; બનાવટી; ખોટા નામનું

૨. વિ. નામ ધરાવનાર; નામ ધારણ કરનારું; નામવાળું; ના.મ.

૩. વિ. નામાંકિત; પ્રખ્યાત; પ્રખ્યાતિ પામેલું.

નામધૂન સ્ત્રી. ઈશ્વરના નામની ધૂન કે લહે.

નામધેય ૧. [સં.] ન. ઉપપદ.

૨. ન ઠેકાણું.

૩. ન. નામ.

૪. ન. નામની સ્થાપના.

૫. વિ. નામવાળું; નામનું

નામના ૧ સ્ત્રી. પ્રસિદ્ધિ; જાહેરાત.

૨. સ્ત્રી લોકમાં નામ ગવાતું હોય તે; કીર્તિ; આબરૂ; નામની ખ્યાતિ; જશ.

નામનાથિક [સં.] પું. પરમેશ્વર.

નામનારાયણી પું. (સંગીત) ત્રીજા મેળનો ત્રીસમો ઘાટ. તેમાં રિષભ, ધૈવત અને નિષાદ કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના સપ્ત સ્વર શુદ્ધ આવે છે.

નામનિક્ષેપ ૧. [સં] પું. (જૈન) ચાર મોઢેનો એક નિક્ષેપ; જે પદાર્થમાં જે ગુણ ન હોય તેને તે નામથી બોલાવવો તે. જે અર્થ વ્યુત્પત્તિસિદ્ધ નથી પણ ફક્ત માતાપિતા અથવા બીજા લોકોના સંકેતબળથી જાણી શકાય છે તે અર્થ નામનિક્ષેપ કહેવાય છે જેમકે, કોઈએ પોતાના દીકરાનું નામ હાથીસિંહ રાખ્યું, પરંતુ તે છોકરામા હાથી અને સિંહના ગુણ ન હોય.

૨. ન. નામસ્મરણ. નામ લેવું તે.

નામનિર્દેશ ૧. [સં. નામન્ (નામ) + નિર્દેશ (દેખાડવું તે)] પું નામ જણાવવું કે લખવું તે; નામનો ખાસ ઉલ્લેખ

૨. પું. નામ બોલીને કરેલી સજાતરી; બાધતા

નામનિવેશ પું નામ અને નિવાસ; ઠામઠેકાણું અને નામ; પત્તો, નામઠામ. નામનિશાન.

નામનિશાન ન. નામ અને રહેઠાણની કે બીજી નિશાની વગેરે પત્તો; નામ કે બીજું કાંઈ ચિહ્ન.

નામનિશાન ન રહેવું = (૧) કોઈ પણ ચિહ્ન કે નિશાન ન રહેવું (૨) બિનવારસ મૃત્યુ પામવું.

નામનીક [સં] પું. વિષ્ણુના સત્તર માંહેનો ત્રીજો અવતાર

નામનું ૧. વિ ખોટું; મિથ્યા; નકામું; વ્યર્થ.

૨. વિ. નામમાત્ર હોય એવું; માત્ર દેખાડવાનું જ; કહેવામાત્ર; ફક્ત કહેવાનું જ.

૩. વિ નામવાળું.

૪ વિ. બહુ થોડું.

નામપત્ર [સં] ન. નામનું પતાકડું.

નામપરિવર્તન [સં.] ન. નામાંતર; નામમાં ફેરફાર કરવો તે.

નામપુરુષ [સં.] પું. નામનો પુરુષ.

નામપૃષ્ઠ [સં.] ન. નામનું પાનું; મુખપત્ર.

નામપ્રકરણ [સં.] ન. નામો સંબંધી વિભાગ.

નામફેર ન. નામાંતર; બોબદલો.

નામબુડાઉ વિ. નામોશી આપનાર; કુળ બોળનાર; નામબોળ.

નામબુદ્ધિ વિ. ઉપર કહેલ; ઉપર નામ આપેલું.

નામબોલા વિ નામ લેનાર; નામ જપનાર; વિનય અને ભક્તિપૂર્વક નામસ્મરણ કરનાર.

નામબોળુ જુઓ નામબુડાઉ.

નામમંત્ર [સં.] પું. નામનો મંત્ર; નામસ્મરણ.

નામમાત્ર ૧. [સં.] ન. (વેદાંત) જે પદાર્થોમાં જે શક્તિ જોઈએ તે ન હોઈને સંજ્ઞા માત્ર ધારણ કરવાપણું.

૨. વિ. નામનું જ. માત્ર નામવાળું; નામ પૂરતું.

૩. વિ. બહુ થોડું.

૪ વિ. સ્વતંત્રતાહીન; પોતાની શક્તિ વિનાનું.

નામમાલા [સં.] સ્ત્રી. કોશગ્રંથ; શબ્દભાળા; નિઘંટુ

નામમુદ્રા [સં] સ્ત્રી. નામવાળી વીંટી; નામવાળો સિક્કો. તે સોગ મારવા માટે વપરાય છે.

નામયજ્ઞ [સં.] પું. પ્રાપ્તિ માટે કરેલો યજ્ઞ; કેવળ નામ કે ધૂમધામને માટે કરવામાં આવતો યજ્ઞ.

નામયોની [સં. નામન્ (નામ)] + યોનિન્ (જોડનાર)] વિ. (આકરણ) શબ્દયોગી; નામની સાથે સંબંધ બતાવી વિભક્તિના પ્રત્યયની મરજ બજાવનાર. જેમકે ઉપર, અંદર.

નામરજી સ્ત્રી. નાખુશી; અપ્રસન્નતા; મરજી ન હોવી તે.

નામરદ જુઓ નામર્દ.

નામરદાઈ જુઓ નામર્દાઈ.

નામરાશિ [સં.] વિ એક રાશિના નામવાળું; એક નામનું; નામની રાશિએ મળતું. જ્યોતિષ પ્રમાણે અમુક અક્ષરો અમુક રાશિના એમ બતાવેલું છે અને તે રાશિના અક્ષરથી જે જે જણનાં નામ શરૂ થતાં હોય તે એક જ રાશિનાં નામ એટલે નામરાશિ કહેવાય.

નામરાશિયું વિ. એક રાશિના નામવાળું. અંબાલાલ ને લાડુબાઈ એ બંને મેષ રાશિનાં છે, માટે તે નામરાશિયા કહેવાય

નામરૂપ [સં.] ન. બહેનાં; બૌદ્ધિક પદાર્થ; દરેક જગતનું બધાના આધાર સ્વરૂપ અગોચર વસ્તુતત્ત્વ કે પરિવર્તનશીલ વિવિધ રૂપ કે આકાર, જે ઇંદ્રિયોથી ઓળખાય છે અને તેનાં જુદાં જુદાં નામ જે ક્રમસર અનુસાર રાખવામાં આવે છે. વેદાંત અનુસાર એક જ અગોચર નિત્યતત્ત્વ છે. જે અનેક ભેદો દેખાય છે, તે વાસ્તવિક નથી. તે કેવળ રૂપો કે આકારોનું બારણ છે, જે ઇંદ્રિયો અને મનના સંસ્કાર માત્ર છે. સમુદ્ર અને તરંગ અથવા સોનું અને ઘરેણું એ બે જુદાં જુદાં નામ છે. એકીકરણ દ્વારા આત્મા સોના અને ઘરેણામાં અથવા સમુદ્ર અને તરંગમાં સામાન્ય મૂલ્યવાળો એક જ પદાર્થ દેખાય છે. સોનું એક પદાર્થ છે, પરંતુ જુદા જુદા આકારો ઉપર આદતના આકારથી જે સંસ્કાર મન ઉપર ઇંદ્રિયો દ્વારા પાય છે, તેના પ્રકાશથી સોનાને કોઈ વાર કડું, કોઈ વાર બંગડી, કોઈ ઉપર કાંબૂડી કહેવામાં આવે છે આ પ્રકારે જગતમાં જે જે દેખાય છે તે બધુ કેવળ નામરૂપાત્મક છે. તેની અંદરમાં વસ્તુસત્તા છુપેલી છે. વેદાંતમા મતા અદ્વૈતના રહેનારા નામરૂપાત્મકરૂપ દરેક જગતને મિથ્યા અને નાશવંત અને નિત્ય વસ્તુતત્ત્વને સત્ય કે અમૃત કહે છે.

નામર્દ ૧ [ફા.] વિ. જનાની, બાયલું, કાતર; બહુ; ડરપોક; બીકણ; બીકુ, કરપોક

૨ વિ. પુરુષત્વહીન; નપુંસક; વીર્યહીન.

નામર્દ રડે દામને ને મર્દ રડે નામને = જેનામાં રળવાની શક્તિ નથી તે પૈસા માટે વલખા મારે છે અને જે મર્દ છે તે કીર્તિ માટે યત્ન કરે છે.

નામદર્શિ જુઓ નામદી.

નામદી ૧. [ફા.] સ્ત્રી. નામદર્શિ; અશક્તિ; અપુરુષત્વ, ક્લૈબ્ય; નપુંસકતા.

૨. સ્ત્રી. નાયલાયકી; કાયરતા; હિંમતહારાપણું; ભીરુતા; સાહસનો અભાવ.

નામર્દુમી જુઓ નામર્દી.

નામલતા સ્ત્રી. નાટ્યશાસ્ત્રમાં કહ્યું એક જાતનું કરણ.

નામલિંગ [સં.] ન. નામ અને તેની જાતિ.

નામલીલા [સં.] સ્ત્રી. નામાત્મક સૃષ્ટિ.

નામલીલાપર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

નામલેવું ૧. ન. નામ લેવું તે; નામસ્મરણ; નામ યાદ કરવું તે.

૨. ન. પાછળથી નામ લેવામાં કે યાદ કરાય એવું હોવું તે; યાદગીરી; સ્મારક; સ્મૃતિનો અવશેષ.

નામલેવા ૧ પું. દીકરો; ઉત્તરાધિકારી; સંતતિ, વારસ.

૨. વિ. નામ લેનાર; નામસ્મરણ કરનાર.

નામલોક [સં] પું. નામનો લોક; જેનું નામ લોક શબ્દમાં આવ્યું છે તે.

નામવર ૧. વિ. નામદાર. માનવાચક શબ્દ તરીકે રાજાની સાથે વપરાય છે

૨. વિ. સારી નામનાવાળું; પ્રખ્યાત; મશહૂર; નામી; પ્રસિદ્ધ.

નામવરી [ફા.] સ્ત્રી પ્રતિષ્ઠા; કીર્તિ; યશ; ખ્યાતિ; આબરૂ; માનમરતબો; પ્રસિદ્ધિ.

નામવર્જિત ૧. [સં.] વિ. નામ વગરનું.

૨. વિ. મૂર્ખ

નામવાચ્ય [સં.] વ (આકરણ) નામ તરીકે વપરાયેલું સૌથી વાચ્ય.

નામવાચક ૧. [સં.] ન. (વ્યાકરણ) વિશેષ નામ

૨. વિ (વ્યાકરણ) નામ દર્શાવનાર; નામ બતાવનાર.

નામવારી સ્ત્રી. નામના ક્રમ પ્રમાણે ગોઠવણી.

નામવીર [સં.] પું વીર એવું નામ ધરાવનાર જીવ કે અજીવ પદાર્થ

નામવું ૧. અ. ક્રિ. કરવું; ઝળવું; તરવું જવું.

૨. સ. ક્રિ. ઢોળવું; નાખવું; રેડવું; નમાવીને પાડવું

૩. સ ક્રિ. નીચું નમાવવું

નામવ્યૂહ [સં.] પું. શરીરરચનાના નવ ભાદેનો એ નામનો એક ભૂહ.

નામશૂદ્ર ૧ સ્ત્રી. એ નામની એક અસ્પૃશ્ય મનાતી જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ

૩. વિ. એ નામની જાતિનું

નામશેષ ૧. [સં.] વિ. નાશ પામેલું; માત્ર નામ બાકી રહ્યું હોય તેવું; નષ્ટ.

૨. વિ. મરી ગયેલું; મૃત

નામશ્રવણ [સં.] ન. નામ સાંભળવું તે

નામસત્ય [સં.] ન. (જૈન) કોઈ માણસ અથવા વસ્તુનું નામ તેના ગુણ કે સ્થિતિ પ્રમાણે ન હોય તોપણ તેને તેના પરોક્ષ નામથી બોલાવવું તે; નામનું સત્ય; સત્ય જેનું નામ હોય તે. જેમકે, લક્ષ્મીપતિ નામનો માણસ દરિદ્ર હોય તોપણ તેને લક્ષ્મીપતિ નામે બોલાવવો.

નામસંકીર્તન [સં.] ન. પ્રભુનાં નામનું કીર્તન.

નામસંગ્રહ [સં] પું જુદાં જુદાં નામોનો સંચય

નામસંસ્કાર [સં.] પું. નામકરણ; નામ પાડવું તે

નામસાદૃશ્ય [સં.] ન. નામનું સરખાપણું કે મળતાપણું

નામસામર્થ્યરૂપપંચક [સં. નામસામર્થ્યરૂપપઞ્ચક] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ

નામસેવક [સં.] પું. સેવાનો ગુણ ન હોવા છતાં સેવક હોવાને લગતું રાખેલ નામ. જે કોઈ એવી વ્યક્તિ છે જેનામાં સેવક યોગ્ય કોઈ પણ ગુણ નથી, પણ કોઈએ એનું નામ સેવક રાખ્યું હોય તો તે નામસેવક કહેવાય.

નામસેવા [સં.] સ્ત્રી. સદ્ગ્રંથ વગેરેનું વાચન કે જપ. સેવા બે જાતની છે. રૂપસેવા અને નામસેવા. મૂર્તિપૂજા તે રૂપસેવા કહેવાય.

નામસ્મરણ [સં.] ન. નામને યાદ કરવું તે; નામનું રટણ; નામનો જપ; નામ લેવું તે; નામની માળા ફેરવવી તે. ભગવાનના નામસ્મરણ જેવો સર્વપ્રાણિનો ખાલે એક પણ સરળ ઉપાય મનાયો નથી. આથી જ દાર્શનિકોના પણ દાર્શનિક અને મહર્ષિઓના પણ મહર્ષિ ભગવાન બાદરાયણ વ્યાસ મુનિનો નિર્ણય છે કે, કલિયુગમાં નામસ્મરણ એ જ પ્રભુપ્રાપ્તિનું સાધન છે. નામસ્મરણનો મહિમા અગિણ છે. નામસ્મરણ એ પરમાત્માને જ હાજર કરવાની ગુરુચાવી છે. પરમાત્માનું સ્વરૂપદર્શન પરમાત્માની કૃપાને અધીન છે. આથી જિજ્ઞાસુએ તો પરમાત્માના સર્વપ્રિય નામનું સ્મરણ કરવું ઘટે અને જ્યારે સાધક તેના નામનો પરમ વિશ્વાસ હૃદયથી પોકાર કરશે ત્યારે પરમ પ્રેમસ્વરૂપ પરમાત્મા આપોઆપ દર્શન દેશે.

નામહરજાલ [ફા.] વિ. પ્રેમ વગરનું; માયાળુ ન હોય એવું

નામહરજાલી [ફા.] સ્ત્રી કૃપા વગરનું હોવું તે.

નામહરમ પું. જનાનખાનામાં જેને જવાની છૂટ ન હોય એવો અજનબી માણસ.

નામહીન [સં] વિ. બેનામ; નામ વગરનું.

નામંજૂર [ફા. નામઝૂર] વિ. નાકબૂલ; રદબાતલ; અસંમત; અસ્વીકૃત; અમાન્ય.

નામંજૂરી [ફા. નામઝૂરી] સ્ત્રી. નહિ સ્વીકારવું તે; અસ્વીકાર; કબૂલ નહિ રાખવું તે; નામંજૂર થયું તે.

નામા ૧. [ફા.] પું. ઇતિહાસ.

૨. પું. કોલકરાર.

૩. પું. ચીજની કીમત.

૪. પું. ચોપડી.

૫. પું. દસ્તાવેજ.

૬. પું. નામ.

૭ પું. નામદેવ નામે ભક્ત.

૮. પું. નામું; હિસાબ.

૯. પું. પત્ર, કાગળ.

૧૦. ન. નીલગિરિ ઉપર રહેતા કુરુંબા લોકોનું એક તદ્ધ. આ જાતમાં બધા તદ્ધ છે: મુધુ, નામા અને પનીસ.

૧૧. વિ. નામનું; નામધારી; નામવાળું.

૧૨. અ. નામે.

નામાકૂલ (નામાકુલ) ૧. વિ. અયુક્ત; અનુચિત.

૨. વિ. નામાવશેષ; અપોગ.

૩. વિ મૂર્ખ; બેવકૂફ.

નામાક્ષર [સં.] પું. દસ્તખત; નામના અક્ષર.

નામાચરણ [સં.] ન. કવિતામાં કવિના નામવાળું જોડવું ચરણ.

નામાતબર [ફા.] વિ. વિશ્વાસ ન કરી શકાય એવું

નામાદિપ્રેમપ્રહ્લાદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

નામાધ્યક્ષર [સં.] પું. નામનો પહેલો અક્ષર લખીને સહી કરવી તે.

નામાનિગાર ૧. પું. ખબરપત્રી.
૨. પું. લેખક.

નામાનુરૂપ [સં] અ. નામ પ્રમાણે

નામાનુશાસન [સં.] ન. શબ્દકોષ

નામાપરાધ [સં.] પું. પરમેશ્વર વગેરેના નામોની અવજ્ઞારૂપ અપરાધ; દેવ, બ્રાહ્મણ વગેરેની નિંદા કરી અપરાધ કરવો તે.

નામાપરાધી [સં. નામાપરાધિન્] વિ. પરમેશ્વર વગેરેના નામોની અવજ્ઞારૂપ અપરાધ કરનારું.

નામાફેકત જી. અણઆવડત; બેદિલી.

નામાબર [જા. નામા (પત્ર) + બર (લઈ જનાર)] પું. હરકારો; કાગળ લઈ જનાર માણસ

નામાભિધાન ૧. [સં.] ન. ઓળખ; સંજ્ઞા
૨. ન. જન્મ.
૩. ન. નામ પાડવું કરવું તે.
૪ ન. શબ્દકોષ

નામાર્થ [સં.] પું (વ્યાકરણ) પ્રથમા વિભક્તિનો એક પ્રકારનો ઉપયોગ. પ્રથમા વિભક્તિ શબ્દના મૂળ અર્થમાં કંઈ ખમરો કરતી નથી, માત્ર તાત્પર્ય કે પ્રતિપદિકાર્થ એટલો જ એના અર્થ છે.

નામાર્થકકલ્પ [સં.] ન. જે નામનું એક શાસ્ત્ર. તેમાં કોઈ પણ વસ્તુનું નામ તે વસ્તુ ઉપરથી તેની ઉત્પત્તિ પછી પડ્યું કે પહેલાં હતું, અગર નામ અને પદાર્થ સાથે જ હસ્તીમાં આવ્યા હતાં વગેરે બાબત ચર્ચેલી છે. આ શાસ્ત્ર મહર્ષિ અત્રિએ બનાવેલું છે.

નામાલૂમ [જા.] વિ. અજ્ઞાત; ખબર ન હોય એવું; અજાણ્યું.

નામાવલિ ૧. [સં.] સ્ત્રી. નામની ટીપ; અનુક્રમે એક પછી એક નામ લખેલાં હોય તે યાદી; નામની નોંધ.
૨. સ્ત્રી. રામનામી; ચોતરફ ભગવાનનું નામ છાપ્યું હોય એવું ખાસ ઓઢો ઓઢે છે તે કપડું.
૩. સ્ત્રી. હાજરીપત્રક

નામાવલિકારિક પું. હાજરીપત્રક રાખનાર કારકુન.

નામાવલી જુઓ નામાવલિ.

નામાવશિષ્ટ [સં.] વિ. જેનું માત્ર નામ બાકી રહ્યું હોય એવું.

નામાવળિ જુઓ નામાવલિ.

નામાવળી જુઓ નામાવલિ.

નામાંક [સં.] વિ. નામના અક્ષરોથી ચિહ્નવાળું, નામાંકિત.

નામાંકિત ૧ [સં] વિ. જેના ઉપર નામ લખ્યું અગર કોતર્યું હોય એવું.
૨. વિ. નામે કરીને લોકમાં ઓળખાતું હોય એવું; પ્રખ્યાત; જાણીતું; જેનું નામ પ્રસિદ્ધ પામ્યું હોય તેવું. મશહૂર.

નામાંકિતપણું ન. નામાંકિત હોવું તે; ખ્યાતિ.

નામાતર ૧. [સં.] ન. નામ બદલી નાખવું તે.
૨ ન. બીજું નામ.
૩. ન. મોબદલો; વિનિમય.

નામિક ૧. [સં.] ન. વાચક શબ્દ; પદ
૨. વિ. નામને લગતું. નામ સંબંધી; નામવાળું
૩. વિ. સત્તા સંબંધી.

નામિકકર્મ ૧. [સં.] ન. (જૈન) જાણવા યોગ્ય તત્ત્વ આ નામવાળું છે, એવા જ્ઞાનનું હેતુભૂત કર્મ.
૨. ન. (વેદાંત) જીવના ઉદરમાં પ્રવેશતા શુક્રશોણિતની તત્ત્વજ્ઞાનાનુકૂલ દેહકાર પરિણામ થકિત પછી દ્રવત્વાવસ્થારૂપ કલિલાવસ્થા તથા બુદબુદાવસ્થાની આરંભિક ક્રિયા.

નામિકી ૧. [સં.] વિ સ્ત્રી (વ્યાકરણ) નામને પ્રત્યય લગાડવામાં આવતો.
૨. વિ સ્ત્રી. નામવાળી

નામિત ૧. [સં.] પું. (સંગીત) પંદર માંહેનો એ નામનો એક પ્રકાર.
૨. વિ. ઢળાયેલું; વાંકું વળેલું કે વળેલું.
૩. વિ. નમસ્કાર કરેલું; નમેલું.
૪ વિ. નામાંકિત.

નામિયા ૧. [અ.] પું. અંબૂરનો છોડ.
૨. પું. ઊંટવાની શક્તિ.
૩. પું. ઊંટનું તેજ; ભોંકું ચાલવું તે.
૪. પું. પ્રાણી.

નામિલવર્તન ન. અસહકાર; કોઈની સાથે મળી કામ ન કરવું તે.

નામી ૧. [સં.] વિ. ઉત્તમ; સુંદર; સારું
૨. વિ. નામવાળું; નામધારી.
૩. વિ. પ્રસિદ્ધ; નામાંકિત; પ્રખ્યાત; મશહૂર. નામી, નામી બે બદીબલિ, જરને બન્ને વર્તી રહે.
શામળ
નામી વેપારી કામી ભાવ ને નામી ચોર મામો જાય = વેપારી નામના મેળવે તેમ વેપારમાં આબરૂ વધે, પણ બાપીતો ચોર બીજાઓ ચોરી કરી હોય તોપણ તેમાં તેને પકડવામાં આવે.

૪ વિ. સુંદર, સોહામણું.

નામીગિરામી [સં.] વિ. પ્રસિદ્ધ; પ્રખ્યાત.

નામીચું ૧. [જા. નામચા] વિ. નામાંકિત; પ્રખ્યાત; વખણાયેલું; પ્રસિદ્ધ; જાણીતું.
નામીચો ચોર માર્યો જાય = એક દિવસનો ચોર તે સદાનો ચોર.
૨. વિ. નામી; સુંદર.

નામુ ન. (જૈન) કર્મના આઠ મહિનો એ નામનો છઠ્ઠો પ્રકાર; નામકર્મ.

નામુઆફિક (નામુઆફિક) ૧. [જા.] વિ બિલકુલ.
૨. વિ માફક નહિ આવતું, અનુકૂલ.
૩. વિ. સરખું નહિ એવું.

નામુકમલ [જા.] વિ. અપૂર્ણ; અધૂરું.

નામુકર [જા. નામકરદન] વિ. નાકબૂલ; એક વાર લીધેલને પાછો ફરી જવું તે.
નામુકર જવું = નાકબૂલ કરવું; ઇન્કાર કરવો; ફરી જવું; લીધા પછી ના પાડવી.

નામુકરદન (નામુકરદૂન) [જા.] વિ. ઓકાસ નહિ એવું, અયોગ્યતા; અનિચ્છિત.

નામુકરે [જા નામુકરદન] વિ. નાકબૂલ; લીધા પછી ફરી જનારું.
નામુકરે જવું = ઇન્કાર કરવો; ફરી જવું

નામુતનાદ્દી [જા.] વિ. દેવી, ઈશ્વરી.

નામુદાર વિ. નામના મેળવનારું.

નામુનાબક વિ. અસંગત; વિપરીત.

નામુનાસબ જુઓ નામુનાસિબ.

નામુનાસિબ ૧. [જા.] વિ અયોગ્ય; અઘટિત; અનુચિત; બેરવાજબી.
૨ વિ નાલાયક.

નામુનાસિબપણું ૧. ન. અયોગ્યતા.
૨. ન. નાલાયકપણું

નામુબારક ૧. [જા.] વિ. અશુભ
૨. વિ. બેનસીબ; અભાગિયું, દુર્ભાગી.

નામુમકિન [જા.] વિ. અસંભવિત; અશક્ય; બને નહિ એવું.

નામુરાદ [જા.] વિ. નાઉમેદ; આશાભંગ; નિરાશ.

નામુરાદગી સ્ત્રી. નિરાશા; નાઉમેદી.

નામુરાદી જુઓ નામુરાદગી.

નામુલાયમ [જા.] વિ. સખત; કઠણ.

નામુવાફેકત (નામુવાફકત) સ્ત્રી. માફક ન આવવાપણું.

નામુવાફિક (નામુવાફિક) [ફા.] વિ. માફક ન આવે તેવું; પ્રતિકૂળ; વિરુદ્ધ.

નામુવાફિકત (નામુવાફિકત) સ્ત્રી. માફક ન આવે તે; પ્રતિકૂળતા

નામુશ્કી સ્ત્રી. અપકીર્તિ; બદનામી.

નામુહરમ ૧. [ફા.] પું. અણસમો માણસ.
૨. પું. જેના ઓરડામાં હાજત ન કરી શકાય તેવો પુરુષ.

નામું ૧. [જુ. નામા] ન. હિસાબપત્ર.
૨. ન. કોઈ પણ રીતના જમેઉધારનું આવું; જુદે જુદે નામે જમેઉધાર થયેલાં નાણાંનો હિસાબ.
૧. નામું ઊતારવું = (૧) નામું લખવું. જમેઉધ.રનો હિસાબ લખવો. (૨) હિસાબની નકલ કરવી.
૨. નામું કરવું = કોઈને લાંબી ઉધાર લેવું કે લેવું; નામે લખાવીને લાવવું
૩. નામું ચડી જવું = લખવો બાકી એવો હિસાબ થયો જવો.
૪. નામું ચાલવું = આવું આવવું; કોઈને લાંબી નામે લખાવીને માલ લાવવાનો વ્યવહાર હોવો
૫. નામું મંડાઈ જવું = બધી રીતે ઠરી જવું.
૬. નામું માંડવું–લખવું = જમેઉધારનો હિસાબ રાખવો.
૭. ભલામણપત્રો તે નામું લખે ને અભણ રહ્યો તે દીવો ધરે = કોળવણીનો ઝાઝો અનુ છે.
૩. ન. દસ્તાવેજ
૪. ન. નામ લખવાં તે.
૫. ન. વર્ણન; પ્રતિકાસ; વાર્તા; ખબર. જેમકે, સિકંદરનામું.
૬. ન. હક; દાવું.
૭. સ્ત્રી. અરબી ભાષાના નપુંસકલિંગનો પ્રત્યય.

નામુંઠામું ન. નામવાર હિસાબ અને તેની વિગત, ઠેરવું વગેરે તેમાં આપવું તે; નામાનો વિગતવાર હિસાબ.

નામુંસૈયું જુ. નામુંઠામું; નામાનો વિગતવાર હિસાબ.

નામૂસ ૧. સ્ત્રી. કુટુંબનો ઓવિકાસ.
૨. [અ. નમસ (ખાનગી વાત સંતાડવું)]
પું. બ્યભિચાર; કોર્નિ.
૩. સ્ત્રી. નામોશી; કલંક.
૪. સ્ત્રી. માન.
૫. સ્ત્રી શિક્ષા.
૬. સ્ત્રી. સિદ્ધાંત; ઠામઠો.

નામૂસી ૧. સ્ત્રી. નાલોશી; નિંદા; બદનામી; કલંક; ભેજાગર; અપ્રતિષ્ઠા.
૨. [અ.] વિ. કુટુંબના ઓવિકાસને લગતું

નામે ૧. અ. નામ ઉપર; કોઈને આને; ઉધાર.
૧ નામે લખવું = કોઈને ખાતે માંડવું
૨. નામે લાવવું = ઉધાર લાવવું.
૨. અ. નામથી. જેમકે, નામે કૃષ્ણજી.

નામેનામ ૧. વિ. એ જ નામનું.
૨. અ. એ જ નામનું હોય એમ; એક નામના બે હોય એમ; બરોબર એક જ નામથી

નામેરી વિ એક જ નામવાળું; એક જ નામનું, સમાન નામનું

નામેહરબાન [ફા.] વિ. કૃપાળુ; મહેરબાન ન હોય એવું

નામેહરબાની [ફા.] સ્ત્રી. અવકૃપા; ઇતરાજી.

નામૈંદ્ર ૧. [સં.] પું. ઉંદરનું નામ.
૨. પું નામનો ઉંદર; જેમાં ઉંદરના ગુણ ન હોય પણ કેવળ નામ જેનું ઉંદર હોય તે.

નામૈકગુણ્યન્યાય પું. (ન્યાય) મુખ્યપણે ન્યાયનો એક ભેદ.

નામૈસરી સ્ત્રી. મરીનાઈ.

નામોચ્ચાર [સં.] પું. નામનું ઉચ્ચારણ કરવું કે બોલવું તે; નામનો ઉચ્ચાર કરવો તે.

નામોચ્ચારણ જુઓ નામોચ્ચાર.

નામોજૂહ વિ. ગેરહાજર.

નામોતબર [ફા. નામોતબર] વિ. વિશ્વાસ ન કરી શકાય એવું.

નામોનિશાન [ફા.] ન. પત્તો; ઠામઠેકાણું; સરનામું.

નામોમઠામ જુઓ નામોનિશાન.

નામોરી ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. વિ. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.

નામોલ્લેખ [સં.] પું. નામની નોંધ; નામની નોંધ.

નામોશ વિ દીવું; બેઆબરૂ.

નામોશી ૧. [અ. નામૂસ] સ્ત્રી. આબરૂ; કલંક; દીવેણ; લોકમાં આબરૂ જતી તે; બેઆબરૂ; અપજશ.
૨ સ્ત્રી. શરમ; લાજ.

નામોશી ભરેલું ૧. વિ. કલંકિત; બદનામીવાળું.
૨. વિ. શરમ ઉપજાવે એવું.

નામોશીભર્યું જુઓ નામોશીભરેલું.

નામોહરમ [ફા.] વિ. નિરાશ; નિષ્ફળ; પસ્તમૂત

નામોહરમી [ફા.] સ્ત્રી નિરાશ થઈ જવું તે; પરાજૂત બનવું તે.

નામૌજૂદ ૧. વિ પ્રાસ વગરનું.
૨. વિ. માપ વગરનું; બેહોળ

નામ્નિ [સં.] વિ નામવાળું; નામધારી.

નામ્ય ૧. વિ. અધીન; વશ; કબજામાં હોય એવું; આજ્ઞાંકિત
૨. વિ. નમાવવા જેવું

નાય ૧. [સં] પું. ઉદાહરણ; દૃષ્ટાંત.
૨ પું. ઉપાય; યુક્તિ; યુક્તિ.
૩ પું. કર્મનો નેતા; આત્મા
૪ પું. ગાડીનો ધરો જેમાં ખોડવામ તે આવું.
૫ પું ઋતુરાજ
૬ પું. જાતિ; જાત.
૭ પું. નીતિ; નય
૮ પું નેતા; આગેવાન; સરદાર; નાયક.
૯ પું. અગ્નનો દેવતા; પ્રજ્વલતો અગ્નિ.
૧૦ [પ્રા.] પું. (જૈન) મહાવીર સ્વામીનું એ નામનું પુત્ર; જ્ઞાત નામનું કુળ.
૧૧. પું. ઘાસ જવું તે; ઘોરવું તે
૧૨. વિ. ભાગેડુ.
૧૩. વિ. ઘોરનારું.

નાયક ૧. [સં.] પું. આગેવાન, સરદાર; પ્રિય પુરુષ
૨ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે દીપક રાગનો પુત્ર મનાય છે.
૩ પું (પિંગળ) એક સમમાત્રા માત્રામેળ છંદ. તે સર્વથા છંદનો ભેદ છે. તેમાં ૬૫ ગુરુ અને ૫૪ લઘુ મળી ૮૯ વર્ણ હોય છે.
૪ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સમત્રિજા છંદનો એક ભેદ છે. તેને જતુ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સત્તર અને બે લઘુ મળી વીસ અક્ષર હોય છે
૫. પું. એક રૂઢ પારિભાષિક શબ્દ
૬. પું. કોઈ મંડળ અથવા ટોળાનો ઉપરી; મુખી; આગેવાન; સરદાર; મુખ્ય જન; અગ્રેસર; વડો; નેતા.
૭. પું. ગણપતિ. શિવના ગણોમાં ગણપતિ મુખ્ય છે, તેથી તે નાયક અથવા નાથ પણ કહેવાય છે
૮. પું (સંગીત) ભૂરી અને નરી એમ બંને સંગીત પદ્ધતિનું જ્ઞાન હોય, જેને ગાયન, વાદન તથા નર્તન એ ત્રણના મર્મો બારીક ભેદોનું પણ જ્ઞાન હોય, તેમ જ છંદ, પ્રબંધ વગેરે

સરસ રીતે આવા ઉપરાંત શિક્ષક તરીકેની યોગ્યતામાં પૂર્ણ હોય તેવો માણસ: સંગીત કલામાં નિપુણ પુરુષ: કલાવંત.

૯. પું. દસ સેનાપતિ ઉપરનો અધિકારી.

૧૦. પું. નાટકનું કે વાર્તાનું મુખ્ય પુરુષપાત્ર: સૂત્રધાર: નટ: ભવાયો. ભજનોમાં નાયક સંબોધન માનથી બોલાવવામાં વપરાય છે.

૧૧. પું. પ્રભુ: ધણી.

૧૨. પું. મજૂર ઉપર દેખરેખ રાખનાર માણસ: મુકાદમ.

૧૩. પું. માળાનો મુખ્ય મણકો.

૧૪. પું. વીસ હાથી તથા ઘોડાઓનો અધ્યક્ષ.

૧૫. પું. જ્ઞાનચ મુનિનું એક નામ.

૧૬. પું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આઠ માંહેનો એ નામનો એક સખા.

૧૭. પું. શ્રેષ્ઠ પુરુષ: જનનાયક.

૧૮. પું. સરદાર: સેનાપતિ: સિપાઈનો વડો: જમાદાર: થાણદાર.

૧૯. પું. સાહિત્યમાં કૃષ્ણનું આલંબન કે સામાન્ય રૂપલાવણ્યસંપન્ન પુરુષ: જેનું ચરિત્ર કોઈ કાવ્ય, નાટક આદિમાં મુખ્ય હોય તેવો પુરુષ. સાહિત્યદર્પણમાં કહ્યું છે કે, દાનશીલ, કૃતી, સુશ્રી, રૂપવાન, યુવક, કાર્યકુશળ, લોકરંજક, તેજસ્વી, પંડિત અને સુશીલ એવા પુરુષને નાયક કહે છે. નાયક ચાર પ્રકારના છે: ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરલલિત અને ધીરપ્રશાન્ત. આત્મશ્લાઘા રહિત, ક્ષમાશીલ, ગંભીર, મહાબલશાળી, સ્થિર અને વિનયસંપન્ન નાયકને ધીરોદાત્ત કહે છે. જેમકે, રામ, યુધિષ્ઠિર. માયાવી, પ્રપંચ, અહંકાર અને આત્મશ્લાઘાયુક્ત નાયકને ધીરોદ્ધત કહે છે. જેમકે, ભીમસેન. નિશ્ચિંત, મૃદુ અને ગૂઢગીતાદિપ્રિય નાયકને ધીરલલિત કહે છે. ક્ષમાશીલ અને કૃતી નાયકને ધીરપ્રશાંત કહે છે. આ ચારે પ્રકારના નાયકોના ફરીથી અનુકૂલ, દક્ષિણ, ધૃષ્ટ અને શઠ એ ચાર ભેદ કહેલા છે. શૃંગારરસમાં પહેલા નાયકના ત્રણ ભેદ કલ્યા છે: પતિ, ઉપપતિ અને વૈશિક એટલે વેશ્યાનુરક્ત. પતિ ચાર પ્રકારના કલ્યા છે: અનુકૂલ, દક્ષિણ, ધૃષ્ટ અને શઠ. એક વિવાહિતા સ્ત્રી ઉપર અનુરક્ત પતિને અનુકૂલ, અનેક સ્ત્રીઓ ઉપર સમાન પ્રીતિ રાખનારને દક્ષિણ, સ્ત્રી પ્રત્યે અપરાધી બની વારંવાર અપમાનિત હોવા છતાં પણ નિર્લજ્જતાપૂર્વક વિનય કરનારને ધૃષ્ટ અને જાણપૂર્વક અપરાધ છુપાવવામાં ચતુર પતિને શઠ કહે છે. ઉપપતિના બે પ્રકાર છે: વચનચતુર અને ક્રિયાચતુર. ધર્માનુસાર નાયકના ત્રણ ભેદ છે: પતિ, ઉપપતિ અને વૈશિક. અવસ્થાનુસાર બે ભેદ છે: જ્ઞાની અને પ્રોષિત. પ્રકૃત્યનુસાર ત્રણ ભેદ છે: ઉત્તમ, મધ્યમ અને અધમ.

૨૦. પું. સ્વામી: અધિપતિ: માલિક.

૨૧. પું. હારની વચ્ચેનો મણિ: માળાનું વચલું નંગ.

૨૨. સ્ત્રી. એ નામની તરગાળાની એક જ્ઞાતિ.

૨૩. વિ. એ નામની જ્ઞાતિનું માણસ.

૨૪. સ્ત્રી. એ નામની જ્ઞાતિનું.

૨૫. વિ. લઈ જનાર: પહોંચાડનાર.

૨૬. વિ. શ્રેષ્ઠ: પ્રધાન: મુખ્ય.

નાયકડા (નાયકડ) જુઓ નાયકડો.

નાયકડી (નાયકડી) સ્ત્રી. એક જાતની બીલડી.

નાયકડો (નાયકડો) પું. એક જાતનો બીલ.

નાયકણ ૧. સ્ત્રી. નામધારી કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. નાયકની સ્ત્રી

૩. સ્ત્રી. નાયિકા: વેશ્યા.

નાયકણી જુઓ નાયકણ.

નાયકતા જુઓ નાયકત્વ.

નાયકત્વ [સં.] ન. ઉપરીપણું.

નાયકા ૧. [સં. નાયિકા] સ્ત્રી. અગ્રેસરની સ્ત્રી

૨. સ્ત્રી. કુટણી. કુટની.

૩. સ્ત્રી. ગણિકા: વૃત્તિ કરનારી સ્ત્રી: રામજની.

૪. સ્ત્રી. નાટક અથવા વાર્તાનું મુખ્ય સ્ત્રીપાત્ર: નાયિકા: નાયકની સ્ત્રી. પ્રેમરસમાં ભાવપ્રધી રંગીલી જુવાન સ્ત્રી. કામશાસ્ત્રમાં તેના મુખ્ય ત્રણ ભાગ પાડેલા છે: સ્વકીયા, પરકીયા અને સામાન્યા. અમુક મત પ્રમાણે તેની ચાર જ્ઞાતિ છે: પદ્મિની, ચિત્રિણી, શંખિની અને હસ્તિની. પ્રકૃત્યનુસાર તે ત્રણ પ્રકારની છે: ઉત્તમા, મધ્યમા અને અધમા. વયકમાનુસાર તે ત્રણ પ્રકારની છે: મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા. અવસ્થાનુસાર તેના આઠ પ્રકાર છે: પ્રોષિતપતિકા, ખંડિતા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, ઉત્કંઠિતા, વાસકસજ્જા, સ્વાધીનપતિકા અને અભિસારિકા કેટલાક કવિઓ અષ્ટનાયિકા સિવાય વિશેષ ભેદ પણ બતાવે છે: ગર્વિષ્ઠાપતિકા, કલહપતિકા, આગમિષ્યત્પતિકા, આગચ્છત્પતિકા, આગતપતિકા અને સંપ્રેષ્યભર્તૃકા.

૫. સ્ત્રી ડિંગ કોટ: ઝભ્ભો.

૬. સ્ત્રી. રાનીપરજની એ નામની એક પેટા જ્ઞાતિ. કોકિયા ભોકો આ જાતને બાહ્મણ માણક પૂજે છે. તેમની ઘર પેટા જ્ઞાતિ છે. તેઓ વસ્ત્ર માટે જાણીતા છે.

૭. સ્ત્રી. વેશ્યાની મા.

નાયકાધિપ [સં.] પું. રાજા.

નાયકી ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક રાગ. તે કાનરાની એક જાત છે, સાંજે બારમાંથી ઉત્પન્ન થાય છે અને મધ્યરાત્રે ગવાય છે. તેમાં બધા કોમળ સ્વર આવે છે.

૨. સ્ત્રી. નાયકપણું: મુખ્ય ઉપરીનો હોદ્દો: આધિપત્ય.

નાયકીકાનડો (નાયકીકાનડો) જુઓ નાયકીકાનરો.

નાયકીકાનરો પું. (સંગીત) કાનરા રાગનો એક પ્રકાર.

નાયકીકાન્હડા (નાયકીકાન્હડા) [હિ.] પું. (સંગીત) એ નામનો એક રાગ. તેમાં બધા કોમળ સ્વર આવે છે.

નાયકીકાન્હરો સ્ત્રી. (સંગીત) કાનરા રાગિણીની અઢાર માંહેની એક જાત. તે માલવો વગત રાગિનો છે. તેની જાતિ સંપૂર્ણ એટલે તેમાં ઋષભ, પંચમ તીવ્ર, ગંધાર કોમળ, તીવ્ર બંને, મધ્યમ કોમળ, પંચમ અને ધૈવત તીવ્ર, નિષાદ કોમળ એ પ્રમાણે જાતે સ્વર આવે છે

નાયકીમલ્લાર [હિ.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એ નામનો એક રાગ. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

નાયકુલ ૧. [પ્રા.] ન. (જૈન) એક પ્રખ્યાત ક્ષત્રિય કુળ.

૨. ન. પિતૃકુળ.

નાયકેણ ૧. સ્ત્રી. નાયકણ: નાયકણી: રામજની: નામધારી કરનારી સ્ત્રી.

૨ સ્ત્રી. વેશ્યા.

નાયકો [સં. નાયક: અપ. ણાય્યઅ] પું. સુરત બાજુની એક રાનીપરજ કોમનો માણસ.

નાયજો ૧. પું. ઘોડાની જનનેંદ્રિય.

૨. પું. ઘોડાની એક જાતની બીમારી.

નાયટી પું. રાસ્તાનો વેપો.

નાયડો (નાયડો) ૧. સ્ત્રી. ગમડું: ખનુષ્ય.

૨. સ્ત્રી. જેના ઉપર સુતર લોઢો લાકડાં ઘડે છે તે લાકડાનો કટકો.

૩. સ્ત્રી. નાળ: જનાવરોને પ્રજાની પહાર્ય પાવાની ભૂંગળી.

૪. સ્ત્રી. પાતળું લાંબડાનું દોરડું. નાડ: તાંતની રાસ: કાચી ખેડિયો મળતી હોય તે બાજુ બાજુ તાંત. લાંબડાની પાતળી દોરી.

૫. [સં. નાસિ; પા. પ્રા. ણાસિ] સ્ત્રી. પૈડાંની નાભિ, જેમાં પૈડાના આરા પરોવેલા હોય છે તે વચલું દીમચું.
૬ જુઓ હબસમડી.

નાયડુ (નાયડૂ) ૧. જુઓ પુના તરફ વસતી એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નાયઢો (નાયઢો) પું. નાસિકાગત જન્મથી થયેલે બાળકની નાભિને બળતેલો નમ જેવો ડાઘ.

નાયણો સ્ત્રી નાહવાની ઓરડી.

નાયત [સિં.] પું. વેલ.

નાયદી ૧. જુઓ. મલબારમાં વસતી એ નામની એક જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ
૩. વિ. એ નામની જાતિનું.

નાયન સ્ત્રી. વાળંદની સ્ત્રી, વાળંદણ; નાપિતનું કામ કરનારી સ્ત્રી

નાયનાર ૧. પું. પિતા.
૨. પું. શિવના ચેસઠ મહાભક્તો માટેનો દરજ્જો. દ્રવિડ દેશમાં તેઓ પૂજ્ય છે. તામિલ પ્રદેશમાં તેઓની કથા પ્રચલિત છે.

નાયપુત્ત [સં. જ્ઞાતપુત્ર] પું. (જૈન) જ્ઞાત કુળમાં જન્મેલ થયેલ મહાવીર સ્વામી.

નાયફટકી સ્ત્રી. એક જાતનો ક્ષોર. તેનાં મૂળ વા, હરસ અને જ્ઞાનતંતુના રોગ ઉપર કામ આવે છે.

નાયબ ૧. [અ.] પું. મદદગાર; કામમાં મદદ કરનાર નાનો અધિકારી; સહાયક.
૨. પું. મુખત્યાર; કોઈની તરફથી કામ કરનાર માણસ; કોઈના કામની દેખરેખ રાખનાર વ્યક્તિ.
૩. વિ. તાબાનું; મદદગાર; હાથ નીચેનું.

નાયબકાઝી (નાયબકાઝી) [અ.] પું મદદનીશ ન્યાયાધીશ

નાયબત [અ] સ્ત્રી. મુખત્યારી; અધિકાર.

નાયબ દીવાન [અ.] પું. મદદનીશ કારભારી

નાયબ નાઝિમ (નાયબ નાઝિમ) [અ.] પું. સૂબો.

નાયબપણું ન. પ્રતિનિધિપણું.

નાયબ ફોજદાર (નાયબ ફોજદાર) [અ.] પું. ફોજદાર નીચેનો પોલીસ અમલદાર.

નાયબ બંદીપાલ પું. મદદનીશ દરોગો; 'ડેપ્યુટિ જેલર.'

નાયબ મુખત્યાર જુઓ નાયબ મુખ્તાર.

નાયબ મુખ્તાર [અ. નાયબ (તાબાનું) + મુખ્તાર (સત્તાધીશ)] પું. પેટા આડતિયો.

નાયબ મુનશી [અ.] પું. મદદનીશ કારકુન.

નાયબ મુનાયબ [અ.] પું. નાયબ પ્રતિનિધિ.

નાયબ મુનાયબી [અ.] સ્ત્રી. નાયબ પ્રતિનિધિત્વ.

નાયબ રક્ષક પું. નાયબ કોટવાર; કોટવાર નીચેનો પોલીસ અમલદાર.

નાયબ સદર [અ.] પું. ઉપપ્રમુખ; ઉપાધ્યક્ષ; ઉપન્યાયપતિ.

નાયબ સૂબેદાર જુઓ નાયબ સૂબો.

નાયબ સૂબો પું. મદદનીશ સૂબો; સૂબાના હાથ નીચેનો અમલદાર.

નાયબી ૧. [અ.] સ્ત્રી. નાયબનું કામ.
૨. સ્ત્રી. નાયબનું પદ.
૩. સ્ત્રી. પ્રતિનિધિત્વ.
૪. સ્ત્રી. સાદેગી; અધિકાર.

નાયર ૧ સ્ત્રી. દક્ષિણ હિંદના પશ્ચિમ તરફના મલબાર કિનારા ઉપર વસતી એ નામની એક કોમ.
૨ ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું

નાયરી સ. કરજાઉની જાતનું ગાડાનું એક વાહિત્ર.

નાયલા ૧. સ્ત્રી. ગાલબુની એ નામની એક જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું

નાયવાણી પું. નારાયણ ભગવાન.

નાયાબ [ફા. ના (નહિ) + યાબ (મેળવવું)] વિ. મળી શકે એવું; દુર્લભ; વિરલ; અપ્રાપ્ય.

નાયિકા ૧. [સં.] સ્ત્રી. અગ્રેસર સ્ત્રી, મુખ્ય સ્ત્રી.
૨. સ્ત્રી. એક જાતની કસ્તૂરી.
૩. સ્ત્રી. ગુપ્તિકા; ગૂપ્તગાવન કરનારી સ્ત્રી; રામજની
૪. સ્ત્રી. દુર્ગા; શક્તિ; દૈવી શક્તિ; દેવશક્તિ.
૫. સ્ત્રી. પ્રિય સ્ત્રી; પ્યારી; માશૂક.
૬. સ્ત્રી. રૂપગુણસંપન્ન સ્ત્રી. શૃંગારરસમાં આલંબનભૂત અવસ્થા કોઈ કામ, નાટક વગેરેમાં જેનાં ચરિત્રનું વર્ણન હોય તેવી સ્ત્રી; મુખ્ય સ્ત્રીપાત્ર. સાહિત્યપ્રસિદ્ધ નાયિકાના મુખ્ય ત્રણ અને પણ પેટા વિભાગ છે. સ્વકીયા, પરકીયા અને સામાન્યા મુખ્ય વિભાગ છે બીજા પ્રકારમાં ખંડિતા, પ્રોષિતભર્તૃકા, ક્રિયાવિદગ્ધા, વાક્યવિદગ્ધા, અંકિતાવિદગ્ધા, સ્વયંદૂતિકા, અનુસૂયા, અંકિતા અધીરા, અંકિતા ધીરા, અંકિતા ધીરાધીરા, કલહાંતરિતા, ઉત્કંઠિતા, વાસકસજ્જા, વિપ્રલબ્ધા, અભિસારિકા, લક્ષિતા, પ્રેમગર્વિતા, મુદિતા માનવતી વગેરે છે. કૃષ્ણકામમાં પ્રકૃતિ અનુસાર નાયકના ત્રણ ભેદ બતાવ્યા છે: ઉત્તમા, મધ્યમા અને અધમા. પ્રિય અહિતકારી હોવા છતાં હિતકાંક્ષિણી જોઈને ઉત્તમા, પ્રિયના હિત કે અહિત કરવાથી હિત કે અહિત કરવાવાળી જોઈને મધ્યમ, અને પ્રિય હિતકારી હોવા છતાં પણ અહિતકાંક્ષિણી જોઈને અધમા કહે છે. ધર્માનુસાર ત્રણ ભેદ છે: સ્વકીયા, પરકીયા અને સામાન્યા. પોતાના જ પતિમાં અનુરાગ રાખનાર જોઈને સ્વીયા કે સ્વકીયા, પરપુરુષ સાથે પ્રેમ રાખનારી જોઈને પરકીયા કે અન્યા, અને ધનને માટે પ્રેમ કરનાર જોઈને સામાન્યા, સાધારણ કે વણિકા કહે છે. વયઃક્રમાનુસાર સ્વકીયા ત્રણ પ્રકારની માનેલી છે: મુગ્ધા, મધ્યા અને પ્રૌઢ. કામચેષ્ટારહિત અંકુરિતયૌવનાને મુગ્ધા કહે છે. તે બે પ્રકારની છે: અજ્ઞાતયૌવના અને જ્ઞાતયૌવના. જ્ઞાતયૌવનાના પણ બે ભેદ છે: (૧) નવોઢા, જે લજ્જા અને ભયથી પતિસમાગમની ઇચ્છા ન કરે અને (૨) વિશ્રબ્ધ નવોઢા, જેને કંઈક અનુરાગ અને વિશ્વાસ પતિ ઉપર હોય. અવસ્થાના કારણે જે નાયિકામાં લજ્જા અને કામવાસના સમાન હોય તેને મધ્યા કહે છે. કામક્રીડામાં પૂર્ણ કુશળ જોઈને પ્રૌઢા કહે છે. તેમાંથી મધ્યા અને મુગ્ધા એ બે ભેદ કેવળ સ્વકીયામાં જ માનવામાં આવ્યા છે. મધ્યા અને પ્રૌઢાના ધીરા, અધીરા અને ધીરાધીરા એમ ત્રણ ભેદ કરવામાં આવેલ છે. પ્રિયમાં પરસ્ત્રી સંગ સમનું ચિહ્ન દેખી ધૈર્ય સહિત સારો કોપ પ્રકટ કરનારી જોઈને ધીરા, પ્રત્યક્ષ કોપ કરનારી જોઈને અધીરા તથા કંઈક ગુપ્ત અને કંઈક પ્રકટ કોપ કરનારી જોઈને ધીરા ધીરા કહે છે પરકીયાના પ્રથમ બે ભેદ કહેવામાં આવ્યા છે: ઊઢા અને અનૂઢા. જે વિવાહિતા સ્ત્રી નીજ પુરુષમાં અનુરક્ત હોય તો તેને ઊઢા કે પરોઢા અને અવિવાહિતા સ્ત્રી હોય તો તેને અનૂઢા કે કન્યકા કહે છે. આ ઉપરાંત આપ્તાગમોક્તથી

કહેલા બે ભેદ કહેલ છે. જેમકે, ગુપ્ત, વિકત્થા, લક્ષિતા વગેરે. નાયિકાઓના અનુવીસ અલંકાર કહેવામાં આવ્યા છે. તેમા હાવ, ભાવ અને હેલા એ પણ અંગજ કહેવાય છે. શોભા, કાંતિ, દીપ્તિ, માધુર્ય, પ્રગલ્ભતા, ઔદાર્ય અને ધૈર્ય એ સાત સ્વભાવસિદ્ધ અને લીલા, વિલાસ, વિચ્છિત્તિ, વિબ્બોક, કિલકિંચિત, મોટ્ટાયિત, કુટ્ટમિત, વિબ્બમ, લલિત, મદ, વિકૃત, તપન, મૌગ્ધ્ય, વિક્ષેપ, કુતૂહલ, હસિત, ચકિત અને કેલિ એ અઢાર સ્વભાવજ કહેવાય છે

નારી ૧. જી એ નામની જ્ઞાતિની એક જ્ઞતિ

૨. ન એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

નાર્યો ૧. પું. અનાજ વાવવા સારૂ માપવા કે ચેરણિયા ભેરવવામાં આવતો વાંસનો પોલો ઘાટો.

૨. પું. નાથ; પતિ; ધણી.

નાર ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રાયવરતુ છંદનો એક ભેદ છે. તેમા ૨૬ ગુરુ અને ૨૬ લઘુ મળી પચ્ચ વર્ણ અને ૮૪ માત્રા હોય છે

૨. પું. તરતનો જન્મેલ બાળકો.

૩. [ફા.] પું. ઘડિયાળ.

૪ [સં] પું બાળક; બચ્ચું

૫. પું. મનુષ્યમાત્રનો સમૂહ, પુરુષોનો સમૂહ.

૬. પું. વરતા; રાસ; નાકું; સૂતરનું દોરડું.

૭. પું વ૦. તે બધુ ફૂર અને હિંસક પ્રાણી છે. તેનું નામ સાભળીને તો જાનવરોનાં હાજાં ગગડી જાય. સીમાડે એનો પગરવ સભળાય તો એકબદોબસ્ત કોઈ વગડે નીકળી શકે નહિ. તેનો માત્ર પરસેવો મહેકે ત્યાં સાભરણી હરણીના માત્ર છૂટી જાય. તેની અવકર સંહારવૃત્તિ આગળ વાઘ પણ ઊતરતો. નાર ભૂખ્યુ કે ઘવાયુ ત્યાં જાય ત્યા સહાર જ કરવાનું. તે બિલાડ વર્ગનું, કૂતરાના વશનુ, પણ દેખાવ કૂતરાથી જુદું પડી જતું અને વરુના જેવું લાગતુ પ્રાણી છે. નહાર કે નાર એ કાઠિયાવાડમાં કવચિત્ વરુ અને મધ્ય પ્રાંતોમાં વાઘને નામે ઓળખાય છે. શરીરે ચિત્રાળથી મોટું અને વરુથી નાનું, આશરે વાર ફૂટ લાબું, પૂછડી એકાદ ફૂટની, રંગ લાલ ઝાકતા કાઢ જેવો હોય છે. તેથી હિંદીમાં તેને સોનકુત્તા કહે છે. દિવસ ને રાત એ બંને અને જેની પૂંઠ પકડી તેને પૂરું કર્યે જ છૂટકો કરે. તેનો ઉત્સાહ અદમ્ય અને નીડરતા અજોડ છે. દીપ્તા અને ચિત્તાનો જેના મનથી હિસાબ નથી. કવચિત્ વાઘને પણ તે હેરાન કરે. સામાન્ય રીતે તો એ માણસને સતાવતું નથી. તેનાથી તેને બીક લાગે છે. તે જો ભૂખ્યું હોય તો માણસ ઉપર પણ હુમલો કરે છે. એનો મુખ્ય શિકાર હરણ અને સાભર છે. આ જાતના પ્રાણી પરત્વે નારની ક્રૂરતા અને સંહારવૃત્તિ અવંકર અને કંપાવનાર છે. જ્યારે વીસ ત્યારીસ સુધી એમાં મળી એ ઘટે છે. એની આ ટેવથી જ સાતનારી અયત્ન નવનારીવાળી કહેવત પ્રચલિત છે. તેની શિકારની રીત અપૂર્વ છે. કોઈ ઠેકાણે હરણ દેખાય કે તરત નારની આખી ટોળીના આગલા પડે અને જે રસ્તે હરણને ભાગી જવુ હોય, તે આખા રસ્તે બબ્બે ફલાંગના અંતરે અંતરે ગોઠવાઈ જાય. પછી પહેલી ટોળી હરણની પાછળ પડે, પણ હરણની ગતિને એ પહોંચી શકે નહિ. જેવા એ નાર થાકવા માંડે કે વચ્ચેથી બીજી ટોળી પૂંઠ પકડે. આમ હરણ ઠોકતું જાય અને વચ્ચે વચ્ચે નારની નવી નવી ટોળી પાછળ પડતી જાય. હરણ એક અને ઠોકનાર તાજા ઠોકાથી હરણ મારે અને નાર એને ફાડી ખાય. એની હિંસાવૃત્તિ ભોગવે મેળવવા પૂરતી જ નથી, મારવાની ખાતર પણ તે વખતે મારે છે. વાઘ અને સિંહથી જુદા જ સ્વભાવવાળી આ સંહારવૃત્તિને લીધે શિકારી વર્ગ તેને આગે ઢાં હણે છે. સ્વભાવે તે ક્ષમતિવાળ છે. તેના બચ્ચાં કૂરકૂરિયાં જેવાં પાળી શકાય છે.

સાત નાર = સાત વરુનો સમૂહ.

૮. પું. ઘડ.

૯. જી. એક જાતની વનસ્પતિ. તેની બાજી થાય છે.

૧૦ જી. કમળની દાંડી.

૧૧. જી. મરદના; મોવા.

૧૨. જી. વરતા બનાવવાનો દોરડું પણ

૧૩. જી. હિંસ; મન.

૧૪. જી. દોરડા બનાવવાનો રસો.

૧૫. જી. નરક.

૧૬. જી. નારી; સ્ત્રી, બની.

૧૭. જી. પ્રાણી; જીવ; સત્ત્વ.

૧૮. જી. બદૂકની નળી.

૧૯. જી. બોર્ડાડિમાની રમતમાં તર્જની અને ટચલી આંગળી ઉપર બોર્ડ રાખી કરવામાં આવતો દાવ.

૨૦. જી. (વહાણવટું) વહાણમાં ભરાતું કે કૂવો નીકળતું પાણી કૂંડીમાં પહોંચાડવા માટે પાણીની પડખે અંદરની બાજુમાં રાખવામાં આવેલ પાટ; 'ગિલ્ટર.'

૨૧. જી. ચમાર.

૨૨. ન. ઊદક; પાણી

૨૩. વિ. પરમાત્મા સબંધી.

૨૪. વિ મનુષ્ય સબંધી; નર સબંધી.

૨૫ [સ. અન + કાર, પ્રા. આર] ન. (વ્યાકરણ) ભૂતકૃદંતનો કે કર્તૃત્વવાચક પ્રત્યય. જેમકે, કરનાર, ભખનાર, રમનાર.

નારક ૧. પું. નરક.

૨. [સ.] પું નરકનો જીવ; નારકી; નરકમાં ઉત્પન્ન થયેલ પ્રાણી.

૩ વિ. નરકમાં રહેલું.

નારકાનુપૂર્વી [સ.] જી. (જૈન) પાપકર્મ સબંધી વ્યાથી ગતિની એક પ્રકૃતિ. તેને લીધે જીવ સીધો નારકી ગતિમાં જાય

નારકાયુષ્ક ૧ [સ] ન. નારકીનુ આયુષ્ય પરંપરા ગયેલી વ્યાયી ગતિની તે એક પ્રકૃતિ છે

૨. વિ નરકના આયુષ્યવાળું

નારકિક [સ.] વિ. નારકી; નરકવાસી.

નારકી ૧. [સં. નારકિન] પું. નરકનો જીવ. તેના શરીરનો સ્વભાવ પારા જેવો હોય છે, એટલે કે તેના શરીરના ટુકડા ટુકડા કરવામાં આવે તોપણ તે થોડા વખતમાં પાછા મળી જાય છે અને જેવુ મૂળ શરીર હોય તેવું પાછું બની જાય છે. પૃથ્વીઓની અપેક્ષાએ નારકોના સાત ભેદ છે. સાત પૃથ્વીનાં નામ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા.

૨. પું રાક્ષસ; દૈત્ય; અસુર

૩. જી. પ્રાચીન સમયની એક લિપિ.

૪. વિ. નરકનું; નરક સબંધી.

૫. વિ. નરકમાં રહેનાર.

૬. વિ પાપી; નરક ભોગવનારે અથવા નરકમા જવા યોગ્ય કામ કરનાર.

નારકીટ ૧. [સં.] પું. એક પ્રકારનો કીડો; અરમકોટ.

૨. પું. કોઈને આપેલી આજ્ઞાનો વિનાશ કરનાર અધમ મનુષ્ય.

૩. પું. મનુષ્યસમૂહમાં કીડા જેવો માણસ; મનુષ્યકીટ.

નારકીય જુઓ નારકી.

નારકોશ [સં.] પું. નરકમાં જવા યોગ્ય પાપી જીવ.

નારખું ૧. [સં. નાભિ (નાભી) + રક્ષ્ (રક્ષણ કરવું)] ન. મરચકું.

૨. ન. પેટાની નાભિમાં બાજરામાં બાજરી લોટાની ચૂડી.

નારગડું (નારગડ) ન. છાતી, સ્તન

નારગીલ [કા] સ્ત્રી. નાળિયેરી.

નારગોળ જ. કલેલના કરતાં મોટું ગળોદર તેમાં બન્ને બાજુ પેટ ફૂલેલું અને બોડું થાય છે. ઢાપ પણ સુંવાળા હોતા નથી, પરંતુ કરડીનો ચકરો લેવા-જેવો હોય છે. આજકાલ મા તમારા જેવું થાય છે અને તેને કમળાની પણ અસર દેખાય છે

નારચડા (નારચડ્યા) જ. એક જાતનું પક્ષી. હાકરુ.

નારજાવંદી સ્ત્રી. ધૃતરાષ્ટ્ર અકૃપા.

નારજિત વિ. સ્ત્રીને વશ. નરને માટે અપરાધ છે.

નારજીલ [કા] સ્ત્રી. નાળિયેરી

નારજીવન [સં.] ન. સોનું.

નારડું (નાર્ડું) જ. નાળ, ગર્ભ અને બાળકની દુંટી સાથે જોડાયેલી નળી.

નારડો (નાર્ડો) પું. ગર્ભમાંના બાળકની દુંટી સાથે જોડાયેલી નળી. તેની મારફતે બાળકનું ગર્ભમાં પોષણ થાય છે. બાળક જન્મતાં તે કાપી નાખવામાં આવે છે. તેનો એક ઠેકો જે બાળકની દુંટીને લાગેલો હોય છે તે પછી સુકાઈને ખરી પડે છે.

નારણ ૧. પું. નારમણ; શોષણારી ભગવાન.

૨. ન. માટી સાથે ખોંખરું બાંધવાનું સૂતર કે કાથાનું દોરડું.

નારત્ય વિ. નાસ્તિક; હૃદયમાં શ્રદ્ધા વિનાનું.

નારદ ૧. [સં.] પું. એ નામનો એક પ્રજાપતિ.

૨. પું. એક પરમ વિષ્ણુભક્ત દેવર્ષિ; બ્રહ્માના એ નામના માનસ પુત્ર. તે પ્રથમ પત્રકારરૂપમાં અને પછી વરદાકારરૂપમાં હતા. બ્રાહ્મણજન્મારીરે રહી પરમાત્માનાં ધ્યાન તે કીર્તનમાં તે નિમગ્ન રહેતા. દેવર્ષિઓમાં એ મુખ્ય ગણાતા હતા. એ ધર્મિક, ઉત્સાહી, પરદુઃખભંજન, બુદ્ધિવાન, નીતિજ્ઞ, કસમુખા, ગ્રાહક, પગારદી, ભવિષ્યવક્તા, ગ્રહતી, તત્ત્વજ્ઞ અને મહામરકરા હતા. પ્રસંગે ગુણ હેતુ માટે કે મંગત ખાતર પ્રપંચ રચી લડાઈ મારતા. સર્વને તેની મંગત પ્રિય હતી. ચારે લોકમાં આવાગમન કરી શકતા. ગાયનના આનંદમાં મગ્ન રહેતા. સદેહે પહોંચવામાં વિચક્ષણ હતા. એ કળા તો એમની જ હતી. નારદકળા દૃષ્ટાંતરૂપે પ્રસિદ્ધ છે. આજે પણ જે માણસ બે જણની વચ્ચે લડાઈ કરાવે અને પરસ્પરની વાતો પહોંચાડે તેને નારદકળાવાળો કહે છે. સામા માણસને હાસ્ય ઉપજાવવામાં તે પંકાયેલા હતા. તેની મોટલી ઊભી જ રહેતી એમ કહેવાય છે. તેનો આશ્રમ પ્રથમ યમુના તટ ઉપર એક મઠમાં હતો. પછીથી તે વૈકુંઠમાં ફરતા હતા. સભાસદોમાં તે બધા પ્રતીષ્ઠ હતા, વળી સમર્થ વક્તા હતા. એ જ્ઞાનવાન સાથે ઉપદેશ આપતા, તેથી મનુષ્યોને તાત્કાલિક અસર થતી. તેમનો ઈશ્વર, ધર્મ, નીતિ સંબંધી ઉપદેશ સાધનમાં ગાતા ગાતા બધે ફરતા તેમ જ શૈરીએ શૈરીએ ફરતા હતા. દેવસભા અને રાજસભામાં તેઓ ઉત્તમ માન પામ્યા હતા. વાગતી વીણા સાથે તેમનું આવાગમન અકસ્માત થતું. વિષ્ણુ ભગવાનને તે અત્યંત પ્રિય હતા એટલું જ નહિ પણ તેમની આનંદી પ્રસાદને પાત્ર કર્યા હતા તેમણે પણ્યાત્મોને વિદ્યાદાન આપ્યું હતું સાદ કરનાર બાલ્યકો તેના શિષ્યો હતા. તેમણે નારદ પંચરાત્રો જેવો ઈશ્વરજ્ઞાન સબંધી બહુ જ ઉત્તમ ગ્રંથ બનાવ્યો છે, તેમ જ ધર્મશાસ્ત્ર એટલે સ્મૃતિ, નીતિશાસ્ત્ર, ગાયન વગેરે ઉપર ગ્રંથો કર્યા છે તેમના નામનું એક નારદપુરાણ પણ છે. તેમે યુધિષ્ઠિરને નીતિ સમજાવી હતી. રામના તે ધર્મશાસ્ત્રી હતા. સૃષ્ટીષ્ટને વિષ્ણુ સાથે પરબ્રહ્મનાર તેઓ જ હતા. પૂર્વજન્મમાં તે એક મુનિના દાસીપુત્ર હતા. ઋષિઓની સેવાથી તેનામા ભક્તિનો ઉદય થયો, તેથી નાની વયમાં તેમણે ઘોર તપ કર્યું. પરમાત્માનાં તેને દર્શન થયાં અને એક વીણા આપી. તે વગાડી તે પ્રભુભજનમા લીન રહેવા લાગ્યા. ફરતાં ફરતાં તેમને પર્વત ઋષિનો મેળાપ થયો. બંને મિત્રો વર્ષ સાથે રહ્યા. બેત્રોને કાઈ મનમાં જે વાત ઉત્પન્ન થાય તે પરસ્પર જણાવવી એવો ઠરાવ થયો હતો. પર્વત ઋષિ પોતાના મનની વાત કહેતા પણ નારદ કહેતા નહિ, તેથી પર્વત ઋષિએ શાપ આપ્યો અને નારદ વિરૂપ મુખે થયા. તેમણે પણ પર્વત ઋષિને શાપ આપવાથી તેનું દેવલોકમાં આવાગમન બંધ થયું. પર્વત ઋષિ શાપ મળી પૃથ્વીપ્રદક્ષિણાએ નીકળ્યા. બસો વર્ષ વીતી જતાં ફરી તેઓ પાછા મળ્યા, જેથી પરસ્પર શાપમુક્ત થયા. ઈશ્વરભક્તિ કરતાં દેહત્યાગ કર્યા પછી બ્રહ્માના માનસપુત્ર તરીકે તે અવતર્યા. બ્રહ્મલોક પ્રવાસીઓમાં સૌથી જાજરા અને બહુશ્રુતા નિત્યપ્રવાસી નારદ હતા. દેવલોક એટલે નિત્યેટ, ચીન, જાપાનમાં, મર્ત્યલોક એટલે હસ્તખંડમાં, પાતાળ એટલે અમેરિકામાં જ્યાં જુઓ ત્યાં તે સર્વવ્યાપી અને હાજરાહજૂર હોય જ. દેશવિદેશથી તેમને આમંત્રણો આવતાં અને પોતે ખરેખરી આંતરરાષ્ટ્રીય વ્યક્તિ હતા. વેદોમાં ઋગ્વેદ મંડલ ૮ અને ૯ ના કેટલાક મંત્રોના કર્તા તરીકે નારદનું નામ મળે છે. તેમને ક્યાંક કવિ અને ક્યાંક કલ્પપ્રવક્તા લખેલા છે. ઇતિહાસ અને પુરાણોમાં નારદને દેવર્ષિ કહેવામાં આવેલ છે. તે જુદા જુદા લોકમાં વિચરતા રહે છે અને એક લોકના અનુભવ બીજામાં પહોંચાડે છે. હરિવંશમાં લખ્યું છે કે, નારદ બ્રહ્માના માનસપુત્ર છે. બ્રહ્માએ પ્રજાસૃષ્ટિની અભિલાષા કરીને પહેલાં મરીચિ, અત્રિ આદિને ઉત્પન્ન કર્યા, પછી સનક, સનંદન, સનાતન, સનત્કુમાર, રુદ્ર, નારદ અને રુદ્રદેવ ઉત્પન્ન થયા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે, બ્રહ્માએ પોતાના બધા પુત્રોને પ્રજાસૃષ્ટિ રચવામાં જોડ્યા, પણ નારદે તેમ ન કર્યું તે ઉપરથી બ્રહ્માએ તેમને શાપ દીધો કે, તમે સદા બધા લોકોમાં ફર્યા કરશો, એક સ્થાન ઉપર સ્થિર થઈને રહેશો નહિ. મહાભારતમાં તેમણે બ્રહ્મા પાસેથી સંગીતની શિક્ષા મેળવ્યાનું જણાવ્યું છે. ભાગવત, બ્રહ્મવૈવર્ત આદિ પછીનાં પુરાણોમાં નારદના સંબંધમાં ઘણી મોટી કથાઓ મળે છે. બ્રહ્મવૈવર્તમાં તેમને બ્રહ્માના કંઠમાંથી ઉત્પન્ન થયાનું બતાવેલ છે અને લખ્યું છે કે, જ્યારે તેમણે પ્રજાસૃષ્ટિનો અસ્વીકાર કર્યો ત્યારે બ્રહ્માએ તેમને શાપ દીધો અને ગંધમાદન પર્વત ઉપર તે ઉપબર્હણ નામે ગંધર્વ થયા. એક દિવસ ઇંદ્રની સભામાં રંભાનો નાચ દેખી તે કામમોહિત થયા, તેથી બ્રહ્માએ તેમને ફરી શાપ દીધો કે તમે મનુષ્ય થાઓ. દુમિલ નામના ગોપની ઓ કલાવતી પત્નીની કોખથી બ્રહ્મવીર્યની પ્રાપ્તિ માટે નીકળ્યા અને તેણીએ કાશ્યપ નારદને પ્રાર્થના કરી. છેવટે કાશ્યપ નારદના વીર્ય બ્રહ્મચર્યથી તેણીને ગર્ભ રહ્યો. તેના ગર્ભથી ગંધર્વદેહલાભ નારદ ઉત્પન્ન થયા.

નારદની મોટલી = ઊભી ને ઊભી રહેતી મોટલી.

૩. પું. (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ તે સર્વેયા છંદનો એક ભેદ છે. તેમાં ૩૯ ગુરુ અને ૪૬ લઘુ મળી ૮૫ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૪. પું. જ્યોતિષ માર્ગદર્શનમાં આવેલું એ નામનું એક ચિક્કર.

૫. પું. (પુરાણ) કશ્યપ ઋષિને મુની નામની ભાર્યાથી જન્મેલા સોળ માંહેનો એ નામનો એક દેવગંધર્વ; પ્રહ્લ નામના પંદરમા દેવગંધર્વનો નાનો ભાઈ. એ ૬૨ વૈશાખ માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે.

૬. પું. (પુરાણ) કુબેરની સભામાં જાય કરનાર ઋષિ. યુધિષ્ઠિર ને ઇંદ્રાદિ લોકપાલોની

સભાના વર્ણન આપ્યું જ કર્યાં હતા. એમણે કહેલી નીતિ મહાભારતમાં સભાપર્વમાં નારદનીતિને નામે પ્રસિદ્ધ છે.

૭. પું. (પુરાણ) કોઈ એક ઋષિ. તેમના પિતાનું નામ મળતું નથી. એને અરુષતી નામની બહેન હતી અને તેને મૈત્રા વરુણી વસિષ્ઠને વરાવી હતી.

૮. પું. ખટપટી માણસ; બે પક્ષ વચ્ચે કજિયો કરાવનાર માણસ; બે જણને આમતેમ કહીને લડાવી મારી, તેમાં મજા માનનાર માણસ.

૯ પું. માવજીના ગોત્રકાર માહેનો એ નામનો એક ઋષિ

૧૦. પુ. ગોત્રકાર માહેનો એ નામનો એક ભુક્ત.

૧૧. પું. હરિશ્ચંદ્ર રાજાની સભા માહેનો એ નામનો આઠમો ધર્મસભાસદ.

૧૨. પું. મેરુપર્વતના માહેનો એ નામનો એક પર્વત.

૧૩. પું. વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર. જનમેજયે કરેલા સર્પસત્રમાં તે સદસ્ય હતો.

૧૪. પું. શાકદ્વીપનો એ નામનો એક પર્વત.

૧૫. સ્ત્રી. એ નામની એક સ્મૃતિ.

૧૬. ન. એ નામનું એક પુરાણ, તેમાં પચીસ હજાર શ્લોક છે.

૧૭. ન. વૈષ્ણમાં બેસાડવાની બ્રહ્મારની મૂર્તિ.

૧૮. વિ. બોલાવ્યાના સંદેશા પહોંચાડનાર.

૧૯. વિ જગાડી કામ કરાવનાર; તોફાન કરાવનાર.

નારદકલ્પ [સં.] સ્ત્રી. બે પક્ષ વચ્ચે વિખવાદ ઊભો કરાવવાની કળા; નારદચેષ્ટા.

નારદકળા જુઓ નારદકલ્પ.

નારદકાણ્વ [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે આઠમા મંડલનું ૧૩મું સૂક્ત રચ્યું છે.

નારદજી જુઓ નારદ.

નારદપણું જુઓ નારદચેષ્ટા.

નારદપરિવ્રાજક [સં.] ન. (પુરાણ) એકસોબાર માહેનું એ નામનું એક ઉપનિષદ.

નારદપંચરાત્ર [સં.] ન. વૈષ્ણવોનું ધાર્મિક ક્રિયા સંબંધી એક પુસ્તક

નારદપંચરાત્રી જુઓ નારદપંચરાત્ર.

નારદપુરાણ ૧. [સં.] ન. અઢાર માહેનું એક પુરાણ. તેમા સનકાદિકે નારદને સંબોધીને કથા કહેલી છે અને ઉપદેશ આપ્યો છે. કથા ઉપરાંત તીર્થ અને વ્રતોનું માહાત્મ્ય ઘણું આપ્યું છે.

૨. ન. બૃહન્નારદીય નામનું એક ઉપપુરાણ

નારદપ્રેરણાત્મા [સં. નારદપ્રેરણાત્મન્] પું. પુરુષોત્તમનાં કલ્પર માહેનું એક નામ.

નારદબીના જુઓ નારદીવીણા.

નારદવિદ્યા જુઓ નારદચેષ્ટા.

નારદવીણા જુઓ નારદીવીણા.

નારદવૃત્તિ [સં.] સ્ત્રી. બે વ્યક્તિ કે પક્ષ વચ્ચે ઝઘડો કરાવવાનો સ્વભાવ; નારદચેષ્ટા.

નારદચેષ્ટા (નારદચેષ્ટા) પું. ન. બે જણ કે પક્ષને લડાવવાની કળા; નારદના જેવી લડાવી મારવાની પ્રવૃત્તિ; એકને આમ અને બીજાને તેમ કહી તેમની વચ્ચે ઝઘડો કરાવવાનો સ્વભાવ. નારદપણું.

નારદશિક્ષા [સં.] સ્ત્રી. નારદે બનાવેલો એક શિક્ષાગ્રંથ

નારદસંહિતા [સં.] સ્ત્રી. એ નામનું જ્યોતિષનું એક પુસ્તક. તેમાં શકોપનયન, મહત્યાર, શબ્દલક્ષણ, સંવત્સરફલ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, મુહૂર્ત, ઉપગ્રહ, સૂર્યસંક્રાંતિ, અર્ઘકોયર, ગ્રહચરિત્રાર, પ્રતિષ્ઠા, યાત્રા, ગૃહપ્રવેશ, કૂર્મચક્રાદિ વગેરે વર્ણવ્યાં છે.

નારદાન્વિધ્યાક્ષરજ [સં.] પું. પુરુષોત્તમનાં કલ્પર માહેનું એક નામ.

નારદિક ૧ સ્ત્રી. આહીરની એ નામની એક જાતિ

૨ ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નારદિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું

નારદી [સં. નારદિન્] પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.

નારદીય ૧. [સં] ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

૨. વિ. નારદનું; નારદ સંબંધી.

નારદીયપંચરાત્ર [સં.] ન. રામાનુજસંપ્રદાયે રચેલો એ નામનો એક ગ્રંથ.

નારદીયપુરાણ જુઓ નારદપુરાણ.

નારદીયશિક્ષા જુઓ નારદશિક્ષા.

નારદીવીણા સ્ત્રી. એક જાતનું વાજિંત્ર; નાની વીણા તે એક હાથમાં રહી શકે છે અને તેને પણ બાંધી શકાય છે. તેને હાલ તંબૂર કહે છે. તંબૂરની આકૃતિ ઘણે ભાગે સિતારને મળતી છે, પણ સિતાર કરતાં તંબૂરનું તૂમડું અને તે ઉપર રહેલા કાષ્ઠપત્રિકા એટલે તબલી તથા તેની દાંડી વધારે ચોગાન ઉપર હોય છે. તેને માત્ર ચાર જ તાર હોય છે. તેમા વચ્ચેના બે તાર કે જેને જોડાના તાર કહે છે, તે ધણું કરી પોલાદી હોય છે. કેટલાક લોઢાના કાચા તાર પણ તે ઠેકાણે વાપરે છે. તે બે તારને પડજના સ્વરથી મેળવવા હોય છે. તે બે તારની ડાબી બાજુનો પહેલો તાર કે જેને પંચમનો તાર કહે છે, તે પોલાદી અથવા પિત્તળનો હોય છે. તેને જોડાના તાર કરતાં ચાર સ્વર નીચો એટલે પંચમ સ્વરમાં મેળવવો જોઇએ છે, તેમ જ જોડાના તારની જમણી તરફનો પિત્તળનો લાંબો તાર કે જેને ખરજનો તાર કહે છે, તેને જોડાના તારથી સાત સ્વર નીચો એટલે મહત્સપ્તકના પડજથી મેળવવાની જરૂર છે. તે સર્વ તારોને રહેવા માટે જાવા તૂમડાની નજીક તારની ઘુંસળાગી ભરેલ છે તેને તારદાન કહે છે. તૂંબડા ઉપર રહેલ કાષ્ઠપત્રિકાના ઘુમારે મધ્ય ભાગમા દાતના કાંકરાની બોડી તારને અમુક ઊંચાઈમા રાખવા માટે ગોઠવવામાં આવે છે કે જેથી તાર કાંકરાને અડકે નહિ. તેને સંસ્કૃતમાં કુક્કુભ કહે છે. વળી દાંડી ઉપર જેટલા મણકે જે પૂંઠિયો હોય છે તેની નજીક પણ દાંતની, કાંકરાની અથવા શિંગડાની પાતળી પટ્ટી કરી ઓડવામા આવે છે કે જેથી ઊંચાઈ બરાબર બોડીના સરખી રહે, તેને તંબોળ કહે છે. ઉપર કહેલી તારદાન, બોડી અને તંબોળ એ ત્રણ વસ્તુઓ તાંત જાતિના દરેક વાદ્યમાં અવશ્ય હોવી જોઇએ. તંબૂરમાં કોઈ ગાયન અથવા ગત, તોડો કલાદિ વાગી શકતું નથી. માત્ર ગાયક કોઈ માતી પોતાની સાથે તેને સ્વરના ધ્વનિ માટે પોતે વગાડે છે અથવા તો અન્ય પુરુષ પાસે વગાડાવે છે

નારદીય પું. એ નામનો દાનિલનો એક મહાન યોગ.

નારદેશ્વર [સં.] પું. એ નામના એક શહેર. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલું છે. નર્મદા પુરાણમાં લખ્યું છે કે, પુરાતન કલ્પમા બ્રહ્મપુત્ર નારદજીએ તપ કરીને શરીર કાષ્ટ સમાન કરી નાખ્યું. શંકર પ્રગટ થયા અને નારદજીએ પ્રાર્થના વરદાન માગ્યું દીધું.

નારદેષ્ટ [સં.] પું. પુરુષોત્તમનાં કલ્પર માંહેનું એક નામ

નારનૌલ ન. જયપુર રાજ્યમાં આવેલ એ નામનું એક પ્રાચીન શહેર.

નારંગ (નારંગિક) [સં.] પું. નારંગ પ્રદેશમાં થનો એક જાતનો ઘોડો. તે કદાવર, સુંદર અને મજબૂત હોય છે.

નારણદી ૧. સ્ત્રી આદિવાસી એ નામની એક પેટા જાતિ.
૨. સ. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

નારણોકડી (નારણોકડી) સ્ત્રી. એ નામની એક રમત: નારણો અને બોકડાની રમત: અક્ષરાંકનની સાંતરદ: ગામનકરી. ગોહિલવાડ તથા ડાહારમાં તે રમાય છે.

નારલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નારવા ૧. [સં.] વિ. અનોખા; ખોટું; ગેરવાજબી
૨. વિ. ગણતરીમાં ન હોય તેવું.
૩. વિ. બીજે રસ્તો ન હોય એવું.
૪. વિ. રૂઢિથી વિરુદ્ધ.
૫. વિ. વેચી ન શકાય તેવું.

નારવેલ સ્ત્રી. એક જાતનો વેલો. તે બધે ઊગે છે. તેની શાખાઓ પોચળ હોય છે. પાન લાંબાં અને પુષ્પ ઝીણાં, લીલાશી કે ગુલાબી રંગનાં થાય છે. ફૂલ સવારે ઊઘડી સાંજે બંધ થઈ જાય છે. ફળ ગોળાઈ લેતાં અણીવાળાં હોય છે.

નારસા ૧. [સં.] વિ. અધમ; નાલાયક; હલકું.
૨. વિ. અશક્ત; દુર્બળ.

નારસાઈ ૧. [સં.] સ્ત્રી. અશક્તિ.
૨. સ્ત્રી. હલકાઈ; દુષ્ટતા.

નારસિંહ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્માદની સહાયને માટે જગતને લક્ષ્મીનો અરધા સિંહ અને અરધા મનુષ્ય તરીકેનો અવતાર: વિષ્ણુનું નામ: નૃસિંહ રૂપ ધારી વિષ્ણુ. તૈત્તિરિય આરણ્યકમાં નરસિંહની ગાયત્રી મળે છે.
૨. પું. (પુરાણ) અઠ્ઠાવીસ ત્રીજ મહિનો સોળમો દિવસ.
૩. સ. એ નામનું એક ઉપપુરાણ. તેમાં નરસિંહ અવતારની કથા છે.
૪. સ. એ નામનું એક તંત્ર.

નારસિંહકલ્પ [સં. નારસિંહ (વિષ્ણુનો એક અવતાર) + કલ્પ (અગ્નિદેવના દિવસનું સામાન્યરૂપ નામ)] પું. (પુરાણ) અગ્નિદેવના આયુ માસમાં બની ગયેલો સોળમો કલ્પ એટલે દિવસ. આ કલ્પની શરૂઆતમાં વરાહઅવતાર થવાથી તે વારાહકલ્પ કહેવાનો છે, તેમ જ સોળમા કલ્પના પ્રારંભમાં નૃસિંહ અવતાર થયો માટે તે નારસિંહકલ્પ કહેવાય છે.

નારસિંહચૂર્ણ [સં.] સ. (વૈદક) ત્રીજામુ, ત્રિકટુ, ત્રિફળા અને તલ સમ ભાગે બારીક ભિન્ન કરી વસ્ત્રગાળ બનાવેલું ચૂર્ણ. તેની મધ સાથે ખોર લેવાથી કોળીનો બનાવી થી અને સાકર સાથે ખોર લેવાથી મોળી અજીર્ણ, મંદાગ્નિ, હરસ, ત્વચારોગ અને નબળાઈ ઉપર અપાય છે.

નારસિંહપુરાણ [સં.] સ. અઢાર મોટાં પુરાણ પૈકીનું એક પુરાણ.

નારસિંહવપુ [સં. નારસિંહ (વિષ્ણુનો એક અવતાર) + વપુસ (શરીર)] પું. (પુરાણ) વિષ્ણુનાં હજાર મોટાં એક નામ. નૃસિંહ અવતાર ધારણ કરનારા તે છે. પુનઃ બ્રહ્માજીની રક્ષા માટે ભયાનક રૂપ પ્રગટ કરનારા પણ તે છે. ઘણા ગ્રંથોમાં તે ત્રિમુખ જેવા પરાક્રમવાળા છે. અર્ધું નરરૂપ અને અર્ધું સિંહરૂપ એવું અદ્‌ભુત અવતાર એવું સ્વરૂપ ધારણ કરનારા પણ તે જ છે.

નારસિંદી ૧. [સં.] સ્ત્રી. ચોમાસા મહિનાની એક યોગિની.
૨. સ્ત્રી. તંત્રશાસ્ત્રમાં અનુષ્ઠાનેલ નવ માંહેની એક પ્રકારની શક્તિ.
૩. વિ. નરસિંહ સંબંધી

નારળીપૂનમ સ્ત્રી નારિયેળી પૂનમ: શ્રાવણ સુદિ પૂનમ. તે દિવસે વર્ષા ઋતુ પૂરી થવાની નિશાની તરીકે નારિયેળ દરિયામાં હોમવામાં આવે છે

નારળીપૂનેમ જુઓ નારળીપૂનમ.

નારળીપૌર્ણિમા જુઓ નારળીપૂનમ.

નારળો સ્ત્રી. એક જાતની માછલી.

નારંગ ૧. [સં.] પું. બોકડું; બોકડાવંશે જન્મેલ પ્રાણી.
૨. પું. નારંગીનું ઝાડ.
૩. પું. બહિષ્કારી માણસ.
૪. સ. માજર
૫. સ. નારંગી ફળ.
૬. સ. પિપ્પલી રસ.

નારંગું (નારંગું) ૧. સ. નારંગીનું ફળ.
૨. વિ. નારંગીના રંગનું.

નારંગખર્જુર [સં.] સ. માજર.

નારંગાકાર [સં.] વિ. નારંગી આકાર જેવાકાર પણ બે છેડે ચપટું.

નારંગાકૃતિ જુઓ નારંગાકાર.

નારંગિયું વિ. નારંગી રંગનું: પીળાશ પડતા લાલ રંગનું.

નારંગી ૧. [સં. નારંગ] પું. કાંટા સાથે હજારની મેળવણીથી બનતો એક રંગ પીળાશ પડતી લાલ રંગ.
૨. સ્ત્રી. રતુંબડા પીળા જેવાનું પોચું અને ખટમધુરા રસની પેશીઓવાળું ગોળ જેવું એક ફળ તથા તેનું ઝાડ. તે બીજી લીંબોળીની એક જાત છે. તેનું ફળ મીઠું હોય છે. નારંગી ગરમ રેતમાં થાય છે. જેઠિયા ઉપરાંત વરસના દક્ષિણ ભાગ, અરવિલ્લના ઉત્તર ભાગ અને અમેરિકાના કેટલાક ભાગમાં આ ઝાડ જમીનમાં વાવવામાં આવે છે. તે સુકી જમીનવાળા ભાગમાં થાય છે. તે બહુ ભીનાશવાળા, નીમાણવાળી અને પાણી ભરાઈ રહે એવી જમીનમાં થતાં નથી. જે પ્રદેશની જમીનમાં સેકડે પાંચ ટકા ચૂનાનાં કણો રહ્યાકરતાં હોય, મોરમ કે પથ્થરની કપચીની જમીન બહુ કૂટના દળવાળી હોય, જેમાં પાણી પડતાં જ વહી જતું હોય તે જમીન નારંગીને માફક આવે છે. નારંગીને આંખ ચડાવવાથી સારી થઈ શકે છે. તેનાં ફળ બીથી સારાં થઈ શકતાં નથી, પણ ખાટા કે મીઠાં બીજાનાં બીમાંથી રોપા કરીને તેના ઉપર નારંગીની આંખ ચડાવવાથી ઝાડ સારાં થાય છે. આંખ ચડાવવાનું કામ ચોમાસામાં સારું થાય છે. એક ચોમાસામાં તાજા મીઠાં બીજાનાં બી વાવી ક્યારામાં રોપા કરવા. બીજા કે ત્રીજા ચોમાસામાં તે રોપા દસથી આંગળી જેવડા થડિયાંના થાય એટલે નારંગીની આંખ ચડાવવી. ૭ માસમાં આંખ મોટી થાય છે, ત્યારે તેને ચોમાસામાં કાયમની જગ્યાએ ફેરવી વાવી શકાય છે. જે જમીન નારંગીના વાવેતર માટે પસંદ કરી હોય તે ઉપર બે ફૂટનો ઘર જાણનો અને ઉકરડાના બળતિયા ખાતરનો કરવો. પછી જમીન કોદાળીથી અઢાર ઇંચની ઊંડાઈએ ખોદી જવી એટલે ખાતર તેમાં ભળી જશે. પછી ક્યારાને પાળોની નીકો કરવી. તેમાં સિંચાળુ ક્યારા, ક્યારા, ભટકાં, કોળી, કુલકોળી, વલય વગેરે વાવવાં. શિયાળાની શરૂઆતમાં નારંગીના રોપ પંદર ફૂટને અંતરે ક્યારામાં વાવવા અને રીતસર કર આદરવાથી તેને પાણી પાતાં જવું. પહેલાં બે વરસ આસ રોપાને તપાસતા રહેવું અને આંખ નીચેના ભાગમાંથી પાતરાં ફૂટી નીકળે તે કાપી નાખવાં. આમ ન કરવામાં આવે તો રોપ કમજોરવત થઈ જાય છે. નારંગીની કલમ સીધી વાવવામાં રોપવી. નારંગીના ઝાડને એક જાતનો રોગ લાગુ પડે છે, ત્યારે એક ભાગ આસતેલ અને બહુ ભાગ કારબોલિક સાબુનું પાણી ભરી દરેક ઝાડને પિચકારીથી પોર્ષ નાખવું. બીજા એક પ્રકાર થાય છે તે પાતરાંને ખાઈ જાય છે. નાનાં ઝાડને દર બહુ દિવસે પાણી પાવું, પછી દરેક ઉનાળાના દિવસે પાણી પાવું કથી ૪ ઇંચની ઊંડાઈએ પાણી દર મહિને પાવાથી બહુ ફલ થાય છે. બહુ માલમાં બહુ વાર આવી

રીતે પણ્ડી પાડુ જોઈએ. બિયાં જે મીઠી નારંગીઓ થાય છે તે બીજાં કેટલાંક ફળોની માફક મોટે ભાગે આસામ અને ચીનમાંથી આવેલ છે એવો સંભવ છે. ભારતવર્ષમાં નારંગી માટે પ્રસિદ્ધ સ્થાન સિલ્હટ, નાગપુર, સિક્કિમ, નેપાળ, મદ્રવાલ, કમાઉ, દિલ્હી, પૂના અને દુર્ગ છે. નારંગીની મુખ્ય ચાર જાત છે: સંતરાં, કવલા, માલ્ટા અને ચીની. આમાં સંતરાં સૌથી ઉત્તમ જાતિ છે. સંતરાં પણ દેશભેદ પ્રમાણે જુદી જુદી જાતનાં હોય છે. ચીન અને ભારતવર્ષના પ્રાચીન ગ્રંથોમાં નારંગીનો ઉલ્લેખ મળે છે. સંસ્કૃતમાં નારંગીને નાગરંગ કહે છે. નાગનો અર્થ સિંદૂર થાય છે નારંગીની છાલના લાલ રંગને લીધે તેને આ નામ અપાયું છે. ગુજરાતમાં નાગરંગ નામ આવે છે. વરાહમિહિર આ ફળ આરબો મારફત ગ્રહણ કર્યાનું જણાવે છે. નારંગીનાં ફળનો મુરબ્બો કરવામાં આવે છે સંતરાં અને નારંગી જેવા ફળમાંથી સુગંધી અર્ક પણ મળી રહે છે. તેનો ઉપયોગ સુગંધી તેલો બનાવવામાં થાય છે. નારંગીનું ફળ કફ, પિત્ત અને આમનો નાશ કરનાર, સારક, વાતહારક, અતિ ઉષ્ણ અને મધુર છે. સહેજ ખાટું હોય તો તે હલકું, બલપ્રદ, વિશદ, ગુરુ, રુચિકર, સારક, ઉષ્ણ, સુગંધી તથા સ્વાદુ છે અને આમ, કૃમિ, વાયુ, શ્રમ તથા હૃદયનો નાશ કરનાર મનાય છે. કૃમિ અને દાહિયા તાવ ઉપર નારંગીની છાલનું ઔષધ બનાવી આપવામાં આવે છે. એ છાલનું તેલ કફહર છે. ગુણધર્મના અંતર કરતાં નારંગીનું તેલ સારું છે. નારંગી બોલવામાં મીઠી, દેખાવમાં સુંદર, વાસમાં મધુર અને રંગથી કરવાથી શીતળ લાગે છે. નારંગીની જાત: દક્ષિણની બારુ નારંગી: તેનું વજન ૨૦ તોલા હોય છે. અડધી પાકેલી હોય ત્યાં જ ડાળ ઉપરથી વીણી બજારમાં વેચવા માટે લાવવામાં આવે છે. તે બેઉ બાજુથી બેસી ગયેલી ડાલની હોય છે છાલ બરછટડી, મેલા પીળા રંગની અને સાધારણ ખાડાવાળી હોય છે. નેનાં પાતરાં દોઢ ઇંચ લાંબા અને પોણો ઇંચ પહોળાં હોય છે. તેને નવથી દસ પડ હોય છે. સતરા નારંગી: આ પોર્ટુગીઝ દેશનું ફળ છે. તે સૌથી ઊંચામાં ઊંચી જાત છે. તે જાન્યુઆરિ અને ફેબ્રુઆરીમાં એમ વર્ષમાં બે વાર ફળ આવે છે નાગપુર તરફ આ જાત ખૂબ થવાય છે. તેની છાલ લીસી હોય છે. તેને નવથી દસ પડ હોય છે. કવલા નારંગી. તે સતરાને મળતી છે બેમાં દસ ખાનાં હોય છે. માલ્ટિઝ નારંગી: દક્ષિણમાં તેને બારુ નારંગી કહે છે. તેની છાલ લીસી અને ચપટી અને તેનો રંગ ઘાટો અને ફલકિયો હોય છે. તેમાં અગિયાર ખાનાં હોય છે. મોઝાંબિક નારંગી: તેને ચાયુની પણ કહે છે તેનું વજન બાર ઔંસનું અને આકાર ગોળ દડા જેવો હોય છે. છાલ ટીટડીની જાળુ ઢબાયેલી. સાધારણ જાડી અને સખત હોય છે અંદર ત્રાંબો પીળો, પાતરાં અડી ઇંચ લાંબાં અને દોઢ ઇંચ પહોળાં હોય છે. કિનારીમાં કરકરિયાં હોય છે. સેંટ મેડિસ્ટ: તે ગોળાકાર અને સાત ઔંસ વજનમાં થાય છે. તે ચોડી લીંગી જાલની, જાડી અને મજબૂત ચોંટેલી હોય છે. તેની અંદર દસથી બાર ખંડ હોય છે. માલ્ટા બ્લડ: તે ગોળાકાર, દસ ઔંસ વજનની હોય છે. તેની છાલ સામાન્ય લીસી છે. તે સબજોમાં વપરાય છે. રેડમી નારંગી: તેનું વજન અઢી ઔંસનું છે. તેની ઝાલ છુટી પણ જાડી અને રંગ મેગે નારંગી હોય છે. તેમા દસ બાર ખંડ હોય છે. આ દલકી જાતની નારંગી છે. કડવી સીસીલી: તેનું સાત ઔંસ વજન હોય છે. રસ ખાટો અને તેની છાલ લીસી અને જાડી થાય છે. પંચમની અને શીકરીના પદાર્થ ઉપર તે થાય છે

૩. સ્ત્રી. સ્તન.

૪. ન. એ નામનું અત્તર.

૫. વિ. નારંગીના રંગનું; રતુંબડા પીળા રંગનું.

નારંગી સાબુ પું. એક જાતનો સાબુ. તે બનાવવા ૫૦ શેર સાબુને ગરમ કરી પિગળાવી તેમાં બે શેર ચોખાનો લોટ ઉમેરવો. પછી નારંગી રંગ નાખી થોડી વાર ઊકાળી ઠંડું પાડી તેમાં નારંગીનું તેલ વીસ તોલા, નજકનું તેલ સવા તોલો અને બાર્બમ તેલ પાંચ તોલા નાખી ઢારવું.

નારંજ ૧. [ફા] સ્ત્રી. નારંગી.

૨. સ્ત્રી. સ્તન.

નારંજી [ફા.] વિ નારંગીના રંગનું; રતુંબડા પીળા રંગનું.

નારદ ૧. [વિ] પું. અવાજ; બોલચાલ પોકાર

૨. પું. નાડું; નાડી; સૂતરની દોરી; કજ્જલ

૩. પું. નાની નદી, નાળ

૪. પું. પૂજામાં દેવને ચઢાવવામાં આવતા લાલ સૂતરના દોરા; નાડા

૫. પું. જુઓ નારદ.

૬ [સં.] સ્ત્રી. પાણી; જળ

નારાચ ૧. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મહામાલિકા. તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; નારાચિકા. તેમાં તગણ, રગણ, લઘુ અને ગુરુ આવે છે

૩. પું. (પિંગળ) ચોવીસ માત્રાનો એક છંદ.

૪ [સં.] પું જળહાથી.

૫. પું. (જૈન) પાપરૂપ પ્રકૃતિની ૮૨ પ્રકૃતિમાંની એ નામની એક પ્રકૃતિ

૬. પું. (જૈન) મર્કટબંધ; સામસામે બે વસ્તુનો મર્કટબંધ; એક જાતનું ઢાંકણાનું બંધારણ.

૭. પું વાદળાંવાળો દિવસ; દુર્દિન.

૮ પું (પિંગળ) બોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ આવે છે

૯. ન ઉંદરનું વજ.

૧૦ ન એક તીક્ષ્ણ રાજા; ભાલો; તીરનું ફળું.

૧૧ ન જનોઈ ભાદેનું એક દંડાયુધ.

૧૨. ન. લોઢાનું બાણ.

નારાચક પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. જુઓ નારાચ ૧.

નારાચકૃત [સં] ન. (વૈદક) એક જાતનું પેટના રોગ ઉપર વપરાતું ઔષધ.

નારાચચૂર્ણ [સં.] ન. (વૈદક) અડી સાકર ચાર તોલા, નસોતર ચાર તોલા અને કીડીપીપર એક તોલો લઈ બનાવેલું ચૂર્ણ. તે જમતાં પહેલાં પાણી અથવા તોલાની માત્રામાં મધમાં ચાટવાથી બંધકોષ, વાતરોગ અને પિત્તરોગનો નાશ થવાનું મનાય છે.

નારાચરસ [સં] પું. (વૈદક) એક પ્રકારની ઔષધિ શુદ્ધ પારો, ગંધક, નેપાળો, ત્રિફળા અને ત્રિકટુને એકત્ર ખરલ કરી મધ સાથે ચાટી તે ઉપર ઠંડું પાણી પીવાથી ગુપ્ત રોગનો નાશ થતો મનાય છે. તેની માત્રા એક રતીભાર છે.

નારાચસંહનન ન. (જૈન) એક પ્રકારનું શરીરનું બંધારણ. તેમાં વેષ્ટન અને ખીલી સહિત સાંધો હોય છે.

નારાચિકા ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; નારાચ. તેના દરેક ચરણમાં તગણ, રગણ, લઘુ અને ગુરુ હોય છે.

નારાચિકા ૧ જુ ૪ જો. જુઓ પિંગળ

૨. [સં.] સ્ત્રી. સોનું તોળવાની ચોનીની તાજુડી.

નારાચી ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; નરાચી. તે અનુષ્ટુપ

નારાયણ

છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, સગણ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે. કોઈ પિંગળકાર તેને લઘુનારાચ છંદ કહે છે.

૨. [સં] સ્ત્રી. નાનું લોઢાનું બાચકું.

૩. સ્ત્રી. સોનીનો કાંટો; નાનું ત્રાજવું. તેમાં નાની ચીજો તોળાય છે.

નારાજ ૧. [ફા. નારાઝ] વિ. ગુસ્સે થયેલું તે; કોપાયમાન થયેલું.

૨. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નારાચ. જુઓ નારાચ ૮.

૩. વિ. નાખુશ; અપ્રસન્ન; અસંતુષ્ટ. ગમ્યું નહિ એવું

નારાજગી ૧. [ફા નારાઝગી] સ્ત્રી. અપ્રસન્નતા; અણગમો; નાખુશી.

૨. સ્ત્રી. કોપ; ગુસ્સો

નારાજી ૧. [ફા. નારાઝી] સ્ત્રી. ધૃતરાજી; ક્રમનસીબી; નાખુશી; અપ્રસન્નતા.

૨. સ્ત્રી. કોપ; ગુસ્સો.

નારાજીપો જુઓ નારાજી.

નારાટ ૧. પું. પિત્તદોષથી ઉત્પન્ન થનાર સ્વર.

૨. વિ. કંઠમાં પિત્તના દોષથી ઉત્પન્ન થનાર.

નારાણ જુઓ નારાયણ

નારાયણ ૧. [સં.] પું. અ અક્ષરનું નામ.

૨. પું. અત્રિઋષિનો એ નામનો પુત્ર.

૩. પું. અથર્વવેદનો એક ઋષિ; નરનો સાથી. તેને તપથી ચલિત કરવા ઇંદ્રે પોતાની અત્યંત સ્વરૂપવાન અપ્સરાઓ મોકલી, પણ આ ઋષિએ પોતાના સાથળમાંથી સ્વર્ગની આવેલ અપ્સરા ઊરમાર્ષ નામ એની બધી સ્વરૂપવાન અપ્સરાઓ ઉત્પન્ન કરીને આવેલ અપ્સરાઓને ભેટ તરીકે મોકલી. આથી અપ્સરાઓ ઊરમાર્ષને સ્વર્ગમાં લાવી ગઈ, નારાયણે પોતાના બીજ એટલે સાથળમાંથી ઉત્પન્ન કરેલી અપ્સરા તે ઊર્વશી.

૪. પું. ઋગ્વેદના દશમા મંડલનું ૯૦મું સૂક્ત રચનાર એક ઋષિ.

૫. પું. એ નામનું એક અસુર.

૬. પું. એ નામનો એક પર્વત

૭. પું. એ નામનો સાતમા મન્વંતરનો એક અધિપતિદેવ.

૮. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં એક ગુરુ અને સોળ લઘુ મળી ૧૭ વર્ણની ૧૬ માત્રા હોય છે.

૯. પું. (પિંગળ) એક સમમાત્રિક વર્ણમેળ છંદ. તે જગતી છંદનો ભેદ છે. તેમાં તગણ, જગણ, જગણ અને સગણ મળી ચાર વર્ણ હોય છે.

૧૦. પું. (પુરાણ) ચાક્ષુષ વૈવસ્વત મન્વંતરમાંના ધર્મ ઋષિને સાધ્યોથી થયેલા બાર પુત્રોનો એક સાધ્યદેવ.

૧૧. પું. નર એટલે મૂળપુરુષનો પુત્ર; એક ઋષિ.

૧૨. પું (જૈન) નવ બલદેવના આઠમા વાસુદેવ; બલરામ; દશરથપુત્ર રામના ભાઈ બલરામનું બીજું નામ.

૧૩. પું. પરમાત્મા; પ્રભુ. નારાયણ નામ બહુ વિશિષ્ટપણે વિસ્તૃત અર્થમાં વ્યાપક છે: (૧) પરમાત્મા નર કહેવાય છે. નર શબ્દ ઉપર જ પ્રત્યય લાગતાં નાર એવું રૂપ થઈ ઔચિત્યનો હોતાં પ્રત્યય લાગતાં નારા શબ્દ થયો. નારા એ શબ્દ જલનો વાચક થાય છે તે નારા પ્રથમ પરમાત્માનું અયન એટલે આશ્રય હોવાથી પરમાત્મા નારાયણ કહેવાય છે (૨) જીવને નાર કહેવામાં આવે છે, કારણ કે તે નરથી એટલે પરમાત્માથી ઉત્પન્ન થાય છે. સર્વ જીવોમાં વ્યાપક હોવાથી અને સર્વ જીવોના સ્થાનરૂપ હોવાથી પરમાત્માને નારાયણ કહેવામાં આવે છે. (૩) નારા એટલે જલ છે અને રહેવાનું સ્થાન જેનું ક્ષીરસાગર છે તે હોવાથી વિષ્ણુ નારાયણ પરમાત્મા છે. (૪) નારા એટલે માયા છે. માયાના અધિષ્ઠાનરૂપ પરમાત્મા નારાયણ તે ઈશ્વર. માયાની સાથે જે સંબંધાયેલ છે તે જીવ. માયાની સાથે જે સંબંધાયેલ છે અર્થાત્ માયાના સ્વામી તે મહેશ્વર નારાયણ. (૫) નારા એટલે જીવ. બુદ્ધિમાં નિવાસ છે જેનો તે જીવાત્મા ચેતન નારાયણ. (૬) સૃષ્ટિના આદિ કાળમાં પરબ્રહ્મ પુરુષ, પરમાત્માના હિરણ્મય તેજોમય અંડમાંથી સ્વયં પ્રાદુર્ભૂત થયા તે સ્વયંભૂ, હિરણ્યગર્ભ, પ્રજાપતિ, બ્રહ્મા, વિરાટ આદિ અનેક નામથી સ્તુત છે. સ્વયં પ્રગટ થયા હોવાથી સ્વયંભૂ, તેજોમય હોવાથી હિરણ્યગર્ભ, ઇંડ તિર્યગાદિ અનેક રૂપથી પ્રગટ હોવાથી અને સર્વેના વિધિનિષેધના નિયમોનું પ્રતિપાદન કરતા હોવાથી પ્રજાપતિ, સગુણ યા સાકાર હોવા બ્રહ્મ, તેના દ્વારા સર્વ વસ્તુ પ્રકાશિત હોવાથી વિરાટ કહેવાય છે. તે પરમાત્માનું જલ અયનસ્થાન હોવાથી નારાયણ બ્રહ્મા કહેવાય છે. (૭) સૃષ્ટિ ઉત્પન્ન કરનાર જગદીશ્વર પ્રજાપતિનું જલ સ્થાન એટલે અયનરૂપ હોવાં તે પરમાત્મા નારાયણ કહેવાય છે. (૮) ક્રૂરૂપ નારાયણ સર્વત્ર વિરાટસ્વરૂપે વ્યાપક છે. (૯) જે ચેતન સર્વ પદાર્થોને પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત કરે છે તે ચેતનનું નામ નર છે. આ ચેતન આત્મારૂપ નરની માયા દ્રવ્યરૂપથી સંબંધી હોવાથી માયાને નારા કહે છે, તથા સૂક્ષ્મ પ્રપંચ માયાનું કાર્ય હોવાથી તેને નારા કહેવામાં આવે છે. માયારૂપ નારામાં પરમાત્મા પ્રતિબિંબિત રહે છે, તેથી માયાવિશિષ્ટ પરમાત્માને તથા સૂક્ષ્મ પ્રપંચવિશિષ્ટ હિરણ્યગર્ભને નારાયણ કહે છે. (૧૦) જેમ પ્રસિદ્ધ નદીઓનું જળ નૌકાનો આધાર છે, તેમ ભૂમિરૂપ નૌકાનો આધાર જળ છે, જે પરમાત્મા થી ઉત્પન્ન છે આ નારાને પરમાત્મા પ્રાપ્યરૂપથી પ્રાપ્યવાન્ હોવાથી શ્રુતિઓ પરમાત્માને નારાયણ કહ્યા છે. (૧૧) સમુદ્ર તરવાને જેમ નૌકા છે, તેમ સંસારસમુદ્ર તરવાને તરણીરૂપ પરમાત્મા છે. તે સંસારસમુદ્રમાંથી તારે છે, ઉપાસકોને ભવશોકથી મુક્ત કરે છે, તેથી પરમાત્માને નારાયણ કહેવામાં આવે છે. (૧૨) જીવમાં સ્વભાવસિદ્ધ કામક્રોધાદિ દોષોને આર કહેવાય છે આ દુઃખરૂપ આરના આશ્રયરૂપ અજ્ઞાનાદિના જડ પ્રપંચને નારાયણ કહે છે. આ જડ પ્રપંચના રૂપ નારાયણ સ્વયંજ્યોતિ આનંદરૂપ પરમાત્મામાં ન હોવાથી ન + નારાયણ એટલે પરમાત્માને નારાયણ કહેવાય છે. (૧૩) કઠિન તાદાત્મ્યાભ્યાસરૂપ સાધનથી માયારૂપ નારીની સ્થિતિ પરમાત્મામાં હોવાથી શ્રુતિઓ પરમાત્માને નારાયણ કહ્યા છે. (૧૪) પરમેશ્વરરૂપ નરની સાથે સંબંધ રાખનારાવાળી લક્ષ્મીનું નામ નારી છે. તે સર્વ દેહધારી જીવોને પ્રિય છે, તે અનેક કળાવાળી અને રૂપવાળી, અત્યંત મનોહર, પુણ્યવાનને સુખ દેનારી તથા પાપીઓને દુઃખ દેનારી છે. એવા લક્ષ્મીરૂપ નારી પરમાત્મામાં નિત્યસ્થ હોવાથી લક્ષ્મીપતિને નારાયણ કહેવાય છે. (૧૫) આનંદસ્વરૂપ દરેક આત્માને અનેક પ્રકારના પદાર્થોને દેખાડનારાવાળી સર્વ જીવની બુદ્ધિનું નામ નારી છે. તે નારીરૂપ જડબુદ્ધિના સ્વયંજ્યોતિ, આત્મદેવપ્રકાશકર્તા હોવાથી શ્રુતિમા સ્વયંજ્યોતિદ્રષ્ટા પરમાત્માને નારાયણ કહેવાય છે. તે બુદ્ધિના પ્રેરક અંતર્યામી છે અને તેનું ઉપાસન માયાની મદથી ભિન્ન છે. તે પરમાત્મા સૂર્યનારાયણ કહેવાય છે નારાયણ શબ્દની વ્યુત્પત્તિ ગ્રંથોમાં જુદાજુદા પ્રકારે બતાવી છે. મનુસ્મૃતિમા લખ્યું છે કે, નર પરમાત્માનું નામ છે. પરમાત્મામાંથી સૌથી પહેલાં ઉત્પન્ન થવાના કારણે જળને નારા કહે છે. જળ જેનું પ્રથમ અયન કે અધિષ્ઠાન છે એવા પરમાત્માનું નામ નારાયણ થયું મહાભારતના એક શ્લોકના ભાષ્યમાં કહ્યું છે

છે, નર આત્મા કે પરમાત્માનું નામ છે. આકાશ વગેરે સૌથી પહેલાં પરમાત્માથી ઉત્પન્ન થયાથી તેને નારા કહે છે. આ નારા પ્રત્યક્ષ સ્વરૂપ થઈ સર્વત્ર વ્યાપ્ત છે. તેથી પરમાત્માનું નામ નારાયણ થયું. કેટલીક જગ્યાએ એવું પણ લખ્યું છે કે, કોઈ એક મન્વંતરમાં વિશ્વક્ષ નર નામના ઋષિના પુત્ર હતા, તેથી તેનું નામ નારાયણ પડ્યું. બ્રહ્મવૈવર્ત વગેરે પુરાણોમાં આ સિવાય કેટલાયે પ્રકારની વ્યુત્પત્તિ બતાવેલી છે યજુર્વેદના પુરુષસૂક્ત અને ઉત્તર નારાયણ સૂક્ત તથા શતપથ બ્રાહ્મણ અને સાંખ્યાયન શ્રૌત સૂત્રમાં નારાયણ શબ્દ વિષ્ણુ અથવા પ્રથમ પુરુષના અર્થમાં આવેલ છે. અમરકોશમાં નારાયણનાં વિષ્ણુ, કૃષ્ણ, વૈકુંઠ, વિષ્ટરશ્રવા, દામોદર, હરીશ, કેશવ, માધવ, ચક્રી, દૈત્યારિ, પુંડરીકાક્ષ, ગોવિંદ, પદ્મનાભ, પીતાંબર, અચ્યુત, વિષ્વક્સેન, જનાર્દન, ઉપેંદ્ર, મધુસૂદન, ચતુર્ભુજ, પદ્મનાભ, મધુરિપુ, વાસુદેવ, ત્રિવિક્રમ, દેવકીનંદન, શૌરિ, શ્રીપતિ, પુરુષોત્તમ, વનમાલી, બલિધ્વંસી, કંસારાતિ, વિષ્ટરશ્રવ, દૈત્યજિત્, વિષ્ણુ, શ્રીવત્સલાંછન, પુરાણપુરુષ, પદ્મપુરુષ, જયશ્રાયી, વિશ્વરૂપ મુકુંદ, મુરમર્દન વગેરે નામ આપેલાં છે

૧૪. પું. પોષ મહિનો.

૧૫. પુ. ગણેશ.

૧૬. પું. વિષ્ણુ; કૌશલ્યાથી બ્રહ્મચારી; વિષ્ણુના ચોવીસ મહેનો સત્તરમો અવતાર.

૧૭. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૧૮. પું. સંન્યાસી.

૧૯. પું. સંન્યાસીને નમસ્કાર કરતાં બોલાતો એક શબ્દ.

નારાયણ! નારાયણ! = (૧) ઓહો! કેવું દયાજનક! (૨) તમને મારા પ્રણામ હોજો. (૩) તે વિષે હું કંઈ જાણતો નથી.'

૨૦. સ્ત્રી કૃષ્ણ યજુર્વેદની એક ઉપનિષદ

૨૧. સ્ત્રી. જૈન વૈશ્યોની ચોરાશી માહેની એ નામની એક જ્ઞાતિ.

૨૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૨૩. ન. એક પ્રકારનું અપંગર અત્તર.

૨૪. વિ. એ નામની જ્ઞાતિનું.

૨૫. વિ. નારાયણનું; નારાયણ સંબંધી.

નારાયણકવચ [સં.] ન. નારાયણની સ્તુતિરૂપ શ્લોકોનો એક સમૂહ; એ નામનું એક સ્તોત્ર.

નારાયણક્ષેત્ર [સં.] ન. ગજાના પ્રવાહથી ૩.૨ હાથ ઊંચેની જમીન.

નારાયણગાથા [સં.] પું. (પુરાણ) એ નામનો મણસમુદાય. કૃષ્ણે એમાંના કેટલાક દુર્યોધન અને કેટલાક પાંડવો પાસે મૂકેલા હતા. ભીષ્મ વગેરેના કહ્યે તે સભામાં વરચ્ચે ચમ્યા હતા

નારાયણચૂર્ણ [સં.] ન (વૈદક) એક પ્રકારની ઔષધિ. આ ચૂર્ણ બીમાં લેવાથી સ્થાવર તથા જંગમ વિષ દૂર થતાં મનાય છે

નારાયણતીર્થ [સં] ન. એ નામનું એક તીર્થ. તે નર્મદાના ઉત્તર તટ ઉપર ભૃગુક્ષેત્રમાં આવેલ છે નર્મદા ખંડમાં કહ્યા છે કે: પુરાતન કાળમાં નારાયણજી ગંધમાદન પર્વત ઉપર તપ કરતા હતા. ત્યાં ઇંદ્રની પ્રેરણાથી બધા દેવોએ તેને તપથી ચ્યુત કરવાનું ધાર્યું. પરંતુ તે ચ્યુત થયા નહિ. પછી ઇંદ્ર સહિત બધા દેવોને તેમણે વિશ્વરૂપદર્શન કરાવ્યું અને પોતે ત્યાંથી રેવા તટ ઉપર આવીને તપ કરવા લાગ્યા. ત્યારથી આ તીર્થ ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા કરે છે. અહીંથી બાર ધનુષ્ય દૂર વિશ્વરૂપતીર્થ આવેલ છે

નારાયણતેલ જુઓ નારાયણતૈલ

નારાયણતૈલ [સં.] ન. (વૈદક) આયુર્વેદમાં બતાવેલું એક તેલ. તે બનાવવા આસંધ, વેણીરેલ, ઓલિગરી, ઊભા ગોખરુ, ક્ષીરકાકોલી, અશ્વગંધનું મૂળ, અરણી સમભાગે લઈ ઉકાળવાં. તેમાં ચોગણું તેલ, પંચગણી દૂધની મલાઈ અને પ્રથમ, એલચી, જટામાંસી, વજ, મોરવેલ, રક્તચંદન, સિંધવ, આસન, રાસ્ના, વચિયાળી, દેવદાર, સાલવણ, પીતવણ અને તગર સમભાગે લઈ એક કલાક સુધી ઉકાળવાથી આ તેલ બને છે. કાકોલી, બલબંધા, ભિલ્વમૂળ, પદ્મક, ગોખરુ, દેવદાર, જટામાંસી, તગર, ચંદન, બલા અને કૂષ્ઠ વડે પણ આ તેલ બને છે. તે અર્ધાંગ કૃદિવાત, નપુંસકતા, તાવ, કુરકુમનો ક્ષય, માથાનો દુખાવો, સર્વાંગદાહ, કમળો, પાંડુરોગ, દુર્બલતા, સંધિવા, અરોચક, જ્ઞાનતંતુની નબળાઈ વગેરેમાં શરીરે ચોળવા માટે વપરાય છે

નારાયણદરજી કોળું ન. નાકડાની જમાત.

નારાયણ નારાયણ ન. કંઈ ખબર નથી; કંઈ ન બનવું; અરેરે એવો ભાવ બતાવતો ઉદ્ગાર; રામ! રામ!

નારાયણપરાયણ [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નારાયણપ્રિય ૧. [સં.] પું. શિવ

૨. પું. સહદેવ.

૩. ન. પીળું ચંદન.

૪. વિ. નારાયણને વહાલું.

નારાયણબલિ [સં.] પું. આત્મઘાત કરી અકાલ મરણ પામેલા અને પતિત આદિના પ્રાયશ્ચિત્ત માટે કરવામાં આવતી એક ક્રિયા; અધમતિ પામેલા પૂર્વજોના ઉદ્ધાર માટે અપાતો બલિ. તે નારાયણ વગેરે પાંચ દેવને ઉદ્દેશીને કરાય છે.

નારાયણબલિ જુઓ નારાયણબલિ.

નારાયણ ભટ્ટ પું. ઈ. સ.ના છઠ્ઠા સૈકાથી નવમા સૈકા સુધીનાં નાટકોના બીજા યુગમાં થઈ ગયેલો એ નામનો એક નાટકકાર.

નારાયણ મુનિ પું. સ્વામીનારાયણ પ્રભુ; સહજાનંદ સ્વામી.

નારાયણ સરોવર ન. (પુરાણ) સિંધુ નદીના સમુદ્ર મળીના સંગમના સ્થળ પાસે આવેલું એ નામનું એક તીર્થ.

નારાયણા ૧. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ

૩. વિ. એ નામની જ્ઞાતિનું

નારાયણામૃતબિંદુ [સં.] ન. (પુરાણ) યજુર્વેદનું એક મુખ્ય ઉપનિષદ.

નારાયણાશ્રમ [સં.] પું. (પુરાણ) બદરી વનનો આશ્રમ; બદરિકાશ્રમ.

નારાયણાસ્ત્ર [સં.] ન. નારાયણની શક્તિ જેમાં છે એવું દિવ્ય અસ્ત્ર.

નારાયણી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. આ રાગ આઠમાંથી તે ઉત્પન્ન થાય છે અને રાત્રિના બીજા પ્રહરે ગવાય છે.

૨. [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

૩. સ્ત્રી (જ્યોતિષ) એ નામની એક રોહિણી. નૈર્ઋત ખૂણામાં તેનું સ્થાન છે અને તેનું વાહન શ્વાન મનાય છે.

૪. સ્ત્રી ગંગા.

૫. સ્ત્રી મહાકી નદીનું એક નામ.

૬ સ્ત્રી દુર્ગા દેવી.

૭. સ્ત્રી દુર્યોધનને સહાય માટે શ્રીકૃષ્ણે આપેલી એ નામની સેના

૮. સ્ત્રી. નર્મદાના કાંઠા માંહેનું એક નામ.

૯. સ્ત્રી. નારાયણની પત્ની.

૧૦. સ્ત્રી. નારાયણની શક્તિ.

૧૧. સ્ત્રી (પુરાણ) મુદ્ગલ ઋષિની એ નામની કન્યાનું બીજું નામ.

૧૨. સ્ત્રી. લક્ષ્મી.

૧૩. સ્ત્રી. કાકાચરી નામની વનસ્પતિ; સતાવણ.

૧૪. વિ. દેવતાઈ.

૧૫. વિ. નારાયણને લગતું.

૧૬. વિ. બહાદુર; શૂરવીર.

નારાયણીબલ જુઓ નારાયણબલિ.

નારાયણીબળ જુઓ નારાયણબલિ.

નારાયણીય ૧. [સં.] ન. એ નામનું એક ઉપનિષદ

૨. ન. મહાભારતના શાંતિપર્વનું એક ઉપાખ્યાન. તેમાં નારદ અને નારાયણ ઋષિની કથા છે

૩. વિ. નારાયણનું; નારાયણ સંબંધી.

૪. વિ. ભાગવતધર્મનું

નારાયણીયોપનિષદ [સં. નારાયણીયોપનિષદ] જુ., ન. એ નામનું એક ઉપનિષદ.

નારાશંસ ૧. [સં.] પું. પિતૃ; પિતર.

૨. પું. પિતૃઓ માટે યજ્ઞમાં રાખેલ સોમ.

૩ પું. પિતૃઓને સોમપાન દેવાનો યજ્ઞ.

૪. પું. રાજા વગેરેની સ્તુતિવાળા વેદમંત્ર; પ્રશસ્તિ.

૫. વિ. પ્રશંસા સંબંધી; સ્તુતિ સંબંધી.

નારાશંસી ૧. સ્ત્રી. મનુષ્યોની પ્રશંસા.

૨. સ્ત્રી. મહાપુરુષોની પ્રશંસાની કવિતા.

૩. [સં.] સ્ત્રી. રાજાઓનાં દાન વગેરેની પ્રશંસા હોય તેવા વેદમંત્રોનો ભાગ.

૪. વિ. માણસની કથા કહેનારું.

નારાસન ૧. [સં. ના (નહિ) + રાસ્ત (સાચું)] વિ. અપ્રામાણિક; ખોટું.

૨. વિ. અયોગ્ય; અઘટતું.

નારાસ્તી ૧. [સં. ના (નહિ) + રાસ્તી (સત્યતા)] સ્ત્રી. જૂઠાણું.

૨. સ્ત્રી. યોગ્યતા ન હોવાપણું; અયોગ્યતા.

નારાંતક [સં.] પું. એ નામનો એક રાક્ષસ. તે રાવણના પુત્રો માંહેનો એક કહેવાય છે.

નારિક ૧. [સં.] વિ. આત્મા સંબંધી; આધ્યાત્મિક.

૨. વિ. પરમાત્માનું

૩. વિ. પાણીનું; પાણી સંબંધી.

નારિકેર જુઓ નારિયેલ.

નારિકેરક્ષોરી જુઓ નારિયેલક્ષીરી.

નારિકેરખંડ જુઓ નારિયેલખંડ.

નારિકેરખંડપાક જુઓ નારિયેલખંડ.

નારિકેરપાક જુઓ નારિયેલપાક.

નારિકેરફલાંબુન્યાય જુઓ નારિયેલફલાંબુ-ન્યાય.

નારિકેલ [સં.] ન. નાળિયેર; મીંજ. તે પૂર્વ બંગાળ, બર્મા, મલબાર અને કોરોમાંડલનો દરિયાકાંઠો, સિલોન, દક્ષિણ હિંદ અને હિંદી દ્વીપસમૂહના ટાપુઓમાં થાય છે.

નારિકેલક્ષીરી [સં.] સ્ત્રી. દ્વીપની બનતી એ નામની એક ખીર અથવા મીઠાઈ. ટોપરાના ઝીણા ઝીણા કટકાને બી તથા ખાંડ સાથે માવના દૂધમાં પકવવામાં આવે છે અને તે ઘાટું થાય ત્યારે ઉતારી લેવામાં આવે છે.

નારિકેલખંડ [સં] પું. (વૈદક) નાળિયેરના ટોપરામાંથી બનતી એક ઔષધિ. નાળિયેરના ટોપરાનો જૂનો કરી, તેમાં ઘી ખાંડ મેળવી, પાણી નાખી પકવવામાં આવે છે. પાકના બાદ તેમાં ધાણા, પીપર, વંશલોચન, ઇલાયચી, નાગકેસર, સૂંઠ, તેજપત્તાનું ચૂર્ણ કરી મેળવાય છે. તેના સેવનથી અમ્લપિત્ત, અરુચિ, મુખરોગ, રક્તપિત્ત અને ક્ષય દૂર થાય છે અને પુરુષત્વની વૃદ્ધિ થાય છે એમ મનાય છે.

નારિકેલખંડપાક જુઓ નારિકેલખંડ.

નારિકેલપાક [સં.] પું. (વૈદ્ય) અંદર ઘણો ગૂઢ રસ હોય એવો અર્ધપરિપાક.

નારિકેલફલપ્રિયા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ

નારિકેલફલાંબુ-ન્યાય [સં. નારિકેલ (નાળિયેર) + ફલ (ફળ) + અંબુ (પાણી) + ન્યાય (દૃષ્ટાંત)] પું. નાળિયેરમાં કયાંથી પાણી આવે છે તેની અંદર પડતી નથી, તે પ્રમાણે બહારથી કયાંથી આવે છે વગેરે જે બાબતની અંદર પડતી ન હોય તે વિષયનું દૃષ્ટાંત

નારિકેલાસવ [સં.] પું. નાળિયેરમાંથી બનતો આસવ.

નારિકેલિ [સં.] સ્ત્રી. નાળિયેરી.

નારિકેળ જુઓ નારિયેલ.

નારિયલ ૧. [હિ.] પું નાળિયેળનો બનાવેલો હુક્કો.

૨. પું. નાળિયેરી. આ ઝાડ ખજૂરીની જાતનું અને ૫૦ કે ૬૦ હાથ ઊંચું હોય છે. તેનાં પાંદડાં ખજૂરીનાં પાંદડાં જેવાં અને ફૂલ સફેદ હોય છે. નાળિયેર ગરમ દેશમાં દરિયા કિનારે થાય છે. હિંદુસ્તાનની આસપાસના ટાપુમાં તે બહુ થાય છે. હિંદુસ્તાનના દરિયા કિનારે વધુમાં વધુ સો ગાઉ સુધી તે સારી રીતે થાય છે. નાળિયેર મુખ્યત્વે આવે છે. તે બારથી ચૌદ આંગળ લાંબા અને છથી સાત આંગળ પહોળા થાય છે. તેના ઉપર કાચું રેસાદાર ગલોતરાં હોય છે. તેની નીચે કાચલી અને તેમાં સફેદ ગર હોય છે, જે અંદામાં મીઠો હોય છે. વાવવાની રીત આ પ્રમાણે છે. પાકું નાળિયેળ લઈ એક કે દોઢ મહિનો ઘરમાં રાખી મૂકવું. પછી ઘરસાદમાં હાથ દોઢ હાથનો ખાડો ખોદી તેમાં રેતી દાટવું. રાખ કે બીજા કોઈ ક્ષાર તેના ઉપર નાખવા. થોડા દિવસમાં અંકુર ફૂટી ઝાડ જેવડા થશે. ૭ મહિને કે એક વર્ષે તે ઝાડને ખોદી અન્ય વાવવું હોય ત્યાં વાવી દેવું. ભારતવર્ષમાં નારિયેળ બંગાળ, મદ્રાસ અને મુખઈ પ્રાંતમાં થાય છે. નારિયેળ ઘણી જાતનાં થાય છે. વિશેષ ભેદ તેનાં ફળ, રંગ અને આકારનો હોય છે. કેટલાક બિલકુલ લાલ, કોઈ લીલાં અને કેટલાક ચૂંબરા રંગના થાય છે. ફળની અંદર પાણી કે રસ ભરેલ હોય છે અને તે પીવામાં મીઠો હોય છે. નારિયેળ બહુ જ ઉપયોગમાં આવે છે. તેના પાંદડાની સાદડી, સાંઠું અને સાવરણી બને છે. ફળોની ઉપર ગલોતરાં હોય છે તેનાં મજબૂત દોરડાં થાય છે. ટોપરાની ઉપરની કાચલીનો પ્યાલો કે હુક્કો બને છે. ટોપરું એ એક જાતનો મેવો છે અને તેમાંથી તેલ નીકળે છે. જે સોકો આવે છે અને શરીર ઉપર લગાવે છે. મુખઈ પ્રાંતમાં નારિયેળમાંથી એક પ્રકારનો મદ્ય કે તાડી બનાવવામાં આવે છે. વૈદકમાં નારિયેળના ફળને શીતળ, દુર્જર, કૃમ્ય, પિત્ત અને દાહનાશક માનેલ છે. તાજા ફળનું પાણી શીતળ, હૃદયને હિતકારી, દીપક અને વાયુવર્ધક મનાય છે. કૃમ્ય ને મહાગલકર ટાપુથી લઈને પૂર્વ તરફ અમેરિકાના તટ સુધી નારિયેળના જે નામ પ્રચલિત છે, તે સંસ્કૃત નારિકેલ શબ્દનું વિકૃત રૂપ છે. આ વાત પ્રાયઃ સર્વસમત છે કે, નારિયેળનું આદિ સ્થાન ભારત અને બ્રહ્મદેશના દક્ષિણના ટાપુ માલદ્વીપ, લકા, સિલોન, અંદામાન, સુમાત્રા, જાવા વગેરે છે. નારિયળનો ઉલ્લેખ વૈદિક ગ્રંથોમાં મળતો નથી, પરંતુ મહાભારત, સુશ્રુત આદિ પ્રાચીન ગ્રંથોમાં મળે છે. કથાસરિત્સાગરમાં નારિકેલ દ્વીપનો ઉલ્લેખ છે

૩. પું. માણસનું માથું

નારિયલપૂર્ણિમા ૧. સ્ત્રી દક્ષિણ હિંદનો શ્રાવણી પૂર્ણિમાનો તહેવાર. તે દિવસે લોકો નારિયેળ દરિયામાં ફેંકે છે.

૨. સ્ત્રી. શ્રાવણી પૂર્ણિમા.

નારિયલી ૧. સ્ત્રી. નારિયેળની નાની

૨. સ્ત્રી. નારિયેળનું ટોપરું

૩. સ્ત્રી નાળિયેળનો હુક્કો

નારિયલી પૂનેમ સ્ત્રી. શ્રાવણી પૂર્ણિમા.

નારિયળ જુઓ નારિયેલ.

નારિયળી સ્ત્રી. નાળિયેરનું ઝાડ

નારિયળી પૂનેમ જુઓ નારિયેળી પૂનમ

નારિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નારિયેળ ૧. [સં. નારિકેલ; પ્રા. णारिएर-णारिएल] ન. નાળિયેર; શ્રીફળ. તેની ઉપર ત્રણે કોટલે રેસાવાળી છાલ, છાલ નીચે કઠણ કોટલું એટલે કાચલી અને તે કોટલામાં કોપરું હોય છે. તે કોપરું પોષવા વચલા ભાગમાં સહેજ પોલું અને મીઠું પાણી રહે છે. લીલાં તાલ ના.ળિયેરનું પાણી લોકો પીએ છે. સૂકા કોપરાના વાટકા પીલતા તેમાંથી તેલ નીકળે છે વનસ્પતિમાંથી નીકળતાં તેલોમાંનું આ તેલ એવું છે કે જે ઠંડી ઋતુમાં ઠરી જાય છે. કોપરેલ કેટલેક ઠેકાણે લોકો ખાય છે. લીલું સૂકું કોપરું પૌષ્ટિક હોવાથી લોકો ખાય છે. તેના ખમણની મીઠાઈ પણ બને છે. તેને કોપરાપાક કહેવાય છે. તેનું પાણી શીતળ અને મૂત્રલ મનાય છે. કોપરામાંથી નીકળતું તેલ મલમ બનાવવાના કામમાં આવે છે. કેટલીક વાર તેનો ઉપયોગ કોઈ સીવર તેલને સ્થાને થાય છે તેમાં કેકની વૃદ્ધિ કરવાનો ગુણ છે. નારિયેળનું પાણી મૂત્રકૃચ્છ્ર તથા પથ્થર ઉપર પ્રયાય છે. શ્રીફળ સમર્પણમાં તથા શુભ પ્રસંગમાં તેમજ મરણાદિમાં પણ વપરાય છે. તેનાં જોડાંનાં દોરડાં બને છે.

૧. અડખડિયુ–અડખડિયું નારિયેળ મળવું = રૂપિયાદ મળવી; ઠાઠી મુકાવુ.

૨. નારિયેળ આપવું = (૧) રજા આપી છૂટી મૂકવું; નોકરીમાંથી કાઢી મૂકવું. (૨) સગાઈનું કહેણ મોકલવું.

૩. નારિયેળ ચડાવવું = નારિયેળનું નૈવેદ્ય ધરાવવું; દેવને નારિયેળ ધરવું. પ્રાણીને બદલે હિંદુઓ દેવને ભોગ ધરવા નારિયેળનો ઉપયોગ કરે છે. તેનું કારણ વિશ્વામિત્રની આશ્ચર્યકારક વાત ઉપરથી જણાઈ આવે છે. બકરામાં ઉત્પન્ન કરવાની શક્તિ છે. તે પ્રમાણે વિશ્વામિત્રે પણ પૃથ્વી જનનું અનાજ ઉત્પન્ન કર્યું. તેમણે નારિયેળ ઉપજાવીને તેમાંથી અનુષ્ય પ્રાણી નિષ્પન્નતા આંકયું. પ્રારંભમાં માણસનું માથું નીપજ્યું. તે જોઈને બ્રહ્માએ જાણ્યું કે, સૃષ્ટિ નિષ્પન્નતાનું મારે કામ છે તે ઋષિ કર્મ લેશે. તેથી તેમની તેમણે આરાધના કરી ત્યારે ઋષિ બંધ પડ્યા; પણ પોતાનો મહિમા રાખવા સારૂ મનુષ્યના માથા જેવું નારિયેળનું ફળ થાય એમ કર્યું. ત્યારે કોઈ દેવને નારિયેળ ચાન્યું હોય ત્યારે અથવા ખુશીથી તેમની સમક્ષ નારિયેળ વધેરવામાં કે ધરાવવામાં આવે છે. તેને નારિયેળ ચડાવવું કહેવાય છે.

૪. નારિયેળ તોડવું = સગર્ભા સ્ત્રી આગળ નારિયેળ વધેરવું. જો તે આલી નીકળે તો દીકરો આવશે અને જો ખાલી ન નીકળે તો દીકરી આવશે એમ મનાય છે.

૫. નારિયેળ પકડાવવું – ધરખાવવું = બરતરફ કરવું; નોકરીમાંથી રદ કરવું. નારિયેળ શુભ મનાય છે. કોઈને વિદાય કરતા હાથમાં નારિયેળ આપવામાં આવે છે. કોઈ બલાએ જવું હોય અથવા કોઈ પરલોક જવું હોય ત્યારે પણ શુભ શુકનની નિશાનીમાં નારિયેળ આપવાનો રિવાજ છે. નારિયેળ મળવા બાદ વિદાય થઈ શકાય છે. તે ઉપરથી નોકરીમાંથી વિદાય મળવા માટે નારિયેળ મળવું બોલાય છે.

૬. નારિયેળ પાટલવું = (૧) નારિયેળ બદલાવવું સગપણ કરવું. (૨) વરપક્ષને પાટલે બેસાડી હાથમાં નારિયેળ આપવું.

૭. નારિયેળ બદલાવવું = સગપણ કરવું. સગપણ વખતે કન્યાપક્ષ તરફથી શ્રીફળ લઈને એક જણ વરપક્ષને ત્યાં જઈ, ત્યાં તે શ્રીફળ વધારી લેવામાં આવે અને શ્રીફળ લઈ આવનારને સ્ત્રીબમાં કન્યાપક્ષ તરફથી શ્રીફળ આપવામાં આવે. આમ શ્રીફળ બદલાવાય છે, તેથી સગપણ કરવાને નારિયેળ બદલાવવું કે નારિયેળ પાટલવું કહે છે.

૮. નારિયેળ મળવું = રજા મળવી; બરતરફ થવું.

૯. નારિયેળ મોકલવું = સગાઈનું માગું કરવું. કન્યાવાળા તરફથી વરને ત્યાં નારિયેળ લઈને જાય અને વરવાળા તે કબૂલ કરે એટલે સગપણ પાકું થયું કહેવાય. સગપણ સબંધી વાત કરવાને નારિયેળ મોકલવાનો રિવાજ છે અને તેની કબૂલાત થતાં નારિયેળ સ્વીકાર્યું એમ કહેવાય છે

૧૦. નારિયેળ લેવુ = નોકરી છોડી દેવી

૧૧. નારિયેળ સ્વીકારવુ = વિવાહ કે સગપણની માગણી કબૂલવી.

૧૨ નારિયેળનું તેલ = કોપરેલ તેલ.

૧૩. નારિયેળનું પાણી નારિયેળમાં = ભેદ ખુલ્લો ન કરવો તે; વાત દબાઈ જવી તે.

૧૪. નારિયેળનો ભોગ = તાડી અથવા નારિયેળના રસનો બનાવેલો ગોળ.

૧૫. ભર્યું નારિયેળ = (૧) સમજ્યા જાણતા મૂઢ હકીકત; જેનું પરિણામ ન જણાય તેવું.

૧૬. રસનું નારિયેળ = દુખમાં અને ચિંતામાં રમે એવું માણસ; અને બધુ હોવાને બળનાર માણસ.

૧૭. ઠોળાનું નારિયેળ થયું = બરાબ કામમાં આવેલાન થવુ.

૨. ન. નાળિયેરનો ઝાડો.

૩ ન ભોગ.

૪. ન. માણસનું માથું

૫. ન. ઘોડામાંનું પાણીનું પાત્ર; ભેલખો.

નારિયેળપાક પું કોપરાના બમણની મીઠાઈ; કોપરાપાક.

નારિયેળી જુઓ નાળિયેરી.

નારિયેળી પૂનમ ૧. સ્ત્રી. શ્રાવણ સુદિ પૂનમનો તહેવાર. તે દિવસ ચોમાસુ પૂરું થતાં આવ્યા હોકો સમુદની અંદર નારિયેળ નાખે છે, વહાણ હાંકવાનું શરૂ કરે છે અને પોતાની મુસાફરીનું શુભ મૂહર્ત સાચવે છે.

૨. સ્ત્રી. શ્રાવણી પૂર્ણિમા.

નારિયેળી પૂનેમ જુઓ નારિયેળી પૂનમ.

નારિયેળો પું. એક જાતનો કદમી આંબો. તેની કેરી નારિયેળ જેવડી મોટી થાય છે.

નારિંગ [ફા. નારંજ] ન. નારંગીનું ફળ.

નારી ૧. પું. અનાહત નાદના બાર મહિનો એક ભેદ.

૨. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તે આર્યા છંદનો ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૫ લઘુ મળી ૩૬ વર્ણની ૫૭ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) સત્ત્વ ગુરુ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના ૬૬૬ પ્રસ્તારમાં સમાય હોય છે.

૪. સ્ત્રી. (વૈદક) અશ્વગંધા નામની ઔષધિ.

૫ સ્ત્રી. (પુરાણ) ભાગીરથના પુત્ર કુકુત્સ્થની સ્ત્રી; ભેરુની નવ ભાર્યાની એ નામની એક કન્યા.

૬. સ્ત્રી. ખમણના મોં આગળનું ગોળ નાળચું.

૭. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

૮. સ્ત્રી. પાણીને કિનારે રહેતું એક જાતનું પક્ષી. તેની પાંખ લાલાશ પડતી ભૂરી હોય છે. તેની પીઠ તથા પગ પણ ભૂરાં હોય છે.

૯. સ્ત્રી. પાણીમાં થતી લાંબુડિયા અને પોલાં મૂલની એક વેલ; કોડામારી. પત્રો આજાબાજુ પહોળાં અને બે પણ આજુ લાલાં હોય છે. તેનાં પાંદડાંને અર્ધચંદ્રાકૃતિ એક મોટો આંચો હોય છે. તે ઝરણથી

તેને ચાંદવેલ કહે છે. તે આગેલા દાકડાને સાંધનારી, હાંતિકારક તથા ધાતુવર્ધક મનાય છે મરાઠીમા તેને રાજમલા કહે છે. ચાદવેલીનો રસ કાઢી બાટલીમાં ભરી રાખવો. આ રસ એક ચમચાભર લઈ તેમાં કુકડીની સુકાવેલી બોડી ઢગાર નાખી તે લેવો અને લેપ પણ તેનો જ કરવો, એટલે ચોપોદરનો રોગી તાબડતોબ સારો થતો મનાય છે.

૧૦. સ્ત્રી. શેરડી પીલવાના યંત્ર માહેના આંટાવાળા ત્રણ દંડ માંહેના બે આજુ ઉપરના દંડ માંહેનો દરેક દંડ.

૧૧. સ્ત્રી રમણી; યુવતિ; અબળા. ઢોર, ગમાર, શૂદ્ર, અને નારી એ સ્વપ્ન તાડનકે અધિકારી, એ તુલસીદાસજીની ઉક્તિને ગાંધીજીએ તો ખોટી ઠરાવી છે, એનું જબરાણી માનસીમાં આનંદશંકર બાપુભાઈ ધ્રુવે લખ્યું છે કે, આપણા મધ્યકાલીન સમાજમાં સ્ત્રીજાતિમા ઘોર અજ્ઞાન પ્રવર્તતું હતું. આપણી અજ્ઞાન સ્ત્રીઓ ભાવા જાતિઓ પાસે જ્ઞાન મેળવવાની દોડ રાખતી, પરંતુ આ ભાવા સાધુઓએ એમના સમર્થ ગુરુઓના ઉપદેશને અનુસરીને સ્ત્રીનો સંસર્ગ સેવ્યો નહિ અને ઉપદેશ આપ્યો પોતાના આવાસમાં સ્ત્રીઓ પ્રવેશ કરે તોપણ ઉદ્ધત તિરસ્કારપૂર્વક એ તેમને કાઢી મૂકતા. ભાવાઓના આવા આકરા વલણથી આપણો સંસાર મલિનતામાંથી ઊગરી ગયો છે. આ ભાવા સાધુઓએ સ્ત્રીઓના ઉપયોગની ખુશામત ન કરી એ આપણા સમાજની એમની નાનીસૂની સેવા નથી.

૧૨. સ્ત્રી. (વ્યાકરણ) સ્ત્રીલિંગ એક પ્રકારની જાતિ

૧૩ જ. કર્તૃવાચક નારીજાતિનો પ્રત્યય. જેમકે, લખનારી, ઢળનારી, ભણનારી

નારીકદન જ નારિયેળનું ઝાડ.

નારીકવચ [સં. નારી (સ્ત્રી) + કવચ (આવરણ)] પું (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન અરમક રાજાનો પુત્ર પરશુરામ ક્ષત્રિયોનો નાશ કરતા હતા તે વખતે તેમણે સ્ત્રીઓને ઘેરીને તેમને બચાવી હતી, તેથી તેમનું આ નામ પડ્યું

નારીકાંતા [સં.] સ્ત્રી ચોક માહેની એ નામની એક મહાનદી.

નારીકુલ [સં.] ન. સ્ત્રીઓનો સમુદાય.

નારીકુંજર ૧. [સં.] પું. હાથીનો રૂપાળા રૂપાળા નેવી સ્ત્રીઓના શરીરની ગોઠવણ. અસલ આવી પુતળીઓના હાથથી છાપના છાવલ છપાતા અને લોકમા તે વપરાતા.

૨. જ એક જાતનું પટણનું જાતીજ્ઞા પટોળું.

નારીકુંજરચીર જ. એક જાતનું પટણનું જાતીજ્ઞા પટોળું.

નારીકેર જુઓ નારિકેલ.

નારીકેરખંડ જુઓ નારિકેલખંડ

નારીકેરખંડપાક જુઓ નારિકેલખંડ.

નારીકેરપાક જુઓ નારિકેલપાક.

નારીકેરફલાંબુન્યાય જુઓ નારિકેલફલાંબુન્યાય.

નારીકેલ જુઓ નારિકેલ.

નારીકેલખંડ જુઓ નારિકેલખંડ.

નારીકેલખંડપાક જુઓ નારિકેલખંડ.

નારીકેલપાક જુઓ નારિકેલપાક.

નારીકેલફલાંબુન્યાય જુઓ નારિકેલફલાંબુન્યાય

નારીકેલી [સ] સ્ત્રી. નાળિયેરી.

નારીક્ષય પું. ઓકસર.

નારીગ્ય [સં.] પું. એક જાતનું ગાંઠ; નાસિતા.

નારીજન [સં.] ન. સ્ત્રી; ઔરત.

નારીજાત જ્ઞા. ઔરત.

નારીજાતિ ૧. [સં.] સ્ત્રી. સ્ત્રીજાતિ; સ્ત્રીવર્ગ

૨. સ્ત્રી. (વ્યાકરણ) સ્ત્રીલિંગ.

નારીજીવન [સં.] ન. સ્ત્રી તરીકેનું જીવન

નારીતર્જક [સં.] પું. સ્ત્રીના મિજાજને ચંચળ કરનાર પુરુષ; ભરું; બાયલો પુરુષ.

નારીતીર્થ [સં.] ન. અગસ્ત્ય, મોદ્ગલ, પાંચેય, કાશ્યપ અને ભારદ્વાજ એ ઋષિપુરમાં આવેલા પાંચ તીર્થ. આ તીર્થની અંદર પાંચ મગરીઓ રહેતી હતી. તેઓ કુબેરની સભાની ખ્યાતિ પ્રાપ્ત અપ્સરાઓ હતી. એક વખતે એ પાંચે અપ્સરાઓ જ્ઞાની ગાની બારણામાં રમતી હતી, તેથી ઋષિપુત્રના અધ્યયનમાં ખલેલ પડવાથી તેણે શાપ આપ્યો હતો. પ્રાર્થના કરતા તેણે ઉચ્ચાર આપ્યો કે, આજથી સો વર્ષ પછી એક પુરુષનો તમને સ્પર્શ થશે તેથી તમારો ઉદ્ધાર થશે. આ મગરીઓને લીધે પાંચે તીર્થમાં કોઈ સ્નાન કરતું ન હતું. અર્જુન તીર્થયાત્રા કરતો કરતો ત્યાં આવ્યો અને પ્રથમ સોળડ તીર્થમા સ્નાન કરવા ઊતર્યો. જેવો ઊતર્યો કે મગરીએ તેનો પગ પકડ્યો. અર્જુને તેને બહાર ખેંચી કાઢી અને મગરી પોતાના મૂળ દિવ્ય સ્વરૂપને પામી. એવીજ રીતે એણે બીજાઓનો ઉદ્ધાર કર્યો

નારીત્વ [સં] ન. સ્ત્રીપણું.

નારીદૂષણ ૧. [સં.] ન. મનુએ કહેલાં સ્ત્રીનાં ૭ અપલક્ષણ. મદિરાપાન, દુર્જનનો સંગ, પતિનો વિરહ, રઝળવું, અત્યંત નિદ્રા અને પારકા ઘરમાં નિવાસ એ સ્ત્રીઓના દૂષણ છે

૨. ન. સ્ત્રીધર્મ પ્રમાણે ચાલવામાં થતી ભૂલ.

નારીદોષ જુઓ નારીદૂષણ.

નારીપૂજક [સં.] વિ. સ્ત્રીજાતિ પ્રત્યે ઉચ્ચ ભાવ ધરાવનાર.

નારીપૂજા [સં.] સ્ત્રી સ્ત્રીજાતિ પ્રત્યે આદરભાવ.

નારીપ્રતિષ્ઠા [સં.] સ્ત્રી સ્ત્રીઓ પ્રત્યેનો આદર કે સન્માન.

નારીપ્રસંગ [સં.] પું. વ્યભિચાર કર્મ; સ્ત્રી સાથેનો મૈથુનાચાર

નારીમય [સં.] વિ. સ્ત્રીઓથી ભરેલું.

નારીમાંહ્યનો પું. માગશર માસ.

નારીમુખ [સં] પું. કર્મ વિપાકથી નૈરયિક પૃથ્વીમા આવેલો એ નામનો એક દેશ.

નારીમૃદુ [સ.] વિ. સ્ત્રી જેવું કોમળ.

નારીયાન [સં.] ન. સ્ત્રીને બેસવાનું યોગ્ય પડદાવાળું વાહન.

નારીયુગ [સં] પું. સ્ત્રીઓનું જેમાં પ્રાધાન્ય પદ હોય તેવો કાળ.

નારીરત્ન [સ.] ન. ઉત્તમ સ્ત્રી.

નારીલોલા સ્ત્રી એક જાતની બે હાથની ઝીણી રેશમી માખલી.

નારીવલ્લ સ્ત્રી. (કચ્છી) એક જાતની વેલ. તેના વેલા રતાળુના વેલા જેવા ભાસે છે. ફૂલ જાંબુડાં કે ગુલાબી હોય છે. પાન ગરમી તથા લોહીવિકાર મટાડનાર મનાય છે

નારીવલ્લભા [સં.] સ્ત્રી. મેંદી. મેંદીમાં એવો હેતુ રહેલો છે કે, જે સ્ત્રી હાથે તથા પગે મેંદી લગાડે તેના હાથ, પગ તથા નખ રાતા થાય છે અને તેથી તે સ્ત્રી પુરુષને વલ્લભા લાગે છે અને પુરુષમાં પ્રેમ તથા કામ ઉત્પન્ન કરે છે. આમ હોવાથી મેંદી નારીવલ્લભા કહેવાય છે.

નારીવાદ [સં.] પું. સ્ત્રીઓને સત્તા અને સ્વાતંત્ર્ય મળવું જોઈએ એવો મત.

નારીવૃંદ [સં.] ન સ્ત્રીઓનું ટોળું.

નારીશ [સં.] વિ. સ્ત્રીનું ચાહેલું નારીનું વલ્લભ.

નારીશ્રુ [સં.] સ્ત્રી. ચમેલી; મોગરો.

નારીસાહસ [સં] ન. સ્ત્રીનું પરાક્રમ.

નારીંગ ૧. પું. એક જાતનો ઘોડો.
૨. ન. દાડમ

નારીંગાદિય પું. દાડમનો દાબો.

નારો ૧. પું. વસવાયો; ગામમાં વસનારો હલકાં કામ કરનારો લોકોનો સમુદાય. વસવાયાંમાં નવ નારો અને પાંચ કારુ છે. કોળી, કડિયા, કુંભાર, માળી, લુહાર, સુતાર, ઢોર ઉછેરનાર, તબોળા, સોની, ધોબી, કોળી, સુથાર, રેઢ અને ઝમાર વગેરે વસવામાં ગણાય છે.
૨. પું. વાળો; ગામડી નીચે ઘર કરતો એક પ્રકારનો કોડો, તે ઘણી વાર તાર જેવો જાતળો અને વખતે તેથી જાડો હોય છે. તેની લંબાઈ સાત ઇંચથી પાંચ દસ ફુટ સુધીની હોય છે. અરાણ પાણી પીવાથી વાળાનો રોગ થાય છે.
૩. ન. વસવાયાંની હકસાઈ.

નારોકારો ૧. પું. બ. ક. વસવાયાંની એક જાત; નવ નારો અને પાંચ કારુ. જુઓ નારો ૧.
૨. ન. ઢોર અને ઘરવખરી સાથે ગામેગામ ફરનારા સુથારનું અને બીજું પરચૂરણ મજૂરીનું કામ કરનારા હલકી જાતિના લોક.
૩. વિ. કામઢું કે હલકી જાતનું.

નારોન ૧. પું. સુંદર પક્ષ નમાવો આલ્યસ.
૨. ન. દેખાવે સુંદર પણ સ્વાદે કડવું એક જાતનું ફળ.

નાર્ક ૧. ન. એક જાતનો રોગ. તેમાં રોંઢાગ્રો ગર્ભ અંદરથી લાંબો ઢોડો નીકળે છે.
૨. ન. માંસલ અવયવમાં પડેલું સડાનું કાણું; માંસમાં પડેલો સડાનો ઊંડો ખોદ; ચૂમું પાકીને પડેલો ઘાર કે તેનું મોઢું.
૩. ન. (બાકરણ) કર્તૃવાચક નામ્યતરજાતિનો પ્રત્યય. જેમકે, ગાનાર; વખાણનાર; જોનારે.

નાર્કુષ્ઠ [સં.] વિ. બનાવટ; જેના શરીર ઉપર કોઈ પ્રકારનો આઘાત ન થઈ શકે તેવું.

નાર્ગસંગણી પું. એક જાતનો ગમડાવાળી ક્રિનખાસ.

નાર્જેય [સં.] પું. સત્રાજિતના પુત્ર સંગ્રામજીતનો એ નામનો એક પુત્ર.

નાર્ટેશ્વર પું. એ નામના એક શંકર. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર છે. નર્મદા પ્રબંધમાં લખ્યું છે કે, પુરાતન કાળમાં શિવજી અને પાર્વતીજી ફરતાં ફરતાં અહીં આવ્યાં ત્યારે રેવાજીએ જળમાંથી નીકળીને તેની પૂજા કરી અને અહીં રહીને જળાભિષેક કરવાનું વચન લીધું. ત્યારથી આ તીર્થ પ્રસિદ્ધિમાં આવ્યું રહેલ છે.

નારોજ પું. ખારસી લોકોનો નવા વરસનો દિવસ. નોરોઝ.

નારોટ સ્ત્રી. એક જાતની વેલ; જલદૂધી. તેને કાપતાં તેમાંથી દૂધ નીકળે છે. પાન લાંબાં ને સાકડાં, ફૂલ ધોળાં, ગુલાબી અને જાંબલી હોય છે. નારોટ દવામાં વપરાય છે.

નારોડિયા (નારોડિયા) ૧. સ્ત્રી. ચોવિસવાડી લેઉઆ કણબીના એ નામની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

નારોપ પું (ઔદ) પોરસી મારેના એ નામના એક સિદ્ધ. તે સુપ્રસિદ્ધ દીપકર શ્રીજ્ઞાનના ગુરુ હતા અને સિદ્ધ તિલોપા તેના ગુરુ હતા.

નારોષ્ટ્ર [સં.] પું. નિશાની પ્રમાણે ઘોડાનું ચાલવું તે.

નારોષ્ટ્રકર્મ [સં નારોષ્ટ્રકર્મન] ન ઘોડાએ નિશાની પ્રમાણે કામ કરવું તે.

નાર્ઈ ૧. [સં.] પું. લોબી માણસ.
૨. સ્ત્રી. કૂતરા ઉપરની જૂ.
૩. સ્ત્રી. જટામાંસી નામની સુગંધી વનસ્પતિ.
૪. સ્ત્રી. મજ્જરનો કરંડ.

નાર્દિનમ પું. (વૈદક) જટામાંસી અને બીજી દવાઓ મેળવી બનાવવામાં આવતો લેપ.

નાર્ધ ન. ભાર્ગવ ગોત્રનું એ નામનું એક પ્રવર.

નાર્પત્ય [સં. નૃપતિ (રાજા)] વિ. રાજા સંબંધી; રાજા સાથે સંબંધ રાખતું.

નાર્ભેક ૧. [સં.] ન. શિવલિંગ. તે નર્મદામાંથી મળે છે.
૨. વિ. નર્મદા સંબંધી; નર્મદા નદીનું.

નાર્ભેર [સં.] પું. ઊંટ મારેલો એ નામનો એક અસુર.

નાર્ય ૧. [સં] પું. નર.
૨. વિ. મનુષ્યનું; મનુષ્ય સંબંધી.

નાર્યેતિકૃત [સં.] ન. કરિયાતું.

નાર્યંગ [સં.] ન. નારંગીનું ઝાડ.

નાર્ય્ય જુઓ નાર્ય.

નાર્ય્યેતિકૃત જુઓ નાર્યેતિકૃત.

નાર્ય્યંગ જુઓ નાર્યંગ.

નાર્વદ્ય પું. ઉત્તર સમુદ્રમાં વસનારું એક જાતનું જળચર પ્રાણી. તેને દાંત હોતા નથી. હકત એક લાંબો દંતૂશળ ઉપલા જડબામાં હોય છે. એ દંતૂશળથી નાર્વદ્ય બચ્ચાં પકડવાને ખુબ્યાન કરે છે. તેની માદાને દંતૂશળ હોતો નથી.

નાલ ૧. પું. અંદર પોલી લાંબી નળી.
૨. પું. એક પ્રકારનો વાંસ તે હિમાલયનો પૂર્વ ભાગ, આસામ અને બર્મા આદિમાં થાય છે.
૩. પું. ગર્ભમાંના બાળકની દૂંટી સાથે જોડાયેલી નાડી. આ નાલથી ગર્ભમાં રહેલ બાળક માતાના ગર્ભ સાથે જોડાયેલું રહે છે. તેની મારફતે બાળકના શરીરમાં લોહીનો સંચાર અને શ્વાસપ્રશ્વાસ તથા પોષાકની ક્રિયા થાય છે. બાળક જન્મતાં તે કાપી નાખવામાં આવે છે. તેનો એક જેડો બાળકની દૂંટીને લાગેલો હોય છે. તે પછી સુવાર્ધ ને ખરી પડે છે.
૪. પું. બાળને નીરખવાનો મ.ગ.
૫. પું. બાળનો પ્રસવ.
૬. પું. સુથારનો અડો.
૭. પું. સુથારનો અડો રાખવા દેવા માટે દેવામાં આવતા પૈસા
૮. પું. કૂવો.
૯. પું. જળપરીક્ષા કે અભ્યાસ માટે કસરત કરનારથી ઊંડા થવામાં આવતો કુંડાકાર મોટો વજનદાર પથ્થર
૧૦. પું. રક્તતગીઓ તથા એક પ્રકારના મજ્જાતંતુથી બનેલી રસીના આકારની વસ્તુ. તે એક બાજુ ગર્ભાશય બનવાની નાભિ સાથે અને બીજી બાજુ મોળ ઘણી આકારમાં દેખાતી ગર્ભાશયની દિવાલ સાથે મળેલી હોય છે.
૧૧. પું. સિંગ.
૧૨. [સ.] પું. ખોદ; વિલાપ.
૧૩. પું. કરતાલ.
૧૪. સ્ત્રી. એક જાતની ભાજી. તળાવની આસપાસ તે થાય છે. આ છોડ ચુમારે એક હાથ ઊંચો, એનાં પાંદડાં ચુમારે એક આંગળ પહોળાં અને દીંટ પાસે તેને બે ખૂણા હોય છે. દીંટું પણ એક આંગળ લાંબું હોય છે. આ ભાજી વૈશાખની આખરમાં તથા જેઠ આસમાં ઘણી જ મળે છે અને તેનો ઉપયોગ ગરીબ લોકમાં જ વિશેષ થાય છે.
૧૫. સ્ત્રી. કમળ, કુમુદ વગેરે ફૂલોની પોલી ને લાંબી દાંડી.
૧૬. સ્ત્રી. ક્રમમ જોડવાથી નીકળતો રેસો.
૧૭. સ્ત્રી. ઘઉં, જવ વગેરેની ચાતળી ને લાંબી દાડી. તેમાં વાળ હાય છે.
૧૮. [અ.] સ્ત્રી. ઘોડા અને બળદના પગ નીચે તથા પગરખાની એડી નીચે જડવામાં આવતી લોઢાની ચપટી કડી કે પતરી.
૧૯. સ્ત્રી. જોડની દાંડલી; કાંડ.
૨૦. સ્ત્રી. તરવારના મિયાનને બેઉ બાજીવાળા ભાગમાં બચાવવામાં આવતી ખોળ.

૨૧. સ્ત્રી. ઝેરી નાગી; કોઈ નાગણની દોરી.
૨૨. સ્ત્રી. નહેર; નાની નદી.
૨૩. સ્ત્રી. નળી.
૨૪. સ્ત્રી. નેવાંનું પાણી ઝીલવાની લોઢા કે તાંબાના પતરાની નીક.
૨૫. સ્ત્રી. નેળ; બે તરફ પાકવાળો સાંકડો રસ્તો; નાળિયું; ગલી.
નાળનાં ગાયાં કૂર્મ નાળમાં રહે છે ? = ઉદ્યમ અને યત્ન કરવાથી બધાત્ત જાગ્રત્ત થતા પ્રશ્નોત્તરીઓ દૂર થાય છે.
૨૬. સ્ત્રી. પગની ઝરી.
૨૭. સ્ત્રી. પરનાળ; પાણી જવાનો રસ્તો.
૨૮. સ્ત્રી. બંદૂકની નળી.
૨૯. સ્ત્રી. મોર્ટહંડાની રમતમાં એ નામનો એક દાવ.
૩૦. સ્ત્રી. લાંબી તોપ.
૩૧. સ્ત્રી. પદ્મ.
૩૨. સ્ત્રી. ઝાડ વગેરે રાખવાની વસ્ત્રાદની નળી.
૩૩. સ્ત્રી. સોનીની ફૂંકણી.

નાળક ૧. પું. એક જાતનું પિત્તળનું વાસણ.
૨. ન. વસ્ત્રની ઢાંકણી.

નાળકચ્છેદ ૧. [હિ.] સ્ત્રી. સુરતમાં જન્મેલા બાળકની નાળ છેદવાની ક્રિયા.
૨. સ્ત્રી. બાળકની નાળ છેદવાનું મહેનતાણું.

નાળકી સ્ત્રી. એક જાતની ખુરસી જેવી પાલખી. ક્રમમાં વરરાજા તેમાં બેસીને જાય છે.

નાળગી [કા.] સ્ત્રી. ચોક; વિલાપ.

નાળચુંબક ન. ઘોડાની નાળ જેવી આકૃતિવાળું ચુંબક.

નાળચ્છેદન [સં.] ન. સુરતમાં જન્મેલા બાળકની નાળ કાપવાની ક્રિયા.

નાળછેદન જુઓ નાળચ્છેદન.

નાળજંઘ [સં.] પું. નાળ જડનાર માણસ.

નાળબંદી ૧. સ્ત્રી. ઘોડાના પગલા ઉપર નાળ જડવી તે.
ઉદા૦ ઘોડાને વર્ષમાં બે વખત નાળબંદી થાય છે. આણે આકરી
૨. [સં.] સ્ત્રી. નાળ જડવાનું કામ.
૩. સ્ત્રી. મુસલમાની રાજ્યમાં નાના નાના રાજ્યો પાસેથી ખોરાકવારનું ઘરખર રાખવા માટે લેવાતી રકમ. પાછળથી તે કાયમની ખંડણી થઈ ગઈ.

નાળબંધ જુઓ નાળબંદ.

નાળબાંસ [હિ.] પું. એક જાતનો વાંસ. તે યમુનાના કિનારાથી પૂર્વ બંગાળ અને આસામ સુધીમાં થાય છે. તે સીધો, મજબૂત અને ગ્રંથ હોવાથી સારો ગણાય છે.

નાળમેખ સ્ત્રી. નાળબંદી; નાળ જડવાનું કામ.

નાળવેરા [સં.] ન. એક જાતનું તૃણ; નરકટ.

નાળવાંસ પું. એક પ્રકારનો વાંસ. તે હિમાલયના પ્રદેશમાં યમુનાને કિનારે તથા પૂર્વ બંગાળ અને આસામમાં થાય છે.

નાળશાક ન. એક જાતનું શાક; સૂરણની નાળ

નાળસ્તી સ્ત્રી. અપકીર્તિ; બદનામી; કલંક.

નાળંદ જુઓ નાલંદા

નાળંદા ન. બૌદ્ધ સાધુઓનું એ નામનું એક પ્રાચીન ક્ષેત્ર અને વિદ્યાપીઠ. તે મગધમાં પટણાથી ત્રીસ ગાઉ દક્ષિણે અને રાજગૃહથી અગિયાર ગાઉ પશ્ચિમે આવેલ હતું. અત્યારે તેનાં ખંડિયેર છે ત્યાં તે આવેલ હતું એવો કેટલાકનો મત છે. ચીનથી હિંદુસ્તાનમાં યાત્રા કરવા આવેલા ચીની મુસાફરોએ તેની મોટાઈનાં વખાણ કરેલાં છે. તે કાળે નાલંદા અને તક્ષશિલા એ બે મોટામાં મોટી વિદ્યાપીઠ હતી. હજારો દેશી વિદેશી વિદ્યાર્થીઓ ત્યાં રહીને જ્ઞાનોપાસના કરતા. આ વિશ્વવિદ્યાલયની સ્થાપના મગધના રાજા શક્રાદિત્યે કરી હતી. ત્યાં ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૧,૫૦૦ શિક્ષકો રહેતા. સમૂર્ણ બૌદ્ધ સાહિત્ય ઉપરાંત વેદ, ગણિત, જ્યોતિષ, તર્ક, વ્યાકરણ, વૈદક જેવા બધા વિષયો અહીં શીખવવામાં આવતા. મુસલમાનોના સમયમાં આ વિદ્યાપીઠનો નાશ થયો. નાલંદનો એકેશ્વર અર્થ ક્રમપ્રદ થાય છે. સંભવ છે કે, આ ભગવાન મહાવીર અને બુદ્ધ રહેતા હોવાથી જ્ઞાનઓ વારંવાર આવતા હોય અને તે ઉપરથી એનું નામ પડ્યું હોય. આ મહાવીર સ્વામીએ ચૌદ ચાતુર્માસ કર્યાં હતાં. તેનું હાલનું નામ રાજગીર છે. બૌદ્ધ યાત્રાળુઓના વિવરણ ઉપરથી જણાય છે કે, પરદેશપરદેશાં મહારાજા અશોકે નાલંદામાં એક મઠ સ્થાપિત કર્યો. ચીની મુસાફર હ્યુએનસાંગે લખ્યું છે કે, તે પછી હર્ષ અને મુગલગોમી નામના બે જ્ઞાનપ્રેમીએ આ મઠને ફરીને વિશાળ આકારમાં બનાવ્યો. તેના દીવાલો જે અદ્યાપિ૫ણ ૯૭ ઊંચાઈ જોવામાં આવે છે, તે ત્રીસ ભવ્યોચ્ચ હાથ ઊંચી છે. કહેવાય છે કે, આ વિદ્યાપીઠમાં રહીને નાગાર્જુન કેટલાક દિવસ સુધી ઉપર જણાવેલ સંઘર નામના જ્ઞાનગુરુ પાસેથી જ્ઞાન શીખેલ. સને ૬૩૭માં પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુએનસાંગે આ વિદ્યાપીઠમાં જઈને પ્રભાકર નામના એક આચાર્ય પાસેથી વિદ્યાધ્યયન કર્યું હતું. તે સમયે આખો મોટો મઠ કે આખી મોટી વિદ્યાપીઠ ભારતમાં બીજે ક્યાંય નહોતાં. અહીં સેકડો આચાર્ય અને દશ હજાર ઉપરાંત માણસો અને શિષ્યો રહેતા હતા. જે સમયે ડારીમાં શુદ્ધપણ નામનો રાજા રાજ્ય કરતો હતો, ત્યારે આ ગામમાં આગ લાગી અને બધાં પુસ્તકો બળી ગયાં.

નાલંદીય વિ. નાલંદા સંબંધી.

નાલંબી સ્ત્રી. હિંગની વેલ.

નાળા ૧. [કા.] પું. અવાજ.
૨. પું. નાની નદી; નહેર.
૩. [હિ] પું. નાળામાંથી વહેતું પાણી; ગટરપ્રવાહ.
૪. પું. રેગેલું ઝાડ; નાકું.
૫. પું. ચોક; વિલાપ.
૬. સ્ત્રી. એક જાતની તાંદલજા જેવી ભાજી.
૭. સ્ત્રી. ક્રમબદ્ધ વગેરેની પોલી દાઢી.
૮. સ્ત્રી. કાંડ; પદ્મ વગેરેનો દંડ; નાલ.
૯. સ્ત્રી. પદ્મ વગેરેની નાલ.

નાળાકૃતિ [સં.] વિ. ભૂંગળીના આકારનું.

નાળાખાલા ૧. પું. ચોરણીની નાડી.
૨. પું. નાની નદી.
૩. પું. રાતો દોરો; નાડું.

નાળાયક (નાલાયક) ૧ [કા.] વિ. અયોગ્ય; અપટિત; ગેરવાજબી.
૨. વિ. અસજ્જન, અપાત્ર.
૩. વિ. ક્રમમાં ન આવે એવું; નકામું.
૪. વિ. બાયકાન વગરનું; મૂર્ખ.

નાળાયકપણું ૧. ન. અયોગ્યતા; ગેરવાજબી હોવાપણું; અયુક્તપણું.
૨. ન. અસજ્જનતા; અવિવેક.
૩. ન. ક્રમમાં ન આવે એવું હોવું તે; અક્રમતા; અનાવશ્યકતા.
૪. ન. બાતકાન ન હોવાપણું.

નાળાયકાત જુઓ નાલાયકપણું.

નાળાયકી (નાલાયકી) જુઓ નાલાયકપણું.

નાળાયની સ્ત્રી. (પુરાણ) મૌદ્ગલ્ય ઋષિની બીજી ઇંદ્રસેનાનું બીજું નામ.

નાળાયગારી [કા.] સ્ત્રી. અફસોસ; વિલાપ; શોક.

નાળારા ૧. સ્ત્રી. ઝાણી ભાજી; દુષણ; કલંક; શરમ લાગે બોલવા જેવું કંઈ તે.
૨. [સં. નાસિકા] સ્ત્રી. ફરિયાદ.
૩. સ્ત્રી. બદબોઈ; ગાળ; નિંદા; બાળ મૂકવું તે.

નાળારી જુઓ નાલાયક.

નાલાસ જુઓ નાલાય.

નાલાસી જુઓ નાલાયી.

નાલિ ૧. (સં.) સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. સ્ત્રી. કમળની દાંડલી; કમળ વગેરેનો પોલો દંડ.

૩. સ્ત્રી. તોપ.

૪. સ્ત્રી. નાડી; નસ; શિરા.

૫. સ્ત્રી નાળ; મોરી; ખાળ; નીક.

૬. સ્ત્રી. ઘૂંઘરુ.

૭. સ્ત્રી. શરીરમાંનું કોઈ પણ નાળ જેવું અંગ.

નાલિક ૧. [સં] કું. પાણે.

૨. ન. એક જાતનું અત્તર. તેની અંદર કાંઈ ભરીને તે વપરાતું હતું

૩. ન. કમળ.; પદ્મ

નાલિકા ૧. કું. (પિંગળ) એક જાતનો વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર, બીજા ચરણમાં સગણ જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર, ત્રીજા ચરણમાં તગણ, જગણ અને રગણ એમ નવ અક્ષર અને ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. એક જાતનું ચમદળ.

૩. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ; નાલિતા ઘાસ.

૪. સ્ત્રી. કમળનો દાંડલો; કમળ આદિની દાંડી; નાળ.

૫. સ્ત્રી. મળો નામની વનસ્પતિ.

૬ સ્ત્રી. ગાળો.

૭. સ્ત્રી. ગામડાનો કોરડો.

૮. સ્ત્રી. ચાર હાથનું માપ; ધનુષ્ય.

૯. સ્ત્રી. સાડીસ કલા જેટલો વખત; સમય ગણવાનું એક માપ.

૪૦ કલા = નાલિકા
૨ નાલિકા = મુહૂર્ત

૧૦. સ્ત્રી. ચૂતકીડા; ચૂતની સર્વ કળા.

૧૧. સ્ત્રી. નળી; ભૂંગળું; નાલ.

૧૨. સ્ત્રી. પોલી દાંડીવાળી વનસ્પતિ.

૧૩. સ્ત્રી. બંદૂક અથવા તોપ જેવું હથિયાર.

૧૪. સ્ત્રી. વાંસની નળી.

૧૫. સ્ત્રી. શરીર કરતાં ચાર આંગળ વધારે લાંબી લાકડી.

૧૬. સ્ત્રી. સમય માપવાનું યંત્ર; ઘડી.

૧૭. સ્ત્રી. સૂતર લપેટી રાખવાની વસ્તુ.રની નળી.

૧૮. સ્ત્રી. હાથીના કાન વીંધવાનું ઓજાર.

નાલિકાખેટ ૧. ન. એક પ્રકારની જુગાર.

૨. ન. કમળ આદિની નાલિકા ઉખેડવાની ક્રિયા.

૩. ન. મહોની મતિ સમજવાને બનાવવામાં આવતી ઘડી જેવી નળી.

નાલિકાવેધ [સં.] કું. બંદૂકનો એક પ્રયોગ; નિર્ભિન નાલિકામાંથી જળી ગોળાથી નિશાન મારવું તે.

નાલિકેર ૧. કું. એ નામનો એક દ્વીપ.

૨. [સં.] ન. નાળિયેર; શ્રીફળ.

વનસ્પતિ લાંબુરુ અને નાલિકેર મુખ્ય કામ;
એ નારી એ નાલિયેર, ઘનિ કરે પ્રણામ.
પિતામ્બરોપ

નાલિકેરપાક ૧. કું (કામ) ઘઉં, ગુડ અને ગળીચા કરેલો અર્ધ ઢોરો તે.

પાક એટલે અર્ધેજાંકાર્યું, ચરિપક્વતા. તેના મુખ્ય બે પ્રકાર છે: ઠળાપાક ને નાલિકેરપાક
ભૂદેવ ચતુરવ્રજ

૨. કું. નાળિયેરના ગર્ભમાંથી બનાવાતી એક વાની, દોપરાપાક.

નાલિકેરી ૧ સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. [સં.] સ્ત્રી. નાળિયેરી.

નાલિકેરીપાક જુઓ નાલિકેરપાક.

નાલિકેરોદક [સં. નાલિકેર (નાળિ) + ઉદક (પાણી)] ન. નાળિયેરમાં રહેલું પાણી

નાલિકર્મિ [સં.] સ્ત્રી. એક જાતનો રોગ; નાડીમાં થતી ગાંઠ.

નાલિચક્ર [સં.] ન. કોદરાના મધ્યબિંદુ.

નાલિજંઘ [સં.] કું. એક જાતનો ક્રાંચો. ટોચકાર.

નાલિતા [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

નાલિપાદ ન. કેટલાંમાં પ્રાણીઓનું એક જાતનું પાદ.

નાલિમય [સં.] વિ. નાડી મરાવનારું.

નાલિયેર [સં. નાલિકેર] કું. નાળિયેર.

નાલિયેરી સ્ત્રી. નાળિયેરી.

નાલિવ્રણ ૧. [સં. નાલિ (નાડી) + વ્રણ (ગૂમડું)] ન. એક જાતનો રોગ; અંદરનું 'ફિસ્ચુલા.'

૨. ન. નાસૂર; નાડીવ્રણ.

નાલિશ ૧. [અ.] સ્ત્રી. કોર્ટની વિરુદ્ધ અભિયોગ; દાવો; ફરિયાદ.

૧. નાલિશ કરે હરજ્ય = નુકસાનીનો દાવો કરવો તે.
૨. નાલિશ ઝાલી = બંધાત દાવો.
૩. નાલિશ દીવાની = દીવાની દાવો.
૪. નાલિશ પહી = મુનાઝીની નોંધ.
૫. નાલિશનો ડિસ્મિસઆર્ડર = દાવો કરવાનો હક્ક.

૨. સ્ત્રી. ગીબત; બદબોઈ, નિંદા.

૩. સ્ત્રી. અપહારનું સ્થાન.

૪. સ્ત્રી. અપહારપદ; અપહારનો વિષય.

નાલિશબંદ [ફા.] કું. ફરિયાદી; ફરિયાદ કરનાર.

નાલિશદી [ફા.] કું. ફરિયાદી; દાવો કરનાર માણસ

નાલિંદા સ્ત્રી. રાજગૃહની એ નામની એક જૈનરી; નાલંદા પાડો. જુઓ નાલંદા.

નાલી ૧. કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ અને બે ગુરુ મળી પાંચ વર્ણ હોય છે.

ય મા તે નાલી. રણુપિંગળ

૨. કું. મોળ વજનવાળો પથ્થર. તે વચમાં પોલો હોય છે અને કસરત માટે કામ આવે છે.

૩. સ્ત્રી. એક જાતની વેલ.

૪. સ્ત્રી. એક જાતનું ઘાસ. તેનાં પાન વાંસનાં પાન કરતાં લાંબાં હોય છે. તે જ્યાં જાય છે ત્યાં મૂંડ ને મૂંડ જાય છે. તેની દાંડી પોલી હોય છે. દાંડીને કુંભળ અને સુંવાળી એક કૂદ લાંબી અમરી આવે છે. તેના મૂળમાં ગાંઠો હોય છે. આ ઘાસ ઢોરનો ચારો છે.

૫. સ્ત્રી. એક જાતનું ચણિયું.

૬. સ્ત્રી. કમળ; પદ્મ.

૭. સ્ત્રી. કુંભારના નીભાડામાં નીચે ખુલ્લો રાખેલ ભાગ. લાકડી આગ સળગાવવામાં આવે છે.

૮. સ્ત્રી મોટી જેટલો ખાળ.

૯. સ્ત્રી. ઘોડાની પીઠનો આંકો.

૧૦. સ્ત્રી. ઢોરને દવા વગેરે પાવાની નાળ.

૧૧. સ્ત્રી. તરવારની પૂરી બજાઈ સુધી તેની વચ્ચોવચ જઈને જતી ઊંડી લીટી.

૧૨. સ્ત્રી. નહેર.

૧૩. સ્ત્રી. નાડી; કોડ બાંધવાની દોરી.

૧૪. સ્ત્રી. નાડી; નસ.

૧૫. સ્ત્રી. નીક; મોરી; મેલું પાણી વહેવાનો માર્ગ.

૧૬. સ્ત્રી. પાણીને વહેવાનો સાંકડો માર્ગ; મોરિયો.

૧૭. સ્ત્રી. પોલી નળી; ભૂંગળું.

૧૮. [હિં.] સ્ત્રી. પ્રણાલી.

૧૯. સ્ત્રી. બંદૂક.

૨૦. સ્ત્રી. સાવંદર નામનો રોગ.

૨૧. સ્ત્રી. વખત માપવાની ઘડી; ઘટિકા યંત્ર.

૨૨. સ્ત્રી. ચાલિની; પણ; માર્ગ.

૧૮. સ્ત્રી હાથીના કાન બીંધવાનું ઓજાર

નાલીક ૧ [સં.] પું. કમળ.
૨. પુ. કમળનું તંતુયુક્ત દીંટિયું.
૩ પુ નાનું તીર; એક જાતનું બાણ.
૪ પુ. નારિયેળમાંથી બનાવેલું કમંડળ.
૫. પુ ખરજવું
૬ પુ. ભાલો
૭. ન કમળનો સમૂહ.

નાલીકિની જુઓ નાલીક.

નાલોદ્વર્ટી [સં.] સ્ત્રી. બડિવાળ.

નાલોદ્ય [સં] ન. કંઠનું ગાડ.

નાલોયંત્ર [સં] ન. પાણી ખેંચવાનું નળીવાળું સાધન.

નાલીવ્રણ ૧. [સં.] ન. નાસૂર.
૨. ન. હમેશ લોહીપરુથી વહેનારું ગુમડું; નાડીવ્રણ

નાલુક ૧. [સં.] ન. એક જાતનું કમળકંદ.
૨. વિ. કૃશ; દુબળું

નાલુકૂળ ન. એક જાતનું કરિયાણું.

નાલેચંગું વિ. (કચ્છી) સુંદર નામવાળું.

નાલેર ન. (જૂ. ગુ.) નાળિયેર; શ્રીફળ.

નાલેરા જુઓ નાલારા.

નાલેરી જુઓ નાલારા.

નાલેશ જુઓ નાલારા.

નાલેસી જુઓ નાલારા.

નાલૈન [ફા.] સ્ત્રી. પગરખાંની જોડ.

નાલો ૧. પું નામ. મુસલમાન લોકો આ અર્થમાં આ શબ્દ વાપરે છે.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. કેટલાક તેને અળવા કહે છે. તેનાં પત્ર અને મૂળ ઔષધોપયોગી છે ને ગાદી, પિત્તળ અને વાતહર મનાય છે. તેનાં પાનનાં ભજિયાં થાય છે.

નાલોટ [હિં.] વિ. વાત કહી ફરી જનાર; પલટાર કરનાર.

નાલ્ય સ્ત્રી. બાદલું.

નાવ ૧. પું. પતિ; ધણી
પતી નાવલિયો, નાથ પ્રાણનાથ;
જે જીતે નાવ જેમ નાવકને દાવ.
સામળ
૨ [સં. નૌ] સ્ત્રી.;ન. વહાણ; હોડી; નૌકા. નાવ એવા પ્રાચીન કાળથી બનતી આવે છે. ભારતવર્ષ, મિસર, ચીન વગેરે દેશોના લોકો વેપાર માટે સમુદ્રની મુસાફરી કરતા હતા. ઋગ્વેદમાં સમુદ્રમાં ચાલતી નાવોનો ઉલ્લેખ છે. પ્રાચીન હિંદુવાસીઓ સુમાત્રા, જાવા, ચીન આદિ ભાગ તરફ પોતાના જહાજ લઈને જતા હતા. ઈસુથી ત્રણસો વર્ષ પહેલાં કલિંગ દેશનું તામ્રલિપ્ત નગર ભારતનું પ્રસિદ્ધ બંદરો મહિનું એક હતું. ત્યાંથી જહાજમાં બેસી સિંહલના રાજાએ પ્રસિદ્ધ બોધિદ્રુમ લાવી સ્વદેશ તરફ પ્રયાણ કર્યું હતું. ઈસુની પાંચમી શતાબ્દિમા ચીની મુસાફર ફાહિયાન બૌદ્ધ ગ્રંથોની નકલ આદિ લાવને તામ્રલિપ્તથી જહાજમાં બેસી સિંહલ ગયો હતો પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો વેપાર લાંબા વખત સુધી અરબોના હાથમાં જ હતો. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં વાહન બે પ્રકારનાં હતાં: સ્થલયાન અને જલયાન. જલયાનને નિષ્પદયાન પણ કહેતા. યુક્તિકલ્પતરુ નામના ગ્રંથમાં નૌકા બનાવવાની યુક્તિનું વર્ણન છે. તેમાં સૌથી પહેલાં લાકડાનો વિચાર કર્યો છે. લાકડાની પણ ચાર જાત નક્કી કરેલી છે: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. જે લાકડું હલકું, મુલાયમ ને વહેવા યોગ્ય હોય તેને બ્રાહ્મણ, જે કાષ્ઠ, હલકું ને વહેવા યોગ્ય હોય તેને ક્ષત્રિય, જે મુલાયમ ને ભારે હોય તેને વૈશ્ય અને જે કાષ્ઠ ને ભારે હોય તેને શૂદ્ર કહેલ છે. તેમાંથી પહેલી જાત જાતનું લાકડું હોડી બનાવવા માટે યોગ્ય કરેલું છે સામાન્ય નાની નાવ દશ પ્રકારની કહેલી છે: ક્ષુદ્રા, મધ્યમા, ભીમા, અપલા, ચટલા, ગર્ભરા, દીર્ઘા, ચપ્પુટા, મંથરા અને મંદરા. આ પ્રમાણે જહાજ એટલે મોટી નાવના પણ દશ પ્રકાર બતાવ્યા છે: દીર્ઘિકા, તરણિ, લોલા, ગર્ભરા, ગામિની, તરિ, જંઘલા, પ્લવિની, ધરણી અને વેગિની. જે નાવ ઉપર સમુદ્રયાત્રા કરતી તેને પ્રાચીન ભારતવાસી 'યાત્રાસિદ્ધા' યાનપાત્ર કહેતા હતા.
દક્ષિણ પ્રેત નૌકા પ્રેક્ષ્ય તરિ વહિત્ર જલયાન;
નામ નાવ યદી જલધરધિ તર્યા પણ્ય જલ્યન.
પિંગલસૂત્રોષ
૧. નાવ ચલાવનું-દેવું = પરસંસાર ચલાવવો.
૨. નાવમાં પૂજા ઉઠાવવી = (૧) અર્થ કામ સાધવું. (૨) સંપૂર્ણ જૂઠું કહેવું.
૩. સંસારનું નાવ દેવું = પરસંસાર ચલાવવો
૪. સુખમાં નાવ ન ચલાવવી = ઉદારતા વિના પ્રસિદ્ધિ ન થવી.

નાવક ૧. [સં. નાવિક] પું. ખલાસી; નાવિક.
૨. [ફા] પું. તીર; એક જાતનું નાનું બાણ.
૩. પું. મધમાખીનો ડંખ.

નાવકભેદાજ [ફા.] પું. તીર મારનાર માણસ.

નાવકી પું. હોડી હંકારનાર માણસ; ખલાસી.

નાવકું અ. નિરાંતે; કુરસદ મેળવીને.

નાવકૃત (નાવકૃત) [ફા.] વિ. વપરાત વગરનું; ઠરાવનું.

નાવગું વિ. સુવાંગ; સ્વતંત્ર માલિકીનું.

નાવઘાટ [સં. નૌ (હોડી) + ઘાટ (ઉતરાણ)] પું. હોડીને ઊભી રહેવાનો ઘાટ; હોડી જ્યાં ઊભી રહેતી હોય તેવો નદી, તળાવ વગેરેના કિનારાનો ભાગ.

નાવડિયા (નાવડિયા) ૧. સ્ત્રી. એ નામની સોલિસવાડી કચ્છીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાવડિયો (નાવડિયો) પું. નાવિક; ખલાસી.

નાવડી (નાવડી) ૧. પું. હોડીના આકારના પગમાં પહેરવાના જોડા.
૨. સ્ત્રી. નાની હોડી; નાનું વહાણ; મછવો.

નાવડું (નાવડું) [સં. નૌ] ન. હોડકું; નાની હોડી; મછવો.

નાવણ ૧. ન. આર્તવ; રજ અભિનવ સમજાજમાં લખેલું છે કે, કિંતુ કુમારિકાને ૧૧ વર્ષે, અમેરિકન, એશ્યો ઇન્ડિયન તથા બહુદી કુમારિકાને ૧૪ વર્ષે, બ્રહ્મોસમાજ કુમારિકાને ૧૩ વર્ષે, કાશ્મીરી કન્યાને ૧૪ થી ૧૫ વર્ષે અને અંગ્રેજ કન્યાને ૧૫ થી ૧૬ વર્ષે આર્તવ આવે છે.
૧. નાવણ આવવું = (૧) સ્ત્રીએ પહેલી વાર રજસ્વલા થવું. (૨) સ્ત્રીને અટકાવ આવવો.
૨. નાવણ ચડવું = રજ દેખાવું બંધ થવું; ગર્ભ ધારણ કરવો.
૨. ન. ઋતુસ્નાન.
૩. ન. નાહવાનું પાણી; સ્નાન માટેનું પાણી.
૪. ન. નાહવા માટેનો ખંડ; સ્નાનગૃહ.
૫. [સં. સ્નાન] ન. નાહવું તે; સ્નાન.

નાવણિયું ૧. ન. ઉનામણો; પાણી ગરમ કરવાનું વાસણ.
૨. ન. નાહવા બેસવાનું લાકડું કે પાટલો; નાહવા બેસવાની જગ્યા.
૩. ન. પાણી; જળ; નીર.
૪. ન. સ્નાન; નાહવું તે. આ ૧૫ કવિતામાં વપરાય છે.

નાવણિયો પું. નાહવાનું પાણી ગરમ કરવાનું વાસણ; ઉનામણિયું; ઉનામણો.

નાવણી સ્ત્રી. નાનો કૂવો; વાવ.
બાર બાર વરસે નાવણી બોદાણી,
નાવણિયાં ના આવ્યાં જી રે
લોકગીત

નાવઘર ન. નવાનગર રાજ્યનું એ નામનું એક પુરાતની બંદર.

નાવદાન ૧. પું. જળાશય; સરોવર.
૨. [સં.] કું. નાણું.

નાવનગરિયો કું. વહાણમાં મુસાફરી કરનારો માણસ.
હઈ મંદિર નિજ સાથ સાથ લઈ નાવનગરિયો.
નર્મદાશંકર

નાવનીત [સં.] વિ. મૃદુ; નમ્ર; વિનેતો.

નાવનીતક કું. દવાની બનાવટને લગતો એ નામનો એક પ્રાચીન ગ્રંથ. તે મૂળ સોળ અધ્યાયનો ગ્રંથ છે. ગર્દનિગ્રહ તથા ગાર્ગ્યધરની જેમ તેમાં પ્રત્યેક અધ્યાયમાં એક એક જાતની બનાવટનો સંગ્રહ કર્યો છે.

નાવબર જુઓ નાવર.

નાવમિક [સં.] વિ. નવમું.

નાવર ૧. કું. (જરથોસ્તી) ધર્મગુરુ થવા માટેનો ઉમેદવાર.
૨. કું. (જરથોસ્તી) જંદગીની ક્રિયા કરવાના તથા દેવ પાસે પવિત્ર ગણીને લઈ જવાના ક્રમમાં નવો દાખલ થયેલો માણસ.
૩. સ્ત્રી. (જરથોસ્તી) ધર્મગુરુ થવા ઇચ્છનારે સેદરી ને બાંહેની પહેલી દીક્ષા; પારસી ધર્મગુરુની દીક્ષા સંબંધી એ નામની એક ક્રિયા.
૪. સ્ત્રી. નાવ; નૌકા; હોડી.

નાવરા ન. દક્ષિણમાં થતું એક જાતનું ધાન્ય. તેનું ઘાસ પણ સારું, ચીકણું અને મજબૂત હોવાથી ગેજ, ખુરશી આદિ તેનાં સારાં બને છે.

નાવલ [સં. નાવ] કું. નાવ; પતિ; ધણી.

નાવલિયો [સં. નાવ; પ્રા. ણાવ] કું. પતિ; ધણી. સ્ત્રીલિંગમાં શબ્દ છે.
એક જનકપત્ન જગતમાં માત્રે નાવલિયો નિર્દોષ.
મીરાબાઈ

નાવલેપ [સં.] કું. વહાણમાં મોકલેલ માલની દીપ.

નાવલો [સં. નાવક-નાવઓ—નાવઓ—નાવલો] કું. નાવલિયો; ધણી; સ્વામી; પતિ; ભરથાર.
કપમ કહું એકલી નિરધાર,
કે વર નહિ નાવલો રે કોય. વલ્લભ

નાવવાળો કું. ખારવો; હોડીવાળો માણસ.

નાવવું ૧. [ન + આવવું] અ. ક્રિ. ન આવવું.
૨. સ. ક્રિ. દાખલ કરવું.
૩. સ. ક્રિ. દેવું.

નાવા સ્ત્રી. નાવ; નૌકા; હોડી.

નાવાકબ ૧. [સં. નાવાકિર] વિ. અજાણ્યું; નહિ અનુભવેલું; અપરિચિત; માહિતી ન હોય એવું; અજાત; અજ્ઞાત.
૨. વિ. અનુભવ વગરનું; બિનઅનુભવી.

નાવાકાર [સં.] વિ. વહાણના આકારનું.
સુંદરતામાં ભલા કરતાં ખૂબસૂરતી ઉપર વધારે લક્ષ અપાયું. જેમકે કેટલાંયે નાવાકાર ખૂબસૂરતીની વાત લખેલી પણ છે.
મુ. સા. પરિષદ

નાવાકિરે (નાવાકિરે) જુઓ નાવાકબ.

નાવાકિર્યિત ૧. (નાવાકિર્યિત) [સં.] સ્ત્રી. અજ્ઞાનતા; અજાણપણું.
૨. સ્ત્રી. અનુભવ ન હોવાપણું.

નાવાકેરે (નાવાકેરે) જુઓ નાવાકબ.

નાવાકેર્યિત (નાવાકેરિયત) જુઓ નાવાકિર્યિત.

નાવાગાર [સં.] ન. વહાણને સાંગરવાની જગ્યા; ગોદી.

નાવાજ કું. ખલાસી; ખારવો; મલ્લાહ.

નાવાજિબ વિ. ગેરવાજબી; અનુચિત; અયોગ્ય.

નાવાદીટોલાઘાટ (નાવાડોટોલાઘાટ) કું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંનું રણ રવણેદીપતીર્થે કહેવાય છે.

નાવાધ્યક્ષ ૧. [સં. નાવ (હોડી) + અધ્યક્ષ (ઉપરી)] કું. નૌકાનો અધ્યક્ષ; વહાણનો ઉપરી અમલદાર.
૨. કું. બંદરનો ઉપરી અમલદાર.

નાવારસ જુઓ નાવારસી.

નાવારસી ૧. વિ. નધણિયાતું.
૨. [સં. નાવારિસ] વિ. વારસ વગરનું; વારસો લેનાર કોઈ હોય નહિ એવું.

નાવારિસ જુઓ નાવારસી.

નાવારોહ [સં. નાવ (હોડી) + આરુહ (ચડવું)] કું. વહાણનો ઉતારૂ; ઉતારું; હોડીમાં બેસનારો માણસ.

નાવિક ૧. [સં.] કું. ખલાસી; ખારવો; વહાણ ખેડનારો માણસ; વહાણવટી.
૨. કું. વહાણમાં મુસાફરી કરનાર માણસ; ઉતારૂ; ઉતારું.
૩. કું. સુકાની.
૪. વિ. દરિયાઈ; સામુદ્રિક; વહાણ સંબંધી; વહાણને લગતું.
૫. વિ. નૌકાથી તરનાર.

નાવિકદલ [સં. નાવિક (ખલાસી) + દલ (સમૂહ)] ન. ખલાસીઓનો સમૂહ.

નાવિકપંચાંગ [સં.] ન. ખલાસીઓ માટેનું પંચાંગ; દરિયાઈ નકશો.

નાવિકબલવિભાગ [સં.] કું. આરમારી ખાતું.

નાવિકવિદ્યા [સં.] સ્ત્રી. ખલાસીની વિદ્યા; નૌકાશાસ્ત્ર.

નાવિલખોલ કું. નૌકાકોનો ગોદ; એક જાતની વનસ્પતિ.

નાવી ૧. [સ. નાવિન્] કું. ખલાસી; નાવિક.
૨. કું. વહાણનો ધણી.
૩. [સં. નાવિત; પ્રા. ણાવિઅ] કું. વાળંદ; નાઈ; હજામ; માંગલ.
૪. કું. સુકાની.
૫. ન. એક જાતનું ખડકોમાં રહેતું કરચલાં પ્રાણી.
૬. અ. કિ. ન આવી.

નાવીન્ય [સં.] ન. નવીનપણું; નવીનતા.

નાવું અ. ક્રિ. નાહવું; અંગોળ કરવું; પાણીથી શરીર ધોવું; સ્નાન કરવું.
૧. નાવા જવું પડે તેમ હોવું = (૧) ભેજવાળું હોવું; નિઃસત્ત્વ હોવું. (૨) સ્નાન આદિ કંઈ કરવું પડવું.
૨. નાવાનું ચાવું = મર્મ રહેવો.

નાવોપજીવન ૧. [સં.] કું. વહાણ ઉપર મુજરાન ચલાવનારો ૨ જુઓ.
૨. ન. નૌકા ચલાવી આજીવિકા મેળવવી તે.

નાવ્ય ૧. [સં.] ન. નવાપણું; નવીનતા; નૂતનતા.
૨. વિ. નાવ ચલાવી શકાય તેવું; વહાણ જઈ શકે એવું પહોળું અને ઊંડું; નાવાલાયક; નૌકાથી તરવા યોગ્ય. નદી વગેરે માટે વપરાય છે.
૩. વિ. વહાણ સંબંધી.

નાશ ૧. [સ. નશ (નાશ પામવું)] કું. અદર્શન, મરણ, નિધન.
૨. કું. અવ્યવસ્થા; ખરાબી.
૩. [સં.] કું. કોઈ પણ વસ્તુને આગીતોડી તેનું નામ ન રહે એમ કરવું કે થવું તે; નાબૂદી; ક્ષય; પરાભવ, ખુવારી, વિધ્વંસ; સંહાર.
૪. કું. ખોવાઈ જવું તે; અબર કે પત્તો ન મળવો તે.
૫. કું (વહાણવટું) ધ્રુવાંતરમાં ઉત્તર દિશા અને ઈશાન ખૂણા વચ્ચેના ખૂણાની સંજ્ઞા.
૬. કું. ખંસ; લોપ; ખરજાદી. સાધ્યમતવાળા કારણનાં બધાં જ્ઞાનને નાશ કહે છે, કેમકે જે વસ્તુ છે તેનો અભાવ કદી થઈ શકતો નથી. કારણમાં બધી જ્યારથી સૂક્ષ્મતાને કારણે વસ્તુ જણાતી નથી. જ્યારે કોઈ કાર્ય કારણમાં જેવી રીતે બધી જાય છે કે તે ફરીથી કાર્યરૂપમાં નથી આવી શકતું, ત્યારે આત્યંતિક નાશ થાય છે. નૈયાયિકો નાશને ધ્વંસાભાવ માને છે.

૭. પું. નુકસાન; તોટો; ખોટ.
૮. પુ. પલાયન; નાસી જવું તે.
૯. પું. (ગણિત) બાદબાકી.

નારાહ ૧. વિ. દૂર કરનાર; મટાડનાર.
૨. [સં. નસ્ (નાશ કરવું)] વિ. નાશ કરનારો; નાશ પમાડનાર; પ્રલય.સ કરે તેવું; તારાજ કરનાર
૩. વિ મારનાર; વધ કરનાર; વિનાયક; સંહારક.
૪ વિ. મૃત્યુ ઉપજાવે એવું; પ્રાણહર.

નારાકાર જુઓ નારાક.

નારાકારક જુઓ નારાક.

નારાકારી જુઓ નારાક.

નારાકીય [સં.] વિ. અપીરાં; અપીરા સ્વભાવવાળું

નારાકીયી [સં.] સ્ત્રી. અપીરાઈ

નારાકોર ન નાકમાંથી રસી નીકળે તેવું ગૂમડું

નારાખાતું ન. નાકામા મતા ઝાંખણો, ખતપત્રો વગેરેનો નાશ કરવાનું કામ કરતું તેમ જ તે ઉપર દેખરેખ રાખનાર ખાતું.

નારાન ૧ ન. નાશ; વિખ્વસ.
૨. ન નિધન; મૃત્યુ
૩. ન. પલાયન; નાસી જવું તે.
૪. ન. ભ્રષ્ટભ્રષ્ટ; ખૂલી જવું તે.
૫ [સં. નસ્ (નાશ પામવું)] વિ. નાશ કરનારો; નાશક
૬. વિ. પુરુષાર્થનો નાશ કરનાર.

નારાપાની જુઓ નારાપાણી.

નારાપાસ પું ઝાડા ઝાડમની ખાલ.

નારાપ્રદ જુઓ નારાક

નારાભાન [સં.] વિ. નાશવંત; ક્ષયશીલ. નાશ પામે એવું.

નારાભાનતા સ્ત્રી. નાશ પામે એવી સ્થિતિ.

નારાવન્તા [સં. નારાવત્ (નારાવાળું) + તા (પણ)] સ્ત્રી નાશ પામે એવું હોવાપણું; નારાભાન હોવાપણું.
હે મહાભાગ્ય! મનુષ્યોની નારાવન્તા અને દેવોની અમરતા અને જગતનું બધું કાર્ય તમારામાં વસ્યું છે. સંસ્કૃત પુષ્પાંજલિ

નારાવંત [સં.] વિ. નાશ પામે એવું; ક્ષણ; અસ્થિર; નશ્વર; ઉચ્છેદનીય; ક્ષયશીલ; ક્ષણિક.

નારાવાદ [સં.] પું. ક્ષણવાદ; નાસ્તિવાદ.

નારાવાન [સં. નારાવત્] વિ. અનિત્ય; નાશ પામે તેવું; નશ્વર; નાશવંત.

નારાવું અ. ક્રિ. નાશ પામવું; સંહાર થવો.

નારાષ્ટસ્તગી ૧. સ્ત્રી. અન્યાય.
૨. સ્ત્રી. અસભ્યતા; અવિવેક.
૩. સ્ત્રી. ગેરવાજબીપણું.

નારાષ્ટસ્તા ૧. વિ. અયુક્તયુક્ત; ગેરવાજબી. અયોગ્ય.
૨. વિ અન્યાયવાળું.
૩. વિ. અસભ્ય; અંજલી.

નારાહ ૧. [હા.] વિ. અસંતોષી; નિરાશ થયેલું.
૨. વિ. કમભાગી; કમનસીબ.
૩. વિ. નાખુશ; ગમગીન; નારાજ.

નારાહી ૧. [હા. ના (નહિ) + શાદી (આનંદ)] સ્ત્રી. આનંદ ન હોય તેવી સ્થિતિ; નાખુશી.
૨. સ્ત્રી કમભાગ્ય; કમનસીબી.
૩. સ્ત્રી. નિરાશા; અસંતોષ.

નારાધીન [સં.] વિ. ક્ષણભંગુર; નાશવાન; વિનાશી.

નારાવહ [સં. નાશ + આવહ (પમાડનાર)] વિ નાશકર; નાશપ્રદ

નારિક [સં. નાસિક્ય; પ્રા. ણાસિઅ–ણાસિઅ] ન. ગોદાવરીને કાંઠે આવેલું એ નામનું એક પવિત્ર તીર્થ. આ નદી, સ્નાન અને તેની આજુબાજુનો પ્રદેશ રામચંદ્રજીનાં તથા સીતાજીનાં પવિત્ર પગલાંથી પાવન થયેલ છે. રામાયણ અને મહાભારતકાળનાં અનેક સંસ્મરણો જગવતી અનેક જગાઓ આ શહેરની આજુબાજુમાં છે. અહીં લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપી લીધેલું મનાય છે. તેથી આ સ્થળનું નામ નાસિક પડ્યું કહેવાય છે. શહેરની પશ્ચિમે બે કલ્પ માર્ગ દૂર પહાડોમાં ગુફા છે, જેને પાંચ ગુફા કહેવામાં આવે છે અને પ્રત્યેકમાં કોતરી કાઢેલી મોટી મૂર્તિઓ છે. તેને પાંડવોની મૂર્તિઓ તરીકે ઓળખાવવામાં આવે છે. કહેવાય છે કે, અહીં પાંડવોએ પોતાના વાર વર્ષના વનવાસ દરમિયાન અમુક વખત વાસ કર્યો હતો. ગામથી જરા દિશામાં અરધા માઈલ ઉપર નીલ પર્વત નામનો ખીજો પહાડ છે. તે ઉપર નીલેશ્વર મહાદેવ, નીલાંબિકા માતા અને નીલકંઠેશ્વર મહાદેવનાં મંદિરો છે. આ શહેરમાં તાંબા પિત્તળનાં વાસણો, સાડીઓ, પોથી જોટા વગેરે સારાં મળે છે. આર્યાવર્ત યાત્રામાં લખ્યું છે કે: પવિત્ર ગોદાવરીને તીરે આવેલું આ શહેર રેલવેથી મોટે દૂર છે. ગોદાવરીના ઘાટ ઉપર કેટલાક દેવસ્થાનોનાં મંદિરો છે અને કાંઠા ઉપરનાં મોટા મંદિરોમાં ગોદાવરીનું, ગંગાજીનું, વિઠોબાનું, રામનું, કપાલેશ્વરનું આદિ અનેક મંદિરો છે. શહેરમાં પણ સુંદર નારાયણ, બદરિકા સંગમ, ઉમામહેશ્વર, નીલકંઠેશ્વર, પંચરત્નેશ્વર, મુરલીધર, તારકેશ્વર આદિ અનેક મંદિરો છે. બીજે દૂર ગોદાવરીના કાંઠા ઉપર પંચવટીનો પ્રદેશ આવેલો છે. તેમાં શ્રીરામનું મંદિર, સીતાકુંડ, સીતાગુફા, લક્ષ્મણકુંડ વગેરે આવે છે પંચવટીની પરિક્રમા કરવા જતાં સુંદર કાળા પથ્થરનું ભવ્ય રામમંદિર આવે છે, જેની સામે કાળા પથ્થરના રથંભવાળો સુંદર મંડપ છે અને કરતી સુંદર રીતે બાંધેલી ધર્મશાળા છે. આથી રામચંદ્રજીની પર્ણકુટિ હતી તે સ્થળે મંદિર બાંધેલું આવે છે. અહીં સીતાજીની ચરણપાદુકા પણ છે કે જ્યાં આપ આપીને લક્ષ્મણ મૃગની પાછળ ગયા હતા. સીતાજીનું રાવણે જે સ્થળે હરણ કરેલું ત્યાં પણ સીતાજીની મૂર્તિ છે. અહીંથી તપોવન જતાં રસ્તામાં અનેક મંદિરો આવે છે. લક્ષ્મણ ગોદાવરી તીરે તપ કરતા હતા, તે સ્થળે હાલ એક વડ અને લક્ષ્મણજીનું મંદિર છે. પાછા ફરતાં સીતાગુફા આવે છે. અર દૂષણ વગેરે ચૌદ હજાર રાક્ષસોનો સંહાર કરવા રામચંદ્ર ગયા હતા ત્યારે સીતાજીને ગુફામાં રાખવા લક્ષ્મણજીને આજ્ઞા કરેલી તે જગ્યાએ આ ગુફા હોવાનું મનાય છે. રાજ્યાભિષેક પછી પણ વરસે દુષ્ટના દમન માટે રામચંદ્રજીનું દંડકારણ્યમાં જવાનું થતાં આ પ્રદેશનું વર્ણન મહાકવિ ભવભૂતિ રામચંદ્રને મુખે નીચે પ્રમાણે કરાવે છે:
આજે હરી વન અહો, દીઠું મેં શું તે આ!
પૂર્વે અમે જ ચિરકાલ વસ્યાં હતાં જ્યાં;
આરણ્યકો વળી ગૃહસ્થ સ્વધર્મ મગ્ન,
સંસારનાં સુખ વિષે ન અમે રસજ્ઞ!
આ તે જ સર્વ ગિરિ જ્યાં મયૂરા મયૂરો,
આ તે વનસ્થલ રવમ્ભરી હરે હરિણો;
આ તે સરિત તટ મંજુલ વલ્કલીવ.ળો,
ઘાટા કદમ્ બ નિયુલોથી રહે છવાયો.

નારિકરેતા [હા.] વિ. અખંડિત; કાયમનું; સતત.

નારિત [સં.] વિ જેનો નાશ થયો છે કર્યો હોય એવું; નષ્ટ; નાશ કરેલું; નાશ પમાડેલું.

નારિની [સં.] સ્ત્રી નર્મદાનાં કાંઠાનું એક ગામ.

નારી ૧. [સં. નાશિન્] વિ. નશ્વર; નાશ પામે એવું; નાશવંત.
૨. વિ. નાશ કરનાર; નાશક. સમાસને અંતે આવે છે. જેમકે, ભવનારી.

નારુક ૧. વિ. કૃતઘ્ન; ગુણ ન જાણે એવું.
૨. વિ. નષ્ટ થનાર; નશ્વર; નાશ પામે એવું.

નાસુકની ૧. [ઝા.] વિ. અસલવંશિત; અજાતકુળ.

૨. વિ. કમનસીબ; દુર્ભાગી.

૩. વિ. બદમાશ; દુષ્ટ.

નાસ્તિક ૧ [સં. ના + અસ્તિ] સ્ત્રી. ઈતરજનની રમતમાં ‘ઈશ્વર માયી રાજાને અસ્તિત્વ તે; ઈશ રહિત કરવું તે.

૨. સ્ત્રી. ઈશ્વરમાં ન હોવું તે.

નાસ્તા [ઝા.] પું. ખાવાનું; નાસ્તો. પ્રાતઃકાલનો અલ્પાહાર; વિરામણ.

નાસ્ય [સં.] વિ. નાશ પામવા જેવું; ધ્વસનીય.

નાસ્તિક ૧ પું. ઓળાયેલ પદાર્થ વગેરેનો માલિક.

૨. [સં] વિ. જેની વસ્તુ નાશ પામી હોય તેવું

નાસ્તૃ [સં.] વિ. નાશક.

નાસ ૧. [સં. ન્યાસ; પ્રા. ણ્હાસ] પું. ઠેકાણું; ગ્રામઠેકાણું; નાસતપાસ.

૨. [સ. નસ્ય] પું. નાકથી ખેંચી, વરાળ વગેરે દમમાં લેવા તે; કોઈ ચીજને બાળી તેની ધુણી અથવા વરાળ નાક લેવી તે.

૧. નાસ આપવો-દેવો = ઔષધવાળા પાણીને ગરમ કરતા નીકળતી વરાળ શ્વાસમાં લે તેમ કરવું.

૨. નાસ લેવો = ઔષધવાળા પાણીને ગરમ કરતા નીકળતી વરાળ શ્વાસમાં લેવી.

૩. સ્ત્રી. ધીકણી, તપખીર; સુંઘવાની તમાકુ.

૪. સ્ત્રી. જગ્યા; રહેઠાણ.

૫. સ્ત્રી. તપાસ; તજવીજ

૬. સ્ત્રી. નાશ; પાયમાલી.

નાસડા [ઝા.] વિ. અસલમ; અવિવેકી.

નાસણું ન. નાસવું તે; નાસરડું; નાસભાગ.

નાસતપાસ ૧. સ્ત્રી. તજવીજ કરી જોવી તે; બાતમી કાઢી જોવી તે.

૨. સ્ત્રી. તપાસ; ભાળ; નાણી જોવું તે.

નાસત્ય ૧. [સં.] પું. (પુરાણ) અશ્વિનીકુમાર. સૂર્યના તેજને સહન ન કરી શકવાથી સંજ્ઞા દેવી ઉત્તરકુરુમાં ઘોડીનું સ્વરૂપ લઈ તપશ્ચર્યા કરતી હતી. સૂર્યે ઘોડાના સ્વરૂપમાં તેની સાથે સંયોગ કર્યો, પણ દેવીએ સૂર્યના વીર્યને નાકના છિદ્રમાંથી કાઢી નાખ્યું. તેથી ઉત્પન્ન થયેલ અશ્વિનીકુમાર નાસત્ય કહેવાય છે.

૨. પું. એની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.

૩. વિ. નાકમાંથી ઉત્પન્ન થયેલું.

૪. [સં. ન (નહિ) + અસત (ખોટું)] વિ. સાચું.

નાસત્યા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર.

નાસત્યૌ પું. દ્વ. વ. દેવોના બે વૈદ્ય; અશ્વિનીકુમાર. તે બને અશ્વિનીના નસકોરામાંથી નીકળ્યા હતા, તેથી તે નાસત્યૌ કહેવાય છે.

નાસદાન [હિં.] ન. સૂંઘવાની બજરની દાબલી.

નાસદાની જુઓ નાસદાન.

નાસદીય [સં.] ન. ઋગ્વેદના દશમા મંડલનું એક પ્રખ્યાત સૂક્ત.

નાસદીયસૂક્ત [સં.] ન. ઉપનિષદોની બ્રહ્મવિદ્યાના આધારરૂપ ઋગ્વેદનું એક પ્રસિદ્ધ સૂક્ત. ગીતા રહસ્યમાં તેને માટે ઉલ્લેખ છે કે: સૃષ્ટિનું અસલ મૂલતત્ત્વ શું અને તેમાંની આ વિવિધ દૃશ્યસૃષ્ટિ કઈ રીતે ઉત્પન્ન થઈ હશે, તે બાબત આ સૂક્તમાં જે વિચારો દર્શાવ્યા છે તેના જેવા સ્વતંત્ર, પ્રગલ્ભ અને મૂળમાં જઈને ખૂંપનારા, તત્ત્વજ્ઞાનના ઝાઝિક વિચારો બીજા કોઈ ધર્મના મૂળ ગ્રંથમાં જોવામાં આવતા નથી. એટલું જ નહિ પણ આવા પ્રકારના આધ્યાત્મિક વિચારથી ભરપૂર આના જેટલો પ્રાચીન લેખ પણ અદ્યાપિ કોઈ ઠેકાણે ઉપલબ્ધ થયો નથી. એટલે મનુષ્યના મનની પ્રવૃત્તિ સાદૃશ્યિક રીતે જ નામરૂપાત્મક સૃષ્ટિની પેલી પારની નિત્ય અને અચિંત્ય અવ્યક્તશક્તિ તરફ કેવી દોડે છે તે બતાવવા માટે ધાર્મિક ઇતિહાસની દૃષ્ટિથી આ સૂક્ત અત્યન્ત સમર્થ્યને અનેક પ્રકાશ પડિતોએ પોતપોતાની ભાષામાં તેનું યથા આયર્યચકિત થઈ ને ભાષાંતર કરેલું છે. આ સૂક્ત ઋગ્વેદના દશમા મંડલમાં ૧૨૯મું છે અને સૂક્તના આરંભના શબ્દ ઉપરથી તેને નાસદીયસૂક્ત કહે છે. આ સૂક્ત ગુજરાતી પદ્યમાં ઉતારવાનો નીચે પ્રમાણે એક પ્રયત્ન થયો છે:

નહોતું અસત્ નય હતું સત્ કંઈ સમે તે,
ના અંતરીક્ષ, નય વ્યોમ, હતું પરે કે,
શું આવરે, ક્વચ કોણ તથા સુખાર્થે,
ને શું હતું ગહન પાણી ગભીર આ કે? ૧
નહોતું વળી મરણ ને અમૃતો નહોતું,
ના રાત કે દિવસ કંઈ પ્રકાશ જોતું;
ને શ્વાસ લેતું નિજ શક્તિથી વાયુ વિણ,
તે એકલું, અપર તેથી ન કંઈ ભિન્ન. ૨
આરંભમાં તમ હતું, તમથી નિગૂઢ,
કહેવાતું જેટલીય જે બધામાં સર્વ;
ને માત્ર આયુ વળી ભાવિત તુચ્છથી જે,
તે, તત્ત્વ, એક પ્રગટ્યું તપના પ્રભાવે. ૩
તેનું હતું પ્રથમ જે મન કેરું હેત,
આરંભમાં સ્પન્દન તે થયું પ્રથમ;
તે કાંતદર્શી કવિઓ નિજ બુદ્ધિયોગે,
મધ્યે અસત્ તણી રહ્યું સત્ એમ જાણે. ૪
તે બીજનાં કિરણ જે પથરાયલાં તે,
આડાં તમે ઉપર તે પણ જે હતાં તે;
તેનાથી કો બીજરૂપે અર્ધ કોઈ ઊગ્યા,
શક્તિ રહી અધો અને પ્રભુતા ઊર્ધ્વ ભાગે. ૫
કોઈ જાણનાર નહિ કો સમજાવનાર,
કયાંથી જન્મ પ્રકટ, વિસ્તૃત, કયાંથી થાય;
દેવો થયા પછી હતા, પ્રગટ્યા પછી આ,
કયાંથી થયું, કવચ તો પછી જાણનારા. ૬
આ સર્વ સૃષ્ટિ વિવિધ પ્રગટી જ જેથી,
તે ધારનાર અથવા ધરનાર નાહીં;
અધ્યક્ષ જે પરમ વ્યોમ વિષે વિરાજ્યા,
તે જાણતા કદી કદી નવ જાણતા વા! ૭

નાસપત્ર પું. ઘોડાનો તોબરો.

નાસપાત જુઓ નાસપાતી.

નાસપાતી ૧. સ્ત્રી;ન. એ નામના ઝાડનું ફળ; અમૃતફળ; અમાઠ. તે સારજનને બળતું આવે છે અને બદમીઠું હોય છે. તે ધાતુવર્ધક, મધુર, ભારે, રોચક તથા અગ્નિવાત નાશક મનાય છે.

૨. [ઝા. નાસપાતી] સ્ત્રી.;ન. એક જાતનું ઝાડ. આ ઝાડ કાબા દેશનું વતની છે. કાશ્મીર, લાહોર, હિન્દી, લખનો, આમ્રા વગેરે તરફ તે વવાય છે. તેને રેતીવાળી કાંપની જમીન માફક આવે છે. તે વાવવા માટે બે ફૂટ ઊંડા ખાડા, ૧૮ ફૂટને અંતરે આડા ગાળવા. તેમાં તેના રોપ ચોમાસામાં અથવા શિયાળામાં ખૂબ ખાતર પૂરીને વાવવા. તેને વિષ્ટાનું અને ઊકરડાના કચરાનું ગળતિયું ખાતર માફક આવે છે. આ ઝાડને પણ ચોમાસું બેસ્યા પછી સારજનની માફક મૂળ ઉખાડી કરી બે માસ સુધી બંધાવવું તથા ખાતરાં ભરી જવા દેવાં. ફાગણ મહિનામાં તેમાં ફાલ આવી ફળ બેસે ત્યારે તેમાં ખાતર નાખી કચરા બાંધી પાણી પાવું અને મૂળ ઢાંકવાં. એક એકરમાં અઢાર ફૂટને છેરે વાવતાં ૧૨૪ ઝાડ વવાય છે. એક ઝાડ ઉપરથી દશથી પંદર મણ ફળ ઊતરે છે. આ ઝાડનું વાવેતર લાગ દેવામાં આવે તો સૂરતમાં અને કાઠિયાવાડમાં થઈ શકે છે. તેમાં કોઈ જાતનું ખાસ જાણવું પડતું નથી. તેનું ઝાડ સખ્ત અને લીલું હોય છે. તેના ઉપર નાશપાતી થઈ શકે છે.

નાસપાલ ૧. ન. એ નામની એક જાતની આતશબાજી.

૨ ન કામા ઢાકમની ભાલ. તે રંગ કાઢવાના કામમાં આવે છે.

૩. ન. કાચું ઢાકમ.

નાસપાલી ૧. પું. ઊનનાં અને રેશમી વચ્ચો રંગવાનો એક જાતનો રંગ.

૨. વિ. કાચા ઢાકમની ભાલના રંગનું.

નાસબૂર [ફા.] વિ. અપીકું; ખામોરી વિનાનું; સાજી વસ્તરનું.

નાસબૂરી [ફા.] સ્ત્રી. અપીરાઈ, ખામોરી ન હોવી તે

નાસબો પું એક પ્રકારનો છોડ.

નાસમ જુઓ નાસબૂર.

નાસભાગ સ્ત્રી. આમતેમ નાસતા અને ભાગતા રહેવું તે; આમાઆમ; દોડમદોડ; નાસાનાસ.

નાસમજ [હિં] વિ. અક્કલહીન; બુદ્ધિ વગરનું; અણસમજુ; મૂર્ખ.

નાસમજી [હિં.] સ્ત્રી. અણસમજ; મૂર્ખતા. બેવકૂફી.

નાસમૌજસ [સં. નાસમૌજસ્] પું. જન્મ્યા વગરમાં થયેલ એ નામનો એક રાજા.

નાસરડું (નાસરડું) જ. ઊંટ જાતની નાસી જવું તે; ભાગવું તે; નાસધૂસ; ભાગ કે નાસથી નાસવું તે.

નાસરણું જુઓ નાસરડું.

નાસરા ૧. [ફા.] પું. અરબી સિક્કો.

૨. વિ. દક્ષ.

નાસરી [ફા. નાસિરા] સ્ત્રી. મુંબઈની કિલ્લામાંની એક ઝવેરી; આશરે અરધી પાઈ, આર આનાની જેટલી કીમત

નાસરીની કોડી ને દમ મૂંડામણ = નજીવા નફા માટે ઘણી મહેનત.

નાસવાસ ૧. [ફા.] વિ. અજુગતું; અયોગ્ય; ખોટું

૨. વિ. પાપી; સવાબ વિનાનું.

નાસવું ૧. [સં. નશ્; પ્રા. ણસ્સ-ણ્હાસ] અ. ક્રિ. ઊતરવું હોડવું

૨. અ. ક્રિ. છુપાતા ફરવું; સંતાવું

૩. અ ક્રિ પાછું પડવું; પીઠેહઠ કરવી.

૪. અ ક્રિ. બાકવું; બચવું અથવા બીકથી જતા રહેવું કોઈ પ્રાણી અથવા વસ્તુના બચવું તેની બીકથી અથવા તેની તરફથી ઝડપથી જતું રહેવું તેને માટે હોડવું વપરાય છે. હોડવું અને નાસવું એ બંને ક્રિયા બતાવે છે, પણ નાસવું શબ્દ વધારે ઉગ્ર છે. નાસવું શબ્દ હોડવું શબ્દની જગ્યાએ વપરાય પણ હોડવું શબ્દ નાસવું શબ્દની જગ્યાએ નાસવાના પૂરા અર્થમાં વપરાતો નથી.

૧. નાસ ભિલાડી બોલામોલ = બધાઓ એની મેળે આપોઆપ ફેલાય છે.

૨. નાસતાં ઓલ આવે પાછી = નાસવું મુશ્કેલ બનું; મુશ્કેલીથી બચવું. બચવું ધારે એવામાં બીજી મુશ્કેલી આવી પડે છે અને તેમાંથી ઘણા ઝઘડાટ સાથે નાસી છૂટવાનું હોય છે, ત્યારે સહીસલામતીવાળી જગ્યાએ નસાય એમ નાસવું પડે છે. એ નાસવામાં જે જમીન પટારવી પડે છે તે તે વખતે બહુ જ ખરાબ લાગે છે.

૩. નાસી છૂટવું = બીજાની સત્તામાંથી મુક્તિ પામવી.

૪. ખણીને કહે ઘા અને ચોરને કહે નાસ = બને બાજુએ રમવું.

નાસવૃંગ [સં.] પું. ગેડો.

નાસા ૧. [સં.] સ્ત્રી. નાસિકાની ઉપરનું હાડકું; દરવાજાનો ઉપલો ભાગ. જ્યાં મનુષ્યનું ચિત્ર કાઢેલું હોય છે.

૨. સ્ત્રી. અરજૂસી.

૩. સ્ત્રી. અવાજ; શબ્દ.

૪. સ્ત્રી. આંખિક અભિનયનું એક ઉપાંગ. નેત્ર, ભ્રમર, નાસા, અધર, ગાલ અને હડપચી એ ૬ ઉપાંગ કહેવાય છે.

૫. સ્ત્રી. નાક; નાસિકા.

નાસા સુંદર દીપ કમલ અલિ સોભા વહી.
અજાનંદ

૬. સ્ત્રી. નાકનું છિદ્ર; નાસારંધ્ર.

૭. સ્ત્રી. વાસક ગ્રહ.

૮. સ્ત્રી. હાથીની સૂંઢ.

નાસાહાર [સં.] વિ. નાકના આધાર જેવું

નાસાકૂટ [સં.] પું. અપાંગ પ્રવર્દન; ઊર્ધ્વપ્રવર્દન; 'કન્ટલ પ્રોમેસ.' નાકના મૂળ આગળી બાજુ ઉપર આવેલો આ ટેકો ઉપર પુરકપાલ આવે, મધ્યરેખામાં નાસાગ્રિય સાથે અને બહાર અશ્રુપીઠાસ્થિ સાથે સંધાયેલો છે તેની અંદરની બાજુ અંતર્નાળ હોઈ નાસાગુહાની અંદર રહેલી મધ્યસુરંગ બનાવવામાં તે ભાગ લે છે. તેના ઉપર બે રેખા નજરે પડે છે. તેઓ અનુક્રમે ઊર્ધ્વરાસ્થિની મધ્યગુફિતા તથા અધઃશુફિતા સાથેના સંધાન માટે છે.

નાસાખાત જુઓ નાસાગુહા.

નાસાગતરોગ [સં.] પું. એક જાતનો નાકનો રોગ.

નાસાગુહા [સં.] સ્ત્રી. નાકની અંધોલ. મુખમંડલની મધ્યરેખાની દરેક બાજુએ એક એક નાસાગુહા રહેલી છે. બંનેની વચ્ચે તરુણાસ્થિઓની બનેલી એક પાતળી દીવાલ છે. તેઓ ઉપરીનું તળિયું અને મોંના છાપરાની વચ્ચે રહેલી છે. તેઓનાં આગલાં દ્વાર બહારની હવા જોડે સંબંધ રાખે છે, જ્યારે પાછલાં દ્વાર ગળાના ઉપલા ભાગમાં ઊઘડે છે. તેઓ પ્રાણવાયુને અંદર જવાનાં મુખ્ય દ્વાર છે, તેમ જ તેઓ ઘ્રાણેંદ્રિયના સ્થાનરૂપ હોવાથી સુષુમ્નાક્ષ ભાગમાં પણ અત્યંત ઉપયોગી છે. નાસાગુહાઓ બીજ હાડકાંઓ મળીને બનેલી છે. તેમાંનાં અર્ધગંડ, અશ્રુક તથા અમકપાલ આ ત્રણ માથાનાં હાડકાં. જ્યારે આડીનાં અધોહનુ તથા મહાસ્થિઓ સિવાયનાં અગિયાર મુખમંડલનાં હાડકાં છે. દરેક નાસાગુહાના છ ભાગ છે: નાસાગુહાનું તળિયું, નાસાગુહાનું છાપરું, અંદરની દીવાલ, બહારની દીવાલ, આગલું દ્વાર અને પાછલું દ્વાર. આ ઉપરાંત દરેક નાસાગુહાની અંદર ત્રણ ત્રણ સુરંગ અથવા પોલા ભાગ રહેલા છે. નાસાગુહાની અંતઃપ્રાચીર અથવા અંદરની દીવાલ નાસાગુહાઓની વચ્ચે રહેલી છે. તે દીવાલ ત્રાંસી રીતે ગોઠવાયેલાં અર્ધરાસ્થિનું મધ્યલંબ તથા સીરિકારસ્થિ વડે બનેલી છે. કેટલીક વાર આ દીવાલ સ્વાભાવિક રીતે જ એકાદ બાજુ તરફ નમી અથવા મરડાઈ ગયા છે. તેથી શ્વાસોચ્છ્વાસમાં હરકત થાય છે. જો કે બંને નાસાગુહાઓની બહારની દીવાલ તો એક જ છે, છતાં તેમની અંતઃપ્રાચીર જોટલે બહારની દીવાલો જુદી જુદી છે. આ દીવાલનો આગલો ભાગ ઊર્ધ્વહનુચરિયના નાસાકૂટ તથા અશ્રુપીઠાસ્થિ વડે, વચલો ભાગ અર્ધગંડાસ્થિ, ઊર્ધ્વહનુચરિ તથા શુક્તિકાસ્થિ વડે બનેલો છે, જ્યારે પાછલો ભાગ તાલચરિયના 'દીર્ઘપત્રક તથા અશ્રુકાસ્થિના અંદરના ચરણપલક વડે બનેલો છે. આ દીવાલ ઉપર આજુબાજુ ઉપર જણાવેલા ત્રણ પોલા માર્ગ અનુક્રમે ઊર્ધ્વસુરંગ, મધ્યસુરંગ તથા અધઃસુરંગ તરીકે ઓળખાય છે (૧) ઊર્ધ્વસુરંગ: આ માર્ગ સૌથી ઊંચો તથા ટૂંકો છે, દારણ્ય તથા નાસાગુહા બહુ મોટી જગ્યા રોકે છે. તે અર્ધગંડાસ્થિની ઊર્ધ્વ તથા મધ્ય શુક્તિકાની વચ્ચે રહેલો છે. તેમાં ત્રણ છિદ્ર ઊઘડે છે: (અ) તેના પાછલા ભાગમાં, તાલુકાનૂક નામનું છિદ્ર છે, જેમાં થઈને એ નામની નાડીઓ તથા ધમનીઓ નાસાગુહામાં દાખલ થાય છે (બ) તેના આગલા ભાગમાં અર્ધગંડોદર નામનું છિદ્ર છે આ છિદ્ર મારફતે અર્ધરાસ્થિના પાછલા ભાગનાં કોટરો

નાસાગુહાના સંબંધમાં આવે છે. (૧) તેના સૌથી ઊપલા ભાગમાં જતૂકાસ્થિ નામનું છિદ્ર છે. તે મારફતે જતૂકાસ્થિના મધ્ય ભાગમાં રહેલાં કોટરો નાસાગુહા જોડે સંબંધ રાખે છે. પીનસનાં દરદીઓમા આ કોટરોમાં પરૂ જવાથી ઘણાખરાં જતૂકાસ્થિ અર્ધ ભરાઈ જાય છે, તથા માથામાં દુખાવો, ગ્રહણ્યમ વગેરે જુદા જુદા વિકાર થાય છે. (૨) મધ્ય સુરંગ: આ માર્ગ, મધ્ય તથા અધઃશુક્તિકાની વચ્ચે આવેલો છે. તે મધ્યમ કદનો છે તેમા એક છિદ્ર ઊઘડે છે, જે અર્ધચંદ્રાસ્થિ માંહેનાં કોટરો સાથે તેમજ પુરઃકપાલ માંહેનાં લલાટકોટરો સાથે પણ સંબંધ રાખે છે. આ ઉપરાંત તેમ. ઊર્ધ્વહનુપિઠના મધ્ય ભાગમાં રહેલા હનુમૂલકોટર નામના ભાંયરાનું છિદ્ર પણ ઊઘડે છે. નાકના કેટલાએક રોગોમાં આ બને કોટરોમાં કોઈ વખત પરૂ ભેગામાં આવ છે. (૩) અધઃસુરંગ: આ માર્ગ સૌથી લાંબો છે. તે આખી દીવાલ ઉપર અધઃશુક્તિકાસ્થિની નીચે લંબાયેલો છે. તેના પાછલા અર્ધ ભાગમા વધારાના આંસુ વહી જનારી અશ્રુવાહિની નામની નળીનું દ્વાર ઊઘડે છે.

નાસાગુહાચ્છદિ ન. નાસાગુહાનું છાપરૂં આ છાપરાનો આગલો ભાગ નાસાસ્થિ તથા પુરઃકપાલના અગ્રકટક વડે, વચ્લો ભાગ અર્ધચંદ્રાસ્થિના ભાલપીપટક વડે, જ્યારે તેનો પાછલો ભાગ જતૂકાસ્થિના વચલા ભાગ વડે બનેલો છે. તેમાંના નાસાસ્થિના અંદરના તળિયા ઉપર નાસાનાડીઓના તંતુઓ પથરાયેલા છે. ભાલપીપટકમાં સૂક્ષ્મ છિદ્રો મારફતે ઘ્રાણનાડીના તંતુઓ મગજમાંથી નાસાગુહામાં ઊતરી આવે છે.

નાસાગુહાપર્શ્વિક [સં.] વિ. અસ્થિકાનો જે નામનો એક ભાગ. કોમળ તાલુની ઉપર રહેલા આ ભાગમાં સૌની આગળ બંને નાસાગુહા વચ્ચેનો પડદો, તેની દરેક બાજુ ઉપર નાસાગુહાઓનાં પાછલાં બંને દ્વાર અને આ દ્વારની બાજુ ઉપર શ્રુતિસુરંગ નામના પોલા માર્ગનાં બે દ્વાર આવેલાં છે. આ પોલો માર્ગ કાનના મધ્ય ભાગમાં કાનના પડદાની પાછળ ઊઘડે છે અને કાનનો મધ્ય ભાગ તથા અસ્થિકા અથવા ગળાનો ઉપલો ભાગ એકબીજાના સંબંધમા આવે છે. શ્રુતિસુરંગના દ્વાર ઉપર ઢળા વડે ઢકાયેલું એક ત્રિકોણાકાર તરુણાસ્થિ રહેલું છે. તે દ્વારની અંદર જતાં, કાકે અને ઓપરીના સાંધાની આગળ ટેકા હોચા જેવી અસ્થિકા ગ્રંથિ નામની નાની ગ્રંથિ રહેલી છે. નાકની પાછળનો આ ભાગ તેના નીચલા દ્વાર આરહતે મોંની પાછળ રહેલ અસ્થિકાના ભાગ સાથે જોડાય છે. બગાજ કે બાજી ગળે ઉતારતાં આ દ્વાર કોળિયા તાળવા વડે તદ્દન બંધ થઈ જતું હોવાથી કંઈ પણ વસ્તુ નાકમાં જઈ શકતી નથી.

નાસાગુહાભૂમિ [સં.] સ્ત્રી. નાસાભૂમિ; નાસાગુહાનું તળિયું. નાસાગુહાના આગલા દ્વારથી પાછલા દ્વાર સુધી આ તળિયું સ્પષ્ટ છે, જ્યારે બંને દીવાલો વચ્ચે તે સહેજ અંતર્ગોળ છે. તળિયાનો આગલો અર્ધભાગ ઊર્ધ્વહનુસ્થિના તાલુપ્રક્રમ વડે અને પાછલો અર્ધ ભાગ તાલવસ્થિના હ્રસ્વપત્રક વડે બનેલો છે.

નાસાગ્ર [સં.] ન. નાકની અણી; નાકનુ ટેરવું; નાકનો આગલો ભાગ.

નાસાગ્રદૃષ્ટિ [સં.] સ્ત્રી. નાકની અણી ઉપર દૃષ્ટિ રાખી એકધ્યાન થવું તે.

નાસાગ્રપ્રાચીર [સં.] ન. નાકની વચમાં રહેલી દીવાલમાં રહેલું એક તરુણાસ્થિ.

નાસાગ્નિકળી [સં.] સ્ત્રી. એક જાતનું પંખી.

નાસાછિદ્ર [સં.] ન. નાકનું કાણું; નસકોરું.

નાસાજ્વર [સં. નાસા (નાક) + જ્વર (તાવ)] પું. નાકની અંદર ફોલ્લો થવાથી આવતો તાવ. આ તાવમાં માથું દુઃખે છે અને પીડામાં બહુ પીડા થાય છે.

નાસાટ ૧. સ્ત્રી. કુસપ; અણુગળાવ.
૨. વિ. અણઘડ.
૩. [કા.] વિ. કામ નહિ કરતું.
૪. વિ. પ્રતિકૂળ.
૫. વિ. મોંકું; અસ્વરૂપ.

નાસાટગાર ૧. [કા.] વિ. ઊલટું; ઊંધું; પ્રતિકૂળ; માફક ન આવે એવું.
૨. વિ. કમનસીબ; દીર્ઘસૂત્રી.
૩. વિ. નાદુરસ્ત; માદું

નાસાટગારો ૧. [કા.] સ્ત્રી. અણુગળાવ; કસપ.
૨. સ્ત્રી. કમનસીબી.
૩. સ્ત્રી. તબિયત બરાબર ન હોવી તે; માંદગી.

નાસાડી ૧. [કા.] સ્ત્રી. અણુગળાવ; કસપ.
૨. સ્ત્રી. પ્રતિકૂળતા.
૩. વિ. અણઘડ; ન ગમે તેવું.
૪. વિ. કમનસીબ.
૫. વિ. બેડોળ; આકાર વગરનું; પ્રમાણસર નહિ એવું.

નાસાતાલુકા [સં.] સ્ત્રી. નાસાગુહાની વચલી દીવાલમાં પાછળ અને નીચલા ભાગમાં આવેલ સીરિકાસ્થિ નામના વજ્રાકાર મોખંડા હાડકાની દરેક બાજુ ઉપર આવેલી એ નામની એક બાજી.

નાસાતાલુકાનાડી (નાસાતાલુકાનાડી) સ્ત્રી. સીરિકાસ્થિની દરેક બાજુ ઉપર આવેલી નાસાતાલુકા નામની બાજીમાં રહેલી એ નામની એક નાડી.

નાસાદક્ષિણાવર્ત [સં. નાસા (નાક) + દક્ષિણ (જમણું) + આવર્ત (મંડિ)] વિ. જે સ્ત્રી પાસે પુષ્કળ દ્રવ્ય અને પુત્રપુત્રી હોય એવી બીજા નાકની જમણી બાજુએ વાળી બાંધવી તે.

નાસાદારુ [સં.] ન. નારણાનો ઉપલો ભાગ. તેની વચ્ચે મણકાનું ચિત્ર હોય છે.

નાસાદાહ [સં.] પું. નાકમાં સોજો અને બળતરા થતું દુઃખ.

નાસાનાડી (નાસાનાડી) સ્ત્રી. નાસાસ્થિની અંદરની બાજુ ઉપર આવેલી એક નાની બાજીમાં રહેલી એ નામની એક નાડી.

નાસાનાસા સ્ત્રી. ઝપાઝપી; દોડાદોડ; નાસભાગ; આમતેમ દોડાદોડી કરવી તે.

નાસાનાસી જુઓ નાસાનાસ.

નાસાનાહ [સં.] પું. નાકનો એક રોગ. તેમાં વાયુ અને કફથી નસકોરાં બંધ થઈ જાય છે.

નાસાનુબંધ [સં.] પું. નાકની બેડોળતા દૂર કરવાની અથવા નાકનો તૂટી ગયેલો ભાગ જોડવાની ક્રિયા.

નાસાપતિ [સં.] પું. નાકનો અધિપતિ દેવ.

નાસાપરિશોષ [સં.] પું. નાકના જોત્રીસ માંહેનો એક પ્રકારનો રોગ; નાસાશોષ.

નાસાપરિસ્રાવ [સં.] પું. સળેખમ.

નાસાપક્ષ્મિમદ્વાર [સં.] ન નાસાગુહાનું પાછલું દ્વાર. આ દ્વાર સમચોરસ જોગાકાર હોઈ ગળાના ઉપલા ભાગમાં ઊઘડે છે. પાછલાં બંને દ્વારો તેમની વચ્ચે રહેલા સીરિકાસ્થિની પાછલી કિનારી વડે જુદાં પડેલાં છે. તે દ્વારોની પાછળ ગળાના ભાગમાં રહેલો પક્ષિમકપાલનો મૂલપિંડ આવેલો છે. તેમની ઉપર જતૂકાસ્થિનો મધ્ય ભાગ, નીચે તાલવસ્થિઓનાં હ્રસ્વપત્રકો અને તેમની બાજુઓમાં જતૂકાસ્થિનાં અંદરનાં ચરણકલકો રહેલાં છે.

નાસાપાક [સં.] પું. નાકનો એક જાતનો રોગ. તેમાં નાકમાં રહેલું પિત્ત દુષ્ટ થઈ નાકમાં બહુ ઊત્પન્ન કરે છે તથા નાક અંદર પાકે છે. તેથી ગંધવાળું લીંટ નાકમાંથી વહે છે.

નાસાપાર્શ્વિક [સં.] વ. નાકના આગલા દ્વારની બાજુ ઉપરની દીવાલમાં આવેલ એ નામના તરબૂચરિયાઓ માટેનું ઘર

નાસાપુટ ૧. [સં.] પું. નસકોરાના પડદાની આમડી

૨. પું નસકોરું

નાસાપુરોદ્વાર વ નાસાપુટનું આગલું દ્વાર. નાસાપુટના આગલા દ્વારનો આકાર પાનના જેવો છે. આગલા બંને દ્વારોની વચ્ચે ત્રિકોણતરબૂચરિયાણી મધ્ય દીવાલ રહેલી છે. તેની ઉપલી સીમામાં નાસારિય, જ્યારે બહારની તથા નીચલી સીમામાં ઊર્ધ્વદન્તરિય રહેલું છે. જીવતા શરીરમાં આસપાસ રહેલા તરબૂચરિયાઓ વડે અને દ્વારો સકોચાયેલાં રહે છે.

નાસાપ્રદાહ જુઓ નાસાદાહ.

નાસાફ (નાસાફ) [ફા. ના (નહિ) + અ. સાફ (સ્વચ્છ)] વિ. એકદમ બરાબર ચોખ્ખું નહિ એવું.

નાસાફી (નાસાફી) [ફા. ના (નહિ) + અ. સાફી (ચોખ્ખાઈ)] સ્ત્રી. સાફ ન હોવું તે; અચોખ્ખાઈ

નાસાબિત [ફા. ના (નહિ) + અ. સાબિત (પુરવાર થયું)] વિ. સાબિત ન થયેલું; અસિદ્ધ.

નાસાબિતી [ફા. ના (નહિ) + અ. સબૂતી (પુરાવો)] સ્ત્રી સાબિત ન થયું તે; પુરવાર ન થવું તે.

નાસાભરણ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, યગણ, જગણ, તગણ, લઘુ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

૨. [સં. નાસા (નાક) + આભરણ (દાગીનો)] ન. નાકનું આભૂષણ.

નાસાભૂમિ જુઓ નાસાગૃહભૂમિ.

નાસાભૂષણ [સં.] ન. નાકમાં પહેરવાનું ઘરેણું.

નાસામલ [સં. નાસા (નાક) + મલ (મેલ)] પું. નાકનો મેલ; ગૂમું.

નાસામૂલ [સં.] ન. મુખમજ્જાની વચલી લીટીમા પરસ્પર જોડાયેલાં નાસાસ્થિઓનું પુરઃકપાલ સાથેનું સધિસ્થાન.

નાસામૂલિકા [સં.] સ્ત્રી. નાકની એ નામની શિરા; 'એક્ઝુલર વેન.' લલાટિકા અને અધિભ્રુવા નામની બે શિરા નાકના મૂલ આગલ ભેગી થઈ આ શિરા થાય છે. નાકની બાજુ ઉપરથી ત્રાંસી રીતે નીચે ઊતરતી ઊતરતી તે છેક હનુકોષ્ઠ સુધી આવે છે. પરંતુ મંડકૂટથી નીચે આવતાં તે અધ્રિમમધ્યત્વચિકા નામે ઓળખાય છે. તેની અંદર આંખ નીચેનો પ્રદેશ, નાકની બાજુનો પ્રદેશ, હમણો, ગાલ, અને હોઠ વગેરે પ્રદેશોમાંથી ઉદ્‌ભવતી શિરાઓ મળે છે. હનુકોષ્ઠથી નીચેના આગળ તે પશ્ચિમ વપૃત્તિકાની આગલી શાખા સાથે મળી જાય છે. ઊંચે ગોકમાં આવેલી અનુમન્યા નામની મોટી શિરામાં તે મળી જાય છે

નાસામૂળ જુઓ નાસામૂલ.

નાસાયોનિ [સં.] પું. પ્રાણની ઉદ્દીપ્ત મુંઝવણથી ઉદ્દીપન બનાર નપુંસક સૌમ્યલિંગ નપુંસક.

નાસારક્તપ્રવાહ [સં.] પું. નાકમાંથી લોહી નીકળવું તે; નાકોરી ફૂટવી તે.

નાસારક્તસ્રાવ જુઓ નાસારક્તપ્રવાહ.

નાસારંધ્ર [સં.] ન. નાકનું છિદ્ર.

નાસારંધ્રપ્રદાહ [સં] પું. નાકનું સૂજી જવું તે

નાસારોગ [સં.] પું. નાકનો રોગ. તેની સખ્યા સુશ્રુત અનુસાર ઓગણીસ અને ભાવપ્રકાશ અનુસાર ત્રોતીસ છે. સુશ્રુત પ્રમાણે નાકના ઓગણીસ રોગનાં નામ એપીનસ્ય અથવા પીનસ, પૂતિનસ્ય, નાસાપાક, રક્તપિત્ત, પૂયશોણિત, ક્ષવથુ, અક્ષવથુ, દીપ્તિ, પ્રતિનાહ, પરિસ્રાવ, નાસાશોષ, ચાર પ્રકારના અર્શ, ચાર પ્રકારના શોથ, સાત પ્રકારના અર્બુદ અને પાંચ પ્રકારના પ્રતિસ્યાય. ભાવપ્રકાશમાં એક પ્રકારના રક્તપિત્તને બદલે ચાર જાતનાં રક્તપિત્ત ગણેલ છે.

નાસાર્બુદ [સં.] પું. નાકની અંદર ગાંઠ થવી તે.

નાસાર્શ [સં.] પું. નાકનો મસો; નાકમાં થતો એક જાતનો રોગ.

નાસાલુ [સં.] પું. મગફળી.

નાસાવલમની [સં.] સ્ત્રી. નાકની દરેક બાજુએ રહેલી લાંબી અને પાતળી એક પેશી. પટલાસ્થિપર્યંત તે નાકની આસપાસ ઉત્પન્ન થઈ નાસાગુહાઓ વચ્ચેની દીવાલ બનાવનારાં તરબૂચરિયાઓ તથા ચામડીમાં જાય છે.

નાસાવરોધ [સં.] પું. નાકનો એક રોગ; પીનસ.

નાસાવંશ [સં.] પું. નાકની દાંડી.

નાસાવામાવર્ત ૧. [સં. નાસા (નાક) + વામ (ડાબું) + આવર્ત (ભમરી)] પું. પુરુષના ડાબા નાકમાં ડાબવામાં આવતી વાળી.

૨. સ્ત્રી. સ્ત્રીઓથી ડાબા નાકમાં સિતારી દર્શાવવા માટે પહેરાતી વાળી.

નાસાવિવરકૃરિણી [સં] સ્ત્રી. નાકની દરેક બાજુએ રહેલી લાંબી અને પાતળી એક પેશી.

નાસાશૂલ [સં.] ન. નાકમાં થતો દુખાવો.

નાસાશોષ જુઓ નાસાશોષ.

નાસાશોષ [સં.] પું. નાકમાં કફ સુકાવાનો રોગ; ચોત્રીસ માંહેના એક પ્રકારનો નાકનો રોગ.

નાસાશ્મ [સં. નાસા (નાક) + અશ્મન્ (પથ્થર)] પું નાકની પોલી જગ્યામાં કચરો જેવો થઈ પથ્થર જેવું થઈ જવું તે.

નાસાશ્લેષ્મસ્રાવ પું. નાકમાંથી લીંટ વહેવા તે.

નાસાસંકોચની [સં.] સ્ત્રી. નાકની દરેક બાજુએ રહેલી લાંબી અને પાતળી પેશી. તે નાકની આસપાસ ઉત્પન્ન થઈને નાસાગુહાઓ વચ્ચેની દીવાલ બનાવનારાં તરબૂચરિયાઓ તથા ચામડીમાં જાય છે.

નાસાસંયોજન [સં.] ન. નવું નાક બનાવવાની વિદ્યા.

નાસાસ્થિ [સં] ન. નાકનું હાડકું. દરેક મનુષ્યમાં નાકનાં હાડકાંનો આકાર તથા કદ જુદાં પડે છે. તેઓ બે ઊર્ધ્વદન્તરિયોની વચ્ચે રહેલાં ઊંડાં મધ્યરેખામાં પરસ્પર મળી જઈ નાકનો મૂળ ભાગ રચે છે. નાકના દરેક હાડકાની બહારની બાજુ બહિર્ગોળ, જ્યારે અંદરની બાજુ અંતર્ગોળ હોય છે. તેની ઉપલી કિનારી પુરઃકપાલાસ્થિના નાસામૂળખાત સાથે, બહારની કિનારી ઊર્ધ્વદન્તરિયના નાસાગ્રદ સાથે, નીચલી કિનારી નાસાપર્ણિક નામનાં તરબૂચરિયાઓ સાથે અને તેમની અંદરની કિનારી પરસ્પર જોડાયેલી છે અને હાડકાંઓની આ પરસ્પર સંધાનરેખા પાછલી બાજુ તરફ લગાર નાસાગુહાઓની વચલી દીવાલ બનાવવામાં ભાગ લે છે, તેમજ પુરઃકપાલના અગ્રકોટક તથા ઊર્ધ્વદન્તરિયના મધ્યકલક સાથે જોડાય છે. આ હાડકાની બહારની બાજુ ઉપર આવેલા છિદ્રમાંથી એક નાની શિરા બહાર નીકળે છે. તેની અંદરની બાજુ ઉપર આવેલી એક નાની ખાંચમાં નાસાનાડી રહેલી છે.

નાસાસ્રાવ [સં.] પું. નાકનો એક રોગ. તેમાં નાકમાંથી ચોખ્ખું કે પીળાં લીંટ નીકળ્યા કરે છે.

નાસિક જુઓ નાસિક.

નાસિકા ૧. સ્ત્રી. ઝરણી.

૨. સ્ત્રી. દરવાજાનો ઉપલો ભાગ. તેમાં ગણપતિનું ચિત્ર કરેલું હોય છે.

૩. [સં.] સ્ત્રી. નાક; નાસા; ઘ્રાણેન્દ્રિય.
૪. વિ. મુખ્ય; પ્રધાન.

નાસિકાકોટર [સં.] ન. નાકનું પોલાણ; નાકનો ખાડો.

નાસિકાખંડ [સં] પું. નાકના જુદા જુદા બે ભાગ.

નાસિકાગુહા જુઓ નાસિકાકોટર.

નાસિકાગ્ર [સં.] ન. નાકનું ટેરવું.

નાસિકાગ્રસૂત્રગંધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નાસિકાગ્રાધાર [સં] ન. યોગશાસ્ત્ર પ્રમાણે સોળ માંહેનું તેરમું આધાર.

નાસિકાપુટ ન. નસકોરું; નાસાપુટ.

નાસિકાપ્રણાલી [સં.] સ્ત્રી. નાકનું પોલાણ; નાકનો ખાડો.

નાસિકાપ્રદાહ [સં.] પું. નાસારંધ્રપ્રદાહ; નાકનું સૂજી જવું તે.

નાસિકાબધ્યરંધ્ર [સં] ન. નાકનો વચ્ચેનો ભાગ. ઉપરીના મધ્ય ભાગમાં જ્યાં જ્ઞાનદૃષ્ટિરૂપી પોલાણ છે, તેમાંથી એક પોલાણ જ્ઞાનનાડી જોને સુષુમ્ણા નાડી કહે છે તે નીકળે છે. નીચે જતાં જતાંના મધ્ય ભાગ આગળ તેની બન્ને શાખા થાય છે, તેને ત્રિકુટી કહે છે. તેમાંથી બે નાડીઓ ફરેહ આંખમાં જઈને અટકે છે. મધ્ય શાખા જરાક નીચે આવી નાકના મધ્ય ભાગ ઉપર આવી અટકે છે. આ મધ્ય શાખા આવી નીચે ઊતરીને બે મુદ્રા આગળ જઈ જરાના હાડકાંની નીચેનો ભાગ જોને કુંડળી કહે છે, ત્યાં જઈ ભાગે છે

નાસિકામલ [સં.] પું. નાકનો મેલ; મૂંગું.

નાસિકામૂલાધાર [સં.] ન. યોગશાસ્ત્ર પ્રમાણે સોળ માંહેનું ચૌદમું આધાર.

નાસિકારંધ્ર [સં.] ન. નાકનું છિદ્ર; નસકોરું.

નાસિકાવિદ્યા [સં.] સ્ત્રી. નાક અને તેના રોગ સબંધી જ્ઞાન.

નાસિકાવિવર જુઓ નાસિકારંધ્ર.

નાસિકાવિવૃદ્ધિ [સં.] સ્ત્રી. નાકનો એક રોગ. તેમાં નાકનાં બે કોણાં વધી જાય છે.

નાસિકાસંકોચસ્નાયુ [સં.] પું નાકનો એ નામનો એક સ્નાયુ તે નાકની દાંડીથી શરૂ થઈ નસકોરાંના ખાળના કૂર્ચાઓમાં સંધાય છે. તે નાકને સંકોચે છે, પણ ખાળના કૂર્ચાઓને ઊંચકીને નસકોરાંને પહોળાં કરે છે.

નાસિકાસિંઘાણક પું. નાકનો મેલ; લીંટ, સૂંણ વગેરે.

નાસિકાસ્થિ [સં.] ન. નાકનું હાડકું; નાસાસ્થિ.

નાસિકાસ્વરપૂજ્યાનુપ્રાણનાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. પ્રથમ ઢંઢની જેમ કમર ઊંચી રાખી બંને હાથ વચ્ચે અને બંને પગ વચ્ચે અઢેક હાથનું છેટું રાખવું. પછી શરીરને જમીન ઉપર ટેકવ્યા વિના એક પડખેથી આખું શરીર નીચું નમાવી જવું જરા બીજા પાસુએ ઝુકાવવું અને ચોકખને ઝાટક અથવા નાક અડાડવું એ જ પ્રમાણે બીજે પડખે જઈને પણ કરવું. આ આસનથી પેટ, છાતી, ગરદન વગેરે રોગમુક્ત થવાનું મનાય છે.

નાસિકાસ્રાવ [સં.] પું. નાકમાં થતો વારંવાર સખેદમ થઈ કરનો થતો સ્રાવ.

નાસિકાંતરપટ [સં.] પું. બે નસકોરાં વચ્ચેનો પડતો

નાસિકેંદ્રિય [સં.] સ્ત્રી. નાસિકા; નાક; ઘ્રાણેન્દ્રિય; સુંઘવાની ઇંદ્રિય.

નાસિક્ય ૧. [સં.] પું. અનુનાસિક અવાજ.
૨. પું. અનુનાસિક વ્યંજન.
૩. પું. અશ્વિનીકુમાર.
૪ ન. એ નામનું એક તીર્થસ્થાન; નાસિક.
૫ ન. નાક; નસિકા.
૬ વિ. નાકની પાસેનું.
૭. વિ. નાકનું; નાકને લગતું.
૮. વિ. નાસિકાથી ઉત્પન્ન થતું; નાકમાં બોલાય કે થનાર.

નાસિક્યક જુઓ નાસિક્ય.

નાસિક્યતા [સં.] સ્ત્રી. નાકમાંથી ઉચ્ચાર કરવો તે.

> ઉપનાં રૂપાખ્યાનોમાં નાસિક્યતા પ્રત્યેના દુર્ભાવથી વ્યક્ત એ અને ઙ તેમજ ઞ અને ઌ્ની પ્રાચીનતાથી પૂરત રૂપે અસ્તિત્વમાં આવ્યાં છે. અબાંસ પાઠારી

નાસિક્યધ્વનિ [સં. નાસિક્ય (નાકથી થતું) + ધ્વનિ (અવાજ)] પું. નાકમાંથી નીકળતો અવાજ.

નાસિક્યપુર ન. ગોદાવરી નદીની દક્ષિણે આવેલું એ નામનું નગર; નાસિક.

નાસિક્યવિધાન [સ = નાક બીંધવું તે.

નાસિખ ૧. [અ.] પું કાઢી નાખનાર; રદ કરનાર
૨. પું. ચોપડીની નકલ કરનાર માણસ.
૩. વિ. દૂર કરનાર.

નાસિપાસ ૧. [અ.] વિ. કૃતઘ્ન.
૨. વિ. નાઉમેદ; નિરાશ.

નાસિપાસી ૧. [અ.] સ્ત્રી. કૃતઘ્નતા.
૨. સ્ત્રી. નાઉમેદી; નિરાશા.

નાસિફ પું. દુશ્મન; વિરોધી.

નાસિયત જુઓ નાસિયા.

નાસિયા ૧. [અ.] પું. કપાળ.
૨. પું. કપાળ ઉપરના આગળ પડતા ભાગ.

નાસિર ૧. પું. મદદ કરેલ.
૨. [અ. નસર (તેણે મદદ કરી)] પું. મદદગાર.
૩. પું. રક્ષણ કરનાર માણસ.
૪. પું. વિજયી પુરુષ; વિજેતા.

નાસિહ ૧. [અ.] પું. મંત્રી; સલાહકાર; સલાહ દેનાર માણસ.
૨. પું. સાચો મિત્ર; ખરો સોબતી.
૩ વિ. વફાદાર; વિશ્વાસુ.

નાસી ૧. ન. (સિંધ) એક જાતનું ક્ષેત્રફળ.
૨. વિ. નસાડનાર.

નાસીપાસ વિ. નાઉમેદ; નિરાશ.

નાસીપાસી સ્ત્રી. નાઉમેદી; નિરાશા.

નાસીબગતરો [નાસી (નસાડનાર) + બગતરી (નાના બચ્ચાંને નસાડનાર)] પું. (વહાણવટું) વાવટા ખૂણાનો પવન.

નાસીર ૧. [સં.] પું. આગેવાન; અગ્રેસર.
૨. પું. ફોજની આગળ ચાલનાર સૈનિક.
૩. ન. જયનાદ કરતું સેનાનાયકથી આગળ ચાલતું લશ્કર.

નાસૂફેતા (નાસુફતા) [ફા.] વિ. અણઘડ્યું; સાર નહિ પાડેલું.

નાસૂત ૧. [અ.] સ્ત્રી. માણસાઈ.
૨. સ્ત્રી. માનુષી રચનાવ.

નાસૂતી [અ.] વિ. માણસને લગતું; માનુષી.

નાસૂર ૧. [અ.] ન. નાક, આંખ, મોં વગેરેમાં પડતું સડાનું ઊંડું કાણું જેમાંથી લોહી, પરુ વહ્યા કરે તેવું નાડું; નાડીવ્રણ.
૨. ન ગુમડાં; એક જાતનો મુદ્દાનો રોગ.

નાસેડુ (નાસેડ) ૧. વિ. નાસી જનાર માણસ.
૨. વિ નાસી જનારું; ભાગેડુ.

નાસેહ [અ. નસહ (તેણે સલાહ આપી)] પું સલાહકાર; ઉપદેશક; શિખામણ આપનાર માણસ.

નાસોગોમ્બો પું. કાંઈના બોડાની રમત; સતાકૂકડી.

નાસોગોસો પું. કબાડાવા; ઝઘડાઝઘડ.

નાસોદર ૧. [સં.] પું. એક જાતનો રોગ.
૨. પું. દક્ષિણ અમેરિકનો એક જાતનો રેડ્યો.

નાસોપચય પું. ચામડીના રોગથી નાકમાં અનેક ઠામા નીકળવાનો રોગ. તેની ચિકિત્સા હસ્તકર્મથી કરવામાં આવે છે

નાસોર પું. સિંહ.

નાસોષ્ઠકર્ષણી પેશી જુઓ નાસોષ્ઠકર્ષણી પેશી.

નાસોષ્ઠકર્ષણી પેશી [સં] સ્ત્રી. ઊર્ધ્વોષ્ઠ પેશી; ઊર્ધ્વોષ્ઠચતુરસ્રા પેશી; નાકની બાજુ ઉપર રહેલી એક પેશી. તેનાં બધુ મૂળ છે: એક ઊર્ધ્વહનુ-વરિયના નાસામૂળ ઉપરથી, બીજું તેના નેત્રાપરીવર્તવરની નીચેના ભાગ ઉપરથી અને ત્રીજું ગંડાસ્થિના ગંડમૂળ ઉપરથી નીકળે છે. તે બધાં એકઠાં થઈ નાકની બાજુ ઉપરના તરુણાસ્થિને, મોંના ખૂણા સુધી મુખમુદ્રણી પેશીને તથા ઉપલા હોઠને લાગેલાં છે.

નાસ્તિ ૧. [સં.] સ્ત્રી. અભાવ; નહિ હોવું તે; સત્તા; હયાતી ન હોવાપણું.

નાસ્તિ કહે નારાયણને પણ પ્રપંચ ન છૂટે અળગો. અખો

૨. સ્ત્રી. ન.ન્ન

૩. અ. નહિપણું અને અભાવ બતાવનાર અવ્યય.

નાસ્તિક ૧. [સં.] પું આસ્થા વગરનો માણસ.

૨. પું. ચાર્વાક.

૩. પું. વેદને નહિ માનનારો પુરુષ; ઈશ્વર, પરલોક, કર્મફળ વગેરે નહિ માનનાર માણસ. હેતુવાદ એટલે કે તર્કનો આશ્રય લઈ વેદનો અસ્વીકાર કરે, જેનું પ્રમાણ ન માને તેને હિંદુ શાસ્ત્રમાં નાસ્તિક કહે છે. હિંદુ શાસ્ત્રકારો અનુસાર ચાર્વાક, બૌદ્ધ અને જૈન આ ત્રણ નાસ્તિક મત છે. આ મત પ્રમાણે સૃષ્ટિને ઉત્પન્ન કરનાર અને ચલાવનાર કોઈ નિત્ય અને સ્થિર ચેતન માનવામાં આવેલ નથી. નાસ્તિકોને ભાર્હસ્પત્ય, ચાર્વાક અને લોકાયતિક પણ કહે છે.

૪. જે ઈશ્વર નથી એવી જેની મતિ છે એવું; કર્મફળ, પરલોક તથા ઈશ્વરના અસ્તિત્વને નહિ માનનારું; ધર્મવિમુખ.

૫ જિ. વેદ અને શાસ્ત્રો ઉપર જેને આસ્થા ન હોય એવું.

નાસ્તિકતા ૧. [સં.] સ્ત્રી. અશ્રદ્ધા; અવિશ્વાસ.

૨. સ્ત્રી. ઈશ્વરને, વેદને કે ધર્મશાસ્ત્રને નહિ માનવાપણું; નાસ્તિક હોવાનો ભાવ; ઈશ્વર, પરલોક, કર્મફળ વગેરેને ન માનવાની બુદ્ધિ; યજ્ઞ કરવામાં કંઈ સાર નથી, પરલોક છે જ નહિ અને ઈશ્વર રહિત જગત છે એવી માન્યતા; મિથ્યાદૃષ્ટિ.

નાસ્તિકત્વ જુઓ નાસ્તિકતા.

નાસ્તિકદર્શન ન. નાસ્તિકોનું દર્શન.

નાસ્તિકપણું જુઓ નાસ્તિકતા.

નાસ્તિકપંથ પું. અનીશ્વરવાદી મત.

નાસ્તિકમત ૧. પું. અનેશ્વરવાદ.

૨. જુઓ નાસ્તિકતા.

નાસ્તિકવાદ [સં.] પું. ઈશ્વર, કર્મફળ, પરલોક અને મરણ પછી આત્મા વગેરે નથી એવો ચાર્વાક મત. નચિકેતાએ યમરાજને આત્માની મરણ પછી અસ્તિ કે નાસ્તિ વિષે પ્રશ્ન પૂછી આત્મજ્ઞાન મેળવ્યું હતું. આત્મા મરણ પછી માનવો તે આસ્તિકવાદ છે ને આત્મા મરણ પછી ન માનવો એ નાસ્તિકવાદ છે.

નાસ્તિકવાદી ૧. [સં. નાસ્તિકવાદિન્] જિ. નાસ્તિકવાદમાં માનનારું

૨. જુઓ નાસ્તિક

નાસ્તિકત્વ જુઓ નાસ્તિકતા.

નાસ્તિતા [સં.] પું. અભાવનું ભાવ.

નાસ્તિતા જુઓ નાસ્તિત્વ.

નાસ્તિત્વ [સં.] ન. અવિદ્યમાનપણું; અભાવ; અનસ્તિત્વ; નહિપણું

નાસ્તિદ [સં] પું. આત્મદ્રષ્ટા; આત્માનું જ્ઞાન

નાસ્તિપક્ષ [સં.] પું. ઈશ્વર, કર્મફળ, પરલોક વગેરે બાબતમાં શ્રદ્ધા ન હોય તે પક્ષ.

નાસ્તિરૂપનિર્દેશ [સં.] પું. અભાવાત્મક વાક્ય

નાસ્તિરૂપવાક્ય જુઓ નાસ્તિરૂપનિર્દેશ.

નાસ્તિવાક્ય [સં.] ન. અભાવાત્મક વાક્ય, નિષેધનિર્દેશ.

નાસ્તિવાચી ૧. [સં. નાસ્તિવાચિન્] જિ. નથી એમ કહેનારું; નાસ્તિક.

૨. જિ. નાસ્તિરૂપ; નકારવાચક; અભાવાત્મક.

જેમાં ભાવરૂપ કથન હોય તે ભાવાત્મક અને અભાવરૂપ કથન હોય તે અભાવાત્મક. આ વાક્યોને આપણે અસ્તિવાચી અને નાસ્તિવાચી અથવા અસ્તિરૂપ અને નાસ્તિરૂપ પણ કહી શકીએ. રામનારાયણ પાઠક

નાસ્તિવાચીવાક્ય [સં.] ન. અભાવાત્મક વાક્ય; નિષેધનિર્દેશ.

નાસ્તિવાદ પું. નાસ્તિકોનો મત.

નાસ્તિવાદી જુઓ નાસ્તિકવાદી.

નાસ્તો ૧. [ગુ. નાસ્તા] પું. સવારના પહોરમાં જે થોડું ખાવું તે; પ્રાતરાશ; હાજરી.

૨. અ. નહિ જ; નહિ જ તો.

નાસ્તોપાણી જુઓ નાસ્તો ૧.

નાસ્તિત્વ [સં] ન. અભાવ; અસ્તિત્વ ન હોવું તે.

આચાર્ય થઈને અન્યને,
વાત કહે તે નાસ્તિત્વની. અખો

નાસ્ય ૧. [સં.] ન. બળદના નાકમાં પરોવેલી દોરી; નાથ

૨. જિ. નાકની પાસેનું.

૩. જિ. નાકનું; નાક સંબંધી

૪ જિ નાકથી બનાવું.

નાસ્યપુરિયમ પું. એક પ્રકારનો છોડ, તે ચપટા દાણામાં બીજા પ્રકારમાં વવાય છે.

નાહ ૧. પું. બળબળતો અંગારો.

૨. [હિં.] પું. નાથ; ધણી; પતિ.

૩. પું. પૈડાનો છેદ; નાભિ.

૪. [સં.] પું. બંધન.

૫. પું. શેઠ; માલિક; સ્વામી.

૬. પું. ઢોરને પકડવાનો ફાંસો.

૭. સ્ત્રી. નાસ; નાક વાટે ધૂણી કે વરાળ લેવી તે.

૮. સ્ત્રી. પશુઓને નાકમાં નખાતી દોરી; નાથ.

૯. અ. ના; નહિ

નાહડઉસરા સ્ત્રી. (જૈન) ઓસવાળ કુળના નાહણા ગોત્રની એ નામની એક શાખા.

નાહક ૧. [અ.] પું. અન્યાય; જુલમ.

૨. જિ. અન્યાયપૂર્વક; ખૂનું.

૩. જિ. નકામું; અમસ્તુ.

૪. અ. કારણ વિના; વૃથા; ખોટી રીતે; વગર કારણે; બાલીપીલી; સબબ વગર; બાલી.

૫. અ વગર હકે; અન્યાયી રીતે.

નાહકનું ૧. જિ. અમસ્તું; ગેરવાજબી; મિથ્યા; અયોગ્ય.

૨. અ કારણ કે હક વગર; નાહક; વૃથા; ખોટી રીતે.

નાહકકરિનાચ્ય [અ. નાહક (ખોટું) + ફિનાસ (બગાડવું તે)] જિ અન્યાયી; ગેરવાજબી.

નાહકકરિનાસી [અ નાહક (ગેરવાજબી) + ફિનાસી (બગાડ)] સ્ત્રી. અન્યાય.

નાહટ જિ. ખરાબ; નટખટ.

નાહણ [સં. સ્નપન; પ્રા. ન્હવણ] ન. નાહવું તે, સ્નાન; અંબોળ.

જોયે એવડું જગ પામવું;
વહતે ધારે નાહણું કરવું. કાન્હડદેપ્રબંધ

નાહવું જુઓ નાહવું.

નાહન ન. (જરથોસ્તી) સુદ્ધિની ચાર મહિની ઓ નામની એક ક્રિયા. તે ધર્મગુરુની મદદથી થઈ શકે છે. આ ક્રિયાના મુખ્ય ભાગ છે: (૧) પાદવાજ કરતી; (૨) દાડમનું પાન ખાવું અને પવિત્ર કરેલું ગોમૂત્ર પીવું; (૩) પટેટ એટલે કે પશ્ચાત્તાપની પ્રાર્થનાનો પાઠ બોલવો; (૪) ઉનવટનું સ્નાન. જેને આ ક્રિયા કરવાની હોય છે તે પ્રથમ પાદવાજ કરવાની ક્રિયા કરે છે. આ ક્રિયા કરાવનાર ધર્મગુરુએ પણ પાદવાજ કરવી કરેલી હોય છે. નાહનની ક્રિયાના ઉમેદવારને એક બાજોઠ ઉપર બેસાડવામાં આવે છે. તે સાધારણ રીતે પથ્થરનો બનાવેલો હોય છે. ઉમેદવાર જમવા પહેલાં બોલવાની બાજ બોલે છે અને દાડમનું પાન ચવડાવવામાં આવે છે. પછી ઉમેદવારને એક ધાતુના પ્યાલામાંથી નિરંજદીન એટલે પવિત્ર કરેલું મૂત્ર કે જેમાં ક્રિયા કરાવનાર ધર્મગુરુ આતરાસદેરામની પવિત્ર રાખની ચપટી નાખે છે તે પીવાનું કહેવામાં આવે છે. હું મારા શરીર તથા આત્માની શુદ્ધિને માટે આ પીઉં છું એમ દોઢ રૂપિયા વજન જેટલું ઉમેદવાર બોલે છે અને દરેક વખતે નિરંજદીનનાં બોકાં ટીપાં પીએ છે. પછી તે બાજ પૂરી કરે છે એટલે કે જમવા પછી બોલવાની પ્રાર્થના બોલે છે. આ કર્યા પછી તે કસ્તી કરે છે અને પટેટ એટલે પ્રાયશ્ચિત્તની બંદગી બોલે છે. પોતાનાં પાપ તે ખુલ્લા આગળ જાહેર કરે છે અને તેને માટે પશ્ચાત્તાપ કરે છે. પટેટ બોલ્યા પછી તે નાહવાના ઓરડામાં જાય છે. ત્યાં અમુક પ્રાર્થનાનું સૂત્ર બોલીને તે પોતાનાં કપડાં ઉતારે છે અને પોતાના માથા ઉપર જમણો હાથ મૂકી બાજ બે છે એટલે કે ઋઓશબાજની પ્રાર્થના અધારી મુખે બોલે છે. તે પછી અદારથી ધર્મગુરુ તેને નવ ગાંઠવાળી સાંબી સાકડીને છેડે બાંધેલ ચમચો આપે છે અને ત્રણ વખત પવિત્ર કરેલું ગોમૂત્ર આપે છે, જે તે પોતાના શરીર ઉપર ત્રણ વખત ઘસે છે. પછી ત્રણ વખત બોટી રેતી આપે છે. તે પણ શરીર ઉપર ત્રણ વખત ઘસવામાં આવે છે. છેવટે આવ એટલે પવિત્ર કરેલું પાણી તેને આપવામાં આવે છે અને તે પણ ત્રણ વખત શરીર ઉપર ઘસવામાં આવે છે. નાહ્યા પછી પહેરવાના કપડાની નવી જોડ ઉપર પણ પવિત્ર પાણી થોડું છાંટવામાં આવે છે. પછી તે નાહવાના પાણીમાં થોડું પવિત્ર પાણી ઉમેરી તે વડે નહાય છે. સુખવાળ, પવિત્ર ખમીસ તથા ટોપી પહેરે છે અને કસ્તી બાંધ ઉપર રાખે છે. ત્યારબાદ બાકી રહેલી બાજ પૂરી કરે છે અને કસ્તી પહેરે છે, એટલે નાહવાની ક્રિયા પૂરી થાય છે.

નાહનબ્રનેહ સ્ત્રી. (જરથોસ્તી) નાહન માટેની જગ્યા.

નાહનપ સ્ત્રી. નાનાપણું; હલકાપણું.

નાહનિયો પું. નાહનની ક્રિયા કરેલી હોય એવો જરથોસ્તી ધર્મગુરુ.

નાહનું [સં. ક્ષુદ્રક; પ્રા. ણહુઅ] વિ. નાનું; લઘુ.

નાહનૂહ [ફા.] સ્ત્રી. નહિ નહિ એવો શબ્દ બોલનાર.

નાહપ્પી [અ. નાહિય] સ્ત્રી. ઘૂંટ; ઘૂંટકો.

નાહબત્તાર ૧. [ફા.] વિ. અનિયમિત.
૨. વિ. નાલાયક; નહિ ભાજનું.
૩. વિ. સપાટ નહિ એવું; બરબચડું; ઊંચાનીચું.

નાહબત્તારી ૧. સ્ત્રી. અનિયમિતતા.
૨ [ફા.] સ્ત્રી. બરબચડાપણું; સરખાપણું ન હોવું તે.
૩. સ્ત્રી નાલાયકી.

નાહર ૧. પું. નાર; વહેવું તે; વરની જાતનું હિંસક પ્રાણી; વાઘ.
૨. [અ.] પું. વાઘ; શેર.
૩. પું. સિંહ.
૪. ન. એક જાતનું પુષ્પ.

નાહરવું સ. ક્રિ. રાજ્યકારવું; સોબાગી તૈયાર કરવું.

નાહરસાંસ પું. ઘોડાનો એક રોગ. તેમાં તેને દાંત ઊપડે છે.

નાહરા ૧. સ્ત્રી. (જૈન) ઓસવાળ જ્ઞાતિની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

નાહરૂ [હિં.] પું. નાર નામનો એક રોગ; નહરવા; વાળાનો રોગ.

નાહલ ૧. સ્ત્રી. એ નામની એક ક્ષેત્રજ્ઞ જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

નાહવણ ૧. ન. અટકાવ; ઝરતુ.
૨. ન. બંધોળ; રુધાન.

નાહવાનો પ્રતિબંધ પું. (જૈન) નાહવા સામે બાંધો. અસંખ્યાતા જંતુઓનો વિનાશ, કામાગ્નિની પ્રદીપ્તતા, વ્રતનો ભંગ અને પરિણામનું બદલવું એ બધી અશુચિથી આત્મા મલિન થતો હોવાથી નાહવાનો પ્રતિબંધ હોવાનું શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે.

નાહવું ૧. સ. ક્રિ. નુકસાન બનવું; ખોટ આવવી.
૨. [સં. સ્ના-; પ્રા. ણહા] સ. ક્રિ. સ્નાન કરવું; પાણીથી શરીર સાફ કરવું.
૧. નાહવાનું આવ્યું-હોવું = કોઈના મૃત્યુને લીધે નાહવાનું થવું.
૨. નાહી ઊઠવું = (૧) નાહી પરવારવું. (૨) રજસ્વલા થયા પછી સ્નાન કરી પવિત્ર થવું; બાટકાવ કે પ્રસૂતિના સૂતક પછી બોજો સ્નાન કરીને શુદ્ધ થવું. (૩) વેપારમાં નુકસાન બનવું; ખોટ આવવી.
૩. નાહી નાખવું = (૧) દોષ આદિ કે સંબંધ છોડી દેવાં. (૨) બતમ કે મૂંઝવણ બાબતું. (૩) શોક કે ચિંતા વિસારે પાડવાં.
૪. નાહી પરવારવું = (૧) આશા કે બધો સંબંધ છોડી દેવો. (૨) સ્નાનાદિ કરીને તૈયાર થઈ જવું.
૫. નાહી બેસવું = (૧) નિરાંત વાળવી. (૨) પૈસેટકે બરબાદ થવું. (૩) બારે ખોટમાં આવી પડવું.

નાહવું નિચોવવું સ. ક્રિ. લાગતુંવળગતું હોવું; સંબંધ હોવો.

નાહાં પું. નાથ નામનો દેવ.

નાહાનું જુઓ નાનું.

નાહાવું જુઓ નાહવું.

નાહાસવું સ. ક્રિ. રોકવું; નાસવું; ભાગવું.

નાહિય ૧. [અ.] પું. કિનારો.
૨. પું. પ્રદેશ.

નાહિયપ સ્ત્રી. બાટપ; બાટડી; બાટિમપ.

નાહિલીસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. અહીંથી એક માઈલ દૂર ભોડિપુરા સહસ્રમહાજ્યતીર્થ આવેલ છે.

નાહિંમત ૧. સ્ત્રી. હિંમત ન હોવાપણું; કાયરતા.
૨. વિ. હિંમત વિનાનું; કાયર.

નાહિંમતપણું ૧. ન. આત્મશંકા; પોતાની શક્તિ કે યોગ્યતાને વિષે અવિશ્વાસ.
૨. ન. કાયરતા.

નાહિંમતાઈ જુઓ નાહિંમત ૧.

નાહી ૧. સ્ત્રી. કડવી દૂધલી.
૨. ન. ગાડાનો પૈડો જેમાં જડેલો હોય છે તે બળબોરસ જાતવટિયા જેવું ઝાડ.
૩. અ. નહિ; કવિતામાં નકારના અર્થમાં વપરાતો શબ્દ.

નાહીદ [ફા.] પું. (જ્યોતિષ) ગ્રહ નામનો ગ્રહ.

નાહીં [સં. નહિ; અપ. ણહિ] અ. ના; નહિ.

નાહુ ૧. [સં.] પું. (પુરાણ) નહુષ રાજા.

૨. પું. (પુરાણ) નહુષ રાજાનો પુત્ર યયાતિ રાજા.

નાહુલિયો પું. પતિ; સ્વામી; વર; ધણી.

નાહુષ ૧. [સં.] પું. નહુષનો પુત્ર યયાતિ.
૨. વિ. નહુષ રાજાનું; નહુષ રાજા સંબંધી.

નાહુષિ [સં.] પું. યયાતિ.

નાહૂ [હિં.] પું. નાથ; સ્વામી; પતિ.

નાહેલ ૧. સ્ત્રી. અવિવાહિત પોતે ખેડતો હોય એવી જમીન;
૨. વિ. સ્નાન કરેલ.

નાહેલ ધોયેલ વિ. સ્ત્રી. રજસ્વલા થયા પછી સ્નાન કરી પવિત્ર થયેલી

નાહ્યો [સં. નાથ] પું. નાથ; સ્વામી, ધણી; પતિ.

નાહ્યોલિયો [સં. નાથ; પ્રા. નાહ] પું. ધણી, નાથ; પતિ.

નાહ્વડી (નાહ્વડી) સ્ત્રી. પૈડાની ધરી; નાભિ.

નાળ ૧. [સં. નાલ] સ્ત્રી. અંદરથી પોલી હાથી દાંડી કે નળી; નાલ.
૨. સ્ત્રી. ખાડી; અંદર પાસેનો પાણીનો ઝાંખો.
૩. સ્ત્રી. ગરિયાના કે ઊંટઉતાર ભાત ઉપર દોરી કે ઝણી વીંટાય છે તે ભાગ.
૪. સ્ત્રી. ગર્ભમાંના બાળકની ડૂંટી સાથે જોડાયેલી રસોની લાંબી નળી કે નાડી. તેની મારફતે બાળકને ગર્ભમાં લોહી સાથે પ્રાણવાયુ મળે છે. બાળક જન્મતાં તે કાપી નાખવામાં આવે છે. તેનો એક છેડો એવો કે બાળકની ડૂંટી સાથે લાગેલો હોય છે તે પછી સુવાર્ડને ખરી પડે છે. પ્રસવબાળામાં નાળની લંબાઈ બહુ કરીને ૨૨ ઇંચ અને જાડાઈ ½ ઇંચ થાય છે. કયારેક કયારેક તે બહુ ટૂંકી એટલે ૪ ઇંચ અને બહુ લાંબી એટલે ૭૦ ઇંચ સુધી માલૂમ પડી છે. બહુ ક્વચિત્ જ આવો ઉપદ્રવ કર્યા સિવાય જન્મ નીકળી શકે એટલી લંબાઈની નાળ હોવી જ જોઈએ. એટલા માટે ૧૫ ઇંચથી ટૂંકી નાળ બહુ નાની કહેવાય છે અને પ્રસવ બનામાં ચાર બનાવે છે. વળી ટૂંકી નાળ નિયમિત સમયથી પહેલાં કમળને ઊખેડીને બહારનું મરણ નીપજાવે છે. પ્રસવ સમયે નાળ ચકરવાળી અને સર્પના આકારની હોય છે અને તેમાં લગભગ ૧૦ ચક્કર હોય છે. બહુ બાળા મારફત પોષક દ્રવ્ય પ્રાપ્ત કરે છે અને તે પોષક કાર્ય નાળ અને કમળ દ્વારા થાય છે નાળની અંદર વચ્ચે નાલિયિરા હોય છે અને તેની બે બાજુએ નાભિધમનીઓ હોય છે. નાળમાં બહુ રક્તવાહિનીઓ હોય છે. બે ધમનીઓ અને એક શિરા તે નાભિધમની અને નાલિયિરા કહેવાય છે. નાભિધમની દ્વારા બહારનું અશુદ્ધ લોહી કમળમાં પહોંચે છે ને નાલિયિરા દ્વારા શુદ્ધ લોહી કમળમાંથી આવી બહારના શરીરમાં પહોંચે છે.
૫. સ્ત્રી. ચૂલ્હામાંથી રાખ વહેવાની નળી; ખાડે.
૬. [અ. નઝલ] સ્ત્રી. ઘોડા અને બળદને પગે કે ખેલાની ખોડીઓ જડવામાં આવતી ખીલાની જાડી પટી, ઘોડાના ડાબલાના આકારની લોખંડની પટી. તે જૂદ જૂદા ખેલાને તળિયે પાનીવાળે આગે પણ જડાય છે.
૭. સ્ત્રી. હુક્કા બારવા હોકામાં તમાકુ પીવાની નળી.
૮. સ્ત્રી. તોપ.
૯. સ્ત્રી. તોપ કે બંદૂકની નળી.
૧૦. સ્ત્રી નળિયું.
૧૧. સ્ત્રી. નાડી.
૧૨. સ્ત્રી. નાના બાળકના ગળેરને બાલ, દૂધ પાવા વપરાતી રાસની પોલી નળી.
૧૩. સ્ત્રી. નેવાંનું પાણી ઝીલવાની ખોડા કે તાંબાની પતરાની નીક; પાણી જવાની પરનાળ.
૧૪ સ્ત્રી. નેળ; સાંકડો બે તરફ પાકવાળો રસ્તો; નાળિયું; ગલી.

> નાળનાં બાકાં કંઈ નાળમાં રહે છે ? = ઉલ્લોળ અને વલ્ણ કરવાથી વખત બાકીના બધાં પણ મુશ્કેલીઓ દૂર થાય છે.

૧૫. સ્ત્રી. પહાણનો બાજરાનો ભાગ.
૧૬. સ્ત્રી. સંપીની બે નામની એક બટક.
૧૭. ન. બે નામની બટકનું માપસૂત્ર.
૧૮. વિ. બે નામની બટકનું

નાળું ન. નાળવું; પ્રવાહી પદાર્થ રેડવા માટેની અમુક આકારની ભૂંગળી.

નાળકોઢ પું. ખુજારે, બરાબર, બાજરી, રીંગડીમા આવતો જરદા નામનો રોગ. ડોડની ટોચે આ રોગની ઇયળની ઈંડ ઉંદર મૂકે છે. પાંચ ૭ દિવસમાં તેમાંથી ઇયળો નીકળી આવાનું શરૂ કરે છે. ઇયળો સફેદ અને અસખ્ય દપાંગણા હોય છે. દપાં ઉપર ટૂંકી રુવાટી હોય છે માથાનો રંગ ભૂખરો હોય છે. આ ઇયળ ડોચેથી થડની અંદર પ્રવેશ કરે છે તેથી સામે પોલો થઈ ઇયળના ભાગ મળથી ભરેલ માલૂમ પડે છે. આ રોગ બાસ કરીને ખરીફ ખુજારમાં થાય છે. કડપનો સમય કરતી વખતે કડપના નાના નાના ટુકડા ભરવા ઉપરના કરી નાખવાથી ઇયળનો નાશ થાય છે. આ રોગ અટકાવવા રોગી ડોડનો નાશ કરાય છે.

નાળકોળા સ્ત્રી. એક જાતની રમત.

નાળગોળ જુઓ નાળગોળો.

નાળગોળો પું. તોપનો ગોલો.

નાળચું ન. ઘડા જેવા વાસણમા ભરેલા પ્રવાહીની બાર કરવાની નળી; નળી જેવું ચાડવું અને લાંબું મોં; આબખોરા અને ઝારીની કુંચે ચમારેલું પ્રવાહી નાખવાનું ભૂંગળું; નાળવું; પ્રવાહી પદાર્થ રેડવા માટેની અમુક આકારની ભૂંગળી.

નાળછેક પું. બાળકની નાળ વધેરવી તે.

નાળદડી (નાળદ્વી) સ્ત્રી. પાંચ કે વધારે બાળકોની દડી વડે નિશાન તાકવાની એક દેશી રમત. તેને ડોશીદડી, દડીદોરી, નળિયાપાટ, પકોપીર, રાજદડી પણ કહે છે. પ્રથમ રમવાની જગ્યામાં એક નળિયું મુકાય છે. તેની સામી બાજુએ ચોકે છેટે પોતું મુકરર કરાય છે. પછી દાવવાળો છોકરો હાથમાં દડી લઈને નાળ મૂકવાની જગ્યાએ તેને ઊભી મૂકી તેની પછવાડે ઊભો રહે. બાકીના રમનારા પોતા બાજુ ઊભા રહે દાવવાળો છોકરો દડી ઉંચી ઉછાળી તે નીચી આવતાં અધર અને અધર દડીએ વડે ટોચો મારી પોતા બાજુના ઊભેલા છોકરા તરફ ફેંકે. જો તે અધર ઝીલી લે તો નળિયા બાજુના છોકરાને મારે. જો ઝીલી દડી ઝિલાય નહિ, તો ગમે તે એક છોકરો તે દડી લઈ નાળને તાકીને મારે. આમ કરવામાં જો નળિયું દડી વાગવાથી પડી ન જાય અથવા તેને ન વાગે તો દાવવાળા છોકરાનો દાવ ઊતરી જાય અને દડી મારનાર છોકરા ઉપર દાવ આવે.

નાળબંધ પું. નાળ જડનાર માણસ; નાળબંધ.

નાળબંધી ૧. સ્ત્રી. જૂના વખતમાં ઘોડાની નાળ બેસાડવાના અર્થ માટે લેવાતો કર.
૨. સ્ત્રી નાળ જડવાની ક્રિયા કે ધંધો.

નાળબંધ પું. ઘોડા, બળદ વગેરે ભારવરદારી પ્રાણીઓને પગે ઘોડાની પતરીઓ જડવાનું કામ કરનાર માણસ; નાળ જડનારો પુરુષ; નાળબંદ.

નાળબંધી જુઓ નાળબંદી.

નાળલોહચુંબક ન. પોલાદ અથવા લોખંડના ટુકડાને ઘોડાની નાળની માફક વાળીને બનાવેલું લોહચુંબક. સાદા લોહચુંબકના બે છેડા કરતાં આવા લોહચુંબકના બે છેડા વચ્ચેનું ખેંચાણ બળ વધારે રહે છે, કારણ તેના છેડાઓ પાસે પાસે હોય છે.

નાળવું જુઓ નાળચું.

નાળવો ૧. પું. ઘઉંના છોડનો દાણા વાઈ લીધા પછીનો સૂકો ભૂકો.
૨. પું. નાળચું.

નાળાધિપતિ સ્ત્રી. સેમેટિક જાતિની એ નામની એક લિપિ.

નાળિકા જુઓ નાલિકા.

નાળિયર જુઓ નારિયેળ.

નાળિયું ૧. સ. નેળ; નાળ; ગલી; બે ભાલુઓ વચ્ચે હોય એવો લાંબો અને પૈડાંના ચીલા થી બમણી ઊંડો અર્ધ ગોળ સાંકડો માર્ગ.

૨. સ્ત્રી. નળી જેવું.

નાળિયેર જુઓ નારિયેળ.

નાળિયેરપાક પું. કોપરાના બગડવાની બીમારી; કોપરાપાક.

નાળિયેરી ૧. પું. એક જાતનો આંબો

૨. સ્ત્રી. નાળિયેરનું ઝાડ; તાડના વર્ગનું એક જાતનું ઝાડ. નાળિયેરી સુંદર અને ઊંચી થાય છે. દરિયા કિનારે આ ઝાડ સારું થાય છે. નદી કિનારે કાંપવાળી ઊંડા ઢાળની જમીનમાં ખૂબ ખાતર અને પાણીના ભેજથી પણ તે સારું ઝાડ છે. નાળિયેરના તોફા નાળિયેરી ઉપર પાકે છે તે રોપા કરવા બીજ બહુમૂલ્ય છે. બજારમાંથી વેચાતા લીધેલા તોફામાંથી રોપા થઈ શકે છે, પણ તેમાં ફળ લાગતાં નથી અને લાગે છે તે ખરી જાય છે. માટે ઝાડ ઉપર પાકેલાં નાળિયેરનાં બી લેવાં. નાળિયેરી માટેની જમીન ફોદાળાથી ૫ ફૂટ ઊંડી ખોદીને ખાતર નાખી તૈયાર કરવી. પછી તેના ક્યારા બ.પીને તેમાં બીના નાળિયેરના તોફા દોઢ દોઢ ફૂટને અંતરે આડા રોપી જવા અને હંમેશા પાણી પાતાં રહેવું જરૂરી છ મહિને તેમાંથી ફોટા ફૂટી ગેળા થાય. દોઢ બે વર્ષ સુધી ઝોકની એક બાજુએ રોપાને રાખવા, બાદ ફેરવી બીજી બાજુએ નવા ક્યારા કરી વાવવા. બીને ફેરવેલી બાજુએ પણ એક વરસ રાખી પછી પ્રથમની બાજુએ ત્રણ ફૂટ ઊંડા નવા આડા કરી દરિયાઈ માલ્લી તથા બીજું બળતિયું ખાતર નાખી તેમાં તે રોપા રોપવા. વાવ્યા પછી તેની આસપાસ માટી ક્યારા વગેરે કમરવું અને રોપા સ્થિર રહે તેમ કરવું ચ.ણા જિલ્લામા નાળિયેરીનું વધુ ખાતર કરવા માટે ઉનાળામાં પાકેલાં નાળિયેર ઝાડ ઉપરથી ઉતારે છે અને તેને ઘરમાં ઢોરડાં વચ્ચે બે ત્રણ મહિના લટકતાં બાંધી રાખે છે. પછી તેને પોતાની માલિકીના કુવામાં નાખે છે. કુવામાં તે કૂટી નીકળે એટલે બહાર કાઢી પછી રેતીવાળી જમીનમાં તૈયાર કરેલા ક્યારામાં ભાલામાં રોપી પાણી પાય છે. રોપની વચ્ચે રાખનું ખાતર નાખે છે, તેથી કીડીઓ નુકસાન કરતી નથી. બે વર્ષ સુધી ક્યારામાં રોપા રહેવા દે છે, ત્યાર બાદ કાયમની જગ્યાએ વાવે છે. નાળિયેરીનાં ઝાડ ત્રણ વરસનાં થતાં સુધી બાતર પાણીનું વધારે ભેજ રાખવું પડે છે. વરસાદની ઋતુમાં નાળિયેરી આસપાસ ત્રણ ચાર ફૂટ ખોદીને તેનાં મૂળ દેખાય તેને ચોકાં કાતરી કાઢવાં. પછી દરિયાઈ સૂકો માલ્લીનો ભૂકો, એરંડીનો ખોળ, ઝાડક ની રાખ વગેરેનું ખૂબ બાતર નાખવું અને ઉપર બાજુને ફરતો માટીનો ટીંબો કરી જવો, જેથી વરસાદનું પાણી મૂળને પહોંચી શકે. જમીનપાણી અનુકૂળ હોય ત્યાં નાળિયેરી પાંચ વર્ષે, નહિતર સાત વર્ષે ફળે છે. એક એકર નાળિયેરનું વાવેતર કર્યું હોય અને તેમાં સાત વરસ ફળ આવતાં સુધી બાતર, પાણી વગેરે કરતાં બે હજાર રૂપિયાનું ખર્ચ થાય છે. અને પછીથી દર વરસે રૂપિયા ૮૦૦ની ઊપજ આપ્યા કરે છે જ્યારે રૂપિયા ૧૫૦૦ના ખર્ચ સુધી એક એકરની નાળિયેરી સાત વર્ષ સુધી ઉછેરી શકાય છે. મલબારી, ગવરબોરી, સિંગાપોરી, બોનાઈ એમ ઘણી જાતનાં નાળિયેર આવે છે. બોનાઈ નાળિયેર વામણાં છે. સિંગાપોરી નાળિયેર બહુ મોટાં થાય છે. એક નાળિયેરનું વજન આઠ શેર જેટલું થાય છે અને તેમાંથી દોઢ શેર જેટલું કોપરું નીકળે છે. આ ઝાડને ઝાળી હોતી નથી. તેનું થડ ચાલતું હોય છે અને તેને માત્ર બથાળે જ પાનનો ઘેરાવો હોય છે. પાનના ઘેરાવામાં ફળ આવે છે અને ફળની ગુમ થાય છે આ ઝાડ ૪૦ થી ૫૦ હાથ ઊંચું વધે છે. તેને બારમાસી ફૂલ આવે છે. દરેક ઝાડ પ્રતિવર્ષ પચાસો જેટલાં નાળિયેર આપે છે. આ ઝાડમાંથી ગોટા, મોજ, ઝારોટ, દોરડાં વગેરે બને છે. ટોચનો અને મૂળનો કૂણોકુણો ભાગ ખાવાના ઉપયોગમાં આવે છે. કાચલીમાંથી કોપરા બનાવાય છે. નાળિયેરીની કાથીમાંથી ગાદી, તકિયા, દોરડાં, ચટાઈ, ચાળણી વગેરે બનાવાય છે સાથુ બનાવવામાં તેના તેલનો ઉપયોગ થાય છે. નાળિયેરીનો ખોળ દોરને ખવરાવાય છે. કાચલીનું તેલ નીકળે તે ઔષધના ઉપયોગમાં આવે છે. સુકાયેલા નાળિયેરને ખાડી તેના ભુકામાંથી તેલ નીકળે છે. તેનાં પાન બે થી ચાર ફૂટ લાંબાં અને ઝાળી ઉપર સામસામાં સંબન્ધાબંધ હોય છે. ઊંની ઉપર જેમ પહેં ફૂટી નીકળે છે તેમ ફૂલ સબન્ધાબંધ થાય છે. તેને ત્રણ પાંખડી, છ પુંકેસર અને એક સ્ત્રીકેસર હોય છે

નાળિયેરી કેરી સ્ત્રી. એક જાતની કેરી.

નાળિયેરી પૂનમ સ્ત્રી શ્રાવણ સુદ ૧૫ શ્રાવણી પૂર્ણિમા. તે દિવસે દરિયામાં શ્રીફળ નાખવામા આવે છે, માટે તેને નાળિયેરી પૂનમ કહેવાય છે.

નાળિયેરો પું. ઊભખોદ નાળિયેરનો ગેલો. તેનો મુકો બને છે.

નાળી [સં. નાલી; પ્રા. ણાલી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નાળું ૧. [સં. નાલક] ન. ઝરનાળું.

૨. ન. નહેર; જલમાર્ગ; કાંસ.

૩. ન. નાની નદી.

૪. ન. નાળ; ગૂમડામાંથી પરૂ વહેવાની નળી.

૫. ન. પુલ; સેતુ.

૬. ન. વહેળો; આડી વગેરેનો પાણી જવાનો કાંટો; ચોકળો.

નાળો પું. પાણીમાં થતો એક જાતનો વેલો. જરીન લોકો તેનાં પાંદડાંનું શાક કરે છે.

નાસ્ય જુઓ નાળ.

નાં ૧. પું. (કચ્છી) નામ.

૨. ન. (બાહરણ) નાન્તરજાતિનો બહુ વિભક્તિનો બહુવચનનો પ્રત્યય.

નાંઈ અ. નહિ.

નાંકો ૧. પું. (કચ્છી) દરવાજો.

૨. પું. (કચ્છી) ચેહ.

નાંખ ૧. સ્ત્રી. ઊલટી; વમન; વાંતિ; ઓક.

૨. સ્ત્રી. નાખવું તે; ફેંકવું તે.

નાંખવું ૧. સ. ક્રિ. અન્ય ક્રિયાપદની સહાયમાં તે ક્રિયા ઝપાટાબંધ પૂરી કરવાનો અથવા કોઈ રહ્યું રહ્યું તે બધે તેમ પૂરી કરવાનો ભાવ બતાવે છે. જેમકે, ઝાપી નાંખ; લખી નાંખ.

૨. સ. ક્રિ. અંદર ઉતારવું; ઘાલવું. જેમકે, બોળ નાંખો તેટલું ગળ્યું થાય.

૩. [સં. નિક્ષિપ્; પ્રા. ણિક્ખિવ] સ. ક્રિ. ઉલેટવું; ફેંકવું; નાખવું.

નાખી મૂકવું–રાખવું = (૧) કાઢવા જેવુ હોય જ્યાં રાખવુ કે સબરવું. (૨) કર્ઝને સંધરી કે ભાગરી રાખવુ.

૪. સ. ક્રિ. કર કે વેરો બેસાડવો.

૫. સ. ક્રિ. કારીગરને ત્યાં તૈયાર કરાવવા સોંપવું. જેમકે, જોડા કપડાં નાંખવાં.

૬. સ ક્રિ. દૂર કરવું; બાજુ ઉપર રાખવું; પડતું મૂકવું.

૭ સ. ક્રિ. મૂકવુ. જેમકે, બાજુ પર હાથ નાંખ્યો.

નાંગણ સ્ત્રી. સાંકળ.

નાંગણ કહીએ નાળિયે, હાથી દેહમાં હોય
પણ બીજા પાજર હોય, સાંકળી જોવી સામળા.

નાંગર ૧. જી. નાવ; હોડી.
૨. જી. રબારીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. મોટું વજનદાર હળ.
૫. [સં. નાંગલ; દે. ણંગર] ન. લંગર; વહાણ અટકાવી રાખવા પાણીમાં નાખવામાં આવતો અંકોડો; વહાણની મોટી બિલાડી.
૬. ન. શેરડીના ચાવેતર માટે વપરાતું એક જાતનું હળ.
૭. વિ. એ નામની અટકનું.

નાંગરણ ન. ઓરવો; વહાણ નાંગરવાની જગ્યા.

નાંગરણું ૧. ન. ગ્રામણું.
૨. ન. નાગરણું; વાસણ ઊંચકવા કરાતો ગાળો.
૩. ન. હળને ખૂંસરી બાંધવાનું દોરડું.

નાંગરવાડો (નાંગરવાડે) જુઓ નાંગરણ.

નાંગરવું ૧. અ. ક્રિ. આવું કે સ્વપ્ન થવું.
૨. અ. ક્રિ. બળદનું બેસવું.
૩. સ. ક્રિ. ગતિ બંધ કરવી.
૪. સ ક્રિ ગાડવું; ખૂંપવું.
૫. સ. ક્રિ. જેતરવું; વાવણીમાંથી કોસ વડે પડ્યો કાઢવા માટે કોસને વરત, રાસડી સાથે બાંધવો.
૬. સ. ક્રિ. નાંગર નાખીને વહાણને ઊભું રાખવું; લંગરવું; વહાણ ખોભાવવું; ભરતીઓટમા હોડી કે વહાણ આ.મણખાળ તણાઈ જાય નહિ તે માટે નીચે જમીનમાં ખૂંટી જાય એમ દોર બાંધેલી બિલાડીથી રોકવું; ક્યાં સાથે બાંધવું.
૭. સ. ક્રિ. ભાગવું; ટુકડા કરવા.

નાંગરૂં સ. ક્રિ. ભાગવું; ટુકડા કરવા.

નાંગળ ૧. જી. અટકાવ; અવરોધ.
૨. જી. કરચલા અથવા વીંછીનો શિકાર પકડવાનો અંકોડો
૩. જી. વહાણની બિલાડી; નાંગર; લંગર.
ઊડાં જળ બેવાણ નાંગળા તટ્યા નાગડા.
ઝવેરચંદ મેઘાણી
નાંગળ નાખવું = લાંબા વખત માટે ઉતારો કરવો.
૪. જી. હળને ખૂંસરી બાંધવાની રાશ.

નાંગળવું જુઓ નાંગરવું

નાંગળું ૧. ન. કાણું; ગાજ; ભોરિયું પાડવાનું નાનું.
૨ ન હોકાની નાળને મજબૂત રાખવાની દોરી.

નાંગા ૧. [વિ.] પું. એક જાતનો નાગો સાધુ.
૨. વિ. નાગું; નગ્ન.

નાંગાઠવું (નાંગાડવું) સ. ક્રિ. બાજ ગોઠવી.

નાંગી ૧. પું. આદિવાસી વતની.
૨. [હિ.] વિ. જી. નગ્ન; નાગી.

નાંઢ જી. બિનવારસી મિલકત.
નાંઢ ઉપર જેવું = બિનવારસી મિલકતનો કબજો લેવો.

નાંઢવું ૧. અ. ક્રિ. બરાબ થવું.
૨. [સં. નષ્ટ] અ. ક્રિ. નષ્ટ થવું; નાશ પામવું

નાંઢાં પું. (બ૰બ૰) નામોશી.

નાંઢા [હિ.] પું. પુરુષી વજરનો બળદ, સર્પ કે પક્ષી.

નાંઢાં વિ. (બ૰બ૰) નાનું; મોટું નહિ એવું.

નાંઢા ૧. જી. વણિયા અને સોનીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાંત ૧. [સં. ન (નહિ) + અંત (છેડો)] વિ. અનંત; પાર વજરનું
૨. જા. શાંતિ; નિરાંતવાળું.
આગે આવ અબ ચાવે નાંત,
બાપવિ બાત હોને એકાંત. ભોટાદાસ

નાંતર ન. નાતો; સગપણ; સંબંધ.
યોગ વશ નાંતરે જેનું ત્યાં. દર્શનવિજય

નાંતરીયક [સં.] વિ. બીજું પરી ન જાય એવું; નિત્ય સબંધવાળું.

નાંતરીયકત્વ [સં.] ન. એકના અભાવે બીજાના અભાવરૂપ બાબિ.

નાંત્ર [સં.] ન. વખાણ; સ્તુતિ; તારીફ.

નાંધણું ન. ત્રાજવાની દોરી.

નાંધ ૧. [હિ.] જી. પાણી ભરવાનું ઊંડું પત્રના મોઢાનું માટીનું ગ્રામ.
૨. જી. શેરડીના રસની કોઠી બાજુ કૂંડી. ચીચોડાની સાથે આવી કૂંડી હોય છે.

નાંધઆબાદ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નાંધનબાગે પું. (બોગ) બહારંભથી નાભિ સુધીનો સુકુમાણનો ભાગ.

નાંધપરા ૧. જી. કડવા કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નાંધપુરાણ ન. એ નામનુ એક ઉપપુરાણ.

નાંધર જી. પ્રાણીના કેટલાક માંસલભાગ ઘાસ ઉપરનું સફેદ રંગનું પાતળું પડ.

નાંધરખ [સં. નંદીમુખ] જ. એક જાતનું ઝાડ. તેનાં પાન પીપરનાં પાન જેવાં હોય છે. આ ઝાડની છાયા ઘણી ઘટ્ટ હોય છે. તેની અંતરછાલ દવામાં વપરાય છે. કોચલિયા ઉપર નાંદરખનાં પાંદડાંનો રસ પ્રયોગ છે. તે ઉષ્ણ, સ્તંભક, પિત્તહર અને ક્રમ મનાય છે. વિષ અને રક્તદોષ ઉપર પણ તે ક્રમ આવે છે.

નાંધરખી જુઓ નાંદરખ.

નાંધરવું જ. પહેલા વરસાદથી ઊગેલું ત્રીજું ત્રીજું ઘાસ.

નાંધરવો પું. ચોમાસામાં થતી એક જાતની ભાજી; ઢીમડો.

નાંધરુખ જુઓ નાંદરખ.

નાંધરુખી જુઓ નાંદરખ.

નાંધવું ૧. અ. ક્રિ. અવાજ કરવો.
૨. [સં. નન્દ] અ. ક્રિ. આનંદિત થવું; ખુશ હોવું.
૩. અ. ક્રિ. ઢીલો બોલવાથી જવો.
૪. સ. ક્રિ. હોડી નાખવું.

નાંધિ ૧. જી. અવાજ.
૨. જ. એક જાતનું વાદ્ય. તે બજાવના મોંના આકારનું, ચામડાંથી મઢેલું, ચાર પડદાં જેટલા અવાજવાળું હોય છે.

નાંધિયાબાદ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નાંધિયો ૧. [સં. નન્દી] પું. નંદ; પોઠિયો; મહાદેવનો નંદી.
૨. પું. મહાદેવનો અશ્વ.
૩. પું. યુવાનઃ જુવાન છોકરો.

નાંદી ૧. [સં.] જી. અભ્યુદય; સમૃદ્ધિ; આબાદી; સંપત્તિ.
૨. જી. ઓલ્દના જમાતખાનામાં બંદગી પછી પ્રેમપૂર્વક અર્પણ થયેલ વસ્તુઓનું લીલામ.
૩. [સં. નન્દ્ (ખુશી થવું)] જી. મંગલાચરણ; નાટકના પ્રારંભમાં રાજા અથવા ઈશ્વરની સ્તુતિરૂપ કવિતા; નાટકને પ્રારંભે મંગળાચરણ માટે બોલવા યોગ્ય શ્રોતાઓને આશીર્વાદ દેતી અને નાટકના સારની સૂચના કરનારી કવિતા; કાવ્યના અર્થનું સૂચન કરનારો આશીર્વાદાદિ રૂપ કે નમસ્કારરૂપ શ્લોક; નાટક શરૂ કરતા પહેલાં સૂત્રધારથી બોલાતો આશીર્વાદવાળો પ્રારંભનો શ્લોક અથવા પદ્ય; નમસ્કાર કે વસ્તુનિર્દેશવાળો નાટકનો મંગલાચરણનો શ્લોક. નાટકમા વિઘ્નાદિ ન થાય એવા હેતુથી નાટકના પ્રારંભમાં સૂત્રધાર પ્રવેશ કરીને નાટકના અર્થનું સૂચન કરનારી,

આશીર્વાદરૂપ કે નમસ્કારરૂપ શ્લોક બોલે છે, જેને મંગળાચરણ નથી કહેતા, પણ નાંદી કહે છે. નાંદીમાં આઠ, દસ, બાર, અઢાર કે અત્રીસ શબ્દો હોય છે. આ શબ્દ નંદ એટલે ખુશી થવું ઉપરથી બનેલ છે. સંસ્કૃત નાટકમાં વિઘ્નશાંતિ માટે મંગલપાઠ બોલવાનો રિવાજ છે. સાહિત્યદર્પણ અનુસાર નાંદી આઠ અથવા બાર પદની હોવી જોઈએ. પણ ભરત મુનિએ દસ પદની પણ કહી છે. નાંદી પાઠ મધ્યમ સ્વરથી થવો જોઈએ.

આસની પહેલાં જેનો વિનાશ હતો છે, સૂત્રધાર નાંદી કરે. પછી સ્વાપક આશી સ્તુતિ કરે અને નાટકની સ્થાપના કરે. પુરાતત્ત્વ

૪. સ્ત્રી આશ આપવું તે

૫. ન. એક જાતનું ઘાસ. તેના કેવડાઓને તથા પિતૃઓને પ્રસન્ન કરવામાં આવે છે.

૬. ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં નિષાદ અને ઋષભ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

૭. ન. સ્વસ્તિક; સાથિયો.

નાંદીઃ ૧. [સં.] પું. તોરણસ્તંભ.

૨. પું. નાંદીમુખ શ્રાદ્ધ.

નાંદીકર [સં.] પું. નાટક વગેરે કાવ્યમાં નાંદી કરનાર સૂત્રધાર; નાંદીપાઠક; નાંદીવાદી.

નાંદીક્ષોભ [સં.] પું. ક્ષોભ વગેરેનો ખુશીનો

નાંદીપદ [સં.] પું. કૂવાનું ઢાંકણ

નાંદીપાત્ર ન. તુંબીપાત્ર; જળપાત્ર.

નાંદીપુર સ્ત્રી. ગુજરાતમાં આવેલા નાંદોદ શહેરનું જૂનું નામ.

નાંદીપુરી જુઓ નાંદીપુર.

નાંદીમુખ [સં] ન એક પ્રકારનું વૃદ્ધિશ્રાદ્ધ. પુત્રજન્મ, વિવાહ વગેરે શુભ અવસરે કરવામાં આવતું એક અભ્યુદયિક શ્રાદ્ધ; નાંદીશ્રાદ્ધ; નિર્ણયસિંધુમાં લખ્યું છે કે: પુત્ર કે કન્યાના જન્મ, વિવાહ, ઉપનયન, ગ્રહપ્રવેશ, વૃદ્ધિ, પુત્રવધૂ, તડાગાદિ પ્રતિષ્ઠા, રાજ્યાભિષેક, અશ્વપ્રાશન ઇત્યાદિમાં નાંદીમુખ શ્રાદ્ધ કરવું જોઈએ. વૃદ્ધિ ન હોય તો એ શ્રાદ્ધ કરવું જ જોઈએ. જે કાર્યથી અભ્યુદય કે વૃદ્ધિની સંભાવના હોય તેમાં પણ આ શ્રાદ્ધ કરવું જોઈએ. પહેલા માતાનું, પછી પિતાનું, પિતામહ, માતામહ આદિનું. બીજું શ્રાદ્ધ મધ્યાહ્નમાં કરવામાં આવે છે, પરંતુ આ શ્રાદ્ધ પૂર્વાહ્નમાં થાય છે. પુત્રજન્મમાં વપ્રક્રિયાનો નિયમ નથી.

નાંદીમુખી ૧. [સં] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ: પ્રસંત. તે ત્રણેરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે તગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષરો હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે.

ન ન ત ત ગ ગ થી સાત નાંદીમુખીમાં. જયકિશન

૨. જુઓ નાંદીશ્રાદ્ધ.

નાંદીવાદી ૧. [સં. નાંદીવાદિન્] પું. નાંદી બોલનાર માણસ; નાટકનો મુખ્ય નટ; સૂત્રધાર.

૨. પું. નાંદીને માટે ભેરી વગેરે વગાડનાર નટ.

નાંદીવેલો પું. તુલસીક્યારાની જગ્યા પાસે ઓરમાં આવેલો એ નામનો એક કુંવર. આ કુંવરની આજુબાજુ અને તેની તળેટીમાં વસ્તી નેસ છે.

નાંદીશ્રાદ્ધ [શ્રા] ન મંગળ સમારંભની શરૂઆતમાં પિતૃઓની પ્રસન્નતા માટે કરવામાં આવતું શ્રાદ્ધ; નાંદીમુખ.

નાંદોદ [સં નન્દપદ] ન. ગુજરાતનું એ નામનું એક શહેર.

નાંદોદરા ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. ન એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નાંદોદી વિ નાંદોદનું.

નાંદોરા ૧. સ્ત્રી. આહલ્યની એ નામની એક જાતિ

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩ વિ એ નામની જાતિનું.

નાંધંત [સં.] પું. નાંદીનો ઉચ્ચાર.

નાંદુકપદ (નાંદુપદ) જુઓ નાંદ્રી.

નાંદુરી ન. એક પ્રકારનું મોટું ઘોળીતું ઝાડ.

નાંધ સ્ત્રી. (કચ્છી) દાણો ભરવાની કોઠી; નાદ.

નાંધડવું (નાંધડવું) જુઓ નાંધડિયું.

નાંધડિયું (નાંધડિયું) ૧. વિ. આધાર; આધાર વિનાનું

૨ વિ. નાનું; નાધડું.

નાંધડી સ્ત્રી. પુત્રી; દીકરી; છોકરી; છોડી.

નાંધડું વિ. નાનું; બચ્ચા.

નાંધુ સ્ત્રી. મિશ્રણમાં; વધારણી સ્ત્રી.

સવારે સૌ સોઈ, ગોકલ્યે આવે ગાંધર
(પણ) સાંજ ન થેરે કોઈ, નાંધુ પણની નાગડા.
નાગ–નાગબહેનો દુહો

નાંનડું (નાંનડું) વિ. પણું નાનું.

નાંપો પું. (કચ્છી) મૂર્ખ.

નાંબુદી ૧. સ્ત્રી. મલબારમાં વસતી બ્રાહ્મણની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

નાંભ ન. માસિક અતૌચ આવ્યા પહેલાં થતી રહી જવારનું બાળક. આવા બાળકને વીજળીની અસર તરત થતી હોવાનું કહેવાય છે.

નાંયાં ૧. [હિં.] પું. ખુડદો; પરચૂરણ નાણું.

૨. પું. ચીજની કીમત.

૩. પું. નામ.

૪ ન. બ. ક. પાકી થયેલા પૈસા.

નાંયાં ચૂકવવા = નામું ચોખ્ખું કરવું; હિસાબ બરપાઈ કરવો.

નાંહ ૧. [સં. નાથ] પું. સ્વામી; પતિ.

૨. સ્ત્રી. ના પાડવી તે.

૩. સ્ત્રી. પ્રતિનિધિ; અઠવાડ.

૪. સ્ત્રી. બોલ્યા પછી ઇન્કાર કર્યું તે.

૫. સ્ત્રી. મત ચુકવે પડવો તે; વિરુદ્ધ કર્યું તે.

૬. અ. નહિ.

નિ ૧. પું. (સંગીત) નિષાદ સ્વરનો સૂચક.

૨. [સં.] અ. (ઉપસર્ગ) અભાવ, અદેહ, નીચે, સંધ, નિત્ય, જાગરણ, બંધન, અંતર્ગત વસુ, પાસે, દર્શન, ઉપરમ, આધાર, સંહરણ, નિંદા, દાન, મોક્ષ, વિન્યાસ, નિષેધ, અભાવ તથા નિશ્ચય એવા અર્થમાં વપરાતો ઉપસર્ગ.

૩. અ. (જા. પ્ર.) અને

આંસુ ઉભાયે નહિ નિ, મન થયું અતિ ખિન્ન.
ભાલણ

૪. અ. ક્રિયાપદ અને નામની આગળ જુદા જુદા અર્થમાં લગાડાતો પૂર્વપ્ર: (૧) નીચે, તળે, અંદર. જેમકે, નિપાત, નિમજ્જ. (૨) સમૂહ, ગાઢતા, અતિશયતા. જેમકે, નિકુંજ, નિગડ, નિગૂઢ. (૩) ચોકસપણું, ભારપૂર્વકતા. જેમકે, નિર્ણાયક. (૪) નિરૂ, નિશ્ચ એ સંસ્કૃત પૂર્વપ્રોના રૂપ તરીકે પહાર જેવા અર્થમાં. જેમકે, નિશ્વાસ. (૫) અભાવ, ઓછપ. જેમકે, નિર્લાજ્જ, નિર્બુદ્ધિ, નિર્ધડક.

નિઅમ (નિઅડ) ૧ પું. નેસ; ભરવાનું ગૂંપડું.

૨. [સં. નિકટ; પ્રા. નેઅડ] વિ. નજીકનું; પાસેનું.

નિઅમત ૧. [અ. નેઅમત] સ્ત્રી. આશીર્વાદ.

૨. સ્ત્રી. કૃપા.
૩. સ્ત્રી. હોબાત; પૈસો.

નિઅર ૧. [સં. નિકટ] વિ સમાન; તુલ્ય.
૨. અ. પાસે; સમીપ.

નિઆરણો પું. તુલસીનો છોડ, તેનાં પાનનો રસ કાનમાં રેડવાથી બાળાનો દુખાવો મટે છે અને મનુષ્યપ્રકૃતિ વધે એમ મનાય છે.

નિઆરી [સં. નિઃ (વિનાનું) + અર્થ (પૈસો)] સ્ત્રી. ધનહીનતા; દરિદ્રતા; ગરીબી.

નિઆહર ૧. પું. અપમાન.
૨. પું. ઠપકો.

નિઆન ૧. [સં નિદાન] પું. અંત; પરિણામ.
૨. અ. અંતમાં; આખરે.

નિઆમત ૧. [અ. નેઅમત] સ્ત્રી. આશીર્વાદ
૨. સ્ત્રી. મિષ્ટાન.
૩. સ્ત્રી. સારો અને બહુ કીમતવાળો પદાર્થ; અલભ્ય પદાર્થ.

નિઆંગણું વિ. નાજુક; સુકોમળ.

નિણી વિ (જુ. ગુ.) નેવું; ૯૦.
નિણે સહસ શીમાણી વહ્યાં,
મંદિર મોહાં સોહામણાં.
જાવડશસમય

નિક વિ મોટું; ઓછું.

નિકચ્ચા સ્ત્રી. તિરસ્કાર; ધિક્કાર.

નિકટ ૧. [સં.] વિ. પાસેનું; સમીપનું; નજીકનું.
૨. વિ. સબંધમાં બહુ અંતર ન હોય એવું, નજીકના સબંધવાળું.
૩. અ. પાસે; નજીક; સમીપ.
૪. અ. લગભગ; ગુમારે; આશરે

નિકટતમ [સં.] અ. સૌથી નજીક; સૌથી પાસે.

નિકટતર [સં.] અ. વધારે નજીક.

નિકટતા [સં.] સ્ત્રી. સમીપતા; સામીપ્ય; પાસેપણું

નિકટદૃષ્ટિ [સં.] સ્ત્રી. અલ્પ દૃષ્ટિ; ટૂંકી નજર; 'શૉર્ટ સાઈટ.'

નિકટપણું જુઓ નિકટતા

નિકટભાવી વિ. (જૈન) થોડા વખતમાં મોક્ષ પામનાર.

નિકટવર્તી ૧. [સં. નિકટવર્તિન્] પું. પાડોશી
૨. વિ. નજદીકનું; પાસેનું; નજીક રહેનારું.
૩. વિ. નજીકનો સંબંધ ધરાવનારું.

નિકટવર્તીનો અર્થ જાની પાસે આવીને રહ્યો છે, એનો ખ્યાલ છે. નિકટ બે પ્રકારે છે: (૧) કોરેનિકટ, (૨) પ્રોરેનિકટ. આકાશ અક્ષાત્ જાની પાસે આવ્યો છે તે કોરેનિકટ અને અંતરથી સમજણની એની તૈયારી છે તે પ્રોરેનિકટ.
સમયસારના પ્રથમ પ્રવચનો

નિકટસ્થ જુઓ નિકટવર્તી.

નિકટોપકારી [સં. નિકટ (નજીક) + ઉપકારિન્ (ઉપકાર કરનાર)] વિ. ઉપકાર કરનારામાં નજીકનું.

નિકત ૧. વિ. નજીકનું; પાસેનું.
૨. અ. પાસે; નજીક.

નિકતી [સં. નિમ્ન + મિતિ] સ્ત્રી. નાનું ગાજવું; નાનો ઢાંકો.

નિકને ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નિકપટ ૧. [સં. નિષ્કપટ] વિ. બરાબર ચાલું.
૨. સં. નિષ્કપટી; પ્રામાણિક.

નિકરમા ૧. [વિ.] વિ. અનીતિવાળું; અન્યાયી.
૨. વિ. અરસાળું; ફળદ્રુપ નહિ એવું.
૩. વિ. કામચું.
૪. વિ. કદરૂપું; બેડોળ.
૫ [સ નિષ્કર્મ] વિ કામધંધો ન કરનાર; બેકાર
૬. વિ. કામમાં ન આવે તેવું; અનુપયોગી; નકામું
૭. વિ ચારિત્ર્ય.
૮ વિ. ભોળવાનું, ઠગવા જેવું
૯ વિ. તોફાની.
૧૦ વિ દયા વગરનું.
૧૧ ન. નાપસંદ; અણગમતું.
૧૨. ન ખાલસ્યુ. ખોબો.
૧૩. સ્ત્રી. દુષ્કાળ; અછત.

નિકરમી જુઓ નિકરમા.

નિકર ૧. [સં] પું નિધિ, ભંડાર.
૨. પું. ન્યાયથી દેવા જેવા ધન.
૩. પું. રાશિ; ઢગલો.
૪. પું. સમૂહ; ટોળું; સમુદાય.
સમુદય બાદ સનૂહ મત્ર પ્રકર નિકર નિકુરંબ,
પદ પૂગ બટલ ચમ સંચય નિચય કદંબ.
પિંગલપ્રકોષ
૫. પુ. સારું, સરસ
૬. અ. પાસે, નજીક.

નિકરણ ૧. ન. કારણ; હેતુ
૨. ન. કુળ ઉત્પન્ન કરનાર તે.
૩. ન. નિશ્ચય; નિર્ણય

નિકરણું અ. ક્રિ. (કચ્છી) નીકળવું

નિકરિત ૧ વિ. બળદના સારમાંથી બનેલું
૨. વિ જાણી રીતે શુદ્ધ કરેલ; શોધન કરેલું; ગાળીને શુદ્ધ કરેલ.
૩. વિ સંસ્કાર કરેલ.

નિકરિસ (નિકરિસ) [અ.] પું. એક જાતનો ઘાનો રોગ; સંધિવા.

નિકરીસી [હિ.] પુ. ઘોડા ઉપર સવાર થયેલ ઘરરાજા.

નિકર્મા [સં. નિષ્કર્મા] વિ કામ ન કરે તેવું; આળસુ.

નિકર્ષ પું પરસ્પર મેળાપ કરવો તે.

નિકર્ષણ ૧. [સં.] ન. ગામની પાસે કે ગામની નજીક રમવાની ખુલ્લી, નહિ ખેડેલી જમીન.
૨. ન. ઘરની પાસેનો ચોરો.
૩. ન. પડોશ.
૪. વિ. બેડા વિનાનું.

નિકલ [અં.] સ્ત્રી સુરમો, કોપલો, લોપદ વગેરે સાથે મળેલી આબુમાંથી મળતી એક જાતની કઠણ ધાતુ. શુદ્ધ કરતાં તે ચાંદી જેવી લાગે છે. તે બહુ કઠણ હોય છે અને જલદી ઘસાતી નથી. લોઢાની માફક તે ચુંબકશક્તિને અટકાવે છે અને ૧૭૫૧માં એક જર્મને આ ધાતુની શોધ કરી. તેને શુદ્ધ કરવી એ બહુ કઠણ કામ છે. તાંબાની સાથે ભેળવવાથી. તે વિલાયતી ચાંદી જેવી લાગે છે. ઝેલ્યુમિનમની સાથે ભેળવવાથી તે બહુ કઠણ બને છે. આ ધાતુ કેનેડાર, રશ્યાના, સિલ્વરડીપમાં મોટા પ્રમાણમાં મળે છે બીજા પ્રમાણમાં મળવાથી તેનું મૂલ્ય અધિક છે તેથી તે નાના સિક્કાઓ બનાવવાના કામમાં લેવાય છે. તેના ઉપર પાણી કે હવાની કાંઈ અસર થતી નથી

નિકલંક [સં. નિષ્કલંક] વિ. કલંક રહિત; દોષ વગરનું; નિર્દોષ; ડાઘ રહિત.

નિકલંકી [સં. નિષ્કલંક] પું. કલ્કિ અવતાર; કલિયુગના અંતમાં થવાનો વિષ્ણુનો એ નામનો દશમો અવતાર.

નિકશિશા [સ.] સ્ત્રી. ધિક્કારવું તે.

નિકષ ૧. [સ] પુ. કસોટી; કસોટીનો પથ્થર; સોનું પારખવાની કસોટી.
૨. પું. કસોટી ઉપર ચડાવવાનું કામ કરવું તે.
૩. પું. રેખા.
૪. પું. સરાણ; ધાર કાઢવાનો પથ્થર; નિસરણી.

નિકષણ ૧. [સ.] ન. કસોટી ઉપર ચડાવવાનું કામ.

૨. ન. ઘસવાનું કે રગડવાનું કામ.
૩. ન. સરાણ ઉપર ચઢાવવાનું કામ.

નિકષપાષાણ જુઓ નિકષશિલા.

નિકષશિલા ૧. [સં.] સ્ત્રી. કસોટીનો પત્થર.
નિકષશિલા મુજ ! રમરી રમરી,
દુજ પર પોથી કઈ કઈ રેખા.
બોબર્મનશામ
૨. સ્ત્રી. સરાણનો પત્થર.

નિકષા ૧. [સં.] સ્ત્રી. રાક્ષસોની માતા.
૨. સ્ત્રી. (પુરાણ) સુમાલિની કન્યા અને વિશ્રવાની પત્ની એક રાક્ષસી. તેના ગર્ભથી રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ ઉત્પન્ન થયા હતા.
૩. અ. નજીક; પાસે.
૪ અ. વચ્ચે.

નિકષાત્મજ [સં.] પું. રાક્ષસ.

નિકષાસુત જુઓ નિકષાત્મજ.

નિકષોપલ ૧. [સં. નિકષ (કસોટી) + ઉપલ (પત્થર)] પું. કસોટીનો પત્થર.
૨. પું. સરાણનો પત્થર.

નિકષ જુઓ નિકષ.

નિકસાવવું સ. ક્રિ. નિકાસનું; નીકસે એમ કરાવવું.

નિકંદક [સં. નિકન્દક] વિ. નિકંદન; આખુંય વિનાનું; મૂળોથી ઉખેડી નાખનારું

નિકંદનગિરિ [સં.] પું. હાથના આકારનું ઝગારું ઝાડ.

નિકંદ ૧. [સં.] પું. ઉચ્ચાટન; નાશ; સંહાર.
૨. પું. એક જાતનો યોનિરોગ.

નિકંદક [સં.] વિ. નાશ કરનાર.

નિકંદન [સં.] ન. સમૂળો નાશ; જડમૂળથી ઊખડી જવું તે; કચ્ચરઘાણ નીકળી જવો તે; વિનાશ.
૧. નિકંદન કાઢવું = જડમૂળથી નાશ કરવો.
૨. નિકંદન જવું = સમૂળો નાશ થવો; નિર્વંશ જવું; કચ્ચરઘાણ નીકળી જવો.

નિકંદનકારક [સં.] વિ. નાશ કરનાર.

નિકંદનવાદી જુઓ નિકંદનકારક.

નિકંદની વિ. નિકંદન કરનાર; નાશ કરનાર.

નિકંદરોગ [સં.] પું. એ નામનો એક યોનિરોગ.

નિકંદવું સ. ક્રિ. નખોદ કાઢવું; સમૂળો નાશ કરવો; જડમૂળથી ઉખેડી નાખવું; કચ્ચરઘાણ વાળવો.

નિકા ૧. પું. જંઘામાં થતી એક જાતની વનસ્પતિનું ફળ. તે ગોરસલીના ફળ જેવું પણ જરા મોટું હોય છે. તેની કાચરી કરી તળીને ખાવામાં આવે છે. કાચરી સ્વાદુ અને છે.
નિકાની કાચરી = નિકા નામના ફળના બીજું ચડાવી સૂકવેલા કટકા.
૨. [અ. નિકાહ] પું. નેકા; લાદી; લગ્નસંબંધ વિવાહ; લગ્ન.
૧. નિકા કરવો = પરણવું.
૨ નિકા પઢવા = (૧) મુસલમાની વિધિએ લગ્નકરાર કરવા. (૨) લગ્ન કરવાં.
૩. નિકા પઢાવવા = લગ્ન કરાવવાં; લગ્નક્રિયા કરાવવી.
૩ (નિકા) [અ.] સ્ત્રી. નિર્દોષપણું; પવિત્રતા.
૪. વિ. પવિત્ર સાફ.
૫. વિ. સદ્‌ગુણી; સાફ.
૬. વિ. સુંદર; ખૂબસૂરત.

નિકાઈ ૧. સ્ત્રી. આબાદી.
૨. (નિકાઈ) [અ.] સ્ત્રી. ખૂબસૂરતી; સૌંદર્ય; સુંદરતા.
૩. સ્ત્રી. બેતરમાથી નકામા છોડ કાઢવાની ક્રિયા.
૪. સ્ત્રી. બેતરમાથી નકામા છોડ કાઢી નાખવાની મજૂરી
૫. સ્ત્રી. પવિત્રતા.
૬. સ્ત્રી. ભલાઈ; સારાપણું.

નિકાઉલી પું. (સંગીત) કવ્વાલ તરફ વપરાતા સોળ માત્રાનો ઊભો શ્રુતિ સ્વર.

નિકાચન વિ. મજબૂત; દૃઢ.

નિકાચિત ૧. ન. (જૈન) કર્મનું નિષ્ફલ બંધન; ભોગવ્યા વિના છૂટે નહિ તેવો મજબૂત કર્મબંધ.
૨. વિ. નિયમિત; અવશ્યભાવિ.
૩. વિ. નીવડ; તોડવું છૂટે નહિ એવું; અવિચ્છિન્ન
૪. વિ. દૃઢ, ઉદાહરણ વગેરેથી સિદ્ધ કરેલું.

નિકામજ વિ. નકામું; બેકામ.

નિકાત (નિકાત) ૧. [અ. નુકતાનું બ. વ.] પું. ટપકાં; બીંદાં.
૨. પું. માર્મિક રહસ્ય; રમુજી ઉપહાસ્ય.

નિકાબ (નિકાબ) [અ.] પું. મુખપટો; પડદો.

નિકાબદાર (નિકાબદાર) [અ.] વિ. મુખપટો પહેરનાર; મુખપટાવાળું.

નિકાબપોશ (નિકાબપોશ) જુઓ નિકાબદાર.

નિકામ ૧. પું. પ્રાપ્ત.
૨. ન. નિશ્ચય; નિર્ણય.
૩. [સં.] વિ. અત્યંત; અતિશય; બહુ.
૪. વિ. અનીતિવાળું; અન્યાયી.
૫. વિ. અસલાયક; ફળદ્રુપ નહિ એવું.
૬. વિ. ઇષ્ટ; અભિલષિત.
૭. વિ. ઉપયોગમાં ન આવે એવું; નકામું.
૮. વિ. કામ.
૯. વિ. કદરૂપું.
૧૦. વિ. બરાબર; પૂરું.
૧૧. વિ. ચોરિયું.
૧૨. વિ. બેખબરી.
૧૩. વિ. નકામું.
૧૪. વિ. નાપસંદ; અણગમતું.
૧૫. વિ. બેકાર; કામ વિનાનું.
૧૬. વિ. બેરહમ; દયા વગરનું.
૧૭. વિ. મસ્તીખોર; તોફાની.
૧૮. વિ. બેફિક્ર; પર્વાસ.
૧૯. વિ. લાજબુ; ભોળી.
૨૦. અ. બસ; નિષ્પ્રયોજન; કારણ વગર.

નિકામના સ. ક્રિ. આડે માર્ગેથી બીજે નામનું બીજે કરવું.

નિકામા વિ. નકામું; બેકાર.

નિકાય ૧. પું. અભ્યાસ; ખંત; પ્રકરણ; વિભાગ.
૨. પું. (જૈન) આવશ્યક; અવશ્ય કરવા જેવું અનુષ્ઠાન.
૩. પું. જથ્થો; સમૂહ.
૪. પું. ખાનિ; ખાણ.
૫. પું. દેવલોક; સ્વર્ગ.
૬. [સં.] પું. નિવાસ; મુકામ; રહેઠાણ; ઘર; નિલય.
૭. પું. પરમાત્મા.
૮. પું. (જૈન) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ ૬ પ્રકારના જીવોનો સમૂહ.
૯. પું. મોક્ષ.
૧૦. પું. હકીકત; હેતુ.
૧૧. પું. શરીર.
૧૨. પું. સજાતીય પ્રાણિસમૂહ.
૧૩. પું. સમુદાય.
૧૪. ન. ઉચ્ચનીચનો તફાવત ન રાખવું પ્રજાતંત્ર.
૧૫. વિ. અત્યંત; પૂર્ણ; અતિશય.

નિકાયતન ન. અંધારું.
અંધ તામિસ્ર નિકાયતન ખાંહ પૂહર ચિકાર,
ચિમિર મારગે નાસરો લાઈ વદન હજિયાર.
ચિન્તામણિ

નિકારું ન. મકાનની દીવાલમાં બહાર ઉપસાવેલ આકૃતિ.

નિકાર ૧. પું. અપકાર.
૨. પું. અપમાન; માનહાનિ.
૩. પું. ધ્વંસ કરવો તે.
૪. પું. તિરસ્કાર.

૫. પું. નિકા; ગાળ.
૬ પું નીકળવાનું દ્વાર; નિકાસ.
૭. [સં.] પું. પરાજય; હાર.
૮. પું વિરુદ્ધતા; સામા થવું તે.
૯. પું. કેરડીનો રસ.

નિકારણ ૧. [સં.] ન. મારવું તે; વધ; મારણ.
૨. અ. (જૂ. ગુ.) બદલ કે કારણે.

નિકાલ ૧. પું. અંત; છેડો; છુટકારો; ઉપટ.
૨. પું. કુસ્તીનો એક દાવ. તેમાં આપણો જમણો હાથ હરીફની ડાબી બાજુથી તેની ગરદન ઉપર પહોંચાડી આપણા ડાબા હાથથી હરીફના જમણા હાથને ઊંચે કરવામાં આવે છે અને પછી કુસ્તી કરી તેના જમણા હાથ તરફ નમી આપણી જાતીથી તેની ડાબી પાંસળીઓને પકડો મારી આપણો ડાબો હાથ તેની જમણી બંધમાં બહારની તરફથી નાખી તેને ચીત કરવામાં આવે છે.
૩. પું. કુસ્તીમાં હરીફની બાતમાથી બચી જવાય તેવી યુક્તિ.
૪. પું. ગૂંચવણનો અંત લાવવો તે; તોડ; નિવેડો; સમાધાની; બંધ પડેલું ખુલ્લું કરવું અથવા ચૂંથવાયેલું હોની જાગ્યા વધે તેમ કરવું તે.
૧. નિકાલ આણવો-કરવો-લાવવો = (૧) છેડો લાવવો. (૨) નીકળવાનો માર્ગ કરવો. (૩) પતાવટ કરવી; તોડ લાવવો.
૨. નિકાલ કરી નાખવો = (૧) પતાવી દેવું. (૨) મારી નાખવું.
૩. નિકાલ થવો = (૧) ઘટતી જોઈને પ્રસન્ન થવો. (૨) નીકળવાનો માર્ગ થવો. (૩) પતાવટ થવી.
૫. પું. નિકાસ.
૬. પું. નીકળવાનો માર્ગ.
૭. [સં નિર્ + કૃત (કર કરવું)] પું. કાઢ્યો; ફેંસલો; કરાર; ચુકાદો.
૮. પું. રસ્તે બહાર નીકળી આવવું તે.
૯. [સં. નિષ્કાસન] પું. અવસ્થા.

નિકાલવું ૧. [સં. નિષ્કાસન] સ. ક્રિ. બહાર કરવું; બહુ કરવું.
૨. સ. ક્રિ. છેડો કરવો.
૩. સ ક્રિ. ઉત્પન્ન કરવું.
૪. સ. ક્રિ. કાઢવું; બહાર જવું.
૫. સ. ક્રિ. આપવું. પ્રકાશિત કરવું.
૬ સ ક્રિ છેડવું; અંત કરવું.
૭. સ. ક્રિ. નષ્ટ દેવું.
૮ સ ક્રિ કન્યા કાઢવા.
૯. સ ક્રિ. પસંદ કરવું.
૧૦. સ. ક્રિ. બતાવવું.
૧૧. સ. ક્રિ. બહાર કાઢવું.
૧૨. સ. ક્રિ. બાદ કરવું.
૧૩. સ ક્રિ. શોધ કરવી.
૧૪. સ ક્રિ. સત્ત્વ કાઢવું.
૧૫. સ. ક્રિ. સિદ્ધ કરવું; ફળીભૂત કરવું.
૧૬. સ. ક્રિ. ચોમેરું કાઢવું; પાર કરવું.

નિકાલી વિ. નિકાલને લગતું.

નિકાસ ૧. પું. આમદાની; આય.
૨. પું. આમદાનીનો રસ્તો.
૩. [સં.] પું. પ્રકાશ
૪. પું. બંધનું મૂળ.
૫. પું. સંકટ કે કઠણાઈમાંથી નીકળવાની યુક્તિ; બચાવનો રસ્તો; રક્ષાનો ઉપાય.
૬. સ્ત્રી. ગરનાળું.
૭. સ્ત્રી. ગામને અડીને જમીનનો ખુલ્લો પ્રદેશ.
૮. સ્ત્રી. દ્વાર; દરવાજો.
૯. સ્ત્રી. પેદાશ; ઉત્પન્ન.
૧૦. સ્ત્રી. બહાર નીકળવાની ક્રિયા અથવા ભાવ.
૧૧. સ્ત્રી. મૂળસ્થાન; ઉદ્‌ગમ.
૧૨. સ્ત્રી. રક્ષાનો ઉપાય; સંકટમાંથી નીકળવાની યુક્તિ.
૧૩. સ્ત્રી. પેદાશ માલ વગેરેનું પરદેશ જવું તે. નિકાસ પેપાર = પરદેશ માલ મોકલવાનો પેપાર.
૧૪. સ્ત્રી. પેદાશ; આપત્ત.
૧૫. સ્ત્રી. શરૂઆત; પ્રારંભ.
૧૬. સ્ત્રી. સત્ત્વ; સાર.
૧૭. સ્ત્રી. સરહદ; સીમાડો.
૧૮. સ્ત્રી. સ્થિતિ; હાલત.
૧૯ સ્ત્રી. હિસાબની ચોખવટ.

નિકાસકર વિ. નિકાસ કરનાર.

નિકાસગલી સ્ત્રી. મેલું પાણી વગેરેનો નિકાસ કરવા માટેની સંકડી નેળ; ગટર.
☞ નગરનિયમોમાં ગાળાના લાગમાં **નિકાસગલી** હોય ત્યાં તેની ગણતરી બહુ રીતે થઈ છે.
વહનિયમ

નિકાસગૃહ ન. માલ બહાર મોકલવાનું સ્થળ.

નિકાસજકાત સ્ત્રી. માલ પરદેશ જાય તે ઉપર લેવાનો કર.

નિકાસા તહસીલ પું. જેમાંથી પાકેથી મળતી જાગીરની કુલ પેદાશની હકીકત.

નિકાસનવીસ પું. જમીનદારી કચેરીનો એક અમલદાર. તે બધા હિસાબ લે છે અને તપાસે છે

નિકાસનવીસી સ્ત્રી. નિકાસ કરવાની ફાજની ચિઠ્ઠી.

નિકાસપત્ર ૧. પું. જમાખર્ચ અને બચતના હિસાબનો કાગળ.
૨. જુઓ નિકાસ તહસીલ.

નિકાસબંદી સ્ત્રી. નિકાસ ઉપરનો પ્રતિબંધ.

નિકાસી ૧. [સં. નિષ્કાસિત; પ્રા. નિક્કાસિઅ] વિ. નિકાસ કરનાર.
૨. વિ નિકાસ કરવા જેવું.
૩. વિ નિકાસ માટેનું.

નિકાષ [સં.] પું. સરાણ, કસોટી વગેરે ઉપર ઘસવું તે.

નિકાસ જુઓ નિકાસ.

નિકાસકર જુઓ નિકાસકર.

નિકાસગલી જુઓ નિકાસગલી.

નિકાસગૃહ જુઓ નિકાસગૃહ.

નિકાસજકાત જુઓ નિકાસજકાત.

નિકાસ તહસીલ જુઓ નિકાસ તહસીલ.

નિકાસનવીસ જુઓ નિકાસનવીસ.

નિકાસનવીસી જુઓ નિકાસનવીસી.

નિકાસપત્ર જુઓ નિકાસપત્ર.

નિકાસબંદી જુઓ નિકાસબંદી.

નિકાસવું ૧. સ. ક્રિ. છેડ કરવો.
૨. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.
૩. સ. ક્રિ. કાઢી નાખવું.
૪. સ. ક્રિ. દાણા કાઢવા.
૫. [સં. નિર્ + કૃત (કર કરવું)] સ ક્રિ. નિકાસ કરવી; પરદેશ મોકલવું.
૬. સ ક્રિ. પસંદ કરવું.
૭. સ. ક્રિ. બહાર કાઢવું.

નિકાસસૂચના સ્ત્રી. ઓઢી દેવાની સૂચના; ખાલી કરવાની સૂચના.

નિકાસી ૧. સ્ત્રી. બહાર માલ ઉપર બેસાતું દાણ.
૨. સ્ત્રી. નદીના કાંપથી થયેલી જમીન.
૩. સ્ત્રી. પાટ; ગરનાળું.
૪ સ્ત્રી. પેદાશ.
૫. વિ. નિકાસ કરનાર.
૬. વિ. નિકાસ કરવા જેવું; નિકાસ માટે યોગ્ય.
૭. વિ. નિકાસ માટેનું

નિકાસી છંદમ [હિ.] પું. તર્કશાસ્ત્ર.

નિકાસી કોઠી સ્ત્રી. સરાસોમાં આવતી રીતે લેવાદેવડ કરી હિસાબ કરવાનું સ્થળ.

નિકાસીચિઠ્ઠી [હિં] સ્ત્રી. માલ બહાર લઈ જવાનો પરવાનો.

નિકાસીપક્ષી જી. ચોખ્ખી આવક.

નિકાસીપુખ્તા જુઓ નિકાસીપક્કી.

નિકાસીવિદ્યા જી. માલ ખલાસ કરવા માટે વેગળું કરવું તે.

નિકાસ્તા [હિ.] પું. થાંભલો.

નિકાહ જુઓ નિકાહ ૨.

નિકાહખ્વાની [જા. નિકાહ (લગ્ન) + ખ્વાની (વાંચવાં તે)] જી. લગ્નક્રિયા.

નિકાહતા વિ. પરણેલું; લગ્ન થયેલું.

નિકાહનામું ન. લગ્નકરાર; લગ્નનો દસ્તાવેજ.

નિકાહપઢાઈ જી. લગ્નની દસ્તૂરી.

નિકાહરજિસ્ટર ન. લગ્નનોંધણીનું પત્રક.

નિકાહરજિસ્ટ્રાર પું. લગ્નની નોંધણી કરનાર અમલદાર

નિકાહી જી પરણેલી સ્ત્રી

નિકાહોસાની પું. પુનર્વિવાહ; બીજું લગ્ન.

નિકાળો ૧. પું. આંખ ઉપરનો ઉપસેલ ભાગ.

૨. પું. મકાનની દીવાલમાં બહાર ઉપસાવેલ આકૃતિ; ભીંત બહારનો બહાર રાખેલ ભાગ. ગૃહવિજ્ઞાનમાં લખ્યું છે કે: નિકાળાવાળી દીવાલમા ભારીભારખાંથી પડેલો ભાગો સૌમ્ય છાયામાં આવતાં ગૂઢગંભીર બને છે અને જે વસ્તુ વિશેષ કરીને ઉપયોગી છે તેનું મહત્ત્વ દીવાલની સપાટી ઉપર બરાબર ન્યાયે છે. મતલબ, છજ્જુ અને છાજલી અને જરૂરિયાતમાંથી જન્મેલ છે અને મનુષ્યની આબનાં જાવા જેમ ઉપયોગિતા અને સુંદરતાબરી અનેક સેવા કરે છે તેમ મનુષ્યકૃત મકાનોમાં તે કરી રહેલ છે.

આંખની અમર અને લલાટના આજ ઉપરનો નિકાળો લલની કલ્પનાનો જન્મદાતા છે એમ સ્થાપત્યવિશારદોનો મત છે. ગૃહવિજ્ઞાન

નિકાળોદાર (નિકોળદાર) [જા. નકોળદાર] પું. ગડીદાર; ચોપદાર.

નિકુર પું. એક જાતનું ઝાડ.

નિકુરંબ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

સમુદય બૃહ સમૂહ સઘ, પ્રકર નિકર નિકુરંબ, પૂર પૂગ પટલ ચય, સંચય નિચય કદંબ. પિંગલપ્રકોષ

૨. ન કાળા મેઘપટલ.

૩. ન. સમૂહ; ટોળું.

નિકુંચક ૧ [સં.] ન એક જાતનું માપ; કુડવનો ચતુર્થાંશ.

૨. ન. જગામાં થતું એક જાતનું નેતર.

નિકુંચિત [સં.] વિ. સંકુચિત.

નિકુંજ ૧. [સં.] પું. કુંજ લતાગૃહ; લતામંડપ; ઝાડ અને લતાની વટાથી ઘેરાયેલી જગા; લતાઓથી બનાવેલો મંડપ.

૨. પું. વનસ્પતિની ઘાટી વટા.

નિકુંજક જુઓ નિકુંજ

નિકુંભ ૧. [સં.] પું. એ નામનો એક વિશ્વદેવ.

૨. પું. એક જાતનો ઘોડો

૩. પું. કુમારનો એ નામનો એક ગણ.

૪. પું. (પુરાણ) કુંભકર્ણનો રાક્ષસનો એ નામનો પુત્ર; રાવણનો એક પ્રધાન. તેને યુદ્ધમાં હનુમાને માર્યો હતો.

૫. પું. (પુરાણ) કૌરવના સેનાપતિઓમાં એ નામનો એક રાજા.

૬. પું. જબાલઝોટો

૭. પું. (પુરાણ) હનુપુત્ર એક દાનવ.

૮. પું. દશરથ.

૯. પું. મહાદેવનો એક ગણ

૧૦. પું. (પુરાણ) રાતપુરનો એ નામનો એક અસુર રાજા. તે કૃષ્ણને લડવા માર્યો ગયો હતો. તેણે કૃષ્ણના મિત્ર વસુદેવની કન્યાઓનું હરણ કર્યું હતું.

૧૧. પું (પુરાણ) સુવર્ણથી કલ્પવૃક્ષ કુલોત્પન્ન હર્યશ્વ રાજાનો પુત્ર. તેનો પુત્ર સંહતાશ્વ હતો

૧૨. પું. (પુરાણ) હિરણ્યકશિપુનો પૌત્ર; પ્રહ્લાદનો એ નામનો એક પુત્ર.

નિકુંભનાભ પું. (પુરાણ) ભલિ દૈત્યના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

નિકુંભવંશ પું. (જૈન) એ નામનો એક ઉત્તમ વંશ.

નિકુંભાધ્યક્ષબીજ [સં.] પું. જબાલઝોટો

નિકુંભિત [સં.] ન. એક જાતનું તૃણ.

નિકુંભિલા ૧. [સં] જી. એ નામની એક દેવી. તેની સામે યજ્ઞ અને પૂજન કરી ઇંદ્રજિત યુદ્ધે ચઢ્યો હતો.

૨. જી. (પુરાણ) લંકાની પશ્ચિમે આવેલી એક રાક્ષસી. અહીં એ જ નામની એક અઠારાણીની મૂર્તિ હતી. આ જ જગાએ ઇંદ્રજિત અભિચારકર્મ, જતરણ, મારણ વગેરેના પ્રયોગ કરતો હતો. શુકની સલાહ પડે અહો તેણે અનેક યજ્ઞ કર્યા હતા.

નિકુંભી ૧. [સં.] જી. કુંભકર્ણની એ નામની એક પુત્રી.

૨. જી. દાની વસ્તુ.

નિકૂ ૧. [જા.] વિ. સારું.

૨. વિ. સુંદર.

નિકૂર્ઈ ૧ [જા.] જી. ભલાઈ.

૨. જી. સૌંદર્ય

નિકૂકાર [જા.] વિ. સારું કરનાર.

નિકૂકારી [જા.] જી. સારું કરવું તે; ભલાઈ.

નિકૂલ ૧. [સં.] પું. નરમેધ માંહેનો ત્રીજો યૂપ

૨. પું. નરમેધ યજ્ઞ તથા અશ્વમેધ યજ્ઞના અંગરૂપ એ નામે એક દેવ. તેને ઉદ્દેશીને ત્રણ યૂપનું પશુ હોમાતું હતું.

નિકૂસાર [જા નિસૂ-સાર] વિ. ઊણું; ઊતરતું.

નિકૂસિયર [જા. નિકૂસીરત] વિ. સારા સ્વભાવનું.

નિકૂસીરત [જા. નિકૂ (સારું) + અ. સીરત (સ્વભાવ)] પું. સારો સ્વભાવ.

નિકૃત ૧. [સં.] વિ. અપમાનિત; તિરસ્કાર કરાયેલું.

૨. વિ. અપ્રામાણિક.

૩ વિ. છેતરેલું

૪ વિ. કૃતઘ્ની; અપકારક

૫ વિ. ઘાતકી; ક્રૂર.

૬. વિ. ઊતરાયેલું; વંચિત.

૭ વિ. ક્રૂર કરેલું

૮ વિ. ધૂર્ત; કપટી; માઠ.

૯. વિ. નીચ; હલકું.

૧૦. વિ. પતિત; ભ્રષ્ટ.

૧૧. વિ. બદનામ થયેલું; લાંછિત.

૧૨. વિ. બહિષ્કૃત; નાત બહાર કોય એવું.

નિકૃતિ ૧. [સં.] પું. સાખ્ય નામની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ ધર્મનો પુત્ર; એક વસુ.

૨. જી. અપકાર.

૩ જી અપ્રામાણિકતા.

૪ જી. કપટ, છળ; માયા

૫ જી. ક્રૂરતા; ઘાતકીપણું.

૬. જી. તિરસ્કાર; નિંદા; ધિક્કાર.

૭. જી (પુરાણ) દંભ અને માયાની કન્યા.

૮ જી. દીનતા; દૈન્ય.

૯ જી દુષ્ટતા; નીચપણું.

૧૦ જી પૂજા.

૧૧. જી ખેંચાણ કરવું તે; હલકું પાડવું તે.

૧૨. જી. શઠપણું.

૧૩ જી (પુરાણ) સુજાતની એ નામની દીકરી. ગાંધારીની બહેન અને ધૃતરાષ્ટ્રની સ્ત્રી.

નિકૃતિજ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

નિકૃતિમાન [સં નિકૃતિમત્] વિ. કપટી; માયાવી.

નિકૃતી [સં. નિકૃતિન્] વિ. નીચ; શઠ; દુષ્ટ.

નિકૃષ્ટ ૧. [સં.] વિ. અધમ; હલકું; બહુ જ ખરાબ; તદ્દન નીચ.
૨. વિ. ઉત્કર્ષ; ખેતી વિનાનું.
૩. વિ. તુચ્છ; હલકું
૪. વિ. નિંદિત; તિરસ્કાર કરાયેલું
૫. વિ. બહિષ્કૃત; નાત બહાર કરાયેલું
૬. અ. પાસે; નજીક.

નિકૃષ્ટતા ૧. [સં.] સ્ત્રી. અધમપણું, નીચતા.
૨. સ્ત્રી. ઉત્કર્ષ હોવું તે.
૩. સ્ત્રી. તિરસ્કાર કરવો તે.
૪. સ્ત્રી. તુચ્છતા; હલકાઈ.
૫. સ્ત્રી. નજીકતા; પાસે હોવાપણું.
૬. સ્ત્રી. નાત બહાર હોવું તે.

નિકૃષ્ટત્વ જુઓ નિકૃષ્ટતા.

નિકૃષ્ટપણું જુઓ નિકૃષ્ટતા.

નિકૃંતન [સં.] ન. છેદન; ખંડન.

નિકેચાય [સં.] પું. વારંવાર બાણ વગેરેનો હલ્લો કરવો તે.

નિકેત [સં.] પું. આગાર; આવાસ; ગૃહ; ઘર; નિવેશન; રહેવાનું આશ્રય.
સદન સદ્મ આગાર ગૃહ, ગેહ વેશ્મ સંકેત,
હવન ધિષ્ણ્યપદ આલય, આલય નિલય નિકેત.
પિંગળપ્રકોશ

નિકેતન ૧. [હિં.] પું. ટુંપણી; પગાંકુ; બાજ.
૨. [સં.] ન. ઘર; મહેલ; મંદિર; આવાસ; આગાર; રહેઠાણ; સ્થાન.

નિકૈશિક પું. (સંગીત) ષડ્જગ્રામ તરફ વપરાતા સોળ મૂર્છનો પંદરમો શ્રુતિસ્વર.

નિકોચક ૧. [સં.] પું. ઓકોનું ઝાડ.
૨. પું પિત્તાનું ઝાડ.

નિકોચન [સં.] ન. સંકોચન; સંકોચાવું તે.

નિકોટિન [અં.] ન. તંબાકુમાં રહેલું તીવ્ર ઝેર. તેનું એક ટીપું સમડાની ચામડી ઉપર કે બે ટીપાં બિલાડી અથવા કૂતરાની જીભ ઉપર પડે તો તે મરી જાય છે. સોમલ કરતાં પણ તે વધારે ઝડપિલ મનાય છે.

નિકોઠક જુઓ નિકોચક.

નિકોઠિ વિ. (જૂ. ગુ.) અખૂટ; ભરપૂર.

નિકોત્પાર ૧. પું. એ નામનો એક ટાપુ.
૨. પું. એક જાતનું નાળિયેર.

નિકોબારી ૧. સ્ત્રી. આંદામાન અને નિકોબાર ટાપુની ભાષા.
૨. વિ. નિકોબાર ટાપુનું; નિકોબાર ટાપુ સંબંધી.

નિકોર ૨. વિ. નકોર.
૨. વિ. નવું.

નિકોરાઘાટ પું નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નિકોરી [પ્રા. ણિક્કોર (દૂર કરવું કે કાઢવું)] સ્ત્રી. ડોસના પાણિને બેતરમાં જવાનો રસ્તો, નીક; મોરી; ધોરિયો.

નિકોલવું ૧ [પ્રા. ણિક્કોર] સ. ક્રિ. અટકતી કોલવી, કચરો કાઢવો.
૨. સ ક્રિ. હલકું ગણી દૂર કરવું; માટી નાખવું

નિકોલી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

નિકોશ [સં.] સ્ત્રી. વાતા પશુની ચેતની એક નાડી.

નિકોસવું ૧. સ. ક્રિ. દાંત કાઢવા; હસવું.
૨. સ. ક્રિ. દાંત પીસવા; દાંત કચકચાવવા.

નિકૌડિયા (નિકૌડિયા) [હિં.] વિ. પૈસા વગરનું; નિર્ધન.

નિકૌના [હિં.] વિ. બેનસીબ વગરનું; દુઃખ.

નિક્કષ ૧. [સં.] પું. પીંજાનો અવાજ.
૨ પું શબ્દ

નિક્કસું વિ (કચ્છી) નાશવું.

નિક્કા [હિં.] વિ. દૂંકું; નાનું.

નિક્કાહસાની [અ. નિકાહ (વિવાહ) + સાની (બીજું)] ન. નાતરું; પુનર્લગ્ન; પુનર્વિવાહ.

નિક્કી જુઓ નિક્કા.

નિક્કી [જા.] સ્ત્રી. ચાબખું.

નિક્કોડ (નિકોડ) ૧. [સં.] પું. કૌતુક; ચીજ; તમાશો.
૨. પું. સામનો એક ભેદ.

નિક્કષ ૧. [સં.] પું. કિનારોનો અવાજ.
૨ પું. પીંજાનો શબ્દ; પીંજાનો ટંકાર.
૩. પું. શબ્દ.

નિક્ષઞ્જ [સં. નિક્ષ્ (ચુંબવું) + અન (પ્રત્યય)] ન. ચુંબન.

નિક્ષત્રિય વિ. ક્ષત્રિય વિનાનું.

નિક્ષા [સં.] સ્ત્રી. લીખ્ત નાની જૂ; જૂ નામના જંતુનું ઈંડું.

નિક્ષાલક [સં.] વિ. ધોનાર; સાફ કરનાર.

નિક્ષિપ્ત ૧. વિ. અનામત મૂકેલું; થાપણ તરીકે મૂકેલું કે સોંપેલું.
૨. વિ દૂર કરેલું; સંક્ષિપ્ત.
૩. વિ. લક્ષ્ય; તજેલું; તજી દીધેલું.
૪. વિ. દૂર કરેલું; ફેંકી દીધેલું; ફેંકેલું.
૫. વિ. ફેંકેલું.

નિક્ષિપ્તચરક પું (જૈન) રાંધવાના વાસણમાંથી બહાર કાઢેલ હોય તે જ લેવું એવો અભિગ્રહ કરનાર સાધુ.

નિક્ષિપ્તદોષ [સં.] પું (જૈન) આહારનો એક દોષ. અપ્રાસુક, સચિત્ત, પૃથ્વી, જલ, અગ્નિ, વનસ્પતિ, બીજકાય અને ત્રસકાય જીવો ઉપર રાખેલ આહાર લેવો તે નિક્ષિપ્તદોષ છે.

નિક્ષુણ્ણા ૧. [સં.] સ્ત્રી. ચામડી.
૨ સ્ત્રી સર્પની એ નામની એક પત્ની.

નિક્ષેપ ૧. [સં] પું આક્ષેપ; નાખવું તે; ફેંકવું તે; મૂકવું તે.
૨. પું. કોઈ વસ્તુનેસુ પારવા કારીગરના હાથમાં સોંપવી તે.
૩. પું. ચમકાવવાની ક્રિયા અથવા તેવો ભાવ.
૪. પું. જોડવાની ક્રિયા અથવા તેવો ભાવ.
૫. પું. લુપ્તો; હવાલો; અનામત ન્યાસ; થાપણ; કોઈના વિશ્વાસ ઉપર તેને ત્યાં કોઈ વસ્તુ જોડવા અથવા રાખવાનું કાર્ય અથવા તેવી રીતે મૂકેલી વસ્તુ; દૂરદ.
૬. પું. ત્યાગ.
૭. પું. થાપણ રાખેલું ધન.
૮. પું. મોકલવું તે.
૯. પું. (જૈન) યુક્તિ દ્વારા યુયુક્ત અર્થ પ્રાપ્ત થતાં કાર્યના વક્તાથી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં પદાર્થનું સ્થાપન; શબ્દાર્થવ્યાપાર. નિક્ષેપ ચાર છે: નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ.
૧૦. પું. રાખવું તે.
૧૧. પું. વાવવું તે.
૧૨. પું. (જૈન) વસ્તુમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવપણે ભેદ પાડીને જાણવાનો વ્યવહાર. વસ્તુના એક ભાગને જાણવાવાળા જ્ઞાનને નય કહે છે અને પ્રમાણ તથા નય જ્ઞાન અનુસાર જણેલ પદાર્થને નામમાં, આકારમાં, યોગ્યતામાં અને કોઈ ભાવરૂપ અવસ્થામાં ભેદરૂપે બતાવવાનો વ્યવહાર કરવો તેને નિક્ષેપ કહે છે. નય પ્રમાણ એટલે શ્રુતજ્ઞાનના ભેદ છે, નિક્ષેપ જ્ઞેયના ભેદ છે. નામ, સ્થાપના અને દ્રવ્ય તે અવ્યનિક્ષેપ દ્રવ્યાર્થિક નામનો વિષય છે, ભાવનિક્ષેપ પર્યાયાર્થિક નયનો વિષય છે.
નામ અને સ્થાપના એ બે નિક્ષેપ નિમિત્તને અવલંબી તથા આકારની સ્થાપનાથી ઓળખાવવાના વ્યવહાર માટે પ્રયોજનવાન છે. દ્રવ્ય નિક્ષેપ પોતામાં પડાયે તો તે સ્વરૂપ સન્મુખતા વડે હોવાથી વર્તમાન ભાવનિક્ષેપનું ઉપાદાન કારણ છે. ભાવનિક્ષેપ તેનું વર્તમાન પ્રગટ ફળ છે.

૧૩. પું. કર; આકાશીય પદાર્થથી કાંતિવૃત્ત ઉપર દોરેલો બળ, આકાશમાંના કોઈ ગોળનું ક્રાંતિવૃત્તથી અંતર

નિક્ષેપ અયોગ્ય [સં.] વિ. જમીન લેવા લાયક નહિ એવું; એલમીન.

નિક્ષેપક ૧ પું. નિગમન ઉપસંહાર.
૨. જુઓ નિક્ષેપદાતા.

નિક્ષેપગ્રાહી , ન [નિક્ષેપગ્રાહિન્] વિ. અનામત લેનાર કે રાખનાર; નિક્ષેપી; અનામતદાર.

નિક્ષેપજ્ઞાપન [સં.] ન. બાનપણ સંબંધી જાહેરાત. ન્યાસવિજ્ઞાપન.

નિક્ષેપણ ૧. [સં.] ન. છોડવું તે.
૨. ન. ત્યાગ
૩. ન. ફેંકવું તે.

નિક્ષેપણા જો. (જૈન) સ્થાપના; સ્થાપન કરવું તે; રાખવું તે; મૂકવું તે.

નિક્ષેપદાતા [સં. નિક્ષેપદાતૃ] પું. અનામત મૂકનાર માણસ; નિક્ષેપક.

નિક્ષેપધર જુઓ નિક્ષેપગ્રાહી.

નિક્ષેપધારી જુઓ નિક્ષેપગ્રાહી

નિક્ષેપલિપિ જી લલિત વિસ્તરનાં બાવીસ મોસાળ આર્યની એ નામની એક લિપિ.

નિક્ષેપવ્યયસાચી [સં.] પું. ગીરો સંબંધી કામ કરનાર માણસ; દલાલ

નિક્ષેપસંપાદક જુઓ નિક્ષેપદાતા.

નિક્ષેપાર્થ અર્પિત વિ. અનામત મૂકેલું; બીજા તરફ આપેલું.

નિક્ષેપાક્ષરલિપિ જુઓ નિક્ષેપલિપિ.

નિક્ષેપાંશ [સં.] પું ક્રાંતિભાગ. જુઓ નિક્ષેપ ૧૨

નિક્ષેપી ૧. [સં. નિક્ષેપિન્] પું. જેને લાગ અનામત માલ મૂકયો હોય તે; જેને માલ સોંપ્યો હોય તે માણસ; અનામતદાર; બાપણ રાખનાર પુરુષ; 'ટ્રસ્ટી.'
૨. વિ. ફેંકનાર

નિક્ષેપ્તા ૧. [સં. નિક્ષેપ્તૃ] પું. બીજાને માલ અનામત સોંપનાર માણસ. બીજાને માલ સ્વાધીન કરે તે ગૃહસ્થ; નિક્ષેપદાતા.
૨. વિ. ગીરવે આપનાર; ગીરો મૂકનાર.
૩ વિ. ફેંકનાર.

નિક્ષેપ્ય ૧. વિ. છોડવા જેવું.
૨. [સં.] વિ ફેંકવા જોગ.

નિક્ષોભણ ન. સમુદાયમાંથી દૂર કરવાપણું; બહિષ્કાર કરવો તે.

નિખદ્દર વિ. કાંટા હોવાનું; નિષ્ફુર; નિર્દય.

નિખદ્દુ ૧. [હિ.] પું. કાંઈ પણ નહિ કમાતો માણસ.
૨. વિ. આળસુ, ઔદ્યમિતે કામધંધો નહિ કરનાર.

નિખટ વિ. સૌથી બરાબ.

નિખનન ૧. [સં.] ન. ખોદવું તે.
૨. ન. માટીકૂતિકા.

નિખમ [સં. નિષ્પ્રમ] વિ. પ્રભા વગર.

નિખરવું ૧. અ. ક્રિ. ધોવાઈને સાફ બનવું.
૨. અ. ક્રિ. રંગનું ખૂલવું.
૩. અ. ક્રિ. લીસું થવું.

નિખરાવવું ૧. સ. ક્રિ. ધોઈને સાફ કરાવવું; બળ કાઢી નંખાવવી
૨. સ. ક્રિ. રંગ ખૂલે એમ કરાવવું.
૩. સ. ક્રિ. લીસું કરાવવું

નિખરી જો. ચાકી રસોઈ; બીજાં પકવેલી રસોઈ. બીજાએ પકાવેલી રસોઈ ઉચ્ચ વર્ણના લોકો બધા લોકના હાથની ખાઈ શકે છે, પણ માત્ર પાણીના સંપર્કથી અન્ન ઉપર પકાવેલી ચીજને જેવી કે રોટલી, દાળ વગેરે બધા બ્રાહ્મણ લોકના હાથનું ખાઈ શકે છે.

નિખર્વ ૧. [સં.] પું. દસ હજાર કરોડની સંખ્યા; સો અબજ જેટલી સંખ્યા.
૨. વિ. ત્રીજાનું; વામન.
૩. વિ. દસ હજાર કરોડ; દસ અબજ કોટિ.

નિખર્વેક [સં.] પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. તેને તાર વાનરે માર્યો હતો.

નિખલ [સં. નિખિલ] વિ. બધું; સર્વ; સમસ્ત.

રોકે જિતાયાં રે કુમતિ કમોદ નિખલ કે,
શ્રી હરિ સુરજ ઉદિયો રે.
તુલસીવિવાહ

નિખલખ વિ. બિલકુલ; તમામ; બધું.

નિખંગ [સં. નિષંગ] ન. બાણું; તૂણ; ઉપાસંગ.

ઉપાસંગ તૂણીર અને સાયુધિ તથા નિખંગ,
આમાં બાણો ભર્યા બાણ પીંછી રંગ.
ચિત્રકાવ્યપ્રકાશ

નિખંગી જુઓ નિષંગી.

નિખંડ [હિં.] વિ. બરાબર બરાબર; બધ્ય.

નિખાત ૧. [સં.] વિ. ખોદીને સ્થાપેલ.
૨. વિ. ખોદેલું.
૩. વિ. દાટેલું.

નિખાદ ૧. પું. બંદાળ; ચાંડાલ.
૨. [સં. નિષાદ] પું. નિષાદ; ભીલ.
૩. પું. નિઃશ્વાસ; નિસાસો.
૪. પું. માછી; માછીમાર.
૫. પું. (સંગીત) સાત મંડેનો એ નામનો એક સ્વર; ગાયનના સા, રી, ગ, મ, પ, ધ, ની સાત સ્વરમાંનો સાતમો ની સ્વર. હાથીના અવાજ જેવો તેનો અવાજ છે. તેનું સ્થાન નાક છે. ઋષિ અધિષ્ઠાતા બ્રહ્મ છે. ગુણમાં તે શીત અને શુષ્ક છે. શિશિર ઋતુમાં તે અનુકૂળ છે.

નિખાદ પું. (કચ્છી) નિશ્ચય; અવશ્ય.

નિખાર ૧. પું. કપડામાં નાખેલો ખેળ; કાંજી.
૨. પું. ખારા પાણીથી ધોઈને ખેળ કાઢી નાખવી તે; નિખાળવું તે; કપડાંને ખૂબ ખંખાળી નાંખવું તે.
નિખાર કાઢવો = કપડાંને પહેલી વાર ધોઈને સાફ કરવું.
૩. પું. નિર્મળપણું; સ્વચ્છતા; સફાઈ.
૪. પું. પાણીનું ઓસરી ગયેલી સ્થિતિમાં રહેવું તે; ઓટ પછી બાર મિનિટ સુધી પાણી સ્થિર રહે છે તે.
૫. પું. મોટો ઓટ; પાણીનું બધામાં બધું ઓસરી જવું તે; ભરતીઓટના પાણીની ઉલ્લામાં ઊંચી જીનર.
૬. ન. આબરૂપણું; શણગાર.

નિખારવું ૧. સ. ક્રિ. ખેળ નીકળી જાય તેમ કરવું; કપડાંને ખૂબ ખંખાળીને ધોઈ નાખવું; કોરું ચોખ્ખું ધોવું; નિખરે તેમ કરવું.
૨. સ. ક્રિ. પવિત્ર કરવું; પાપ રહિત કરવું.
૩. સ. ક્રિ. સ્વચ્છ કરવું; સાફ કરવું.

નિખારા પું. સાકર બનાવવા માટે રસ ઉકાળવાની કડા.

નિખાલસ ૧. વ. કસરત કરવાનું બાકું. તેને કારેલું પણ કહે છે.
૨ વ. સરવ
૩. [અ. ખાલિસ (ખોખું)] વિ. મનમાં કપટ ન હોય તેવું; ખુલ્લા શુદ્ધ દિલનું; રીતું; સાલસ.
૪. વિ. શુદ્ધ; ભેળસેળ વિનાનું; આમિશ્રિત.

નિખાલસતા ૧. જી. નિષ્કપટપણું; હૃદયની વિશુદ્ધતા.
૨. વિ. ભેળસેળ વિનાનું હોવું તે.

નિખાલસપણું જુઓ નિખાલસતા.

નિખાલસપત્ર ન. મુક્તિપત્ર.

નિખાલસાઈ જુઓ નિખાલસતા.

નિખાલસી જુઓ નિખાલસતા.

નિખાલિસ જુઓ નિખાલસ.

નિખિત્ર ન. નક્ષત્ર.

> ભલે ચંદ્ર સાથી નિખિત્ર. ઝીમ

નિખિલ [સં.] વિ. બધું; સર્વ; સંપૂર્ણ; સઘળું; તમામ; સમસ્ત; સમગ્ર.

નિખિલરસામૃતસિંધુ [સં.] પું. પ્રભુનું એક નામ.

નિખિલેશ્વર [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

> જનમનરંજન જયજયજયજય,
> નિખિલેશ્વર કરુણાયન ઉદય. ઉદય

નિખેધ [હિં.] પું. નિષેધ; મના.

નિખેધવું જ. ક્રિ. નિષેધ કરવો; મના કરવી.

નિખેવ ૧. [સં. નિક્ષેપ; પ્રા. ણિક્ખેવ] પું. ન્યાસ; સ્થાપના.

૨. પું. પરિણામ; બોચના; ઝોકી મૂકવું તે.

૩. પું. અવરથા; નિયમના; ગોઠવણ.

નિખેવણા સ્ત્રી. મૂકવું તે.

નિખેવવું [સં. નિક્ષિપ્] જ. ક્રિ. નાખવું; મૂકવું.

> રાજપુત્રારી ત્રિખેવી ભાણ,
> કોપું તીરથ જાણી પ્રમાણ. ઝીમ

નિખોટ ૧. પું. કર્યા વગરની કોરી વસ્તુ.

૨. પું. વેપારી.

૩. વિ. ખામી કે ખોટ વગરનું.

૪. વિ. નિર્દોષ; દોષ વિનાનું.

૫. વિ. સાદું; સ્પષ્ટ; ખુલ્લું.

૬. જ. બેધડક; સોગ વગર.

નિખોટવું (નિખોડવું) જ. ક્રિ. ભાલ ઉતારવી.

નિખોડા (નિખોડો) [હિં.] વિ. કોરું ચિત્તનું, નિર્દય

નિખોધિયો ૧. પું. (કબ્દી) નિર્વંશ.

૨. પું. બદમાશ.

નિગડ (નિગડ) ૧. [સં.] પું. બોલ.

૨. સ્ત્રી. બેડી; જંજીર.

૩. સ્ત્રી. ગાયોના પગ બાંધવાની સાંકળ.

૪. સ્ત્રી. ફેર; ગેરો.

નિગડકટક (નિગડકટક) [સં.] ન. બેડી; હાથકડી

નિગડદોષ (નિગડદોષ) [સં.] પું. (જૈન) બેડીમાં પગ નાખ્યાની જેમ ગોચરીમાં પગ પહોળા રાખવા તે.

નિગડન (નિગડન) [સં.] ન. બેડી ઘાલવી તે. સાંકળ બાંધવી તે.

નિગડબંધ (નિગડબંધ) [સં.] પું. બેડી; જંજીર.

નિગડવું (નિગડવું) જ. ક્રિ. કેદમાં નાખવું; બેડી પહેરાવવી; સાંકળ ઘાલવી; હેડ બેસાડવી.

નિગડાવું (નિગડાવું) જ ક્રિ. કેદમાં પુરાવું; બેડી નખાવી.

નિગડિત (નિગડિત) [સં.] વિ. સાંકળ કે બેડીએ બાંધેલું; કેદમાં નાખેલું.

નિગદ [સં.] પું. લોભનો પુમાદો.

નિગત [હિં.] વિ. નાશું; કપડા વિનાનું.

નિગદ ૧. [સં.] પું. ઊંચે સ્વરે કરેલો શાસ્ત્રોક્ત જપ.

૨. પું. ભાષણ; બોલવું તે; કથન.

નિગદિત [સં.] વિ. કહેલું; કથિત.

નિગમ ૧. પું. હિમાલયમાં થતો એક જાતનો પહાડી વાંસ.

૨. ન. ખાવું; આહાર; ભોજન; ભક્ષણ.

નિગમો વિ. સાદું; ભોળું; અહંકાર વગરનું.

નિગમ ૧. [સં.] પું. એક જાતની સાદડી.

૨. પું. ઈશ્વર; પ્રભુ.

૩. પું. કારણોનો એક ભેદ.

૪. પું. તંત્રભેદ.

૫. પું. ધર્મશાસ્ત્ર.

૬. પું. નિશ્ચય; પ્રતિજ્ઞા.

૭. પું. નિશ્ચિત અર્થનો બોધ.

૮. પું. ન્યાયશાસ્ત્ર.

૯. પું. પરિણામ; અંત; ફળ.

૧૦. પું. બજાર; હાટ; દુકાન.

૧૧. પું. માર્ગ; પંથ.

૧૨. પું. વસ્તુઓનો કારખાનો.

૧૩. પું. વાણિયાઓનો સમૂહ.

૧૪. પું. વેદ; શ્રુતિ. જેના બોધે સર્વ વિદ્યાઓનું પૂર્ણ જ્ઞાન થાય છે તેને નિગમ અર્થાત્ વેદ કહે છે. વેદ, છંદ, મંત્ર, નિગમ એ સર્વ પર્યાયવાચક શબ્દો છે.

> હિંદુ ધર્મમાં શ્રુતિ એટલે નિગમ અને સંત એટલે આગમ એ બે મુખ્ય વૃક્ષો મૂળમાંથી સંયુક્ત થઈ ઊભાં છે. સંત અને સંતમાર

૧૫. પું. વેપાર.

૧૬. પું. વેપારીઓનું નિવાસસ્થાન.

૧૭. પું. વૈશ્ય; વેપારી.

૧૮. પું. વ્યાપાર; માલની આવજા.

૧૯. પું. સંકલ્પ; કલ્પના.

૨૦. સ્ત્રી. એ નામની એક અટક.

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. વિ. એ નામની અટકનું.

નિગમકલ્પતરુ [સં.] ન. વેદરૂપી કલ્પવૃક્ષ.

નિગમન ૧. [સં.] ન. (ન્યાય) અનુમાનનાં પાંચ અવયવ માંહેનું એ નામનું એક; હેતુ અને સાધ્યયુક્ત સ્થાનનો નિર્દેશ કરનારું વાક્ય; પ્રતિજ્ઞાનું ઉપસંહાર વચન. પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ ન્યાયના અવયવ છે. નિગમનમાં પ્રતિજ્ઞાવાક્યમાં જણાવેલી વાત સિદ્ધ થઈ એવું સૂચવવા તેનું ફરીથી કથન કરવામાં આવે છે અથવા સાધારણ વાત ઉપરથી વિશેષ વાતનું અનુમાન થાય છે. જેમકે, પર્વત ઉપર અગ્નિ છે એ પ્રતિજ્ઞા, કેમકે ત્યાં ધુમાડો છે એ હેતુ, જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે એ ઉદાહરણ, પર્વત ઉપર અગ્નિ છે એ ઉપનય અને તેથી અહીં અગ્નિ છે એ નિગમન. પ્રશસ્તપાદના ભાષ્યમાં નિગમનને પ્રત્યામ્નાય પણ કહેલ છે.

૨. ન. ચાલવું તે; ગમન.

૩. ન. નિકાલ; સાર.

નિગમનદી [સં.] સ્ત્રી. ગંગા; ભાગીરથી.

> વિષ્ણુપદી નિર્જરનદી નિગમનદી હરિપ્રિય,
> ભુવનદા નંદાદિની ભાગીરથી ભાસ્વર. પિંગળપ્રકાશ

નિગમનપદ્ધતિ [સં] સ્ત્રી. સ્વતંત્ર રીતે વસ્તુના મૂળ સ્વરૂપમાંથી જ પ્રસ્તુત વિષયમાં સિદ્ધાંતો ઉપજાવી કાઢવાની રીત. તેને અનુસરવાથી તાત્ત્વિક અને આકરિમક ભેદનો ભેદ પાડી શકાય છે.

નિગમનપ્રક્રાલી [સં.] સ્ત્રી. સામાન્ય સિદ્ધાંત ઉપરથી અમિલગત સંબંધી તર્ક કરવો તે.

નિગમનવાક્ય [સં.] ન. (વેદાંત) પદ્ધ વિષે શાસ્ત્રના અજાણિતપણાને પ્રતિપાદન કરનારું વચન. જુઓ નિગમન ૧.

નિગમનવિદ્યા [સં.] સ્ત્રી. અનુમાનિક વિદ્યા; પરામર્શ ભંડ: ' ડીડક્ટિવ સૈાજિક.'

નિગમનાત્મક અનુમાન [સં.] ન. સિદ્ધાનુમાન; ' ડીડક્ટિવ રીઝનિંગ.'

નિગમનિવાસી [સં. નિગમનિવાસિન્] પું. વિષ્ણુ; નારાયણ.

નિગમબોધ [સં.] પું. પૃથ્વીરાજ રાસો અનુસાર દિલ્હીની પાસે જમના નદીને કિનારે આવેલું એ નામનું એક પવિત્ર સ્થાન. પૃથ્વીરાજ રાસોમાં લખ્યું છે કે: દાનવરાજ ધુંધુ શાપ છોડાવવાને માટે વિમાનમાં બેસી જતો હતો. રસ્તામાં તેને તરસ લાગી અને તે યોગિનીપુર અથવા દિલ્હી પાણી પીવાને માટે નીચે ઊતર્યો. ત્યાં તેને એક ઋષિ મળ્યો. ઋષિએ તેને જમના નદીને કિનારે

નિગમબોધ નામની ગુહામાં નારાયણની તપસ્યા કરવાને ગયું. દાનવરાજ તપસ્યા કરવા લાગ્યો. એક દિવસ પાંડુવંશી રાજા અનંતપાલની કન્યા સખીઓ સહિત સ્નાન કરવાને માટે જમના નદીના કિનારે આવી અને વરસાદ આવવાથી તેણે ગુફાનો આશ્રય લીધો. તપસ્વીને જોઈ તેણે સ્તુતિ વડે તેને પ્રસન્ન કરી વરદાન માગ્યું કે, અમે બધી વીરપત્નીઓ થઈએ અને હમેશા સાથે રહીએ. દાનવરાજે અનંતપાલની કન્યાને વરદાન દીધું કે, તારો એક પુત્ર મહાન પ્રતાપી થશે અને બીજો મહાન વક્તા થશે સાથે બાર દાનવરાજે કરી પોતાના શરીરના ૧૦૮ ભાગ કરી અગ્નિમાં નાખ્યા. તેના જીભના ભાગમાંથી એક પ્રસિદ્ધ બાહ્ય અને ૨૦ બાંડોમાંથી ૨૦ ક્ષત્રિય વીર અજમેરમાં જોવા થયા. આ બીજ ક્ષત્રિયોમાં સોમેશ્વર મુખ્ય હતો અને તેનો પુત્ર પૃથ્વીરાજ થયો.

નિગમવું ૧. [સં. નિર્ગમ; પ્રા. નિગ્ગમ] અ. ક્રિ. વહી જવું; ઝુજરવું; વીતવું

૨. સ. ક્રિ. ઠાગવું; નાશ કરવો; ઠાલવું; દૂર કરવું

નિગમસભા ૧. જી. લશ્કર કૌંસીલ

૨. [સં.] જી. નાગરિકોની લોકસભા.

નિગમસાર ૧. [સં.] પું. એ નામનો એક ગ્રંથ. આ ગ્રંથ નવ અધ્યાયમાં વામન પંડિતે વર્ણાશ્રમીઓને સારી ૧૫૬૫માં લખ્યો છે. આ નાના ગ્રંથમાં તે સાધુ પુરુષ વામન પંડિતે અનંત વેદોના વૈભવો ભર્યા છે.

૨. પું. વહનો સાર.

નિગમાગમ ૧. [સં. નિગમ + આગમ] ન. વેદ વગેરે શાસ્ત્રો

૨. ન. વહવ્યવહાર.

નિગમાગમચિંતન [સં.] ન. વેદ વગેરે શાસ્ત્રોનો વિચાર કરવો તે.

નિગમી [સં. નિગમિન્] વિ. નિગમવાળું; વેદમાં પ્રવીણ.

નિગર ૧. પું. તોલમાં મુકાતાં મોતીનો સમૂહ. ધરણ નામના તોલમાં ૫૫ મોતી આવે તો તે મોતીના સમૂહને નિગર કહે છે.

૨. [સં.] ન. ખાવું તે; ભોજન.

૩. ન. ધન.

૪. વિ. ખાધું; સમજું.

નિગરણ ૧. [સં.] પું. હોમનો ધુમાડો.

૨ ન. ગળી જવું તે; ગળવાની ક્રિયા.

૩. ન. ગળું; કંઠ.

૪. ન. ભક્ષણ; ખાવું તે; ભોજન.

નિગરા ૧. [સં] જી. પંચાવન મોતીની સત્રીસ રતી વજનની સેરી.

૨. વિ. જેમાં પાણી ન મેળવ્યું હોય તેવું.

નિગરાન ૧. [ફા.] જ. જોવું તે.

૨. વિ. નજર કરતું; જોતું.

નિગરાની [ફા.] જી. સંભાળ; નિરીક્ષણ; તપાસ; દેખરેખ.

નિગરાં જુઓ નિગરાન.

નિગરું [હિ.] વિ. હલકું; વજનમાં ભારે ન હોય તેવું.

નિગર્ભપ્રાણાયામ [સં.] પું. એક પ્રકારનો પ્રાણાયામ. તે બીજમંત્રના જપ વગર કરવામાં આવે છે. તે પૂરક, કુંભક અને રેચક એ ત્રણ પ્રાણાયામ મળીને ૬૧૨ માત્રા સુધી થાય છે.

નિગર્વી વિ. અભિમાન વિનાનું; નમ્ર.

નિગલ ૧. [સં.] પું. ખાવું તે; ગળવું તે; ભક્ષણ.

૨. પું. ઘોડાનો. ગળાનો આભ.

નિગલન ૧. [સં.] ન. ખાવું તે; ભોજન.

૨. ન. ગળવું તે.

નિગલવું ૧. સ. ક્રિ. ખાઈ જવું.

૨. સ. ક્રિ. ગળે ઉતારવું; ગળા નીચે ઉતારી દેવું. ગળી જવું.

૩. સ. ક્રિ. ધન પચાવી પાડવું.

નિગલિત [સં.] વિ. ગળીને શુદ્ધ કરેલું.

નિગહ [ફા. નિગાહ] જી. નિગાહ; દૃષ્ટિ; નજર, તપાસ.

નિગહદાર [ફા. નિગાહદાર] પું. તપાસ રાખનાર માણસ.

નિગહદારી [ફા. નિગાહદારી] જી. તપાસ રાખવી તે; દેખરેખ; નજર.

નિગહદારત ૧. [ફા. નિગાહદાશ્ત] જી. તપાસ રાખવી તે.

૨. જી. ચાદી કરવી તે.

૩. જી. સરક્ષણ; સભાળ.

નિગહબાન ૧. [ફા. નિગાહબાન] પું. તપાસ રાખનાર માણસ.

૨. પું. રક્ષક.

૩. વિ. મહેરબાન; કૃપાળુ.

નિગહબાની ૧. [ફા. નિગાહબાની] જી. તપાસ; દેખરેખ.

૨. જી. મહેરબાની; કૃપા.

૩. જી. રક્ષા; રખેવાળી.

૪. જી. ચાલીપણું.

નિગળવું ૧. અ. ક્રિ. આંસુ પડવાં.

૨. [સં. નિગલ્] સ. ક્રિ. કરવું; ટપકવું; ટીપે ટીપે ઝરવું; ઝમવું; બીની ગયેલી વસ્તુમાંથી નાનાં નાનાં બિંદુ પડ્યા કરવાં.

નિગળાવવું સ. ક્રિ. નિગળે એમ કરાવવું.

નિગંદ પું. દવાના કામમાં આવતી અને રક્તશોધક મનાતી એક જડી. આ જડી સભામાં એવું કહેવાય છે કે, સર્પ જ્યારે મરણી જરાર્ય બચાના કારણે વ્યાકુળ થાય છે, ત્યારે તે આ જડીને ચાટે છે એટલે મરણી ઉતરી જાય છે.

નિગંદવું સ. ક્રિ. રબ્બર વગેરેમાં કે બરેક કપડામાં દોરા ભરવા.

નિગંધ [સં. નિર્ગંધ] વિ. ગંધ વગરનું; સુવાસ.

નિગા જુઓ નિગાહ.

નિગાતન વિ. અધમ; નીચ.

નિગ નિગાતન પુજ્જ અરુ અવમ અજરની ખાનુ. અધમ દુઃ અરુ હરખને નાહ સદા પાવમુ. વિજયવિજોય

નિગાહ ૧. [સં.] પું. ભાષણ; બોલવું તે; કથન.

૨. પું. શબ્દ.

નિગાહદારત જુઓ નિગાહદાસ્ત.

નિગાહી ૧. [સં. નિગાહિન્] વિ. વક્તા; બોલનાર; ભાષણ કરનાર.

૨. વિ. શબ્દ કરનાર.

નિગાળાની જુઓ નિગહબાની.

નિગાર ૧. [ફા.] પું. (સંગીત) એ નામનો એક ફારસી રાગ.

૨. પું. ચિત્ર; છબી.

૩. પું. નાકરી; ચિત્ર; વેલબૂટા.

૪. પું. ભોજન; ખાવું તે; ભક્ષણ.

૫. પું. મૂર્તિ.

૬ જી. પ્રિયા; માશૂક.

૭. વિ. આકર્ષિત; પ્રભાવિત.

નિગારખાનો (નિગારખાના) [ફા. નિગાર (ચિત્ર) + ખાના (ગૃહ)] પું. ચિત્રગૃહ; ચિત્રશાલા; ચિત્રોનું સમૂહસ્થાન.

નિગારણ [ફા.] જ. ચિત્ર; છબી.

નિગારિસ્તાન ૧. જ. ફારસી ભાષાનું એ નામનું એક પુસ્તક.

૨. જુઓ નિગારખાનો.

નિગારી [ફા.] જી. ચીતરવું તે.

નિગારીન ૧. [ફા.] જ. ચિત્ર વસ્તુ.

૨. વિ. કલામરેલું.

નિગાલ ૧. [સં.] પું. ઘોડાના ગળાનો ભાગ; ઘોડાની ગરદન.
૨. પું. હિમાલયમાં થતો એક પ્રકારનો ખડાદી વાંસ.

નિગાલવાન [સં. નિગાલવત્] વિ. લાંબા; ઘોડો.

નિગાલિકા [સં.] પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. તેને પ્રમાણિકા તથા નારાચવૃત્તિણી પણ કહે છે.

નિગાસી ૧. [હિં.] સ્ત્રી. બાંસની નાની નળી.
૨. સ્ત્રી. ઘોડાની નળી.

નિગાહ ૧. સ્ત્રી. દેખવાની ક્રિયા.
૨. સ્ત્રી. દેખવાની રીત.
૩. [ફા.] સ્ત્રી. નજર; દૃષ્ટિ.
નિગાહ કરવી–રાખવી = (૧) કીમત આંકવી. (૨) જોવું. (૩) તપાસ રાખવી. (૪) સાબિત કરવું.
૪. સ્ત્રી. પાકની આશરે કીમત.
૫. સ્ત્રી. પારખવું તે; પિછાણવું તે.
૬. સ્ત્રી. સુદ્ધિ.
૭. સ્ત્રી. મહેરબાની; મહેર; કૃપાદૃષ્ટિ.
નિગાહ ફેરવવી–બદલવી = બાજુથી ન બતાવવી.
૮. સ્ત્રી. રક્ષણ.
૯. સ્ત્રી. વિચારણા; વિચાર.
૧૦. સ્ત્રી. સંભાળ; કાળજી; ધ્યાન.

નિગાહતલવાર સ્ત્રી. કટાક્ષબાણ.

નિગાહદાર ૧. પું. ચોકીદાર; ચોકી.
૨. [ફા.] પું. તપાસ રાખનાર માણસ.
૩. પું. બંગાળામાં મુસલમાની અમલ દરમિયાન માપ તથા તોલાં તપાસનાર અધિકારી.
૪. પું. વાળી; રક્ષક.
૫. વિ. નિગાહ રાખનાર.

નિગાહદારી ૧. [ફા.] સ્ત્રી. દેખરેખ; નજર.
૨. સ્ત્રી. વાલીપણું.

નિગાહદારત ૧. [ફા.] સ્ત્રી. તપાસ રાખવી તે.
૨ સ્ત્રી. ચાકરી કરવી તે.
૩. સ્ત્રી. સંરક્ષણ; સંભાળ.
૪. સ્ત્રી. સેવા; શુશ્રૂષા.

નિગાહદારેત જુઓ નિગાહદારત.

નિગાહબાન જુઓ નિગાહદાર.

નિગાહબાની ૧. [ફા.] સ્ત્રી. દેખરેખ; તપાસ
૨. સ્ત્રી. મહેરબાની.
૩. સ્ત્રી. વાલીપણું; રક્ષા.
૪. સ્ત્રી. સંભાળ; ધ્યાન આપવું તે.

નિગાળ ૧. પું. ઓવરાળો; નિગળતી વસ્તુમાંથી પડેલો રેલો.
૨. પું. ગળતાં રહેલો કચરો; નિગળતાં પાછળ રહેલું તે.
૩. પું. ખાટો રસ; કચ્ચ; અત્ત.
૪. પું. ટપકીને પડેલું હોય તે; ખરી પડેલું તે.
૫. પું. ઢોરના ચાલતાં કે ચાલીગતાં જમીન ઉપર પડેલો ઓરાક.

નિગાળવું સ. ક્રિ. ટપકાવવું; નિગળાવવું.

નિગાળા પું. બ.વ. નિગળતી વસ્તુમાંથી પડેલા પાણીના રેલા; કાદ; ઓવરાળા.

નિગાળો જુઓ નિગાળ.

નિગીત [સં.] વિ. ગાયેલું; ગાન કરેલું.

નિગીન [ફા. નગીન] વ. વીંટીનું નંગ.

નિગીનગર [ફા.] પું. વીંટીનાં નંગ બનાવનાર માણસ.

નિગીન્ના જુઓ નિગીન.

નિગીર્ણ ૧. [સં.] વિ. ગળેલું.
૨. વિ. ગળેલું.

નિગુ ૧. [સં.] પું. અંતઃકરણ; મન.
૨. પું. ઈશ્વર.
૩. પું. ચિત્તભ્રમ.
૪. પું. મળ; મેલ.
૫. પું. મૂળ.
૬. સ્ત્રી. કરાર; પ્રતિજ્ઞા.
૭. સ્ત્રી. પરિણામ.
૮. સ્ત્રી. મેડી; અંજીર.
૯. સ્ત્રી. માર્ગ.

નિગુણ ૧. [હિં.] વિ. નિર્ગુણ; ગુણ વિનાનું.
૨. વિ. નિંદિત ગુણવાળું.

નિગુરું વિ. ગુરુ વિનાનું; ગુરુ પાસેથી મંત્ર ન લીધો હોય એવું; અદીક્ષિત.

નિગુંડ [સં.] પું. સમૂહ; જથ્થો.

નિગૂઢ ૧. પું. જંગલી ભાત.
૨. [સં.] વિ. અગમ્ય; ઊંડું; બહાર જણાય નહિ એવું.
૩. વિ. છૂપું; અત્યંત ગુપ્ત; નહિ દેખાય એવું; બહુ ઊંડું; બરોબર સંતાડી રાખેલું.
૪. વિ. મૌન રહેલ.

નિગૂઢતા ૧. [સં.] સ્ત્રી. અગમ્યપણું; બહાર જણાય નહિ એવું હોવું તે; ઊંડાપણું.
૨. સ્ત્રી. ગુપ્તતા.

નિગૂઢત્વ ૧. [સં.] ન. અગમ્યપણું; ઊંડાપણું.
૨. ન. ગુપ્તતા.

નિગૂઢાર્થી [સં. નિગૂઢ (અત્યંત ગુપ્ત) + અર્થ (માનનો)] વિ. છૂપા અર્થવાળું.

નિગૂન [ફા.] વિ. ઊંધું.

નિગૂનબખ્ત [ફા.] વિ. કમનસીબ.

નિગૂનસાર [ફા.] વિ. ઊંધુંચત્તુ.

નિગૂહન [સં.] ન. છાનું રાખવું તે; ગુપ્ત રાખવું તે; ગોપન.

નિગૂહનીય [સં.] વિ. છાનું રાખવા જેવું; સંતાડવા જેવું; છુપાવવા લાયક.

નિગૃહીત ૧. [સં.] વિ. જેલ પકડેલું; નિગ્રહ કરેલું.
૨. વિ. દબાવ્યું લીધેલું; દાબી લીધેલું.
૩. વિ. ધરેલું.
૪. વિ. પકડેલું
૫. વિ. પીડેલું.
૬. વિ. શિક્ષા કરેલ; દંડિત.
૭. વિ. હરાવેલું.
૮. વિ. હલ્લો કરેલું; આક્રમિત; આક્રાંત.

નિગૃહીતા [સં. નિગૃહીતૃ] વિ. નિગ્રહ કરનાર.

નિગૃહીતિ [સં.] સ્ત્રી. પકડવું તે; ધરવું તે; ગ્રહણ કરવું તે.

નિગેબાની જુઓ નિગાહબાની.

નિગેહદાર જુઓ નિગાહદાર.

નિગેહબાન જુઓ નિગાહબાન.

નિગેહબાની જુઓ નિગાહબાની.

નિગોઠ (નિગોઢ) ન. એક જાતનું ઝાડ. તે પંદર હાથ સુધી ઊંચું વધે છે. તેનાં પાન સંયુક્ત અને બધથી પાંચ જોળ હોય છે. તેમાં ઘોડાં આસમાની રંગનાં ફૂલ થાય છે. ફળ વટાણા જેવડાં કાળા રંગનાં થાય છે. નિગોઠ ઠામાં વપરાય છે.

નિગોડા (નિગોડ) ૧. [હિં.] પું. અપંગ માણસ.
૨. પું. દુષ્ટ માણસ.
૩. પું. રાક્ષસ.
૪. વિ. જેના ઉપર કોઈ ચોકી ન હોય તેવું.
૫. વિ. દુષ્ટ; નીચ; બદમાશ.

નિગોડાનાશ (નિગોડાનાઢા) ૧. પું. ગેરવલાયો માણસ.
૨ પું. દુષ્ટ માણસ.

નિગોડી (નિગોડી) ૧. સ્ત્રી. અપંગ સ્ત્રી.

૨. વિ. દુષ્ટ બો.
૩. સ્ત્રી. રાક્ષસ બો; રાક્ષસી.
૪. વિ. સ્ત્રી. જેના ઉપર કોઈ ગોટું ન હોય તેવી.
૫. વિ સ્ત્રી. દુષ્ટા; નીચ.

નિગોદ ૧. પું. કુકુમ.
૨. પું. (જૈન) સાધારણ વનસ્પતિ; અનંતકાય જીવ; એક શરીરમાં અનંત જીવ હોય તે; જીવરાશી.
૩. સ્ત્રી ઓઢાની ઓઢણી.
૪. ન. એક પ્રકારનું ઝાડ; નગોડ.
૫. ન. (જૈન) નિગોદિયા જીવનું શરીર.

નિગોદક ન. નિગોદિયા જીવનું શરીર.

નિગોદજીવ પું. (જૈન) નિગોદનો જીવ; અનંતકાયનો જીવ.

નિગોદર ન. ગળામાં ચેટ સુધી લટકતું પહેરવાનું એક જાતનું ઘરેણું.

હાર નિગોદર બહિરખા,
સાખી ને ઉરમણ બાજુબંધ,
બાહ કડે હરિ કનકમઈ,
સાખી, મોતીડે પુહ પુહવિ. કાન્હડદેપ્રબંધ

નિગોદિયું વિ. નિગોદનું; અનંતકાય જીવનું.

નિગ્ગર ૧. વિ. ધનવાન; નાગર.
૨. વિ. ભારે; વજનદાર.

નિગ્ઘિણ [સં. નિર્ઘૃણ] વિ. નઠારું; ખરાબ વર્તનનું.

નિગ્ઘણ ૧. પું. મારની સંજ્ઞા બતાવનારી ચંદ્રા.
૨. પું. સૂર્ય.

નિગ્ઘાત પું. (જ્યોતિષ) ગંડમૂળ નામના ગ્રહનું બીજું નામ.

આશ્લિષા વળી જ્યેષ્ઠાનો' બીજો ગંડમૂળ નામના ગ્રહને નિગ્ઘાત કહેતા હતા. જોશપ્રકાશ

નિગ્રહ ૧. [સં.] પું. અટકાવ; નિરોધ; નિયમન; રોધ; રોકાણ; દમન.
૨. પું. અનુગ્રહનો અભાવ; નારાજી.
૩. પું. અપવાદ.
૪. પું. અસ્વીકાર
૫. પું. ચિકિત્સા; રોકવાનો ઉપાય.
૬. પું. દમન.
૭. પું. દંડ; ધારણ; સજા; શિક્ષા.
૮. પું. પકડવું તે.
૯. પું. નાશ.
૧૦. પું. નિષેધ કરેલા કામમાં પ્રવૃત્ત મનુષ્યનો તિરસ્કાર.
૧૧. પું. પકડવું તે; કેદ કરવું તે; બંધન.
૧૨. પું. પરમેશ્વર.
૧૩. પું. પીડન; સતાવણી.
૧૪. પું. ભર્ત્સના; નિંદા; ધિક્કાર.
૧૫. પું. મનને તથા ઇંદ્રિયોને કાબૂમાં રાખવાપણું.
૧૬. પું. મહાદેવ; જિન. મન તથા ઇંદ્રિયોને વિષયો તરફ જતાં રોકનારા તે છે. વળી સર્વ જગતને વશ રાખનારા આપણા તંત્રમાં રાખનારા પણ તે છે. કોઈ જાતના તાબામાં નહિ રહેનારા સ્વતંત્ર અને નિઃસ્પૃહ પણ તે છે.
૧૭. પું. મારણ; મારવું તે; વધ.
૧૮. પું વિષ્ણુના કળશ માંહેનું એક નામ. પોતાને અધીન કરીને તે સર્વના નિગ્રહકર્તા છે, તેથી તે નિગ્રહ કહેવાય છે.
૧૯. પું સતાવવું તે.
૨૦. પું. સીમા; હદ.
૨૧. પું. હરાવવું તે; પરાજય; વાદીને યુક્તિબળથી પકડવો તે.

નિગ્રહકારી [સં. નિગ્રહકારિન્] વિ. કાબૂમાં રાખે એવું; નિગ્રહ કરનારું.

નિગ્રહક્રિયા [સં.] સ્ત્રી. નિગ્રહ કરવાની ક્રિયા.

નિગ્રહણ જુઓ નિગ્રહ.

નિગ્રહદોષ [સં.] પું. વાદના દસ માંહેનો એ નામનો એક દોષ. છળકપટ દ્વારા જે પરાજયના પ્રસંગો આવે તે નિગ્રહદોષ કહેવાય છે.

નિગ્રહર ન. કાબૂલી નદીની ખીણનું પ્રાચીન નામ. નુરીસ્તાનનું ખીણ અને તે ઉપરથી નિગ્રહર વિકૃત થયું છે.

નિગ્રહવિષયક [સં.] વિ. નિગ્રહ સંબંધી.

નિગ્રહવું ૧. સ. ક્રિ. કાબૂમાં રાખવું.
૨. [સં. નિગ્રહ્] સ. ક્રિ. દંડવું; શિક્ષા કરવી.
૩. સ. ક્રિ. પકડવું.
૪. સ. ક્રિ. રોકવું.

નિગ્રહવૃત્તિ [સં.] સ્ત્રી. મનોનિગ્રહ; સંયમ.

નિગ્રહસ્થાન ૧. [સં.] ન. ન્યાયના સોળ માંહેનો એક પદાર્થ; પરાજયનું સ્થાન; વિપ્રતિપત્તિને કારણે જ્યાંથી વાદીને અટકાવવો પડે તે; વચનચાતુરી. વાદવિવાદ કે શાસ્ત્રાર્થમાં એવો આવતો અવસર કે જ્યારે શાસ્ત્રાર્થ કરનારામાંથી કોઈ ઊલટીસૂલટી કે સમજ વગરની વાત કરવા લાગે અને તેને ચૂપ કરી શાસ્ત્રાર્થ બંધ કરવો પડે. નિગ્રહની પ્રાપ્તિનું સ્થાન એટલે પરાજયનો પ્રસંગ તેને જ નિગ્રહસ્થાન કહે છે. નિગ્રહસ્થાનના મુખ્ય બે પ્રકાર છે: વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ. જો વાદી પોતાના કર્તવ્યને વિપરીત એટલે ઊલટી રીતે સમજે, તો પ ણ તે પરાજય પામે છે અને જો પોતાના કર્તવ્યને બિલકુલ સમજે નહિ તો પ પરાજય પામે છે. આ રીતે વિપરીત સમજ અને અસમજ એ બે જ પરાજયની પ્રાપ્તિના પ્રસંગો હોવાથી મુખ્ય રીતે નિગ્રહસ્થાન વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ એ બે કહેવામાં આવે છે. વિપરીત પ્રતિપત્તિ અનેક જાતની સંભવે છે અને અપ્રતિપત્તિ પણ અનેક જાતની છે. તે બંને મુખ્ય નિગ્રહસ્થાનના વિસ્તારરૂપે આવીશ નિગ્રહસ્થાન ગણવામાં આવ્યાં છે. તેમાં ૭ નિગ્રહસ્થાન અપ્રતિપત્તિપક્ષમાં અને બાકીનાં સોળ વિપ્રતિપત્તિપક્ષમાં આવે છે. તે આવીશ આ પ્રમાણે છે: (૧) પ્રતિજ્ઞાહાનિ, (૨) પ્રતિજ્ઞાંતર, (૩) પ્રતિજ્ઞાવિરોધ, (૪) પ્રતિજ્ઞાસંન્યાસ, (૫) હેત્વંતર, (૬) અર્થાંતર, (૭) નિરર્થક, (૮) અવિજ્ઞાતાર્થ, (૯) અપાર્થક, (૧૦) અપ્રાપ્તકાલ, (૧૧) ન્યૂન, (૧૨) અધિક, (૧૩) પુનરુક્તિ, (૧૪) અનનુભાષણ, (૧૫) અજ્ઞાન, (૧૬) અપ્રતિભા, (૧૭) અવિક્ષેપ, (૧૮) મતાનુજ્ઞા, (૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ, (૨૦) નિરનુયોજ્યાનુયોજ્ય, (૨૧) અપસિદ્ધાંત અને (૨૨) હેત્વાભાસ.
૨. ન. રોકવાની જગ્યા; અટકાવવાનું સ્થાન.

નિગ્રહી ૧. [સં. નિગ્રહિન્] વિ. દમન કરનાર.
૨. વિ. દંડ દેનાર.
૩. વિ. કાબૂમાં રાખે એવું; સંયમી.
૪. વિ. રોકનાર; દબાવનાર.

નિગ્રહેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાના કળશ માંહેનું એક નામ.

નિગ્રંથન [સં.] ન. મારણ; મારી નાખવું તે.

નિગ્રાહ [સં.] પું. રાગ; આકોશ.

નિગ્રાહક [સં.] પું. અપરાધીઓને અનુચિત અને અન્યાયયુક્ત દંડ.

નિગ્રાહી વિ. નિગ્રહ કરનાર.

નિગ્રો [અં.] પું. હબસી; સીદી.

નિગ્રોધ ૧. પું. અશોક રાજાનો એ નામનો એક અમીર.
૨. સ્ત્રી. એ નામની એક નદી. તે પંચાવતીની ઉત્તર દિશાએ વહે છે.

ઉત્તર નિગ્રોધ નિર્મલ નદી,
આવઈ વહ્ન દુમ પૂત દમી. સીમ

નિગ્ધ ૧. [સં] પું. વૃક્ષ; ઝાડ.
૨. વિ. જેની ઊંચાઈ, ઊંડાઈ અને લંબાઈ સરખી હોય તેવું.

નિઘટવું સ. ક્રિ. નાશ કરવું

નિઘરઘટ ૧. વિ. જેને કંઈ ધરબાર ન હોય એવું; ઠેકાણા વિનાનું
૨. વિ. નિર્લજ્જ; બેશરમ.

નિઝરા [હિં.] સ્ત્રી. ઝરણાંનું વહેરું.

નિઝર્ષ [સં] પું. ઘસવું તે; ચોળવું તે.

નિઝર્ષજ [સં.] વિ. ઘસારાથી પેદા થનાર.

નિઝર્ષણ [સં.] ન. ઘસારો; સંઘર્ષ; સઘર્ષણ; મર્દન.

નિઝલવું ૧. અ. ક્રિ. ઝરણાંને કૂવાં આવવાં; અનાજના છોડવાને કણ આવવા; ઝરણાં પાક ઉપર આવી જવું.

૨. અ. ક્રિ. પાકનું નવી ઉત્પત્તિ માટે ફલવું.

નિઝસ [સં.] પું. ઘાસું તે; ઓજસ્.

નિઝળવું જુઓ નિઘલવું.

નિઝંટ જુઓ નિઘંટુ.

નિઝંટરત્નાકર [સં.] પું. એ નામનો વૈદ્યકનો એક ગ્રંથ. તે ઈ.સ. ૧૮૬૭માં વિષ્ણુ વાસુદેવ ઓડબોલે એ રચ્યો છે અને ઔષધિ અને ઔષધિઓના વિષે સર્વમાન્ય મત ગણાય છે.

નિઘંટિકા [સં.] સ્ત્રી. એક જાતનું છંદ.

નિઘંટુ ૧. પું. આયુર્વેદ ઉપરનું એક આધારભૂત પુસ્તક.

૨. [સં.] પું. નામસંગ્રહ; વૈદિક શબ્દોનો કોષ; શબ્દસમૂહ; શબ્દકોષ; શબ્દસૂચિ. જેમાં તુલ્ય અર્થ અને તુલ્ય કર્મવાળા ધાતુઓની બાબ્બા, એક પદાર્થના અનેકાર્થ અને અનેકાર્થનું એક નામ વર્ણવેલું હોય તેને નિઘંટુ કહે છે. પૃથ્વી ઉપરનાં ભીલ રાષ્ટ્રને કોયરત્નાનું જ્ઞાન હતું તે પહેલાં આર્ય લોકોને તેનું જ્ઞાન હતું. વૈદિક સંહિતામાં નિઘંટુ એ નામે કોષ આવેલો છે તેને આધારે યાસ્કે નિરુક્ત લખ્યું છે. નિઘંટુમાં પાંચ અધ્યાય છે. પહેલા ત્રણ અધ્યાયમાં પર્યાય આપવામાં આવ્યા છે. ત્રીજા અને ચોથા અધ્યાયમાં કઠણ વૈદિક શબ્દોનો સંગ્રહ છે. પહેલા ત્રણ અધ્યાયને નિઘંટુકાંડ, ચોથા અધ્યાયને નૈગમકાંડ અને પાંચમા અધ્યાયને દૈવતકાંડ કહેવામાં આવે છે. વેદનો અર્થ કરવામાં આ ગ્રંથ ઉપયોગી થાય છે. યાસ્કે નિઘંટુની આખ્યા આપી છે, જે નિરુક્તને નામે પ્રસિદ્ધ છે. આ નિઘંટુ અત્યંત પ્રાચીન છે, કેમકે યાસ્કની પહેલાં પણ ઋગ્વેદ અને સ્થૌલાષ્ઠીવી નામના તેના બે નિરુક્તકાર થઈ ગયા હતા. મહાભારતમાં કશ્યપને નિઘંટુના કર્તા લખ્યા છે.

નિઘંટુ આદર્શ [સં.] પું. એ નામનો આયુર્વેદ ઉપર એક આધારભૂત ગ્રંથ.

નિઘંટુકાર [સં.] પું. નિઘંટુ નામનું પુસ્તક લખનાર પુરુષ.

નિઘંટુકોશ જુઓ નિઘંટુ ૨.

નિઘંટુકોષ જુઓ નિઘંટુ ૨.

નિઘા ૧. [સં. નિગાહ] પું. દેખરેખ; નજર; દૃષ્ટિ.

૨. સ્ત્રી. મહેરબાની; કૃપાદૃષ્ટિ.

૩. સ્ત્રી. રક્ષા; સાચવણી.

૪. સ્ત્રી. સંભાળ; સાવચેતી; ખ્યાલ.

નિઘાઇવું અ. ક્રિ. ઓછું થવું; ઘટવું.

નિઘાણું ન. ઢોર વગેરેનું ઘાસચારો; નિભાડાનું; ઘંટીમાંથી લોટ જેવો કરવાનું કપડું.

નિઘાત ૧. [સં.] પું. અનુદાત્ત સ્વર.

૨. પું. પ્રહાર; મારવું તે; આઘાત.

નિઘાતિ ૧. [સં.] સ્ત્રી. લોઢાની ઓરણ.

૨. સ્ત્રી. લોઢાની ઠબોડી; લોઢાનો બત્તુ.

નિઘાતી ૧. [સં. નિઘાતિન્] વિ. ઘાત કરનાર; મારનાર; વધ કરનાર.

૨. વિ. પ્રહાર કરનાર.

નિઘાસ પું. નીકળવું તે

નિઘેષ્યાન જુઓ નિગાહબાન.

નિઘેષ્યાની જુઓ નિગાહબાની.

નિઘોષ [સં.] પું. અવાજ; શબ્દ.

નિઝ ૧. [સં.] પું. (પુરાણ) જે નામનો એક રાજા, તે અનમિત્રનો પુત્ર હતો.

૨. પું. (પુરાણ) સર્વવશી હોવાનું પુલોમજા અનરણ્ય રાજાનો એ નામનો પુત્ર.

૩ વિ. અધીન; તાબેદાર; વશીભૂત.

૪. વિ. આધાર રાખનાર; અવલંબિત.

૫. વિ. ગુપ્તેલું; ગુપ્તિત.

૬. વિ. પૂરું કરેલું.

નિચક્ર [સં.] પું. હસ્તિનાપુરના અસીમકૃષ્ણ રાજાનો એ નામનો એક પુત્ર. જ્યારે હસ્તિનાપુરને ગંગા તાણી ગઈ, ત્યારે તેણે કૌશાંબીમાં રાજધાની કરી હતી.

નિચમન [સં.] ન. ચોકું ચોકું પીવું તે.

નિચય ૧. પું. (જૈન) કર્મસંચય.

૨. [સં.] પું. ઢગલો; સંગ્રહ; સમૂહ; જથ્થો.

૩. પું. નિશ્ચય.

૪. પું. સંચય; જમાવ.

સમુદય બૂહ સમૂહબ્રજ પ્રકર નિકર નિકુરંબ;
પૂર પૂગ પટલ વ્રાત સંચય નિચય કદંબ.
પિંગલપ્રકોષ

નિચયક ૧. [સં.] વિ. જમા કરવામાં હોશિયાર.

૨. વિ. ઢગલો કરવામાં કુશળ.

નિચયીકરણ [સં.] ન. સંગ્રહ કરવો તે; ઓછું કરવાપણું.

નિચયીકૃત [સં.] વિ. ઢગલો કરેલું.

નિચયીભવન [સં.] ન. ઓછું થવું તે; સંગ્રહરૂપ થવું તે.

નિચલા ૧. વિ. અચળ.

૨. વિ. નીચેનું.

૩. [હિં.] વિ. શાંત; સ્થિર; અચપળ.

નિચવવું સ. ક્રિ. નિચોવવું; ઠલાવવું; બે પદાર્થોની વચ્ચે દાબવું.

નિચવાવું અ ક્રિ. નિચોવાવું.

નિચંત ૧. વિ ગાફેલ; બેપરવા.

૨. [સં. નિશ્ચિંત] વિ. ચિંતા વગરનું; નચિંત; ફિકર વિનાનું.

નિચંતાઈ ૧. સ્ત્રી. ચિંતા વગરનું હોવાપણું; બેફિકરાઈ.

૨. સ્ત્રી. બેપરવાઈ.

નિચંદ્ર [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ; દનુપુત્ર એક દાનવ.

નિચાઈ ૧. [હિં.] સ્ત્રી. નીચાપણું.

૨. સ્ત્રી. નીચતા; હલકાઈ.

૩. સ્ત્રી. નીચેની તરફનું અંતર કે વિસ્તાર.

નિચાન ૧. [હિં.] ન. નીચું હોવું તે; ઢાળ.

૨. વિ. નીચું હોય એવું; નીચે જતું; ઢાળ પડતું.

નિચાળો પું. ઘાસ કે રાખ ચાળતાં બીજો ભાગ નીકળી જઈ પાતર રહેતો કાંકરા જેવો ભાગ

નિચિ [સં.] પું. ગાનો સહિત ગાયનું ગાયું.

નિચિકી [સં.] સ્ત્રી. સારી ગાય.

નિચિત ૧. [સં.] વિ. ઓછું કરેલું; સંચિત.

૨. વિ. તૈયાર; નિર્મિત; બનાવેલું.

૩. વિ. નિશ્ચિંત; મસ્ત; બાદું.

૪. વિ. પુષ્ટ; મજબૂત; નિવડ.

૫. વિ. ભરાયું; પૂર્ણ; ભરેલું.

૬. વિ. સંકીર્ણ.

નિચિતા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

નિચિંત ૧. [સં. નિશ્ચિંત] વિ. ચિંતા વિનાનું; બેફિકર; નચિંત.

૨. વિ. બેદરકાર; ગાફેલ; અવિચારી; બેપરવા.

નિચિંતાઈ ૧. સ્ત્રી. ચિંતા ન હોવી તે.

૨. સ્ત્રી. બેપરવાઈ.

નિચુલ [સં.] ન. જળ; નેતરનો છોડ.

નિચુલક ૧. [સં.] ન એક જાતનું માછલું.
૨. ન. જાતીનું અભ્યંતર.

નિચૃદ્‌ગાયત્રી પું. (પિંગળ) સત્તાવીસ અક્ષરનો એક વૈદિક છંદ; એક પ્રકારનો ગાયત્રી છંદ.

નિચેરુ ૧. [સં.] પું. વેદમાં વપરાયેલ ઋષિનું એક નામ
૨. પું. સ્વામીનું દ્રવ્ય છાની રીતે હરી જનાર માણસ
૩ વિ. અપહારની બુદ્ધિથી નિરંતર ફરનાર.

નિચોડ (નિચોડ) ૧. પું. અંત; છેડો.
૨. પું. કહેવાનો સાર; કથનનું સારાંશ; મુખ્ય તાત્પર્ય.
૩. પું. છેવટનો નિર્ણય.
૪. પું. નિચોવીને કાઢેલો રસ.
૫. પું. સત્ત્વ; સાર; તાત્પર્ય; સાર વસ્તુ; રસ.

નિચોડવું (નિચોડવું) ૧. સ. ક્રિ. કોઈ વસ્તુનો સાર કાઢવો.
૨. સ. ક્રિ. પાણીવાળી કે રસભરી વસ્તુને દબાવી તેમાંથી પાણી કે રસ કઢાવવો; દબાવીને પાણી કે રસ કાઢવો.
૩. સ. ક્રિ. સર્વસ્વનું હરણ કરી લેવું; નિર્ધન કરી નાખવું.

નિચોર જુઓ નિચોલ.

નિચોલ ૧. પું. પાયરો.
૨. [સં.] પું. ઘૂંઘટનું કપડું; ઝૂરખો.
૩. પું. ચાદર; પછેડી; ઓછાડ; ઉપર ઓઢવાનું વસ્ત્ર; આચ્છાદન.
૪. પું. રથ.
૫. પું. લૂંગો.
૬. પું. વસ્ત્ર; લૂગડું.
૭. પું. ઓની ઓઢણી.
૮. સ્ત્રી. નીચાણવાળી જમીન.
૯. જુઓ નિચોડ.
૧૦. જુઓ નિચોર.

નિચોલક ૧. [સં.] પું. કંચુકી; ચોળી.
૨. પું. અભ્યંતર.

નિચોવણ ૧. ન. નિચોવવું તે.
૨. ન. નિચોવીને કાઢેલો પદાર્થ; નિચોડ.

નિચોવવું ૧. સ ક્રિ. કસ રહે નહિ તેમ કરવું; તમામ સત્ત્વ કાઢીને લઈ લેવું.
૨. સ. ક્રિ. દબાણ વગેરે કે જુલમ કરી નાણાં વગેરે કઢાવવા.
૩. સ. ક્રિ. દાબીને પ્રવાહી વગેરે બહાર કાઢવું; ત્રબૂહને કે બાંધણીને વજનમાંથી પાણી બહાર કાઢી નાખવું.
માથી નિચોવે એવું = (૧) કોઈ પણ ભોગે પૈસા બચાવવાની વૃત્તિવાળું. (૨) પૈસા બાબતમાં કંજૂસ.

નિચોવાવવું ૧. સ. ક્રિ. નિચોવવામાં મદદ કરવી.
૨. સ. ક્રિ. નિચોવે એમ કરાવવું; નિચોવવાની ક્રિયા કરાવવી.

નિચોવાવું સ. ક્રિ. નિચોવાય એમ થવું. નિચોવવાની ક્રિયા થવી.

નિચ્છવિ ૧. [સં.] પું. એ નામનો એક પ્રદેશ; તીરહુતિ દેશ; તિરહુત.
૨. પું. એક પ્રકારનો વર્ણસંકર ક્ષત્રિય; સવર્ણા સ્ત્રીથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર ક્ષત્રિયનું સંતાન.

નિચ્છવિપુત્ર [સં.] પું. વર્ણસંકર ક્ષત્રિયથી વર્ણસંકર જાતિની ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર.

નિચ્છાયા વિ. છાયા રહિત.

નિચ્છિન્ન વિ. નીચેથી જુદું કરેલ.

નિચ્છિવિ જુઓ નિચ્છવિ.

નિચ્છિવિપુત્ર જુઓ નિચ્છવિપુત્ર.

નિચ્છેદ ૧. પું. અસ્ખલિતપ્રસિદ્ધ એક જાતનો છેદ.
૨. [સં.] પું. છેદ; છેદી નાખવું તે; કાપવું તે; નાશ કરવો તે.
૩. પું. છેદ ન રહેવો તે.

નિચ્છેદવું ૧. સ. ક્રિ. કાપી નાખવું.
૨. સ. ક્રિ. છેદ કરવો.

નિચ્છોલા પું. અહિમ્કાર; સમુદાયમાંથી દૂર કરવું તે.

નિછક્ક ૧. પું. જ્યાં નીચે કોઈ ન હોય તેવું નિર્જન સ્થાન; એકાંતસ્થળ; નિર્જન સ્થાન.
૨. [હિં.] વિ. ચોખ્ખું; શુદ્ધ.

નિછડવું સ. ક્રિ. (કપડું) સાફ થઈ જવું.

નિછત્તર [સં. નક્ષત્ર] ન. નક્ષત્ર.

નિછત્તરી [હિં.] વિ. સારા નક્ષત્રમાં જન્મેલું; નસીબદાર.

નિછત્ર ૧. [સં. નિક્ષત્ર] વિ. ક્ષત્રિય વગરનું; ક્ષત્રિય રહિત.
૨. વિ. છત્ર વગરનું; માથા ઉપર છત્ર ન હોય એવું.
૩. વિ. રાજવિહીન વગરનું.
૪. વિ. રાજા વગરનું.

નિછરાવળ ૧. સ્ત્રી. દાન; બક્ષિસ.
૨. સ્ત્રી. ન્યોછાવર કરવું તે; કુરબાન કરવું તે; ખેરાત કરવી તે.

નિછલ [સં. નિશ્ચલ] વિ. કપટ વગરનું.

નિછવણિયું ન. પાણીનું માટલું વીંજણવાનું કપડું.

નિછાહ પું. નિકાલ; બહાર જવાનો રસ્તો.

નિછામણ ન. માટલી અથવા ગોળાનું વિછળામણ; ધોવરામણ.

નિછામણું ન. પાણીથી ભીંજાયેલા પદાર્થમાંથી પાણી દબાવી કાઢવા તે માટે બનાવેલું વાંસની પટ્ટીનું ચોકઠું.

નિછારો પું. ગંદું પાણી જવાનો રસ્તો; ધોરિયો; નીક; મોરી; નિકોરી; બાળનું પાણી જવાનું ઠેકાણું.

નિછાવર ૧. પું. છનામ; નેગ.
૨. પું. ન્યોછાવર; માથા ઉપર ઘોળ ઉતારી દાન કરેલ વસ્તુ કે દ્રવ્ય.
૩. [હિં] પું. ભોગ; કુરબાની; અર્પણ; કોઈ વસ્તુ માથેથી ઉતારી નાખી દેવાનો અથવા દાન તરીકે આપવાનો ઉપચાર.
૧. કોઈના ઉપર નિછાવર હોવું = કોઈને માટે પ્રાણ તજવા.
૨. નિછાવર કરવું = તજી દેવું.
૪. પું. મૂર્તિ માટે આપેલી કીમત.

નિછાવરી સ્ત્રી. કુરબાની; ભોગ; અર્પણ.

નિછાળવું સ. ક્રિ. વીંજવું; પાણી ઉછાળી ધોવું.

નિછાળાવવું ૧. સ. ક્રિ. નિછાળવામાં મદદ કરવી.
૨. સ. ક્રિ. વિંજાવવું; નિછાળવાની ક્રિયા કરાવવી; નિછાળે એમ કરાવવું

નિછાળાવું સ. ક્રિ. વીંજાવું; નિછાળવાની ક્રિયા થવી.

નિછોટ [હિં.] વિ. ભાજીમાંથી મુક્ત થયેલું; ભાજી વગરનું; ચોખ્ખું; શુદ્ધ.

નિછોહ ૧. [હિં.] વિ. નિર્દય; નિષ્ઠુર.
૨. વિ. પ્રેમ વગરનું.

નિછોહી જુઓ નિછોહ.

નિજ ૧. પું. પોતાનું ખાનગી ઘર કે કચેરી.
૨. [સં] વિ. ખાનગત; ખાનગી; પોતાનું; સ્વીય; સ્વકીય
૩. વિ. ખાસ; મુખ્ય પ્રધાન.
૪. વિ. વાસ્તવિક; યથાર્થ.
૫ અ. ખાસ કરીને; મુખ્યતઃ.
૬ અ. નિશ્ચય; જરૂર.

નિજકામી વિ શીલ પાળનાર; સારા ચારિત્ર્યવાળું

નિજકારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ડુંગર માંહેનું એક નામ.

નિજકારી [હિં.] સ્ત્રી. મહેસૂલ ચૂકે નહીં પેદાશ લઈ લેવામાં આવે એવી જમીન.

નિજકાલ [સં.] પું. સ્થાનિક સમય; કોઈ પણ સ્થળના યામ્યોત્તરવૃત્ત અનુસાર ગણાતો સમય; 'લોકલ ટાઇમ.'

નિજકાલમાન [સં] ન. સ્થાનિક સમયનું માપ

નિજકાળ જુઓ નિજકાલ.

નિજકી સ્ત્રી. હવેલી અથવા મંદિરમાં પૂજારીના પોતાના તરફથી થયેલી રસોઈ.

નિજકુરંગ પું. કસ્તૂરીવાળો મૃગ.

નિજગતિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) વાસ્તવિક ગતિ; તારાઓની પોતાની વાસ્તવિક ગતિ

નિજગમ્ય [સં.] વિ. પોતાથી જાણી શકાય એવું

નિજઘાસ [સં.] પું. પાર્વતીના કોપથી ઉત્પન્ન થયેલ એ નામનો એક રાક્ષ.

નિજજિષ્ણુ [સં] વિ. અતિશય હઠીલું.

નિજજન ૧. [સં.] પું. ઈશ્વરનો ઉપાસક; ભક્ત.

નિજજન સંકટ ટાળક, પ્રતિપાળક એ, પ્રભુમાં પૂરણ પ્રેમ, જય જય દેવ હરે. શ્રીવલ્લભવિદ

૨. પું. પોતાનો માણસ; સેવક.

૩. ન. સ્વજન; સગું.

નિજજનરક્ષા [સં.] સ્ત્રી. પોતાના સેવકનું રક્ષણ.

નિજજનરક્ષાકર [સં.] વિ. પોતાના સેવકનું રક્ષણ કરનાર.

નિજજોત સ્ત્રી. ખરખોડની જમીન.

નિજજ્ઞાન [સં.] ન. આત્મજ્ઞાન.

નિજદાન [સં.] ન. આત્મભોગ; સ્વાત્મોપહાર.

નિજધામ ૧. [સં. નિજધામન્] ન. પરમાત્માનું ધામ, સ્વધામ; પરમધામ.

૨. ન. પોતાનું ઘર

૩. ન. પોતાનું સ્વરૂપ; આત્મસ્વરૂપ.

નિજધૃતિ ૧. [સં.] સ્ત્રી. શાકદ્વીપમાં આવેલી એ નામની એક નદી.

૨. વિ. સ્વભાવથી જ ધૈર્યવાળું.

નિજન પું. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન શ્વાવન રાજાના પુત્ર શ્વાજમાનની પહેલી કોઈના પણ માંહેનો એ નામનો એક પુત્ર.

નિજનામ [સં. નિજનામન્] ન. પરમાત્મા.

નિજપક્ષ ન. અભિમાન; અહંકાર; ગર્વ

નિજપતિ [સં.] પું. પોતાનો ધણી.

નિજપદ જુઓ નિજધામ.

નિજબોધ [સં.] પું. આત્મજ્ઞાન; આત્મબોધ; અંતરબોધ

નિજબ્રહ્મ પું. મલ્લવિદ્યાના અનુચરન માંહેનો એ નામનો એક દાવ; એક પ્રકારની કસરત.

નિજમન [સં. નિજ + મનસ્ (મન)] પું. આત્મા; જીવ.

નિજમંદિર ૧. [સં.] ન. ભગવાન; મૂર્તિને બેસવાનું સ્થળ; મંદિરનો મુખ્ય ભાગ. પૂજારી સિવાય બીજા કોઈને ત્યાં જવાનો અધિકાર હોતો નથી.

૨. ન. પોતાનું ઘર

૩. ન. મુખ્ય સ્થાન.

નિજમુક્ત [સં.] વિ. સ્વયંમુક્ત.

નિજરૂપ [સં.] ન. પ્રભુનું સ્વરૂપ; સાક્ષાત્કાર.

ન ભાસે આ કલ્પ ભરમે ભરાજો,
ન બુદ્ધિથી કે બહુ શાસ્ત્રથી રહી,
પ્રભુની કૃપા ઊતરે પરે જે,
તેની જ ભમે નિજરૂપ ખોલે.
દયારામ

નિજલોક [સં.] પું પરમાત્માનું ધામ. ભાગવતની દૃષ્ટિએ સંસારને તરવા માટે નામસ્મરણથી વધીને કોઈ ઉપાય નથી. આથી જ કૃષ્ણ નામનો સહારો સર્વશ્રેષ્ઠ છે. એ સહારો સર્વજ્ઞ છે તેનો આધાર લેનાર ભક્તયોગના અંતમાને પામે છે, અર્થાત્ ભક્તરૂપી નિજલોક પ્રાપ્ત કરે છે. ભક્ત એટલે પરમાત્મા એ જ્ઞાનો નિજલોક છે, સ્વરૂપ છે.

નિજવાર્તા [સં.] સ્ત્રી. આત્મકથન; સ્વચરિત્ર; પોતાનો વૃત્તાંત.

નિજવું અ. ક્રિ. ઊંઘવું; નિદ્રા કરવી. સૂવું; નિદ્રાવશ થવું

નિજવસ [સં.] વિ. પોતાના જેવું

નિજવસ્તુસમીકરણ [સં.] ન. આકાશી પદાર્થોને પત્રથી માપવામાં માપનારની ભૂલચૂકને લીધે આવતો ફરક.

નિજવહુરણ [સં.] વિ. જેને પોતાની મેળે પ્રસૂતા થાય એવું.

નિજવાદ [સં. નિનાદ] પું. ઉત્પત્તિ. મૂળ; વંશ.

નિજા [અ. નિઝા] પું. ઝઘડો; વિવાદ.

નિજાત [અ. નજાત] પું. મુક્તિ; મોક્ષ; છુટકારો.

નિજાત્મા [સં. નિજાત્મન્] પું પોતાનો આત્મા.

નિજાધિક [સં.] વિ. પોતાના કરતાં પણ વધારે.

નિજાનંદ ૧. [સં.] પું. આત્માનો આનંદ; પોતામાં જ પરમ આનંદ માનવો તે.

૨. પું. પોતાનો આનંદ.

૩. પું. બ્રહ્મ.

નિજાનંદ સંપ્રદાય [સં.] પું. નિજાનંદ સ્વામી થી દેવચંદજીએ પ્રગટાવેલો શ્રીકૃષ્ણ પ્રણામી સંપ્રદાય.

નિજાનંદ સ્વામી [સં. નિજાનંદ સ્વામિન્] પું. પરમાત્માના આનંદસ્વરૂપને સમજનારા દેવચંદજી સ્વામી, નિજાનંદ સંપ્રદાયને પ્રગટ કરનાર મૂળ પુરુષ

નિજાનંદી [સં. નિજાનંદ + ઈન્ (વાળું)] વિ. પરમાત્માના આનંદમાં રમણ કરનાર; બ્રહ્માનંદી.

નિજાબત [અ. નજાસ (તે અપવિત્ર હતો)] સ્ત્રી. અપવિત્રતા, ઉત્તમ કુળનું હોવાપણું.

નિજાભાસ [સં.] પું. સ્વપરિચય; પોતાની ઓળખાણ

નિજામ ૧. [અ] પું. કવિતા રચનાર, પદ્ય રચનાર માણસ.

૨. પું. ભારવો.

૩. પું. પામો

૪. પું ભરોસરત, ઇતેલ્લામ

૫. પું મોતીની સેર.

૬. પું રિવાજ; ટેવ.

૭. પું. વ્યવસ્થાપક; મુખી.

૮. પું. હૈદરાબાદના રાજવંશોનું પદવી.સૂચક નામ.

નિજામો ૧ પું. ભારવો, વહાણવટી.

૨. પું. માછીમાર

નિજારા [સં. નજારા] પું. કટાક્ષ; નેત્રરાગ; પ્રેમની નજર; મોહક દૃષ્ટિ.

નિજારોપ [સં.] પું. સામા માણસમાં પોતાની લાગણી કે પોતાના વિચાર કે પોતાના વલણનો આરોપ કરવો તે

નિજાર્જિત ૧. [સં.] વિ. ઈશ્વરને બદલે કમેલું.

૨. વિ. પોતાને આશ્રયે રહેલું.

નિજાસત [અ. નજસ (તે બહુ હતું)] સ્ત્રી. ગંદકી; મલિનતા.

નિજાંગના [સં. નિજ (પોતાનું) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. પોતાની સ્ત્રી; પત્ની.

નિર્ભર [સં.] વિ. પોતાનું મન; પોતાનું અંતઃકરણ

સમર્પણથી તું ભરી દે,
નિર્ભર દેશ વાસે છે.

આનંદઘન સજ્જનાનંદ

નિર્જિ ૧. વિ. પોતાનું.

૨. [સં.] વિ. શુદ્ધ; પવિત્ર; સ્વચ્છ.

નિર્જિયા [સં. નિર્જ્ઞમન્] પું. જીવરૂપ આત્મા.

નિર્જેચ્છા [સં.] સ્ત્રી. પ્રભુની ઇચ્છા.

નિર્જેકજૂ [સં.] પું. સ્વયંભૂ; આત્મારામ; પરમાત્મા.

નિર્જેપમા [સં.] સ્ત્રી. (અલં) એક પ્રકારની ઉપમા. જ્યાં સમધર્માદિક ભેદથી પોતાની ઉપમા પોતાને જ આપવામાં આવે તે નિર્જેપમા કહેવાય છે.

નિર્જોર વિ. નિર્બળ; નમાલું; દુબળું.

નિર્જ્ઞતિજ્ઞ સ્ત્રી. યોગ્યતા.

નિર્જ્ઞદા જુઓ નિર્જ્ઞદ.

નિર્જ્ઞદાત [સં.] સ્ત્રી. ચાલુ હિસાબ.

નિર્જ્ઞા ૧. [અ.] પું. ફરિયો; તકરાર; લડાઈ.

૨. પું. ઝઘડાળી વાત.

૩. પું. ગૂંજારો; ગૂંજારવ તે.

નિર્જ્ઞાદ [સં.] સ્ત્રી. ઓલાદ; વંશ.

નિર્જ્ઞામ (નિર્જ્ઞામ) ૧. [અ.] પું. કવિતા રચનાર; પદ્ય બનાવનાર માણસ; કવિ.

૨. પું. દક્ષિણ હૈદરાબાદના રાજવંશની સંજ્ઞા.

૩. પું. પાયો; બંધારણ.

૪. પું. બંદોબસ્ત; વ્યવસ્થા.

૫. પું. મોતીની માળા.

૬. પું. રાજ્યવહીવટ.

૭. પું. રાજ્ય.

૮ પું. રિવાજ.

૯. પું. હુકમ; સત્તો.

૧૦. પું. કુદરત; બાદશા

૧૧. પું. વ્યવસ્થાપક.

નિર્જ્ઞામત (નિર્જ્ઞામત) ૧. [અ.] સ્ત્રી. મોહરબંધ; બંધારણ.

૨. સ્ત્રી. તાલુકો; મહાલ; પ્રાંત.

૩. સ્ત્રી નાજિમ અને તેના સહાયક કર્મચારીને રહેવાનું કાર્યાલય.

૪. સ્ત્રી. ફોજદારી ગુનાની શિક્ષા કરવી તે.

૫. સ્ત્રી. રાજ્યવ્યવસ્થા.

૬. સ્ત્રી. હકૂમી; સત્તાગીરી.

નિર્જ્ઞામત અદાલત (નિર્જ્ઞામત અદાલત) [અ.] સ્ત્રી. મુસલમાની રાજ્યના જમાનની ચાર માંહેની એક પ્રકારની અદાલત. આ અદાલત ફોજદારી ન્યાય આપવાની સર્વોપરી કચેરી હતી. તેમાં નાજિમ એટલે પ્રાંતનો હાકેમ ન્યાય આપતો. તેના વળી બે વર્ગ હતા: (૧) રોજ અદાલત. તે રવિવારે બેસતી અને તેમાં ખૂનના આરોપીઓનો નાજિમ પોતે ન્યાય કરતો. (૨) અદાલતે આલિયતા તેમાં માલમિલકત, ટંટોફિસાદ વગેરેની ફરિયાદોનો નિકાલ થતો. આ ન્યાય નાજિમનો મદદનીશ કરોગો આપતો.

નિર્જ્ઞામચોદ્દાર (નિર્જ્ઞામચોદ્દાર) ૧. સ્ત્રી. મદ્રાસ ઇલાકામા વસતા કોરોની એ નામની એક જ્ઞાત.

૨. ન. એ નામની જ્ઞાતનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતનું.

નિર્જ્ઞામશાહ્સી (નિર્જ્ઞામશાહ્સી) [અ.] ન. સૂર્યમંડળ; સૂર્યમાળા.

નિર્જ્ઞામશાહ્હી (નિર્જ્ઞામશાહ્હી) ૧. સ્ત્રી નિર્જ્ઞામ રાજ્યના ઊંચા હિસ્સામાં પડેલી એ નામની એક તોપ. તે આઠ ફૂટ લાંબી અને તેની કિનાર દસ ઇંચની છે. પચ્ચરના ગોળા ઉપરાંત એક લોઢાનો પોલ્લ ગોળો ખાસ તેને જ માટે તૈયાર કરવામા આવ્યો હતો. તેમાં એક છિદ્ર છે. તોપનું વજન પંચાવન ટનનું છે.

૨. સ્ત્રી. નિર્જ્ઞામથી ચાલતો રાજ્યવહીવટ.

નિર્જ્ઞામી (નિર્જ્ઞામી) [અ.] વિ બંદોબસ્તને લગતું; વ્યવસ્થાવાળું.

નિર્જ્ઞામુદ્દીન ઔલિયા (નિર્જ્ઞામુદ્દીન ઔલિયા) પું. એ નામનો એક મુસલમાની સંત ઈ.સ ૧૨૩૮મા બદાયૂનમાં તેનો જન્મ થયો હતો. તેની ઉંમર વીસ વર્ષની હતી ત્યારે ગુરુએ તેને પોતાના ગાદીવારસ ઠરાવેલ. વિખ્યાત કવિ અમીર ખુસરૂ અને અમીર હસન દિલ્હવી તેના શિષ્ય હતા પ્રસિદ્ધ ઇતિહાસકાર ઝિયાઉદ્દીન બરણી પણ તેનો શિષ્ય હતો.

નિર્જ્ઞામુલમુલ્ક (નિર્જ્ઞામુલમુલ્ક) [અ. નિર્જ્ઞામ (સત્તો) + અલ (તે) + મુલ્ક (રાજ્ય)] પું પ્રાંતનો હાકેમ. દક્ષિણનો સત્તો નિર્જ્ઞામુલમુલ્ક કહેવાતો નિર્જ્ઞામ શબ્દ તેનું ટૂંકું રૂપ છે.

નિર્જ્ઞાર [સં.] વિ. કોમળ; નાજુક.

નિર્જ્ઞારા ૧. [અ.] પું. હજરત અલીની પરંપરામાં થયેલા શાહનિર્જ્ઞારને માનનારો વર્ગ

૨. જુઓ નિર્જ્ઞારા.

નિર્જ્ઞારી [સં] સ્ત્રી. નાજુકપણું; કોમળતા.

નિર્જ્ઞારીપંથ પું સૈયદ નુરુદ્દીન અથવા સતગુરુ નુરુએ સ્થાપેલો એ નામનો પંથ. તેની સ્થાપના સિદ્ધરાજ જયસિંહના વખતમાં ગુજરાતમાં થઈ હતી.

નિર્જ્ઞાહ [અ. નિર્જ્ઞાભ] સ્ત્રી. તકરાર; ઝઘડો.

નિર્જ્ઞોલ ૧. [હિ.] પું. હાથી.

૨. વિ. સ્થિર.

નિર્જ્ઞૂહ [સં.] અ. નજીક; પાસે.

નિર્જ્ઞ્ઞર ૧. [હિં.] વિ. સ્ત્રી. ઉપલબ્ધ ન હોય તેવી; ફળદ્રુપ ન હોય એવી.

૨. વિ. સ્ત્રી. વસાઈ ગયેલી.

નિર્જ્ઞલ ૧. [સં.] ન. માથું; મસ્તક.

૨. ન. લલાટ; કપાળ; ભાલ.

નિર્જ્ઞલાક્ષ [સં. નિર્જ્ઞલ (કપાળ) + અક્ષ (આંખ)] પું શિવ, ત્રિલોચન. તેના કપાળમાં ત્રીજું લોચન મનાય છે.

નિર્જ્ઞાર વિ. અસહ્ય.

નિર્જ્ઞારા [હિં.] પું. નિર્ણય; ફરાક.

નિર્જ્ઞિલ [સં.] ન. કપાળ.

નિર્જ્ઞોલ ૧. [હિં.] પું. મદોન્મત્ત; પદ.

૨. વિ બેફામ; નિર્લજ્જ.

૩. અ. નીચે; નકામી; નિષે.

નિર્જ્ઞોળ જુઓ નિર્જ્ઞોલ.

નિર્જ્ઞ ૧. અ અવશ્ચિત; ભાગ્યે જ.

૨. અ. નકામી; બરાબર.

નિર્જ્ઞલ્લા [હિં] વિ. બેકાર; બરોજગાર; અવ્યવસાયી; નિરુદ્યમી; જેની પાસે કંઈ સાધન ન હોય એવું.

નિર્જ્ઞવું ૧. [સં. નિસ્] અ. ક્રિ. અંત આવવો; છેડો આવવો.

૨ અ ક્રિ. ઓળખવું, જાણી કાઢવું.

૩. અ ક્રિ. ખૂટવું; ખોખું થવું.

૪. અ ક્રિ. ગુજરવું; નીકળવું.

૫. અ ક્રિ. પસાર થવું; વીતવું.

૬ અ. ક્રિ. સોપાવું; સુકાવું.

નિર્જ્ઞાડવું (નિર્જ્ઞાવું) ૧. સ. ક્રિ. અંત આણવો; છેડો લાવવો.

૨. સ. ક્રિ. ખુટાડવું.

૩. સ ક્રિ. વિતાડવું.

નિર્જ્ઞાલ્લા જુઓ નિર્જ્ઞલ્લા.

નિર્જ્ઞાવવું સ ક્રિ. નીકવાની ક્રિયા કરાવવી.

નિર્જ્ઞિયો પું. ખોટ; તંગી.

નિર્જ્ઞુર ૧. [સં. નિષ્ઠુર] વિ. કઠોર; કાળજ હૃદયવાળું.

૨ વિ નિર્દય; ક્રૂર હૃદયનું

૩. વિ. જૂઠું; ખરાબ; દુષ્ટ.

નિષ્ઠુરતા ૧. [સં. નિષ્ઠુરતા] સ્ત્રી. કઠોરપણું.
૨. સ્ત્રી. દુષ્ટતા.
૩. સ્ત્રી. નિર્દયતા.

નિષ્ઠુરાઈ જુઓ નિષ્ઠુરતા.

નિષ્ઠોર વિ. નિષ્ઠુર.

નિહ્ન ૨. ખેતરમાંથી ઘઉ વગેરે નીંદવું તે.

નિડર ૧. [હિં.] વિ. કોઈ વસ્તુનું; કોઈથી નહિ બીનારું; નિર્ભય.
૨. વિ. બહાદુર; જાતીવાળું; સાહસિક; ધૃષ્ટ.

નિડરતા ૧. સ્ત્રી. નિર્ભયપણું; બીક રહિતપણું.
૨. સ્ત્રી. બહાદુરપણું; ધૃષ્ટતા.

નિડરપણું જુઓ નિડરતા.

નિદાની સ્ત્રી. ખેતરમાંથી ઘઉ વગેરે નીંદવાનું હથિયાર; ખેતા.

નિદીન [સં.] ન. પક્ષીઓની નીચે ઊડી આવવા રૂપ ગતિ.

નિદારુ પું. એક પ્રકારનો વેલો. તેમાં ગોળાઈ લેતાં ફળ આવે છે. તેને ગામવરિયાં કહે છે, કેમકે ગામ તે ખામ તો વસ્તી બહુ એમ મનાય છે.

નિદાલ ૧. [હિં.] વિ. બહાદુર; નબળું.
૨. વિ. ઉત્સાહ વગરનું; સુસ્ત.

નિદિલ ૧. [હિં.] વિ. કઠોર; નિર્દય.
૨. વિ. દીલું નહિ તેવું; મજબૂત.

નિદોમાંથી સ્ત્રી. એક જાતનો છોડ. તેની નીચે મોથ જેવી સુગંધિત પણ તેથી નાની ગાંઠ માલ છે.

નિદ્રુષ [સં.] વિ. અતહિત; ઢંકાઈ ગયેલું; અદશ્ય થયેલું.

નિત ૧. પું. મેવુથી વધારે અંદરના ખૂણાનો પાયો.
૨. વિ. રોજનું; રોજ કરવાનું.
૩. વિ. શાશ્વત; અવિનાશી.
૪. [સ. નિત્ય] અ. નિત્ય; રોજ.
૫. અ. સદા; હમેશ.

નિતમ્બ [સ.] પું. મેજ ઉપર પાથરવાનો કમાવેલા ચામડાનો કટકો.

નિતઊઠ અ. દરરોજ; હમેશ.

નિતની [સ.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

નિતનવું વિ. હમેશ નવું; તાજું.

નિતનિત અ. રોજરોજ; કરહમેશ.

નિતનીમ ન. નિત્યનિયમ; દૈનિક કર્તવ્ય.

નિતનૂતના વિ. દરરોજ નવું; તાજું.

નિતનેમ જુઓ નિતનીમ.

નિતપત [સં. નિત્યપ્રતિ] અ. દરરોજ; હમેશ.

નિતપ્રતિ જુઓ નિતપત.

નિતયૌવની ૧. સ્ત્રી. ડોસડી, કેમકે તે હમેશ યુવાન રહેતી એમ મનાય છે.
૨. વિ. સ્ત્રી. હમેશ યૌવનમાં રહેનારી.

નિતરાઉ ન નિતારી લીધેલું પાણી કે પ્રવાહી.

નિતરામણ ન. કરેલા પ્રવાહી ઉપરનું પાણી; રજ બાકી રાખે વસ્તુ નીચે બેઠા પછીનું ઉપરનું સ્વચ્છ પાણી; નિતારતાં નીકળેલું પાણી કે પ્રવાહી.

નિતરામ ૧. [સં.] અ. નિત્ય; હમેશા; સદા; સર્વદા.
૨. અ. બધારે; અતિશય.

નિતરાવવું સ.ક્રિ. નિતારાવવું; નીતરે એમ કરાવવું; નીતરવાની ક્રિયા કરાવવી.

નિતરોજ જુઓ નિતપત.

નિતલ [સં.] ન. સાત ભોંયનું એ નામનું એક પાતાળ. તે પણ નીચે હોવાનું મનાય છે.

નિતવાળિયો પું. નિતવાળિયો; મરનારની પાછળ વરસ સુધી રોજ જમાડાતો બ્રાહ્મણ

નિતાંત [સં. નિતાંત] વિ. અતિશય; બહુ.
પૃષ્ટ અતિશય અતિવેશ અલ અધિક અત્યંત નિતાંત; અતિ સર્વત્ર વર્જિત કહી મયા સંત અનંત.
વિશ્વબહુમોદ

નિતંબ ૧. પું. ઊંચો અને ઊતરતો ઢોળાવ.
૨. પું. કાંઠો; તીર; તટ.
૩. [સં.] પું. ખાંધ.
૪. પું. કમર ઉપરનો માંસલ ભાગ. કટિપ્રદેશના; થાપો; કમરો; કૂલો; કેડની પછાડેનો ઊંચો માંસલ ભાગ. ખાસ કરીને ઓને માટે વપરાય છે
૫. પું. પર્વત ઉપરનો ઢાળવાળો ભાગ; પર્વતની કેડ; પર્વતનો પ્રાંત ભાગ
૬. પું. મધ્ય પ્રદેશ; કેડ.

નિતંબપિંડિકાગરિષ્ઠા [સં.] સ્ત્રી. મુક્ત નિતંબ; નિતંબ ઉપરની એ નામની એક પેશી. પંખાના જેવા આકારની આ મોટી અને જાડી પેશી નિતંબ બનાવવામાં મુખ્ય ભાગ લે છે આ પેશીના થોડાઘેક તંતુ ઊરુકંડુકમાં પણ લાગેલા છે. ઊર્વસ્થિના મહાશિખરક ઉપર બાંધીને પસાર થતી આ પેશીની કેડરા તથા તે શિખરક વચ્ચે એક શ્લેષ્મધરકલાપુટ રહેલું હોવાથી ત્યાં ઘર્ષણ થતું નથી. નિતંબપિંડિકાનું મુખ્ય કામ ઊર્વસ્થિને પાછળી બાજુ તરફ ખેંચવાનું તેમ જ બહારની બાજુ તરફ ફેરવવાનું છે. ત્યારબાદ વાંકા વળીને ફરી પાછા ટટ્ટાર ઊભા રહેવામાં તે મદદ કરે છે, કારણ કે આપણ શરીરમાંને પાછળી બાજુ તરફ ખેંચે છે. મનુષ્યોને ઊભા રહેવામાં તથા નીચે પડ્યા ઉપર ચાલવામાં આ પેશી ખાસ ઉપયોગી છે. ચાર પગે ચાલનારાં જનવરોમાં આ પેશી પૂરતી વિકસ પામેલી નહિ હોવાથી તેઓ ઊભાં રહી શકતાં નથી, તેમ જ પાછલા પગ ઉપર ઊભાં આવી શકતાં નથી.

નિતંબપિંડિકામધ્યમા [સં.] સ્ત્રી. મધ્ય નિતંબ; નિતંબ ઉપરની એ નામની એક પેશી. તે નિતંબપિંડિકાગરિષ્ઠાને મળતી જ છે. તે જઘનપૃષ્ઠ ઉપરથી બે બારા ઉપરથી તેમ જ પાસેની માંસધરકલા ઉપરથી પહોળાં અને જરાવદાર મૂળો વડે ઉત્પન્ન થાય છે. તેઓ મળીને થયેલી કેડરા ઊર્વસ્થિના મહાશિખરકની પીઠ ઉપર લાગેલી છે. કેડરાની નીચે એક શ્લેષ્મધરકલાપુટક આવેલું છે, તથી તે કેડરા શિખરક ઉપર સહેલાઈથી ફરે છે.

નિતંબપિંડિકાલઘિષ્ઠા સ્ત્રી. લઘુ નિતંબ; નિતંબ ઉપરની એ નામની એક પેશી. પંખાના આકારની આ પેશી બહુ જ નાની છે. તે નિતંબપિંડિકા ગરિષ્ઠા તથા નિતંબપિંડિકામધ્યમા વડે ઢંકાયેલી છે. તે જઘનપીઠ ઉપરથી ઉત્પન્ન થઈ ઊર્વસ્થિના મહાશિખરકના આગલા ભાગમાં લાગેલી છે.

નિતંબપેશી [સં.] સ્ત્રી. નિતંબને લાગેલી માંસપેશી.

નિતંબપ્રાવરણી સ્ત્રી. સાથળની આસપાસ મજબૂત રીતે વીંટળાયેલા ઊરુકંચુકનો નિતંબને ઢાંકનાર ભાગ; 'ગ્લુટીઅલ ફેસિઅ.'

નિતંબવતી ૧. [સં. નિતંબ (કમરો) + વત્ (વાળું) + ઙી (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સારે અને હમતા નિતંબવાળી સ્ત્રી; નિતંબિની.
૨. વિ. સ્ત્રી. કમરાવાળી.

નિતંબસ્નાયુ [સં. નિતંબ (કમરો) + સ્નાયુ (માંસપેશી)] પું. નિતંબમા રહેલો સ્નાયુ.

નિતંબા સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન વિંધ્ય પર્વતમાં મનાય છે.
વિંધ્ય પર્વતમા નિતંબા નામની દેવીની પીઠ છે.
જગદંબા જગવદ

નિતંબાધોગાધમની [સં. નિતંબ (કમરો) + અધઃ (નીચે) + ગા (જનારી) + ધમની (નસ)] સ્ત્રી. કૂલાની નીચે જનારી એ નામની એક ધમની; નિતંબાધોધમની, નિતંબિકી.

નિતંબાધોધમની જુઓ નિતંબાધોગાધમની.

નિતંબાસ્થિ [સં. નિતંબ (કમરો) + અસ્થિ (હાડકું)] ન. નિતંબનું હાડકું; કમરનું હાડકું.

નિતંબિની ૧. સ્ત્રી. નર્મદાનાં કાંઠા પર આવેલું એક નામ.

૨. [સં. નિતંબ (કમરો) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સુંદર નિતંબવાળી સ્ત્રી; મારે ને કમરા કમરાવાળી સ્ત્રી. આવી સ્ત્રી સુંદર મનાતી હોઈ કાવ્યોમાં નિતંબિની શબ્દ વપરાય છે.

૩. વિ. સ્ત્રી. સુંદર નિતંબવાળી.

નિતંબી ૧. સ્ત્રી. નર્મદાનાં કાંઠા પર આવેલું એક નામ.

૨. [સં. નિતંબ (કમરો) + ઇન્ (વાળું)] વિ. નિતંબવાળું; સુંદર ભારદાર નિતંબ હોય એવું.

નિતંબીય [સં. નિતંબ (કમરો) + ઈય (લગતું)] વિ. નિતંબને લગતું.

નિતંબૂ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

નિતાન ૧. અ. નિત્ય; હમેશાં; દરરોજ.

૨. અ. વારંવાર.

નિતાર ૧. પું. ગોળાયેલ પ્રવાહી કર્યા પછી કમરો નીચે બેસી જતાં ઉપર રહેતું ચોખ્ખું પ્રવાહી.

૨. પું. નિતારણ; નિતારવું તે.

નિતારણ પું. તળિયે રહેલ ગોળને હલાવ્યા વગર ઉપરથી આછરેલ પ્રવાહી નિતારી લેવું તે.

નિતારવું ૧. સ. ક્રિ. નિચોવવું.

૨. સ. ક્રિ. નીતરે એમ કરવું; રસ જાવા ગોળ નીચે કર્યા પછી ઉપર રહેલું પ્રવાહી વાર્યા લેવું.

નિતારાવવું ૧. સ. ક્રિ. નિતારવામાં મદદ કરવી.

૨. સ. ક્રિ. નિતારે એમ કરવું.

નિતાર્યું અ. ક્રિ. નીતરે એમ થયું.

નિતાંત ૧. [સં.] અ. એકાંત.

૨. વિ. અત્યંત; બહુ જ; ખૂબ; અતિશય; એકદમ.

૩. વિ. ખાસ; અસાધારણ.

૪. વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.

૫. વિ. બિલકુલ; સર્વથા; એકદમ.

૬. અ. બરોબર.

૭. અ. ખૂબ; અતિશય.

૮. અ. ઊંડે; તદ્દન; સદંતર.

નિતિ જુઓ નિત.

નિતીશ પું. (સંગીત) તીવ્ર નિષાદ સ્વર.

નિતુ [સં. નિત્ય] અ (બા. પ્ર.) નિત્ય; રોજ.

આદિ સહસ કરણ નિતુ શેષ. વિમલપ્રબંધ

નિત્તા સ્ત્રી. નિત્યતા

નિત્તી [હિં.] સ્ત્રી. સોનીથી વપરાતું નાનું ઝાલ્યું.

નિત્ય ૧. [સં.] પું. આત્માના ચાર ગુણોનો એક ગુણનો એક ધર્મ.

૨. પું. (વેદાંત) જેનો પ્રાગભાવ કે ધ્વંસ ન હોય તેવો પદાર્થ; બધા કાળમાં રહેનારો પદાર્થ. પરમાણુ, આકાશ, કાળ, દિશા, આત્મા, મન, સામાન્ય, વિશેષ, સમવાય, અન્યોન્યાભાવ, અત્યંતાભાવ, નિત્યદ્રવ્ય વગેરે નિત્ય પદાર્થો છે. ન્યાય મત પ્રમાણે પરમાણુ નિત્ય છે. સાંખ્ય મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ બંને નિત્ય છે. બાકી બીજા બધા અનિત્ય છે. કશુદ કહે છે કે જે અર્થ કારણ વડે ઉત્પન્ન થઈને અસ્તિત્વ ધરાવે છે તેની પ્રથમ ઉત્પત્તિ ન હોવાથી તેને અનિત્ય કહે છે અને જે કદાપિ અર્થરૂપમાં ન જતાં હમેશાં સર્વના કારણરૂપે રહે છે તે નિત્ય કહેવાય છે. વેદાંત આ બધાનું ખંડન કરી કેવળ બ્રહ્મને જ નિત્ય કહે છે.

૩. પું. પરમેશ્વર. તે નિત્યત્વ અવિનાશી છે.

૪. પું. (પુરાણ) મરીચિ કુળમાં થયેલ એ નામના એક ઋષિ.

૫. પું. શિવનાં કાંઠા પરનું એક નામ.

૬. પું. સમુદ્ર.

૭. અ. હમેશાં કરવાનું સંધ્યાવંદનાદિ નિત્યકર્મ.

૮. વિ. (ન્યાય) ઉત્પત્તિ નાશ વગરનું; અવિનાશી; શાશ્વત; નિરાળજ્યાપી.

૯. વિ. આયુ; હજારવર્ષ જીવનારું; અમરી.

૧૦. વિ. જેના મૂલ્ય અથવા સ્વાનમાં ફેરફાર થતો ન હોય તેવું.

૧૧. વિ. જ્યારે જુઓ ત્યારે નવાની પેઠે પ્રીતિ ઉપજાવે એવું.

૧૨. વિ. બારમાસી; આખું વર્ષ રહે એવું.

૧૩. વિ. સદા કાળનું; કાયમ

૧૪. વિ. સનાતન; અનંત

૧૫ વિ. હમેશનું; રોજનું; રોજ કરવાનું

૧૬. અ. દરરોજ; હમેશાં, રોજ.

૧૭. અ. સદા; સર્વદા.

નિત્યઅનિત્યપણું ન. (જૈન) વિનાશી અને અવિનાશીપણું. વસ્તુમાં ત્રિકાળ ટકી રહેવાની અપેક્ષાએ નિત્યપણું છે અને ચોક્કસ અવસ્થાનું નષ્ટવું ને નવી અવસ્થાનું ઊપજવું તે અનિત્યપણું છે.

નિત્ય આકસ્મિક ધર્મ [સં. નિત્ય (કાયમનું) આકસ્મિક (અકસ્માત બનતું) + ધર્મ (ગુણ)] પું. નિત્ય ઉપાધિ; સર્વકાલિક અનાવશ્યક ગુણ. આકસ્મિક ધર્મોના નિત્ય અને અનિત્ય એવા બે ભાગો છે. જે ધર્મ આકસ્મિક હોવા છતાં પદાર્થના સ્વભાવ ધર્મો સાથે હમેશ જોડાયેલો માલૂમ પડે તે નિત્ય અને કોઈક વાર જોડાયેલો માલૂમ પડે તે અનિત્ય.

નિત્યક ન. (જૈન) આમંત્રણ કરે તેને સાંજી ભિક્ષા લેવી તે; નિત્યપિંડ.

નિત્યકથા [સં.] સ્ત્રી. હમેશાં કરવામાં આવતી કથા.

નિત્યકર્મ ૧. [સં. નિત્યકર્મન્] ન. (વેદાંત) અવશ્ય અપેક્ષિત ફળનું સાધન.

૨. ન. દરરોજ અવશ્ય કરવાનું ધાર્મિક કામ; નિત્ય કરવાનો ધાર્મિક વિધિ. મીમાંસામાં પ્રધાન કે અર્થકર્મ ત્રણ પ્રકારનાં કહ્યાં છે: નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. દરરોજ કરવાને આવશ્યક હોય અને જો ન કરવાથી પાપ લાગે તે નિત્યકર્મ કહેવાય છે. નિત્યકર્મ ચાર છે: પ્રાતઃસ્મરણ, શૌચવિધિ, સ્નાન, અઘમર્ષણ, સંધ્યા, જપ, તર્પણ, અગ્નિહોત્ર, અર્ચન, ભોજન, ધ્યાન અને ભોજન. શાસ્ત્રની આજ્ઞા છે કે, દ્વિજોએ સ્નાન, સંધ્યા, ગાયત્રી, જપ, વિષ્ણુપૂજન અને વૈશ્વદેવ એ નિત્યકર્મ કર્યા વગર ભોજન કરવું નહિ.

૩. [સં. નિત્ય (કાયમનું) + કર્મન્ (કામ)] ન. દરરોજ કરવું જ જોઈએ એવું કાર્ય; દરરોજ કરવાનું કાર્ય; દરરોજનું કર્મ.

૪. ન. (વેદાંત) પ્રત્યવાયના અનાદરૂપ અભાવનું પ્રતિયોગી કર્મ. જેમકે, એકાદશીમાં ઉપોષણ કરવું. તે ઉપોષણનો અભાવ તે પ્રત્યવાયને ઉત્પન્ન કરવા રૂપ અભાવ છે. તેનો પ્રતિયોગી ઉપોષણ છે, માટે એકાદશીનું ઉપોષણ નિત્યકર્મ છે.

નિત્યકિંજલ્કા સ્ત્રી. (તાંત્રિક) પંદર આંગળની એ નામની શ્રીજી નિલા; અષ્ટાંગમાં જણાવેલી એ નામની એક નિલા.

નિત્યકુવાર વિ. સદા ખૂબ્યું; સદા આનુ.

કલાપો તો હોય નિત્યકુવાસ,
જેમના કલ્પના જોડ આલા ખૂબ્યા,
જન્મથી વરેલા છે કલા કન્યાને.

પ્રરવાન

નિત્યકૃત્ય જુઓ નિત્યકર્મ.

નિત્યક્રમ [સં.] પું. રોજનો અનુક્રમ.

નિત્યક્રિયા જુઓ નિત્યકર્મ

નિત્યક્ષૌર [સં. નિત્ય (હમેશનું) + ક્ષૌર (હજામત)] ન. દરરોજ મુંડન કરવું તે.

નિત્યગતિ [સં. નિત્ય (હમેશ) + ગતિ (ચાલવું તે)] પું. વાયુ; હવા.

નિત્યગમન જુઓ નિત્યગતિ.

નિત્યજ્વર [સં. નિત્ય (હમેશનું) + જ્વર (તાવ)] પું. હમેશ આવતો તાવ.

નિત્યતા [સં. નિત્ય (હમેશ) + તા (પણું)] સ્ત્રી. નિત્યપણું; સનાતનતા; અનંતતા; અવિનાશીપણું; શાશ્વત રહેવાપણું; કાયમપણું; હરહમેશ રહેવાપણું, શાશ્વતતા.

નિત્યતાવ પું. (વૈદક) હરરોજ આવતો તાવ. એ પ્રકારનો ટાઢિયો તાવ. તે હરરોજ નિયમસર અમુક વખતે જ આવે છે.

નિત્યતુષ્ટા [સં. નિત્ય (હમેશ) + તુષ્ટા (સંતોષ પામેલી)] સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

નિત્યતૃપ્ત ૧. વિ. અખંડ આનંદવાળું; ચિદાનંદવાળું

૨. [સં. નિત્ય (કાયમનું) + તૃપ્ત (સંતોષી)] વિ. હમેશને માટે તૃપ્ત હોય એવું. નિરાશા એ જ પરમાનંદ છે. એવા પંડિતોને ભૂત ભવિષ્ય છે જ નહિ, કેવળ વર્તમાન જ છે, કેમકે, કર્તવ્યરૂપે જ કર્તવ્યકર્મને કામજયમાં તેમનો આનંદ છે. એથી તૃપ્તિનો અંત કદાપિ થતો નથી, માટે જ તેને નિત્યતૃપ્ત કહેવાય. ગીતાપંચામૃત

૩. વિ. હમેશા સંતોષી રહેનાર.

નિત્યતૃપ્તત્વ ૧. [સં. નિત્ય (હમેશ) + તૃપ્ત (સંતુષ્ટ) + ત્વ (પણું)] ન. જ્ઞાનનો સંતુષ્ટ રહેવાનો ધર્મ.

૨. ન. હમેશા સંતોષી રહેવાપણું

નિત્યત્વ ૧. [સં.] ન. દશ માહેની એ નામની એક સિદ્ધિ

૨. [સં. નિત્ય (હમેશ) + ત્વ (પણું)] ન. નિત્યતા, કાયમપણું, શાશ્વતતા.

પ્રત્યેક સમ્બન્ધના ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય અંશ અવશ્ય હોય છે. એ જ સદ્વસ્તુ નિત્યત્વ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. ન. સામાન્ય તથા વિશેષ રૂપથી કદાપિ પણ ચ્યુત ન થવું તે.

પોતપોતાના સામાન્ય તથા વિશેષ સ્વરૂપથી ચ્યુત ન થવું એ નિત્યત્વ છે. તત્ત્વાર્થસૂત્ર

નિત્યત્વવાદ [સં. નિત્ય (હમેશા) + ત્વ (પણું) + વાદ (મત)] પું. કાયમ હોવાપણાનો મત.

જડ અથવા ચેતન તત્ત્વ આત્મ એ નિર્વિકાર હોય તો એ બંને તત્ત્વોના મિશ્રણરૂપ જગતમાં દરેક ક્ષણમાં દેખા દેતી વિવિધતા કયારે પણ ઉત્પન્ન ન થાય. એવી જ પરિણામી નિત્યત્વવાદને જૈનદર્શન યુક્તિસંગત માને છે. તત્ત્વાર્થસૂત્ર

નિત્યદા [સં.] અ. સર્વદા; હમેશા.

નિત્યદાતા [સં. નિત્ય (હમેશ) + દાતૃ (આપનાર)] વિ. રોજ દાન કરનાર.

નિત્યદાન [સં. નિત્ય (હમેશ) + દાન (આપવું તે)] ન. રોજ આપવું દાન; હમેશની સખાવત.

નિત્યદેવતા પું. કર્મના ફાયદા અને કર્મનું ફળ દેનાર અધિદેવ, જેમકે, ઇંદ્ર, વરુણ, યમ.

નિત્યધર્મ [સં. નિત્ય (રોજનું) + ધર્મ (ગુણ)] પું. (ન્યાય) જે ધર્મ આકસ્મિક હોવા છતાં પદાર્થના સ્વભાવધર્મો સાથે નિત્ય જોડાયેલો જણાય તેવો ગુણ. આકસ્મિક ધર્મોના નિત્ય અને અનિત્ય એવા બે ભાગો છે. જે ધર્મ આકસ્મિક હોવા છતાં પદાર્થના સ્વભાવધર્મો સાથે નિત્ય જોડાયેલો માલૂમ પડે તે નિત્ય અને કોઈક જ વાર જોડાયેલો માલૂમ પડે તે અનિત્ય. કાગડામાં કાળાશ એ નિત્ય આકસ્મિક ધર્મ છે, કારણ કે કાગડાના સ્વાભાવિક ધર્મો સાથે તે હમેશાં જોડાયેલો રહે છે.

નિત્યનર્તી જુઓ નિત્યનર્ત્તી.

નિત્યનર્ત્તી [સં. નિત્ય (હમેશ) + નૃત્ત (નાચવું)] પું. મહાદેવ; શિવનાં હજાર માંહેનું એક નામ.

નિત્યનવું [સં. નિત્ય (હમેશ) + નવ (નવું)] વિ. હમેશા નવું, તાજું.

નિત્યનંદિની [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નિત્યનાથ પું. એ નામનો વિદ્વાનો એક મહાન યોગી.

નિત્યનિગોદ પું. (જૈન) સાધારણ વનસ્પતિના બે માંહેનો એ નામનો એક ભેદ, જે જીવે કોઈ વખત પણ નિગોદ સિવાય બીજો પર્યાપ્ત પ્રાપ્ત કર્યો નથી અને પ્રાપ્ત કરશે નહિ તેને નિત્યનિગોદ કહે છે.

નિત્યનિયમ ૧. [સં. નિત્ય (હમેશનું) + નિયમ (કાયદો)] પું. ન ફરી શકે તેવો નિયમ; સનાતન નિયમ.

૨ પું. નિત્યકર્મ; રોજનો કરવા ઠરાવેલો વ્યાપાર.

૩. પું. રોજનો ધારો.

૪. ન. સહજાનંદ સ્વામીકૃત એ નામનું એક પુસ્તક.

નિત્યનિયમાનુસાર [સં. નિત્ય (હમેશ) + નિયમ (ધારો) + અનુસાર (પ્રમાણે)] અ. હમેશના નિયમ મુજબ.

નિત્યનિવાસિની [સં. નિત્ય (હમેશ) + નિવાસિન્ (રહેનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. હમેશની વસનારી; કાયમની રહેનારી.

કમ એ પરમ આહ્લાદની ભૂમિકાની નિત્યનિવાસિની હતી. નાનાલાલ

નિત્યનિવાસી [સં. નિત્ય (હમેશ) + નિવાસિન્ (વસનાર)] વિ. હમેશ રહેનારું.

નિત્યનૂતન [સં. નિત્ય (હમેશ) + નૂતન (નવું)] વિ. નિત્ય નવું નવું.

નિત્યનૈમિત્તિક ૧. [સં.] ન. પર્વશ્રાદ્ધ વગેરે ગૃહસ્થનું કર્તવ્ય.

૨. વિ. હરરોજ તથા કારણ પરત્વે કરવાનું.

૩. વિ. હમેશનું નિમાયેલું.

નિત્યનૈમિત્તિકકર્મ [સં.] ન. પર્વશ્રાદ્ધ વગેરે ગૃહસ્થનું કર્તવ્ય; પર્વશ્રાદ્ધ, પ્રાયશ્ચિત્ત વગેરે કર્મ. પર્વશ્રાદ્ધ, પ્રાયશ્ચિત્ત વગેરે અવશ્ય કરવાનાં કામ છે, તથા કોઈ નિમિત્ત માટે પણ કરવામાં આવે છે, તેથી તે નિત્ય તેમ જ નૈમિત્તિક બંને છે.

નિત્યપણું ન. નિત્યતા; અવિનાશીપણું.

નિત્યપદ [સં. નિત્ય (હમેશનું) + પદ (સ્થાન)] ન. હમેશનું સ્થાન.

નિત્યપાઠ ૧. [સં. નિત્ય (હમેશ) + પાઠ (પાઠ કરવો)] પું. હરરોજ કરવાનો ધાર્મિક પાઠ.

૨. પું. હમેશ ભણવાનો વિષય.

નિત્યપિતર પું. એક જાતનો પિતૃ. તે સ્થૂલ શરીરનો રક્ષક, સ્થૂલ શરીર આપનાર, સ્વાસ્થ્ય તથા વજનો રક્ષક અધિદેવ છે. જેમકે, અર્યમા, અગ્નિષ્વાત્તા.

નિત્યપિંડ ૧. પું. (જૈન) સાધુ તથા શ્રાવકોએ હમેશા એક જ જેવડ્યા જથ્થા જેવી તે.

૨. પું. હમેશના આપવામાં આવતો પિંડ.

નિત્યપૂજા [સં. નિત્ય (હમેશ) + પૂજા] સ્ત્રી. હમેશા કરવામાં આવતી પૂજાવિધિ.

નિત્યપ્રતિ [સં.] અ. હરરોજ; પ્રતિદિન.

નિત્યપ્રત્યે અ. હમેશા.

અમારા સર્વે સત્સંગીઓએ નિત્યપ્રત્યે સાયંકાલે સહજાનંદના મંદિર પ્રત્યે જવું. શિક્ષાપત્રી

નિત્યપ્રલય ૧. [સં. નિત્ય (હમેશ) + પ્રલય (નાશ)] પું. હરરોજ થતો પ્રલય; નિદ્રા; સુષુપ્તિ. વેદાંતપરિભાષામાં ચાર જાતના પ્રલય કહ્યા છે: નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યંતિક. તેમાં સુષુપ્તિને નિત્યપ્રલય કહે છે. જે પ્રમાણે પ્રલયકાળમાં કોઈ કાર્યનું જ્ઞાન થતું નથી, તે પ્રમાણે સુષુપ્તિ અવસ્થામાં પણ થતું નથી. આ અવસ્થા હમેશ થાય છે. હરરોજ માણસ ઊંઘી જાય છે ત્યારે તેની નજર

આગળ જગત દેખાતું નથી. તે નિત્યપ્રલય કહેવાય છે. અહોરાત્ર, નિમેષ અને દિવસમાં સર્વ ઉત્પન્ન થઈને જે નાશ પામે છે તેનું નામ નિત્યપ્રલય કહેવાય છે.

૨. પું પ્રાણીનો હમેશ થતો નાશ.

નિત્યપ્રવાસી [સં. નિત્યપ્રવાસિન્] વિ. હમેશા મુસાફરી કરનાર.

નિત્યપ્રિય [સં.] પું. શંકર; શિવ; મહાદેવ.

નિત્યભક્ત ન. (જૈન) દરરોજ ભોજન લેવું તે.

નિત્યભક્તિક પું. (જૈન) હમેશ એક વખત જમનાર સાધુ.

નિત્યભંગ [સં. નિત્ય (હમેશનું) + ભંગ (તોડવું તે)] પું. આકું ચૂક; હમાગત ભાગ; માસું રહ્યું.

નિત્યભોજી [સં. નિત્ય (હમેશ) + ભોજિન્ (જમનાર)] વિ. દરરોજ જમનાર.

નિત્યમાશ્રમપૂજિત [સં.] પું. શિવના હજાર મહેનું એક નામ.

નિત્યમિત્ર ૧. [સં. નિત્ય (હમેશનું) + મિત્ર (દોસ્ત)] પું. શૌદિકમે જણાવેલા ઉત્તમ મિત્રના ૭ મહેનો એ નામનો એક ભેદ; આવું, પીવું, કરવું, કરવું, રમતગમત એ બધામાં સાથે રાખવામાં આવતો હોય તેવો મિત્ર; ગાઢ સબંધવાળો મિત્ર.

૨. પું નિઃસ્વાર્થ ભાવની પ્રીતિથી પુરાણા સબંધની રક્ષા કરે તેવો મિત્ર.

નિત્યમુક્ત ૧. [સં. નિત્ય (હમેશ) + મુક્ત (છૂટું)] પું. પરમાત્મા; પરમેશ્વર.

૨. વિ. બધે કાળમાં બંધનથી રહિત.

નિત્યમેવ [સં. નિત્યમ્ (હમેશ) + એવ (જ)] અ. હમેશ; દરરોજ; સદાય; સદાસર્વદા.

નિત્યયજ્ઞ [સં. નિત્ય (હમેશ) + યજ્ઞ] પું. દરરોજ કરવા જેવા યજ્ઞ. જેમકે, અગ્નિહોત્ર.

નિત્યયંત્ર પું. પ્રભુનો આવિર્ભાવ કરવા માટેનો એ નામનો એક દિવ્ય દેશ.

નિત્યયુક્ત [સં. નિત્ય (દરરોજ) + યુક્ત (જોડાયેલ)] વિ. હમેશ જોડાયેલું રહેતું.

પરોથી મન મારામાં, પરમ શ્રદ્ધા વર્ષા અને,
નિત્યયુક્ત રહ્યા સે જે, તે આનું જોગી ઉત્તમ.
ભગવદ્ગીતા

નિત્યયૌવન [સં. નિત્ય (દરરોજ) + યૌવન (જુવાની)] વિ. હમેશા જુવાન; સદાકાળ યુવાવસ્થાવાળું; જેની યુવાવસ્થા કાયમ રહેવાની હોય એવું

નિત્યયૌવના ૧. [સં.] સ્ત્રી. દ્રૌપદી.

૨. વિ. સ્ત્રી. હમેશ અથવા બહુ વખત સુધી જુવાની રહે એવી.

નિત્યરૂપા [સ.] સ્ત્રી. નર્મદાના હજાર મહેનું એક નામ.

નિત્યર્તુકા સ્ત્રી. હમેશા રજસ્વલા રહેનાર સ્ત્રી.

નિત્યલીલા ૧. સ્ત્રી. મરી જવું તે.

૨. [સં. નિત્ય (હમેશ) + લીલા (રમત)] સ્ત્રી. હમેશનો ખેલ.

નિત્યલીલાવિનોદકૃત [સ નિત્ય (હમેશ) + લીલા (રમત) + વિનોદ (આનંદ) + કૃત (કરનાર)] પું. પુરુષોત્તમનાં હજાર મહેનું એક નામ.

નિત્યવર્ચસ્વી [સં. નિત્યવર્ચસ્વિન્] પું. શિવનાં હજાર મહેનું એક નામ.

નિત્યવાદ [સં. નિત્ય (શાશ્વતનું) + વાદ (મત)] પું. પદાર્થને નિત્ય માનનારનો મત.

નિત્યવાદી [સં. નિત્યવાદિન્] વિ. પદાર્થનું એકાંતપણે નિત્યપણું સ્થાપનાર.

નિત્યવાસ ૧. [સં. નિત્ય (હમેશ) + વાસ (રહેવાનું ઠેકાણું)] પું. (જૈન) સ્થાયી નિવાસ; હમેશ એક ઠેકાણે નિવાસ કરવો તે; સ્થિરવાસ.

૨. પું. સ્થાયી વસતી.

નિત્યવિજ્ઞેગણ [સં. નિત્ય (હમેશ) + વિ (વિરહ) + યુજ્ (જોડવું)] વિ. સ્ત્રી. હમેશા વિયોગ સહન કરવાવાળી.

નિત્યવૈકુંઠ ન. ક્ષીરસાગરમાં રહેલ વિષ્ણુનું સ્થાન; અક્ષરધામ; પરમાત્માનું અખંડ ધામ.

નિત્યવૈરિણી [સં. નિત્ય (હમેશનું) + વૈરિન્ (વેરી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નિત્ય વૈરીરૂપે ક્રમ કરતી.

નિદ્રાદેવી ન આવી એટલે તેની નિત્યવૈરિણી ચિંતા અને કલ્પના હાજર થઈ. કાલેલકર

નિત્યવ્યવહાર પું. રોજનો વ્યવહાર; સાધારણ વ્યવહાર.

નિત્યશઃ ૧. [સં.] અ. દીર્ઘકાળ; જ્યાંસુધી જીવે ત્યાંસુધી.

૨. અ રોજ; સર્વદા; હમેશા; સદા; પ્રતિદિન.

નિત્યશાંતિપરાયણ [સં.] પું. શિવનાં હજાર મહેનું એક નામ.

નિત્યસત્ત્વસ્થ ૧. [સં.] વિ. નિત્ય સત્ત્વગુણમાં સ્થિતિ કરનાર; હમેશા સત્ત્વગુણમાં જન્મ લેનાર.

૨. વિ. હમેશ ધૈર્યવાન.

નિત્યસદ્ગુરુમાર્ગરક્ષક [સં. નિત્ય (હમેશ) + સત્ (સાચું) + માર્ગ (રસ્તો) + રક્ષક (રક્ષણ કરનાર)] પું. પુરુષોત્તમનાં હજાર મહેનું એક નામ

નિત્યસમ ૧. [સં.] પું. (ન્યા.૫) દૂષિત ખંડનનો એ નામનો એક પ્રકાર; સાધ્યને નિત્ય અને અનિત્ય માનવાનો વિકલ્પ કરી બને રીતે નિત્યત્વ જ સિદ્ધ કરવું તે; એક પ્રકારનું દૂષિત ખંડન; અનિત્ય વસ્તુઓમાં પણ અનિત્યતા નિત્ય છે, આથી ધર્મ નિત્ય હોવાથી ધર્મી પણ નિત્ય થયો, એવી રીતે કરાતું અયુક્ત ખંડન.

૨. વિ. નાશવંત વસ્તુને અવિનાશી માનનાર.

નિત્યસમાસ પું. (વ્યાકરણ) આવશ્યક સમાસ. જે સમાસનો વિગ્રહ સમાસમાં વાપરેલાં પદથી થઈ શકતો નથી, એવા સમાસ નિત્યસમાસ કહેવાય છે. તેનાં પદ છૂટાં પાડવાથી તેનો અર્થ નીકળે જ નહિ. જેમકે, જયદ્રથ, જયદ્રામિ.

નિત્યસંન્યાસી [સં. નિત્યસંન્યાસિન્] વિ પું. રાગદ્વેષ વગરનો; હમેશ સંન્યાસી ધર્મ પાળનારો.

જાણ તે નિત્યસંન્યાસી, જે ન દ્વેષે, ન વાંછતો,
દ્વંદ્વમુક્ત, મહાબાહો! સુખે તે બંધથી છૂટે.
ભગવદ્ગીતા

નિત્યસબદ્ધ [સં. નિત્ય (દરરોજ) + સમ્ (સાથે) + બદ્ધ (બંધાયેલ)] વિ. નિત્યના સબંધવાળું; કાયમનો સબંધ ધરાવનાર.

નિત્યસિદ્ધ ૧. [સ.] પું પરમેશ્વર.

૨. વિ. અવિનાશી.

૩. વિ. સનાતન; અનાદ્યનંત.

નિત્યસુખ [સં.] ન. શાશ્વત સુખ.

નિત્યસુંદર [સં.] પું. શિવનાં હજાર મહેનું એક નામ

નિત્યસ્થિતિ [સં. નિત્ય (હમેશ) + સ્થિતિ (દશા)] સ્ત્રી. અડગ સ્થિતિ.

અહં બ્રહ્માઽસ્મિ એવી જેના મનનું નિત્યસ્થિતિ થયેલી છે તે બ્રહ્મપ્રાપ્તિ માટે બીજા જન્માંતર શા માટે ભજે?
ગીતારહસ્ય

નિત્યહોમ [સં. નિત્ય (હમેશ) + હોમ (યજ્ઞ)] પું. દ્વિજ જાતિઓએ દરરોજ કરવાનો યજ્ઞ.

નિત્યા ૧. [સં] સ્ત્રી. (તાંત્રિક) એ નામની એક દેવી.

૨. સ્ત્રી. તાંત્રિકોના પંચાંગનાં આઠ મહેનું એક અંગ.

૩. સ્ત્રી. દેવીની એક શક્તિનું નામ.

૪. સ્ત્રી. પાર્વતી.

૫. સ્ત્રી. મનસા દેવી; શેષનાગની બહેન.

૬. સ્ત્રી. શિવતત્ત્વ. તે અનાદિ અનંત સબંધવાળી શક્તિના યોગથી પરિચ્છિન્ન જગત પ્રગટ કરે છે.

૭. સ્ત્રી. સીતા.

સીતેમા પરમા શક્તિ અનંતા નિજધામના,
સાંતા માહેશ્વરી નિત્યા સાથતી પરમાક્ષરા.

અક્ષરપરમધામ

નિત્યાત્મસહ [સં.] પું. શંકર; શિવ.

નિત્યાનધ્યાય [સં. નિત્ય (હમેશનું) + અન (નહિ) + અધ્યાય (અભ્યાસ)] પું. વેદનો અભ્યાસ બંધ રાખવાનો અવસર; વેદનો અભ્યાસ કરવાની મના કરેલા હોય તે વખત; વેદપાઠ ન ભણવાની રજા; વેદપાઠ બંધ કરવાનો દિવસ. અધ્યાય કરનાર અપવિત્ર હોય કે અશુદ્ધ ભૂમિ હોય, પૂનમ જેવો દિવસ હોય કે વરસાદ, ગાજવીજ, આંધી કે ઉલ્કાપાત હોય ત્યારે વેદનો અભ્યાસ બંધ રખાય છે.

નિત્યાનંદ ૧. પું. પરમપદ

૨. [સં. નિત્ય (હમેશનું) + આનંદ (મજા)] પું. શાશ્વત આનંદ; સદાનંદ.

૩. પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક પરમહંસ. તેમણે ઘણા સંસ્કૃત ગ્રંથો રચ્યા છે.

નિત્યાનંદ ત્રાષિ પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

નિત્યાનંદસ્વરૂપિણી [સં.] સ્ત્રી. નર્મદાના હલકર માંહેનું એક નામ.

નિત્યાનંદા [સં.] સ્ત્રી. નર્મદાનાં હલકર માંહેનું એક નામ.

નિત્યાનંદી ૧. પું. એ નામનો એક વૈષ્ણવ સંપ્રદાય.

૨. [સં. નિત્ય + આનંદિન્] વિ. હમેશ આનંદમાં રહેનાર.

નિત્યાનિત્ય ૧. સ્ત્રી. (તાંત્રિક) પંચદર માંહેની એ નામની દશમી નિત્યા.

૨. [સં. નિત્ય (હમેશનું) + અ (નહિ) + નિત્ય (હમેશનું)] વિ. નિત્ય અને અનિત્ય; પ્રથમ અને નહિ પ્રથમ એવું; સ્થિરાસ્થિર; ખરાખરા; વિનાશી અને અવિનાશી.

૩. જુઓ નિત્યાનિત્યવસ્તુવિવેક.

નિત્યાનિત્યવસ્તુવિવેક [સં. નિત્ય (હમેશનું) + અ (નહિ) + નિત્ય (હરરોજનું) + વસ્તુ (ચીજ) + વિવેક (સમજ)] પું. આત્મારૂપી ચેતન વસ્તુ અવિનાશી છે અને દેહાદિક જડ વસ્તુઓ વિનાશી છે એવી સમજણ; ચૈતન્ય અને જડ પદાર્થો એ બેનો તફાવત સમજવાની શક્તિ.

નિત્યાનિત્યસંયોગવિરોધ [સં નિત્ય (હમેશનું) + અ (નહિ) + નિત્ય (હમેશનું) + સંયોગ (મેળાપ) + વિરોધ (અટકાવ)] પું. નિત્ય તથા અનિત્યનો એકત્ર મનોગ સંબંધ.

નિત્યાનુભવ [સં. નિત્ય (હમેશનું) + અનુભવ] પું. નિત્ય થતો અનુભવ.

નિત્યાન્ન ૧. [સં. નિત્ય (હરરોજનું) + અન્ન (ખોરાક)] ન. હરરોજ આપાતું અન્ન; હરરોજ દાનમાં અપાતો ખોરાક.

૨. ન. હરરોજનો ખોરાક.

૩. ન. નિત્ય અન્નદાન આપવું તે.

નિત્યાભિયુક્ત [સં. નિત્ય (હમેશ) + અભિ (તરફ) + યુક્ત (જોડાયેલ)] વિ. કેવળ કુટુંબનો નિર્વાહ પૂરતા અન્ન માટે મહેનત કરનાર અને બીજા શ્રમનો લાભ કરી પોષ આપનાર; પોષાકાંક્ષી; દેવરણ માટે જોઈએ તેટલો જ આહાર કરી રહેતું અને બાકી સર્વ ત્યાગ કરી પોષમાર્પણ કરતું.

નિત્યામિત્રાભૂમિ [સં. નિત્ય (હમેશ) + અમિત્ર (દુશ્મનવાળી) + ભૂમિ (જમીન)] સ્ત્રી. જ્યાં લોકો સદા દુશ્મનાવટ કરતા હોય અથવા જ્યાં લડાઈની પ્રબળતા હોય તેવી ભૂમિ.

નિત્યાલોક ૧. પું. (જ્યોતિષ) અદ્યતાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

૨. [સં. નિત્ય (હમેશ) + આલોક (દર્શન)] પું. હમેશનું દર્શન; રોજ જોવું તે.

૩. વિ. હમેશ પ્રકાશવાળું.

નિત્યે [સં. નિત્યક] અ. રોજ; હમેશાં; નિત્ય.

નિત્યોદક [સં. નિત્ય (હરરોજ) + ઉદક (પાણી)] વિ. જેમાં હમેશ પાણી રહેતું હોય એવું; અગાધ જળવાળું.

નિત્યોદયાસ્ત [સં. નિત્ય (હમેશ) + ઉદય (ઊગવું તે) + અસ્ત (આથમવું)] પું. હમેશ થતો ઉદયાસ્ત; આકાશી પદાર્થનું હરરોજ ઊગવું અને આથમવું તે.

જોઈ સમજવા માટે હમેશના વસ્ત ઉદયાસ્તને માટે નિત્યોદયાસ્ત એ સંજ્ઞા વપરાશે છે.

જ્યોતિર્વિલાસ

નિત્યોયુક્ત [સં. નિત્ય (હમેશ) + ઉપયુક્ત (તૈયાર)] પું. જોષિસત્વનું એક સ્વરૂપ.

નિત્યોદ્યોત ૧. પું. (જ્યોતિષ) અદ્યતાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

૨. [સં. નિત્ય (હરરોજ) + ઉદ્યોત (પ્રકાશ)] વિ. સદા પ્રકાશયુક્ત.

નિત્યોપાસના [સં. નિત્ય (હમેશનું) + ઉપાસના (પૂજા)] સ્ત્રી. હરરોજની ભક્તિ અથવા પૂજા.

નિત્યોલ્લા ૧. [હિં.] પું. આળસ.

૨. વિ. આળસુ.

નિર્યાંભ [હિં.] પું. ખંભો; સ્તંભ; થાંભલો.

નિરઃ ૧. [સં.] ન. ઝેર; વિષ.

૨. વિ. નિંદા કરનાર.

નિરક્ત [સં.] વિ. આપેલું; આપી દીધેલું.

નિરકુ ૧. [સં.] પું. મનુષ્ય; માણસ.

૨. વિ. શરીરના રોમ વગરનું.

નિરદર્શક ૧. [સં.] વિ. જોનાર; દર્શક.

૨. વિ. દાખલારૂપ; ઉદાહરણ તરીકેનું.

૩. વિ. બતાવનાર; દેખાડનાર; દર્શાવનાર; સૂચક.

૪. વિ. માપ બતાવનાર.

૫. વિ. સલાહકાર; સહાયક.

નિરદર્શકપત્ર [સં. નિરદર્શક (દેખાડનાર) + પત્ર (કાગળ)] પું. દર્શાવનાર પત્ર.

નિરદર્શન ૧. [સં.] ન. આજ્ઞા; આણ; હુકમ.

૨. ન. ઉપદેશ.

૩. ન. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર.

૪ ન. પુસ્તકો.

૫. ન. જોવું તે; દેખવું તે; નિરંતર જોવું તે.

૬. ન. દેખાડવાની ક્રિયા; પ્રદર્શિત કરવાનું કામ; બતાવવું તે.

૭. ન. દૃષ્ટાંત; ઉદાહરણ; દાખલો.

૮. ન. પોરસ.

૯ ન. નાટકનાં બત્રીસ માંહેનું એ નામનું એક લક્ષણ.

૧૦. ન. નિશાની.

૧૧. ન. પુરાવો.

૧૨. ન. વર્ણપત્ર; અક્ષરપત્ર.

૧૩. ન. વિધાન.

૧૪. ન. સ્પષ્ટોક્તિ.

નિરદર્શનપત્ર [સં. નિરદર્શન (પુરાવો) + પત્ર (કાગળ)] પું. પ્રશંસાપત્ર; આબરૂપત્ર; ગુણમાનપત્ર; પ્રમાણપત્ર; ગુણપત્ર; 'સર્ટિફિકેટ.'

નિરદર્શનપાઠ પું. કથિતપાઠ.

નિરદર્શના [સં.] સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર; જેમાં એક વાત બીજી બીજી વાતને ઠીક ઠીક રીતે દેખાડતી હોય એમ જણાવવામાં આવ્યું હોય એવો એક અર્થાલંકાર. તેમાં બે વસ્તુઓના સંભવિત કે અસંભવિત સંબંધ આપતે તેમની સમાનતા સૂચિત થાય છે. જેમકે, મૂર્ખને ઉપદેશ કરવો તે જેમની આગળ ગાવવત વાંચવા જેવું છે; તલવારની ધાર ઉપર મધુ ને પરસ્ત્રીની પ્રીતિમાં નીલકું એ બંને અગોચર છે કવિ કહે છે કે, અર્થાંતરમાં પ્રસ્તુત

કર્તા દ્વારા અર્થાંતરની સદ્દશ જે સત્ય વા અસત્ય વસ્તુ દેખાડવામાં આવે છે તે નિદર્શના છે. ચંદ્રાલોકકાર કહે છે કે, સદ્દશ વાક્યાર્થોની એકતાનો આરોપ નિદર્શના છે. હિંદીના કવિ ચંદ્રાલોકકારે આપેલું લક્ષણ પછી આગે સ્વીકારે છે. આચાર્યોએ આ અલંકારનાં જુદાં જુદાં લક્ષણો બતાવ્યાં છે. ક્યાં થતો વસ્તુસંબંધ અને ન થતો વસ્તુસંબંધ એ બંને બિંબાનુબિંબ ભાવથી દેખાડવામાં આવે છે ત્યાં નિદર્શના થાય છે. ન થતો વસ્તુસંબંધ ક્યાં ઉપમાની કલ્પના કરે અથવા ક્યાં ક્રિયાથી જ પોતાના અને પોતાના હેતુના સંબંધની દ્યોતિત હોય ત્યાં નિદર્શના અલંકાર થાય છે.

નિદર્શનાભાસ [સં. નિદર્શન (ઉદાહરણ) + આભાસ (દેખાવ)] પું. (ન્યાય) ઉદાહરણનો ભાસ; ખોટું દૃષ્ટાંત આપવું તે. તેના બે પ્રકાર છે: (૧) સાધર્મ્ય નિદર્શનાભાસ. જેમકે, શબ્દ નિત્ય છે, કારણ કે તે અમૂર્ત છે અને જે અમૂર્ત છે તે નિત્ય જોવામાં આવ્યું છે. જેમકે, આકાશ. (૨) વૈધર્મ્ય નિદર્શનાભાસ. જેમકે, શબ્દ નિત્ય છે, કારણ કે તે અમૂર્ત છે. જે જે અમૂર્ત નથી તે તે અનિત્ય જોવામાં આવ્યું છે. જેમકે, ઘટ

નિદર્શનાલંકાર [સં. નિદર્શન (દાખલો) + અલંકાર] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર જુઓ નિદર્શના

નિદર્શનીય ૧. [સં. નિદર્શ (દૃષ્ટાંત આપવું) + અનીય (જેવું)] વિ. દાખલો આપી સમજાવવા જેવું.
૨. વિ. બતાવવા જેવું.
૩. વિ. વ્યાખ્યાન કરવા જેવું.
૪. વિ. સમજાવવા જેવું.
૫. વિ. સંગ્રહિત કરવા જેવું.

નિદહની સ્ત્રી. ચિતા.

નિદા ૧. [સં.] પું. અવાજ; નાદ; સાદ.
૨. પું. ભલામણ; ઢંઢેરો.
૩. સ્ત્રી પ્રાર્થના માટે બોલાવવું તે.
૪. સ્ત્રી. સમજપૂર્વક વેદના સહન કરવી તે; જ્ઞાન સહિત વેદના સહવી તે.
૫. સ્ત્રી. (વ્યાકરણ) સંબોધન વિભક્તિ.
૬. સ્ત્રી હિંસા; જાણીબૂજીને કરવામાં આવતી હિંસા.

નિદાઘયા [હિં.] વિ. આશ્ચર્યજનક.

નિદાઘ ૧. [સં] પું. ઉનાળો; ગરમીની મોસમ; ગ્રીષ્મ ઋતુ.
જેમ સૂર્ય વધે નિદાઘનો,
હોયે તે ક્રમે ન થાય. અખો ભગત
૨. પું. (પુરાણ) કલ્પ કુલોત્પન્ન એ નામનો એક ઋષિ. એ ભૃગુ ઋષિનો શિષ્ય હતો.
૩. પું. ગરમી; તાપ; તડકો.
૪. પું. ઘામ; ભઠ્ઠારો.
૫. પું. જેઠ માસ.
૬. પું. પરસેવો.
૭. પું. (પુરાણ) પુલસ્ત્ય ઋષિનો એ નામનો એક પુત્ર. તે કૌશિક અથવા ગોમા નદી ઉપર આવેલ વીરનગરમાં રહેતો હતો.

નિદાઘકર ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. [સ. નિદાઘ (ગરમી) + કર (કિરણ)] પું. સૂર્ય.

નિદાઘકાલ [સં. નિદાઘ (ઉનાળો) + કાલ (સમય)] પું. ગ્રીષ્મ ઋતુ; ઉનાળો.

નિદાઘસ્તપન [સં.] પું. શિવનાં બત્તર માંહેનું એક નામ.

નિદાઘાતિસાર [સં. નિદાઘ (ઉનાળો) + અતિસાર (સંગ્રહણી)] પું. ઉનાળાની ગરમીથી થતો ઝાડાનો રોગ.

નિદાતા [સં. નિદાતૃ] વિ. રોકનાર; અટકાવનાર.

નિદાન ૧. ન. અંત; અવસાન.
૨. [સં.] ન. આદિ કારણ; મૂળ કારણ.
૩. ન. (જૈન) રાગદ્વેષની તીવ્ર અભિલાષાવાળું આર્તધ્યાન.
૪. ન. કારણ
૫. ન. કાર્યકારણનો વિચાર
૬. ન. ઉપસંહાર; આખરનું પરિણામ; નિવેડો; ફેસલો, નિર્ણય
૭. ન. ઉપસંહારની કલમ.
૮. ન. (જૈન) તપના ફળની ઇચ્છા; તપના ફળની પ્રાપ્તિનો સંકલ્પ; નિયાણું
૯. ન. ખેત્ર ખરાબર પારખવું તે.
૧૦. ન. પાછળ આપવું તે.
૧૧. ન. (વૈદક) રોગ જાણવા માટે ચિકિત્સકે કરવી જોઈતી પરીક્ષા; રોગનાં કારણોની તપાસ; વ્યાધિ કેમ થયો તેના હેતુ સંબંધી તપાસ; રોગનો નિર્ણય; રોગની બધી પરીક્ષા કર્યા પછી તે વિષે અભિપ્રાય આપવો તે. પ્રત્યેક રોગ જાણવાને માટે ચિકિત્સકે આઠ પ્રકારે પરીક્ષા કરવી જોઈએ છે. જેમકે, નાડીપરીક્ષા, મૂત્રપરીક્ષા, મળપરીક્ષા, જિહ્વાપરીક્ષા, સ્પર્શનપરીક્ષા, દર્શનપરીક્ષા, નેત્રપરીક્ષા અને આકૃતિપરીક્ષા. સુશ્રુતના પૂર્વથી ધન્વંતરિએ કહ્યું છે કે, વાયુ એ જ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનું મૂળ છે. તે શરીરના દોષોનો સ્વામી અને રોગોનો રાજા છે. વાયુ પાંચ પ્રકારના છે. પ્રાણ, ઉદાન, સમાન, વ્યાન અને અપાન. આ પાંચ વાયુ શરીરની રક્ષા કરે છે. જે વાયુનું મુખમાં સંચરણ થાય છે તેને પ્રાણવાયુ કહે છે. જેનાથી શરીરની રક્ષા તથા પ્રાણધારણ થાય છે અને ખાધેલું અન્ન જઠરમાં પચે છે. તેના દૂષિત હોવાથી હેડકી, દમ આદિ રોગ થાય છે. જે વાયુ ઉપરની તરફ ચાલે છે તેને ઉદાનવાયુ કહે છે. તેના કુપિત થવાથી બોલવાથી ઉપરના રોગ થાય છે. સમાન વાયુ આમાશય અને પક્વાશયમાં કામ કરે છે. તેના અસહ્યથી ગુલ્મ, મંદાગ્નિ અતિસાર આદિ રોગ થાય છે. વ્યાન વાયુ આખા શરીરમાં ફરે છે અને રસોને સર્વત્ર પહોંચાડે છે. તેનાથી પસીનો અને રક્ત આદિ નીકળે છે તેના ખરાબ થવાથી આખા શરીરમા થનારા રોગ થઈ શકે છે. અપાન વાયુનું સ્થાન પક્વાશય છે. તેના દ્વારા મલ, મૂત્ર, શુક્ર, આર્તવ, ગર્ભ, સમય ઉપર બહાર નીકળે છે. આ વાયુના કુપિત થવાથી બસ્તિ અને ગુદા સ્થાનોના રોગ થાય છે. વ્યાન અને અપાન બંને કુપિત હોવાથી પ્રમેહ આદિ ગુહ્ય રોગ થાય છે
૧૨. ન. રોગ નક્કી કરવો તે; રોગની ઓળખ.
૧૩. ન. રોગનો નિર્ણય કરનાર એ નામનો એક ગ્રંથ.
૧૪ ન ચાકરનું કામણ.
૧૫ ન. યુક્તિ; સહાય.
૧૬. ન. હેતુ; કારણ
૧૭ વિ. અતિ; બહુ.
૧૮. વિ ઓળખ્યા ઓલું; કામમાં કામી.
૧૯ વિ. ઊતરી અથવા નીચી શ્રેણીનું.
૨૦. વિ ઊપજનું; અંતિમ.
૨૧. વિ. સાચું.
૨૨. અ. ઓળખ્યા ઓલું; અંતે; આખરે; ઊપરે; ઊલ્લે.
૨૩. અ. નક્કી; અવશ્ય; ચોક્કસ; જરૂર; અચીત.

નિદાન આર્તધ્યાન ન. (જૈન) ચાર ભાંતના ખોટા પ્રકારનું આર્તધ્યાન; ભોગની લાલચની ઉત્કટતાને લીધે અપ્રાપ્ત વસ્તુને મેળવવાનો તીવ્ર સંકલ્પ

નિદાનકરણ ન. (જૈન) તપ કે જ્ઞાનનો બદલો કોઈ પણ જાતના ભોગરૂપે માગી લેવો તે.
ચિકિત્સાસંસ્થા, અરણ્યસંસ્થા, ચિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ એ આધ્યાત્મિક સ્વસ્થતાના ચાર અતિચારો છે.
તત્ત્વાર્થસૂત્ર

નિદાનકાર વિ. નિદાન કરનાર.

નિદાનકારી [સં. નિદાનકારિન્] વિ. નિદાન કરનાર; કારણના મૂળની ખબર રાખનાર.

નિદાનચિકિત્સા [સ. નિદાન (રોગનું કારણ જાણવું તે) + ચિકિત્સા (ઉપચાર)] સ્ત્રી. રોગનું કારણ તપાસી દવા કરવી તે.

નિદાનદોષ પું. (જૈન) ધર્મકરણીના ફળની ઇચ્છા રાખવાનો દોષ.

> સામાયિક કરીને ફળરૂપે ધન, પુત્રાદિક મળવાનું ધર્યું તે નિદાનદોષ. રાજચંદ્ર

નિદાનમરણ ન. (જૈન) એક પ્રકારનું બાળમરણ; નિયાણું બાંધીને મરવું તે.

નિદાનરેખા સ્ત્રી હુતુતુતુની રમતમાં મધ્ય રેખાની બેવડ બાજુએ પાંચ પાંચ ફૂટને અંતરે મધ્ય રેખાને સમાંતર દોરવામાં આવતી લીટી. આ રેખાને પારખી પાનાર ખિલાડીએ વિરુદ્ધ પક્ષની હદમાં નિદાનરેખાનો સ્પર્શ કરી અથવા તો તે ઓળંગી આવવું જોઈએ પરંતુ નિદાનરેખા સુધી જતા પહેલાં જો પાછી પાનાર વિરુદ્ધ પક્ષના એકાદ ખિલાડીને સ્પર્શ કરી શકે તો તેણે તે વારામાં નિદાનરેખાને અડવાની અથવા તો તે ઓળંગવાની જરૂર રહેતી નથી.

નિદાનવિદ્યા [સં.] સ્ત્રી. રોગનું મૂળ શોધી કાઢવાની વિદ્યા. રોગની ઉત્પત્તિ અને શરીર ઉપર થયેલી અસર તેનાથી શોધી શકાય છે.

નિદાનવૃદ્ધિ [સં.] સ્ત્રી. આબરૂનો અતિ આકરો કેર

નિદાનશલ્ય ન. (જૈન) સંપત્તિ પામવાને નિયાણું કરવું તે; ધર્મકરણીના ફળ તરીકે સંપત્તિ મળવાની ઇચ્છા કરવી તે.

નિદાનશાસ્ત્ર [સં.] ન. રોગના નિદાનનું શાસ્ત્ર.

નિદાનસ્થાન [સં. નિદાન (રોગની પરીક્ષા) + સ્થાન (ઠેકાણું)] ન. રોગની પરીક્ષા કરવા માટે તપાસાતો શરીરનો ભાગ.

નિદારણ ન. છૂંદું છૂંદું પીંખી નાખવું તે.

નિદારણ ૧. [સં.] વિ. કઠિન; ઘોર; ભયાનક.
૨. વિ. દુઃસહ.
૩. વિ નિર્દય; કઠોર.

નિદાહ પું. અસાધારણ દાહ.

નિદિગ્ધ [સં.] વિ. લેપ કરેલું.

નિદિગ્ધા [સં.] સ્ત્રી. એલચી.

નિદિધિક્ષા ૧. [સં.] સ્ત્રી. એલચી.
૨. સ્ત્રી. જોગિંદી.

નિદિધિક્ષાદિ ક્વાથ [સં.] પું. (વૈદક) એક જાતનો ઔષધીય ઉકાળો.

નિદિધ્યાસ જુઓ નિદિધ્યાસન.

નિદિધ્યાસક વિ નિદિધ્યાસન કરનાર.

નિદિધ્યાસન ૧. [સં.] ન. અનાદ્યાકાર વૃત્તિના વ્યવધાન રહિત બ્રહ્માકાર વૃત્તિની સ્થિતિ
૨. ન. અપરોક્ષ નિશ્ચયપણાને સંપાદન કરનારો તર્ક
૩. ન. ધ્યાન સાથે એકતા કરવાપણું.
૪. ન. બ્રહ્મવિદ્યાના બાર માંહેનું એક સાધન.
૫. [સં. નિધ્યૈ (ચિંતવન કરવું)] ન. (વેદાંત) સાંભળેલી વસ્તુનું વારંવાર ચિંતન; નિરંતર ચિંતવન; શ્રવણ મનનથી ભરેલ પદાર્થનું એકાગ્રપણે નિરંતર ચિંતન. વિજાતીય વૃત્તિઓના તિરસ્કારપૂર્વક સજાતીય વૃત્તિઓનો પ્રવાહ ચલાવવો તે નિદિધ્યાસન કહેવાય છે. હું સત્, ચિત્, આનંદ, કૂટસ્થ, અગ્નિ, અજર, અમર, પૂર્ણ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ આત્મા છું. એવા જ્ઞાનરૂપ વૃત્તિનો પ્રવાહ તે સજાતીય વૃત્તિનો પ્રવાહ કહેવાય છે અને હું જાગ્રત આદિ ચાર વર્ણો નથી, બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમ નથી, તથા પુરુષ, સ્ત્રી, બાળક વગેરે હું નથી, એવા જ્ઞાનરૂપ વૃત્તિનો પ્રવાહ તે વિજાતીય પ્રવાહનો તિરસ્કાર કહેવાય છે. નિદિધ્યાસન એ જ્ઞાનનું સાક્ષાત્ કારણ છે અને તેના પરિપાક વિના અવિદ્યાનો લય થતો નથી. શ્રુતિમાં આત્મજ્ઞાન માટે દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન આવશ્યક કહેલ છે.

> શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ મોક્ષનાં સાધન બતાવ્યાં છે. આત્મધર્મ

નિદિધ્યાસુ [સં. નિધ્યૈ (ચિંતવન કરવું)] વિ. શ્રવણ મનનથી ભરેલ પદાર્થનું ચિંતન કરવાની ઇચ્છાવાળું.

નિદિષ્ટ ૧. [સં.] વિ. દર્શાવેલું; બતાવેલું.
૨. વિ. ફરમાવેલું; હુકમ કરેલ.
૩. વિ સલાહ આપેલું.

નિદુરા [સં.] પું. એક જાતનું ઘાણવું.

નિદેશ ૧. [સં. નિ (નીચું) + દિશ્ (બતાવવું)] પું. આજ્ઞા; હુકમ; ફરમાન; આદેશ, શાસન.

> વચસ્યા દેવ નિદેશ આજ્ઞા શાસન નામ,
> આવત દેવો બર્ધ મું મોહન વાત તમામ.
> વિઠલસુતોષ

૨. પું કહેવું તે; કથન.
૩. પું નિકટ દેશ; પાસેનો પ્રદેશ.
૪. પું પાત્ર.
૫. પું. પાસે હોવાપણું; સામીપ્ય.

નિદેશકર ૧. [સં. નિદેશ (આજ્ઞા) + કર (કરનાર)] વિ. આજ્ઞા કરનાર.
૨. વિ. આજ્ઞા માનનાર.

નિદેશિની [સં.] સ્ત્રી. દિશા.

નિદેશી [સં. નિદેશિન્] વિ. આજ્ઞા કરનાર.

નિદેષ્ટા ૧. [સં. નિદેષ્ટૃ] વિ. આજ્ઞા કરનાર.
૨. વિ. ઉપદેશક.

નિદોહન [સં. નિ (નીચું) + દોહન (દોહવું તે)] ન. વિશેષ દૃષ્ટાંતને આધારે સામાન્ય વાતનું અનુમાન કરવું તે; અ.પ્રિ.

નિદ્દેસ પું. (બૌદ્ધ) ખુદ્દકનિકાયના પંદર માંહેનો એ નામનો એક વિભાગ. સુત્તનિપાત ગ્રંથના ઉત્તરાર્ધ ઉપરની આ માત્ર ટીકા છે. તેનો લેખક બુદ્ધનો સારીપુત્ત નામનો એક મુખ્ય શિષ્ય છે એમ મનાવામાં આવે છે.

નિદ્ર ૧. [સં. નિદ્રા] સ્ત્રી. નિદ્રા; ઊંઘ.

> અસુ. વર્ષ નિદ્રમાં ગાળ્યાં સજ્જન શરીર અદ્યાપિ;
> રત્નન દાન ને ધ્યાન નહિ, સંત સંગત નહિ ઉપગાર.
> પ્રેમાનંદ

૨. ન. એ નામનું એક ઉપસંહારક અસ્ત્ર.

નિદ્રકજાગરણ ન. બીજાએ પોતે નિદ્રામાં હોવા છતાં જોઈને કરવું, કામ કરવું અને જાગ્યા પછી તેનું જરા પણ સ્મરણ ન રહેવું તે.

નિદ્રસ્થ [સં. નિદ્રા (ઊંઘ) + સ્થ (રહેલ)] વિ. નિદ્રાવશ; ઊંઘવું; નિદ્રામાં પડેલું.

નિદ્રા ૧. [સં.] સ્ત્રી. (જૈન) અઢાર માંહેનું એ નામનું એક દૂષણ. અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, કામ, ક્રોધ, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય, શોક, રતિ અને અરતિ એ અઢાર દૂષણ છે.
૨. સ્ત્રી. ઊંઘ; નીંદ; નીંદર; સ્વાપ; પ્રાણીઓની સચેષ્ટ અવસ્થાની વચ્ચે વચ્ચે થતી એક જાતની નિશ્ચેષ્ટ અવસ્થા. તેમાં તેની ચેતન વૃત્તિઓ અને કેટલીક અચેતન વૃત્તિઓ પણ બંધ પડે છે. ગાઢ નિદ્રામાં મનુષ્યની પેશીઓ ઢીલી પડી જાય છે અને નાડીની ગતિ કાંઈક મંદ પડી જાય છે. શ્વાસ કાંઈક ધીમો ધીમો ચાલે છે. સાધારણ સંપર્કથી જ્ઞાનેંદ્રિયોમાં સંવેદન અને કર્મેંદ્રિયોમાં પ્રતિક્રિયા થતી નથી, તથા આંતરડાંમાં પ્રવાહની જેમ ચાલનારે આકુંચનથી તેની અંદરનું દ્રવ્ય આગળ ખસે છે. તેની ચાલ પણ ધીમી પડી જાય છે. નિદ્રાના સમયમાં મસ્તિષ્કને અંતઃકરણ વિશ્રામ કરે છે, જેથી પ્રાણી નિઃસંજ્ઞ વા અચેતન અવસ્થામાં રહે છે. નિદ્રાના સંબંધમાં ભયાથી વધારે માનવા લાયક વૈજ્ઞાનિક મત એ છે કે, નિદ્રા મસ્તિષ્કમાં ઓછું લોહી પહોંચવાના કારણથી આવે છે. નિદ્રાના સમયે મસ્તિષ્કમાં લોહી ઓછું પડી જાય છે. બહુ નાનાં બાળકોના મસ્તકમાં જે ઠોમળ ભાગ હોય છે તે તેના નિદ્રાવશ થવાથી અધિક ધસતું માલૂમ પડે છે. જે નાડી હૃદયથી મસ્તિષ્કમાં રુધિર પહોંચાડે છે તે જો દબાઈ જાય તો નિદ્રા કે બેહોશી થાય છે. નિદ્રાની

અવસ્થામાં મસ્તિષ્કમાં લોહીનું ઓછું થવું તો ઠીક પરંતુ ચોક્કસ કહી શકાતું નથી કે આ ઓજાપક્ષને અંગે નિદ્રા આવે છે કે નિદ્રાને અંગે આ ઓજાપક્ષો થાય છે. બે વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે, સંવેદનસૂત્રો અથવા જ્ઞાનતંતુઓના ગુચ્છોનો સંયોગ તોડવાથી નિદ્રા આવે છે. સંવેદનસૂત્ર અનેક સૂક્ષ્મ ગુચ્છોના યોગથી બનેલા હોય છે અને મસ્તિષ્કરૂપી કેંદ્રમાં અર્પાઈ મળે છે. જાગ્રત કે સચેષ્ટ અવસ્થામાં આ બધા ગુચ્છ અત્યંત સૂક્ષ્મ દોરી જેવી આંતણીઓ દ્વારીને એકબીજાથી જોડાયેલા મસ્તિષ્ક ગુચ્છોની સાથે સંબંધ જોડી રહે છે. જ્યારે ગુચ્છ ઢીલો પડે છે ત્યારે આંતણીઓ સંકોચાઈ જાય છે અને મસ્તિષ્કનો સંવેદન સૂત્રો સાથેનો સંબંધ તૂટી જાય છે, જેથી તંદ્રા કે નિદ્રા આવે છે. બીજા એક વૈજ્ઞાનિકનું કહેવું છે કે, આપણા ગુચ્છ દિવસના સમયે જેટલું અધિક અને જેટલું જલદી પ્રાણવાયુ વાપરે છે તેટલો કેટલાંથી તેને પ્રાણવાયુ મળી શકતો નથી. આથી પ્રાણવાયુનો અભાવ અમુક વિશેષ હદ સુધી પહોંચે છે ત્યારે આપણા ગુચ્છ શિથિલ થઈને નિષ્ક્રિય બની જાય છે. સ્વપ્નની અવસ્થામાં આવક કરતાં પ્રાણવાયુનો વપરાશ બહુ ઓછો થઈ જાય છે જેથી તેની ઊણપ પૂરી થઈ જાય છે, અર્થાત્ ચેતના માટે જેટલો પ્રાણવાયુની જરૂર હોય છે તેટલો અથવા તેથી વધારે ફરી તે પાછી આવે છે અને મનુષ્ય જાગી જાય છે. ગેટલું તો બધાએ કબૂલ કર્યું છે કે, નિદ્રાની અવસ્થામાં શરીરને પોષણ કરનારી ક્રિયાઓ, શરીરને ક્ષય કરનારી ક્રિયાના પ્રમાણમાં અધિક હોય છે. નિદ્રાના સંબંધમાં એ બરાબર જાણવામાં આવ્યું નથી, કે કેટલા વિશ્વાસના ગ્રેણીના છાંટોથી નિયમપૂર્વક સૂવાની આદત થઈ જાય છે. પાનારા ઉષ્ણ રક્તવાળા છાંટો તથા પક્ષીઓથી નીચેની કોટિના છાંટો યથાર્થ રીતિથી સૂવાનું કોઈ પાકું પ્રમાણ મળતું નથી. માછલાં, સાપ આદિ શીતળ રક્તના છાંટોની આંખો ઉપર આંખના પલકારા તો હોતા નથી કે જેથી તેની આંખ બંધ થવાથી સૂવાનું અનુમાન થઈ શકે. માછલીઓ કલાકો સુધી નિશ્ચેષ્ટ અવસ્થામાં પડેલી જોવામાં આવી છે, પરંતુ તેની આ અવસ્થા નિયમિતરૂપે બન્યા કરે છે એમ કહી શકાતું નથી. પાતંજલ યોગદર્શન અનુસાર નિદ્રા પણ એક મનોવૃત્તિ છે, જેનું આલંબન અભાવપ્રત્યય અર્થાત્ તમોગુણ છે. તમોગુણની આવૅ કતાથી બધા વિષયોને છોડીને જે વૃત્તિ રહે છે તે નિદ્રા છે. નિદ્રા મનની એક ક્રિયા કે વૃત્તિ છે, તેના સ્વરૂપમાં ભોજવૃત્તિમાં સમ્યું છે કે: હું ખૂબ સુખે સૂતો એવી સ્મૃતિ બોધોને બધા પછી થાય છે અને સ્મૃતિ જેવી જાગ્રતની થાય છે કે જેનો અનુભવ કર્યો હોય. યોગ નિદ્રા લેવાથી ધાતુની સમતા, ઉત્સાહ, પુષ્ટિ, વર્ણની તેજસ્વિતા, બળ અને અગ્નિનું પ્રદીપન થાય છે. નિદ્રાથી નવું જીવન મળે છે.

કુલકરણી-કુલકર્ણની નિદ્રા = ગાઢ નિદ્રા.

૩. સ્ત્રી. ઊંઘની દેવી. તે સમુદ્રમંથન વેળાએ નીકળી હોય એમ મનાય છે.

૪. સ્ત્રી કર્મનાં અશુભ ફળના બ્યાસી બાંધેનો એ નામનો એક પ્રકાર.

૫. સ્ત્રી. (યોગ) ચિત્તની પાંચ બાંધેની એ નામની એક વૃત્તિ. ચિત્તની પાંચ વૃત્તિ: (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ.

૬. સ્ત્રી. ચેતનવૃત્તિ બંધ રહેવી તે.

૭. સ્ત્રી. તમોગુણની અધિકતાથી બધા વિષય છોડી રહેતી વૃત્તિ.

૮ સ્ત્રી. પ્રાણીઓને થાક લાગવાથી થતી વિશ્રામની આળસુ અસર.

૯. સ્ત્રી બહાનું ઓરસ્વરૂપ.

૧૦. સ્ત્રી. મૂર્છા રોગનો એક પ્રકાર. તે તમોગુણથી ઉત્પન્ન થાય છે.

૧૧. સ્ત્રી. મૃત્યુ અથવા સમાધિ જેવી સ્થિતિ. નિદ્રા બેહદો અર્ધમૃત્યુ અને અર્ધસમાધિ.

નાનાભાઈ

૧૨. સ્ત્રી. સચ્ચારી ભાવના તેત્રીસ બાંધેનો એ નામનો એક ભેદ.

નિદ્રાક ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અજ્ઞાન જ્ઞાનનું અવલંબન કરનારી વૃત્તિ.

૨. સ્ત્રી. તમોગુણથી મનની વૃત્તિ.

નિદ્રાકર [સં. નિદ્રા (ઊંઘ) + કર (કરનાર)] વિ. ઊંઘને લાવનાર.

નિદ્રાગ્રસ્ત [સં. નિદ્રા (ઊંઘ) + ગ્રસ્ત (ઝપાટામાં)] વિ. નિદ્રાધીન; નિદ્રાએ ઘેરેલું.

નિદ્રાચર [સં. નિદ્રા (ઊંઘ) + ચર (ચાલનાર)] પું. રાતમાં સ્વપ્નાવસ્થામાં ફરેક જાતનું ભ્રમ કરનાર પુરુષ; નિદ્રામાં ચાલનારો માણસ.

નિદ્રાચરણ ૧. [સં. નિદ્રા (ઊંઘ) + ચરણ (ચાલવું તે)] ન. નિદ્રામાં ચાલવું તે; નિદ્રાભ્રમણ.

૨. ન. સ્વપ્નાવસ્થામાં ફરેક જાતનું ભ્રમ કરવું તે.

નિદ્રાચર્યા જુઓ નિદ્રાચરણ.

નિદ્રાચાર જુઓ નિદ્રાચરણ.

નિદ્રાજનક [સં. નિદ્રા (ઊંઘ) + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. ઊંઘ આણે તેવું.

નિદ્રાજાગરણ [સં. નિદ્રા (ઊંઘ) + જાગ્રત (જાગવું)] ન. નિદ્રામાં છતાં જાગરણવાળી સ્થિતિ; નિદ્રામાં છતાં ઊઠીને ફરવું, કામ કરવું ને તેનું જાગ્યા પછી સ્મરણ ન રહેવું તે. આ એક જાતનો રોગ મનાય છે.

નિદ્રાજિત [સં.] પું. અર્જુન.

નિદ્રાજિતપ્રિયા [સં.] સ્ત્રી. અર્જુનની પત્ની; સુભદ્રા.

નિદ્રાળુ ૧. [સં.] વિ. નિદ્રાવાળું; ઊંઘવાળું.

૨. વિ. ઘેરાયેલું; બંધ થયેલું. કૂલની પાંખડીના સંબંધમાં વપરાય છે.

નિદ્રાત્યાગ [સં. નિદ્રા (ઊંઘ) + ત્યાગ (છોડી દેવું તે)] પું. જાગૃત થવું તે.

નિદ્રાદેવી [સં. નિદ્રા (ઊંઘ) + દેવી] સ્ત્રી. ઊંઘની દેવી.

નિદ્રાદોષ [સં. નિદ્રા (ઊંઘ) + દોષ (ખામી)] પું. (જૈન) સામાયિકમાં કાયાના બાર બાંધેનો એ નામનો એક દોષ; સામાયિકમાં ઊંઘ કરવાથી થતો દોષ.

નિદ્રાધિક્ય [સં. નિદ્રા (ઊંઘ) + આધિક્ય (વધારાપણું)] ન. બહુ જ નિદ્રા આવવી તે.

નિદ્રાધીન [સં. નિદ્રા (ઊંઘ) + અધીન (વશ)] વિ. ઘેરાયેલું; નિદ્રાને વશ થયેલું.

નિદ્રાનાશ ૧. [સં. નિદ્રા (ઊંઘ) + નાશ] પું. અનિદ્રાનો રોગ; વાયુરોગના જોરથી બાંધેનો એ નામનો એક પ્રકાર. વાયુ પ્રકોપ થવાથી ઊંઘ આવતી નથી.

૨. પું. ઊંઘ નહિ આવવી તે.

નિદ્રાનિમગ્ના [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનારે આવેલું એક નામ.

નિદ્રાનિદ્રા [સં. નિદ્રા (ઊંઘ) + નિદ્રા (ઊંઘ)] સ્ત્રી. (જૈન) કર્મના અશુભ ફળના બ્યાસી બાંધેનોમાંનો એ નામનો એક પ્રકાર; દુઃખથી જાગૃત થાય તેવી ઊંઘ; ગાઢ નિદ્રા.

નિદ્રાનિદ્રાવેદનીય દર્શનાવરણ ન. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી નિદ્રામાંથી જાગવું બહુ મુશ્કેલ બને છે.

નિદ્રાન્વિત [સં. નિદ્રા (ઊંઘ) + અન્વિત (પામેલ) + ક્ત (ત્રૈમ)] વિ. ઘેરાયેલું.

નિદ્રામદ [સં. નિદ્રા (ઊંઘ) + મદ (આપનાર)] વિ. ઊંઘ લાવનાર; કેફી; ઊંઘ આણનારું.

નિદ્રામસ્ય પું પ્રસવવેદના ઓછી કરવા માટે કેફી પદાર્થથી લાવવામાં આવતું ઘેન. 'ટ્વાઇલાઇટ સ્લીપ.'

નિદ્રારંગ [સ. નિદ્રા (ઊંઘ) + ભંગ (ભાગવું તે)] પું એક જાતનો રોગ; નિદ્રાનાશ. ઊંઘનો ભંગ; ઊંઘમાં ખલેલ પડવી તે; નિદ્રામાં ભંગ પડવો તે.

નિદ્રાભાવ [સ નિદ્રા (ઊંઘ) + અભાવ (ન હોવાપણું)] પું ઊંઘ ન આવવી તે.

નિદ્રાભિભવ [સં. નિદ્રા (ઊંઘ) + અભિભવ (દબવું તે)] ન. નિદ્રાવર્યા; રાતમા ઊંઘમા હાલચાલવું અને બીજાં કર્મ કરવા તે; ઊંઘમા ઝઠકવાનો રોગ.

નિદ્રામગ્ન જુઓ નિદ્રામમ.

નિદ્રામગન જુઓ નિદ્રામમ.

નિદ્રામિષ [સં. નિદ્રા (ઊંઘ) + મિષ (બહાનું)] ન નિદ્રાનું બહાનું; ઊંઘનો ડોળ.

નિદ્રામૂત્ર [સં નિદ્રા (ઊંઘ) + મૂત્ર (પેશાબ)] ન. ઊંઘમાં પેશાબ થઈ જવો તે.

નિદ્રાયમાણ જુઓ નિદ્રાયમાન.

નિદ્રાયમાન [સ.] વિ. ઊંઘતું, ઊંઘમાં પડેલું; નિદ્રાવશ; સૂતેલું.

નિદ્રારમણી [સં. નિદ્રા (ઊંઘ) + રમણી (સ્ત્રી)] સ્ત્રી. નિદ્રારૂપી સ્ત્રી

નિદ્રારોગ ૧ [સં.] પું. અતિશય ઊંઘ આવે એવો એક રોગ.

૨. પું. નિદ્રા ન આવવાનો રોગ. આ રોગ એક જાતની માખીના કરડવાથી થવાનું મનાય છે. આ રોગનો પ્રચાર આફ્રિકાના હબસીઓમાં છે. આફ્રિકા અને અમેરિકામા પણ આ રોગ થાય છે. આ રોગની સર્વોત્તમ ઔષધિ સિલ્વ થપલ છે, પણ તે રોગની શરૂઆતમા આપવી જોઈએ.

નિદ્રારોપણ [સં. નિદ્રા (ઊંઘ) + આરોપણ (મૂકવું તે)] ન. બેભાનાવસ્થા લાવવાની ક્રિયા; તંદ્રામાં લાવવાની ક્રિયા, 'હિપ્નોટિઝમ.'

નિદ્રાલવું વિ. ઊંઘાળુ; ઊંઘણી ઘેરાયેલું; ઊંઘવાળું.

નિદ્રાલુ ૧ પું. વિષ્ણુનું એક નામ.

૨. સ્ત્રી. એક જાતની સુગંધી; નલી નામનું ગંધદ્રવ્ય.

૩. સ્ત્રી. રીંગણું; વંતાક.

૪. સ્ત્રી. વનતુલસી.

૫. [સં. નિદ્રા (ઊંઘ) + આલુ (વાળું)] વિ. ઊંઘણસી; ઊંઘણશી, નિદ્રાશીલ.

નિદ્રાલુતા [સં. નિદ્રાલુ (ઊંઘણશી) + તા (પણું)] સ્ત્રી ઊંઘણશી સ્વભાવ.

નિદ્રાલોપ [સ. નિદ્રા (ઊંઘ) + લોપ (નાશ)] પું. અસ્વાપ રોગ; ઊંઘ ન આવવાનો રોગ; અજંપર રોગ.

નિદ્રાલોપી [સ. નિદ્રા (ઊંઘ) + લોપિન્ (નાશ કરનાર)] વિ. નિદ્રાનો નાશ કરનાર.

નિદ્રાવશ વિ. ઊંઘમા તલ્લીન; ઊંઘને આધીન; નિદ્રાને તાબે હોય એવું; ઊંઘતું

નિદ્રાવસ્થા ૧ સ્ત્રી. અજ્ઞાન અવસ્થા.

૨. [સં. નિદ્રા (ઊંઘ) + અવસ્થા (દશા)] સ્ત્રી. ઊંઘવાળી સ્થિતિ.

૩. સ્ત્રી કોઠકોની ચાર માઠેની એક પ્રકારની અવસ્થા. તે અવસ્થામાં કોઠક નિદ્રામાં પડી રહે છે

નિદ્રાવસ્થિત [સ નિદ્રા (ઊંઘ) + અવસ્થિત (રહ્યાવાળુ)] વિ નિદ્રાવસ્થાવાળું; ઊંઘમાં પડેલ; નિદ્રા પામેલ.

નિદ્રાવહ [સં નિદ્રા (ઊંઘ) + વહ્ (લાવવું)] વિ. નિદ્રાજનક; ઊંઘ લાવનાર.

નિદ્રાવાન [સં. નિદ્રા (ઊંઘ) + વત્ (વાળું)] વિ. નિદ્રાવાળું.

નિદ્રાવિક્ષેપ [સં નિદ્રા (ઊંઘ) + વિક્ષેપ (ભંગ)] પું ઊંઘનો ભંગ

નિદ્રાવિક્ષેપક [સ. નિદ્રા (ઊંઘ) + વિક્ષેપક (ભંગ કરનાર)] વિ ઊંઘનો ભંગ કરનાર

નિદ્રાવિભ્રંશ [સં.] પું. ઊંઘમાં ખલેલ.

નિદ્રાવિષ્ટ [સ નિદ્રા + આવિષ્ટ (ભરેલ)] વિ. ઊંઘ ભરેલું; ઘેનવાળુ.

નિદ્રાવૃક્ષ [સ] પું. અંધકાર; અંધારું.

નિદ્રાવૃત્તિ [સં. નિદ્રા (ઊંઘ) + વૃત્તિ (વલણ)] સ્ત્રી. શુદ્ધિની અંદર રહેલ તમોગુણમાંથી ઉત્પન્ન થતી વૃત્તિ

નિદ્રાવેદનીય દર્શનાવરણ ન. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ તેના ઉદયથી સુખપૂર્વક જાગી શકાય એવી નિદ્રા આવે છે.

નિદ્રાશીલ [સં. નિદ્રા (ઊંઘ) + શીલ (સ્વભાવ)] વિ. ઊંઘણશી; નિદ્રાળુ.

નિદ્રાસન [સં.] ન. ખાટ પાથી નિદ્રામાં પડવું તે.

નિદ્રાસંજનન [સં. નિદ્રા (ઊંઘ) + સંજનન (ઉત્પત્તિ)] ન. શરીરમાં રહેલ કફ ધાતુ. કફની વૃદ્ધિથી નિદ્રા આવે છે.

નિદ્રાસ્ખલિત [સં. નિદ્રા (ઊંઘ) + સ્ખલિત (ભંગ પડેલ)] વિ. નિદ્રામાં ભંગ પડેલું

નિદ્રાહર ૧. [સં. નિદ્રા (ઊંઘ) + હર્ (કાઢી જવું)] ન. ઊંઘને અટકાવનાર દવા.

૨. ન. પું:. તે ઉષ્ણ, પાચક અને નિદ્રાહર મનાય છે.

૩. વિ. ઊંઘ ન આવવા દે તેવું; જાગૃત રાખે તેવું.

નિદ્રાહીનતા [સં. નિદ્રા (ઊંઘ) + હીન (વગરનું) + તા (પણું)] સ્ત્રી. ઊંઘનો અભાવ; અસ્વાભાવિક યા વિકૃત જાગરણ; માનસિક અવ્યવસ્થા, ઘભરાવટ વગેરે કારણથી થતી નિદ્રા રહિત સ્થિતિ.

નિદ્રાળું જુઓ નિદ્રાવું.

નિદ્રાળુ ૧. [સં. નિદ્રા (ઊંઘ) + આલુ (વાળું)] વિ. ઊંઘણશી; નિદ્રાશીલ; નિદ્રાલુ.

૨. વિ. ઊંઘમાં આવેલું; આળસ ભરેલું; ઊંઘથી ભરેલું.

નિદ્રિત [સં.] વિ. ઊંઘમાં પડેલું; સૂતેલ; નિદ્રાવશ; ઊંઘી ગયેલું; નિદ્રામાં પડેલું. નિદ્રાવાળું; ઊંઘતું; ઊંઘેલું; ઊંઘમાં હોય એવું.

નિદ્રુત વિ. જન્મતાં મરેલ; મૃત જન્મેલું.

નિદ્રોન્મુખ [સં. નિદ્રા (ઊંઘ) + ઉદ્ (ઊંચે) + મુખ (મોઢું)] વિ. ઊંઘ આવવાની તૈયારીવાળું; જાગ્રતાં ઘાતુ.

નિદ્વષ્ટ [પ્રા.] વિ. નિર્ધન.

વિરલા પાવંતિ નિદ્વટ્ઠા નેહા.

જ્ઞાનવિમલસૂરિ

નિધ ૧. [સં. નિધિ] ન. નિધિ; ભંડાર.

દીધી તો મ્હારે હાથ દીધી,
કહે નરસૈંયો આ નિધ જેહ.

નરસિંહ

૨. ન. સાનિધ્ય; નજીકપણું.

નિધડક (નિધડક) ૧. [નિ (નહિ) + ધડક (બીક)] વિ. બીક વગરનું; બેધડક, નિર્ભય; ભય વિનાનું; નીડર.

નિધડક વસ્તે રે કે'દિ દીન વચન નવ ભાખે.

બ્રહ્માનંદ

૨. [હિં.] અ કોઈના રોકવા વગર.

૩. અ. નિઃશંક; શંકા વગર.

૪. અ. બીજા વગર; કામ વિના.

૫. અ. સંકોચ વગર.

નિખણિયાદું ૧. [નિ (નહિ) + ખણિયાદું] વિ. ખણી વગરનું.
૨. વિ. નવારસું.

નિખણિયું જુઓ નિખણિયાદું.

નિખત્ત ન. (જૈન) કર્મબંધનો એક પ્રકાર; પરસ્પર અભેદ કર્મપુદ્ગલોને દૃઢપણે ધારણ કરવા તે; ઉદ્વર્તન અને અપવર્તન સિવાય કોઈ ફેરફારથી ફેરવાર ન થાય એવી રીતે કર્મને બાંધવું તે.

નિખત્તન ન. (જૈન) કર્મનું નિબિડ બંધન.

નિખત્તિ સ્ત્રી. (જૈન) અધ્યવસાયની તીવ્રતાથી પૂર્વે બાંધેલાં શુભ કે અશુભ કર્મોને વધારે દૃઢ કરવા તે.

નિખન ૧. [સં] પું. કુબેરનો અધિપતિ.
૨. પું. આનંદાનું કુળ.
૩. પું. બ્રહ્મા; સુરજ્યેષ્ઠ; પ્રજાપતિ; વિધાતા.
૪. પું. નાશ; વિનાશ; સંહાર.
સાધના રાજ્યારોહણના નીરમંચિ ને કાળ કલ્પાંતના,
ને ધૂમ્ર મહ કેરા નિખનના શોકાર્ત્ત રહી સદા.
ગીતગોવિંદ
૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેઓ સ્વરૂપસ્થિતિમાં સર્વે દશ્યના લય કરનારા અને સર્વના મૃત્યુરૂપ છે, તેમના સહસ્રવિગ્રહરૂપમાં દશ્ય જગતની ઉત્પત્તિ રહેલી છે અને નિઃસંકલ્પપણામાં સર્વે કલ્પનો અંત થાય છે; માટે વિષ્ણુ સર્વના સંહારરૂપ હોવાથી નિખન કહેવાય છે.
૬. પું. સામગાનનો એક ભાગ. તે આધુનિક સંગીતના તાનને મળતો છે.
૭. ન. (જ્યોતિષ) જન્મનક્ષત્રથી સાતમું, સોળમું અથવા ત્રેવીસમું નક્ષત્ર.
૮ ન. પાંચ અવયવ.
૯. ન. પાંચ કે સાત અવયવવાળો સામનો ઉદ્ગીથ અવયવ.
૧૦. ન. મૃત્યુ; મોત; મરણ.
મૃતિ સંસ્થા પરલોકગમન અત્યય પંચત્વ નિખન,
દીર્ઘનિદ્રા નિમીલન વિગત કલમર્મ અવસાન.
હેમકોષ
૧૧. ન. મેળ.
૧૨. ન. (જ્યોતિષ) જન્મથી આઠમું સ્થાન. આ સ્થાનથી આયંત સંકટ, આયુ, મરણ આદિનો વિચાર કરવામાં આવે છે. જન્મથી ચોથા સ્થાન ઉપર સૂર્ય હોય અને ગ્રહ ઉપર શનિની દૃષ્ટિ હોય તો જે દિવસે નિખનસ્થાન ઉપર શુભ ગ્રહોની દૃષ્ટિ થાય તે દિવસે મૃત્યુ થાય.
૧૩. ન. વજના પાંચ માંહેનો એ નામનો એક પ્રકાર.
૧૪. વિ. નિર્ધન; ગરીબ; દરિદ્રી; કંગાળ.
૧૫. વિ. મુખ્ય.

નિખનતા ૧. [સં. નિખન (ગરીબ) + તા (પણું)] સ્ત્રી. દારિદ્ર; દરિદ્રપણું.
૨. સ્ત્રી. મરણપણું.

નિખનત્વ જુઓ નિખનતા.

નિખનપતિ ૧. [સં.] પું. શિવ. તે પ્રલયકર્તા મનાય છે.
૨. વિ. પ્રલય કરનાર; પ્રલયકર્તા.

નિખનવાહી [સં. નિખન (મૃત્યુ) + વાહિન્ (વહેનારું)] વિ. મૃત્યુ લાવનાર; મૃત્યુ દેનાર.
વિચારે કંઈ સમતી નિખનવાહી કઈ પંક્તિઓ.
અજંતરાય ઠાકોર

નિખનાક્ષ પું. કુબેર.

નિખનાધીન [સં. નિખન (મરણ) + અધીન (વશ)] વિ. મૃત્યુને આધીન.

નિખની [હિં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નિખનેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નિખરક [હિં.] જ. નિખટક.

નિખરિત જ. બેખટક; નીડર વિના.

નિખા ૧. [સં.] સ્ત્રી. અર્પણ.
૨. સ્ત્રી. નજર.
૩. સ્ત્રી. નિધાન.
૪. સ્ત્રી. પાસનો સમૂહ.
૫. સ્ત્રી. મૂકવું તે.
૬. સ્ત્રી. સોંપણી.
૭. સ્ત્રી. સ્થાપન.

નિખાતવ્ય [સં.] વિ. સ્થાપનીય; સ્થાપવા લાયક.

નિખાન ૧. [સં.] ન. ભંડાર.
૨. ન. આધાર; આશ્રય.
૩. ન. ખજાનો.
૪. ન. એ નામનો એક નિધિ.
૫. ન. કુબેરનો ભંડાર.
૬. ન. ખજાનો.
૭. ન. ગુપ્ત અથવા દાટેલું ધન.
૮. ન. જ્યાં કોઈ વસ્તુ લીન થઈ જાય તેવું સ્થાન; લયસ્થાન.
૯. ન. નિધિપાત્ર; મિલકત રાખવાનું સ્થળ; ખજાનો; ભંડાર.
૧૦. ન. નિધિ પદ્મ; નિધિ પદ્મ; નિધિ ખર્વ અમુક નિયમ પ્રમાણે જુદી જુદી સ્થિતિમાં જવાથી એક નિધિથી જે વીસ યા વીસીઓ દોરાય તે નિધિ; કોઈ પણ ગતિમાન નિધિ અમુક ગતિ પ્રમાણે ગતિ કરે તો તેની ગતિથી તેનો ગતો માર્ગ.
૧૧. ન. મહાસાગર.
૧૨. ન. સમૂહ.
૧૩. ન. સામગી રાખવાનું તે.
૧૪. ન. સ્થાન; સ્થળ; જગ્યા.
૧૫. [સં. નિ (નીચું) + ધા (મૂકવું)] ન. સ્થાપવું તે; મૂકવું તે; સ્થાપન.
૧૬. ન. પદ્મ; નિધિ.

નિધાનક [સં.] વિ. અગ્નિનાની ક્રમોપનો પ્રેરક.

નિધાનેશ [સં. નિધાન (ભંડાર) + ઈશ (ધણી)] પું. કુબેર. તે રેવોનો ભંડારી કહેવાય છે.

નિધાપક ૧. [સં.] પું. ઝવેરાતનું કામ.
૨. પું. ઝવેરી.
૩. પું. ખજાનચી.
૪. પું. વાણિયો.

નિધિ ૧. [સં.] પું. આધાર
૨. પું. એ નામની ઔષધિ; છત્રક.
૩. પું. (જૈન) એ નામનો એક દ્વીપ.
૪. પું. (જૈન) એ નામનો એક સમુદ્ર.
૫. પું. દરિયો; સાગર.
૬. પું. કુબેરનાં નવ પ્રકારનાં રત્ન. તેઓનાં નામ કચ્છપ, મુકુંદ, નંદ અથવા કુંદ, વર્ચ્ચ, મકર, નીલ, શંખ, પદ્મ અને મહાપદ્મ. આ ઉપરાંત નિધાન, નિકર અને ક્ષેમધિ પણ નવીન નિધિઓ છે. આ બધા નિધિઓ લક્ષ્મીના આશ્રિત છે. જેને તે પ્રાપ્ત થાય છે તેને ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં ધનાગમ આદિ થાય છે. પદ્મનિધિના પ્રભાવથી મનુષ્ય સોનું, ચાંદી, તાંબું આદિનો ખૂબ ઉપભોગ અને કુળ વિકાસ કરે છે. મહાપદ્મ નિધિની પ્રાપ્તિથી રત્ન, મોતી આદિની અધિકતા રહે છે.
૭. પું. ખજાનો; ભંડાર.
૮. પું. બધા સદ્ગુણ ધરાવતો માણસ.
૯. પું. ઘર.
૧૦. પું. જગા.
૧૧. પું. જેનો કોઈ માલિક ન હોય તેવું ધન; દાટેલું ધન. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની વિજ્ઞાનેશ્વરે કરેલ મિતાક્ષરા નામની ટીકામાં જણાવ્યું છે કે પૃથ્વીમાં દાટેલું ધન વગેરે જો રાજાને મળે તો તેમાંથી અર્ધું બ્રાહ્મણ આદિને દઈ બાકીનું રાજાએ લેવું જોઈએ. વિદ્વાન બ્રાહ્મણ આદિને મળે તો બધું દઈ દેવું જોઈએ. જો ક્ષત્રિય આદિને મળે તો રાજાને છઠ્ઠો ભાગ દઈ બાકીનું બધું લેવું જોઈએ. જો કોઈ નિધિ પ્રાપ્ત કરીને રાજાને

અમર ન હે તો રાજાએ તેને દંડ દેવો જોઈએ અને અપો અન્નનો સાર્વ લેવો જોઈએ

૧૨. પુ. સાપણ; ભુજંગો; અનામત.

૧૩. પું ધન આદિથી ભરેલું પાત્ર.

૧૪. પું. નલિન નામે એક ચંપદ્રવ્ય.

૧૫ પુ નવની સંખ્યા; વાસ્તવિક રીતે નિધિ નવ હોવાથી નવસૂચક સાંકેતિક શબ્દ

૧૬. પું. જહાજ.

૧૭. પુ મહાસાગર, દરિયો, સાગર.

૧૮. પુ વિષ્ણુના હજાર માંહેનું એક નામ. પ્રલય વખતે સર્વ પ્રાણી એમાં રહે છે, તેથી તે નિધિ કહેવાય છે.

૧૯. પું. વેદ.

૨૦. પુ ક્ષય.

૨૧. પું સમુદાય; સંગ્રહ.

૨૨. પું સ્થાવરજંગમ મિલકતનો ટ્રસ્ટી.

૨૩. સ્ત્રી એ નામની એક દેવી

કુબેર સ્થાનમા નિધિ નામની દેવીની પીઠ છે ભાગવતી ભાગવત

૨૪. સ્ત્રી ઠામ; પાત્ર.

૨૫. સ્ત્રી યોગની સિદ્ધિ.

ગણપતિ નિધિઓ એટલે યોગની સિદ્ધિના પતિ એટલે દાતા તમારું આવાહન કરીએ છીએ. ચેતોબા ત્રેવી

નિધિઅવ્યય પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ પ્રલયકાળમાં સર્વ પ્રાણીઓ તેમાં સમાય છે, તેથી તે નિધિ કહેવાય છે. પોતે અવ્યય હોવાથી નિધિઅવ્યય કહેવાય છે.

નિધિગોપ [સ. નિધિ (વેદ) + ગોપ (રક્ષક)] પું વેદવેદાંગમાં પારંગત થઈ ગુરુકૃપાથી આવેલો માણસ; અનુષ્ઠાન; વેદરક્ષક

નિધિગૃહ પું. સમુદ્રનો કિનારો.

નિધિનાથ ૧. [સં. નિધિ (ભંડાર) + નાથ (ધણી)] પું કુબેર.

૨ પું ભંડારનો ધણી.

નિધિનિક્ષેપ [સં નિધિ (ભંડાર) + નિક્ષેપ (મૂકવું તે)] પું જમીનમા દાટેલ મિલકતની બરાબર સાચવી કાયદો, જમીનમાથી ચરુ, મૂર્તિ વગેરે નીકળે તે સબધી કાયદો

૨. પું જમીનમાં દાટેલું ધન વગેરે.

૩ પુ જમીનમાં ધન વગેરે દાટવું તે.

નિધિપ ૧ [સ. નિધિ (ભંડાર) + પ (પાળનાર)] પું અમાનતદાર; સગ્રહક, વિશ્વસ્ત, મિલકત સાચવનાર; સ્થાવરજંગમ મિલકતનો ટ્રસ્ટી.

૨ પું કુબેર.

૩. વિ ભંડારનો રક્ષક.

નિધિપતિ ૧. [સ નિધિ (ભંડાર) + પતિ (ધણી)] પું. કુબેર.

૨. પું. સમુદ્રપતિ.

૩. પું. ભંડારનો સ્વામી; ભંડારી; ખજાનચી.

નિધિપમંડલ [સ. નિધિપ (ટ્રસ્ટી) + મંડલ (ટોળું)] ન. નિધિપોનું મડળ; ટ્રસ્ટીઓનું મંડળ.

નિધિપમંડળ જુઓ નિધિપમંડલ.

નિધિપાલ [સં. નિધિ (ભંડાર) + પાલ (રક્ષક)] પું કુબેર.

નિધિરક્ષક [સ. નિધિ (ભંડાર) + રક્ષક (રક્ષણ કરનાર)] વિ. ભંડારનો રક્ષક.

નિધિરત્ન ન. (જૈન) ચક્રવર્તીનો ખજાનો.

નિધિરવ્યય [સં નિધિ (ભંડાર) + અવ્યય (ક્ષય વગરનું)] પુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વની ઉત્પત્તિના ભંડાર એટલે મૂળ કારણ વિષ્ણુ છે. અનિર્વચનીય જગતના પ્રસારને અનાદિ કાળથી વહન કરવા છતાં કિંચિત્ માત્ર પણ જેનો વ્યય થયો નથી એવા તે સદા અવિકારી અને અવિનાશી પદ છે. માટે તે નિધિરવ્યય કહેવાય છે.

નિધિવાહ [સ.] પું. જેનાથી દબાણ થાય એવો વાહ.

નિધિશાસ્ત્ર [સં. નિધિ (ભંડાર) + શાસ્ત્ર] ન. ભૂમિમાં દાટેલું ધન ખણવાની વિદ્યા.

નિધિસંખ્યા સ્ત્રી (ગણિત) જે સંખ્યાના ૧ સુધા બધા અવયવોનો સરવાળો તે સંખ્યાની બરોબર હોય તે સંખ્યા. જેમકે, ૬, ૨૮, ૪૯૬. ૧ + ૨ + ૩ = ૬; ૧ + ૨ + ૪ + ૭ + ૧૪ = ૨૮; ૧ + ૨ + ૪ + ૮ + ૧૬ + ૩૧ + ૬૨ + ૧૨૪ + ૨૪૮ = ૪૯૬.

નિધીશ ૧. [સં. નિધિ (ભંડાર) + ઈશ (ધણી)] પું. કુબેર.

૨ પુ ભંડારનો સ્વામી, નિધિનાથ.

નિધીશ્વર જુઓ નિધીશ.

નિધુવન ૧ [સં] ન ઉત્સાહ; આનંદ.

૨. ન ક્રીડા; કૌતુક; રમણ, ઉપભોગ.

૩. ન. મૂર્ખપું તે; ગાપણ તે; અત્યંત કંપન.

૪. ન સુરત; જેમાં શરીરની નાડી માત્ર આનંદિત થતી હોય એવી જાતનો સંભોગ; મૈથુન.

૫. ન હાસીઠઠ્ઠો.

નિધૃતિ [સં] સ્ત્રી. શાકદ્વીપની એ નામની એક નદી.

અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પચપદી, સહસ્રસ્મૃતિ અને નિધૃતિ નામની સાત શાકદ્વીપની નદીઓ છે. ભાગવતી ભાગવત

નિધૃવિ કારક્ષપ ૧. [સં.] પું. ઋગ્વેદના નવમા મંડલના ત્રેસઠમા સૂક્તનો કર્તા એ નામનો ઋષિ.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

નિધેય [સં. નિ (નીચે) + ધેય (મૂકવા યોગ્ય)] વિ. સ્થાપવા યોગ્ય; મૂકવા લાયક; સ્થાપનીય.

નિધેયા [સં.] સ્ત્રી. લક્ષ્મી દેવી.

નિનૈર્દે વિ ઠિકાણ વગરનું.

નિમ્ન પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ઋતુપર્ણનો એ નામનો પૌત્ર; સર્વકર્મા અથવા સર્વકામ નામના રાજાના બે માંહેના મોટાનો એ નામનો પુત્ર. એનું નામ અનરણ્ય પણ હતું.

નિધ્યંજન [સં. નિધિ + અંજન (આંજવું)] ન. નિધિને બતાવનાર અંજન. આ અંજન પૃથ્વીમાં દાટેલું ધન બતાવી આપનાર મનાય છે.

નિધ્યાન ૧. [સં.] ન. દર્શન; જોવું તે.

૨. ન. દાખલો; નિદર્શન.

નિધ્રાક વિ. નીડર; ભય વગરનું.

નિધ્રુવ ૧. [સં.] પું. અત્રિકુલના ઋષિનો એ નામનો પુત્ર.

૨. પું. (પુરાણ) ઉત્તમ નૃપનો એ નામનો એક ઋષિ.

નિધ્રુવિ વિ. અત્યંત સ્થિરતાવાળું.

નિધ્વાન [સં.] પું. શબ્દ; અવાજ.

નિન પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

આસિરિયા અને બાબીલોનિયામાં લોકો શનિ નામના ગ્રહને નિન કહેતા. બોસપત્રિક

નિનદ [સં.] પું. અવાજ; ધ્વનિ; નાદ; શબ્દ.

નિનદા સ્ત્રી. (સંગીત) મંદસ્થાનીય બાવીસ માંહેની બાવીસમી શ્રુતિ.

નિનય [સં.] સ્ત્રી. નમ્રતા.

નિનયન ૧. [સં.] ન. નિષ્પાદન.

૨. ન. પ્રણીતાના જલને કુશથી પવની વેદી ઉપર છાંટવાનું કાર્ય.

૩. ન. સિચવું તે; છાંટવું તે.

૪. ન. હવનકુંડ કાર્યમાં લાગ્યા રહેવું તે.

નિનરા [હિ.] વિ. ન્યારું; અલગ; જુદું.

નિનર્તશત્રુ [સં.] પું. (પુરાણ) ઉદ્યનનો એક પુત્ર.

નિનર્ત્તશત્રુ જુઓ નિનર્તશત્રુ.

નિનર્દ [સં.] પું. વેદના શબ્દનું એક પ્રકારનું ઉચ્ચારણ.

નિનાદ ૧. [સં.] પું. નાદ; અવાજ; ધ્વનિ.
નાદ નિનાદ નિસ્વન સુઘિર, કંબ રવ રેવન ધ્વનિ ઘ્વ;
અસીનાદે કહત હરિ, હે પ્રાણેશ્વરી આવ.
પિંગળપ્રકાશ
૨. ન. (સિંધ) એક જાતનું ઘરેદારીવાળું ત્રિકાળ ઘર. જે ત્રિકાળ ઘરના મુખ આગળ એક હ્રસ્વ હોય, તે હ્રસ્વ આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક ભદ્ર હોય તેવા ઘરનું મુખ દક્ષિણે હોય તો તે નિનાદ નામે ઘર કહેવાય છે.

નિનાદિત [સં] વિ. અવાજવાળું; શબ્દિત; ધ્વનિત.

નિનાદી [સં. નિનાદિન્] વિ. અવાજ કરનાર.

નિનાન ૧. [હિં.] પું. અંત.
૨. પું. જથ્થો.
૩. વિ. નિકૃષ્ટ.
૪. વિ. નિલકુલ; બિલકુલ.
૫. અ. અંતમાં; આખરે.

નિનાયા જુઓ નિનાવા.

નિનાર જુઓ નિનારા.

નિનારા ૧. [હિં] વિ. અલગ; જુદું; ભિન્ન; ન્યારું.
૨. ક્રિ. દૂર; બેટલું.

નિનાવા ૧. [હિં.] પું. છાશ, માંખ તથા માંખો થતી ગીચી લાલ હોડકી.
૨. પું. નામ લેવા માટે અમસળ વસ્તુ.
૩. પું. માંસ.

નિનાશ [સં.] પું. મોટો ધક્કો; અભિઘાત.

નિનાંવા [હિં.] પું. ઝુલઝુલ પક્ષી.

નિનાંવાન જુઓ નિનાંવા.

નિનિયન જુઓ નિનયન.

નિનોન ૧. ન (સિંધ) એક જાતનું ત્રિકાળ ઘર; નિનાદ.
૨. ન. એક જાતનું રેશમી ગીચું કાપડ.

નિનોરા [હિં.] પું. નાનીનું ઘર.

નિપ ૧ પું. એક જાતનો અફીણ
૨. [સં] પું કદમ્બનું ઝાડ.
૩. ન. કદંબનું ફળ.
૪. ન. કળશ; લોટો; ઘડો

નિપક [સં. નિસ (પ્રત્યગતાસૂચક ઉપસર્ગ) + પક્વ (પાકું)] વિ. કુશળ.

નિપક્ષતિ [સં] સ્ત્રી. પોકાના બન્નેવા પડખામા રહેલ તેર મારેનું બીજું હાડકું.

નિપચ્ચકખાણ [પ્રા.] વિ. જેને કોઈ જાતનો ત્યાગ ન હોય એવું

નિપજણ સ્ત્રી. ઉપજ; નીપજવું તે.

નિપજનાર વિ. ઉત્પન્ન કરનાર.

નિપજાવવું ૧. સ. ક્રિ. ઉત્પન્ન કરવું; પેદા કરવું; નીપજે એમ કરવું.
૨ સ. ક્રિ. નવું કરવું.
૩. સ. ક્રિ. બનાવવું.
૪. સ. ક્રિ. રૂપ આપવું; પમાવવું.

નિપજી ૧. [હિં.] સ્ત્રી ઉપજ.
૨. સ્ત્રી. લાભ; કમાણી

નિપટ ૧. વિ. અલ્પ, નાનું; લઘુ.
તુચ્છ અલ્પ લઘ સૂક્ષ્મ લઘુ નિપટ કૃશોદર તાર્યું,
ગાતા ભોટ મનને કર્યાથી સમાવનારું.
પિંગળપ્રકાશ
૨. [હિં.] વિ. નિતાંત; બહુ અધિક.
૩. વિ. વિશુદ્ધ; ખાલી; કેવળ.
૪. અ. અતિશય.
૫. અ. બેક; નિતાંત; સર્વથા; તદ્દન.

નિપટનાગર પું. ધૂર્ત્ત

નિપટનિરંજન પું. સોદો.

નિપટારા [હિં] પું નિર્ણય.

નિપઠ [સં.] પું. પાઠ; ભણવું તે.

નિપઠન [સં.] ન. અભ્યાસ કરવો તે.

નિપઠારા ૧. [હિં.] પું. નિવેડો; ફેસલો.
૨. પું. સમાપ્તિ.

નિપટ (નિપટ) અ. બેક; નિપટ; તદ્દન.
હું અજ્ઞાની બાલીકડી, હું નિપટ નાનું બાળ;
બાળપણું કેમાકરું, મારા હેની સંભાળ.
પ્રેમાનંદ

નિપટ વિ અજાણ.

નિપણ પું. આરણ.
વન પ્રૂઝે બાજે ઝણકારં,
દ્રળનાં સૂત્ર વિચલ કર્યા;
નિપણ મળ્યાં હુવે નવસું,
એના મરણ અપરા કર્યો ન ગયા ?
મુક્તાભ્યસંજીવની

નિપત ૧. વિ. ઉત્પન્ન; તૈયાર
૨. વિ. પાકું.
૩. વિ. નક્કર; મેજબરમ.
૪ અ. પૂરેપૂરી રીતે.
નિપત કર્યા નિમેજમાં,
તે જેમાંથે તરણ. સામળ

નિપતન ૧. [સં.] ન. નમવું તે; નમન.
૨. [સ. નિ (નીચે) + પત્ (પડવું)] ન. નીચે પડવું તે; નીચે ઊતરવું તે; નીચે આવવું તે; અધઃપતન.
૩. ન. મરણ.

નિપતિત [સં. નિ (નીચે) + પતિત (પડેલ)] વિ. નીચે પડેલ; નમેલ; પતિત; અધઃપતિત.

નિપત્યરોહિણી [સં.] સ્ત્રી. લાલ રંગવાળી ઓ.

નિપત્યા ૧. સ્ત્રી. ખીની ચીકણી જમીન.
૨. [સં.] સ્ત્રી. ખેતની ભૂમિ.

નિપત્ર [સં. નિ (વગરનું) + પત્ર (પાન)] વિ. પાંદડાં વગરનું; પત્રહીન.

નિપન ન. જર્મન ઢેબનું રાષ્ટ્રીય નામ.

નિપનાવવું સ. ક્રિ. ઉત્પન્ન કરવું; નિપજાવવું.

નિપરણ ૧. [સં.] ન. અત્યંત પ્રસન્ન થવું તે.
૨. ન. પ્રોટિનનો અભાવ.

નિપલ [અં.] સ્ત્રી. ટોટી; ડીંટડી.

નિપલાશ [સં.] વિ. પાંદડાં ખરી પડ્યાં હોય એવું ઝાડ.

નિપલ્લાણ વિ. (જૂ. ગુ.) પલાણ વિનાનું.
પડિયાં પાખર નિપલ્લાણ,
પડિયાં રણસાગર ઊમાંણ. ભાવદેવસમય

નિપંગ [સં નિ (બહુ) + પંગુ (લંગડું)] વિ. (હિંદી) હાથપગ તૂટેલ અથવા કામ ન આવી શકે તેવું; અપંગ; નકામું.

નિપાક ૧. [સં.] પું. અતિશય પાક.
૨. પું રસોઈ; રાંધવું તે.

નિપાક જુઓ નિપક.

નિપાણી સ્ત્રી. એક જાતની રોટલી.

નિપાત ૧. [સં] પું. (વ્યાકરણ) અવ્યય.
ઋગ્વેદમાં વાણીને વૃષભ સાથે સરખાવી છે. ચાર પદસમુદાય—નામ, આખ્યાત (ક્રિયાપદ), ઉપસર્ગ અને નિપાત એ વચનના ચાર શૃંગડાં છે.
બૃહદ્દેવતા
૨. પું. આઘાત.
૩ પું ઊતરવું તે.
૪ [સં. નિ (નીચે) + પાત (પડવું તે)]
૫. પું.
૫. પું. અપટી વગાડવી તે.
૬. પું. આપણ; મૂડી.
૭. પું. દુર્ગતિ; અધોગતિ.
૮. પું. નાશવાનું સ્થાન.
૯. પું. (વ્યાકરણ) નિયમ વિરુદ્ધ સિદ્ધ થતો શબ્દ; અનિયમિત રૂપ; જેનું મૂળ ન મળતું હોય એવો શબ્દ
૧૦ પું નીચે પડવું તે; અધઃપતન; નિપતન.
૧૧ પું પડવું તે; પાત.
મૂળ બંધેલા ખડકોમાંથી વહેતું પાણી તેમાંના વસ્તુને ઓગાળી દૂર લઈ તેમનો નિપાત કરે છે. ભૂસ્તરવિદ્યા

૧૨. કું. બેસવું તે.
૧૩. કું. બેગું થવું તે; સંયોગ; સંબંધ.
૧૪. કું. બટકા.
૧૫. કું. મરણ; મૃત્યુ.
૧૬ કું. ઊંચા ઊડીને પડવું તે.
૧૭. કું. વિનાશ; પાયમાલ થવું તે; નાશ પામવું તે.
૧૮. વિ. પડેલું.
૧૯. વિ. પતા વગરનું.
૨૦. વિ. પાડેલું.

નિપાતન ૧. [સં.] ન. નાશ; ક્ષય કે ખરાબ કરવાનું કાર્ય.
૨. ન. (વ્યાકરણ) નિયમ વિરુદ્ધ શબ્દોની સિદ્ધિ.
૩. [સં. નિ (નીચે) + પાતન (પાડવું તે)] ન. નીચે પાડવું તે; નીચે લાવ્યું તે.
૪. ન. મારી નાખવું તે; વધ કરવાનું કાર્ય.

નિપાતવું ૧. અ. ક્રિ. પડી જવું; પતન થવું.
૨. અ. ક્રિ. મરણ પામવું.
૩. સ. ક્રિ. નીચે પાડવું.
૪. સ ક્રિ મારવું; વધ કરવો.

નિપાતા ૧. [સં. નિ (નીચે) + પાત (પાડનાર)] વિ. પાડી નાખનાર.
૨. વિ. વિનાશક; નાશ કરનાર.
જગાસક અભિમાન નિપાતા.
બડી મુશ્કિલ મુક્તિ હાતા. નિષ્કુળાનંદ

નિપાતિત [સં.] વિ. નીચે પાડેલ.

નિપાતી ૧. કું. નીચે પડવું તે.
૨. કું વિનાશ.
૩. કું. સિંચ; મહારેણ.
૪. વિ નાશ પામતું.
૫. [સં. નિ (નીચે) + પાતિન્ (પાડનાર)] વિ નીચે ઊતારનાર; નીચે પાડનાર.
૬. વિ. નીચે પડતું.
૭. વિ. નીચે બેસનારું; ઠરતું.
૮. [હિ.] વિ. પાંદડાં વગરનું; ઠૂંઠું.
૯. વિ. મારી નાખનારું; ઘાતક.
૧૦. વિ. વિનાશ કરનાર.

નિપાદ [સં.] વિ. નિમ્ન પ્રદેશ; નીચાણવાળો પ્રદેશ.

નિપાન ૧. [સં.] ન. જળાશય; તળાવું.
૨. ન. દૂધ દોહવાનું વાસણ.
૩. ન. સંપૂર્ણ પી જવું તે.
૪. ન. હવાડો.

નિપાય ન. ઉત્પન્ન કરવું તે; નિષ્પન્નવું તે.

નિપાયત કું. વૃત્તિ; ગુજરાણ

નિપારવું સ. ક્રિ. બળજૂરી ઉપર બાંધેલા પદાર્થમાંથી બીજા પદાર્થો ઠાલવવું.

નિપાવવું ૧. [સં. નિષ્ (પૂરેપૂરું) + પદ્ (પકવવું)] સ. ક્રિ. પકાવવું; રાંધવું.
૨. સ. ક્રિ. બનાવવું; તૈયાર કરવું; પેદા કરવું; ઉત્પન્ન કરવું; ઉપજાવવું; નિષ્પન્નવું.
ખીર રે નિપાવું હવ એકમાં,
બ્રહ્મા નાખો મેવીયાજ છ.
અદેહરિ નાકક
૩. સ. ક્રિ. હાજર કરવું.

નિપાવું ૧. સ. ક્રિ. ઉપજાવવું; નિપજાવવું.
જે જે આવે માગ પિણને,
તે તે ભોજન નિપાવું રે. નરસિંહ
૨. સ. ક્રિ. પકાવું, રંધાવું.

નિપાળો ૧. કું. તાજ તાડી.
૨. કું. નેપાળો.

નિપાંગુર ૧. [હિ.] વિ. બંગડું.
૨. વિ. હાથપગ ન ચાલતા હોય એવું.

નિપીડક (નિપીડક) ૧. [સં.] વિ. દુઃખદાયક; પીડા કરનાર.
૨. વિ. નિચોવનાર.

નિપીડન (નિપીડન) ૧. [સં. નિ (બહુ) + પીડ (દુઃખ દેવું)] ન. અત્યંત પીડવું તે.
૨. ન. આલિંગન.
૩. [સં. નિ (બહુ) + પીડ્ (ગાળવું)] ન. નિચોવવું તે.

નિપીડિત (નિપીડિત) ૧. [સં. નિ (બહુ) + પીડ્ (દુઃખ દેવું)] વિ. અત્યંત પીડેલ; બહુ દુઃખ દીધેલ.
૨. વિ. આલિંગન કરેલ.
૩. [સં. નિ (બરાબર) + પીડ્ (ગાળવું)] વિ. ગળાવેલું; નિચોવેલ.

નિપીત [સં. નિ (બૂબ) + પીત (પીધેલ)] વિ. અત્યંત પીધેલ; સંપૂર્ણ પીધેલ.

નિપીરી વિ. સ્ત્રી. બિલ્કુલ વગરની; આવતર ન હોય એવી; નપીરી.

નિપુટો કું. ઝણઝણાટો.

નિપુણ ૧. કું. (જ્યો) જ્યોના ૪૫ મહેનો એક નામનો એક અવયવ.
૨. [સં.] વિ. અનુભવી.
૩. વિ. કાબેલ; પ્રવીણ; કુશળ; ચતુર; પટુ; હોશિયાર; દક્ષ; સારું જાણનારું.
કુટી કુશળ કોવિદ નિપુણ ક્ષમ પ્રવીણ નિષ્ણાત,
પટુ વિદગ્ધ નાગર ચતુર આવે રસની વાત.
પિત્રજલપુરોહિત
૪. વિ. માયાળુ; મિત્રભાવ ધરાવતું.
૫. વિ. સંપૂર્ણ; તદ્દન.
૬. વિ. સારી પેઠે જાણીતું; વાકેફગાર.
૭. વિ. સૂક્ષ્મ; બારીક.

નિપુણતા ૧. [સં.] સ્ત્રી. અનુભવીપણું.
૨. સ્ત્રી. કોશલ્ય; હોશિયારી; કુશળતા; કાબેલિયત; દક્ષતા.
૩. સ્ત્રી. ચતુરાઈ; ડહાપણ; ચાલાકપણું.
૪. સ્ત્રી. માયાળુપણું.
૫. સ્ત્રી. વાકેફગારી.
૬. સ્ત્રી. સંપૂર્ણતા.
૭. સ્ત્રી. સૂક્ષ્મતા.

નિપુણત્વ જુઓ નિપુણતા.

નિપુણમતિ [સં. નિપુણ (હોશિયાર) + મતિ (બુદ્ધિ)] વિ બુદ્ધિશાળી.
એ કવિ પણ બહુ સૂક્ષ્મદર્શિ તથા નિપુણમતિ હતા. નિર્ણયસિંધુ

નિપુણવાક્ય ન. મર્મોનું કહેણ; નર્મવાક્ય.

નિપુણશ્રમ [સં. નિપુણ (હોશિયાર) + શ્રમ (મહેનત)] કું. કુશળ મજૂરવર્ગ; 'સ્કિલ્ડ લેબર.'

નિપુણાઈ જુઓ નિપુણતા.

નિપુણિકા સ્ત્રી. એ નામનો એક સિક્કો; તામ્રપણનો સોળમા ભાગની કીમતનો સિક્કો.
૧૧ નિપુણિકા = તામ્રપણ
૬૪ તામ્રપણ = રૌપ્યપણ
૧૬ રૌપ્યપણ = સોવર્ણપણ

નિપુત્રિક વિ. અપુત્ર; પુત્ર વગરનું.

નિપુત્રી [હિ.] વિ. નિઃસંતાન.

નિપુર [સં.] કું. સિંધ દેશ; સૂક્ષ્મ શરીર.

નિપૂહો કું. (કચ્છી) ઝાડું કાઢવું તે.

નિપૂત [હિ.] વિ. અપુત્ર; પુત્ર વગરનું.

નિપૂતા જુઓ નિપૂત.

નિપૂર કું. પીપળાની જાતનું એક વૃક્ષ; નંદી વૃક્ષ.

નિપોડ (નિપોડ) કું. નીચોડ.

નિપ્લવ ૧. કું. આકસ્મિક.
૨. કું. દુઃખ.
૩. કું. ઘડાઈ.

નિફડ કું. ઘસવાથી થતો ફોલ્લો; આંટણ; ઘસુ.

નિફેટ ૧. વિ. અજ્ઞાની.
૨. વિ. બેશરમી; નાદર.

નિફેલ ૧. [હિ.] વિ. પૂર્ણ; સંપૂર્ણ.
૨. અ. પૂર્ણ રૂપથી.

નિફેલ ૧ [અ. - નફ્લ] સ્ત્રી. ખુદા કે રસૂલની આજ્ઞા સિવાયનું ધાર્મિક કામ; પોતાના સ્વાર્થનું કામ.

૨. [હિં.] વિ. નિષ્ફળ; નકામું; અર્થ.

નિકુલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જ્યોતિષ્મતી.

નિકૂઢ (નિકૂઢ) ૧. [સં.] પું. કુસપ; અણગમતાપ; કલહ; કજિયો.
૨. પું. ખાર; ઝેર, ઠેલો.
૩. પું. ઝગડપટ; ઝળઝેદ; ખાપા.
૪. પું. દ્વેષ.
૫. પું. મતભેદ; વિરોધ; દ્રોહ.
નિકૂઢ પદું ન જુદું પડવું.

નિકૂઢતી ૧. સ્ત્રી. દુઃખ; ગામધી વગરનું.
૨. સ્ત્રી. દ્વેષી.

નિકૂઢ્યતી જુઓ નિકૂઢતી.

નિકૃત ન. મરણ; મોત.
પદમ ગાસ, બદરીના વિપૂરમ અનઘ ધ્રુ ૫
નિકૃત. કાન્હડદેપ્રબંધ

નિકૃરવું ૧. સ. ક્રિ. આરપાર પસાર કરવું.
૨. સ. ક્રિ. ખોલવું; ઉદ્ઘાટિત કરવું.
૩. સ. ક્રિ. સ્પષ્ટ કરવું; સાફ કરવું

નિકૃસન [સં.] પું. દૃષ્ટિ.

નિકૃસ (નિકાસ) ૧. [સં.] પું. બહાર-ગમન.
૨. પું. સુવાવડ આવ્યા પછીથી બારીસ દિવસનો સમય.

નિકૃસત (નિકાસત) [સં.] સ્ત્રી. સ્વચ્છતા; સાફ કરવું તે.

નિકૃેત [હિં.] વિ. સ્પષ્ટ; સાફસાફ.

નિક્ક [અ.] સ્ત્રી. ઢાંક; ઘોઢાનો મિત્તો.

નિક્કકોરી ૧. [હિં.] સ્ત્રી. નીમનું બીજ; લીંબોળી.
૨. સ્ત્રી. લીંબોળીનો ઢગલો.

નિક્કખત [દ્વા.] વિ. કમનસીબ.

નિક્કખતા ૧. [દ્વા.] પું. કમનસીબ માણસ.
૨. વિ. કમનસીબ; બદનખત.

નિક્કખતી જુઓ નિક્કખતા.

નિક્કજન પું. બીજા મકિત બજાજ સાથે દસ્તનું આવવું તે.

નિક્કટવું ૧. સ. ક્રિ. ખતમ થવું.
૨. સ. ક્રિ. નિર્ણીત થવું.
૩. [સં. નિવૃત્] સ. ક્રિ. નિવૃત્ત થવું.
૪. સ. ક્રિ. શૌચ આદિથી નિવૃત્ત થવું.
૫. સ. ક્રિ. સમાપ્ત થવું.

નિક્કારવું [હિં.] પું. નિકાલો સમાધાન; સમજૂતી.

નિક્કાસ ૧. [હિં.] પું. નિકાલ; નિર્ણય.
૨. પું. પૂછ કરવું તે.

નિક્કાસવું ૧. સ. ક્રિ. નિર્ણીત કરવું.
૨. સ ક્રિ. સમાપ્ત કરવું.

નિક્કોટવા જુઓ નિકટવા.

નિક્કોસ (નિકાસ) [હિં.] પું. એક પ્રકારનો મોટો પડો

નિક્ક ૧. [સં. નિ (બાદે) + ક્ક (બોલાયેલું)] પું. ગાતી વખતે અક્ષર, તાલ, રસ વગેરેના નિયમનું વિશેષ ધ્યાન રાખવામાં આવે એવું ગીત.
૨. વિ. ચૂસેલું
૩ વિ. જડેલું, બેસાડેલું, નિવેદિત
૪. વિ. દાબમાં રાખેલ.
૫. વિ. નિશ્ચલ; સ્થિર.
૬. વિ. બાંધેલ.
૭ વિ. શબ્દોથી અને આલાપ વગેરેથી બાંધેલું.

નિક્ક સંગીત ન (સંગીત) અનિક્ક અને નિક્ક એ સંગીતના બે પ્રકારનો એક પ્રકાર; માત્રા સંગીત; શબ્દ વગરનું આલાપનું સંગીત.

નિક્કપેક્કોગ ન. લીંબડાનાં પાંદડાં, ફૂલ, ફળ, મૂળ અને છાલ એ પાંચે અંગ.

નિક્કહેણ [સં.] ન. મારણ; નાશ કરવાની ક્રિયા અથવા ભાવ.

નિક્કલ ૧. [સં. નિશ્ચ (વજરનું) + બલ (શક્તિ)] વિ. (હિંદી) નબળું; કમજોર; નિર્બલ; દુર્બલ.
૨. વિ. હલકું; ઓછી કીમતનું.

નિક્કલા જુઓ નિક્કલ.

નિક્કસી જુઓ નિક્કલ.

નિક્કલ્લુ જુઓ નિક્કલ.

નિક્કહ [હિં.] પું સમૂહ; ઝુંડ.

નિક્કહુર [હિં.] પું. વગડાર.

નિક્કહુરા [હિં.] વિ. સ્વાર્થી માટે ગાવું બજાવું.

નિક્કંધ ૧. [સ. નિ (બાદે) + બંધ્ (બાંધવું)] પું. બદકાવ; રોધ; બંધન; પ્રતિરોધ.
૨ પું. અનેક મતોના સંગ્રહવાળો બાબો.
૩. પું. અમુક કાળે બાપવાને કબૂલેલ વસ્તુ.
૪ પું અમુક સમયે બાપવાની ઠરેલી કબલત.
૫. પું. બાબો.
૬. પું એકનિષ્ઠા; આસક્તિ.
૭ પું કાવદો; ધાગો; બરડો.
૮. પું. કારબાનું, બાબુ વગેરે પાસેથી લેવાની ઊપજ રકમ.
૯ પું. કોઈ પણ બાબત ઉપર મુદ્દાસર લખાયેલો લેખ; લિખિત પ્રબંધ; કોઈ પણ એકાદ વિષય ઉપર બુદ્ધિવાદ અને પ્રમાણ દૃષ્ટાંતથી લખેલું લખાણ. પોતાના મતાનુસાર ક્રમબદ્ધ પ્રમાણે લખાણની શૈલી અને વિષયની ગોઠવણ થઈ રહે તથા વસ્તુનો અન્વય કે સમર્થન થઈ રહે એવા સંદર્ભના પ્રબંધને નિબંધ કહે છે પરંતુ આ શબ્દનો સામાન્ય ઉપયોગ સંક્ષિપ્ત છતાં સપૂર્ણ ગદ્યલેખન એ પ્રમાણે લક્ષમાં કરવામાં આવે છે .
૧૦. પું. બાબત; ગાન; ગીત. મુખથી ઉત્પન્ન થતું ગીત ગાન કહેવાય છે. તેમા જે ગીત તાલ, સ્વર છંદ વગેરેથી યુક્ત અને નિયમબદ્ધ હોય છે તે નિબંધ કહેવાય છે
૧૧. પું. નિબંધનો ગ્રંથ.
૧૨. પું. નિબંધ
૧૩. પું બાંધકોષ, બાબો
૧૪ પું બાધવું તે, રચવું તે, રચના
૧૫. પું બેડી; શૃંખલા
૧૬ પું મૂત્રકૃચ્છ્રનો રોગ પેશાબ બંધ થઈ જવાની બીમારી; અત્યંત રોગ.
૧૭. પું. મૂળ પાયો
૧૮ પું લીંબડાનું ઝાડ; લીમડો
૧૯. પું. સરકારી આજ્ઞા
૨૦. પું. સંબંધ; સબોધ.
૨૧. પું. રજાચર મિલકત.

નિબંધક ૧. વિ. બાબતો સંબંધી પ્રશ્નોનો નિર્ણય કરનાર.
૨. [સં. નિબંધ (બધવું બાબવું) + ક (બાબું)] વિ. નિબંધને લગતું; બધને લાગતું; બધનાત્મક.
૩. વિ. રચનાર; બાંધનાર.

નિબંધકાર [સં. નિબંધ (બધ બાબવું) + કાર (કરનાર)] વિ. નિબંધ કરનાર; નિબંધ બાબનાર

નિબંધકારક જુઓ નિબંધકાર

નિબંધન ૧ [સં.] પું. એ નામનો એક ઋષિકલ્પ મુનિ
૨. પું (પુરાણ) સૂર્યવંશી બૃહદ્બલ કુલોત્પન્ન કર્ણદેવ રાજાનો પૌત્ર અને બૃહદ્બલ રાજાનો પુત્ર. પુરાણાન્તરે એનું નિબંધન એવું નામ કહ્યું છે. એને સત્યવત એટલે ઋતધ્રુ અને મત્યશ્વ એમ બે પુત્ર હતા
૩. ન બદકાવ, પ્રતિરોધ, બંધન.
૪. ન. આશ્રય; આધાર
૫. ન. કર્તવ્ય.
૬. ન. કાવદો ધારો.

૭. ન. કારણ; હેતુ.
૮. ન. (અંકિત) અંકિત સંબંધી જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.
૯. ન. ગાંઠ.
૧૦. ન. જંગલમાં હાથીને બાંધવાનો બાંધણો.
૧૧. ન. નિબંધનો ગ્રંથ.
૧૨. ન. પાયો.
૧૩. ન. બેડી; સાંકળ.
૧૪ ન. મુદ્દાસર લેખ.
૧૫. ન. વાદ્યરચના.
૧૬. ન. વીણા કે સિતારના તાર બાંધવાની ખૂંટી; ઉપનાહ; તાંત.
૧૭. ન. અવસ્થા; નિયમ.
૧૮. ન. સંબંધ.
૧૯. વિ. બાંધવાનું સાધન.

નિબંધની ૧. [સં.] સ્ત્રી. બંધન.
૨. સ્ત્રી બેડી; સાંકળ.

નિબંધપત્ર પું. પટ્ટો; દસ્તાવેજ; એકરારનામું

નિબંધપ્રેક્ષન [સં. નિબંધ (ગ્રંથ લખાણ) + પ્રેક્ષન (જોવું તે)] ન. નિબંધ જોવો તે. નિબંધપ્રેક્ષન એ સંગીત, ચિત્રકળા અથવા મૂર્તિનિર્માણ જેવી સ્વતંત્ર અને મહત્ત્વની કળા જ છે. ઉચ્ચ અભિરુચિ અને કંઈક અંકન કરવાની ઊંડાણ એ બે હોય ત્યારે જ નિબંધ સરસ વાંચી શકે છે. નાની ઉંમરે પણ નિબંધની શક્તિ કાંઈક કેળવી શકાય છે.

નિબંધવાચન ન. નિબંધ વાંચવો તે.

નિબંધશાઈ વિ. નિબંધને લગતું; નિબંધ જેવું.

નિબંધસમિતિ સ્ત્રી. નિબંધ લખનાર કે તપાસનાર મંડળ.

નિબંધાત્મક જુઓ નિબંધશાઈ.

નિબંધિકા [સં. નિબંધ (ગ્રંથ લખાણ) + ઇકા (વાળું)] સ્ત્રી. નાનો નિબંધ; કળાની કૃતિનો નિબંધ; મુદ્દાસર લખાયેલ નાનો લેખ. નિબંધનું લઘુતાવાચક રૂપ. જે નિબંધ થોડી વારમાં વાંચી લેવાય એવો હોય તેને માટે નિબંધિકા શબ્દ વપરાય છે.

નિબંધિકાકાર [સં. નિબંધિકા (નાનો નિબંધ) + કાર (કરનાર)] વિ. નિબંધિકા લખનાર.

નિબંધિત ૧. [સં. નિ (માટે) + બંધિત (બાંધેલ)] વિ. બાંધેલ.
૨. વિ રચેલ

નિબંધી જુઓ નિબંધકાર.

નિબાર સ્ત્રી. બાજા સૂતરનું નાકું.

નિબારવું ૧ સ. ક્રિ. ખેંચી લેવું.
૨. સ. ક્રિ. ટાળવું.

નિબારો પું. ચાટવાળી જમીનમાં સીધું ઊભું બનતું એક બનાવું ઝાડ. તેનાં પાન કડવા લીંબડાનાં પાન જેવાં હોય છે. તેને લીંબોળા જેવાં ફળ થાય છે. આ ઝાડનો રસ વિષારી મનાય છે. તે દવામાં વપરાય છે

નિબાલી પું. ગૌતમ ઋષિનો એ નામનો એક શિષ્ય.

નિબાહ ૧. પું. અમલ કરવો તે.
૨. [હિ.] પું. કાલક્ષેપ.
૩. પું. બરી રાખવાનું કામ; પરંપરાની રક્ષા
૪. પુ. દૃઢતા; ખંત.
૫. પું. નિર્વાહ; ભરણપોષણ.
૬. પું. પાલન; પૂરું કરવાનું કાર્ય.
૭. પું. બચાવનો રસ્તો; છુટકારાની રીત.
૮. પું. સમવડ.
૯. પું. સંપૂર્ણતા.

નિબાહક [હિ.] વિ. નિર્વાહ કરનાર; નિર્વાહક.

નિબાહતા પું. પહોંચવું તે.

નિબિડ (નિબિડ) ૧. [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન પર્વત.
૨. ન. જંગલ; રાન.
૩. વિ. કઠણ; અઘરું; ભારે; મુશ્કેલ.
૪. વિ. મજબૂત; ગાઢું; ઘટ્ટ; ગીચ.
૫. વિ. દૃઢ; મજબૂત.
૬. વિ. સૂક્ષ્મ.

નિબેડવું (નિબેડવું) ૧. સ. ક્રિ. અમલ કરવું.
૨. સ. ક્રિ. નિર્ણય કરવો.
૩. સ. ક્રિ. પૂરું કરવું

નિબેડા (નિબેડા) [હિ.] પું. ફેંસલો; નિવેડો.

નિબેરા જુઓ નિબેડા.

નિબોધ ૧. પું. અનેક પ્રકારનો બોધ.
૨. પું. ઉત્તમ જ્ઞાન
૩. [સં. નિ (નિશ્ચયપૂર્વક) + બોધ (ઉપદેશ)] પું. સમજ; ભલામણ; જ્ઞાન.

નિબોધન જુઓ નિબોધ.

નિબોરી [હિ.] સ્ત્રી. લીંબોળી.

નિબૌલી જુઓ નિબોરી

નિભ્નુ ૧. પું. નાની સ્ત્રીનાં સ્તન.
૨. [સં. નિમ્ન] પું. સીંધુ.

નિભ ૧. [સં.] પું પ્રકાશ; પ્રભા.
૨. પુ બાજ
૩. વિ. અત્યંત પ્રકાશવું
૪. વિ. સમાન; તુલ્ય; સદૃશ; જેવું.

નિભજવીકરણ ન. જાતું જોવું તે.

નિભડાવવું (નિભડાવવું) સ. ક્રિ. માટીના વાસણને અગ્નિસંસ્કાર કરવા ચૂલા ઉપર ઊંધું મૂકી તપાવવું.

નિભર જુઓ નીભર.

નિભરમ ૧. [સં. નિસ્ (બહારનું) + ભ્રમ (શંકા)] વિ. ભ્રમ બહારનું. શંકા બહારનું.
૨. ન. નિઃશંક; બેધડક.

નિભરમા [સં. નિર્ભ્રમ] વિ. (હિંદી) જેનો વિશ્વાસ ઊઠી ગયો હોય તેવું.

નિભરોસ [હિ.] વિ. નિરાશ; હતાશ.

નિભરોસી ૧. [હિ.] વિ. નિરાશ; હતાશ.
૨. વિ. નિરાશ્રય; નિરાધાર; દીન.

નિભરા પું. નિભાડો; નિભાડો; કુંભારની ભઠ્ઠી.

નિભાઈ ૧. વિ. કામચલાઉ; થોડા દિવસ ચાલે એવું.
૨. વિ. દેખાવી; નભે એવું.

નિભાઉ સ્ત્રી. પરવડતા.

નિભાગા [સં. નિસ્ (બહારનું) + ભાગ્ય (નસીબ)] વિ. કમનસીબ; બદનસીબ; ભાગ્યહીન; અભાગિયું.

નિભાગી જુઓ નિભાગા.

નિભાડવું (નિભાડવું) સ. ક્રિ. નિભાવવું.
ખાવું ન પડી ખોટને, રહ્યું ન કરીએ વાદ;
વાહે ન વિષયસુખને, નિજ મન મોજ નિભાદ.
નિષ્કુળાનંદ

નિભાડો (નિભાડો) ૧. પું. નિભાડો; હાંડલાં, નળિયાં વગેરે માટીની બનાવટો પકવવાની ભઠ્ઠી; કુંભારની ભઠ્ઠી.
૨. પું. પકવવા ગોઠવેલાં માટીનાં વાસણોનો ઢગલો.

નિભાલન [સં.] ન. દર્શન; જોવું તે; દેખવું તે.

નિભાલિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જુદી જુદી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, તગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે.
સ ત ર વારો નિભાલિતા. અખિલાણ

નિભાવ ૧. પું. આધાર.
૨. [સં. નિર્વાહ] પું. ગુજરાન; ભરણપોષણ અને જીવનવ્યવહારનો ક્રમ ચાલ્યા કરવો તે; નિર્વાહ.
નિભાવ કરવો = (૧) જેમ તેમ કરીને ચલાવવું; નભાવવું (૨) ભરણપોષણ કરવું; પેટનું પૂરું કરવું.

૩ પું. ટકાવ, ટકી રહેવું તે.
૪. પું નભવું તે; ચાલવું તે.
૫ પું રક્ષણ

નિભાવણ ૧ ન ટકાવવું તે; નભાવવાપણું.
મુક્તાનંદ કહે નેહ નિભાવણ વિના પ્રીતમ સુખકંદ.
મુક્તાનંદ
૨. ન. ભરણપોષણ.
૩. ન. મુશ્કેલીમાંથી સહીસલામત બહાર જાવું તે
૪. વિ નિભાવનાર; ચલાવનાર; ટકાવી રાખનાર.

નિભાવનહાર ૧ વિ. નભાવનાર.
૨. વિ મુશ્કેલીમાંથી બચાવનાર.

નિભાવવું ૧. સ ક્રિ. કારભાર કરવો; વ્યવસ્થા કરવી
૨. [સં. નિર્વાહ્] સ ક્રિ. જેમ તેમ કરીને જીવનવ્યવહાર ચલાવવો; જેમ તેમ મુજરાન કરવું; બોડામાં પૂરું કરવું
૩. સ ક્રિ. ટકાવવું, ચલાવી લેવું.
૪. સ ક્રિ. ટેકો દેવો.
૫. સ ક્રિ. નભાવવું; પાળવું; રક્ષણ કરવું.
તારે પ્રકારે નિભાવ્યો મને પ્રભુ ।
આજ લગી પ્રેમભેર.
નરસિંહરાવ
૬. સ. ક્રિ. શ્રદ્ધા રાખવી.

નિભાવું ૧. અ. ક્રિ. ભરી રહેવું; નભવું.
૨. અ. ક્રિ. પૂરું થવું.

નિભાવો ૧. પું. ટકાવ; આધાર.
૨. પું નિભાવ; ગુજારો; ભરણપોષણ.

નિભીક [સં.] વિ. અત્યંત ભયંકર.

નિભૃત ૧. [સં.] વિ. અત્યંત ગુપ્ત પ્રદેશ.
૨. વિ. બંધ થયેલું; બંદીત.
૩. વિ. નિશ્ચળ થયેલ.
૪. વિ. સ્તબ્ધ થયેલ.

નિભૃષ્પ [સં.] પું વિષ્ણુ.

નિભૃત ૧. [સં.] વિ. ભરત પામતું; આચમતું; અસ્ત થવાની પાસેનું
૨. વિ. એકાંત
૩. વિ. ઢંકાયેલ; છિપાયેલ.
૪. વિ. ગુપ્ત; સંતાડેલું; છુપું; અદશ્ય.
૫. વિ. ઘારણ કરેલ; ધૃત.
૬. વિ. નિર્જન; એકાંત, જ્યાં કોઈ ન હોય એવું.
૭. વિ. નિશ્ચળ થયેલ; પ્રવૃત્તિ રહિત.
૮. વિ. નિશ્ચળ; અચળ.
૯. વિ. પૂર્ણ. ભરેલું.
૧૦. વિ. બંધ કરેલું; બંધ.
૧૧. વિ મૌનું.
૧૨. વિ. વિનીત; નમ્ર; વિનયી.
૧૩. વિ. વિશ્વાસુ.
૧૪. વિ. શાંત; ઉદ્વેગ વગરનું; પ્રશાંત વૃત્તિવાળું; ધીર.
૧૫. વિ. સ્થિર; દૃઢ; નિશ્ચિત.

નિભોળી પું એક જાતનો મારવાડી બાજરો.

નિભ્ભર ૧. વિ. કઠણ.
૨. વિ. ટકાઉ; નભાઉ.
૩. વિ. નક્કર; નક્કટ
૪. [સં. નિર્ભર; પ્રા. ણિબ્ભર] વિ. ભરેલું.
૫. વિ. ભારે; મજબૂત; સંગીન.

નિભ્ર વિ. અણીદાર.
નિભ્ર નાસિકા તહ્યો જડાવ ગોર ૬
મોવિદ્રકૃતિ

નિભ્રમી વિ. નષ્ટનું; જેને માટે ભ્રમ ન થયો હોય એવું

નિમંછના ૧. સ્ત્રી. અણતો.
૨. સ્ત્રી. ઠંડાળો.
૩. [સં. નિર્ભર્ત્સના] સ્ત્રી. તુચ્છકાર; તિરસ્કાર.
૪. સ્ત્રી. ઠમઠાટી.

નિમંછવું ૧. સ. ક્રિ. ટોણો મારવો.
૨. સ. ક્રિ. નિમંછના કરવી.

નિમ્રેક્ષા સ્ત્રી. તિરસ્કાર; નિંદા; તરછોડવું તે.

નિમાંછવું જુઓ નિમંછવું.

નિમાંત [સં. નિસ્ (વિનાનું) + ભ્રાંત (ભ્રમવાળું)] વિ. ભ્રાંતિ રહિત; ભ્રમ વગરનું; નક્કી; બેધડક.

નિમ ૧. [સં] પું. બીબી; ખૂટો; ખૂટી.
૨. પું. નિમિત્ત; કારણ.
૩. પું. નિયમ; ધારો.
૪. પું. ક્ષણાર્ધ; લંકુ
૫. ન. એક જાતનું વૃક્ષ; લીમડો. તે મૂળ આબોહવાવાળા પ્રદેશમાં પુષ્કળ થાય છે. તેનું ફળ રેચક, કંઠ્યુમ અને સ્વિનગ્ધકારક છે. તે ઝેરનું મારણ અને જંતુઘ્ન હોવાથી દરેક જાતના તાવ, ચૂનકાં, ખીલ અને ચામડીનાં બીજાં દરદોમાં પીવા તથા ધોવા માટે આપણામાં આવે છે. નિમનો દરેક દરેક ભાગ દવા તરીકે ઉપયોગી છે. તેના બીજનું તેલ ઉત્તેજક, જંતુઘ્ન અને કૃમિઘ્ન હોવાથી ચાંદી અને જૂનું કોડમાળનાં ચારાં તથા ચામડીનાં બીજાં દરદોમાં ઘણી જ ઉપયોગી ઔષધિ છે. કોઢ વગેરે દરદોમાં તેની જુદી જુદી બનાવટ ઉપયોગમાં લેવાય છે. તેની છાલ જળવર્ધક, સંકોચક અને જ્વરનિવારક છે. હાડિમો, ઓકાંનરિયો વગેરે જૂનું તાવ તેનાથી ઊતરી જાય છે. કિનાઇન જ્યાં અસરકારક નથી નીવડેલ ત્યાં નિમ અસરકારક નીવડે છે. તેનો મુદ્દ જળવર્ધક તરીકે આપવા માટે વપરાય છે.

નિમક ૧. [હિ. નમક] પું. રોટી, ખોરાક.
૨. પું. સુમંપ
૩. ન. ઉપકાર.
૪. ન. તેજ; સૌંદર્ય.
૫ ન. મીઠું; નમક; લૂણ; ક્ષારરસ.
નિમકના બેસ બેસવા = પોતાના અન્નદાતાને બચાવવા આત્મભોગ દેવા તત્પર કરવા જવું.

નિમકખાર ૧. [હિ. નમક (મીઠું) + ખાર (ખાનાર)] પું. નોકર; સેવક.
૨. પું. પરાધીન માણસ.
૩ વિ. લૂણ ખાનાર; મીઠું ખાનાર.

નિમકચટ્ટી ૧. [હિ.] સ્ત્રી. સગપણ વખતે વર કન્યાવાળા તરફથી પરસ્પર મોકલાતી મીઠાઈ.
૨. સ્ત્રી સાત મહિનાના બાળકને પ્રથમ બહારનાની ક્રિયા; અન્નોટણવિધિ.

નિમકદાન ૧. [હિ. નમક (મીઠું) + દાન (જગ્યા બતાવનાર પ્રત્યય)] ન. અમર.
૨. ન. મીઠાનું વાસણ; મીઠું ભરવાનું સાધન.

નિમકદાની જુઓ નિમકદાન.

નિમકસાર ૧. [હિ. નમક (મીઠું) + સાર (રસળતાચક પ્રત્યય)] ન. અમર.
૨. વિ. ક્ષારવાળું.

નિમકસારી પું. મીઠાની જકાતનો બેસ અમલદાર.

નિમકહરામ ૧. [હિ. નમક (મીઠું) + અ. હરામ (મના કરેલું)] વિ. ઉપકાર ઉપર અપકાર કરનાર; જેનું અન્ન ખાધું હોય તેને જ અપકાર કરનાર; લૂણહરામ; બેઈમાન; દગાખોર; કૃતઘ્ન.
૨. વિ. દુષ્ટ.

નિમકહરામી ૧. [હિ. નમક (મીઠું) + અ. હરામી (મનાઈ)] સ્ત્રી. કૃતઘ્નતા; લૂણહરામી; બેઈમાની, બેનકાઈ.
૨. સ્ત્રી. દુષ્ટતા.

નિમકહલાલ [હિ. નમક (મીઠું) + અ. હલાલ (કાયદેસર)] વિ. જેનું અન્ન ખાધું હોય તેનો ઉપકાર નહિ ભૂલનાર; ઉપકારને માનનાર; આલારમાં રહેનાર; કૃતજ્ઞ; વફાદાર.

નિમકહલાલી [જ્ઞા. નમક (મીઠું) + હલાલી (અપરોક્ષ હોવાપણું)] સ્ત્રી. ઉપકૃત રહેવું તે; જેનું અન્ન આપું હોય તેનો ઉપકાર નહિ ભૂલવાપણું; કૃતજ્ઞતા.

નિમકી ૧. [હિં.] સ્ત્રી. ઘીમાં તળેલી મેંદાની એક વ.ની

૨. સ્ત્રી. ઘીંગુવું અથાણું.

નિમકોન ૧. વિ. ચાટકો લાગે એવું

૨. વિ. અદામી

૩. [જ્ઞા. નમકીન] વિ. મીઠાવાળું; ખારું.

૪. વિ. રમૂજી; મર્મિક.

૫. વિ. સુંદર; ખૂબસૂરત.

નિમખ [સં. નિમિષ (ક્ષણ)] સ્ત્રી. નિમેષ; જરા વાર.

મર્યું ઘર જરી આવ્યું તેહ,
નિમખ ન રાખ્યો તોયે નેહ. સામળ

નિમગરહો [જ્ઞા. નિમ (અરધું) + ગરકી (બૂડી જનાર)] પું. પાણીમાં અર્ધું ડૂબે એવું એક જાતનું ઝિંકા જૂરા રંગનું અમરનું ઝાડ. તેને અર્ધમરડો પણ કહે છે

નિમગોળ વિ. અર્ધગોળ; અર્ધગોળાકાર

નિમગ્ન ૧. [સં. નિ (માંહે) + મગ્ન (ડૂબેલું)] વિ. આસક્ત; મગ્ન ડૂબેલું; મસ્ત; મશગૂલ; રચીપચી રહેલું. મરજ; મરજાવ.

૨. વિ. એકતાર; તન્મય; લીન.

૩. વિ. પારંગત; હોંશિયાર; પ્રવીણ.

૪ વિ. રોકાયેલ.

૫. વિ સોંસરવું; આરપાર.

નિમગ્રકીલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગણ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, તગણ, જગણ અને તગણ મળી બાર વર્ણ હોય છે

નિમગ્રકીલા રચ ન ત ન ગા થી. સ્વરૂપિંગળ

નિમગ્નતા [સં. નિમગ્ન (મરજાવ) + તા (પણું)] સ્ત્રી. નિમગ્ન હોવાપણું.

નિમગ્ગનાભિ [સં. નિમગ્ન (ડૂબેલ) + નાભિ (ઢૂંટી)] વિ. ઊંડી ઢૂંટીવાળું

નિમચા સ્ત્રી. એક પ્રકારનું હથિયાર; કૃપાણ; તરવાર.

નિમછા (નિમછા) ૧. [હિં.] પું. કામ ન હોય તેનો શ્રમ; અવકાશ

૨. વિ. ઓછું; થોડું

નિમજ્જક ૧. [સં. નિ (માંહે) + મજ્જક (ડૂબનાર)] પું. ડૂબકો મારી સમૂળ વગેરે જલચરોનો તળિયેથી ચીંથરે ફાડી આજીવિકા ચલાવનાર માણસ; મરજીવો

૨. પું. ડૂબકી મારી સ્નાન કરનાર એક જાતનો તાપસ.

૩. વિ. પાણીમાં ડૂબકી મારનાર.

નિમજ્જન ૧. ન. એક આહારથી પદાર્થનું પૂરેપૂરું ભિન્ન બીજા આહારથી પદાર્થના ભિન્નની આડું આવી જવું તે; પ્રતિભેદ; નિમીલન.

૨. [સં. નિ (માંહે) + મજ્જન (ડૂબવું તે)] ન. ડૂબવું તે; ડૂબકું; પાણીની અંદર જતા રહેવું તે; ડૂબકી મારવી તે; જળમાં પ્રવેશ કરવો તે

કલ્પનાનાં જ્યાં વાદળ કરતાં સ્વપ્નમાં જાડાં
નિમજ્જન એમનામાં વખારે છે. ઝવેરી

૩. ન. તપાસ; શોધ.

૪. ન. લીનતા; તલ્લીનતા; તત્પરતા; મશગૂલ થવું તે.

૫. ન. લોપ; અલોપ; અસ્ત થવું તે.

૬. ન. સ્નાન; પાણીમાં ડૂબકી મારીને નાહવું તે.

નિમજ્જિત ૧. [સં. નિ (માંહે) + મજ્જિત (ડૂબેલ)] વિ. ડૂબેલું; મગ્ન.

૨. વિ. નાહેલું; સ્નાત.

નિમટે પું. ખાટ આના. હલાકોની ભાષામાં આ શબ્દ વપરાય છે

નિમટેરા ૧. પું. નિકાલ; ફેસલો.

૨. પું. પૂરું કરવું તે

નિમડાવવું (નિમડાવવુ) જુઓ નિમાવવું.

નિમણૂક ૧. સ્ત્રી. ગોઠવણ; બંદોબસ્ત.

૨. સ્ત્રી. જગા કે કામ ઉપર નિમાવું કે નીમવું તે.

૩ સ્ત્રી. દરમાયો; વેતન; પગાર; સાલિયાણું.

૪. સ્ત્રી. નિયોગ.

૫. સ્ત્રી. જોજના; અમુક કામકાજ કે જગ્યા વગેરે ઉપરની યોજના; કોઈ પણ નિયમ પ્રમાણેની વહેંચણ

૬. સ્ત્રી. સુપરતાં સોંપણી.

નિમણોક [સં. નિમાં (હવાનીમાં લાવવું)] સ્ત્રી. દેખરેખ; વૃત્તિ; પગાર; વેતન.

નિમત ૧. [સં. નિમિત્ત] ન. કારણ; હેતુ.

૨ ન. લાગ; હિસ્સો.

નિમતાવું જુઓ નિમતાણો.

નિમતાણો ૧. પું. ચટકણ; ચકમટો.

૨. પું. કસોટી

૩. પું. તપાસ; હિસાબની તપાસ.

નિમતાનદાર ૧ પું. નિમતાનો લેનાર સભ્ય.

૨. પું. પરીક્ષક; કસોટી કરનાર માણસ. તપાસણી અમલદાર.

૩. પું. માપણીની ખાતરી કરનાર અમલદાર; જરીપ.

૪. પું. હિસાબ તપાસનાર અધિકૃત; અન્વેષક.

નિમતાનદારી ૧. સ્ત્રી. નિમતાનો લેવાનું કામ; નિમતાનદારની કામગીરી.

૨. સ્ત્રી. હિસાબ તપાસનારનો હોદ્દો.

૩. સ્ત્રી. હિસાબ તપાસવાનું કે તપાસનારનું કામ.

નિમતાનો જુઓ નિમતાણો.

નિમનોક જુઓ નિમણૂક.

નિમય [સં.] પું અદલોબદલો કરવો તે; કોઈ એક દ્રવ્ય લઈ કે દઈને તેને બદલે બીજું આપવું લેવું તે; પદાર્થોની અદલીબદલી; વસ્તુવિનિમય. ગોતમ ધર્મસૂત્રમાં લખ્યું છે કે: ઘાસને ધાન્ય, તલ, દૂધ, દહીં, ફળ, મૂળ, ફૂલ, ઔષધિ, મધ, માંસ, વસ્ત્ર, ચામડું, રેશમ આદિ પદાર્થોનો મુદ્દા લઈને વિક્રય ન કરવો, પરંતુ એમ કરવાની જરૂર જ પડે તો વિનિમય કરવો. બ્રાહ્મણનો બ્રાહ્મણેથી અને પશુઓનો પશુઓથી બદલો કરવો. નમક અને પક્વાન્નને માટે આ નિયમ નથી. બાકી પદાર્થો આપી પક્વાન્ન લેવામાં આવે. તલના કપ વિક્રયમાં પાલ્યના જેવો નિયમ છે.

નિમર [હિં.] સ્ત્રી. રસકસ ચુસાઈ ગયેલી જમીન.

નિમરી [હિં.] સ્ત્રી. મધ્ય હિંદમાં થતો એક જાતનો કપાસ.

નિમરો ૧. વિ. ઠીક.

૨. વિ. દુરસ્ત.

નિમરોઝ (નિમરોડ) પું. નમરૂદ; બાબિલોનિઅનોનો એ નામનો એક રાજા. તે અને ઈબ્રાહીમનો ઝોકાક એક જ હોવાનું કેટલાકનું માનવું છે.

નિમર્યાદ [સં. નિ (નહિ) + મર્યાદા (સીમા)] વિ. અનંત; અપાર; અનંતાનંત

નિમંગી વિ. ખોડેલું.

નિમેત્ત ૧. [સં. નિમિત્ત] ન. કારણ; હેતુ

૨. ન. લાગ; હિસ્સો.

નિમંત્રક [સં.] પું. નિમંત્રણ કરનાર; 'ઇન્વીનર.'

નિમંત્રણ ૧. [સં. નિ + મંત્ર્ (આવકારવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આવકાર; આમંત્રણ; બોલાવવું તે; નોતરું; ઉજાણ; આહ્વાન; પોર પધારવાનું કહેવું તે. આમંત્રણ અને નિમંત્રણ વચ્ચે તફાવત એ છે કે, નિમંત્રણ એટલે આવવાને માટે આદરસત્કાર

અને આમંત્રણ એટલે આપ ફરી પધારજો એવો અર્થ થાય છે. નિમંત્રણનું પાલન ન કરવાથી દોષ લાગે છે

૨. ન. (વેદાંત) આવશ્યક એવા આહાર, ભોજન વગેરેમાં પ્રવૃત્તિ કરાવવી તે

નિમંત્રણપત્ર [સં. નિમંત્રણ (નોતરું) + પત્ર (કાગળ)] પું. ઉત્સવ, સંમેલન વગેરેમાં બોલાવવા માટે પધારવાનું કહેણ દર્શાવતો પત્ર; આમંત્રણ આપનારો કાગળ.

નિમંત્રણપત્રિકા જુઓ નિમંત્રણપત્ર.

નિમંત્રણા ૧. [સં.] સ્ત્રી આમંત્રણ કરવું તે.

૨. સ્ત્રી. પ્રાર્થના

નિમંત્રણીય [સં.] વિ. નિમંત્રણ કરવા જેવું; નોતરવા લાયક.

નિમંત્રવું ૧. [સં. નિ (બહાર) + મંત્ર (કહેવું)] સ. ક્રિ. નોતરવું; આમંત્રવું. આમંત્રણ આપવું.

૨. સ. ક્રિ. બોલાવવું.

નિમંત્રિત [સં. નિમંત્ર્ (આમંત્રવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. આમંત્રેલું; આમંત્રણ કીધેલ; નોતરેલું.

નિમંત્રી [સં. નિમંત્રિન્] પું. નિમંત્રક; 'કન્વીનર.'

નિમંત્રેલ જુઓ નિમંત્રિત.

નિમા ૧. પું. અંદર પહેરવાનું પહેરણ

૨. પું. કબીરને ઉછેરી મોટો કરનાર એ નામનો એક મુસ્લિમ.

૩. પું નિમાડ; કુંભારની ભઠ્ઠી; નિભાડો.

૪. પું. હાલ્લાંનો ઢગલો.

નિમાજ ૧. [ફા. નમાઝ] સ્ત્રી. બંદગી; પ્રાર્થના; ઇસ્લામ ધર્મ પ્રમાણે ઈશ્વરની પ્રાર્થના. દરેક ઉમરલાયક મુસલમાને દરેક સ્થિતિમાં પાંચ વખત નમાજ પઢવી એવી ફરજ છે. પાંચ નિમાજનાં નામ: સૂર્યોદય પહેલાંની ફજર, બપોર પછીની ઝુહર, સાંજ પહોર પછીની અસર, સૂર્યાસ્ત પછીની મઘરબ ને રાત્રે પઢવાની તે ઇશા.

૧. નિમાજ પઢનાં મસ્જિદ કોટે વગાડવી – ધર્મનું કામ કરવા જતાં લહરે વગાડવું; ધર્મ કરતાં પાઠ પડવો; ધર્મક્રિયા કરતાં ઊલટું અવળ થવું; સારું કરવા જતાં ઊલટું અવળું થવું; હાથરો કાઢવા જતાં ઊલટું ખોટમાં આવી પડવું.

૨. નિમાજ પઢવી = (૧) બંદગી મજહબ પ્રમાણે બંદગી કરવી. (૨) સ્તુતિ કરવી.

૨. વિ. બધું.

નિમાજબંદ [ફા.] પું કુસ્તીનો એ નામનો એક દાવ. આ દાવમાં હરીફની જમણી તરફ બેસી તેની જમણી કમરને આપણા જમણા હાથથી ભેરવી અને પછી આપણો ડાબો પગ તેની પીઠની તરફથી લાવી તેની જમણી જાંઘ સાથે એવી રીતે બાંધવો કે તેના કુલાની બરાબર વચ્ચોવચ આવે. તે પછી તેનો જમણો ઢીંચણો આપણા જમણા હાથથી ભેરવતાં ભેરવતાં કાખ કમાથી તેની બંધ પકડી તેને ઉઠાવી ચીત કરવો. આ દાવના સંબંધમાં એવું કહેવાય છે કે, તેની શોધ ઇસ્લામી મલ્લવિદ્યાના આચાર્ય અલી રસહેબે કરી છે. એક વાર કોઈ જંગલમાં એક દૈત્ય સાથે તેને મલ્લયુદ્ધ કરવું પડ્યું. તેને તે નાચે તો પાડી શકયા પણ ચીત કરવાનો વખત ન હતો, કેમકે નમાજનો વખત થયો હતો. તેથી તેણે તેને એવી રીતે બાંધ્યો કે તેને તે સ્થિતિમાં રાખી પોતે નમાજ પઢી શકે. જ્યારે પોતે ઊભા થાય ત્યારે તેને પણ ઊભા થતું પડતું અને જ્યારે તે બેસતા કે નમતા ત્યારે તેને પણ બેસવું કે નમવું પડતું. આથી આ દાવનું નામ નિમાજબંદ પડ્યું છે.

નિમાજી ૧. [ફા. નમાઝી (નમાજ પઢનાર)] પું. નમાજ પઢવા કરનાર આદમી; નિયમ મુજબ નમાજ પઢનાર; બંદગી કરનાર વ્યક્તિ; ભક્ત; નમાજ પઢવા ઉપર બહુ લક્ષ રાખનાર પુરુષ.

૨. વિ. ધાર્મિક, દીનદાર.

૩. વિ. પવિત્ર.

નિમાજ જુઓ નિમાજ.

નિમાડી જુઓ નિમાજી.

નિમાઢ (નિમાઢ) પું. ઓંકારક્ષેત્રમાં આવેલ એ નામનો એક ગિરિસ્થળ. તે પણ ઓંકારના આકારમાં બનેલો છે.

નિમાઢનિશાકર (નિમાઢનિશાકર) પું. એ નામનો એક ગ્રંથ.

નિમાડી (નિમાડી) સ્ત્રી. એ નામની એક ભાષા.

નિમાડો (નિમાડો) ૧. [સં. નિર્મા (નિર્માણ કરવું)] પું. કુંભારનાં હાલ્લાં, નળિયાં વગેરે માટીની બનાવટો પકવવાની ભઠ્ઠી; નિમાડો; નિમા; કુંભારની ભઠ્ઠી

૨. પું. પકવવા ગોઠવેલાં માટીનાં વાસણોનો ઢગલો.

નિમાણું ૧. [સં. નિર્માનિત; પ્રા. ણિમાણિઅ] વિ ઉદાસ; ચિંતાતુર; ખિન્ન.

૨. વિ. ઓશિયાળું.

૩. વિ. હલકી આબરૂવાળું

નિમાણાં નેણવાળું = માયુ ચરિત્રવાળું.

૪ વિ. નિર્માલ્ય.

નાણાં વિનાના નર નિમાણા = નિર્ધન માણસ નમાલો ગણાય છે.

૫. વિ. નિસ્તેજ; પ્રકાશ કે તેજ વગરનું.

નિમાણો વિ પું. નિર્માલ્ય.

નિમાન ૧. [વિ.] પું. બહાનું.

૨. પું. નીચું સ્થાન.

૩. [સં.] ન. મૂલ્ય; કીમત.

નિમાના ૧. [હિં.] વિ. અપમાનિત; ત્રાસ.

૨. વિ. નમ્ર; વિનીત

૩. વિ. નીચું.

૪. વિ. સાદું; ભોળું; સરળ સ્વભાવનું.

નિમાની જુઓ નિમાના.

નિમાર ૧. સ્ત્રી. એક જાતની છિપિ.

૨. સ્ત્રી. ગુજરાતમાં થતી એક જાતની ઢાંગર; સામો; વજર બેડયે અડબાઉ રીતે આબોયિમામાં થતી ઢાંગર. ઋષિપંચમીને દિવસે તે બનાવાય છે.

નિમારી પું. એક જાતનો આખલો.

નિમાવત ૧. પું. એ નામનો એક વૈષ્ણવ મત; નિમાઈ; વૈષ્ણવ સંપ્રદાયનો એક ભેદ. તેઓનું તિલક બંને ભ્રાંજુએ બે ત્રીણી ઊંટી અને વચ્ચે ગોળ ટપકાનું બનેલું હોય છે.

૨. સ્ત્રી. બાવા સાધુની એ નામની એક બટક.

૩. ન. એ નામની બટકનું માણસ.

૪. વિ. એ નામની બટકનું.

નિમાવવું સ. ક્રિ. નિમાવ એમ કરાવવું; નોકરી અપાવવી.

નિમાવું અ ક્રિ. નીમવાની ક્રિયા થવી; નોકરી મળવી; નિમણૂક થવી

નિમાશામ સ્ત્રી. સૂર્યાસ્ત.

નિમાળ પું ન ન. પ્રાણીઓની આમડીમાંથી બહાર ફૂટી વધતા કાળા તંતુ; વાળ; કેશ; રોમ; ઓવાળ.

ફટેલા નિમાળા ઝભ્ભા સમા કાળા બીબરતા;
પરેલી છાતીએ નયન ભરી રાખી ઊભડતા.
વિહારી

નિમાળો પું વાળ; કેશ.

નિમિ ૧. [સં.] પું. આખનું મીંચતું તે; આખનો પલકારો.

૨. પું. (પુરાણ) એ નામનો એક અસુર.

૩. પું મારણ; નિમિત્ત. સબબ.

૪. પું ઐક્ષ્વાકવંશી એ નામનો એક રાજા

૫. પું. પળ; ક્ષણ.

૬. પું. મહાભારતમાં બ્રહ્મવેત્તા એ નામનો એક ઋષિ. તે દત્તાત્રેયનો પુત્ર હતો.

૭. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાના સો પુત્રોનો એ નામનો બીજો પુત્ર. આ રાજા સત્યયુગમાં વૈજયંતી નામની નગરીમાં રાજ્ય કરતો હતો. તેણે ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવ્યું. દેશમાં સ્થળે સ્થળે વિદ્યાલયો સ્થાપી, પ્રજામાં ધર્મ ને નીતિની વૃદ્ધિ કરવા સુંદર ઉપદેશો રાખ્યા હતા. તે તો રાજસભામાં સલાહકાર તરીકે વસિષ્ઠ જેવા ઉત્તમ વિદ્વાન બ્રાહ્મણો હતા. એની રાજસભા દેવસભા જેવી શોભતી હતી. એ વિદ્વાન મંડળની સલાહ પ્રમાણે રાજકારભાર ચાલતો હોવાથી પ્રજા સર્વત્ર સુખી અને સમૃદ્ધિવાળી હતી. નિમિ રાજાએ વસિષ્ઠ ગુરુની સહાયતાથી યજ્ઞો પણ કર્યા હતા. એક વેળા એક હજાર વર્ષના મહાયજ્ઞના આરંભનો વિચાર કરી વસિષ્ઠ ગુરુ પાસે ગયો, પણ તે ઇંદ્રના પાંચસો વર્ષના યજ્ઞમાં જવા કબૂલ થઈ ચૂક્યા હોવાથી લાંબુ થીરજ રાખવા કહ્યું. નિમિ રાજા ક્ષત્રિયને અક્ષાયત જણી થીરજ રાખી શકયો નહિ. તેણે ગૌતમ ઋષિને ઉપાધ્યાય કરી યજ્ઞનો આરંભ કર્યો. ઇંદ્રનો યજ્ઞ પૂરો કરી વસિષ્ઠ આવીને જુએ છે તો પોતાના યજમાને આજ્ઞા ભંગ કરી ગૌતમ પાસે યજ્ઞનો આરંભ કરેલો છે તેથી ક્રોધે ભરાઈ વસિષ્ઠે રાજાને શાપ દીધો કે તારો દેહ નાશ પામો. નિમિ રાજાએ સામો શાપ દીધો કે ગુરુનો દેહ પણ નાશ પામો. આ રીતે બંનેના દેહ પડી ગયા, યજ્ઞમાં ભંગ પડ્યો અને સર્વત્ર હાહાકાર થઈ પડ્યો. ત્યાં મહાદેવ પ્રગટ થયા. તેમણે વસિષ્ઠને ફરી મિત્રાવરુણને ત્યાં ઉત્પન્ન થવા આજ્ઞા કરી. નિમિ રાજાને પણ ઉત્પન્ન થવાનું કહ્યું, પણ સંસારના સુખદુઃખ ભોગવવા નિમિ રાજાની ઇચ્છા ન હોવાથી પ્રાણી માત્રના નેત્રમાં તેની સ્થાપના કરી. ઋત્વિજોએ દેહનું સરક્ષણ કરી યજ્ઞ સમાપ્ત કર્યો. પછી રાજાનો અધિકાર ચલાવવા તેના દેહનું મંથન કર્યું. તેથી જે પુત્ર ઉત્પન્ન થયા તે મિથિ એ નામથી પ્રસિદ્ધ થયા. એની રાજધાની વૈજયંતી એ મિથિલા કહેવાણી. મિથિ રાજા માતાના સંતાપથી કેવળ જન્મ્યા, તેથી એ જનક અથવા વિદેહ કહેવાયા. ત્યારથી એ વંશના સર્વ જનક અથવા વિદેહવંશજ કહેવાય છે. એ કુળ સૂર્યવંશથી ભિન્ન થઈ ગૌતમ તેના ઉપાધ્યાય થયા. જનક રાજાઓ પૂર્વે તત્ત્વજ્ઞાની થતા આવ્યા છે. દૂરદૂર મુમુક્ષુ તેની પાસે ઉપદેશ લેવાને આવતા.

૮. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળોત્પન્ન પાંચમ વંશના દશમાધિ રાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ક્ષેમક હતું.

નિમિષ જુઓ નિમિષ.

નિમિષક [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુળોત્પન્ન પાંચમ વંશના અસીમકૃષ્ણ રાજાનો એ નામનો પુત્ર. એ હસ્તિનાપુરમાં રાજ કરતો હતો, ત્યારે નદી એ પુરને તાણી જઈ, એટલે તે કૌશાંબી નગરીમાં જઈને રહ્યો. નિમિષક સર્પદંશ કરનાર જનમેજય રાજાનો પોતાની પેઢીએ થયો હતો.

નિમિત [સં.] વિ. એકસરખી બનાવટવાળું.

નિમિત્ત ૧. [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૨. ન. અક્ષરમાત.

૩. ન. હેતુ; હેતુ.

૪. ન. એક પ્રકારનું જ્ઞાન; નિમિત્તજ્ઞાનથી ભૂત ભવિષ્ય જાણવું તે.

૫. ન. કારણ; સબબ. દેતુ.

૬. ન. છિદ્ર.

૭. ન. ખૂટું બાણ; તહોમત.

૮. ન. જૈન સાધુઓની ભિક્ષાનો એક જાતનો દોષ. જુઓ નિમિત્તદોષ.

૯. ન. યજ્ઞ માટેના એક પ્રકારનું કારણ. કારણો ત્રણ પ્રકારનાં છે. ઉપાદાન, નિમિત્ત અને અસમવાયી. ઘટરૂપ કાર્યમાં સૂતો, સાધનો અને સોનું આદિ ઉપાદાન કારણ અને વસ્તુઓનો પરસ્પર સંયોગ એ અસમવાયી કારણ અને કઠિયા, સુથાર આદિ નિમિત્ત કારણ છે. એ ત્રણ કારણોમાંથી ઉપાદાન અને અસમવાયી કારણ હમેશાં સાથે જ રહે છે અને નિમિત્ત કારણ કાર્યથી જુદું જ રહે છે.

૧૦. ન. (જૈન) પરસંયોગની હાજરી.

૧૧. ન. બહાનું; મિષ.

૧૨. ન. આત્મા; જિવસો.

૧૩. ન. આખ્યમાં 'મીલિયમ.'

૧૪. ન. મૃત્યુ; મરણ.

૧૫. ન. લક્ષણ; નિશાન.

૧૬. ન. શુકન; કૃત્ય યોગ; લાગ.

૧૭. ન. શુભ અશુભ સૂચવતું ચિહ્ન.
યથી કૃષ્ણ નિમિત્ત સર્વે હું.
અરજા તે અરજા જ જોઉ છું. બિહારી

૧૮. ન. સાધન.

નિમિત્તક ૧. [સં] ન. ચુંબન.

૨. વિ. ઉત્પન્ન થયેલું; કોઈ કારણથી થયેલું.

નિમિત્તકારણ ૧. [સં.] ન. (ન્યાય) અલગ રહીને જે કાર્ય કરવું તે; અલગ રહીને જે કાર્ય કર્તા હોય તે. જેમકે, કુંભાર અલગ રહીને ઘડારૂપ કાર્ય બનાવે છે, જેથી કુંભાર ઘડાનું નિમિત્તકારણ કહેવાય છે.

નિમિત્તકારણ બે પ્રકારનાં થાય છે: એક સ્વતંત્ર અને બીજું પરતંત્ર નિમિત્ત કહેવાય છે. ઘડા એટલે આકારે વગેરે નિમિત્ત પરતંત્ર ઘડાનાં છે અને કુંભાર એ સ્વતંત્ર નિમિત્ત છે. તેમ આ જગતનું નિમિત્તકારણ બ્રહ્મ સ્વતંત્ર છે. બ્રહ્મવાદ

૨. ન. (વેદાંત) એક પ્રકારનું કારણ; કાર્યમાં મળેલું ન હોવા છતાં જેના વિના કાર્ય નિષ્પન્ન થઈ શકે નહિ તેવું કારણ; જે પદાર્થ સ્વયંકર્તૃરૂપ ન પરિણમે પરંતુ કાર્યની ઉત્પત્તિમાં સહાયક થાય તે કારણ. સમવાયી કારણ તથા અસમવાયી કારણથી ભિન્ન જે કારણ તે નિમિત્ત કારણ કહેવાય છે. જેમકે, કાંઠલો, સાળ, સાળની આદિક પટનાં નિમિત્ત કારણો છે. તથા દંડ, ચક્ર, કુંભાર આદિક ઘટનાં નિમિત્ત કારણો છે. એટલે કાંઠલો, સાળ, વગેરે પટનાં સમવાયી કારણરૂપ તંતુઓથી તથા અસમવાયી કારણરૂપ તંતુસંયોગથી ભિન્ન પણ છે અને પટરૂપ કાર્યના કારણ પણ છે, માટે કાંઠલો વગેરે પટના નિમિત્તકારણ કહેવાય છે. તેમજ દંડ ચક્રાદિક પણ ઘટનાં સમવાયી કારણરૂપ કપાલોથી તથા અસમવાયી કારણરૂપ કપાલસંયોગથી ભિન્ન પણ છે તથા તે ઘટરૂપ કાર્યના કારણ પણ છે, માટે તે દંડ ચક્રાદિક ઘટનાં નિમિત્તકારણ કહેવાય છે. એ જ પ્રમાણે દેશ, કાળ, અદૃષ્ટ, ઈશ્વર, આદિક નિમિત્ત કારણો વિષે પણ એ ઉક્ત લક્ષણ સમજવું. સમવાયી, અસમવાયી અને નિમિત્તરૂપ ત્રણ કારણો દ્રવ્ય, ગુણ, કર્મરૂપ ભાવકાર્યનાં જ હોય છે. પ્રધ્વંસાભાવરૂપ અભાવ કાર્યનું તો એક નિમિત્તકારણ જ હોય છે.

૩. ન. (વેદાંત) કાર્યની ઉત્પત્તિ માત્રનું કારણ.

૪. ન. (વેદાંત) કાર્યને અનુકૂળ એવા વ્યાપારવાળું કારણ.

નિમિત્તકૃત ૧. [સં. નિમિત્તકૃત] પું. ગ્રાસગ્રો.

૨. વિ. નિમિત્ત કરનારું.

નિમિત્તજ્ઞ [સં. નિમિત્ત (શુકન) + જ્ઞ (જાણનાર)] પું. જોશી.

નિમિત્તતા [સં.] સ્ત્રી. નિમિત્તપણું; કારણપણું.

નિમિત્તદોષ પું. (જૈન) શુકન વગેરેનાં શુભાશુભ ફળ કહેવાનો દોષ. મસ, તલ, વગેરે ચિહ્ન, માથું વગેરે અંગ, શબ્દરૂપ સ્વર, વજ્ર વગેરેનો ઘેર અથવા તરવાર વગેરેનો ઘા, ભૂમિવિભાગ, સૂર્યાદિના ઉદયાસ્ત, પક્ષક્ષ આદિ લક્ષણ, સતી વખત હાથી, વિમાન વગેરેનું દેખવું, આ આઠ પ્રકારનાં શુભાશુભ ફળ કહીને સાધુ ભોજન લે તે નિમિત્તદોષ કહેવાય છે.

નિમિત્ત નૈમેત્તિક સંબંધ પું. (જૈન) કારણકાર્યરૂપ સબંધ.

નિમિત્તપિંડ ૧. પું. (જૈન) ભવિષ્ય ભાખી આહાર લેવાથી સાધુને લાગતો દોષ.

૨. પું. (જૈન) સાધુએ ભવિષ્ય જણાવી મેળવેલો આહાર

નિમિત્તપ્રલય [સં.] પું. નૈમિત્તિક પ્રલય. જ્યારે બ્રહ્માની રાત પડે ત્યારે આખા વિશ્વનો લય થાય એમ કહેવામાં છે તેને નિમિત્તપ્રલય કહે છે.

નિમિત્તબંધ [સં.] પું. કોઈ કારણસરનો બાંધવું તે.

નિમિત્તભૂત [સં. નિમિત્ત (કારણ) + ભૂત (થયેલ)] વિ. નિમિત્ત બનેલું.

નિમિત્તમાત્ર ૧. [સં.] ન. માત્ર કારણ.
૨. વિ. કારણભૂત; નિમિત્તભૂત.

નિમિત્તમાન [સં. નિમિત્ત (શુકન) + મત્ (વાળું)] વિ. નસીબદાર.

નિમિત્તવશાત્ [સં. નિમિત્ત (કારણ) + વશાત્ (ને લીધે)] અ. નિમિત્તને લીધે; કારણવશાત્.

નિમિત્તવાદી [સં. નિમિત્ત (કારણ) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. સૃષ્ટિના કર્તા તરીકે ઈશ્વરને કારણ માનનારું; સૃષ્ટિના નિમિત્તરૂપે ઈશ્વરને માનનાર.

નિમિત્તવિચાર [સં. નિમિત્ત (શુકન) + વિચાર] પું. શુકનવિચાર; દૈવવિચારણા.

નિમિત્તવિદ ૧. [સં. નિમિત્ત (શુકન) + વિદ (જાણનાર)] પું. જોશી.
૨. વિ. નિમિત્ત જાણનાર.

નિમિત્તશુદ્ધિ સ્ત્રી. શુભ શુકનનો નિશ્ચય કરવો તે. તત્કાળ ઉત્પન્ન થયેલ શંખ તથા નોબત વગેરેનો શબ્દ, પૂર્ણ કુંભ, ઝારી, છત્ર, ધ્વજ અને ચામર વગેરેનું અવલોકન અને શુભ ગંધનું આઘ્રાણ કરવું તે નિમિત્તશુદ્ધિ કહેવાય છે.

નિમિત્તસ્થ પું. શિવનાં દહેરાં માંહેનું એક નામ.

નિમિત્તાનિદેશ [સં. નિમિત્ત (કારણ) + અનિ (કહ્યા પ્રકાર) + દેશ (જગ્યા)] પું. એક કાર્યનું બીજે કોઈક કારણે કરાવું આરોપણ. યાજ્ઞમાં કહેલા પાંચ જાતના અતિદેશ: (૧) શાસ્ત્રાતિદેશ, (૨) કર્માતિદેશ, (૩) નિમિત્તાતિદેશ, (૪) અપદેશાતિદેશ, (૫) રૂપાતિદેશ.

નિમિત્તાર્થે [સં. નિમિત્ત (કારણ) + અર્થ (માટે)] અ. કારણને લીધે

નિમિત્તિક ન. ફળની ઇચ્છાથી અમુક વખત સુધી કરવામાં આવતું કર્મ; સકામ કર્મ.

નિમિત્તિયો ૧. [સં. નિમિત્ત (શુકન) + ઇય (વાળું)] પું. (જૂ. ગુ.) જોશી.
૨. વિ. પું. જોશ જોનાર; ભવિષ્ય ભાખનાર.

નિમિત્તી ૧. [સં. નિમિત્તિન્] પું. એક પ્રકારનો વખતર
૨. વિ. નિમિત્તવાળું.

નિમિત્તોપાદાન [સં. નિમિત્ત (કારણ) + ઉપાદાન (સમવાયી કારણ)] ન. નિમિત્ત અને ઉપાદાન એમ બંને કારણ.

નિમિરાજ પું. નિમિવંશી રાજા જનક.

નિમિરાજા પું. વિદેહવંશના મૂળ પુરુષનું નામ; સૂર્યવંશના મૂળ પુરુષ ઇક્ષ્વાકુ રાજાના સો માંહેનો એ નામનો બીજો દીકરો.

નિમિવેધની સ્ત્રી. મોઢાં માપ્યાં પકડવાનો ભાલો.

નિમિષ ૧. પું. (પુરાણ) અમૃતની રક્ષા કરનારો એ નામનો એક દૈત્ય.
૨. પું. આંખનો પલકારો; આખનું મટકું.
૩. પું. એ નામનો એક જાતનો રોગ.
૪. [સં.] પું. લવ; આંખનો પલકારો જાય તેટલો વખત; આંખ મીંચી ઉઘાડતાં જેટલો સમય જાય તેટલી વાર; અલપઝલપ; પળ.
૫. પું. પરમેશ્વર.
૬. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ કન્યાશ્રમ નામના પીઠસ્થાનમાં છે.
૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. યોગનિદ્રામાં રમતા ભગવાનનાં નેત્ર બંધ છે, તથા તે નિમિષ કહેવાય છે. વળી કાજનું પ્રથમપહું જેટલે નેત્રોના પલકારારૂપ કાળ પણ તે જ છે. જાગ્રત, સ્મરણ કે સંયમ કરતા બંધનું જોકું, તંદ્રાકાળ પણ તે હેતુથી નિમિષ કહેવાય છે.
૮. ન. કાળમાપનનું એક માપ.

૨ નિમિષ	= ત્રુટિ
૩૦ નિમિષ	= અક્ષ
૧૮ નિમિષ	= કાષ્ઠા
૩૦ કાષ્ઠા	= કલા
૩૦ કલા	= ઘટિ

૯. વિ. આપ; થોડું.
૧૦. વિ. કહેલું કે કરાવેલું કરે નહિ એવું.

નિમિષક્ષેત્ર ન. નૈમિષારણ્ય

નિમિષમાત્ર [સં. નિમિષ (આંખ મીંચવી તે) + માત્ર (ફક્ત)] પું. પલકારો.

નિમિષારણ્ય ન. નૈમિષારણ્ય.

નિમિષિત ૧. વિ. આંખ બંધ કરવી તથા ઉઘાડવી તે.
૨. [સં.] વિ. આંખ મીંચેલ; નિમીલિત.

નિમિષોન્મેષ ૧. [સં.] પું. આંખ ઉઘાડવી તથા બંધ કરવી તે; આંખનો ઉઘાડવાસ.
૨. સ્ત્રી. નેત્રોની પાંપણોને સ્વભાવિક રીતે ઉઘાડવાને માટે લાગતો સમય.

નિમીલક [સં.] વિ. (સંગીત) આંખો મીંચીને ગાનાર.

નિમીલન ૧. [સં.] ન. આંખનો પલકારો મારવા જેટલો વખત; પળ; લવ.
૨. ન. આખને મીંચવા ઉઘાડવારૂપ આચાર; આખનો પલકારો.
૩. ન. કોઈ આકારણી પદાર્થના પૂરેપૂરા વિષયનું બીજા આકારણી પદાર્થના વિષયની આડું આવી જવું તે; અભ્રાસ.
૪. ન. પ્રકૃતિનું લય પામવું તે.
૫. ન. બિડાવું તે.
૬. ન. મરણ; મૃત્યુ.
૭. ન. સામસામી આખની એકતા થવી તે; આંખોનું મળવું તે; તારામૈત્રી.

નિમીલા ૧. [સં.] સ્ત્રી. આંખ મીંચવી તે.
૨. સ્ત્રી. આંખનું મટકું.
૩. સ્ત્રી. છાંટ; કપટ.
૪. સ્ત્રી. નિદ્રા.

નિમીલિકા જુઓ નિમીલા.

નિમીલિત ૧. પું. દૃષ્ટિના આઠ માંહેનો પાંચમો પ્રકાર; ઢાંકેલી આખો અર્ધી મીંચેલી ને અર્ધી ઉઘાડી હોવી તે.
૨. વિ. નિદ્રા પામેલ.
૩. [સં.] વિ. બંધ. ઢાંકેલું; બિડાયેલું; મીંચાયેલું.
૪ વિ. મરણ પામેલ; મૃત.

નિમીલ્લો [સં. નિમિલિન્] વિ. આંખ મીંચનાર; નિદ્રા પામનાર.

નિમીલોન્મીલન [સં.] ન. આંખો ઉઘાડમીંચ કરવી ન.

નિમુન્જા ૧. [હિ.] પું. મૂળ વતનનો માણસ.
૨. પું. પુત્રના; જીમતી વતનનો માણસ.

નિમુદ્રીકરણ [સં. નિસ્ (વગરનું) + મુદ્રા (સિક્કો) + કરણ (કરવું તે)] ન. સિક્કાઓનું ચલણ બંધ કરવું તે.

નિમુળો જુઓ નિમુન્જા.

નિમૂલ ૧. ન. પ્રકાશ કરવો તે; પ્રકાશન.
૨. [સં. નિસ્ (વગરનું) + મૂલ (મૂળ)] વિ. મૂળ રહિત.

નિમૂહી ૧. [હિ.] વિ. ચૂપ.
૨ વિ નમ્ર.

નિમૂઢ [હિ.] વિ. મુદ્રિત.

નિમૃત પું. (પિંગળ) વૈદિક છંદના બાર માંહેનો એ નામનો એક પ્રકાર. જે છંદના જેટલા અક્ષર હોય તેના કરતાં એક અક્ષર ઓછો હોય તો તે છંદ નિમૃત નામે થાય છે.

નિમે ૧. [દ્વા. નીમ] વિ. અર્ધું.

૨. અ. અરધે ભાગે; અરધોઅરધ.

૩. અ. આગે પડતું હોય તેમ.

નિમેખ ૧. [સં. નિમિષ] પું. આંખ ઊઘડે યાય એટલો થોડો વખત; પળ; ક્ષણ.

૨. પું. આંખનો એ નામનો એક રોગ.

૩. પું આંખનો પલકારો, પલક, મટકું; લહેકો. નિમિષ.

૪. પું. એ નામનો એક વક્ષ.

૫ પું (પુરાણ) ગરુડનો એ નામનો પુત્ર.

૬. પું. ચાલીસ લાખ વર્ષ જેટલો સમય; ૪૦,૦૦૦ વર્ષ.

૭. ન. કાળમાપનનું એક માપ.

૮. વિ. જરા; લગાર; સહેજ; અલ્પ.

નિમેહવું (નિમેહવુ) સ. ક્રિ. (જૂ. પ્ર.) ચણભારવું

નિમેનિમ [દ્વા નિમ (અર્ધું)] વિ. અર્ધોઅર્ધ; અર્ધેઅર્ધું; બરાબર અર્ધું.

નિમેય ૧. [સં] ન. બદલો કરવો તે.

૨. વિ. બદલ કરવા જેવું.

નિમેષ ૧. [સં.] પું. આંખ ઊઘાડવા મીંચવાનો વ્યાપાર; આંખનો પલકારો

નેતાં નેનસરી નિમેષ ખુલ્યાં પીડે,
ખુલે બીડતાં શોભાયે ઘટકે,
નડે મુખ સુધા પીવા ન સીકાર્ય ક્યાં.
ગીતગોવિંદ

૨. પું. આંખના પલકારા જેટલો કાળ; પળ.

૩. પું. એ નામનો એક વક્ષ. તે અમૃતનો રખેવાળ હતો.

૪. પું. પાંપણ સંકોચવી તે; આંખ મીંચવી તે.

૫. વિ. પોતાના કામમાં આળસ નહિ રાખનાર.

નિમેષક ૧. [સં.] પું. ખદ્યોત; પતંગિયું.

૨. જુઓ નિમેષ.

નિમેષકાળ [સં. નિમેષકાલ] પું કાળ ગણનાનો એક પ્રકાર. સમયની ગણનામાં નિમેષનું માપ નીચેના કોષ્ટકમાં બતાવેલ છે:

૪ લઘુઅક્ષર = ૧ ત્રુટિ
૨ ત્રુટિ = ૧ લવ
૨ લવ = ૧ નિમેષ
૧૮ નિમેષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૩૦ કલા = ૧ ઘટિ
૨ ઘટિ = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર

નિમેષાદિ તથા પ્રાણાદિ કાળનું પરસ્પર પ્રમાણદર્શક પત્રક

અ	૧ પ્રતિ પ્રતિ વિપલ	૨ ક્ષણ અક્ષર	૩ પ્રતિ વિપલ	૪ ત્રુટિ	૫ ક્ષ	૬ નિમેષ	૭ ક્ષણ અક્ષર ત્રિંશ વિપલ	૮ પ્રાણ
પ્રતિ પ્રતિ વિપલ	૧	૦	૦	૦	૦	૦		
ક્ષણ અક્ષર	૫૦	૧	૦	૦	૦			
પ્રતિ વિપલ	૬૦	૧½	૧	૦	૦	૦		
ત્રુટિ	૨૦૦	૪	૩½	૧	૦	૦		
[illegible]	૪૦૦	૮	૭	૨	૧	૦		
નિમેષ	૮૦૦	૧૬	૧૩½	૪	૨	૧		
ક્ષણ અક્ષર ત્રિંશ વિપલ	૩,૨૦૦	૭૨	૬૦	૧૮	૯	૪૫	૧	
પ્રાણ	૧૪,૪૦૦	૨૮૮	૨૪૦	૭૨	૩૬	૧૮	૪	૧
મનુષ્યેતર પ્રાણ	૦	૦	૦	૦	૦	૦	૦	૦
મનુષ્ય પ્રાણ	૦	૦	૦	૦	૦	૦	૦	૦
પુલ અસુ ત્રિંશ પ્રાણ	૩૬,૦૦૦	૭૨૦	૬૦૦	૧૮૦	૯૦	૪૫	૧૦	૨॥
પક્ષ ત્રિંશ વિનાડી	૨,૧૬,૦૦૦	૪,૩૨૦	૩,૬૦૦	૧,૦૮૦	૫૪૦	૨૭૦	૬૦	૧૫
[illegible]	૪,૩૨,૦૦૦	૮,૬૪૦	૭,૨૦૦	૨,૧૬૦	૧,૦૮૦	૫૪૦	૧૨૦	૩૦
નાડી ત્રિંશ ઘટિ	૧,૨૯,૬૦,૦૦૦	૨,૫૯,૨૦૦	૨,૧૬,૦૦૦	૬૪,૮૦૦	૩૨,૪૦૦	૧૬,૨૦૦	૩,૬૦૦	૬૦૦
મુહૂર્ત ત્રિંશ ક્ષણ						૩૨,૪૦૦	૭,૨૦૦	૧,૮૦૦
પ્રહર						૧,૨૧,૫૦૦	૨૭,૦૦૦	૬,૭૫૦
અહોરાત્ર						૬,૭૨,૦૦૦	૨,૧૬,૦૦૦	૫૪,૦૦૦
પક્ષ								
માસ								
ઋતુ								
અયન								
વર્ષ								
બાર્હસ્પત્ય સંવત્સર ગ્રહ								
પ્રભવાદિ પ્રાજાપત્ય સંવત્સર ગ્રહ								
દિન ત્રિંશ દૈવ વર્ષ								

નિશ્વસાદિ તથા આહારાદિ દ્વારનું પરસ્પર અલ્પબહુત્વદર્શક યન્ત્ર

અસુ વિના પ્રાણ								
	મનુષ્ય પ્રાણ	પુરા અસુ વિના પ્રાણ	પુરા વિના વિનાશી	કાયા	નાડી વિના ખરિ	મૂર્છા વિના મરણ	મરણ	અલ્પાયુષ્ક
	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭

વિષય ગ્રહણે નીરોગી અને સુદૃઢ શરીરને એક મુખ અક્ષર ઉચ્ચારવાને સ્વાભાવિક રીતે લાગે તે સમય.

કાયા ઉપરથી અપભ્રંશ થઈ કોષ્ટક શબ્દ વ્યવહારમાં પ્રચલિત થયેલ જણાય છે.

અસુ વિના પ્રાણ એટલે મનુષ્ય છાને નીરોગી અને સુદૃઢ અવસ્થામાં સ્વાભાવિક રીતે શ્વાસોચ્છ્વાસ લેવાને માટે લાગે તે સમય.

અસુ વિના પ્રાણમાં ૧ મનુષ્યપ્રાણ તથા ૮૯ મનુષ્યેતરપ્રાણો એ પ્રમાણેનું પ્રમાણ છે.

કૃતયુગ	=	૧૭,૨૮,૦૦૦	૧,૪૪,૦૦૦	૨૮,૮૦૦	૪,૮૦૦
ત્રેતાયુગ	=	૧૨,૯૬,૦૦૦	૧,૦૮,૦૦૦	૨૧,૬૦૦	૩,૬૦૦
દ્વાપરયુગ	=	૮,૬૪,૦૦૦	૭૨,૦૦૦	૧૪,૪૦૦	૨,૪૦૦
કલિયુગ	=	૪,૩૨,૦૦૦	૩૬,૦૦૦	૭,૨૦૦	૧,૨૦૦
મહાયુગ [ચોકડી]		૪૩,૨૦,૦૦૦	૩,૬૦,૦૦૦	૭૨,૦૦૦	૧૨,૦૦૦

૦	૦	૧						
૦	૦	૧	૧					
૦	૦	૧૨	૨	૧				
૩૫૧	૪	૩૬૦	૬૦	૩૦	૧	૬૦		
૭૧૨	૮	૭૨૦	૧૨૦	૬૦	૨			
૨,૧૭૦	૩૦	૨,૭૦૦	૪૫૦	૨૨૫	૩।।	૩।।	૧	
૨૧,૬૦૦	૨૪૦	૨૧,૬૦૦	૩,૬૦૦	૧,૮૦૦	૬૦	૩૦	૮	૧
					૬૦૦	૪૫૦	૧૨૦	૧૫
					૧,૮૦૦	૬૦૦	૨૪૦	૩૦
					૩,૬૦૦	૧,૮૦૦	૪૮૦	૬૦
					૧૦,૮૦૦	૫,૪૦૦	૧,૪૪૦	૧૮૦
					૨૧,૬૦૦	૧૦,૮૦૦	૨,૮૮૦	૩૬૦
								૪,૩૨૦
								૨૧,૬૦૦
								૧,૨૯,૬૦૦

નિમેષાદિ તથા પ્રાણાદિ કાળનું પરસ્પર પ્રમાણદર્શક પત્રક

ક્ષણ	લવ	ઉચ્છ્વાસ	નાડિકા	વિનાડિકા	મુહૂર્તાંશ	મુહૂર્ત	દિવસ (અહોરાત્ર)
૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૧							
૨	૧						
૪	૨	૧					
૧૨	૬	૩	૧				
૨૪	૧૨	૬	૨	૧			
૨૮૮	૧૪૪	૭૨	૨૪	૧૨	૧		
૧,૪૪૦	૭૨૦	૩૬૦	૧૨૦	૬૦	૫	૧	
૮,૬૪૦	૪,૩૨૦	૨,૧૬૦	૭૨૦	૩૬૦	૩૦	૬	

નિમેષકૃત ૧. [સ. નિમેષકૃત્] જી. વિદ્યુત; વીજળી
૨. જે આંખ ઉઘાડમીંચ કરનાર.

નિમેષણ [સં.] ન. આંખનો પલકારો.

નિમેષણી [સં.] જી. નેત્ર માર્ગમાં રહેલી આંખને મીંચવા ઉઘાડવામાં સહાયકારક એ નામની એક નાડી.

નિમેષસ્રુચ [સં. નિમેષસ્રુચ્] પું. પતંગિયું.

નિમેષામેષ જ. પળેપળે; ક્ષણેક્ષણે; વખતોવખત.

નિમેષોન્મેષ [સ.] પું. નિમેષ અને ઉન્મેષ; આંખની ઉઘાડવાસ.

નિમો પું. વરરાજાએ પહેરવાનો પોશાક.

નિમોચી [હિ.] પું. એ નામનો એક રાક્ષસ.

નિમોડિયા ૧. પું. મેવ વગરનો પુરુષ.
૨ પું. પુરાણ; ઊભતી વયનો માણસ.

નિમોરી જી. ઓળોગી.

નિમૌંસી જુઓ નિમોની.

નિમ્રોશ્રાઅ [હિ.] જી સૂર્યાસ્ત.

નિમૌની [હિ] પું. શેરડીની વધણી કર કરવાનો દિવસ. તે દિવસે પાછે કરીને ઊભણી કરાય છે.

નિમ્નજ્ઞાન ૧. [સ. ઉન્મેજ્ઞાન] જી. અજમાયશ; પ્રયોગ.
૨. જી. પરીક્ષા; પૂછપરછ.

નિમ્ન ૧. પું (સિંધ) એક જાતનું કોતરકામ.
૨. પું (પુરાણ) સોમવંશી પરુ કુળના અનમિત્ર રાજાનો એ નામનો પુત્ર.
૩. જી. એ નામની એક હિંદુ જાતિ.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. ન. વૃક્ષ વગેરેમાં ચેલાઓના વીંટાવાથી થયેલી નિશાની.
૬. વિ અધમ; નીચ; હલકું.
નિમ્ન નિપાતન કુકૃત્ય અધમ અવસ્થા અજરાની ખાણ; અધમ દુષ્ટ ખલ હૃદયને નાશ સદા પમાડ. વિજયકૃષ્ણ ગોસ્વામી
૭. વિ એ નામની જાતિનું.
૮. [સં.] વિ. ગંભીર; ઊંડું.
૯. વિ. નીચું; નીચેનું.
પાણીનો સ્વભાવ હમેશાં નિમ્ન ભૂમિમાં વહન કરવાનો હોય છે. વિજયશંકર

નિમ્ન ઓષ્ઠ [સં. નિમ્ન (નીચું) + ઓષ્ઠ (હોઠ)] પું. નીચેનો હોઠ.

નિમ્ન કરાગાર [સં. નિમ્ન (ઊતરતું) + કારાગાર (કેદખાનું)] પું. નાની જેલ; પેટા ગુનેગાર

નિમ્નક્ષેત્રિક [સં. નિમ્ન (નીચેનું) + ક્ષેત્ર (ખેતર) + ઇક (વાળું)] પું. પેટા ખાતેદાર; ઉપભૂમિધારક.

નિમ્નગ [સં. નિમ્ન (નીચે) + ગ (જનાર)] વિ. નીચે જનાર.

નિમ્નગા ૧. [સં. નિમ્ન (નીચું) + ગા (જનારી)] જી. નીચે ઢોળાવે વહેનારી નદી; સરિતા.
અસ્તિ ધુનિ તરંગિણી વટિની ક્ષોણિની ક્ષોઈ,
ઓતા અવંતી નિમ્નગા આપણા દ્વિરેફા જોઈ. વિજયકૃષ્ણ
૨. વિ. જી. નીચા પ્રદેશમાં વહેનારી.

નિમ્નગાપ્રવાહન્યાય [સં. નિમ્નગા (નદી) + પ્રવાહ (ચેન) + ન્યાય (દૃષ્ટાંત)] પું. અનિવાર્ય બાબતનું દૃષ્ટાંત; નદીનો પ્રવાહ જે તરફ જતો હોય તે તરફ જવાં તેને રોકી શકાતો નથી. અનિવાર્ય બાબત હોય તેને માટે આ ન્યાય વપરાય છે.

નિમ્નગામિની [સં. નિમ્ન (નીચું) + ગામિની (જનારી)] જી. નદી.

નિમ્નગામી [સં. નિમ્ન (નીચું) + ગામિન્ (જનાર)] વિ. નીચું જનાર.

નિમ્ન તહસીલ પું. પેટા મહાલ; પેટા તાલુકો.

નિમ્નતા ૧. [સં. નિમ્ન (ઊંડું) + તા (પણું)] જી. ઊંડાઈ.
૨. જી. નીચાણ.

નિમ્નન્યાયાસન [સં. નિમ્ન (ઊતરતી કોટિનું) + ન્યાય (ઇન્સાફ) + આસન (બેઠક)] ન. ઉપન્યાયાસન; તાબાની ન્યાયાધિશી.

નિમ્નપટ્ટ પું. પેટા પટો; ઉપપટ્ટ.

નિમ્નપીઠ [સં.] જી. હાળ; ઉતાર.

નિમ્નપ્રવાહી [સં. નિમ્ન (નીચું) + પ્ર (તરફ) + વાહિન્ (વહેનારું)] વિ. નીચે જતા પ્રવાહવાળું; નીચાણ તરફ વહેતું.

નિમ્ન મહાલ જુઓ નિમ્ન તહસીલ.

નિમ્નમહાશિરા જી. આખો મુખ્ય નીલા; અધરા મહાશિરા. આ સિરા શરીરના નીચલા અર્ધ ભાગનું અશુદ્ધ લોહી હૃદય તરફ વહી જાય છે.

નિમ્ન માલિક પું. પેટા માલિક.

નિમ્નયોધી [સં. નિમ્ન (નીચું) + યોધિન્ (લડનાર)] વિ. કિલ્લા નીચેથી કે નીચી જમીન ઉપરથી લડનાર.

નિમ્નલિખિત [સં. નિમ્ન (નીચે) + લિખિત (લખેલ)] વિ. નીચે લખેલું.

નિમ્નલેખપંજિકાધારક [સં. નિમ્ન (નીચે) + લેખ + પંજિકા (ખાતાવહી) + ધારક (ધારણ કરનાર)] પું. નોંધણી કામદાર; 'સબ-રજિસ્ટ્રાર.'

નિમ્નલેખિત [સં. નિમ્ન (નીચું) + લિખિત (લખેલું)] વિ. નીચે લખેલું, નીચે જણાવેલું; નીચેનું; નીચે આપેલું; નિમ્નલિખિત.

નિમ્નલોચિની [સં.] જી. (પુરાણ) માનસોત્તર પર્વત ઉપર પૂર્વમાં દિક્પાલ વરુણની નગરીનું નામ; સુષા. સૂર્ય મેરુની આજુબાજુ ફરતાં જ્યારે આ નગરીના યામ્યોત્તરવૃત્ત ઉપર આવે છે, ત્યારે ત્યાં મધ્યાહ્ન, વિભાવરી નગરીમાં સૂર્યોદય, સંયમની નગરીમાં સૂર્યાસ્ત અને દેવધાની નગરીમાં મધરાત થાય છે.

નિમ્નવર્ત્યાક્ષેત્ર [સં.] ન. નીચેનો ઉઘાડ ઉપરનો પ્રદેશ.

નિમ્નસ્વામી [સં. નિમ્ન (હલકી કોટિનું) + સ્વામિન્] પું. પેટા માલિક.

નિમ્નહનુ [સં.] જી. હડપચી; દાઢી.

નિમ્નાનુસાર [સં. નિમ્ન (નીચે) + અનુસાર (પ્રમાણે)] જ. નીચે લખ્યા પ્રમાણે.

નિમ્નારવ્રણ [સં. નિમ્ન (નીચે) + અરવ્રણ (જંગલ)] પું. પહાડોની ઘાટી.

નિમ્નાર્ધાંગ પક્ષઘાત [સં. નિમ્ન (નીચેનું) + અર્ધ (અડધું) + અંગ (શરીર) + પક્ષ (બાજુ) + ઘાત (નાશ)] પું. શરીરનો નીચેનો અડધો ભાગ ખોટો પડી જવાનો રોગ.

નિમ્નાશયા પું. (સિંધળ) એ નામનો એક વર્ણસંકર છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.
નિમ્નાશયા તા આ મે. સુદર્શિતગણ

નિમ્નાંશ [સં. નિમ્ન (નીચું) + અંશ (ભાગ)] પું. (ખગોળ) ક્ષિતિજ પરનો કે તારાનો નીચાણનો અંશ; ગ્રહનો કે તારાનો ક્ષોતિનો અંશ; તારા કે ગ્રહનું આકાશી વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ અંતરનું માપ; ' ડેક્લિનેશન.'

નિમ્નોક્ત [સં. નિમ્ન (નીચે) + ઉક્ત (કહેલ)] વિ. નીચે જણાવેલ.

નિમ્નોદર [સં. નિમ્ન (નીચું) + ઉદર (પેટ)] વિ. અંતર્ગોળ; 'કૉનકેવ.'

નિમ્નોન્નત [સં. નિમ્ન (નીચું) + ઉન્નત (ઊંચું)] વિ. ઊંચુંનીચું.

નિમ્ર [અ. નમિર] પું. મિત્તો.

નિમ્સોચ [સં.] પું. સૂર્યનું અસ્ત થવું તે.

નિમ્સોચન [સં.] ન. અસ્ત થવું તે; સૂર્યાસ્ત.

નિમ્સોચની [સં.] સ્ત્રી. માનસોત્તર પર્વતની પશ્ચિમે આવેલી વરુણની એ નામની નગરી; જ્યાં સૂર્ય અસ્ત થાય છે એ રીતે આવેલી એક નગરી.

નિમ્સોચ્યા [સં] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

નિમ્સોચ્યિ [સં.] પું. (પુરાણ) સોમવંશના બભ્રુવાહનની પહેલી સ્ત્રીના ગર્ભ માંહેનો એ નામનો એક પુત્ર.

નિય વિ. નિજ; પોતાનું.

નિયઢીબ્બાહર ગુણસ્થાન ન. (જૈન) આત્મવિકાસના ચૌદ માંહેનું એ નામનું આઠમું ગુણસ્થાન. બાહર એટલે મોટી ક્રિયાથી નિવર્તનાર આત્મભાવવાળો જે જીવ સંજ્ઞવલનનું માન ઉપશમાવે અથવા તેનો ક્ષય કરે તે આ ગુણસ્થાને કહેવાય છે.

નિયણ [સં. નયન] ન. (જૂ. પ્રા.) આંખ; નયન; લોચન

જો તુહ નિયણે આસુ પડિ,
તુ પરિ જાણ જોઅ નવિ કરિ.

સમાલયા આખ્યાન

નિયત ૧. પું. મહાદેવ; શિવ.

૨. પું. બાદબાકી. પારસી લોકો આ અર્થમાં વાપરે છે.

૩. પું. હેતુ; ઇરાદો; હેતુ.

૪. [સં.] ન. નીમેલું કર્મ; નિત્યનું કામ.

૫. ન. વાસ; રહેઠાણ.

૬. વિ. અચલ; નિશ્ચલ.

૭. વિ. અધિકારી

૮. [સં. નિ (પદ્ધું) + યત (અંકુશમાં રાખેલું)] વિ. અંકુશમાં રાખેલું; કાબૂમાં રાખેલ.

૯. વિ. આસક્ત.

૧૦. વિ. એક મૂલ્યવાળું; સરખી જ કીમતવાળું.

૧૧. વિ. ખાસ.

૧૨. વિ. જેના માનમાં ફેરફાર ન થાય તેવું.

૧૩. વિ. જોડેલું.

૧૪. વિ. ધારેલ.

૧૫. વિ. નક્કી ધર્યું કે કરેલું; ઠરાવેલ; નિર્ણીત; ચોક્કસ ઠરાવેલ.

૧૬. વિ. નિત્ય; નિરંતર.

૧૭. વિ. નિયમ કરનાર

૧૮. વિ. નિયમવાળું; નિયમબદ્ધ.

૧૯. વિ. નિયમિત બનાવું હોય એવું.

૨૦. વિ. નિમોજેલું; સ્થાપેલું.

૨૧. વિ. બંધાયેલ; દૃઢ થયેલ.

૨૨. વિ. વ્યાપક; ફેલાયેલ.

૨૩. વિ. શાશ્વત.

૨૪. વિ. સંયમી; ઇંદ્રિયો વગેરેને વશ કરનાર.

૨૫. વિ. સ્થાયી સંખ્યાવાળું.

૨૬. વિ. સ્થિર; ખસે નહિ તેવું.

નિયત ઉપાધિ [સં. નિયત (નક્કી કરેલ) + ઉપાધિ (ગુણ)] સ્ત્રી. નિત્ય આકસ્મિક ધર્મ; સર્વકાલિક અનાવશ્યક ગુણ. કેટલાંક જનવરોના રંગ જે કદાપિ કદાંય પણ જુદા હોતા નથી તે નિયત ઉપાધિનાં ઉદાહરણ છે. જેમકે, હંસ ધોળો, કાગડો કાળો.

નિયત કર્મ ૧. ન. ઇંદ્રિયસંયમથી કરેલું કર્મ.

૨. ન. દૈનિક કર્મ.

૩. [સં. નિયત (નક્કી કરેલ) + કર્મન્ (કામ)] ન. પ્રકૃતિએ અથવા શાસ્ત્રે નક્કી કરેલું કર્મ.

નિયતકલ્યાણ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નિયતકાલ ૧. [સં. નિયત (નક્કી કરેલ) + કાલ (સમય)] પું. નક્કી કરેલો વખત.

૨. પું. સત્ર; 'ટર્મ.'

નિયતકાલિક ૧. વિ. ઠરાવેલ સમયે બહાર પડતું આવું; સામયિક.

૨. [સં. નિયત (નક્કી કરેલ) + કાલ (વખત) + ઇક (વાળું)] વિ. નક્કી કરેલા સમયવાળું; ઠરાવેલા વખત સંબંધનું.

૩. વિ. નિયમિત કાળે સૂર્યની આસપાસ ફરનાર.

અતિ દીર્ઘ વર્તુલમાં નિયમિત કાળે સૂર્ય આસપાસ ફરનારા પણ ધૂમકેતુઓ મળેલા છે. એમને નિયતકાલિક કહે છે. જ્યોતિર્વિલાસ

૪. વિ. વખતસર પ્રસિદ્ધ બનારું; અમુક ચોક્કસ ગાળે આવવું કે પ્રગટ થવું.

નિયતકાલિક હેતુ [સં. નિયત (નક્કી કરેલ) + કાલિક (કાળનું) + હેતુ (ધૂમકેતુ)] પું. (અનોત્ર) સૂર્યની આસપાસ અંડાકાર કક્ષામાં નિયમિત ફરતો ધૂમકેતુ.

નિયતકાલિક ગતિ [સં. નિયત (નક્કી કરેલ) + કાલિક (કાળનું) + ગતિ (ચાલ)] સ્ત્રી. સમાન કાળાંતરે પુનરાવૃત્તિ થાય તેવી ગતિ. જેમકે, પૃથ્વી અને ગ્રહોનું ભ્રમણ.

નિયતકાલીન જુઓ નિયતકાલિક.

નિયત ગતિ જુઓ નિયતકાલિક ગતિ.

નિયતત્વલ ન. (ગણિત) એક જાતનું ફલ; જેનો ક્ષેત્ર નિશ્ચિત હદની અંદર જ વૃદ્ધિ પામતો હોય તેવું ઘનનું ફલ: 'રેક્ટિનિટ ક્વન્ટીટ્યલ.' જેમકે, ઘ ના જે ફલની ઘટિનો દર ર ની બરોબર છે, તે ફલ ઘ ની અપેક્ષાએ ર નો નિયતત્વલ કહેવાય.

નિયતચારી [સં. નિયતચારિન્] વિ. પ્રતિબંધ વગર વિહાર કરનાર.

નિયતપિંડ પું. (જૈન) હંમેશા એક ઘરથી લેવામાં આવતો આહાર.

નિયતપુસ્તક [સં. નિયત (નક્કી કરેલ) + પુસ્તક (ચોપડી)] ન. શાળા પુસ્તક; પાઠ્ય પુસ્તક.

નિયતપૂર્વવર્તી [સં. નિયત (નક્કી) + પૂર્વ (પહેલાં) + વર્તિન્ (હોનાર)] વિ. (વૈશેષિક) કાર્યની પૂર્વે અવશ્ય કર્યું હોય તે કારણવાળું.

નિયતફલ [સં. નિયત (નક્કી કરેલ) + ફલ (ફળ)] ન. નક્કી થયેલ બદલો.

નિયતફળી જુઓ નિયતફલ.

નિયતમાનસ [સં. નિયત (કાબૂમાં રાખેલ) + માનસ (મન)] વિ. મનને વશ કરનાર.

નિયતરક્ષક [સં. નિયત (નક્કી થયેલ) + રક્ષક (રક્ષા કરનાર)] પું. કાયદેસર વાલી.

નિયતરેખા [સં. નિયત (નક્કી કરેલ) + રેખા (લીટી)] સ્ત્રી. (ગણિત) ઇચ્છિત કોઈ બીજી લીટી અથવા કોઈ બિંદુની જેથી રીતે ગતિ નિશ્ચિત કરનાર લીટી કે જેવી કોઈ તાલપૃષ્ઠ કે વક્ર અને; સાપેક્ષિકના કોઈ બિંદુનું અમુક સ્થિર સીધી લીટીથી અંતર અને તે જ બિંદુનું બીજા એક સ્થિર બિંદુથી અંતર; 'રેડિયસ વેક્ટર્સ.' આ બંને અંતરો અમુક નિશ્ચિત પ્રમાણમાં હોય છે. ઉપર કહેલી સ્થિર સીધી લીટી નિયતરેખા કહેવાય છે.

નિયતવાદ [સં. નિયત (નક્કી કરેલ) + વાદ (મત)] પું. મનુષ્યની પ્રવૃત્તિઓ સ્વતંત્ર નથી, પણ અમુક અનિવાર્ય હેતુથી દોરાય છે એનો મત.

નિયતવાસી [સં. નિયત (નક્કી કરેલ) + વાસિન્ (વાસ કરનારી)] વિ. નક્કી કરેલે ઠેકાણે વાસ કરનાર; સ્થિરવાસી.

તેણે કોઈ એક ઠેકાણે નિયતવાસી તરીકે ન રહેતાં ભ્રમણશીલ જિંદગી સ્વીકારી.

પુરાતત્ત્વ

નિયતવાહીપવન [સં. નિયત (નક્કી થયેલ) + વાહિન્ (વહેનાર) + પવન (વાયુ)] પું. હંમેશા નિયમિત રીતે વાતો પવન.

નિયતવિરુદ્ધ [સં. નિયત (નક્કી કરેલ) + વિરુદ્ધ (ઊલટું)] વિ. વિસંગત; અપવાદરૂપ; અયોગ્ય.

નિયતવ્યાવહારિક કાલ [સં. નિયત (નક્કી કરેલ) + વ્યવહાર (સંસારનું કામકાજ) + ઇક (વાળું) + કાલ (વખત)] પું. (જ્યોતિષ)

પુણ્ય, દાન, વ્રત, શ્રાદ્ધ, યાત્રા, વિવાહ વગેરે માટે નક્કી કરેલો વખત. જ્યોતિષમાં કાલમાન નવ પ્રકારનું માનેલ છે: સૌર, સાવન, ચાંદ્ર, નાક્ષત્ર, પિત્ર્ય, દિવ્ય, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને આર્હસ્પત્ય. તેમાંથી પ્રથમ, દાન વગેરે કામો માટે સૌર, સાવન અને ચાંદ્ર એમ ત્રણ પ્રકારનાં કાલમાન લેવાય છે. સંક્રાંતિ, ઉત્તરાયણ, દક્ષિણાયન વગેરે પણ કાળ સારું કાળ પ્રમાણે નિયત કરેલ છે. તિથિ, કરણ, વિષ્ટિ, હોરા, વ્રત, ઉપવાસ તથા યાત્રા વગેરેનાં ચાંદ્રમાન લેવાય છે. જન્મ તથા મરણનાં સૂતક, શ્રાદ્ધાદિક વગેરે પ્રાપ્તિક, નક્ષત્રાધિપતિ, માસાધિપતિ, વર્ષાધિપતિ તથા ગ્રહોની મધ્યગતિ વગેરેનો નિર્ણય સાવન કાલ પ્રમાણે થાય છે.

નિયતશ્રાવ્ય [સં નિયત (નક્કી કરેલ) + શ્રાવ્ય (સાંભળવા જેવું)] વ. અમુક નક્કી કરેલા શબ્દો સાંભળી શકે એમ બોલવું તે. વસ્તુના ત્રણ રીતિભેદ છે: (૧) સર્વશ્રાવ્ય એટલે પ્રકાશ, (૨) અશ્રાવ્ય એટલે સ્વગત અને (૩) નિયતશ્રાવ્ય. આમાં નિયતશ્રાવ્યના વળી બે પેટા ભેદ છે: (૧) જનાંતિક અને (૨) અપવારિત.

નિયતસ્ત્રીનામાંબંધસાધિત [સં.] વિ. પુરુષોત્તમનાં કાનાં માટેનું એક નામ.

નિયત સ્થાન [સં. નિયત (નક્કી કરેલ) + સ્થાન (જગ્યા)] વ. નક્કી કરેલું સ્થાન.

નિયત હાજરી સ્ત્રી. નક્કી કરેલ સંખ્યામાં સભાસદોની હાજરી; કાર્યસાધક સંખ્યા; 'ક્વોરમ.'

નિયતાચાર [સં.] પું. વીર શૈવધર્મના પાંચ માંહેનો એ નામનો એક આચાર.

નિયતાત્મશ્રુત્ર [સં.] પું. શિવનાં કાનાં માંહેનું એક નામ.

નિયતાત્મા [સં નિયત (કાબૂમાં લીધેલ) + આત્મન (આત્મા)] વિ. જિતેંદ્રિય; સંયમી, પોતાને પોતાની મેળે અંકુશમાં રાખનાર.

નિયતાપ્તિ [સં. નિયત (નક્કી કરેલ) + આપ્તિ (મેળવવું તે)] સ્ત્રી. નાટકમાં પ્રારબ્ધકાર્યની એક અવસ્થા; નાટકમાં બીજા ઉપાયો છોડી એક જ ઉપાયથી ફલપ્રાપ્તિનો નિશ્ચય; કાર્યની પાંચ કહ્યની એ નામની એક અવસ્થા; કાર્યની નિશ્ચિત પ્રાપ્તિ. નાટકમાં કાર્યનો આરંભ, તેને માટે યત્ન, કાર્ય પ્રાપ્ત કરવાની ઉત્પન્ન થયેલી આશા, એ આશા અનિશ્ચિત થયેલી એવી નિશ્ચયપૂર્વક કાર્યપ્રાપ્તિ જેને નિયતાપ્તિ કહી છે તે ત્યને સમગ્ર ફળની સંપત્તિરૂપ ફળયોગ એ પાંચ કાર્યની અવસ્થા છે. વસ્તુવિકાસ માટે પાંચ પ્રકૃતિમા નિર્દેશ છે.

નિયતાયુ પું. (પુરાણ) અર્જુને મારેલા દુર્યોધન પક્ષના કૃતાયુ રાજાનો એ નામનો પુત્ર.

નિયતાર્થ [સં. નિયત (નક્કી કરેલ) + અર્થ (અમળ)] પું નક્કી કરેલો અર્થ.

નિયતાશ્રય [સં] પું. શિવનાં કાનાં માંહેનું એક નામ

નિયતાહાર [સં. નિયત (કાબૂમાં રાખેલ) + આહાર (ખોરાક)] પું. મિતાહાર.

નિયતાહારી [સં. નિયત (કાબૂમાં રાખેલ) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ મિતાહારી; નિયમસર પ્રમાણમાં જમનાર; નિયમિત આહાર લેનાર.

નિયતિ ૧ [સં.] સ્ત્રી. અવશ્ય થવાની બાબત.
૨. સ્ત્રી. અવિદ્યા
૩ સ્ત્રી. વ્યાકરણ. ઋ૨મીથી ધાતુનું કૃદંત થયે છે, કમળ પાણિમાં આવ છે વગેરે અનેક નિયમો સામાન્ય સૃષ્ટિમાં આપણે જોઈએ છીએ. આ સઘળા નિયમો જે શક્તિથી આવ છે તે નિયતિ કહેવાય છે. સૃષ્ટિની અવસ્થા નિયતિથી રહેલી છે. કોઈ બનાવ તે નિયતિને અધીન છે.
૪. સ્ત્રી. (તાંત્રિક) કાલીના માંહેનું અગિયારમું તત્વ.
૫. સ્ત્રી. દુર્ગા; ભગવતી.
૬. સ્ત્રી. દૈવ; ભાગ્ય; નસીબ; અમુક કાળે અમુક ચિહ્ન અમુક રીતે બનવા જોઈએ એવો વિધાતાનો કરેલો નિયમ; પ્રારબ્ધ; નિર્માણ; વિધિ.
૭. સ્ત્રી. ધર્માચરણ.
૮. સ્ત્રી. ધારાધોરણ; વહીવટ; રૂઢિ.
૯. સ્ત્રી. નિયત હોવાનો ભાવ.
૧૦. સ્ત્રી. નિયમ; નિયમ; ધરીધારો બનવો.
૧૧. સ્ત્રી. પૂર્વે કરેલ કર્મનું નિશ્ચિત થયેલ પરિણામ.
૧૨. સ્ત્રી. (જૈન) પ્રકૃતિ.
૧૩. સ્ત્રી. ભાગ્યની દેવી.
૧૪. સ્ત્રી. ભાવીભાવ.
૧૫. સ્ત્રી. મનોનિગ્રહ.
૧૬. સ્ત્રી. (પુરાણ) મેરુ પર્વતની એ નામની એક દીકરી. તે ભૃગુ ઋષિના પુત્ર વિધાતા સાથે પરણી હતી.
૧૭. સ્ત્રી. સંયમ.
૧૮. સ્ત્રી. સ્થિરતા.
૧૯. વિ. બનાવનાર.

નિયતિભાવ [સં.] પું. નિયમપણું.

નિયતિવાદ ૧. [સં. નિયતિ (ભાગ્ય) + વાદ (મત)] પું. અવશ્યંભાવિવાદ; અવશ્યવાદ; દૈવવાદ; પ્રારબ્ધવાદ; કર્મવાદ; દૈવાધીનતા. બધા જુદા જુદા જીવો જે સુખ કે દુઃખને અનુભવે છે અથવા પોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય છે, એ બધું કોઈ જીવના પુરુષાર્થને લીધે થતું નથી, અર્થાત્ એ બધાનો કર્તા જીવ પોતે નથી, પણ નિયતિને લીધે થાય છે. નિયતિવાદના મુખ્ય સિદ્ધાંત: (૧) વિશ્વના બનાવો કાર્યકારણની જડ સાંકળથી ગૂંથાયેલા છે એટલું જ નહિ, પરંતુ કાર્યકારણના સબંધને સંખ્યામા જરૂર બાંધી શકીએ. (૨) વિશ્વમાં કાર્યકારણથી પરંપરામાં જે નવા ગુણ કે ધર્મો આપણા અનુભવમાં આવતા લાગે છે, તેનાં મૂળ પણ સંખ્યાભેદમાં જ છે. (૩) સંખ્યાના આંતર સબંધોનું સ્વરૂપ હમેશનું નિયત થયેલું છે અને તેથી બનાવોની પરંપરા પણ પહેલેથી નિયત થઈ ચૂકેલી છે. (૪) મનુષ્યનું ચિત્ત પણ આ નિયમોને અધીન રહી પોતાના વ્યાપારો કરે છે.
૨. પું. જી માંહેનો એ નામનો એક પંથ; દૃઢિવાદ.

નિયતિવાદિક વિ. (જૈન) ભવિષ્યવાદી; ભાવીભાવ હોય તેજ બને અને પુરુષાર્થ અકિંચિત્કર છે એમ બોલનાર.

નિયતિવાદી [સં. નિયતિ (ભાગ્ય) + વાદિન્ (મતવાળું)] વિ. અવશ્યંભાવિવાદી; ભવિતવ્યતાવાદી; ભાવીભાવને માનનાર.

નિયતી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી; ભગવતી.
૨. સ્ત્રી. મેરુની એ નામની એક દીકરી.

નિયતેંદ્રિય [સં. નિયત (કાબૂમાં રાખેલ) + ઇંદ્રિય] વિ. જિતેંદ્રિય; ઇંદ્રિયોને વશમાં રાખનાર.

નિયતેંદ્રિયત્વ [સં. નિયત (કાબૂમાં રાખેલ) + ઇંદ્રિય + ત્વ (પણું)] ન. સંયમ; નિયતેંદ્રિયપણું.

નિયત્તા [સ. નિયત (નક્કી કરેલ) + તા (પણું)] સ્ત્રી. ચોક્કસાઈ; નક્કીપણું.

નિયધ સ્ત્રી. (દેશી) દાનત.

નિયમ ૧. પું. અવશ્ય કરવાનો.
૨. [સં] પું. આચાર; આચરણ.
૩. પું. આજ્ઞા; હુકમ; આદેશ; શાસન.
૪. પું. આપ્તવચન; કથન.
૫. પું. આવશ્યક ધાર્મિક વિધિ.
૬ પું. ઈશ્વરમાં મન લગાડવું તે.
૭. પુ (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર. તેમાં કોઈ વાતનો એક જ સ્થાન ઉપર નિયમ કરવામાં આવે એટલે કે તે બાબત હોવાનું એક જ સ્થાને બતાવવામાં આવે. તેના બે ભેદ છે: અપ્રકૃતપૂર્વક અને પ્રકૃતપૂર્વક.
૮. પું. એક પ્રકારનો અર્થદોષ.
૯ પું. કબજત.

૧૦. [સં. નિ (વધારે) + યમ (રોકવું)] પું. ચિત્તનું દમન કરવું તે; સંયમ; વશ કરવું તે; નિગ્રહ કરવો તે, અટકાવવું તે. કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી, સર્વ ઉપર સમાન ભાવ રાખવો, સહુ ઓછું, જે આવી મળે તેમાં સંતોષ રાખી કોઈની પાસે પણ માગવા ન જવું, શૌચ, તપ, સ્વાધ્યાય, પ્રણિધાનપ્રણિધાન વગેરે નિયમો કરવાં એ ધર્મનિયમનાં સ્પષ્ટ અને સરળ સ્વરૂપો ગણાય છે.

૧૧. પું. (યોગ) જન્મના હેતુભૂત કામ્યકર્મોથી નિવૃત્ત કરીને મોક્ષના હેતુભૂત નિષ્કામ કર્મમાં પ્રેરણા કરનાર તપ વગેરે ક્રિયા

૧૨. પું. ટેક; વ્રત; પ્રતિજ્ઞા. સ્વામીનારાયણ સંપ્રદાયમાં મુખ્ય અગિયાર નિયમ પાળવાના કહ્યા છે: (૧) હિંસાનો ત્યાગ, (૨) પરસ્ત્રીનો ત્યાગ, (૩) માંસભક્ષણનો ત્યાગ, (૪) મદ્યપાનનો ત્યાગ, (૫) વિધવાસ્પર્શનો ત્યાગ, (૬) આત્મઘાતનો ત્યાગ, (૭) ચોરીનો ત્યાગ, (૮) મિથ્યા અપવાદનો ત્યાગ, (૯) દ્વેષ નિંદાનો ત્યાગ, (૧૦) ન ખપતું અન્ન નહિ અને (૧૧) વિમુખના મુખની કથા સાભળવી નહિ પાતંજલ યોગસૂત્રમાં પાંચ નિયમ કહ્યા છે: (૧) શૌચ, (૨) સંતોષ, (૩) તપ, (૪) સ્વાધ્યાય અને (૫) પ્રણિધાનપ્રણિધાન. આ બધી ક્રિયાના પાલનને નિયમ કહે છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ૧૯ મા અધ્યાયમાં બાર નિયમ કહેલા છે: (૧) અંતરનું શૌચ, (૨) બહારનું શૌચ, (૩) જપ, (૪) તપ, (૫) હોમ, (૬) ધર્મમાં શ્રદ્ધા, (૭) અતિથિસત્કાર, (૮) પરમાત્માનું પૂજન, (૯) તીર્થોમાં કરવું, (૧૦) પરના શુભને માટે ઉદ્યોગ, (૧૧) સંતોષ અને (૧૨) આચાર્યની સેવા. યોગશાસ્ત્રમાં નિયમના દસ પ્રકાર કહ્યા છે: (૧) તપ, (૨) સંતોષ, (૩) આસ્તિક્ય, (૪) દાન, (૫) ઈશ્વરપૂજન, (૬) સિદ્ધાંતવાક્યનું શ્રવણ, (૭) મતિ, (૮) જ્ઞાન, (૯) જપ અને (૧૦) હોમ. યાજ્ઞવલ્ક્ય સંહિતામાં હોમને સ્થાને વ્રત કહેલ છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં દસ નિયમ ગણાવવામાં આવ્યા છે: સ્નાન, મૌન, ઉપવાસ, યજ્ઞ, વેદપાઠ, ઇંદ્રિયનિગ્રહ, ગુરુસેવા, શૌચ, અક્રોધ અને અપ્રમાદ જૈનશાસ્ત્રમાં મૂલગુણમાંની અંદર બાર પ્રકારના નિયમ કહેલા છે: પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ, દિગ્વ્રત, ભોગોપભોગ નિયમ, અનર્થદંડનિષેધ, સામાયિક શિક્ષાવ્રત, દેશાવગાસિક શિક્ષાવ્રત, પોષધ અને અતિથિસવિભાગ.

૧. નિયમ પાળવો = (૧) ટેક રાખવી; વ્રત પાળવું. (૨) ઠેકાણું રહેવું. (૩) નક્કી કરેલા કોરણનું પાલન કરવું. (૪) નિયમસર ક્રમ કરવું; નિયમ પ્રમાણે ચાલવું.

૨. નિયમ રાખવો–લેવો = (૧) અમુક નિયમ કરવો; વ્રત લેવું (૨) નિયમ પાળવો; નિયમિત રીતે વર્તવું.

૧૩. પું. કરાર; નિર્ણય.

૧૪. પું. ધારો, કાયદો, કોરણ; રિવાજ; દસ્તૂર; પ્રથા; સિદ્ધ પરંપરા; પરાપૂર્વથી ચાલતી આવેલી રીત.

૧. નિયમ કરવો–કરાવવો–બાંધવો = (૧) કાયદો કરવો; ધારો ઘડવો. (૨) રિવાજ કરવો.

૨. નિયમ પળાવો–રહેવો = કરેલા કોરણનું પાલન થવું.

૧૫. વ્રું. નિયમિતપણું.

૧૬. પું. નિયમ.

૧૭. પું. પરમેશ્વર; નિયંતા.

૧૮. પું. કરજ, કોમ, મારે આવવું જોઈએ એવો નિયમ નથી એટલે આવવાની મારી ફરજ નથી.

૧૯. પું. બંધન; નિયમન.

૨૦. પું. મર્યાદા; હદ. જૈન ગ્રંથોમાં દરરોજને માટે દ્રવ્ય નિયમ, વિનય નિયમ, ઉપધાન નિયમ, તાંબૂલ નિયમ, આહાર નિયમ, વસ્ત્ર નિયમ, પુષ્પ નિયમ, વાહન નિયમ, શય્યા નિયમ વગેરે ચૌદ વસ્તુઓનો નિયમ પારવા કહેલ છે.

૨૧. પું. મહાદેવ

૨૨. પું. મીમાંસાની એક વિધિ.

૨૩. પું. (યોગ) યોગનાં આઠ માંહેનું એક અંગ. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ આ અષ્ટાંગયોગ વડે અસંપ્રજ્ઞાત યોગ સુખપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે. યોગનાં આઠ અંગોમાં એક નિયમ પણ છે. શૌચ, સંતોષ, તપશ્ચર્યા, સ્વાધ્યાય અને પ્રણિધાનપ્રણિધાન એ બધી ક્રિયાઓના પાલનને નિયમ કહે છે. શૌચ બે પ્રકારના છે: બાહ્ય અને આભ્યંતર. જળ, માટી આદિથી શરીરને સાફ કરવું તે બાહ્ય શૌચ છે અને કરુણા, મૈત્રી, ભક્તિ આદિ સાત્ત્વિક વૃત્તિઓને ધારણ કરવી તે આભ્યંતર શૌચ છે. આવશ્યકતાથી અધિકની ઇચ્છા ન કરવી તે સંતોષ છે. ગરમી, ઠંડી સહન કરવી, ધર્મગ્રંથોમાં લખેલ કૃચ્છ્ર, ચાંદ્રાયણ આદિ વ્રતો કરવાં તેનું નામ તપ છે. બધા કાર્યો ઈશ્વરના નામે કરવાં તે ઈશ્વરપ્રણિધાન છે.

૨૪. પું. રીત; ચાલ.

૨૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે પોતપોતાના અધિકારમાં પ્રજાને નિયમિત કરે છે તેથી તે નિયમ કહેવાય છે.

૨૬. પું. વેદાભ્યાસ.

૨૭. પું. વ્રત; પ્રતિજ્ઞા; સોગન.

નિયમ લેવો = સોગન લેવા; પણ લેવું.

૨૮. પું. શરત.

૨૯. વું સજ્ઞાનીય વૃત્તિઓના પ્રવાહ વહાવી વિજ્ઞાનીય વૃત્તિઓનો પ્રવાહ વહાવવો તે.

૩૦. પું સિદ્ધ વાત; કરેલી બાબત.

૩૧. પું. સિદ્ધાંત.

૩૨. પું. સ્વીકાર.

નિયમઅર્ચા [સં. નિયમ + અર્ચા (ક્રમગીરી)] સ્ત્રી. નિયમ પ્રમાણેનું આચરણ; નિયમપાલન.

નિયમઅનુચારિણી [સં. નિયમ + અનુ (પાછળ) + ચર્ (ચાલવું) + ઇન્ (વાળું) + ઙી (ન.રીબ્લતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નિયમ પાળનારી

નિયમઅનુચારી [સં. નિયમ + અનુ (પાછળ) + ચર્ (ચાલવું) + ઇન્ (વાળું)] વિ. નિયમ પાળનાર.

નિયમઅધીન [સં.] વિ. નિયમોથી બંધાયેલ; નિયમોને અધીન.

નિયમઅભાવ પું. નિયમનો ભંગ; વિષમતા.

નિયમઅધારી [સં. નિયમ (કાયદો) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. નિયમવાળું.

નિયમન ૧. [સં.] ન. કાબૂમાં રાખવું તે; નિયમમાં રાખવું તે; સંયમ; કાબૂ રાખવો તે; નિયંત્રિત કરવું તે; મર્યાદામાં રાખવું તે.

૨. ન. જોડવણ; બંધારણ

૩. ન. ધારો; નિયમ; કાયદો.

૪. ન. રોકવું તે; અટકાવ.

૫. ન. બંધારિયત બનાવવું તે; નિયમબદ્ધ કરવાનું કાર્ય; કાયદો બાંધવો તે.

૬. ન. શાસન.

નિયમનરજ્જુ [સં. નિયમન (કાબૂ) + રજ્જુ (દોરડું)] પું. એ નામનો એક ગ્રા.નંતંત્ર.

નિયમનિષ્ટ ૧. [સ. નિયમ (કાયદો) + નિષ્ટ (રહેલું)] વિ. નિયમિત; નિયમ પ્રમાણે કરેલું.

૨. ક્રિ. વિ. નિયમાનુસાર; રૂઢિ પ્રમાણે.

નિયમપત્ર ૧. [સં. નિયમ (કાયદો) + પત્ર (કાગળ)] પું. કરારનામું; લખત; પ્રતિજ્ઞાપત્ર; ખત.

૨. પું. પાળવાના નિયમોનો ઠરાવ.

નિયમપદ્ધતિ ૧. [સ] સ્ત્રી. નિયમ દ્વારા ચાલુવામાં આવતી પદ્ધતિ.

૨. સ્ત્રી. નિયમની પદ્ધતિ.

નિયમપર [સ] વિ. નિયમાનુવર્તી; નિયમાધીન.

નિયમપુર સર અ. નિયમ પ્રમાણે.

નિયમપૂર્વક અ. નિયમપુરઃસર.

નિયમપોથી સ્ત્રી. ધારેલું પુસ્તક; કાયદાનું પુસ્તક; નિયમની ચોપડી.

નિયમપ્રબંધ [સં. નિયમ (કાયદો) + પ્રબંધ (બાંધવું તે)] પું. નિયમન.

નિયમફૂલ [સં. નિયમ (કાળ.) + ફલ] ન. (વેદાંત) મોક્ષશાસ્ત્રમાં જણાવેલ નિયમનું ફળ. જેમકે, પોતાના અંગની ગુપ્તતા અને બીજાઓ સાથે સંસર્ગમાં ન આવવું તે રોગનું ફળ છે. સંતોષથી સર્વોત્તમ સુખલાભ થાય. સ્વાધ્યાયથી ઇષ્ટદેવતાનો સંપ્રયોગ થાય.

નિયમફળ જુઓ નિયમફલ.

નિયમબદ્ધ [સં. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ)] વિ. નિયમિત; વ્યવસ્થાવાળું; નિયમોથી બંધાયેલું; નિયમવાળું; નિયમને અનુસરનારું; નિયમાનુસાર; ચોક્કસ.

નિયમબદ્ધ અટક [સં. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ) + અટક (અટકાવવું તે)] સ્ત્રી. ન્યાયસંમત બંધન.

નિયમબદ્ધ અસમર્થ [સ. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ) + અ (નહિ) + સમર્થ (શક્તિમાન)] વિ. કાયદા પ્રમાણે અસમર્થ.

નિયમબદ્ધ અસમર્થતા [સં.] સ્ત્રી. કાયદા પ્રમાણે અસમર્થતા. 'લીગલ ડિસેબિલિટિ.'

નિયમબદ્ધ ઉત્તરદાયિત્વ [સં.] ન. કાયદેસર જુમ્મેદારી; 'લીગલ લાયબિલિટિ.'

નિયમબદ્ધતા ૧. [સં. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ) + તા (પણું)] સ્ત્રી. નિયમથી બંધાયેલ હોવાપણું.

૨. સ્ત્રી. વ્યવસ્થાઈ; કડકતા; 'રિજિડિટિ.'

નિયમબદ્ધ પ્રતિનિધિ [સં. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ) + પ્રતિનિધિ (બદલે કામ કરનાર)] પું. કાયદેસર વારસ વકીલ.

નિયમબદ્ધ રખવાલી સ્ત્રી. કાયદેસર કેદ; કાયદેસર કનલો; 'લીગલ કસ્ટડિ.'

નિયમબદ્ધ સંસ્થા [સં. નિયમ (કાયદો) + બદ્ધ (બંધાયેલ) + સંસ્થા] સ્ત્રી. નિયત સંસ્થા.

નિયમબાહ્ય [સં. નિયમ (કાયદો) + બાહ્ય (બહારનું)] વિ. કાનૂન વિરુદ્ધ; 'આઉટ્ લૉ અગેઇન્સ્ટ.'

નિયમભંગ [સં. નિયમ (કાયદો) + ભંગ (ભાંગવું તે)] પું. નિયમનું ઉલ્લંઘન.

નિયમલક્ષ્મી [સં. નિયમ (રીત) + લક્ષ (ખ્યાલ) + ઙીપ્ (વાળું)] વિ. કર્મનિષ્ઠ; બાહોશ.

નિયમવશ [સં.] વિ. નિયમોને તાબે રહેલ; નિયમ પ્રમાણે વર્તનાર; નિયમિત.

નિયમવશતા [સં. નિયમ (કાયદો) + વશ (તાબે થયેલ) + તા (પણું)] સ્ત્રી. નિયમોને તાબે થવું તે; નિયમનઃ 'ડિસિપ્લિન.'

> નિયમવશતા અને સ્વેચ્છાચરણ એ બે તત્ત્વોનો સમન્વય, જ્ઞાનસ્વભાવમાં એ અંશોનું સ્થાન, બાલ કેળવણીમાં એ અંશને આપવાની પ્રધાન ચીવટ એ અતિ કામનું વિષય છે. નરસિંહરાવ

નિયમવાદ [સં.] પું. કારણ અને કાર્યની, બળ અને ઘટનાઓની અવશ્યક સામ્યતા જગતની ભૌતિક તપાસીઓના બધા જમાનામાં જળવાઈ રહી છે અને ભૂતકાળની પ્રવૃત્તિઓ રીત અને તીવ્રતામાં હાલની પ્રવૃત્તિઓની સમાન હતી એવો મત; 'યુનિફર્મિટેરિયનિઝમ.'

નિયમવાન [સં. નિયમવત્] વિ. નિયમવાળું.

નિયમવિધિ ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) એક પક્ષમાં જે પ્રાપ્ત ન હોય તેને પ્રાપ્ત કરી આપનાર વિધિ; પક્ષ વિષે અપ્રાપ્ત હોય તે અર્થનો પ્રાપક વિધિ; જુદાં જુદાં સાધનથી સાધ્ય થાય એવા ક્રિયામાં ગમે તે એક સાધનની પ્રાપ્તિ થતા નહિ પ્રાપ્ત એવા બીજા સાધનને પ્રાપ્ત કરી આપતો વિધિ. જેમકે, કાલ્યાં દૂર કરવા માટે કાંસરને સાબેલા વડે આડે આ નિયમવિધિ છે. કાંસરનાં કાલ્યાં દૂર કરવાના બધે હોદ્દીને, ભરડીને, આડીને એવા અનેક ઉપાયો છે તેમાં યજમાન પુરુષ જ્યારે સાબેલાથી આંડવાનું પક્ષ મૂકીને ભરડવા વગેરે બીજા ઉપાયથી કાલ્યાં દૂર કરવાનો આરંભ કરે ત્યારે તે પક્ષમાં સાંબેલાથી આડવાનું રહેતું નથી, એટલે એ પક્ષમા સાબેલાથી આડવાનું અપ્રાપ્ત કહેવાય છે. એ રીતે એક પક્ષમાં અપ્રાપ્ત થયેલા મુસલાવઘાતનનું ઉક્ત વિધિએ વિધાન કર્યું છે, અર્થાત્ અપ્રાપ્ત અંશને પૂરણ કર્યો છે, માટે એ નિયમવિધિ કહેવાય છે.

> એક પક્ષમાં અપ્રાપ્ત વિષને વિધાન કરનારે વિધિવાક્ય **નિયમવિધિ** કહેવાય છે. સિદ્ધાંતદર્પણ

૨. સ્ત્રી. (શાક્ત) બંને રીતે આચરવું અર્થ રાકે તેવા સબ્દોમાં એક જ પ્રકારે પ્રવૃત્તિ કરવી એનું સૂચન કરનારું વાક્ય.

નિયમવિરુદ્ધ [સં.] અ. ગેરધોરણે; ખોટી રીતે.

નિયમવિરુદ્ધતા [સં. નિયમ (કાયદો) + વિરુદ્ધ (ઊલટું) + તા (પણું)] સ્ત્રી. ગેરવિધિસર થયેલ કામ.

નિયમવિરોધ [સ નિયમ (કાયદો) + વિરોધ (સામનો)] પું. વૈષમ્ય; અવ્યવસ્થા.

નિયમવું [સં. નિ (બહાર) + યમ્ (કાબૂમાં રાખવું)] સ. ક્રિ. નિયમિત કરવું; નિયમમાં આણવું; ઠેરવવું; નિયમન કરવું.

નિયમવૃત્તિ [સં. નિયમ (કાબૂ) + વૃત્તિ (વલણ)] સ્ત્રી. કાબૂમાં રાખવાની પ્રવૃત્તિ.

નિયમશાસ્ત્ર [સં. નિયમ (કાયદો) + શાસ્ત્ર] ન. નિયમનું પુસ્તક.

નિયમસર ૧. અ. નિયમિત રીતે; નિયમને અનુસરીને; નિયમાનુસાર; રીતસર; નિયમ પ્રમાણે; રીતસરઃ કાયદા મારફ; ક્રમવાર; ક્રમશઃ.

૨. અ. વખતસર; બરાબર વખતે.

નિયમસંગ્રહ ૧. [સં. નિયમ (કાયદો) + સંગ્રહ (ભેગું કરવું તે)] પું. કાયદાનો સમહ.

૨. પું. ધારાધોરણ.

૩. પું. સચનાપત્ર.

નિયમસૂત્ર [સં. નિયમ (કાયદો) + સૂત્ર] ન. સિદ્ધાંત.

નિયમસેવા [સં. નિયમ (વ્રત) + સેવા (પૂજન)] સ્ત્રી. આસો સુદિ અગિયારશથી આરંભી કાર્તિક માસ સુધી કરવામાં આવતી વિષ્ણુની સેવા.

નિયમસ્થિતિ [સં.] સ્ત્રી. તપશ્ચર્યા.

નિયમા અ. ચોક્કસ; નક્કી.

નિયમાધીન ૧. [સં. નિયમ (કાયદો) + અધીન (તાબે)] વિ. નિયમને આધીન; નિયમને વશ.

૨. અ. નિયમસરઃ નિયમ પ્રમાણે.

નિયમાધીનતા [સં. નિયમ (કાયદો) + અધીન (તાબે) + તા (પણું)] સ્ત્રી. નિયમને વશ વર્તવું તે.

નિયમાનુશીલન [સં. નિયમ (કાયદો) + અનુ (પ્રમાણે) + શીલન (પાલન)] ન. નિયમ પાળવાપણું; નિયમોનું પાલન.

નિયમાનુસાર ૧. [સં. નિયમ + અનુસૃ (અનુસરવું)] વિ. નિયમબદ્ધ; નિયમિત.

૨. [સં. નિયમ (કાયદો) + અનુસાર (પ્રમાણે)] વિ. વિષેક પૂરતું; સભ્યતાનુસાર.

૩. અ. કાયદેસર.

૪. અ. નિયમને અનુસરીને; નિયમસર

નિયમાવલિ ૧. [સં. નિયમ (કાયદો) + આવલિ (હાર)] સ્ત્રી. નિયમો દર્શાવતું પુસ્તક.

૨. સ્ત્રી. નિયમોનો સમૂહ; નિયમોની હારમાળા.
૩. સ્ત્રી. સંસ્થા, તંત્ર ઇત્યાદિનાં ધારાધોરણ.

નિયમાવલી જુઓ નિયમાવલિ.

નિયમાસ્મિત [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નિયમિત ૧. [સં.] વિ. નિયમ પ્રમાણેનું; કાયદાકાનૂન મુજબનું.
૨. [સં. નિ (માટે) + યમ્ (રોકવું) + ક્ત (એલું)] વિ. નિયમબદ્ધ; નિયમસર હોય એવું; વ્યવસ્થિત; રીતસર.
૩. વિ. નિયમમાં આણેલું.
૪. વિ. (ગણિત) બધા ખૂણા તથા બધી બાજુ સરખી હોય એવું.
૫. વિ. બાંધેલ; વશ કરેલ.
૬. વિ. મર્યાદિત; પરિમિત.
૭. વિ. મુકરર કરેલું; બાંધી આપેલું; ઠેરવેલું; નિર્માણ કરેલું; નક્કી કરેલું.
૮. વિ. યથાપ્રમાણ; આસ્તરણયુક્ત.

નિયમિત અયોગ્યતા [સં. નિયમિત (કાયદેસર) + અ (નહિ) + યોગ્યતા (લાયકાત)] સ્ત્રી. કાયદા પ્રમાણે અસમર્થતા; 'લીગલ ડિસક્વૉલિફિકેશન.'

નિયમિત કાર્યવાહી [સં.] સ્ત્રી. ધારાનું કામ; કાયદેસરનું કામ; 'લીગલ પ્રોસીડિંગ્સ.'

નિયમિતતા ૧. [સં. નિયમિત (નિયમ પ્રમાણે) + તા (પણું)] સ્ત્રી. નિયમમાં આણવું તે.
૨. સ્ત્રી. નિયમસર હોવું તે; કાયદાકાનૂન પ્રમાણે હોવાપણું.
૩. સ્ત્રી. નિયમિતપણું; નિયમબદ્ધતા.
૪. સ્ત્રી. બાંધવાપણું; વશ કરવું તે.
૫. સ્ત્રી. મર્યાદિતાપણું; પરિમિતતા.
૬. સ્ત્રી. મુકરર કરવાપણું; ઠેરવવું તે.
૭. સ્ત્રી. સુપ્રમાણતા; પ્રમાણસર હોવું તે.

નિયમિતદાયિત્વ [સં. નિયમિત (મર્યાદિવાળું) + દાયિત્વ (આપવાપણું)] ન. નિયમિત જવાબદારી; નિયમિત પાત્રતા; પરિમિત ભાર; પરિમિતદાયિત્વ; 'લિમિટેડ લાયબિલિટિ.'

નિયમિતપણું જુઓ નિયમિતતા.

નિયમિત પાત્રતા જુઓ નિયમિતદાયિત્વ.

નિયમિત પ્રતિનિધિ [સં. નિયમિત (કાયદેસર) + પ્રતિનિધિ (વકીલ)] પું કાયદેસર વારસ વકીલ; ન્યાયસમત પ્રતિનિધિ; વિધિસિદ્ધ પ્રતિનિધિ; નિયમબદ્ધ પ્રતિનિધિ; કાયદેસર પ્રતિનિધિ; 'લીગલ રેપ્રીઝેન્ટેટિવ.'

નિયમિતબદ્ધ [સં. નિયમિત (કાયદેસર) + બદ્ધ (બંધાયેલ)] વિ. કાયદા પ્રમાણે બંધાયેલું; ન્યાયનિબદ્ધ; નિયમબદ્ધ.

નિયમિત બહુકોણ [સં. નિયમિત (નિયમથી બંધાયેલ) + બહુ (વધારે) + કોણ (ખૂણો)] પું. (ગણિત) બધા ખૂણા અને બધી બાજુ સરખી હોય એવો બહુકોણ; 'રેગ્યુલર પોલિગન.'

નિયમિત બંધ ૧. પું. નક્કી કરેલ બારો.
૨. [સં. નિયમિત (નિયમ પ્રમાણે) + બંધ્ (રચવું તે)] પું. નક્કી કરેલા રાગમાં ગાઈ બજાવી તેવી કવિતા.

નિયમિત ભુજ [સં. નિયમિત (નિયમ પ્રમાણે) + ભુજ (બાજુ)] પું (ગણિત) દરેક ખૂણાવાળી આકૃતિ.

નિયમિત રાજ્યસત્તા [સં. નિયમિત (કાયદાથી બંધાયેલ) + રાજ્યસત્તા (રાજ્યનો અધિકાર)] સ્ત્રી. રાજ્યની સત્તા કાયદાથી બંધાયેલ હોય તેવું રાજ્ય; નિયમિત રાજ્યતંત્ર; 'લિમિટેડ મૉનર્કિ.'

નિયમિતા ૧. સ્ત્રી. નિયમિતતા.
મહિની દક્ષ નિયમિતા જેમની જેમ જોતી.
મજેદ્ર
૨. સ્ત્રી. (કાવ્ય) સ્વતંત્રા સામાન્યા નાયિકાનો એક ભેદ. જે સામાન્યાને પગાર કરાવી અમુક દિવસની બંધીથી રાખી હોય તેને નિયમિતા કહે છે.

નિયમી ૧. [સં. નિયમ (કાયદો) + ઈન્ (વાળું)] વિ. નિયમ પાલન કરનાર; સંયમવાળું.
૨. વિ. નિયમિત.

નિયમેતું વિ. અનાસક્ત રાગદ્વેષ વિનાનું.

નિયમેંદ્રિય [સં. નિયમ (કામ) + ઇંદ્રિય] વિ. ઇંદ્રિયો જેની કાબૂમાં હોય એવું.

નિયમેંદ્રિયવર્ધન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નિયમોપમા [સં. નિયમ (કાયદો) + ઉપમા (સરખામણી)] સ્ત્રી. (કાવ્ય) ઉપમાલંકારનો એક ભેદ.

નિયમ્ય ૧. [સં. નિ (નીચે) + યમ્ (કાબૂમાં રાખવા જેવું)] વિ. નિયમથી બાંધવા યોગ્ય; નિયમિત કરવા જેવું.
૨. વિ. નિયમમાં રહેનાર.
૩. વિ. નિયમમાં રહેવા જેવું.
૪. વિ. રોકવા યોગ્ય.
૫. વિ. વશ કરવા જેવું.
૬. અ. બાંધીને; વશ કરીને; રોકીને.

નિયલ પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

નિયંતવ્ય [સં.] વિ. નિયમમાં રાખવા જેવ.

નિયંતા ૧. પું. ઘોડો ફેરવનાર માણસ.
૨. [સં. નિ (નીચે) + યંતૃ (કાબૂમાં રાખનાર)] પું. નિયમમાં રાખનાર ઈશ્વર; પરમેશ્વર.
૩. પું. નિયામક; કારતા.
૪. પું. માલિક; ધણી.
૫. પું. રથ હાંકનાર માણસ; સારથિ.
૬. પું. રાજા.
૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વને પોતપોતાના કાર્યમાં નિયુક્ત કરે છે તેથી તે નિયંતા કહેવાય છે. વળી સર્વને નિયમપૂર્વક ચલાવનારા, સર્વનું નિર્માણ એટલે પ્રારંભ કરનારા અને નિયમરૂપી મર્યાદામાં રાખનારા પણ વિષ્ણુ હોવાથી તે નિયંતા કહેવાય છે.
૮. પું. ચિકિત્સક; હકીમ.
૯. વિ. કાર્ય ચલાવનાર; વિધાયક.
૧૦. વિ. દોરનાર.
૧૧. વિ. નિયમ બાંધનાર; કાયદા બાંધનાર; વ્યવસ્થા કરનાર.
૧૨. વિ. નિયમ બાંધી આપી સમજાવનાર.
૧૩. વિ. નિયમમાં રાખનાર; સર્વ અધિકાર ચલાવનાર; નિયમન કરનાર.

નિયંતાપણું ન. નિયમમાં રાખવાપણું.

નિયંતૃકુલ [સં. નિયંતૃ (નિયમમાં રાખનાર) + કુલ (કુટુંબ)] ન. એકની ઉપર બીજો એમ રાજ્ય ચલાવતું એક જાતું મંડળ.

નિયંતૃકુળ જુઓ નિયંતૃકુલ.

નિયંતૃત વિ. રોકેલું; કાબૂમાં રાખેલું.

નિયંતૃત્વ ૧. [સં.] ન. નિયંતાપણું.
૨. ન. નેતૃત્વ; સેનાપતિપદ.

નિયંત્રક [સં.] પું. કાબૂમાં રાખનાર; નિયામક.

નિયંત્રણ ૧. [સં.] ન. અંકુશ; કાબૂ; કાબૂ.
૨. ન. રોકાવણી.
૩. ન. નિગ્રહ; સંયમ.
૪. ન. નિયમ.
૫. ન. નિયંત્રિત કરવું તે; કાબૂમાં રાખવું તે; મર્યાદામાં રાખવું તે; નિયમન.
૬. ન. નિરોધ.
૭. ન. પ્રતિબંધ.
૮. ન. મર્યાદા.
૯. ન. શાસન.
૧૦. ન. સારથિપણું.

નિયંત્રણમુક્ત [સં. નિયંત્રણ (કાબૂ) + મુક્ત (છૂટું)] વિ. નિયંત્રણ રહિત.

નિયંત્રણમોક્ષ [સં. નિયંત્રણ (કાર્ય) + મોક્ષ (છુટકારો)] પું. બીજાના અંકુશમાંથી મુક્તિ.

નિયંત્રણા જુઓ નિયંત્રણ.

નિયંત્રવું [સં. નિ (બહાર) + યમ્ (કાબૂમાં રાખવું)] સ. ક્રિ. સંયમ રાખવો.

પ્રભુ ! બળવું તેજ તમારું,
રહ્યું શરીર નિયંત્રું હું અહાર.

સરસ્વતીચંદ્ર

નિયંત્રિત ૧. વ. અવશ્ય કર્તવ્ય.

૨. વ. (જૈન) ગમે તેવી મુશ્કીબત હોય છતાં પચ્ચખાણ ન છોડવાં તે.

૩. [સં.] વિ. અંકુશમાં રાખેલું; નિયંત્રણને પામેલું; કાબૂમાં આવેલું; તાબે, વશ; નિયંત્રણમાં હોય તેનું; નિયંત્રણમાં આવેલું કે કરેલું; પ્રતિબદ્ધ; નિયમથી બાંધેલું

૪. વિ. નિયમ કરેલ

૫. વિ નિયમન રાખતું.

નિયંત્રિત રાજશાસન [સ. નિયંત્રિત (નિયમમાં રહેલ) + રાજન્ (રાજા) + શાસન (રાજ કરવું તે)] ન. રાજકર્તાના હક અનિયમ હોય તેવું રાજતંત્ર; 'કૉન્સ્ટિટ્યૂશનલ મૉનર્કિ.'

નિયંત્રિત વેપાર પું અમુક ધ્યેય માટે મુકાતા અંકુશવાળો વેપાર. દેશના ઉદ્યોગોને સરક્ષણ આપવાના બરાબરથી, દેશોમાંથી જતા આવતા માલ ઉપર જકાત નાખીને, અથવા બીજી રીતે હરીફાઈથી થતા વેપારને નિયંત્રિત કરવામાં આવે તેને નિયંત્રિત વેપાર કે સરક્ષિત વેપાર કહેવાય છે. તેમ કરવાની અર્થનીતિને સંરક્ષણ કહે છે. આથી વિરુદ્ધ દેશદેશ વચ્ચે હરીફાઈના ધોરણ અનુસાર અબાધિત વેપાર આવે તેને અબાધિત વેપાર કે મુક્ત વેપાર કહેવાય. સરક્ષણ અમુક નક્કી કરેલા ધોરણે, અમુક સજોગોમા જ આપવામા આવે તેને મર્યાદિત સરક્ષણ કહે છે.

નિયંત્રી [સં.] સ્ત્રી નિયંત્રણ કરનારી સ્ત્રી.

નિયા સ્ત્રી. ગાડાના પૈડાના વચલા ભાગમાં આરા બેસાડેલો લાકડાનો ગોળ ભાગ.

નિયાઈ જુઓ નિઆડો; કુમારની બહેન.

નિયાગ ૧ પું. મોક્ષ; મુક્તિ.

૨. વ. (જૈન) આમત્રણ આપે લાંબી ભિક્ષા લેવી તે; નિમંત્રિત.

નિયાજ સ્ત્રી. ગરીબોને અપાતું જમણ.

નિયાઝ ૧. [ફા] સ્ત્રી. અર્પણ, ભોગ.

૨. સ્ત્રી ગરીબનું દુ ખ દાજાને વિનોદીમાંથી અમુક ભાગ નોખો કાઢવો તે.

૩. સ્ત્રી ગરીબાઈ, રંકપણું.

૪. સ્ત્રી. નમ્રતા.

૫. સ્ત્રી. પ્રાર્થના; વિનતિ; અરજ.

૬. સ્ત્રી. માન.

૭. સ્ત્રી. માનતા.

નિયાઝગી જુઓ નિયાઝ.

નિયાઝ દરગાહ સ્ત્રી. મસ્જિદ અથવા પીરની જગ્યાને અપાતી જમીન અથવા રોકડ રકમ.

નિયાઝબો સ્ત્રી. તુલસી; વનતુલસી. તે હિંદુ, સ્ત્રિષ્ત અને ઇસ્લામમાં પવિત્ર છે.

નિયાઝમંદ ૧. [ફા.] વિ. અરજદાર; પ્રાર્થના કરનાર.

૨. વિ. આભારિત.

૩. વિ. રાંક.

નિયાઝમંદી [ફા] સ્ત્રી. ગરીબાઈ.

નિયાડા ૧. [ફા.] પું. ઉચ્ચારણ.

૨. પું. ગંજ; ઢગલો.

૩. પું. ગાળવાની ઘાટી.

૪ પુ પુરુષની જનનેંદ્રિય.

૫ પુ. હાથમાં લાકડી જઈ ફરનાર ફકીર.

૬ પું હાથો

નિયાડી ૧. [ફા.] પું. મિત્ર; આશક.

૨. સ્ત્રી. અફઘાન લોકોની એ નામની એક જાત.

૩. વ. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

૫ વિ. પ્રાર્થના કરનાર.

નિયાઝે રસૂલ [અ.] ન. મહંમદ પેગંબરના નામે અપાતુ ભોજન

નિયાડ (નિયાડ) સ્ત્રી. એ નામનું હિંદુસ્તાનમાં જૂના વખતમા વસતું એક જાતનું પ્રાણી.

નિયાડા (નિયાડા) [હિ.] પું. દોહતી વખતે માલના પગે બાંધવાનું દોરડું; નોરણું.

નિયાણુસલ્લ [પ્રા] ન. જ્ઞાનમિશ્રાસના આત્મામાં ત્રણ પ્રકારનું એ નામનું એક શલ્ય એટલે વિદ્યા; ઇંદ્રાદિકની પદવી માટે સકામ તપ કરવું તે.

નિયાણી ૧. સ્ત્રી. દીકરી

૨. સ્ત્રી. ભત્રીજી.

૩. સ્ત્રી. ભાણેજ; દીકરીની દીકરી.

નિયાનું ૧ ન. ઉત્તમ કર્મની પાછળ રહેલ સ્વાર્થની ભાવના; સકામ ધર્મપ્રવૃત્તિ કરેલ શુભ કર્મનું ફળ માગી લેવું તે; મનના ફળની પ્રાપ્તિનો સકલ્પ.

૨. ન. બાલ્યજુ.

નિયાન ૧. [હિ.] પું. અંત; પરિણામ.

૨. [સં.] ન. યાગોના વધાનું સ્થાન; યોજસ્થાન.

૩. અ. અંતમાં; આખિર.

નિયાની પું. તર્કશાસ્ત્રી.

નિયાપો પું. સદેશો.

નિયાબત ૧. [અ.] સ્ત્રી. અધિકાર; સત્તા.

૨. સ્ત્રી. કારભાર.

નિયાબત કરવી = (૧) કારભાર કરવો. (૨) વકીલાત કરવી.

૩. સ્ત્રી. પ્રતિનિધિત્વ.

નિયાબતન [અ.] અ. બદલી રીતે.

નિયામ ૧. [સં.] પું. નિયમ.

૨ પું. ગાળેલા અવયવને બાંધવાનો પાટો.

૩. [ફા.] પું. મયાન; તલવારનું ઘર.

૪. પું. હળની પાછળનો હાથો.

નિયામક ૧. પું. કોઈ જાતનો સ્વામી.

૨. પું. બાતાનો ઉપરી.

૩. પું. નાવિક; સુકાની; વહાણના મધ્યસ્તંભ ઉપર બેસીને દરિયાનો રસ્તો બતાવનાર માણસ.

૪. [સં.] પું. નિયમમાં રાખનાર માણસ.

૫. પું. નિયામકસભાનો સભ્ય; 'સેનેટર.'

૬ પું. માલિક; ધણી; શેઠ.

૭. પું. રાજકર્તા.

૮. પું અવરજવ કરનાર માણસ.

૯. પું સારથિ.

૧૦. વિ. અટકાયત કરે એવું.

૧૧ વિ. બંધનકાર

૧૨. વિ. નિરસ્કાર કરનાર.

૧૩. વિ. દૂર કરનાર.

૧૪. વિ. રોકનાર

૧૫ વિ. ધોરણ બાંધનાર; નિયમ કરનાર; કાયદા બાંધનાર; અનુશાસક.

૧૬. વિ. નિયમમા ચલાવનાર; નિયંત્રક; નિયમમાં રાખનાર; નિયામત રાખનાર.

૧૭. વિ. પ્રયોજક; સંચાલક.

૧૮. વિ. મર્યાદા બાંધનાર.

૧૯. વિ. વશ કરનાર

૨૦. વિ અવરજવ કરનાર.

નિયામકગણ [સં. નિયામક (વશ કરનાર) + ગણ (સમૂહ)] પું. રસાયણમાં પારાને મારવાવાળી ઔષધિઓનો સમૂહ.

નિયામકતા [સ. નિયામક (નિયમમા રાખનાર) + તા (પણું)] સ્ત્રી. નિયામક હોવું તે; નિયમથી ચલાવવાનો ગુણ; નિયામકપણું

નિયામકમંડલ [સ. નિયામક (નિયમમાં રાખનાર) + મડલ (મડળી)] ન. શાસન કરનારું મડળ.

નિયામકમંડળી જુઓ નિયામકમંડલ

નિયામકપુત્ત [સં. નિયામક (નિયમમાં રાખનાર) + પુત્ત (કૂંડાળું)] ન. (ગણિત) એકબીજાને સ્પર્શ હોય એવી કંકુચિલ્લાની બે રૂપકૅરેખાઓના ઉદ્‌ગબિંદુનો ક્રમબદ્ધમાર્ગ; 'ડિરેક્ટ્રર સર્કલ.'

નિયામકસભા ૧. [સં. નિયામક (નિયમ કરનાર) + સભા (મંડળી)] સ્ત્રી. કાયદા બાંધનારી સભા; ધારાસભા.

૨. સ્ત્રી. વિદ્યા,પીઠનું તંત્ર ચલાવનાર સભા; 'સેનેટ.'

નિયામત ૧. સ્ત્રી. અમૂલ્ય પદાર્થ; દુર્લભ પદાર્થ.

૨. [અ. નેઅમત] સ્ત્રી. ધન; દોલત; માલ.

૩. સ્ત્રી સ્વાદિષ્ટ ભોજન; ઉત્તમ ભોજન.

૪. વિ. ઠેરવેલું; નક્કી કરેલું.

નિયામિકા [સં. નિયમ (કાયદો) + ક (વાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નિયમ કરનારી.

નિયામિકી [સં. નિયામિક (નિયમ સંબંધી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. નિયમથી ચલાવનારી.

શક્તિ છે ઈશ્વરી કેરી સર્વ વસ્તુ નિયામિકી.
સંસ્કૃત પુષ્પાંજલિ

નિયાય ૧. [સં. ન્યાય] પું. ઇન્સાફ.

નિયાયે કચારી-સભા = ઇન્સાફની અદાલત.

૨. પું. કજિયો.

નિયાયિકા સ્ત્રી. આરતીબંદ.

નિયાર ૧. [સં. ન્યાય (આવું તે)] પું. પાસ; આરો.

૨. સ્ત્રી. ખાડો.

૩. સ્ત્રી. જાડું સૂતરનું નાડું; રાંધવું

નિયારખી સ્ત્રી. ગાડામાં ભૂકિયા અને પૈડાને છૂટાં ને બરાબર રાખનાર સાધન.

નિયારા ૧. સ્ત્રી એ નામની એક કીમતી ધાતુ. સોનું, રૂપું અને બીજી ધાતુ સોબતી વખતે નીકળેલા મેલ કે રાખમાંથી આ ધાતુનો ભારોભાર અંશ મળી રહે છે.

૨. વિ. અસબંધ.

૩. વિ. અસાધારણ.

૪. વિ. એકલું.

૫. વિ. કામમાં ન હોય એવું.

૬. વિ. ખાસ; અનોખું.

૭. વિ. છૂટું પાડેલું; જુદું.

૧. નિયારા કરવું = (૧) અદલ્ય થાય એમ કરવું. (૨) કાઢી નાખવું. (૩) ખોદવું; ખોડવું. (૪) ચૂંટવું; પસંદ કરવું. (૫) ચોરવું. (૬) ચુપચાપ વું. (૭) ખોટી રેખું; તજી દેવું. (૮) જુદું પાડવું.

૨. નિયારા રહેવું = અલગ રહેવું.

૮ વિ. નહિ અડેલું.

૯. વિ. નાત બહાર કરેલું.

૧૦. વિ. નિષ્પક્ષપાતી.

૧૧. વિ. બાતલ કરેલું.

૧૨ વિ. સહીસલામત.

૧૩. વિ. સ્વતંત્ર.

નિયારિયા ૧. પું. આબકરના વખતમાં ટકાવારીનો એક અધિકારી.

૨. [હિં] પું. ચતુર માણસ; ચાલાક આદમી.

૩. પું સોનું રૂપું ગાળના પકીની રાખમાંથી સોનું રૂપું સોધનાર પૂરાધોળો; ધાતુના મેલમાંથી કીમતી ધાતુઓ શોધી કાઢનાર માણસ.

૪ વિ. સાવચેત.

નિયારે ન. અલગપણે; સ્વતંત્રપણે.

નિયાર્ઈ પું. (ફારસ) પદાર્થોનો એકબીજા સાથે પ્રયોજન વડે શક્તિના પ્રકારમાં વિના બન્ને સહવાર્ય કરવામાં આવે ત્યાં નિયાર્ય હોય છે. બહારના જ્ઞાન રહિત ને અર્થની અપ્રાપ્તિ એ આ દોષનું કારણ છે. આ દોષ અનિત્ય છે.

નિયાલ ૧. [સં. ન્યાય] પું. ઇન્સાફ; ન્યાય. નિયાલ ચૂકવવો = (૧) ઇન્સાફ આપવો. (૨) તકરારનો ફેસલો આપવો. (૩) ફરિયાદ સાંભળવી.

૨. પું. કજિયો.

૩. [સં.] પું. નિયમ; સેળભેળ થવું તે

નિયાળું વિ. જુદું; નોખું; છૂટું.

નિયુક્ત ૧. [સં.] વિ. આજ્ઞામાં રહેલ.

૨ [સં. નિ (માંહે) + યુક્ત (જોડેલ)] વિ. જોડેલું.

૩. વિ. નિમાયેલ; નીમેલું; નીમવામાં આવેલું.

૪. વિ. પ્રેરેલ, પ્રેરિત.

૫. વિ. બરાબર જોડવેલું.

૬. વિ. યોજેલું

૭ વિ રચીપચી રહેલ; પગવધ્યું.

૮. વિ. સ્થિર કરેલું.

નિયુક્તધનધારક [સં નિયુક્ત (નિમાયેલ) + ધન (નાણું) + ધારક (ધારણ કરનાર)] પું. સરકારી નોકર તરીકે ભુમ્મેદાર; સરકારી ભુમ્મેદાર; સરકારી જાસરક્ષિતા; સરકારી જમીન; નિયુક્ત-ભાસધારક; 'ઓફિશ્યલ હૂલ્ડી.'

નિયુક્તધનસંગ્રાહક [સં. નિયુક્ત (નિમાયેલ) + ધન (પૈસો) + સંગ્રાહક (એકઠું કરનાર)] પું. સરકારી વસૂલદાર; ધનધારી; ધનગ્રાહી; 'ઓફિશ્યલ રિસીવર.'

નિયુક્તન્યાસધારક જુઓ નિયુક્તધનધારક.

નિયુક્તિ [સં.] સ્ત્રી. નિયુક્ત કરવાપણું; નિમણૂક; મુકરર કરવાપણું.

નિયુત ૧. [સં. નિયુત્] પું. (વૈદિક) વાયુનો ઘોડો.

૨. સ્ત્રી. (પુરાણ) અગિયાર આંકડાની એ નામની એક કટાણી. પૃથી, વૃત્તિ, ઉદારતા, ઉમા, નિયુત, ઋષિ, ઇલા, અગ્નિશ્વા, ધરાવતી, સુધા અને દીક્ષા એ અગિયાર કટાણીઓ છે.

૩ વિ. એક લાખ; ૧૦૦૦૦૦.

૪ વિ. દસ લાખ; ૧૦૦૦૦૦૦.

એ જ અધ્યાયના ૧૯મા શ્લોકમાં વસિષ્ઠ ઋષિ એક શ્લોકમાં નિયુત (લાખ અથવા દસ લાખ, અથવા દસ હજાર કોટિ) યોજન વટાવી સૂર્ય પાસે જઈને ઊભા એમ કહે છે.

નરસિંહરાવ

૫. વિ નિયત.

૬. વિ. પ્રેરેલ.

૭. વિ. યોજેલ; જોડેલ.

૮. વિ. સુસંગત.

૯. વિ હમેશનું; કાયમનું; નિત્ય.

નિયુત્વત [સં. નિયુત્વત્] પું. વાયુ.

નિયુત્વતીય [સં.] વિ. વાયુ જેનો દેવ હોય તેવું

નિયુત્સર્પિ સ્ત્રી. (પુરાણ) શિવ નામના એક રુદ્રની એ નામની પત્ની. એનો પુત્ર પ્રાણ હતો.

નિયુત્સા [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની ઋષભદેવના વંશના પ્રસ્તાવ રાજાની એ અને વિભુ રાજાની માતાનું નામ.

નિયુદ્ધ ૧. [સં. નિ (સાથે) + યુદ્ધ (કજિયો)] ન. કુસ્તી; બાહુયુદ્ધ; મલ્લયુદ્ધ.

૨. ન. કોઈ પણ જાતની સલાહસંધિ સ્વીકારવામાં ન આવે એવું યુદ્ધ.

નિયુદ્ધકલા [સં. નિયુદ્ધ (મલ્લયુદ્ધ) + કલા] સ્ત્રી. બે,રેજ માહેની એ નામની એક કલા; મલ્લયુદ્ધવિદ્યા.

નિયુદ્ધ [સં. નિયુત (જોડેલું) + રથ] વિ. જવા માટે જોડેલા રથવાળું

નિયૂરા [કા.] વિ. સાંભળનાર.

નિયૂર્શા જુઓ નિયૂત.

નિયોક્તા ૧. [સં. નિયોક્તૃ] પું. અધિકાર; શેઠ.

૧. વિ. નિયોગ કરનાર.

૩. વિ. યોજનાર; નીમનાર.

નિયોગ ૧. [સં] પું અમલ; અધિકાર.

૨. પું. અવધારણ.

૩. પું. આજ્ઞા; હુકમ.

૪ પું. ઉપયોગ; પ્રયોગ.

૫ પું. કામધંધો; વ્યાપાર.

૬. પું. કામે લગાડવું તે.

૭ પું. ક્રિયા.

૮. પું. ક્ષેત્ર; ભૂમિ.

૯. પું. ગ્રામ.

૧૦. [સં. નિયુજ્ (જોડવું)] પું. જોડવું તે.

૧૧. પું. દેરવહુ; પોતાનો પતિ મરણ પામ્યા પછી વિધવાએ પોતાના દિયરનું ઘર માંડવું તે.

નિયોગના રિવાજ વિશે પણ ઐતિહાસિક હકીકત પૂર્વ અને પશ્ચિમના સામાજિક ઇતિહાસ દ્વારા પોતે વિસ્તારથી કહી અને છેવ આપણા સરવાળામાં ચાલતા દેરવટાની વાત પણ કરી. આ નિયોગના રિવાજમા અનુરમૂર્તિમા સંયમ ઉપર અને તેટલો ભાર મૂકવામા આવ્યો છે. હરિલાલ ત્રિવેદી

નિયોગ કરવો = દેરવહુ વાળવુ.

૧૨. પું. નિમણૂક.

૧૩. પું. નિયમ.

૧૪. પું. નિયુક્ત કર્તવ્ય.

૧૫. પું. નિયોજ્ય.

૧૬. પું. નિશ્ચય.

૧૭. પું. પ્રબલ.

૧૮. પું. પ્રેરણા; પ્રવૃત્તિ કરાવવી તે.

૧૯. પું. યોજના.

૨૦. પું. સંતાન વગરની વિધવાએ દિયર કે પાસેના સગા સાથે સંતાન માટે શાસ્ત્રોક્ત રીતે સમાગમ કરવો તે; સંગમ; નિયોજના; આપદ્ધર્મ વગેરે કરેલ સમાગમ પ્રાચીન સમયમાં કોઈ સ્ત્રીનો પતિ ન હોય અથવા તેને પોતાના પતિથી સંતાન ન થાય તો તે સ્ત્રી પોતાના દિયરથી અથવા પોતાના પતિના ગોત્રજ કોઈ પુરુષથી સંતાન ઉત્પન્ન કરાવતી હતી. અથવા વિવાહિત સ્ત્રીપુરુષને સંતાન થતા પહેલાં વૈધવ્ય અને વિધુર દશા પ્રાપ્ત થઈ હોય તો તથા તેમને આપત્કાલમાં સંતાનોત્પત્તિની આવશ્યકતા હોય તો વિધવા સ્ત્રીને બીજા પુરુષ સાથે અને વિધુર પુરુષને વિધવા સાથે નિયોગ કરવાની આજ્ઞા છે. વિધવા સ્ત્રીએ સંતાનોત્પત્તિને માટે વિધુર પુરુષ સાથે જ નિયોગ કરવો, પરંતુ કુંવારા સાથે નહિ કરવો જોઈએ, તેમ જ વિધુર પુરુષે પણ કુમારિકા સાથે લગ્ન નહિ કરતાં વિધવા સ્ત્રી સાથે જ નિયોગ કરી સંતાનોત્પત્તિ કરી લેવી જોઈએ. કલિયુગમાં નિયોગનો નિષેધ કરેલો છે. આવી રીતથી ઉત્પન્ન થયેલા પુત્રને ક્ષેત્રજ કહે છે.

૨૧. પું સંયમ; સ્નાન

૨૨. પું સૂતરની આખ્યા; અનુયોગ

૨૩. પું. હવાલો; સોંપેલું કામ; અખત્યાર.

નિયોગધર્મ [સં.] પું. નિયોગ કરવાનો આપદ્ધર્મ. જુઓ નિયોગ ૨૦.

નિયોગપદ્ધતિ [સં. નિયોગ (આપદ્ધર્મ વખતે કરેલ સંયોગ) + પદ્ધતિ (રીત)] સ્ત્રી. મહાભારતકાલમાં પ્રચલિત પાંચ પ્રકાર માહેની એ નામની એક વિવાહપદ્ધતિ. તેમાં અમુક સમયને માટે જ વિવાહ સંબંધ થતો એકાદ બે સંતાન ઉત્પન્ન થતાં સુધીની જ આ પદ્ધતિમા મર્યાદા હતી. એક જ વર્ષમાં સંતાન થઈ જાય તો એક જ વર્ષ પછી સમસંબંધ પૂરો થતો. પ્રાચીન આર્યોમાં આ પ્રથા હતી, અત્યારે નથી.

નિયોગપ્રયોજન [સં. નિયોગ (સોંપવા કામ) + પ્રયોજન (કારણ)] ન. નીમેલા કામનું પ્રયોજન; નીમવા કાર્યનું કારણ.

નિયોગવિધિ [સં. નિયોગ (કામ સોંપવું તે) + વિધિ] સ્ત્રી. યોજનાની વિધિ; અધિકાર સોંપવાની વિધિ.

નિયોગશુલ્ક [સં. નિયોગ (સોંપેલ કામ) + શુલ્ક (કીમત)] ન. આનું સૂત્રી.

નિયોગશૂન્ય [સં. નિયોગ (સોંપાયેલ કામ) + શૂન્ય (વગરનું)] વિ. સોંપાયેલા કામ વગરનું.

અજ્ઞાનને લીધે લોકોમાં જે ઘોર આવે છે તેની ફેલાવાને પૂરેપૂરી માહિતી છે: અરજસ્યતા, નિયોગશૂન્ય અવકાશ, ગંભીર ધર્માચરણની અશક્તિ વગેરે. મણિલાલ દલપત

નિયોગસંપદ [સં. નિયોગ (નિશ્ચય) + સમ્ (સાથે) + પદ્ (પડવું)] ન. હુકમનો મુસ્તાક્ષે અમલ કરાવવો તે.

નિયોગી ૧. [સં નિયોજિન્] પું. અમુક કામ માટે નિમાયેલો અમલદાર.

૨. વિ. અધિકાર સોંપનાર.

૩. વિ. કોઈ સ્ત્રી સાથે નિયોગ કરનાર.

૪. વિ. જોડનાર.

૫. વિ. નિમણૂક કરનાર.

૬. વિ. યોજનાર.

૭. વિ. અવસ્થાપક.

૮. વિ. હરકોઈ કામમાં જોડાયેલ; કામ ઉપર નિમાયેલ.

નિયોગીવર્ગ [સં. નિયોજિન્ (અવસ્થાપક) + વર્ગ (મંડળ)] પું. પ્રચારક મંડળ.

નિયોજ્ય ૧. [સં.] પું. પ્રભુ.

૨. પું. માલિક.

૩. પું. યોજના કરવા સમર્થ.

નિયોજક ૧. [સં.] પું. માલિક; શેઠ.

૨. વિ. મુકરર કરનાર.

૩. વિ. યોજનાર; કામે લગાડનાર.

નિયોજન ૧. [સં.] ન. ઉપદેશ કરવો તે.

૨. ન. ઐક્ય; એકતા.

૩ ન. કોઈ કામમાં યોજવું, મુકરર કરવું તે.

૪ ન. ધારણ; રાખવું તે.

૫ ન. નિમણૂક.

૬ ન. નોકરી; ચાકરી

૭. ન. હુકમ કરવો તે.

નિયોજનક જુઓ નિયોજન.

નિયોજનીય જુઓ નિયોજ્ય.

નિયોજિત ૧. [સં.] વિ. ઉપદેશ કરેલ.

૨. [સં. નિ (નિશ્ચયપૂર્વક) + યુજ્ (જોડવું)] વિ. નિમાયેલ; નિયુક્ત કરેલ.

૩. વિ. નિયોગ કરનાર.

૪. વિ. હુકમ કરેલું.

નિયોજ્ય ૧. [સં.] વિ. કામ સોંપવા જેવું.

૨. વિ. ઓઢવવા લાયક.

નિયોઢા ૧. [સં. નિયોઢ] પું. દુલ્હો.

૨. પું. મહત્ત્વ પોતાનો; પહેલવાન.

૩. વિ. મહત્ત્વપૂર્ણ કરનાર; આહુપુર્ણ કરનારાં પહેલવાન.

નિયોઢુકામ [સં. નિ (સાથે) + વોઢુમ્ (લગ્નને) + કામ (ઇચ્છવાળું)] વિ. આહુપુર્ણ કરવા ઇચ્છનાર; મહત્ત્વપૂર્ણ કરવાની ઇચ્છાવાળું.

નિયોઢૃક [સં] વિ. આહુપુર્ણ કરનાર; મહત્ત્વપૂર્ણ કરનાર.

નિયોન પું. વાતાવરણમાંનો એ નામનો એક વાયુ.

નિય્યત ૧. સ્ત્રી. ઇરાદો; ધારણા.

૨. સ્ત્રી. ધાર્મિક કાર્ય કરવાની કબૂલત.

નિર્ [સં.] અ. વિનાનું, થી મુક્ત, અભાવ એવા અર્થવાળો ઉપસર્ગ

નિરક્ષ ૧. [સં. નિર્ (વગરનું) + અક્ષ (અક્ષાંશ)] પું. જ્યાં રાત્રિમાન તથા દિનમાન સરખું હોય તેવો દેશ.

૨. વિ. અક્ષાંશ રહિત; શૂન્ય અક્ષાંશવાળું; વિષુવવૃત્ત ઉપરનું.

નિરક્ષગોલ પું. ક્ષેમ જ્યા ધ્રુવ ઉપરથી જોનારને ગોળની જગ્યા કે જેમાં દરરોજની ગતિના વૃત્ત દક્ષિણવાહાની સમાંતરે આવે તે ગોળાની જગ્યા.

નિરક્ષણ [સં નિરીક્ષણ] ન. જોવું તે

નિરક્ષદેશ [સં નિર્ (વગરનું) + અક્ષ (અક્ષાગ્ર) + દેશ] પું. ભૂમધ્યરેખાની આસપાસનો પ્રદેશ; જ્યાં અક્ષરાગ્રવાળું સ્થળ, વિષુવવૃત્ત ઉપર આવેલું સ્થળ, ત્યા દિવસ અને રાત સરખાં હોય છે. પૂર્વમાં ભદ્રાશ્વવર્ષ અને મનકોટિ, દક્ષિણમાં ભારતવર્ષ અને લકા; પશ્ચિમમાં કેતુમાલવર્ષ, રોમક, ઉજ્જયિની અને સિદ્ધપુરીને નિરક્ષદેશ કહેવામા આવે છે.

નિરક્ષર ૧. [સં. નિર્ (વગરનું) + અક્ષર] વિ. અક્ષરશૂન્ય.
૨. [સં. નિર્ (વગરનું) + અક્ષર (જ્ઞાન)] વિ. અભણ; ભણતાં ગણતાં ન આવડે એવું. અક્ષરજ્ઞાન વગરનું
૩. વિ. મૂર્ખ
નિરક્ષર ભટ્ટાચાર્ય = પંડિત અનેક મૂર્ખ.

નિરક્ષરતા ૧. [સ. નિર્ (વગરનું) + અક્ષર (જ્ઞાન) + તા (પણું)] સ્ત્રી. અક્ષરજ્ઞાનનો અભાવ; અભણપણું.
૨. સ્ત્રી. મૂર્ખાઈ

નિરક્ષરદાસ [સં. નિરક્ષર (અભણ) + દાસ (સેવક)] પું. અભણ માણસ.

નિરક્ષરપણું જુઓ નિરક્ષરતા.

નિરક્ષરી વિ. અક્ષર વગરનું. જેમકે, નિરક્ષરી ભેજાવણી.

નિરક્ષરેખા [સં. નિર્ (વગરનું) + અક્ષ (અક્ષાગ્ર) + રેખા (લીટી)] સ્ત્રી. નાડીમંડલ; નિરક્ષદેશ; ક્રાંતિવૃત્ત.

નિરક્ષવૃત્ત જુઓ નિરક્ષરેખા.

નિરખ ૧. પું. તપાસ; પરીક્ષા.
૨. પું. દૃષ્ટિ
૩. [અ. નિર્ખ (ભાવ)] પું. નક્કી કરેલ બજારભાવ; મુકરર ભાવ.

નિરખણ [સં નિરીક્ષણ] ન. જોવું તે; બારીકાઈથી તપાસવું તે.

નિરખાવવું ૧. સ. ક્રિ. ધ્યાનપૂર્વક જોવરાવવું; બરાબર જોવરાવવું, નીરખવાની ક્રિયા કરાવવી.
૨. સ ક્રિ. પરીક્ષા કરાવવી

નિરગાનારુ ન પાણીમાં ઊગતી એક જાતની વનસ્પતિ

નિરગુણ [સં. નિર્ગુણ] વિ. (હિંદી) જેમાં ગુણ ન હોય એવું; અવગુણી

નિરગુંડી ૧. સ્ત્રી એક જાતની ઔષધિ.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ; નગોડ.

નિરગ્નિ ૧. [સં નિર્ (વગરનું) + અગ્નિ (દેવતા)] વિ. અગ્નિ વગરનું; અગ્નિ ન કરનાર.
ન વાંઝી કૂલ કમોનાં કરે જે કર્મ કર્મી જે; તે યોગી, તે જ સંન્યાસી, ના નિરગ્નિ ન અક્રિય. નાનાશાસ્ત્ર
૨. વિ. અગ્નિહોત્ર ન કરનાર; શ્રૌત અને સ્માર્ત વિધિ અનુસાર અગ્નિ કર્મ ન કરનાર.

નિરગ્ર [સં. નિર્ (વગરનું) + અગ્ર (શીર્ષ)] સ્ત્રી એક જાતની સુંવાળી જ આમાકાર લાંબી જખાની પહતિ ''ાલ્ય આર્યભટ અને ભાસ્કરાચાર્યની આ પદ્ધતિ હતી.

નિરચૂ [ક્રિ.] વિ. નિશ્ચિત.

નિરચ્છ [ક્રિ.] વિ. આંખ વિનાનું; આખળું.

નિરજોસ ૧ [સં નિર્વોસ] પું. નિરોહ.
૨. પું. નિર્બંધ.

નિરજોસી ૧. વિ. નિરોહ કરનાર.
૨. વિ. નિર્બંધ કરનાર.

નિરત ૧. પું. પ્રકાર.
૨. [ક્રિ.] પું. નામ; જૂત.
૩. સ્ત્રી એક; દિલગીરી.
૪. વિ. અનુરક્ત; આસક્ત.
૫. વિ. આનંદી; ખુશી.
૬. [સં. નિ (માંહે) + રત (તલ્લીન)] વિ. લીન; મશગૂલ; મગ્ન.

નિરતા [પ્રા.] સ્ત્રી. તોય.
નિરતા વહઇ નાલિયાઇ. કાન્હડદેપ્રબંધ

નિરતિ ૧. [સં. નિ (બહાર) + રતિ (પ્રેમ)] સ્ત્રી. અત્યંત રતિ; અધિક પ્રીતિ.
૨. સ્ત્રી. આનંદ.
૩. સ્ત્રી. આસક્તિ; લગની.
૪ સ્ત્રી અમર.
૫. સ્ત્રી. તલ્લીનતા.
૬ સ્ત્રી. પરમસુખ.
૭. સ્ત્રી. પ્રેમ.
૮. સ્ત્રી. લીન હોવાનો ભાવ.
૯. વિ. ચોખ્ખું.

નિરતિચાર ૧ પું. (જૈન) પડેલા અને ઉભેલા તીર્થંકરના ચબતમાં અતિચાર લાગ્યા વિના સામાયિક ચારિત્ર જોડી; આરોપણામાં આવતું બીજું ચારિત્ર
૨. [સં. નિર્ (વગરનું) + અતિચાર (નિયમના ભંગનો દોષ)] વિ. (જૈન) અતિચાર દોષ રહિત.
૩. ન. દોષ લાગ્યા વગર.

નિરતિશય ૧. પું. પરમેશ્વર.
૨. પું. વિનાશનો અભાવ
૩. વિ. (જૈન) કેવળજ્ઞાન આદિના અતિશય રહિત.
૪. [સં. નિર્ (બહાર) + અતિશય (ચડિયાતું)] વિ જેથી ચડિયાતું જોવાથી ચડિયાતું ન હોય તેવું; ઉત્તમ કોટિનું.

નિરતિશયોક્ત [સં.] વિ. અતિશયોક્તિ વગરનું; બરોબર હોય તેવું.

નિરર્થ [સં. નિર્ (વગરનું) + અર્થ (સાર)] વિ. સાર વિનાનું; સત્ત્વ વગરનું; અસાર.

નિરલિ સ્ત્રી. એક જાતની મહોન્મત્ત સ્ત્રી. શ્રાવણલક્ષ્મી, ભાદ્રપદલક્ષ્મી, સ્વરસ્પા, રસ્યમાલિની, અંબા, દુલા, નિરલિ, અભ્રમતી, મેઘનિશ્ન, વર્ષંતી, ચિલુચિલ્લ અને વારિધારા એ બાર વર્ષા સમયની મહોન્મત્ત સ્ત્રીઓ છે.

નિરવ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નિરવ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, નગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.
૨. પું. મેઘ.
૩. ન મન; અંતઃકરણ; હૈયું.

નિરવળવું [સં. નિર્ (બહાર) + કૃષ્ (ચીરવું)] સ. ક્રિ. નાશ પમાડવું; રગદોળવું.

નિરવ [સં. નિર્ (વગર) + ભય (હરપ)] વિ. કયા વગર; ડાધુ હૈયે.

નિરવદ્યોખી વિ. બેઅસર; નિર્દોષ.

નિરવધિવું વિ. બળી વગરનું; માલિક વગરનું; ન વારસુ.

નિરવા ૧. પું. નિશ્ચય. જુઓ નિર્ધાર.
૨. અ. નક્કી.

નિરવાતુ [સં નિર (વગરનું) + ધાતુ (વીર્ય)] વિ. વીર્યહીન; શક્તિહીન અને શક્ત.

નિરવાર ૧. [સં. નિર્ધાર] પું. નક્કી કરવાનું કાર્ય.
૨. પું. નિશ્ચય; નિર્ણય; નિર્ધાર.
૩. અ. નક્કી, નિશ્ચે; ચોક્કસ

નિરવારણ [સં. નિર્ધારણ] ન. નક્કી કરવું તે.

નિરવારવું ૧. [સં. નિર્ધારય્] સ. ક્રિ. નિશ્ચય કરવો; નક્કી કરવું; નિર્ધારવું.
૨. સ. ક્રિ. સમજવું; મનમા ધારણ કરવું.

નિરવ્વ [સં. નિર્ (બહાર) + અધ્વન્ (માર્ગ)] વિ. માર્ગમાથી નીકળેલ; માર્ગ ભોળગી ગયેલ.

નિરનિરાળું વિ. જુદું જુદું; અલગ અલગ.

નિરનુકંપ [સં. નિર્ (વગરનું) + અનુકમ્પા (દયા)] વિ. દયા વગરનું; નિર્દય.

નિરનુકોશ વિ. દયા વગરનું.

નિરનુતાપ વિ. પશ્ચાત્તાપ રહિત.

નિરનુતાપી [સ. નિરનુતાપિન્] વિ. પશ્ચાત્તાપ ન કરનાર.

નિરનુનાસિક [સં. નિર્ (વગરનું) + અનુનાસિક (નાકમાંથી ઉચ્ચારાતું)] વિ અનુનાસિક (એવું, અનુનાસિક વગરનું.

નિરનુબંધ [સં.] પું. અર્થનો એક ભેદ; કંઈ ને અનુબંધથી કોઈ ઉદાસીનનો અર્થ સિદ્ધ કરવો તે.

નિરનુભવપ્રાપ્યસિદ્ધતા [સં. નિર્ (વગરનું) + અનુભવ (પ્રત્યક્ષ જ્ઞાન) + પ્રાપ્ય (મેળવવા જેવું) + સિદ્ધ (સાબિત) + તા (પણું)] સ્ત્રી. ભૂત માત્રથી મેળવાય એવી સિદ્ધતા.

નિરનુયોજ્યાનુયોગ [સં.] પું. (જૈન) જે નામનું એક નિગ્રહસ્થાન. નિગ્રહસ્થાનથી રહિત પ્રતિવાદી વિષે જે નિગ્રહસ્થાનનું કથન તે નિરનુયોજ્યાનુયોગ કહેવાય છે.

નિરનુસ્વાર [સં. નિર્ (વગરનું) + અનુસ્વાર (અનુનાસિક વર્ણ)] વિ અનુસ્વાર વગરનું.

નિરને [સં. નિર્ણય] પું. નિશ્ચય; નક્કી કરવું તે.

નિરનેપત્ર [સં. નિર્ણય (નિશ્ચય) + પત્ર (કાગળ)] પું. કરાર.

નિરનૈ જુઓ નિરને.

નિરન્ન વિ. [સં. નિર્ (વગરનું) + અન્ન (ખોરાક)] વિ. અન્ન વગર રહેનાર.
૨. વિ. અન્ન વગરનું; ભૂખ્યું; નિરાહાર; જેણે અન્ન ન ખાધું હોય એવું.

નિરન્વય વિ. [સં. નિર્ (વગરનું) + અન્વય (સમન્વય)] વિ. (વ્યાકરણ) અન્વય વિના પણ અર્થ બતાવી શકે તેવું. શબ્દ માટે આ વિશેષણ વપરાય છે.
૨. વિ કોઈ પણ પ્રકારે પ્રાપ્ત ન હોય એવું; સમૂળું.
૩. વિ. વંશ વિનાનું.
૪. વિ. સમ્બંધ વગરનું.

નિરન્વયધ્વંસ [સં. નિરન્વય (સમૂળું) + ધ્વંસ (નાશ)] પું. લોપ; પ્રલય; વિનાશ.

નિરન્વયનાશ જુઓ નિરન્વયધ્વંસ.

નિરન્વયવિનાશી [સં. નિરન્વય (કોઈ પણ ભાગો રહ્યા વગરનું) + વિનાશિન્ (નાશ પામનાર)] વિ. ક્ષણધ્વંસી; તદ્દન નષ્ટ થતું.

નિરપ [સં. નિર્ (વગરનું) + અપ્ (પાણી)] વિ. પાણી વગરનું; નિર્જળ.

નિરપકારી વિ. [સં. નિર્ (વગરનું) + અપ (ખરાબ) + કાર (કામ) + ઇન્ (વાળું)] વિ. અપકાર વિનાનું.
૨. વિ. નિર્દોષ.

નિરપકારીપણું ન. નિર્દોષપણું; બીજાને નુકસાન ન કરવાનો સ્વભાવ.

નિરપણ વિ. ન. કોતરામણ.
૨. ન. કોલાણ.

નિરપત્ય [સં. નિર્ (વગરનું) + અપત્ય (સંતાન)] વિ. સંતાન વિનાનું; ઓલાદ વિનાનું; વાંઝિયું.

નિરપત્યતા [સં નિરપત્ય (વાંઝિયું) + તા (પણું)] સ્ત્રી. સંતતિ રહિત હોવાપણું; વાઝિયાપણું.

નિરપત્રપ [સં.] વિ. નિર્લજ્જ; બેશરમ.

નિરપરાધ જુઓ નિરપરાધી.

નિરપરાધિતા [સં. નિર્ (વગરનું) + અપરાધ (ગુનો) + તા (પણું)] સ્ત્રી. નિર્દોષ હોવાપણું.

નિરપરાધી [સં. નિર્ (વગરનું) + અપરાધ (ગુનો) + ઇન (વાળું)] વિ. અપરાધ વિનાનું; નિર્દોષ, બેકસૂર.

નિરપરાધીપણું જુઓ નિરપરાધિતા.

નિરપલાઈ સ્ત્રી. અટકચાળી રેખ; અટકચાળાપણું; અડપલાઈ

નિરપલાપ વિ. કોઈની વાત બીજાને નહિ કહેનાર.

નિરપહું વિ. અટકચાળું.

નિરપવર્ત્ત ૧. પું. (ગણિત) દૂરકાજક; જેમાં કાજકથી કાપવામાં આવે તે.
૨. [સં. નિર્ (નહિ) + અપવર્ત્ત (પાછું ફરવું)] પું. પાછું નહિ ફરવું તે.

નિરપવાદ ૧. [સં. નિર્ (વગરનું) + અપવાદ (નિયમ લાગુ ન પાડવાપણું)] વિ. અપવાદ વગરનું; અપવાદરહિત; પૂરેપૂરું.
૨. વિ. જેનું કોઈ બૂરું ન બોલે એવું.
૩. [હિં] વિ. નિર્દોષ.

નિરપાય ૧. વિ. બોખ્યું; ઉપયોગ કરવા લાયક.
૨. વિ. દોષ રહિત.
૩. [સં. નિર્ (વગરનું) + અપાય (ત્રિય)] વિ. ત્રિય વગરનું.
૪. વિ. વિનાશ રહિત.

નિરપેક્ષ ૧. પું. અનાદર.
૨ પું અવહેલના.
૩. [સં. નિર્ (વગરનું) + અપેક્ષા (ઇચ્છા)] વિ. અનપેક્ષ; અપેક્ષા રહિત; ઇચ્છા વગરનું; નિઃસ્પૃહ; બેપરવા.
૪. વિ. અલગ; તટસ્થ.
૫. વિ. પરના પ્રાણ બચાવવામાં બેદરકાર.
૬. વિ સ્વતંત્ર; પોતાની મેળે નહિ એવું; 'એબ્સોલ્યૂટ.'

નિરપેક્ષજ્ઞાન [સં. નિર્ (વગરનું) + અપેક્ષા (ઇચ્છા) + જ્ઞાન (સમજ)] ન. અંતર્જ્ઞાન; આત્મબોધ.

નિરપેક્ષતા [સં. નિર્ (વગરનું) + અપેક્ષા (ઇચ્છા) + તા (પણું)] સ્ત્રી. સ્વતંત્રતા; અપેક્ષાનો અભાવ; નિરપેક્ષપણું; અપેક્ષારહિતપણું; અપેક્ષિત નહિ તેવું હોવાપણું.

નિરપેક્ષતાવાદ [સં. નિરપેક્ષ (સ્વતંત્ર) + તા (પણું) + વાદ (મત)] પું. કૈવલ્યવાદ; અદ્વૈતવાદ.

નિરપેક્ષદોષ [સં. નિરપેક્ષ (ઇચ્છા વગરનું) + દોષ (ખામી)] પું. (જૈન) સામાયિકમાં વચનના દસ મોટામાં જે નામનો એક દોષ. સામાયિકમાં શ્રાવકની દરકાર વિના વાક્ય બોલે તે નિરપેક્ષદોષ કહેવાય છે.

નિરપેક્ષદ્રવ્ય ન. (જૈન) આત્મા.
સામાન્ય બોધરૂપ નિરપેક્ષદ્રવ્ય તે જ્ઞાનદર્શનનો આશ્રય છે. નિયમસાર પા પ્રવચને

નિરપેક્ષપણું જુઓ નિરપેક્ષતા.

નિરપેક્ષ પરિક્ષાંતિ સ્ત્રી. (જૈન) પર્વાંતનું સ્વાભાવિક પરિક્ષમન.

નિરપેક્ષપર્યાય સ્ત્રી. (જૈન) ધ્રુવરૂપ ભાવ.

નિરપેક્ષવાક્ય ન. નિરન્વયનિર્દેશ; શુદ્ધ વિધાન; અબાધિત એટલે સ્વતંત્ર દરખાસ્ત. નિરપેક્ષ વાક્યમાં જે હકીકત નિર્દેશ કરી હોય તેને બીજા કશાની અપેક્ષા ન હોય.

નિરપેક્ષ શૂન્યાંક ન. જે પ્રકારની ગતિ ઉષ્ણતાનું જ્ઞાન ઉપજાવે છે, તેવી ગતિ મુદ્દલ ન હોય તેવી સ્થિતિ.

નિરપેક્ષસંખ્યા સ્ત્રી. અમૂર્ત સંખ્યા.

નિરપેક્ષા ૧. [સં. નિર્ (વગરનું) + અપેક્ષા (ઇચ્છા)] સ્ત્રી. ઇચ્છારહિતપણું; અપેક્ષાનો અભાવ; નિઃસ્પૃહા.
૨. સ્ત્રી. નિરાશા.
૩. સ્ત્રી. પરવા ન કરવી તે; અવજ્ઞા.

નિરપેક્ષિત [સં. નિર્ (વગરનું) + અપેક્ષિત (ઇચ્છવાળું)] વિ. જેની અપેક્ષા ન રાખી હોય એવું; અપેક્ષિત નહિ એવું

નિરપેક્ષી [સં. નિરપેક્ષિન્] વિ. અપેક્ષા નહિ રાખનાર; નિરપેક્ષ

નિરબારુ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

નિરભય [હિં.] વિ. નિર્ભય.

નિરજાર [હિં.] જિ. નિર્જર.

નિરજાર [સં. નિર્ (વગરનું) + જાર (ખોળે)] જિ. જારથી મુક્ત; ખોળા વગરનું.

નિરજિગ્રહ [સં. નિર્ (નહિ) + અજિગ્રહ] જિ. અજિગ્રહ રહિત.

નિરજિમાન ૧. [સં. નિર્ (વગરનું) + અજિમાન (મદ)] ન. અજિમાનનો અભાવ.
૨. જિ. અજિમાન વગરનું.

નિરજિમાનપણું ન. અજિમાની ન હોવાપણું.

નિરજિમાનિતા [સં.] જી. નિરજિમાનપણું.

નિરજિમાની [સં. નિર્ (વગરનું) + અજિમાન (ગર્વ) + ઇન્ (વાળું)] જિ. અજિમાન વગરનું.

નિરજિમાનીપણું જુઓ નિરજિમાનપણું.

નિરજિરામ ૧. જિ. અતિ સુંદર.
૨. [સં. નિર્ (નહિ) + અજિરામ (સુંદર)] જિ. અસુંદર; ઉત્તમ નહિ તેવું.

નિરજિલાપ્ય [સં. નિર્ (નહિ) + અજિલપ્ (બોલવું) + ય (જોગુ)] જિ. અનિર્વચનીય; વાણીથી બતાવી ન શકાય એવું.

નિરજિલાષ [સં. નિર્ (વગરનું) + અજિલાષ (ઇચ્છા)] જિ. ઇચ્છા વગરનું.

નિરજીક જિ. (જૂ. ગુ.) નિર્જન.

નિરજો [સં. નિર્જન] જિ. જન વગરનું; નીરવ.

નિરજોળ જિ. વિશુદ્ધ; ચોખ્ખું.

નિરજા [સં. નિર્ (વગરનું) + અજા (બાકળું)] જિ. બાકળા વગરનું; ભેળસેળ.

નિરઅજ [સં.] ન. અત્યંત અનુરાગ; ઘણો જ પ્રેમ; નિયત રાગ.

નિરઅમ [સં. નિર્ (વગરનું) + અમ (મારું)] જિ. મમ ન કહેનાર; મારું મારું ન કહેનાર.

નિરઅલ [સં. નિર્મલ] જિ. નિર્મળ.

નિરઅલી ૧. [હિં.] જી. એ નામનું એક ઝાડ; નિર્મલી. તે બંગાળ, મધ્ય હિંદ, દક્ષિણ હિંદ અને બ્રહ્મદેશમાં થાય છે.
૨. [સં. નિર્ (વગરનું) + અલ (કચરો) + ઇન્ (વાળું)] જિ. જી. નિર્મળી; મળ વગરની.

નિરઅમવું ૧. [સં. નિર્મા (સર્જવું)] સ. ક્રિ. રચવું; નિર્માણ કરવું.
૨. સ. ક્રિ. નક્કી કરવું; ઠેરવવું.

નિરઅસાર [હિં.] પું. પંજાબમાં થતી એ નામની એક ઔષધિ. તે અફીણના ઝેરની અસર દૂર કરનાર મનાય છે.

નિરઅળી જુઓ નિરમલી.

નિરઅાન [હિં.] ન. નિર્માણ.

નિરઅાની જિ. નમ; માન વગરનું; ગર્વ વગરનું.

નિરઅાયલ [સં. નિર્માલ્ય] પું. (હિંદી) દેવને ચઢાવેલી વસ્તુ; નિર્માલ્ય.

નિરઅાવવું [સં નિર્મા (સર્જવું)] સ. ક્રિ. નિર્માણ કરવું.

નિરઅાળ જિ. નિર્માલ્ય; માન વગરનું.

નિરઋિત્ર ૧. [સં.] પું. (પુરાણ) અંદમણી પુરુકુત્સોત્પન્ન જરાસંધ વંશના અનુતાપનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ સુનક્ષત્ર હતું.
૨. પું. (પુરાણ) ત્રિગર્ત દેશનો એ નામનો એક રાજા. એને સહદેવે માર્યો હતો.
૩. પું (પુરાણ) નકુલનો કરેણુમતીની કુખે થયેલો એ નામનો પુત્ર.
૪. પું. (પુરાણ) ભૂમન્યુ વસુનો એ નામનો એક રાજા.
૫. [સં નિર્ (વગરનું) + અમિત્ર (દુશ્મન)] જિ. શત્રુ વગરનું

નિરઋમૂલ [સં. નિર્ (વગરનું) + મૂલ (મૂળિયું)] જિ. (હિંદી) નિર્મૂળ; મૂળ વગરનું.

નિરઓલ ૧. [હિં.] જિ. અમૂલખ; અણમોલ.
૨. જિ. ઐશ.

નિરઓહી [હિં.] જિ. નિર્મોહી.

નિરય ૧. [સં.] પું. નરક; ઘોરખ્વા; પાપનાં ફળ ભોગવવાનું સ્થાન.
૨. પું. નરકનો જીવ; નારકી.

નિરયગતિ [સં.] જી. નરકગતિ.

નિરયગામી [સં. નિરયગામિન્] જિ. નરકમાં જનાર.

નિરયગોચર પું નરકમાં રહેનાર જીવ; નારકી.

નિરયન ૧. [હિં.] પું. (જ્યોતિષ) અયન વગરની ગણતરી; જ્યોતિષમાં ગણનાની એક રીત. સૂર્ય રાશિચક્રમા નિરંતર ફર્યા કરે છે. તેનું એક ચક્કર પૂરું થવાને એક વર્ષ લાગે છે. જ્યોતિષીની ગણતરીમાં સૂર્યના ભ્રમણનું આરંભસ્થાન નક્કી કરવાનું આવશ્યક છે. સૂર્યના માર્ગમા જે સ્થાન એવા પડે છે કે જેના ઉપર તેના આવવાથી રાત અને દિવસ બરાબર થાય છે. આ જે સ્થાનમાથી કોઈ સ્થાનથી ભ્રમણનો આરંભ માની શકાય છે. પણ વિષુવરેખાના જે સ્થાન ઉપર સૂર્યના આવવાથી દિનમાનની વૃદ્ધિ થવા લાગે છે તેને વાસંતિક વિષુવપદ કહે છે. આ સ્થાનથી આરંભ કરીને સૂર્યમાર્ગને ૩૬૦ અંશમાં વિભક્ત કરે છે. પ્રથમ ૩૦ અંશોને મેષ, દ્વિતીયને વૃષ ઇત્યાદિ માની રાશિ વિભાગ દ્વારા જે ગ્રહકુટ અને ગ્રહકુટ ગણના કરવામાં આવે છે તેને સાયન ગણના કહે છે. પરંતુ ગણનાની એક બીજી રીતિ પણ છે, જે બહુ પ્રચલિત છે. જ્યોતિષગણનાના આરંભકાળમાં મેષ રાશિમાં રહેલ અશ્વિની નક્ષત્રમાં આરંભમાં દિન અને રાત્રિમાન બરાબર સ્થિર હતાં. પરંતુ નક્ષત્રગણ ખસતા જાય છે. આથી ૬૨ વર્ષે અશ્વિની નક્ષત્ર વિષુવરેખાથી જ્યાં બસે લાથી રાશિચક્રનો આરંભ અને વર્ષનો પ્રથમ દિન માનીને જે ગ્રહકુટ ગણના કરવામાં આવે છે, તેને નિરયણ ગણના કહે છે. ભારતવર્ષમાં મોટે ભાગે નિરયણ ગણના અનુસાર પંચાંગ બનાવવામાં આવે છે. જ્યોતિષીઓમાં સાયન અને નિરયણ એમ બે પક્ષ ઘણા વખતથી ચાલ્યા આવે છે. ઘણા વિદ્વાનોનો મત એવો છે કે સાયન મત જ ઠીક છે
૨. [સં. નિર્ (બહાર) + અયન (જવું તે)] ન. નીકળવાનો ઉપાય.

નિરયન ૧. પું (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.
૨. જિ. અયન ગતિ હિસાબમાં લીધા વગરનું; અયનચલનને ગણતરીમાં ન લેતું.

નિરયનવર્ષ [સં. નિરયન (અયન વગરનું) + વર્ષ] ન. સૂર્ય અમુક તારા આગળ હોય ત્યાંથી ફરીને તે જ તારા આગળ પાછો આવે ત્યાસુધીનો સમય. નિરયન વર્ષ અને સાયન વર્ષ વચ્ચે ૨૦ મિનિટનો ફેર આવે છે.

નિરયપાલ [સં. નિરય (નરક) + પાલ (પાળનાર)] પું. નરકને પાળનાર પરમાધામી.

નિરયાવાસ પું. નરકાવાસો; નરકનો નિવાસ.

નિરર્ગલ ૧. [સં.] જિ. અપાર; પુષ્કળ; અનર્ગળ.
૨. જિ. પ્રતિબંધ રહિત; સ્વતંત્ર; નિર્બાધ; કમાટ વગરનું; અંકુશ વિનાનું.

નિરર્ગળ જુઓ નિરર્ગલ.

નિરર્થ ૧. [સં. નિર્ (વગરનું) + અર્થ (સમજ)] જિ. અર્થહીન.
૨. જિ. નકામું; નિષ્ફળ.
૩. જિ. બિનજરૂરી.

નિરર્થક ૧. [સં. નિર્ (વગરનું) + અર્થ (સમજ) + ક (વાળું)] પું. (ન્યાય) એ નામનું એક નિગ્રહસ્થાન. નિરર્થક એ નિગ્રહસ્થાનનો અર્થ એવો છે કે, પ્રતિજ્ઞાનાર્થ સાથે જેને કોઈ સંબંધ નહિ એવી જ નકામી

વાત કહેવી તે નિરર્થક છે પામરો એ હેત્વાભાસ ત્યાં માને છે કે જ્યાં બે વાતોનું સમકાલીનત્વ કે આનુપૂર્વીકત્વ હોય પણ તેમનો કાર્યકારણરૂપ કે બીજો સંબંધ ન હોય છતાં તેમને કાર્યકારણ ઠરાવવામાં આવે. કોઈ માણસ થાય કે ધૂમકેતુ દેખાય અને તે પછી કે તેવામાં દુકાળ પડે તો તે દુકાળનું કારણ એ માણસ અથવા એ ધૂમકેતુને માનવો એ નિરર્થક છે.

૨ વ. (કાવ્ય) એક જાતનો કાવ્યદોષ.

૩. વ. (વેદાંત) કોઈ પણ અર્થનો બોધક ન હોય તેવા શબ્દનો પ્રયોગ.

૪. વિ. અર્થહીન; અર્થશૂન્ય.

૫. વિ નિષ્પ્રયોજન; કારણ વગરનું.

૬. વિ. નિષ્ફળ.

૭. વિ નિરુપજરી.

૮. વિ. વ્યર્થ; નકામું.

નિરર્થકતા [સં. નિરર્થક (નકામું) + તા (પણું)] સ્ત્રી. અર્થશૂન્યતા; નિરર્થક હોવાપણું.

નિરર્થકદોષ [સં.] પું. એક પ્રકારનો પદદોષ.

નિરર્થક નિગ્રહસ્થાન જુઓ નિરર્થક ૧.

નિરર્બુદ [સં.] વ. એ નામનું એક નરક.

નિરર્બુદ જુઓ નિરર્બુદ.

નિરલક્ષ [સં. નિર્ (વગરનું) + અલક્ષ (આળસુ)] વિ. ઉદ્યમી; આળસ વગરનું.

નિરલંકાર [સં નિર્ (વગરનું) + અલંકાર] વિ. અલંકાર વગરનું.

નિરલિખા [સં. નિર્ (વગરનું) + લિખ (લખવું)] વિ કોઈ; લખ્યા વિનાનું.

નિરલિપ્ત [સં. નિર્ (વગરનું) + લિપ્ત (લેપવાળું)] વિ. કાર્ય પણ લાગ્યા વળગ્યા વિનાનું; અલિપ્ત; લેપ વિનાનું.

નિરલેપ [સં. નિર્ (વગરનું) + લિપ (લેપ કરવો)] વિ. જેને લેપ ન લાગ્યો હોય એનું; જેને કાંઈ લાગે વળગે નહિ એવું.

નિરલોભી [સં નિર્ (વગરનું) + લોભિન્ (લોભી)] વિ. ઉદાર.

નિરવકાશ [સં. નિર્ (વગરનું) + અવકાશ (જગ્યા)] વિ. અવકાશ વગરનું.

નિરવગ્રહ ૧. [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૨. વિ. વરસાદના અટકાવ વગરનું; વરસાદવાળું.

૩. વિ. વિઘ્ન વગરનું.

૪. [સં. નિર્ (વગરનું) + અવગ્રહ (અટકાવ)] વિ સ્વચ્છંદી; સ્વતંત્ર; બીજાની દરમ્યાનગીરીને આધીન નહિ હોનાર.

નિરવચ્છિન્ન ૧. [સં. નિર્ (વગરનું) + અવચ્છિન્ન (અટકેલું)] વિ. અવચ્છિન્ન નહિ એવું; એકસરખું; અટકયા વગરનું.

૨. વિ. નિરંતર; સતાતાર.

૩. વિ. વિશુદ્ધ; નિર્મળ.

નિરવદ્ય ૧. [સં. નિર્ (વગરનું) + અવદ્ય (પાપ)] પું. પરમાત્મા.

૨. વિ. અજ્ઞાન રહિત.

૩. વિ. અનિંદ્ય.

૪. વિ. ખોડખાંપણ વિનાનું.

૫. વિ. નિર્દોષ; દોષ રહિત.

૬. વિ. (જૈન) પાપ વિનાનું.

નિરવદ્યતા ૧. [સં. નિર્ (વગરનું) + અવદ્ય (પાપ) + તા (પણું)] સ્ત્રી. નિર્દોષપણું; નિરવદ્ય હોવાપણું.

૨. સ્ત્રી. પાપરહિતપણું.

નિરવધિ ૧. [સં. નિર્ (વગરનું) + અવધિ (હદ)] વિ. અવધિ વગરનું; હદ બહારનું; પુષ્કળ; પાર વગરનું; વિશાળ; અનંત; અપાર; અસીમ.

૨. વિ. નિરંતર; સતાતાર; નરાન્તર.

૩. વિ. સદા; હમેશા.

નિરવધિમતિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ૧૨ વર્ણ હોય છે.

નિરવધિમતિ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ –

નિરવયવ ૧. [સં. નિર્ (વગરનું) + અવયવ (શરીરનો ભાગ)] વ. નિરાકાર; બ્રહ્મ; પરમાત્મા.

૨ વ. પરમાણુ.

૩. વિ અખંડ.

૪. વિ અવયવ વગરનું; અંગ વગરનું.

૫. વિ. આકાર વગરનું

૬ વિ. જડ પદાર્થ સબંધી.

૭. વિ. ભાગી શકાય નહિ તેવું; અવિભાજ્ય.

૮. વિ. સાદું; એક ભાગવાળું.

નિરવયવી ૧. [સં. નિર્ (વગરનું) + અવયવ (શરીરનો ભાગ) + ઇન્ (વાળું)] વિ. અવયવ રહિત; અખંડ. જેમકે, આકાર, વાયુ, પાણી.

૨. જુઓ નિરવયવ.

નિરવયવી રસાયન ન. નિરિંદ્રિયને બદલે રસાયન; 'અનઆર્ગેનિક કેમિસ્ટ્રિ.'

નિરવલંબ [સં. નિર્ (વગરનું) + અવલમ્બ (આધાર રાખવો)] વિ. આધાર વગરનું. અવલમ્બ વગરનું; નિરાશ્રય; જેનું કોઈ સહાયક ન હોય એવું.

નિરવશેષ [સં. નિર્ (વગરનું) + અવશેષ (બાકીનો ભાગ)] વિ. અવશેષશૂન્ય; સમગ્ર; સંપૂર્ણ; આખું; સઘળું; બધું; તમામ.

નિરવશેષતઃ [સં. નિર્ (વગરનું) + અવશેષતઃ (બાકીના ભાગથી)] અ. સમગ્રથી; સંપૂર્ણથી; સંપૂર્ણ રીતે.

નિરવસાદ [સં. નિર્ (વગરનું) + અવસાદ (થાક)] વિ. ઉત્સાહવાળું; ઉત્સાહવાળું.

નિરવસિત [સં. નિર્ (વગરનું) + અવસિત (જોડાયેલ)] વિ. જેણે ભોજન કરેલું પાત્ર સંસ્કારથી પણ શુદ્ધ ન થઈ હોય તેવું; અદિગ્ધભૂત; ઊંચી જાતિથી અલગ હોય એવું.

નિરવસ્કૃત [સં.] વિ. સાફ કરેલું.

નિરવસ્તાર [સં. નિર્ (વગરનું) + અવસ્તાર (પાથરો)] વિ. ઉઘાડું; ખુલ્લું.

નિરવાજ્ય ૧. [સં. નિર્વાજ્ય] સ્ત્રી. મુક્તિ.

૨. વ. અવરજ; અજર; નિર્વાજ્ય. પદ્મમાં વપરાય છે.

નિરવાલ [સં. નિર્વાહ] પું. (જૂ. ગ.) નિર્વાહ; ગુજરાન; ભરણપોષણ.

નિરવાહ [સં. નિર્વાહ] પું. નિર્વાહ; ગુજરાન; ભરણપોષણ.

નિરવિચ્છિન્ન [સં. નિર્ (વગરનું) + અ (નહિ) + વિચ્છિન્ન (તૂટેલ)] વિ. ધારાબંધ નહિ એવું; તૂટક.

નિરશન ૧. [સં. નિર્ (વગરનું) + અશન (ભોજન)] પું. ભોજન ન કરવું તે; ઉપવાસ.

૨. વિ. જેમાં ભોજન ન કરાય એવું; કાંઈ પણ ખાધા વગર કરવામાં આવતું હોય એવું.

૩. વિ. ભોજન વગરનું. ઉપવાસી; ભૂખ્યું; જેણે ન ખાધું હોય એવું.

નિરશ્રી વિ. અરબાઝું. હીરાને માટે આ શબ્દ વપરાય છે.

નિરષ્ટ ૧. [સં.] પું. સોળમા વર્ષની ઉંમરનો બોડો.

૨. વિ. નિરાકરણ કરેલ; તિરસ્કારેલ; દૂર કરેલ

નિરસ ૧. [સં.] પું. અગ્નિ.

૨. [વિ.] પું. સ્વભાવ.

૩. વિ. અસાર; સત્ત્વ વગરનું

૪. વિ. રસ વગરનું; રસ રહિત; નીરસ.

૫. વિ. લૂખું; સૂકું.

૬. વિ. વિરક્ત.

૭. વિ. સ્વાદ વિનાનું.

નિરસતા [નીરસ (રસ વગરનું) + તા (પણું)] સ્ત્રી. નીરસપણું; રસહીનપણું; રસ વગરનું હોવું તે.

નિરસન ૧. ન. (ગણિત) આપેલાં સમીકરણોમાંથી અમુક પરિમાણને ઉડાડી મૂકીને નવું સમીકરણ બનાવવું તે.
૨. ન. ઓકવું તે; વમન.
૩. [સં.] ન. ખંડન કરવું તે.
૪. ન. ખાલી કરવું તે.
૫. ન. ક્ષાર મારવાપણું.
૬. ન. તિરસ્કારવું તે.
૭. [સ. નિસ્ (અવ્યય) + અસ્ (ફેંકવું) + અન (પ્રત્યય)] ન. ચૂંકવું તે; થૂંકી કાઢવું તે.
૮ ન. દૂર કરવું તે; કાઢી મૂકવું તે.
૯ ન. ફેંકાપાર કરવું તે.
૧૦ ન. નકાર.
૧૧. ન. નાશ; વિનાશ; અંત.
૧૨. ન. નિરાકરણ.
૧૩. ન. ફેંકવું તે.
૧૪. ન. બંધ પાડવું તે.
૧૫. ન. રદ કરવું તે.
૧૬. ન. વમન.
૧૭. ન. ચારવું તે
૧૮. ન. શાંત કરવું તે; ઠંડું કરવાપણું.
૧૯. ન. સમાધાન.

નિરસપણું જુઓ નિરસતા.

નિરસા ૧. [સં.] ન. કોઈપણ તરેહ વગર ઓછા જ્ઞાનનું બાસા; નિઃશ્રેયસિકા.
૨. વિ. મેળવણી કરેલું.
૩. વિ. બગડું; બરાબ.

નિરસિકા પું. (પિંગળ) છ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સિરા. તેમાં નગણ અને રગણ મળી છ અક્ષર હોય છે.

નિરસી જુઓ નિરસા.

નિરસ્ત ૧. [સં. નિસ્ (અવ્યય) + અસ્ત (ફેંકવું)] પું. છોડેલું બાણ.
૨. ન. અટકાવવું તે.
૩. ન. ઉતાવળથી બોલવું તે.
૪. ન. ખંડન કરવું તે.
૫. ન. ચૂંકવું તે
૬. ન. ફેંકવું તે.
૭. વિ. અસ્પષ્ટ રીતે જલદી જલદી બોલેલું; ક્ષીમ ઉચ્ચારિત.
૮. વિ. ઓકેલું; વમન કરેલું.
૯. વિ. કાઢી મૂકેલું; દૂર કરેલું; બંધી કાઢેલું.
૧૦. વિ. ખિન્નલિન્ન; તોડેલું; ખંડન કરેલું.
૧૧. વિ. તિરસ્કૃત; તરછોડેલ.
૧૨. વિ. ધૂંકી નાખેલું.
૧૩. વિ. ફેંકાપાર કરેલ.
૧૪. વિ. ના પાડેલું.
૧૫. વિ. નાશ પામેલું.
૧૬. વિ. ફેંકેલ; છોડેલું.
૧૭. વિ. મારી નાખેલ.
૧૮. વિ. રદ કરેલ.
૧૯. વિ. વર્જિત; વગરનું.

નિરસ્તવિષય [સં. નિરસ્ત (છોડેલ) + વિષય (ભોગનું સાધન)] વિ. સાંસારિક સર્વ વિષયોનો ત્યાગ કરનાર.

નિરસ્તિકા પું. મુજરાત દેશનું એક જૂનું નામ.

નિરહ [સં. નિર્ (વગરનું) + અહ (દિવસ)] વિ. અહ વગરનું.

નિરહંકાર ૧. [સં. નિર્ (વગરનું) + અહંકાર (અભિમાન)] પું. અહંકારનો અભાવ.
૨. પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૩. વિ. નિરભિમાની; અહંકાર રહિત. અહંકાર આસુરી સંપત્તિરૂપ છે.

નિરહંકારિતા [સ. નિર્ (વગરનું) + અહંકાર (અભિમાન) + ઇન્ (વાળું) + તા (પણું)] સ્ત્રી. નિરભિમાનપણું.

નિરહંકારીપણું જુઓ નિરહંકારિતા.

નિરહંકૃત [સં. નિર્ (વગરનું) + અહમ્ (હું) + કૃત (કરેલ)] વિ. અહંકરહિત.

નિરહંકૃતિ જુઓ નિરહંકારિતા.

નિરહંતા [સં. નિર્ (વગરનું) + અહં (હું) + તા (પણું)] ન. નિરભિમાનપણું; અસ્મિતા.

નિરહંભાવ ૧. [સં. નિર્ (વગરનું) + અહં (હું) + ભાવ (ગણ)] પું. નિરહંકાર.
૨. વિ. નિરભિમાની; અભિમાન રહિત; અહંકાર વગરનું.

નિરહન ૧. [સં. નિર્ (વગરનું) + અહન્ (દિવસ)] પું. નીકળી ગયેલો દિવસ; વીતેલો દહાડો.
૨. વિ. દિવસથી નીકળી ગયેલ.

નિરંક [સં. નિર્ (વગરનું) + અંક (આંક)] વિ. આંક વગરનું.

નિરંકુશ [સં. નિરંકુશ] વિ. કાબૂમાં ન હોય એવું.

નિરંકાર [સં. નિરાકાર] પું. ઈશ્વર. તે નિરાકાર મનાય છે.

નિરંકુશ ૧. [સં. નિર્ (વગરનું) + અંકુશ (હાથીને હાંકવાનું લોઢાનું સાધન)] પું. મદોન્મત્ત હાથી.
૨. પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૩. [સં. નિર્ (વગરનું) + અંકુશ (કાબૂ)] વિ. અંકુશ વગરનું; બેદાબા; સ્વતંત્ર; ઉન્મૂખ્ય; ઉદ્ધત; સ્વચ્છંદી.

નિરંકુશતા [સં. નિર્ (વગરનું) + અંકુશ (કાબૂ) + તા (પણું)] સ્ત્રી. અંકુશ વગરની સ્થિતિ; નિરંકુશપણું.

નિરંકુશાતૃપ્તિ [સં. નિરંકુશ (કાબૂ વગરનું) + તૃપ્તિ (ધરવત)] સ્ત્રી. ચિદાભાસની સાત મોહની જેવી અવસ્થા. મેં મારું કર્તવ્ય કરી લીધું ને પ્રાપ્તવ્ય પ્રાપ્ત કરી લીધું, એવો અનુભવ થાય એ ચિદાભાસની નિરંકુશાતૃપ્તિ નામની સાતમી અવસ્થા છે.

નિરંકુશ વ્યાપાર [સં. નિરંકુશ (સ્વતંત્ર) + વ્યાપાર (વેપાર)] પું. બિનજવાતી વ્યાપાર; નિર્મુક્ત વ્યાપાર; અનિયમન વ્યાપાર; અનિયંત્રિત વ્યાપાર.

નિરંગ ૧. [સં.] પું. (અલ્પ) એક રૂપક અલંકાર. રૂપકના બે પ્રકાર છે: (૧) અભેદ અને (૨) તાદૂપ્ય. અભેદ રૂપકના વળી ત્રણ પ્રકાર છે: સમ, અધિક અને ન્યૂન. તેમાંથી સમ અભેદ રૂપકના ત્રણ ભેદ છે: (૧) સંગ અથવા સાવયવ, (૨) નિરંગ અથવા નિરવયવ અને (૩) પરંપરિત. જ્યાં ઉપમેયમાં ઉપમાનનો એવી રીતે આરોપ થાય કે ઉપમાનના ભીન્ન ભિન્ન અંગ ન આવે ત્યાં નિરવયવ અથવા નિરંગ રૂપક થાય છે. નિરંગ રૂપકના બે પ્રકાર છે: (૧) શુદ્ધ અને (૨) માલારૂપ. એક ઉપમેયમાં એક જ ઉપમાનનો આરોપ હોય તે શુદ્ધ અને એક ઉપમેયમાં ઘણા ઉપમાનોનો આરોપ હોય તે માલારૂપ.
૨. [સં. નિર્ (વગરનું) + અંગ (શરીર)] પું. કામદેવ; અનંગ.

નિરંશ

૩. પું. (જરથોસ્તી) બંદગીનું એ નામનું એક સૂત્ર; ખ.મિક્ર મંત્ર.

૪. ન. (જરથોસ્તી) ધાર્મિક ક્રિયાથી પવિત્ર કરેલું ગૌમૂત્ર. ગૌમૂત્રને નિરંગ કહેવામાં આવે છે, કેમકે તેનો ઉપયોગ કરતાં સાથે નિરંગ નામનું બંદગીનું સૂત્ર બોલવામાં આવે છે.

૫. વિ. અંગ રહિત; શરીર વિનાનું.

૬. [હિં.] વિ. કેસર; આલી; માત્ર.

૭ વિ. દોષ; ઉદાસ.

૮. વિ. રંગ વગરનું; બેરંગી.

નિરંગણ [પ્રા.] વિ. રંગરાગ રહિત; શુદ્ધ.

નિરંગણતા [પ્રા.] સ્ત્રી. રાગદ્વેષનો અભાવ.

નિરંગત [સં નિર્ (વગરનું) + અંગત (પોતાનું)] વિ. અંગત ન હોય એવું

નિરંગત મિત્રતા ન રાખી શકતા હો તો દૂર રહેજો; નહિ તો વસવું ગામડી. ઝીણુભાઈ

નિરંગદીન સ્ત્રી (જરથોસ્તી) ધર્મક્રિયા માટે ગૌમૂત્ર પવિત્ર કરવાની ક્રિયા.

નિરંગીસ્તન ન. (જરથોસ્તી) એ નામનું એક ધર્મપુસ્તક.

નિરંગુલ [સં. નિસ્ (બહાર) + અંગુલ (આંગળી)] વિ. આંગળીઓમાંથી નીકળી ગયેલ; આંગળીઓ બહાર.

નિરંગે આબ્બે ગાર સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક બંદગી.

નિરંગેકસ્તી સ્ત્રી. (જરથોસ્તી) ઝૂલની ઊભતી અને બાંધતી વખતે બોલવાની બંદગી.

નિરંગે સઓશેન્ત સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક ધાર્મિક ક્રિયા.

નિરંગે હ્યૂર્ષ્ત ગાદન ન. (જરથોસ્તી) સૂત્રોથી પવિત્ર કરી આપવા અથવા પહેરવાની ક્રિયા; ધૂપ સારવાની ક્રિયા.

નિરંજન ૧. [સં.] પું. એ નામનો એક રસસિદ્ધ.

૨. પું. એ નામનો હઠવિદ્યાનો એક મહાન યોગી

૩. પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો ભેદ છે. તેમા ૨૬ ગુરુ અને ૪૪ લઘુ મળી ૭૦ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૪. પું. પરમાત્મા. ત્રિગુણાતીત જેહલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રિગુણી માયાના ત્રણે ગુણથી પર તે નિરંજન કહેવાય. માયાનું અંજન પરમાત્માને લાગતું નથી, તેથી તે નિરંજન કહેવાય છે.

નિરંજન નિરાકાર નિર્ગુણ પરમેશ્વર. ખાનથી પર છે તે તો અખંડ દેહમાંરીને. ગામીગીતા

૫. પું. મહાદેવ; શિવ.

૬. ન. (યોગ) સમાધિ; આત્મા અને મનનું એકાકપણું.

૭. વિ. અજ્ઞાન વગરનું.

૮. વિ. અદ્વૈત.

૯. [સં. નિર્ (નહિ) + અંજન (લેપ)] વિ. અંજન રહિત; અંજન વિનાનું.

૧૦. વિ. અંધકાર વગરનું.

૧૧. વિ. કામવાસના દોષ રહિત

૧૨ વિ. સાધુબ્યથી રહિત; ક્લેશ રહિત; કર્મ ને તેની વાસનાથી શૂન્ય.

૧૩. વિ દોષ વગરનું; નિર્દોષ.

૧૪ વિ. નિર્લેપ; નિર્ભંગ.

૧૫. વિ. માયાના લેપ વગરનું.

૧૬ વિ. (જૈન) રાગદ્વેષ રહિત; મુક્ત.

૧૭. વિ. ખામી વગરનું.

નિરંજનગીતા [સં.] સ્ત્રી. એ નામની એક ગીતા.

નિરંજનનાથ [સં.] પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

નિરંજના ૧. સ્ત્રી. દુર્ગા.

૨. [સં. નિર્ (વગરનું) + અંજન (અંધકાર) + આ (નારીલતિનો પ્રત્યય)] સ્ત્રી. પૂનમ.

૩. સ્ત્રી. સીતાનાં દત્તકર માહેનું એક નામ.

નિરંજની ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં દત્તકર માહેનું એક નામ.

૨. સ્ત્રી. સાધુઓનો એ નામનો એક સંપ્રદાય. કોઈ નિરાનંદ નામના સ્વામીએ તે સંપ્રદાય સ્થાપ્યો કહેવાય છે. તેઓ નિરંજન નિરાકાર ઈશ્વરની ઉપાસના કરતા તેથી તે સંપ્રદાય નિરંજન સંપ્રદાય કહેવાય છે, પણ આજકાલ નિરંજન સાધુઓ ગુમાનંદ મતાનુસાર સાકાર ઉપાસના સ્વીકારી ઉદાસી વૈષ્ણવો થઈ ગયા છે. તેઓ ભગોટી પહેરે છે અને તિલક તથા કંઠી પાસુ કરે છે. મારવાડમાં આ સંપ્રદાયના ઘણા અખાડા છે.

૩. [સં. નિર્ (વગરનું) + અંજન (કાજળ) + ઈન્ (વાળું)] સ્ત્રી. કલંક વિનાની.

૪. સ્ત્રી. દુર્ગા વગરની.

નિરંજરા સ્ત્રી. નિકારમાં આવેલી એ નામની એક નદી. ત્યાં ગૌતમબુદ્ધ જ્ઞાનપ્રાપ્ત કર્યા પછી ગયા હતા.

નિરંતર ૧. [સં.] પું. પુરુષોત્તમનાં દત્તકર માહેનું એક નામ.

૨. પું. શિવનાં દત્તકર માંહેનું એક નામ.

૩. વિ. અભેદ; ભેદ વગરનું.

૪. [સં. નિર્ (વગરનું) + અંતર (ભેદું)] વિ. અંતર વગરનું.

૫. વિ. તફાવત વગરનું; સમાન.

૬. વિ. સાકડું.

૭. વિ. સ્થાયી; હમેશા રહેવાવાળું; હમેશનું.

૮. અ. સતત; ચાલુ; સદાકાળ; સતત; ભરી.

૯. અ. હમેશ; દરરોજ.

નિરંતરસિદ્ધ [સં. નિરંતર (અવિચ્છિન્ન) + સિદ્ધ] પું. (જૈન) કોઈ એક સિદ્ધ થયા પછી બીજા જ ક્ષણમાં સિદ્ધ થતો તે.

નિરંતરસિદ્ધિ [સં.] સ્ત્રી. (જૈન) નિરંતર સિદ્ધ થવાપણું.

જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી નિરંતરસિદ્ધિ આવે છે. તત્ત્વાર્થસૂત્ર

નિરંતરાભ્યાસ [સં. નિરંતર (હમેશનું) + અભ્યાસ)] પું. હમેશનો અભ્યાસ; નિત્ય સ્વાધ્યાય.

નિરંતરાલ જુઓ નિરંતર.

નિરંતરિત ૧. [સં. નિર્ (વગરનું) + અંતર (ભેદું) + ઇત (ગયેલું)] વિ. જરા પણ અંતર રહિત.

૨. વિ. સાંધ કે ગાંઠ વિનાનું.

નિરંતિક પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

નિરંબ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. [સં. નિર્ (વગર) + અંબસ્ (આભ)] વિ. આભ વગરનું; નિરભ્ર.

૩. વિ. બહુ અંધારાવાળું

૪. વિ. બહુ આખાળું.

૫. વિ. મહામૂર્ખ; જ્ઞાનશૂન્ય.

નિરંબુ ૧. [સં. નિર્ (વગરનું) + અંબુ (પાણી)] વિ. પાણી પીધા વગર રહેવું પડે તેવું. જેમકે, નિરંબુ વ્રત.

૨. વિ. પાણી વગર રહે તેવું.

૩. વિ. પાણી વગરનું; નિર્જલ.

નિરંશ જુઓ નિરંબુ.

નિરંશ ૧. પું. પતિત માણસ

૨. પું. સંક્રાંતિ દિનઃ રાશિના ભોગકાળનો પ્રથમ અને શેષ દિવસઃ સંક્રાંતિ.

૩. વિ. અંશાય રહિત.

૪. વિ. અંશ વગરનું; અખંડ.
૫. [સં. નિર્ (વગરનું) + અંશ (ભાગ)] વિ. પોતાનો ભાગ ન મળ્યો હોય એવું. સ્મૃતિઓમા લખ્યું છે કે, પતિત, નપુંસક વગેરે નિરંશ છે, તેમને સંપત્તિનો ભાગ ન મળવો જોઈએ એ.
૬. વિ. ભાગ વગરનું; અખંડ.

નિરંશતા [સં. નિર્ (વગરનું) + અંશ (ભાગ) + તા (પણું)] સ્ત્રી. અખંડપણું.

નિરા ૧. ન. (જ્યોતિષ) તારાપુંજના જાત માહેનો એ નામનો એક સમૂહ.
૨. ન. વાદળમંડળનું એ નામનું એક વાદળમંડળ.
૩. [હિ.] વિ. એકલું; જેની સાથે બીજું કાંઈ ન હોય એવું.
૪ વિ. નિતાંત; ખૂબ.
૫. વિ. વિશુદ્ધ; આમિસ; ભેળ વગરનું.
૬. અ. એકદમ; બિલકુલ.
૭. અ. કેવળ; એક માત્ર.
૮. અ. પૂરેપૂરું; આખું; તદ્દન.

નિરાઈ ૧. [હિ.] સ્ત્રી. નીંદવાનું કામ; પાકની આસપાસનું ઘાસ વગેરે દૂર કરવાનું કામ.
૨. સ્ત્રી. નીંદામણ; નીંદવાની મજૂરી.

નિરાક ૧. [સં.] પું. દુષ્ટ કર્મોનું ફળ.
૨. પું. પરસેવો.
૩. પું. પાક; રસોઈ.

નિરાકરણ ૧. [સં.] ન. અટકાવવું તે; અટકાવ.
૨. ન. અસ્વીકાર કરવું તે.
૩. [સં. નિસ્ (બહાર) + આ (તરફ) + કૃ (કરવું)] ન. કાઢી મૂકવું તે; હાંકી કાઢવું તે.
૪. ન. ખંડન; યુક્તિ કે દલીલથી તોડી નાખવાપણું; ખંડનપૂર્વક સમાધાન.
૫. ન. ખુલાસો
૬. ન. ઉચ્ચાટ; પરિણામ.
૭. ન. તિરસ્કારવું તે
૮. ન. દૂર કરવું તે.
૯. ન. નાશપ્રાપ્ત કરવું તે.
૧૦. ન. નિવારણ; પરિહાર; શમન.
૧૧. ન. નિષેધ, તોડ; ફેંસલો.
૧૨. ન. ફેંકવું તે; ઉડાવવું તે.
૧૩. ન. રદબાતલ કરવું તે.
૧૪. ન. વિસ્મૃતિ.

નિરાકાર ૧. [સં. નિર્ (વગરનું) + આકાર (રૂપ)] પું. ઈશ્વર; પરમાત્મા; બ્રહ્મ.
૨. પું. મનનું આત્મલક્ષ.
૩. પું. વિષ્ણુ.
૪. પું. શિવ.
૫ વિ. આકાર વગરનું; જેને કાંઈ રૂપ ન હોય એવું; અવયવહીન; જડ પુદ્ગલના આકાર વગરનું.
ઈશ્વરને ગણું હું હું નિરાકાર નિરંજન,
તે છે સર્વશક્તિમાન વિશ્વનિયામક ખરો.
— ગાંધીગીતા
૬. વિ. નહિ જોવાયેલ; અદૃશ્યમાન વગરનું

નિરાકાર ઉપયોગ ૧. પું. (જૈન) માત્ર વસ્તુને સામાન્યરૂપે જાણનાર બોધ.
જે બોધ માત્ર વસ્તુને વિશેષ રૂપે જાણે તે સાકાર ઉપયોગ અને જે બોધ માત્ર વસ્તુને સામાન્ય રૂપે જાણે તે નિરાકાર ઉપયોગ. — તત્ત્વાર્થસૂત્ર
૨. પું (જૈન) દર્શન; નિર્વિકલ્પ બોધ.
નિરાકાર ઉપયોગના ચાર ભેદ આ પ્રમાણે છે: ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન. — તત્ત્વાર્થસૂત્ર

નિરાકારવાદ [સં. નિર્ (વગરનું) + આકાર (રૂપ) + વાદ (મત)] પું. આત્મવાદ. દેહવિભાત્મવાદ.

નિરાકારા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

નિરાકાંક્ષ [સં. નિર્ (વગરનું) + આકાંક્ષા (ઇચ્છા)] વિ. આકાંક્ષા વગરનું. આકાંક્ષા રહિત; ઇચ્છારહિત.

નિરાકાંક્ષા [સં. નિર્ (વગરનું) + આકાંક્ષા (ઇચ્છા)] સ્ત્રી. (વેદાંત) સાધકનો બોધ થવાને ઉપયોગી અપેક્ષાનો રહિતપણું.

નિરાકાંક્ષી [સં. નિર્ (વગરનું) + આકાંક્ષા (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. નિઃસ્પૃહ; ઇચ્છા વગરનું.

નિરાકુલ ૧. [સં.] વિ. અત્યંત આકુળ; પણ ગભરાયેલું.
૨. વિ. આકુળવ્યાકુળ નહિ તેવું; સુબ્ધ નહિ થયેલું; શાંત; અનુદ્વિગ્ન નહિ ગભરાયેલું.

નિરાકુલતા [સં. નિર્ (વગરનું) + આકુલ (ગભરાયેલ) + તા (પણું)] સ્ત્રી. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિતપણું; શાંતિ.

નિરાકુળ જુઓ નિરાકુલ.

નિરાકુળતા જુઓ નિરાકુલતા.

નિરાકૃત ૧. પું. વેદાભ્યાસ જેણે ન કર્યો હોય એવો બ્રાહ્મણ.
૨. [સં. નિર્ (વગરનું) + આકૃત (સ્વરૂપવાળું)] વિ. આકૃતિ વિનાનું; પારખું નહિ હોય એવું.
૩. વિ. ખંડન કરેલું.
૪. વિ. દૂર કરેલું; હાંકેલ.
૫. વિ. રદ કરેલું.

નિરાકૃતિ ૧. [સં. નિર્ (વગરનું) + આકૃતિ (સ્વરૂપ)] પું પરમાત્મા.
૨. પું રોહિત મનુનો એ નામનો પુત્ર.
૩. સ્ત્રી. અટકાવ; રોકવું તે.
૪. સ્ત્રી. આકાર રહિતપણું.
૫. સ્ત્રી. ખંડન કરવું તે
૬. સ્ત્રી. તિરસ્કારવું તે.
૭. સ્ત્રી. દૂર કરવું તે, હાંકી કાઢવું તે.
૮. સ્ત્રી. નિરાકરણ
૯. સ્ત્રી. રદ કરવું તે.
૧૦ વિ. અવયવ વગરનું.
૧૧. વિ. આકાર વિનાનું; નિરાકાર.
૧૨. વિ. પંચ મહાભૂતના અનુકાન વગરનું.
૧૩. વિ. સ્વાભ્યાસ વિનાનું, બેદરકાર વગરનું.

નિરાકૃતી ૧. [સં. નિરાકૃતિન્] વિ. અટકાવનાર.
૨. વિ. ખંડન કરનાર.
૩. વિ. તિરસ્કાર કરનાર.
૪. વિ. હાંકી કાઢનારો દૂર કરનાર.

નિરાકોઢ ૧. [સં નિર્ (વગરનું) + આકોઢ (રાડ તે)] વિ. કોઈ પોકાર ન સાંભળે એવું; રક્ષા કે મદદ કરનાર ન હોય એવું; જેને કોઈ મદદ ન કરે કે જેનો કોઈ પોકાર ન સાંભળે એવું.
૨. વિ. પોકાર નહિ સાંભળનાર; રક્ષા નહિ કરનાર.

નિરાક્રિયા જુઓ નિરાકરણ.

નિરાક્રોશ ૧. [સં] પું. અનિંદ્ય પુરુષ.
૨. પું. કોપારોપણ રહિત હોવાપણું.

નિરાગસ [સં. નિર્ (વગરનું) + આગસ (પાપ)] વિ. પાપ રહિત; નિષ્પાપ.

નિરાગ્રહી [સં. નિર્ (વગરનું) + આગ્રહ + ઇન્ (વાળું)] વિ. આગ્રહ વગરનું.

નિરાચાર ૧. [સં. નિર્ (વગરનું) + આચાર] વિ. આચારભ્રષ્ટ; આચાર રહિત.
૨. વિ. વેદના જ્ઞાન વગરનું.

નિરાચારી [સં. નિરાચારિન્] વિ. આચાર વગરનું.

નિરાટ [હિં.] વિ. એકલું; એક માત્ર; નિરા.

નિરાડંબર [સં. નિર્ (વગરનું) + આડંબર (ઢોંગ)] વિ. આડંબર રહિત; સાદું; સરળ.

નિરાડંબરી [સં. નિર્ (વગરનું) + આડંબર (ઢોંગ) + ઇન્ (વાળું)] વિ. આડંબર રહિત.

નિરાતપ [સં. નિર્ (વગરનું) + આતપ (તાપ)] વિ. તાપ રહિત; તાપ વગરનું.

નિરાતપા [સં. નિર્ (વગરનું) + આતપ (તડકો) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી રાત, રાત્રિ.

નિરાતંક ૧. [સં.] પું. શિવ.
૨. વિ નિર્ભય; ભય રહિત.
૩ [સ. નિર્ (વગરનું) + આતંક (રોગ)] વિ નીરોગી; રોગરહિત.

નિરાત્મકતા [સં. નિર્ (વગરનું) + આત્મન્ (આત્મા) + ક (વાળું) + તા (પણું)] સ્ત્રી. અનાત્મપણું.

નિરાત્મ [સં. નિર્ (વગરનું) + આત્મન્ (આત્મા)] વિ. આત્મા વગરનું

નિરાત્મવાદ [સં. નિર્ (વગરનું) + આત્મન્ (આત્મા) + વાદ (મત)] પું. આત્મા નથી એવો મત.

નિરાદર ૧ [સં નિર્ (વગરનું) + આદર (માન)] પું. અનાદર; તિરસ્કાર; આદરનો અભાવ; અપમાન
૨. વિ. આદર વગરનું; તોછડું; અસભ્ય.
નિરાદર કરવું = અપમાન કરવું.

નિરાદાન ૧. પું. એક જુહનું નામ.
૨. [સં. નિર્ (વગરનું) + આદાન (લેવું તે)] ન. લેવું નહિ તે; ન લેવાપણું.

નિરાદિષ્ટ [સં.] વિ. દોષિત; આપેલ.

નિરાદેશ [સં.] પું. દેવું તે; આપવું તે; આપી વાળી દેવું તે; અદા કરવાનું કામ.

નિરાધાર ૧. વિ. જળ જળ આદિ વગરનું હોય એવું
૨. [સં. નિર્ (વગરનું) + આધાર (આશ્રય)] વિ. આધાર કે આશ્રય વગરનું; અવલંબન ન હોય એવું; ટેકા વગરનું
૩ વિ જેમાં અથવા જેથી શ્રદ્ધિકા આદિનો આધાર ન હોય એવ.
૪. વિ. પ્રમાણના આધાર વગરનું; મિથ્યા; ખોટું.

નિરાધારતા [સં. નિર્ (વગરનું) + આધાર (આશ્રય) + તા (પણું)] સ્ત્રી. નિરાધાર હોવું તે; નિરાધારપણું.

નિરાધારી જુઓ નિરાધારતા.

નિરાધિ ૧. [સં. નિર્ (વગરનું) + આધિ (ચિંતા)] વિ. ચિંતા વગરનું
૨ વિ. રોગ વગરનું; નીરોગી.

નિરાનકરોગ પું. ઘોડાનો એક જાતનો રોગ.

નિરાનંદ ૧. [સં. નિર્ (વગરનું) + આનંદ (મજા)] પુ. દિલગીરી, શોક, આનંદનો અભાવ.
૨. પું. દુઃખ.
૩. વિ. આનંદ વગરનું.
૪. વિ. દુઃખી.

નિરાનંદતા [સં.] સ્ત્રી. દિલગીરી; આનંદનો અભાવ

નિરાનંદપણું જુઓ નિરાનંદતા.

નિરાનું વિ. (કચ્છી) સવારથી આખા વગરનું.

નિરાપદ ૧. [સં. નિર્ (વગરનું) + આપદ્ (આપદા)] વિ. આપદા વિનાનું; દુઃખ વગરનું.
૨. વિ. જેથી કોઈ જાતની વિપત્તિનો સંભવ ન હોય એવું.
૩. વિ. નસીબદાર.
૪. વિ. બીક વગરનું.
૫. વિ. સુરક્ષિત; જ્યાં કોઈ પણ જાતનો ભય અથવા સંકટ ન હોય એવું.

નિરાપત્ન [હિ.] વિ. પારકું; પરાયું.

નિરાપેક્ષી [સં. નિર્ (વગરનું) + અપેક્ષિન્ (ઇચ્છાવાળું)] વિ. અપેક્ષા વિનાનું, નિરપેક્ષી.

નિરાભાષ ૧. પું. એ નામે એક પ્રાચીન આચાર્ય. તે મિતાક્ષરામાં પ્રસિદ્ધ છે.
૨. [સં. નિર્ (વગરનું) + આભાષ (અટકાવ)] વિ. અટકાયત વગરનું; પ્રતિબંધ રહિત; હરકત વિનાનું.
૩. વિ. પીડા કે દુઃખ વગરનું.

નિરાભરણ [સં. નિર્ (વગરનું) + આભરણ (ઘરેણું)] વિ. આભરણ વગરનું.

નિરાભારી પું. વીરશૈવ સંપ્રદાયના જંગમ સાધુનો એ નામનો એક ભેદ. જંગમ ભેદ: (૧) સામાન્ય વીરશૈવ, (૨) વિશેષ વીરશૈવ અને (૩) નિરાભારી વીરશૈવ.

નિરાભાસ ૧. [સં.] પું. ઈશ્વર.
૨. વિ. દેખાય નહિ એવું.

નિરામ પું. એક જાતનો અતિસાર રોગ.

નિરામગંધિ વિ (જૈન) ગુણ તથા ઉત્તર ગુણની ખડનારૂપ દોષથી રહિત; નિર્દોષ ચારિત્રવાળું.

નિરામજ્વર પુ એક પ્રકારનો તાવ; પક્વજ્વર; દોષ પાકી ગયેલા હોય તેવો તાવ. તેનાં લક્ષણો: ભૂખ લાગવી, શરીર હળવું થવું, તાવ નરમ પડવો, ઝાડો પેશાબ પવન વગેરેની છૂટ થવી અને મનમાં ઉત્સાહ આવવો.

નિરામય ૧. [સં.] પું. જંગલી બકરો.
૨. પુ. કુબેર; યક્ષ.
૩. પું. શિવ; શંકર.
૪ ન. (શિલ્પ) એક જાતનું ઘર; ઉત્તરમાં બે પીઠ્યા અને ચાર સ્તંભો એટલે ષટ્‌દારુવાળી ઓરડી અને પરસાળ તથા દક્ષિણ અને પૂર્વમાં એક પરસાળ હોય તેવું ઘર. જૂનાં ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે નિરામય નામે ઘર થાય.
૫. [સં. નિર્ (વગરનું) + આમય (રોગ)] ન. તંદુરસ્તી; કુશળતા.
૬. વિ. કુશળ.
૭. વિ. નિરાતંક; રોગ વિનાનું; વ્યાધિ રહિત; તંદુરસ્ત; રોગ તથા પીડા રહિત; નીરોગી.

નિરામાણુ [સં.] પું. કપિત્થ; કોઠનું ઝાડ.

નિરામિષ ૧. [સં. નિર્ (વગરનું) + આમિષ (માંસ)] વિ. આમિષ રહિત; માંસ વિનાનું; 'વેજિટેરિયન.'
૨. વિ જેદરકાર.
૩. વિ. મજૂરી ન મળતી હોય એવું.
૪. વિ. ભોજ રહિત.
૫. વિ. વિષયવાસનાથી નિવૃત્ત થયેલ; ઇંદ્રિયસુખની ઇચ્છા વગરનું; આસક્તિ રહિત.

નિરામિષ ભોજન [સં. નિરામિષ (માંસ વગરનું) + ભોજન (ખોરાક)] ન. અનાહાર; શાકાહાર; વાનસ્પતિકાહાર; વનસ્પતિજન્યખોરાક; માંસ વગરનો ખોરાક; 'વેજિટેરિયનિઝમ.'

નિરામિષભોજી [સં. નિરામિષ (માંસ વગરનું) + ભોજિન્ (ખાનાર)] વિ. શાકાહારી; અનાહારી; વનસ્પતિ ભક્ષક.

નિરામિષાહાર જુઓ નિરામિષ ભોજન.

નિરામિષાહારી ૧. [સં. નિરામિષ (માંસ વગરનું) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] પું. અનાહારી માણસ.
૨. વિ. નિરામિષ ભોજન કરનાર; કેવળ વનસ્પતિનો આહાર કરનાર; અનાહારી.

નિરામિષી ૧. [સં. નિરામિષ (માંસ વગરનું) + ઇન્ (વાળું)] વિ. માંસ ખાતું ન હોય એવું.
૨. વિ વિષયેચ્છા વગરનું.

નિરાય [સં. નિર્ (વગરનું) + આય (પેદાશ)] વિ. આવક વગરનું; કોઈ જાતની પેદાશ ન હોય એવું.

નિરાયત [સ. નિર્ (વિનાનું) + આયત (લાંબું)] વિ. ટૂંકું; લાંબું વગરનું; સંકુચિત.

નિરાયાસ [સં. નિર્ (વગરનું) + આયાસ (મહેનત)] વિ. પરિશ્રમ રહિત; જેમાં કશી મહેનત ન પડે તેવું.

નિરાયુધ [સ. નિર્ (વગરનું) + આયુધ (હથિયાર)] વિ. હથિયાર રહિત.

નિરાયુષ [સં. નિરાયુષ્] વિ. (જૈન) આયુષ્ય વિનાનું; આયુષ્ય કર્મનો ક્ષય કરેલ.

નિરાર [હિ.] વિ. અલગ; પૃથક; જુદું.

નિરારંભ [સ. નિર્ (વગરનું) + આરંભ (વ્યાપકારી વ્યાપાર)] વિ. (જૈન) વ્યાપકિયા ન કરનાર

નિરારંભી [સં. નિર્ (વગરનું) + આરંભ (વ્યાપકારી વ્યાપાર) + ઇન્ (વાળું)] વિ. (જૈન) વ્યાપકારી વ્યાપાર નહિ કરનારું.

નિરારા જુઓ નિરાર.

નિરાલક [સં.] પું. સમુદ્રમાં થતું એક જાતનું માછલું

નિરાલય ૧. [સં. નિર્ (વગરનું) + આલય (ઘર)] વિ. ઘર વિનાનું

૨ વિ રહેઠાણની જરૂર વગરનું.

નિરાલસ [હિ.] વિ. આળસ વગરનું; ઉદ્યમી.

નિરાલસી [હિ.] વિ. આળસુ નહિ એવું; ઉદ્યમી

નિરાલસ્ય જુઓ નિરાલસ.

નિરાલંબ ૧. પું. (યોગ) સમાધિ; આત્મા ને મનનું એકરૂપું.

૨. [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; મા.ક.રામ.સી

૩. ન. બ્રહ્મ; પરમાત્મા.

૪. ન. શુક્લ યજુર્વેદની એ નામની એક ઉપનિષદ.

૫. વિ. અક્ષર.

૬. [સં. નિર્ (વગરનું) + આલંબ (આધાર)] વિ. આશ્રયન રહિત; નિરાધાર; એકલવાયું; આધાર વગરનું.

૭. વિ. નિરાશ્રય; અશરણ.

૮ વિ. ગ્રન્થવાદી

૯. વિ. સ્વતંત્ર

નિરાલંબન ૧. ન. આત્મા અને મનનું એકપણું; નિરાલબ

૨ [સં. નિર્ (વગરનું) + આલંબન (આધાર)] વિ. આધાર વિનાનું.

નિરાલંબસંખ્યા [સં. નિરાલબ (આધાર વગરનું) + સંખ્યા (રકમ)] ન. શૂન્ય સંખ્યા; ' ઝીરો ' નંબર.

નિરાલંબા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; આકાશમોંસી.

૨. સ્ત્રી. એકસો આઠ માહેની એ નામની એક ઉપનિષદ.

૩. સ્ત્રી. નર્મદાનાં કાંઠા પર માહેનું એક નામ.

નિરાલા ૧. [હિ.] પું. એકાંત સ્થાન.

૨. વિ. અદ્ભુત; અજબનું; વિચિત્ર; નખાંણી જાતું.

૩. વિ. અનુપમ; અપૂર્વ.

૪ વિ. એકાંત; નિર્જન.

૫. વિ. કટ્યું.

નિરાલી જુઓ નિરાલા.

નિરાલું જુઓ નિરાળું.

નિરાલોક ૧. [સં.] વિ. દૃષ્ટિ રહિત; અવલોકન રહિત.

૨. વિ. પ્રકાશ વગરનું.

નિરાવયિક [સં નિર્ (વગરનું) + અવયવ (શરીરનો ભાગ) + ઇક (વાળું)] વિ અવયવ વિનાનું; નિરવયિક; અનવયિક

નિરાવરણ [સં. નિર્ (વિનાનું) + આવરણ (કાંચળી)] વિ. આવરણ વગરનું; ખુલ્લું.

નિરાવરણનિર્વાણ [સં.] પું બિહારનાં હજાર મ.રેનું એક નામ.

નિરાવલંબ [સં. નિર્ (વગરનું) + અવલંબ (આધાર)] વિ. આધાર વગરનું; નિરાધાર.

નિરાવલંબી [સં. નિર્ (વગરનું) + અવલંબ (આધાર) + ઇન્ (વાળું)] વિ. સ્વતંત્ર; આધાર વગરનું

નિરાવલિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નગવલિ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, બે નગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે.

નિરાવવું સ ક્રિ. નીરવાની ક્રિયા કરાવવી.

નિરાવુ જા. ક્રિ. નીરવાની ક્રિયા થવી.

નિરાશ [સં. નિર્ (વગરનું) + આશા] વિ. આશા વગરનું; નાઉમેદ; આશાભંગ.

નિરાશતા [સં. નિર્ (વગરનું) + આશા (ઇચ્છા) + તા (પણું)] સ્ત્રી. નિરાશાપણું; આશારહિતપણું.

નિરાશત્વ જુઓ નિરાશતા.

નિરાશાચી [સં. નિર્ (વગરનું) + આશય (હેતુ) + ઇન્ (વાળું)] વિ. આશય વગરનું.

નિરાશાંસ [સં. નિર્ (વગરનું) + આશંસા (આશા)] વિ. આશા રહિત; ઇચ્છા વગરનું.

નિરાશા [સં. નિર્ (વગરનું) + આશા (ઉમેદ)] સ્ત્રી. આશા નિષ્ફળ જવી તે; આશાભંગ; નાઉમેદી.

નિરાશાગ્રસ્ત [સં. નિર્ (વગરનું) + આશા (ઉમેદ) + ગ્રસ્ત (પકાયેલ)] વિ. નિરાશાવાળું; આશા વગરનું

નિરાશાજનક [સં. નિરાશા (નાઉમેદી) + જનક (પેદા કરનાર)] વિ નિરાશા ઉત્પન્ન કરનારું.

નિરાશાદર્શક [સં. નિરાશા (નાઉમેદી) + દર્શક (દેખાડનાર)] વિ. નિરાશા દેખાડનાર.

નિરાશામય [સ. નિરાશા (નાઉમેદી) + મય (વાળું)] વિ. નિરાશા ભરેલું

નિરાશાવાદ [સં. નિરાશા (નાઉમેદી) + વાદ (મત)] પું. આશાવાદથી ઊલટો મત, જે કાંઈ બને છે તે બૂરાને માટે છે એવો મત; પરિણામ સારું નહિ આવે એવી નિરાશા રાખનાર વાદ; દુર્ભાગ્યવાદ; દુઃખવાદ; 'પેસિમિઝમ.'

નિરાશાવાદી ૧. [સં. નિરાશા (નાઉમેદી) + વાદ (મત) + ઇન્ (વાળું)] પું. નિરાશામાં માનનાર માણસ.

૨. વિ. નિરાશાવાદવાળું; નિરાશાવાદમાં માનનાર.

નિરાશિતતા સ્ત્રી. નિરાશ થવાની વૃત્તિ.

નિરાશિષ ૧. [સં. નિર્ (વગરનું) + આશિસ (આશીર્વાદ)] વિ. આશીર્વાદ વગરનું.

૨. વિ. તૃષ્ણા વગરનું; આશા વિનાનું.

૩. વિ. સંપૂર્ણ વૈરાગ્યવાળું.

નિરાશી ૧. પું. આશા કે તૃષ્ણા વગરનો માણસ.

૨. સ્ત્રી. નિરાશા; નાઉમેદી; નાસીપાસી.

૩. વિ. કામનાઓ વગરનું; નિષ્કામ.

૪. વિ. નાઉમેદ થયેલ. અ.ગાભંગ; આશા રહિત; અનાસક્ત.

નિરાશ્રય ૧. [સં. નિર્ (વગરનું) + આશ્રય (આધાર)] વિ. જેને કોઈ આશ્રય ન હોય એવું; અનાથ; લાચાર; સહાય વગરનું; અશરણ.

૨. વિ નિરાધાર; આધાર વગરનું.

૩. વિ. નિષ્કામ; કામનાઓ વિનાનું.

૪. વિ. શરીર વગેરે ઉપર મમતા વગરનું; નિર્લિપ્ત.

નિરાશ્રયતા ૧. [સં. નિર્ (વગરનું) + આશ્રય (આધાર) + તા (પણું) સ્ત્રી. આશરો કે રક્ષણ વગરનું હોવાપણું.

૨. સ્ત્રી. ગરીબી; લાચાર કે અનાથ હોવું તે.

નિરાશ્રયપણું જુઓ નિરાશ્રયતા.

નિરાશ્રયિતા જુઓ નિરાશ્રયતા.

નિરાશ્રયી [સ. નિર્ (વગરનું) + આશ્રય (આધાર) + ઇન્ (વાળું)] વિ. આશ્રય વગરનું; જેને આધાર ન હોય તેવું. લાચાર; ગરીબ; નિરાધાર.

નિરાશ્રયીપણું જુઓ નિરાશ્રયતા.

નિરાશ્રય વિ. (જૈન) આશ્રય રહિત. કર્મબંધનના કારણો રહિત

નિરાશ્રિત ૧. [સં. નિર્ (વગરનું) + આશ્રિત (આધારવાળું)] વિ જેને કોઈનો આશ્રય કદીયે ન હોય તેનું; અનાથ; નિરાધાર; અસહાય; ગરીબ; આશરા વગરનું; અટૂલું

૨. વિ. પરમાત્માના દર્શનથી શરીર ઇંદ્રિય વગેરેના અભિમાનથી રહિત.

-તા [સં. નિરાશ્રિત (આધાર વિનાનું) + તા (પણું)] સ્ત્રી. નિરાધારપણું, અનાથપણું

નિરાશ્રિતપણું જુઓ નિરાશ્રિતતા.

નિરાસ ૧. [સં.] પું. અટકાવ; રોકાણ.

૨. પું. ઓકવું તે; વમન.

૩ પું. કાઢી મૂકવું તે; દૂર કરવું તે.

૪. પું. ખંડન.

૫ પું. નાશ.

૬ પું. નિરાકરણ.

૭. વિ. ખંડન કરનાર.

૮. વિ. નિરસ્કાર કરનાર.

૯. વિ. દૂર કરનાર; હેઠનાર; હાંકી કાઢનાર.

નિરાસક્ત [સં. નિર્ (વગરનું) + આસક્ત (મોહવાળું)] વિ. આસક્તિ વગરનું.

નિરાસન ૧. [સં.] ન. અટકાવ.

૨. ન. અપવાદ.

૩. ન ખંડન

૪. ન તિરસ્કાર

૫ ન નિરાકરણ; તોડ

૬ ન પ્રત્યાખ્યાન.

૭. ન. માત્સર્ય

૮ ન વધ.

૯ ન કાંકી કાઢવું તે; હેઠવું તે; ઉડાડવું તે.

૧૦ [સં. નિર્ (વગરનું) + આસન (બેઠક)] વિ. આસન વગરનું.

નિરાસ્પદ ૧. [સં નિર્ (વિનાનું) + આસ્પદ (સ્થાન)] વિ કોઈપણ વગરનું; સ્થાન વગરનું

૨. વિ. બેચેન.

નિરાસ્વાદ [સં. નિર્ (વગરનું) + આસ્વાદ (સ્વાદ)] વિ. સ્વાદ વિનાનું; બેસ્વાદ; બોળું; ફીકું

નિરાહાર ૧. [સં. નિર્ (વગરનું) + આહાર (ખોરાક)] પું. ઉપવાસ; ભોજનનો અભાવ.

૨. વિ. જેના અનુકૂલનમાં ભોજન ન કરાય એવું

૩. વિ ભૂખ્યું; ઉપવાસી; અપવાસી.

નિરાહારવ્રત [સં. નિર્ (વગરનું) + આહાર (ખોરાક) + વ્રત (નિયમ)] ન. અનશનવ્રત; અન્ન ન લેવાની પ્રતિજ્ઞા

નિરાહારી ૧. પું. પરમાત્મા.

૨. [સં નિર્ (વગરનું) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ. નહિ જમેલ. ઉપવાસી; ભૂખ્યું.

નિરાળું ૧ [સં. નિરાલય; પ્રા. ણિરાલઅ] વિ અલગ; જુદું; નોખું; અનોખું; ન્યારું.

૨. વિ. આધુ.

૩. વિ. નિર્જન; એકાંત.

૪ વિ. પ્રતિકૂળ; વિપરીત.

૫. વિ વિલક્ષણ; અદ્‌ભુત.

૬. વિ. સ્પષ્ટ.

નિરાંત ૧. સ્ત્રી. આરામ.

૨ સ્ત્રી. ઉપાધિ વગરની હાલત.

૩. [સં. નિર્ (વગરનું) + આંત (બીક)] સ્ત્રી. નચિંતતા; કોઈ પ્રકારનો ડરવાનું અને ચિંતાનું કારણ ન હોય એવી સ્થિતિ.

નિરાંત જવી—વળવી = ચિંતા રહિત થવું; નચિંત થવું; ફિકર જતી રહેવી.

૪. સ્ત્રી. નિવૃત્તિ.

૫. સ્ત્રી. કુરસદ.

૬. સ્ત્રી. શાંતિ; સલામતી.

૭. સ્ત્રી. સુખ.

૮. સ્ત્રી. સુખ; જંપ.

નિરાંતવું ૧. વિ. શાંત.

૨. વિ. સુખવું, સરખું.

નિરાંતે ૧. ક્રિ. વિ. ઉતાવળ કે ગોકમ કર્યા વગર

૨. ક્રિ. વિ. નચિંતતાથી; નિરાંતથી; આરામથી.

૩. ક્રિ. વિ. સુખે; સુખચેનથી

નિરિચ્છ ૧. [સં. નિર્ (વગરનું) + ઇચ્છા] વિ. ઇચ્છા રહિત.

૨. વિ. નિષ્કામ; લાલની ઇચ્છા વગરનું.

નિરિચ્છપણું જુઓ નિરિચ્છા.

નિરિચ્છા [સં નિર્ (વગરનું) + ઇચ્છા] સ્ત્રી. ઇચ્છારહિતપણું.

નિરિચ્છાપણું જુઓ નિરિચ્છા.

નિરિચ્છિત [સં. નિર્ (વગરનું) + ઇચ્છિત (ઇચ્છેલું)] વિ. નહિ ઇચ્છેલું.

નિરિંગ [હિ.] વિ. નિશ્ચલ; અચળ.

નિરિંગણી [હિ.] સ્ત્રી. પડદો.

નિરિંદ્રિય ૧. ન. જેને જાતનું ખાતર.

૨. [સં. નિર્ (વગરનું) + ઇંદ્રિય] વિ. ઇંદ્રિય વગરનું; ઇંદ્રિયશક્તિ; ઇંદ્રિય રહિત. હાથ, પગ, આંખ, કાન આદિ ન હોય અથવા કામનાં ન હોય એવું. મનુષ્યે જન્માંધ, નપુંસક, પતિત, જન્મજાતકે, ઉન્મત્ત, જડ, મૂંગું વગેરેને નિરિંદ્રિય કહેલ છે અને તેને પિતૃધનના અનધિકારી કહેલ છે.

૩. વિ. અનિજમાંથી ઉત્પન્ન થયેલ; સેંદ્રિય પદાર્થમાંથી નહિ બનેલ.

૪. વિ. જડ.

૫. વિ. પ્રમાણ વગરનું.

નિરિંદ્રિય રસાયન ન. અજૈવ રસાયણ; 'ઇન ઑર્ગેનિક કેમિસ્ટ્રિ.'

નિરિંધન [સં. નિર્ (વગરનું) + ઇંધન (બળતણ)] વિ. બળતણ વગરનું.

નિરી ૧. વિ. એકલું.

૨. વિ. ચોખ્ખું; સાદ.

૩. અ. પૂરેપૂરું; તદ્દન.

નિરીક્ષક ૧. [સં. નિર્ (બહે) + ઈક્ષ્ (જોવું) + અક (નાર)] પું. તપાસનાર; પરીક્ષક; દેખરેખ રાખનાર; નિરીક્ષણ કરનાર માણસ.

૨. પું. તપાસનાર અધિકારી; 'ઇન્સ્પેક્ટર.'

૩. વિ. દેખનાર; જોનાર.

નિરીક્ષણ ૧. [સં. નિર્ (બહે) + ઈક્ષ્ (જોવું) + અન (પણું)] ન. અવલોકન; બારીક તપાસ; બારી બારીને જોવું તે; તપાસણી.

૨. ન. (ન્યાય) કાર્યકારણના નિયમો શોધવાને માટે મુખ્ય બે માર્ગોનું એક સાધન. બીજું સાધન પ્રયોગ છે. નિરીક્ષણના સામાન્ય નિયમો: (૧) નિરીક્ષણ ચોક્કસ હોવાં જોઈએ. અન્યથા વિષય કયારે બન્યો, કેટલો વખત ટક્યો, કઈ જગાએ બન્યો, એ સઘળું બહુ જ ચોક્કસ રીતે લક્ષમાં લેવું જોઈએ. (૨) અમુક બાબત મુદ્દાની નથી, એમ કરીને કાઢી નાખવા પહેલાં બહુ સંભાળ રાખવાની પણ જરૂર છે, કારણ કે ઘણી વાર આવી રીતે મુદ્દાની બાબત ધ્યાન બહાર રહી જવા સંભવ છે. (૩) જે વિષયનું અન્વેષણ કરવું હોય તે વિષયનું અનેક જાતની જુદી જુદી પરિસ્થિતિમાં નિરીક્ષણ કરવું જોઈએ. (૪) જે વિષયનું અન્વેષણ કરવું હોય

તે વિષયને અને લાંબુથી આસપાસની સમજી આમતોથી અને ઊંડા તે વિષયમાં દખલ કરનારી આમતોથી નિરાળો કરીને તેનું નિરીક્ષણ કરવું જોઈએ.
૩. ન. જોવાની મુદ્રા કે ઢબ.
૪. ન. દર્શન, દેખવું તે.
૫. ન. નેત્ર; આંખ.

નિરીક્ષણકાચ પું. દૂરબીનનો આંખ નજીકનો કાચ. ઊપનેત્ર

નિરીક્ષણશક્તિ [સં. નિરીક્ષણ (અવલોકન) + શક્તિ (બળ)] સ્ત્રી. અવલોકનશક્તિ; જોવાની શક્તિ

નિરીક્ષવું જુઓ નિરીક્ષણ.

નિરીક્ષણીય [સં.] વિ. તપાસવા જેવું

નિરીક્ષમાન [સં. નિરીક્ષ્ (જોવું) + માન (વર્તમાનકૃદંતનો પ્રત્યય)] વિ. જોતું; અવલોકન કરતું.

નિરીક્ષવું ૧. [સં. નિરીક્ષ્] સ ક્રિ. અવલોકવું, અવલોકન કરવું; બારીકીથી જોવું; નિહાળીને જોવું.
૨. સ. ક્રિ. તપાસવું.

નિરીક્ષા ૧. [સં.] સ્ત્રી. અવલોકન; બારીક તપાસ; દર્શન
૨. સ્ત્રી. નિર્ણય.

નિરીક્ષાવવું સ ક્રિ. બારીકીથી જોવરાવવું.

નિરીક્ષાવું સ ક્રિ. અવલોકાવું; નિહાળીને જોવાવું.

નિરીક્ષિત ૧. [સં] વિ. તપાસેલું.
૨. વિ. દેખેલું.

નિરીક્ષ્ય ૧. [સં.] વિ. જોવા યોગ્ય.
૨. વિ. તપાસવા લાયક.

નિરીખવું [સં. નિરીક્ષ્. પ્રા. ણિરિક્ખ] સ ક્રિ. નીરખવું; નિરીક્ષવું.

નિરીચ્યા સ્ત્રી. આશા.

નિરીતિ [સં. નિર્ (બહારનું) + ઈતિ (ખેતીનો ઉપદ્રવ)] વિ. ઈતિ રહિત; અતિવૃષ્ટિ આદિથી રહિત

નિરીશ ૧. પું ઘઉંનો મુખ્ય જાત.
૨. [સં નિર્ + ઈશ (પરમેશ્વર)] વિ નાસ્તિક; ઈશ્વરને નહિ માનનાર; અનીશ્વરવાદી.
૩. [સં નિર્ (બહારનું) + ઈશ (ખબી)] વિ. બાલિક બહારનું

નિરીશ્વર ૧ [સં. નિર્ (બહારનું) + ઈશ્વર (ભગવાન)] પું. ઈશ્વર નથી એવો વાદ.
૨. વિ. ઈશ્વર નથી એમ માનનાર; નાસ્તિક
૩. વિ ઈશ્વર બહારનું.

નિરીશ્વરમત જુઓ નિરીશ્વરવાદ.

નિરીશ્વરવાદ [સં. નિર્ (બહારનું) + ઈશ્વર (પ્રભુ) + વાદ (મત)] પું. ઈશ્વર નથી એવો મત.

નિરીશ્વરવાદી ૧. [સં નિર્ (બહારનું) + ઈશ્વર (પ્રભુ) + વાદિન્ (માનવાળું)] પું. નિરીશ્વરવાદમાં માનનાર માણસ; નાસ્તિક.
૨. વિ. નિરીશ્વરવાદને લગતું.

નિરીશ્વરી ૧. [સં. નિર્ (બહારનું) + ઈશ્વર (પ્રભુ) + ઈન્ (વાળું)] વિ. ઈશ્વર બહારનું.
૨. વિ. ઈશ્વરને ન માનનાર; ઈશ્વર નથી એમ માનનારું.

નિરીષ [સં.] ન. ઘઉંનો મુખ્ય ભાગ; ઘઉંનું કોરું.

નિરીહ ૧. [સં. નિર્ (બહારનું) + ઈહા (ઇચ્છા)] વિ. ઇચ્છા બહારનું; કોઈ જાતની આકાંક્ષા વિનાનું; વિરક્ત; ઉદાસીન.
૨. વિ. ચેષ્ટા રહિત; નિશ્ચેષ્ટ.
૩. વિ. તટસ્થ
૪. વિ. નિત્યતૃપ્તી.
૫. વિ. શાંતિપ્રિય.

નિરીહ જ્ઞાનાચાર [સં. નિરીહ (વિરક્ત) + જ્ઞાન + આચાર] પું. આ લોક અને પરલોકના ફળરૂપ જે સાધન પ્રાપ્તિનું અથવા દેવપણું મેળવવું તેની અભિલાષા છોડી જ્ઞાનાચારનું પાલન કરવું તે.

નિરીહતા [સં. નિરીહ (ચેષ્ટા બહારનું) + તા (પણું)] સ્ત્રી ચેષ્ટારહિતપણું; નિઃસ્પૃહપણું

નિરીહપણું ન. (જૈન) ઉદાસિનતા.

નિરીહા ૧. [સં.] સ્ત્રી. ચેષ્ટા બહારની સ્થિતિ.
૨. સ્ત્રી. નર્મદાનાં દળદર માંહેનું એક નામ.
૩. સ્ત્રી વિરક્તિ; ઉદાસીનતા.

નિરુક [સં. નિર્ઋ] પું. જળરાશિ; પાણી સેમળ.

નિરુક્ત ૧. [સં] ન. એક વેદાંગ; વ્યુત્પત્તિશાસ્ત્ર; વૈદિક શબ્દોનું નિર્વચનપૂર્વક વ્યુત્પત્તિ આદિ બતાવનારું શાસ્ત્ર; વેદનું ચોથું અંગ. શબ્દ, મૂળ, વ્યુત્પત્તિ, વૈદિક પદો તથા પદાર્થોનું નિરૂપણ કરનાર શાસ્ત્ર નિરુક્ત કહેવાય છે. નિરુક્તના ત્રણ વિભાગ છે: (૧) નૈઘંટુક, જેમાં શબ્દનો સમૂહ. (૨) નૈગમ, વેદના શબ્દનો સમૂહ. (૩) દૈવત, દેવતા અને યજ્ઞ સંબંધી શબ્દનો સમૂહ. આ શાસ્ત્ર યાસ્ક મુનિએ બનાવેલું છે વૈદિક શબ્દોની જે વ્યાખ્યા યાસ્ક મુનિએ કરેલ છે તેને નિરુક્ત કહે છે. તેમાં વૈદિક શબ્દોના અર્થોનો નિર્ણય કરેલ છે. વેદના શબ્દોના અર્થ પ્રકટ કરનાર પ્રાચીન અર્વાચીન ગ્રંથ આજ છે. જોકે યાસ્કે શાકપૂણિ અને સ્થૌલષ્ઠીવી આદિ પોતાની પહેલાના નિરુક્તકારોનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ તેના ગ્રંથ અત્યારે પ્રાપ્ત નથી સાયણાચાર્ય અનુસાર જેમાં જોકે શબ્દના ઓછામાંમાં ઓછા અર્થ કે પર્યાય કહેલ હોય તે નિરુક્ત છે. અધિકારવૃત્તિ અનુસાર નિરુક્ત પાંચ પ્રકારનાં છે: વર્ણાગમ, વર્ણવિપર્યય, વર્ણવિકાર, વર્ણનાશ અને ધાતુના કોઈ એક અર્થને સિદ્ધ કરવો તે. નિરુક્તના ચાર અધ્યાય છે. પ્રથમમાં આકારણ અને શબ્દસ્વરૂપ ઉપર સૂક્ષ્મ વિચાર છે. પ્રાચીન કાળમાં શબ્દસ્વરૂપ ઉપર આવો ગૂઢ વિચાર બીજે કયાંય જોવામાં આવતો નથી. શબ્દસ્વરૂપ ઉપર બે મત પ્રચલિત હતા, તેનો પક્ષ યાસ્કના નિરુક્તથી જાણે છે. કેટલાક લોકોનો મત એવો હતો કે, બધા શબ્દ ધાતુમૂલક છે અને ધાતુ ક્રિયાપદ માત્ર છે, જેમાં પ્રત્યયાદિ લગાડવાથી ભિન્ન ભિન્ન શબ્દ બને છે. યાસ્કે આ મતનું ખંડન કર્યું છે આ મતના વિરોધીઓનું એવું કહેવું હતું કે, કેટલાક શબ્દ ધાતુરૂપ ક્રિયાપદોથી બને છે, પરંતુ બધા નહિ, કેમકે જો બધા ઉપરથી બધા માનવામાં આવે, તો પ્રત્યેક જાણનાર કે આપણ બધનાર પદાર્થ બધ કહેવાય. યાસ્ક મુનિએ આના ઉત્તરમાં કહ્યું છે કે, જેને ક્રિયાથી જેવું પદાર્થનું નામ પડી ગયું છે, ત્યારે તે જ ક્રિયા કરનાર બીજા પદાર્થને તે નામ આપાતું નથી. સામા પક્ષવાળાનો બીજો વિરોધ એ હતો કે, જો નામ આ પ્રમાણે અપાયેલ છે તો કોઈ પદાર્થમાં જેટલા ગુણ હોય તેટલાં તેનાં નામ હોવાં જોઈએ. યાસ્ક આ બાબતમાં કહે છે કે, જેને પદાર્થ કોઈ એક ગુણ કે કર્મથી જેવું નામ ધારણ કરે છે. બીજા અને ત્રીજા અધ્યાયમાં ઘણા નિઘંટુઓના શબ્દોના અર્થ પ્રાય: બતાવ્યા સહિત છે. ચોથાથી છઠ્ઠા અધ્યાયમાં ચોથા નિઘંટુની વ્યાખ્યા છે. સાતમાથી આઠમામાં પાંચમા નિઘંટુના વૈદિક દેવતાઓની વ્યાખ્યા છે
૨. ન. નિર્વચન; વ્યુત્પત્તિ.
૩. ન. શબ્દના બધા અવયવોના અર્થને અનુસરીને તેના એટલે શબ્દના પ્રસિદ્ધ અર્થથી ભિન્ન અર્થવાની વૃત્તિ. જેમ સોમ શબ્દનો અર્થ ઉમા સહિત મહાદેવ કર્યો તે
૪. વિ. કરાવેલું, નિયુક્ત.

૫ વિ. નિમ્નકક્ષાએ રહેલું, ઊતરતું કરેલું.
૬ વિ. પ્રેરણાથી કહેલ; વર્ણવેલ.
૭. વિ. બોલેલ.

નિરુક્તકાર ૧. [સં. નિરુક્ત (એક વેદાંગ) + કાર (કરનાર)] પું. વસ્ક મુનિ.
૨ પું. સાખ્યપ્રવિ નામનો મુનિ.

નિરુક્તાજ્ઞ [સ] પું. સ્વામીની આજ્ઞાનુસાર અન્ય પુરુષ દ્વારા પુત્ર ઉત્પન્ન કરે એવી સ્ત્રીનો પુત્ર; ક્ષેત્રજ પુત્ર.

નિરુક્તવિદ્યા [સં.] સ્ત્રી. ઉચ્ચાર સંબંધી એક વિદ્યા. જુઓ નિરુક્ત ૧.

નિરુક્તશાસ્ત્ર [સ.] ન. વેદના અર્થ તથા મંત્રોનું પ્રકરણ તથા દેવતાઓનું ચિત્ર તથા સ્વભાવ ઇત્યાદિ બાબતો સમજાવનારું શાસ્ત્ર. જેમાં વેદમંત્રોની વ્યાખ્યા તથા જે જે મંત્રોમાં જે જે પદાર્થોની પ્રધાનપણે સ્તુતિ કરી હોય તેમના મંત્રમય દેવતા જણાવ્યા હોય તેને નિરુક્ત કહે છે. નિરુક્તશાસ્ત્ર પાંચ પ્રકારના વિષયનું વર્ણન કરે છે: વર્ણના આગમ, વર્ણવિપર્યય, વર્ણવિકાર, વર્ણનાશ અને ધાતુનો તેના અર્થની સાથેનો યોગ.

નિરુક્તિ ૧. [સં.] સ્ત્રી. (શાસ્ત્ર) એક અર્થાલંકાર; જ્યાં યોગ વડે નામના અર્થની કલ્પના કરવામાં આવે તેવો અલંકાર. તેમાં જેવું શબ્દનો મનમાનતો અર્થ કરવામાં આવે પણ તે અર્થ યોગ્ય હોય છે. જેમકે, કૃષ્ણ કોઈના ઉપર મોહ રાખતા નથી તેથી વિધિએ મોહન એવું યથાર્થ નામ રાખ્યું છે તે યોગ્ય છે.
૨. સ્ત્રી. નાટકનાં છત્રીસ માહેનું એક લક્ષણ.
૩. સ્ત્રી. નિરુક્ત ઉપરની વરદરાજની ટીકા.
૪. સ્ત્રી. નિરુક્તની રીતિએ અવયવાર્થ જણાવવો તે. કોઈ પદ કે વાક્યની જેવી વ્યાખ્યા, કે જેમા વ્યુત્પત્તિ આદિનું પૂરું કથન હોય.
૫. સ્ત્રી. વ્યુત્પત્તિ; વિગ્રહ

નિરુક્તિક [સં. નિરુક્તિ (વ્યુત્પત્તિ) + ક (વાળું)] વિ. વ્યુત્પત્તિ જણનાર.

નિરુક્તિજ [સં. નિરુક્તિ (વ્યુત્પત્તિ) + જ (જન્મેલું)] વિ. વ્યુત્પત્તિથી જન્મેલું.

નિરુચ્ચાર વિ જેનો ઉચ્ચારણ કરવાનો માર્ગ બંધ હોય એવું.

નિરુચ્છવ [પ્રા.] વિ. ઝાંખું; નિસ્તેજ; ઉત્સવ વગરનું.

નિરુચ્છ્વાસ ૧. [સં.] વિ. કલોકસ જોર કર્યા હોય એવું; જીવતા રહેવાની પણ જરૂર ન હોય એવું.
૨. વિ. શ્વાસ વગરનું
૩. વિ. સંકોચ્યું

નિરુત્થાયી [સં. નિરુત્થાયિન્] વિ. ઘરબાર ઉઠમણું ન કરનાર.

નિરુત્તર ૧. [સં.] ન. ચોસઠ માંહેનું એક તંત્ર.
૨. [સં. નિર્ (વગરનું) + ઉત્તર (જવાબ)] વિ. ચૂપ થઈ ગયેલું; ઉત્તર આપી ન શકે એવું; વાદ કે ચર્ચામાં સામો જવાબ ન આપી શકનારું; મૌન.
૩. વિ. જવાબ વગરનું.
૪. વિ. જેનો જવાબ આપી ન શકાય એવું.
૫. વિ. નિષ્પ્રાણમય; નિર્જીવિક.

નિરુપક્રમ ઉપભોગ [સં. નિર્ (વગરનું) + ઉપક્રમ (ઉત્પન્ન કરનાર) + ઉપભોગ (ભોગવવું તે)] પું. જેમાંથી કંઈ ઉત્પન્ન ન થાય એવો ઉપભોગ.

નિરુત્સવ [સ. નિર્ (વગરનું) + ઉત્સવ] વિ. ઉત્સવ વગરનું.

નિરુત્સાહ ૧ . સ નિર્ (વગરનું) + ઉત્સાહ (ખંત)] પું. ઉત્સાહનો અભાવ; નાકિમેહી.
૨. વિ. ઉત્સાહ વગરનું; આળસુ. ઉત્સાહથી રહિત.

નિરુત્સાહપણું જુઓ નિરુત્સાહ ૧.

નિરુત્સાહી [સં. નિર્ (વગરનું) + ઉત્સાહ (ખંત) + ઇન્ (વાળું)] વિ. જેને ઉત્સાહ ન હોય એવું; નિરુત્સાહ; આળસુ; ઉત્સાહ વગરનું.

નિરુત્સાહીપણું ન. ઉત્સાહ વગરના હોવું તે; આળસુ હોવાપણું.

નિરુત્સુક ૧. [સં. નિર્ (વગરનું) + ઉત્સુક (ઉત્કંઠાવાળું)] વિ. ઉત્કંઠા વગરનું.
૨. વિ. ખૂબ ઉત્સુક

નિરુત્સુકતા [સં. નિર્ (વગરનું) + ઉત્સુક (આતુર) + તા (પણું)] સ્ત્રી. આતુરતા નહિ હોવાપણું.

નિરુત્થ વિ. મૂળ સ્વરૂપને પામેલું; અપુનર્ભવ.
> ભિન્નપ્રકૃતિ સાથે કુસંગીઓ નાખીને ધમવા જતાં બાદ પોતાના મૂળ સ્વરૂપને પકડે ત્યારે તેને અપુનર્ભવ કે નિરુત્થ ધરમ કહે છે.
>
> રસવરગોવૃ

નિરુષ્ણ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, નિરૂદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમા સગણ, નગણ અને બે લઘુ મળી આઠ વર્ણ હોય છે.
૨. [સ. નિર્ (વગરનું) + ઉદ (પાણી)] વિ. જેમાં વગરનું; સૂકું.

નિરુદક [સ. નિર્ (વગરનું) + ઉદક (પાણી)] વિ. જલ રહિત; જેમાં પાણીનો અંશ ન હોય તેવું.

નિરુદકકાંતાર [સં. નિર્ (વગરનું) + ઉદક (પાણી) + કાંતાર (વન)] ન. પાણી ન મળતું હોય એવું જંગલ

નિરુદ્ધ ૧. [સં. નિ (બંધ) + રુદ્ધ (ઘેરાયેલ)] સ્ત્રી ચિત્તની પાંચ ભૂમિકા તેમા ચિત્તમા તમામ નિરોધ થઈ ગયો હોય છે અને માત્ર સંસ્કારો બાકી રહ્યા હોય છે. મનની ભૂમિઓ યોગમાં પાંચ માનેલી છે: ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ. ચિત્તની ડામાડોળ સ્થિતિને ક્ષિપ્તાવસ્થા, કર્તવ્યાકર્તવ્યજ્ઞાનશૂન્ય હોવું તેને મૂઢાવસ્થા, ચંચળતાની વચ્ચે વચ્ચે ચિત્તની સ્થિરતાને વિક્ષિપ્તાવસ્થા અને એક વસ્તુ ઉપર નિયમ રૂપથી સ્થિર હોવું તેને એકાગ્રાવસ્થા કહે છે. એકાગ્ર ઉપરાંત પછી નિરુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય છે, જેમા સ્થિર હોવાને માટે કોઈ વસ્તુના અવલંબનની આવશ્યકતા હોતી નથી. ચિત્ત પોતાની પ્રકૃતિમાં જ સ્થિર થઈ જાય છે.
> નિરુદ્ધ થઈ જવું = મનનું પ્રભુમાં રોકાઈ જવું
૨. વિ. અટકાવેલું કરેલું
૩. વિ. કેદ કરેલું; અંદરમાં નાખેલ
૪ વિ. બાકી; મુલતવી; બાકી.
૫. વિ. ઢંકાયેલું; રવાના.
૬ વિ. બંધ કરેલું; અટકાવેલ; રોકેલું

નિરુદ્ધગુદ [સં. નિરુદ્ધ (બંધ થયેલ) + ગુદ (ગુદા)] પું. એક જાતનો રોગ. તેમાં મળદ્વાર બંધ થઈ જાય છે.

નિરુદ્ધપ્રકર્ષ [સં.] પું. સુશ્રુતમાં કહેલ એક જાતનો રોગ.

નિરુદ્ધપ્રકાશ [સ] પું. એક જાતનો રોગ. તેમાં મૂત્રદ્વાર બંધ થાય છે અને પેશાબ બહુ રોકાઈ રોકાઈને તેમ જ થોડો થોડો થાય છે.

નિરુદ્ધાવસ્થા [સં] સ્ત્રી. ચિત્તની પાંચ ભૂમિકાની જે નામની ઉપલી અવસ્થા. તેમાં ચિત્તની સર્વ વૃત્તિઓ ચેષ્ટા રહિત થઈ જાય છે.

નિરુદ્યમ ૧. [સં નિર્ (વગરનું) + ઉદ્યમ (પ્રવૃત્તિ)] પું. ઉદ્યમનો અભાવ.
૨ વિ ઉદ્યમ વગરનું; આળસુ.

નિરુદ્યમતા [સં. નિર્ (વગરનું) + ઉદ્યમ (પ્રયત્ન) + તા (પણું)] સ્ત્રી. બેકારી; ઉદ્યમ વગરનું હોવાપણું

નિરુદ્યમી [સં. નિર્ (વગરનું) + ઉદ્યમ (પ્રયત્ન) + ઇન્ (વાળું)] વિ. ઉદ્યમ વગરનું; આળસુ; કામ વગરનું; નિરુદ્યમ.

નિરુદ્યમીપણું ન. નિરુદ્યમી હોવું તે; આળસુ હોવાપણું

નિરુદ્યોગ ૧. [સં. નિર્ (વગરનું) + ઉદ્યોગ] પું ઉદ્યમનો અભાવ; ઉદ્યોગ વગરનું.
૨. વિ. નિરુદ્યમ; આળસુ.
૩. વિ. બેકાર; ઉદ્યમ વગરનું; નવરું.

નિરુદ્યોગવાદ [સં. નિર્ (વગરનું) + ઉદ્યોગ (પ્રયત્નપણો) + વાદ (મત)] પું નિવૃત્તિમાર્ગ.

નિરુદ્યોગી ૧ [સં. નિર્ (વગરનું) + ઉદ્યોગ (પ્રયત્નપણો) + ઇન્ (વાળું)] વિ. જેને પ્રયત્નપણો ન હોય એવું; બેકાર; નવરું.
૨. વિ નિરુદ્યમ; આળસુ.

નિરુદ્યોગીપણું ૧. ન. નિરુદ્યમીપણું; આળસુ હોવાપણું.
૨. ન. બેકારપણું.

નિરુદ્રાવ [સં.] વિ. અક્ષય; અવિનાશી.

નિરુદ્વિગ્ન ૧. [સં. નિર્ (વગરનું) + ઉદ્વિગ્ન (ખિન્ન)] વિ. ઉદ્વેગ રહિત; નહિ કંટાળેલ.
૨. વિ. બહું જ કંટાળેલ; અત્યંત ઉદ્વેગ પામેલ.

નિરુદ્વેગ [સં. નિર્ (વગરનું) + ઉદ્વેગ (ચિંતા)] વિ. નિશ્ચિંત; ઉદ્વેગ વગરનું.

નિરુપકાર [સં. નિર્ (વગરનું) + ઉપકાર] વિ. ઉપકારને નહિ માનનાર; કૃતઘ્ન.

નિરુપકારી [સં. નિર્ (વગરનું) + ઉપકારિન્ (ઉપકારવાળું)] વિ. કૃતઘ્ની; અપકારી; ઉપકાર ન કરે એવું.

નિરુપકારીપણું ન. કૃતઘ્નતા; ઉપકાર કરનાર ન હોવાપણું.

નિરુપક્રમ ૧. વિ. (જૈન) કોઈ પણ નિમિત્ત મળે જેનું આયુષ્ય તૂટે નહિ તેવું; જેટલું બાંધ્યું હોય તેટલું જ આયુષ્ય ભોગવે તેવું.
૨. વિ. મનના કોઈ આદિથી રહિત.

નિરુપક્રમી વિ. અંત ન આવે એવું.

નિરુપકાર વિ. ઉપકાર નહિ કરનાર.

નિરુપચરિત ૧. વિ. ઉપચાર નહિ કરેલ.
૨. વિ વાસ્તવિક; યથાતથ્ય.

નિરુપચાર [સં. નિર્ (વિનાનું) + ઉપચાર (પ્રયત્ન)] વિ ઉપચાર વગરનું.

નિરુપજીવ્યાભૂમિ [સં] સ્ત્રી. જેના ઉપર કોઈનું ગુજરાન ન થઈ શકે એવી ભૂમિ

નિરુપદ્રવ ૧. [સં. નિર્ (વગરનું) + ઉપદ્રવ (પીડા)] પું. ઉપદ્રવનો અભાવ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૩. વિ. ઉપદ્રવ ન કરે તેવું; શાંત; પંચાતી ઊભી કરે નહિ એવું; ઠરીઠામ; ઠામઠાર.
૪. વિ. ઉપદ્રવ વગરનું; દુઃખ કે પીડા વગરનું.
૫. વિ. જેમાંથી કોઈ ઉત્પાત થાય નહિ એવું.

નિરુપદ્રવતા ૧. [સં. નિર્ (વગરનું) + ઉપદ્રવ (પીડા) + તા (પણું)] સ્ત્રી. નિરુપદ્રવ હોવાની ક્રિયા કે ભાવ.
૨. સ્ત્રી. નિર્ભયતા; શાંતિ.

નિરુપદ્રવી ૧. [સં. નિર્ (વગરનું) + ઉપદ્રવ (પીડા) + ઇન્ (વાળું)] વિ. ઉપદ્રવ વગરનું.
૨. વિ નિરુપદ્રવ; ઉપદ્રવ ન કરે તેવું; શાંત.
૩ વિ. મુશ્કેલીમાંથી મુક્ત; સુખી.

નિરુપદ્રવીપણું જુઓ નિરુપદ્રવતા.

નિરુપભોગ [સં. નિર્ (વગરનું) + ઉપભોગ] વિ. જેનો કોઈ ઉપભોગ ન હોય એવું.

નિરુપમ ૧. [સં.] પું. રાષ્ટ્રકૂટ વંશનો એ નામનો એક રાજા.
૨. [સં. નિર્ (વગરનું) + ઉપમા (સરખામણી)] વિ. અનુપમ; અદ્વિતીય; સર્વોત્તમ; અતુલ.

નિરુપમા [સં.] સ્ત્રી. ગાયત્રીનું એક નામ.

નિરુપયોગ [સં. નિર્ (વગરનું) + ઉપયોગ (અર્થ)] વિ. ઉપયોગમાં ન લાગે તેવું.

નિરુપયોગિતા [સં નિર્ (વગરનું) + ઉપયોગિતા (ઉપયોગમાં આવવું તે)] સ્ત્રી. ઉપયોગમાં ન આવવાપણું.

નિરુપયોગી [સં. નિર્ (વગરનું) + ઉપયોગ (અર્થ) + ઇન્ (વાળું)] વિ. ઉપયોગ વિનાનું; નકામું; નિરર્થક.

નિરુપયોગીપણું જુઓ નિરુપયોગિતા.

નિરુપરાગ વિ. ઉપરાગ વિનાનું; વિકાર વગરનું.

નિરુપરી ૧. વિ. સ્ત્રી. આધાર વિનાની.
ભીતડી રે આધાર માંખે,
નારી રહ્યા નિરુપરી. ગીધર
૨. વિ સ્ત્રી. નકામી.

નિરુપલેપ ૧. [સં.] વિ. કર્મરૂપી લેપ વગરનું.
૨ વિ. સ્નેહ વગરનું.

નિરુપસર્ગ ૧. [સં.] પું. મોક્ષ; મુક્તિ; જન્મ, મરણ આદિ ઉપસર્ગ રહિત હોવાપણું.
૨. વિ. ઉપસર્ગ રહિત.

નિરુપાખ્ય ૧. [સં.] પું. અસત્પદાર્થ, મિથ્યા પદાર્થ; અભાવ પદાર્થ; વાણી કે મનમાં ન આવે તે પદાર્થ.
૨. પું. પરમાત્મા.
૩. પું. બ્રહ્મની ઓનો પુત્ર.
૪. વિ. તદ્દન મિથ્યા હોય અથવા જે હોવા કોઈ સંભવ ન હોય એવું.
૫. વિ. બોલ્યા ન થઈ શકે એવું.

નિરુપાધિ ૧. [સં. નિર્ (વગરનું) + ઉપાધિ (માયા)] પું. વેદા. ઉપાધિ નામ પામતાં જીવને બ્રહ્મરૂપ પ્રાપ્ત થાય છે.
૨. ન. આત્મતત્ત્વ.
૩. [સં. નિર્ (વગરનું) + ઉપાધિ (ચિંતા)] વિ. ઉપાધિ વિનાનું; માયા વગરનું; ઉપાધિ રહિત.
૪ વિ. માયા રહિત.

નિરુપાધિક ૧. [સં. નિર્ (વગરનું) + ઉપાધિ + ક (વાળું)] પું. પરમાત્મા; પરમેશ્વર.
૨. વિ. ઉપાધિ વગરનું; શુદ્ધ.
૩. વિ. કરાર વિનાનું; શરત વગરનું.
૪. વિ. નિઃસ્વાર્થી

નિરુપાધિકક્રમ [સં.] પું. (વેદાંત) અધિષ્ઠાનના જ્ઞાનથી દૂર થાય તેવો ક્રમ. સોપાધિક ક્રમની પેઠે એ પણ બાહ્ય અને આંતર એવો બે પ્રકારનો છે. છીપમાં રૂપું કેમાવું, આકાશમાં નીલતા કેમાવી ઇત્યાદિ બાહ્ય નિરુપાધિકક્રમ છે. કું ગ્રહી કું, આકાશ કું, ઇત્યાદિ આંતર સોપાધિક ક્રમ છે.

નિરુપાધિતા ૧. [સં. નિર્ (વગરનું) + ઉપાધિ + તા (પણું)] સ્ત્રી. આત્મજાગૃતિ.
૨. ન. ઉપાધિ રહિત હોવાપણું.

નિરુપાધિપણું જુઓ નિરુપાધિતા.

નિરુપાધિવિસંવાદીક્રમ [સં] પું. સોપાધિ સિવાયના બાકીના વિસવાદી ક્રમ. જેમકે, છીપમાં રૂપું, દોરડીમાં સાપ.

નિરુપાય ૧. [સં. નિર્ (વગરનું) + ઉપાય (પ્રયત્ન)] વિ. ઉપાય વગરનું; લાચાર.
૨. વિ. જેનો ઉપાય કે પ્રયત્ન ન થઈ શકે તેવું; બેપ્રયત્ન.

નિરુપેક્ષ ૧. [સં. નિર્ (વગરનું) + ઉપેક્ષા] વિ ત્યાગ વગરનું
૨. વિ. પ્રામાણિક.
૩. વિ બેદરકાર નહિ એવું

નિરુષ્મતા ૧. [સં. નિર્ (વગરનું) + ઉષ્મતા (ગરમી)] સ્ત્રી. ઠંડી; શીતળતા.
૨. સ્ત્રી. સંતાપ રહિત હોવાપણું.

નિરૂં ૧. વિ. નવું; સ્વચ્છ.
૨. અ. કેવળ.

નિરૂઢ ૧. [સં.] પું એ નામનો એક પદાર્થાભાસ.
૨. સ્ત્રી. બસ્તીનો એક ભેદ
૩. વિ. અત્યંત રૂઢ; અતિશય પ્રસિદ્ધ; પ્રચલિત; વિખ્યાત.
૪. વિ. અવિવાહિત; કુવારું.
૫. વિ ઉત્પન્ન.

નિરૂઢલક્ષિત જુઓ નિરૂઢલક્ષિત.

નિરૂઢલક્ષણા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અનાદિ તાત્પર્યના વિષયીભૂત અર્થ વિષે રહેલી લક્ષણા. જેમકે નીલો ઘટઃ આ વાક્યમાં નીલ પદની નીલગુણ વિશિષ્ટ દ્રવ્ય વિષે નિરૂઢ લક્ષણા કહેવાય છે

૨ સ્ત્રી. (કાવ્ય) એ નામની એક લક્ષણા; શબ્દની એક અર્થબોધના શક્તિ; પ્રયોજનની અપેક્ષા વિના માત્ર રૂઢિથી જ જ્યાં અન્ય અર્થ લેવાનો હોય તેવી લક્ષણા; જેમાં શબ્દનો પ્રયોગ કરેલ અર્થ રૂઢ થઈ ગયો હોય એવી લક્ષણા. જેમકે, કર્મને વિષે તે કુશળ છે. કુશળનો વાચ્યાર્થ દર્ભને લેનાર છે. પણ તે અર્થ અહીં જરા બેસતો નથી કુશલ શબ્દનો અર્થ અનાદિ વ્યવહારથી પ્રતીત થાય છે, તેથી અભિધાવૃત્તિની પેઠે આ લક્ષણાવૃત્તિમાં પ્રયોજનની અપેક્ષા નથી. રૂઢિ જ એ લક્ષણાનું આવશ્યક અંગ હોવાથી એ રૂઢલક્ષણા કે નિરૂઢલક્ષણા કહેવાય છે. લક્ષણામા હમેશા પ્રયોજન હોવું જ જોઈએ એમ નથી. કેટલેક સ્થળે પ્રયોજનને બદલે રૂઢિ એ લક્ષણાનું આવશ્યક અંગ થાય છે.

નિરૂઢયસ્ત્રિ [સ.] સ્ત્રી. (વૈદક) એક જાતની પિચકારી. તેનાથી રોગીની ગુદામાં એક ખાસ જાતની નળી વડે દવા નાખવામાં આવે છે.

નિરૂઢા ૧. [સં. નિર (બહારનું) + ઊઢ (પરણ્યા) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અવિવાહિતા; કુમારી.

૨. જુઓ નિરૂઢલક્ષણા.

નિરૂઢા ઉપાદાનલક્ષણા સ્ત્રી. (કાવ્ય) એક જાતની લક્ષણા. આમાં મુખ્ય શબ્દો પોતાના મુખ્ય અર્થને વળગી રહ્યા છતાં અન્ય અર્થ પ્રદર્શિત કરે છે

નિરૂઢિ ૧. [સં.] સ્ત્રી. નિરૂઢલક્ષણા.

૨. જ્ઞા. પ્રસિદ્ધિ.

નિરૂપ ૧. [સં] પુ. આકાશ.

૨ પું. દેવતા

૩. પું વાયુ.

૪ [ક્રિ. વિ નિરંતર; રૂપ વગરનું

૫. વિ. બદસૂરત; કુરૂપ.

નિરૂપક ૧. [સં.] પું. નિરૂપણ કરનાર માણસ.

૨ વિ. નિરૂપનાર

નિરૂપકતા [સં.] સ્ત્રી. તપાસનારપણું; નિરૂપણ કરનારપણું.

નિરૂપણ ૧. [સં. નિરૂપ્ (બતાવવું) + અન (પ્રત્યય)] ન. કોઈ વિષયનો વિવેચનપૂર્વક નિર્ણય; વિચાર.

૨. ન. ચરિત્રવર્ણન; વાર્તાકથન.

૩. ન. ચિકિત્સા.

૪. ન. તત્ત્વજ્ઞાનને અનુકૂળ શબ્દોનો પ્રયોગ થાય તેવો વિચાર.

૫. ન. તપાસ; તપાસવું તે; અવલોકન; અવલોકન કરવું તે.

૬. ન. દાખલ કરવું તે; સમાવવું તે; ઉમેરવું તે.

૭. ન. નિદર્શન; કથન.

૮. ન. નીમવું તે.

૯. ન. (વેદાંત) પદાર્થનું લક્ષણ, પ્રમાણ અને સ્વરૂપનું અભિધાન

૧૦. ન. પ્રકાશ.

૧૧. ન. બતાવવું તે

૧૨. ન. વર્ણન કરવું તે; બરોબર વર્ણવવું તે. વિવેચન; રજૂ કરવું તે; વર્ણન.

નિરૂપણ કરવું = (૧) કથન કે ચર્ચા કરવી; વર્ણવવું. (૨) જોવું, તપાસ કરવી.

૧૩. ન. શોધવું તે; શોધ.

નિરૂપણનિષ્ઠસંગતિ [સં.] સ્ત્રી. (વેદાંત) જેને પછી જોડેલ અભ્યર્હિત ક્રમમાં જે વસ્તુ કહેવાની છે, તેની પ્રયોજક જે જિજ્ઞાસા, તે જિજ્ઞાસાનો જનક જે જ્ઞાનનો વિષય, તે વિષયના સ્વરૂપને અનુકૂળ એવો સંબંધ.

નિરૂપણા [સં] સ્ત્રી. વર્ણન.

નિરૂપવું ૧. [સં. નિરૂપ્] સ ક્રિ. આલેખવું; નિરૂપણ કરવું; વર્ણન કરવું; વિશેષ સ્પષ્ટ કરવું.

૨. સ ક્રિ. કોઈ વિષયનો વિવેચનપૂર્વક નિર્ણય કરવો; વિચારવું.

૩ સ ક્રિ. ચરિત્રવર્ણન કરવું; વાર્તાકથન કરવું.

૪ સ ક્રિ ચિકિત્સા કરવી

૫ સ ક્રિ તપાસવું; અવલોકવું

૬. સ ક્રિ દાખલ કરવું; ઉમેરવું

૭ સ ક્રિ. નિદર્શન કરવું; કથન કરવું

૮ સ ક્રિ નિર્ણય કરવો; ઠરાવવું; નિશ્ચય કરવો

૯ સ ક્રિ. નીમવું.

૧૦. સ. ક્રિ. પ્રકાશવું

૧૧. સ ક્રિ. બતાવવું.

૧૨. સ ક્રિ. શોધવું

નિરૂપાવવું સ. ક્રિ. નિરૂપે એમ કરવું; નિરૂપવાની ક્રિયા કરાવવી.

નિરૂપાવું અ. ક્રિ. નિરૂપે એમ બનવું; નિરૂપવાની ક્રિયા બનવી.

નિરૂપિત ૧. [સં.] વિ આલેખેલ; નિરૂપણ કરેલ; જેનું નિરૂપણ થયું હોય તેવું; વર્ણવેલ.

૨. વિ. ચરિત્રવર્ણન કરેલું; વાર્તાકથિત.

૩. વિ. ચિકિત્સા કરેલ.

૪ વિ. તપાસેલ; જોયેલ. અવલોકન કરેલ.

૫. વિ. દર્શાવેલ; બતાવેલ; બતાવેલ.

૬ વિ. દાખલ કરેલું; ઉમેરેલું

૭. વિ. નિદર્શન કરેલું; કહેલું

૮. વિ નિયુક્ત; ક્રમમાં ગોઠવેલ

૯ વિ. નિર્ણય કરેલું, ઠરાવેલું.

૧૦. વિ નીમેલ.

૧૧ વિ. પ્રકાશેલું.

૧૨ વિ વિવેચનપૂર્વક નિર્ણય કરેલું, વિચારેલું.

૧૩. વિ શોધેલ.

નિરૂપિતત્વ [સ.] ન ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ એક સ્વરૂપ સંબંધ.

નિરૂપ્ય ૧. [સં.] વિ. જોવા યોગ્ય; તપાસવા જેવું.

૨. વિ નિરૂપવા યોગ્ય; નિરૂપી શકાય એવું.

૩. વિ. નજીવા લાયક.

૪ વિ. વર્ણન કરી શકાય તેવું

૫ વિ શોધવા યોગ્ય

૬. અ જોઈને; તપાસીને.

૭. અ. નીમીને.

૮ અ શોધીને.

નિરૂહ [સ.] પું. વૈદકપ્રસિદ્ધ એક બસ્તિકર્મ.

નિરૂહણયસ્ત્રિ જુઓ નિરૂઢયસ્ત્રિ.

નિરૂહયસ્ત્રિ [સં.] સ્ત્રી. દૂધ, ક્વાથ કે પાણીના ગુદા વાટે પિચકારી.

નિરેકું વિ. એકું નહિ એવું.

નિરેપણા [સં. નિર્ (બહારનું) + એષણા (ઇચ્છા)] સ્ત્રી. વાસના રહિત અવાપણું.

નિરૈ [સ. નિરય] પું. (હિંદી) નરક.

નિરૌષ્ઠ્યક [સં. નિર્ (બહારનું) + ઔષ્ઠ્ય + અક (વાળું)] વિ. ઔષ્ઠ્ય રહિત.

નિરૌદ્ભિદ [સં નિર્ (બહારનું) ઔદ્ભિદ (ઉદ્ભિજ્જનું)] વિ. ઔદ્ભિદ્ય બહારનું; અનદ્રિક; નિરવયવક; અવયવ વિનાનું

નિરૌ પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રાજવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ ગુરુ અને ૨૮ લઘુ મળી ૫૬ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

નિરોગ [હિ] વિ. રોગ વગરનું; તંદુરસ્ત.

નિરોગી [હિ.] વિ. રોગ વગરનું; તંદુરસ્ત; વ્યાધિ રહિત; નીરોગી.

નિરોઠા [હિ.] વિ. બદસૂરત; કુરૂપ.

નિરોધ ૧. [સં. નિ (બહાર) + રુધ્ (અટકાવવું)] પું અટકાવ; રોકાણ; અવરોધ.

૨. પું. (જૈન) અશોક વૃક્ષનું નામ.
૩. પું. કારાવાસ; કેદ; બંધન.
૪. પું. પેરો; પેરી લેવાની ક્રિયા.
૫. પું. (યોગ) ચિત્તની એ નામની એક અવસ્થા; ચિત્તવૃત્તિનો નિગ્રહ; ઇંદ્રિયોને વિષયોથી અટકાવવી તે; યોગમાં ચિત્તની સઘળી વૃત્તિઓને રોકવી તે. તેમાં અભ્યાસ અને વૈરાગ્યની આવશ્યકતા રહે છે. ચિત્તવૃત્તિઓના નિરોધ પછી મનુષ્યને નિર્વાજ સમાધિ પ્રાપ્ત થાય છે.
પ્રાણ, આસન અને સ્વપ્નમેથી વૃત્તિનો નિરોધ થાય છે. પ્રાણાયામ કરવાથી ચિત્તનો નિરોધ થાય છે. સાંખ્યદર્શન
૬. પું. ચોસઠ માહેનો એ નામનો એક માનસતત્ત્વ દેવતા.
૭. પું. તાપ; ગરમી.
૮. પું. નાશ; પ્રલય
૯ પું. નિગ્રહ; પ્રતિબંધ.
૧૦ પું. નિયંત્રણ; દમન.
૧૧. પું. બૌદ્ધદર્શનના ચાર માંહેનું એક આર્ય સત્ય.
૧૨. પું. ભગવાનની લીલાને અનુકૂળ સ્થિતિ.
૧૩ પું. લૌકિક અને વૈદિક સમસ્ત કર્મોનો ત્યાગ.
૧૪. પું. વશીકરણ મંત્ર.
નિરોધ કેરા કહિયા ભેદ. ભીમ
૧૫. પું વિપર્યય વગેરે તમામ ક્લેશદાયી અને અક્લેશકારિણી વૃત્તિનો ઉદય જ ન થવો તે.

નિરોધક ૧. ન. આવરણ; ઢાંકણ.
૨. [સં. નિ (બહારે) + રોધક (અટકાવનાર)] વિ. અટકાવનાર; રોકનાર.
૩. વિ. કેદ કરનાર.
૪. વિ. ઘેરનાર.

નિરોધન ૧. [સં. નિ (બહારે) + રોધન (અટકાવવું તે)] ન. અટકાવવું તે; રોકવું તે; પ્રતિબંધ; અટકાવ.
૨. ન. કેદ, બંધન.
૩. ન. ઘેરવું તે.
૪. ન. (વૈદ્યક) પારાનો જૂનો સંસ્કાર.
૫. ન. રક્ષણ; પહેરો. ઓરો.

નિરોધન આદેશ પું. કેદ કરવાનો હુકમ.

નિરોધપત્ર [સં. નિરોધ (કેદ) + પત્ર (કાગળ)] પું; ન. તુરંગમાં દાખલ કરવાનો હુકમ; કેદ કરવાનો પરવાનો.

નિરોધપરા [સં] સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક માનસતત્ત્વ દેવતા.

નિરોધપરિણામ [સં. નિરોધ (અટકાવ) + પરિણામ] પું. (યોગ) બુત્થાન અને નિરોધની વચ્ચેની ચિત્તવૃત્તિની સ્થિતિ. એક વાર રજોગુણ જાગે અને બીજી વાર ઊંઘે એ બેની વચ્ચે ચિત્તની એવી દશા હોય છે કે જે વખતે તેને પ્રવૃત્ત કરેલું પણ ન કહેવાય અને નિવૃત્ત કરેલું પણ ન કહેવાય. આને નિરોધપરિણામ કહે છે. આ જ અસંપ્રજ્ઞાત યોગ. યોગશાસ્ત્રમાં ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એ ત્રણેને રાજસિક પરિણામોનું બુત્થાન કહે છે અને વિશુદ્ધ સત્ત્વગુણની પ્રધાનતા થવાથી જે સ્થિતિ થાય તેને નિરોધ કહે છે. જ્યારે બુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો અંત આવે અને નિરોધની શરૂઆત થાય ત્યારે ચિત્તનો બંને બાજુ થોડો થોડો સંબંધ રહે છે. આ સ્થિતિને નિરોધપરિણામ કરે છે.

નિરોધબલ [સં. નિરોધ (પ્રતિબંધ) + બલ (શક્તિ)] ન. સંયમબળ.

નિરોધબળ જુઓ નિરોધબલ

નિરોધવું ૧. [સં. નિરુધ્ (રોકવું)] સ. ક્રિ. અટકાવવું; રોકવું.
૨. સ. ક્રિ. અંકુશમાં રાખવું; કાબૂમાં રાખવું. નિરોધિયું જે ચિત્ત સ્થિર થઈ રહે આત્મા વિષે બાહરે, ત્યારે નિરપેક્ષી ગમના સાધનથી તે યુક્ત કહેવાય છે. ગીતાપંચામૃત

નિરોધસમાધિ [સં.] સ્ત્રી. મન, વાણી તથા ઇંદ્રિયોનો નિગ્રહ. નિરોધસમાધિમાં સ્થિત યોગી ઇંદ્રિયોના વ્યાપારથી રહિત હોય છે એવી દશામાં તેને સઘળું દૂરનું અને પાસેનું, સારું કે માઠું જેમ સ્વચ્છ દર્પણ વગેરેમાં જોઈ દેખાય તેમ ચોખ્ખું દેખાય.

નિરોધસાધન [સં. નિરોધ (અટકાવવું તે) + સાધન] ન. અટકાવવાનું સાધન; ' બૅરો '

નિરોધસ્થાન ૧. [સં. નિરોધ (રોકવું તે) + સ્થાન (જગ્યા)] ન. અટક ચોટડી; ' લૉક અપ.'
૨. ન. ચોકો.

નિરોધાજ્ઞા [સં. નિરોધ (અટકાવવું તે) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. અટકાયતમાં લેવાનું ફરમાન; ' વૉરંટ.'

નિરોધાજ્ઞાપત્ર [સં. નિરોધ (રોકવું તે) + આજ્ઞા (હુકમ) + પત્ર (કાગળ)] પું; ન. અદાલતના ફરમાનવાળો પત્ર; નિરોધાજ્ઞા; ' વૉરંટ.'

નિરોધાજ્ઞાવાહ [સં. નિરોધ (રોકાણ) + આજ્ઞા (હુકમ) + વાહ (મત)] પું. મનાઈ હુકમ મેળવવાનો દાવો.

નિરોધિત [સં. નિરુધ્ (અટકાવવું) + ક્ત (એલું)] વિ. અટકાયેલ; રોકેલ.

નિરોધિની [સં. નિરોધિન્ (રોકનાર) + ઙી (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અટકાવનારી.

નિરોધી ૧. [સં. નિરોધિન્] વિ. અટકમાં લેનાર; કેદમાં પૂરનાર.
૨. વિ. નિરોધ કરનાર; રોકનાર; અટકાયત કરનાર.

નિરોપ [સં.] પું. સંદેશો; સંદેશ; પયગામ.
વમને એવા નાના સાદેશે મોકલ્યા છે કે બીજા કોઈનો પણ નિરોપ તમારી પાસે છે? મલબારી પુરુષ. સરસ્વતીચંદ્ર

નિરોમકર ૧ [સં. નિરસ્ (બહારનું) + રોમન્ (વાળ) + કર (કરનાર)] પું. નાપિત; વાળંદ.
૨. વિ. વાળ કાઢનાર; વાળ વિનાશક.

નિરોલ ૧. પું. (જા. પ્રા) ભિખારી.
ધન વિણ દીઈ ન આવિ ચોર,
ધન વિણ વાસિ ઇંદ્ર નિરોલ. જાવડપ્રસબંધ
૨ વિ. (જા. પ્રા.) એકચિત્ત; એક લક્ષ્ય.
સાંભલયો સહુ કરી નિરોલ,
જેહનું રસ કથા કલ્લોલ. જાવડપ્રસબંધ

નિરોહર પું. દરિયો; સમુદ્ર.
નિરોહરમાંય કિયો બુડનાય. હરિરસ

નિરૌષધ [સં. નિસ્ (બહારનું) + ઔષધ (દોષથી ઉત્પન્ન થનારું)] વિ. જેમાં ઔષધ વર્ગનો ઉપયોગ ન થવો હોય તેવું.
આરણ્યો આત્ર જે નિરૌષધ્ય સ્ત્રોત આવે છે. પુરાતત્ત્વ

નિર્ઋતિ ૧. [સં.] પું. એ નામનો એક દેવ. તે જ્યેષ્ઠા નક્ષત્રનો સ્વામી મનાય છે.
૨. પું. (પુરાણ) એકાદશ મન્વંતરોનો એ નામનો એક મનુ. એ નૈર્ઋત્ય દિક્પાલનો અધિપતિ મનાય છે.
૩. પું. નૈર્ઋત્ય ખૂણાનો દિક્પાલ.
૪. પું (જ્યોતિષ) મૂળ નક્ષત્ર.
૫. પું. મૂળ નક્ષત્રનો સ્વામી.
૬. પું. મૃત્યુદેવ.
૭. પું. રાક્ષસ.
૮. સ્ત્રી અલક્ષ્મી. દરિદ્રતા; નિર્ધનતા; દરિદ્રપણું.
૯. સ્ત્રી. આકૃતિ; આપત્તિ.
૧૦ સ્ત્રી. નૈર્ઋત્ય કોણની અધિષ્ઠાતા દેવી.
૧૧. સ્ત્રી પૃથ્વી.
૧૨. સ્ત્રી. મૃત્યુદેવી. તેને અધર્મની પુત્રી અથવા ક્રોધ વગેરે જેવી તરીકે વર્ણવી છે. તેને હિંસાની પુત્રી પણ કહે છે.
૧૩. સ્ત્રી. રાક્ષસી.
૧૪. સ્ત્રી. (પુરાણ) વરુણના પુત્ર અધર્મની એ નામની સ્ત્રી. એના પુત્રોનાં નામ: ભય, મહાભય અને મૃત્યુ.

૧૫. સ્ત્રી વિનાશ.
૧૬. સ્ત્રી. વિપત્તિ.
૧૭. સ્ત્રી. ક્ષય.
૧૮ વિ. ઉપદ્રવ વગરનું

નિર્દેમ ૧. [સં નિસ્ (વગરનું) + દંભ (દાંભ)] વિ. ખોટા દેખાવ વિનાનું; કપટ વગરનું.
૨ વિ. ઓજસ્વી; સ્વસ્થ.

નિર્ધ [ફા.] પું. નીરખ; ભાવ; બજારભાવ; ચાલુ કીમત.
નિર્ધ ઠરાવ કરવો = વેચાણ કીમત નક્કી કરવી.

નિર્ધદારોગા [ફા. નિર્ખદારોગહ] પું મુસલમાની રાજ્યઅમલ દરમિયાન ચીજોનો બજારભાવ નક્કી કરનાર અમલદાર; વસ્તુઓના બજારભાવ નક્કી કરનાર અધિકારી.

નિર્ધદારોગા જુઓ નિર્ધદારોગા.

નિર્ધનામા [ફા.] પું. બજારની દરેક ચીજના ભાવનું પત્રક; ચીજોના બજારભાવની ટીપ.

નિર્ધબંદી ૧. સ્ત્રી. કીમત બાંધવામાં આવી હોય તેવો દસ્તાવેજ.
૨. [ફા] સ્ત્રી ચીજોના ભાવ નક્કી કરવાની ક્રિયા.
૩ સ્ત્રી. વસ્તુઓના ભાવનું પત્રક.

નિર્ખવું સ ક્રિ જોવું; નીરખવું.

નિર્ખી [ફા. નિર્ખ (ભાવ)] પું. વસ્તુઓના બજારભાવ નક્કી કરનાર અધિકારી.

નિર્ગ [સં.] પું દેશ.

નિર્ગત ૧. [સં.] ભૂ.કૃ નિકાલ થતા માલ ઉપર લેવાતુ દાણ
૨. [સં. નિસ્ (વગરનું) + ગતિ (હલનચલન)] વિ ગતિ વિનાનું; નિશ્ચેષ્ટ.
મંજરી થોડો થખત નિર્ગત થઈ પછી રહી
કનૈયાલાલ મુનશી
૩. [સં.] વિ. જતું રહેલું; ચાલી ગયેલું.
૪. વિ. નાશ પામેલું; ચાલી ગયેલું
૫. વિ નિકાસ કરેલું
૬ વિ. નિર્બળ; અશક્ત.
૭ [સં. નિસ્ (બહાર) + ગત (ગયેલ)] વિ. નીકળેલું; બહાર ગયેલું.
૮. વિ. બહાર નીકળેલું; ઊભી નીકળેલું.

નિર્ગતબિંદુ [સં. નિસ્ (બહાર) + ગત (ગયેલ) + બિંદુ] ન. ગ્રન્થિબિંદુ; ચહાકારમાં સમાને ચલાવવા માટેની ચાપની કલ્પામાંનું એક બિંદુ, કે જ્યા તે ચાપ અને જોડનારો કાંસો સીધી લીટીમાં આવે છે; ' એક પોઇન્ટ. '

નિર્ગતિ [સં. નિસ્ (બહાર) + ગતિ (જવું તે)] સ્ત્રી. બહાર જવું કે નીકળવું તે; નિર્ગમન.

નિર્ગમ ૧. પું. અસ્તિત્વ.
૨. પું. જગતો.
૩. પું. ચુકવવું કે આપવું તે.
૪. પું. ગોખના છજા ઉપરનો ભાગ.
૫. પું. નાશ પામવું તે.
૬. [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે)] પું. નીકળવું તે, નિર્ગમન; બહાર જવું તે.
૭. પું. નીકળવાનો માર્ગ, દરવાજો; દ્વાર.
૮. પું. બહાર કાઢવું તે; નિકાલ.
૯ પું. માલને બરદેશમાં લઈ જવો તે; નિકાસ.
૧૦. પું. રવાનગી લેવા તે; બહાર મોકલવું તે.

નિર્ગમકોષ્ઠ [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે) + કોષ્ઠ (ખૂણો)] પું. વિસર્જનકોષ્ઠ; ' એક્ઝિટ ઓફ ધ્રમર્જન્સ.'

નિર્ગમદ્વાર ૧. [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે) + દ્વાર (બારણું)] ન. નીકળવાનું દ્વાર.
૨. ન. છિદ્ર; છટકવાનું બાકું.
૩. ન. નીકળવાનો રસ્તો.

નિર્ગમન ૧. [સં.] ન. ચોકીદાર; પ્રતિહારી.
૨. ન. છેડો; અંત.
૩. ન. દરવાજો; બારણું. દ્વાર
૪ ન. પેદા થવું તે; ઉત્પત્તિ.
૫. સં. નિસ્ (બહાર) + ગમન (જવું તે)] ન. બહાર નીકળવું કે જવું તે પ્રસ્થાન
૬. ન. બિતાડવું તે; ગાળવું તે; ગુજારવું તે; વ્યતીત કરવું તે

નિર્ગમનકાલ [સં. નિસ્ (બહાર) + ગમન (જવું તે) + કાલ (સમય)] પું. બહાર જવાનો સમય

નિર્ગમનકાળ જુઓ નિર્ગમનકાલ.

નિર્ગમનદ્વાર ૧. [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે) + દ્વાર (બારણું)] ન. નીકળવાનું દ્વાર.
૨. ન. છિદ્ર; છટકવાનું બાકું.

નિર્ગમનધી સ્ત્રી પદાર્થ બહાર કાઢવાની નળી; ' એક્ઝોસ્ટ પાઇપ.'

નિર્ગમપથ [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે) + પથ (રસ્તો)] પું. નીકળવાનો માર્ગ.

નિર્ગમપંથ જુઓ નિર્ગમપથ.

નિર્ગમમાર્ગ જુઓ નિર્ગમપથ.

નિર્ગમમુખ જુઓ નિર્ગમપથ.

નિર્ગમવું ૧. અ. ક્રિ. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું; સ્થાનાંતર કરવું.
૨. અ. ક્રિ. નીકળવું.
૩ [સં. નિસ્ (બહાર) + ગમ્ (જવું)] અ. ક્રિ. બહાર જવું.
૪. સ. ક્રિ. ગુજારવું; કાઢવું; ગાળવું; વિતાડવું; પસાર કરવું
વખત નિર્ગમવો- દહાડા નિર્ગમવા = દિવસો પસાર કરવા.
૫. સ. ક્રિ. બહાર કાઢવું.
૬. સ. ક્રિ. મટાડવું.

નિર્ગમશુલ્ક [સં. નિસ્ (બહાર) + ગમ (જવું તે) + શુલ્ક (કીમત)] ન. રવાનગી જકાત; નિકાસ ઉપર લેવાતી જકાત.

નિર્ગર્વ [સં. નિસ્ (વગરનું) + ગર્વ (અભિમાન)] વિ. અભિમાન વગરનું.

નિર્ગર્વી [સં. નિસ્ (વિનાનું) + ગર્વ (અભિમાન) + ઇન્ (વાળું)] વિ. અહંકાર વગરનું; ગર્વ વિનાનું; નમ્ર.

નિર્ગલ [સં. નિસ્ (બહાર) + ગલ (ગળવું)] વિ. ગાળ્યા વિનાનું.

નિર્ગલન [સં. નિસ્ (બહાર) + ગલન (ઝરવું તે)] ન. પાણીને ગાળવાની કે શુદ્ધ કરવાની ક્રિયા.

નિર્ગલનિકા [સં. નિસ્ (બહાર) + ગલન (ઝરવું તે) + ઇકા (વાળી)] સ્ત્રી. ગળણી.

નિર્ગલા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલા. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. પું. (પિંગળ) ચાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ એમ ચાર અક્ષર હોય છે.

નિર્ગલિત [સં. નિસ્ (બહાર) + ગલ્ (ઝરવું) + ક્ત (એલું)] વિ. ટપકેલું; ઝરેલું.

નિર્ગલિતમેખલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિપ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, રગણ, નગણ, ભગણ, જગણ અને ગુરુ એમ સાતઅક્ષરી વર્ણ હોય છે
ચારણ ન ન ર ના ભ જ ગ ર ચ નિર્ગલિતમેખલા.
અપિંગલ

નિર્ગળ જુઓ નિર્ગલ.

નિર્ગળવું [સ. નિસ્ (બહાર) + ગલ્ (ઝરવું)] અ. ક્રિ. નીગળવું; ટપકવું.

નિર્ગાળું વિ. ગળાઈ ગયેલું.

નિર્ગંધ ૧ [સં. નિસ્ (વગરનું) + ગંધ (વાસ)] વિ. ગંધ રહિત; જેમાં વાસ ન હોય એવું; ગંધ વગરનું; ગંધહીન

૨. વિ. સ્વચ્છ.

નિર્ગંધતા [સં. નિસ્ (વગરનું) + ગંધ (વાસ) + તા (પણું)] સ્ત્રી નિર્ગંધ હોવાનો ગુણ. ગંધ નહિ હોવાપણું.

નિર્ગંધન ૧. [સં] ન. અત્યંત પીડવું તે; અત્યંત દુઃખ દેવું તે.

૨. ન. વધ કરવો તે; મારી નાખવું તે.

નિર્ગંધપુષ્પી [સં. નિસ્ (વગરનું) + ગંધ (વાસ) + પુષ્પ (ફૂલ) + ઈન્ (વાળું)] સ્ત્રી સીમળાનું ઝાડ.

નિર્ગુંડ ૧. પું. (વિગત) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ, ભગણ અને નગણ મળી પંદર વર્ણ હોય છે

૨. [સં. નિસ્ (વગરનું) + ગુણ] પું. પરમાત્મા; પરમેશ્વર. ભગવાન શબ્દ, સ્પર્શ, રૂપ વગેરે ગુણ વગરના મનાય છે. વળી સત્ત્વ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણથી તે પર હોવાથી નિર્ગુણ કહેવાય છે.

૩. પું. વિષ્ણુના ઢગર માહેનું એક નામ. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોના અધિષ્ઠાતા હતાં ખરી રીતે તેનામાં ગુણોનો અભાવ હોવાથી તે નિર્ગુણ કહેવાય છે

૪. સ્ત્રી. એ નામની એક અટક.

૫. સ્ત્રી. બે માહેની એ નામની એક ઉપાસના. ઉપાસના બે પ્રકારની છે: સગુણ અને નિર્ગુણ. અક્ષર, અવ્યક્ત, અરૂપાદિર બ્રહ્મ આદિ શબ્દોથી પરમાત્માની ઉપાસના કરવામાં આવે છે, ત્યારે પરમાત્મા નિર્ગુણ કહેવાય છે. ઈશ્વર જ્યારે દેહધારણ કરે છે ત્યારે નિર્ગુણ એ માન્યતા ખોટી છે

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ એ નામની અટકનું.

૮. વિ કૃતઘ્ની; ગુણ નહિ જાણનાર, નિમકહરામ

૯. વિ. બગલમાં ખૂંધ, કોર્ધ મારા ગુણ વગરનું

૧૦ વિ ગુણ રહિત; ગુણ વગરનું; લાયકી વગરનું

૧૧. વિ (ગણિત) જેના અવયવો ન પાડી શકાય તેવું

૧૨. વિ જેના ગુણોની કલ્પના ન થઈ શકે એવું.

૧૩. વિ મૂર્ખ.

૧૪. વિ. સત્ત્વ, રજસ અને તમસ ગુણથી પર હોય તેવું.

નિર્ગુણકારું વિ ગુણ વગરનું; ગુણ નહિ જાણનાર.

નિર્ગુણગુણ પું. (ગણિત) જે અવયવના પોતે અને એક સિવાય બીજા અવયવ ન પાડી શકાય તેવો અવયવ; 'પ્રાઇમ ફૅક્ટર.' જેમકે, ૨ અને ૩ એ ૬ના નિર્ગુણગુણો છે.

નિર્ગુણતા જુઓ નિર્ગુણત્વ.

નિર્ગુણત્વ ૧. [સં. નિસ્ (વગરનું) + ગુણ + ત્વ (પણું)] ન. ગુણ વગરનું કરવું તે.

અક્ષરને નિર્ગુણત્વ પ્રાપ્ત કરાવનાર પદાર્થને અક્ષર કહેવામાં આવે છે. ગુજરાતી જ્ઞાનકોશ

૨. ન. નિર્ગુણ હોવાનો ભાવ; ત્રણે ગુણોથી મુક્ત હોવાની સ્થિતિ. સગુણત્વ અને નિર્ગુણત્વ એ બે વસ્તુતઃ અક્ષરની શક્તિઓ છે. અક્ષર સ્વયં તો નિર્ગુણ જ છે એટલે માયાના વિકારો રહિત છે, પરંતુ એની જે શક્તિ વડે તે સગુણ બ્રિયા એટલે માયાના વિકાર ઉપજાવવા શક્તિમાન થાય છે, તેને સગુણરૂપ કહે છે અને જે શક્તિ વડે તે માયાના વિકાર રહિત એવી જે મુક્ત કોટિને ધારવા સમર્થ થાય છે, તેને નિર્ગુણરૂપ કહે છે.

નિર્ગુણપણું જુઓ નિર્ગુણત્વ.

નિર્ગુણપદ પું (ભૌદ) ઓરાણી માહેનો એ નામનો એક સિદ્ધ.

નિર્ગુણપૂર્ણાંક [સં.] પું. (ગણિત) પોતે અને ૧ સિવાય બીજા અવયવ ન પાડી શકાય એવી આખી સંખ્યા; 'પ્રાઇમ ઇન્ટીજર.' જેમકે, ૧૭, ૨૩.

નિર્ગુણબ્રહ્મ [સં. નિસ્ (વગરનું) + ગુણ + બ્રહ્મન્ (પરમાત્મા)] પું. નિર્ગુણરૂપ પરમાત્મા; બ્રહ્મના બોદ માહેનું એક નામ.

આ રીતે આનંદબ્રહ્મ, પ્રેમબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ, શાંતબ્રહ્મ, નિર્ગુણબ્રહ્મ, સાક્ષીબ્રહ્મ વગેરે અતી થયેલા છે અને દરેકનો સાક્ષાત્કાર થયેલાની વાતો સાંભળવામાં આવે છે. જ્ઞાનસોપાન

નિર્ગુણભક્તિ [સં. નિસ્ (વગરનું) + ગુણ + ભક્તિ (ભજન)] સ્ત્રી. નિઃસ્વાર્થ અને અભેદ ભાવથી કરેલ ભક્તિ

નિર્ગુણભૂમિ [સં. નિસ્ (વગરનું) + ગુણ + ભૂમિ (જમીન)] સ્ત્રી. જેમા કોઈ પેદા ન થતું હોય તેવી જમીન, ઉસર જમીન.

નિર્ગુણરૂપ [સં. નિસ્ (વગરનું) + ગુણ + રૂપ (આકાર)] પું. નિર્ગુણબ્રહ્મ પરમાત્મા. અક્ષર સ્વતઃ તો નિર્ગુણ જ છે એટલે માયાના વિકારો રહિત છે, પરંતુ એની જે શક્તિ વડે તે સગુણ ક્રિયા એટલે માયાના વિકાર ઉપજાવવા શક્તિમાન થાય છે તેને સગુણરૂપ કહે છે અને જે શક્તિ વડે તે માયાના વિકાર રહિત એવી જે મુક્ત કોટિને ધારવા સમર્થ થાય છે, તેને નિર્ગુણરૂપ કહે છે.

નિર્ગુણવસ્તુવાદ [સં.] પું. શંકરાચાર્યે કેળવેલ નિર્ગુણબ્રહ્મ પરમાત્મા વિષેનો એ નામનો એક વાદ.

નિર્ગુણવાદ જુઓ નિર્ગુણવસ્તુવાદ.

નિર્ગુણવાયુ [સં. નિસ્ (વગરનું) + ગુણ + વાયુ (હવા)] પું. હવામાં મોટા પ્રમાણમાં રહેલ એક જાતનો વાયુ; નત્રવાયુ; 'નાઇટ્રોજન.'

નિર્ગુણસંખ્યા [સં] સ્ત્રી. (ગણિત) જે સંખ્યાના પોતે અથવા એક સિવાય બીજા અવયવો પડી ન શકે તેવી સંખ્યા; 'પ્રાઇમ નંબર.' જેમકે, ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭.

નિર્ગુણસિદ્ધિ [સં. નિસ્ (વગરનું) + ગુણ + સિદ્ધિ (પ્રાપ્તિ)] સ્ત્રી. નિર્ગુણ પરમાત્માને પ્રાપ્ત કરવા તે.

નિર્ગુણાનંદ સ્વામી પું. સહજાનંદ સ્વામીના એ નામના એક અંતેવાસી. સહજાનંદ સ્વામી પાસે અક્ષરમૂર્તિ તરીકે ગણાતા આ સાધુનું બીજું નામ ગુણાતીત સ્વામી હતું. સેવાધર્મમા તેઓ અગ્રસ્થાન ભોગવતા હતા.

નિર્ગુણાભિધાન [સં. નિસ્ (વગરનું) + ગુણ + અભિધાન (નામ)] ન. પરમાત્મા, કેમકે નિર્ગુણ એવું તેમનું નામ છે.

નિર્ગુણિયા [હિં.] વિ. નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનાર

નિર્ગુણિયું [સં. નિસ્ (વગરનું) + ગુણિન્ (ગુણવાળું)] વિ ગુણ નહિ જાણનાર; કૃતઘ્ની. નિર્ગુણિયાને ગુણ કરીએ તે આટાલાકડામાં ખાર = કૃતઘ્ની માણસોનું સારું કરીએ તો તે નકામું જાય.

નિર્ગુણી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ; નગોડ.

૨. [સં. નિસ્ (વગરનું) + ગુણિન્ (ગુણવાળું)] વિ. અનુપકારી; નિમકહરામ; કૃતઘ્ની; બીજાએ કરેલા ગુણ કે ઉપકારની લાગણી ન હોય તેવું

૩. વિ. જેને વિષે કોઈ પણ ગુણની કલ્પના ન થઈ શકે તેવું. બ્રહ્મને માટે આ વિશેષણ વપરાય છે.

૪. વિ. નિર્ગુણ; ગુણવાન નહિ તેવું; ગુણ વગરનું

૫. વિ. મૂર્ખ.

નિર્ગુણોપાસક [સં. નિસ્ (વગરનું) + ગુણ + ઉપાસક (ઉપાસના કરનાર)] પું. નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનાર પુરુષ.

નિર્ગુણોપાસના [સં. નિસ્ (વગરનું) + ગુણ + ઉપાસના (ભક્તિ)] સ્ત્રી. નિર્ગુણ બ્રહ્મની ભક્તિ

નિર્ગુંદી સ્ત્રી. એક જાતનો છોડ; નગોડ. પાક બનાવવા માટે તે ઉપયોગી છે. ૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ જ્યાં વધારે વરસાદ પડે છે ત્યાંએ તે પુષ્કળ થાય છે.

નિર્ગુંડી ૧. [સં] સ્ત્રી. એ નામની વનસ્પતિ; નિર્ગુંદી, નગોડ.

૨. સ્ત્રી. કમળનું મૂળ.

નિર્ગુંડી સ્ત્રી. એ નામનો એક જાતનો ક્ષુપ. તેની ત્રણ જાત છે: (૧) કાંતરાવાળી, પાન કાતરેલાં અને ફૂલ લીલાં. (૨) કાળી, પાન કરકરિયાવાળાં, અણીદાર. (૩) સાદી, પાન સાંકડાં અને ફૂલ પીળાં. એ ત્રણેને ગોળ નાના ફળો આવે છે. ફળમાં બી હોય છે. તેની દરેક ડાંડીમાં તુવેરનાં પાંદડાં જેવાં પાંચ પાંચ પાંદડાં હોય છે. તેનો ઉપલો ભાગ લીલો અને નીચેનો ભાગ સફેદ હોય છે. કેટલીકમાં ફળાં અને કેટલીકમાં સફેદ ફૂલ આવે છે. ફૂલ આંબાના મોરની પેઠે મંજરીના રૂપમાં અને કેસરી રંગનાં હોય છે. વૈદકમાં તેને રમરણસર્પવિષઘ્ન, ગરમ, કફેલી, ચરપરી, હલકી અને નેત્રોને માટે હિતકારી તથા શૂલ, સૂજન, આમવાત, કૃમિ, પ્રદર, કોઢ, અરુચિ, કફ અને જ્વરને દૂર કરનાર માનેલી છે. તેનાં પાન હોજા ને ગૂમડા ઉપર લગાય છે. તે વાળનાં દરદોમાં બહુ જ ઉપયોગી મનાય છે. તે સ્વરૂપમાં કે બારેબાર બતા પીવેલ્લવમાં અકસીર ઇલાજ કહેવાય છે. દવામાં તેનાં પાંદડા અથવા મૂળિયાંની છાલનો ઉકાળો અપાય છે.

નિર્ગુંડીકલ્પ [સં] પું. (વૈદક) નિર્ગુંડી અને મધને મેળવીને તૈયાર કરેલું એ નામનું એક ઔષધ. તેથી જાઠરાગ્નિનું તેજ વધે છે, તથા કોઢ, ગૂમડ, ક્ષય વગેરે રોગો મટે એમ મનાય છે

નિર્ગુંડીતૈલ [સં.] ન. (વૈદક) નિર્ગુંડીનું ઔષધ તરીકે તૈયાર કરેલું તેલ તે બધી જાતના ફોલ્લા, કેડમાલ વગેરે મટાડનાર કહેવાય છે.

નિર્ગુંદી જુઓ નિર્ગુંડી.

નિર્ગુંથા ૧ પું એક ધર્મપંથમાં માનનાર માણસ.

૨. વિ એક ધર્મપંથમાં માનનાર

નિર્ગૂઢ ૧. પું ઝાડની બખોલ; ઝાડનું કોતર

૨ [સં. નિર્ (વગરે) + ગૂઢ (છાનું)] વિ. છાનું; અનિશ્ચિત ગુપ્ત; દગાબેલ.

નિર્ગ્રંથ ૧. પું. એ નામનો એક પ્રાચીન મુનિ.

૨. [સં.] પું. સંપત્તિમુક્ત જૈન સાધુ.

૩. પું. (જૈન) જેમાં સર્વજ્ઞપણું ન હોવા છતાં રાગદ્વેષનો અત્યંત અભાવ હોય અને અંતર્મુહૂર્ત જેટલા વખત પછી જ સર્વજ્ઞત્વ પ્રગટ થવાનું હોય તેવો સાધુ.

૪. પું. દિગંબર સાધુ.

૫. પું. સાધુ; જૈન મુનિ; મોહ કર્મનો ઉદય ન થયો હોય તેવો સાધુ; પરિગ્રહ અથવા રાગદ્વેષની ગાંઠ વગરનો સાધુ.

૬. વિ. અપરિગ્રહી.

૭. વિ. અસહાય; એકલું; સહાય વગરનું.

૮. વિ. ભુખારી.

૯. વિ. લાભી.

૧૦. વિ નિર્ધન; ધન રહિત; ગરીબ.

૧૧. વિ બંધનમાંથી મુક્ત.

૧૨. વિ. માનિક ઉપાધિ વગરનું.

૧૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

૧૪. વિ. વસ્ત્ર રહિત; દિગંબર.

૧૫. વિ. વૈરાગ્ય પામેલ.

નિર્ગ્રંથતા સ્ત્રી નિર્ગ્રંથપણું.

નિર્ગ્રંથન [સં.] ન. મારી નાખવું તે; વધ.

નિર્ગ્રંથપણું ન. નિર્ગ્રંથની સ્થિતિ.

નિર્ગ્રંથ મુનિ [સં.] પું. (જૈન) દિગંબર સમ્પ્રદાયના ચાર આચેના એક પ્રકારનો જૈન સાધુ. તેઓ નગ્ન હોય છે અને માત્ર એક કમંડળ અને એક મોરપીંછી રાખે છે.

નિર્ગ્રંથશ્રમણ [સં.] પું. (જૈન) સાધુ.

નિર્ગ્રંથશ્રમણિકા [સં] સ્ત્રી. (જૈન) સાધ્વી

નિર્ગ્રંથિક ૧. [સં.] પું. સંપત્તિક; દિગંબર સાધુ.

૨. [સં. નિસ્ (વગરનું) + ગ્રંથિ (ગાંઠ) + ઇક (જાણું)] વિ. પરિગ્રહ કે રાગદ્વેષની ગાંઠ વગરનું

૩. વિ. નાગું; વસ્ત્રહીન

નિર્ગ્રંથિકા [સં.] સ્ત્રી. જૈન સાધ્વી; આર્યા

નિર્ગ્રંથી ૧. [સં.] સ્ત્રી. (જૈન) સાધ્વી; આર્યા

૨. વિ. અકિંચન; ગરીબ; ધનહીન; નિર્ધન.

નિર્ગ્રાહ્ય [સં નિસ્ (વગરનું) + ગ્રાહ્ય (લેવા જેવું)] વિ. નિશ્ચયે કરી ગ્રહણ કરવાને અયોગ્ય.

નિર્ઘટ ૧. [સં.] પું. કરથી મુક્ત દુકાન

૨. [સં. નિસ્ (વગરનું) + ઘટ (ઘડો)] પું. ઘડાનો અભાવ.

૩. પું. ખજાનો; તિજોરીવાળી ખજાનો.

૪. વિ. અક્ષત; ૬૪.

૫. વિ. અપાર; ગાઢ.

૬. વિ. બધા વગરનું; બટબ્રહ્મ.

નિર્ઘંટ ૧. [સં.] પું. નિઘંટુ; શબ્દકોશ.

૨. પું. શબ્દ કે મંત્રોનું સૂચિપત્ર; 'ઇંડેક્સ.'

નિર્ઘંટક જુઓ નિર્ઘંટ.

નિર્ઘાત ૧. [સં.] પું. એક જાતનું પ્રાચીન અસ્ત્ર.

૨. પું કર્મનો નાશ.

૩. પું. મજબૂતાનો કડાકો

૪. પું. ખરતીકંપ.

૫. પું. નાશ; વિનાશ.

૬. પું. પવનનું તોફાન. કલ્પિત જ્યોતિષ અનુસાર દિવસના જુદા જુદા ભાગોમાં આ પ્રકારના શબ્દ થવાથી જુદાં જુદાં શુભ અશુભ પરિણામ થાય છે. જે સમયે નિર્ઘાત થાય તે સમયે કોઈ પ્રકારનું મંગળ કાર્ય કરવાને નિષેધ છે.

૭. પું. વજ્ર.

अशनि कुलिश निर्घात पवि वज्र शिखिर इत्याद्य;
अभिन वचन ते वज्र सम जाणत अंतरभाव.
पिंगलछंदकोष

૮. પું. વીજળીનો કડાકો.

૯. પું. ઘડાના બહુ જોરથી ચાલવાથી થતો અવાજ; પવનનો સુસવાટ.

૧૦. ન. (જ્યોતિષ) સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી ત્રીજું નક્ષત્ર.

૧૧. [સં. નિર્ (વગરનું) + ઘાત] વિ. ઘાત વગરનું.

૧૨. વિ. ભયંકર; કારી; ભયાનક.

નિર્ઘાતક [સં નિસ્ (વગરે) + ઘાતક (ઘાત કરનાર)] વિ. ઘાત કરનાર; ઘાતક; નાશક; વિનાશક

નિર્ઘાતિન ૧. [સં] ન. (વૈદક) અસ્ત્ર ચિકિત્સાની એ નામની એક ક્રિયા.

૨. ન. મારવું તે; નાશ કરવાપણું.

નિર્ઘાતી [સં. નિર્ઘાતિન્] વિ. નાશક; નિર્ઘાતક; વિનાશક.

નિર્ઘૃણ ૧. [સં. નિસ્ (વગરનું) + ઘૃણા (દયા)] વિ. ક્રૂર; નિર્દય; દયા વિનાનું; નિષ્ઠુર; ઘાતકી.

૨. વિ. ઘૃણા રહિત; સુંદર વસ્તુ.

૩. વિ. નીચ; નિંદિત.

૪. વિ. શરમ વગરનું; નિર્લજ્જ.

નિર્ઘૃણતા [સં. નિસ્ (વગરનું) + ઘૃણા (દયા) + તા (પણું)] સ્ત્રી. નિર્દયતા; નિષ્ઠુરતા; નિર્દયપણું.

નિર્ઘૃણા ૧. સ્ત્રી. અવિવેકીપણું, બેદરકારી.

૨. [સ. નિસ્ (વગરનું) + ઘૃણા (દયા)] સ્ત્રી. ક્રૂરતા; દયાનો અભાવ, નિષ્ઠુરતા.

નિર્ઘૃણી [સં. નિસ્ (વગરનું) + ઘૃણિન્ (સ્વાર્થાળુ)] વિ. જેને ઘૃણા ન હોય એવું; દયા વગરનું, ક્રૂર; નિષ્ઠુર.

નિર્ઘૃણીપણું ન. કઠણદીલ હોવાપણું.

નિર્ઘોષ ૧. [સ] પું. અવાજ; શબ્દ; શબ્દનો ઘોર; ઘોષ.

નિશાનના નિર્ઘોષ માથે, આવીયા ઘણમાઠે.
કલાપ

૨. પું. (પુરાણ) એ નામનો એક રાજા.

૩. પું. મોટો ખનિ.

૪. ન. મૌન.

૫. [સ. નિસ્ (વગરનું) + ઘોષ (અવાજ)] વિ. નીરવ; જ્યાં કંઈ અવાજ ન થતો હોય એવું; શબ્દ રહિત.

નિર્ચો [દે.] પું. એક જાતનું ઝાડ; ચંપો

નિર્ઝલ [સં. નિસ્ (વગરનું) + ઝષ (કપટ)] વિ. કપટ વગરનું; નિષ્કપટ.

નિર્ઝલતા [સં. નિસ્ (વગરનું) + ઝષ (કપટ) + તા (પણું)] સ્ત્રી. સરળતા, કપટનો અભાવ.

નિર્મળતા, નિર્ઝલતા, નિર્ઝલતા ભરી,
તીવ્ર ત્રિવેણી આપે પ્રેમ પિયાય જો.
કાન્યત્રિવેણી

નિર્જન [સ. નિસ્ (વગરનું) + જન (માણસ)] વિ એકાંત, વિજન; જ્યાં કોઈ માણસ ન હોય એવું; ઉજ્જડ; વસતી વગરનું.

નિર્જનકરણ [સ. નિસ્ (વગરનું) + જન (માણસ) + કરણ (કરવું તે)] ન. ઉજ્જડ કરવું તે.

નિર્જનકારાવાસ [સં. નિસ્ (વગરનું) + જન (માણસ) + કારાવાસ (જેલ)] પું. એકાંત જેલ.

નિર્જનતા [સં. નિસ્ (વગરનું) + જન (માણસ) + તા (પણું)] સ્ત્રી. એકાંતપણું; માણસ વગરની હાલત; વિજનતા; એકલતા; ઉજ્જડપણું.

નિર્જનવાસી [સં. નિર્જનવાસિન્] વિ. માણસ વિનાના પ્રદેશમાં રહેનાર.

નિર્જનસ્થાન [સ. નિસ્ (વગરનું) + જન (માણસ) + સ્થાન (જગ્યા)] ન. માણસ ન રહેતું હોય તેવું સ્થાન.

નિર્જર [સં.] પું. જળ; કૂવો.

નિર્જર ૧. [સ. નિસ્ (વગરનું) + જર (ઘડપણ)] પું. અમર; અમર; દેવ; સુર; ત્રિદશ; વિબુધ, દિવૌકસ; દેવતા; દાનવ કિ દેવોને નિર્જર એટલા માટે કહેવામાં આવે છે કે તેઓને ઘડપણ આવતી નથી.

દેવ અમર નિર્જર વિબુધ સુર સુમનસ ત્રિદિવેશ,
વૃંદારક ને ત્રિદશવર્ય અદ્રિજ અમૃતેશ
ત્રિભુવનપુરોધ

૨. પું. કર્મ.

૩. પું. (જૈન) જીવરાજ્ય વગેરે સાત માંહેનો એ નામનો એક પદાર્થ.

૪. ન. અમૃત; સુધા.

૫. વિ. ઘડપણ રહિત; સદા જુવાન; જેને ઘડપણ નથી તેવું.

૬ વિ તાજું; સડેલ નહિ એવું.

નિર્જરણ ૧. [સં. નિસ્ (વગર) + જૃ (ઘસવું)] ન. જરાણી નાખવું તે; ઘસારો નાખવું તે; નાશ પામે એમ કરવું તે; દૂર કરવાપણું.

નિર્જસ એટલે કરણ વગેરેમાં કર્મનું લાગ થકે
નિર્જરણ કરવું. ત્રિકુપમેની ભાગપોથી
૨ ન કરવું તે

નિર્જરણા સ્ત્રી (જૈન) કર્મની નિર્જરા, કર્મ ખપાવવાં તે

નિર્જરણું ન. નાનું ઝરણું.

નિર્જરતા [સ નિર્જર (દેવ) + તા (પણું)] સ્ત્રી દિવ્યતા.

અતિ નિર્જરતા જ્યુ દાખ ગુણો;
તણને અમરત્વ ભવત લહો. મોહમાળા

નિર્જરનદી [સં. નિર્જર (દેવ) + નદી] સ્ત્રી. ગંગા; ભાગીરથી.

વિષ્ણુપદી નિર્જરનદી નિગમનદી હરિપ્રિય,
મુક્તિદા મંદાકિની ભાગીરથી અમૃત
ત્રિભુવનપુરોધ

નિર્જરપતિ [સં. નિર્જર (દેવ) + પતિ (ધણી)] પું. દેવપતિ; ઇંદ્ર.

નિર્જરવું સ. ક્રિ. (જૈન) આત્મપ્રદેશથી કર્મને છૂટાં પાડવાં.

નિર્જરસુતા [સં. નિર્જર (દેવ) + સુતા (દીકરી)] સ્ત્રી દેવકન્યા.

નથી વધવિ નિર્જરસુતા, નથી અહિસુતા નિહાળી,
વદવિ મુનિતપ ભામમાં, છે સમર્થ આ નારી.
કાન્યસ્તવન

નિર્જરા ૧. [સં.] સ્ત્રી. (જૈન) આત્મપ્રદેશથી કર્મને છૂટાં પાડવાં તે; કર્મના અન્યાયરૂપ કાર્મણ શરીરથી ઉદયમાં આવેલાં અથવા ઉદયેલાં કર્મનું વેદાઈ જોઈએ જોગવાઈને ખરી જવું અથવા ઝરી જવું તે. બાર પ્રકારનાં તપથી કર્મના ઓઘને બાળીને ભસ્મીભૂત કરી નાખવો તે; સંચિત કર્મનો તપ વડે અમુક અંશે નાશ કરવો તે. નિર્જરાના બે પ્રકાર છે: અકામ નિર્જરા અને સકામ નિર્જરા. નિર્જરાની ઇચ્છા વિના પરાધીનપણે કર્મ વેદાઈને ઝરી જાય તે અકામનિર્જરા અને ઇચ્છા સહિત કષ્ટ વેઠીને કર્મ ખપાવવા તે સકામનિર્જરા કહેવાય છે. વળી નિર્જરાના બીજા પણ બે ભેદ છે: દ્રવ્યનિર્જરા અને ભાવનિર્જરા. અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના લક્ષના જોરે સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ એટલે શુભાશુભ અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવનિર્જરા અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા કહેવાય.

૨. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગળો.

૩. સ્ત્રી. તામ્રપર્ણી વનસ્પતિ.

૪. સ્ત્રી. નર્મદાના કાંઠા માંહેનું એક નામ.

૫. સ્ત્રી. પ્રલય.

નિર્જરાતિથિકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

નિર્જરાભાવના [સં.] સ્ત્રી. (જૈન) વૈરાગ્યને દૃઢ કરનારી બાર માંહેની એ નામની એક ભાવના; જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું તે; જ્ઞાન સહિત ધર્મક્રિયા કરવાથી કર્મ ઝરી જાય છે એમ વિચારવું તે.

નિર્જરારુ ૧. [સં. નિસ્ (બહાર) + જરારુ (ઝોર)] પું. ઝોરમાથી નીકળતાં મનુષ્ય, પશુ વગેરે.

૨. વિ. ઝોર વગરનું.

નિર્જરી ૧. [સં.] સ્ત્રી. દેવી.

૨. સ્ત્રી. નાગણી.

નિર્જલ ૧. [સં. નિસ્ (વગરનું) + જલ (પાણી)] પું. જ્યાં બિલકુલ પાણી ન હોય એવું સ્થાન.

૨. વિ. નિર્જળ; જળ વગરનું; પાણી વિનાનું; જલ રહિત.

૩. વિ. પાણી પીવાનું વિધાન જેમાં ન હોય એવું. જેમકે, નિર્જલ વ્રત.

નિર્જલકારક [સં. નિર્જલ (પાણી વગરનું) + કારક (કરનાર)] વિ. જેજવાકાર; જવાહર.

નિર્જલ વ્રત [સં. નિસ્ (વગરનું) + જલ (પાણી) + વ્રત (નિયમ)] પું. જેમાં પાણી પણ ન પિવાય એવું વ્રત કે ઉપવાસ.

નિર્જલા જી. જેમ સૃદિ એકાદશી; ભીમ અગિયારસ. જુઓ નિર્જલા એકાદશી.

નિર્જલા એકાદશી [સં. નિર્જલા (પાણી વગરની) + એકાદશી (અગિયારસ)] જી. જેમ સૃદિ અગિયારસ. આ અગિયારસનું વ્રત પાણી પણ પીધા વિના થાય છે, તેથી તેનું નામ નિર્જલા એકાદશી પડ્યું છે. પાંચ પાંડવોમાં ભીમ સિવાય બધા ભાઈઓ એકાદશીનું વ્રત કરતા. ભીમસેનના ઉદરમાં વૃક નામનો અગ્નિ હોવાથી તેને ઘણું અન્ન ભક્ષણ કરવું પડતું. ઉપવાસ તો કદી તેનાથી થઈ શકતો નહિ. વ્યાસ મુનિની આજ્ઞાથી તેણે નિર્જલા એકાદશીનું વ્રત કર્યું, તેથી તેનું બીજું નામ ભીમ અગિયારસ પડ્યું. આ એકાદશીનું વ્રત કરવાથી વરસની સઘળી એકાદશીનું ફળ પ્રાપ્ત થવાનું મનાય છે. એમ પણ કહેવાય છે કે, આ અગિયારશને દિવસે ભીમને કાંઈ પણ આવ્યા મળ્યું નહિ તેથી તેને ઉપવાસ કરવો પડ્યો.

નિર્જલીકરણ [સં. નિર્જલ (પાણી વિનાનું) + કરણ (કરવું તે)] ન. જલ રહિત કરવું તે; કોઈ પદાર્થમાંથી પાણી અથવા તેનાં તત્ત્વ કાઢી લેવાં તે.

નિર્જળ જુઓ નિર્જલ

નિર્જળીકરણ જુઓ નિર્જલીકરણ.

નિર્જળા વ્રત જુઓ નિર્જલા વ્રત.

નિર્જળા જુઓ નિર્જલા.

નિર્જળા અગિયારશ જુઓ નિર્જલા એકાદશી.

નિર્જળા અગિયારસ જુઓ નિર્જલા એકાદશી

નિર્જળા એકાદશી જુઓ નિર્જલા એકાદશી

નિર્જિત ૧. વિ. જીતેલું.

૨. [સં. નિસ્ (વગરનું) + જિત (જીતેલ)] વિ. પરાજિત; હાર આપેલું, તાન હારી ગયેલું.

૩. વિ. વશ કરેલ; વશ થયેલ.

નિર્જિતેંદ્રિય [સં. (નિસ્) (વગરે) + જિત (જીતેલ) + ઇંદ્રિય] વિ. સર્વ ઇંદ્રિયોને જીતનાર.

નિર્જિહ્વ ૧. [સં. નિસ્ (વગરનું) + જિહ્વા (જીભ)] વું. દેડકો. તેને જીભ હોય છે, પણ યૌગશિક રીતે રાખ હોવાથી તેને જીભ નથી એમ મનાય છે.

૨. વિ જીભ વગરનું.

૩. [સં. નિસ્ (બહાર) + જિહ્વા (જીભ)] વિ. મુખમાંથી બહાર નીકળી પડેલ જીભવાળું

નિર્જીવ ૧. [સં. નિસ્ (વગરનું) + જીવ (ચેતન્ય)] વું. જીવ ન હોય તેવી રીતે નિશ્ચેષ્ટ બની મૂએલા જેવો દેખાવ કરવાની ક્રિયા.

૨ વું શિવનાં હજાર નામોનું એક નામ.

૩. વિ. અચેતન; અચેત; જેનામાં જીવ ન હોય એવું; જીવ, પ્રાણ કે ચેતન રહિત, જડ; બેજાન.

૪. વિ. ઉત્સાહ વગરનું.

૫. વિ. કમજોર; નિર્બળ; અશક્ત; દુર્બળ.

૬. વિ. જેમાં કાંઈ જાલ ન હોય એવું; નકામું; નજીવું; હલકું; અસાર; માલ વગરનું

૭. વિ. મૂએલું.

નિર્જીવતા ૧. [સં નિસ્ (વગરનું) + જીવ (ચેતન) + તા (પણું)] જી. નિર્જીવપણું; પ્રાણ કે ચેતન રહિત હોવાપણું; જડતા.

૨. જી. મૃત્યુ.

૩. જી. શક્તિનો અભાવ; અશક્તિ.

નિર્જીવપણું જુઓ નિર્જીવતા.

નિર્જીવયુગ [સં. નિસ્ (વિનાનું) + જીવ (ચેતન) + યુગ (સમય)] વું. એ નામનો એક પ્રાગૈતિહાસિક સમય; જમીનમાં જીવસંસાર થયા પહેલાનો સમય.

નિર્જીવાક્ષ [સં. નિસ્ (વગરનું) + જીવ (ચેતન) + અક્ષ (આંખ)] વું. જડ વગરનો આંખ.

નિર્જીવાસ્થિ [સં. નિસ્ (વગરનું) + જીવ (ચૈતન્ય) + અસ્થિ (હાડકું)] ન. સડેલું હાડકું.

નિર્જીવાંકત્વ ન. શરીરના કોઈ ભાગનો સડો; પૂતિત્વ

નિર્જીવું જુઓ નિર્જીવ ૩-૭.

નિર્જેતા [સં. નિર્જેતૃ] વિ. જીતનાર; હરાવનાર.

નિર્જ્ઞાન ૧. [સં. નિસ્ (વગરનું) + જ્ઞાન (સમજ)] વિ. જ્ઞાન વગરનું; સમજ રહિત.

૨. વિ બેભાન; મૂર્ચ્છિત.

નિર્ઝર ૧. [સં.] વું. કોતરોનો અગ્નિ.

૨. વું. સુર; દેવ.

૩. વું સૂર્યનો ઘોડો

૪. [સં. નિસ્ (બહાર) + ઝર (ઝરો)] વું.;ન. ઝરણું; ઝરણું; વહેળો; નાની નદી; પર્વતમાંથી નીકળતો જળપ્રવાહ.

૫. વું ;ન. ઘોષ.

૬. વિ. અનૂઠ; અજોડ; ઓકસરખું પાણીના રેલા જેવો વગર તૂટ્યે આવતું.

૭. વિ. તાજું; નવીન.

૮. [સં. નિસ્ (વગરનું) + જૂ (વૃદ્ધ થવું)] વિ. અવિનાશી; અક્ષર; અનશ્વર; અજર.

નિર્ઝરણી જી. નદી.

નિર્ઝરણું ન. ઝરણું; વહેળિયું.

નિર્ઝરવું અ ક્રિ. મંદ મંદ વહેવું; નીતરવું; ટપકવું; ઝરવું; ઝરો ફૂટવો.

નિર્ઝરા [સં.] જી. નર્મદાનાં કમર માંહેનું એક નામ.

નિર્ઝરિણી [સં.] જી. નદી; પર્વતમાંથી વહેતા પાણીનું વહેન.

નિર્ઝરિયું ન. ઝરણું; નાનો વહેળો.

નિર્ઝરી ૧. [સં. નિર્ઝરિન્] વું. પર્વત.

૨. જી. રેવા.

૩. જી. નાગણી.

૪. [સં.] જી. પર્વતમાંથી ઝરતાં પાણીનું વહેણ; નદી.

વિપુલ પ્રાણ જે પાની, કાંચલ્ય નિવારતી;
સ્નેહસ્રોત સદા વહેતી, કવિતા દિવ્ય નિર્ઝરી.
ઓજસ્વિની

૫. વિ જી. ઝગમગાણા.

નિર્ઝીવ વિ. કમંઢ રહિત.

નિર્ણય ૧. [સં.] વું. અભિપ્રાય; વિચાર; મત.

૨. વું. એકીકરણ

૩. વું. ઊલ્લો કરાવ.

૪. વું જ્ઞાન; વિદ્યા.

૫. વું. દીપ.

૬. વું. નક્કી કરેલ ચોકસણ; મનમાં કરેલ વિધાન.

૭. વું. નાશ.

૮. વું. નિવેડો; ફેસલો; નિકાલ.

૯. વું. નિશ્ચય; કોઈ સિદ્ધાંત નક્કી કરવો તે.

૧૦. વું. મીમાંસાના પાંચ માંહેનો સૌથી ઊલ્લો અવયવ; કોઈ સ્થિર સિદ્ધાંતમાંથી પરિણામ કાઢવું તે.

૧૧. વું. (ન્યાય) મોક્ષ મેળવવા માટે સોળ માંહેનો જે નામનો એક પદાર્થ.

૧૨. વું. સંદેહ થયા પછી પક્ષ અને પ્રતિપક્ષ દ્વારા જેમાંથી એક અર્થનું નિર્ધારણ.

૧૩. વું. સ્થાપના; પ્રમાણ.

નિર્ણયકર્તા [સં. નિર્ણય (ફેસલો) + કર્તૃ (કરનાર)] વું. નિવેડો લાવનાર માણસ; 'અંપાયર.'

નિર્ણયકારક [સં. નિર્ણય (નિશ્ચય) + કારક (કરનાર)] વિ. નિશ્ચયકારક; નિર્ણાયક.

નિર્ણયગામી [સં. નિર્ણય (નિશ્ચય) + ગામિન્ (જનાર)] વિ. નિશ્ચયાત્મક; પરીક્ષણની પરીક્ષા કરી તેને પરિણામે નિર્ણય

ઉપર આવનારું; વસ્તુનું નિરીક્ષણ કરી તેના સંબંધે સામાન્ય નિયમો તારવનારું.

નિર્ણયન [સં.] ન. નિશ્ચય કરવો તે; નક્કી કરવું તે.

નિર્ણયપત્ર [સં. નિર્ણય (ફેસલો) + પત્ર (કાગળ)] પું; ન. આજ્ઞાપત્ર; ફરમાનનામું; શાસનપત્ર.

નિર્ણયપદાર્થ ૧. [સં.] પું. અનુભવ કરેલા અર્થનું કથન.

૨. પું. નિશ્ચયરૂપ પદાર્થમાં તેમ તેના અભાવરૂપ પદાર્થમાં એ બંનેમાં રહેલું જ્ઞાન

૩. પું. યથાર્થ અનુભવના પર્યાયરૂપ પ્રમાજન્ય જ્ઞાન.

નિર્ણયપાઠ [સં.] પું. ફેસલો; નિવેડો.

નિર્ણયપ્રયોજક [સં. નિર્ણય (ફેસલો) + પ્રયોજક (લાવનાર પાડનાર)] વિ. પહેલેથી નક્કી થઈ ગયેલા સિદ્ધાંત કે નિયમનો પ્રયોગ કરનારું; નિર્ણય લાગુ પાડનારું.

નિર્ણયબુદ્ધિ [સં.] સ્ત્રી. નિર્ણય કરવાની શક્તિ.

નિર્ણયસિંધુ [સં.] પું. ધાર્મિક ક્રિયા અને કાયદાનું એ નામનું કમલાકરકૃત એક પુસ્તક.

નિર્ણયહીન ૧. [સં. નિર્ણય (ફેસલો) + હીન (વગરનું)] વિ. નિર્ણય ન કરી શકે તેવું, કાચા મનનું.

૨. વિ. નિર્ણય ન થયો હોય એવું.

નિર્ણયાત્મક [સં. નિર્ણય (ફેસલો) + આત્મક (વાળું)] વિ. ચોક્કસ; નિયત; નિર્ણીત.

નિર્ણયાત્મક મત [સં. નિર્ણય (ફેસલો) + આત્મક (વાળું) + મત (અભિપ્રાય)] પું. સભામાં બંને બાજુ તરફ સરખા મત થાય ત્યારે સભાપતિથી અપાતો મત; 'કાસ્ટિંગ વોટ.'

નિર્ણયાવસર [સં. નિર્ણય (નિશ્ચય) + અવસર (પ્રસંગ)] પું. સમકાળ; પરમાવસર; નાજુક વખત; 'ક્રાયસિસ.'

નિર્ણયોપમા [સં નિર્ણય (નક્કી કરવું તે) + ઉપમા (સરખામણી)] સ્ત્રી. (અલં) એ નામનો એક અર્થાલંકાર. તેમાં ઉપમેય અને ઉપમાનના ગુણદોષનું વિવેચન કરવામાં આવે છે. જેમકે, ચંદ્ર વડે જિતાયેલા કમળની પ્રતિ ચંદ્રને દ્વેષભાવના ન હોય માટે આ તારું મુખ જ છે.

નિર્ણવ [સં.] પું. સર્વનો એ નામનો એક બોદ્ધો.

નિર્ણીત [સં નિર્ણય] જુ કિ. નિર્ણય કરવો

નિર્ણામ [સં. નિસ્ (નીચે) + નમ્ (નમવું)] પું. અત્યંત નમવું તે.

નિર્ણાયક [સં] વિ નિશ્ચયાત્મક; નિર્ણય આપનાર; નિર્ણય કરનાર; નક્કી કરનાર.

નિર્ણાયક પુરાવો = નિર્ણય લાવી આપે એવો પુરાવો.

નિર્ણાયક પ્રયોગ [સં.] પું. નિર્ણય લાવનાર પ્રયોગ; 'ક્રુશ્યલ એક્સપેરિમન્ટ.' અમુક બનાવનું કારણ અમુક પરિસ્થિતિ છે, અગર તો અમુક રોગ અમુક જંતુથી થાય છે, એ નિયમો તથ્ય ઉપરથી ફલિત થતા હોય, તે છતાં પણ વધુ પ્રયોગથી આ અનુમાનને સાબિત કરવાની જરૂર રહે છે. આ જેવી કસોટી નિર્ણાયક પ્રયોગથી થાય છે.

નિર્ણાયક મત [સં. નિર્ણાયક (નક્કી કરનાર) + મત (અભિપ્રાય)] પું.; ન. નિર્ણયાત્મક મત; 'કાસ્ટિંગ વોટ.' જુઓ નિર્ણાયક સંમતિ.

નિર્ણાયક સંમતિ [સં. નિર્ણાયક (નિર્ણય કરનાર) + સંમતિ (અનુમોદન)] સ્ત્રી. બહુમતી મત; બેદરકાર મત; તાટસ્થ્યતાદર્શક મત; બંને પક્ષના મત બરાબર ઊતરે ત્યારે એક પક્ષને પ્રાધાન્ય કરવા માટે પ્રમુખનો વધુ મત; 'કાસ્ટિંગ વોટ.'

નિર્ણાયન ૧. [સં.] ન. નિર્ણય કરવો તે; નિશ્ચય કરવો તે.

૨. ન. કીકીનો નેત્રાપાંગ પ્રદેશ; કીકીનું આંખના ઊંડા પાસેનો ભાગ.

નિર્ણીત ૧. [સં.] વિ. નક્કી કરેલું; ઠરાવેલું, જેનો તોડફોડ આખરનો હોય તેવું; ચોક્કસ; નિર્ણય કરેલ.

૨. વિ. પ્રસિદ્ધ; સ્થાપિત; જાહેર.

૩. વિ. સ્થાપિત.

નિર્ણીત પુસ્તક [સં નિર્ણીત (નક્કી કરેલ) + પુસ્તક (ચોપડી)] ન. નિયત પુસ્તક; ચાળા પુસ્તક; પાઠ્યપુસ્તક.

નિર્ણીત પ્રદેશ [સં. નિર્ણીત (નક્કી કરેલ) + પ્રદેશ] પું. નિશ્ચિત પ્રદેશ; ઠરાવેલો પ્રદેશ.

નિર્ણીતાધિકાર [સં. નિર્ણીત (નક્કી કરેલ) + અધિકાર (હક્ક)] પું. સ્થાપિત હક્ક

નિર્ણેજક ૧. [સં.] પું. ધોબી.

૨. વિ. શુદ્ધ કરનાર; સાફ કરનાર.

નિર્ણેજન ૧. [સં.] ન. પ્રાયશ્ચિત્ત કરવું તે.

૨. ન. શુદ્ધ કરવું તે; સાફ કરવું તે.

નિર્ણેતા ૧. [સં. નિર્ણેતૃ] પું. ઠરાવનાર; જજ.

૨. પું. ન્યાયાધીશ.

નિર્ણેય [સં.] વિ. નિર્ણય કરવા યોગ્ય; નિશ્ચય કરવા જેવું.

નિર્ત ૧. પું. પ્રકારો.

૨. [સં. નૃત્ (નાચવું)] પું. ન.ચ; નૃત્ય

નિર્તક ૧. [સં. નર્તક] પું. (હિંદી) નટ.

૨. પું. ભાંડ.

નિર્દગ્ધ વિ જાળી નાખેલ; ભસ્મ કરેલ.

નિર્દગ્ધિકા [સ.] સ્ત્રી ભોંયરીંગણી.

નિર્દંડ ૧. [સં.] પું. મંત્ર.

૨. વિ. પારકી નિંદા કરનાર.

નિર્દય [સં. નિસ્ (વગરનું) + દયા] વિ. દયા વગરનું; ક્રૂર; ઘાતકી; દયાહીન; કઠોર હૃદયવાળું; નિર્દૃંસ; નિષ્ઠુર; રહેમ વગરનું.

નિર્દયતા [સં. નિસ્ (વગરનું) + દયા + તા (પણું)] સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું; નિર્દય હોવું તે; નિષ્ઠુરતા.

નિર્દયપણું જુઓ નિર્દયતા.

નિર્દયા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાંઝરી ઝાંઝેનું એક નામ.

નિર્દયી [હિં.] વિ. નિર્દય; દયા વિનાનું; ક્રૂર

નિર્દર ૧. [સં.] પું. પર્વતનું ઝરણું.

૨. ન. સાર; તત્ત્વ.

૩. વિ. કઠણ.

૪. વિ ક્રૂર બોલનાર.

૫. વિ. નિર્જળ.

૬. વિ નિર્લજ્જ.

૭. વિ. પુષ્કળ; ઘણું.

૮. વિ પૂર્ણ.

નિર્દરિ [સં.] સ્ત્રી. પર્વતની ગુફા.

નિર્દલન ૧. [સં. નિસ્ (બહાર) + દલન (કાઢવું તે)] ન. ઓરવું તે; કાઢવું તે.

૨. ન. નાશ; પાયમાલી.

નિર્દશ [સં.] વિ. જેને દસ દિવસ વીતી ગયા હોય તેવું

નિર્દશન [સં. નિસ્ (વગરનું) + દશન (દાંત)] વિ. દાંત વગરનું.

નિર્દહન ૧. [સં.] પું. ભિલામાનું ઝાડ.

૨. પું. મુગ્વેલ.

૩. [સં. નિસ્ (વગરનું) + દહન (બળવું તે)] વિ અગ્નિ રહિત; દાહ વગરનું.

૪. વિ. શાંત; શીતળ.

નિર્દહની [સં.] સ્ત્રી. એક જાતની વેલ; મૂર્વા. તેના રેસામાંથી ધનુષની દોરી બનાવાય છે.

નિર્દંભ ૧. [સં. નિસ્ (બહાર) + દંભ (શિક્ષા)] પું. જૂદ. તેને બધા પ્રકારની શિક્ષા દઈ શકાય છે.

૨. વિ. બધા પ્રકારની શિક્ષા થઈ શકે એવું; સર્વ પ્રકારે શિક્ષાને યોગ્ય.

નિર્દંભ [સં. નિસ્ (બહારનું) + દંભ (ડોળ)] વિ. દંભ બહારનું; ડોળ વિનાનું; દંભહીન.

નિર્દંભતા [સં. નિસ્ (બહારનું) + દંભ (ડોળ) + તા (પણું)] સ્ત્રી. ડોળરહિતપણું. નિર્દંભ ઢોંગાપણું.

નિર્દાતા ૧. [સં. નિર્દાતૃ] વિ. અત્યંત ઉડનાર; ઊપનાર.

૨. વિ. દાન કરનાર.

૩. વિ. શુદ્ધ કરનાર.

નિર્દારિત [સં.] વિ. ચીરેલું; ફાડેલ

નિર્દાંભ પું નિષ્કપટતા; કપટરહિતપણું.

નિર્દાવા [અ દબવા (દૂરીને દાવો થાય નહિ એવું સબબ] વિ. દૂરીને દાવો થાય નહિ એવું; નહાવા. સબબ વગેરે માટે આ શબ્દ વપરાય છે.

નિર્દાસિક [સં. નિસ્ (બહારનું) + દાસિક (દંભવાળું)] વિ. દંભ બહારનું.

નિર્દિગ્ધ ૧. [સં. નિસ્ (બહારે) + દિગ્ધ (ઓપેલ)] વિ. લીંપેલ; ખરડેલ.

૨. વિ. લક્ષપુષ્ટ; બળવાન; માંસથી ભરાવદાર.

નિર્દિષ્ટ ૧. પું. (અધિત) જેના ઉપરથી બીજું કંઈ સિદ્ધ કરવાનું હોય એવું આપેલ પરિમાણ; ઉપાત

૨. [સં. નિસ્ (બહારે) + દિષ્ટ (આજ્ઞા કરેલ)] વિ. આજ્ઞા કરેલ; આજ્ઞા આપેલ; હુકમ કરેલો હોય એવું; આદિષ્ટ.

૩. વિ. આવશ્યક.

૪. વિ. કરેલ; જણાવેલ; દર્શાવેલ.

૫. વિ. બાકી કોઈ પણ વિગતને ઉદ્દેશીને કહેલું; સ્પષ્ટ.

૬ વિ. નિયત; નક્કી કરેલું; નિર્ણીત.

૭. વિ. બતાવેલ.

૮. વિ. વર્ણવેલું.

૯. વિ સોંપેલું; સુપરત કરવામાં આવેલ.

નિર્દિષ્ટ અવધિ [સં. નિર્દિષ્ટ (નક્કી કરેલ) + અવધિ (મુદત)] સ્ત્રી. ઠરાવેલી મુદત; મુકરર કરેલી મુદત.

નિર્દિષ્ટ કાલમર્યાદા જુઓ નિર્દિષ્ટ અવધિ.

નિર્દિષ્ટ પૂંછ [સં. નિર્દિષ્ટ (જણાવેલ) + પુચ્છ (છાલો)] સ્ત્રી. નામની પૂછ; ' નૉમિનલ ટેઇલ.

નિર્દિષ્ટ પ્રદેશ [સં. નિર્દિષ્ટ (જણાવેલ) + પ્રદેશ (ભાગ)] પું. જાહેર કરેલો પ્રદેશ; સૂચિત પ્રદેશ.

નિર્દિષ્ટ ભૂભાગ જુઓ નિર્દિષ્ટ પ્રદેશ.

નિર્દિષ્ટ મત [સં. નિર્દિષ્ટ (નક્કી કરેલ) + મત (અભિપ્રાય)] પું. સિદ્ધાંત.

નિર્દિષ્ટ સ્થાન ન. જાહેર કરેલું સ્થાન.

નિર્દિષ્ટ મર્યાદા [સં. નિર્દિષ્ટ (દર્શાવેલ) + મર્યાદા (હદ)] સ્ત્રી. મુકરર કરેલી હદ.

નિર્દિષ્ટ સંખ્યા [સં. નિર્દિષ્ટ (નક્કી કરેલ) + સંખ્યા] સ્ત્રી. સર્વસાધક પૂરતી સંખ્યા; ક્રમ ગણવી શકવા માટે નક્કી કરેલ સભ્યોની સંખ્યા; ' ક્વોરમ.'

નિર્દિષ્ટ સ્થાન [સં. નિર્દિષ્ટ (નક્કી કરેલ) + સ્થાન (જગ્યા)] ન. જાહેર કરેલું સ્થાન.

નિર્દિષ્ટ સ્વાર્થ [સં. નિર્દિષ્ટ (નક્કી થયેલ) + સ્વ (પોતાનું) + અર્થ (હેતુ)] પું. વિનિયુક્ત સ્વાર્થ; ' બેસ્ટેડ ઇન્ટરેસ્ટ.'

નિર્દિષ્ટા [સં.] સ્ત્રી. ડાકણ.

નિર્દુઃખ વિ. સુખ અને દુઃખથી મુક્ત.

નિર્દુઃખિકા [સં.] સ્ત્રી. દુઃખ રહિત બાબ વગેરે.

નિર્દુઃખ [સં. નિસ્ (બહારનું) + દુઃખ] વિ. દુઃખ બહારનું.

નિર્દુષ્ય [સં. નિસ્ (બહારનું) + દુષ્ય (દોષ)] વિ. નિર્દોષ

નિર્દેહા [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ

નિર્દેહેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

નિર્દેશ ૧. [સં.] પું. આદેશ; આજ્ઞા; હુકમ.

૨ પું. આલેખન; વર્ણન.

૩ પું. ઉપદેશ.

૪ પું ઉલ્લેખ

૫ પું. કથન.

૬ ન. (ન્યાય) જ્ઞાનનો આત્મા દ્વારા દર્શાવવામાં આવતો વિષયાકાર ' પ્રેપોઝિશન.'

૭ પું કરાવવાની કે નિશ્ચિત કરવાની ક્રિયા. નિર્દેશ ચાર પ્રકારના છે: (૧) સર્વદેશ વિધિ, (૨) એકદેશ વિધિ, (૩) સર્વદેશ નિષેધ અને (૪) એકદેશ નિષેધ.

૮. પું દેખાડવું તે; બતાવવું તે; દર્શન.

૯ પું. નામ.

૧૦. પું નિશ્ચય.

૧૧ પું. નિશ્ચયપૂર્વક કથન.

૧૨. પું. પ્રકાર.

૧૩. પું. પ્રતિપાદન; નિરૂપણ.

૧૪. પું. (જૈન) વિશેષ જ્ઞાનનું અભિધાન; તત્ત્વોના વિસ્તૃત જ્ઞાન માટેનું એ નામનું એક વિચારષદ્વાર. સ્વરૂપ, નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાનથી તથા સત, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વથી સમ્યગ્દર્શનાદિ વિષયોનું જ્ઞાન થાય છે.

૧૫. પું. સમીપપ્રતિપાદક એક શબ્દ.

૧૬. પું. સંજ્ઞા.

૧૭. ન. એક બૌદ્ધ પુસ્તકનું નામ; સુત્તનિપાત ગ્રંથના ઉત્તરાર્ધની ટીકા.

૧૮. ન. મોક્ષનું સ્થળ.

૧૯. ન. તર્કવ્યાપાર; વિવેકસંજ્ઞિતા; ઉપન્યાસ.

૨૦. ન. વાક્ય; સૂત્ર.

૨૧. ન. વિધાન. પ્રત્યેક નિર્દેશનાં બે મુખ્ય અંગ છે: (૧) ઉદ્દેશ્ય અથવા કર્તા અને (૨) વિધેય.

૨૨. ન. સૂચન.

૨૩. વિ. દેશમાંથી નીકળી ગયેલ.

૨૪. વિ. બીજાની અપેક્ષા નહિ રાખનાર.

૨૫. વિ. શુદ્ધ.

નિર્દેશક ૧. [સં. નિર્દિશ્ (બતાવવું) + અક (નાર)] પું. અધિકારી.

૨. પું. અનુક્રમણિકા; સૂચિ.

૩. પું. પ્રયોગ બતાવનાર વ્યક્તિ; 'ડેમોન્સ્ટ્રેટર.'

૪. વિ. અમુક દિશા તરફ દોરનારું.

૫. વિ નિર્દેશ કરનાર.

૬. વિ. વર્ણન આપતું.

નિર્દેશકાનુર્યે [સં. નિર્દેશ (કહેવું તે) + આનુપૂર્વ (અનુક્રમ)] ન. વાક્યાનુક્રમ.

નિર્દેશન ૧. [સં. નિર્દિશ્ + અન (પણું)] ન. નિર્દેશ કરવો તે; નિર્દેશવું તે.

૨. ન. સૂચના કરવાપણું; શિક્ષણ આપવું તે.

નિર્દેશપત્ર [સં. નિર્દેશ (નિશ્ચય) + પત્ર (કાગળ)] પું. ન્ન બજારમાં ચલણ કાગળનો નિર્દેશ કરનારો પત્ર; 'ઇન્ડેક્સ પેપર.'

નિર્દેશવર્તી [સં. નિર્દેશવર્તિન્] વિ. આજ્ઞાકારી; તાબેદાર.

નિર્દેશવાક્ય ૧. [સં] ન. (ન્યાય) અમુક નિશ્ચય કે નિર્ણય બતાવનારું વાક્ય. નિર્દેશવાક્યના નિરપેક્ષ અને સાપેક્ષ એમ બે પ્રકાર છે. તે દરેકના પાછા બબ્બે પ્રકાર છે: નિરપેક્ષના અસર્વદેશીય અને સર્વદેશીય અને સાપેક્ષના સાંકેતિક અને વૈકલ્પિક.

૨. ન. આજ્ઞાવચન.

નિર્દેશવું [સં. નિર્દિશ્] સ. ક્રિ. નિર્દેશ કરવો.

નિર્દેશવ્યાપાર [સં.] પું. કોઈ નિર્જીવ પદાર્થનો વ્યાપાર, નિર્દેશ કરવા રૂપી વ્યાપાર.

નિર્દેશસ્તંભ ૧. પું. ઉપદેશ.
૨. પું. કથન
૩. પું. કાર્યક્રિ વસ્તુ સૂચવનાર સંજ્ઞા.
૪ [સં. નિર્દેશ (જણાવવું તે) + સ્તંભ (થાંભલો)] પું. નિશાન તરીકે રાખેલો સ્તંભ.
૫. પું. નિશ્ચય
૬. પું. વિસ્તારપૂર્વક વર્ણન.
૭. પું. સૂચના; સૂચવવું તે.
૮. પું. સ્પષ્ટીકરણ

નિર્દોરાકા [સં] સ્ત્રી. (ગણિત) સંકુચિતતાના દરેક બિંદુનું અમુક સ્થિર સંખ્યા લીટીથી અંતર અને તે જ બિંદુનું બીજા કોઈ સ્થિર બિંદુથી અંતર. આ બન્ને અંતરને અમુક નિશ્ચિત પ્રમાણમાં હોય છે ઉપર કહેલી સ્થિર સંખ્યા લીટી નિયતરેખા કહેવાય છે

નિર્દોરિય [સં.] વિ. નિર્દોર કરવા જેવું

નિર્દોરી ૧. [સં. નિર્દોરિન્] વિ. આજ્ઞા કરનાર.
૨. વિ. ઉપદેશ દેનાર.
૩. વિ. કહેનાર.
૪ વિ. દેખાડનાર; બતાવનાર.
૫ વિ. નિશ્ચય કરનાર.
૬. વિ. રજૂ કરનાર.

નિર્દોષ જુઓ નિર્દોષ

નિર્દોષ ૧. [સં.] પું. (સંગીત) અઠ્યાવન મૂર્ચ્છનો જે નામની એક વર્ણમૂર્ચ્છના.
૨. વિ. જેનામાં કોઈ દોષ ન હોય એવું; એબ વગરનું
૩. [સં. નિર્ (વગરનું) + દોષ (ખામી)] વિ. નિરપરાધી; બેકસૂર; દોષ વગરનું; જેણે કોઈ અપરાધ ન કર્યો હોય એવું
નિર્દોષનો વાત સરખો ચે ચાલે ચાર તેને જગત એક ક્ષણ પણ સાખવા નથી. વિચારસ્તંભ
૪. વિ. નિષ્કપટ; નિખાલસ; ભોળું; ભલું.
૫. વિ. પાપ વગરનું. નિષ્પાપ

નિર્દોષું (નિર્દોષું) ૧. વિ. દોષ રહિત; નિષ્પાપ.
રમણીનું એ ભોળપણ નિર્દોષું.
મૂતકાલના રમણો કેમ ભુલાય જો
ઝવેરસુંદરી
૨. વિ. નિર્દોષ

નિર્દોષતા ૧. સ્ત્રી. દોષ વિનાનું હોવાપણું.
૨. સ્ત્રી. દોષરહિતપણું; નિર્દોષ હોવાનો ગુણ; ભલમનસાઈ.
૩. [સં. નિર્ (વગરનું) + દોષ (ગુનો) + તા (પણું)] સ્ત્રી. નિરપરાધીપણું.
૪. સ્ત્રી. નિષ્કપટપણું; નિખાલસતા.
૫. સ્ત્રી. પાપ રહિતપણું.

નિર્દોષત્વ જુઓ નિર્દોષતા.

નિર્દોષપણું જુઓ નિર્દોષતા.

નિર્દોષા [સં.] સ્ત્રી. નર્મદાનાં દક્ષર મંદિનું એક નામ.

નિર્દોષિતા જુઓ નિર્દોષતા.

નિર્દોષિત્વ જુઓ નિર્દોષતા.

નિર્દોષો ૧. [સં. નિર્ (વગરનું) + દોષ (ખામી) + ઇન્ (વાળું)] વિ. જેનામાં કોઈ એબ ન હોય એવું. દૂષણ રહિત.
૨. વિ. નિખાલસ; ભોળું
૩. વિ. નિરપરાધી. દોષ વગરનું; જેણે દોષ કે ગુનો કર્યો હોય નહિ એવું; બેકસૂર.
૪. વિ. પાપ વગરનું.

નિર્દોષીપણું જુઓ નિર્દોષપણું.

નિર્દ્વંદ્વ [સં.] વિ. જેમાં પ્રપંચો ન હોય એવું; નિષ્પ્રપંચી.

નિર્દ્રવ બેરોમિટર પું. એક જાતનું વાયુભારમાપક યંત્ર. તેમાં કોઈ પ્રવાહી વપરાતું નથી

નિર્દ્રવ્ય [સં. નિર્ (વગરનું) + દ્રવ્ય (માણી શકાય એવું)] વિ. ગાંજ્યા વગરનું.

નિર્દ્વેષ ૧. [સં. નિર્ (વગરનું) + દ્વેષ (ભેદભાવ)] વિ. અભેદ; અદ્વિતીય.
૨. વિ. ઉદાસીન; નિર્લેપ
૩. વિ. કેવળ; પરમ.
૪. વિ. જેનો કોઈ વિરોધ કરનાર ન હોય એવું.
૫. વિ. તકરાર વગરનું
૬. વિ. નિરપેક્ષ; નિઃસ્પૃહ.
૭. વિ. જેવું ન હોય એવું
૮. વિ. રાગદ્વેષ, સુખદુઃખ, શીતોષ્ણ, માનાપમાન વગેરેના ભેદભાવ રહિત; દ્વંદ્વોથી પર.
૯. વિ. સ્વયંભૂ હોવાળું.

નિર્નિમિત્તાત ૧. વિ. જેનું કોઈ ખાસ કારણ ન હોય એવું.
૨. વિ. સ્ત્રી. ખાસ વિનાની.

નિર્ધણી ૧. [સં. નિર્ (વગરનું) + ધનિન્ (પૈસાદાર)] વિ. ગરીબ; નિર્ધનિયું; પૈસા વગરનું
ઘરો કહે ધન દાટવું પણ;
જગત ધનવંત કહાર નિર્ધણી. દયારામ
૨. વિ. કારણોરી વગરનું.

નિર્ધન ૧. પું. ધરતો જણાદ.
૨. [સં. નિર્ (વગરનું) + ધન (પૈસો)]
વ. ધન વગરનું માણસ; ગરીબ માણસ.
૩. વિ. ધન રહિત; પૈસા વગરનું; જેની પાસે પૈસો હોય નહિ એવું; ગરીબ; દીન; અકિંચન; કંગાલ, દરિદ્ર.

નિર્ધનતા [સં. નિર્ધન (ગરીબ) + તા (પણું)] સ્ત્રી. ધન રહિત દશા; ગરીબાઈ; દૈન્ય; દરિદ્રતા; કંગાલપણું; મનરહિતપણું, દરિદ્રપણું.

નિર્ધનપણું જુઓ નિર્ધનતા

નિર્ધનવાદ પું. નિઃસ્વવાદ; નાદારીમાં દાવો.

નિર્ધનવિવાદ પું. નિઃસ્વવિવાદ; નાદારીમાં કરવાની અપીલ.

નિર્ધનશ્રેષ્ઠ પું. ગરીબ વણિક; ધનહીન વાણિયો.

નિર્ધનશ્રેષ્ઠી જુઓ નિર્ધનશ્રેષ્ઠ

નિર્ધના [સં.] સ્ત્રી. નર્મદાનાં દક્ષર મંદિનું એક નામ.

નિર્ધનિયું [સં. નિર્ધન (ગરીબ) + ઇયું (વાળું)] વિ. નિર્ધન; જેની પાસે પૈસો ન હોય એવું; ગરીબ; કંગાલ; પૈસા વગરનું

નિર્ધની [સં. નિર્ (વગરનું) + ધનિન્ (પૈસાવાળું)] વિ. ધન વગરનું; પૈસા વિનાનું; ગરીબ; નિર્ધન.

નિર્ધમન વ. ગરનાળું; ખાળ; ગોરી.

નિર્ધર્મ ૧. [સં. નિર્ (વગરનું) + ધર્મ] વિ ધર્મ રહિત હોય એવું.
૨. વિ. ધર્મથી બહાર ગયેલ; ધર્મભ્રષ્ટ.
૩. વિ. નીતિ વગરનું; અનીતિવાળું

નિર્ધર્મિક [સં. નિર્ (વગરનું) + ધર્મ + ઇક (વાળું)] વિ. નિર્ધર્મ. જાહેરાત માટે વપરાય છે

નિર્ધર્મી [સં. નિર્ (વગરનું) + ધર્મિન્ (ધર્મવાળું)] વિ ધર્મ વિનાનું

નિર્ધાતુ [સં. નિર્ (વગરનું) + ધાતુ] વિ. ધાતુ વગરનું; પૈસા વિનાનું; નિર્ધન.

નિર્ધાર ૧. [સં.] પું. (ન્યાય) કોઈ એક જાતના પદાર્થમાંથી ગુણ કે ધર્મ વગેરેનો વિચાર કરી કોઈ પદાર્થને જુદો પાડવો તે.
૨. પું. ઠરાવ કે નિશ્ચય કરવો તે.
૩. પું. નિશ્ચય; નક્કી કરેલો વિચાર; ઠરાવ; નિર્ણય.
૪. પું. મનની દૃઢતા.
૫. અ. નક્કી; ખચીત; ખાતરીથી; નિશ્ચયપૂર્વક.

નિર્ધારક ૧. [સં.] વ. જાતિ, ક્રિયા, ગુણ વગેરેને લીધે સમુદાયમાંથી એક જાતું પૃથક્કરણ.
૨. વ. ઠરાવ કે નિશ્ચય કરવો તે.
૩. વ. નિર્ણય; નિશ્ચય; અવધારણ.

નિર્ધારકવાચક [સં.] વિ. નિશ્ચયવાચક.

નિર્ધારણ સપ્તમી [સ. નિર્ધારણ (નિશ્ચય) + સપ્તમી (સાતમી)] સ્ત્રી. (વ્યાકરણ) નિશ્ચય બતાવવાના અર્થમાં વપરાતી સાતમી વિભક્તિ.

નિર્ધારણા [સં.] પું. નિશ્ચય; સંકલ્પ; નિર્ણય.

નિર્ધારણીય [સં. નિર્ધૃ (નક્કી કરવું) + અનીય (જેવું)] વિ. નક્કી કરવા જેવું

નિર્ધારવું [સં. નિર્ધૃ (નક્કી કરવું)] સ. ક્રિ. નક્કી કરવું; નક્કી કરાવવું; નિશ્ચય કરવો.

નિર્ધારિત [સં.] વિ. નક્કી કરેલું; કરાવેલું; નિશ્ચય કરેલું; ચોક્કસ કરેલું; નિશ્ચિત.

નિર્ધારિત પૂંજી [સં નિર્ધારિત (નક્કી કરેલ) + પુંજ (રકમો)] સ્ત્રી. ઓફડી કરવા નક્કી કરેલ પૂંજી; મંજૂર કરેલ મૂડી.

નિર્ધારિતવ્ય [સં.] વિ. નિશ્ચય કે નક્કી કરવા જેવું.

નિર્ધાર્ય ૧ [સં.] વિ જેનો નિર્ધાર થઈ શકે એવું; ઠરાવી શકાય એવું; નિશ્ચયી.

૨. વિ હિંમતવાન, નિર્ભય.

નિર્ધાસ્ત વિ. જાનીયલું; બહાદુર; હિંમતવાન.

નિર્ધૂત ૧ [સ નિર્ (બહાર) + ધૂત (હલાવેલ)] વિ. ખોટથી હલબલાવેલું.

૨. વિ. તોડેલું.

૩. વિ. ત્યાગ કરેલું; છોડેલું.

૪. વિ દૂર કરેલું.

૫. વિ. નાશ પામેલું.

૬. વિ નિરાકરણ કરેલું.

૭. વિ નિર્ભૂલ કરેલું.

૮. વિ. ફાડેલું.

૯. વિ. ખાઈલું; ખંડિત.

૧૦. વિ. મૂકેલું.

૧૧. વિ. રદ કરેલું.

૧૨. વિ વિશુદ્ધ; ધોયેલું.

નિર્ધૂતપાપેશ્વર [સં.] ન. કેરલ પ્રાંતોમાં આવેલું એ નામનું પુરાતન ક્ષેત્ર.

નિર્ધૂતા [સ] સ્ત્રી. નર્મદાનાં દક્ષર માટેનું એક નામ.

નિર્ધૂમ [સ નિર્ (વગરનું) + ધૂમ (ધુમાડો)] વિ. ધૂમ વિનાનું; ધુમાડા રહિત.

આ હૃદયપ્રદેશમાં રહેતો અંગૂઠા જેવડો અહમ્ નિર્ધૂમ અંગારા જેવો છે. તે ભૂતભવ્યના ઈશ્વર છે. તે જ આજે અને આવતી કાલે હશે. તે સ્વરૂપે જ્યોતિ સમો છે. પ્રકાશ સ્વરૂપ છે. જેમ અગ્નિ પૂરો પ્રકટ થાય તે પહેલાં તેને ધુમાડો વળગેલો છે, તેમ અહમ્ પૂરો પ્રકટ થાય તે પહેલા તેમા અજ્ઞાન, દ્વેષ વગેરેનો ધુમાડો પુરાયેલો દેખાય છે; પણ મૂળમાં એ અગ્નિની જેમ સંપત્તિ નથી તેમ દ્વેષાદિ મૂળમાં અહમની સંપત્તિ નથી ! એ અહમ્ નિર્ધૂમ અર્થાત્ નિરસ્ત સમસ્ત દોષવાળો છે. તે જ વર્તમાન છે. તે જ ભવિષ્યમા હોનારો. આથી અહમ્ સત્ય છે.

કઠોપનિષદ

નિર્ધૂમતા [સં.] સ્ત્રી. ધુમાડા રહિત સ્થિતિ.

નિર્ધૂમત્વ જુઓ નિર્ધૂમતા.

નિર્ધૂમપણું જુઓ નિર્ધૂમતા.

નિર્ધૌત [સં. નિર્ધાવ્ (ધોવું)] વિ. ધોયેલ; સાફ કરેલ.

નિર્ધ્માત ૧ [સં.] વિ. અગ્નિમાં તપાવેલ.

૨. વિ. અગ્નિમાં નાખી ધમેલ.

૩. વિ. અગ્નિમાં નાખી શોધેલું.

૪ વિ. માલ રહિત.

નિર્ધ્માપન સ] ન વેદકાલીન રાજ્યોદ્ધારણનું એક આધાર.

નિર્ધ્યાતા [સ નિધ્યાતૃ] વિ ધ્યાન કરનાર; એકાગ્રપણે ચિંતવન કરનાર.

નિર્ધ્રિયા પુ ૬૪૫ યોગનો એ નામનો એક ભેદ.

નિર્ધ્વનિક [સ. નિર્ (વગરનું) + ધ્વનિ (અવાજ) + ક (વાળું)] વિ. ધ્વનિ વગરનું; અવાજહીન.

નિર્ધ્વંસ વિ. દૂર; નિર્દય.

નિર્ધ્વંસપણું ન. નિર્દયપણું.

નિર્નમસ્કાર [સં. નિર્ (વગરનું) + નમસ્કાર (નમન)] વિ. અસલ્કાર; નમસ્કાર નહિ કરનાર, નહિ નમનાર

નિર્નય [સં. નિર્ણય] પું. નિર્ણય

નિર્નર [સં. નિર્ (વગરનું) + નર (માણસ)] પું. વિષ્ણુ.

નિર્નાથ [સં. નિર્ (વગરનું) + નાથ (ધણી)] વિ. નાથ વિનાનું, ધણી વગરનું; અનાથ; નિરાશ્રય.

નિર્નાથિકરી [સં. નિર્ (વગરનું) + નાથ (ધણી) + ક (વાળું) + ઈ (સ્ત્રીલિંગનિનો પ્રત્યય)] સ્ત્રી. અરાજકતા, અંધાધૂંધી, એક રાજાનું મરણ જાયા રાજ્યલાભ અને બીજાનો રાજ્યાભિષેક એ બેની વચ્ચેનો ગાળો

નિર્નાથિતા ૧. [સં નિર્ (વગરનું) + નાથ (ધણી) + તા (પણું)] સ્ત્રી. અનાથપણું; નધણિયાતપણું.

૨ સ્ત્રી. વૈધવ્ય.

નિર્નાથિત્વ જુઓ નિર્નાથિતા.

નિર્નાદ [સં. નિર્ (વગરનું) + નાદ (અવાજ)] વિ. અવાજ રહિત.

નિર્નામિકા [સં. નિર્ (વગરનું) + નામન્ (નામ) + કા (વાળી)] વિ સ્ત્રી. નામ વગરની; અનામી; જેનું નામ ન પાડ્યું હોય એવી.

નિર્નિંદ્ય [સં. નિર્ (વગરનું) + નિંદા (ઊંચ)] વિ. નિંદા રહિત; બ્રહ્મત.

નિર્નિંદ્યતા [સં. નિર્ (વિનાનું) + નિંદા (ઊંચ) + તા (પણું)] સ્ત્રી નિંદારહિતપણું; બ્રહ્મનપણું; ઊંચ ન આવવાપણું.

નિર્નિંદ્યત્વ જુઓ નિર્નિંદતા.

નિર્નિમિત્ત [સં. નિર્ (વગરનું) + નિમિત્ત (કારણ)] વિ. વિના કારણ; નિમિત્ત વિનાનું; અકારણ.

નિર્નિમિત્તક જુઓ નિર્નિમિત્ત.

નિર્નિમેષ ૧ [સં. નિર્ (વગરનું) + નિમેષ (આંખનો પલકારો)] વિ. જેમાં મટકું ન મરાય એવું

૨ વિ. મટકું ન મારે એવું

૩. ન. એક જાતનું આંખનું મટકું પણ મારો વિના.

નિર્પક્ષ ૧. [સં. નિર્ (વગરનું) + પક્ષ (બાજુ)] વિ. (હિંદી) નિષ્પક્ષ.

૨. વિ. પક્ષો વિનાનું.

૩. વિ પાંખ વિનાનું.

૪. વિ. મિત્ર વગરનું.

નિર્પક્ષવાદી [સં. નિર્ (વગરનું) + પક્ષ (બાજુ) + વાદિન્ (મતવાળું)] વિ. સ્વતંત્ર પક્ષનો; નિષ્પક્ષવાદી.

નિર્પાળી વિ. કણ રહિત.

બંદર કિલ્લા નિર્પાળી અને નિપાળી અણમ છે. સુદર્શનાચાર્ય

નિર્પાત ૧. [સં.] ન. પડવું તે.

૨. ન. ક્ષય.

નિર્પાંજુર [હિ] વિ. ઢંકાયું.

નિર્પાણી [સ. નિર્ (વગરનું) + પ્રાણિન્ (પ્રાણી)] વિ. પ્રાણી વગરનું, નિષ્પ્રાણી.

નિર્પૂલ ૧ [સં. નિર્ (વગરનું) + મૂલ (મૂળ)] વિ. (હિંદી) નિર્મૂલ.

૨. વિ. મૂળથી વગરનું નકામું.

નિર્પૂળ જુઓ નિર્પૂલ.

નિર્બંદ ૧. [સં] વિ. પગ ચોંટાડેલું; પ્રપંચ ચોંટાડેલું.

૨. [સ. નિર્બંધ્ (આગ્રહ કરવો)] વિ. જેને વિષે આગ્રહ હોય એવું.

૩. વિ. જેનો નિર્બંધ થયો હોય એવું.

નિર્બંધ [સં.] ન. બાંધવું તે; કેદ કરવું તે; મારી નાખવું તે. વધ.

નિર્બલ ૧. વું. (આયુર્વેદ) એક પ્રકારનો વાયુ. દરેક વર્ગના પહેલા ચાર અંજન પ્રત્યય વર્જ્ય છે. આકોના બેટલે અનુનાસિક, અંતઃસ્થ અને ઉષ્મ એ નિર્બલ વર્ણ છે.

૨. [સં. નિર્ (વગરનું) + બલ (શરીર સામર્થ્ય)] વું લાંબા રોગથી પીડાતો કરદી.

૩. [સં. નિર્ (વગરનું) + બલ (શક્તિ)] વિ. અશક્ત; તાકાત વગરનું; શક્તિહીન; દુર્બળ; બળ વગરનું.

નિર્બલ કરવું = ઊતરતું કરવું; વિનાશ કરવો.

૪. વિ. ગરીબ; દીન.

નિર્બલતા ૧. [સં. નિર્ (વગરનું) + બલ (શક્તિ) + તા (પણું)] સ્ત્રી. કમજોરી; નબળાઈ, અશક્તિ.

૨ સ્ત્રી. ગરીબી; દીનતા.

નિર્બલત્વ જુઓ નિર્બલતા.

નિર્બલપણું જુઓ નિર્બલતા.

નિર્બસી સ્ત્રી એ નામની એક વનસ્પતિ; નિર્વિષી.

નિર્બળ જુઓ નિર્બલ.

નિર્બળતા જુઓ નિર્બલતા.

નિર્બળપણું જુઓ નિર્બલતા.

નિર્બંધ ૧. વું. આગ્રહ.

૨. વું. એ નામનો હાથ.

૩. વું. કાબૂ; અંકુશ.

૪. [સં. નિબંધ (બાંધવું કરવું)] વું. કાયદો; ધારો.

૫. વું. કેદ. બંદ.

૬. વું. કેબરેબ.

૭. વું. દોષારોપણ.

૮. વું. પકડવું તે; બાંધવું કરવું તે.

૯. વું. નિયમ, ઠરાવ.

૧૦. વું. પકડવું તે.

૧૧. વું. પ્રતિબંધ; અટકાવ; બંધી.

૧૨ વું. પ્રાર્થના; અરજ; વિનતિ; વિજ્ઞાપના.

૧૩. વું. બંધારણ.

૧૪. વું. મર્યાદા; મુદત.

૧૫. વું. સંબંધ.

૧૬. વું. સ્થાપના.

૧૭. વું. કરકસર, અછત.

૧૮. વું. ગરીબાઈ.

૧૯. વિ. ઢાંકણા વગરનું; ખુલ્લું.

૨૦. [સં. નિર્ (વગરનું) + બંધ (બંધન)] વિ બંધ કે બંધન વગરનું.

૨૧. વિ. સ્વતંત્ર.

૨૨. વિ. બંધન વગર.

નિર્બંધ અધિકારી [સં. નિર્બંધ (કાબૂ) + અધિકારિન્ (ઉપરી)] વું. નિયમમાં લાવી બાંધનાર અધિકારી; 'ફ્રેમમેકર.'

નિર્બંધચિત્ર [સં.] વું. (કાવ્ય) એક પ્રકારનું કાવ્ય. આકાર ચિત્રનો ક્રમ ન બગડતાં કવિ પોતાના વૃદ્ધિબળથી તેમાં અક્ષરો જોડતે જે.

નિર્બંધતત્ત્વજ્ઞ ૧. [સં.] વું. ધર્મશાસ્ત્રો; કાયદાશાસ્ત્રો.

૨. વિ. ધર્મશાસ્ત્ર જાણનાર; કાયદાશાસ્ત્ર જાણનાર

નિર્બંધતા ૧. [સં.] સ્ત્રી. નિર્બંધ હોવું તે, બંધનરહિત હોવાપણું

૨. સ્ત્રી. વિવશતા; બંધ ન હોવાપણું; ઉપાડું હોવું તે.

૩. સ્ત્રી. સ્વતંત્રતા

નિર્બંધત્વ જુઓ નિર્બંધતા.

નિર્બંધન [સં નિર્બંધ (બાંધવું કરવું) + અન (પણું)] ન. બારાબોરણ; નિયમ.

નિર્બંધપણું જુઓ નિર્બંધતા.

નિર્બંધશીલ [સં. નિર્બંધ (આગ્રહ) + શીલ (સ્વભાવવાળું)] વિ. કજાગરા કરવું; કરકસરવું.

નિર્બંધી ૧. [સં. નિર્બંધિન્] વિ. આગ્રહવાળું; હઠીલું.

૨. વિ. જેમાં કોઈ બારાબોરણ ન હોય એવું.

૩. વિ. બંધ વિનાનું.

નિર્બંધુ [સં. નિર્ (વગરનું) + બન્ધુ (ભાઈ)] વિ. ભાઈ કે મિત્ર વગરનું.

નિર્બાધ [સં. નિર્ (વગરનું) + બાધા] વિ. બાધા વગરનું; બાધા રહિત.

નિર્બાધ ૧. વું. મસ્તકના હાડકાના બાજમા રહેલ મજ્જા ગ્રંથી.

૨. [સં. નિર્ (વગરનું) + બાધા (અડચણ)] વિ. અડચણ વિનાનું; પ્રતિબંધ રહિત.

૩. વિ. ઉપદ્રવ રહિત.

૪. વિ. એકાંત.

૫. વિ. બેરકમજાનું; બરાબર વગરનું.

૬. વિ. નિર્દોષ; દોષરહિત.

૭. વિ. કરકસર કે ચિંતા વિનાનું.

નિર્બાધતા ૧. [સં. નિર્ (વગરનું) + બાધ (અડચણ) + તા (પણું)] સ્ત્રી. અડચણ વિનાનું હોવાપણું; પ્રતિબંધ અટકાવરહિતપણું.

૨. સ્ત્રી. ઉપદ્રવરહિત હોવાપણું.

૩. સ્ત્રી. એકાંતતા.

૪. સ્ત્રી. બેરકમજા; કમબખ્તપણું હોવાપણું.

૫. સ્ત્રી. ચિંતા કે કરકસરનું ન હોવાપણું.

નિર્બાધત્વ જુઓ નિર્બાધતા.

નિર્બાધયોગ [સં. નિર્બાધ (અડચણ વગરનું) + યોગ (જોડવું તે)] વું. બાંધા વગરનો જોડવટો.

નિર્બાધવ્યાપાર [સં. નિર્બાધ (અડચણ વિનાનું) + વ્યાપાર (ધંધા)] વું બિનજકાતી વ્યાપાર; નિરંકુશ વ્યાપાર; અનિયંત્રિત વ્યાપાર; અપ્રતિબંધ વ્યાપાર.

નિર્બાધિકા વું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચૂડામણિ. તે ઉષ્ણિક્ જાતનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

નિર્બાધિકા ત જ ર. ચંદ્રવિજય

નિર્બાન ૧. [સં. નિર્વાણ] સ્ત્રી. મોક્ષ; મુક્તિ.

૨. સ્ત્રી મોત

નિર્બાની ૧. વું. સાધુનો એ નામનો એક વર્ગ.

૨. વિ. એ નામના સાધુના વર્ગનું.

નિર્બાહ ૧. વું. અમલ કરવો તે.

૨. વું. દઢતા; મત

૩. [સં. નિર્વાહ] વું. ભરણપોષણ.

૪. વું. સમજ.

નિર્બિસી વું. એક જાતનો મસાલાનો છોડ.

નિર્ભેજ ૧. [સં. નિર્ (વગરનું) + ભેજ (ભાગ)] વિ. ભેળસેળ ન કરી હોય તેવું.

૨. વિ. નિર્મળ.

૩. વિ. નિર્વિકલ્પ. સમાધિ માટે વપરાય છે.

૪. [સં. નિર્ (વગરનું) + ભેજ (ભિડવું)] વિ. ભીંજ વગરનું; બી વિનાનું.

નિર્ભેજયોગ [સં. નિર્ભેજ (નિર્વિકલ્પ) + યોગ] વું. ઇંદ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓનો વિલય થઈ પછી વાણી શુદ્ધ જ્ઞાનરૂપ આત્મા સાથે જોડવી તે.

નિર્ભેજસમાધિ [સં. નિર્ભેજ (નિર્વિકલ્પ) + સમાધિ] સ્ત્રી. (વેદાંત) કલેશકર્માદિ બીજ નાશ પામ્યું હોય તેવી સમાધિ.

નિર્ભેજસાંખ્ય [સં.] વું. પ્રકૃતિનાં કાર્ય રૂપ અને ઇંદ્રિયો વગેરેથી પોતાના આત્માને વિલક્ષણ તથા જ્ઞાનરૂપ સમજવો તે.

નિર્ભેજી ૧. [સં. નિર્ભેજ (બી વગરનું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. બી વગરની એક પ્રકારની દાણ.

૨. સ્ત્રી. સાંખ્યમાં એક પ્રકારની સમાધિ.

નિર્ભુંજ ૧. વિ. કળી ભૂકો નહિ એવું
૨. વિ. સમજણરહિત વગરનું.

નિર્ભુદ્ધ જુઓ નિર્બુદ્ધિ.

નિર્બુદ્ધિ [સં. નિર્ (વિનાનું) + બુદ્ધિ (આકાર)] વિ આકાર વગરનું; બુદ્ધિ ન હોય તેવું; બુદ્ધિહીન; મૂર્ખ; બેવકૂફ.

નિર્બુદ્ધિતા [સં. નિર્ (વગરનું) + બુદ્ધિ (કળાપણ) + તા (પણું)] સ્ત્રી. અજ્ઞતા; અણઆવડત

નિર્બુદ્ધિત્વ જુઓ નિર્બુદ્ધિતા.

નિર્ભુષ જુઓ નિર્ભુંજ

નિર્ભુંજ [સં. નિર્ (વગરનું) + ભુજ (ભૂકો)] વિ. ફોતરા વગરનું; ઓખ્ખું.

નિર્બોધ [સં. નિર્ (વગરનું) + બોધ (સમજ)] વિ. અજ્ઞાન; સારાનરસાનું જ્ઞાન ન હોય એવું.

નિર્ભ્રમ [સં નિસ્ (સંપૂર્ણ) + ભ્રમ (ભાંગેલ)] વિ. ભાગેલ; તૂટેલ.

નિર્ભર [સં] વિ. દઢ; મજબૂત.

નિર્ભેય ૧. [હિ.] પું. ઉત્તમ બોલો.
૨. [સં] પું. (પુરાણ) રૌદ્ય મુનિનો એ નામનો એક પુત્ર
૩. વિ. નીડર; હિંમતવાળું.
૪. [સં. નિર્ (વગરનું) + ભય (બીક)] વિ. ભય રહિત; ભય વિનાનું; બીક રહિત.
૫. વિ. દૂષણ વગરનું; અબાધિત; દોષ વગરનું.

નિર્ભેયતા ૧. [સં. નિર્ (વગરનું) + ભય (બીક) + તા (પણું)] સ્ત્રી. નીડરપણું, નીડર હોવાની સ્થિતિ.
૨. સ્ત્રી ભય નહિ હોવાપણું; ભય રહિત સ્થિતિ; બીકરહિતપણું; અભયપણું.
૩. સ્ત્રી. સહીસલામતી.

નિર્ભેયત્વ જુઓ નિર્ભયતા.

નિર્ભેયપણું જુઓ નિર્ભયતા.

નિર્ભય લેપ [નિર્ભય (ભય વિનાનું) + લેપ (દોષ)] પું. અલામતી દોષો; 'સેફટિ લેપ.'

નિર્ભર ૧. [સં] પું. પમાર વગરનો આકરો; બેમારી.
૨. ન. પુષ્કળતા; અતિશયપણું.
૩. ન. સત્ત્વ; સાર.
૪ વિ. અવલંબિત; આશ્રિત; આધાર રાખનાર.
૫. વિ. ગાઢ.
૬. વિ. નિર્ભય.
૭. વિ. નિર્ભરિત; નિર્ધારેલ.
૮. વિ. નીડર; દુઃખ પડ્યાથી ટેવાયેલ.
૯. વિ. પાસેનું; નજીકનું.
૧૦. વિ. પુષ્કળ; અત્યંત.
૧૧. [સં. નિસ્ (સંપૂર્ણ) + ભૃ (ભરવું)] વિ. ભરેલું; ભરપૂર.
૧૨. વિ. યુક્ત; મળેલું.
૧૩. વિ. આમ.
૧૪. વિ. સમૃદ્ધ.

નિર્ભરા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ ઉપરનું એક નામ.

નિર્ભર્ત્સક [સં. નિર્ભર્ત્સ્ (નિંદવું) + અક (નાર)] વિ. નિંદા કરનાર.

નિર્ભર્ત્સન ૧. [સં.] ન. અવજ્ઞા; હાંસ.
૨. [સં નિસ્ (સંપૂર્ણ) + ભર્ત્સન (કપડો આપવાપણું)] ન કપડો; તિરસ્કાર; ધિક્કાર.
૩. ન. તરછોડવું તે.
૪. ન નિંદા.
૫. ન. પરાભવ

નિર્ભર્ત્સના ૧. [સં.] સ્ત્રી. અવજ્ઞા; હાંસ.
૨. સ્ત્રી. ઠંડાણો; અપમાન.
૩. સ્ત્રી. ગાળ; નિંદા.
૪. સ્ત્રી. ઠપકો.
૫. સ્ત્રી. ધમકાવટી; ધમકાવણી.
૬. સ્ત્રી. મહેણું; મર્મવચન.
૭. સ્ત્રી. બહુ ખણવું તે તુચ્છકાર; તિરસ્કાર.

નિર્ભર્ત્સિત [સં.] વિ. તિરસ્કારેલ; નિંદેલ; પરાભવ કરેલ; તરછોડેલું.

નિર્ભંજન ન. પૂરી, પકવાન વગેરે તળી લીધા પછી બાકી રહેલ બળેલું ઘી; દગ્ધઘૃત.

નિર્ભાગણી [સં. નિર્ (વગરનું) + ભાગ્ય (નસીબ) + ઇન્ (વાળું) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અભાગણી; કમનસીબ.

નિર્ભાગિણી જુઓ નિર્ભાગણી.

નિર્ભાગિયું વિ. અભાગિયું; કમનસીબ; નિર્ભાગી.

નિર્ભાગી [સં. નિર્ (વગરનું) + ભાગ્ય (નસીબ) + ઇન (વાળું)] વિ. અભાગી; કરભાગી; કમનસીબ.

નિર્ભાગ્ય [સં. નિર્ (વગરનું) + ભાગ્ય (નસીબ)] વિ. અભાગ્ય; કમનસીબ; ભાગ્ય વિનાનું; અભાગિયું.

નિર્ભાન [સં. નિર્ (વગરનું) + ભાન (સમજ)] વિ. ભાન વગરનું.

નિર્ભાનતા [સં. નિર્ (વગરનું) + ભાન (સમજ) + તા (પણું)] સ્ત્રી. ભાન ન હોવાપણું.

નિર્ભાનત્વ જુઓ નિર્ભાનતા.

નિર્ભારક [સં. નિર્ (વગરનું) + ભાર (બોજો) + ક (વાળું)] વિ. મુશ્કેલીનું હલકું.

નિર્ભારકતા [સં. નિર્ (વગરનું) + ભાર (બોજો) + ક (વાળું) + તા (પણું)] સ્ત્રી. ભાર વગરનું હોવાપણું; મુશ્કેલીન હોવું તે.

નિર્ભાવ [સં. નિર્ (વગરનું) + ભાવ (હોવાપણું)] પું. અભાવ.

નિર્ભાસા [સં.] સ્ત્રી નર્મદાનાં કાંઠાનાં ઝાડ ઉપરનું એક નામ.

નિર્ભિન્ન [સં.] વિ. ભેદેલ; વીંધેલ.

નિર્ભીક [હિ.] વિ. નિર્ભય; બીક વિનાનું.

નિર્ભીકતા [હિ.] સ્ત્રી. નિર્ભયપણું; નીડરતા.

નિર્ભીકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ ઉપરનું એક નામ.

નિર્ભીત્ય ૧. વિ. ભિન્ન નહિ પડાયેલું.
૨. વિ. શુદ્ધ.

નિર્ભીતિ [સં. નિર્ (વગરનું) + ભીતિ (બીયેલ)] સ્ત્રી. નીડરતા; બીક નહિ એવું.

નિર્ભીરુ [સં. નિર્ (વગરનું) + ભીરુ (કરપોક)] વિ. નીડર; બીક નહિ એવું.

નિર્ભીરુતા [સં. નિર્ (વગરનું) + ભીરુ (બીકણ) + તા (પણું)] સ્ત્રી. નીડરપણું.

નિર્ભીરુત્વ જુઓ નિર્ભીરુતા.

નિર્ભુંજ [સં.] વિ. સરળ; સીધું.

નિર્ભુંજ [સં.] પું. વેદનો સંહિતા પાઠ.

નિર્ભૂતિ [સં. નિર્ (વગરનું) + ભૂતિ (હોવું તે)] સ્ત્રી. અંતર્ધાન હોવું તે; અદશ્ય હોવાપણું.

નિર્ભૂરા [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ ઉપરનું એક નામ.

નિર્ભૂષણ [સં. નિર્ (વગરનું) + ભૂષણ (અલંકાર)] વિ. સાદું.

નિર્ભૃતિ [સં.] વિ. પમાર વગરનું; બેદિલું.

નિર્ભૈ ૧. સ્ત્રી. અભયતા; નિર્ભયપણું.
૨. [સં. નિર્ (વગરનું) + ભય (બીક)] વિ. અભય; ડર વિનાનું.
૩. અ. નિર્ભયપણે; નીડરપણે; બીક વગર.

નિર્ભેદ [સં. નિસ્ (સંપૂર્ણ) + ભિદ (તોડવું)] પું તોડવું તે; ભાંગવું તે; ભુક્કો કરવાપણું.

નિર્ભેદની સ્ત્રી. એક જાતની ધમની. તે પાદતલ પાનુની ધમનીની અનુશાખા છે અને તે પત્રમાં આવેલી છે.

નિર્ભેદ્ય ૧. [સં. નિર્ (વગરનું) + ભેદ્ય (તોડી શકાય એવું)] વિ. કાપ્યું; વચ્ચે ભેદવું; ફોર.

૨. વિ. જેમાં પ્રવેશ ન થઈ શકે તેવું; અભેદ્ય; મજબૂત; દુર્ગમ; ભેદાય નહિ એવું.

નિર્ભેદ્યતા [સં. નિર્ભેદ્ય (ભેદી ન શકાય એવું) + તા (પણું)] સ્ત્રી. નિર્ભેદ્ય હોવાનો ગુણ; ભેદી ન શકાય એવું હોવાપણું.

નિર્ભેદ્યત્વ જુઓ નિર્ભેદ્યતા.

નિર્ભેદ્યપણું જુઓ નિર્ભેદ્યતા.

નિર્ભેળ વિ. ભેળાભેળ વગરનું; તદ્દન એક જાતનું; જેમાં બીજું કાંઈ ભેળું ન હોય એવું; ચોખ્ખું; સાદું; શુદ્ધ.

નિર્ભ્રમ ૧. [સં. નિર્ (વગરનું) + ભ્રમ (શંકા)] વિ. ભ્રમ વગરનું; શંકા વગરનું. સંદેહ ન હોય એવું

૨. જ. બેધડક; સ્વચ્છંદતાથી.

નિર્ભ્રમા [સં] સ્ત્રી. નર્મદાના કાંઠા પરનું એક નામ.

નિર્ભ્રાજવું [સં. નિર્ભર્ત્સ (ઠપકો આપવો)] સ. ક્રિ. નિંદવું; નિર્ભર્ત્સના કરવી; ધિક્કારવું.

નિર્ભર્ત્સના ૧. [સં. નિર્ભર્ત્સના; પ્રા. ણિબ્ભત્થણા] સ્ત્રી. તુચ્છકાર; નિર્ભર્ત્સના; તિરસ્કાર.

૨. સ્ત્રી. ધમકાવટી; કરામણી.

૩. સ્ત્રી. લાભ; ઝળતો.

નિર્ભ્રાંત ૧. વિ. નક્કી; જરૂર; સંભ્રમ રહિત; નિઃશંક; જેમાં કોઈ સંદેહ ન હોય એવું; ચોક્કસ.

૨. [સં. નિર્ (વગરનું) + ભ્રાંત (ભમવાળું)] વિ. ભ્રાંતિ રહિત; ભ્રાંત; ભ્રમ રહિત; ભ્રાંતિ ન રહે એવું.

૩. જ. ભ્રમ વગર; નિર્ભ્રમપણે

નિર્ભ્રાંતતા [સં.] સ્ત્રી નિર્ભ્રાંતપણું; ભ્રાંતિ, સંશય, વહેમ કે સંભ્રારહિતપણું.

નિર્ભ્રાંતત્વ જુઓ નિર્ભ્રાંતતા.

નિર્ભ્રાંતપણું જુઓ નિર્ભ્રાંતતા.

નિર્મક્ષિક ૧. [સં. નિર્ (વગરનું) + મક્ષિકા (માખી)] વિ. જ્યાં માખીઓ ન બેઠી હોય એવું; માખીઓ વગરનું; નિર્માક્ષિક.

૨. વિ. નિર્જન; એકાંત

નિર્મત [સં. નિર્ (વગરનું) + મત (અભિપ્રાય)] વિ. મત વગરનું; મતમતાંતર રહિત.

નિર્મતિ [સં. નિર્મા (માપવું)] સ્ત્રી. કલ્પનારી.

> અને પ્રથમ પુરુષે તેના ધર્મો તથા વર્ણો વિગેરેનું સર્જનકાર્ય પહોંચ આપ્યું છે તે ઉપરથી આપણા આચાર્યોની અગાધ શક્તિની કલ્પના આવી કાળ નિર્મતિનું રહસ્ય સમજી શકાશે.
>
> મહાપુરુષ ભાલચન્દ્ર

નિર્મત્સર [સં. નિર્ (વગરનું) + મત્સર (ઈર્ષા)] વિ. ઈર્ષા રહિત; નિર્દ્વેષી.

> ભેદાભેદ થકી નિર્મત્સર સમને દૃષ્ટિ સમાન.
>
> નિરાંત

નિર્મત્સરતા [સં. નિર્ (વગરનું) + મત્સર (ઈર્ષા) + તા (પણું)] સ્ત્રી. નિરભિમાનપણું.

> શિષ્યતામાં નિર્મત્સરતા સમાઈ જાય.
>
> જ્યોતીન્દ્ર દવે

નિર્મત્સરત્વ જુઓ નિર્મત્સરતા.

નિર્મત્સરપણું જુઓ નિર્મત્સરતા.

નિર્મત્સરી [સં. નિર્ (વગરનું) + મત્સર (ઈર્ષા) + ઇન (વાળું)] વિ. અદેખાઈ વિનાનું

નિર્મથ [સં.] પું. અગ્નિ. તેને પ્રગટ કરવા માટે અગ્નિ પ્રકટાવવામાં આવે છે.

નિર્મથિત [સં.] વિ. મંથન કરેલ.

નિર્મદ્યા [સં.] સ્ત્રી. એ નામનું મંથક કલ્પ; નદિકા; નદી

નિર્મદ ૧. [સં. નિર્ (વગરનું) + મદ] પું ગરમીમાં ન હોય એવો હાથી.

૨. વિ. ગંભીર

૩. [સં. નિર્ (વગરનું) + મદ (અભિમાન)] વિ મદ કે અભિમાન રહિત.

૪. વિ. ગર્વ વગરનું.

નિર્મદુવારી પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે અસાર્હ વર્ણનો એક ભેદ છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, જગણ, રગણ, સગણ અને લઘુ મળી તેર વર્ણો અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણો હોય છે.

નિર્મનસ્ક [સં. નિર્ (વગરનું) + મનસ્ક (મનવાળું)] વિ. મનના વ્યાપારનો સ્વાભાવિક રીતે અભાવ હોય એવું; નિષ્કામ; બેધ્યાન

નિર્મનસ્કત્વ [સં. નિર્ (વગરનું) + મનસ્ (મન) + ક (વાળું) + ત્વ (પણ)] ન. એ નામની મનની એક ભૂમિકા. જન્મથી મૂઢ અને બહેરા બાળકમાં જેમ મનના વ્યાપારનો સ્વાભાવિક રીતે અભાવ હોય છે, તેમ વાક્, શ્રોત્ર તથા મન હોવા છતાં જે પુરુષના મનના વ્યાપારનો સ્વાભાવિક રીતે અભાવ તે નિર્મનસ્કત્વ નામની બીજી ભૂમિકા કહેવાય છે.

નિર્મનુ સ્ત્રી. (યોગ) નાડી શુદ્ધ કરવાની એક રીત. પૌરાણિક કર્મથી જે નાડીની શુદ્ધિ કરવામાં આવે છે તે નિર્મનુ કહેવાય છે.

નિર્મનુષ જુઓ નિર્મનુષ્ય.

નિર્મનુષ્ય ૧. [સં. નિર્ (વગરનું) + મનુષ્ય (માણસ)] વિ માણસ વગરનું; નિર્જન; એકાંત.

૨. વિ. વસ્યું ન હોય એવું; નહિ વસેલું.

નિર્મનું [સં. નિર્ (વગરનું) + મનસ્ (મન)] વિ. મન વગરનું; જ્ઞાન વગરનું.

> સાચો સમો મારો નિર્મનો થઈ રહ્યો,
> અહર્નિશ ક્રુષ્ણ તે ચિત્ત લીધું.
>
> નરસિંહ

નિર્મમ ૧. [સં.] પું. શિવનાં કલ્પાર માંહેનું એક નામ.

૨. [સં.] વિ. જેને મોહ નથી તેવું; મમતા વગરનું; મમત્વ વિનાનું; વિરક્ત.

૩. [સં. નિર્ (વગરનું) + મમ (મારું)] વિ મમત્વ રહિત; મમતા વગરનું; વિરક્ત; મારું તારું વિનાનું. ઈશ્વરભક્ત બધા પદાર્થોમાં અને પોતાના શરીરમાં પણ મમતા રહિત હોય છે. પ્રભુએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિના બધા પદાર્થો પ્રભુના જ છે. જેમ બીજા માણસના ઘરના સામાનમાં કોઈ બુદ્ધિહીણો માણસ આપણું છે એમ કહેતો નથી, તેવી રીતે પ્રભુની સૃષ્ટિના પદાર્થોમાં ભક્ત પણ પોતાનું કાંઈ માનતો નથી. અજ્ઞાનને લીધે જે પદાર્થોમાં મમતા થાય છે, એના પરિત્યાગ માટે આત્મનિવેદન ભક્તિ પ્રતિપાદન કરી છે. એટલા માટે બધા પદાર્થો પ્રભુના છે એમ ભાવના કરી મમત્વ નિવૃત્ત કરવું જોઈએ.

નિર્મમતા [સં નિર્મમ (મમત્વ વગરનું) + તા (પણું)] સ્ત્રી. મમતારહિતપણું; મમત્વનો અભાવ; મોહનો અભાવ; નિર્મોહપણું.

નિર્મમત્વ જુઓ નિર્મમતા

નિર્મમભાવ જુઓ નિર્મમત્વ.

નિર્મર્યાદ ૧. [સં. નિર્ (વગરનું) + મર્યાદા (હદ)] વિ અનંત.

૨. વિ. અસીમ; ભરપૂર

૩. વિ. ઉદ્ધત.

૪. વિ. મર્યાદા વગરનું.

નિર્મર્યાદતા ૧ [સં. નિર્ (વગરનું) + મર્યાદા (હદ) + તા (પણું)] સ્ત્રી. અનંતપણું.
૨. સ્ત્રી. અસંયમ; અનિયમ.
૩. સ્ત્રી. અસીમપણું.
૪. સ્ત્રી. હલકાપણું

નિર્મર્યાદિત [સં. નિર્ (વગરનું) + મર્યાદા (હદ) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. મર્યાદા વિનાનું.

નિર્મલ ૧. પું. ઉત્તમ આંબા માહેના એક પ્રકારનો હીરો.
૨. પું. નાનકપંથીનો એ નામનો એક પેટા સંપ્ર.
૩. પું નિર્મળી.
૪. પું હીરામાંનું શુદ્ધ, સફેદ કિરણ.
૫. પું. (સંગીત) સોળ માંહેના એક પ્રકારનો કુપદ. તેના દરેક પદમાં પંદર અક્ષર હોય છે.
૬. સ્ત્રી. અલ્લાક્ષરીની એ નામની એક અટક.
૭. [સં.] ન. અભ્રક; અભરખ; એક બનીજ દ્રવ્ય.
૮. ન. એ નામની અટકનું માણસ.
૯. વિ. અંતરાય કે આડ વિનાનું.
૧૦ વિ એ નામની અટકનું.
૧૧. [સં. નિર્ (વગરનું) + મલ (કચરો)] વિ. જેમાં કચરો ન હોય એનું; ચોખ્ખું; સાફ; સ્વચ્છ; મળ કે મેલ વિનાનું.
૧૨ વિ. દોષ વગરનું; નિર્દોષ; કલંક રહિત.
૧૩. વિ. નિર્લેપ; નવું; તાજું એવું જાતનું; મેળ વગરનું.
૧૪. વિ. નિર્લેપ; મુક્ત.
૧૫. વિ. પરબ્રહ્મસ્વરૂપી.
૧૬. વિ. પાપ વિનાનું; શુદ્ધ; પવિત્ર.
૧૭. વિ. મમત્વ રહિત

નિર્મલતા ૧. [સં. નિર્મલ (કચરા વિનાનું) + તા (પણું)] સ્ત્રી. કચરા કે મેલ વગરનું. મળ-વિનાપણું.
૨. સ્ત્રી. નિર્લેપપણું.
૩. સ્ત્રી. નિષ્કલંકપણું.
૪. સ્ત્રી. પવિત્રતા; શુદ્ધતા.
૫. સ્ત્રી. મમત્વ વિનાનું હોવાપણું.
૬. સ્ત્રી. મુક્તિ; નિર્લેપતા.
૭ વિ. સ્વચ્છતા; સફાઈ; ચોખ્ખાઈ.

નિર્મલત્વ જુઓ નિર્મલતા.

નિર્મલા ૧. પું એ નામનો એક નાનકપંથી સંપ્રદાય. તે સંપ્રદાય સ્થાપનાર રામદાસ નામના એક મહાત્મા હતા. આ સંપ્રદાયના લોકો ભગવાં વસ્ત્ર પહેરે છે અને સાધુઓ સંન્યાસીની માફક રહે છે
૨. [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.
૩. ન. એ નામના સંપ્રદાયનું માણસ
૪ વિ. એ નામના સંપ્રદાયનું.

નિર્મળી ૧. પું. વીસવિશે સ્થાપેલો શીખ ધર્મના સાધુઓનો એક પંથ. આ સાધુઓ ઉદાસી પંથના સાધુઓથી સર્વથા જુદા છે. તેઓ એકાંત ધાર્મિક જીવન ગાળે છે અને મઠમાં રહેતા નથી.
૨. સ્ત્રી. બંગાળા, મધ્ય તથા દક્ષિણ હિંદ અને બ્રહ્મદેશમાં થતું એક જાતનું ઝાડ. તેનું લાકડું બહુ ચીકણું અને મજબૂત હોવાથી કુંભારની કામમાં તથા ખેતીનાં ઓજાર બનાવવામાં ક્રમ આવે છે. તે ઝાડનાં તેના લાકડાનો ઉંચ અંદરથી ધોળો નીકળે છે, પણ હવા લાગતાં તે કાંઈક ભૂરો કે કાળો થઈ જાય છે આ ઝાડનાં ફળ નવાં ગુંદ બનાવ છે તેનાં પાકાં બી આંખ, પેટ, મૂત્રયંત્ર વગેરેના અનેક રોગો ઉપર ઉપયોગી મનાય છે ઠેળુ પાણી સાફ કરવામાં પણ આ બી ઘણી પાણીમાં નાખવાં પાણીમાંનો કચરો નીચે બેસી જાય છે
૩. ન. એ નામના સંપ્રદાયનું માણસ
૪. વિ. એ નામના સંપ્રદાયનું.

નિર્મલું જુઓ નિર્મળું

નિર્મલોપમ [સં.] પું. સ્ફટિક.

નિર્મવવું જ ક્રિ. નકામું કરવું; કઢાવવું

નિર્મવું ૧. [સં નિર્મા (રચવું)] સ ક્રિ. કરવું, રચવું; નિર્માણ કરવું; સર્જવું; બનાવવું.
૨. સ. ક્રિ. કારણભૂત થવું; કારસ્તાન કરવું.
૩. સ ક્રિ નિયત કરવું, નક્કી કરવું
૪. સ. ક્રિ નીમવું; સ્થાપવું; અધિકાર આપવો; નિયોજવું
૫. સ. ક્રિ. યોજવું.
૬. સ. ક્રિ. ચાળણે કરવો; ઠેરવવું; મૂલ્ય કરાવવા.

નિર્મસક ૧. [સં] ન. મચ્છરનો અભાવ.
૨. વિ. મચ્છર રહિત.

નિર્મળ ૧. સ્ત્રી. એ નામની બ્રહ્મક્ષત્રીની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. જુઓ નિર્મલ ૧૧-૧૭.

નિર્મળતા જુઓ નિર્મલતા.

નિર્મળદાસ પું. એ નામનો એક સંત. તેનો જન્મ વિક્રમ સંવત ૧૮૨૭માં અયોધ્યામાં ઉચ્ચ બ્રહ્મક્ષત્રિ કુલમાં થયો હતો. તેનું મૂળ નામ અમરાવ શુક્લ હતું. તેના પિતાનું નામ બાબાજી ઉર્ફે જગાધર તથા માતાનું નામ પાર્વતી હતું. યુવાન વયમાં તે લખનૌના નવાબની નોકરી કરતા હતા, પરંતુ પાછળથી વૈરાગ્યનો ધર્મો તેણે ગ્રહ કર્યો હતો. પોતાના ચાર મિત્રોમાનો એક નવાબી સિપાહીના હાથે માર્યો ગયો, ત્યારે તેની સ્ત્રીને સતી થવા માટે તે જીવતા લોખંડે પોતાના સાથીદારનું લખનૌના દરવાજા ઉપર લટકતું માથું લાવ્યા, પણ તે બાઈ સતી ન થવાથી તેને વૈરાગ્ય પેદા થયો તે સંસારનો ક્રમ કરી મધુ થવા. ગુરુ ઓધવદાસ સમક્ષ પોતાના મનજીવનનાં કૃત્યો દર્શાવ્યાં, ત્યારે તેઓએ તેનો નકાર કર્યો. ત્યાર પછી બાર વર્ષ પર્વતોની કંદરામાં કઠિન તપશ્ચર્યા પછી પુનઃ ગુરુજી પાસે ગયા, પોતે નિર્મળ થઈ આવ્યો છે, એવું કહેતાં ગુરુ ઓધવદાસે અક્ષુબળ આંખ પોતાનો શિષ્ય બનાવી નિર્મળદાસ નામે સંબોધ્યા. વિક્રમ સંવત ૧૮૬૨માં તેઓ સુરતમાં આવ્યા. ત્યાર પછી તેઓએ પોતાના જીવનનાં ઉત્તરનાં ૪૬ વર્ષ સુરતમાં જ ગાળ્યાં આ સંતને ૧૮૫૩ના અસંતોષના સમયમાં પણ એક વાર સરકારની કસોટીએ ચડવું પડ્યું હતું. તેમાં તેઓ સાબૂત નીવડ્યા હતા. તેમનાં બધાં સ્થાનો હાલ મોજૂદ છે: કારંજમાં કુરજ આગળ, સુરતમાં, સલાબતપુરામાં, તાપીના આવારા ઉપર, રાંદેરમાં કાકીવલામાં અને કોટસફીલ ઉપર. તેઓ વિક્રમ સંવત ૧૯૩૫ના ભાદરવાની એકમના દિવસે એકસો તેર વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી, કોટસફીલના મંદિરમાં જીવત સમાધિસ્થ થયા. એ સમાધિ હાલ પણ મોજૂદ છે. સંત નિર્મળદાસે બધા પદો રચ્યાં હતા. તેમના કેટલાક પદો તથા તેમનું સવિસ્તર જીવન નિર્મળ ભજનસાગર નામના ગ્રંથમાં પ્રગટ થયેલું છે.

નિર્મળપણું જુઓ નિર્મળતા

નિર્મળો ભજનસાગર ન. નિર્મળદાસ સંતનું સંપાદિત એ નામનું એક પુસ્તક. આ પુસ્તકમાં તેની ટૂંકી બાકી જિંદગીનું વૃત્તાંત તેમ જ તેમનાં રચેલા પદો છે.

નિર્મળવું જ. ક્રિ. શુદ્ધ કરવું

નિર્મળી ૧. સ્ત્રી એક જાતની વનસ્પતિ; અંજુપ્રસાદ; કટક. તેનાં બિયાં ચપટાં અને ગોળ હોય છે. તેનાં પાન સંયોગ અને ફળ નાના ગોળ થાય છે. એનાં કુમળાં ફળ ચક્ષુષ્ય, વાતકારક તથા શીત છે અને રક્તપિત્ત, તૃષા, વિષ તથા મેદનો નાશ કરે છે. જૂનાં ફળ દુર્જર તથા રુચિકર છે અને કફ તેમ જ પિત્તના નાશક છે તે પાકવાથી પિત્તકારક, વાતિકારક તથા ધર્મજનક છે અને મોળો, પાંડુરોગ, વિષ, ગ્રહણી તથા કૃમિનો નાશ કરે છે. તેનાં બી આંખોને હિતાવહ, તૂરાં તથા ગુરુ હોઈ પાણીને સ્વચ્છ કરનારાં તથા

મધુર છે અને અરમરી, વાયુ, કફ, મૂત્રકૃચ્છ, ક્ષુધા, નેત્રરોગ, વિષ, પ્રમેહ તથા મસ્તકરોગનો નાશ કરે છે. નિર્મળીના મૂળ કોઢ મટાડે અને દૂધ મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી અંજન કરવાથી આંખો સ્વચ્છ થાય. બી કોખ અને કાળા સર્પની કાંચળી સાથે ખરલ કરી અંજન કરવાથી આંધળો મનુષ્ય બધું દેખતો થાય. નિર્મળીનાં બિયાંનું ચૂર્ણ કરી ગંદા પાણીમાં નાખવું એટલે કેટલીક વારે પાણી સ્વચ્છ થાય છે. નિર્મળીના બિયાં એક તોલો લાકડામાં વાટી તેમાં મધ નાખી પાવાથી પ્રમેહમા ફાયદો કરે છે. આંખના કૂલા ઉપર નિર્મળીના બિયાં, કોખચૂર્ણ, બિલ્લ અને સમુદ્રફળનું ચૂર્ણ કરી મધમાં ગોટીઓ કરી તે ઘસી અંજન કરવામાં આવે છે.

૨. સ્ત્રી. સાપુની એ નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

૫. વિ સ્ત્રી. શોખ્યી; પવિત્ર

નિર્મેળું વિ. નિર્મળ; શોખ્યું.

નિર્મેંઢ [સં. નિર્ (વગરનું) + મંઢ (ઢીલું)] વિ. ઢીલું નહિ પડેલ.

નિર્મોલિક જુઓ નિર્મોલિક.

નિર્માણ ૧. ન. (જૈન) એ નામની એક કર્મપ્રકૃતિ. તેના ઉદયથી શરીરમાં પોતપોતાની જાતિના અનુસાર અંગપ્રત્યંગની બનાવટ થતી જાય છે.

૨. [સં. નિર્મા (ઉત્પન્ન કરવું)] ન. બનાવટ; રચના; સર્જન.

૩. ન. બનાવવાનું કામ.

૪. ન. જામમાં લખેલું હોય તે; દૈવ; નસીબ; નિયતિ; કર્મે લખાયેલું હોય તે; નક્કી થયેલું હોય તે

૫. ન. સાર; તત્ત્વ

૬. વિ ચોક્કસ; મુકરર; નક્કી

૭ વિ. બનાવેલું; ઉત્પન્ન કરેલું.

૮ વિ માપ રહિત; માપમાં ન આવે એવું, અમાપ

નિર્માણક [સ નિર્માણ (રચવું) + અક (કરનાર)] વિ રચનાર.

નિર્માણકર્તા [સં. નિર્માણ (રચના) + કર્તૃ (કરનાર)] વિ. ઉત્પન્ન કરનાર, પેદા કરનાર

નિર્માણકાય [સં.] સ્ત્રી જૂહની ત્રિકાય મંડિની એ નામની એક

> જૂહની ત્રિકાયની ' ધર્મકાય, સંભોગકાય અને નિર્માણકાય ' બાબતો સ્ત્રીકારી.
>
> ડાકોર કૌમુદાન

નિર્માણકૃત ૧. ન. ઇમારત.

૨. ન. કારખાનું.

૩. [સં. નિર્માણ (રચના) + ગૃહ (ઘર)] ન. કર્મશાળા; કારખાનું.

નિર્માણનામ ન. (જૈન) એ નામની એક કર્મપ્રકૃતિ. તેના ઉદયથી શરીરમાં પોતપોતાની જાતિ અનુસાર અંગપ્રત્યંગોની બનાવટ થતી જાય છે.

નિર્માણનામકર્મ ન. (જૈન) જેના ઉદયથી અંગોપાંગની ઠીક ઠીક રચના થાય તેવું કર્મ.

નિર્માણરુચિ કું. (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વંતર મહિનો એ નામનો એક દેવ.

નિર્માણવિદ્યા [સં. નિર્માણ (રચના) + વિદ્યા] સ્ત્રી. ઇમારત, નહેર, પુલ વગેરે બનાવવાની વિદ્યા; વાસ્તુવિદ્યા.

નિર્માણશક્તિ [સં. નિર્માણ (ઉત્પન્ન કરવું તે) + શક્તિ] સ્ત્રી. ઉત્પન્ન કરવાની શક્તિ; સર્જનશક્તિ.

નિર્માણશાલા [સં. નિર્માણ (ઉત્પન્ન કરવું તે) + શાલા] સ્ત્રી. કારખાનું; કલાભવન.

નિર્માણશુલ્ક [સં. નિર્માણ (ઉત્પન્ન કરવું તે) + શુલ્ક (કીમત)] ન. આબકારી ઉત્પન્ન; સુરાશુલ્ક; આબકારી શુલ્ક; આબકારી મહેસૂલ; આબકારી માલમુજારી; 'એક્સાઇઝ રેવન્યુ.'

નિર્માતા ૧. વિ. નિપુણ; કુશળ.

૨ વિ. નિર્માણ કરેલ.

નિર્માતા ૧. કું. સૃષ્ટિકર્તા.

૨ [સં. નિર્માતૃ] વિ. બનાવનાર; રચનાર; નિર્માણકર્તા; ઘડનાર; સરજનહાર.

૩. વિ. પેદા કરનાર; ઉત્પાદક.

નિર્માત્રિક [સં. નિર્ (વગરનું) + માત્રિક (માત્રાવાળું)] વિ માત્રા વગરનું; જેમાં માત્રા ન હોય એવું

નિર્માદક [સં. નિર્ (વગરનું) + માદક (મૈન બનાવનાર)] વિ. માદકતા વિનાનું, માદક ન હોય એવું

નિર્માન ૧. [સં.] વિ. અભાન; બેહદ.

૨. વિ. અભિમાન વિનાનું. નમ્ર; માન રહિત.

નિર્માનમોહ [સં નિર્ (વગરનું) + માન + મોહ] વિ. જેને માન અને મોહ ન હોય એવું; માન તથા મોહ વિનાનું.

નિર્માનિતા [સં.] સ્ત્રી માન રહિતપણું

> સકલ અમોલ ગુણ તેજ પવિત્રતા રે,
> નિર્માનિતા સાર ગુણ પરે દયા રે.
>
> નિહારી

નિર્માનિત્વ જુઓ નિર્માનિતા.

નિર્માની [સં. નિર્ (વગરનું) + માનિન્ (અભિમાની)] વિ. અભિમાન વિનાનું; નમ્ર.

નિર્માનીપણું ન. નિરહંકારીપણું.

નિર્માનુષ [સં. નિર્ (વગરનું) + માનુષ (મનુષ્યનું)] વિ. મનુષ્યની વસતી વિનાનું; નિર્જન; એકાંત.

નિર્માપ [સં. નિર્ (વગરનું) + મા (માપવું)] વિ. ન માપી શકાય એવું.

નિર્માપન ન. બનાવવું તે; નીપજાવવું તે.

નિર્માપયિતા [સં. નિર્માપયિતૃ] વિ. બનાવનાર; નીપજાવનાર.

નિર્માપિત [સં] વિ. બનાવેલ; રચેલ.

નિર્મામ વિ. મમતા રહિત.

> એમ સકલને હું છું વહાલા નિષ્કામી નિર્મામ છ.
>
> નિરાંત

નિર્માય [સં. નિર્ (વગરનું) + માયા (કપટ)] વિ. માયા કે કપટ રહિત.

નિર્માયલ [હિ.] વિ. નિર્મળ.

નિર્માયિતા સ્ત્રી. નિષ્કપટીપણું

નિર્માર્જન [સં. નિસ્ (સંપૂર્ણ) + માર્જન (સાફસૂફી)] ન. સાફ કરવું તે; સ્વચ્છ કરવું તે; સફાઈ; શુદ્ધિ.

નિર્માર્દવ વિ. મૃદુપણાથી રહિત; કઠણ.

નિર્માલ્ય ૧. [સં. નિર્માલ્ય] સ્ત્રી. નીરસતા; અશક્તીકરણ.

૨. સત્ત્વહીનતા.

૩. સ્ત્રી.; ન. દેવ ઉપરથી ઉતારેલું કે દેવને ચઢાવેલું દ્રવ્ય, ફૂલ વગેરે વસ્તુ.

૪. વિ. ઊતરેલું.

૫. વિ. કમજોર; દુર્બળ; અશક્ત; શક્તિહીન; કાચું

૬ વિ. નકામું; નિરુપયોગી.

૭. વિ. રદ કરેલું, કેંસલ કરેલું.

નિર્માલિકા ૧. સ્ત્રી એક જાતની પુષ્પવેલી

૨. સ્ત્રી. એક જાતનું વૃક્ષ; નરમાળી.

નિર્માલી ૧. કું. એ નામના વર્ણનો સાધુ.

૨. વિ એ નામના સાધુનું. વર્ણનું.

નિર્માલું ૧. વિ નિર્બળ

૨. વિ નિર્માલ્ય; માલ વગરનું.

૩. વિ. ખરડને ન ઘટે તેવું.

નિર્માલ્ય ૧. [સં.] ન. અવશેષ.

૨. ન. દેવ ઉપરથી ઉતારેલું દ્રવ્ય; દેવને ચઢાવેલ પદાર્થ; દેવપૂજનમાં અર્પણ કરેલ પુષ્પ

વગેરે. જે કૃમિ, કૃમિ, મીણાર્ક વગેરે દૈવને અર્પવામાં આવે છે તે વિસર્જન પહેલા નૈવેદ્ય અને વિસર્જન પછી નિર્માલ્ય કહેવાય છે. શિવ સિવાય બીજા બધા દેવનાં નિર્માલ્ય પુષ્પ, મિષ્ટાન્ન વગેરે ગ્રહણ કરવામાં આવે છે.
૩. ન. બીકતા. અપવિત્રપણું.
૪. ન. વાપરીને નાખી દીધેલ કૃમિ; કરમાઈ ગયેલ કૃમિ
૫. ન. શક્તિહીનતા. નિર્બળતા; કમજોરી.
૬. ન. સ્વચ્છપણું, મળરહિતપણું.

૭ વિ કમજોર. નર્બળ; કાચું; અશક્ત; શક્તિહીન; માર્દવાંગું.
૮. વિ. શુચ્ય; ઉચ્ચું; શુલ્લક.
૯. વિ. નાલાયક; ગુણહીન; અપાત્ર.
૧૦. વિ. માલ બધવા કમ વજનનું.
૧૧. વિ સસ્તા વજનનું.
૧૨. વિ. સાદું; સ્વચ્છ.

નિર્માલ્યતા [સં.] સ્ત્રી. નિર્માલ્યપણું.

નિર્માલ્યા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; પુષ્પ.

નિર્માવવું સ.ક્રિ. નિર્માવાની ક્રિયા કરાવવી.

નિર્માવું ૧. અ.ક્રિ. નિમાવું; રચાવું.
૨. અ. ક્રિ. નિર્માણ થવું; સર્જાવું; નક્કી થવું; નિર્મિત થવું.
૩. અ. ક્રિ. પોષાવું.

નિર્માળ જુઓ નિર્મલ.

નિર્માંસ ૧. [સં. નિર્ (વગરનું) + માંસ] વું. ભોજનના અભાવને કારણે નબળો બનેલો માનવી
૨. વિ. માંસ વગરનું; નિરામિષ.

નિર્માંસભોજી [સં. નિર્ (રહિત) + માંસ + ભોજિન (ખાનાર)] વિ. નિરામિષાહારી

નિર્માંસી ૧. [સં નિર્ (વગરનું) + માંસ + ઇન (વાળું)] વિ. આહાર નહિ લેવાથી નબળું બનેલ
૨ વિ. તપસ્વી
૩. વિ. દરિદ્ર.
૪. વિ. માંસ રહિત

નિર્મિત ૧. વિ. તૈયાર કરેલું.
૨. [સં.] વિ. નક્કી કરેલું હોય એવું; ઠેરવેલું.
૩. વિ. નાનકપંથના એક જૈન ભેદનું.
૪ વિ. બનાવેલ; નિર્માયેલું; રચાયેલું. નિર્માણ કરેલ; અર્જિત; નિયત.

નિર્મિતકલા [સં. નિર્મિત (રચેલ) + કલા] સ્ત્રી. વિધાન; બુદ્ધિજન્ય રચના.

નિર્મિતવાદી ૧. [સં. નિર્મિતવાદિન્] વું. નિર્મિતને માનનાર વ્યક્તિ. દૈવવાદી
એવે પ્રસંગે જે ચેતનને દૈવવાદી અથવા નિર્મિતવાદી કહેવડાવે. જીવનસોપાન
૨. વિ. બનાવટ કરીને બનાવેલ છે એમ બોલનાર.

નિર્મિતિ ૧. [સં.] સ્ત્રી. ઉત્પત્તિ; બનાવટ; રચના.
૨. સ્ત્રી. બનાવવાની ક્રિયા.
૩. સ્ત્રી બનાવવાનો ભાવ.

નિર્મિતિશક્તિ [સં. નિર્મિતિ (બનાવટ) + શક્તિ] સ્ત્રી. સરજાવવા શક્તિ; સંયોજક શક્તિ. રચનાત્મક શક્તિ.

નિર્મિત્ર [સં. નિર્ (વગરનું) + મિત્ર (બાહ્યનિષ)] વિ. મિત્ર વિનાનું.

નિર્મિતાણ વ. નિર્માણ; રચના.
આત્મા સાક્ષી હોઈને સ્વપ્નાવસ્થામાં અનેક પદાર્થોનું નિર્મિતાણ અર્થાત્ નિર્માણ કરે છે. એટલે કે તે તે પદાર્થો તેના અનુભવ કરે છે એટલે કે તે તે પદાર્થોને પ્રકાશિત કરે છે. કૈવલ્યનિબંધ

નિર્મિષિત વિ. આખ મીંચી પલકારો મારેલ

નિર્મુક્ત ૧. વું. તરત ઓઢેલી કાંચળીવાળો સાપ.
૨. વિ. જેને માટે કોઈ બ્યક્તનું બંધન ન હોય એવું.
૩. વિ પરિગ્રહ રહિત.
૪. વિ માપ વજનનું.
૫. [સં. નિસ્ (સંપૂર્ણ) + મુક્ત (છૂટું)] વિ. મુક્ત; બંધન રહિત; છૂટું.
૬. વિ વિરોગી
૭. વિ સંગ રહિત. નિઃસંગ.

નિર્મુક્તમાલા વું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે સક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, રગણ, જગણ, નગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે
જોવો નિર્મુક્તમાલા મ ર જ ન લ ગ થી. રઘુપિંગળ

નિર્મુક્તવ્યાપાર [સં.] પુ. નિરંકુશ વ્યાપાર, અનિયંત્રિત વ્યાપાર; બિનજકાતી વ્યાપાર; અપ્રતિબંધ વ્યાપાર; નિર્બાધ વ્યાપાર

નિર્મુક્તિ ૧. [સં. નિસ્ (સંપૂર્ણ) + મુક્તિ (છુટકારો)] સ્ત્રી. છુટકારો, છૂટકો; મુક્તિ.
૨. સ્ત્રી મોક્ષ

નિર્મુખ ૧. [સં. નિર્ (વગરનું) + મુખ (મોઢું)] વિ. બાવા વજર પાકુ બનેલું; મુખ કરવા આવેલું છતાં મુખ કર્યા વજર બનેલું. બહુકા બનેલું.
૨. વિ. નિરાશ થઈ પાકુ બનેલું, નિરાશ થયેલું.

નિર્મુંહ ૧. [સં.] વું. બકરાનો છોડ.
૨. વું. સૂર્ય.
૩. ન. રાજાના કર વજરની દુકાન.

નિર્મૂલ ૧. વિ. આધાર વિનાનું.
૨. વિ. ખોટું; ખૂટું.
૩. વિ. નિર્વંશ.
૪. [સં. નિર્ (વગરનું) + મૂલ (મૂળિયું)] વિ. મૂળ વજરનું; મૂળ વિનાનું.
૫. વિ મૂળમાંથી ઊખડેલું, મૂળ ઊખડી ગયું હોય એવું.
૬. વિ. સર્વથા નાશ પામેલું; નાબૂદ થયેલું.

નિર્મૂલતા [સં] સ્ત્રી. ઉચ્છેદ; નાશ.

નિર્મૂલન ૧ [સં નિસ્ (બહાર) + મૂલ (મૂળિયું)] વ. ઊખેડી નાખવું તે; મૂળમાંથી ઉપાડી કાઢવું તે.
૨. વ. સમૂળગો નાશ; ઉચ્છેદ; વિનાશ.
બાસ કરીને ક્ષત્રિય વર્ણમા તો અદ્વૈતનું સંપૂર્ણ નિર્મૂલન થવાથી અદ્વૈતમ થઈ. સુવર્ણમાલા

નિર્મૂળ જુઓ નિર્મૂલ.

નિર્મૂળતા જુઓ નિર્મૂલતા.

નિર્મૃષ્ટ [સં.] વિ. લૂછી નાખેલ; સુશોભિત બનેલ; સાફ કરેલ

નિર્મેધા વું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, તગણ, મગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.
ન ત મ મે વામ નિર્મેધા તો. રઘુપિંગળ

નિર્મેલ વિ. નક્કી કરેલ; નિયત કે સુધારેલ કરેલ; નિર્મિત.
કર્મોનો વહેલો ન લાભ કરવો નિર્મેલનો તો કહી, તેનો મોહથી જેહ લાભ કરવો કહેવાય તે લામસી. બિહારી

નિર્મોક ૧. વું. (પુરાણ) તેરમા મનુના સપ્તર્ષિમાં એ નામનો એક ઋષિ.
૨. વું. પરિત્યાગ.
૩. વું. બખ્તર.
૪. વું. મુક્તિ
૫. વું. શરીરની ઉપલી ચામડી.
૬. વું. સાપની કાચળી.
સાબાર્ક નિર્મોક બણી ઉત્તરીય વસ્ત્ર.

૭. વું. (પુરાણ) હવે પછી બનાર આઠમા સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.
૮. વું.,ન. આવરણ.
૯. ન. ખોડવું તે, મૂકવું તે; મોચન.

નિર્મોક્ષ ૧. પું. લાભ
૨. [સં. નિસ્ (સંપૂર્ણ) + મોક્ષ (છુટકારો)] પું. સંપૂર્ણ મોક્ષ; પૂરેપૂરો છુટકારો.

નિર્મોચન [સં.] ન. (પુરાણ) એ નામનું એક નગર.

નિર્મોચની સ્ત્રી. સર્પની કાંચળી.

નિર્મોલ [સં. નિર્ (વગરનું) + મૂલ્ય (કીમત)] વિ. અમૂલ્ય; કીમતી.

નિર્મોહ ૧. [સં.] પું. (પુરાણ) તેરમા મન્વંતરમાં થઈ ગયેલ સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.
૨. પું (પુરાણ) રૈવત મનુનો એ નામનો એક પુત્ર.
૩. પું. (પુરાણ) સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.
૪. [સં. નિર્ (વગરનું) + મોહ (માયા)] વિ. મોહશૂન્ય; જેને કશો મોહ રહેલો ન હોય એવું; મોહ વગરનું; મમતા રહિત.
બુદ્ધિ ફલ ક્ષમા અને દમ રાખે નિર્મોહ ને સત્ય જે, ઉત્પત્તિ માણે અયાચ્ય જણી મુખો દુઃખો જે અને. નિહારી

નિર્મોહતા [સં. નિર્મોહ (મોહ વગરનું) + તા (પણું)] સ્ત્રી. મોહશૂન્ય દશા; મોહ ન હોવાપણું.

નિર્મોહપણું જુઓ નિર્મોહતા.

નિર્મોહિની [સં.] વિ. સ્ત્રી. નિર્દય; જેના ચિત્તમાં મમતા કે દયા ન હોય એવી; કઠોર હૃદયવાળી.

નિર્મોહી ૧. [સં. નિર્મોહિન્] પું. શિવનાં કલ્પવૃક્ષનું એક નામ.
૨. વિ. નિર્દય; કઠોર હૃદયનું.
૩. [સં. નિર્મોહ (મોહ વગરનું) + ઈન્ (વાળું)] વિ. મોહ રહિત; અમોહી.

નિર્મોહુડા [સં.] સ્ત્રી કોઈ દિવસ નહિ કરમાતી એ નામની એક ઔષધિ.

નિર્યદપારાવાર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ચર્કરી છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ત્રણ તગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
નિર્યદપારાવારમાં છે મ ત્રા ત્રા ત ત્રા ગા.
રઘુપિંગળ

નિર્યંત્રક [સં. નિર્ (વગરનું) + યન્ત્રણ (યંત્ર) + ક (વાળું)] વિ. યંત્ર વગરનું.

નિર્યંત્રણ ૧. [સં.] ન. નીયોજવું તે; પીલવું કે પીસવું તે.
૨. ન. સ્વચ્છંદીપણું; સ્વતંત્રતા.
૩. વિ. ઉદ્ધત; ઉદ્ધૃખલ.
૪. વિ. પ્રતિબંધ વિનાનું; નિરંકુશ.
૫. વિ. નાબાલ્દ્ય.
૬. [સં. નિર્ (વગરનું) + યંત્રણ (કાબૂ)] વિ. સ્વતંત્ર; સ્વચ્છંદ.

નિર્યંત્રિત ૧. [સં. નિર્ (વગરનું) + યંત્રિત (કાબૂમાં રાખેલ)] વિ. ઉદ્ધત.
૨. વિ. સ્વતંત્ર; સ્વચ્છંદી.

નિર્યાચ્ઞ ૧. [સં.] ન. અદત્ત વસ્તુ તે.
૨. ન. (જૈન) કર્મથી છૂટવું તે; સંસારથી નીકળવું તે.
૩. ન. જોડવું તે; મુક્તિ; મોક્ષ.
૪. [સં. નિસ્ (બહાર) + યાત (જવું તે)] ન નીકળવું તે; પ્રયાણ; નીસરવું તે; રવાનગી; પ્રસ્થાન; બહાર જવું તે.
૫. ન. પશુઓને પગે બાંધવાનું દોરડું.
૬. ન. મરણ; શરીરમાંથી આત્માનું બહાર નીકળવું તે.
૭. ન. માર્ગમાંથી નીકળવું તે.
૮. ન. મૃત્યુ તે.
૯. ન. શહેરથી બહાર જતી સડક.
૧૦. ન. હાથીનો આંચળનો બહારનો ભૂકો.

નિર્યાત ૧. [સં. નિસ્ (બહાર) + યાત (ગયેલ)] ન. નિકાસ.
૨ વિ. નીકળેલ, ગયેલ.
૩. વિ. મરણ પામેલ.

નિર્યાતક ૧. [સં. નિસ્ (બહાર) + યાત (ગયેલ) + ક (વાળું)] પું. પરદેશમાં માલ મોકલનાર પુરુષ.
૨. વિ. ઉપાડનાર; ઊંચકનાર.
૩. વિ પરદેશમાં માલ મોકલનાર.
૪. વિ. બહાર જનાર.

નિર્યાતકર [સં. નિર્યાત (બહાર મોકલેલ) + કર (વેરો)] પું. દેશમાંથી બહાર મોકલાતા માલની ઉપર નાખવામાં આવતો કર; નિકાસ વેરો; 'એક્સપોર્ટ ડ્યૂટિ.'

નિર્યાતન ૧. [સં.] ન. ઉપાય; પ્રતીકાર
૨. ન. કરજ વગેરે અદા કરવું તે.
૩. ન. આપવું સોંપવું તે
૪ ન. પરદેશ માલ મોકલવો તે.
૫. ન. મારી નાખવું તે.
૬. ન વેરનો બદલો લેવો તે; બદલો ચૂકવવો તે.

નિર્યાપક ૧ પું. (જૈન) શિક્ષાગુરુ; શ્રુતગુરુ.
૨ પું. સર્વ પાલન કરી શકે એવા પ્રકારે પ્રાયશ્ચિત્ત આપનાર.
૩ પું. (જૈન) સંથારાનો નિર્વાહ કરાવનાર; સંથારો કરેલો હોય તેનો સદુપદેશથી દેહ કરનાર સાધુ

નિર્યાપના સ્ત્રી. નિયમનરૂપે પ્રરૂપણા. જેમકે, ધૂમ હોવાથી અગ્નિની સ્થાપના કરવી તે

નિર્યામ [સં.] પું. નાવિક; ખલાસી.

નિર્યામક ૧. પું. મુખ્ય ખલાસી
૨. પું. (જૈન) સંથારો કરનારની સેવા કરનાર સાધુ.

નિર્યામણા પું. (જૈન) સંથારો; અનશન.

નિર્યામિક [સં.] પું. ખલાસી; નાવિક.

નિર્યાસ ૧. [સં.] પું. ઉકાળો; ક્વાથ.
૨ પું. ઝરવું તે; ઝરણ.
૩. પું ઝાડ વગેરેનું ઝીર.
૪. પું. દ્રવરૂપ પાણી.
૫ પું. દ્રાક્ષ વગેરે ફાલનો ગળેલો રસ.
૬. પું. વનસ્પતિમાંથી ઝરતો રસ; ગુંદર.
૭ પું સત્ત્વ; રસ; સાર.

નિર્યાસન ન. ખોળાને છૂટા પાડવાની ક્રિયા; પદાર્થોના મિશ્રણમાંથી પાણી અથવા બીજામાં બોળીને એક પદાર્થ છૂટો પાડવાપણું.

નિર્યુક્તિ ૧. [સં] સ્ત્રી. અયોગ્યપણું.
૨. સ્ત્રી. નિપુણતા; ખેડ.
૩. સ્ત્રી, આગમ્યા પ્રથમના બાર ભાષેનો એક ગ્રંથ. આ પ્રાચીન ગ્રંથના કર્તા આચાર્ય ભદ્રબાહુ મનાય છે.
૪. સ્ત્રી. (જૈન) સૂત્રના અર્થની યુક્તિ દર્શાવનાર શાસ્ત્ર કે ગ્રંથ.
૫. સ્ત્રી. (જૈન) સૂત્રના અર્થની નિક્ષેપારૂપે યુક્તિ ગોઠવી ઘટના કરવી તે.

નિર્યુક્તિક ૧. [સં.] વિ. જાણું કરેલ; જાણ કરેલ
૨. વિ. યુક્તિ વગરનું.

નિર્યુક્તિકાર પું. (જૈન) નિર્યુક્તિ ગ્રંથના બનાવનાર ભદ્રબાહુ તપસ્વી

નિર્યૂહ [સં.] પું ઉપાય; કાઢો.

નિર્યૂહ ૧. [સં.] પું. ઉપાય; કાઢો; ઉકાળો.
૨. પું. ઓડો હાથો.
૩. પું. દરવાજો; દ્વાર.
૪. પું ભીંતમાં નાખેલી ખીંટી.
૫ પું. માથા ઉપર પહેરવાની કોઈ ચીજ, જેમકે, મુગટ.
૬. પું. માથામાં બાંધેલી ફૂલની કલગી
૭. પું શિખર; ટોચ.

નિર્યૂહણ ન. (જૈન) ગચ્છ બહાર મૂકવું તે.

નિર્યોગક્ષેમ [સં] વિ જોગ અને ક્ષેમ વગરનું; અપ્રાપ્ત વિષયની પ્રાપ્તિ અને પ્રાપ્ત વિષયનાં રક્ષણ વિનાનું; પ્રાપ્તિ, અપ્રાપ્તિ કે નિર્વાહ માટેના પ્રયત્ન વગરનું

નિર્લક્ષણ [સં. નિર્ (વગરનું) + લક્ષણ (ચિહ્ન)] વિ. શુભ લક્ષણ વગરનું.

નિર્લક્ષ્ય [સં નિર્(વગરનું) + લક્ષ્ય (હેતુ)] વિ. લક્ષ્ય વગરનું; હેતુ વિનાનું

નિર્લજ જુઓ નિર્લજ્જ.

નિર્લજ્જ ૧. [સં. નિર્ (વિનાનું) + લજ્જા (શરમ)] વિ. લાજ વગરનું; બેશરમ; નાગું.

નિર્લજ્જ જન લાજે નહિ, કરે કોટિ વિચાર,
નાક કપાયું તો કહે, નગ્ન ઓળો ઝાર. ત્રિભુવનદાસ

૨. વિ 'વિવેક વગરનું; અવિવેકી; ઉદ્ધત; બેઅદબ

૩. વિ. હલકું

નિર્લજ્જતા ૧. [સં. નિર્ (વગરનું) + લજ્જા (લાજ) + તા (પણું)] સ્ત્રી. બેશરમી; નિર્લજ્જ હોવાપણું.

૨. સ્ત્રી. બેશરમી.

૩. સ્ત્રી. હલકાઈ

નિર્લજ્જપણું જુઓ નિર્લજ્જતા.

નિર્લયની સ્ત્રી. સાપની કાંચળી

નિર્લંપા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ગામ નામ.

નિર્લાંછન ૧. ન. પશુઓને ડામ દેવો તે.

૨ [સં નિર્ (વગરનું) + લાંછન (ડામ)] વિ. લાંછન રહિત; નામોશી વગરનું.

નિર્લાંછનકર્મ ૧. ન. પશુને ડામ દઈ આંકવું તથા અંડકોશન કરવું તે. પશુના શરીર ઉપર ડામ પડાવવા, નપાવવું, દાન, પુચ્છ કાપવાં, ઢોલ લેવું, રેવાઈપણું કરવું, ગોટવાળપણું કરવું, ઝર લેવા કે બીજા ગુલામ કરવા તે નિર્લાંછન કર્મ કહેવાય.

નિર્લાંપણા લક્ષણ બે કામ,
તે નિર્લાંછન કહીએ નામ. લાવણ્યસમય

૨. ન. લાંછન જરૂર કર્મ

નિર્લાજ જુઓ નિર્લજ્જ.

નિર્લાજરાપણું જુઓ નિર્લજ્જતા.

નિર્લાજ્જ [સં. નિર્લજ્જ] વિ. નિર્લજ્જ; બેશરમ

નિર્લાભ ૧. [સં. નિર્ (વગરનું) + લાભ (ફાયદો)] વું. નુકસાન; ગેરફાયદો.

૨. વ્યુ. લાભ ન થયો તે.

નિર્લિપ્ત ૧. [સં.] વું. કૃષ્ણનું એક નામ.

૨. [સં. નિર્ (વગરનું) + લિપ્ત (લેપવાળું)] વિ. નિર્લેપ; લેપાયા વિનાનું.

૩. વિ રાગદ્વેષ વગેરેથી મુક્ત; કોઈ બાબતમાં આસક્ત ન હોય એવું, અનાસક્ત.

નિર્લિંગ ૧. [સં. નિર્ (વગરનું) + લિંગ (જાતિ)] વિ. અયોનિ; વિલિંગ.

૨. વિ. દેહાભિમાન વગરનું.

નિર્લુંઠન [સં.] ન. લૂંટવું તે; ચોરવું તે.

નિર્લેખન ૧. [સં.] ન. કોઈ ચીજ ઉપર ચોક મેલ ઉતારવો તે.

૨. ન. મેલ વગેરે દૂર કરવાનું સાધન.

નિર્લેપ ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૨. વિ. અલગપણું; અલિપ્તતા.

નિર્લેપપણે કાજના પડદા ઉપર નિર્લેપ ચિત્રિનાં લખાતાં હતાં. શિક્ષણનો ઇતિહાસ

૩. [સ નિર્ (વગરનું) + લેપ] વિ. નહિ લીપાયેલું; નહિ ખરડાયેલું; જેને લેપ લાગ્યો ન હોય એવું.

૪. વિ. નિર્મલ.

૫. વિ. નિસ્પૃહ; અસંગ; આસક્તિ રહિત; વિષયોથી અલગ રહેનાર; જેને કોઈ લાગેવળગે નહિ એવું; લેપાયા વિનાનું; અનાસક્ત.

૬. વિ. પરિણામ, હેતુ, સંયોગ વગેરેથી રહિત. કઠોપનિષદ બાબતમાં ઉલ્લેખ છે કે: આત્મા નિર્લેપ છે. ચિત્રપટના પડદા જેવો નિર્લેપ છે. પડદા ઉપર અનેક ચિત્રવિચિત્ર ચિત્રોની અવરજવર થાય છે પણ તે બધાં જેવા પડદા ઉપર જ થાય છે. પડદાને આધારે રહે છે અને જતાં પડદો તેનાથી લેપાતો નથી. તેમ સર્વના આધારરૂપ આત્માના ઉપર જગતનું અવિચ્છિન્ન રાત્રિદિવસ ચાલ્યા કરે છે, તે બધામાં આત્મા છે, પણ તે બધાને લીધે નથી અને તે સૌથી નિર્લેપ છે.

નિર્લેપક [સં. નિર્ (વગરનું) + લેપ + ક (વાળું)] વિ. જેને લેપ લાગ્યો ન હોય એવું; જેને કોઈ લાગેવળગે નહિ એવું; અસંગ.

નિર્લેપક નિર્બાહરૂપી નિર્ગુણ તે નિષ્કર્મ. બાબુદાસ

નિર્લેપપણું ન. નિર્લેપ હોવાની સ્થિતિ.

નિર્લેપા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ગામ નામ.

નિર્લોપા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ગામ નામ.

નિર્લોભ ૧. ન. (શિલ્પ) એક જાતનું ષટ્કોણમુક્ત ત્રિકાણ ઘર. જો ત્રિકાણ ઘરના મુખ આગળ એક હ્રસ્વ હોય, તે હ્રસ્વ આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક અલિંદ કરીએ અને તે ઘર પૂર્વમુખનું હોય તો તે નિર્લોભ ઘર કહેવાય.

૨. [સં. નિર્ (વગરનું) + લોભ (લાલસા)] વિ. લાલસા વગરનું; લોભ રહિત; જેને લોભ હોય નહિ એવું

નિર્લોભતા [સં. નિર્ (વિનાનું) + લોભ (લાલસા) + તા (પણું)] સ્ત્રી. કોઈ પણ લોભ નહિ કરવો તે; સંતોષ; લોભરહિતપણું; લોભી ન હોવાનો ગુણ.

નિર્લોભા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ગામ નામ.

નિર્લોભી [સં. નિર્ (વિનાનું) + લોભ (લાલસા) + ઈન્ (વાળું)] વિ. લોભ વગરનું; જેને કોઈ ભેળવી લેવાની ઇચ્છા ન હોય એવું.

નિર્લોભીપણું જુઓ નિર્લોભતા

નિર્લોમ [સં. નિર્ (વગરનું) + લોમન્ (વાળ)] વિ. કપટી વગરનું; વાળ વગરનું.

નિર્લોલુપ [સં. નિર્ (વગરનું) + લોલુપ (તૃષ્ણાતુર)] વિ. લાલસા રહિત; લોલુપતા વગરનું.

નિર્વક્તવ્ય [સં.] વિ. અવયવાર્થ કથનપૂર્વક પ્રતિપાદ્ય કરવા જેવું.

નિર્વચન ૧. [સં.] ન. અવયવાર્થકથન; પ્રસિદ્ધિ; નિરુક્તિ; વ્યુત્પત્તિ.

૨. ન. નિશ્ચયપૂર્વક કહેવું તે; પ્રશંસા.

૩. ન. બોલવું તે.

૪. ન. વિવેચન; ટીકા; વિવરણ; આખ્યા.

૫. વિ. પ્રસિદ્ધ.

૬. [સં. નિર્ (વગરનું) + વચન)] વિ. વચન રહિત; ચૂપ રહેલ.

નિર્વચનીય ૧. [સં.] વિ. અવયવાર્થ કથનપૂર્વક પ્રતિપાદન કરવા જેવું; જેનું વર્ણન થઈ શકે તેવું; નિર્વક્તવ્ય

૨. વિ. મર્યાદા બાંધી જાય તેવું.

નિર્વજ્રતા સ્ત્રી. હલકાઈ; હલકાપણું; વજ્રત ન હોવાપણું.

નિર્વણ ૧. વિ. ઓખ્યું.

અજમોદાનાં રહિત અપટાં અને નિર્વણ હોય છે. કેતકર

૨. [સં. નિસ્ (બહાર) + વન (જંગલ)] વિ. વનમાંથી નીકળેલ.

નિર્વદ્ય વિ. નિષ્પાપ.

નિર્વન ૧. [સં. નિર્ (વિનાનું) + વન (જંગલ)] વિ. લાડ વિનાનું; ઉજ્જડ.

૨. વિ. (બૌદ્ધ) તૃષ્ણા વિનાનું.

વન અને વનનો નાશ કરીને હે ભિક્ષુઓ નિર્વન થાઓ. ધમ્મપદ

નિર્વપણ ૧. [સં.] ન. અન્ન, દાન વગેરેનો સંવિભાગ.
૨. ન. આપવું તે; દાન.
૩. ન. પિતૃઓ માટે શ્રાદ્ધ કરવું તે.
૪ ન. વાવણી.

નિર્વપન જુઓ નિર્વપણ.

નિર્વપની [સં.] સ્ત્રી. સર્પની કાંચળી.

નિર્વપવું ૧. સ. ક્રિ. અર્પવું.
૨. સ. ક્રિ. હોમવું.

નિર્વર ૧. [સં.] વિ. કામુક.
૨. વિ નિર્ભય; નીડર.
૩. વિ નિર્લજ્જ; બેશરમ.
૪. વિ. સાર.

નિર્વર્ણ [સં. નિર્ (બહારનું) + વર્ણ (રંગ)] વિ. રંગ વિનાનું.
આવું હતું નિર્વર્ણ, રીતું પાણી તોહીનહીં
કાન્તકટપ્રબંધ

નિર્વર્ણન [સં.] ન. દર્શન; જોવું તે; દેખવું તે.

નિર્વર્ણવું સ. ક્રિ. જોવું; દેખવું.

નિર્વર્ણ્ય ૧. [સં.] વિ. જોવા યોગ્ય; દેખવા જેવું
૨. [સં. નિર્ (વિનાનું) + વર્ણ (રંગવાળું)] વિ. વર્ણ રહિત.
૩. વિ. વર્ણવવા જેવું.

નિર્વર્તક વિ. ઉત્પાદન કરનાર; નિષ્પાદન કરનાર.

નિર્વર્તન ૧. [સં.] ન. ઉત્પન્ન કરવું તે; બનાવવું તે.
૨. ન એક બાજુનું ચોરસ માપ; ૨૦ વાંસની લંબાઈનું સમચોરસ ક્ષેત્ર.
૨ રજ્જુ = નિર્વર્તન
૩. ન. દૂર રહેવું તે
૪. ન. જમીન લાંબાનું માપ.
૧૦ હસ્ત = વેણુ
૨૦ વેણુ = નિર્વર્તન
૫. ન. રદ કરવું તે.
૬. ન. સમાપ્ત કરવું તે; સમાપ્તિ.

નિર્વર્તના ૧. [સં.] સ્ત્રી. (જૈન) ઉત્પન્ન કરવું તે.
૨. સ્ત્રી. (જૈન) રચના; અજીવાધિકરણના ચાર પૈકી એક રૂપ. નિર્વર્તનાના મૂલગુણનિર્વર્તના અને ઉત્તરગુણનિર્વર્તના એવા બે ભેદ છે. શરીર, વચન, મન, ઉચ્છ્વાસ અને નિઃશ્વાસને ભીન્ન રીતે ક્રમમાં લેવાં તે મૂલગુણનિર્વર્તના અને લાકડા વગેરેની મૂર્તિ બનાવવી તે ઉત્તરગુણનિર્વર્તના કહેવાય છે.

નિર્વર્તનાધિકરણ ન. (જૈન) નવાં કર્મ વગેરે બનાવવાથી લાગતી ક્રિયા એટલે જડ કર્મબંધન.

નિર્વર્તિત ૧. [સં.] વિ. ઉત્પન્ન કરેલ; બનાવેલ
૨. વિ. છેવટ સુધી પહોંચાડેલ; સમાપ્ત કરેલ.

નિર્વર્તી ૧. [સં. નિર્વર્તિન્] વિ. ઉત્પન્ન કરનાર; બનાવનાર.
૨ વિ. સમાપ્ત કરનાર.

નિર્વર્ત્ય ૧. [સં.] ન. (આકરણ) ત્રણ પ્રકારના એક પ્રકારનું કર્મ.
૨. વિ. ઉત્પન્ન કરવા યોગ્ય; બનાવવા જેવું.
૩. વિ સમાપ્ત કરવા યોગ્ય.

નિર્વર્ત્યકર્મ [સં.] ન. એક પ્રકારનું ઇપ્સિત કર્મ; ઉત્પાદ્ય કર્મ; ક્રિયાથી સિદ્ધ કરવા જેવું કામ. જે અવિદ્યમાન પદાર્થ કર્તાની ક્રિયાથી જન્મ પામે અથવા જે વિદ્યમાન પદાર્થ જન્મ વડે પ્રકાશ પામે તે નિર્વર્ત્યકર્મ. તે સાદડી બનાવે છે. તે પુત્ર પ્રસવે છે. આ વાક્યોમાં સાદડી અને પુત્ર નિર્વર્ત્યકર્મ છે.

નિર્વર્ષ [સં. નિર્ (બહારનું) + વર્ષ (વરસાદ તે)] ન. અનાવૃષ્ટિ.

નિર્વર્ષણ પ્રદેશ [સં. નિર્ (બહારનું) + વર્ષણ (વરસાદ તે) + પ્રદેશ (ભાગ)] પું. બિલકુલ વરસાદ ન વરસતો હોય તેવો પ્રદેશ.

નિર્વર્સ [સં. નિર્ (બહારનું) + વર્ષ (કપડું)] વિ. નગ્ન; વસ્ત્ર બહારનું.

નિર્વર્સતા [સં નિર્ (બહારનું) + વર્ષ (કપડું) + તા (પણું)] સ્ત્રી. નિર્વસ્ત્રપણું; નગ્નાવસ્થા; વસ્ત્રવિહીનતા.

નિર્વહણ ૧. [સં] ન. અભિનયનો નિર્વાહ; નાટકોક્તિમાં બાકી કથાની સમાપ્તિ; નાટક સંધિ વગેરેનું એક અંગ; નાટકના પાંચ સાંધેનો એ નામનો એક સંધિ તેમાં જુદે જુદે ઠેકાણે વિકસાવેલા વસ્તુને અંતમાં સમાપ્તિ માટે એકત્રિત કરાય છે
૨. ન. છેલ્લો ભેદ પ્રગટ થતો તે; ખુલાસો.
૩. ન. નાશ; છેવટ; અંત.
૪. ન. નિવૃત્તિ.
૫. ન. નિર્વાહ; ગુજરો.
૬ ન. વધ; મારવું તે.
૭. ન. સમાપ્તિ; અંત.

નિર્વહણ પત્ર [સં. નિસ્ (સંપૂર્ણ) + વહન (મેલવવું તે) + પત્ર (કાગળ)] પું ;ન. વહીવટનું અંત; ઓકારનામું.

નિર્વહણ સંધિ સ્ત્રી. નાટકના વસ્તુની પાંચ પ્રકારની એક સંધિ. જુઓ નિર્વહણ ૧.

નિર્વહન ન. પસંદગી; ચૂંટણી.

નિર્વહવું ૧. અ ક્રિ. નભવું; પરંપરાનું પાલન થવું.
૨. સ.ક્રિ. નિર્વાહ કરવો; નિભાવ કરવો.

નિર્વહિત ૧. વિ. આધાર આપેલું; સાધાર.
૨. વિ. જેનો નિર્વાહ કર્યો હોય એવું.
૩. વિ. સિદ્ધ; મેળવી રાખેલું.

નિર્વંધ્યા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને મગણ મળી નવ અક્ષર હોય છે.

નિર્વંશ ૧. [સં. નિર્ (બહારનું) + વંશ] પું. વંશમાં કોઈ ન હોવું તે; વંશનો અંત.
૨ પું. સમૂળો નાશ; ઉચ્છેદ; લય.
૩. વિ. જેના સમગ્ર વારસ મરણ પામ્યાં હોય તેવું; જેના વંશમાં કોઈ ન રહ્યું હોય તેવું; નિઃસંતાન; વાંઝિયું.
નિર્વંશ જવું = વંશમાં કોઈ ન રહેવું.

નિર્વંશતા [સં. નિર્ (બહારનું) + વંશ + તા (પણું)] સ્ત્રી. નિર્વંશ હોવાપણું.

નિર્વંશી [સં. નિર્ (બહારનું) + વંશિન્ (વંશવાળું)] વિ. જેના વંશમાં કોઈ ન રહ્યું હોય એવું; નિઃસંતાન; નિર્વંશ; નખોદિયું
નિર્વંશી જવું = વંશમાં કોઈ ન રહેવું.

નિર્વાક ૧. [સં. નિર્ (બહારનું) + વાક્ (બોલી)] વિ. અબોલ; મૂંગું; મૂગું; જેના મોઢામાંથી વાત ન નીકળે એવું.
૨. વિ અવાચક; નિર્જેતા; નિરાત્મન.

નિર્વાકય [સં.] વિ. બોલી ન શકે એવું.

નિર્વાચક [સં.] પું. મત આપનાર; ચૂંટવાનો હક્ક ધરાવનાર; મતદાર.

નિર્વાચક ક્ષેત્ર [સં. નિર્વાચક (મત આપનાર) + ક્ષેત્ર] ન. મત આપનાર લોકો રહેતા હોય તેવો પ્રાંત, જિલ્લા, સર્કલ કે ગામનો વિભાગ; 'કોન્સ્ટિટ્યુઅન્સિ.'

નિર્વાચક મંડલ જુઓ નિર્વાચક સંઘ

નિર્વાચક સમૂહ જુઓ નિર્વાચક સંઘ.

નિર્વાચક સંઘ [સં.] પું. મત આપનાર લોકોનો સમૂહ; 'ઇલેક્ટરેટ'

નિર્વાચક સૂચિ [સં.] સ્ત્રી. મતદારોનું પત્રક; 'ઇલેક્ટરેટ રોલ.'

નિર્વાચન ૧. [સં.] ન. ચૂંટણી; પસંદગી.

૨. ન. ચૂંટણી કરવાનો હક; મતાધિકાર.

૩ ન. બોખ્યા.

નિર્વાચન ક્ષેત્ર જુઓ નિર્વાચક ક્ષેત્ર.

નિર્વાચન પત્ર ૧. ન. ચિઠ્ઠી નાખીને છૂપી રીતે મત દેવાની રીત.

૨. [સં. નિર્વાચન (મત) + પત્ર (કાગળ)] ન. મતપત્ર; મતચિઠ્ઠી.

નિર્વાચનાધિકાર [સં. નિર્વાચન (મત) + અધિકાર (હક)] પુ. મતાધિકાર; ચૂંટણી કરવાનો હક

નિર્વાચની સંરચના જુઓ નિર્વાચક સંઘ.

નિર્વાચિત [સં.] વિ. ચૂંટાયેલ.

નિર્વાચ્ય [સં.] વિ. નિર્વચન કરવા જેવું; જેની ટીકા કરી શકાય તેવું; વિવરણને પાત્ર.

નિર્વાટ ૧. [સં. નિર્ (બગરનું) + વાટ (રસ્તો)] વિ. બગરસ્ટ વિનાનું; રસ્તા બગરનું.

૨. ન. બગલાં બગર; રસ્તા વિના

નિર્વાણ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૨. પું સંન્યાસી.

૩. પું. સ્વર્ગલોક.

૪. જો ;ન. ઋગ્વેદની એ નામની એક ઉપનિષદ.

૫. ન. અગ્નિને કર્યું ઉપર ઓલવ્યું એ નામનું બાણ. આ બાણથી કર્યુંનું મોત નીપજ્યું હતું.

૬. ન. અસ્ત થવું તે.

૭ ન. આયુષ્યની સમાપ્તિ.

૮. ન. (પિંગળ) એ નામનો એક માત્રાવૃત્ત.

૯. ન. કાઢવ.

૧૦. નિર્વાણ; નક્કી કરવું તે.

૧૧. ન. નિવૃત્તિ.

૧૨. ન. છુટકારો જવું તે; છોડાવો જવું તે.

૧૩. ન. (બૌદ્ધ) અવબોધનનો નાશ.

૧૪. ન. મરણ; આખરનો અંત.

૧૫. ન. મોક્ષ; મુક્તિ; અંતિમ શાંતિ. જોકે મુક્તિના અર્થમાં નિર્વાણ શબ્દનો પ્રયોગ ગીતા, ભાગવત, રઘુવંશ, શારીરક ભાષ્ય વગેરે તથા પુરાણો વગેરેમાં મળે છે, પરંતુ આ શબ્દ બૌદ્ધોનો પારિભાષિક છે. સાંખ્ય, ન્યાય, વૈશેષિક, યોગ, પૂર્વ મીમાંસા અને વેદાંતમાં અનુક્રમે મોક્ષ, અપવર્ગ, નિઃશ્રેયસ, મુક્તિ, સ્વર્ગપ્રાપ્તિ તથા કૈવલ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે, પરંતુ બૌદ્ધ દર્શનમાં બધાથી નિરાળો શબ્દ આવ્યો છે અને તેની વિશેષ રૂપમાં ભાષ્યા કરવામાં આવી છે. બૌદ્ધ ધર્મની બે પ્રધાન શાખાઓ છે: હીનયાન અથવા દક્ષિણી અને મહાયાન અથવા ઉત્તરીય. તેમાંથી હીનયાન શાખાના બધા મત પાલી ભાષામાં છે અને બૌદ્ધ ધર્મના મૂળ રૂપનું પ્રતિપાદન કરે છે. મહાયાન શાખા કાંઈક પાછળની છે અને તેના બધા મત સંસ્કૃતમાં છે મહાયાન શાખામાં પણ અનેક આચાર્યો દ્વારા બૌદ્ધ સિદ્ધાંતોનું નિરૂપણ મૂદ તર્કપ્રણાલી દ્વારા દાર્શનિક દૃષ્ટિથી થયેલું છે. પ્રાચીન કાળમાં વૈદિક બ્રહ્મવાદીના જૈન તથા બૌદ્ધ આચાર્યો સાથે શાસ્ત્રાર્થ કરતા હતા, તે પરથી કરી મહાયાન શાખાના હતા. આથી નિર્વાણ શબ્દનો સૌ અભિપ્રાય છે તેનો નિરૂપણ તર્કયુક્ત વચનો દ્વારા થઈ શકે છે. બોધિસત્ત્વ નાગાર્જુને માધ્યમિક સૂત્રમાં લખ્યું છે કે, અવયવતતિનો ઉચ્છેદ એ નિર્વાણ છે, એટલે કે આપણા સંસ્કારો દ્વારા આપણે વારંવાર જન્મના બંધનમાં પડીએ છીએ, તેના ઉચ્છેદ દ્વારા બંધનનો નાશ થઈ શકે છે. રત્નકૂટ સૂત્રમાં બુદ્ધનું વચન છે કે, રાગ, દ્વેષ અને મોહના ક્ષયથી નિર્વાણ થાય છે વજ્રચ્છેદિકામાં બુદ્ધ કહેલું છે કે, નિર્વાણ અનુપધિ છે અને તેમાં કોઈ સંસ્કાર રહી જતો નથી. માધ્યમિક સૂત્રકાર ચંદ્રકીર્તિએ નિર્વાણ સંબંધમાં કહ્યું છે કે, સર્વ પ્રપંચ નિવર્તક શૂન્યતાને જ નિર્વાણ કહે છે. આ શૂન્યતા કે નિર્વાણ શું છે ? તેને ભાવ કહી શકાય નહિ, તેમ જ અભાવ પણ કહી શકાય નહિ, કેમકે ભાવ અને અભાવ બંનેના જ્ઞાનના વિષયનું જ નામ નિર્વાણ છે, જે અસ્તિ અને નાસ્તિ બંને કોટીથી પર અને અનિર્વચનીય છે. માધવાચાર્યે પણ પોતાના સર્વદર્શનસંગ્રહમાં શૂન્યતાનો એવો અર્થ બતાવ્યો છે કે, અસ્તિ, નાસ્તિ, ઉભય અને અનુભય આ ચતુષ્કોટિથી વિનિર્મુક્ત એ જ શૂન્યત્વ છે. માધ્યમિક સૂત્રમાં નાગાર્જુને કહ્યું છે કે, અસ્તિત્વ અને નાસ્તિત્વનો અનુભવ અલ્પબુદ્ધિ જ કરે છે. બુદ્ધિમાન લોકો આ બંનેના ઉપશમરૂપ કલ્યાણ પ્રાપ્ત કરે છે. આથી સ્પષ્ટ છે કે, નિર્વાણ જે શૂન્યતાનો બોધક છે તેની સાથે મિત્રને માલમાલક સંબંધ નથી.

> મુક્તિ અમૃત કૈવલ્ય અને અપુનરાગમ અપવર્ગ,
> નિઃશ્રેયસ નિર્વાણ પદ મહાસિદ્ધિ વર સ્વર્ગ.
> પિંગલપ્રકાશ

૧૬. ન. (બૌદ્ધ) રાગ, દ્વેષ અને મોહનો ક્ષય.

૧૭. ન. વિશ્વામિત્રકલ્પ એક મંત્રનું નામ.

૧૮. ન. વિનાશ.

૧૯. ન. વિરામ

૨૦. ન. વૈરાગ્ય

૨૧. ન. શાંતિ

૨૨. ન. સમાપ્તિ

૨૩. ન. સંયમ

૨૪. ન. સિદ્ધિ.

૨૫. ન. સ્વસ્થતાની દશા; દુઃખ રહિત સ્થિતિ.

૨૬. ન. કાર્ય તે નવગણવરો તે, હરીનું સ્નાન.

૨૭. વિ. અવિનાશી

૨૮ વિ આખરનું, છેવટનું, અંતનું

૨૯. વિ. છેલ્લા આશ્રમમાં રહેલું.

૩૦. વિ. ઠૂમેલું, અસ્ત, અંત કે અસ્ત પામેલું.

૩૧. વિ. થાકેલું; વિશ્રાંત.

૩૨. વિ. નિવૃત્ત.

૩૩. વિ. નિષ્પન્ન.

૩૪. વિ. પૂર્ણ; સમાપ્ત.

૩૫. વિ. બુઝાઈ ગયેલું દીવો ઠોલવાઈ જાય ત્યારે તે નિર્વાણ પામ્યો કહેવાય છે

૩૬. વિ. મરેલું; મૃત.

૩૭. વિ. મુક્ત.

૩૮. વિ. શાંત; શૂન્ય, ધંધુ પડેલું.

૩૯. વિ. શૂન્ય, ખાલી; શૂન્યતાવાળું

૪૦. અ. નક્કી, નિશ્ચય; ખરીત, બિનશક; અવશ્ય; ઓફકસ. આ અર્થમાં આ શબ્દ કવિતામાં જ વપરાય છે.

૪૧. અ. ભલી રીતે; સારી રીતે.

નિર્વાણકલિકા [સં.] સ્ત્રી. એ નામનો એક જૈન ગ્રંથ.

નિર્વાણકાંડગાથા [સં.] સ્ત્રી. સર્વ તીર્થક્ષેત્રો અને સિદ્ધક્ષેત્રોની વંદનાવાળું દિગમ્બર જૈનોનું એક ધાર્મિક પુસ્તક. આનો તેઓ નિત્ય પાઠ કરે છે.

નિર્વાણગતિ [સં. નિર્વાણ (મોક્ષ) + ગતિ (જવું તે)] સ્ત્રી. સિદ્ધપદ.

નિર્વાણતત્ત્વ ન. મોક્ષતત્ત્વ; મોક્ષપદ

નિર્વાણતીર્થ [સં. નિર્વાણ (મોક્ષ) + તીર્થ (પવિત્ર જગ્યા)] ન. અરમણદારી જીવ જ્યાંથી નિર્વાણ પામ્યો હોય તે સ્થળ.

નિર્વાણદાયી [સં. નિર્વાણ (મોક્ષ) + દાયિન્ (દેનાર)] વિ. મોક્ષ આપનાર; મુક્તિદાન કરનાર.

નિર્વાણદીપક [સં.] ન. એ નામનું એક તપ.

> દિવાળીને દિવસે નિર્વાણદીપક તપ કરવામાં આવે છે. વહેવારનો બોધિમો

નિર્વાણદેહ [સં.] પું. આત્મિક દેહ.

નિર્વાણનૃત્ય [સં.] ન. એક જાતનું વૃત્ત.

નિર્વાણપદ [સં.] ન. મોક્ષપદ.

નિર્વાણપ્રાપ્તિ [સં. નિર્વાણ (મોક્ષ) + પ્રાપ્તિ (મેળવવું તે)] સ્ત્રી સિદ્ધપદ પામવું તે.

નિર્વાણપ્રિયા [સં] સ્ત્રી. એ નામની એક અંધમાં.

નિર્વાણમસ્તક [સં.] પું. મોક્ષ.

નિર્વાણમંડપ [સં.] પું. કાશીમાં આવેલું મુક્તિમંડપ નામનું તીર્થ.

નિર્વાણમંત્ર [સં. નિર્વાણ (મોક્ષ) + મન્ત્ર] પું. મોક્ષનો મંત્ર.

નિર્વાણરુચિ ૧. પું. અગિયારમા મન્વંતરનો એ નામનો એક દેવ.

૨. [સં. નિર્વાણ (મોક્ષ) + રુચિ (ઇચ્છા)] સ્ત્રી મોક્ષ પામવાની ઇચ્છા.

૩ [સં. નિર્વાણ (મોક્ષ) + રુચિ (પ્રેમ)] વિ. મોક્ષ સાધવામાં આસક્ત.

નિર્વાણ સાહેબ પું. એ નામનો એક સંત એનું મૂળ નામ લક્ષ્મીદાસજી હતું. તે મારવાડમાં જયપુર પાસે આવેલા ખાર્જિ ગુરુદ્વારના હતા. તેમના અદ્‌ભુત પ્રભાવ સબબમાં અનેક પ્રચલિત કંઠસ્થા સાથે સુરતમાં તેમના પ્રાચીન અનુયાયી આજે પણ હયાત છે. તેમના જીવન વિશેની કાગળો કંઈ દુર્ભાગ્યે રચ્યા છે. નામની એક સાખી દુહારામની સુબહ સમયની અંધારપૂરી વિશેની કવિતામાંથી મળે છે

સુરત સાહેબી મુરતમેં અંધેપતરાહી પ્રમાણ.

મોક્ષ મહામંત્રકે બીને પ્રગટ કરો નિર્વાણ

તેમનું પ્રથમ સ્થાન ખારડોલા તાલુકામાં તરણોલ કુમરી આગળ હતું અને આજે તેમનું સ્થાન ત્યાં હયાત છે. માન્યતા પ્રમાણે તેઓ નવાબી મહેલથી થોડે દૂરના કબ્રસ્તાનમાં બેસી નમાજ સમયે શંખ ફૂંકતા. નવાબે તેમનો કાન બંધ કરવાનો હુકમ કર્યો, પણ પોતે સ્વયં કાન બંધ કરીને અસ્વસ્થ. પ્રજા દ્વારા ઠપકો પામેલા નવાબે ક્ષમા માગી તેમને ખાસડું ખવડાવ્યું. કાન કર્યો, માનનો ત્યાગ ઉપાડ્યા. તમારી પુષ્પવૃષ્ટિ અને મંત્રિઓથી દૂર ન કરવું હતું નવાબે જ્યારે તમને ખાલસા જવાનો હુકમ કર્યો, ત્યારે પોતાની કથા એટલે ગોદડી જ્યાં નવાબ ફિરી આવ્યા ત્યાં જવા કબૂલ કર્યું, પણ માલનો અને દાવી તે ગોદડી ખમેડી શકવા નહિ. નવાબે રહેવા માટે મંદિર બંધાવી આપવા તથા બીજું ઘણું જે અપવા નિર્વાણ નામથી સંબોધ્યા હતા, ત્યારથી તેઓ નિર્વાણ સાહેબને મુક્ત પુરુષ કહેવાતા નવાબે તેમને કસોટી ઉપર ચડાવ્યા બાદ પ્રસન્ન થઈ વચન માગવાનું કહેતાં, સંત અમુક ગામને કેટલીક જાગીર નવાબ પાસેથી ભેટરૂપ તરીકે મેળવી હતી. નવાબના સંત પ્રત્યે અત્યંત અનુરાગ હતો. તેઓ બને એકજ દિવસે સ્વધામ સિધાવ્યા હોવાનું કહેવાય છે. હાલ નિર્વાણ સાહેબનું પુરાણું તથા નવું એમ બે મંદિર છે. નિર્વાણ સાહેબ ભાદ્રપદ્યામાં જ ગમન કરતા. નવાબે શિષ્ય થવા મરજી બતાવી, પરંતુ તે વિષમાં હોવાથી સરે નકારી. તેમને બીજા જન્મમાં શિષ્ય કરવા એવા એકબીજા આવે કોલ થયા હતા. નવાબે પ્રેમોપાસના તથા સંસ્કૃતિના પ્રભાવે દક્ષિણમાં તીર્થવત્ત બાલાજી નામ ધારણ કરી, એક હિંદુ રાજાને ત્યાં અવતાર લીધાનું કહેવાય છે. સમાધિસ્થ થયા પછી નિર્વાણ સાહેબે બીજા રૂપમાં દાણીરામના વેશમાં ત્યાં જઈ તીરુપતિ બાલાજીને ઉપદેશ આપી શિષ્ય કર્યા એમ મનાય છે. પોતાની સાખોની શૈલીમાં ગંભીર ગુરુદક્ષિણા તીરુપતિએ દાણીરામને આપી. હાલ પણ તે તેના શિષ્યોની માલિકીની મનાય છે.

નિર્વાણસુખ ૧. ન. અદ્વૈતાનંદ.

૨. [સં.] ન. મુક્તિનો આનંદ.

નિર્વાણસ્થાન [સં.] ન. સિદ્ધિસ્થાન.

નિર્વાણાભિમુખ ૧ વિ. નિર્વાણ તરફ જતું

૨. [સં નિર્વાણ (મોક્ષ) + અભિ (તરફ) + મુખ (મોઢું)] વિ. મુક્તિની આકાંક્ષાવાળું.

નિર્વાણી ૧ [સં.] સ્ત્રી એ નામની દેવી.

૨ સ્ત્રી જૈનોની એ નામની એક શાસન દેવતા

૩. સ્ત્રી. નાના બાળના જન્મ માંદેનો એક પથ

૪ ન. નાના બાળના જન્મ માંદેના એક જન્યાનું માપ્યમ

૫. [સં. નિર્ (વગરનું) + વાણી (બોલી)] વિ. મૂક ; દંભ. વાણી રહિત; વાચા રહિત. જેમ વાણીસંયમ કરેલો હોય તેવું.

૬. સ્ત્રી નાના બાળના એ નામના પથનુ

૭ સ્ત્રી નિર્વાણ પામવું.

નિર્વાણીકંદ જુઓ નિર્વા ?

નિર્વાણોત્સવ [સં નિર્વાણ (મોક્ષ) + ઉત્સવ] પું. (જૈન) મહાવીર પામેલ મોક્ષ કે મહાવીરની મરણમુક્તિનો ઉત્સવ.

નિર્વાત ૧. [સં.] પું. નીકળી જવેલ વાયુ

૨ વિ ?

૩. વિ. નિશ્ચલ; સ્થિર.

૪. [સં. નિર્ (વગરનું) + વાત (પવન)] વિ. પવન વગરનું; જ્યાં વાયુ ન હોય એવું. વાયુ રહિત

૫. વિ. શાંત.

નિર્વાતકટિબંધ જુઓ નિર્વાતમંડલ

નિર્વાતમંડલ [સં. નિર્ (વગરનું) + વાત (પવન)] + મંડલ] ન. નિર્વાત કટિબંધ; વિષુવવૃત્તની પાસેનો મહાસાગરનો પ્રદેશ, જ્યાં ભેજભીનાને મુખ્યત્વે પવન આવેલા હોય છે; ' બેલ્ટ ઑવ કામ્સ. '

નિર્વાતિમંડલ જુઓ નિર્વાતિમંડલ.

નિર્વાદ ૧. [સં.] પું. અપવાદ; નિંદા.

૨. પું. અવજ્ઞા.

નિર્વાપ ૧. [સં.] ન. દાન.

૨. ન. દેવના ચરુમાં હાવું અનાજ નાખવું તે.

૩. ન. પિતૃઓ પામેલાને ઉદ્દેશી કરેલું દાન.

નિર્વાપક વિ. અગ્નિ આદિને ઓલવનાર.

નિર્વાપણ ૧. [સં.] ન. દાન.

૨. ન. ધાતુનો રસ ગરમ કરી તેને શુદ્ધ કરવા માટે હોર્ય પણ તેલ, ક્ષાર, કાંજી, ચૂનાનું પાણી કે કેળાનો રસ વગેરેમાં ઝબોળવાની ક્રિયા.

૩. ન. ખાલા આદેલા ભૂમડામાં અગ્નિ દાહ વગેરે વેદના શાંત કરનાર દ્રવ્ય.

૪. ન. મારવું તે; મારી નાખવું તે; વધ.

૫. ન. ઠારવું તે.

૬. ન. શાંત કરવું તે; ઓલવવું તે.

નિર્વાપણકર્મ [સં. નિર્વાપણ (શાંત કરવું તે) + કર્મન્ (ક્રિયા)] ન. મયની બળતરા ઉપર કરવામાં આવતી શીતોપચાર ક્રિયા

નિર્વાપન જુઓ નિર્વાપણ.

નિર્વાપિત [સં.] વિ. શાંત કરેલ; ઓલવેલ.

નિર્વાપ્ય [સં.] વિ શાંત કરવા યોગ્ય; ઓલવવા જેવું.

નિર્વાસન [સં. નિર્ (વગરનું) + વાસિત (રોકેલું)] વિ. અટકાયત; અટકાયા વગરનું.

નિર્વાર્ય ૧. [સં.] વિ. અટકાવી ન શકાય તેવું.

૨ વિ. ઉદ્યમપૂર્વક કર્મ કરનાર

૩ વિ નિઃશંકપણે શ્રમ કરનાર

નિર્વાસ ૧. [સં. નિસ્ (બહાર) + વાસ (રહેવું તે)] પું. કાઢી મૂકવાની ક્રિયા.

૨. પું પ્રવાસ; નાસભાગ

૩ પું પ્રવાસ; વિદેશયાત્રા.

નિર્વાસક ૧. [સં. નિસ્ (બહાર) + વાસક (રહેનાર)] વિ. દેશનિકાલ કરનાર; ગામ, શહેર કે દેશમાંથી શિક્ષારૂપે કાઢી મૂકનાર.

૨ વિ. વધ કરનાર; મારી નાખનાર.

૩. વિ. વિદાય કરનાર.

૪ વિ. વિસર્જન કરનાર.

૫. વિ. કાઢી મૂકનાર.

નિર્વાસન ૧. [સં. નિસ્ (બહાર) + વાસન (રહેવાનું)] ન. ઘર કે ગામ છોડી જવું છે.

૨. ન. દેશનિકાલ વગેરે તે; દેશમાંથી કાઢી મૂકવું તે; દેશનિકાલ; દેશવટો.

૩. ન. બહાર મોકલવું તે; કાઢી મૂકવું છે.

૪. ન. મારી નાખવું તે; વધ કરવો તે; હત્યા; વધ.
૫. ન. વિદાય કરવું તે.
૬. ન. વિસર્જન.
૭. વિ. મંત્ર વિનાનું.
૮. વિ. વાસના રહિત; વાસના વિનાનું.
મા શબ્દજ્ઞાની હું બને, મા શબ્દજ્ઞાની હું બને.
હું છું નિર્વાસનિક થઈને. જાની રહેજે સાવચેત.
આનંદઘન

નિર્વાસનિક [સં. નિર્ (બહારનું) + વાસના (ઇચ્છા) + ઇક (વાળું)] વિ. નિષ્કામ; વાસના વગરનું.

નિર્વાસિત ૧. [સં. નિર્ (બહાર) + વાસિત (વસાવેલ)] વિ. નગર કે પ્રદેશમાંથી બહાર કરેલ; દેશનિકાલ કરેલ; હાંકી કાઢેલ; બરબાર કે બળી વતનમાંથી હાંકી કાઢવામાં આવેલું; 'રેફ્યુજી'
૨. વિ. ન રહેલું હોય એવું.
૩. વિ. મારી નાખેલ.
૪. વિ. વિદાય કરેલ.
૫. વિ વિસર્જન કરેલ.

નિર્વાહ ૧. [સં. નિસ્ (સંપૂર્ણ) + વહ્ (વહેવું)] પું. ગમન.
૨. પું. કાર્યસંપાદન; કામ ચલાવવું તે.
૩. પું. ગુજરાત; ભરણપોષણ; ગુજરાન.
નિર્વાહ કરવો = ગુજારો કરવો; ગુજરાન ચલાવવું.
૪. પું. ચલાવવું તે; ટકાવ; નિભાવ.
૫. પું જન્મ,ઘટ.
૬. પું. પાળવું તે; પાલન.
૭. પું. લોકાપવાદ; લોકનિંદા.
૮. પું. સમાપ્તિ; પૂરું કરવું તે.

નિર્વાહક ૧. [સં.] વિ. કાર્યભારણનો પરસ્પર સંબંધ.
૨. વિ. આગેવાન.
૩. વિ. અત્યવસ્થક; જરૂરનું.
૪. [સં. નિસ્ (બહાર) + વાહક (લઈ જનાર)] વિ ચલાવનાર; હોરી લઈ જનાર.
૫. વિ નિર્વાહ કરનાર, નિભાવનાર; ગુજરાન ચલાવનાર.
૬. વિ પ્રણેતા; કામદક; વ્યવસ્થાપક.
૭. વિ. બહાર પ્રકટ કરનાર.

નિર્વાહક પરિષદ [સં. નિર્વાહક (વ્યવસ્થાપક) + પરિષદ (સભા)] સ્ત્રી. વ્યવસ્થાની સભા; 'બોર્ડ ઑફ ડિરેક્ટર્સ.'

નિર્વાહકોનું વિ. ગુજરાન પૂરતું.

નિર્વાહણ ૧. [સં.] ન. ચમત્કાર; જાદુવણી.
૨. ન. કાર્યવ્યવસ્થા; વહીવટ.
૩. ન. નાટકનો એક સંધિ; નાટ્યોક્તિપ્રસિદ્ધ મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્શ, નિર્વહણ.
૪. પું. નિર્વાહ કરવો તે.
૫. પું. બનાઈ કરેલી ચીજને નજરમાં લઈ જવી તે.

નિર્વાહણ કર્મ [સં. નિર્વાહણ (ચમત્કાર) + કર્મન્ (કામ)] ન. જાદુવણીનું કામ.

નિર્વાહણ નિવેદન [સં. નિર્વાહણ (જાદુવણી) + નિવેદન (જણાવવું તે)] ન. જાદુવણીની દરખાસ્ત.

નિર્વાહન જુઓ નિર્વાહણ.

નિર્વાહપત્ર [સં. નિર્વાહ (વહીવટ) + પત્ર (કાગળ)] પું.; ન. વહીવટનો દાખલો

નિર્વાહરીતિ [સં. નિર્વાહ (ગુજરાન) + રીતિ (રીત)] સ્ત્રી. વૃત્તિમાર્ગ; નિર્વાહનું ધોરણ.

નિર્વાહવ્યય [સં. નિર્વાહ (ગુજરાન) + વ્યય (ખર્ચ)] પું. ઓરાહી ખર્ચ.

નિર્વાહશૂર [સં. નિર્વાહ (કાર્ય સંપાદન) + શૂર (હોંશિયાર)] વિ. માથે લીધેલું મૂકી ન દેવાની ટેક ધરાવનાર.

નિર્વાહાધિકાર [સં. નિર્વાહ (કામ ચલાવવું તે) + અધિકાર (હક)] પું. કાર્યાધિકાર; કામકાજ ચલાવવાનો અધિકાર.

નિર્વાહૈક્યસંગતિ [સં.] સ્ત્રી. (વેદાંત) એક પ્રયોજકથી થતું પ્રયોજ્યપણું. જ્યાં એક જ કારણ વડે બે જણ કાર્ય ઉત્પન્ન થાય, ત્યાં નિર્વાહૈક્યસંગતિ હોય છે. જેમકે, પ્રત્યક્ષ પ્રમાણના નિરૂપણ પછી પરામર્શ અને અનુમિતિ જનેતા નિરૂપણમાં નિર્વાહૈક્યસંગતિ છે.

નિર્વાહ્ય ૧. [સં.] વિ. ચલાવી લેવાય તેવું.
૨. વિ. છૂટ આપી ચલાવ લેવું.

નિર્વિકલ્પ ૧. પું. ઈશ્વર.
૨. પું. પ્રત્યક્ષ પ્રમાણનો એક ભેદ.
૩. [સં.] સ્ત્રી. એક જાતની સમાધિ; નિર્વિકલ્પ સમાધિ.
૪. ન. (ન્યાય) અજ્ઞાયક જ્ઞાન; અસોચિક અનુભવવાળું જ્ઞાન.
૫. ન. જીવ અને બ્રહ્મની એકતા બતાવનાર અખંડાકારવાળા એક જ વિષયનું જ્ઞાન.
૬. ન. સમાધિના બે ભાઈનો એક પ્રકાર.
૭ વિ. અડચણો ઊભે નહિ એવું.
૮. વિ. એકાગ્ર.
૯. વિ. કલ્પના ન હોય એવું.
૧૦. વિ. નિર્લોભ.
૧૧. વિ બુદ્ધિનો પૃથક્કરણ ન થઈ શકે તેવું.
૧૨. [ન નિર્ (બહારનું) + વિ (બહારે) + કલ્પ્ (વિચારવું)] વિ. વિકલ્પ રહિત; જેમાં ભેદ રહેલો ન હોય એવું, વિકલ્પ વિનાનું; જ્ઞાતા, જ્ઞેય જ્ઞાનાદિ ભેદ બહારનું; જાણનાર અને જાણવાનું જે તેમાં ભેદ ન હોય એવું; વિશેષ્ય વિશેષણના સંબંધ વિનાનું; નિરપેક્ષ; વિકલ્પ, પરિવર્તન કે પ્રભેદ વગેરેથી રહિત. ધ્યાન માટે વપરાય છે.
૧૩. વિ. વિચાર વિનાનું.
૧૪. વિ. સ્થિર; નિશ્ચિત.
૧૫. ન. અસ્વસ્થપણે.

નિર્વિકલ્પક ૧. [સં] પું (ન્યાય) ઇંદ્રિયજન્ય જ્ઞાનથી તદ્દન અલગ એવું અસોચિક આલોચનાત્મક જ્ઞાન. બધા શાસ્ત્રોમાં આવા જ્ઞાનને જ પ્રમાણ માન્યું છે.
૨. પું. (વેદાંત) જ્ઞાતા અને જ્ઞેયમાં તફાવત ન રહે પણ બંને એક થઈ જાય એવી અવસ્થા.
૩. પું. (વેદાંત) સંસર્ગરૂપ સંબંધને વિશેષ નહિ કરનારું જ્ઞાન. જેમકે આ દેવદત્ત છે. એમાં દેવદત્ત અને તે એ બેનો સંસર્ગરૂપ સંબંધ નથી અર્થાત્ બે એક જ પદાર્થ છે, માટે એવું એક જ વસ્તુરૂપ જ્ઞાન તે નિર્વિકલ્પ કહેવાય.
૪. વિ. અસ્પષ્ટ.

નિર્વિકલ્પક જ્ઞાન ૧. [સં.] ન. (વેદાંત) વિષયનિષ્ઠ પ્રકારતાનું નિરૂપક ન હોય તેવું જ્ઞાન. જે જ્ઞાન વિષયનિષ્ઠ પ્રકારતાનું નિરૂપક હોય છે તે સવિકલ્પક કહેવાય છે. જેમકે, આ ઘટ છે વગેરે જે સવિકલ્પક જ્ઞાન છે, તે સવિકલ્પ જ્ઞાનની વિષયતા ઘટ વિષે, ઘટત્વ જાતિ વિષે તથા ઘટઘટત્વના સમવાય વિષે, એમ ત્રણ વિષે રહે છે. તેમાં ઘટમાં વિશેષ્યતા નામે વિષયતા રહે છે. ઘટત્વ જાતિ વિષે પ્રકારતાખ્ય વિશેષ્યતા રહે છે. તથા ઘટ અને ઘટત્વના સમવાયમા સંસર્ગતાખ્ય વિશેષતા રહે છે. વળી જે જે જ્ઞાનની જે જે વિષયતા હોય છે, તે તે વિષયતા તે તે જ્ઞાન વડે નિરૂપિત જ હોય છે, અર્થાત્ તે તે વિષયતાનું તે તે જ્ઞાન નિરૂપક હોય છે. માટે આ ઘટ ઇત્યાદિ સવિકલ્પક જ્ઞાનમા પ્રકારતાનું નિરૂપકપણું તથા વિશેષ્યતાનું નિરૂપકપણું તથા સંસર્ગતાનું નિરૂપકપણું સંભવે છે. માટે એ સવિકલ્પક પ્રત્યક્ષ જ્ઞાનના પ્રકારતા નિરૂપક જ્ઞાનત્વ, વિશેષ્યતા નિરૂપક જ્ઞાનત્વ તથા સંસર્ગતા નિરૂપક જ્ઞાનત્વ એ ત્રણે લક્ષણો સંભવે છે. અને ઘટ તથા ઘટત્વ એવા નિર્વિકલ્પક પ્રત્યક્ષ વિષે તો ઉપર કહેલી બધ્ધ પ્રકારની વિષયતામાંથી એક પણ વિષયતા હોતી નથી. પણ નિર્વિકલ્પ જ્ઞાનની ઘટાદિકે વિષે એ

બોધી વિષયતા અંગીકાર આવી છે. માટે એ નિર્વિકલ્પક જ્ઞાન ઉપર કહેલી પ્રકારતાઘ્ન તથા વિશેષ્યઘ્ન વિષયતાનું તથા સંસર્ગતાઘ્ન વિષયતાનું નિરૂપક હોતું નથી. માટે તે નિર્વિકલ્પક પ્રત્યક્ષનાં પ્રકારતા અનિરૂપક જ્ઞાનત્વ તથા વિશેષ્યતા અનિરૂપક જ્ઞાનત્વ તથા સંસર્ગતા અનિરૂપક જ્ઞાનત્વ એવાં ત્રણ લક્ષણ સંભવે છે. જોકે એ નિર્વિકલ્પક જ્ઞાન પણ ઘટ, ઘટત્વ, સમવાય એ ત્રણ વિષય કરે છે. તથાપિ એ નિર્વિકલ્પક જ્ઞાન ઘટાને વિશેષ્યતારૂપે વિષય કરતું નથી, ઘટત્વને પ્રકારતારૂપે વિષય કરતું નથી અને સમવાયને સંસર્ગતારૂપે વિષય કરતું નથી. પણ એ નિર્વિકલ્પક જ્ઞાન કેવળ તે ઘટ, ઘટત્વ અને સમવાયના સ્વરૂપ માત્રને જ વિષય કરે છે. આ કારણથી જ તે ઘટાદિકોમાં નિર્વિકલ્પક પ્રત્યક્ષની પૂર્વોક્ત ત્રણ પ્રકારની વિષયતાથી ભિન્ન એવી જોપી વિષયતા અંગીકાર કરવામાં આવી છે.

૨. [સં. નિર્વિકલ્પ (વિકલ્પ વગરનું) + જ્ઞાન (સમજ)] ન. સંવેદન; ઉપલબ્ધિ; વિષયમાત્રનું 'સેન્સેશન.'

નિર્વિકલ્પજ્ઞાન ન. પ્રેરણા; 'ઇન્ટિપરેશન.'

નિર્વિકલ્પ ધ્યાન [સં.] ન. પોતાની જાતને સંપૂર્ણ જુદાઈ એવા પ્રકારનું ચિંતન.

નિર્વિકલ્પ પ્રજ્ઞા [સં. નિર્વિકલ્પ (વિકલ્પ વિનાનું) + પ્રજ્ઞા (સમજ)] ન. સહજજ્ઞાન; અંતર્જ્ઞાન; પ્રજ્ઞા.

નિર્વિકલ્પ સમાધિ [સં.] સ્ત્રી. એક જાતની સમાધિ, તેમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન વગેરેનો કોઈ ભેદ રહેતો નથી અને જ્ઞાનાત્મક સચ્ચિદાનંદ બ્રહ્મ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. આ સમાધિની સરખામણી મોતની સુષુપ્તિ અવસ્થા સાથે કરી શકાય છે. નિર્વિકલ્પ સમાધિમાં સંગ રહિત બ્રહ્મ અવસ્થિત રહે છે અને તેની વારંવાર ભાવના કરવાથી વેદાંતના મહાવાક્ય જેવું અપરોક્ષ જ્ઞાન થાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવો ત્રિપુટીરૂપ વિકલ્પ ન જાણતાં આત્મામાં જ જે ચિત્તનું સ્થાપન થઈ રહેવું તેને જ નિર્બીજ સમાધિ પણ કહે છે.

નિર્વિકાર ૧. [સં.] પું. પરમાત્મા.

૨. [સં. નિર્ (નહિ) + વિકાર (ફેરફાર)] વિ. વિકાર રહિત; ફેરફાર વગરનું; એકરૂપે રહેનારું; અબાધ.

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો દેહમાં રહેવા છતાં અવ્યય એટલે નિર્વિકાર એવા આત્માને દેહમાં બાંધી રાખે છે. ગીતારહસ્ય

૩. વિ. વિષયવિકારરહિત; શુદ્ધસ્વરૂપી.

૪. વિ. શુદ્ધ.

૫. વિ. સ્થિર; સ્થિત; દૃઢ.

નિર્વિકારતા [સં. નિર્ (વગરનું) + વિકાર (ફેરફાર) + તા (પણું)] સ્ત્રી. વિકારથી મુક્ત રહેવાપણું; નિર્વિકારપણું.

નિર્વિકારા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નિર્વિકારિતા [સં.] સ્ત્રી. નિર્વિકારતા.

સાધુ કબીરોમાંથી કોઈ પણ અભ્યાસને અંતે નિર્વિકારિતા મેળવે છે. નવલરામ

નિર્વિકારિત્વ જુઓ નિર્વિકારતા.

નિર્વિકારી ૧. [સં. નિર્વિકારિન્] વિ. પરબ્રહ્મ સ્વરૂપ.

૨. વિ. વિકાર ન કરનારું.

૩. [સં. નિર્ (વગરનું) + વિકાર (ફેરફાર) + ઈન્ (વાળું)] વિ. વિકાર વગરનું; એકરૂપ.

૪. વિ. શુદ્ધ; ચોખ્ખું.

નિર્વિકારીપણું ન. નિર્વિકાર હોવાપણું; નિર્વિકારતા; નિર્વિકારી હોવાનો ગુણ.

નિર્વિકૃતિક ૧. વ. (જૈન) એક જાતનું તપ; નીવી; જેમાં દૂધ, ઘી વગેરે વિગયનો ત્યાગ કરવામાં આવે છે તે તપ.

૨. ન. (જૈન) દૂધ વગેરે રસનો પરિત્યાગ; વિગયના પચ્ચખાણ.

નિર્વિચિકિત્સ [સં. નિર્ (વગરનું) + વિ (વિશેષ) + ચિકિત્સ (ઈલેજ)] વિ. વિશેષ વિનાનું.

એ સમય અંતઃકરણની નિર્મળ તથા નિર્વિચિકિત્સ સ્થિતિનો છે. સુશ્રુતસંહિતા

નિર્વિચ્છ ૧. વિ. (વગરનું) + વિચ્છ (મુશ્કેલી)] વ. વિઘ્નનો અભાવ.

૨. વિ. વિઘ્ન વિનાનું; અવરોધ વગરનું; નડતર વિનાનું.

૩. અ. વિના અડચણે.

નિર્વિઘ્નતા [સં. નિર્ (વગરનું) + વિઘ્ન (મુશ્કેલી) + તા (પણ)] સ્ત્રી. વિઘ્ન ન હોય એવી સ્થિતિ; સહીસલામતી.

નિર્વિત્રે [સં. નિર્ (વિનાનું) + વિત્ર (વિઘ્નમાં)] અ. વિઘ્ન વગર.

નિર્વિચાર ૧. [સં.] પું. (યોગ) એક જાતની સબીજ સમાધિ. સૂક્ષ્મ આલંબનમાં તન્મય થવાથી તે થાય છે. આ સમાધિના તે આલંબનના નામ અને સંકેત વગેરેનું કોઈ જ્ઞાન રહેતું નથી. માત્ર તેના આકાર વગેરેનું જ જ્ઞાન હોય છે. આવી સમાધિ સર્વથી ઉત્તમ મનાય છે. તેનાથી ચિત્ત નિર્મળ થાય છે અને બુદ્ધિ સર્વપ્રકાશક બને છે.

૨. [સં. નિર્ (વિનાનું) + વિચાર] વિ. વિચાર રહિત; વિચાર વિનાનું.

નિર્વિચારવૈશારદ્ય [સં.] ન. મન બુદ્ધિ સહિત જ્ઞાનેંદ્રિયોનો વિરામ. જ્ઞાનેંદ્રિયો સ્થિર થઈ જાય છે અને બુદ્ધિ કોઈ પણ પ્રકારની ચેષ્ટા કરતી અટકી જાય છે, ત્યારે તે અવસ્થાને પરમગતિ કહે છે.

પાતંજલિ યોગદર્શનની પરિભાષામાં કહીએ તો જ્યારે નિર્વિચારવૈશારદ્ય સમાધિ ત્યારે તે સૌથી ઊંચી જાતની અવસ્થા છે. કઠોપનિષદ ભાષ્ય

નિર્વિચારે અ. વગર વિચાર્યે; વિચાર્યા વગર.

નિર્વિચિકિત્સ [સં.] વિ. સંકલ્પ રહિત; નિઃશંક.

નિર્વિચિકિત્સા સ્ત્રી. (જૈન) ફળપ્રાપ્તિમાં શંકા ન હોવાપણું.

નિર્વિચિકિત્સિત જુઓ નિર્વિચિકિત્સા.

નિર્વિણ્ણ ૧. [સં.] વિ. ખેદગ્રસ્ત.

૨. વિ. ખિન્ન; નિર્વેદ ઉત્પન્નવનારું; નિરાશ; ગમગીન; ખેદ પામેલ; ઉદાસ.

એ દુઃખાગ્નિજ્વાળાઓ જ વધારે નિર્વિણ્ણ બની પોતાનું જ્ઞાનબળ ખોઈ બેસે છે. ગોવર્ધનરામ

૩. વિ. છટકું; ત્રસ્ત.

૪. વિ. નિવૃત્ત થયેલ.

નિર્વિણ્ણચારી [સં. નિર્વિણ્ણચારિન્] વિ. ખિન્ન થઈ ફરનાર.

નિર્વિણ્ણચરણ [સં.] સ્ત્રી. વિરક્ત પ્રતિવાળી સ્ત્રી.

નિર્વિતર્ક ૧. [સં.] પું. (યોગ) એક જાતની સમાધિ.

૨. [સં. નિર્ (વગરનું) + વિ (વધારે) + તર્ક (વિચાર)] વિ. વિતર્ક રહિત; સંકલ્પવિકલ્પ રહિત.

પણ સામાન્ય રીતે ચિત્તભ્રમ કે ક્ષણદાપૂર્વક અભ્યાસ વિના, જે નિર્વિતર્ક સ્થિતિ જાળવી બધાથી રહી નથી. ભુવનશોભન

નિર્વિતર્કતા [સં. નિર્ (વિનાનું) + વિ (વધારે) + તર્ક (વિચાર) + તા (પણું)] સ્ત્રી. સંકલ્પવિકલ્પ વિનાની સ્થિતિ.

નિર્વિતર્કસમાધિ [સં.] સ્ત્રી (યોગ) એ નામની એક જાતની સબીજ સમાધિ. કોઈ સ્થૂલ આલંબનમાં તન્મય હોવાથી તે થાય છે અને તેમાં તે આલંબનનાં નામ અને સંકેત વગેરેનું કાંઈ જ્ઞાન રહેતું નથી. માત્ર તેના આકાર વગેરેનું જ જ્ઞાન હોય છે.

નિર્વિતર્કસમાપત્તિ [સં.] સ્ત્રી. એક જાતની સમાધિ. એમાં પ્રકૃતિની સાથે કેવળ ચિત્તની તદાકારતા થાય છે. પદાર્થનાં નામ કે વિકલ્પનું જ્ઞાન રહેતું નથી. ચિત્ત કેવળ પદાર્થને વ્યાપીને

સ્થિર રહે છે. એમાં હું દૃષ્ટા છું એનું જ્ઞાન તથા દર્શનની ક્રિયાઓનું પણ જ્ઞાન રહેતું નથી. શબ્દ, અર્થ અને જ્ઞાનનો વિકલ્પ દૂર થઈ જવો તે સ્મૃતિની પરિશુદ્ધિ કહેવાય છે. જ્યારે સાધક યોગીની સ્મૃતિની પરિશુદ્ધિ થાય છે, ત્યારે તેની સમાધિપ્રજ્ઞા પોતાના વિકલ્પ સ્વરૂપથી રહિત થવા જેવી એટલે માત્ર અર્થને જ એટલે પદાર્થને જ પ્રકાશ કરનારી થાય છે. તે સમાધિપ્રજ્ઞા નિર્વિતર્કસમાપત્તિ કહેવાય છે. અથવા સવિતર્ક સમાપત્તિનું પુનઃ પુનઃ અનુષ્ઠાન કરવાથી ટાળે કરીને જ્યારે આ સંકેતના સ્મરણનો વિલય થવાથી ચિત્ત કેવળ અર્થ માત્રમાં જ એટલે પદાર્થ માત્રમાં જ તત્પર થાય છે, ત્યારે તેને કેવળ પદાર્થની જ પ્રતીતિ થાય છે. એવી રીતે એકલા અર્થના ભાવથી જ્યારે સંકેતના સ્મરણનો ભાગ થાય છે, ત્યારે આ સમાધિપ્રજ્ઞા પોતાનું સ્વરૂપ જે ગ્રહ્યગ્રહણસ્વરૂપ તેનાથી રહિત સરખી થઈ ગ્રહ્ય પદાર્થ માત્રનો જ અનુભવ કરે છે, તેથી વિકલ્પ રહિત અર્થરૂપ એટલે પદાર્થરૂપે પ્રતીત થનારી આ નિર્વિતર્કસમાપત્તિ કહેવાય છે.

નિર્વિતર્કાનુગતસંપ્રજ્ઞાતયોગ જુઓ નિર્વિતર્કસમાપત્તિ.

નિર્વિત્ત ૧. [સં. નિર (વગરનું) + વિત્ત (પૈસો)] વિ. પૈસા વિનાનું. ગરીબ.

૨. વિ. સત્ત્વ કે શક્તિ વગરનું.

નિર્વિદ્ય ૧. [સં. નિર્ (વિનાનું) + વિદ્યા (જ્ઞાન)] વિ અભણ; વિદ્યા વગરનું; અક્ષરજ્ઞાન જરાય નહિ એવું.

૨. વિ. મૂર્ખ.

નિર્વિભાગરૂપ [સં. નિર્ (વગરનું) + વિ (વધારે) + ભાગરૂપ (ભાગથી થતાં રૂપ એવું)] વિ. અભંગ; અનુદ્ભ; જેના ભાગ ન પડી શકે એવું.

નિર્વિલંબ [સં. નિર્ (વગરનું) + વિલમ્બ (ઢીલ)] પ્ર. ઢીલ વગર; ઉતાવળે.

નિર્વિવાદ ૧. [સં. નિર્ (વગરનું) + વિ (વધારે) + વાદ (મત)] વિ. જેને માટે વિવાદ કરવાની જરૂર ન રહે એવું

૨ વિ વાંધા વગરનું; નિઃશંકપણે.

૩. વિ સાચા વગરનું; ચોક્કસ; અસંદિગ્ધ.

૪ અ નક્કી, જરૂર, ખચીત; નિશ્ચે.

નિર્વિવાદપણું ન. જે બાબત કાંઈ પણ શંકા કે વાંધો ઊભો ન થઈ શકે એવું દોષરહિતપણું. ચોક્કસપણું.

નિર્વિવાદિત જુઓ નિર્વિવાદ.

નિર્વિવેક ૧. [સં નિર્ (વગરનું) + વિવેક (વિચાર)] વિ મૂર્ખ.

૨. [સં. નિર્ (વગરનું) + વિવેક (સભ્યતા)] વિ. વિવેક વગરનું; અવિવેકી.

નિર્વિવેકતા ૧. [સં. નિર્ (વિનાનું) + વિવેક (સભ્યતા) + તા (પણું)] સ્ત્રી નિર્વિવેક હોવાપણું; અવિવેકીપણું.

૨. સ્ત્રી. મૂર્ખતા.

નિર્વિશંક ૧. [સં. નિર્ (વિનાનું) + વિ (વધારે) + શંકા] વિ. નિઃશંક; શંકા રહિત.

૨ વિ. ભય રહિત; નિર્ભય.

નિર્વિશી સ્ત્રી. એક જાતનો જોડ.

નિર્વિશેક વિ. ઉપભોગ કરનાર.

નિર્વિશેષ જુઓ નિર્વિશેષ.

નિર્વિશેષ ૧. [સં.] ન. પરબ્રહ્મ; પરમાત્મા.

૨. [સં. નિર્ (વગરનું) + વિ (વધારે) + શેષ (બાકીનો ભાગ)] વિ. એકસરખું, તફાવત વગરનું; સમાન; ભેદ વગરનું; સર્વદા સમાન રૂપવાળું

૩. વિ. નિરપેક્ષ; નિર્વિકલ્પ.

૪. વિ નિર્ગુણ; ધર્મ વગરનું.

૫. વિ. જ્ઞાનવાન.

૬. વિ. વિશેષતા વગરનું; વિશિષ્ટતા રહિત; સરલ, તુલ્ય રૂપવાળું.

૭. વિ સામાન્ય; વિશેષતા રહિત.

નિર્વિશેષતા ૧. [સં. નિર્ (વિનાનું) + વિશેષ (વધારે) + તા (પણું)] સ્ત્રી. વિશેષતા વગરનું હોવાપણું.

૨ સ્ત્રી. સર્વદા સમાન સ્વરૂપપણું.

નિર્વિશેષબુદ્ધિ [સં નિર્ (વગરનું) + વિશેષ (વધારે) + બુદ્ધિ (જ્ઞાન)] સ્ત્રી. કોઈ વિશેષ જ્ઞાનવાળા જેવું નથી એવી સમજ.

> શાસ્ત્રમાંનાં જે વચનો પૂર્વે આપણે નિર્વિશેષબુદ્ધિથી સમજાવી ગયા, તેમાં ઘણે ખાનીદાન વિશેષતા આપણી નજરે પડે છે.
> અખંડાનંદ

નિર્વિશેષવાદી [સં. નિર્ (વગરનું) + વિશેષ (વધારે) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. જેમાં નિર્વિશેષ એટલે નિર્ગુણ છે એવો મત પ્રચારનાર.

નિર્વિષ ૧ [સં.] પું. એ નામનો એક જોડ.

૨. વિ. અજાણ; દદ

૩. વિ. ભોળું; નિષ્પાપ.

૪. [સં. નિર્ (વગરનું) + વિષ (ઝેર)] વિ વિષ રહિત; જેમાં ઝેર ન હોય એવું; ઝેર વગરનું.

૫. વિ. સ્વચ્છ; નિર્મળ.

૬. વિ. ધનિ ન કરે એવું; ગરીબ; સાદું.

નિર્વિષય ૧. પું. દેશપરની શિક્ષા.

૨. [સં. નિર્ (વગરનું) + વિષય (બાબત)] વિ. અપ્રસ્તુત; પદાર્થ, મુદ્દો કે હેતુ રહિત; વિષય વિનાનું.

૩. વિ. જાણી ન શકાય એવું.

૪. વિ. દેશ બહાર કાઢેલ; દેશવટો આપેલ.

૫. વિ. વિષયની અભિલાષા રહિત; ઉદ્વિગ્નજન્ય સુખની આકાંક્ષા વગરનું.

નિર્વિષયતા [સં.] સ્ત્રી. વિષયરહિતપણું; ઉદ્વિગ્નજન્ય સુખની અભિલાષા વગરનું હોવાપણું.

નિર્વિષયપ્રણય [સં. નિર્ (વગરનું) + વિષય (વિલાસ) + પ્રણય (પ્રેમ)] પું. અપાર્થિવ પ્રેમ; અહલ્યાનુની ઉપયોગ; માનસસ્નેહ.

નિર્વિષયી ૧. [સં. નિર્ (વગરનું) + વિષય (વિલાસ) + ઇન્ (વાળું)] વિ. ઉદ્વિગ્નજન્ય સુખની આકાંક્ષા વગરનું; વાસના વિનાનું.

૨. વિ. જાણી ન શકાય એવું.

૩. વિ. દેશપાર કરેલ; દેશવટો આપેલ.

૪. વિ. વિષય વિનાનું; પદાર્થ, મુદ્દો કે હેતુ રહિત.

નિર્વિષયીપણું ન. વિષયીપણાનો અભાવ.

નિર્વિષા સ્ત્રી. એક જાતની વનસ્પતિ. જુઓ નિર્વિષી

નિર્વિષી [સં.] સ્ત્રી. અતિવિષની જાતનું એક ઘાસ. તે હિમાલય, કશ્મીર અને મલબારગિરિ ઉપર બહુ થાય છે. તેનું મૂળ સર્પ, વીંછી વગેરેના ઝેર ઉપરાંત શરીરનાં બીજાં કેટલાંક ઝેરનો નાશ કરવામાં વપરાય છે. વૈદ્યક અનુસાર આ મૂળ કડવું, શીતળ, બાજુને રુઝવનાર અને કફ, વાત, કોઢવિકાર અને વિષનો નાશ કરનાર માનવામાં આવે છે.

નિર્વિષ્ટ ૧. [સં.] વિ. કરેલ અભિહોત્રવાળું.

૨. વિ. કરેલ હોમવાળું.

૩. વિ. કરેલ વિવાહવાળું.

૪. વિ. પ્રચાર પામેલ.

૫. [સં. નિર્વિશ્ (દાખલ થવું)] વિ. પ્રવેશ કરેલ; દાખલ થયેલ.

૬. વિ. મુક્ત થયેલ.

૭. વિ. મેળવેલું.

૮. વિ. સ્થિર; અચળ; દદ.

નિર્વિષ્ય જુઓ નિર્વિષય.

નિર્વિંધ્ય [સં. નિસ્ (બહાર) + વિન્ધ્ય (એ નામનો પર્વત)] વિ. વિન્ધ્યાચલ પર્વતમાંથી નીકળેલ.

નિર્વિચ્છા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નિર્વિચ્છા. તે ભૂજંગી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને મગણ મળી નવ વર્ણ હોય છે

જ સા મ કરતા નિર્વિચ્છા. ઇન્દ્રવિજય

૨. સ્ત્રી. (પુરાણ) ઋક્ષ નામના પર્વતની તળેટીમાં વહેતી એ નામની નદી. તેને કિનારે અગ્નિ ઋષિએ સો વરસ એક પગે ઊભા રહી તપ કર્યું હતું એમ મનાય છે.

૩. [સં. નિસ (અહાર) + વિન્ધ્ય (એ નામનો પર્વત)] સ્ત્રી. એ નામની ભારતખંડની પવિત્ર નદી. તે વિન્ધ્ય પર્વતમાંથી નીકળે છે.

નિર્વીજ ૧. [સં. નિર્ (વગરનું) + બીજ (કારણ)] વિ. કારણ વગરનું.

૨. વિ. અસરી કરેલું.

૩. વિ. નપુંસક.

૪. વિ. પાકેલું.

૫. [સં. નિર્ (વગરનું) + બીજ (ખી)] વિ. બીજ વગરનું.

નિર્વીજ સમાધિ [સં.] સ્ત્રી. (યોગ) સમાધિની એક અવસ્થા. તેમાં ચિત્તનો નિરોધ કરતાં કરતાં તેનું અવલંબન અથવા તો બીજ પણ વિલીન થઈ જાય છે. આ અવસ્થામાં માણસને સુખદુઃખ વગેરેનો કોઈ અનુભવ થતો નથી અને તેનો મોક્ષ થાય છે.

નિર્વીજા ૧. [સં.] સ્ત્રી. એક જાતની સમાધિ. જુઓ નિર્વીજ સમાધિ.

૨. સ્ત્રી. એક જાતનો મેવો; કિસમિસ

નિર્વીર ૧. [સં. નિર્ (વગરનું) + વીર્ય (બળ)] વિ. નબળું; બાપલું.

૨. વિ. પરાક્રમ વિનાનું.

ખરું નિર્વીર પુરુષો કાઈ થાય રે! પ્રેમાનંદ

૩ વિ. પરાક્રમી પુરુષ વિનાનું

૪. [સં. નિર્ (વગરનું) + વીર (પુત્ર)] વિ. પુત્ર વગરનું.

૫. વિ. વીર્યહીન.

નિર્વીરતીર્થ ૧. ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

૨. ન. (પુરાણ) વસિષ્ઠના આશ્રમ પાસેનું એ નામનું એક તીર્થ.

નિર્વીરા [સં. નિર્ (વિનાનું) + વીર (પતિ; પુત્ર) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પતિ તથા પુત્ર વગરની સ્ત્રી; જેનો પતિ અને બાળકો મરી ગયાં હોય એવી સ્ત્રી.

નિર્વીર્ય ૧. [સં. નિર્ (વગરનું) + વીર્ય (બળ)] વિ. કમજોર; બળ વિનાનું; પરાક્રમ વગરનું; બળહીન.

૨. વિ. નપુંસક; પુરુષત્વ રહિત.

૩. વિ. બીકણ.

૪. વિ વીર્યહીન.

નિર્વીર્યીકરણ [સં.] ન. શક્તિ દૂર કરવી તે; શક્તિહીન કરવાપણું.

નિર્વીર્યતા [સં. નિર્ (વગરનું) + વીર્ય (બળ) + તા (પણું)] સ્ત્રી. નિર્વીર્ય હોવાપણું

નિર્વીર્યપણું જુઓ નિર્વીર્યતા.

નિર્વૃક્ષ [સં. નિર્ (વગરનું) + વૃક્ષ (ઝાડ)] વિ. ઝાડ વિનાનું; જેમાં ઝાડ વગરનું; ઉજ્જડ.

નિર્વૃત ૧. [સં.] ન. ઘર.

૨ વિ. આછવિદા વગરનું.

૩. વિ. નિર્વાણ પામેલ; મોક્ષ પામેલ.

૪. વિ. પૂરું કરેલ; નિષ્પન્ન; પૂરું થયેલું.

૫. વિ. શીતળ થયેલ; ઠંડું થયેલ.

૬. વિ સંતોષ પામેલું.

૭. વિ સુખી.

૮. વિ સ્વસ્થ; શાંત.

નિર્વૃતિ ૧. સ્ત્રી. અસ્ત થવું તે.

૨ સ્ત્રી. આનંદ.

૩ સ્ત્રી નાશ.

૪ સ્ત્રી પૂરું થવું તે.

૫. [સં.] સ્ત્રી. મરણ.

૬. સ્ત્રી. મુક્તિ; મોક્ષ.

નિવૃતિ થવી = મુક્તિ મળવી.

૭. સ્ત્રી. શાંતિ.

૮. સ્ત્રી. સંતોષ

૯. સ્ત્રી. સુખ.

નિર્વૃત્ત ૧. વિ. અતિક્રમણ કરેલ.

૨. વિ ઉત્પન્ન થયેલ.

૩. વિ નિવૃત્ત થયેલ.

૪. [સં.] વિ. સિદ્ધ થયેલ; જેની નિષ્પત્તિ થઈ ગઈ હોય એવું.

નિર્વૃત્તરાજ [સં.] પુ. દ્વાપરયુગમાં થયેલ એ નામનો એક કદુવંશી રાજા.

નિર્વૃત્તાત્મા ૧. [સં. નિર્વૃત્તાત્મન્] પું. વિષ્ણુ.

૨. વિ. શાંત મનવાળું.

નિર્વૃત્તિ ૧. [સં.] (પુરાણ) પું. એ નામનો એક ચંદ્રવંશી રાજા; ક્રોષ્ટાના જયામઘ કુળના કમસમા જન્મેલા પૃષ્ટિ રાજાનો એ નામનો પુત્ર. એનું બીજું નામ વિદૂર હતું. દશાર્હ નામનો રાજા એનો પુત્ર થતો હતો.

૨. સ્ત્રી. ઉત્પત્તિ; જનાવટ.

૩. સ્ત્રી. ક્ષીણ મોહાવસ્થા.

૪. સ્ત્રી. નિષેધ વાચક.

૫. સ્ત્રી. (જૈન) પ્રદેશોની એક જાતની રચના. તેના બે ભેદ છે: (૧) બાહ્યનિર્વૃત્તિ અને (૨) આભ્યંતરનિર્વૃત્તિ. ઇંદ્રિયોના આકારરૂપ પુદ્ગલોની રચનાવિશેષને બાહ્યનિર્વૃત્તિ કહે છે અને આત્માના વિશુદ્ધ પ્રદેશોના ઇંદ્રિયાકાર રચનાવિશેષને આભ્યંતરનિર્વૃત્તિ કહે છે.

૬. સ્ત્રી આયન જ્યોતિષ્ક દેવતા માદેવી એ નામની એક દેવી.

૭. સ્ત્રી. બારમા તેજસ્તારક દેવતામંડળી એ નામની એક દેવી.

૮. સ્ત્રી. મનનું સ્વસ્થપણું; સમાધિ.

૯. સ્ત્રી. સમાપ્તિ.

૧૦. સ્ત્રી. સિદ્ધિ; નિષ્પત્તિ.

૧૧ સ્ત્રી. સુખ. દુઃખની નિવૃત્તિ.

૧૨. વિ. આછવિદા વગરનું.

નિર્વૃત્તિઇંદ્રિય સ્ત્રી. (જૈન) દ્રવ્યેંદ્રિયનો એક પ્રકાર

શરીરના ઉપર દેખાતી ઇંદ્રિયોની આકૃતિઓ જે પુદ્ગલ રચનાની વિશિષ્ટ રચનાઓ છે તે નિર્વૃત્તિઇંદ્રિયો. તત્ત્વાર્થસૂત્ર

નિર્વૃત્તિકર વિ નિર્વાણકારક.

નિર્વેગ ૧. પું (જૈન) પાંચ ઇંદ્રિયોના વિષયથી વિરક્ત થવું તે; સંસારથી વિરક્તિ; વિષય પ્રત્યે અરુચિ; સમકિતનાં પાંચ બાહેનું એ નામનું એક લક્ષણ. પાંચ લક્ષણ: (૧) સમભાવ, (૨) સંવેગ એટલે ધર્મ, ધર્મી, ધર્મફળ મોક્ષની ઉત્કૃષ્ટ ઇચ્છા તથા પ્રીતિ, (૩) નિર્વેગ અથવા નિર્વેદ એટલે વિષય પ્રત્યે અરુચિ, (૪) અનુકંપા અને (૫) આસ્તા એટલે તત્ત્વાર્થશ્રદ્ધા.

૨. [સં. નિર્ (વગરનું) + વેગ (ગતિ)] વિ. વેગ રહિત; ગતિ વગરનું. સ્થિર.

નિર્વેતન [સં. નિર્ (વગરનું) + વેતન (પગાર)] વિ. બિનપગારદાર; અવૈતનિક. સન્માનિત; માનદ.

નિર્વેદ ૧. [સં. નિર્ (વિનાનું) + વિદ્ (જાણવું)] પું. અવજ્ઞાન.

૨. પું. ખિન્નતા; આતુરતા.

૩. પું. ઉદાસીનપણું; ઉદાસીનતા.

૪. પું. એક જાતનો પશ્ચાત્તાપ; અનુતાપ.

૫ [સં નિર્વિદ્ (કંટાળવું)] પું. કંટાળો; અણગમો; અભાવો.

૬. પું. ખેદ. સંતાપ

૭ પું. દિલગીરી; અફસોસ.

૮. પું દુઃખ; ખેદ.

૯ પું. નમ્રતા.

૧૦. પું. પોતાનું અપમાન.

૧૧. પું. મોક્ષની અભિલાષા.

૧૨. પું. (જૈન) સમકિતના પાંચ માંહેનું જે નામનું એક લક્ષણ; નિર્વેદ; વિષય પ્રત્યે અરુચિ.
સમ્યગ્દર્શનની ચિહ્નરૂપ કાજે જેનાં પાંચ ચિહ્ન માનવામાં આવે છે. જેનાં ૧, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય.
ગલાબચંદજી

૧૩. પું. સંસારથી વિરક્તતા; જે નામનો એક પ્રકારનો વૈરાગ્ય.
આશાના નાશથી, સ્નેહી મિત્રના મરણથી વૈરાગ્ય ઊપજે તે સાચો વૈરાગ્ય નથી. એવા વૈરાગ્યને નિર્વેદ વૈરાગ્ય કહે છે.
ધર્મારામ સર્વરામ

૧૪. પું. સ્થાપીઆવના નવ માંહેનો જે નામનો એક ભેદ. વિશેષ જ્ઞાન થવાથી સાંસારિક વિષયોમાં નિરાસક્તિ ઉત્પન્ન થયેલ મનોવિકારને નિર્વેદ કહે છે.

૧૫. [સં.] વિ. નાસ્તિક; વેદને નહિ માનનારું.
જૈ; અપીલ.

નિર્વેદતા ૧. સ્ત્રી. નિર્વેદ હોવાપણું; નાસ્તિકતા.
૨. [સં. નિર્વેદ (વૈરાગ્ય) + તા (પણું)] સ્ત્રી. સંસારથી વિરક્તિ.

નિર્વેદન ૧. [સં.] ન. ખેદ, વૈરાગ્ય.
૨. વિ. વૈરાગ્યજનક.
૩. વિ. સાતા અસાતારૂપી વેદના વિનાનું.

નિર્વેદની સ્ત્રી. સંસારથી વિરક્ત બનાવનાર વૈરાગ્યકથા.

નિર્વેદવાદ [સં નિર્વેદ (ઉદાસીનતા) + વાદ (મત)] પું. નિરાશાવાદ; આ દુનિયામાં દુઃખ જ છે એવો મત.

નિર્વેદવાદી [સં. નિર્વેદ (નિરાશા) + વાદ (મત) + ઇન્ (વાળું)] વિ. નિરાશાવાદી; નિર્વેદમાં માનનાર.

નિર્વેદવિદ [સં. નિર્વેદ (વૈરાગ્ય) + વિદ્ (જાણવું)] કુ. વૈર અને જાણવું તે.
નિર્વેદવિદ વિના ખેદ પામે,
અવરને નિરવદ આપે.
નિષ્કુલાનંદ

નિર્વેદવૃત્તિ [સં. નિર્વેદ (ઉદાસીનતા) + વૃત્તિ (વલણ)] સ્ત્રી. નિર્વેદ હોવાનો ભાવ.
એવા વિષયોમા પ્રવેશ કરવા આપણે સામાન્ય નિર્વેદવૃત્તિમાં પડી જઈએ.
રમણભાઈ નીલકંઠ

નિર્વેદસંચારી [સં. નિર્વેદસંચારિન્] પું. એક પ્રકારનો સંચારીભાવ

નિર્વેદ્ય [સં. નિર્ (વગર) + વિદ્ (જાણવું)] વિ. જાનું; ગુપ્ત.

નિર્વૈર ૧. [સં. નિર્ (વગરનું) + વૈર (વેર)] ન. વેરનો અભાવ.
૨. વિ. દ્વેષબુદ્ધિ રહિત; વેરઝેરની લાગણી વિનાનું; વેરવૃત્તિ વગરનું; દ્વેષ રહિત.

નિર્વૈરતા [સં. નિર્ (વગરનું) + વૈર (વેર) + તા (પણું)] સ્ત્રી. દ્વેષનો અભાવ.
પ્રતિકારને બદલે જે કર્મે કરવાનાં હોય તે આ પ્રમાણે નિર્વૈરતા અને પરમેશ્વરાર્પણબુદ્ધિથી કરવાથી કર્તાને તેનું કોઈ પાપ અથવા દોષ લાગતો નહિ.
ગીતારહસ્ય

નિર્વૈરત્વ જુઓ નિર્વૈરતા.

નિર્વૈરીપણું જુઓ નિર્વૈરતા.

નિર્વ્યપેક્ષ [સં.] વિ. અપેક્ષા વગરનું, નિઃસ્પૃહ.

નિર્વ્યથ [સં. નિર્ (વગરનું) + વ્યથા (પીડા)] વિ. પીડા વગરનું

નિર્વ્યથન ૧. [સં. નિસ્ (અત્યંત) + વ્યથન (દુઃખ દેવું તે)] ન. અત્યંત પીડવું તે; બહુ દુઃખ દેવું તે.
૨. ન. ખિન્ન.

નિર્વ્યલીક [સં.] વિ. નિષ્કપટ; છળ રહિત.

નિર્વ્યવસાયી [સં. નિર્ (વગરનું) + વ્યવસાય (ધંધો) + ઇન્ (વાળું)] વિ. કામ વગરનું; બેકાર.

નિર્વ્યસની [સં. નિર્ (વગરનું) + વ્યસન (ટેવ) + ઇન્ (વાળું)] વિ. જેને કશું વ્યસન ન હોય તેવું; વ્યસન વગરનું.

નિર્વ્યસનીપણું ન. વ્યસન વગરનું હોવાપણું.

નિર્વ્યાકુલ [સં. નિર્ (વિનાનું) + વ્યાકુલ (ચલરાયેલ)] વિ. વ્યાકુળ નહિ એવું.

નિર્વ્યાઘાત ૧. ન. કેવળજ્ઞાન.
૨. [સં. નિર્ (વગરનું) + વ્યાઘાત (વિઘ્ન)] વિ. અડચણ વિનાનું; વિઘ્ન વગરનું; વ્યાઘાત રહિત.

નિર્વ્યાઘાતિમ ૧. વિ. કુદરતી; સ્વાભાવિક.
૨. વિ. જેને કોઈ પણ વિઘ્ન ન હોય તેવું.

નિર્વ્યાજ ૧. [સં. નિર્ (વગરનું) + વ્યાજ (કપટ)] વિ. ખરું; સાચું; નિષ્કપટ; સાહસ; છળ રહિત
૨. વિ. આશા રહિત.
૩. અ. કશાય વગર; નિષ્કપટપણે; શુદ્ધ બુદ્ધિથી; સરળતાથી

નિર્વ્યાજતા ૧. [સં. નિર્ (વિનાનું) + વ્યાજ (કપટ) + તા (પણું)] સ્ત્રી. કપટરહિતપણું.
૨. સ્ત્રી નિર્લોભપણું. બદલાની ઇચ્છા નહિ તે.
૩. સ્ત્રી. આભારરહિતપણું.

નિર્વ્યાજપણું જુઓ નિર્વ્યાજતા.

નિર્વ્યાજોપ્યાજભર્દન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

નિર્વ્યાધિ [સં. નિર્ (વગરનું) + વ્યાધિ (રોગ)] વિ. રોગથી મુક્ત.

નિર્વ્યાપાર ૧. [સં. નિર્ (વગરનું) + વ્યાપાર (કામકાજ)] વિ. અલસ; નિષ્ક્રિય; વ્યાપાર વગરનું; ધંધારોજગાર વગરનું; કાર્યશૂન્ય.
૨. વિ (જૈન) આરંભ રહિત.

નિર્વ્યૂઢ ૧. [સં.] વિ. અપ્રતિબંધ; વહીવટ.
૨. વિ. સિદ્ધ થયેલ; તૈયાર થયલ; સમાપ્ત.

નિર્વ્યૂહ ૧. [સં.] પું. ભીંતમાં ખોડેલી ખીલ.
૨. વિ બહુદરયના વગરનું.

નિર્વ્રણ [સં.] વિ. ઘોલ્લા, ગાંઠ કે જખમ રહિત.

નિર્વ્રત વિ. વ્રત રહિત.

નિર્વ્રતપણું ન. વ્રતહીનપણું; વ્રતરહિતપણું.

નિર્હરણ ૧. ન. નાશ પમાડવું તે.
૨. ન. બહાર કાઢવું તે.
૩. ન. બહાર કાઢવું તે
૪. [સં. નિસ્ (બહાર) + હરણ (લઈ જવું તે)] ન. બાળવા માટે મડદાં વગેરેને લઈ જવું તે.

૪. ન. બાળવું તે; બળવું તે. મરણસંસ્કાર; અગ્નિસંસ્કાર; અંત્યેષ્ટિ; અંતક્રિયા.
૫. [સ. નિસ્ (સંપૂર્ણ) + કરણ (લેવાપણું)] ન. સંપૂર્ણ લાંચ લેવું તે.

નિર્દયા વિ. દયા વિનાનું.

નિર્દય વિ. ગંભીર.

નિર્દાઘ [સં.] પું. પક્ષી વગેરેનો અવાજ.

નિર્દાર ૧. [સં. નિસ્ (બહાર) + દૃ (ફાડી જવું)] પું. બકરાંને બાળવા માટે લાંચ જવું તે.
૨. પું. મરણ પ્રમાણે લેવું દેવું તે.
૩. પું. મળમૂત્રનો ત્યાગ.
૪. પું. મૂળ સહિત ઊખેડી નાખવું તે.
૫. પું. શરીરમાં પેસી જવેલ કાંટો, બાણ વગેરે બહાર કાઢવું તે.
૬. પું. સંપૂર્ણ લાંચ લેવું તે.

નિર્દારક ૧. [સં. નિસ્ (બહાર) + દારક (ફાડી જનાર)] વિ. બાળવા માટે શબને લઈ જનાર.
૨. વિ. ફાડી જનાર; લાંચ જનાર.

નિર્દારી ૧. [સં. નિર્દારિન્] પું. દૂર સુધી જનાર તીર.
૨. સુધો નિર્દારક.

નિર્દિમ ૧. [સં. નિર્ (વિનાનું) + હિમ (ભરફ)] પું. હિમનો અભાવ.
૨. વિ. હિમ વગરનું.

નિર્દુન ૧. [સં.] વિ. બહાર કાઢેલ.
૨. વિ. બકરાંને બાળવા માટે બહાર કાઢેલ.
૩. વિ. દૂરથી કરેલ.

નિર્દુનિ ૧. [સં.] સ્ત્રી. નરક સંબંધી ગોબા.
૨. સ્ત્રી નાશ.
૩. સ્ત્રી. દૂરથી.

નિર્દુતિકા સ્ત્રી. પીડાવું

નિર્દેતિ [સં.] વિ. હથિયાર વગરનું.

નિર્દેતુ ૧. પું. (કામ) એક પ્રકારનો અલંકાર.
૨. પું. કારણ બતાવ્યા વિના કાર્ય કરવું તે.
૩. [સં. નિર્ (વગરનું) + હેતુ (કારણ)] વિ. કારણ કે હેતુ વગરનું.

નિર્દેતુક [સં. નિર્ (વગરનું) + હેતુ (કારણ) + ક (વાળું)] વિ. હેતુ રહિત; કારણ વગરનું.

નિર્દોક [સં.] પું. પક્ષી વગેરેનો અવાજ.

નિર્ધ [સં.] પું. (પુરાણ) વિષ્ણુપુરાણ ત્રણ ભાઈનો એ નામનો એક અસુર. તે ભાઈ નામના રાક્ષસની વસુદા નામની બહેનથી ઉત્પન્ન થયો હતો.

નિર્ધજ [સં. નિર્લજ્જ] વિ. (હિંદી) નિર્લજ્જ; બેશરમ.

નિર્ધજતા [હિં.] સ્ત્રી. નિર્લજ્જતા; બેશરમી.

નિર્ધમું [સં. નિર્ (વગરનું) + લજ્જા (શરમ)] વિ. શરમ વિનાનું.

નિર્ધજ્જ [હિં.] વિ. નિર્લજ્જ; બેશરમ; શરમ વગરનું.

નિર્ધતુલક ન. બાર મહિના એક પ્રકારનું આચમન.

નિર્ધન વિ. અલગ; ન્યારું; નિરાળું.

નિર્ધપર્વત પું. સાપુની એ નામની એક શાખા. સાપુના મુખ્ય અખાડા નિરાની, નિરંજન, નિર્ધપર્વત, ઉદાસી અને નિર્મોહી છે.

નિર્ધય ૧. [સં. નિસ્ (સંપૂર્ણ) + ક્ષી (અદૃશ્ય થવું)] પું. અદર્શન.
૨. પું. ક્ષય.
૩. પું. ગુપ્ત સ્થાન.
૪. પું. રહેઠાણ; મુકામ; ઘર.
સકલ સભા આચાર ગૃહ જેહ વેરમ સોત; લાયન વિરલ પણ આકાશ અવાય નિર્ધય નિર્ધોત.
પિંગળશાસ્ત્રદોષ
૫. પું. સંપૂર્ણ લય; સમાનો નાશ.
૬. ન. સ્થાન; જગ્યા.
૭. ન. હદનો નીચલો ભાગ.

નિર્ધયન ૧. [સં.] ન. ઘર, માળો વગેરે આશ્રયસ્થાન.
૨. ન. સૂવું તે.
૩. ન. સાંધો.

નિર્ધયસંક્ષોભ પું. હદની નીચલી ક્ષોભણીનું સંક્ષોભાવું તે.

નિર્ધરણ ૧. ન. એક જાતનું ઘરેણું.
૨. [સં. ધરણપટ્ટ; પ્રા. ણિદ્ધારણવટ્ટ–ણિદ્ધરણવટ્ટ–નિદ્ધરણ] ન. (જૂ. ગુ.) કપાળ; નિદ્ધરણ; ભાલ; લલાટ.
નિદ્ધણે જગાયું અદ્ભુતણી, નિદ્ધરણ ચંદ્રપ્રકાશ.
પ્રેમાનંદ
૩. ન. જુગારમાં પડતો ખેત રૂંગ.

નિર્ધરજ્જ [સં. નિર્ (વગરનું) + લજ્જા (શરમ)] વિ. બેશરમ; નિર્લજ્જ; શરમ વિનાનું; લાજ વગરનું; અવિવેકી.

નિર્ધલાટ ન. કપાળ; લલાટ.
ઘરા મો નિઃશ્વાસ નિલાટે હાથ દીએ.
પ્રેમાનંદ

નિર્ધલાટ (નિલાડ) [સં. લલાટ] ન. (જૂ. ગુ.) કપાળ; ભાલ.

નિર્ધલામ ન. ઘરાણું; વિલાસ.

નિર્ધલાયી ૧. [સં. નિલયિન્] વિ. લીન થનાર.
૨. વિ. વસનાર; રહેનાર.

નિર્ધલાવટ [સં. લલાટપટ્ટ] પું. કપાળ; ભાલ.
આરતી ઉતારે જે દિ,
નિલાવટ માંહે ચળકે ચંદ. સામળ

નિર્ધલિપ [સં.] પું. દેવ; સુર.

નિર્ધલિપા [સં.] સ્ત્રી. ગાય; ધેનુ.

નિર્ધલિપિકા [સં.] સ્ત્રી. ગાય, નિર્ધલિપા.

નિર્ધલી પું. મોઢા ઉપર થતો એક જાતનો રોગ.

નિર્ધલીન ૧. [સં.] વિ. આશ્રિત કરેલું; અત્યંત સંબંધવાળું.
૨. વિ. દેખાતું ન હોય એવું, અંતર્ધાન; ગૂઢ.
૩. [સં. નિસ્ (સંપૂર્ણ) + લીન (ભળ)] વિ. બહુ જ લીન થયેલ.
૪. વિ. ભેટેલું.
૫. વિ. મૂળમાંથી નાશ પામેલ.
૬. વિ. રહેલું.
૭. વિ. રૂપાંતર થયેલ.
૮. વિ. સંતાયેલું.

નિર્ધવ [સં. નિર્વપણ] પું. પશ્ચાદ્ધિમાં ઉત્સર્ગ કરવામાં આવતો ક્રિયા કે પદાર્થ.

નિર્ધચન ૧. [સં.] ન. નિરંતર વચન.
૨. ન. વચનનો અભાવ.

નિર્ધઢ (નિર્ધઢ) વિ. આકરું.

નિર્ધડાવવું (નિર્ધડાવવું) ૧. સ. ક્રિ. બનાવીને રીઢું કરાવવું.
૨. સ. ક્રિ. નક્કી થઈ પ્રગટ કરાવવું.
૩. સ. ક્રિ. નીવડવાની ક્રિયા કરાવવી.

નિર્ધડિયા (નિર્ધડિયા) [હિં.] સ્ત્રી. એક પ્રકારની નાવ.

નિર્ધડુંબ પું. ચોર.

નિર્ધપન ૧. [સં.] ન. પિતૃ વગેરેને ઉદ્દેશી કરેલું દાન; પિતૃ વગેરેને ઉદ્દેશી પિતા કે પિતૃઓના નામ ઉપર દાન કરવું તે.
૨. ન. પિતૃઓને તૃપ્તિ અને તર્પણ આપવું તે.

નિર્ધપનક્રિયા [સં. નિર્ધપન (પિતૃઓને કરાવું તર્પણ) + ક્રિયા (કામ)] સ્ત્રી. શ્રાદ્ધક્રિયા.

નિર્ધર [સં.] વિ. નિવારણ કરનાર; નિવારક; અટકાવનાર.

નિર્ધરા ૧. [સં. નિર્ (વિનાનું) + વૃ (પસંદ કરવું)] સ્ત્રી. કુંવારી કન્યા
૨. વિ.;સ્ત્રી. અવિવાહિતા; કુમારી.

નિર્ધર્ત પું. ઘોડાનો એક જાતનો રોગ.

નિર્ધર્તક ૧. [સં.] વિ. દૂર કરનાર.
૨. વિ. નિવારનાર; ટાળનાર.
૩. વિ. નિવૃત્ત થનાર.
૪. વિ. પશ્ચાત્તાપ કરનાર.

૫. વિ. પાપું કરનું.
૬. [સં. નિવૃત્ (પાપું કરવું)] વિ. પાપું ધાળનાર; પાપ લાગનાર.

નિવર્તન ૧. ન. અટકી પડવું તે.
૨. ન. અલગ રહેવું તે.
૩. ન. એક ચોરસમાપ.
૩ રજ્જુ = નિવર્તન
૪ [સં] ન જમીન માપવામા ૨૧૦ હાથ લાંબી અને ૨૧૦ હાથ પહોળાઈનું જૂના વખતનું એક માપ.
૧૦ કરત = વેળુ
૨૦ વેળુ = નિવર્તન
૫. ન ન બનવું.પણ.
૬ ન નિવારણ; નિવારવું તે.
૭. ન નિર્જીવ. પ્રકૃતિનો અભાવ.
૮. ન. નિષેધ; મનાઈ.
૯. ન પ્રત્યાવર્તન.
૧૦. [સં નિવૃત્ (પાપું કરવું)] ન. પાપું કરવા તે; પાછા વળવું તે.
૧૧. ન પાપું ફરાવવું તે.
૧૨. ન પાપ આવવાનો માર્ગ બંધ થાય તેનું સ્થાન
૧૩. ન. પૃથ્વિપ્રાપ્તિ.
૧૪. ન. સો ચોરસ રજ્જુનું એક ક્ષેત્ર.

નિવર્તવું ૧. અ. ક્રિ. અટકવું; બંધ રાખવું; મોકૂફ રાખવું.
૨. અ ક્રિ. છૂટા થવું.
૩ [સં નિવૃત્] અ. ક્રિ. દૂર જવું; અટકવું.
૪. અ ક્રિ. નિરાંત વળવી; શમવું.
૫. અ ક્રિ. પાછા ફરવું; પાછા વળવું.
૬. અ. ક્રિ. બચવું; ઊગરવું.

નિવર્તાવવું જ ક્રિ અટકાવું; દૂર કરાવવું.

નિવર્તી ૧ [સં. નિવર્તિન્] વિ. દૂર રહેનાર.
૨. વિ. નિર્લિપ્ત.
૩ [પીછે હઠેલું હોય એવું
૪. વિ પુનર્જન્મથી બાકી આવેલું.

નિવર્ત્ય [સં નિવૃત્ત] વિ નવરું.

નિવર્સી જુઓ નિવર્તી.

નિવર્હણ ૧ [સં.] ન. પાપું આપવું તે.
૨. ન વધ. મારી નાખવું તે.

નિવસ પું નિવાસ; લક્ષ; ચોટ.

નિવસતિ [સ] સ્ત્રી. ગૃહ; ઘર; વાસસ્થાન.

નિવસન ૧ [સ નિવસ્ (વસવું)] ન. ગામ; ગામડું.
૨ ન રીમા; હદ

નિવસન ૧. [સં. નિવસ્ (વસવું)] ન. ગામ.
૨. ન. ઘર; ગૃહ; નિકેતન.
૩. ન. ઢાંકવું તે; આચ્છાદન કરવું તે.
૪. ન. પહેરવું તે.
૫. ન. વસ્ત્રપટ; વસ્ત્ર તે.
૬. ન. વસ્ત્ર; પહેરવાનું લૂગડું.
૭ ન જીનું અધોવસ્ત્ર.

નિવસની સ્ત્રી. (કૌન) સાખીનું કેડથી માંડી ઘૂંટણ સુધી પહેરવાનું વસ્ત્ર.

નિવસવું [સં. નિવસ્ (રહેવું)] અ. ક્રિ. નિવાસ કરવો; રહેવું; વસવું; વાસ કરવો.

નિવસાવવું જ ક્રિ નિવસવાની ક્રિયા કરાવવી; વસે એમ કરવું; વાસ કરાવવો.

નિવસાવું અ. ક્રિ. નિવસવાની ક્રિયા થવી; વસે એમ થવું.

નિવસિત ૧. [સં.] વિ. પહેરેલ; ધારણ કરેલ; ઓઢેલ.
૨. વિ. વસી રહેલ; વાસ કરેલ.

નિવહ ૧. પું. યૂથ; ટોળું; સમૂહ.
૨. પું. રાશિ; ઢગલો.
૩. [સં. નિ + વહ્ (વહી જવું)] પું. સાત માંહેનો એ નામનો એક વાયુ. પ્રસ્થિત જ્યોતિષમાં સાત વાયુ માનેલા છે અને તે દરેક વાયુ એક વર્ષ સુધી વાય છે. નિવહ વાયુ પણ તેમાંનો એક છે. તે બહુ ભયંકર તેમ જ બહુ ધીમો પણ હોતો નથી. જે વર્ષે આ વાયુ વાય છે તે વર્ષે કોઈ સુખી રહેતું નથી એમ કહેવાય છે.

નિવહવું અ. ક્રિ. બનવું; થવું.

નિવળ વિ. ભરત વગેરે ગાઢ કરતાં રહેલું; ઓખ્યું

નિવાઈ ૧. સ્ત્રી. ગરમી.
૨ સ્ત્રી. તાપ.
નિવાઈ દિન = (૧) ગરમીના દિવસો. (૨) તાપની ઋતુ.
૩. [હિ.] વિ. અનોખું; વિલક્ષણ.
૪. [સ. નવ] વિ. નવીન; નવું.

નિવાકુ વિ નિરંતર ભોલવાના સ્વભાવવાળું.

નિવાજ ૧. પું. આસરો; આધાર;
૨. સ્ત્રી. નમાજ; મુસલમાનોની ઈશ્વરપ્રાર્થના.
૩. [ફા. નવાઝ] વિ. કૃપા કરનાર; અનુગ્રહ કરનાર. આ શબ્દનો ઉપર્યોક્ત સમાસમાં કારણી, ગરીબ વગેરે શબ્દોને છેડે થાય છે. જેમકે, ગરીબનિવાજ.

નિવાજણ સ્ત્રી. ભેટ; નવાજિશ.

નિવાજવું [ફા. નવાઝ્તન (મહેરબાની કરવી)]
૧ ક્રિ. નવાજવું; સરપાવ, પદવી અને માન મિલકત વગેરે આપી સંતોષવું; નવાજિશ આપવી; કર્જ આપીને કૃપા દેખાડવી; મહેરબાની જાહેર કરવી, અનુગ્રહ કરવો.
નિવાજ્યા મેઈને તેને હદ બેસાતમાં દેવું.
પ્રેમાનંદ

નિવાજવું સ. ક્રિ. નિવાજે એમ કરવું.

નિવાજવું અ. ક્રિ. નિવાજે એમ થવું.

નિવાજિશ ૧. [ફા. નવાઝિશ] સ્ત્રી. કૃપા; મહેરબાની.
૨. સ્ત્રી. દયા.
૩. સ્ત્રી. ભેટ; બક્ષિસ; નવાજિશ.

નિવાણ ૧. પું. બંદગી કરનાર માણસ.
૨. વિ. પવિત્ર.
૩. વિ. બંદગી કરે એવું; ભક્ત.

નિવાડી જુઓ નિવાણ.

નિવાડ (નિવાડ) ૧. [હિં.] પું. કરાર.
૨. સ્ત્રી. ખાટલી સૂતરની પાટી; નિવાર.

નિવાડપત્ર (નિવાડપત્ર) [મ.] પું. કરારનો દસ્તાવેજ.

નિવાડા (નિવાડા) ૧. [હિં.] પું. નાની ખોડી.
૨. પું. નાવની એક રમત. તેમાં નાવને વચમાં લાંબી જાડી ચલાર દેવરાવવામાં આવે છે.
૩. પું. દાવો; નિશ્ચય; નિવેડો.

નિવાડી (નિવાડી) ૧. [સં. નિવારિકા] સ્ત્રી. એ નામની એક કુલવેલ; જૂઈ.
૨. સ્ત્રી. પરાળ.

નિવાડો (નિવાડો) ૧. પું. નિવાહ; નિભાવો.
૨. પું. (જા. પ્ર.) નિવેડો; નિકાલ; છેવટનું પરિણામ; ફેસલો.

નિવાણ અ. (જા. પ્ર.) નવાણ.

નિવાત ૧. [સં.] પું. આશ્રય.
૨. પું. મજબૂત અભ્યંતર; કશાથી ન ઉદ્વેગ એવું અભ્યંતર.
૩. [સં. નિ (અભાવ) + વાત (પવન)] સ્ત્રી. પવન વિનાની જગ્યા.
૪ સ્ત્રી. સાકર; ખાંડ
૫. ન. ઘર.
૬. વિ. નિર્વાત; વાયુ રહિત; વાયુ વગરનું.
જ્યાં દીપ નિવાત સ્થાને અચળ જ્યોતિ જ્યવાળ,
એમ જોગીનું ચિત્ત સ્થિર થાયે ડોલે નહિ મે કાળ.
પ્રીતમજોગીદા
૭. વિ. અભ્યંતરવાળું.
૮. વિ સ્થિર; વાયુસંચાર રહિત.

નિવાતકવચ [સં. નિ (અભાવ) + વાત (પવન) + કૃ (ખેંચવું) + અક (કર્તરિવાચક પ્રત્યય)] પું એક જાતનો પંપ. તે હવા કાઢી નાખવામાં વપરાય છે.

નિવાતકવચ ૧. [સં.] પું. ઉદરનો એ નામનો રાક્ષસ વંશ.

૨. પું. (પુરાણ) એ નામનો દૈત્ય

૩. પું. પ્રહ્લાદના વંશજ દૈત્ય માંહેનો દરેક મહાભારત પ્રમાણે તેઓની સંખ્યા ૩,૦૦,૦૦,૦૦૦ મનાય છે. તેઓ સમુદ્રને તળિયે રહેતા. ઇંદ્રથી પણ તેઓ જીતી શકાયા નહિ. અર્જુને તેનો નાશ કર્યો હતો એમ મનાય છે.

નિવાતખલી સ્ત્રી. વાતખલી; આગગાડી અથવા મોટર વગેરેની ગતિ અટકાવવા માટે વપરાતું એક જાતનું અટકણ; 'બ્રેકપુમ બ્રેક.' એક આગગાડી કે મોટર કાઢી મેલવાથી વાતાવરણના દબાણને લીધે આ જેક અથવા અટકણ કામ કરે છે.

નિવાતનલિકા [સં. નિ (અભાવ) + વાત (પવન) + નલિકા (નળી)] સ્ત્રી. એક જાતની નળી. તે હવા કાઢી નાખવામાં વપરાય છે.

નિવાતજાદ્રક પું. એક જાતનો રથ.

નિવાતસ્થ [સં. નિ (અભાવ) + વાત (પવન) + સ્થ (રહેલ)] વિ. પવન વિનાના સ્થળમાં વસનાર.

નિવાતસ્થાન [સં. નિ (અભાવ) + વાત (પવન) + સ્થાન (જગ્યા)] ન. વાયુ વિનાનું સ્થળ.

નિવાદ પું. નિર્બુદ્ધ; દેવસો.

નિવાન ૧. [વિ.] પું. જલાશય; તળાવ; નવાણ.

૨. પું. નીવી જમીન.

નિવાન્યા [સં] સ્ત્રી. પાકો વાડો પથ્થરની ઠોકવાની મરણ પામેલા વાઘડાવાળી ગામ.

નિવાપ ૧. [સ.] પું. ક્ષેત્ર.

૨. પું. દાન

૩. પું. શ્રાદ્ધ વખતે પિતૃઓને અપાતો જલિ કે અંજલિ; શ્રાદ્ધનું તર્પણ.

નિવાપક [સં.] વિ. વાવનાર.

નિવાપાંજલિ ૧. સ્ત્રી. અર્પણ.

૨. સ્ત્રી. કરુણપ્રધાન; શોકસૂચક ગીત.

૩. [સં. નિવાપ (પિતૃને અપાતો જલિ) + અંજલિ (ખોબો)] સ્ત્રી. મહાંજલિ; તર્પણ કરવું તે; અંજલિ કરીને શ્રાદ્ધ કરવું તે.

નિવાયા ૧. [વિ.] સ્ત્રી. ગરમી.

૨. સ્ત્રી. તાપ.

૩. વિ. ઉષ્ણ; ગરમ.

નિવાર ૧. [સ] પું. નિવારણ

૨. [વિ.] પું મોટો અને સ્વાદમાં મીઠો એવો એક પ્રકારનો મૂળો તે તીખો હોતો નથી.

૩. પું. વિસ્તૃતતા.

૪. સ્ત્રી. ભાલા સૂતરની બનાવેલી જાળ અને આગળ પહોળી પરજની પાટી.

૫. સ્ત્રી. પૈડાના આમરનું લાકડાનું ગોળ ચક્કર; ભમણ, ભમચટ.

૬. ન. એક જાતનું ધાન્ય.

૭. ન. કણ.

૮. ન. તૃણ; ઘાસ.

નિવારક ૧ [સં.] વિ. નિવારણ કરનાર; નિવારનાર; અટકાવનાર; હાથક; પાછું હઠાવનાર; ટાળનાર

૨. વિ. રોકનાર; અટકાવનાર; ખાળનાર.

નિવારકદ્રવ્ય [સં. નિવારક (અટકાવનાર) + દ્રવ્ય (ચીજ)] ન. જે પદાર્થ આપણા શરીરની અંદર રહી લાંબા વખત સુધી આપણને રોગના ભીજ વગેરા સામે બચાવે તે પદાર્થ; રસી; રોગજંતુઓમાંથી બનાવેલી દવા.

નિવારણ ૧. [સં. નિવ (અટકાવવું) + અન (પણું)] ન. અટકાયત; રુકાવટ.

૨. ન. અંત; છેડો.

૩. ન. ઉપાય; ઇલાજ; ઉપક્રમન.

૪. ન. છુટકારો; મુક્તિ.

૫. ન. ટાઢ તાપને રોકનાર ઘર, વજ વગેરે.

૬. ન. ટાળવું તે; અટકાવું તે.

૭. ન. નિવારવું તે; દૂર કરવું તે, વારવું તે.

૮. ન પાછું હઠારવું તે.

૯. ન કેસનો, ચુકાદો; નિકાલ; નિવેડો.

નિવારણીય [સ. નિવ (અટકાવવું) + અનીય (જોવું)] વિ. નિવારવા જોવું, અટકાવવા યોગ્ય.

નિવારણોપાય [સં. નિવારણ (અટકાવવું તે) + ઉપાય (ઇલાજ)] પું. પૂર્વોપાય; આગળથી યોગ્તિયારી રાખીને કરેલો ઉપાય.

નિવારબાઈ [હિં. નિવાર (પાટી) + બાઈ (વણવું તે)] પું. પાટી વણનાર માણસ.

નિવારવું ૧. [સં. નિવારણ; પ્રા. ણિવાર] સ ક્રિ. અટકાવવું; વારવું; રોકવું.

૨. સ ક્રિ. છોડવું.

૩ સ. ક્રિ. દૂર કરવું; ટાળવું.

૪. સ. ક્રિ. નાશ કરવું.

૫. સ. ક્રિ. નિવારણ કરવું; અટકાવું.

૬. સ. ક્રિ. નિષેધ કરવો; મના કરવી.

૭. [સં. નિ (નીચે) + વૃ (ઢાંકવું)] સ. ક્રિ. પ્રાયશ્ચિત્ત કરવું.

૮. સ. ક્રિ. મટાડવું.

૯. સ. ક્રિ. રજા આપવી.

નિવારી મેલવું = કાઢી મૂકવું.

નિવારસી વિ. નિનવારસી; મલિક વિનાનું; નધણિયાતું.

નિવારાવવું સ. ક્રિ. નિવારે એમ કરવું.

નિવારાવું સ. ક્રિ. નિવારે એમ થવું.

નિવારિત ૧ [સં.] વિ. અટકાવેલું; રોકેલું; વારેલું; નિવારેલું

૨. વિ. દૂર કરેલું.

નિવારી ૧. સ્ત્રી. એક જાતનું ધાન્ય.

૨. [સં. નિવારિકા] સ્ત્રી. ભૂખ્યની જાતિની પણ તેનાથી કાંઈક મોટી એક વનસ્પતિ. તેને પહેલે વર્ષે જ ફૂલ આવે છે. ફૂલ બેઠલાં બધાં આવે છે કે પાંદડાં અને ડાળીઓ ઢંકાઈ જાય છે. તેનાં પાન શાકભાજીમાં હોય છે. વરસાદમાં તેને ભૂખ્યના જેવાં મોટાં સુધી ફૂલ આવે છે અને તે ડાંગાના મોરની માફક ગુચ્છામાં હોય છે. તેમાંથી મનોહર સુગંધ નીકળે છે. વૈદકમાં તેને ગરપરી, કડવી, શીતળ, હલકી અને ત્રિદોષ, નેત્રરોગ, મુખરોગ અને કફરોગ આદિને દૂર કરનાર માનવામાં આવે છે.

૩. સ્ત્રી પરાળ.

નિવારું [સં. નિવારણ] ન. નિવારણ; રોકાણ.

નિવાર્ય ૧. [સં] વિ. ટાળી કે રોકી શકાય એવું.

૨. વિ નિવારણીય.

નિવાલવું સ ક્રિ. (બા. પ્ર.) નિવારવું; ટાળવું; દૂર કરવું.

નિવાલા ૧. [ફા.] પું. કોળિયો; મુખમાં આવે.

૨. પું. બંદૂકમાં ફૂંકો નાખવો તે.

નિવાલો [ફા. નિવાલા] પું. કોળિયો; મુખમાં આવે.

નિવાસ ૧. પું. આશ્રય.

૨. [સં. નિ (આવે) + વસ (વસવું)] પું. ઘર, ગૃહ.

૩. પું ઘર; વસાવટ; સરનામું; રહેવાનું ઠેકાણું; રહેઠાણ; પડાવ; મુકામ; રહેવાનું સ્થાન.

૪. પું. રહેવાની ક્રિયા; વસવાટ

૫. પું વસ્ત્ર; કપડું.

નિવાસક [સં. નિવાસ (ઘર) + ક (વાળું)] વિ. ઘરની પાસેનું.

નિવાસખંડ [સં. નિવાસ (ઘર) + ખંડ (ભાગ)] પું. રહેવાનો ઓરડો.

નિવાસગૃહ [સં. નિવાસ (રહેઠાણ) + ગૃહ (ઘર)] ન. રહેવાનું ઘર, વસતિસ્થાન.

નિવાસગૃહકર [સં. નિવાસ (રહેઠાણ) + ગૃહ (ઘર) + કર (વેરો)] પું. રહેવાના ઘર ઉપર લેવાતો વેરો; 'હાઉસ ટૅક્સ'

નિવાસન જુઓ નિવાસ.

નિવાસપ્રદેશ [સં. નિવાસ (રહેઠાણ) + પ્રદેશ (ભાગ)] પું. વસવાટનો પ્રદેશ; રહેવા લાયક ભૂમિ.

નિવાસવિદ્યા સ્ત્રી. ઉદ્ભિજ્જ વિદ્યાની એક શાખા; અવયવીઓ અને તેમની આસપાસના વાતાવરણ વચ્ચેના પરસ્પરના સંબંધ વિષે વર્ણન કરનારી વિદ્યા.

નિવાસવું [સં નિવસ્ (રહેવું)] અ. ક્રિ. રહેવું.

નિવાસસમય [સં. નિવાસ (વસવાટ) + સમય (વખત)] પું. રહેવાનો વખત.

નિવાસસ્થાન ૧. [સં. નિવાસ (વસવું તે) + સ્થાન (ઠેકાણું)] ન. ઘર; મકાન.
૨. ન. રહેવાનું સ્થાન; જ્યાં કોઈ રહેતું હોય તે સ્થાન.

નિવાસસ્થાપના [સં. નિવાસ (વસવાટ) + સ્થાપના (સ્થાપવું તે)] સ્ત્રી. સંસ્થાનસ્થાપના; સંસ્થાન સ્થાપવું તે; વાસું નાખવું તે; ઉપનિવેશ.

નિવાસિત [સં. નિ (માટે) + વસિત (રહેલ)] વિ. વસેલું; રહેવું.

નિવાસિત્વ ન. હાજરદારી; અનિવાસિત્વ કે ગેરહાજરદારી નહિ તે. અનિવાસિત્વ અંગે અર્થશાસ્ત્રની પરિભાષામાં કહ્યું છે કે જમીનના માલિક પોતાની જમીન હોય તે પ્રદેશમાં ન રહેતાં બીજા પ્રદેશમાં રહે અને જમીનની સાંચ લીધા કરે અને ત્યાં પોતાની આમદાની અર્થે તે પદ્ધતિને તેઓ જમીનવાળા પ્રદેશમાં અનિવાસી જમીનદારી અથવા ટૂંકામાં અનિવાસિત્વ કહેવાય. બહારના મૂડીદારોએ અમુક પ્રદેશમાં મૂડી રોકે અને તેના પરિણામે પોતાની મૂડીનું બ્યાજ લે એટલું જ નહિ, પરંતુ તે પ્રદેશના ઉદ્યોગ ઉપર કાબૂ રાખે ને તેનો નફો લે તેને પણ અનિવાસિત્વ કહેવાય. એટલે આવી કોઈ પણ પરિસ્થિતિ, જેમાં બહારના માણસો અમુક પ્રદેશમાંથી સાંચ કે બ્યાજ કે નફો લીધા કરે અને તે બહાર જઈને તેને અનિવાસિત્વ કહેવાય. તેને ગેરહાજરદારી પણ કહી શકાય, અને તે ઉપરથી તેવા જમીનદાર અગર મૂડીદારને ગેરહાજર અથવા અનિવાસી જમીનદાર કહેવાય. અનિવાસિત્વથી ઊલટો પ્રકાર નિવાસિત્વ કહેવાય.

નિવાસિની [સં. નિવાસિન્ (વસનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. રહેનારી; વસનારી.

નિવાસી ૧. [સં. નિવાસિન્] પું. રહીશ; રહેવાસી.
૨. વિ. ઘરવાળું.
૩. વિ. નિવાસ કરનાર, વસનાર, રહેનાર.

નિવાસ્ય [સં.] વિ. રહેવા જેવું.

નિવાહ પું. નિવેડો.

નિવાંણ ન. (બા. પ્રા.) નવાણ.

નિવિડ (નિવિડ) ૧. [સં. નિબ્બિડ] વિ. જબરું; રાત.
૨. વિ. ગંભીર; ઘેરું.
૩. વિ. મિરદીવાળું.
૪. વિ. ચપટા નાકવાળું, બેઠેલા નાકવાળું.
૫. વિ. દૃઢ.
૬ વિ. નક્કર.
૭. વિ મુશ્કેલ.
૮. વિ. ચેનાન, ગાઢ; ઘાટું, ઘટ્ટ.

નિવિડતા (નિવિડતા) [સં.] સ્ત્રી. ખરી કે એવા કોઈ પ્રકારના વાદળના સ્વરનું ગંભીર હોવું તે.

નિવિડા (નિવિડ) [સ.] સ્ત્રી. ઘાટું નાક, નમેલું નાક.

નિવિડિપ (નિવિડિપ) ૧. [સં.] વિ. નક્કર.
૨. વિ. બાકા નાકવાળું.

નિવિત ૧. સ્ત્રી. જનોઈ.
૨ સ્ત્રી. વજનનું ઢાંકણ.

નિવિદ ૧. [સં. નિવિદ્ (કહેવું)] સ્ત્રી. વાણી; સંભાષણ; કથન; નિવેદન.
૨. સ્ત્રી વેદનો મંત્ર ટૂંકો વૈદિક મંત્ર; વેદના કેટલાક નાના મંત્ર.

નિવિદ્વાન [સ] ન એક દિવસમાં પૂરો થાય એવો યજ્ઞ; એકાહિક યજ્ઞ.

નિવિદ્ય [સં. નિ (અભાવ) + વિદ્યા (જ્ઞાન)] વિ. નિરક્ષર; અજ્ઞાન.

નિવિરોસ [સં.] વિ. નમેલા નાકવાળું.

નિવિરોસા [સ] સ્ત્રી. નમેલું નાક; વાંકું નાક.

નિવિરોધાભાસ [સં.] પું. એકયુક્તના સમવનો એક પ્રકારનો પ્રત્યક્ષજન્ય સરકાર આવા લોકોને નાનું મકાન આપતી અને અન્ન, પશુ અને સંપત્તિ વડે તેને સહાય કરતી.

નિવિરોતન [સ. નિવિસ્તન] સ. ક્રિ. લખવું.

નિવિષ જુઓ નિર્વિષ.

નિવિષ્ટ ૧. વિ. આસક્ત.
૨. વિ. ઉપવિષ્ટ; બેઠેલું.
૩. વિ. બેઠામ.
૪. [સં.] વિ. બેઠામ બિછવાણું; બેઠાર થયેલું.
૫. વિ. ઘૂસેલું; દાખલ થયેલું; પેઠેલું.
૬ વિ જેણે પડાવ નાખ્યો હોય એવું; સ્થપાયેલું.
૭. વિ. બાંધેલું.
૮. વિ. મેળવેલ; પ્રાપ્ત કરેલું.
૯. વિ. ચાંપેલું.
૧૦. વિ. અવસ્થિત; ગોઠવેલું; ગોઠવાયેલું.
૧૧. વિ. સ્થિત.

નિવિષ્ટપણ્ય [સ. નિવિષ્ટ (બેઠેલ) + પણ્ય (વસ્તુ)] પું. ખોરાક; ભરેલો માલ.

નિવિસિદા ૧. [કા. નવીસદા] પું. લેખક.
૨. પું. હિસાબ રાખનાર, હિસાબી કારકુન.

નિવિસ્તા ૧ [કા. નવિસ્તા] પું. કાગળ; પત્ર.
૨. પું લેખ; લખાણ.

નિવિંધ્યા સ્ત્રી (પુરાણ) વિંધ્યાચળમાંથી નીકળેલી એ નામની એક નદી.

નિવીત ૧. [સ.] ન. કામાં ધારણ કરેલ જનોઈ.
૨. ન ખાદર; ઓઢવાનું કપડું.

નિવીતી [સં. નિવર્તિન્] વિ. કામાં લટકતી જનોઈવાળું.

નિવીર્ય [સં. નિ (અભાવ) + વીર્ય (શક્તિ)] વિ. શક્તિ વગરનું; વીર્ય વગરનું; પુરુષત્વ વિનાનું.

નિવીસ [કા નવિસ્તન (લખવું)] પું. લખનાર માણસ.

નિવૃત ૧. [સં. નિવૃત્] સ્ત્રી. એ નામનો એક છંદ
૨. [સં.] ન. ઉત્તરીય વસ્ત્ર.
૩. વિ. ધારણ કરેલ.

નિવૃતિ [સં.] સ્ત્રી. ઢાંકણ; ઓઢણ; આચ્છાદન.

નિવૃત્ત ૧. [સં.] ન. અભાવ.
૨. ન. ચેષ્ટા.
૩. ન. નિવૃત્તિપૂર્વક કરેલ કર્મ.
૪ ન. મનનું વિષયોથી ઉપરામ પામવું તે.
૫ ન. જાતિ.
૬. વિ. કામ વગરનું.
૭. વિ. ચેષ્ટા વિનાનું.

૮. વિ. છૂટું થયેલું; મુક્ત.

૯. વિ. લગ્નકર્મ; નોકરી કે કામકાજ જેવી કોઈ ફરજ જેવું; નિવૃત્તિ પામેલું; પ્રવૃત્તિ રહિત.

ભાનુએ સાઠ વર્ષે નિવૃત્ત થઈ જવું જોઈએ. એમ કરવાનો એને અધિકાર પણ પ્રાપ્ત થાય છે. આનંદશંકર ધ્રુવ

૧૦. વિ. પરવારેલું.

૧૧. વિ. પાછું ફરી આવેલું, વળેલું.

૧૨. વિ. વિષયોથી દૂર થયેલા મનવાળું; વિરક્ત.

૧૩. વિ. પીતી થયેલ; પસાર થયેલ.

૧૪. વિ. શાંત; નિશ્ચિત.

નિવૃત્તકારક [સં. નિવૃત્ત (વિરક્ત) + કારક (હેતુ)] વિ. વિષયપ્રપંચથી રહિત થયેલા મનવાળું.

નિવૃત્તપૂર્વિકા [સં. નિવૃત્ત (છૂટું થયેલ) + પૂર્વિકા (સ્ત્રીવાચી)] સ્ત્રી. વ્યાપારધંધો છોડી દીધો હોય એવું.

નિવૃત્તપૃહિક આધિ સ્ત્રી. વિના આપ્યે જમા હોય તેવું ધન

નિવૃત્તસંતાપ [સં. નિવૃત્ત (ભાગી ગયેલ) + સંતાપ (ઉપ.પિ)] વિ. દૂર થયેલા સંતાપવાળું.

નિવૃત્તસંતાપનીય [સં.] ન. તે નામનું એક રસાયણ. તે બનાવવા નીચેની અઢાર ઔષધિ મેળવવી પડે છે: અજવરી, શ્વેત કપોતી, કૃષ્ણ કપોતી, મોનસી, વારાહી, કન્યા, છત્રા, અતિછત્રા, કરેણુ, ગાજી, ચક્રાક્ષ, ભારદ્વાજિની, વજ્રસુવર્ચલા, શ્રાવણી, ક્ષીરાવણી, ગોધોની, અજધોની અને મહાવેગવતી. આ રસાયણ સોમરસના જેવું વીર્યવર્ધક મનાય છે તેનાથી શરીર જુવાનના જેવું અને બળ મિલના જેવું મનાતું હોવાનું મનાય છે.

નિવૃત્તાત્મા ૧. [સં નિવૃત્તાત્મન્] પું. પરમાત્મા.

૨. પું. વિષ્ણુનાં કલ્પર માંહેનું એક નામ. એમનો આત્મા. એટલે સ્વરૂપ સંસારબંધનથી અને વિષયોથી નિવૃત્ત છે તેથી તે નિવૃત્તાત્મા કહેવાય છે

૩. વિ. વિષયો ઉપર પ્રીતિ ન હોય એવું.

નિવૃત્તિ ૧. [સં.] પું. શિવનાં કલ્પર માંહેનું એક નામ.

૨. સ્ત્રી. અભાવ.

૩. સ્ત્રી. (જૈન) આરંભ વગેરે પાપથી નિવૃત્ત થવું તે.

૪. સ્ત્રી. આરો

૫ સ્ત્રી આશા વિરહિત પ્રવૃત્તિ.

૬. સ્ત્રી એ નામનું એક પ્રાચીન તીર્થ.

૭. સ્ત્રી. એકલો પ્રજ્ઞોપનિષદ સુલતાન અને સિત્તેરમાં આવતી એ નામની એક નદી.

૮. સ્ત્રી. શ્રમ ન કરવું તે.

૯. સ્ત્રી દૂર થવાપણું; અળગું રહેવાપણું.

૧૦. સ્ત્રી. (વેદાંત) દ્વૈતને વિષય નહિ કરનારો ગ્રંથ.

૧૧. સ્ત્રી. નાશ પામવાપણું.

૧૨. [સં. નિ (અભાવ) + વૃત્તિ (આચરણ)] સ્ત્રી. નિરીતિ; શાંતિ.

૧૩. સ્ત્રી. નિષ્પત્તિ.

૧૪. સ્ત્રી. ન્યાયમતપ્રસિદ્ધ એક બલ.

૧૫. સ્ત્રી. મુક્તિ થવું તે; છુટકારો; મુક્તિ.

૧૬. સ્ત્રી. કુરસદ; નવરાશ.

૧૭. સ્ત્રી. બંધ થવું તે; અટકવાપણું.

૧૮. સ્ત્રી (જૈન) મુક્તિ; મોક્ષ.

પ્રમાદ, વિકથા, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિભ્રંશોની નિવૃત્તિ થવાથી રાગાદિ ક્લેશથી રહિત થયેલો આત્મા જેવાતેવા જ સ્વાધર્મો રહે છે. સાંખ્યદર્શન

૧૯. સ્ત્રી. વિરામ; ઉપરામ; ઉપક્રમ.

૨૦. સ્ત્રી. સમાપ્તિ.

૨૧. સ્ત્રી. સંસારની ઉપાધિમાંથી દૂર થઈ એકાંતવાસ સેવવો તે

૨૨. સ્ત્રી. સીતાનાં કલ્પર માંહેનું એક નામ.

નિવૃત્તિધર્મ [સં. નિવૃત્તિ (સંસારની ઉપાધિથી મુક્ત થઈ જવું તે) + ધર્મ (કરજ)] પું. સંસારમાંથી નિવૃત્ત થઈ પોતાના ધર્મનું આચરણ કરવું તે. જ્ઞાન, વૈરાગ્ય વગેરેને નિવૃત્તિ ધર્મ કહે છે. ધર્મ બે પ્રકારનો છે: પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ. આ બે પ્રકારના ધર્મોમાંથી નિવૃત્તિરૂપ ધર્મ સનક, સનંદન આદિક મુનિઓએ આચર્યો હતો.

નિવૃત્તિધારણ ન. મુનિવૃત્તિ ધારણ કરવાપણું.

નિવૃત્તિનિવાસ [સં. નિવૃત્તિ (શાંતિ) + નિવાસ (વસવું તે)] પું. એકાંતવાસ; શાંતિથી રહેવાપણું.

નિવૃત્તિપંથીય વિ. નિવૃત્તિપંથને માનનાર.

નિવૃત્તિપારિતોષિક [સં. નિવૃત્તિ (કારણ થવું તે) + પારિતોષિક (ઇનામ)] ન. નોકરીમાંથી નિવૃત્ત થયા પછીનું ઇનામ; ઊપડો; 'ગ્રેચ્યુઇટિ.'

નિવૃત્તિબાદર ન. (જૈન) આધ્યાત્મિક સ્થિતિનાં ચૌદ માંહેનું એ નામનું આઠમું ગુણસ્થાનક; જે અવસ્થામાં પહેલાં કદાપિ પણ નહિ અનુભવેલ અપૂર્વ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ અને આત્મિક સામર્થ્ય પ્રગટે છે તે અવસ્થા; અપૂર્વકરણ.

નિવૃત્તિમાન [સં. નિવૃત્તિ (શાંતિ) + મત્ (વાળું)] વિ. નિરાંતવાળું.

નિવૃત્તિમાર્ગ ૧. [સ.] પું. દુઃખનાશ; નિરાશાવાદ; દુર્લાભવાદ: પેસિમિઝમ.'

૨. પું. દેવયાનનો એક માર્ગ

૩. પું. નિરુદ્યોગવાદ.

૪. [સં. નિવૃત્તિ (સંસારની ઉપાધિમાંથી અળગા થવું તે) + માર્ગ (રસ્તો)] પું. નિવૃત્તિ દ્વારા સાધનાનો માર્ગ

ભગવદ્ગીતાની સંકરાચાર્યની પ્રસ્તાવનામાં દ્વિવિધો હિ વેદોક્તો ધર્મ:; પ્રવૃત્તિલક્ષણો નિવૃત્તિલક્ષણશ્ચ એમ પ્રવૃત્તિ અને નિવૃત્તિ અથવા કર્મ અને સંન્યાસ બંને અતિ પ્રાચીન છે અને સૃષ્ટિના આરંભકાળથી બંને પ્રવર્તે છે, ઉપનિષદકાળ કરતાં પણ નિવૃત્તિમાર્ગ જૂનો છે. એમ કહી મુખ્ય સાહેબે અમને જણાવ્યું કે, શંકરાચાર્યના મત પ્રમાણે અર્જુન કે બીજ અધિકારી નથી; પરંતુ અધમ અધિકારી છે અને તેથી જ જ્ઞાન કરતાં કર્મ ઉપર અને સંન્યાસ કરતાં સ્વધર્મ ઉપર અધિક ભાર મૂકવામાં આવ્યો છે. રસિકલાલ ત્રિવેદી

નિવૃત્તિમાર્ગી [સં. નિવૃત્તિ (સંસારની ઉપાધિમાંથી અળગું થવું તે) + માર્ગ (રસ્તો) + ઇન્ (વાળું)] વિ. નિવૃત્તિમાર્ગમાં માનનાર; નિવૃત્તિમાર્ગનું.

નિવૃત્તિવાદ ૧. [સં. નિવૃત્તિ (સંસારમાંથી અળગા રહેવું તે) + વાદ (મત)] પું. નિવૃત્તિ જ્ઞાનસાધ્યનું એક જ સાધન છે એવો વાદ કે મત

૨. પું નિવૃત્તિમાર્ગ; શ્રમ; વૈરાગ્ય.

નિવૃત્તિવિનોદ ૧. પું. નિવૃત્તિનો આનંદ.

૨. ન. અતિસુખસાગર કમળાશંકર ત્રિવેદીએ લખેલું એ નામનું એક પુસ્તક.

નિવૃત્તિવેતન [સં. નિવૃત્તિ (વિશ્રામ) + વેતન (પગાર)] ન. બેટો પગાર; નિવૃત્ત થયા પછી મળતો પગાર; વિશ્રામવેતન; વાર્ષિકવૃત્તિ; રોઝાના; જરાશ્રવિકા; જરાવેતન; વૃદ્ધવૃત્તિ; પૃતકસહાય; 'પેન્શન.'

નિવૃત્તિવેતનપૂરક [સં. નિવૃત્તિ (કારણ થવું તે) + વેતન (પગાર) + પૂરક (પૂરનાર)] સ્ત્રી.- નિવૃત્તિવેતનનો કાળો; 'પ્રોવિડન્ટ ફંડ.'

નિવૃત્તિવેતનપૂર્તિ જુઓ નિવૃત્તિવેતનપૂરક.

નિવૃત્તિવેતનસંચય જુઓ નિવૃત્તિવેતનપૂરક

નિવૃત્તિસંમેલન [સં. નિવૃત્તિ (કુરસદ) + સંમેલન (એકઠા થવું તે)] ન નવરાશને વખતે એકઠા થવું તે.

નિવૃત્તિસ્થાન [સં. નિવૃત્તિ (શાંતિ) + સ્થાન (જગ્યા)] ન. આરામસ્થાન; વિશ્રાંતિભુવન.

નિવૃદ્ધિ ૧. સ્ત્રી. ઘટવું તે, હાનિ થવાપણું.

૨. સ્ત્રી. વૃદ્ધિનો અભાવ.

નિવેખવું ૧. [સં. નિવિશ્ (દાખલ થવું)]
સ. ક્રિ. કામમાં ગૂંથાવું.
૨. સ. ક્રિ. બોકાવવું.
૩. સ. ક્રિ. રંજવું.
૪. સ. ક્રિ. રમાપવું.

નિવેઠ (નિવેઠ) સ્ત્રી. અજમાયશ.

નિવેઠવું (નિવેઠવું) ૧. સ. ક્રિ. અજમાવવું.
૨. સ. ક્રિ. નક્કાવવું.
૩. સ ક્રિ. નિકાલ આણવો.
૪. સ. ક્રિ. પસંદ પડતું બીજી કહેવું; ખોટું પાડવું.

નિવેડો (નિવેડો) ૧. [સં. નિવર્તન (બંધ રાખવું તે)] પુ. છેવટ; છેડો; પાર.
નિવેડો આણવો–આવવો–કરવો–લાવવો = (૧) અંત લાવવો; (૨) નક્કી કરવું.
૨. પું. નિકાલ; તોડ; ઘાટો.
૩. પું. ફેસલો; નિર્ણય.

નિવેદ [સં. નૈવેદ્ય] ન. ભોગ; દેવને ધરવાનું અન્ન; નૈવેદ્ય.
૧. નિવેદ ધર્યાં = કબજત આપવાની સત્તા મળી.
૨. નિવેદ ધરવાં = કબજત આપવી.

નિવેદક ૧. [સં.] પું. નિવેદન કરનાર મનુષ્ય; પ્રાર્થી.
૨. વિ. અર્પણ કરનાર.
૩. વિ. જણાવનાર.
૪. વિ. જાપક; સૂચક.
૫. વિ. વિનંતિ કરનાર.

નિવેદન ૧. [સં.] પું. નાગના તેત્રીસ મહિનો એ નામનો એક અલાકાર.
૨. પું. શિવનાં હજાર મહિનું એક નામ.
૩. ન. અરજ; વિનંતિ; દરખાસ્ત; પ્રાર્થના.
નિવેદન કરવું = (૧) જણાવવું; નમ્રતાથી પોતાને જે કહેવાનું હોય તે સામાને કહેવું; અરજ ગુજારવી. (૨) હેવાલ આપવો.
૪. ન. અર્પણ કરવું તે; સમર્પણ.
૫. ન. કહેવાલ; વૃત્તાંત; બયાન.
૬. ન. પ્રકારો, નિર્દેશ; સૂચન.
૭. ન. ખબર; સમાચાર; જાહેરાત.
૮. ન. જાહેર કરવું તે.
૯. ન. નમ્રતાથી જણાવવું તે; વિનવણી કહેવું તે; નમ્રતાથી રજૂ કરવું તે.
૧૦. ન. નૈવેદ્ય.
૧૧. ન. ભોગ.
૧૨. ન. હકીકત; ઇતિવૃત્ત.
૧૩. વિ. અર્પણ કરનાર.
૧૪. વિ. જણાવનાર.
૧૫. વિ. વિનંતિ કરનાર.

નિવેદનપત્ર ૧. [સં. નિવેદન (વિનંતિ) + પત્ર (કાગળ)] પું. અરજી.
૨. પુ. દરખાસ્ત.
૩. પું. પ્રતિજ્ઞાપત્ર.

નિવેદનપત્રિકા જુઓ નિવેદનપત્ર.

નિવેદનપત્રી [સ. નિવેદન (જાહેરાત) + પત્રી (પત્રિકા)] સ્ત્રી. નામરમતનું, 'ક્વિઝટિંગ ગેમ.'

નિવેદનપુસ્તક [સ. નિવેદન (જાહેરાત) + પુસ્તક (ચોપડી)] ન. નિવેદનની ચોપડી; 'રિપોર્ટ બુક.'

નિવેદનીય ૧. [સ.] વિ. અર્પણ કરવા જેવું.
૨. વિ. જણાવવા યોગ્ય.
૩. વિ. નિવેદન કરવા લાયક; અરજ કરવા જેવું; વિનંતિ કરવા જેવું.

નિવેદયિતૃ ૧ [સ.] વિ. અર્પણ કરવા ઇચ્છનાર.
૨. વિ. જણાવવા ઇચ્છનાર.
૩. વિ વિનંતિ કરવા ઇચ્છનાર; નિવેદન કરવાની ઇચ્છાવાળું.

નિવેદવું ૧. સ. ક્રિ. અર્પણ કરવું.
૨. સ. ક્રિ નમ્રતાથી ધીરે રહીને કહેવું; વિનયપૂર્વક કહેવું.
૩. [સં. નિ (બહાર) + વિદ્ (જણાવું)]
સ. ક્રિ. નિવેદન કરવું, વિદિત કરવું; બાતમી કરવું.
૪. [સં. નૈવેદ્ય] સ. ક્રિ. નૈવેદ્ય ધરાવવું; ભોગ ભોજન પહેલાં બ્રાહ્મણ પાસે; નૈવેદ્ય ધરાવવું.
૫. સ. ક્રિ. પ્રાર્થના કરવી; અરજ કરવી.

નિવેદિત ૧. [સં.] વિ. અર્પણ કરેલું; ધરાવેલું.
૨. વિ. કહેલું; જણાવેલું.
૩. વિ. નિવેદન કરાયેલું.
૪ વિ. નૈવેદ્યરૂપે અપાયેલું.
૫. વિ. રજૂ કરેલું; પેશ કરેલું.

નિવેદિતા ૧. [સં.] વિ. સ્ત્રી. અર્પણ કરેલી; ધરાવેલી.
૨. વિ. સ્ત્રી. કહેલી; જણાવેલી.
૩. વિ. સ્ત્રી. નિવેદન કરાયેલી.
૪. વિ. સ્ત્રી. નૈવેદ્યરૂપે અપાયેલી.
૫. વિ. સ્ત્રી. રજૂ કરેલી; પેશ કરેલી.

નિવેદ્યિું ન. પ્રસાદ; પરસાદી.

નિવેશ ૧. પું. નિવેડો; અંત.
૨. [હિં.] વિ. નવીન; નવું; અનોખું.

નિવેશ ૧. [સં.] પું વ્યાપાર; આયોજન.
૨. પું. ઉતારો; પડાવ.
૩. પું. ગોઠવણ.
૪. પું. ઘર; નિવાસસ્થાન.
૫. પુ. પ્રવેશ; પેસારો; પડાવ, મુકામ
૬. પું. તંબુ.
૭. [સ. નિવિશ્ (દાખલ થવું)] પુ દાખલ થવું તે; પ્રવેશ; પેસવું તે.
૮ પું. પ્રવેશદ્વાર.
૯. પું. બેસવું તે.
૧૦. પુ. રહેઠાણ; વસતી, નિવાસ.
૧૧. પુ. લાભ, ફાયદો.
૧૨. પું. વિવાહ.
૧૩. પું. સ્થાન; આવાસ.
૧૪. પું. સ્થાપન.

નિવેશન ૧. ન. ગૃહ; આવાસ; ઘર.
૨. ન. નગર.
૩. ન. નિક્ષેપણ; પ્રક્ષેપ, અસલ શબ્દસમૂહમાં નવો શબ્દ ઉમેરવો તે.
૪. ન. પડાવ; મામો નાખવો તે.
૫. [સં. નિવિશ્ (દાખલ થવું)] ન. પ્રવેશન; પેસવું તે.
૬. ન. ભીંતલેખ ઉપર ઉપેડસર મૂકવું તે.
૭. ન. બેસવું તે.
૮. ન. બેસાડવું તે.
૯ ન. મૂકવું તે; સ્થાપવું તે.
૧૦. ન. રસી મૂકવી તે.
૧૧. ન. સ્થાન; બેઠક.
૧૨. ન. સ્થિતિ કરવી તે.

નિવેશની [સ.] સ્ત્રી. પૂજી.

નિવેશનીય ૧. [સં. નિવિશ્ (દાખલ થવું) + અનીય (જેવું)] વિ. પ્રવેશ કરવા યોગ્ય.
૧. વિ. મૂકવા જેવું; નિવેશ કરવા લાયક.

નિવેશપ ન. નાગ.

નિવેશસ્થાન ૧. [સં. નિવેશ (પ્રવેશ) + સ્થાન (જગ્યા)] ન. પ્રવેશસ્થાન.
૨. ન. પરતંત્ર પેશીનો નીચલો છેડો; 'ઇન્સર્શન.'

નિવેશિત [સં.] વિ. પ્રવેશેલું; નિવેશ કરેલ.

નિવેષ [સં. નિવેષ્ય] ન. કાઢ્યાનું પાણી.

નિવેષકાલ પું. પુનર્લેપનો વખત.

નિવેષ્ટ ૧. [સં.] પું. વસ્તુ ઢાંકવાનું કપડું.
૨. પું. સામવેદનો એક જાતનો મંત્ર.

નિવેષ્ય ૧. [સં.] પું. આવર્ત; પાણીની ભમરી.
૨. પું. જલસ્તંભ.
૩. પું. કાઢ્યાનું પાણી.
૪. પું. બરફનું પાણી.
૫. પું. રુદ્રદેવ.
૬. ન. વ્યાપ્તિ; વ્યાપવું તે; ફેલાવો તે.
૭. વિ. વ્યાપવા યોગ્ય; ફેલાવા જેવું.

નિવેસ પું (જૂ. ગુ.) પ્રવેશ; દાખલ થવું તે.
નગર નિવેસ આગઈ કીધી, નવા સયારા ઊભ્યા. કાન્હડદેપ્રબંધ

નિવ્યંગ [સં] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

નિવ્યાધી ૧. પું. વેદમાં વપરાયેલ ઋષિનું એક નામ.
૨. [સં. નિવ્યાધિન્] પું. હમેશા વિરોધીઓને વીંધનાર માણસ.

નિશ્ચલતું ૧. વ. કિ. પૂર્વ જુઓ
૨. વ. કિ. પહેલાં જુઓ.
૩. વ. કિ. વિતાવવું.
એને ઘેર ચારપણ રહ્યા,
તુજે નિશ્ચલ્યા માસ ચાર. પ્રેમાનંદ

નિવ્વળ વિ. ચોખ્ખું; અર્ક આદિ કરીને થયું.

નિવ્વળનફો પું. ચોખ્ખો લાભ; ચોખ્ખો નફો.

નિવ્વળલાભ જુઓ નિવ્વળનફો.

નિવ્વિચિકિત્સા [સં. નિર્વિચિકિત્સા] સ્ત્રી. (જૈન) કર્મના ફળમાં સંદેહ ન આણવો તે.

નિશ્ જુઓ નિસ.

નિશ ૧. સ્ત્રી. ઊંઘ.
૨ સ્ત્રી. દાળ, બસાકો વગેરે વાટવાનો પથરો
૩. [સં નિશા] સ્ત્રી. નિશા; રાત; રાત્રિ.
૪. સ્ત્રી. હજામ.
૫. અ. વગર, રહિત એવો અર્થ બતાવતો એક પૂર્વગ, જેમકે, નિશ્ચિંત.

નિશાચર [સં. નિશા (રાત્રિ) + ચર્ (ચાલવું)] વિ. રાત્રિમાં ફરનાર; નિશિચર; નિશાચર

નિશાચરાઈ [સં. નિશા (રાત્રિ) + ચર્ (ફરવું)] સ્ત્રી રાત્રે રખડવું તે.

નિશાચર્યા [સં. નિશા (રાત્રિ) + ચર્યા (વ્યતીત)] સ્ત્રી રાત્રે નગરમાં થતી ચર્યા.

નિશછિદ્ર ૧. વિ. કાણા વગરનું.
૨. વિ ખૂબ વિનતું.

નિશઠ ૧. [સં] પું (પુરાણ) એ નામનો એક યાદવ.
૨. પું (પુરાણ) એ નામનો એક રાજર્ષિ
૩. પું (પુરાણ) બલદેવનો એ નામનો એક પુત્ર.

નિશદહાડા (નિશદહાડે) અ. રાત્રિદિવસ; સદા

નિશદિ અ. હમેશ; હમેશા

નિશદિન ૧. [સં નિશા (રાત્રિ) + દિન (દિવસ)] અ. રાતદહાડો; હરહમેશ; રાતદિવસ; અહોરાત્ર; હમેશા.
૨ અ. સતત; ચાલુ.

નિશદી જુઓ નિશદિન.

નિશદીપક [સં. નિશા (રાત્રિ) + દીપક (દીવો)] વિ. રાત્રિએ પ્રકાશ આપે એવું.

નિશધ ૧. પું. હિમાલયની ઉત્તરે આવેલો એ નામનો એક પર્વત.
૨. પું હિંદુસ્તાનના અગ્નિ ખૂણામાં આવેલ એ નામનો એક દેશ.

નિશાનક પું. એક જાતની સાકાબાજી.

નિશબ્દ [સં. નિ (અભાવ) + શબ્દ (અવાજ)] વિ. જ્યાં શબ્દ ન હોય તેનું; શબ્દ રહિત.

નિશભોર અ. રાતદિવસ; અહોરાત્ર; રાતદહાડો; રાત્રિદિવસ.

નિશમન ૧. [સં.] ન. દર્શન.
૨. ન. દૃષ્ટિ; જોવું તે.
૩. ન. શ્રવણ; સાંભળવું તે.

નિશમિત વિ. સાંભળેલ.

નિશમ્યભાષી [સં. નિશમ્યભાષિન્] વિ. વિચારીને બોલનાર.

નિશરણ [સં.] ન. બારી નાખવું તે.

નિશલ્યા [સં.] સ્ત્રી. એક જાતનું દર્ભ; દંતી વૃક્ષ.

નિશવાસર ૧. [સં. નિશા (રાત્રિ) + વાસર (દિવસ)] અ. રાતદિવસ; અહોરાત્ર; રાતદહાડો; દિનરાત; કરોજ.
૨. અ. વારંવાર.

નિશસ્ત ૧. [જુ.] સ્ત્રી. ભોંઠ.
૨. સ્ત્રી. બેસવાની રીત.
૩ સ્ત્રી. બેસવાનો ઓરડો.
૪ સ્ત્રી. મગજની જમા.
૫. સ્ત્રી. સ્થિતિ

નિશસ્તગાહ [જુ. નિશસ્ત (ભોંઠ) + ગાહ (જગ્યા)] પું. ભોંઠ માટેનો ઓરડો.

નિશસ્તબરખાસ્ત ૧. [જુ.] સ્ત્રી. રીતભાત; શિષ્ટાચાર
૨ સ્ત્રી વિવેક; નમ્રતા.

નિશસ્તોબરખાસ્ત જુઓ નિશસ્તબરખાસ્ત.

નિશસ્ત્ર [સં. નિસ્ (વિનાનું) + શસ્ત્ર (હથિયાર)] વિ. હથિયાર વગરનું; નિઃશસ્ત્ર.

નિશસ્ત્રો [સં. નિસ્ (વગરનું) + શસ્ત્ર (હથિયાર) + ઈન (વાળું)] વિ. શસ્ત્ર વગરનું.
શસ્ત્રધારી નિશસ્ત્રો વધે દીન બને છે. ગાંધીજી

નિશાંક ૧. પું. ચોક્કસ જાતનું નૃત્ય.
૨. [સં. નિ શંક] વિ નિર્ભય; નીડર
૩. અ. શંકા વિના.
૪. અ. હિંમતથી.

નિશંકા [સં. નિસ્ (વિનાનું) + શંકા (વહેમ)] સ્ત્રી. વિશ્વાસ; શ્રદ્ધા.

નિશંપાલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; નિશ્પાલ. અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, સગણ, નગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે. એમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

નિશા ૧. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; લાલસા. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં દસમા અક્ષર ઉપર વિસામો આવે છે.
દિગ વસુ વહિણી નિશા છે,
ન ના ત્ત ૧ ત્ત ૧ ત્ત ૧૮. રણછિત્રણ
૨. પું. એક પ્રકારનો દેશી છંદ
૩. સ્ત્રી. અંધકાર.
૪. સ્ત્રી. રેહ; નશો; ગેન.
૫. સ્ત્રી. ખુમારી.
૬. [સં. નિ (અત્યંત) + રી (સુખ); નિતરાં (અત્યંત) + સું (સુખરૂપ હોય તે)] સ્ત્રી. જેમાં પ્રાણીઓ નિર્ભેટ મર્યા સર્યા રહે તે સમય; રાત્રિ; રાત; રજની.
૭. સ્ત્રી. હાલહવાદર.
૮. સ્ત્રી. દાળ, બસાકો વગેરે વાટવા કે કરવાનો પથ્થર; નિશાતરો.
૯. [પ્રા. સિમા] સ્ત્રી. નિશાતરાથી જેના ઉપર વાટવામાં આવે તે પથ્થર; નિસાર.
૧૦. સ્ત્રી. (જ્યોતિષ) મેષ, કર્કટ, મિથુન વગેરે ૭ રાશિ
૧૧. સ્ત્રી. ચંદ્રવિનાં જેવા અંધકારવાળી નરકભૂમિ.
૧૨. સ્ત્રી. શિલા; પથ્થર
૧૩. સ્ત્રી. હજામ.

નિશાકર ૧. પું. એ નામના એક મહર્ષિ.
૨. પું. કપૂર.
૩. પું. કપડો; મરજો.
૪. પું. મહાદેવ; શિવનાં હજાર માહેનું એક નામ.
૫. [સ. નિશા (રાત્રિ) + કર (કરનાર)] પું. રજનીકર; ચંદ્ર; શશી.

નિશાકર મુનિ ૧. [સ.] પું. અત્રિનો એ નામનો પુત્ર.
૨. પું. ચંદ્રમા નામનો મુનિ.

નિશાકાલિમા [હિં.] સ્ત્રી. રાત્રિનું અંધારું.

નિશાકુસુમ ૧. ન. ઓસ; ઝાકળ.
૨. [સં. નિશા (રાત્રિ) + કુસુમ (ફૂલ)] ન. રાતે ખીલતું ફૂલ.

નિશાકેતુ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

નિશાખ્યતિર ૧. [હિં.] સ્ત્રી. તસલ્લી; પ્રબોધ.
૨. [ફા.] સ્ત્રી. સંતોષ.

નિશાખોર વિ. નશો કરનાર; દારૂડિયું.

નિશાખ્યા [સં.] સ્ત્રી. હળદર.

નિશાગણ [સં. નિશા (રાત્રિ) + ગણ (સમૂહ)] પું. રાત્રિઓનો સમૂહ.

નિશાગાન [સં.] ન. રાત્રિનું ગીત.

નિશાચર ૧. [સં.] પું. અમિષભુંનો એ નામનો એક ભેદ.
૨. પું. ચકોર પક્ષી; ચકવક.
૩. પું. ચંદ્રમા.
૪. [સં. નિશા (રાત્રિ) + ચર (ફરનાર)] પું. ચોર.
૫. પું. ચોર નામનું ગંધદ્રવ્ય.
૬. પું. ઘુવડ; નિશાચર.
૭. પું. ખીંટડી; નિશાદી.
૮. પું. રાક્ષસ.
૯. પું. ત્રિફળામણિનો જોડ, તે ચંદ્રને રેખા ખીલે છે.
૧૦. પું. વ્યભિચારી પુરુષ.
૧૧. પું. શિયાળ; સિંદ.
૧૨. પું. શિવના, હળદર આદિનું એક નામ; મહાદેવ.
૧૩. પું. સર્પ.
૧૪ ન. ઘુવડ.
૧૫. ન. દરબાર; બજ.
૧૬. ન. બાગનું; બાગોબા
૧૭. વિ. રાત્રે ફરનાર; રાત્રિએ વિચરનાર.

નિશાચરતા ૧. સ્ત્રી નિશાચર હોવાનો ભાવ; નિશા ચરપણું.
૨. [સં. નિશાચર (રાક્ષસ) + તા (પણું)] સ્ત્રી રાક્ષસીપણું.

નિશાચરપતિ ૧. [સં નિશાચર (રાક્ષસ) + પતિ (ધણી)] પું. રાક્ષસનો રાજા રાવણ.
૨. પું શિવ; મહાદેવ.

નિશાચરવૃત્તિ ૧. સ્ત્રી. ચોરીનો ધંધો.
૨. [સં નિશા (રાત્રિ) + ચર્ (ફરવું) + વૃત્તિ (વર્તણ)] સ્ત્રી. રાત્રે ભટકવાની ટેવ.
૩ સ્ત્રી. વ્યભિચારીપણું

નિશાચરી ૧ [સં.] સ્ત્રી. અભિસારિકા; રાત્રિના નિયત સમયે પોતાના પ્રેમીને મળવા જતી સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામનું એક ગંધદ્રવ્ય; મેંશિની.
૩. સ્ત્રી. ઘુવડની માદા.
૪. સ્ત્રી. ચોરી.
૫. સ્ત્રી. ભૂતડી; રાક્ષસી.
૬. સ્ત્રી. વેશ્યા; વ્યભિચારિણી સ્ત્રી; કુલટા.
૭. સ્ત્રી. સિંવાળની માદા.
૮. સ્ત્રી. સાપેલું; નાગણી.

નિશાચર્મા [સં. નિશા (રાત્રિ) + ચર્મન્ (ચામડું)] પું. અંધકાર.

નિશાચારી ૧. [સં. નિશાચારિન્] પું. ચોર.
૨. પું. નિશાચર.
૩. પું. રાક્ષસ.
૪. પું. શિવનો હળદર માટેનું એક નામ.

નિશાજનક [નશા (નશો) + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. માદક; કેફી.

નિશાજલ ૧. [સં. નિશા (રાત્રિ) + જલ (પાણી)] ન. ઝાકળ; ઓસ.
૨. ન. હિમ.
૩. ન. હિમનું પાણી.

નિશાજાગરણ ન. રાત્રે જાગવું તે.

નિશાટ ૧. [સં. નિશા (રાત્રિ) + અટ (ભમવું)] પું. ઘુવડ.
૨. પું. નિશાચર; રાત્રે ભટકનાર પુરુષ.
૩. પું. રાક્ષસ.

નિશાટક ૧. [સં.] પું. ચૂડેલ.
૨. વિ. રાત્રે ભમનાર; રાત્રિમાં ભટકનાર.

નિશાટન ૧. [સં.] ન. રાત્રે ભટકવું તે.
૨. જુઓ નિશાટ.

નિશાણ જુઓ નિશાન.

નિશાણી ૧. સ્ત્રી. બસરાનો; લીટો; રેખા.
૨. [ફા. નિશાન] સ્ત્રી. નિશાનીઃ ચિહ્ન ઓળખવાનું લક્ષણ
૩. સ્ત્રી નિશાની.
૪. સ્ત્રી. યાદગીરીને માટે આપેલી ચીજ.
૫ સ્ત્રી. લાખુ
૬. સ્ત્રી. વાજાનું, ઢોલક.

નિશાત ૧. [સં.] વિ. આનંદ; ભોગવવાપણું.
૨. વિ આનંદી
૩. [સં.] વિ. તીક્ષ્ણ; તીક્ષ્ણ કરેલું; સતેજ કરેલું.

નિશાતરો પું. મસાલો, દાળ વગેરે વાટવાનો ગોળ પથ્થર; ઉપરપડ્યો.

નિશાતિચાર પું (કૅન) રાત્રે ભમેલો અતિશય ભમતો હોય.

નિશાતૈલ [સં.] ન. પ્રમના દરદ ઉપર વપરાતું એક ભમતું તેલ. ધતૂરાના પાનનો ચાર શેર રસ, આઠ તોલા પીસેલી હળદર અને ચાર તોલા મધક કરવા તેલ સાથે મેળવવાથી આ તેલ થાય છે.

નિશાત્યય [સં. નિશા (રાત્રિ) + અત્યય (અંત)] પું. રાત્રિનો અંત; પ્રભાત; સવાર; પરોઢિયું; ભોર.

નિશાદ ૧. પું. (સંગીત) એ નામનો એક ભમતો સ્વર.
૨. [સં.] પું. ભીલ; નિષાદ.
૩. પું. હબસી ભમતો માણસ.
૪. [સં. નિશા (રાત્રિ) + અદ (ખાવું)] વિ. રાત્રે ભોજન કરનાર.

નિશાદતા [સં. નિશાદ (ભીલ) + તા (પણું)] સ્ત્રી. નિષાદપણું; ભીલપણું.

નિશાદન [સં. નિશા (રાત્રિ) + અદન (ખાવું તે)] ન. રાત્રે ભોજન કરવું તે; રાત્રિ ભોજન.

નિશાદર્શી ૧. [સં. નિશા (રાત્રિ) + દર્શિન્ (જોનાર)] પું. ઘુવડ.
૨. પું. બિલાડો.
૩. વિ. રાત્રે જોનાર; અંધારામાં જોઈ શકનાર.

નિશાદલ પું. નવસાર.

નિશાદિ [સં.] પું. રાત્રિસંખ્યા; રાત્રિની સંખ્યા.

નિશાધતૈલ [સં.] ન. ભમરાના દરદ ઉપર વપરાતું એક ભમતું તેલ. કડવું તેલ, પીસેલી હળદર, સિંવાળવું, મિંદમૂલ અને ચૂનળ વગેરે મેળવવાથી આ તેલ બને છે.

નિશાધીશ ૧. પું. કપૂર.
૨. [સં. નિશા (રાત્રિ) + અધીશ (ઉપરી)] પું. ચંદ્ર; નિશાપતિ.

નિશાન ૧. પું. બલવું આદમીએ પોતાના હસ્તાક્ષરને બદલે કાગળ ઉપર કરેલું ચિહ્ન.
૨. ન. પ્રકારતા; માન.
૩. ન. ગૉટ ઉપરની નોબત.
૪. ન. એક પ્રકારનું રમવાનું; નોબત; નગારું.
૫. ન. કોઈ પ્રાચીન કે પહેલાની ઘટના કે પદાર્થનો પરિચય આપે તેવું બનાવ્યું કે ચિહ્ન.
૬. [સં.] ન. ચિહ્ન; ઓળખવાનું લક્ષણ; સંજ્ઞા.
૧. નામનિશાન ન = (૧) કોઈ ભમતું ચિહ્ન કે લક્ષણ. (૨) બચેલો થોડો ભાગ.
૨. નામનિશાન ન હોવું = નાશ પામવું.
૩. નિશાન કરવું = (૧) ચિહ્ન કરવું; નિશાની કરવી. (૨) લક્ષ મારવી. (૩) સહી કરવી.
૪. નિશાન પડવું = ચિહ્ન રહી જવું.

૫. નિશાન પહોંચાડવું = એ નામની રમત રમવી. તેમાં શિક્ષકે છોકરાઓને ત્રણ કે ચારની હારમાં ઊભા રાખવા. દરેક આડી હારમાં બે છોકરાઓ વચ્ચે આઠ ફૂટનું અંતર રાખવું અને ઊભી હારમાં પંદર ફૂટનું અંતર રાખવું. પહેલી ટોળીની પહેલી હારના દરેક છોકરાના હાથમાં એક એક નિશાન આપવું. શિક્ષકે પચીસ ફૂટ દૂર ઊભા રહેવું. સિસોટી થતાં જ નિશાનવાળા છોકરાઓએ સામેના પક્ષ તરફ દોડતા જવું અને તે પક્ષના બધા છોકરાઓને જમણી તરફથી ડાબી તરફ પ્રદક્ષિણા કરી પોતાના પક્ષ તરફ પાછા આવવું તેમ જ પોતાના પક્ષના પહેલા છોકરાને પોતાનું નિશાન આપી મૂળ જગ્યાએ આવી ઊભા રહેવું. પહેલી હારના બધા છોકરાઓ એ પ્રમાણે કરે, બીજી હારના બધા છોકરાઓને નિશાનો મળી ગયા, તે બધાએ તે પછી પહેલા નંબરોની ડાબી બાજુએ જઈ ને સામા પક્ષ તરફ દોડતા જવું અને તે પહેલા છોકરાઓએ કર્યું તે પ્રમાણે સામા પક્ષના બધા છોકરાને જમણી પ્રદક્ષિણા કરી પોતાના પક્ષ પાસે આવવું અને તે પહેલા નંબરોની ડાબી બાજુએથી પોતાના પક્ષમાં પેસીને ત્રીજા નંબરને પોતાનાં નિશાન આપવાં અને પોતે પોતાની જગ્યાએ ઊભા રહેવું. આ રીતે પહેલાએ બીજાને, બીજાએ ત્રીજાને એમ અનુક્રમે નિશાન પહોંચાડવાં. છેવટના છોકરાએ સામેના પક્ષના પહેલા છોકરાને નિશાન આપી પોતાની જગ્યાએ આવવું. પછી તે છોકરાએ નિશાન લઈ ને સામેના પક્ષને ઉપર બતાવ્યા પ્રમાણે પ્રદક્ષિણા કરીને પાછું આવવું અને પોતાની પછીના છોકરાને નિશાન આપીને પોતાની જગ્યાએ આવી ઊભા રહેવું. એ પક્ષના છેવટના છોકરાને શિક્ષક પાસે લઈ જવો. જે પક્ષનું નિશાન શિક્ષકના હાથમાં પ્રથમ આવે તે પક્ષનો જય.

૬. નિશાને સોદાગરી = વેપારચિહ્ન; 'ટ્રેડ માર્ક.'

૭. સમદ્રી નિશાન = દરિયાનું ચિહ્ન.

૭. ન. ચોપડિયું; ચોપડો; વહિવાળાં.

૮. ન. ચોટ; બદૂક, તીર વગેરે મારવામા નક્કી કરેલે સ્થળે ચોટ લાગવી તે; તાકવાનું લક્ષ્ય.

૧. નિશાન ઊડાડવુ-ઊડાવવુ = (૧) તાકેલ નિશાન બરાબર તાકીને તોડી પાડવું. (૨) ધારણા સફળ કરવી; ધ્યેય પૂરી કરવી.

૨ નિશાન ટાંકવુ = સામેના પદાર્થને દૃષ્ટિમર્યાદામાં લેવો.

૩. નિશાન તાકવુ = ધારેલે કે નક્કી કરેલે સ્થાને ચોટ લગાવવી; ધારેલે સ્થળે ચોટ લાગે તે રીતે બાણ વગેરેનું સંધાન કરવું.

૪. નિશાન પાડવું-મારવું = (૧) ધારેલે સ્થળે ચોટ લગાવવી. (૨) ધાર્યું કામ પાર પાડવું.

૫. નિશાન માડવું = નિશાન તાકવું.

૯. ન. ઝંડો; વાવટો.

૧. નિશાન ચડવું = યુદ્ધનો વાવટો ફરકવો.

૨. નિશાન ચડાવવું = યુદ્ધનો વાવટો ફરકાવવો; વિજય દર્શાવવો.

૩. નિશાનનો હાથી = (૧) અગ્રેસર. (૨) સવારીમાં આગળ રહેતો વાવટાવાળો હાથી.

૧૦. [સં.] ન. તીક્ષ્ણ કરવું તે.

૧૧. ન. ધારેલી બાબત; ધારણા.

નિશાન વાગવું = (૧) ધાર્યો વિચાર પાર પડવો; ધ્યેય તૃપ્ત થવું; ધારેલા ક્રમની સિદ્ધિ થવી. (૨) નક્કી કરેલ સ્થળે ચોટ વાગવી; ધારેલુ નિશાન બરાબર તાકીને તોડી પાડવું

૧૨ ન. તીટો; રેખા; લસરકો

૧૩. ન. શરીર અથવા કોઈ પદાર્થ ઉપર બનેલું સ્વાભાવિક કે કોઈ પ્રકારનું ચિહ્ન; ડાઘું, લાંછન.

૧૪ પું. સમુદ્રમાં કે પહાડો ઉપર લોકોને માર્ગ આદિ બતાવવાને માટે કોઈ પ્રયોગ કરવામાં આવ્યો હોય તેવું સ્થાન.

૧૫. ન. સરનામું; ઠેકાણું.

નિશાનચી [ફા. નિશાન (ઝંડો) + ચી (નામ બનાવનાર પ્રત્યય)] પું. રાજા, સેના વગેરેની આગળ ઝંડો લઈ ચાલનાર માણસ; નિશાનબરદાર.

નિશાનદાર ૧. [ફા.] પું. ભરી પટ્ટો ધરી રાખનાર બકરી; નિશાન તાકનાર માણસ; નિશાનબાજ.

૨. વિ. નિશાનીવાળું.

નિશાનધારી ૧. પું નિશાન તાકનાર માણસ.

૨. વિ ખેલવાડી; ખેલ ધારણ કરનાર.

નિશાનન [સં.] ન. સામનો ચહેરો.

નિશાનપટ્ટી સ્ત્રી. નાની ચબરખી ગુલામો વગેરેની વર્ણનાત્મક બારી; ચહેરા વગેરેનાં બધાં વર્ણનવાળા પત્રક

નિશાનબરદાર જુઓ નિશાનચી.

નિશાનબાજ [ફા.] વિ. તાકેલું; ધાર્યે સ્થળે નિશાન મારી બતાવનાર, નિશાન ટાંકવામાં પ્રવીણ; બરાબર નિશાન તાકનાર.

નિશાનબાજી ૧. સ્ત્રી. નિશાન તાકવાની રમત.

૨. સ્ત્રી નિશાન તાકવાનો અભ્યાસ કે મહાવરો.

નિશાનભાજ જુઓ નિશાનબાજ.

નિશાનબાજી જુઓ નિશાનબાજી.

નિશાના ૧. [ફા.] પું. ચોટ; નેમ.

૨. પું. નાની ઢાલનું મધ્યબિંદુ.

૩. પું. નિશાન; ચિહ્ન.

૪. પું. નિશાન મારવું તે; બંદૂક અથવા હથિયારથી નિશાન તોડવું તે.

૫. પું. લક્ષ્ય; તાકીને જેના ઉપર બાણ કે ગોળ ફેંકવામાં આવે તે.

નિશાનાગ્નેંદાજ ૧. [ફા. નિશાના (ચોટ) + અંદાજ (ફેંકવું તે)] પું. સારી ચોટ ફેંકનાર માણસ.

૨. વિ. નિશાન ચૂકે નહિ એવું.

નિશાનાથ ૧. પું. કપૂર.

૨. [સં. નિશા (રાત્રિ) + નાથ (પતિ)] પું. ચંદ્ર; ચંદ્રમા; રાત્રિનો રાજા.

નિશાનાયક જુઓ નિશાનાથ.

નિશાની ૧. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ. તેમાં પહેલે અને ત્રીજે પદે તેર માત્રા અને બીજે તેમ જ ચોથે પદે દસ માત્રા હોય છે. દરેક પદમાં બીજ, પાંચ, નવ માત્રાએ તાલ આવે છે.

વિષમ પદે હોય તેર ને, સમમાં દસ પૂરી;
જો હોય ગતિ લાવણી, નિશાની મધુરી.

અર્વાચીન

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ જગણ અને તગણ મળી બાર અક્ષર હોય છે.

આ આ આ તાથી હો નિશાની કહેવાય.

ગણવિચાર

૩. સ્ત્રી. ચિહ્ન.

૧. નિશાની આપવી = ઓળખાય એવું ચિહ્ન કરવું.

૨. નિશાની રાખવી = યાદ રહે તે માટે કોઈ ચિહ્ન રાખવું કે મૂકવું.

૪. સ્ત્રી. સત્તા.

નિશાનોંધ સ્ત્રી. રોજનીશી; 'ડાયરિ.'

નિશાપતિ ૧. પું. કપૂર.

૨. [સં. નિશા (રાત્રિ) + પતિ (સ્વામી)] પું. ચંદ્ર, શશી

નિશાપાલ ૧. [સં.] પું. ચંદ્ર.

૨. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ, નિશિપાલ. તેના દરેક ચરણમાં જગણ, જગણ, સગણ, નગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ અતિશર્કરી છંદનો એક ભેદ છે.

૩. કું. રાત્રે ચોરી કરનાર માણસ.

નિશાપાષાણ કું. ઉપરવટો; હલનચલન.

નિશાપુત્ર [સં. નિશા + પુત્ર] કું. ચોર; નક્ષત્ર, તારા વગેરે આકાશી પિંડ.

નિશાપુષ્પ ૧. [સ.] ન. કાચળ.

૨. [સ. નિશા (રાત્રિ) + પુષ્પ (ફૂલ)] ન. પોયણું. રાત્રિવિકાસી કમળ; કુમુદ.

નિશાબલ [સં] ન. (જ્યોતિષ) મેષ, વૃષભ, ધન, કર્ક, મકર અને મિથુન એ ૬ રાશિ. રાતના સમયે તે વધારે બળવાન મનાય છે. દ્વિમૂર્તિ જ્યોતિષમાં રાશિ બે પ્રકારની માનવામાં આવે છે: નિશાબલ અને દિનબલ. ઉપર જણાવેલ વિષમપદની રાશિ દિનબલ રાશિ મનાય છે. કહેવાય છે કે, જે કામ દિવસે કરવાનું હોય તે દિનબલ રાશિમાં અને જે કામ રાત્રિએ કરવાનું હોય તે રાત્રિબલ રાશિમાં કરવું જોઈએ.

નિશાભક્ત [સ. નિશા (રાત્રિ) + ભક્ત (અન્ન)] ન. રાત્રિભોજન.

નિશાભૃંગા [સં.] સ્ત્રી. કુમળપુષ્પી નામની વનસ્પતિ.

નિશામણિ ૧. કું. કપૂર.

૨. [સં. નિશા (રાત્રિ) + મણિ (રત્ન)] કું. ચંદ્ર.

નિશામન ૧. ન. આલોચન.

૨. [સં.] ન. દર્શન.

૩. ન. અવજ્ઞા.

નિશામય [સં.] કું શિવ; શંકર

નિશામુખ [સં.] ન. પ્રદોષ; રાત્રિનો આરંભ; સાંજ સમય; ગોધૂલિનો વખત.

નિશામૃગ [સં.] કું. શિયાળ.

નિશામૃગી [સ.] સ્ત્રી. શિયાળણી; શિયાળની માદા

નિશામુદ્ધ [સ.] ન. રાત્રે બગાડું યુદ્ધ.

નિશારણ્ય [સં.] ન. ઝાડી નાખવું તે.

નિશારત્ન ૧. ન. કપૂર.

૨ [સ. નિશા (રાત્રિ) + રત્ન] ન. ચંદ્ર.

નિશારદ ૧. કું. પંડિત, વિદ્વાન; નિષ્ણાત.

૨. વિ પ્રવીણ, હોશિયાર.

નિશારુદ્ર ૧. [સ.] કું. (સંગીત) બે લઘુ અને બે ગુરુ માત્રાઓનો એક જાતનો તાલ. સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક રૂપક તાલ. આ તાલનો ઉપયોગ હાસ્યરસનાં ગીતોમાં થાય છે.

૨. વિ. બહુ હિંસા કરનાર.

નિશાર્ધચારી [સં. નિશા (રાત્રિ) + અર્ધ (અરધું) + ચારિન્ (ચાલનાર)] વિ. મધરાતે ચાલનાર.

નિશાલોષ્ટ કું. ચાલવાનો પથ્થર; ઉપરવટનો

નિશાવન [સં.] ન. રાતનો ઝોડ.

નિશાવસાન [સં. નિશા (રાત્રિ) + અવસાન (અંત)] ન. રાત્રિનો છેલ્લો ભાગ; પ્રભાત; પ્રાતઃકાળ.

નિશાવિહાર ૧. [સં. નિશા (રાત્રિ) + વિહાર (આનંદમાં ફરવું કરવું તે)] કું. રાક્ષસ.

૨. કું. રાત્રે ચાલનાર માણસ.

નિશાવિહારી ૧. [સં. નિશાવિહારિન્] કું. રાક્ષસ.

૨. સ્ત્રી. રાક્ષસી.

નિશાવૃંદ [સં. નિશા (રાત્રિ) + વૃંદ (સમૂહ)] ન. રાત્રિનો સમૂહ.

નિશાવેદી [સં. નિશાવેદિન્] કું. દારૂડો.

નિશાસ્તા ૧. [સં.] કું. સાંજ; 'સ્ટાર્સ.'

૨. કું. ચોર.

નિશાસ્વેદ [સં. નિશા (રાત્રિ) + સ્વેદ (પરસેવો)] કું. રાત્રિએ થતો પસીનો.

નિશાહ્વય [સં.] ન. રાત્રિનું કમળ; પોયણું

નિશાહ્વયા [સં.] સ્ત્રી. રોહાલિકા; નિર્ગુંડી નામની વનસ્પતિ.

નિશાહ્વા ૧. [સં.] સ્ત્રી. જતુકા નામની લતા

૨. સ્ત્રી. હળદર.

નિશાળ [સં. લેખશાલા-લેઢશાળા-નેસાલ-નીસાળ-નિશાળ] સ્ત્રી. છોકરા છોકરીઓને ભણવાની જગ્યા; વિદ્યાર્થીઓને ભણવાનું મકાન; મંદિર; શાળા; વિદ્યામંદિર; વિદ્યાલય.

૧. નિશાળ છૂટવી = નિશાળનો સમય પૂરો થવો; સમય પૂરો થતાં છોકરાંઓ ઘેર જવું.

૨. નિશાળ બેસવી = ભણવાવવાનું કામ ચાલવું.

૩. નિશાળ માંડવી – ભણાવવાનો ધંધો કરવા નિશાળ શરૂ કરવી.

૪. નિશાળે બેસાડવું = બાળકે પ્રથમ વિધિપૂર્વક નિશાળમાં દાખલ થવું.

૫. નિશાળે બેસાડવું-મૂકવું = અભ્યાસ કરવા નિશાળમાં મોકલવું; બાળકને પ્રથમ નિશાળે ભણવા મોકલવું.

૬. નિશાળેથી ઊઠી જવું = નિશાળે ભણવા જતાં બંધ થવું

નિશાળગણ્યું ૧. ન છોકરા કે છોકરીને પહેલ વહેલા નિશાળે મૂકતાં કરવામાં આવતો વિધિ; નિશાળે દાખલ થતી વખતે કરવામાં આવતું સરસ્વતી પૂજન.

૨. ન. નાના છોકરાનું પહેલવહેલું નિશાળે જવું તે.

નિશાળગયલું જુઓ નિશાળગયલું

નિશાળગરણ જુઓ નિશાળગયલું.

નિશાળનિશ સ્ત્રી. ભણવાનો પ્રેમ.

નિશાળપદ્ધતિ સ્ત્રી. ભણવાની રીત.

નિશાળબાઈ કું. નિશાળનો મિત્ર; સહઅભ્યાસી.

નિશાળિયાપણું ન. શિષ્યતા; શિષ્યાવસ્થા; વિદ્યાર્થીદશા.

નિશાળિયાવેડા (નિશાળિયાવેડ) ૧. કું. ન. ક. નિશાળિયાના ઢંગ; વિદ્યાર્થીદશા.

૨. કું. ન. ક. પોતાની બુદ્ધિ નહિ વાપરતાં નિશાળિયાની જેમ બીજાનું જોઈને અનુકરણ કરવું તે.

નિશાળિયું ૧. વિ. નિશાળમાં ભેળવેલું.

૨. વિ. નિશાળ સંબંધી.

૩. વિ. નિશાળે ભણતું

નિશાળિયો ૧. કું. નિશાળે જનારો છોકરો; વિદ્યાર્થી; બાળ; શિષ્ય.

૨. કું. શિષ્યહિ માણસ.

નિસરણ ૧. સ્ત્રી. બારણું; પગથિયું; ઓરસો; ઓસાર.

પ્રવિણ કોથી ચઢ્યા, નિસરણ કરી તે પંથી ચલ્યા.

૨. સ્ત્રી. નિશાન; ચિહ્ન.

૩. સ્ત્રી. બહાનું. સૂગ.

૪. ન. નકી; ચોક્કસ.

નિસરંજુ ન. (જૂ. ગુ.) રાતદિવસ.

જગમાં કાંઈ કાંઈ નિસરંજુ,
વરસ્યા મોટ મરવેદન બહુ.

કુમારપાળરાસ

નિસરંત ૧. [સં. નિશા (રાત્રિ) + અંત (છેડો)] કું. પ્રાત:કાલ; બળસકું; રાત્રિનો અંત; પ્રભાત; પરોઢ; પાછલી રાત; રાતનો છેલ્લો પહોર.

૨. ન. અંત:પુર; જનાનખાનું.

૩. ન. મૃદુ ભવન, ઘર.

૪. ન. જાતિ; વિશ્રામ.

૫. ન. સંપૂર્ણતા.

૬. વિ. અત્યંત શાંત.

૭. વિ. અવધારેલ કરેલ.

૮. વિ. સાંભળેલું

નિસરંતનારી ૧. [સં.] સ્ત્રી. અંતઃપુરની કુલીન સ્ત્રી

૨. સ્ત્રી. ઘરવાળી સ્ત્રી; ઘરધણિયાણી.

નિશાંતપ્રક્રિયા [સં.] સ્ત્ર. અંત:પુરની વ્યવસ્થા રાખવાનું કામ.

નિશાંધ ૧. [સં. નિશા + અંધ (આંધળું)] પું. (જ્યોતિષ) સૂર્ય સિંહ રાશિમાં હોય તે વખતે થતો એક યોગ. આ યોગ પડવાથી માણસ રતાંધળું થાય એમ કહેવાય છે.

૨. વિ. રાતે ન દેખે એવું; રતાંધળું.

નિશાંધા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેની પાંદડીની ફેંક આંખમાં પડી હોય તો આંજણા કરી દે અને સંપર્કથી મેન પડી જાય, માટે તેને નિશાંધા કહે છે.

નિશાંધી ૧. [સં.] સ્ત્રી. અતુરા કે પહાડી નામની લતા.

૨. સ્ત્રી. રાજકન્યા; રાજકુમારી.

નિશાંધ્ય [સં.] સ્ત્ર. રતાંધળાપણું.

નિશિ ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; અનુષ્ટુ. તેના દરેક ચરણમાં ભગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે

ઉદા૰ નિશિ. ઇન્દુવિજય

૨ સ્ત્રી. નિશા. રાત્રિ.

૩. સ્ત્રી. હળદર.

નિશિકર [સં] પું. ચંદ્ર; શશી.

નિશિગંધ પું. મોગરો.

નિશિચર જુઓ નિશાચર.

નિશિચરરાજ [સં. નિશિચર (રાક્ષસ) + રાજન (રાજા)] પું. રાક્ષસોનો રાજા; વિભીષણ.

નિશિત ૧. [સં.] ન. ચોકું.

૨. વિ. પ્રકાશ; તેજ.

૩. વિ. તેજ કરેલ; તીક્ષ્ણ કરેલ; સાણ ઉપર ઘસેલ; ધાર કાઢેલું.

નિશિતધાર [સં.] વિ. તીક્ષ્ણ ધારવાળું.

નિશિતા [સં.] સ્ત્રી. મધ્ય રાત્રિ; અપરાત.

નિશિતિ [સં.] સ્ત્રી. છોલવું તે; સજ્જ કરવું તે; પાતળું કરવું તે.

નિશિદિન [સં.] અ. રાતદિવસ; સદા; સર્વદા.

નિશિધર વિ. રાત્રે ચોકી કરનાર.

નિશિનંદ ૧ પું. કપૂર.

૨. [સં.] પું. નિશાપતિ; ચંદ્ર.

નિશિનાથ ૧ [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર; ચંદ્રમા.

નિશિનાયક જુઓ નિશિનંદ.

નિશિનિશિ અ. હમેશ રાત્રે.

નિશિપતિ જુઓ નિશિનંદ.

નિશિપાલ જુઓ નિશાપાલ.

નિશિપાલક જુઓ નિશાપાલ.

નિશિપાલિકા જુઓ નિશાપાલ.

નિશિપાળ જુઓ નિશાપાલ.

નિશિપુષ્પા [સં.] સ્ત્રી. નિર્ગુંડી; સેફાલિકા નામની વનસ્પતિ.

નિશિપુષ્પિકા [સં.] સ્ત્રી. નિર્ગુંડી; સેફાલિકા.

નિશિપુષ્પી જુઓ નિશિપુષ્પિકા.

નિશિભવ [સં.] સ્ત્રિ. રાત્રે બનાવે.

નિશિભોજન [સં.] ન. રાત્રે જમવું તે; રાત્રિભોજન; સૂર્યાસ્ત થયા પછી કરાતું ભોજન.

નિશિવાસર [સં.] અ. રાત્રિદિવસ; અહર્નિશ; રાતદિવસ; પ્રતિદિન; સદા; સર્વદા.

નિશિંદ જા એ નામનો એક સુંદર છોડ; નિર્ગુંડી.

નિશીથ ૧. [સં.] પું (પુરાણ) પુષ્પાર્ણને દોષા નામની રાણીથી થયેલ ત્રણ ભાઈનો એ નામનો એક દીકરો.

૨ પું. (પુરાણ) ભાગવત અનુસાર રાત્રિનો એ નામનો એક કલ્પિત પુત્ર.

૩. પું. રાત; નિશા; રાત્રિ.

૪. સ્ત્રી. મધ્યરાત્રિ; મધરાત.

૫. ન. (જૈન) અંગબાહ્ય સૂત્રો પૈકીનું એ નામનું એક સૂત્ર.

નિશીથિની [સં.] સ્ત્રી. રાત્રિ; રાત.

નિશીથિનીનાથ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

નિશીથિનીપ ૧. [સં] પું કપૂર.

૨. પું. ચંદ્ર.

નિશીથિનીશ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર

નિશીથિનીશ્વર ૧. [સં] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

નિશીથ્યા [સં.] સ્ત્રી. રાત્રિ.

નિશીન [કા. નિશસ્તન (બેસવું)] વિ. બેસનાર; બેઠેલું.

નિશીની ૧. સ્ત્રી. જ્ઞાન; સમજ.

૨. [અ.] સ્ત્રી. બેસવું તે.

નિશીમન ૧. [કા. નશીમન] પું ખજીનો માળો.

૨. પું. બેસવાનું સાધન; બાંકડો.

૩. પું. રહેઠાણ.

નિશુદ્ધ ૧. પું. (સંગીત) કર્ણાટક તરફ પ્રચલિત સોળ શ્રુતિસ્વર વાળો સોળમો સ્વર.

૨. પું. (સંગીત) કોમળ નિષાદ; સંગીતના બાર સૂરોનો અગિયારમો સ્વર.

નિશુંભ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર. તે દક્ષપ્રજાપતિની બીજી દનુથી ઉત્પન્ન થયો હતો અને શુંભ તથા નિમુચિનો ભાઈ હતો. નિમુચિ ઇંદ્રને હાથે માર્યો ગયો હતો, પણ શુંભ અને નિશુંભે દેવતા ઉપર આક્રમણ કરી તેમને જીત્યા હતા અને સ્વર્ગ ઉપર રાજ્ય કરવા લાગ્યા હતા. જ્યારે તે બન્નેએ રક્તબીજ પાસેથી સાંભળ્યું કે દુર્ગાએ મહિષાસુરને માર્યો સારે નિશુંભે પ્રતિજ્ઞા કરી કે હું દુર્ગાને મારીશ. આ વખતે નર્મદા નદીમાંથી નીકળીને ચંડ તથા મુંડ નામના ભીલ બે રાક્ષસ પણ તેને મળી ગયા. પછી શુંભ અને નિશુંભે કહ્યું કે તમે અમારામાંથી કોઈ સાથે વિવાહ કરો, પણ દુર્ગાએ કહ્યું કે મને જે રણમાં જીતશે તેની સાથે હું વિવાહ કરીશ. રણમાં દુર્ગાએ ધૂમ્રલોચન, ચંડ, મુંડ, રક્તબીજ વગેરે અસુરો તથા તેમના સાથીઓને માર્યા. તે પછી શુંભ અને નિશુંભે યુદ્ધ આદર્યું. દેવીએ પહેલાં નિશુંભને અને પછી શુંભને માર્યો, જેથી અસુરોનો ઉપદ્રવ શાંત થયો અને ઇંદ્રને ફરી સ્વર્ગનું રાજ્ય મળ્યું.

૨. પું. વધ; મારવું તે.

૩. પું. હિંસા.

નિશુંભન [સં.] ન. વધ.

નિશુંભમથિની [સં.] સ્ત્રી. (પુરાણ) દુર્ગા દેવી. તેણે નિશુંભ તથા શુંભ નામના બે દૈત્યને માર્યા હતા.

નિશુંભશુંભમથિની ૧. [સં] સ્ત્રી. દુર્ગા દેવી. તેણે નિશુંભ તથા શુંભ નામના બે દૈત્યને માર્યા હતા.

૨. સ્ત્રી. નર્મદાનાં હજાર ભાઈનું એક નામ.

નિશુંભી ૧ [સં. નિશુમ્ભિન્] પું. એ નામનો એક ગ્રહ.

૨. વિ. નાશ કરનાર; સંહાર કરનાર.

નિશ્ચે ૧. પું. નિશ્ચય

૨. અ. નિશ્ચયથી; નક્કી; ચોક્કસ; જરૂર.

નિશ્ચેય જુઓ નિશ્ચે.

નિશ્ચેસ ૧. પું. કપૂર.

૨ [સં. નિશા (રાત્રિ) + ઈશ (પતિ)] પું. ચંદ્ર.

નિશ્ચેંદ્ર જુઓ નિશ્ચેસ.

નિશ્ચૈત [સં.] પું. બગલો.

નિશ્ચૈતી [સં.] સ્ત્રી. બગલી.

નિશો [અ નશો] પું ઘેફ; ઘેન; મગજ ઉપર થતી ખુરસાની અસર. નશો ખનારાની એક કક્ષા છે. તેમાં ભાન, ત્રાંભે વગેરે કેમ બનાવવાં, કેમ પીવાં અને પીવા છતાં ઘેફ ન ચઢે તેની યુક્તિ છે

નિશોત ૧. સ્ત્રી. એક જાતની સુંદર વેલ. તે બેજવાળા પ્રદેશમાં થાય છે અને તેને પુષ્કળ ખોળાં ફૂલ આવે છે.
૨. જુઓ નિશોતર.

નિશોતર સ્ત્રી. એક જાતની વનસ્પતિનાં મૂળિયાં; નમોતર. તેનો ગુણ ઊમ અને ક્ષારક મનાય છે. ખુલાસ આપવામાં તે વપરાય છે.

નિશોતા જુઓ નિશોતર.

નિશોદસર્ગી [સં. નિશા (રાત્રિ) + ઉત્સર્ગ (છોડી દેવું તે)] પું. પ્રભાત.

નિશોધન ન. સાફસૂફ કરવું તે.

નિશ્ચ અ. નિશ્ચે; નક્કી; જરૂર.
પાપી પુરુષ પશ્ચાત્તાપ છે, નિશ્ચે મૂર્ખ કહ્યા. શામળ

નિશ્ચય ૧. [સં] પું. (ન્યા) એ નામનો એક અર્થાલંકાર. તેમાં બીજા વિષયનો નિષેધ કરી પ્રકૃત કે યથાર્થ વિષયનું સ્થાપન આવે છે.
૨. પું. ખાતરી; પતીજ; ભરોસો; વિશ્વાસ.
૩. પું. નિર્ણય.
૪. પું. નિર્ણયો; તોડ.
૫. પું. (વેદાંત) નિઃસંશય જ્ઞાન.
૬. પું. પરમાર્થને લક્ષમાં લેવો તે.
૭. પું. બુદ્ધિની એક અધ્યવસાયરૂપ વૃત્તિ.
૮. પું. મનથી નક્કી કરેલું હોય તે; મનનો દૃઢ એટલે ન ફરે એવો વિચાર; પાકો વિચાર; સંકલ્પ; નિર્ણય.
૯. પું. મોક્ષ
૧૦. પું. (જૈન) વાસ્તવિક પદાર્થને માનનાર દ્રવ્યાર્થિક નય.
૧૧. પું. સાચી દૃષ્ટિ
૧૨. પું. સ્વભાવિત સ્વભાવ
૧૩. વિ. મોક્ષમાં; નક્કી.
૧૪. અ. ખાતરીથી, ભરોસાર; નક્કી; નિત્યે.

નિશ્ચયકારિણી [સં] વિ. સ્ત્રી. નિશ્ચય કરનારી
એની નિશ્ચયકારિણી બુદ્ધિ કોણ વર્ણવી હોય ખારે મિત્ર. પ્રબલ મહત્ત્વની ક્રિયા અને પ્રબલ ત્રાહે એક રૂપ જ લાગે છે. છગનલોચન

નિશ્ચયકાલ [સં.] પું. (જૈન) કાળદ્રવ્ય છવાદિક દ્રવ્યોને પરિણમનમાં સહકારી પદાર્થ.

નિશ્ચયકાળ જુઓ નિશ્ચયકાલ.

નિશ્ચયગર્ભ [સં.] પું. (ન્યા) સંદેહ અલંકારનો એ નામનો એક ભેદ.

નિશ્ચયગામી [સં નિશ્ચયગામિન્] વિ. આખરનિ નક્કિ પહ્યુ નિશ્ચયવાળું.
પંચાસ્તિકાય અને સમયસારમાં આસ્રવ, સંવર આદિ તત્ત્વોની નિશ્ચયગામી તેમજ વ્યવહારવાળી ચર્ચા છે. એમાં વસ્તુસ્થિતિની પેઠે જૈન સૂત્રસ્થ તેમજ સાધુના પ્રચલિત થશે. નિયમો અને આચારો આદિનું વર્ણન નથી. સુખલાલજી

નિશ્ચયજ્ઞ [સં.] વિ. નિશ્ચયાર્થ જાણનાર.

નિશ્ચયદયા [સં.] સ્ત્રી. (જૈન) આઠ માહેના એક પ્રકારની દયા.
શુદ્ધ સત્ય ઉપદેશમાં એકતાભાવ અને અભેદ ઉપયોગ તે નિશ્ચયદયા. સજ્જનગઢ

નિશ્ચયધર્મ [સં.] પું. (જૈન) ધર્મનો બે નામનો એક ભેદ.
પોતાના સ્વરૂપની ઓળખ કરવી, આત્માને આત્મભાવે ભોગવવો, આ સંસાર તે મારો નથી, હું એથી ભિન્ન પરમ અસંગ, સિદ્ધ સદૃશ શુદ્ધ આત્મા હું એવી આત્મસ્વભાવપરિણતિ તે નિશ્ચયધર્મ છે. સજ્જનગઢ

નિશ્ચયનય [સં.] (જૈન) વસ્તુના કોઈ અંશથી પૂર્ણ અંશને ગ્રહણ કરનારાણું જ્ઞાન; દ્રવ્યદૃષ્ટિ જેમાં, બીજાના પક્ષને ખોટો પાડ્યા વગર પોતાનો પક્ષ રહેતો. નિશ્ચયનયના બે ભેદ છે: દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય. જે દ્રવ્ય અર્થાત્ સામાન્યને ગ્રહણ કરે તેને દ્રવ્યાર્થિકનય કહે છે. જે વિશેષને એટલે ગુણ અથવા પર્યાયને ગ્રહણ કરે તેને પર્યાયાર્થિકનય કહે છે. શુદ્ધ નિશ્ચયનય અને અશુદ્ધ નિશ્ચયનય એમ પણ તેના બે વિભાગ છે.

નિશ્ચયપત્ર [સં.] પું.ન. ઠરાવપત્ર; અંતપ્રતિજ્ઞા.
ગાંધીમેઘમ એટલે નિશ્ચયપત્ર અથવા ઠરાવપત્ર જે લડાઈના પ્રસારણી જ મોકલવામાં આવે છે. ગાંધીજી

નિશ્ચયપૂર્વક [સં.] અ નિશ્ચયથી; નક્કી કરીને; મોક્ષમાં; ખાતરીપૂર્વક.

નિશ્ચયપ્રત્યક્ષજ્ઞાન ન. (જૈન) આત્મદ્રવ્યનો પૂર્ણ યોગારૂપ ઉપયોગ.

નિશ્ચયબુદ્ધિ [સં.] સ્ત્રી. દૃઢ વિચાર.

નિશ્ચયવાચક [સં.] વિ નિશ્ચય બતાવનાર.

નિશ્ચયવાદી [સં. નિશ્ચયવાદિન્] વિ. દૃઢવાદી; અમલવાદી; મતવાદી.

નિશ્ચયસમ્યક્ત્વ [સં.] ન. (જૈન) આધ્યાત્મિક વિકાસથી ઉત્પન્ન થયેલ એક પ્રકારનું આત્માનું પરિણામ.

નિશ્ચયસમ્યગ્દર્શન ન. (જૈન) નિર્મળ બોધસ્વભાવીપણું શુદ્ધ નયથી જાણવું તે.

નિશ્ચયહિંસા [સં.] સ્ત્રી. (જૈન) ભાવહિંસા. પ્રાણનાશ કરવા જતાં કે દુઃખ દેવા જતાં સામાનું જીવન ટૂંકાયું હોય અગર તો સામાને મૃત્યુ પહોંચ્યું હોય છતાં જો તેની પાછળની ભાવના અશુભ હોય તો તે એકાંત દોષ જ ગણાવાની. તેથી ઊલટી ભાવનાને લીધે પરિણામમાં ભાવહિંસા અથવા નિશ્ચયહિંસા કરવામાં આવી છે. ભાવહિંસા અને નિશ્ચયહિંસાનો અર્થ એટલો જ કે તેનું દોષપણું સ્વાધીન હોવાથી ત્રણે કાળમાં અબાધિત રહે છે.

નિશ્ચયા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

નિશ્ચયાત્મક ૧. [સં.] વિ. મોક્કમ; નિશ્ચયવાળું; નક્કી કરેલું; ખાતરીવાળું. નિર્ણયિક; નિશ્ચયપૂર્વકનું.
૨. વિ. દૃઢ, મજબૂત.

નિશ્ચયાત્મકતા ૧. [સં.] સ્ત્રી. અસંદિગ્ધતા; યથાર્થપણું.
૨. સ્ત્રી. દૃઢતા; મજબૂતી.

નિશ્ચયાત્મિકા ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.
૨. વિ.સ્ત્રી. નિર્ણયવાળી; નિશ્ચયવાળી.

નિશ્ચયારોપણ [સં.] ન. નિશ્ચય ઉપજ કરાવવો તે

નિશ્ચયાર્થ [સં.] પું. (અલંકાર) ક્રિયાનો નિશ્ચયવાચક અર્થ.

નિશ્ચયી [સં. નિશ્ચયિન્] વિ. નિશ્ચયવાળું; દૃઢ મનનું.

નિશ્ચર [સં] પું. અત્રિસ્મૃતિમાં મન્વંતરના સપ્તર્ષિઓ પૈકીનો એ નામનો એક ઋષિ.

નિશ્ચલ ૧. પું. (પિંગળ) ત્રેવીસ માત્રાનો એક મ.ત્રાલક્ષિ છંદ; રૌદ્રક. તેની પ્રસ્તાર પેઠથી ૪૧૯૪૮ કૃતિ થાય છે.
૨. પું (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, તગણ, નગણ, મગણ અને તગણ એમ પંદર અક્ષર હોય છે. તેમાં યતિ પાંચમા અને અગિયારમા અક્ષર ઉપર યતિ એટલે વિરામો આવે છે. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે.
૩. [સં.] વિ. ન ચળે એવું; ડગમગે કે હાલે નહિ એવું. અચળ; દૃઢ જોડેલું; ચોટેલું; બસે કે ફરે નહિ એવું, સ્થિર.
૪. વિ. સનાતન; ક્રમમનું.

નિશ્ચલતા ૧. [સં.] સ્ત્રી. અચળતા; ડગમગ નહિ થવાપણું; દૃઢતા; સ્થૈર્ય. સ્થિરતા.
૨. સ્ત્રી. સનાતનપણું.

નિશ્રેણી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગાજપર્ણી.
૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પર આવેલું એક નામ.
૩. [સં.] સ્ત્રી. પૃથ્વી; ધરણી.
૪. સ્ત્રી. (પુરાણ) મત્સ્યપુરાણ અનુસાર એક નામની એક નદી.
૫ વિ. સ્ત્રી. સ્થિર થયેલી.

નિશ્રેયસાંગ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. પર્વત. તે હમેશા નિશ્ચલ રહે છે.
૩. વિ. સ્થિર અંગવાળું.

નિશ્રેયસાંગી ૧. [સં.] સ્ત્રી. ઝાડવી.
૨. વિ. સ્ત્રી. સ્થિર અંગવાળી.

નિશ્ચ્યવન ૧. પું. (પુરાણ) ત્રણ સ્વારોચિષ મન્વન્તરમાંના સપ્તર્ષિ મંડળનો એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) ભૃગુપતિને તારા નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક દીકરો.

નિશ્ચય જુઓ નિશ્ચય.

નિશ્ચયતા જુઓ નિશ્ચયતા.

નિશ્ચયા જુઓ નિશ્ચયા.

નિશ્ચંચલ [સં નિશ્ચ (વજરનું) + ચંચલ (અસ્થિર)] વિ. સ્થિર; અચળ; ન ચળે એવું.

નિશ્ચંચળ જુઓ નિશ્ચંચલ.

નિશ્ચંત ૧. [સં. નિશ્ચિત] વિ. ફિકર કે ચિંતા વગરનું.
૨. અ. ચોક્કસ; અચીંત; નક્કી.

નિશ્ચંતાઈ સ્ત્રી. ચિંતા વગરનું હોવાપણું; બેફિકરાઈ.

નિશ્ચંદ્ર ૧. વિ. ચકચકતી કટકી વગરનું.
૨. વિ. ચમક વિનાનું
૩. [સં.] વિ. ચંદ્રમા રહિત.

નિશ્ચંદ્ર ચમ્પક [સં] પું. એક જાતનું ઔષધ; દૂધ, ઘીકુવાર, આદમીનું મૂત્ર, આકરીનું દૂધ વગેરે જોગવી સો વાર પુટ દઈને બનાવવામાં આવેલું ચમક. કહેવાય છે કે તે પારાસની બરાબર છે. તે વાજીકર, રસાયન અને જ્વરનાશક મનાય છે.

નિશ્ચાયક [સં.] વિ. નિર્ણાયક; નિશ્ચય કરનાર. નિશ્ચયાત્મક.

નિશ્ચારક ૧. [સં.] પું. એક પ્રકારનો ચાંદાનો રોગ; અતિસાર.
૨. પું. મળસાર.
૩. પું. વાયુ; હવા.
૪. વિ. મતિ વિનાનું.
૫. વિ. કૃત રહિત.
૬. વિ. સ્વતંત્રી.

નિશ્ચિત ૧. [સં.] વિ. નક્કી કરેલું; જેના સંબંધી નિશ્ચય થયો હોય એવું; નિર્ણીત. આ જગતમાં જન્મ ધરીને જે સત્ય કર્મો તે સિવાય બીજું કંઈ જ નિશ્ચિત નથી, આ નિશ્ચિતપણાનો અભાવ કરવો એ જ દોષમય છે. આપણે જેને આપણી આસપાસ દેખાવ છે તે બધું જે તે બધું અનિશ્ચિત છે, ક્ષણિક છે. તેમાં જે એક પરમ તત્ત્વ નિશ્ચયરૂપે પ્રકાશેલું છે, તેની ઝાંખી કરવી, તેની ઉપર શ્રદ્ધા રહે તો જ જીવવું સાર્થક બને. તેની શોધ એ જ પરમ પુરુષાર્થ છે.
૨. વિ. પાકું; ઘડ; ફેરફાર ન થાય એવું.

નિશ્ચિતકાલ [સં.] પું. યુગ; લય

નિશ્ચિતગ્રાહી [સં નિશ્ચિતગ્રાહિન્] વિ. (જૈન) અસંદિગ્ધગ્રાહી; નિશ્ચિતરૂપે જાણવાવાળું. પાંચ ઇંદ્રિય અને મન એ છ સાધનથી થનાર મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા રૂપથી જે ચોવીસ ભેદ થાય છે તે બધા ક્ષયોપશમ અને વિષયની વિવિધતાથી બાર બાર જાતના થાય છે. જેમકે, બહુગ્રાહી, અલ્પગ્રાહી, બહુવિધગ્રાહી, એકવિધગ્રાહી, ક્ષિપ્રગ્રાહી, અક્ષિપ્રગ્રાહી, અનિશ્ચિતગ્રાહી, નિશ્ચિતગ્રાહી, અસંદિગ્ધગ્રાહી, સંદિગ્ધગ્રાહી, ધ્રુવગ્રાહી અને અધ્રુવગ્રાહી

નિશ્ચિતતા ૧. [સં.] સ્ત્રી. ચોક્કસપણું; દૃઢતા.
૨. સ્ત્રી. વિશ્વાસ; ખાતરી.

નિશ્ચિતપણું જુઓ નિશ્ચિતતા.

નિશ્ચિત અંક સ્ત્રી. વસ્તુની નિપજ કરેલી બરાબરીવાળી ચોક્કસ સંખ્યામાંથી.

નિશ્ચિત સંખ્યાવાચક [સં.] વિ. (વ્યાકરણ) નક્કી સંખ્યા બતાવનારું

નિશ્ચિતા [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

નિશ્ચિતાર્થ [સં.] પું. સિદ્ધાંત.

નિશ્ચિત્ત [સં.] ન. (યોગ) એ નામની એક જાતની સમાધિ.

નિશ્ચિરા [સં.] સ્ત્રી. મહાભારતમાં આવેલી એ નામની એક નદી.

નિશ્ચિલ્લા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી.
૨. સ્ત્રી. પૃથ્વી.
૩. સ્ત્રી. ગાજપર્ણી નામની વનસ્પતિ.

નિશ્ચિત ૧. [સં.] વિ. ચિંતા રહિત; બેફિકર; ચિંતા વિનાનું.
૨. વિ. ચોક્કસ; નક્કી.
૩. વિ. નક્કી કરેલું.

નિશ્ચિંતતા ૧. [સં.] સ્ત્રી. ચિંતા ન હોવાપણું.
૨ જુઓ નિશ્ચિતતા

નિશ્ચિંતપણું ૧. ન. ખાતરી; વિશ્વાસ.
૨. ન. નક્કીપણું.
૩. ન. બેફિકરાઈ; ચિંતા રહિત હોવું તે.

નિશ્ચીરા જુઓ નિશ્ચિરા.

નિશ્ચુક્રાય [સં.] ન. એક જાતનું ક્ષતમંજન; મેશ; મિસરી.

નિશ્ચે ૧. પું. શ્રદ્ધા; વિશ્વાસ
૨. અ. નક્કી; ચોક્કસ; અચીંત; અવશ્ય; ખાતરીથી.

નિશ્ચેતન [સં.] વિ. જડ; મૃત; ચેતન વગરનું.

નિશ્ચેષ્ટ ૧. [સં] વિ. ચેષ્ટાહીન; હાલેચાલે નહિ એવું; અચેત; બેહોશ.
૨. વિ. નિશ્ચલ; સ્થિર.
૩. વિ. શક્તિ રહિત; દુર્બળ
૪. વિ. સુસ્ત; આળસુ.

નિશ્ચેષ્ટતા ૧. [સં] સ્ત્રી. આળસુપણું; સુસ્તી.
૨. સ્ત્રી બેહોશી; બેભાન દશા.
૩. સ્ત્રી. શક્તિ ન હોવાપણું.
૪. સ્ત્રી. સ્થિરતા; નિશ્ચલતા.

નિશ્ચેષ્ટત્વ જુઓ નિશ્ચેષ્ટતા.

નિશ્ચેષ્ટાકરણ ૧. [સં.] ન. એ નામની એક ઔષધિ. તે મનઃશિલાથી બનાવાય છે.
૨. ન. કામદેવનું એક પ્રકારનું બાણ.

નિશ્ચ્યવન ૧. [સં.] પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એ નામનો એક અગ્નિ.
૨ પું. વૈવસ્વત મન્વંતરના સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.
૩. વિ. ચ્યુતિ રહિત; સ્થિર.

નિશ્ચ્છલ [સં.] વિ. છળ વગરનું; નિષ્કપટી; દંભ વગરનું.

નિશ્ચ્છંદ [સં નિશ્છન્દસ] વિ. વેદ ન ભણેલ; વેદનું અધ્યયન ન કર્યું હોય એવું.

નિશ્ચ્છાય વિ ફીકા વગરનું; કાંતિ.

નિશ્ચ્છિદ્ર [સં.] વિ. કાણા વગરનું; છિદ્ર રહિત.

નિશ્ચ્છેદ [સં.] વિ. અવિભાજ્ય; ભાગ પડી શકે નહિ એવું.

નિશ્રેણિ [સં.] સ્ત્રી. સમાધિનિષ્ઠા; ચિત્તની એકાગ્રતાવાળું.

નિરપ [જા. નિરપ] વિ. અર્ધું.

નિરમ [સં.] પું. અધ્યવસાય; કોઈ કામથી ન થાકવું કે ન ગભરાવું તે.

નિરયણી [સં.] સ્ત્રી સીડી.

નિરા ૧. સ્ત્રી. આધાર; અવલંબન; આશ્રય.

૨. સ્ત્રી. બાદબાકી.

નિરાણુ ન. અવલંબન.

નિરાણુપદ ન. અપવાદ.

નિરાવક વિ. નિર્જરા કરનાર.

નિરાશેષિકાતૃણ [સં] ન. એક પ્રકારનું ઘાસ. તે રસકીન, ગરમ અને પશુને નિર્બળ કરનારું મનાય છે.

નિરેડુ ૧. પું (પિંગળ) ત્રેપીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૩ અને ૧૦ માત્રાએ યતિ, ૧, ૫, ૮, ૧૪, ૧૮, ૨૨ માત્રાએ તાલ અને દરેક યતિમાં છેડે ગુરુ આવે છે.

ત્રેપીસ માત્રા થાય છે, પ્રતિ પદની માંહે,
વિશ્રતિ તેરે પ્રથમ છે, બીજી દશ બ્રાંહે;
પ્રતિ યતિ અંતે ગુરુ કહો, એમાં બે ધારી,
દશપદ પેઠે લાલ તે, નિરેડુની સારી.
રણછોડ પિંગળ

૨. પું. ચેહળ ઉપર ભમરીવાળો ઘોડો.

૩. સ્ત્રી. ખજૂરનું ઝાડ; ખજૂરી.

૪. [સં.] સ્ત્રી. નિસરણી; સીડી.

૫. સ્ત્રી. મુક્તિ; મોક્ષ.

નિરેયસ ૧. [સં. નિઃશ્રેયસ] ન. કલ્યાણ.

૨. ન. દુઃખનો અત્યંત અભાવ.

૩. ન. મોક્ષ.

નિરેયઃસાંપથ [સં.] પું. શિવનો ઉત્તર માંહેનું એક નામ.

નિરેસન [સં. નિઃશ્વસન] ન. નિસાસો.

નિરેસિત ૧. વિ. ઉચ્છ્વસિત.

૨. [સં.] વિ. પ્રેરિત; પ્રેરણારૂપે આવેલું.

નિરેાસ [સં] પું ;ન. નાક કે મોઢામાંથી બહાર નીકળતો શ્વાસ; પ્રાણવાયુ વાયુ બહાર કાઢવાનો એક વ્યાપાર; હિલગીરીમાં નીચે શ્વાસ મૂકવો તે; હાવ. નિસાસો

નિરેાસસંહિતા [સં.] સ્ત્રી. શિવે રચેલ પાશુપત ગ્રાંથ.

નિરેાસાસન [સં.] ન. (યોગ) નાકે મન પૂર્વ નજર લાંબા કરી બંને પાની પૃથ્વીને અડાડી કૂલ્હા ઉંચા રાખી ઘૂંટીઓ તથા અંગૂઠા પાસે પાસે રાખી બેસવું તે.

નિરેશક ૧. [સં.] વિ. નીડર; નિર્ભય.

૨. વિ. સંદેહ રહિત.

નિરેશ્રાન્ત [સં.] વિ. નિર્બલ; તાકાત વગરનું.

નિરેશ્રેયસ જુઓ નિઃશ્રેયસ.

નિરેશ્રાસ [સં.] વિ. હિંમત વિનાનું.

નિરેશંકા [સં.] સ્ત્રી. નર્મદાનાં હલ્દર માંહેનું એક નામ.

નિરેશીલ [સં.] વિ. બરાબ સ્વભાવનું.

નિરેશીલતા [સં.] સ્ત્રી. બરાબ સ્વભાવ.

નિરેશુલ્કશિક્ષા [સં.] સ્ત્રી. મફત કેળવણી.

નિરેશેષ [સં.] વિ. જેમાં કોઈ ભાગી ન રહ્યું હોય એવું.

નિરે જુઓ નિસ.

નિષકપુત્ર [સં.] પું. રાક્ષસ; અસુર; નિશાચર.

નિષકર્ષ [સં.] પું. (સંગીત) સ્વરસાધનની એક પ્રણાલી. તેમાં પ્રત્યેક સ્વરને બે વાર બોલાવવો પડે છે. જેમકે, સા સા રે રે ગ ગ મ મ પ પ ધ ધ નિ નિ સા સા સા સા નિ નિ ધ ધ પ પ મ મ ગ ગ રે રે સા સા.

નિષક્ત [સં.] પું. બાપ; પિતા; જનક.

નિષણ્ણ ૧. પું. (જૈન) એક જાતનો અણિસમ્ય; જેમાં ધર્મ આદિ કોઈ પ્રકારનું ધ્યાન કરાતું નથી તેવો અણિસમ્ય.

૨. ન. એક પ્રકારની બેઠાની મુદ્રા. તેમાં બેઠકનો બાજો ભાગ સ્થિર રહે છે અને બાકીનું તેમ જ કાન ફરતાં રહે છે.

૩. [સં.] વિ. બેઠેલું.

નિષણ્ણનિષણ્ણ પું. (જૈન) જેમાં આર્ત અને રૌદ્ર ધ્યાન કરવામાં આવે છે તે અણિસમ્ય.

નિષણ્ણોત્સુત પું. (જૈન) જેમાં ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન કરવામાં આવે છે તે અણિસમ્ય.

નિષદ ૧. [સં.] પું. (સંગીત) નિષાદ સ્વર.

૨. [સં. નિષદ્] સ્ત્રી. યજ્ઞની દીક્ષા.

નિષદન ૧. [સં.] ન. ઘર.

૨. ન. બેસવાનું સ્થાન.

૩. ન. બેસવું તે.

નિષદ્યા ૧. [સં.] સ્ત્રી. આસન; બેઠક.

૨. સ્ત્રી. નાની ખાટ; નાનો ખાટલો.

૩. સ્ત્રી. નજર; હાટ.

૪. સ્ત્રી બેસવાનું સ્થાન.

૫. સ્ત્રી. (જૈન) રજોહરણની દાંડી ઉપર વસ્ત્રનું વેષ્ટન; બેસણિયો.

નિષદ્યાપરીષહ [સં.] પું. (જૈન) સાધીશ માંહેનો એ નામનો એક પરીષહ; દુષ્ટ કે અનિષ્ટ ઉપસર્ગ આવે તોપણ ચિત્તને ચલાયમાન ન કરવું તે.

નિષદ્વર ૧. [સં.] પું. કાદવ; કીચડ.

૨. પું. ક્રમદેવ.

૩. પું. બેસવામાં ગેરા જેવો એક જાતનો બળદ.

નિષદ્વરી [સં.] સ્ત્રી. રાત; રાત્રિ.

નિષધ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક પર્વત. કહેવાય છે કે, આ પર્વત ઇલાવૃત્તના દક્ષિણ હરિવર્ષની સીમા ઉપર છે.

૨. પું. (પુરાણ) એ નામનો એક પ્રાચીન દેશ. તે વિંધ્યાચલ પર્વત ઉપર હતો. કેટલાકના મત પ્રમાણે તે હાલનાં કમાઉનો એક ભાગ છે અને નળ રાજા જ્યાંનો રાજા હતો.

૩. પું. (પુરાણ) એ નામનો એક યાદવકુમાર; કૃષ્ણ મહારાજનો એ નામનો પુત્ર.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધૃતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, રગણ અને સગણ મળી નવ વર્ણ આવે છે.

ય ૧ સ થાય છે નિષધે. રણછોડ પિંગળ

૫. પું. (પુરાણ) કુરુનો એ નામનો એક પુત્ર.

૬. પું. ચંબલ નદીની પૂર્વે આવેલો પ્રાચીન હિંદનો એ નામનો એક દેશ. તેનો વસ્તી નળ રાજા હતો. તેનું પાટનગર નલપુર અથવા નરવર હતું.

૭. પું. (પુરાણ) જનમેજયનો એ નામનો એક પુત્ર.

૮. પું. જંબુદ્વીપના નવ ખંડની આડ ભાંજનાર આઠ મહિનો એ નામનો એક પર્વત; મહાવિદેહની સીમા કરનાર એ નામનો એક પર્વત. તે મેરુથી દક્ષિણે ૧૬,૮૪૨ યોજન, ૨ કળા વિસ્તારવાળો, ૬૪,૧૫૬ યોજન દીર્ઘ, ૪૦૦ યોજન ઊંચો, ૩૨ ખંડ પ્રમાણ ૬ કૂટવાળો રક્ત સુવર્ણનો અને સૂર્યચંદ્રનાં મંડલોનાં આધારવાળો છે.

૯. પું. (સંગીત) નિષાદ સ્વર; સાત માંહેનો સાતમો સ્વર.

૧૦. પું. ભાગદ.

૧૧. પું. (પુરાણ) રામનો પ્રપૌત્ર અને કુશનો એ નામનો એક પૌત્ર.

૧૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલ રામવંશના અતિથિ રાજાનો પુત્ર. તેને નલ અને નભ એમ બે પુત્ર હતા.

૧૩. વિ. કઠિન; અઘરું; મુશ્કિલ.

નિષધા [સં.] સ્ત્રી. નળ રાજાની નગરી.

નિષધાવલ્લરી [સં] પું. (કાવ્ય) આઠેય અલંકારના પાંચ માંહેનો એ નામનો એક ભેદ.

નિષધાવતી [સં.] સ્ત્રી. માર્કંડેય પુરાણમાં જણાવેલી વિંધ્ય પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

નિષધાસુર [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના વંશના કુરુ રાજાના પાંચ માંહેનો ચોથો પુત્ર.

નિષ્ઠ જિ. પાતકી; નિર્દય.
એનાં રાજ નિષ્ઠર દેખીએ, શુદ્ધ સાચ જાતે પેખીએ. દલપતકાવ્ય

નિષ્ઠંત ૧. [સં] પું. અત્યંત સંત.
૨. પું. (સંગીત) એક અતઝળતિ ત્રણ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૧૩, ૧૯, ૨૫ ૩૩, ૪૧ અને ૪૫ માત્રા ઉપર છે.
૩. પું. તરવાર; ખડ્ગ
૪. પું. ધનુષ.
૫. પું. બાણ રાખવાનો ભાથો; તૂણ.
૬. પું. ચોટલી રાખીને વગાડવામાં આવતું પ્રાચીન કાળનું એક જાતનું વાદ્ય.
૭. જિ. ઉપદ્રવ કરનાર ઉપર ખડ્ગ ચલાવનાર.

નિષંગધિ ૧ [સં.] પું. આલિંગન કરનાર આદમી.
૨. પું. બેલ્ટ તે; આલિંગન.
૩. પું. રથ.
૪. પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.
૫. પું. સારથિ.
૬. જિ. ધનુષ ધારણ કરનાર.

નિષંગધારિણી [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નિષંગધિ [સં.] ન. તરવારનું મિયાન.

નિષંગલીલા સ્ત્રી. (સંગીત) એક અતઝળતિ સુંમાલીસ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૭, ૧૩, ૧૯, ૨૫, ૩૩, ૪૧ માત્રા ઉપર છે
મોટદીના બોલ: ૧ધા ૨ધિન ૩ધિનક ૪ધા ધા ધિનક ધિનક ૫ધા ધા ધિનક ધિનક ૬ધા ધા ધિનક ધિનક ૭ધા ધા ધિનક ધિનક ૮ધા ધા ધિનક ધિનક ૯ધા ધિટ ધડાન તાં ધિટ ધડાન ૧૦ધા ધિટ ધડાન તાં ધિટ ધડાન ૧૧ધા ધિટ ધડાન.

નિષંગિણ્ [સં.] જિ. હાથમાં અક્ષય રાખી શકતોનું રક્ષણ કરનાર.

નિષંગી ૧. [સં. નિષંગિન્] પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૨. પું. બાણ રાખવાનો ભાથો.
૩. જિ. અત્યંત સંગવાળું.
૪. જિ. તરવાર ધારણ કરનાર.
૫. જિ. ધનુર્ધારી.
૬. જિ. બાણવાળું.

નિષાદ ૧. [સં.] પું. આર્ય લોકો અગાઉ તે પહેલાં હિંદમાં વસતી એ નામની એક અનાર્ય જાતિ. આ જાતિના લોકો શિકાર કરતા, માછલાં મારતા તથા લૂંટફાટ કરતા. અગ્નિપુરાણમાં લખ્યું છે કે જે વખતે વેણ રાજાની જંઘા મથનમાં આવી ત્યારે તેમાંથી કાળા રંગનો એક નાનો આદમી નીકળ્યો. આ પુરુષ આ વંશનો આદિપુરુષ હતો. પણ મનુના મત પ્રમાણે આ જાતિની ઉત્પત્તિ બ્રાહ્મણ પિતા અને શૂદ્ર માતાથી થઈ છે. મિતાક્ષરામાં આ જાતિને ક્રૂર અને પાપી કહી છે. રામે તેમની સાથે આતિથ્યભાવ દાખવી તેમનો ઉદ્ધાર કર્યો હતો. તેઓની વસતી કાનપુર જિલ્લામાં વિશેષ છે. તે નિષાદ નામથી ઓળખાય છે. હાલમાં તેઓ કૃષિજીવી છે.
૨. પું. એ નામનો એક પ્રાચીન દેશ. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે તે એક નાનું રાજ્ય હતું. સંભવ છે કે, રામાયણનું શૃંગવેરપુર તે રાજ્યનું રાજધાનીનું નગર હતું.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ઝૂલણા છંદનો એક ભેદ છે. તેમાં પાંચમો ગુરુ અને બીજો લઘુ મળી એકસો સત્તર વર્ણ આવે છે.
૪. પું. ચંડાળ.
૫. પું. ભીલ; માછીમાર; માછી.
૬. પું. બ્રાહ્મણથી શૂદ્ર કન્યામાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર.
૭. પું. ભીલ.
૮. પું. ભીલ વગેરે હલકી જાતના લોક.
૯. પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.
૧૦. પું. (પુરાણ) વેન રાજાના દેહનું મથન કરતાં કાળા અને દુઃખદ હાયવાળો ઉત્પન્ન થયેલો પુરુષ. ઋષિઓએ તેને નિષીદ એટલે બેસ એમ કહ્યું હતું તેથી તેનું આ નામ પડ્યું છે. તેના વંશજો તે નૈષાદ એટલે ભીલ થયા.
૧૧. પું. (સંગીત) સાત સાદેનો સાતમો સ્વર. તેનું દૃઢ રૂપ નિ છે. તેનો અવાજ હાથીના અવાજ સરખો છે. સ્વરસ્થાન નાસા છે અને રેવ સ્વામ ક્વચિત્ પ્રાણસ્વીકરો છે. તેનો અધિષ્ઠાતા ગ્રહ શનિશ્વર અને અધિષ્ઠાતા દેવ સૂર્ય, વિકૃતિ રુદ્ર છે. તેમાં મુખ્ય છંદ જગતી અને હાસ્ય તથા કૃષ્ણારસ પ્રધાન છે. આ સ્વર શીત, શુષ્ક અને શિશિર ઋતુમાં અનુકૂળ છે. નિરવો, બિહાગ, પરજ વગેરે રાગમાં તે અનુકૂળ અને નિલામ, દેવગાર વગેરેમાં પ્રતિકૂળ છે. તે શરીરના સર્વ સંધિઓમાંથી ઉત્પન્ન થાય છે. ક્રૌંચ પક્ષી નિષાદ સ્વરમાં અવાજ કરે છે. મહાભેરી નામના વાદ્યિત્રમાંથી આ સ્વર નીકળે છે. નાક, કંઠ, છાતી, તાળવું, દાંત અને દાંત એ ૭ સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે તે બરાબર. નાભિમાંથી નીકળતો વાયુ કંઠ અને શીર્ષમાં અથડાતાં ઋષભના જેવો નાદ કરે છે તે ઋષભ. એ વાયુ મંથર્ષ લોકોનાં સુખનું કારણ થઈ પડે છે માટે ગંધાર. મધ્ય સ્થાનમાં રહેલા હૃદય સાથે અથડાઈ નીકળે છે એટલે મધ્યમ. નાભિ, હોઠ, કંઠ, શિર અને હૃદય એ સ્થાનોએ ધારણ થયેલો તે પંચમ. તે પ્રમાણે ઉત્પન્ન થયેલા નાદમાં જ સર્વે સ્વરો બેસી જાય છે તે નિષાદ. દશ વર્ષની ઉમરે પહોંચીને તે પૂર્ણ રીતે નીકળી રહે છે. તેમાં શુદ્ધ અને કોમળ એવા બે ભેદ છે. આ સ્વરને ચાર હાથ છે. તેમાં નિષાદ, કમલ, કરસી અને બિલોફ છે. તેનું વાહન હાથીનું છે. તેનો જન્મ રાક્ષસકુળે, જાતે વૈશ્ય, સ્થાન પુષ્કર દ્વીપ અને રંગ કપૂર જેવો છે. તેના ઋષિ તુંબુરુ, છંદ જગતી અને રસ હાસ્ય મુખ્ય છે. તેનો જન્મ નોમને દિવસે મઘા નક્ષત્રમાં છે. તેનાં કુળદેવી ચામુંડા અને ઋષિ કપિલ છે. તેનું ગોત્ર પૌલસ્ત્ય અને ગ્રહ ભાગવાન છે. તેનું સ્થાન ગાંધારમાં છે.

નિષાદકર્ષૂ [સં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

નિષાદદેશ [સં.] પું. (પુરાણ) નિષાદોનો ભારતવર્ષીય દેશ. ઉદ્ગમસ્થાને મધ્યમાં અણીને એના પૂર્વ, દક્ષિણ અને અપર દક્ષિણ એમ ત્રણ ભેદ માન્યા છે.

નિષાદરાજ [સં. નિષાદરાજન્] પું (પુરાણ) મહાભારતમાં જણાવેલા નિષાદ પ્રદેશનો રાજા.

નિષાદલોક [સં.] પું સમુદ્રની મધ્યમા આવેલો એ નામનો એક લોક.

નિષાદિત ૧. [સં.] ન. બેસાડવું તે.
૨. જિ. બેસાડેલું.

નિષાદી ૧. [સં. નિષાદિન્] પું. હાથીનો મહાવત.
૨. સ્ત્રી. (પુરાણ) પુરોચનની પ્રેરણાથી પાંડવોનું કાયમરાજ કરનારી કુકુંદિવાળી ભીલડી. તે પોતાના પાંચ પુત્રો સાથે લાક્ષાગૃહમાં બળી મૂઈ હતી.
૩. જિ. બેસનાર.

નિષિક્ત ૧. [સં.] પું. વીર્યથી ઉત્પન્ન થયેલ પુત્ર.

નિષ્ક

૨. ન. ગીર્ય.
૩. વિ. અનંત સિંચેલું; ભરેલું.
૪. વિ. નાખેલું; સ્થાપેલ.

નિષિદ્ધ ૧. [સં.] વિ. અટકાવેલું; રોકેલું.
૨. વિ. નકારું; બરાબર; દૂષિત; ઠોષવાળું.
૩. વિ. નિંદેલું.
૪. વિ. મના કરેલું; પ્રતિષેધ કરેલું; લાગ્યું; બાધિત; નહિ કરવું એમ જેને માટે ફરમાવેલું હોય તેવું.

નિષિદ્ધ કર્મ [સં. નિષિદ્ધ + કર્મન્] ન. નિત્ય, નૈમિત્તિક અને કામ્ય સિવાયનાં કર્મ; મુક્તિ, સ્મૃતિ કે શાસ્ત્રે મનાઈ કરેલ કર્મ. જેમકે, બ્રહ્મહત્યા, સુરાપાન.

નિષિદ્ધતા [સં.] સ્ત્રી. મના; નિષેધ.

નિષિદ્ધત્વ [સં] ન. મના; નિષેધ.
અ.માંથી સંન્યાસનું નિત્યત્વ સંકલ્પમાં કરવી નાખ્યું. શ્રીધરસ્વામી

નિષિદ્ધનું જુઓ નિષેધનું.

નિષિદ્ધાન્ન [સં.] ન. આવા માટે મના કરેલું અનાજ. નિષિદ્ધાન્નમાં વાળ અગર જીવડાં પડેલું, સ્વસ્થવા અગર અભિચારિણીએ જોયેલું, ઑડાયા, દીખ્યા, કિલ્બિષ, વેશ્ય વગેરેની દૃષ્ટિએ પડેલું અને અમુકનું એવી જાતનાં અન્નની મનુએ નિષિદ્ધાન્નમાં કરેલી છે.

નિષિદ્ધિ [સં.] સ્ત્રી. નિષેધ; મના.

નિષિદ્ધિકરણ [સં.] ન. મના કરવી તે.

નિષૂદન ૧. [સં] પું ક્રતલ કરનારો માણસ.
૨. ન. કતલ; મારી નાખવું તે; વધ; નાશ.
૩. વિ. નાશ કરનાર.

નિષેક ૧. પું. ઉકાળો.
૨. પું. (જૈન) જોક સમયમાં કર્મનાં જેટલાં પરમાણુઓ ઉદયમાં આવે તે સર્વનો સમૂહ.
૩. [સં.] પું. સર્જાધાન.
૪. પું. ટપકવું તે; ચૂવું તે.
૫. પું નાખવું તે.
૬. પું. પાણી વગેરે અમલ જાટવું તે; સિંચન.
૭. પું. વીર્ય; રેત.

નિષેકક્રિયા [સં.] સ્ત્રી. સર્જાધાન કરવું તે; સંયોગક્રિયા.

નિષેકહાર પું. (જૈન) મુખ્યનિર્જારામથી ગમવું પરિમાણ. જેમકે, મુખ્યનિર્જારામ ૮થી ગમણા ૧૬ને નિષેકહાર કહે છે.

નિષેચન ૧. [સં.] ન. સર્જાધાન.
૨. ન. નાખવું તે.
૩. ન. સિંચન.
૪. ન. સ્થાપવું તે; સ્થાપન.

નિષેચિતત્વ ૧. [સં. નિષેચિત] પું. કર્મનો જોકસો ભાગ બાકીનું જોક નામ.
૨. વિ. સર્જાધાન કરનાર.
૩. વિ. નાખનાર.
૪. વિ. સિંચનાર; ચોપનાર.
૫. વિ. સ્થાપનાર.

નિષેધ ૧. પું. અપવાદ.
૨. [સં.] પું. મના; બાધ; મનાઈ; પ્રતિષેધ; નકાર; ન કરવું એવું ફરમાન.
૩. પું. રોકવું તે; અટકાવ.
૪. પું. કાર્યવિધિ મના. જ્યાં શબ્દ વિધિથી ઊલટો છે.
૫. વિ. વિરુદ્ધ મતવાળું.

નિષેધક ૧. [સં.] વિ. નિષેધ કરનાર; મના કરનાર; ના પાડનાર.
૨. વિ. રોકનાર; અટકાવનાર.

નિષેધકર્મ [સં. નિષેધકર્મન્] પું. મનાયેલું કામ.

નિષેધદર્શક ૧. [સં.] વિ. નકારસૂચક; બાધક દર્શક.
૨. વિ. ના પાડનાર; મના કરનાર.

નિષેધન ૧. [સં.] ન. અટકાવવું તે.
૨. ન. મના કરવી તે.

નિષેધના સ્ત્રી. નિવારણ.

નિષેધપત્ર [સં.] પું.;ન. કોઈ બાતનો મના કરનારો કાગળ.

નિષેધપ્રમુખ [સં.] વિ. જેના મોમાં નિષેધ હોય એવું.

નિષેધપ્રમુખનિર્દેશ [સં.] પું. (વેદાંત) નાસ્તિરૂપ વાક્ય; બાધાવાચક વાક્ય.

નિષેધપ્રમુખપ્રતીતિ [સં.] સ્ત્રી. (વેદાંત) બાધવાચક નકાર વડે થતી પ્રતીતિ. જેમકે, આ પણ નથી જોમ નિષેધ કરવાથી આ બધાંથી ભિન્ન જીવને બાકી છે એવી પ્રતીતિ થાય છે.

નિષેધપ્રમુખવિભાગ [સં.] પું. અમુક વર્ગના પરસ્પર નિરોધ દર્શાવનારા પડતા વિભાગ.

નિષેધરૂપ ૧. [સં.] વિ. મનાયેલું.
૨. વિ. રોકેલું; અટકાવેલું.

નિષેધવાક્ય [સં.] ન. સંયોગક સાથે નકાર જોડાયેલો હોય તેવું વાક્ય.

નિષેધવાચક [સં.] વિ. નિષેધ કરતું; નકાર બતાવતું.

નિષેધવાદી [સં. નિષેધવાદિન્] વિ. અમુક વસ્તુનો દેશમાંથી રાજ્ય તરફથી નિષેધ થવો જોઈએ એવા મતનું.

નિષેધવિધિ [સં.] સ્ત્રી. કોઈ બાતની મના કરનારી આજ્ઞા.

નિષેધવું ૧. સ. ક્રિ. નકારવું; ના પાડવી.
૨. સ. ક્રિ. મના કરવી; ના કરવું એમ કહેવું.

નિષેધશેષ ૧. [સં. નિષેધ (નિવર્તક વાક્ય) + શેષ (ઉપકારક)] પું. મીમાંસકોના મત પ્રમાણે અર્થવાદના બે ભાગોનો એ નામનો એક જોડ જોડ.
૨. પું. કાલે જે કરવાની મના કરી હોય તેની નિંદા કરી પુરુષની નિવૃત્તિરૂપ ઉપકાર કરનારું વાક્યનું નિંદાર્થવાદ.

નિષેધાજ્ઞા ૧. [સં.] સ્ત્રી. મનાઈ હુકમ.
૨. સ્ત્રી. બાદક પદાર્થોનો પ્રતિબંધ.

નિષેધાત્મક ૧. [સં] વિ. નકારસૂચક; બાધવાચક; નાસ્તિરૂપ.
૨. વિ. નિષેધવાળું; નિષેધરૂપ; કરવાની અટકાવત હોય તેવું.

નિષેધાવયવ ૧. [સં.] પું. નિષેધવાળો ભાગ.
૨. પું. ન્યાયનો એક પ્રકારનો દોષ; જે નિષેધ ઉપરથી નિગમન ફલિત ન થાય એ નિયમનો ભંગ થવાથી થતો દોષ; 'ઇચ્છિ ઓવ નેગેટિવ પ્રેમિસિસ.'

નિષેધિત [સં.] વિ. મના કરેલું; વર્જિત.

નિષેધી ૧. [સં. નિષેધિન્] વિ. બરાબર અમલમાં.
૨. વિ. નકારવાચક; નિષેધક.

નિષેધ્ય જુઓ નિષેધિત.

નિષેવણ ૧. [સં.] ન. ચાકરી; સેવા.
૨. ન. ચોંટી રહેવું તે.
૩. ન. પાળવું તે; પાલન.
૪. ન. સેવન; અવહાર.

નિષેવિત ૧. [સં.] વિ. આશ્રય કરેલ.
૨. વિ. ચોંટી રહેલું.
૩. વિ. પાળેલ.
૪. વિ. સેવેલ; ચાકરી કરેલ.

નિષેવી [સં. નિષેવિન્] પું. સેવા કરનાર મનુષ્ય.

નિષ્ક ૧. [સં.] પું. જોકસો ગદ્યાણ રૂપિયાભાર; જોકસો ગદ્યાણ તોલાનું વજન.
૨. પું. કલિંગ દેશની પરિભાષામાં ચાર માશાનું વજન; સોનું; ટંક.
૩. પું. કંઠહાર; ગળી ઉપર પહેરવાનો દાગીનો.
૪. પું. પ્રાચીન કાળનું ચાંદીનું જોક તોલું. તે ચાર સુવર્ણ બરાબર હતું.
૫. પું. વૈદિક કાળનો જોક જાતનો સિક્કો. પ્રાચીન કાળમાં ઘણોખરો સોનાનો ઝવેરીએ

અને બાહ્યણોને દક્ષિણામાં દેવા માટે સોનાના બરાબર તોલના કટકા કપાવતા, તેને નિષ્ક કહેતા હતા. સોનાના આ જાતના કટકા કરાવવાનો હેતુ એ હતો કે, દક્ષિણામાં બધાને સરખું સોનું મળે, કોઈને ઓછું ને કોઈને વધુ ન જાય. પાછળથી સોનાના આવા કટકા ઉપર પ્રકારરૂપ વજનેરનું ચિહ્ન કે નામ વજનેર કરાવા કે કોતરાવા લાગ્યું. આગળ જતાં તે કટકાઓએ સિક્કાનું રૂપ ધારણ કર્યું. તે વખતે કેટલાક લોકો તેને ચૂથીને તેની માળા બનાવી ડોકે પહેરતા હતા. જુદે જુદે વખતે નિષ્કની કીમત નીચે પ્રમાણે હતી:

નિષ્ક = કર્ષ (૧૬ માશા)
નિષ્ક = સુવર્ણ (૧૬ માશા)
નિષ્ક = દીનાર (૧૬ માશા)
નિષ્ક = પલ (૪ કે ૫ સુવર્ણ)
નિષ્ક = ૪ માશા
નિષ્ક = ૧૦૮ અથવા ૧૫૦ સુવર્ણ

૬. પું. વૈદકમાં ચાર માશાનો તોલ; કોકો.
૭. પું. સોનાનું ઘરેણું.
૮. પું. સોનાનો એક પ્રાચીન સિક્કો; મહોર.

૪ કાર્ષિકાં = પદ્મ
૪ પદ્મ = કમડી; કોડિયું
૪ કમડી = પૈસો
૪ પૈસા = આનો; પણ
૪ આના = પાવલું; પાઇ
૪ પાવલા = રૂપિયો; મુદ્રા
૪ રૂપિયા = દ્રમ્મ; હોન
૪ દ્રમ્મ = નિષ્ક

૯. પું. સોનું; સુવર્ણ.
૧૦. પું. હીરો.

નિષ્કણ વિ. ધાન્ય રહિત; અત્યંત કરીબ.

નિષ્કપટ [સં.] વિ. કપટ રહિત; દગા વિનાનું; ખુલ્લા કે ભોળા મનનું; સરલ સ્વભાવનું; નિખાલસ.

નિષ્કપટતા [સં.] સ્ત્રી. સરળતા; સીધાપણું; નિરછળતા; નિખાલસપણું.

નિષ્કપટપણું જુઓ નિષ્કપટતા

નિષ્કપટી જુઓ નિષ્કપટ

નિષ્કપટીપણું જુઓ નિષ્કપટતા.

નિષ્કમુદ્રા [સં.] સ્ત્રી. એક જાતનો સોનાનો સિક્કો.

અવંતિવર્માની ચાકરીને કારણે, નિષ્કમુદ્રા અને સાહિત્યથી પણ સત્કારાઈ રહી છે.
કેશવ બક્ષી

નિષ્કર ૧. [સં. નિસ્ (વિનાનું) + કર (વેરો)] પું કર દેવો પડતો ન હોય એવી જમિ.
૨. વિ. કર વિનાનું; જેના ઉપર કોઈ કર કે મહેસૂલ નક્કી કરેલ ન હોય એવું.

નિષ્કરધારક [સં. નિષ્કર (કર વિનાનું) + ધારક (ધારણ કરનાર)] પું. કર વગરની જમીન ધારણ કરનાર ઇનામદાર.

નિષ્કરુણ [સં. નિસ્ (વિનાનું) + કરુણા (દયા)] વિ. કઠોર; દયાહીન; નિર્દય; નિષ્ઠુર; જેનામાં કરુણા ન હોય એવું.

નિષ્કર્મ ૧. [સં. નિસ્ (વિનાનું) + કર્મન્ (કામ)] ન. અકર્મ; કામ ન હોવું તે.
૨. ન. મોક્ષ.
૩. વિ. આળસુ; નવરું; સુસ્ત.
૪. વિ. કર્મો વડે લિપ્ત ન થનાર; અનાસક્ત.
૫. વિ. કામ વગરનું; કર્મ રહિત; કર્મ ન કરનાર.

નિષ્કર્મણ્ય ૧. [સં.] ન. કામ નહિ કરવું તે; આળસાર્યું.
૨ વિ. અકર્મી; નહિ કરવા જેવું; કર્મને માટે નિષિદ્ધ ગણેલું.
૩. [સં. નિસ્ (નહિ) + કર્મણ્ય (કામ કરવામાં હોંશિયાર)] વિ કામ કરવાની શક્તિ વિનાનું; કામ કરવાને નાલાયક.

નિષ્કર્મણ્યતા [સં. નિષ્કર્મણ્ય (કામ નહિ કરવું તે) + તા (પણું)] સ્ત્રી. કામ નહિ કરવું તે.

બ્રહ્મના જેવી નિષ્કર્મણ્યતા અને સાક્ષિને કેવળ ધારણ કરે. ઉપદેશસારસંગ્રહ

નિષ્કર્મતા જુઓ નિષ્કર્મણ્યતા.

નિષ્કર્મદર્શી [સં. નિષ્કર્મદર્શિન્] વિ. કર્મ કર્મ રહિત આત્માને જોનાર; આત્મજ્ઞ.

નિષ્કર્મપણું જુઓ નિષ્કર્મણ્યતા.

નિષ્કર્મવાદી ૧. [સં નિષ્કર્મ (કામ વગરનું) + વાદિન્ (માનનાર)] વિ. કર્મ નહિ કરવાના સિદ્ધાંતમાં માનનાર.
૨. વિ. પોતાને જાણનાર; આત્મજ્ઞ.

નિષ્કર્મા ૧. [સં. નિષ્કર્મન્] વિ. અકર્મા; કર્મ રહિત; કર્મ નહિ કરનાર
૨. વિ. નકામુ.

નિષ્કર્મી [સં. નિષ્કર્મ (કામ ન હોવું તે) + ઇન્ (વાળું)] વિ. કર્મ નહિ કરનાર.

અમે કેવા અનારંભે નિષ્કર્મી તે જાણ્યું નથી; અને સંન્યાસથી આત્મસિદ્ધિ તે પામવું નથી.
ગીતાર્થગંગાસતી

નિષ્કર્ષ ૧. [સં] પું. અમુક સ્વરૂપમાં આપ; આટલાપણા વજનેરથી હદ વજનેર આંકવી તે.
૨. પું. નિચોડ; ખુલાસો; તત્ત્વ.
૩. પું. બહાર કાઢવું તે.
૪. પું. રાજાએ પોતાના લાભ કે કર વજેરે માટે પ્રજાને દુઃખ દેવું તે.
૫. [સં. નિસ્ (બહાર) + કૃષ્ (ખેંચવું)] પું. સત્ત્વ; સાર; અર્ક.
૬. પું. સારાંશ; નિચોડ; તાત્પર્ય.
૭. પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી એક આરોહી અલંકાર; અનુવાદન માટેનો નીચે વધુલંકાર. તેમાં બધા સ્વર હ્રસ્વ બોલાય છે.
૮. પું. સિદ્ધાંત.

નિષ્કર્ષ અવરોહી [સં. નિષ્કર્ષ (સંગીતનો એક અલંકાર) + અવરોહિન્ (નીચે જનાર)] સ્ત્રી. (સંગીત) એક પછી સ્વર બોલવા વગર અનુક્રમે ઊતરતા ક્રમમાં પણ ટૂંક ઉચ્ચારથી બધે ચાર સ્વર બોલાય તે. જેમકે, સ સ, નિ નિ | ધ ધ | પ પ | મ મ | ગ ગ | રિ રિ | સ સ |

નિષ્કર્ષક [સં. નિસ્ (બહાર) + કૃષ્ (ખેંચવું) + અક (નાર)] વિ. બહાર ખેંચી કાઢનાર.

નિષ્કર્ષણ [સં. નિસ્ (બહાર) + કર્ષણ (ખેંચવું તે)] ન. બહાર કાઢવું તે; ખેંચી કાઢવું તે.

નિષ્કર્ષસાધન [સં.] ન. પાણી માણવાની એક પ્રકારની ક્રિયા; 'ડિસ્ટિલેશન.'

નિષ્કર્ષિત [સં. નિસ્ (બહાર) + કર્ષિત (ખેંચેલું)] વિ. સારરૂપે બહાર ખેંચેલું.

નિષ્કર્ષી [સં. નિષ્કર્ષિન્] પું. એ નામનો એક મરુત.

નિષ્કલ ૧. [સં.] પું. પરમાત્મા.
૨. પું. બ્રહ્મા.
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૪. [સં. નિસ્ (વિનાનું) + કલા] વિ. કલા રહિત; કળાહીન
૫. વિ શોષ અંગ નાશ પામ્યું હોય એવું; કલા એટલે અવયવ કે ભાગ વિનાનું
૬ વિ. નપુંસક; હીજડું.
૭. વિ વીર્ય નષ્ટ થઈ ગયું હોય એવું
૮. વિ. રહ, પરકુ

નિષ્કલકંઠી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આઠનિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, ભગણ, તગણ, યગણ, ભગણ, ભગણ અને ગુરુ મળી ત્રાણીસ વર્ણ આવે છે અને ૧૪ તથા ૭ વર્ણે યતિ એટલે વિસામો આવે છે.

ઉંદર સતી ઉદ મયાંણી નિષ્કલકંઠી,
ભા મ સા ત્રા સ લ ગ રે.

નિષ્કલત્વ [સં. નિષ્કલ (ભાગ વિનાનું) + ત્વ (પણું)] ન. અવિભાજ્ય હોવાની સ્થિતિ.

નિષ્કલંક ૧. [સં.] પું. (પુરાણ) કલિયુગને અંતે અવતારો વિષ્ણુનો દશમો અવતાર; નકલંક. કહેવાય છે કે, તે વિષ્ણુયશાના કુટુમ્બમાં સંભલ ગામમાં બ્રાહ્મણ તરીકે અવતાર ધારણ કરશે. તે ઘોડા ઉપર સવારી કરશે અને દુષ્ટ માણસોનો સંહાર કરશે.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. [સં. નિસ્ (વિનાનું) + કલક (દોષ)] વિ. કલંક રહિત, લાંછન વિનાનું; શુદ્ધ; નિર્દોષ; અને કંઈ બાકી કે ડાઘ લાગેલ ન હોય એવું.

૪ વિ. ઓડચાપણા વગરનું.

૫. વિ. પવિત્ર; ધાર્મિક; સાત્ત્વિક વૃત્તિનું

નિષ્કલંકતા ૧. [સં. નિષ્કલક (દોષ વિનાનું) + તા (પણું)] સ્ત્રી. દોષરહિતપણું.

૨. ન. પવિત્રતા; સાત્ત્વિકતા.

નિષ્કલંકતીર્થ [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ. તેમાં સ્નાન કરવાથી બધા પાપ નાશ પામતા હોવાનું મનાય છે.

નિષ્કલંકત્વ જુઓ નિષ્કલંકતા.

નિષ્કલંકબ્રહ્મ ૧. [સં. નિસ્ (વિનાનું) + કલક (દાગ) + બ્રહ્મ (જ્ઞાની)] પું. જેને મનમાં કલક ન હોય એવો જ્ઞાની પુરુષ.

૨. પું. શ્રીનાથજીનું જ્ઞાનસ્વરૂપ.

નિષ્કલંક મહાદેવ [સં.] પું. એ નામના એક શહેર. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ છે. નર્મદા ખંડમાં લખ્યું છે કે: ક્ષત્રિયવધનો દોષ પરશુરામને લાગ્યો, ત્યારે તેણે અહીં તપ કર્યું અને કલક રહિત થયા, અહીં બધા પાપ ભસ્મ થતા મનાય છે.

નિષ્કલંકા [સં] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નિષ્કલંકિત જુઓ નિષ્કલક ૨–૫.

નિષ્કલંકી ૧. [સં. નિસ્ (વિનાનું) + કલંક (દોષ)] પું. પરાશુર વંશના ક્ષોડોના ઉપાસ્ય દેવ; નકલંક.

જુઓ નિષ્કલંક.

નિષ્કલા ૧. [સં. નિષ્કલ (પૂર્ણ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઋતુધર્મથી રહિત થયેલી સ્ત્રી; રજોધર્મ નાશ પામ્યો હોય તેવી સ્ત્રી. વૃદ્ધા.

૨. સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય ત્રાવીસ માંહેની બીજી શ્રુતિ.

૩ સ્ત્રી. સીતાનું એક નામ.

નિષ્કલી જુઓ નિષ્કલા ૧.

નિષ્કલેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નિષ્કવચ ૧. વિ. આવરણ રહિત.

૨. [સં. નિસ્ (વગરનું) + કવચ (બખ્તર)] વિ. બખ્તર વિનાનું.

નિષ્કવિદ્યા ૧. [સં. નિષ્ક (એક જાતનો સિક્કો) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. જૂના સિક્કા ઓળખવાનું અને તે ઉપરથી ઇતિહાસની વિગતો ઓકડી કરવાનું જ્ઞાન.

૨. સ્ત્રી. સિક્કાશાસ્ત્ર; નાણાં સબંધી જ્ઞાન.

નિષ્કશાસ્ત્ર જુઓ નિષ્કવિદ્યા.

નિષ્કશાસ્ત્રી ૧. [સં. નિષ્ક (એક જાતનો સિક્કો) + શાસ્ત્રિન્ (જ્ઞાન જાણનાર)] પું. જૂના સિક્કા ઓકલા જાણનાર અને તે ઉપરથી ઇતિહાસની વિગત ઓકડી કરનાર મનુષ્ય

૨. પું. નાણાંશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર પુરુષ; અર્થશાસ્ત્રી.

નિષ્કષાય ૧. [સં.] પું. (જૈન) આવી ઉત્સર્પિણીમાં થનાર એ નામના તેરમા તીર્થંકર.

૨. પું. મુમુક્ષુ.

૩. [સં. નિસ્ (વિનાનું) + કષાય (દ્વેષ, માન, માયા અને લોભમાંથી કોઈ)] વિ. મનના રાગ દ્વેષાદિ દોષ રહિત; કષાય રહિત.

નિષ્કંઠક ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૨. [સં. નિસ્ (વિનાનું) + કંટક (વિઘ્ન)] વિ. અડચણ વગરનું, સરળ; વિઘ્ન રહિત; નાકતર વિનાનું; બાધ કરનાર કે આડખીલી રહેલી ન હોય એવું; બાધા વગરનું.

૩. વિ. કાંટા વગરનું.

૪. વિ. શત્રુ વગરનું.

૫. વિ. સ્વતંત્ર.

નિષ્કંઠ [સં.] પું. એક જાતનો ઘોડા; વછુ.

નિષ્કંપ [સં. નિસ્ (વિનાનું) + કંપ (ધ્રૂજવું તે)] વિ. અચળ; સ્થિર; કંપ વગરનું.

નિષ્કંસ [સં.] પું. (પુરાણ) ગરુડનો એ નામનો એક પુત્ર.

નિષ્કંસુ [સં.] પું. (પુરાણ) રૈવતાઓનો એ નામનો એક સેનાપતિ.

નિષ્કકમ ૧. [સં. નિસ્ (વિનાનું) + કામ (ઇચ્છા)] વિ. કામના વિનાનું.

૨. વિ. નિ:સ્વાર્થ.

૩. વિ. ફળની ઇચ્છા વગરનું.

૪. વિ. વિષયભોગની ઇચ્છા રહિત.

નિષ્કામ કર્મ [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + કર્મન્ (કામ)] ન. ફળની ઇચ્છા વગર કરેલું કામ. યજ્ઞાદિક મહાન કર્મો નિષ્કામપણે કરવાં. સાંખ્ય તથા ગીતા વગેરેના મત પ્રમાણે આવું કામ કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે અને મુક્તિ મળે છે. નિષ્કામ કર્મ એ જ ખરો કર્મ યોગ છે કર્મો કરનારાઓનાં ક્રિયમાણ કર્મો ઉત્પન્ન થતાં જ નથી, તેમ જ સંચિત કર્મોનો પણ નિષ્કામ કર્મોથી નાશ થઈ જાય છે, તથા પ્રારબ્ધ કર્મથી આવેલું શરીર તો તે કર્મફળ ભોગવ્યા બાદ સ્વસ્વરૂપમાં તે વિલીન થઈ જાય છે, અર્થાત્ સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ કર્મફળોનો સંચય તો સકામ કર્મો કરનારા અજ્ઞાનીઓને માટે જ છે, એમ જાણવું. દરેક મનુષ્યે નિષ્કામ કર્મો દ્વારા ધર્માચરણ કરીને ચિત્તશુદ્ધિ કરી સદ્ વિવેકાદિ સદ્ગુણો દ્વારા પોતાના સાચા સ્વસ્વરૂપમાં વિલય થઈ જવું, અર્થાત્ જન્મ મરણાદિથી અજર અમર આત્મ મોક્ષાનંદમાંથી મુક્ત થઈ જવું એટલે મોક્ષપ્રાપ્તિ કરી લેવી. કર્તા જે કર્મના ફળની ઇચ્છા રાખે છે તે કામ્ય કર્મ કહેવાય છે અને જે કર્મના ફળની ઇચ્છા નથી રાખવામાં આવતી તે અકામ્ય અથવા નિષ્કામ કર્મ કહેવાય છે. જેઓ નિષ્કામ કર્મ કરે છે તેઓ અગ્નિ વગેરે માત્રથી બાકીના લોકમાં જાય છે અને ફરીને આ લોકમાં જન્મ લેવા આવતા નથી. નિષ્કામ કર્મો કરી જ્ઞાન પ્રાપ્ત કરી સ્વસ્વરૂપનો સ્વાનુભવ લીધા પછી એટલે આત્મસાક્ષાત્કાર થયા બાદ તે મહાત્મા સ્વરૂપના પહેલાંમાં દેખાતા શરીરથી થતાં કર્મો પુનર્જન્મને અર્થે થતાં નથી. જેમકે, શેકેલા બીમાં અંકુર ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હોતું નથી, પરંતુ શેકેલું બી ફક્ત ખાવાના જ ઉપયોગમાં આવે છે તથા નાટકમાંના રાજાને ખરી સત્તા હોતી નથી એમ તેમનામાં પૂર્ણ રીતે સમજે છે. તે આ સ્વાંગ ફક્ત ઉપર ઉપરથી જ બજવી રાજાના સ્વરૂપનો ખ્યાલ જોનારા પ્રેક્ષકોમાં બતાવી તેમનું મન રંજન કરે છે. તે પ્રમાણે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય થયેલા આ મહાત્માનું શરીર ફક્ત ભોકતવ્યાનું કાર્ય કરતું રહે છે ને તે શરીર નિયતિના નિયમાનુસાર નષ્ટ થતાં સુધી આ પ્રમાણે લોકોના જોવામાં આવે એટલું જ.

નિષ્કામ કર્મત્વ [સં નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + કર્મન્ (કામ) + ત્વ (પણું)] ન. કર્તાપણાનું અભિમાન અને ફળની ઇચ્છા ન હોઈને અંતર્યામી ઈશ્વરના ચરણમાં કર્મનું અર્પણ કરવું તે.

નિષ્કામ કર્મયોગ [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + કર્મન્ (કામ) + યોગ] પું. કર્મફળનો પોતાને લાભ મળે તેની જરા પણ પરવા વિના માત્ર કર્તવ્યબુદ્ધિથી કામ કરવું તે.

નિષ્કામકર્મી [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + કર્મન્ (કામ) + ઇન્ (વાળું)] વિ. ફળની ઇચ્છા વિના કામ કરનાર.

નિષ્કામભક્તિ [સં. નિષ્કામ (વાસના વિનાનું) + ભક્તિ (પ્રેમ)] સ્ત્રી. અહંતાવૃત્તી ઉત્સર્યેલું; અપ્રતિમ પ્રેમ, નિર્વિઘ્ન પ્રસન્ન.

નિષ્કામતા [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + તા (પણું)] સ્ત્રી. કોઈ પણ ફળની ઇચ્છા ન હોવાપણું.

નિષ્કામત્વ જુઓ નિષ્કામતા.

નિષ્કામપણું જુઓ નિષ્કામતા.

નિષ્કામ બુદ્ધિ ૧. [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + બુદ્ધિ] સ્ત્રી. કામના કે ફળની ઇચ્છાના અભાવવાળી વૃત્તિ; નિરપેક્ષતા.

૨. સ્ત્રી. કોઈ પણ જાતના ફળની આશા રાખ્યા વગર કામ કરવું તે.

નિષ્કામ ભક્તિ [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + ભક્તિ] સ્ત્રી. કોઈ પણ જાતની આશા રાખ્યા વગરની ભક્તિ.

નિષ્કામ ભાવ જુઓ નિષ્કામ બુદ્ધિ.

નિષ્કામ વૃત્તિ જુઓ નિષ્કામ બુદ્ધિ.

નિષ્કામ શુદ્ધિ [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + શુદ્ધિ (પવિત્રતા)] સ્ત્રી. સ્વામીનારાયણે નિષ્કામ ભાવાર્થે જાતના ભગના પ્રાયશ્ચિત્ત નિમિત્તે ઉપદેશ કરેલ ક્રમ.

નિષ્કામાચરણ [સં. નિષ્કામ (ફળની ઇચ્છા વિનાનું) + આચરણ (કર્તવ્ય)] ન. કોઈ પણ ફળની અપેક્ષા રહિત કામ કરવું તે.

નિષ્કામી જુઓ નિષ્કામ.

નિષ્કારણ ૧. [સં. નિસ્ (વિનાનું) + કારણ] વિ. કારણ વગરનું; નિષ્પ્રયોજન.

૨. વિ. અર્થે; નકામું.

૩. વિ. સ્વયંસિદ્ધ; જેનું કોઈ કારણ ન હોય એવું.

૪. અ. વગર કારણે, કોઈ પણ કારણ ન હોય તેમ; બિનજરૂરી; અમસ્તું.

નિષ્કારણિક વિ. કારણ રહિત.

નિષ્કાર્ય [સં. નિસ્ (વિનાનું) + કાર્ય (કામ)] વિ. કોઈ પણ કામ નહિ કરનારું.

નિષ્કાલક ૧ [સં.] પું. મૂંઝવા વાળ, રૂનાં વગેરે.

૨. [સં. નિસ્ (વિનાનું) + કલક (વખત) + ક (વાળું)] વિ. તુમાવેલા કલાકવાળું.

૩. વિ. મૂંઝવા વાળ કે કેકવાળું.

નિષ્કાલન ૧. [સં.] પું. ઝલાવવાની ક્રિયા.

૨. પું. મારણ; મારવું તે; મારી નાખવું તે

નિષ્કાલિક ૧. [સં. નિસ્ (વિનાનું) + કાલિક (કાળ સંબંધી)] વ. સમયે નહિ હોવાપણું.

૨. વિ. જેને કોઈ છતનાર ન હોય એવું.

૩. વિ. જેતા વગરનું.

નિષ્કાશ ૧. [સં. નિસ્ (બહાર) + કાશ (દેખવું તે)] પું. ઓકરી; પરસાળ.

૨. પું. ખેંચી કાઢવું તે; બહાર કાઢી લેવું તે.

૩. પું. ઘર વગેરેનો બહાર નીકળેલો ભાગ

૪. પું. ઘાસ.

૫. પું. નીકળવું તે.

નિષ્કાશન જુઓ નિષ્કાસન.

નિષ્કાસિત ૧. [સં.] વિ. બનધિકૃત.

૨. વિ. ખેંચી કાઢેલું.

૩. વિ. દૂર કરેલું.

૪. વિ. દેશનિકાલ કરેલું.

૫. વિ. નિંદિત; નિંદા કરેલું.

૬. વિ. બહિષ્કૃત કરેલું; બહાર કાઢેલું.

૭ વિ. હાંકી કાઢેલ.

નિષ્કાસિની [સ.] સ્ત્રી. ખેતરના સ્વામીના તાબામાં નહિ રહેતી ચાકરડી.

નિષ્કાષ [સં.] પું. તાપને લીધે તપેલી વગેરેમાં નીચે ચોટી જતેલ દૂધનો ભાગ.

નિષ્કાસક જુઓ નિષ્કાસક.

નિષ્કાસન ૧. [સં. નિષ્કાસ (કાઢી મૂકવું) + અન (પણું)] ન. બાકી કરાવવું તે.

૨. ન. દેશનિકાલ; દેશમાંથી કાઢી મૂકવું તે.

૩. ન. બહાર કાઢવું તે.

નિષ્કાસિત જુઓ નિષ્કાસિત.

નિષ્કાળજી સ્ત્રી. બેદરકારી; બાલતા; ઉપેક્ષા.

નિષ્કાંક્ષિત ૧. [સં. નિસ્ (વગરનું) + કાંક્ષિત (આકાંક્ષાવાળું)] વ. આકાંક્ષા ન હોવાપણું.

૨. વિ. (જૈન) અન્ય દર્શનની આકાંક્ષા રહિત; પક્ષપાત રહિત.

૩. વિ. અભિલાષા વિનાનું.

નિષ્કાંચન [સં. નિસ્ (વિનાનું) + કાંચન (સોનું)] વિ. નિર્ધન; ગરીબ; કાંચન વગરનું.

નિષ્કાંતાર વિ. જંગલથી બહાર કાઢેલ.

નિષ્કિંચ જુઓ નિષ્કિંચન.

નિષ્કિંચન ૧. [સં. નિસ્ (રહિત) + કિંચન (કાંઈક)] વિ. તદ્દન ગરીબ; ધન વગરનું; અકિંચન; દરિદ્ર.

૨. વિ. (જૈન) નિષ્પરિગ્રહી; પરિગ્રહ વગરનું.

૩. વિ. સ્પૃહા રહિત; તૃષ્ણા વગરનું.

નિષ્કિંચનતા ૧. [સં. નિસ્ (વિનાનું) + કિંચન (કાંઈક) + તા (પણું)] સ્ત્રી. ગરીબાઈ; દરિદ્રતા; કાંઈ પણ ન હોવું તે.

૨. સ્ત્રી. તૃષ્ણા વગરનું હોવું તે.

૩. સ્ત્રી. નિષ્પરિગ્રહપણું.

નિષ્કિંચનત્વ જુઓ નિષ્કિંચનતા.

નિષ્કુજિત [સં.] પું. (સંગીત) અકુચન માટેનો સાતગીતમો વર્ણાલંકાર.

નિષ્કુટ ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.

૨. પું. ખેતર; ક્ષેત્ર.

૩. પું. મોક્ષ વગેરે સ્થાન.

૪. પું. ઘરની પાસે રહેલ ઉપવન; બગીચો.

૫. પું. દ્વાર; બારણું; દરવાજો.

૬. પું. રાજાઓનું જનાનખાનું.

૭. વિ. સ્થિર; નિશ્ચય.

નિષ્કુટગિરિ [સં.] પું. એ નામનો એક પર્વત. અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે તે જીતી લીધો હતો.

નિષ્કુટિ [સં] સ્ત્રી મોટી એલચી. તે કડવાશ વગરની અને સ્વાદિષ્ટ હોય છે.

નિષ્કુટિકા [સં.] સ્ત્રી. પ્રતિક સ્વામીની અનુચરી એ નામની એક માતૃકા.

નિષ્કુટી જુઓ નિષ્કુટિ.

નિષ્કુતૂહલ [સ. નિસ્ (વિનાનું) + કુતૂહલ (નવાઈ)] વિ. નવાઈ કે અચંબો પામ્યા વિનાનું.

નિષ્કુલ ૧. [સં.] વિ. અવયવ કે સમૂહ રહિત.

૨. વિ કોતરાં વિનાનું.

૩. [સં નિસ્ (વિનાનું) + કુલ (કુળ)] વિ. સાધિક વગેરે કુળથી રહિત.

નિષ્કુલા ૧. [સં. નિસ્ (વગરનું) + કુલ + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. કુળ વગરની.

૨. વિ.સ્ત્રી. પોતાના કુળમાંથી કાઢી મૂકેલી; દૂર કરેલી.

નિષ્કુલાનંદ [સં.] પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક ભક્ત કવિ. તેમનો જન્મ સંવત ૧૮૨૨માં હાલારમાં રોજપાટ ગામમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ લાલજી હતું. તેમના પિતાનું નામ રામજીભાઈ અને માતાનું નામ અમૃતબાઈ હતું. ગુજરાતી સાહિત્યમાં વૈરાગ્યનાં પદોનો સારો ઉમેરો સ્વામીનારાયણ સંપ્રદાયના ભક્ત કવિઓએ કરેલો છે. તેમાં નિષ્કુલાનંદ

વર્ણવેલો વૈરાગ્ય થયો અસરકારક છે. એમ તેના પ્રવૃત્તિમાર્ગમાં, ઘડમથલમાં તલ્લીન થયેલો માણસ, સર્વ પ્રકારે સુખ અને ઇન્દ્રિયોપભોગમાં મરજાદ થયેલો માણસ પણ એક વાર જો નિષ્કુલાનંદનાં કાવ્યની લહેરો અનુભવે તો આ સંસારના પોકળપણાની, મનુષ્યોની આસક્તિતાની તેમ જ અધમતાની પ્રતીતિ તેને થયા વિના રહેવી નથી. માત્ર વૈરાગ્યનો વિષય જ નિષ્કુલાનંદનાં કાવ્યની વસ્તુ નથી; શૃંગાર, વીર અને કરુણ રસની પણ તેમનાં કાવ્યમાં ઉત્તમ જમાવટ થઈ છે. તેમની વાણી વધારે સંસ્કારી છે, તેમનું વાચન વધારે વિશાળ છે, તેમનું મનુષ્યસ્વભાવનું જ્ઞાન વધારે ઝીણું છે, તેમની દૃષ્ટાંત આપવાની ચમત્કૃતિ વધારે હૃદયંગમ છે, તેમનું પદબંધન વધારે ઝાકઝમાળ છે અને તેમનું કાવ્ય વસ્તુ વધારે વિસ્તૃત છે. સૌરાષ્ટ્રમાં આવેલા ગઢડાના તેઓ નિવાસી હતા. જ્ઞાતના તેઓ સુથાર હતા. તેઓ સંવત ૧૯૮૪માં ધોળેરામાં સમાધિસ્થ થયા હતા.

નિષ્કુલાનંદકાવ્ય ન. સ્વામીનારાયણ સંપ્રદાયના નિષ્કુલાનંદ મુનિએ રચેલું કીર્તનોનું પુસ્તક.

નિષ્કુલી [સં.] વિ. સ્ત્રી. કુળ વગરની; બાળક કે સંતાન ન હોય એવી.

નિષ્કુલીકરણ ૧. [સં. નિસ્ (વિનાનું) + કુલ + કરણ (કરવું તે)] ન. કુળ રહિત કરવું તે.
૨. ન. હોતરાં વગેરે કાપી નાખ્યાં તે.

નિષ્કુષિત ૧. [સં.] વિ. એક જાતનો મકાન.
૨. [સં. નિષ્કુષ્ (બહાર કાઢવું) + ક્ત (એવું)] વિ. ફોલેલું; ફોતરાં વિનાનું કરેલું.

નિષ્કુહ [સં.] પું. કોટર; વૃક્ષ વગેરેમાં પોતાની મેળે થયેલ બખોલ.

નિષ્કૂજ ૧. પું. (જૈન) એ નામના પાંચમા પ્રતિવાસુદેવ.
૨. [સં.] પું. કેળી વૃક્ષ
૩. [સં. નિસ્ (વિનાનું) + કુજ (ઘડો)] વિ. ઘડા વગરનું.

નિષ્કૂત ૧ [સં.] વિ. ઉદાસીન, બેદરકાર.
૨. વિ. નહિ કરેલું; નહિ આચરેલું.
૩. વિ. નહિ બનેલું.
૪. વિ. બાકી કરેલું.
૫. વિ. સ્વતંત્ર; મુક્ત; છૂટું થયેલું.

નિષ્કૂતિ ૧. [સં] પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ; સ્વનક નામના અગ્નિનો પિતા.
૨ સ્ત્રી. અપમાન; નહિ અણકારવું તે.
૩ સ્ત્રી. કરજમાંથી છૂટવું તે; અનૃણતા.
૪. સ્ત્રી. નિવારણ; મુક્તિ; છુટકારો.
૫. સ્ત્રી. પાપ વગેરેથી છૂટવું તે; ઉદ્ધાર.
૬. સ્ત્રી. પ્રાયશ્ચિત્ત.
૭. સ્ત્રી. બદલો.
૮. સ્ત્રી. ચુકવાઈ; ભળપણું.

નિષ્કૂપ વિ. કૂવા રહિત.

નિષ્કૃષ્ટ ૧. [સં.] પું. સારાંશ; નીચોડાર્થ.
૨. વિ. કૃશતા કરીરવાળું.
૩. વિ. નિશ્ચય કરેલું.
૪. વિ. બહાર ખેંચેલ.

નિષ્કેવલ્ય ૧. [સં.] પું. મત સંબંધી એક ગ્રંથ.
૨. પું. જેનાથી પ્રશ્ન કરવા બોગ્ય વસ્તુપત્રરૂપ ગ્રંથ.

નિષ્કૈવલ્ય ૧. [સં.] ન. પાપ વગેરે કર્મ.
૨. વિ. બીજાની સહાય નહિ લેનાર.
૩. [સં. નિસ્ (વિનાનું) + કૈવલ્ય (મોક્ષ)] વિ. મોક્ષ રહિત.

નિષ્કોષ [સં. નિસ્ (વિનાનું) + કોષ (મિયાન)] વિ. મિયાન વગરનું; કોષ રહિત.

નિષ્કોષણ [સં. નિષ્કુષ્ (બહાર કાઢવું) + અન (પણું)] ન. અંદરના અવયવોને બહાર કાઢવા તે; ફોલવું તે.

નિષ્કોષણક [સં. નિષ્કોષણ (બહાર કાઢવું તે) + ક (કરનાર)] વિ. અંદરના અવયવોને બહાર કાઢનાર; ફોલનાર.

નિષ્ક્રમ ૧. [સં.] પું. ત્રીજે મહિને બાળકને પ્રથમ વાર બહાર કાઢવા નિમિત્તે કરાતો એક સંસ્કાર
૨. પું. દીક્ષા.
૩. પું. (જૈન) દીક્ષા લેવી તે; ઉપાધિ છોડી સંસારમાંથી નીકળવું તે.
૪. પું. પતિત ક્ષેત્રપણું.
૫. [સં. નિસ્ (બહાર) + ક્રમ (જવું તે)] પું. બહાર નીકળવું તે; જવું રહેવાપણું.
૬. પું. મનની વૃત્તિ.
૭. પું. સંકેત અથવા ક્રમમાંથી છોડાવવાના પૈસા
૮. પું. સન્યાસ; ગૃહત્યાગ.
૯. વિ. ક્રમ વગરનું

નિષ્ક્રમણ જુઓ નિષ્ક્રમ ૧–૮.

નિષ્ક્રમણકર્મવિધિ [સં. નિષ્ક્રમણ (દીક્ષા લેવી તે) + વિધિમત્ (મોટાઈ)] પું. (જૈન) દીક્ષા મહોત્સવ.

નિષ્ક્રમણા [સં.] સ્ત્રી. (જૈન) દીક્ષા.

નિષ્ક્રમણાભિષેક [સં. નિષ્ક્રમણ (દીક્ષા) + અભિષેક] પું. (જૈન) દીક્ષાનો અભિષેક; દીક્ષાની ક્રિયા.

નિષ્ક્રમણિકા [સં. નિસ્ (બહાર) + ક્રમણ (જવું તે) + ઇકા (વાળી)] સ્ત્રી. બાર માસના બાળકને પહેલીવાર ઘરમાંથી બહાર લાવી સૂર્યનાં દર્શન કરાવવાં તે.

નિષ્ક્રમાભિષેક [સં. નિષ્ક્રમ (દીક્ષા) + અભિષેક (સિંચન)] પું. દીક્ષા મહોત્સવ.

નિષ્ક્રય ૧. [સં.] પું. ખરીદવું તે; ખરીદી.
૨. પું. નીકળવું તે.
૩. પું. પગાર; વેતન; મજૂરી.
૪. પું. પુરસ્કાર; ઇનામ.
૫. પું. પ્રત્યુપકાર.
૬. પું. બદલો; સાટું.
૭. [સં. નિષ્ઠી (બંધનમાંથી છોડાવવું)] પું. મુક્તિ માટે આપવામાં આવતું ધન.
૮. પું. વિનિમય.
૯. પું. વેચવું તે; વેચાણ.
૧૦. પું. શક્તિ; સામર્થ્ય.
૧૧. પું. ઘરખી કીમતનું બદલેલ દ્રવ્ય.

નિષ્ક્રાણ્ય ૧. ન. બાર વગેરે બહાર મોકલવો તે.
૨. [સં. નિસ્ (બહાર) + ક્રમ્ (જવું)] વિ. નિકાસ કરવા જેવું.

નિષ્ક્રાણ્ય શુલ્ક [સં.] ન. નિકાસ ઉપરની જકાત.

નિષ્ક્રાંત ૧. [સં.] વિ. ગૃહસ્થાશ્રમથી મુક્ત થયેલ; દીક્ષા લીધેલ; સંસારમાંથી નીકળીને દીક્ષા લીધેલ.
૨. [સં. નિસ્ (બહાર) + ક્રાન્ત (ગયેલું)] વિ. બહાર ગયેલું; ચાલ્યું ગયેલું; નિર્ગત; નીકળી ગયેલું.
૩. વિ. રંગભૂમિ ઉપરથી ગયેલું.

નિષ્ક્રિય ૧. [સં.] ન. પરબાડા.
૨. વિ. કર્મ પણ પ્રવૃત્તિ વિનાનું; બેકાર; ક્રિયા વગરનું.
૩. વિ. જડ; સુસ્ત; આળસુ.
૪. વિ. બેદરકાર; કાળજી વિનાનું.

નિષ્ક્રિયતા જુઓ નિષ્ક્રિયત્વ.

નિષ્ક્રિયત્વ ૧. [સં.] ન. ક્રિયારહિતપણું; કામ નહિ કરવું તે.
૨ ન જડતા; મંદત્વ.
૩ ન બેદરકારી.

નિષ્ક્રિયપ્રતિરોધ [સં.] પું. કોઈ કાર્ય કે આજ્ઞાનો વિરોધ. તેમાં વિરોધ કરનાર પોતાની સમજથી સત્ય અને ઉચિત ક્રમ કરતો રહે છે.

નિષ્ક્લેશ [સં. નિસ્ (વિનાનું) + ક્લેશ (દુઃખ)] વિ. કષ્ટ વિનાનું; દરેક જાતના ક્લેશથી મુક્ત.

નિષ્કષાય ૧. [સં. નિસ્ (બહાર) + કષાય (ઉકાળો)] પું. બરાબર વખારેલો રસ; શેરવો.

૨. [સં. નિસ્ (વગરનું) + કષાય (ઉકાળો)] વિ. કષાય વગરનું.

નિષ્કાનક ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૨. પું. દુઃખનો પોકાર.

નિષ્ઠ [સં.] સ્ત્રી. દશની ૯મ્યા અને ૨૨મ્યની વચ્ચે તિથિનું એક નામ.

નિષ્ઠિમી [સં.] સ્ત્રી. અતિથિનું એક નામ.

નિષ્કુભ ૧. [સં.] પું. એક જાતિનો પ્રમેય. તેનો ઉલ્લેખ વેદમાં છે.

૨. પું. ખાંડણ.

નિષ્ઠ ૧. [સં.] વિ. કોઈમાં શ્રદ્ધા કે વિશ્વાસવાળું. રચ્યું પચ્યું નિષ્ઠાવાળું.

૨. વિ. તત્પર; તૈયાર.

૩. વિ. સ્થિત; અત્યંત સ્થિતિ કરનાર.

નિષ્ઠા ૧. [સં.] પું. વિષ્ણુ. તેમનામાં પ્રલયને વખતે બધા ભૂતોની સ્થિતિ થાય છે.

૨. સ્ત્રી. અંત; અવસાન.

૩. સ્ત્રી. આસ્થા; વિશ્વાસ.

૪. સ્ત્રી. એકાગ્રતા; લીનતા.

૫. સ્ત્રી. ધારણા; આગ્રહ.

૬. સ્ત્રી. નિર્વાહ; ગુજરાન.

૭. સ્ત્રી. નિશ્ચય; અવધારણ; નિશ્ચયાત્મક સ્થિતિ.

૮. સ્ત્રી. (જૈન) નિશ્ચયકારી જ્ઞાન.

૯. સ્ત્રી. પૂર્ણ હોય તે સ્થિતિ.

૧૦. સ્ત્રી. પ્રીતિ; અનુરાગ; આસક્તિ.

૧૧. સ્ત્રી. ભક્તિ; ધર્મ, ગુરુ વગેરે તરફ પૂજ્યબુદ્ધિ.

૧૨. સ્ત્રી. મનની એકાગ્ર સ્થિતિ. નિષ્ઠાના બે પ્રકાર છે: સવિકલ્પ અને નિર્વિકલ્પ. તે પ્રત્યેકના પાછા કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એવા ભેદ થાય છે.

૧૩. સ્ત્રી. યાચના; માગણી.

૧૪. સ્ત્રી. (જૈન) બાળ મરણના પહેલાની પાંચ માંહેની એક સ્થિતિ. પાંચ સ્થિતિ: અક્ત, અજ્ઞક્ત, જપ, જાગ્રત અને નિષ્ઠા.

૧૫. સ્ત્રી. વધ; મારી નાખવું તે.

૧૬. સ્ત્રી. શ્રદ્ધા; ભક્તિ; વફાદારી.

૧૭. સ્ત્રી. સિદ્ધાવસ્થાની જેવી સ્થિતિ; જ્ઞાનની જેવી અવસ્થા. તેમાં જ્ઞાતૃત્વ અને જ્ઞાનની એકતા થાય છે.

૧૮. સ્ત્રી. સિદ્ધિ; કર્મની સમાપ્તિ.

૧૯. સ્ત્રી. સીમા; હદવટી હદ.

નિષ્ઠાન ૧. [સં.] પું. મસાલો.

૨. ન. કઢી વગેરે બનાવવા માટેનું ચણા વગેરેના લોટનું બનાવેલું ખાદ્ય વસ્તુ.

૩. ન. દહીં વગેરે ખાદ્ય વસ્તુ.

૪. ન. સરકારેલ ભોજન.

નિષ્ઠાનક ૧. [સં.] પું. એ નામનો એક નાગ.

૨. જુઓ નિષ્ઠાન.

નિષ્ઠાપક વિ. સમાપ્ત કરનાર.

નિષ્ઠાપન ન. નિષ્પન્ન કરવું તે.

નિષ્ઠાપિત વિ. દૂર કરેલ; ક્ષય કરેલ.

નિષ્ઠાભાષી [સં. નિષ્ઠાભાષિન્] વિ. નિશ્ચયપૂર્વક બોલવું કરનાર.

નિષ્ઠાવાન [સં. નિષ્ઠાવત્] વિ. નિષ્ઠાવાળું; આગ્રહવાળું; નીતિવાળું.

નિષ્ઠાશુ ૧. વિ. અસ્થાવાળું; શ્રદ્ધાથી ભરેલું.

૨. વિ. ભક્તિપૂર્ણ; ભક્તિભાવવાળું.

નિષ્પ્રાંત ૧. [સં.] પું. અત્યંત સ્થિતિનો અંત.

૨. પું. નાશરૂપ અંતવાળી વસ્તુ. જેમકે નાશ પામનારી વસ્તુ.

નિષ્ઠિત ૧. [સં.] પું. (જૈન) મોક્ષ; પરિસમાપ્તિ.

૨. ન. ખાતરી; શ્રદ્ધા.

૩. વિ. નિષ્ઠાવાળું; નિષ્ઠાળુ.

૪. વિ. સમાપ્ત કરેલું.

૫. વિ. સારી રીતે રંધાયેલું.

૬. વિ. સિદ્ધ કરેલ.

૭. વિ. સ્થિર; દૃઢ.

નિષ્ઠિતાર્થ ન. કૃતકૃત્ય; કૃતાર્થ.

નિષ્ઠિતાર્થી [સં. નિષ્ઠિતાર્થિન્] વિ. મુમુક્ષુ. મોક્ષ ઇચ્છનાર.

નિષ્ઠીવ [સં.] વિ. થૂંકવું તે.

નિષ્ઠીવક [સં.] વિ. થૂંકનાર.

નિષ્ઠીવન ૧. [સં.] ન. થૂંક; બળખો.

૨. ન. થૂંકવું તે.

૩. ન. રેરસા કે બળામાંથી કફ કાઢવાનું ઔષધ.

નિષ્ઠુર ૧. [સં.] વિ. ક્રોર; કઠણ હૃદયવાળું.

૨. વિ. નિર્દય; ક્રૂર; દયાહીન.

૩. વિ. ખૂંખું; ખરાબ; દુષ્ટ.

નિષ્ઠુરતા ૧. સ્ત્રી. કઠણ હૈયું.

૨. સ્ત્રી. ક્રોર વર્તન બોલવું તે.

૩. સ્ત્રી. દયા ન હોવી તે; ક્રૂરતા; ઘાતકીપણું.

૪. સ્ત્રી. દુષ્ટતા; ખરાબતા.

નિષ્ઠુરભાષી [સં. નિષ્ઠુરભાષિન્] વિ. ક્રોર વચન બોલનાર.

નિષ્ઠુરશાસન [સં.] ન. જમિયતશાહી; જુલમી રાજતંત્ર.

નિષ્ઠુરહ [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર કાંઠેનું એક નામ

નિષ્ઠુરિક [સં] પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક નાગ.

નિષ્ઠેવ જુઓ નિષ્ઠીવ.

નિષ્ઠેવન જુઓ નિષ્ઠીવન.

નિષ્ક્રમ્ય [સં.] ન. ધૂંસવું તે.

નિષ્ણ [સં.] વિ. હોશિયાર; નિપુણ; કુશળ; પ્રવીણ; પારંગત.

નિષ્ણાત ૧. [સં.] પું પ્રવીણ માણસ.

૨. વિ. પારંગત; હોશિયાર; પ્રવીણ; કુશળ; કાબેલ; જાહોજ; પૂરતું જ્ઞાન ધરાવનાર.

નિષ્ણાતતા [સં.] સ્ત્રી. હોશિયારી; પ્રાવીણ્ય; પારંગતતા.

નિષ્પકંપ ૧. [સં.] વિ. ઉદાસીન.

૨. વિ. બહુ પાકેલું.

નિષ્પક્ષ [સં.] વિ. પક્ષ વગરનું; તટસ્થ; ઉદાસીન; અલિપ્ત.

નિષ્પક્ષતા [સં.] સ્ત્રી. તટસ્થપણું.

નિષ્પક્ષપાત ૧. [સં.] પું. પક્ષપાતનો અભાવ; સમદૃષ્ટિ.

૨. વિ. પક્ષપાત વગરનું; સમદર્શી; વાદી કે પ્રતિવાદી કોઈ તરફનું નહિ એવું; સ્વતંત્ર; કોઈની તરફદારી નહિ કરનારું.

નિષ્પક્ષપાતતા જુઓ નિષ્પક્ષપાતીપણું.

નિષ્પક્ષપાતી વિ. પક્ષપાત વગરનું; સમદર્શી; સીધું; તરફદારી નહિ કરનાર; સ્વતંત્ર વિચારવાળું; કોઈ પક્ષ તરફ ઢળે નહિ અને પોતાને યોગ્ય લાગે તેમ કહે અને કરે એવું.

નિષ્પક્ષપાતીપણું ન. નિષ્પક્ષપાતી હોવાનો ગુણ.

નિષ્પક્ષભાવ જુઓ નિષ્પક્ષપાતીપણું.

નિષ્પત્ ૧. [સં.] અ. ક્રિ. દૂર પડવું.

૨. અ. ક્રિ. નાશ થવો.

૩. અ. ક્રિ. બહાર આવવું.

નિષ્પતન ૧. [સં.] ન. દૂર પડવું તે.

૨. ન. નાશ થવાપણું.

૩. ન. નીકળવું તે; બહાર આવવું તે.

નિષ્પતાકધ્વજ [સં.] પું. સાલ્વથી પોતાની પાસે રાખવામાં આવતો પ્રાચીન કાળનો એક પ્રકારનો દંડ. આ દંડ પતાકાના દંડ જેવો હતો. ફેર એટલો કે તેમાં પતાકા ન હતી.

નિષ્પતિપુત્રા ૧. [સં.] સ્ત્રી. પતિ કે પુત્ર વગરની સ્ત્રી.
૨. વિ સ્ત્રી. પતિ કે પુત્ર વગરની.

નિષ્પતિષ્ઠ [સં.] વિ. અત્યંત ચંચળ સ્વભાવનું.

નિષ્પતિસુતા જુઓ નિષ્પતિપુત્રા.

નિષ્પત્તિ ૧. [સં.] સ્ત્રી. ઉદ્ભવ; ઉત્પત્તિ; જન્મ.
૨. સ્ત્રી. (ગણિત) એક સંખ્યા બીજી કરતાં કેટલા જણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે તે બતાવનાર સંખ્યા; પ્રમાણોત્તર; 'રેશિયો.'
૩ સ્ત્રી નિર્વાહ; ગુજરાન
૪. સ્ત્રી નિશ્ચય; નિર્ણય; નિર્ધારિત
૫. સ્ત્રી પરિપક્વતા; પરિપાક
૬ સ્ત્રી મીમાંસા.
૭ સ્ત્રી સમાધાન; સમજૂતી; નિકાલ.
૮ સ્ત્રી સમાપ્તિ; અંત.
૯૦. સ્ત્રી સિદ્ધિ; પ્રાપ્તિ.
૧૧. સ્ત્રી. (યોગ) હઠયોગમાં નાડીની ત્રણ માંહેની જેતી અવસ્થા..

નિષ્પત્તિપત્ર [સં.] કું :ન. સમાધાનનો તોહનામાનું પત્ર.

નિષ્પત્યવાયવશ્યા [સં.] સ્ત્રી. (યોગ) નાડીની ત્રણ માંહેની એ નામની જેતી અવસ્થા.

નિષ્પત્ર ૧. [સં.] વિ. પાંદડાં વિનાનું.
૨ વિ પીંખાં વગરનું.

નિષ્પત્રક ૧. [સં.] વિ. જેની એક જાતુએ તોડેલું બાજ શરીરને ભેદીને બીજી જાતુએ બહાર નીકળેલું હોય એવું.
૨. વિ. પાંદડાં વગરનું.

નિષ્પત્રાકૃતિ [સં.] સ્ત્રી. અત્યંત ક્ષમા કે દુઃખ ઉપજવવું તે.

નિષ્પત્રિકા [સં.] સ્ત્રી. કેરડાનું ઝાડ. તેને પાન હોતાં નથી.

નિષ્પત્ર [સં.] વિ. અપત્ય. જ્યાં માણસનું પગલું નહિ કરેલું એવું

નિષ્પદ ૧. [સં.] ન. પગ વિનાની વસ્તુ. જેમકે, નૌકા.
૨. વિ પગ વિનાનું.

નિષ્પદી ૧. [સં.] સ્ત્રી. પગ વિનાની સ્ત્રી.
૨. વિ.સ્ત્રી. પગ વિનાની.

નિષ્પન્ન ૧. [સં.] વિ. ઉત્પન્ન થયેલું; નીપજેલું; કરેલ
૨. વિ. તત્પર; તૈયાર
૩. વિ. પાકું; પક્વ પરિપક્વ.
૪. વિ. પૂર્ણ; ભરેલું; ભરપૂર.
૫. વિ. સમાપ્ત થયેલ; કરેલું.
૬. વિ. સાબિત; સિદ્ધ.

નિષ્પરાક્રમ [સં.] વિ. નબળું; અશક્ત; સામર્થ્ય વિનાનું.

નિષ્પરિગ્રહ ૧. [સં.] કું. સ્ત્રી રહિત પુરુષ; વિધુર.
૨. વિ. અવિવાહિત; કુંવારું.
૩. વિ. પોતાની વગેરે ચોગ્ય ઉપકરણો સિવાય બીજું પાસે કંઈ પણ ન રાખનાર.
૪. વિ. દાન વગેરે નહિ લેનાર.
૫ વિ. (જૈન) પરિગ્રહ રહિત.
૬. વિ. વિષયરહિત સંત વિનાનું.
૭. વિ. સ્ત્રી વગરનું.

નિષ્પરિગ્રહી જુઓ નિષ્પરિગ્રહ.

નિષ્પરિણામી [સં. નિસ્ (વગરનું) + પરિણામ + ઇન્ (વાળું)] વિ. પરિણામવાળું; જેનું કોઈ પરિણામ કે ફળ ન હોય એવું.

નિષ્પરેજ [સં.] વિ. સાચવવામાં કરકસર નહિ એવું; બેદરકાર.

નિષ્પર્ણી [સં. નિસ્ (વિનાનું) + પર્ણ (પાંદડું)] વિ. પાંદડાં વિનાનું.

નિષ્પલ્લવ [સં] વિ. પાંદડાં વગરનું; બોડું.

નિષ્પવન ૧. [સં.] ન. અનાજ વગેરેની ભૂસી કાઢવી કે પાન વગેરેને ડોતરાં રહિત કરવું તે.
૨. [સં. નિસ્ (વગરનું) + પવન (વાયુ)] વિ. હવા વગરનું.

નિષ્પંક ૧. [સં.] વિ. કાદવ વગરનું; ઝાડા વગરનું; કીચડ રહિત; સ્વચ્છ; નિર્મળ.
૨. વિ. દુઃખ; કલંક વિનાનું.

નિષ્પંક ૧. [સં.] વિ. અનિંદીત.
૨. વિ. શંકા રહિત; સાચું; ખાતરી પૂર્વકનું.
૩. વિ. સ્પંદન રહિત; નિશ્ચેષ્ટ; હાલેચાલે નહિ એવું.
૪. અ. નકી. ખરેખર

નિષ્પંદન [સં] વિ. ચલન આદિ ક્રિયા રહિત; સ્થિર; અંગના કરકસર વિનાનું.

નિષ્પંદિની ૧. [સં.] સ્ત્રી. જે સાધન વડે પ્રવાહી ટપકે ટપકે નીચે ઊતરે તે; 'પિપેટ.'
૨. વિ સ્ત્રી. હલનચલનની ક્રિયા વગરની; હાલે ચાલે નહિ એવી.

નિષ્પાક ૧. [સં.] કું. અનાજની ભૂસી કાઢવાનું કામ.
૨. કું. એક જાતનું ઝાડ.

નિષ્પાદક ૧. [સં.] વિ. ઉત્પન્ન કરનાર; પેદા કરનાર.
૨. વિ. સમાપ્ત કરનાર.
૩. વિ. સાધક; સિદ્ધ કરનાર.

નિષ્પાદન ૧. [સં.] ન. ઉત્પન્ન કરવું તે; પેદા કરવું તે; ઉત્પત્તિ.
૨. ન. પરિપાકતા.
૩. ન. સમાપ્તિ; અંત.
૪. ન. સિદ્ધ કરવું તે; પ્રાપ્તિ; સિદ્ધિ.

નિષ્પાદિત ૧. [સં.] વિ. ઉત્પન્ન થયેલું કે કરેલું; પેદા કરેલું.
૨. વિ. પરિપાક.
૩. વિ. સમાપ્ત.
૪. વિ. સિદ્ધ કરેલું.

નિષ્પાદી [સં.] સ્ત્રી. એક જાતની ઝાડવાળ; નિષ્પદ.

નિષ્પાદ્ય જુઓ નિષ્પાદિત.

નિષ્પાન [સં] ન. પીવું તે; પાન કરવું તે.

નિષ્પાપ [સં. નિસ્ (વિનાનું) + પાપ (દોષ)] વિ. દોષ્યા વિનાનું; પાપ વગરનું; શુદ્ધ; પવિત્ર; નિર્દોષ.

નિષ્પાપતા [સં] સ્ત્રી. સાધુતા; પવિત્ર કે દોષ વગરનું હોવાપણું.

નિષ્પાપી જુઓ નિષ્પાપ.

નિષ્પાવ ૧. [સં] કું. એક જાતનું કઠોળ; વાલ.
૨. કું. માસાના ગોળ બાજ જેવો એક તોલ.
૩. કું. સાપ વગેરેથી અનાજનાં ડોતરાં દૂર કરવા તે.
૪. કું. સાપ વગેરેનો વાસુ.
૫. વિ. નિર્વિકલ્પ; નિઃસંદેહ; સંશય રહિત.

નિષ્પાવી [સં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય.

નિષ્પિપાસ ૧. [સં. નિસ્ (વગરનું) + પિપાસા (તૃષ્ણા)] વિ. પિપાસા વગરનું; આસક્તિ રહિત; તૃષ્ણા રહિત; નિઃસ્પૃહી.
૨. વિ. સ્નેહ રહિત.

નિષ્પિષ્ટ [સં.] વિ પીસેલું, દળેલું; ચૂર્ણ કરેલું; સારી રીતે વાટેલું.

નિષ્પીડન (નિષ્પીલન) ૧. ન. દબાઈ જવું તે; ચગાવું.
૨. [સં.] ન. નિચોવવું તે.

નિષ્પુત્ર [સં.] વિ. પુત્ર વગરનું; વાંઝિયું

નિષ્પુરુષ ૧. [સં.] કું. નપુંસક; હીજડો.
૨. વિ. નામર્દ; નામર્દ; બીકણ.

નિષ્પુલાક ૧. [સં.] કું. (જૈન) આગમી ઉત્સર્પિણીમાં થનારા એ નામના ચોથા તીર્થંકર.
૨. વિ. ડોતરાં વગરનું.

નિષ્પૃષ્ટ ૧. વિ. અસ્પષ્ટ; અપ્રકટ.
૨. વિ. જેમાં પૂછવું પડે નહિ એવું સ્પષ્ટ; અસંદિગ્ધ.

નિષ્પૃહ [સં.] વિ. ઇચ્છા કે સ્પૃહા વિનાનું

નિષ્પૃહા [સં.] સ્ત્રી. અભિલિપ્સા રહ્યા.

નિષ્પેષ ૧. [સં.] પું. પીસવું તે.
૨. પું. પીસવું તે; ભાંગવું તે; મસળવું તે; ચૂર્ણ કરવું તે.

નિષ્પેષણ જુઓ નિષ્પેષ.

નિષ્પ્રકંપ ૧. [સં.] પું. સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.
૨ વિ. સ્થિર; કંપ વિનાનું; અતિનિશ્ચલ.

નિષ્પ્રકંપતા [સં.] સ્ત્રી. નિશ્ચલતા; સ્થિરપણું.

નિષ્પ્રકાશ [સં.] વિ. તેજ વિનાનું; ઝાંખું

નિષ્પ્રગજ વિ. નિશ્ચયમાં ન ટળે એવું.

નિષ્પ્રચાર [સં.] વિ. એક જગ્યાએથી બીજી જગ્યાએ ન જઈ શકે એવું; ગતિ વગરનું; ચાલી ન શકે એવું.

નિષ્પ્રતિકાર વિ. ચિકિત્સા રહિત; ઉપાય વગરનું.

નિષ્પ્રતિભ [સં.] વિ. પ્રતિભા રહિત; જડ; મૂર્ખ; બુદ્ધુ.

નિષ્પ્રતિવચન [સં. નિસ્ (વગરનું) + પ્રતિ (સામું) + વચન] વિ. નિરુત્તર; ઉત્તર આપવામાં અસમર્થ.

નિષ્પ્રત્યવાય ૧. વિ. અટકાવ રહિત.
૨. વિ. નિર્વિઘ્ન.

નિષ્પ્રત્યાખ્યાન વિ. (જૈન) પ્રત્યાખ્યાન રહિત.

નિષ્પ્રત્યૂહ [સં.] વિ. નિર્વિઘ્ન; અડચણ કે મુશ્કેલી વિનાનું.

નિષ્પ્રદેશ ૧. [સં.] વિ. (જૈન) પરમાણુ.
૨. વિ. પ્રદેશ રહિત.

નિષ્પ્રપંચ [સં.] વિ. પ્રપંચ વગરનું; નિષ્કપટ; સરળ; નિખાલસ.

નિષ્પ્રપંચાત્મા [સં. નિષ્પ્રપંચાત્મન્] પું. જિનનાં કલ્પ માંહેનું એક નામ.

નિષ્પ્રભ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.
૨. વિ કમનસીબ; નસીબ; તાકાત વિનાનું.
૩. વિ. કાંતિ રહિત; તેજહીન; નિસ્તેજ.

નિષ્પ્રભાવ [સં.] વિ. પ્રભાવશૂન્ય; મોટાઈ રહિત થયેલું; પ્રતાપ વિનાનું.

નિષ્પ્રમાણ [સં.] વિ. નિરર્થક; નકામું; આધારભૂત નહિ એવું.

નિષ્પ્રયત્ન ૧. [સં.] વિ. મહેનત વગરનું; પરિશ્રમ વિનાનું.
૨. અ. પ્રયાસ વગર.

નિષ્પ્રયોજન ૧. [સં.] વિ. પ્રયોજન વિનાનું; હેતુ વગરનું; અર્થ; નકામું; ઉપયોગ વગરનું.
૨. વિ. સ્વાર્થ વગરનું.
૩ અ. કારણ વગર; અકારણ; નાહક

નિષ્પ્રવાણ [સં.] વ. નવું વગર; કોરું વગર

નિષ્પ્રાણ ૧. [સં.] વિ. જડ; ચેતન વિનાનું
૨. વિ. જોર કે જુસ્સા વગરનું.
૩. વિ. પ્રાણવાયુ રહિત; મરણ પામેલું; મૃત; નિર્જીવ.

નિષ્પ્રાણતા ૧. [સં.] સ્ત્રી. જડતા; ચેતનરહિતપણું.
૨. સ્ત્રી. જોર કે જુસ્સો ન હોવો તે.
૩. સ્ત્રી. પ્રાણવાયુરહિતપણું; નિર્જીવતા.

નિષ્પ્રિય [સં.] વિ. જેને કોઈ વહાલું ન હોય એવું; શુષ્ક હૃદયી; કઠોર.

નિષ્પ્રેમ (સ.) વિ પ્રેમ રહિત; સ્નેહ વગરનું.

નિષ્પ્રેમતા [સં.] સ્ત્રી. સ્નેહ અથવા ભાવ ન હોવો તે.

નિષ્પ્રેહી [સં. નિસ્પૃહ] વિ. (હિંદી) જેને કોઈ વસ્તુની આકાંક્ષા ન હોય એવું.

નિષ્ફક્ક ૧. [સં.] પું. બળાજનું હોતરું; ભૂસું.
૨. વિ. અંકપ્રેક રહિત
૩. વિ. પરિણામ રહિત; ફળ ન આપે એવું; ફળ વગરનું
૪. વિ. નકામું; નિરુપયોગી.
૫. અ. આકરા; નિષ્પ્રયોજન; ફોગટ; મિથ્યા; વ્યર્થ.

નિષ્ફલતા ૧. [સં.] સ્ત્રી. પરિણામ રહિત હોવું તે.
૨. સ્ત્રી. નિરુપયોગીપણું; નકામું હોવું તે.
૩. સ્ત્રી. મિથ્યાપણું; વ્યર્થપણું; ફોગટ જવું તે.

નિષ્ફલત્વ જુઓ નિષ્ફલતા.

નિષ્ફલા ૧. [સં.] સ્ત્રી. છોકરાં જન્મવાં બંધ થયા હોય તેવી સ્ત્રી.
૨. સ્ત્રી. ગાયભેંસણી. તેને ઉપર હોતરાં હોતાં નથી કે ગિમ થતી નથી, પરંતુ તેમાં ગુરુભા થાય છે, માટે તેને નિષ્ફલા કહે છે.
૩. સ્ત્રી. જેને સ્ત્રીધર્મ બંધ થયેલ હોય એવી સ્ત્રી. જટાધર મત પ્રમાણે ૫૦ વર્ષની અવસ્થા ઉપરાંત અને સુશ્રુત મત પ્રમાણે ૫૬ વર્ષની અવસ્થા ઉપરાંતની સ્ત્રીઓ નિષ્ફલા થાય છે.

નિષ્ફલ્લિ [સં.] ન. અક્ષોનો નિષ્ફલ કરવાનું જોખમ. વાલ્મીકિના જણાવ્યા પ્રમાણે વિશ્વામિત્ર ઋષિ રામચંદ્રજીને વનમાં લઈ ગયા હતા ત્યારે તેણે બીજાં અસ્ત્રો સાથે આ અસ્ત્ર પણ તેમને આપ્યું હતું.

નિષ્ફલી જુઓ નિષ્ફલા.

નિષ્ફળ જુઓ નિષ્ફલ.

નિષ્ફળતા જુઓ નિષ્ફલતા.

નિષ્ફળત્વ જુઓ નિષ્ફલતા.

નિષ્ફેટિકા પું. (જૈન) માતા, પિતા કે વડીલે રજા ન આપી હોય તેવાને અપહરણ કરી દીક્ષા આપવાથી થતો દોષ. અપ્રતિપૂર્ણ એવા સોળ વર્ષની અંદરના બાળકને વાલીની સંમતિ વગર દીક્ષા આપે તો નિષ્ફેટિકા દોષ લાગે.

નિષ્ફેન [સં.] વિ. ફીણ વગરનું.

નિષ્બંધ ૧. [સં.] પું. કરાર; બખત તે; દબદબો તે.
૨. પું. સાર; તત્ત્વરૂપ પદાર્થ.
૩. વિ. કરારવાળું; બખતું; દબદબો.

નિસ્ [સં.] અ. વિનાનું, રહિત, નિશ્ચય, નિષેધ, સદ્ભાવપણું, અભાવ, નહિ, ન.ત્ર પામેલું એવા અર્થમાં નામને લગાડાતો પૂર્વપદ. ક્રિયાપદોને લાગતાં તે નિષેધ, ગોટલતા, ઊલટપણ વગેરે અર્થો બતાવે છે. સ્વરો અને ઘોષ વ્યંજનો પહેલાં તેનું રૂપ નિર્ અને ઊષ્માક્ષરો લાગતા નિઃ કે પછીના ઊષ્માક્ષર મુજબ નિસ્, નિસ થાય છે જેમકે, નિઃશબ્દ, નિરક્ષર, નિઃસત્ત્વ, નિસ્સત્ત્વ. ચ અને છ પહેલાં નિસ્ અને ક તથા પ પહેલાં નિષ્ થઈ જાય છે. જેમકે, નિશ્ચલ, નિષ્પક્ષ.

નિસ [હિં] સ્ત્રી. નિશા; રાત્રિ

નિસક વિ. નબળું; શક્તિહીન; કમજોર.

નિસકર [સં. નિશાકર] પું. (હિંદી) ચંદ્ર.

નિસણી (નિસણી) સ્ત્રી. નિસરણી; દાદરો.

નિસરું વિ. (કચ્છી) ફરજ વગરનું.

નિસત [સં. નિઃસત] વિ. અસત; મિથ્યા.

નિસત્ય [સં. નિઃસત] વિ. ખોટું; જૂઠું.

નિસત્યતા [સં. નિઃસત્યતા] સ્ત્રી. જૂઠાણું.

નિસત્ત્વ [સં. નિઃસત્ત્વ] વ. નિર્માલ્યપણું.

નિસત્ત્વતા [સં. નિઃસત્ત્વતા] સ્ત્રી. માલ વગરનું હોવું તે; નિર્માલ્યતા.

નિસદિવસ જુઓ નિસદીસ.

નિસદીસ [સં. નિશા (રાત્રિ) + દિવસ] અ. રાતદિવસ; હમેશા. નિસદિવસ સાંકેતિક દિવસનો જ અંતમાં ઉચ્ચારાઈ જતાં મૂળ શબ્દનું માત્ર પરિમાણ સામ્યતા માટે દીર્ઘ ઉચ્ચાર થયેલો છે. દિવસના વનો લોપ થતાં થતા

ગાડીના દિવસના અનો ન થતા અને ન હોવો થતાં એટલે સંપ્રસારણ થતાં દિવસ, દીસ એ રૂપો ઉચ્ચાર છે. દીસ ઉપરથી દીઠ અને દી પણ થયેલાં છે.

નિસઘોસ [સં. નિશિ + દિવસ] અ. રાતદિન. નિત્ય; સદા

નિસભણ ૧. સ્ત્રી અભ્યાસ; ભણતર.
૨ સ્ત્રી કાળજી દરકાર; ઉદ્દેશ; પરવા; સંભાળ.
૩ સ્ત્રી માત્રણી; વિચાર કે મંત્રણની વાત.
૪. સ્ત્રી. મુકાબલો; સરખામણી, તુલના.
૫. [અ] સ્ત્રી. સંબંધ; વળગણ; નિસ્બત; નાતો
૬ અ. માટે.

નિસભર અ આખી રાત સુધી.

નિસર [સં.] વિ. અર્પણ કરનાર; અતિશય ખસનાર; અર્પણ કમન કરનાર.

નિસરણ ૧ [સં.] ન. જવું તે.
૨. ન નીકળવું તે
૩. ન. મુક્તિ; મોક્ષ
૪. ન. મૃત્યુ; મરણ

નિસરણી ૧ [સં. નિઃશ્રેણી; પ્રા. ણિસ્સેણિ] સ્ત્રી. ઊંચે ચડવાને ઉપર ઉપર પગ મુકાય એવાં પગથિયાંવાળી રચના અથવા બનાવટ. સીડી, નિસરણી લાકડાની, ધાતુની કે પથ્થરની બનતાં હોય

૧. નિસરણી આપવી-ચાંદરાને નિસરણી આપવી = તોફાની કે ગંડાને વધુ તોફાન કરવા સાધન આપવું

૨. નિસરણી મૂકવી = ચડવા માટે સીડીને ગોઠવવી

૨. સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેને કોટડા કોઠાદાવ, કોઠો, આવડી ઓડીબમબી, ટીટવો, ઠંડો નિશાન, દરિયો, દરિયોદાવ, ધરીએ ધરીએ, મોમ, રોટલાદા, વીજળીકોઠો, વીજળીદા, વીજળી વિસામો પણ કહે છે. આ રમતમાં આડુ હાથ લાંબો અને આડ હાથ પહોળો એવી ધૂળમાં નિશાની કરી નિસરણી કાઢે છે. પછી ધૂળનો પાળ કરીને સાત પગથિયાં કરે છે. સાતમા પગથિયાને દરિયો કહે છે. તેનો ઉપલો ભાગ ગોળાકાર હોય છે. દાવ દેનાર છોકરા સિવાય બાકીના રમનાર છોકરાઓ નિસરણીની બને બાજુએ બેસે છે. પછી દાવ દેનાર બહેલા બાળના આગળ જઈ તેમા એક ઠીકરાનો કટકો નાખે છે. પછી એક પગ ઊંચો રાખી એક પગે તે પગથિયામાં કૂદી નીચો વળી પેલો ઠીકરાનો કટકો લાવી એક જ પગે કૂદી બહાર નીકળે છે. ઠીકરાનો કટકો બરાબર તે પગથિયામાં પડ્યો નહિ તો, આમ એક પગે દરેક પગથિયું કૂદી કટકો લાવે પાછો એક જ પગે દરેક પગથિયું કૂદી બહાર આવે. સાતમા પગથિયામાં પહોંચ્યા પછી બે પગ મૂકી ચાલ આવી પાછો એક જ પગે કૂદી બહાર આવે. આ પ્રમાણે સાતે પગથિયા કૂદી જાય, તો પછી ફરિયા સિવાયના ગમે તે એક પગથિયામા પોતાનું ઘર બાંધે, એટલે કે ધૂળની લીટી કરે. જે બીજા રમનારને આડચણકર્તા થાય એ ઠીકરાનો કટકો જે પગથિયામાં નાખ્યો હોય, તેમાં ન પડતાં બીજા પગથિયામાં પડે તો દાવ જાય. એક જ પગે કૂદવાને બદલે જે પગ મૂકો દેવાય તો દાવ જાય. કૂદવાનું પૂરું થયા પછી જેણે લીંપી વધારે ઘર બાંધ્યાં હોય તે પહેલો, તેનાથી ઓછાં ઘરવાળો બીજો એમ અનુક્રમે ગણાય છે અને તે પ્રમાણે બધા હોડે. જે છેલ્લો આવે તે બધાને ઓ એટલે રમત પૂરી થાય.

૩. સ્ત્રી. બાર ગ્રહરાનો નાનો પત્થર.

૪. સ્ત્રી. મલખંભનો એક ભાગ. તેમાં મલખંભને હાથે પકડી નિસરણી ઉપર ચડી પાછળ ઝુલાઈ જવાય છે.

નિસરણી ખાંચ સ્ત્રી. પોલાંની બાજુમાં ચીરો પાડીને નિસરણીના જેવાં પગાં કરવાં તે.

નિસરણો અલખમ જુઓ નિસરણી ૪

નિસરણી મલખંભ જુઓ નિસરણી ૪.

નિસરણો કું. કૂવાનો, વાસણો વગેરે ઓળવાની બાર વસવાનો પત્થર. તે સરાણનું કામ આપે છે.

નિસર્ગ ૧. [સં.] પું. કુદરત; પ્રકૃતિ.
૨. પું. જગત; દુનિયા; સૃષ્ટિ.
૩. પું. જન્મ.
૪ પું. પરિણામ; ફળ.
સમ્યગ્દર્શન નિસર્ગથી એટલે પરિણામ આત્મા અથવા અભિગમથી એટલે કે બાહ્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થસૂત્ર
૫ પું પૂર્વસંસ્કારથી ઊપજતું જ્ઞાન.
૬. પું. રૂપ; આકૃતિ; સ્વરૂપ
૭. પું સ્વભાવ.
૮. વિ. કુદરતી; સ્વભાવસિદ્ધ.

નિસર્ગક્રિયા ૧. [સં. નિસર્ગ (કુદરત) + ક્રિયા (કામ)] સ્ત્રી. કુદરતી રીતે થતું કામ.
૨. સ્ત્રી. (જૈન) ચારિત્રની પ્રાપ્તિને માટે અનુમતિ આપવી તે.
૩. સ્ત્રી. (જૈન) બીજાની જોમ કે આણ જાહેર કરવાં તે.

નિસર્ગચિત્ર [સં.] ન. કુદરતનું દશ્ય; સૃષ્ટિચિત્ર; પ્રકૃતિદર્શનાલેખન.

નિસર્ગજ ૧. [સં.] વિ. સૃષ્ટિ સમયે હોનાર કે થનાર.
૨. વિ. સ્વાભાવિક

નિસર્ગદત્ત [સં.] વિ. કુદરતે આપેલું.
એ પરિણામ આવવું તે નિસર્ગદત્ત શક્તિના બળે જ શક્ય છે. ઓઝાદકર

નિસર્ગપણું ન. કુદરતી અથવા સ્વભાવસિદ્ધ હોવું તે.

નિસર્ગપંથી [સં. નિસર્ગ (કુદરત) + પથ (માર્ગ)] વિ. કુદરતના સિદ્ધાંતમાં માનનારું.

નિસર્ગપ્રાપ્ત [સં.] વિ. કુદરતી રીતે મળેલું.

નિસર્ગરચના [સં] સ્ત્રી. કુદરતી બનાવટ.

નિસર્ગરુચિ [સં.] સ્ત્રી. (જૈન) ધર્મધ્યાનનું એક લક્ષણ; સદ્ગુરુ કૃપિ કે ગ્રહણ કોઈનો ઉપદેશ સાંભળ્યા વિના પોતાની મેળે થતી ધર્મરુચિ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ પદાર્થોને યથાર્થ રીતે જાણી રમરણાદિ દ્વારે કરીને જાણ્યા પછી તે ઉપર શ્રદ્ધા થાય તે નિસર્ગરુચિ કહેવાય છે.

નિસર્ગકૃપણતા ૧. [સં] સ્ત્રી. કુદરતી લાવણ્ય.
૨. સ્ત્રી. દાન.
૩. સ્ત્રી. રૂપ; આકૃતિ.
૪ સ્ત્રી. સૃષ્ટિ; જગત.

નિસર્ગવાદી [સં. નિસર્ગવાદિન્] વિ. કુદરતમાં શ્રદ્ધા ધરાવનારું.
જે મતવાદીઓ માનુષની નૈસર્ગિક વૃત્તિઓને ઉદ્યોગમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવાના મતના અને જમીન ઉપર થતી મહેનતને જ ઉત્પાદક માનવાના મતના હતા તેમને નિસર્ગવાદી કહી શકાય. નિરુપદાસ મોઢારી

નિસર્ગવૈરી [સં. નિસર્ગવૈરિન્] વિ. જોઈજોઈ વચ્ચે કુદરતી દુશ્મનાવટવાળું

નિસર્ગશક્તિ [સં.] સ્ત્રી. નવું નિર્માણ કરવાની માંહિક શક્તિ; કુદરતી શક્તિ; પ્રતિભા; કલ્પકતા; ઉત્પાદક શક્તિ; 'ઓરિજિનલિટિ.'
નિસર્ગશક્તિથી ઉત્પન્ન થતું પ્રાથમિક સાહિત્ય પરિપક્વ થયાની રાહ નહિ. રમણલાલ

નિસર્ગશાસ્ત્ર [સં.] ન. કુદરત સંબંધી વિદ્યા.

નિસર્ગષંઢ [સં.] વિ. જન્મથી જ નપુંસક.

નિસર્ગસાધ્ય [સં.] વિ. કુદરતી રીતે મટે કે, મળે એવું.

નિસર્ગસિદ્ધ [સં] વિ. સ્વાભાવિક; કુદરતી; જન્મસિદ્ધ.

નિસર્ગસુંદર [સં.] વિ. સ્વાભાવિક રીતે શોભાયમાન.

નિસર્ગસૃષ્ટિ [સં.] સ્ત્રી. કુદરત.

નિસર્ગસેવી [સં. નિસર્ગસેવિન્] વિ. કુદરતની વચ્ચે રહેનારું; કુદરતનું ઉપાસક.

નિસર્ગાયુ [સં. નિસર્ગાયુસ્] સ્ત્રી. કુંડલિત જ્યોતિષમાં કોઈ આસામીનું આયુષ્ય જાણવા મારેની એક ગણતરી

નિસર્ગોપચાર [સં. નિસર્ગ (કુદરતી) + ઉપચાર] પું. કુદરતને અનુકૂળ થઈને તથા જળ, વાયુ, માટી વગેરે કુદરતી સાધનો વડે ઉપચાર કરવો તે; 'નેચરોપથિ.'

નિસર્જન ૧. [સં.] ન. ત્યાગ.

૨. ન. નીકળવું તે.

નિસર્જના ૧. [સં.] સ્ત્રી. દાન, ત્યાગ.

૨. સ્ત્રી. નીકળવું તે

નિસર્યાસર [સં. નિશિયાસર] પું. (હિંદી) રાત અને દિવસ; નિત્ય.

નિસસ [સં. નિઃશ્વાસ] વિ. (હિંદી) શ્વાસ રહિત; અચેતન; બેદોશ.

નિસહા વિ. સહન ન થઈ શકે તેવું.

નિસંકટ [સં. નિઃસઙ્કટ] ક્ર. મુશ્કેલી વગર; સહેલાઈથી.

નિસંકોચ [સં. નિઃસઙ્કોચ] ક્ર. સંકોચ પામ્યા વગર; છૂટથી

નિસંગ ૧. [સં. નિઃસઙ્ગ] વિ. અલિપ્ત; સ્વાર્થી

૨. વિ. જુદું કરેલ.

૩. વિ. સાથ વગરનું; એકલું.

નિસંક ૧. [હિં.] વિ. બેપરવા; નિર્ભય.

૨ વિ નિર્ધન; ગરીબ.

નિસંડી સ્ત્રી. નિસરણી; સીડી.

નિસંધાઈ સ્ત્રી. ખંતનો; નજરનો; સાધ્યા ન હોવાપણું.

નિસંધિ વિ. ખંત; સાધ્યા વગરનું; નજર.

નિસંપાત [સં.] પું. મધ્યરાત્રિ.

નિસંસ ૧. [સં. નૃશંસ] વિ. (હિંદી) ક્રૂર, નિર્દય.

૨. વિ. મૃતપ્રાય; મરણતોલ.

નિસા [હિં] સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.

નિસાઉ ૧. ન. નિષાદ; બેધાતુ.

૨. [જા. નિસાન] ન. ખત્તો; ખતાકો; વાવટો.

૩. ન. રાજચિહ્ન તરીકે સવારી આગળ રાખતો ડંકો.

૪. ન. સાન; ઉપકારત.

૫. ન. સ્મૃતિ; પુરાણો.

નિસાણી સ્ત્રી. એક પ્રકારનો જૂનો હલકી કીમતનો સિક્કો.

નિસાણું ન. સ્નેહ; પ્રેમ.

નિસાતરો પું. દાળ વાટવાનો પથ્થર; ઉપરવટણો; નિવાતરો.

નિસાદ [હિં.] પું. ભાલી; ચેતવું.

નિસાદર પું. નવસાર.

નિસાનન [સં. નિશાનન] પું. (હિંદી) સંખ્યાનો સમવડ પ્રતોષકાર.

નિસાપતિ [સં. નિશાપતિ] પું. (હિંદી) ચંદ્ર.

નિસાપો પું. નિસાસો; 'દુઃખજનક શ્વાસણી. નિઃશ્વાસ

નિસાફે (નિસાફ) [અ. ઇન્સાફ] પું. ન્યાય; ઇન્સાફ.

નિસામ ૧. [અ] પું. ધન; દોલત. પુષ્ટ.

૨. સ્ત્રી. અમુક ખાસીર અથવા ઢોરની સંખ્યા. તેને માટે કર બાંધવામાં આવે છે.

૩ ક્રા. મૂળ

૪. સ્ત્રી. મોભો; પ્રતિષ્ઠા

નિસામર પું (સંગીત) કાનરાને મળતો એક રાગ

નિસાર ૧. [હિં.] પું. ચાર આનાની કોમતનો મધ્યમાર્ક ચલણનો એક સિક્કો

૨. પું. દક્ષિણી સોકના એક કબીલાનું નામ.

૩. પું. દાળ વાટવાનો પથ્થર; નિસાતરો. ઉપરવટણો

૪. પું. કોઈ વસ્તુ તેં મોહ પામવો તે; નિસ્પૃહ.

૫. [અ.] પું. ભોગ આપવો તે

૬ પું. વરઘોડામાં અથવા તહેવારના પ્રસંગે લોકસમૂહમાં ઉડાડવામાં આવતા પૈસા

૭ [સં.] પું. સમૂહ; જથ્થો

૮. વિ. અલિપ્ત કેવા ભાવવાળું.

નિસારક [સં.] પું. (સંગીત) સાલક રાગનો એક ભેદ

નિસારા [હિં.] સ્ત્રી. કેફનો ઓડકાર.

નિસારી [અ.] વિ. નિસ્સાર સંબંધી.

નિસારવરા [હિં.] પું. ભરેલો લાંબો અનાજ કાપવાનો

નિસાસ [સં. નિ-શ્વાસ] પું. નિસાસો; દુઃખ ભરેલો ઊંડો શ્વાસ.

નિસાસણું વિ. નિસાસા નાખવું; રોતલ; નિરુત્સાહ.

નિસાસિયણ વિ. સ્ત્રી. નિસાસણી; નિસાસા નાખવાની રોતલ; નિરુત્સાહી.

નિસાસો ૧. પું. બીજાના દુઃખે દુઃખ દેનારને દેવતા આવતો શ્વાસ; હાય.

૨. પું. આર્તનાદ; દુઃખનો મોટો સાદ.

૩. [સં. નિઃશ્વાસ; આ બ્રિસ્સાસ-બ્રિસાસ] પું. નિસાસામાં અથવા દિલગીરીમાં લાંબો શ્વાસ લઈ નીચ મૂકવો તે; નિઃશ્વાસ. આ ક્રિયામાં શ્વાસદેહના કાર્ય ઉપર મનુષ્યની લાગણીઓની અસર થાય છે. માણસ દિલગીરીમા સાત બેસી રહ્યો હોય અને તેના જોવામાં કંઈક આવી જાય તો કુદરત તેને એક ઊંડો શ્વાસ લેવરાવીને અને બહારે હવા અંદર ખેંચવી બહારે પ્રાણવાયુથી લોહી શુદ્ધ કરી નાખે છે.

૧ નિસાસો નાખવો-મૂકવો = દુઃખ કે નામોશીની આહ નાખવી.

૨. નિસાસો લાગવો = દુઃખ પીડિતે મૂકેલા આકરી દુઃખ ભોગવવાનું આવવું.

૩. નિસાસો લેવો = દુઃખી કે પીડિતનો શ્વાસ ચડોરવો

નિસાહ પું. પલાંઠી દાળ કે અટણી વાટવાનો પથ્થર; ઉપરવટો.

નિસિ , એક વૃક્ષ. તેના દરેક અંગોમાં ઔષધ અને લધુ ઢોષ છે.

૨. [સં. નિશા] સ્ત્રી. રાત્રિ.

નિસિચારી [સં નિશિચારિન્] પું (હિંદી) નિશાચર; રાક્ષસ.

નિસિદિન ૧. [હિં.] ક્ર. રાતદિવસ; આઠે ય પહોર

૨. ક્ર. સદા; હમેશાં; નિત્ય; સર્વદા.

નિસિદ્રાસ જુઓ નિસિદિન.

નિસિનાથ [હિં.] પું. ચંદ્ર; નિશાનાથ.

નિસિનાહ [હિં.] પું. ચંદ્ર.

નિસિનિસિ [હિં] સ્ત્રી અર્ધરાત્રિ; નિશીથ.

નિસિપતિ [હિં.] પું. ચંદ્ર; નિશાપતિ.

નિસિપાલ [હિં.] પું. ચંદ્ર.

નિસિબ્યાસર જુઓ નિસિદિન.

નિસિમ વિ. અપાર; અનંત; માપ, હદ બહાર.

નિસિમનિ [હિં.] પું. ચંદ્રમા; ચંદ્ર.

નિસિયર [સં. નિશિચર] પું. (હિંદી) ચંદ્રમા; ચંદ્ર

નિસિવાસર જુઓ નિસિદિન.

નિસિંદગી [જા. નવીસદગી] સ્ત્રી. લેખકની શૈલી.

નિસિંદા [જા. નવીસદ્દ] પું. લેખક; લખનાર માણસ.

નિર્સિષ [સં.] પું. નમોડ.

નિર્સિંધુ [સં.] પું. એક જાતનો છોડ; નમોડ.

નિસીડી [હિં.] સ્ત્રિ. નિઃસાર; નીરસ; સાર વિનાનું.

નિસીહિ [પ્રા.] અ. (જૈન) ધર્મસ્થાનકમાં દાખલ થતાં સંસારના કર્મનો નિષેધ સૂચવનાર શબ્દ; પાપકાર્ય નિષેધવાને બોલાતો શબ્દ.

નિસુકા [હિં.] સ્ત્રિ. નિર્ધન; દરિદ્ર; ગરીબ.

નિસુખ [સં નિ-સુખ] સ્ત્રિ દુઃખી; સુખ વિનાનું.

નિસુગ્ગા ૧. સ્ત્રિ. આળસુ; મંદ.
૨. [હિં.] સ્ત્રિ. બેદરકાર; કાળજી વિનાનું.

નિસુગ્ગી જુઓ નિસુગ્ગા.

નિસુર અ નિશ્ચિંત; બેફિકર; નફ્ફી.

નિસુંભ [હિં.] પું. પ્રહ્લાદના ભાઈ હ્લાદનો એ નામનો એક પુત્ર.

નિસુણવું સ. ક્રિ. સાંભળવું.

નિસૂહક [સં.] સ્ત્રિ. હિંસક; હિંસા કરનાર.

નિસૂદન ૧. [સં.] ન. મારી નાખવું તે; વધ; નાશ; કતલ
૨. ન. હિંસા કરવી તે.
૩. સ્ત્રિ. નાશ કરનાર.

નિસૂરો અ (કચ્છી) તદ્દન.

નિસૂજ્ ૧. [સં] સ ક્રિ. આપી દેવું; ભેટ કરવું.
૨ સ ક્રિ છૂટું કરવું; મુક્ત કરવું.
૩ સ ક્રિ ફેંકવું.
૪. સ ક્રિ. મૂકવું; સ્થાપવું.
૫. સ. ક્રિ. સોંપવું; સુપરત કરવું.

નિસૃષ્ટ ૧. [સં.] સ્ત્રિ. છૂટું કરેલું; મુક્ત.
૨. સ્ત્રિ. ત્યજેલ; છોડેલ.
૩. સ્ત્રિ. દીધેલું; આપેલું, અર્પણ કરેલું.
૪ સ્ત્રિ. ફેંકેલ.
૫. સ્ત્રિ. મોકલ્યું
૬ સ્ત્રિ. મૂકેલ; સ્થાપેલ.
૭. સ્ત્રિ ત્યજી આપેલું
૮. સ્ત્રિ. સુપરત કરેલું; સોંપેલું

નિસૃષ્ટાર્થી ૧. પું આવક ખરચ તેમ જ બેતી તથા વેપાર ઉપર દેખરેખ રાખનાર માણસ.
૨. [સં.] પું એક પ્રકારનો દાસ; પોતાના માલિકનું કામ તત્પરતાથી કરી પોતાનું પૌરુષ પ્રકટ કરે તેવો ધીર અને શૂર માણસ.
૩. પું. બને પક્ષનો અભિપ્રાય સારી રીતે સમજી પોતે જ બધા પ્રશ્નનો ઉત્તર આપી દે અને કાર્ય સિદ્ધ કરે એવો દૂત; સ્વતંત્ર કાર્યસાધક દૂત.
૪ પું. વકીલ; 'બેરિસ્ટર.'

નિસૃષ્ટાર્થદૂત [સં.] પું. એક પ્રકારનો દૂત. જુઓ નિસૃષ્ટાર્થ ૩.

નિસૃષ્ટિ સ્ત્રી. રજા; પરવાનગી.

નિસેની [હિં.] સ્ત્રી. સીડી; નિસરણી.

નિસેસ [સં. નિશેષ] પું. (હિંદી) અંદમ.

નિસૈની જુઓ નિસેની.

નિસોખપાની [હિં.] ન. મુખાગ્નમાં મૂલ નાખી ઉકાળેલું પાણી; આમે મુખાગ્ન.

નિસોગ [સં. નિઃશોક] સ્ત્રિ. (હિંદી) શોક કે ચિંતા વગરનું.

નિસોચ [હિં.] સ્ત્રિ. ચિંતા રહિત; નિશ્ચિંત; બેફિકર.

નિસોઢ [સં.] સ્ત્રિ. અત્યંત સહન કરવા જેવું.

નિસોત ૧. [સં. નિશ્રુતા] સ્ત્રી. એક જાતની વેલ; રજામા.
૨. સ્ત્રિ. આમીમાંથી મુક્ત થયેલું; આમી વગરનું.
૩. સ્ત્રિ. શોખ્યું; શુદ્ધ

નિસોતપાની જુઓ નિસોખપાની.

નિસોથ [સં. નિશ્રુતા] સ્ત્રી. એ નામની એક વેલ; નસોતર. હિંદનાં જંગલોમાં અને ખાસે ઉપર ૩,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી તે થાય છે. તેનાં પાંદડાં ગોળ અને દળ પણ ગોળ થાય છે. તે બધ પ્રકારની થાય છે: સફેદ, કાળી અને લાલ. સફેદમાં સફેદ રંગનાં, કાળામાં કાળાશ પડતા રીંગણી રંગનાં અને લાલમાં કાર્ધ લાલ રંગનાં દળ થાય છે. સફેદ નિસોથમા પાંદડાં અને દળ કાંઈક મોટાં થાય છે અને વૈદકમાં તે વધારે ગુણકારી માનવામાં આવે છે. પ્રાચીન કાળથી વૈદ્ય લોકો તેનો ઉપયોગ કરે છે. જુલાબ માટે તે સૌથી સરસ મનાય છે. વૈદકમાં તેને ગરમ, રેચક અને કડ, મોળે તેમ જ ઉદરરોગ દૂર કરનાર મનાય છે.

નિસોધુ [હિં.] સ્ત્રી. ખબર; સંદેશો; સમાચાર.

નિસોરૂક પું. (સંગીત) ચતુશ્રુતિ નવ માત્રાનો એક તાલ.

નિસ્કા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિર્યા. તે ત્રાવની છંદનો એક ભેદ છે. તેમાં બધા અને સમસ્ત મળી ૭ વર્ણ હોય છે.

નિસ્કી [હિં.] સ્ત્રી. એક પ્રકારનો રેશમનો કીડો.

નિસ્ત [સં. નિશા] સ્ત્રી. રાત્રિ; રાત.

નિસ્તત્ત્વ [સં.] સ્ત્રિ. સાર વગરનું; સત્ત્વ રહિત.

નિસ્તના [સં.] સ્ત્રી. સ્તન વગરની સ્ત્રી.

નિસ્તની જુઓ નિસ્તના.

નિસ્તબ્ધ [સં.] સ્ત્રિ. સ્થિર; જડ; નિશ્ચેષ્ટ; સ્તબ્ધ થઈ ગયેલું.

નિસ્તબ્ધતા ૧. [સં.] સ્ત્રી. જરા પણ અવાજ ન હોવાપણું.
૨. સ્ત્રી. શાંતિ; ખામોશી.

નિસ્તર જુઓ નિસ્તરણ.

નિસ્તરણ ૧. ન. ઢંકાયેલી વસ્તુ ખોલવાપણું.
૨. ન. પાર ઊતરવું તે; ઓળંગવું તે.
૩. [સં.] ન. મુક્તિ; મોક્ષ; છુટકારો; છૂટકો; ઉદ્ધાર.
૪. ન. મુખરોગ જાતીનગીરી; માંદેખરી.
૫. ન. સાધન.

નિસ્તરવું ૧. [સં. નિસ્તૃ] અ. ક્રિ. તરવું; પાર કરવું.
નિસ્તરે તુજ નામ લેતાં જન્મ જે વળી મર્યું.
૨. અ. ક્રિ. પૂર્ણ થવું; ખૂટવું.
૩. અ. ક્રિ. મુક્ત થવું; છૂટા થવું.
૪. સ. ક્રિ. પાર ઊતરવું.
૫. સ. ક્રિ. પૂર્ણ કરવું; સિદ્ધ કરવું.

નિસ્તરંગ [સં.] સ્ત્રિ. તરંગ વગરનું; શાંત; ચંચળતા રહિત.

નિસ્તરી સ્ત્રી. એક પ્રકારનો રેશમનો કીડો. તેનું રેશમ બંગાળના દેશી કીડાના રેશમના મુકાબલે કાંઈક ઓછું મુલાયમ અને ચમકદાર હોય છે. તેના બધ ભેદ છે: મદરાસી, સોનામુખી અને કૃમિ.

નિસ્તરીક [સં.] સ્ત્રિ. નદી વગેરે ઊતરવાને ઠેકાણે કરેલી મુક્ત.

નિસ્તરૂન ન. એક જાતનું દળ.

નિસ્તર્જન [સં.] ન. મારી નાખવું તે; હાર કરવું તે

નિસ્તલ ૧. [સં.] ન. ઓળાકાર; ગોળ; ઘાટ.
૨. ન. તળિયું.
૩. સ્ત્રિ. જેને તળિયું ન હોય તેવું; ગોળ.
૪. સ્ત્રિ. નિવૃત્તિ નહિ પામેલું.
૫. સ્ત્રિ. કરાબથી નહિ ઊતારેલ.

નિસ્તવ સ્ત્રિ. નિર્જન; વેરાન; ઉજ્જડ.

નિસ્તંદ્ર ૧. [સં.] સ્ત્રિ. તંદ્રા વગરનું; આળસ વિનાનું.
૨. સ્ત્રિ. જાગવાનું; મજબૂત.

નિસ્તાર જુઓ નિસ્તરણ.

નિસ્તારક ૧. [સં.] સ્ત્રિ. છોડનાર.
૨. સ્ત્રિ. તારનાર; પાર પહોંચાડનાર.

નિસ્તારણ ૧. [સં.] ન. છોડવું તે; ઉતારવું તે.
૨. ન. તારવું તે; પાર પહોંચાડવાપણું.
૩. ન. બચાવવાપણું; છોડાવવું તે.

નિસ્તારણા [સં.] સ્ત્રી. પારેવા કામને પાર પાડવું તે.

નિસ્તારણાહીન [સં.] વિ. ગળીને લેવા લાયક નહિ એવું.

નિસ્તારબીજ [સં.] ન. મોક્ષપ્રાપ્તિનું સાધન. જેમકે, પ્રભુના નામનું સ્મરણ, કીર્તન, અર્ચન, પાદસેવન, વંદન, ચરણોદકપાન, વિષ્ણુના મંત્રનો જપ વગેરે. પુરાણોમાં જણાવ્યું છે કે, કલિયુગમાં બધાં જ લોકો તપોહીન થશે સારે આ બધાં સાધનોથી તેમની મુક્તિ થશે.

નિસ્તારવું ૧. [સં. નિસ્તારય્] સ. ક્રિ. ઉગારવું; પાર ઉતારવું; તારવું.
૨. સ. ક્રિ. છોડાવવું; મુક્ત કરવું.

નિસ્તારા જુઓ નિસ્તાર.

નિસ્તારિત [સં.] વિ. પાર પહોંચાડેલ

નિસ્તારો ૧. [સં. નિસ્તર] પું. ઉદ્ધાર; મુક્તિ; મોક્ષ; છુટકો.
૨. પું નિકાલ; તોડ.
બધા ગહન કો ચાહવું બન,
રામ બાણે નિસ્તારો થાય. અખો
૩. પું. સામે પાર જવું તે; પાર ઊતરવું તે.

નિસ્તિમિર [સં] વિ. અંધકાર વગરનું; અંધકારરહિત.

નિસ્તીર [સં.] વિ. તીર વગરનું; કાંઠા વગરનું; અપાર.

નિસ્તીર્ણ ૧ [સં] વિ. ઓળંગાયેલું; પાર ઊતરેલું.
૨. વિ. નિસ્તાર પામેલું; મુક્ત; છૂટું થયેલું; મુક્તિ પામેલું; ઉદ્ધાર થયેલું.

નિસ્તુષ ૧. [સં.] વિ. ફોતરી વગરનું; ફોતરાં વગરનું
૨. વિ. વિશુદ્ધ; નિર્મળ; ચોખ્ખું.

નિસ્તુષક્ષીર [સં] પું. ઘી.

નિસ્તુષતન્દુલ [સં.] ન. રહિત અક્ષિ

નિસ્તુષા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પૃથ્વી. તેના દરેક ચરણમાં તગણ, રગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

નિસ્તૃણ [સં.] વિ. ઘાસ વગરનું.

નિસ્તૃષ્ણ [સં.] વિ. તૃષ્ણા વગરનું; વાસના વિનાનું.

નિસ્તેજ ૧. વિ. ચમક કે ઝગા વગરનું.
૨. [સં.] વિ. તેજ વગરનું; ઝાંખું; ફીકું; તેજહીન.
૩. વિ. વીર્ય રહિત.

નિસ્તેજી જુઓ નિસ્તેજ.

નિસ્તૈલ [સં.] વિ. તેલ વગરનું.

નિસ્તોડ ૧. [સં.] પું. મોક્ષ નિર્ણય.
૨. વિ. બધબેસતું કરેલ.

નિસ્તોડ (સં. નિસ્ (બહુ) + દુઃ (દુઃખ આપવું)] પું. બહુ દુઃખ આપવું તે.

નિસ્ત્રપ [સં. નિસ્ (વગર) + ત્રપા (લજ્જા)] વિ નિર્લજ્જ; બેશરમ.

નિસ્ત્રિગુણી [સં. નિસ્ (વગરનું) + ત્રિગુણ (ત્રણ ગુણ) + ઈન્ (વાળું)] વિ. જેમાં ત્રણે ગુણોની રહિત; સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણના અભાવવાળું.

નિસ્ત્રિંશ ૧. [સં.] ન. એક જાતની ત્રીસ આંગળથી વધારે મોટી તરવાર. તેથી નાની હોય તે છરી કહેવાય છે.
૨. ન. (તાંત્રિક) એક પ્રકારનો મંત્ર.
૩ વિ નિર્દય; ક્રૂર.
૪. વિ. શત્રુઓનું રક્તપાન કરનાર.

નિસ્ત્રિંશપત્રિકા [સં.] સ્ત્રી. ચોરનું ઝાડ.

નિસ્ત્રિંશી [સં. નિસ્ત્રિંશિન્] વિ. તરવાર ધારણ કરનાર

નિસ્ત્રુટી [સં.] સ્ત્રી. મોટી એલચી.

નિસ્ત્રૈગુણ્ય ૧. [સં] ન. ત્રણ ગુણનો અભાવ; ત્રૈગુણ્યનો અભાવ; ગુણાતીતપણું.
૨ વિ. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણથી રહિત; ત્રિગુણાતીત.

નિસ્ત્રૈણપુષ્પિક [સં.] પું. ધતૂરાનો છોડ.

નિસ્નાથ [સં.] પું. જળચરમાં વેગથી જાણી રહેલ કોઈ વસ્તુ.

નિસ્નાસ [અ.] પું. એક પ્રકારનો કલ્પિત રાક્ષસ.

નિસ્નેહ ૧. [સં.] પું. (તાંત્રિક) એક પ્રકારનો મંત્ર.
૨. વિ. નેહ વિનાનું
૩. વિ પ્રેમ વગરનું

નિસ્નેહા ૧. [સં.] સ્ત્રી. અળસી.
૨. વિ સ્ત્રી તેલ વિનાની.
૩. વિ સ્ત્રી. પ્રેમ વગરની.

નિસ્પત જુઓ નિસ્પત.

નિસ્પંદ ૧. [સં.] પું. ઝરવું તે; ઝરણ; ટપકવું તે.
૨. પું. મુખરો; ઠેપ.
૩. વિ. ચેષ્ટારહિત; સ્થિર; ઠેપ વગરનું.

નિસ્પંદન ૧. [સં.] ન. ઝાણવું તે.
૨. ન. ટપકે ટપકે નીચે ઊતરવાની ક્રિયા; ઝરણ.
૩. ન. વહેવું તે; રેલો ચાલવો તે.

નિસ્પૃહ ૧. [સં.] પું. સ્પૃહાનો અભાવ.
૨. વિ. બેપરવા; બેતમા., બેદરકાર, કોઈની પરવા નહિ રાખનાર.
૩. વિ. સ્પૃહા રહિત; ઇચ્છા વિનાનું; નિષ્કામ.

નિસ્પૃહતા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા ન હોવાપણું; નિસ્પૃહપણું; લાભ કે લાલસા ન હોવાપણું.
૨ સ્ત્રી. બેપરવાઈ; કોઈની તમા ન રાખવી તે.

નિસ્પૃહા ૧. [સં.] સ્ત્રી. અભિલાષાનું ઝાડ.
૨. સ્ત્રી નર્મદાનાં દક્ષર માદેનું એક નામ.

નિસ્પૃહી જુઓ નિસ્પૃહ ૨, ૩.

નિસ્ફ (નિસ્ફ) વિ. [અ.] વિ અરધું; અર્ધ.
૨. વિ. આધેક ઊભરનું.

નિસ્ફુખિરાજ (નિસ્ફખિરાજ) [અ. નિસ્ફ (અર્ધું) + ખિરાજ (ખંડણી)] સ્ત્રી. અર્ધી મહેસૂલની માફી

નિસ્ફેતહસીલ (નિસ્ફતહસીલ) [અ.] સ્ત્રી અર્ધી વસૂલાત.

નિસ્ફેદાયરા (નિસ્ફદાયરા) [અ.] ન. અર્ધગોળ; વર્તાર્ધ.

નિસ્ફેરોત સ્ત્રી. સરકારી મહેસૂલનો અર્ધો ભાગ ભરતી હોય એવી જમીન.

નિસ્ફોનિસ્ફ (નિસ્ફાનિસ્ફ) [અ.] વિ. અરધે અરધું; અર્ધોઅર્ધ.

નિસ્ફોનિસ્ફી (નિસ્ફાનિસ્ફી) [અ.] સ્ત્રી. અરધો ભાગ; નીમ હિસ્સો.

નિસ્ફેસલ્તનતી સ્ત્રી. અકબરના વખતની એક જાતની સોનાની મહોર.

નિસ્ફી (નિસ્ફી) [અ.] સ્ત્રી. અર્ધો ભાગ; નીમ હિસ્સો

નિસ્ફીબંદાર્ઈ [હિં.] સ્ત્રી. એક પ્રકારની ભાગબટાઈ. તેમા અર્ધો ભાગ જમીનદારને અને અર્ધો ભાગ આસામીને રહે છે.

નિસ્બકુકુચ સ્ત્રી. (ગણિત) ત્રિજ્યા; 'રેડિયસ.'

નિસ્બકુમાર પું. મધ્યાહ્ન; બપોરનો વખત.

નિસ્બત ૧. સ્ત્રી. ઉખાણું; અર્થ.
૨. સ્ત્રી. કરકાર; ખરચા.
૩. [અ. નસ્બ (તેને સંબંધ હતો)] સ્ત્રી. નિસ્બતા; નાતો; સંબંધ.

૪. સ્ત્રી. મુકામનો; સરનામણી.
૫. સ્ત્રી. સગપણ કે સંબંધની વાત.
૬. અ. બાબતમાં
૭. જ માટેનું.

નિસ્બતનામા ન. વંશાવળી; વંશવૃક્ષ; પેઢીનામું

નિસ્બતી ૧. વિ. સાળો; બહનો બાઈ.
૨. [અ.] વિ. સગાઈ કરેલું.
૩ વિ સગપણવાળું.

નિસ્બતી બાઈ વિ. સાળો; બહનો બાઈ.

નિસ્યંદન ૧. [સં.] ન. ઝરવું.
૨. ન ટપકે ટપકે પડવું તે.
૩. ન. વહેવું કે રેલો આવવો તે.

નિસ્યંદનવિધિ [સં.] સ્ત્રી. ગલનવિધિ; ગાળીને શુદ્ધ કરવાની ક્રિયા.

નિસ્યંદિની [સં.] સ્ત્રી. જેમાંથી પ્રવાહી ટીપે ટીપે ઝરે એવું યંત્ર; 'પિપેટ.'

નિસ્યાન વિ. ખૂની બનેલું તે.

નિસ્રવ ૧. [સં.] વિ. ઝરવું તે; ટપકવું તે.
૨. પું. નદી; પ્રવાહ; સરવહ.
૩. પું. જાતનું ઔષધ.

નિસ્રાવ જુઓ નિસ્રવ.

નિસ્વ [સં.] વિ. અકિંચન; દરિદ્ર; નિર્ધન.

નિસ્વન [સં.] પું. અવાજ; શબ્દ.

નિસ્વાદુ [સં.] વિ. સ્વાદ વગરનું.

નિસ્વાન [સં.] પું. શબ્દ; અવાજ.

નિસ્વાસ જુઓ નિઃશ્વાસ.

નિસ્સત્ત્વ [સં.] વિ. સત્ત્વ વગરનું; માલ વગરનું; નિર્માલ્ય.

નિસ્સત્ત્વપણું ન. સત્ત્વ કે દ્રવ્ય વિનાનું હોવું તે.

નિસ્સરણ ૧. [સં.] પું. નીકળવાનો ભાવ કે ક્રિયા; નિકાસ.
૨. પું નીકળવાનો માર્ગ કે સ્થાન.

નિસ્સંકલ્પ [સં.] વિ. સંકલ્પ રહિત; બેપરવા.

નિસ્સંક્રામક [સં.] ન. દુર્ગંધનાશક ઔષધ.

નિસ્સંતાન [સં.] વિ. સંતાન વગરનું; સંતતિ રહિત.

નિસ્સંદેહ ૧. [સં.] વિ. સંદેહ વિનાનું.
૨. અ. અવશ્ય; જરૂર.

નિસ્સંવેદન [સં.] ન. ખેદ લાવનાર ઓસડ.

નિસ્સંશય જુઓ નિસ્સંદેહ.

નિસ્સાધન [સં.] વિ. સાધન વગરનું.

નિસ્સાર [સં.] વિ. સાર વગરનું; સત્ત્વ વિનાનું.

નિસ્સારણ ૧. [સં.] ન. પ્રવિઓના ઉપાસ્તરી કોષોમાંથી કાઢી નાખવામાં આવતો અમુક છૂટો પડતો પદાર્થ.
૨. ન. સાર; જથ્થા નીકળવું તે.

નિસ્સારતા [સં.] સ્ત્રી. સાર કે સત્ત્વ ન હોવાપણું.

નિસ્સારિત [સં.] વિ. બહાર કરેલું.

નિસ્સીમ [સં.] વિ. અનહદ; પુષ્કળ; બહુ અધિક; અસીમ; અપાર.

નિસ્સૃત [સં.] પું. તલવારના બખોલ માંહેનો ભેદ ભાગ.

નિસ્સ્નેહ જુઓ નિઃસ્નેહ.

નિસ્સ્વ [સં.] વિ. ગરીબ; જેની પાસે કાંઈ હોય નહિ એવું; અકિંચન.

નિસ્સ્વાદુ ૧. [સં.] વિ. બરાબ સ્વાદવાળું.
૨. વિ. સ્વાદ વગરનું.

નિસ્સ્વાર્થ [સં.] વિ. સ્વાર્થ વિનાનું.

નિહ ૧. ન. મારકણે મારવાનું સ્થાન.
૨ વિ. માયાળી; કપટી.
૩. વિ. રાગી; સ્નેહવાળું

નિહર્ચિત (નિહ્ચિત) વિ નિશ્ચિત; ફિકર વિનાનું

નિહત ૧. [સં.] વિ. અવગણના કરેલું.
૨. વિ. જિતાયેલું.
૩. વિ. ખુવું પાડેલું
૪. વિ. કોડલું; દૂર ખસેડેલું.
૫. વિ. વગાડેલું.
૬. વિ. સાબુ કરેલું.
૭. વિ. હણેલું; વધ કરેલું; નાશ કરેલું.

નિહત્થા ૧. [હિ.] વિ. નિર્ધન; ગરીબ.
૨. વિ બેઅકલીનું.
૩. વિ. હાથમાં કાંઈ ન હોય એવું; ખાલી હાથવાળું.

નિહન્ ૧. [સં.] સ. ક્રિ. અવગણના કરવી.
૨ સ. ક્રિ. બસેડવું; દૂર કરવું
૩. સ. ક્રિ. ફટવું.
૪. સ. ક્રિ. ખુવું કરવું.
૫. સ. ક્રિ. મારી નાખવું; નાશ કરવો.
૬ સ ક્રિ. વાજિંત્ર ઉપર મારવું; વગાડવું.
૭ સ ક્રિ સાબું કરવું; રોગમુક્ત કરવું.

નિહનન [સં.] ન. વધ; મારી નાખવું તે.

નિહરના [હિ.] પું. નાશ કરવાનું ઓજાર.

નિહર્ષ [હિ.] સ્ત્રી. કંટાળો; અનેહી જગીન.

નિહલિસ્ટ [અં.] ૧. પું. એ નામના ફ્રાન્સનો આદમી.
૨. પું. રશિયનું એક જનનું બારકર. તે પ્રથમ એક સામાજિક મંડળ હતું તે આજની વિવાહની પદ્ધતિ તથા રીતરિવાજ અને પૈતૃક શાસનનું વિરોધી હતું, પણ પાછળથી તે રાજનૈતિક દળ થઈ ગયું અને સામાજિક તેમ જ રાજનૈતિક નિયમોનું નાશક બની ગયું.
૩. પું. વસ્તુઓની વાસ્તવિકતા અને વસ્તુઓનું સ્વતંત્ર જ્ઞાનનો નિષેધ કરનાર પુરુષ. આ જગતના લોકોનો સિદ્ધાંત એવો છે કે, વસ્તુઓનું વાસ્તવિક જ્ઞાન થવું અસંભવ છે, કારણ કે વસ્તુની સત્તા નથી.

નિહંગ ૧. [હિ.] પું. એક પ્રકારના વૈષ્ણવ સાધુ.
૨. પું. એકલો રહેનાર સાધુ.
૩. પુ. કલંકિત માણસ
૪ પું. ગોસાઈ લોકોનો એ નામનો એક પંથ.
૫. પું. મગર.
૬. (નિહંગ) [સં. નિઃસંગ] વિ. બેફામ; બેકાબૂ.
૭. વિ. ચિંતા વગરનું; બેફિકર.
૮. વિ નાગું. વસ્ત્ર વગરનું
૯. વિ. વિવાહ વગેરે ન કરનાર; સ્ત્રી વગેરે સાથે સંબંધ ન રાખનાર.
૧૦. વિ. શરમ વગરનું.

નિહંગમ જુઓ નિહગ.

નિહંગમસાધના ૧. [હિ.] પું. હાથથી અમોઘ ઘોડારો
૨. વિ. માતાપિતાના અત્યંત પ્રેમથી બેપરવા બનેલું.

નિહંગી પું. રામાનંદી પંથનો એ નામનો એક પેટા ભેદ.

નિહંતા ૧. [સં. નિહંત] પું. શિવનાં હજાર નામોનું એક નામ
૨. વિ નાશ કરનાર; વિનાશક
૩. વિ. હણનાર; ઘાતક; મારનાર.

નિહાઈ [હિ.] સ્ત્રી. ઓરણ.

નિહાકા (નિહાક) ૧. પું. ન. ન. પીડાને લીધે હાય, મોટ એવા ઊભાતા શબ્દ.
૨. સ્ત્રી ધડિયાળ.
૩. [સં.] સ્ત્રી. બીજું નામનું પ્રાણી.
૪ સ્ત્રી. મગર.

નિહાકિયણ (નિહાકિણ) વિ સ્ત્રી. નિસાસા નાખનારી; નિસાસિણ.

નિહાકિયું (નિહાકિણું) વિ. નિસાસણું.

નિહાકો (નિહાકો) જુઓ નિસાસો.

નિહાણી (નિહાણી) સ્ત્રી. નિહાની; ચિહ્ન.

નિહાર ૧. [સં.] પું. અંધકાર.
૨. પું. કુહેલ.
૩. પું. હરખ.
૪. સ્ત્રી. મૂળ
૫. સ્ત્રી. સ્વભાવ.

નિહાન (નિહ્ન) ૧. જ. નિશાન.
૨. [સં.] વિ. સંતાડેલું; અાનગી; ગુપ્ત.

નિહાના [હિં.] પું. ગામને દોહતી વખતે તેના પગ બાંધવાનું દોરડું; નોઝણું.

નિહાની ૧. સ્ત્રી. ઝાડુ; આર્તવ; રજ.
૨. [હિં.] સ્ત્રી. નકશીકામ કરવાનું અર્ધચંદ્રાકાર પાનાવાળું એક ઓજાર; વીંધણું.
૩. (નિહ્નવી) સ્ત્રી નિશાની.
૪. [સં.] સ્ત્રી. સંતાડવું તે.
૫. જ અાનગીમાં; છાની રીતે

નિહારંદી [?] સ્ત્રી. એક ઔષધિ; મિરાયતા.

નિહાયત ૧ સ્ત્રી. વધારો
૨. સ્ત્રી. હદ; સીમ.
૩. વિ. કડક; સખ્ત.
૪ [અ.] વિ. બહુ; વિશેષ; પુષ્કળ.
૫. વિ. પ્રખ્યાત
૬. જ. પ્રકારાંતપૂર્વક; બહોળાપણે.
૭. જ. કેવળ; માત્ર
૮. જ. ઉપરથી.
૯. જ. દિલગીરીથી.

નિહાર ૧. [સં.] પું. (પિંગળ) એક દંડક છંદ.
૨. પું. ઝાકળ
૩. પું. મળમૂત્રાદિની ઉત્સર્જક્રિયા.
૪ પું. સ્નાને રમવાને પધોવાકરવા માટે જોઈતો સામાન.
૫. પું. બિંબ; અરીસ.

નિહારવું ૧. સ ક્રિ ખેતરમાં કરિયું ફેરવી જમીન સરખી
૨. સ ક્રિ. નિહાળવું, ધ્યાનપૂર્વક જોવું; બરાબર જોવું

નિહારિકા [સં.] સ્ત્રી. ઝાંખા પુંજમય અને વાદળી જેવા, વહેતા જેવા આકારમાં ફરતા દ્રવ્યમય તેજ સમૂહો, વગાળના ગુબ્બારા કે ગોટા; આકાશમાં ફરતા દ્રવ્યમય તેજનો સમૂહ. તેમાંથી બનાવવામાં પ.મી પ્રદી વગેરે જન્મ કરેલાય છે. શરૂઆતમાં પ્રથમ એક જ વાયુરૂપ પદાર્થ હતો. તેમાંથી ઉદ્ગ્રજનક વાયુ ઉત્પન્ન થયો અને તેમાંથી ભિન્ન ભિન્ન તત્ત્વોવાળી રજકણો બની. એ રજકણોનો સમૂહ તે નિહારિકા. જે પ્રમાણે કુંભારને ચાકડે ચડેલા માટીના પિંડમાંથી કણો ઊડી પડી ગોળ ચક્રમા ફરે છે, તેમ આ ગતિમાન નિહારિકા ચક્રાથી તેમાંથી જે કણો ખરી પડી, તેણે ગતિ પ્રાપ્ત કરી, તથા તેના તારા, ધૂમકેતુ, સૂર્ય, ગ્રહો, ઉપગ્રહો બન્યા એમ મનાય છે વિશ્વની ઉત્પત્તિ પણ અત્યંતના અાપણે માર્યાદ સુધી વિસ્તારેલા ગમે તેવી વિસ્મિત આધુનિત ગહાન વાયુમય અતિશય ગરમ વાદળ એટલે નિહારિકામાંથી થઈ કહેવાય છે.

નિહાલ ૧. [સ] પું. અંકુર; કણમો.
૨. સ્ત્રી. મધ્ય હિંદમાં વસતી ભીલની એ નામની એક જાત.
૩. જ. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.
૫. વિ. પુષ્કળ; બહુ
૬. વિ. પૈસાદાર; તવંગર.
૭. વિ. ખરી રીતે સંતુષ્ટ અને પ્રસન્ન થયેલું; પૂર્ણકામ; કૃતાર્થ; કરેક જાતની ફિકર પાર પડી હોય એવું; સુખી; ખાસ.

નિહાલચા ૧. [સં.] પું. નાની ચાટી.
૨. પું. રેખાર્ક
૩ પું ચમચો; ચમ્મચ.

નિહાલસ્તોચન [હિં.] પું. એક પ્રકારનો ધોકો. તેની કેસવાળી બર્ખી જમણી તરફ અને બર્ખી ડાબી તરફ વહેંચાયેલી હોય છે

નિહાલી ૧. [સં.] સ્ત્રી અંકુર; કણમો
૨. સ્ત્રી. રજસ્રાવ; મોકડ
૩. સ્ત્રી. સાદડી; પાથરણું

નિહાવ [સં. નિપાતિ] પું. ઓઢાનો છેડો.

નિહાળવું [સં. નિ + ક્ષાલ; પ્રા. ણિહાલ] જ. ક્રિ. ધારી ધારી કે તાકી તાકીને જોવું; બારીકીથી જોવું; નીરખવું.

નિહાળાવવું જ. ક્રિ. નિહાળે એમ કરવું.

નિહાળાવું જ. ક્રિ. નિહાળે એમ થવું.

નિહ્યું [સ.] વિ. છૂપું; ગુપ્ત; છાનું.

નિહ્રાસ પું. એક જાતના રીંગ ઘોડો.

નિહ્નિત ૧ [સં.] વિ. અનામત રાખેલું; સાચવી મૂકેલું
૨. વિ. ગુપ્ત; છુપાવેલું
૩. વિ. સ્થાપ્ત; તજ્જ્ઞા લાવટ
૪. વિ. રાખેલું; મૂકેલું
૫. વિ. સ્થાપેલું.
૬. વિ. સ્વકીય; પોતાનું.

નિહ્નિતાર્થ [સ.] પું. (કાવ્ય) પદદોષનો એક ભેદ. ઉદ્દેશાર્થ વાચકનું અપ્રસિદ્ધાર્થમા કથન એ આ દોષનું લક્ષણ છે. આ દોષ અનિત્ય છે.

નિહ્નિલિસ્ટ ૧. [અં.] પું. એ નામના પક્ષનો અનુયાયી.
૨. પું. રશિયન લોકોનો એ નામનો એક પક્ષ. પહેલાં આ પક્ષ સામાજિક હતો અને વિવાહની પ્રથા તથા ચાલતા રીતરિવાજ વગેરેનો વિરોધી હતો, પણ પાછળથી તે રાજદ્વારી પક્ષ બન્યો અને રાજનૈતિક તથા સામાજિક નિયમોનો નાશ કરનાર થયો. આ પક્ષમાં માનનારા રાજ્યક્રાંતિ કરી બધી જમીન અને દ્રવ્ય મજિયારાં રાખવાનું માગે છે અને પોતાનો હેતુ બર લાવવા ગમે તે કરતાં કરવું નહિ એવો મત ધરાવે છે.
૩. પું. વસ્તુમાં સત્તા નથી માટે વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થવાનો અસંભવ છે, એવો સિદ્ધાંત માનનાર માણસ. આ લોકો વસ્તુની વાસ્તવિક સત્તા બધા તે વસ્તુના સત્તાત્મક જ્ઞાનનો નિષેધ કરે છે.
૪. વિ. જડતામ પક્ષનું, ઉદ્દામ મતવાળું

નિહ્નિસન [સં] ન. મારવું તે; ઠાર કરવું તે.

નિહ્નીત [સં.] વિ. નીચ; પામર; અધમ.

નિહ્નીવ [સં.] પું. ખીલ; કર; ગલ.

નિહ્નુકૃત (નિહ્નુત) [સ. નહ્નુત] વિ. સંતાડેલું; છાનું; ગુપ્ત.

નિહ્નુકૃતગી (નિહ્નુતગી) [સ. નહ્નુતગી] સ્ત્રી. સંતાડવું તે; છાનું રાખવાપણું.

નિહેજ વિ. હેત વિનાનું; પ્રેમ વગરનું.

નિહેજુ જુઓ નિહેજ

નિહેતુક [સં.] વિ. કોઈ પણ જાતના સ્વાર્થ વિનાનું; નિષ્કામ.
અસ્તિ કેવળ નિરવિશ્વાસ એટલું જ નહિ પણ નિહેતુક એટલે અમુક સ્વાર્થ માટે રચેલી પ્રેમની બાહ્યરૂપ નહિ પણ નિષ્કામ અને નિરંતર હોવી જોઈએ. ગીતારહસ્ય

નિહોરા ૧ [હિં.] પું. અનુગ્રહ; કૃપા.
૨. પું. અહેસાન; ઉપકાર.
૩ પું. અગોસો; આધાર
૪. પું. બીજ માત્રની તે.
૫ પું વિનંતિ; પ્રાર્થના.
૬ અ. કારણથી. નિમિત્તે; માટે; વાસ્તે.
૭ અ દ્વારા, મારફત.

નિહ્નવ ૧. [સં.] પું. અપલાપ; છુપાવવું તે; ગુપ્ત રાખવું તે.
૨. પું અવિશ્વાસ.
૩. પું. એ નામનો એક જાતનો સાપ.
૪ પું કલુષિત વાસ્તે ના પાડવી તે.
૫. પું. નીચતા; હલકાપણું.
૬. પું. ધુમ્મસ; કપટ.

૭. પું. શુદ્ધિ; પવિત્રતા.
૮. પું. (જૈન) સત્ય સિદ્ધાંતનો ઉત્પાદક; સિદ્ધાંતના સત્ય અર્થને સોબાવનાર; જૈન દર્શનથી અધિક અથવા વિપરીત વદનાર આપ્તપુરુષ; સત્ય જ્ઞાનને છુપાવનાર આપ્તપુરુષ. જૈન મતનો કોઈ પણ અનુયાયી જિન ગોટલે તીર્થંકરના મતથી જુદો મત ધરાવી શકતો નથી. એ કોઈ જુદો મત ધરાવતી પ્રકાશમાં આવે તો તેને નિહ્નવ કહેવામાં આવે છે

નિહ્નવાચિકા સ્ત્રી. અક્ષર માંહેની એ નામની એક લિપિ.

નિહ્નવોત્તર [સં.] ન. ખરી વાત છુપાવી ખોટો આપેલો જવાબ.

નિહ્લાદ જુઓ નિહ્લાદ.

નિહ્લુત [સં.] વિ. ગુપ્ત રાખેલું; છુપાવેલું.

નિહ્લુતિ [સં.] સ્ત્રી. ગુપ્ત રાખવાપણું. છુપાવેલું તે.

નિહ્લાદ ૧. [સં.] પું. અવ્યક્ત શબ્દ.
૨. પું. જેનો અર્થ પ્રકટ જણાતો ન હોય એવો શબ્દ કે અવાજ.

નિંગ્યાકું વિ. નાકાઈ; ખરાબ

નિંજરી ૧. સ્ત્રી. જમીનનો નાનો ટુકડો
૨. સ્ત્રી. નાનું ઘર; ઓરડું

નિંડિકા [સં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; મકર.

નિંદું (નિંદ્ય) વિ. નાનું.

નિંદપણ પું. (દેશી) બાલપણ

નિંદવડાઈ સ્ત્રી. (દેશી) નાનામોટાપણું; મર્યાદા.

નિંદી કુંદર સ્ત્રી. (દેશી) એક પ્રકારની વનસ્પતિ, બીનેસી.

નિંદી ધાતુવલ્લ સ્ત્રી. (દેશી) એક પ્રકારનો છોડ

નિંદી ફુગવલ્લ સ્ત્રી. (દેશી) એક જાતનો વેલો. તે વાલોળ જેવો થાય છે. તેનાં પાન બધુ બધુ જેવાં હોય છે. તેના મૂળમાંથી રતો રસ નીકળે છે

નિંદી મુરિયાલ સ્ત્રી. (દેશી) એક પ્રકારનો છોડ. તેને પાન હોતાં નથી.

નિંદી સુંદરી સ્ત્રી. (દેશી) એક પ્રકારનો છોડ. તેનાં પાન દુખતી આંખ ઉપર બંધાય છે અને સર્પદંશ ઉપર વપરાય છે.

નિંદું વિ. નાનું.

નિંદો આકડો પું. (દેશી) એક પ્રકારનો છોડ; નાની આકડાનો છોડ.

નિંદક ૧. [સં.] પું. નિંદા કરનાર માણસ.
૨. વિ. નિંદા કરનાર; બદબોઈ કરે તેવું; ખીજતખોર; અપવાદક; પાછળથી બરાબ બોલનાર.

નિંદકાર્ય સ્ત્રી. નિંદા કરવાપણું.

નિંદચંદો ૧. પું. બોળ જાતનું ભતીડું.
૨. પું. ચંદરમા.

નિંદણહાર જુઓ નિંદક.

નિંદણી સ્ત્રી. નિંદવું તે; નિંદા.

નિંદન ૧. [સં] ન. નિંદવું તે; નિંદા કરવાનું કામ; નિંદા.
૨. ન. પસ્તાવાપ કરવો તે.

નિંદના જુઓ નિંદન.

નિંદનીય ૧. [સં.] વિ નિંદાને પાત્ર.
૨. વિ. ખરાબ; બરાબ.

નિંદરિયા [દે.] સ્ત્રી. નિંદા; ઊંઘ.

નિંદવું [સં નિંદ્] સ.ક્રિ. પાછળથી બરાબ બોલવું; ચાડી કરવી; નિંદા કરવી; બોદણી કરવી; બદબોઈ કરવી.

નિંદા ૧. [સં.] સ્ત્રી. નિંદવું તે; ખોટું બોલવું તે; બરાબ બોલવું તે; બદબોઈ; વખોવણી.
૨. સ્ત્રી. બદનામી; અપકીર્તિ; કલંક.

નિંદાહાર જુઓ નિંદક.

નિંદાખોર વિ નિંદા કર્યા કરનારું; ચૂગલીખોર; ચાડિયું.

નિંદાજનક [સં.] વિ. બેબ્રુબરૂ કરનારું; કબીલત કરે એવું; નિંદા ઉપજાવે એવું.

નિંદાપત્ર [સં] પું.; ન. નિંદા કરનારો કે કબીલત કરાવનારો કાગળ. 'લાઇબલ.

નિંદાપાત્ર [સં] વિ. નિંદા; નિંદા કરવા જેવું

નિંદાપ્રચુર [સં.] વિ. નિંદાથી ભરપૂર.

નિંદાબુદ્ધિ [સં.] સ્ત્રી. નિંદા જ કરવાનો વિચાર.

નિંદાયુક્ત જુઓ નિંદાપ્રચુર.

નિંદાર્થવાદ [સં] પું. મીમાંસકોએ કરેલ નિંદારૂપ અર્થવાદ; અનિષ્ટનું નોધન કરીને તે દ્વારા વિધેયને પ્રકૃત કરનારું વચન.

નિંદાલેખ જુઓ નિંદાપત્ર.

નિંદાવવું સ ક્રિ. નિંદા કરાવવી; નિંદા કરે એમ કરવું.

નિંદાવાક્ય [સં.] ન. નિંદા ભરેલું બોલવું તે. દરેક વાક્યમાં ભલે સિત્ત દુરતા હોય તેમ આ નિંદાવાક્ય બોલનાર તરફ તેનો વેગથી ધસ્યા.
રમણલાઈ

નિંદાવું અ. ક્રિ. નિંદે એમ થવું; નિંદાની ક્રિયા થવી.

નિંદાવ્યંજક [સં.] વિ. નિંદા બતાવનારું; નિંદાસૂચક.

નિંદાસ્ત્ર સ્ત્રી. ઊંઘવાની ઇચ્છા.

નિંદાસા વિ. ઊંઘણશી; ઊંઘ્યા કરવાની ટેવવાળું.

નિંદાસ્તુતિ [સં.] સ્ત્રી. નિંદારૂપી સ્તુતિ; નિંદા દ્વારા કરેલ વખાણ; આજસ્તુતિ.

નિંદારૂપક [સં. નિંદા + આરોપ (આરુપ)] વિ. નિંદા; નિંદવા યોગ્ય; વખોડવા જેવું.

નિંદિત ૧. [સં.] વિ. જેની નિંદા થયેલી હોય તેવું; નિંદાયેલું; નિંદેલું; ધિક્કારેલું.
૨. વિ. દૂષિત; બરાબ.

નિંદિયા ૧. [દે.] સ્ત્રી. ઊંઘ; નિંદા.
૨. [સં. નિંદ્ય] સ્ત્રી. બરાબ બોલવું તે; બદબોઈ.

નિંદી સ્ત્રી. ઊંઘણશી; બહુ ઊંઘવાની ટેવવાળું.

નિંદુ [સં.] સ્ત્રી. બરબ પામેલાં છોકરાંવાળી સ્ત્રી; મૃતવંધ્યા સ્ત્રી; જેનાં છોકરાં જીવતાં ન હોય એવી સ્ત્રી.

નિંદુક વિ. નિંદા કરનાર.

નિંદોક્તિ [સં. નિંદા + ઉક્તિ (વચન)] સ્ત્રી. ટકોર; મહેણું; મર્મવચન.

નિંદોપમા [સ.] સ્ત્રી. (કાવ્ય) ઉપમા અલંકારનો એ નામનો એક ભેદ.

નિંદ્ય ૧. [સં.] વિ. નિંદાને લાયક; વખોડવા જેવું.
૨. વિ. ખરાબ; બરાબ; નાકાઈ; દૂષિત.

નિંદ્યચરિત્ર [સ.] ન. બરાબ વર્તન; દુરાચાર; બદચાલ

નિંદ્યચેષ્ટિત જુઓ નિંદ્યચરિત્ર.

નિંદ્યદૃષ્ટિ [સં.] સ્ત્રી. જેની તેની નિંદા કરવાનું લક્ષ.

નિંધાવર્ત પું. (સંગીત) સંગીતનો એક સ્વર; ઋષભ; ષડ્જ

નિંધ સ્ત્રી. (દેશી) ખાઈ.

નિંધર સ્ત્રી. (દેશી) ઊંઘ.

નિંધરાવું વિ. (દેશી) ઊંઘ આવતી હોય એવું.

નિંધવું વિ. આળસીલું; તોહાની.

નિંબ ૧. [સં.] પું. લીમડો; લીમડાનું ઝાડ.
૨. પું. લીમડા જેવું બધું બધાનનું ઝાડ; નિમારા.
૩. ન. લીમડાનું ફળ; લીબોળા.

નિમ્બ જુઓ નિંબ ૧–૨.

નિમ્બાંડી સ્ત્રી. એક જાતનું દૂધ.

નિમ્બગુલિકા સ્ત્રી લીંબોળી.

નિમ્બતરુ ૧. [સં.] પું મંદાર વૃક્ષ.

૨. પું. લીમડો; લીમડાનું ઝાડ.

નિમ્બતર્કુ સ્ત્રી. સ્વર્ગનું એક ઝાડ.

નિમ્બપંચાંગ [સં.] ન. લીમડાનાં પાંદડાં, ફૂલ, ફળ, મૂળ અને છાલનો સમૂહ.

નિમ્બપંચાંગચૂર્ણ [સં.] ન (વૈદક) કૃમિ માટે ઉપયોગી એક જાતની દવા. તે બનાવવા લીમડાનું પંચાંગ ૬૦ તોલા અને ગોળકરમ, હીમજ, કુવાડિયાનાં બીજ, ત્રિફલા, ત્રિકટું, વાવડિંગ, સાકર, અજમાનાં, હળદર, પીપર, મરી, સૂંઠ, ભાખરી, અરમાણાનો ગોળ અને ગોખરુ એ દરેક ચાર ચાર તોલા લઈ તેનું બારીક ચૂર્ણ કરી તેને કાંજરાના રસની, ભેરની છાલના કાઢાની અને અમલાણની છાલના કાઢાની અથવા દેવી. તેની માત્રા ૧ા થી ૩ા તોલો છે.

નિમ્બપત્ર [સં.] ન. લીમડો.

નિમ્બબીજ [સં.] ન. લીમડાનું બીજ; લીંબોળી.

નિમ્બમાહાત્મ્ય [સં. નિમ્બ (લીમડો) + માહાત્મ્ય (આતુ તે)] ન. લીમડાનાં પ્રકુલ્લ અંકુર સાથે તીખાં, ચિમ, મીઠું, છર્દ અને જામના મેળવી ખાવું તે. આરોગ્ય, બલ, શુદ્ધિ અને તેજની વૃદ્ધિ કરવામાં નિમ્બમાહાત્મ્ય ઉપયોગી થાય છે, એવો આર્ય વૈદ્યોનો મત છે.

નિમ્બર ન. ભાજન માટે ગોઠવેલું ઊંચું આસનઃ બાજઠ

નિમ્બાદિતૈલ [સં] ન. (વૈદક) ખામીના રોગ માટે ઉપયોગી એક તેલ. તે બનાવવા લીમડાનું તેલ ૪ શેર અને પાણી ૧૬ શેર લેવું. પછી હરતાળ, મનઃશિલા, ચિલાયું, ગેરુમટી, કુવાનું મૂળ, ચંદન, તગર અને ખૂર્શાનાં પાન દરેક પાંચ તોલા લઈ તેનો કલ્ક તેમાં નાખી રીતસર તેલ સિદ્ધ કરવું

નિમ્બાદિત્ય [સં.] પું. નિમ્બાર્ક સંપ્રદાયના એ નામના આદિ આચાર્ય; નિમ્બાર્ક. તેમનું બીજું નામ અરુણ હતું. વૃંદાવન પાસે ધ્રુવ નામની ટેકરી ઉપર તે રહેતા હતા. ત્યાં તેમના શિષ્યોએ તેમની ગાદી સ્થાપી કહેવાય છે કે, તેમના પિતાનું નામ જગન્નાથ હતું. નાનપણમાં તેમનું નામ જગદ્ગુરુ હતું. બાલ્યકાળથી તમને સૂર્યના અંશથી ઉત્પન્ન થવાનું માને છે. તે કૃષ્ણના ભક્ત હતા. બાલ્યાવસ્થામાં તેમના વિષે ઘણી કથા છે કે, એક સંન્યાસી કે જૈન મુનિએ એક વખત એમની સાથે આખો દિવસ ચર્ચા કરી. સૂર્યાસ્ત થતા આવ્યો. તેમણે તેને ભોજન લેવાનું કહ્યું, પણ સૂર્યાસ્ત પછી ભોજન લેવાનો તેનો નિયમ ન હતો, તેથી નિમાઈ સૂર્યને રોકી રાખ્યો. ત્યાં સુધી સંન્યાસી ભોજન કર્યું ન રહ્યા ત્યાંસુધી સુદર્શનચક્ર એક લીંબડાના ઝાડ ઉપર બેસી રહ્યા

નિમ્બારક પું. રાધાકૃષ્ણના એ નામના એક ઉપાસક. તે તેલુગુ વિદ્વાન બ્રાહ્મણ હતા. તેણે રામાનુજને અનુસરવું માનુ રાખ્યું. તેણે સ્થાપેલા પંથને સનક સંપ્રદાય કહે છે. મથુરા અને બંગાળમાં તેના ઘણા અનુયાયીઓ માલૂમ પડે છે. તેના કપાળમાં બે ચોળા લીટી અને વચમાં એક કાળો ચાંદલો હોય છે. અત્યારે સલીમાબાદ અને વૃંદાવન તેનાં મુખ્ય બે સ્થળ છે.

નિમ્બારા પું. બ્રાહ્મણનું ઝાડ. તે લીંબડા જેવું થાય છે. પેટ ઉપર તેનું બાંધ્યું થાય છે. તેનાં લાકડાનો ઇમારતી કામમાં ઉપયોગ થાય છે.

નિમ્બાર્ક ૧. [સં.] પું. વૈષ્ણવોના ચાર મોટા એક સંપ્રદાય. તેમાં રાધાકૃષ્ણની ભક્તિ પ્રધાન છે.

૨. પું. સૂર્યનારાયણે જૈન વગેરે નિરીશ્વરવાદી નાસ્તિક પંથનું ખંડન કરવા સારુ ધારણ કરેલો અવતાર. નિમ્બાદિત્ય. આ અવતાર રામાનુજાચાર્ય પછી અને મધ્વાચાર્યની પૂર્વે એટલે કે ઈ.૧૦૮૪માં થયા હતા એવું ડોક્ટર ભાંડારકરે ઠરાવેલું છે. જીવ, જગત અને ઈશ્વર એ સઘળી નિમ્બાર્કાચાર્યનો એવો મત છે કે, એ ત્રણે જોડે ભિન્ન નથી, તોપણ જીવ અને જગતનું અસ્તિત્વ અને તેમનો આધાર સ્વતંત્ર નથી, પણ ઈશ્વરેચ્છા ઉપર અવલંબીને રહેલો છે અને મૂળ પરમેશ્વરમાં જ જીવ અને જગતનાં સૂક્ષ્મ તત્ત્વો સમાયેલાં છે. આ મત સિદ્ધ કરવા નિમ્બાર્કે વેદાંતસૂત્ર ઉપર એક સ્વતંત્ર ભાષ્ય રચેલું છે. આ સંપ્રદાયના કેશવ કાશ્મીરી ભટ્ટાચાર્ય નામના એક પંડિતે ભાગવદ્ગીતા ઉપર તત્ત્વપ્રકાશિકા નામની એક ટીકા પણ લખેલી છે આ સંપ્રદાયની ભિન્નતા બતાવવા માટે અને દ્વૈતાદ્વૈત સંપ્રદાય એવું નામ અપાયેલ છે જુઓ નિમ્બાર્કાચાર્ય.

નિમ્બાર્કાચાર્ય [સં.] પું. વૈષ્ણવ સંપ્રદાયના એ નામના એક આચાર્ય તે વૈષ્ણવ સંપ્રદાયના દ્વૈતાદ્વૈત મતના પ્રવર્તક હતા. તેમના પિતાનું નામ જગન્નાથ હતું અને તે વૃંદાવનની પાસે ધ્રુવ ટેકરી ઉપર રહેતા હતા. ત્યાં તેની ગાદી સ્થાપિત છે. બાલ્યાવસ્થામાં તેમનું નામ બાલ્કરણાચાર્ય હતું અને તે પોતાના સમયના એક વિખ્યાત વિદ્વાન અને સારા પુરુષ હતા. તે શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. એક કથામાં તે સિદ્ધ પુરુષ હતા એવું પ્રમાણ મળે છે. કહેવાય છે કે, એક સમયે એક જૈન સંન્યાસી તેમની પાસે આવ્યા અને તેઓ બંનેની વચ્ચે ઘણો સમય શાસ્ત્રવિચાર ચાલ્યો. સૂર્યાસ્ત થવા આવ્યો અને આચાર્યને માટે અતિથિની સેવા કરવી હજી બાકી હતી. તે મહાત્મા સૂર્યાસ્ત પછી ભોજન કરતા ન હતા. આથી આચાર્યે પોતાના તપોબળથી સૂર્યની ગતિ બંધ કરી રસોઈ તૈયાર થઈ અને તે મહાત્મા જમી રહ્યા ત્યાં સુધી અટકાવી રાખી. તે વખતે સૂર્ય તેની પ્રાર્થનાથી સંતુષ્ટ થઈ એક નિમના ઝાડ ઉપર છુપાઈ રહ્યા. આ કારણથી તેનું નામ નિમાઈ કે નિમાદિત્ય પડ્યું. તેણે કેટલાક ગ્રંથો રચ્યા છે. તેનો ઉત્પત્તિ સમય બારમી સદી માનવામાં આવે છે.

નિમ્બાળકર ૧. સ્ત્રી. મરાઠા ક્ષત્રિય જાતિની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નિમ્બુ ૧ [સં.] પું નાની જોનું સ્વજન.

૨. પું. લીંબુ.

૩. પું. લીંબુનું ઝાડ.

૪. [સં.] ન. કાચી લીંબુ તાજાં બહુ જ તરસ લાગતી હોય તો લીંબુનો રસ પાણીમાં આપે છે તે ઊલટી અને મોળ બંધ કરે છે. લીંબુ કફપ્રકોપના રોગનો અકસીર ઇલાજ મનાય છે. તે મુખ સાફ કરે છે. લીંબુની અથણી, મુરબ્બો અને અથાણું થાય છે.

નિમ્બુઆ જુઓ નિમ્બુ.

નિમ્બુક જુઓ નિમ્બુ.

નિમ્બૂ જુઓ નિમ્બુ

નિમ્બૂક જુઓ નિમ્બુ

નિમ્બોલી [હિ.] સ્ત્રી. લીંબોળી.

નિમ્બોળિયું ન. માગરાડમા થતો એક જાતનો બગાદ તેના પત્ર શાકમાં હોય છે.

નિયાજ પું તારનાગે માણસઃ તારબાદાર.

નિર જુઓ નિત

નિરકપટ જુઓ નિષ્કપટ

નિરકારી જુઓ નિરાકારી

નિરકારણ ૧. [સં.] વિ. આધાર વિનાનું.

૨ વિ સ્વરૂપ વિનાનું.

નિરકારસન [સં.] ન. બહાર કાઢવું તે, હાકી મૂકવું તેઃ દેશનિકાલ કરવું તે.

નિરકાંક્ષા [સં] સ્ત્રી (જૈન) દૂષિત મતથી વિમુખ રહેવાની ઇચ્છાઃ અન્ય દર્શનની આકાંક્ષા ન હોવાપણું

નિ.કાંક્ષિત [સં.] વિ. (જૈન) અસત્ય મતોમાં વાંછા રહિત થયેલું; અન્ય દર્શનની આકાંક્ષા રહિત.

નિ.કાંક્ષિત દર્શનાચાર [સં.] પું. (જૈન) બીજાં દર્શનો એટલે ધર્મો સારા જાણી તેમાં અવાની આકાંક્ષા ન રાખવી તે.

નિ:કૃપ [સં.] વિ. કૃપા વગરનું; નિર્દય.

નિ:કૃપતા [સં.] સ્ત્રી. નિર્દયતા.

નિ:કૃષ્ટ વિ. અધમ; નીચ.

નિ:ક્ષત્ર [સં.] વિ. ક્ષત્રિય રહિત; ક્ષત્રિયવગર.

નિ:ક્ષત્રિય [સં.] વિ. ક્ષત્રિય વગરનું.

નિ:ક્ષેપ ૧. [સં.] વિ. દૂર કરેલ.
૨. વિ. ફેંકેલું.
૩. વિ. અહાર નીકળેલ.
૪. વિ. મોકલેલું.
૫. વિ. વખત ગાળેલું.

નિ:ક્ષોર [સં.] વિ. ક્ષીર વગરનું; ક્ષીર રહિત.

નિ:ક્ષેપ ૧. પું. અહાર માંહેના એક પ્રકારનો વિવાહ.
૨. [સં.] પું. આંસુ વગેરેનું લૂછવું તે.
૩. પું. થાપણ કે અનામત તરીકે મૂકવું કે સોંપવું તે.
૪. પું. દૂર કરવું તે.
૫. પું. નાખી દેવું તે; ફેંકવું તે.
૬. પું. મોકલવું તે.
૭. પું વખત ગાળવો તે.
૮. પું વિનિયોગ કરવો તે; વાપરવું તે.

નિ:ક્ષેપવું ૧. [સં. નિક્ષિપ્] સ.ક્રિ. અનામત રાખવું, થાપણ મૂકવી.
૨. સ.ક્રિ. આંસુ લૂછવાં.
૩. સ.ક્રિ. દૂર કરવું.
૪. સ.ક્રિ. ફેંકી દેવું; નાખી દેવું.
૫. સ.ક્રિ. મોકલવું.
૬. સ.ક્રિ. વખત ગાળવો.
૭. સ ક્રિ. વિનિયોગ કરવો.

નિ:ક્ષોભ ૧. [સં.] પું. સંતોષ; તૃપ્તિ; સૌમ્યતા; મન વિક્ષુબ્ધ ન હોવું તે.
૨. વિ. ક્ષોભ વગરનું.

નિ:ક્ષોભણા સ્ત્રી. તાર્સના; તિરસ્કાર.

નિ:પરિગ્રહી [સં. નિસ્ + પરિગ્રહિન્] વિ. પરિગ્રહ વગરનું.

નિ:પૃહ વિ. જેમાં કરી પૂછવાનું ન રહે તેવું; અતિ સ્પષ્ટ.

નિ:પ્રભ [સં.] વિ. પ્રભા વગરનું; તેજ વિનાનું.

નિ:ફલ [સં.] વિ. નિષ્ફળ; ફલ વગરનું.

નિ:રવ [સં.] વિ. કોઈ પણ જાતના અવાજ વગરનું.

નિ:વંશ [સં.] વિ. નાશું; નાશ નવસ્તુ.

નિ:શક્ત [સં.] વિ. શક્તિ વિનાનું; બળ વગરનું.

નિ:શક્તિ જુઓ નિ:શક્ત

નિ:શત્રુ [સં.] વિ. શત્રુ વગરનું; દુશ્મન વિનાનું.

નિ:શબ્દ ૧. [સં.] વિ. અવાજમાં શબ્દ ન બોલવું; અવાજ આવે નહિ એવું
૨. વિ. મૌન; અબોલું; અબોલ; શબ્દ વગરનું; શાંત; શબ્દરહિત.

નિ.શબ્દક્રિયા [સં.] સ્ત્રી. (સંગીત) તાલમાં ખાલી આપતી વખતે મોં હાથને છૂટા પાડવાની ક્રિયા. તેના ચાર પ્રકાર છે: આવાપ, નિષ્કામ, વિક્ષેપ અને પ્રવેશક.

નિ:શબ્દતા [સં.] સ્ત્રી. શાંતિ

નિ:શબ્દસંજ્ઞા [સં.] સ્ત્રી. બોલ્યા વિનાનો ઇશારો; સંકેત.

નિ:શમ [સં.] પું. કોપ; ગુસ્સો

નિ:શરણ [સં.] વિ. શરણ રહિત.

નિ:શલાક [સં.] વિ. નિર્બળ; ગેરાતા; સત્તાહીન; નિરાળું; બાતમી.

નિ:શલ્ય [સં.] વિ. (જૈન) કપટ, નિદાન અને ખોટી શ્રદ્ધા એ ત્રણ શલ્ય રહિત.

નિ:શલ્યક [સં.] વિ. કાંટાની પેઠે પ્રતિબંધ વિનાનું; સ્વતંત્ર.

નિ:શલ્યા ૧. [સં.] સ્ત્રી. કંતી સ્ત્રી.
૨. સ્ત્રી. પ્રતિબંધ રહિત; નિષ્કંટક.

નિ:શસ્ત્ર [સં.] વિ. શસ્ત્ર વિનાનું; હથિયાર વગરનું.

નીમલી સ્ત્રી. (પ્રાદે) ડુંગળી.

નીમવું ૧. [સં. નિર્મા; પ્રા. ણિમ-ણિમે-ણિમ્મા] સ. ક્રિ. ક્રમ કે પદ ઉપર સ્થાપવું; નિયોજવું.

૨. સ. ક્રિ. પોરવ્યા બાંધી આપવું; બાંધી આપવું; ઠરાવવું; નક્કી કરી આપવું; વહેંચી દેવું; ગોઠવણ કરી આપવી; અમુક આટલું જ મળ્યા કરે એમ ઠરાવી આપવું.

૩. સ. ક્રિ. નિયમ લેવો; આખડી લેવી; બાધા લેવી.

૪. સ. ક્રિ. બંદોબસ્ત કરીને રાખવું.

નીમવૈદ કું. ઊંટવૈદ્ય; સૂંઢને ગાંઠે બાંધી કાઢી બેસે તેમ ચાર ચીરા કાઢીને વૈદ કાઢી બેસે તેવો માણસ.

નીમવૈદ્ય જુઓ નીમવૈદ.

નીમષારણ્ય [હિં.] સ. નૈમિષારણ્ય.

નીમષારન જુઓ નીમષારણ્ય.

નીમસર સ. નિયમસર; નિયમ મુજબ.

નીમસાર સ. નૈમિષારણ્ય. લોક તેને નીમખાર કહે છે. તે ઓ. આર. રેલવેના સીતાપુર સ્ટેશનથી ૨૪ માઈલ દૂર તથા ગોમતી નદીના ડાબા કિનારા ઉપર આવેલ સીતાપુરથી વાયવ્ય માઈલ દૂર છે.

નીમસાલ વિ. અર્ધું વર્ષ.

નીમસાલી વિ. અર્ધા વર્ષનું; છમાસિક.

નીમસીરી સ. એક જાતનું મોતી. તે આકારમાં મોઝામ્બિક પાસેથી નીકળે છે. તે પાણીદાર લાલ ઝાંયવાળું હોય છે, પણ ઘાટનું ખરોખર નથી હોતું. તેના પાસ પડ હોય છે.

નીમહકીમ ૧. [જુ. નીમ (અરધું) + અ. હકીમ (વૈદ્ય)] કું. ઊંટવૈદ્ય; દેખાતા વૈદ્ય.

૨. વિ. ઢોંગ કરનાર; ધુતારો.

૩. વિ. પોતાને મોટા પોતાની દોડિયારીની બડાઈ હાંકનાર; ડંફાસ મારનાર.

નીમહકીમી ૧. [જુ. નીમ (અરધું) + અ. હકીમી (વૈદ્ય)] સ્ત્રી. ઊંટવૈદ્ય.

૨. સ્ત્રી. પૂર્ણવિદ્યા; ધુતારાપણું; ડંફાસવિદ્યા; ડંફાસપણું.

નીમા ૧. કું. એક વખતનું આખું કામ.

૨. [હિં.] કું. જામાની નીચે પહેરાતું એક વસ્ત્ર. તે જામાના આકારનું હોય છે, પણ તે જામાના જેટલું નીચું હોતું નથી, તેમ જ તેના બંધ બગલમાં હોતા નથી. ગોઠણની ઉપર સુધી તે નીચો હોય છે અને તેના બંધ સામે હોય છે. તેની આસ્તીન અર્ધી હોય છે.

૩. કું. નીળો; નીશાળો; કુંભારની હાલ્યાં વગેરે પકવવાની જગ્યા

૪. કું. મોટો પ્રસંગ; એક સામટો વધુ ઉપર કરેલો બખતરો.

૫. સ્ત્રી. એ નામની વાણિયાની ગોરાણી માંહેની એક જાત. ઉદુમ્બર બ્રાહ્મણ તેના ગોર છે.

> ભોરેસા જેવામા પાહિ,
> નીમા જાતિ વડી જગમાહિ. — બ્રાહ્મણસમક

૬. સ. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનું.

નીમા આસ્તીન [જુ. નીમા (અરધી) + આસ્તીન (બાંય)] કું. અર્ધી બાંયવાળો કબજો.

નીમાઈ [અ.] સ્ત્રી. ખેતી, વેપાર વગેરેમાં અર્ધભાગ; અર્ધભાગીદારી.

નીમાધારી વિ. ટેકોલું; ટેકવાળું; નિયમ ધરી રહેનાર.

નીમાનંદ કું. એક હિંદુ સાધુ અને પંથ સ્થાપનારનું નામ.

નીમાનુજ ૧. સ્ત્રી. એ નામની બાવાની એક અટક.

૨. સ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નીમારી કું. એક જાતનો કપાસ. બાનદેશની હવા તેને માફક આવે છે.

નીમાવત ૧. [હિં.] કું. નિમ્બાર્કાચાર્યનો અનુયાયી વૈષ્ણવ.

૨. કું. વૈષ્ણવોનો એ નામે એક સંપ્રદાય.

૩. સ્ત્રી. એ નામની બાવાની એક અટક.

૪. સ. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

નીમાશામ [જુ.] કું. સાંજની નમાજનો વખત; સાંજ.

નીમાસમ કું. સૂર્યાસ્તનો વખત.

> બકની બાજી ચુકી તે સૂર્ય વખરો, બીજો ને અસ્ત પણ થયો, કામ બાકીનો ત્યારે હમેશના જેનો નીમાસમ થયો જ. — ઝવેરામ સૂર્યરામ

નીમાસ્તીન જુઓ નીમા આસ્તીન.

નીમાળી સ્ત્રી. એક જાતનો વેલો; વનમાલિની. તેનાં પાન જૂઈનાં પાન જેવાં અને ફૂલ સફેદ જૂઈનાં જેવાં મોટાં થાય છે. નીમાળી દવામાં વપરાય છે.

નીમિ અ. નિયમપૂર્વક.

નીમી ૧. સ્ત્રી. હુંડી; ચેક.

૨. વ. અગરબત્તી.

નીમી અગિયારશ સ્ત્રી. દેવપોઢી અગિયારસ.

નીમ્ન ૧. [સં. નીમા] વિ. અરધું; અર્ધું.

૨. અ. અરધોઅરધ; અરધે આગે.

નીમેઠ (નીમેઽ) પું. (જૂ. રૂ.) નિશ્ચલ; નિર્જીવ.

કિંવિ વિલાઽ વામની
જેનુ આવતીને પરિવાર નિમેઠ. આનંદશંકર

નીમેનીમ વિ. અર્ધોઅર્ધ; બે સરખે આગે.

નીમે પગારી વિ. અરધો પગાર મેળવનાર; અરધા પગારનું.

નીમે ભાગ પું. અર્ધ ભાગ; કોઈ વસ્તુના બે સરખા ભાગ પાડી તેમાનો દરેક ભાગ.

નીમો ૧. પું. નિમાડો; નીમાડો; કુંભારની ભઠ્ઠી.

સુદામાની વેળા વારી, ઉમાનો પ્રહલાદ;
પ્રત્યક્ષરિએ નીમામાં પૂર્યાં, મારે દેવતાનો વાસ. મીરાંબાઈ

૨. [સં. નીમા] પું. છૂટીદાર કપડાનું કમરે પહોળાળું ને મોટા ઘેરવાળું અંગરખું; વરણાગને પહેરવાનો એક જાતનો પોષાક. તે ચોરણીની ઉપર સુધીની નીચાઈનું હોય છે. તેની બાંય પૂરી નહિ પણ અર્ધી હોય છે.

૩. પું. મોં ઉપર નાખવાનો મુરબ્બો.

૪. પું. સાપની ફાંગણી.

૫. સ્ત્રી. વાઘિયાની એ નામની એક જાતિ.

૬. વ. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનું.

નીમોડિયા (નીમોડિયા) ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જ્ઞાતિ.

૨. વ. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

નીમોનિયા [અં. ન્યૂમોનિઆ] પું. ફેફસાંનો એક જાતનો રોગ.

નીયત ૧. [અ.] સ્ત્રી. ભાવના; ઉદ્દેશ; આશય; સંકલ્પ; મુરાદ; આંતરિક લક્ષ.

૨. સ્ત્રી. બદદાનત.

નીયતી અ. ઇરાદાપૂર્વક.

નીયા ૧. પું. ન્યાય.

૨. [અ.] સ્ત્રી. ઇરાદો; હેતુ.

નીયાઝ [ફા.] સ્ત્રી. પરમેશ્વરની કુરબત નામની ધર્મક્રિયા વડે પવિત્ર કરેલ ખાણી. બીબી લોકો તેને રાંધે ત્યારે અથવા બની રહે છે.

નીયાં અ. ત્યાં; તે ઠેકાણે.

નીય્યત કરવી ૧. સ. ક્રિ. ઇરાદો કરવો.

૨. સ. ક્રિ. કરાર કરવો.

૩. સ. ક્રિ. નમાઝ પઢવા અગાઉ એક આસ રટ બોલી પ્રભુને સમક્ષ બોલી ઇકરાર કરવો. આ પાછી બબડાટની વાત ન થાય, પણ ઈશ્વરમાં લીન થવાય.

નીર ૧. પું. (વિજય) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રાધવરતૂ છંદનો ભેદ છે. તેમાં ૯૦ ગુરુ અને ૨૪ લઘુ મળી ૧૪ વર્ણ અને ૮૪ માત્રા આવે છે.

૨. પું. સમુદ્ર.

રામ પ્રભુ હનુમંત વીર,
નીર ઊલંઘી સહ કિમ કરી જેહ;
અમ્હ હનુમંત બંધિસિ પાજ,
આજ અમ્હ પરવતિ ઘરીએ.
સીતહરણ (પંદરમી સદી)

૩. વ. આસુ.

પહું ગ્રહ કરે રઘુપીર, નેરે પાસ વહે છે નીર.
પ્રેમાનંદ

૪. [સં. નિ (નીચે) + ઋ્ (વહેવું)] વ. ઉદક; જળ; પાણી; વારિ.

૧. ઝાંઝવાનાં નીર = છેતરી સુંદર પણ વાસ્તવિક ખોટી વસ્તુ.

૨. નીર નવાણે અને ધર્મ ઠેકાણે = પાણી કૂવા ઉપરથી ઘટી ગયું તેવી રીતે ધર્મ પણ અદૃશ્ય થયો.

૫. વ. ઓજસ; તેજ; નૂર.

નીર ઊતરવું = (૧) કીર્તિ ઝાંખી થવી. (૨) પાણી ઊતરવું.

૬. વ. કોઈ દ્રવ પદાર્થ કે રસ.

૭. વ. દમ; કસ; જીવ.

૮. વ. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્ર.

૯. વ. પૂંછડ; હોસત.

૧૦. વ. રસ; હોલ્યા વગેરેની અંદરનો રસ કે ગેપ.

૧૧. વ. લોહી; રુધિર.

કંઈ પણ પદ રહ્યો નહી ગયો સબ નીર;
અબ મેરે તેરે બિલગ હો રહી હમીર!
હલો

૧૨. વ. સત્ત્વ; શૌર્ય; બળ.

૧૩. વ. સુગંધવાળા નામની વનસ્પતિ.

નીરકૃમિ [સં.] વ. પાણીનો જીવડ; પાણીમાં રહેતું જીવડું.

નીરક્ત [સં.] વિ. લોહી વગરનું; ઓછા લોહીવાળું.

કૂલની પાસેની નાળ સડીને ટોચની તરફ ચેપાયો તે નીરક્ત શરીર પહું લોહીથી પ્રફુલ્લિત થઈ ગયા છે. વનસ્પતિવર્ણન

નીરક્ષીર [સં.] વ. પાણી અને દૂધ.

આજના કલાયસે વહેતના રંગે કે પરમહંસની હજોડ નહિ પણ સૌંદર્યના સરોવરમાં નીરક્ષીર જુદાં પાડતાં રાજહંસ અને કે રાજમહેલના જેવા આનંદપૂર્ણ મિનારા થાય. અજ્ઞાત

નીરક્ષીરન્યાય [સં.] પું. દૂધ જેમ જેમાં ભળેલાં પાણી અને દૂધમાંથી દૂધ પી લે છે અને પાણી રહેવા દે છે તેવો ન્યાય; સાર ગ્રહણ કરવું અથવા જુદું પાડવું અને બરાબર રહેવા દેવું તેવી સારગ્રાહી વૃત્તિ.

સાધુ પુરુષો નીરક્ષીરન્યાયે સારાસારનો વિવેક કરીને જ ગ્રાહ્ય કે પ્રતીહ્ય, જેમાંથી એકનું ગ્રહણ કરે છે. કમળાશંકર

નીરક્ષીરવિવેક જુઓ નીરક્ષીરન્યાય.

નીરક્ષીરવિવેકી [સં. નીરક્ષીરવિવેકિન્] વિ. ગ્રાહ્યવસ્તુને ધારણકરનાર; સાર ગ્રહણ કરી નકામું રહેવા દેવાની સારગ્રાહી વૃત્તિવાળું.

નીરક્ષીરવિવેકી આત્મનિષ્ઠને એથી કામનું નથું નીતર્યું કલાપણું અપરી, અનીતિ નહિ ખપે
કૈલાસી

નીરખ ૧. પું. સરકાર તરફથી વસ્તુ વગેરેના મુલતવી ઠરાવવામાં આવતા આવતાલ; અનરઝાવ; આડુ આવતાલ

૨. સ્ત્રી. નિરીક્ષણ; નીરખવું તે; નિરીક્ષા.

નીરખની યાદી સ્ત્રી. સરકારી નોકરોએ સવારીમાં ઉપાડ કરેલ સીધાસામાનના પૈસા ચૂકવવા માટે નક્કી કરેલા ભાવની યાદી.

નીરખવું [સં. નિરીક્ષ્; પ્રા. ણિરક્ખ] સ. ક્રિ. બરાબર જોવું, ઝીણવટથી તપાસવું.

નીરખાવું સ. ક્રિ. દેખાવું; નીરખે એમ થવું.

નીરખોર [સં. નીરક્ષીર] વ. પાણી અને દૂધ; નીરક્ષીર.

નીરગાનારુ વ. એ નામની એક વનસ્પતિ. બેજવાળી જગ્યામાં તે ઊગે છે. તેનાં પાન અણીવાળાં, ફૂલ ધોળાં, રાતાં અને પીળાં હોય છે.

નીરગાંઠ સ્ત્રી. સુરવાળના નાડાને બંધાતી સાદી ગાંઠ.

પહેલી ગાઠ કેમ વાળવી, પછી નીરગાંઠ કેમ દેવી ને પછી સરગાઠ કેમ દેવી એમ બતાવી શકીએ. વાસણજન

નીરગીડી (નીરગીડો) સ્ત્રી. એક જાતનું ઔષધોપયોગી ઝાડ; નમેઠ.

નીરગુ જુઓ નીરગોડી.

નીરગુંડી સ્ત્રી. એક જાતનું ઝાડ; નગોડ. ઔષધ વગેરેમાં તે બહુ ઉપયોગી મનાય છે.

નીરઘેરું વિ. પાણીને લીધે ઘેરા રંગવાળું.

સીમાદેરો પાખ્યો પહાડ જેવા,
ઝળે વહેતા નીરઘેરા નદો શા.

નાનાલાલ

નીરઘોર [સં.] પું. પાણીના ઘોઘનો ઘોઘરવ જેવો અવાજ.

મહાગિરિને ગહર ઘોષ ઊઠ્યો રે ઘોર,
તેના અકલિત નીરઘોર મિ ભળે રે ઘોર.

નાનાલાલ

નીરજ ૧. પું. (પિંગળ) એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે કુકલિયા છંદનો ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૧૧૨ લઘુ મળી ૧૩૨ વર્ણ હોય છે.

૨. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સર્વેયા છંદનો એક ભેદ છે. તેમાં તેંતાલીસ ગુરુ અને બાઠસો બોંતેર લઘુ મળી એકાવન વર્ણ અને એકસો ચોરાસી માત્રા આવે છે.

૩. [સં.] પું. પાણીનો નિતાર.

૪. પું. પાણીમાં ઉત્પન્ન થતી વસ્તુ.

૫. પું. મદારદેવ; શિવનાં ઢગલા માંહેનું એક નામ.

૬. ન. એક પ્રકારનું તૃણ.

૭. ન. કમળ; જલજ; ઉત્પલ.

૮. ન. મુથ નામની ઔષધિ.

૯. ન. મોતી; મુક્તા.

૧૦. [સં. નીર (પાણી) + જ (જન્મેલું)] વિ. પાણીમાં ઉત્પન્ન થયેલું.

૧૧. [સં. નિર્ (નહિ) + રજસ] વિ. રજ વિનાનું; ધૂળ વગરનું; રજસ્ક; શુદ્ધ; નિર્મળ; ચોખ્ખું.

૧૨. વિ. રાગરહિત; વિરાગી.

જાલણ જાણી નીરજ ભક્તિ માણી. નરસિંહ

નીરજસ જુઓ નીરજસ્કા.

નીરજસ્કા [સં.] સ્ત્રી. જેનો અટકાવ થયેલ હોય તેવી સ્ત્રી; ઋતુમાં આવતી બંધ થઈ હોય તેવી સ્ત્રી.

નીરજાત ૧. [સં. નીર (પાણી) + જાત (જન્મેલ)] ન. કમળ.

૨. ન. મોતી.

૩. વિ. પાણીમાં ઉત્પન્ન થયેલ.

નીરડી (નીરડો) સ્ત્રી. ઢોરના શરીર ઉપર કરવા પ્રયોજાતો ગાય. નીરણી, ખેરડી, ઝરિયું, કાબરી, ખોરી, ધોબો એ બધી એની જાત છે.

નીરણ સ્ત્રી. ઢોરને નીરવાનું ઘાસ; ઘાસ, કડબ વગેરે ઢોરનો ખોરાક.

નીરણપૂળો જુઓ નીરણ.

નીરત પું. વસ્ત્ર; નાગ.

જહાં જહાં મેહેતા નીરત જ કરે,
ત્યાં પૂંઠે સો ગતી ફરે.

વિષ્ણુદાસ

નીરદ ૧. [સં. નીર (પાણી) + દ (દેનાર)] પું. મેઘ; વાદળું.

નીરદ સીરત જંતુવાહ વારિદ જલમુચ નામ;
પન વિયોગ જીવના સમી જોતા વારી જલ.

વિશ્રામસાગરપ્રબોધ

૨. પું. મોથ; નાગરમોથ.

૩. [સં. નિર્ (વગર) + દદ (દાંત)] વિ. દાંત વગરનું; બોકલું.

૪. વિ. પાણી આપનાર.

નીરદર પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સર્વેયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૪૪ લઘુ મળી ૮૪ વર્ણ અને ૧૨૪ માત્રા આવે છે.

નીરધર [સં. નીર (પાણી) + ધર (ધરનાર)] ન. વાદળું; મેઘ.

નીરધારા ૧. સ્ત્રી. આંસુની ધાર.

નયણે વહે નીરધારા. મીરાંબાઈ

૨. [સં. નીર (પાણી) + ધારા] સ્ત્રી. પાણીની ધારા.

નીરધિ [સં. નીર (પાણી) + ધિ (ધારણ કરનાર)] પું. ઉદધિ; સમુદ્ર.

નીરનાથ [સં.] પું. વરુણ; જળદેવ.

નીરનિધિ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, તગણ, નગણ અને લઘુ મળી ૬૫ વર્ણ આવે છે.

ન લ ન સે થાય નીરનિધિ. રણછોડદાસ

૨. [સં. નીર (પાણી) + નિધિ (ભંડાર)] પું. સમુદ્ર; ઉદધિ.

નીરપતિ [સં.] પું. વરુણ-દેવ; નીરનાથ.

નીરપ્રિય ૧. [સં.] ન. પાણીમાં થતું નેતર.

૨. વિ. જેને પાણી બહાલું હોય એવું.

નીરબાકળી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનો વેલો કડવો હોય છે.

નીરમ [સં. નીર (પાણી) + મ (માપવું)] ન. (જહાજનું) માલ ન ભર્યો હોય ત્યારે જહાજ દરિયામાં બહુ ઊંડાં ન જાય તે માટે ભરેલો ભાર; જહાજને પાણીમાં સરખું રાખવાને રખાતું વજન. નીરમ વગરનાં જહાજો ભારવાહક વધુ સંભવ રહે છે. નીરમનો ઉપયોગ ભારી જહાજ ઊંચું ન વધે બસ તે માટે બસુક માપમાં તેને પાણીમાં ડુબેલ રાખવા માટે કરાય છે.

નીરમળી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નિર્મળી. તેમાં પાણી શુદ્ધ કરવાનો ગુણ છે. જુઓ નિર્મળી.

નીરમાલ વિ. નિર્માલ્ય; માલ વિનાનું; કીમત વગરનું.

આહ બંબાળ નીરમાલ છે. ગોકુલિ

નીરમોથ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નીરમોર સ્ત્રી. એક જાતનું ઝાડ પ્રવાહી, ૬૧ શેર ઝાડ, ૭ કાગદી લીંબુ, ૪ માસા હિંગ, ૩ રૂપિયાભાર મીઠા લીંબડાનાં પાંદડાં, ૧૪ શેર પાણી, ૧૫ રૂપિયાભાર સૂંઠ, ૩ રૂપિયાભાર કાગદી લીંબુનાં પાંદડાં, ૩ તોલા અને ૮ માસાભાર મીંઢુ લેવાં. પ્રથમ શેર ઝાડની પંદર શેર પાણી નાખી તેમાં સાત કાગદી લીંબુનો રસ નિચોવવો. પછી દોઢ રૂપિયાભાર સૂંઠ શેકી તેને વાટી તેનો ભૂકો તેમાં નાખવો, તેમ જ બાર માસા હિંગ શેકી તેનો ભૂકો કરી તે નાખી પછી રૂપિયાભાર મીઠા લીંબડાનાં પાંદડાં નાખવાં. છેવટે પછી તોલા અને માસાભાર મીંઢુ નાખવાથી નીરમોર બને છે.

નીરરુહ ૧. [સં. નીર (પાણી) + રુહ્ (ઊગવું)] ન. કમળ; નીરજ; જલજ.

૨. વિ. પાણીમાં ઊગનાર.

નીરવ [સં. નિર્ (નહિ) + રવ (અવાજ)] વિ. અવાજ વગરનું; સુમસામ; શાંત; નિર્જન; સૂનકાર.

નીરવછકગતિ સ્ત્રી. પાંખ હલાવી વગર અવાજે પક્ષી ઊડ્યું જતું રહે તેવી ગતિ.

નીરવતા [સં.] સ્ત્રી. શાંતિ.

નીરવપણું જુઓ નીરવતા.

નીરવંત [સં. નીરવત્] વિ. પાણીવાળું.

નદી તે જે નીરવંત. ઝવેરચંદ મેઘાણી

નીરવા [સં. નિર્ (નહિ) + રવ (અવાજ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. અવાજ રહિત; શાંત હોય એવી.

નીરવાણી ૧. પું. દશનામી અટક સંન્યાસીના અખાડાનું નામ.

૨. વિ. સ્ત્રી. ઢાંકણ રહિત.

નીરવાયુ [સં.] પું. હેમંત ઋતુનો પવન; માગશર પોષ માસનો પવન.

નીરવાહા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઝળર માંહેનું એક નામ.

નીરવિઘ્ન [સં. નિર્વિઘ્ન] વિ. વિઘ્ન રહિત; ઝેર વિનાનું; નિર્વિષ.

જમુનાને નીરવીઘ્ન કીધી, નાગને નાથ્યો કૃષ્ણ. પ્રેમાનંદ

નીરવું ૧. [સં. નિરૂ (હલકો કરવો)] સ. ક્રિ. ઢોરને નીરણ નાખવી; ઢોરને ચારો આપવો; ઢોરના મોં આગળ આપવાનું મૂકવું.

ઉદ્ધારુમની પાસ આવ્યું. રાજરૂંવર સાખિ,
પાસ આગળિ નીરિવું, પોતે પ્રભી નિ હાખિ. ભાલણ

૨. સ. ક્રિ. મારવું.

નીરશાયી ૧. [સં. નીર (સમુદ્ર) + શાયિન્ (સૂનાર)] પું. વિષ્ણુ ભગવાન; શેષશાયી.

નમો ચક્રપાણિ મદા નીરશાયી. દયારામ

૨. વિ. સમુદ્ર ઉપર શયન કરનાર.

નીરસ ૧. [સં.] પું. રસ વિહીન શબ્દના પાંચ માંહેનો એક ભેદ.

૨. સ. ક્રિ. ઠાઠમ.

૩. વિ. ખટાશ, ખારાશ વગેરે રસ વિનાનું.

૪. વિ. રસહીન.

૫. વિ. શૃંગારાદિ રસ વિનાનું.

૬. વિ. સૂકું; શુષ્ક.

૭. વિ. સ્વાદ વગરનું; ફીકું.

નીરસતા [સં.] સ્ત્રી. રસહીનતા; રસ ન હોવાપણું.

એ રૂપ હમેશા તેમના પહેલા પાઠોની નીરસતાનું પરિણામ છે. ઠાકર

નીરસપણું જુઓ નીરસતા.

નીરસુધા [સં. નીર (પાણી) + સુધા (અમૃત)] સ્ત્રી. જળરૂપી અમૃત.

નીરંગ ૧. પું અંગ; શ્લોક.

૨. વિ. એકરંગી; તથ્ય રંગી; એકવર્ણી.

૩. વિ. પ્રકાશને રંગ છૂટા પાડ્યા વિના પોતામાંથી પસાર થવા દેનું; 'એટ્રોમેટિક.'

૪. [સં.] વિ. રંગ વગરનું; રંગહીન.

૫. વિ. રંગની અસર ન થાય તેવું.

નીરંજ ગૈવમુટ પું. (જરથોસ્તી) એક જાતનું પવિત્ર પીણું. પારસી ભાણાકોને જ્યારે જ્યોતિ પહેરાવે છે, ત્યારે ધાર્મિક ક્રિયા કરીને તૈયાર કરેલ નીરંજ ગૈવમુટ ભાણકને પવાય છે. એ ગૈવમુટની ક્રિયા નવસારી, મુંબઈ વગેરે સ્થળે જ થાય છે, કારણ કે શુદ્ધ સફેદ ગોધો તેવે સ્થળે જ ક્રિયા કરીને રાખેલ હોય છે અને તેને જિંદગીભર પાળવામાં આવે છે. એ ગૈવમુટની ક્રિયા બે મોબેદ કરે છે. તે ૧૭ દિવસે પૂરી થાય છે. એ ગૈવમુટ જ્યાં હોય ત્યાંથી અવારનવાર મંગાવતાં ઘણું ખરચ થાય છે, કારણ તેને ગાડીમાં નહિ પણ બસરસ્તે લાવવામાં આવે છે. તેને ટ્રેનમાં લાવવા નહિ તે કાર્ય બેસાય નહિ. પારસી સિવાય બીજી કોઈ જાતિનો મનુષ્ય પણ તે લાવી શકે નહિ.

નીરંજતા [સં.] સ્ત્રી. વિષયેચ્છા; રંજની અસર ન થવી તે.

નીરંજત્વ જુઓ નીરંજતા.

નીરંજદીન પું. (જરથોસ્તી) ગૈવમૂત્ર સાથે થતી એક જાતની ધર્મક્રિયા.

નીરંધ્ર ૧. [સં.] વિ. કાણું ન પડી શકાય એવું.

૨. વિ. જેમાં છિદ્ર રહ્યું હોય નહિ તેવું; ઘન.

નીરા ૧. સ્ત્રી. એક જાતનું મીઠું પીણું; નીરો.

૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં દળદર માંહેનું એક નામ.

નીરાક્ષસી [સં. નિરૂ (વગરનું) + રાક્ષસ + ઈન્ (વાળું)] વિ. રાક્ષસ રહિત; રાક્ષસ વિનાનું.

પૂજી કરતા નીરાક્ષસી રીત તે ઉપર અતિ વસી. રામાયણ

નીરાગી [સં. નિરૂ (વગરનું) + રાગ + ઈન્ (વાળું)] વિ. રાગ વગરનું.

નીરાજ [સં.] પું. પાણીનો નિવાડો; નીરજ.

નીરાજન [સં.] ન. આરતી; દીવાથી સત્કાર કરવો તે. આ ક્રિયામાં પહેલાં દીવો બતાવવો, શંખમાં પાણી બતાવવું, પવિત્ર કપડું બતાવવું, આંબા અથવા પીપળાના પાનથી પાણી સિંચવું અને દંડવત પ્રણામ કરવા.

નીરાજનવિધિ [સં.] પું. દેવ વગેરેની આરતી ઉતારવાની રીત.

નીરાજના ૧. [સં.] સ્ત્રી. એક જાતનો પૂજનનો વિધિ; આરતી.

૨. જ્યો. વધિવાર સાફ કરવાં તે.

નીરાપાન ન. નીરા નામનું માદક પીણું પીવું તે.

નીરામ ૧. વિ. નિરામય.

૨. વિ. વિકાર વિનાનું.

નીરાંજન ૧. [હિં.] પું. એ નામનો એક તહેવાર. તેમાં રાજાઓ વધિવારો સાફ કરાવતા હતા. આ તહેવાર આસો, કાર્તિકમાં આવતો હતો કે જ્યારે યાત્રાની તૈયારી થતી હતી.

૨. [સં.] ન. આરતી; દીપદાન.

૩. ન. વધિવાર સાફ કરવાનું કામ.

નીરાંજલિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, બે નગણ અને ગુરુ મળી દસ વર્ણ આવે છે.

નીરાંજલિ રચ ના ના ન રે. રઘુપિંગળ

નીરાંત પું. એ નામનો એક પ્રાચીન ગુજરાતી ભક્ત કવિ. તે ઈ. સ. ૧૭૫૦ થી ૧૮૫૦ સુધીમાં થયેલ મનાય છે.

નીરાંતિક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનંતી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, ભગણ, જગણ અને નગણ મળી બાર વર્ણ આવે છે.

નીરાંતિકે તગ ભ જા ના રીત આવે. રઘુપિંગળ

નીરિંદુ [સં.] પું. એક જાતનું ઝાડ; અમરાખોટક નામનું વૃક્ષ.

નીરુચ ૧. [સં. નિરૂ (વગરનું) + રુચ્ (કાંતિ)] વિ. કાંતિ રહિત.

૨. [સં. નિરૂ (સંપૂર્ણ) + રુચ્ (કાંતિ)] વિ. કાંતિવાળું; કાયમ દીપ્તિવાળું.

નીરુજ ૧. [સં.] પું. કુશ નામની વનસ્પતિ.

૨. પું. પુષ્કર નામની વનસ્પતિ.

૩. [સં. નિરૂ (વિનાનું) + રુજ્ (દુઃખ)] પું. મોક્ષ.

૪. [સં. નિરૂ (નહિ) + રુજ્ (રોગ)] પું. સ્વાસ્થ્ય; નીરોગીપણું; આરોગ્ય; તંદુરસ્તી.

૫. વિ. જરા પણ આધિ કે દુઃખ થાય નહિ એવું.

૬. વિ. રોગ રહિત; નીરોગી; તંદુરસ્ત.

નીરુજા [સં.] સ્ત્રી. એક જાતનો રોગ.

નીરૂ પું. ચોખ્ખા ચૂનાની ભાર.

અંદરના ભાગમાં નીરૂ ન કરવો હોય તો વાદા કરી કામ કરવું તૈયાર કરી આપવાનું છે. ગૃહવિધાન

નીરૂકામ ન. ચોખ્ખો ચૂનો વાપરીને કરવાનું કામ; ચૂનાકામ.

અંદરના ભાગમાં તો સાદ સમાદી જોઈએ; એટલે ભલે તે જાતનું અસ્તર હોય તોપણ નીરૂકામ કે ચૂનાકામ કામ કરવું તે સલાહ ભરેલું છે. ગૃહવિધાન

નીરૂતમર પું. પાણીમાં ઊગતો એક જાતનો છોડ. તેનાં પાન ત્રિકોણિયાં હોય છે.

નીરૂધિ પું. આબુતાઈની ઉત્તરે આવેલો એ નામનો એક પર્વત.

નીરૂપ ૧. [સં.] પું ઈશ્વર.

૨. પું. સેવ.

૩. પું. વાયુ.

૪. ન. આકાશ.

૫. વિ. નિરાકાર.

૬. વિ. રૂપ રહિત; રૂપ વગરનું.

નીરે અ. નજીક; પાસે.

નીરો ૧. પું. ખજૂરાંનો તાજો રસ; ખીર ૨ ઉભરણ ચડ્યું ન હોય એવી તાજી તાડી; તરત નીકળેલી તાડી.

૨. પું. ચારો; ઘાસ; નીરણ.

૩. પું. ચૂનો.

નીરોગ ૧. વિ. વ્યાધિ રહિત.

૨. [સં. નિર્ (વગરનું) + રોગ] વિ. રોગ વગરનું; સ્વસ્થ; તંદુરસ્ત.

નીરોગતા [સં.] સ્ત્રી. નીરોગીપણું; રોગરહિતપણું; રોગ ન હોવાપણું; કુશળતા.

નીરોગા [સં.] વિ. સ્ત્રી. તંદુરસ્ત; રોગ વગરની.

નીરોગિતા જુઓ નિરોગતા.

નીરોગી [સં. નિર્ (વગરનું) + રોગ + ઇન્ (વાળું)] વિ. બીજાં વગરનું; આરોગ્યમય; સ્વસ્થ; વ્યાધિ રહિત; નિરામય; રોગ રહિત; રોગી નહિ એવું; આરોગ્યવાળું; તંદુરસ્ત.

નીરોગીપણું ન. તંદુરસ્તી; રોગથી મુક્ત હોવું તે.

નીરોહુંચ પું. પાણીમાં ઊગતો એક છોડ. તેને બણીવાળાં હડબાકાર પાન હોય છે.

નીરોહા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, રગણ, મગણ અને ગુરુ મળી દસ વર્ણ આવે છે.

સ ર મા ગે અને છે નીરોહા. અજિતસેન

નીર્ખનામા [સં. નિર્ખનામા] ન. ખાતાવહીનો ઠામઠા; 'પ્રાઇસ લિસ્ટ.'

નીર્ખા ૧. સ્ત્રી. ભીલની એ નામની એક જાતિ. ભીલની મિશ્ર જાતમાં ભીલાવા, તડવી અને નીર્ખા છે.

૨. વ. એ નામની જાતિનું-માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નીલ ૧. પું. (જ્યોતિષ) અશ્વયાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

૨. [સં.] પું. અંશ; ભાગ.

૩. પું. આખે શરીરે ઝાંખા રંગનો વાંદરો.

૪. પું. આસમાની રંગ; મારથી પડેલો નીલા કે ઝાંખા રંગનો ડાઘ; સોળ.

૫. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૬. પું. એ નામનો એક દિગ્ગજ.

૭. પું. એ નામનો એક નાગ.

૮. પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે રસવૃક્ષ ગીતિનો એક ભેદ છે. તેમાં ૨૪ લઘુ અને ૨૦ ગુરુ મળી ૪૪ અક્ષર અને ૬૪ માત્રા આવે છે.

૯. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેને અષ્ટમૂર્તિ, નીલસ્વરૂપ, વિશેષિક, વિશેષક, વિશેષ, લીલા, પદ્મનીલ, અષ્ટમૂર્તિ છંદ પણ કહે છે. તેમાં પાંચ જગણ અને એક ગુરુ મળી સોળ વર્ણ આવે છે.

નીલ વિશેષ વિષે ઘર પાંચ જ તે પર ગા.
રત્નચિન્તા

૧૦. પું. ઝાંખો રંગ; મળીનો રંગ; નીલો રંગ.

૧૧. પું. (પુરાણ) વિન્ધ્યિાની દક્ષિણે આવેલી માહિષ્મતી નગરીનો જે નામનો એક રાજા, તેના સંબંધમાં મહાભારતમાં નીચે મુજબ કથા છે: નીલ રાજાને એક અત્યંત રૂપાળી કન્યા હતી. તેના ઉપર મોહિત થઈ ને અગ્નિ દેવતા બ્રાહ્મણના વેશમાં રાજા પાસે તેની કન્યા માગવા આવ્યા. કન્યા મળતાં અગ્નિદેવ રાજાને વરદાન આપ્યું કે, જે શત્રુ તમારા ઉપર ચઢાઈ કરશે તે ભસ્મ થઈ જશે. પાંડવોના રાજસૂય યજ્ઞ વખતે સહદેવે માહિષ્મતી નગરીને ઘેરો ઘાલ્યો. પોતાની સેનાને ભસ્મ થતી જોઈ સહદેવે અગ્નિદેવની સ્તુતિ કરી. અગ્નિદેવે પ્રકટ થઈ કહ્યું કે, નીલના વંશમાં અખંડ સુખી રહેશે ત્યાં સુધી હું તેની રક્ષા કરીશ. અંતમાં અગ્નિની આજ્ઞાથી નીલે સહદેવની પૂજા કરી અને સહદેવ તેની અધીનતા સ્વીકારી આગળ ચલ્યો.

૧૨. પું. (પુરાણ) કુબેરના નવ માહેનો આઠમો નિધિ.

મહાપદ્મ પદ્મ અને કચ્છપ મકર મુકુંદ,
શંખ અને જે નીલ વળી નવમી કહીએ કુંદ.
પિંગળપ્રકાશ

૧૩. [ઇ.] પું. મળી.

૧૪. પું. મળીનાં વસ્ત્ર જેવો પહેરવેશ છે એવો એક વર્ગ.

૧૫. પું. દસ હજાર અબજની સંખ્યા.

૧૬. પું. ચુલનાં એકસો અઢ માંહેનું એક કરણ.

૧૭. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો અમુક દેશનો રાજા. તેને અશ્વત્થામાએ માર્યો હતો.

૧૮. પું. મહાભારતમાં જણાવેલો વૈદૂર્યમય પ્રાચીન પર્વત.

૧૯. પું. મંગળ યોગ.

નીલ ભગાડવો = (૧) ઘણું નુકસાન થવું. (૨) દીવાળું થવું. (૩) બહુ ખોટું બોલવું. (૪) રાડ પાડવી.

૨૦. પું. મોરપુ પું.

૨૧. પું. (પુરાણ) રમ્યક પર્વતની સીમા ઉપર આવેલો ઇલાવૃત ખંડનો જે નામનો એક પર્વત.

૨૨. પું. (પુરાણ) રામની વાનરસેનાનો જે નામનો એક સેનાપતિ. તે અગ્નિનો પુત્ર અને વિશ્વકર્માના અંશ વડે જન્મેલો મનાય છે. તેણે તમા નલ નામના વાનરે સમુદ્ર ઉપર પત્થરનો પુલ બાંધ્યો હતો. એવી કથા પ્રસિદ્ધ છે કે, જ્યારે નલ અને નીલ નાના બાળકો હતા, ત્યારે સમુદ્ર કિનારે રમતાં રમતાં ઋષિમુનિઓના આશ્રમમાંથી શાલિગ્રામ વગેરે પત્થરની મૂર્તિઓ લાવી સમુદ્રમાં નાખતા હતા. આ પ્રકારે મૂર્તિઓ ખોવાવાથી મુનિઓ નલ અને નીલને બાળક જાણી તેમના ઉપર ગુસ્સે ન હતા અને તેમને શિક્ષા પણ ન કરતા. એક દિવસ એક મુનિએ એમ કહી દીધું કે, ઓ, તમારા હાથનો સ્પર્શ પામેલ પત્થર પાણીમાં નહિ ડૂબે. આ પ્રમાણે મુનિઓએ પોતાની ઉપાસ્ય મૂર્તિની રક્ષા કરી અને તેમના આશીર્વાદથી નલ અને નીલે સેતુ બાંધી પોતાના ઉપાસ્ય દેવની સેવા કરી.

વિધાતા સુત બંધુયુત રીંછ ને અગ્નિ જણ્યા નીલ રે,
વાણના હતમાનજી સુત ગયા ચીરો ગઢે દક્ષિણે.
રામાવણસાર

૨૩. પું. લાભનાં કર્મ.

૨૪. પું. વડનું ઝાડ.

૨૫. પું. રૂપપૂજા; નીલોદ્વાહ કર્મ.

નીલ પરણાવવાં = રૂપપૂજા કરવી; નીલોદ્વાહ કરવો કે નીલા રંગનાં વાછરુ વાછડી પરણાવવાં. તેમાં ૧૦૮ બ્રાહ્મણ જમાડી, હોમ કરાવી, વાછડી વાછડાને પૂછડે પાણી રેડી, નાની ઉમરે કુંવારો ગુજરી જનારની શાંતિ કરાવવામાં આવે છે. કુંવરો જુવાન ગુજરી ગયા પછી તેની પાછળ નીલોદ્વાહ કે નીલ પરણાવવામ છે.

૨૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૭. પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સોત્પન્ન અજમીઢને નીલિનીને પેટે થયેલો પુત્ર.

૨૮. સ્ત્રી. કર્મવાદીઓ માહેની એક જાતિ. ભીક્ષુ વગેરે કર્મવાદી લોકોનો નીલ જાતિમાં સમાવેશ થાય છે.

૨૯. સ્ત્રી. ગળીનો છોડ, તે બે ત્રણ હાથ ઊંચો થાય છે. તેનાં પાંદડાં ચમેલીનાં પાન જેવાં અને ગળીની બંને બાજુ હારમાં આવેલાં હોય છે. ફૂલની મંજરી હોય છે. આ છોડની લગભગ ૩૦૦ જાત છે, પણ જેમાંથી નીલો રંગ કાઢવામાં આવે છે તે છોડ હિંદનો છે અને અરબસ્તાન, મિસર તથા અમેરિકામાં પણ વવાય છે. આ છોડનું આદિસ્થાન હિંદ છે અને તેમાંથી રંગ પણ પહેલવહેલો હિંદમાં કાઢવામાં આવ્યો હતો. ઈ. સ. ૮૦માં સિંધના એક કિનારાના ગામથી ગળીને બજાર મોકલવાનું એક પ્રાચીન ચૂનાનું લેખો લખ્યું છે. તે પછી બહુ વિદેશીઓએ

જાતી ગણી વધારી હોવાનું જણાવ્યું છે. ઈ. સ.ના પંદરમા સૈકામાં જાદીથી વરપના દેશોમાં ગળી જવા લાગી, ત્યારથી લાંબા ગોડોનું ગળી તરફ ધ્યાન ગયું. વરપમાં ગળીનું કામ પહેલવહેલું હોલંદવાળાએ શરૂ કર્યું અને દેઢસો વખત સુધી ગળીની રંગાઈ માટે તેઓ વરપભરમાં નિપુણ ગણાતા હતા. ગળીના કારણથી જ્યારે લાંબી કિંમતી વસ્તુના વેપારમાં પકડો પહોંચવા લાગ્યો, ત્યારે ફ્રાંસ, જર્મનિ વગેરે કામદા વડે ગળીની આવક બંધ કરવા ઉપર વિચાર કરવા લાગ્યા. અને ૧૬૬૦ સુધી ઇગ્લંડમાં ગળીને વિષ સમજવામાં આવતું હતું અને તેથી ત્યાં તેની આયાત સામે અટકાયત હતી. પછી એસજિયમમાંથી ગળીનો રંગ બનાવનારાઓને બોલાવવામાં આવ્યા અને તેઓએ તે કામ શીખવ્યું. શરૂઆતમાં બિહાર, બંગાળ વગેરેથી નહિ પણ ગુજરાત અને તેની આસપાસના દેશોમાંથી ગળી વરપ જતી હતી. ઈસ્ટ ઇંડિઆ કંપનિએ જ્યારે ગળીના કામ ઉપર ધ્યાન આપ્યું, ત્યારે બંગાળ, બિહારમાં ગળીની ખરી વખારો ઊપડી અને ગળીની ખેતીની બહુ ઉન્નતિ થઈ. જુદાં સ્થાનોમાં ગળીની ખેતી જુદી જુદી ઋતુમાં અને જુદી જુદી રીતે થાય છે. કેટલેક ઠેકાણે ગળીનો પાક જય મહિના અને કેટલેક ઠેકાણે અઢાર મહિના ખેતરમાં રહે છે. જ્યાં આ છોડ ઘણા વખત સુધી ખેતરમાં રહે છે, ત્યાં ખરી વાર તેનાં પાંદડાં કાપી લેવામાં આવે છે. પણ કરે ત્રીજો વખત આ પાકને ખેતરમાં રાખવાનો રિવાજ બંધ પડતો જાય છે. બિહારમાં કાચણ ક્ષેત્રમાં ગળી વવાય છે. ગરમીમાં તો તે છોડ વધતો નથી, પણ વરસાદ પડતાં જોરથી ઢાળ અને પાંદડાં નીકળી આવી વધે છે. આથી અષાડમાં પહેલી કલમ એટલે કાપણી થાય છે અને ઢાળ વગેરે કારખાનામાં મોકલી દેવામાં આવે છે. ખેતરમાં ખૂંટા રહે છે. કલમ કર્યા પછી ખેતરને ફરી ખેડવામાં આવે છે, જેથી વરસાદનું પાણી સારી રીતે જમીનમાં ઊતરે અને ખૂંટા ફરીને વધી જોડનું રૂપ ધારણ કરે. બીજી કાપણી સિંગાળામાં થાય છે. ગળીનો રંગ બે રીતે કાઢવામાં આવે છે: લીલા છોડમાંથી અને સૂકા છોડમાંથી. કાપેલ લીલા છોડને નાંદોમાં ઠમારીને ભરે છે અને તેની ઉપર પાણી ભરે છે. આર ચોદ કલાક પાણીમાં રાખતાં તેનો રંગ પાણીમાં ઊતરી આવે છે અને પાણી આબા લીલા રંગનું થાય છે. તે પછી પાણી બીજા નાંદમાં નાખવામાં આવે છે. ત્યાં દોઢ બે કલાક લાકડીથી હલાવી મથવામાં આવે છે. મથવાનું કામ યંત્રના મદદથી પણ કરાય છે. મથ્યા પછી પાણીને ઠરવા દેવામાં આવે છે, જેથી તેના વખતમાં માલ નીચે બેસી જાય છે. પછી નીચે બેઠેલ ગળી સાફ પાણીમાં ભેળવી ઉકાળવામાં આવે છે. તે પછી વાંસની ટોપલીઓ ઉપર પાથરેલ મોટા કપડાની ચાંદની ઉપર ઠાલવામાં આવે છે. ચાંદની ગળવાનું કામ કરે છે. પાણી નીતરીને વહી જાય છે અને ગોખ્બી ગળી લાલીના રૂપમાં રહી જાય છે. આ ગળી નાનાં નાનાં કણવાળી ગોઠ પેઠી, જેની અંદર લીલું કથ્થું મટેલું હોય છે તેમાં ફેરવવામાં આવે છે, જેથી સાત આઠ આંગળ ઊંચો થર જામી જાય છે. તેના કટકા કરી ધીરે ધીરે સુકાવા માટે રાખી દેવામાં આવે છે. સુકાતાં તેના કટકા ઉપર ગોઠ પોપડી જામી જાય છે, જેને સાફ કરવામાં આવે છે. આ કટકા ગળીને નામે વેચાય છે. નિતાક્ષરા, વિજ્ઞાન, પરિજાત વગેરે ધર્મશાસ્ત્રોના કેટલાક ગ્રંથોમાં બ્રાહ્મણોને ગળીમાં રંગેલ કપડાં પહેરવાનો નિષેધ છે.

૩૦. સ્ત્રી. (જૈન) જ માંહેની એક પ્રકારની લેશ્યા.
ભવનપતિ અને વ્યંતર જાતિના દેવોમાં શારીરિક વર્ણરૂપ દ્રવ્યલેશ્યા ચાર જ પ્રકાર છે. જેમકે, કૃષ્ણ, નીલ, કાપોત અને પીત-તેજ. તત્ત્વાર્થસૂત્ર

૩૧. [જા.] સ્ત્રી. નાનકા નદી.

૩૨. સ્ત્રી. પાણી ઉપર થતી એક જાતની વનસ્પતિ.

૩૩. સ્ત્રી. બાલમમૂહ.

૩૪. સ્ત્રી. બહેન નામની માછલી. જળચરો સર્વ પ્રાણીઓમાં તે મોટી હોય છે. જન્મવેળા જ તેની લંબાઈ ચોરીસ ફૂટની હોય છે.

૩૫. પુ. એક જાતનું જંગલી પ્રાણી; રોઝ.

૩૬. પુ. (સિંધ) એક જાતનું ત્રિકાળધર. વર્ધમાન ધરની પછીને એક અસિંદ, ધરના મુખ બ્રાહ્મણ બે અસિંદ તેમ જ ધરની જમણી તરફ એક અસિંદ અને વચ્ચે કટકા આવે તો તે નીલ ધર કહેવાય. વેતબુદ્ધિનું મુખ પશ્ચિમે હોય તો તે પણ નીલ નામનું ધર કહેવાય.

૩૭. પુ. એક જાતનું રત્ન; ઇંદ્રનીલમણિ; નીલમ.

૩૮. પુ. કાચબો.

૩૯. પુ. તાલીસપત્ર.

૪૦. પુ. (જૈન) નીલવર્ણ નામની નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ નીલો રંગ પામે છે.

૪૧. વિ. વિષ; ઝેર.

૪૨. વિ. ખરું; કાચું.

૪૩. વિ. ગળીથી રંગેલું.

૪૪. વિ. નીલ રંગવાળું; લીલું.

૪૫. [ફા.] વિ. સ્વચ્છ; કાચ જેવું; ચોખ્ખું આસમાની.
શ્યામ નીલ મેચક અસિત, હરપ્રભી સોભત ગાત્ર; રસાલ ભાલ રાજત પર, રસાલ ઠૌર રામ ગાત્ર. પિંગલપ્રકાશ

નીલ અંજની પું એક જાતનો કનિષ્ઠ ઘોડો.

નીલક ૧. [સં.] પું. (ગણિત) બીજગણિતમાં અજ્ઞાત રાશિનો એક ભેદ.

૨. પું. ભમરો.

૩. વ. અસન વૃક્ષ.

૪. વ. એક જાતનું રત્ન.
ગોમદ, નીલક, લસુણીય, ને ઈંદ્ર રહ્યાં ગારવ. વીરજી

૫. વ. એક જાતનું ઘોડું.

૬. વ. કારસકજી; કાચ બનાવવામાં વપરાતો એક જાતનો ક્ષાર.

૭. વ. મોરપૂંછ.

૮. વિ. આસમાની રંગનું.

નીલકણ્ઠ [સં.] પું. નીલમની કટકી.

નીલકણ્ઠા [સં.] સ્ત્રી. કાહળી; કાળું કાંઈ. કાહળીના દાણા બરાબર ગળીના બી જેવા રંગના, તેવા આકારના અને અદલા અદલાબદલ જેવા તેવા છે, માટે તેને નીલકણ્ઠા કહે છે.

નીલ કમલ ૧. [સં.] ન. એક જાતનું કમળ; લાલ કમળનું કમળ. તે પાણીમાં ઊગે છે. તેના મૂળમાં સોપારી જેવડી ગાંઠ કે કંદ થાય છે. તે ઉપરથી કાળા અને અંદર સફેદ હોય છે. તે ગાંઠ નીચેથી મૂળિયાં અને ઉપરથી પાન તથા ફૂલ નીકળેલાં હોય છે. પાન ૨ થી ૧૦ ઇંચ લાંબાં અને ૮ ઇંચ પહોળાં કાંગરાવાળાં હોય છે. તેમાં આસમાની ઘોળાં મૃણાલિત ફૂલ થાય છે. ફૂલ લંબગોળ હોઈ ઇંચ લાંબાં બીનેલાં જેવાં હોય છે.

૨. ન. મહાદેવના પાંચ મહેનું એક નામ.

નીલ કમળ જુઓ નીલ કમલ.

નીલકરવીર પું. એક જાતનું વૃક્ષ; નીલા રંગની કણેર.

નીલકંઠ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.

૨. પું. એ નામનો એક રાજનીતિજ્ઞ પુરુષ.

૩. પું. ખંજન પક્ષી.

૪. પું. મકકો.

૫. પું. ચિત્ર પક્ષી. તેની ચાંચ કસ્તૂરિના જેવી લાંબી હોય છે. તેનાં કકુન સારાં મનાય છે. વિજ્યાદશમીને દિવસે દર્શન શુભ મનાય છે. ટીં, ટીં, ટીંના કેકારી ચંદ્રકીના બચ્ચાને પોતાનું અસ્તિત્વ જાહેર કરતો નીલકંઠ વાદળ ઉપર બેઠો હોય છે. વારંવાર તે છત્રમાં ઉપર ઝાપટો મારો કરે છે. સંવત્સર સમયે તેનાં ટોળાં એકઠાં

ઊંચાઈ ઉપર ટોચે મણીને સમૂહગાન અને ગાનની હરીફાઈ આદરે છે.

૬. પું. દાત્યૂહ પક્ષી.

૭. પું. ભમરો; માતહ.

૮. પું. ભમરો.

૯. પું. મયૂર; શિખંડી; મોર. મોરે કળા ચડાવી હોય અને દાણી તરફથી જમણી તરફ આવે તો મુસાફરને માટે તે શુભ શકુન મનાય છે.

નીલકંઠ કેકો બહીં શિખી શિખંડી હોય;
શિવસુતવાહન અહિગ્રખી મયૂર કલાપી સોય.

પિંગલપ્રકોષ

૧૦. પું. મૂળો.

૧૧. પું. મેઘ; વાદળું.

૧૨. પું. ધાકડકૂટ પક્ષી.

૧૩. પું. દીના કંઠવાળા મહાદેવ; શિવ. સમુદ્રમથન વખતે નીકળેલા વિષનું પાન કરતાં શિવનો કંઠ કાંઈક કાળો પડી ગયો, તેથી તેમનું નીલકંઠ નામ પડ્યું. મહાભારતમાં જણાવ્યું છે કે: અમૃત નીકળવા છતાં પણ જ્યારે દેવોએ સમુદ્રમથન બંધ ન કર્યું, ત્યારે પ્રલયાગ્નિ સદૃશ અગ્નિ સમાન કાલકૂટ વિષ નીકળ્યું, જેની ગંધથી ત્રણે લોક બળવા લાગ્યા. અંતમાં બધાની પ્રાર્થનાથી શિવે તે વિષ પીને કંઠમાં ધારણ કર્યું.

હમ કપર્દી ભૂતપતિ પશુપતિ મૃડ ઈશાન;
નીલકંઠ ગોપ્તા રિતિકંઠ સકલ કલ્યાન.

પિંગલપ્રકોષ

૧૪. પું. સારસ પક્ષી.

૧૫. પું. સ્વામીનારાયણ.

૧૬. સ્ત્રી. કલૂરાની બાહ્યસુગ્રહમાંની એ નામની બાવીસમી ગ્રહ.

૧૭. ન. વિષકંઠ; મદિષાંક વૃક્ષ.

૧૮. ન. હિમાલયની તળેટીમાં આવેલું એક અતિ પવિત્ર સુંદર યાત્રાધામ. ત્યાં મહાદેવજીની શિવંકર મૂર્તિ દર્શનીય છે.

૧૯. વિ. આસમાની કંઠવાળું.

૨૦. વિ. કાળા કે ભૂરા કંઠવાળું.

નીલકંઠક [સં.] પું. મોર; મયૂર.

નીલકંઠકાગ પું. એક જાતનો કાગડો. તે એચિંગ, મરપ ને આર્કિકમાં નજરે પડે છે.

નીલકંઠઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નીલકંઠ ભાષ્ય [સં.] ન. નીલકંઠશિવાચાર્યનું લખેલ એ નામનું પુસ્તક.

નીલકંઠરસ [સં.] પું. એ નામની એક રસૌષધિ. તેના સેવનથી ઉપરસ, શ્વાસ, વિષમજ્વર, ગ્રહણી, ઘડુ, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર વગેરે દરદો મટતાં હોવાનું કહેવાય છે.

નીલકંઠવર્ણ વિ. આકાશી રંગનું; આસમાની રંગનું; નીલું.

નીલકંઠાક્ષ [સં.] પું. ચકલો.

નીલકંઠી ૧. [સં.] પું. એક જાતનો છોડ. તે ઝેરી માટે જમીનમાં વાવવામાં આવે છે. તેનાં પાન જાડાં હોય છે અને ભૂરા તાપ ઉપર ખપાય છે.

૨. સ્ત્રી. એક નાનું પક્ષી; દાત્યૂહી. આ પક્ષી હિમાલય ઉપર જોવામાં આવે છે. તેનો અવાજ બહુ મધુર અને સુરીલો હોય છે.

૩. સ્ત્રી. ટેકરા ઘર પક્ષિણી.

નીલકંઠેશ્વર ૧. [સં.] પું. ઉજ્જયિનીમાં આવેલ એ નામના શંકર.

૨. પું એ નામના એક શંકર. તેમનું મંદિર નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલું છે.

૩. પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એક શંકર. તેનું મંદિર ભૃગુખાબાટમાં છે.

નીલકંદ ૧. [સં.] પું. કાળું આદુ.

૨. પું. મદિષાંક.

નીલકાંત ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. ન. એક જાતનું પહાડી પક્ષી. મચ્છરીમાં તેને નીલકાંત અને નૈનીતાલમાં ત્રિશૂલ કહે છે. તેનું માથું, ડોકનો નીચેનો ભાગ તથા છાતી કાળાં હોય છે. માથા ઉપર કાંઈક ધોળાશ પણ હોય છે. તેનું પૂછડું નીલું હોય છે.

૩. ન. નીલમ રત્ન.

નીલકુબ્જા સ્ત્રી. આસક્ષ માહેની એ નામની એક તેજસ્તત્ત્વ દેવતા.

નીલકુમીલ ન. પશ્ચિમઘાટ, કોંકણ અને નીલગીરીમાં થતું એક ઝાડ. તેની છાલ તથા ઝાડવાંમાંથી લાલ રંગ મળે છે. તેનું લાકડું ચીકણું અને સ્થિતિસ્થાપક છે. દક્ષિણ હિંદમાં લોકો ગાને ભલસે તેનાં પાંદડાં ઉકાળી પીએ છે.

નીલકુરંડક [સં.] પું. એક જાતની વનસ્પતિ.

નીલકુસુમા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વિષ્ણુક્રાંતા લતા. તેને મોટાં મોટાં નીલા રંગનાં ફૂલ આવે છે.

નીલકૂટ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

નીલકુંતલા [સં.] સ્ત્રી. દુર્ગા દેવીની એ નામની એક સખી.

નીલકૂટ પું. નીલવત પર્વતનાં નવ શિખરે પૈકીનું એ નામનું બીજું શિખર.

નીલકેતુ [સં.] પું. (પુરાણ) હસ્તિનાપુરની દક્ષિણે નર્મદાને કાંઠે આવેલી માહિષ્મતી નગરીનો એક રાજા. તેને પ્રવીર નામે પુત્ર હતો. તેણે પાંડવોનો અશ્વમેધ યજ્ઞનો છૂટો મૂકેલો અશ્વ બાંધ્યો હતો અને તેથી તેને અર્જુનની સાથે યુદ્ધ થયું હતું. તેમાં નીલધ્વજે અગ્નિની સહાયથી અર્જુનનું સૈન્ય બાળવા માંડ્યું, તેથી અર્જુને નારાયણાસ્ત્ર છોડ્યું. આ ઉપરથી અગ્નિએ આવીને નીલધ્વજ અને અર્જુન સાથે મિત્રાચારી કરાવી.

નીલકેશી [સં.] સ્ત્રી. ગળાનો છોડ.

નીલકોઠી સ્ત્રી. ગળાનું કારખાનું.

નીલકાંતા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વિષ્ણુક્રાંતા લતા. તેને મોટાં મોટાં નીલા રંગનાં ફૂલ આવે છે.

નીલકાંચ [સં.] પું. અતિબ્રહ્મર; ઝાડો બગલો; આસમાની રંગનો એક જાતનો બગલો. તેની પાંખ કેટલે કાળાશ પડતી હોય છે.

નીલગલ્વેરા [સં.] પું. શ્યામવર્ણો ગલેફ.

નીલગર પું. રંગરેજ; રંગારો.

નીલગંગા ૧. [સં.] સ્ત્રી. એ નામની દુર્ગા દેવી. આનંદને ઉત્પન્ન કરનારાં તે વરદાયા, વરદા, વરિષ્ઠા, વરવર્ણિની, ગરિષ્ઠ, વરાહા, વરારોહા, નીલગંગા, સંધ્યા અને સર્વદા ભોગમોક્ષદા એવી રીતે દશ પ્રકારનાં દુર્ગા કહેવાય છે.

૨. સ્ત્રી. એ નામની એક નદી. તે નર્મદાને મળે છે. નર્મદા પંચાગમાં લખ્યું છે કે: નીલગંગામાં સ્નાન કરનાર ૬૦,૦૦૦ વર્ષ સુધી કૈલાસમાં નિવાસ કરે છે. અહીં શ્રાદ્ધ તર્પણ કરવાથી એકવીસ પિતૃઓ મુક્તિ પામે છે.

નીલગાય [હિં.] સ્ત્રી. નીલાશ પડતું ભૂરા રંગનું ગાય જેવું એક જંગલી પશુ; રોઝ. તેના કાન ગાય જેવા અને ડોકડાં નાનાં તથા વાંકાં હોય છે. તેને નાના નાના કાંટા વાળની માફક પણ હોય છે. દેખાવમાં આ જનવર ગાય તથા હરણને મળતું આવે છે અને જંગલમાં ટોળાં બાંધીને રહે છે. તેને પાણી પણ બહુ ભાવે છે. આમને માટે શિકારીઓ તેનો શિકાર પણ કરે છે. તેનું ચામડું મજબૂત હોય છે. તેના બચ્ચાના ચામડાની હાલ પણ બને છે. તેના બચ્ચા નીચે વાળનો ગુચ્છો હોય છે. નર રંગે ચૂથો હોય અને માદા રંગે બદામી હોય છે. નરને શીંગડાં હોય છે, માદાને હોતાં નથી.

નીલગાવ જુઓ નીલગાય.

નીલગિરિ ૧. [સં.] પું. એ નામનો એક પર્વત. આ પહાડ ઉપર સૂર્યનો પ્રકાશ અમુક રંગનો પડે છે, ત્યારે તે ભૂરા રંગનો દેખાય છે અને તેથી જ તેનું નામ નીલગિરિ પડ્યું છે.

૨. પું. એ નામનો દક્ષિણમાં આવેલ એક પર્વત. સીતાજીની ભાળ મળ્યા જતાં રામ

લક્ષ્મણ ત્યાં રહ્યા હતા.
ને રામ લક્ષ્મણ વસ્યા નીલગિરિ માંહે,
આવી વૃષા રમૂતિ સીતાજીની વામી બાજુ;
બોલ્યો જટાયુ મરતાં દુષ્ટથી સીતાને,
સંતાડી રાવણ ગયો બળ હો અન્યાયે.
રામાયણસાર

૩. પું. એક જાતનો વાંદરો. તે આખા શરીરે કાળો, મોંએ રાતી ઝામવાળો, લાંબા વાળવાળો અને બીકણ હોય છે.

નીલગિરિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, જગણ અને બે સગણ મળી બાર વર્ણ આવે છે.
નીલગિરિકા રમ ભજ જ સ સ ગી. કવિપિંગળ

નીલગુટિકા સ્ત્રી. એક જાતનું રત્ન.

નીલગૂન [ફા.] વિ. આસમાની; વાદળી.

નીલ ગૌ [હિં.] સ્ત્રી. વનગાય; ગવયી.

નીલગ્રીવ ૧. [સં.] પું. નીલા ગોરવાળો મોર.
૨. પું. મહાદેવ; શંકર; નીલકંઠ; શિવ.
નીલગ્રીવે તે વાત વખાણી. દયારામ
૩. વિ. આસમાની રંગના ગોરવાળું.

નીલગ્રીવા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

નીલચટક ૧. પું. (પિંગળ) ત્રીસ અક્ષરનો એક દંડક વૃત્ત. તે અશોકપુષ્પમંજરીનો એક ભેદ છે. તેમાં ગુરુ અને લઘુ ક્રમસર પંદર પંદર આવે છે.
૨. પું. (પિંગળ) ત્રીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેના દરેક પાદમાં પાંચ રગણ અને પાંચ જગણ મળી ત્રીસ અક્ષર હોય છે.
રા જ પાંચ થાય છે અધ્યક્ષ પાદ પાદમાં,
સદાય નીલચટકમાંહ વર્ણ ત્રીસ ભાઈ.
કવિપિંગળ
૩. [સં.] ન. જગન્નાથજીના મંદિરના શિખર ઉપર રહેલું માનવામાં આવતું ચક્ર.

નીલચર્મ ૧. [સં. નીલચર્મન્] ન. કાળું ચામડું.
૨. વિ. કાળા ચામડાવાળું.

નીલચળક વિ. મઠરંગિત નીલું; ઝાંકતા આસમાની રંગનું.

નીલચાસ પું. (પક્ષી) એક જાતનું પંખી. કચ્છના રાજાની હજૂરાની સવારી વખતની ક્રિયામાં એની જરૂર પડે છે. વિધિ પછી એને ઉડાડી મૂકવામાં આવે છે. એ જે દિશામાં ઊડી જાય તેના ઉપરથી આવતા વરસની આગાહી બાંધવામાં આવે છે.

નીલચ્છદ ૧. [સં.] પું. ખજૂર.
૨. પું. મરડ.
૩. વિ. આસમાની પાંખ કે ઢાંકણવાળું.

નીલજ ૧. [સં. નીલ + જન્ (ઉત્પન્ન કરવું)] ન. એક જાતનું ઝાડ. તેમાંથી નીલો રંગ નીકળે છે.
૨. ન. એક જાતનું લોઢું; આસમાની પોલાદ.
૩. વિ. નીલ પર્વતમાં ઉત્પન્ન થયેલું.
૪. [સં. નિર્લજ્જ] વિ. લાજ વગરનું; બેશરમ.

નીલજલદ [સં.] ન. કાળું વાદળું.

નીલજા [સં.] સ્ત્રી. નીલ પર્વતમાંથી નીકળતી વિતસ્તા અથવા જેલમ નદી.

નીલજ્જ [સં. નિર્લજ્જ] વિ. લાજ વગરનું; શરમ વગરનું; બેશરમ.

નીલઝિંટી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નીલી હસરેણા; કાળી ઝીંઝોટી.

નીલતરા સ્ત્રી. ગોંધાર દેશની એ નામની એક નદી. તે ઉરુવેલાસ્વરૂપમાંથી વહેતી હતી. ત્યાં શુદ્ધદેવે ઉરુવેલાસ્વરૂપ, નગરાસ્વરૂપ અને નદીસ્વરૂપ નામના ત્રણ ભાઈનું અભિમાન દૂર કર્યું હતું.

નીલતરુ ૧. [સં.] ન. કાળું વૃક્ષ.
૨. ન. નાળિયેરનું ઝાડ; નાળિયેરી.

નીલતંત્ર [સં.] ન. (તાંત્રિક) એ નામનો એક ધાર્મિક સિદ્ધાંત.

નીલતા ૧. [સં.] સ્ત્રી. કાળાશ; કાળાપણું.
૨. સ્ત્રી. નીલાપણું; આસમાની રંગનું હોવું તે.

નીલતાલ [સં.] પું. હિંતાલ; તમાલવૃક્ષ.

નીલતાલ ન. એક જાતનું પક્ષી.

નીલતિમિર [સં.] ન. ઘોર અંધારું.

નીલત્વ જુઓ નીલતા.

નીલથૂથુ ન. બોરથૂથુ.

નીલદિંતના સ્ત્રી. એ નામની એક સુંદર વેલ.

નીલદૂર્વા [સં.] સ્ત્રી. હરીદર્બો; લીલી ધ્રોબ્બ.

નીલદેવનાળ પું. એક જાતનો લીલો અને નાનો છોડ. તેનાં પાંદડાં ગોળાકાર અને કૂલ નીલ કે ધોળાં હોય છે. કોંકણમાં મહાબલેશ્વર ઉપર તથા પંચમહાલમાં તે પાંચ છ કૂટ ઊંચો ઊગે છે.

નીલદ્રુમ [સં.] પું. કાળું ઝાડ; સાલ વૃક્ષ.

નીલધ્વજ ૧. [સં.] પું. તમાલ વૃક્ષ.
૨. પું. તાડનું ઝાડ.
૩. પું. (પુરાણ) હસ્તિનાપુરની દક્ષિણે નર્મદાને કાંઠે આવેલી માહિષ્મતી નગરીનો એક રાજા. તેને પ્રવીર નામે પુત્ર હતો. તેણે પાંડવોનો અશ્વમેધ યજ્ઞ માટે છૂટો મૂકેલો ઘોડો બાંધ્યો હતો. તેથી તેને અર્જુનની સાથે યુદ્ધ થયું હતું. તેમાં નીલધ્વજે અગ્નિની સહાયથી અર્જુનનું સૈન્ય આખ્યું ખાંડ્યું. તેથી અર્જુને નારાયણાસ્ત્ર છોડ્યું. આ ઉપરથી અગ્નિએ આપીને નીલધ્વજ અને અર્જુન વચ્ચે મિત્રાચારી કરાવી.
૪. વિ. કાળી ધજાવાળું.

નીલનદી સ્ત્રી. મિસર દેશની નાઇલ નદી.

નીલનલિન ન. ભૂરું કમળ.
પીત પરાગ ઘટના ઘટથી નીલનલિન શ્યામ થાએ,
કેસરવસ્ત્રો અંબરથી શ્યામ તન ઘનશ્યામ વિરાજે.
ગીતગોવિંદ

નીલનાદ સ્ત્રી. (સંગીત) ચંદ્રશાનીય આવીશ માંહેની બીજી શ્રુતિ.

નીલનિર્ગુંડી [સં.] સ્ત્રી. કાળી નગોડ.

નીલનિર્યાસક ૧. [સં.] પું. પિયાસાલનું વૃક્ષ; અસન વૃક્ષ.
૨. વિ. કાળા રંગના રસવાળું.

નીલનીલિક [સં.] પું. અદ્યોત; પતંગિયું; આત્મિયો.

નીલનેત્ર ન. પ્રાચીન સમયનું એક ઘરેણું.

નીલપ સ્ત્રી. લીલાશ.

નીલપદ્મ [સં.] ન. કાળું વજ્ર.

નીલપતાકા [સં.] સ્ત્રી. (તાંત્રિક) પંદર માદેવી એ નામની અગિયારમી નિલા.

નીલપત્ર ૧. [સં.] ન. અશ્મંતક વૃક્ષ; અસન વૃક્ષ.
૨. ન. એક જાતનું ઘાસ.
૩. ન. કાળા રંગનું પાંદડું.
૪. ન કાળું કમળ.
૫. ન. ઢાકમનું ઝાડ; ઢાકમી.
૬. ન. વિજયસાલ.
૭. વિ. કાળા રંગનાં પાંદડાવાળું.

નીલપત્રિકા [સં.] સ્ત્રી. નીલ.

નીલપત્રી જુઓ નીલપત્રિકા.

નીલપદ્મ [સં.] ન. કાળું કમળ.

નીલપરાશર પું (પુરાણ) પરાશર કુળનો એક ઋષિ અને તેનું કુળ. આ કુળમાં અપોહ્ય, બાહ્યમય, જ્યોતિષ, કૌતુજ્યતિ અને હર્યશ્વ એટલા ઋષિઓ પ્રસિદ્ધ હતા.

નીલપર્ણ [સં.] ન. વંદાર વૃક્ષ.

નીલપર્વત [સં.] પું. ભરતખંડનો એ નામનો એક પર્વત; ઓંકારક્ષેત્રથી પશ્ચિમે આવેલ ચ્યવન ઋષિના આશ્રમે જતાં રસ્તામાં આવતો

એક પહાડ, જ્યાં નીલ નામના વાનરો રહેતા હતા. ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવત, કજ્જલ, નીલપર્વત, મોગામુખ વગેરે ભારતખંડના પર્વત છે.
ભાગવતી ભાગવત

નીલપંક ૧. [સં.] પું. અંધારું; અંધકાર.
૨. પું. કાળો કાદવ.

નીલપાલુકેશા સ્ત્રી. એક જાતની તંતુ જેવી આછા વાદળી રંગની વનસ્પતિ.

નીલપાંડુ [સં.] પું. એક જાતનો રોગ. આ બીમારીમાં શરીરનો રંગ નીલો મિશ્ર જણાય છે.

નીલપિચ્છ [સં.] પું. ભારદ્વાજ પક્ષી; સિંગાલો.

નીલપિપ્પોડી (નીલપિપ્પોડી) [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નીલપિંગલ ૧. [સં.] પું. કાળો પીળો બળદ.
૨. વિ. કાળું અને પિંગળા રંગનું.

નીલપિંગલા ૧. [સં.] સ્ત્રી. કાળી પીળી ગાય.
૨. વિ. સ્ત્રી. કાળા અને પિંગળા રંગની.

નીલપિંગળ જુઓ નીલપિંગલ.

નીલપિંગળા જુઓ નીલપિંગલા.

નીલપુનર્ણવા [સં.] સ્ત્રી. કાળી સાટોડી.

નીલપુનર્નવા જુઓ નીલપુનર્ણવા.

નીલપુષ્પ ૧. [સં.] ન. કાળા રંગનું ફૂલ.
૨. ન. કાળું કમળ.
૩. ન. કાળો ભાંગરો.
૪. ન. તગરની ગાંઠ; ગંધિપર્ણ.

નીલપુષ્પા ૧. [સં.] સ્ત્રી. અપરાજિતા નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. અળસી.
૩. સ્ત્રી. ગળોનો છોડ.

નીલપુષ્પિકા જુઓ નીલપુષ્પા.

નીલપુષ્પી ૧. [સં.] સ્ત્રી. અળસી.
૨. સ્ત્રી. કાળી નગોડનું ઝાડ. તેનાં ફૂલ પેરાં આસમાની રંગનાં અને ફળ વટાણા જેવડાં કાળા રંગનાં થાય છે.
૩. સ્ત્રી. નીલી કોયલ.

નીલપૃષ્ઠ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. એક જાતની માછલી.

નીલપોર [સં.] સ્ત્રી. કાળી શેરડી.

નીલપોરક [સં.] પું. કાળી શેરડી.

નીલપ્રમેહ [સં] પું. પિત્તથી થતો એક જાતનો પ્રમેહ.

નીલફલા ૧. [સં.] સ્ત્રી. જાંબુનું ઝાડ.
૨. સ્ત્રી કરમણી.

નીલફોગા ન. લાંબી પૂંછડીવાળું ફૂંદાં પક્ષી.

નીલબડી (નીલબડી) સ્ત્રી. જાળનો મોટો.

નીલબંદરે પું. એક જાતનો વાંદરો. તે રંગે કાળો, આખા શરીરે લાંબવાળો, લાંબી લટીવાળો અને પર્વત ઉપર ઊંચે રહેવાનું કરીને રહેનારો છે.

નીલબંધુજીવ પું. નીલા રંગનાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

નીલબાડી (નીલબાડી) સ્ત્રી. હલકી જાતની ચણી.

નીલબીજ ૧. [સં.] ન. કાળું અસન વૃક્ષ.
૨. વિ. કાળાં બીજવાળું.

નીલભ ૧. [સં.] પું. ચંદ્ર.
૨. પું. ભ્રમર.
૩. પું. મેઘ.
૪. પું. મોર.

નીલભૃંગરાજ [સં.] પું. કાળો ભાંગરો.

નીલમ ૧. સ્ત્રી. એક જાતની કેરી. તે બધી ઉત્તમ જાત છે. ઓગસ્ટમાં પાકે છે અને ફળ જથ્થામાં આવે છે. તે દર વરસે ફલે છે. તેનું ફળ અરધા શેરનું હોય છે.
૨. [સં. નીલમણિ] ન. નીલા રંગનું રત્ન; ઇંદ્રનીલ; નીલમણિ; નીલમ; વાદળી રંગનો હીરો. નીલમ બરી રીતે એક જાતનું માણેક છે. કઠણપણામાં તે હીરાથી બીજે નંબરે મનાય છે. બહુ સારું નીલમ હોય તો તેની કીમત પણ હીરાથી ઓછી ગણી નથી. નીલમ હલકા નીલાથી માંડી ઘેરા નીલા રંગ સુધીનાં થાય છે. હવે હિંદમાં નીલમની ખાણો રહી નથી. કાશ્મીરની ખાણો પણ ખાલી થયેલી છે. બ્રહ્મદેશમાં માણેકની સાથે નીલમ નીકળે છે. સિંહલદ્વીપ તથા શ્યામ દેશમાંથી સારાં નીલમ નીકળે છે. ઉત્તમ, મહાનીલ અને સાધારણ એમ નીલમની ત્રણ જાત છે. મહાનીલના સંબંધમાં એવું કહેવામાં છે કે, તેને સોબતમાં દુઃખમાં નાખો તોપણ બહું દુઃખ નીલું દેખાતું. જેમાંથી ઉદયસૂર્યના જેવો પ્રકાશ નીકળે તે સૌથી ઉત્તમ નીલમ છે. બધું જાતું નીલમ જવલ્લેજ મળે છે. નીલમમાં પાંચ બાબત જોવામાં આવે છે: ગુરુત્વ, સ્નિગ્ધત્વ, વજ્રદિત્વ, પાર્શ્વવર્તિત્વ અને રંજકત્વ. જેમાં સ્નિગ્ધત્વ હોય તેમાંથી પ્રકાશ દૂર છે. જેમાં વજ્રદિત્વ હોય તેને પ્રાત કાળમાં સૂર્યની સામે ધરવાથી તેમાંથી નીલી શિખા ફૂટતી દેખાય છે. જેમાં ઘેરો ઘેરો વાર સોનું, ચાંદી, સ્ફટિક આદિ દેખાય તેમાં પાર્શ્વવર્તિત્વ ગુણ જાણવામાં આવે છે. જેને પાણીના વાસણમાં સાચવવાથી આખું વાસણ નીલું દેખાય તેને રંજક સમજવામાં આવે છે. રત્ન સંબંધી જૂનાં પુસ્તકોમાં ભિન્ન ભિન્ન રત્નો ધારણ કરવાથી ભિન્ન ભિન્ન ફળ મળવાનું લખ્યું છે.

નીલમક્ષિકા [સં.] સ્ત્રી. કાળી માખી.

નીલમક્ષિ ૧. પું. (જ્યોતિષ) અભિજિતનો તારો.
૨. [સં.] પું. ઉદ્નીલમક્ષિ. જુઓ નીલમ ૨.
૩. પું. મીનપુંજ.

નીલમન જુઓ નીલમ.

નીલમર્મ ન. આસનળીની દરેક બાજુએ આવેલું આર આંગળનું શિરામર્મ. ત્યાં ઘૂંસ વગાડી મનુષ્ય મૂર્છા લાવ તથા સ્વાદ પારખવાની શક્તિ નાશ પામે. એ મર્મપ્રદેશમાં મુખ્ય ત્રણ નાડીઓ છે: પ્રાણદા, જિહ્વિકાવહિકા અને અધોજિહ્વિ કાવહિકા.

નીલમલ્લિકા [સં.] સ્ત્રી. બીલીનું ઝાડ.

નીલમાધવ [સં.] પું. જગન્નાથ દેવ.

નીલમાલૂર પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; નીલમાલૂર; નીલમાર્દૂલ. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ અને ત્રણ યગણ મળી અઢાર અક્ષર હોય છે.

નીલમાષ [સં.] પું. કાળા અડદ.

નીલમીલક [સં.] પું. ચતમિરું; આમિલો કીડો.

નીલમૂત્ર [સં.] પું. લીલા વર્ણનો મૂત્ર.

નીલમૃત્તિક [સં.] પું. કાળી માટીવાળો દેશ.

નીલમૃત્તિકા [સં.] સ્ત્રી. કાળી માટી.

નીલમેહ [સં.] પું. ગળીના રંગ જેવો પેશાબ આવે તેવો એક જાતનો પ્રમેહ.

નીલમેહી [સં. નીલમેહિન્] વિ. પિત્તના દોષથી કાળા રંગના પેશાબવાળું.

નીલમોર [હિં.] પું. કુરરી નામનું હિમાલય ઉપર જોવામાં આવતું પક્ષી.

નીલરંગ [સં.] પું. આસમાની રંગ.

નીલરંગી [સં. નીલ + રંગ + ઇન્ (મત્વર્થે)] વિ. આસમાની ભૂરા રંગનું.

નીલરાજિ [સં.] પું. અંધકારનો સમૂહ.

નીલરુદ્ર પું. એ નામનો એક શૈવધર્મસંપ્રદાય.

નીલરૂપક [સં.] પું. પારસ પીપળાનું ઝાડ.

નીલરોગ [સં.] પું. શરીરનો રંગ નીલો મિશ્ર જણ એવો એક રોગ.

નીલલક્ષ પું. ગળીમાંથી વિદ્રોહનની પદ્ધતિએ મળતો સફેદ પદાર્થ. મનુષ્યના મળમાં તેમ જ કેટલાંક શાકાહારી પ્રાણીઓનાં જાતરડાંમાં તે માલૂમ પડે છે. તેમાં અંગારના ઝાડ, આદ્રજનકના ક્ષાર અને નલવાયુનો એક ભાગ હોય છે.

નીલલવનિકા જી. ઘણામાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

નીલલોલી જી. સમુદ્રમાં થતી એક પ્રકારની વનસ્પતિ.

નીલલેશ્યા [સં.] જી. (જૈન) છ માંહેની બીજી લેશ્યા; નીલ વર્ણના કર્મપુદ્ગલને લીધે થતું આત્માનું મલિન પરિણામ.

નીલલોચન [સં.] વિ. કાળાં નેત્રવાળું.

નીલલોહ ૧. [સં.] ન. કાળાં મરી.

૨. ન. કાળું લોઢું; આસમાની પોલાદ.

નીલલોહિત ૧. [સં.] પું. અર્ધ નીલ અને અર્ધ રાતા એવા અર્ધનારીનટેશ્વરરૂપ દેવ; વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ; શિવ. તેનો કંઠ નીલો અને મસ્તક લાલ હોય છે.

૨. પું. જાંબુડો રંગ.

૩. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીજા માંહેનો બીજો દિવસ.

૪. વિ. શ્યામ અને લાલ રંગવાળું; જાંબુડિયા રંગનું

નીલલોહિત કલ્પ [સં.] પું. (પુરાણ) બ્રહ્મદેવના બારમા માસમાં બીજો દિવસ. આ કલ્પના આરંભમાં નીલલોહિત નામે શિવનો અવતાર થયો હતો, માટે આ નામ પડ્યું છે.

નીલલોહિતા ૧. [સં.] જી. એક જાતનું નાનું જાંબુ.

૨. જી. પાર્વતી.

નીલલૌહ [સં. નીલ (કાળું) + લૌહ (લોઢું)] ન. કાળું લોઢું.

નીલવર પું. ખાણની ખેતી કરાવનારો અંગ્રેજ જમીનદાર. આ સંબંધે આત્મકથામાં એનો ઉલ્લેખ છે કે આમ સો વર્ષથી ચાલતો આવેલો તીન કઠિયાનો ક્રમ૫ો તૂટ્યો ને તેની સાથે નીલવર રાજનો અસ્ત થયો.

નીલવરરાજ્ય ન. નીલવરની જેહુકમીવાળું રાજ્ય.

નીલવર્ણ ૧. [સં.] પું. કાળો રંગ; આસમાની રંગ.

૨. વિ. કાળા રંગનું; ઘેરા આસમાની રંગનું.

નીલવર્ણક ૧. [સં.] જી. કસ્તૂરી.

૨. વિ. નીલા રંગનું.

નીલવર્ણું વિ. વાદળી; આસમાની; આકાશવર્ણું; ઘણા જેવા રંગનું. આકાશ નીલવર્ણું દેખાય છે એનું કારણ હિન્દોલ નામના વૈજ્ઞાનિકે આ રીતે સમજાવ્યું છે કે, વાતાવરણમાં તરતાં ધૂળ, ધુમાડો, જળબિંદુ, હિમકણ વગેરે નાનાં નાનાં રજકણો ઉપર સૂર્યકિરણો પડવાથી પ્રકાશ વિભિન્ન થાય છે, અર્થાત્ ઉપરના પ્રકાશતરંગો રજકણ ઉપર અનંતાર્ધ અનિયમિત પરાવર્તન પામે છે. સૂર્યનો શ્વેત પ્રકાશ અનેક રંગતરંગોનો મિશ્રિત છે, અર્થાત્ અનેક નાની મોટી લંબાઈના પ્રકાશ તરંગોનો બનેલો છે. નીલ, જાંબુડા વર્ણના તરંગો રાતા, પીળા રંગના તરંગો કરતાં ટૂંકા હોય છે. જેમ રજકણ નાનું તેમ તે નાના તરંગોને વિખેરી શકે છે. હિન્દોલના મત પ્રમાણે વાતાવરણમાં તરતાં રજકણો અતિ સૂક્ષ્મ હોવાથી તે સૂક્ષ્મ તરંગોવાળો નીલરંગિત પ્રકાશ સરળતાથી વેરી શકે છે. એ પ્રકાશ વડે આકાશ નીલવર્ણું લાગે છે.

નીલવર્ષાભૂ ૧. [સં.] પું. કાળા રંગની મૂર્વાનો વેલો.

૨. પું. ઢેકો.

નીલવલ્ક [સં.] ન. એ નામનું એક જળચર પ્રાણી. તે ચપટાં કંકુ આકારનાં ઈંડાં રેતી ઉપર ઠારબંધ મૂકે છે.

નીલવલ્કલ જુઓ નીલવલ્ક.

નીલવલ્લી [સં.] જી. વંદા નામનો વેલો.

નીલવસન ૧. [સં.] પું. બળરામ.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ; શનૈશ્ચર ગ્રહ.

૩. ન. નીલા રંગનું કપડું; કાળું વસ્ત્ર.

૪. વિ. નીલ કે કાળાં કપડાં જેણે પહેર્યાં હોય એવું; આસમાની રંગનાં કપડાં પહેરનાર.

નીલવસ્ત્ર ૧. [સં.] પું. બળદેવ.

૨. પું. (જ્યોતિષ) શનૈશ્ચર ગ્રહ; શનિ.

૩. ન. કાળું વસ્ત્ર.

નીલવસ્ત્રા [સં.] જી. દુર્ગા દેવી.

નીલવંત પું. મહાવિદેહથી ઉત્તર બાજુ ઉપરનો પર્વત.

નીલવા જી. એક જાતની ચુનાર. દક્ષિણમાં તે ચારા તરીકે ઉત્તમ મનાય છે.

નીલવાનર [સં.] પું. એક જાતનો વાંદરો. તેના મોંનો રંગ નીલ એટલે મોરની ડોક જેવો હોય છે. તેની ચટી તેને વધારે સુંદરીય આપે છે. તે ઝાડ પર શાંત હોય છે.

નીલવાસા ૧. [સં. નીલવાસસ] પું. બળદેવ.

૨. પું. (જ્યોતિષ) શનૈશ્ચર ગ્રહ; શનિ.

૩. ન. કાળું વસ્ત્ર.

નીલવાંદરો જુઓ નીલવાનર.

નીલવીજ [સં.] પું. ખિરસાલ પીતસાલ વૃક્ષ.

નીલવૃક્ષ [સં.] પું. ઘણાનો છોડ.

નીલવૃષ [સં.] પું. શરીર લાલ અને પૂછડું, માથું તથા ઘરી કાંબવર્ણાં હોય તેવો વાછડો કે સાંઢ.

નીલવૃષા [સં.] જી. એક જાતની વંતાકડી; રીંગણી.

નીલવૃંત [સં.] ન. કે; તલ.

નીલવૃંતક [સં.] ન. કે.

નીલવો પું. લીલો કાચો ચુવેરનો દાણો.

નીલવ્રત [સં.] ન. એક જાતનું વ્રત.

નીલશાર્દૂલ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નીલમાલૂર. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બે મગણ, મગણ અને ત્રણ યગણ મળી અઢાર વર્ણ આવે છે.

નીલશાલૂર જુઓ નીલશાર્દૂલ.

નીલશિખંડ ૧. [સં.] પું. રુદ્ર દેવ.

૨. વિ. કાળાં પીંછાંવાળું.

નીલશિખુ [સં.] પું. ચોલાજના; કાળાં ફૂલવાળો સરમવો.

નીલશિર ૧. જી. (સંગીત) એ નામની એક રાગિણી.

૨. ન. એક જાતનું પક્ષી. તે એક હાથ લાંબું હોય છે અને ગરમીની ઋતુમાં ઈંડાં આપે છે. તેને નીલા રંગનું માથું હોય છે.

નીલસરસ્વતી [સં.] જી. (બૌદ્ધ) એ નામની દેવી; તારાદેવી. તેનું સ્થાન ચીનમાં છે.

નીલસારૂપી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નામસારૂપી; દોધક; બંધુ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ ભગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

ઓ લ ન ગા થકી નીલસારૂપી. રઘુપિંગળ

નીલસરોજ [સં.] ન. નીલ રંગનું કમળ.

નેત્રે નીલસરોજ પુંજ અમરે બેસી ભિસાંકે ઘર. સાસ્યોપાખ્ય

નીલસંધ્યા [સં.] જી. કૃષ્ણાપરાજિતા નામની વનસ્પતિ.

નીલસિંધ જી. નીલા ભાભાવાળા એક જાતની ભતક. તે હાલાર લાંબી થાય છે અને સિંધ, પંજાબ, કાશ્મીર વગેરે દેશમાં જોવામાં આવે છે. તે ઉનાળામાં ઈંડાં આપે છે.

નીલસ્તંભ [સં.] પું. નાટ્યગૃહની દીવાલમાં આવતો એક સ્તંભ.

નીલસ્વરૂપ ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; અમ્બમતિ; લીલા; પદનીલ; અમતિ. તેના દરેક ચરણમાં પાંચ ભગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

૨. (પિંગળ) પું. દરેક ચરણમાં જગણ ભગણ અને બે ગુરુ હોય એવો અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

નીલસ્વરૂપક જુઓ નીલસ્વરૂપ.

નીલંગુ ૧. [સં.] પું. એક જાતનો ઢોરો.

૨. પું. એક જાતનો દેવ.

૩. પું. ગીધ; સિયાળ.

૪. પું. ભમરો.

૫. ન પુષ્પ; ફૂલ.

નીલા ૧. [હિં] પું. એક પ્રકારનું કલાતર.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

નીલા દમ તનરા લગા રહો. ઋષિમણ

૩. પું. મણીનો સુક્ષ્મભેદો રસ.

૪. પું. નીલમ; એક જાતનું રત્ન.

૫. [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; મલ્હાર રાગની એક સ્ત્રી.

૬. સ્ત્રી. કાળી સાટોડી.

૭. સ્ત્રી. કુજડી.

૮. સ્ત્રી. મણી.

૯. સ્ત્રી. નર્મદાનાં દક્ષર મહિલું એક નામ.

૧૦. સ્ત્રી. (જૈન) નીલ લેશ્યા; નીલા રંગના કર્મસંયોગના યોગથી થતું જીવનું તેવું પરિણામ.

૧૧. સ્ત્રી. નીલા રંગની આખી.

૧૨. સ્ત્રી. મહાભારતમાં બતાવેલી એક પ્રાચીન નદી.

૧૩. સ્ત્રી. (સંગીત) મંદસ્થાનીય ભાષીય માહેની દક્ષમી શ્રુતિ.

૧૪. સ્ત્રી. સિરા; અશુદ્ધ લોહી લઈ જનારી લોહીની નળી.

૧૫. ન. ગાહડરું. ગાહડરાના ફોડનાં પાંદડાંનો આકાર બરાબર મળતો ફોડનાં પાંદડાં જેવો હોય છે, માટે તેને નીલા કહે છે.

૧૬. વિ. આસમાની. રંગનું; મળીના રંગ જેવું.

નીલા કરવું = (કે) આસમાની રંગ ચડાવવો. (૨) બહુ મારવું.

નીલાર્ક પું. આસમાની રંગ.

નીલાકાશ [સં. નીલ + આકાશ] ન. આસમાની રંગનું આકાશ.

નીલાકાશે ચંદ્રમા આરતી કરે ગ્રહગણ ફિરતે. પ્રજ્ઞાચક્ષુ

નીલાક્ષ ૧. [સં.] પું. હંસ પક્ષી; રાજહંસ.

૨. વિ. નીલી આંખવાળું.

નીલાચલ ૧. પું. જગન્નાથજી.

નીલાચલ સ્વામી પુરીમાં નિવાસે છે. ભક્તિચરિત્ર

૨.[સં.] પું. જગન્નાથજીની પાસેની એ નામની એક નાની ટેકરી.

૩. પું. નીલગિરિ પર્વત.

નીલા જમીન પું. નિરંતર ટકે તેવો જમીન.

નીલા તૂતિયા [હિં] ન. મોરથૂથુ.

નીલાથોથા [સં. નીલતુત્થ] પું. (હિંદી) મોરથૂથુ; તૂતિયા. વૈદકમાં કહ્યું છે કે: જે ધાતુની જે ઉપધાતુ હોય છે તેમાં તેનો ગુણ હોય છે, પરંતુ લઘુ જ હોય. તાંબાનું આ નીલું ઝવણ ધાતુમાંથી પણ મળે છે, પણ મોટે ભાગે કારખાનામાં બને છે. તાંબાની ગુહીને ખુલ્લી હવામાં રાખી તપાવવાથી કે ઓગાળવાથી અને તેમાં ચોકો ગંધકનો તેજાબ નાખવાથી તેજાબનો અમ્લગુણ નષ્ટ થઈ જાય છે અને તેના યોગથી તૂતિયા એટલે મોરથૂથુ બને છે. તે રેચક અને દવાના કામમાં આવે છે. વૈદકમાં એ ક્ષારસંયુક્ત, કટુ, વમનકારક, લઘુ, લેખન ગુણયુક્ત, ભેદક, શીતવીર્ય, નેત્રોને હિતકર તથા કૃમિ, વિષ, વિષ, પ્રમેહ, કુષ્ઠ અને બાળને દૂર કરનાર માનવામાં આવે છે. તૂતિયાને શુદ્ધ કરી અદવ આદામાં આપવામાં આવે છે.

નીલાની [સં.] સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

નીલાપણું ન. આસમાની રંગનું હોવું તે.

નીલાપરાજિતા [સં.] સ્ત્રી. કૃષ્ણાપરાજિતા નામની વનસ્પતિ.

નીલામ્બા [સં.] સ્ત્રી. સિંધુ નદી.

નીલામ્બુ ૧. [સં.] પું. મેઘ; કાળું વાદળ.

૨. પું. મોથ.

૩. વિ. કાળું; કાળા દેખાવનું.

નીલામ્બુધ [સં.] પું. (જ્યોતિષ) અષાઢી માહેનો એ નામનો એક યોગ.

નીલામ્બુધિ [સં.] પું. નીલગિરિ પર્વત.

નીલા મીન પું. નિરંતર ટકે તેવો જમીન.

નીલા મોર [ગુ.] પું. મોરથૂથુ.

નીલામ્લાન [સં.] પું. સુંદર ફૂલવાળું એક જાતનું વૃક્ષ.

નીલારસ પું. પીળા કે જૂનાણ પડતા રસરૂપે મળીના કે બીજા છોડમાંથી મળતો પદાર્થ. તે સ્વાદે અતિશય કટુ દોષ છે અને તેને સુકવતાં તેનું વિષદ્રવ્ય થઈ જાય છે. તેમાંથી ખાંડ અને મળ એમ બે વસ્તુ જુદી પડી શકે છે. કુદરતી મળીનું તે મૂળ છે. મૂત્રમાં અને બીજા પ્રાણીને લગતા પ્રવાહીઓમાં આ નીલોત્પાદક પદાર્થ મળી આવે છે અને તેમાંથી રાતી તથા નીલવર્ણી મળી બનાવી શકાય છે. રાસાયણિક રીતે જોતાં તેમાં અંગારના આઠ ભાગ, આઠજનકના ૭ ભાગ, નત્રવાયુનો એક ભાગ, ગંધકનો એક ભાગ, પ્રાણવાયુના ચાર ભાગ અને ક્ષારજીવનો એક ભાગ હોય છે. તેનું બીજું નામ મત્રપીતક છે.

નીલારી પું. મળિયારો; રંગરેજ.

નીલાલકયુક્તા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; મીનાક્ષી દેવી.

કુમુદ પર્વતની તળેટીમાં દેવ અને દેત્યોએ સેવેલાં મીનાક્ષી દેવી. નીલાલકયુક્તા નામથી પૂજ્ય છે. ભગવતી ભાગવત

નીલાલુ [સં.] પું. એક જાતનું કાળું કંદ; કાળું બટેકું.

નીલાવતી પું. એક જાતના યોધા.

નીલાવભાસ પું. (જ્યોતિષ) અષાઢી માહેનો એ નામનો એક યોગ.

નીલાવલ ૧. સ્ત્રી. આવાની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

નીલાશ સ્ત્રી. આસમાની રંગનું હોવું તે.

નીલાશરી [સં.] સ્ત્રી. કાળી નમોડ.

નીલાશોક [સં.] પું. નીલા રંગનું અશોક વૃક્ષ.

નીલાશ્વ [સં.] પું. એ નામનો એક દૈત્ય.

નીલાસન ૧. [સં] પું. એ નામનું વૃક્ષ; પિયાસાલ.

૨. પું. એક જાતનો રતિબંધ.

નીલાહ્વ ૧. પું. આસમાની રંગ.

૨. સ્ત્રી. નીલાપણું.

નીલાંક સ્ત્રી. એક જાતની ધાતુ.

નીલાંકા સ્ત્રી. ભાદરવા માહેની એ નામની એક યોગિની.

નીલાંગ ૧. [સં.] પું સારસ પક્ષી.

૨. વિ. કાળા અંગવાળું.

નીલાંગી ૧. [સં.] સ્ત્રી. શ્યામ અંગવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. સારસ પક્ષિણી.

નીલાંજન ૧. [સં.] ન. કાળું આંજણ; કાળો સુરમો
૨. ન. મોરચૂથું; તાંબા તથા જસ્તાના મિશ્રણથી બનેલું ખનીજ; તામ્રમલ; મયૂરક.

નીલાંજના ૧. [સં.] સ્ત્રી. કાળો કપાસ.
૨. સ્ત્રી વીજળી.

નીલાંજની [સં.] સ્ત્રી. કાલાંજની નામની એક વનસ્પતિ.

નીલાંજસા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. એ નામની એક નદી.
૩. સ્ત્રી. વીજળી.

નીલાંડક ન. એક જાતનું જંગલી પ્રાણી; રોઝ.

નીલાંબર ૧. [સં.] પું. નીલાં વસ્ત્ર ધારણ કરનાર બળરામ; હળધર.
શૌક્તિકેય ઘનશ્યામ બલ, સંકર્ષણ બલરામ;
નીલાંબર રેવતીરમણ, મુસલી પ્રલંબ હામ.
વિનયવિજયોપ
૨. પું. રાક્ષસ.
૩. પું. રામ.
૪. પું. (જ્યોતિષ) શનૈશ્ચર ગ્રહ; શનિ.
૫. ન. તાલીસપત્ર.
૬. ન. નીલા રંગનું વસ્ત્ર; બળરામે રંગેલ વસ્ત્ર; કાળું વસ્ત્ર.
૭. વિ. નીલાં કપડાં ધારણ કરનાર; નીલાં કપડાંવાળું.

નીલાંબરા [સં.] સ્ત્રી. મીનાક્ષી દેવી. નીલાંબરા, રૌદ્રમુખી, નીલાલકપુષ્પા વગેરે નામોથી ઓ દેવી પૂજાય છે.

નીલાંબરી ૧. પું. (સંગીત) કહી ગ્રહભાથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ સા રિ ગ ૫ મ ૫, નિ ૫ સાં / સાં નિ ૫ મ ૫, ગ મ ૫ રિ સ છે. તેના વાદી સંવાદી સ્વર ૫ અને સાં છે. તે રાતનો સમય દિવસનો ત્રીજો પ્રહર છે. તેની પ્રકૃતિ સબળ છે. તેમાં ચૌદાર કલિત હોય છે.
૨. [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

નીલાંબા [સં.] સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન નીલ પર્વત ઉપર છે.

નીલાંબુજ [સં.] ન. કાળું કમળ.

નીલાંબુજન્મા [સં. નીલાંબુજન્મન્] ન. કાળું કમળ.

નીલિ ૧. [સં.] પું. એક જાતનું જલજંતુ.
૨. સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. લીલ; શેવાળ.

નીલિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો નેત્રરોગ; જે તિમિર રોગમાં મુદ્દલ કાંઈ ન દેખાય તેને બિનનાસ કહે છે અને જેમાં સૂર્ય, નક્ષત્ર, વીજળી આદિનું તેજ દેખાય તેને નીલિકા કહે છે
૨. સ્ત્રી. એક પ્રકારનો તાવ.
૩. સ્ત્રી. કાળી નસોડ.
૪. સ્ત્રી. કાળી કેસાલિક વનસ્પતિ.
૫. સ્ત્રી. ગળી.
૬. સ્ત્રી. દાઝ્યું. ખોટા ઉપર કે ગાત્ર ઉપર પીડા વિનાનું પાતળું અને કાળું ચકામું થાય તે નીલિકા કે દાઝ કહેવાય છે.
૭. સ્ત્રી. શરીર ઉપર કાળો તલ વગેરે ચિહ્ન

નીલિકાકાંચ પું. આંખનો એક રોગ; મુક્તાબિંદુ; મોતિયો.

નીલિન પું. એક જાતનો પદાર્થ. તેમાંથી અનેક પ્રકારના રંગ તથા ઔષધો બને છે. સ્વચ્છ નીલિન હળવાળ ચિત્ર છે.

નીલિનાચી સ્ત્રી. ગળ.

નીલિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અયોધ્યાના રાજાની ચાર માંહેની એ નામની એક સ્ત્રી.
૨. સ્ત્રી. ગળી.
૩. સ્ત્રી. નસોતર.

નીલિમા ૧. [સં. નીલિમન્] પું. કાળાશ; કાળો રંગ; શ્યામતા.
૨ પું. રંગે નીલું હોવાપણું.

નીલી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અયોધ્યાના રાજાની ચાર માંહેની એ નામની એક સ્ત્રી.
૨. સ્ત્રી. એક જાતની વાદળી માખી.
૩. સ્ત્રી. એક જાતનો આંખનો રોગ
૪. સ્ત્રી. ગળી.
૫. વિ. બેસ ગાસમાની રંગનું; વાદળી; શ્યામ રંગવાળું.

નીલી કટેરી સ્ત્રી. એક પ્રકારનો છોડ. ઊંટ તે બહુ ખાય છે.

નીલી ઘોડી (નીલી ઘોડો) ૧. સ્ત્રી. કાળા કે સાવજ રંગની ઘોડી.
૨. સ્ત્રી. આખા સાથે સંબંધી કાગળના ઘોડી. તે પહેરી લેવાથી આકાશી ઘોડા ઉપર સવાર હોવાનું જણાય છે. કૃષ્ણ પક્ષવાળા તે પહેરીને અજમિલાનું ગીત ગાતા બીજ માગે છે.

નીલી ચકરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નીલી ચાસ સ્ત્રી. એક પ્રકારનું ચાસવા ચાસણ.

નીલી રસ પું. ગળીનો રંગ.

નીલીરાજ ૧. [સં.] પું. કાળો રંગ; ગળીનો રંગ.
૨. પું. દૃઢ પ્રેમ. સંયોગ થતા પહેલાં પરસ્પર દર્શનથી કે સંભાષણથી જે પ્રેમનું બીજ રોપાય છે તે દશા પૂર્વરાગ કહેવાય છે. જો એ પૂર્વરાગ સ્થિર હોય અને ગળીના રંગની પેઠે જતો ન રહે તો તેને નીલીરાગ કહે છે. કસુંબાના રંગની પેઠે બાહ્ય હોય તો કુસુંભરાગ અને મજીઠના રંગની પેઠે જતો રહે તોપણ હોળે તો તેને મંજિષ્ઠરાગ કહે છે.
૩. પું. દૃઢ પ્રેમવાળો પુરુષ.

નીલીરાણા [સં.] સ્ત્રી. દૃઢ પ્રેમવાળી સ્ત્રી.

નીલીરોગ [સં.] પું. એક જાતનો આંખનો રોગ.

નીલીવૃક્ષ [સં.] સ્ત્રી. ગળીનો છોડ.

નીલીવૃક્ષાકૃતિ ૧. [સં.] સ્ત્રી. ભાખૂનો મૂળ ભાગ.
૨. સ્ત્રી. સરપંખો.

નીલીસંધાન [સં] ન. ગળી ઉકાળવી તે.

નીલુફળ ન. એક જાતનું કરિયાતું

નીલું ૧. વિ. ભૂરિયાસ રંગનું; નીલા રંગનું; આસમાની.
૨. વિ. લીલું

નીલું કરિયાતું ન. એક પ્રકારનો છોડ. આ છોડ હાથ બે હાથ ઊંચો થાય છે. તેને ધોળાં કે મૂલાથી ફૂલ આવે છે.

નીલૂ [હિં.] સ્ત્રી. એક પ્રકારનું ઘાસ.

નીલૂફરી [ફા.] વિ. કમળ સંબંધી.

નીલેફર ન. એક જાતનું વસાણું.

નીલેરું વિ. નીલું; નીલા રંગનું.
જોરણ નીલેરું અંબાય વરણ,
તરુણ પવાડિયાએ. જનાર્દન (સંવત ૧૫૪૭)

નીલો ગુંદ પું. એક જાતનો ઓસ્ટ્રેલિયામાં થતો ગુંદર.

નીલો ચંપો પું. એક પ્રકારનો વેલો; ગળિયાચંપો. તેમાં લીલાં અથવા પીળાં સુગંધી ફૂલ આવે છે.

નીલોત્તરકિરણ ન. પરાગાસની કિરણ; 'અલ્ટ્રા વાયોલેટ રેઝ.'

નીલોત્પલ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભગણગણ. તેના દરેક ચરણમાં નવ અક્ષર અને બે ગુરુ ગણ ભોજવૃત્તોક્ત ગણવ્યવસ્થા હોય છે.

૨. [સં.] ન. અરવિંદ; કમળ; ઉત્પલ; ઇંદિવર; વાદળી રંગનું કમળ.

૩. ન. કામદેવનાં પાંચ બાણોનું એક બાણ.

નીલોત્પલાદ્યઘૃત [સં.] ન. (વૈદક) ઔષધરૂપ એક જાતનું ઘી.

નીલોત્પલી ૧. પું. જૌદ્ધ મહાયાન સંપ્રદાયોનું એક નામ.

૨. [સં. નીલોત્પલિન્] પું. શિવનો એક ગણ; શિવના અંશરૂપ મંજુઘોષ.

૩. સ્ત્રી. એક પ્રકારની વેલ. તે લીલા રંગની હોય છે અને પર્વત ઉપર થાય છે. પારો બાંધવા માટે તે ઉપયોગી મનાય છે.

નીલોત્સર્ગ [સં.] પું. નીલ પરણાવવાની ક્રિયા. માણસ ઘણા પુત્રોની ઇચ્છા કરે છે, તે એટલા માટે જ કે તેઓમાંથી કોઈ પણ ગમે ત્યારે, અપમેધ યજ્ઞ કરે, કે નીલોત્સર્ગ કરે

મગજની લાગવગ

નીલોદ્વાહ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ મગણ અને બે ગુરુ મળી કોલ અક્ષર હોય છે. તેમાં ચોથા અક્ષર ઉપર વિરામો આવે છે.

નીલોદ્વાહ [સં.] પું. નીલ પરણાવવાં તે; મરનાર પુરુષની પાછળ ગામ પરણાવવાની ક્રિયા.

નીલોપલ ૧. [સં.] ન. નીલમ; નીલમણિ; એક જાતનું રત્ન.

૨. ન. મોરપૂંછ.

નીલોફર [ફા.] ન. નીલોત્પલ; ઇંદિવર; કાળું કમળ; નીલકમળ.

નીવ ૧. પું. નીમ; ટેક; નિયમ; સિદ્ધાંત.

હમારું મુખ્ય રાગ વલ્લભ ને બીજ નીવ.

વલ્લભ

૨. ન. એ નામનું એક સુંદર વૃક્ષ; કદમ.

નીવડવું (નીવડ્વું) ૧. અ. ક્રિ. ચૂંટી કાઢેલું કે પસંદ કર્યું હોય તેવી હાલતમાં આવવું.

૨. [સં. નિવૃત્] અ. ક્રિ. નક્કી થઈ પ્રગટ થવું; ગુણ અવગુણ ખીલી ઊઠવું તરેહનું સ્વરૂપ પ્રગટ થવું; વય, શિક્ષણ અને અનુભવ પછી પ્રગટીકરણ થવું.

૩. અ. ક્રિ. પરીક્ષામાં ઉત્તીર્ણ થવું.

૪. [પ્રા. ણિવ્વડ] અ. ક્રિ. સિદ્ધ થવું; પદાર્થ કુટાઈને રીંગું થવું; નીગળવું; ઠળાવું.

નીવડે વખાણ = જ્યારે રીંગું થઈ સ્વરૂપમાં પ્રગટી નીકળે અને તે વખતે પસંદ કરાય ત્યારે જાણે; કસોટીમાંથી પસાર થઈ સાચું નીકળી આવે ત્યારે વખાણવું જરૂરનું કહેવાય, તાં સુધી નહિ.

૫. અ. ક્રિ. વીણવું; ચૂંટવું; પસંદ કરવું; જોઈ તપાસીને પસંદ કરી લેવું.

નીવડેલ (નીવડેવ) ૧. વિ. કસોટીમાં ઉતીર્ણ થયેલ.

૨. વિ. ઠળાયેલું; વિશ્વસ્ત પામેલ.

નીવર ૧. પું. ઢીમર.

૨. [સં.] પું. નિવાસ; રહેઠાણ.

૩. પું. ભિક્ષુ; પરિવ્રાજક.

૪. પું. વણિક; વેપારી.

૫. પું. વાણિજ્ય.

૬. પું. સંન્યાસી.

૭. ન. પાણી.

નીવરજ ન. (જૌદ) બુદ્ધિનું અજરજ. તે પાંચ જાતનું છે: કામચ્છંદ, વ્યાપાદ, આળસ, આંતરિયતા અને કુકૃત્ય.

નીવહવું ૧. અ. ક્રિ. નિર્વાહ કરવો.

સદા દેખી જે નીપજે મનબિંદુ,
નિતમ્યો, કુને પેટનું સર્વ ગુટ્યું.

રાજસુંદર કવિ

૨. સ. ક્રિ. ભાર ઉપાડવો; બોજો સહન કરવો.

નીવળ [પ્રા. ણિવ્વલ (ખૂંદું પડવું)] ન. કઠોળમાંથી કાઢી લીધેલું ફાતરું.

નીવા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નીવાતકવચ પું. (પુરાણ) પ્રહ્લાદના ભાઈ સંહ્લાદના પુત્રો માંહેનો દરેક. તેઓ સમુદ્રતીરે રહેતા હતા અને ઇંદ્રથી કાંઈ ન ડરાય એવા હતા. તેમને સહેલાને અર્જુને માર્યા હતા.

નીવાનાસ ૧. [સિં.] પું. સત્યાનાશ; બરબાદી; ધ્વંસ; જડમૂળથી નાશ.

૨. વિ. નષ્ટ; બરબાદ.

નીવાર ૧. ન. ભાંખું ડાંગરનું નાનું.

૨. [સં.] ન. વાવ્યા સિવાય પોતાની મેળે થતા એક જાતના ચોખા; સામો; મોરૈયો; એક જાતનું વનસ્પતિ ખેરવું ખડધાન્ય; નવાર.

આસિ પડિયા અણ નીવાર.

ભાલણ

નીવારક જુઓ નીવાર.

નીવારોદન [સં. નીવાર (સામો) + ઓદન (ધાન્ય)] ન. એક જાતનું ધાન્ય; નીવાર.

નીવિ ૧. [સં.] સ્ત્રી. કપડું; વસ્ત્ર.

૨. સ્ત્રી. અર્ધ કાંચી પછી ભરેલી પૂંજી.

૩. સ્ત્રી. વેપારીનું મૂળ ધનનું મૂડી; પૂંજી; ભડોળ.

૪. સ્ત્રી. સાડી; ધોતી.

૫. સ્ત્રી. ઓને કમ્મરે પહેરવાના લૂગડાની ગાંઠ; કટિવસ્ત્રબંધ; ઓના બાવરાનો બંધ કે નેફો.

૬. સ્ત્રી. સ્થાયી ડોય; જેનું બ્યાજ વગેરે બાધક ડોઈ કામમાં વપરાતી ડોય અને જે સદા સુરક્ષિત રહેતી ડોય તે રકમ.

૭. [સં. નિર્વિકૃતિક] ન. (જૈન) ઓસાસણા જેવું એક જાતનું તપ. તેમાં ગોળ, ઘી, દૂધ વગેરે વિગયનો જોટલે વિકાર ઉત્પન્ન કરનાર પદાર્થનો ત્યાગ કરવામાં આવે છે.

નીવિકર [સં. નીવિ (નેફો) + કર (હાથ)] પું. નાડી ઉપર રહેલો હાથ.

નીવિગ્રંથિ [સં. નીવિ (નાડી) + ગ્રંથિ (ગાંઠ)] સ્ત્રી. બાંધવાની નાડીની કે વસ્ત્રની ગાંઠ.

નીવિગ્રાહક [સં. નીવિ (પૂંજી) + ગ્રાહક (લેનાર)] પું. બ્યાજવટાવી; મૂડી સાચવનાર માણસ.

નીવિબંધ [સં. નીવિ (નાડી) + બંધ (બાંધવું તે)] પું. બાવરાની નાડીની કે વસ્ત્રની ગાંઠ

વસ્ત્રાણ્ય અત નીવિબંધ ફૂટતાં શરમાઈ રહ્યો જરી. ન્હાનો

નીવી જુઓ નીવિ.

નીવીકર જુઓ નીવિકર.

નીવીગ્રંથિ જુઓ નીવિગ્રંથિ.

નીવીગ્રાહક જુઓ નીવિગ્રાહક.

નીવીબંધ જુઓ નીવિબંધ.

નીમ્રસેષ્ટ સ્ત્રી. અગિયાર માંહેની એક જાતની ઈંટ.

નીશ અ. ચોક્કસ; નિશ્ચયપૂર્વક.

નીશંક પું. (પિંગળ) એક પ્રચલિત ગીતિ માત્રામેળ છંદ. તે રહંધક છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૫ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

નીશા જુઓ નીસા.

નીશાખોર વિ. નશાબાજ; નશો કરનાર.

નીશાબાજ વિ. નશામાં મરક હોય તેવું; નશાખોર.

નીશાર ૧. [સં.] પું. ટાઢ તથા પવન અટકાવવા માટે કરેલ પડદો; કનાત.

૨. પું. અત્તરદાની

નીશે [સં. નિશ્ચયતઃ] અ. નિશ્ચયથી; ચોક્કસ; જરૂર.

કાયા માંહે કરી પ્રવેશ,
પોલોનો પુગ્કર લ્યો નિવેશ;
રજવટા ચૂત કહ્યો ઉપદેશ,
નીશે આપે હું છતેશ. ભાલણ

નીશેઢ [સં. નિષેધ] પું. નિષેધ; અટકાવત; મનાઈ.
હેજ્યો નારી હે નીશેઢ હે. ગોવિંદવિ

નીસેણી [સં. નિઃશ્રેણી] સ્ત્રી. સીડી; નિસરણી.
આરોહની આરોહ અને નીસેણી સોપાન. મણિમય સીઢી ચઢી સખી નિરખી કુંવરી સુલક્ષ. વિજયસપુરાખ

નીસ ૧. પું. એક જાતનો ચળકતો પાસાદાર પથ્થર.
અડદિયા પથ્થરના રૂપમાં બાતરીઓ પાડવાને બદલે પાયો કાપવા વાપ છે અને તે કેરાસને નીસ કહે છે. ગુજરાતવિદ્યા
૨. [હિં.] પું. સફેદ ધતૂરો.

નીસબાજ [સ. નિઃશ્વાસ] પું. નિસાસો; નિઃશ્વાસ.

નીસર જિ. વજનદાર; તોલદાર.

નીસરણું સ. ક્રિ. સુતાર, મોચી વગેરેના હથિયારને ધાર લાવવા પથ્થર ઉપર ઘસવું; નિસરણી ઉપર ઘસવું.

નીસરવું ૧. અ. ક્રિ. ઊપડવું.
૨. અ. ક્રિ. જવું.
૩. [સં. નિસ્ (બહાર) + સ (જવું); પ્રા. ણિસ્સર] અ. ક્રિ. નીકળવું; બહાર આવવું.

નીસરાવું સ. ક્રિ. નીસરે એમ થવું.

નીસલ સ્ત્રી. મોટી મચ્છ ક્રિમ.

નીસા ૧. [અ. નશા] સ્ત્રી. કેફ; અમલ.
૨. સ્ત્રી. બરોસો; પતીજ.
૩. સ્ત્રી. મસાલો વાટવાનો પથ્થર.
ઉપલ મૂંઝલ નીસાવતિ કોલ્હુ પણી ખરી ધાઇ. સાલ્વમસમય

નીસાદાર પું. હામીદાર; જમીનનું બાતરી આપનાર માણસ.

નીસાની પું. (પિંગળ) તેત્રીસ માત્રાનો એક છંદ. તેમાં ૧૩ અને ૧૦ માત્રાએ વિરામ આવે છે. ઉપમાનના નામથી તે વધારે પ્રસિદ્ધ છે.

નીસાસ [સં. નિઃશ્વાસ] પું. (પ્રાકૃત) નિસાસો; નીચો શ્વાસ.

નીસારતો પું. ઘઉંનું સત્ત્વ.

નીસાહણી [સં. નિશાન] પું. ઊંટ ઉપર બેસી ઔષધિઓ વગાડનાર માણસ.
એકનઇ ન સૂઝઇ સર, નીસાહણી વાજઇ તહ. વીસ

નીસાહાણ [સં. નિશાન] ન. (બૃ. સ્ત્ર.) નિશાન; ઢોલ.
દમ દમ દામ દમકીયા પંચ સબ્દ નીસાહાણ વજ્જઇ.

નીસીફોસ પું. બાતરમાં વપરાતો એક રાસાયણિક પદાર્થ. આ જાતનું બાતર દરેક જાતનાં કુલઝાડ, ઝાડઝાડ, ડાંગર, કપાસ તથા જુવાર વગેરે દરેક જાતના અનાજના પાકને પ્રમાણમાં આપવાથી ખેડૂતને લાભદાયક જણાય છે.

નીસોસ જિ ખિન્ન; ઉદાસ.

નીસ્તી ૧. ન. શૂન્ય.
હસ્તીના જાડા પગ બંધનમાંથી પગમાં કૂણા થઈ નીસ્તીમાં કૂબી ગઈ. કાન્હરાજ
૨. [સં.] સ્ત્રી. હયાતી ન હોવી તે; ગેરહાજરી.

નીહુઆ ૧. પું. ગપાટો; ખોટી વાત.
૨. પું. પથ્થર.

નીહરણ [સં. નિર્હરણ] ન. અગ્નિસંસ્કાર; અંત્યેષ્ટિ ક્રિયા.

નીહલાવવું ૧. સ. ક્રિ. મારવું.
૨. સ. ક્રિ. રગદોળવું; હેરાન કરવું.

નીહળ ૧. સ્ત્રી. ભારે મજબૂત ક્રિમ; ખૂંદ.
૨. સ્ત્રી. વજનદાર વસ્તુ.
૩. જિ. પ્રમાણ કરતાં વધારે તોલદાર; ભારે વજનદાર.

નીહાઉ [સં. નિપાત; અપ. નિહાઅ] પું. ઢગલો; ઢગ.
પણી દહિ નીહાઉ. પઉમસિરિ

નીહાર ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેમાં બે નગણ અને ચોવીસ રગણ મળી ૭૮ વર્ણ હોય છે.
૨. પું. ઝાકળ ધૂમસ.
૩. પું. નેદાળ; નીરમ; વહાણ ઊંધું ન વળે તેટલા માટે તેના ખંડારિયામાં ભરાતો ભાર.
૪. પું. બરફ; હિમ; નિહાર.
હોમ કુમણી નીલ આકાસ,
જમ નીહાર પડ્યું પર પાસ. સાલહ
૫. પું. ગબડાણી જમીનમેથી પાણીનો નિકાલ.
૬. પું. મરણપ્રસંગે અગ્નિસંસ્કાર માટે જોઈતો સામાન.
૭. પું. મલમૂત્રાદિની ઉત્સર્જક્રિયા.

નીહારકર ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

નીહારિક મેઘ પું. આકાશમાં દક્ષિણ ધ્રુવની આસપાસની બેમાંથી કોઈ પણ એક નિહારિકા.

નીહારિકા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નિહારિકા; વાદળ સરખા આકારમાં ફરતા ઠલામય તેજસમૂહ; ઝાંખાં ધૂમસ અને વરાળ જેવાં વાદળાં જેવા આકારમાં ફરતા ઠલામય સમૂહ; વરાળના ગોટા. તેમાંથી ઘનાવસ્થા પામી ગ્રહો બન્યા કહેવાય છે. અર્વાચીન સદી પહેલાં નિહારિકા સંબંધી લોકોને વિશેષ જ્ઞાન ન હતું, પરંતુ ફોટોગ્રાફીની મદદથી તે વિષય ઉપર ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે. નિહારિકા બે જાતની છે: વાયુમય અને જળવાળી. વાયુમય નિહારિકા બે પ્રકારની છે: અનિયમિત અને ગ્રહ સંબંધી. પહેલા પ્રકારની એટલે કે અનિયમિત વાયુમય નિહારિકા સામાન્ય રીતે ઉજ્જવલ આકાશગંગા અથવા તેની પાસ અમુક તેજસ્વી તારા સાથે માલૂમ પડે છે. ગ્રહ સંબંધી નિહારિકા આકાશગંગાથી ઘણે દૂર અને વિશેષ તેજસ્વી તારા સાથે માલૂમ પડે છે. ઉત્તરા ભાદ્રપદમાં આવેલ જળવાળી નિહારિકા બે પ્રકારની સૌથી મોટી નિહારિકા છે. આવી જાતની નિહારિકાની ઉત્પત્તિ વિશે એમ મનાય છે કે, તે કદાચ ઉજ્જવલ ગંગામાંથી ઊપજ થયેલાં વાદળાંની બનેલી હોય. આકાશગંગા પણ નિહારિકાનું રૂપ છે.

નીહારિકાતારો પું. (જ્યોતિષ) જેની આસપાસ નિહારિકા દેખાય તે તારો.

નીહારિકાસિદ્ધાંત [સં.] પું. નિહારિકાની ઉષ્ણતા ધીમે ધીમે ઘટતી જઈ તેનું ઘનીભવન થઈ તારાની ઉત્પત્તિ થઈ હોવાનો મત.

નીહારી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.
નાહારી મા મા લા ગી. પદ્મપિંગળ

નીહાસ ૧. જિ. હર્ષ વગરનું.
૨. જિ. હાસ્ય વિનાનું.

નીહીમા પું. કુંભારનો નીંભાડો.
કુંભારે વાસણ પકવવાનો નીંહીમા કરી મૂક્યો હતો. જગતમાળ

નીહે અ. નિયે; નક્કી.
ભોમવણ્ણ સાંભળો નીહે સંબંધની વાતરો. વીસ

નીહોઈમેકા સ્ત્રી. દૂધીની જાતની એક વેલ; ગવચોડી; ચિબલિમા.

નીહોતીલરવાણી સ્ત્રી. એક જાતનો છોડ; મોટી દિરવાણી.

નીળા ચડવું અ. ક્રિ. ગદ્ગદ કંઠે થવું; ગળગળા થઈ જવું.

નીળી માટી સ્ત્રી. નીલમૃત્તિકા.

નીંઝઠચ જિ. છૂટે નહિ એવું; એક ઉપર બીજી ગાંઠ વાળેલી હોય એવું.

નીંગરવું અ. ક્રિ. ઢબકવું; ઝરવું.

નીંગરી સ્ત્રી. (કચ્છી) છોકરી.

નીંગરો પું. (કચ્છી) છોકરો.

નીંગલવું અ. ક્રિ. સુવારનાં કણસલાંમાં દાણા બંધાવા.

નીંગળવું ૧. અ. ક્રિ. આપું થવું; આછરવું; ઓછું થવું.
૨. [સં. નિર્ (નીચે) + ગમ્ (ટપકવું)]
સ ક્રિ. ગળવું; ટપકવું; ઝરવું.
૩. સ. ક્રિ. ઝમકોળવું; પાણીમાં બોળવું.

નીંગળાવવું સ. ક્રિ. નીંગળે એમ કરાવવું.

નીંગાળ પું. પ્રવાહીનો નીચે બેઠેલો ભાગ; રગડો.

નીંગાળવું ૧. સ. ક્રિ. આછરવા દેવું; ઓછું થવા દેવું.
૨. સ. ક્રિ. ઓગાળવું; ધીમે ધીમે ટપકવું કરવું.
૩. સ ક્રિ. ઘી, તેલ જેવા પ્રવાહી પદાર્થને એક ઠામમાંથી બીજા ઠામમાં નિતારી લેવો.
૪. સ. ક્રિ. ઝમકોળવું; પાણીમાં બોળવું.

નીંગાળો પું. ઝાપો; ટપકો.

નીંઘણી સ્ત્રી. ખાંડણી.

નીંઘરણું ન. ઘંટીના પાટામાંથી લોટ વાળવાનું લૂગડું.

નીંઘરાવવું સ. ક્રિ. દળાવું દળવા બેઠી ઘંટીના બે આંટા ફેરવવા.

નીંઘરી સ્ત્રી. (કચ્છી) છોકરી.

નીંઘરો પું. (કચ્છી) છોકરો.

નીંઘરોડવું સ. ક્રિ. પછાડીને મારવું.

નીંઘલ ન. અનાજના છોડને શરૂઆતમાં આવતી ફૂંડી.

નીંઘલવું ૧. અ. ક્રિ. અનાજના પોટાની અંદર દોથો બહાર નીકળવો; અનાજના છોડને કણસલું આવવું; ડોળવું.
૨ અ. ક્રિ. પુરાનીમાં આવવું.

નીંઘલિયાણી વિ. સ્ત્રી. ફોજનવંતી.
બારા સાક વરતિવું, દિયાં દસ દસ વાર;
પુરી કયાં પહનાર નીંધા ! નીંઘલિયાણીયું.
નાગ–નાગબટેનો દુહો

નીંઘવાઈ સ્ત્રી. શક્તિ; તાકાત; સામર્થ્ય.
કમાવાની લાયકાત વિશે મૂરતીઓ પોતાનાં વખાણ કરે છે. તેમાં પોતાની નીંઘવાઈ, સિપરાઈ, ઘડાવી વગેરે ઉપર ખાસ ભાર મૂકે છે.
નાગરિક

નીંઘારવું સ. ઘંટીમાંથી લોટ વાળવું વગેરે.

નીંઘો ૧. પું. ખાંડણિયો.
૨. વિ.પું. પુરાનો; ફોજનવંતો.

નીંજોડવું (નીંજેડવું) સ. ક્રિ. ઝારવું.

નીંઝાણ વિ. નરમ; દુબળું; અશક્ત.
કાયા રાવ નીંઝાણ પડી ગઈ છે. ચાંપરાજ

નીંઝારુહાર વિ. સુનાર; નીંઝનાર.
હારે પીયું કુવો છ નીંઝારુહાર.

નીંઝવું અ. ક્રિ. રડવું; ઊંઘવું.
હારે ધીરે ધીરે મૂવો નીંઝવાસ !
હારે બાપુ હમણાં આવશે ઝાંઝવાસ.
નાનાલાલ

નીંઢોળવું ૧. સ. ક્રિ. ટાંગવું; લટકાવું.
૨. સ. ક્રિ. તોળવું; જોખવું.
૩. સ. ક્રિ. લંબાવવું; લાંબું કરવું.

નીંઢો ગુલહજારો પું. (કચ્છી) એક પ્રકારનો નાનો છોડ.

નીંઢો પનસેટિયો પું. (કચ્છી) એક પ્રકારનો ઝેરી છોડ. તેમાં ચાર પુષ્પપત્રો જ્યાં ફાટ્યાં થાય છે.

નીંદ [સં. નિદ્રા બાર. ક્રિ] સ્ત્રી. ઊંઘ; નિદ્રા; નીંદર; જીવનની હમેશા થતી એક અવસ્થા. તેમાં શરીર અને અંતઃકરણ બંને વિશ્રામ લે છે.
દુઃખ અમૃતદલ કપ્યું,
ઉરાસ નાવણ નીંદ;
પીડ ન જાણજ પારિજી,
રામ કરણ આનંદ.
સીતારામ

નીંદડી (નીંદડો) સ્ત્રી. નિદ્રા; ઊંઘ.
વઈ નીંદડી સટકે નવનથી નીતિની રેખા ચિસે.
કેવળ હર્ષદ

નીંદણ ૧. ન. ખેતરમાં ઊગેલું નકામું ઘાસ કે છોડ ઊખેડી નાખવા તે.
૨. ન. નીંદી કે ઉખાડી નાખેલ નકામું ઘાસ.

નીંદણકામ ન. નકામા રોપ કે ઘાસ દૂર કરવાનું કામ.

નીંદણી જુઓ નીંદણ.

નીંદણું જુઓ નીંદણ.

નીંદર ૧. સ્ત્રી. આળસ; પ્રમાદ.
નીંદર ઊડવી = ક્રમમાં પ્રવૃત્ત થવું; પ્રમાદ છૂટવો.
૨. [સં. નિદ્રા] સ્ત્રી. નિદ્રા; ઊંઘ.
સૂની કું નાથ ! સુખે મૂઈ હલવરાં નીંદરે.
નરસિંહરાવ
મુલાકી નીંદર = પ્રભાતના પ્રહરની મીઠી ઊંઘ.

નીંદરડી (નીંદરડો) [સં. નિદ્રા] સ્ત્રી. નિદ્રા; નીંદર; ઊંઘ; નિદ્રા માટે કવિતામાં વપરાતું રૂપ.

નીંદરલીન વિ. નિદ્રાને અધીન; નિદ્રાધીન; ઘસઘસમાં પડેલું.

નીંદરવું અ. ક્રિ. ઊંઘ લેવી; નીંદર કરવી; ઊંઘવું.
જોયલ ! જગાડ ચેતન જગતને,
રસિકો હજી કાં નીંદરે છે ?
નાનાલાલ

નીંદરી [હિ.] સ્ત્રી. નીંદ; નિદ્રા; ઊંઘ.

નીંદરું ન. નિદ્રા; ઊંઘ.
સિવાળને નીંદરું નાવે, કાનાલાલ હાલરે આવે.
ઝવેરચંદ મેઘાણી

નીંદલડી (નીંદલડો) સ્ત્રી. નિદ્રા; ઊંઘ.
નીંદલડી હરે સાવી સાવી નિરતર અંતરે.
પરાક્રમની પ્રસાદી

નીંદલાઉ વિ. ઘેન લાવવાવાળું; ઊંઘ લાવે એવું.

નીંદવું સ. ક્રિ. અનાજના ખેતરમાંથી નકામું ઘાસ ખોદી કાઢવું.

નીંદાર્ઈ જુઓ નીંદામણ.

નીંદાણ વિ. નીંદવા લાયક; નીંદી નાખવા જેવું.
ઘાસ લાગવાથી ખેડ તો નીંદાણ બીનો નાશ થાય છે અને બીજું જમીનમાં રાસાયણિક ક્રિયા થઈ ખેડના ખોરાકનાં તત્ત્વો છૂટાં પડી ઉપયોગમાં આવે તેવા રૂપમાં આવે છે.
ગુજરાતનો ખેતાશ

નીંદાયું વિ. ઊંઘી ગયેલું; સૂઈ ગયેલું.

નીંદામણ ૧. ન. ખેતરમાંથી નકામું ઘાસ કાઢી નાખવું તે.
૨. ન નીંદવાની મજૂરી.

નીંદામણી સ્ત્રી. નીંદવાની મજૂરી.

નીંદાળવું જુઓ નીંદાળવું.

નીંદાળવું વિ. ઊંઘણશી; ઘણું ઊંઘવાની ટેવવાળું.
નમેરો નીંદાળુઓ, દીન દયાહીન રોમ;
એનો કંઈ જે કામનો, તે કામનીના ભોગ.
સામળ

નીંધણિયું વિ. ખણી વગરનું.
ભતે ખણીએ નીંધણિયો જાટ નહિ આવે કોઈ કામ.
પ્રેમાનંદ

નીંધણી સ્ત્રી. કમાડના ચણિયારા નીચેનું જમીનમાં ખોસાડેલું લાકડું.

નીંધુડું (નીંધુડું) વિ. નકામું; ના પાડી હોય છતાં તે કર્યા કરે એવું; જેના ઉપર શિખામણની અસર ન થતી હોય તેવું.
રહીમ સૂણીને કૂટવા કામ કર્યાંથી નીંધુડાને સાન ?
ચંદ્રકાંત

નીંધ્રડવું (નીંધ્રડવું) જુઓ નીંધડવું.

નીંસુરી ૧. સ્ત્રી. આહીરોની એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નીંભર ૧. વિ. મૂંઝાઈ ગયેલું; ડઘાઈ ગયેલું; મૂઢ; જડ.
૨. જ. મૂંઝાઈ ગયું હોય તેમ; ડઘાયેલ હોય તેમ.

નીંભરવું સ. ક્રિ. છાશ કે દહીંના વાસણને ઊકળતા પાણીથી સાફ કરવું.

નીંભરાવવું સ. ક્રિ. નીંભરે એમ કરાવવું.

નીંભરાવું અ. ક્રિ. ઝાકળનાં પાન પોળાં થઈ જવાં.

નીંભાડો ૧. પું. કુંભારનાં કામ પકાવવાની જગ્યા; નિભાડો; કુંભારની ભઠ્ઠી.
૨. પું. પકવવા ગોઠવેલાં માટીનાં વાસણોનો ઢગલો.

નીંભો જુઓ નીંભાડો.

નીંચ [હિં.] જી. પાપ.

નીંચલો વિ. મોટી નબળ ખૂટાવું.

નીંહ પું. નેહ; પ્રીતિ.
દીના હૂઁ દીપતા, રાતે હૂઁ સિંહ;
ઊઠતને જ ભગા કરે, નામજ નીંહ નીંહ.
દુહો

નું ૧. [સં.] પું. રાજા.
૨. પું. સમય.
૩. જી. સ્તુતિ.
૪. અ. ક્રિ. જવું.
૫. સ. ક્રિ. વર્ણના કરવી; જશ બોલવી.
૬. ઉ. ક્રિ. વખાણવું.
૭. સ. ક્રિ. વર્ણન કરવું.
૮. અ. અરેખર.
૯. અ. વિકલ્પ, અનુનય, ભૂતાર્થ, પ્રશ્ન, વિતર્ક, અપમાન, આદેશ અને પશ્ચાત્તાપ સૂચક એક અવ્યય.

નુઈ ૧. જી. અદેખ; ઝનટંક; દાઝ; ખોળખ.
૨. જી. નોક; ઇજાજત; આગરૂ

નુકચુની જી. એ નામની ઝાડી વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. વેરાળા અને અંકલેશ્વર તરફ તે થાય છે.

નુકતાચીન ૧. [અ. નુક્તા + ફા. ચીન] પું. બીજાનાં છિદ્ર શોધનાર પુરુષ.
૨. વિ. ટીકા કરનાર; બીજાનાં છિદ્ર શોધનાર; બીજાના દોષ જોનાર.

નુકતાચીની ૧. [હિં.] જી. છિદ્રાન્વેષણ; દોષ કાઢવાનું કામ; બીજાનાં છિદ્ર શોધવાનું કામ.
૨. જી. ટીકા; ટિપ્પણી; સમીક્ષા; સમાલોચના.
૩. જી. સુધારોવધારો.

નુકતી [ફા. નકુતી] જી. રાજવરાના ઘોડાની આંખ પાસેની ખમરા જેવી ખોડખાંપણ.

નુકતેચીન જુઓ નુકતાચીન.

નુકતેચીની જુઓ નુકતાચીની.

નુકતો ૧. [અ. નુક્તા] પું. અરબી અને ફારસી લિપિમાં શબ્દની ઉપર નીચે મુકાતું ટપકું.
૨. પું. એક જાતનું પક્ષી.
૩. પું. કોમિયો; યુક્તિ.
૪. પું. ભેદો; જેમાં કોઈક અટપટું સમજવાનું હોય તેવું કથન.
૫. પું. મૈતુક ઉત્પન્ન કરનારો બનાવ.
૬. પું. ઘોડાની આંખ ઉપર આંખમાં આવતો ઝાલરવાળો પડદો.
૭. પું. જ્યાં ફિરણો ફૅાકસ થતાં હોય તે બિંદુ.
૮. પું. ટીખળ; ચાળો; નખરાં.
૯. પું. ટેચાવ.
૧૦. પું. દોષ; ખામી; ઐબ.
૧૧. પું. નવો સુધારો; તર્ક.
૧૨. પું. બિંદુ; ટીપું.
૧૩. પું. મુદ્દો; પ્રશ્ન.
૧૪. પું. રહસ્ય; ભેદ.
૧૫. પું. વર્તુળનું મધ્યબિંદુ.
૧૬. પું. વસ્તુઓની નવી તરેહની ભેળવણી.
૧૭. પું. વાતનો ટુચકો; રસ ઊપજે તેવી ખાસ્સત.
૧૮. પું. હાસ્યજનક વાણી; મજાક.

નુકર [અ.] જ. અજાન.

નુકરઈ ૧. જ. ચાદર ઉપર ફરતું ભરવા બીજા ધાતુનું કોતરકામ.
૨. (નુકરઇ) [અ.] વિ. ફરતું ભરેલું.
૩. વિ. સફેદ રંગનું

નુકરા (નુકરો) ૧. [અ. નકર] પું. રૂપું; ચાંદી.
નુકરા જો ખામ = શુદ્ધ ચાંદી.
૨. પું. શ્વેત રંગ.
૩. પું. સફેદ રંગનો ઘોડો.
૪. વિ. સફેદ રંગવાળું.

નુકરાસીમ [મ.] જી. ચાંદી.

નુકરી જી. બજારોની પાસે રહેનાર એક જાતનું પક્ષી. તેની પાંખ સફેદ અને ચાંચ કાળી હોય છે.

નુકરો પું નુકતો; પ્રયોગ.

નુકસ (નુકસ) ૧. [અ.] જી. ખામી; ખોટ; કચાશ.
૨. જી. હલકું કરવું તે નિંદા કરવી તે.

નુકસાન (નુકસાન) ૧. [અ.] ન. કોઈ પણ બાબતમાં ખામી કે તોટો આવવો તે; ગેરલાભ; ગેરફાયદો.
૧. નુકસાન આવવું-જવું-પહોંચવું-થવું = ખોટ કે હાનિ થવી; ગેરફાયદો થવો.
૨. નુકસાન ઉઠાવવું = ગેરફાયદો સહન કરવો; ખોટ આવવી.
૩. નુકસાન કરવું-પહોંચાડવું = (૧) ઈજા કરવી. (૨) ગેરલાભ થાય એમ કરવું; હાનિ પહોંચાડવી.
૪. નુકસાન ખમવું-ખમવું = ધીરજથી નુકસાન સહેવું.
૫. નુકસાન ખાવી બાસ = શારીરિક ઈજા.
૬. નુકસાન બિલા કરદ = ઇચ્છાપૂર્વક કરેલું નુકસાન.
૭. નુકસાન ભરવું = ખોટ પૂરી કરવી.
૮. નુકસાન રસાના = ઈજા પહોંચાડનાર.
૯. નુકસાન લાગવું = નુકસાન થવું.
૧૦. નુકસાનને ચૌ = ઈજા કે ખોટને માટે સંતોષના રૂપથી.
૧૧. નુકસાનમાં આવવું-ઊતરવું-પડવું = ગેરલાભ થવો; ભમડવું.
૧૨. નુકસાને આમ = સામાન્ય નુકસાન.
૧૩. નુકસાને કાનૂની = કાયદેસર ઈજા.
૨. જ. ખામી; છિદ્ર; દોષ.
૩. જ. નારા; હાનિ.
૪. જ. ભગાડ; ખરાબી.
૫. જ. વિકાર; અવગુણ.
૬. જ. હરકત; અડચણ; વાંધો.
૭. જ. હાર, છક્કા; માપ.

નુકસાનકર્તા વિ. નુકસાન કરનાર; હાનિ કરનાર.

નુકસાનકર્ત્તા જુઓ નુકસાનકર્તા.

નુકસાનકારક વિ. ગેરફાયદાકારક; નુકસાન કરે એવું; હાનિ કરનાર; અપકારક.

નુકસાનકારી જુઓ નુકસાનકારક.

નુકસાની ૧. જી. ખોટ; તોટો.
૨. જી નુકસાન; ગેરફાયદો.
૩. જી નુકસાનનો અવેજ; ખોટની પૂરતી; નુકસાનનું વળતર કે ભરપાઈ.
નુકસાની ભરવી = નુકસાનનું વળતર આપવું.
૪. જી. રેલવે સ્ટેશનમાં આવેલો માલ લેનાર ધણી ગમે તે કારણે લઈ જવામાં ઢીલ કરે ત્યારે કાયદા પ્રમાણેની છૂટ વહારના દિવસો ઉપર તે માલધણી પાસેથી લેવાતી રકમ.
૫. વિ. નુકસાનવાળું.

નુકીલા ૧. [હિં.] વિ. અણીવાળું.
૨. વિ સુંદર ઘાટનું.

નુક્કડ (નુક્કડ) ૧. પું. અંત; છેડો.
૨. પું. નોક; પાતળી અણી.

ગુક્કા ૧. [હિં.] પું. ગેડીની રમતની લાકડી.
૨. પું. નોક; પાતળા અણી.
૩. સ્ત્રી. અણીવાળી લાકડી.
નુક્કા મારવી–લગાવવી = (૧) મશ્કરી થવી. (૨) ગેડી મારવી. (૩) પૈડામાં આરો નાખવો. (૪) કસેકમંદીથી ઘુમાવો કરવો. (૫) સંભોગ કરવો.

ગુક્ત (નુક્ત) ૧. સ. ક્યાવાર્તા.
૨. [અ.] સ. ટીપું.

ગુક્તાદાન જુઓ નુક્તારસ.

ગુક્તાપર્દાઝ વિ. [અ.] આંટીઘૂંટીવાળું.

ગુક્તાપર્દાઝી [અ.] સ્ત્રી. આંટીઘૂંટીવાળું હોવાપણું.

ગુક્તારસ [અ.] વિ. મર્મજ્ઞ; રહસ્ય જાણનાર; આંટીઘૂંટી જાણનાર.

ગુક્તાશિનાસ જુઓ નુક્તારસ.

ગુકલ (નુકલ) ૧. [અ.] પું. જમણ પછી પીરસેલાં ફળ, મીઠાઈ વગેરે.
૨. પું. કાંઈ સાથે સેવાતી ચીજ.

ગુકલદાન (નુકલદાન) [અ.] પું. ફળ, મીઠાઈ વગેરે રાખવાની રકાબી.

ગુકસ (નુકસ) ૧. [અ.] પું. ખામી; ખૂબ; દોષ; ઐબ.
૧. નુકસે અઝમ = અસ્થિર મન.
૨. નુકસે અઝીમ = મોટી ખામી.
૩. નુકસે કમી યે કીમત = ખામીવાળા આંકણીની ખૂબ.
૪. નુકસે કરાર = કરારભંગ.
૫. નુકસે કલ્બે = મોટી ખામી.
૬. નુકસે કાનૂની = કાયદેસરની ખામી.
૭. નુકસે ખિલ્કત = કુદરતનો ભંગ.
૮. નુકસે ખિલ્માની = શારીરિક ખામી.
૯. નુકસે હૈસ્યા = નામના નુકસાનની ખામી.
૧૦. નુકસે અક્લ = અંદાની કમાની વધઘટ.
૨. પું. ઘટાડો; ઓછું થવું તે.
૩. પું. દરદ; રોગ.
૪. પું. નુકસાન; ખોટ.
૫. પું. પાપ; અનીતિ.

ગુખુદ [ફા.] ન. એક જાતનું કઠોળ.
નુખુદ આબ = એક જાતનો ખોરાક. તે કઠોળ અને માંસનો બનેલો હોય છે.

ગુખુસ્તર ૧. [ફા.] સ્ત્રી. શરૂઆત.
૨. અ. પહેલાં.

ગુખુસ્તગી [ફા.] સ્ત્રી. પ્રથમપણું; પહેલું હોવું તે.

ગુખુસ્તઝાદ [ફા.] પું. સૌથી મોટો દીકરો.

ગુખુસ્તીન [ફા.] અ. પહેલાં.

ગુખ્મૂ જુઓ નુખુદ.

ગુજ્હ [હિં.] પું. સંગીતની ચોવીસ માંહેની એ નામની એક શ્રોવ્ય.

ગુજ્મ [અ.] પું.વ.વ. આકાશમાંના તારાઓ.
ઇલ્મે નુજ્મ = જ્યોતિષ.

ગુજ્મી ૧. [અ.] પું. જ્યોતિષી; જોશી.
૨. સ્ત્રી. જ્યોતિષવિદ્યા.
૩. વિ. મંત્ર જાણનાર.

ગુઝહત ૧. [અ.] સ્ત્રી. ગંદકી.
૨. સ્ત્રી. ખાનદ.
૩. સ્ત્રી. ઘરેણું.
૪. સ્ત્રી. કઠણપણું.
૫. સ્ત્રી. તાકાત; તાનું બગવા સ્વસ્થ હોવું તે.

ગુઝૂલ ૧. [અ.] પું. આંખનો મોતિયો.
૨. પું. ઊતરી આવતું તે.
નુઝૂલે આબ = ઘણપનું થઈ જવું તે.
૩. પું. (ગણિત) વર્ગમૂળ કાઢવું તે.
૪. પું. વારસના અભાવે રાજ્યને જતી મિલકત.
૫. પું. સરકારી જમીન.

ગુટ ૧. [સં.] સ. ક્રિ. ઝાર મારવું; મારી નાખવું; વધ કરવો.
૨. સ. ક્રિ. મારવું; ખંડિત કરવું.

ગુત ૧. [સં.] વિ. પ્રશંસિત; સ્તુત; વખણાયેલું.
૨. વિ. વંદિત; નમેલું.

ગુતિ ૧. [સં.] સ્ત્રી. પ્રશંસા; વંદન.
૨. વિ. વખાણ; સ્તુતિ.

ગુફ્ક (નુફ્ક) ૧. [અ.] પું. બોલવાની શક્તિ.
૨. પું. ભાષણ.

ગુફ્રા (નુફ્રા) ૧. [અ.] પું. બોલાદ; સંતતિ.
૨. પું. દરિયો.
૩. પું. બી.
૪. પું. નીચેનું શુક્ર.
નુફ્રા કરવો = નષ્ટ કરવો.

ગુફ્રેહરામ (નુફ્રેહરામ) ૧. [અ.] વિ. જુદી જુદી વર્ણનાં ઓપુરવથી ઊપજ થયેલું; વર્ણસંકર.
૨. વિ. બદમાશ; લુચ્ચું.

ગુર્ ૧. સ. ક્રિ. ખાતરી કરવી
૨. [સં.] સ. ક્રિ. અપેક્ષાનું દૂર કરવું.
૩. સ. ક્રિ. ધકેલવું; હાંકવું.
૪. સ. ક્રિ. પ્રેરણા કરવી.
૫. સ. ક્રિ. ફેંકવું; વા કરવો.
૬. સ. ક્રિ. જોડવું.

ગુદર સ્ત્રી. મલ્લવિદ્યામાં કરાતી એક કસરત.
નુદર ખેંચવી = પગની આંટી નાખી ખેંચવું. બે પહેલવાન લડતા હોય ત્યારે એમાંથી એક નીચે પડે. એટલે બીજો પહેલવાન પોતાના પગની આંટી સામા પહેલવાનના પગમાં વાળી બીજા પગથી તેને ખેંચે, તેથી સામાવાળો પહેલવાન ચીત થઈ જાય. અથવા બે પહેલવાન સામસામા લડતા હોય ત્યારે એક સામા પહેલવાનને નીચે લાવી, તેને લાંબો કરવા તેની બગલમાં હાથ નાખી તેના બંને હાથ ખેંચવા અને ચીત કરવો.

ગુદરત [અ.] સ્ત્રી. અપૂર્વતા; વિરલતા.

ગુનખરા [હિં.] વિ. સ્વાદમાં ખારું; નમકીન.

ગુનખારા જુઓ નુનખરા.

ગુનર્યાં [હિં.] પું. ગીતું બનાવનાર માણસ; અમરિયો.

ગુનાઈ [હિં.] સ્ત્રી. લાવણ્ય; સુંદરતા.

ગુની [હિં.] સ્ત્રી. એક જાતનું ઝાડ, તે હિમાલય ઉપર કાશ્મીરથી સિક્કિમ સુધી અને બરમા અને દક્ષિણ ભારતના પહાડો ઉપર થાય છે.

ગુનેર સ્ત્રી. ખારવાળી જમીન.

ગુનેરા [હિં.] પું. ગીતું બનાવવાનું કામ કરનાર માણસ; અમરિયો.

ગુમા ૧. [ફા.] પું. અનુક્રમણિકા.
૨. પું. દોરનાર.
૩. વિ. બતાવનાર; દર્શક.

ગુમાઈ ૧. [ફા.] સ્ત્રી. રમત.
૨. વિ. બતાવતું. શબ્દને છેડે વપરાય છે.

ગુમાઈશ ૧. [ફા.] સ્ત્રી. ઉત્તમ અને અદ્ભુત વસ્તુઓ દેખાડવા માટેની જગ્યા; મેળો.
૨. સ્ત્રી. ખેલ; તમાશો.
૩. સ્ત્રી. ઠોંગ; ખોટો દેખાવ.
૪. સ્ત્રી. પ્રદર્શન; જુદી જુદી જાતની વસ્તુઓ કુતૂહલ અને પરિચયને માટે એક સ્થાન ઉપર બતાવવાનું કાર્ય.
૫. સ્ત્રી. બડપણ; ડાહ્યાપણ.

ગુમાઈશગાહ [ફા] પું. સંગ્રહસ્થાન.

ગુમાઈશી [ફા. નુમાઈશ (ખોટો દેખાવ)] વિ. માત્ર દેખાવનું; સુંદર પણ ટકાઉ કે કામનું ન હોય એવું.

ગુમાયંદા ૧ પું પ્રતિનિધિ.
૨. [ફા.] વિ. બતાવનાર.

ગુમાયાન ૧. [ફા.] વિ. દેખાતું; જાહેર.
૨. વિ. પ્રખ્યાત; જાણીતું.

ગુમુશ [અ.] સ્ત્રી. કીડી.

નુમુલાઇઝ પું. એક જાતનો આઝ.

નુમૂ ૧. [અ.] પું. વધારો.
૨. પું. ચાકભાણ; દીવોતરી.

નુરાણી સ્ત્રી. એક જાતની ઘોડી.

નુર્દ ન. રજની જાતનો એક છોડ. તે ભંગાણમાં વર્ષા ઋતુમાં ઊગે છે.

નુલુહોળી [તે.] સ્ત્રી. નોલગોલનો છોડ.

નુવાર [ફા. નવાર] સ્ત્રી. નવાર; પલંગમાં ભરાતી જાડી અને પહોળી સૂતરની પાટી.

નુવાહ [અ. નવાહ] પું. અફસોસ કરવાની ક્રિયા.

નુશારતાબ્દી પું. ઔરંગઝેબના વખતનો રૂપિયો.

નુશ્ચર [અ.] પું. સજીવન થવું તે.

નુશ ૧. [ફા.] પું. મુખની પાસેનો ભાગ.
૨. પું. સમજશક્તિ.

નુસખા [હિ.] પું. ઔષધિનિદાનપત્ર.

નુસખો ૧. [ફા. નુસખા] પું. આકૃતિ.
૨. પું. ઉપાય; ઉપાય; ઉપચાર.
૩. પું. કોઈ પણ ઓસડ બનાવવાને માટે તેનું વજન અને રીતનો ઝોટો.
૪. પું. મર્યાદાંક.
૫. પું. હુમલો.
૬. પું. નકશ.
૭. પું. નોંધપોથી.
૮. પું. યુક્તિ; તદબીર.
૯. પું. વૈદ્ય દરદીને દવા લખી આપે તે ને તેનો કાગળ; 'પ્રિસ્ક્રિપ્શન.'
૧. નુસખો બાંધવો = વૈદ્યના લખેલા કાગળ પ્રમાણે દવા આપવી.
૨. નુસખો લખવો = વૈદ્યે કાગળમાં કરીને આપવાની દવા વગેરે લખવું.

નુસરત [અ. નસર (તેણે મદદ કરી)] સ્ત્રી. જય; છતવું; ફતેહ.

નુસરતખાન [અ.] પું. વિજયનો ખિતાબ.

નુસૈરી [અ.] પું. અલીના દૈવીપણામાં માનનાર મુસલમાન.

નુસ્રહ પું. (સંગીત) નવ માત્રાનો એ નામનો એક તાલ.

નુસ્સારંગ પું (સંગીત) એક પ્રકારનો સારંગ રાગ.

નુહ ૧. પું. નખ.
૨. [ફા.] વિ. નવ.

નુહસ્ત [અ.] સ્ત્રી. અશુભ તે; વિઘ્ન.

નુહ્મા [હિ.] પું. નખથી કરેલો ઉઝરડો.

નુહરના [હિ.] પું. નખ મારવાનું ઓજાર.

નુહરની [હિ.] સ્ત્રી. નખ મારવાનું ઓજાર; નેરણી.

નુહારૂત [અ.] સ્ત્રી. નમ્રતાઈ; અશક્તિ; કમજોરી.

નું [સં. તન] અ. (આકરણ) જરી વિભક્તિના એકવચનનો ના-યતરબ્લતિનો પ્રત્યય.

નૂ ન. આફ્રિકનું ઘોડાની જાતનું એક જંગલી પ્રાણી. દૂરથી તે સિંહ જેવું જણાય છે.

નૂખ સ્ત્રી. ખટકો; અવટંક.

નૂગરું ૧. [સં. ન (નહિ) + ગુરુ] વિ. ગુરુ વિનાનું; જેણે કોઈ ગુરુ પાસેથી બોધ ન લીધો હોય તેનું.
૨. વિ. નગણ્ય; ઉપકારની કીમત નહિ જાણનારું; નઠોર; નગરું.
૩. વિ. નગ્ન.
૪. વિ. નિર્લજ્જ; બેશરમ.

નૂગળો પું. ઘાસનું કપું.

નૂઘણ પું. તરેલાની સગોને નંદાતો આખા કે ઠોરડાનો કટકો.

નૂચાન [અ.] પું. ખુવાન માણસ.

નૂછવું સ. ક્રિ. લૂછી નાખવું; સાફ કરવું.

નૂજવું સ. ક્રિ. રોહતી વખતે ઠોરના પગમાં પગ ભરાવવા.

નૂડું સ. ક્રિ. ગોઝ વખતે વરકન્યાને નવરાવવાનું પાણી.

નૂતન ૧. [સં. નૂતન] વિ. નવું; નૂતન.
૨. [હિ.] વિ. વિલક્ષણ; અપૂર્વ; અનોખું.

નૂતન ૧. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સારસિકા. તેના દરેક ચરણમાં રગણ, નગણ, બે જગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે.
૨. [સં.] વિ. આશ્ચર્યકારક; નવાઈ ભરેલું.
૩. વિ. તરતનું; તાજું.
૪. વિ. નવું; નવીન; નવ્ય.
૫. વિ. નવું; નવીન; નવ્ય.
૬. વિ. વિલક્ષણ; અપૂર્વ; અનોખું.

નૂતન ગિલ્લીદંડો પું. એ નામની એક દેશી રમત. તેને માટે ક્રિકેટ કરતાં પણ મોટું મેદાન જોઈએ. આ રમતમાં એક એક જણ રમવા માટે ઊતરે છે. ક્રિકેટમાં દાવ બેટ તરફ આવે છે, ત્યારે આમાં દંડાપટ તેના તરફ ગિલ્લી આવે ત્યારે તો ફટકો મારે છે જ, પરંતુ તે પોતે પણ જમણેથી ગિલ્લીને ગેલો મારે છે અને પ્રતિપક્ષ તરફ મોકલે છે. એટલે આમાં બેવડા ફટકા મારવાની તક છે. આમાં પોતાનું કર્તવ્ય અને લાભ એ દંડાપટના હાથમાં છે. ક્રિકેટમાં જેવા ગેલાડીને પૂરેપૂરું રમવાનું મળતું નથી, આમાં સૌને મળે છે. ગિલ્લી આવે, પાછે તથા ઊંચે ફેંકવાના અભ્યાસથી નજરને સાચી કેળવણી મળે છે, તેમ જ દંડાપટને ફટકો મારવા બહુ જ ઝારીક ધ્યાન રાખવાનું હોવાથી નજર તેમ જ શરીરને ચાલાક સ્થિતિમાં રાખવાની ટેવ પડે છે. આ રમતમાં દંડો ઝરાઈ ગાડાનો મે સાથે ફૂટનો લાંબો જોઈએ છે. ગિલ્લી બહી ઉચ જાડી અને અંદર અંડાકૃતિ જેવી હોય છે. દંડાપટ અને તેની બાજુના રમનારા તે રમનારા કહેવાય અને તેની વિરુદ્ધના ક્ષેત્રરક્ષકો તે ઝીલનારા કહેવાય. રમનારે બહીના વર્તુલમાં જ રહેવું જોઈએ. તેના પગની આંગળી પણ તે મર્યાદાની બહાર પડે તો તે હદ બહાર ગયો ગણાય. રમતની શરૂઆત રામટોલ્લો એટલે કે મૂકી ઉપરનો ટોલ્લો મારીને કરાય છે. પછીના રાવણટોલ્લા એટલે સાદા ટોલ્લા મારવા. આમાં વારંટ, ચેન વગેરે નથી. તેમ જ આંખ કે હાથ ઉપર ગિલ્લી રાખી ટોલ્લો મારવાનો હોતો નથી. આ પદ્ધતિમાં તો રમનાર ચૂકે તો તે ચૂકો ગણાય.

નૂતનતા ૧. [સં.] સ્ત્રી. આશ્ચર્યકારકપણું; નવાઈ.
૨. સ્ત્રી. તરતનું હોવું તે; તાજું હોવું તે; અર્વાચીન હોવાનો ગુણ.
૩. સ્ત્રી. નવીનતા; નવાપણું.
૪. સ્ત્રી. નવું હોવું તે; કોરાપણું.
૫. સ્ત્રી. વિલક્ષણતા; અનોખાપણું; અપૂર્વતા.

નૂતનત્વ જુઓ નૂતનતા.

નૂતનમાર્ગપ્રવર્તન [સં.] સ. નવી રીત બાબુ કરવી તે; રૂઢિમાં ફેરફાર કરવો તે.

નૂતનમાલા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; માનિની; માલિની. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ અને બે યગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

નૂતનરસ [સં.] પું. પાણી.

નૂતના [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નૂતનાનંદા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નૂતનાંકુર [સં.] પું. નવો કોટો; નવો કણસો.

નૂતનું વિ. નવું; નવીન.

નૂતનેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

નૂતર ૧. [સં. નવ્યતર] વિ. તદ્દન નવીન; નવતર; નવું.
૨. સ્ત્રી. નોતરેલાં મહેમાનોનો સમૂહ; નોતર.
૩. સ્ત્રી. ચોસાળું કાઈને આવતો મહેમાનવર્ગ.

નૂતન [સં.] ૧. વિ. અપૂર્વ; અપરંપાર.
૨. વિ. નવીન; નવું.

નૂધ ૧. [હિં.] પું. ઘેટાંનું ટોળું.
૨. [જુ.] વિ. નેવું; ૯૦.

નૂધા [હિં.] પું. એક જાતની તમાકુ.

નૂન ૧. [અ.] પું. અરબી ફારસી મૂળાક્ષરનો એક અક્ષર; અરબી ભાષાનો પચાસમો અને ફારસી ભાષાનો ઓગણચાલીસમો અક્ષર; અબ્જદપદ્ધતિ પ્રમાણે તેની કીમત ૫૦ છે.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ અને ૨૦ લઘુ મળી ૫૭ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૩. સ્ત્રી. દક્ષિણ હિંદ તથા આસામ, બલૂચિસ્તાન વગેરે દેશોમાં વસતી એક નામની એક જાતિ. તેમાંથી એક જાતનો લાલ રંગ નીકળે છે.
૪. [હિં.] વ. મીઠું.
૫. વિ. ન્યૂન.

નૂનતા જુઓ ન્યૂનતાઈ.

નૂનતાઈ [હિં.] સ્ત્રી. ન્યૂનતા; ઓછાપણું.

નૂનત્વ [સં. ન્યૂન (ઓછું)] સ્ત્રી. ન્યૂનતા; ઓછાપણું.

નૂનત્વ ૧. [સં.] વ. ખરેખર.
૨. વ. વિતર્ક, નિશ્ચય, સ્મરણ, વાક્યપૂરણ તથા ઉત્પ્રેક્ષામાં વપરાતો અવ્યય.

નૂનિયા [હિં.] વિ. મીઠું પકવનાર અથવા વેચનાર.

નૂની [હિં.] સ્ત્રી. નાના છોકરાની જનનેંદ્રિય.

નૂનેમુના [જુ.] પું. અનુસ્વાર; નાકમાંથી નીકળતો સ્વર.

નૂપુર ૧. [સં.] પું. (પુરાણ) પ્રજાપતિ વંશનો એક નામનો એક રાજા.
૨. પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તે અર્ધસમ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૬ લઘુ મળી ૨૨ વર્ણ આવે છે.
૩. પું. (પિંગળ) બે માત્રાના બે ગણનો એક નામનો એક ભેદ.
૪. વ. ઓળોને પગે પહેરવાનું ઘૂઘરીઓવાળું ઘરેણું; ઝાંઝર; નેપુર.

નૂપુરકિંકિણી [સં.] પું. ઝાંઝરની ઘૂઘરી.

નૂપુરઝંકાર [સં.] પું. ઝાંઝરનો ઝણકાર.

નૂપુરેશ્વર પું. એ નામના એક શિવ. તેનું મંદિર ઉજ્જયિનીમાં આવેલ છે.

નૂમ [હિં.] પું. (પિંગળ) એક માત્રાનો એક છંદ; ઠેકણું.

નૂમ ૧. વ. કર્મ.
૨. વ. માયા.
૩. વ. સજ્જને ઘુપાવવું તે.

નૂર ૧. [હિં.] પું. કપિલનું એક નામ.
૨. પું. વિષ્ણુના સત્તર મહેનો નવમો અવતાર.
૩. પું. સંગીતના બાર મહેનો એ નામનો એક મુકામ.
૪. વ. તંદુરસ્તી.
૫. [અ.] વ. તેજ; પ્રકાશ; જ્યોતિ.
૧. એક નૂર આદમી દસ્સર નૂર કપડાં = અત્યુત્તમ પુરુષની સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે.
૨. નૂર ઊડી જવું = કાંતિ ઘટવી; ફિક્કું દેખાવું.
૩. નૂર ઊતરવું = ઘરમાવું.
૪. નૂર વરસવું = તેજનું અધિકતાથી પ્રકટ હોવું.
૫. નૂરનો તડકો = પ્રાતઃકાળ.
૬. વ. આનમરતનો.
૭. વ. માલનું આકું; વહાણ, રેલગાડી વગેરેમાં માલ લાવવા કાઈ જવાનું આકું.
૧. નૂર બેસવું = નૂર આપવું પડવું.
૨. નૂર ભરવું = નૂર આપવું કે ચૂકવવું.
૮. વ. હોંશ; પાણી; હિંમત.
૯. વ. બીક; કાંતિ; શોભા.

નૂરઅફ્ઝા [અ.] વિ. અજવાળું વધારનારું.

નૂરઅફ્શાન જુઓ નૂરજહાં.

નૂરકંઠ પું. એક જાતનો શિકારી પક્ષી જાનો.

નૂરચશ્મ ૧. પું. વહાલો દીકરો.
૨. [અ. નૂર (તેજ) + ફા. ચશ્મ (આંખ)] વ. આંખનું તેજ.

નૂરચશ્મી સ્ત્રી. વહાલી દીકરી.

નૂરજહાં [અ. નૂર (પ્રકાશ) + જહાં (જગત)] સ્ત્રી. મુઘલ બાદશાહ જહાંગીરની એક સ્વરૂપવાન બેગમ. તેનું મૂળ નામ મહેરૂન્નિસા હતું. તેનો બાપ મૂળ ઈરાનનો વતની હતો. અકબરના વખતમાં તે હિંદમાં આવ્યો હતો. મહેરૂન્નિસાના રૂપથી મોહ પામી શાહજાદા સલીમે તેને પરણવાની ઇચ્છા કરી. પરંતુ અકબરને આ વાત પસંદ ન આવી. તેથી નૂરજહાંને શેર અફઘાન નામના એક સરદાર સાથે પરણાવી અને તેને બંગાળ મોકલી આપ્યો. જહાંગીર જ્યારે બાદશાહ બન્યો ત્યારે તેણે શેર અફઘાનને મરાવી નાખ્યો. નૂરજહાંને આથી બહુ શોક થયો. છ વર્ષ પછી તે બાદશાહને પરણી. મહેરૂન્નિસાનું નામ હવે નૂરજહાં પડ્યું એટલે દુનિયાનું તેજ રાખવામાં આવ્યું. તે ખૂબસૂરત, ચાલાક, બુદ્ધિશાળી, કલ્પકી, શિકારની શોખીન અને ઉદાર સ્ત્રી હતી. બાદશાહના બધા અધિકારો તેણે ભોગવ્યા હતા. ગુલાબના અત્તરની શોધ કરવાનું માન તેને ઘટે છે. રાજ્યનો વહીવટ તે પોતે કરતી. તે સત્તાની લોભી હતી. બાદશાહી સિક્કા ઉપર તેણે પોતાનું નામ લખાવ્યું. શાહી ફરમાનો પણ તેના નામે નીકળતા.

નૂરડું (નૂરડું) વ. નૂર; તેજ.

નૂરત સ્ત્રી. પ્રકાશ; તેજ.

નૂરનામું વ. પીરાણા પંથ સાહિત્યનો એ નામનો એક ગ્રંથ.

નૂરબાફ (નૂરબાફ) [ફા.] પું. વણકર.

નૂરબાફી (નૂરબાફી) [ફા.] સ્ત્રી. વણવું તે; વણાટ.

નૂરબીબી સ્ત્રી. શીતળાની જાતનો એક રોગ.

નૂરમહાલ પું. તાજમહાલ.

નૂરમંઝ [અ. નૂર (તેજ) + ફા. મંઝ (થી ભરેલ)] વિ. તેજસ્વી; તેજવાળું; પ્રકાશિત.

નૂરલ્લાહી [ફા.] પું. ખુદાઈ પ્રકાશ; ઈશ્વરી તેજ.

નૂરસતાગુર પું. ઇરમાઈલી ધર્મના એક ઉપદેશક પીર. તેમનું અસલ નામ નૂરદીન હતું. સિદ્ધરાજના સમયમાં તેઓ ગુજરાતમાં આવ્યા હતા. તેમણે પોતાના આત્મજ્ઞાનના બળ વડે સિદ્ધરાજ તથા તેના રાજસભાજન જેવી જાતિઓ અને પ્રજાવર્ગને નકલંક અવતાર દસ્તગર અલી થયા છે તેવો ઉપદેશ આપ્યો હતો. તેમનાં રચેલાં ગાનને આજે પણ ઇરમાઈલીઓ માનથી પઢે છે. તેને સતાગુરના ગનોક કહે છે.

નૂરસારંગ પું (સંગીત) પચાસ ગાટના ગાયન પ્રકારનો એ નામનો એક રાગ; એક પ્રકારનો સારંગ. તેમાં કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર હોય છે. આ રાગનો વાદી સ્વર નિષાદ અને સંવાદી સ્વર મધ્યમ છે. મધ્યાહ્ને તે ગવાય છે.

નૂરા ૧. [હિં.] પું. એકબીજાના વિરોધી ન હોય પણ અપરસમાં મળીને વહેવામાં આવતી ફુસ્તી.
૨. વિ. તેજસ્વી; પ્રકાશિત.

નૂરાણી ૧. [અ. નૂરાની] વિ. પ્રકાશિત; તેજસ્વી.
૨. વિ. સુંદર; રૂપાળું.

નૂરાનિયત સ્ત્રી. પ્રકાશ; તેજ; ઉજાસ; રોશની.

નૂરી ૧. [હિં.] સ્ત્રી. પોપટની જાતનું લાલ રંગનું એક પક્ષી.

૨. વિ. પ્રકાશિત; તેજસ્વી; નૂરવાળું.

નૂરીજન ન. સમજવાળું માણસ.

નૂરુલ્લુગાત [અ. નૂર (તેજ) + અલ (તે) + લુગાત (શબ્દકોષ)] પું. ઉર્દૂ ભાષાનો એક શબ્દકોષ.

નૂરે આલા વિ. પ્રકાશમાં ઉત્તમ; સૌથી શ્રેષ્ઠ.

નૂરે ઈમાન [અ.] ન. આસ્થાનું તેજ.

નૂરે એઅ્યન ૧. પું. પુત્ર; દીકરો.

૨. [અ. નૂર (પ્રકાશ) + એઅ્યન (આંખ)] ન. આંખનું તેજ.

નૂરે ઐનાન જુઓ નૂરે એઅ્યન.

નૂરે ખુદા [અ. નૂર (તેજ) + ફા. ખુદા (પ્રભુ)] ન. પ્રભુનું નૂર; ઈશ્વરી તેજ.

નૂરે ચશ્મ ૧. [અ.] પું. દીકરો.

૨. ન. આંખનું નૂર.

નૂરે દીદહ ૧. [અ. નૂર (તેજ) + ફા. દીદહ (આંખ)] પું. દીકરો.

૨. ન. આંખનું તેજ.

નૂરે દીન [અ. નૂર (તેજ) + દીન (ધર્મ)] પું. ધર્મનો પ્રકાશ.

નૂરે નજર જુઓ નૂરે ચશ્મ.

નૂરે મુબિહ ૧. [અ. નૂર (પ્રકાશ) + મુબિહ (તત્ત્વજ્ઞાન)] ન. કુરાને શરીફનું એક નામ.

૨. ન પ્રલમ્બ પ્રકાશ.

નૂષ ન. એક જાતનું ફૂલઝાડ.

નૂષ પું. (જરથોસ્તી) એ નામનો એક મહાપુરુષ. તે જરથોસ્તના જમાનાથી પણ અગાઉ થઈ ગયો છે અને તેના નામ ઉપરથી જ ઈરાનમાં નૂષ આઝર નામનું અગ્નિમંદિર હતું.

નૂષ આઝર ન. ઈરાનનું એ નામનું એક અગ્નિમંદિર. નૂષ નામના મહાપુરુષના નામ ઉપરથી તેનું નામ પડેલું.

નૂસ્ક પું. ઔષધવિધિ; મિક્ષિલાલેખ; નુસખો.

નૂહ ૧. પું. નખ.

૨. [અ.] પું. યહૂદી, ઈસાઈ તથા મુસલમાનોના મત પ્રમાણે એ નામે એક પૅગંબર. તેના વખતમાં ભારે તોફાન થયું હતું. તે તોફાનમાં આખી સૃષ્ટિ જલમગ્ન થઈ ગઈ હતી. માત્ર નૂહનો પરિવાર તથા કેટલાંક પશુ એક નાવમાં બેસીને બચ્યાં હતાં અને તેનાથી ફરી સૃષ્ટિ રચાઈ એમ કહેવાય છે.

નૂહેજો પું. આખે હોઠની વચ્ચે તેના પર ખોંચવાનું દોરડું; નોંઝણું.

નૂંઝણું પું. (કચ્છી) નોંઝણું; ગાય, બૈસને દોહવા વખતે તેના પાછલા પગે બાંધવામાં આવતું દોરડું.

નૂંતવું સ. ક્રિ. લેખામાં જમાવું; પરવા રાખવી; દરકાર કરવી.

નૃ ૧. [સં.] પું. નર; મનુષ્ય; માણસ.

નૃમાં વસે છે ઈશ સર્વપ્રાણે. ઉપનિષદ

૨. પું. વંકુ ખીલો.

૩. વિ. નેતા; લઈ જનાર; દોરનાર.

નૃકપાલ [સં.] ન. મનુષ્યના મસ્તકની ખોપરી.

નૃકપાલકલાપમાલ [સં.] પું. શિવનું એક નામ.

નૃકરોટિકા જુઓ નૃકપાલ.

નૃકરોટી જુઓ નૃકપાલ.

નૃકિલ્લો પું. જ્યાં વીર પુરુષો તથા તીર્થંકરોનું મુખ્ય રહેઠાણ હોય અને તેમના રક્ષણ તરફ લોક તેવો કિલ્લો.

નૃકુલવર્ણન [સં.] ન. મનુષ્યના કુળ સંબંધી વિગત.

નૃકુલવિદ્યા [સં.] સ્ત્રી. મનુષ્યજાતિ સંબંધી વિદ્યા.

નૃકુલવિદ્યાભિજ્ઞ [સં.] વિ. મનુષ્યજાતિનું જ્ઞાન ધરાવનાર.

નૃકેસરી ૧. [સં.] પું. વિષ્ણુનો નરસિંહ અવતાર.

૨. પું. વીર નર; મનુષ્યોમાં સિંહ સમાન પરાક્રમી માણસ; શ્રેષ્ઠ પુરુષ.

નૃગ ૧. [સં.] પું. ઔશીનર નામનો રાજા.

૨. પું. દેવ.

૩. પું. પર્વત.

૪. પું. મનુષ્ય.

૫. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો દસ ભાંડેનો બીજો પુત્ર.

૬. પું. મહાભારતમાં આવેલો એ નામનો એક દાનેશ્વરી રાજા. તેણે પુષ્કરતીર્થમાં કોટિગવાદિ મોટાપ્રદાન કર્યાં હતાં. તેમાં એક વખત તેણે ભૂલે એક બ્રાહ્મણને આપેલા મોટાદાનમાંની ગાય ચૂકથી રાજાની ગાયોના ટોળામાં ભળી અને તે એક વાર અપાયેલી ગાય બીજી વાર બીજા બ્રાહ્મણને દાનમાં અપાઈ. એમ થવાથી બંને બ્રાહ્મણોમાં ઝઘડો થયો અને નિર્ણય કરાવવા તેઓ રાજા પાસે આવ્યા. આ ઝઘડાનો નિકાલ રાજાએ ઘણો લંબાવ્યો, તેથી બ્રાહ્મણોને ખૂબ કષ્ટ થયું. જેને એ ગાય પ્રથમ આપી હતી, તે બ્રાહ્મણે ગુસ્સે થઈને રાજાને શાપ આપ્યો. પ્રાર્થના કરતાં તેણે ઉઃશાપ આપ્યો કે કૃષ્ણને હાથે તારો ઉદ્ધાર થશે. રાજા નૃગે ભીષ્મ જે બ્રાહ્મણને ગાય દાનમાં દીધી હતી તેને બદલી લેવા માટે ઘણું કહ્યું, પરંતુ તે માન્યો નહિ અને ઉદાસ થઈ ચાલ્યો ગયો. જ્યારે રાજા પરલોકવાસમાં ગયો, ત્યારે યમરાજાએ કહ્યું કે, આપનું પુણ્યકર્મ ઘણું છે, પરંતુ બ્રાહ્મણની ગાય હરવાનું પાપ પણ આપે કર્યું છે. તેથી કાં તો પહેલાં પાપનું ફળ અને કાં તો પુણ્યફળ ભોગવવું જોઈશે. રાજાએ પાપનું ફળ પહેલાં ભોગવવાનું પસંદ કર્યું અને હજાર વર્ષ સુધી સંતાઈને કૂવામાં રહેવા લાગ્યો. છેવટે શ્રીકૃષ્ણથી તેનો ઉદ્ધાર થયો.

નૃગણસુગણ પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ. તેના વિષમ પદમાં દસ માત્રા, ૧, ૬ માત્રાએ તાલ અને સમ પદમાં સાત માત્રા, ૧, ૬ માત્રાએ તાલ આવે છે.

નૃગા [સં.] સ્ત્રી. (પુરાણ) ઉશીનર રાજાની એ નામની એક સ્ત્રી.

નૃઘ્ન [સં. નૃ (માણસ) + ઘ્ન (હણનાર)] વિ. નરઘાતક; માણસની હત્યા કરનાર.

નૃચક્ષ ૧. [સં. નૃચક્ષસ] પું. દેવ.

૨. પું. રાક્ષસ.

૩. વિ. મનુષ્યદર્શક.

નૃચક્ષુ [સં. નૃચક્ષુસ] પું. (પુરાણ) ચંદ્રવંશી કુરુ કુલોત્પન્ન પાંડવ વંશમાંના સુનીથ રાજાનો એ નામનો એક પુત્ર.

નૃજગ્ધ પું. રાક્ષસ.

નૃજલ ૧. [સં.] ન. માણસની આંખનું પાણી; આંસુ.

૨. ન. માણસનું મૂત્ર.

નૃત્ [સં.] અ. ક્રિ. (ધાતુ) નાચવું; નૃત્ય કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: નૃત્ય, નૃત્યકાર, નૃત્યશાળા, નર્ત, નર્તક, નર્તકી, નર્તન.

નૃત ન. નાચ.

નૃતક વિ. નાચનાર; નર્તક.

નૃતકલા જુઓ નૃત્યકલા.

નૃતધર્મ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, જગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે.

નૃતરસિક જુઓ નૃત્યરસિક.

નૃતવું જુઓ નૃત્યવું.

નૃતા [સં.] સ્ત્રી. પુરુષપણું; મનુષ્યપણું.

નૃતિ [સં.] સ્ત્રી. નાચ; નૃત્ય.

નૃતિકા જુઓ નૃત્તિકા.

નૃતુ જુઓ નૃતક.

નૃતૂ ૧. [સં.] વિ. નરસિંહક; માણસનો વેષ કરનાર.

૨. વિ. નર્તક; નાચનાર.

નૃત્ત [સં.] ન. તાલ વગેરે સાથે નાચવું તે; નૃત્ય નામક નર્તનનો એક ભેદ. અભિનય રહિત તાલ સુરે સાથે અંગવિક્ષેપને નૃત્ત કહે છે.

નૃત્તક વિ. નાચનાર; નર્તક.

નૃત્તકલા [સં.] સ્ત્રી. નાચવાની કળા.

નૃત્તનર્મ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

નૃત્તરસિક [સં.] વિ. નૃત્તનું શોખીન.

નૃત્તવું અ. ક્રિ. નાચવું; નૃત્ત કરવું.

નૃત્તિકા સ્ત્રી. નૃત્ત કરનારી સ્ત્રી.

નૃત્ય ૧. [સં.] ન. નાચવું તે; નાચ; ગોસઠ માંહેની એક કલા કે વિજ્ઞાન. તાલ, માપ અનુસાર સવિલાસ હાવભાવ સહિત અંગક્રિયા કરવાને નૃત્ત કહે છે. ઇતિહાસ, પુરાણ, સ્મૃતિ પ્રસાદિ બધામાં નૃત્તનો ઉલ્લેખ મળે છે. સંગીતના ગ્રંથોમાં નૃત્તના બે પ્રકાર છે: તાંડવ અને લાસ્ય. જેમાં ઉગ્ર અને ઉદ્ધત ચેષ્ટા હોય તેને તાંડવ કહે છે અને જે સુકુમાર અંગોથી કરવામાં આવે અને જેમાં શૃંગાર આદિ કોમળ રસોનો સંચાર હોય તેને લાસ્ય કહે છે. સંગીતનારાયણમાં લખ્યું છે કે પુરુષના નૃત્તને તાંડવ અને સ્ત્રીના નૃત્તને લાસ્ય કહે છે. સંગીતદામોદરના મત પ્રમાણે તાંડવ અને લાસ્ય એ દરેક બબ્બે પ્રકારના છે: પેલવિ અને બહુરૂપક. અભિનયદર્પણ અંગવિક્ષેપને પેલવિ કહે છે અને જેમાં ઘેર ભેદ તથા અનેક પ્રકારના ભાવોનો અભિનય હોય તેને બહુરૂપક કહે છે. લાસ્ય નૃત્ત બે પ્રકારનું છે: છુરિત અને યૌવત. અનેક પ્રકારના ભાવ બતાવી નાયક નાયિકા એકબીજાને ચુંબન, આલિંગન આદિ કરતાં કરતાં નૃત્ત કરે તેને છુરિત કહે છે. નાચનારી એકલી નૃત્ત કરે તો તેને યૌવત કહે છે. આ પ્રકારે સંગીતના ગ્રંથોમાં હાથ, પગ, મસ્તક આદિની વિવિધ ગતિઓ અનુસાર અનેક ભેદ ઉપભેદ કરેલ છે. ધર્મશાસ્ત્રોમાં નૃત્યથી આજીવિકા કરનારને નિંદ્ય કહેલ છે. નૃત્તનો એક ત્રીજો ભેદ છે. તે ત્રિભંગી નામ કહેવાય છે. નૃત્યની કલા સંચલન કે પ્રેમના પ્રસાદરૂપ બનાવ છે. પોતાના સાથીને મનાવવા મયૂરો મનોહર નૃત્ય આદરે છે. એ લાગણીની અભિવ્યક્તિ તેમને જોટલો વેગ ૧ છે કે સતત સંચલનમાં જ તેઓ છવરે છે. કેટલાંક પક્ષીઓ કલાકોના કલાકો નૃત્ય કરતાં રહે છે. પશુપક્ષીમાં સંચલન માટે માદાને રીઝવવા કે હરીફોમાં ક્ષતવા નરમાં નવીન રંગો, અંગોનાં સ્વરૂપો અને કવન દર્શાવતાં સંચલનો વગેરે સ્પષ્ટ નજરે પડે છે. મનુષ્યજીવન અનેક પ્રવૃત્તિમાં વહી રહ્યું છે, જોટલે દરેક સ્વને જીવનપોષક તત્ત્વો સહજ જડતાં નથી; પણ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં નૃત્યનું સ્થાન અગ્રણી છે. કંઠ મુક્તનાં ગાન પખનાં નૃત્યો, ચરમ દેહનાં હાવનાં નૃત્યો, કેટલાક દેહનાં પ્રચલિત જોવાં અંગુલીઓ કે કેશ કલાપનાં નૃત્યો નહિ પણ સહુ જ અંગો સંપૂર્ણ નૃત્યમાં સરખો જ ભાગ ભજવે અને જોટ કે બે જ નહિ પણ અનેક વ્યક્તિઓ ભાગ લઈ કે જોવી પરિપૂર્ણ યોજનાને આમાં સ્થાન છે. માનસીમાં રતિલાલ મોહનલાલ ત્રિવેદીએ ધ્રુવનાં સંસ્મરણો વાગોળતાં કહ્યું છે કે એક વાર આપણું નૃત્ય, ગરબાઓ વગેરે વિષે વાત નીકળી. ગરબામાં રહેલા ક્રમ વિષે શ્રીયુત રાજ્યોપલક્ષ્યાચારીએ બહાસ તરફ વળતો કહી શબ્દ પોતાને એક વખત કહી સંભળાવ્યો હતો એ અને કહ્યું. બહાસ તરફ પણ વખમાં દીવી મૂકીને બીજો ગોળ કૂંડાળામાં ફરી ગરબા લે છે. ક્રમ અને કમી બંને શબ્દોમાં ક્રમ ધાતુ છે, જેનો અર્થ કમે કમે જવું એમ થાય છે. ગુજરાત, કાઠિયાવાડ અને બહાસના ગરબાઓમાં ક્રમ પ્રમાણે કરવાનું સામાન્ય ધોરણ હોય છે. આ ઉપરથી પોતે કહ્યું, આપણા વિવિધ પ્રાંતોમાં સંગીત, નૃત્ય વગેરેમાં એકતા જોવામાં આવે છે તે આપણા દેશની સંસ્કૃતિની મૌલિક એકતા બતાવે છે. આવી બાબતોનું આપણે સંશોધન કરવું જોઈએ અને ક્યાં ક્યાં અને જેટલા જેટલા એકતાના મુદ્દાઓ હોય તે અને ભેદ હોય તો તે સર્વ એકત્ર કરી એના ગ્રંથો ગુજરાતીમાં રચાવા જોઈએ. આ આ ભેદ અને આ આ કારણથી ઉત્પન્ન થયા છે તેનું વિસ્તારપૂર્વક વર્ણન થવું જોઈએ.

૨. ન. નાટક.

નૃત્ય અવયવ [સં. નૃત્ય (નાચ) + અવયવ (શરીરનો ભાગ)] પું. નાચવામાં કામ આવતો શરીરનો ભાગ. બે પગ, બે નિતંબ, બે કુચ, બે હાથ, બે ખાંખ, બે બગલ, બે ગાલ, કટિ અને દાઢી જેટલા ભાગનો ઉપયોગ નૃત્યકારે બહુ જ કુશળતાથી કરવો પડે છે.

નૃત્યક [સં.] વિ. નૃત્ય કરનાર; નાચનાર

નૃત્યકલા [સં.] સ્ત્રી. નાચવાની કળા. તેમાં લાસ્ય અને તાંડવ એવા બે ભેદ છે. તાંડવ નૃત્ત શિવજી કરે છે. લાસ્ય નૃત્ત ગુજરાતની સ્ત્રીઓ સારી રીતે જાણતી હતી. કાર્યોટકની સ્ત્રીઓ અદ્યાપિ પર્યંત તે જાણે છે. તાંડવ નૃત્યમાં બહુ તાંડવ, ઉદ્ધત ને કોમળ એવા ત્રણ ભેદ છે. લઘુ તાંડવ નૃત્ય દર્પમાં આવ્યથી થાય છે. ઉદ્ધત યુદ્ધ પ્રસંગમાં અને કોમળ તાંડવ તે કરુણા રસમાં હોય છે. જુઓ નૃત્ય.

નૃત્યકલાકોવિદ [સં.] વિ. નૃત્ય કળાનો જાણકાર.

નૃત્યકળા જુઓ નૃત્યકલા.

નૃત્યકાર ૧. [સં.] વિ. નાચનાર.

૨. વિ. નાટકકાર.

નૃત્યકારિણી [સં.] સ્ત્રી. નાચનારની સ્ત્રી.

નૃત્યકારી [સં. નૃત્યકારિન્] વિ. નાચનાર.

નૃત્યકી [હિ.] સ્ત્રી. નાચનાર સ્ત્રી.

નૃત્યકૌશલ્ય [સં.] ન. નાચની આવડત; નૃત્યકળાની હોંશિયારી.

નૃત્યગીત [સં.] ન. નાચવાની સાથે ગાવાનું ગીત; નૃત્યનું ગીત.

નૃત્યગીતવિશારદ [સં.] વિ. નાચ અને સંગીતમાં પ્રવીણ.

નૃત્યત્વ [સં.] ન. નૃત્યપણું; નૃત્યનો ભાવ.

નૃત્યપક્ષપાત [સં.] પું. નૃત્યમાં આસક્તિ કે મોહ હોવો તે.

નૃત્યપ્રિય ૧. [સં.] પું. પ્રતિષ્ઠાનો એ નામનો એક અનુચર.

૨. પું. શિવ; શંકર. તેને તાંડવ નૃત્ય પ્રિય છે.

૩. વિ. જેને નાચ પ્રિય હોય એવું.

નૃત્યપ્રિયોનૃત્યનૃત્ય [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નૃત્યભાવ [સં.] પું. નૃત્ય કરતા રહેવું અને સાથે તેનો અભિનય પણ બતાવતા રહેવું તે.

નૃત્યમય [સં.] વિ. નાચમય; નાચથી ભરપૂર.

નૃત્યરીત સ્ત્રી. નાચવાની પદ્ધતિ. નાચનારી ચણિયો પહેરી, પગે ઘૂઘરા બાંધી, કુલ્હી ઓઢી, સીધી તંગ ઊભી રહે છે. જાતી ઊપડતી રાખે છે. સામા માણસોથી આંખ મેળવેલી રાખે છે. ઓઢણીથી આંખ ઢાંકાવતી નથી અને દરેક નૃત્યની ક્રિયામાં શરીરના સોળ ભાગ હલાવે છે.

નૃત્યલય [સં.] સ્ત્રી. નૃત્યમાં ગત જરવાનો એ નામનો એક પ્રકાર. નૃત્યની શરૂઆતે લય ઘણી જ ધીમી રહે છે, પછી લયની ગતિ ધીમે ધીમે વધારવામાં આવે છે.

નૃત્યવાદ્ય [સં.] ન. નાચ કરતી વખતે વગાડવાનું વાજિંત્ર. નૃત્ય કરતી વખતે સારંગી, તાઉસ, દિલરુબા, સરોદ વગેરે તતવાદ્યો, પખવજ, તબલાં, ઢોલક વગેરે વિતતવાદ્યો અને મંજીરાં, ઝાંઝ, કરતાલ તથા ઘાગરી વગેરે ઘનવાદ્યો વગાડવામાં આવે છે.

નૃત્યશાલા ૧. [સં.] સ્ત્રી. નાચવાની જગ્યા; નાચઘર; નૃત્ય કરવાનું સ્થાન.

૨. સ્ત્રી. નાટચગૃહ; નાટકશાળા; નૃત્ય શીખવતી શાળા.

નૃત્યશાસ્ત્ર [સં.] ન. નાચવાની કળા.

નૃત્યશાળા જુઓ નૃત્યશાલા.

નૃત્યશિક્ષક [સં.] પું. નાચ શીખવનાર ઉસ્તાદ.

નૃત્યસમારોહ [સં.] પું. નાચગાનનો ઉત્સવ. એ નૃત્યસમારોહમાં ફરીથી દુનિયા અને દુનિયાના માનવી જાત ભૂલી ગયા. સારસ્વા

નૃત્યસ્થાન [સં.] ન. નાચ કરવાનું સ્થળ; રંગસ્થાન; નાટકશાળા.

નૃત્યાગાર જુઓ નૃત્યસ્થાન.

નૃત્યાચાર્ય ૧. [સં.] પું. નાચ શીખવનાર પુરુષ.

૨. પું. ભરત મુનિ.

નૃદુર્ગ ૧. [સં. નૃ (માણસ) + દુર્ગ (કિલ્લો)] પું. એક પ્રકારનો કિલ્લો. તેની આસપાસ રક્ષકોની ચોકી મૂકેલી હોય છે.

૨. પું. સેનાનો ચોતરફનો ઘેરો.

નૃદેવ ૧. [સં.] પું. નરદેવ; રાજા.

૨. પું. બ્રાહ્મણ.

નૃદેવતા જુઓ નૃદેવ.

નૃદેહ [સં.] પું. નરદેહ; મનુષ્યદેહ.

નૃદેહમિતિ [સં.] સ્ત્રી. માણસના શરીરનું માપ લેવાની વિદ્યા; માનવાંગપરિમિતિ; 'એન્થ્રોપોમેટ્રિ.'

નૃધર્મ [સં.] પું. માણસ તરીકેની ફરજ.

નૃનાથ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. ક્ષત્રિય.

૩. પું. રાજા.

નૃપ ૧. પું. ઋષભક કંદ. આખા જગતનો રાજા છે. એનું લોહી બળદથી હલ ખેડે છે અને તેથી અનાજ પાકે છે. આખા જગતનું જીવન તેના ઉપર છે. માટે ઋષભક કંદને નૃપ કહે છે

૨. [સં.] પું. રાજા; નરપતિ; ભૂપ

માની પ્રજાને તુચ્છ જે નૃપ, જર્જરી કુલાચ છે: તે બાજુલે નથી ઝાઝે ઝોક, સાર તાણી બસ છે. માનસિંહ

૩. પું. સોગઠી સંખ્યા.

નૃપકંદ [સં.-] પું. એક જાતની ડુંગળી; લાલ ડુંગળી.

નૃપગૃહ [સં.] ન. રાજમહેલ; રાજમંદિર.

નૃપઘાતિક વિ. રાજાનું ખૂન કરનાર; નૃપહિંસક.

નૃપજય [સં.] પું. (પુરાણ) એ નામનો એક પુરુવંશી રાજા.

નૃપતા [સં.] સ્ત્રી. રાજાપણું; રાજાના ગુણ કે ભાવ.

નૃપતાઈ જુઓ નૃપતા.

નૃપતિ ૧. [સં. નૃ (માણસ) + પતિ (ધણી)] પું. અધિરાજ; રાજા; નરપતિ; ભૂપ; અધીશ્વર.

૨. પું. કુબેર.

૩. પું. ક્ષત્રિય.

૪. પું. સોળની સંખ્યા.

નૃપતિગણ [સં.] ન. રાજાઓનું મંડળ.

નૃપતિવર [સં] પું. ઉત્તમ રાજા.

નૃપતિવલ્લભ ૧. [સં.] પું. એક જાતનો આંબો.

૨. વિ. ક્ષત્રિયને વહાલું.

૩. વિ. રાજાને પ્રિય.

નૃપતિવલ્લભા ૧. [સં.] સ્ત્રી. રાજાની રાણી.

૨. સ્ત્રી. કેતકી.

નૃપતિસ્પર્શ [સં.] પું. રાજાને આવું તે. આથી અમુક રોગ જતા રહેવાનું કેટલાકનું માનવું છે.

નૃપત્ની [સં.] સ્ત્રી. મનુષ્યનું પ્રજનન કરનારી સ્ત્રી

નૃપત્વ [સં.] ન. રાજાપણું; રાજાનો ગુણ અથવા ભાવ; નૃપતા.

નૃપદ્રુમ [સં.] ન. બરમાળો.

નૃપદ્રોહી ૧. [સં. નૃપદ્રોહિન્] પું. પરશુરામ. તે ક્ષત્રિયોના શત્રુ હતા.

૨. વિ. ક્ષત્રિયનો દ્રોહ કરનાર.

૩. વિ. રાજાનો દ્રોહ કરનાર.

નૃપનય [સં.] પું. રાજનીતિ.

નૃપનંદિની [સં.] સ્ત્રી. રાજકન્યા.

નૃપનાપિતન્યાય [સં. નૃપ (રાજા) + નાપિત (વાળંદ) + ન્યાય (દૃષ્ટાંત)] પું. બેદરકારીનું દૃષ્ટાંત; બેદરકારીને લીધે જ્યાં માણસ આંધળી ભક્તિ અને ગદ્દારનરજાની ખાતર પકડી ન દોષ જેની સ્થિતિનું દૃષ્ટાંત. એક રાજાને ત્યાં હજામ નોકર હતો. રાજાએ તેને મુંડવામાં સુંદર કોરો લાગીને પોતાને બતાવ્યા કહ્યું. તે હજામને પોતાના છોકરાથી કોઈ છોકરો વધારે સુંદર ન લાગ્યો. તેથી પોતાના છોકરાને લઈ રાજા પાસે લઈ ગયો. રાજા કદરૂપા બાળકને જોઈને ગુસ્સે થયો, પણ વિચાર કરતાં જણાયું કે પ્રેમ કે રાગને લીધે હજામને પોતાના છોકરા કરતાં કોઈ છોકરો સુંદર ન લાગ્યો. આ ઉપરથી મોહાંધતા માટે આ ન્યાય વપરાય છે.

નૃપપ્રિય ૧. [સં.] પું. આમો.

૨. પું. એક જાતની ડુંગળી; લાલ ડુંગળી.

૩. પું. એક જાતનો વાંસ.

૪. પું. પહાડી પોપટ.

૫. પું. શ.વિ ધાન્ય.

૬. વિ. રાજાને વહાલું.

નૃપપ્રિયફલા [સં.] સ્ત્રી. રીંગણી; ભંતાકડી.

નૃપપ્રિયા ૧. [સં.] સ્ત્રી. કેતકી.

૨. સ્ત્રી. કેવડો.

૩. સ્ત્રી. ખિજ ખજૂર.

૪. સ્ત્રી. રાજાની રાણી.

નૃપબદર [સં.] પું. મોટાં બોરનું ઝાડ; બાજબેરી બોરડી.

નૃપમંદિર [સં.] ન. રાજમહેલ.

નૃપમાન [સં.] ન. એક જાતનું વાસણ. તે રાજાના ભોજન વખતે વગાડવામાં આવતું.

નૃપમાંગલ્ય [સં.] ન. તરબૂચનું ઝાડ.

નૃપલક્ષ્મ [સં. નૃપલક્ષ્મન્] ન. રાજાનું ચિહ્ન; છત્ર ચામર વગેરે.

નૃપલિંગ જુઓ નૃપલક્ષ્મ.

નૃપવલ્લભ જુઓ નૃપતિવલ્લભ.

નૃપવલ્લભા જુઓ નૃપતિવલ્લભા.

નૃપવૃક્ષ [સં.] ન. બરમાળો.

નૃપશાસન [સં.] ન. રાજશાસન; રાજાની આજ્ઞા.

નૃપશાસિત [સં.] વિ. રાજાની સત્તાવાળું.

નૃપશુ ૧. [સં.] ન. મનુષ્યરૂપ પશુ.

૨. વિ. મૂર્ખ; અજ્ઞાની.

નૃપશોભિત [સં.] ન. (જિપ) રાજાને લાયક એક પ્રકારનું ઘર; મુખ આગળ ચાર અને બીજી બાજુ બાજુ અનેક અસિદ્વાળું ત્રિકાળ ઘર.

નૃપસત્તાક [સં.] વિ. રાજાની બધી સત્તાવાળું.

નૃપસત્તાકતંત્ર [સં.] ન. જેમાં રાજાની પૂરી સત્તા હોય એવો રાજ્યવહીવટ.

નૃપસભા [સં.] સ્ત્રી. રાજાઓની સભા.

નૃપસભા જુઓ નૃપસભ.

નૃપસુત [સં.] પું. રાજાનો કુંવર; રાજકુમાર.

નૃપસુતા ૧. સ્ત્રી. છોકરી.
૨. [સં.] સ્ત્રી. રાજકુંવરી.

નૃપંજય [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ચાંદ્ર વંશના ભેમર્ષિ રાજાનો પુત્ર. તેનો પુત્ર દુર્વ રાજા હતો.

નૃપકૃષ્ટ [સં.] પું. ઈતરરંજ વગેરે રમતમાં રાજાએ આકર્ષેલ રાજારૂપ સોગઠું.

નૃપાત્મજ [સં.] પું. રાજકુમાર; રાજપુત્ર.

નૃપાત્મજા ૧. [સં.] સ્ત્રી. કન્યા તુંબરી.
૨. સ્ત્રી. રાજપુત્રી.

નૃપાધ્વર [સં.] પું. માત્ર રાજાથી કરી શકાતો રાજસૂય યજ્ઞ.

નૃપાન્ન [સં.] ન. રાજાને પ્રિય એવું ખાતું ધાન્ય; રાજાનું ધાન્ય; રાજભોગ ધાન્ય.

નૃપાભીર [સં.] ન. એવું ખાતું વાલ્લું તે રાજાના ભોજન વખતે વઘારવામાં આવતું.

નૃપાભય [સં.] પું. ક્ષુપરોગ.

નૃપાલ [સં. નૃ (માણસ) + પાલ (રક્ષણ કરનાર)] પું. રાજા; નૃપ.

નૃપાવર્તી [સં.] ન. એવું ખાતનો મણિ; રાજાવર્ત.

નૃપાશ્રિત [સં.] વિ. રાજાને આશરે મનેલું.

નૃપાસન [સં.] ન. રાજાનું સિંહાસન; રાજાને બેસવાનું આસન; ભદ્રાસન; તખ્ત.

નૃપાહ્વય ૧. [સં.] પું. એવું ખાતની કૂંણળી; લાલ કૂંણળી.
૨. વિ. રાજા નામ ધરાવનાર.

નૃપાળ જુઓ નૃપાલ.

નૃપાંગ [સં.] ન. રાજાનું અંગ. સ્વામી, અમાત્ય, સુહૃદ, કોશ, રાષ્ટ્ર, દુર્ગ અને બલ એ સાત રાજાનાં કે રાજ્યનાં અંગ છે.

નૃપાંશ ૧. [સં.] પું. રાજાને આપાતો કર.
૨. પું. રાજાનો પુત્ર.

નૃપીઠ [સં.] ન. પાણી.

નૃપીતિ ૧. [સં.] સ્ત્રી. મનુષ્યનું રક્ષણ.
૨. વિ. માણસનું રક્ષણ કરનાર.

નૃપેંદ્ર [સં.] પું. મોટો રાજા.

નૃપોચિત ૧. [સં.] ન. રાજભાગ ધાન્ય; કણા મોટા અડદ.
૨. વિ. રાજાને લાયક.

નૃભુજ [સં.] વિ. પુરુષાદ; કન્યાદ; મનુષ્યાહારી; મનુષ્યભક્ષક.

નૃભોજ [સં.] વિ. આકાશમાં ઊત્પન્ન થયેલ.

નૃમણા [સં.] સ્ત્રી. (પુરાણ) બ્રહ્મદ્રોણની એ નામની એક બહેનપણી.

નૃમણિ [સં.] પું. એક ખાતનું પિશાચ કે ભૂત.

નૃમર [સં.] પું. રાક્ષસ.

નૃમિથુન [સં.] ન. સ્ત્રીપુરુષનું જોડું.

નૃમેધ ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા અને નવમા મંડલનાં અમુક સૂક્તો બનાવનાર એક ઋષિ.
૨. પું. પુરુષમેધ યજ્ઞ; નરમેધ યજ્ઞ.
૩. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

નૃમ્ણ [સં.] ન. ધન.

નૃયજ્ઞ [સં.] પું. અતિથિ; મહમાને દરરોજ કરવાના પંચ યજ્ઞોનો એક યજ્ઞ; અતિથિપૂજન; અભ્યાગતનો સત્કાર.

નૃયુગ્મ જુઓ નૃમિથુન.

નૃલોક [સં.] પું. પૃથ્વી; આખા દુનિયા નરલોક; મર્ત્યલોક.

નૃવર [સં.] પું. શ્રેષ્ઠ માણસ.

નૃવરાહ [સં.] પું. મનુષ્ય તથા શૂકરી આકૃતિવાળો વિષ્ણુનો એક અવતાર; વરાહ રૂપધારી વિષ્ણુ ભગવાન.

નૃવંશ [સં.] પું. માનવવંશ; માણસ ખાતનો વંશ; જુદી જુદી ખાતિઓનો વંશ.

નૃવંશવિદ્યા [સં.] સ્ત્રી. માનવવંશનો અભ્યાસ કરવાની વિદ્યા; માનવ ખાતિના અભ્યાસનું શાસ્ત્ર ખાતિમીમાંસા; ખાતિઓના સ્વરૂપધર્મ વર્ણવતું શાસ્ત્ર 'એથ્નોલોજિ.'

નૃવંશશાસ્ત્ર જુઓ નૃવંશવિદ્યા.

નૃવંશશાસ્ત્રી [સં. નૃવંશશાસ્ત્રિન્] વિ. નૃવંશવિદ્યા જાણનારું.

નૃશંસ [સં.] વિ. ક્રૂર; નીચ ખાતકી; નિર્દય; અત્યાચારી; બર્બિર.

નૃશંસતા [સં.] સ્ત્રી. અતિ ક્રૂરતા; નરાધમપણું; દુષ્ટતા; ખાતકીપણું; નિર્દયતા; ક્રૂરપણું; નીચતા.

નૃશંસત્વ જુઓ નૃશંસતા.

નૃશંસપ્રવૃત્ત [સં.] વિ. ખાતકીપણારૂપ વર્તવાનું; નિત્ય ક્રૂર.

નૃશંસ્ય જુઓ નૃશંસતા.

નૃશૃંગ [સં.] ન. મિથ્યા બનાવેલ. જોખમ, માણસનું શીંગડું.

નૃષદ્મા પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

નૃષદ ૧. [સં. નૃષદ્] પું. કવચ ઋષિનો પિતા.
૨. [સં. નૃ (માણસ) + સદ્ (બેસવું)] પું. પરમાત્મા. મનુષ્યમાં રહેલ હોવાથી પરમાત્મા નૃષદ કહેવાય છે.

૩. વિ. મનુષ્ય ઉપર બેસનાર.

નૃષદ્વત [સં.] ન. વતમૂક.

નૃસાર પું. નવસાર.

નૃસિંહ ૧. [સં.] પું. એ નામનો એક રતિબંધ.
૨. પું. ગુજરાતનો આદિ કવિ નરસિંહ મહેતો.
૩. પું. રાજા.
૪. પું. સિંહ જેવો પરાક્રમી માણસ; સિંહ માણસ.
૫. પું. સિંહરૂપી ભગવાન વિષ્ણુ; વિષ્ણુનો ચોથો નૃસિંહાવતાર. હરિવંશમાં લખ્યું છે કે: સત્યયુગમાં દૈત્યોના આદિપુરુષ હિરણ્યકશિપુએ ઘોર તપ કરી બ્રહ્મા પાસે વરદાન માગ્યું કે: હું દેવ, અસુર, ગંધર્વ, નાગ, રાક્ષસ કે મનુષ્યને હાથે મરું નહિ. અસ્ત્ર, શસ્ત્ર, જલ, પત્થર તથા વૃક્ષ કે લીલા પદાર્થથી પણ હું મરું. સ્વર્ગ, મર્ત્ય વગેરે લોકમાં કે દિવસ રાત કોઈ વખતે મારું મરણ થાય નહિ. આવી ખાતનું વરદાન મેળવી તે દૈત્ય બહુ પ્રબળ થયો અને સ્વર્ગ છીનવી લઈ દેવતાઓને બહુ સતાવવા લાગ્યો. દેવતાઓ વિષ્ણુને શરણે ગયા. વિષ્ણુએ તેમને અભયદાન આપી અત્યંત ભયંકર નૃસિંહરૂપ ધારણ કર્યું. તેમાં અર્ધું શરીર માણસનું. અને અર્ધું સિંહનું હતું. જ્યારે આ નૃસિંહ મૂર્તિ હિરણ્યકશિપુ પાસે આવી ત્યારે તેના પુત્ર પ્રહ્લાદે કહ્યું કે, આ મૂર્તિ દૈવી છે. તેની અંદર આખું સચરાચર જગત દેખાય છે છે. અજાયબ છે કે, દૈત્યકુળનો નાશ થશે. આ સાંભળી હિરણ્યકશિપુએ પોતાના દૈત્યોને નૃસિંહને મારવા કહ્યું. પણ જેટલા દૈત્યો મારવા ગયા તે બધા નાશ પામ્યા. અંતે હિરણ્યકશિપુ પોતે જઈ યુદ્ધ કરવા લાગ્યો. હિરણ્યકશિપુના હોઠે ભરાયેલાં નેત્રોની જ્વાલાથી સમુદ્રનું પાણી ઊકળવા લાગ્યું, તારી પે પૃથ્વી ડોલવા લાગી અને લોકોમાં હાહાકાર મચી ગયો. દેવતાઓનો આર્તનાદ સાંભળી નૃસિંહ ભગવાન અત્યંત ક્રોધથી ગર્જના કરી દૈત્યરાજ ઉપર તૂટી પડ્યા. નૃસિંહ ભગવાને નખ વડે તેને ચીરી નાખ્યો. ભાગવત અને વિષ્ણુપુરાણમાં નૃસિંહની કથા તો આ પ્રમાણે છે, પણ તેમાં પ્રહ્લાદની ભક્તિનો પ્રસંગ અધિક છે. ભાગવતમાં લખ્યું છે કે: હિરણ્યકશિપુ વરદાન મેળવી બહુ પ્રબળ થઈ, સ્વર્ગ આદિ લોકો ઉપર છત્ર મેળવી રાજ્ય કરવા લાગ્યો. તેને ચાર પુત્રો હતા. તેમાં પ્રહ્લાદ વિષ્ણુ ભગવાનનો મોટો ભક્ત હતો. શુક્રાચાર્યનો પુત્ર દૈત્યરાજના પુત્રોને ભણાવતો હતો. એક દિવસ હિરણ્યકશિપુએ પરીક્ષાને માટે બધા પુત્રોને પોતાની સમક્ષ બોલાવ્યા. પ્રહ્લાદ વિષ્ણુનો મહિમા ગાવા લાગ્યો. બાપો દૈત્યરાજ બહુ જ ગુસ્સે થયો, પરંતુ તેની કંઈ અસર થઈ

નહિ. પ્રહ્લાદની ભક્તિ દિનપ્રતિદિન અધિક થતી ચાલી. પિતા દ્વારા અનેક કષ્ટ સહન કરી પ્રહ્લાદ ભક્તિમાં દૃઢ રહ્યો. ધીમે ધીમે સહપાઠી બાળકો પણ તેનાં અનુયાયી બન્યાં. દૈત્યરાજે કુપિત થઈ તેને પૂછ્યું કે, તું કોના બળ ઉપર કૂદી રહ્યો છે ? તેણે જવાબ આપ્યો કે ભગવાન, જેના બળ વડે સારો યે સંસાર ચાલી રહ્યો છે. હિરણ્યકશિપુએ પૂછ્યું કે, તે ક્યાં રહે છે ? તેણે જવાબ આપ્યો કે તે સર્વત્ર છે. દૈત્યરાજે ક્રોધ પામીને કહ્યું કે, આ સ્તંભમાં પણ છે ? તેણે કહ્યું, અવશ્ય. હિરણ્યકશિપુ ખડ્ગ લઈ વારંવાર સ્તંભને જોવા લાગ્યો. એટલામાં સ્તંભની ભીતરમાંથી પ્રલય સમાન શબ્દ થયો અને નૃસિંહે નીકળી દૈત્યરાજનો વધ કર્યો.

નૃસિંહચતુર્દશી ૧. [સં.] સ્ત્રી. વૈશાખ સુદિ ચૌદશ. આ તિથિએ નૃસિંહનો અવતાર થયાનું મનાય છે.
૨. સ્ત્રી. વૈશાખ સુદિ ચૌદશને દિવસે કરવાનું વ્રત. સોમવારે સ્વાતિ નક્ષત્રમાં પ્રદોષ સમયે નૃસિંહ ભગવાનનો જન્મ થયો હતો, તેથી સ્વાતિ નક્ષત્ર, સોમવાર અને સિદ્ધિ યોગમાં આ વ્રત કરવું પરમ શ્રેષ્ઠ મનાય છે.

નૃસિંહજયંતી [સં.] સ્ત્રી. નૃસિંહાવતારનો દિવસ; વૈશાખ સુદિ ચૌદશ.

નૃસિંહતાપની [સં.] સ્ત્રી. એ નામનું એક ઉપનિષદ.

નૃસિંહપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ.

નૃસિંહપુરી [સં.] સ્ત્રી. એ નામનું એક તીર્થ. તે મુલતાનમાં હોવાનું કહેવાય છે.

નૃસિંહપૂર્વતાપિની [સં.] સ્ત્રી. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

નૃસિંહભારતી [સં.] પું. શંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય.

નૃસિંહમૂર્તિવીતરણ પું. શંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય.

નૃસિંહરૂપ ૧. [સં.] ન. અર્ધું માણસ અને અર્ધું સિંહના દેખાવવાળું રૂપ.
૨. વિ. નર અને સિંહનું રૂપ ધારેલ.

નૃસિંહવન [સં.] ન. કુર્મ વિભાગમાં પશ્ચિમ ઉત્તર તરફ આવેલો એ નામનો એક દેશ.

નૃસિંહવપુ ૧. [સં.] પું. ઈશ્વરનું એક નામ.
૨. પું. વિષ્ણુએ ચોથા અવતારમાં ધારણ કરેલ દેહ.

નૃસિંહાવતાર [સં.] પું. વિષ્ણુ ભગવાનનો ચોથો અવતાર.
નૃસિંહાવતાર લેવો = ખૂબ ગુસ્સે થવું.

નૃસિંહોત્તરતાપિની [સં.] સ્ત્રી. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

નૃસેન [સં.] ન. મનુષ્યોની સેના.

નૃસેના [સં.] સ્ત્રી. મનુષ્યની સેના.

નૃસોમ [સં. નૃ (માણસ) + સોમ (ચંદ્ર)] પું. મનુષ્યમાં ચંદ્ર સમાન હોય તેવું એક પુરુષ.

નૃહરિ ૧. [સં. નૃ (માણસ) + હરિ (સિંહ)] પું. પુરુષોત્તમનાં બત્રીસ માંહેનું એક નામ; નૃસિંહ.
૨. પું. એક માણસ.

ને ૧. પું. એ નામનો એક ઋષિ. કહેવાય છે કે, તેણે નેપાળની ગાદી સ્થાપી હતી.
૨. પું. નેપાળનો પૂર્વ ભાગ.
૩. સ્ત્રી. બાળ બાઝો દેવાનો દાંતો.
૪. સ્ત્રી. દેવતાથી રક્ષિત સ્થાન.
૫. સ્ત્રી. નેહ; સ્નેહ.
૬. સ્ત્રી. પવિત્ર ગ્રંથ.
૭. અ. કવિતામાં પદપૂર્તિ કરવા માટે વપરાતો પ્રત્યય.
૮. [સં. अन्यत्र-अन्यत्र-अन्यर्-अन्ये-ने] અ. તથા; અને.
૯. અ. (આકારણ) બીજી કે સાતમી વિભક્તિના ઓલિંગ વચનના નામ સાથે આવતા જૂની વિભક્તિવાળા શબ્દનો પ્રત્યય. જેમકે, સીતા વાલ્મિકીને આશ્રમે પહોંચ્યાં.
૧૦. અ. પ્રસાર્થ ક્રિયાપદ સાથે આવતો અક્ષર. તે હકાર સૂચવે છે. જેમકે, ચે કહ્યું હતું ને ?
૧૧. અ. (આકારણ) બીજી તથા ચોથી વિભક્તિનો પ્રત્યય.
૧૨. અ. વાક્ય કે આજ્ઞાર્થક ક્રિયાપદને અંતે વપરાતો અક્ષર. ત્યારે તે આગ્રહ, પ્રતિજ્ઞા, ખરેખરપણું જેવો ભાવ ઉમેરે છે. જેમકે, આવ ને; બોલું તો ખરો જ ને !

નેઆમત ૧. [અ.] સ્ત્રી. દયા; કૃપા.
૨. સ્ત્રી. ધન; દોલત; સંપત્તિ.

નેઆએશ પું. (જરથોસ્તી) એ નામનો એક મંત્ર. તે દિવસમાં પાંચ વાર બોલવાનો હોય છે.

નેઉ ૧. ન. આપરાનાં નળિયાંમાંથી વરસાદના પાણીની પહેલી ધાર.
૨. ન. નળિયું; નાળ.
૩. ન. વરસાદની ધાર જ્યાં પહેલી હોય તે જગ્યા; વરસાદનું પાણી પડવાનું ઠેકાણું.
૪. વિ. નેવું; ૯૦.

નેઉર [પ્રા.] ન. નૂપુર; ઝાંઝર.

નેઉરી સ્ત્રી. ઝાંઝરી.
ઝાંઝરી ઝૂમખે ઝાંઝરી નેઉરી,
મધુમધુ ઉડે સોડમ સીતલવા

નેઉલી [સં.] સ્ત્રી. એક પ્રકારનો હઠયોગ.

નેઉરો ૧. પું. આપરાનાં નેવાં પડવાથી જમીનમાં પડેલો ખાડો.
૨. વિ. પું. છેડે નેતુનો આંકડો આવે તેવાં વર્ષ બનતો. જેમકે, નેઉરો શ્રાવણ એટલે ૧૬૯૦ કે ૧૭૯૦ કે ૧૮૬૯નો દુકાળ.

નેઉં ન. આખણ.

નેઓઢ (નેઓઢ) સ્ત્રી. નાળ; પાણીની નીક.

નેક ૧. પું. નિયમ; ધારો.
૨. પું. ભાવ; કર.
નેક કરાવવો – બાંધવો = અમુક આવે ઘટેબાધ કરી લાગ જેમ કરાવવું; પ્રમાણ કે ભાવ નક્કી કરવાં.
૩. પું. હદ; મર્યાદા; પ્રમાણ.
નેક રાખવો = હદ બાંધવી.
૪. સ્ત્રી. એકસરખું શુદ્ધ વર્તન.
૫. સ્ત્રી. ન્યાયીપણું; નેકી.
૬. સ્ત્રી. પ્રામાણિકતા.
૭. [ફા.] ન. કોઈ પણ સારું હોવું તે.
૮. વિ. ચોકું; બરાબર.
૯. વિ. ધાર્મિક.
૧૦. વિ. નીતિમાન; સદાચારી.
૧૧. વિ. નાનું.
૧૨. વિ. પરોપકારી; ભલું.
૧૩. વિ. પ્રામાણિક; સાચું; ન્યાયી; પાકું; ધર્મનિષ્ઠ; ઉત્તમ.
નેક ઇન્સાન = ભોળા આત્મા.
૧૪. વિ. શિષ્ટ; સાધુ; સજ્જ.
૧૫. વિ. સારું; સુંદર.
૧૬. અ. કોઈ નહિ.
૧૭. અ. નક્કી; બરાબર.

નેક અખ્તર [ફા.] વિ. નસીબદાર; ભાગ્યશાળી.

નેક અંજામ [ફા.] પું. સુખી અંત.

નેક અંદેશ ૧. વિ. નસીબદાર.
૨. વિ. પરોપકારી.
૩. વિ. પ્રેમાળ; મિત્રતા ઝંખેલ.

નેકકામ ૧. ન. પ્રખ્યાતિ.
૨. ન. વાજબી કામ; પ્રામાણિક કાર્ય.
૩. વિ. સારી આબરૂવાળું.

નેકખર [ફા.] વિ. ખેરાતી; ધર્માદા; પરોપકારી.

નેકચાલ (નેકચાલ) [ફા.] વિ. સારું ચોખ્ખું ચેલું; પ્રખ્યાત.

નેકદિલ ૧. વિ. સારા સ્વભાવનું.
૨. વિ. સારી આદતવાળું.

નેકભરસ્વત ૧. [ફા.] વિ. સારા સ્વભાવનું.

૨. વિ. સારી રીતભાતવાળું.

નેકખાહ [ફા. નેક (સારું) + ખાહ (ઇચ્છા)] વિ. પવિત્ર.

નેકખાહ ૧. [ફા.] વિ. કૃતજ્ઞ.

૨. વિ. હિતેચ્છુ.

નેકખાહી ૧. [ફા.] સ્ત્રી. કૃતજ્ઞતા.

૨. સ્ત્રી. હિતેચ્છા.

નેકખો [ફા.] વિ. સારા સ્વભાવનું.

નેકખ્વાહ ૧. [ફા.] વિ. કૃતજ્ઞ; કરેલો ઉપકાર જાણનાર.

૨. વિ. હિતેચ્છુ.

નેકખ્વાહી જુઓ નેકખાહી.

નેકગોય [ફા. નેક (સારું) + ગોય (બોલવું તે)] વિ. છટાદાર.

નેકચલન વિ. સારી ચાલનું; સાધુવૃત્ત; સદાચારી.

નેકચલની સ્ત્રી. સારી ચાલચલગત; સચ્ચરિત્રતા; સદાચાર.

નેકચાલ સ્ત્રી. સારી ચાલ; સદાચાર.

નેકજાત વિ. સભ્ય; સુશીલ.

નેકજાહ [ફા.] વિ. પ્રામાણિક; પવિત્રતાવાળું.

નેકજાત ૧. [ફા.] વિ. સારા સ્વભાવનું.

૨. વિ. સારી રીતભાતવાળું.

નેકટાઈ [અં.] સ્ત્રી. કપડાં પહેરવેશમાં ગળે બંધાતી એક પટી.

નેકટેક સ્ત્રી. પવિત્ર સંકલ્પ; પોતાનું વચન પાળવાની પ્રતિજ્ઞા.

નેકતન વિ. સુંવાળી ચામડીવાળો બોડો.

નેકદાર [ફા.] વિ. પ્રામાણિક.

નેકનજર ૧. [ફા.] સ્ત્રી. નજર કે દાનત સારી હોવાપણું; કૃપાદૃષ્ટિ; ચોખ્ખી દાનત.

૨. વિ. ચોખ્ખી નજરવાળું.

નેકનામ ૧. વિ. એક માનવાચક શબ્દ કે ઉપનામ; નેકનામદાર.

૨. [ફા.] વિ. નેકી માટે પ્રખ્યાત; બહુ પ્રખ્યાત; યશસ્વી.

નેકનામદાર જુઓ નેકનામ.

નેકનામવર [ફા.] વિ. યશસ્વી.

નેકનામવરી [ફા.] સ્ત્રી. સુકીર્તિ; યશ; સારી આબરૂ.

નેકનામી [ફા.] સ્ત્રી. કીર્તિ; પ્રખ્યાતિ; સારી આબરૂ; સુયશ.

નેકનિયત ૧. [ફા નેકનીત] વિ. સારા આશય કે ઉદ્દેશવાળું; ઉત્તમ વિચારનું.

૨. વિ. સારા સ્વભાવનું.

નેકનિયતી ૧. સ્ત્રી. ઈમાનદારી.

૨. [ફા. નેકનીત] સ્ત્રી. નેકનિયત હોવાનો ભાવ; સારો વિચાર; ઈમાનદારી; શુદ્ધ બુદ્ધિ; સારી દાનત.

નેકનિષ્ઠ વિ. એક જ બાજુવાળું.

નેકનિહાદ [ફા.] વિ. સારા સ્વભાવનું.

નેકનીત જુઓ નેકનિયત.

નેકનીતી જુઓ નેકનિયતી.

નેકન્યાય પું. ઉદાર ઇન્સાફ.

નેકપાક [ફા.] વિ. સદ્‌ગુણી; સારા ગુણવાળું

નેકફેલ [ફા.] વિ. સારા કામનવાળું.

નેકબખ્ત ૧. સ્ત્રી. પત્ની; બી.

૨. વિ. ભાગ્યશાલિની; ભાગ્ય પાળનારી.

૩. [ફા. નેક (સારું) + બખ્ત (નસીબ)] વિ. સુભાગી; નસીબદાર; ભાગ્યવાળું; ભાગ્યવાન.

૪. વિ. સુશીલ; સારા સ્વભાવનું.

નેકબખ્તી ૧. [ફા.] સ્ત્રી. ભાગ્ય પાળવાપણું.

૨. સ્ત્રી. ચારિત્ર્ય સારું હોવું તે; સુશીલતા.

૩. સ્ત્રી. સારી નસીબ.

નેકબાજ [ફા.] વિ. સદ્‌ગુણી; સારા ગુણવાળું.

નેકબોલી સ્ત્રી. પ્રામાણિક ભાષણ.

નેકભોગ પું. પ્રભુને ધરાવેલી સામગ્રી.

નેકમંજર [ફા.] વિ. સુંદર; રૂપાળું.

નેકર વિ. ખરું અને અસલ.

નેકરથ પું. સારી ચાલવાળો ઘોડો.

નેકરાહ સ્ત્રી. સારી ચાલ.

નેકરું વિ. સારું.

નેકરેસ [અં.] પું. ગળે બરાબર ફીટ થતું ઘરેણું.

નેકલલ્લા ૧. સ્ત્રી. સારી શિખામણ.

૨. સ્ત્રી. સારો વિચાર.

નેકલીરત [ફા.] વિ. સારા સ્વભાવનું.

ને કાજે અ. માટે; હેતુથી.

નેકાહ [અ. નિકાહ] ન. લગ્ન.

નેકાં અ. બરાબર; નક્કી.

પદ પંકિયર મુખાં, રીઝાં ઘારી નેકાં.

પ્રેમાનંદ

નેકી ૧. સ્ત્રી. ઉપકાર; હિત.

૨. [ફા.] સ્ત્રી. કોઈનું કાંઈ પણ ભલું કરી છુટવું; સલિલા; બજાવી; સજ્જનતા.

૩. સ્ત્રી. પવિત્રતા.

૪. સ્ત્રી. પ્રામાણિકપણું; ઈમાનદારી; નીતિ.

૫ સ્ત્રી. સદાચાર; સદ્‌વર્તન.

૬. સ્ત્રી. સ્તુતિનાં વચનઃ જી પોકારવી તે. રાજા મહારાજા પધારે ત્યારે ઉચ્ચારાય છે.

નેકી પોકારવી = રાજા કે સંત પુરુષની આગળ મોટેથી બબર આપતા આપતા ચાલ્યા જવું.

નેકીદાર [ફા.] પું. નેકી પોકારનાર માણસ; ચોકીદાર.

નેકીબદી ૧. [ફા.] સ્ત્રી. ઉપકાર અને અપકાર.

૨. સ્ત્રી. પવિત્રતા અને અપવિત્રતા.

૩. સ્ત્રી. પાપ અને પુણ્ય.

૪. સ્ત્રી. પ્રામાણિકપણું અને અપ્રામાણિકપણું.

૫. સ્ત્રી. સજ્જનતા અને દુર્જનતા.

૬. સ્ત્રી. સદ્‌ગુણ અને દુર્ગુણ.

૭. સ્ત્રી. સુખ અને દુઃખ.

૮. સ્ત્રી. હિત અને અહિત.

નેકીવું વિ. નેકવાળું.

નેકૂ ૧. [હિં.] વિ. સારું.

૨. [ફા.] વિ. બહુ; સારું.

નેકો ૧. પું. અમુક હદનો નેક; આંકો; હદ; પ્રમાણ.

૨. પું. અવદો; અમુક બાપ અમુક ન બાપ એવો ધારો.

૩. પું. વ્યવસ્થા; નિયમ.

૪. [ફા.] વિ. સારું.

૫. વિ. સુંદર.

નેકોકાર [ફા.] વિ. સારી ચાલનું.

નેકોકોપ ન. એક જાતનું ચામડું.

નેખમ ૧. પું. ઊંડો ઢાળેલો બીલો.

૨. સ્ત્રી. ચણેલ ભાગને જમીન મળે તે ઢેકાણું.

૩. ન. નાનું ગામ; ગામડું.

નેખારુ વિ. (કચ્છી) સ્વમ્બ; મેલ વગરનું.

નેગ ૧. પું. પરવાનગી; છૂટ.

૨. પું મંદિરમાં નિત્ય ભોજનની ધરવા માટેની વસ્તુઓનું બાંધેલું ધોરણ કે રિવાજ.

૩. [હિં.] પું. વિવાહ વગેરે શુભ પ્રસંગે સંબંધીઓ, આશ્રિતો તથા ગામમાં સાથ દેનાર લોકોને કાંઈક દેવાનો નિયમ; દેવા કરવાનો હક કે રિવાજ.

૪. પું. વિવાહ વગેરે શુભ પ્રસંગે સંબંધીઓ, નોકરચાકર, બાળદ વગેરે કામ કરનારને તેની પ્રસન્નતા માટે નિયમાનુસાર દેવામાં આવતી વસ્તુ કે ધન.

૫. પું. સંબંધ.

૬. પું સ્નેહ; નેહ; લગની.

નેગ કરવું = કોઈ શુભ પ્રસંગે ગામ કરવું.

નેગલોગ ૧. [હિં.] પું. મંગળ પ્રસંગે સંબંધીઓ અને નોકરચાકરને આપવામાં આવતું ધનનું ઇનામ.
૨. પું. વિવાહ આદિ મંગળ પ્રસંગે સંબંધીઓ તથા કામ કરનારાંઓને તેઓની પ્રસન્નતા માટે કંઈ દેવાનો નિયમ.

નેગડી (નેગડો) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નેગનાથ ૧. સ્ત્રી. સાપુની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

નેગલોગ પું. નેકલોગ; નાકી થયા મુજબ પ્રભુને દરરોજ ધરાતો ભોગ.

નેગમ ન. રાજધાની; પાટનગર.
નેગમ શબ્દ પાટનગરના અર્થમાં જ વપરાયેલો છે. હિંદુ રાજ્યતંત્ર

નેગવું સ. ક્રિ. જમવું; ખાવું; આરોગવું.

નેગિયો પું. દૂત; સંદેશવાહક; કાસદ.

નેગી ૧. પું. ખાનગીકર.
૨. પું. તહેવારના દિવસે ભેટ લેનાર નોકર.
૩. વિ. નેગ મેળવવાને હકદાર.
૪. વિ. સ્નેહી; સ્નેહવાળું.

નેગુર્ઝિ પું. હરિયાકાકે ઊગતો એક જાતનો છોડ.

નેગેટિવ ૧. [અં.] પું. ફ્રૉસ્ફરિક એસિડ વીજળીના બોજ ઉત્પન્ન થવાવાળો ઠંડો તાર; ઋણ.
૨. પું. ફોટો લીધેલી કાચ કે સેલ્યુલોઇડની તકતી.
૩. વિ. નકારવાચક.

નેઘડો (નેઘડો) પું. સસલાં, તેતર વગેરે પકડવાનો ફાંસલો; ખાસ. તે સાતરનો બનાવવામાં આવે છે.

નેઘળવું સ. ક્રિ. નીગળવું; ટપકવું.

નેચયિકા પું. વૈશ્ય તથા શૂદ્ર જાતિના પોતપોતાની જમીન ખેડનારાઓ માંહેના ધનાઢ્ય લોક.

નેચર ૧. [અં.] પું. સ્વભાવ.
૨. સ્ત્રી: કુદરત; પ્રકૃતિ.

નેચરિયા [અં. નેચર] વિ (હિંદી) પ્રકૃતિવાદી; નાસ્તિક; લોકાયતિક; પ્રકૃતિ ઉપરાંત ઈશ્વર વગેરેને નહિ માનનાર.

નેચરી પું. એ નામનો મુસલમાની મજહબ.

નેચરોપથિ [અં.] સ્ત્રી. કુદરતી ઉપચારશાસ્ત્ર.

નેચવા [હિં.] પું. પલંગનો પાયો.

નેચળ વિ. ચપળ; પુષ્પાળ.

નેચો ૧. પું. ચાંલ્લો.
૨. પું. તમાકુ.
૩. [ફા. નેચ] પું. નેળચો; દુશ્મનો ભેર.
૪. પું. દુકાની ચૂંથણદાર ચાંળી નેહ કે નળી.

નેજ ૧. [સં. નૈવેદ્ય] પું. નિવેદ.
૨. પું. પીંજણને ઊંચી રાખવા માટે કામમાં સાથે બાંધેલી દોરી.

નેજક [સં.] પું. રજક; ધોબી.

નેજન ૧. [સં.] ન. સાફ કરવાનું સ્થળ.
૨. ન. સાફ કરવું તે; શુદ્ધ કરવું તે.

નેજવું ૧. [ફા. નમ્બ્દહ] ન. બાપરાની પાંખ કે મોતિયાનો ટેકો; ફાંસો.
૨. ન. બારસાખના સોકલા પાસેનું ફાંસવું; દહો; વાઢ; બે ચોકલટની વચમાં આવતો બારસાનો ચોરસ કટકો.
૩. સ. ક્રિ. આંખ ઉપર નેજવા પૌ હાથ રાખીને જોવું. તાપમાં જોનાર અથવા નબળી આંખવાળા તેમ કરે છે.

નેજા ૧. [ફા.] પું. ભાલું.
૨. પું. વાવટો.

નેજાદાર ૧. [ફા.] પું. ભાલું ઉપાડનાર માણસ.
૨. પું. વાવટો ઉપાડનાર માણસ.

નેજાબરદાર [ફા.] પું. ભાલો કે રાજનું નિશાન લઈ ચાલનારો માણસ.

નેજારા [અ. નઝારા] પું. ન. ક. ટેકરા; આંખના અણસારા; નિગરાં; નખરાંબાજ; નેજાદાર.

નેજાળું વિ. નેજાવાળું.

નેજાં ન. એક જાતનું વસ્ત્રાવું.

નેજુ ન. જૂના વખતનું એક માપ.

નેજું ૧. [ફા. નેઝા] ન. નાની બરછી કે ભાલા ઉપરની ધજા.
૨. ન. બરછી.
૩. ન. ભાલાનું ફળું.
૪. ન. ભાલો.
૫. ન. વાવટો; નિશાન.

નેજૂ [હિં.] સ્ત્રી. રસ્સી દોરડું.

નેજો ૧. પું. આશ્રમ.
૨. પું. એક જાતનો સૂકો મેવો.
૩. પું. કલમ બનાવવાનું કાકું.
૪. પું. નેકો; નેહ; નેળચો; ભલામ સાબવાની દુશ્મની ઊભી નળી.
૫. પું. બરછી.
૬. [ફા. નેઝા] પું. ભાલો.

નવ નેજાથી ઊતરવું = મહાન મુશ્કેલીમાં મુકાવું.
૭. પું. વાવટો; નિશાન.

નેઝ જુઓ નેજ.

નેઝાદાર [ફા.] પું. ભાલાથી સજ્જ થયેલ માણસ.

નેઝાબાઝ [ફા.] પું. ભાલું મારનાર માણસ.

નેઝાબાઝી [ફા.] સ્ત્રી. ભાલું ફેંકવું તે; ભાલું મારવું તે.

નેટ ૧. પું. શ્રમ; યત્ન; મહેનત.
૨. સ્ત્રી. ઊંઘ; નિદ્રા.
૩. સ્ત્રી. એક જાતનું જાળીદાર કપડું.
૪. સ્ત્રી. ચપટ.
૫. ન. ઉપાધિ.
૬. ન. નિશ્ચિતતા; હદ નિશ્ચય.
૭. [અં.] વિ. ચોખ્ખું; સાદ.
૮. ન. અંતે; આખરે; ઉપરે.
૯. ન. હકતાથી; મક્કમપણે.
૧૦. ન. નાકી; જરૂર; ખચીત; ચોક્કસ; ખરેખર.
૧૧. ન. પરાણે; બળાત્કારથી.

નેટકોર્ન ન. એક જાતનું કાપડ.

નેટ ટનેજ [અં.] ન. આગબોટમાં માલ ભરવાની જગ્યાનું માપ. ટનેજ માપવાની જુદી જુદી રીત છે. આગબોટ જે વેળા કોઈ બંદરમાં આવે છે તે વખતે તેની પાસેથી લાંગરો રોકાણ બદલ બંદરના અધિકારીઓ કંઈક વિશિષ્ટ ફી માગે છે. આ ફી બધે ભાગે તેના ગ્રોસ ટનેજ ઉપર ઠરાવવામાં આવે છે. આ ગ્રોસ ટનેજને ખોટના વજન સાથે કશો સંબંધ નથી હોતો, પણ ખોટની એકંદર જગ્યાનું જે આકારમાન એટલે ઘનમાપ હોય તેના દરેક ૧૦૦ ઘનફૂટે એક ટન લેખે ગ્રોસ ટન ગણવા એવો ઉગ્રહંડનો કાયદો છે અને ભીન્ન દેશોમાં પણ તે જ પદ્ધતિ ચાલે છે. આ અધિનિયમમાં કોઈ જગ્યા હિસાબમાં ન લેવાય તો ચાલે. એથી ઊલટું ખોટનો નેટ ટનેજ કહો એટલે તેનો અર્થ તેમાં માલ ભરવાની જગ્યા કેટલી છે તે થાય છે. ખોટનું એકંદર ઘનમાપ લઈને તેમાંથી ખલાસીને રહેવાની જગ્યા, યંત્રો વગેરે હલતુ જગ્યાઓનું ઘનમાપ બાદ કરીને તેનું નેટ ટનેજ કહેવામાં આવે છે. આથી જુદી જુદી ખોટનું ટનેજ વધુ ઓછું થાય છે, પણ સરાસરીમાં તે ગ્રોસ ટનેજનું ૨/૩ જેટલું વજન થાય છે.

નેટડી (નેટડો) સ્ત્રી. ખોખા પાસે મળતી એક જાતની માછલી.

નેટવું [સં. નિ + સ્થાપય (સ્થાપિ કરવી); પ્રા. ણિટ્ઠવ-ણિટ્ઠવ] સ. ક્રિ. મટવું; હળવું.

નેપા [હિં.] પું. નાકમાંથી નીકળતો મળ; શેડા.

નેપાં ૧. ન. ક. બ. અવલોકન.
૨. ન. બ. વ. નાકમાંથી નીકળતો મેલ; શેડા.
૩. ન. બ. વ. બારીક તપાસ કરવી તે.
નેપાં લેવાં = નેડો લેવો; ખૂબ શોધવા પૂછ કામનું.

નેપિ જ. નિત્ય; રોજ.

નેટિવ ૧. [અં.] પું. પોતાના વતનમાં જન્મેલ અથવા તો વિદેશી કે બહારનો ન હોય તેવો માણસ.
૨. વિ. દેશી; દેશનું.

નેટી ૧. સ્ત્રી. અવલોકન.
૨. સ્ત્રી. પરપૂછ; બારીક તપાસ.

નેડું જ. નેડો; સ્નેહ; પ્રેમ.

નેઠ જ. (કચ્છી) છેવટે.

નેઠમ જ. ચોક્કસ; નક્કી.

નેઠવું ૧. સ. ક્રિ. હારવું; હારી જવું.
૨. સ. ક્રિ. નાશ કરવું.
૩. સ. ક્રિ. બદલાવવું; બદલાવી લેવું.

નેઠો ૧. પું. ચોક્કસ ઠેકાણું; પત્તો.
૨. [સં. નિષ્ઠા; પ્રા. ણિટ્ઠા] પું. છેડો; અંત.
૩. પું. દહતા.
૪. પું. પડો; આન.
૫. પું. ખેપ; હેતુ.
૬. પું. નિર્ણય.

નેઠ પું. (કચ્છી) પાણી વહી જવા માટે ખોદેલી નીક.

નેડલો (નેડો) પું. નેડો; સ્નેહ; પ્રેમ.

નેડુલી (નેંડલી) [સં.] સ્ત્રી. એક પ્રકારનો હડયોગ.

નેડું (નેહું) ૧. [સં. નિકટ; પ્રા. ણિક્કડ] વિ. પાસેનું.
૨. જ. પાસે; બાજુ; નજીક.

નેડે (નેંડે) જ. નજીક; પાસે; કને.

નેડો (નેંડો) ૧. પું. નેટો; બારીક તપાસ.
નેડો લેવો = ખૂબ શોધવા પૂછ કામનું.
૨. પું. સ્નેહ; પ્રેમ; નેટ; અનુરાગ.
નેડો લાગ્યો = પ્રેમ થયો. નંદકુંવરશું નેડો લાગ્યો, તે પ્રાણ ગયે ન છૂટાય.–મીરાંબાઈ
૩. પું. અવલોકન; નેટો.

નેડ ૧. વિ. (કચ્છી) મજબૂત.
૨. જ. નક્કી; જરૂર.

નેણ ૧. સ્ત્રી. (કચ્છી) નખ ઉતારવાનું હળવાનું ઓજાર; નેરણી.
૨. [સં. નયન] ન. આંખ; ચક્ષુ; નયન; નેત્ર.
૩. ન. આમલાની ચાખરીઓથી મેળવેલી રાલ કે દોરડું.
૪. ન. અબર; બુકુટિ.

નેણકટારી સ્ત્રી. કટાર; કટારો.

નેણકોર સુબ્બો નેણકટારી.

નેણટાર જિ. આંખને ડારે કે ઠંડક આપનારું.

નેણન ન. નયન; આંખ.

નેણબાણ સુબો નેણકટારી.

નેણલું ન. નયન; આંખ.

નેણેનેણ જ. દણેદણ આંખોઆંખ બની હોય એમ.

નેત ૧. [હિં.] પું. એક જાતનું ઘરેણું.
૨. પું. કરાર; નિર્ધાર.
૩. પું. નિશ્ચય; સંકલ્પ.
૪. પું. વ્યવસ્થા; પ્રબંધ; આયોજન.
૫. સ્ત્રી. ધરાતો; હેતુ.
૬. સ્ત્રી. એક પ્રકારની રેશમી ચાદર.
૭. સ્ત્રી. શુદ્ધિ; નિશ્ચ.
૮. જ. નેતરું.
૯. જ. એમ.
૧૦. જ. કદાચ.
૧૧. જ. નહિ.

નેતર ૧. [સં. વેત્ર] ન. એક જાતનો વેલો અને તેની સોટીઓ પાણીમાં અને ભૂમ બેસનારી જમીનમાં થતો એક જાતનો લાંબી પેરનો વેલો કે સાંઠો; નેતરું. તે સુકાયા પછી પણ સ્થિતિસ્થાપક હોય છે. તેની સોટીમાંથી લાકડી બનાવાય છે. તેના કરંડિયા, ખુરસી કોચાદિ સામાન બને છે. નેતરનો દાખલો આપતાં કહેવાય છે કે, નેતર જેવું વળાંથી જેમ નમે છે, તેમ માણસે ઉચ્ચ પદવી પ્રાપ્ત થયાથી પણ ઈશ્વરથી ડરીને નમવું. નેતર મલબાર, મહાબળેશ્વર, સમેશ્વર તેમ જ ચીન દેશમાં થાય છે. તે ત્રીસ ચાલીસ હાથ ઊંચું વધે છે, પરંતુ તેની બરાબર જોડી હોય છે. તે ચીકણું હોય છે અને પાણીમાં કોહવું નથી. તે વાયુ, શીત, કફ તથા તીખું હોય છે અને કફ, વાયુ, પિત્ત, દાહ, સોજો, મૂત્રબાધિ, અરુચી, મૂત્રકૃચ્છ્ર, વિસર્પ, અતિસાર, યોનિરોગ, તૃષા, રક્તદોષ, કબજ, જેર, રક્તપિત્ત, કોઢ તથા પિત્તનો નાશ કરનાર મનાય છે. તેના અંકુર ખારા, લઘુ, તીખા તથા ઉષ્ણ હોય છે અને કફ તથા વાયુનો નાશ કરનાર મનાય છે. મોટું નેતર શીતલ હોય છે અને મૂત્રબાધા, પિત્ત, બ્રમ તથા કફનો નાશ કરે છે. તેનાં પાંદડાં જેલક, ગુરુ, લઘુ, શીતળ, કડવાં, તીખાં તથા વાતનાશક છે અને રક્તદોષ, કફ તથા પિત્તનો નાશ કરે છે. તેનાં બિયાં ગુરુ, સ્વાદુ, બાલાં, રૂક્ષ તથા પિત્તકર છે અને રક્તદોષ તેમ જ કફનો નાશ કરનાર મનાય છે. જલનેતર શીતળ, કડવું, મધુરોષક, ગુરુ, વાતકર, બાલક તથા રૂક્ષ છે અને પિત્ત, રક્તદોષ, વણ, કફ, રાક્ષસબાધા તથા ગ્રહપીડાનો નાશ કરનાર મનાય છે. અસ્વવિષ ઉપર કાળા નેતરના કટકમાં બી નાખી, લટી તેનો લેપ કરાય છે.
૨. જ. નેત્ર; આંખ.
૩. જ. પાતળી સોટી.

નેતર કુંભરિયો પું. એક જાતનો છોડ. તેમાં કુંભર જેવાં ઝૂમખાં થાય છે.

નેતરડું (નેતરડું) જ. છાલ ફેરવવાનું દોરડું; નેતરું.

નેતરપાચમ જ. તાડની જાતનું એક ઝાડ. તે મજબૂત હોઈ તેની પેટીઓ તથા દાનિચર બને છે. તેના કાંટા ઘણા જ તીક્ષ્ણ અને ઘટ્ટ હોવાથી તે વાડ તરીકે પણ વપરાય છે.

નેતરવેલ સ્ત્રી. એક જાતની કાંટાળી વેલ.

નેતરશિંગ જ. એક જાતનું ઝાડ.

નેતરી સ્ત્રી. મોઢેથી પૂછ્યા સુધી મજબૂત બાંધાની સારી કમાનરી જેસ.

નેતરું ૧. જ. ગાય, બૈસ દોહતી વખતે તેના પાછલા પગ બાંધવાનું દોરડું.
૨. [સં. નેત્ર] જ. છાલ તાણવાની દોરી; વલોણાનું દોરડું; વલોણાના વાંસને ફેરવવાને બન્ને બાજુ બાંધેલી દોરી.

નેતવ્ય [સં.] જિ. લઈ જવા જેવું; દોરવા યોગ્ય.

નેતા ૧. [સં. નેતૃ] પું. આગેવાન; સરદાર; નાયક.
૨. પું. બનાવ.
નેતા પહોંચવા = છૂપી બાતમી મળવી; અબર પડવી.
૩. પું. બાનું પ્રમાણ જણાઈ જવું તે; પોતાનું સામર્થ્ય સમજવું તે.
૪. પું. સીમાડાનું ઝાડ.
૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે નિરાકાર હોવા છતાં માયામાં સાકાર બનીને ઈશ્વરપણે સર્વને નિયમપૂર્વક ચલાવનાર છે. વળી જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ સર્વને પોતપોતાના રસ્તા તરફ દોરનાર છે. માટે તે નેતા કહેવાય છે.
૬. પું. સ્વામી; માલિક; પ્રભુ.
૭. વિ. કામ ચલાવનાર; પ્રવર્તક.
૮. વિ. દોરનાર.

નેતાગીરી ૧. સ્ત્રી. આગેવાની; નાયક હોવાપણું.
૨. સ્ત્રી. બનસસ્ટ્રિ બનસસ્તું કામ.

નેતાપણું ૧. ન. આગેવાની; નેતાગીરી.
૨. ન. બનસુસી.

નેતારું વ. ચરબીને ઉકાળી લેતાં વધતો કૂચો.

નેતાવર ૧. [સં.] પું. બેઉ આગેવાનો સૌથી સારો નાયક.
૨. પું. બેઉ બનસસ.

નેતિ ૧. વિ. અંત વિનાનું; અમર્યાદિત; અપાર.
૨. [સં.] ન. બો નહિ. બ્રહ્મના સ્વરૂપની જિજ્ઞાસાએ પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ગુરુએ આપાતો જવાબ આવો હોય છે.
૩. બ. બોટલું બસ નહિ; ના બોટલું જ નહિ બેમ.

નેતિ નેતિ ૧. [સં.] સ્ત્રી. અમુક બાબતો સ્વીકારવા નિષેધ કરી બાકી રહેલ બધી સાચી બાબત સિદ્ધ કરવી બેવા પ્રકારની સાબિતી; 'પ્રૂફ બાય એલિમિનેશન.'
૨. બ. બો નહિ; બો નહિ. પ્રકૃતિ બધ પદાર્થોમાં બા બાત્મા નથી, બા બાત્મા નથી, બેવા પ્રકારના તત્ત્વના બભ્યાસથી જડ સાથે બાત્માને જે તાદાત્મ્ય ભાસે છે તેથી લાગ થાય છે. લાગ થવાથી બભિમાનનો લાગ થાય છે બને બભિમાનનો લાગ થવાથી વિવેકજ્ઞાનની સિદ્ધિ થાય છે. તાત્પર્ય કે, બા નથી, બા નથી, બેવા પ્રકારના તત્ત્વના બભ્યાસથી બભિમાનનો લાગ થવાથી વિવેકજ્ઞાનની સિદ્ધિ થાય છે.

નેતિપક્ષ [સં.] પું. નકારવાચક પક્ષ.

નેતિયાદ [સં.] પું. (યોગ) બેક પ્રકારની ઉપાસના; વિશેષ બળવાન બેવી સાધનોની ઉપાસના. હઠયોગને તે બળવાન બનાવે છે.

નેતી ૧. સ્ત્રી. આગેવાન સ્ત્રી.
૨. [હિં.] સ્ત્રી. નેતરું; સ્વાર્થ ફેરવવાનું દોરડું.
૩. [સં.] સ્ત્રી. હઠયોગની બે નામની ક્રિયા કરવાનું સાધન.
૪. સ્ત્રી. હઠયોગની બેક ક્રિયા. તેથી મસ્તક નિર્મળ થાય છે. નેતીના ત્રણ પ્રકાર છે: સામાન્ય નેતી, ધવણ નેતી બને કુંજલ નેતી. બે ત્રણે નેતી માટેની ક્રિયા નીચે પ્રમાણે છે: દેશી બબળ વિનાર્યું સૂતરનો ગાંઠ વિનાનો ચીકણો તાંતણો ત્રણ બબળા ચાર વેંતની લંબાઈનો રાખી તેને સાવસો વળો કે ડોદસો વળો કરવો. પછી તેના બધ્ય ભાગમાં બેક તાંતણો બાંધી બર્ધા ભાગને વળ દીધા વિનાનો રહેવા દેવો. બીજા બર્ધા ભાગના ત્રણ સરખા ભાગ કરીને તેમને ઉંદરપુચ્છ કરી સારી રીતે વળ દઈ દૃઢ કરવા બને સિદ્ધ થયેલા તે બર્ધા ભાગને બીજા ચારની મુંબાળો કરવો. પછી ઊભમણે બબળા ઉત્તરાદે મોઢે ઉભડક બેસી, ડોક ઊંચી રાખી, નાકને શુદ્ધ કરી નેતીને પાણીમાં બીજની બોરવળા ભાગનો છેડો નાકના જે છિદ્રમાંથી પવન વહેતો હોય તે છિદ્રમાં નાખી તે છેડો ગળા ઉપરની કાઠલી બાગળ આવે ત્યારે તેને જમણા હાથના બંગૂઠા તથા તર્જની વડે પકડી મોઢા વાટે તે નેતી બહાર કાઢવી. બા રીતને સામાન્ય નેતી કહે છે. ધવણ નેતીમાં તંતુઓ સામાન્ય નેતી જેટલા જ લેવા. તેની બધ્યે ઢોરો ન બાવવો તથા વળ દીધા વિના બર્ધો ભાગ ન રહેવા દેવો. તેના બને છેડા ઉંદરપુચ્છ કરી તેના સરખા ત્રણ વિભાગ કરી તેને સારી રીતે વળ દઈ તેના ઉપર મીણ ચડાવવું. પછી સામાન્ય નેતી પ્રમાણે તેનો બેક છેડો નાસાપુટમાં નાખી બીજો છેડો પૂર્વની રીતે મોઢા વાટે બહાર કાઢવો. પછી બને હાથે નાકની બહારનો છેડો પકડીને જમણે હાથે મોઢા વાટે બહાર કાઢેલા છેડાને પકડીને તે બંને હાથ હળવે હળવે હલાવી તે નેતી વડે નાકની બંદરના ભાગનું ઘર્ષણ કરવું. બવી રીતે ઘર્ષણ નેતી થઈ રહી છે. ધવણ નેતીની પેઠે બંને છેડા ઉંદરપુચ્છના રાખી, વચ્ચેનો બેક વેંત જેટલો ભાગ વળ દીધા વિનાનો રાખી બને છેડાઓ ક્રમથી નાકનાં બંને છિદ્રોમાં નાખી, તે ક્રમથી મુખ વાટે બહાર કાઢી તે બંને છેડાઓને દૃઢ મેળની બેક જાતના દોરાથી સારી રીતે બાંધી, તે નેતીને બેક ગમ ધીરવા સેસની તેના બાંધેલા બંને છેડા નાક બહાર કાઢી, બોઢી, પછી સાવધાનતાથી નાસિકાના બેક છિદ્ર વાટે તે નેતી ધીરે ધીરે બહાર કાઢી લેવી. બા મુજબ નેતી કહેવાય છે. નેતીથી કપાળ તથા નાકનો મેલ તેમ જ સ્કંધસંધિની ઉપરના રોગ દૂર થાય છે. બા ક્રિયા સિદ્ધ થયા પછી બ્યાલામ પાણી બબળા દૂધ લઈ, નાસિકાનું બેક છિદ્ર બ્યાલા રાખી બીજા છિદ્ર વાટે તે પીવાનો બભ્યાસ કરવો. બાથી કરવાથી બારોગ્યની વૃદ્ધિ થતી બનાય છે.

નેતીધોતી બુઓ નેતીધૌતી.

નેતીધૌતી [સં.] સ્ત્રી. હઠયોગની બેક ક્રિયા. તેમાં કપડાની પાતળી પટ્ટી વાળીને બાંતરડાં સાફ કરવામાં બાવે છે.

નેતીયોગ [સં.] પું. હઠયોગની બેક ક્રિયા. તેમાં નસકોરા દ્વારા બીજું સૂતર દાખલ કરી, મુખના દ્વાર સુધી લાવી, તે છેડા પકડી ધવણ કરવામાં બાવે છે. બા ક્રિયાથી કફનો દોષ દૂર થતો હોવાનું મનાય છે.

નેતા [સં.] પું. નાયક; બાગેવાન.

નેતૃત્વ [સં.] ન. નેતાપણું; બાગેવાની.

નેતૃપદ [સં.] ન. નાયક તરીકેનું સ્થાન.

નેતોબોજ પું. બે નામની બેક ઊંચી જાતનો બનાજી બાંબો.

નેત્ર ૧. [સં.] પું. સોમવંશી યદુપુત્ર સાત્વતજિતના વંશના હૈહયકુલના ધર્મ નામના રાજાનો પુત્ર. તેના પુત્રનું નામ કુંતિ હતું.
૨. [સં. ની (દોરનું)] ન. બાંખ; નયન; ચક્ષુ.
૧. બોજનું નેત્ર ઊપડ્યું = ગુસ્સે થયું.
૨. નેત્ર ફૂટવાં = બાંધળા થવું.
૩. નેત્ર ભરવાં = રોવું.
૪. નેત્ર ભરાવાં = બાંસુ બાવવા.
૩. ન. જટા.
૪. ન. બાડનું મૂળ.
૫. ન. ઊંચું ઊનું ચિહ્ન.
૬. ન. નાડી.
૭. ન. બસ્તી બાપવાની ચૂળી.
૮. ન. રથ.
૯. ન. સ્વેબો ફેરવવાની દોરી; નેતરું.
૧૦. ન. રેથમી વજ્ર
૧૧. વિ. પ્રેરણા કરનાર.
૧૨. વિ. બો; બેની સત્તા.
૧૩. વિ. બાઈ જનાર; દોરનાર; પહોંચાડનાર.

નેત્રબ્રમી સ્ત્રી. બાંખનું બમૃત; માબાળુતા.

નેત્રકટાક્ષ [સં.] પું. બાંખનો પલકારો.

નેત્રકનીનિકા [સં.] સ્ત્રી. બાંખનો તારો.

નેત્રકમલ ૧. [સં.] ન. બાંખરૂપી કમળ; કમળ જેવી બાંખ.
૨. વિ. કમળ જેવી બાંખવાળું.

નેત્રકમળ બુઓ નેત્રકમલ.

નેત્રકલંક [સં.] ન. બાંખમાં ડાઘ હોવો તે.

નેત્રકરમણ ન. બાંખનું બાડ.

નેત્રકોટર [સં.] પું. બાંખનો ગોખલો; નેત્રગુહા.

નેત્રકોષ્ણક્षત [સં. નેત્ર (બાંખ) + કોષ્ણ (ખૂણો) + ક્षત (ઘા)] ન. બાંખના ખૂણામાં થતું નાસૂર.

નેત્રકોષ [સં.] પું. નેત્રપટલ; બાંખનો પડદો.

નેત્રગુહા [સં.] સ્ત્રી. બાંખનો ગોખલો. નાકની દરેક બાજુએ, મંજૂરના ફૂલ જેવા બાકારની બેક બેક નેત્રગુહા બાવેલી છે. તેની બંદર બાંખનો ડોળો રહે છે. દરેક ગુહાની દીવાલો સાત બસ્થિઓ સંધાઈને બનેલી છે. બામાંનાં ચાર બસ્થિઓ બા ગુહાનું દ્વાર બનાવે છે, જ્યારે બાકીનાં ત્રણ બને ગુહાનું મૂળ પાછલો ભાગ બનાવવામાં ભાગ

બે છે. દરેક નેત્રગુહાના ૭ ભાગ છે. જેમકે, નેત્રગુહાદ્વાર, નેત્રગુહામૂળ, નેત્રગુહાચ્છદિ, નેત્રગુહાભૂમિ, અંતઃપ્રાચીર તથા બહિઃપ્રાચીર.

નેત્રગુહ્યાંતઃપ્રાચીર [સં.] સ્ત્રી. નેત્રગુહાની અંદરની દીવાલ. તે લગભગ ઊભી છે. તે ઊર્ધ્વહનુવસ્થિનું નાસાકૂટ, અશ્રુપીઠાસ્થિ, ભર્ભરાસ્થિનું નેત્રફલક તથા અનુકાસ્થિના કરીરની બાજુનો થોડો ભાગ મળીને બનેલી છે. આ દીવાલના અગલા ભાગમાં અશ્રુપીઠાસ્થિ ઉપર રહેલા ખાડામાં અશ્રુધારિકા નામની ક્ષેત્રફળી રહેલી છે, તેમ જ ત્યાં અશ્રુવાહિની નામની નળી આવેલી છે. આંખનાં આંસુનું વધારાનું પાણી તથા આંખમાં નાખેલી દવા આ નળી દ્વારા નાકમાં આવે છે.

નેત્રગુહાચ્છદિ [સં.] સ્ત્રી. નેત્રગુહાનું ઢાપણ. તે પુરઃકપાલાસ્થિનું અભ્રકલક તથા અનુકાસ્થિની નાની પાંખનું બનેલું છે. તે પાતળું ત્રિકોણાકાર તથા અંતર્ગોળ ઢોર્યું, નેત્રગુહાને શિરોગુહાથી છૂટી પાડે છે. આ ઢાપણામાં જ પુરઃકપાલાસ્થિખાંનું ઢોકળ રહેલું છે. તેના બહારના ખૂણામાં અશ્રુગ્રંથિ ખાત આવેલો છે. તેમાં અશ્રુગ્રંથિ રહેલી છે.

નેત્રગુહાદ્વાર [સં.] ન. નેત્રગુહાનું બારણું. તે લગભગ ગોળ છે. તે દ્વારના ઉપલા ભાગમાં પુરઃકપાલનું નેત્રબ્રહિફલક રહેલું છે. તેના નીચલા ભાગમાં ઊર્ધ્વહનુવસ્થિનું નેત્રપીઠફલક રહેલું છે. તેના અંદરના ભાગમાં અશ્રુપીઠાસ્થિ રહેલું છે. તેના બહારના ભાગમાં ગંડાસ્થિનું અક્ષિકલક આવેલું છે.

નેત્રગુહ્યાબહિઃપ્રાચીર [સં.] સ્ત્રી. નેત્રગુહાની બહારની દીવાલ. તેનો અગલો અર્ધ ભાગ ગંડાસ્થિના અક્ષિકલક વડે, જ્યારે પાછલો અર્ધ ભાગ અનુકાસ્થિની મોટી પાંખ વડે બનેલો છે. આ દીવાલ ઉપર કૃષ્ણગહિક નામના રંધ્રમાર્ગનાં બે અથવા બે છિદ્રો માલૂમ પડે છે. નેત્રગુહાના છાપરાના તથા બહારની દીવાલના પાછલા ભાગો વચ્ચે પક્ષ્માંતરાલ નામનો માર્ગ ઊપડે છે તે મારફત આંખોની નાડીઓ, ધમનીઓ, શિરાઓ વગેરે બહાર આવે છે.

નેત્રગુહાભૂમિ [સં.] સ્ત્રી. નેત્રગુહાનું તળિયું. તે બધી દીવાલો કરતાં ટૂંકું છે. તે ઊર્ધ્વહનુવસ્થિનું નેત્રપીઠફલક તથા ગંડાસ્થિ અને તાલવસ્થિનો થોડો ભાગ મળીને બને છે. તે ત્રિકોણાકાર છે અને નેત્રગુહાને હનુગર્લકોટરથી જુદી પાડે છે.

નેત્રગુહામૂલ [સં.] ન. નેત્રગુહાનો ઊંડે પાછળનો ભાગ. તે ધતૂરાના પુષ્પના ડીંટિયા જેવો સળંગ છે. આ ભાગની આસપાસ ઘણા અસ્થિઓ રહેલાં છે. આ સાંકડા ભાગ ઉપર દૃષ્ટિનાડીબંધ માલૂમ પડે છે. તેમાં થઈને દૃષ્ટિનાડી તથા દૃષ્ટિધમની, શિરા વગેરે નેત્રગુહામાં દાખલ થાય છે. આ રીતની અંદરની બાજુ ઉપર અનુકાસ્થિમાંનું ઢોકળ આવેલું છે.

નેત્રગૃહ [સં.] ન. આંખનું ઘર; નેત્રગોળના રક્ષણ માટે નાકની દરેક બાજુએ ગહેરાના ઉપલા ભાગમાં ખોપરીમાં આવેલો ખાડો. તેમાં આંખ નેત્ર રહેલું છે.

નેત્રગોલક [સં.] પું. આંખનો ગોળો.

નેત્રગોળ પું. આંખનો ગોળો.

નેત્રઘૂર્ણન [સં. નેત્ર (આંખ) + ઘૂર્ણન (ગોળ ચક્કર ફરવું તે)] ન. નેત્રનખરાં; આંખના હાવભાવ.

નેત્રચાપ [સં.] ન. આંખરૂપી બાણ.

નેત્રચ્છદ [સં.] પું. આંખની પાંપણ.

નેત્રચ્છદિફલક ન. પુરઃકપાલનો એ નામનો ભાગ 'ઑર્બિટલ પ્લેટ.' તે ત્રિકોણાકાર છે અને નેત્રગુહાનો ઉપલો ભાગ તથા ઢાપણ બનાવે છે.

નેત્રચ્છેદ [સં.] પું. આંખની અંદર ચાકાપ કરવો તે.

નેત્રજ ૧. [સં.] ન. આંસુ.

૨. વિ. આંખમાં ઉત્પન્ન થનાર.

નેત્રજન્મ [સં.] વિ. આંખ વડે થતું.

નેત્રજલ [સં.] ન. આંસુ.

નેત્રજાલ [સં.] સ્ત્રી. અક્ષિપટ; નેત્રપટલ; આંખનો પડદો.

નેત્રદર્પણ [સં.] ન. નેત્રગોળનું ત્રીજું પડ; 'રેટિના.' આંખને માટે તે ઘણું અગત્યનું છે. તેની બહારની બાજુએ કાળા પદાર્થનો લેપ તથા અંદરની બાજુએ કાચરૂપ રસ છે. આંખની અંદર પદાર્થોની પ્રતિમા આ પડ ઉપર પડે છે. પછવાડેના ભાગમાં તે જરા ઘટ્ટ છે તથા દર્શનતંતુથી ભેદાયેલું છે. જેમ જેમ તે આગળ આવે છે, તેમ તેમ તે પાતળું થતું જાય છે. તેનો રંગ જરા રતાશ પડતો છે અને તે નરમ અને અર્ધપારદર્શક જણાય છે. નેત્રદર્પણનાં બારીક ત્રણ પડ છે. બહારનાં બે પડ બારીક રજકણનાં બનેલાં છે તથા અંદરનું પડ દર્શનતંતુઓનાં તાંતણાઓનું બનેલું છે.

નેત્રદર્શન [સં.] ન. આંખનો પડદો જોવો તે.

નેત્રદાન પું. આંખથી બીજા બતાવવી તે.

નેત્રદૃશ્ય [સં.] ન. આંખ વડે કાંઈ જોવું તે.

નેત્રદોર પું. આંખથી કે નજર કરી સત્તા ચલાવવાપણું.

નેત્રપરીષ ન. નેત્રગુહાની નીચે આવેલાં બે નાકેતું દરેક છિદ્ર.

નેત્રનખરાં ન.બ.વ. આંખના હાવભાવ.

નેત્રનાડી (નેત્રનાડી) ૧. સ્ત્રી. આંખની નાડી.

૨. સ્ત્રી. આંખનો એક રોગ. વાતાદિ દોષ આંખના આર્ત સંધિમાં પ્રવેશ કરી તે પોતાનાં લક્ષણોએ યુક્ત એવો સ્રાવ ઉત્પન્ન કરે તેને નેત્રનાડી કહે છે.

નેત્રનિધિ [સં.] પું. આંખરૂપી દરિયો; નેત્રમાં રહેલું ઊંડાણ.

નેત્રનિમીલન ૧. [સં.] સ્ત્રી. એ નામની નેત્રગુહાના દ્વારની આજુબાજુ ગોળ ગોળ વીંટળાયેલી એક પેશી. આ પેશી પોપચાંઓને તથા નાકની બાજુ ઉપરની આમડીને લાગેલી છે.

૨. ન. આંખો મીંચી જવી તે.

૩. ન. નાટકમાં એક જાતનો અનુભાવ.

નેત્રનૂર ન. આંખનું તેજ.

નેત્રનૃત્ય [સં.] ન. આંખો નાચવી તે; ઇશારો કરવો તે.

નેત્રપક્ષઘાત [સં.] પું. આંખનું બેડું પડી જવું તે.

નેત્રપટ [સં.] પું. આંખની અંદરનો જ્ઞાનતંતુમય પડદો. તેના ઉપર બહારની વસ્તુઓની આકૃતિ કે પ્રતિમા પડે છે.

નેત્રપટલ [સં.] પું. આંખમાં આવતું પડ; મોતિયો; આંખનો એક જાતનો રોગ.

નેત્રપડ (નેત્રપડ) ન. (વૈદક) નેત્રગોળના ત્રણ બાહેનો દરેક પડદો. તેનો નેત્રનો ગોળો બનેલો છે. પહેલું નેત્ર બાજ પડ શ્વેત તંતુમય, જાડું અથવા મજબૂત છે. પછવાડેની બાજુથી તે વધારે જાડું છે. તે ભાગમાં આવેલાં છિદ્ર વાટે દર્શનતંતુ નેત્રગોળમાં દાખલ થાય છે. આ પડ અપારદર્શક છે અને આખા નેત્રગોળનો ૫/૬ ભાગ રોકે છે. બીજું નેત્ર મધ્ય પડ અથવા કોરોઇડનેત્ર, બાજ પડના અંદરના ભાગમાં આવેલું છે. તેના આગળના ભાગને કનીનિકા ગંડળ તથા પાછળના ભાગને કોરોઇડ કહે છે. આ પડનો ઘણોખરો ભાગ લોહીની સૂક્ષ્મ નળીઓનો બનેલો છે. ત્રીજું પડ નેત્રદર્પણ અથવા રેટિના કહેવાય છે તે પડ નેત્રને ઘણું અગત્યનું છે. તેની બહારની બાજુએ કોરોઇડના કાળા પદાર્થનો લેપ આવેલો છે તથા અંદરની બાજુએ કાચરૂપ રસ છે. આ ત્રણ નેત્રપડ એક બીજાથી જોડાઈ ને એક નેત્રગોળ બને છે.

નેત્રપક્ષ્મ સ્ત્રી. આંખની દોરી.

નેત્રપક્ષ્મ [સં.] પું. આંખનો માર્ગ.

નેત્રપરીક્ષા [સં.] સ્ત્રી. આંખો તપાસી રોગને ખોળખવો તે.

નેત્રપર્યંત ૧. [સં.] કું. આંખનો છેડો; અપાંગ; આંખનો ખૂણો.

૨. વિ. આંખ સુધીનું.

નેત્રપલ્લવી [સં.] સ્ત્રી. આંખનો અણસારો; આંખના અણસારાથી સમજવવાની ભાષા.

નેત્રપાક [સં.] કું. એક જાતનો આંખનો રોગ.

નેત્રપાણી ૧. વ. આંખનું તેજ.

૨. ન. આંખમાંથી પડતું પાણી અથવા આંસુ.

નેત્રપિંગ કું. પ્રાણીઓની આંખમાં માલમ પડતો પીળો પદાર્થ.

નેત્રપિંડ ૧. [સં.] કું. આંખનો ગોળો; નેત્રગોલક.

૨. કું. ભિલામો; ભિલ્લી.

નેત્રપિંડી [સં.] સ્ત્રી. ભિલામી.

નેત્રપીઠ જુઓ નેત્રગોલક.

નેત્રપીઠતલ [સં.] વ. કનુપિંડની એક બાજુ. આ બાજુ સુંવાળી તથા ત્રિકોણાકાર હોઈ નેત્રકોટરના તળિયાના આગલા ભાગમાં રહેલી છે. આ બાજુની અંદરની સીમા ઉપર અસ્થીપીઠાંત નામનો આડો છે, જ્યાં તે અસ્થીપીઠાસ્થિ સાથે જોડાય છે. અંદરની સીમાનો બાકીનો ભાગ અનુક્રમે અર્ધચંદ્ર તથા તાલાસ્થિ સાથે જોડાય છે. તેના બહારના છેડા પાસે એક નાની ખાઈ છે, જેમાં અશ્રુ ને નેત્રપરીષ નાકી, પોપચાં તથા સિરા પસાર થાય છે.

નેત્રપુટ [સં.] કું. પોપચું.

નેત્રપુષ્કર [સં.] વ. કજરા નામની વનસ્પતિ.

નેત્રપુષ્કરા [સં.] સ્ત્રી. કજરા નામની લતા.

નેત્રપ્રબંધ [સં.] કું. આંખની પાંપણ.

નેત્રપ્રાંત [સં.] કું. આંખનો ખૂણો.

નેત્રફોસ સ્ત્રી. આંખમાં ખટકનારો કચરો.

નેત્રબંધ [સં.] કું. પાટાથી ન બાંધે તેમ આવી બે હાથ વડે આંખો ઢાંકી દેવારૂપ બાળકોની એક રમત; આખમીંચામણીની રમત.

નેત્રબાહ્યપટ (નેત્રબાહ્યપટ) [સં.] વ. આંખનું બહારનું પડ; આંખનો ધોળો ભાગ; નેત્રગોળનું એક શ્વેતતંતુમય બનેલું અને મજબૂત પડ. તે રંગે સફેદ છે અને અપારદર્શક છે. આગળના કરતાં તેનો પાછળનો ભાગ વધારે જાડો છે અને લાંબા છિદ્ર વાટે દર્શનતંતુ નેત્રગોળમાં દાખલ થાય છે. આ પડ આખા નેત્રગોળના ૫/૬ ભાગમાં આવેલું છે.

નેત્રભાવ [સં.] કું. સંગીત કે નૃત્યનો ભાવ. તેમાં માત્ર આંખની ચેષ્ટાથી સુખ, દુઃખ વગેરે અનુભવમાં આવે છે અને બીજું કોઈ અંગ હલતું ચલતું નથી. ગીતના અર્થને આંખની કીકીથી બતાવવા તે કીકીના નવ ક્રમ છે: ભ્રમણ, પોપચાંની અંદર કીકીઓનું ફરવું, વલન એટલે કીકીનું હલવું, ચાતન, દૃષ્ટિ ખૂણાવાળી કરવી, ચલન એટલે કીકી વગેરેનું કંપવું, સંપ્રવેશન એટલે કીકીનું અંદર પેસવું, વિવર્તન એટલે ફરાવ, સમકૃત એટલે કીકીનું ઊંચું થવું.

નેત્રભૂરકી સ્ત્રી. આંખ માંહેના ઊભાદક રજકિરણનો સમૂહ.

નેત્રમ સ્ત્રી. એક જાતની બેસ.

નેત્રમધ્યમપટ (નેત્રમધ્યમપટ) વ. નેત્ર બાહ્ય પડની અંદરની બાજુએ આવેલું એક ઝીણા રેસાનું બનેલું પડ. તેનો મધ્યોત્તરો ભાગ લોહીની સૂક્ષ્મ નળીઓનો બનેલો છે. તેનો પાછલો ભાગ વધારે જાડો છે અને તેમાં દર્શનતંતુ માટે એક છિદ્ર છે. આ પડ જેવું છે. તેના બહારના ભાગમાં રક્તનળીઓનો થર તથા અંદરના ભાગમાં કાળા પદાર્થનો થર અથવા લેપ છે.

નેત્રમર્દન [સં.] વ. આંખો ચોળવી તે.

નેત્રમલ [સં.] વ. આંખનો મેલ; ચીપડો.

નેત્રમળ જુઓ નેત્રમલ.

નેત્રમંડલ [સં.] વ. આંખનો ઘેરાવો.

નેત્રમંડળ જુઓ નેત્રમંડલ.

નેત્રમાન [સં.] વ. આંખ માપવાનું યંત્ર.

નેત્રમાર [સં.] કું. આંખમાંથી ઊઠતો વિષવાયુનો ભાવ.

નેત્રમાર્ગ [સં.] કું. નેત્રગોલકથી મગજ સુધી જતો એક તંતુ.

નેત્રમિતિ [સં.] સ્ત્રી. આંખનું માપ લેવું તે.

નેત્રમીલન [સં.] વ. આંખે આંખનું મળવું તે; ભાવમિલનનું એક સાધક ચિહ્ન.

નેત્રમીલ્લા [સં.] સ્ત્રી. વર્ષાઋતુમાં નામની લતા. તેના ઉપયોગથી આંખ બંધ રહે છે.

નેત્રયંત્ર [સં.] કું. આંખ માંહેનો દૂરદર્શક ભાગ.

નેત્રયુગલ [સં.] વ. બે આંખનું જોડું.

નેત્રયોનિ ૧. [સં.] કું. ઉદ્ભવ કરવો તે. ગોતમના શાપથી કરીર ઉપર કલ્પર યોનિનાં ચિહ્ન બન્યાં હતાં, જે પાછળથી નેત્રના ભંડારમાં બન્યાં હતાં.

૨. કું. કપૂર.

૩. કું. ચંદ્ર. તે અત્રિની આંખથી ઉત્પન્ન થયો હતો.

નેત્રરસ [સં.] કું. આંખ માંહેનો પારદર્શક રસ; આંખની અંદર ફિરણોનું વક્રીભવન કરનાર રસ. તેના ત્રણ પ્રકાર છે: પહેલો જળરૂપ રસ, બીજો સ્ફાટકરૂપ રસ અને ત્રીજો કાચરૂપ રસ. આંખના આગલા અને પાછલા બેઉ ખંડ જળરૂપ રસથી ભરેલા છે. કનીનિકાની પછવાડે તથા કાચરૂપ રસની આગળ સ્ફટિકરૂપ રસ આવેલ છે. તેની પછવાડે અને નેત્રદર્પણની આગળના પોલા ભાગમાં કાચરૂપ રસ છે.

નેત્રરસાયન [સં.] ન. આંખનું તેજ વધારવા વપરાતું ઔષધ.

નેત્રરંજન [સં.] ન. કાજળ, સુરમો વગેરે આંખમાં આંજવાની શોભારૂપ વસ્તુ.

નેત્રરુજ [સં. નેત્રરુજ્] સ્ત્રી. નેત્રરોગ; આંખનો રોગ.

નેત્રરોગ [સં.] કું. આંખનો રોગ. વૈદકમાં આંખના ૭૬ રોગ માનેલા છે, જેમાં ૧૦ વાયુથી થતા, ૧૪ કફથી થતા, ૧૬ લોહીથી થતા, ૧૦ પિત્તથી થતા, ૨૫ સન્નિપાતથી થતા અને ૨ બહારના કહ્યા છે.

નેત્રરોગનાશક [સં.] વિ. આંખના રોગનો નાશ કરનાર.

નેત્રરોગનાશન [સં.] વ. આંખના રોગનો નાશ કરવો તે.

નેત્રરોગપ્રદીપ [સં.] કું. આંખના રોગ દૂર કરવા માટેનું ઔષધ. હરડે, સિંધાલૂણ, એક ને રસાંજનના મિશ્રણથી તે બને છે.

નેત્રરોગહા ૧. [સં. નેત્રરોગહન્] કું. ધૂળિકાલી વૃક્ષ.

૨. વિ. આંખના રોગનો નાશ કરનાર.

નેત્રરોમ [સં. નેત્રરોમન્] ન. આંખની પાંપણના વાળ.

નેત્રલાલસા [સં.] સ્ત્રી. આંખનો વૈકારિક ભાવ.

નેત્રવતી [સં.] સ્ત્રી. (પુરાણ) ધ્રુવની માતાનું નામ.

નેત્રવર્ધન [સં.] વ. આંખ સંબંધી હકીકત જણાવનારી ચિઠ્ઠી.

નેત્રવર્મ [સં. નેત્રવર્મન્] કું. બંને પોપચાં વચ્ચેનો ભાગ.

નેત્રવર્ધિની [સં.] સ્ત્રી. નખલાનાં કલ્પર માંહેનું એક નામ.

નેત્રવસ્તિ [સં.] સ્ત્રી. એક પ્રકારની નાની પિચકારી.

નેત્રવસ્ત્ર [સં.] ન. આંખની પાંપણ.

નેત્રવાળો પું. ઝળો વાળો. વાળો જે જાતનો છે: એક સફેદ અને બીજો ઝળો. ઝવિંગવાદમાં બહું કરીને સફેદ વાળો વપરાય છે. ઝળા વાળાનાં ડાંખળાં સફેદ કરતાં જરા જાડાં થાય છે.

નેત્રવિકાર [સં.] પું. આંખોમાં થયેલો કેરફાર.

નેત્રવિદ્યા [સં.] સ્ત્રી. આંખ વિષેની વિદ્યા.

નેત્રવિષ ૧. [સં.] પું. એક જાતનો દિવ્ય સર્પ. તેની આંખમાં ઝેર હોય છે.

૨. [સં. નેત્રવિષ્] વિ. બીપડો; આંખનો મેલ.

નેત્રવિસ્ફોટન [સં.] ન. આંખો ફાડવી તે.

નેત્રવૈદ્ય જુઓ નેત્રવૈદ્ય.

નેત્રવૈદ્ય [સં.] પું. આંખનો વૈદ્ય; આંખના દરદનો વૈદ્ય.

નેત્રવ્યાધિ [સં.] પું. આંખનો રોગ.

નેત્રશર [સં.] પું. કટાક્ષ બાણ.

નેત્રશાસ્ત્રી જુઓ નેત્રવૈદ્ય.

નેત્રશુક્લ [સં.] ન. આંખ બહારનું કૂદું.

નેત્રશૂલ [સં.] ન. (વૈદક) આંખમાં થતો અસહ્ય અમળા પીડા. અધિમંથ, અભરવા કે અભિષ્યંદમાંથી આ રોગની ઉત્પત્તિ થાય છે. નેત્રશૂલના ચાર પ્રકાર છે. આ રોગથી આંખોને તીવ્ર વેદના અર્થ ક્રોધ સુધી બહુ દુઃખ થાય છે. કાચ, સિંધવ, તેજ અને ઓરવેદનાં મૂળ એકત્ર કરી, કાંસાના વાસણમાં અરસ કરી લેપ કરવાથી આ રોગ મટતો મનાય છે.

નેત્રશૂળ જુઓ નેત્રશૂલ.

નેત્રશોફ [સં. નેત્ર (આંખ) + શોફ (સોજો)] પું. આંખમાં બળતરા વળી તે.

નેત્રસમસ્યા [સં.] સ્ત્રી. નેત્રપ્રસ્થી; આંખથી સમસ્યામાં કહેવું તે.

નેત્રસરોજ [સં. નેત્ર (આંખ) + સરોજ (કમળ)] ન. કમળ જેવી આભા; આંખ રૂપી કમળ.

નેત્રસંકેત [સં.] પું. આંખનો ઇશારો.

નેત્રસંધિ [સં.] પું. આંખનો ખૂણો.

નેત્રસંયમ [સં.] પું. આંખો બંધ કરવી તે.

નેત્રસુખ [સં.] ન. આંખથી ઊપજતું સુખ.

નેત્રસ્તંભ [સં.] પું. આંખનું સ્તબ્ધ જવું તે; આંખના પલકારા બંધ જવા તે.

નેત્રસ્નાયુ [સં.] પું. આંખનો સ્નાયુ. તેના વડે આંખનો ડોળો ઉપર નીચે બંને બાજુએ ફરી શકે છે.

નેત્રસ્રાવ [સં.] પું. આંખમાંથી પાણી વહેવું તે.

નેત્રહર્ષક જુઓ નેત્રહાસ.

નેત્રહાસ [સં.] પું. આંખોનું હસવું તે; આંખમાં દેખાતો આનંદનો ભાવ.

નેત્રહીન [સં.] વિ. અંધ; આંધળું.

નેત્રા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

નેત્રાકર્ષક [સં. નેત્ર (આંખ) + આકર્ષક (ખેંચે એવું)] વિ. સ્પષ્ટ દેખાય; જાહેર.

નેત્રાકાર [સં. નેત્ર + આકાર] વિ. આંખના આકાર જેવું.

નેત્રાગરા ૧. સ્ત્રી. મોગલની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ

૩. વિ. એ નામની જાતિનું.

નેત્રાગ્નિ [સં. નેત્ર + અગ્નિ] પું. આંખનો અગ્નિ.

નેત્રાધરીય [સં.] ન. મંડાસ્થિનું આગલું પ્રવર્ધનક. તે ગણેશર હોઈ ઊર્ધ્વહનવસ્થિ સાથે જોડાયેલું છે.

નેત્રાધરીયછિદ્ર [સં.] ન. મૌખિક તલ ઉપર નેત્રકોટરની નીચલી કિનારીથી સહેજ નીચે આવેલું એ નામનું એક છિદ્ર.

નેત્રાધરીયા [સં.] સ્ત્રી. આંખના નીચેના ભાગમાં આવેલી ગ્રંથિ.

નેત્રાધાર [સં. નેત્ર + આધાર] પું. (રોગ) સોળ મહિનો ઉલ્કો આધાર. તેના મૂળમાં વર્તુલાકાર સિંદુ સમાન ઉદયનુષ જેવા રંગની જ્યોતિ છે. એ જ્યોતિને જોવાનો અભ્યાસ કરવાથી જ્યોતિ પ્રબળ થાય છે.

નેત્રાનંદદાયક [સં. નેત્ર (આંખ) + આનંદ + દાયક (આપનાર)] વિ. આંખને આનંદ આપનારું.

નેત્રાભિષ્યંદ [સં.] પું. આંખનો એક રોગ; આંખ આવવાનો રોગ. આ રોગમાં આંખો લાલ થઈ જાય છે અને બારે પીડા થાય છે. વાતજ, પિત્તજ, રક્તજ અને કફજ એ ચાર તેના પ્રકાર છે. વાતજ અભિષ્યંદમાં સોઈ ભોંકવા જેવી પીડા થાય છે, આંખમાંથી ઠંડું પાણી વહે છે અને માથું દુખે છે. પિત્તજમાં આંખો બળે છે અને બહુ પાણી વહે છે. ઠંડી ચીજ રાખવાથી આરામ માલૂમ પડે છે. કફજ અભિષ્યંદમાં આંખો બારે લાગે છે, બહુ સોજો આવે છે અને વારંવાર ઘાટું પાણી વહે છે. ગરમ ચીજોથી આરામ માલૂમ પડે છે રક્તજમાં આંખો બહુ લાલ રહે છે અને પિત્તજ અભિષ્યંદમાં બંધો લાલ થાય છે. આ દરદનો ઇલાજ કરવામાં ન આવે તો અધિમંથ રોગ થવાનો ભય રહે છે.

નેત્રામય [સં.] પું. આંખનો રોગ.

નેત્રારિ [સં. નેત્ર (આંખ) + અરિ (દુશ્મન)] પું. ચોર.

નેત્રાંજન [સં.] ન. આંજણ.

નેત્રાંજનશલાકા [સં.] સ્ત્રી. આંખમાં આંજી પણ આંજવાની સળી.

નેત્રાંત [સં.] પું. અપાંગ દેશ; આંખનો ખૂણો.

નેત્રાંતપીઠ [સં.] સ્ત્રી. પાર્શ્વપિંડની અંદરની બાજુ. આ ભાગ અત્યંત પાતળા, કોમળ તથા ચોખ્ખા અસ્થિપત્રકની બનેલી છે, કારણ તે નેત્રકોટરની અંદરની દીવાલ બનાવવામાં મુખ્ય ભાગ લે છે.

નેત્રાંતર [સં.] ન. આંખની અંદર.

નેત્રાંશ જુઓ નેત્રાંશુ.

નેત્રાંશુ [સં.] ન. આંખનું પાણી; આંસુ.

નેત્રાંબુજ [સં.] ન. કમળ જેવી આંખ; નેત્રસરોજ.

નેત્રિક [સં.] સ્ત્રી. એક પ્રકારની નાની પિચકારી.

નેત્રિકા સ્ત્રી. આંખ.

નેત્રી ૧. [સં.] સ્ત્રી. નદી.

૨. સ્ત્રી. નાડી.

૩. સ્ત્રી. લક્ષ્મી.

૪. સ્ત્રી. આગેવાન; દોરી જનારી કે દોરનારી સ્ત્રી.

૫. વિ. નેત્રવાળું; જેને આંખ હોય એવું.

૬. સ્ત્રી. મુખી.

બુદ્ધિ સૌની નેત્રી છે; આથી બીજી બુદ્ધિવાળો છળ સૌથી જોખમ છે. કૌમુદિમિત્ર

નેત્રેંદ્રિય [સં.] સ્ત્રી. આંખ.

નેત્રોત્સવ ૧. [સં.] પું. આંખનો આનંદ.

૨. પું. દર્શનીય વસ્તુ જોવાની મજા

નેત્રોન્મીલન [સં.] ન. આંખો ઊઘાડવી તે.

નેત્રોન્મીલની [સં.] સ્ત્રી. દરેક આંખની અંદર રહેલી અને ઉપલા પોપચાને ઉપર ખેંચનારી એક પેશી.

નેત્રોન્મેષનિમેષ [સં.] ન. આંખ મીંચવી ઉઘાડવી તે.

નેત્રોપમફૂલ [સં.] પું. બદામનું ઝાડ.

નેત્રૌષધ ૧. [સં.] ન. આંખની દવા; આંજણ.

૨. ન. મંદારિરિષ્ટ.

નેત્રૌષધિ જુઓ નેત્રૌષધ.

નેત્રૌષધી જુઓ નેત્રૌષધ.

નેત્રગણ [સં.] પું. નેત્રરોગ માટે ઉપકારી ઔષધિઓનો સમૂહ.

નેદિષ્ઠ ૧. [સં.] વ. અંગોટક નામનું એક ઝાડ.
૨. વિ. અત્યંત પાસે રહેલું; સૌથી નિકટનું.
૩. વિ. નિપુણ; હોશિયાર.

નેદિષ્ઠ પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકોર્ણ વર્ગનો છે. તેના પહેલા ચરણમાં મગણ, નગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર, બીજા ચરણમાં નગણ, રગણ, ભગણ, ભગણ અને બે ગુરુ મળી ચૌદ, ત્રીજા ચરણમાં તગણ, નગણ, રગણ, નગણ અને ગુરુ મળી તેર અને ચોથા ચરણમાં મગણ, નગણ, ભગણ, નગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે.

નેદિષ્ઠી [સં. નેદિષ્ઠિન્] પું. સહોદર; ભાઈ.

નેદીયસ્ [સં.] વિ. વધારે સમીપનું; બહું પાસે રહેલ.

નેન ૧. વ. આંખ; નેણ; નયન; નેત્ર.
નેનનો તારો = (૧) આંખની કીકી. (૨) બહું જ વહાલું માણસ.
૨. વ. નેનસુખ ઝાપ્પ.

નેનકલાઢ પું. એક જાતનું ધોળું ઝીણું સુતરાઉ કાપડ.

નેનકલાબ જુઓ નેનકલાઢ.

નેનબટ્ટ વ. આંખરૂપી ચોગઠે.

નેનબ્રાખી સ્ત્રી. આંખ ઊઘાડી બેસવું તે.

નેનનલિન સ્ત્રી. નેત્રકમળ.

નેનપદ્મ વ. આંખરૂપી કમળ; નેત્રકમળ.

નેનપારા પું. કટાક્ષબાણ.

નેનફૂલ જુઓ નેનપારા.

નેનવા [હિં.] વ. આંખ.

નેનસુક જુઓ નેનસુખ.

નેનસુખ વ. ઝીણા વણાટનું સુતરાઉ કાપડ.

નેનાં ન.બ.વ નયન; આંખ. કવિતામાં વપરાય છે.

નેનિ સ્ત્રી. ચોમની એક ક્રિયા. તેમાં નાકના એક છિદ્ર દ્વારા પાણી ચડાવી બીજા છિદ્ર દ્વારા બહાર કાઢવામાં આવે છે.

નેનીં સ્ત્રી. પ.વૈતી.

નેનુઆ [હિં.] પું. એ નામની એક ભાજી કે તરકારી.

નેનુઆં [હિં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અજમોદાતકી.

નેનુજી ૧. સ્ત્રી. બાળવૃત્તી એ નામની એક જાતક.
૨. વ. એ નામની જાતકનું માણસ.
૩. વિ. એ નામની જાતકનું.

નેપ ૧. [સં.] પું. ચોર; પુરોહિત.
૨. પું. પાણી.

નેપથિન [અં.] પું. હાથ લૂછવાનો રૂમાલ.

નેપચ્યૂન ૧. [અં.] પું. (જ્યોતિષ) એ નામનો સૂર્યની આસપાસ ફરતો એક ગ્રહ. આ ગ્રહ સૂર્યમાળામાં છેલ્લાનો છે. સને ૧૮૪૬ પહેલાં કોઈ તે વિષે જાણતું ન હતું. અત્યાર સુધીમાં જોવામાં આવ્યા છે, તેમાં આ સૌથી દૂર છે. નોટાર્યમાં તે ત્રીજા દરજ્જાના ગ્રહોમાં છે. તેનો વ્યાસ ૪૭,૦૦૦ માઈલ છે. સૂર્યથી તેનું અંતર ૨,૮૦,૦૦,૦૦,૦૦૦ માઈલ જેટલું છે, તેથી તેને સૂર્યની આસપાસ ફરતાં ૧૬૪ વર્ષ લાગે છે, એટલે કે નેપચ્યૂનનું એક વર્ષ આપણા ૧૬૪ વર્ષ બરાબર થાય છે. નેપચ્યૂનને ૧ ઉપગ્રહ એટલે ચંદ્ર છે. આ ચંદ્રનો પત્તો પણ ૧૮૪૬ના ઓક્ટોબરમાં લાગ્યો હતો. તે નેપચ્યૂનની આસપાસ ૫ દિવસ, ૨૧ કલાક, ૮ મિનિટમાં ફરે છે. તેની પેલી પાર કોઈ ગ્રહ હોય એવો સંભવ દેખાતો નથી. તેનું દ્રવ્ય પૃથ્વીના ૧૭ ગણ જેટલું છે. તેનું વૈરલ્ય પૃથ્વીના પાંચમા ભાગ જેટલું એટલે પાણીથી સહેજ વધારે છે. સૂર્ય આસપાસ તેની પ્રદક્ષિણા ૧૬૪ વર્ષમાં થાય છે. એટલે એ ગ્રહ જહી આવ્યો ત્યારથી ત્રીજા ભાગની પ્રદક્ષિણા પણ પૂરી કરી નથી. ૪૦૦ પ્રકાશના દૂરબીનમાંથી આજ એનું ભિન્ન ગોળાની શકાય છે. તેનો દૃશ્ય વ્યાસ ફક્ત ૩ વિકળા છે. અતિ દૂર હોવાને લીધે તેની કક્ષાની આસપાસ ફરતાં કેટલો સમય લાગે છે તે સમજાતું નથી. તેવી જ રીતે તેની શરીરરચના બાબતમાં પણ દૂરબીનથી કાંઈ સમજાતું નથી. વર્ણલેખક યંત્રથી પણ હજુ સુધી કાંઈ સમજાયું નથી. તેના ઉપગ્રહની કક્ષા ક્રાન્તિવૃત્ત સાથેનો કાટખૂણો ૧૪૫ અંશનો છે, એટલે તેની ગતિ પશ્ચિમથી પૂર્વમાં નથી, પરંતુ ઊલટી છે.
૨. પું. વરુણ દેવ; જળદેવ.

નેપટા સ્ત્રી. એક જાતની માછલી.

નેપથ્ય ૧. [સં.] ન. અલંકાર; સામગ્રી.
૨. વ. રંગભૂમિ.
૩. વ. રંગભૂમિ ઉપરનો પડદો.
૪. વ. રંગભૂમિના પડદાની પાછળનો ભાગ; વેશસ્થાન. જ્યાં રહી નટો કપડાં બદલે છે અથવા પ્રવેશ બહારની કહેવાની વાતો સંભળાય એમ બોલે છે.
૫. વ. વેશ; ખાસ; વરુ પોષાક.

નેપથ્યપાલિની [સં.] સ્ત્રી. નેપથ્યનું રક્ષણ કરનારી સ્ત્રી.

નેપથ્યવિધિ [સં.] પું. પોષાક બાંધવું એક વિજ્ઞાન.

નેપથ્યાભિમુખ [સં. નેપથ્ય (પડદા પાછળની જગ્યા) + અભિમુખ (તરફ)] વ. પડદા તરફ જોઈને; પડદાની સામે.

નેપથ્યોક્તિ [સં.] સ્ત્રી. નાટક ભજવતી વખતે પાછળથી બોલાયેલ શબ્દો.

નેપાર વિ. બેદરકાર; પુરુષાળ.

નેપાલ ૧. [સં. પું. હિંદુસ્તાનની ઉત્તરે હિમાલય પર્વતની તળેટીમાં આવેલો એ નામનો એક પહાડી પ્રદેશ. નેપાલ નામ સંબંધી બહું અનુમાન થાય છે. કેટલાક લોકો કહે છે કે, તિબેટ અને તેની આસપાસની અનાર્ય જાતિઓ પોતાની ભાષામાં આ પ્રદેશ, જ્યાં ગુરખા વસે છે, તેને પાલ કહે છે. સિક્કિમ, ભુતાન વગેરેના લોકો નેપાલના પૂર્વભાગને ને કહે છે. તિબેટી ભાષામાં ઊનને પણ પાલ કહે છે. લેપ્ચા, મેચાર વગેરે જાતિઓની ભાષામાં ને શબ્દનો અર્થ પહાડની ગુફા થાય છે. તિબેટ અને ભર્માના લોકો ને શબ્દનો અર્થ પવિત્ર ગુફા અથવા દેવતાથી રક્ષિત સ્થાન કહે છે કેટલાક એમ કહે છે કે, નેવાર જાતિને લીધે નેપાલ નામ પડ્યું છે. વિદ્વાનો શુદ્ધ શબ્દ નવપાલ માનીને નેપાલનો અર્થ નવાનું પાલન કરનાર કહે છે. ને નામના ઋષિએ તે વસાવ્યું પણ મનાય છે રાજા અને પ્રજા જ્યાં નિયમનું પાલન કરે છે, તે ઉપરથી પણ નેપાલ નામ પડ્યું મનાય છે. રામાયણ, મહાભારત વગેરેમાં આ દેશનું નામ જોવામાં આવતું નથી. પુરાણોમાં સ્કંદપુરાણના રેવાખંડ, નાગરખંડ અને સહ્યાદ્રિખંડમાં તથા ભવિષ્યપુરાણમાં આ દેશનો ઘોડોબધો ઉલ્લેખ મળે છે. બૃહત્સંહિતામાં પણ નેપાળનું નામ આવે છે. શક્તિસંગમતંત્ર, બૃહન્નીલતંત્ર અને વારાહીતંત્ર આદિ કેટલાક તંત્રોમાં નેપાલનું વર્ણન મળે છે શક્તિસંગમતંત્રમાં જલેશ્વરથી ગોગેશ્વર સુધીના દેશને નેપાલ કહેલ છે અને તેને અતિ જ સિદ્ધિદાયક બતાવ્યો છે જૈન હરિવંશ તથા હેમચંદ્રની સ્થવિરાવલીમાં પણ નેપાલનો ઉલ્લેખ મળે છે. નેપાલી જોંધોનાં તંત્રો અને પુરાણોમાં નેપાલનું માહાત્મ્ય અલૌકિક કથાઓ સહિત મળે છે.
૨. વ. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના બંને ગોઠણ પડ્યા હતા.

નેપાલકંબલ [સં] પું. નેપાલ દેશમાં બનેલ કામળો

નેપાલજ [સં] સ્ત્રી. મનઃશિલા; મૅનસિલ.

નેપાલજાતા જુઓ નેપાલજા.

નેપાલનિંબ [સં.] પું. નેપાળનો લીંબડો એક પ્રકારનું કરિયાતું; અજાંતક. વૈદકમાં નેપાલી નીમને કાર્ય કરે ગરમ, પોચવાળી, હલકો, કડવો તથા પિત્ત, કફ, સોજો, રુધિરરોગ, તૃષા અને જ્વરને દૂર કરનાર માનેલ છે.

નેપાલમૂલક [સં.] પું. હસ્તિકંદના જેવો એક કંદ; નેપાળી મૂળો.

નેપાલ સંવત [સં. નેપાલ સંવત્] પું. ભારતીય ચૈત્રાદિ માંહેનો એક સંવત; નેવાર સંવત. તે ઈ. સ. ૮૭૯ થી શરૂ થાય છે. ઠાકુરી વંશના રાજા અંશુવર્મદેવના પુત્ર જયદેવમલ્લે આ સંવત ચલાવ્યો. નેપાલમાં પ્રથમ શુદ્ધ સંવત અને પછી કર્ણ સંવત ચાલતો હતો. તે બે સંવત પછી આ સંવત નેપાલમાં પ્રચલિત થયો અને ઈ. સ. ૧૭૬૮ સુધી પ્રચારમાં રહ્યો. એ સમય પછી રાજ્યપલટાને લીધે રાજકીય લખાણોમાં નેવાર સંવતને બદલે શક સંવત માલૂમ પડે છે.

નેપાલિકા ૧. [સં.] સ્ત્રી. ચનઃસિમ; ચૈનસિમ.
૨. સ્ત્રી. સોમલ.

નેપાલી ૧. [સં. નેપાલિન્] પું. નેપાલનો રહેવાસી.
૨. [સં.] સ્ત્રી. એક જાતની ભાષા.
૩. સ્ત્રી. એક પ્રકારની કસ્તૂરી.
૪. સ્ત્રી. ચૈનસિમ; ચનઃસિમ.
૫. વિ. નેપાળ સંબંધી.
૬. વિ. નેપાળનું; નેપાળમાં બનાવું.

નેપાળ જુઓ નેપાલ.

નેપાળજા જુઓ નેપાલજા.

નેપાળજાતા જુઓ નેપાલજા.

નેપાળી જુઓ નેપાલી.

નેપાળી કરિયાતું ન. એ નામની એક જાતનું કરિયાતું. દેશી કરિયાતું અને નેપાળી કરિયાતું એમ કરિયાતાની બે જાત છે. નેપાળી કરિયાતું ઉષ્ણ, યોગવાહક, લઘુ અને કડવું છે. તે કફ, પિત્ત, સોજો, રક્તરોગ, તૃષા અને જ્વરનો નાશ કરનાર મનાય છે.

નેપાળો પું. રેચક બીવાળી એક વનસ્પતિ. હિંદમાં તે બહુ સાધારણ છે. ઔષધમાં તેનાં બીજ અને તેલ વપરાય છે. બીજ સંભ્રમોળ થાય છે અને તેની ખાલુ ઉપર વાંકે દોર છે. તેની ઉપલી બાજુ કાળી થાય છે. મોગલી એરંડાનાં ફાડ જેવાં જ નેપાળાનાં ફાડ થાય છે. મોગલી એરંડાનાં પાંદડાં કરતાં તેનાં પાંદડાં નાનાં હોય છે. આ ફાડ કોઠામાં પ્રાંતમાં પુષ્કળ થાય છે. નેપાળો મોટો વિરેચક મનાય છે. નેપાળાને શુદ્ધ કરી અનેક ઔષધોમાં નાખાય છે. નેપાળો તીવ્ર રેચક છે. નેપાળાનો રેચ આપ્યા પછી ચોખા, દહીં અને સાકર ખવરાવાય છે. તે સારક, કડવો, તીક્ષ્ણ, અગ્નિદીપક, તીખો, અતિ ઉષ્ણ, વિસ્ફોટ તથા ભેદક ગણાય છે અને કૃમિ, આમ, જંતુ તથા ઉદરરોગનો નાશ કરનાર મનાય છે. વીંછીના વિષ ઉપર નેપાળો પાણીમાં વાટી તેનો લેપ કરવો. સર્પના વિષ ઉપર નેપાળાનાં બિયાંમાંના મગજને લીંબુના રસના ૨૧ પુટ કાંઈ બારીક ખરલ કરી લાંબી ગોળી કરવી અને તે ગોળી માણસની જાળમાં ઘસી અંજન કરવું. આધાશીશી ઉપર મોટા પરોઢિયે નેપાળાનાં બે કે ત્રણ બિયાંમાંનું મગજ કાઢી લીંબડાના રસમાં ઘસવું અને જે બાજુનું માથું દુખતું હોય તે બાજુની આંખ પાસેથી કપાર ઉપર સળીથી ચોપડવું. બીજું ખરાબ થઈ પણ તે જ દિવસે બાધિ દૂર થાય છે. અથવા જે બાજુનું કપાળ દુખતું હોય તે બાજુના કાનમાં રસ નાખવો. આ રસ નાખતા પહેલાં કાનમાં બીજું કાંઈ જોટલે કાનમાં દાહ થતો નથી. આ પ્રયોગ પરોઢિયે કરી પછી ચોડી ઊંઘ લેવી. કોઢવિષ ઉપર નેપાળાનાં મૂળ છાશમાં ઘસી પાવાં અને એ જ મૂળ પાણીમાં ઘસી શરીરે પણ લેપ કરવો. ગંડમાલ ઉપર નેપાળાનાં પાંદડાં વાટી તેના અંજરસની પેપડી બાંધે મૂકવી લેપ કરવો.

નેપાળો આપવો = (૧) ખૂબ ધમકાવવું; કપડો દેવો. (૨) રેચક દવા આપવી. (૩) સખત રેચ આપવો.

નેપીઅર ન. એક જાતનું ઘાસ.

નેપુર [સં. નૂપુર; પ્રા. ણેઉર] ન. નૂપુર; ઝાંઝર; ઝીણા ઘઘરું ઘરેણું.

નેપુરિયું જુઓ નેપુર.

નેપુરો ૧. સ્ત્રી. ઝાંઝરી.
૨. ન. એક જાતનું વાજું.

નેપે નેપે ક્રિ. વિ. ધીમે ધીમે.

નેપોલિયન ૧. [અં.] પું. એ નામનો ફ્રાન્સનો એક ગણનીય સિક્કો.
૨. પું. એ નામનો ફ્રાન્સનો ભૂતપૂર્વ મહાન સમ્રાટ.
૩. પું. પગનું ચામડાનું સારું જેવી રમી શકે એવી મંજાની એક રમત.

નેફરત ન. વેરી નિધું.

નેફરી સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.

નેફો (નેફા) [ફા.] પું. ઓટલું; કોરાની કાંઠે મારી હોય તે; ભરિયો.

નેફાત્તૂર વિ. વિમુખ; બંધટ; ક્રમી.

નેફાળ વિ. પેટ વગરનું; ગર્ભાશય વિનાનું.

નેફો પું. ગીબ ઉપરની સરહિયાની ખોળ; મુરવાળ કે ચણિયાની ખોળ. તેમાં નાડી ઘાલવામાં આવે છે.

નેફા વગરની નાત = કડા નિયમ કે અવસ્થાના બંધન વગરની નાત.

નેબ [ફા. નાયબ] પું. સહાયક; મંત્રી, દીવાન..

નેબગૌડત પું. વસિ અમલદારની ગેરહાજરી દરમિયાન તેનું કામ કરનારો હાથ નીચેનો અધિકારી.

નેમ્બો પું. (જ્યોતિષ) શુભ મહ.

નેમ્ફુલા [અં.] સ્ત્રી. આકાશમા ધુમાડા જેવો દેખાયેલો સૌરજ પ્રકાશપુંજ; નીહારિકા.

નેભાડો (નેભાડો) પું. માટીનાં વાસણ પકવવાની ભઠ્ઠી; નીભાડો.

નેભો જુઓ નેભાડો.

નેમ ૧. [સં.] પું. અન.
૨ પું. અન્ય; બીજું
૩. પું. અર્ધ ભાગ.
૪. પું. અવધિ.
૫. પું. (જૈન) એ નામના એક તીર્થંકર.
૬. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે રાવવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૮ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૭. પું. કપટ; ધૂર્તપણું.
૮. પું. કાળ; સમય; વેળા.
૯ પું. કિલ્લો.
૧૦. પું. ખંડ; કુકડો.
૧૧. પું. ખાડો.
૧૨. પું. ધર્મની લીધેલી પ્રતિજ્ઞા; વ્રત; બાધા; નીમ; નિયમ; ધર્મની દૃષ્ટિથી કોઈ ક્રિયાનું પાલન.
નેમ લેવો = નિયમ કે બાધા કે વ્રત પાળવાનું નક્કી કરવું.
૧૩. પું. ભૂતપ્રેત વગેરેને અપાયેલ બલિ.
૧૪. પું. મૂળ; જડ.
૧૫. પું. સાર્વકાળ.
૧૬. સ્ત્રી. કચાશ; કરાબ.
૧૭. સ્ત્રી. ધ્યાન.
૧૮. સ્ત્રી. નિયમ; ધારો
નેમ કરવી-બાંધવી-લેવી = (૧) ટેવ પાડવી. (૨) ઓળતણ લેવી.
૧૯. સ્ત્રી. નિશાન; તીર મારવાને ધારેલું બિંદુ.
૧. નેમ તાકવી = (૧) નિશાન તાકવું. (૨) હેતુ રાખવો.
૨. નેમ લેવી = નિશાન તાકવું.

૨૦. સ્ત્રી. પવિત્રતા.
૨૧. સ્ત્રી. રિવાજ; રીત; ચાલ; રૂઢિ.
૨૨. સ્ત્રી. હદ; મર્યાદા; અવધિ.
૨૩. સ્ત્રી. હેતુ; આશય.
૧. નેમ ચૂકવી = (૧) નિશાન ચૂકવું. (૨) હેતુ પાર પાડવામાં નિષ્ફળ થવું; કામ પાર ન પાડવું; ધ્યેય ચુકાવું.
૨. નેમ પાર પાડવી = હેતુ સિદ્ધ થવો.
૩. નેમ પાર પાડવી = હેતુ પર પાડવો.
૨૪. વિ. ઊંચું.
૨૫. વિ. દિશાથી ઉત્તરે રહેલું.

નેમકાવો પું. ગોલાની રમતમાં નવમી વખતની ચોટ.

નેમકૂક જુઓ નિમકૂક.

નેમધર્મ પું. પુણ્યપાઠ, વ્રત, ઉપવાસ વગેરે.

નેમધારી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો ભેદ છે. તેમાં જગણ, ભગણ, રગણ અને લઘુ મળી ૧૫ વર્ણ હોય છે.

નેમધિતિ [સં.] સ્ત્રી. સંગ્રામ.

નેમનાથ પું. (જૈન) એ નામના ત્રાવીસમા તીર્થંકર. તેઓ સુરપુરી અટકમાં સમુદ્રવિજય રાજાની શિવાદેવી નામની રાણીને પેટે જન્મ્યા હતા અને ગિરનાર ઉપર સમાધિનિષ્ઠ થયા હતા.

નેમપત્ર પું. દસ્તાવેજ; ઇકરારનામું.

નેમભાર્ગવ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૧૦૦મા સૂક્તની ૧-૯, ૬-૧૨ ઋચાઓના કર્તા એક ઋષિ.

નેમલ જ. નકો; જરૂર.

નેમવિજય પું. એક પ્રાચીન ગુજરાતી જૈન કવિ જેણે શીલવતીનો રાસ લખ્યો છે.

નેમવું અ. ક્રિ. ઠરાવવું; નીમવું.

નેમા જુઓ નીમાડો..

નેમાટે જુઓ નેમાજે.

નેમાદિત્ય પું. રાષ્ટ્રકૂટ રાજાના વંશમાં થઈ ગયેલ એ નામનો એક સદ્વિવો.

નેમાવરઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

નેમિ ૧. [સં.] પું. (જૈન) એ નામના ત્રાવીસ અવસર્પિણી કાળના ત્રાવીસમા તીર્થંકર; નેમિનાથ; નેમનાથ.
૨. પું. કૂવા ઉપરનો ગોળ ભાગ કે ચબૂતરો.
૩. સ્ત્રી. કૂવાનો રેંટ; કૂવા ઉપરની ગરગડી
૪. પું. તિનિશ વૃક્ષ; ધોળો ખેર.
૫. પું. પૈડાનો પરિધ; ચૌરસ્યો નેમી.
૬. પું. (પુરાણ) ભદ્રિની સેનાનો પ્રમુખ દૈત્ય.
૭. પું. રથની મૂઠ.
૮. પું. વજ્ર.
૯. પું. સીમા.
૧૦. સ્ત્રી. કૂવાની પાસેનો સપાટ પ્રદેશ.
૧૧. સ્ત્રી. પૈડાનું ચક્ર.
૧૨. સ્ત્રી. પ્રાંત ભાગ.

નેમિકુમાર જુઓ નેમિનાથ.

નેમિચક્ર [સં.] પું. (પુરાણ) પરીક્ષિત રાજાના વંશનો એ નામનો એક રાજા.

નેમિજિન જુઓ નેમિનાથ.

નેમિનાથ [સં.] પું. (જૈન) એ નામના ત્રાવીસ અવસર્પિણી કાળના ત્રાવીસમા તીર્થંકર. તેઓ સૌરિપુર અથવા મથુરામાં જન્મ્યા હતા. તેઓ શ્રી કૃષ્ણના પિતરાઈ હતા. ઉગ્રસેન રાજાની કુંવરી રાજુલ સાથે તેમનું સગપણ થયું હતું. લગ્નપ્રસંગ પ્રસંગ જતાં જોરવ માટે પૂરેલાં પશુઓનો પોકાર સાંભળી તેમના ઉપર દયા લાવી પરણ્યા વગર પાછા વળી ગયા હતા અને ગિરનાર ઉપર દીક્ષા લીધી હતી. નેમિનાથનું ચિહ્ન શંખનું હતું. તેઓ ગિરનાર ઉપર સમાધિસ્થ થયા હતા.

નેમિનિર્વાહ [સં.] પું. ગાગડે લખેલું એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

નેમિશ [સં.] પું. નૈમિષારણ્ય.

નેમી ૧. [સં. નેમિન્] પું. તિનિશ વૃક્ષ; એક જાતનું ઝાડ; મીણોહરો.
૨. સ્ત્રી. કૂવા ઉપરની ગરગડી.
૩ [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર મહિનું એક નામ
૪. સ્ત્રી. પૈડાનો પરિધ; ચકધાર.
૫. વિ. ધાર્મિક વૃત્તિથી પુણ્યપાઠ, વ્રત, ઉપવાસ વગેરે નિયમિત કરનાર.
૬ વિ નિયમનું પાલન કરનાર.

નેમીખર્ચ [ગ.] પું. નકી કરેલો અથવા આંકી આપેલો ખર્ચ.

નેમીનાથ જુઓ નેમિનાથ.

નેમીશ્વર જુઓ નેમિનાથ.

નેમો પું. વાળંદ.

નેય ૧. [સં.] પું. વિષ્ણુનાં કાંઠાર મહિનું એક નામ. જ્ઞાનમય પદ પણ તે છે. વળી ભક્તજનોને પ્રેમ કરવા યોગ્ય પણ તે છે.
૨. સ્ત્રી. નદી.

નેયણી સ્ત્રી. નખ ઉતારવાનું વાળંદનું સાધન.

નેયાયિકતા [સં.] સ્ત્રી. એ નામનો કાવ્યનો એક દોષ.

નેરું ન. ઝાડ કરવતના વાંસને ઊંચે લટકાવવા માટે વપરાતું દોરડું.

નેર ૧. સ્ત્રી. નમરી. જેમકે, વાંકનેર, ચાપાનેર.
૨. ન. ઘર; ગૃહ.

નેરડું (નેરડું) ન. નાનો વોંકળો; વહેળો.

નેરણ ન. પાણી; નીર.

નેરણી જુઓ નેપણી.

નેરણું ન. નજર ન પડે તેટલા માટે કાન પાસે કરવામાં આવતો કાજળનો ચાંદલો.

નેરતા [હિ] સ્ત્રી. નૈર્ઋત્ય દિશા.

નેરવાતી પું. મુલતાનમાંનું નીલા રંગનું એક પહાડી પેદુ. તેની જિનના કામળા વગેરે બને છે.

નેરિળ ન. એક જાતની વનસ્પતિ.

નેરી ૧. [સં. નેરિન્] પું. ઉંદર.
૨. સ્ત્રી. એક જાતની ઝીણી વેલ. તેનાં ફૂલ ધોળાં, મુલાયમ, કે જાંબુડી છાયા લેતાં આવે છે. તેનાં પાન કરચલી ભરી જેવાં હોય છે. પાનની બાજી આવે છે. તેનાં મૂળ વૈદક છે.

નેરુમ્મા [હિં] ન. પરાળ; એક જાતનું ઘાસ.

નેરું ૧. ન. ચોમાસામાં પાણી વહેતું હોય તેવો નાનો વોંકળો.
૨. વિ. ન્યારું; જુદા જ પ્રકારનું.
હવે હસ્તમાલ, રમાલ સુકોમલ નામ,
નિમળ નિરખ્યા નેરા રે. ગોવિ
૩. અ. નજીક; પાસે, ભોરું.

નેરૂ [ફા.] પું. શક્તિ; બળ.

નેરે અ. નજીક; સમીપ

નેરેડી (નેરેડી) ન. એ નામનું એક ઝાડ; જાંબુડો.

ને લખને અ. ને કારણે; ને અંગે.

નેલપ્રશ [અં.] ન. નખ સાફ કરવાનું એ નામનું એક સાધન.

ને લીધે અ. ને કારણે; ને પરિણામે.

નેલ્લાકારકોરા જો. એક જાતનું ઝાડ; પેમાર.

નેવ ૧. [હિં.] પું. પાયો.
નેવ જમાવવો-ધરવો = પાયો ભરવો.
૨. [સં. નીવ; પ્રા. ણિવ્વ] ન. છાપરાના ઢોળ ઉપરનાં નળિયાં. તેમાંથી પાણી ટપકે છે.
નેવનાં પાણી મોસે ન ચડે = અશક્ય વસ્તુ બની ન શકે.
૩. ન. બન્ને નેવાનાં પાણીનો પડતા હોય તે જગ્યા.

૪. ન. નળિયું.
૫. ન. નળિયામાંથી પડતું પાણી.
નેવ નાચવુ = કહે તેમ કરવું.
૬. વિ. નેઉ; સોમાં દસ ઓછું; ૯૦.

નેવકંબોડી (નેવકંબોડો) સ્ત્રી. ખોરડાના નેવે નળિયાંની આડમ્ય માટે ખીલાસણીને બદલે બાંધવામાં આવતી આડી બપાટ.

નેવકું અ. સમૂળગું; ઠામકું; બિલકુલ; સાવ.

નેવજ [સં. નૈવેદ્ય] પું. (હિંદી) દેવતાને અર્પિત કરવાની ખાવાની વસ્તુ; ભોગ.

નેવજ પું. એક જાતનો સૂકો મેવો; ચિલગોજા.

નેવજી [હિં.] સ્ત્રી. એક જાતનું ફૂલ.

નેવતા ૧. [હિં.] પું. આમંત્રણ.
૨. પું. વિવાહે આવેલાં માણસોએ આપેલી પૈસાની ભેટ; પસ.

નેવધારી પું. ઘર ઉપર આવેલ મહેમાન.

નેવધોરોમ ૧. [હિં.] પું. ધર્મની લીધેલી પ્રતિજ્ઞા.
૨. પું. ધાર્મિક ક્રિયા.
૩. પું. નિયમ; સિદ્ધાંત.

નેવર ૧. [હિં.] પું. ઘોડાના એક પગનું ઘરેણું તે પગે સાથે વસાવવું તે.
૨. સ્ત્રી. ઘોડાનો એક પગ બીજા પગ સાથે ભટકાવાનો દોષ અને તેથી પડતું આવું.
નેવર સામવી = ઘોડાનો એક પગ બીજા પગને વામવો.
૩. સ્ત્રી. સૂતરનું જાડું નાડું.
૪. ન. ઘોડાના પગનો ઢાંકણા ઉપરનો ભાગ. જ્યાં તેને ઝાંઝર પહેરાવવામાં આવે છે.
૫. [સં. નૂપુર; અપ. જ્ઞેઉર–નેવર] ન. ઝાંઝર; પગનું એક ઘરેણું.
૬. ન. સીમા બાંધવા કાંસાનું જાડું કડું. તે ગાંડા માણસના પગે નાખવામાં આવે છે.
૭. વિ. આગલા પગ બદ્ધાવાના રોગવાળું.
૮. [સં. ન (નહિ) + વર (સારું)] વિ. ખરાબ.

નેવરા [હિં.] સ્ત્રી. લાલ કપડાની ઝરીની ખોલી.

નેવરી ૧. સ્ત્રી. આસામ, બંગાળ અને સિક્કિમ તરફ બોલાતી એક ભાષા.
૨. [સં. નવમલ્લિકા] સ્ત્રી. એક જાતનું ઝાડ; બટમોગરો. તેનાં સુગંધીદાર ફૂલ દવામાં ઉપયોગી છે. તેમાંથી તેલ નીકળે છે. આ વનસ્પતિ શીતળ અને રક્તદોષ મટાડનાર મનાય છે.
૩. સ્ત્રી. એક જાતનું સોનાનું ઘરેણું.
૪. સ્ત્રી. એક જાતનો વેલો. તેમાં ધોળાં કે ફીકાં આસમાની ફૂલ આવે છે. પેશાબની બટકાયત દૂર કરવા તેનાં વરાળવાળાં પાન પેડુ ઉપર બંધાય છે. આ વેલો પ્રમેહ અને પાંડુરોગ ઉપર ઉપયોગી મનાય છે.
૫. સ્ત્રી. પાંદડાંવાળું અને દેખાવનું એક ઝાડ. આ ઓદું ઝાડ કોંકણમાં વિશેષ થાય છે. તેનાં પાંદડાં લાંબાં હોઈ ઉપરે પહોળાં થતાં ગયેલાં હોય છે. તેનું લાકડું ઇમારતના કામમાં આવતું નથી. તેને લીલોળી જેટલા લાંબા અને તે કરતાં જરા જાડા ગોળ ફળ આવે છે. તેની છાલ મચ્છીમાર લોકો જાળ રંગવાના કામમાં લે છે. તેમાં ધોળા રંગનાં ઝીણાં ઝીણાં સુગંધીદાર ફૂલના ગોટા આવે છે. તેનાં પાન પેટ ઉપર બંધાવી બાંધવામાં વપરાય છે.
૬. સ્ત્રી. પીળાં ફૂલવાળો એક જાતનો છોડ; પીળા અડસાલે ચઢના; છીંકણો.

નેવલ ૧. સ્ત્રી. દેડકરોળા.
૨. [અં.] સ્ત્રી. ડૂંટી; નાભિ.
૩. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય.
૪. સ્ત્રી. ભેડી; બંધ; હડ.
૫. ન. ઘેટાના પગ બાંધવાનું દોરડું.
૬. ન. એક જાતનું ઘરેણું.
૭. વિ. નૌકા સંબંધી.

નેવલ એન્જિનીઅર [અં.] પું. નૌકાઓ, વહાણ અને તેના સાંધા સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

નેવલા [સં. નકુલ] સ. (હિંદી) નોળિયું.

નેવલી ૧. સ્ત્રી. પૈસાની થેલી.
૨. ન. જાજમનું ઝાડ.

નેવલું ન. નેવું; નેવ; ઝાપરાના નળિયાનો છેડો.
આજ રે વરસાદ નેવલે પાણી. દયારામ

નેવલે અ. નેવે; નેવાગ્રે, જોખમે, નેવલે પાણી.

નેવવળો પું. નેવાને ટેકારી રાખનાર લાકડાનો કટકો; નેવજું; નેવજો.

નેવસ્થળ ન. પીડ; મકાનની મેડક.

નેવળ જુઓ નેવલ.

નેવળી ૧. સ્ત્રી નહી મોટે ઝાડ સરથી પાંચ ઉંચની લંબાઈનો એક જાતનો છોડ. તેનાં પાન નાગલનાં પાન જેવાં અને લીલાં રાખ છે. રેશમી કપડાં ધોવાના કામમાં તેનો ઉપયોગ કરાય છે.
૨. સ્ત્રી. નૂપુર; ઝાંઝર.
મારે પગ પગમાંયે નેવળી,
મારી કાંણીએ રતન જડાવ્ય.
રંઢળાળી રાસ

નેવંછી સ્ત્રી. એક જાતનું ફૂલ.

નેવા ૧. [હિં] પું. કહેવત; લોકોક્તિ.
૨. પું. બબડાટ.
૩. પું. રીતિ; રિવાજ; દસ્તૂર.
૪. વિ. મીન; ભોળું નદિ જેવું; શાંત.
૫. વિ. સમાન; સરખું.

નેવાઇયું વિ. ફળોમાં ઊભા રહીને કેળાં ખાવાના ઢોડા ન દેખાય તેટલાં નીચ.
. નેવાંવાળું, આવું ઘર આખીવાળું ગણાય છે.

નેવાણી સ્ત્રી. નેવાં પડવાની જગ્યા; નેવાં નીચેની જગ્યા; નેવના પાણી પડવા માટે રાખેલાં બે ઘર વચ્ચેની સાંકડી લાંબી ગલી; નવેળી.

નેવાર ૧. પું. એ નામનો એક દેશ; નેપાલ.
૨. સ્ત્રી. ખાટલાની પાટી.
૩. [હિં.] સ્ત્રી. નેપાળમાં વસતી એ નામની એક જાત. આ જાતના લોકો નેપાળના કારીગરો અને બાગાયતો છે. અસલ તેઓ બીજાના વતની હતા.
૪. સ્ત્રી. માપવાની દોરી.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.
૭. જુઓ નેપાલ સંવત.

નેવારકાળ પું. એ નામનો સંવત. જુઓ નેપાલ સવત.

નેવારાં ૧. [હિં.] સ્ત્રી. નાની ઢોલી.
૨. સ્ત્રી. મોટી રાખડી.

નેવારી ૧. [સં. નેપાલી] સ્ત્રી. (હિંદી) ભૂર્જ કે ચમેલીની જાતનો એક છોડ. તેનાં પાન ભૂર્જનાં પાદડાં જેવાં હોય છે. તેમાં ભૂર્જનાં ફૂલ કરતાં જરા મોટા સફેદ ફૂલ આવે છે. ફૂલોમાં મીઠી સુગંધ હોય છે. આ વેલા જંગલમાં બહુ હોય છે. વરસાદમાં તે બહુ ફાલે છે. મૂત્રાઘાત ઉપર નેવારીનાં બિયાં ઠંડા પાણીમાં ઘસીને ચોપડવાથી આરામ થતો મનાય છે. આ વેલાને વલ્લીમોગરી, રાનમોગરી, વનમલ્લિકા, વનમાલિની અને નેવરી પણ કહે છે. નેવારી તીખી, કડવી, શીતળ, સુગંધિ તથા લઘુ છે અને ત્રિદોષ, નેત્રરોગ, કર્કરોગ તથા સર્વ રોગની નાશક મનાય છે.
૨. સ્ત્રી. ઝીણા સુવાળા વાળ; નિમાળી.
૩. સ્ત્રી. દસથી પચીસ ફૂટ સુધી ઊંચું ઝિતનું એક ઝાડ. તેના ફૂલ બહુ જ સુગંધી હોય છે. સુકાયા પછી પણ 'પોરસલીની ગાદલ તે સુગંધ આપે છે.
૪. સ્ત્રી. નેપાળની એ નામની એક જૂની ભાષા તથા લિપિ.
એમાં સંસ્કૃત, નેવારી, પર્શિઅન અને ફ્રેંચ ભાષાઓનો સંમેલ થયો. પ્રસ્થાન

૫. સ્ત્રી. નેપાળમાં વસતી એ નામની એક જાત.
૬. ન. એ નામની જાતનું માણસ.
૭. વિ. એ નામની જાતનું.

નેવાલો પું. કોળિયો.

નેવારી જુઓ નેવાણી.

નેવારી જુઓ નેવાણી.

ને વાસ્તે અ. કે સારું ને કાજે; ને માટે; ને અર્થે.

નેવાળ સ્ત્રી. એક જાતનો વેલો; મલાળ; પોઈ. તેનાં પાન ગૂંદીનાં પાન જેવાં પણ તેથી મોટાં અને લાંબાં હોય છે. તેમાં મરી જેવાં જાંબલી રંગનાં ફળ આવે છે. તેમાંથી ચિરમટી રંગ નીકળે છે.

નેવાળી સ્ત્રી. એક જાતનું ફળઝાડ.

નેવાંવળી સ્ત્રી. ભીંતથી નેવાં સુધીનાં છાપરાં હોય તે ખૂણાનું છાપરું.

નેવિ [અં.] ન. દરિયાઈ લશ્કર; નૌસેના; જલસેના; નૌકાસૈન્ય.

નેવિગ્રૂ ૧. [અં.] પું. એક જાતનો વાદળી રંગ.
૨. વિ. વાદળી રંગનું.

નેવું [સં. નવતિ; પ્રા. ણઉઈ–ણઉઅ] વિ. નેવું; બેંતાલીસ ઉપર; સોમાં દસ ઓછું.

નેવું ૧. [સં. નીવ; પ્રા. ણિવ્વ] ન. છાપરાના ઢોળા ઉપરનાં નળિયાં. તેમાંથી પાણી બહાર પડે છે.
૧. નેવાનાં નીર–પાણી મોસે આવ્યાં = (૧) અવળે રસ્તે જવું. (૨) ઊલટસૂલટ થઈ જવું. (૩) નદિ વગા જેવું થવું; અસંબંધિત હોય એવું બનવું.
૨. નેવાં પડ્યાં = નેવાંમાં વરસાદનું પાણી નીચે પડવું.
૩. નેવાં વહી નીકળ્યાં–નેવે પાણી આવ્યાં = ઘણા માલે ઝોટકો વરસાદ વરસ્યો; નેવેથી પાણી ટપકવાં.
૪. નેવાંનાં મોસે = (૧) અસહ્ય લાગવું. (૨) પરિસ્થિતિ તદ્દન ઊલટી થવી તે.
૫. નેવે પાણી આવવાં = નેવાં ઉપરથી પાણીની ધાર આવે તેટલો વરસાદ થવો.
૬. નેવે મૂકવું = (૧) ઊંચું મૂકવું; દૂર મૂકવું. (૨) છોડી દેવું; તજી દેવું. (૩) પરવા ન કરવી; ઉપેક્ષા કરવી. (૪) ભૂલી જવું; યાદ ન રાખવું. (૫) વિસારી મૂકવું; સંભાળ ન લેવી.
૭. ભરવા આવ્યા, તે નેવે મૂકવું = એક કાને સાંભળવું અને બીજે કાનેથી કાઢી નાખવું.

૨. ન. છાપરાના ઢોળનાં નળિયાંમાંથી પડતું પાણી.
૩. ન. છાપરાના ઢોળની બંને તરફનો નીચલો ભાગ.
૪. ન. નળિયું.
૫. [સં. નવતિ; પ્રા. ણઉઈ–ણઉઅ] વિ. સોમાં દસ ઓછા; ૯૦

નેવ્યાશી [સં. નવન્ + અશીતિ] વિ. એંસી અને નવ; નવ્વાણું; ૮૯.

નેવ્યાસી જુઓ નેવ્યાશી.

નેશ ૧. [સં.] પું. ડંખ.
૨. પું. નાકમાંથી પાણી ઝરે અને તે પાછી અસહ્ય બીકને જેવો બોદાનો એક રોગ.
૩. પું. રક્ષણ; ઠેકાણું; જગ્યા.
નહિ તજ જેમ સો દાવન નેશ. હરિરસ
૪. [સં. નેષ્ટ] વિ. અનિષ્ટ; અપશુકનિયું.
૫. વિ. કંજૂસ; લખીચૂસ; લક્ષિદી.
૬. વિ. બરાબર; દુષ્ટ; ઘાતકી; નઠારું.
૭. [અ. નેહસ] વિ. નાલાયક; અયોગ્ય.
નેશ પગલાંનું = નહિ પગલાં જેવું.
૮. વિ. દીવું; કમનસીબ.
૯. ન. પાસે.

નેશકાર ૧. [સં.] વિ. ભાગવું નાખનાર.
૨. વિ. ઢગલો કરાવનાર.
૩. વિ. ચાડી ખાનાર.
૪. વિ. ડંખ મારનાર.

નેશકારી ૧. [સં.] સ્ત્રી. ભાગવું નાખવાની ક્રિ.
૨. સ્ત્રી. ઢગલો કરવો તે.
૩. સ્ત્રી. ચાડી ખાવી તે.
૪. સ્ત્રી. ડંખ મારવાપણું.

નેશન ૧. [અં.] પું. એક જ કેસમાં અથવા એક જ રાજ્ય કે શાસન નીચે એકતાબદ્ધ રહેનાર લોકસમુદાય; રાષ્ટ્રસમૂહ.
૨. સ્ત્રી. રાષ્ટ્ર.

નેશનલ [અં.] વિ. પ્રજાકીય; રાષ્ટ્રીય; સાર્વજનિક; રાષ્ટ્ર સંબંધી; રાષ્ટ્રનું.

નેશનલ કૉંગ્રેસ [અં.] સ્ત્રી. અખિલ પ્રજાકીય મંડલ; રાષ્ટ્રીય સભા.

નેશનલ ગેઝેટિઅર [અં.] સ્ત્રી. જાહેર ગિરજાઘર.

નેશનલ ચોર ફૂડ [અં.] પું. રાષ્ટ્રીય ખોરાકનો મોરચો.

નેશનલિઝમ [અં.] ન. પ્રજાવાદ; રાષ્ટ્રવાદ; પ્રજાપક્ષવાદ.

નેશનલિસ્ટ [અં.] વિ. પ્રજાકીય; પ્રજાપક્ષનું; રાષ્ટ્રવાદી.

નેશરતર ૧. [સં.] પું. ભાલું.
૨. વિ. કંજૂસ; લોભી વૃત્તિનું.

નેશ્ચા સ્ત્રી. નિશ્ચય; વિશ્વાસ; ભરોસો; પતીજ.

નેષ્ટ ૧. પું. સોમયજ્ઞમાં કર્મ કરતા એક પ્રકારના ઋત્વિજ; નેષ્ટા.
૨. વ. ભાલું; અનિષ્ટ; અમંગળ.
૩. [સં. ન (નહિ) + ઇષ્ટ (ઇચ્છવા યોગ્ય)] વિ. અનિષ્ટ; અનિચ્છનીય; અપ્રિય.
૪. વિ. નઠારું; ખરાબ; દુષ્ટ.
દંખ ભારે પૂરવ દીસે,
પણ નેષ્ટ હાસે વેસ. ભાણદાસ
૫. વિ. નિષિદ્ધ; નિષેધેલું; મના કરેલું.
નેષ્ટ કરવું = નષ્ટ કરવું; દૂર કરવું; નાશ કરવો.
૬. વિ. દીવું; કમનસીબ.

નેષ્ટા ૧. [સં.] પું. ત્વષ્ટા દેવતા.
૨. પું. સોમયજ્ઞ કરાવનાર બ્રાહ્મણ; સોમયજ્ઞના પ્રધાન ઋત્વિજોમાં બીજાનો ક્રમ.

નેષ્ટી સ્ત્રી. સલાહકાર; પ્રધાનની.

નેષ્ટુ [સં.] વ. બાકીનું કે.

નેસ ૧. પું. ઊંટના મોટા દાંત. તેના ઉપરથી ઊંટની ઉંમર જાણી શકાય છે.
૨. [સં. નેસ (ડંખ)] પું. જંગલી જનાવરના આગલા કોઈ પણ વસ્તુ પકડવાના અણીદાર દાંત.
૩. પું. (વહાણવટું) ચોમાસામાં પાણીવાળો ખાંકરો પાણીનો વહેતો ફાંટો; ખાડી; ખેનસ.
૪. પું. ચોકી મુકાતનો વસવાટ.
૫. પું. નળિયા વિનાનું છાપરું; ઘાસ, કરાડી વગેરેથી બનેલું છાપરું.
૬. પું. પાણીનો ઝરો; વહેળો.
૭. પું. બકરાને બેસાડવાની જગ્યા.
૮. [સં. નિવેસ; પ્રા. ણિવેસ] પું. ભરવાડોએ જંગલમાં બાંધેલાં ઝૂંપડાંનું ગામડું; માલધારીઓનો કે વણઝારી વગેરે ભટકતી કોમોનો વચ્ચમાંનો ઝૂંપડાંનો ભર્યો; ગોવાળિયાઓને રહેવાની જગ્યા. ઘણીવાર ઓછો ઢોર ચારવા જંગલમાં આવે છે અને ત્યાં કામચલાઉ છાપરાં બાંધી નાના ગામડા જેવું બનાવે છે તે નેસ કહેવાય છે.
૯. પું. ભરવાડનું ઝૂંપડું.

૧૦. [સં. ન (નહિ) + ઇષ્ટ (ઇચ્છવા યોગ્ય)] વિ. અનિષ્ટ અનિચ્છનીય; અપશુકનિયું.
નેસ પગલાંનું = નહિ ઇચ્છવા જેવું.

૧૧. વિ. કમનસીબ.
૧૨. વિ. કંજૂસ.
૧૩. વિ. દળદરી.
૧૪. વિ. હલકું; ખરાબ; ઊતરતું દુષ્ટ અધમ.

નેસડી (નેસડો) ૧. સ્ત્રી. નાનું પરું.
૨. સ્ત્રી. નેસમાં રહેતા માલધારીની સ્ત્રી.
એક વાણિયાને હાટે સહુ નેસડીઓ એક પળ
એક પોતાની સાચવના લોભ કમરે છે.
નાન્હ–નાગમતે

નેસહું (નેસડું) ન. નાનો નેસ; માલધારીઓને રહેવાનું વગડામાંનું નાનું સ્થળ.

નેસડો (નેસડો) ૧. [સં. નિવેશ; પ્રા. ણિવેસ] પું. ગામો અને ગોવાળોને રહેવાનું સ્થળ કારીવાડો.
૨. પું. ગોવાળ; ગામોને રાખવાનો વાડો.
૩. પું. ઘરવાળું ઝૂંપડું.
૪. પું. ઘરવાડોએ બંધાયેલાં ઝૂંપડાંનું ગ્રામ.

નેસધિયા સ્ત્રી. (જૈન) રાત્રિદિવસના આદેશથી યંત્રશસ્ત્રાદિકનું આકર્ષણ કરવું અથવા સજ્જ કરાવવાં, વાપ કૂવા ખોદાવવાં વગેરેથી જાગતી ક્રિયા.

નેસલડો (નેસલડો) જુઓ નેસડો.

નેસવાસી વિ. નેસમાં રહેનાર.

ને સારુ અ. ને વાસ્તે; ને કાજે; ને માટે; ને અર્થે.

નેસાલ [સં. લેખશાલા–લેહસાલા–લેસાલ–નેસાલ] સ્ત્રી. (જૂ. પ્ર.) નિશાળ; શાળા.
અહિં નેસાલ પઢવાઈ અત્ર;
એહાચાર કરઈ અહિં અત્ર. પ્રબોધચિંતામણિ

નેસાલી [સં. લેખશાલા] સ્ત્રી. (જૂ. પ્ર.) નિશાળ.
નેસાલીયી વલી આવિ ચાટી અહિક હાથ.

નેસાલીઉ પું. (જૂ.પ્ર.) નિશાળિયો; વિદ્યાર્થી.
પંડિત પ્રથમ અક્ષરાવઈ ચલી,
નેસાલીઉ કરઈ નીસલી. વિદ્યાવિલાસ

નેસાલીઆ પું. (જૂ. પ્ર.) નિશાળિયો; વિદ્યાર્થી.
સાલ સાજ પુરિ ભણ લિખી,
નેસાલીઆ કરાવ્યા મુખી. વિદ્યાવિલાસ

નૈસિયન ૧. સ્ત્રી. પ્રાચીન ભારતમાં વાઈ ગયેલ એ નામની એક સ્વતંત્ર જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

નેસો પું. ઢુકાનો ઊભખો. તેમાં પાણી ભરવામાં આવે છે.

નેસ્કો ફ્રેરીન્જિયલ કન્જેંકટાઇટિસ [અં.] ન. નાક અથવા ગળાના કોઈ પણ ભાગમાં ઝપાટાથી ચોપાવિ પહોંચાડવાની ક્રિયા; ' રમે. '

નેસ્ખી સ્ત્રી. એ નામની એક સેમેટિક લિપિ.

નેસ્ટોરિયન સ્ત્રી. એ નામની એક સેમેટિક લિપિ.

નેસ્ત [ફા.] વિ. અસ્તિત્વ; નાબૂદ; ન હોય એવું.

નેસ્તનાબૂત જુઓ નેસ્તનાબૂદ.

નેસ્તનાબૂદ ૧. સ્ત્રી. બાળસ.
૨. [ફા. નેસ્ત (ન હોય એવું) + નાબૂદ] સ્ત્રી. વિનાશ; નાશ; પ્રલય; નિર્મૂળ; નિર્નામ; જડમૂળથી વિચ્છેદ.
૩. વિ. નષ્ટભ્રષ્ટ; જડમૂળથી નાશ પામેલું; હતું ન હતું થયેલું.

નેસ્તી ૧. [દે. લેસ્તિ] પું. ખોરાકની વસ્તુ વેચનાર વેપારી; મોદી; બાંધી.
નેસ્તીની ગ્રા ખાટલે મરે = વૈદનાં બાટલે; સાધન હોય ત્યાં તેનો ઉપયોગ ન થઈ શકે.
૨. સ્ત્રી. બાળસ.
૩. સ્ત્રી. કુસ્તીની લડત બાંધેનો એક પ્રકારનો દાવ. કુસ્તીની લડતમાં હાથ પકડી નાખવો, સામાન બાંધવો, કોઈ પકડવી એવી રીતે સામાને નુકસાન પહોંચે એવા દાવ કરવા તે નેસ્તી કુસ્તી કહેવાય છે.
૪. સ્ત્રી. મરીનાઈ.
૫. સ્ત્રી. નાબૂદી; નાશ; બરબાદી; લય; ક્ષય
૬. [ફા.] સ્ત્રી. નિનહ્યાતી; અનસ્તિત્વ; ન હોવું તે.

નેસ્તીબરા વિ. બાળકું; સુસ્ત.

નેસ્તીવાડ (નેસ્તીવાડ) સ્ત્રી. કહેવત જે ગામમાં અનાજ વગેરે ખોરાકનો પરચૂરણ સામાન વેચનારાની દુકાનો હોય તે વસ્તી; ખોરાકી બાંધેનું એક ચોકું; બાંધીવાડો.

નેસ્ર પું. આસ્શોનો એ નામનો એક દેવ; નેસ્રક. આસ્શાનિસ્તાનના નાનિવાન શહેર પાસે પર્વત ઉપર એક ગીધની આકારની પોતી મૂર્તિ છે. તે મૂર્તિ આ દેવની હોવાનું કેટલાક માને છે.

નેસ્રક જુઓ નેસ્ર.

નેહ ૧. પું. (જૈન) કર્મપુદ્ગલમાં પ્રતો રસ.
૨. પું. ગામો અને ગોવાળોને રહેવાનું જંગલ માંહેનું ઠેકાણું; જંગલમાં માલધારીઓનાં ઝૂંપડાંનો સમૂહ; નેસડો; નેસ.
૩. પું. ગોવાળ.
૪. પું. ઘેસાવું; ચાંદખું.
૫. પું. ઘીનાં, તેલનાં, ચરબી વગેરેને લગતો સજાતીય કોચો એક રોગ.
૬. [સં. સ્નેહ; પ્રા. ણેહ] પું. ચીકાશવાળો પદાર્થ; ઘી, તેલ વગેરે.
૭. [સં. સ્નેહ; પ્રા. ણેહ] પું. પ્રેમ; પ્યાર; વહાલ; સ્નેહ.

નથી લઘુ નેહ અતિ અલ્પી પૂરી,
બાધ પાઈ ધારા;
સૂકાયા મહેં આતપ નાખી,
વહીએ દૈવ વિડાયા.
સીતાહરણ (પંદરમી સદી)
નેહ લાગવો = પ્રેમનો સંબંધ થવો.
૮. સ્ત્રી. બાળ બાંધો દેવાનો ડટ્ટો.
૯. [ફા. ને] સ્ત્રી. ઢુકાની બાંધડાની નળી.
૧૦. અ. નક્કી; જરૂર.
હું નેહ મરીશ સૂખ. પ્રેમાનંદ

નેહભેસું વિ. સ્નેહમાં ઘેલું; પ્રેમ માટે મરી ફીટે એવું; બહાવરોસું.

નેહચળ સ્ત્રી. નિયમ; જરૂર; મોકસ.
સખીઆહું સરધાર, નગરમાં નેહચળ બહું;
બલ્યાં હોઇ બનાર, રહ્યાહું રમિજે ઘણું.
નાગ નાગમદેનો દુહો

નેહચું ન. છેડો; નાળચું.
દુહો બાલમખાન બ્યાં ઘિરો હતો સાંધો ન
હાથના અંતર પર રાખી તેના નેહચાને બાંધી
પર મૂકી ચાળી તે દરવાજા બહી જવા લાગી.
નારાયણ વિસનજી

નેહજડ (નેહજડ) જુઓ નેહજડ.

નેહજડ સ્ત્રી. પ્રેમની ચોટ; લગની.
નદકુંવર શું નેહજડ લાગે. નરસિંહ

નેહજડ (નેહજડ) સ્ત્રી. પ્રેમની ચોટ; લગની.
બ્યું નરસૈયો નેહજડ લાગી. નરસિંહ

નેહડો (નેહડો) ૧. પું. ચુકાદો; નિવેડો.
૨. પું. નેસ; નેસડો.
એ ઉપરથી પોતે નેહડા સમીપ છે એમ અનુમાન કરી શકે છે. પુરાતત્ત્વ
૩. પું. નેહ; પ્રેમ; સ્નેહ.

નેહનખલું વિ. પ્રેમને લીધે ખાટીલા અને સુંદર દેખાવનું.
આમને આરે આવ્યો,
હો નાવ્યા નેહનખલાં. દીપુડી

નેહપાળી પું. (પિંગા) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, તગણ, રગણ, સગણ, તગણ, જગણ, ભગણ અને સગણ મળી કોષ્ટક અક્ષર આવે છે. તેમાં બારમા અક્ષર પછી યતિ એટલે વિસામો આવે છે.

નેહભંગ પું. સ્નેહ તોડવો તે; વહાલ ઓછું કરવાપણું; પ્રેમસંબંધ તોડી નાખવો તે.
રમત મારી હરિ ભાન ગયો,
કરેલ સભા વહી નેહભંગે. મીરાંબાઈ

નેહલીનું વિ. પ્રેમથી ભીંજાયેલું; પ્રેમાતુર સ્નેહથી રસભસ બનેલું; હેતાળ.

નેહભાર્દવ વ. પ્રેમમાં મૃદુતા અથવા કોમળતા.

નેહમી જ. હમેશા; સદા; રોજ.

નેહર જી. નહેર; મોટી નદીમાંથી ખેતરોમાં પાણી પહોંચાડવા માટે બનાવેલ મોટો ધોરિયો.

નેહરી ૧. જી. વામરી.
૨. જી. નહેરથી પીતી જમીન.
૩. જી. નહેરી તેલ. માથામાં નાખવાનું તેલ.
૪. જી. નેહો.
સવાને કાજે સાયરો રે,
પહેરવાનું વસ્તર અડું;
શીતળ જળે નાહી ઊજરીને,
નહિ નેહરી ને નાહું. પ્રેમાનંદ

નેહરો ૧. જી. કશ્મીર તરફના લોકોની એ નામની એક અટક.
ઘર નહેરને કાંઠે હતું, એટલે એ પરવાળાના નામને નેહરુ શબ્દ લાગ્યો. મહાદેવ દેસાઈ
૨. જ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નેહલુ [સં. સ્નેહ] પું. પ્રેમ; નેહ.
તું વાં માણહ માહરુ,
હું વાં તાહરી પરિ નારી છ,
જનમ એક અંતરિ ગયુ,
હો નેહલુ મ વિસારિ છ. કાન્હડદેપ્રબંધ

નેહલું પું. પ્રેમ; નેહ; સ્નેહ.

નેહલો પું. કૂવાની મરામતીમાંની લોઢાની ઘરી.

નેહવંતું વિ. પ્રેમાળ; સ્નેહાળ; સ્નેહભીનું.

નેહા ૧. પું. પ્રેમ; સ્નેહ.
૨. પું. મસાલો વાટવાનો પત્થર; છીપરી.
૩. પું. રસ્તો.
૪. પું. હદ; સીમા.

નેહાઈ અગરવાળ ૧. જી. કાઠિયાવાડ ગુજરાતમાં વસતા વારણની મુખ્ય પાંચ માંહેની એ નામની એક વેપારી જ્ઞાતિ. તેના રીતરિવાજ અગરવાલ તથા રખારી જેવા હોય છે.
૨. જ. એ નામની વેપારી જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની વેપારી જ્ઞાતિનું.

નેહાકો (નેહાકે) પું. નિઃશ્વાસ; નિસાસો.

નેહાકુળી ૧. જી. કરીબનું દુઃખ ટાળવાને વિયોટીમાંથી અમુક અંશ જુદો કાઢવો તે.
૨. જી. ભોગ; અર્પણ.
૩. જી. વિનંતિ કરવાપણું.

નેહાયત વિ. ખુશી; આનંદિત; આનંદ પામેલું.
હાજર રહેવાઓનાં દિલ તેમને જોઈને બહુ નેહાયત થયાં હતાં. મુંબઈ સમાચાર

નેહારી [અ. નહારી] જી. નાસ્તો; હિરામણ; નહારી.

નેહાલ વિ. પૈસાદાર; સાહુકાર.

નેહાલવું ક્રિ. વિ. નિહાળવું; જોવું.
દરબ્બ માંહે નેહાલી મેલ્યું. નરસિંહ

નેહાવ જ. નીરમ; વહાણ ઊભું ન પડે તેટલા માટે તેના બંદારિયામાં રાખવાનો ભાર.

નેહાળ વિ. સ્નેહાળ; પ્રેમાળ.
નથી નેહાળ નાની બાળ એ.
ગુલબુલરીઓ રાસ

નેહી વિ. સ્નેહ કરનાર; પ્રેમી; સ્નેહી.

નેહીલો (નેહીલે) પું. પ્રેમી પુરુષ; આશક.
નાખ્યો નિર્દય નેહીલો; અહું,
હવે તેમાં શું સોચે તું બે! બોટાદોક્તિ

નેહુર ૧. પું. એ નામનો એક અનાર્ય દેશ.
૨. વિ. એ નામના દેશમાં રહેનાર.

નેહુરી જ. હમેશા; હરરોજ; સદા; નેહમી.

નેહેર જી. કાંસ; નેહર.

નેહેરખાતું જ. નહેરો સંબંધી ખાતું; કાંસ સંબંધી કામ ઉપર દેખરેખ રાખનાર ખાતું; ' ઇરિગેશન ડિપાર્ટમન્ટ.'

નેહેસ્ત વિ. નીચ; અધમ; હલકું; દુષ્ટ.

નેહેસ્તકદમ વિ. બરાબ પગલાંનું; અલગારી; દુર્માગી.
બાબાબોરો બહુ રંગ પર ચઢ્યા અને આ નેહેસ્તકદમ ટાબર હોવને નાતો બાબવાનો તેમણે ઠામ-ઠર્યો. અહાંગીર બરજોરજી

નેળ ૧. જી. બારી વચ્ચેનો બાવળ કાંટીમાં જઈને જવાનો સાંકડો રસ્તો; બેની બને બાજુ ઊંચા વગેરેની વાડ જઈ જઈ હોય એવો લાંબો અને સાંકડો રસ્તો.
૨. જી. નવેળું; નળોકડી; નાળ; નેળિયું; સાંકડી ગલી.
નેળનાં અટકચાં—જ્યાં તું નેળમાં રહેશે ? = જીવનનો પડકાળો તું કયમ રહેશે ?
૩. જી. ચોકળી; નાનો વહેળો.
૪. જી. કુક્કાની નળી.

નેળવો [સં. નેત્ર] પું. જેની ઉપર ચલમ મૂકવામાં આવે છે તે હુક્કાની ઊભી નળી; હુક્કાનો મેર

નેળિયું ૧. જ. નળી.
૨. જ. નેળ; લાંબો, ઊંડો અને સાંકડો રસ્તો.

નેળું જ. નાની નદી; ઝોળું; ચોંકળો.

નૈ જી. કુક્કાની લાકડાની નળી; હુક્કામાં ચાલવાની પોલી બાજુ ઝરણીને ઝોલીને કરેલી લાકડી.

નૈક જી. ખેતરમાં પાણી લાઈ જનાર નીકની અને બાજુના કયારા સહિતનો જમીનનો ભાગ.

નૈવલવું અ. ક્રિ. પાક ઉપર આવવું.

નૈંચ જી. નખ ઉતારવાનું એક સાધન; નેરણી.

નૈનન જી. આંખ; નયન.

નૈ ૧. જી. એક જાતનું ઘાસ; દૂબી.
૨. [હિં.] જી. નદી.
૩. જી. મોરલી; બંસરી.
૪. [ફા.] જી. વાંસની નળી.
૫. જી. હુક્કાની લાકડાની નળી; ને.
૬. [જ.] જ. એક જાતનું ઝાડ નરકૂબ.
૭. જ. નદી.

નૈઋર ૧. [અ.] પું. ચંદ્ર.
૨. પું. સૂર્ય.
૩. વિ. તેજસ્વી; ઝળહળતું.

નૈઋત જુઓ નૈર્ઋત.

નૈઋતી વિ. નૈર્ઋત તરફનું.

નૈઋત્ય જુઓ નૈર્ઋત્ય.

નૈઋ ૧. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, જે નગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
૨. [સં. ન (નહિ) + ઋક્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. માયાથી તેનાં અનેક રૂપ હોવાથી તે નૈક કહેવાય છે.
૩. વિ. એકથી વધારે; અનેક; બહુ.

નૈકકર્મકૃત ૧. [સં. નૈકકર્મકૃત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે નાના પ્રકારનાં અનેક કર્મ કરનારા હોવાથી, જપ, તપ, જ્ઞાન, વ્રત, યાત્રા, સંધ્યાવંદન વગેરે ચિત્તશુદ્ધિ માટે કર્મો કરનારા તથા સકામ કર્મો કરનારા હોવાથી, અનેક વ્યક્તિઓનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ કર્મો એટલે કર્મપ્રવાહ ચલાવનારા પણ તે હોવાથી, વળી સંસારની ઉત્પત્તિ, ઉન્નતિ અને વિપત્તિ વગેરે અનેક કર્મ કરનારા હોવાથી, ભગવાન વિષ્ણુ નૈકકર્મકૃત કહેવાય છે.
૨. પું. શિવ; મહાદેવ શંકર.

નૈકકાઅગા [સં] જી નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

નૈકચર [સં. ન + એક + ચર] વિ. સંઘરૂપે ફરનાર; ટોળામાં ફરનાર; એકલું નહિ ફરનાર. જેમકે, સુવર, હરણ.

નૈકજ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ધર્મની રક્ષા કાજે વારંવાર જન્મ લે છે તેથી, વ્યક્તિભાવમાં અનેક વાર જન્મ લેનારા હોવાથી, ભક્તજનોની રક્ષા કરવા અને ધર્મનું સંસ્થાપન

કરવા યુગયુગમાં અર્થસિદ્ધિ માટે જ્યાં જેવું રૂપ લેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રગટ કરીને અનેક વાર અનેક જન્મ લેનારા હોવાથી, જીવ અને જીવાભાસરૂપે અનેક બનારા હોવાથી અને માયા અને અવિદ્યા પણ તે જ હોવાથી ભગવાન વિષ્ણુ નૈઋજ કહેવાય છે.

નૈઋજિહ્વ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

નૈઋદિક [સં.] પું. અમુક કોઈ પ્રયોજનને માટે પાસે રહેનાર ભિક્ષુક વગેરે.

નૈઋત્ય [સં.] ન. પાસે હોવું તે; સમીપતા.

નૈઋત [સં.] વિ. ગોઠીમાં હોનારા કે બનાર.

નૈઋતા ૧. [સં.] સ્ત્રી. ગોઠી; ભાત.

૨. સ્ત્રી. નેકી; નેકોવાળું હોવાપણું.

નૈઋદ્રક પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.

નૈઋધા [સં. ન + એકધા (એક રીતે)] ક્રિ. અનેક પ્રકારે.

નૈઋપૃષ્ઠ [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

નૈઋભેદ [સં.] વિ. અનેક પ્રકારનું; ઘણી જાતનું.

નૈઋમાય ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જેની એક જ માયા નથી પણ તે અનેક માયાઓને ધારણ કરનાર હોવાથી, તે અનેક માયારૂપ અને ઇંદ્રજાળરૂપ છે માટે અનેક પ્રપંચી માયારૂપ છે તેથી, વળી સર્વ માયા એટલે પ્રપંચના કરનાર હોવાથી, એક હોવા છતાં માયા દ્વારાએ અનેક રૂપે પ્રતીત બનારા, અઘટઘટના કરનારા, જીવ ઈશ્વર અને જીવાભાસરૂપે જણાનાર છે તેથી, અસંખ્ય જગતપ્રતીતિ અને અનેક સંજ્ઞા તથા અનેક ઘટના કરનારા હોવાથી, પ્રભુ પછી આ લોક જેવી લોકાંતર ઘટના ઘડાનારા પણ તે જ છે તેથી, ભગવાન વિષ્ણુ નૈઋમાય કહેવાય છે.

૩. વિ. અનેક કપટવાળું.

નૈઋરૂપ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગઝલી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, નગણ, સગણ, નગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

૨. [સં.] પું. પરમેશ્વર.

૩. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેનું એક જ રૂપ નથી તેથી, તે પ્રસંગવશાત્ અનેક રૂપ ધરતા હોવાથી, તે અખંડ એક અદ્વૈત હોવા છતાં માયામાં અનેક રૂપે ભાસે છે માટે, અનેક રૂપોને ધારણ કરનારા હોવાથી, અનેક રૂપોનો સ્વામિ હોનાર છે એટલે ભગવાન વિષ્ણુ નૈઋરૂપ કહેવાય છે.

૪. વિ. અનેક પ્રકારનાં રૂપવાળું.

નૈઋશસ્ત્ર ૧. [સં.] ન. અનેક પ્રકારનાં શસ્ત્ર.

૨. વિ. અનેક પ્રકારનાં શસ્ત્રવાળું.

નૈઋસર [સં.] ન. અનેક વાર.

નૈઋસિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

નૈઋસૃંગ ૧. પું. પરમેશ્વર.

૨. [સં. ન (નહિ) + એક + શૃંગ (શિંગડું)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેને એક પણ અને ચાર શિંગડાં હોવાનું માનવામાં આવે છે તેથી, તે ચતુઃશૃંગ હોવાથી, નામ, આખ્યાત ઉપસર્ગ અને નિપાત એવાં વેદનાં વર્ણન કરેલાં ચાર શિંગડાવાળા છે, માટે ભગવાન વિષ્ણુ નૈઋસૃંગ કહેવાય છે.

નૈઋષેય [સં.] પું. નિઋતનો વંશજ; રાક્ષસ.

નૈઋસાનુચર [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નૈઋસ્વામ ૧. [સં. નૈઋસ્વમન્] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે જગતની ઉત્પત્તિ વગેરેમાં નૈમિત્તિક શક્તિઓ પ્રકટ કરનારી વિભૂતિઓ વડે બધા પ્રકારથી રહેલા છે તેથી, દેશ કાળ વસ્તુ અપરિચ્છિન્ન હોવા છતાં અને સત્તાતીત ચિત્તાતીત અને સ્વગત ભેદ રહિત અખંડ એક અદ્વૈત પરમ આત્મા હોવા છતાં માયા અને અવિદ્યા ઉપાધિમાં અધિષ્ઠાન થવાથી જીવ અને જીવાભાસપણે તે અનેક રૂપે જણાય છે તેથી, એક હોવા છતાં બહારાત્મની પેઠે અનેક પ્રાણીઓના જુદા જુદા આત્મારૂપે જણાય છે, માટે ભગવાન વિષ્ણુ નૈઋસ્વામ કહેવાય છે.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

નૈઋતિક ૧. [સં.] વિ. કટુભાષી; કડવું બોલનાર.

૨. વિ. નિષ્ઠુર; ક્રૂર.

૩. વિ. લુચ્ચાઈ કરી જીવનાર.

૪. વિ. સ્વાર્થી; બીજાને નુકસાન પહોંચાડી પોતાનો સ્વાર્થ સાધનાર.

નૈગમ ૧. [સં.] પું. ઉપનિષદ; ઉપનિષદરૂપ વેદભાગ.

૨. પું. ઉપનિષદનું એક નામ.

૩. પું. ઉપાય.

૪. પું. જ્યાં વૈશ્ય રહેતા હોય તેવું સ્થાન કે ગામ વણિક કે વ્યાપારીઓનું નિવાસસ્થાન.

૫. પું. નય; નીતિ; ન્યાય.

૬. પું. નાગરિક; નાગર; શહેરી.

૭. પું. નિઘંટુ ગ્રંથનો અમુક ભાગ.

૮. પું. વેદ સમજનાર પુરુષ.

૯. પું. વ્યાપારી; વેપારી; વણિયો; વણિક.

૧૦. પું. શહેરના વ્યાપારીઓનો અથવા વ્યાપારોનો સંઘ.

પુર અથવા પાટનગરમાં નૈગમ નામનો વેપારીઓનો સંઘ હતો. એ નામ શહેરના વેપારીઓના અનેક સંઘ માટે વપરાતું હોવાથી સામાન્ય વેપારીઓના રૂપ માટે એ સંજ્ઞા વાપરવાનું જણાવેલું છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૧૧. પું. (જૈન) શાસ્ત્રના અર્થમાં કુશળ બુદ્ધિ.

૧૨. પું. (જૈન) સાત માંહેનો પહેલો નય; એક વસ્તુને સામાન્ય, વિશેષ વગેરે અનેક રૂપે જુદી પાડનાર નય.

સમભંગી નયનાં નામ આ પ્રમાણે છે: (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત. અનુયોગદ્વાર

૧૩. પું. (જૈન) સ્યાદ્વાદ.

૧૪. ન. નિગમ સાથે સંબંધ ધરાવતા લોકોનું મંડળ.

નિગમ સાથે સંબંધ ધરાવતા લોકોના મંડળનું નામ નૈગમ પડ્યું હશે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૧૫. ન. પાટનગર; પોર.

પાણિ સૂત્રમાં પોરને માટે નૈગમ (નૈગમ)નો પ્રયોગ થયો છે. નૈગમ શબ્દ પાટનગરના અર્થમાં જ વપરાયેલો છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૧૬. ન. લોકોને ભેગા મળવાનું સ્થળ.

નિગમ ઉપરથી સાધિત શબ્દ નૈગમ થાય છે. જેનો અક્ષરશઃ અર્થ પાણિનિના નિયમાનુસાર લોકોને ભેગા મળવાનું સ્થાન થાય છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૧૭. વિ. નિગમ સંબંધી.

૧૮. વિ. જાતા વગેરેનું જેમાં પ્રતિપાદન હોય એવું. જેમકે, ઉપનિષદ.

૧૯. વિ. શાસ્ત્ર સંબંધી.

નૈગમનય [સં.] પું.,ન. (જૈન) સાત માંહેનું પ્રથમ નય; એક વસ્તુને સામાન્ય વિશેષ વગેરે અનેક રીતે જુદું પાડનાર નય; દ્રવ્ય તથા પર્યાય બંનેને સામાન્ય તથા વિશેષ યુક્ત માનવાનો તર્ક; લૌકિક સંસ્કારના અનુસરણમાંથી જન્મતો વિચાર. બે પદાર્થમાંથી એકને ગૌણ અને બીજાને પ્રધાન કરી ભેદ અથવા અભેદને વિષય કરવાનું એટલે જણવાવાળું જ્ઞાન નૈગમનય છે. તેમ જ પદાર્થના સંકલ્પને ગ્રહણ કરવાનું જ્ઞાન નૈગમનય છે. જેમકે, કોઈ પુરુષ રસોઈમાં ચોખા લાવીને બેઠો હતો, તે વખતે તેને કોઈએ પૂછ્યું કે, તમે શું કરી રહ્યા છો ? ત્યારે તેણે કહ્યું કે, હું

જાત બનાવી રહ્યો છું. અહીંયાં ચોખા અને જાતમાં ઝાઝેદ વિવક્ષા છે, અથવા ચોખામાં જાતનો સંકલ્પ છે.

જ્યારે વર્તમાનમાં અંશો પરિપૂર્ણ રૂપ થઈ ગયું હોય અને શ્રુતજ્ઞાનીના જ્ઞાનમાં તે અંશનો અભાવ આવી જાય તો જ તેને નૈગમનયનો આરોપ લાગુ પડી શકે. જો તેનામાં કોઈ જ પ્રકારના અંશની શરૂઆત ન થઈ હોય તો શ્રુતજ્ઞાનીને તેની ખબર કઈ રીતે પડે ? અને અંશની શરૂઆત તો થઈ હોય છતાં જો શ્રુતજ્ઞાનીને તે અંશનો અભાવ ન આવે તો તે પૂરાનું અનુમાન કઈ રીતે કરી શકે ? અને અંશમાં પૂરાનો આરોપ પણ કઈ રીતે આપી શકે ? નય તો શ્રુતજ્ઞાનીના જ્ઞાનમાં પડે છે. માટે અંશની શરૂઆત થઈ હોય અને શ્રુતજ્ઞાનીના અભાવમાં આવે, પછી તે અંશમાં પૂરાનો આરોપ કરે ત્યાં નૈગમનય લાગુ પડતો કહેવાય.

ભોક્ષમાર્ગપ્રકાશનાં ટિપ્પણો

નૈગમિક ૧. [સં.] પું. વૈદિક મંત્ર; વૈદિક અભ્યાસ.

૨. વિ. વેદ અથવા યજ્ઞમાં હોનાર.

નૈગમેય ૧. [સં.] પું. (પુરાણ) અનલ નામના વસુનો બે નામનો એક પુત્ર.

૨. પું. એ નામનો એક ભાલમહ રોગ; નૈગમેષ. બધા ભાલમહ રોગ ભૂતગ્રેતાદિકથી થતા હોવાનું મનાય છે.

૩. પું. કાર્તિકેયનો એ નામનો એક અનુચર.

નૈગમેષ [સં.] પું. (વૈદ્યક) નવ ભાલમહ ભાંહેનો એ નામનો એક નૈગમેય. આ રોગમાં બાળકના મુખમાં કીડા આવે છે, તે રૂએ છે, બેચેન રહે છે, તેને તાવ આવે છે, દૃષ્ટિ કષ્ટમય થઈ રહે છે અને શરીરમાંથી બરબીના જેવી ગંધ આવે છે.

નઘંટુક [સં.] ન. નિઘંટુ ગ્રંથનો પ્રથમ કાંડ.

નઘૃણ્ય [સં.] ન. દયા ન હોવાપણું; નિર્દયતા.

નૈચ [જ્ઞા. નૈચા] પું. કૂવાની નળી.

નૈચક ન. કૂવાને તળિયે કુબાડેલું લાકડાનું પૈડું.

નૈચખંડ [જ્ઞા. નૈચાખંડ] પું. કૂવાની નળી બનાવનાર આદમી.

નૈચખંડી જુઓ નૈચાખંડી.

નૈચા [જ્ઞા.] પું. કૂવાની નળી.

નૈચાખંડ [જ્ઞા.] પું. કૂવાની નળી બનાવનાર માણસ.

નૈચાખંડી [જ્ઞા.] સ્ત્રી. કૂવાની નળી બનાવવાનું કામ.

નૈજાધ્યાય [સં.] ન. સદ્યોનિમાં પુત્રપૌત્રાદિ ઉત્પન્ન કરનારા પતિતનું પદ.

નૈચિક [સં.] ન. ગાય, ભેંસ વગેરે ચોપગાં જનાવરનું માપું.

નૈચિકી ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ ગાય.

૨. સ્ત્રી. ભેંસનું માપું

નૈચી ૧. સ્ત્રી. કૂવાના ઢાળનું તળિયું.

૨. સ્ત્રી. પશુ; ઓલાદ; ઢોર ચરવતા ભણદોને ઊતરવાનો ઢાળવાળો ભાઠો.

નૈપુણ ૧. [સં.] ન. નિપુણ નામના વૃક્ષનું ફળ કે બીજ.

૨. વિ. નિપુણ સંબંધી.

નૈજ ૧. વિ. ખુદ આત્માર્થનું. વાસનાત્યાગ માટે આ વિશેષણ વપરાય છે.

૨. [સં.] વિ. પોતાનું; પોતા સંબંધી.

૩. વિ. વાજબી; યોગ્ય.

નૈઝા [જ્ઞા.] પું. ભાલો.

નૈટી [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

નૈઠ (નૈઠે) ૧. પું. પુરુષની ઇંદ્રિય; લિંગ.

૨. વિ. બળ; શુરાતન.

નૈડા (નૈડે) અ. નજીક; પાસે.

વનમેં ચોસરાણી ભણ, ચોપાસ કોઈ નૈડા નાવા.
આનંદકાવ્યમહોદધિ

નૈણ સ્ત્રી. સવારે જાગ્યા પછી કાંઈ ખાધું ન હોય એવી સ્થિતિ.

નૈણું ૧. [સં. નયન] ન. નયન; આંખ.

૨. વિ. સવારે જાગ્યા પછી કાંઈ ખાધું ન હોય એવી સ્થિતિમાં હોનાર.

નૈતકૂલતિ [સં.] સ્ત્રી. સાધન ઉપરથી ઉપસ્થિત નહિ થતું અનુમાન; ' નૉનસેક્વિટર. '

નૈતંબિક અભ્યસ્થ પેશી [સં.] સ્ત્રી. નિતંબમાં આવેલો એક સ્નાયુ; ' ગ્લુટિઅસ મેક્સિમસ મસલ. '

નૈતંબિક લઘ્વા પેશી [સં.] સ્ત્રી. નિતંબમાં આવેલો એક સ્નાયુ; ' ગ્લુટિઅસ મિનિમસ મસલ. '

નૈતંબિકી [સં.] સ્ત્રી. નિતંબાંધો ધમની; નિતંબાંધોના ધમની; ' ઇન્ફીરિયર ગ્લુટિઅલ આર્ટરિ. '

નૈતંબિકી ધમની [સં.] સ્ત્રી. નિતંબની એક ધોરી નસ; ' ગ્લુટિઅલ આર્ટરિ. '

નૈતિક ૧. [સં.] વિ. નીતિને લગતું; નીતિ સંબંધી.

૨. વિ. નીતિપણું; નીતિયુક્ત.

નૈતિકતા [સં. નૈતિક (નીતિવાળું) + તા (પણું)] સ્ત્રી. નીતિવાળું હોવાપણું.

નૈતિકધૈર્ય [સં.] ન. આધ્યાત્મિક ધીરજ; ધીરજનિર્ભરિતા; નીતિધૈર્ય.

નૈતિક વિકાસ [સં.] પું. નીતિના ક્ષેત્રમાં ખિલવણી; નીતિની વૃદ્ધિ થવી તે.

નૈતિક શિક્ષા [સં.] સ્ત્રી. નીતિ સંબંધી કેળવણી.

નૈતિક સ્ખલન [સં.] ન. નીતિમાંથી ભ્રષ્ટ થવું તે.

તેમનું નૈતિક સ્ખલન જે
વસ્તિક પણ વધુ હોય છે.

શ્રુ. સા. પરિષદ

નૈતિપર્વત [સં.] ન. મહાભારતમાં બતાવેલું એ નામનું એક પ્રાચીન ક્ષેત્ર.

નૈત્ય ૧. [સં.] ન. હમેશનું કર્મ.

૨. વિ. નિત્ય બનાવું; હમેશ કરવાનું.

૩. વિ. હમેશનું; રોજિંદું.

નૈત્યશબ્દિક [સં.] વિ. શબ્દ નિત્ય છે એમ કહેનાર. જેમકે, મીમાંસક.

નૈત્યિક [સં.] વિ. નિત્યનું; હમેશનું.

નૈત્ર [સં.] વિ. આંખનું; આંખ સંબંધી.

નૈત્રગોલક [સં.] પું. આંખનો ગોળો.

નૈત્રચિકિત્સા [સં.] સ્ત્રી. આંખ સંબંધી દાક્તરી; નેત્ર વિદ્યા.

નૈત્રવિદ્યા જુઓ નૈત્રચિકિત્સા.

નૈત્રવૈદ્ય જુઓ નૈત્રવૈદ્ય.

નૈત્રવૈદ્ય [સં.] પું. આંખનો દાક્તર.

નૈત્રસંચાલક તંતુ [સં.] પું. આંખની માંસપેશીઓને ગતિ આપનાર તંતુ.

નૈદાઘ [સં.] વિ. ગ્રીષ્મ ઋતુનું; ગ્રીષ્મ ઋતુ સંબંધી.

નૈદાઘિક જુઓ નૈદાઘ.

નૈદાઘીય જુઓ નૈદાઘ.

નૈદાન ૧. [સં.] વિ. નિદાન ગ્રંથનો અભ્યાસી; રોગ વગેરેના નિદાન એટલે કારણને જાણનાર.

૨. વિ. નિર્દોષ; અપરાધમુક્ત.

૩. વિ. જ્ઞાન ન હોય એવું; અજ્ઞાન.

નૈદાનિક [સં.] વિ. રોગની પરીક્ષા કરનાર; રોગનું નિદાન જાણનાર.

નૈદાની સ્ત્રી. અજ્ઞાનપણું; અજાણતા.

નૈદ્ર [સં.] વિ. નિદ્રાનું; નિદ્રા સંબંધી.

નૈદ્રાયિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

નૈધન ૧. [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં લગ્નથી આઠમું સ્થાન.

૨. ન. મરણ.

નૈધાન [સં.] વિ. નિધાનસાથે; ખજાનાથી ભરી રાખે એવું.

નૈધાની [સં.] સ્ત્રી. પંચ માંહેની એક પ્રકારની સીમા.

નૈધાની સીમા [સં.] સ્ત્રી. ખૂણી, કોરણો વગેરે દાટી બનાવવામાં આવતી સીમા કે હદબંધી.

નૈધેય ૧ [સં] પું. નિધિ નામના કોઈનો પુત્ર.
૨. વિ. ખજાના સંબંધી.

નૈધ્રુવ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. ન. નિધ્રુવ ઋષિના કુળનું એ નામનું એક પ્રવર.
૩. ન. પૂર્વ ગોત્રનું એ નામનું એક પ્રવર.

નૈધ્રુવિ [સં.] પું. કશ્યપ ગોત્રનો એક ઋષિ.

નૈન ૧. પું (પિંગળ) રાયવસ્તુની જાતનો એક વિષમમાત્રામેળ છંદ. તેમાં ૨૫ ગુરુ અને ૩૪ લઘુ મળી ૫૯ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૨. [સં. નયન] સ્ત્રી. આંખ; નયન.
૩. [સં. નવનીત] ન. (હિંદી) માખણ.

નૈનન [હિં.] સ્ત્રી. નયન; આંખ.

નૈનસુખ [સં. નયન (આંખ) + સુખ] ન. એ નામનું એક જાતનું ચીકણું સુતરાઉ કપડું.

નૈના ૧. [હિં.] સ્ત્રી. આંખ.
૨. સ્ત્રી. આંખની કીકી.
૩. સ્ત્રી. ભેંસની ગરદન કે પગ આસપાસ બાંધેલું દોરડું.

નૈનૂ ૧. [હિં.] ન. એક જાતનું કૂલ.
૨. ન. ઝરતવાળું મલમલ.
૩. [સં. નવનીત] ન. (હિંદી) માખણ.

નૈપ [સં.] પું. કંદરફનો વિકાર.

નૈપાતિક વિ. નિપાત ઉપરથી બનેલું.

નૈપાલ ૧. [સં.] પું. નેપાળી લીમડો.
૨. [હિં.] સ્ત્રી. એક જાતની રોટલી.
૩. વિ. નેપાળ દેશ સંબંધી.
૪. વિ. નેપાળ દેશમાં હોનાર કે બનાર; નેપાળ દેશનું.

નૈપાલા [સં] સ્ત્રી. જટામોગરો.

નૈપાલિક [સં.] ન. તાંબું.

નૈપાલી ૧. પું. નેપાલમાં રહેનાર જાતની.
૨. સ્ત્રી. એક પ્રકારની નિર્ગુંડી; સેદાલિકા.
૩. સ્ત્રી. કસ્તૂરી.
૪. સ્ત્રી. ભમરાની એક જાત.
૫. સ્ત્રી. નવમલ્લિકા; નેવાળી.
૬. [સં.] સ્ત્રી. મનઃશિલ.
૭. સ્ત્રી. સંયુક્ત પ્રાંત, બંગાળ અને આસામ તરફ બોલાતી એ નામની એક ભાષા.
૮. વિ. નેપાલ દેશનું.
૯. વિ. નેપાલમાં રહેનાર કે હોનાર.

નૈપુણિક વિ. નિપુણ; ચતુર.

નૈપુણ્ય [સં.] ન. નિપુણતા; કુશળતા; ચાલાકી; આવડ; હોંશિયારી; ચતુરાઈ; દક્ષતા.

નૈપેચ [સં.] સ્ત્રી. દૂધની મલાઈ.

નૈબ [અ. નાયબ] પું. નાયબ; પ્રતિનિધિ.

નૈબદક [સં.] ન. બંધારેલાની પાસેનું.

નૈબ્બા પું. તાવ.

નૈમિત્તય (નૈમિત્ય) ૧. [સં.] ન. વટભરું.
૨. ન. વાંસળી ફૂંકવાનો એક પ્રકાર.

નૈમૃત્ય [સં.] ન. નિર્બળપણું; અશક્તપણું.

નૈમેક પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૬ પદ છે. તેની કુલ ૧૦૬ માત્રા એમ હોય છે ૧, વિષમ પદ ૧, ૩ અને ૫ માં દરેકની ૧૩, બાકી ૭ અને ૬ માં દરેકની ૧૧ અને સમ પદ ૨ અને ૪ માં દરેકની ૧૦, બાકી ૬ અને ૮ માં દરેકની ૧૧.

નૈમેય [સં.] પું. વણિક; વ્યવસાયી કે રોજગારી માણસ.

નૈમિત્ત ૧. [સં.] ન. શકુનશાસ્ત્રનો ગ્રંથ.
૨. વિ. શકુનમાં હોનાર કે બનાર.
૩. વિ. શકુનશાસ્ત્રનું આખ્યાન કરનાર.

નૈમિત્તિક ૧. [સં.] ન. નિમિત્તને લઈને થતું કર્મ; નિત્યકર્મ સિવાયનું બીજું કર્મ. જેમકે, પુત્રજન્મ વગેરેનો આનંદ લાઈ અનેષ્ટિ વગેરેનું કર્મ, અથવા અનિષ્ટ શાંતિ, પ્રાયશ્ચિત્ત વગેરે.
૨. ન. નિમિત્તને લીધે થયેલો ફેરફાર.
નિમિત્તનો નાશ થયે જે કર્મ (નિમિત્તને લીધે થયેલા ફેરફારનો) નાશ થાય છે, એવી ન્યાયશાસ્ત્રકારની પરિભાષા છે. જુઓ ન્યાયશાસ્ત્ર
૩. વિ. એકાએક; આકસ્મિક; પ્રાસંગિક.
૪. વિ. ખાસ નિમિત્તને અનુલક્ષી કરવાનું કે કરેલું; નિમિત્તને આકરે કરવા યોગ્ય; કોઈ વિશેષ પ્રયોજનની સિદ્ધિ માટેનું; નિમિત્તજન્ય; હમેશનું નહિ એવું. જુદા વગેરે કર્મ જે કોઈ નિમિત્તને લીધે કરવામાં આવે છે, તે નૈમિત્તિક કહેવાય છે. જેમકે, પુત્રપ્રાપ્તિના નિમિત્તથી કરાતો પુત્રેષ્ટિ યજ્ઞ. ગ્રહણ વગેરે ઉપસ્થિત થતાં જે સ્નાન કરવામાં આવે છે તે નૈમિત્તિક સ્નાન કહેવાય છે. આ પ્રમાણે દોષ કે પાપશાંતિ માટે જે સ્નાન આચરવામાં આવે છે તે નૈમિત્તિક સ્નાન કહેવાય છે.
૫. વિ. નિમિત્તને અધીન.
૬. વિ. નિમિત્તશાસ્ત્ર એટલે શકુનશાસ્ત્રને જાણનાર કે જાણનાર.

નૈમિત્તિક કર્મ [સં. નૈમિત્તિક કર્મન્] ન. કોઈ એક નિમિત્ત પ્રાપ્ત થવાથી કરવામાં આવતું કર્મ; જાસ કરીને પ્રાયશ્ચિત્ત માટે કરવામાં આવતું કર્મ. જેમકે, પુત્રેષ્ટિ યજ્ઞ. જનના દિવસો પાળવા, નવરાત્રિએ હોમ કરવા, આવતા માસમાં પૂજા કરાવવી વગેરે નૈમિત્તિક કર્મ છે.
નૈમિત્તિક કર્મનું નિમિત્ત ઉપસ્થિત થાય ત્યારે કરવા પડે છે. ગીતારહસ્ય

નૈમિત્તિક ધર્મ [સં.] પું. કાર્યવિહિત પંચ માંહેનો એક પ્રકારનો ધર્મ.

નૈમિત્તિક પૂજન [સં.] ન. અમુક પ્રકારના અપરાધ અથવા પાપના નિવારણ અર્થે કરાતી પૂજા.

નૈમિત્તિક પ્રલય ૧ [સં.] પું. એક મનુ થયા પછી બીજા મનુનો આરંભ થાય તે વચમાં રહેતો કાળ. બ્રહ્માની જ્યારે રાત્રિ થાય છે ત્યારે બ્રહ્મા સૂએ છે અને ત્યારે ત્રિલોકોનો જે નાશ થાય છે તેનું નામ નૈમિત્તિક પ્રલય કહેવાય છે. જુઓ નૈમિત્તિક લય.
૨. પું. (વેદાંત) સમષ્ટિ કાર્ય દ્રવ્યનો નાશ થવો તે.

નૈમિત્તિક લય [સં.] પું. ચાર કલ્પાંત પુરતે અંતે બનાર બ્રાહ્મ લય. ગરુડપુરાણમાં જણાવેલ છે કે, આ લયમાં સો વર્ષ સુધી અનાવૃષ્ટિ થાય છે, બારે સૂર્ય ઊગીને ત્રણે લોકનું શોષણ કરે છે અને પછી મબો ભયંકર વરસાદ બાર વર્ષ ચાલુ વરસીને સૃષ્ટિનો નાશ કરે છે.

નૈમિત્ત્ય [સં.] વિ. નિમિત્તજન્ય; પ્રાસંગિક; અમુક પ્રસંગનું.

નૈમિશ જુઓ નૈમિષ.

નૈમિષ ૧. [સં.] સ્ત્રી. જમના નદીને દક્ષિણ કિનારે વસતી એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. ન. (પુરાણ) એ નામનું એક તપોવન; એક જંગલ; નૈમિષારણ્ય. અત્યારે તે નીમસાર કહેવાય છે. આ સ્થાન અવધના સીતાપુર જિલ્લામાં છે. પુરાણોમાં તેના સંબંધમાં બે પ્રકારની કથા મળે છે. વરાહપુરાણમાં લખ્યું છે કે, આ જગ્યાએ મૌરમુખ નામના મુનિએ નિમિષ માત્રમાં અસુરોની મબી મોટી સેનાને ભસ્મ કરી દીધી હતી, આથી તેનું નામ નૈમિષારણ્ય પડ્યું. કેવી આખ્યાયિકા લખ્યું છે કે, ઋષિઓ જ્યારે કલિપ્રભાવના ભયથી ભહુ ભટકતા હતા, ત્યારે

બ્રહ્માએ તેમને મનોમય ચક્ર આપી કહ્યું કે, તમે આ ચક્રની પાછળ પાછળ ચાલો. જ્યાં તેની નેમિ ચૂરેચૂરા થઈ જાય તે સ્થળને અત્યંત પવિત્ર સ્થાન સમજવું. ત્યાં રહેવાથી તમને કલિનો કાંઈ ભય રહેશે નહિ. કહેવાય છે કે, સૌતિ મુનિએ આ સ્થાને ઋષિઓને એકત્ર કરી મહાભારતની કથા કહી હતી. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે, આ ક્ષેત્રમા ગોમતીમા સ્નાન કરવાથી બધા પાપનો નાશ થાય છે.

અહ ચલાવતાં ચલાવતા હું અહીં આવ્યો, ત્યાં હું જોતાં જ્યા અહીં ચક્રનો (નેમિ) પાટો ચીંખાઈ ગયો, તેથી આ નૈમિષ નામે પરમ પવિત્ર ક્ષેત્ર કહેવાયું છે.

ભગવતી ભાગવત

૪. ન. (પુરાણ) કૃતદ્રુ નદી ઉપરનું એક તીર્થ. ત્યાં નિમેષે એટલે વિષ્ણુએ દૈત્યોનો નાશ કર્યો હતો.

૫. વિ. એ નામની જાતિનું.

૬. વિ. કૃષ્ણિક; નિમિત્ત માત્રનું.

નૈમિષકુંજ [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ.

નૈમિષારણ્ય ૧. [સં.] ન. (પુરાણ) કુરુ દેશની પશ્ચિમે આવેલું એ નામનું એક વન. તે હિંદુઓનું એક તીર્થસ્થાન છે. તેનું જૂનું નામ નીમસોર હતું. હાલ તેને નીમખાર કહે છે. આ સ્થાન અયોધ્યાના સીતાપુર જિલ્લામાં છે. તે બ્રો. આર. રેલવેના સડીલા સ્ટેશનથી ૨૪ માઈલ દૂર તથા ગોમતી નદીના ડાબા કિનારા ઉપર આવેલ સીતાપુરથી પચાસ માઈલ દૂર છે. પુરાણમાં તેના વિષે બે કથા છે: વરાહપુરાણમાં લખ્યું છે કે, આ જગ્યાએ ગૌરમુખ નામના મુનિએ નિમિષ માત્રમાં અસુરોની મોટી સેનાને ભરમ કરી દીધી હતી, તેથી તેનું નામ નૈમિષારણ્ય પડ્યું છે. કેમ ભાગવતમાં લખ્યું છે કે, ઋષિઓ જ્યારે કલિકાળના ભયથી બહુ ગભરાયા, ત્યારે બ્રહ્માએ તેમને એક મનોમય ચક્ર આપી કહ્યું કે, તમે આ ચક્રની પાછળ પાછળ ચાલો. જ્યાં તેની નેમિ તૂટી જાય તેને અત્યંત પવિત્ર સ્થાન સમજવું. ત્યાં રહેવાથી તમને કલિનો કાંઈ ભય નહિ રહે. કહેવાય છે કે, એ અરણ્યમાં સૌતિએ ઋષિઓને મહાભારત સંભળાવ્યું હતું.

ક્ષેત્રોમાં પુષ્કર, કુરુક્ષેત્ર, ધર્મારણ્ય, પ્રભાસ, પ્રયાગ, નૈમિષારણ્ય અને અર્બુદારણ્ય વધારે પવિત્ર ગણાય છે. ભાગવતી ભાગવત

૨. ન. મહાભારતનું એ નામનું એક પર્વ.

નૈમિષિ ૧. [સં.] કું. નિમિષનો પુત્ર.

૨. પું. નૈમિષારણ્યમાં રહેનાર માણસ.

નૈમિષીય [સં.] વિ. નિમિષ સંબંધી.

નૈમિત્તિક ૧. [સં.] વિ. નૈમિત્ત સંબંધી.

૨. વિ. નૈમિત્તારણ્યનું.

નૈમેય ૧. [સં.] પું. અદલોબદલો; વિનિમય.

૨. પું. વાણિજ્ય; વેપાર.

નૈયત ૧. [અ. નિય્યત (ઇરાદો)] સ્ત્રી. દાનત; વૃત્તિ.

૨. સ્ત્રી. નિષ્ઠા; હેતુ.

૩. સ્ત્રી. ગંભીરી.

નૈયતિક વિ. નિત્ય.

નૈયત્ય ૧. [સં.] ન. આત્મનિયમના; આત્મનિગ્રહ.

૨. ન. નિયતત્વ; નિયમ હોવાનો ભાવ.

નૈયમિક [સં.] વિ. નિયમથી આવેલ; નિયમવિધિથી પ્રાપ્ત થયેલ. જેમકે, ઋતુસમયે આધાનકર્મ.

નૈયર [સં. નગર; પ્રા. णयर] ન. (જૂ. ગુ.) નગર; ગામ; નગરી; શહેર.

જિજ નૈયર દીપ તેહ નહ, અજુનાય પ્રિયુ સ્વામિ. ■મ

નૈયાયિક ૧. [સં.] ન. ન્યાયી જાતના મૃગનું ગામડું.

૨. વિ. ન્યાય મત સંબંધી.

નૈયા ૧. પું. નાવિક; આરવો.

૨. પું. હલ્લમ.

૩. [સં. નૌકા]- સ્ત્રી. (હિંદી) નાવ; નૌકા; હોડી; વહાણ.

નૈયાય [સં.] કું. ન્યાયશાસ્ત્રના આજ્ઞાનારૂપ ગ્રંથ વગેરે.

નૈયાયિક ૧. પું. જેમાં નિત્યે પ્રતિત થયે એવો માર્ગ.

૨. [સં.] પું. ન્યાયશાસ્ત્રી; ન્યાયમાં પાવરેલ પુરુષ; ન્યાયવેત્તા; ન્યાયશાસ્ત્ર ભણનાર માણસ.

૩. પું. મોક્ષમાર્ગ બતાવનાર ન્યાયયુક્ત શાસ્ત્ર.

૪. ન. (જૈન) એ નામનું એક દર્શન.

વૈશેષિક અને નૈયાયિક દર્શન જ્ઞાન બાદરને આત્માનો ગુણ માને છે ખરું, પણ તેઓ આત્માને એકાંત નિત્ય-અપરિણામી માને છે. જ્યારે મીમાંસકોનો મત વૈશેષિક અને નૈયાયિક જેવો જ છે. વલ્લભસૂત્ર

૫. વિ. એ નામના દર્શનને માનનાર.

વૈશેષિકો કિયાને પ્રધાન માને છે, ત્યારે નૈયાયિકો કર્તાને કે પ્રયત્નને પ્રધાન માની કિયાને તેનું વિશેષણ ગણે છે. આ કારણથી તેઓ પ્રયત્નાંતર્ય પ્રધાનવાદી કહેવાય છે. બૃહદ્ ભાગવત

૬. વિ. ગૌતમઋષિને એટલે ન્યાયદર્શનને જાણનાર.

૭. વિ. ન્યાય અનુસાર ચાલનાર.

૮. વિ. ન્યાય મતને અનુસાર.

૯. વિ. ન્યાયને લગતું.

૧૦. વિ. ન્યાયયુક્ત યુક્તિપ્રયુક્તિ સહિત.

૧૧. વિ. ન્યાયસંપન્ન.

નૈયાયિક મતી સાધુ પું. નૈયાયિક મતમાં માનનાર સાચો પુરુષ. નૈયાયિક મતી સાધુઓના વેષ અને આચાર સંબંધે કહેવાય છે કે: તે સાધુઓ દંડ રાખે છે, મોટી લગોટી પહેરે છે, શરીરે ઘણી ક્રમવાળી ઓઢે છે, જટા વધારે છે, શરીરે રાખ ચોળે છે, જનોઈ પહેરે છે, જલપાત્ર કમંડલુ રાખે છે, રસકસ વિનાનું ભોજન લે છે, વધું કરીને વનમાં જ રહે છે, હાથમાં તુંબડું રાખે છે, કંદમૂળ અને ફળ ઉપર રહે છે અને પરોપકારમાં ઉદ્યમવાળા રહે છે. તેઓ બે જાતના હોય છે: એક સ્ત્રી વિનાના અને બીજા સ્ત્રીવાળા. સ્ત્રી વિનાનાને ઉત્તમ માનવામાં આવે છે. જેઓ બ્રહ્મચારી છે તેઓ પંચાગ્નિ તપ તપે છે અને જ્યારે સંયમની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તેઓ નગ્ન રહે છે. તેમને નમસ્કાર કરનારા પણ નમઃ શિવાય બોલે છે અને તે સાધુઓ તે નમસ્કાર કરનારાઓ પ્રતિ નમઃ શિવાય કહે છે.

નૈયાયી ૧. પું. નાવિક; નાખુદા; ખલાસુવટી; સમુદ્રખાડી.

૨. વિ. નૌકાચાલક ભણનાર.

નૈયાસિક [સં.] વિ. ઘરવખરીમાં ઘરેલ ન્યાસ ગ્રંથ ભણનાર કે ભણનાર; માતૃકાદિ ન્યાસ ભણનાર કે ભણનાર.

નૈયાળવું જ વિ. બેતુ; નિકાળવું.

નૈવું ૧. ન. ઘાસ કે રસ્તામાં પેરને બાંધવાની દોરી.

૨. ન. તુળશીના પેલાને બાજતું નાનું તુંબડું; દૂણી દૂધી.

૩. ન. નખની નજીકનું માંસ.

૪. [સં. નખ; પ્રા. णह] ન. નખને લગતી ચામડીનો ભાગ.

નેવું પાકવું = નખને લગતા ચામડીના ભાગમાં સોજો આવી પાક થવો.

૫. ન. પેલા ઉપરનું નાનું કૂણું કળ.

નૈર. ૧. [હિં.] પું. જનપદ; દેશ.

૨. [સં. નગર] પું. શહેર.

નૈરતિ પું. (જૂ. ગુ.) નૈર્ઋત ખૂણો.

તે પછિ ત્રીજા પર્વત રહ્યા,
નિરતિ નૈરતિ કુણિક કુ

નૈરપેક્ષ્ય [સં.] ન. નિરપેક્ષપણું; અપેક્ષારહિતતા; નિઃસ્પૃહતા; નિરપેક્ષ.

નૈરપેક્ષ્યે અર્થાત્ અપેક્ષા ન હોય ત્યાં બધુ પુરુષ ઉપર જે પ્રસિદ્ધિ ઉપકાર છે તેમાં અવિરોધ નિમિત્ત છે. સાંખ્યતત્ત્વ

નૈરયિક ૧. [સં.] કું. નરક ગતિ; નરકનો જીવ કે અવતાર.

૨. પું. નારકી; નરકમાં રહેનાર જીવ.

૩. વિ. નરકમાં રહેનાર; નરકવાસી; નારકી.

નૈરવિકાવાસ [સં.] પું. નરકવાસ.

નૈરર્થ્ય [સં.] ન. નિરર્થકતા; અર્થ ન હોવાપણું.

નૈરંગ ૧. [સં.] પું. કોથળે નવીન બનાવ; ચમત્કાર.

૨. પું. ઇતરપિટી; પ્રપંચ.

૩. પું. જાદુ.

નૈરંગસાહ્ય ૧. [સં.] પું. જાદુગર.

૨. પું. પ્રપંચનું કરનાર માણસ.

નૈરંગી ૧. [સં.] સ્ત્રી. ઇતરપિટી.

૨. સ્ત્રી. જાદુગીરી.

નૈરંજના [સં.] સ્ત્રી. ગયા નજીકના ઉરુવિલ્વ ગામ પાસે વહેનારી ફલ્ગુ નદીનું પ્રાચીન નામ. તેના કાંઠા ઉપરના વનમાં સિદ્ધાર્થે તપ કર્યું હતું. ફલ્ગુની પશ્ચિમે વહેતી શાખા, જે મોહની નદીને મળે છે, તેને અત્યારે પણ કોલાંજન કહે છે.

નૈરંજરા સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી.

સુજાતાએ આપેલી ખિસ્સા ભરી ખોરિસને નૈરંજરા નદીને તીરે ભોજન કર્યું. પુરાતત્વ

નૈરંતર્ય ૧. [સં.] ન. સતતતા; એકેક હોવાપણું; નિરંતરત્વ.

૨. અ. નિરંતર; એકેક.

નૈરાત્મ્ય [સં.] ન. આત્મા જેવું કંઈ નથી એવી માન્યતા.

નૈરાત્મ્યવાદ [સં.] પું. બૌદ્ધ ધર્મની એ નામની એક શાખા; આત્મા નથી એમ માનવાનો મત.

નૈરાશ્ય [સં.] ન. નિરાશા; નાસીપાસી; આશાશૂન્યતા; નાઉમેદી.

નૈરાશ્યદર્શી [સં. નૈરાશ્યદર્શિન્] વિ. નિરાશામય ભાવિ જોનાર; દુર્ભાગ્યવાદી; દુઃખવાદી.

નૈરાશ્યવાદ [સં.] પું. નિરાશાવાદ કોઈ પણ બાબતની આશા ન હોવાની માન્યતા.

આશાવાદથી તેમનાં નેત્ર પ્રફુલ્લ રહેતાં તેને બદલે નૈરાશ્યવાદથી તેમની સિકલ વિરૂપ બનવા લાગે છે. મુ. સ્વ. પરિષદ

નૈરાશ્યવાદી [સં. નૈરાશ્યવાદિન્] વિ. નિરાશાવાદી.

ઔપનિષદ દર્શન આશાવાદી છે ત્યારે બૌદ્ધદર્શન નૈરાશ્યવાદી છે. અનૂપશાસ્ત્ર

નૈરાશ્ય [સં.] પું. ભાલુ કોડવાનો એક મંત્ર.

નૈરીયાસંગ પું. (જરથોસ્તી) એ નામનો એક ફિરસ્તો, જેનની નાભિમાં રહેતા મનાતા અમુક જાતના અગ્નિનો અધિષ્ઠાતા ફિરસ્તો.

નૈરુક્ત ૧. [સં.] પું. નિરુક્તશાસ્ત્રમાં માનનારો પુરુષ.

૨. પું. નિરુક્ત સંબંધી ગ્રંથ.

૩. ન. વ્યુત્પત્તિ પ્રમાણે અર્થનો વાચક શબ્દ.

૪. વિ. અસાધારણ; અસામાન્ય.

૫. વિ. આસક્ત; મોહ પામેલું.

૬. વિ. નિરુક્ત સંબંધી.

૭. વિ. નિરુક્તના મંથમાં હોનાર કે બનાર.

૮. વિ. નિરુક્તશાસ્ત્ર જાણનાર કે ભણનાર.

વળી પોતે નૈરુક્ત હોવાથી નૈરુક્તોનો પણ પક્ષો ઉલ્લેખ કરે છે. પુરાતત્વ

૯. વિ. શબ્દના સ્વરૂપને જાણનાર.

નૈરુક્તિ [સં.] સ્ત્રી. વ્યુત્પત્તિ.

નૈરુક્તિક ૧. [સં.] વિ. નિરુક્તવેત્તા; નિરુક્ત જાણનાર કે ભણનાર.

૨. વિ. વ્યુત્પત્તિ કરી શકાય એવું; વ્યુત્પત્તિવાળું.

નૈરોગ્ય [સં.] ન. તંદુરસ્તી.

નૈર્ઋત ૧. [સં.] પું. નિર્ઋતીનો પુત્ર; રાક્ષસ; કોથુપ.

૨. પું. નૈર્ઋત ખૂણાનો સ્વામી; પશ્ચિમ દક્ષિણ ખૂણાનો સ્વામી. જ્યોતિષ મત પ્રમાણે આ દિશાનો સ્વામી રાહુ છે.

૩. સ્ત્રી. મૂલની અધિષ્ઠાત્રી દેવી.

૪. ન. (જ્યોતિષ) મૂલ નક્ષત્ર.

૫. વિ. દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનું.

૬. વિ. નિર્ઋતિ દેવ સંબંધી; મૃત્યુ દેવ સંબંધી.

નૈર્ઋતી ૧. [સં.] સ્ત્રી. દક્ષિણ અને પશ્ચિમની વચ્ચેની દિશા; નૈર્ઋત ખૂણો.

૨. સ્ત્રી. દુર્ગા દેવી.

૩. સ્ત્રી. (જ્યોતિષ) મૂળ નક્ષત્ર; નૈર્ઋત એટલે રાક્ષસ જેનો દેવતા છે એવું નક્ષત્ર.

આજ! ચંદ્રરૂપે શાંત જ્યોતિ છો,
દેવી નર્ઋતી છો, રાજ્યલક્ષ્મી છો.
સરસ્વતીચંદ્ર

૪. સ્ત્રી. રાક્ષસણી; રાક્ષસી.

૫. સ્ત્રી. રાક્ષસની શક્તિ.

૬. વિ. નૈર્ઋત દિશાને લગતું.

૭. વિ. નૈર્ઋત દિશામાં આવેલું.

નૈર્ઋતેય [સં.] પું. નિર્ઋતિનો વંશજ; રાક્ષસણીનો પુત્ર.

નૈર્ઋત્ય ૧. [સં.] સ્ત્રી. એ નામની દિશા કે ખૂણો; દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો.

૨. વિ. દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનું.

૩. વિ. નૈર્ઋતી ખૂણા સંબંધી.

૪. વિ. નિર્ઋતિ દેવતાનું.

નૈર્ઋત્યકોણ [સં.] પું. નૈર્ઋત ખૂણો; દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો.

નૈર્ઋત્યવાયુ [સં.] પું. મોસમી પવન; વર્ષાઋતુનો પવન; 'મોન્સૂન.'

નૈર્ગુણ્ય ૧. [સં.] ન. કલા, કૌશલ વગેરેનો અભાવ.

૨. ન. નિર્ગુણતા; સત્ત્વાદિ ગુણોના સંબંધથી રહિતપણું; ગુણાતીતપણું; સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનું ન હોવું તે; ત્રિગુણશૂન્યતા.

૩. ન. નિર્ગુણપણું; ગુણનો અભાવ.

નૈર્ઘૃણ્ય ૧. [સં.] ન. નિર્ઘૃણ હોવું તે; ક્રૂરતા; ઘાતકીપણું; નિર્દયતા.

૨. ન. (વેદાંત) કર્મ સિવાય પ્રકૃતિને કર્તા માનવાથી થતો દોષ.

નૈર્દેશિક [સં.] પું. નોકર; ચાકર.

નૈર્મલ્ય ૧. [સં.] ન. નિર્મલપણું; સ્વચ્છતા.

૨. ન. વિષય ઉપરનો વૈરાગ્ય.

નૈર્મલ્યઆપક [સં.] ન. નિર્મળતા આપવાનું સાધન.

નૈર્લજ્જ [સં.] પું. નિર્લજ્જતા; બેશરમી.

નૈર્લજ્જ્ય [સં.] ન. નિર્લજ્જપણું; બેશરમી.

નૈર્વાહિક [સં.] વિ. નિર્વાહ જોગ.

નૈલ ૧. પું. એ નામનો એક શાસ્ત્રોક્ત પદાર્થ; 'આમોદાઇન.'

૨. પું. નીલ રંગ.

૩. વિ. ભૂરાશ.

નૈલાયનિ [સં.] પું. નીલ વાનરનો પુત્ર.

નૈલિત જુઓ નૈલ.

નૈલ્ય [સં.] ન. શ્યામપણું; કાળાપણું; બાલમાનીપણું; નીલપણું.

નૈવજ ન. (જૂ. ગુ.) નૈવેદ્ય.

સતોખા કીધઉ સાંસતુ,
નૈવજ દેવિહ અનિબાધતુ. ભાલણકૃત મમય

નૈવાસિક [સં.] વિ. નિવાસ કરવા જેવું; રહેવા લાયક.

નૈવાસી પું. વૃક્ષ ઉપર રહેનાર દેવતા.

નૈવેદ્ય (નૈવિદ્ય) ૧. [સં.] ન. મૃદુપણું; મૃદુત્વ.

૨. ન. વાંસળી ફૂંકવાનો એક ગુણ.

૩. ન. સંગીતપણું

નૈવેદ જુઓ નૈવેદ્ય.

નૈવેદ્ય ૧. [સં.] ન. દેવતા નિવેદન કરવાનું દ્રવ્ય કે સામગ્રી; દેવને ધરાવેલી ખાવાની વસ્તુ; દેવને ધરાવેલી ભોજનની સામગ્રી; દેવબલિ; ભોગ; પ્રસાદ. ઘી, સાકર, શેતાલ, દહીં, ફળ વગેરેને નૈવેદ્ય દ્રવ્ય કહેવામાં આવે છે. નૈવેદ્ય દેવતાના

જમણા હાથમાં રાખવાં જોઈએ, આગળ કે પાછળ નહિ. કેટલાક ગ્રંથનો એવો મત છે કે, રાંધેલ નૈવેદ્ય દેવતાની ડાબી બાજુ અને કાચું જમણી બાજુએ રાખવું જોઈએ. દેવતાને ધરેલ નૈવેદ્ય આવાનું ઓછું ફળ જણાવવામાં આવ્યું છે, પરંતુ શિવને ધરાવેલ નૈવેદ્ય નિર્માલ્ય ગણાય છે, જે ખાવાનો નિષેધ છે. નૈવેદ્ય ધર્યા પછી તે શિવનિર્માલ્ય કહેવાય છે.

૧. નૈવેદ્ય થવું = પ્રાપ્તિ થવી; મળવું.

૨. નૈવેદ્ય ધરવું–ધરાવવું = (૧) દેવ આગળ નૈવેદ્ય મૂકવું; દેવને નૈવેદ્ય આપવું. (૨) લાંચ આપવી.

૨. ન. ધર્મપુરુષાર્થમાં કહેલી ત્રણેય ઋણોની એ નામની એક કળા.

નૈવેશ [સં.] વિ. વિવાહથી બનેલું.

નૈવેશિક [સં.] વિ. વિવાહને માટે આપાતું.

નૈશ [સં.] વિ રાત્રિનું, રાત્રિ સંબંધી; નિશાનું.

નૈશાહર [ગુ.] સ્ત્રી. રોરડી.

નૈશાગ્નિ [સં.] પું. રાત્રિનો અગ્નિ.

ઝાળા પુણ્ણી રહિત જ્વળ આ વામ નૈશાગ્નિ કરી. વિક્રમોર્વશીય

નૈશિક [સં.] વિ. નિશાનું; રાત્રિનું; રાત્રિમાં હોનાર કે થનાર; રાત્રિથી વ્યાપક.

નૈશી સ્ત્રી. રાતઃ રાત્રિ.

અગ્નિ જ્યોતિ પૂમ વિરમતા જેની નૈશી પ્રભાણે. વિક્રમોર્વશીય

નૈશ્ચયિક ૧. [સં.] પું. (જૈન) નિશ્ચય નય.

૨. વિ. નિશ્ચય દૃષ્ટિએ વિચાર કરનાર.

૩. વિ. (જૈન) સામાન્ય માત્રનું ગ્રહણ કરનાર.

નૈશ્ચયિક અર્થાવગ્રહ [સં.] પું. (જૈન) અર્થાવગ્રહનો એ નામનો એક પ્રકાર. જે અર્થાવગ્રહ પ્રથમ જ સામાન્ય માત્રનું ગ્રહણ કરે છે તે નૈશ્ચયિક અર્થાવગ્રહ અને જે જે વિશેષગ્રાહી અપાયજ્ઞાનની પછી નવા નવા વિશેષોની જિજ્ઞાસા અને અપાય થતા રહે છે તે બધા સામાન્ય વિશેષગ્રાહી અપાયજ્ઞાન વ્યાવહારિક અર્થાવગ્રહ છે.

નૈશ્ચયિક નય પું. (જૈન) નિશ્ચયાત્મક દૃષ્ટિ; નિશ્ચય નય.

નૈશ્ચિત્ય ૧. [સં.] ન. નિશ્ચિતપણું; ડિફર ન હોવી તે.

પુણ્યોત્પાદિત જગતનું પ્રથમ લક્ષણ નૈશ્ચિત્ય છે. ગોવર્ધન શાસ્ત્રી

૨. ન. મોક્ષ.

નૈશ્ય [સં. નિશા (રાત્રિ)] વિ. રાત્રિનું; રાત્રિ સંબંધી.

નૈશ્રેયસ [સં. નૈશ્રેયસ] વિ. મુક્તિ માટે ઉપયોગી.

નૈશ્રેયસિક ૧. [સં.] ન. મુક્તિસાધન.

૨. વિ. મુક્તિ મેળવવામાં પ્રમાનું.

નૈષધવાદ [સં.] પું. ઈશ્વર નથી એવો મત.

નૈષદિક ૧. [સં.] વિ. નિષદ દેશ સંબંધી; નિષદનું.

૨. વિ. બેસનાર.

નૈષધિકી સ્ત્રી. ખાંડી આસને બેસનાર સ્ત્રી.

નૈષધી [સં. નૈષધિન્] વિ. ખાંડી વાળાને બેસનાર.

નૈષધ ૧. [સં.] પું. (પુરાણ) પૃષ્ટપુત્રને મારેલો દુર્યોધન પક્ષનો એ નામનો નિષધ દેશનો રાજા.

૨. પું. નિષધ દેશનો રાજા; નળ રાજા.

૩. પું. પ્રાચીન કાળમાં હિંદનો અગ્નિકોણનો એક ભાગ; હાલના બુંદેલખંડનો એક ભાગ.

૪. ન. ક્રૌંચ નામનું ધાન્ય.

૫. ન. પાંચ ભાંડેનું એક સંસ્કૃત મહાકાવ્ય; હર્ષનું રચેલું નલચરિત કાવ્ય. તેમાં નળ રાજાની કથાનું વર્ણન છે.

૬. વિ. નિષધ દેશમાં થયેલું; નિષધ દેશ સંબંધી; નિષધ દેશનું

૭. વિ વંશપરંપરાથી નિષધ દેશમાં રહેનાર.

નૈષધક [સં.] પું. એક જાતના ચોખા.

નૈષધકાવ્ય જુઓ નૈષધ ૫.

નૈષધચરિત [સં.] ન. કવિ હર્ષે બનાવેલ એક સંસ્કૃત કાવ્ય; પાંચ ભાંડેનું એક મહાકાવ્ય. તેમાં દમયંતીનો સ્વયંવર, નળદમયંતીનો દાંપત્યસ્નેહ અને નળ રાજાનું ચરિત વર્ણવેલું છે. તે આશરે ૧૧મી અથવા ૧૨મી સદીમાં લખાયું હોય એમ મનાય છે. આનું બીજું નામ નૈષધકાવ્ય છે.

નૈષધનાથ [સં.] પું. નળ રાજા.

નૈષધીય [સં.] વિ. નળ રાજાનું; નળ રાજા સબંધી.

નૈષધીયચરિત જુઓ નૈષધચરિત.

નૈષધ્ય [સં.] પું. નળ રાજાનો પુત્ર અથવા વંશજ.

નૈષાદ ૧. [સં.] પું. નિષાદનો પુત્ર.

૨. પું. ભીલ.

નૈષાદક [સં.] પું. નિષાદનો પુત્ર.

નૈષાદિ ૧. [સં.] પું. (પુરાણ) દોષનો એ નામનો ક્ષિપ્રા; એકલ્પ.

૨. પું. નિષાદનો પુત્ર.

નૈષાદી સ્ત્રી. (સંગીત) રાગની સાત ભાંતિ પૈકી એક જાતિ; નિ અંશથી થતી રાગની એક જાતિ.

નૈષિધ [સં.] પું. દક્ષિણાગ્નિ.

નૈવૈદ્યનિક [સં.] પું. રાજ્યાભિષેકના ઉત્સવ પ્રસંગે દેવામાં આવતી વસ્તુઓની ભેટ.

નૈષેધિકીક્રિયા સ્ત્રી. (જૈન) હવે હું બહારના કાર્યથી નિવૃત્ત થઈ ઉપાશ્રયમાં દાખલ થયો છું, હવે બહાર જવાનો આવશ્યક કાર્ય સિવાય નિષેધ છે એમ માની વર્તવું તે.

નૈષ્કર્મ્ય ૧. [સં.] ન એકાંતવાસ.

નૈષ્કર્મ્ય (એકાંતવાસ), અવ્યાપાદ (મૈત્રી), અવિહિંસા (ત્રાસ ન આપવાની બુદ્ધિ) આ ત્રણ વિકારોનો બીલે વિલય કર્યો છે. પુરાતત્ત્વ

૨. ન. બેદરકારપણું; આળસ.

૩. ન. બોધિસત્ત્વને પ્રાપ્ત કરવાની દશ માંહેની એક પારમિતા.

સુમેધ બોધિસત્ત્વે બને તો બુદ્ધત્વ પ્રાપ્ત થવાનું છે તો મારે આ દશ પારમિતાઓનો અભ્યાસ કરવો જોઈએ. (૧) દાન, (૨) શીલ, (૩) નૈષ્કર્મ્ય, (૪) પ્રજ્ઞા, (૫) વીર્ય, (૬) ક્ષાંતિ, (૭) સત્ય, (૮) અધિષ્ઠાન, (૯) મૈત્રી, (૧૦) ઉપેક્ષા. કૌમુદી

૪. ન. વિધિથી સર્વ કર્મનો ત્યાગ; કર્મરહિતપણું; કર્મ નહિ કરવ પણું; નિષ્કર્મપણું. કર્મ કરતાં છતાં પણ તે બધાને ન કર્યાં જેવાં જ થાય એટલે તેના બંધપ્રદત્વનું બંધન કર્તાને રહ્યું નહિ તે નૈષ્કર્મ્ય કહેવાય છે. નૈષ્કર્મ્ય એ શબ્દ વેદાંત અને મીમાંસા એ બંને શાસ્ત્રોમાં પુષ્કળ વાર આવે છે. ઈશ્વરાર્પણબુદ્ધિથી જે પુરુષ કર્મ કરે છે તેને નૈષ્કર્મ્યથી પ્રાપ્ત થતી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ભક્તિ વિના માત્ર નૈષ્કર્મ્ય એટલે નિષ્ઠામકર્મ કોરટ છે. કર્મ કર્યાં એટલે તે બંધક હોવાં જોઈએ. એટલે પારાનો ઉપયોગ કરતાં પહેલાં જેમ તેને મારીને વૈદ્ય શુદ્ધ કરી લે છે, તેમ કર્મ કરતાં પહેલાં તેનું બંધકત્વ ક્રિયા હોય જેથી નષ્ટ થાય તેવો ઉપાય કરવો પડે છે અને આવી કુશળતાથી કામ કરવાની જે સ્થિતિ તેને નૈષ્કર્મ્ય એમ કહે છે. આ પ્રમાણે કંઈ પણ કર્યા કર્મ મોક્ષને પ્રતિબંધક થતાં નથી.

નૈષ્કર્મ્યવાદ [સં.] પું. નિવૃત્તિવાદ; દુનિયાની જંજાળમાંથી છૂટી જઈ પરમેશ્વરનું ધ્યાન ધરવું એ જ ભક્તિનો ખરો માર્ગ છે એવો મત.

નૈષ્કર્મ્યસિદ્ધિ ૧. [સં.] પું. શંકરાચાર્યના મુખ્ય શિષ્ય સુરેશ્વરે રચેલો અદ્વૈતવિદ્યાનો એ નામનો એક ગ્રંથ

૨. સ્ત્રી. આ લોક, નરક અને સ્વર્ગ એ ત્રણે ગતિ છૂટી જવાથી મોક્ષ સિવાય બીજી ગતિ આત્માને માટે બાકી રહેતી જ નથી એવો વાદ.

નૈષ્કર્મ્યાર્તિક [સં.] વિ. સો નિષ્કના માપનું.

નૈષ્કશતિક [સં.] વિ. હજાર નિષ્કના માપનું.

નૈષ્કાર્મ્ય [સં.] ન. નિઃસ્વાર્થતા; સ્વાર્થ ન હોવાપણું.

આપણાં કુટુંબોમાં નિઃસ્વાર્થવાળી–નૈષ્કાર્મ્યની આશા સાચવી તે જ મોટી વાત છે.
ગોવર્ધનરામ

નૈષ્ઠિક ૧. [સં.] પું. ટંકશાળનો અધ્યક્ષ; કોષાધ્યક્ષ.

૨. વિ. નિષ્ઠ આપી ખરીદેલ; નિષ્ઠથી લીધેલું.

૩. વિ. નિષ્ઠ સંબંધી.

૪. વિ. નિષ્ઠનું બનાવેલું.

૫. વિ. સિક્કાઓ ઉપરથી તવારીખ કાઢનાર.

એ ગુપ્ત મહારાજાને નૈષ્ઠિક સિક્કા ઈ. સ. ૩૦૮–૨૬માં મૂકે છે.
કેશવ હર્ષદ

નૈષ્કિઞ્ચન્ય [સં.] ન. દરિદ્રતા; નિષ્કિંચનતા; કાંઈ ન હોવાપણું.

નૈષ્કૃતિક ૧. [સં.] વિ. બરાબ આચરનું; દુરાચરણી.

૨. વિ. મોટા અપરાધનું ઝાઝું વેર લેનાર.

૩. વિ. પારકી વૃત્તિનું કે કામનું છેદન કરનાર સ્વાર્થી; બીજાને નુકસાન કરી પોતાનું કામ કાઢનાર.

૪. વિ. રાક્ષ; નીચ.

નૈષ્કૃમાર [સં.] વિ. બાળકને પ્રથમ ઘર બહાર કાઢતી વેળા આપાતું કે તે વખતનું.

નૈષ્ઠિક ૧. [સં.] પું. ઉપનયન વખતથી મરણપ્રાણ સુધી બ્રહ્મચર્યપૂર્વક ગુરુના આશ્રમમાં જ રહેનાર બ્રહ્મચારી. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં લખ્યું છે કે, નૈષ્ઠિક બ્રહ્મચારીએ આખી જિંદગી ગુરુ પાસે રહેવું જોઈએ. ગુરુ ન હોય તો તેના પુત્ર પાસે અને આચાર્યપુત્ર પણ ન હોય તો આચાર્યની પત્નીની સેવામાં, આચાર્યપત્ની ન હોય તો અગ્નિહોત્રના અગ્નિ પાસે તેણે જીવન વિતાડવું જોઈએ. આ જાતનો જિતેંદ્રિય બ્રહ્મચારી અંતમાં મુક્તિ પામે છે.

૨. વિ. આસ્થાવાળું; નિષ્ઠાવાળું; શ્રદ્ધાળુ.

૩. વિ. કર્મ ઉપર નિષ્ઠાવાળું.

૪. વિ. ધર્મક્રિયા કરવામાં તત્પર; ધર્મિષ્ઠ.

૫. વિ. પવિત્ર.

૬. વિ. મરણ વખતે કરાતું.

નૈષ્ઠિકતા [સં.] સ્ત્રી. આસ્તિકતા; શ્રદ્ધા હોવાપણું.

નૈષ્ઠિક બ્રહ્મચર્ય [સં.] ન. જન્મથી આરંભીને છેક જીવનપર્યંત પાળવામાં આવતું બ્રહ્મચર્ય.

પરમ હેદ્રિયનિગ્રહી, મહાત્યાગી, આત્મવિજેતા, વિપુલ વૈરાગ્યસંપન્ન યોગીરાજ એ જ છે અધિકારી નૈષ્ઠિક બ્રહ્મચર્યના.
જયન્તવંત

નૈષ્ઠિક બ્રહ્મચારી [સં. નૈષ્ઠિક + બ્રહ્મચારિન્] પું. જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળી ગુરુને વેર નિવાસ કરનાર બ્રહ્મચારી; જનોઈ આપે ત્યાંથી તે મરણકાલ સુધી બ્રહ્મચર્યપૂર્વક ગુરુના આશ્રમમાં જ રહેનાર બ્રહ્મચારી. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં લખ્યું છે કે, નૈષ્ઠિક બ્રહ્મચારીએ જિંદગીના અંત સુધી ગુરુની પાસે રહેવું જોઈએ, ગુરુ ન હોય તો તેના પુત્ર પાસે, તે પણ ન હોય તો બ્રહ્મચર્યપત્નીની સેવામાં અને તેનો પણ અભાવ હોય તો અગ્નિહોત્રના અગ્નિ પાસે તેણે જીવન વિતાડવું જોઈએ.

નૈષ્ઠિક ભક્તિ [સં.] સ્ત્રી. પૂર્ણ શ્રદ્ધાવાળી ભક્તિ. જેમ શક્તિ મહાવિગ્રહ સિવસ્થાનોમાં રહે છે, તેમ શિવરૂપી ભક્તિ જુદા જુદા બ્રહ્મલોકાધિ ભેદને વર્ષે છે અનંતની વર્ષે છે સ્થાનોમાં રહે છે. તે સમરસભક્તિ, આનંદભક્તિ, અનુભવભક્તિ, નૈષ્ઠિકભક્તિ અને સહજભક્તિ છે.

નૈષ્ઠિકવ્રત [સં.] ન. પ્રણની પ્રજ્ઞા રાખવા વગર પ્રભુપરાયણ રહી કર્મ કરવાની ટેક.

નૈષ્ઠિકી [સં. નૈષ્ઠિકિન્] વિ. નિષ્ઠાવાળું; શ્રદ્ધાળુ.

નૈષ્ઠુર્ય [સં.] ન. નિષ્ઠુરપણું; નિર્દયતા; ક્રૂરતા; કઠોરપણું.

નૈષ્ઠુર્યસીમા [સં. નૈષ્ઠુર્યસીમન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

નૈષ્ફલ્ય [સં.] ન. નિષ્ફળપણું; અફળપણું; નિષ્ફળતા.

નૈષ્ણેહ્ય [સં.] ન. સ્નેહરહિતપણું.

નૈસર્ગિકબળ ન. કુદરતી શક્તિ.

શનિ, બુધ, ગુરુ, શુક્ર, ચંદ્ર અને રવિ એ નવે ગ્રહો અનુક્રમે અંશોમાં એકએકથી ઓછા અંશમાં હોવાથી નૈસર્ગિકબળ પામે છે.
જ્યોતિષીર

નૈસર્ગિક ૧. [સં. નિસર્ગ + ઇક (વાળું)] વિ. કુદરતી; પ્રાકૃતિક; સ્વાભાવિક.

૨. વિ. જન્મથી કમજાકાલ રહેલું; જડ.

૩. વિ. મનુષ્યમાં રહેલી સહજ વિચારશક્તિવાળું.

૪. વિ. મૂળ પ્રકૃતિનું; સહજ; સ્વતઃસિદ્ધ.

૫. વિ. સરળ; નિયમિત; વ્યવસ્થિત; વ્યવસ્થાપૂર્ણ; રીતસરનું.

નૈસર્ગિક ક્રમાંક [સં.] પું. પ્રાકૃતિક સંખ્યા; એક, બે, ત્રણ એ ક્રમની સંખ્યા.

નૈસર્ગિકતા [સં.] સ્ત્રી. કુદરતીપણું; સ્વાભાવિકતા.

શિલ્પકારે કૈસર્ગિકતાને આદર્શ કર્યો છે.
અશોકચરિત

નૈસર્ગિક દિન [સં.] પું. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો વખત.

નૈસર્ગિક બુદ્ધિ [સં.] સ્ત્રી. સહજજ્ઞાન; સહજજ્ઞોધ; સહજબુદ્ધિ; પ્રેરક બુદ્ધિ; પ્રેરણા; 'ઇનસ્ટિંક્ટ.'

નૈસર્ગિક મૂલ્ય [સં.] ન. નાણા તરીકે પસંદ કરેલી ચીજના સાત માંહેનો એક ગુણ; નાણાની અંદર રહેલી કુદરતી કીમત.

નૈસર્ગિક વરજ [સં.] ન. પ્રાકૃતિક સંક્રમણ; સ્વાભાવિક પસંદગી; અવશ્ય પક્ષપાત; 'નેચરલ સિલેક્શન.'

નૈસર્ગિક વરણી [સં.] સ્ત્રી. પ્રકૃતિજન્ય પસંદગી; નૈસર્ગિક વરજ.

નૈસર્ગિક વર્ગીકરણ [સં.] ન. કુદરતી રીતે વિભાગ પાડવા તે.

નૈસર્ગિકવાદ [સં.] પું. સહજજ્ઞાનવાદ; અંતર્જ્ઞાનવાદ; અંતરપ્રેરણાવાદ; 'ઇન્ટ્યૂશનલિઝમ.'

નૈસર્ગિક વિરોધ ૧. [સં.] પું. કુદરતી વૈર; સ્વાભાવિક ભિન્નતા.

પ્રકૃતિવિજ્ઞાનની દૃષ્ટિએ મનુષ્યને જોનારા હિતસુત્રે અદ્વૈતભાવ અને સ્વાર્થત્યાગવૃત્તિ કે પરમાર્થબુદ્ધિ વચ્ચેની સરખામણીમાં આવે છે, અથવા તો તેને માનસિક શક્તિઓનો નૈસર્ગિક વિરોધ કહીને સમજાવે છે.
સુ. મા. પરિષદ

૨. પું. સંતતિનિયમન કુદરતી રીતે કાબૂમાં રાખવું તે.

નૈસર્ગિક શક્તિ [સં.] સ્ત્રી. સ્વાભાવિક બુદ્ધિશક્તિ.

નૈસર્ગિકી [સં.] વિ. સ્ત્રી. પ્રાકૃતિક; કુદરતી; સ્વાભાવિકી.

પ્રાસવાળી કવિતા લખવા માટે તો શક્તિ, નિપુણતા, લોક તથા રાજનું સરહસ્ય અવેક્ષણ વગેરે સાધનોની સાથે નૈસર્ગિકી (સ્વાભાવિકી) પ્રતિભા (અલૌકિક કલ્પનાશક્તિ)ની પણ જરૂર રહે છે.
કાન્તાલાલ

નૈસર્ગિકી દશા [સં.] સ્ત્રી (જ્યોતિષ) એ નામની એક દશા.

નૈસર્ગ્ય [સં.] ન. પ્રકૃતિ; કુદરત.

નૈસા [સં. અનિષ્ટ] વિ. ઊતરું; બરાબ.

નૈસાન [ફા.] પું. સીરિઅક દેશનો એ નામનો સાતમો મહિનો. તે હિંદુ વૈશાખ અને અંગ્રેજી એપ્રિલ માસ બરાબર છે.

નૈસિતાન [ફા. નૈ (શેરડી) + સિતાન (જમીન)] ન. શેરડીનું ખેતર.

નૈસિર્સે અ. નવેસરથી.

નૈસૃષ્ટિકી સ્ત્રી. (જૈન) પથ્થર વગેરે ફેંકવાથી લાગતી ક્રિયા.

નૈસ્તેજ્ય [સં.] ન. નિસ્તેજતા; તેજ ન હોવાપણું.

નૈસ્ત્રિંશિક ૧. [સં.] પું. તરવારથી યુદ્ધ કરનાર યોદ્ધો.
૨. વિ. તરવારથી લડનાર; તરવાર જેનું શસ્ત્ર છે એવું.

નૈસ્ત્રૈગુણ્ય [સં.] વિ. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનાં કાર્ય જેમાં સત્તા બતાવી શકતા નથી એવું.

નૈહર [સં. જ્ઞાતિ] ન. (હિંદી) સ્ત્રીના પિતાનું ઘર; પિયેર; પિતૃગૃહ.

નૈહરવા [હિં.] પું. એક જાતનું જંતુ.

નૈહાર જુઓ નૈહર.

નૈહ્લવિદ્યા સ્ત્રી. અક્ષર માંહેની એક જાતની લિપિ; નિહ્નવિદ્યા.

નઃશ્રેયસ ૧. [સં.] ન. મોક્ષનું સાધન.
૨. [સં. નૈઃશ્રેયસ] ન. (પુરાણ) વૈકુંઠ માંહેનું એ નામનું વન. ભાગવતમાં લખ્યું છે કે, તે વન સર્વ કામનાઓને પૂર્ણ કરનારાં અને સર્વ ઋતુઓમાં ફળફૂલની સંપત્તિવાળાં વૃક્ષોથી શોભી રહ્યું છે.

નૈઃશ્રેયસિક [સં.] વિ. મોક્ષનું સાધન.

નૈઃસ્નિહ્ય [સં.] ન. નિઃસ્નેહપણું; પ્રેમ ન હોવો તે.

નૈઃસ્વ [સં.] ન. નિર્ધનપણું; દરિદ્રપણું.

નો ૧. પું. નખ.
૨. સ્ત્રી. છોકરાની વહુ.
૩. વિ. (જૈન) થોડું; કિંચિત્.
૪. વિ. મદદ કરનાર.
૫. [સં. ન + ઉ; પ્રા. ણો] અ. નહિ; ના; માં; નિષેધાત્મક અવ્યય.
૬. અ. રૂપી અવ્યય ના જેવું એવો અર્થસૂચક પ્રત્યય. જેમકે, આપનો આડો એટલે પાપરૂપી આડો.
૭. [સં. તનૂ; પ્રા. તણુ] અ. (આકારવાચક) પહેલાનો પુલ્લિંગ પ્રત્યય; છઠ્ઠી વિભક્તિનો નરજાતિનો પ્રત્યય. તે તન–તણુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. એમાંનો વ લોપાયો છે તેથી તે પદનો આદિ નથી. ગુજરાતીમાં છઠ્ઠી વિભક્તિ સાદ્યન્ત શબ્દથી નહિ પણ પ્રત્યયથી છે.

નોઆ [હિં.] પું. હોકતી વખતે ગાયને પગે બાંધવાનું દોરડું; નોઝણ.

નોઆખલી પું. બંગાળનો એ નામનો એક જિલ્લો. તે સંબંધમાં કાક કાલેલકર લખે છે: નોઆખલી પૂર્વ બંગાળની એક દૃષ્ટિએ આવેલો એક જિલ્લો છે. મેઘા અને બ્રહ્મપુત્રા બે નદીઓ મળીને પદ્મા બને છે. એ જ આગળ જતાં જ્યાં મેઘના બને છે, ત્યાં તેને કાંઠે આ જિલ્લો આવેલો છે. નદીઓએ સમુદ્ર સાથે લડી લડીને અને તેને હઠાવીને જે સમથલ ભૂમિ બનાવી છે, તેનો આ છેડો છે. પુરાણોમાં એનું નામ સમતટ હતું. મહાત્મા ગાંધીજીએ પાકિસ્તાન જુદું પડ્યા પછી નોઆખલીમાં હિંદુ મુસલમાન વચ્ચે થયેલ રમખાણ વખતે પોતે જાતીને નોઆખલીનો પ્રવાસ જનને ખોબમે ખેડ્યો હતો.

નોઆગમ ૧. પું. (જૈન) આગમ સાથે મિશ્રણ.
૨. પું. આગમનો અભાવ.
૩. પું. આગમનો એક અંશ.
૪. ન. પદાર્થનું અપરિજ્ઞાન.

નોઇં ૧. [સં.] પું. દસ હજાર સિપાઈઓનો સરદાર.
૨. પું. કુવર, કુમાર.
૩. વિ. આધુનિક; નવું.

નોઇંદ્રિય ૧. પું. (જૈન) જેને ઇંદ્રિયોનું પ્રયોજન નથી રહ્યું તેવો કેવળજ્ઞાન અને કેવળદર્શનયુક્ત જીવ.
૨. ન. મન. તે ઇંદ્રિયથી ભિન્ન છે અને વળી ઇંદ્રિયની સદૃશ છે.
૩. વિ. ઇંદ્રિય જેવું.
મન પણ જ્ઞાનનું સાધન હોવાથી ઇંદ્રિય છે જ; પરંતુ રૂપ આદિ વિષયોમાં પ્રવૃત્ત થવા માટે તેને નેત્ર આદિ ઇંદ્રિયોનો આશ્રય લેવો પડે છે. આ પરાધીનતાના કારણે જ મનને અનિંદ્રિય અથવા નોઇંદ્રિય-ઇંદ્રિય જેવું કહ્યું છે.
તત્ત્વાર્થસૂત્ર

નોઈ સ્ત્રી. નોઝણું; દોહતી વખતે ગાય કે ભેંસને પગે બાંધવાનું દોરડું.

નોંએ અ. ક્રિ. ન જોઈ.
કરું જીવ નોંએ આકાશ,
પણીમાં નહિ ગાજ્યા ગાજ. અખો

નોક ૧. પું. (ખિજા) રાજવસ્તુની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૨૪ ગુરુ અને ૨૬ લઘુ મળી ૫૦ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૨. [સં. નોક (અણી)] પું.;સ્ત્રી. અગ્રભાગ; અણી; ટોચ; બાતનો છેડો; કોઈ આકારની વસ્તુનો અણીદાર છેડો.
૩. પું.; સ્ત્રી. અણીનો વખત; કટોકટી.
૪ પું.; સ્ત્રી. અભિનય; હાવભાવ; કરીરનો પ્રકોપ.
૫. પું.;સ્ત્રી. આકાર.
૬. પું.;સ્ત્રી. આસન.
૭. પું.;સ્ત્રી. ખૂણો.
૮. પું.;સ્ત્રી. ખૂણી.
૯. પું.;સ્ત્રી. ઘાટ; મોખરો; મુખપટો.
આવ્યા નગર તણો વું આવીને ગો નોક,
પાટણપુરની શોભા તુજને દું શું કહું કથી રે.
શ્રુ. સા. પરિષદ
૧૦. પું ; સ્ત્રી. ચાંચ.
૧૧ પું.; સ્ત્રી. ચોટ; પછાટ.
૧૨. પું.; સ્ત્રી. છટા; શોભા.
૧૩ પું.; સ્ત્રી. ટાંક.
૧૪. પું.; સ્ત્રી. ઢંગ, ઢબ.
૧૫. પું.; સ્ત્રી. પ્રતિજ્ઞા; આબરૂ; વકર; વટ; ટેક.
૧. નોક દુમ જામવું = જીવ લઈને નાસવું.
૨. નોક રહેવી = (૧) આબરૂ રહેવી. (૨) ટેક કે પ્રતિજ્ઞા પળવી.
૩. નોક બજાવવી–રાખવી–સાચવવી = મુશ્કેલીના સમયમાં પણ માન મરતબો જળવી રાખવો; ટેક કે વટવકર જતાં અટકાવવાં.
૪. નોક શેરી = આબરૂ તોડવી; બેઆબરૂ કરવું.
૧૬. પું.; સ્ત્રી. પ્રસ્થાન; ઊપડવું તે; પ્રયાણ.
૧૭. પું.; સ્ત્રી. ભૂશિર.
૧૮. પું ; સ્ત્રી. મરઠાટીમાં બોલી ઠોકારો કરવો તે.
૧૯. પું.; સ્ત્રી. યોગ્ય સમય.
૨૦. પું.; સ્ત્રી. દોડીનો આગલો કે પાછલો ભાગ.
૨૧. સ્ત્રી. ખૂણો બનાવનાર બે રેખાઓનું સંગમસ્થાન કે બિંદુ.
૨૨ વિ. અનોખું; સુંદર; શોભાયમાન.
જોયો છે જોબન તમો, ચતુરી દિસે છે અહેન;
ઝમર દિસે છે રોભીતાં, નોક દિસે છે નેન.
સામળ

નોકઅર ૧. [ફા.] વિ. અણીવાળું.
૨. વિ. ચોક્કસ પ્રમાણનાઈ.
૩. વિ. કોણ આકારનું.

નોકઝબ્બાન [ફા.] અ. છબને ટેરવે.
નોકઝબ્બાન કરવું = મોઢે કરવા વારંવાર બોલવું; જોખાને મોઢે કરવું

નોકઝોક ૧. સ્ત્રી. ખેંચાખેંચી.
૨. સ્ત્રી. વિતંડાવાદ; બોલાચાલી; ખોટો ઝઘડો.

નોકઝોંક ૧. સ્ત્રી. અભિમાન; ગર્વ.
૨. સ્ત્રી. ગ્રહમાઈ.
૩. સ્ત્રી બોલાચાલી.
૪. સ્ત્રી. રમૂજ; મજા; વિનોદ; હાસ્ય.
૫. સ્ત્રી. ત્રાસ; કટાક્ષનું વચન.

નોકદાર ૧. [ફા.] વિ. અણીવાળું.
૨. વિ. અણીના વખતનું.
૩. વિ. અભિનયવાળું; હાવભાવવાળું
૪. વિ. આકારવાળું.

૫ વિ. આબરૂદાર.
૬ વિ. આસનવાળું.
૭. વિ. ખૂણાવાળું.
૮. વિ. ખૂબીદાર.
૯. વિ. ઘાટવાળું
૧૦. વિ. ચાંચવાળું.
૧૧. વિ. ચોટવાળું; પજાટવાળું.
૧૨. વિ. જકાદાર.
૧૩. વિ. ટાકવાળું.
૧૪. વિ. ડંખીલું; ડસવાળું.
૧૫. વિ. દિલમાં અસર કરનારું.
૧૬ વિ. પટદાર; ટેકીલું.
૧૭. વિ. સુંદર; ઢોબીતું; કૃપાળું.

નોકદારી ૧. [ફા.] સ્ત્રી. અણી.
૨. સ્ત્રી. આબરૂ જાળવી રહેલું તે.
૩ સ્ત્રી. નોકદાર હોવાપણું.

નોકની પું. (વૈદક) એક જાતનો નખાણાનો રોગ. તેમાં ગોકણ સામસામા નજીક આવે છે અને નીચલા પમ ધોળા થઈ જાય છે. આરામ લેતાં કે ચાલ્યા કરવાથી કોઈક વાર આ રોગ સુધરે છે. અયપથ્યમાં બહુ ઊભવાથી અથવા બહુ ભાર ઉપાડવાથી આ રોગ વતો મનાય છે.

નોકપલક સ્ત્રી. આંખ, નાક વગેરેનો દેખાવ; ચહેરાની બનાવટ.

નોકપાન [હિં.] પું. પનરખાની જોડી ઉપરનું પાનના આકારનું ચામડું.

નોકર ૧. [ફા.] પું. ચાકર; પગાર લઈ કામ કરનાર માણસ; દાસ.
૨. પું. સેવક; ખિદમતગાર.

નોકરઘર ન. રહેણાકનો એક ઉપખંડ; નોકરને રહેવા માટેનું ઘર.

નોકરચાકર પું બારવર્ગ.

નોકરડી (નોકરડી) ૧. સ્ત્રી. ચાકરડી; દાસી.
૨. સ્ત્રી. નોકરની સ્ત્રી.
૩. સ્ત્રી. સ્ત્રીનોકર.

નોકરનકર (નોકરનકર) [ફા.] પું. નોકરચાકર.

નોકરપોથી સ્ત્રી. નોકરની નોકરી, ગત રજા વગેરે હકીકત સંબંધી ચોપડી; 'સર્વિસ બુક.'

નોકરવર્ગ પું. નોકરિયાતોનો સમૂહ.

નોકરશાહી ૧. સ્ત્રી. અધિકારીનું શાસન; નોકરોનો અમલ; નોકરોથી ચાલતું એટલે કે નોકરોની કુલ સત્તાવાળું રાજ્યતંત્ર 'બ્યુરોક્રસિ'
૨. સ્ત્રી. અધિકારીવર્ગ.

નોકરાણી ૧. સ્ત્રી. ચાકરડી.
૨ સ્ત્રી. નોકરડી.
૩. સ્ત્રી. નોકરની સ્ત્રી.

નોકરિયાટ જુઓ નોકરિયાત.

નોકરિયાત ૧. વિ. નોકરી કરનારું; નોકરી જેની વૃત્તિ હોય એવું.
૨. વિ. પરાધીન; બીજાના તાબાનું.

નોકરી ૧. સ્ત્રી. નોકર તરીકે રહીને કરવાનું કામ.
૨. [બ.] સ્ત્રી. નોકર તરીકેની વૃત્તિ; ચાકરી; સેવા; ખિદમતગારી.
૩. સ્ત્રી, નોકરની જગ્યા.
૪. સ્ત્રી. મહેતાગીરી.

નોકરી અંશ પું. નોકરીના ભથ્થામાં અપાતી વાર્ષિક રકમ.

નોકરીશોધુ વિ. નોકરી શોધનાર; બેકાર; નિરુદ્યમી.

નોકર્મ ૧. ન. (જૈન) જીવ સાથેના એક પ્રકારનું કર્મ.
૨. ન. (જૈન) શરીર, ઇંદ્રિય વગેરે સ્થૂળ પુદ્ગલપિંડ.

ઔદારિક, તૈજસ, વૈક્રિયિક, આહારક શરીર આદિ તથા મન, વચન, કાયા, મનઃપર્યાપ્ત, શ્વાસ, ઘર આદિ તથા અન્ય નોકર્મરૂપી પરિણમે તે નોકર્મ છે. સમયસાર

નોકનું જ. ક્રિ. ચીંધવું; તાકવું; નિશાન લેવું.

નોકષાય પું. (જૈન) હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ નવ પ્રકૃતિનો સમુદાય; મોહનીય કર્મની એ નામની નવ પ્રકૃતિ. આ નવે મુખ્ય કષાયના સહચારી તેમ જ ઉદ્દીપક હોવાથી નોકષાય કહેવાય છે. તે કષાય નહિ પણ કષાયને ઉત્પન્ન કરનાર છે.

નોકષાય ચારિત્ર મોહનીય ન. (જૈન) નોકષાયરૂપ ચારિત્ર મોહનીય કર્મ. જુઓ નોકષાય.

હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ નવ નોકષાય ચારિત્ર મોહનીય છે. તત્ત્વાર્થસૂત્ર

નોકષાયજ જુઓ નોકજાત.

નોકષાય મોહનીય કર્મ જુઓ નોકષાય ચારિત્ર મોહનીય.

નોકષાય વેદનીય ન. (જૈન) કષાય નહિ પણ કષાયને ઉત્પન્ન કરનાર નોકષાય મોહનીય કર્મની હાસ્યાદિ નવ પ્રકૃતિ. જુઓ નોકષાય.

દર્શનમોહ, ચારિત્રમોહ, કષાય વેદનીય અને નોકષાય વેદનીયના અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે. તત્ત્વાર્થસૂત્ર

નોકાચોકી જુઓ નોકાઝોકી.

નોકાઝોકી ૧. સ્ત્રી. ખેંચાખેંચી; ખેંચતાણ.
૨. સ્ત્રી. વિતંડાવાદ; ઓલાચાલી; મોટો બકવાદ.

નોકાઝોંકો ૧. [હિં.] સ્ત્રી. પરસ્પર ધક્કા આદિ દ્વારા આક્રમણ.
૨. સ્ત્રી. વિવાદ; ઝઘડો; ઓલાચાલી.

નોકાર ૧. [સં. નમસ્કાર; પ્રા. णुक्कार] પું. જૈનોને જપવાનો એક મંત્ર; નૌકાર; નવકાર મંત્ર; પંચપરમેષ્ઠી મંત્ર; નમસ્કાર મંત્ર.
૨. પું. નોકારશી; સકલ જૈનોનું જમણ.

નોકારમંત્ર પું. (જૈન) પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનું પદ; જૈનોને જપવાનો એક મંત્ર; નૌકાર; નવકાર મંત્ર; પાંચ પરમોત્કૃષ્ટ પદવીધરોને નમસ્કાર મંત્ર.

નોકારવળી [સં. નમસ્કાર + આવલી (ઘાર)] સ્ત્રી. જૈનોની જપ જપવાની માળા; નોકાર કરવાની માળા.

નોકારશી સ્ત્રી. (જૈન) નોકાર મંત્રની દીક્ષાવાળાઓનું મોડું જમણ; જૈન મત માનનારાઓને જમાડવા તે.

નોકારસી જુઓ નોકારશી.

નોકીલું ૧. વિ. ખૂણાવાળું.
૨. વિ. તીણી અણીવાળું.

નોકું [સં. નૂખ] વિ. અનોખું; સુંદર; દેખાવકું.

નોકેજબાન જ. જીભને ટેરવે.

નોકેવલજ્ઞાન ન. (જૈન) અવધિ અથવા મનઃપર્યવ જ્ઞાન.

નોકૈલ ૧. વિ. અણીવાળું; નોકદાર.
૨. વિ. મોહ પમાડે એવું.
૩. વિ. સંકુ આકારનું

નોકોસં ન. ગણકારવું નહિ તે; ધ્યાન ન આપવાપણું.

નોકટોવિચ્છન [અં. નોક્ટોવિઝન] ન નિશાદર્શન; રાત્રિને વખતે, અંધારામાં કે ધૂમ્રમમાં પણ જોઈ શકાય એવું હોવું તે.

નોખ ૧. [સં. નોક] પું.,સ્ત્રી. અણી; છેડો.
૨. પું.,સ્ત્રી. ખૂણી; ઓટા; ચોબા.
૩. પું.,સ્ત્રી. ઘાટ; મોખરો; મુખપટો; આગળની ચોબા; ટોચ.
૪. પુ.,સ્ત્રી. નોક; ટેક; વટ, વકર; આબરૂ.
૧. નોખ જાળવવી-રાખવી સાચવવી = ટેક સાચવવી; વટવકર જતાં ઝટકાવવા.
૨. નોખ લેવી = આબરૂ લેવી; બેઆબરૂ કરવું.

૫. વિ. અનોખું; સુંદર.

નોખદાર ૧. [ફા. નોકદાર] વિ. બઢીવાળું.
૨. વિ. ખામણાનું; મોખરાનું.
૩. વિ. ખૂમીવાળું; ઘાટદાર.
૪. વિ. ટેકીલું; આબરૂદાર.
૫. વિ. નોકવાળું; ચટદાર.
૬. વિ. મુખપટે બહુ સારું; ચોખ્ખીનું.

નોખનોખું ૧. વિ. જુદું જુદું; છૂટું છૂટું; ઘણાબહું.
૨. વિ. વિવિધ; જુદી જુદી જાતનું.

નોખાયું જુઓ નોખદાર.

નોખા [હિં.] વિ. અદ્‌ભુત; વિચિત્ર; વિલક્ષણ; અપૂર્વ.

નોખાઈ સ્ત્રી. નોખાપણું. જુદાઈ; ભિન્નતા.

નોખાપણું જુઓ નોખાઈ.

નોખુ ન. ઊલટી; વમન.
નોખુ વળવું = ઊલટી થવી; વમન થવું.

નોખું ૧. [સં. અન્યપક્ષક; પ્રા. અણ્ણવખઉ-અણવખઉ-અનવખઉ-અનોખું-નોખું] વિ. અળગું; છૂટું; જુદું; ઘણાયું.
૧. નોખું કરવું-પાડવું = અલગ કરવું છૂટું પાડવું.
૨. નોખું તરી આવવું = જુદું પડવું.
૩. નોખું બોલવું = ફરીને બોલવું; જાહું કે જુદું બોલવું.
૨. વિ. નવું.
૩. વિ. વધારે સારું.
૪. વિ. વિચિત્ર; અજબગીવાળું.
૫. વિ. વિલક્ષણ; અપૂર્વ; અદ્‌ભુત; વિરલ.

નોખું નોખું જુઓ નોખનોખું.

નોગર ન. ખૂંપરી સાથે બાંધવાનું દોરડું; નાકું.

નોગરવું સ. ક્રિ. બળદને હળ જોડી ખેડવા તૈયાર કરવું.

નોગા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

નોગુણ વિ. યથાર્થ; વાસ્તવિક.

નોમી [હિં.] સ્ત્રી. હાથની પોંચી.

નોય ૧. [હિં.] પું. ઉખેડવાની ક્રિયા.
૨. પું. ઉખરડો.
૩. પું. માગણી.
૪. પું. લંટ.

નોયખસોટ સ્ત્રી. બળજબરીથી ખૂંચવી લેવું તે; લંટ.

નોયવું ૧. સ. ક્રિ. ઉખરડો કરવો.
૨. [સ. લુચન] સ ક્રિ. અમેથી વસ્તુને ઝટપટથી ખેંચી અલગ કરવી.
૩. સ. ક્રિ. તકાલે કરી માગવું.
૪. સ. ક્રિ. કુટખી કે ઠેરવટ કરી લેવું; પાછળ પડી કોઈની ઇચ્છા વિરુદ્ધ લેવું.
૫. સ. ક્રિ. નખ આદિથી વિદીર્ણ કરવું.

નોચાનોચી ૧. સ્ત્રી. લૂંટ; જબરદસ્તીથી પડાવી લેવું તે.
૨. સ્ત્રી. સામસામા ઉઝરડા કરવા તે.

નોચેતના સ્ત્રી. બેભાનપણું; ચેતના વિનાનું હોવું તે.

નોચેત્ [સં.] અ. નહિ તો.

નોછાવર ૧. [અ. નિસાર] સ્ત્રી. ઓવારવું તે; ફૂલ-કરવું તે; કુરબાન કરવું તે.
૨. સ્ત્રી. દેવમંદિરમાં અપાતી ભેટ; અર્પણ.
૩. સ્ત્રી. ધાર્મિક પુસ્તકોની કીમત.
૪. સ્ત્રી. રાજાની ખુશામણી વખતે ધર્માદાને માટે ટોળા ઉપર ફેંકવામાં આવતા પૈસા અથવા રાજાના હજૂરિયાને આપવામાં આવતા પૈસા

નોછાવરી સ્ત્રી. ઘરોરણની આરતી કર્યા પછી આખી ઉતારીને દેવાતું દાન.

નોજ ૧. પું. અણક; નિર્ણય.
૨. પું. જીવનો પ્રદેશ.
૩. વિ. (જૈન) નહિ જીવ કે નહિ અજીવ એવું.
પણ વગેરે જીવ, પરમાણુ વગેરે અજીવ અને મરેલાનાં વસ્ત્રાલ કપાયેલાં પુચ્છ વગેરે **નોજીવ** (જીવાજીવ અથવા કાંઈક જીવ) આવી જાય દલિલો છે. સુખલાલજી

નોજવૃસાંકળ જુઓ નોજવૃસાંકળ.

નોજવૃસાંકળ સ્ત્રી. કમાડને બારસાખ સાથે જોડી રાખનારી સરળિયા સાંકળ.

નોજાવું [સં. નદ્ધ (બાંધેલ)] ન. છૂટા નહિ પડવા દેનારું દોરડું; જોડી રાખનારું દોરડું; સેલો; દોહની વખતે ગાયના પાછલા બંને પગે બાંધવાનું દોરડું. તેથી ગાય કૂદી કે લાત મારી શકતી નથી.
નોજવું બાંધવું = સેલો વાગવો.

નોટ ૧. [અં. નોટ] પું દરિયામાં વહાણ ચાલતું હોય તેનું અંતરનું માપલિના જેવું માપ. ૬૦૮૦ ફૂટનો એક નોટ થાય છે. આખા દોરડાની નોટ જેટલે ગાંઠ બાંધી બાંધીને માપ કાઢતા તે ઉપરથી માપલિનું નામ નોટ પડ્યું છે. વૈજ્ઞના બળથી આકાશોટ ૨૧ નોટ જેટલે આકરે ૨૪ માઈલની ઝડપથી ચાલે છે.
૨. [સં.] પું. નટ; નટવો.
૩. સ્ત્રી. કામકાજની ચિઠ્ઠી.
૪. સ્ત્રી. કોરા કાગળની બાંધેલી વહી; નોંધપોથી.
૫. સ્ત્રી. નોંધ; ટિપ્પણ; ઉતારો; પાનામાં આવેલા શબ્દની સમજ આપવાને પાનાની નીચે આપેલી ટીપ.
૬. [અં.] સ્ત્રી. સિક્કાને ઠેકાણે વપરાતો ચલણી કાગળ; સરકારી હુંડી. હિંદુસ્તાનમાં બે પ્રકારની નોટ છે: કરન્સિ નોટ અને પ્રોમીસરિ નોટ. કરન્સિ નોટ બરાબર સિક્કાને સ્થાને ચાલે છે અને તેના રૂપિયા જ્યારે જોઈએ ત્યારે મળે છે. પ્રોમીસરિ નોટ ઉપર કેવળ આજ મળે છે. તેનો ભાવ વધઘટ થાય છે.
૭. સ્ત્રી. સ્વર; સૂર.

નોટ આઉટ [અં. નૉટ આઉટ] વિ. દાવ પૂરો થયો ન હોય એવું; દાવમાંથી દૂર ન ખેસવું પડે એવું.

નોટ બૂક [અં. નોટ બુક] સ્ત્રી. કોરા કાગળની બાંધેલી વહી, નોંધપોથી.

નોટિફિકેશન [અં.] ન. નોટિસ; જાહેરાત.
આમા વિષયનું નોટિફિકેશન સંબંધી તેમનું ગ્રંથ અજ્ઞાન પ્રસ્તુત થાય છે.
મહાદેવ દેસાઈ

નોટિશ ૧. [અં.] સ્ત્રી. ચેતવણી; પૂર્વખબર.
૨. સ્ત્રી, પૂર્વખબર કે ચેતવણી દેતું કાગળિયું; પ્રસિદ્ધિ.
૩. સ્ત્રી. વિજ્ઞાપન; વિજ્ઞપ્તિ; સૂચના.

નોટિશ ફી [અં.] સ્ત્રી. નોટિસ કે ઉઘરાણી કર્યા બદલ લેવાતા પૈસા

નોટી [સં.] સ્ત્રી. નટી.

નોટેશન [અં.] ન (સંગીત) કોઈ પણ ગાયન કે કવિતાના દરેક અક્ષર, તે અક્ષરને ગાતાં વપરાયેલો સ્વર, તે બંને કેટલા વખત સુધી લંબાવા તે દર્શાવવા તે કામના માટે કરી કવિતા કે ગાયન લખવાની પદ્ધતિ; ગાયનલેખન; સંગીતલેખન; સ્વરકાલ લિપિ.

નોઠ (નોઠ) પું. (કચ્છી) ચોટાં બકરાંના વાળની બનાવેલી દોરડી.

નોડવું (નોડવુ) સ. ક્રિ. બાંધવું; બાંધી રાખવું.

નોડી (નોડો) સ્ત્રી. સોંદરી.

નોડો પું. લોટું; લોક.

નોણવું ૧. સ ક્રિ. ચીરો પાડીને રસ કાઢવો.
૨ સ. ક્રિ. જાણવું.

નોણવેલ સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ. તે નોણિયું સૂંઘે છે અને સર્પને મારવા તત્પર થાય છે.

નોણાં ન. ક. ઘર તથા કન્યાવાળા એકમેકને ત્યાં જનાવ કરે તે.

નોણિયું ન. નવરાવવાનું વાસણ.

નોણિયો પું. નાગર જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે કન્યાને નવરાવેલ નિતારવાળું પાણી ભરેલો ઘડો. કન્યા પક્ષની સ્ત્રીઓ તે ઘડો લગ્નને દિવસે વરને નવરાવવા લઈ જાય છે અને તેના પાણીથી તેને નવરાવે છે અથવા તેના પગ ઉપર રેડે છે.

નોણું ન. અપવો; ઓજીણ કરવા માટે ચીરા પાડવાનું હથિયાર.

નોતચ વિ. તેવા પ્રકારનું નહિ.

નોતર ૧. સ્ત્રી. કાનો માત્રાની નિશાની.

૨. સ્ત્રી. નોતરવાથી આવેલું મહેમાનમંડળ; નોતરેલાં મહેમાનોનો સમૂહ.

૩. સ્ત્રી. નોતરવું તે; નોતરવાનું કામ; આમંત્રણ.

૪. સ્ત્રી. મોસાળું લઈને આવતો મહેમાનવર્ગ.

૫. સ્ત્રી. લગ્નપ્રસંગે જનમાં આવેલ માણસો.

નોતરણું જુઓ નોતરું.

નોતરવું ૧. સ. ક્રિ. અમુક જાતની માનતાપૂર્વક કોઈ કામ કે જોડને જઈને પૂજા આપવું.

૨. [સં. નિમંત્ર્] સ. ક્રિ. સારે પ્રસંગે જમવા તેડવું; ઘ્યાન દેવું; બોલાવવું; નિમંત્રવું; આમંત્રણ કરવું; આવવા કહેણ મોકલવું.

નોતરિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નોતરિયું ન. નોતરમાં આવેલું માણસ.

નોતરિયો ૧. પું. નોતરાં દેનાર માણસ; ધ્યાન દેવા જનાર પુરુષ.

૨. પું. નોતરાં દેવાનું કામ કરનાર ગોર.

નોતરિયો નિર્મલ દિસે છે
આવ્યો વગને દહાડે.
પ્રેમાનંદ

નોતરું ૧. [સં. નિમંત્રણકે-નિમંત્રણકં-નોતરું] ન. જમવાનું આમંત્રણ; નિમંત્રણ; ધ્યાન; તેડું; નોતરવું તે.

વગર નોતરે જમવા જઈને, સારે નસરું જોયે;
લાલો કહે છે માલાને તે વણબલાવે હોય.
ઝિણાભાઈ

૧. નાતનું નોતરું ને પરબનું પાણી = સૌ કોઈ ઉપયોગ કરી શકે તેમ હોવાપણું.

૨. નોતરાં કરાવવાં-ફેરવવાં = નોતરું કરવું; આવવાનું કહેણ મોકલવું; તેડવા જવું.

૩. નોતરાં કાઢવાં = નોતરાં મોકલવાં.

૪. નોતરું આપવું-દેવું-મોકલવું = નિમંત્રણ આપવું; આમંત્રણ પહોંચાડવું; પધારવાનું જણાવવું.

૫. નોતરું કરવું = તેડું કરવું; પધારવાને માટે બોલાવવા જવું.

૬. નોતરું આપવું = નાતમાંથી નિમંત્રણ હટી જાય તેવું; નોતરું મોકલવાનું બંધ કરવું; નોતરું મેળવવાનો કોઈનો હક રદ કરવો.

૭. નોતરું ઝીલવું = નોતરું સ્વીકારવું.

૨. ન. બહાલવા બોલાવવું તે.

નોતરું તેડું (નોતરું તેડું) ન. નોતરું કર્યા પછીનું તેડું; આમંત્રણ કર્યા પછી તેડવા મોકલવું તે.

નોતરો પું. નોતરું; આમંત્રણ.

નોતિયાર ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જ્ઞાખા.

૨. ન. એ નામની જ્ઞાખાનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાખાનું.

૪. વિ. નોતરેલું; આમંત્રણ આપેલું.

નોતિયારા ૧. સ્ત્રી. મેમણ અને સંધીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

નોતો ૧. પું. નોતરું; આમંત્રણ.

૨. પું. વિવાહ ઉપર આવેલા માણસે આપેલી પૈસાની ભેટ; હાથખરચું.

નોદક [સં.] વિ. પ્રેરણા કરનાર; પ્રેરક.

નોદકવાક્ય [સં.] ન. વિધિવાક્ય; સૂત્ર.

નોદન ૧. [સં.] ન. એક પ્રકારનો સંયોગ, નોદનાખ્યસંયોગ.

૨. ન. ખંડન.

૩. ન. પીડન; દાબ; દબાણ.

૪. ન. પ્રેરણા.

૫. ન. બળદને હાંકવાની છડી; પોરડો.

૬. ન. હાંકવું તે.

નોદના સ્ત્રી. પ્રેરણા કરવી તે.

નોદનાખ્યસંયોગ [સં.] પું સ્પર્શનાર દ્રવ્યનો બીજા મૂર્ત દ્રવ્ય સાથેનો સંયોગ. નોદનાખ્યસંયોગ શબ્દનો જનક હોતો નથી, પણ મૂર્ત દ્રવ્યમાં ક્રિયામાત્રનો જ જનક થાય છે. જેમ પાણી ભરાઈ રહેવાથી ઝાડવાળા થયેલી જમીન ઉપર પગ મૂકવાથી શબ્દ થતો નથી પણ સ્પર્શનાળા પગનો તે ભૂમિપ્રદેશ સાથે સંયોગ થાય છે તે નોદનાખ્યસંયોગ છે.

નોદનાવાક્ય ન. પ્રેરણાવાક્ય; વિધિવાક્ય.

આદમાનું દર્શન કરવા જેવું પત્રેરનું નોદનાવાક્યનો અર્થ છે. ઝેવાલાલ શાહ

નોદયિતર ૧. [સં. નોદયિતૃ] વિ. પ્રેરણા આપનાર.

૨. વિ. હાંકનાર.

નોદિત વિ. પ્રેરણા કરેલ; જવાને સંમુખ કરેલ.

નોધડિયો (નોધડિયો) પું. છોકરો; નોધડો.

યથા કંઈક મંડ્યા ભણ,
નહતા બોધડિયા. પ્રાચીનકાવ્ય

નોધડી (નોધડી) સ્ત્રી. નાધુડી; પુત્રી; દીકરી; નાધલી; છોકરી; છોડી. વહાલમાં વપરાય છે.

નોધડો (નોધડો) પું. નાધડો; દીકરો; પુત્ર; છોકરો. વહાલમાં વપરાય છે.

નોધણાંસાંકળ સ્ત્રી. ક્રમાનુસારણી સાથે જોડી રાખનારી સાંકળ; નોઝણાસાંકળ.

નોધલિયું ૧. ન. નાનું બાળક.

૨. વિ. નાનું; નાધલું.

નોધલું ૧. ન. નાનું બાળક.

૨. વિ. નાનું; નાનકડું.

નોધવું અ. ક્રિ. ચોપડીમાં દાખલ કરવું; ટપકાવવું; નોંધ કરવી.

નોધા ૧. પું. ઋગ્વેદના આઠમા મંડલનું ૮૮મું અને નવમા મંડલનું ૬૩મું સૂક્ત રચનાર એ નામનો એક ઋષિ.

૨. [સં. નોધસ્] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૩. [સં.] અ. નવ પ્રકારે; નવ તરેહથી; નવ રીતે.

નોધારા આધાર પું. આધાર વિનાનું જે હોય તેના આધારરૂપ ભગવાન; દીનવત્સલ; આશ્રય આપવાનું કરવું; ઈશ્વર.

નોધારું ૧. વિ. આધાર વિનાનું; અઢર; ટેકા વગરનું.

૨. વિ. આશ્રય રહિત; નિરાશ્રિત; નિરાધાર.

૩. વિ. એકલવાયું.

નોધાવવું અ. ક્રિ. ચોપડીમાં દાખલ કરે તેમ કરવું.

નોન [સં. લવણ] પું. (હિંદી) મીઠું; લૂણ નામક.

નોનકલ ન. એક જાતની ચાકળાજી.

નોન કોઅોપરેશન [અં.] ન. અસહકાર; સહયોગ ન આપવો તે 'નૉન કોઅોપરેશન.'

નોનકોગ્નિઝેબલ [અં. નૉનકૉગ્નિઝેબલ] વિ. પોલીસ વગર વૉરંટ પકડી ન શકે એવું. આ પ્રકારનો ગુનો પોલીસના અધિકાર બહારનો છે. મૅજિસ્ટ્રેટે વૉરંટ કાઢી આપ્યા પછી તે વૉરંટને આધારે પોલીસ ગુનેગારને પકડી શકે છે.

નોનચા ૧. [હિં.] પું. પુષ્કળ આરવાળી જમીન.

૨. પું. મીઠામાં નાખેલી કરીનું આકું પાણી.

૩. પું. મીઠાવાળુ અથાણું.

નોનચાર પું. તણખલાની રાખમાંથી બનાવેલ ક્ષાર.

નોનછી [હિં.] સ્ત્રી. આરવાળી માટી.

નોનડીલિવરિ [અં. નૉનડીલિવરી] સ્ત્રી. સોંપણી નહિ કરવી તે.

નોનતેજ પું. ન. ન. જિંદગીની જરૂરિયાતો.

નોનહરા [હિં.] પું. પૈસો; નાણું; ધન.

નોના ૧. [હિં.] પું. ઊપર્શ.

૨. પું. આરવાળી માટી.

૩. પું. મીઠું.

૪. પું. લૂણો.

૫. પું. સીતાફળ.

૬. વિ. ખારું.

૭. વિ. લાવણ્યમય; સુંદર.

૮. વિ. સારું.

નોનાચમાર ૧. સ્ત્રી. ચમારના ગુરુની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

નોનાચમારી ૧. [હિં.] સ્ત્રી. એક કલ્પિત પ્રેત. તેની મદદની બધા જાદુગરને જરૂર પડતી મનાય છે.

૨. સ્ત્રી. મંત્રોમાં કેવામાં આવતી એક પ્રસિદ્ધ સ્ત્રીજાદુગરની દુહાઈ. તે ક્ષમારૂપ દેવની હતી એમ માનવામાં આવે છે.

નોનામાની [હિં.] ન. મીઠાનું પાણી.

નોનિયા ૧. [હિં.] પું. મીઠાનો વેપારી.

૨. પું. સુરોખાર બનાવનાર માણસ.

૩. સ્ત્રી. એક જાતની આછી; લૂણી.

૪. સ્ત્રી. મીઠું બનાવવાનો અને વેચવાનો ધંધો કરતી એ નામની એક જાતિ.

૫. ન. એ નામની જાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતિનું.

નોનિહાર જુઓ નોનિયા.

નોની ૧. [હિં.] પું. ગાયને દોહતી વખતે તેના પાછલા પગ બાંધવાનું દોરડું; સેલો; નોઝવું.

૨. સ્ત્રી. એક જાતની આછી; લૂણી.

૩. સ્ત્રી. ઢોલ ઉપરનો મીઠાવાળો ભેજ; લૂણો.

૪. સ્ત્રી. માખણ.

૫. વિ. સ્ત્રી. સારી; ઉત્તમ.

૬. વિ. સ્ત્રી. સુંદર; રૂપવતી.

નોનીત [સં. નવનીત] ન. (હિંદી) માખણ.

નોનીધી જુઓ નોનીત.

નોનેર સ્ત્રી. ક્ષારવાળી જમીન.

નોન્સેન્સ [અં. નૉન્સેન્સ] ન. લાવે અર્થ વગરનું બોલવું તે.

નોપરિત્તાપરિત્ત [સં.] પું. (જૈન) સિદ્ધ ભગવાન; જેઓ અલ્પ સંસારી કે જેઓ અલ્પોત્ર સંસારી એવા સિદ્ધ ભગવાન.

નોપર્યાપ્તાપર્યાપ્ત [સં.] પું. (જૈન) પર્યાપ્ત નહિ તેમ જ અપર્યાપ્ત નહિ એવા સિદ્ધ ભગવાન.

નોપરમાતા ૧. [સં. નોપરમત્] વિ. દૂર રહેલ.

૨. વિ. હીન પ્રતિષ્ઠાવાળી.

નોબત ૧. [અ. નૌબત] સ્ત્રી. લાવની વારી; પાળી; વારો.

આ રીતે ચાર ભાગવાન વખતને લાવની વારી અથવા લાવની નોબત કહે છે.

બરજોર

૨. સ્ત્રી. દેવમંદિરમાંનું મોટું નગારું; એક પ્રકારનું વિતત વાદ્ય.

૩. સ્ત્રી. સવારીમાં ઊંટ ઉપર રાખીને વગાડવાનું લાકડાંનું મોટું નગારું. રાજાની વિલાસતમાં આજુબાજુરૂપ ગણાતાં વાદ્યો પૈકી આ વાદ્ય તબલાંના નર એટલે જાપાની આકૃતિનો હોઈ પ્રમાણમાં મોટું અને ભારે બનેલું હોય છે. તેમાં પણ નરમાદાનું યુગલ હોય છે અને તેમાં ચામડાને અંદરથી સાંધી લગાડવામાં આવે છે. આ વાદ્ય લાકડાની દાંડીઓ વતી વગાડાય છે. લાવણી સવારીમાં નોબત આગળ હોય છે. નોબત આવી એટલે વારો આવ્યો એવો અર્થ હતો, તેને બદલે નોબત એટલે નગારું અર્થ થઈ ગયો છે. નોબત શબ્દ વારાના અર્થમાં પણ વપરાય છે.

નોબત વગી = લાવણી વખતે નોબતનું નગારું વાગ્યું.

૪. ન. અમુક નક્કી વખતે વગાડાતું ચડિયાતું.

નોબતખાનું ન. નોબત વગાડવાની ઊંચી ઓરડી; ટહેરખાનું.

નોબતબાજ પું. નોબત વગાડનાર માણસ.

નોબતસૂબ્બો પું. જેને ત્યાં નોબત વાગતી હોય તેવો સરદાર.

નોબતી ૧. પું. બજાણિયા; હાથીની સંભાળ રાખનાર પુરુષ.

૨. પું. નોબત વગાડનાર માણસ.

નોબલ ૧. [અં.] પું. અમીર; ઉમરાવ.

૨. વિ. ઉમદા; આનદાન.

નોબેલ પું. ડર આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ નામનો સ્વીડનનો સુવિખ્યાત પુરુષ. ધરપમાં આવેલ સ્વીડનના સ્ટોકહોમ શહેરમાની આલ્ફ્રેડ નોબેલનો જન્મ ઈ. સ. ૧૮૩૩ના ઑક્ટોબરની ૨૧મી તારીખે થયો હતો. તેના પિતાનું નામ ઇમેન્યુઅલ નોબેલ હતું. આલ્ફ્રેડ તેનું બીજું સંતાન હતું. ઇમેન્યુઅલે રશિયામાં ટોર્પિડો બનાવવાનું કારખાનું કાઢ્યું. એ વેપારનો રશિયનો કર ભરવા પામવાથી રાજ્યમાં બનાવને કારણે ફેરફાર થયા. આથી નોબેલના ધંધાને પણ ધક્કો લાગ્યો. એ પાયમાલ થયો. જેવો આવી હાલે એ રશિયામાં આવ્યો હતો, તેવો જ આવી હાલે એ સ્વીડન જવા નીકળ્યો. હવે આલ્ફ્રેડ પિતાના કામમાં મદદ કરવા લાગ્યો. ઇમેન્યુઅલ એ વેળા નાઇટ્રોગ્લિસરાઇન નામનો સળગી ઊઠે એવો પદાર્થ બનાવવામાં રોકાયેલો હતો. આ શોધના લાભાલાભ લોકોએ ખૂબ જ લીધા છે, પરંતુ ઇમેન્યુઅલને એ શોધ કરવામાં અપાર શ્રમ અને ભોગ આપવા પડ્યા છે. એક વાર નાઇટ્રોગ્લિસરાઇન સળગ્યો, તેના પડાકાને લીધે તેનો નાનો પુત્ર ઍન્ડ્રિ ચાલ્યો ને મરી ગયો. આઠ વરસ પછી ઇમેન્યુઅલ પણ મરી ગયો. હવે રોબર્ટ, લુઈ, આલ્ફ્રેડ અને તેમની બિધવા માતા રહ્યાં. ત્રણે પુત્રોએ પિતાનું કામ પૂરું કરવા અને તેનું નામ પ્રસિદ્ધિમાં લાવવા કમર કસી અને નાઇટ્રોગ્લિસરાઇનની શોધને વધુ ઉપયોગી બનાવવા નિશ્ચય કર્યો અને પિતાનાં અધૂરાં પુણ્ય કાર્ય પૂર્ણ કરનાર પ્રતિનિધિ પુત્ર છે એ સિદ્ધ કરી બતાવ્યું. આલ્ફ્રેડ નોબેલે પણ પોતાના પિતાનો વારસો લીધો, ફેલાવ્યો ને વધાર્યો. નાઇટ્રોગ્લિસરાઇન એક જાતનો તેલી પદાર્થ છે. મોટા પડાકે તોડવામાં તેની બહુ વપરાશ થાય છે. વળી એ ભેજમાત્રાર પણ બહુ છે. એ અકસ્માત્ સળગી ઊઠે છે અને જીવનમાલની ખૂબ ખરાબી કરે છે. તેને ઓછો ભેજમાં અને વધુ ઉપયોગી કરવો એ આલ્ફ્રેડ નોબેલની નેમ હતી. આ કાજે તેણે રાતદિવસ તનતોડ મહેનત ઉઠાવી. પછી તો વર્ષો વીત્યાં અને નોબેલે બીજી શોધ કરી. તેણે ડાઇનેમાઇટ નામનો નવો પદાર્થ બનાવ્યો. ડાઇનેમાઇટ એ દારૂ જેવો સહેલો પદાર્થ છે. તેની સુરંગ ભરી દેવાથી મોટા પડાકે ઉડાવી શકાય છે. ઈ. સ. ૧૮૬૭ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે તેણે આ શોધનું

પેટ્ટ લીધુ, તે દ્વારાથી આખી દુનિયાનું ધ્યાન નોબેલ તરફ ખેંચાયું. ડાઇનેમાઇટના ધંધામાંથી અને બાકુના કૂવામાંથી તેણે પુષ્કળ દોલત મેળવી. વળી બીજી પણ કેટલીક શોધો કરીને ધીમે ધીમે એ ધનવાન થયો. નસીબની વાત એ છે કે, સમૃદ્ધ અને સુખી થયા છતાં એ કુંવારો જ રહ્યો. માતાએ કેટલા ભોગ આપીને, કેટલુ તપ કરીને અને કેટલું દુઃખ વેઠીને પોતાને ઉછેર્યો હતો એ આલ્ફ્રેડ કદી વિસર્યો નહિ. પોતાની માતા પ્રત્યે એને પૂરી ભક્તિ હતી. એ મરણ્યા ગમે તેટલો દૂર દેશમાં હોય, તોપણ પોતાની દરેક વર્ષગાંઠ પોતાની માતાની સાથે જ ઊજવતો. દુનિયામાં એવા બહુ માણસો છે કે જેમનું નામ એમના અંતકાળના વસિયતનામાથી વિખ્યાત થયું હોય આલ્ફ્રેડ નોબેલે પોતાનુ નામ મૃત્યુની ઘડીએ લખેલા વિલથી જગતમા અમર કર્યું. પોતાની પૂંજીનો મોટો ભાગ તેણે માનવજાતના કલ્યાણ અર્થે દાન દીધો. પોતાના વિલમાં તેણે (૧) ફીઝિક્સ એટલે ભૌતિકશાસ્ત્ર (૨) રસાયનવિદ્યા, (૩) શારીરશાસ્ત્ર, (૪) સાહિત્ય અને (૫) જગતની શાંતિ અને સમૃદ્ધિ. એમ જુદી જુદી પાંચ બાબતોનાં દરેક ૧,૨૯,૦૦૦ રૂપિયાનું એવાં પાંચ ઇનામ રાખ્યાં. આ ઇનામોનાં પાત્રોની પરીક્ષા માટે સ્વીડનની રાજસભાના સભ્યોનું એક અલગ તેણે નીમ્યું. એ મુજબ આજ સુધીમાં ઘણાં ઇનામો અપાઈ ગયાં છે. ઈ. સ. ૧૮૯૬ના ડિસેમ્બરની ૧૦મી તારીખે ડો. આલ્ફ્રેડ નોબેલ સાનરોમોમા મરણ પામ્યો. ડો. આલ્ફ્રેડ જગત ઉપર મોટો પરમાર્થ કરી ગયેલ છે. નોબેલે જગતનાં સુખસગવડ વધારવા પોતાની બુદ્ધિ રેળવી તેનો સદુપયોગ કર્યો. વિજ્ઞાનની શોધ માટે તેમજ જગતની શાંતિ માટે ઇનામો રાખીને ડો. આલ્ફ્રેડ નોબેલ એમ કહેવા માગે છે કે, વિજ્ઞાનની શોધો શાંતિ માટે હોવી જોઈએ. જેનાથી જગતની શાંતિ વધવાને બદલે ઘટે તેવુ કોઈ પણ માણસજાતને ન શોભે. ડાઇનેમાઇટની શોધ તેણે સંસારના સુખ માટે કરી, પણ લોકોએ માણસોના જાન લેવામાં તેનો દુરુપયોગ કર્યો.

નોબેલ ઇનામ જુઓ નોબેલ પ્રાઇઝ.

નોબેલ પ્રાઇઝ [અં.] ન. સર આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ તરફથી અપાતું એ નામનું ઇનામ. તે સાહિત્ય, વિજ્ઞાન, જગતશાંતિ વગેરે ચાર કે પાંચ વિષયના જગતના સર્વશ્રેષ્ઠ પુસ્તક લખનાર વિદ્વાનને આપવામાં આવે છે. એ ઇનામો આપવામાં જાતનો, વર્ણનો કે પ્રજાનો એવો કોઈ પણ ભેદ રાખવામાં આવતો નથી.

નોબ [સં. નવમી] સ્ત્રી. પખવાડિયાનો નવમો દિવસ; નવમી તિથિ.

નોબતખાના સ્ત્રી (સંગીત) મોખરે અને આગળ વગાડાતા તનનનરી તૌમ વગેરે સાજો.

> તનનનરી તૌમ વગેરે સાજો મોખરે અને આગળ વગાડાય છે તેને નોબતખાના એ નામથી અર્વાચીનો ઓળખે છે. ગોવર્ધનરામ

નોમિનલ રોલ [અં. નૉમિનલ રોલ] પું. સરકારી કે દરબારી નોકરોનાં નામનું નોંધપત્રક.

નોંય અ. ક્રિ. ન હોય; નથી.

> આ રમત જોઈ બેકરા ! વાજબી વાત છે ! ધૂમકેતુ

નોયલો પું. નાયલો; પતિ; સ્વામી; ધણી.

નોયો પું. સાતનો અંક

નોર ૧. પું. જખમ; ઘા; મેદની; ભીડ.

૨. પું. પોરસ્યું; ચિરસ્તો.

૩. [સં. નાખર; પ્રા. નહરો–નહરુ–નોર] પું. નહોર; નખ; પશુપખીના પગનો નખ

નોર ભરાવવા = (૧) ગમ્યું ન જવું; માયાના હોવું. (૨) નખ મારવા.

૪. પું. નિવેડો; નિકાલ; ઉપાય; પરિણામ

નોર પડવું = (૧) ચાલતું બંધ પડવું. (૨) ચાલુ સ્થિતિમાં હોવું

૫. પું. પીડા; કષ્ટ.

નરનારી એને માત્ર સુખ તે ત્યાંથી સંસારનો નોર ૨. મુક્તાનંદ

૬. પું. માણસાઈ; માણસનું લક્ષણ.

માણસના નોરમાં હોવું = માણસાઈના લક્ષણવાળા હોવું

૭ પું. વારંવાર થતી અવરજવર.

૮. પું. અવસ્થા.

૯. પું. સરભરા.

નોર પાડવો = સરભરા કરવી.

૧૦. પું. હાર; પંક્તિ; કતાર.

૧૧. ક્ર. વિ. દૂર.

૧૨. [સં. નૌ (નાવ)] સ્ત્રી. વહાણ કે આગબોટમાં બેસવાનું કે માલ ભર્યા જવાનું ભાડું; નૂર.

૧૩. [હિ.] વિ. નવું; નવીન; નવલ.

નોરતાં [સં. નવરાત્ર] ન. બ. વ. સ. નવરાત્ર; નવરાત્રિના દિવસો; આસો સુદિ ૧ થી ૯ સુધીની રાત્રિઓ અને દિવસે માતાનો ખાતો ઉત્સવ; દેવીભક્તોના ધાર્મિક તહેવાર. ચૈત્ર સુદિ ૧ થી૯ સુધીના નવરાત્રને નાનાં નોરતા કહેવાય છે.

નોરતું [સં. નવરાત્ર] ન. નવરાત્રિમાંનો દરેક દિવસ; આસો સુદિ ૧ થી ૯ સુધીનો દરેક દિવસ.

નોરમારું વિ. નોરતાં સંબંધનું; નવરાત્રનું; ઘરમાં ન હોય એવું; પ્રમાણ વિનાનું; વિવેક વિચાર વગરનું.

નોરવણું ૧. ન. બ. વ. બ. આજ્ઞા; કાલાવાલા.

૨. ન બ. વ ગરજ.

૩. ન. બ. વ. મનામણાં કરવાના વચન.

નોરવવું ૧. સ. ક્રિ. આજ્ઞા કરવી; કાલાવાલા કરવા.

૨. સ. ક્રિ. અરજ કરવી

૩. સ. ક્રિ. મનાવવું.

નોરવેલ સ્ત્રી. એ નામની એક ઔષધિ; એક જાતની વેલ, સાપસુંઘ; કપિરમૂગ; નાકુલી; સરસા; નાગસુંઘણ; ગંધાનાકુલી; નકુલેષ્ટા; ભુજંગાક્ષી; સર્પાક્ષી; વિષનાશિની; નોળવેલ. શીતજ્વર મટાડવામાં તે બહુ ઉપયોગી હોવાનું મનાય છે. સર્પના ઝેર ઉપર પણ તે વપરાય છે. આ વેલનાં પાન નાગરવેલનાં પાન જેવાં હોય છે. કંદ અને મૂળ ઉપયોગી છે. તે વિષનાશક હોવા ઉપરાંત જ્વર, કૃમિ અને કફમાં પણ ઉપયોગી કહેવાય છે. તેનું કંદ જમીનની અંદર ઊંડુ હોય છે. તેના

મૂળને સાપના કહે છે. એવી માન્યતા છે કે, નોળિયું સર્પની સાથે લડે ત્યારે સર્પ કરડે તો તે તરત નોરવેલ સૂંઘી આવે છે અને તેથી બચી જવા પામે છે. ગોમાસામાં બેતરોમાં તે બહુ ઊગી નીકળે છે. દક્ષિણ હિંદ તથા સિંહલમાં તે ખૂબ થાય છે. તેનાં મૂળ ગરમ, વધ્યાં કફવાં, વામક, વાતહર, આર્તવજન્ય, જ્વરઘ્ન, કૃમિઘ્ન, વિષઘ્ન, રેચક અને પાચક છે. તે સર્પદંશનું ઝેર, વીંછી, ઉંદર, ગરોળી અને અન્ય ઝેરી પ્રાણીઓનું ઝેર, અફીણ વગેરે વનસ્પતિનું ઝેર તેમ જ ધાતુ અને ઉપધાતુઓનાં ઝેર નાબૂદ કરનાર મનાય છે. તે માટે અરીઠાના પાણીમાં કે બોળા અસ્ત્રોલનાં મૂળ સાથે વાટી પિવડાવવાથી ખૂબ ઊલટી થઈ ઝેર ઊતરે છે. તેનાં સર્વાંગ સુગંધી, બહુ કાવાં, કટુપૌષ્ટિક, વાયુનાશક, માદી, ગર્ભાશયોત્તેજક, દીપન, મજ્જાતંતુને ઉત્તેજક, સ્વેદલ, જ્વરપ્રતિબંધક, વિષહર, મૂત્રાસય અને મૂત્રપિંડના તમામ રોગમાં વપરાયેલું જેવી અસર કરે છે. બચ્ચાંને દાંત આવતી વખતે થતાં ઝાડા ઊલટીને તે મટાડે છે. સિફોલ અને મજ્જાતંતુઓના રોગમાં તેની સાથે તમરના ગાંઠોડા દેવાથી સારો ફાયદો થતો મનાય છે. નાની નોરવેલને નાકોળ કહે છે. તેના વેલા ચોમાસામાં ઊગી નીકળે છે. તેનાં અણીવાળાં પાંદડાંની બંને બાજુએ પૂમ હોય છે. નાકોળનાં પાંદડાંનું શાક થાય છે. તે શાક ઠંડું અને ગરમીવાળા માણસને પથ્યકર છે. પાન મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, ઉપદંશ અને આંખો આવે તે ઉપર ઉપયોગી મનાય છે.

નોરવેલ્સ જુઓ નોરવેલ.

નોરા ૧. પું. ન. જ. કાલાવાલા; આજીજી નહોરા.

બાધિલિ શેઠ અમો તુમે,
નોયા મણા કરે હું અમે. લાવણ્યસમય

૨. પું. ન. જ. નહોર ભરાવીને ઊભા રહેવાનું સ્થાન; જ્યાં ઢોર ખેંચીને આવેલા બળદ ઊભા રહે છે તે સ્થાન.

૩. પું. ન. જ. નહોર ભેરવી ભેરવીને ઓટમાવવું એટલે કે બહુ આગ્રહ કરવો તે.

નોરા કરવા = (૧) કાલાવાલા કરવા. (૨) ખૂબ આગ્રહ કરવો. (૩) મરજી જતાવવી; લાચારી કરવી.

નોરાગ ન. અનાજ મસળવાનું ઓક ઓજાર; બળદોમાંથી કાણા જુદા પાડવા વપરાતું ઓજાર.

આજનો અને બધી તુરત ઊપજતા લાભ બતાવવા બાબદના બળદના ખરને બદલે લિખમાં વપરાતા નોરગ નામનાં ઓજાર રાજ્યનાં ઓટલે ઘોડા વજનમાં ઓછલનાં બનાં તૈયાર થશે.

કુબેરરામ ઓજસિયા

નોરિયું ન. નખથી થયેલો ઉઝરડો; નખે પાડેલો ઓરડો; નખોરિયું; નખઘાત.

૧. નોરિયાં ભરાવવાં = લાયું થવું.

૨. નોરિયાં લાગવાં = નખથી ઉઝરડા થવા.

નોરિયો પું. ઓક જાતનો લાંબો પોરિયો.

નોરી ન. ઓક જાતનું ઝાડ. તેનાં પાન ૧થી ૩ ઇંચ લાંબાં હોય છે અને ફળ ખાવા માટે વપરાય છે.

નોર્ડ વિ. ઓક જાતનું.

નોરો ૧. પું. આજીજી; વિનંતિ.

નોરો કરવો = આજીજી કરવી.

૨. પું. આભાર; ઉપકાર; ગુણ; પાડ.

નોરો માનવો = આભાર માનવો.

૩. પું. ઓગો; ઝામર; ઉતારો.

૪. પું. (કચ્છી) પૈસા રાખવા માટે ભેરે બાંધવાની સૂતર કે ગામડાની વાંસળી.

નોર્મા ન. ઓક જાતનું ઝાડ; કામિની.

નોર્થ પોલ [અં. નૉર્થ પોલ] પું. ઉત્તર ધ્રુવ.

નોર્મલ [અં. નૉર્મલ] વિ. કુદરતી; સાધારણ; નિયમિત.

નોલ ૧. પું. નર; બાકું.

૨. [સ્ત્રી.] સ્ત્રી. ગોટલીનું નાળચું.

૩. [સ્ત્રી.] સ્ત્રી. પક્ષીની ચાંચ.

૪. વિ. નવલ; નવું.

નોલક ન. નાકમાં પહેરવાનું ઓક ઘરેણું.

નોલકોલ પું.; ન. ગોળીઓની જાતનો ઓક ખેલ; ઓક જાતનું ઝાડ. પાતરાં નીચે તેની ગાંઠ થાય છે. તે લીલી અને ભોંયલી એમ બે જાતની હોય છે. નોલકોલ ઉનાળામાં તેમ જ ચોમાસામાં બહુ ગરમી અને વરસાદ ન હોય ત્યાં થાય છે, કારણ કે તે ગરમી સહન કરી શકે છે, એટલે ગરમીની ઋતુમાં પણ વાવવાથી થાય છે. આ ખેડને ખુલ્લી, રક્ષાળ, ચોમટી અને રેતાળ જમીન માફક આવે છે. જમીનને ખૂબ ઊંડી ખેડી તેમાં ખાતર, ઓળ, ઉકરડાની વિષ્ટા, પેટાસનું ખાતર ઓક ઇંચ જેવું રેડું. તેમાં ઓગસ્ટથી નવેમ્બર માસ સુધીમાં બી વાવવાં. ઓક ચોરસ ઇંચના થાય ત્યારે અઢાર ઇંચના અંતરવાળા હારોમાં નવ નવ ઇંચને અંતરે તે રોપવા. દર બીજે કે પાંચમે દિવસે તેને પાણી પાવું. બે મહિનાના રોપા બન્યા પછી તે ઉપયોગમાં આવે એવા થાય છે. બાંધ મૂળી હોય ત્યારથી જ ઉપયોગમાં લેવી જોઈએ. નોલકોલની પણ બજાર થાય છે. હાથીચોકનાં જેવાં પાંદડાંવાળી ઓક જાત થાય છે તેને તૈયાર થતાં વધુ વખત લાગે છે. પ્રેણીજનાં બી સો ચોરસ ફૂટના ક્યારામાં અડધી રૂપિયાભાર જોઈએ છીએ, જેટલાં જ બી નોલકોલનાં પણ જોઈએ. નોલકોલનું શાક મૂળા તથા સલગમ જેવા સ્વાદનું થાય છે. નોલકોલની જાતોમાં બ્રાઝ્ટ વીએના અને ગ્રોન ટોપ બ્રાઝ્ટ ઉત્તમ કહેવાય છે. લાર્જ બ્રાઝ્ટ, લાર્જ પર્પલ, અર્લીઝેસ્ટ બ્રાઝ્ટ વીએના, અર્લી બ્રાઝ્ટ ગાર્ડન, જાયંટલેટ બ્રાઝ્ટ, જાયંટલેટ પર્પલ વગેરે તેની બીજી જાતો ગણાવાય છે.

નોલવાણું ન. નાગર લોકોમાં લગ્નની વિધિ પહેલાં વરપક્ષનાં બૈરાંએ કન્યાને નવરાવ્યા પછી તે પક્ષનાં સગાંસંબંધી તરફથી કન્યાને આપવામાં આવતું કપડું.

નોલવેલ સ્ત્રી. ઓક જાતની વિષહર વનસ્પતિ; નોરવેલ.

નોલું વિ. નવું; નવીન.

નોવેલ ૧. [અં. નૉવેલ] ન. નવલકથા.

૨. ન. વાર્તાનું પુસ્તક; નવલકથાનું પુસ્તક.

૩. વિ. નવાઈ ભરેલું; આશ્ચર્યકારક.

૪. વિ. નવું; નવી જાતનું.

નોવેલ્ટિ ૧. [અં. નૉવેલ્ટિ] સ્ત્રી. નવાઈ ભરેલો બનાવ.

૨. સ્ત્રી. નવી વસ્તુ.

નોશ ૧. [સ્ત્રી.] ન. ધૂનામ.

૨. ન. ધૂંટમે; ઓગળી.

૩. ન. પીણું.

૪. ન. પીવું તે.

૧. નોશ કરવું = પીવું.

૨. નોશ ફરમાવવું = (૧) જમવું; આરોગવું. (૨) પીવું.

૫. ન. ભેટ.

૬. ન. મધ.

૭. વિ. અક્ષર; રામબાણ.

૮. વિ. પીનાર. સમાસને અંતે વપરાય છે. જેમકે, બાદાનોશ; મૈનોશ.

નોશાદારૂ ૧. પું. ઓક જાતનો ગોળ.

૨. [સ્ત્રી.] પું. રામબાણ દવા; અક્ષર ઇલાજ.

નોશાબ્દ પું. નકારવાચક શબ્દ.

નોશ્યા ૧. [સ્ત્રી.] પું. પરરાજ્ય.

૨. વિ. નરબિનહાર.

૩. વિ. મધુર; આનંદી.

નોશાનોશ પું. પૂરા પ્યાલા ભરીને પીવું તે.

નોશારી ન. નવસારી ગામનું ઓક જૂનું નામ.

નોશિયા [અ. નૌશિઅ] સ્ત્રી. ભોગ આપવો તે; ઊજણો.

નોશી [ફા.] સ્ત્રી. પીવું તે.

નોશીન ૧. [ફા.] વિ. આનંદી; ભોજ્ય.
૨. વિ. મધુર; મીઠું.

નોશીરવાન ૧. પું. ઈરાનનો ઇન્સાફપસંદ એ નામનો એક પાદશાહ.
૨. [ફા. નવ (નવું) + શેર (સિંહ) + વાન (જેવું)] વિ. નવા સિંહ જેવું; બહાદુર. પારસીઓમાં સંતાનનાં નામ તરીકે વપરાય છે.
૩. [ફા. નોશીન (ગળ્યું) + રવાં (ક્રિયા)] વિ. મીઠા સ્વભાવવાળું.

નોસમ્યગ્‌દ્યાદી [સં. નોસમ્યગ્‌દૃષ્ટિન્] વિ. (જૈન) મિથ્યાદૃષ્ટિવાળું.

નોસંજ્ઞિસંજ્ઞી પું. (જૈન) સંજ્ઞી નહિ તેમ અસંજ્ઞી નહિ એવા સિદ્ધ ભગવાન.

નોસૂક્ષ્મબાદર [સં.] પું. (જૈન) સૂક્ષ્મ કે બાદરપણા રહિત સિદ્ધ ભગવાન.

નોસ્કાર જ. ઝરકર.

નોહ ૧. પું. હાથ કે પગના આંગળાનો નખ.
૨. [ફા. નો] વિ. નવ; ૯.

નોહર ૧. [હિં.] વિ. અનોખું; અદ્‌ભુત.
૨. [સં. નોપલબ્ધ; પ્રા. નોલ્લહ] વિ. (હિંદી) અલભ્ય; દુર્લભ; જલદી ન મળે એવું.

નોહરા પું. બ. વ. નોરા; આજ્ઞા; કાલાવાલા; પ્રાર્થના.
રસળ્યું રસળું નાથ નોહરા કરે,
તે નહિ નારી અવતાર પામે. નરસિંહ

નોહશબ પું. (જરથોસ્તી) ઝરેરાનુમની ક્રિયામાં નવ દિવસનો એકાંતવાસ.

નોહાર સ્ત્રી. (સંગીત) ગાવાની એક જાની.

નોહારી સ્ત્રી. (સંગીત) ચાર આલેની એક જાતની જાની. ઝરકર અત્ત પ્રમાણે ગાવાની પદ્ધતિ જાળવી રાખી તેમાં સુધારોવધારો કરનાર મૂળ પુરુષ દિલ્હીના પ્રખ્યાત બીનકાર નોમતખાં નામે હતો. તે શાહ જહાન બાદશાહના જમાનામાં થયો હોવાનું કહેવાય છે. તેમની ધ્રુપદ ગાવાની પદ્ધતિને તેના નામ ઉપરથી નોહારી જાની એ નામથી ઓળખે છે. એ પદ્ધતિવાળાં ધ્રુપદો હાલ સંભળાતાં નથી.

નોહે અ. ક્રિ. ન હોય; નોય; નથી.
ઠકું ઊનું નોહે આકારા.
પાણીમા નોહે આખજ ઝરા. અખો

નોહોલિયો પું. નાહોલિયો; નાથ; સ્વામી; પતિ.
અનગમતો મેં મચ્યો કીધો,
નોહોલિયા મન બારી છ. નરસિંહ

નોળ ૧. [સં. નકુલ; પ્રા. ણઉલ; અપ. નઉલ—નોલ] પું. એક જાતનું પ્રાણી; નકુળ; નોળિયો.
૨. પું. ખાડું; નૂર; નોર.
૩. વિ. જાડાં પાતળાં નહિ પણ નોળિયા જેવાં ચેટ, જાતી વગેરેથી સરખા ઘાટનું, તંદુરસ્ત અને વજ વગરનું. જેમકે, નાનો નોળ.

નોળવું સ. ક્રિ. મોરસાને ક્રાયાની લેરથી, પરાળ વગેરેના કુચ્ચાથી ઘસીને સાફ કરવું; મસોતાથી ઘસીને ચોરસું ધોવું.

નોળવેલ સ્ત્રી. એક જાતની વિષહર વનસ્પતિ; નોરવેલ. તે તીખી, કડવી તથા ઉષ્ણ છે અને કૃમિ, વાયુ, વીંછી, સર્પ તથા ઉંદરના વિષનો નાશ કરનાર મનાય છે. સર્પ, વીંછી, ઉંદર વગેરેના વિષ ઉપર નોળવેલનો રસ સાકર નાખી પાવો. વિષમજ્વર ઉપર ચંદ્રમહલ્લ વખતે નોળવેલને ઉખેડી તેનું મૂળિયું કાળા પથ્થર ઘસી તેને ઘાંધવું એટલે બૈકાલિક જ્વર જતો મનાય છે. બીજે દહાડે તાવ આવે તો જમણા હાથે બાંધવું. રમઝાનમાં વપરાતાં નોળવેલનાં મૂળ રવિવારે લાવી તેને બીબાં ઘસી લલાટ ઉપર તિલક કરવું, એટલે બૈકાલિક જ્વર તુરત જતો હોવાનું મનાય છે.

નોળવેલિયો પું. પુરુષની જનનેંદ્રિય.

નોળિયાનોમ જુઓ નોમાનોમ.

નોળિયું જુઓ નોળિયો.

નોળિયો ૧. [સં. નકુલ; પ્રા. નઉલ—નોલ] પું. બારકે લાંબું, કરીને વાંકા વાળવાળું, ચોપગું એક નાનું જનવર; નોળ; નકુ, સુરીવદન. તે સાપનો કટ્ટો દુશ્મન છે. સાપને દેખે ત્યાંથી તે મારી નાખે છે. ઘરની બોરી અગર ગીચ ઝાડીમાં તે પોતાનાં દર બનાવી રહે છે. કજાતર, તેતર વગેરેને પકડી ખાય છે. તેના કાન ટૂંક અને ગોળાકાર, પગે પાંચ આંગળાં, તેના નહોર પંજામાં ચેસી જઈ તેવા અને તેની પૂંછડી લાંબી, ઝાડી અને તેની ઉપર મોટાં રુંવાટાવાળી હોય છે. આ જનવર ચપળ અને ચકોર ગણાય છે.
નવ નોળિયાં ને દશમો દબે = નવ નાનાં છોકરાં અને દશમો એનો બાપ: એક જ ઘરનું દશ માણસનું બણબણ્યાવાળું કુટુંબ.
૨. પું. પુત્ર; દીકરો. વહાલમાં બોલાય છે.

નોળી ૧. સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન વેવડી જેવાં હોય છે.
૨. જુઓ નોળીકર્મ.

નોળીકર્મ જુઓ નોળીકર્મ.

નોળીકર્મ ૧. [સં. નૌલીકર્મ] ન. (યોગ) પેટીપેટી; પેટના નળ હલાવવાની યોગની એક ક્રિયા; કરીરના મળ દૂર કરવાની એક યૌગિક ક્રિયા.
૨. ન. નાકેથી પાણી લઈ મોઢે અને મોઢેથી પાણી લઈ નાકે કાઢી નાખવાની ક્રિયા; યોગસાધનાની એક ક્રિયા.
નોળીકર્મે ગજવાજ લક્ષ્મ ફળ પત્ર કપિને.
શામળ
૩. ન. ઝુચ્ચાર્ધ; કાવતરું; પ્રપંચ.

નોળીક્રિયા જુઓ નોળાકર્મ.

નોળીનોમ ૧. સ્ત્રી. અવિધવા નોમ; બાદરવા વદિ ૯.
૨. સ્ત્રી. આવણ સુદિ નોમ.

નોળું ૧. ન. એક જાતનું નાનું સાપોલિયું. તેને સીતાળુનું ઊંઢવું પણ કહે છે.
૨. ન. ઓરસાં ધોવાનો કૂચો.

નોળો પું. (બોલી) ઓળું.

નોં ૧. પું. નખ.
૨. સ્ત્રી. વહુબાર.
૩. વિ. નવ; ૯.
૪. અ. નહિ; ના.

નોંક ૧. સ્ત્રી. અણી; ટોચ.
૨. સ્ત્રી. ખૂની; ઝટા.
૩. સ્ત્રી. ઘાટ; આકાર.
૪. સ્ત્રી. રેખ; ચટ; આબરૂ; નોખ.
૫. સ્ત્રી. ઓખરો; મુખચટો; આગળની ઓસા.
૬. વિ. સુંદર; શોભાયમાન.

નોંકદાર વિ. નોંકવાળું; અણીવાળું.

નોંકાર પું. (જૈન) એક દીક્ષામંત્ર; નોકાર; પંચપરમેષ્ઠી મંત્ર; અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવાનો મંત્ર.

નોંકારશી જુઓ નોંકારસી.

નોંકારસી સ્ત્રી. (જૈન) આવકોનું ખાસ ભોજું જમણ; નોકારશી; સમ્યક્ત્વ જેનું જમણ.

નોંઘણ પું. જૂનાગઢનો એ નામનો એક પ્રાચીન રાજા; નવઘણ.

નોંઝણવઢરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ૨. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

નોંધાઠવું અ. ક્રિ. ઘટવું; ઓછું થવું.
કાઠી બળ ઘાટ્યા કરી, હટકે ગાઠી કેક;
આણનમ નોંધાઠી એક, તારી ગાઠી લાખસુરીવટ.
રસમાર

નોંચ ૧. [હિં.] પું. નર્તન; નૃત્ય.
૨. સ્ત્રી. ખેંચી કે ખૂંટવી લેવું તે.

નોંધણ જુઓ નોંધણું.

નોંધણું ન. વજન કે લેસ કોકની વખતે તેના પરખા પરે નોંધવામાં આવતું કોરડું; નોંધણ; સેલો. તેથી તે બહુ ભારી હકતી નથી.

નોંદર પું. કુસ્તીનો એ નામનો એક દાવ. હરીફ જ્યારે ઘૂંટણે પગો હોય, ત્યારે તેના જમણા હામને આપણા જમણા હાથ વડે અંદર ખેંચી ઉપર બાર દેવો અને બીજે હાથે ઊંચો કરી એક બાજુ નાખી દેવો એટલે તે ચત્તો પડે.

નોંદો સ્ત્રી. નણંદ; પતિની બહેન.

નોંધ ૧. સ્ત્રી. આપેલો માલ જેમાં વિગત સાથે નોંધાય તે ચોપડી.

૨. સ્ત્રી. ટિપ્પણી; સ્મરણપોથી; ટૂંકામાં લખી લેવા તે; 'મેમોરેન્ડમ.'

૩. સ્ત્રી. મોટા જંગલમાંને ચોડી વાર ટેકવ આપવા સારુ ચીઓ સાથે જડેલા બીજા.

૪. સ્ત્રી. વાદવારતને માટે કરેલું ટાંચણ; વિગત વગરનું ટૂંકું લખાણ; યાદી.

નોંધ લેવી = (૧) ટાંચણ કરવું; નોંધી લેવું. (૨) ધ્યાનમાં લેવું.

૫. સ્ત્રી. માટીને વાસ્તે દૂંડી વગેરેની રકમો લખવાની ચોપડી.

૬. સ્ત્રી. રોકડ સિવાયની સપણી જણાવવાને રકમો લખવાનો ચોપડો. નોંધ બે જાતની હોય છે: જેમાં વેચેલો માલ વિગતવાર નોંધાય તે ઉધારનોંધ અને જેમાં વેચ્યા લાવેલ માલની નોંધ થાય તે જમાનોંધ.

નોંધડિયો (નોંધડિમો) પું. ઝોકરા માટે વપરાતો વહાલવાચક શબ્દ.

નોંધડી (નોંધડો) સ્ત્રી. ઝોકરી.

નોંધડો (નોંધડો) પું. ઝોકરો.

નોંધણ ૧. સ્ત્રી.; ન. કમાઉ ભોંય કરવા માટેનો નકૂચો.

૨. સ્ત્રી.; ન. લાકડાના દાંડા તથા સાંકળવાળું પથ્થરને ખોદીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઉપાડી જવાનું સાધન.

નોંધણિયો પું. નોંધણથી પથ્થર ઉપાડનાર માણસ; નોંધણી; મોટા પથ્થર જે એક માણસ ઉપાડી ન શકે તે સાંકળ અને નોંધણની મદદથી ઉપાડીને બીજે સ્થળે લઈ જનાર માણસ વાંહેનો કરેક જણ.

નોંધણો ૧. પું. નોંધણથી પથ્થર ઉપાડનાર માણસ; નોંધણિયો.

૨. સ્ત્રી. નોંધ કીધ; યાદી.

૩. સ્ત્રી. નોંધવાની ક્રિયા; નામ લખવા કરવું તે; 'રજિસ્ટ્રેશન.'

નોંધણી કર્મચારી પું. નોંધણી ખાતાનો એવો પગારદાર અધિકારી; ઉપપંજિયાધિકારી; નોંધવાનું કામ કરનાર અમલદાર; 'રજિસ્ટ્રાર.'

નોંધણી કામદાર જુઓ નોંધણી કર્મચારી.

નોંધણીદાર પું. નોંધણી કરનાર અમલદાર. ખતપત્રો વગેરે નોંધનાર અમલદાર.

નોંધદાર પું. નોંધણી કરનાર અમલદાર; નોંધણીદાર.

નોંધનવેશ પું. નોંધ લખનાર માણસ.

નોંધનીય વિ. નોંધવા યોગ્ય; નોંધવા જેવું.

નોંધપાત્ર વિ. લખાણમાં લેવા જેવું.

નોંધપોથી સ્ત્રી. નોંધ કરવાની ચોપડી; નોંધવહી; નોંધવું પુસ્તક.

નોંધબુક સ્ત્રી. નોંધ કરવાની ચોપડી.

નોંધમંત્ર ન. નોંધ રાખવાનું પંત્ર.

> ગણના હોલન (ડચમ) માટે આપણે સીત્તેરેક વાર કરવો પડશે. એક કહે છે કે કુલ્લો આપણા કામમાં એવા જેવા પ્રકારનું નોંધમંત્ર મૂકવું છે કે જેથી, જે રીતે આપણે સંગીતમાં જુદા જુદા સ્વર ભરવી લઈએ છીએ તે જ રીતે ગણમાં આવવું હોલન લાવે છે કે કોણ એ પારખી લઈએ છીએ. હેમુકી

નોંધરું વિ. આધાર રહિત; નિરાશ્રિત.

નોંધવું વિ. નાનું; નોંધવું; નાનમું.

નોંધવહી સ્ત્રી. નોંધપોથી; નોંધ કરવાની ચોપડી; 'રજિસ્ટર.'

> પ્રાકૃતના અસ્તિત્વ વિશે સંસ્કૃત લાવ નોંધવહીમાં નોંધેલ પત્ર જેવી છે. કુ. સા. પરિષત

નોંધવું ૧. [સં. નદ્ (ન્યોંધવું)] સ. ક્રિ. ચોપડીમાં લખવા કરવું; નોંધ કરવી.

૨. સ. ક્રિ. જમાખર્ચમાં લખવું.

૩. સ. ક્રિ. ટપકાવું; ટિપ્પણ કરવું; ટૂંકામાં લખી લેવું; ઉપરકમો યાદદાસ્ત માટે લખી લેવું.

૪. સ ક્રિ. દૃષ્ટિ સ્થિર કરવી;-નજર ચોંટાડવી. હિરણ્યની પુજારીઓની લાક્ષણિક આંખો નોંધીને જોવાને ટેવાઈ ગઈ છે. રવજાર

૫. સ. ક્રિ. નામ લખવા કરવું.

૬. સ. ક્રિ નિશાન ટાંકવું; ચાકવું.

નોંધા પું. ગોળાકાર ઠેકો.

નોંધાઈ સ્ત્રી. નોંધણી કરવાની ફી; નોંધણીની લાગત.

નોંધાયેલું વિ. નોંધ કરેલું; 'રજિસ્ટર્ડ.'

નોંધાર જુઓ નોંધારું.

નોંધારું [સં. ન (નહિ) + આધાર] વિ. આધાર વગરનું; નિરાશ્રિત; એકલવાયું.

નોંધાવવું ૧. સ. ક્રિ. ચોપડીમાં લખાણ કરે તેમ કરવું; ચોપડીમાં લખાણ કરાવવું.

૨. સ. ક્રિ. જમાખર્ચે લખાવવું.

૩. સ. ક્રિ. ટપકાવી લેવાનું કહેવું; ટપકાવી લેવાય તેમ કરવું.

૪. સ. ક્રિ. દૃષ્ટિ સ્થિર કરે એમ કરાવવું.

૫. સ. ક્રિ. નામ લખાણ કરવાનું કહેવું; નામ લખાણ કરાવવું.

૬. સ. ક્રિ. નિશાન ટંકાવવું.

નોંધાવું ૧. સ. ક્રિ. ચોપડીમાં નોંધ થવી.

૨. સ. ક્રિ. જમાખર્ચે લખાવું.

૩. સ. ક્રિ. ટપકાવી લેવાવું.

૪. સ. ક્રિ. નજર સ્થિર થવી.

૫. સ. ક્રિ. નામ લખાણ કરી લાવવું.

૬. સ ક્રિ. નિશાન ટંકાવું.

નોંધેલો ખાતેદાર પું. અમુક ઢાવાળી સીમની જમીન જેના નામ ઉપર હોય તે ખાતેદાર; જેના નામનું ખાતું હોય એવો ખાતેદાર.

નોંમ સ્ત્રી. પખવાડિયાનો નવમો દિવસ; નોમ; નવમી.

નોંયસોંય ન. પરાણે; ઇચ્છા વિરુદ્ધ; પરવશ થઈને; નહિ છૂટકે.

નો ૧. [સં.] સ્ત્રી.; ન. વહાણ; મછવો; નૌકા; હોડી.

૨. વિ. નવ; ૯.

૩. [સં.] વિ. નવું; નવીન.

નોઝ ૧. [અ.] પું. ખત.

૨. પું. રીત; રિવાજ.

નોઝા [હિ.] પું. વાળંદ હજામ.

નોઝાબાદ [સં. નો (નવું) + આબાદ (વસેલું)] વિ. નવું વસેલું.

નોઝાબોઝ [સં. નો (નવું) + આબોઝ (સિંચાઈ)] વિ. નવનર; સિંચાઈ.

નોઈ [અ.] વિ. ખાસ ખતનું; વિશિષ્ટ.

નોઈબત ૧. [અ.] સ્ત્રી. ખાસ પ્રસંગ.

૨. સ્ત્રી. ખાસ ખતનો તકાજો.

નોઉમરી સ્ત્રી. કાચી વય; નાની ઉમર.

નોક પું. પાણીમાં ચીમતો એક ખતનો એક નીરોગ્ય.

નોકર (નોકર) પું. એક પ્રકારનું ખૂબડું. તેમાં નવ નવ નવ નવ કોડી લઈને રમે છે.

નોકર ૧. [સં.] પું. નોકર; ચાકર; ભૃત્ય; પગાર આપીને કામ કરવા રાખેલ માણસ; ખિદમતગાર.

૨. પું. પગારદાર કર્મચારી.

૩. પું. સેવક; દાસ.

નોકરચાકર [સં.] પું. ઘરમાં કામ કરનાર માણસ; ચાકર.

નોકરશાહી સ્ત્રી. કર્મચારીતંત્ર; નોકરશાહી.

નોકરાના ૧. પું. કસ્તૂરી; નોકરી ઓટનો કરમાયો.

૨. પું. નોકરનો હક.

નોકરાની [સં. નોકર + ગુ. આની (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દાસી; સ્ત્રી નોકર; ઘરનું કામકાજ કરવા રાખેલ ચાકરડી.

નોકરી ૧. સ્ત્રી. પગાર મળતો હોય તેવું કોઈ કામ.

૨. [સં.] સ્ત્રી. સેવા; ચાકરી; નોકરનું કામ; ખિદમત.

નોકરે સરકારી પું. સરકારી નોકર.

નૌકર્ણ [સં.] પું. સુકાન; હોડીના નિર્યામકનું સાધન; 'રડર.'

નૌકર્ણધાર [સં.] પું. નાવિક; ખલાસી; કપ્તાન.

નૌકર્ણી [સં.] સ્ત્રી. કર્તિકસ્વામીની અનુચરી એ નામની એક માતૃકા.

નોકર્મ ૧. પું. બલાસીનો ધંધો.

૨. [સં. નૌકર્મન્] ન. વહાણને લગતું કામ.

૩. વિ. વહાણને લગતું કામ કરનાર.

નોકર્મકાર ન. માલ્યાં મારવાના પરવાનાની ફી.

નૌકા ૧. [સં.] સ્ત્રી. તરિ; નાનું હોડી; મછવો; વહાણ.

ઉડુપ પેત નૌકા પ્રાપ્ત વરિ વહિત્ર જલયાન; નામ નાન મહી યાન ઉરમિ વર્ષા વહાણ જલદ.
વિશ્વલોચનકોષ

૨. સ્ત્રી. પારણા. આત્મારામાયણમાં નૌકાને પારણા કહેલ છે.

૩. સ્ત્રી. નર્મદાનાં હલ્લર માંહેનું એક નામ.

૪. ન. (જ્યોતિષ) દક્ષિણ આકાશના મધ્ય ભાગમાં દેખાતું એક સુંદર તારામંડળ; રાક્ષિણ્ય અથવા નક્ષત્રચક્રના દક્ષિણ ગોલાર્ધમાં આવેલ એક તારાસમુદાય; 'આરગો.' તે વિષુવવૃત્ત ૬૦ થી ૧૧૫ અને દક્ષિણ ક્રાંતિવૃત્ત ૧૦ થી ૫૫માં આવેલું છે. તેનો આકાર સઢવાળા વહાણ જેવો છે. તે વહાણ આકાશગંગામાં તરતું બનાવ છે.

નૌકા અભ્યાસ [સં. નૌકા (વહાણ) + અભ્યાસ (આગળનો ભાગ)] પું. વહાણનો આગળનો ભાગ; વહાણનું મુખ.

નૌકા એન્જિનિયર પું. નૌકાશાસ્ત્રી; વહાણ અને તેના સાંધા સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

નૌકાકલા [સં.] સ્ત્રી. જલયાનવિદ્યા; વહાણ સંબંધી જ્ઞાન.

નૌકાકૃતિ [સં.] વિ. વહાણના જેવા આકારનું. 'નૌકિકુમર.'

નૌકાક્રીડા [સં.] ન. બોટ જાતની ચતુરંગી રમત.

નૌકાકોડા (નૌકાકોડ) [સં.] સ્ત્રી. હોડીમાં બેસીને આનંદ કરવો તે. તે રાજવંશી રમત કહેવાતી. ઇંગ્લંડમાં તેને માટે ઓગણીસમી સદીમાં મોટા બગીચા હતા.

નૌકાખાતું ન. દરિયાઈ વહનને લગતું ખાતું; 'નેવિ.'

નૌકાગતિમાપકયંત્ર [સં.] ન. વહાણની ગતિ માપવાનું યંત્ર.

નૌકાગમન [સં.] ન. સમુદ્રયાત્રા; નૌકાનો સફર; વહાણમાં બેસીને જવું તે.

નૌકાગમ્ય ૧. [સં] વિ. વહાણ લઈ જઈ શકાય એવું.

૨. વિ. વહાણમાં બેસીને જઈ શકાય એવું.

નૌકાગૃહ [સં.] ન. વહાણ ઉપર બનાવેલ ઘર; વહાણરૂપી ઘર. કેટલાંક નૌકાગૃહમાં રસોડું, સૂવાની ઓરડી, દીવાનખાનું અને ઉપરની અગાસી અને તે અગાસી ઉપર બાર પંખ પુરસીઓ એવી સુંદર સગવડ હોય છે.

નૌકાચલનપત્ર [સં.] પું. હોડી ચલાવવાનો પરવાનો.

નૌકાચાતુર્થ [સં.] ન. વહાણવટિયાપણું; વહાણ ચલાવવામાં હોશિયારી.

નૌકાચાલિન [સં.] ન. હલેસાં મારી હોડી હંકારવી તે. આ એક ઉત્તમ પ્રકારની કસરત અને વિનોદ ગણાય છે.

નૌકાદલ [સં. નૌકા (વહાણ) + દલ (લશ્કર)] ન. દરિયાઈ લશ્કર.

નૌકાદળ જુઓ નૌકાદલ.

નૌકાદંડ [સં. નૌકા (વહાણ) + દંડ (લાકડી)] પું. હલેસું; હોદેડ; ચપ્પો; હલ; હેલ્પી.

નૌકાધ્યાત્ર [સં. નૌકા (વહાણ) + યાત્રન્ (સ્યાન)] ન. વહાણ ચલાવવાની જગા.

નૌકાધિપતિ [સં.] પું. નૌકાનો કે નૌકાજાતાનો અધિપતિ.

નૌકાધ્યક્ષ જુઓ નૌકાધિપતિ.

નૌકાનયન ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન ગ્રંથ.

૨. [સં. નૌકા (વહાણ) + નયન (લઈ જવું તે)] ન. વહાણ ચલાવવાની ક્રિયા; શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ મહેનતી એક કળા.

નૌકાનાયક જુઓ નૌકાધિપતિ.

નૌકાનાસક [સં.] વિ. વહાણનો નાશ કરનાર.

નૌકાનિયમનખાતું જુઓ નૌકાખાતું.

નૌકાનિર્માણસ્થાન ૧. [સં.] ન. જ્યાં વહાણ બનાવવામાં આવતાં હોય તે જગા.

૨. ન. દરિયાઈ મહલા માટે નૌકાસૈન્ય રાખવાનું સ્થાન.

૩. ન. વહાણો રાખવામાં આવતાં હોય તે સ્થળ; 'ડોકયાર્ડ.'

નૌકાનિવાસી [સં. નૌકાનિવાસિન્] વિ. વહાણમાં રહેનાર.

નૌકાપતિ [સં.] પું. વહાણનો ઉપરી; નૌપતિ; વહાણનો કપ્તાન.

નૌકાપોત જુઓ નૌકાસૈન્ય.

નૌકાબલ ૧. [સં.] ન. દરિયાઈ લશ્કર; નૌકાસૈન્ય.

એક વહાન નૌકાબલ રખાયું હોય તે સમુદ્રનો પ્રેમ આખી પ્રજામાં ઓતપ્રોત થયો જોવાય. પ્રસ્થાન

૨. ન. નૌકાસૈન્યનું બળ.

નૌકાબળ જુઓ નૌકાબલ.

નૌકાબંધન ન. વહાણ બનાવવાનો ઉદ્યોગ; 'શિપ બિલ્ડિંગ.'

નૌકાયંત્ર [સં.] ન. આગબોટ; 'સ્ટીમર.'

મનુએ વાહનો સમુદ્રમાં વપરાતાં જોઈને નૌકાયંત્રની શોધ કરેલી કહેવાય છે. અત્રિસ્મૃતિ

નૌકાયાન [સં. નૌકા (વહાણ) + યાન (જવું તે)] ન. વહાણમાં મુસાફરી.

નૌકાયુદ્ધ [સં.] ન. દરિયાઈ લડાઈ

નૌકાર [સં. નમસ્કાર] પું. (જૈન) નોકાર; નવકાર; નમસ્કાર મંત્ર.

નૌકારમંત્ર જુઓ નોકાર.

નૌકારવાણી સ્ત્રી. નોકાર કરવાની ભાળ.

નૌકારશી સ્ત્રી. બધા જૈનોને જમાડવા તે; નોકાર મંત્ર બોલનારનું સમસ્ત જમણ; નોકારસી.

નૌકારસી જુઓ નોકારશી.

નૌકાવિદ્યા [સં.] સ્ત્રી. નૌકાશાસ્ત્ર; શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રણેય માંહેની એક વિદ્યા. તેમાં નૌકાનયન નામની કળાનો સમાવેશ થાય છે.

નૌકાવિહાર જુઓ નૌકાયન.

નૌકાવિહારી [સં. નૌકાવિહારિન્] વિ. નૌકામાં મુસાફરી કરનાર.

નૌકાશાલા સ્ત્રી. નૌકાશાસ્ત્ર શીખવાની વિદ્યાળ; 'નેવલ સ્કૂલ.'

નૌકાશાસ્ત્ર [સં. નૌક્ષ (વહાણ) + શાસ્ત્ર (વિદ્યા)] ન. વહાણવટાનું શાસ્ત્ર; સમુદ્ર ખેડવાની વિદ્યા; નૌકા સંબંધી જ્ઞાન આપનારું શાસ્ત્ર. તેમાં તરિવિદ્યા, નૌવિદ્યા અને નૌકાવિદ્યાનો સમાવેશ થાય છે.

હિંદુઓના અઢળક વ્યાપારને લીધે તેમને નૌકાશાસ્ત્રનો સારો અનુભવ હતો અને તેને અંગે તારા અને નક્ષત્રોની ગતિ વિશે સારું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. મુ. સા. પરિષદ

નૌકાશાસ્ત્રી [સં. નૌકાશાસ્ત્રિન્] પું. વહાણો અને તેના સાંધા સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ; 'નેવલ એન્જિનિયર.'

નૌકાશાળા જુઓ નૌકાશાલા.

નૌકાસ્ત્રી સ્ત્રી. (જૈન) નૌકારૂઢ સમગ્ર જૈનોનું જમણવાર.

નૌકાશ્રય [સં.] પું. બોડી; કુરલો.

નૌકાસન [સં.] પું. (યોગ) એ નામનું એક આસન. તેમાં પેટભર સીધી દૃષ્ટિ ઊંચી કરવી, હાથ નિતમ્બની સહેજ નીચે બંધાયેલ રાખવા અને પછી બંને પગ સાથે ભૂમિ ઉપર નીચે કરવા.

નૌકાસમૂહ [સં.] પું. વહાણનો સમૂહો; નૌસમૂહ.

નૌકાસંતારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ માંહેનું એક નામ.

નૌકાસેનાપતિ [સં.] પું. નૌકાસૈન્યનો ઉપરી; નૌકાપતિ; નૌપતિ; દરિયાઈ સેનાપતિ.

નૌકાસૈન્ય [સં.] ન. નૌકાઓનું સૈન્ય; યુદ્ધ વહાણોનો સમૂહો; દરિયાઈ લશ્કર.

સોલંકી રાજાઓના નૌકાસૈન્યનું મથક પોરબંદર હતું. ગુજરાતનું વહાણવટું

નૌકાસ્ત્ર ૧. [સં. નૌક્ષ (બોડી) + અસ્ત્ર (હથિયાર)] ન. આગગોટ વગેરે ઉપર રાખેલ રક્ષણનું સાધન; યુદ્ધનાં સાધન.

૨. ન. વહાણનો સઢ.

નૌકાસ્થાન [સં.] ન. બંદર; 'પોર્ટ.'

નૌકુમ [હિ.] પું. હોકીખોનો નાયેલો પુત.

નૌક્ષત્રિક પું. (વિણ) સત્તાવીસ ઋતુનો એક માત્રામાપક છંદ. પ્રસ્તારભેદથી તેની ત્રણેય, ઋતિગીતા વગેરે ૩૧૭૮૧૨ વૃત્તિઓ થાય છે.

નૌગમન [સં.] ન. વહાણમાં બેસવું તે; નૌયાન; 'નેવિગેશન.'

નૌગરી [હિં.] સ્ત્રી. કાંડા ઉપર પહેરવાનું ઓછું ઘરેણું; હાથની પોંચી.

નૌગવાગ્રામ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં ઉમરાવતી નામની નદીનો સંગમ થાય છે.

નૌગિરા પું. ન. જ. જન્મકુંડલીના નવ ગ્રહ.

નૌગ્રહી [સં. નવગ્રહ] સ્ત્રી. બીજોનું હાથમાં પહેરવાનું ઘરેણું; નૌગરી. તેમાં કાંગરાવાળા નવ ટાપા પાટમાં ખૂંચિત હોય છે.

નૌઘરું વિ. જરીના તાર ભરેલું.

નૌચર ૧. [સં. નૌ (હોડી) + ચર (ફરનાર)] પું. ખલાસી; ખારવો.

૨. વિ. જલાજ ઉપર જનાર; વહાણથી ફરનાર.

નૌચલન [સં.] ન. હોડી ચલાવવી તે.

નૌચલન અનુજ્ઞાપત્ર [સં. નૌચલન (હોડી ચલાવવી તે) + અનુજ્ઞા (હુકમ) + પત્ર (કાગળ)] પું. હોડી ચલાવવાનો પરવાનો.

નૌચહાબર ૧. સ્ત્રી. અર્પણ.

૨. સ્ત્રી. મૂર્તિને માટે આપેલી કીમત.

નૌચેરી વિ. બીજને લગતું; બીજના વિષયનું.

નૌચાલન [સં. નૌ (હોડી) + ચાલન (હંકારવું તે)] ન. બોટ ચલાવવી તે.

નૌચી [જ્ઞા. નૌકી (નવવધૂ)] સ્ત્રી. વેરવાની પાલેલી ઓઢણી. તેને તે પોતાનો પંખો કીધવે છે.

નૌજબર ૧. [હિં.] પું. ઓગ્ડ નૈવેદ્ય.

૨. પું. માથા ઉપરથી ઉતારેલો ઉતાર.

નૌજ ૧. [હિં.] અ. ઈશ્વર ન કરે ન હો.

૨. અ. કદી પણ નહિ; કોઈ પણ હિસાબે નહિ.

નૌજવાન ૧. [જ્ઞા.] પું. નવયુવક; જુવાન માણસ.

૨. વિ. નવયુવાન; ઊગતી જુવાનીવાળું.

નૌજવાની [જ્ઞા.] સ્ત્રી. યૌવન; ઊગતી જુવાની.

નૌજવાં જુઓ નૌજવાન.

નૌજા ૧. [હિં.] સ્ત્રી. ત્રિશૂળ.

૨. સ્ત્રી. ભાલો.

નૌજીવક ૧. [સં. નૌ (વહાણ) + જીવક (જીવનાર)] પું. ખલાસી; ખારવો.

૨. વિ. વહાણ ઉપર જીવન ચલાવનાર.

નૌજીવિક જુઓ નૌજીવક.

નૌત્રાણ જુઓ નૌત્રાણ.

નૌઢ પું. નાનો છોડ.

નૌતન [હિં.], વિ. નૂતન; નવું; નવીન.

કહે રોહ્યા આ નવરની,
આવ્યો નૌતન કોઈ વાત રે. મંજરિજ્ય

નૌતનપુરી સ્ત્રી. હાલનું જામનગર શહેર. જામનગર અથવા નવાનગર નિજનંદ સંપ્રદાયનું પ્રાગટ્યસ્થાન અને પ્રાણનાથ સ્વામીનું જન્મસ્થાન, નિજાનંદીઓનું તીર્થસ્થાન અને નવીન જ્ઞાનનું સ્થાન છે. તેને કોઈ નૌતનપુરી પણ કહે છે.

નૌતની [હિં] સ્ત્રી. નવાં પરણેલ વરવધૂને તેમનાં સગાંઓ તરફથી અપાતું જમણ; વરખેડિયા જમાડવાં તે.

નૌતપક્ષ પું. ભદ્રા; 'ટ્રેનિટ.'

નૌતમ ૧. [સં. નમ્રતા] પું. નમ્રતા; વિનય.

૨. [સં. ન (નહિ) + ઉત્તમ] વિ. બહું જ સરસ; જેનાથી બીજું ઉત્તમ ન હોય એવું; અત્યુત્તમ; અનુત્તમ.

૩. [સં. નવતમ] વિ. નવું; નૂતન; તાજું નવું; અત્યંત નવીન.

૪. વિ. નવું અને સુશોભિત; દેખાવડું.

નૌતલ [સં. નૌ (હોડી) + તલ (તળિયું)] ન. વહાણનું તળિયું; 'હોલ.'

નૌતા ૧. [સં. નિમંત્રણ] પું. (હિંદી) આમંત્રણ; નોતરું.

૨. પું. ભાદરવ.

૩. પું. મકાનની આગળનો છત અને ઢબાનવાળો ભાગ; 'પોર્ટિકો.'

૪. પું. વિવાહ ઉપર આવેલાં માણસે આપેલી પૈસાની ભેટ; હાથપરણું.

૫. વિ. નવું; તાજું.

૬. વિ. નીચું નમતું; હાજવાળું.

નૌતારા સ્ત્રી. આંખની કીકી.

નૌતાર્ય [સં. નૌ (હોડી) + તાર્ય (તારવા જેવું)] વિ. વહાણપ્રમાણ; વહાણ વડે તરવા યોગ્ય; 'નેવિગેબલ.'

નૌતિરાહી [હિં.] સ્ત્રી. સાધારણ બનાવટની ઈંટ.

નૌતેરહી ૧. [હિં.] પું. બાણાવળીથી રમાતો એક પ્રકારનો જુગાર.

૨. સ્ત્રી. એક પ્રકારની નાની ઈંટ; નૌતિરાહી. તે નવ અંગ જેટલી પહોળી અને તેર અંગ જેટલી લાંબી હતી. જૂના વખતમાં તે વપરાતી.

નૌતોડ (નૌતોઢ) ૧. સ્ત્રી. પહેલી વાર ખેડેલી જમીન.

૨. વિ. નવું ખેડેલું.

નૌચારી પું. ઝમ ઉપર આવેલ મહેમાન.

નૌદક્ષિણપાર્શ્વ [સં. નૌ (હોડી) + દક્ષિણ (જમણું) + પાર્શ્વ (બાજુ)] ન. વહાણ ઉપર તેના અમલાત તરફ મોઢું રાખી ઊભેલા માણસની જમણી તરફની બાજુ; 'સ્ટાર બોર્ડ.'

નૌદર્શન [સં.] ન. બધે દૂરનાં વહાણ અથવા બધે છેટેની જમીન જોઈ શકવાની ક્ષમિક; 'નાસ્કોપિ.'

નૌદલ [સં. નૌ (વહાણ) + દલ (લશ્કર)] ન. દરિયાઈ લશ્કર.

નૌદળ જુઓ નૌદલ.

નૌદસી [હિં.] સ્ત્રી. ખેડૂતે જમીનદાર પાસેથી રૂપિયા ઉધાર લેવાની એક રીત. તેમાં એક વર્ષમાં નવના દસ રૂપિયા આપવાના હોય છે.

નૌદંડ [સં. નૌ (હોડી) + દંડ (લાકડી)] પું. હલેસું; નૌકાદંડ.

નૌદિક્સૂચક વિ. [સં. નૌ (વહાણ) + દિક્ (દિશા) + સૂચક (બતાવનાર)] ન. વહાણમાં દિશા બતાવનારું યંત્ર; હોકાયંત્ર.

૨. વિ. વહાણને દિશા બતાવનારું.

નૌકોલત પું. નવો શ્રીમંત; એકાએક પૈસાદાર થયેલ માણસ.

નૌદ્વાર [સં. નવદ્વાર] ન. ન. ક. પુરુષ શરીરનાં નવ દ્વાર. જેવાં કે, બે આંખ, બે કાન, બે નસકોરાં, મોઢું, ગુહ્યેંદ્રિય અને મળદ્વાર. આ નવ દ્વાર વડે શરીરમાંથી અશુચિ બહાર નીકળે છે. સ્ત્રીઓને બે સ્તન અને જનનદ્વાર મળી બાર દ્વાર હોય છે.

નૌધા વિ. [સં. નવ (નવું) + ઊઢ (ઊજેવું)] પું. નવાં ફળવાળા છોડનો ભત્રીજો.

૨. પું. વરસની ગણતરીમાં વાવેલો ત્રણનો પાક.

નૌધાનિક [સં.] પું. ખલો સાચવનાર માણસ; કુબ્બાદાર.

નૌધાની વિ. [સં. નૌ (વહાણ) + ધાની (જગ્યા)] પું. ધાટ; ઠક્કો; બક્કો; કુરનો.

૨. પું. બંદર; 'પોર્ટ'

નૌનગા [હિં.] પું. હાથ ઉપર પહેરવાનું એક ઘરેણું. તેમાં નવ નંગ જડેલાં હોય છે. તેમાં નવ દાણા હોય છે અને દરેક દાણામાં જુદા જુદા રંગનાં નંગ જડવામાં આવે છે. તેને નૌરતન પણ કહે છે.

નૌનતિમાપક [સં.] ન. દરિયામાં વહાણ કેટલું નમેલું છે તે માપવાનું સાધન; 'નૌરોપોમિટર.'

નૌનિર્માણસ્થલ [સં.] સ્ત્રી. નવી હોડ; નવું લશ્કર.

નૌનિશ [સં.] ન. રાતની ઘૂંટી ઘસેનું એક કૃત્રિમ; પ્રકાશ આંધામાંનું જ્ઞાત કૃત્રિમ માંહેનું એ નામનું પાંચમું લશ્કરું; 'નેવિગેશનલ બોન.' આ લશ્કરું હોડી જેવા આકારનું હોવાથી તેનું આ નામ પડ્યું છે. તે ચામડી અંદરની બાજુ ઉપર આવેલું છે. એની આગલી બાજુ અર્ધગોળ હોઈ તેના ઉપર સહેજ આડવાળાં નવ સંધિસ્થળો આવેલાં છે. એ સ્થળોને તે એવુક નામના નવ કૃત્રિમ સાથે જોડાય છે. આ લશ્કરની પાછલી બાજુ અંતર્ગોળ હોઈ તે કૃત્રંદિર સાથેની માથાની આગલી બાજુ સાથે સધાય છે. તેની બહારની સીમા ઉપર તેનું નાનું સંધિસ્થળ છે, જ્યાં તે ધન નામના કૃત્રિમ સાથે જોડાય છે. તેની અંદરની બાજુ ઉપર આવેલા એક નાના ઊપસતા ભાગ ઉપર જંઘાનુગા નામની પેશી લાગેલી છે.

નૌપતિ [સં. નૌ (વહાણ) + પતિ (સ્વામી)] પું. નૌકાપતિ; વહાણનો કપ્તાન; જહાજનો ઉપરી.

નૌપદી [સં. નૌપદિન્] વિ. વહાણના આકારના પગવાળું.

નૌપસંદી ૧. સ્ત્રી. ઉદારવાદ; ઉદાર મતવાદ; 'લિબરલિઝમ.'

૨. સ્ત્રી. નવઆલવાદ; ઉદામપક્ષવાદ; નવું નવું જલદી ગ્રહણ કરી જૂનું જૂનું ઊથલપાથલ કરી નાખવું એવો મત; 'રેડિકલિઝમ.'

નૌપંચાંગ [સં. નૌ (વહાણ) + પંચાંગ (ટીપવું)] ન. પ્રહોની ગતિ, પ્રહોની સ્થિતિ, વગેરે બાબતોને ઉપયોગી માહિતીવાળું પંચાંગ.

નૌપુચ્છી સ્ત્રી. એક જાતની વેલ; કપાવલી.

નૌબત ૧. [અ. નવબ (તે નામ પરથી)] સ્ત્રી. બારમાત.

૨. સ્ત્રી. કાળ; વખત; સમય.

૩. સ્ત્રી. ઘડિયાળ; ઘડી.

૪. સ્ત્રી. તક; પ્રસંગ.

૫. [હિં.] સ્ત્રી. દશા; અવસ્થા; પરિસ્થિતિ; હાલત; સ્થિતિ.

૬. સ્ત્રી. બાન.

૭. સ્ત્રી. નોબત; વૈભવ, ઉત્સવ કે મંગલસૂચક એક વાદ્યવૃંદ; જેમાં મોટા માણસો ઘર કોઈ અવસરે ઘેર આવે ત્યારે અને દેવમંદિરમાં અમુક વખતે તે વગાડવામાં આવે છે.

૧. નૌબત ન નૌબત = ધીમે ધીમે.

૨. નૌબત બજવી = (૧) આનંદ ઉત્સવ થવો. (૨) ડંકો વાગવો. (૩) પ્રતાપ કે ઐશ્વર્યની ઘોષણા થવી.

૮. સ્ત્રી. મર્યાદા; સીમા

નૌબત વટી = અમુક હદે પહોંચવું.

૯. સ્ત્રી. વારો; પારી.

નૌબતે શુમાર = તાવનો વારો.

૧૦. સ્ત્રી. સ્થિતિમાં ફેરફાર કરનાર સંજોગ.

નૌબતખાના [ફા.] પું. નૌબત વગાડવાની જગ્યા; નગારખાનું.

નૌબતસે ન. વારાફરતી; એક પછી એક.

નૌબતી ૧. [ફા.] પું. નૌબત બજાવનાર માણસ; નગારચી.

૨. પું. પહેરેગીર.

૩. પું. મોટો તબ્બ.

૪. પું. સવાર વગરનો શણગારેલો ઘોડો; ફોતલ ઘોડો.

નૌબતીદાર ૧. [હિં.] પું. દ્વારપાલ; દરવાન.

૨. પું. પહેરેગીર.

નૌબની વિ. તાજું; નવું બનેલું.

નૌબરાર પું. નદીનું સ્થળાંતર થવાથી નીકળેલી જમીન.

નૌબલ [સં. નૌ (વહાણ) + બલ (લશ્કર)] ન. દરિયાઈ લશ્કર.

નૌબહાર સ્ત્રી. વસંત ઋતુ.

નૌબળ જુઓ નૌબલ.

નૌબંધન ૧. [સં. નૌ (વહાણ) + બંધન (બાંધવું તે)] ન. (પુરાણ) જ્યાં કુબેરે પોતે નૌકાનું રૂપ ધારણ કરીને હિમાચ્છાદિત શિખર ઉપર કશ્મીર પ્રાંતમાં નૌકા બાંધી હતી તે તીર્થસ્થાન.

૨. ન. પૂર્વ કલ્પની રાત્રિમાં જ્યારે બ્રહ્મદેવ સૂતેલા હતા અને બધા સમુદ્રો એક થઈને બધું જળમય થઈ ગયું હતું, ત્યારે મત્સ્યરૂપી ભગવાનની આજ્ઞાથી સપ્તર્ષિ રાજાએ પોતે જેના હતા તે નૌકાને જે પર્વતના શૃંગની જોડે બાંધી હતી તે શૃંગ.

નૌભારપત્ર [સં.] પું. નાવસેના; સેનામાં; વહાણમાં માલ ભરેલો હોય તે સંબંધી કાગળ; 'બિલ ઓવ લેડિંગ.'

નૌભારાનયનાજ્ઞા [સં. નૌ (વહાણ) + ભાર (બોજો) + આનયન (લાવવું તે) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. ચોકીમાંથી માલ લેવાની ચિઠ્ઠી; 'ડૉક વૉરન્ટ.'

નૌમ [અ. નવમ] સ્ત્રી. શાંતિ; આરામ.

નૌમાસા ૧. [સં. નવમાસ] પું.ન.ક. (હિંદી) ગર્ભ નવ માસનો રહ્યાં બીજાઈ વગેરે વહેંચવાનો રિવાજ.

૨. પું. ગર્ભના નવ મહિના.

નૌમી [સં. નવમી] જી. (હિંદી) પખવાડિયાની નવમી તિથિ; નોમ.

નૌમુસ્લિમ [ફા.] વિ. એક ધર્મ છોડી બીજા ધર્મમાં જનાર.

નૌમુસ્લિમ [ફા.] પું. મુસલમાન ધર્મમાં નવો આવનાર માણસ; તાજેતરમાં ઇસ્લામી ધર્મ સ્વીકારેલ માણસ.

નૌમ્મેદ [ફા.] વિ. નિરાશ; નાઉમેદ; નાસીપાસ.

નૌમ્મેદી [ફા.] સ્ત્રી. નિરાશા; નાસીપાસી.

નૌયંત્ર [સં. નૌ (વહાણ) + યંત્ર (સંજ્ઞે)] ન. વહાણ ચલાવવું વરાળયંત્ર.

નૌયાન ૧. [સં. નૌ (વહાણ) + યાન (ગમન)] ન. નૌકા ચલાવવાની ક્રિયા; વહાણ ચલાવવું તે.

૨. ન. વહાણની મુસાફરી.

૩. ન. વહાણવટું; નૌકાગમન.

નૌયાયી [સં. નૌયાયિન્] વિ. નાવ ઉપર જનાર; વહાણથી નદી વગેરે પાર ઊતરનાર.

નૌયુદ્ધ [સં.] ન. નૌકાયુદ્ધ; દરિયાઈ લડાઈ.

નૌયુદ્ધના હલ્લેખો તો ગુજરાતના ઇતિહાસને સમતા પહેલા ગ્રંથોમાંથી જોવામાંય જડે છે.

ગુજરાતનું વહાણવટું

નૌરતન ૧. [હિં.] સ્ત્રી. નવ ચીજ નાખીને બનાવાતી ચટણી તેમાં આદાઈ, ગોળ, મરચું, આંબા, કેસર, એલચી, જાવંતરી, સુવાદાણા તથા દારૂ નખાય છે.

૨. સ્ત્રી. નવ હીરાની બનેલી પોંચી.

૩. [સં. નવરત્ન] ન. નવ કીમતી માણસનું મંડળ.

૪. ન. નવ રત્નનો સમૂહ.

નૌરસ ૧. [હિં.] વિ. નવયુવક.

૨. વિ. નવા કે તાજા રસવાળું; નવું પાકેલું; તાજું.

નૌરસનામા પું. વિજાપુરના નવાબ ઇબ્રાહિમ આદિલશાહે લખેલું એ નામનું એક પુસ્તક.

નૌરંગ ૧. પું. એક પ્રકારનું પક્ષી.

૨. પું. ઔરંગ અર્થાત્ ઔરંગઝેબનું રૂપાંતર.

૩. વિ. તાલીમ પામેલું.

૪. [ફા.] વિ. નવા રંગવાળું.

નૌરંગઝેબી ૧. [ફા. ઔરંગઝેબી] પું. એક જાતનું કપડું.

૨. ન. ઔરંગઝેબના રાજ્ય વખતે ફાટી નીકળેલ એક જાતનો ચૂમડાનો ઉપદ્રવ.

નૌરંગી સ્ત્રી. નારંગી.

નૌરાતર પું. નવરાત્ર.

નૌરી સ્ત્રી. પગમાં પહેરવાનું એક જાતનું ઘરેણું. તે મારવાડ તરફ સ્ત્રીઓ પહેરે છે.

નૌરૂપ [હિં.] પું. લગ્નના પાકની પહેલી રાબણી.

નૌરોજ ૧. [હિં.] પું. તહેવારનો દિવસ.

૨. પું. પારસી નવા વરસનો પહેલો દિવસ. સૂર્ય જ્યારે મેષ રાશિમાં આવે ત્યારે તે આવે છે.

૩. [ફા.] પું. શુભ દિવસ; મુબારકીનો દિવસ.

નૌરોજ જુઓ નૌરોજ.

નૌર્વીણાજીત/ગિયા નાડી (નૌર્વીણાજીતગિયા નાડી) [સં.] સ્ત્રી. એ નામની સાક્ષાની એક નાડી.

નૌલ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે રાવવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૨૮ લઘુ મળી ૫૧ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

૨. પું. દેહમરોળી.

૩. પું. પુરુષની જનનેંદ્રિય.

૪. પું. રેલગાડી અથવા સ્ટીમબોટનું આગળનું તૂર.

૫. વિ. જુવાન; નાની ઉમરનું.

૬. વિ. નવું; તાજું.

૭ વિ. સુંદર.

૮. વિ. સ્વચ્છ; સાફ.

નૌલખ ૧. વિ. અગણિત.

૨. વિ. અમૂલ્ય.

૩. [સં. નવન્ (નવ) + લક્ષ (લાખ)] વિ. નવ લાખની કીમતનું.

નૌલખ્યા જુઓ નૌલખ્યા.

નૌલખી [હિં.] સ્ત્રી. તાપણે કરવાની લાકડી.

નૌલખ્યા ૧. [હિં.] વિ. નવ લાખ રૂપિયા જેની પાસે હોય એવું.

૨. વિ. નવ લાખની કીમતનું; નવ લાખનું.

૩. વિ. બહુ કીમતનું; મૂલ્યવાન.

નૌલા ૧. [હિં.] પું. દેહમરોળી.

૨. પું. પુરુષની જનનેંદ્રિય; નૌલ.

નૌલાસી [હિં.] વિ. કોમળ; સુંવાળું.

નૌલિક જુઓ નૌલી.

નૌલી ૧. સ્ત્રી. પેટાની જેવી.

૨. સ્ત્રી. (યોગ) હઠયોગની એક ક્રિયા; નોળીકર્મ. તેમાં ઉડ્ડીયાન અવસ્થામાં એટલે કે પેટને અંદર સંકોડી સહેજ નમાવેલ ગોઠણે હાથ રાખીને ઊભા રહેવું. પછી પેટના ભાગને નીચે ઘણી આગળ લાવો એવો ધક્કો દેવો કે જેથી પેટના આસપાસના ભાગ અંદર સંકોચાઈ મધ્યના બંને નળ બહાર નીકળી આવે. એ વખતે હાથથી ગોઠણ ઉપર જોર કરવું. આ અવસ્થામાં પેટના વચ્ચના નળ એકઠા થઈને બીજા બધાયોથી અલગ દેખાશે. આ કર્મને નૌલી અથવા મધ્યમ નૌલી કહે છે. એવી સ્થિતિમાં રહી જમણા ગોઠણ ઉપર જરા વધારે ભાર દેવો અને પેટના ડાબા ભાગને નરમ પાડવો એટલે પેટનો જમણો નળ આગળ પડતો દેખાશે અને ડાબો નળ ઢીલો પડશે. એ ક્રિયાને દક્ષિણ નૌલી કહે છે. વળી જમણા નળની માફક જ ડાબો નળ આગળ પડતો રહે તેમ રાખવાથી વામનૌલિ થાય છે. બંને હાથ ઢીંચણ ઉપર રાખીને, બંને બાજુથી શરીર નમાવી ડાબા રહીને પેટના બંને નળને વેગપૂર્વક જમણી તથા ડાબી બાજુ જલદીથી ફેરવવામાં આવે છે. કોઈ આ ક્રિયાને લોલિકિ પણ કહે છે. યોગક્રિયાઓમાં આ ક્રિયા મહત્ત્વની ક્રિયા મનાય છે. આ ક્રિયાથી મંદાગ્નિ દૂર થવાનું, પાચનશક્તિ વધવાનું, ભૂખ લાગવાનું અને સદા આનંદનો અનુભવ થતો હોવાનું કહેવાય છે. કોષ્ઠશુદ્ધિ અને પેટમાં થતા વાતાદિ રોગોનો નાશ થાય છે. મતાંતરે કે જઠરાગ્નિનું પ્રદીપન અને ઉદરગત વાતાદિક સર્વ રોગોનું નિવારણ આ ક્રિયા કરે છે. આ ક્રિયા બરાબર પ્રયત્નથી સિદ્ધ થઈ શકે છે, પરંતુ જેને હરસની બીમારી હોય તેણે આ ક્રિયા ન કરવી જોઈએ.

નૌલીકર્મ [સં.] ન. એ નામની યોગની એક ક્રિયા; નોલી; નોળીકર્મ.

નૌલીક્રિયા જુઓ નૌલીકર્મ.

નૌલીનોમ સ્ત્રી. આવણ સુદિ નોમ.

નૌલેવા [હિં.] પું. પૂર આવ્યા પછી કાદવનું જમી જવું તે.

નૌવાન ન. નૌવિદ્યા; નૌકાશાસ્ત્ર; 'નેવિગેશન.'

નૌવાબ પું. નવાબ.

નૌવાબી સ્ત્રી. નવાબી.

નૌવામપાર્શ્વ જુઓ નૌવામભાગ.

નૌવામભાગ પું. (વહાણવટું) વહાણનું ડાબું પડખું; 'લારબોર્ડ.'

નૌવારિદ પું. નવો અવતાર.

નૌવાર્ય [સં.] વિ. વહાણસમ્બ; જેમાં વહાણ ચાલી શકે એવું.

નૌચાલક ૧. [સં.] પું. વહાણ ચલાવનાર કપ્તાન.

૨. ન. વહાણ ચલાવવાનું હલેસું.

નૌવિદ [સં. નૌ (વહાણ) + વિદ્ (જાણનાર)] પું. વહાણવટી.

નૌવિદ્યા ૧. [સં.] સ્ત્રી. નૌકાસંચાલન; નાવિકવિદ્યા.
૨. સ્ત્રી. વહાણ બાંધવાની કળા.
૩. સ્ત્રી. સિદ્ધપસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રણેક વિદ્યા. તેમાં સૂત્રાદિ રજ્જુકરણ અને પટબંધન નામની બે કળાનો સમાવેશ થાય છે.

નૌવ્યસન [સં.] ન. વહાણ ભાંગી પડવું તે.

નૌશય ન. એક જાતનું દરિયાઈ જંતુ; 'બાર્નેકલ્.' નૌશય, જલબારીક, સમુદ્રનલિની અને પ્રવાલ જેવાં બધાં પ્રાણીઓ વહાણને તળિયે ચોંટી રહે છે. પ્રાણીસૃષ્ટિ

નૌશાચ ૧. પું. વરરાજા.
૨. વિ. નવું; તાજું.

નૌશા ૧. [ફા.] પું. વરરાજા.
૨. વિ. નસીબદાર; સુખી.
૩. વિ. મધુર; આનંદી.

નૌશાદર [ફા.] પું. નવસાર. દવામાં થોડી માત્રામાં આ ક્ષાર મળેલો હોય છે. જંતુઓનાં શરીરના સડામાંથી તે મેળવી શકાય છે. તે દવામાં તથા ફળાઉંજણમાં વપરાય છે. વૈદકમાં નવસાર બે પ્રકારનો કહ્યો છે: એક કૃત્રિમ જે ક્ષારમાંથી બનાવાય છે અને બીજો અકૃત્રિમ જે જંતુઓનાં પેશાબ, વિષ્ટા વગેરેના ક્ષારમાંથી કાઢવામાં આવે છે. આયુર્વેદ પ્રમાણે નવસાર સોજો મટાડનાર, શીતળ તથા મૃદુ, પથરી, તાવ, અર્બુદ, આંસી વગેરેમાં ઉપયોગી છે. ધાતુઓ ગાળવામાં તેમ જ ક્ષાર્ક રેવામાં તેનો ઉપયોગ થાય છે.

નૌશાહ જુઓ નૌશા.

નૌશિરસ [સં. નૌશિરસ] પું. (વહાણવટું) ખોખડો; વહાણના આગલા ભોરાની ઉપર કે પાસે બેસાડવામાં આવતી પોપટની ચાંચ જેવી કે બીજા આકારની આકૃતિ.

નૌશિલ્પી [સં. નૌશિલ્પિન્] પું. વહાણ બાંધનાર પુરુષ.

નૌશી [ફા.] સ્ત્રી. નવવધૂ; નવી પરણેલી કન્યા.

નૌશીરવાન ૧. [ફા.] પું. ઈરાનનો એ નામનો એક બાદશાહ; નૌશેરવાં.
૨. [ફા. અનૌશા (અમર) + રવાં (આત્મા)] વિ. અમર આત્માવાળું.
૩. [ફા. નવ (જુવાન) + શેર (સિંહ) + વાન (જેવું)] વિ. જુવાન સિંહ જેવું.
૪. [ફા. નૌશીન (મધુર) + રવાં (આત્મા)] વિ. મધુર આત્માવાળું.

નૌશેરવાં [ફા.] પું. ઈરાનનો એ નામનો એક પ્રસિદ્ધ, ન્યાયી અને પ્રતાપી બાદશાહ. પોતાનો પિતા મરણ પામતાં તે ઈ. સ. ૫૩૧માં ગાદી ઉપર આવ્યો. રોમન લોકોને તેણે યુદ્ધમાં ઘણી વાર હરાવ્યા હતા. મુસલમાન લેખકોના કથનાનુસાર રોમના બાદશાહ જસ્ટિનિયનને તેણે કેદ કર્યો હતો અને તે દર વર્ષે નૌશેરવાંને ત્રીસ હજાર અશરફીની ખંડણી આપતો. ૪૮ વર્ષ રાજ્ય કરી તે મરણ પામ્યો. ફારસી પુસ્તકોમાં નૌશેરવાંના ન્યાયીપણા વિશે ઘણી વાતો છે. મહમ્મદ પયગંબર સાહેબનો જન્મ આ બાદશાહના સમયમાં થયો હતો એમ કહેવાય છે.

નૌસમૂહ [સં. નૌ (વહાણ) + સમૂહ (જથ્થો)] પું. વહાણનો કાફલો; નૌકાસમૂહ; 'ફ્લિટ.'

નૌસરા [હિં.] પું. નવ સરનો હાર.

નૌસરિયા [હિં.] વિ. ધૂર્ત.

નૌસંગી સ્ત્રી. એક જાતની માછલી; 'ઓર્ફેનિસ.' આ માછલી વહાણોને અથવા કુંભીર માછલીને પોતાના માથાથી વળગી રહે છે.

નૌસાધન [સં.] ન. વહાણનો કાફલો; નૌકાસૈન્ય; 'ફ્લિટ.'

નૌસાધ્ય ૧. [સં. નૌ (હોડી) + સાધ્ય (સાધી શકાય એવું)] વિ. નાનું; જેમાં નૌકા ચાલી શકે એવું; 'નેવિગેબલ.'
૨. વિ. નૌકાથી જઈ શકાય એવું.

નૌસાર સ્ત્રી. નમક બનાવવાનું સ્થાન; લવણાગાર.

નૌસિખિયા [હિં.] વિ. નવું શિખાઉ; નવશિક્ષિત: દક્ષ કે કુશળ ન હોય એવું.

નૌસિખુઆ [હિં.] વિ. નવશિક્ષિત.

નૌસેના [સં. નૌ (વહાણ) + સેના (લશ્કર)] સ્ત્રી. નૌકાસૈન્ય; દરિયાઈ લશ્કર; જલસેના.

નૌસેનાધ્યક્ષ [સં. નૌ (વહાણ) + સેના (લશ્કર) + અધ્યક્ષ (ઉપરી)] પું. વહાણની સેનાનો મુખ્ય; દરિયાઈ લશ્કરનો સેનાપતિ.

નૌસેનાપતિ જુઓ નૌસેનાધ્યક્ષ.

નૌસૈન્ય જુઓ નૌસેના.

નૌહ પું. નામૂનું નખ.

નૌહા [અ.] પું. શોક; વિલાપ.

નૌહાગર [અ.] પું. શોક કરનાર માણસ.

નૌહારક ન. હોડીનું બાકું.

નૌં વિ. (કચ્છી) નવું.

ન્ય પું. પાંચ મુખનો એક સાંકેતિક અક્ષર.

ન્યાનપૈતી [અપ.] સ્ત્રી. (અપભ્રંસ્તી) એક જાતનો છોડ; દન્યોગ છોડ.

ન્યક્કા [સં.] સ્ત્રી. વિષ્ણુનો કોપ.

ન્યકુમતી સ્ત્રી. નીકુમતી નામના સૌરાષ્ટ્રમાં વહેલ ગામનું એક પ્રાચીન નામ.
આજવતની ન્યકુમતી તે હાલની કાંગિવડે પાસેની નીકુમતી. કાઠિયાવાડ ગેઝેટિયર

ન્યક્ [સં.] અ. નીચે; નીચલી બાજુએ.

ન્યક્કરણ [સં.] ન. ધિક્કાર; તિરસ્કાર.

ન્યક્કાર [સં.] પું. અવગણના; અપમાન; તુચ્છકાર; ધિક્કાર; હલકું પાડવું તે; તિરસ્કાર.

ન્યક્કૃતિ જુઓ ન્યક્કાર.

ન્યક્ત [સં.] વિ. અત્યંત આંજણવાળું કરેલું.

ન્યક્ષ ૧. [સં.] પું. જમદગ્નિના પુત્ર પરશુરામનું એક નામ.
૨. પું. પાડો.
૩. ન. એક જાતનું ઘાસ.
૪. ન. સમગ્રપણું.
૫. વિ. અધમ; નીચ; હલકું.

ન્યક્ષી [સં.] સ્ત્રી. ગેસ.

ન્યગ્જાતિ [સં.] સ્ત્રી. નીચ જાતિ; હલકી જાત.

ન્યગ્ભાવ [સં.] પું. નીચપણું.

ન્યગ્રોધ ૧. [સં.] પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો એક પૌત્ર.
૨. પું. (પુરાણ) જેની નીચે ભારતનું યુદ્ધ થયા પછી દુર્યોધન સંતાયો હતો, તે વડ પાસે જતા પહેલાં કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્મા સંતાઈ રહ્યા હતા તે વડ અત્યર હમી હશ.
૩. પું. (પુરાણ) પરીક્ષિતને દંશ કરવા જતાં મળેલા બાહ્મણ કશ્યપને પોતાની શક્તિ બતાવવાને તક્ષકે દંશ કરીને જેને બાળી નાખ્યું હતું અને જેને કશ્યપ બ્રાહ્મણે વિદ્યાબળે સજીવન કર્યું હતું તે વડ.
૪. પું. પીપળો; પીપર અને વડની જાતનું એક ઝાડ.
૫. પું. બાહુ; હાથ.
૬. પું. મૂષકપર્ણી નામની વનસ્પતિ; ઉંદરકની.
૭. પું. વડનું ઝાડ.
જ્યાં કપર્દી રક્તાક્ષ વ્યાઘ્રપાદ મુખ ન્યગ્રોધ;
આ વંશી વટ કે સખી, સહુ મુખનો અવરોધ.
વિનયકુમાર ભોજક
૮. પું. (પુરાણ) વનવાસના સમયમાં એક વખત જે ઝાડના મૂળ આગળ પોતાની માતા અને બીજા પાંડવોને મૂકી આવવા જેસાડીને ભીમસેન પાણી અને સુગંધી ફળોને લેવા ગયો હતો તે ઝાડ.
૯. પું. વાંસ; વાર હાથનું માપ.
૧૦. પું. વિષ્ણુનો કબજર બાંધેલું એક નામ. ન્યક્ એટલે નીચલી બાજુએ જેને છે અને સર્વની

ઉપર નિરાજમાન છે તેથી તે ન્યગ્રોધ કહેવાય છે. પ્રલોકાદિ ભયમાં હોવાથી ન્યગ્રોધના હજારનો પ્ર આદેશ થયેલ છે. સર્વ જીવોનો નિરાસ કરીને પોતાની માયાનું વરણ કરે છે અથવા જેનો નિરોધ કરે છે તેવા પરમાત્મા ન્યગ્રોધ કહેવાય છે. વળી વડના પાનમા પોઢનારા વટવાસી મૂર્તિ હોવાથી અને વડના રેટાની પેઠે કોટી બ્રહ્માંડોને ધારણ કરતા હોવાથી અને અક્ષય વટ સ્વરૂપ હોવાથી વિષ્ણુ ન્યગ્રોધ કહેવાય છે.

૧૧. પું. કમી જીવ; બીજાદીનું ઝાડ.

૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ; મહાદેવ.

૧૩. પું. (પુરાણ) સોમવંશી બહુકુલોત્પન્ન ઉગ્રસેનના નવ માંહેનો ત્રીજો દીકરો; કંસનો ભાઈ. અનુક્રમ વખતે તેને બળરામે મારી નાખ્યો હતો.

ન્યગ્રોધક [સં.] પું. વડના ઝાડની પાસેનો પ્રદેશ.

ન્યગ્રોધચેષ્ટા [સં.] સ્ત્રી. પરમાત્માના જેવું આચરણ.

> એ દેહમાં રહેનારો આત્મા પણ આ ન્યગ્રોધચેષ્ટા કરે છે. સરસ્વતીચંદ્ર

ન્યગ્રોધન [સં.] ન. તિરસ્કાર; ધિક્કાર.

ન્યગ્રોધપરિમંડલ ૧. [સં.] પું. એક પ્રાચીન સંસ્થાઈ પહોળાઈનો પુરુષ. ભવિષ્યપુરાણ પ્રમાણે ત્રેતામાં આવા પુરુષ રાજ કરતા હતા.

૨. ન. (જૈન) ૭ માંહેનું બીજું સંઠાણ; ન્યગ્રોધપરિમંડલ સંઠાણ.

૩. ન. (જૈન) પાપરૂપ ગણાતી ૮૨ માંહેની એક નામની એક પ્રકૃતિ; જેના ઉદયથી જીવનું શરીર વડના વૃક્ષની માફક હોય તે કર્મ. આવા જીવનાં નાભિથી નીચેનાં અંગ નાનાં અને ઉપરનાં અંગ મોટાં હોય છે.

ન્યગ્રોધપરિમંડલ સંઠાણ ન. (જૈન) ૭ માંહેનું બીજું સંઠાણ; જેનો નાભિ ઉપરનો ભાગ પ્રમાણોપેત તથા સુંદર હોય અને નીચેનો ભાગ બેડોળ હોય એવું શરીરનું સંઠાણ.

ન્યગ્રોધપરિમંડલા [સં.] સ્ત્રી. એક પ્રકારની સુંદર સ્ત્રી; કઠોર સ્તન, વિશાળ નિતંબ અને ખાતળા કેડવાળી સ્ત્રી.

ન્યગ્રોધરૂપ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ન્યગ્રોધા જુઓ ન્યગ્રોધી.

ન્યગ્રોધાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદક) મૂત્રરોગની શુદ્ધિ કરનાર અનેકવિધ પ્રકારના પ્રમેહ તથા મૂત્રકૃચ્છ્ર ઉપર ઉપયોગી બનાવું એક પ્રકારનું ચૂર્ણ.

ન્યગ્રોધિક ૧. [સં.] પું. વડના ઝાડની પાસેનો પ્રદેશ.

૨. વિ. જ્યાં વડનાં ઝાડ બહુ હોય એવું.

ન્યગ્રોધિકા ૧. [સં.] સ્ત્રી. ઉંદરકણી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. (જૈન) વાચક ઉમાસ્વાતિનું જન્મસ્થાન.

> વિદ્યાસ્થાન પાટલિપુત્ર અને અન્ય દેશથી જન્મસ્થાન ન્યગ્રોધિકા સામાન્ય રીતે બહુ દૂર તો નહિ જ હોય. ઉત્તરાર્ધસૂત્ર

ન્યગ્રોધી ૧. [સં.] સ્ત્રી. ઉંદરકણી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. દંતી નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. મોટો નેપાળો.

૪. સ્ત્રી. મોરના ઔષધિ.

૫. સ્ત્રી. ત્રિપર્ણી નામની વનસ્પતિ.

૬. વિ. વડના ઝાડની પાસેનું.

ન્યચ્છ ૧. [સં.] પું એક જાતનો ચામડીનો રોગ. તેમાં શરીર ઉપર કાળાં ચાંઠાં પડી જાય છે.

૨. વિ. અત્યંત સ્વચ્છ; બહું જ સાફ.

ન્યચ્ય [સં.] પું. નાશ; ક્ષય; હાનિ.

ન્યટ્ટી ૧. [સં.] પું. નિકૃષ્ટ જાતિ; હલકી જાતિ.

૨. વિ. નિકૃષ્ટ જાતવાળું.

૩. વિ. હલકા અર્થવાળું.

ન્યર્બુદ ૧. [સં.] ન. દસ અર્બુદ અથવા અબજ જેવડી સંખ્યા; અબજથી દસગણી સંખ્યા.

૨. વિ. અબજથી દસગણી સંખ્યાવાળું.

ન્યર્બુદિ [સં.] પું. એ નામનો એક રુદ્ર દેવ.

ન્યવેદ્ય [સં. નૈવેદ્ય] (બા. પ્ર.) ન. નૈવેદ્ય; દેવને ધરવાની વસ્તુ.

> દરમે દરા વાનાં કહે ન્યવેદ્ય,
> એવી પેર બોલે સંહિતા વેદ. નાકર

ન્યસ્ ૧. [સં.] સ. ક્રિ. આપવું; ભેળવવું કરવું.

૨. સ. ક્રિ. કોઈ વસ્તુ ઉપર મૂકવું.

૩. સ. ક્રિ. તજી દેવું; છોડવું મૂકી દેવું.

૪. સ. ક્રિ. સ્થાનથી અર્યાંતર કરવું.

૫. સ. ક્રિ. દોરવું; ચીતરવું.

૬. સ. ક્રિ. નીમવું; સ્થાપવું.

૭. સ. ક્રિ કેડી દેવું

૮ સ. ક્રિ. સોંપવું; સુપરત કરવું.

ન્યસન ૧. [સં.] ન. કોઈ વસ્તુ ઉપર મૂકવું તે.

૨. [સં. ન્યસ (છોડી દેવું)] ન. છોડવું તે; તજવું તે.

૩. ન. સ્થાનથી અર્યાંતર કરવું તે.

૪. ન. દેવું તે; આપવું તે.

૫. ન. દોરવું તે; ચિતરામણ.

૬. ન. દેખવું તે.

૭. ન. સોંપી દેવાપણું; સોંપણી.

૮. ન. સ્થાપન.

ન્યસ્ત ૧. [સં.] ન. અનામત; આપણ; ન્યાસ.

૨. વિ. આપેલું; ભેનામત કરેલું

૩. વિ. કોઈ વસ્તુ ઉપર મૂકેલ.

૪. વિ. તજેલ; છોડેલ.

૫. વિ. આપણ તરીકે મૂકેલું; અનામત મૂકેલું; સોંપેલું.

૬. વિ. સ્થાનથી અર્યાંતર કરેલું.

૭. વિ. દોરેલું; ચીતરેલું.

૮. વિ. નીમેલું; સ્થાપેલું.

૯. વિ. ફેંકેલું; નાખેલું; ક્ષિપ્ત.

ન્યસ્તભાર [સં. ન્યસ્ત (મૂકેલું) + ભાર (બોજો)] ન. અધિકારમાં; હવાલામાં; કબજામાં.

ન્યસ્તરંગ ન. કપૂરને મળતું એક જાતનું પ્રાચીન વાસ. તે મથુરા અને વૃંદાવનમાં બનતું હતું.

ન્યસ્તશસ્ત્ર ૧. [સં.] પું. મનુએ કહેલ એક વિદ્વાંશ.

૨. [સં. ન્યસ્ત (છોડી દીધેલું) + શસ્ત્ર (હથિયાર] વિ. જેણે હથિયાર છોડી દીધાં હોય એવું.

ન્યસ્તશસ્ત્રાસ્ત્રવિમોક્ષ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ન્યસ્ય ૧. [સં.] વિ. તજવા જેવું; છોડવા યોગ્ય.

૨. વિ. મૂકવા જેવું.

૩. વિ. સ્થાપવા યોગ્ય.

ન્યહાયત [અ. નિહાયત] વિ. બહું; અતિશય; અત્યંત.

ન્યહાલ [અ. નિહાલ] વિ. સુખી; કૃતાર્થી.

ન્યહ્ન [સં.] પું. અમાવાસ્યાનો સાયંકાળ.

ન્યંકુ ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. પું. બબ્બે લીંબડાંવાળું એક જાતનું હરણ.

૩. પું. સાપર.

૪. વિ. અતિ ત્વરાથી ગમન કરનાર; બહુ ઝડપથી દોડનાર.

ન્યંકુસારિણી [સં.] સ્ત્રી. (પિંગળ) પહેલા અને બીજા ચરણમાં બાર અક્ષર અને ત્રીજા તથા ચોથા ચરણમાં આઠ અક્ષર હોય એવો એક વૈદિક છંદ.

ન્યંગ ૧. [સં. નિ. (વિશેષ) + અંગ્ (આંજવું)] પું. અત્યંત આંજવું તે.

૨. પું. આશ્રિત માણસ.

૩. પું. બહુ ચરવું તે.

ન્યંચ્ ૧. [સં.] અ. ક્રિ. ઓછું થવું.
૨. અ. ક્રિ. (ધાતુ) નીચે જવું; નીચે બળવું. તે ઉપરથી બનેલ શબ્દ: નીચું; નીચાણ.
૩. અ. ક્રિ. પ્રસાર થવું; વીતવું.

ન્યંજ્ ૧. [સં.] અ. ક્રિ. પ્રેમ રાખવું; અનુ રાખવું.
૨. સ. ક્રિ. ઘસવું; ચોપડવું; મસળવું.

ન્યંત [સં.] પું. છેવટનો ભાગ; છેલ્લો ભાગ.

ન્યા ૧. પું. દેવતા; અગ્નિ.
૨. સ્ત્રી. ગાયના પેટા વચ્ચેનો ગાયનો જોળ ભાગ. તેમાં ગાભા બેસાડેલા હોય છે અને તેની અપ્પના ગાભામાં ધરી રહે છે.
૩. સ્ત્રી. વર્તુલના પરિધ ઉપરના બધે તે બે બિંદુને જોડનારી સીધી લીટી.
૪. અ. ત્યાં; તે ઠેકાણે.

ન્યાઈસ્ત્રી (જરથોસ્તી) પ્રાર્થના.

ન્યાઉંકું ૧. વિ. સરસ.
૨. વિ. સુવાંગ; ઓકવાનું.

ન્યાકપ [સં.] પું. ઝીણા ઝોખાં; મચ્છર.

ન્યાગાન પું. સુવિખ્યાત પવિત્ર પુરુષ.

ધણા જ ઠીકિંત અને અમલનાં પ્રકરણ ઉપર આજની ઉપલબ્ધ ઔવાકનું જ્ઞાન જેવી તેમોરે પોતાના આવા મહાન ન્યાયાધીશોને જોઈ પગલે ચાલવાની પ્રેરણા આપનારી અનેક કેકાણેથી અને મિતતેમાસ થયેલી. મેકેરક્ટ રાણા

ન્યાણાં સ. ક. ન. બહેન કે દીકરીનાં બાળકો; ભાણેલાં; ભાણેજ; ભાણેજી.

ન્યાણી સ્ત્રી. બહેન કે દીકરીની દીકરી; ભાણેજી.

ન્યાત [સં. જ્ઞાતિ] સ્ત્રી. જ્ઞાતિ; જાત; એક જ તરેહના રીતરિવાજવાળું કોઈનું મોટું મંડળ.
ગુજરાતનું સંપાદન ન્યાતને લીધે છે.
કાપેન્ટર

ન્યાતગોર પું આખી જ્ઞાતિનો ગોર.

ન્યાતજાત સ્ત્રી. નાતજાત; જ્ઞાત અને જાત.

ન્યાતપંચ ન. જુદી જુદી નાતના આગેવાન માણસોનું પંચ.

ન્યાત બહાર વિ. ન્યાત તરફથી બહિષ્કાર પામેલું; જ્ઞાતિમાંથી બહિષ્કૃત થયેલું.
ન્યાત બહાર મૂકવું = જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરીને કાઢી મૂકવું.

ન્યાતરીત સ્ત્રી. જ્ઞાતિનો રિવાજ; નાતારીત; જ્ઞાતિની રીતરસમ.

ન્યાતવાળું વિ. નાનીલું.

ન્યાતિ સ્ત્રી. જ્ઞાતિ; ન્યાત.

ન્યાતિ આચાર પું. જ્ઞાતિનો રીતરિવાજ.

ન્યાતિબહિષ્કૃત વિ. જ્ઞાતિબહિષ્કૃત: જ્ઞાતિનો તિરસ્કાર પામેલું; નાત બહાર થયેલું.

ન્યાતીલું ૧. ન. ન્યાતનું માણસ; જ્ઞાતિજન.
૨. વિ. નાતનું; નાતીલું.

ન્યાતીલો પું. ન્યાતનો માણસ.

ન્યાતુ ન. જ્ઞાતિનાં માણસોને અપાતું જમણ. કુળના, ચોપરા એની જાણે નાતોમાં ન્યાતબહાર થયેલો માણસ ન્યાતમાં પાછો દાખલ થવા માટે ન્યાત જમાડે તે ન્યાતુ કરવું કહેવાય છે.

ન્યાતું ન. નાતો; સગપણ.

ન્યાત્મજિમાની વિ. પોતાની જ્ઞાતિના અભિમાનવાળું.

ન્યાદ [સં.] પું. આહાર; ભોજન.

ન્યાન ૧. ન. એ નામનું એક પ્રાણી. તે હિમાલય પર્વત ઉપર અને તિબેટમાં વધારે જોવામાં આવે છે. તેનો રંગ કાળો હોય છે. તેના જેવું સાવજ બીજું કોઈ પ્રાણી નથી એવી માન્યતા છે.
૨. ન. જ્ઞાન.
૩. ન. (બૃ. પ્રા.) પ્રમાણ.
ઉત્તર સત્ય વદિ અમલા, જિહ જંબનું ન્યાન.
ગાગવચરમાવ

ન્યાના ૧. [સં. અજ્ઞાન] વિ. અજાણ્યું; અજ્ઞ; સમજ વિનાનું.
૨. વિ. નાની ઉમરનું; બાળ વયનું.

ન્યામત [અ. નિઅમત] સ્ત્રી. સુખસગવડ; સુખ તરીકેનો અધિકાર.

ન્યામદ (ન્યામડ) [હિં.] ન. ખેતરમાં પોતાની મેળે ઊગી નીકળતું એક જાતનું ઘાસ. ખેડૂતો તેને નકામું કહી કાઢે છે.

ન્યામત ૧. [અ. નઅમત] સ્ત્રી. એશઆરામ; સુખચેન.
૨. સ્ત્રી. દુર્લભ ચીજ; મુશ્કેલીથી મળી શકે તેવી વસ્તુ.
૩. સ્ત્રી. ધનદોલત.
૪. સ્ત્રી. પ્રસાદ; કૃપા; અનુગ્રહ.
જ્ઞાન એ સૌથી મોટો પ્રસાદ (ન્યામત) છે.
ગુ. સા. પરિષદ
એક તંદુરસ્તી હજાર ન્યામત = શરીર સુખી તે સર્વ વાતે સુખી.
૫. સ્ત્રી. બક્ષિસ; ભેટ; ઉપહાર.
ખરેખર માણસને ઈશ્વરસંબંધે પ્રકાશે આપેલી ન્યામત (ભેટ) છે.
ગુ. સા. પરિષદ
૬. સ્ત્રી. બલદાઈ; સજ્જનતા.
૭. સ્ત્રી. મીઠાઈ; પકવાન.
૮. સ્ત્રી. રોટલા; ખેતર.
૯. સ્ત્રી. સુખ.

ન્યાય ૧. [સં.] પું. અવસ્થી વાક્યમાં અનુમાનપ્રપંચ; અનુમિતિ.
૨. પું. (પિંગળ) આ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, રગણ, નગણ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
૩. પું. કાયદો; ધારો; રિવાજ; રવૈયો; પોરણ; નિયમ.
૪. પું. કારણ ઉપરથી અથવા પ્રતિજ્ઞા ઉપરથી અનુમાન કરી કાઢવાની વિદ્યા; કેટલાંક કારણ અને પ્રમાણ ઉપરથી કાર્ય સંબંધી તર્ક કરવાની વિદ્યા; તત્ત્વપરીક્ષણશાસ્ત્ર; તર્કશાસ્ત્ર.
ન્યાય એટલે ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો તથા ન્યાય એટલે લોકોક્તિથી બંધાયેલા સિદ્ધાંતો, તેમ જ ન્યાયનો અર્થ અમુક શાસ્ત્રના સિદ્ધાંતો એવો પણ થાય છે.
ગુ. સા. પરિષદ
૫. પું. ખરાખોટાની પરીક્ષા કે તુલના; ફેસલો; ઇન્સાફ; વાજબીપણું; પ્રમાણપૂર્વક નિર્ણય; વિવાદનો નિર્ણય; પ્રમાણ દ્વારા વસ્તુની પરીક્ષા.
૧. ન્યાય આપવો = (૧) ફેસલો કરી આપવો. (૨) રોગ્યતાપૂર્વક અદા કરવું; કોઈ બાબતમાં તેને છાજતી રીતે વર્તવું.
૨. ન્યાય કરવો-તોળવો = બરાબર કે યોગ્ય અયોગ્ય તપાસી આપવું.
૩. ન્યાય ચૂકવવો = ન્યાય કે ફેસલો કરી આપવો.
૪. ન્યાય જાળવો = (૧) સાચા ખોટા કે યોગ્યાયોગ્યની બરોબર અને પૂરી તપાસ કરી. (૨) સાચો ઇન્સાફ કર્યો.
૫. ન્યાય માગવો = (૧) દાદ સાંભળવી. (૨) ન્યાય મેળવવા માગણી કરવી.
૬. પું. તર્ક; વિચાર.
૭. પું. દૃષ્ટાંત; પ્રસિદ્ધ કહેવત. દૃષ્ટાંતરૂપ બનેલા કેટલાક ન્યાય નીચે પ્રમાણે છે: (૧) અજાકૃપાણીય ન્યાય: દૈવસંયોગથી આવી પડતી વિપત્તિ જેવી બાબત. કોઈ એક સ્થળે તરવાર લટકતી હતી. તેની નીચે એક બકરો આવ્યો અને લટકતી તરવારના સંયોગથી એકદમ તેનું માથું કપાઈ ગયું. આમ જ્યારે દૈવસંયોગથી કોઈ વિપત્તિ આવી પડતી હોય, ત્યાં આ ન્યાયનો ઉપયોગ કરાય છે. (૨) અજાતપુત્રનામોત્કીર્તન ન્યાય: પુત્ર જન્મ્યો પણ ન હોય ત્યાર પહેલાં નામ પણ પાડી દેવા જેવી બાબત. કોઈ વાત હજુ ન બની હોય તોપણ આકાશમાં ને આકાશમાં હોકે અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો કરી રાખે તેને માટે આ ન્યાય અપાય છે. (૩) અભ્યારોપ ન્યાય: જે ન હોય તેવા ગુણનું આરોપણ કરવું તે;

જે વસ્તુ જેવી ન હોય તોપણ તે તેવી હોવાનો આભાસ. જેમકે, દોરડાંને સર્પ માનવો તે. વેદાંતનાં પુસ્તકોમાં આ ન્યાય ખૂબ વપરાયેલો છે. (૪) અપરાહ્ણભ્રમા ન્યાયઃ જેમ બપોરની સંધ્યા પૂર્વે તરફ વધતી જાય, તેમ વધતી જતી કોઈ આપત્તિ માટે કહેવામાં આવતો ન્યાય. જેમકે, સજ્જનોની પ્રીતિ. (૫) અપવાદ ન્યાયઃ વસ્તુનું અરેખરું જ્ઞાન થતાં ભ્રમ જતો રહે એવો સિદ્ધાંત; કોઈ વસ્તુનું જ્ઞાન થઈ જતાં તે આપત્તિ ભ્રમ ન રહેવાપણું. આ ન્યાય પણ વેદાંતમાં બહુ વપરાયેલ છે. (૬) અપસારિતાગ્નિભૂતલ ન્યાયઃ એક જાતનું દૃષ્ટાંત. જમીન ઉપરથી અગ્નિ દૂર થયા છતાં ઘોડો વખત તે જમીન ગરમ રહે છે, તેમ ધન રહિત થયા છતાં ધનવાન પુરુષ અમુક વખત સુધી પોતાની સ્થિતિ ટકાવી રાખે છે તેવી આપત્તિને આ ન્યાય સૂચવે છે. (૭) અરણ્યરુદન ન્યાયઃ નકામો પોકાર; જંગલમાં કરાતા રુદન જેવી વાત. જ્યાં કહેવાની વાત ઉપર કોઈ ધ્યાન જ આપનાર ન હોય, ત્યાં આ ન્યાયનો ઉપયોગ થાય છે. (૮) અરુંધતીદર્શન ન્યાયઃ અરુંધતીનો તારો દેખાડવા જેવું દૃષ્ટાંત; જણીતા ઉપરથી અજાણ્યા ઉપર જવું તે. અરુંધતીનો તારો નાનો હોવાથી તે દેખાડવા પ્રથમ તેની પાસેનો મોટો તારો દેખાડવામાં આવે છે અને પછી તે દેખાડવામાં આવે છે. (૯) અર્કમધુ ન્યાયઃ આકડા અને મધનો દાખલો; સહેલાઈથી મળી જવું તે. જો આકડામાંથી મધ મળી જાય તો તેને માટે પર્વત ઉપર ચઢવાનો પરિશ્રમ ન કરવો પડે, તેમ જે કામ સહેલાઈથી થઈ જવાનું હોય તેને માટે અકીતકી બહુ મહેનત કરવાની જરૂર ન પડે તેને માટે આ દૃષ્ટાંત અપાય છે (૧૦) અર્ધજરતીય ન્યાયઃ અનિશ્ચિત વાત. એક બાઈએ પૈસાને દુઃખે બહુ દુઃખી થઈને હમેશા પોતાની આખ બળદમાં વેચવા જાય જતો હતો, પરંતુ તે વેચાતી ન હતી, કારણ કે જ્યારે કોઈ ગામની ઉગર ચૂકે ત્યારે તે બધી મોટી કહેતો હતો. એક દિવસ એક આદમીએ આખ ન વેચાવાનું પૂછ્યું. બાઈએ કહ્યું કે, હું એમ સમજતો હતો કે, જેમ મનુષ્યની ઉમર વધતાં તેની કદર વધે છે, તેમ આખના સંબંધમાં પણ હશે. પેલા માણસે તેને હવે પછી તેમ ન કહેવાની સલાહ આપી. બાઈએ વિચાર કર્યો કે, એક વાર આખને ધરડી કહ્યા પછી હવે તેને જુવાન કેમ કહી શકીએ ! અંતમાં તેણે મન સાથે નક્કી કર્યું કે, આત્મા કદ્દ થતો નથી, માત્ર શરીર જ કદ્દ થાય છે. માટે આખને હું અર્ધી ધરડી અને અર્ધી જુવાન કહીશ. આ પ્રમાણે જ્યારે કોઈ અર્ધી વાત એક પક્ષમાં સ્વીકારવા જેવી હોય તેમ જ બીજી અર્ધી વાત વિરુદ્ધ પક્ષમાં સ્વીકારવા જેવી હોય, ત્યારે આ દૃષ્ટાંત અપાય છે. (૧૧) અશોકવનિકા ન્યાયઃ અશોક વાડીનો દાખલો. અશોક વનમાં જવાથી છાયા, સૌરભ વગેરે જેવું જોઈએ તે બધું જ મળી જાય છે. જ્યારે એક જ સ્થળમાં બધું જ મળી જાય અને બીજે ક્યાંય જવાની જરૂર ન રહે, ત્યારે આ ન્યાય અપાય છે. તેમ જ રાવણને અશોક વાડી જેવી બીજી વસ્તી વાડી હતી અને તે બધી રીતે ઉપયોગી હોવા છતાં તેણે સીતાને અશોક વાડીમાં રાખ્યાં તેનું કોઈ ખાસ કારણ હતું નહિ. તેમ જ્યારે કોઈ આપત્તિના ઘણા રસ્તા હોય અને બધા સરખા હોવાથી તેમાંના એક ઉપર જ પસંદગી ઉતારવાનું ખાસ કારણ કોઈ ન હોય છતાં તેને પસંદ કરવામાં આવે ત્યારે આ દાખલો આપવામાં આવે છે. (૧૨) અશ્મલોષ્ટ ન્યાયઃ પથ્થર અને ઢેફાનો દાખલો. પૂજાનું ઢેકું કે સાથે સરખાવતાં કઠણ છે, પણ પથ્થર સાથે સરખાવતાં નરમ છે. તેમ કોઈ વસ્તુ સાપેક્ષ પ્રમાણે નકામી કે મહત્ત્વની ઠરાવવા, ત્યાં આ દાખલો અપાય છે. (૧૩) અશ્વેતદીપ ન્યાયઃ તેલ વગરના દીવા જેવી ટૂંક વખત માટેની વાત. બોલે જ સમજ ટકવાની વાત વિષે આ દૃષ્ટાંત અપાય છે. (૧૪) અહિકુંડલ ન્યાયઃ સર્પના ગૂંચળું વાળીને બેસવા જેવો આપત્તા. સર્પ ગૂંચળું વાળી બેસે છે, તે જેમ કુદરતી છે, તેમ કોઈ સ્વાભાવિક વાતને માટે આ દૃષ્ટાંત લાગુ પડે છે. વળી સર્પ જેમ ઇંડાકાર ગોળો થઈ જાય છે એટલે સ્વેચ્છાથી વિવિધ આકારે થાય છે, પણ વસ્તુતઃ તેમાં ભેદ નથી. તેવી જ રીતે ભેદ જણાતા છતાં વસ્તુતઃ જે અભેદરૂપે જ છે તેને પણ આ દૃષ્ટાંત કે ન્યાય લાગુ પડે છે. (૧૫) અહિનકુલ ન્યાયઃ સર્પ ને નોળિયા જેવી વાત. સર્પ અને નોળિયાને સ્વાભાવિક વૈર હોય છે. તેથી સ્વાભાવિક વૈર કે વિરોધ બતાવવો હોય ત્યાં આ દાખલો અપાય છે. (૧૬) અંધકૂપપતન ન્યાયઃ કૂવા કુવામાં પડવાનો દાખલોઃ વિવેકના અભાવે મુસ્કેલીમાં આવી પડવાનો બનાવ. કોઈ એક ઠગારા આદમીએ એક આંધળાને રસ્તો બતાવ્યો, પણ ચાલતાં ચાલતાં રસ્તામાં કૂવો આવ્યો તેમાં તે આપડો બનાવી પડ્યો. જ્યારે કોઈ અધિકાર વિનાના પુરુષને ઉપદેશ આપવામાં આવે અને તે તે પ્રમાણે વર્તવા છતાં કોઈ કારણે ભૂલ કરી બેસે અને નુકસાનમાં આવી પડે ત્યારે આ ઉક્તિ વપરાય છે. (૧૭) અંધગજ ન્યાયઃ આંધળા અને હાથીનો દાખલો. કોઈક જન્માંધો હાથી કેવો છે તે જોવાને માટે એક હાથી ઉપર હાથ ફેરવવા લાગ્યા. જે અંગ ઉપર હાથ ફેર્યો તે અંગ જેવા આકારનો હાથી તેઓને લાગ્યો. જેણે પૂછડી ઉપર હાથ ફેરવ્યો તેને દોરીના આકારનો અને જેણે પગ ઉપર હાથ ફેરવ્યો તેને ચાંબલાના આકારનો હાથી લાગ્યો. કોઈ વિષયનું સંપૂર્ણ જ્ઞાન ન હોવા છતાં તે વિષય ઉપર પોતપોતાની સમજ અનુસાર જુદી જુદી વાતો કહેવાતી હોય ત્યારે આ ઉક્તિનો પ્રયોગ કરવામાં આવે છે. (૧૮) અંધબોલાંગૂલ ન્યાયઃ આંધળાને જળદનું પૂછડું પકડાવી દેવા જેવો દાખલો. એક આંધળો ચાલો પડી ગયો હતો. કોઈએ તેના હાથમાં જળદનું પૂછડું પકડાવી દીધું કે, આ પૂછડું તારે છોડવું નહિ અને તે તને તારે ઘેર પહોંચાડી દેશે. જળદના આમતેમ હોડવાથી આંધળો પોતાને ઘેર તો ન પહોંચ્યો પણ તેને કષ્ટ બહુ થયું. કોઈ દુષ્ટ કે મૂર્ખના ઉપદેશ મુજબ કામ કરવાથી કોઈને કષ્ટ કે દુઃખ આવી પડે ત્યારે આ ઉક્તિ વપરાય છે. (૧૯) અંધચટક ન્યાયઃ આંધળો માણસ કોઈ વાર અજાણતા ચકલીને પકડે તેવો દાખલો; વગર ઇરાદે બનતો બનાવ. વગર મહેનતે ન મેળવી શકાય તેવી વસ્તુ મળી આવે ત્યારે આ દાખલો કે દૃષ્ટાંત વપરાય છે. (૨૦) અંધપરંપરા ન્યાયઃ જોયા વિચાર્યા વિના આંધળાની જેમ એકની પાછળ બીજાએ ચાલવાનો રિવાજ; વગર વિચાર્યે આંધળી નકલ કરવાનો દાખલો. કોઈ માણસ કોઈને કોઈ કામ કરતો જોઈને પોતે પણ તે પ્રમાણે કામ કરવા લાગે ત્યારે આ દૃષ્ટાંત અપાય છે. (૨૧) અંધપંગુ ન્યાયઃ આંધળો લૂલાને પોતાના ખભા ઉપર બેસાડી મદદ કરે અને લૂલો ત્યાં બેસીને આંધળાને માર્ગ બતાવે તેનું દૃષ્ટાંતઃ બન્તે અપૂર્ણ જોગી અપૂર્ણતાઓની પરસ્પર મદદનું સૂત્ર. એક જ સ્થાન ઉપર જનારા એક આંધળો અને એક લંગડો બંને મળી જાય તો એકબીજાની સહાયથી બંને ધારેલે સ્થળે પહોંચી જાય. સાંખ્યમાં જડ પ્રકૃતિ અને ચૈતન્ય પુરુષના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થવાના દૃષ્ટાંતમાં આ ઉક્તિ કહેવાય છે. (૨૨) આકાશાપરિચ્છિન્નત્વ ન્યાયઃ આકાશની જેમ અપરિચ્છિન્ન હોય તેનો દાખલો. (૨૩) આજાસ્યક ન્યાયઃ બોકડાવાદનું દૃષ્ટાંત. (૨૪) આશ્રયન ન્યાયઃ જેમ કોઈ વનમાં બીજાં ઝાડ કરતાં વડ વૃક્ષ હોય પણ આશ્રયનાં ઝાડ વધારે પડતાં હોવાથી તે આશ્રયનું વન કહેવાય છે, તેમ જ્યાં બીજા આપત્તો કરતાં માત્ર મુખ્ય આપત્તિનો ઉલ્લેખ થાય, ત્યાં આ ઉક્તિ કહેવાય છે.

(૨૫) ઉત્પાટિતદંતનાગ ન્યાયઃ દાંત પડી ગયેલા નાગનો દાખલો. દાંત ખેંચી કાઢવામાં આવેલા સર્પની માફક કોઈ પણ કરી શકવાને કે નુકસાન કરવાને અશક્ત પુરુષના સંબંધમાં આ ઉક્તિ વપરાય છે. (૨૬) ઉદકનિમજ્જન ન્યાયઃ આરોપીને પાણીમાં ડૂબકી મરાવીને ખરાખોટાનો ફેસલો કરવાની રીત. કોઈ દોષિત છે કે નિર્દોષ છે તેની એક દિવ્ય પરીક્ષા પ્રાચીન સમયમાં પ્રચલિત હતી. દોષિતને પાણીમાં ઊભો રાખી તેના ઉપર બાણ છોડવામાં આવતાં અને છોડેલાં બાણ પાછાં મૂળ સ્થાને ન આવે ત્યાંસુધી તેણે પાણીમાં ડૂબી રહેવાનું. જો તે દરમિયાન કોઈ અંગ બહાર ન દેખાય તો તેને નિર્દોષ માનવામાં આવતો. અમાં સત્યાસત્યની વાત હોય ત્યાં આ ઉક્તિ કહેવામાં આવે છે. (૨૭) ઉભયતઃપાશરજ્જુ ન્યાયઃ બેવડી વચ્ચે સોપારી જેવી દશા. સાપ છછુંદરને ગળે તેમ અમાં બંને તરફ વિપત્તિ હોય અથવા કર્તવ્ય પક્ષોમાંથી પ્રત્યેકમાં દુઃખ હોય, ત્યાં આ પ્રયોગનો અવકાર થાય છે. (૨૮) ઉષ્ટ્રકટકાક્ષિન્યાયઃ અલ્પ સુખ માટે ઘણું દુઃખ સહન કરવાપણું. જેમ માત્ર થોડા સુખને માટે ઊંટ કાંટા ખાવાનું પણ કષ્ટ સહન કરે છે, તેમ માત્ર થોડા સુખને માટે ઘણું કષ્ટ ઊઠાવવું પડે ત્યાં આ ન્યાય કહેવામાં આવે છે. (૨૯) ઊર્ધ્વવૃષ્ટિ ન્યાયઃ ફળ વગરની વાત. આરવાળી જમીન ઉપર વરસાદ વરસે છતાં તેમાં કાંઈ પાકે નહિ. તે ઉપરથી કોઈ વાતનું કાંઈ પરિણામ ન આવે, ત્યાં આ પ્રયોગ વપરાય છે. (૩૦) કદલીફલ ન્યાયઃ કેળાનો દાખલો. કેળ કાપવાથી જ ફળ આપે છે, તેમ નીચ પુરુષ સીધું કહેવાથી નથી સાંભળતો, તેને માટે આ દૃષ્ટાંત અપાય છે. (૩૧) કદંબગોલક ન્યાયઃ કદમના ફૂલની કળીનો દાખલો. કદંબના ફૂલમાં બધી કળીઓ એકસામટી ખીલી ઊઠે છે, તેમ કુટલીક બાબતનો એકીસાથે ઉપસ્થિત થાય, ત્યાં આ દૃષ્ટાંત કહેવાય છે. કેટલાક નૈયાયિકો શબ્દની ઉત્પત્તિમાં કેટલાક વર્ણોના ઉચ્ચાર એકીસાથે માનીને તેના દૃષ્ટાંતમાં આ ઉક્તિ કહે છે. (૩૨) કરકંકણ ન્યાયઃ હાથમાં રહેલા કંકણના દૃષ્ટાંતને સમજનારો ન્યાયઃ નજીકનું દૃષ્ટાંત. કંકણ કહેવાથી પણ હાથના ઘરેણાનો બોધ થાય છે, પછી કર કહેવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ કરકંકણ કહેતાં જ હાથ ઉપર રહેલું કંકણ એવો અર્થ સમજાય છે. આ પ્રકારનો ભાવ અમાં હોય ત્યાં આ ન્યાય વપરાય છે. (૩૩) કંઠાપીઠર ન્યાયઃ કોઠામાં સોનાનો હાર હોય અને તેને અહીંતહીં શોધતા ફરવું તેવો બનાવ. આનંદસ્વરૂપ આત્મા પોતાનામાં રહેલા હોવા છતાં અજ્ઞાનથી સુખને માટે અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાના દૃષ્ટાંત રૂપે વેદાંતીઓ આ ન્યાય આપે છે. (૩૪) અકસ્માત્તીય ન્યાયઃ આગલો બેસે અને તાડ પડે તેવો દાખલો. કોઈ એક તાડના ઝાડની નીચે એક સુથાર અને ઝાડની ઉપર એક માણસ બેઠો હતો. માણસ સાંથી ઊતરો અને તેના ઊતરવાની સાથે જ એક પાકેલું તાડનું ફળ નીચે પડ્યું. એક ફળ પડીને આકસ્મિક પડ્યું હતું, પણ બને સાથે બનવાથી સુથારને એમ લાગ્યું કે માણસના ઊતરવાથી જ તાડનું ફળ પડ્યું. અમાં બે વાત સંયોગવશાત્ એકીસાથે જ બને છે તેને કોઈ પ્રકારનો સંબંધ ન હોય છતાં લોકો સંબંધ માની બેસે છે. આવા સંયોગ વિષે આ દૃષ્ટાંત વપરાય છે. (૩૫) અકસ્માદ્‌ભયપ્રપાતક ન્યાયઃ અમસ્માથી ડરી જવાવવાનું કહેતાં જેમ કૂતરું, બિલાડી વગેરે બધાં પ્રાણીઓથી ભડકવાનું સમજવામાં આવે છે, એવી રીતે એક વાતમાં બીજી બધી વાતોનો સમાવેશ થતો હોય ત્યાં આ ન્યાય વપરાય છે. (૩૬) આકંતનવેધવત્ ન્યાયઃ અમસાના દાંતની જોખ કરવાનો ન્યાયઃ અમસાના દાંતની જોખ કરવાની પેઠે બાજ વિનાની કે અકારણ બાબતની તપાસ કરવી તે. (૩૭) અક્ષક્રિયોદક ન્યાયઃ કોઈ શબ્દ કે વાક્યનો મુખ્ય પ્રમાણે અર્થ કરવો તે; એક તરફ સંબંધ ધરાવતો દાખલો. કહેવાય છે કે, અમસાને એક દીકરો હોય છે અને જ્યાર પ્રમાણે તે એક આંખમાંથી બીજી આખમાં ફેરવે છે. તેમ એક જ વસ્તુ બે જગાએ ભ્રમ કરતી હોય તેને માટે આ ન્યાય અપાય છે. (૩૮) અરણ્યરુદિતપ્રકાશ ન્યાયઃ અરણ્યનો શબ્દ જે અર્થમાં જોવામાં આવે છે. તેનું દૃષ્ટાંતઃ સૂતરનું રૂપ તેમાંથી બનેલા કપડામાં જોવામાં આવે છે તેના જેવો દાખલો. (૩૯) કુલાલચક્રાવલંબન ન્યાયઃ કુલાલો નર તણખલાને બળે તેવો દાખલો. જેમ કુલાલો માણસ તરણું વગેરે જે કાંઈ મળે આવે તેને મદદ માટે પકડે છે, તેમ અમાં કોઈ દૃઢ આધાર ન મળતો હોય અને આડીઅવળી બાબતોની મદદ લેવી પડતી હોય, ત્યાં આ ઉક્તિ વપરાય છે. (૪૦) કૂપખનક ન્યાયઃ જેમ કૂવો ખોદનારાના શરીર ઉપર માટીથી ધૂળ વગેરે જે જે કૂવાના પાણીથી સાફ થઈ જાય છે, એ રીતે રામ, કૃષ્ણ વગેરેને જુદા જુદા સ્વરૂપના સમજવાથી ઈશ્વરમાં ભેદબુદ્ધિનો જે દોષ લાગે છે તે તેની ઉપાસના દ્વારા જ અદ્વૈતબુદ્ધિ થતા દૂર થાય એવો અર્થ. (૪૧) કૂપમંડૂક ન્યાયઃ કૂવાના દેડકા જેવો સંકુચિત મત. સમુદ્રનો એક દેડકો કોઈ એક કૂવામાં જઈ પડ્યો. કૂવાવાળા દેડકાએ પૂછ્યું, ભાઈ! તમારો સમુદ્ર કેવડો મોટો છે? એમણે કહ્યું કે, ઘણો મોટો છે. કૂવાના દેડકાએ પૂછ્યું કે, આ કૂવા જેટલો મોટો હશે? સમુદ્રના દેડકાએ કહ્યું, કયાં કૂવો ને કયાં સમુદ્ર! સમુદ્રથી મોટી વસ્તુ પૃથ્વી ઉપર કોઈ નથી. આ વખતે કૂવાનો દેડકો જે કૂવાથી બીજું કાંઈ મોટું જાણતો ન હતો તે બોલી ઊઠ્યો કે તું જૂઠો છે, કૂવાથી બીજી કોઈ મોટી વસ્તુ નથી. જે પોતાના પરિમિત જ્ઞાનને લીધે પોતાની જાણમાં હોય એ સિવાય બીજું કાંઈ માનવા તૈયાર ન જ હોય તેને માટે આ ઉક્તિ વપરાય છે. (૪૨) કૂપમંડૂકવટિક ન્યાયઃ વૈદના ખટમાણનો એક ખટ ખરાબ અને એક ઠેકાણે તેના જેવી બાબત. (૪૩) કૂર્મોંગ ન્યાયઃ જેમ કાચબો પોતે ક્યારે પોતાનાં બધાં અંગ સંકોચી કે ફેલાવી શકે છે, તેમ ઈશ્વર સૃષ્ટિનું સર્જન કે પ્રલય કરે છે તેના જેવી બાબત. (૪૪) કૈમુતિક ન્યાયઃ મોટું કામ થયું તો નાનું તો કિસાબમાં જેવું જણાવનારો ન્યાય. જેણે મોટા મોટાં કામ કર્યાં હોય, તેને નાનાં કામ કરવામાં શું વાંધો આવે? આ પ્રકારનાં દૃષ્ટાંતો માટે આ ઉક્તિ વપરાય છે. (૪૫) કૌંડિન્ય ન્યાયઃ આ ઠીક છે પણ આમ હોત તો વધુ ઠીક વાત, એવા પ્રકારના ભાવ માટે આ યુક્તિ વપરાય છે. (૪૬) ગજભુક્તકપિત્થ ન્યાયઃ હાથીના ખાધેલા કોઠાની જેમ ઉપરથી દેખાવમાં સારી છતાં અંદર સાર કે સત્ત્વ વગરની વસ્તુ. (૪૭) ગડ્ડલિકા પ્રવાહ ન્યાયઃ ગાડરિયા પ્રવાહ જેવી બાબત. (૪૮) ગણપતિ ન્યાયઃ મોટી યુક્તિથી મહાન કામ પાર પાડવા જેવી બાબત. એક વખત દેવતાઓમાં વિવાદ થયો કે સર્વમાં પૂજ્ય કોણ છે? બધાએ કહ્યું કે, જે પૃથ્વીની પ્રદક્ષિણા સૌથી પહેલાં કરી આવે તેને જ શ્રેષ્ઠ માનવો. બધા દેવતા પોતપોતાના વાહન ઉપર ઊપડ્યા. બહેરાજી ઉંદર ઉપર સવાર થઈ બધાની પાછળ રહી ગયા. એટલામાં નારદજી મળ્યા. એમણે ગણેશજીને યુક્તિ બતાવી કે, રામ નામ લખી તેની પ્રદક્ષિણા કરીને ઝટપટ બધાની પહેલાં પહોંચી જાઓ. ગણપતિએ એમ જ કર્યું અને તે દેવતાઓમાં પ્રથમ પૂજ્ય બન્યા. આમ અમાં મોટી જ યુક્તિથી મોટું કામ પાર પડી જાય કે મહાન સિદ્ધિ મળી જાય ત્યાં આ ન્યાયનો પ્રયોગ થાય છે. (૪૯) ગતાનુગતિક ન્યાયઃ જોઈને જોઈને તેના જેવું કામ કરવા જેવી બાબત. કેટલાક બાહ્મણો એક ઘાટ ઉપર તર્પણ કર્યા કરતા હતા. તેઓ પોતપોતાનો દર્ભ એક જ સ્થાન ઉપર રાખી દેતા હતા. તેથી એકનો દર્ભ બીજાને કાઢી

જતો હતો. એક દિવસ ગોળખી સ્વભાવ એટલા માટે એક ઝાડવે પોતાનો દર્ભ ઘૂંટ નીચે દબાવ્યો. તેની દેખાદેખીથી બીજે દિવસે બધાએ પોતપોતાના દર્ભ ઉપર ઘૂંટ દબાવી. અહીં એકની દેખાદેખીથી બીજા ક્રમ કરે, ત્યાં આ ન્યાય વપરાય છે. (૫૦) ગુહ્યનિષ્ક્રિયા ન્યાયઃ પ્રલોભન આપી ક્રમ પર પાડવા જેવી બાબત. જેમ બચ્ચાને કડવી દવા પિવરાવવા માટે પહેલાં ગોળ આપી હોંસાવવામાં આવે છે, તેમ અહીં અરુચિકર કે કઠિન ક્રમ કરાવવા માટે પહેલાં ગોઠવ પ્રલોભન આપવામાં આવે ત્યાં આ ન્યાય વપરાય છે. (૫૧) ગોવલીવર્દ ન્યાયઃ વલીવર્દ શબ્દનો અર્થ બળદ થાય છે. અહીં આ શબ્દ જો એટલે ગમની સાથે વપરાયો હોય, ત્યાં અર્થ એકદમ સ્પષ્ટ થઈ જાય છે. આવા શબ્દ અહીં એક સાથે હોય, ત્યાં આ ન્યાય વપરાય છે. (૫૨) ઘટપ્રદીપ ન્યાયઃ ઘડા અને દીવાનું દૃષ્ટાંત. ઘડો પોતાની અંદર રાખવામાં આવેલા દીવાનો પ્રકાશ બહાર જવા દેતો નથી, તેમ અહીં કોઈ પોતાનું જ ભલું ચાહતો હોય અને બીજા ઉપર ઉપકાર નથી કરતો ત્યાં આ પ્રયોગ થાય છે. (૫૩) મદકુટીપ્રભાત ન્યાયઃ કોઈ મુશ્કેલીમાંથી બચવા માટે કરેલ ઉપાય નિષ્ફળ જતાં તે જ મુશ્કેલીમાં આવી પડવા જેવી બાબત. એક વાણિયો ડાકુથી બચવા માટે સાચો રસ્તો છોડી આખી રાત આમતેમ ભટક્યો, પણ સવાર થતાં ડાકુ મરવાની જગ્યાએ જ પ્રભાત થાય કે અહીં એક મુશ્કેલીમાંથી બચવા માટે અનેક ઉપાય નિષ્ફળ જાય અને અંતમાં એ જ મુશ્કેલીમાં ફસાઈ પડવાનું બને ત્યાં આ ન્યાય કહેવાય છે. (૫૪) મુણ્ડાક્ષર ન્યાયઃ અકાલીન ન્યાયઃ અકરમાત કે અણધાર્યું બનવું તે. ચોકડામાં કે કાગળમાં છપાવાંઓથી તેની મેળે જ અક્ષર જેવું દોતરાય છે. એ પ્રકારે અહીં એક ક્રમ કરવાથી બીજી વાત અનાયાસે થઈ જતી હોય, ત્યાં આ પ્રમાણે કહેવાય છે. (૫૫) અંધકપટવાસ ન્યાયઃ સુસંસ્કાર લાખો વખત રહેતા હોવાનો દાખલો. જે કપડામાં અંધાનું ફૂલ રાખવામા આવ્યું હોય, તેમાંથી તે ફૂલ કાઢી લેવામાં આવે તોપણ ઘણો વખત સુધી તેની સુગંધી રહે છે. એ રીતે વિષયભોગના સંસ્કાર પણ લાંબા વખત સુધી રહે છે. (૫૬) અજાતરૈક્ય ન્યાયઃ અભેદપણું બતાવનાર દૃષ્ટાંત. નામ જુદું હોવા છતાં તરંગ જળ કરતાં ભિન્ન ગુણવાળા હોતા નથી. આવો અભેદ દર્શાવવા માટે આ ઉક્તિનો ઉપયોગ થાય છે. (૫૭) અજાતુનિમ્ન ન્યાયઃ પણીમાં તુંબડું તરે એનું અજાવનાર દૃષ્ટાંત. તુંબડું પણીમાં ડૂબતું નથી. કુલાડવામાં આવે તોપણ ઉપર તરી આવે. જ્યાં કોઈ વાત છુપાવવા છતાં છુપાતી નથી, ત્યાં આ પ્રમાણે કહેવાય છે. તુંબડા ઉપર માટી, કાદવ વગેરે ચોપડી તેને પાણીમાં ડુબાડવામાં આવે તો ડૂબી જાય, પરંતુ કાદવ પોઈને જો પાણીમાં નાખવામાં આવે તો ડૂબતું નથી. આ રીતે જીવ દેહ વગેરેના મળોથી યુક્ત હતાં સંસારસાગરમાં ડૂબી જાય છે, પણ મળો છૂટતાં પાર તરી જાય છે. (૫૮) અજ્ઞાનમન ન્યાયઃ એક વાતમાં બીજી આવશ્યક વાતનો સમાવેશ. પાણી લાવો, એમ કહેતાં તેની સાથે વાસણ લાવવાનું પણ સમજી લેવાય, કારણ પાત્ર વગર પાણી આવે નહિ. (૫૯) નિલતંડુલ ન્યાયઃ એક જાતનો ન્યાય. ચોખા અને તલની જેમ જોવામાં આવતાં છતાં જુદા જુદા દેખાય, તેમ જુદી જુદી દેખાતી વસ્તુઓના સંબંધમાં આ ન્યાયનો ઉપયોગ થાય છે. (૬૦) તૃણજલૌક ન્યાયઃ તણખલા અને જળોનો દાખલો આપ્યા એક શરીર છોડી બીજા શરીરમાં જાય છે એ દૃષ્ટાંત આપવાનું હોય ત્યારે નૈયાયિકો આ ન્યાયનો ઉપયોગ કરે છે. તાત્પર્ય એ છે કે, જેમ રીતે જળો જળમાં પહેલા તણખલાના અંત સુધી પહોંચી જ્યારે બીજા તણખલાને પકડે છે ત્યારે જ પહેલાને છોડી દે છે. તેમ રીતે આત્મા જ્યારે બીજા શરીરમાં જાય છે ત્યારે પહેલા શરીરને છોડી દે છે. (૬૧) દંડમ ન્યાયઃ એક જાતનો ન્યાય. દસ માણસો ભેગી સાથે કોઈ નદી તરીને પાર ગયા. પાર ગયા પછી કોઈ કહ્યું પડી ગયો કે તણાઈ ગયો નથી તે, તે જોવા તેઓ બધાને ગણવા લાગ્યા. પણ જે ગણનારી કરતો તે પોતાને છોડી બીજા બધાને ગણતો. એથી નવની જ સંખ્યા ગણાતી. અંતમાં એ રીતે એક ભોવાયેલાને માટે બધા રોવા લાગ્યા. એવામાં એક ચતુર મુસાફરે આવી તેઓને ફરીથી ગણવાનું કહ્યું. બધાં એકે બેદી નવ સુધી ગણ્યું ત્યાં મુસાફરે કહ્યું, તમે દસમા. આમ થતા બધાં ખુશી થઈ ગયા. તત્ત્વમસિ એટલે તે તું. એવો ગુરુ પાસેથી ઉપદેશ સાંભળતાં અજ્ઞાન અને તેને લીધે થતું દુઃખ દૂર થાય છે એ બતાવવા વેદાંતીઓ આ ન્યાય વાપરે છે. (૬૨) દંડચક્ર ન્યાયઃ ઘડો બનાવવામાં દંડ, ચક્ર વગેરે અનેક કારણો છે, તેવી જ રીતે બધાં કોઈ વાત અનેક કારણોથી બનતી હોય, ત્યાં આ ન્યાય બતાવે છે. (૬૩) દંડાપૂપ ન્યાયઃ કોઈ દંડાથી બાંધેલ માલપૂઆ મૂકીને કન્યાંસ ગયો. આવીને જુએ તો ઉંદર દંડાનો બધો ભાગ ખાઈ ગયો હતો. આથી તેણે વિચાર્યું કે, ઉંદર દંડા સુધી આવી ગયેલ છે, તો તેને માલપૂઓ કોઈ જોગો હશે ? બારે કોઈ દુષ્કર અને મહાસાધ્ય કામ થઈ જાય, ત્યારે તેની સાથે સહેલાઈથી થતું કાર્ય અવશ્ય થઈ ગયું હશે એનું સૂચવવાને આ ન્યાય બતાવે છે. (૬૪) દેહલીદીપક ન્યાયઃ બંને બાજુને એક સાથે અર્થ લાગુ પડે એવો દાખલો. ઉંબરામાં કે બારણામાં દીવો મૂકતાં તેનું અજવાળું બંને તરફ પડે છે. અહીં એક જ આયોજનથી બે કામ સધાય અથવા એક શબ્દ કે વાત બંને બાજુ લાગુ પડતી હોય, ત્યાં આ ન્યાયનો ઉપયોગ થાય છે (૬૫) નષ્ટાશ્વદગ્ધરથ ન્યાયઃ બે માણસ એકબીજાની ચીજનો ઉપયોગ કરી પોતાનો હેતુ સિદ્ધ કરે તે માટે બતાવતો દાખલો. એક માણસ રથમાં બેસી વનમાં જતો હતો. વનમાં આગ લાગી અને તેનો ઘોડો મરી ગયો. તે બહુ જ બાકુળ થઈને જતો હતો, તેવામાં એક બીજો માણસ મળ્યો, જેનો રથ બળી ગયો હતો પરંતુ ઘોડો બચી ગયો હતો. બંનેએ મળી કામ ચલાવી લીધું. આમ જ્યાં બે માણસો મળી એકબીજાની ખૂટીઓ પૂરી કરી કામ ચલાવે, ત્યાં આ ન્યાયનો ઉપયોગ કરવામાં આવે છે. (૬૬) નારિકેલફલાંબુ ન્યાયઃ અબર પડતી ન હોય તેવી બાબતનો દાખલો; નારિયેળ અને તેની અંદરના પાણીનો દાખલો. નારિયેળમાં જેમ દોરા જાણે કયાંથી અને કેવી રીતે પાણી આવી જાય છે, તેમ લક્ષ્મી કેવી રીતે આવે છે તેની અબર પડતી નથી. (૬૭) નિમ્નગાપ્રવાહ ન્યાયઃ અટકાવી ન શકાય એવી બાબતનો દાખલો. નદીનો પ્રવાહ જે તરફ જતો હોય તે તરફ જતાં તેને રોકી શકતો નથી, તેમ અનિવાર્ય પરિણામના દૃષ્ટાંતમાં આ ન્યાય બતાવે છે. (૬૮) નૃપનાપિતપુત્ર ન્યાયઃ રાજા અને વાળંદના દીકરાનો દાખલો. કોઈ રાજાને ત્યાં એક વાળંદ નોકર હતો એક દિવસ રાજાએ તેને કહ્યું કે, તમે લાંબી સૌથી સુંદર બાળક લાવી અને દેખાડ. વાળંદને પોતાના છોકરા કરતાં કોઈ સુંદર ન લાગ્યો અને તે તેને લઈ રાજાની પાસે આવ્યો. તે કાળા કાળા બાળકને જોઈ રાજા ખૂબ ગુસ્સે થયો, પરંતુ પછી તેણે વિચાર કર્યો કે, પ્રેમ અને અનુરાગને વશ થઈને તેને પોતાના બાળક જેવું બીજું કોઈ સુંદર લાગ્યું નહિ. રાજાને વશ થઈ જ્યાં અનુભવ આવ્યો થઈ જાય અને તેને ક્ષારાનરસાની પિછાન રહે નહિ, ત્યાં આ ન્યાયનો ઉપયોગ થાય છે. (૬૯) પકપ્રક્ષાલન ન્યાયઃ કાદવમાં પડી પગ ધોવા કરતાં કાદવમાં ન પડવું સારું, એમ બતાવનાર દૃષ્ટાંત. (૭૦) પંજરચાલન ન્યાયઃ પાંજરું અને

પક્ષીનો દાખલો. દસ પક્ષી કોઈ પાંજરામાં પૂરવામાં આવે અને બધા એકીસાથે બહાર ઠરે તો પાંજરાને આમતેમ ખસારી શકે, તેમ દસ જ્ઞાનેંદ્રિયો અને દસ કર્મેન્દ્રિયો દેહને ચલાવે છે. સાંખ્યવાળા આ ન્યાય વાપરે છે. (૭૧) પાષાણેષ્ટક ન્યાયઃ પથ્થર અને ઈંટનો દાખલો. ઈંટ ભારે હોય છે, પણ તેના કરતાં ભારે પથ્થર હોય છે. (૭૨) પિષ્ટપેષણ ન્યાયઃ નિરર્થક મહેનત કરવાનો દાખલો. દળેલાને ફરીવાર નિરર્થક છે, તેમ કરેલું કામ જે કોઈ નકામું ફરી ફરી કર્યા કરે તેને માટે આ ન્યાય વપરાય છે. (૭૩) પ્રદીપ ન્યાયઃ અમુક વસ્તુના યોગથી ભિન્ન ગુણવાળી વસ્તુ પ્રાપ્ત થવાનો દાખલો. જેવી રીતે તેલ, બત્તી અને આગ એ જુદી જુદી વસ્તુઓ મળી દીવો બને છે, તેવી રીતે સત્ત્વ, રજસ અને તમસ એ પરસ્પર ભિન્ન ગુણોના સહયોગથી દેહધારણની પ્રવૃત્તિ થાય છે. સાંખ્યવાળા આમ માને છે. (૭૪) પ્રાપાણક ન્યાયઃ એક જાતનો ન્યાય. જેવી રીતે ઘી, સાકર વગેરે કેટલી યે વસ્તુઓ મળી મીઠાઈ બને છે તેમ અનેક કારણોના યોગથી સુંદર વસ્તુ તૈયાર થવાના દૃષ્ટાંતમાં આ ઉક્તિ કહેવામાં આવે છે. સાહિત્યકારો વિભાવ, અનુભાવ વગેરે આવશ્યક રસનો પરિપાક સૂચિત કરવા માટે આનો પ્રયોગ ઘણું કરીને કરે છે. (૭૫) પ્રાસાદવાસી ન્યાયઃ મહેલમાં રહેવાવાળા કામકાજને માટે નીચે ઊતરી બહાર અદીતહીં જતા હોય, તોપણ તેઓ પ્રાસાદવાસી કહેવાય છે. એ રીતે જ્યાં જે વિષયની પ્રધાનતા હોય ત્યાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. (૭૬) ફલવત્સહકાર ન્યાયઃ અનાયાસે મળી જતા લાભનો દાખલો. આંબાના વૃક્ષ નીચે મુસાફર છાયાને માટે જાય, પણ તેને ફળ પણ મળી જાય. એ પ્રકારે જ્યાં એક લાભ થવા ઉપરાંત બીજો પણ લાભ મળી જાય ત્યાં આ દૃષ્ટાંત અપાય છે. (૭૭) બહુપ્રસૂતિ ન્યાયઃ ઘરણ અને વછનો દાખલો. એક ઘરણને જો બચ્ચાં વધ વળગે તો તેનાં અંગ એકે ય સાજાં ન રહે, તેમ જ્યાં કોઈ વસ્તુને માટે લોકો ભેગાભેગી કરે, ત્યાં તે વસ્તુ વપરાશને કે સારી રહેતી નથી. (૭૮) ભિન્નવર્તિગોધા ન્યાયઃ દર માંહેની ધોનો દાખલો. જે પ્રકારે દરમાં રહેલી ધોના ટુકડા વગેરે નથી કરી શકતા, તેમ જે વસ્તુ અજ્ઞાત હોય તેને વિષે સાફનરમું કંઈ કહી શકાતું નથી. (૭૯) બીજાંકુર ન્યાયઃ પરસ્પર સંબંધવાળા બીજથી અંકુર અને અંકુરથી બીજ થાય છે તેનું દૃષ્ટાંત. બીજ વિના અંકુર કે અંકુર વિના બીજ થઈ જ શકતું નથી. બીજ ને અંકુરનો પ્રવાહ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. બે સંબદ્ધ વસ્તુઓના નિત્ય પ્રવાહ માટે વેદાંતીઓ આ ન્યાય કહે છે. (૮૦) બાહ્યસૂક્ષ્મ ન્યાયઃ પ્રજ્ઞનતા પ્રમાણે ન્યાય આપવાનો દાખલો. જે ગામમાં બાહ્યલોકની વસતી અધિક હોય, તેને બાહ્યસૂક્ષ્મ કહેવામાં આવે છે, જ્યારે બીજા કેટલાક લોકો પણ ત્યાં વસતા હોય છે. બીજું બધું જોડી પ્રધાન વસ્તુનું જ નામ લેવામાં આવે છે, એ જ સૂચિત કરવા માટે આ કહેવત છે. (૮૧) બાહ્યસૂક્ષ્મમલ્લ ન્યાયઃ પૂર્વવૃત્તિ પ્રમાણે જોઈ આવવાનો દાખલો. બાહ્યલ્લ જ્યારે પોતાનો ધર્મ છોડી ભૌક્ષભિક્ષુક બની જાય, તોપણ તેને બાહ્યસૂક્ષ્મમલ્લ કહેવામાં આવે છે. એક વૃત્તિ છોડીને કોઈ બીજી વૃત્તિ ગ્રહણ કરે છે તોપણ લોકો તેની પૂર્વવૃત્તિનો નિર્દેશ કરે છે. (૮૨) મજ્જનોન્મજ્જન ન્યાયઃ તરવું ન જાણનાર માણસ જેવી રીતે પાણીમાં ચડી ડૂબકીઓ મારી કરે, તેમ મૂર્ખ કે દુષ્ટ વાદી, પ્રમાણ વગેરે ઠીક ન આવી શકવાના કારણે મુગ્ધ કે આકુળ બની જાય એ બાબતનું દૃષ્ટાંત. (૮૩) મંડૂકપ્લોતન ન્યાયઃ ચુચ્ચાઈ અને પક્કાઈ બતાવનો દાખલો. એક ચુચ્ચો વાણિયો ત્રાજવાની સાથે દેડકું રાખી તોલ કરતો. એક દિવસ દેડકો કૂદીને ભાગ્યો અને પક્કાઈ ગયો. છૂપી રાખેલી ખૂરાઈનો ઘડો એક દિવસ તો ફૂટી જ જાય છે. (૮૪) રજ્જુસર્પ ન્યાયઃ ખરું જ્ઞાન થતાં ભ્રમ દૂર થવાનો દાખલો. જ્યાંસુધી નજરે બરાબર પડતી નથી, ત્યાંસુધી મનુષ્ય દોરડાને સર્પ માને છે, તેમ જ્યાંસુધી જાણકારી નથી થતી, ત્યાંસુધી મનુષ્ય ઈશ્વર બાબતને સત્ય સમજે છે. પછી જાણકારી થઈ જતાં તેનો ભ્રમ દૂર થઈ જાય છે અને તે સમજે છે કે બ્રહ્મ સિવાય બીજું કંઈ નથી. આમ વેદાંતીઓ માને છે. (૮૫) રાજપુત્રવ્યાઘ્ર ન્યાયઃ રાજકુંવર અને શિકારીનો દાખલો. કોઈ એક રાજપુત્ર નવપલ્લવમાં એક શિકારીના હાથમાં આવી પડ્યો અને તો જ ઊછરવાથી પોતાને વ્યાઘ્રપુત્ર સમજવા લાગ્યો. પછી જ્યારે લોકોએ તેને તેનું કુળ બતાવ્યું, ત્યારે તેને બરાબર ખબર પડી. એ રીતે જ્યાંસુધી જાણકારી થતી નથી, ત્યાંસુધી મનુષ્ય પોતાનું ખરું સ્વરૂપ સમજતો નથી, પણ જાણકારી થઈ જતાં સમજે છે કે હું બ્રહ્મ છું. આમ વેદાંતીઓ માને છે. (૮૬) રાજપુરપ્રવેશ ન્યાયઃ સારી અવસ્થાસૂચક દૃષ્ટાંત. રાજાના દ્વાર ઉપર પણ લોકોની ભીડ રહે, પરંતુ બધા લોકો બરાબર કામ વગર ચુપચાપ ઊભા રહે, તેમ જ્યાં સુવ્યવસ્થાપૂર્વક કામ હોય છે ત્યાં આ ન્યાય કહેવામાં આવે છે. (૮૭) રાત્રિદિવસ ન્યાયઃ રાતદિવસનો તફાવત એટલે મોટો તફાવત બતાવનારો દાખલો. (૮૮) લૂતાતંતુ ન્યાયઃ કરોળિયા અને તેની જાળનો દાખલો. જેવી રીતે કરોળિયો પોતાના શરીરમાંથી તંતુ કાઢી જાળ બનાવે છે અને પછી પોતે જ તેનો નાશ કરે છે, તેમ બ્રહ્મ પોતાનામાં જ સૃષ્ટિ કરે છે અને પોતાનામાં તેનો લય કરે છે. (૮૯) લોહચુંબક ન્યાયઃ આકર્ષણનું મહત્ત્વ બતાવનાર દૃષ્ટાંત. લોઢું ગતિહીન અને નિષ્ક્રિય હોવા છતાં પણ ચુંબકના આકર્ષણથી તેની પાસે જાય છે. એ રીતે પુરુષ નિષ્ક્રિય હોવા છતાં પણ પ્રકૃતિના સાન્નિધ્યથી ક્રિયામાં તત્પર રહે છે, એમ સાંખ્યવાદીઓ માને છે. (૯૦) લોષ્ટવૃદ્ધ ન્યાયઃ ઢેકું અને ઘોડાનો દાખલો. ઢેકું તોડવા માટે જેમ ઘોડો હોય છે તેમ જ્યાં એકનું દમન કરવાવાળો બીજો હોય ત્યાં આ કહેવત કહેવામાં આવે છે. (૯૧) વરસોડો ન્યાયઃ જેવી રીતે વરપક્ષ અને કન્યાપક્ષના લોકો મળી વિવાહરૂપી એક ઐચ્છ કાર્યનું સાધન કરે છે, જેથી બંનેની ઇષ્ટસિદ્ધિ થાય છે, તેમ જ્યાં કેટલાક લોકો મળી બધાના હિતનું કોઈ કામ કરે ત્યાં આ ન્યાય કહેવાય છે. (૯૨) વહ્નિધૂમ ન્યાયઃ અગ્નિ અને ધુમાડાનો દાખલો. ધુમાડારૂપ કાર્ય દેખી જેમ કારણરૂપ અગ્નિનું જ્ઞાન થાય છે, એ રીતે કાર્ય દ્વારા કારણના અનુમાન માટે આ ઉક્તિ છે એમ નૈયાયિકોનો મત છે. (૯૩) વિલ્વભક્ષણ ન્યાયઃ આપત્તિ આવે ત્યારે ઉપરાઉપરી આવતી હોવાનો દાખલો. તકલાદી આકૃતિ બનેલ એક ઢાલિયો છાપરાને માટે એક બાલીનના ગ્રાસ નીચે ગયો. ત્યાં તેના મસ્તક ઉપર એક બીજું તૂટી પડ્યું. જ્યાં ઇષ્ટ સાધનના પ્રયત્નમાં અનિષ્ટ થાય છે ત્યાં આ ઉક્તિ કહેવામાં આવે છે. (૯૪) વિષભૂમિ ન્યાયઃ ઝેરમાં ઊછરેલો કીડો ઝેરમાં રહે તેનો દાખલો. (૯૫) વિષવૃક્ષ ન્યાયઃ વિષનું વૃક્ષ ઊગાડીને કોઈ તેને પોતાના હાથથી કાપતું નથી. પોતે પાળેલ પોષેલ વસ્તુનો કોઈ પોતાના હાથથી નાશ કરતું નથી, એ બતાવવા આ ન્યાય અપાય છે. (૯૬) વીચિતરંગ ન્યાયઃ પાણીનાં મોજાંની પરંપરાનો દાખલો. એક ઉપરાંત બીજી એ ક્રમથી બરાબર આવનારી મોજાંની હારમાળાની જેમ નૈયાયિકો ઇચ્છાદિ ગુણોની ઉત્પત્તિ વીચિતરંગ ન્યાયથી માને છે. (૯૭) ઇક્ષુપ્રકંપન ન્યાયઃ બધાને અનુકૂળ બની જતી કોઈ એક બાબતનો દાખલો. એક આદમી વૃક્ષ ઉપર ચઢ્યો. નીચેથી એકે કહ્યું કે, આ ડાળ હલાવ. બીજાએ કહ્યું કે, આ ડાળ હલાવ. વૃક્ષ ઉપર ચડેલો માણસ નક્કી ન કરી શક્યો કે કઈ ડાળ હલાવવી. એટલામાં એક આદમીએ કહ્યું

ચા જ પકડી હલારી નાખ્યું, જેથી બધી ગણાઓ હલી ગઈ. (૬૮) દહકુમારિક ન્યાય– વૃદ્ધકુમારીવાક્ય ન્યાયઃ બોડા શબ્દે પણી માનણી કરવાનો દાખલો. કોઈ કુમારી તપ કરતાં કરતાં ઘરડી થઈ ગઈ. છેવટે તેને કોઈ વરદાન માગવાનું કહ્યું. તેણે વરદાન માગ્યું કે, મારા ઘણા પુત્રો સોનાનાં વાસણોમાં ખૂબ ઘી, દૂધ અને અન્ન આપ. આ પ્રમાણે એક જ વાક્યમાં પતિ, પુત્ર, ગામ, ધન, ધાન્ય વગેરે બધું માગી લીધું. અહીં એકની પ્રાપ્તિથી બધું પ્રાપ્ત થઈ જાય ત્યાં આ ન્યાય કહેવાય છે. (૬૯) શતપત્રભેદ ન્યાયઃ વસ્તુની સૂક્ષ્મતા બતાવવાનો દાખલો. સો પાંદડાં એકીસાથે રાખી છેદન કરવાથી માલૂમ પડે છે કે, બધાં એકસાથે એક સમયમાં છેદાઈ ગયાં, પણ વાસ્તવમાં દરેક પાંદડું જુદા જુદા સમયમાં છેદાયેલું હોય છે. કાળના અંતરની સૂક્ષ્મતાને કારણે તેની ખબર પડતી નથી. એ રીતે બધાં પણાં કાર્યો જુદા જુદા સમયમાં થયાં હોવા છતાં એક જ સમયમાં થયેલાં લાગે, ત્યાં આ દૃષ્ટાંત કહેવામાં આવે છે. સાંખ્યવાદીઓનું આ દૃષ્ટાંત છે. (૧૦૦) શાખાચંદ્ર ન્યાયઃ ઝાડની ડાળ અને ચંદ્રનો દાખલો; ડાળ ઉપર ચંદ્ર બતાવવો તે. (૧૦૧) સ્વાભરક્ત ન્યાયઃ કાચે કાળો ઘડો પકડતાં પોતાનો કાળો રંગ છોડી લાલ રંગ ધારણ કરે છે તેનો દાખલો. એ રીતે પૂર્વના ગુણનો નાશ અને બીજા ગુણ ધારણ કરવાનું સૂચિત કરવા માટે આ ઉક્તિ કહેવામાં આવે છે. (૧૦૨) સ્વાહકસુતક ન્યાયઃ કહેવું એકને અને સંભળાવવું બીજાને એ બાબતનો દાખલો. કોઈ એક કુતરો પાળ્યો હતો અને તેનું નામ પોતાના સાળાના નામ પ્રમાણે રાખ્યું હતું. જ્યારે તે કુતરાનું નામ લઈ બોલો બોલાવતો ત્યારે તેની બો પોતાના ભાઈનું અપમાન સમજી બહુ ચિડાતી. જોને ઉદ્દેશી કોઈ વાત કહેવામાં ન આવતી હોય છતાં તેને લાગુ પડતી હોય તેને માટે આ ઉક્તિ કહેવાય છે. (૧૦૩) સમુદ્રદૃષ્ટિ ન્યાયઃ બિનજરૂરિયાત બતાવવાનો દાખલો. સમુદ્રમાં પાણી વરસવાથી કંઈ વધારો થતો નથી, તેમ જ્યાં કોઈ વાતની આવશ્યકતા કે કૃત્ય ન હોય ત્યાં તે વાત કેવી તાદૃશ નિરર્થક છે, એવા અર્થમાં આ પ્રયોગ થાય છે. (૧૦૪) સર્વપિક્ષા ન્યાયઃ ઘણા લોકોને જ્યાં નિમંત્રણ હોય ત્યાં જો કોઈ ગરીબ પહેલો જાય તો તેને બધાની રાહ જોતું જેવી રહેવું પડે છે. એ રીતે જ્યાં કોઈ કામને માટે બધાનો આશ્રય લેવો પડે છે, ત્યાં આ ઉક્તિનો પ્રયોગ થાય છે. (૧૦૫) સંદંશપતિત ન્યાયઃ સાણસી જેમ પોતાની વચમાં રહેલી વસ્તુને પકડે છે, એ રીતે જ્યાં પૂર્વ અને ઉત્તર પક્ષાર્થ દ્વારા મધ્યસ્થિત પક્ષાર્થનું ગ્રહણ કરાય છે ત્યાં આ ન્યાયનો વ્યવહાર થાય છે. (૧૦૬) સિંહાવલોકન ન્યાયઃ આગળ વધતા પહેલાં પાછળનું કરી જોઈ લેવાનો દાખલો. સિંહ શિકારને મારી જ્યારે આગળ વધે છે ત્યારે પાછો ફરી ફરીને વાંકી નજરે જોતો જાય છે. આમ જ્યાં આગળ અને પાછળ બંધી વાતોની ઓછીવત્તી આલોચના થાય છે ત્યાં આ ઉક્તિનો વ્યવહાર થાય છે. (૧૦૭) સુંદોપસુંદ ન્યાયઃ સહચર્યથી અનિષ્ટ પરિણામ નીપજવાનો દાખલો. સુંદ અને ઉપસુંદ બે ભાઈ બળવાન દૈત્યો હતા. તે બંને એક સ્ત્રી ઉપર મોહિત થયા. સ્ત્રીએ કહ્યું કે, બંનેમાં જે વધારે બળવાન હશે તેની સાથે હું વિવાહ કરીશ. પરિણામ એ આવ્યું કે, બંને લડી મર્યા. પરસ્પરની ઈર્ષ્યા બળવાનથી બળવાન મનુષ્ય નાશ પામે છે, એ સૂચિત કરવા માટે આ ન્યાય વપરાય છે. (૧૦૮) સૂચીકટાહ ન્યાયઃ સહેલું કામ પ્રથમ અને કઠણ કામ પછી કરવાનો દાખલો. કોઈ એક સુથારને એક માણસ કથાઈ બનાવવાની વરધી આપી ગયો. થોડી વાર પછી એક બીજો માણસ સોઈ બનાવવાનું કહી ગયો. સુથારે પહેલાં સોય બનાવી, પછી કથાઈ બનાવી. સહજ કામ પહેલાં કરવું અને પછી કઠિન કામને કામ લગાડવું એની બતાવવા દૃષ્ટાંત માટે આ ન્યાય કહેવાય છે. (૧૦૯) સોપાનારોહણ ન્યાયઃ કમે કમે આગળ વધવાનો દાખલો. એક મહેલ ઉપર જવા માટે એક એક પગથિયું ક્રમથી ચઢવું પડે છે, એ રીતે મોટું કામ કરવામાં ધીમે ધીમે આગળ વધવું પડે છે. (૧૧૦) સોપાનાવરોહણ ન્યાયઃ કમે કમે ઊતરવાનો દાખલો. પગથિયાં જે ક્રમથી ચઢવામાં આવે છે, એનાથી ઊલટે કમે ઊતરાય છે. એ રીતે જ્યાં ક્રમથી ચઢી જેનાથી ઊલટા કમે ચાલવું પડે છે ત્યાં આ ન્યાય વપરાય છે. (૧૧૧) સ્થવિરઅમૃક ન્યાયઃ બાર્યું કામ પાર નહિ પડવાનો દાખલો. સુદ્રના હાથથી ફેંકાયેલી લાકડી જેમ બારેસે નિશાને નથી પડતી, તેમ કોઈ વાતના લક્ષ્ય તરફ ન પહોંચી શકવા માટે આ ઉક્તિ કહેવાય છે. (૧૧૨) સ્થૂણાનિખનન ન્યાયઃ જે રીતે ઘરના આધારને ટેકો દેવા માટે જાંબલીને પૂળા વગેરે નાખી મજબૂત કરવી પડે છે, એવી રીતે યુક્તિ અને દૃષ્ટાંતોથી આપી પોતાનો પક્ષ દૃઢ કરવામાં આવે ત્યારે આ ન્યાય લાગુ પડે છે. (૧૧૩) સ્થૂલારુષેયી ન્યાયઃ મોટી વાત ઉપરથી સૂક્ષ્મ વાત ઉપર આવવાનો દાખલો. વિવાહ થઈ રહ્યા પછી વર અને કન્યાને અરુંધતીનો તારો દેખાડવામાં આવે છે. આ તારો દૂર હોવાથી ઘણો સૂક્ષ્મ છે અને જલદી નજરે પડતો નથી. પહેલાં સપ્તર્ષિ નજરે પડનાં અરુંધતી જલદી નજરે પડે છે. એ રીતે કોઈ સૂક્ષ્મ તત્ત્વનું પરિજ્ઞાન કરાવવા માટે પહેલાં સ્થૂલ દૃષ્ટાંત વગેરે આપીને તે તત્ત્વ સુધી લઈ જવામાં આવે છે. (૧૧૪) સ્વામિભૃત્ય ન્યાયઃ શેઠ અને નોકરનો દાખલો. જેવી રીતે માલિકનું કામ કરીને નોકર પણ સ્વામીની પ્રસન્નતાથી પોતાને કૃતકૃત્ય સમજે છે, એ રીતે બીજાનું કામ થઈ જવાથી પોતાનું પણ કામ અને પ્રસન્નતા થાય ત્યારે આ દૃષ્ટાંત અપાય છે.

ક. કું. નીતિઃ સદાચાર; ઉચિત વાત.

ક્ષ. કું. ન્યાયદર્શન: કોઈ વસ્તુના યથાર્થ જ્ઞાન માટે વિચારોનું જોડા નિરૂપણ હોય એવું ગ્રાહક તત્ત્વનિર્ણયોનાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત એ છ માંહેનું દરેક શાસ્ત્ર; વેદના ચાર માંહેનું એક ઉપાંગ. એને આન્વિક્ષિકી વિદ્યા પણ કહે છે. ન્યાયના કર્તા ગૌતમ ઋષિ છે. તે મિથિલાના નિવાસી કહેવાય છે. ગૌતમનું ન્યાયસૂત્ર આજ સુધી પ્રસિદ્ધ છે. તે ઉપરથી વાત્સ્યાયને ભાષ્ય રચ્યું છે. આ ભાષ્ય ઉપર ઉદ્યોતકરે વાર્તિક લખેલ છે. વાર્તિકની ભાષ્યા વાચસ્પતિ મિશ્રે ન્યાયવાર્તિકતાત્પર્ય ટીકા એ નામે લખી છે. આ ટીકાની પણ ટીકા ઉદયનાચાર્યે કૃત તાત્પર્યપરિશુદ્ધિ છે. આ પરિશુદ્ધિ ઉપર વર્દ્ધમાન ઉપાધ્યાય કૃત પ્રકાશ છે. ગૌતમનો ન્યાય માત્ર પ્રમાણ, તર્ક વગેરેના નિયમ નિશ્ચિત કરનાર શાસ્ત્ર નથી, પણ આત્મા, ઇંદ્રિય, પુનર્જન્મ, દુઃખ, અપવર્ગ વગેરે વિશિષ્ટ પ્રમેયોનો વિચાર કરનાર દર્શન છે. ગૌતમે સોળ પદાર્થોનો વિચાર કર્યો છે અને તેના સમ્યક્ જ્ઞાન વડે અપવર્ગ કે મોક્ષની પ્રાપ્તિ કહી છે. તે સોળ પદાર્થો આ પ્રમાણે છેઃ પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન. આ વિષયો ઉપર કોઈ મધ્યસ્થની સામે વાદી પ્રતિવાદીના કથોપકથનના રૂપમાં વિચાર કરવામાં આવ્યો છે. કોઈ બાબતમાં વિવાદ ઉપસ્થિત થતાં બંને વાદીઓ કયાં કયાં પ્રમાણ માનશે તે બાબતનો પ્રથમ નિર્ણય થવો જોઈએ. આથી પહેલાં પ્રમાણ લેવામાં આવેલ છે. તે પછી વિવાદનો વિષય અર્થાત્ પ્રમેયનો વિચાર કરવામાં આવ્યો છે. વિષય નક્કી થયા પછી મધ્યસ્થના ચિત્તમાં આનું યથાર્થ સ્વરૂપ શું છે તે બાબતનો સંશય ઉત્પન્ન થશે. સંશય ઉપરાંત મધ્યસ્થના ચિત્તમાં આ વિષયના વિચારોનું પ્રયોજન

શું એનો વિચાર આવે. સંદિગ્ધ વિષય ઉપર વાદી પોતાનો પક્ષ દૃષ્ટાંત આપી બતાવે, તે દૃષ્ટાંત પદાર્થ છે. જે પક્ષને વાદી પુષ્ટ કરીને બતાવે તે સિદ્ધાંત કહેવાય. વાદીનો પક્ષ બતાવાઈ જતાં પક્ષસાધનની જે જે યુક્તિઓ કહેવાઈ હોય તેના કટકે કટકા કરી ખંડન કરવામાં પ્રતિવાદી પ્રવૃત્ત થાય છે. યુક્તિઓના આ ખંડનને અવયવ કહે છે. પોતાની યુક્તિઓનું ખંડન દેખી વાદી ફરીથી બીજી યુક્તિઓ આપે છે, જેથી પ્રતિવાદીની યુક્તિઓનો ઉત્તર મળી જાય છે. આને તર્ક કહે છે. તર્ક વડે વાદી પોતાના પક્ષને સ્થિર કરે તે નિર્ણય કહેવાય છે. પ્રતિવાદી આટલેથી સંતુષ્ટ નહિ થતાં બંને પક્ષ દ્વારા પંચાવયવયુક્ત કથન કરે તે વાદ કહેવાય છે. વાદ કે શાસ્ત્રાર્થ દ્વારા સ્થિર સત્ય પક્ષને ન માની જો પ્રતિવાદી છતની ઇચ્છાથી પોતાની ચતુરાઈના બળ વડે અર્થ ઉત્તર પ્રત્યુત્તર કરે તે જલ્પ કહેવાય છે. આ રીતે પ્રતિવાદી કેટલાક વખત સુધી ઘોડી સારી યુક્તિઓ આપે અને પછી વળી જેમ તેમ બકે તેને વિતંડા કહે છે. આ વિતંડામાં જેટલા હેતુ કહેવામાં આવે તે બરાબર ન હોય, તે માત્ર હેત્વાભાસ હોય. આ હેતુઓ અને યુક્તિઓ ઉપરાંત બધી ખૂબીને વાદીને ગબડાવવા માટે તેના વાક્યોનો આમેઅવળો અર્થ કરી ગરબડ ઊભી કરવા ચાહે તો તે તેનું છળ કહેવાય અને જે અવિશિનરપેક્ષ સાધર્મ્ય વૈધર્મ્ય આદિની મદદથી પોતાનો પક્ષ સ્થાપિત કરવા લાગે તો તે જાતિમાં આવે. આ પ્રમાણે થતા થતાં શાસ્ત્રાર્થમાં એવી સ્થિતિ આવી જાય કે પ્રતિવાદીને રોકવાને શાસ્ત્રાર્થ બંધ કરવામાં આવે, ત્યારે નિગ્રહસ્થાન આવે છે. ન્યાયનો મુખ્ય વિષય આ પ્રમાણે છે. પ્રમા એટલે યથાર્થ જ્ઞાન. યથાર્થ જ્ઞાનનું કારણ પ્રમાણ કહેવાય છે. ગૌતમે ચાર પ્રમાણ માન્યાં છે: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ. એ પ્રમાણો વડે નીચેની ચાર બાબતોનો તેણે નિર્ણય કર્યો છે: આત્મા એટલે બધી વસ્તુઓનો જોનારો, ભોગ કરનારો, જાણનારો અને અનુભવ કરનારો, શરીર એટલે ભોગોનો આયતન આશ્રય આધાર, ઇંદ્રિય એટલે ભોગોનું સાધન, અર્થ એટલે વસ્તુ જેનો ભોગ થાય છે, બુદ્ધિ એટલે બોધ, મન એટલે અંતઃકરણ અર્થાત્ જેના દ્વારા બધી વસ્તુઓનું જ્ઞાન થાય છે તે બીજી ઇંદ્રિય, પ્રવૃત્તિ એટલે વચન, મન ને શરીરનો વ્યાપાર, દોષ એટલે જેને કારણે સારાં કે ખરાં કામોમાં પ્રવૃત્તિ થાય છે, પ્રેત્યભાવ એટલે પુનર્જન્મ, ફલ એટલે સુખદુઃખનું સંવેદન યા અનુભવ, દુઃખ એટલે પીડા, ક્લેશ, અને અપવર્ગ એટલે દુઃખથી અત્યંત નિવૃત્તિ અથવા મુક્તિ. આથી એમ નથી સમજવાનું કે આ બાબતો ઉપરાંત બીજી બાબતો પ્રમાણનો વિષય કે પ્રમેય થઈ શકતી નથી. પ્રમાણ દ્વારા ઘણી બાબત સિદ્ધ કરી શકાય છે. પણ ગૌતમે પોતાના સૂત્રમાં આ બાબતો ઉપર વિચાર કર્યો છે, જેના જ્ઞાનથી અપવર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમાં આત્મા, મન અને ઇંદ્રિયના સંયોગરૂપ જે જ્ઞાનનું કારણ કે પ્રમાણ છે તે પ્રત્યક્ષ કહેવાય છે. વસ્તુ સાથે ઇંદ્રિયનો સંયોગ થયાથી તેનું જે જ્ઞાન થાય તેને પ્રત્યક્ષ કહે છે. પ્રત્યક્ષ ઉપરથી જે જ્ઞાન થાય તે અનુમાન. અનુમાનના પાંચ અવયવ છે: (૧) પ્રતિજ્ઞા એટલે સાધ્યનો નિર્દેશ કરનાર વાક્ય અર્થાત્ અનુમાનથી જે વાત સિદ્ધ કરવાની હોય તે સિદ્ધ કરનારું વાક્ય. જેમકે, અહીં અગ્નિ છે. (૨) હેતુ એટલે જે વડે વાત સિદ્ધ કરવામાં આવે તે. જેમકે, કારણ કે અહીં ધુમાડો છે. (૩) ઉદાહરણ એટલે સિદ્ધ કરવાની બાબત બતાવેલ સિદ્ધ સાથે જ્યાં જોઈ હોય તે બતાવનાર વાક્ય. જેમકે, જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય. જેમકે, રસોડામાં. (૪) ઉપનય એટલે બતાવેલ સિદ્ધ હોવાનું પ્રગટ કરનાર વાક્ય. જેમકે, અહીં ધુમાડો છે. (૫) નિગમન એટલે સિદ્ધ કરવાની બાબત સિદ્ધ થઈ ચૂકી એવું કથન. સાધારણ રીતે આ પાંચ અવયવ યુક્ત વાક્યને ન્યાય કહે છે. નવા નૈયાયિકો આ પાંચ અવયવને માનવાને આવશ્યક ગણતા નથી. તેઓ પ્રમાણને માટે પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાંતને પૂરતાં માને છે. મીમાંસક અને વેદાંતી પણ આ બધાને માને છે. બૌદ્ધ નૈયાયિક પ્રતિજ્ઞા અને હેતુ એ બે અવયવને માને છે. દુષ્ટ હેતુને હેત્વાભાસ કહે છે, પણ તેનું વર્ણન ગૌતમે પ્રમાણના અંદર ન કરતાં તેને જુદો પદાર્થ અથવા વિષય માની કરેલ છે. આ પ્રમાણે છલ, જાતિ, નિગ્રહસ્થાન વગેરે પણ વાસ્તવિક રીતે હેત્વાભાસ જ કહી શકાય. કેવળ હેતુનો સારી રીતે વિચાર કરતાં અનુમાનના બધા દોષ પકડી શકાય છે અને અનુમાન બરાબર છે કે નહિ તે માલૂમ પડે છે. ગૌતમનું ત્રીજું પ્રમાણ ઉપમાન છે. કોઈ જાણેલી વસ્તુના સાદૃશ્યથી ન જાણેલી વસ્તુનું જ્ઞાન જે પ્રમાણથી થાય છે તે ઉપમાન છે. જેમકે, નીલગાય ગાય જેવી હોય છે, એવું કોઈને મોઢેથી સાંભળીને જંગલમાં નીલગાય દેખતાં જ જ્ઞાન થાય છે કે આ નીલગાય છે. આથી પ્રતીત થયું કે કોઈ વસ્તુનો તેના નામની સાથે સંબંધ જ ઉપમિતિ જ્ઞાનનો વિષય છે. વૈશેષિક અને બૌદ્ધ નૈયાયિક ઉપમાનને જુદું પ્રમાણ નથી માનતા. પ્રત્યક્ષ અને શબ્દ પ્રમાણની અંતર્ગત તેને માને છે. ત્રીજું પ્રમાણ શબ્દ છે. સૂત્રમાં લખ્યું છે કે, આપ્તોપદેશ એટલે આપ્ત પુરુષનું વાક્ય શબ્દપ્રમાણ છે. ન્યાયમાં આ ચાર પ્રમાણ માનેલ છે. મીમાંસક અને વેદાંતી અર્થાપત્તિ, ઐતિહ્ય, સંભવ અને અભાવ એ ચાર વધુ પ્રમાણ કહે છે. નૈયાયિકો આ ચારને પોતાના ચાર પ્રમાણની અંદર આવી જતાં માને છે. ન્યાયમાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ, દુઃખ અને જ્ઞાનને આત્માનું લિંગ એટલે અનુમાનનું સાધન, ચિહ્ન કે હેતુ કહેલ છે, જોકે શરીર, ઇંદ્રિય તથા મનથી આત્માને જુદો માનેલ છે. વૈશેષિકમાં પણ ઇચ્છા, દ્વેષ, સુખ દુઃખ વગેરેને આત્માના લિંગ કહેલ છે. શરીર, ઇંદ્રિય અને મનથી આત્મા જુદો હોવાના હેતુ ગૌતમે આપેલ છે. વેદાંતીઓની માફક નૈયાયિકો એક જ આત્માને નથી માનતા, અનેક આત્માને માને છે. સાંખ્યમતવાળા પણ અનેક પુરુષ માને છે, પણ તેઓ પુરુષને અકર્તા તથા અભોક્તા માત્ર સાક્ષી કે દ્રષ્ટા માને છે. નૈયાયિકો આત્માને કર્તા, ભોક્તા વગેરે માને છે. સંસાર રમનાર આત્મા જ ઈશ્વર છે. નૈયાયિકો આત્માની માફક ઈશ્વરમાં પણ સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, ઇચ્છા, બુદ્ધિ, પ્રયત્ન એ ગુણો માને છે, પણ તે નિત્ય કરીને માને છે. ન્યાયમંજરીમાં લખ્યું છે કે: દુઃખ, દ્વેષ અને સંસ્કાર સિવાય બાકીના આત્માના બધા ગુણ ઈશ્વરમાં છે. બધા લોકો શરીરને પાંચ ભૂતોનું બનેલું માને છે, પણ ન્યાયમાં શરીર કેવળ પૃથ્વીના પરમાણુઓથી બનેલ માન્યું છે. ચેષ્ટા, ઇંદ્રિય અને અર્થના આશ્રયને શરીર કહે છે. જે પદાર્થથી સુખ થાય તે મેળવવું અને જેથી દુઃખ થાય તે દૂર કરવું તેના વ્યાપારને ચેષ્ટા કહે છે. આથી શરીરનાં જે લક્ષણ કહ્યાં છે તેમાં વૃક્ષોનું શરીર પણ આવી જાય છે. પણ વાચસ્પતિ મિશ્રે કહ્યું છે કે, આ લક્ષણ વૃક્ષના શરીરમાં બંધબેસતાં નથી. તેથી માત્ર મનુષ્યશરીરનો અભિપ્રાય સમજવો જોઈએ. શંકર મિશ્રે વૈશેષિક સૂત્રોપસ્કારમાં કહ્યું છે કે, વૃક્ષોને શરીર છે પણ તેમાં ચેષ્ટા અને ઇંદ્રિયો સ્પષ્ટ દેખાતી નથી, તેથી તેને શરીર કહી શકાતું નથી. પૂર્વજન્મનાં કર્મો અનુસાર શરીર ઉત્પન્ન થાય છે. પાંચ ભૂતોથી પાંચ ઇંદ્રિયોની ઉત્પત્તિ કહેલી છે. ઘ્રાણેંદ્રિય પૃથ્વીથી, રસના જલથી, ચક્ષુ તેજથી, ત્વચા વાયુથી અને શ્રવણેંદ્રિય આકાશથી બનેલ છે. સાંખ્યમા પંચ કર્મેંદ્રિયો અને મન સહિત અગિયાર ઇંદ્રિયો માની છે. ન્યાયમાં કર્મેંદ્રિયોને નથી માની, પણ મનને એક કરણ અને અણુરૂપ માનેલ છે. ન્યાયમા બુદ્ધિને જ્ઞાન અથવા ઉપલબ્ધિનું બીજું નામ કહેલ છે સાંખ્યમાં બુદ્ધિને નિત્ય પણ ન્યાયમાં અનિત્ય કહેલ છે. વૈશેષિકોની માફક

૨૦. વિ. પ્રમાણોથી પુષ્ટ.

૨૧. વિ. બરાબર.

૨૨. વિ. જોગ બગરનું; શુભ.

૨૩. વિ. મજબૂત; મક્કમ.

પક્કા મકાન = પકવેલી ઈંટ કે પથ્થરનું બાંધેલું મકાન.

૨૪. વિ. બાની લાયક તેવું; ભરોસાપાત્ર.

૨૫. વિ. રાંધેલું; પકવેલું.

૨૬. વિ. લાંબો વખત બાકે તેવું.

૨૭. વિ. સુચ્યું.
૨૮. વિ. સલ્લા ખરેખરું.
૨૯. વિ. સાદ્ય અને દુરસ્ત; તૈયાર; જેના સંસ્કાર કે સંશોધનની ક્રિયા પૂરી થઈ હોય એવું.
૩૦. વિ. સ્થિર.

પક્વાર્ધ [સં. પચ્ (પકવવું)] વિ. બંધારણ; બીજાની યુક્તિ કે પ્રપંચની જાળમાં નહિ ભરાતાં પોતાનું કામ કાઢી લેવાની ચતુરાઈ; સુચ્યાઈ; કાબેલિયત; પક્કાપણું; હોશિયારી.

પક્વાશિકુ ૧. [હિં.] પું. ત્રિવાર્ષિક અથવા વાર્ષિક સરવૈયું.
૨. પું. બરાબર ખાતરી કરેલો હિસાબ.

પક્વેરન [હિં.] ન. પાકો સોદો.

પક્કા પકાવા [હિં.] વિ. તૈયાર રાંધેલું.

પક્કાપણ ૧. સ્ત્રી. ચાલાકી.
૨. સ્ત્રી. દૃઢતા.
૩. સ્ત્રી. પરિપક્વતા.

પક્કા સેર [હિં.] પું. પૂરેપૂરા વજનનો શેર; ૮૦ તોલા વજનનું માપ.

પક્કા હિસાબ [હિં.] પું. બરાબર તૈયાર કરેલ હિસાબ.

પક્કી રસોઈ સ્ત્રી. જમણ; મિષ્ટાન્ન.

પક્કુ વડક [સં. પક્વતટક] સ્ત્રી. વડાપાની ઘટણી.

પક્કું ૧. વિ. અનુભવી; પારિતગાર.
પક્કું કરવું = (૧) રૂંવો આપવો. (૨) નક્કી કરવું. (૩) કાંટિયા મારી પાકી સીવવું. (૪) મજબૂત કરવું. (૫) મેળવી જવું.
૨. વિ. બંધું; કાબેલ; પાકું; હોશિયાર; નિપુણ.
૩. વિ. બેઅક્કલ.
૪. વિ. છેતરાય નહિ એવું.
૫. વિ. છટ્ટું; જર્જરિત; ઘરડું.
૬. વિ. તૂટે, ભાંગે કે ગળી જાય નહિ એવું; મજબૂત; દૃઢ.
૭. વિ. ન બોટાય એવી રીતે કરેલું; ઘીથી તળીને કે દૂધથી બાંધીને કરેલું. રસોઈ માટે વપરાય છે.
૮. વિ. નક્કી.
૯. [સં. પક્વ; પ્રા. પક્ક] વિ. પકવેલું; રાંધેલું.
૧૦. વિ. પાકી ગયેલું; પરિપક્વ થયેલું.
૧૧. વિ. પાકું; દૃઢ.
૧૨. વિ. પુખ્ત; સ્વાર્થ સમજે એવું.
૧૩. વિ. પૂરેપૂરું.

પક્કેપક્કું ૧. વિ. બધું જ હોશિયાર; ખૂબ પાકું.
૨. વિ. પાકું; જરા પણ કાચું નહિ એવું.
૩. વિ. પૂર્ણ.
૪. વિ. બધું જ સુચ્યું.

પક્કો પું. કેદીઓનો મુકાદમ; ' વૉર્ડર.

પક્ખ ૧. [સં. પક્ષ] પું. પક્ષ; વર્ગ.
૨. પું. પખવાડિયું.
૩. પું. પાખું.

પક્ખરવું સ. ક્રિ. (બા. પ્ર.) તૈયાર કરવું; સજ્જ કરવું.
પક્ખરિ પંચસયાં અસવાર,
બીજ પંચ સહસ તોખાર. કાન્હડદેપ્રબંધ

પક્ખરસ [પ્રા.] સ્ત્રી. અશ્વસેના; ઘોડેસવારનું લશ્કર.

પક્ખાલ [સં. પ્ર (વધારે) + ક્ષાલ્ (ધોવું)] ન. ધોવું તે; સાફ કરવું તે.

પક્ખાલણ [સં. પ્રક્ષાલન] ન. (પ્રાકૃત) ધોવું તે; સાફ કરવાપણું.

પક્ખાલન જુઓ પક્ખાલણ.

પક્ખિ [સં. પક્ષિન્] ન. (પ્રાકૃત) પક્ષી.

પક્ખિમ ૧. [સં. પક્ષિમ] સ્ત્રી. (પ્રાકૃત) પૂનમ કે અમાસની પાખી.
૨. વિ. પખવાડિયાનું.

પક્ખપૌહ (પક્ખપોહ) [સં.] પું. બેઠક જમતું ઝાડ; પખોડા.

પક્ખાણ સ્ત્રી. ઓરખાણ.

પક્ખિત ૧. [સં.] સ્ત્રી. ગૌરવ; આબરૂ.
૨. સ્ત્રી. પખવું તે; હજમ થવું તે.
૩ સ્ત્રી. પરિણામ.
૪. સ્ત્રી. પાક; રસોઈ; રાંધવું.

પક્ખિત્તશૂલ [સં.] ન. બેઠક જમતો રોગ. તેમાં અજીર્ણના પાચન વખતે દુઃખ નીકળે છે.

પક્ખું [સં. પક્ષ (પંખ) + તત્ (પહોળું કરવું)] વિ. પહોળું; પથરાયેલું.

પક્ખ્ય [સં.] ન. જૂથનો ધર્મ; ગાર્હપત્ય.

પક્ખ્વિમ ૧. [સં.] વિ. પરિપક્વ દશામાં આવેલું; પક્વ થયેલું.
૨. વિ. રાંધેલું; રંધાઈ રહેલ.

પક્ખ્વી ૧. [સં.] પું. એક નામનો એક રાજા.
૨. પું. પાક; રસોઈ; રાંધવું.

પક્ખી [સં. પક્ષિન] વિ. રસોઈનું.

પક્ત ૧. [સં. પચ્ (પકવવું) + ત (ભૂત કૃદંતનો પ્રત્યય)] ન. પાક; રસોઈ.
૨. વિ. ચડી કે શેકાઈ ગયેલું; રંધાયેલું.
૩. વિ. છટ્ટું; ઝલિત.
૪. વિ. તૈયાર.
૫. વિ. દૃઢ; પરિપુષ્ટ.
૬. વિ. પોલું.
૭. વિ. નાહવાની જગ્યા ઉપર આવેલ; અવસ્થાએ પહોંચેલું.
૮. વિ. પકવેલું; રાંધેલું; પાકેલું; પાકું.
૯. વિ. પચ્યું; હજમ થયેલું.
૧૦. વિ. પરિણામ પામેલું.
૧૧. વિ. પુખ્ત; પાકું; પાકટ.
૧૨. વિ. પ્રૌઢ.
૧૩. વિ. સિદ્ધ.

પક્વકૃત ૧. [સં. પક્વ (પાકું) + કૃત્ (કરનાર)] પું. નીમ; લીમડાનું ઝાડ. જેનાં પાંદડાં ચૂર્ણમાં તથા ધારાં પકવવામાં વપરાય છે.
૨. વિ. પકવનાર; રાંધનાર; રસોઈ કરનાર.

પક્વકેશ [સં. પક્વ (પાકું) + કેશ (વાળ)] વિ. પાકો મનેલા વાળવાળું; વૃદ્ધ.

પક્વજલ જુઓ પક્વવારિ.

પક્વજ્વર [સં. પક્વ (પાકું) + જ્વર (તાવ)] પું. ખોટ જતનો તાવ; નિરામ જ્વર.

પક્વણ ૧. પું. એ નામનો એક અનાર્ય દેશ.
૨ પું. ચાંડાલની ઝૂંપડી.
૩. પું. ભીલનું ઘર.
૪. વિ. એ નામના અનાર્ય દેશમાં રહેનાર.

પક્વણી સ્ત્રી. પક્વણ નામના અનાર્ય દેશમાં જન્મેલી સ્ત્રી.

પક્વતા ૧. [સં.] સ્ત્રી. છટ્ટું થયેલું હોવું તે.
૨. સ્ત્રી. તૈયાર હોવું તે.
૩. સ્ત્રી. દૃઢતા; પરિપુષ્ટતા.
૪. સ્ત્રી. પોલાણ.
૫. [સં. પક્વ + તા (પણું)] સ્ત્રી. પક્વ હોવું તે; પાકેલું હોવાપણું.
૬. સ્ત્રી. પચેલું હોવું તે; હજમ થવાપણું.
૭. સ્ત્રી. પરિપૂર્ણ અવસ્થાએ પહોંચેલું હોવાપણું.
૮. સ્ત્રી. પરિણામ પામવાપણું.
૯. સ્ત્રી. પુખ્તતા; પાકટતા.
૧૦. સ્ત્રી. પ્રૌઢતા.
૧૧. સ્ત્રી. સિદ્ધતા.
૧૨. સ્ત્રી. શેકાઈ ગયેલ હોવું તે; રંધાયેલ હોવાપણું.

પક્વપિણ્ડ ન. પાકેલું પોલું.

પક્વપિણ્ડી વિ પાકેલા પોલા જેવું; રાતું.

પક્વભૂષા [સં.] સ્ત્રી. ભરમ વગેરે પકવવા માટે ઉપયોગી માટીનું વાસણ.

પક્વરસ [સં.] પું. ક્ષાર; મલ.

પક્વવહિકા [સં.] સ્ત્રી. પકોડી; વડી; તળેલી એક વાની.

પક્ષકાર

પક્વવયસ્ક [સં. પક્વ (પાકું) + વયસ્ (ઉમર) + ક (વાળું)] વિ. પાકી ઉમરનું.

પક્વવયસ્કતા [સં. પક્વ (પાકું) + વયસ્ (ઉમર) + ક (વાળું) + તા (પ્રત્યય)] સ્ત્રી. સજ્ઞાનપણું; પાકી ઉમરે પહોંચવાપણું.

પક્વવારિ ૧. [સં. પક્વ (પાકું) + વારિ (પાણી)] ન. ઓસામણ.

૨. ન. કાંજી.

૩. ન. બાફેલું પાણી.

પક્વવેશવાર [સં. પક્વ (પાકું) + વેશવાર (વઘારેલું)] પું. ગરમ મસાલો.

પક્વશ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક અંત્યજ જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પક્વશી [સં.] સ્ત્રી. એક જાતની અંત્યજ કોમ.

પક્વાઈ સ્ત્રી. રાંધવાની આપવી પડતી કીમત; રંધામણ.

પક્વાતિસાર [સં. પક્વ (પાકું) + અતિસાર (ઝાડો)] પું. ઝાડાનો એક જાતનો રોગ. આ રોગમાં મળ સાથે આમ પડતો નથી.

પક્વાધાન [સં.] ન. નાભિની નીચે આવેલ પાકાશય.

પક્વાન્ન ૧. ન. તળીને બનાવેલી મીઠાઈ. પેંવર, માલ્પો, જલેબી, લાખણસી ભાકુ, ઢબીયર્યાં, સુતરફેણી, ઘરસી પૂરી વગેરે પક્વાન્ન કહેવાય છે.

૨. [સં. પક્વ (પાકેલું) + અન્ન (ખોરાક)] ન. પકવાન; ભોજનમાં સર્વોપરી ગણેલો પદાર્થ.

૩. ન. રાંધેલું અન્ન.

૪. ન. શ્રાદ્ધનું કાચું અન્ન.

પક્વામ ૧. પું. પાકેલો આમ.

૨ વિ. કાચુંપાકું; થોડું કાચું અને થોડું પાકું.

પક્વાલુ [સં. પક્વ (પાકું) + આલુ (બટેટું)] પું કચોરી.

પક્વાશય ૧. [સં. પક્વ (પાકું) + આશય (ઠેકાણું)] પું. જેમાં અન્નાદિકનો પાક થાય તે અવયવ. ઓજરી; પેટ; જઠર.

૨. ન. નાના આંતરડાનો બાર અંગુળ જેટલો ભાગ; આમાશય અથવા ઓજરી અને સૂક્ષ્માંત્ર વચ્ચે આવેલો ભાગ. નાના આંતરડાનો ૩૨મા ભાગનો ભાગ, પક્વાન્નાન. આમાશયમાંથી ખોરાક દીલો થઈને પક્વાશયમાં આવે છે. ત્યાં તેને પિત્તરસ તથા ક્લોમ રસ આવીને મળે છે.

પક્વેષ્ટકા [સં. પક્વ (પાકું) + ઇષ્ટકા (ઈંટ)] સ્ત્રી. પાકી ઈંટ.

પક્ષ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) પક્ષ લેવો; તરફદારી કરવી. તે ઉપરથી બનેલ શબ્દ: પક્ષ, પક્ષપાત, પક્ષકાર.

૨. સ. ક્રિ. લેવું; ગ્રહણ કરવું.

૩. સ ક્રિ. સ્વીકારવું.

પક્ષ ૧. પું. અનુકૂળ મત કે પ્રવૃત્તિ.

૨. [સં.] પું. ઉત્તરપક્ષ.

૩. પું. ઉપન્યાસ; સ્વીકૃત પક્ષ.

૪. પું. એક વિચારવાળાઓનું ટોળું; એકાભિપ્રાયવાળાનું ટોળું; વર્ગ.

૫. પું. કલ્પના; સંભાવના.

૬. પું. (પુરાણ) કુરુ દેશના ચંદ્રવંશી રાજા બલાનિનો એ નામનો પૌત્ર. તેને સજ્ઞાનર અને પ્રત્યક્ષ નામે બે ભાઈઓ હતા.

૭. પું. કોઈ પણ સિદ્ધાંતમાં અમુક બાબત સિદ્ધ કરવાને હેતુ તરીકે આપેલી બાબત. તેના ઉપરથી અનુમાન થઈ શકે.

૮. પું. કોઈ વિષયના બે અથવા વધારે પરસ્પર ભિન્ન અંગોમાંનું કોઈ એક અંગ; કોઈ પ્રશ્ન અથવા સંબંધમાં વિચાર કરવાની અલગ અલગ બાબતોમાની કોઈ એક બાબત.

૯ પું. ચૂથનું બાંકું

૧૦. પું. તકરારના પક્ષની એક બાજુ.

૧૧. પું. તટ; બાજુ.

૧૨. પું. તરફેણ; ઉપરાંણું; પક્ષપાત; તરફદારી; બાજુ.

૧. પક્ષ કરવો–ખેંચવો–તાણવો–ધરવો–લેવો = (૧) એક પક્ષની તરફેણ કરવી; પક્ષપાત કરવો; તરફદારી કરવી. (૨) ઝપડામાં કોઈની તરફ હોવું; કોઈની મદદમાં ઊભા રહેવું; કોઈ બાજુ કે મુદ્દાની વકીલાત કે તરફેણ કરવી.

૨. પક્ષે ચોરી પક્ષે ન્યાય, પક્ષ બરનો બાજો બાજ = જેને પક્ષનું હોય તે દુનિયામાં ચોરી કરી શકે, ન્યાય મેળવી શકે; દુનિયામાં બાહરવટાવાળા ફાવી જાય.

૧૩. પું. નિમિત્ત.

૧૪. પું. પક્ષી.

૧૫. પું. પડ; તડું.

૧૬. પું. પડખું; બાજુ; પાર્શ્વ.

૧૭. પું. પ્રકૃતિ.

૧૮. પું. પંદર અહોરાત્રનો કાળ; પખવાડિયું; અર્ધ માસ.

૧૯. પું. પંદર સુધી સાંકેતિક શબ્દ.

૨૦. પું. પાંખ; પંખીને ઊડવાનો અવયવ.

૨૧. પું. પૂર્વપક્ષ.

૨૨. પું. બળાબળ; રક્ષણ.

૨૩. પું. બાજોઠ; કઠેડ

૨૪. પું. બળ; ફોજ; સેના.

૨૫. પું. બાજુના મૂળ આગમાં રહેલું પીછું; તીરને ખેડેલી પાંખ.

૨૬. પું. બે સુધી સાંકેતિક શબ્દ; યમ; એની સંજ્ઞા.

૨૭. પું. ભેદ.

૨૮. પું. મદદગારનું લશ્કર.

૨૯. પું. મહાકાલ શિવ.

૩૦. પું. માર્ગ; પંથ.

૩૧. પું. મિત્ર; દોસ્ત

૩૨. પું. રસ્તાની બંને બાજુ માણસોને ચાલવા માટે રસ્તાથી સહેજ ઊંચો માર્ગ; પગથી.

૩૩. પું. વર્ગ.

૩૪. પું. વિચાર; મત; અભિપ્રાય.

૩૫. પું. વિભાગ.

૩૬. પું. વિરોધ.

૩૭ પું. શરીર.

૩૮. પું. શરીરનો અર્ધ ભાગ.

૩૯. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪૦ પું. શ્રેણી કાર્યો; રાજાનો કાર્યો.

૪૧. પું. (ગણિત) સમીકરણમાં જે બે પદો સરખી હોય તે બાકીની હરેક. તે બે હોય છે.

૪૨. પું. સમૂહ.

૪૩. પું. સહાયક; સખા; સાથી.

૪૪. પું. (ન્યાય) સંદિગ્ધ પદાર્થ.

૪૫. પું. સબંધ.

૪૬. પું. (વેદાંત) સાધ્ય જેને વિષે સિદ્ધ કરવાનું હોય તે; સાધ્યની પ્રતિજ્ઞા જેમાં કરવામાં આવી હોય તે વસ્તુ; સંદિગ્ધમાં સાધ્યવાન પદાર્થ. જેમકે, પર્વત વહ્નિમાન છે. એ વાક્યમાં પર્વત પક્ષ છે, જેમાં સાધ્ય વહ્નિમાનની પ્રતિજ્ઞા કરી છે. અનુમિતિ જ્ઞાન થવા પહેલાં માણસને જે પદાર્થમાં સાધ્યનો સંશય થાય છે તે પદાર્થને પક્ષ કહે છે.

૪૭. સ્ત્રી. ઘરના છજાની પાંખ.

૪૮. સ્ત્રી. માળીની પાંખ.

૪૯. સ. (શિલ્પ) એક જાતનું ત્રિકાળ ઘર. જે ત્રિકાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય તેવું પદ્મકવાળું ઘર દક્ષિણ મુખનું હોય તો તે પક્ષ નામનું ઘર કહેવાય.

૫૦. વિ. શુદ્ધ.

પક્ષક ૧. [સં. | પું. બારી; પ્રવેશદ્વાર.

૨. પું. પડખું.

૩. પું. પંખો; વીંજણો.

૪. પું. સહાય; મદદ.

૫. [સં. પક્ષ (બાજુ) + ક (વાળું)] વિ. પક્ષ લેનાર.

પક્ષકાર ૧ [સં. પક્ષ (પડખું) + કર (કરનાર)] પું. પક્ષ કરનાર માણસ; પક્ષપાતી; હિતસંબંધ ધરાવનાર પુરુષ.

૨. પું. આગીદાર; ભાલુનો ગણ્યમાન્ય.
૩. પું. વાદી કે પ્રતિવાદી.
૪. વિ. પક્ષ કરનાર; તરફદાર.
૫. વિ. સામાવાળું; સામી બાજુનું.

પક્ષકારી ૧. સ્ત્રી. તરફદારી; ઉપરાણું.
૨. સ્ત્રી. બાગીદારી.
૩. [સં. પક્ષ (બાજુ) + કારિન્ (કરનાર)] વિ. પક્ષ કરી રહેલું; પક્ષનું; પક્ષ ખેંચનાર; તરફેણ કરનારું.

પક્ષકોપ પું. પાંખમાં ઊઠતી વળી જેવી પીડા હોય તેવી સ્થિતિ; પરચાળા.

પક્ષગ વિ. એક પખવાડિયું રહેનારું; પખવાડિયાની સ્થિતિવાળું.

પક્ષગત [સં. પક્ષ (બાજુ) + ગત (ગયેલ)] વિ. પક્ષને ગયેલું.

પક્ષગમ [સં. પક્ષ (પાંખ) + ગમ્ (જનું)] વિ. પાંખ વડે જનાર. જેમકે, પક્ષી.

પક્ષગ્રહણ ૧. [સં. પક્ષ (બાજુ) + ગ્રહણ (લેવું તે)] ન. બાજુ લેવાપણું; તરફેણ લેવી તે.
૨. ન. સહાય લેવી તે; પક્ષમાં લેવાપણું.

પક્ષઘાત [સં. પક્ષ (પક્ષું) + ઘાત (મારવું તે)] પું. એક જાતનો વાતરોગ; અર્ધા અંગનું રહી જવું તે; પક્ષાઘાત; અર્ધાંગ લકવો; પક્ષવધ; એકાંગવાયુ.

પક્ષજ [સં. પક્ષ (બાજુ) + જ (પેદા કરનાર)] ન. (હિંદુ) એક જાતનું ત્રિકોણ ઘર; રાજા વિનાનું એટલે અધિક વિનાનું પશ્ચિમ મુખવાળું ત્રિકોણ ઘર. આવા મકાનમાં રહેવાથી આર્થિ અથવા પુત્રનો નાશ થાય એમ મનાય છે.

પક્ષજર ૧. [સં.] પું. કપૂર.
૨. [સં. પક્ષ (પખવાડિયું) + જર (જાહનાર)] પું. ચંદ્ર.
૩. પું. દાયી.
૪ વિ. જુદું જાહનાર; જુદું કરનાર.

પક્ષજ્વિદ [સં. પક્ષ (પાંખ) + જ્વિદ્ (જાણવું)] પું. ઉદ. તેજી પર્વતોની પાંખો આપી નાખ્યાનું મનાય છે.

પક્ષજ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. [સં. પક્ષ (બાજુ) + જ (જન્મેલ)] વિ. પક્ષમાં થયેલ; સહાયરૂપ બનેલ.

પક્ષજન્મા ૧. [સં. પક્ષજ-મન્] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. વિ. પક્ષમાં થયેલ; સહાયરૂપ બનેલ.

પક્ષણી [સં. પક્ષિન્ (પક્ષી) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પંખિણી; પંખીની માદા.

પક્ષતા ૧. [સં. પક્ષ + તા (પણું)] સ્ત્રી. (ન્યાય) આપેલી બે દલીલ ઉપરથી એક દલીલ સિદ્ધ કરવી તે. સાધ્યને સિદ્ધ કરવાની ઇચ્છાનું નામ સિસાધયિષા છે. જેમ પર્વતમાં અગ્નિની અનુમિતિ કરવી છે. એ રીતે અગ્નિરૂપ સાધ્યને સિદ્ધ કરવાની જે ઇચ્છા, તેનું નામ સિસાધયિષા છે. એ સિસાધયિષાના અભાવરૂપ જે વિશેષ છે, તે સિસાધયિષા વિરહરૂપ અભાવ વડે વિશિષ્ટ જે સાધ્યના નિશ્ચયરૂપ સિદ્ધિ છે તે સિદ્ધિના આશ્રયનું નામ પક્ષતા છે. એ વિશિષ્ટના આશ્રયરૂપ પક્ષતા કોઈક જગાએ તો (૧) તે સિસાધયિષાના વિરહરૂપ વિશેષણના અભાવથી હોય છે, (૨) કોઈ જગાએ સિદ્ધિરૂપ વિશેષ્યના અભાવથી હોય છે અને (૩) કોઈ જગાએ તો વિશેષણ વિશેષ્ય બંનેના અભાવથી હોય છે. તેમાં (૧) જે સ્થળમાં તે સિદ્ધિ પણ હોય છે તથા સિસાધયિષા પણ હોય છે, તે સ્થળમાં પણ અનુમિતિ હોય છે. તેમાં સિદ્ધિરૂપ વિશેષ્યનો તો અભાવ છે નહિ, પણ સિસાધયિષા વિરહરૂપ વિશેષણનો અભાવ છે. માટે ત્યાં વિશેષણના અભાવને લીધે વિશિષ્ટના આશ્રયરૂપ પક્ષતા જાણવી. (૨) જ્યાં સિસાધયિષા પણ નથી તથા સિદ્ધિ પણ નથી, ત્યાં પણ અનુમિતિ થાય છે. ત્યાં સિસાધયિષા વિરહરૂપ વિશેષણ તો છે. પણ સિદ્ધિરૂપ વિશેષ્ય નથી; માટે તે સ્થળમાં વિશેષ્યના અભાવથી વિશિષ્ટના આશ્રયરૂપ પક્ષતા જાણવી. (૩) જ્યાં સિસાધયિષા તો છે પણ સિદ્ધિ નથી, ત્યાં પણ અનુમિતિ થાય છે. ત્યાં સિસાધયિષા વિરહરૂપ વિશેષણ પણ નથી તથા સિદ્ધિરૂપ વિશેષ્ય પણ નથી. માટે તે સ્થળમાં તે વિશેષણ વિશેષ્ય બંનેના અભાવથી વિશિષ્ટના આશ્રયરૂપ પક્ષતા જાણવી. સાધ્ય પ્રકારક જે સંશય છે. તે સંશયવત્તાનું નામ પક્ષતા છે. જેમ પર્વત વહ્નિવાળો છે, ધૂમ છે માટે, એ અનુમાનમાં પર્વત વહ્નિવાળો છે એવી અનુમિતિ થવા પહેલાં પર્વત વહ્નિવાળો છે કે નથી? એ પ્રકારનો વહ્નિરૂપ સાધ્ય પ્રકારક સંશય થાય છે. એ સંશય સમવાય સંબંધે કરીને તે પુરુષના આત્મામાં રહ્યો છે, છતાં પણ વિષયના સંબંધે કરીને પર્વત વિષે પણ રહે છે. એ જ એ પર્વત વિષે પક્ષતા છે.
૨. સ્ત્રી. પક્ષ લેવો તે.

પક્ષતિ ૧. [સં] સ્ત્રી. પડવો; એકમ.
૨. સ્ત્રી. પાંખોનું જૂથ.

પક્ષદર્શન [સં. પક્ષ (પક્ષું) + દર્શન (જોવું તે)] ન. પાર્શ્વદર્શન; બાજુનું દર્શન.

પક્ષદ્વય ૧. ન. ન. દ. પૂર્વપક્ષ ને ઉત્તરપક્ષ એ બે પક્ષ
૨. [સં. પક્ષ (પખવાડિયું) + દ્વય (બે)] ન. ન. દ. સુદિ અને વદિ બે પખવાડિયાં.

પક્ષદ્વાર ૧. [સં.] ન. મુખ દ્વાર.
૨. [સં. પક્ષ (પક્ષું) + દ્વાર (બારણું)] ન. પડખાનું દ્વાર; બારી.

પક્ષધર ૧. પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. [સં. પક્ષ (બાજુ) + ધૃ (ધારણ કરવું)] પું. તરફદાર; પક્ષનો બાજુદાર; પક્ષધારી.
૪. પું. પક્ષી.
૫. વિ. પડખાંનો આશ્રય કરનાર; સહાય લેનાર.

પક્ષધર્મતા [સં. પક્ષ + ધર્મ (ગુણ) + તા (પણું)] સ્ત્રી. (ન્યાય) પક્ષ ઉપર સાધન કે હેતુનું હોવું તે.

પક્ષધર્મત્વ જુઓ પક્ષધર્મતા.

પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપક પું. (ન્યાય) ઉપાધિના બાર ભાંડેનો એક પ્રકાર; કેવળ સાધ્યમાં જ હોય એટલું જ નહિ, પણ પક્ષમાંના સાધ્યનો વ્યાપક હોય તે ગુણ. જેમકે, વાયુ પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ રૂપવાનો આશ્રય હોવાથી. જે પદાર્થ પ્રત્યક્ષ રૂપવાનો આશ્રય હોય તે પદાર્થ પ્રત્યક્ષ જ હોય. વળી જ્યાં જ્યાં પ્રત્યક્ષપણું હોય ત્યાં ત્યાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ હોય. આ રીતે ઉદ્‌ભૂતરૂપવત્ત્વ ઉપાધિનું પ્રત્યક્ષ રૂપસાધ્યવત્ત્વ રૂપ સાધનમાં અવ્યાપકપણું છે. માટે વાયુ પ્રત્યક્ષ છે એ અનુમાનમાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપક ઉપાધિ કહેવાય.

પક્ષધારા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાં માંહેનું એક નામ.

પક્ષધારિતા [સં. પક્ષ (બાજુ) + ધારિન્ (ધારણ કરનાર) + તા (પણું)] સ્ત્રી. પક્ષધારણ; તરફદારી.

પક્ષધારી ૧. [સં. પક્ષ (પાંખ) + ધારિન્ (ધારણ કરનાર)] ન. પંખવાળું પ્રાણી; પક્ષી.
૨. [સં. પક્ષ (બાજુ) + ધારિન (ધારણ કરનાર)] વિ. પક્ષ લેનાર.

પક્ષનિષ્ઠા [સં. પક્ષ (બાજુ) + નિષ્ઠા (વફાદારી)] સ્ત્રી. પક્ષ પ્રત્યેની વફાદારી.

પક્ષપટ [સં. પક્ષ (બાજુ) + પટ (પડદો)] પું. નાટકમાંના દૃશ્યમંચના પડદાઓને ઢોલા તથા ઉપયોગિતા આપવા માટે તેની બંને બાજુએ ઊભા કરેલા પડદા.

પક્ષપદ [સં.] ન. (વ્યાક) પ્રથમપદ; આખ્ય; 'માઇનર ટર્મ.' નિગમના ઉદ્દેશપદને પક્ષપદ કહે છે.

પક્ષપાત ૧. [સં. પક્ષ (બાજુ) + પાત (પડવું તે)] પું. એક જ પક્ષ તરફ પડવું કે ઢળી જવું તે; તરફદારી; વગર તરફેણ કરવી તે; ન્યાય કે સત્ય નહિ જોતાં અમુક પક્ષ તરફના ગર્ભ જાતે તેના લાભનું કામ કરવું તે; અન્યાય કરેલો સહાય કરવી તે; ઉપરાછું.

૨. પું. દૈતરહિ; એક પક્ષને પડતો મૂકી બીજા પક્ષની તરફેણ કરવી તે.

૩. પું. પક્ષઘાતનો એક પ્રકારનો તાવ.

૪. [સં. પક્ષ (પાંખ) + પાત (પડવું તે)] પું. પાંખો કાપી નાખવી તે.

૫. પું. પાંખોનું ફડફડવું તે.

૬. પું. મમતવ વાગણી.

૭. પું. વિશ્રામ.

પક્ષપાતિતા ૧. [સં. પક્ષ (બાજુ) + પાતિન (પડનાર) + તા (પણું)] સ્ત્રી. પક્ષપાત; પક્ષપાતીપણું.

૨. સ્ત્રી. બે પાંખ વડે ઊડવાપણું.

પક્ષપાતિત્વ જુઓ પક્ષપાતિતા.

પક્ષપાતી ૧. પું. અનુયાયી.

૨. પું. મિત્ર.

૩. વિ. હિમાયો આપનાર.

૪. [સં. પક્ષ (બાજુ) + પાતિન્ (પડનાર)] વિ. પક્ષપાત કરનાર; ચક્રિયું; અમુક એકાદ પક્ષ તરફ ઢળી જઈને કામ કરનારું તરફદારી કરનાર; એકતરફી.

પક્ષપાતીપણું ન. પક્ષપાત કરવો તે.

પક્ષપાદ [સં. પક્ષ (પાંખ) + પાદ (પગ)] પું. જલપાદ.

પક્ષપાલિ ૧. [સં.] સ્ત્રી. બારી.

૨. ન. ગુપ્ત દ્વાર.

પક્ષબંધ પું. હુલમાં ગતિ કરવાના મુખ્ય સોળ માંહેનો એ નામનો એક પ્રકાર. આને પરબંદની ગત પણ કહે છે. આ ગત કરવાની રીત એવી છે કે, બે હાથ સંધિ કરવા ઊભા રાખી, પગો એવી આકૃતિ કરી, આંખ ઝબર નિતંબ કટારી, બધીજ કુલ ક્રમ રાખી હલ કરવું.

પક્ષબંધનિકા [સં.] સ્ત્રી. ગર્ભાશયની દરેક બાજુએ પાંખની માફક પહોળા આવેલી બંધનિકા; 'બ્રોડ લિગમન્ટ.' આ બંને બંધનિકા ગર્ભાશયની બાજુ ઉપરથી શ્રોણિગુહાની દીવાલ સુધી જાય છે. ગર્ભાશયની આગલી તથા પાછળની બાજુને ઢાંકતી ઉદર્ભાગાનાં બંને પડ સામસામાં મળતા આ બંધનિકાઓ બને છે.

પક્ષબાહુ પું. ઘરની પાંખમાં આડસરનો બહાર નીકળતો ભાગ.

પક્ષબિંદુ [સં. પક્ષ (પાંખ) + બિંદુ (ટપકું)] પું. કીડા પક્ષી. તેની પાંખ ઉપર ટપકાં ટપકાં હોય છે.

પક્ષબલિત્વ [સં. પક્ષ (પાંખ) + બલિત્વ (બળવું તે)] સ્ત્રી. એક પક્ષ તરફનું વલણ.

પક્ષભાગ [સં. પક્ષ (પખવું) + ભાગ] પું. મહીનાના પખવાડાનો ભાગ.

પક્ષભેદ [સં. પક્ષ (બાજુ) + ભેદ (તફાવત)] પું. બે પક્ષ વચ્ચેનો તફાવત.

પક્ષમત [સં. પક્ષ (બાજુ) + મત (માન્યતા)] પું. એક પક્ષનો અભિપ્રાય; એક પક્ષનું મતવ્ય.

પક્ષમંત્ર ૧. પું. પક્ષવાદ; વકીલાત.

૨. [સં. પક્ષ (બાજુ) + મંત્ર્ (મંત્રણા કરવી)] પું. વાદવિવાદ; તર્ક.

પક્ષમંત્રી [સં. પક્ષ (બાજુ) + મંત્રિન્ (સલાહ આપનાર)] પું. અમુક એકાદો પક્ષ લઈ તેના તરફથી મંત્ર કરનારો માણસ; વકીલ; એકતરફી; પક્ષવાદી.

પક્ષમૂલ ૧. [સં. પક્ષ (પખવું) + મૂલ] ન. પક્ષનું મૂળ.

૨. ન. પક્ષનો તિથિ.

૩. ન. પાંખ.

પક્ષમોક્ષ [સં. પક્ષ (પખવું) + મુક્ષ્ (મૂર્ખ બનવું)] પું. પક્ષઘાત.

પક્ષયાતિ ૧. [સં.] સ્ત્રી. બારી.

૨. સ્ત્રી. ગુપ્ત દ્વાર.

પક્ષરચના [સં. પક્ષ (બાજુ) + રચના (બનાવટ)] સ્ત્રી. કોઈ પક્ષસાધનને માટે રચેલ આયોજના; ષડ્યંત્ર.

પક્ષરાગ [સં. પક્ષ (બાજુ) + રાગ (પ્રીતિ)] પું. એક પક્ષ તરફનો પ્રેમ કે આસક્તિ; પોતાના પક્ષ પ્રત્યે લાગણી.

પક્ષરૂપ [સં.] પું. અલંકાર ગ્રંથનો કળવર માંહેનું એક નામ.

પક્ષરૂપ [સં. પક્ષ (પખવું) + રૂપ (નાશ)] પું. એક જાતનો વાતરોગ; પક્ષઘાત; એકાંગવાયુ; લકવો.

પક્ષવર્દ્ધિની જુઓ પક્ષવર્ધિની.

પક્ષવાધની [સં. પક્ષ (પખવાડિયું) + વર્ધિન્ (વધનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અમાવાસ્યાથી પૂર્ણિમા સુધી રહે તેવી બારસ તિથિ.

પક્ષવાદ ૧. [સં. પક્ષ (બાજુ) + વાદ (મત)] પું. એક પક્ષના મતને આધારે મનાતો વાદ; એક બાજુની તરફદાર ઉપરથી મનાતો વાદ; એકતરફી વલણ; પક્ષાપક્ષી; એકતરફો નિર્ણય કે કથન.

૨. પું. વકીલાત.

પક્ષવાદી [સં. પક્ષ (બાજુ) + વાદિન્ (બોલનાર)] પું. અમુક પક્ષે રહીને વાદવિવાદ ચલાવનાર માણસ; વકીલ; કાયદા જાણનાર ધારાનો હિમાયતી.

પક્ષવાન ૧ [સં. પક્ષ (પાંખ) + વત્ (વાળું)] પું. પર્વત. આગાઉ તેને પાંખો હતી અને તે ઊડતા હતા એમ મનાય છે.

૨. વિ. ઊંચા કુળમાં જન્મેલું.

૩. વિ. પક્ષવાળું; સહાયવાળું.

૪. વિ. પખવાડિયાવાળું.

૫. વિ. પાંખવાળું.

પક્ષવાયુ [સં. પક્ષ (પખવું) + વાયુ (વાતરોગ)] પું. અરધું શરીર રહી જાય એવો રોગ; અર્ધાંગ વાયુ; પક્ષઘાત; લકવો.

પક્ષવાહન [સં. પક્ષ (પાંખ) + વાહન (આવવા માટેનું સાધન)] પું. પક્ષી.

પક્ષવાહની [સં. પક્ષ (પાંખ) + વાહન (આવવા માટેનું સાધન) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પક્ષિણી.

પક્ષવાત [સં. પક્ષ (પાંખ) + વાત (પવન)] પું. પાંખના સંચોજક તંતુઓ નરમ પડી જવાથી થતો એ નામનો એક રોગ.

પક્ષસમર્થક [સં. પક્ષ (બાજુ) + સમર્થક (સમર્થન કરનાર)] પું. પક્ષવાદી; વકીલ.

પક્ષસંગ્રહન [પક્ષ (બાજુ) + સંગ્રહન (મજબૂતી)] ન. પક્ષ મજબૂત કરવો તે.

પક્ષસંધિ ૧. [સં. પક્ષ (પખવું) + સંધિ (સાંધો)] પું. પખવાડાનો સાંધો.

૨. પું. પર્વનો સંધિકાળ.

પક્ષસામ્ય [સં. પક્ષ (બાજુ) + સામ્ય (સરખાપણું)] ન. સત્તાતુલા; બે બોરદાર પક્ષ વચ્ચે સત્તાનું તોલન જાળવવાપણું; બળતુલા.

પક્ષસુંદર [સં.] પું. શોધર વક્ષ; શોક્ર.

પક્ષસ્તંભ [સં. પક્ષ (પડખું) + સ્તંભ (થાંભલો)] પું. બાજુનો થાંભલો.

પક્ષસ્થ [સં. પક્ષ (બાજુ) + સ્થ (રહેનાર)] વિ. પક્ષપાતી; પક્ષમાં રહેનાર.

પક્ષહીન [સં. પક્ષ (પાંખ) + હીન (વગરનું)] વિ. પાંખ વગરનું; પાંખ રહિત.

પક્ષહોમ [સં. પક્ષ (પખવાડિયું) + હોમ (યજ્ઞ)] પું. પખવાડિયા સુધી કરવાનો હોમ.

પક્ષા ૧. સ્ત્રી. પક્ષ; તરફેણ; ઉપરાણું.

૨. સ્ત્રી. પખવાડ; પગથી

૩. સ્ત્રી. લશ્કર; સેના; સૈન્ય.

પક્ષાકાર [સં. પક્ષ (પાંખ) + આકાર] વિ. પાંખના આકારવાળું.

પક્ષાકૃતિ જુઓ પક્ષાકાર.

પક્ષાગ્રહ [સં. પક્ષ (બાજુ) + આગ્રહ (તાણવું તે)] પું. પક્ષ માટેનો આગ્રહ; પોતાની બાજુ માટેની તરફેણ.

પક્ષાઘાત ૧. પું. અસ્પષ્ટ વસ્તી.

૨. [સં. પક્ષ (પડખું) + આઘાત (ફટકો)] પું. શરીરના એકાદ પડખાનું રહી જવું તે; એક બાજુના અંગનો આઘાત; એક તરફનું અંગ માટકી જાય એવો સ્નાયુનો રોગ; અર્ધા અંગનું રહી જવું તે; લકવો; અર્ધાંગ વાયુ; હાથ કે જમણી બાજુનું અરધું શરીર ખોટું પડી જાય તેવો રોગ. મગજની સાથે સંબંધ રાખનાર જ્ઞાનતંતુઓ બંધ પડવાથી આ રોગ થાય છે. એનાથી અરધું અંગ કામ કરતું બંધ પડી જાય છે. સ્નાયવિક વિકૃતિ અથવા આઘાતના કારણથી શરીર કે શરીરના કોઈ ભાગની ગતિ કે શક્તિનો નાશ થાય તેને પક્ષાઘાત કહે છે. આ સ્નાયવિક વિકૃતિ અથવા આઘાત કેંદ્રવર્તી સ્નાયુમંડલમાં થાય છે કે જેમાં મગજ અને સુષુમ્નાનો સમાવેશ થાય છે. સ્નાયુમંડળનો કેટલો ભાગ મગજનો હોય તે પ્રમાણે પક્ષાઘાતનું રૂપ થાય છે. કોઈ કોઈ સ્નાયુમંડલની આ કૃતિ અસ્થાયી હોય છે, તો આ કૃતિને મટાડવાથી પક્ષાઘાતનો અભાવ થઈ જાય છે. બાહ્ય પક્ષાઘાતમાં એક દૂરવાહ કેંદ્રવર્તી સ્નાયુમંડલ ઉપર આક્રમણ કરે છે. જન્મજાત પક્ષાઘાત જન્મતી વખતે બાળકના માથામાં આઘાત પહોંચવાથી થાય છે. બીજા પ્રકારનો જન્મજાત પક્ષાઘાત જન્મથી કોઈ અમુક સ્નાયુના કોષવાહુઓ અવિકસિત દશામાં રહી જવાથી થાય છે. જ્યારે બાળક ધીમે ધીમે ચાલે થઈ જાય છે. અથવા વચ્ચના મુદ્દાઓને બાદ કરીને અરધા અંગનો પક્ષાઘાત થાય છે. જે બાજુમાં આ થાય છે, તે બાજુના હાથપગ ગતિહીન થઈ જાય છે. વૈદ્યક અનુસાર આ રોગમાં કુપિત વાયુ શરીરના અર્ધ ભાગમાં ભરાઈને તેની શિરા તથા સ્નાયુનું શોષણ કરી સચિત્રંથનો તથા મસ્તિષ્કને શિથિલ કરી દે છે. આથી તે બાજુનાં બધાં અંગ નિષ્ક્રિય થઈ જાય છે. ડાક્ટરો પક્ષાઘાતના બે પ્રકાર માને છે: એક તો જેમાં અંગોની ગતિ નાશ પામે છે તે જાતનો પક્ષાઘાત અને બીજો જેમાં સંવેદન નષ્ટ થઈ જાય છે અને અંગ ખોડું પડી જાય છે. આ રોગ ઉપર યોગરાજ ગૂગળ, બાલકંકણી તથા પુષ્ટિ આપનાર દવાઓ આપવી અને નારાયણ તેલ ચોળવું હિતકર મનાય છે.

પક્ષાપક્ષ ૧. [સં. પક્ષ (બાજુ) + અ (નહિ) + પક્ષ (બાજુ)] પું. તરફદારી; પક્ષપાત.

૨. પું. પક્ષ પડી જવા તે; બેદરકારીની લાગણી.

પક્ષાપક્ષી ૧. પું દસમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તનો એ નામનો એક મત.

૨. સ્ત્રી. પક્ષ પડી જવા તે; પક્ષકાર થઈ જવું તે; કોઈક પક્ષમાં બહેકાઈ જવું તે; બેદરકારીની લાગણી.

૩. સ્ત્રી. પક્ષપાત; તરફદારી.

૪. સ્ત્રી. રાખરખાવટ; વગવસીલા.

૫. સ્ત્રી. મમત્વ; આડેતાડે; બેદરકાર.

૬. સ્ત્રી. વિલાસ.

પક્ષાભાસ ૧. [સં. પક્ષ (બાજુ) + આભાસ (દેખાવ)] પું. ખોટો દાવો.

૨. પું. ખોટો પક્ષ; પક્ષનો આભાસ.

૩. પું. ખોટો વાદ.

૪. પું. ખોટી દલિલાદી.

૫. પું. સિદ્ધાંતાભાસ.

પક્ષાભિમાન [સં. પક્ષ (બાજુ) + અભિમાન (ગર્વ)] ન. પોતાના પક્ષનું અભિમાન.

પક્ષાભિમાની [સં. પક્ષ (બાજુ) + અભિમાન (અહંકાર) + ઇન્ (વાળું)] વિ. પક્ષાભિમાનવાળું.

પક્ષાલણ જુઓ પ્રક્ષાલન.

પક્ષાલન [સં. પ્રક્ષાલન] ન. ધોવું તે; પખાળવું તે.

પક્ષાલના સ્ત્રી. ધોવું તે; સાફ કરવું તે.

પક્ષાલિકા [સં.] સ્ત્રી. મૂર્તિક સ્નાયુની એ નામની એક અનુચરી ચામડી.

પક્ષાલુ [સં. પક્ષ (પાંખ) + આલુ (વાળું)] પું. પક્ષી; પંખી.

પક્ષાવયવ [સં. પક્ષ (ઉપન્યાસ) + અવયવ (ભાગ)] પું. (ન્યાય) હેતુવાક્યનાં લઘુપક્ષ; ' માઇનર પ્રેમિસિસ. ' ન્યાયના પાંચ અવયવમાંથી નિગમન વિનાના બે અવયવોમાંથી જે અવયવ વિષે પક્ષપદ આવતું હોય તેને પક્ષાવયવ કહે છે.

પક્ષાવલંબન [સં. પક્ષ (બાજુ) + અવલંબન (આધાર)] ન. તરફદારી; પક્ષધારણ.

પક્ષાવલંબી [સં. પક્ષ (બાજુ) + અવલંબિન્ (વળગી રહેનાર)] વિ. પોતાની બાજુને વળગી રહેનાર.

પક્ષાવસર ૧. [સં. પક્ષ (પખવાડિયું) + અવસર (સમય)] પું. અમાસ.

૨. પું. પૂનમ; પૂર્ણિમા.

પક્ષાંત ૧. [સં. પક્ષ (પખવાડિયું) + અંત (છેડો)] પું. અમાસ.

૨. પું. પખવાડિયાનો અંત; પક્ષનો અંત.

૩. પું. પૂનમ.

પક્ષાંતર ૧. પું. વિકલ્પ; ઉલાજ; ઉપાય; ગતિ.

૨. ન. બીજો પક્ષ; બીજો પક્ષ.

૩ ન. પક્ષપાત; બીજાનો પક્ષ લેવો તે.

૪. ન. પક્ષભેદ; તરફદારી.

૫. ન. પક્ષભેદ રાખવો તે.

૬. [સં. પક્ષ (પાંખ) + અંતર (બીજું)] ન. બીજી પાંખ.

૭. ન. બીજી સહાય.

૮. ન. બીજું પખવાડિયું.

૯. ન. બીજું પડખું.

૧૦. ન. (ગણિત) સમીકરણના કોઈ પક્ષના પદને બીજા પક્ષમાં લઈ જવું તે; 'ટ્રાન્સપોઝિશન.'

પક્ષાંતરકરણ [સં. પક્ષ (સમીકરણનો કોઈ ભાગ) + અંતર (બીજું) + કરણ (કરવું તે)] ન. (ગણિત) એક પક્ષના પદને બીજા પક્ષમાં લઈ જવું તે; સમક્ષેપ; 'ટ્રાન્સપોઝિશન.'

પક્ષાંતરાલ ૧. [સં. પક્ષ (પાંખ) + અંતરાલ (અવકાશ)] પું. જળચરસ્થિની કરોડ બાજુએ તેની મોટી તથા નાની પાંખની વચ્ચેનો સમચતુષ્કોણાકાર ભાગી ભાગ. તેમાંથી ત્રીજી, ચોથી તથા છઠ્ઠી નાડી, પાંચમી નાડીની નેત્રમા શાખાઓ તથા નેવમા શિરાઓ અને ધમનીઓ બોપરીની બહાર જાય છે.

૨. પું. બે કાંડાં વચ્ચે નજરે પડતો ચીરો અથવા સાંધો માર્ગ.

પક્ષાંતરિત [સં. પક્ષ (સમીકરણનો કોઈ ભાગ) + અંતર (બીજું) + ઇત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. (ગણિત) સમીકરણનાકોઈ પક્ષમાંથી બીજા પક્ષમાં લઈ જવામાં આવેલું.

પક્ષાંધ [સં. પક્ષ (બાજુ) + અંધ (આંધળું)] વિ. પક્ષની બહાર ન જોઈ શકનાર; પોતાની બાજુ જ સાચી છે એવી આંધળી માન્યતા ધરાવનાર.

પક્ષિણી ૧. સ્ત્રી. આવતા દિવસ સહિત રાત્રિ.
૨. સ્ત્રી. એક રાત અને બે દિવસ.
૩. સ્ત્રી. (સંગીત) જાતિના ૬૪ ભાંહેનો એ નામનો એક પ્રકાર. ગાતી વખતે તાનમાં જે જુદા જુદા સ્વરો આવે છે તેમના સમૂહો કે તબલા પખવાજ ઉપર ઠેકાના જે અક્ષરો બનાડવામા આવે તેમના વર્ણના સમૂહો તે જાતિ કહેવાય છે.
૪. સ્ત્રી નર્મદાનાં કાંઠા ઉપર આવેલું એક નામ.
૫. સ્ત્રી. નાનાં છોકરાંને થતો એક જાતનો રોગ. આ રોગમાં છોકરું સુકાઈ જાય છે.
૬. સ્ત્રી. પક્ષીઓનો સમૂહ.
૭. [સં. પક્ષ (પાંખ) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પંખીની માદા; પંખિણી; પક્ષીની માદા.
૮. સ્ત્રી. પૂર્ણિમા; પૂનમ.
૯. સ્ત્રી. બે રાત અને એક દિવસ.
૧૦. વિ. સ્ત્રી. પાંખવાળી.

પક્ષિતીર્થ [સં.] ન. દક્ષિણ હિંદનું એ નામનું એક તીર્થ. અગાઉ તે હિંદુઓ અને બૌદ્ધોમાં પ્રસિદ્ધ હતું. તે મદ્રાસથી ૧૬-૧૭ માઈલ દક્ષિણે છે. હાલ તેનું નામ તિરુક્કુનરમ નામ છે. જુઓ પક્ષીતીર્થ.

પક્ષિપાનીયશાલિકા [સં. પક્ષિન્ (પંખી) + પાનીય (પાણી) + શાલિકા (રક્ષણ)] સ્ત્રી. પક્ષીઓને પાણી પીવાનું સ્થળ.

પક્ષિપાલનસંમીતા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઉપર આવેલું એક નામ.

પક્ષિરાજ ૧. પું. એક પ્રકારનું ધાન.
૨. [સં. પક્ષિન્ (પંખી) + રાજન્ (રાજા)] પું. ગરુડ.
૩. પું. જટાયુ.
૪. પું. પક્ષીઓનો રાજા; શ્યેન પક્ષી.

પક્ષિરૂપધૃક [સં. પક્ષિરૂપધૃક્] સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઉપર આવેલું એક નામ.

પક્ષિલ ૧. [સં.] પું. ગીતમસૂત્રો ઉપર ભાષ્ય કરનાર વ્યક્તિ.
૨. [સં. પક્ષ (બાજુ) + ઇલચ્ (વાળું)] વિ. પક્ષપાતવાળું; તરફદારીવાળું.
૩. વિ. પાંખવાળું.

પક્ષિલતા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઈશ્વરમૂળ.

પક્ષિલસ્વામી ૧. [સં. પક્ષિલસ્વામિન્] પું. એ નામનો એક પ્રાચીન આચાર્ય. હેમચંદ્રના મત પ્રમાણે વાત્સ્યાયનનું નામ પક્ષિલસ્વામી હતું.
૨. પું. કોટિલ્ય; ચાણક્ય.

પક્ષિવિદ [સં. પક્ષિન્ (પંખી) + વિદ્ (જાણનાર)] વિ. પક્ષી સંબંધી જ્ઞાન ધરાવનાર.

પક્ષિશાલા ૧. [સં. પક્ષિન્ (પંખી) + શાલા (મકાન)] સ્ત્રી. પક્ષીઓને રહેવાનું સ્થળ; ઓરિયાખાનું.
૨. સ્ત્રી. માળો.

પક્ષિશાવ [સં.] પું. પક્ષીનું બચ્ચું.

પક્ષિશાવક જુઓ પક્ષિશાવ.

પક્ષિસિદ્ધ [સં. પક્ષિન્ (પંખી) + સિદ્ધ (પશુઓનો રાજા)] પું. ગરુડ પક્ષી.

પક્ષિસ્વામી [સં. પક્ષિસ્વામિન્] પું. ગરુડ પક્ષી.

પક્ષી ૧. [સં. પક્ષ (બાજુ) + ઇન્ (વાળું)] પું. પક્ષધર માણસ; પક્ષ ખેંચનાર મુરબ્બી; તરફદાર.
૨. પું. બાજુ.
૩. પું. મિત્ર; સલાહ આપનાર વ્યક્તિ.
૪. પું. શિવનાં કાંઠા ઉપર આવેલું એક નામ.
૫. ન. એક પ્રકારની મુદ્રા.
૬. ન. બે પગ અને પાંખવાળું ઊડનારું પ્રાણી, પંખી; વિહંગમ; અજ; વિહગ; વિહમ. તેની ઘણી જાત છે: (૧) ઉપકારી પક્ષી, (૨) ઉપદ્રવી પક્ષી અને (૩) નિરુપદ્રવી પક્ષી. જે પક્ષીઓ તૂટી ઉપર પડતાં ઉપદ્રવી કીટકોનું ભક્ષણ કરે, તે ઉપકારી કહેવાય છે. જેમકે, (૧) કાકરિયા કુંભાર ભમરા કૃષ્ણ ચાતકી, (૨) ચાષકૃદ, (૩) ભારદ્વાજ, (૪) ધોબીષ પક્ષી. (૫) ચાસ, (૬) ચીબડી, (૭) ચાસ ભમરો, (૮) સુથાર, (૯) સાતભાઈ, (૧૦) દાગર, (૧૧) પીલક. જે પક્ષી તૂતનું ધાન્ય આદિને નુકસાન કરે, તે ઉપદ્રવી કહેવાય છે. જેમકે, (૧) કુતર, (૨) સૂડો અને પોપટ, (૩) બબમાખી ખાનારું પક્ષી, (૪) ખોરડી. જે પક્ષી નુકસાન કે કામનો કાંઈ ન કરે, તે નિરુપદ્રવી કહેવાય છે. જેમકે, (૧) સારસ, (૨) કાગડો. ઋતુ પ્રમાણે પક્ષીઓ સ્થળાંતર કરે છે. ઉત્તર ધ્રુવ પ્રદેશમાં બહુ જ ઠંડી હોય ત્યારે ત્યાંના પક્ષી દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં જઈ વસે છે. ઉનાળાનાં પક્ષી નોર્વેજિયામાં જઈ વસતાં જણાયાં છે. આ પ્રમાણે પક્ષીઓ હજારો ૨૨,૦૦૦ માઈલનું સ્થળાંતર કરે છે. પક્ષીઓની આયુમર્યાદા નીચે પ્રમાણે અનાદ છે: કૂકડો ૧૪, પોપટ ૬૦, કબૂતર ૨૦, કાગડો ૧૦૬, ચકલી ૪૦, હંસ ૧૦૦, મોર ૨૪, ગરુડ ૧૦૦ વર્ષ.

દ્વિજ શકુંત પક્ષી શકુનિ અંડજ વિહગ વિહંગ.
વિહંગમ ખગ વિહગ પત્રી ખગ પતંગ.
ત્રિભવનકોષ

૧. પક્ષી પલાણવું = પક્ષી ઉપર બેસવું.
૨. પક્ષીનો મેળો = આનંદ આપનારાં માણસોનો થોડી વારનો મેળાપ; જેઓ ઝેરબીજથી થોડા વખતમાં છૂટાં પડનાર હોય એવાં માણસોનું મળવું તે.
૭. વિ. તરફેણવાળું.
૮. વિ. પક્ષનું.
૯. વિ. પક્ષીનું.
૧૦. વિ. પખવાડિયાવાળું.
૧૧. વિ. પાંખવાળું.
૧૨. વિ. સહાયવાળું.

પક્ષીકરણ [સં. પક્ષ (બાજુ) + કરણ (કરવું તે)] ન. સમરચના; એકબીજાનો પક્ષ લેવાપણું.

પક્ષીકૂટ [સં. પક્ષિન્ (પંખી) + કૂટ (પર્વતનું શિખર)] ન. શ્રેષ્ઠ પક્ષી.
ચીનમાં શ્રેષ્ઠ પક્ષી નથી તેથી એનું નામ એમણે પક્ષીકૂટ આપ્યું અને કહ્યું, આ પર્વત માત્ર દેશનો જ છે. પ્રસ્થાન

પક્ષીકોવિદ [સં. પક્ષિન્ (પંખી) + કોવિદ (પંડિત)] પું. પક્ષીઓ સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

પક્ષીખાનું ન. પક્ષીને રાખવાનું ઘર; ઓરિયાખાનું.

પક્ષીગણ [સં. પક્ષિન્ (પંખી) + ગણ (ટોળું)] ન. પક્ષીઓનું ટોળું; પક્ષીઓનો સમૂહ.

પક્ષીગત વિ. પક્ષીને લગતું.

પક્ષીગાન [સં. પક્ષિન્ (પંખી) + ગાન (ગીત)] ન. પંખીનું ગાવું.

પક્ષીગ્રહણ ૧. [સં. પક્ષિન્ (પંખી) + ગ્રહણ (પકડવું તે)] ન. પક્ષીઓને પકડવાની રમત.
૨. ન. પંખીને પકડવું તે.

પક્ષીજાત સ્ત્રી. પક્ષીઓનો સમૂહ.

પક્ષીતીર્થ [સં. પક્ષિન્ (પંખી) + તીર્થ] ન. દક્ષિણ હિંદનું એ નામનું એક યાત્રાનું સ્થળ. આ સ્થળ ત્રિચનાપલ્લી સ્ટેશનથી પાંચ માઈલ દૂર આવેલ છે. ત્યાં સવાર બપોરને વખતે બે ધોળાં પંખી રોજ ચોક્કસ બપોરને વખતે આવે છે અને ભોજન લઈને પછી ઊડી જાય છે. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: આ પક્ષીઓ વિષે દંતકથા છે કે, કશ્યપ મુનિના આઠ પુત્રો હોકરના રાજે પક્ષીરૂપે થઈ ગયા. તેઓએ કાયમનું નિવારણ યાચતાં હોકરે કહ્યું કે, તમે હમેશા ત્રણીમાં સ્નાન કરી રામેશ્વરમાં

કર્દન કરવો, પછી પક્ષીતીર્થમાં જઈ જળમાં અને ગિરકૂટમાં સ્નાન કરવું. આમ કરતાં દરેક યુગમાં જન્મે પક્ષીનો મોક્ષ થતો. તે રીતે બધુ યુગમાં ૭ પક્ષીઓનો મોક્ષ થતાં આ યુગમાં બે પક્ષીઓ બાકી રહ્યાં છે.

પક્ષીબેલડી (પક્ષીબેલડો) સ્ત્રી. પક્ષીનાં નરમાદા.

પક્ષીમૃગયા [સં. પક્ષિન્ (પંખી) + મૃગયા (શિકાર)] સ્ત્રી. પક્ષીથી પક્ષીને મારવાની રીત.

પક્ષીથી પક્ષીને હણી કરે ઝપટમાં,
પક્ષીમૃગયા થતી નવ અધિકી મમાં.

પ્રેમાનંદ

પક્ષીય ૧. [સં. પક્ષ (બાજુ) + ઈય (વાળું)] વિ. બંધુક પક્ષનું.

૨. વિ. પખવાડિયા સંબંધી.

૩. વિ. પક્ષમાનું.

પક્ષીરાજ ૧. [સં. પક્ષિન્ (પંખી) + રાજન્ (રાજા)] પું. પક્ષીઓનો રાજા; મોટું પક્ષી.

૨. પું. મોર.

પક્ષીલોક [સં. પક્ષિન્ (પંખી) + લોક (સૃષ્ટિ)] પું. પક્ષીઓની સૃષ્ટિ; પક્ષીઓની દુનિયા. પક્ષીલોક પશુલોક જ બહોળો છે. તે આપણી આજુબાજુ આપણે હોવા છતાં આપણને દેખાતો નથી. તેની અંદર લગભગ ૧૫૦ જાતનાં પક્ષીઓ વસે છે. પક્ષીઓ એકબીજાથી અનેક રીતે ભિન્ન છે. પક્ષીયોનિ પશુયોનિથી વધુ જ ઉચ્ચ કક્ષા ઉપર છે અને કેટલીક વાર એમ પણ માનવાને કારણ મળે છે કે, મનુષ્યયોનિ કરતાં પણ ઉત્ક્રાંતિક્રમમાં તે આગળ વધેલા હશે. પક્ષીઓનો આચારવિચાર સૂક્ષ્મ છે. તેઓ સ્નાનાદિ ક્રિયા વડે સ્વચ્છ રહે છે. પુરુષ તેમને પ્રતિવર્ષે નવો પોશાક આપે છે. વસંત અને પાનખર ઋતુમાં તેમનું સંગીત બીજી નીકળે છે અને મૂલ તથા ઋતુકાર પ્રત્યેનો તેમનો રોષ દૃષ્ટિગોચર થાય છે. આકાશ તેમની દુનિયા છે, વૃક્ષો તેમનાં ઘર છે. પ્રેમ અને સમજમાં પક્ષીઓ પશુ કરતાં તો વિશેષ ચઢિયાતાં છે. કબૂતરોમાં પતિપત્નીને પ્રેમ ચિરસ્થાયી હોય છે અને પતિ મરે ત્યારે પત્ની તેની પાછળ મૂરે છે. તેને બીજો પતિ કરતાં પહેલાં વર્ષો વીતી જાય છે. વળી પક્ષીઓ પોતપોતાની એક જ જાતિમાં પરણે આ ઉપરાંત પક્ષીઓમાં કુટુંબભાવના પણ હોય છે. બચ્ચાંઓ સ્વાવલંબી થાય, ત્યારે ઊડતાં અને ચણતાં શીખતાં ન શીખે ત્યાંસુધી પતિપત્નીની સિક્યુરિટી તેમનું રક્ષણ કરે છે, બારણપોષણ કરે છે અને ઊડતાં તેમજ ખોરાક મેળવતાં પણ શીખવે છે. પક્ષીઓની મતિ પણ ખાંસ ખાન એવી તેજી છે. અબજીબ નામની ચકલીઓ કલાકના ૧૦૦ માઈલની ઝડપે ઊડે છે. બાજ અને લેરીની ગતિ તો ૨૦૦ માઈલની ગણવામાં આવે છે. દેશાંતર કરનાર પક્ષીઓ તો એક રાતમાં મોટા મોટા સમુદ્રો ઓળંગી જાય છે. જુદાં જુદાં પક્ષીઓની ઊડવાની રીતમાં ફેર હોય છે. કેટલાંક પક્ષી આખી પાંખ હલાવે છે, જ્યારે કુશળ બાજ પાંખોના છેડા જ હલાવે છે. કેટલાંક પક્ષી પ્રેરણા ઉપરાંત બુદ્ધિનો પણ મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે. કાગડા માળો બાંધે છે, તેમાં માણની જગ્યાની અને માળો બાંધવાની વસ્તુની પસંદગી કરવામાં બુદ્ધિનો ઉપયોગ કરે છે.

પક્ષીવિજ્ઞાન જુઓ પક્ષીવિદ્યા.

પક્ષીવિદ્યા [સં. પક્ષિન્ (પંખી) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. પક્ષી સંબંધી વિદ્યા.

પક્ષીવિશારદ [સં. પક્ષિન (પક્ષી) + વિશારદ (જાણી)] પું. પક્ષી સંબંધી સારું જ્ઞાન ધરાવનાર માણસ.

પક્ષીવૈજ્ઞાન જુઓ પક્ષીવિશારદ.

પક્ષીશાળા ૧. [સં. પક્ષિન્ (પંખી) + શાલા (મકાન)] સ્ત્રી. ચકલાંઓનું; પક્ષીઓનું સંગ્રહસ્થાન.

૨. સ્ત્રી. પક્ષીઓને રહેવાનું સ્વચ્છ મોટું ઘર

પક્ષીંદ્રનાથ [સં. પક્ષિન્ (પંખી) + ઇંદ્ર (દેવોનો રાજા) + નાથ (પતિ)] પું. મહાદેવનું એક નામ.

પક્ષે ૧. અ. એક બાજુ જોતાં; આમ પણ અને તેમ પણ અને એમ; વિકલ્પે.

૨. અ. ગમે તે એક તરફ; એકાદ બાજુએ.

૩. અ. પડખે; બાજુએ.

૪. અ. બિના; સિવાય.

પક્ષેરકી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

પક્ષેષ્ટિ ૧. [સં. પક્ષ (પખવાડિયું) + ઇષ્ટિ (યજ્ઞ)] પું. પાક્ષિક યજ્ઞ; દર પખવાડિયે કરવાનો યજ્ઞ.

૨. વિ. પાક્ષિક; એક પક્ષમાં બનાવે.

પક્ષોપપાત ૧. [સં. પક્ષ (પાંખ) + ઉપપાત (ઊડવું તે)] પું. એક પક્ષ તરફ હળી પક્ષ વગર બંને પક્ષનો નજીવ કરવો તે; એક જ બાજુનો વિચાર ન કરતાં બંને બાજુ વિશે વિચારવું તે સાપેક્ષ દૃષ્ટિ.

૨. પું. પાંખે ઊડવાની તે.

પક્ષોદ્ગ્રાહી [સં. પક્ષોદ્ગ્રાહિન્] વિ. પક્ષ લેનાર; સહાય કરનાર.

પક્ષ્ય [સં.] વિ. પકાવનાર; રાંધનાર.

પક્ષ્મ ૧. [સં. પક્ષ્મન્] પું. ઢોરાનો પાતળો ભાગ; સૂતરનો ઝીણો ભાગ.

૨. પું. ઢોરો; તાંતણો.

૩. પું. પુંકેસર અથવા સ્ત્રીકેસર; ફૂલનું કેસર.

૪. ન. પાંખ.

૫. ન. પાંપણ.

૬. વિ. પક્ષનું; પક્ષ સંબંધી.

૭. વિ. પખવાડિયાનું; પખવાડિયા સંબંધી.

૮. વિ. પાંખનું; પાંખ સંબંધી.

પક્ષ્મક [સં.] ન. પોપચું.

પક્ષ્મકોપ [સં. પક્ષ્મન્ (પાંપણ) + કોપ (રોગનું)] પું. એક જાતનો પાંપણનો રોગ.

પક્ષ્મધારી [સં. પક્ષ્મન્ (પાંપણ) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. સારી પાંપણવાળું.

પક્ષ્મપાત [સં. પક્ષ્મન્ (પાંપણ) + પાત (પડવું તે)] પું પાંપણ ખરી પડવાનો રોગ.

પક્ષ્મપ્રકોપ જુઓ પક્ષ્મકોપ.

પક્ષ્મરોગ [સં. પક્ષ્મન્ (પાંપણ) + રોગ (વ્યાધિ)] પું. (વૈદક) પાંપણનો એક રોગ. વાયુથી આંખોની પાંપણો ઊખડી જઈ તેના ભાગ ચારેચાર આંખના અંદરના ભાગમાં ઘસાય છે. આ કારણથી આંખોમાંનો ખોળો અને કાળો ભાગ ચૂને છે ને વાળ મૂળથી ઊખડી જાય છે. આ રોગને પક્ષ્મકોપ અથવા પક્ષ્મ પણ કહે છે. નીચી હીરાકસીને તુલસીના રસની તાંબાના વાસણમાં દસ દિવસ ભાવના આપી તેનો લેપ કરવાથી આ રોગ મટવાનું મનાય છે.

પક્ષ્મલ ૧. [સં.] વિ. પાંપણ.

૨. વિ. પાંખવાળું.

૩. વિ. પાંપણવાળું.

૪. વિ. ફૂલનાં કેસરવાળું.

પક્ષ્માક્ષ [સં. પક્ષ્મન્ (પાંપણ) + અક્ષ (ડોળો)] પું. પાંપણનો ડોળો.

પક્ષ્મિક ૧. પું. પક્ષ લેનારો માણસ; પક્ષમાં ભળનારો માણસ.

૨. વિ. પક્ષનું; બાજુનું.

પક્ષ્યાસન [સં.] ન. પક્ષીના આકાર જેવું આસન; પક્ષાસન.

પખ ૧. [સં. પક્ષ] પું. (ઝાડવાનું) ડોકીનાં પડખાંનાં પાંદડાં; ડોડો; 'રેસિમ.'

૨. [જુ.] પું. જવાહર અપણ તે; હીરાની પાંખડી.

૩. [સં. પક્ષ; પ્રા. પંખ-પક્ખ] પું. પક્ષ; બાજુ.
૪. પું. પક્ષપાત.
૫. પું. ઘાસરવા વગેરા જેટલે ગાહના હાડાનો બાહ્ય પક્ષ.
૬. સ્ત્રી. બાજુ; મોંપાટ.
૭. સ્ત્રી. ઉપરાઉપરી તરફેણ.
૮. સ્ત્રી. બરાબ ભાષા; અપશબ્દ.
૯. [હિં.] સ્ત્રી. કબજો; બખેડો.
૧૦. સ્ત્રી. ટોળી.
૧૧. સ્ત્રી. દોષ; ખૂટિ; બાબી.
૧૨. સ્ત્રી. પખવાડિયું.
૧૩. સ્ત્રી. પડખું.
૧૪. સ્ત્રી. પાંખ.
૧૫. સ્ત્રી. પીંછું.
૧૬. સ્ત્રી. (જ્યોતિષ) પુખ્ય નક્ષત્ર.
૧૭. સ્ત્રી. બાધક નિયમ.
૧૮. પું (કચ્છી) ભીંતથી બાજણ આવેલો બાપરાનો ભાગ; પાંખ.
૧૯ સ્ત્રી. બેની સંજ્ઞા.
૨૦. સ્ત્રી. મત.
૨૧. સ્ત્રી. મદદ; રક્ષણ.
૨૨. સ્ત્રી. મુશ્કેલી; બાફત.
૨૩. [ફા.] સ્ત્રી. ચામડાં.

પખચૂન પું. (કચ્છી) કબરો વગેરે.

પખડવું [સં. પ્રક્ષિપ્ત] સ. ક્રિ. જોરથી જમીન ઉપર પછાડવું; પટકવું; ઊંચકીને બાબી દેવું.

પખડાવું સ. ક્રિ. (કચ્છી) ઝૂંટવું ઝૂંટવું વેરવું.

પખડ્ય (પખડા) સ્ત્રી. બાજાની ધાર.

પખાડ (પખડાટ) સ્ત્રી. પાંખ; પંખીનો એક અવયવ.

પખડાટી (પખડાટી) જુઓ પખડાટ.

પખડાવવું સ. ક્રિ. (કચ્છી) ઝૂંટવું ઝૂંટવું વેરાવવું.

પખડી (પખડો) ૧. સ્ત્રી. ઊંચરો.
૨. [હિં.] સ્ત્રી. પાંખડી; પુષ્પદળ.

પખડો (પખડો) પું. એક જાતનું ઝાડ.

પખડુ સ. ચોર; જેમ.

પખતરી [ફા.] સ્ત્રી. સારું જમાવું.

પખતાવુ [સં. પક્ષ (પાંખ) + તન્ (વિસ્તારવું)] સ્ત્રી. પહોળાશ; ઓકળાશ; પખતાવુ.

પખતારા જુઓ પખતાવુ.

પખતું [સં. પક્ષ (પાંખ) + તન્ (વિસ્તારવું)] વિ. પખતું; પહોળું; મોકળું; તંગ નહિ એવું; વિશાળ.

પખતો પું. બાજી; બાજુનો; બાજતો.

પખપખા [સં. પક્ષ (પખ) નો દ્વિર્ભાવ] પું. પોતપોતાનો મત; પક્ષપાત; પક્ષાપક્ષી; તરફદારી.

પખપાન [હિં.] પું. પગે પહેરવાનું જોડ ચરેણું.

પખરાજ પું. પોખરાજ.

પખરાતપ ન. બખ્તર.

પખરાવવું સ. ક્રિ. બાજરો પહેરાવવો; બખ્તર પહેરાવવું.
વાહિ વક્ષ તેજી પખરાવ્યા,
ગ્રહણ મુહિ તેવા. બાનંદરેખાંક

પખરાવું ૧. સ. ક્રિ. પખરાવું; ફેલાવું; બાજુબાજુ વધવું.
૨. સ. ક્રિ. દૂકડીનો દૂકડા સાથે સંયોગ થવો.

પખરૈત [હિં.] પું. લોઢાની ચૂલ ઓઢાડેલ ઘોડો, બાજ કે હાથી.

પખરૈયા [હિં.] ન. સોનાચાંદીના વરખથી ઢબેલું બાનનું નીકું.

પખલખ ન. પખાજનો અવાજ; સૂર.

પખરા ૧. સ્ત્રી. ઘરની પાંખ.
૨. સ્ત્રી. બાજી.

પખવાજ [સં. પક્ષ (બાજુ) + વાદ્ય (વાજું); પ્રા. પક્ખાઉજ્જ] સ્ત્રી. બેઉ બાજુએથી ઠોકીને વગાડાય એવું વાદ્ય; પખાજ; મૃદંગ જેવું એક વાદ્ય; પક્ષવાદ્ય; એક ઠોલની અંદર બેઉ બાજુ નર અને એક બાજુ માદા હોય અને ઠોકડાં પહેરીને ઢાલતાં ચાલતાં વગાડાય તેવું વાદ્ય.

પખવાજી પું. પખવાજ વગાડનારો માણસ; પખાજી.

પખવાડા (પખવાડ) [સં. પક્ષ (પખવાડિયું) + વાર] ન. (હિંદી) બાંદમાસનું પૂરોર્ધ કે ઉત્તરાર્ધ; પખવાડિયું.

પખવાડિક (પખવાડિક) ૧. [સં. પાક્ષિક] ન. દર પખવાડિયે પ્રગટ થતું પત્ર; દર પંદર દિવસે પ્રગટ થતું બાપું; પાક્ષિક વર્તમાનપત્ર.
૨. વિ. પંદર પંદર દિવસે નીકળતું; પખવાડિયે પ્રસિદ્ધ થતું.
૩. વિ. પાક્ષિક; પંદર દિવસે થતું; પખવાડિયાનું.

પખવાડિયું (પખવાડિયું) [સં. પક્ષ + વાર + ઈક (વાળું)] ન. એક પક્ષના પંદર દિવસો જેટલો સમય; પંદર દિવસનો બાગ; પક્ષ.
પખવાડિયાં લેવાં = બમુક રોગ વગેરેનું પખવાડિયા સમયું તે ઉત્તરાર્ધ બાવવું તે; રોગે એક પખવાડિયું સમયું તે બીજે પખવાડિયે વધવું તે.

પખવાડું (પખવાડું) [સં. પક્ષ] ન. પખવાડિયું પંદર દિવસનો બાગ પક્ષ.

પખવાડો (પખવાડો) પું. (જૂ. ગુ.) પખવાડિયું; પક્ષ.
પખવાડો ઉજ્વલ ચલો, બાકમી ઉપર નુમિ.
જૈન કાવ્યસંગ્રહ

પખવાની સ્ત્રી. બનનો વેહ વધારવાને વપરાતી ઓબાની સળી; બનના વેહમાં ઓસાતી ખૂંપણી.

પખવારા [સં. પક્ષ (પખવાડિયું) + વાર] ન. બાદમાસનું પૂર્વાર્ધ કે ઉત્તરાર્ધ; પખવાડિયું.

પખવાસી સ્ત્રી. ઝાપરામાં નદીના નીચે રાખવાની લાકડા કે લોઢાની પટી.

પખવાસું ન. લાકડા બગર લોઢાની બાંખી પટી; બખાડિયું.

પખવાસો પું. જૈન ઓબોનું એ નામનું જોડ વસ્ત્ર.

પખવું ૧. સ. ક્રિ. જવું; ફર થવું.
૨. સ. ક્રિ. પવિત્ર થવું.
૩. સ. ક્રિ. બબ્યું.

પખસુ સ્ત્રી. પક્ષ.

પખંડ ન. પાખંડ.

પખંડી ૧. [હિં.] પું. લાકડાની પૂતળીનો નાચ બતાવનાર માણસ.
૨. વિ. પાખંડી.

પખાઉજ [હિં.] ન. પખાજ; પખાવજ.

પખાઉજી પું. (જૂ. ગુ.) પ્રાચીન સમયમાં રાજસભામાં બેસનાર એક જાતનો કારીગર.
વીણાવાદ વંશકાર ઉદિકાર બાલક્ષ પખાઉજી પટાઉજી બાલક્ષકાર પ્રમુખ લોક લોકિ કરી સભીક રાબ્ય રાજસભાં બાવ્યા.
પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ

પખાજ [સં. પક્ષતોલ; પ્રા. પક્ખાઉજ્જ] સ્ત્રી. પક્ષવાદ્ય; પખવાજ; ઢોલક; મૃદંગ જેવું એક વાદ્ય; એક જાતનું રપર્શવાદ્ય; બેઉ બાજુએ ઠોકીને વગાડી રાકાય એમ બામનું મરેલું વાળું; બઉ કે જવના જેવા પક્ષ મોટા બાકારનું બે પડે વગાડવાનું વાદ્ય.
પખાજને બે પાસાંનો માર = વચ્ચે બેઠેલા માણસને બંને બાજુથી માર સહન કરવો પડે.

પખાજી પું. પખાજવાળો; પખાજ વગાડનારો માણસ; પખવાજ; તબલચી; ઢોલચી.

પખાડા [હિં.] પું. મનુષ્યનો બૂચો.

પખાડો જુઓ પખાડા.

પખાન [હિં.] પું. પથ્થર; પાષાણ.

પખાનભેદ [હિં.] પું. પાષાણભેદ.

પખાના ૧. પું. કબરો.

૨. [સં. ઉપાખ્યાન] કું. (હિંદી) કથા.
૩. [સં. પાખ્યાના] કું. બળજ.
૪. કું. પખેર.

પખાર ૧. કું. (કચ્છી) ભુક્કો; રેત.
૨. કું. (કચ્છી) ધોવું તે.

પખારણું ૧. સ. ક્રિ. (કચ્છી) ધોવડાવવું.
૨. સ. ક્રિ. (કચ્છી) ધોવું.

પખારવું ૧. [સં. પ્રક્ષાલન] સ. ક્રિ. શુદ્ધ સાફ કરવી.
૨ સ. ક્રિ પાણીથી મેલ વગેરે સાફ કરવું; ધોઈ ને સાફ કરવું.

પખાલ ૧. [સં. પ્રક્ષાલન; પ્રા. પક્ખાલણ] કું. ભુક્કો; રેત.
૨. સ્ત્રી. ઘાસ કૂંડવાની વાંસ કે ધાતુની નળી.
૩. [સં. પંક (કાદવ)] સ્ત્રી. કાદવવાળી પોચી જમીન.
૪. [સં. પય્સ (પાણી) + ભાજ (આપવું)] સ્ત્રી. કૂવામાંથી પાણી કાઢવાની ચામડાની કોથળી.
૫. સ્ત્રી. ખૂબ પાણી વડે ધોવું તે
૬. સ્ત્રી. પાણી ભરી લાવવાની ચામડાની મોટી થેલી કે ગૂણ; કોથળી; મશક.
૧. પખાલ જેવું = મોટું, ફૂલેલું; બેઢબ; શરીર ભારે અને માંસલ.
૨. પખાલનો વાંક ને પાડાને ડામ = એકના વાંકે બીજાની ખૂબ કાઢી નાખવી.
૭. સ્ત્રી. પાણીથી શુદ્ધ સાફ કરવાપણું.
પખાલ કરવી = શુદ્ધ સાફ કરવી.
૮. સ્ત્રી. ફૂલ વગેરે ઉપાડી લાવી સંખ્યાબંધ દેવસ્થાન ધોવું તે; સંખ્યાબંધ શિવનાં નિર્માલ્ય ઉતારી દેવસ્થાનને પાણીની છોળે ધોવું તે.
પખાલ કરવી–પખાલનું કામ કરવું = દેવમંદિરમાંથી સાંજે નિર્માલ્ય ઓટલે ચડાવેલાં ફૂલ, બીલી વગેરે કાઢી નાખી બળે પાણી નાખી ધોઈ નાખવું; પાણીની છોળે ધોવું.
૯. સ્ત્રી, મરડો.
૧૦. સ્ત્રી. સ્નાન.

પખાલચી કું. પોતાની આંખ ઉપર બાંધવા બળદ કે પાડાની ઉપર ચામડાની ગૂણમાં પાણી ભરી લાવનારો બિસ્તી; પખાલ વડે પાણી લાવનાર કે છાંટનાર; પખાલવાળો.

પખાલણ ૧. સ્ત્રી. પખાલની જાતની સ્ત્રી.
૨. સ્ત્રી. પખાલીની સ્ત્રી.
૩. સ્ત્રી. પખાલે પાણી લઈ જનારી સ્ત્રી; સ્ત્રી–પખાલચી.

પખાલ પાર્વતી સ્ત્રી. કૂતરા; નેતોળ જાતના કરૂપી સ્ત્રી.

પખાલ પેટિયું ૧. વિ. પખાલ જેવા મોટા પેટવાળું; મોટું પેટ હોય એવું.
૨. વિ. બહુ ખાનારું; ખાઉધરું; ખાધોકડું.

પખાલવું જુઓ પખાળવું.

પખાલા [હિં.] કું. ચામડાની કોથળી.

પખાલી ૧. કું. પખાલ રાખી પાણી ભરી લાવવાનો ધંધો કરનાર માણસ; બિસ્તી; પખાલચી; પખાલ વડે પાણી ભરી લાવનાર કે છાંટનાર વ્યક્તિ.

મ્હારી સહસ સાખિ સાંભરિયા
જાઈ પખાલી પાણી.

કાન્હડદેપ્રબંધ

૨. સ્ત્રી. પખાલીનો ધંધો કરનારા લોકોની એ નામની એક જ્ઞાત.
૩. સ્ત્રી. સંધીની એ નામની એક જાત.
૪. સ. એ નામની જાતનું માણસ.
૫. સ. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.
૭. વિ. એ નામની જાતનું.

પખાવજ [સં. પક્ષ (બાજુ) + વાદ્ય (વાજું)] સ. જાનવર જાતનું એક વાદ્ય; મૃદંગથી કાંઈક નાનું એ નામે એક જાતનું વાજું; પખાજ; ઢોલક; તબલું. પખાવજ અને બાંધવાની રીતિ ભવાનીદાસ પખવાજીએ મૃદંગ ઉપરથી કાઢેલી છે. ચામડાં સંધારખાન નામે કારી અને ભવાનીદાસ એ બે જણ મૃદંગ બનાવવામાં કુશળ અને પ્રખ્યાત હતા. બન્ને તે બેઉમાં પરસ્પર પક્ષો જ પર્યાલોચ હતો અને તે બેઉ પરસ્પર એકબીજાને દ્વેષબુદ્ધિથી કરાવવા ચાહતા હતા. તેમાં ભવાનીદાસે પખાવજ અને બાંધવું તે બેની રીત મૃદંગથી જુદી કાઢી કારી સંધારખાનને પખાવજ સંભળાવ્યું. તેમાં કારી સંધારખાનનો પરાજય થયો અને ભવાનીદાસ વિજયી થયો. ત્યારથી પખવાજ અને બાંધવાની રીત આજપર્યંત પણ ચાલુ છે.

પખાવજબાજ સ્ત્રી. પખાવજ બજાવવાની ક્રિયા. મુખ્ય પખાવજના શબ્દ પાંચ છે; ૧ધા ૨તા ૩કે જૂન ધ્રૂં તે પાંચ બોલોનું પરસ્પર મિશ્રણ થઈ અનેક બોલો ઊપજ થાય છે. જેમકે, ધા કટ, તા કટ, તા ધા, તા ક ઇત્યાદિ અને ધ શબ્દના ધ, ધા, ધી, ધુ, ધી, ઇત્યાદિ ચારાખડી પ્રમાણે રૂપ બદલે છે. જેમકે, ધધિકટ, ધાતા, ધીન, ધિટ ધુમકિટ, ધીનતા ઇત્યાદિ અને ધ શબ્દ તથા તેથી થતાં ધીન ધી, ધુ ઇત્યાદિ રૂપ તે સર્વ બાંધ ઉપર જુદાં જાદ મારવાથી નીકળે છે અને ધા એ શબ્દ ને હાથથી એટલે એક ખુલ્લો હાથ બાંધા ઉપર મારવાની સાથે બીજા હાથથી પખાવજ ઉપર ચાપ મારવી એટલે નીકળશે. ઉપર લખેલા પાંચ બોલો ઉપરાંત આધુનિક બોલોમાં ત, ન, ક, ઙ, ઞ, મ, ર, લ ઇત્યાદિ શબ્દોને પખાવજના બોલોમાં નાખેલા છે. તેનાં પણ ચારાખડી પ્રમાણે રૂપ ફરે છે. તેમાં ધ ને ધ એક જ તરેહથી નીકળે છે. જેમકે, ધિ ધિકટ, ધિ ધિકટ તે એકસરખી રીતે નીકળે છે.

પખાવજી [હિં.] કું. પખવાજ વગાડનાર વ્યક્તિ; ઢોલી; તબલાં બજાવનાર માણસ.

પખાવવું [સં. પ્રક્ષાલ્] સ. ક્રિ. ધોવું; સાફ કરવું.

પખાવાજ સ્ત્રી. (કચ્છી) ભજનકીર્તનમાં ઉપયોગી એક વાદ્યવિશેષ; પખાજ.

પખાળ જુઓ પખાલ.

પખાળવું ૧. [સં પ્ર (પધારે) + ક્ષાલ્ (ધોવું); પ્રા. પક્ખાલ] સ. ક્રિ. ખૂબ પાણીએ ધોવું; પ્રક્ષાલવું; પાણીથી ધોવું; સંભાળવું.
૨. સ. ક્રિ. દિશાએ જોકરે ગયેલ હોય તેને સાફ કરવું.
૩. સ. ક્રિ. નવરાવવું; ધમારવું.
૪. સ. ક્રિ. મળલાગ કર્યા પછી ગુદા સાફ કરવી.

પખાં ૧. [સં. પક્ષ (બાજુ)] ન. બ. વ. ગોપડાનાં જમા અને ઉધાર એવાં બે પાસાં.
૨. ન. બ. વ. પાખનું, મોસાળનું અને સાસરાનું
૩ ન. બ. વ. મહિનાનાં સુદિ અને વદિ એવાં બે પખવાડિયાં.
૪. ન. બ. વ. સુદી, ડાતર વગેરેનાં પાંખિયાં.

પખિયા [હિં.] કું. ઝઘડાળુ માણસ; બખેડો મચાવનાર આદમી.

પખિયાળું ૧. ન. ઘરેણામાં ખીલી ભરાવવાનું નાનું.
૨. ન. ખિસકોલું.
૩. [સં. પક્ષ (બાજુ) + ધર્ષ (વાળું); દે. પક્ખરીય] ન. બે ચીપ વચ્ચેનો સાંધો; પખિયાળું. આવા સાંધાથી બે બેઉ ચીપો જેમ ઘણી કે ફેરવી હોય તેમ ફરી શકે અને સાધો ઉઘાડ બંધ કરાય.

પખિયોરોગ કું. એક જાતનો રોગ; પક્ષઘાત.

પખિસ ન. આલિંગન.

પખી ૧. સ્ત્રી. (કચ્છી) ચાંદીના કચરાની ક્ષાર.
૨. [હિ] ન. પક્ષી.
૩. ન. વિના.

પખીડો (પખીડો) કું. (સ્ત્રી) નાનું પંખીડું.
પખીન જ. માદા; પો.
પખીનાય કું. એક જાતનો રોગ.
પખુ ન. ડાંગ.
પખુવા [હિં.] કું. પાર્શ્વ; પડખું.
પખું ૧. [સં. પક્ષ; પ્રા. પક્ખ] ન. બેય; આશ્રય; તરફેણ.
૨. ન. ઓલાદ; પ્રજા; વંશ.
૩. ન. કુમક; મદદ.
૪. ન. પક્ષ; બાજુ.
૫. ન. પાંખ.
પખૂઆ ૧. [મ.] ન. ધરની પાંખ.
૨. ન. બાજુ.
પખે ૧. જ. પો; બાજુ.
૨. જ. વિના; સિવાય; પખે.
પખેઉ (પખેઉ) સ્ત્રી. (સ્ત્રી) બેય તેમ વેરવું કોલું તે.
પખેડવું જ. ક્રિ. (સ્ત્રી) છૂટું છૂટું વેરવું.
પખેડાયલું જ. ક્રિ. (સ્ત્રી) છૂટું છૂટું વેરાયલું.
પખેડી (પખેડી) જ્ઞો. (સ્ત્રી) પાપરી; નાનો પાપરો.
પખેડો (પખેડે) ૧. કું. બેય તેમ વેરવું કોલું તે.
૨. કું. (સ્ત્રી) પહોળો પાપરો.
પખેરાજ કું. (સ્ત્રી) અસલના વખતમાં પશુપાલકો ગૂપડાં નાંખી વસતા તે રાજા.
પખેરી [પ્રા.] સ્ત્રી. બાજુ.
મહ-પખેરી સોહે વનખંડ,
સરસ સરોવર અતિહિ પ્રચંડ.
લાલજીસમય
પખેરુ [સં. પક્ષ; પ્રા. પક્ખાહ] કું. પક્ષી; પંખેરું.
પખેવ [હિં.] કું. માસ કે ઋતુના વિષમ પક્ષી ૭ દિવસ રેવામાં આવતું બાજુ. તેમાં સંક્રાંતિ, ગોળ, હળાદર, બાદરનો ઘોર બાજે છે.
પખેસ કું. નિશાની; બાપ.
પખો ૧. કું (સ્ત્રી) પૂંછડું.
૨. [સં. પક્ષ] કું. બાજુ.
પખોડા ૧. [સં. પક્ષ] ન. બાજુ; પક્ષ.
૨. ન. માણસોની પાંખ.
પખોડવું (પખોડવું) ૧. જ. ક્રિ. ખંખેરવું.
૨. જ. ક્રિ. પખાલવું.
૩. [જ્ઞા. પખોડ] જ. ક્રિ. ફેલાવવું; પહોળું કરવું.
પખોડ્યા [સં. પક્ષ] કું. ન. જ. (હિંદી) પાંખ.
પખોડા [હિં.] કું. પાંખ.
પખોડા (પખોડ) [હિં.] કું. બકાનું પહોળું હાડકું.
પખ્ખી ૧. [સં. પક્ષિન] સ્ત્રી. પાખી; પૂનમ તથા અમાસ.
૨. વિ. પખવાડિયાનું.
પખ્ખી પડિક્કમણું ન. (જૈન) પાક્ષિક પ્રતિક્રમણ; પૂનમ અને અમાસે કરવામાં આવતું પ્રતિક્રમણ.
પખ્તાલ કું. ઊંટાના ચોરાશી મંઢેનો એ નામનો એક પેટા સમ્હ.
પખ્ખા ૧. કું. અપરાધ્ન ભોજનની રેવાનો માણસ.
૨. કું. વાઢકાપો માણસ.
પખ્ખા ૧. [જ.] વિ. કપરાયેલું.
૨. વિ. કરમાયેલું; નરમ.
૩. વિ. છૂટું છૂટું પથરાયેલું; વેરાયેલું.
૪. વિ. ખિસાયેલું; ઓગાળેલું.
પખ્ખ ૧. કું. અપરાધ્ન.
૨. કું. આધાર; મુદ્દાની વાત અથવા વસ્તુ.
૩. કું. વાણિજ્ય બજારનો ચીલો.
૪. [સં. પક્ષ; દે. પક્કર-પક્ક-પક્ખ] કું. ઘરનું; પાક; ટાટિયો; ઢાંચો; જેના ઉપર પ્રાણી ઊભું રહે અને ચાલે તે અવયવ. દે આખો કે માત્ર ચામડું વા ઘૂંટણ નીચેનો ભાગ પણ પક્ખ કહેવાય છે. સામા-પખે નિહાળતાં હમેશા પુરુષશરીર પ્રથમ જમણો પક્ષ અને ડાબો પક્ષ ઉપાડે છે.
૧. ઊંધે પખે જોસવું = પક્ષ ઊંધા વાળીને જોસવું.
૨. બેઠ પખે થવું = બેઠીક થવું.
૩. આરે પખે = તૈયાર થયેલું.
૪. ધરતી ઉપર પક્ષ ન રાખવા = (૧) આનંદથી ધીમે ઊછળવું; બહુ પ્રસન્ન થવું. (૨) બહુ અભિમાન આવી જવું.
૫. પક્ષ આપવો = પખમાં પડવું.
૬. પક્ષ ભાંગ્યા પરનો = ભાંગ્યા જવું; પખવું.
૭. પક્ષ આડોઅવળો થવો = અનીતિનું કામ થવું.
૮. પક્ષ આવવા-જવા = (૧) અસ્થિર થવું; ખસું રહેવું. (૨) ઊપડી જવું; ઊચાટ જવું. (૩) પોતાની ઉપર આધાર રાખી કાર્ય કરવાની શક્તિ આવવી; સ્વાશ્રયે નભવાની શક્તિ આવવી. (૪) બાળકે ચાલતાં શીખવું; બાળકે દડાર ઊભા રહી ચાલવા માંડવું; ચાલવાની શક્તિ આવવી. (૫) બહાવરો થવો. (૬) હદ ઉપરાંત જવું; મર્યાદા બહાર જવું.
૯ પક્ષ ઊતરવા-ઊતરવો-ઉપાડવા-ઉપાડવો = (૧) ઉતાવળે ચાલવું. (૨) ચાલવાનું વધુ કરવું. (૩) નીકળી જવું; ખસી જવું. (૪) પક્ષ ઊંચો લેવો.
૧૦. પક્ષ ઊઠાવીને-ઉપાડીને ચાલવું = ઉતાવળે પગે ચાલવું.
૧૧. પક્ષ ઉપર પક્ષ ચડાવવા-ચડાવવો (૧) બાળસુપણે કે નદકરા વર્ષને બેસવું. (૨) ઠોકરની નકલ કરવી; ઠોકર પ્રમાણે ચાલવું.
૧૨. પક્ષ ઉપાડવો-ઊંચકવો-ચલાવવો = ઉતાવળા ચાલવું; જલદી ચાલવું.
૧૩. પક્ષ ઊખડવો = (૧) તણાઈ જવું. (૨) ઘરઘરનું નાસી જવું. (૩) સમતોલપણું ખોવું.
૧૪. પક્ષ ઊતરવો = સાંધામાંથી પક્ષ ચસકો જવો; પક્ષ બહી જવો.
૧૫. પક્ષ ઊપડવો = (૧) પગમાં ચાલવાની શક્તિ હોવી. (૨) હિંમત આવવી; જાતી ચાલવી.
૧૬. પક્ષ ઊંચા નીચા થવા-ઊંચો નીચો થવો = મર્યા રહેવો.
૧૭. પક્ષ ઊંચો નીચો પડવો = (૧) આબરૂ ગુમાવવી. (૨) બિનાલું કરવું; મૈથુન કરવું. (૩) દુષ્ટો લાભ મેળવવો.
૧૮. પક્ષ કપાઈ જવો = (૧) ચાલવું બંધ થવું. (૨) પગના બે ભાગ થઈ જવા; પગનો અમુક ભાગ કોઈ હાડવાથી જુદો થઈ જવો.
૧૯. પક્ષ કરવા = જડ રહેવું; અદ્રશ્ય થવું; ખસવું.
૨૦. પક્ષ ભીંજે કરતા નથી = અતિશય ગાઢ લાગ્યો છે; આગળ જરા પણ વધી શકાય તેમ નથી.
૨૧. પક્ષ ચઢવો = (૧) આગળ આવવું. (૨) બસી જવું; તજી દેવું; છૂટા થવું; અમુક ક્રમમાંથી મુક્ત થવું. (૩) બસેડવું; દૂર કરવું. (૪) ચાલવું બંધ કરવું; જોર ઢાળવું. (૫) જવું આવવું બંધ કરવું; અવરજવર બંધ કરવો. (૬) નાબૂદ કરવું; નાશ કરવું. (૭) પોતાનો અસલ સ્વભાવ બતાવવો. (૮) મુશ્કેલીમાંથી નીકળી જવું. (૯) સત્તા છીનવી લેવી.
૨૨. પક્ષ ચાલ્યો = (૧) ઉદ્યમ રહેવો; વિચલિત ચલાની અવસ્થા ન રહેવી. (૨) પક્ષ કેરવોટ સ્થિરપણે ઊભા રહેવું. (૩) મજબૂત થવું; જામી જવું.
૨૩. પક્ષ પડવા = (૧) નકામી મહેનત કરવી. (૨) પગનાં તળિયાંને ચાલિક કરવાં; તાવમાં કાંસાના વાટકાથી પગને તળિયે ઘીનું ને ઘી ચસવું.
૨૪. પક્ષ પસારી જવા = ચાલી જવું.
૨૫. પક્ષ ચાલવો = (૧) ઘરમાં કે કુટુંબમાં પગપેસારો કરવોટ ધીમપૂર્વક ઠોઈ બાબતમાં ઘરમાં કે કુટુંબમાં ઘૂસી રહેવું. (૨) દબાવ કરવું; વચ્ચે ઘૂસવું; પેસવું. (૩) મધુ મારવું; હેતુપૂર્વક કામમાં વચ્ચે પડવું.

૨૬. પગ ચલાવવા = ઉતાવળે ચાલવું.
૨૭. પગ ચંપાવો = પગ મંદામાં પડવો.
૨૮. પગ ચાલવા = પગમાં બળ હોવું.
૨૯. પગ ચાંપવા = પગચંપી કરવી.
૩૦. પગ ચૂંથાવા = પગે ગોટલા આવવા.
૩૧. પગ છૂટો કરવો = (૧) થોડું થોડું ચાલવાની ટેવ પાડવી; ચાલવાની કસરત લેવી; થોડું થોડું ફરી આવવું. (૨) સાંકડામાંથી મુક્ત થવું. (૩) કરવુંકરાવું ભાવીને પગનો અકડાટ દૂર કરવો.
૩૨. પગ છૂટો થવો = (૧) પ્રસૂત પતિની વરસી વળાવ્યા પછી વિધવાને ઘર બહાર નીકળવાની છૂટ થવી. (૨) કરવાકરાવવાથી પગનો અકડાટ દૂર થવો.
૩૩. પગ જમાવવો = સ્થિર થવું; પગ ઠેરવવો.
૩૪. પગ જમવો-ટીકવો = (૧) ઉદ્યત રહેવું. (૨) પગ ઠરવો; સ્થિરપણે ઊભા રહેવું (૩) મજબૂત થવું; જામી જવું.
૩૫. પગ જોઈને પાથરવું તાણવું = યોગ્ય પ્રમાણે કામ કરવું.
૩૬. પગ જોવો = પરીક્ષા કરવી.
૩૭. પગ ઠકવો-ઠરવો = (૧) ખોડી થવું; ઝાઝી વાર રહેવું. (૨) ભરી રહેવું. (૩) સ્થિર, દૃઢ કે કાયમ થઈ રહેવું; જંપીને સ્થિર મને રહેવું; ભોંય જગ્યાએ કરી કાયમ નિરાંત વાળી ઝાઝી વાર બેસી રહેવું.
૩૮. પગ ઠકાવવો = પગ જમાવવો.
૩૯. પગ ઠકાવી રાખવો = (૧) જવું આવવું ભારી રાખવું; (૨) નજર કરવું. (૩) સળંગ રાખવો; ધીરું પડવું.
૪૦. પગ ઠકું કરવા = પગે ચાલવું.
૪૧. પગ ટાળવા-ટાળવો = (૧) કોર્ટનો કોર્ટને લાં થતો અવરજવર બંધ કરાવવો. (૨) જવાબ બંધ કરવું; લેર કે સત્તા બળ ભોગ કરવું. (૩) પગ કે નહિ ભોગ અસેડવું; દૂર કરવું.
૪૨. પગ ઠરવો-ઠેરવો = (૧) પગ જમવો. (૨) સ્થિર કે દૃઢ રહેવું; સ્વસ્થ થઈ રહેવું.
૪૩. પગ ઠોકવો = (૧) ઠેકાણો બતાવવો. (૨) દૃઢતાથી ઊભા રહેવું.
૪૪. પગ ઠોકોને ઊભા રહેવું = લડવાને આતુર થઈ રહેવું; મક્કમતાથી સામે થવા તૈયાર રહેવું.
૪૫. પગ ડગમગવો-ડગવો = (૧) દૃઢ ન રહેવું. (૨) ધ્રૂજવું. (૩) પગ સ્થિર ન રહેવો. (૪) લપસવું. (૫) હારી જવું
૪૬. પગ ડસાડવા-ડસરડવા = (૧) પગ ભોંકવા. (૨) પરાણે ચાલવું.
૪૭. પગ ઢાંકવા = પગે ઓઢાડવું.
૪૮. પગ ઢીલા પડવા = નાહિંમત કે નિરુત્સાહ થઈ જવું.
૪૯. પગ તળાંસવા = (૧) ખુશામદ કરવી. (૨) તાવ જાણ્યો હોય અને પગમાં કળતર થતી હોય ત્યારે પગને તળિયે બીજું તથા ત્રીજું વસ્ત્રાં; પગના તળિયાં ઉપર હાથ ફેરવવા.
૫૦. પગ તળે ઘસી નાખવું = (૧) માર્ગેથી કાંટા પરિમિત હોવું. (૨) વારંવાર અવરજવર કે પરિચયથી તુચ્છ ગણવું.
૫૧. પગ તળે વાળવું = (૧) દબાવી ભોંયવું (૨) હાથમાં લેવું. (૩) નીચું પાડી દેવું; તુચ્છ ગણવું. (૪) પોતાની સત્તા નીચે લાવવું.
૫૨. પગ તળે વાળવું = (૧) ભોંયી નીચે દબાવવું. (૨) વશ કરવું.
૫૩. પગ તળે વાળવું ને 'ચારડી' વાત કરવી = પોતાની નબળાઈ ખાનમાં ન લેવી.
૫૪. પગ તળે વાળવું હોવું = પોતાનાં જ દોષ હોવો; પોતાનો જ દોષ હોવા છતાં બીજાનો દોષ કાઢવો.
૫૫. પગ તળે સળે અને હંકા ભોંકવા બળ = પોતાનું કામ બગાડી જવું હોય તોપણ બીજાનું સુધારવા જવું.
૫૬. પગ તળે મોત હોવું = મોત નજીક હોવું; કાળને આવતાં વાર ન લાગવી.
૫૭. પગ તળે વાટી ઘસી નાખવું = વારંવાર આવજા કરી બધા અનુભવી જાણવું.
૫૮. પગ તળે વાટી નાખવું = (૧) તુચ્છ ગણવું (૨) સુપરિચિત કરી લેવું.
૫૯. પગ તળેની માટી નીકળવી = મૂંઝાઈને ભાન ભૂલી જવું.
૬૦. પગ તળેની વાટ = પરિચિત રસ્તો; બારીતો માર્ગ.
૬૧. પગ તૂટવા = કળતર થવી.
૬૨. પગ તોડવા = (૧) નકામા આંટાફેરા કરવા. (૨) બહુ ચાલીને પગને થકવવા. (૩) બહુ પ્રયત્ન કરવો.
૬૩. પગ તોડાવવા = (૧) નકામા ફેરા ખવરાવવા. (૨) પગ દબાવરાવવા; પગચંપી કરાવવી. (૩) બહુ ચલાવીને પગ થકવવવા. (૪) બહુ પ્રયત્ન કરાવવો.
૬૪. પગ થકવવા = (૧) કંટાળે ભોગ કરવું. (૨) બાકી બળ ભોગ કરવું.
૬૫. પગ થર થર ધ્રુજવા = પગ કાંપવા.
૬૬. પગ દબવા = (૧) ઊપડી જવું; જતા રહેવું; ખસવા માંડવું. (૨) બળજાને શક્તિમાન હોવું. (૩) પગ થવા હોય ભોગ ચાલવા માંડવું. (૪) મહાવરો થવો; શક્તિ કે સમજ આવવા માંડવી. (૫) સત્તા ભોગવવી. (૬) દૃઢ ઉપરાંત જવું; મર્યાદા બહાર જવું.
૬૭. પગ દેવું = (૧) ચાલવું બંધ થવું. (૨) નાસી જવું; ચાલ્યા જવું. (૩) પલાયન થવું.
૬૮. પગ દેવો-ભેસવો = (૧) આવવું જવું થવું; અવરજવર થવો; પ્રવેશ મળવો. (૨) ઘૂમવું; ફાવ્યા થવું; ગમવું થવું. (૩) સાગવમ ચાલવી.
૬૯. પગ ઢીલા = (૧) નિરુત્સાહ બનવું; કંટાળી જવું; નિરાશ થવું. (૨) હારી જવું.
૭૦. પગ દબાવવા = (૧) થાક ઉતારવા પગચંપી કરાવવી. (૨) સેવા કરાવવી.
૭૧. પગ દાબવા = (૧) થાક ઉતારવા પગચંપી કરવી. (૨) સેવા કરવી.
૭૨. પગ દેવો = (૧) કોઈ વાત ન કરવા દેવી. (૨) કાયમ થવું; પ્રવેશ કરવો.
૭૩. પગ ધરવો = (૧) આગળ પગ મૂકવો; આગળ વધવું. (૨) પ્રાપ્ત થવું. (૩) કદ કરવું.
૭૪. પગ ધોઈ-ધોઈને પીવા = (૧) પૂજ્ય તરીકે માનવું; પૂજ્યબુદ્ધિભાવ રાખવો. (૨) બહુ આદરથી પૂજા કરવી. (૩) બહુ ઉપકાર માનવો; આભારી રહેવું. (૪) માન આપવું.
૭૫. પગ ધોઈ-ધોઈને પીવા જેવું = પવિત્ર; સંત જેવું જીવન જીવનાર, પૂજ્ય.
૭૬. પગ ન-નહિ ઊપડવા-ઊપડવો = (૧) કોઈ કેકાણે જવાને દિલ ન આવવું. (૨) કરમાવું; વાળવાળું; સંકોચ થવો.
૭૭. પગ નાખવો = કોઈ વાત ન કરવા દેવી.
૭૮. પગ નીકળી જવો = (૧) જવું આવવું બંધ થવું; દૂર થવું; અવરજવર બંધ થવું. (૨) પરિચય અને અવરજવર કોઈ કારણસર બંધ પડી જવો; જવા જેવું નહિ રહેવું.
૭૯. પગ નીચે ચાકી જવું = હારવું; શરણ થવું.
૮૦. પગ નીચેથી નીકળવું = વારંવાર આવજા કરી બધા અનુભવી થવું.
૮૧. પગ પકડવા-પકડવો = (૧) બહુ આજીજી કરવી. (૨) માનની લાગણીથી નમન કરવું; આદરપૂર્વક પ્રણામ કરવા. (૩) વિનંતિ કરીને કોઈને કશાંક જતાં અટકાવવો.
૮૨. પગ પખાળવા = (૧) પગ ધોવા. (૨) લગ્નસમારંભમાં વેવાઈ જમવા આવે ત્યારે મોટેરાનાં ચરણો પોઈ પૂજન કરવું.
૮૩. પગ પર-પગમાં કુહાડો મારવો = હિત બગાડવું; પોતાને જ નેરજાલ થાય તેમ કરવું.
૮૪. પગ પર પગ ચઢાવવા-ચઢાવી બેસવું = (૧) ધંધા વિનાનું રહેવું; નિરુદ્યમી થઈને બેસી રહેવું. (૨) નિરાંતે બેસવું; કામ કરવાને નાખુશ થઈને આળસુ બેસવું; આરામથી

બેસી રહેવું; કામકાજની કાળજી નહિ રાખતાં આરામથી રહેવું અને મજાનાં માણ કરવાં; નિષ્કાળજીથી ચિંતા વગરની સ્થિતિમાં બેસી રહેવું.

૮૫. પગ ૫૨-પગમાં માથું મૂકવું = (૧) કોઈની સત્તામાં રહેવું. (૨) શરણે જવું; આજીજી કરવી

૮૬. પગ પસારવો = (૧) આરામથી પડવું કે સૂવું. (૨) મુજરી ભરવું. (૩) પગ લાંબા કરવા. (૪) સત્તા જમાવવી.

૮૭. પગ પાછા પડવા = (૧) જવાને દિલ નહિ ચાલવું; જવાને ભાવ નહિ થવો. (૨) શરમાવું. (૩) હારવું; નાસીપાસ થવું. (૪) હિંમત ન ચાલવી; આંચકો આવો.

૮૮. પગ પાણી પાણી થઈ જવા = (૧) નાકોમેદીથી દીલ્ગ થઈ જવું. (૨) પગમાં ખૂબ અશક્તિ લાગવી; ઊભું ન રહેવાવું. (૩) જવ કે કોઈ કારણથી પગ દીલ્ગ થઈ જવા (૪) હિંમત ભાંગી રહેવી; ઊભું ન રહી શકાવું.

૮૯. પગ પાતાળમાં-પેટમાં હોવા = (૧) પ્રપંચી હોવું; ભણાર ન દેખાવ પણ કપટી કે પદોંચેલ હોવું. (૨) મૂળ ઊંડાં હોવાં.

૯૦. પગ પાસે માકુ કાઢવું = ટૂંકી દૃષ્ટિ રાખવી.

૯૧. પગ પીટવા = (૧) પગ પછાડવા. (૨) પગ પછાડીને મરી જવું. (૩) કકળી મારવી.

૯૨. પગ પૂજવા = (૧) ઉપકાર માનવો. (૨) પગની પૂજા કરવી; પગ ધોઈને પીવા. (૩) બહુ આદરસત્કાર કરવો.

૯૩. પગ પેસારવો = (૧) પગ વાળવો. (૨) સત્તા જમાવી; કાયમ બેસવો.

૯૪. પગ ફેલવા = (૧) ચાલી જવું. (૨) મૂકાઈ જવું.

૯૫. પગ ફેરવ્યો = પ્રકૃતિ બદલવા જેવી ઓનું માવતરે જવું.

૯૬. પગ ફેલાવીને સૂવું = (૧) ચિંતા વગર સૂવું. (૨) પગ પહોળા કરીને સૂવું.

૯૭ પગ બાંધીને રહેવું = (૧) નિરાંત વાળીને લાંબા વખત સુધી ટકી રહેવું; એક જગ્યાએ ટકીને રહેવું; પગ ટકાવીને રહેવું. (૨) સુખદુઃખને નહિ ગણકારતાં દૃઢ અને એક ઠેકાણે સ્થિર રહેવું; દૃઢતાથી અમુક એક સ્થાનમાં રહ્યા કરવું.

૯૮. પગ ભારાઈ જવા = થાકી જવું.

૯૯. પગ ભાંગવા-ભાંગ્યા = (૧) ઉંમર સુધી ન પહોંચતાં વચમાં અટકી પડવું. (૨) નિરાશ થવું; આશાભંગ થવું; નાકોમેદ થવું. (૩) પગે અશક્તિ લાગવી. કોઈ માણસ બીજે ચાલતો હોય ત્યારે બીજા માણસને આમ કહેવાય છે. (૪) બળ તોડી નાખવું; હરાવવું; આગળ વધવાનું જોર તોડી નાખવું. (૫) બંધકું કરવું.

૧૦૦. પગ ભાગી-ભાંગી નાખવા = (૧) નાકોમેદ કરવું. (૨) બળ તોડી નાખવું; હરાવવું. (૩) બંધકું કરવું.

૧૦૧. પગ ભારી-ભાંગી બેસવું = (૧) નિરાશ થઈ કોઈ ભનરો નહિ એમ આજથી જ બાની થઈ હતાશ થવું; આશાભંગ થવું. (૨) પગનું હાડકું તૂટી જવું.

૧૦૨. પગ ભારે વગા-વગો = (૧) જવાને દિલ નહિ ચાલવું; એક વાર ન જવાવું એટલે ફરીને જતાં શરમ આવવી; આકાંક્ષાવું; ભલાવરો મૂકી દીધાથી આંચકો આવો; જવાની હિંમત ભાંગી રહેવી; પગ પાછો પડવો; સંકોચાવું; જતાં સંકોચ થવો. (૨) આરંભ્યા વગર રહેવું; અધૂરું રહેવું.

૧૦૩. પગ માંડવો = (૧) આગળ ચાલવું; પગલું. (૨) ચાલવું; શરૂઆત કરવું. (૩) ઠરીને ઠેકાણે રહેવું (૪) ધંધામાં પગપેસારો કરવો. (૫) નિરાંત પકડવી. (૬) પેસારો કરવો. (૭) શરૂઆત કરવી; પગ પકડવો; આરંભ કરવો. (૮) બા પાડવી.

૧૦૪. પગ મૂકવો = (૧) ઊતરવું. (૨) શરૂઆત કરવું.

૧૦૫. પગ મેળવવા = (૧) એક જ વખતે સમૂહમાં પગ ઊપાડવા. (૨) બંને પગની એડી મેળી ને રાખી ઘુંટણ રાખી કસરતમાં સિપાઈની જેમ ઊભા રહેવું.

૧૦૬. પગ મોકળા કરવા = પગ છુટા કરવા.

૧૦૭. પગ મોડવા = (૧) અટકાવવું. (૨) નમવું કરવું. (૩) નાકોમેદ કરવું; ભાંગી પાડવું. (૪) નમાડવું.

૧૦૮. પગ રહી જવા = પગ થાકીને અશક્ત બની જવા.

૧૦૯. પગ રાખવો = (૧) પગ આગળ મૂકવો; આગળ વધવું. (૨) સ્થ કરવું. (૩) સંતર લાંબ ન કરવો.

૧૧૦. પગ વગમાં લેવો = (૧) ભોગવટદાર હોવું. (૨) કાબૂ લેવો.

૧૧૧. પગ વધારવો = (૧) અધિકાર વધારવો; ધીરે ધીરે સત્તા વધારવી. (૨) આવેશની લેવી. (૩) કોઈની હદમાં જવું. (૪) ઘૂસણ કે આગળ વધારવાં. (૫) આસપાસમાં ઉતારણ કરવી. (૬) ધીરે ધીરે રોકાણ કરવા જોઈએ. (૭) હિંમતભેર આગળ વધવું.

૧૧૨. પગ વળવો = (૧) પગનું આમતેમ ફરવું. (૨) બીજી તરફ જવું આવવા જવાની ટેવ થવી.

૧૧૩. પગ વાળવો = (૧) નિરાંતે બેઠા આવો; વિસામો લેવો; આરામ લેવો. (૨) પરવારવું; કામથી કાયમ થઈ આરામ લેવા બેસવું.

૧૧૪. પગ વાળી-વાળીને બેસવું = નિવૃત્તિ લેવી; જંપવું; નવરા થઈ આરામ લેવો.

૧૧૫. પગ વાળી-વાળીને બેસવા ન પામવું = (૧) કામમાં હોવું. (૨) ખૂબ દોડાદોડ થવી; બેસવાનો વખત ન મળવો.

૧૧૬. પગ સરસ કરવા = પગ ધોઈ નાખવા; પગ સાફ કરવા.

૧૧૭. પગ સંકોડાવા = પગ ટૂંકા કરવા; પગ ફેલાવેલા ન રાખવા.

૧૧૮. પગથી તે માથા લગી-સુધી = નખથી શિખા સુધી; આખે શરીરે; હાડોહાડ; સર્વાંગ.

૧૧૯. પગની આગ-ઝાળ માથે ગઈ = બહુ જ ગુસ્સે થવું; સર્વાંગે ક્રોધ આવો.

૧૨૦. પગની મળ-ચેળ ઝાંખરી-ઝાંખી = ચાલવા બાદર ચાલવું; કોઈક ફેરો આવો; ધરમનો ધક્કો આવો.

૧૨૧. પગની પનોતી ઊતારવી = લાંબો ફેરો આવવા જતાં કામ ન થવું.

૧૨૨. પગની મેંદી ખમાઈ ન જવી = કોઈ બગડી ન જવું. ભારે કોઈ માણસ ઊઠીને ઠપકો જવાનું બનવા કોઈ બીજું કામ કરતો ન હોય ત્યારે બંગલામાં આમ બોલાય છે.

૧૨૩. પગનું આખું-આંબેલું = ચાલવાના ઠેકાણાવાળું; પગનું આંબલું; ચાલવાને ફાવતું.

૧૨૪. પગનું આઈ-સાબુ-સાબુ-સાચું = મજબૂત પગવાળું; ખૂબ ચાલી શકે તેવું.

૧૨૫. પગનું આંબલું = કામ કરવાને ખુશી નહિ બતાવનારું.

૧૨૬. પગનું માથે ને માથાનું પગે પહેરવું = ઊંધુંચતું કરવું.

૧૨૭. પગનું સગણું = સશક્ત.

૧૨૮. પગનું સાચું = કામ કરવાને ખુશી.

૧૨૯. પગને તળિયે ધસી નાખવું = ન લેખવવું; તુચ્છ ગણી કાઢવું; ન ગણકારવું.

૧૩૦. પગમાં ચક્કર હોવું = ભમેલા રખડતાં રહેવું.

૧૩૧. પગમાં ભવાનું ને કુંડરે મરવું = દુઃખમાં પણ આગળ વધવું.

૧૩૨. પગમાં બેડી પડવી = કોઈ બંધનને કે બંધનમાં ફસાવું.

૧૩૩. પગમાં માથું નાખવું-મૂકવું = (૧) પગે પડવું. (૨) શરણે જવું; આજીજી કરવી

૧૩૪. પગમાં લોઢાના સળિયા વાગ્યા હોય = ખૂબ રખડપટ્ટી કરી હોવી.

૧૩૫. પગે કમાડ દેવાં-દેવું-વાસવાં-વાસવું = (૧) ઉપરથી સારું દેખાડી પોતાનો દાવ ખેંચવો; કોઈ ન જાણે એમ પોતાનું કામ કરી લેવાની યુક્તિ કરવી; બરોબર કાર્ય કરવું; પોતે અલગ રહી કરવાનું હોય તે બીજાની પાસે કરાવવું. (૨) જવાબદારીના કાર્ય પ્રસંગે યુક્તિથી ઠેલો મારવો. (૩) હાથ ન આવતાં પગ વડે ઠેલી કમાડ ઉઘાડી કહેવું કે તે એની મેળે ઊઘડી ગયું; કોઈની સમક્ષ નહિ પણ પૂઠ પાછળ તે ન જાણે એમ એવી કૃતિ કરવી કે જેથી તેને નુકસાન થાય.

૧૩૬. પગે કરવું-ભેસાડવું = પગના આપા ઉપર ખાળાને કંચવવું; ઝાડે કરાવવું.

૧૩૭. પગે કીડીઓ ચઢવી = (૧) અશક્તિ આવવી. (૨) કામ કરવાથી કંટાળવું; કામ કરતાં આળસ થવી; વસમું પડવું.

૧૩૮. પગે ઘૂઘરા બાંધવા = (૧) બાયડી પહેરવી. (૨) નાચ માટે પગમાં ઘૂઘરા પહેરવા. (૩) બૈરું જેવું થવું.

૧૩૯. પગે પગ બાંધીને રાખવું = (૧) બરાબર પોતાની પાસે રાખવું; પોતાથી જરા ન પડવા દેવું. (૨) બહુ ચોકસાઈ રાખવી; નજરની બહાર જવા ન દેવું.

૧૪૦. પગે પડવું = (૧) આજીજી કરવી; કરગરવું. (૨) નમવું; જાપા થઈને પ્રણામ કરવા; પગે લાગવું. (૩) માફી માગવી. (૪) કરવો જવું.

૧૪૧. પગે પનોતી બેસવી = (૧) ખૂબ આવળા થવી; રખડપાટ થવી. (૨) નઠારો ઘાટો આવવો.

૧૪૨. પગે પરસેવો ઊતરવો = ખૂબ પરિશ્રમ પડે તેમ થવું.

૧૪૩. પગે પાણી ઠેલવી = (૧) પરજાઈ કામ કરાવવું. (૨) પોતે કામ નહિ કરતાં બીજાને માથે બોજો નાખવો; માથે આવેલું કામ બીજા તરફ ઢકેલવું

૧૪૪. પગે માછલાં મારે અને મોઢે રામ પુકાર = મુખમાં રામ ને બગલમાં છરી; મોઢેથી મીઠાશ દેખાડવી અને વર્તનમાં કપટી હોવું.

૧૪૫. પગે માથું મૂકવું = (૧) પગે પડવું. (૨) હારીને શરણ લેવું; નમી પડવું.

૧૪૬. પગે મેંદી કરવી-ચોપડવી-મૂકવી-લગાડવી = બેસી રહેવું; આવવાનો કંટાળો હોવો; આવવાનું ટાળવા કરવું.

૧૪૭. પગે મેંદી મૂકી છે? = ઉતાવળે કેમ આવતા નથી? આવતાં કંટાળનારને કટાક્ષમાં પ્રશ્ન કરતાં બોલાય છે.

૧૪૮. પગે લાગવું = (૧) કોઈનાથી કંટાળવું. (૨) પગે કોઈ ઉલ્લિ જવી. (૩) પ્રણામ કરવા. (૪) માફી માગવી. (૫) વરવધૂએ મોટેરાને નમસ્કાર કરવા.

૧૪૯. પગે લાગ્યા = હાર્યા; આકળા; કંટાળ્યા.

૧૫૦. પગે હાથ મૂકવો = સોગન ખાવા.

૧૫૧. પેટમાં પગ હોવા = (૧) પહોંચેલું હોવું; ઉપરથી ભોળા અને અંદરથી કપટી હોવું. (૨) સાપની માફક બહુ ઝેરીલા હોવું.

૧૫૨. બારે પગે = નિરાશાથી.

૧૫૩. ઓની બુદ્ધિ પગની પાનીએ = ઓછામાં બુદ્ધિ ઓછી હોય છે એવો કટાક્ષ.

૧૫૪. હલકા પગનું = બદરાજ આચરણવાળું; દુરાચારી.

૫. પું. નિશાની; છાપ.

૬. પું. પગનું સપાટ તળિયું.

૭. પું. પગથું; કમથું.

૮. પું. પાયો; જેની ઉપર કોઈ આકાર કે ચોકઠું ઊભું રખાય તે.

૯. પું. બે પગલાં વચ્ચેનું અંતર.

૧૦. પું. મૂળ; જડ.

૧૧. પું. હયાતી; અસ્તિત્વ; પગથું.

પગઇ ૧. [સં. પ્રકૃતિ] સ્ત્રી. (પ્રાકૃત) કર્મનો ભેદ.

૨. સ્ત્રી કર્મનો સ્વભાવ.

૩. સ્ત્રી. પ્રજ્ઞા; બોધ.

૪. સ્ત્રી. શરીર કે મનનું બંધારણ; તાસીર.

૫. સ્ત્રી. સ્વભાવ.

પગ ઉખરડું (પગ ઉખરડું) વિ. ઉપાડા પગવાળું.

પગ ઉપાડો (પગ ઉપાડો) પું. કપાટાબંધ ચાલવું તે.

પગઠેડી (પગઠેડી) સ્ત્રી. પગરસ્તો.

પગ ભેંચવાનો દાવ પું. કસરતશાળામાં કરાતો એક દાવ. સામસામા પહેલવાને પેતરામાં ઊભા રહી, એકે સામા પહેલવાનની નજર ચુકાવી, તેનો એક પગ પોતાના બને પગમાં ભેંચી લઈ તેને નીચે પાડવો.

પગમાડી સ્ત્રી. પગે ચલાવવાની ગાડી; 'બાઇસિકલ.'

પગમોડો (પગમોડો) પું. બેસીને પગ હલાવીને ચલાવવાની ગાડી.

પગચંપી સ્ત્રી. ચંપી; પગ દબાવવા તે.

પગચૂંદણ સ્ત્રી. ચટણી જ કરવા; ક્રમબદ્ધને લીધે કરવી પડતી દોડાદોડ.

પગજમાન પું. પગ જમીન; પગરખી જમીન; કોઈ માણસ વતનથી બીજે ગામ જતાં ત્યાં થોડા વખતમાં તેનું મરણ નીપજે તો પગજમાન તેને ત્યાં થઈ ગયા એમ બોલાય છે.

પગજમીન જુઓ પગજમાન.

પગજોડ (પગજોડ) સ્ત્રી. જામીન થવા માટે પત્ર રાખવાનાં પત્રો.

પગટેકણું ન. સાંધો ચલાવવાનું સાધન; 'પેડલ.'

પગઠમકારો પું. પગનો ઠમકાર.

પગઠ (પગઠ) ૧. [સં. પટ્ (બાંધવું)] સ્ત્રી. પાયડી

૨. સ્ત્રી. માન.

૩. સ્ત્રી. બંધિત.

૪. સ્ત્રી. ઓઘો.

પગઠડા (પગઠડા) પું. ઊંટ જાતનો અવાજ.

પગઠબંઠ [હિ. પગઠ + બંઠ (બાંધનાર)] પું. પાયડી બાંધવાનો ધંધો કરનાર; પાયડી બાંધનારો માણસ.

પગઠબંઠી [હિ.] સ્ત્રી. પાયડી બાંધવાનો ધંધો.

પગઠબંધ જુઓ પગઠબંઠ.

પગઠબંધી જુઓ પગઠબંઠી.

પગઠંડી સ્ત્રી. કેડી; માણસના ચાલવાથી બંધાઈ જે મેદાનમાં પડી રહેતો કેડો; જ્યાં માણસ પગરસ્તે ચાલી શકે એવો સાંકડો રસ્તો.

પગઠા (પગઠા) પું. જ. ઘ. પત્ર.

પગઠાં (પગઠાં) ન. જ. ઘ. પાસા ઉપરનાં ટપકાં; પાસા ઉપરનાં બીંદાં.

પગઠાં મૂકવાં = ગણાવું કરવું.

પગડી (પગડી) ૧. સ્ત્રી. પગ.

૨. સ્ત્રી. પગથું; પો.

૩. [સં. પટ્ (બાંધવું)] સ્ત્રી. પાયડી; સાંધો.

૧. પગડી ઉછાળવી = (૧) ઉપહાસ કરવો; હાંસી કરવી. (૨) ફુદેડા કરવી.

૨. પગડી ઉતારવી = (૧) અપમાન કરવું. (૨) માફી માગવી. (૩) લૂંટવું.

૩. પગડી ઊતરવી = અપમાન થવું; કલંક લાગવું.

૪. પગડી બદલવી = બૈરો કરવી.

૫. પગડી બાંધવી = (૧) ઉચ્ચ પદ કે કે સ્થાન પ્રાપ્ત થવું; સરદારી મળવી; અધિકાર પ્રાપ્ત થવો. (૨) ઉત્તરાધિકાર મળવો. (૩) પગડી બનાવવાનો ધંધો કરવો. (૪) મા અથવા બાપના મરી ગયા પછી ૧૨મે અથવા ૧૩મે દિવસે બટેરમાં પાયડી બાંધવાની ક્રિયા કરવી.

૬. પગડી રાખવી = (૧) ઇજ્જત બચાવવી. (૨) બહુ નમ્રતા કરવી; વિનંતિ કરવી. (૩) રક્ષા કરવી.

૪. સ્ત્રી. પત્યડી પહેરનાર દરેક વ્યક્તિ પાસેથી લેવાતો કર.
૫. સ્ત્રી. દક્ષેતો.
૬ સ્ત્રી માન.
૭. સ્ત્રી. મુદ્રામાંક પદ્ધતિ તે.
૮. સ્ત્રી. વ્યક્તિ.
૯ સ્ત્રી. દોહો.

પગડું (પગડું) ૧. ન. ચોપાટની રમતમાં અગિયાર, પચીસ કે ત્રીસનો દાવ આવતાં બેસતી મોગઠી. દર દાવને પગડો એક સોગઠી બેસે છે. બધી સોગઠી બેસી ગયા પછી દાવ આવે તો દરકોઈ સોગઠીને એક ઘર વધુ ચલાવવામાં આવે છે.
૨. ન પગ.
૩. ન. પાસા ઉપરનું ચિહ્ન; મીંડું; દપડું.

પગતરી [હિં] સ્ત્રી. જૂતા; બોટા.

પગતલિયા [હિં.] પું. પગરખાની સગવળી.

પગતળ ન. પગનું તળિયું.

પગતળાં ન. બ. વ. પગનાં તળિયાં.

પગતળી સ્ત્રી. પગનું તળિયું.

પગતાણ [સં. પક્ષ (પાંખ) + તન્ (વિસ્તારવું)] સ્ત્રી. મોકળાશ; જગ્યાની છૂટ.

પગતારો જુઓ પગતાણ.

પગતું ૧. વિ. પગનું; પૂરતું; તંગ નહિ એવું.
૨. [સં. પક્ષ (પાંખ) + તન (વિસ્તારવું)] વિ મોકળું; પહોળું.
૩. વિ. મોકું; વિશાળ.

પગતોડ (પગતોડ) ૧. [સં. પાદ (પગ) + તુદ્ (તોડવું)] સ્ત્રી. પગ વાળી જાય એમ રખડવું તે; પગે તોડ થાય એવા થક્કા આવા તે; દહ ઉપરાંતની રખડપટ્ટી; ઘાડી જગ્યા તેટલા આંટાફેરા; નકામા આંટાફેરા.
૨ સ્ત્રી. પગમા થતી કાતર; પગતુડ.

પગત્રાણ [સં. પાદત્રાણ] ન. પગરખું; બોટો.

પગતુડ સ્ત્રી. પગમાં થતી કાતર; પગતોડ.

પગત્રોડ (પગતોડ) જુઓ પગતોડ.

પગથરી સ્ત્રી. ઘૂંટી.

પગથાર ૧. પું જરૂખો.
૨. પું. હેરામાં મદપનું જોખતસિંચુ.
૩. પું. નીચી પહોળી ઓટલી.
૪. [સં. પ્રસ્તાર; પ્રા. પત્થાર] પું. પરસાર; કેટલાક ટુકડા પત્થરિયાં પછી કરેલું પહોળું કે મોટું પત્થરિયું; મીડીમાં વચ્ચે વચ્ચે વિશ્રામને માટે રાખેલી ચોકી.
૫ પું. પ્રપાત; ઓથ.

પગથારિયું ન. મોટું કે પહોળું પત્થરિયું.

પગથાલ પું. પગથી; 'ફૂટપાથ.'

પગથિયું ૧. ન. ક્રમ.
૨. [સં. પાદ (પગ) + સ્થા (ઊભવું)] ન. ચઢવા ઊતરવાનો અકેકો બનાવેલો ઘાટ; જેની ઉપર પગ ફરતી ચઢાય એવું પાટિયું; લાકડું, માટી, ચૂના અથવા પત્થરનું સ્થાન; ઊંચે ચઢવાને માટે ઉપરાઉપરી પગ મૂકાય એવી બનાવટ; ચઢવા ઊતરવા માટે કે સીડીમા પગ માંડવા માટે કરાતી રચના.
૩. ન. પગ મૂકવાનો નાનો પરવાર કે ઓટલી.
૪. ન પગલું.
૫. ન. પાવરી; પગુ.
૬. ન. સીડી; દાદરો; ચઢવાનો રસ્તો; શ્રેણી.

પગથી ૧. [સં. પાદ (પગ) + સ્થા (ઊભવું)] સ્ત્રી. પગના ઘસારાની નિશાની.
૨. સ્ત્રી. પગના ઘસારાને લીધે પડેલી ઘાટ; પગરવાટ; અવરજવરથી પડેલો ફેરફો; કેડી; નાનો સાંકડો રસ્તો.
૩. સ્ત્રી. પગે ચાલવાનો મોટા રસ્તાની બાજુનો નાનો માર્ગ; મોટા રાજમાર્ગની બે બાજુએ પગલા પડીને બનેલી ઘાટ
૪. સ્ત્રી. પત્થરથી બાંધેલ માણસોને ચાલવાની સડક; મુખ્ય માર્ગની પડખે શહેરારી માટે બાંધેલ રસ્તો; 'ફૂટપાથ.'
૫. ન. ખારણ; આડું.
૬. ન લાંબું પત્થરિયું.
૭. અ. ચાલતાં; ચાલીને
૮. અ. પગે પગે.

પગથીકામ ન. પગથી બનાવવાનું કામ.

પગથીપટ્ટ પું. પગથીનો વિસ્તાર.

પગદડો (પગદડો) પું. પગથી લાત મારીને રમવા માટેનો દડો; 'ફૂટબોલ.'

પગદલિત ૧. [સં. પાદ (પગ) + દલિત (કચરાયેલ)] વિ. દબાયેલ; કચરાયેલ.
૨. વિ. પગ વડે કચરાયેલ; પગથી દબાયેલ.

પગદંડ ૧. પું પેસારો; જમાવ.
૨. પું. રસ્તો; પગથી પડેલો રસ્તો.

પગદંડી ૧. સ્ત્રી. પગથી; કેડી; નાનો રસ્તો.
૨. સ્ત્રી. પગે ચાલીને જવું તે; કોઈ વાહન વિના ચાલીને જવું તે.
૩. સ્ત્રી. મદદગાર; સહાયક.

પગદંડો ૧. [સં. પદ (પગ) + દમ (આક્રમતેમ જવું)] પું. આવવું જવું તે; ફરવું ફરવું તે; આવાગમન; અવરજવર.
૨. પું. ઊભા રહીને બોકુંબલું કરાય કરાય એમ બનું તે; ટેકાને માટે કે જોવાને માટે લાકડી રાખવી પડે નહિ અને ક્રમ પૂરતું પગ અને દૃષ્ટિમાં બળ રહેવું તે; ટેક વગર બોકુંબલું કરવું ફરવું તે; કામચલાઉ ઉભવા ફરવાની શક્તિ.
૩. પું. જંગલમાં માણસના પગના ઘસારાથી બની ગૈરડી; જંગલમાં પડેલી પગથી; પગલાં પાડીને બનેલી ઘાટ; પગદંડી; કેડો.
૪. પું. બોકુંબલું મદદગાર માણસ.
૫. પું. પગપેસારો; કોઈ અજાણ્યાને ત્યાં જવા આવવાની શરૂઆત; પગસંચાર.

પગદાસી ૧. [હિં.] સ્ત્રી. અઠાઉ; પાદુકા.
૨. સ્ત્રી. બોટા.

પગદોડ (પગદોડ) ૧. સ્ત્રી. પગનો શ્રમ.
૨. સ્ત્રી. પ્રયત્ન.

પગધોડો (પગધોડો) ૧. પું. પગનો શ્રમ.
૨. પું. પ્રયત્ન; મહેનત; કોઈની સારવાર માટે અથવા કોઈની સ્થિતિ સુધારવા માટે કરવામાં આવતી પ્રયત્ન.

પગધોણું ન. પગ ધોવાનું પાણી.

પગપઢાલી સ્ત્રી. એ નામની એક દેશી રમત; આટાપાટા.

પગપસાર ૧. પું. ઓળખાણ.
૨. પું પગપેસારો; પ્રવેશ.

પગપંક્તિ [સં. પાદ (પગ) + પંક્તિ (હાર)] સ્ત્રી. પગલાંની હાર; પાદચિહ્નો.

પગપાટલી ૧. સ્ત્રી. પગ ટેકવવા રાખવામાં આવતી નાની પાટલી; 'ફૂટસ્ટૂલ '
૨. સ્ત્રી. પગનાં તળિયાંની ઉપરનો ભાગ; ઘૂંટીથી આંગળાં સુધીનો ભાગ.

પગપાથરણું ૧. ન. જમીનની સીનો ઓળો ભરતાં ચાલવા માટે પાથરવામાં આવતું કપડું
૨. ન. પગ મૂકીને ચાલવા માટે પાથરવાનું કપડું.

પગપાન [હિં.] ન. સોબોએ પગ ઉપર પહેરવાનું એક જાતનું પરોણું; પગાની; મોજસહર.

પગપારખુ ૧. પું. પગને પારખનાર માણસ; પગલાની પરીક્ષા કરનાર પગી.
૨. વિ. પગલાં ઓળખનાર.

પગપારખું જુઓ પગપારખુ.

પગપારો પું. (કચ્છી) પગપાળો; પગે ચાલનાર.

પગપાવડો પું. સાત કુંડાળાં કરી બે હાથમાં દોરનાં નાખ રોપી ચલાવવાની એક રમત.

પગપાળું ૧. વિ. પગે ચાલતું; પાળુ.
૨. ક્રિ. વિ. પગે ચાલીને.

પગપાળો ૧. પું. પગે ચાલતો સિપાઈ, પેદળ સિપાઈ.
૨. પું. પગે ચાલનારો માણસ; હાલક.
૩. વિ. પું. વાહન કે રમાલા વગર એકલો જ પગે ચાલી જનારો.

પગપેની સ્ત્રી. (કચ્છી) ગાળિયોમા ઊંચનીચનો ભેદ બતાવનાર શબ્દપ્રયોગ. જેમકે, પગપેનીએ છેટો.

પગપેસારો ૧. પું. અવરજવર.
૨. [સં. પાદ (પગ) + પ્રવેશ (કેસાવવું)] પું. કોઈ કેકાણે પગ પેસાડવો તે; દાખલ થવું તે; રસ્તો કરવો તે; પગ માંડવો અથવા ઘૂસવું તે.
પગપેસારો કરવો = ઘૂસવું.
૩. પું. દરમિયાનગીરી; દખલગીરી; માથું મારવું તે.
૪. પું. પરિચય; ઓળખાણ.
૫. પું. લાગવગ; વગણ.
૬. પું. સ્વાર્થ સાધવા ઘૂસવું તે; અંદર દાખલ થઈ સ્વાર્થ સાધવાની કરામત કરવી તે.

પગપેસાડું પું. પગપાળો; પગે ચાલનાર માણસ.

પગપ્રવેશ પું. પગ દાખલ કરવો તે.

પગપ્રહાર [સં. પાદ (પગ) + પ્રહાર (મા)] પું. પગની લાત; પાટુ.

પગફેર ૧. પું. અવરજવર; આવવું જવું તે.
૨. પું. હલનચલન.

પગબળાણું ન. જમીન ઉપર પગ મૂકતાં દાઝે એવી ગરમી.

પગભર ૧. વિ ઊભું કરેલું.
૨ વિ. આબાદ થયેલું.
૩. [સં. પાદ (પગ) + ભૃ (ભરવું)] વિ. હોંશિયાર; ચાલાક.
૪. વિ. તૈયાર; ઉદ્યત.
૫. વિ. પોતાના પગ ઉપર ઊભું રહી શકે તેવું; પોતાનો નિભાવ કરી શકે એવું; જીવનના આશ્રમ વગર રહી રહે તેવું. સ્વાશ્રયી.
૧. પગભર કરવું = ગુજરાન ચલાવી શકે તેવું બનાવવું.
૨. પગભર થવું = (૧) જન્મવું. (૨) જીવનના આધાર વગર નભવું. (૩) સ્વાશ્રયી બનવું; પોતાની શક્તિ કે બળ ઉપર ઊભા રહી શકાય એવા બનવું; સ્વાવલંબી થવું; પોતપોતાનું સંભાળી કરી લઈએ એવા સમર્થ થવું.

પગભેર જુઓ પગભર.

પગમાર્ગ [સં. પાદ (પગ) + માર્ગ (રસ્તો)] પું. ફક્ત પગે ચાલનાર માટેનો માર્ગ; 'ફૂટપાથ.'

પગમોતિયો પું. રમતમાં રમાતી પગ વડે મોટો ઉછાળવાની એક દેશી રમત.

પગર ૧. [સં. પ્રકર (જથ્થો); પ્રા. પગર] પું. અનાજ છૂટું પાડવા પાથરેલાં ડૂંડાનો ઢગલો. ખળું કરવા કરેલો ડૂંડાનો ઢગલો.
આસ્તિ નથી પાકરીઠે ચોર;
કૂલ પગર પરિપક્વ ગંભીર.
કાન્હડદેપ્રબંધ
૨. પું. ખૂબ માવાથી પગ સુધી શરીર ઢાંકવા તેવો મોટો પૂલનો જથ્થો.
૩. પું. ડૂંડાંમાંથી દાણા કાઢવા માટે તેના ઉપર બળદ ચલાવવા તે.
૪. પું. ઢગલો.
૫ પું. પરસેવો વળવો તે; શ્રમ.
૬. [સં. પ્રસ્રવ (પાણી)] પું. પાણી.

પગરખું [સં. પાદ (પગ) + રક્ષ્ (બચાવવું); પાદરક્ષક–પાદરક્ષ–પગરખું] ન. પગનું રક્ષણ કરે એવું ચામડાનું ટૂંકું મોજું; ખાસડું; મોજડી; જોડો; ચાલતાં પગનું રક્ષણ થાય એવી ચામડાની બનાવટ; કોટારખું; ઉપાન. વસાર્યા વગેરેના જોડા ખાસડા કે પગરખાં કહેવાય. ખાસડું નિરક્ષરમાં કે કોયમાં બોલતાં વપરાય છે.
પગરખામાં પગ ઘાલવો–મૂકવો = નરોત્તરી કરવી; હરીફાઈ કરવી; બરાબરી કરવી; એકબીજાથી સરસ થવાની તજવીજ કરવી, ચડસાચડસી કરવી

પગરખો પું. (કચ્છી) જોડો.

પગરણ ૧. [સં. પ્રકરણ; પ્રા. પ્રગરણ] ન. ઉત્સવનો સમારંભ; જનોઈ, વિવાહ વગેરે મંગળ પ્રસંગોનો આરંભ; મંગળ કાર્યનું મંડાણ; કોઈ અવસર ઊજવવાનો આરંભ.
મેં તો મેરે પગરણ માંડિયા રે લક્ષ્મીશ
પગરણ કરવું–માંડવું = શરૂઆત કરવી.
૨. ન. નાહ; પ્રસંગ.
૩. ન. પડાવ.
૪. ન. (જૂ. ગુ.) પરગણું.
૫. ન. પહેરેલું વસ્ત્ર; ધોતિયું; પોતિયું.
૬. ન. પ્રસ્તાવ; અધિકાર; પ્રકરણ; અંગ.
૭. ન. બાળક.
૮ ન. વસ્ત્ર.
૯. ન. શુભ અવસર; કોઈ દિવસ; સારું ટાણું.

પગરણિયું વિ. દરેક સારા કાણા સાથે જોડાયેલું; શુભ અવસર સાથે જોડાયેલું; પગરણ વખતનું.

પગરણી સ્ત્રી. વસ્ત્ર; કપડું.

પાણી પાણી પગરણી, પાસે પિયણ પલેવ;
ઉંવરા તો પવના ભલા, સત બાપે સહદેવ.
સોરઠને સીમાડે

પગરના [હિં.] પું. સોનાચાંદી ઉપર નકશી કામનું એક ઓજાર. તે નકશી કરતાં નાનો ખાડો પાડવા માટે વપરાય છે.

પગરવ ૧. પું. આરબ; અવરજવર; સંચળ.
૨. પું. જન્મ આવવાથી પડેલી રજ કે ધૂળ.
૩. [સં. પાદ (પગ) + રવ (અવાજ)] પું. પગે ચાલવાથી થતો અવાજ; પગલાંનો અવાજ.

પગરસ્તો ૧. [સં. પાદ (પગ) + વૃત્તિ (ટેવ)] પું. અવરજવર; જવા આવવાનો રહેવારો.
૨. પું. પગથી; 'ફૂટપાથ.'
૩. પું. પગના પ્રહારાથી પડેલો માર્ગ; કેડી; પગપાળાને ચાલવાની કેડી; અવરજવરથી પડેલો રોરડો; પગરસ્તો.
૪. પું. પગનો પ્રહારો; પગના પ્રહારાની નિશાની.
૫. પું. વનઝાડીનો રસ્તો; વનમાર્ગ.

પગરવટો ૧. પું. અવરજવર; જવરઅવર.
૨. પું. જવરઅવરથી પડેલો રોરડો; પગવાટ; પગરવટ.
૩. પું પગથી; 'ફૂટપાથ.'
૪. પું. પગથી પડેલો પ્રહારો.
૫. પું. પગના પ્રહારાની નિશાની.

પગરવો જુઓ પગરવ.

પગરસ્તો ૧. પું. જમીનનો માર્ગ.
૨. પું. પગથી; 'ફૂટપાથ'
૩. પું. પગપાળાને ચાલવાની કેડી; વાહને જવાય નહિ પણ પગે ચાલને જવાય એવો માર્ગ; પગવાટ; રોરડી.

પગરા ૧. પું. પગ; કમ; કદમ.
૨. પું. યાત્રા આરંભ કરવાનો સમય; પરોઢિયું; પ્રભાત.

પગરાણ ન. પગરણ; મંગળ કાર્યનું મંડાણ.

પગરી ૧. [હિં] સ્ત્રી. પાઘડી વેરો; બાર વર્ષની ઉમરના પુરુષવર્ગ પાસેથી મુસલમાન રાજ્યમાં ઉઘરાવી લેવાતો કર.
૨. સ્ત્રી. એક પણ પગલું ચાલતા વગર અંતિમ ધામ પહોંચી જવું તે.
૩. સ્ત્રી. તલ કાઢવા પછી હોરી કરવી તે; તલની પૂણીઓને ગોઠવવી તે.
૪. સ્ત્રી. પાઘડી.

પગલેંગરિયાં [પગ + લંબગું (ઢળકવાની હોરીને એક છેડે ઠીકરું બાંધી ઘૂમતું રાખવામાં આવે તે)] ન. બ. ક. પગે રમવાની એક

પગાર

૨મત. તેમાં ૨મનારાઓ ઓછીવત્તી સંખ્યામાં આંટી ભેરવી પોતપોતાના સંપરિયાનાં ઠીકરાં પોતાના પગનાં અંગૂઠાંમાં ભેરવે છે અને પછી સામસામા દૂર ખસતા જાય છે અને દોરી સરકાવતા જાય છે. એમ કરતાં એકાદ જણનું સંપરિયું કપાઈ જાય છે. એવી રીતે સ્રાવવાનાં સંપરિયાને પગસંપરિયાં કહે છે.

પગલા [હિં.] વિ. ગાંડું; મૂર્ખ; પાગલ.

પગલાં ૧. ન. બ. વ. દેવ, સંત વગેરેનાં પૂજ્ય માટેનાં પગલાં કે તેનું પદક.

૨. બ. બ. વ. પગલુંનું બહુવચન.

પગલાં ઓળખવા = (૧) કોઈ પણ માણસની નજીવી હિલચાલના છૂપા ભેદથી પરિચિત હોવું. (૨) પરીક્ષા કરવી; કસોટીએ ચડાવવું.

પગલી ૧. સ્ત્રી. ચોરનું પગલું.

૨. સ્ત્રી. ડગલું; પગલું; પાપગલું; પગથી જરાતું નાનું પગલું.

પગલી માંડવી = ધીરે ધીરે ચાલતાં શીખવું. બાળક માટે વપરાય છે.

૩. સ્ત્રી. પગલાની હારબંધ; પદપંક્તિ; પગલાંની પંક્તિ.

૪. સ્ત્રી. શેરડી; નાનો પગરસ્તો.

૫. [હિં.] સ્ત્રિ. સ્ત્રી. ચાંદી; પગલ.

પગલીપૂજા સ્ત્રી. સંત પુરુષ અથવા દેવતાઓનાં પદચિહ્નોની પૂજા.

પગલુછણિયું ન. પગ લુછવા બારણા પાસે મૂકવામાં આવતો કાથીનો કે તારનો ઝીણો ઝાડુ; ઉંબરા પાસે રખાતી કાથાની સાદડી.

પગલુસણિયું જુઓ પગલુછણિયું.

પગલું ૧. ન. આંપતો ઉપાય.

૨. ન. જમીન ઉપર પડેલું પગના તળિયાનું ચિહ્ન; ખીલા કે ઠેકવાળા પગની કોઈ સપાટી કે ફલક ઉપર પડેલી છાપ; ચાલવાથી જમીન ઉપર પડેલો પગનો આકાર; પગની નિશાની; પગના તળિયાની છાપ કે આકૃતિ.

૧. કંકુનાં પગલાં = શુભ આગમન.

૨. તમારાં પગલાં અમારા ઘેર ક્યાંથી ? = તમે અમારે ત્યાં પધાર્યા તે અમારા ઉપર ઉપકાર થયો.

૩. નેસ પગલાંનું = અશુભ.

૪. પગલાં ઓળખવાં = (૧) પગલાની પરીક્ષા કરવી; પગલાં ઉપરથી સ્વભાવ કે ચારિત્રની પરીક્ષા કરવી. (૨) પાછળ રહેલા ગુપ્ત હેતુની ખબર હોવી.

૫. પગલાં કરવાં–થવાં = કૃપા કરી પધારવું; આવવું

૧. પગલાં ભરવાં–પગલું ભરવું = (૧) આગળ વધવું; તરફ વધવું. (૨) ઉપાય કરવો. (૩) કોઈકની સામું જવું; હરિફાઈ કરવી. (૪) ભાગવાનું પાપાપગલી શીખવું.

૬. પગલાં માપવાં–પગલું માપવું = (૧) ઝટ ચાલવા માંડવું; ઝોકદમ જવું; તાબડતોબ ખસી જવું. (૨) હિલચાલની તપાસ રાખવી.

૮. પગલાં માંડવાં = શરૂઆત કરવી; કોઈ કામનો આરંભ કરવો.

૯. પગલું ચડવું = પગલાંના ચિહ્ન ઉપરથી ચોર વગેરેની ભાળ મેળવી.

૧૦. પગલું મૂકવા જેટલી જગ્યા ન હોવી = (૧) તદ્દન નિર્ધન હોવું. (૨) સંકડાશ હોવી.

૧૧. પગલું ચોખવું–ચોંખી ચડવું = કોઈ માણસ કે ચોર ભાગ્યો અને કયે રસ્તે ગયો તે તેનાં પગલાંને અનુસરી જોતી ચડવું.

૧૨. પગલે પગલે = બરાબર અનુકરણ કરીને; અનુસરીને.

૧૩. પગલે પગલે ચાલવું = અનુસરવું; બીજાએ જેમ કર્યું હોય તેમ કરવું; અનુકરણ કરવું; બીજાએ જેમ કર્યું હોય તેમ કરવું.

૧૪. પગલે ચાલવું = રસ્તે જવું.

૧૫. સારાં પગલાંનું = ભાવભરદાયક; સારું ભાગ્ય આપે એવું; શુભ.

૩. ન. જેમાં પગની છાપ કે આકાર પાડેલો હોય એવી ધાતુ કે પથ્થરની તખ્તી.

૪. ન. પગની આપવાળું મોજામાં પહેરવાનું ઓજ પરેલું.

૫ ન. પત્તો; તપાસ.

૬. ન. બે પગલાંની વચ્ચેનું અંતર; ડગલું.

૭. ન. વર્તન

૮. ન. કરામત.

પગલૂછણું જુઓ પગલુછણિયું.

પગલે પગલે ૧. [પગલુંનો દ્વિર્ભાવ] ક્રિ. દરેક પગલે; ડગલે ને પગલે.

૨. ક્રિ. નિમકહલાલીથી.

૩. ક્રિ. વખતોવખત; વારંવાર; વલોપલ.

૪. ક્રિ. વિશ્વાસથી.

પગવટી ૧. સ્ત્રી. કેડી.

૨. ક્રિ. કેડીએ.

પગવાટ ૧. સ્ત્રી. જમીન ઉપરથી ચાર્મ ને જવાનો રસ્તો; ખુશકી રસ્તો; સ્થળમાર્ગ.

૨. સ્ત્રી. પગથી; 'ફૂટપાથ.'

૩. સ્ત્રી. પગે ચાલીને જવાનો રસ્તો; કેડી; પગરસ્તો.

પગવારેવેલું સ. ક્રિ. (કચ્છી) જરા શાંતિથી બેસવું.

પગ વાળતાં ક્રિ. જલદીથી; જોર માણસ જેટલી પહોંચી વળે તેટલા જ સમયમાં.

પગવાળું પ્રાણી કું. પગે ચાલનાર પ્રાણી. ઓમ. જી. વેલ્સના 'આઉટલાઇન્સ ઑવ હિસ્ટરિ'માં પગવાળાં પ્રાણી પૃથ્વીના પ્રાથમિક જીવન યુગમાં થવાનું જણાવ્યું છે. તે યુગ હાલના ઐતિહાસિક સમયથી ઓછામાં ઓછા બે કરોડ વર્ષ પૂર્વેનો જણાવ્યો છે.

પગસંચાર કું. પગે ચાલતાં થતો અવાજ.

પગસેડો કું. (કચ્છી) પગે ચાલવાનો ગેરફાયદો; પગવાટ.

પગહો કું. ઓથ; આધાર.

પગા ૧. [હિં.] કું. દુપટ્ટો.

૨. કું. બળદની ગરદન આસપાસ બાંધેલું દોરડું.

પગાર ૧. [પ્રા.] કું. ભાદિ; વગેરે.

૨. [સં. પ્રાકાર] કું. કોટ; કિલ્લો.

વસ્તી જોઈ કેવહાલ પાઠવ્યિ, પાઝ્યા પોતિ પગાર.
કાન્હડદેપ્રબંધ

૩. [હિં.] કું. ગઢ, મહેલ કે બાગબગીચાના રક્ષણ અર્થે કરેલી દીવાલ.

૪. [પોર્ટુ.] કું. નોકરને તેના કામના બદલા તરીકે આપવામાં આવતો કરભાયો; નોકરીનો નાણાંથી અપાતો બદલો; અઠવાડિયે, મહિને અથવા અમુક મુદતે નોકરીના બદલામાં આપવા માટે ઠરાવેલી મહેનતાણાની રોકડ રકમ; મુશારો; વેતન.

૧. પગાર કરવું = ચૂકવવું; ચૂકતું કરવું.

૨. પગાર કરવો = (૧) કરભાયો ઠેરવવો. (૨) પગારના ચડેલા પૈસા આપવા; પગાર ચૂકી આપવો; મુદતસર મહેનતાણું આપવું.

૩. પગાર આવો = (૧) પગાર લેવો; નોકરીમાં હોવું. (૨) વખત ઉપર કે પ્રસંગે કામ કરવાને બંધાયેલા રહેવું.

૪. પગાર આવો = પગાર લેણો થવો; પગાર અપાયા વગર આકી રહેવો.

૫. પગાર ચૂકવો = (૧) નોકરીના બદલામાં વેતન આપવું. (૨) પગારની બાકી રકમ આપી દેવી.

૬. પગાર ઠરાવવો–બાંધવો = માસિક મહેનતાણું નક્કી કરવું.

૭. પગાર થવું = ચૂકતે થવું.

૮. પગાર થવો = (૧) પગાર નક્કી થવો (૨) પગારનો ચુકાવો થવો. (૩) વેતન મળવું. (૪) હિસાબ પ્રમાણે પગારની રકમ લેણી થવી.

૯. પગાર બંધ થવો = મળતું મહેનતાણું બંધ થવું; નોકરી છૂટી જવી.

૫. [હિં.] કું. પગે ચાલીને ઓળંગી શકાય એવી નદી.

૬. કું. પગેથી કાપેલો ચારો.

૭. [સં. પ્રકર] પું. (પ્રાકૃત) પ્રકર; ભેદ.
૮. પું. મકાન બાંધવા માટેની પહાળિયા માટી.
૯. [સં. પ્રાજ્ઞ] વિ. પહોળું; વિસ્તૃત; મોકળું; વિશાળ.
ચોડાં ચૌદાં પેલ પગાર. રાજબ

પગારદાપ પું. પગારમાં ઘટાડો.

પગારખાતું ન. પગાર આપનાર ખાતું.

પગારચી ૧. પું. પગારદાર માણસ; પગાર મળતો હોય તેવો નોકર.
૨. વિ. પગાર મેળવતું.

પગારદાર ૧. પું. પગાર મળતો હોય તેવો નોકર.
૨. વિ. વૈતનિક; વૃત્તિભોગી; વેતનભોગી; પગારવાળું; પગાર આપનાર; પગાર લઈને કામ કરનાર; વેતનદાર.

પગારપત્રક [પગાર + પત્રિકા (પત્રક)] ન. કરમાવાનું પત્રક; પગાર જેમાં આકારાય તેવું પત્રક, આ પત્રકમાં નામ, પગારની રકમ, ભરેલા દિવસો સામે પગાર આપવાની રકમ વગેરે લખાય છે.

પગારિયા ૧. [સં. પ્રાકાર] પું. કિલ્લો.
૨. પું. ઝાલરી; ટોપલી; છાબ.
૩. પું. ઢાલ; ફલક.
૪. પું. કૂવાથી ભરેલી કાંખણી; કૂવાની ભંજરી.
૫. ન. એ નામનું એક કૂવાઝાડ. આ ઝાડ દક્ષિણના વેલા ચડાવવાના કામમાં આવે છે.

પગારાગ્રામ ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં વાસુદેવ મણેશ્વરનું સ્થાન છે.

પગારી વિ. પગાર મળતો હોય તેવું; પગારદાર.

પગારૂં ન. છાબ; ટોપલી.

પગારૂ ૧. [પ્રા.] પું. ક્રોધ; ગુસ્સો.
૨. [સં. પ્રકાશ] પું. પ્રકાશ; તેજ; ઉદ્યોત.
૩. વિ. ખુલ્લું.
૪. વિ. સરખું; તુલ્ય; સમાન.

પગાલ [કા.] સ્ત્રી. યાત્રા આરંભ કરવાનો સમય; પરોઢિયું; મળસકું.

પગાલતર [કા.] સ્ત્રી. વહેલું પગેદિયું.

પગાળું વિ. પગવાળું.

પગિયા [હિં.] સ્ત્રી. પ્યાદી.

પગી ૧. પું. ચોકિયાત; ચોકી કરનાર; રખોસિયો; રખેવાળ; ચોકીદાર.
૨. પું. જન્મતાં જેના પગ પહેલાં બહાર આવ્યા હોય તેવો માણસ.
૩. પું. પગમાં જેર્ડ ચોર કોલ્યુ છે અને તે ચોરી કરી ક્યાં ગઈને મરો તે પારખી કહનારો માણસ; પગલું પારખી ચોરની ભાળ કહનાર માણસ.
૪. સ્ત્રી. કેનેરા તરફ હોડી ચલાવવાનો ધંધો કરતી એ નામની એક જાતિ.
૫. ન. એ નામની જાતિનું માણસ.
૬. વિ. એ નામની જાતિનું.
૭. વિ. જન્મતાં જેના પગ પહેલાં બહાર આવ્યા હોય તેવું.
૮. વિ. પગે ચાલનાર.

પગીઘર ન. પગીને રહેવાનો ઓરડો. મૃચ્છકટમાં જણાવ્યું છે કે: પગીઘર એ નોકરઘર નથી. તેમાં તો ચોકીદારે ચોકી પૂરતું જેસવાનું જાગવા બહુ તો સવાનું રહે છે. પ્રવેશદ્વાર પાસે પગીઘર કરવાની જરૂરિયાતથી કેટલીક વખત આંખને ખૂંચે તેવો દેખાવ થઈ રહે છે. ઉપયોગિતા અને સુંદરતા બંનેનો સમન્વય સધાય તેવી રીતે પગીઘરની ગોઠવણી થવી જોઈએ. અગાઉના વખતમાં કિલ્લાની ફરતી અને ઊંચી દીવાલો તથા તેથી પણ ઊંચા અને જાડા સ્થાપત્યના નમૂનારૂપ દરવાજાઓ થતા, તેમાં પગીઘરના સ્થાપત્ય સંબંધે મુશ્કેલી નડતી નહિ. અત્યારે કમ્પાઉન્ડ વોલનો રિવાજ હોવાથી તેને માટે જરાજર ચીવટ રાખવી જોઈએ. લતામંડપ, ગોકરી વગેરેમાં જાળી જાળ તેવું પગીઘર થઈ શકે.

પગીડો (પગીડો) પું. પગી; પગલે પગલે ચાલીને ચોર કાનાર માણસ.

પગીપણું ૧. ન. ચોકિયાતનું કામ.
૨. ન. ચોકી કરવાના લેવાતા પૈસા.

પગીર પું. પહેરેગીર; દરવાન; રખેવાળ.

પગુ [હિં.] પું. પશુ.

પગું ૧. ન. ચણવા ઊતરવા માટે રાખેલું પનરિયું.
૨. ન. બાંધણીને ટકાવી રાખવા તેની નીચે મુકાતો પત્થર.
૩. ન. પગ મૂકવાનું સ્થાન.
૪. વિ. પગવાળું. જેમકે, હાથીપગું, જાપરપગું.

પગૂરવું અ. ક્રિ. વાગોળવું.

પગે પગે ૧. અ. ચાલીને; ચાલતાં.
૨. અ. દરેક પગે.

પગેપડણું (પગેપડવું) ન. પગેપરણું; વહુએ સાસુ જમવા વડીલને પગે પડતાં મૂકેલી ભેટ.

પગેપરણું ન. વહુ પોતાની સાસુ, જેઠાણી વગેરે વડીલ બીજાને પગે લાગી આપે તે રકમ; પગે પડતાં મુકાતી ભેટ.

પગેપરવું જુઓ પગેપરણું.

પગેપડું અ. પગે ચાલીને.

પગેરું ૧. ન. કેડી; પગથી; પગરસ્તો.
૨. ન. ચોરનું પગલું.
પગેરું કાઢવું = પગલાંનાં ચિહ્ન ઉપરથી ચોર વગેરેની ભાળ કાઢવી.
૩. ન. નાસી ગયેલા ચોરનાં પગલાંની તપાસ.
૪. ન. પગલાંની હાર.
૫. ન. સગડ; દિશાસૂચક; કૂંચી.
૬. વિ. પગપાકું; પગે ચાલીને જનારું.

પગેરો પું. ચોર વગેરેની પાછળ પડવું તે.

પગેલગણ જુઓ પગેલાગણ.

પગેલાગણ ન. પગે લાગવું તે; નમન; વંદના; પગમાં પડવું તે.

પગેલાગણું ૧. ન. પગે લાગવું તે; હાથ જોડી પગ આગળ પડીને માન આપવું તે; પ્રણામ; નમસ્કાર.
૨. ન. વડીલને નમસ્કાર કરી ધરાતું નજરાણું.
૩. ન. સલામી વખતે અપાતું ઇનામ.
૪. ન. સાસુ વગેરેને પગે પડતાં વહુએ મૂકેલી ભેટ.

પગેલી ૧. સ્ત્રી. ઓરી; બૈરી.
૨. સ્ત્રી. હનુમાને પગ તળે દાબેલો એ નામની દેવી શક્તિ.
૩. વિ. જાણકારવાળું.
૪. વિ. ચુસ્ત પગલાંવાળું.

પગો ૧. પું. પૂતળી જાતનું બીજાને પહેરવાનું ઘાટ કપડું. કાળા રંગનું તે ભગો ને લાલ રંગનું તે પગો કહેવાય છે.
૨. પું. (કન્નડી) વહાણને કિનારા સાથે બાંધવાનું દોરડું.
૩. પું. ન. ક. પગનું બહુવચન.

પગોડા (પગોડા) ૧. પું ઈસ્ટ ઇન્ડિઆ કંપનિના વખતનો એક સિક્કો. આ સિક્કાની એક બાજુ શુદ્ધ મંદિરનું ચિત્ર આપવામાં આવતું હતું.
૨. પું. દક્ષિણ હિંદનો એક સિક્કો.
૩. [સં. મૂત (મૂર્તિ) + કટાક (જગ્યા)] ન. ખોટ મંદિર; પેગોડા.

પગોર [પ્રમાન + ઓર] પું. અનાજ ભરેલાં કોઠાં, બાજરિયાં કે ઊભીઓનો ઘાટ ફેરવવા માટે બગાડમાં કાઢેલો હલકો.

પગોરા ન. એક જાતનું ઝાડ. ડાળીઓ કૂંપળરિમાં વાવી તેનાં નવાં ઝાડ કરાય છે. માર્ચમાં ઘાટ ફૂલ આવે છે. ૭૦ ફૂટ ઊંચું તે થઈ છે. રસ્તા ઉપર છાયા માટે તથા દ્રાક્ષના વેલાને ચડાવવા માટે તે વપરાય છે.

પગોળ પું. કબૂલાતમાંથી કાયમ રહેવા બળામાં પાથરેલો પાર.

પગડબંદ (પગડબંધ) પું. પાઘડી બાંધનારો માણસ; પાઘડી બાંધવાનું કામ કરનારો માણસ; પગડબંધ; પગડબંદ.

પગડબંદી (પગડબંધી) સ્ત્રી. પાઘડી બાંધવાનો ધંધો.

પગડબંધ (પગડબંધ) જુઓ પગડબંદ.

પગડબંધી (પગડબંધી) જુઓ પગડબંદી.

પગડબંધો (પગડબંધો) પું. પાઘડી બાંધવાનો ધંધો કરનારો માણસ.

પગથા (પગથા) ૧. ન. વ. ન. સોપાટની રમતના દાવ.

૨. ન વ. ન. સોગઠાં.

પગથી (પગથી) [હિ.] સ્ત્રી. પાઘડી.

પગથું (પગથું) ૧. ન. સોગઠાબાજીની રમતમાં ચાર સોગઠી બેસાડી દીધા પછી દાવ આવતા સોગઠીને એક ઘર વધારે ચલાવવી તે.

૨. ન. સોગઠાબાજીમાં દાવ આવતા બેસતી સોગઠી; પો.

૧. પગથું બેસવું = દાવ આવતાં સોગઠી બેસવી.

૨. પગથું બેસાડવું = દાવ આપીને સોગઠી બેસાડવી.

પગર સ્ત્રી. પરસેવો.

પગરવું અ ક્રિ. (કચ્છી) પસીનાથી ભીંજાઈ જવું.

પગરાવવું સ ક્રિ. (કચ્છી) પસીનાથી ભીંજવી નાખવું.

પગવવું અ. ક્રિ. પીગળવું.

પગાં [હિ.] પું. દોરડું; દોરને બાંધવાનું દોરડું.

પગાસ [હિં.] સ્ત્રી. સખત ભોંકું; એક જાતનું પોલાદ

પગિયાં સ્ત્રી. પાઘડી.

પગૈયા ૧. [હિં.] પું. કાપડ, ગોદડું વગેરેનો વેપારી.

૨. પું. ફેરિયો; ગામમાં ફરી ફરીને માલ વેચનાર વેપારી.

પગ્ ૧. [સં.] અ. ક્રિ. પગવું.

૨. સ ક્રિ. પૂર્ણ કરવું; વિકાસ કરવો.

૩. સ ક્રિ. પ્રકટ કરવું; ખુલ્લું કરવું.

૪. સ. ક્રિ. (ધાતુ) રાંધવું; પકાવવું. તે ઉપરથી બનેલ શબ્દો: પક્વ, અપક્વ, પરિપક્વ, પક્વાન, પાચન, પાચક, પાક, પક્વવું.

પક્ષ ૧. પું. ધર્માધિપણું; નાસ્તિકતા.

૨. પું. પક્ષપાત.

પક્ષ પડવું = (૧) પક્ષદ પડવું; ગમવું. (૨) મારફ આવવું; અનુકૂળ થવું; ઠીક લાગવું.

૩. પું. પખવાડું તે.

૪. પું. પખે તેવો ખોરાક.

૫. [સં. પક્ષ્ (રાંધવું)] પું. રાંધવું તે; રોકવું તે.

૧. પક્ષ મારવી = મોત થઈ જાય એટલું કામ કરવું.

૨. પક્ષ મારવી = મહેનત નકામી જવી.

૬. પું. ચરબત.

૭. વિ. બધું. આ શબ્દ પીળું સાથે વપરાય છે. જેમકે, પીળુંપક્ષ.

૮. વિ. પાંચ; પાંચનું ટૂંકું રૂપ.

૯. અ. કથનનો કે પ્રોત્સાહનને બદલે. પક્ષ કાં ને-કાં ને = પક્ષ જેવા બદલાની સાથે.

પક્ષક ૧. [સં. પક્ષ્ (રાંધવું) + અક (નાર)] પું. રસોઇયો; રાંધનારો.

૨. વિ. બધું જ પીળું.

૩. અ. અબજપતે.

૪. અ. એકદમ; ઝડપથી; જલદી.

૫. અ. બરાબર; ઓચિંતું.

૬. અ. પક્ષ જેવા બદલાની સાથે.

પક્ષકડી (પક્ષકડી) ૧. સ્ત્રી. નાની પિચકારી.

૨. સ્ત્રી. રોટ; ધાર.

પક્ષકલ્પ ૧. [સં. પક્ષન્ (પાંચ) + કલ્પ] ન. પક્ષ પદાર્થનો લાભ કરવાનું વ્રત.

૨. વિ. પોચું; ઢીલું.

૩. વિ. બીકણ; પોચકણ; કરપોટ.

પક્ષકલ્યાણ પું. પંચકલ્યાણ; ચારે પગ અને માથું પોચા હોય અને બાકીનું શરીર લાલ, કાળું કે નીલ કોઈ રંગનું હોય એવો પોપો. આવો પોપો શુભ ફળ દેનારો મનાય છે.

પક્ષકાણ [સં. પ્રત્યાખ્યાન; પ્રા. પચ્ચક્ખાણ] ન. પાપના ત્યાગની પ્રતિજ્ઞા.

પક્ષકારી ૧. સ્ત્રી. ચારરૂપે બજાર ઝટેલું ચૂરક.

૨. સ્ત્રી. પિચકારી.

પક્ષકી પું. પૈસાના સોમા ભાગની કીમતનો તાંબાનો સિક્કો; દમડી.

પક્ષકું જુઓ પક્ષકણ.

પક્ષખના ૧. [હિ.] વિ. પાંચ ખંડવાળું.

૨. વિ. પાંચ મજલાવાળું.

પક્ષખનું ૧. ન. એક સાથે પાંચ ઓરડા હોય તેવું મકાન.

૨. વિ. પાંચ માળવાળું મકાન.

પક્ષખવું જ. ક્રિ. નિયમ લેવો.

પક્ષખો આરે અહાર, સાવલ કામ તમોરી.
આનંદઘનચોવીસી

પક્ષખાણ [સં. પ્રત્યાખ્યાન; પ્રા. પચ્ચક્ખાણ] ન. (જૈન) પ્રતિજ્ઞા; કશું કામ ત્યજવાનું વ્રત; પરિત્યાગ.

પક્ષખાન જુઓ પક્ષખાણ.

પક્ષખી ૧. સ્ત્રી. (જ્યો) પંચક, અશુભ કર્મ કરાય નહિ એવા પાંચ દિવસ.

૨. વિ. (જૈન) પેખણી.

પક્ષખૂડ [સં. પંચન્ (પાંચ) + કૂટ (ખૂણો)] પું. (ગણિત) પંચકોણ.

પક્ષગુના [સં. પંચગુણ] વિ. પાંચગણું.

પક્ષગુપ્પા પું. લખોટાથી રમાતી એ નામની એક રમત.

પક્ષગ્રહ [સં. પંચગ્રહ] પું. (જ્યોતિષ) મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એ પાંચ ગ્રહોનો સમૂહ.

પક્ષચડ (પક્ષચા) ૧. [હિં.] પું. એક જાતનું ગીત.

૨. પું. પ્રપંચ; કાવાદાવા.

૩. પું. (સંગીત) તાલની કે ખ્યાલના ક્રમનું એક જાતનું ગીત. તેમાં પ્રાય પાંચ ચરણો હુકડે હોય છે.

પક્ષચડ સ્ત્રી. (કચ્છી) બળતરા.

પક્ષચવું અ. ક્રિ. (કચ્છી) પાકવું; બળવું.

પક્ષત ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. બાકડાનો છોડ.

૩. પું. ઉંદર

૪ પું ચિત્રાનું ઝાડ.

૫. પું. સૂર્ય.

૬. વિ. પાકેલું; વિકસિત.

૭. વિ. રાંધેલું.

પક્ષતાપ [સં. પશ્ચાત્ (પાછળથી) + તપ્ (તપવું)] પું. પસ્તાવો.

પક્ષતાવા જુઓ પક્ષતાપ.

પક્ષતાવું [સં. પશ્ચાત્ (પાછળથી) + તાપન (તપવું તે)] અ. ક્રિ. પસ્તાવો કરવો.

પક્ષતાવો [સં. પશ્ચાત્ (પાછળથી) + તાપ] પું. પસ્તાવો.

પક્ષતૂરા પું. એક જાતનું વાજું

પક્ષતોરિયા જુઓ પક્ષતોલિયા.

પક્ષતોલિયા ૧. [હિ.] પું. કુનાલ; અંગૂઠો.

૨. [પંચ (પાંચ) + તોલો (એક રૂપિયાભારનું વજન)] ન. એક જાતનું કાપડ. આ કાપડ

ઓઢવું અધું ભારીક અને હલકું અતું કે ચાલીસ ગજના થાનનું વજન માત્ર પાંચ તોલાથી વધારે થતું નહિ.
૩. ન. પાંચ રૂપિયાભારનું તોલું; નવટાંકિયું.

પચ્ચપુચ્ચ [સં.] પું. સર્વમર્યાદ વૃક્ષ.

પચ્ચપ્યારી ૧. સ્ત્રી. મેસના એક જાતના ઝાડુ.
૨. વિ. સ્ત્રી. પાંચ વસ્તુની બનેલી.

પચ્ચધાતુ પું. પંચ ધાતુ.

પચ્ચન ૧ [સં.] પું. અગ્નિ.
૨. પું મિશ્રાનું ઝાડ
૩. ન પકાવવાની ક્રિયા.
૪. ન. પાકનું તે.
૫. ન. પાચન થતું તે; આપેલું હજમ થઈ જવું તે; પચવું તે.
૬. ન. રાંધવાનું સાધન.
૭. ન રાંધવું તે; રસોઈ કરવી તે.
૮. વિ. રાંધનાર; પકાવનાર.

પચ્ચનક ન. કાબરચીતરી પીઠવાળું એક જાતનું પક્ષી; આર્દ્ર પક્ષી.

પચ્ચનકશાલા [સં.] સ્ત્રી. રસોઈઘર; રસોડું.

પચ્ચનક્રિયા [સં. પચન (પચવું તે) + ક્રિયા (કામ)] સ્ત્રી. ખોરાક પચાવવાની ક્રિયા.

પચ્ચનશક્તિ જુઓ પાચનશક્તિ.

પચ્ચનાગાર [સં. પચન (પચવું તે) + આગાર (ઘર)] ન. પાકશાળા; રસોઈઘર; રસોડું.

પચ્ચનાગ્નિ [સં. પચન (પચવું તે) + અગ્નિ (આગ)] પું. જઠરાગ્નિ; આપેલ પદાર્થ પચાવનાર અગ્નિ.

પચ્ચનિકા [સં.] પું. કકાર્ડ.

પચ્ચની ૧. [સં.] સ્ત્રી. જંગલી બિલાડી.
૨. સ્ત્રી. બિહારી સ્ત્રીબુ.
૩. સ્ત્રી. રાંધનારી સ્ત્રી.

પચ્ચનીય [સં.] વિ. પચી શકે તેવું.

પચ્ચનેંદ્રિય [સં. પચન (પચવું તે) + ઇંદ્રિય] સ્ત્રી. ખોરાક પાચન કરવાની ઇંદ્રિય; જઠર.

પચ્ચપકવાન [હિં. પચ (પાંચ) + પકવાન મીઠાઈ)] પું. પાંચ જાતની મીઠાઈ; ખાજલાં, ખુરમા, ઘેવર, બાલુ અને કચોરી એ પાંચ જાતની મીઠાઈ

પચ્ચપચ્ચ ૧. [હિં.] પું. ટોચકા; કાદવ.
૨. [સં.] પું. મહાદેવ.
૩ વિ. ઢીલું; પોચું; ભરભરું
૪. અ પચ એવો અવાજ. દબાવાથી તળેનો પ્રવાહી પદાર્થ ઊછળતા જે અવાજ થાય તેને માટે વપરાય છે.

પચ્ચપચ્ચતું ૧. વિ. ખૂબ જ નાખેલું.
૨. વિ. રસથી ભરેલ.

પચ્ચપચ્ચવું ૧. અ. ક્રિ. પચપચ અવાજ થવો.
૨. ન. ક્રિ. પચપચ્યું થવું.

પચ્ચપચ્યા ૧. [હિં.] પું. જેમાં પાણી સારી રીતે જજ્યું ન હોય તેવું અધપાકું ભોજન.
૨. વિ. પોચું.

પચ્ચપચ્યાઈ પું. ચીકણાવેડા; વધારે પડતી ઝીણવટથી થતું અવલોકન.

પચ્ચપચ્યાવવું સ. ક્રિ. ભીનું કરી દેવું; કોઈ પદાર્થમાં જરૂરિયાત કરતાં વધારે પાણી નાખી તેને ઢીલો કરવો

પચ્ચપચ્ચિયાં ન. બ. ક. પચપચ થાય એવો અવાજ.
પચપચિયાં બોલવાં = પચપચ અવાજ થવો; અંદર પ્રવાહી બહુ હોવાથી તેની ચીજનો ઉપયોગ કરતાં પચપચ જેવો અવાજ થવો.

પચ્ચપચ્ચિયું ૧. વિ. અવિશ્વાસુ.
૨. વિ. દ્વિમુખ્યુ મનનું; નિશ્ચય વગરનું.
૩. વિ. બહુ ચીકણું

પચ્ચપચ્ચી વિ. પોચું.

પચ્ચપચ્યું ૧. ન. જેનું પાણી બરાબર બળી ગયું ન હોય એવું કાચું પાકું ભોજન.
૨. વિ. કુચાને પાણી કે પ્રવાહીનો મેળ બાંધેલો ન હોય તેવું.
૩. વિ. નહિ કરેલું.
૪ વિ. પચપચ અવાજ થાય એવું; ચારચર્ચ.
૫. વિ પોચું; ઢીલું.

પચ્ચપન ૧. [હિં.] પું. પંચાવનની સંખ્યા
૨. વિ. પચાસ અને પાંચ; ૫૫.

પચ્ચપન સાલ કાનૂન ૧. [હિં.] પું. પંચાવન વર્ષની ઉમરે નોકરી ઉપરથી ઉતારવાનો કાયદો, પંચાવન વર્ષની ઉમરે નોકરિયાત નિવૃત્તિવેતન ઉપર ઊતરે એવો કાયદો.
૨. પું. પંચાવનમું વર્ષ.

પચ્ચપલ્લવ જુઓ પંચપલ્લવ.

પચ્ચપિચ્ચાવવું સ. ક્રિ. ભીનું કરી દેવું.

પચ્ચભજના [હિં] પું. રાજરેખ; મહેનતાણા; ઉજરાણી.

પચ્ચભોગિયું ન. અંદર બી કે ગોટલો પ્રકારની પદાર્થ ખૂબ હોય તેવી ચાની.

પચ્ચમનિયા [સં. પંચમ (પાંચ) + માલા (માળા)] પું. (હિંદી) ગળામાં પહેરવાનો પાંચ સેરવાળો દાગીનો.

પચ્ચમહલા [હિં.] પું. પાંચ માળનું મકાન.

પચ્ચમેલ ૧. [હિં.] પું. ખીચડો; પંચકૂટિયું.
૨. પું. ગોટાળો; ગરબડગરબડ.
૩. પું. પાંચ ચીજોનું મિશ્રણ.
૪. વિ. જેમાં જાતી બધી અથવા ઘણી ચીજો નાખી હોય એવું

પચ્ચરક [સં. પ્ર (વધારે) + ક્ષર્ (ઝરવું)] અ. ક્રિ. ધાર છૂટતાં થતો અવાજ; પાણીની શેડ છૂટતી વખત થતો અવાજ

પચ્ચરકવું ૧. [સં. પ્ર (વધારે) + ક્ષર્ (ઝરવું)] અ. ક્રિ. ધાર છૂટવી; પાણીની શેડ છૂટવી.
૨. અ. ક્રિ. પચરક એવો અવાજ થવો.

પચ્ચરકિયું ૧. ન. રેત અથવા પાણી ઊડાડવાની ધાતુની પિચકારી.
૨. વિ. પચરક એવું; ઢીલું.
૩. વિ. પાણીપાણીવાળું.
૪. વિ. શેડ ઊડે એવું.

પચ્ચરકી ૧. સ્ત્રી. પાણીની શેડ; ધાર.
પચરકી લાગવી–વાગવી = પાણીની શેડ ઊડવી.
૨. સ્ત્રી. પિચકારી.
૩. સ્ત્રી. મોઢાથી ઊડાડાતી પિચકારી.

પચ્ચરકો પું પચકો; પાણીની ધાર.

પચ્ચરસ ૧. પું પંચ ધાતુ.
૨. [સં. પંચન્ (પાંચ) + રસ] પું. પાંચ રસ
૩. પું. પાંચ પ્રકારની મીઠાઈ.

પચ્ચરસિયું ૧. વિ. પાંચ રસવાળું.
૨. વિ. ભેળસેળ; મિશ્રિત.

પચ્ચરંગ ૧. [સં. પંચન્ (પાંચ) + રંગ] પું ઓઢ અથવા રંગોળી પૂરવાની સામગ્રી તેમાં અબીલ, ગુલાલ, હળદર વગેરે પાંચ ચીજ આવે છે
૨. વિ. પાંચ રંગ જેમાં હોય એવું; પચરંગી; પાંચ રંગવાળું
૩. વિ રંગબેરંગી, વિવિધ રંગનું
૪. વિ. વિવિધ વર્ણ કે જાતનું

પચ્ચરંગા ૧ પું નવ મહ વગેરેની પૂજા માટે પુરાતો ચોક. તેનાં ખાના કે કોઠા પાંચ રંગથી પુરાય છે.
૨. વિ. જુદા જુદા પાંચ રંગવાળું.
૩. વિ. પાંચ રંગથી રંગેલું.
૪. વિ પાંચ રંગના સૂતરથી વણેલું
૫. વિ વિવિધ રંગનું

પચ્ચરંગિયું ૧. ન. પિચકારી.
૨. [સ પચન (પાંચ) + રંગિન (રંગવાળું)] વિ પાંચ રંગવાળું, પચરંગી
૩ વિ વિવિધરંગી; રંગબેરંગી
૪. વિ વિવિધ વર્ણ કે જાતનું

પચરંગી ૧. સ્ત્રી. (જૈન) પચ્ચા અથવા મળી કરાતો તપનો એક પ્રકાર; પાંચ જાતના ઉપવાસના ચોકઠાવાળું તપ. તેમાં કેટલાક પાંચ, કેટલાક ચાર, કેટલાક ત્રણ, કેટલાક બે અને કેટલાક એક ઉપવાસ કરે છે.

૨. [સં. પંચન્ (પાંચ) + રંજિન્ (રંગવાળું)] વિ. પાંચ રંગવાળું; પાંચ રંગનું હોય એવું; ધોળો, કાળો, લાલ, નીલો ને પીળો એમ પાંચ રંગનું.

૩. વિ. રંગબેરંગી; વિવિધ જાતનું.

૪. વિ. વિવિધ વર્ણ કે જાતનું.

પચ્ચરા [જ.] પું. છીણી.

પચ્ચરું વિ. ખોટું; બીમાર.

પચ્ચલડા (પચ્ચલડ્ય) [હિં.] વિ. પાંચ સેરવાળું.

પચ્ચલડી (પચ્ચલડો) સ્ત્રી. પાંચ સેરનો હાર. તેની ઉપલી સર દુંડી સુધી પહોંચે છે. તેની દરેક સેર અથવા એકલી ઉપલી સેરની વચમાં ચગદું હોય છે અને તેમાં સોનાનો કે મોતીનો ઢાળો અને કોઈ નંગ બેસાડેલ હોય છે.

પચ્ચલેતરસો [સં. પંચન્ (પાંચ) + શતમ્ (સો)] વિ. એકસો પાંચ; ૧૦૫.

પચ્ચલોખું [સં. પંચન્ (પાંચ) + અવયવ (ભાગ)] પું. પાંચ પ્રકારના હાર નાખી બનાવેલ ઘાઘરી.

પચ્ચલોના ૧. [સં. પંચન્ (પાંચ) + અવયવ (ભાગ)] પું. (હિંદી) પાંચ અવયવવાળો પદાર્થ.

૨. [હિં.] જ. પંચલવણ.

પચ્ચલોનું જુઓ પંચલોણું.

પચ્ચવવું ૧. સ. ક્રિ. પકવવું; રાંધવું.

૨. સ. ક્રિ. પચાવવું; હજમ કરવું; પચે તેમ કરવું.

પચ્ચાઈ [હિં.] સ્ત્રી. ચોખા, જવ, જુવાર અથવા એવા અનાજમાંથી બનાવાતો દેશી દારૂ.

પચ્ચરી જુઓ પચ્ચાઈ.

પચ્ચરીશ [સં. પંચન્ (પાંચ) + વિંશતિ (વીશ)] વિ. પચ્ચીસ; ૨૫.

પચ્ચવું ૧. અ. ક્રિ. અનુભવ કરવો.

૨ અ. ક્રિ. અંદર મગ્ન, લીન કે ઘસેલું હોવું; એકતાર થઈ જવું; મગ્ન થઈ જવું; રસમસ થવું; લીન થવું. જેમકે, પ્રાતે પચ્યેલાં અમો ગજગ્રસી.

૩. અ. ક્રિ. અંદર સમાઈ કે મરી જવું. જેમકે, પાણી બધું લાં પચી ગયુ.

૪. અ ક્રિ. ખવાઈ અથવા બળાઈ જવુ.

૫ [સ. પચ્ (રાંધવુ)] અ. ક્રિ. આપેલું હજમ થવુ. પાચન થઈ જવું; જરવું; પચી જવું.

૬. અ. ક્રિ. મળી જવું.

૭. અ. ક્રિ. ઘણી વાર સુધી ટકવું.

૮. અ. ક્રિ. ચૂપ થઈ છુપાવું.

પચે નહિ ખાધુ માનવી, પચે નહિ સાંચ તે જૂઠ.
પચે નહિ ખાધું સામટું પચે નહિ વાત પેટમાં તેહ.

૯. અ. ક્રિ. ચાલી જવુ.

૧૦. અ. ક્રિ. નિરાંતે ભોગવવું; અનીતિથી મેળવેલ ધન કે પદાર્થ હાજમા આવવાં.

માલ પચ્યો = અપ્રામાણિકપણે મેળવેલ ધનનો ઉપભોગ કરવો.

૧૧. અ. ક્રિ. પરસેવો વળે એટલું શ્રમ કરવું.

૧૨. અ ક્રિ. પરાયો માલ પાછો આપવો ન પડે એવી રીતે હાજમાં આવવો; હરામનું મળતું; નિરાંતે ભોગવવાને માટે મળી જવું; પોતાનું થવું.

૧૩. અ. ક્રિ. પાણીનુ જમીનમાં ઊતરવુ.

૧૪. અ. ક્રિ. બીજા વગર આનંદ કરવો.

૧૫. અ. ક્રિ. વ્યાપી રહેવુ.

૧૬. અ. ક્રિ. રાંધવુ.

પશુ ચરે ખાડિ ઠંડાય, માલ ડુંગર ઉપા પરબુધ એ. ઉપાલ્યાન

પચ્ચહ ૧. પું. ઊંચો માણસ.

૨. વિ. પાંચ હાથ ઊંચુ.

પચ્ચહતા [હિં.] વિ. પાંચ હાથ ઊંચું.

પચ્ચહત્તર [હિં.] વિ. પંચોતેર; ૭૫.

પચ્ચહરા ૧. [હિં.] વિ. પાંચ આવૃત્તિઓવાળું; પાંચ પડવાળું.

૨. વિ. પાંચ વાર કરેલું.

પચ્ચંપચ્ચા સ્ત્રી. રાંધણકળા.

પચ્ચા ૧. [સં.] સ્ત્રી. પાક; રસોઈ; રાંધવું.

૨. સ્ત્રી. રાંધનારી સ્ત્રી.

૩. સ્ત્રી. વિકાસક પરિપક્વતા.

પચ્ચાઉગીર વિ. પચાવી પાડનાર.

પચ્ચાક વિ. પોચું; પચપચતું.

પચ્ચાકડી (પચ્ચાકડો) સ્ત્રી. ખિસકોલી.

પચ્ચામ પું. ઉનાળાની ઋતુમાં પંચ અગ્નિ વચ્ચે કરાતું તપ. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાં સળગાવેલ અગ્નિ અને ઉપર સૂર્ય એમ પાંચ અગ્નિ થાય છે.

પચ્ચાયડું (પચ્ચાયડું) ન. પંચ પ્રધાનો બનેલો

પચ્ચાનડ પુ એક જાતનું પક્ષી. તેનું શરીર એક વેત લાલું તથા પાંખ અને ડોક કાળી હોય છે. દક્ષિણ ભારત અને બંગાળમા તે વસે છે.

પચ્ચાનવે [સં. પંચન્ (પાંચ) + નવતિ (નેવું)] વિ. પંચાણું; ૯૫.

પચ્ચાયણું સ. ક્રિ. (કચ્છી) પકાવવું.

પચ્ચાર સ્ત્રી. વાતચીત; ટીકા.

પચ્ચારણું ૧. ન. મશ્કરું; ટહોર.

૨. સ. ક્રિ. વાતચીત કરવી; બોલાવવુ.

પચ્ચારવું ૧. સ. ક્રિ. ઘસારો કરવો; વાદ અથવે એ પ્રમાણે પરોક્ષે કહેવુ.

૨. સ. ક્રિ. ટોણારૂપે કહી બતાવવું; ટહોરમાં કહેવું.

૩. સ. ક્રિ. નજર લાગે એમ ટોકવુ.

૪. સ. ક્રિ. ફેલાવવું; પસારવું; પ્રવર્તાવવુ.

૫. [પ્રા. પચ્ચાર] સ. ક્રિ. વારે વારે કહેવું.

સંધુ પડિઉ હઉ તે સ્વ પચ્ચારી અમ્હ મંદોદરી રાણી. કમેહ

પચ્ચાવ ૧. પું. જઠરાગ્નિ.

૨. [સં. પચ્ (પચવુ)] પું. પચવાની ક્રિયા; હજમ થઈ જવુ તે; આપેલા ખોરાકનું બળી જઈ શરીરમાં ભળી જવુ તે; પ્રમન; પચવું તે; પાચન.

પચ્ચાવવું ૧. સ. ક્રિ. અનીતિથી મેળવેલ ધન કે પદાર્થ હાજમાં અવરાવવાં.

૨. સ. ક્રિ. અનુભવ કરાવવો.

૩. સ. ક્રિ. અસહ્યની સાથે ભળી જાય અને નિરાંતે ઉપભોગ કરાય તેમ કરવું.

૪. સ. ક્રિ. અંદર મગ્ન, લીન કે ઘસેલું હોય તેમ કરાવવું; એકતાર કરાવવું; રસમસ કરાવવુ.

૫. સ. ક્રિ. અંદર સમાઈ કે મરી જાય તેમ કરાવવુ.

૬. સ. ક્રિ. ખવાઈ કે બળાઈ જાય તેમ કરાવવુ.

૭. સ. ક્રિ. બળી જાય તેમ કરવુ.

૮. સ. ક્રિ. ઘણી વાર સુધી ટકાવવુ.

૯. સ. ક્રિ. ચૂપ થઈ છુપાવે એમ કરવુ.

૧૦. [સં. પચ્ (પચવુ)] સ. ક્રિ. જઠરાગ્નિમાં પચે તેમ કરવું; હજમ કરવું; બળી બળીને બીજા સાથે એકાકાર થઈ જાય એમ કરવુ.

પચ્ચારા દેવુ-નાખવુ = હજમ કરવુ.

૧૧. સ. ક્રિ. ચાલી જાય તેમ કરવું

૧૨. સ. ક્રિ. પકાવવુ; રાંધવું

૧૩. સ. ક્રિ. પરસેવો વળે એટલું કામ કરાવવું.

૧૪. સ. ક્રિ. પરાયો માલ પાછો આપવો ન પડે એવી રીતે હાજમાં અવરાવવુ.

૧૫. સ. ક્રિ. પાણીનું જમીનમાં ઉતરાવવુ.

૧૬. સ. ક્રિ. બરોબર મહેનત કરી પોતાનું કરવું; પોતાના ઉપયોગનું કરી નાખવું; પોતાનું હોય તેમ ઉપયોગમા લેઈ લેવુ.

પચ્ચારી પાડવું = ઉચાપત કરવુ.

૧૭. સ. ક્રિ. બીજા વગર આનંદ કરાવવો.

૧૮. સ. ક્રિ. રંધાવવું.
૧૯. સ. ક્રિ. અંગમાં ઝોર્ઈ ને ઝંઈ કહેવું.
૨૦. સ. ક્રિ. વ્યાપી રહે તેમ કરવું.
૨૧. સ. ક્રિ. સમજીને ગ્રહણ કરવું; મનન કરીને હૃદયમાં ઉતારવું.
૨૨. સ. ક્રિ. હરામનું લઈ લેવું; બચાવી પાડવું. પચાવી પાડવું = બનૂતનું લઈ લેવું; દબાવી બેસવું.

પચાવો ૧. પું. ઈંટ પકવવાની ભઠ્ઠી.
૨. [સં. પચ્ (પચવું)] પું. પચવું તે; હજમ થવું તે; પાચન.

પચાશ [સં. પઞ્ચાશત્; પ્રા. પંચાસ] વિ. પચાસ; ૫૦.

પચાશમું જુઓ પચાસમું

પચાસ [સં. પંચાશત્] વિ. પચાસ; પાંચ વાર દસ જેટલું; ૫૦.

પચાસમું વિ. પચાસ પૈકીનું ઉલ્લું.

પચાસા ૧. [હિં.] પું. એક જ જાતની પચાસ વસ્તુનો સમૂહ.
૨. પું પચાસ રૂપિયાનાનું વજન.

પચાસી [સં. પંચન્ (પાંચ) + અશીતિ (એંશી)] વિ. એંશી ને પાંચ; ૮૫.

પચાસું પું. પચાસ તોલાનું વજન.

પચાસો જુઓ પચાસું.

પચિ ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું મિત્રાનું ઝાડ.
૩. સ્ત્રી. પકાવવાની ક્રિયા કે ભાવ.

પચિયાતી સ્ત્રી. પીતનો મોલ નિપજાવવા માટે આગ ઓકેલી જમીન.

પચિયું જ. ચોમાસામાં વાવ્યા સિવાય પડતર રાખેલ જમીન. ઘઉં તથા ગોરડી વાવવા જમીન પડતર રખાય છે.

પચી સ્ત્રી. ચોપાટની રમતમાં પચીસનો દાવ.

પચીગર પું. નંગ બેસાડવાનું કામ કરનાર કારીગર; જડિયો.

પચીશ ૧. સ્ત્રી. ચોપાટની રમતનો એક દાવ જે ઠોરીમાંથી પાંચ ચત્તી પડે અને એક બટ્ટો પડે, અથવા સાત ઠોરીમાંથી પાંચ ચત્તી પડે અને બે બટ્ટી પડે તેને પચીશનો દાવ કહે છે.
૨. [સં. પંચવિંશતિ; અપ. પચ્ચીસ] વિ. વીસ ને પાંચ; ૨૫

પચીશમું જુઓ પચીસમું.

પચીશી જુઓ પચીસી.

પચીશેક જુઓ પચીસેક.

પચીસ જુઓ પચીશ.

પચીસકણ પું. જ. ત. સોગઠાંબાજનો એક દાવ. છ ઠોરીને ખખડાવીને જમીન ઉપર ફેંકતાં પાંચ ઠોરી ચત્તી અને એક બટ્ટી પડે અથવા સાત ઠોરી વડે રમતાં પાંચ ઠોરી ચત્તી અને બે બટ્ટી પડે તેને સોગઠાંબાજની રમતમાં પચીસકણનો દાવ કહે છે.

પચીસમું વિ. પચીશમાં સૌથી ઉલ્લું.

પચીસી ૧. સ્ત્રી. ઉપહાસ; ઠઠ્ઠેતી.
૧. પચીસી ઉડાવવી = ઉપહાસ કરવો; ઠઠ્ઠેતી કરવી.
૨. પચીસી ઊડવી = (૧) ઠઠ્ઠેતી થવી. (૨) મશ્કરી થવ.
૨. [સં. પંચન્ (પાંચ) + વિંશતિ (વીશ)] સ્ત્રી. ઉમરનાં પચીસ વર્ષ; ઉમરની પચીસ વર્ષની પ્રૌઢ.
૩. સ્ત્રી. ઉમરનાં પહેલાં પચીસ વર્ષનો કાળ; અર્ધાપચીસી.
૪. સ્ત્રી. એક જ જાતની પચીસ વસ્તુનો સમૂહ.
૫. સ્ત્રી. એક જાતની રમત. તે પાસાને બદલે કોડીથી રમાય છે. તેનો મોટામાં મોટો દાવ પચીસનો છે, એટલે તે પચીસી કહેવાય છે
૬. સ્ત્રી. ચોપાટ.
૭. સ્ત્રી. ચોપાટની બદલે સાત કોડીથી રમાતી એક જાતની રમત.
૮. સ્ત્રી. પચીસ વર્ષની આસપાસનો જુવાનીનો વખત
૯. સ્ત્રી. પચીસ વસ્તુનો સમૂહ.
૧૦. સ્ત્રી. પચીસની સંખ્યા.
૧૧. સ્ત્રી. સૈકાનો ૧૪ ભાગ; પચીસનો સમૂહ; પચ્ચીસી; પચ્ચીસી.
૧૨. વિ. જેમાં પચીસ કડી હોય એવું.

પચીસેક [સં. પંચવિંશતિ] વિ આશરે પચીસ.

પચુકું [હિં.] સ્ત્રી. ચોખા અથવા એવા બીજાને પાણીમાં પલાળીને તેમાંથી બનાવેલ કાઢો પીવું.

પચુરમૂણ પું. એક જાતનો છોડ; પચુરમૂળ. આસામ, સિક્કિમ, બારમા હિંદ, બરમા, ચીન વગેરે સ્થળે ભીના જળવાળી જગ્યામાં તે ઊગે છે. તેનાં મૂળમાંથી પીળો રંગ નીકળે છે અને તે બરમામાં કપડાં સારે ભીન રંગવામાં વપરાય છે. તેનાં મૂળ ઉત્તેજક કડવાં, પૌષ્ટિક, મૂત્રલ, વાતહર, કૃમિઘ્ન, રક્તપ્રદ અને આર્તવજનક છે તે દાંતમાં રાખવાથી દાંતનો પીડા મટે છે. બીજી પૈષ્ટિક દવાઓ અને ઔષધ સાથે વાઈ, મરડો, સંધિવા અને મોઢાના રોગોમાં અપાય છે. બકરી ચૂની સાથે આંતરડાના રોગોમાં કૃમિનાશક મનાય છે. તેનું વરાળિયું પાણી પથરીનો નાશ કરે છે. તેનો રસ કમળો મટાડે છે. તેનું સત્વ મધમા, મજ્જાના જ્ઞાનતંતુની શરદી મટાડનાર, વાઈ, મરડા, સુસ્તી, મગજની ચડી ગયેલ લોહી, હાથપગનો કુળરો, આધાશીશી વગેરે મટાડવા અપાય છે. તેનું ચરબીજ ઝાડી અને ફેફસામાં જામેલ લોહી વિખેરી નાખે છે, જામેલ બળખાને બહાર કાઢી સાફ કરે છે અને સોજાને ઉતારે છે. પિત્તોન્માદમાં તે ક્ષયકારક મનાય છે. વધારે પ્રમાણમાં તે હૃદય ઉપર માઠી અસર કરે છે. ઘરમાં પાથરવાથી પતંગિયાં, માખી કે મચ્છર વગેરે જતુઓ મરી જાય કે નાસી જાય. દપ્તરમાં રાખવાથી ઊધઈ ન લાગે. સડેલા પગ વહેતા ક્રમો, તેની અંદરનાં જંતુઓનો નાશ કરી જલદી રૂઝવે. ગૂમડાં થયેલા સોજા, મૂઢ માર વગેરેથી લોહી જામી જઈ તીવ્ર વેદના થતી હોય, ગડગૂમડ ફૂટતાં ન હોય તે ઉપર વાટી ચોપડવાથી તેની અંદરનું લોહી વિખેરી નાખે કે પકવી, ફોડી પરુ બનાવી બહાર કાઢે. ઘોડાની સવારી વખતે આ છોડને વાટી ચામડાની અંદર રાખવાથી ઘોડાને બહુ ગરમી ને દાહ થાય છે કે તે ખૂબ દોડે છે. તેમાં દવાને ગુહ્ય બનાવવાના ગુણો છે. ચેપી રોગના ફેલાવા વખતે ઘરમાં રખાય છે. તેના રસનાં ટીપાં પણ વહેતા સમગ્ર મારતા કાનમાં નખાય છે.

પચુરાણ જુઓ પચુમણ.

પચુરણ ૧. [સં. પરિ (ચોતરફ) + વસ્ (રહેવું); પ્રા. પજ્જુવણા] જ. જૈનોના ઉપવાસ કે મનના દિવસો; ભગવાન મહાવીરની જ્યોતિ સમવવું જૈન પર્વ; પર્યુષણ.
૨. જ. ભાદરવા માસમાં કૃષ્ણ પક્ષના તેરમા દિવસથી ભાદરવા માસના શુક્લ પક્ષની પંચમ સુધીના જૈન લોકોના ધાર્મિક તહેવારો.

પચૂડા [હિં.] પું. પિચકારી.

પચૂડા જ. ન. ક્રિ. ફુલવણાં; આપલાંધાપલાં; લાડ.

પચેંદ્રિય વિ. (જૈન) શરીર, ચામ, નાક, કાન અને આંખ એ પાંચ ઇંદ્રિયવાળું.

પચોતરસો [હિં.] વિ. એકસો પાંચ; ૧૦૫.

પચોતરૂ ૧. [હિં.] પું. કન્યાપક્ષના પુરોહિતનો એક લાગો. કન્યાપક્ષ તરફથી વરપક્ષને તિલક વખતે મળતી રકમમાંથી પાંચ ટકા આપાય છે.
૨. પું. વેપારની ચીજ ઉપર પાંચ ટકાનો કર; પાંચ ટકા દલાલી.

પચોત્તર જુઓ પચોતરા.

પચોની ૧. [હિં.] સ્ત્રી. પચન
૨. સ્ત્રી. ચેટક; જાદર.

પચોર જ. પાંચ પાંચના જથ્થા.

પચોરા જી. આનંદોત્સવમાં થતી એક જાતની કેરી. તેનું વજન પચીસ રૂપિયાકર, કદ ૪½ ઇંચ લાંબું ને ૨½ ઇંચ પહોળું તથા ગલ લીલી હોય છે.

પચોરી ૧. સ્ત્રી. બચ્ચાંના જન્મ પછીનો પાંચમો દિવસ. આ દિવસને પારસીઓ આનંદનો દિવસ ગણી ઊજવે છે.

૨. જુઓ પચોરા.

પચૌની ૧. સ્ત્રી. જાર.

૨. સ્ત્રી. પાચન.

પચ્ચૌર [હિ.] પું. પટેલ; ગામનો મુખી; સરદાર; આગેવાન.

પચ્ચૌસી ૧. પું. ગામનો મુખી; સરદાર.

૨. પું. મધ્ય હિંદુસ્તાન અને મુંબઈમાં થતો એક જાતનો ઘોડ. તેનાં પાંદડામાંથી નીકળતું સુગંધી તેલ, પરદેશી સુગંધી તેલો વગેરેમાં પડે છે.

પચ્ચક્ખાણ ૧. [સં. પ્રત્યાખ્યાન; પ્રા. પચ્ચક્ખાણ] ન. (જૈન) પાપના ત્યાગની પ્રતિજ્ઞા; સાવદ્યયોગની નિવૃત્તિ. પચ્ચક્ખાણનો મૂળ શબ્દ પ્રત્યાખ્યાન છે અને તે અમુક વસ્તુ ભણી ચિત્ત ન કરવું એવો જે નિયમ કરવો તેને માટે વપરાય છે. પ્રત્યાખ્યાન કરવાનો હેતુ બહુ ઉત્તમ અને સૂક્ષ્મ છે. પ્રત્યાખ્યાન નહિ કરવાથી મને તે વસ્તુ ન ખાઓ કે ન ભોગવો, તોપણ તેથી સંવરપણું નથી, કારણ કે તત્ત્વરૂપે કરીને પચ્ચક્ખાનું ઉચ્ચરણ કર્યું નથી.

૨. ન. (જૈન) ખાવાનું લઘુ ભક્ત.

પચ્ચક્ખાણાવરણ [સં. પ્રત્યાખ્યાનાવરણ] ન (જૈન) કષાયના ચાર ભેદોનો એ નામનો ત્રીજો પ્રકાર; જેની અસર વધારેમાં વધારે ચાર માસ સુધી રહે અને સર્વવિરતિપણું પ્રાપ્ત થવા દે નહિ તે કષાય.

પચ્ચક્ખાણી ૧. સ્ત્રી. (જૈન) નિષેધ કરેલી ભાષા.

૨. વિ. ત્યાગી; પચ્ચક્ખાણ કરનાર.

પચ્ચર ૧. [દે.] સ્ત્રી. ઝીણી.

૨. [હિ.] સ્ત્રી. ઢાચર.

૩. સ્ત્રી. લાકડાની મોટી મેખ.

પચ્ચંગ [સં. પ્રત્યંગ] ન. અવયવનો અવયવ; ઉપાંગ.

પચ્ચારવું સ ક્રિ. (બો. પ્રે.) કહી બતાવવું.

એ કહિ પાઇ પાણી પલી, તે બહતાં પચ્ચારી નલી.
જ્ઞાનેશ્વરમહારાજ

પચ્ચાવન [સં. પંચન્ (પંચ) + દશન (દશ) + પંચન (પંચ)] વિ. પચ્ચાસ અને પાંચ; ૫૫

પચ્ચાસ [સં. પંચાશત્] વિ. બે વીસ અને દસ; પચાસ.

પચ્ચી ૧. સ્ત્રી. એક ધાતુના પાત્રે ઉપર કોઈ બીજા ધાતુનું પતરું જડવું તે.

૨. [સં. પ્રકુપ્ત (જડેલું)] સ્ત્રી. વીંટીમાં નંગ બેસાડવાનું કાંગરાવાળું ખાનું.

૩. વિ. ઊંડા મૂળવાળું.

૪. વિ. એકરાગ થયેલ.

૫. વિ. જોડેનું.

૬. વિ. જોડેલું; ચોંટેલું.

૭. વિ. પર્માંધ.

૮. વિ. પચીસ.

૯. વિ. નીચની જાતને ટેકો આપનાર.

પચ્ચીકારી ૧. [હિ.] સ્ત્રી. જડતરની ક્રિયા.

૨. સ્ત્રી. ચીત્રકામ.

પચ્ચીગર પું. પચ્ચી કરનારો; જડિયો; વીંટીમાં નંગ બેસાડનાર માણસ.

પચ્ચીશ જુઓ પચીસ.

પચ્ચીશમું વિ. પચીસમું.

પચ્ચીશી જુઓ પચીસી.

પચ્ચીસ જુઓ પચીસ.

પચ્ચીસી જુઓ પચીસી.

પચ્ચીસમું વિ. પચીસમું.

પચ્ચીસવું જુઓ પચ્ચીસમું.

પચ્ચોતેર [સં. પંચન્ (પંચ) + સપ્તતિ (સિત્તેર)] વિ. સિત્તેર ને પાંચ; ૭૫.

પચ્છ [સં. પક્ષ] પું. (વજ) પક્ષ.

પચ્છપાત [સં. પક્ષપાત] પું. પક્ષપાત; શરીરની એક બાજુનો લકવો.

પચ્છન [સં. પક્ષિન્] ન. પંખી.

પચ્છમ ૧. પું. કચ્છના રણમાં આવેલો એ નામનો એક બેટ.

શેષાવસ્થા નામક સ્થાન તે અન્ય કોઈ નહિ પણ કચ્છના રણમાં આવેલો બેટ નામ પચ્છમ.
કચ્છનાં રસકરણા

૨. પું. પશ્ચિમનો દેશ.

૩. [સં. પશ્ચિમ; પ્રા. પચ્છિમ] સ્ત્રી. (વહાણવટું) પશ્ચિમ દિશા.

૪. વિ. આથમતું; પશ્ચિમ; સૂર્યોદિત અહો જે તરફ અસ્ત પામે છે તે તરફનું.

૫. [સં. પ્રભાત] વિ. પાછલું; પાળનું.

૬. વિ. મેળા પછીનો દિવસ.

પચ્છમ પાણી ન. પશ્ચિમનો સમુદ્ર.

પચ્છમબુદ્ધિ ૧. સ્ત્રી. પશ્ચિમબુદ્ધિ; પછવાડેથી થતું જ્ઞાન.

અગમબુદ્ધિ વાણિયે, પચ્છમબુદ્ધિ બ્રહ્મ.
ભોજો ભક્ત

૨. [સં. પશ્ચાત્ (પાછળનું) + બુદ્ધિ (સમજ)] વિ. જેને પાછળથી બુદ્ધિ સૂઝે તેવું; પાછળમતિયું; કર્યા પછી ખરી બુદ્ધિ સૂઝે તેવું; કર્યા પછી પસ્તાય તેવું; પાછળથી જ્ઞાન થાય તેવું; અગમચેતી વિનાનું.

પચ્છમબુદ્ધિયું વિ. જેને પાછળથી બુદ્ધિ સૂઝે એવું; અગમચેતી વિનાનું.

પચ્છમબૂદ્ધિયું જુઓ પચ્છમબુદ્ધિયું.

પચ્છમી [સં. પશ્ચિમ + ઙીપ્ (વાળું)] વિ. (હિંદી) પશ્ચાત; પશ્ચિમ દિશાનું.

પચ્છવા [હિ.] પું. પશ્ચિમ દિશાનો પવન.

પચ્છંદ [સં. પ્રચંડ] વિ. મોટું; વિશાળ.

પચ્છ: [સં.] અ. પાછે પાછિ; ચરણે ચરણે; પગલે પગલે.

પચ્છા [સં. પશ્ચાત્] અ. પાછળથી.

પચ્છિ ૧. [હિ.] સ્ત્રી. પક્ષી.

૨. સ્ત્રી. પંથી.

પચ્છિત્ત [સં. પ્રાયશ્ચિત્ત] પું. પસ્તાવો.

પચ્છિમ ૧. [હિ.] પું. પશ્ચિમનો દેશ.

૨. [સં. પશ્ચિમ] સ્ત્રી. પશ્ચિમ દિશા.

૩. વિ. પાછળનું.

પચ્છિરાજ [સં. પક્ષિરાજ] પું. (હિંદી) ગરુડ. તે પક્ષીઓનો રાજા મનાય છે.

પચ્છી ૧. [સં. પક્ષ (બાજુ) + ઙીપ્ (વાળું)] પું. પક્ષનો માણસ; સોબતી.

૨. ન. પક્ષો.

પચ્છ [સં.] વિ. રાંધવા જેવું.

પચ્ચમાન [સં.] વિ. રંધાતું; પકવ થતું.

પચ્ચમાનજ્વર [સં.] પું. પાકેલો તાવ; આમ દોષનું પાચન થતું હોય તે વખતનો પાકતો તાવ. તાવનો વેગ સખ્ત હોય, તરસ ખૂબ લાગે, અકળાટ, શ્વાસ, ઝકરી, બલની પ્રવૃત્તિ, ઝાઝો પેશાબ થવો, ઊભકા આવવા વગેરે આ તાવનાં લક્ષણો છે.

પચ્ચમાનારોચ ન. નાનું આંતરડું.

પચ્છ ૧. [સં. પક્ષ] પું. (હિંદી) પક્ષ; પાખ.

૨. પું. પક્ષપાત.

૩. પુ. પખવાડિયું.

પચ્છડું ન. પીઠ; બરડાનો ભાગ.

પચ્છટી [હિ.] સ્ત્રી. તલવાર.

પછાવું (પછવું) ૧. [હિં.] અ. ક્રિ. નાસીપાસ થવું.
૨. અ. ક્રિ. પછવું.
૩. અ. ક્રિ. પાછળ રહી જવું.

પછાડ (પછાડ) ૧. પું. ઘા.
૨. પું. પડવું તે; પછાડવું તે; અફળાવું તે; પછો.
૩. પું. પડી જવાથી થતી વેદના.

પછાડી (પછાડી) સ્ત્રી. ઊછળીને પડવું તે; પછાડ.

પછાડવું (પછાડવુ) ૧. સ. ક્રિ. કુસ્તીમાં જીત કરવાનું કહેવું.
૨. સ. ક્રિ. પછાડ તેમ કરવું; અફાળવવું.
૩. સ. ક્રિ. પછાડવાનું કહેવું; અફાળવાનું કહેવું.

પછાડવું (પછાડવું) ૧. અ. ક્રિ. અફાળવું; ફટકારવું; અથડાવું; જોરથી નાખી દેવાવું; પટકી નખાવું.
૨. અ. ક્રિ. ઊતાવળા થવું.
૩. અ. ક્રિ. ઊંચું કરીને જોરથી નીચે નખાવું; જોરથી નીચે ફેંકાવું; અફળાવું.
૪. અ ક્રિ. કજિયો કરવો.
૫. અ. ક્રિ. કુસ્તીમાં જીત થવું.
૬. અ. ક્રિ. નુકસાન કરાવું.
૭. અ. ક્રિ. માંદા પડવું; રોગથી સપડાવું.
૮. અ. ક્રિ. ઓઢી પીવું.

પછતાલ ૧. [સં. પશ્ચાત્તાપ; પ્રા. પચ્છત્તાવ] સ્ત્રી. ઉપરાઉપરી ફોક; વાસીના પ્રકાર; પસ્તાળ.
૨. સ્ત્રી. પશ્ચાત્તાપ; ફોક; દિલગીરી.

પછતાવ [હિં.] પું. પસ્તાવો; પશ્ચાત્તાપ.

પછતાવું [સં. પશ્ચાત્ (પાછળથી) + તપ્ (તપવું)] અ. ક્રિ. પસ્તાવો કરવો; પસ્તાવું.

પછતાવો [સં. પશ્ચાત્તાપ] પું. પસ્તાવો.

પછતાળ જુઓ પછતાલ.

પછની ૧. સ્ત્રી. ઓઢણ માટેના બસબસતાં ફોડવાં સાંધ્યા તે.
૨. સ્ત્રી. ભેતર ભેડવું તે.
૩. સ્ત્રી. ત્રાજવાં પારખાં તે.
૪. સ્ત્રી. નસ્તર મૂકવાપટ્ટું.

પછનો પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે આખી પિંગળ પ્રમાણે સાડત્રીસ છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૮૬ લઘુ મળી ૧૦૩ અક્ષર અને ૧૨૦ માત્રા હોય છે.

પછમ ૧. [સં. પશ્ચિમ] સ્ત્રી. પશ્ચિમ દિશા.
૨. વિ. છેલ્લું.

પછમી [હિ.] વિ. પશ્ચિમવાસી.

પછવા [હિ.] પું. પશ્ચિમ દિશાનો પવન.

પછવાઈ ૧. સ્ત્રી. એક જાતનું ઓઢવાનું વસ્ત્રું; વાઘો.
૨. સ્ત્રી. ભંજન.
૩. સ્ત્રી. ભોગળ કુળ.

પછવાડી (પછવાડી) ૧. સ્ત્રી. કમર કરવું તે.
૨. સ્ત્રી. અંતે પડવું તે.
૩. સ્ત્રી. પાછલા પગ બાંધવા તે.
૪. સ્ત્રી. પીઠો; પૂંઠ; કેડો.
૫. [સં. પશ્ચાત્; પ્રા. પચ્છઅ] અ. પછાડી; પૂંઠે; પાછળ; કેડે.

પછવાડું (પછવાડું) ૧. અ. કેડો; પીઠો.
૨. અ. પાછળનો ભાગ; પૂંઠ.
૩. [પક્ષ (પાછળ) + વારક (વાચો)] વિ. ઊંધાનું; ઊલટું.

પછવાડે (પછવાડે) ૧. અ. ઊલટે; ઊંધે; અંતે.
૨. અ. પાછળ; પૂંઠે; વાંસે; કેડે.
પછવાડે પડવું-મંડવું-લાગવું = (૧) અંદર એક બનીને લાગવું. (૨) અણબોજ કરવી. (૩) ચીડવવું; સતાવવું. (૪) પાછળ પડવું.

પછવાં ૧. [હિં.] સ્ત્રી. અંતરપટનો ઢંકાતાનો ભાગ.
૨. વિ. પશ્ચિમનું; પશ્ચિમ દિશાનું; પશ્ચિમી.

પછવું ૧. સ. ક્રિ. આરોપ મેળવવા બસબસતાં ફોડવાં ભેટવાં.
૨. સ. ક્રિ. ભેતર ભેડવું.
૩. સ ક્રિ. નસ્તર મારવું.

પછવ ૧. [સં. પશ્ચાત્] પું. (હિંદી) પાછલો ભાગ.
૨. પું. પાછળ પડવું તે.

પછાટ ૧. સ્ત્રી. કમરાનો કે ભેતરનો પાછલો ભાગ.
૨. સ્ત્રી. નુકસાન; હાનિ.
૩. સ્ત્રી. પછાડો; પછાડવું તે.
પછાટ મારી = પછાડવું; ઓઢણ નીચે પડવું.
૪. સ્ત્રી. પત્થરની પછવાડાની પહોળાઈ; પત્થરના મોસમની પાછળનો ભાગ.
૫. સ્ત્રી. વળગાડ.
૬. સ. ભાર વગર પડવું તે.

પછાટડી (પછાટડી) સ્ત્રી. પછાડો; પછાટ.

પછાટી સ્ત્રી. ઘોડાને પાછલે પગે બાંધવાનું દોરડું.

પછાડ (પછાડ) ૧. સ્ત્રી. પછાટ; શરીર પછાડ જેમ કરવું તે; પછાડવું તે; પછાડો.
૨. સ્ત્રી. મૂર્છા; અચેત થઈ જમીન ઉપર પડવું તે.

પછાડ મારી = (૧) અથાગ મહેનત વગર પડી જવું; બેહાલ થવું. (૨) દુઃખ ભોગવવું. (૩) પડી જવું; ઊભેથી એકદમ નીચે પડવું. (૪) માથું પડવું. (૫) મરી જવું.

પછાડવું (પછાડવુ) ૧. [સં. પ્ર (વધારે) + ક્ષિપ્ (ફેંકવું)] સ. ક્રિ. ઊંચકીને જમીન ઉપર નાખવું; પટકી દેવું; પટકાય તેમ કરવું; જોરથી નીચે અફાળવું; નાખી દેવું; અફળાય તેમ કરવું; પટકવું.
માથું પછાડવું = મુશ્કેલ થવું.
૨. સ. ક્રિ. કુસ્તી કે લડાઈમાં પટકી પાડવું.
૩. સ. ક્રિ. કૂટવું; કરાવવું.
૪. સ. ક્રિ. ફોડવું.
૫. સ. ક્રિ. ધોવા માટે કપડાંને જોરથી અફાળવું.
૬. સ. ક્રિ. નુકસાન કરવું.
૭. સ. ક્રિ. મારવું; મારી નાખવું.
૮. સ. ક્રિ. રોગે કુમળો કરવો.

પછાડ (પછાડ) ૧. પું. સ. ક. આખેતેમ શરીર નાખી દેવું તે; મુક્કાટો; ઓથાં આવાં તે; જોરથી આમતેમ અફળાવું તે; શરીર જમીન ઉપર અથડાય એમ પડવું તે.
પછાડ આવા-મારવા = (૧) ઉપરાઉપરી ઊંચેથી નીચે પછાડવું. (૨) તરફડવું. (૩) ફોગટ ધમપછાડ કરવી; ફાંફાં મારવાં; મિથ્યા પ્રયત્ન કરવો.
૨. પું. સ. ક. ફાંફાં; મિથ્યા શ્રમ.
૩. પું. સ. ક. મારફાડ; મારામારી.

પછાડી (પછાડી) ૧. [સં. પશ્ચાત્] સ્ત્રી. ઘોડાના પાછલા પગે બાંધવાનું દોરડું.
૨. સ્ત્રી. પછાડ.
૧૯. અ. ક્રિ. કોઈના ઉપર આધાર રાખવો.

૨૦. અ. ક્રિ. કોઈની રખાત થઈ રહેવું.

૨૧. અ. ક્રિ. ક્રિયા બરોબર થઈ જવાનો ભાવ બતાવતું ક્રિયાપદ. જેમકે, મરી પડવું; બેસી પડવું.

૨૨. અ. ક્રિ. બાકી હોવું.

૨૩. અ ક્રિ. સામની બાજુએ મંડવું.

૨૪. અ. ક્રિ. ઘા વાગવાથી જમીન ઉપર પડી મરવું; મરણ પામવું; બચી જવું; મ.માં જવું.

૨૫. અ. ક્રિ. સમારંભ બનવું; સ્વરૂપે આવવું.

૨૬. અ. ક્રિ. જવું; પળવું. જેમકે, રસ્તે પડવું.

૨૭. અ. ક્રિ. ટપકવું.

૨૮. અ ક્રિ ઠેરવું; રાતવાસો રહેવું.

૨૯. અ. ક્રિ. થવું; બનવું; નીપજવું; ઉત્પન્ન થવું. જેમકે, સમજ, કામ, ખપ, શ્રમ, દુઃખ, મહેનત, ચેન વગેરે પડવું; ઘા, ચીરો, માર વગેરે પડવું; ઢાહ, તાપ, તાણ, વરસાદ વગેરે પડવું.

૩૦. અ. ક્રિ. હસ્તે વાટે બહાર નીકળવું.

૩૧. અ. ક્રિ. દાખલ થવું; પ્રવેશ કરવો.

૩૨. અ. ક્રિ. દૈવયોગે બનવું બનવા જોઈ કારણથી પ્રાપ્ત થવું; આવી પડવું; મળવું.

૩૩. અ. ક્રિ. નરમ થવું; ઓછું થવું, ઘટવું.

૩૪. અ. ક્રિ. નિર્બળતાથી ઘૂમવું; ઝંપલાંવવું; તૂટી પડવું.

૩૫. અ. ક્રિ. નિશાની થવી.

૩૬. અ. ક્રિ. પચી જવું.

૩૭. અ. ક્રિ. પતન થવું; નીચે ઊતરવું કે ઊતરવું; કોઈ પણ ચીજનું ઊંચેથી નીચે આવવું.

૧. અવાજ પડવો = સંભળાવું.

૨. અંધારું પડવું = (૧) અંધારું થવું. (૨) સંતાઈ જવું.

૩. આબરૂ-અહાર પડવું = જાહેરમાં આવવું.

૪. આડું પડવું = વચ્ચે આવવું; વિઘ્ન નાખવું.

૫. આવી પડવું = પીતવું; મુજરવું.

૬. ઉઘાડા પડવું = (૧) ખુલ્લા થવું; જાહેરમાં આવી જવું. (૨) ખુલ્લા શરીરે ખુલ્લી હવામાં સૂવું.

૭. ઉજ્જડ પડવું = વેરાન થઈ જવું.

૮. ઓકળું પડવું = મદદ વિનાનું થવું.

૯. કામ પડવું = જરૂર હોવી; જરૂર હોવી.

૧૦. કામકાજ પડવું = સહવાસમાં આવવું.

૧૧. કાળું પડવું =ઝાંખું થવું.

૧૨. કૂવામાં-ખાડામાં પડવું = મુશ્કેલીમાં નખાવું.

૧૩. અનર પડવી = અતઅનુભવથી જાણવું.
૧૪. આતર પડવું = ચોરી થવી.
૧૫. આસડાં પડવાં = ફપકો મળવો.
૧૬. ઇણું પડવુ–ચાહો પડવો = ઇણાનો ચાકડો ઢીલો થઈ જવો; તાલવું બેસી જવાનો અણસોજ થવો.
૧૭. ઇલે પડવું = (૧) આડા મૂકવું. (૨) આડવું; વાગવું. (૩) વગર કહે બજારદસ્તીથી આવવું. (૪) આમા માણસને કરવાની જરૂર પડે તેવા અતિશય ઠાલાવાળા કરવા.
૧૮. જરૂર પડવી = ઉપયોગી થવુ.
૧૯. તમાચો પડવો = માર પડવો.
૨૦. તાલ પડવી = (૧) મેળ આવવો. (૨) માપમાં ઢાલ દેખાવી.
૨૧. તમે રૈઠ પડ્યા ને હું ચાકર પડ્યો = એ બરી વાત છે કે તમે રૈઠ છો અને હું નોકર છું.
૨૨. દાણામાં જીવડા પડવા = દાણામાં ઇયળ ઉત્પન્ન થવી.
૨૩. દૂર પડવું = છેટે રહેવુ.
૨૪. ધાક પડવી = ઊભરવું; મણનો એકોસાથે ખસારો થવો.
૨૫. નરમ પડવું = (૧) અશક્ત થવું. (૨) કમી થવુ; શાંત થવું.
૨૬. નામ પડવુ = (૧) અમુક લક્ષ્ય નક્કી થવું. (૨) જેથી કોઈ ચિહ્નાઈ બને તેવું તેનું બીજું નામ ચાલવુ; અમુક નામે કે તખલ્લુસથી ઓળખાવું.
૨૭. પગે પડવું = (૧) આજીજી કરવી. (૨) નમી જવું; નમસ્કાર કરવા; નમવું. (૩) માફી માગવી.
૨૮. પડતા ઉપર પાટુ–પગ ઉપર પાટુ = ખાતર ઉપર દિવેલ; દુઃખ ઉપર દામ; પડેલાને કે મરેલાને મારવું તે; નબળી સ્થિતિમાં દુઃખ ઉપર દુઃખ પડે તે.
૨૯. પડતા બોલ ઝીલવા = જેના શબ્દો બોલાય કે તરત જ તે પ્રમાણે અમલ કરવો.
૩૦. પડતી ઉપર પચાસ = દુઃખ ઉપર દુઃખ.
૩૧. પડશે તેવા દેવાશે = વખત આવ્યે જોઈ લઈશું; આપણા ઉપર જોયુ જાશે.
૩૨. પડી જવું = ભળવું; ભળી પડવું.
૩૩. પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ? = પડેલી આદત જતી નથી; પ્રકૃતિ બદલાતી નથી.
૩૪. પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ = (૧) જે રંગ કે ભાત પટોળા ઉપર છપાયેલ હોય તે ચૂસવું કાટી બાદ પણ તેનો રંગ બસાર્ય જાંખો ન પડે. (૨) મરણ છતાં ય આનદાની ન મૂકવી.
૩૫. પડી–પડવું મૂકવું–મેલવું = મૂકી દેવું; છોડી દેવું; જાંડવું; બચ્ચા દેવું.
૩૬. પડી આવવુ–જાંબવું = (૧) અંત આવવો. (૨) ન ચાલવું; બંધ પડવું. ધંધા વગેરે માટે વપરાય છે. (૩) નિરર્થક બનવું; ફલોત્પાદક ન થવુ.
૩૭. પડી રહેવું = (૧) આરામમાં રહેવું; સાઈ રહેવુ; બાળસુની પેઠે નિષ્ક્રિય રહેવું. (૨) બાળસુ થવુ. (૩) નકામા થવું. (૪) નહિ વેચાવું. (૫) પડતર રહેવું; ઉપયોગમાં આવ્યા વિના બાકી રહેવું.
૩૮. પડું પડું થઈ રહેવું = પડવાની બણી ઉપર હોવું; ઢબાઢબું; નીચે પડવાની તૈયારી ઉપર આવવુ; કમબું પડશે એવી ધાસ્તી થવી.
૩૯. પડ્યા તો કહે નમસ્કાર કર્યા = મિયાંબાઈની તંબડી ઊંચી; સોબ્બે આનો તો કહે ભાવ થયા; ખોટી બોટાઈ.
૪૦. પડ્યું ઊભું = (૧) કોઈ પણ કામ કરવાને બોહદમ તૈયારી કરવી. (૨) પડતી દશા આવેલ તે પાછી સારી દશાએ આવવું. એ જોરસો જો ગયો સમૂળો, પડ્યા ન ઊઠશો કો દી; મુલાબ થઈને નીચાં કર્યો, સદેવ કરશો કોપી. નર્મદાશંકર. (૩) શક્તિ મુજબની હોય તે પાછી આવવી. (૪) મૂકેલા કે ભાંગી પડેલાનું કરી બનવું; ઠકાર થવું.
૪૧. પડ્યુંપાથર્યું રહેવું = (૧) કોઈને ત્યાં પડ્યું રહેવું; બારે ચુનો ત્યારે તે એક જ ઠેકાણે હોવું. (૨) પેટ ભરવા માટે આખો દિવસ ધામો નાંખવો.
૪૨. પડ્યો પોદળો પૂજા થઈને ઊઠે = (૧) આફત આવે તો નુકસાન તો જરૂર કરે. (૨) પોબાની સાથે પૂજા ખોટી જ રહે.
૪૩. પરતાળ પડવી = ગાળોનો વરસાદ વરસવો.
૪૪. પલ્લા પડવું = પક્ષ થવું
૪૫. પોબાર પડવા = કોઈ બળવી.
૪૬. ફીકા પડવું = (૧) ઝાંખા થઈ જવું; રંગ ઊડી જવો. (૨) શરમ લાગવી.
૪૭. બંધ પડવું = અટકી જવું.
૪૮. બારે પડવું = કામ કે મુકેલા લાગવું; નહિ ચલાવી લેવા જેવું થઈ જવું.
૪૯. ભાવ પડવો = કીમત ઘટી જવી.
૫૦. ભાવનો ભાવ પડી રહેવો = તેનો તે ભાવ આવુ રહેવો.
૫૧. મને શી પડી છે ? = મારે તેની સાથે લેવા દેવા નથી; મારે તેની દરકાર નથી.
૫૨. માથે પડવુ = (૧) એકલાએ જ કરવાનું થવું. (૨) કામમાં નહિ આવવું; નકામું હોવુ. (૩) ખોટું આળ ચડવું (૪) નુકસાની આવવી. (૫) બોજા રૂપ થઈ પડવું.
૫૩. મોટું પડવું = મોટું થવું; તબિયત બગડવી.
૫૪. મેદાનમાં પડવું = (૧) કુરતી માટે બહાર આવવું. (૨) લડવા ઊતરવું.
૫૫. મોં પડવું = મોં ઊતરી જવું.
૫૬. મોંમાથી પડવું = (૧) બેદરકારીથી બોલાઈ જવુ. (૨) મોંમાથી શબ્દ નીકળવો.
૫૭. રસ્તે પડવુ = (૧) ચાલ્યા જવું. (૨) મરી જવું. (૩) સાચો માર્ગ ગ્રહણ કરવો.
૫૮. રસ્તો પડવો = (૧) નવો રસ્તો થયો; ઢંકાયો હોય તે માર્ગ ઊઘડ્યો; માર્ગ પડી જવો. (૨) રિવાજ થવો.
૫૯. રોજ પડવો = રોજ ન ભરાવો.
૬૦. લડાઈમાં પડવું = લડાઈમાં મરી જવું.
૬૧. વચ્ચે પડવું = કજિયાદલાલી કરવી; સમાધાની માટે વચમાં પડવું.
૬૨. વિચારમાં પડવું = વિચારમાં મગ્નભાવ થઈ જવું.
૬૩. શાંત પડવું = સંતાપ મટવો.
૬૪. સમજ પડવી = સમજાવું.
૬૫. સામા પડવું = વિરુદ્ધ થવું.
૬૬. સિક્કા પડવા = સિક્કા નવા બનાવવા.
૬૭. સ્વભાવ પડવો = ટેવ પડવી.
૬૮. હરકત પડવી = મુશ્કેલીમાં આવવું.
૬૯. હલકું પડવું = (૧) કીમતમાં ઘટવું. (૨) નમ્ર થવું. (૩) લોકોની નજરમાં ઊતરી પડવું. (૪) વજનમાં ઘટવું.
૭૦. હાથ પડવો = (૧) ગાદીના સિક્કાનું નમવું. (૨) સારી પેઠે અથવા પુષ્કળ મળી આવવું.

૩૮. અ. ક્રિ. પથરાઈ જવું; ઢાંકવું.
૩૯. અ. ક્રિ. બાકી હોવું; શેષ રહેવું. જેમકે, હજુ એવા કેટલા લોકો બાકી હશે કે જેને આ સદેશો પહોંચ્યો નહિ હોય.
૪૦. અ ક્રિ. ભેગ દેખાવો; સેળભેળ હોવો.
૪૧. અ. ક્રિ. ભ્રષ્ટ થવુ; પતિત થવુ.
૪૨. અ. ક્રિ. મળવુ; પ્રાપ્ત થવું.
૪૩. અ. ક્રિ. માફક આવવુ; અનુકૂળ હોવું
૪૪. અ. ક્રિ. માં મડવું; તલ્લીન થવુ.
૪૫. અ. ક્રિ. બાંડા થઈ પધારીવવુ થવુ.
૪૬. અ. ક્રિ. મુશ્કેલ કરવો; પડાવ નાખવો; ઊતરવુ.
૪૭. અ ક્રિ. લાગવું; પ્રતીત થવું; અનુભવમાં આવવું. જેમકે, તંબ. ઢીલુ, વાગડું, મરમ વગેરે પડવુ; સારેનહારે, બોલુવતુ વગેરે પડવુ.

૪૮. અ. ક્રિ. સેવાઈ જવું; માન થઈ જવું; ઝાંખા થઈ જવું; અસિમાણા પડવું; સેવાવું.

૪૯. અ. ક્રિ. વચમાં પડવું; દખલગીરી કરવી; નડવું; હરકત કરવી.

૫૦. અ. ક્રિ. વિપત્તિ કે મુસીબત આવવી; દુઃખદ ઘટના બનવી.

૫૧. અ. ક્રિ. બાજ કે બાકું દોવું.

૫૨. અ. ક્રિ. શાંત થઈ જવું; બંધ થવું.

૫૩. અ. ક્રિ. સમજવું થવું; આશ્વસ્ત થવું.

૫૪. અ. ક્રિ. સંભોગ કરવો; મૈથુન સેવવું. પશુઓ માટે આ શબ્દ વપરાય છે.

૫૫. અ. ક્રિ. હલ્લો કરવો.

૫૬. અ. ક્રિ. હાજરીની ગણતરીમાંથી રહી જવું; ગેરહાજરી ગણાવી. જેમકે, નિશાળે પડવી, દિવસ પડ્યો.

૫૭. અ. ક્રિ. હારવું; જિતાવું. જેમકે, ઠિલ્લો પડ્યો.

૫૮. અ. ક્રિ. હોય તેથી બીજી હાલતમાં આવવું; એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું.

પડવૈયો (પડ્‌વૈયો) ૧. પું. દીપચિરિયું.

૨. પું. પાયા તથે મૂકવાનો લાકડાનો ટુકડો; પાયાનું ટેકણ; પડવાયો.

પડવો (પડ્‌વો) ૧. [સં. પ્રતિપદા] પું. પખવાડિયાનો પહેલો દિવસ; પ્રતિપદા.

૨. પું. વિક્રમ સંવતનો પહેલો દિવસ; પ્રતિપદ સુદિ ૧. પૃથ્વી સૌરકક્ષનું આરંભસ્થાન કૃત્તિકા નક્ષત્ર છે. ચાંદ્રમાસ પ્રમાણે કૃત્તિકા નક્ષત્ર કાર્તિકી પૂર્ણિમાએ આવે છે એટલે દેવતાનો અપરાત્રિનો કાળ ત્યારે પૂરો થઈ ત્રણમુહૂર્તકાળ શરૂ થાય છે. પૃથ્વીસૌરકક્ષનું એક ચક્ર સંપૂર્ણ થઈ દ્વિતીય ચક્રારંભનો સમય, ચાંદ્રમાસાનુસારનો પ્રતિપદ સુદિ ૧ નો મંગળ દિવસ ગણાય છે. આ મુખ્ય દેવોનો રાત્રિરૂપ આસુરી ભાવો અજ્ઞાન તમકાળ પરિપૂર્ણ થયો તથા દેવતાઓનો બ્રાહ્મમુહૂર્તનો શુભ કાળ પ્રવૃત્ત થયો, તેથી નિર્બળ થઈ શાસન કરતા યમરાજા પોતાની બહેની યમુનાના આમંત્રણ ઉપરથી તેને ત્યાં મળવાને માટે ઉપસ્થિત થયા. તેથી તે દિવસે યમદ્વિતીયાનો મહોત્સવ આવે છે. ત્યાર બાદ કુષ્માંડ નવમીએ યજ્ઞ, ભૂતપિશાચાદિ યોનિઓ તરફથી ત્રાસ ન થાય એટલા માટે તેમનું અર્ચન કરવામાં આવે છે. મહામાયાએ દેવોને નીચે પ્રમાણે વરદાનો અર્પણ કર્યાં તે જ આ દિવસ છે: શંકરને મહેશ્વરપણાનું, વિષ્ણુને સર્વેશ્વરપણાનું, બ્રહ્મદેવને અષ્ટસિદ્ધિઓનું તથા સર્વકાર્યારંભમાં પ્રથમ પૂજનનું માનનું, પ્રતિષ્ઠા સ્વામીને હમેશ બ્રાહ્મવરણ જ રહે એવું, નારદજીને એક જગ્યા ઉપર કદી પણ સ્થિત નહિ થતાં વિહારથી જગતનું કલ્યાણ થશે એવું અને રાવણને વેદના જ્ઞાનનું સમર્થ જ્ઞાન પ્રાપ્ત થાય તથા વિષ્ણુની સાથે વેર થઈ તેના હાથે જ મોક્ષ થાય એવું, એવાં વરદાન આ જ દિવસે મળેલાં છે. આ જ દિવસે કૃષ્ણ ભગવાને ટચલી આંગળી ઉપર ગોવર્ધન પહાડ ઉપાડ્યો હતો. આથી જ આ દિવસે અન્નિપૂજન, મોહોડન, અન્નકૂટ વગેરે કરવામાં આવે છે. સાડાત્રણ મુહૂર્તોમાં આ બારણું મુહૂર્તમાં ગણાય છે.

પડશાળ (પડ્‌શાળ) ૧. [સં. પ્રતિશાલા; પ્રા. પડિસાલ] સ્ત્રી. ઘરનો આગલો ખંડ.

૨. [સં. પટ્ટશાલા] સ્ત્રી. પરસાળ; ઓસરી; આંગણા આગળનો ભાગ.

પડસાક્ષી (પડ્‌સાક્ષી) ૧. પું. મુખ્ય મુખ્ય સાથે સહી કરનાર બીજો માણસ.

૨. સ્ત્રી. મુખ્ય પુરુષે સહી કરી હોય તેની સાથે બીજા માણસની સહી.

પડસાદિયા (પડ્‌સાદિયા) ૧. સ્ત્રી. જરબાઝની એ નામની એક જાદ.

૨. વ. એ નામની જાદનું માણસ.

૩. વિ. એ નામની જાદનું.

પડસારવું (પડ્‌સારવું) સ. ક્રિ. વાસણનાં પડખાં તથા તાળુને ટીપીને સરખાં કરવાં.

પડસાળ (પડ્‌સાળ) જુઓ પડશાળ.

પડસાળિયા (પડ્‌સાળિયા) ૧. સ્ત્રી. હેરોજ્ઞા જ્ઞાતીની એ નામની એક જાદ.

૨. વ. એ નામની જાદનું માણસ.

૩. વિ. એ નામની જાદનું.

પડસૂતર (પડ્‌સૂતર) ૧. વ. એક જ્ઞાતનું સુતરાઉ કાપડ.

૨. વ. કડિયાનું એ નામનું એક ઓજાર.

પડસૂતરિયાવાડ (પડ્‌સૂતરિયાવાડ) સ્ત્રી. સુતરાઉ કાપડના વેપારીઓની દુકાનો હોય તે લત્તો; ચોરાસી આદિનું એક ચોક.

પડસૂતરિયો પું. સુતરાઉ કાપડનો વેપારી.

પડસૂદી (પડ્‌સૂદી) સ્ત્રી ખસૂંદી; મેલો; બીજા ધાતુ દ્રવ્યોને બનાવેલ સફેદ ઢોટ; ધાતુનો પોચો ઢોટ.

પડહ (પડહ) ૧. [સં. પટહ] પું. (પ્રાકૃત) દુંદુભિ; ઢોલ; પડો; પ્રથમ; પટહ.

દિનકર આગે ઉદયરિ આવ્યું,
પડહ ઢોલ બનિ વાજિ. વાલ્મ

૨. વ. (જૂ. પ્રા.) બીડું.

દેસલ કોરલ આઈ એહ, દેસલ પડહ છબે જઇ તેહ.
વસ્તા

પડહો (પડ્‌હો) પું. (જૂ. પ્રા.) પડો; ઢોલ.

કહે વીરમદલની માને અલ્લ,
પડહી વનસે ચતુરસુનલ્લ.
વસ્તુપાળ તેજપાળનો રાસ

પડળ ૧. વ. અંતરપટ; આડો પડદો; અંધારી. ૨. [સં. પટલ; પ્રા. પડલ] વ. એક જાતનો આંખનો રોગ; આંખે આવેલું જારીનું પડ કે ઢાંકણ. તેમાં માણસની દૃષ્ટિ બંધ થઈ જાય છે.

૧. પડળ આવવાં–કરી વળવાં = (૧) આંખે જારીને લીધે ઝાંખપ આવવી. (૨) સાચી વસ્તુસ્થિતિ ન સમજવી; બરાબર ન સમજવું.

૨. પડળ ઊતરાવવાં–ઉઘાવવાં–ખોલવાં–ખોલાવવાં = (૧) આંખ ઉપર આવેલી અંધારી, જારી કે મોતિયો ઊતરાવવો. (૨) કોઈ બાબતનો વખારે સ્પષ્ટતાથી ખુલાસો કરવો. (૩) જ્ઞાન કેળવીને જાણવું; સમજવું.

૩. પડળ ઊઘડી જવાં = (૧) અજ્ઞાન નાશ પામવું; સાચ વસ્તુસ્થિતિ જણાઈ આવવી. (૨) અભિમાન ઊતરી જવું. (૩) અંધપણું મટી જવું.

પડંપડા (પડ્‌ંપડા) સ્ત્રી. ઉપરાઉપરી આવી પડવું તે.

પડેપડો (પડ્‌ંપડો) જુઓ પડંપડા.

પડા (પડા) ૧. પું. (કચ્છી) આઈનો રસ કરી જવો તે. જેથી આંખનો કોઈ ભાગ ખોટો થઈ જવાનું મનાય છે.

૨. પું. ખેતરનો શેઢો.

૩. પું. વ. વ. આંગળાં અને હાથની છાપ; હથેળી અને આંગળાં એ જેથી પોતાનું નિશાન કે ચિહ્ન; થાપા; હાથા; સ્વસ્તિક; છાપો.

આજ ; આનંદનો અવસર,
કંકે કેસ પડા પડ્યા રે. મીરાંબાઈ

૪. સ્ત્રી. ખાવાની દાળના આકારનું અરધુ ચીપટ મોતી.

૫. સ્ત્રી. ચૂર્ણ; ભૂકો.

૬. સ્ત્રી. દેવને ધરેલ પ્રસાદ; ભોગ.

૭. જુઓ. પડીકું.

પડાઈ ૧. [સં. પતાકા; પ્રા. પડાયા] સ્ત્રી. નાની ધજા.

૨. સ્ત્રી. પતંગ; કનકવો.

પડાઉ (પડાઉ) ૨. પું. (ચ.) દરિયાને કિનારે કિનારે ઊભે ઊભરી આદીઓમાં માલ વગેરે લઈ જનારું નાનું વહાણ; મોટો મછવો.

૨. વિ. પટતર; નહિ વેચાયેલું; વેચાયા વગર પડી રહેલું.
૩. વિ. પડતી લીધેલું હોય એવું; ઝૂંટવી લીધેલું; જબરદસ્તીથી અથવા હોસલારીને લઈ લીધેલું.

પડાઓ (પડ઼ાઓ) ૧. પું. દબાવ; મુકામ; પડાવ.
૨. [હિ.] પું. પડ્યું રહેલું તે.
૩. પું. સમતોલપણું.

પડાક (પડાક) ૧. અ. ઓચિંતું; એકાએક.
૨. અ. તરત જ; ઝટ લઈને; એકદમ; ઝટ; પટાક; વગર વિલંબે.
પડાક લઈ ને–લઈને = વિના વિલંબે.
૩. અ. પડાક એવા અવાજ સાથે.
મારે બળ તો કાંઈ ન ચાલ્યું,
મને પડાક ચીપી નાંખી. પ્રેમાનંદ

પડાકા (પડ઼ાકા) ૧. [હિ.] પું. પડાક એવો અવાજ.
૨. પું. હટાક્રિયો.
૩. સ્ત્રી. પુનરતી.

પડાકાર (પડ઼ાકાર) વિ. તંબુ આકારનું; ગોપુચ્છાકાર.

પડાખેત (પડ઼ાખેત) પું. સપાટી.

પડાચક્કર (પડ઼ાચક્કર) પું. અક્ષાંતરવૃત્ત.

પડાણ જુઓ પડતર.

પડાદાર (પડ઼ાદાર) પું. પડો બનાવનાર પુરુષ; દાઢી પીટનાર માણસ.

પડાપડ (પડ઼ાપડ઼) ૧. સ્ત્રી. ઉપરાઉપરી કે એક એકની ઉપર પડવું તે; કોઈ ચીજ લેવા કે આપવાને માટે પસારો કરવો તે; કોઈ ચીજ માટે રૂપર્ધાથી ધસવું તે.
૨. સ્ત્રી. સરસાઈ; રૂપર્ધા; હોંસાતોંસી; ધમાલ; ધાર્યું; અતિ ઉતાવળ.

પડાપડી (પડ઼ાપડ઼ી) જુઓ પડાપડ.

પડામણી (પડ઼ામણી) સ્ત્રી. સિક્કા પાડવાનું અર્થ; ટંકશાળ. દેશમાં જે નાણું ચાલતું હોય તેના સિક્કા સરકારી ટંકશાળમાંથી સિક્કાની ધાતુને બદલે બોકોને કે વેપારીઓને આપવામાં આવે છે. સિક્કા આપવાનું બોકસ જ્યાં એકસરખું હોતું નથી. કોઈ દેશમાં સરકાર સિક્કા પાડવાનું અર્થ લે છે; તો કોઈ દેશમાં નથી લેતી, તો કોઈ દેશમાં રાજ્ય સિક્કાની પડામણી ઉપર પોતાની હકસાઈ કે લાગો ચલાવે છે. સિક્કા પાડવાનું અર્થ જે તેને ટંકશાળ કે પડામણી કહેવાય ધાતુને બદલે પૂરેપૂરા સિક્કા આપે તેને મહત ટંકશાળી કહેવાય અને ટંકશાળી કે પડામણી ઉપર રાજ્ય પોતાની હકસાઈ કે લાગો ચલાવે તેને ટંકશાળનો લાગો કહેવાય.

પડાયલું સ. ક્રિ. (કચ્છી) પડાવવું.

પડાર પું. (કચ્છી) ઝાપરા ઉપરનો આગલો ને પાછલો ભાગ; પડાળ.

પડારથ વિ. (કચ્છી) બોદું.

પડારો ૧. પું. ડોળ; દેખાવ; આડંબર.
૨. પું. પડાઈ; રોબ; અભિમાન.

પડાલ (પડ઼ાલ) સ. (સંગીત) અમુક તાલના ક્રમથી વધારે આવૃત્ત સુધીના પખાવજના બોલેલા બોલ. જેમકે, ધાતર કિટ ધાતર કિટ ધિત્તા તિદ્ધિતર કિટતક તરકિટ તક ધા કડાન ધા તર કિટ ધિનકિટ ધા.

પડાલોક (પડ઼ાલોક) વિ. તંબુ આકારનું.
આગળના એક ભાગના વરંડામાં તીજો, પડાલોકો અને અણીદાર કૂલો આવે બદલે ગોળ, ચપ્પટ, ચપટો અને કાચબાની પીઠ જેવો ઉપરનો કૂલો વાપર છે તેને ચાર અથવા કાચબ કહે છે.
બરજોર

પડાવ (પડ઼ાવ) ૧. પું. બોદું બનાવવું. આવું બનાવવું કમળ, બલસાર, બીલીબોરા, લાવનગર, ધોબા, બેરાવળના સુથાર બનાવે છે.
૨. પું. સંઘને રાતવાસો કરવાનું સ્થાન.
૩. [સં. પટક] પું. સૈન્ય કે સંઘનો મુકામ; મુકામ નાખીને રાતવાસો કરવો તે; લાવણી.
૧. પડાવ નાખવો = મુકામ કરવો; પડવું.
૨. પડાવ મારવો = (૧) લાવણી લૂંટવી. (૨) ચોર્ય પ્રકટ કરવું; ચોર્ય બતાવવું. (૩) સાહસપૂર્ણ કાર્ય કરવું.

પડાવવું (પડ઼ાવવું) ૧. સ. ક્રિ. અર્થ કાઢી નખાવવો; અધૂરા અર્થનો નિશ્ચય કરાવવો; અર્થપાત કરાવવો.
૨. સ. ક્રિ. ઝડપાવવું. જેમકે, ચોરી પડાવવી.
૩. સ. ક્રિ. ઝૂંટવી લેવું; છીનવી લેવું; મારી વિરુદ્ધ લેવું કે મેળવવું; પડાવી લેવું; જોરથી અથવા હોસલારીને લઈ લેવું; આંચકી લેવું; ખૂંચવી લેવું.
૪. સ. ક્રિ. પડે એમ કરાવવું.

પડાવિયું (પડ઼ાવિયું) વિ. ઢાળ પડ્યું. જે જમીન ઉપર વરસાદનાં પાણી પડતાં જમીનનું સપાટપણું ન હોવાથી ઝાપરા ઉપરથી પાણી જેમ નીચે પડી જાય છે તેમ પડી જતું હોય તેવી જમીનને પડાવિયા જમીન કહે છે.

પડાશી [સં.] સ્ત્રી. હાસ્યનું ઝાડ.

પડાળ [સં. પટલ (ઝાપરું)] સ. ઝાપરાના બે ઢોલાવમાંનું કોઈ એક તરફનું ઝાપરું; મોભની બે બાજુની ઢરેક બાજુ.

પડાળિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પડાળિયું વિ. પડાળવાળું.

પડાણી ૧. [દે. પડાલી] સ્ત્રી. ઓસરી; પરસાળ; અગાણી.
૨. સ્ત્રી. છાપરું; એકઢાળિયું; એક પડાળિયું ઝાપરું; ઢાળિયું
૩. સ્ત્રી. પાંજરાપોળ.
૪. સ્ત્રી. રવેશ; કોરો.

પડાળો પું. વાસો; મુકામ.

પડિઈ (પડ઼िઈ) સ્ત્રી. (જા. ગુ.) પડિયો.
પડિઈ પાસાના પત્તની, તેહિ પીયુ પાણી.
ભાલણ

પડિક્કમણું (પડ઼िક્કમણું) [સં. પ્રતિક્રમણ; પ્રા. પડિક્કમણ] સ. (જૈન) પડકમણું; જાણતાં અજાણતાં સેવેલાં પાપની માફીની સવારસાંજ કરાતી પ્રાર્થના; પ્રતિક્રમણ; પાપ નિવારણાર્થે કરાતી માફીની પ્રાર્થના.

પડિક્કમવું (પડ઼िક્કમવું) [સં. પ્રતિક્રમ; પ્રા. પડિક્કમ] સ. ક્રિ. પડકમણું કરવું.

પડિક્કમણ (પડ઼िક્કમણ) જુઓ પડિક્કમણું.

પડિક્કમણું (પડ઼िક્કમણું) જુઓ પડિક્કમણું.

પડિક્કમણ (પડ઼िક્કમણ) જુઓ પડિક્કમણું.

પડિચ્ચોયણા (પડ઼िચ્ચોયણા) [પ્રા.] સ્ત્રી. ઉપદેશ; પ્રેરણા.

પડિત (પડ઼ित) સ્ત્રી. બંજર બેકાયેલી પડતર જમીન; ખરાબાની જમીન.

પડિબોહ (પડ઼िબોહ) ૧. [પ્રા.] પું. જાગવું તે.
૨. પું. પ્રતિબોધ; ઉપદેશ.

પડિબોહવું (પડ઼िબોહવું) ૧. સ ક્રિ. જગાડવું; જાગ્રત કરવું.
૨. સ. ક્રિ. પ્રતિબોધ કરવો; ઉપદેશ આપવો.
જવિ જનને પડિબોહતા,
સ્વામિ સિદ્ધ ઉપકાર. જૈન કાવ્યસંગ્રહ

પડિમા (પડ઼िમા) ૧. [પ્રા.] સ્ત્રી. (જૈન) ત્યાગમાર્ગ વિશેષ; ખાસ ધારવામાં આવતો નિયમ. શ્રાવકની અગિયાર અને સાધુની બાર પડિમા છે.
૨. સ્ત્રી. (જૈન) કાઉસગ્ગ.
૩. સ્ત્રી. પૂતળું; બાવલું
૪. [સં. પ્રતિમા] સ્ત્રી. મૂર્તિ; પ્રતિમા.

પડિમાત્ર (પડિમાત્ર) જુઓ પડિમાત્રા.

પડિમાત્રા (પડિમાત્રા) ૧. સ્ત્રી. (જૈન) જૈન સાહિત્યમાં અક્ષર ઉપર માત્રા ન લખતાં અક્ષર પાછળ એક ઊભી લીટીથી બતાવવાની પદ્ધતિ. જેમકે, વાર્ય = વાર્યે.

એ જૈનિયોના પ્રાકૃત અને પડિમાત્રાના લખાણનું લાયાસાહેબની રૂએ પૃથક્કરણ કરી જોવામાં આવે, તો તે હેમાચાર્યની અપભ્રંશ ભાષા ગુજરાતી કરી તેમ ન કરે એમ ન કહેવાય. મુ. સા. પરિષદ

૨. સ્ત્રી. દેવનાગરી લિપિમાં એકારનું ચિહ્ન.

૩. વિ. જેનો માત્રા વિનાનું; માત્રા ન લખી હોય તેવું.

પડિયલ્લ (પડિયલ્લ) સ્ત્રી. કમરો; વાસીદું.

પડિયા (પડિયા) ૧. પું. જ. ઘ. ઘડિયા; પાંદડાના વાટકા.

૨. સ્ત્રી. એ નામની વાણિયા, વાંઝા, સંધાડિયા અને ખત્રીની એક અટક.

૩. [હિં.] સ્ત્રી. પાઘડી; ફેસનું બચ્ચું.

૪. જ. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

પડિયાણ (પડિયાણ) વિ. પાકતરું; નહિ વાવેલું; વાવેતર ન હોય તેવું; ખેતરા વગરનું.

પડિયાર (પડિયાર) ૧. સ્ત્રી. એ નામની કાનડા તરફ રહેતી એક જાત. તેનો ધંધો રામજણીનો છે.

૨. જ. એ નામની જાતનું માણસ.

૩. [સં. પ્રતોલાકાર] જ. તરવારનું મયાન.

વિણ પડિયાર પટ્ટ કરવાણ. જયતાળ

૪. વિ. એ નામની કાનડા તરફ રહેતી એક જાતનું.

પડિયું (પડિયું) ૧. જ. કાગરચીતરો સાપ.

૨. જ. ખાવા માટેની કજ્જા રોટી.

૩. જ. પંડીનું પડ.

૪. જ. તમાકુનાં લીલાં પાંનને ગોઠવીને બાંધેલી મૂઠી.

૫. જ. તરવારનું મયાન.

પડિયો (પડિયો) ૧. પું. એ નામની એક ઔષધિ. ખારવાળી જમીનમાં તે દરબારબંધ થાય છે. મણા વૈદો તેને રહંતી માને છે.

૨. [સં. પુટ; પ્રા. પુઅ] પું. ઘડિયો; પાંદડાંને સળીઓ મારીને કરેલી કટોરી; પાંદડાંનો વાટકો; કટોરો; વાટકી.

૩. પું. પડો; પાંદડામાં બાંધેલાં ફૂલોનું પડીકું.

પડિલાભ (પડિલાભ) [પ્રા.] પું. (જૈન) પ્રતિલાભ; પહોરાવવું તે.

પડિલાભે આવે ચઉચોટ્ઠ, ખીર ખાંડિત ઘાર.
આનંદકાવ્યમહોદધિ

પડિલાભવું (પડિલાભવું) સ. ક્રિ. (જૈન) પહોરાવવું; સાધુને આહારપાણી આપવાં.

પડિલેહક (પડિલેહક) [પ્રા.] જ. નિરીક્ષક; તપાસ. જૈન સાધુઓ તથા સાધ્વિઓ કે પોથો કરતા આવકો ઉપયોગનાં કપડાં જોઈ તપાસી લે છે તેને પડિલેહક કહે છે.

પડિલેહણા (પડિલેહણા) જુઓ પડિલેહણ.

પડિલેહણ (પડિલેહણ) ૧. જ. અહિંસા ધર્મ.

૨. જ.(જૈન) વંદન.

૩. જ. વતા; પ્રતિજ્ઞા; નેમ; ટેક.

પડિવઆ (પડિવા) [પ્રા.] સ્ત્રી. પક્ષો; ક્રમ.

પડિવા (પડિવા) [સં. પ્રતિપદા] સ્ત્રી. (હિંદી) પક્ષો; ક્રમ; દરેક પક્ષનો પહેલો દિવસ.

પડિવાર્ષ (પડિવાર્ષ) ૧. [પ્રા.] જ. (જૈન) અવધિજ્ઞાનનો એક ભેદ.

૨. વિ. આવીને જતું રહે તેવું.

૩. વિ. પડવાના સ્વભાવવાળું.

પડિસંલેહણુયા (પડિસંલેહણુયા) સ્ત્રી. (જૈન) તપના બાર ભેદોનો એ નામનો એક પ્રકાર; ઇંદ્રિયો અને મનનો નિગ્રહ કરવો, કષાયોને રોકવા કે નિષ્ફળ કરવા, મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને અટકાવવી અને એકાંત શાંત સ્થાનમાં નિવાસ કરવો તે.

પડિસેગ (પડિસેગ) ૧. [પ્રા.] પું. નખની નીચેનો કાચ જેવો પ્રતિપેક.

૨. પું. નાકની અંદરનું આવરણ.

પડિસેવક [પ્રા.] જ. નિષિદ્ધ વસ્તુનું સેવન કરવું તે.

પડિસેવણા [પ્રા.] સ્ત્રી. (જૈન) દોષનું સેવન; સંયમમાં દોષ લગાડવા તે.

પડિહાર (પડિહાર) ૧. [સં. પ્રતિહાર] પું. દ્વારપાળ.

૨. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.

એ વખતે કનોજના કેટલાક પડિહાર રાજાઓ ગુજરાત પ્રતિમાલકમાંથી ખંડણી વસૂલ કરતા હતા. ગુજરાતનો

૩. જ. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

પડી (પડો) ૧. સ્ત્રી. એક જાતની સુગંધી વનસ્પતિ.

૨. સ્ત્રી. કરકાર; પરવા.

૩. સ્ત્રી. ઇંઢી; પડો; ઢોલ.

૪. સ્ત્રી. ઇંઢી પીટી જાહેરાત કરવી તે; ઢંઢેરો.

૫. સ્ત્રી. નાનું પડીકું; પાંદડાંને વાળીને બનાવેલી પડોશી.

૬. સ્ત્રી. માપ.

૭. સ્ત્રી. વાસણ બનાવવા માટે માટલા ઉપર મૂકેલા માટીના પિંડને ઊંચો કરી પહોળો કરવો તે.

૮. વિ. સ્ત્રી. પોલી.

૧. પડી તે ભોગવે = જેને માથે આફત આવે તેણે પોતે જ તે ભોગવવી પડે છે, બીજા તેમાં ભાગ પડાવે નહિ.

૨. પડી પેપડીનો આનાર = તુમારે પાણી પીનાર; બીજાનો તુમારો અમનાર.

પડીઆખડી (પડીઆખડી) વિ. સ્ત્રી. જેમતેમ પડેલી; આડીઅવળી પડેલી; અવ્યવસ્થિત રખડતી.

અહા ધનવાનના ઘરના બારણામાં પડીઆખડી આવી વસ્તુ જડી આવે. કેશવ હર્ષદ

પડીઆર (પડીઆર) ૧. સ્ત્રી. એ નામની એક રજપૂત જાતિ.

૨. જ. એ નામની જાતિનું માણસ

૩. જ. (ચૂ. મુ.) મયાન.

પડીઆરે જેમ ભરમ ઢાંકયું,
તમ બોલે બધુરી વાણી છ. ભાલણ

૪. વિ. એ નામની જાતિનું.

પડીકબંધ વિ. અકબંધ; ઉઘેલા, તોડ્યા કે ચાખ્યા વિનાનું.

પડીકી (પડીકી) ૧. સ્ત્રી. દવાની પડી; દવાનું નાનું પડીકું.

પડીકી ભભાવવી–ભખી આપવી = દવાની પડીકીનો તુમખો ભખી આપવો કે ભભાવવો.

૨. [સં. પુટિકા; પ્રા. પુડિયા] સ્ત્રી. પડી; નાનું પડીકું.

પડીકું (પડીકું) ૧. [સં. પુટક] જ. ચૂર્ણ જેવી વસ્તુની કાગળ અથવા પાંદડાની પડીકી; પૂડી; નાનું પાકીટ; વસ્તુને માન કે કાગળમાં લપેટીને કરેલું બાંધણું; અંદર વસ્તુ મૂકી તેના ઉપર બીજો કાગળ કે પાંદડું વીંટાળેલું હોય એવો ઘાટ.

૧. ઘરાક જોઈને પડીકાં બાંધવાં = માણસ જોઈને કામ કરવું.

૨. પડીકું વાળવું = વસ્તુને કાગળમાં બાંધવી.

૩. પડીકે બંધાવું = પડીકામાં બંધાય તેટલું ઓછું હોવું; ઓટ, તાણ કે તંગી હોવી.

૨. જ. દવાની પડીકી.

૩. જ. દવાનો ખૂડો.

પડીદાર (પડીદાર) ૧. [સં. પટ્ટ + ધર (ધારણ કરનાર)] પું. ઇંઢી પીટનાર માણસ; ઢોલ પીટનાર પુરુષ.

એનો પડીદાર ત્યાં આવે. પ્રેમાનંદ

૨. વિ. ઢોલ પીટનાર.

પર્વત

પડીપથારી (પડીપથારો) સ્ત્રી. ધામો; પક્ષોપાયર્યો વાસ કે પ્રપાત.

પડીપાંદડી (પડીપાંદડો) સ્ત્રી. એક જાતની સુગંધી વનસ્પતિ.

પડી લકીર (પડો લકીર) ૧. સ્ત્રી. અક્ષાંક્ષ રેખા. ૨. સ્ત્રી. ખાડી લીટી. ૩. સ્ત્રી. (શરીર) કટબૂણ ત્રિકોણમાં કટબૂણા સામેની બાજુ; કર્ણ.

પડીંબું (પડીબું) ૧. ન. મપ; ખોટી વાત. ૨. ન. ખાડો રોટલો. ૩. વિ. ખાડું; પોચું.

પડીંબો (પડીબો) પું. માટીની બનાવેલી દાણાની કોઠીનું ઢાંકણાર તળિયું.

પડુકિયાં (પડુકિયાં) ન. બ. વ. ભોજનબબ; રંજરાગ.

પડું (પડું) ન. વાડીમાં વાવેતર કરવાની જમીન; ફૂવાની આજુબાજુની જમીન.

પડું પડું (પડું પડું) જ. પ્રલયની તૈયારીમાં.

પડૂર વિ. પ્રખ્યાત.

વિક્રમ નૃપ કીરપ અધિક પડૂર જગિ.
જૈન કાવ્યસંગ્રહ

પડેતર (પડેતર) વિ. પડતર; ખેડ્યા કે વાવ્યા વિનાનું; જેમાં કંઈ પણ ભોગ ન વાવ્યો હોય તેવું. પડેતર વાડીમાં અને ખેતરોને શેઢે ગળોના વેલા ઊગેલા હોય છે. વનસ્પતિરાજ

પડે પગે (પડે પગે) જ. તૈયાર; સજ્જ; હાજર.

પડે પાન (પડે પાન) ૧. જ. કાચ ઉપરથી પાન ખરી પડે તે સુધી. ૨. જ. નજીની ચીજથી માંડીને સર્વ ઉત્પન્ન. આ પ્રમાણે દસ્તાવેજમાં લખાય છે.

પડેલું (પડેલું) ન. જોસના ખરી ગયેલ નાના પાકરા કે વાળરા ઉપરથી ઊતારેલ ચામડું.

પડેવા (પડેવા) ૧. સ્ત્રી. એ નામની ખાંડની એક બટક. ૨. ન. એ નામની બટકનું માપુસ. ૩. વિ. એ નામની બટકનું.

પડો (પડો) ૧. પું. ઉદ્‌ઘોષણા; ઢંઢેરો; સાદ. પડો ફેરવવો–વગડાવવો–વજડાવવો = ઢંઢેરો પિટાવવો; ઢોલ વગાડાવી લોકોમાં જાહેર કરવું. ૨. પું. મોટું ખપ્પર. ૩ પું. ખૂણો; બારી; નાનો પૂળો. ૪. પું. તમાકુનું ઝીણી પોટલી જેવું કરેલું બાંધણ. ૫. [સં. પટહ; પ્રા. પડહ] પું. દુંદુભિ; નગારું; ઢોલ.

નગર પડો વજડાવીઓ, વર્ણવા ૭ આણ: ૭ નહિ આવે રણ વિષે, તેના લઈશ પ્રાણ.
સામળ

૬. પું. પૂમસ. ૭. પું. પાંદડામાં બાંધેલું દૂધનું પડીકું. ૮. [સં. પુટ; પ્રા. પુડ] પું. મોટી પડી અથવા પડીકું; ઉપરો છેડે અણી ને તળિયેથી ગોળ જેવું મોટું બાળું પડીકું.

પડોપંચાવન (પડોપંચાવન) જ. એકથી દસ સુધીનો સરવાળો.

પડોપાંદડી (પડોપાંદડી) ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. ૨. સ્ત્રી. એક પ્રકારનું સુગંધી દરિયાઈ; સુગંધીદાર વનસ્પતિનાં પાંદડાનો ચૂરો. તે વસ્ત્રોમાં જંતુથી રક્ષણ કરવા સારવાના ક્રમમાં આવે છે.

પડોર ન. આંખે આવતું પડળ.

પડોરો પું. કજેતો; હોસ્ટિ અસ્કરી.

પડોશ (પડોસ) ૧. [સં. પ્રતિવાસ] પું. નજીકનો વાસ; જોડાજોડનો વસવાટ; પાસેનો વાસ; પાડોશ; પ્રતિવેશ. ૨. પું. સંબંધ. ૩. વિ. નજીક રહેનાર; પાસે અથવા આસપાસ રહેનાર; પ્રતિવાસી. ૪. જ. પાસે; નજીક.

પડોશણ (પડોસણ) સ્ત્રી. પાડોશની સ્ત્રી; પાડોશણ; પ્રતિવાસિની.

પડોશભૂમિ (પડોસભૂમિ) સ્ત્રી. આસપાસની જગ્યા.

અમારી પડોશભૂમિ આમ તીર્થસ્થાન જેવી ગણ્ય છે. શૈલેશ

પડોશાહક (પડોસાહક) ૧. પું. પાપરહક. ૨. પું. સુખાધિકાર; આરામેશ હક.

પડોશી (પડોસી) ૧. [સં. પ્રતિવાસિન્–પ્રતિવેશી–પડિવેસી–પડોસી–પડોશી] પું પાડોશી; પાડોશમાં રહેનાર માણસ; ઘરની બાજુમાં રહેનાર વ્યક્તિ; પ્રતિવેશી; નજીકના વાસવાળું માનવી. ૨. વિ. પાડોશમાં રહેનાર; નજીકમાં રહેતું. ૩. વિ. મહોલ્લાનું; મહોલ્લામાં રહેનાર.

પડોશીધર્મ (પડોસીધર્મ) પું. નજીકમાં રહેનાર પ્રત્યેની આપણની ફરજ.

પડોસ (પડોસ) જુઓ પડોશ.

પડોસી (પડોસી) જુઓ પડોશી.

પડ્યૂર્જિ [સં.] પું. એ નામનો એક ઋષિ.

પડ્વા (પડવા) સ્ત્રી. પંચાત; નકામી માથાકૂટ.

પડ્યુંઆખડ્યું (પડ્યુંઆખડ્યું) ૧. વિ. જર્જરિત; છિન્નભિન્ન થઈ ગયેલું; ભગ્નાવશ નાશ પામેલ જેવું. ૨. વિ. જેમ તેમ પડેલું; અહીં તહીં રખડતું પડેલું.

પડ્યુંપાથર્યું (પડ્યુંપાથર્યું) વિ. ધામો નાખીને પડેલું; નિરાંત કરીને રહેલ.

પડ્યે બોલે (પડ્યે બોલે) જ. વચન નીકળતાંની સાથે જ; બોલતાંવેંત જ.

પડ્વીશ (પડ્વીસ) [સં.] ન. પાદબંધન; પગની બેડી; પગ બાંધવાનું દોરડું.

પડ્વીશ શંકુ (પડ્વીસ સંકુ) [સં. પડ્વીશ (પગનું બંધન) + શંકુ (ખીલો)] ન. બાંધેલી સાંકળ.

પઢ પું. રમતમાં વધો ભેદ; રમતમાં બ્રીસર.

પઢગ [સં. પાઢક] વિ. ભણનાર.

પઢન [સં. પાઠન] ન. ભણતર; અભ્યાસ.

ગ્રહિય ન કંડાયુધ બીમાં,
પઢન પઢિયા તિણિ વારિ. મન્હડકૈપ્રબંધ

પઢત વિ. ભણેલું.

પઢતમૂર્ખ વિ. ભણેલું પણ મૂર્ખ; અજ્ઞારજ્ઞાનશૂન્ય.

પઢના [હિ.] સ્ત્રી. એક પ્રકારની માછલી.

પઢની [હિ.] ન. એક પ્રકારનું ધાન્ય.

પઢમ ૧. [સં. પ્રથમ] વિ. પહેલું; પ્રથમનું. ૨. વિ. પ્રધાન; મુખ્ય.

પઢમા ૧. [સં. પ્રથમા] સ્ત્રી. પખવો; પક્ષની પહેલી તિથિ. ૨. સ્ત્રી. પહેલી વિભક્તિ. ૩. વિ. સ્ત્રી. પહેલી. ૪. વિ. સ્ત્રી. મુખ્ય હોય એવી.

પઢવું ૧. સ. ક્રિ. ઉચ્ચારણ કરવું; મધ્યમ કે ધીમે સ્વરે બોલવું; ઊચરવું; અવાજ કરવો. પઢી આવવું = સાંકેતિક નામ ધારણ કરીને આવવું. ૨. સ. ક્રિ. પાઠે કે મોઢે કરવું; મોખવું; મુખપાઠ કરવું; પાઠે કરવું. ૩. સ. ક્રિ. પોપટ, મેના વગેરેએ પોતાને શીખવેલા શબ્દનું ઉચ્ચારણ કરવું. ૪. [સં. પઢ્] સ. ક્રિ. ભણવું; અભ્યાસ કરવો; વાંચતાં લખતાં શીખવું; વિદ્યા મેળવવી. ૫. સ. ક્રિ. વાંચવું.

પઢંત ૧. પું. અભ્યાસ. ૨. પું. કહેવત. ૩. પું. ભેડણી. ૪. પું. મત; ભદ્ર. ૫. પું. સલાહ; સૂચના.

પઢાર્ઈ ૧. સ્ત્રી. ભણવાની પદ્ધતિ; શિક્ષણ પદ્ધતિ.
૨. સ્ત્રી. ભણાવવાનું કામ; અધ્યાપન.
૩. [હિં.] સ્ત્રી. ભણાવવાનું વ્યવસ્થાપન; નિશાળની ફી.
૪. સ્ત્રી. વિદ્યાભ્યાસ; અધ્યયન.

પઢાળુન પું. ભણ્યો માણસ.

પઢાઢં સ્ત્રી. ચપેડાની પીઠ ઉપર મુકવાનું ભરડાના વાળનું ચૂંથેલું સાધન.

પઢાર ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પઢાલિખા [હિં.] વિ. ભણેલાગણેલા; સારેલખલેખ; ભણેલું.

પઢાવવું ૧. સ. ક્રિ. ભણ ભણેલવા.
૨. સ. ક્રિ. પાઠ કરાવવું; શીખવવું.
૩. સ. ક્રિ. બોલાવવું; બોલતાં શીખવવું.
૪. સ. ક્રિ. સિખવાવવું; ભણવવું.

પઢાવું ૧. સ. ક્રિ. બોલાવું.
૨. સ. ક્રિ. બોલાવું; ઉચ્ચારાવું.
૩. સ. ક્રિ. ભણવાવું; ભણી શકાવું.

પઢાળા ભુજો પઢાર.

પઢિયલ વિ. બોઠું; ઠામર.

પઢિયાર ૧. પું. પૂરેપૂરું જ્ઞાન મેળવેલ ન હોય તેવો ભૂરો.
૨. [સં. પ્રતિહાર; પ્રા. પડિયર] પું. પ્રતિહાર; દ્વારપાળ.
૩. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. મંત્ર સાધનાર.

પઢેરા [હિં.] સ્ત્રી. પાણી ભરનારને ઊભવાની જગ્યા.

પઢેલ ૧. વિ. ઉચ્ચારેલું; બોલેલું.
૨. વિ. ભણેલું; શીખેલું.
૧. પઢેલ, ગ્રહેલ ને કરેલ = ભણેલું, ગ્રહેલું અને અનુષ્ઠાન કરેલું.
૨. પઢેલ પણ ગઢેલ નહિ = ભણેલ પણ ગુણેલ નહિ; વિદ્વાન પણ અનુભવ જ્ઞાન વિનાનું.

પઢેલાણી ૧. સ્ત્રી. પોથી એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પણ્ ૧. [સં.] સ. ક્રિ. ખરીદવું; સોદો કરવો.
૨. સ. ક્રિ. લેખમ ચોકવું.
૩. સ. ક્રિ. રમતમાં હોડ છતવું.
૪. સ. ક્રિ. વેચવું.
૫. સ. ક્રિ. સ્તુતિ કરવી; વખાણવું.
૬. સ. ક્રિ. હોડ બકવી; શરત કરવી; ગુમાર બેઠવો.

પશુ ૧. [સં.] પું. (પુરાણ) છેલ્લો એ નામનો એક મનુ.
૨. પું. ઉદ્યોગ; ધધો.
૩. પું. એ નામનો એક પ્રાચીન સિક્કો; કેટલાકના મતે ૧૧ અને કેટલાકને મતે ૨૦ માસા વજનનો તાંબાનો સિક્કો. તે માટે કોષ્ટક છે :
૪ કાવડિયા = ગંડા
૪ ગંડા = દમડી; કપર્દિની
૪ દમડી = પૈસો
૪ પૈસા = આનો; પણ
૪ આના = પાવલું
ભણવ
૨૦ વરાટક = કપર્દિની
૪ કપર્દિની = પણ
૧૬ પણ = કમ
૧૬ કમ = નિષ્ક
૧૬ અને અમાસ હોરને વર્તમાન ૪૮,૦૦૦ વાટીના પણ (એ નામના સિક્કા) બનતા.
હિંદુ રાજ્યવ્યવસ્થા
૪. પું. એક કર્ણ જેટલું તાંબું.
૫. પું. એક મૂરી બનાવ જેટલું પ્રાચીન મગનું એક માપ.
૬. પું. ખેતરી કોશીનું બળદ.
૭. પું. કીમત; મૂલ્ય.
૮. પું. જિંદગી.
૯. પું. ગુમાર; બૂમરું.
૧૦. પું. પશુ સંપત્તિ
૧૧. પું. પગાર; મજૂરી.
૧૨. પું. પગાનો રાવ.
૧૩. પું. પ્રતિજ્ઞા; કોલકરાર.
પણ મૂકવું-લેવું = (૧) પ્રતિજ્ઞા કરવી. (૨) પ્રતિજ્ઞા ભાંગવી.
૧૪. પું. બજાર; દુકાન
૧૫. પું. રહેવાનું સ્થાન; ઘર.
૧૬. પું. વેચવા ખરીદવાની વસ્તુ.
૧૭. પું. વેચવા ખરીદવાનો વ્યવહાર; વ્યાપાર; ગોલો.
૧૮. પું. સિદ્ધપુરમાં કબર બાંધેલું એક નામ. વ્યવહાર કરનારા, સંસારમાં રહ્યા ગોરાણી રૂપાની રેકડામાં તથા સતી પ્રતિજ્ઞા કરનારા હોવાથી સિદ્ધ પણ કહેવાય છે.
૧૯. સ્ત્રી. વહાણના ઠેકાણાપણાનો એક ભાગ.
૨૦. ન. કસમ; સાપદ; સોગન; નેમ.
૨૧. ન. ટેક; બાનગ્રા.
૨૨. ન. પાણી; નૂર; કાંતિ.
૨૩. ન. શરત; હોડ.
૨૪. ન. સામાન્ય કૃદંત, નામ કે વિશેષણ ઉપરથી બનવાવાળા નપુંસકલિંગમાં નામ બનાવતો પ્રત્યય. જેમકે, ઠકારપણ, ગાયપણ, ઝાંઝરપણ, બાળપણ.
૨૫. ન. સ્તુતિ; પ્રશંસા.
૨૬. વિ. પાંચ.
૨૭. વિ. બનાવનાર કરનાર; વેચનાર; ખરીદનાર.
૨૮. [સં. પુનર્; પ્રા. પુણ] અ. તોપણ; એમ છતાં પણ; પરંતુ; વળવટ કે વિરોધ બતાવનાર ઉભયાન્વયી અવ્યય.
૨૯. અ. વળી; ઉપરાંત; સુદ્ધાં.
નિરંજન નિરાકાર અનામી પણ છે પણ,
નિર્ગુણ દેહધારીને અવ્યક્ત પરમેશ્વર.
ગાંધીગીતા

પણડીઓ (પણડીયો) ૧. [સં.] સ્ત્રી. બોઠડોની જરત.
૨. સ્ત્રી. સુથારનો બેસવા; ઠોક.

પણખ ૧. સ્ત્રી. (વહાણવટું) પરમલના ડેક ઉપરના ઉપાને ભેગી સારી સતાણ રાખવાનું ઠેરવું.
૨. સ્ત્રી. વહાણની સાળમાં વપરાતું એક સાધન.

પણખું ન. લુગડાનો પનો સરખો રાખવાનું એક સાધન; પણખ.

પણગ ૧. પું. કીચડ.
૨. પું. મેલ; ભારી.
૩. ન. આંસુ.
પાંપણને પણગે, બાયા લે કુવા બાપીએ;
માલેરો મરતે, શરીરમાં સરવું વદે.
ગણ્ડ સાંબેલારનો દુહો
૪. ન. ઠોર; વરસાદનું નિંદુ.

પણગો પું. ઝાંઝો; વરસાદનું નિંદુ; ઠોર.

પણગોલાવાઢ (પણગોલાવાઢ) સ્ત્રી. જ્યાં મજૂરી કરનારા ગોલા વસતા હોય તે ભાગ; ગોલણી ઝાંઝેનું એ નામનું એક ગીત.

પણગોલો પું. મજૂરી કરનારો માણસ.

પણજંધિ [સં.] પું. ભટ; દુકાનદાર; બજાર.

પણડ્ય ૧. [સં. પાનીયવટ] પું. જળાશય; નદી, તળાવ, વાવ કે કૂવો.
૨. પું. ઝરણાનો પાટ; પનઘટ; જળાશય.
જોઈએ પણડ્યટ રચિયા રાજ ભાનીયાં રમ્ય ભરીને.
દયારામ

પશુચ્છેદન [સં.] કું. અંગૂઠો કાપવાનો દંડ.

પશુજ ૧. સ્ત્રી. ઝેબો; બકરી.

૨. સ્ત્રી. તરવારનો આગલોભાગ.

૩. [સં. પ્રત્યંચા; -પ્રા. પંચંચા; દે. પડસુઆ] સ્ત્રી. ધનુષની દોરી; કામઠાના બે છેડા તરફ એમ બાંધેલી દોરી; મૌર્વી; કામઠીના બે છેડા જોડનારી ચીપ.

નિરખી તપેજનોનાં ચિત્ત નિવાર્યાં ધર્મ કર્મ રમ્ય,
પશુજ બંધ સોટંતા મુજ જીવ રહે કેટલું ? એ ન્યાયે.
નાનાલાલ

૪. સ્ત્રી. વાંસની ચીપ; તાંત.

પશુજમુખ કું. ધનુષ્ટંકાર; ધનુષની દોરીનો અવાજ.

પશુજમુખ વાજે અદ્ભુત, વન્દે ગાત્ર કવિવર શૂર.
પ્રેમાનંદ

પશુજિયો ૧. કું. ગોફણની બંને બાજુએ છેડે બાંધેલી દોરી.

૨. કું. ગોફણીની નાડીના છેડાનો ભાગ.

પશુર્દ્ધ વ. દોરડી, સુથાર કે ખાજરાનું બંદૂક.

પશુજ્ઞતદાસ [સં.] કું. પોતાની જાતને ગુલામમાં હારી ગયેલ બનેલ માણસ.

પશુઠાવવું સ. ક્રિ. ખૂબ મારવું.

પશુદ્ધાર કું. પિંડનુદ્ધાર; પિંડનમસ્કાર; બાદમાં પિંડને સુવાસિની સ્ત્રીઓથી કરાતો નમસ્કાર.

પશુતર ૧. સ્ત્રી. પરણેલી સ્ત્રી; પત્ની; પરણેતર.

૨. ન. પરણવું તે; લગ્ન.

૩. વિ. પરણેલું.

પશુતા [સં.] સ્ત્રી. મૂલ્ય; કીમત.

પશુથરી સ્ત્રી. ખરોળ; તલ્લી; પીઠા.

પશુધર ૧. [સં.] ન. જ્યોતિષપ્રસિદ્ધ લગ્નથી બીજું, પાંચમું, આઠમું અને બારમું સ્થાન.

૨. વિ. ઠેકીલું; ઘર પ્રતિષ્ઠાવાળું.

પશુધારી જુઓ પશુધર ૨.

પશુન ૧. ન. ખરીદવાનો ભાવ.

૨. ન. ખરીદી; ખરીદવાનું કામ.

૩. ન. વેચવાનો ભાવ; વેચવાપણું.

૪. [સં.] ન. વેચવું તે; વેચાણ; વ્યાપાર; વ્યવહાર; વેચવાની ક્રિયા.

૫. ન. શરત લગાડવાની ક્રિયા.

પશુપત્ની કું. (જૈન) એક જાતનો ભંતર દેવ.

પશુફેર જુઓ પશુધર ૧.

પશુફેરારિ સ્ત્રી. ભગોળની બાર માંહેની છપ્પન, સિંહ, વૃશ્ચિક અને કુંભ રાશિ.

પશુભ જુઓ પશુધ.

પશુભંધ [સં.] કું. હોમ બલી તે; શરત.

પશુરસ [પ્રા.] વિ. ખંદર; ૨૫.

પશુપ ૧. [સં.] કું. જેમ બળતું વાર્ત્રિયા નાનું નગારું.

૨. કું. ઢંઢો.

જેરી સોંપનાર બહુ હોય,
પશુપ ચોમુખ વાજે સોમ. નરહરિ

૩. કું. નાનો હોલ; હોલડી.

૪. કું. (પિંગળ) મગણ, નગણ, ભગણ અને ગુરુ મળી દસ વર્ણનો એક વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં પાંચમે અક્ષરે વિશ્રામો આવે છે.

આ બા ભ ગ ગ ની પશુપે કરો. રણજિત

પશુપક્ષા ન. (જૈન) એ નામનું એક ઉપાંગસૂત્ર.

પશુપાનક [સં.] કું. નગારું.

પશુપી [સં. પશુપિન્] કું. શિવનો કિન્નર માંહેનું એક નામ.

પશુપીસ [પ્રા.] વિ. પચીસ; ૨૫.

વરસ પશુપીસ નેહ જેમ ચાલ્યો.
દર્શનવિજય

પશુવું સ. ક્રિ. પરણવું; લગ્ન કરવું.

અધિકારી મલ્હાર રઘુવર, જેહ પત્ની પશ્ચિયા.
દયારામ

પશુરાસ સ્ત્રી. કાળા; નિરાશ.

જ્યારે મારગમાં આવે ત્યારે જોઇતલો
પશુરાસમાં હાજરી આવે. ત્રિભુવનદાસ

પશુસ ૧. [સં. પનસ] કું. ફણસનું ઝાડ.

૨. [સં.] કું. વેચવા કે ખરીદવાની વસ્તુ; સોદો.

૩. વિ. ખરીદવા જેવું.

૪. વિ. વેચવા જોગ.

પશુસત્તરિ વિ. પંચોતેર; ૭૫.

પશુસમય કું. સોદાનો કરાર.

પશુસારા ૧. સ્ત્રી. કાચા તેમ જ લેણિયા ફણસોની અને ખરવાડની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

પશુસારિયા જુઓ પશુસારા.

પશુસુંદરી [સં.] સ્ત્રી. વેશ્યા.

પશુસ્ત્રી [સં.] સ્ત્રી. વેશ્યા.

પશુસ્વયંવર કું. ભણ્યા વગર ભણનારને કન્યા આપવામાં આવે તે જાતનો સ્વયંવર; સ્વયંવરના ત્રણ માંહેનો એક પ્રકાર. સ્વયંવરના ત્રણ પ્રકાર વિદ્વાનોએ કહેલા છે: ધર્મસ્વયંવર, પશુસ્વયંવર અને શૌર્યશુલ્કસ્વયંવર.

પશ્ચા જુઓ. પૂજા.

પશ્ચાદ્ધિ [સં.] ન. કોડી.

પશ્ચાધ્યક્ષ [સં.] કું. વેપારી બાબતો ઉપર ધ્યાન રાખનાર એક પ્રાચીન અમલદાર.

પશ્ચાન્નૃસિંહજી કું. એ નામનો ગંગનગિરિ નામના દક્ષિણના એક પર્વત ઉપરનો દેવ.

ગંગનગિરિ શ્રી પશ્ચાન્નૃસિંહજી. દયારામ

પશ્ચાયા ૧. [સં.] સ્ત્રી. સુથાર.

૨. સ્ત્રી. ખાખર.

૩. સ્ત્રી. વેચવા ખરીદવાનો વ્યવહાર.

૪. સ્ત્રી. વ્યાપારમાં નફો.

૫. સ્ત્રી. સ્તુતિ; પ્રશંસા.

પશ્ચાયિત ૧. [સં.] વિ. ખરીદેલ.

૨. વિ. વેચેલ.

૩. વિ. સ્તુત; વખાણેલું.

પશ્ચાર્પણ [સં.] ન. વેચવા કે ખરીદવાનું સાટું કરવું તે; પણ આપવું તે.

પશ્ચાસ્ત્રિય [સં.] ન. કોડી.

પશ્ચાસ્ત્રિયક [સં.] ન. કોડી.

પશ્ચાંગના [સં.] સ્ત્રી. વેશ્યા.

પશ્ચિ ૧. [સં.] કું. અધર્મી માણસ.

૨. કું. (પુરાણ) રસાતલમાંના એક જાતના અસુર. એક વેળા આ જાતના અસુરોએ દેવોની ગાય કામધેનુ ચૂપ કરી દીધી. તેની શોધ કરવા માટે ઇંદ્રે દેવોની કૂતરી સરમાને મોકલી. તે સરમા પાછી પશ્ચિ દૈત્યોને સલાહ કરવાની પ્રપંચ આપી, તેથી તેઓએ સરમાને કહ્યું, પણ સરમા તો સંધિ કરવા પ્રપંચતી ન હતી. તેથી તેણીએ ઇંદ્રની સ્તુતિ કરીને એમ મંત્રવર્યું કહ્યા કે, ઇંદ્રની કલ્પાયેલા પશ્ચિઓ ધરણી ઉપર ઢળી પડો. આ મંત્રવર્યું સાંભળીને તેઓ ભયભીત થઈ ગયા અને કામધેનુ પાછી મળી.

૩. કું. ચોળી; કંજૂસ માણસ.

૪. સ્ત્રી. બબ્બર.

૫. સ્ત્રી. સપ્તસિંધુ પ્રદેશની આસપાસ વેદધર્મ વિરોધી વસતી એ નામની એક જાતિ. ઋગ્વેદમાં તેને બુદ્ધિહીન, ઝૂઠી, અદ્દભુખી, નાસ્તિક, કોઈનું સારું નહિ જોનારી અને ઈશ્વરપૂજન ન કરનારી દસ્યુની એક અદેખી જાતિ તરીકે વર્ણવી છે. એ જાતિ ગાયો ચોરીને ગુફાઓમાં સંતાડતી.

૬. ન. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનું.

૮. ન. (જૂ. ગુ.) પશુ.

એક બાજુએ ધરિ આવે ગાયે, પશ્ચિ કું બાજીએ નહિ ઉલટે.
વિમલપ્રબંધ

પણિ અસુર કું. ઋગ્વેદના દશમા મંડલના ૧૦૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પણિઆરો કું. પનઘટ ચલાવનાર માણસ.
આપણે વખારે ને વખારે કરિયાણા અને પણિઆરા બનતા જોઈએ છીએ. ત્રાંબીઝ

પણિક ૧. કું. વણિક; વાણિયો. વેપાર કરતા તેમને પણિક કે વણિક નામ આપવામાં આવ્યું મનાય છે.
૨. [સં.] વિ. પણ આપી ખરીદેલ.

પણિત ૧. ન. સુગર.
૨. [સં.] વિ. ખરીદેલું.
૩. વિ. વખાણેલું; પ્રશંસિત.
૪. વિ. વેચેલું.
૫. વિ. સ્તુતિ કરેલ.

પણિતવ્ય ૧. [સં.] વિ. ખરીદવા જેવું.
૨. વિ. વખાણવા લાયક.
૩. વિ. વહેવારને યોગ્ય.
૪. વિ. વેચવા જેવું.

પણિતા [સં. પણિત્] કું. વેપારી.

પણિયત ૧. સ્ત્રી. વિધિસર પરણેલી સ્ત્રી.
૨. ન. લગ્ન; પરણવું તે.
૩. વિ. સ્ત્રી. પરણેલી; લગ્ન કરેલી; પરણેતર.

પણિયારી ૧. [સં. પનીયકારિણી] સ્ત્રી. પાણીપનિહારિણી ઉપરથી પાણી ભરી આવનારી સ્ત્રી; પનિયારી; પનીહારી.
૨. સ્ત્રી. બાળકોની સેવા ઉછેરણની જગ્યા; 'નર્સરિ.'

પણી ૧. [સં. પણિન્] કું. એ નામનો એક ઋષિ.
૨. સ્ત્રી. ઉપણ.
૩. સ્ત્રી. (કચ્છી) ત્રીજી રજ.
૪. સ્ત્રી. બાજીની નાની મૂડી; બારી; પૂલિપું; પૂણી.
૫. ન. ઘી.
૬. ન. તેલ.
૭. ન. દર્ભનું; ખરીસો. જે રોગીને પણી ઓટલે તેલ, ઘી કે દર્ભમાં સૂર્ય અસ્તના પૂર્વ ચંદ્રમાનું પ્રતિબિંબ દેખાતાં હોય નહિ અથવા દેખાય તો ખંડિત દેખાય, તથા પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશા જણી પ્રતિબિંબ દેખાય અથવા તે પ્રતિબિંબમાં છિદ્ર પડેલા દેખાય તો તે રોગી છ, પણ, જે કે એક મહિનામાં અથવા તો બેટલા જ દિવસમાં મરણને શરણ થાય એમ મનાય છે.
૮. વિ. વેચણ કે ખરીદી કરનાર.
૯. વિ. સ્તુતિપાત્ર.

પણીખ સ્ત્રી. માલ ઉપર કાપલી ચિઠ્ઠાઓ ભેગી રાખનારી કામડી.

પણુરોપણું વિ. પાણીના રેલાની જેમ ઝપાટાબંધ આવતું; જાતું અંતર બહુ જ ઓછા સમયમાં કાપી લે તેમ ચાલનાર.
પણુરોપણા નાર ગંગાજળ સેર ઘોડા ઘમ્મ. કર્ણેસ

પણોજણ કું. કરતના પણને માટે લડનાર માણસ.

પણ્ડજણ ન. પશુઓની ગોળાએ બાંધવાનું ઊંટના વાળનું દોરડું.

પણું ૧. ન. કાથાદિની કચૂંબરનો મસાલો નાખીને બનાવેલો એક ખાવાનો પદાર્થ; ખર્જુ; પચ્ચો.
૨. ન. વેચવા કે ખરીદવાની વસ્તુ.
૩. ન. પુણ્યપ્રવૃત્તિ દેખાડનાર પ્રસંગ. જેમકે, નીતિપણું, પ્રમાણિકપણું.
૪. ન. સામાન્ય ગુણ, નામ કે વિશેષણ ઉપરથી લાવવામાં નપુંસકલિંગમાં નામ બનાવતો પ્રત્યય. જેમકે માણસપણું, સારાપણું, ગધેડાપણું, બદમાશપણું.

પણે અ. તહીં; ત્યાં; પેલે ઠેકાણે; જેથી બાજુએ.
પણે સારસ કુમરા ઊતરે. ઝવેરી

પણો ૧. કું. ત્રેડે બાંધવાનો કુપડો.
૨. કું. રોટી જેવા પાકા ફળની કચૂંબરમાં ખાંડ નાખીને બનાવેલો આલુ પદાર્થ; ખાંડ, સાકર કે ગોળ મેળવીને ફળના મરનો બનાવેલો છૂંદો.
૩. કું. રેતી.
૪. કું. રેતી અને પૂળ મિશ્રિત દાઢ; રેતી ને પૂળ એ જેનો જોગ.
૫. કું. રેતી મિશ્રિત જમીન.
૬. કું. સારી જાતના પ્રકારની નદીમાંહાની ફાંપાળ માટી.

પણોતી સ્ત્રી. પનોતી.

પણ્ય ન. વેચવાની ચીજ કે વસ્તુ; વેપારી માલ. ગુજરાત ચંદ્રિકા કેરી જાતિની પણ્યવધૂ પ્રા.

પણ્યું ન. ટીપું; બિંદુ.
અવતરતાં અમ નામ અતલને સ્પર્શ તણ્યાં,
પણ્યું પણ્યું આંખ ને વેરૂં વણારસી.
રસમાર

પણ્ય ૧. કું. દુકાન.
૨. કું. બજાર.
૩. કું. બાપારુ; બજારમાં બેસનાર.
૪. કું. સોદો; માલ.
૫. ન. વેચવા યોગ્ય એવી વસ્તુ; વેચવાની ચીજ.
૬ [સં.] વિ. ખરીદવા જેવું.
૭. વિ. વખાણવા જેવું.
૮. વિ. વેચવા જેવું.
૯ વિ. વેપાર કરવા લાયક.

પણ્યક [સં.] કું. દુકાનદાર.

પણ્યકા [સં.] સ્ત્રી. દુકાનદાર સ્ત્રી.

પણ્યકારી [સં.] સ્ત્રી. ધન લઈને સેવા કરનારી દાસી; બાંદી; સેવિકા.

પણ્યનિર્વાહિણ [સં.] વ. મહેનત કર્યા વિના ચોરાયો માલ લઈ જનારો તે.

પણ્યપતિ ૧. [સં.] કું મોટો વેપારી.
૨. કું. મોટો સાહુકાર; નગરશેઠ.

પણ્યપત્તન ૧. [સં.] ન. હરિયાણાનું શહેર; બંદર.
૨. ન. બજાર ભરાતી હોય તેવું ગામ.

પણ્યફલ [સં.] ન. વેપારમાં મળેલો લાભ; નફો.

પણ્યભૂમિ [સં.] સ્ત્રી. માલ વેચો કરવાની જગ્યા; કોઠી; બજાર; 'ગોડાઉન.'

પણ્યભોજનશાલા [સં.] સ્ત્રી. પરબ; હોટેલ.

પણ્યભોજનાલય [સં.] ન. હોટેલ.

પણ્યયોષિત [સં. પણ્યયોષિત્] સ્ત્રી. વેશ્યા.

પણ્યરક્ષક [સં.] કું. બજારિયો; બંદારી.

પણ્યલેખ [સં.] કું. વેપાર જેવો કરતાવેજ; ચલણી રકમો; હૂંડીપત્રો.

પણ્યવહેવાર કું. વેપાર.

પણ્યવિક્રયશાલા [સં.] સ્ત્રી. હાટ; દુકાન; બજાર; 'મારકેટ.'

પણ્યવિલાસિની ૧. સ્ત્રી. નખ. ઉરેક માણસના હાથમાં જો નખ ન હોય તો આંગળાં અરાબ લાગે છે. નખ હાથને શોભાવે છે તેથી નખ પણ્યવિલાસિની કહેવાય છે.
૨. [સં.] સ્ત્રી. વેશ્યા.

પણ્યવીથિ જુઓ પણ્યવીથિકા.

પણ્યવીથિકા [સં.] સ્ત્રી. દુકાન; હાટ; બજાર; 'મારકેટ.'

પણ્યવીથી જુઓ પણ્યવિથિ.

પણ્યશાક ૧. [સં] ન. તાંદળજો.
૨. ન. ભાજી; શાકમાં વપરાતી પાનવાળી વનસ્પતિ; ભાજીપાલો.

પણ્યશાલા [સં.] સ્ત્રી. પણ્યશાળા; દુકાન; હાટ; બજાર.

પણ્યશાળા જુઓ પણ્યશાલા.

પણ્યસમવાય [સં.] કું. બજારમાં વેચવામાં આવતો માલ.

પણ્યસંસ્થા [સં.] સ્ત્રી વખાર; ગોદામ; 'ગોડાઉન.'

પતતપ્રકર્ષ

પણ્યસ્ત્રી [સં.] સ્ત્રી. વેશ્યા; વારાંગના.
પણ્યસ્ત્રી, અભિસારિકા ને વેશ્યા–એ ઉત્સવી કેટલીક આધુનિક મંદિરોમાંની નાચનારી દેવદાસીઓ જેવી હતી. કૌમુદી

પણ્યા [સં.] સ્ત્રી. માલકાંકણી.

પણ્યાગાર [સં.] પું. વખાર.

પણ્યાગારિક [સં.] વિ. વેચવા માટે બજારમાં લાવેલું.

પણ્યાજિર [સં.] ન. હાટ; દુકાન; બજાર.

પણ્યાજીવ [સં.] પું. વેપારી; વેપાર વડે આજીવિકા ચલાવનાર માણસ; રોજગારી.

પણ્યાજીવક ૧. [સં.] પું. વેપારી.
૨. ન. હાટ; દુકાન; બજાર.

પણ્યાધ્યક્ષ [સં.] પું. વેપારરોજગાર ઉપર ધ્યાન આપનાર અધિકારી.

પણ્યાર્હ [સં.] વિ. બજારમાં વેચી શકાય એવું.

પણ્યાંગના [સં.] સ્ત્રી. પણ્યસ્ત્રી; વેશ્યા.

પણ્યાંધા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.
૨. સ્ત્રી. કંગણી નામનું ધાન્ય.

પણ્યુવાગરજ્જુ ન. (જૈન) બાર બાંહેનું એ નામનું એક અંગસૂત્ર; પ્રશ્નવ્યાકરણ નામનું દશમું અંગસૂત્ર.

પત્ ૧. [સં.] અ. ક્રિ. અધઃપાત થવો.
૨. અ. ક્રિ. અસ્ત પામવું.
૩. અ. ક્રિ. ઊડવું.
૪. અ. ક્રિ. ઐશ્વર્યવાળા થવું; માલિક થવું.
૫. અ. ક્રિ. ગમન કરવું; જવું.
૬. અ. ક્રિ. દુર્દશા થવી.
૭. અ. ક્રિ. નીચે ઊતરવું.
૮. અ. ક્રિ. (ધાતુ) પડવું. તે ઉપરથી બનેલ શબ્દ: પતન, પાત, પતિત, પતિતા.
૯. અ. ક્રિ. સ્વર્ગમાંથી નીચે પડવું.
૧૦. સ. ક્રિ. પડવું.

પત ૧. [સં.] પું. પડવું તે; પતન પામવું તે.
૨. [હિં.] પું. માલિક; સ્વામી; પ્રભુ; ધણી; પતિ.
૩. પું. રાજા.
૪. સ્ત્રી.;ન. જળતરોઢ; પાંડુરોગ; પંડરોગ; જળતો રોગ; જળાં, ગૂમ અને જેમ કરતાં કરતાં ધીરે ધીરે બધા અવયવો ભરતા બધા જેવો મહાભયંકર, ચેપી અને અસાધ્ય એક રોગ.
૫. સ્ત્રી. ધીરધાર.
૬ સ્ત્રી. ભરોસો; પ્રતીજ; વિશ્વાસ; પ્રતાપ.
પત કરવી = વિશ્વાસ કરવો.
૭. સ્ત્રી. લાજ; શોજ.
૮. સ્ત્રી. સાખ; આબરૂ; ટેક.
સતિયા સબ બાત ચૂકિયે, સબ ચૂકે પત જાય,
સતકી બાંધી લક્ષ્મી, ફિર મિલેગી આય. લોકોક્તિ
૧. પત ઉતારવી–લેવી = કોઈની પ્રતિજ્ઞાનો ભંગ કરવાનું કામ કરવું; અમુક માણસો વચ્ચે કોઈનું અપમાન કરવું.
૨. પત જોખી–જાવી = લાજ જતી રહેવી; આબરૂ જવી.
૩. પત રાખવી = પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યા દેવો; આબરૂ બચાવવી; ટેક રાખવી; પ્રતિજ્ઞા પાળવી.
૯. ન. પાંદડું.
૧૦. વિ. પડનાર.
૧૧. વિ. પુષ્ટ; પોષેલ; પાલેલ.
૧૨. વિ. માન્ય; કબૂલ.
પત કરવું = (૧) કોઈ કામ કરવાનું માથે લેવું. (૨) બદલું; માન રાખવું. (૩) છૂટ આપવી. (૪) માનવું; માંડવું; વલ વર્તવું. (૫) સ્વીકારવું.
૧૩. ન. બાવવાચક નામ બતાવનાર પ્રકરણ. જેમકે, પરપત.

પતક [સં.] વિ. પડનાર; પતન પામનાર.

પતકા [હિં.] સ્ત્રી. પટો.
જરી પતકા = વેપારીઓ પોતાના ગુમાસ્તાઓને આપતા તે સોનેરી પટો.

પતકાળું ન. લાડ તરીકે વપરાતું એક મોટું ફળ; કોળું; કુષ્માંડ. ચોમાસામાં પતકાળાનાં બી ઘર પાછવાડે કે આંગણામાં આતર નાખી વવાય છે. તેના વેલા જાપરા ઉપર, કાટાની વાડ પાછવાડે હોય તે ઉપર ચડે છે અને તેમાં બે માસે ફૂલ આવી પતકાળાં લાગવાં શરૂ થાય છે. તેને ચોમાસામાં પાણી પાવા જરૂર નથી. બહા માસમાં વાડીની જમીનમાં આતર નાખી, એક કરી, પાણ નાખી તે ઉપર પતકાળાનાં બી વાવે છે તો ઉનાળામાં તે થાય છે. અતએવ કે ઉનાળા ને ચોમાસામાં પતકાળાં વવાય છે. પાકેલાં પતકાળાં ખુલ્લી હવામાં રાખ્યાં હોય તો બરફ વગર વરસ બે વરસ સુધી રહે છે. કાચાં પતકાળાં સારી બનાવે છે. પતકાળાંને ઝેરવાં વવાતાં નથી, પણ રોરડીના વાડને ફરતાં કે ચોમાસુ વાડ કર્યું હોય તે બેતરને ફરતાં વાવવામાં આવે છે. તેની નીચેની જાત વવાય છે (૧) મોટું બળકું ગોટપીલું આ જાતનું પતકાળું છે. તે બહારની બાજુ બધુ મોટું થાય છે. (૨) બંબોડ આ પણ મોટામાં મોટું પતકાળું છે. (૩) ભેનાપતઃ આ પતકાળાનું બધું સાંઠકું હોય છે તેથી તે કદરૂપું દેખાય છે. (૪) બાબે મેમોદ્દ તે બહારી બધુનું પતકાળું થાય છે. તેનો વેલો ઘણો મોટો વધે છે. તેમાં ૩૦ થી ૪૦ ફળ થાય છે. અંદર પીળો ગરબ હોય છે. તેનું શાક થાય છે. વેલામાં પીળાં ફૂલ આવે છે.

પતકુલી સ્ત્રી. એક જાતનો નાનો છોડ; બકોરા. તેનાં ફૂલ પીળાં અથવા રાતાં હોય છે.

પતગ ૧. પું. (જૈન) એ નામની એક જાતિનો વાણવ્યંતર દેવ.
૨. પું. (જૈન) એ નામની જાતિના દેવોનો દક્ષિણ દિશાનો ઇંદ્ર.
૩. [સં.] પું. પક્ષી.

પતગપતિ પું. (જૈન) પતગ જાતિના વ્યંતર દેવતાનો ઉત્તર દિશાનો ઇંદ્ર.

પતગરાજ [સં. પતગ (પક્ષી) + રાજન્ (રાજા)] પું. ગરુડ પક્ષી.

પતગાળું જુઓ પતકાળું.

પતગી [સં.] સ્ત્રી. પક્ષિણી.

પતગેંદ્ર ૧. [સં. પતગ (પક્ષી) + ઇંદ્ર (રાજા)] પું. પક્ષીરાજા; ગરુડ.
૨. પું. (જૈન) પતગ જાતિના વાણવ્યંતર દેવોનો એ નામનો એક ઇંદ્ર.

પતજડી (પતજ્ડી) સ્ત્રી. પાનખર ઋતુ; શિયાળાના બે મહિનામાં ઝાડનાં પાંદડાં ખરી પડે છે તે મોસમ.

પતઝડ (પતઝ્ડ) ૧. [હિં.] સ્ત્રી. પાનખર.
૨. સ્ત્રી. પાનખરનો વખત; વૈભવહીનતા કે કંગાલીનો સમય.
૩. સ્ત્રી. પાનખર ઋતુ; શિશિર ઋતુ; મહા તથા ફાગણ માસ; કુંભ અને મીન રાશિની સંક્રાંતિ. આ ઋતુમાં હવા સૂકી બનવાથી વનસ્પતિઓનાં રસ તથા સ્નિગ્ધતાનું શોષણ થઈ જાય છે. ઝાડનાં પાંદડાં રસહીનતાને લીધે સુકાઈ ખરી પડે છે. વૈદ્યોના મત પ્રમાણે આ ઋતુમાં કફ વધે છે અને જઠરાગ્નિ તેજ થાય છે. કેટલાક પોષ અને માઘ માસને પાનખર ઋતુ માને છે.
૪. વિ. પાંદડાં વગરનું.

પતણ પું. (કચ્છી) પતી જવું તે.

પતતું અ. ક્રિ. પતી જવું; સમાધાન થવું.

પતત [સં. પતત્] પું. પક્ષી; ચકિયા.

પતતપ્રકર્ષ પું. (કામ) વાજીકરણનો એક ભેદ; કામમાં એક જાતનો રસદોષ; આરંભમાં જે રસનાઓ અંગીકાર કરે તેને અંત સુધી ન નિભાવી શકે તેવો રસદોષ.

પતત્પતંગ [સં.] કું. આકાશનો સૂર્ય.

પતત્ર ૧. જી. પંખ.
૨. [સં.] ન. વાહન.

પતત્રિ ૧. કું. એ નામનો એક વૃદ્ધબભ્રુ. તે ભીષ્મ પિતામહે મહાભારતના યુદ્ધમાં પ્રથમ દિવસે રચ્યો હતો. આ બ્યૂહ એવો હોય છે કે જે તરફ હુમલા કરવામાં આવે તે તરફ તેનું મુખ રહે છે. તેથી બધી દિશાઓમાં તેના ઉપર શત્રુએ હુમલો કરવો કઠિન બને છે.
૨. કું. ગરુડ.
૩. કું. તીર; શર; બાણ.
૪. [સં.] કું. પક્ષી; પંખી.

પતત્રિકેતન [સં. પતત્રિ (પક્ષી) + કેતન (ધ્વજ)] કું. વિષ્ણુ.

પતત્રિરાજ [સં.] કું. ગરુડ પક્ષી.

પતત્રી ૧. [સં. પતત્રિન્] કું. ગરુડ.
૨. કું. તીર; શર; બાણ.
૩. કું. પંખી; પક્ષી.
દ્વિજ શકુન પક્ષી શકુનિ અંડજ વિકિર વિહંગ; વિહંગમ પતત્રી પત્રરથ પત્રી પતત્ર પતંગ
પિંગળપ્રકોષ

પતદ્ગ્રહ ૧. [સં.] કું. પિંડારી; ધૂડધાની.
૨. કું. ભિક્ષાપાત્ર.

પતદ્ગ્રીક [સં.] કું. બાજ પક્ષી.

પતન ૧. [સં.] કું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૨. ન. અધિકાર ઉપરથી નીચે પડવું તે.
૩. ન. અધોગતિ; પડતી; અવનતિ.
પ્રતિષ્ઠા પુણ્ય કે હલ્કો સંબંધ જે વિષ્ણુ,
પતન માનવીનું થે હિંસાથી દૂરવરે સદા.
માંપીઠ
૪. ન. ઊડવાની ક્રિયા કે ભાવ.
૫. ન. કોઈ ગ્રહ કે નક્ષત્રનો અસ્ત.
૬. ન. ક્રોધ; અવરોધ.
૭. ન. કૂદવું તે.
૮. ન. (જૈન) દિગંબર જૈન સંપ્રદાયની ભત્રીસ માંહેની એ નામની એક જોજનાંતરાય.
૯. ન. નાશ.
૧૦. ન. પડવું તે; પાત.
૧૧. ન. પાપ; પાતક.
૧૨. ન. ભ્રષ્ટતા; પતિતપણું; અધઃપાત.
૧૩. ન. મરણ; મોત; મૃત્યુ.
૧૪. ન. હાર; પરાજય.

પતનકાલ ૧. [સં.] કું. પડતાં લાગતો વખત.
૨. કું. પડતીનો વખત.

પતનકાળ જુઓ પતનકાલ.

પતનકિરણ [સં.] ન. સૂર્યનાં કિરણ. તેનાથી ઝાકો, ઉપલકો વચ્ચેનો પ્રકાશ છે.

પતનકોણ ૧. [સં.] કું. અક્ષાંશની સાથે બનતો ખૂણો.
૨. કું. અપરદર્શક વસ્તુ ઉપર કિરણ પડતાં તેની સપાટી સાથે બનતો ખૂણો; "ઍન્ગલ ઑવ ઇન્સિડન્સ."

પતનક્ષેત્ર [સં.] ન. પ્રક્ષિપ્ત પતનમાર્ગ.

પતનગામી [સં. પતનગામિન્] વિ. નીચે જનાર; પડનાર.

પતન જ્યોત્સ્ના કું. દરેક મહિનામાં વદિ જુદાં જુદાં મહાજનોવાર આવકનવક્ષ બતાવતો વાર્ષિક તિજોરીનો હિસાબ.

પતનમાર્ગ જુઓ પતનક્ષેત્ર.

પતનશીલ [સં.] વિ. પડી જનાર; પડનાર; પડવાના સ્વભાવવાળું.

પતનસ્રમણ જુઓ પતનભ્રમ.

પતનાલા [હિં.] કું. ઝરણ; ઝોરી.

પતની કું. નાવિક; ખલાસી.

પતનીય ૧. [સં.] ન. પાપ.
૨. વિ. પડવાને યોગ્ય.
૩. વિ. પાડવા જેવું.

પતનોન્મુખ ૧. [સં.] વિ. અધોગતિ અથવા વિનાશ પામે હોય એવું.
૨. વિ. ઝાઝું રહેલું.

પતપડી (પતપડી) જી. વરસાદ પછી તરતમાં ઊગી નીકળેલી પોચી જમીનની સપાટી.

પતપતની ૧. કું. પ્રતિક્ષા; માન.
૨. કું. લાજ; આબરૂ.

પતમ ૧. [સં.] કું. કપૂર.
૨. કું. ચંદ્ર.
૩. ન. પક્ષી.
૪. ન. પતંગિયું; કીડું.

પતમર્દ જી. ખૂની રીતરસી કાપીને નવી વાવણી તે.

પતમાલુ [સં.] વિ. પતનશીલ; પડવાના સ્વભાવવાળું.

પતર ૧. કું. પત્ર; પ્રજાજન.
૨. જી. મળદ્વાર; ગુદા.
૩. જી. માવાકૂટ; પતર; હેરાનગતિ; ઝપર કરવું તે.
પતર આથણી–આંકણી–ચમણી = (૧) કંટાળો આપવો. (૨) હેરાન કરવું; નકામી મહેનત કરાવવી.
૪. ન. એક બતનું વાસણનું વાચક; પતર.
૫. ન. ઝાડનો અણિયાળ.
૬. ન. પતરાવળી.
૭. [સં. પત્ર] ન. પત્ર; પાંદડું.
અણ પતર આળો, જૂએ તો ચોરાસીનો ભાળો
અખો
૮. [સં.] વિ. ગમન કરનાર; જનાર.
૯. વિ. પાતળું; કૃશ.

પતરકું કું. વહેલા સોરા સાંધવા ઊભેરવામાં આવતો તારનો ટુકડો.

પતરચટું વિ. અણછું આનાર.

પતરડી (પતરડું) ૧. જી. પતા; આળસ; પત્તીજ.
૨. વિ.જી. પાતળી.
૩. જુઓ પતર ૧–૩, ૬.

પતરણું જા. ક્રિ. પલટી જવું; દમો દેવો.

પતરવું ૧. જા. ક્રિ. પતળી જવું; વંકી જવું.
પ્રીત કરીને પતરે જે માણસ નહિ પણ ઢોર.
લોકસાહિત્ય
૨. જા. ક્રિ. ભોંકીને ફરી જવું.

પતરવેલિયું ૧. ન. ખાણીના પાનનું બનેલું; પાતરું.
૨. ન. બનેલાં કરવાના કામમાં આવતું ખાણીનું મોટું પાન.

પતરા ૧. [હિં.] કું. પંખાંગ; તારીખિયું.
૨. જી. એ નામની આહીરની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. તંબોળીએ પાન સાચવવાની કાલીમાં બિછાવેલ પાન.
૫. ન. સરસવનું પાન.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. પાતળું.

પતરાઈ [હિં.] જી. પાતળાપણું; સૂક્ષ્મતા.

પતરાજ જી. શેખી; ડંફાસ; બાલી બકાઈ; મિથ્યાભિમાન; કુંપદ; ઓળઘોળ; ગર્વ.
પતરાજ કરવી = બકાઈ મારવી.

પતરાજખોર વિ. બકાઈખોર; મિથ્યાભિમાની; કુલવૃદ્ધ શેખીખોર; ગર્વિષ્ઠ; ઓળી; દંભી.

પતરાજબાજ જુઓ પતરાજખોર.

પતરાજિયું જુઓ પતરાજખોર.

પતરાજી જુઓ પતરાજ.

પતરાજીખોર જુઓ પતરાજખોર.

પતરાડી (પતરાડો) જી. (કચ્છી) પત્રાવળી.

પતરાવળ ૧. [સં. પત્ર (પાંદડું) + આવલી (હાર)] જી. પત્રાવળ; પતરાળાંની હાર.

પતરવાહા

૨. સ્ત્રી. પાતળ; આખરાનાં પોદળાને સળીથી જોડી બનાવેલુ ચણી જેવુ સાધનઃ પતરાળું.

૧. પતરાવળ મંગાવ્યો = મંદિરમાં ધરાવેલા પ્રસાદમાંથી વેચાતું આપું મગાવવુ.

૨. પતરાવળ માંડવી = (૧) જમવા પંગત બેસાડવી. (૨) પીરસવા માટે પતરાળું મૂકવુ. (૩) આપું મૂકવુ કે પીરસવુ.

૩. સ્ત્રી. ભાલુ, પિરસણ.

પતરાવળી જુઓ પતરાવળ.

પતરાવળું જુઓ પતરાવળ.

પતરાસ જુઓ પતરાજ

પતરાળ સ્ત્રી. પતરાવળ; પતરાળી; પતરાવળી.

પતરાળી જુઓ પતરાવળ.

પતરાળું જુઓ પતરાવળ.

પતરિયા [હિ] સ્ત્રી. વેશ્યા.

પતરિયાબાજ વિ. વેશ્યાગમન કરનાર.

પતરિંગ [હિં.] સ. એક જાતનું ગાનારૂં પક્ષી. તેનું આખું શરીર લીલું અને ચાંચ પાતળી તથા બે ઈંચ લાંબી હોય છે. તે ડીસા પહાડોને બાગ છે.

પતરી ૧. સ્ત્રી. દોરના પત્રમાં જડવામાં આવતી નાલ.

૨. સ્ત્રી. પાતુનો પાતળો નાનો ટકડો.

૩. સ્ત્રી. પતરાવળી.

૪. સ્ત્રી. પાતળી દોરીઃ પાતળો છોડઃ પાતળું પડ.

૫. સ્ત્રી સ્ત્રીઓને માથામાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૬. વિ સ્ત્રી. પાતળી.

પતરી સાકર સ્ત્રી. ખોળ કેરની સાફ કરેલી એક જાતની પત્રાકાર સાકર.

પતરું [સં.] વિ. પડવાના સ્વભાવવાળું.

પતરું ૧. સ્ત્રી. સ્ત્રીનું ભોંયરાવાળી મકાની તથા પદોળા મોટા પાણીની માલ્યી. તેમાં ઘંટા બધા જ હોય છે.

૨. ન. છોલ; ફોતરું.

૩. ન. સ્ત્રીનું કામ કરવા તથા સાંધ બંધનેસતી કરવા માટેની પાતળી કરવતી.

૪. [સં. પત્રક] ન. ચોપડા જેવો પાતળો અને ચપટો પાતુનો મોટો સપાટ પાટ.

૫. ન મોટી કમનેટઃ ઝીણરી ચાળણઃ તાસકઃ તાસ

પતરેલ વિ. કરેલું; રચેલુ.

પતરો વિ.પું. (કચ્છી) પાતળો.

પતર્સ ૧. સ્ત્રી. મલબારમાં વસતી વાઘરણોની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પતલ ૧. ન. પાટિલું; અધિદેવન.

એમ લાગે છે કે એકાદ પાટીના (પતલ કે અધિદેવન) ઉપર રોસેલાં ખાનાં અથવા અક્ષ વડે તે સમયમાં હિસાબો રખાતા હતા.

હિંદુરાજ્યતંત્ર

૨. ન. સિંધ ઢેંઢરાળાદ.

પેરીપ્લસ તેનાં મુખ્ય બંદરોનાં નામો આ પ્રમાણે આપે છેઃ (૧) બાઈજાય (બકર), (૨) મોન્ડરીસ (માંડવી), (૩) નેલકાન્ડ (નીલકંઠ), (૪) પતલ (સિંધ ઢેંઢરાળાદ). સુપર્ણમાલા

પતલવું જા. ક્રિ. ખાલવું.

પતલા ૧. [હિ.] વિ. અણીવાળું.

૨. વિ. અણદાર; કમનેટ; દુખણું.

૩. વિ. ઓજા વેરાવ કે પહોળાઈવાળું.

૪. વિ. બાકું નહિ એવું; જેમાં પાણીનો બાગ વધારે હોય એવું.

૫ વિ. ઝીણું; સૂક્ષ્મ.

૬. વિ ઝીણું કંતિત.

૭ વિ. પાતળું.

૮. વિ. શુદ્ધ કરેલ.

૯. વિ. સાંકડું; ઢોયા જેવું.

પતલાઈ ૧. સ્ત્રી. ઝીણાપણું.

૨. સ્ત્રી. નાજુકી; કમનેટી; દુખણાપણું.

૩. સ્ત્રી. પાતળાપણું; બારીકી.

૪. સ્ત્રી. પ્રવાહીપણું.

પતલાપન જ. પાતળાપણું.

પતલાહાલ [હિ.] પું. દુઃખ તથા કષ્ટવાળી અવસ્થા; કરુણાજનક સ્થિતિ; દુર્દશાનો વખત; દુર્દિન.

પતલિયા પું. ખંભાતમાં વતો એક ઊંચી જાતનો આંબો.

પતલી ૧. સ્ત્રી. ખૂમરું; ફૂલ.

૨. વિ.સ્ત્રી. પાતળી.

પતલું જુઓ પતલા.

પતલેસ વિ. છોલેલ.

જિસ મન હરે આને નહિ, પતિત તોરી પતલેસ;
અબ રહે આની અણીયે, તો કર એ જેસા જેસ.

નિજાનંદ

પતલો પું. કાચ ઉપરથી પડેલાં મરેલાં પંખાં.

પતવણી સ્ત્રી. પતાવટ; નિકાલ; ફેસલો.

પતવવું ૧. સ. ક્રિ. બતારી લેવું.

૨. સ. ક્રિ. ચૂકતી આપવું; બાકતું આપવું; ચૂકવવું.

૩. સ. ક્રિ. બદલે એમ કરવું; વાંધાનો તોડ કાઢવો; સમાધાન કરવું; પતાવવું.

૪. સ ક્રિ. પૂરું કરવું; અંત આણવો.

પતવ્રતી સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.

પતવા [હિં] પું. શિકાર કરવાનો એક પ્રકારનો બાકડાનો બાચકો. તે ચાર હાથ ઊંચો અને બાર હાથ પહોળો હોય છે. આઠ માણસ બેસીને નિશાન મારી શકે એટલો તે લાંબો હોય છે. ચોમેર પાતળી બાકડી ચોડેલી હોય છે બાકડાની બહ બણી પાંદડાંથી ઢાંકેલી હોય છે, જેથી શિકારનું પ્રાણી શિકારીઓને દેખી ન શકે.

પતવાર [હિં.] પું. સુકાન; કર્યું તે વહાણની પાછવાડે હોય છે. તેનો અર્ધભાગ પાણીમાં અને અર્ધો બહાર રહે છે.

પતવાળ જુઓ પતરાવળ.

પતવાળી જુઓ પતરાવળ.

પતવાળું જુઓ પતરાવળ.

પતવું ૧. અ. ક્રિ. અંતમ થવું; પૂરું થવું; અંત આવવો.

પતી જવું = (૧) અંત આવી જવો; પૂરું થઈ જવું; થઈ રહેવું; નિકાલ થવો; છુટકો થવો. (૨) તોડ આવવો; ફેસલો થવો. (૩) બરબાદ થઈ જવું; ચૂકવાઈ જવું; બરોબર ઊકલી જવું કે ચૂકતે થઈ જવું; માગતા લેણાનો નિકાલ થઈ જવો. (૪) મરી જવું. (૫) સમાધાન થઈ જવું.

૨. અ. ક્રિ. કપવું; બસવું

૩. અ. ક્રિ. નિકાલ થવો; તોડ આવવો; સમાધાન થવું.

૪. અ. ક્રિ. બાકતું લેવું બરબાદ થવું; ચૂકવવું; ચૂકતે થવું.

૫. અ. ક્રિ. મૃત્યુ પામવું; મરણ પામવું.

પતશાહ પું. પાદશાહ; બાદશાહ.

પતસ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. પક્ષી.

૪. પું. પતંગિયું; કૂદકું.

પતસાહ પું. (જૂ. ગુ.) પાદશાહ.

ગરજ વડો પતસાહ, રાતમુખ આવિ અમારી.

કુમુદિનમ

પતરી [સં.] સ્ત્રી. પક્ષિણી.

પતરવાહા [હિ.] પું. અગ્નિ; સ્વાહાનો પતિ.

પતળું ૧. વ. કિ. જુસ્સે થવું; ચિરકું કરવું.
૨. અ. કિ. છટકવું; ભાગવું.
૩. અ. કિ. પલાવું.
૪. અ. કિ. પીગળવું; નરમ થવું; ગળી જવું; ઓગળવું.
૫. અ. કિ. ભેજવશ થવું; લાજ ભોકાવી.
૬. અ. કિ. વચન તોડવું; પાળવું; નામુકર જવું; ફરી જવું; વચનભંગ થવું.
પેલાં કઈ બોલ પળે પતળીયે નૈ.
લોકોક્તિ

પતળાવવું ૧. વ. કિ. ઘડીને કે ટીપીને પાતળું કરવું.
૨. વ. કિ. પતળવાની ક્રિયા કરાવવી.

પતળાવું વ. કિ. પતળવાની ક્રિયા થવી.

પતળું ૧. વિ. જુસ્સે ચઢેલું; નારાજ; ફરેલું.
૨. વિ. પાતળું.

પતંગ ૧. [સં.] પું. આંધળો.
૨. પું. (જૈન) એ નામની એક જાતના વાણવ્યંતર દેવ.
૩. પું. એક જાતની ડાંગર.
૪. પું. એક જાતનો ઢાંચો રંગ.
૫. પું. ચિનગારી; દેવતાનો અંગારો.
૬. પું. તીડ; તીતીઘોડો.
૭. પું. ઢોલ.
૮. પું. પક્ષી.
દ્વિજ શકુંત પક્ષી શકુનિ, અંડજ વિહગ વિહંગ;
વિહંગમ પતત્રી પત્રરથ, પત્રી પતગ પતંગ.
પિંગળસિદ્ધપ્રકોષ
૯. પું. પાણીમાં ચાલતો એક જાતનો મચ્છર.
૧૦. પું. પારો.
૧૧. પું. (પુરાણ) પ્લક્ષદ્વીપ મહિના એક જાતના લોક. તેઓ હજાર વર્ષની આયુષ્યવાળા મનાય છે.
૧૨. પું. દૂત; પરવાના; પતંત્રિયું; ભોમાસામાં થતું રંગબેરંગી નાનુંક અને મોટી પાંખનું જીવડું.
૧૩. [સં. પત્રંગ] પું. મધ્ય હિંદ અને દક્ષ પ્રાંતમાં થતું એક જાતનું પીળું અને સુગંધીદાર લાકડ. તેના લાકડાનો રંગ લાલ હોય છે. તે રંગવાના કામમાં વપરાય છે. તે લાકડા અંગ્રેજીમાંથી મુલ્લાક બને છે. તે તેના લાલી મુખને લીધે ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. અત્યાક્ષોના લાલ ઉપર તેમજ દંતમંજન બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. વૈશાખ જેઠ માસમાં જમીનને સારી રીતે ખેડીને આ લાકડાં બી વાવવામાં આવે છે. લગભગ ૨૦ વર્ષમાં આ લાકડ ૪૦ ફુટ જેટલું ઊંચું થાય છે, ત્યારે તેને કાપી લેવામાં આવે છે. તેના લાકડાના નાના કટકા કરી લગભગ બે પ્રહર પાણીમાં ઉકાળવામાં આવે છે, જેથી એક જાતનો સહુ સુંદર લાલ રંગ નીકળે છે, તે પતંગ કહેવાય છે. પહેલાં આ રંગની બહુ ખપત બહુ હતી અને તે પ્રદેશ મોકલાતો હતો, પણ બજારથી વિલાયતી નકલી રંગ બનવા લાગ્યા, ત્યારથી તેની બહુ ખપત ઘટી ગઈ. આજકાલ કેટલાક વિલાયતી રંગ પતંગ નામથી વેચાય છે. કેટલાક લોકો તેને લાલ ચંદન માને છે, પણ તે ઠીક નથી. તેને સંસ્કૃત પણ કહે છે. કેસુડામાં તેને પીળાં ફૂલ આવે છે. પતંગના રંગને ઊડી જતાં વાર લાગતી નથી, તેથી તેની બાબતને કૃષ્ણસંભૂતની ઉપમા આપેલી છે.
૧૪. પું. (પુરાણ) મેરુપર્વિત પર્વતમાંનો એ નામનો એક પર્વત.
૧૫. પું. સૂર્ય.
સૂર્ય પતંગ પતંગ બત્ર, ધાતકી સહો પતંગ;
આ બધ રંગ પતંગનો, હરિ એક જ નવરંગ.
પિંગળસિદ્ધપ્રકોષ
૧૬. પું. (પુરાણ) સ્વયંભૂ મન્વંતર માંહેના મરીચિ ઋષિના છ માંહેનો એ નામનો બીજો પુત્ર.
૧૭. પું. હરકોઈ ચાલવાળો ઢીલો; ઊતરો ઢીલો.
૩. કું. બાપી કૂબો મુગ્ધ રાખનાર પુરુષ.

૪. કું. વિશ્વાસુ માણસ.

પરદાદારી ૧. [ફા.] સ્ત્રી. ગુપ્તતા રાખવી તે.

૨. સ્ત્રી. પાપ છુપાવણી.

પરદાદો જુઓ પરદાદા.

પરદાન કું. ચોંદવો.

પરદાનશીન [ફા. પરદા (પડદો) + નિશસ્તન (બેસવું)] વિ પરદામાં રહેનાર; ઘરનામાં રહેનાર; અંતઃપુરવાસી.

પરદાપોશ ૧. વિ બીજાનાં પાપ કૂબો ઢાંકનાર.

૨. [ફા પરદા (પડદો) + પોશીદન (ઢાંકવું)] વિ. મોઢું ઢાકનાર; પરદો કરનાર કે રાખનાર; ઓઝલ પાળનાર

પરદાપોશી ૧. સ્ત્રી. પાપ છુપાવવાં તે.

૨. [ફા.] સ્ત્રી. મોઢું ઢાંકવું તે; પરદો રાખવો તે.

પરદાર ૧. [સં. પર (પારકું) + દાર (આ)] સ્ત્રી. પરસ્ત્રી; પારકાની સ્ત્રી.

૨. [ફા. પર (પંખ) + દર (વાળું)] વિ. પંખાળું; પંખાવાળું.

પરદારગમન જુઓ પરદારાગમન.

પરદારગામી જુઓ પરદારાગામી.

પરદારા [સં. પર (પારકું) + દારા (પત્ની)] સ્ત્રી. પરસ્ત્રી; બીજાની સ્ત્રી; પરસ્ત્રી; પારકાની પત્ની.

પરદારાગમન [સં. પરદારા (પારકી સ્ત્રી) + ગમન (જવું તે)] ન. પરસ્ત્રી સાથે આડો અનાચાર સેવવો તે; અભિસાર; પારકી સ્ત્રી સાથે ગમન કરવું તે.

પરદારાગામી [સં. પર (પારકું) + દારા (સ્ત્રી) + ગામિન્ (જનાર)] વિ. અભિસારી.

પરદારાભિગમન જુઓ પરદારાગમન.

પરદારાભિમર્ષ [સં.] કું. પારકી સ્ત્રી સાથે અભિચાર.

પરદારાસંબંધ [સં.] કું. પરસ્ત્રી સાથે સંબંધ કરવો તે.

પરદારી [સં. પરદારિન્] વિ. પારકી સ્ત્રી સાથે અભિચાર કરનાર.

પરદારોપસેવન [સં.] ન. પારકી સ્ત્રી ભોગવવી તે.

પરદાસત્વ [સં.] ન. પારકાને ઘેર રહી નોકરી કરવી તે.

દમયંતી પરદાસત્વ ભોગવ્યું, પ્રીછ્યો નહિ પરિવાર. પ્રેમાનંદ

પરદુઃખ [સં.] ન. પારકાનું દુઃખ; પરપીડા.

પરદુઃખદુઃખાની વિ. પારકાને દુઃખે દુઃખ માનનાર.

પરદુઃખદુઃખી [સં. પરદુઃખ (બીજાનું દુઃખ) + દુઃખિન્ (દુઃખી)] વિ. પારકાને દુઃખે દુઃખી.

પરદુઃખભંજન ૧. [સં.] કું. ઈશ્વર.

૨. વિ. પારકાનું દુઃખ દૂર કરવા માટે શ્રમ લેનાર.

૩ [સં. પર (પારકું) + દુઃખ + ભંજન (ભાંગનાર)] વિ. બીજાનું દુઃખ ભાંગનાર; પરોપકારી; ઉદાર; પરગજુ; બીજાની પીડા ભાગનાર; પોતાના સુખનો વિચાર નહિ કરતાં બીજાનું દુઃખ ભાંગવાની વૃત્તિવાળું; બીજાનું દુઃખ દૂર કરનાર.

પરદુઃખભંજનપણું ન. પારકાનું દુઃખ મટાડવાનો સદ્‌ગુણ.

પરદુઃખભંજનહાર વિ. બીજાનું દુઃખ દૂર કરનાર.

પરદુઃખહાર જુઓ પરદુઃખભંજન ૨.

પરદુષ્ય ન. પારકાનો દોષ.

પરદૃષ્યસંધિ [સં.] સ્ત્રી. સંપૂર્ણ રાજ્યની ઉત્પત્તિ તથા ફળ દેવાની પ્રતિજ્ઞા કરી સંધિ કરવા તે.

પરદૃષ્ટિ ૧. [સં. પર (પારકું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. બીજાની નજર.

૨. [સં પર (બીજું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી ભ્રમ; 'હોલસ વિઝન.'

પરદેનશીન [ફા. પરદા (પરદો) + નિશસ્તન (બેસવું)] વિ. ઓઝલમાં રહેનાર; પડદામાં રહેનાર.

પરદે પરદે અ. ચુપચાપ; ગુપ્ત રીતે.

પરદેપોશ ૧. વિ. ઓઝલમાં રહેનાર

૨. [ફા. પરદા (પડદો) + પોશ (ઢંકાયેલ)] વિ. છુપું.

૩ વિ. પડદા પાછળ રહી કામ કરનાર.

૪ વિ. પડદામાં છુપાયેલ. ચુરમો ઓઢનાર બૈરી માટે વપરાય છે. કોઈ માણસને પાલખી વા ગેનામાં ઢાંકીને લઈ જાય તેને પરદેપોશ કરી લઈ જવા કહેવાય છે.

પરદેવતા [સં.] કું. સર્વોત્તમ પુરુષ; પરબ્રહ્મ; પરમાત્મા.

પરદેશ [સં. પર (પારકું) + દેશ (મુલક)] કું. પારકો દેશ; પોતાનું વતન નહિ એવી મુલક; વિદેશ; બીજો દેશ; પરમુલક; પોતાના દેશથી ભિન્ન દેશ; બીજો મુલક; પરાયો દેશ.

૧ પરદેશ ખેડવો = પરદેશમાં કામધંધા વગેરે માટે જવાનું સાહસ કરવું.

૨. પરદેશ સેવવો = પરદેશનાં કષ્ટ ઉઠાવી ત્યાં રહેવું.

પરદેશખાતું ન. વિદેશ સાથે સંબંધ રાખનારું ખાતું.

પરદેશગમન [સં.] ન. પરદેશમાં જવું તે.

પરદેશજાતમલ્લ [સં. પરદેશ (વિદેશ) + જાત (જમેલ) + મલ્લ (વીર)] કું. પરદેશી વીર.

પરદેશડો (પરદેશઢો) કું. પરદેશ રહેવાતામાં વપરાય છે.

તમે જાવ છો પરદેશડે, પરની પીસરી વાત.
લોકો

પરદેશણ ૧. સ્ત્રી. પરદેશી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. પરદેશમાં રહેવાવાળી.

પરદેશણ જેનની દયા લાવજે જગપૂતા.
રહિયાણ રાસ

પરદેસવાસ [સં.] પું. પરદેશમાં જઈ રહેવું તે.

પરદેસવાસી [સં. પરદેશવાસિન્] વિ. પરદેશમાં વસનાર.

પરદેસી ૧. પું. મુંબઈ ઇલાકામાં નોકરીને લાયક આવેલ ઉત્તર હિંદુસ્તાનના કનોજિયા સારસ્વત બ્રાહ્મણ.

૨. સ્ત્રી. વાણંદની એ નામની એક જ્ઞાતિ.

૩. વ. એ નામની જ્ઞાતિનું બાયલ.

૪. વ. પારકા દેશનું રહેવાસી.

૫. વિ. એ નામની જ્ઞાતિનું.

૬. વિ. પારકા દેશ સંબંધી.

૭. [સં. પરદેશિન્] વિ. પારકા દેશનું; વિદેશી; અન્ય દેશનિવાસી.

પરદેસી આંબલી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેને એકારાંતનું ઝાડ કહે છે. તેની સિમનો ગર ખવાય છે. તેની ચા સુંદર અને મજબૂત થાય છે. એમાં કાંટા હોય છે.

પરદેસી એકલકંડો પું. એ નામનું એક જાતનું પરદેસી ઝાડ.

પરદેસી કંદરી પું. (કચ્છી) એ નામનો એક પ્રકારનો છોડ. તેના ઉપર ધોળા વાળની ફલ્ગ હોય છે. ઓળાને પ્રસવ પછી તાવ આવે તેમાં તેનો ઉકાળો કરી પિવડાવવામાં આવે છે.

પરદેસી કુરાંડો પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. એનાં ફૂલમાં ખાસમાની ફૂલને ખલેરિયા કહે છે.

પરદેસી કેર પું. (કચ્છી) બાવળનો છોડ.

પરદેસી ખડુંબો (પરદેશી ખડુંબો) પું. (કચ્છી) એક જાતનું ઝાડ. તેને ખાટખડુંબો પણ કહે છે.

પરદેસી ગોરી પું. એક પ્રકારનો વેલો. તે જબ્બર થાય છે ને ઝાડ ઉપર ચડી જાય છે. તેની સિમ ખાવ ખારવાળી હોય છે.

પરદેસી તાડિયું (પરદેશી તાડિયું) વ. એક જાતનું તાડનું ઝાડ. તેનું થડ ખાવું જબ્બર અને લાખવાળું હોય છે. એનું ફળ નાળિયેર જેવું મોટું થાય છે. એનાં ફૂલમાંથી તાડી કાઢે છે. કુવાની આડરનો ગર ખવાય છે.

પરદેસી થોર પું. એક જાતનો છોડ. તેનાં પાન જાડાં ઠોકરા જેવાં હોય છે અને તેને રાતાં ફૂલ આવે છે.

પરદેસી દુરંગી રોસસમૂળ પું. એક પ્રકારનો છોડ. તેનાં પાન એક જાતનાં રાતાં હોય છે.

પરદેસી બ્રાહ્મણ સ્ત્રી. (કચ્છી) એક પ્રકારની જેલ. તેને દુરંગી પરદેસી બ્રાહ્મણ પણ કહે છે.

પરદેસી મીંઢો વંપો પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. તેનાં ફૂલ દીઠાં પીળા હોય છે.

પરદેસીપણું વ. વિદેશીપણું.

પરદેસી બ્રાહ્મણ પું. એક પ્રકારનું બ્રાહ્મણનું જ્ઞાતિ. તેઓ કંઠા હોતા નથી. તેની સિમમાં ૧૫ થી ૨૦ નીજ હોય છે. તેના કુલના તોરા કે હાર થાય છે.

પરદેસી ભાજી સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેના ત્રીજા છોડ ભાજી જેવા થાય છે. તેનાં પાનમાં રાતી પીળી ભાત આવે છે. તેથી તે ભોજા માટે ભાજીમાં કચારાની ગરજ કે કિનાર કરવા માટે વપરાય છે.

પરદેસી ભાષાજ્ઞાનકળા સ્ત્રી. બોલાય ચાલેની એ નામની એક કળા. બુદ્ધ બુદ્ધા દેશની ભાષા જાણવાથી વેપારીઓજારમાં તથા રાજદ્વારમાં પણ લાભ થાય છે. આમાં બધુ વસ્તુની આવશ્યકતા છે: આકારણ, ક્રોધ ને પ્રતિકાર. આકારણથી લાભજ્ઞાન ને દોષસ્મૃતિ નહીં થાય, ક્રોધથી વેપારની વસ્તુ બગડવા ને પ્રતિકારથી રાજદ્વારમાં સ્થિતિ નહીં થાય.

પરદેસી ભાંગરો પું. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેને પીળો ભાંગરો પણ કહેવામાં આવે છે. તેનાં પાનની ચોપરી ચામડી ઉપર ભાંખવામાં આવે છે.

પરદેસી મેંદી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનાં પાન બધાં મુતેલી હોય છે અને તે દવામાં વપરાય છે.

પરદેસીય વિ. પરદેશનું.

પરદેસી વાંસ પું. એક પ્રકારનું ઝાડ. એમાં વાંસ જેવાં પાન થાય છે. તે સર્પના વિષ ઉપર વપરાય છે.

પરદેસી શીસમૂળ પું. એક પ્રકારનો વેલો. તેનાં ગીતરવામાં પાન થાય છે.

પરદેસો સ્ત્રી વ. વિદેશી લોકો પ્રત્યેની બાબતમાં આવતું માનું જ્ઞાન.

> પરદેસી પ્રજાની ભાષા પરદેસણી જેવી આવેલું જ્ઞાન જ આપણું ચિત્ત હરે અને સ્વદેશી સાહિત્ય ચિત્ત ખાલી પેર પેર વાંચવું પડે એ કોઈ સારણી વાત નથી.
>
> આનંદશંકર ધ્રુવ

પરદેસી સવન વ. એક પ્રકારનું ઝાડ. તેનાં સુંદર સફેદ ફૂલોનાં ગુચ્છાં થાય છે.

પરદેસો સીવણ વ. એક પ્રકારનું સુંદર ઝાડ. એનાં સુંદર સફેદ ફૂલોનાં ગુચ્છાં થાય છે.

પરદેહ [સં. પર (ઉત્તમ)+દેહ (શરીર) પું. સતી, સત્પુરુષ, સન્નારીય, યજ્ઞ કરનાર, અગ્નિહોત્ર તપ કરનાર, સંન્યાસી, જ્ઞાત, જ્ઞાતમ્ તથા જેમનાં ઘર શૌતાગ્નિ હોમ કે ધર્મો વડે પવિત્ર થયાં છે, એવા પુરુષોનો દેહ.

પરદો ૧. પું. અંતરજામાનો પડદો.

૨. [સં. પરદા] પું. આંતરો; અંતરાય.

૩. પું. ભોજન; ભુરજો.

૪. પું. ગ્રહનો દોષ.

૫. પું. ગુપ્ત વાત.

૬. પું. તંતુવાદ્ય ઉપર સ્વરોનાં સ્થાન બતાવવા બધાતો આંતરો.

૭. પું. પડદો; બારી.

૧. પરદો ઉઘાડવો–ખોલવો = (૧) અંતરપટ દૂર કરી મનની વાત કરવી. (૨) ખુલ્લું કરવું; જાહેર કરવું.

૨. પરદો કાઢવો–કાઢી નાખવો–ઉઠાવવો–ઉઠાવી નાખવો = (૧) ખુલ્લે મોઢે કરવું; ભોજન કાઢી નાખવું. (૨) જાહેરમાં આવવું.

૩. પરદો નાખવો = (૧) છુપાવવું; પ્રગટ થવા ન દેવું.

૪. પરદો પાડવો = (૧) અમુક વખત સુધી બોલવું બંધ કરવું. (૨) કોઈ વાતની ચર્ચાને બંધી દેવી. (૩) કાંકપિછોડો કરવો. (૪) નાટકમાં એક દૃશ્ય પૂરું થતાં રંગભૂમિ ઉપર પડદો ઉતારવો.

૫. પરદો પાળવો = ભોજનનો રિવાજ પાળવો.

૬. પરદો ફૂટી જવો = ભેદ ખૂલી જવો; છૂપી વાત જાહેર થઈ જવી.

૭. પરદો રાખવો = (૧) પરદો પાળવો. (૨) ભુરજો પહેરવો. (૩) ભેદભાવ રાખવો; અંતરની વાત ન કહેવી. (૪) સંતાડી મેલવું; છૂપું રાખવું.

૮. પું. પાંસળી અને પેટ વચ્ચેનું માંસ.

પરદોખ જુઓ પરદોષ.

પરદોષ ૧. [સં.] પું. બીજાનો વાંક.

૨. પું. સૂર્યાસ્ત પછી બે મુહૂર્ત જેટલો વખત.

પરદોષપ્રકાશ ૧. [સં.] પુ. પારકો દોષ જાહેરમાં મુકતો થવો તે.

૨. પું. પ્રતિપ્રસવને બાલ અસ્તિત્વ આપવાની ક્રિયા: 'પ્રોજેક્શન.'

પરદોષાર્પણ જુઓ પરદોષપ્રકાશ.

પરદ્રવ્ય ૧. પું. (જૈન) જાતના સિવાયનો પદાર્થ.

૨. [સં.] પું. બીજાની મિલકત.

૩. વ. પૈસાની જગ્યાને લીધે ઊભો કરે જાતનાં નાણાં: 'ડીબર મની.'

પરદ્રોહ [સં] પું. બીજાનો દ્રોહ કરવો તે.

પરદ્રોહિક વિ. બીજાનો દ્રોહ કરનારું.

પરદ્રોહી [સં. પરદ્રોહિન્] વિ. બીજાનો દ્રોહ કરનાર.

પરદ્વેષ [સં.] પું. પારકો દ્વેષ; બીજાની અદેખાઈ.

પરદ્વેષાં ૧. [સં. પરદ્વેષિન્] વિ. અદેખું.
૨. વિ. બળ.
૩. વિ. પારકાનો દ્વેષ કરનાર.

પરધન [સં.] ન. બીજાનો પૈસો; પારકું ધન.

પરધન આસ્વાદન સુખ ન. બીજાને અર્થે ખૂબ બલિદાન આપવું તે.

પરધનહરણ [સં.] ન. પારકા પૈસાનું હરણ કરવું તે.

પરધરા ૧. [સં.] સ્ત્રી. પારકી જમીન.
૨. સ્ત્રી. બીજો દેશ; પરદેશ.

પરધર્મ ૧. [સં. પર (પારકું) + ધર્મ] પું અધર્મની પાંચ બાહેની એ નામની એક શાખા.

પરધર્મ એટલે બાહ્યક્ષ હોઈ ક્ષત્રિયના ધર્મનું સેવન કરે; ક્ષત્રિય હોઈ બાહ્યક ધર્મમાં મોહ રાખે. કાલસંપ્રકાશ

૨. પું. પારકાની ફરજ; બીજાની ફરજ.
૩ પું. પોતાના ધર્મથી જુદો ધર્મ; વિધર્મ; સ્વધર્મ નહિ તે; પોતાને યોગ્ય વર્ણાશ્રમ વગેરેના ધર્મથી ભિન્ન ધર્મ.
૪. પું. બાળનો ધર્મ.
૫. [સં. પર (ઉત્તમ) + ધર્મ] પું. શ્રેષ્ઠ ધર્મ.

પરધર્મદૂષણ [સં.] ન પારકા ધર્મને કલંક ચઢાવવું તે; બીજા ધર્મ ઉપર દોષનું આરોપણ.

તે પણ પરધર્મદૂષણનો પરિણામ અને સામટાં ધર્મનું વગોવું છે. કેશવ હર્ષદ

પરધર્મસહિષ્ણુતા [સં.] સ્ત્રી. બીજાના ધર્મ પ્રત્યે સહનશીલતા દાખવવી તે.

પરધર્મસહિષ્ણુત્વ જુઓ પરધર્મસહિષ્ણુતા.

પરધર્મસહિષ્ણુ [સં] વિ. બીજાના ધર્મ પ્રત્યે અસહનશીલ; બીજાના ધાર્મિક મત સહન ન કરે તેવું.

ઔરંગઝેબ જેવો પરધર્મસહિષ્ણુ ન હતા અને કેટલ ધર્મને પણ સારું માન આપતા હતા.
કા. સા. પરિષદ

પરધર્મી ૧. વિ અધર્મી.
૨ [સં. પરધર્મિન્] વિ. બીજા ધર્મનું; જુદો ધર્મ પાળનારું, ભિન્નધર્મી; વિધર્મી.
૩ વિ. શ્રેષ્ઠ ધર્મવાળું.

પરધર્મીય વિ. બીજા ધર્મનું.

પરધાન ૧. પું. પ્રધાન; મંત્રી.
૨. [હિં.] ન. પરિધાન; વસ્ત્ર.
૩. ન. પહેરવું તે.

૪. [સં. પરિધાન (વસ્ત્ર)] ન. વિવાહના વિધિ પહેલાં વરના પગ ધોઈ નાંખો કરી વરને શ્વશુર સાથે વસ્ત્રાભૂષણો અને પીતાંબર આપવાનો વિધિ.

પરધામ ૧. પું. ઈશ્વર; વિષ્ણુ.
૨. [સં. પર (શ્રેષ્ઠ) + ધામન્ (સ્થાન)] ન. ઉત્કૃષ્ટ ધામ; પરમ ધામ; સ્વર્ગ કે વૈકુંઠ.
૩. ન. પરલોક.
૪. ન. મુક્તિ; મોક્ષ.

પરધિ જ્રી. લોઢાના પતરાંથી મઢેલ લાકડી.

પરધ્યાન [સં.] ન. ઉત્કૃષ્ટ ધ્યાન; ઈશ્વરચિંતન; આત્મચિંતન; ચિંતનપરાયણતા.

પરન ૧. પું. ઉપવાસ પછી ખાવું પીવું તે; પારણું.
૨. [હિં] પું. ટેક; પ્રતિજ્ઞા.
૩. પું. પર્ણ.
૪. પું. મૃદંગ વગેરે વાદ્ય વગાડતી વખતે મુખ્ય બોલોની વચમાં વચમાં બજાવવામાં આવતા બોલોનો ખંડ તે પદ્યાત્મ પણ કહેવાય છે. અમુક તાલના ક્રમથી વખારે આવૃત્ત થયેલા જે પ્રબંધવિશેષના બોલો બાંધેલા હોય તેને પરન કહે છે એમકે, ધાતર કિટ ધાતર કિટ ધિત્તાતિ દિતર કિટ નક તરકિટ તક ધાકધાન્ ધા તર કિટ ધિનકિટ ધા ઇત્યાદિ.
૫. પું. વચન; સોગંદ.
૬. પું. વાર્તા.
૭. સ્ત્રી. આદત.
૮. સ્ત્રી. (સંગીત) તબલાં અને ખાંચા ઉપર વગાડવામાં આવતા બોલ.

પરનગર ન. પોતાનું મૂળ વતન ન હોય એવું ગામ કે શહેર.

પંપાના પ્રવાસને અંતે પરનગરમાં બનાવેલું ઘર અને મૈત્રુલ્લિ કે સામાજિક બોલોને અંતે બનાવેલા ઘરમાં ફેર રહે. સાહિત્યિક

પરનપર પું. પણો.

પરનર પું. બીજો માણસ; ઈતર મનુષ્ય.

પરનર મેતિ જેનીને, વાય બળી રીત બાપ.
કાવ્યસિદ્ધિ

પરનાત સ્ત્રી. બીજી જાત; ઈતર જાતિ.

પરનાતી [સં. પરજાતિ] વિ. બીજી જાતનું; પરજાતનું; પોતાની જાતનું નહિ તેવું; ઈતર વર્ણનું.

પરનાતીલું જુઓ પરનાતી.

પરનાના [હિં.] પું. નાના બાપનો બાપ; નાનાનો બાપ.

પરનાની [હિં] સ્ત્રી. નાનીની મા.

પરનામ ૧. [હિં.] પું. પ્રણામ; સલામ.
૨. ન. ઘર બારણાં વગેરેનું નામ પર છે તે.
૩. [સં. પર + નામન્] ન. જે નામ વેરાટથી પર છે તે.

પરનામી વિ. શત્રુને નમાવનાર.

પરનાર ૧. [સં. પ્ર + નાલિકા] પું. (વહાણવટું) નંદરનું પાણી સપા ઉપરથી બહાર કાઢી નાખવા માટેનો પોલિનો; 'પોટરવે.'
૨. પું. (વહાણવટું) મોરો.
૩ સ્ત્રી. બીજાની સ્ત્રી.
૪. સ્ત્રી પરસ્ત્રી; પારકાની સ્ત્રી; બીજાની સ્ત્રી; બીજાની વહુ.

પરનારી ૧. સ્ત્રી. બીજાની સ્ત્રી.
૨. સ્ત્રી. પરસ્ત્રી; પારકાની સ્ત્રી; બીજાની સ્ત્રી; બીજાની વહુ.

પરનારીક્રીડા (પરનારીક્રોડા) ૧. સ્ત્રી. પરસ્ત્રીની સાથે પ્રેમ કરવો તે.

પરનારીક્રીડા કરી કુબ્જે, તે તો આપ્યું બાપ રે,
પણ ગોવર્ધન રેમ લોભાય રે. દયારામ

૨. સ્ત્રી. પરસ્ત્રીની સાથે અભિસાર કરવો તે.

પરનારીસહોદર [સં. પરનારી (પરસ્ત્રી) + સહોદર (ભાઈ)] પું. પરસ્ત્રીને સહોદર બહેનની જેમ રક્ષણ કરનાર માણસ.

પરનારીસિદ્ધ વિ. એકપત્નીવ્રતધારી.

પરનાલ [હિં.] પું. જહાજમાં પેસાળ કરવા માટેની લાકડાની પટ્ટી.

પરનાલ્લા ૧. [હિં.] પું. મોરી; પાણી જવાની નીક; નહેર; મોરી; નાળું.
૨. પું. તરવારનો કે કટારનો પટો.

પરનાલિકા સ્ત્રી. પરંપરાથી ચાલી આવેલી રૂઢિ.

પરનાલી ૧. [સં. પ્રણાલી] સ્ત્રી. પોડાની પીઠનું ચોકના પ્રમાણમાં નીચાપણું. તે તેની તેજી પ્રગટ કરે છે.
૨. સ્ત્રી નાની પરનાળ; મોરી.

પરનાસી સ્ત્રી. એક જાતની નાના પાંદડાંવાળી તુલસી.

પરનાળ ૧. સ્ત્રી. ઘરોનો બીજાનો રાખવાની ભૂંગળી
૨. [સં. પ્રણાલ] સ્ત્રી. નેવાંનું પાણી ઝીલવા સારૂ અથવા એક કોઠારેથી બીજે કોઠારે પાણી પહોંચાડવા કે વહેવરાવવા સારૂ નળિયાંને એકમેકમાં પાણી બનાવેલું લાકડા કે લોઢાનું સાધન; મોરી; ગટર; નીક; પોરિયો; પાણી જવાનું પોલું સાધન. ગૃહવિધાનમાં બનાવ્યું

છે કે: પરનાળ તાંબાનાં પતરાંની કરચમાં આવે તે શ્રેષ્ઠ છે. તેનું મોઢ તથા હાળ પાણીનો ત્વરત નિકાલ થાય તેવાં હોવાં જોઈએ. પરનાળનો નળ ભીંત ઉપર લેવા માટે વચ્ચે ખૂણા પાડી લેવો પડે છે, તે એક અનિવાર્ય છતાં અનિચ્છનીય બાબત ગણાય. ઉપરાંત, પરનાળમાં પક્ષીઓ કચરો કરતાં હોઈ તે નકામી થઈ પડે છે અને તેમ થવાથી બાપરાને પણ નુકસાન થાય છે. આ કારણથી જ્યાં બની શકે ત્યાં પરનાળનો ઉપયોગ ન કરવો તે શ્રેષ્ઠ છે.

વ્રજ ઘર પર પાણી પડે, વરસ્યા ત્યાં પરનાળ.
દલપતરામ

પરનાળિકા ૧. સ્ત્રી. પરનાળ.
૨. સ્ત્રી. પરંપરાથી ચાલતી આવતી રૂઢિ; પદ્ધતિ; માનવ વ્યવહારની શૈલિ; કુળાચાર; પ્રણાલી; પ્રણાલિકા.

પરનાળી ૧. સ્ત્રી. ઘેટીનાં નીચલા પડના કાણામાં રાખવામાં આવતી ભૂંગળી; ઘેટીનો ખીલડો રાખવાની ભૂંગળી.
૨. સ્ત્રી. નાથારખી. પરેલા બેસાડવાને ફાટેલી નીચામાં તે નાખવી પડે છે.

પરનાળું ૧. ન. ઘેટીનો બીજો રાખવાની ભૂંગળી.
૨. [સં. પ્રણાલ] ન. નેવાંનું પાણી ફીલવા તથા જવા માટે કરેલી ધાતુ કે લાકડાની નીચ; મોટો પોરિયો.

પરનાલ્ય સ્ત્રી. પોરિયો.

પરનિ [હિં.] સ્ત્રી. આહુતિ.

પરનિપાત ૧. પું. ઉત્સવો આરામ; આખરી આરામ; મરણ.
૨. [સં.] પું. યોગ્યતાએ વિગ્રહ વાક્યમાં પ્રથમ રહેલા શબ્દને સમાસમાં પાછળ મૂકવો તે. જેમકે, ભૂતપૂર્વ, રાજદત્ત, ગ્રન્થનાહિત.

પરનિયાન ૧. [ઇ.] પું. એક જાતનું સુંદર છાપેલું રેશમ.
૨. પું. સુંદર છાપેલ રેશમનું કપડું.

પરનિર્ણીત [સં.] વિ. બીજાએ નક્કી કરેલું.

પરનિષ્ઠા [સં.] સ્ત્રી. પરોપકાર બુદ્ધિ.

પરનિંદક [સં.] વિ. પારકાની નિંદા કરનાર.

પરનિંદા [સં.] સ્ત્રી. બીજાની નિંદા; પારકી નાલેશી; જૂઠી બદબોઈ; પરાયાની નિંદા કરવી તે; પરપરિવાદ.

પરનોત [હિં.] સ્ત્રી. પ્રણામ નમસ્કાર.

પરપક્ષ ૧. [સં.] પું. (પુરાણ) દ્રુહ્ય દેશના બ્રહ્મવંશી રાજા ધર્માતિનો એ નામનો પૌત્ર.
૨. પું. મતનો વિરોધ કરનારની વાત; વિપક્ષીની વાત.
૩. પું. વિરુદ્ધ પક્ષ; દુશ્મનનો પક્ષ.
૪ પું. (ગણિત) સમીકરણમાં જ્ઞાતરની નિશાનીની બાજુ બાજુ તરફની બાજુ.

પરપક્ષી ૧. [સં. પરપક્ષિન્] પું. દુશ્મન; શત્રુ; વૈરી.
૨. પું. પક્ષી; પંખી; મોટું પક્ષી; પાંખ આવેલ પક્ષી.
૩. પું. સંગી.
૪. વિ. બીજાના પક્ષમાં રહેનાર.

પરપટ ૧. પું. કાંકચાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનો છોડ હોદ્દ ફૂટ ઊંચો વધે છે. કોમ વાર તે એક ગાંઠીએ ઊગેલો હોય છે. તેનાં ફૂલ નાનાં, સફેદ રંગનાં આવે છે અને ફળ નાની પહોળી સિંગ જેવાં આવે છે.
૨. પું. રણ જેવો ઉજ્જડ મુલક.
૩. [હિં.] પું. સપાટ મેદાન; સમતલ ભૂમિ.

પરપટી ૧. પું. એક પ્રકારનો છોડ. તેને ધોળાં સૂક્ષ્મ ફૂલ આવે છે અને ચણાળા પાસે ઊપડે છે.
૨. [હિં.] સ્ત્રી. પપૈટી.
૩. સ્ત્રી. અવસ્થા; જરૂર; મેદાન.

પરપટીપાટે અ. અચીત રીતે; નક્કીપણે; ખરેખર.

પરપદ ૧. [સં. પર (પારકું) + પદ (પગ)] પું. બીજાનો પગ.
૨. [સં. પર (શ્રેષ્ઠ) + પદ (સ્થાન)] ન. ઉત્કૃષ્ટ સ્થાન.
૩. [સં. પર (પારકું) + પદ (સ્થાન)] ન. પારકું સ્થાન.
૪. ન. મોક્ષ.
૫. ન. મોટી પદવી.
૬. [સં. પર (શત્રુ) + પદ (સ્થાન)] ન. શત્રુનું સ્થાન.

પરપદક્ષાલિત [સં. પર (પારકું) + પદ (પગ) + ક્ષાલિત (ધોયેલ)] વિ. બીજાના પગ નીચે ધોયેલું.

પરપદાર્થ પું. આત્મા સિવાય બીજી વસ્તુ.

પરપનસ ન. પનસનું ઝાડ.
પલાશ, પાડલ, પીપલા, પરપનસ નિપુનાગ.
ભાવપ્રકાશ

પરપર ૧. અ. ચેટમાં ચોટો બબાજ.
૨. અ બીજાઓની ઉપર.
પ્રેમ કરી નર પરવશ પડે પણ, પરપર કરે અધિકાર.
મિસાઇ પદ્ય

પરપરત્વા સ્ત્રી. પારકી દરકાર.

પરપરાવર્તન ન. બીજી ચીજ ઉપર પ્રતિબિંબ પાડવું તે.

પરપરિગ્રહ ૧. [સં.] પું. ઉત્તમ પરિવાર.
૨. પું. પારકી સ્ત્રી.
૩. પું. પારકો પરિવાર.
૪. પું. સાસુનું કુટુંબ.

પરપરિતાપ પું. બીજાને દુઃખ દેવું તે.

પરપરિતાપપ્રિયતા [સં.] સ્ત્રી. પરપીડનપ્રિયતા; બીજાને દુઃખ દેવામાં આનંદ લેવો તે.

પરપરિવાદ [સં.] પું. (જૈન) બારમા મહિનું પંદરમું પાપસ્થાન; બીજાની નિંદા કે ચુગલી કરવી તે; ચુગલી કે નિંદામણી કરવાની નિંદા કરવી તે.

પરપરી અ. (બા. મુ.) એક પછી એક.
ગુરુ માંહિ પેઠા પરપરી,
કોક નાણિ અણે ગીળી કરી. ઋષભદેવ

પરપલિયું ન કપાસીના ઝાડનું બી.

પરપંચ ૧. [સં. પ્રપંચ] પું. પ્રપંચ; કપટ; દગો; કાવતરું; જાળબેડ; કાવાદાવા.
૨. પું. મિથ્યા નાટક.
૩. પું. યુક્તિ; ચાલ.
૪. પું. પાણીનો વિસ્તાર.
૫. પું. સંસાર; માયા.

પરપંચક [સં. પ્રપંચક] વિ. (હિંદી) કપટી; માયાવી.

પરપંચી [હિં.] વિ. ધૂર્ત; માયાવી; પ્રપંચી; કપટી.

પરપાકનિવૃત્ત ૧. [સં.] પું. ગૃહસ્થના પંચસૂના દોષની નિવૃત્તિ માટે પંચયજ્ઞ કરી બીજાનું અન્ન નહિ લેતાં પોતાના જ ગૃહમાં ભોજન કરનારો વિપ્ર; બીજાના નિમિત્તે ભોજન નહિ કાઢનાર માણસ. આવા માણસનું અન્ન ખાનાર બ્રાહ્મણે પ્રાયશ્ચિત કરવું જોઈએ.
૨. વિ. ગૃહસ્થે નિત્ય કરવાના પાંચ યજ્ઞ નહિ કરનાર; બીજાને માટે ભોજન નહિ કાઢનાર.

પરપાકરત ૧. [સં.] પું. પંચસૂના દોષની નિવૃત્તિ માટે પંચયજ્ઞ નહિ કરતાં કેવળ બીજાનું અન્ન ભોજન કરનારો વિપ્ર. આવા માણસનું ભોજન કરનાર બ્રાહ્મણે પ્રાયશ્ચિત કરવું જોઈએ.
૨. વિ. સ્વયં પંચયજ્ઞ કરી બીજાનું ઠીંચેલ અન્ન ભોજન કરનાર.

પરપાજા [હિં.] પું. દાદાનો બાપ; પિતામહના પિતા; પ્રપિતામહ.

પરપાટી ૧. સ્ત્રી. અનુક્રમ; સાંકળ; પરંપરા.
૨. સ્ત્રી. ઓડચણ.
૩. સ્ત્રી. પંક્તિ.
૪. સ્ત્રી. રીત.

પરપટે અ. અવસ; અરર; બેહદ.

પરપાઠ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના ફોતમીર જેવા છોડવા થાય છે અને પાણી જેવા લીલા પણ આવે છે.

પરપાર [સં.] પું. બીજી તરફનો કિનારો.

પરપારેઠિ અ. પાછળથી બીજાને મોઢે; ગેરહાજરીમાં; બીજા મારફતે.

પરપારોઠે વાત કરવી = પાછળથી વાત કરવી.

પરપારોઠ અ. ગેરહાજરીમાં; બીજાની મારફતે.

પરપિંડ [સં.] પું. પારકું અન્ન.

પરપિંડાદ વિ. [સં.] પું. નોકર.

૨. પું. બીજાનું અન્ન ખાઈ જીવનાર માણસ; પરાન્નોપજીવી.

૩. વિ. પારકું અન્ન ખાઈ જીવનાર.

પરપિંડોપજીવી [સં પરપિંડ (પારકું અન્ન) + ઉપજીવિન્ (બીજાને આશરે જીવનું)] વિ. પરોપજીવી; બીજાના શરીર ઉપર જીવનનિર્વાહ કરનાર. પ્રાણી કે વનસ્પતિ માટે વપરાય છે.

પરપીડક (પરપીડક) વિ. [સં] વિ. બારકી પીડા બનાવનાર; બીજાનાં દુઃખ ઉપર ધ્યાન આપનાર.

૨. વિ. બીજાને પીડા કે દુઃખ પહોંચાડનાર.

પરપીડનપ્રિયતા (પરપીડનપ્રિયતા) [સં.] સ્ત્રી. બીજાને દુઃખ દેવામાં આનંદ લેવો તે.

પરપીડનપ્રીતિ (પરપીડનપ્રીતિ) [સં.] સ્ત્રી. પરપરિતાપ; બીજાને દુઃખ દેવામાં આનંદ.

પરપુતરો પું. વર્ણસંકર; બે જાતનો દીકરો.

પરપુષ્ટ પું. કોયલ.

પરપુર ૧. [સં.] ન. પારકાનું નગર; પરગામ.

૨. ન. પારકાનું શરીર.

પરપુરપ્રવેશ ૧. [સં.] પું. બીજાના શરીરમાં પેસવાની વિધિ.

૨. પું બીજાના શહેરમાં જવું તે

પરપુરંજય ૧. [સં.] પું. વિજેતા; શૂરવીર પુરુષ.

૨. પું. (પુરાણ) શિવનું એક નામ.

૩. પું. (પુરાણ) હૈહય કુળોદ્ભવ એક રાજા. એણે મૂત્ર ધારીને મેઢ ઋષિને મારવાથી એને ઘણોજ પશ્ચાત્તાપ થયો. તે કોનો પુત્ર છે, તેની શોધ કરતા કરતાં તે તાર્ક્ષ ઋષિને આશ્રમે ગયો, ત્યાં મરેલ ઋષિપુત્રને દીઠો. ઋષિએ કહ્યું કે, અમે અમારા તપના બળને લઈને કુમ્ભમરણી એટલે મરણ હોય ત્યારે મરી જઈએ એવા છીએ, માટે તને બ્રાહ્મણ વધ એવો કર મનમાં લાગીશ નહિ.

પરપુરાભિયાનિક [સં.] પું. ચઢાઈ કરવામાં વપરાતો રથ કે જુનાં કિલ્લા ઉપર હુમલો કરવા માટે વપરાતો રથ.

પરપુરુષ ૧. [સં.] પું. બ્રહ્મરસનો જાણુ.

૨. પું. ઉપનામ.

૩. પું. પતિ નહિ એવો બીજો પુરુષ; પોતાના પતિ સિવાયનો પુરુષ; પારકો માણસ; પરાનો માણસ.

૪. પું. પરમેશ્વર; પરમપુરુષ; વિષ્ણુ.

૫. પું. બીજા સ્ત્રીનો પતિ.

૬. પું. રખાત પતિ.

પરપુરુષસ્પર્શ [સં.] પું. પારકા પુરુષનો સ્પર્શ.

પરપુરુષારાંહી [સં. પર (પારકું) + પુરુષ + આસંદિન્ (સંકાતાળું)] વિ. પોતાની સ્ત્રી બીજા પુરુષને ચાહે છે એવી મનમાં શંકાવાળું.

પરપુષ્ટ ૧. [સં. પર (પારકું) + પુષ્ટ (પોષાયેલું)] પું. કોયલ; કોયલ. એમ કહેવાય છે કે, કોયલ કાગડીના માળામાં પોતાનાં ઈંડાં મૂકે છે અને કાગડી તેને પોતાનાં બારી સેવે છે. ઈંડાંમાંથી નીકળ્યા પછી પણ કાગડી તેમને ખવ આપી પોષે છે. પરંતુ જ્યારે તે જોવે છે ત્યારે કાગડીથી સમજાય છે કે તે પોતાનાં બચ્ચાં નથી એટલે તેમને પોતાના માળામાંથી ઉડાડી મૂકે છે. આ ઉપરથી કોયલ પરપુષ્ટ એટલે બીજાથી પોષાયેલ કહેવાય છે.

૨. વિ. પારકાએ પોષેલ; બીજાથી પોષાયેલ.

પરપુષ્ટમહોત્સવ [સં. પરપુષ્ટ (કોયલ) + મહોત્સવ (મોટો આનંદ)] પું. આંબો. તેથી કોયલને બહુ આનંદ થાય છે.

પરપુષ્ટા ૧. [સં.] સ્ત્રી. કોયલ; કોકિલા.

૨. સ્ત્રી. પરોપજીવી છોડ.

૩. સ્ત્રી. ભંડાક જાતનો પરોપજીવી છોડ.

૪. સ્ત્રી. વેશ્યા; રાંડ; પરાજણ; કુલટા.

પરપુષ્પ [સં.] ન. મણિરત્ન અને સુવર્ણથી બનાવેલ પુષ્પ.

પરપૂઇ સ્ત્રી. તપાસ; ખોજ; પરપૂછ; પૂછપરછ; પૂછગાછ.

પરપૂઠ અ. (કચ્છી) પીઠ પાછળ.

પરપૂત [સં. પરિપુષ્ટ] વિ. (હિંદી) પાકું.

પરપૂઠે જુઓ પરપૂઠે.

પરપૂરન [હિં.] વિ. ભરપૂર; ભરપૂર.

પરપૂર્વા ૧. [સં.] સ્ત્રી. પોતાના હયાત પતિને છોડી બીજા પુરુષ સાથે કરી પરણનારી સ્ત્રી. કન્યા અને અક્ષતા એમ બે જાતની પરપૂર્વા કહી છે. નારદે સાત ભેદ બતાવ્યા છે: સત્ત પ્રકારની પુનર્ભૂ અને ચાર પ્રકારની સ્વૈરિણી.

૨. સ્ત્રી. પોતાનાથી હલકા ગુણવાળા પતિને છોડી બીજા ઉત્તમ ગુણવાળા પુરુષની સેવા કરનારી સ્ત્રી.

૩. સ્ત્રી. ફરી પરણેલી વિધવા.

પરપૂર્વાપતિ [સં.] પું. પોતાના હયાત પતિને છોડી ફરી પરણેલી બીનો પતિ.

પરપૂઠે અ. પાછળથી; પરોક્ષપણે; પછવાડે; ગેરહાજરીમાં.

પરપેઁ સ્ત્રી. પેઁ મુખ વચ્ચેથી બનાવેલી હુંડી; બીજી વાર બનાવેલી હુંડી. હુંડી અને પેઁ બંને ઓળખેલ કે ન બને કે હુંડી બનેલ કે નાલ પામેલ હોય કે એવા કોઈ કારણસર તેનાં નાણાં ન મળે ત્યારે હુંડી બનાવનાર, હુંડી અને પેઁમાં લખેલી બિગત સાથે બીજો દસ્તાવેજ બનાવી આપે તે પરપેઁ કહેવાય છે.

પરપૈઁ જુઓ પરપેઁ.

પરપોટિયું ૧. વિ. પરપોટા જેવું; પરપોટાના આકારનું જેટલું; ક્ષણભંગુર; થોડા વાર જ રહે એવું.

૨. વિ. પાણીમાં હવા બરાબરી વતા ગોળ કે અર્ધગોળ આકાર જેવું.

પરપોટી ૧. સ્ત્રી. એક જાતની વેલ.

૨. સ્ત્રી. ચોમાસામાં ઊગતો એક જાતનો છોડ. તેનાં પાન ધતુરાના પાન જેવાં હોય છે. ફૂલ કીણા પીળા રંગનાં થાય છે.

૩. સ્ત્રી. નાનો પરપોટો; લઘુ બુદબુદ.

૪. સ્ત્રી. (વૈદક) આસનણીના અતિ સૂક્ષ્મ ભેદ. તે વાતુકોષ કહેવાય છે અને તેમાં હવા રહેવાના સંબંધમાં બોલતાં કોઈ શુદ્ધ થાય છે.

પરપોટો ૧. પું. કોઈ બબતમાં ફૂટી તૂટી નાશ પામી જાય તેવી વસ્તુ; ક્ષણભંગુર પદાર્થ.

૨. [સં. પર (બહાર) + પોત (હોવું)] પું. પાણી ઉપર થતો હવાથી ભરેલો કુકો; હવાથી પ્રવાહીમાં થતો કુકો; બુદબુદ; પાણીની અંદર બનેલ હવાની ગોળી; પાણીમાં હવા બરાબરી વતો ગોળ કે અર્ધગોળ આકાર.

૩. પું. ફરકોલો; ફોલ્લો; ફોલો.

૪ પું. ભરમ; ખોટો અને બાહ્ય દેખાવ; ઘટાટોપ.

પરપોટો ફૂટ્યો = બહારથી જે ખોટો આડંબર કે દેખાવો કર્યો હોય તે ઉઘાડો પડી જવો.

પરપોતા [સં. પ્રપૌત્ર] કું. (હિંદી) દીકરાના દીકરાનો દીકરો; પૌત્રનો પુત્ર.

પરપોતી [હિ.] સ્ત્રી. દીકરીની દીકરીની દીકરી.

પરપોહું ૧. [સં. પ્રફુલ્લિત] વિ. ખીલેલું; વિકસિત.

૨. વિ. પુષ્ટ; તંદુરસ્ત; હૃષ્ટપુષ્ટ.

પરપોંઢિયું સ. (કચ્છી) બેજવાબદાર માણસ મારફત.

પરપૌત્ર [સં. પ્રપૌત્ર] કું. પૌત્રનો પુત્ર; દીકરાના દીકરાનો દીકરો.

પરપ્રકાશ ૧. [સં.] કું. બીજાનો પ્રકાશ; પારકું તેજ.

૨. વિ. જેમાં પ્રકાશ ન હોય એવું.

પરપ્રકાશક [સં.] વિ. પારકાના તેજથી પ્રકાશનાર.

પરપ્રકાશત્વ [સં.] ન. (વેદાંત) પોતે બીજાથી વેદ્ય હોઈને અપરોક્ષ વ્યવહારને યોગ્ય હોવાપણું.

પરપ્રકાશિત ૧. [સં.] વિ. પારકાના તેજથી પ્રકાશનાર.

૨. વિ. બીજાના જ્ઞાન વડે પ્રકાશનાર.

પરપ્રકાશી [સં. પરપ્રકાશિન્] વિ. પારકા પ્રકાશવાળું; પારકાના તેજે પ્રકાશ આપવું; બીજાના પ્રકાશથી પ્રકાશનારું.

પરપ્રકાશ્ય [સં. પર (પારકું) + પ્રકાશ્ય (પ્રકાશવા જેવું)] વિ. પારકા પ્રકાશ વડે પ્રકાશનાર; પારકાથી પ્રકાશતું.

> ચંદ્રમા પરપ્રકાશ્ય છે, તેથી હમેશા તેનો અર્ધો ભાગ પ્રકાશિત રહે છે. સિદ્ધાંતદર્શન

પરપ્રજા [સં.] સ્ત્રી. પારકી પ્રજા.

પરપ્રાતનપ્તા [સં. પરિપ્રતિનપ્ત] કું. પરપ્રપૌત્ર; દીકરાના દીકરાના દીકરાનો દીકરો.

પરપ્રતિવાદી [સં. પરપ્રતિવાદિન્] કું. પોતાનાથી બીજો પ્રતિવાદી.

પરપ્રતિસૂર્યાભાસ [સં.] કું. વાતાવરણ માહેના હિમખંડોમાં થઈને કિરણ પસાર થતાં તેના થતા પરાવર્તનને લીધે સૂર્યનું દેખાતું વિસ્તૃત બિંબ; 'પેરૅ-હીલિઅૉન.'

પરપ્રત્યક્ષપ્રમાણ ન હૃદય, બુદ્ધિ અને મન ત્રણેના સંયોગરૂપી આધાર.

> સ્થૂલો રૂપનું તેનું જોવાય ચક્ષુથી નહિ,
> હૃદયમનમતિપ્રત્યે મુક્ત જે જાણતો જ તે.
> કઠોપનિષદ

આ આત્માનું રૂપ સદ્ભાવમાં અર્થાત્ નજરમાં આવતું નથી; જોઈએ કે આત્મા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જોવાતો નથી. એને કોઈ પણ આંખે જોઈ શકતો નથી. આ આત્મા પરપ્રત્યક્ષપ્રમાણથી અનુભવાય છે, અર્થાત્ આત્માની પ્રાપ્ત માટે હૃદય, બુદ્ધિ અને મન એ ત્રણેનો સહકાર જોઈએ છે.

પરપ્રત્યયનેયબુદ્ધિ [સં.] સ્ત્રી. બીજા માણસની પ્રજ્ઞાથી દોરાય તેવી બુદ્ધિ.

પરપ્રદત્ત ૧. [સં.] વિ. બીજાથી અપાયેલું.

૨. વિ. બીજાના ઉપર આધાર રાખતું.

પરપ્રદત્તસંરક્ષક [સં.] વિ. બીજાની મદદથી અપાયેલું સંરક્ષણ.

પરપ્રપૌત્ર [સં.] કું. પ્રપૌત્રનો દીકરો; દીકરાના દીકરાના દીકરાનો દીકરો; પૌત્રનો પૌત્ર.

પરપ્રપૌત્રી સ્ત્રી. પ્રપૌત્રીની દીકરી; દીકરીની દીકરીની દીકરીની દીકરી.

પરપ્રવાહ [સં] કું. બીજો પ્રવાહ.

પરપ્રશંસા ૧. [સં.] સ્ત્રી. પારકાનાં વખાણ.

૨. સ્ત્રી. બીજાના ગુણો જોવા તે. આથી ઉચ્ચ નૈતિકકર્મ ઉપાર્જન થાય છે.

પરપ્રસન્નતા [સં.] સ્ત્રી. બીજાને પ્રસન્ન કરવું તે.

પરપ્રાણ [સં.] કું. બીજાનો પ્રાણ; બીજાનો [illegible].

પરપ્રાર્થના ૧. [સં] સ્ત્રી. પરપુરુષોએ કરેલી પ્રાર્થના.

૨. સ્ત્રી. પારકાની કન્યાદિકને અર્થે કરેલી પ્રાર્થના; બીજા પાસે કરેલી વિનતિ.

પરપ્રાંત કું. પારકો મુલક.

પરપ્રાંતી વિ. બીજા પ્રાંતનું.

પરપ્રાંતીય વિ. બીજા પ્રાંતનું; પરદેશનું.

પરપ્રીક્ષિતા કું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ, બે તગણ અને ગુરુ મળી તેર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં બે નગણ, સગણ, બે તગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

પરપ્રેરક [સં] વિ. બીજાને પ્રેરણા કરનાર. લેખકની ભાવનાને અંગે કવિતા બે પ્રકારની હોય છે: બીજા ઉપર છાપ પાડવાને રચાયેલી કવિતા અને પોતાનું અંતર ઉલેચવાને રચાયેલી કવિતા. પહેલીને પરપ્રેરક કવિતા અને બીજીને આત્મપ્રદર્શક કવિતા કહી શકાય.

પરપ્રેરણા [સં.] સ્ત્રી. બીજાની પ્રેરણા.

પરપ્રેરિત [સં.] વિ. બીજાથી પ્રેરાયેલ.

પરપ્રેષ્ય [સં.] કું. દાસ; ચાકર; નોકર; અનુજીવી.

પરપ્રેષ્યતા [સં.] સ્ત્રી. દાસત્વ; ચાકરી; નોકરી.

પરપ્રેષ્યા [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી.

પરફ્લક ન. સ્પર્શજ્ઞાનનો ખંડ; ' પેરૅસ્થિસ. '

પરફ્યૂમ [અં.] સ્ત્રી. સુગંધ; પરિમલ.

પરફ્યૂમરિ [અં.] સ્ત્રી. સુગંધી પદાર્થ.

પરબ ૧. કું. એક જાતનો હીરો. તે સાદા કામ લેવો હોય છે અને તેની કોર ઉપર સહેજ પહેલ પાડેલા હોય છે.

૨. [હિં.] કું. કોઈ રત્ન કે જવાહિરનો નાનો કટકો.

૩. કું. ચાંદ; સાથો; અંજળનો વેઢો.

૪. કું. તક; ખરી તક.

૫. [સં. પર્વન્] કું. પર્વ; તહેવાર; કોઈ દિવસ; શુભ દિવસ; પવિત્ર દિવસ; ઉત્સવનો દિવસ.

૬. કું. પ્રકરણ; અધ્યાય; ભાગ.

૭ કું. સૂર્ય નવા નક્ષત્રમાં દાખલ થાય તે પગ.

૮. સ્ત્રી. પાવણ.

૯. ન. જન્મવાર.

૧૦. [સં. પ્રપા; પ્રા. પવ–પવા] ન. આગે જતાં આવતાં તરસ્યાં માણસોને મફત પાણી પાવાની જગ્યા; ઘોડાગાડીને મફત પાણી પાવાનું ઠેકાણું; રસ્તામાં મુસાફરને પાણી પાવાનું ધર્માદા સ્થળ.

૧૧. ન. રસ્તામાં મુસાફરોને મફત પાણી પાવાની ધર્માદા ગોઠવણ.

> પરબ બાંધવું = ધર્માદાનું પાણી પાવાનું સાધન કરી આપવું.

પરબડી (પરબ્ડી) ૧. [સં. પારાવત (કબૂતર)] સ્ત્રી. કબૂતર, ચકલાં, પંખી વગેરેને ચણ અને પાણી નાખવાને માટે ઊભું કરેલું એક ચબૂતરા ઉપરનું લાકડાનું અથવા અન્યતરકામથી કરેલું બાંધકૂંડું; શહેર અને ગામડાંમાં પંખી, બિનકોલી વગેરે પ્રાણીઓને દાણા નાખવા તથા પાણી પાવા માટે ઊભો કરેલો એકાદડિયો ચબૂતરો; પંખીઓને દાણા નાખવા એક બાંધેલા ઉપર કરેલું સાર્વજનિક મકાન. માણસોને માટે ધર્મશાળા ને સદાવ્રત, પશુઓને માટે કવાડા અને પાંજરાપોળો તેમ પંખીઓ અને બીજા નાનાં નિર્દોષ પ્રાણીઓને ખાવાપીવાનું મળવા માટે પરબડીઓ બંધાવવામાં પુણ્ય મનાય છે.

૨. સ્ત્રી. પરબ

પરબત [હિં.] કું. પર્વત.

પરબતડી (પરબતડો) સ્ત્રી. ડુંગોટો.

પરબતડી વીંધે તો ઈસો પાળ્યાં રે ચોક.
રઢિયાળી રાત

પરબતફેળ ૧. ન. અમૃતફળ.
૨. ન. ગાળ; અપશબ્દ.
૩. ન. માર અથવા કુમરાનો ઘાણો.

પરબતિયા સ્ત્રી. નેપાળની એ નામની મુખ્ય ભાષા.

નેપાળની મુખ્ય પ્રચલિત ભાષા પરબતિયા સંસ્કૃતને મળતી છે. કુમાર

પરબત્તા [હિં] કું. પહાડી તોતા; કરમેલ; પહાડી પોપટ. તે દેશી પોપટથી મોટો અને તેની પાંખ ઉપર લાલ ડાઘ હોય છે.

પરબના ૧. સ્ત્રી. ભાવાની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

પરબલ ૧. [સં. પ્રબલ] વિ. (હિંદી) બહુ મજબૂત; પ્રબળ.
૨. વિ. વધારે સરસ; અધિકાધું.

પરબસ [હિં.] વિ. પરતંત્ર; પરવશ.

પરબસતાઈ [હિ.] સ્ત્રી. પરાધીનતા; પરતંત્રતા.

પરબંહ [હિં] સ્ત્રી. તુલામાં ગતિ ભરવાના મુખ્ય સોળ આંકડાનો એ નામનો એક પ્રકાર. આ ગત ભરવાની રીત એવી છે કે, બે હાથ સીધા અરધા ઊભા રાખી પાંખો જેવી આકૃતિ કરી બંને ભમર નિતંબ હલાવી બધી જ હુતલય રાખી એટલે કે ઝડપથી તૂલ કરવું. આને પક્ષબંધની ગત પણ કહે છે.

પરબાણુ [સં. પરિ + બાણ] ન. (વહાણવટું) પરમાણુ; પરમબુ; સહને પસારવાની લાકડી; સહને બાંધવાનું અને ચડાવવાનું બાકું લાકડું. તે કૂવા રવણ સાથે સંબંધ રાખી ઊંચું નીચું થઈ શકે છે. વહાણમાં પરબાણુ ચાર હોય છે: (૧) મોટા સહનું, (૨) કમાનના સહનું, (૩) ટેબલના સહનું અને (૪) બાકુલના સહનું.

પરબામડી (પરબામડો) જુઓ પરબડી.

પરબારું અ. બારોબાર; સીધું.

પરબાલ ૧. [હિં. પર (બીજું) + બાલ (વાળ)] કું. આંખની પાંપણમાં ઊગેલા ફાલતુ વાંકડિયા વાળ. તેને પરબાળ કહેવામાં આવે છે. તેનાથી બહુ પીડા થાય છે. તેને સમાણી વડે ચૂંટવાથી કાંઈક પીડા ઓછી થાય છે.
૨. કું. પાંપણ.

પરબિન વિ. બીજા વિના.

પરબિયાણી સ્ત્રી. પાણીના પરને પાણી પિવડાવવાવાળી સ્ત્રી.

પરબિયો ૧. કું. પરબ.
૨. કું. પરબ ઉપર પાણી પાવાને રહેનારો માણસ; પરબ ચલાવનારો બટકી; પરબવાળો; પરબ ઉપર પાણી પાનારો પુરુષ.
૩. કું. ચારતહેવારિયો; કોઈ કોઈ વખત આવનારો માણસ. જૈનોમાં માત્ર ચારતહેવારે ઉપાશ્રયમાં આવનાર શ્રાવકને પરબિયા શ્રાવક કહેવામાં આવે છે.

પરબિંદુ [સં.] ન. પ્રધાન દેવતા; પરાશક્તિ. મૂલ પરાદેવતા એટલે શક્તિતત્ત્વનું સ્વરૂપ ચિન્મય અને આનંદમય સ્વભાવનું છે અને તે પ્રબ્ધ આનંદઘન ચૈતન્યમાંથી ત્રણ રેખાઓ પ્રકટ થાય છે. બ્રહ્મબિંદુને પરબિંદુ અથવા પ્રધાન દેવતા કહે છે. બ્રહ્મની બાહ્ય શક્તિના ત્રણ વિભાગને પ્રાચીન ઉપનિષદોમાં અનેક નામથી બતાવે છે. ઋગ્વેદની કૌતરેય શાખાના બાહ્મણના ઉપનિષદમાં કહ્યું છે કે સ એકાકૃત એટલે તે પરમાત્માએ સંકલ્પ કર્યો અથવા દૃષ્ટિ ઉઘાડી. બીજરની ઊર્ધ્વશક્તિનો આ ઝીલાવ કહેવાય છે અને તેને પાળતા તંત્રશાસ્ત્રમાં પરબિંદુ કહે છે.

પરબી [સં. પર્વ] સ્ત્રી. (હિંદી) પર્વનો દિવસ; ઉત્સવનો દિવસ; પુણ્યકાળ.

પરબીડિયું (પરબીડિયું) ન. કાગળનું કવર; લખેલો કાગળ મૂકીને બંધ કરવાની કાગળની કોથળી; પાકીટ; લખોટો. તેના ઉપર સરનામું લખાય છે.

પરબીડું (પરબીડું) જુઓ પરબીડિયું.

પરબીડો (પરબીડો) ૧. કું. પરબીડિયામાં મૂકેલો કાગળ; પત્ર; લખોટો.
૨. કું. મોટું પરબીડિયું.

પરબીન ૧. [સં. પ્રવીણ] વિ. (હિંદી) પ્રવીણ; કાબેલ; ચતુર.
૨. વિ. સુંદર.

પરબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. બીજાની સમજ; પરકાની બુદ્ધિ.
૨. વિ. બીજાની સમજ પ્રમાણે ચાલનાર; પરમતિમું; પરકાની બુદ્ધિએ કામ કરનાર.

પરબુદ્ધિયું વિ. પરબુદ્ધિ ઉપર ચાલનારું; પરકાની બુદ્ધિએ વર્તનાર.

પરબેહું વિ. બેલું.

કું ન હતું તે કાંઈ પણ હોય અથવા જૂનું કિસ્સા કહાણીનો પ્રસંગ આવે તો બાલક જગદંબા અને ક્ષત્રિય સામંત બહારવટિયા અને લિબાસુ ભોગાં છે. સરસ્વતીચંદ્ર

પરબેસ ૧. [હિં.] કું. અંદર દાખલ થવું તે; આવવું તે; પ્રવેશ.
૨. કું. વાસ્તુ.

પરબોધ [સં. પ્રબોધ] કું. ઉપદેશ; શિખામણ.

પાપીને પરબોધ ન કરીએ,
પુન્ય કર્તાને રહીએ જોને, પ્રીતમ

પરબોધવું ૧. [સં. પ્ર + બુધ્ (બોધ અર્થ)] સ. ક્રિ. કહી બતાવવી; પોતાના મતમાં લેવું.
૨. સ. ક્રિ. જગાડવું.
૩. સ ક્રિ. દિલાસો દેવો.
૪. સ ક્રિ. શિખામણ આપવી; જ્ઞાનોપદેશ કરવો.

પરબોરિયા જુઓ પરબોળિયા.

પરબોળિયા સ્ત્રી. એક જંગલી વેલ. આ વેલ જાડી અને મજબૂત હોય છે. એને ત્રણ પાનનાં ત્રેખડાં આવે છે. તેનાં ફૂલ આસમાની થાય છે. તેને એક ઇંચ પહોળી, હાથ જેવડી લાંબી, ચપટી અને જાડી શિંગ આવે છે. શિંગનું શાક થાય છે. શિંગ નાની તરવાર જેવી, એક બાજુએ જાડી અને ધારવાળી હોય છે. તેને તલવારડી પણ કહે છે. તે દવામાં વપરાય છે. તેને ફૂલના ગુમખા આવે છે. ફૂલનો રંગ કથી હોય લાંબુથી ગુલાબી અને ઊભડે ત્યારે આસમાની થઈ જાય છે. તેનાં બી ઢાળાં હોય છે.

પરબ્રહ્મ ૧. [સં. પરબ્રહ્મન્] સ્ત્રી. એકસો આઠ મહિનું એ નામનું એક ઉપનિષદ; એ નામનું અથર્વવેદનું ઉપનિષદ.
૨. ન. પરમસ્થાન નિજધામને જ્યાં અવકાશ જાણ્યો તે સ્થાનને જ પરબ્રહ્મ કહે છે. તાત્પર્ય કે, જીવાત્માનું મૂળ નિજમસ્થાન બ્રહ્મ કિંવા પરમાત્મા હોવાથી તે પોતે તત્ત્વતઃ બ્રહ્મ જ છે.
૩. ન. પરમાત્મા; સૌથી શ્રેષ્ઠ દેવ; જગદીશ્વર; પ્રભુ; સૌથી મોટા બ્રહ્મ; પરમેશ્વર; વિશ્વાત્મા; પરમતત્ત્વ; ઈશ્વર; નિર્ગુણ નિરુપાધિક બ્રહ્મ. તે પ્રાણીમાત્રના પ્રકાશક અને કારણ છે. કઠોપનિષદમાં કહ્યું છે કે: નેદં યદિદમુપાસતે અર્થાત્ જેને આ એટલે કે વાણીના વિષય તરીકે ભજે છે તે બ્રહ્મ કે આત્મા કે પરબ્રહ્મ નથી. આ સર્વનામ પ્રત્યક્ષ પદાર્થને બતાવનારું છે. આત્મા કે પરબ્રહ્મ ઇંદ્રિયગ્રાહ્ય ન હોવાથી પ્રત્યક્ષ છતાં અપ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ

પરભાષા

પ્રમાણથી પરબ્રહ્મને પકડવાની યોગ્યતા ન હોવાથી તે પરબ્રહ્મને પકડી શકાતું નથી. આ પ્રત્યક્ષની અયોગ્યતાને લીધે આત્મામાં પ્રત્યક્ષ પ્રમાણ પ્રવર્તતું નથી અને તેથી જે કોઈ આત્માને પ્રત્યક્ષ પ્રમાણના વિષય તરીકે ગણે છે તેનું આત્મદર્શન અધૂરું છે.

૪. સ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

પરબ્રહ્મનિષ્ઠ [સં.] વિ. પરબ્રહ્મમાં નિષ્ઠાવાળું.

પરબ્રહ્મપ્રાપ્તિ [સં.] સ્ત્રી. પ્રભુપદ પામવું તે.

પરબ્રહ્મમૃગાઙ્કાર્ધચૂડ [સં.] પું. શિવનાં ઉત્તર માથેનું એક નામ.

પરબ્રહ્મસ્વરૂપ [સં.] ન. પરમાત્માનું સ્વરૂપ.

પરબ્રહ્મસ્વરૂપિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંદેનું એક નામ.

પરબ્રહ્મસ્વરૂપી [સં. પરબ્રહ્મસ્વરૂપિન્] વિ. નિર્લેપ; સિદ્ધ; મુક્ત; અજર; અમર; અમળ; પરમાનંદી; પરમ સુખી; અક્ષય; અવિનાશી; અવિકારી; નિરંજન; નિરાકાર; નિર્મમ; નિષ્કામી; નિર્મોહી; નિર્વિકારી; અકર્મી

પરબ્રહ્માવતરણ [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંદેનું એક નામ.

પરબ્રહ્મી [સં. પર (પારકું) + બ્રહ્મિન્ (બોલનાર)] વિ. બીજાનું બગાડ કરનાર.

પરભવ ૧. [સં.] પું. જન્માંતર; બીજો જન્મ; હવે પછીનો અવતાર; બીજો અવતાર; પુનર્જન્મ; આ અવતાર નહિ પણ આગલો અથવા પાછલો અવતાર.

૨. પું. (જૂ. પ્રા.) પરલોક.
પરભવનું ભાતબું = મૃત્યુ; મરણ; પરલોક પ્રયાણ.

૩. પું. પ્રભવ; જન્મહેતુ; ઉત્પત્તિનું મૂળ; ઉદ્ભવ.

પરભવવું ૧. [સં. પ્ર + ભૂ (થવું)] અ ક્રિ. ઉત્પન્ન થવું; ઊપજવું; ઉદ્ભવવું.

૨. [સં. પ્ર + ભૂ] સ. ક્રિ. પરાભવ કરવો; હરાવવું; વિજયી થવું; જીતવું.
ઉદ્ધે મોકલી અપ્સરા, તપભ્રષ્ટ કરવા ભંગ;
આશાસુર ચૂક્યો નહીં, પરભવે નહીં અનંગ.
પ્રેમાનંદ

૩ સ ક્રિ. જતન કરવું; સાચવવું.
તે પિડને બહુ પરભવે,
અને કરે તે કર્મકલેશ. અખેગીતા

૪. સ. ક્રિ. તિરસ્કાર કરવો; અનાદર કરવો; અપમાન કરવું.

૫ સ. ક્રિ. થાપવું; ઠામર કરવું.

૬. સ. ક્રિ. દુઃખ આપવું; દુભવવું; હેરાન કરવું; પજવવું.
કોને રે પિણ મેં પરભવ્યો,
પેલા બળની રે માંહે. પ્રેમાનંદ

૭. સ ક્રિ. નહિ લેખવવું.

૮. સ. ક્રિ. ખુલી જવું.
મન ઇચ્છા ધરીએ રાજની, મુખ પાસવાને સાજવા;
તે બીજના બગવી સહી, તે વાતે લબે પરભવ્યા.
પ્રેમાનંદ

પરભવિક વિ. પરભવમાં સાથે આવનાર; જન્માંતરમાં સાથે આવનારું.

પરભા ૧. પું. પ્રવાહ.

૨. પું. સ્વભાવ.

૩. સ્ત્રી. અક્ષર.

૪. [સં. રમ્ભા] સ્ત્રી. ગરજ; ગણતરી.

૫. સ્ત્રી. પરવા; દરકાર; સ્પૃહા.

૬. [સં. પ્રભા] સ્ત્રી. પ્રભા; તેજ; કાંતિ.

૭. સ્ત્રી. સત્તા.

પરભાગ ૧. [સં.] પું. અન્યભાગ.

૨. પું. ઉપરીપણું.

૩. પું. (અલં) એ નામનો એક અલંકાર. અનુભવ કરેલના અભાંતરના ભાગમાં વિવેક તે પરભાગ અલંકાર કહેવાય છે.

૪. પું. ગુણોત્કર્ષ; ગુણમાં અધિકતા; ગુણોની ઉત્કૃષ્ટતા; ગુણોનું શ્રેષ્ઠપણું.

૫. પું. ઘણું હોવું તે; અનંતતા.

૬. પું. પશ્ચિમ ભાગ; પાછળનો ભાગ.

૭. પું. બીજાનો ભાગ.

૮. પું. બીજાપણું; જુદાઈ.

૯. [સં. પર (શત્રુ) + ભાગ (હિસ્સો)] પું. શત્રુનો ભાગ.

૧૦. પું. શેષ ભાગ; બાકી રહેલો ભાગ.

૧૧. પું. મોભો; સારો ભાગ.

૧૨. પું. સારી સંપત્તિ.

૧૩. પું. સારું નસીબ; સુદૈવ.

૧૪. સ. અત્યંતપણે; અતિશય.

પરભાગતા [સં.] સ્ત્રી. ગુણોત્કર્ષતા; શ્રેષ્ઠતા; ઉત્કર્ષપણું.

પરભાગોપજીવી [સં. પરભાગોપજીવિન્] વિ. બીજાની કમાઈ ખાઈને રહેનાર.

પરભાત [હિં.] સ. પ્રભાત; સવાર.

પરભાતિયું ૧. [સં. પ્રભાત (સવાર)] ન. પ્રભાતમાં ગાવાનો ઈશ્વરસ્તુતિનો એક રાગ. તે ચૂલણા છંદ જેવો છે.

૨ ન. સવારમાં ગાવાનું પદ; પ્રભાતમાં ગાવામાં આવતું કીર્તન; પ્રભાતિયું.

પરભાતી ૧. સ્ત્રી. એક જાતનો રાગ; પ્રભાત.
નહિ વહેલું વાસણ, નહિ પરભાતી સાદ;
નામદેવના નેસમાં, કાંઈ કહેલે કાજ.
કવિશ્વર દેવાણી

૨. [હિં.] સ્ત્રી. પ્રભાતમાં ગવાતું એક જાતનું ગીત; પ્રભાતિયું.

૩. વિ. પ્રભાતના રાગનું.

૪. વિ. પ્રભાતનું.

પરભાનુ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં ચગણ, રગણ અને લઘુ ગણી સાત વર્ણ હોય છે.
યા સા હે પરભાનુ. પદ્મપિંગળ

૨. પું. માનસિક જ્ઞાન.

પરભાય [સં. પ્રભાવ] પું. ચોળા; ઘાટ.
સત્ત ચૈતન્યને ભિન્ના ભાય,
અના એમ કીધે પરભાય. અખો

પરભારા વિ. સીધા; ભારોભાર.

પરભારું સુગ્યે પરભાર્યું.

પરભાર્યું ૧. વિ. ચાકિત; સંબંધ કે ઓળખાણ ન હોય તેવું; પિછાન રહિત.

૨. વિ. પારકું; બનાવ્યું.

૩. વિ. બહારનું.

૪. સ. અજાણ્યે; અજાનતામાં.

૫. સ. ઘર તરફ વળ્યા વગર બીજી દિશામાં સીધું; ભારોભાર; પરભાર્યું; પાધરું; સીધેસીધું.
પરભાર્યું ને પોલ્યાભાર = પારકા માલની દરકાર ન રાખતાં તેનો નાશ કરનાર.

૬. સ. બને ત્યાં સુધીની મારફત વગર.

૭. સ. તાબડતોબ; તરત જ; હાલ્યું જ; અવિલંબ; તરત જ પછી.

૮. સ. ભારોભાર; ઘેર કે સ્થાન પર આવ્યા કે મૂળ માણસને જણાવ્યા વગર જેમ તે તેમ; બીજાને જણાવ્યા વિના.

૯ સ. બીજાના જોખમે.

પરભાવ ૧. [સં.] પું. અન્યનો સ્વભાવ.

૨. પું. (જૈન) પૌદ્ગલિક પદાર્થ.

૩. [હિં.] પું. પ્રભાવ.

પરભાવના ૧. સ્ત્રી. (જૈન) પ્રભામાં બમેરેની બહાણી.

૨. સ્ત્રી. (જૈન) પ્રભાવના; ધર્મપ્રચાર; શાસનની ઉન્નતિનાં કરવાનું પ્રવર્તન.

૩. સ્ત્રી. બીજાની ભાવના.

પરભાષા ૧. [સં.] સ્ત્રી. પારકા દેશની ભાષા; વિદેશી ભાષા; માતૃભાષા સિવાયની ભાષા.

૨. સ્ત્રી. જૈન ભાષા.

૩. સ્ત્રી. સંસ્કૃત સિવાયની ભાષા.

પરશુ ૧. પું. એ નામના એક રજપૂત રાજકુળનું માણસ. પરશુ બે જાતના છે: ગ્રામસ્થ અને પાદારે. ગ્રામસ્થ પોતાને કપાણીના રજપૂત રાજકુળના કહેવડાવે છે, અને જાતના પરશુના દેખાવમાં ફેર નથી. તેઓ પોતાની પહોળી પટ્ટીની પાઘડીથી ને બૈરાં દક્ષિણી પહેરવેશથી ઓળખાય છે. માંસ મદ્ય વાપરે છે. તેઓની કુળદેવી ભુદ્રી પણ બધા શૈવ છે.

૨. [સં. પ્રભુ] પું. પ્રભુ; પરમેશ્વર; ઈશ્વર.

પરશુ તોબા = (૧) બધું જ અસહ્ય દુઃખ છે એમ દર્શાવનારો ઉદ્ગાર. (૨) ખસતાવાનો કે માફી માગવાનો ઉદ્ગાર.

૩. સ્ત્રી. એ નામની મહારાષ્ટ્રની એક જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

પરશુક્ત [સં.] વિ. બીજાએ ભોગવેલ; પારકાએ ભોગવેલ.

પરશુક્તા ૧. [સં] સ્ત્રી. પરપુરુષે ભોગવેલ સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. બીજાએ ભોગવેલી; બીજાની જોગ સાથે સમાગમ કરી ચૂકેલી.

પરશુજી પું. પ્રભુ; ઈશ્વર.

પરશુ પ્રીતે ન. નકામું; હોહલું.

પરભૂત [સં.] વિ. અનુપમી; પકીનું.

પરભૂતિ [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાર માંહેનું એક નામ.

પરભૂમિ ૧. [સં.] સ્ત્રી. પારકી જમીન.

૨. સ્ત્રી. બીજો દેશ; પરદેશ.

૩. સ્ત્રી. શત્રુની જમીન.

પરભૂષણ ૧. [સં.] ન. પારકું પરેણું; પારકો દાગીનો.

૨. ન. શત્રુનું ભૂષણ.

૩. ન. એક અલંકાર

પરભૃત ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, તગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

પરભૃતે ના ત ન ગ. સ્વરૂપિણ

૨. [સં. પરભૃત્] પું. કાગડો.

૩. [સં. પર (બીજું) + ભૃત (પોષેલું)] પું. કોયલ; નરકોકિલ. કોયલ પોતાનાં ઈંડાં કાગડીના માળામાં મૂકી આવે છે અને કાગડી તેને પોષે છે.

કરત પરભૃત રસાલ્ય પિક બનિ લહાં રસપુંજ,
બસે પ્રભુ આસ્ય મહી લગ જોકાસત કુંજ.
વિજયાનુશોક

૪. વિ. બીજાએ ઉછેરેલ; પારકાએ પોષેલ.

૫. વિ. પારકાનું પોષણ કરનાર.

પરભૃતા [સં.] સ્ત્રી. કોયલ.

પરભૃતિકા [સં.] સ્ત્રી. કોયલ.

લેવાને કોણ આવે કપટિ
પરભૃતિકા સમ સ્વાર્થિ ગણ મણિસંકર

પરભૃતી [સં] સ્ત્રી. કોયલ.

પરભેદક [સં.] વિ. શત્રુને ફોડનાર.

પરભેદન જુઓ પરભેદક.

પરભોગી ૧. [સં. પર (બીજું) + ભોગિન્ (ભોગવનાર)] વિ. પોતાના ઉપરાંત બીજાથી ભોગવાતું; બીજા વડે ભોગવાતું. જેમકે, સંપો પરભોગી છે.

૨. વિ. પોતાની નહિ પણ પારકી વસ્તુનો ભોગ લેનાર.

૩. વિ. બલિયારી.

પરભોમ ૧. સ્ત્રી. પરદેશ.

૨. સ્ત્રી. પારકી જમીન.

૩. સ્ત્રી. શત્રુની ભૂમિ.

પરમ ૧. પું. (જૈન) ચારિત્ર; સંયમ.

૨. પું. પરમ દિવસ; બીજો દહાડો.

૩. પું. પરમેશ્વર.

૪. પું. ત્રાસઠ માંહેનો એ નામનો એક તેજસ્તત્ત્વ દેવતા.

૫. પું. ચોતેર માંહેનો એ નામનો એક આકાશતત્ત્વ દેવતા.

૬. પું. મોક્ષ; મુક્તિ.

૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વથી શ્રેષ્ઠ, સર્વથી સૂક્ષ્મ અને સર્વથી અતિ વ્યાપક, અવિનાશી અને અવિકારી તત્ત્વ હોવાથી પરમ કહેવાય છે.

૮. પું. શિવ; ઓંકારનું એક નામ.

૯. પું. સુખ.

૧૦. વિ. અતિ રહસ્યવાળું

૧૧. વિ. (જૈન) અત્યર્થ; ઘણું; અત્યંત; વધારેમાં વધારે; પુષ્કળ; ખૂબ; અતિશય; ઘણામાં ઘણું.

૧૨. વિ. અનિર્વાચ્ય.

૧૩. વિ. અંતિમ.

૧૪. વિ. આદ્ય; આદિમ; સહજાતનું.

૧૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; ઉચ્ચતમ; ઉત્કૃષ્ટ; સર્વોત્તમ; સર્વોપરી; સર્વથી ચડિયાતું.

૧૬. વિ. ગઈ કાલ પહેલાનું કે આવતી કાલ પછીનું.

૧૭. વિ. પ્રથમનું; પહેલું.

૧૮. વિ. પ્રધાન; મુખ્ય; મોટું.

પરમ ઋષિ પું. એ નામનો એક ઋષિ; કપિલ નામનો ઋષિ. જેમણે પુરુષાર્થનું જ્ઞાન સમજાવ્યું છે.

પરમ એકાંતિક વિ. અતિ ઉત્કૃષ્ટ ઉપાસનાવાળું.

પરમ કલ્યાણ [સં.] ન. મોક્ષ.

પરમ કારણ [સં.] પું. આદિ કારણ; પરમાત્મા.

પરમ કારુણિક [સં] વિ. બહુ જ કરુણાવાળું.

પરમ કારુણ્ય [સં.] ન. મહાકરુણા.

પરમકાષ્ઠાપન્ન [સં.] વિ. પરાકાષ્ઠાએ પહોંચેલું.

આનંદમયને પત્નીની સાથે સરખાવવામાં આવે તોપણ પરમકાષ્ઠાપન્ન વસ્તુ કહી શકાય નહિ.
ગોકુલદાસ રાયચંદ

પરમ કૃપાલુ ૧. [સં.] પું. ઈશ્વર.

૨. વિ. બહુ જ માયાળુ; પરમ દયાળુ.

પરમ કૃપાળુ જુઓ પરમ કૃપાલુ.

પરમકાંતિ [સં.] સ્ત્રી. સૂર્યની શ્રેષ્ઠકાંતિ.

પરમક્રોધી ૧. [સં. પરમક્રોધિન્] પું. એ નામનો એક વિશ્વદેવ.

૨. વિ. અત્યંત ક્રોધી.

પરમગત ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરમાં એક થવું તે.

૨. સ્ત્રી. દૈવી સુખ.

પરમગતિ ૧. [સં.] સ્ત્રી. પરલોકવાસ.

૨. સ્ત્રી. શ્રેષ્ઠ ગતિ; મોક્ષ; પરમ પદ; મુક્તિ; ઉત્તમ ગતિ; કલ્યાણ; અતિ ઉચ્ચ પદવી; શ્રેષ્ઠ પદ. કઠોપનિષદમાં કહ્યું છે કે: જ્યારે મન સહિત જ્ઞાનેંદ્રિય સ્થિર થઈ જાય છે અને બુદ્ધિ કોઈ પણ પ્રકારની ચેષ્ટા કરતી અટકી જાય છે, ત્યારે તે અવસ્થાને પરમગતિ કહે છે. વાર્તાલાપમાં કહ્યું છે કે: જ્યારે પાંચે જ્ઞાનેંદ્રિયો અને મન તથા બુદ્ધિ નિશ્ચેષ્ટ થઈ જાય, ત્યારે તેને જ્ઞાની પુરુષો પરમગતિ કહે છે. સ્થિર બોધી ઇંદ્રિયોની ધારણાને યોગવિદ પુરુષો યોગ માને છે. તે વખતે પુરુષ પ્રમાદ રહિત થાય છે, કારણ કે યોગને ઉત્પત્તિ અને વિનાશ બંને છે.

કર એ બેકારી બાલ ઉચ્ચારી ઘટતો ગ્રહને,
જે જરૂરે દેવાને લાગી, તે પામે છે પરમગતિ.
કવિનીતા

પરમગમ [સં.] પું. શ્રેષ્ઠ ગણિત.

પરમગવી [સં.] સ્ત્રી. શ્રેષ્ઠ ગાય.

પરમગુરુ [સં.] પું. ચોપન માંહેનો એ નામનો એક વાયુતત્ત્વ દેવતા.

પરમ ગ્રાસ [સં.] પું. મોટું ગ્રહણ.

પરમ ચારિત્ર [સં.] ન. (જૈન) ઊંચામાં ઊંચું ચારિત્ર; યથાખ્યાત ચારિત્ર.

પરમ ચારિત્રમય [સં.] વિ. પરમ ચારિત્રવાળું.

પરમજ્ઞા [સં.] સ્ત્રી. પ્રકૃતિ.

પરમ જ્ઞાન [સં.] ન. ઉચ્ચ જ્ઞાન; ઈશ્વર વિષેનું જ્ઞાન.

પરમજ્યા [સં.] કું. ઉંદ.

પરમજ્યોતિ [સં.] કું. પરમાત્મા.

પરમટ ૧. [હિં.] કું. (સંગીત) એ નામનો એક તાલ.

૨. સ્ત્રી. જમાતના કર; મહેસૂલ; ચુંગી.

પરમટ બંદર ન. માલ ઠાલવવા બનાવું બંદર.

પરમટ હાઉસ કું. નાકું; 'કસ્ટમ હાઉસ.'

પરમટો [જ્ઞા. પરમટા] કું. એક જાતનું ચીકણું ચમકીલું સતરાઉ કાપડ.

પરમણ [સં. પરિ + મ્ન (માપવું)] ન. (વહાણવટું) સઢ બાંધવા માટેનું બધા લાકડાના કદમ જેવા કરી તૈયાર કરેલ લાકડાનો નીચેનો ભાગ. સામાન્યત્વ રીતે પરમણ વહાણની બંનબાજુ જેટલું લાંબું અને બનુપ્રમાણ જેવું લાગે છે.

પરમત ૧. [સં.] કું. પારકા મત; બીજાનો અભિપ્રાય.

૨. કું. જાનો મત.

૩. સ્ત્રી. બીજાની મતિ; પારકી બુદ્ધિ.

૪. સ્ત્રી. લાભ; આબરૂ.

પરમતત્ત્વ ૧. [સં. પરમ + તત્ત્વ] કું. અંતિમ કે સાધ્ય તત્ત્વ; બ્રહ્મ; ઈશ્વર.

૨. ન. સનાતન તત્ત્વ; મૂળ તત્ત્વ. તેમાંથી સંપૂર્ણ વિશ્વનો વિકાસ થાય છે. તે જ્ઞાનેંદ્રિયોનો વિષય નથી અને કર્મેંદ્રિયથી તે પકડમાં આવતું નથી.

પરમતપ [સં. પરમતપસ્] કું. શિવ; શંકર; મહાદેવ.

પરમતસહન [સં.] ન. પારકાનો મત માન્ય રાખવો તે.

પરમતસહનના સમભાવને સાહિત્યમાં પણ સ્થાન છે. કુ. ના. પરિષદ

પરમતસહિષ્ણુતા [સં. પર (બીજાનું) + મત (વિચાર) + સહિષ્ણુ (સહન કરનાર) + તા (પણું)] સ્ત્રી. પારકાનો મત સહન કરી લેવાપણું; બીજાનો મત સહન કરવાની શક્તિ; બીજાના મતને સહન કરવાની વૃત્તિ કે ઉદારતા.

પરમતા [સં. પરમ + તા] સ્ત્રી. પરમપણું; સૌથી ઊંચાપણું.

પરમતારક ૧. કું. પરમેશ્વર.

૨. વિ. પોતે સંસારથી તરે અને બીજાને તારે એવું.

પરમતારક્ષક [સં. પર (પારકું) + મત + રક્ષક (સહન જ કરનાર)] વિ. સ્વમતાંધ; બીજા માણસોને તેઓના ધર્મ પાળવા દેવાને નારાજ.

પરમતિષ્ણુ વિ. બીજાની સલાહ ઉપર આધાર રાખનાર.

પરમતત્ત્વ ૧. [સં.] કું. (જૈન) પરમ તત્ત્વ; જીવાદિ નવ તત્ત્વ.

૨. કું. પરમાર્થ; પરોપકાર.

જે મત ધરી સાધે પરમતત્ત્વ. મતિસાગર

પરમદ [સં.] કું. બહુ દારૂ પીવાથી થતો એક રોગ. તેમાં શરીર ભારે થઈ જાય, મુખનો સ્વાદ બગડી જાય, તરસ બહુ લાગે અને માથામાં તથા શરીરના સાંધામાં દુઃખ થાય.

પરમ દયાલ જુઓ પરમ દયાળુ.

પરમ દયાલુ ૧. [સં.] કું. ઈશ્વર.

૨. વિ. બહુ જ દયાળુ; સ્વભાવતઃ કૃપાશીલ; અનુકંપાશીલ.

પરમ દયાળ જુઓ પરમ દયાલુ.

પરમ દયાળુ જુઓ પરમ દયાલુ.

પરમ દહાડો (પરમ દાડો) કું. પરમ દિવસ; આવતી કાલ પછીનો કે ગઈ કાલ પહેલાંનો દિવસ; બનો કે આવતો ત્રીજો દિવસ.

પરમદા [સં. પ્રમદા] સ્ત્રી. (હિંદી) કપાળી બો.

પરમ દારુણ કું. એ નામનો એક રોગ. તેમાં આંખ પેઢાન વધે અને મોઢે ફેફર આવે.

પરમ દિવસ જુઓ પરમ દહાડો.

પરમ દી જુઓ પરમ દહાડો.

પરમ દેવી [સં.] સ્ત્રી. બહુ સામંતની સ્ત્રીની ઉપાધિ.

પરમ દૈવત [સં.] ન. પરમાત્મશક્તિ.

પરમ ધન [સં.] ન. શ્રેષ્ઠ દોલત.

પરમ ધન પ્રભુનાં જેને જોઉ. નાનાલાલ

પરમ ધરા [સં.] સ્ત્રી. સારી જમીન.

પરમ ધર્મ [સં.] કું. શ્રેષ્ઠ ધર્મ.

પરમ ધામ [સં. પરમ (શ્રેષ્ઠ) + ધામન્ (ધામ)] ન. ઉત્તમ ઠેકાણું; સ્વર્ગ; મોક્ષ સ્થાન; ઉત્તમ લોક; વૈકુંઠ.

પરમ ધીર [સં.] વિ. બહુ જ ધીરજવાળું.

એ પરમધીર બાલવીરના નામથી હિંદુસ્તાનમાં કોઈ અજાણ્યું નથી. ગીતારહસ્ય

પરમ પૃષ્ટતા [સં.] સ્ત્રી. છ માંહેનો એ નામનો એક વાદ્યભેદ.

પરમ નિરપેક્ષ નિશ્ચયનય [સં.] કું. (જૈન) નિશ્ચયનયનો એ નામનો એક પ્રકાર.

પરમન્યુ [સં.] કું. (પુરાણ) વસુવંશી ક્ષત્રિયનો એ નામનો એક પુત્ર.

પરમ પદ ૧. [સં.] ન. પરમાત્માનું નિવાસસ્થાન; જ્યાં સૂર્યનો પ્રકાશ પહોંચતો નથી, અગ્નિની જ્યોતિ કે ચંદ્રમા અજવાળું કરતો નથી અને જ્યાં પહોંચ્યા પછી પાછા આવવું પડતું નથી, તે પરમ શ્રેષ્ઠ પરમાત્માનું ધામ.

૨. ન. મુક્તિ; મોક્ષ; વૈકુંઠવાસ.

૩. [સં. પરમ (શ્રેષ્ઠ) + પદ (સ્થાન)] ન. શ્રેષ્ઠ પદ કે સ્થાન; ઉત્તમ પદ; ઉચ્ચ સ્થાન; અતિ ઊંચી પદવી; સર્વોત્તમ સ્થિતિ; મોટી પદવી.

૪. ન. સમાધિ; આત્મા અને મનનું એકપણું.

પરમ પદદાય વિ. પરમપદ આપનાર.

શ્રી ગીતા જે પરમ પદદાય. ઉમાશંકર

પરમપદપ્રાપ્તિ [સં.] સ્ત્રી. મોક્ષ મેળવવો તે.

પરમ પદાર્થ [સં.] કું. શ્રેષ્ઠ ચીજ.

શીલ તથા પ્રજ્ઞા આ જગતમાં પરમ પદાર્થ છે. કનૈયાલાલ મુનશી

પરમ પરિત વિ. પરંપરિત; બધા વખતથી ચાલતું આવેલું.

પરમ પવિત્ર ૧. [સં.] કું. ઈશ્વર; પ્રભુ; પરમાત્મા.

૨. વિ. બહુ જ પવિત્ર.

પરમ પારિણામિક ભાવ [સં.] કું. (જૈન) ઉત્કૃષ્ટ પરિણામિક ભાવ.

પરમ પિતા [સં. પરમ (શ્રેષ્ઠ) + પિતૃ (પિતા)] કું. પરમેશ્વર; મહાન પિતા.

પરમ પુનિતા [સં.] વિ.સ્ત્રી. બધી જ પવિત્ર.

પરમપુરુષ કું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે માહિની કુલિની છંદનો એક ભેદ છે. તેમાં ૩૭ ગુરુ અને ૮૪ લઘુ મળી ૧૨૧ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.

પરમ પુરુષ ૧. [સં.] કું. બધો જ ઉત્તમ પુરુષ.

૨. કું. પરમાત્મા; પરમેશ્વર; પરબ્રહ્મ. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે જેમ રથના પૈડાની નાભિમાં તેના આરાઓ જડાયેલા છે, એટલે કે રથના પૈડાના આરાઓનો એક આધાર જેમ તેની નાભિ છે, તેમ જે પુરુષોમાં આ સોળ કળા જડાયેલી છે એટલે કે સંસારચક્રના આ સોળ આરા એટલે કળાઓ જે નાભિરૂપ પરમાત્મામાં જડાયેલા છે, તે જાણવા યોગ્ય પરમ પુરુષ પરમાત્માને આપ હૃદયમાં જાણો. જેને જાણ્યો તો તમને મૃત્યુ પીડા નહિ કે,

જેમણે પરમાત્માને જાણનારનું મોત ખરેખર મરી ગયા છે.

પરમ પુરુષ પરમાત્મા નિમલે શરીર રહિત છે. તે નિમલે બહાર અંદર સર્વત્ર છે. તે જન્મ રહિત છે. પ્રાણ રહિત છે તથા નિઃસંદેહ મન રહિત છે. શુદ્ધ છે અને અક્ષર અવ્યથી પર જે પ્રકૃતિ તે પ્રકૃતિથી પણ પર છે. મુંડકોપનિષદ

૩. પું. વિષ્ણુ.

પરમ પુરુષાર્થ [સં.] પું. મહાન પુરુષાર્થ. અનાદિ સ્વરવાભીભાવનું મને તે કારણ માનવામાં આવે, પણ જેનાંસુખી તેનો નાશ ન થાય તાંસુખી મુક્તિ મળી શકે નહિ, માટે તેનો ઉચ્છેદ કરવો એ જ પરમ પુરુષાર્થ છે. હું સુખી થાઉં, દુઃખી ન થાઉં, એવી જે જાતની લોકોમાં પ્રાર્થના હોવાથી મહર્ષિ કપિલ સુખની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિને પુરુષાર્થ છે અને દુઃખની અત્યંત નિવૃત્તિને પરમ પુરુષાર્થ કહે છે. ત્રિવિધ દુઃખ અને સહજ દુઃખોની અત્યંત નિવૃત્તિ થતી એ જ પરમ પુરુષાર્થ કહેવાય છે.

પરમપૂર્ણ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. વિ. મહાન પરિપૂર્ણ.

પરમપોટો પું. પરપોટો.

પરમ પ્રકૃષ્ટ [સં. પરમ (અત્યંત) + પ્રકૃષ્ટ (ઉત્તમ)] વિ. અત્યંત જ ઉત્તમ.

ઉત્તમ સંહનનવાળા જેમાં પરમ પ્રકૃષ્ટ વિશુદ્ધિ અને પરમ પ્રકૃષ્ટ સ્થિરતા હોય છે તે તેનું એક જ હોઈ શકે. તત્ત્વાર્થસૂત્ર

પરમ પ્રખ્યાત [સં.] વિ. અતિ પ્રસિદ્ધ.

પરમ પ્રિય [સં.] વિ. બહુ જ વહાલું; અતિ પ્રિય.

પરમપ્રીતિસંગીતસર્વાદ્‌ભુતમહાગુણ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર મોટાં એક નામ.

પરમ પ્રેમ [સં.] પું. ઉચ્ચ પ્રેમ.

પરમ ફલ ૧. [સં] ન. મોક્ષ; મુક્તિ.

૨. ન. સર્વથી ઉત્તમ ફળ અથવા પરિણામ.

પરમબ્રહ્મ ૧. [સં. પરમબ્રહ્મન્] પું. ઈશ્વર.

૨. પું. તત્ત્વનો સ્વામી. બ્રહ્મ તત્ત્વનો વિસ્તાર જીવનશોધનમાં નીચે પ્રમાણે આપ્યો છે:—

૩. પું. પરબ્રહ્મ.

૪. પું. જેનાં વખાણેલું સત્ત્વનું એક નામ; ઉત્કૃષ્ટ આનંદ માત્ર સ્વરૂપ.

પરમ બ્રહ્મચારિણી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

પરમ ભક્તિ [સં.] પું. અનન્ય ભક્તિ; ઉત્તમ ભક્તિ.

પરમ ભટ્ટારક [સં.] પું. એકલવ્ય રાજાઓની એક નામની એક પ્રાચીન ઉપાધિ.

ચોલુક્ય વંશમાં મહારાજાઓનાં બીરુદો પ્રથમ જયસિંહને જ લગાડવામાં આવેલાં છે. મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમ ભટ્ટારક, અવનિનાથ, ત્રિભુવન દંડ, સિદ્ધ ચક્રવર્તી, વલ્લભ નિષ્ણુ વગેરે વિરોબણો તેના નામ સાથે જોડાયેલાં લેખોમાં મળી આવે છે. પુરાતત્ત્વ

પરમ ભટ્ટારક પાદાનુધ્યાત [સં.] પું. એ નામની એક પ્રાચીન ઉપાધિ.

આ સામંતરાજા પ્રુથસેન (પહેલા)એ વલભીથી આપ્યું છે. તેનાં બીરુદો પરમ ભાગવત, પરમ ભટ્ટારક પાદાનુધ્યાત, મહા સામન્ત અને મહારાજ,–તેનાં અન્ય તામ્રપત્રોની માફક છે. પુરાતત્ત્વ

પરમ ભટ્ટારિકા [સં.] સ્ત્રી. રાણીઓની એક સન્માનસૂચક ઉપાધિ.

પરમ ભાગવત ૧. [સં.] પું. એ નામની એક પ્રાચીન ઉપાધિ.

૨. પું. મોટો વિષ્ણુભક્ત.

પ્રુથસેન પોતાને પરમ ભાગવત એટલે મોટો વિષ્ણુભક્ત માનતો. ઢાલેછકર

પરમ યોગી [સં. પરમ + યોગિન્] વિ. મહાયોગી.

પરમ રહત [સં. પરમ (અત્યંત) + રહત્ (મોટું)] વિ. સૌથી મોટું અને વ્યાપક. કાળ, આત્મા, આકાશ, દિશા એ સર્વગત હોવાને કારણે પરમ મહત કહેવાય છે.

પરમ મહત્તમ [સં.] વિ. મુખ્યતમ; અનન્ય.

પરમ મહત્ત્વ [સં.] ન. (વેદાંત) બ્રહ્મપણાનો અભાવ નથી એવું પરિમાણપણું.

પરમ મહત્‌પરમાણુ [સં.] ન. બહું મોટું માપ.

પરમ મહાન પું. જેને વિદ્યા રહિત સર્વ જગત. આગમોમાં જણાવ્યું છે કે: પરમાણુઓ જોડાતાં સંયુક્તરૂપ થતાં અવકાર કરનારાં મનુષ્યોને અવળીની ખુબ જ છે અને જેનો ઉલ્લો અવયવ પરમાણુ છે એવો કરકોઈ અવિભાજ્યસ્વરૂપ પદાર્થ કે જે સ્વરૂપ દશામાં રહેલો હોય એટલે કે સુક્ષ્મ પરિણામને પામેલ ન હોય તે સર્વની જે જોડતા તેને પરમ મહાન કહે છે. અર્થાત્ વિશેષ વિદ્યા રહિત અને જેને વિદ્યા રહિત જોવે જે આ સર્વ પ્રપંચ જોઈએ જગત તેને જ પરમ મહાન કહેવામાં આવે છે.

પરમ મહાન કાળ પું. બધાનું જોડ આપ. સૂર્ય જોડાય ત્યારે ચાર રાશિરૂપ સમગ્ર ભુવન મંડળને જોળીને તે પરમ મહાન કાળ જ સંવત્સરરૂપ જોઈને બધાનો બધાનો પુત્ર મન્વંતર આદિ અનુક્રમે જોડ જે પરાર્ધ સુધીનો વર્ષ કરે છે.

પરમ મંત્રી [સં. પરમ (જોડ] + મંત્રિન્ (સલાહકાર)] પું. મોટો પ્રધાન.

પરમમાયા [સં.] સ્ત્રી. મહામાયા.

પરમ માહેશ્વર ૧. પું. એ નામની રાજાની એક પ્રાચીન ઉપાધિ.

૨. પું. મોટો શિવભક્ત.

પરમ મોક્ષપદ વિ. પરમ કલ્યાણ.

જેણે જ્ઞાન, ભક્તિ અને સેવાધર્મથી સમભાવ મેળવ્યો છે તેને પરમ મોક્ષપદ મળે છે. અનાસક્તિયોગ

પરમ યશસ્કારક [સં. પરમ (ઉત્તમ) + યશસ્ (કીર્તિ) + કારક (આપનાર)] વિ. જેણે યશ આપનારું; ઉત્તમ કીર્તિ દેનારું.

પરમ યુગ [સં.] પું. યુગના ઉત્તરાર્ધની પરાકાષ્ઠા; આવતાં જતાં જે હજાર વર્ષ સુધી આ જગતમાં સત્ય, નીતિ અને ધાર્મિકપણું બધે વ્યાપી રહેતો તે હજાર વર્ષ; આનંદ યુગ.

પરમયોગી [સં. પરમ + યોગિન્] પું. મહાયોગી.

આત્મભાવે જ સર્વત્ર જે પેખે સમ, અર્જુન!
દુઃખ હો–સુખ હો તહીંયે; તે પરમ યોગી તે.
કવિગીતા

પરમ રસ [સં. પરમ (ઉત્તમ) + રસ] પું. ઘાસ; તૃણ.

પરમરાજ [સં. પરમ (મોટું) + રાજન્ (રાજા)] પું. મોટો રાજા; મહારાજા.

પરમર્મજ્ઞ ૧. [સં. પર (પારકું) + મર્મન્ (રહસ્ય) + જ્ઞ (જાણનાર)] વિ. પારકું મર્મ જાણનાર.

૨. [સં. પર (શત્રુ) + મર્મન્ (રહસ્ય) + જ્ઞ (જાણનાર)] વિ. શત્રુનું મર્મ જાણનાર.

પરમર્ષિ [સં. પરમ (મોટું) + ઋષિ] પું. મહર્ષિ; જેણે વ્યાસ, કપિલ વગેરે મોટા ઋષિ.

પરમલક પું. પારકો દેશ; પરમુલક.

પરમલુ પું. તૂલ કરતી વેળા હાથપગથી કાઢવામાં તથા દેખાડવામાં આવતા બોલ. પ્રભાવજના બોલોની જેમ આને પણ અમુક તાલમાં ચોટલી હલાવ જે, તેમ જ આમાં પણ તોડા, ઓહરા, પરન વગેરે હોય છે. ત ત્તા ત ત્તૈ ધિલાંગ ધનતક દ્રિમ જય જયત કુમરી કપિધન તંગ તક્ષ તિલાંગ ધિલાંગ ધિટ ધિટ તકિટ ધિકિટ તાળો ચંગ ચુંગ ચુંગ ઇલાદિ તેના શબ્દો છે.

પરમ લોક [સં.] પું. મોક્ષ.

પરમ વત્સલ ૧. [સં. પરમ (વધું) + વત્સલ (માયાળુ)] પું. પરમાત્મા.
૨. વિ. પરમ સ્નેહી; વધું જ સ્નેહાળ.

પરમ વસ્તુ [સં.] સ્ત્રી. સર્વોત્તમ પદાર્થ.

પરમ વિરક્તાસક્તિ [સં.] સ્ત્રી. ભક્તિની અભિયાર ભાદેની એ નામની એક અવસ્થા.

પરમ વિહગ [સં.] ન. મોટું પક્ષી.

પરમવ્યોમ ૧. પું. આનંદમય કોશ.
૨. પું. બ્રિદાત્મા.
અનવાનના ચરણની રેણુથી ઉત્પન્ન થયેલા દેહથી પરમવ્યોમમાં (ચિદાત્મામાં) અવધાનનું રૂપ દેખ્યું છે. ગોકુલદાસ રાજા

પરમ શરણ ૧. [સં.] ન. ઈશ્વર.
પરમ શરણ રાખીને = ઈશ્વરને ભોળે રહીને.
૨. ન. શ્રેષ્ઠ શરણ; ઉત્તમ આશ્રય.

પરમ શાસ્ત્રી [સં. પરમ (શ્રેષ્ઠ) + શાસ્ત્રિન્ (શાસ્ત્રી)] પું. પ્રખર વિદ્વાન; મોટો શાસ્ત્રી.

પરમ શાંતિ ૧. [સં.] સ્ત્રી. વધુ જ શાંતિ.
૨. સ્ત્રી. ઉચ્ચતમ શાંતિ અથવા સુખ; મોક્ષ.
માયાની ઉપાધિ છોડી દઈ જીવ પરબ્રહ્મ સ્વરૂપમાં ભેળાય છે તો તે પરમ શાંતિને પામે છે.

પરમ શુક્લ ૧. સ્ત્રી. (જૈન) જ માદેની એ નામની એક જાતિ. દેવલોક, સિદ્ધ, સંદિગ્ધ અને અદ્રવ્યલિ ગોસાલનો પરમ શુક્લ જાતિમાં સમાવેશ થાય છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પરમ શુદ્ધ [સં.] વિ. પરમ પવિત્ર.

પરમ શ્રેય [સં. પરમ (ઉત્કૃષ્ટ) + શ્રેયસ્ (કલ્યાણ)] ન. પરમ કલ્યાણ.

પરમ શ્રેષ્ઠ પુરુષાર્થ [સં.] પું. મોટામાં મોટો પુરુષાર્થ; ચાર માદેનો સૌથી મોટો પુરુષાર્થ. મનુષ્યનું જીવન ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થ મેળવવામાં જવું જોઈએ એમ શાસ્ત્ર કહે છે. આ ચારમાં મોક્ષ એ પરમ શ્રેષ્ઠ પુરુષાર્થ છે.

પરમ સહિષ્ણુતા [સં] સ્ત્રી. વધુમાં વધુ સહન કરવાની શક્તિ.

પરમ સાર ૧. [સં.] વિ. ઉત્તમ; વધું શ્રેષ્ઠ.
૨. વિ. પ્રાણ.

પરમ સિદ્ધિ [સં.] સ્ત્રી. મહાન સિદ્ધિ; મોક્ષ.

પરમ સીમા ૧. સ્ત્રી. સૌથી મોટી સંખ્યા.
૨. સ્ત્રી. સૌથી મોટું પરિમાણ.
૩. [સં. પરમ (વધું) + સીમન્ (અવધિ)] વિ. મહત્તમ; વધુમાં વધું.

પરમ સુખ [સં.] ન. અનંત સુખ; મહાનંદ; પરમ ગતિ; નિર્વાણ; સર્વસુખ મુક્તિ.

પરમ સુખદ સ્થાન [સં.] ન. મહાન સુખ આપે એવું સ્થાન; પ્રભુનું પરમ ધામ.

પરમ સુખદાયક [સં.] વિ. વધું સુખ આપનાર.

પરમ સુખી [સં. પરમ (વધું) + સુખિન્ (સુખવાળું)] વિ. વધું જ સુખી; સુખાબ્ધ; આનંદમય.

પરમ સ્થાન [સં.] ન. પ્રભુનું પરમ ધામ.

પરમ સ્નેહી ૧. [સં. પરમ (વધું) + સ્નેહિન્ (સ્નેહવાળું)] પું. વધુ જ ઘાટો મિત્ર.
૨. વિ. પરમ મિત્ર; અતિશય સ્નેહી; બહુ જ વહાલું; વધું જ હેતાળ.

પરમસ્પષ્ટ [સં.] પું. વિષ્ણુનાં હજાર માદેનું એક નામ. એમની જી એટલે લક્ષ્મી જે સોના પરા છે, તેથી તે પરમ કહેવાય છે અને જ્ઞાનસ્વરૂપ હોવાથી સ્પષ્ટ છે તેથી પરમસ્પષ્ટ કહેવાય છે.

પરમ સ્વધર્મી [સં. પરમ (વધું) + સ્વધર્મિન્ (સ્વધર્મવાળું)] વિ. પોતાના ધર્મમાં અત્યંત આસક્ત.

પરમહંસ ૧. [સં.] પું. જિતેંદ્રિય સાધુ; પૂર્ણ આત્મસંયમી માણસ; જેને કશો મિથ્યાભાવ કે અહંકારાદિની સ્પૃહા ન હોય એવો સર્વત્ર બ્રહ્મ જોનારો સંન્યાસી.
૨. પું. પરમાત્મા.
૩. પું. હંસ.
૪. પું. શિવ ધર્મના દશનામી પંથનો સાધુ.
૫. પું. સંન્યાસીના ચાર માદેનો એ નામનો સૌથી શ્રેષ્ઠ પ્રકાર; ઉત્તમ સંન્યાસિ નિમિત્ત સંન્યાસી; જેને પોતાનો આત્મા એ જ પરમ બ્રહ્મ છે એવો સંન્યાસી; જ્ઞાનની પરાવસ્થાએ પહોંચી ગયેલ એટલે કે સચ્ચિદાનંદ બ્રહ્મનો પૂર્ણ રૂપમાં જેને અનુભવ થયો હોય એવો સંન્યાસી. કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર પ્રકારના સંન્યાસી છે. તેમાં પરમહંસ સૌથી શ્રેષ્ઠ છે. પરમહંસના બે ભેદ છે: (૧) વિવિદિષાવાળો અને (૨) વિદ્વાન. જેમ હંસ પક્ષી દૂધ અને પાણી ભેગાં કર્યાં હોય તેમાંથી દૂધ દૂધ જેવી લે છે એમ કહેવાય છે, એ જ રીતે જે મનુષ્ય પોતાના જ્ઞાનથી જાણે શું છે અને ખોટું શું છે એ પારખી લે અને આત્મા અને પરમાત્માનો ભેદ જાણે તે હંસ અને એ અંતનું ઉત્તમ જ્ઞાન જેને હોય તે પરમહંસ. પરમહંસ કોઈ પણ પ્રકારનું કર્મ કરતો નથી પણ સદા શાન્તિમાં રહીને વિચરે છે. સંન્યાસી બનાર જેમ ક્રિયા અને અનોઈનો ત્યાગ કરી દંડ ધારણ કરે છે, તે પ્રમાણે પરમહંસની અવસ્થાએ પહોંચનાર દંડનો પણ ત્યાગ કરે છે. વિદ્વાન પરમહંસ ન હોય તેને બ્રહ્મ દંડ ધારણ કરવાનો હોય છે, પણ જે વિદ્વાન હોય તેને દંડની જરૂર રહેતી નથી. પરમહંસ આશ્રમમાં દાખલ થવાથી મનુષ્ય બધા પ્રકારનાં બંધનથી મુક્ત બનાય છે. તેને માટે ગ્રાદ્ધ, સંધ્યા, તર્પણ વગેરેની જરૂર નથી. દેવાર્ચનની કે કોઈને નમસ્કાર વગેરે કરવાનું પણ પ્રયોજન નથી. તેણે અધ્યાત્મનિષ્ઠ અર્થ નિર્દ્વંદ્વ અને નિરાગ્રહ ભાવથી બ્રહ્મમાં સ્થિત રહેવું જોઈએ. આજકાલ કેટલાક પરમહંસ દેવમૂર્તિનું પૂજન વગેરે કરે છે, પણ નમસ્કાર કરતા નથી. તેણે સમગ્ર શિર મૂંડાવી નાખેલું હોય છે અને તે યજ્ઞોપવીત ધારણ કરતા નથી. તમામ કર્મો તેણે ત્યજી દીધાં અને આત્મામાં તે સ્થિતિવાળો હોય છે. તે જાતિભેદ રહિત થઈ ઉપરોક્ત શાન્તિનું સેવેલું બાન છે. ત્રિદંડ, આસનો વાળની દોરી, કમંડલ, અક્ષિમાળા પાંખો જોને હોય એવી મુનની સોય, બ્રહ્મસૂત્ર અને માટી ખોદવાની તરવાર જેવી લોખંડની બાકીની એટલી વસ્તુઓ તે રાખે છે. શિખાનું મુંડન કરાવી, જનોઈનો ત્યાગ કરી, નિત્યકર્મોને છોડી દે છે, તે માટીનું, કાંસાનું, લાકડાનું, તુંબડાનું અને વાંસનું પાત્ર રાખે છે. જેની તહન ગમનાગમો નષ્ટ થવા પામી છે તે પરમહંસ કહેવાય છે. પરમહંસને કોઈ ગમનાગમ હોતી નથી.
પરમહંસની સંહિતા = શ્રીમદ્ ભાગવત. શ્રીમદ્ ભાગવતને પરમહંસની સંહિતા કહે છે.–તે કોણ ?
૬. સ્ત્રી.;ન. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.
૭. સ્ત્રી.;ન. યજુર્વેદનું એ નામનું એક ઉપનિષદ.

પરમહંસક [સં.] ન. એક પ્રકારનું સંન્યસ્ત.
જે અધિકારીને વેદાન્તની પૂર્ણ પ્રાપ્તિ થઈ હોય, અને મુમુક્ષાવૃત્તિ સિદ્ધ થઈ હોય જે તેણે પરમહંસક નામક સંન્યસ્તને ધારણ કર્યું.
સૂતસંહિતા

પરમહંસપરિવ્રાજક [સં.] સ્ત્રી. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

પરમહંસવૃત્તિ [સં.] સ્ત્રી. પરમહંસ જેવું વર્તન પાળવું તે; ઉત્તમ સંન્યાસીની રીતે રહેવું તે.

પરમહંસોપનિષદ [સં. પરમહંસ + ઉપનિષત્] ન. પરમહંસ નામનું ઉપનિષદ.

પરમહાશિરા સ્ત્રી. મોટી શિરા; 'સુપીરિયર વીન કેવ.'

પરમા ૧. પું. (પિંગલ) એ નામનો એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગી છંદનો એક

હોય છે. તેમાં ૫૦ લઘુ અને ૬૮ ગુરુ મળી ૮૬ અક્ષર અને ૧૨૮ માત્રા હોય છે.

૨. પું. પ્રમેહનો રોગ.

૩. [સં.] સ્ત્રી. નર્મદાનાં હલ્કર માંહેનું એક નામ.

૪. સ્ત્રી. રોળા; ખૂબસૂરતી.

૫. વિ.સ્ત્રી. બધી જ ઉત્તમ.

પરમા એકાદશી સ્ત્રી. અધિક માસની કૃષ્ણ પક્ષની અગિયારસ. આ એકાદશી પવિત્ર અને સકલ પાપનો નાશ કરવાવાળી મનાય છે તથા સ્ત્રી અને પુરુષને મુક્તિમુક્તિ આપનારી છે, તેથી તેનું નામ પરમા એકાદશી પડ્યું છે. એ એકાદશીને દિવસે નરોત્તમ નામે દેવનું પૂજન કરાય છે. આ એકાદશીને વિષે એવી દંતકથા છે કે, સુમેધા નામનો બધો ધાર્મિક બ્રાહ્મણ હતો. તેની સ્ત્રી પવિત્ર અને પતિવ્રત વિષે પરાયણ હતી. કર્મની ગતિથી તે બ્રાહ્મણ ધનધાન્યહીન થયો. તેણે ઘણા લોકો પાસે ભિક્ષા માગી, પણ તે તેને મળી નહિ. કૌંડિલ્ય નામે ઋષિની સલાહથી બંનેએ પરમા એકાદશીનું વ્રત કર્યું. એ વ્રતના પ્રભાવે બંને આ લોકમાં અતિ સુખ ભોગવી મુક્તિ પામ્યા.

પરમાકલા [સં.] સ્ત્રી. સીતાનાં હલ્કર માંહેનું એક નામ.

પરમા કાંતિ [સં.] સ્ત્રી. બધી જ કાંતિ; ઘણું તેજ; લાવણ્ય; સુંદરતા; ઝાકઝમાળ; શોભા.

રાતા આવા લા પ્રભા સુખમા પરમા કાંતિ;
કહી ન શકું કળી સુવનની સુરમન સ્વર્ગની ભાતિ.
ત્રિભુવનપુરોધ

પરમાક્ષર [સં.] ન. નાશ રહિત ઉત્તમ તત્ત્વ.

પરમાક્ષરા [સં.] સ્ત્રી. સીતા.

સીતેમા પરમા શક્તિ અનંત નિષ્કલામલા,
રાતા માહેશ્વરી નિત્યા, રાજતી પરમાક્ષરા
અખાદમરામાયણ

પરમા ગતિ [સં.] સ્ત્રી. ઉચ્ચ ગતિ; મોક્ષ; મુક્તિ. ઉપનિષદમાં કહ્યું છે કે: જ્યારે પાંચે જ્ઞાનેંદ્રિયો મન સહિત સ્થિર થઈ જાય છે અને બુદ્ધિ પણ નિશ્ચેષ્ટ થઈ જાય છે તે અવસ્થાને પરમા ગતિ અર્થાત્ યોગીની સૌથી ઊંચી અવસ્થા કહે છે.

જ્યારે જ્ઞાનેંદ્રિયો પાંચે રાખે મનની વિરમે,
બુદ્ધિ યે ચેષ્ટતી ચેષ્ટા પરમા ગતિ તે જ છે.
કઠોપનિષદ

પરમાગમ ન. (જૈન) શાસ્ત્ર.

પરમાજા ૧. [હિં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

૨. [અં. પરમટા] પું. એક પ્રકારનું ઝીણું, ચમકીલું સુતરાઉ કપડું. પરમાટા નામનું ઓસ્ટ્રેલિયામાં એક સ્થાન છે. ત્યાંથી આવતી ઊનમાંથી એક પ્રકારનું કપડું બને છે જેમાં તાણો સુતરનો અને વાણો ઊનનો હોય છે.

પરમાટી સ્ત્રી. માંસ.

પરમાટીનું ભોગી = માંસાહારી.

પરમાઠો જુઓ પરમાટા ૨.

પરમાણ ૧. ન. ધાણીના બોઢ માંહેના આડામાં ભોળાકારે બંધબેસતા કરાતા પાતળા લાકડાનો ઊભો કટકો.

૨. [સં. પ્રમાણ] ન. પ્રમાણ; સાબિતી; પુરાવો.

૩. ન. માન; મોટાઈ.

જ્યાં કોઈ ભાવે નહિ પીર ત્યાં પરમાણ.
સાહિત્ય

૪. ન. પ્રમાર્થવાદ; સત્યવાદ.

૫. ન. (વહાણવટું) સઢને બાંધવાનું અને ચલાવવાનું જાડું લાકડું; પરમાણ; પરમણ. તે દ્વારા સાથે સંબંધ રાખી ઊંચું નીચું થઈ શકે છે.

૬. ન. સીમા; અવધિ; હદ.

૭. વિ. ખરું.

૮. વિ. પ્રમાણ.

કૃતકૃત્ય પરમાણ હોવું = સુખી હોવું.

૯. વિ. યુક્ત.

૧૦. વિ. લાયક.

૧૧. વિ. વજનદાર.

૧૨. વિ. સાર્થક; પ્રમાણ.

૧૩. ન. નક્કી; નિર્ણય.

પરમાણવું ૧. સ. ક્રિ. ભણવું.

ગુરુ પાસે ગ્રંથ ન ભણે,
નિજે સ્વત્વ તું પરમાણ. પ્રેમાનંદ

૨. [સં. પ્રમાણય્] સ. ક્રિ. સાચું માનવું; પ્રમાણભૂત માનવું; નક્કી કરવું; વજનદાર માનવું.

૩. સ. ક્રિ. સ્વીકારવું; માન્ય રાખવું; કબૂલવું.

પરમાનંદ [સં. પરમ (ઘણું) + આનંદ] પું. વિશેષ આનંદ; અતિ આનંદ.

પરમાણાં ન. બ. ન. પ્રમાણપત્ર પુરાવા; દાખલા; આતરીપત્ર.

ગરડાએ કહ્યા, પહોંચ્યાનાં પરમાણાં દેવે
મોકલ્યાં નહિ. ધીરો

પરમાણુ ૧. [સં.] પું. અતિ સૂક્ષ્મ કણનું એક માપ.

૨. પું. કર્મના અંશોમાંનો ઊતરો અંશ. જે કર્માવસ્થાને પામેલો હોતો નથી અને જે સમુદાયની અવસ્થાને પણ પામેલો ન હોય તેને પરમાણુ કહેવાય છે. પરમાણુ જો ન હોય તો કોઈ પણ કાર્યરૂપ વસ્તુનું અસ્તિત્વ હોઈ શકે નહિ.

૩. પું. (જૈન) પુદ્ગલનો સૌથી નાનો અંશ; અંધથી છૂટો પડેલો પુદ્ગલનો નિર્વિભાજ્ય અંશ, કે જેના બે ભાગ થઈ શકે નહિ; સર્વથી નાનો પુદ્ગલ.

૪. પું. પુરાવો; દાખલો; પ્રમાણ.

૫. પું. (વૈશેષિક) મહાભૂતોનો સૂક્ષ્મ અંશ; પૃથ્વી, જળ, તેજ, વાયુનો અતિ સૂક્ષ્મ અંશ; સૂર્યનાં કિરણોમાં ઊડતી રજકણના ત્રીસમા ભાગે જેટલો ભાગ. જે દ્રવ્ય મનથી ભિન્ન હોય અને સમવાય સંબંધે કરીને પરમ અણુત્વ પરિમાણવાળું હોય તે પરમાણુ કહેવાય છે. વૈશેષિકમાં ચાર ભૂતના ચાર પ્રકારના પરમાણુ માનેલા છે: આકાશ એ વિભુ છે અને તેથી તેના ટુકડા થઈ શકતા નથી. પરમાણુ જેટલા માટે માનવા પડ્યા છે કે જેટલા પદાર્થ દેખવામાં આવે છે તે બધા નાના નાના ટુકડાના બનેલા છે. જેમાંના કોઈ એક ટુકડાને લઈને તેના આદિક ટુકડા કરવામાં આવે તો અંતમાં એવો ટુકડો થાય કે જે દેખી ન શકાય. કોઈ ઓરડામાંથી આવતાં સૂર્યનાં કિરણોમાં જે નાના નાના રજ દેખવામાં આવે છે, તેના ટુકડા કરવાથી જણાય છે. આ રજ પણ જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ રજો મળીને બનેલો હોય છે, તેનું નામ પરમાણુ રાખવામાં આવ્યું છે. ન્યાય અને વૈશેષિક મત પ્રમાણે આ પરમાણુના સંયોગથી પૃથ્વી વગેરે દ્રવ્યોની ઉત્પત્તિ થઈ છે, જેનો ક્રમ પ્રશસ્તપાદ ભાષ્યમાં આ પ્રમાણે લખેલો છે: જ્યારે જીવોને કર્મફળ ભોગવવાનો વખત આવે છે, ત્યારે મહેશ્વરને તે ભોગવટાને અનુકૂળ સૃષ્ટિ રચવાની ઇચ્છા થાય છે. આ ઇચ્છા અનુસાર જીવોના અદૃષ્ટના બળથી વાયુ પરમાણુઓમાં ચલન ઉત્પન્ન થાય છે. આ ચલનથી તે પરમાણુઓમાં પરસ્પર સંયોગ થાય છે. બે બે પરમાણુઓના મળવાથી દ્વયણુક ઉત્પન્ન થાય છે. ત્રણ દ્વયણુક મળવાથી ત્રસરેણુ, અને ચતુરણુક ઉત્પન્ન થાય છે. આ પ્રકારે એક મહાન વાયુ ઉત્પન્ન થાય છે. આ વાયુમાં જલપરમાણુના પરસ્પર સંયોગથી જલદ્વયણુક, જલત્રસરેણુ વગેરે ઉત્પન્ન થતાં થતાં મહાન જલનિધિ ઉત્પન્ન થાય છે. આ જલનિધિમાં પૃથ્વી પરમાણુઓના સંયોગથી દ્વયણુકાદિમાંથી મહાપૃથ્વી ઉત્પન્ન થાય છે. આ જલનિધિમાં તેજસ પરમાણુના પરસ્પર સંયોગથી મહાન તેજોરાશિ ઉત્પન્ન થાય છે. આ ક્રમે ચાર મહાભૂત ઉત્પન્ન થાય છે. આ સંક્ષેપમાં

વૈશેષિકોનો પરમાણુવાદ છે. પરમાણુ અત્યંત સૂક્ષ્મ અને કેવળ કલ્પિત છે. આથી તર્કાંગત નામના ગ્રંથમાં એવું લખ્યું છે કે: સૂર્યનાં આવતાં કિરણોની વચ્ચે જે ધૂળનાં કણ દેખાય છે તેના છઠ્ઠા ભાગને પરમાણુ કહે છે એ વાત સાચી નથી. વૈશેષિકોનો સિદ્ધાંત છે કે કારણગુણપૂર્વક જ કાર્યના ગુણ થાય છે. આથી જેવા ગુણ પરમાણુમાં હશે તેવા જ ગુણ તેમાંથી બનેલી વસ્તુઓમાં હશે. જેમકે, ગંધ, આરંભક યણેરે જે પ્રકારે પૃથ્વી પરમાણુમાં રહે છે, તે જ પ્રકારે બધી પાર્થિવ વસ્તુઓમા હોય છે. પ્રાચીન લોકો પંચમહાભૂત માનતા હતા. તેમાંથી આકાશને છોડીને બાકીનાં ચાર ભૂતો અનુસાર ચાર પ્રકારના પરમાણુ પણ તેમને માનવા પડ્યા હતા. પણ આ ચાર ભૂતોમાંથી જણ તો કદાચ મૂળ ભૂતોના યોગથી બનેલા મનાતા. જેમકે, પાણી એ વાયુના યોગથી બનેલું સિદ્ધ થયું. એ પ્રમાણે વાયુમાં પણ જુદા જુદા વાયુનો સંયોગ વિશ્લેષણ દ્વારા મળ્યો. બાકી રહ્યું તેજ. તેને વૈશાનસાઓએ ભૂત માનતા નથી. તેને માત્ર ભૂતની શક્તિનું એક રૂપ માને છે.

ક. [સં. પરમ (શ્રેષ્ઠ) + અણુ (વસ્તુનો ત્રીજામાં ત્રીજો ભાગ)] ન. અણુ; ત્રીજામાં ત્રીજો અણુ; જેના વધુ વિભાગ થઈ શકે નહિ એવો ભારીક અણુ; અવિભાજ્ય રજકણ; સૂક્ષ્મ પદાર્થ; રાસાયણિક તત્ત્વોનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ. કોઈ પણ તત્ત્વના પરમાણુવાદ અનુસાર કટકા કરતા જઈએ તો ઉપરમાં એક સ્થિતિ એવી આવી પહોંચવી કે જેના કટકા નહિ થઈ શકે. આવા નાના કટકાઓને પરમાણુ કહે છે. એક તત્ત્વના બધા પરમાણુઓમાં એકસરખા ગુણ રહેલા હોય છે. પરમાણુ કોઈ દિવસ સ્થિર રહી શકતા નથી, તેઓ હમેશા ગતિમાં રહે છે. જ્યારે બે સંયુક્ત થાય છે, ત્યારે તેમના પરમાણુ આપસમા મળી જાય છે. પરમાણુઓનું રાસાયણિક વિશ્લેષણ નથી થઈ શકતું, પરંતુ વિદ્યુત શક્તિથી તેઓ વિભક્ત થઈ શકે છે. પ્રત્યેક પરમાણુમાં એક ધન વિદ્યુત્કણ હોય છે અને તેની આસપાસ અસંખ્ય વિદ્યુત્કણો ચક્કર લગાવી રહેલા હોય છે. જુદાં જુદાં તત્ત્વોના પરમાણુઓમા ભિન્ન ભિન્ન ઘૂમવાની શક્તિ છે અને આ જુદી જુદી શક્તિને લીધે તે તત્ત્વોને આપણે જાણી શકીએ છીએ. દરેક પરમાણુમાં અપાર શક્તિ હોય છે. કહેવાય છે કે એક શ્વાસ પાણીના પરમાણુઓની જેટલી શક્તિ હોય છે કે તે પૃથ્વીને એક હાની માફક ઉછાળી શકે. અણુમાંથી પરમાણુ જુદા પાડી શકાય. પરમાણુની રચના વિદ્યુત્મય છે. તેનો એક ભાગ ધન વિદ્યુતથી ભરેલો અને વજનવાળો હોય છે. બીજો ભાગ ઋણ વિદ્યુતવાળા અણુઓનો બનેલો હોય છે. જેમ સૂર્યમંડળમાં સૂર્યની આસપાસ હલકા વજનવાળા ગ્રહો ગોઠવાયેલા હોય છે, તેમ પરમાણુમાં પણ ધન કે ભાગની આસપાસ હલકા વજનના ઋણ વિદ્યુત્કણો ગોઠવાયેલા રહે છે, તે છતાં પરમાણુની સ્થિતિ બહારથી વિદ્યુત વગરની અને સ્થિર લાગે છે. આ ઋણ વિદ્યુત્કણો લગભગ દરેક પદાર્થમાંથી અમુક સંયોગોમાં છૂટા પાડી શકાય છે. જેમકે, પદાર્થોને તેમાંથી સફેદ પ્રકાશ નીકળે ત્યાંસુધી તપાવવાથી અથવા તો લંબુલાતીત પ્રમાણનાં કિરણોમાં રાખવાથી. તાપથી પરિમાણની વૃદ્ધિ થતી નથી. ઠંડા લોહાનું જે વજન હોય છે તે જ તેને તપાવ્યાથી પણ રહેવાનું. હાલના રસાયણશાસ્ત્રમાં ૭૫ મૂળ ભૂત માનેલ છે, જેમાંથી ૬૮થાક તો ધાતુઓ છે. જેમકે, તાંબું, સોનું, લોહ, સીસું, રૂપું, કલઈ, જસત. બીજા ૬૮થાક અધાતુ છે. જેમકે, ગંધક, ફોસ્ફરસ, પોટાસ, અંજન, પારો, હરતાલ. ૬૮થાક વાયુ છે. જેમકે, ઓક્સિજન, નાઇટ્રોજન, હાઇડ્રોજન વગેરે. આ ૭૫ મૂળ ભૂતો પ્રમાણે ૭૫ પ્રકારના પરમાણુ આધુનિક રસાયણમાં માનવામાં આવેલા છે. જુદા જુદા પરમાણુના સિદ્ધાંતમાંથી હાલ અમેરિકામાં અણુશક્તિનો ઉપયોગ કરી અણુબોમ્બ બનાવવામાં આવેલ છે.

ખ. ન. (વેદાંત) અવયવ રહિત મૂર્તદ્રવ્ય.

ગ. ન જુઓ.

પરમાણુકાળ પું. વખતનું એક સૂક્ષ્મ માપ; સૂર્ય જેટલા. વખતમાં એક પરમાણુ પ્રદેશને ઓળંગે તેટલો કાળ. પદાંગના જેટલા. કાળમાં જેટલે જેટલા પ્રદેશમાં પરમાણુઓ રહે છે તેટલા પ્રદેશને સૂર્યનાસવણ જેટલા કાળ અર્થાત્ સમયમાં ઓળંગે એટલે પ્રક્ષિપ્ત કરે છે તેને પરમાણુકાળ કહે છે.

પરમાણુત્વ [સં.] સ્ત્રી. પરમાણુપણું.

પરમાણુત્વ [સં.] ન. પરમાણુપણું.

પરમાણુપરિવર્તન [સં.] ન. એક તત્ત્વના પરમાણુઓનું બીજા તત્ત્વના પરમાણુઓમાં પરિવર્તન.

પરમાણુપુદ્ગલ [સં.] ન. (જૈન) પુદ્ગલનો બધો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ; સૌથી નાનું પુદ્ગલ.

પરમાણુપુંજ [સં.] પું. પરમાણુનો સમૂહ; સંઘ.

પરમાણુપુંજ જે સંઘ કહેવાય છે એનાથી જ શરીર બને છે. તે સંઘ પણ અનંત પરમાણુઓનો બનેલો હોવો જોઈએ. તત્ત્વાર્થસૂત્ર

પરમાણુભારાંક પું. પરમાણુનું વજન; 'એટમિક વેટ.'

પરમાણુમાત્ર ન. તન્માત્ર; અભેદ્ય તત્ત્વ.

પરમાણુવાદ [સં.] પું. પરમાણુથી જગતની ઉત્પત્તિ થઈ છે તેવો ન્યાયવૈશેષિકનો સિદ્ધાંત; પરમાણુની કલ્પના; પ્રત્યેક તત્ત્વ પરમાણુઓનું બનેલ છે એવી માન્યતા; કોઈ પણ બે પદાર્થની રાસાયણિક ક્રિયામાં પદાર્થના ત્રીજા અણુઓ અમુક પ્રમાણમાં મળી ક્રિયા થાય છે એવો મત. આ મત કાંઈ નવો નથી. સૌથી પહેલાં ભારતવાસીઓએ આ મત જાહેર કર્યો હતો. કણાદના વૈશેષિક દર્શનમાં પરમાણુવાદની આખ્યા કરવામાં આવી, જેનો વૈજ્ઞાનિકોએ સ્વીકાર કર્યો. કણાદનો પરમાણુવાદ આધુનિક પરમાણુવાદને મળતો છે. પશ્ચિમના વૈજ્ઞાનિકોમાં ગ્રીસનો ડિમોક્રિટસ, જેણે પરમાણુની આખ્યા સાબિત કરી, તે ઈ. સ. ૫૦૦ પૂર્વે થયો હતો અને તે ભૌતિક વિજ્ઞાનનો પિતા કહેવાય છે. તેના પછી ગેલિલિયો, ડેકાર્ટ, ન્યૂટન ઇત્યાદિએ પરમાણુવાદ ઉપર લખ્યું, પરંતુ આધુનિક પરમાણુવાદનો જન્મદાતા ડાલ્ટન કે જે ૧૭૬૬થી૧૮૪૪માં થયો તે મનાય છે. જેમણે પરમાણુવાદને સિદ્ધાંતનું રૂપ આપ્યું. તેના સિદ્ધાંત અનુસાર: (૧) પદાર્થ એકરસ નથી, પરંતુ અત્યંત સૂક્ષ્મ પરમાણુઓનો બનેલો છે. (૨) એક તત્ત્વના બધા પરમાણુ એક સમાન ગુણના હોય છે, પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારનાં તત્ત્વોના પરમાણુ ભિન્ન ભિન્ન સ્વભાવ ગુણના હોય છે. (૩) પરમાણુ સદા ગતિમાં હોય છે. (૪) ઘન પદાર્થોના પરમાણુ એકબીજા સાથે સંકલિત હોય છે, પ્રવાહી પદાર્થના જરા દૂર દૂર રહે છે, જ્યારે વાયુરૂપ પદાર્થોના પરમાણુઓ બધા જ અલગ અલગ રહે છે. તેમાં વિશેષ અંતર હોવા ઉપરાંત દરેક પરમાણુ સ્વતંત્ર છે. (૫) પદાર્થોનો રાસાયણિક સંયોગ તેમના પરમાણુઓની પ્રતિક્રિયાથી થાય છે. (૬) વિભિન્ન તત્ત્વોના પરમાણુઓની પરસ્પર સંયુક્ત થવાની સંખ્યા નિશ્ચિત હોય છે. જેમકે, પ્રાણવાયુનો એક પરમાણુ ઉદકજનકવાયુના બે પરમાણુઓ સાથે જોડાય છે, ઓછા અથવા વધારે પ્રમાણમાં નહિ. પરમાણુઓથી જગતની સૃષ્ટિ થઈ છે એવો ન્યાય અને વૈશેષિકનો સિદ્ધાંત છે. વૈશેષિક અને ન્યાય મતે પૃથ્વી વગેરે ચાર મહાભૂતોની ઉત્પત્તિ ચાર પ્રકારના પરમાણુઓના યોગથી

માને છે. જે પરમાણુમાં જે ગુણ હોય છે, તે તેમાંથી બનેલ પદાર્થમાં પણ હોય છે. જેના સંબંધથી વસ્તુના ગુણોમાં ફેરફાર થઈ જાય છે. જેમકે, ઢામો વહે પ્રબલવાયુ લાલ થઈ જાય છે. આ સંબંધમાં વૈશેષિકોની એવી માન્યતા છે કે, નીભાડામાં અગ્નિના પ્રભાવથી ઘડાના ટુકડે ટુકડા થાય છે, અર્થાત્ તેના પરમાણુ અલગ અલગ થઈ જાય છે. અલગ થવાથી પ્રત્યેક પરમાણુ તેજના યોગથી રંગ બદલી લાલ થઈ જાય છે. પછી જ્યારે બધા અણુ ભેગાથઈને ઘડાના રૂપમાં બની જાય છે ત્યારે ઘડાનો રંગ લાલ દીકરો આવે છે. વૈશેષિકો કહે છે કે, નીભાડામાં જઈને ઘડાનો એક વાર નાશ થયો અને ફરી પાછું બનવું એટલા સૂક્ષ્મ કાળમાં થાય છે કે તે દેખી શકાતું નથી. આ વિલક્ષણ મતને પીલુપાક મત કહે છે. નૈયાયિકોનો મત આ વિષયમાં આવો નથી. તેઓ કહે છે કે, આ પ્રમાણે અદૃશ્ય નાશ અને ઉત્પત્તિ માનવાની કાંઈ જરૂર નથી, કેમકે બધી વસ્તુઓમાં પરમાણુઓ અથવા દ્વયણુકોનો સંયોગ એવી રીતે રહે છે કે તેની વચ્ચે વચ્ચે કાંઈક અવકાશ રહી જાય છે. આ અવકાશમાં ઘડાને અગ્નિનું તેજ અણુઓનો રંગ બદલી નાખે છે. વેદાંતમાં નૈયાયિકો તથા વૈશેષિકોના પરમાણુવાદનું ખંડન કર્યું છે.

પરમાણુવાદી [સં. પરમાણુવાદિન્] વિ. પરમાણુઓના યોગથી સૃષ્ટિની ઉત્પત્તિ માનનાર; સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં ન્યાય અને વૈશેષિકનો મત માનનાર; અણુની અંદર ગતિ અને પુરત્વશક્તિ છે એવો મત પરાવનાર. જેમ પરમાણુવાદીઓના મતમાં સર્વ કાર્યોનું ઉપાદાન કારણ પરંપરા સંબંધી પરમાણુઓ છે, તેમ સાંખ્ય મતમાં પણ પરંપરા સંબંધથી જ વૃક્ષાદિનું ઉપાદાન કારણ પ્રકૃતિ છે. પ્રકૃતિ સાક્ષાત્ ઉપાદાન કારણ તો મહત્તત્ત્વનું જ છે અને બીજાં કાર્યોનું પરંપરા સંબંધથી છે.

પરમાણું ૧. ન. પત્તો.

> જે જાણ્યા કેરામાં ખિણનું પરમાણું બને.
>
> ૩. સા. પરિષદ

૨. [સં પ્રમાણ] ન. પુરાવો; દાખલો.

૩. [સં. પરિમાણ] ન. પ્રમાણ; માપ; લૂગડાં, ભેજા વગેરે પહેરનારને બંધબેસતાં થવા માટે લેવાતું માપ.

પરમાણે [સં. પ્રમાણેન] અ. પ્રમાણે; પેઠે; માફક; રીતે; જેમ.

પરમાણ્વંશક ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુ.

પરમાણ્વંતરિક્ષ [સં. પરમાણુ + અંતરિક્ષ] વિ. પરમાણુની અંદરનું.

પરમાત્મ ૧. [સં. પરમાત્મન્] પું. પરમાત્મા; પરબ્રહ્મ.

> સત્ત શબ્દની ઉત્પત્તિ સત્ માંથી સંભવિત છે,
> હોવું શબ્દાર્થ તેનો છે આધાર્યે પરમાત્મ એ.
>
> ગાંધીગીતા

૨. પું. મોટો આત્મા.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શિવ.

પરમાત્મતત્ત્વ [સં.] ન પરમ તત્ત્વ; પરબ્રહ્મ. પરમાત્મતત્ત્વ સર્વપ્રકારથી ભિન્ન છે, સર્વપ્રકારનું પણ આધારરૂપ એ પરમાત્મતત્ત્વ છે. પરમાત્મતત્ત્વમાં એવટનું પ્રમાણ છે. તેમાં શબ્દ નથી, સ્પર્શ નથી, રૂપ નથી, રસ નથી, ગંધ નથી, અર્થાત્ પાંચ જ્ઞાનેંદ્રિયની પકડમાં એ આવતું નથી. તાત્પર્ય કે તે ઇંદ્રિયગ્રાહ્ય નથી. આત્મા તો કૂટસ્થ, નિત્ય, અનાદિ અને અનંત છે, એટલે કે કાર્યકારણ ભાવથી પર છે. શુદ્ધિ અને પ્રકૃતિથી તે પર છે. તેમની ચોટમાં તે આવતો નથી ને અટકા છે, એટલે કે હાનો થતો નથી, સદા હોનારો છે, એકરસ છે. તેના સાક્ષાત્કારમાં વસ્તુના મુખ્યમાંથી છુટાય છે. આત્માના દર્શન વિના મુક્તિ મરતું નથી.

પરમાત્મદર્શન [સં.] ન. પરમાત્માનું દર્શન; પ્રભુમિલનનું ઈશ્વરનો સાક્ષાત્કાર.

પરમાત્મદશા [સં.] સ્ત્રી. પરમાત્માનું પદ; પરમાત્માનું સ્થાન.

પરમાત્મઅષ્ઠ પું. કાંકરાખાતે સ્થાપેલો એ નામનો એક મઠ.

પરમાત્મમાર્ગ [સં. પરમાત્મન્ (પ્રભુ) + માર્ગ (રસ્તો)] પું પ્રભુપદ પામવાનો રસ્તો; પ્રભુપંથ.

પરમાત્મવિદ્યા [સં.] સ્ત્રી. બ્રહ્મવિદ્યા; 'થીઓસોફિ.'

પરમાત્મા ૧. [સં. પરમ (મોટો) + આત્મન્ (આત્મા)] પું. ઈશ્વર; પરમેશ્વર; ઉત્તમ આત્મા; બ્રહ્મ; પરબ્રહ્મ; અક્ષરાતીત પૂર્ણ બ્રહ્મ; સંપૂર્ણ સત્તાવાળો મહાન દિવ્ય આત્મા; સર્વ જીવથી શ્રેષ્ઠ પ્રભુ; ત્રિગુણાત્મા; નવી સૃષ્ટિના આત્મારૂપ જગદીશ. આ શબ્દોના અક્ષરોના આંક ગણીએ તો તેનો સરવાળો ૨૪ થાય છે: ૫ + ૨ + ૧૫ + ૯ + ૧૩ = ૨૪. પરમાત્મા એક જ સર્વ પદાર્થ સ્વરૂપ છે. તેમાં ઉપનિષદોમાં તે પરબ્રહ્મ શબ્દથી ઓળખાય છે, યોગશાસ્ત્રમાં પરમાત્મા કે ઈશ્વર, સાંખ્યશાસ્ત્રમાં પુરુષ તથા અદ્વિતશાસ્ત્રમાં બ્રહ્મવાદ કહેવાય છે. તે સર્વ જીવાદિથી ઉત્કૃષ્ટ અને દ્રવ્ય, પ્રકૃતિ તથા આકાશથી પણ અતિ સૂક્ષ્મ અને સર્વ જીવોનો અંતર્યામી આત્મા છે. દેહમાં રહેલો આત્મા એ સામાન્ય રીતે સુખદુઃખની ઉપાધિઓમાં નિમગ્ન રહે છે, પણ ઇંદ્રિયસંબંધથી ઉપાધિઓનો અંત કર્યા પછી તે જ આત્મા પ્રસન્ન થઈ પરમાત્મારૂપી બ્રહ્મ અથવા પરમેશ્વરરૂપી બને છે. પરમાત્મા કોઈ આત્માથી જુદા સ્વરૂપનો પદાર્થ નથી. મનુષ્યના શરીરનો આત્મા તે તત્ત્વતઃ પરમાત્મા છે એવું ગીતામાં અને મહાભારતમાં પણ કહેલું છે. સર્વત્ર, સર્વશક્તિમાન, સર્વત્ર વ્યાપ્ત, સર્વસત્તાધીશ, પરમ ચૈતન્ય, સર્વાધિષ્ઠાન, પરમ શિવ, સકલ વિશ્વનિદાન, અકર્મ્ય, અચિંત્ય, અવિકાર્ય, અતર્ક્ય, અબાધ્ય, અવ્યય, અનિર્વચનીય એવા પરમાત્મા આ અનેક કોટિ બ્રહ્માંડમાં પોતાના એક જ અંશથી વ્યાપ્ત રહેલ છે. ક્ષરાક્ષર સ્થાવર જંગમ, જડ ચૈતન્યમાં ત્રિવિધરૂપે એટલે કે અવ્યક્ત, વ્યક્તાવ્યક્ત અને વ્યક્ત, અપ્રત્યક્ષ, પ્રત્યક્ષાપ્રત્યક્ષ અને પ્રત્યક્ષ ભાવે જગદાકારરૂપે વિકાસ પામી રહેલ છે. પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય, નિર્વિકારી, નિર્ગુણ, નિઃશેષ, અપરિણામી, અવ્યક્ત, અવિકારી, અજન્મ વગેરે છે, છતાં પોતાની સ્વાભાવિકી આત્મભૂતા અદ્ભુત શક્તિ વડે વિકારી, સગુણ, સવિશેષ, પરિણામી, વ્યક્ત, વિકારી, જન્મરી, મૂર્ત, અપરરૂપે વ્યક્ત બનેલ છે, આવું પરમાત્માનું ચિત્રવિચિત્ર સ્વાભાવિક સ્વરૂપ લક્ષણા વડે જ જ્ઞાનગમ્ય છે. પરમાત્માની ચૈતન્ય સત્તાસ્ફૂર્તિ વડે પ્રાણ જડ છતાં ક્રિયાશક્તિવાળો થઈ શકે છે. મન જડ છતાં સંકલ્પો કરી શકે છે, ચક્ષુ જડ છતાં જોઈ શકે છે, શ્રોત્ર જડ છતાં સાંભળી શકે છે, ચિત્ત ચિંતવન કરી શકે છે, બુદ્ધિ નિશ્ચય કરી શકે છે, સર્વ અંદર નિયમિત ગતિમાન રહી પ્રકાશી શકે છે, વરસાદ વરસી શકે છે, વીજળી ચમકારા કરી શકે છે, વાયુ વાઈ શકે છે, સમુદ્ર મર્યાદામાં રહી શકે છે, નદીઓ વહન કરી શકે છે, આકાશમાં મેઘના થઈ શકે છે, મહાન પર્વતો સ્થિર રહી પરમાત્માનું ધ્યાન કર્યા કરે છે વગેરે વગેરે. સર્વ સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વો કે મહાનથી મહાન તત્ત્વો તેના ઐશ્વર્ય વડે રમણ કરી રહ્યાં છે, તે સકલ વિશ્વનું નિદાન અથવા વિશ્રાંતિસ્થાન છે. હિંદુ સનાતન ધર્મ, વેદ વેદાંત, શ્રુતિ સ્મૃતિ, પુરાણ ઇતિહાસ સર્વમાં એક જ પરમાત્માનું

વ્યાપક ચિંતન વર્ણવેલ છે. જેને પરમ શિવ તરીકે કે મહાન વ્યાપક વિષ્ણુ તરીકે કહેલ છે, તે કોઈ સાંપ્રદાયિક વિશેષણો નથી, પરંતુ એક જ પરમાત્માનાં, જગતની ઉત્પત્તિકાળમાં બ્રહ્મા, સ્થિતિ સમયમાં વિષ્ણુ તથા પ્રલય સમયે રુદ્ર એવાં નામ સ્વરૂપ છે. તે પરમાત્મા આંખથી કે વાણીથી કે બીજી ઇંદ્રિયોથી કે તપ કે બીજા કોઈ કર્મથી નથી પકડાતો, પરંતુ જ્ઞાનની નિર્મલતાથી પ્રસન્ન અંતરવાળો જ્યારે આત્મસ્થ થાય છે, ત્યારે ધ્યાન યોગ આચરતો તે, કલા રહિત અમૃત આત્માને જુએ છે. સત્ય, પવિત્રતા, દયા, ક્ષાંતિ, સરલ, સંતોષ, સરળતા, ક્ષમા, ઇંદ્રિય, દમન, તપ, સમતા, તિતિક્ષા, ઉપરતિ, શાસ્ત્રશ્રવણ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બલ, સ્મરણશક્તિ, સ્વતંત્રતા, કુશલતા, કાંતિ, ધૈર્ય, કોમલતા, ચતુરાઈ, વિનય, વિવેક, મહત્તા, શક્તિ, સંપત્તિ, ગંભીરતા, સ્થિરતા, અસ્તિક્તા, કીર્તિ, માન અથવા પૂજ્યતા અને નિરભિમાનપણું આ સર્વ પરમાત્મામાં રહેલા ઉત્તમ ગુણો છે. ગીતામાં કહ્યું છે કે: અવિદ્યાથી કલ્પિત કે વગેરેના પ્રલયાત્મપણાથી ઉત્કૃષ્ટ ઉપદ્રષ્ટા વગેરે લક્ષણરૂપ આત્મા શ્રુતિમાં કહેવા પ્રમાણે આ દેહમાં અવ્યક્તથી પર ઉત્તમ પુરુષ હોવાથી પરમાત્મા કહેવાય છે. કોપનિષદમાં કહ્યું છે કે: સર્વે બ્રહ્માંડનો સ્વામી પરમાત્મા આકાશ અને પૃથ્વીરૂપે બે અરણીના પાત્રમાં વર્તમાન છે. અરણી યજ્ઞીય અર્થાત્ યજ્ઞ માટે ઉપયોગી કાષ્ઠ છે. આકાશ અને પૃથ્વીરૂપી બે સૃષ્ટિ યજ્ઞનાં મહાકાષ્ઠોમાં અણુઅણુમાં એ સર્વશક્તિમાન પરમાત્મા નિહિત છે. ગર્ભવતી સ્ત્રી જેમ પોતાના ગર્ભનું સારી પેઠે રક્ષણ કરે છે, તેમ આ બે સ્ત્રી પૃથ્વીરૂપી અરણીની અંદર આ પરમાત્મા ગર્ભની પેરે વસે છે, એટલે કે સૌની અંદર વસે છે. એ સૌનો અગ્રણી નેતા પરમાત્મા હમેશા પ્રભુત્વ અને યજ્ઞીય -અર્થાત્ ભાવનાસિદ્ધ એટલે કે નિષ્કામ કર્મયોગી પુરુષો દ્વારા સ્તુત્ય છે. એટલે કે જે અજ્ઞાનરૂપી નિદ્રામાંથી જાગ્યા છે અને જેમને જીવનમાં નિષ્કામ કર્મયોગ સાંપડ્યો છે, તેમને સમજાય છે કે સર્વભાવે ભગવાન પૂજ્ય છે. તે બ્રહ્મરૂપી પરમાત્મા સૌમાં સૂર્યરૂપે, અંતરિક્ષમાં વાયુરૂપે, પૃથ્વીમાં અગ્નિરૂપે, ગૃહમાં અતિથિરૂપે રહીને રહે છે. તે મનુષ્યોમાં, જ્ઞાનીઓમાં, હૃદયાકાશમાં રહેલ છે. વાણી, પૃથ્વી, વજ્રકર્મ, જેમ આદિમાં અનંતરૂપે પ્રકટ થયેલ છે. તે ખરે સત્ય છે, સૌથી મહાન છે. જીવનમાં મનુષ્ય પહેલાં તો વાણીથી પરમાત્મતત્ત્વને ખોળવા મથે છે. પછી મનથી તેને ખોળવા પ્રયત્ન કરે છે. ઊંચે બુદ્ધિથી તેને પામવા તૈયાર થાય છે, પણ વાણી, મન અને બુદ્ધિની પકડમાં તે આવતો નથી. એક પથ્થરનું પણ યથાર્થ વાણી દ્વારા વર્ણન અશક્ય છે, મન દ્વારા મનન અધૂરું છે, બુદ્ધિ દ્વારા નિશ્ચય ખંભાતો રહે છે. સૃષ્ટિનો સાર પરમાત્મા જીવનભર હૃદયગ્રાહ્ય છે. સંસ્કૃત હૃદયથી જ પ્રમાણ એવો છે. આવી જ વિચારસરણીને અનુસરી કોપનિષદમાં એક યક્ષની આખ્યાયિકા આપી કહેવામાં આવ્યું છે કે પરમાત્માને જાણીને જ મનુષ્ય મોક્ષ મેળવી શકે છે. મોક્ષ મેળવવાનો બીજો કોઈ માર્ગ જ નથી. શ્વેતાશ્વતર શ્રુતિમાં કહ્યું છે કે: પરમાત્માને જાણીને જ સર્વ દુઃખોથી મુક્ત થવાય છે. પ્રત્યેક મનુષ્યનો જીવ તે જીવાત્મા અને મુક્ત જીવ, શિવ કે બ્રહ્મ તે પરમાત્મા. માનસીમાં રતિલાલ ત્રિવેદીએ લખ્યું છે કે: ઋગ્વેદ સંહિતામાં એકેશ્વરવાદ પ્રવર્તે છે અને એમાં પ્રકૃતિપુરુષ કે અનેકદેવવાદ નથી. પ્રત્યેક દેવ એ પરમાત્માનું વિશેષણ છે અને એક જ સત્સ્વરૂપ પરમાત્માને વિશ્વરૂપ, વિશ્વના અંતરાત્મારૂપ અને વિશ્વની પાર રહેલા પર આત્મારૂપે વર્ણવેલો છે. આમ પરમાત્માનું વિશ્વની પાર રહેલું પરસ્વરૂપ અને વિશ્વના અને મનુષ્યના અંતરાત્મારૂપે રહેલું આંતરસ્વરૂપ એમ સમગ્ર સ્વરૂપ એક સાથે સ્વીકારવામાં આવ્યું છે. આનંદશંકર ભાપુભાઈ ધ્રુવ લખે છે કે: પરમાત્મા આ સંસારમાં દેખાય છે, પરંતુ જેટલો સંસાર પરિમિત છે, તેટલો એ પરિમિત નથી. સંસારમાં તો એનું એક પદ માત્ર છે, સંસાર પરમાત્માનું અરણ્યારવિંદ છે, પરંતુ એ અખિલ અનંત પુરુષ સંસારથી અધિક છે. તથાપિ એમ નથી કે પરમાત્મા સંસારથી કેવળ જુદા છે. જે લોકો પરમાત્માને સંસારથી જુદા માને છે અને કહે છે કે પરમાત્માનો અવતાર કેવા રીતે થઈ શકે ? એ લોકો પરમાત્માની અનંતતાનું વિસ્મરણ કરે છે અથવા સમજતા નથી કે પરમાત્માનો અવતાર તો આ સંસારમાં નિરંતરનિરંતર થયા કરે છે. પરમાત્માનો અવતાર થાય છે એનો અર્થ એવો નથી કે પરમાત્મા આકાશમાંથી પૃથ્વી ઉપર ઊતરે છે અથવા આકાશમાં બેઠા બેઠા કોઈ રૂપ ધારી મનુષ્ય બને છે. પરમાત્માનો અવતાર એટલે પરમાત્માનું જગતના અનુક્રમે ક્યાં પ્રકટ થવું તે. આ કારણથી પરમાત્માને ઢૂંઢવા માટે જગતની બહાર જવાનું નથી. વળી એ મારા સાથે મારાથી પૃથક્ જેમ શ્રોતાજન બેઠા છે એ પ્રકારનો ભિન્ન પુરુષ નથી. એ જગતમાં પ્રકટ થાય છે અને સર્વના અંતરમાં નિકટ રહે છે. તાર્કિકો બ્રહ્મને માનતા નથી, પણ ઈશ્વરને સ્વીકારે છે. આ ઈશ્વર તે બ્રહ્મથી જુદા પ્રકારનો છે. વેદો આત્મદર્શના બે ભેદ પાડે છે: (૧) ક્ષેત્રજ્ઞ એટલે પિંડનો અભિમાની જીવાત્મા અને (૨) સર્વજ્ઞ એટલે પરમેશ્વર. પરમાત્મા અથવા પરમેશ્વર એક છે. ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવા ત્રણ અનુમાન આપે છે: (૧) કાર્યલિંગક અનુમાન, (૨) જ્ઞાનલિંગક અનુમાન અને (૩) કલ્પલિંગક અનુમાન. આ પૃથ્વી આદિ જગત્ કાર્ય છે; જે જે કાર્ય છે તે તે કર્તૃત્વજન્ય છે. માટે પૃથ્વ્યાદિનો કર્તા કોઈક છે. આ કર્તા તે પરમેશ્વર છે. વળી આ જગત નિયત પ્રવૃત્તિવાળું છે. અનંત પ્રાણીવર્ગથી ભરપૂર છે. પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકના અદ્ભુત પદાર્થોથી ભરપૂર તે છે. તે તે પ્રાણી પદાર્થો નિયત ભોક્તા અને ભોગ્ય સંબંધથી જોડાયેલાં છે. તે તે પ્રાણીઓનાં કર્મો નિયતદેશ, નિયતકાલ અને નિયતનિમિત્તથી ફળે છે. આવું જગત્‌રૂપ કાર્ય અનંત ભોક્તાઓનાં કર્મનાં ફળ અને કેવી રીતે ફળ આપવા જોઈએ સર્વત્ર અવરુદ્ધ બુદ્ધિ વિના ઉત્પન્ન થઈ શકતું નથી. કર્તા આત્મા ઉપરાંત કલ્પપ્રવર્તક આત્મા ચડિયાતી બુદ્ધિશક્તિવાળો અને વધારે સ્વતંત્ર હોય છે. આવી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિની પરાકાષ્ઠા જ્યાં જઈને અટકે છે તેવા આત્માને પરમાત્મા અથવા પરમેશ્વર એવી સંજ્ઞા આપવામાં આવે છે. આત્મા અવિદ્યાથી મુક્ત થતાં પરમ શુદ્ધ સચ્ચિદાનંદમય સ્થિતિમાં આવે છે ત્યારે પરમાત્મા કહેવાય છે. જેમનો આત્મસ્વરૂપનો વિકાસ કરવાનો અભ્યાસ પરાકાષ્ઠા ઉપર પહોંચતાં, જે ભવમાં કાર્યક્ષમ થવાના પરિણામે ચૈતન્ય વિકાસ પૂર્ણરૂપે સિદ્ધ થયો છે, તેઓ તે ભવમાં પરમાત્મા થયા કહેવાય છે.

૨. પું. પ્રધાન.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જગતમાં જડ અને ચેતન, સ્થાવર અને જંગમ, ચર અને અચર, વ્યક્ત અને અવ્યક્ત, નિરાકાર અને સાકાર, જે જે પ્રતીતિઓ થાય છે તે તે સર્વરૂપે પોતે જ છે. કેવળ પોતે જ એટલે પરમાત્મા સર્વરૂપે પ્રતીત થાય છે અને પરમ આત્મા એટલે ક્ષેત્ર અને સમષ્ટિરૂપ આત્મા, માનવિક વિકારોથી રહિત અવિકારી પદ, સર્વને અસ્તિત્વરૂપ જ્ઞાન કરાવનાર, સત્ ચિત્ અને આનંદરૂપ, દૃશ્ય, દ્રષ્ટા અને દર્શન, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આદિ ત્રિપુટિઓરૂપે એક સર્વ જગતના અધિષ્ઠાન પણ પોતે હોવાથી શ્રી વિષ્ણુ પરમાત્મા કહેવાય છે. પરમાત્મામાંથી ક્રમે કરીને વિષ્ણુ, બ્રહ્મા ને રુદ્ર વિસ્તર્યા' તેની સમજ નીચે પ્રમાણે આપી છે:

૪. પું. શિવ; શંકર; શિવનાં ઉત્તર માંહેનું એક નામ.

૫. પું. સતત એકરસરૂપે રહેનાર આત્માથી પણ પર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

પરમાત્માંશ [સં.] પું. ઈશ્વરનો અંશ.

પરમાદિત્યા ૧. [સં.] સ્ત્રી. નવરાત્રનાં ઉત્તર માંહેનું એક નામ.

૨. સ્ત્રી. સીતાનાં ઉત્તર માંહેનું એક નામ.

પરમાદર [સં.] પું. બહુ જ સત્કાર.

પરમાદિત્ય [સં.] પું. મોટો સૂર્યભક્ત.

> પરપક્ષ પોતાને પરમાદિત્ય એટલે મોટો સૂર્યભક્ત માનતો. કવીશ્વર

પરમાદિત્યભક્ત [સં.] પું. મોટો સૂર્યભક્ત.

પરમાદ્ભુત [સં. પરમ (બહુ જ) + અદ્ભુત (નવાઈ પમાડે એવું)] વિ. બહુ જ નવાઈ પમાડે એવું.

> કૃષ્ણ તો પ્રકૃતિને તુજ અંતરાત્મા,
> સૌંદર્ય બધ પરમાદ્ભુત ! રસાત્મા.
> હસિતાક્ષ

પરમાદ્ભુતકાર્યકૃત [સં. પરમાદ્ભુતકાર્યકૃત્] પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

પરમાદ્વૈત ૧. [સં.] પું. પરમેશ્વર; સર્વભેદ રહિત પરમાત્મા.

૨. પું. વિષ્ણુ.

૩. ન. શુદ્ધ અદ્વૈત; શુદ્ધાદ્વૈત; સર્વોત્કૃષ્ટ અદ્વૈત.

પરમાદ્વૈતવાદ [સં.] પું. શુદ્ધ દ્વૈતવાદ; કેવલાદ્વૈતવાદ.

પરમાદ્વૈતવાદી [સં. પરમાદ્વૈતવાદિન્] વિ. શુદ્ધાદ્વૈતવાદી; કેવલાદ્વૈતવાદી.

પરમાધર્મ જુઓ પરમાધર્મિક.

પરમાધર્મી જુઓ પરમાધાર્મિક.

પરમાધામી ૧. પું. (જૈન) નારકી જીવોને શિક્ષા કરનાર દેવ; નરકોમાં નારકી જીવોને શિક્ષા કરનાર અસુરી જોટિનો દેવ. તેઓ ત્રીજી નરક સુધી હોય છે. તેમને માટે નરકપાલ, પરમ અધાર્મિક, પરમાધામી, અસાધુકર્મ, દુરધર્મ વગેરે શબ્દો છે.

> મુદ્ગરાદિકના પ્રહારવતી સોળસાર જેમ સોદને ટીપે તેમ અને પૂર્વકાલ પરમાધામીઓએ અનંતીવાર ટીપ્યો હતો. રાજચંદ્ર

૨. પું. પરમધામનો રહેવાસી.

પરમાધાર્મિક [સં. પરમ + અધાર્મિક] પું. (જૈન) એક પ્રકારના અસુર દેવ; પરમાધામી દેવ. તેઓ પહેલી બધ નરકભૂમિ સુધી જ હોય છે. તેઓ બધા ક્રૂર સ્વભાવવાળા અને પાપરત મનાય છે. એમની પંદર જાતિ છે. તેઓ સ્વભાવમાં એટલા નિર્દય અને ક્રૂરતાવાળા હોય છે કે એમને બીજાઓને સતાવવામાં જ આનંદ મળે છે. આથી તેઓ નારકોને અનેક પ્રકારના પ્રહારોથી દુઃખી કર્યા જ કરે છે. તેઓ કૂતરા, પક્ષી અને મલ્લોની માફક તેમને પરસ્પર લડાવે છે અને તેઓને અંદર અંદર લડતા તથા માર પીટ કરતા જોઈને તેઓ બહુ ખુશી થાય છે.

પરમાધાર્મિકકલિત [સં.] વિ. પરમાધાર્મિક નામના અસુર દેવોથી રચેલું.

> નારકોની બધ પ્રકારની વેદના બતાવ છે, એમાંથી ક્ષેત્રસ્વભાવજન્ય અને પરસ્પરજન્ય વેદનાનું વર્ણન પહેલા કર્યું છે ત્રીજી વેદના પરમાધાર્મિકકલિત છે. ઉત્તરાધ્યયન

પરમાન ૧ પું. અન્ન.

૨ પું. પ્રમાણ; સાબિતી.

૩. પું. સત્ય વાત.

૪. પું. સીમા; મર્યાદા; હદ.

૫. ન. પરમાન્ન.

પરમાનગી [જ્ઞા. પર્માનગી] સ્ત્રી. મેળાપ કરી દીધા બદલની બક્ષિસ.

પરમાનસ [સં.] ન. સુબુદ્ધિ; પરચૈતન્ય; અધિમાનસ.

પરમાનંદ ૧. [સં. પરમ (શ્રેષ્ઠ) + આનંદ] પું. આનંદસ્વરૂપ બ્રહ્મ; પરબ્રહ્મ; પરમેશ્વર; ઉત્કૃષ્ટ આનંદરૂપ પરમાત્મા.

૨. પું. એ નામનો આર્ય ધર્મનો નેતા.

૩. પું. જીવન્મુક્તિ; મોક્ષ.

૪. પું. દુઃખનો આત્યંતિક અભાવ.

૫. પું. પરમ તૃપ્તિ; પરમ સંતોષ.

૬. પું. પરમેશ્વરનો સાક્ષાત્કાર થવાથી થતો આનંદ; બ્રહ્મના અનુભવનું સુખ; બ્રહ્માનંદ.

૭. પું. મોટો આનંદ; નિરતિશય આનંદ; શ્રેષ્ઠ આનંદ; સંપૂર્ણ આનંદ; અન્ય વાંછનારહિતપણું; સંસારના ક્ષુદ્ર આનંદથી અધિકાતો આનંદ.

> પારકે પૈસે પરમાનંદ ખાઈ પીને કરો આનંદ. લોકોક્તિ

૮. ન. કલ્પનાના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક ઔષધ.

પરમાનંદદાયિની [સં.] સ્ત્રી. સીતાનાં ઉત્તર માંહેનું એક નામ.

પરમાનંદપ્રાપક [સં.] વિ. પરમ આનંદ પ્રાપ્ત કરાવનારું.

પરમાનંદપ્રાપિકા [સં.] વિ. સ્ત્રી. પરમ આનંદને પ્રાપ્ત કરાવે એવી.

પરમાન્ન ૧. [જ્ઞા. દશમૂલ (દશમ કર્મો)] પું. નિઘણ્ટુનો દશમ.

૨. પું. પરવાનો.

૩. પું. હાથ નીચેના અમલદાર ઉપરનો અમલ.

પરમાન્ન [સં. પરમ + અન્ન] ન. શ્રેષ્ઠ અન્ન; દૂધપાક; ખીર; પાયસ. દેવતાઓને આ ખોરાક અધિક પ્રિય હોવાથી આ નામ પડ્યું છે.

પરમાપક્રમજ્યા [સં.] સ્ત્રી. પરમક્રાંતિની જ્યા.

પરમાપદ [સં. પરમાપદ્] સ્ત્રી. મહાન આપત્તિ; મોટું દુર્ભાગ્ય.

પરમાપમ [સં.] પું. (અજોળ) અદ્વૈતનો ન્યાય: 'ઉન્મિલનેક્ષણ ઓવ જ પ્લેનેટ.'

પરમાપૂર્વ [સં] ન. (વેદાંત) સ્વર્ગાદિ દ્રવ્યનું સાધન એવું અપૂર્વ પુણ્ય. જ્યાં કર્તા અને પૂર્વ ભાસ બંનેનું સ્વર્ગ પ્રતિ જનકત્વ હોય તે પરમાપૂર્વ કહેવાય.

પરમાપ્ત [સં.] વિ. પરમ આપ્ત; પરમ વિશ્વાસપાત્ર.

પરમામુદ્રા [સં.] સ્ત્રી. ત્રિપુરા દેવીની પૂજનમાં અંગરૂપ એક મુદ્રા.

પરમામૃત [સં.] પું. પરમાત્મા. તે પરમ અમૃત સ્વરૂપ મનાય છે.

પરમાયુ [સં. પરમાયુસ્] ન. જીવિત કાળની સીમા; અધિકમાં અધિક આયુ: કાલોક્ત જીવન કાળ સુધી જીવવું તે. મનુષ્યનું પરમાયુ ૧૨૦ વર્ષનું માનવામાં આવે છે. કલિત જ્યોતિષમાં મનુષ્યનું પરમાયુ ચાર રીતે કહેવામાં આવે છે; અંશાયુ, પિંડાયુ, નિસર્ગાયુ અને જીવાયુ. લગ્ન બળવાન હોય તો નિસર્ગાયુ અને આકીના ગ્રહ જો નબળા હોય તો જીવાયુ કહેવું જોઈએ છે.

પરમાયુષ [સં.] પું. વિજયસારનું વૃક્ષ.

પરમાર ૧. સ્ત્રી. એ નામની જરોડા, લીમડિયા વાળંદ, મોચી, તૂરી, સુથાર, કંસારા, કરજી, રજપૂત, જાવસાર, ચૂંવાળિયા, વાંસી, હરિજન, સોની, સુતાર, ધોબી, ભવાસ, રબારી, આહીર, સંધી, પીંજારા, વાંઝા, ધૂળધોયા, રાવળ, વામરી, ભીલ, આંજણા ક્ષત્રિય અને ઠેબની એ નામની અટક. ૨. સ્ત્રી. ધારાગઢમાં સ્થપાયેલી જૈન રજપૂતોની એ નામની એક જાતિ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. [પર (શત્રુ) + માર (મારનાર)] ન. રાજપૂતોનાં છત્રીસ મહિનું એ નામનું એક કુળ. તે અગ્નિકુળની અંદર છે. પરમારોની ઉત્પત્તિ શિલાલેખોમાંથી આ પ્રમાણે મળે છે: મહર્ષિ વસિષ્ઠ આબુ પર્વત ઉપર રહેતા હતા. ત્યાંથી વિશ્વામિત્ર તેની ગાય છીનવી ગયા. વસિષ્ઠે યજ્ઞ કર્યો અને અગ્નિકુંડમાંથી એક વીર પુરુષ ઉત્પન્ન થયો, જેણે વાતવાતમાં વિશ્વામિત્રની આખી સેનાનો નાશ કરી ગાય લાવીને વસિષ્ઠના આશ્રમમાં બાંધી દીધી. વસિષ્ઠે પ્રસન્ન થઈ કહ્યું કે તું પરમાર એટલે શત્રુઓને મારનાર થજે અને તારું રાજ્ય ચાલજો. ત્યારથી આ વંશના લોકો પરમાર કહેવાયા. ટૉડ સાહેબે પરમારોની અનેક શાખા ગણાવી છે. જેવી કે, મોરી, કે જે ગરસોતોની પહેલાં ચિતોડના રાજા હતા, સોઢા, સંકલ, ચૈર, ઉમરા સુમરા, જે બધા મુસલમાન છે, વિહિલ, મહીપાવત, બલહાર, ભવા, ઓમતા વગેરે. આ સિવાય ચાવંડ, ખેજર, સગરા, વરકોટા, સંપાલ, ભીવા, કોહિલા, ધંધ, દેવા, બરહર, નિકુંભ, ટીકા વગેરે બીજાં કુળ પણ છે, જેમાંથી કેટલાક સિંધની પેલી મેર રહે છે અને બધાય મુસલમાન થઈ ગયેલ છે. પરમારોનું રાજ્ય માળવામાં હતું. માળવાના પરમાર રાજાઓની વંશાવળી નીચે પ્રમાણે નીકળે છે:



ઈસ્વી સનના આઠમા સૈકામાં કૃષ્ણ ઉપેંદ્રને માળવાનું રાજ્ય મળ્યું. બીજા સીયક અથવા શ્રીહર્ષદેવના સંબંધમાં પદ્મગુપ્તે લખ્યું છે કે, તેણે એક દુષ્ટ રાજાને હરાવ્યો. ઉદયપુરની પ્રશસ્તિથી જણાય છે કે, તેણે રાષ્ટ્રકૂટ વંશના માન્યખેટ અથવા માનખેડાના રાજા ખોટ્ટિગદેવનું રાજ્ય હર્યું લીધું. પાઇયલચ્છી નામમાલા નામનો ધનપાલનો લખેલ પ્રાકૃત કોશ છે, તેમાં લખ્યું છે કે, વિક્રમ સંવત ૧૦૨૬માં માળવાના રાજાએ માન્યખેટ ઉપર ચઢાઈ કરી અને તેને લૂટ્યું. તે વખતમાં આ ગ્રંથ લખ્યો છે. શ્રીહર્ષદેવ અથવા બીજા સીયકના પુત્ર બીજા વાક્પતિરાજનું પહેલું તામ્રપત્ર વિક્રમ સંવત ૧૦૩૧નું મળે છે. તામ્રપત્રો, શિલાલેખો અને નવસાહસાંકચરિતમાં વાક્પતિરાજનાં બધા નામ મળે છે. જેમકે, મુંજ, ઉત્પલરાજ, અમોઘવર્ષ, પૃથ્વીવલ્લભ, શ્રીવલ્લભ. તે મહા વિદ્વાન અને કવિ હતો. મુંજ વાક્પતિરાજના અનેક શ્લોકો પ્રબંધચિંતામણિ, ભોજપ્રબંધ તથા અલંકારગ્રંથોમાં મળે છે. તેની સભામાં કવિ ધનંજય, જિનભદ્ર ટીકાકાર ધનપાલ, શોભનકવિ ધનપાલ અને પદ્મગુપ્ત વગેરે અનેક પંડિત હતા. તેણે દક્ષિણના કર્ણાટક, લાટ, ચોલ, ચોલ વગેરે અનેક દેશ જીત્યા હતા. પ્રબંધચિંતામણિમાં લખ્યું છે કે, વાક્પતિરાજે ચાલુક્યરાજા બીજા તૈલપને સોળ વાર હરાવ્યો હતો, પણ અંતમાં એક લડાઈમાં તેને લાં તે કેદ પકડ્યો અને લાં તેનું મરણ થયું. ચાલુક્ય રાજાઓના શિલાલેખોમાં પણ આ બાબતનો ઉલ્લેખ મળે છે. મુંજ પછી તેનો નાનો ભાઈ સિંધુરાજ અથવા સિંધુલ ગાદી ઉપર આવ્યો. તેનું બીજું નામ નવસાહસાંક પણ હતું. નવસાહસાંકચરિતમાં પદ્મગુપ્તે તેનું વૃત્તાંત લખ્યું છે. સિંધુરાજનો પુત્ર મહાપ્રતાપી, વિદ્વાન અને દાની ભોજ થયો, જેનું નામ ભારતમાં ઘેર ઘેર પ્રસિદ્ધ છે. ઉદયપુર પ્રશસ્તિમાં લખ્યું છે કે: ભોજે ગુર્જર, લાટ, કર્ણાટ, તુરુષ્ક વગેરે અનેક દેશો ઉપર ચઢાઈ કરી. ભોજે કલ્યાણના ચાલુક્ય રાજા ત્રીજા જયસિંહ ઉપર પણ ચઢાઈ કરી હતી. પરંતુ જણાય છે કે તેમાં તેને સફળતા ન મળી. વિલ્હણના વિક્રમાંકદેવચરિતમાં લખ્યું છે કે: જયસિંહના ઉત્તરાધિકારી આહવમલ્લ સોમેશ્વર ત્રીજાએ ભોજની રાજધાની ધારાનગરી ઉપર ચઢાઈ કરી અને ભોજને ભાગવું પડ્યું. પ્રબંધચિંતામણિ તથા નાગપુરની પ્રશસ્તિમાં પણ લખ્યું છે કે: ચેદિરાજ કર્ણ અને ગુર્જરરાજ ચાલુક્ય ભીમે મળીને ભોજ ઉપર ચઢાઈ કરી, જેથી ભોજનું પતન થયું. ભોજનું મૃત્યુ ક્યારે થયું તે બરાબર જણાયું નથી. પણ એટલું અવશ્ય જણાય છે કે, શક ૯૧૪ એટલે સને ૧૦૪૨-૪૩ સુધી તે જીવતો હતો. રાજતરંગિણીમાં લખ્યું છે કે: કાશ્મીરનો રાજા હર્ષ અને માલવાધિપ ભોજ બંને કવિ હતા અને એક સમયે વિદ્યમાન હતા. આથી જણાય છે કે, સને ૧૦૬૨ પછી કેટલેક વખતે તેનું મરણ થયું હતું. ભોજ પછી ઉદયાદિત્યનું નામ મળે છે. તેણે ધારાનગરી શત્રુઓના હાથમાંથી મેળવી અને ધરણીવરાહના મંદિરની મરામત કરાવી. ભોપાલમાંથી મળેલ ઉદયવર્મના તામ્રપત્ર તથા ઉપલિયાના તામ્રપત્રમાંથી બીજું નામ પણ મળે છે. ભોજવંશી મહારાજ વસોવર્મદેવ, તેનો પુત્ર જયવર્મદેવ, તેની પછી મહાકુમાર લક્ષ્મીવર્મદેવ, તેની પછી હરિશ્ચંદ્રનો પુત્ર ઉદયવર્મદેવ. છેલ્લા બે કુમાર ભોજવંશી હતા કે નહિ તે કહી શકાતું નથી. જણાય છે, કે તે સામંત રાજા હતા, જે જયવર્મદેવ પછી બહુ વખતે થયા. અવધમાં ભુકસા નામના કેટલાક ક્ષત્રિય છે, જે પોતાને ભોજવંશી કહેવડાવે છે, તેઓ કહે છે કે, ભોજ પછી ઉદયાદિત્ય નિર્વિઘ્ને રાજ્ય ન કરી શક્યો. તેના ભાઈ જગતરાવે તેને કાઢી મૂક્યો અને તે થોડા અનુચરો અને પુરોહિતની સાથે વનવાસ નામના ગામમાં જઈ વસ્યો. તેના વંશના આ ભુકસા ક્ષત્રિય છે.

૬. સ્ત્રી. એ નામની અટકનું.

૭. સ્ત્રી. એ નામની જાતિનું

પરમારવ જુઓ પરમાર્થ.

પરમારવનો પંથ પું. (જૈન) મોક્ષમાર્ગ.

> સર્વજ્ઞ વીતરાગનો અવિરોધ અહિંસાધર્મ સ્યાદ્વાદ સ્વરૂપ માર્ગ છે તે એક જ મોક્ષમાર્ગ છે, તે પરમારવનો પંથ એક જ છે.

પરમારથપુરાણ જુઓ પરમાર્થપુરાણ.

પરમારથી જુઓ પરમાર્થી.

પરમારથ્ય જુઓ પરમાર્થ.

પરમારાધ્ય [સં. પરમ (ઘણું) + આરાધ્ય (પૂજવા જેવું)] વિ. ઘણું પૂજ્ય; પરમ પૂજ્ય.

પરમારિ [સં. પરમ (મોટું) + અરિ (શત્રુ)] પું. મોટો શત્રુ; મહારિપુ.

પરમાર્જિન [સં.] વિ. સ્વચ્છ.

પરમાર્થ ૧. [સં.] પું. ઈશ્વરવિષયક જ્ઞાન.

૨. પું. ઉત્કૃષ્ટ પદાર્થ.

૩. [સં. પરમ (શ્રેષ્ઠ) + અર્થ (કામ)] પું. ચાર માંહેનો ઉત્તમ પુરુષાર્થ; મોક્ષ. પુરુષાર્થ ચાર પ્રકારના છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં છેલ્લો પુરુષાર્થ મોક્ષ તે ઉત્તમ પુરુષાર્થ એટલે પરમાર્થ કહેવાય છે.

૪. પું. (જૈન) ચારિત્ર; સંયમ.

૫. પું. (જૈન) જીવાદિ નવ તત્ત્વ.

૬. પું. દુઃખના સંપૂર્ણ અભાવરૂપ સુખ.

૭. પું. (જૈન) નિશ્ચયકથન.

૮. પું. પરમ તત્ત્વ; યથાર્થ તત્ત્વ; સાર વસ્તુ; વાસ્તવ સત્તા.

૯. પું. પરોપકાર; પ્રાણીનું કલ્યાણ થાય એમ કરવું તે; સર્વોપકારક પુણ્ય કર્મ.

૧૦. પું. પરોપકારબુદ્ધિ; નિઃસ્વાર્થ બુદ્ધિ.

આપ કેરા મિત્ર, જગમાહીં અલ્પ જડે;
પરમારથ પણ પ્રીત, હોઈ ભાળે હિંસનિયા.
હિંસનિયો

૧૧. પું. મુખ્ય અર્થ.

૧૨. પું. મોટામાં મોટો ગુણ.

૧૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૪. પું. શ્રેષ્ઠ ઉદ્દેશ; મોક્ષપ્રાપ્તિ; મુક્તિ.

૧. પરમાર્થ સુધારવો = સારાં કામ કરવાં) જેથી મુક્તિ મળે.

૨. પરમાર્થને હેતે બતાવવું = દાન આપવું) જેથી મુક્તિ મળે.'

૧૫. પું. સત્ય પદાર્થ.

૧૬. પું. સત્યત્વ; ખરાપણું; સત્ય.

૧૭. પું. સારામાં સારું કામ.

૧૮. પું. સુખ.

૧૯. વિ. યથાર્થ; ખરું; સત્ય.

૨૦. અ. ખરેખરું જોતાં.

પરમાર્થગુરુ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પરમાર્થતત્ત્વ [સં.] ન. પરમાર્થરૂપ તત્ત્વ. જેમ સર્વ અંધારું દાળાને સમસ્ત વસ્તુજાતને પ્રકાશે છે, તેની પેઠે જ્ઞાન અને જ્ઞેય સર્વ વસ્તુને પ્રકાશ કરે છે તે પરમાર્થતત્ત્વ કહેવાય છે.

પરમાર્થતઃ ૧. [સં.] અ. ખરી રીતે; ખરેખર.

રાક્ષસના પક્ષનો પરાજય વર્ષાઋતુમાં આવશે. જાણે પરમાર્થતઃ તેમ નથી. કેશવ હર્ષદ

૨. અ. પરમ તત્ત્વની રીતે; આધ્યાત્મિક દૃષ્ટિએ.

પરમાર્થતા [સં.] સ્ત્રી. સત્ય વાત; યથાર્થતા.

પરમાર્થદર્શી ૧. [સં. પરમાર્થદર્શિન્] વિ. પરમ તત્ત્વને જોનાર.

૨. વિ. વેદનો અર્થ જાણનાર.

પરમાર્થદૃષ્ટિ સ્ત્રી. ધ્રુવ દૃષ્ટિ.

આત્મા ચિદાનંદ સ્વભાવ, પરથી ન્યારો. શુદ્ધ જ્ઞાયક છે એવી જે દૃષ્ટિ તે પરમાર્થ દૃષ્ટિ– ધ્રુવ દૃષ્ટિ છે. સમયસાર

પરમાર્થપરાયણ સુખ્યત્વે [સં.] પું. સમાજની મદદ કરવા કર્મથી સૌથી વધારે ખેલવાડી જેવો હેતુ રાખી કર્તવ્ય કરનારાઓનો વાદ: 'યુનિવર્સલ હીડોનિઝમ.'

પરમાર્થપુરાણ [સં.] ન. વિક્રમ રાજાના પરોપકારની વાતોનો સંગ્રહ: સિંહાસનબત્રીસી.

પરમાર્થપ્રાપ્તિ [સં.] સ્ત્રી. મોક્ષ; મુક્તિ.

પરમાર્થબુદ્ધિ [સં.] સ્ત્રી. પરમાર્થ સાધવાની બુદ્ધિ.

પરમાર્થભૂત [સં.] વિ. પરમાર્થરૂપ.

અસ્વસ્થવાસ વૈરાગ્ય આદિ સાધનો પરમાર્થભૂત નીતિ સ્વરૂપને અનુકૂળ અને આવશ્યક છે. આપણો ધર્મ

પરમાર્થભૂત વ્યવહાર પું. (જૈન) જ્ઞાનનો પુરુષાર્થ.

પરમાર્થ માર્ગ પું. (જૈન) આત્મધર્મ.

પરમાર્થયાત્રા [સં.] સ્ત્રી. પરોપકાર માટે જીવનયાત્રા.

માનવદેહ એટલે પરમાર્થયાત્રા. પુનરુદ્ધાર

પરમાર્થવાદ [સં.] પું. પરના હિત માટે કામ કરવાને પ્રેરનાર વૃત્તિ.

પરમાર્થવાદી [સં. પરમાર્થવાદિન્] પું. જ્ઞાની; વેદાંતી; તત્ત્વજ્ઞ.

પરમાર્થવિદ [સં. પરમાર્થવિદ્] પું. તત્ત્વચિંતક; પરમાર્થબુદ્ધિવાળો માણસ.

પરમાર્થવૃત્તિ [સં.] સ્ત્રી. બીજાનું ભલું કરવાની વૃત્તિ.

પરમાર્થશાસ્ત્ર ૧. [સં.] ન. અધ્યાત્મશાસ્ત્ર; તત્ત્વશાસ્ત્ર; આત્મતત્ત્વશાસ્ત્ર; આત્મતત્ત્વવિદ્યા; દર્શનશાસ્ત્ર; અનિર્જ્ઞોતિકશાસ્ત્ર.

૨. ન. મોક્ષપ્રાપ્તિનું શાસ્ત્ર.

પરમાર્થસત્તાવાદ [સં.] પું. નિરપેક્ષતાવાદ; પ્રામાણ્યવાદ; સમસ્ત વિજ્ઞાનસત્તાવાદ; સમષ્ટિસત્તાવાદ; અદ્વૈતવાદ: 'જૈનસોલ્યુટિઝમ.'

પરમાર્થસત્તાવાદી [સં. પરમાર્થ + સત્તાવાદિન્] વિ. સમસ્ત વિજ્ઞાનવાદી; અદ્વૈતવાદી; બ્રહ્મવાદી.

પરમાર્થી સ્તુતિ સ્ત્રી. (જૈન) આત્મસ્વરૂપ સમજીને કરાતી સ્તુતિ.

પરમાર્થી ૧. વિ. ગંભીર.

૨. [સં પરમ (શ્રેષ્ઠ) + અર્થિન (અર્થવાળું)] વિ. પારમિક; જ્ઞાનપુરુષ સંબંધી.

૩. વિ. પરમાર્થ કરનાર; બીજાકલ્યાણ કરવાનો ઉદ્દેશ રાખનાર; પરોપકારી; પરોપકારશીલ; પરમજ્ઞ; પરદુઃખભંજન; પરહિતેચ્છુ.

૪. વિ. પ્રાણીમાત્રનું કલ્યાણ થાય એવું; લોકને સુખ થાય એવું; હિતકારી; પોતાના અર્થનું નહિ પણ પ્રાણીના હિતના અર્થનું હોય એવું.

૫. વિ. ભલું; દયાળુ; માયાવંત.

૬. વિ. મોક્ષ ચાહનાર; મુમુક્ષુ.

૭. વિ. યથાર્થ તત્ત્વને શોધનાર; તત્ત્વજિજ્ઞાસુ.

પરમાર્થું જુઓ પરમાર્થી.

પરમઃર્ષિ ૧. [સં] પું. એ નામના એક જૈન રાજર્ષિ.

૨. પું. શુદ્ધ જૈન.

પરમાલ પું. મહોબેનો એ નામનો રાજા. પૃથ્વીરાજના વખતમાં બહુ પરાક્રમી થયેલ જેલા આ રાજાનો મુખ્ય સામંત હતો.

પરમાલંબન ન. મોટો આધાર; શ્રેષ્ઠ આધાર.

પરમાલંબનભૂત વિ. પરમ આધારભૂત.

પરમાણુ પું. વૃદ્ધ કરતી વખતે પદ્મ તથા હાથથી ગ્રહવામાં તથા દેખાડવામાં આવતા ભોલા. વૃદ્ધ કરતી વખતે એક માણસ પરમાણુઓ ભોલે છે તે જ વખતે પખવાજી તે જ ભોલો વગાડે છે, તે જ સમયે નર્તકો અથવા વૃત્તકો જેવે પગે ઘૂઘરા બાંધેલા હોય છે, તે પગો તથા હાથો વડે કરે છે. પરમાણુઓ ભોલવા, પખવાજમાં વગાડવા તે વૃત્તકે ગ્રહવા આ બધી ક્રિયા એકીવખતે થાય, તેને અવપટ કહે છે. પરમાણુઓના મુખ્ય શબ્દો નીચે મુજબ છે: ત તા ત ત થૈ થૈતાંત્ર ધન તક ઠીમ ધન જગત કુકરી કધિધન તમ તંછ તિરાંગ ધિતાંગ ધિટ ધિટ તકિટ ધિકિત તાનો ધુંગા ધુંગ ઇત્યાદિ. આ તમામ ભોલો પરમાણુના કહેવાય છે. જેમ પખવાજના ભોલો અમુક તાલની કોટડીમાં મૂકીને તાલો બનાવાય છે, તેમ જ આ ભોલો પણ જોડની સમજ છે. જેમ પખવાજમાં તોડા, મહોરા, ઘરનો ઇત્યાદિ બાંધેલા હોય છે, તેમ આમાં પણ હોય છે. પરમાણુઓમાંથી દરેક દરેક તાલો બનાવી શકાય છે. તે પગે ચાલે છે તે હાથે બતાવાય છે.

પરમાવગાઢ વિ. ઉત્કૃષ્ટ.
તે પરમાવગાઢ સમકિત તેરમે ગુણઠાણે છે.
આત્મસિદ્ધિપ્રવચન

પરમાવધિ ૧. [સં. પરમ + અવધિ (હદ)] સ્ત્રી. પરાકાષ્ઠા; મહાપરાકાષ્ઠા; પરમ મર્યાદા; ઊંચાની અવધિ; ઊંચી હદ; પરિસીમા.
૨. સ્ત્રી. ભારે પરિશ્રમ.
૩. વિ. ઉત્તમમાં ઉત્તમ.

પરમાવશ્યક [સં. પરમ + આવશ્યક (જરૂરનું)] વિ. બહુ જ જરૂરનું.

પરમાવશ્યકતા [સં.] સ્ત્રી. મહાન જરૂરિયાત.

પરમાવસ્થા સ્ત્રી. આખરની દશા; મરણ.

પરમાશક્તિ [સં.] સ્ત્રી. સીતા.
સીતેમા પરમાશક્તિ અનંતા નિષ્કામમા; શાંતા માહેશ્વરી નિત્યા શાશ્વતી પરમાક્ષરા.
અધ્યાત્મરામાયણ

પરમાશ્રય [સં. પરમ + આશ્રય (હેતુ)] પું. આખરનો; અંતિમ હેતુ.

પરમાશ્ચર્ય [સં.] ન. મોટી નવાઈ.

પરમાશ્ચર્યરૂપપુરુષ [સં. પરમાશ્ચર્યરૂપપુરુષ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

પરમાશ્રયા [સં.] સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

પરમાષ્ટ [સં.] પું. સૂર્ય કે ચંદ્રમાના જેવો ઊજળા રંગ હોય તેવો ઘોડો.

પરમાસક્ત [સં.] વિ. અતિશય આસક્ત.

પરમાસન [સં.] ન. યજ્ઞસભામાં રાજાઓ માટેનું આસન.

પરમાહ [સં. પરમ (મોટું) + અહન્ (દિવસ)] પું. મુખ્ય દિવસ.

પરમાહેશ્વર પું. મોટો શિવભક્ત.
ભક્તોના મેળવડામાં ભક્તજનો પોતાને પરમાહેશ્વર એટલે મોટા શિવભક્ત કહેતા.
કાલેલકર

પરમાહ્લાદક [સં. પરમ (શ્રેષ્ઠ) + આહ્લાદક (આનંદદાયક)] વિ. ખૂબ આનંદ આપનારું.

પરમાંક પું. (ગણિત) વિશુદ્ધ અંક.

પરમાંગના ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. સુંદર અંગવાળી.

પરમિટ ૧. [અં.] સ્ત્રી. પરવાનો; રજાચિઠ્ઠી.
પરમિટ કઢાવવી-લેવી = પરમિટની ચિઠ્ઠી મેળવવી.
૨. સ્ત્રી. રજા; પરવાનગી.

પરમિઠી સ્ત્રી. (કચ્છી) માંસ; પરમાટી.

પરમિત સ્ત્રી. (ગણ) સીમા.

પરમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) કોઈ પણ સમ બાહુવાળી આકૃતિની બાહુઓના માપનો સરવાળો; 'પેરીમિટર.'

પરમિયો [સં. પ્રમેહ] પું. પ્રમેહ; મધુપ્રમેહ; પરમેટ જનનેંદ્રિયને લાગુ પડતો એક રોગ. આમાં પેશાબ વાટે પરુ, રુધિર અને બગડેલી ધાતુ પણ કરે છે અને અત્યંત પીડા થાય છે. મૂત્ર બહુ ઢહોળાયેલા જેવું હોય છે. મૂત્રના જુદા જુદા રૂપ ઉપરથી તેના વીસ ભેદ કહ્યા છે. તેમાં ઉદક, ઇક્ષુ, સાંદ્ર, સુરા, સિષ્ટ, ઘૃત, સિક્થ, લિત, શનૈ, લાલા એ દસ પ્રમેહ કફથી થાય છે અને તે સાધ્ય મનાય છે. ક્ષાર, નીલ, મણી, કરિદ, મંજિષ્ઠ, રક્ત એ પિત્તથી બનાર છ પ્રમેહ યાપ્યસાધ્ય કહેવાય છે. વસા, મજ્જા, સૌર, હસ્તી એ ત્રણ વાયુથી બનારા પ્રમેહ અસાધ્ય મનાય છે. આ ઉપરાંત તપ્તાંબ્રિયો, શીત પ્રમેહ, લાલપ્રમેહ, ધાતુપ્રમેહ, મૂત્રપ્રમેહ, મધુમેહ આ પણ પ્રકાર છે.

પરમિશ્ર [સં.] સ્ત્રી. ગમ્ય અને મિશ્ર બંને સરખા હોય તેવું રાગ.

પરમીકરણમુદ્રા [સં.] સ્ત્રી. (તાંત્રિક) દેવતાહ્વાનના અંતરૂપ એક મુદ્રા. આમાં હાથના બે અંગૂઠાની ચાંદવાળી આંગળીઓ ફેલાવવામાં આવે છે. આ મુદ્રાને મહામુદ્રા પણ કહેવાય છે.

પરમીના સ્ત્રી. એક જાતની રાગ.

પરમીમુદ્રા સ્ત્રી. એક જાતની મુદ્રા; બે અંગૂઠા અંદર રાખી હાથની આંગળીઓ ભીંસી કરવી તે.

પરમીલ [સં પ્ર + મીલ] પું. (વહાણવટું) રવા; સ્વીસર; મોરો.

પરમુખ ૧. [સં. પર (પારકું) + મુખ (મોઢું)] ન. પારકું મોઢું.
પરમુખે પાન કેમ ખવાતું ? = આપણી મરજી પ્રમાણે સામા હૃદયમાંથી ન કઢાવી શકાય અથવા આપણા ધારવા પ્રમાણે સામાના હાથે કામ કરાવી ન શકાય.
૨. [સં. પરાંમુખ] વિ. ખાત્ર નહિ દેનાર; પ્રતિકૂલ આચરણ કરનાર.
૩. વિ. વિમુખ; પાછો ફરેલ.

પરમુલક પું. પારકો દેશ; બીજો દેશ.

પરમૂત્રનું વિ વર્ણસંકર; પરહથેવાનું; હરામજાદું.

પરમૂત્રો પું. ગંધો; બલિયારી.

પરમૃત્યુ [સં.] પું. સાપો. તે પોતાથી નથી મરતો એમ મનાય છે.

પરમેઠો પું. સુતરાઉ રંગીત સુંવાળું એક જાતનું કાપડ.

પરમેનન્ટ ૧. [અં.] પું. લાંબા વખત સુધી રંગ ન ઊડી જાય તેવો ફોટોગ્રાફ.
૨. વિ. કાયમી; જેવું ને તેવું રહે તેવું; સ્થિર; સ્થાયી.

પરમેનન્ટ વે [અં. પરમેનન્ટ (કાયમી) + વે (રસ્તો)] પું. આગગાડીની લોઢાની સડક.

પરમેનન્ટ વે ઇન્સ્પેક્ટર [અં.] પું. રેલવેના રસ્તાની દેખરેખ રાખનાર અમલદાર.

પરમેલ પ્રવેશક [સં.] પું. (સંગીત) એક પ્રકારનો રાગ. અમુક ઘાટના રાગ ગાઈ રહ્યા પછી જે રાગ ગાવાથી ગાયકને તેની પછીના બીજા રાગો ગાવાનું સહજ થઈ પડે તે રાગને પરમેલ પ્રવેશક એટલે બીજા મેળ કે ઘાટમાં પ્રવેશ કરનારો કહેવામાં છે.

પરમેવ પું. પેશાબનું એક દરદ; પ્રમેહ; પરમિયો; પરમો.

પરમેશ લુપ્તો પરમેશ્વર.

પરમેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

પરમેશ્વર ૧. [સં. પરમ (મોટો) + ઈશ્વર] પું. ઈશ્વર; જગદીશ્વર; સર્વશક્તિમાન પરમાત્મા; પ્રભુ; ખુદા; ભગવાન; સૃષ્ટિ વગેરે કરનાર; સંસારના કર્તા અને પરિચાલક સર્વજ્ઞ ખુદા; પરવરદિગાર; જેનામાં મોટું ઐશ્વર્ય હોય તે; જે પોતાની ઇચ્છાઓ, પાંદડાં, ફૂલ તથા ફળાદિને ધારણ કરીને જીવું રહે છે, તેવી રીતે પરમેશ્વર સુપ્રસિદ્ધ અહો, આ પૃથ્વી અને આખા જગતમાં વ્યાપીને રહે છે.
એક રૂપે ત્રિકાળે જે અવિનાશી અખંડ છે,
પરમેશ્વર છે સત્ય સત્ય એ પરમેશ્વર.
ભાંખોવીતા
૧. પરમેશ્વર જજ કાતર લઈ બેઠો છે = (૧) પરમેશ્વર બધાંને સરખો જ ન્યાય આપે છે. (૨) પરમેશ્વરથી ડરીને ચાલવું.
૨. પરમેશ્વર પધરો તો વેરી આપણો = પ્રભુની કૃપા હોય તો કોઈ વાંકો વાળ કરી શકે નહિ.
૩. પરમેશ્વર માથે રાખીને = ઈશ્વરની સાક્ષીએ; પ્રતિજ્ઞાપૂર્વક; સાચેસાચું; પરમેશ્વરનો ડર રાખીને.
૪. પરમેશ્વર માથે ત્રીજાં ઉભાડે તોય અમર્યા પડે = પ્રભુ જેમ રાખે તેમ રહેવું.
૫. પરમેશ્વર વહાલા હોય તો = ઈશ્વર ઉપર ભરોસો હોય તો.

૬. પરમેશ્વરના ચોર કરવું-થવું = ઈશ્વરને ત્યાં પાપી કે અપરાધી કરવું; છૂપું પાપ કરવું; ઈશ્વરના ગુનેગાર થવું.

૭. પરમેશ્વરના ઘોડને પામવું = (૧) ઉદ્ધાર થવો. (૨) મરણ પામવું.

૮. પરમેશ્વરની ગાય = ગોકળગાય.

૯. પરમેશ્વરની લાકડીનો કાંઈ અવાજ છે ? = પરમેશ્વરનો ખોપ ઊતરે ત્યારે અગાઉથી કંઈ અન્દર પડતી નથી.

૧૦. પરમેશ્વરનું માણસ = ભલું માણસ; ઓલિયું.

૧૧. પરમેશ્વરને ખોળે બેસવું = પરમેશ્વરનું માનીતું થવું; પરમેશ્વરની પૂર્ણ મહેરબાની થવી.

૧૨. પરમેશ્વરને પેટ જઈ આવવું = ભવિષ્યની વાત જાણવી.

૧૩. પરમેશ્વરને ત્યાં કોર માટીની ખોટ પડવી = ઊંધુંચત્તું ન હોવું.

૧૪. પરમેશ્વરે ઊંટને શીંગડાં આપીને જ નથી આપ્યાં = પરમેશ્વર જે કંઈ કરે છે તે સારાને માટે જ કરે છે.

૧૫. પરમેશ્વરે દાંત આપ્યા છે તે ચવણું આપશે જ = પરમેશ્વર સૌનું ભરણપોષણ કરે જ છે.

૧૬. પરમેશ્વરે પાડું કહી તે વારી = ઈશ્વરેચ્છા બળવાન છે.

૨. પું. કૃષ્ણ.

૩. પું. ચક્રવર્તી રાજા.

૪. પું. દેવોનો રાજા; ઇંદ્ર.

૫. પું. પ્રાચીન સમયમાં રાજાઓને અપાતી એ નામની એક ઉપાધિ.

ચૌલુક્ય વંશના મહારાજાઓનાં લિખિતો પ્રથમ જયસિંહને જ લાગુ પડતાં આવેલાં છે. મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમભટ્ટારક, અનંતિનાથ, ત્રિભુવનમલ્લ, સિદ્ધચક્રવર્તી, અસ્સારાધિપ વગેરે વિરોદ્યો તેના નામ સાથે મોડામાં મોડા સૈકાઓમાં મળી આવે છે. પુરાતત્ત્વ

૬. પું. રાજા.

૭. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વ ઐશ્વર્ય અને સર્વ વિભૂતિસંપન્ન હોવાથી તે પરમેશ્વર કહેવાય છે.

૮. પું. શિવ; મહાદેવ.

૯. પું. સગુણ ત્રિમૂર્તિ બ્રહ્મા.

પરમેશ્વરપણું ન. ઈશ્વરપણું.

પરમેશ્વરબુદ્ધિ સ્ત્રી. પરમેશ્વરપણાની બુદ્ધિ.

પરમેશ્વરા પું. પરમેશ્વર

ક્યાં છો એમ પોકારે એવું એ પરમેશ્વરા !
હજારું એના આવ રૂપ ઈશ્વરી પુરુષોત્તમ !
કવિગીતા

પરમેશ્વરાધીન [સં. પરમેશ્વર + અધીન] વિ. પરમેશ્વરને તાબેદાર.

પરમેશ્વરાર્પણ [સં. પરમેશ્વર + અર્પણ] ન. પરમેશ્વરને અર્પણ કરવું તે.

પરમેશ્વરી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. (યોગ) કુંડલિની.

૩. સ્ત્રી. દુર્ગા.

૪. સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

૫. સ્ત્રી. મોટામાં મોટી દેવી; આદ્યશક્તિ.

૬. વિ. સ્ત્રી. ઈશ્વરી; ઈશ્વર સંબંધી.

પરમેષ્ટ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. વિ. અત્યંત પ્રિય.

પરમેષ્ટિ પું. સર્વ વિશ્વનો સમૂહ. એક એક વ્યક્તિને અષ્ટિ, બધી અષ્ટિનો સમૂહ તે સમષ્ટિ અને સર્વ સમષ્ટિઓ એટલે વિશ્વનો સમૂહ તે પરમેષ્ટિ કહેવાય છે.

પરમેષ્ઠ ૧. [સં.] પું. એ નામે એક દેવ.

૨. પું. ચતુર્મુખ બ્રહ્મા; પ્રજાપતિ.

૩ વિ. ઉત્કૃષ્ટ; ઉત્તમ.

પરમેષ્ઠિની ૧. [સં.] સ્ત્રી. પરમેષ્ઠીની શક્તિ; દેવી.

૨. સ્ત્રી. જાઈ વનસ્પતિ.

૩. સ્ત્રી. વાસ્તેપી.

૪. સ્ત્રી. બી.

પરમેષ્ઠી ૧. [સં. પરમેષ્ઠિન્] પું. અગ્નિ.

૨. પું (પુરાણ) અજમીઢવંશી એક રાજા.

૩. પું. (જૈન) અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ મહિના પ્રત્યેક

૪ પું. (પુરાણ) ઋક્ષવંશ વંશના દેવદુમ્ન રાજાને મનુમતી નામની સ્ત્રીને પેટે થયેલો એ નામનો પુત્ર. એને સુવર્ચસા નામની સ્ત્રી અને તેને પેટે થયેલો પ્રતીક નામનો પુત્ર હતો.

૫. પું. કોઈ પણ મોટો દેવ; ઉત્કૃષ્ટ સ્થાનમાં રહેનાર દેવ.

૬. પું. ગરુડ.

૭. પું. ચાક્ષુષ મનુ.

૮. પું. તત્ત્વજ્ઞોના ગુરુ.

૯. પું. પ્રજાપતિનો પુત્ર.

૧૦. પું. બ્રહ્મનું અભિધાન.

૧૧. પું. બ્રહ્મા.

૧૨. પું. બ્રહ્મા, અગ્નિ આદિ દેવતા.

૧૩. પું. મહાન રાજા; પ્રાચીન સમયમાં રાજાઓને અપાતો એક પ્રકારનો.

૧૪. પું. વિરાટ પુરુષ.

૧૫. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ જેણે ઈચ્છાવાળા, સ્વરૂપસ્થિતિ રાખવાની ઇચ્છાવાળા અને સર્વના કલ્યાણની ઇચ્છા રાખવાવાળા હોવાથી વિષ્ણુ પરમેષ્ઠી કહેવાય છે.

૧૬. પું. શાલિગ્રામનો એક વિશેષ ભેદ.

૧૭. પું. શિવ.

૧૮. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

૧૯. પું. જૈન અથવા વિશિષ્ટ માણસ.

પરમેષ્ઠી નમસ્કાર પું. (જૈન) નવકાર મંત્રમાંના પાંચ પરમેષ્ઠીઓને કરાતો નમસ્કાર.

પરમેષ્ઠી પ્રજાપતિ [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પરમેષ્ઠી મંડલ ન. સૂર્યમંડલ.

પરમેષ્ઠી મંત્ર પું. (જૈન) નવકારમંત્ર; નમસ્કારમંત્ર; પંચપરમોત્કૃષ્ટ પદવીધરોને નમસ્કાર.

પરમોચ્છ્વાસ [સં. પરમ (મોટું) + ઉચ્છ્વાસ (શ્વાસ)] પું. મોટો શ્વાસોચ્છ્વાસ.

પરમેસર પું. (જૂ, ગુ.) પરમેશ્વર.

પરમેસરી સ્ત્રી. દુર્ગા દેવી.

પરમેસુર [હિં.] પું. પરમેશ્વર.

પરમૅગ્નેટ્ઝ ઑફ પોટાસ [અં.] પું પોટાસિયમ પરમૅગ્નેટ્ઝ નામની એક જાતની જંતુનાશક દવા; 'પરમૅગ્નેટ ઑફ પૉટેશ.'

પરમૈશ્વર્ય ૧. [સં. પરમ (શ્રેષ્ઠ) + ઐશ્વર્ય (વૈભવ)] ન. બધી મોટાઈ; બધી સમૃદ્ધિ; મહૈશ્વર્ય; શ્રેષ્ઠ વૈભવ, શ્રેષ્ઠતા; સર્વોત્કૃષ્ટતા.

૨. ન. પરમેશ્વરપણું.

પરમૈશ્વર્યસંપન્ન [સં.] વિ. બધી સમૃદ્ધિવાળું.

ખારપટી પરમૈશ્વર્યસંપન્ન એક દેવ, પછી જગદીશ્વર બ્રહ્મ વગેરે તાત્ત્વિક રૂપમાં તેનું પર્યવસાન થયું હશે. પુરાતત્ત્વ

પરમો પું. અભિચારથી થતો એક મહા પીડાકારી જનનેંદ્રિયનો રોગ; પરમિયો; પેશાબ વાટે અત્રપ્રવાહી ધાતુ કાયા કરવાનો રોગ. આ રોગ અતિ વિષયથી, દૂષિત ઓના સંસર્ગથી, ગોઠીના ભગાડથી, બ્રહ્મ દારૂ પીવાથી, ગાની ટેવથી, હસ્તક્રિયા કરવાથી, શૃંગારિક નાટકો જોવા બાંચવાથી, રાજે ઉજાગરા કરવાથી તેમ જ અભિચારથી થાય છે. તેની બધી જાતો છે. તેમાં મધુમેહ ખરાબ છે. શરૂઆતમાં ઉદ્રિયના કુલના મોં પાસે બળવા માંડે છે. પછી ચીકાશવાળી ગોળી રસી નીકળે ધીમે ધીમે વધતી જઈ ૬૫ કે ૫૨ જેવી ગોળી કે પીળા રસી નીકળે છે. બળતરા બહુ થાય છે.

પરમોક્ષ [સં.] પું. (જૈનેતર) વિદેહમુક્તિ.

પરમોચ્ચ [સં. પરમ (પરું) + ઉચ્ચ (ઊંચું)] વિ. પરું મહાન; સર્વશ્રેષ્ઠ.

પરમોચ્ચત્વ [સં. પરમ + ઉચ્ચત્વ] વિ વધારેમાં વધારે ઊંચપણું.

પરમોઠો જુઓ પરમેટો.

પરમોતઈ વિ. (કચ્છી) બીજા ઉપર આધાર રાખી જીવનારું.

પરમોત્કર્ષ [સં.] પું. ઉચ્ચીકરણ; ઉત્કૃષ્ટપણું; ઉન્નતિ; ઊંચું બનાવવું; પરાકાષ્ઠા; અવધિ; મોટામાં મોટો અભ્યુદય કે ચડતી.

પરમોત્કર્ષક [સં.] વિ. મોટો અભ્યુદય કરનાર.

પરમોત્કૃષ્ટ [સં.] વિ. પરું ઉત્તમ; સૌથી એક.

પરમોત્તમ [સં. પરમ + ઉત્તમ] વિ. ઉત્તમમાં ઉત્તમ.

પરમોત્સાહી [સં. પરમ + ઉત્સાહિન્] વિ. પરું જ ઉત્સાહી.

પરમોધાજ વિ. (કચ્છી) પારકું ઓશિયાળું; પરાધીન.

પરમોદ [સં. પ્રમોદ] પું. (હિંદી) પ્રમોદ; આનંદ.

પરમોદ્યું ૧. [સં. પ્રમુદ (રાજ ધાતુ)] સ ક્રિ. આનંદ પામવો; ખુશી થવું; સમજીવીને ખુશ કરવું; ખુશામિજાજમાં આવવું.

૨. સ. ક્રિ. સમજાવવું; પટાવવું, ફોસલાવવું.

પરમોદાર [સં. પરમ + ઉદાર] વિ. પરું જ ઉદાર.

પરમોદી વિ. આનંદવાળું; આનંદવર્ધક; આનંદદાયી; હર્ષ ઉપજાવે એવું.

પરમોદ્ધારક [સં. પરમ + ઉદ્ધારક] વિ. મહાન ઉદ્ધાર કરનાર.

પરમોપકારી [સં. પરમ + ઉપકારિન્] વિ. મહાન ઉપકાર કરનાર.

પરમોપાસક ૧. [સં.] પું. મોટો શુદ્ધ ભક્ત.

૨. વિ. મહાન ઉપાસક.

પરમોળિયું વિ. અકરનું મોળિયું.

પરમૌદારિક વિ. પરું શ્રેષ્ઠ.

પરમૌદારિક તન સુનવત, આઉ શુદ્ધ સદા અરિહંત.
જૈનતત્ત્વપ્રકાશોત્તર

પરયંક [સં. પર્યંક] પું. (હિંદી) પલંગ.

પરયા વિ. રૂપાળું; દેખાવડું.

પરયુગ ૧. [સં.] પું. ઉત્તમ યુગ.

૨. પું. પછીનો યુગ; ઉત્તરવર્તિયુગ.

પરરંધ્ર ન. એકના એક મૂળતત્ત્વમાંના બીજા કોઈ રંધ્રના કરતાં રંધ્રમાં પ્રાણુઓનું વધારે પ્રમાણવાળું રંધ્ર; 'પેરૉક્સાઇડ.'

પરરાજ જુઓ પરરાજ્ય.

પરરાજ્ય ૧. [સં. પર + રાજ્ય] ન. જે રાજ્યમાં રહેતા હોય તેથી બીજું રાજ્ય; પારકો મુલક; બહાર રાજ્ય.

૨. ન. વિદેશી અમલ; પરાઈ સત્તા; પારકી હકૂમતો; સ્વદેશમાં પરદેશનું રાજ્ય; પારકાનું રાજ્ય; બીજાનું રાજ્ય.

પરરાજ્યખાતું ન. પરદેશખાતું; પરદેશો સાથે સબંધ ધરાવનારું રાજ્યતંત્રનું ખાતું; પરરાજ્ય સાથેના સંબંધને સંભાળનારું ખાતું.

પરરાજ્યગ્રાસક્રિયતા સ્ત્રી બીજાનું રાજ્ય છીનવી લેવાની ઇચ્છા.

પરરાજ્યગ્રાસી [સં. પરરાજ્યગ્રાસિન્] વિ. દુશ્મનોનો દેશ છીનવી લઈ કબજે કરવાની ઇચ્છા રાખનાર.

પરરાજ્યન્યાયાજ્ઞા [સં.] સ્ત્રી. પરરાજ્યનો ફેસલો.

પરરાષ્ટ્રમંત્રી [સં. પરરાષ્ટ્રમન્ત્રિન્] પું. પરદેશ બાતાનો પ્રધાન; 'ફૉરીન સેક્રેટરિ.'

પરરુ ૧. [સં.] પું. એ નામની એક બાતરાજાઓ.

૨. પું. નીલકુમારરાજ.

પરરૂપ ૧. [સં.] ન. પછીના જેવું રૂપ.

૨. વિ. પછીના જેવા રૂપવાળું.

૩. વિ. પરના જેવા રૂપવાળું.

પરર્દ્ધિ [સં.] પું. વિષ્ણુનાં બીજાં બાહેલું એક નામ. વિષ્ણુની વિભૂતિ પરા એટલે શ્રેષ્ઠ છે, તેથી પરર્દ્ધિ કહેવાય છે. વળી પરાર્ધ સંજ્ઞાસ્વરૂપ, અમર્યાદિત અને અસંખ્ય દ્રવ્યના સ્વામી અને દરેક જગત સર્વ તેમની જ સમૃદ્ધિરૂપ હોઈને વિષ્ણુ પરર્દ્ધિ કહેવાય છે.

પરલ ન. બળમૂળ.

પરલક્ષી [સં. પરલક્ષિન્] વિ. બાહ્યનિષ્ઠ; બાહ્યસ્થિત; પરવિષયક; અંતર્ગત સર્વાનુભવી; બીજાને ઉદ્દેશીને કહેવું હોય તેવું; બીજાને લક્ષ કરતું; બીજાઓ તરફ દૃષ્ટિ નાખનાર; 'ઑબ્જેક્ટિવ.'

પરલક્ષીઅંશ પું. બીજાને ઉદ્દેશીનો બાગ.

આ મુકરદ્દમામાં પરલક્ષીઅંશ અને આત્મલક્ષીઅંશનું મિશ્રણ અનિવાર્ય છે.
રમણલાલ્સુકર

પરલક્ષીકલા સ્ત્રી. બીજાને લક્ષ કરતી કલા.

નાટક એ પરલક્ષીકલા છે. ઉશનસ્

પરલય ૧. પું. ચીડ.

૨. પું. ઘાત.

૩. પું. નાશનો દિવસ.

૪. [સં. પ્રલય] પું. (હિંદી) પ્રલય; સૃષ્ટિનો નાશ કે અંત.

૫. પું. પ્રેતનું.

૬. પું. વિનાશ.

પરલા [સં. પર (છેડું)] વિ. (હિંદી) બીજા બાજુનું.

પરલિંગ [સં.] ન. (જૈન) અન્ય ધર્મનો વેષ; જૈનેતર પક્ષનું લિંગ.

દ્રવ્યલિંગ કઈ વિચારીએ તો સ્વલિંગ, પરલિંગ, અને ગૃહસ્થલિંગ એમ ત્રણે લિંગે સિદ્ધ થાય છે.
તત્ત્વાર્થસૂત્ર

પરલી ૧. [સં. પલ્લી] સ્ત્રી. ઝરોળ; ઘરોળી; બિલોડી; પલ્લી; પરવલ્લી.

૨. [સં. પર (છેડું)] વિ. સ્ત્રી. (હિંદી) બીજી; બાજી બાજુની.

પરલીકોર સ્ત્રી. બીજી બાજુ.

પરલું ૧. વિ. (કચ્છી) દૂરનું.

૨. વિ. સામું; બીજી બાજુનું.

પરલે પું. પ્રલય; નાશ.

કાળને કબાડી આવ્યો તેને કારમ્યો;
તે નિત્ય પરલે ને નિત્ય નારા.
મૂળદાસ

પરલેપાર ૧. વિ. છેટેનું.

૨. વિ. સામી બાજુનું.

પરલૈ [હિં.] પું. પ્રલય.

પરલો ૧. સ્ત્રી. અવાજ; ધોંધાટ.

૨ સ્ત્રી. આફત.

૩. સ્ત્રી. નાશ; પ્રલય.

૪. સ્ત્રી. નાશનો દિવસ.

૫. સ્ત્રી. રોકકળ.

૬. સ્ત્રી. સટ્ટવન ચલાનો દિવસ.

પરલોક ૧. [સં. પર (પારકું) + લોક (દુનિયા)] પું. પરદેશ

૨. પું. પુનર્જન્મ

૩. પું. મરણ પછી આત્માની સ્થિતિ; પરભવ.

૧. પરલોક જવું-પામવું-વસવું-સિધાવવું = પરલોકગામી થવું; મરણ પામવું.

૨. પરલોક સુધારવો = આવતો ભવ સુધારવો; મરણ પછી સ્થિતિ સારી થાય એવું આચરણ કરવું.

૪. પું. મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે બીજો લોક; બીજી દુનિયા; ઇતર લોક; લોકાંતર; દેવલોક; અપરલોક; ભિન્ન લોક; પુણ્ય લોક; બ્રહ્મલોક.

૫ પું. યથાર્થદર્શન.

૬. પું. શત્રુ.
૭. પું. (વેદાંત) સ્થૂલ શરીરના અભિમાનનો ત્યાગ.
૮. પું. ય.સ. પોતાના નહિ પણ બીજા બાવા પારકા લોક.

પરલોકગત [સં.] વિ. પરલોકમાં ગયેલ; મરણ પામેલ.

પરલોકગમ જુઓ પરલોકગમન.

પરલોકગમન [સં.] ન. મરણ.

પરલોકચિત્રક યંત્ર ન. બધાયે લેખક યંત્ર.

પરલોકપ્રાપ્તિ [સં.] સ્ત્રી. મરણ.

પરલોકયાત્રા [સં.] સ્ત્રી. પરલોકગમન; પરલોકવાસ; મૃત્યુ.

પરલોકયાન [સં.] ન. મૃત્યુ.

પરલોકલક્ષ્મી [સં. પરલોકલક્ષ્મિન્] વિ. પરલોકને લક્ષમાં રાખનારું.
નવી ચેરકૃતિ મોટે ભાગે પરલોકલક્ષ્મી અને બહુ ભાગે નિરુપયોગી બાબત હતી. પ્રસ્થાન

પરલોકવાસ ૧. [સં. પરલોક + વાસ (વસવું તે)] પું. ઇતર લોકગમન; દેવલોક પામવું તે; સ્વર્ગવાસ; મૃત્યુ; મરણ.
૨. પું. મોક્ષ.

પરલોકવાસી [સં. પરલોક + વાસિન્ (વસનાર)] વિ. સ્વર્ગવાસી; મૃત્યુ પામેલ; ઇતર લોક પામેલું; ગત; સ્વર્ગસ્થ; ગુજરી ગયેલ; બાજી; મરહૂમ; કૈલાસવાસી; વૈકુંઠવાસી.

પરલોકવિદ્યા [સં. પરલોક (બાજી દુનિયા) + વિદ્યા] સ્ત્રી. પ્રેતાત્મ વિદ્યા.

પરલોકવિધિ [સં. પરલોક + વિધિ (ક્રિયા)] સ્ત્રી. મૃત્યુક્રિયા; મરણોત્તર ક્રિયા.

પરલોકશાસ્ત્ર [સં.] ન. પરલોક સંબંધી શાસ્ત્ર.

પરલોકસ્થ [સં.] વિ.. પરલોક પામેલ; ગુજરી ગયેલ.

પરલોકૈષણા જુઓ પરલોકૈષણા.

પરલોકૈષણા [સં.] સ્ત્રી. મૂત્યુ પછીની સ્વર્ગમાં જવાની ઇચ્છા.

પરલોકું ૧. વિ. પું. બીજાની મદદથી ભ્રમ કરનાર.
૨. વિ. બીજું.

પરલૌહિત્યક પું. એ નામનો એક જાતનો સુગંધી પદાર્થ. તેનો રંગ જાયફળના રંગ જેવો હોય છે. કામરૂપ દેશના લોહિત પ્રાંતમાંથી તે મળી આવે છે.

પરવ ૧. [સં. પર્વન્] ન. અષ્ટમ, ચૌદશ, પૂનમ ને અમાસ એ દરેક તિથિ.
૨. ન. આંગળાંના સાંધા વચ્ચેનો ભાગ; વેઢો.
૩. ન. મતળી; પેરાકી; રોટલી, નેતર વગેરેના બે ગાંઠાથી તે બીજા ગાંઠા સુધીનો બે ગાંઠો વચ્ચેનો ભાગ.
પરવે પરવે પીઠાસ ઓછી = વટતી જતી પીઠાસવાળી સ્થિતિ. શેરડીના સાંઠામાં ઉપરના ભાગની કાતળીઓમાં પીઠાસ વટતી વટતી હોય છે, જ્યારે જવારજાના સાંઠામાં નીચેના ભાગ તરફની પીઠાસ વટતી હોય છે.
૪. ન. ટેરવું.
૫. ન. પરબ; વટેમાર્ગુને રસ્તામાં પાણી પાવાની જોગવાઈ.
૬. ન. (વ્રજ) પરિવાર.
૭. ન. પ્રકરણ; પુસ્તકનો વિભાગ; ગ્રંથનો ભાગ.
૮. જા મુસાફરોને મફત પાણી પાવાની રસ્તા ઉપરની જગ્યા.
૯. ન. સારો દહાડો; પર્વ; તહેવાર; અવસર; ઉત્સવદિન; પવિત્ર દિવસ.
૧૦. ન. સૂર્યના એક રાશિમાંથી બીજી રાશિમાં જવાની સંધિ.

પરવક્તવ્યપરત્વ [સં.] પું. બીજાના હાથે જેનો સોદો થયેલો હોય તે માલ.

પરવટ જુઓ પરવટ.

પરવટ સ્ત્રી. બેઠ વાળની તે; કેડની આસપાસ લૂગડું બાંધવું તે.
પરવટ વાળવી = બેઠ વાળવી.

પરવટડી (પરવટડો) સ્ત્રી. કસીને કપડાં પહેરવાં તે.

પરવટ (પરવટ) ૧. સ્ત્રી. અનુકૂળતા.
૨. સ્ત્રી. પાલવવું તે; પરવડવું હોવું તે; કબજો હોવો તે.

પરવડતું (પરવડતુ) ૧. વિ. અનુકૂળ પડતું.
૨. વિ. પાલવતું; પોષાતું; અમુકના મળ પ્રમાણે હોતું; પોસાતું; કબજો હોય એવું.

પરવડવું (પરવડવુ) ૧. અ. ક્રિ. અનુકૂળ આવવું; માફક આવવું.
૨. અ. ક્રિ. ગમવું; મોઠવું; મરદ પડવું.
૩. અ. ક્રિ. પાલવવું; પોસાવું; ગમવું; ખોજવું; કબજો હોવું.

પરવડા (પરવડા) વિ.પું. ચોખ્ખા; છૂટા.
આણ અક્ષર સુદ્દ પરવડા,
હુડી, પત્ર, પૈસ. પરપંચ. વીરાનંદ

પરવડિયા (પરવડિયા) ૧. સ્ત્રી. ઓલિયાવાડી લઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પરવડી (પરવડી) સ્ત્રી. પંખીઓને ચણવા નાખવા ઓસાણા ઉપર કરેલું સાર્વજનિક બંધાન; પરબડી.

પરવણ ન. (વહાણવટું) સઢની કિનાર બાંધવા માટેનું ત્રાંસું લાકડું.

પરવણી ૧. [સં. પર્વણી] સ્ત્રી. આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એ દરેક તિથિ.
૨. સ્ત્રી. ગ્રંથનો ભાગ.
૩. સ્ત્રી. દાનધર્મનો સંધિ; પવિત્ર દિવસ; ઉત્સવ દિન; અવસર; તહેવાર; પર્વણી.
પુન્ય પરવણી જે નવ જમે,
એવો ઊગે તેનો આથમે. સુદામાચરિત્ર

પરવત ૧. [સં. પર્વત] પુ. ડુંગર; પર્વત; ગિરિ.
૨. [સં. પરવત્] વિ. પરતંત્ર; પરાધીન; લાચાર.
૩. અ. પરના જેવું; પારકા જેવું.

પરવતન ન. પોતાના વસવાટ સિવાયનું ગામ કે દેશ.
બ્રહ્મચર્યી આશ્રમને હેતુ ધ્યાનને કારણે પોતીકું ઘર પરવતનમાં બંધાવવાની જરૂર છે.
ગૃહવિજ્ઞાન

પરવતની વિ. બીજા સ્થાનનો રહેવાસી.

પરવતી રાઈ સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ. તેનાં પાન અરધાથી બે ઇંચ લાંબાં, સાંકડાં, અણીદાર અને કોર ઉપર દાંતાવાળાં હોય છે. તેમાં પીળા રંગનાં ફૂલ થાય છે અને ચિત્ર ભાભરે જેવી તપખીરિયા રંગની ૨ થી ૩ ઇંચ લાંબી, પાતળી, બોળ અને ૧૦ થી ૨૦ બીજવાળી થાય છે. કાચી સિંગને તોડવાથી દૂધ નીકળે છે.

પરવત્તા [સં.] સ્ત્રી. પરાધીનપણું.

પરવત્ત્વ [સં.] ન. પરાધીનપણું.

પરવત્સ [સં.] ન. પારકાનું છોકરું.

પરવર ૧. પું. આખનો એ નામનો એક રોગ.
૨. [સં. પરિવર્દન (પાળવું)] પું. પ્રભુ.
૩. [સં. પટોલ] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૪. ન. એ નામના વેલાનું ફળ; એક જાતનું શાક; પંડોળું. પરવરની ખેતી માટે ઓરાટ જમીન, ભાઠાની જમીન અને ઢાળદર, ભાડુ, સુરસુ વગેરે થતાં હોય તેવી આગાવત જમીન અનુકૂળ આવે છે. કાળી, ચીકણી ને પાણી ભરાઈ રહેતું હોય તેવી જમીનમાં પરવરની ખેતી સારી નથી. વળી પથ્થરવાળી એટલે ભાખાવાળી જમીન પણ પરવર માટે નકામી છે. પરવર રોપવા અગાઉ દર વીઘે ૨૦થી ૨૫ ગાડાં છાણનું ખાતર

નાખી જમીન ખૂબ ઊંડી ખોદી રસાળ બનાવવી જરૂરી છે. તેનાં ફળ સરળતાથી વિકોદીને મળતાં આવે છે, પણ પરવરમાં નર ને માદાનાં ફૂલ જુદા જુદા વેલા ઉપર હોય છે, જેથી બંને જાતના વેલા સાથે સાથે વાવવા પડે છે. પરવરની બે જાત છે: (૧) ગોળ અને (૨) લાંબી. ગોળ જાતને ફૂગ વધારે બેસે છે, જ્યારે લાંબી જાત કમી આવે છે. લાંબી જાતને ફળ ઓછાં આવે છે, પણ ભાવ વધારે આવે છે. તેનું વાવેતર ચોમાસાની શરૂઆતમાં કરવું પડે છે. પાણીની સગવડ સારી હોય ત્યાં ગમે ત્યારે કરી શકાય છે. પરવરનાં કંદ પણ રોપી શકાય છે, તેથી રોપા ભેગામાં બીજી નીકળે છે અને પરિણામે ફળ વહેલા જથ્થામાં અને ટૂંક મુદતમાં બેસે છે. વેલાનું મરણપ્રમાણ ૫૦ ટકા છે, જ્યારે કંદમાં બિલકુલ મરણપ્રમાણ નથી. પરવરના કંદ અથવા વેલા છ ફૂટના સમચોરસ અંતરે એક ફૂટ ઊંડો ખાડો કરી જાણવું ખાતર અને માટી ભરી રોપવા. નર ને નારી ભેગે રોપવી. નરના વેલા ઓછા હોય તોપણ ચાલશે. કંદનું મોં જમીન ઉપર સહેજ ઉપર દેખાતું રાખી કયરાથી ઢાંકી દેવું. પછી નિયમિત પાણી આપવું. આમ કરવાથી જાન્યુઆરિયામાં કંદ ફૂટવા માંડશે. માંડવા ત્રણ વરસ ટકે તેવા મજબૂત બનાવવા, કારણ એક વાવેતર ત્રણ વરસ ચાલે છે. શરૂઆતમાં દરેક થડ દીઠ નવટાંક દિવેલીનો ખોળ આપવો. ફાગણમાં ફૂલની શરૂઆત થાય ત્યારે પહેલવહી બખોલ દિવેલીનો ખોળ અને એક ટોપલી જાણ્યું ખાતર દરેક થાણા દીઠ આપવું. ચિભડાંમાં દર દસ દિવસે અને ઉનાળામાં દર બાવડિયે પાણી પાવું. ફૂલ બેસ્યાં માસથી ફળ થાય છે, તે જૂન સુધી ચાલુ રહે છે. ઑક્ટોબર માસમાં પણ થોડાં ફળ લાગે છે. પરવરની ખેતી જેટલી લાભદાયક છે તેટલી મહેનત ને ખંતમાં પણ છે. કોઈ કોઈ વાર એવી સલાહ જાણવા પડી જાય છે કે બધા વાવેતરનો નાશ કરવો પડે છે. તેમાં બે જાતનાં જંતુ પડે છે: (૧) અર્ધપક્ષ કીટક અને (૨) મરી. અર્ધપક્ષ કીટકને આંખો પાખો હોય છે ને અહીંતહીં ઊડી શકતાં નથી. બાકીને સંતકોળ હોય છે અને વેલા ઉપર કારની કાર ગોઠવાઈ ગયેલ શીંગોના ઊપસેલા ટોલ્લા જેવા નજરે પડે છે. મરી જાતનાં જંતુ રંગે લીલા કોઈ મુખ્યત્વે પાનની નીચેની બાજુએ ભેગામાં જાવે છે. આ જંતુ મહુખરે માર્ચ માસમાં ફૂલ બેસવાની શરૂઆતમાં અને નવેમ્બર ડિસેમ્બરમાં પડતા દેખાય છે. બીજે વરસે નવેમ્બરની આખરે અને ડિસેમ્બરની શરૂઆતમાં જમીન ઉપરના બધા વેલા કાપી નાખવા અને જેટલે ઠેકાણે તે ફૂટ થઈ જઈ જાણે દેવો. બાદ જમ્યા ઉપર ઉપરથી થોડી થોડી કાઢવી ને પાણી બંધ કરવું. પણ જ્યારે ગાંઠો ફૂટી વેલા બહાર નીકળે ત્યારે પાણી ફરી શરૂ કરવું અને વેલાને માંડવા ઉપર ચડવા સાધન કરી આપવું. આ વખતે દરેક થાણા દીઠ એક ટોપલી જાણ્યું ખાતર નાખવું. પારોર દિવેલીનો ખોળ આપવો અને નિયમિત પાણી આપવું.

૫. વિ. ઉછેરનાર; ભરણપોષણ કરનાર; પાલક.

૧. ગરીબ પરવર ∞ (૧) જે નામનો મોટાને આપતો એક કટાક્ષ. (૨) ગરીબોને પાળનાર.

૨. બંદે પરવર = ગરીબને પાળનાર; ગરીબનું ભલું કરનાર.

૩. સાચા પરવર = (૧) પૈર બોલેલું. (૨) દુનિયા વિશે ચોકું બોલતું. (૩) સુંવાળું.

૬. વિ. રક્ષક.

પરવર ઓલાવવો ૧. વિ. બળીતું.

૨. [જુ.] વિ. પાકેલું.

૩. વિ. વતની.

પરવરતવું [સં. પ્રવૃત્ત] અ. ક્રિ. પ્રવર્તવું; વર્તો રહેવું; ફેલાવું.

પરવરતાવવું સ. ક્રિ. પ્રવર્તાવવું; ચલાવવું; ચાલુ કરવું; ફેલાવવું; પ્રસારવું; નવું ચાલતું કરવું.

પરવરદા ૧. [જુ.] વિ. ગુલામ.

૨. વિ. ઉમરે પહોંચેલું.

૩. વિ. પાળેલું; ઉછેરેલું.

પરવરદિગાર ૧. [જુ. પરવર્દન (પાળવું)] પું. ઈશ્વર; સર્વનું પાલન કરનાર પરમેશ્વર.

૨. પું પાલનપોષણ કરનાર માણસ; પાલનહાર.

પરવરદે [જુ. પરવરદા] વિ. આશ્રિત; જેને આબરૂનો આધાર હોય તેવું.

પરવરદેગાર જુઓ પરવરદિગાર.

પરવરવું ૧. [સં. પરિ (ચોરી લેવું)] અ. ક્રિ. આસપાસ ફરી વળવું.

૨. [સં. પ્રસૃત] અ ક્રિ. ચાલવું; જવું; ચાલી નીકળવું; છૂટા પડવું; શિખાવવું; સમરવું.

૩. અ. ક્રિ. ને બદલે જવું.

૪. અ. ક્રિ. પાછળ જવું.

૫. અ. ક્રિ. પંખનું આવવું.

હીરાં ઝાંઝરિયાં, મારા પણ મુકામ નહિ; પાંખું પરવરતે (ગમે) ગમી વરવું ગામના!

ભોજા ભગતને દુહો

૬. અ. ક્રિ. પ્રસિદ્ધિ પામવું; જાહેર થવું.

૭ અ. ક્રિ. ભેગા થવું; ટોળે મળવું.

પરવરદ્યા જુઓ પરવરદી.

પરવરદી ૧. સ્ત્રી. પારકાને વશ રહેવું તે; બીજાના તાબામાં રહેવું તે; આશ્રિતપણું.

૨. [જુ. પરવરિશ] સ્ત્રી. ભરણપોષણ; પાલનપોષણ.

તારા દુઃખનો કંઈ કાંટો નથી, તારી હવે કોણ પરવરદી કરશે? નંદશંકર

૩. સ્ત્રી. પાલનપોષણ; પંપાળવું તે; પરવરી.

પરવરંદા [જુ.] વિ. પાળનાર; પોષક.

પરવરાવવું ૧ સ. ક્રિ. ચોરી લેવું.

૨. સ. ક્રિ. સિખાવે તેમ કરવું; જવાનું કહેવું; કાઢી મૂકવું.

પરવરિશ ૧. [જુ.] સ્ત્રી. આશ્રિતપણું; પારકાને વશ રહેવું તે.

૨. સ્ત્રી. કેળવણી.

૩. સ્ત્રી. પાલનપોષણ; ભરણપોષણ.

પરવરિશગાહ [જુ.] ન. ઉછેરવાની જગ્યા.

પરવરી ૧. પું. કેળવણી આપનાર માણસ.

૨. [જુ.] સ્ત્રી. કેળવણી.

૩. વિ. ઉછેરનાર; પાલનપોષણ કરનાર.

પરવરો ૧. [સં. પરિવૃત; પ્રા. પરિવરિઅ] વિ. વીંટાયેલું; ઘેરાયેલું.

૨. વિ. સમજણમાં સહેલું.

પરવર્રું જુઓ પરવર.

પરવરેશ જુઓ પરવરિશ.

પરવર્લું વિ. બીજા વર્ણનું; બીજી જાતિનું; અન્યવર્ણું.

પરવર્તી ૧. [સં. પરવર્તિન્] વિ. દૂર રહેનાર; આઘે વસનાર.

પરવર્તી છે ચોતે; ને હાજરે નથી અહિયાં વડિયો. નાનાલાલ

૨. વિ. દૂરના સંબંધે કે સગપણવાળું.

વાસુદેવ વગેરે કૃષ્ણવરીમ રાજાઓને તે પરવર્તી હોય એમ માની શકાતું નથી.

પુરાતત્ત્વ

૩. વિ. વેદકાળ પછીનું.

પરવર્રું [જુ.] વિ. પોષાયેલું; ઉછેરવામાં આવેલું.

પરવલ [હિં.] પું. એક જાતનો છોડ. તેના ફળનું શાક થાય છે અને તે પથ્ય મનાય છે. તાવના રોગીને તે આપવામાં આવે છે. વૈદકમાં પરવલના ફળને કડવું, તિક્ત, પાચન, દીપક, પથ્ય, ઉષ્ણ, સારક, તથા કફ, પિત્ત, જ્વર, દાહને દૂર કરનાર મનાય છે. તેની જડ વિરેચક અને પાન પિત્તનાશક કહેવાય છે.

પરવલય [સં.] પું. (ગણિત) છેદ આકૃતિ; સમઝણ: 'પરેબોલ.'

પરવળી સ્ત્રી. મરોળ; બલવડી; બિલોડી.

પરવલ્લી જુઓ પરવળી.

પરવશ [સં.] વિ. પરાધીન; પરતંત્ર; બીજાને તાબેદાર.

દેહ ને મન બનેને સંયમી નહ જે રહે,
બધા ઇન્દ્રિયો તેને પરવશ ન તે કહી.
ગાંધીગીતા

પરવશ પડવું = બીજાને આધારે રહેવું; પરાવલંબી થઈ રહેવું.

પરવશતા [સં.] સ્ત્રી. બીજાને વશ હોવાપણું; પરાધીનતા; પરતંત્રતા.

પોતાને બોલબે બારે હિંદુસ્તાન પરેપૂરું,
ને પરવશતા ત્યારે બારે સમતુલા બને.
ગાંધીગીતા

પરવશપણું જુઓ પરવશતા.

પરવશી ૧. સ્ત્રી. બહાર; રેઢો.

૨. સ્ત્રી. ઢોરઢપોષણ માટે બનાવટી રહેમ.

૩. સ્ત્રી. મહેરબાની, કૃપા.

૪. [કા.] સ્ત્રી. સેવાચાકરી; સંભાળ; બરદાસ; પરવરિશ; પાલનપોષણ.

તેની પરવશીમા તે તેની બાનુમા સદા બહી હતી. કાનાણી

૫. વિ. પારકાના તાબાનું; પરવશ; પરતંત્ર.

પરવશ્ય વિ. પરવશ; પરતંત્ર.

પરવશ્યતા સ્ત્રી. પરવશતા; પરાધીનતા; પરતંત્રપણું.

પરવસ વિ. પારકાને વશ; પરાધીન.

પરવરતી જુઓ પરવરિશ.

પરવસ્તુ [સં.] સ્ત્રી. બીજા કોઈની માલિકીની ચીજ.

પરવહુ ૧. સ્ત્રી. પારકાની પત્ની.

૨. (પરવહુ) વિ. પરતંત્ર; પરાધીન.

પરવળ ૧. [સં. પટોલ] સ્ત્રી.;ન. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ. મીઠાં અને કડવાં એમ તેના ફળની બે જાત છે. મીઠાં ફળ શાકમાં વપરાય છે. તેમાં સારક, પૌષ્ટિક, કૃમિઘ્ન, ઉદરરોગનાશક અને રક્તશોધક ગુણ છે. માદા માણસ માટે તે પથ્ય શાક છે. કડવાં ફળ દવામાં વપરાય છે. કાચાં ફળ વધારે ગુણકારી મનાય છે. તેનો કવાથ પ્લીહોદર, કમળો અને બીજા ઉદરવ્યાધિમાં અપાય છે પરવળનું શાક બોડો ઉત્તમોત્તમ માને છે. પરવળ હૃદયને હિતકારક, બલવર્ધક, પાચક, ઉષ્ણ, રુચિકર, કામવર્ધક, કફકર્તા અને સ્નિગ્ધ છે. તાવ, કોઢીપણાક, ત્રિદોષ અને કૃમિનાં દરદોમાં તે અતિહિતકર લેખાય છે. પરવળનું શાક બીમાં આવ્યથી પૌષ્ટિક છે અને ત્યારે લેવાને કરનાર મનાય છે. તેનાં પાન પિત્તનાશક અને મૂળ રેચક કહેવાય છે.

૨. ન. એ નામની વેલનું ફળ.

પરવા ૧. પું. કટોરા આકારનું માટીનું વાસણ.

૨. પું. કાચી અને નાની કેરી.

૩. પું. બીજાનો વાસ બચવા સંગ્રહ કરવો તે.

૪. પું. મુદ્રિ લેખમાં પાઘો.

૫. સ્ત્રી. ઇચ્છા; કામના.

૬. સ્ત્રી. એક પ્રકારનું ઘાસ.

૭. સ્ત્રી. ખંત; ઉત્સાહ.

૮. સ્ત્રી. ચરબી; બરૂર.

૯. [કા.] સ્ત્રી. દરકાર; રખેવાળ; તમા.

પરવા કરવી–રાખવી = દરકાર કરવી; દરકાર રાખવી.

૧૦. સ્ત્રી. દાન; બક્ષિસ.

૧૧. સ્ત્રી. બાનું; બહાનું.

૧૨. સ્ત્રી. પૂર્વનો પવન.

૧૩. સ્ત્રી. પ્રેમ; સ્નેહ.

૧૪. સ્ત્રી. ફિકર; ચિંતા; બેફિકરી.

૧૫. સ્ત્રી. (કચ્છી) રાજ્યમાં રાજ્યપ્રસંગે ચારણોને અપાતી દક્ષિણા; દાન.

૧૬. સ્ત્રી. વિશ્વાસ; ભરોંસો.

૧૭. ન. ચપે વરસે; પોર.

પરવાઈ ૧. [કા.] સ્ત્રી. પરવા; પરવાહ.

૨. સ્ત્રી. પૂર્વનો પવન.

૩. વિ. બરબાદ થયું; બરવાદ થયું.

પરવાઈશ ૧. [સં.] ન. કપડાં.

૨. ન. દોષ; દૂષણ.

૩. વિ. દૂષણ દેવા યોગ્ય; કપડાં આપવા જેવું.

૪. વિ. નિંદિત; કપડાં આપેલું; નિંદેલું.

પરવાજ જુઓ પરવાઝ.

પરવાઝ ૧. [કા.] સ્ત્રી. ઊડવું તે; એક સ્થાનેથી બીજે સ્થાને જાવું જવું તે.

૨. સ્ત્રી. ઢાંકણ; પડદો.

૩. સ્ત્રી. પક્ષીઓનું રહેઠાણ.

પરવાઝી સ્ત્રી. ઉડ્ડયન; ઊડવું તે.

પરવાઢ (પરવાહ) ૧. સ્ત્રી. ગામને ફરતી કાંટાની અથવા ઝોરની વાડ.

૨. [સં. પરિવાહ] સ્ત્રી. ગામનો છેવટનો ભાગ; ગામ કે શહેરનું છેવાડું; ગામ નજીકનો તેની આસપાસનો ભાગ.

પરવાડિયા ૧. સ્ત્રી. કચ્છ કાઠિયાવાડની એક નાગરી એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પરવાણ ન. (બહાણવું) સહ ચલાવવાનું ચાકડું.

પરવાણિ ૧. [સં.] પું. ધર્માધ્યક્ષ; ધર્મના આચાર્ય.

૨. પું. ઘોર. તે યુદ્ધના સ્વામી કાર્તિકેયનું વાહન મનાય છે.

૩. પું. વર્ષ.

પરવાદ ૧. [સં.] પું બીજા દર્શન; ભિન્ન મત.

૨. પું. શત્રુપક્ષનું કથન; સામા પક્ષની દલીલ.

એ બધા પરવાદોનો પ્રતિવાદ મૂળમાં, નિર્યુક્તિમાં અને ટીકામાં કરવામાં આવ્યો છે. પુરાતત્ત્વ

પરવાદી ૧. [સં. પરવાદિન્] પું શત્રુ; ઉત્તરવાદી.

૨. વિ. બીજા દર્શનનું; અન્ય મતનું.

પરવાન ૧. [હિ.] પું. પ્રમાણ; આધાર.

૨. પું. યથાર્થ વાત; સાચી હકીકત.

૩. પું. ગરુડનો ઓંકારનો ભાગ.

૪. પું. સહની સાકડી.

૫. પું સીમા; હદ; અવધિ.

પરવાન ચડવું = (૧) આબાદ થવું. (૨) પરણવું; લગ્નગ્રંથિથી જોડાવું. (૩) શરીરે ખીલવું; વધવું. જોબનને માટે બોલાય છે.

૬. વિ. સાચું; વાજબી.

પરવાનગી ૧. [કા.] સ્ત્રી. આજ્ઞા; હુકમ.

૨. સ્ત્રી. રજા; છૂટ; અનુજ્ઞા; વડીલ અથવા ઉપરી અધિકારીની સંમતિ; અનુમતિ.

૧. પરવાનગી આપવી = રજા આપવી; છૂટ દેવી.

૨. પરવાનગી લેવી = રજા માગવી; છૂટ લેવી.

૩. સ્ત્રી. સનદ; અધિકારપત્ર; પરવાનો.

પરવાના ૧. પું. આજ્ઞાપત્ર; પરવાનો.

૨. પું. આશક; પ્રેમી.

૩. પું. છૂટ; રજા.

૪. [કા. પર્વાના] પું. પતંગિયું.

રામા પર બ્રજ પરવાના,
મરે સીતાં મરે કરહાટ.
મહિલાલ નલુભાઈ

૫. પું. હુકમ; આજ્ઞા.

પરવાનાદાર ૧. [કા.] પું. પરવાનો ધારણ કરનાર આસામી.

૨. વિ. પરવાનો ધારણ કરનાર.

પરવાનાયે ગિરિફ્તાર [કા.] પું. કોર્ટની ધરપકડ કરવાનું આજ્ઞાપત્ર.

પરવાનાયે તલાશી [કા.] પું. તપાસણી કરવાનું આજ્ઞાપત્ર; 'સર્ચ વૉરન્ટ.'

પરવાનાયે નવીસ ૧. [ફા.] પું. પરવાનો લખનાર માણસ.
૨. પું. હુકમ લખનાર પુરુષ.

પરવાનાયે રાહદારી [ફા.] પું. મુસાફરીનો પરવાનો; 'પાસપૉર્ટ.'

પરવાનો ૧. [ફા. પર્વાના] પું. અમુક કાર્ય કરવાનો લિખિત હુકમ અથવા પરવાનગી; છૂટપત્ર; રજામિંદી; રજાનો લેખી હુકમ; 'લાઇસન્સ.'
૨. પું. આશક; પ્રેમી.
૩. પું. એક મુકામેથી બીજે મુકામે જવાની અથવા હથિયાર રાખવાની છૂટ.
૪. પું છૂટ. અંતમાં જોડાય છે.
૫. પું. પતંગિયું.
૬. પું. હુકમ; આજ્ઞા.

પરવાર ૧. પું. એક જાતની વનસ્પતિ; કુવાડિયો.
૨. [સં. પરિવાર] પું. કુટુંબપરિવાર; બૈરાંછોકરાં વગેરેનો વિસ્તાર.
૩. પું. ગરજ; જરૂર.
૪. પું. દરકાર; પરવા.
૫. પું. પરવાડ; ઘેરો.
પરવાર આવવો = ક્રમનો ઘેરો આવવો; પરવારવું; નવરાશ આવવી.
૬. પું. પરવાળું.
આલેઢ હીરા મોતી ચંદ,
મંગળ પરવાર જ્યાં છે બંદ. સામળ
૭. પું ; સ્ત્રી. ફુરસદ; નવરાશ; નવરપણું; વખત; સમય; અવકાશ.
પ્રાઃ પરવાર નહિ હરિને ભજ્યા તણો. નરસિંહ

પરવારતું વિ. જેને કોઈ કામધંધો ન હોય તેવું; નવરું; બેકાર; કામધંધા વગરની હાલતમાં હોય તેવું; બેગેજવારી.

પરવારવું ૧. અ. ક્રિ. કામમાંથી ફારગત થવું; નવરા થવું; કામ આટોપીને નિવૃત્ત થવું.
પરવારી બેસવું = નવરા થઈ જવું.
૨. અ ક્રિ. ખલાસ થઈ જવું; પૂરું થઈ જવું.
૩. અ. ક્રિ. મુક્ત થવું; છૂટા થવું.
કામથી-કામમાંથી પરવારવું = કર્મ પૂરું કરવું; કામમાંથી મુક્ત થવું.
૪. સ. ક્રિ. ખોઈ બેસવું; નિર્ધન થવું.
પરવારી ચૂકવું-બેસવું = બધું ખોઈ નાખવું.
૫. સ. ક્રિ. સમજાવી બધું મુખાવવું.

પરવારી ૧. સ્ત્રી. બરવાઢના જેવી એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પરવાલ ૧. [હિં.] પું. આંખની પાંપણમાં થતો એક પ્રકારનો રોગ.
૨. પું. પરવાળું; પ્રવાલ.
૩. સ્ત્રી. મારવાડીની એ નામની એક અટક.
૪. વ. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

પરવાલડી (પરવાલડ઼ી) સ્ત્રી. પરવાળું; પ્રવાલ.
અધર બિંબ પરવાલડી રે.
અમરત રસ ભરિયાં કુર્યાદાસ

પરવાલિયા ૧. સ્ત્રી. આહીરજીની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પરવાસ ૧. પું. આજીજીનો કાગળ.
૨. પું. પ્રભાત; પરોઢિયું.
૩ પું. બીજાઓને રહેવાનું સ્થળ.
૪. [સં. પ્રવાસ] પું. મુસાફરી.
૫. સ્ત્રી. વાસ; મર્યાદા; હદ.

પરવાસિકા [સં.] સ્ત્રી. એક પ્રકારનું છત્રું; વાંદો.

પરવાસિની જુઓ પરવાસિકા.

પરવાસુદેવ [સં.] પું. નારાયણ ભગવાનનું એક સ્વરૂપ.
વૈદિક પાંચરાત્ર મતે બાર દિવસ ચાલનાર પુરુષનારાયણ યજ્ઞના દેવતા જે નારાયણના પરવાસુદેવ, વ્યૂહદેવતા, વિભવદેવતા, અંતર્યામી દેવતા અને અર્ચાવતારદેવતા એ પાંચ રૂપોનું પ્રતિપાદન તેમાં કરવામાં આવ્યું છે.
અક્ષરકોશ

પરવાહ ૧. [સં. પ્રવાહ] પું. પ્રવાહ; ચાલુ રહેવો.
૨. પું. શેરડીનો વાઢ કરતો હોય ત્યારે ગામનાં ખેડૂતોને અપાતી શેરડી.
૩ સ્ત્રી. ચિંતા; ખટકો; ગમતા; અગત્ય.
૪. સ્ત્રી. ખ્યાલ; ખયાલ.
૫. સ્ત્રી. પરવા; દરકાર.
નહિ મારુ હિ પરવાહ. દયારામ
૬. સ્ત્રી. ઝરોખો.

પરવાળું વ. ક્રિ. પાંપણ ઊંધી વળી જવાનું દર્દ. પક્ષ્મકોપ; 'ટ્રિકિઍસિસ.' આ રોગમાં ઉપલી કે નીચલી પાંપણ અંદર વળી જઈ પાપણના વાળ આંખમાં ખૂંચે છે, કણાંની પેઠે ખટકે છે, આંસુ વહે છે અને આંખ ચોટીબણી લાલ રહે છે. પાંપણ બેસાડી કાઢે, ત્યારે પીડા ઓછી અનુભવે છે.

પરવાળિયાવાઢ (પરવાળિયાવાઢ) સ્ત્રી. પરવાળાંના બેસરીઓની દુકાનોવાળો લત્તો; ચોરાશી માઢેનું એ નામનું એક ચૌટું.

પરવાળિયો ૧. પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.
૨. પું. પરવાળાંનો બેપારી.

પરવાણી ૧. વિ. પરવાળાંના જેવું.
૨. વિ. પરવાળાનું.

પરવાળું ૧. [સં. પ્રવાલ] ન. ખૂબ ખણતા લાલ રંગનો એક અદ્રુમણિ.
૨. ન. પોપચાંની અંદરના ભાગમાં ઊગતો અને આંખને કણાંની માફક ખૂંચ્યા કરતો ચણ.
૩. ન. સમુદ્રમાં એક જાતનાં જીવડાંએ બનાવેલું ઘર; પ્રવાલ; દરિયામાં રહેતાં અમુક પ્રકારનાં જીવડાંએ બનાવેલું નાની ઝૂંપણી જેવું ઉપરથી લાલ ચળકતા રંગનું છીપિલું. આવાં છીપિલાં કરોડોની સંખ્યામાં એકઠાં થતાં કોઈ વખત તે બેટનો આકાર ધારણ કરે છે. કોઈ તેને દરિયાઈ જીવડાંના કોહીમાથી ઉત્પન્ન થતો લાલ, મુલાયમ, કઠિન પીંડો જેવો મળ માને છે. પરવાળું એક વાદળીના જેવા જળચર જંતુના શરીરમાંથી નીકળતો કઠણ આકૃતિમિશ્રિત પદાર્થ પણ મનાય છે, જે તે પ્રાણીના રહેઠાણ અને આધારનું સાધન બને છે. પરવાળાંની રચના જુદા જુદા પ્રકારની થાય છે, તેમ રંગ પણ જુદા જુદા થાય છે. લાલ પરવાળાં મોટે ભાગે ભૂમધ્ય સમુદ્રમાં થાય છે. કેટલી ઔષધિમાં પરવાળાંની ભસ્મ પૌષ્ટિક, રોધક અને વૃષ્ય તરીકે આંસી, દમ, ક્ષય, મૂત્રરોગ, પ્રમેહ અને નબળાઈ ઉપર બીજી ઔષધિઓ સાથે અપાય છે. નાની નાની ઝૂંપણીઓ જેવા કટકાઓની માળા બને છે. ઓઢની રતાશ માટે પરવાળાંની ઉપમા અપાય છે.

પરવિનાશ [સં. પર (દુશ્મન) + વિનાશ (નાશ)] પું. દુશ્મનનો નાશ; વિરોધપક્ષનો ક્ષય.

પરવિરો પું. અમુક નક્કી રકમે બેસી વટેમાર્ગુઓને પાણી પિવરાવનાર માણસ.

પરવિવાહ ૧. [સં.] પું. પહેલા વિવાહના અસંતોષે ફરી પરણવું તે.
૨. પું. બીજાનાં લગ્ન.

પરવિવાહકરણ [સં.] ન. (જૈન) આવકના મોટા અણુવ્રતનો એક અતિચાર; પોતાની સંતતિ ઉપરાંત કન્યાદાનના ફળની ઇચ્છાથી કે સ્નેહસંબંધથી બીજાની સંતતિના વિવાહ કરી દેવા તે.

પરવિષય પું. (જૈન) પરપદાર્થમાં લુબ્ધ કરી રોકાવું તે.

પરવિષયક ૧. [સં.] વિ. પરવસ્તુ; બીજાને લગતું.

૨. વિ. વસ્તુગત; વિષયગત; વિષયાત્મક; 'ઑબ્જેક્ટિવ.'

સ્વાનુભવસિદ્ધ અને સર્વાનુભવસિદ્ધ બે જ્ઞો વાપરતાં ખ્યાલમાં રાખવું જોઈએ કે સબ્જેક્ટિવ અને ઑબ્જેક્ટિવ બે શબ્દોના અર્થમાં આ શબ્દો સ્વપ્રમાણ્ય વિષયોમાં જ વપરાય. તત્ત્વશાસ્ત્રમાં સ્વવિષયક અને પરવિષયક બે બે શબ્દોના ખાસ અર્થ છે. રમણભાઈ

પરવી ૧. પું. પરબ બજાવનારો માણસ; પરવિયો.

૨. સ્ત્રી. પર્વસ્નાન; પુણ્યપ્રસંગ; પર્વિણી; પવિત્ર દિવસ.

પરવીતી સ્ત્રી. ભીલને મળેલો અનુભવ; ભીલનાં ગીતક.

પરવીન [હિં.] વિ. પ્રવીણ.

પરવીરાક્ષસ પું. (પુરાણ) ખર રાક્ષસના બાર મહિનો જે નામનો એક અમાત્ય.

પરવીંઝો પું. રેંટિયા ઉપરથી સૂતર ઉતારી લેવાનો ઝાળો.

પરવૃત્તિ [સં.] સ્ત્રી બીજાનું વલણ.

પરવેલ સ્ત્રી. એક પ્રકારની વેલા જેવી વનસ્પતિ

પરવેશ ૧. [સં. પ્રવેશ] પું. (હિંદી) અંદર દાખલ થવું તે; પ્રવેશ.

૨. [હિં.] પુ. વાસ્તુ; નવા મકાનમાં વસવાની શરૂઆત કરવી તે.

પરવેશ્મ [સં.] પું. સ્વર્ગ.

પરવૈરાગ્ય [સં.] પું. (વેદાંત) સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણના પરિણામરૂપ આ લોક અને પરલોકના વિષયોની તૃષ્ણાથી રહિતપણું; પ્રત્યગાત્માના જ્ઞાનથી મનુષ્યનું ગુણોના પરિણામરૂપ વિષયોમાં તૃષ્ણાથી રહિતપણું; સપ્રજ્ઞાત સમાધિના અભ્યાસથી પુરુષપ્રકૃતિનો વિવેક થયે સુખદુઃખ અને મોહરૂપે પરિણામ પામનારા અંતઃકરણમાંના સત્ત્વ, રજસ અને તમોગુણમાં જે તૃષ્ણારહિતપણું થાય તે.

ઉત્સાહથી ધ્યાન સ્થિર થાય છે, ધ્યાનથી સમાધિ થાય છે, સમાધિથી પ્રજ્ઞાનો વિવેક થયે છે, જેનાથી વસ્તુ યથાર્થ રીતે જાણે છે. તેના અભ્યાસથી પરવૈરાગ્ય અને પરવૈરાગ્યથી અસંપ્રજ્ઞાત સમાધિ થાય છે. વિશ્વકોશ

પરવ્યપદેશ [સં. પર (પારકું) + અપદેશ (બહાનું)] પું (જૈન) પોતાની વસ્તુને જે પારકાની વસ્તુ છે એમ કહી તેના દ્વારથી પોતાની જાતને માનપૂર્વક છૂટી કરી લેવી તે.

સચિત્તમાં મિશ્રિત, સચિત્તનિક્ષિપ્ત, પાત્રાવૃત અને કાલાતિક્રમ તેમજ પરવ્યપદેશ એ પાંચ અતિચાર અતિથિસંવિભાગ વ્રતના છે.

તત્ત્વાર્થસૂત્ર

પરવ્રત [સં.] પું. ધૃતરાષ્ટ્ર.

પરશ ૧. [સં.] પું. ચિતાઅગ્નિ; પરસળિ; સ્પર્શાગ્નિ; જેના સ્પર્શ માત્રથી કોઈ પણ ધાતુમાંથી સોનું બની જાય તેવો અગ્નિ.

૨. [સં. સ્પર્શ] પું. સ્પર્શ કરવો તે; અડવું તે.

એનાં દરશન પરશ કરવાથી દુઃખદારિદ્રનો નાશ. દયારામ

પરશંસિત ૧. [સં.] સ્ત્રી. જેના વખાણ થયાં છે તે.

પરશંસિત વહાણનું ધ્યાન. દયારામ

૨. વિ. જેની સ્તુતિનો જોટો નથી એવું.

પરશન ૧. [સં. પ્રસન] વિ. ખુશી; રાજી થયેલ.

૨. [સં. પર (પારકું) + અશન (ખાવું તે)] વિ. ખોરાક માટે પારકા ઉપર આધાર રાખનાર; પરાધીન; પરવશ.

બહુપર સારસાર સંગ્રહય;
પરશન મૂઢ હરતી દુઃખ સહય. ભીમ

૩. વિ. માયાળુ; પ્રેમાળ.

પરશવું ૧. [સં. સ્પૃશ] સ. ક્રિ. અડવું; સ્પર્શ કરવો.

૨. સ. ક્રિ. આલિંગન આપવું; ભેટવું.

પરશાન્ય [સં.] વિ. ફરસીના હિતનું; ફરસીને લાયક.

પરશંસા [સં. પ્રશંસા] સ્ત્રી. વખાણ; સ્તુતિ.

પરશા [સં. સ્પર્શ] સ્ત્રી. સ્પર્શ; આલિંગન; ભેટવું તે.

પતિપત્ની સ્નેહી વનરોમી, મેંઘુચિ સુખ પરશામાં. વલ્લભાખ્યાન

પરશાસિત [સં.] વિ. બીજા વડે જેનું શાસન થઈ રહેલું હોય એવું; બીજાને તાબેદાર; પરાધીન; પરવશ.

પરશાળ [સં. પ્રતિશાલા] સ્ત્રી. ઘરના ચોકની પાસેનો પહેલો ખંડ.

પરશાંતિ [સં.] સ્ત્રી. (વેદાંત) જ્યારે પુરુષ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થાય અને સ્વસ્વરૂપમાં અવસ્થાન પામે તે વખતે અનુભવાતી શાંતિ. પરશાંતિ શબ્દ સામાન્ય વ્યવહારમાં મનુષ્યને પ્રાપ્ત થતી નિરંતરતા શાંતિને માટે પ્રયોજાય છે, પરંતુ તત્ત્વજ્ઞાન અને સિદ્ધાન્તોનો આ એક ખાસ શબ્દ છે. તત્ત્વજ્ઞાનમાં તેનો અર્થ કરવામાં આવેલ છે કે જ્યારે જીવાત્મસ્વરૂપનું અપરોક્ષ દર્શન થાય છે ત્યારે ચિત્ત પરશાંતિ અનુભવે છે.

પરશિવ પું. પરમેશ્વર; પ્રભુ.

પોતપોતાના કુલધર્મને અનુસરીને આ એક જ પરમેશ્વરને જે નામ આદિ ઉપાધિપૂર્વક સેવવાનો પ્રકાર ચાલ્યો આવ્યો હોય તે નામ આદિ વડે જ પ્રસન્ન કરાયેલો એક જ પરમેશ્વર છે, તેને જ આ ગ્રંથમાં પરશિવ, મહેશ્વર આદિ શબ્દો વડે લક્ષણાથી કહેલો છે. સૂતસંહિતા

પરશિવસંયોગરૂપ [સં.] સ્ત્રી. કુંડલિનીની ચાર ભાંહેની જે નામની એક ભૂમિકા. કુંડલિનીની ચાર ભૂમિકા આ પ્રમાણે છે: ષટ્ચક્રભેદનરૂપ, પરશિવસંયોગરૂપ, પુનરાવર્તનરૂપ અને સ્વસ્વભાવાવસ્થાનરૂપ.

પરશી [સં. પરશુ] સ્ત્રી. ફરશી; કુહાડી.

પરશુ ૧. પું. હરિણ કેરા: 'પરશ્વિમ.'

૨. પું. સમપાદ ધન.

૩. સ્ત્રી. ચકમકનો ઘા: 'પ્રિક્રમ.'

૪. [સં.] સ્ત્રી.; ન. ફરશી; કુહાડી; ઝોટાનું એક જાતનું હથિયાર; કુઠાર. તેની ગણના છત્રીસ દંડાયુધની અંદર થાય છે.

૫. સ. ભીલની સાથી.

પરશુધર ૧. [સં.] પું. ગણપતિ.

૨. પું. પરશુરામ.

૩. વિ. જેણે ફરશી ધારણ કરેલી હોય એવું; ફરશી ધારણ કરનાર.

પરશુધારી જુઓ પરશુધર.

પરશુપક્ષી સ્ત્રી. ઝાડ ખાઈને, ચુક્તિ વગેરે જે પક્ષીઓ મુદ્દલ પ્રાણીઓની શ્રેણી. તેનું બીજું નામ પર્ણકંઠી પણ છે. તેનું શરીર દ્વિપાર્શ્વ સમમિત, ચપટું અને વધતુંઓછું વેષ્ટનમાં સમાયેલું હોય છે. વેષ્ટનમાંથી જે ભાગ બાર છે, તેની છીપ બને છે. એ છીપને પીઠ ઉપર અણનમરા જેવી રચના હોય છે. તેને સ્પષ્ટ માથું હોતું નથી, પણ શરીરની બને બાજુએ પર્ણાકારી પ્રાવર હોય છે.

પરશુમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

પરશુરામ ૧. [સં.] પું. (પુરાણ) રેણુકાને પેટે જન્મેલ જમદગ્નિના જે નામના પુત્ર; વિષ્ણુનો છઠ્ઠો અવતાર. મહર્ષિ ભૃગુ ઋષિના વંશમાં પ્રખ્યાત ઋચીક ઋષિ થયા, તેના પુત્ર જમદગ્નિને ત્યાં વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામ ત્રેતા યુગને પ્રારંભે જન્મ્યા. ચોવીસ અવતારમાં તે ઓગણીસમા અવતાર છે. તે મહાતેજસ્વી, વિદ્વાન, નીતિજ્ઞ, તામસી અને ક્ષત્રિયત્વ યુક્તમાં શ્રેષ્ઠ હતા. તેનું આયુષ્ય ફરશી હતું. શિવ તેના ગુરુ હતા. કૈલાસમાં વિદ્યાભ્યાસ માટે તે લાંબો વખત રહ્યા હતા. મહાભારતના શાંતિ પર્વમાં તેની ઉત્પત્તિ સંબંધમાં કહ્યા છે કે: પૃથ્વિ ઉપર

પ્રસન્ન થઈને ઉર્વ તેને ત્યાં ઋચિ નામથી ઉત્પન્ન થયા. ઋચિને સત્યવતી નામની એક કન્યા થઈ, જેને ભૃગુના પુત્ર ઋચીકની સાથે પરણાવી. ઋચીક એક વાર પ્રસન્ન થઈને પોતાની સ્ત્રી અને સાસુ માટે બે ચરુને ઉત્પન્ન કરી સત્યવતીને કહ્યું કે, આ ચરુને તું ખાજે, તેથી તને પરમ શાંત અને તેજસ્વી પુત્ર ઉત્પન્ન થશે. બીજો ચરુ તેની માતાને દેવાનું કહ્યું, તેથી તેને અત્યંત વીર અને પ્રબળ પુત્ર ઉત્પન્ન થશે અને તે બધા રાજાઓ ઉપર જીત મેળવશે. પરંતુ ભૂલથી સત્યવતીએ તેની માતાનો ચરુ ખાધો અને સત્યવતીની માતાએ સત્યવતીનો ચરુ ખાધો. જ્યારે ઋચીકને આ વાતની ખબર પડી, ત્યારે તેણે સત્યવતીને કહ્યું કે, આ તો ઊલટું થઈ ગયું. તમારા ગર્ભથી જે બ્રાહ્મણ ઉત્પન્ન થશે તે મહાન ક્રૂર, પ્રચંડ ક્ષાત્રતેજથી યુક્ત હશે અને તમારી માતાના ગર્ભથી જે પુત્ર થશે તે પરમ શાંત, તપસ્વી અને બ્રાહ્મણના ગુણોથી યુક્ત હશે. સત્યવતીએ બહુ જ વિનતિ કરી કે, મારો પુત્ર ભલે ન થયો હોય, પણ મારો પૌત્ર તેવો થાય. વનપર્વમાં આ કથા ક્રમ આપવામાં આવી છે કે: એક દિવસે સત્યવતીના ગર્ભથી જમદગ્નિની ઉત્પત્તિ થઈ, જે તપ અને સ્વાધ્યાયમાં અદ્વિતીય હતા. તેણે સમસ્ત વેદવેદાંગનો અને ધનુર્વેદનો અભ્યાસ કર્યો. પ્રસેનજિત રાજાની કન્યા રેણુકા સાથે તેના વિવાહ થયા. રેણુકાના ગર્ભથી પાંચ પુત્રો થયા: રુમન્વાન, સુષેણ, વસુ, વિશ્વાવસુ અને રામ અથવા પરશુરામ. એક દિવસ રેણુકા સ્નાન કરવાને નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જળક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ હોય એવી આવી. જમદગ્નિ તેની આ દશા જોઈને બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે મોહનાથી તેમ થઈ શકયું નહિ. તેવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા મળતાં જ માતાનું મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પરશુરામે કહ્યું કે, પહેલાં તો મારી માતાને સજીવન કરો અને પછી એ વરદાન આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરું અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહિ. જમદગ્નિએ તેમ જ કર્યું. ત્યારબાદ રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્ય પરશુરામ પાસેથી ધનુર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. કહે છે પરશુરામને પોતાનું ભ્રંશક નામનું ધનુષ્ય આપીને કહ્યું હતું કે, જ્યારે એ ધનુષ્ય સાંભળે ત્યારે તારું તેજ હરી લેજે અને રામાવતાર થશે. એ ભવિષ્યવાણી ત્રેતાયુગને અંતે ખરી પડી હતી. એક વાર સહસ્રાર્જુન નામનો રાજા જમદગ્નિ ઋષિ પાસેથી બળજબરીથી કામધેનુ ગાય લઈ ગયો. પરશુરામ તે વખતે યાત્રામાં હતા. જ્યારે તેને એ વાતની ખબર પડી, ત્યારે તેણે સહસ્રાર્જુન સાથે યુદ્ધ કર્યું. સહસ્રાર્જુનના હજાર હાથ કાપીને તેને હરાવ્યો. ગાયને પાછી તે આશ્રમમાં લાવ્યા. ચક્રવર્તી રાજાની હત્યાનું પાપ નિવારણ કરવા અને માતાની હત્યાનો દોષ નિવારવા પોતાના ભાઈઓ સહિત પરશુરામ યાત્રાએ ગયા. પાછળથી સહસ્રાર્જુનના સો પુત્રોએ આવી જમદગ્નિને મારી નાખ્યા. રેણુકાએ વિલાપ કરતાં કરતાં એકવીસ વાર છાતી કૂટી પરશુરામને યાદ કર્યા. યાદ કરતાં જ પરશુરામે પોતાના યોગબળથી તે જાણી લીધું. તેને બહુ ક્રોધ ચઢ્યો અને એકવીસ વાર પૃથ્વી ઉપરના બધા ક્ષત્રિયોને મારી પિતાનું વેર લેવાની અને તેના લોહીથી પિતૃતર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી અને પછી આશ્રમમાં આવ્યા. માતાનો શોક ટાળવા પ્રથમ પિતાને સજીવન કર્યા અને પછી સંહાર કરવા નીકળી પડ્યા. સ્થળે સ્થળે યુદ્ધ મચાવી મૂક્યું. સહસ્રાર્જુનના સોએ પુત્રોને હરાવ્યા. જે ક્ષત્રિયો બધાથી નાસી આવી રેણુકા માતાને શરણે ગયા અને ક્ષમાદાન માગ્યું તેને રેણુકા માતાની સ્તુતિથી બચાવ્યા. તે સિવાય સર્વનો નાશ કર્યો. પછી તેમના લોહીથી પિતૃઓનું તર્પણ કરી તેમને તૃપ્ત કર્યા. પોતે ન્યાયી હતા. જે ક્ષત્રિય રાજાઓ નમી ગયા હતા, તેમના હકદારોને રાજ્ય પાછાં સોંપી દીધાં હતાં અને બાકીની ભૂમિ કશ્યપ ઋષિને દાનમાં આપી પોતે તપ કરવા ગયા. તોપણ કોઈ સ્થળે ઉન્મત્ત ક્ષત્રિય જણાતો તો તરત જ જઈ તેને મારી નાખતા અને લોભ પુરુષને રાજા આપતા. કેટલેક કાળે કશ્યપ ઋષિએ તેને પોતાની ભૂમિમાં આવવાની ના પાડી, તેથી તે ભારતભૂમિ બહાર સમુદ્રતીરે કેટલીક જમીન મેળવી ત્યાં રહ્યા અને તે દેશનું નામ શૂર્પારક પડ્યું. હાલ તે કોંકણ કહેવાય છે. એ રીતે પરશુરામે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રો કરી અને શાંત થયા. પછી ત્રેતાયુગને અંતે જનકના દરબારમાં શિવધનુષ્યનો ભંગ થવાના સમાચાર જાણી તેનો ગર્વ ઉતારવા તૈયાર થયા. તેવામાં નારદજીએ આવી તેમને રામ સામે ઊતરવા પ્રયાસ કર્યો. તેનાથી રામ સામે યુદ્ધ કરવા પ્રેરાઈ પરશુરામે રામને પડ્યાં આપ્યો આપ્યાં, પણ રામને તે વાગ્યાં નહિ. તેથી પરશુરામે જાણી લીધું કે એ વિષ્ણુનો અવતાર છે. પછી તે રામને ભેટી પડ્યા. રામે તેનું તેજ હરી લીધું. પરશુરામની આજ્ઞાથી રામે તેના મૃત્યુમાર્ગમાં બ્રેક લાવી મૂકી, જેથી પરશુરામ અમર થયા અને રામને નમન કરી તેઓ તપશ્ચર્યા કરવા ગયા. એ મહાન રાજર્ષિ તપ કરતા હતા, તેને કાશીરાજની કન્યા અંબા હસ્તિનાપુર તેડી લાવી. તેણે ભીષ્મને તે કન્યા સાથે પરણવા સમજાવ્યા, પણ ભીષ્મે માન્યું નહિ. તેથી એ ગુરુ શિષ્ય વચ્ચે જબરું યુદ્ધ થયું. તેમાં એ મહર્ષિ હાર્યા. તે ઉપરથી જણાય છે કે એનો પ્રથમ જે શૌર્યનો ગુરુસો હતો, તે પાછળથી શાંત થયો હતો. ત્યાર બાદ તેમણે નિરંતર તપ જ કર્યા કર્યું. તે ચિરંજીવી મનાય છે અને હજુ મંદરાચળ પર્વત ઉપર તપ કરે છે એવું અનેક ગ્રંથોમાં કહેલું છે. તેમનો જન્મ વર્ષિણ સંવત્સર ઉત્તરાયણ, વૈશાખ સુદિ ૩, સોમવાર, રોહિણી નક્ષત્ર, મકરમાં ચોગ, રાત્રિ બાકી નવ, પળ એકને સમયે થયો હતો. પરશુ અથવા ફરસી તેમને વરુણ પાસેથી ભેટ તરીકે મળી હતી. કેટલાકનું એવું માનવું છે કે પરશુરામે સમુદ્રને પાછો હાંકયો અને પશ્ચિમઘાટમાં તેની પ્રણાલી વસી યા પાડ્યા. તેણે ઉત્તરમાંથી બ્રાહ્મણો બોલાવ્યા હોય એવી માન્યતા છે. પરશુરામને ખંડપરશુ અથવા ન્યાય એ નામથી પણ બોલાવવામાં આવે છે. શસ્ત્રોમાં અદ્વિતીય થવાના હેતુથી કર્ણ એ વિદ્યા પરશુરામ પાસે શીખવા બ્રાહ્મણનો વેષ ધારણ કરીને ગયો હતો. પાછળથી જ્યારે કર્ણ ક્ષત્રિય છે એવી ખબર પરશુરામને પડી, ત્યારે તેણે તેને શાપ આપ્યો કે તેં શીખેલી વિદ્યા તને અણીને વેળાએ કામ નહિ આવે. ઓંકારેશ્વરના મંદિર નજીક પરશુરામ અને કિરાતાર્જુન વચ્ચે પણ લડાઈ થયાનું કહેવાય છે.

૨. કું. લાયક; યોગ્ય અને અર્જુનમાં જેવો પરશુરામના ક્રોધી સ્વભાવને મળતો માણસ.

૩. કું. સ્નેહ; પ્રેમ. આત્મરામાયણમાં આ શબ્દ આવા અર્થમાં વપરાયેલ છે.

૪. ન. દશાવતારી ચંદ્રહારનું એક જાતનું પાનું. તેનાં પાનાંઓ આકૃતિનાં અમુકનું શબ્દચિત્ર નીચે મુજબ છે: (૧) મત્સ્ય, જેનું ચિહ્ન માછલી અને રંગ લાલ છે. (૨) કચ્છ, જેનું ચિહ્ન કાચબો અને રંગ પીળો છે. (૩) વરાહ, જેનું ચિહ્ન ભૂંડ અને રંગ પીળો છે. (૪) નરસિંહ, જેનું ચિહ્ન સિંહ અને રંગ લીલો છે. (૫) વામન, જેનું ચિહ્ન કમંડલ અને રંગ લીલો છે. (૬) પરશુરામ, જેનું ચિહ્ન ફરસી અને રંગ ભાખી છે.

પરશુરામક્ષેત્ર [સં.] ન. દક્ષિણ હિંદમાં આવેલી કોંકણપટ્ટીનો પ્રદેશ; પશ્ચિમઘાટ અને અરબી સમુદ્રના કિનારાની વચ્ચે આવેલો સાંકડી પટ્ટી જેવો પ્રદેશ; કોંકણ.

પરશુરામજયંતી [સં.] સ્ત્રી. વૈશાખ સુદિ ત્રીજ; અખાત્રીજ. પરશુરામનો જન્મ આ દિવસે થયો હતો. ઠેર ઠેર આ દિવસે પરશુરામનું પૂજન અર્ચન થાય છે.

પરશુરામભૂમિ જુઓ પરશુરામક્ષેત્ર.

પરશુરામ શક [સં.] પું. પરશુરામ ભગવાનના માનમાં શરૂ કરવામાં આવેલ સંવત; ભારતવર્ષમાં પ્રચલિત ચૈત્રીય મહિનો જે નામનો એક સંવત. તે ઈ. સ. ૮૨૫થી શરૂ થાય છે. તેને કોલ્લમ સંવત, પશ્ચિમી સંવત, કોલંબ સંવત વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે. સંસ્કૃત લેખોમાં કોલંબ સંવત બાદમ પડે છે અને મલબારના લોકો તેને પરશુરામ સંવત કહે છે. આ સંવત મલબારથી કન્યાકુમારી સુધી અને તિનવેલી જિલ્લામાં હજુ સુધી પ્રચલિત છે. કેરલ પ્રદેશ સમુદ્ર પ્રદેશથી પરશુરામે મુક્ત કર્યો ત્યારથી આ શક શરૂ થયો એમ જાંના લોકોની માન્યતા છે. યુધિષ્ઠિર શકના ૨૬૨૨મા વર્ષ પછી પરશુરામ શક શરૂ થયો એમ પણ કહેવાય છે. મલબારમાં જે નામના એક રાજાએ આ શક શરૂ કર્યો હોવાની બીજી માન્યતા છે.

પરશુરામ સંવત જુઓ પરશુરામ શક.

પરશુવન [સં.] ન. જે નામનું એક નરક. ત્યાંનાં ઝાડનાં પાંદડાં કરવતના જેવી તીક્ષ્ણ ધારવાળાં હોય છે.

પરશ્રુતિ [સં.] સ્ત્રી. (સંગીત) બીજા સ્વરની શ્રુતિ.

> કોઈ સ્વર બાવીસ સ્વરની શ્રુતિઓમાં ક્રમ બીજાએ પરશ્રુતિમાં વસતા કરે.
>
> ગુ. સા. પરિષદ

પરષ ન. જે નામનું એક પ્રાચીન હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

પરષિક [સં.] પું. પરશુ; કુહાડી.

પરષિધાયુધ [સં.] વિ. કરવત જેવું હથિયાર હોય એવું.

પરષ્વઃ [સં. પરસ્વસ્] પું. આવતો પરમ દિવસ; આવતી કાલ પછીનો દિવસ.

પરસ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં બાર ગુરુ અને છાસઠ લઘુ મળી અઠોતેર વર્ણ અને નેવું માત્રા હોય છે.

૨. પું. બળદ; પાવળાનું.

૩. પું. પારસમણિ; સ્પર્શમણિ.

૪. [સં. સ્પર્શ; અપ. પરસ] પું. સ્પર્શ; અડવું તે.

૫. સ્ત્રી. ઓસ; ઝાકળ; સવારને વખતે ઝાડનાં પાન, પથ્થર વગેરે ઉપર પાણીનાં બની જતાં ઝીણાં બિંદુ.

૬. સ્ત્રી. ઓસ પડવાનો વખત; મોડું મળસકું.

> પરસ ચરાવવા = મળસકે ગાય, ભેંસ કે બળદ વગેરે ઢોરઢાંખર ચરાવવા લઈ જવાં.

૭. સ્ત્રી. પૂનમ; પહેલી સવારે હવા માંડેનો ભેજ પ્રભાતના જેવા સ્વરૂપમાં દેખાવા લાગે તે.

૮. ન. એક પુરુષની ઊંચાઈ જેટલું માપ; ઊભા રહી હાથ ઊંચા કરીએ તેટલું માપ; માથોડું.

પરસત્ત્વોપજીવી [સં. પરસત્ત્વોપજીવિન્] વિ. બીજાના સત્ત્વ ઉપર નભી રહેનારું; 'પેરેસાઇટ.'

પરસદ પું. પ્રસિદ્ધિ; કીર્તિ.

પરસન ૧. ન. સ્પર્શ કરવાની ક્રિયા.

૨. ન. સ્પર્શ કરવાનો ભાવ.

૩. [સં. પ્રસન્ન] વિ. પ્રસન્ન; ખુશી; રાજી.

૪. વિ. માવાળું

પરસપથ્થર [હિં.] પું. પારસ પથ્થર; પારસમણિ.

પરસમ ન. અત્તર.

પરસમય ૧. પું. (જૈન) આત્માની અશુદ્ધ અવસ્થા.

૨. પું. (જૈન) પરધર્મોના સિદ્ધાંત; અન્યદર્શની પ્રવચન.

પરસર ન. પાદર; આજોળ.

પરસર ઋષ્યાદિ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પરસરામ જુઓ પરશુરામ.

પરસલ પું. પીરસેલો આહાર પદાર્થ.

પરસલી સ્ત્રી. ભેગું; પીરસેલા ભાતનો ઝીણો ઢોટ.

પરસવર્ણે ૧. [સં.] પું. (અલંકાર) પછીના અક્ષરનો સજાતીય અક્ષર.

૨. વિ. (અલંકાર) પછીના વર્ણને મળતા વર્ણનું.

૩. વિ. બીજાની જાતનું; પારકા સમાન.

પરસવું ૧. સ. ક્રિ. આજ્ઞાનુસાર અને વફાદારીપૂર્વક સેવા કરવી; ભજવું.

૨. સ. ક્રિ. દર્શન કરવું.

૩. સ. ક્રિ. પારખવું; ઓળખવું; જાણવું.

> પાસે છે બિંદુ અક્ષમ, તેને નવ પરખિયો; હાવરી ભાષ્ય નહીં, થયો રે ખોટો.
>
> નરસિંહ

૪. સ. ક્રિ. પીરસવું.

૫ સ. ક્રિ. ફૂલ કરવી.

૬. [સં. સ્પર્શ્] સ. ક્રિ. સ્પર્શ કરવો; અડકું; અડવું.

પરસંગ ૧. [સં. પર્યંક] પું. ખાટલો; પલંગ.

૨. પું. ઢોરનાં સારાં વળ દઈને સાથે મેળવવાની ક્રિયા; દોરીને બધુ સેરી કરવી તે.

૩. [સં.] પું. પારકાની સોબત.

૪. [સં. પ્રસંગ] પું. પ્રસંગ; અવસર; સંબંધ જોગ; લાગ; તક.

૫. પું. રતિક્રીડા; સંભોગ; મૈથુન.

૬. પું. વર્ણન.

૭. [જા. પરસંગ] ન. બંદૂકે બધુ બાર્દાન.

> દેવાલયથી બત્રીસ પરસંગ છેટ આવેલા કિલ્લામાં તે જઈ ચોકે. રાસમાળા

પરસંગત ૧. [સં.] સ્ત્રી. બીજાની સોબત.

૨. વિ. પારકાને મળેલું; બીજા સાથે મળેલ.

પરસંજ્ઞક [સં.] પું. પરમાત્મા; ઈશ્વર.

પરસંડ ૧. [જા.] સ્ત્રી. ઇચ્છા; મરજી.

૨. સ્ત્રી. વિવેકબુદ્ધિ.

૩. સ્ત્રી. સંમતિ; અનુમતિ.

પરસંડા પું. કાપેલ ભાંસ.

પરસંબંધ [સં.] પું. બીજા સાથેનો સંબંધ; પરસંગત.

પરસંબંધી [સં. પરસંબંધિન્] વિ. બીજા સગાંવહાલાં; બીજાને લગતું; પારકા સંબંધવાળું.

પરસંમોહકારિણી [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્ર કાલ્પિત માંહેનું એક નામ.

પરસંસ સ્ત્રી (જૂ. ગુ.) પ્રશંસા; વખાણ.

> આવા નિષ્ઠારી મૂકવી, લોક કરી પરસંસ.
>
> જૈન કાવ્યસંચય

પરસંસા સ્ત્રી. પ્રશંસા; વખાણ.

પરસંસ્કાર [સં.] પું. વિજાતીય અસર.

> આ પરસંસ્કારો આદરણો કાર્યક્રમ આપણા છતાં, ધર્મ અને સંસ્કાર ગણેલા પાયા કરેલા નાબૂદીને હલે. કનૈયાલાલ મુનશી

પરસંસ્કારી [સં. પર (બીજું) + સંસ્કાર (અસર) + ઇન્ (વાળું)] વિ. વિજાતીય અસરવાળું

> પરસંસ્કારીઓની હાલતમાંથી આપણી હાલતમાં ઘણા રાબો ફરક થઈ ગયા છે.
>
> રમણભાઈ નીલકંઠ

પરસેવો

પરસા ૧. પું. પ્રસરાવણી; જોર માણસ ખર્ચ થઈ તેટલા ભોજન સાથેની પતરાવણી.

૨. પું. પરશુ; કુહાડી.

૩. [હિં.] પું. મહેમાનને પીરસેલી ખોરાકની થાળી.

પરસાણિયા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પરસાણી જુઓ પરસાણિયા.

પરસાત [સં. પરસાત્] વિ. પારકાને આધીન; પરાધીન.

પરસાદ ૧. પું. ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થયેલી ભુદ્ધિશક્તિ.

૨. પું. દેવળ; મંદિર; દેરું.

૩ પું. નિર્મળતા; સ્વચ્છતા; ચોખ્ખાપણું.

૪. પું. પૂજ્ય માણસ અથવા ગુરુએ પ્રસન્ન થઈ આપેલી વસ્તુ કે ફળ.

૫. પું. પ્રસન્નતા; ખુશી.

૬. પું. પ્રસાદી; નૈવેદ્ય.

૭. પું. ભોજન; પ્રસાદ

૮. પું. મહાન અથવા ધર્મિષ્ઠ પુરુષની પાળ્યા રાખેલી તેની યાદગીરીની વસ્તુ.

૯. [સં. પ્રસાદ] પું. મહેરબાની; કૃપા.

૧૦. પું. માર; શિક્ષા; મેથીપાક. વહોરિતમાં આ અર્થે વપરાય છે.

પરસાદ આપવો–ચખાડવો = મારવું.

૧૧. પું. મકાન ઉપર ધરેલું બલિદાન.

૧૨. પું. સંગીતનો એક અલંકાર.

૧૩. પું. (કાવ્ય) સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય તેવો કાવ્યનો એક ગુણ.

પરસાદિયું ૧. વિ. પ્રસાદ આવો ગમતો હોય તેવું.

૨. વિ. બીજા પ્રસાદ આવા પૂરતી જ દેવ ઉપર ચઢાવ્યા હોય તેવું; પૂજન, અર્ચન, દર્શન, સ્પર્શ, ભજન વગેરે ધાર્મિક ક્રિયાનો સ્વાર્થિક પ્રસાદ મેળવવાના હેતુથી જ કરવું હોય તેવું.

પરસાદી ૧. સ્ત્રી. દેવ, ગુરુએ પ્રસન્ન થઈ આપેલા ચીજ.

૨. સ્ત્રી. પરમાત્મા કે પરમાત્મા ઉપરની અનન્ય ભક્તિ.

૩. સ્ત્રી. પ્રસાદીએ દેવને ધરાવેલી સામગ્રી.

૪. સ્ત્રી. માર; ફોજ.

પરસાદી આપવી–ચખાડવી = માર મારવો.

પરસામાન્ય ૧. [સં.] પું. (જૈન) સમૂહધર્મ સમવેત સત્તા.

૨. વિ. (વેદાંત) જે વર્ગમાં અન્ય વર્ગ સમાઈ જાય તેવો. તેનો અન્ય વર્ગની અપેક્ષાએ પરસામાન્ય કહે છે અને તે અન્ય વર્ગ, કે જે પહેલાં વર્ગમાં સમાયેલો છે એટલે કે પહેલા વર્ગનો અંગભૂત છે તે પહેલા વર્ગની અપેક્ષાએ અપરસામાન્ય કહેવાય છે. તેમાં પરસામાન્ય વ્યાપક હોય છે અને અપરસામાન્ય વ્યાપ્ય હોય છે.

પરસામાન્યત્વ [સં.] ન. (વેદાંત) અધિક દેશમાં રહેવાપણું.

પરસાલ ૧. સ્ત્રી. આગળની સાલ; આવતું વર્ષ.

૨. [કા.] સ્ત્રી. આવું વર્ષ; આઈ સાલ.

૩. ન. પાણીમાં થતું એક પ્રકારનું ઘાસ.

પરસાહિત્ય [સં.] ન. પોતાની ભાષા સિવાયની અન્યમાં રચાયેલ સાહિત્ય; પરભાષામાં રચાયેલ સાહિત્ય.

પરસાળ સ્ત્રી. ઓસરી; ફળીમાંથી ઘરના ઓરડામાં દાખલ થતા પહેલાં વચમાં બેસવા ઊભા રહેવા માટે રાખેલી એક બાજુથી તદ્દન ખુલ્લી જગ્યા; પડસાળ; ઘરનો આગલો ભાગ.

જેમની પરસાળે છે પુરુષ તેજ,
જેના આકાર છે દેવવંતની. નાનાલાલ

પરસાળિયો પું. પરસાળ; ઓસરી.

પરસિદ્ધ [સં. પ્રસિદ્ધ] વિ. (હિંદી) પ્રસિદ્ધ; પ્રખ્યાત.

પરસી ૧. પું. પૂજારી.

૨. [હિં.] સ્ત્રી. નદીમાં થતી એક પ્રકારની નાની માછલી.

પરસીકવચ સ્ત્રી. ઈરાની વજ.

પરસીઆ [સં. પર (બીજાનું) + સીમન્ (હદ)] સ્ત્રી. બીજાની હદ.

પરસીંગ ૧. પું. એક પ્રકારની સાકરની નાની.

૨. પું. સીંદરી બેગી કરી વણ દેવો તે.

પરસુ ૧. પું. પરમ દિવસ; આવતી કાલ પછીનો અથવા ગઈ કાલ પહેલાંનો દિવસ.

૨. પું. સપ્તર્ષિપટ્ટી એ નામનો એક સંપ.

૩. સ્ત્રી. પરશુ; કુહાડી.

પરસુખ [સં.] ન. પારકાનું સુખ.

દેખી પરસુખ હિયાં દાઝે;
વણ ન રહે નિશ્વાસે. કાન્તસિદ્ધ

પરસુખસુખી [સં. પરસુખ (બીજાનું સુખ) + સુખિન્ (સુખી)] વિ. બીજાને સુખે સુખી; બીજાનું સુખ દેખી આનંદ પામનાર.

પરસૂક્ષ્મ [સં.] ન. આઠ પરમાણુ જરોજર સૂક્ષ્મ પરિમાણ.

પરસૂત ૧. પું. સુવાવડ; પ્રસૂતિ; જોરથી જણવું તે.

૨. પું. સુવાવડ પછી બીજાઓને થતો એક પ્રકારનો રોગ.

૩. [સં. પ્રસૂત] વિ. પ્રસૂતા; જન્મેલ; જણેલ.

પરસૂતા [સં. પ્રસૂતા] સ્ત્રી. સુવાવડી બાઈ.

પરસૂતી ૧. [સં. પ્રસૂતિ] સ્ત્રી. સુવાવડ.

૨. [સં. પ્રસૂતા] સ્ત્રી. સુવાવડી બાઈ.

પરસૂદી સ્ત્રી. પરસણી; પોંખેલા ઘઉંનો બીજો જોટ; પસંદી; મેંદો.

પરસૂદી જુઓ પરસૂદી.

પરસેઉ [સં. પ્રસ્વેદ] પું. પરસેવો; પસીનો.

પરસેવ ૧. પું. પરસેવો.

૨. [સં. પર (બીજાનું) + સેવા (ચાકરી)] સ્ત્રી. બીજાની સેવા; ચાકરી; નોકરી.

પરસેવન [સં. પર (બીજાનું) + સેવન] ન. બીજાની સેવાચાકરી કરવી તે.

પરસેવવું ૧. [સં. પ્રસ્વેદ (પરસેવો)] ન. ક્રિ. પરસેવો છૂટવો; પરસેવાવાળું થવું.

ઉનવ કુષ્માંડક અતિ સાદ;
કાયા કાંઈ પરસેવી. ભાલણ

૨. ન. ક્રિ. બીજાની સેવા કરવી.

પરસેવરણાં [કા.] પું. પરસાદમાં ઈંટની દીવાલો ઉપર ચિતરતો એક ઘોડ. તે હવામાં ઉપયોગી મનાય છે.

પરસેવા ૧. [સં.] સ્ત્રી. બીજાની તાબેદારી; ચાકરી; ગુલામી.

૨. સ્ત્રી. બીજાની સેવા.

પરસેવો [સં. પ્રસ્વેદ; પ્રા. પસેઅ–પસ્સેઅ] પું. ગરમીને વખતે ચામડીનાં છિદ્રોમાંથી ઝરી નીકળતું ખારાશવાળું અને જરા ચીકાશું પાણી. પરસેવો સ્તનપાયી એટલે કે માતાને ધાવીને મોટાં બનારાં પ્રાણીઓને જ થાય છે. આવા જીવોને આખા શરીરમાં ચામડીની નીચે નાની નાની ગ્રંથિઓ હોય છે. તેમાંથી રોમકૂપોમા થઈ પાણીનાં ટીપાંના રૂપમાં પરસેવો નીકળે છે. રાસાયણિક વિશ્લેષણથી સાબિત થાય છે કે મૂત્રમાં જે પદાર્થો હોય છે તે જ પદાર્થો પાણી કરીને પરસેવામાં હોય છે, પણ તે પદાર્થો બહુ થોડી માત્રામાં હોય છે. પરસેવામાં મુખ્યત્વે કરીને કેટલાક ક્ષાર, કાંઈક ખરબી અને કાંઈક પ્રોટીન એટલે કે શરીરધાતુ હોય છે. ઉનાળામાં કસરત અથવા વધારે પરિશ્રમ કરવાથી અથવા વાતાવરણમાં વધારે ગરમી થવાથી અને પવન પડી જવાથી પરસેવો ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત ગુસ્સો, ભય, ક્રોધ વગેરે મનોવિકાર

વખતે પણ ઘણી વાર પરસેવો થાય છે. જેની પણ માન્યતા છે કે વધારે પાણી પીવાથી પરસેવો થાય છે. તે ઉપરાંત જ્યારે મૂત્રક્રિયા ઓછી થાય છે, ત્યારે પણ પરસેવો વધે છે. કોઈ વખતે કોઈ રોગની ચિકિત્સા કરવામાં અમુક ઔષધિ આપીને પરસેવો ઉત્પન્ન કરવામાં આવે છે. શરીર તંદુરસ્ત હોય ત્યારે જે પરસેવો આવે છે, તે રૂક્ષ અને દુર્ગંધ વગરનો હોય છે, પરંતુ દઝાડીનો પરસેવો ઘાતું કરીને દુર્ગંધવાળો અને કોઈ વખત અમુક રંગનો માલૂમ પડે છે. પરસેવો જેમ જેમ ઉત્પન્ન થતો જાય તેમ તેમ તે પાછો વરાળ થઈને ઊડી જતો જાય છે. ચોવીસ કલાકમાં પુખ્ત ઉંમરના માણસના શરીરમાંથી આશરે અઢી શેર પાણી પરસેવાના રૂપમાં બહાર પડે છે. કેટલીક વાર શરીરના ચોક્કસ ભાગમાં અને ચોક્કસ સમયે વિશેષ પરસેવો વળતો જણાય છે. રાત્રે પરસેવો થાય છે, ત્યારે તાવની શંકા આવે છે. ઘણી વાર તાવ આવ્યા પછી કેમ્ફરેમ પરસેવો આવી જાય તો પછી થોડી વારમાં તાવ ઊતરી જાય છે. વધુ પડતો પરસેવો વળે તે અટકાવવા માટે વસંતમાલતીની મોળા અને બીજી ગરમ દવાઓ લેવાય છે અને કળથીનો ઓઢ બસવામાં આવે છે.

૧ ખરા પરસેવાનું = સખત મહેનત મજૂરીનું.

૨. પરસેવાનાં ટીપાંએ = સખત મજૂરી કરીને.

૩. પરસેવો ઉતારવો–પાડવો–રેડવો = પરસેવો વળે તેટલી મહેનત કરવી; સખત મહેનત કરવી; પોતાની કમાણી માટે બીજા પોતે જે ભોગવે છે તેને માટે જોમ શારીરિક અથવા માનસિક મહેનત કરવી.

૪. પરસેવો ઊતરવો–પાડવો = સખત મહેનત કરવાનું થવું.

૫. પરસેવો છૂટવો = (૧) ગભરામણ થવી. (૨) ગરમી વખતે અથવા બીજા કોઈ કારણથી પરસેવો ઉત્પન્ન થવો.

૬. પરસેવો નીકળવો વળવો = (૧) પરસેવવું; પરસેવો ઉત્પન્ન થવો (૨) મહેનત પડવી.

૭. પરસેવો પાડવો = ખૂબ મહેનત કરવી.

પરસોતમ જુ. પુરુષોત્તમ.

પરસોર [હિ.] ન. એક પ્રકારનું પકવાન.

પરસૌં ૧. [હિ.] અ. આવતી કાલ પછીના દિવસે; આવતા બીજા દિવસે.

૨. અ. પરમ દિવસે; કાલ કાલ પહેલાના અથવા આવતી કાલ પછીના દિવસે.

પરસ્ત ૧. [ફા.] કું. પૂજક; ભક્ત; પૂજારી. સમાસમાં વપરાય છે જેમકે, બતતપરસ્ત એટલે અગ્નિપૂજક, બુતપરસ્ત એટલે મૂર્તિનો પૂજારી, જરપરસ્ત એટલે પૈસાનો પૂજારી.

૨. વિ. આસક્ત; વળગેલું; પરાયણ; લાગેલું.

પરસ્તશ જુ. પરસ્તિશ.

પરસ્તંદહ ૧. કું. આસક્ત થયેલ માણસ.

૨. [ફા.] કું. પૂજારી; ભક્ત.

પરસ્તાત્ ૧. [સં.] અ. દૂર.

૨. અ. પછી; પછીથી.

૩. અ. પશ્ચિમે.

પરસ્તાન ૧. [ફા. પરિસ્તાન] કું. અપ્સરાઓનો મહાલ; પરીઓનો દેશ

૨. કું. સ્વર્ગ.

૩. કું. સ્વર્ગ જેવો રમણીય પ્રદેશ.

પરીઓના પરસ્તાનોમાં આજે રે વસંતોત્સવ ઉજવાય છે. દહેવાસીનો ગોવિંદો

પરસ્તાર ૧. [ફા.] કું. આસ્તર; મુકામ; સેવક.

૨. કું. ભક્ત; પૂજક.

૩. કું. પાંદડાની સેવાચાકરી કરનાર માણસ.

પરસ્તિશ ૧. [ફા.] સ્ત્રી. નમન; વંદના.

૨. સ્ત્રી. ભક્તિ; પૂજા.

૩. સ્ત્રી સેવા; ચાકરી

પરસ્તિશગાહ [ફા.] ન. પૂજા કરવાનું સ્થાન; મંદિર.

પરસ્તિશગાહ જુ. પરસ્તિશગાહ.

પરસ્તી ૧. [સં. પ્રશસ્તિ] સ્ત્રી. ખુશામત; પનારી; હાજરી કરવી તે.

૨. સ્ત્રી. પરાધીનતા; અધીનપણું.

૩. [ફા.] સ્ત્રી. પૂજા; ભક્તિ.

૪. સ્ત્રી પ્રશંસા; વખાણ.

૫. સ્ત્રી. સ્તુતિ; પ્રાર્થના.

પરસ્તોક [ફા.] કું. શીતળાનો રોગ; અછાશીતળા.

પરસ્ત્રી ૧. [સં.] સ્ત્રી. બીજાની સ્ત્રી; પરનારી; પોતા સિવાયની બીજી કોઈ પણ સ્ત્રી; પરદારા.

પરસ્ત્રી પર નજર કરવી = પોતાની સ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે સંભોગ કરવાની ઇચ્છા કરવી; પારકી સ્ત્રીને પોતાની પત્નીને સ્થાને કલ્પવી.

૨ સ્ત્રી વેશ્યા; ગણિકા.

પરસ્ત્રીગમન [સં.] ન. વ્યભિચાર; બીજાની સ્ત્રી સાથે ખરો અવૈધ સંભોગ કરવો તે.

પરસ્ત્રીગામી [સં. પરસ્ત્રીગામિન્] વિ. વ્યભિચારી; પરસ્ત્રીલંપટ; બીજાની સ્ત્રી સાથે સંભોગ કરનાર.

પરસ્ત્રીલંપટ જુ. પરસ્ત્રીગામી.

પરસ્ત્રીશંકિત [સં.] વિ. બીજી સ્ત્રી સાથે પ્રેમમાં હોવાની પોતા ઉપર શંકા રાખવામાં આવે તેવું.

પરસ્ત્રીસેવન જુ. પરસ્ત્રીગમન.

પરસ્થ ૧. [સં.] વિ. પરદેશી; વિદેશી.

૨. વિ. બીજા જનનું.

પરસ્થાન ૧. ન. પારકી જગ્યા; બીજાનું સ્થાન.

૨. [સં. પ્રસ્થાન] ન. પ્રયાણ; મુસાફરીની શરૂઆત કરવી તે.

૩. [સં.] ન. બીજી જગ્યા.

પરસ્થાનક ૧. [સં.] ન. પરધામ; બીજાનું ઠેકાણું.

૨. ન. બીજા ધર્મનું દેવાલય.

પરસ્થાપન [સં. પ્રતિષ્ઠાપન] ન. અભિષેક.

પરસ્થિત [સં.] વિ. પાળ્યા આવેલું.

સ્વાભાવિક આર્દ્ર પ્રાણના બહાર ઝરાર પરસ્થિત ન કર્તા અનારંભે લઘુ શબ્દમાં સ્તુતિગોચર થાય છે. કેશવ હર્ષદ

પરસ્પર [સં.] અ. અન્યોન્ય; અરસપરસ; એકમેકમાં; એકબીજાને; અરસપરસ.

પરસ્પરકોર કું. કોર પ્રકારના સંધિઓનો એક પેટા ભાગ; 'રેસ્પ્રા ક્લોઝન્ડ.'

પરસ્પરજન્ય [સં.] વિ. એકબીજાથી ઉત્પન્ન થતું.

નારકોની બધુ પ્રકારની વેદના અનાદિ છે. તેમાંથી ક્ષેત્રસ્વભાવજન્ય અને પરસ્પરજન્ય વેદનાનું વર્ણન પાછળ કર્યું છે. તત્ત્વાર્થસૂત્ર

પરસ્પરઘ્ન ૧. [સં. પરસ્પર (એકબીજાને) + ઘ્ન (હણનાર)] કું. આપઘાત; મિત્ર.

૨. વિ. એકમેકને ઓળખનાર; એકબીજાને મિત્રાણનાર.

પરસ્પરતંત્ર [સં.] ન. એકબીજા ઉપર અવલંબીને રહેતી અવસ્થા.

પરસ્પરતંત્રતા [સં.] સ્ત્રી. એકબીજા ઉપર આધાર રાખવો પડે તેવી અવસ્થા; 'ઇન્ટર ડીપેન્ડન્સ.'

પરસ્પરપદ્ધતિ [સં.] સ્ત્રી. વારા નિશાળિયાની પદ્ધતિ; વર્ગમાં વારો નિશાળિયો ટેબરેબ રાખે તે રીત.

ઇ.સ. ૧૭૯૫ નામનો ગૃહસ્થ મદ્રાસમાં નોકર હતો. તેણે વારા નિશાળિયાની પદ્ધતિનો ઈ.સ. ૧૭૯૨માં પ્રથમ ઉપયોગ કર્યો. એને બેલ પદ્ધતિ, મદ્રાસ પદ્ધતિ, પરસ્પર પદ્ધતિ, મોનીટર પદ્ધતિ વગેરે નામ આપવામાં આવ્યાં છે.

પરસ્પરવિગ્રહક જુઓ પરસ્પરસંઘર્ષક.

પરસ્પરવિપરીત ૧. [સં.] વિ. એકબીજાથી ઊલટું; પરસ્પર વિરોધવાળું.

૨. વિ. એકબીજાનું ખંડન કરનાર.

પરસ્પરવિરુદ્ધ જુઓ પરસ્પરવિરોધી.

પરસ્પરવિરોધી [સં. પરસ્પર + વિરોધિન્] વિ. પરસ્પર વિરોધવાળું.

પરસ્પરવ્યવહાર [સં.] પું. એકબીજા સાથેનો સંબંધ.

પરસ્પરવ્યાહત [સં.] વિ. વિસંવાદિ; સર્વાંશે વિરુદ્ધ.

પરસ્પરસર્વનામ [સં.] ન. (વ્યાકરણ) સર્વનામનો એક પ્રકાર; અન્યોન્યવાચક સર્વનામ. જેમકે, અન્યોન્ય, પરસ્પર, એકબીજું.

પરસ્પરસહકારિતા [સં.] સ્ત્રી. એકબીજાને મદદ કરવી તે.

તેમના અંતમાં પરસ્પરસહકારિતાનું બળ, બે સહકારિતાના બાનું બળ હોય છે તેથી જ એકબીજાની ઊણપોને બહુધાનથી, સહકારિતાથી પૂરી શકાય છે. ધૂ. સા. પરિષદ

પરસ્પરસંઘર્ષ ૧. [સં.] પું. એકબીજા સાથે અથડામણમાં આવવું તે; સમાઘાત; અતિઘરણ.

૨. પું. એકબીજાના ક્ષેત્રમાં દખલગીરી કરવી તે.

પરસ્પરસમ્મત [સં.] વિ. જેનાથી એકબીજા સાથે અથડામણ ઊભી થાય એવું.

પરસ્પરાનુકૂલ [સં.] વિ. એકમેકને અનુકૂલ થાય એવું.

પરસ્પરાનુકૂળ જુઓ પરસ્પરાનુકૂલ.

પરસ્પરાનુગામી [સં. પરસ્પરાનુગામિન્] વિ. અરસપરસ બદલી શકાય એવું; પરિવર્તનીય.

પરસ્પરાનુમતિ [સં.] સ્ત્રી. એકબીજાની સંમતિ.

પરસ્પરાનુવર્તી જુઓ પરસ્પરાનુગામી.

પરસ્પરાનુવર્તી માંગ સ્ત્રી. અરસપરસ અવલંબીને રહેલી હોય તેવી માગણી અથવા ઉપાય; 'રેસીપ્રોકલ ડિમાન્ડ.'

પરસ્પરાભિમુખપાદલીક [સં.] વિ. પ્રતિલોમ; ગોગાર્યની સામસામેની બાજુએ રહેનાર.

પરસ્પરાભિયોગ [સં.] પું. એકબીજા સામે દાવો માંડવો તે.

પરસ્પરાવલંબી [સં. પરસ્પરાવલંબિન્] વિ. એકબીજા ઉપર આધાર રાખનાર; પરસ્પર અવલંબનવાળું.

પરસ્પરાશ્રિત [સં.] વિ. એકબીજાના આશ્રયે રહી રહેલ; પરસ્પર આશરો રાખતું.

પરસ્પરાશ્રિતત્વ [સં.] ન. પરસ્પર આશ્રિત હોવાપણું.

પરસ્પરોપકાર [સં.] પું. એકબીજાનો ઉપકાર.

પરસ્પરોપકારી [સં. પરસ્પરોપકારિન્] વિ. એકબીજાનું હિત બજાવનાર; એકબીજાનો ઉપકાર કરનાર.

પરસ્પરોપમા ૧. [સં.] સ્ત્રી. (અલં) ઉપમેય તથા ઉપમાન બંનેના ઉત્કર્ષને સાધનારી હોય તેવી ઉપમા; જેમાં ઉપમાન અને ઉપમેયને એકબીજાની ઉપમા આપવામાં આવે છે એવી એક પ્રકારની ઉપમા. જુદા જુદા ધર્મમાં પરસ્પર સાદૃશ્ય દર્શાવ્યું હોય, તો તે ઉપમેયોપમા નહિ પણ પરસ્પરોપમા કહેવાય છે.

૨. સ્ત્રી. (અલં) જેમાં ઉપમાનની ઉપમા ઉપમેયને અને ઉપમેયની ઉપમા ઉપમાનને આપવામાં આવી હોય તેવો અર્થાલંકાર. તેને ઉપમેયોપમા પણ કહે છે.

પરસ્પરર્શી ૧. [સં. પરસ્પર્શિન્] વિ. બીજાને અસર કરે તેવું; બીજાને સ્પર્શતું.

૨. વિ. બીજાને લાગુ પડતું; પરલક્ષી.

પરસ્મૈપદ ૧. ન. કર્તરિ પ્રયોગ.

૨. ન. કર્મક ક્રિયા.

૩. [સં.] ન. (વ્યાકરણ) સંસ્કૃતમાં ધાતુનાં રૂપો કરવાના જે માર્ગોનો એક પ્રકાર; સંસ્કૃત વ્યાકરણપ્રસિદ્ધ ધાતુને તથા ધાતુના પ્રત્યયને લગતી એક સંજ્ઞા.

પરસ્મૈપદી [સં. પરસ્મૈપદિન્] વિ. (વ્યાકરણ) પરસ્મૈપદવાળું. સંસ્કૃત ધાતુ માટે વપરાય છે.

પરસ્મૈભાષા જુઓ પરસ્મૈપદ.

પરસ્વશોષક [સં. પર (પારકું) + અસ્વ (લોહી) + શોષક (શોષનાર)] વિ. બીજાનું લોહી ચૂસનાર.

પરસ્વ [સં.] ન. પારકું ધન; પારકી કોમત; પારકું દ્રવ્ય.

પરસ્વત્વ [સં.] ન. પારકો હક.

પરસ્વત્વ [સં.] પું. ફરસી; કુહાડી.

પરસ્વધી [સં. પરસ્વધિન્] પું. શિવનાં હજાર નામોમાંનું એક નામ.

પરસ્વરૂપ ૧. [સં.] ન. ઉત્તમ સ્વરૂપ; શ્રેષ્ઠ આવિર્ભાવ.

૨. ન. પરબ્રહ્મનું સ્વરૂપ; વિશ્વની પાર રહેલું સ્વરૂપ.

૩. ન. બીજાનું સ્વરૂપ.

પરસ્વરૂપજન્ય [સં.] વિ. બાહ્યનિષ્ઠ; પરવિષયક; પરલક્ષી; 'ઑબ્જેક્ટિવ.'

પરસ્વાધીન [સં.] વિ. બીજાને તાબે હોય એવું; પરાધીન; પરતંત્ર; સ્વાયત્ત નહિ તેવું; પરવશ.

પરસ્વાધીનતા [સં.] સ્ત્રી. પરતંત્રતા; પરાધીનતા.

પરસ્વાધીનપણું જુઓ પરસ્વાધીનતા.

પરહ ૧. સ્ત્રી. પગથી ઊંચા કરેલા હાથ સુધીની પાણીની ઊંડાઈ.

૨. સ્ત્રી. પરોઢિયે ગોચરમાં ચરવું તે; પહર.

૩. ન. સવારમાં ચહેલાં ઢોરને ચરાવવા માટે લઈ જવાં તે.

પરહજ્જોમ પું. (જરથોસ્તી) હજોમ છોડની નાની ડાળને ડાઘમીની ડાળી સાથે પવિત્ર કરેલ પાણીમાં વાટીને બનાવેલો રસ.

પરહથ પું. (કચ્છી) પારકો હાથ.

પરહમેલ પું. પરપુરુષનું વીર્ય.

પરહમેલનું વિ. વર્ણસંકર; પરવીર્યનું.

પરહરવું ૧. [સં. પરિ + હ] સ. ક્રિ. છોડી દેવું; ત્યાગ કરવો; પરિહરવું; તજવું.

હું કહે તે બબૂલ જ કાં,
પણ એક તો નહિ પરહરું. સામળ

૨. સ. ક્રિ. ફેરવવું.

પરહસ્ત ૧. [સં.] પું. બીજાનો હાથ; બીજાની માલિકી.

૨. પું. બીજાનો હાથ.

પરહસ્તગત [સં.] વિ. બીજાના હાથમાં ગયેલું; બીજાને હાથે ગયેલું.

પરહસ્તસમર્પણઆજ્ઞા [સં. પર (પારકું) + હસ્ત (હાથ) + સમર્પણ (સોંપવું તે) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. બીજાના હાથમાં સોંપી દેવાનો હુકમ; બદલીની આજ્ઞા.

પરહંત્રી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર નામોમાંનું એક નામ.

પરહંસક્રિયાગોપ્ત્રા [સં. પરહંસક્રિયાગોપ્ત્રિ] પું. પુરુષોત્તમનાં હજાર નામોમાંનું એક નામ.

પરહાનિ [સં.] સ્ત્રી. બીજાને નુકસાન પહોંચાડવું તે.

પરહારી [સં. પ્રહરી] પું. જગન્નાથજીના મંદિરનો પૂજારી. તે જગન્નાથજીના મંદિરમાં જ રહે છે.

પરહાળ પું. પાણીકોશમાં આર નાખવા માટે ઢેઢ હોકો તરફથી બેડુતો પાસેથી લેવાતા દાણા.

પરહાં જ. નોંધ.

પરહિણી જી. (જરથોસ્તી) મરનારનાં સગાંવહાલાંએ મરણથી બધુ દિવસ સુધી મોસાળનો કરવાનો ભાગ.

પરહિત ૧. [સં.] ન. પરોપકાર; બીજાનું કલ્યાણ.

૨. વિ. પારકા હિતનું.

પરહિતકર [સં.] વિ. બીજાનું કલ્યાણ સાધે તેવું; બીજાને માટે શ્રેયસ્કર.

પરહિતકામી [સં. પરહિતકામિન્] વિ. બીજાનું હિત કરવાની તીવ્ર ઇચ્છા રાખનાર.

પરહિતપ્રેમ [સં.] પું. બીજાનું ભલું કરવાનો ઉમળકો; પરહિત સાધવાની લાગણી.

પરહિતવાદ [સં.] પું. પોતાનું જ નહિ, પરંતુ જનસમાજનું પણ સામોસાથ હિત સમવાય રીતે જગતનો વ્યવહાર ચલાવવો એ જાતનો મત; જનહિતવાદ; જનસુખવાદ.

> વળી "જનસમૂહ" ને સુખ, અને તે બધામાં "બધાનું બધામાં બધું" સુખ એ કંઈ અને રાખ્યા વિના નિયમ માટે કંઈ બોલ્યા નથી. આના કારણથી પરહિતવાદ ઔચિત્ય અને મિલનાં સમર્થ નામથી ટાંકો પામેલો છતાં ન્હેરેલ વગેરે બધા વિદ્વાનોને તે માન્ય નથી. મણિલાલ નભુભાઈ

પરહિતવૃત્તિ [સં.] સ્ત્રી. બીજાનું કલ્યાણ કરવાનું વલણ.

પરહિતવ્રત [સં.] ન. બીજાનું ભલું કરવા અને બીજાનું સુખ સાધવા માટે પ્રયત્ન કરવાનો નિયમ.

પરહિતેચ્છા ૧. [સં.] સ્ત્રી. પરોપકારવૃત્તિ; જનહિતેચ્છા; પરમાર્થબુદ્ધિ; બીજાનું ભલું કરવાની મરજી.

૨. સ્ત્રી. પોતાનું સર્વથી શ્રેષ્ઠ હિત જે આત્મજ્ઞાન અને ઈશ્વરભક્તિ તેને સંપાદન કરવાની ઉત્કંઠા.

પરહિતેચ્છુ [સં.] વિ. પરોપકારી; બીજાનું હિત સાધવાની વૃત્તિવાળું.

પરહુણો [સં. પ્રાહુણ] પું. પરોણો; મહેમાન.

> હું પરદેશી પરહુણો, મુજસ્યુ કિસ્યુ કામ.
> દર્શનવિજય

પરહું અ (જૂ. ગુ.) દૂર; વેગળું; છેટું.

પરહુંથ [સં. પરભૃત] વિ. બીજાની મહેનત પોષણ મેળવનાર; પારકાથી પોષાનાર.

> પુત્ર કલત્ર નવિ આદર કરઈ,
> જેહનુ પરહુંથ પોષજ ભરઈ. ભીમ

પરહેજ ૧. [ફા.] પું. છેટો; અંતરાય.

પરહેજ કરવું = છેટ કરવું.

૨. પું. મુનાજોથી બચીને ચાલવું તે.

૩. પું. પવિત્રતા; સદાચરણ.

૪. પું. પ્રતિબંધ; અટકાવ.

૫. પું. માંદિક અટકાયતની સ્થિતિ; ઋતુદર્શન.

૬. પું. હાથ અને પગમાં નાખેલી બેડીને બેઅવાની આંકડી.

૭. સ્ત્રી. નિગ્રહ; સંયમ; નઠારાં કામોથી દૂર રહેવું તે; ઇંદ્રિયદમન.

૮. સ્ત્રી. પરેજી; કરી; પથ્ય; રોગ ઉત્પન્ન કરનાર અથવા વધારનાર વસ્તુઓનો ત્યાગ કરવો તે; કંઈનું ભોજન કરવાના હેતુથી ખોરાકમાં સંયમ પાળવો તે.

૯. વિ. કરી કે પરહેજી પાળનારું; કરી પાળવી પડતી હોય તેવી હાલતવાળું.

૧૦. વિ. કેદમાં રહેલું; બંધનમાં પડેલું.

૧૧. વિ. કોઈને પરવશ રહેલું.

૧૨. વિ. નઠારાં કામોથી દૂર રહેનારું; સંયમી; પરહેજગાર.

પરહેજગાર ૧. વિ. પરવશ રહેલું; પરાધીન.

૨. વિ. પરેજી રાખનાર; કરી પાળનાર.

૩. વિ. પવિત્ર; ધર્મિષ્ઠ.

૪. [ફા.] વિ. બંદીવાન; કેદમાં પડેલ.

૫. વિ. માંદિક અટકાયતની સ્થિતિવાળું; જેને ઋતુદર્શન થયેલ હોય તેવું.

૬. વિ. મિતાહારી; ખાવામાં સંયમી.

૭. વિ. સદ્‌ગુણોને ધારણ કરી, ગુના વગેરેથી બચીને ચાલનાર.

૮. વિ. સંયમી; નિગ્રહી; નઠારાં કામોથી દૂર રહેનાર.

પરહેજગારી ૧. [ફા.] સ્ત્રી. કરી પાળવી તે.

૨. સ્ત્રી. પરાધીનતા; પરવશપણું.

૩. સ્ત્રી. પવિત્રતા; ધર્મિષ્ઠપણું.

૪. સ્ત્રી. પાપાચરણથી દૂર રહેવાપણું.

૫. સ્ત્રી. મિતાહારીપણું; આહારનિયમન.

૬. સ્ત્રી. સંયમપાલન; જિતેંદ્રિયત્વ; નિગ્રહ.

પરહેજગી [ફા.] સ્ત્રી. કેદ પડવું તે.

પરહેજગીર ૧. વિ. દર્દને આગળ વધતું અટકાવવા માટે ખોરાક લેવા વગેરેમાં અમુક નિશ્ચિત નિયમોનું પાલન કરનાર; કરી પાળનાર.

૨. [ફા.] વિ. વિષયોથી દૂર રહેનાર; સંયમી.

૩. જુઓ પરહેજગાર.

પરહેજી ૧. [ફા.] સ્ત્રી. કરી પાળવી તે; ખાવાપીવામાં અમુક વસ્તુઓથી બચતા રહેવું તે; કરી; પથ્ય.

૨. સ્ત્રી. કેદ

૩. સ્ત્રી. પ્રતિબંધ; અટકાવ; મનાઈ.

૪. સ્ત્રી. સંભાળ; સાવચેતી.

પરહેળગાર જુઓ પરહેજગાર.

પરહેલવું [સં. પ્રહેલન] સ. ક્રિ. અનાદર કરવો; તિરસ્કારવું.

પરળ ન. ભોંયરાના જેવું નદીકાંઠે ઊભતું કાચું તે ચૂમડા ઉપર ચોપડવા માટે કામ લાગે છે.

પરં વિ. પરમ; શ્રેષ્ઠ; ઉત્તમ.

> વિશ્વપ્રેમ પરં પ્રેમ પ્રભુનું જ સ્વરૂપ છે,
> તેથી સૌ વિશ્વપ્રેમમાંથી પ્રેમમય થવું ઘટે.
> ગાંધીગીતા

પરંચ ૧. [સં. પરમ્ (કિંતુ) + અ (તથા)] અ. પરંતુ; પણ; તથાપિ.

૨. અ. વળી; તદુપરાંત.

પરંજ ૧. [સં.] ન. ઢાલની તરવાર.

૨. ન. છરીનું ફળું.

૩. ન. તેલ કાઢવાનું યંત્ર; ઘાણી.

૪. ન. હોજ.

પરંજન [સં.] પું. પશ્ચિમ દિશાનો સ્વામી; વરુણ દેવ.

પરંજય ૧. [સં.] પું. વરુણ દેવ.

૨. પું. શિવ; શંકર.

૩. વિ. શત્રુને છળનાર.

પરંજ્યોતિ ૧. [સં.] પું. પરમાત્મા; ઈશ્વર.

૨. પું. શિવભક્ત શિરતોડનું બીજું નામ. તે શિવના મહાન ભક્ત હતા. અતિથિને જમાડીને પોતે જમતા. એક વખત શંકર ભગવાન તેની ભક્તિની પરીક્ષા કરવા માટે ભૈરવ સંન્યાસીનું રૂપ લઈ તેને ત્યાં આવ્યા. ત્યારે તેમણે પરંજ્યોતિ પાસે નરમાંસ માગ્યું. તેમની ઇચ્છા પૂરી કરવા માટે પરંજ્યોતિએ પોતાના પુત્રનો વધ કર્યો. તેથી શિવ પ્રસન્ન થયા અને પરંજ્યોતિ, તેની સ્ત્રી, પુત્ર તથા દાસી વગેરેને નંદીપતિ સહિત દર્શન આપ્યાં અને ત્યાર પછી પોતાની સાથે તેમને કૈલાસમાં વાસ કરવા માટે લઈ ગયા. આખ્યાનોમાં પરંજ્યોતિની કથા દક્ષિણ હિંદમાં કરવામાં આવે છે.

પરંડા પું. જ્યાં પીવાનું પાણી જાહેર રસ્તે રાખવામાં આવે છે તે જગ્યા; પરબ.

પરંત [સં. પરંતુ] અ. પરંતુ; પણ; તથાપિ.

પરંતપ ૧. [સં. પરે (શત્રુને) + તપ (તપાવનાર)] પું. અર્જુન, કારણ કે તેનામાં શત્રુઓને તપાવવાની શક્તિ હતી.

૨. પું. કૃષ્ણ.

પદા

૩. પું. ચિંતામણિ.
૪. પું. તામસ મનુનો એ નામનો એક પુત્ર.
૫. પું. શિવ.
૬. વિ. દુશ્મનોને દુઃખ આપનાર.
૭. વિ. શરીરમાં રહેલા કામાદિ શત્રુઓને તપાવનાર; જિતેંદ્રિય.

પરંતમ ૧. [સં. પરંતમસ] વિ. અન્ય વિષયથી અજ્ઞાત રાખનાર
૨. વિ. બીજા ઉપર હોય કરનાર.
૩. વિ. બીજાને હેરાન કરનાર.

પરંતુ ૧. અ. અને; તથા.
૨. [સં.] અ. પણ; તથાપિ; તેમ છતાં.

પરંત્ર વિ. પરતંત્ર; બીજા ઉપર આધાર રાખનાર; પરવશ; પરાધીન.

પરંદ ૧. [દ્વા. પરીદન (ઊડવું)] સ. પક્ષી.
પરંદ થઈ જવું = બધી બાજુથી ફરવું.
૨. સ. શસ્ત્રાસ્ત્રોવાળી ગાંઠ.

પરંદમ ૧. [સં.] વિ. અન્ય આદિને ક્ષીણ બનાવનાર.
૨. વિ. બીજા ઉપર સત્તા ચલાવનાર; બીજાનું દમન કરનાર.
૩. વિ. બીજાને શાંત કરનાર.

પરંદા ૧. સ્ત્રી. કાશ્મીરમાં વપરાતી એક જાતની હોડી.
૨. [દ્વા.] સ. પક્ષો.
૩. વિ. ઊડતું.

પરંદું ૧. [દ્વા. પરંદ] સ. પક્ષી; પંખી.
૨. વિ. ઊડતું.
૩. વિ. પક્ષીના જેટલી ઝડપવાળું.

પરંપદ [સં.] સ. મોક્ષ; મુક્તિ; નિજસ્વરૂપ.
જે મનુષ્ય વિવેકી બુદ્ધિરૂપી સારથિવાળો છે અને મનરૂપી મજબૂત લગામવાળો છે તે સંસારમાર્ગનો પાર પામે છે અને આ રીતે સંસારમાર્ગની પેલે પાર જવું તેનું નામ જ વિષ્ણુનું પરંપદ અર્થાત્ પરમાત્માનું જેમ સ્વરૂપ છે. કઠોપનિષદ

પરંપર ૧. [સં.] પું. અનુક્રમ; એક પછી બીજું એવો ક્રમ; પરંપરા.
૨ પું. અન્વય.
૩. પું. એક જાતનો મૃગ.
૪. પું. પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર વગેરેની પરંપરા; વહેવેલો
૫. પું. પ્રપૌત્ર; પુત્રના પુત્રનો પુત્ર.
૬. પું. મૃગમદ; કસ્તૂરી.
૭. પું. વધ; નાશ
૮. પું. શંકર; શિવ.
૯. વિ. ત્રિલક્ષિણ.

પરંપરા ૧. [સં.] સ્ત્રી. અનુક્રમ; એક પછી બીજું એમ ઉત્તરોત્તર આવવું તે; ક્રમ.
૨. સ્ત્રી. અવિચ્છિન્ન ધારા; સતત પ્રવાહ.
૩. સ્ત્રી. અસલથી ચાલતો આવેલો રિવાજ; પક્ષ કાળથી ચાલતો આવેલો રિવાજ; રૂઢિ; પ્રથા; પરિપાટી; નિયમ. વિદ્યાની સંપ્રદાય પરંપરાનો ઉલ્લેખ કરતાં મુંડકોપનિષદના ઋષિ કહે છે કે, હે માનવો! સમસ્ત જ્ઞાનોને આપના આશ્રયમાં લાવવા કરવાનું જેનામાં અદ્ભુત સામર્થ્ય છે, તે પરમાત્મા તમામ દેવતામાં અર્થાત્ તમામ વિદ્વાનોમાં સૌથી મુખ્ય દેવ છે, સર્વજ્ઞેષ્ઠ વિદ્વાન છે, કેમકે તે સર્વજ્ઞ છે. આવી સર્વજ્ઞતા તો પરમાત્માની જ છે. તો જે પરમાત્મા સૃષ્ટિના ઉત્પાદક છે અને વિદ્વાનોના અગ્રેસર છે, જે વિશ્વનો કર્તા છે અને નિર્મિત વિશ્વનો રક્ષક છે તે બ્રહ્માએ અથર્વા તે પરમાત્માએ પોતાના જ્યેષ્ઠ પુત્ર નામે અથર્વાને બ્રહ્મવિદ્યા કહી. અથર્વાએ પહેલાં તે વિદ્યા અંગ્રી નામના બીજા અધિકારી ઋષિને કહી અને અંગ્રીએ તે ભરદ્વાજગોત્રી સત્યવહ નામના ઋષિને આપી. આવી રીતે તે બ્રહ્મવિદ્યા પોતાના પાસે આવેલી એટલે કે પરંપરા દ્વારા પ્રાપ્ત થઈ છે.
અત્ર અને મુકુલ બનેની પરંપરા ભૂલી છે.
પુરુષાર્થ
૪. સ્ત્રી. દેખાદેખીની રીત; એકને જોઈ બીજો કરે, બીજાનું અનુકરણ બીજો કરે તેવી સ્થિતિ.
૫. સ્ત્રી. પંક્તિ; હાર; શ્રેણી.
૬. સ્ત્રી. વંશ; સંતતિ; ઓલાદ.
૭. સ્ત્રી. હિંસા; વધ.
૮. અ. એક પછી એક એવી રીતે.

પરંપરાઘ [સં.] સ. બધાયે પશુઓનો વધ.

પરંપરાગત [સં.] વિ. પરંપરાથી ચાલતું આવેલું, ક્રમાનુસારી; રીતરિવાજ, રૂઢિ વગેરે અનુસાર ચાલતું આવેલું; પેઢી દરપેઢી ઊતરી આવેલું; પ્રચલિત મુજબ થતું આવતું; રિવાજને લઈને પ્રાપ્ત થયેલું.

પરંપરાગમ [સં.] પું. (જૈન) ગણધરોએ પોતાના શિષ્યોને સંભળાવેલ આગમ.

પરંપરાઘાત [સં.] પું. ઉપરાઉપરી પ્રહાર મારવા તે

પરંપરાપ્રાપ્ત જુઓ પરંપરાગત.

પરંપરાકૃત [સં.] વિ. એકબીજા પાસેથી સાંભળી સાંભળીને ચાલતું આવેલું.

પરંપરાસંબંધ [સં.] પું. (વેદાંત) પોતાથી બનેલા પદાર્થ સાથેનો કાર્યકારણરૂપી સંબંધ; પોતાની સાથે સંબંધવાળાનો બીજાની સાથે સંબંધ.
જેમકે, હિરણ્ય પદનો શબ્દાર્થ એ રજત છે. તે રજતરૂપ બનેલું પદ ઘરેણું છે. એ ઘરેણું પદનો વાચ્યાર્થ મધુકર નામે જંતુ છે. આવી રીતે એકનો સંબંધ બીજાની સાથે અને બીજાનો ત્રીજાની સાથે એમ હોય ત્યાં પરંપરાસંબંધ જાણવો.

પરંપરાસાતત્ય [સં.] ન. જૂના વખતથી ચાલી આવતી સતત ભાવના; સતતા.

પરંપરિત વિ. પરંપરાથી ચાલતું આવતું.

પરંપરિત આચાર પું. સાક્ષાત્ નહિ, પણ કર્તા દ્વારા કે કર્મ દ્વારા, અર્થાત્ પરંપરાએ મળેલો આશ્રય. તપેલામાં તે ચોખા રાંધે છે, આમાં તપેલી એ કર્મનો આધાર છે અને ચોખા એ ક્રિયાનો આધાર છે; પરંતુ પરંપરિત આધારનો આધાર શું છે તે આમાં બિલકુલ અસ્પષ્ટ છે.

પરંપરિત ગુણોદ્ધાર [સં.] પું. (ગણિત) ત્રણ અથવા વધારે સંખ્યાઓનો ગુણાકાર કરવાનું કહ્યું હોય ત્યારે પ્રથમ પહેલીને બીજીથી ગુણી, તેના ગુણાકારને ત્રીજીથી ગુણી, વળી તેના ગુણાકારને ચોથા સંખ્યાથી ગુણી, એમ ઉત્તરોત્તર ગુણીને આવતો છેવટનો ગુણાકાર; 'ક્રમિક ગુણાકાર.'

પરંપરિત રૂપક [સં.] પું. (અલં) એક પ્રકારનો અલંકાર.

પરંપરિતોપમા [સં] સ્ત્રી. (અલં) એક પ્રકારની ઉપમા. જ્યારે એક વસ્તુની સરખામણી બીજી સાથે કરવામાં આવી હોય અને બીજીની સરખામણી વળી ત્રીજી સાથે અને કોઈ વખત તેનાથી પણ આગળ ત્રીજીની સરખામણી ચોથા સાથે કરવામાં આવી હોય ત્યારે તેવી ઉપમાને પરંપરિતોપમા કહે છે.

પરંપરીણ [સં.] વિ. પરંપરાથી ચાલતું આવેલું.

પરંપરાસ [સ.] વિ. વારસે ઊતરેલું; વંશપરંપરિત; આનુવંશિક.

પરંફેલ [સં.] પું. શિવના હજાર માંહેનું એક નામ

પરંબ્રહ્મ ૧. [સં.] ન. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.
૨. સ. પરબ્રહ્મ; સર્વોત્કૃષ્ટ બ્રહ્મ; પરમાત્મા.

પરંભર [સં.] વિ. બીજાનું ભરણપોષણ કરનાર; પારકાનું પોષણ કરનાર.

પરંભરિ જુઓ પરંભર.

પરા ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે ચાહિની કુંડલિની છંદનો એક

જોડ છે. તેમાં ૧૬ ગુરુ અને ૧૨૬ લઘુ મળી ૧૪૨ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૨. પું. રેશમ ખોસનારની લાકડીનું બાર ચોડ આંગળ લાંબું એક ખોળર.

૩. સ્ત્રી. પ્રજ્ઞા; મરજી.

૪. [સં.] સ્ત્રી. ઊંચામાં ઊંચી ગતિ.

૫. સ્ત્રી. એ નામની એક નદી.

૬. સ્ત્રી. એક પ્રકારનું સામગ્રાન.

૭. સ્ત્રી. કાતરની ધાર.

૮. સ્ત્રી. ગંગા.

૯. સ્ત્રી. માપનો કેની.

૧૦. સ્ત્રી. બાર મહિનાની પહેલી જાતની વાણી; વાણીનાં બાર મહિનું પ્રથમ રૂપ. તે નાદના સ્વરૂપવાળી અને મૂલાધારમાંથી નીકળેલી માનવામાં આવે છે અનાહતચક્રમાં સત્ત્વ, રજ, તમોગુણ સ્વરૂપ માયા વિષે પ્રતિબિમ્બિત થઈ ગયેલો જીવ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરીના ક્રમથી હૃદયમધ્યમાં નાદ શક્તિ નિરંતર શબ્દ કરે છે. ચેતન પ્રાણીને અમુક અર્થ કહેવાની ઇચ્છા થવાથી તે અર્થ સમજાય એવા શબ્દો ઉત્પન્ન કરવા માટે અંતઃકરણને પ્રેરે છે. અંતઃકરણ મૂલ આધારસ્થાનમાં રહેલા અગ્નિને પ્રેરે છે. અગ્નિ તે સ્થળે રહેલા વાયુને ગતિ આપે છે. એ વાયુએ તે જ સ્થાનમાં સૂક્ષ્મરૂપે ઉત્પન્ન કરેલો શબ્દ પરા વાણી કહેવાય છે. નાભિદેશ પર્યંત આવેલા વાયુએ તે પ્રદેશના સંયોગથી ઉત્પન્ન કરેલો શબ્દ પશ્યંતી વાણી કહેવાય છે. એ બંને વાણી સૂક્ષ્મતર હોવાથી માત્ર યોગીને ગમ્ય છે. પછી તે જ વાયુ હૃદયદેશ તરફ જાય છે. હૃદયના સંયોગથી ઉત્પન્ન થયેલી વાણી તે મધ્યમા કહેવાય છે. તે પછી તે વાયુ મુખ પર્યંત જઈ કંઠ પ્રદેશને પ્રાપ્ત કરે છે અને તેને મૂર્ધસ્થાન સાથે આઘાત થાય છે, એટલે તે પ્રત્યાઘાતે કરીને પાછો ફરી મુખ વિવરમાં કંઠ વગેરે આઠ સ્થાનમાં પોતાના અભિઘાતથી જે શબ્દ ઉત્પન્ન કરે છે તે વૈખરી વાણી કહેવાય છે. આ પ્રમાણે વૈયાકરણીઓ બાર પ્રકારની વાણી વર્ણવે છે: પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. તે બારેમાં મૂળ અને અવિભૂત તેમ જ સૂક્ષ્મતમ પરા વાણી છે.

૧૧. સ્ત્રી. પોષ મહિનાની એ નામની એક યોગિની

૧૨. સ્ત્રી દસ્તો.

૧૩. સ્ત્રી. પંક્તિ; હાર.

૧૪. સ્ત્રી. પાખ.

૧૫. સ્ત્રી બ્રહ્મવિદ્યા; ઉપનિષદ્‌વિદ્યા.

૧૬. સ્ત્રી. મૂલાધારમાં રહતો એક શબ્દ.

૧૭. સ્ત્રી. લશ્કરની ટુકડી.

૧૮. સ્ત્રી. વંધ્યાકર્કોટી નામની વનસ્પતિ; વંઝણી કર્કોટી.

૧૯. સ્ત્રી. કર્કિતના બે મહિનો એ નામનો એક ભેદ. કર્કિતસંક્રાન્તમાં પરા અને અપરા કર્કિતને બીજા શબ્દોમાં ચિત્રકર્કિત અને માયાકર્કિત એ નામથી પણ વર્ણવવામાં આવેલ છે.

૨૦. વ. એક જાતનું ઘાસ.

૨૧. વિ. છેવટનું; અંતર્ગતિક.

૨૨. વિ.સ્ત્રી. શ્રેષ્ઠ; પર; ઉત્તમ.

૨૩. વ. ઊતરતું; વિરુદ્ધ.

૨૪. વ. દૂર; છેટે; આઘે.

૨૫. વ. નામ કે ક્રિયાને લાગતાં બાકું, ઊતરતું, અતિક્રમ, ખૂબ, છેવટનું એવો ભાવ બતાવતો સંસ્કૃત ઉપસર્ગ. જેમકે, પરાગતિ, પરાજય, પરાક્રમ, પરાકાષ્ઠા.

૨૬. વ. પ્રતિકૂલપણું, અવળચંડાપણું, મુખ્યપણું, વર્ચસ્વ, પ્રાબલ્ય, ત્યાગ, વિક્રમ, પરાક્રમ, અત્યંત, ગતિ, ગમન, ક્રોધ, તિરસ્કાર, પ્રત્યાવૃત્તિ વગેરે દર્શાવનાર અવ્યય.

પરાઅગ્યો પું. (કચ્છી) છૂટું મૂકવાથી લાગી જાય એવું ઝેર.

પરાઈ ૧. સ્ત્રી. એક જાતનું ઓળર; ઓઢણ.

૨. સ્ત્રી. બાંડણીનો દસ્તો; ભત્તો.

૩. સ્ત્રી. ખંજ વગેરે વેદોમાંનો વરાળ, પાણી વગેરે અંદર ખેંચવા કે હાડકેલીને બહાર કાઢવા માટેનો નાકર કહેતાં 'પિસ્ટન.'

૪. સ્ત્રી. મોટી ટોચ; નરાજ.

૫. વિ.સ્ત્રી. પારકી; બીજાની.

વેચાણ જાય તો તેને કહીએ,
જે પીઠ પરાઈ જાણે રે. નરસિંહ

પરાઈ જણી સ્ત્રી. પારકી સ્ત્રી.

પરાઉ વ. એક પ્રકારનું જંગલી ઘાસ.

પરાઉ ૧. [સં.] પું. એક જાતનો શુદ્ધ ગંધ.

૨. પું. એક જાતનો રોગ.

૩. પું. બાર દિવસ સુધી ઉપવાસ કરવાનું પ્રાજાપત્યરૂપ એક તપ કે વ્રત

૪. પું. તરવાર; ખડ્ગ.

૫. ન. અંતઃકરણ.

આત્માથી જુદી દિશામાં ગતિ કરનાર હોવાથી અંતઃકરણને પરાક કહે છે. સિદ્ધાંતદર્શન

પરાકરણ [સં.] ન. તિરસ્કાર; અનાદર.

પરાકર્તું [સં.] ન. પાંચ મહિના એક પ્રકારની ઇચ્છાશક્તિ.

પરાકાર પું. અતીપ્રકાર; 'પેરેમોઈ.'

પરાકારી વિ. અતીપ્રકારવાળું; 'પેરેમોઈક.'

પરાકાષ્ઠા ૧. [સં.] પું. દૂર દૂરની અવધિ કે અભિમાન.

૨. પું. દુરભિસંધિ; અધમગેરી.

૩. પું. વાણીથી પ્રતિજ્ઞા કરી કર્મથી નહિ કરેલ કોઈ વિષયની પરીક્ષા.

૪. ન. આકાશના પાંચ ભાંહેનો એક પ્રકાર. આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ અને સૂર્યાકાશ એ વ્યોમપંચક કહેવાય છે.

પરાકાષ્ઠા ૧. [સં.] સ્ત્રી. અંતિમ અવસ્થા; છેવટની પરિસીમા; સીમાંત; ચરમ સીમા.

અહમ્ છે પરાકાષ્ઠા અમૂ છે સ્થિતિની મહા,
મહા નિયમ ને ચાને માત્રા તેની વધી રાકે.
ગાંધીગીતા

૨. સ્ત્રી. ઉત્તમોત્તમ પરિસ્થિતિ; સર્વોચ્ચ સ્થિતિ; પરમોત્કર્ષ; પરમાવધિ; 'કલાઇમેક્સ'

૩. સ્ત્રી. માયત્રીનો એક ભેદ.

૪. સ્ત્રી. નાટકના પાંચ મહિનો એક વિભાગ. પ્રત્યેક નાટક વહેલું કે મોડું એક એવી કક્ષાએ આવી જરો કે જ્યાં બે વિરોધી તત્ત્વો વચ્ચેનું પર્વત વધુમાં વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી તે બંને વચ્ચેનું સમતોલપણું તૂટી જવા લાગે, એક પક્ષ પ્રબળ થવા લાગે અને ક્રિયાનું વલણ એક તરફ ઢળવા માંડે, આવી કક્ષાને નાટકની પરાકાષ્ઠા કહે છે. ત્યાર પછી નાટકનો અંત નજીકમાં જ છે એમ પ્રેક્ષક વર્ગને લાગવા માંડે છે.

૫. સ્ત્રી. ચરમાનું અર્ધું આયુ.

૬. સ્ત્રી. મુશ્કેલી; ભય; મહેનત; પરમ કષ્ટ પડવું તે.

૭. સ્ત્રી. શિખર; ટોચ.

પરાકાસની ક્રિરણ વ. ન. ન. અતિ આસમાની કિરણ; 'અલ્ટ્રા વાયોલેટ રે.' અમુક પ્રકારની બીમારીની ચિકિત્સામાં આ કિરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

પરાકૃત [સં.] વિ. જેનો તિરસ્કાર કર્યો હોય તેવું; તિરસ્કરેલ.

પરાકૃતિ [સં.] સ્ત્રી અલીકપતા; 'પેરેમોર્ફિઝમ.'

પરાકે [સં.] વ. દૂર; છેટે; આઘે.

પરાકોષ્ઠિ ૧. [સં.] સ્ત્રી. ઊંચી હદ; પરાકાષ્ઠા.

૨. સ્ત્રી. તીવ્રતા; અતિશયતા; પ્રકર્ષ.

૩ સ્ત્રી. ચરમાનું અર્ધું આયુષ્ય.

૪. સ્ત્રી. રેખાંશ; 'મેરિડિયન.'

પરાકોટી જુઓ પરાકોટિ.

પરાદ્રુમપુષ્પ [સં.] ન. એ નામનું એક જાત. પ્રાજાપત્યપુષ્પ જાતના બાર ભાંહેનો આ એક અવાંતર ભેદ છે. તે બાર ભેદ આ પ્રમાણે છે:

સાંતપનકૃચ્છ્ર, અતિકૃચ્છ્ર, તપ્તકૃચ્છ્ર અને પરાકકૃચ્છ્ર. તેમાંથી પરાકકૃચ્છ્ર વ્રતમાં સાવધાન થઈ મનનો સંયમ કરી બાર દિવસ સુધી ઉપવાસ કરવાના હોય છે. આ વ્રત શ્રોત્ર વિધિથી કરવામાં આવે તો સર્વ પાપોનો નાશ થવાનું મનાય છે. આ વ્રત દરમ્યાન કર્યા સિવાય માત્ર પાણી ઉપર રહીને કરવાનું હોય છે.

પરાકૃચૈતન [સં.] ન. (વેદાંત) પરોક્ષ ચેતન; જીવ: 'ઑબ્જેક્ટિવ કૉન્સ્શસનેસ.'

પરાકૃત્વ [સં.] ન. વિષયતા; ઇંદ્રિયગમ્ય હોવાપણું; જ્ઞાનનો વિષય હોવાપણું; 'ઑબ્જેક્ટિવિટિ.' આપણો આત્મા જ્ઞાનનો વિષય છે, છતાં તે ક્યાં સામો આવીને બેસે છે ? આ એક કોયડો છે. તેનો ઉત્તર આપતાં આનંદશંકર ધ્રુવ બતાવે છે કે આત્મા બેસે છે જ. સામો આવીને બેસતો ન હોય તો આપણા જ્ઞાનનો એ વિષય જ ન બને. જ્ઞાનમાં સામા આવીને બેસવું તેનું નામ વિષયતા અર્થાત્ પરાકૃત્વ છે.

પરાકૃપુષ્પી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અપામાર્ગ; અધેડો.

પરાક્રમ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું.;ન. (જૈન) કર્મરૂપ શત્રુને હરાવવાનું સામર્થ્ય.

૩. ન. બહાદુરી કે બીજા સાહસનું કામ. બંનમાં બોલાય છે.

૪. ન. ઉત્સાહ.

૫. ન. તેજસ્વિતા; ઓજસ; પ્રતિભા.

૬. ન. પ્રબળતા; પુરુષાર્થ.

૭. ન. બળ; શક્તિ; વીર્ય; શરીરનું સામર્થ્ય; શત્રુનો નાશ કરવાની શક્તિ.

૮. ન. શૌર્ય; બહાદુરી; શરીરનું શક્તિનો ઉત્તમ રીતે આવિર્ભાવ.

૯. ન. હુમલો કરવો તે.

પરાક્રમકથા [સં.] સ્ત્રી. જેમાં કોઈના શૌર્યનું વર્ણન કરેલું હોય એવી વાર્તા.

પરાક્રમધની [સં. પરાક્રમધનિન્] વિ. પરાક્રમરૂપી ધનવાળું.

ધર્માત્મા ઉદાર મનનો, પરાક્રમધની પ્રમાણે
પ્રેમાનંદ

પરાક્રમભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાંનું ત્રીજું સ્થાન.

પરાક્રમશાલિની [સં.] વિ. સ્ત્રી. પરાક્રમી; બળવાન.

પરાક્રમશાલી [સં. પરાક્રમશાલિન્] વિ. બળવાન; સમર્થ; પરાક્રમી.

પરાક્રમશીલ [સં.] વિ. પરાક્રમ કરવાના સ્વભાવવાળું; બહાદુર.

પરાક્રમસંપન્ન [સં.] વિ. પરાક્રમી; વીર્યવાન.

પરાક્રમસ્થાન જુઓ પરાક્રમભુવન.

પરાક્રમહીન [સં.] વિ. વીર્યહીન; કાયર; જેની શક્તિ હણાઈ ગયેલી હોય તેવું.

પરાક્રમિશિરોમણિ [સં.] પું. પરાક્રમી પુરુષોમાં સર્વથી શ્રેષ્ઠ માણસ.

પરાક્રમી ૧. વિ. ઉત્સાહી.

૨. [સ. પરાક્રમિન્] વિ. પરાક્રમ કરનારું; બહાદુર; બળવાન; શક્તિ; પરાક્રમવાળું.

૩. વિ. પુરુષાર્થી; ઉદ્યોગી; ઉદ્યમી.

પરાક્રાંત ૧. વિ. ઉત્સાહી.

૨. [સં.] વિ. જેના ઉપર હુમલો થયો હોય એવું.

૩. વિ. પ્રભુ કરેલ.

૪. વિ. બહાદુર; શૂરવીર.

૫. વિ. શક્તિશાળી.

પરાક્ષ [સં.] પું. દીર્ઘાક્ષ; મુખ્ય મરી.

પરાગ ૧. પું. ઋતુદર્શન; રજોદર્શન; માસિક ધર્મ.

૨. પું. એ નામનો એક પર્વત.

૩. પું. કપૂરની રજ; કપૂરનું ચૂર્ણ.

૪. [સં.] પું. કુસુમરેણુ; પુષ્પરજ; ફૂલની અંદર રહેલી સુવાસિત રજ. જે ક્રિયામાં પરાગ કર્ણ જવાનું કામ જંતુથી થાય છે, તેવાં ફૂલ ઉપર કીડા, ભમરો, કૂદાં વગેરે રસ પીવા માટે ફૂલ ઉપર આવે છે, તે વખતે તેના શરીરને પરાગ ચોંટી જાય છે. તે જ્યારે એ જ જાતના ફૂલનાં ફૂલ ઉપર બેસે છે, ત્યારે તે સ્ત્રીકેસર ઉપર પડે છે અને તેનો ઉપયોગ ફલ કરી લે છે. તેનાં ફૂલ રંગબેરંગી, સુવાસિત અને મધના તત્ત્વવાળાં હોઈ જંતુઓને એક પ્રકારી આકર્ષે છે

૫. પું. ચંદન.

૬. પું. ચંદ્રમણ્ડ.

૭. પું. ધૂળ; રજ.

૮. પું. ખાવા પહેલાં શરીરે લગાડવાનું કોઈ વસ્તુનું સુગંધી ચૂર્ણ.

૯. પું. વિખ્યાતિ; લોકપ્રિયતા.

૧૦. પું. સુવાસ; સુગંધ.

૧૧. પું. સર્વભક્ષણ.

૧૨. પું. સ્વચ્છંદ ગતિ.

પરાગકણ [સં.] પું. ફૂલના પરાગકોશમાં રહેલો ઝીણો કણ.

પરાગકેસર [સં.] પું. ફૂલની પાંખડીની વચ્ચમાં આરે તરફ રહેલો પાતળો કેસરના જેવો તંતુ. તેની વચમાં એક તાંતણો મોટો અને ઊંચો ચાંદવાળો હોય છે. તેને પરાકેસર કહે છે. તે સિવાયના બીજા બધા ઝીણા તંતુઓ પરાગકેસરના જ હોય છે. પરાગકેસરને બોલો પુંકેસર પણ કહે છે. સઘળાં ફૂલોમાં પરાગકેસર અને પરાકેસર બને હોય છે એમ નથી. કેટલાંક ફૂલોમાં કેવળ પરાકેસર જ હોય છે. વળી કેટલાક ફૂલોમાં કેવળ પરાગકેસર જ હોય એમ પણ બને છે. એવી જાતનાં ફૂલોમાં એક ફૂલ માંહેના પરાગકેસરના રેણુ બીજા ફૂલના પરાકેસરમાં જઈ પડે છે અને તેવી રીતે બીજોત્પત્તિ થાય છે. આવા પરાગકેસરના તંતુઓ એવા તો નાજુક હોય છે કે હવાના ઝોકે કરીને વગર હરકતે તે એક ફૂલમાંથી બીજા ફૂલમાં જઈ શકે છે. તે ઉપરાંત પરમેશ્વરે આવાં ફૂલોની બાબતમાં એક બીજી આકર્ષકયુક્ત રચના કરેલી છે, તે એ છે કે, તેમાં મધના તત્ત્વનું પ્રમાણ સારું એવું સચવેલ છે, જેથી કરીને આવા પરાગકેસરના તંતુઓનો ફેલાવો મધમાખીઓ અને તેવાં બીજાં જંતુઓ પણ સારા પ્રમાણમાં કરે છે. જ્યારે પરાગકેસરવાળા ફૂલ ઉપર તેઓ બેસે છે, ત્યારે તે પરાગકેસરના રેણુ તેઓના શરીર ઉપર ચોંટી જાય છે. ત્યાર પછી જ્યારે તે જ માખીઓ ફરી સ્ત્રીકેસરવાળા ફૂલ ઉપર બેસે, ત્યારે તેઓના શરીર ઉપર ચોંટી રહેલા તંતુઓમાંથી અમુક તંતુઓ ત્યાં રહી જાય છે અને ત્યાં બીજોત્પત્તિ કરે છે.

પરાગકોશ જુઓ પરાગકોષ.

પરાગકોષ [સં.] પું. પુંકેસરના તંતુઓનો ટોચનો ફૂલેલો ભાગ; પરાગકેસરની ટોચ ઉપર રહેલી પરાગની થેલી; 'પૉલિનિયમ.' તેમાં પરાગરજનો સંચય થયેલો હોય છે.

પરાગગમન [સં.] ન. પરાગાધાન; પરાગકેસરના ઝીણા ઝીણા તંતુઓનું પરાકેસરના સ્થાન ઉપર ઊડીને જવું તે; 'પૉલિનેશન.'

પરાગત ૧. [સં.] વિ. પાછું ગયેલું.

૨. વિ. પ્રફુલ્લ; ફૂલેલું.

૩. વિ. ફેલાયેલું.

પરાગતિ ૧. [સં.] પું. શિવનાં ઇલ્વર માહેનું એક નામ.

૨. સ્ત્રી. ગામડું.

૩. સ્ત્રી. પરમગતિ; મોક્ષ; નિજસ્વરૂપની પ્રાપ્તિ. ઇંદ્રિયોથી વિષયો પર છે, વિષયોથી પર મન, મનથી પર બુદ્ધિ, બુદ્ધિથી મહત્તત્ત્વ, મહત્તત્ત્વથી પ્રકૃતિ, પ્રકૃતિથી પુરુષ અને પુરુષથી પણ પર તે જ પરાગતિ છે. તેવું તે પરમાત્માનું સ્થાન તેનાથી પર બીજું કંઈ નથી. તાત્પર્ય કે,

પરમ પુરુષ પરમાત્મા જે પરતાની હદ છે, અર્થાત્ પરાગતિ છે. સૂક્ષ્મતાની દૃષ્ટિએ પરમાત્મા સૌથી પર અર્થાત્ સૂક્ષ્મ છે. યોગશાસ્ત્રનાં તમામ પ્રમેયો આટલામાં આવી જાય છે.

૪. સ્ત્રી. પાછા ફરવું તે; પાછા જવું તે.

૫. સ્ત્રી. મરણ; મૃત્યુ.

પરાગતિક ૧. [સં.] વિ. પાછળ લઈ જનાર.

૨. વિ. પાછી ગતિ કરનારું; પ્રાગતિક નહિ એવું; પ્રગતિવિરોધક; પ્રતિગામી; 'રીએક્શનરિ.'

પરાગનલિકા જુઓ પરાગવાહિની.

પરાગનલી જુઓ પરાગવાહિની.

પરાગનળી જુઓ પરાગવાહિની.

પરાગપતન જુઓ પરાગગમન.

પરાગપાત જુઓ પરાગગમન.

પરાગપૂર ૧. ન. પરાગનું પસરવું તે; પરાગરજ બહોળા પ્રમાણમાં પૂરની માફક ફેલાવી તે.

૨. વિ. પરાગથી ભરપૂર; પરાગથી ભરેલું.

પરાગભક્ષી [સં. પરાગભક્ષિન્] વિ. ફૂલના પરાગકેસરમાંથી પરાગરેણુ આદિ ખનાર; પરાગાહારી.

પરાગમય ૧. [સં.] વિ. પરાગવાળું; પરાગરજવાળું.

૨. વિ. સુગંધી; સુવાસિત.

પરાગરજ [સં.] સ્ત્રી. પુષ્પરજ; ફૂલ માંહેના પરાગના કણ.

પરાગરસ [સં.] પું. પરાગમાં રહેલો મધુર રસ.

> માખી પુષ્પમાં રહેલ આ મીઠો પરાગરસ ચૂસે છે. કુમાર

પરાગવંતું જુઓ પરાગમય.

પરાગવાહિની [સં.] સ્ત્રી. ઓકિસરના અક્ષ ભાગ તેમ જ બીજકોષની વચ્ચે રહેલી પરાગ લઈ જનારી નળી.

પરાગંદગી ૧. સ્ત્રી. ગભરાટ; ડરનો.

૨. [કા.] સ્ત્રી. વિખેરાવું તે 'ડિસ્પર્સન.'

૩. સ્ત્રી. હાર; પરાજય.

પરાગંદા ૧. વ. જમીન છોડી પરગામ નાસી જવું તે; પલાયન.

૨. [ફા.] વિ. પ્રસરેલું; ફેલાયેલું.

૩. વિ. ભગાડેલું.

૪. વિ. હારેલું.

પરાગંદુ ૧. વિ. અનિર્ણયવાળું.

૨. વિ. જમીન છોડી નાસી ગયેલું. ખાસ કરીને જમીન છોડીને નાસી ગયેલા ખેડૂત માટે આ શબ્દ વપરાય છે.

૩. વિ. હાર કરેલું; તજી દીધેલું.

પરાગંદે જુઓ પરાગંદુ.

પરાગાન્વિત જુઓ પરાગમય.

પરાગારાગ જુઓ પરાગકોષ.

પરાગાહારી જુઓ પરાગભક્ષી.

પરાગ્રસ્ત ૧. [સં.] વિ. ઘેરાયેલું.

૨. વિ. ભરડીત થયેલું.

પરાઘાત ૧. [સં.] પું. કોઈનું કોઈ એ પરાણ કર્યા પછી સામા તરફથી આવેલા માથી અથવા બીજા ભાગ વગેરેમાં પડવાથી કે પર્વત વગેરે ઉપરથી ઝંપાપાત કરવાથી થયેલ મૃત્યુ.

૨. પું. (જૈન) નામકર્મની એ નામની એક પ્રકૃતિ. તેને લીધે જીવ પોતે આઘાત ન પામે અને બીજા તેને જોતાં જ ડગાઈ જાય.

૩. પું. વિરોધાભાસ.

પરાઘાતનામ [સં. પરાઘાતનામન્] ન. (જૈન) દર્શન કે વાણીથી બીજાને ભાંજ આપે એવી દશા પ્રાપ્ત કરાવનાર નામકર્મની આઠ અહિની એક પ્રકૃતિ. તેથી બીજે તેવા બળિયાને હરાવવા પોતે સમર્થ થાય એવા ગુણની પ્રાપ્તિ થાય.

પરાઙ્ ૧. અ દૂર; છેટે.

૨. [સં.] અ. પછવાડે; પાછળ.

૩. અ. બહાર.

> કર્યાં પ્રભુએ સહુ છે બાહ્ય,
> પરાક્ ચક્ષુ નહિ અંતરથી;
> આવૃત્ત ચક્ષુ ધીર કોઈ ચખે,
> અમૃતપાત્ર નિજ આત્મતત્ત્વ.
>
> કઠોપનિષદ

પરાઙ્મુખ ૧. [સં.] પું. તંત્રપ્રસિદ્ધ એક મંત્ર.

૨. વિ. અવળમુંહું; આવળું

૩. વિ. ઉદાસીન; ધ્યાન ન આપે એવું.

૪. વિ. વિમુખ મુખ ફેરવેલું.

૫. વિ. વિરુદ્ધ; ઊલટું.

૬. વિ. સમાધિ કુલ્યાણું; કાર્યથી અટકેલ; કામ પૂરું કરી પરવાર્યું હોય એવું.

પરાઙ્મુખતા ૧. [સં.] સ્ત્રી. અવળમુંહાઈ.

૨ સ્ત્રી. કામ પૂરું કર્યું હોય તેવી સ્થિતિ.

૩. સ્ત્રી. વિમુખતા; ઉદાસીનતા; વિરોધ; ઊલટાપણું.

પરાચારતા [સં.] સ્ત્રી. નર્મદાનાં જળપ માંહેનું એક નામ.

પરાચિત ૧. પું. અમુક ધાર્મિક પ્રસંગોએ પ્રાયશ્ચિત નિમિત્તે કરવી જોઈતી એક જાતની તપશ્ચર્યા.

૨. [સં.] પું. ઠોબલ.

૩. વિ. બીજાથી પોષાયેલ.

પરાચિતી [સં.] સ્ત્રી. ઠોબલની માતા.

પરાચી ૧. [સં. પ્રાચી] સ્ત્રી. પૂર્વ દિશા.

૨. સ્ત્રી. લિપિનો એ નામનો એક પ્રકાર.

પરાચીન ૧. [સં.] વિ. ઉત્તર દિશામાં હોનાર કે થનાર.

૨. [સં. પ્રાચીન] વિ. પ્રાચીન; જૂના વખતનું.

૩. વિ. વિમુખ; ઊલટું.

પરાચૈતન્ય [સં.] સ્ત્રી. પરચૈતન્ય.

> મનુષ્યની અર્ધાવિત ચેતના જે વિશાળ અને ચાલી પરાચેતનામાં રહેલા ભેદત્વમાં, કે જ્યાં વ્યક્તિ પદાર્થ માત્રને પોતાના આલિંગનમાં લે છે ત્યાં પહોંચવાનું છે. દિવ્ય જીવન

પરાજિત [સં. પ્રાયશ્ચિત્ત] ન. પ્રાયશ્ચિત્ત.

પરાજ સ્ત્રી. બીજા કાનની તાસક જેવી મોટી થાળી; કચરોટના જેવી મોટી ગોરણની થાળી.

પરાજય ૧. પું નિરુત્સાહ; અનાદર.

૨. પું. નિંદના; નાશ.

૩. પું. નિયમ.

૪. [સં] પું. પરાભવ; હાર; શિકસ્ત.

૫. પું. વસીકરણ.

પરાજયત્વ [સં.] ન. (વેદાંત) કોઈ કાર્ય કરવું અસાધ્ય છે એની સુદ્ધિથી તે કાર્ય કરવામાં પ્રવૃત્તિ ન હોવાપણું.

પરાજિકા સ્ત્રી. (સંગીત) પરજ નામની રાગિણી.

પરાજિત [સં.] વિ. હારી ગયેલ; પરાભૂત; બીજાથી જિતાયેલું; હારેલું; જિત.

પરાજિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક ઊતરતી જાતિ. જૂનાગઢ પાસેના પરજ નામની આસપાસ તે રહે છે. તેમોમાં નાતરાનો ચાલ છે.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ એ નામની જાતિનું.

પરાજિષ્ણુ [સં.] વિ. જયશાલી; બલવંત; વિજયી.

પરાજ્ વ. બીજા બીપા બેટલા વિસ્તારનું જમીનનું માપ; બીજા બીપા.

પરાજે જુઓ પરાજય.

પરાજેતા [સં. પરાજેતૃ] વિ. પરાજય કરનાર.

પરાજ્યોતિ [સં.] સ્ત્રી. પરમ પ્રકાશ; દિવ્ય તેજ.

પરાઠ સ્ત્રી. તંત્ર બીજાના ક્રમમાં આવતી અક્ષરાના વાળની બનાવેલી દોરી. તે ચક્રોના ઉપર ગોઠવી નાખી, તે ઉપર અક્ષર મૂકીને તે ખરી ન જાય તે માટે બાંધવામાં આવે છે.

પરાણ ૧. [સં. પ્રયાણ] પું. નીકળવું તે; ગમન કરવું તે.

> કરીશ પરાણ, ઊઠ્યા હસી, તુરંત ચટવા, અહ ચાંપલ. કાન્હડદેપ્રબંધ

૨. પું. પવન; વાયુ.

૩. [સં. પ્રાણ] પું. પ્રાણ; જીવ.

૪. પું. બળ; જોર; વીર્ય.

૫. પું. શ્વાસ.

૬. પું. સંયમ.

૭. સ્ત્રી. લપ; માથાકૂટ.

૮. ન. બાટલાનું વાસણ કરવા માટે ઊંધીને વળ દઈને ઢોરમાં જેવું કરવું તે.

૧. કૂંવાની પરાણ = (૧) અસાધ્ય બાબત; ન બને એવું જે કંઈ તે. (૨) જેનું કંઈ પરિણામ ન આવે એવું કંઈપણ. (૩) ન ખૂટે તેવી પરાઢ.

૨. પરાણ મૂકવી–મેલવવી = ઊંધીને પોર્ઈ ને વધુવી; ઊંધીના રેસાને પાસે પાસે વળગાડી વળ દેતા જવું; દોરું મેળવવું.

પરાણસ્યા [સં.] સ્ત્રી. ચિકિત્સા; નિદાન કરવું તે.

પરાણી ૧. સ્ત્રી. માટે જોરેલ બળદને હાંકવા માટે વપરાતી આરવાળી નાની લાકડી.

૨. સ્ત્રી. નાનો પરોણો; નાની લાકડી; પરોણી.

પરાણે ૧. અ. બહુ આગ્રહે.

૨. અ. બળાત્કારે; ભરછ ઉપરાંત; જોરજુલમથી; જબરજસ્તીથી; બળજબરીથી.

૩. અ. મુશ્કેલીએ; મહામહેનતે; કષ્ટપૂર્વક; માંડ માંડ.

૧. પરાણે પનોતું = પરાણે વહાલું બનું; સામા માણસની ઇચ્છા ન હોવા છતાં તેની સાથે પ્રીત કરવાનો પ્રયત્ન કરવો.

૨. પરાણે પ્રીત ન થાય = બળજબરીથી કોઈમાં પ્રેમ ઉત્પન્ન કરી શકાય નહિ.

પરાણ્યો ૧. [સં. પ્રાધૂર્ણ] પું. અતિથિ; અભ્યાગત; મહેમાન; પોતાને ઘેર આવેલો કોઈ સંબંધી કે સંબંધી ન હોય તેવો માણસ.

૨. પું. મોટી લાકડી; મોટી પરાણી.

૩. પું. હળ અથવા ગાડીએ જોડેલા બળદને હાંકવા માટે વપરાતી આરવાળી લાંબી લાકડી.

> આરવાળા પરાણ્યા જે ગુજરાતમાં સામાન્ય છે, તે અહીં ક્યાંય વપરાતા ન જોયા. મહાદેવ દેસાઈ

૪. સ્ત્રી. આઘરસહારને ગોબ.

પરાત ૧. સ્ત્રી. ઊંડા કાનની મોટી થાળી; નાની તાસ; થાળ; કથરોટ; પરાજ.

૨. સ્ત્રી. ભાથાનું પાણી; પરાત.

૩. સ્ત્રી. પિત્તળની મોટી કાર્ઈ.

પરાતિ સ્ત્રી. પાતી; બનાવટ.

પરાતી સ્ત્રી. નાની થાળી; પરાત; પરાજ.

પરાત્પર ૧. [સં.] પું. પરમાત્મા; પરમેશ્વર; ભગવાન.

૨. પું. બ્રહ્મ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. ન. એકવીસ વૈદિક યજ્ઞોનાં સાત સાતનાં ત્રણ માંહેનું એક સાધક.

૬. વિ. દૂરની વસ્તુથી પણ દૂર.

૭. વિ. બાબાથી પર; પ્રકૃતિથી અતિરિક્ત.

૮. વિ. સર્વશ્રેષ્ઠ; ઉત્તમોત્તમ; પરથી પણ પર; શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ; સર્વોત્તમ.

> પરાત્પર બ્રહ્મ પ્રગટ થયા. અખો

પરાત્પરા [સં.] સ્ત્રી. ઉત્તમોત્તમ શક્તિ; પ્રકૃતિ.

> નમો નમો પરાત્પરા, હું તમારે શરે આવું. મીરો

પરાદિમથ [સં.] વ. કુશના જેવું એક પ્રકારનું ઘાસ.

પરાત્મા ૧. [સં. પરાત્મન્] પું. પરમાત્મા; પરબ્રહ્મ.

૨. પું. પારકો આત્મા; બીજાનો આત્મા.

૩. સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

પરાત્મૈક જુઓ પરાત્મૈક્ય.

પરાત્મૈક્ય [સં.] ન. પરમાત્મામાં લીન થવું તે.

> જે પુરુષે કરી મોપી પાળી પ્રભુમાં પોતે પરાત્મૈક્યપણે. પ્રેમાનંદ

પરાદન [સં.] પું. ઈરાન દેશમાં ઉત્પન્ન થયેલો ઘોડો.

પરાદની [સં.] સ્ત્રી. ઈરાન દેશમાં ઉત્પન્ન થયેલી ઘોડી.

પરાદાન [સં.] ન. પરોપકાર માટેનું જોઈ દાન.

પરાદેવતા ૧. [સં.] પું. પરમાત્મા; પરમેશ્વર.

૨. સ્ત્રી. સર્વશ્રેષ્ઠ શક્તિ; પ્રકૃતિ.

પરાધિ [સં.] પું. બીજાની માનસિક પીડા; બીજાના મનની અસ્વસ્થતા પીડા.

પરાધિકાર [સં.] પું. પારકાનો અધિકાર; બીજાનો હક.

પરાધિકારચર્ચા [સં.] સ્ત્રી. બીજાના કામમાં વચ્ચે પડવું તે.

પરાધિષ્ણા ૧. સ્ત્રી. ગાડાવાળી ગોરમટી માંહેની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પરાધીન [સં.] વિ. પરવશ; પરતંત્ર; બીજાના તાબામાં હોય એવું.

પરાધીનતા [સં.] સ્ત્રી. પરતંત્ર હોવાપણું; પરવશતા.

પરાધીનત્વ જુઓ પરાધીનતા.

પરાધીનપણું જુઓ પરાધીનતા.

પરાન ૧. પું. પવન; વાયુ.

૨. [હિં.] પું. પ્રાણ; જીવ.

૩. પું. શ્વાસ.

પરાનસ્યા જુઓ પરાણસ્યા.

પરાનંદ [સં.] પું. પરમાત્માના ચિંતનમાં મળતું સર્વશ્રેષ્ઠ સુખ.

પરાનુભવ [સં.] પું. બીજાએ કરેલ અનુભવ.

> આત્મા જે અનુભવનો વિષય હોઈને એમાં પરાનુભવનું પાંડિત્ય વ્યર્થ છે. કોપનિષદ

પરાન્ન ૧. [સં.] ન. પારકું અન્ન; બીજા પાસેથી મેળવેલું ભોજન; મહેનતું આવું તે.

૨. ન. બીજાએ રાંધેલું અન્ન.

પરાન્નભક્ષક [સં.] વિ. બીજાનું અન્ન આપે ને જીવનાર.

પરાન્નભોગી જુઓ પરાન્નભક્ષક.

પરાન્નભોજી જુઓ પરાન્નભક્ષક.

પરાન્નોપજીવી જુઓ પરાન્નભક્ષક.

પરાન્વય [સં.] પું. વાયુ; પવન.

પરાપ [સં. પર (પારકું) + અપકાર (દ્રોહ)] પું. બીજાનું અપકાર કરવું તે; દ્રોહનું બૂરું કરવું તે.

પરાપક્ષ [સં.] સ્ત્રી. જ્યોતિષીઓની આજ્ઞાની પાંખ; 'અન્ડર વિંગ.'

પરાપતન ૧. [સં.] ન. પ્રતાપાઘાત; સામી અસર થવી તે.

> જગતનું પરાપતન અને જગતની પ્રતિસ્પર્ધા એ બે વાત છે અમે લિખ આપી તે સર્વથા લિખ નથી. અંબાલાલ નાયુભાઈ

૨. ન. વિવર્તન; પરાવર્તન; 'રીફ્લેક્શન.'

પરાપતિત [સં.] વિ. પાછું આવેલું.

પરાપર ૧. [સં.] પું. કેવરૂપ અમુક જુદ.
૨. પું. ગાયસા; એક જાતનો નાનો ઘોડ; પરપક; પારાવત.
૩. ન. અમુક એક જાતિ; જાતિપ્રકાર; જાતિભેદ.
૪. ન. (ન્યાય) મહત્તમ અને લઘુતમ સંખ્યાના વચગાળાનું લક્ષણ.
૫. વિ. આગળનું અને પાછળનું; પહેલાંનું અને પછીનું.
૬. વિ. આવેલું અને પાસેનું; દૂરનું તેમ જ નજીકનું.
૭. વિ. અંદરનું અને બહારનું; સારું અને નરસું.
૮. વિ. પોતાનું અને બીજાનું.
૯. અ. આગળ અને પાછળ; પહેલાં અને પછી.
૧૦. અ. દૂર અને નજીક.

પરાપરતા ૧. [સં.] સ્ત્રી. અર્વાચીનપણું અને પ્રાચીનપણું.
૨. સ્ત્રી. આગળ અને પાછળ હોવું તે.
૩. સ્ત્રી. જાતિભેદ.
૪. સ્ત્રી. દૂર તથા પાસે હોવાપણું.
૫. સ્ત્રી. પોતાનું તથા બીજાનું હોવું તે.
૬. સ્ત્રી. સારું તથા બરાબ હોવું તે.

પરાપરસામાન્ય [સં.] ન. (ન્યાય) એક પ્રકારનું સામાન્ય; ન્યૂનદેશવૃત્તિવાળું અને અધિકદેશવૃત્તિવાળું સામાન્ય; પરસામાન્ય.

પરાપરા [સં.] સ્ત્રી. બ્રહ્મવિદ્યા. પર એટલે બ્રહ્મથી અપર એટલે ઉત્પન્ન જે બધા તેનાથી પ્રાપ્ત થઈ હોવાથી અથવા પરા અને અપરારૂપ સર્વ વિદ્યાના વિષયમાં વ્યાપ્ત હોવાથી બ્રહ્મવિદ્યાને પરાપરા પણ કહેવામાં આવે છે.

પરાપરી વિ. પરાપૂર્વથી ચાલ્યું આવતું.

પરાપવાદ ૧. [સં. પર (બારનું) + અપવાદ (નિંદા)] પું. બીજાની નિંદા.
૨. પું. બીજાનો અવગુણ.

પરાપહાર [સં.] પું. પારકાનું કંઈ થઈ લેવું તે; ચોરી.

પરાપૂત [સં.] વિ. બહુ પવિત્ર; શુદ્ધ.

પરાપૂર્વ ૧. [સં.] પું. જૂનો જમાનો; પ્રાચીન કાળ; બહુ જૂનો સમય.
૨. પું. વંશપરંપરા; પેઢી દરપેઢી.
૩. વિ. આગળનું; જૂનું; આગળના વારાથી ચાલ્યું આવતું.

પરાપૂર્વથી ૧. અ. જૂના જમાનાથી.
સનીશ્વર અઢેવાદિ શુદ્ધ સંસ્કાર આપ્યા.
સત્ય શાંતિ અહિંસાદિ પરાપૂર્વથી સિદ્ધ છે.
ઋષીગીતા
૨. અ. વંશપરંપરાથી; પેઢી દરપેઢીથી.

પરાપ્ત ૧. [સં. પ્રાપ્ત] ન. આવક.
૨. [સં.] વિ. સૌથી નિકટ સંબંધી; સર્વોત્કૃષ્ટ સંબંધોમાં સૌથી વધુ નજીક સંબંધવાળું.

પરાપ્રકૃતિ [સં.] સ્ત્રી. શ્રેષ્ઠ શક્તિ; પ્રકૃતિના બે ભાંહેનો એક ભેદ. પરાપ્રકૃતિ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિની નિયંતા કહેવાય છે.

પરાબુદ્ધિ [સં.] સ્ત્રી. સ્વતઃસ્ફુરણ; આપોઆપ ઉત્પન્ન થતું જ્ઞાન.

પરાભક્તિ [સં.] સ્ત્રી. તદાકાર વૃત્તિવાળી અનન્ય ભક્તિ.
પરાભક્તિ વધે કે પરમ જ્ઞાન ! નાનાલાલ

પરાભવ ૧. [સં.] પું. તિરસ્કાર; કોઈને પુનઃકારી કાઢવું તે.
૨. પું. દુઃખ; પીડા.
૩. પું. પરાજય; હાર.
૪. પું. પ્રભવથી બાવીસમો સંવત્સર.
૫. પું. બાર્હસ્પત્ય સંવત્સરનાં સાઠ માંહેનું બાવીસમું વર્ષ.
૬. પું. માનભંગ; અપમાન.
હંસ પરાભવ કિમ સહે, અમર સરોવર તીર.
લાવણ્યસમય
૭. પું. વિનાશ; નાશ; ભંગ.
૮. પું. વૈદક મુજબ પાંચમું વર્ષ. બૃહત્સંહિતા પ્રમાણે આ વર્ષમાં અગ્નિ, શસ્ત્રપીડા, રોગ વગેરે થાય છે અને ગાય તથા બ્રાહ્મણોને વિરોધ ભય હોય છે.

પરાભવવું ૧. સ. ક્રિ. અપમાન કરવું.
૨. સ. ક્રિ. દુઃખ આપવું.
૩. [સં. પરાભૂ] સ. ક્રિ. હરાવવું.

પરાભાવ જુઓ પરાભવ.

પરાભિક્ષ [સં.] પું. એક પ્રકારનો વાનપ્રસ્થ. તે ગૃહસ્થના ઘેરથી ભોજી ભિક્ષા લઈ વનમાં વસ્તા કાઢે છે.

પરાભૂત ૧. [સં.] વિ. તિરસ્કાર પામેલ.
૨. વિ. માનભંગ થયેલ; અપમાન થયેલું.
૩. વિ. વિનાશ થયેલું.
૪. વિ. હારેલું; પાછું પડેલું; પરાજિત; પરાભવ પામેલ.

પરાભૂતિ જુઓ પરાભવ.

પરામર્શ ૧. [સં.] પું. (ન્યાય) અનુમાન; ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર અમુક વસ્તુના અવલોકન ઉપરથી અમુક પ્રકારની બાબત નિશ્ચિત કરવી તે; અનુમિતિ; સામાન્ય અવલોકન ઉપરથી અમુક એક વ્યક્તિની બાબતમાં નિર્દેશ કરવો તે; 'ડીડક્શન.' આમિ ઉપરથી બીજા એક નિર્દેશ દ્વારા ત્રીજા નિર્દેશ ઉપર જવાને પરામર્શ કહે છે. એમ એ ત્રણે નિર્દેશને વિસ્તારીને બનાવેલા સ્વરૂપને ન્યાય એવું નામ આપવામાં આવે છે અને તેથી તે આખા શાસ્ત્રનું નામ પણ ન્યાયશાસ્ત્ર રાખેલું છે.
અનુભવ ઘોષપાત્ર છે એવા નિર્દેશ ઉપર આવવાના વ્યાપારને પરામર્શ કહે છે.
મણિલાલ નભુભાઈ
૨. પું. અભ્યાસ; અધ્યયન; ચિંતન; પરિશીલન; કોઈ બાબત ઉપર ચારીકાઈથી અને જરૂરની બધી જુદી જુદી દૃષ્ટિથી વિચારણા કરવી તે; મીમાંસા.
નવીન યુગમાં પ્રેમ, શૃંગાર, ભક્તિ અને સામાજીકો, કરુણ રસ, વીર રસ, ઉન્નતિ અને સૌન્દર્યનાં તત્ત્વોનો પરામર્શ ઇત્યાદિ વિષય લઈને સંગીત કાવ્યોની રચના થયેલી છે.
નરસિંહરાવ
૩. પું. અર્થમંડણ; 'ઇન્ટરપ્રીટેશન.'
૪. પું. ઊહાપોહ; વિચાર.
૫. પું. ખેંચવું તે; પકડવું તે.
૬. પું. તર્કવિતર્ક; વિચાર.
૭. પું. નિર્ણય.
૮. પું. બળાત્કાર.
૯. પું. યુક્તિ.
૧૦. પું. વિવેચન; ટીકા; વિમર્ષણ.
૧૧. પું. સલાહ; મંત્રણા; મસલત.
૧૨. પું. સ્પર્શ; છોવાવું તે.
૧૩ પું. સ્મૃતિ; યાદ; સ્મરણ.
૧૪. પું. હુમલો.
૧૫. પું. (વેદાંત) હેતુ વિષે સાધ્યની વ્યાપ્તિને તથા પક્ષવૃત્તિત્વરૂપ પક્ષધર્મતાને વિષય કરનારું જ્ઞાન. જેમ અગ્નિથી વ્યાપ્તિવાળો જે ધૂમ છે, તે આ પર્વત છે. આ જ્ઞાન ધૂમરૂપ હેતુમાં અગ્નિરૂપ સાધ્યની વ્યાપ્તિને વિષય કરે છે તથા પર્વતરૂપ પક્ષમાં તે હેતુના વૃત્તિત્વરૂપ પક્ષધર્મતાને પણ વિષય કરે છે. માટે તે જ્ઞાનને પરામર્શ કહે છે. તેમાં જો પરામર્શ અગ્નિની વ્યાપ્તિવાળો એટલા અંશ વડે તો ધૂમરૂપ હેતુ વિષે અગ્નિરૂપ સાધ્યની વ્યાપ્તિને વિષય કરે છે તથા ધૂમવાળો આ પર્વત છે, એટલા અંશ વડે ધૂમરૂપ હેતુમાં પક્ષવૃત્તિત્વ પક્ષધર્મતાને વિષય કરે છે. અહીં જેને વિષે અગ્નિ છે એમ સિદ્ધ કરવાનું છે, એવા પર્વતને પક્ષ કહે છે.

પરામર્શકારિણી સમિતિ [સં.] સ્ત્રી. સલાહકાર મંડળ; સલાહકાર સમિતિ; 'એડવાઇઝરિ બોર્ડ.'

પરામર્શખંડ [સં.] પું. અનુમાનસિદ્ધ તર્કશાસ્ત્ર; ન્યાયશાસ્ત્રનો એક વિભાગ; 'ડીડક્ટિવ લૉજિક.' આ વિભાગમાં પરામર્શની જ મુખ્ય રીતે પરીક્ષા કરવાની હોઈ તેને પરામર્શખંડ કહે છે.

પરામર્શજન્ય [સં.] વિ. અનુમાનજન્ય; અનુમાનથી ઉત્પન્ન થતું.

પરામર્શજન્ય જ્ઞાન [સં.] ન. અનુમાનથી સિદ્ધ થતું જ્ઞાન.

પરામર્શજ્ઞાન [સં.] ન. સામાન્ય ઉપરથી કોઈ વ્યક્તિનો નિર્દેશ કરવો તે; અનુમિતિ; પરામર્શજન્ય જ્ઞાન

પરામર્શદાતા ૧. [સં. પરામર્શદાતૃ] પું. સલાહકાર.
૨. પું. સહાયક.

પરામર્શન ૧. [સં.] ન. ખેંચવું તે.
૨. ન. ચિંતન; વિચાર કરવો તે.
૩ ન. સલાહ; મંત્રણા.
૪. ન. સ્મરણ; યાદ કરવું તે.

પરામર્શનિર્ણયનશાસ્ત્ર [સં.] ન. જેમાં સિદ્ધ કરેલી વ્યાપ્તિઓને અમુક અમુક વ્યક્તિ પરત્વે ઘટાવવાનો જેટલે કે આપેલા સાધ્યાવયવને પક્ષાવયવ યોગ્ય આપી નિગમન ઉપન્યસનનો વ્યાપાર થતો હોય છે તે શાસ્ત્ર.

પરામર્શન્યાય જુઓ પરામર્શ ૧.

પરામર્શવું ૧ સ. ક્રિ. અનુમાન કરવું.
૨. સ. ક્રિ. ઊહાપોહ કરવો.
૩. સ. ક્રિ. પકડવું.
૪. સ. ક્રિ. વિચારવું.
૫. સ. ક્રિ. સ્પર્શ કરવો.

પરામર્શશ્રેણી [સં.] સ્ત્રી. અનુમાનકૂટપ્રથા; અનુમાનપરંપરા. પરામર્શજન્ય અનુમિતિનો મુખ્ય ઉપયોગ અનુમિતિ ઉપર જેમનો આધાર છે તેવાં શાસ્ત્રોમાં થાય છે. તેવાં શાસ્ત્રોમાં અનેક વાર્તાઓની યોજના હોય છે; તેમાં પહેલે પહેલે ત્રણ ત્રણ અવયવમાં ન્યાય જુદા પાડીને આપેલા હોતા નથી, પણ એક ઉપરથી બીજું, બીજા ઉપરથી ત્રીજું એમ ઉત્તરોત્તર નિગમનો અવયવો જણાવ્યા વિના પણ ઉપજાવેલાં હોય છે. એ પ્રકારે વિચારવ્યાપારના ઉત્તરોત્તર સંકલનને સ્વાભાવિક જે ન્યાયપ્રકાર તેને પરામર્શશ્રેણી કહે છે. જેમકે, અ બ છે, બ ક છે, ક ખ છે, ખ મ છે, મ ચ છે અને ચ જ છે, તેથી અ જ છે. આનું સ્વરૂપ જ એવું છે કે, એક ન્યાયમાં જે નિગમન તે બીજા ન્યાયમાં સાધ્યાવયવ થાય છે અને એમ ઉત્તરોત્તર પરામર્શશ્રેણી ચાલે છે.

પરામર્શાનુમાન [સં.] ન. સિદ્ધાંતપૂર્વકનું અનુમાન; સ્વીકારેલી વ્યાપ્તિ ઉપરથી કરેલું અનુમાન.
પાંચ અવયવ એ જ ન્યાયવાક્ય અથવા પરામર્શાનુમાન કહેવાય છે. પુરાવૃત્ત

પરામર્ષ ૧. [સં.] પું. ક્ષમા કરવી તે.
૨. પું. સહન કરવું તે.

પરામુખ જુઓ પરાઙ્મુખ.

પરામૃત ૧. [સં.] ન. અમૃત જેવું પરબ્રહ્મનું જ્ઞેય સુખ. જેનાતત્ત્વ અરણ અર્થાત્ શબ્દતઃ અને અર્થતઃ અભ્યાસથી સારી રીતે નિશ્ચિત થયો છે અર્થ—પરમપદાર્થ અથવા પરમાત્મા—જેવા તે પુરુષ બ્રહ્મલોકમાં પરામૃતને અનુભવે છે.
૨. ન. જેમ વગેરેની વૃષ્ટિ.
૩. વિ. મૃત; મરણ વગેરેના ભયથી છૂટું થયેલું.

પરામૃષ્ટ ૧. [સં.] પું. સાધ્યમાં વ્યાપ્ત હોઈ હેતુમાનરૂપે જણાયેલ પક્ષ.
૨. વિ. ખેંચીને પકડાયેલું.
૩. વિ. પીડિત; દુઃખી.
૪. વિ વિચારાયેલ; જેની ચર્ચા, વિચારણા, વિવેચન થયેલ હોય એવું.
૫. વિ. સંબંધ પામેલ.
૬. વિ. સ્પર્શ કરાયેલું.

પરામોદ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, બે સગણ, જગણ, નગણ અને સગણ મળી અઢાર અક્ષર આવે છે.

પરાય ૧. પું. શિવ; હર.
૨. સ્ત્રી. પરાર્ધ; આંકણીનો દસમો પરાર.
૩. સ્ત્રી. સાંભેલું.

પરાયણ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. પુનરાવૃત્તિની હાનિ રહિત પરમ ઉત્કૃષ્ટ જ્ઞાન જેટલે સ્થાન જ્ઞાનવાન છે, તેથી તે પરાયણ કહેવાય છે.
૨. પું. મરણ; પ્રયાણ.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૪. સ્ત્રી. પારકી સ્ત્રી; પરનારી.
૫. ન. અનંત આસક્તિ; ઘોર મોહ.
૬. ન. આશ્રય.
આકાશને તો શ્રુતિમાં પરાયણ અર્થાત્ પરમ સ્થાન કહે છે. અજ્ઞાતાત્મ
૭. ન. ઉત્તમ આશ્રય; પરમ ગતિ.
૮. વિ. અભિમુખ; તરફ વળેલું.
૯. વિ. આશ્રિત; તાબેદાર.
૧૦. વિ. આસક્ત; અનુરક્ત.
૧૧. વિ. પ્રસ્થેલું.
૧૨. વિ. મત; ગયેલું.
૧૩. વિ. જ્ઞાનદૃષ્ટિવાળું.
૧૪. વિ. તદ્રૂપ; એકાગ્ર; લીન; તલ્લીન; મગ્ન. પ્રાપ્ત સમાસમાં વપરાય છે. જેમકે, પ્રભુપરાયણ.
૧૫. વિ. નિરત; પ્રવૃત્ત; તત્પર.
૧૬. વિ. પ્રિય; વહાલું.
૧૭. વિ. ભક્તિથી અથવા આશ્રયથી વળગેલું.
૧૮. વિ. સાવધાન; પોતાની ફરજમાં ગાફેલ નહિ એવું.

પરાયણતા ૧. [સં.] સ્ત્રી. આસક્તિ; પરાયણ હોવું તે.
૨. સ્ત્રી. તલ્લીનતા; તદ્રૂપતા.
૩. સ્ત્રી. સાવધાની.

પરાયત્ત [સં.] વિ. પરાવર્તિત; બાહ્યગોળ; 'રીફ્લેક્સ.'

પરાયતન ૧. [સં.] ન. પરમ પદ; પરંધામ ગતિ; મુક્તિ; મોક્ષ.
૨. ન. પરનું ઘર.

પરાયતિ ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ ઉત્તર ફળ.
૨. સ્ત્રી. ઉત્તમ પરિણામ.
૩. વિ. ઉત્તમ પરિણામવાળું.
૪. વિ. પરાધીન.
૫. વિ. પારકું જનાર.

પરાયત્ત ૧. [સં.] વિ. અન્યાવલંબી; બીજા ઉપર આધાર રાખનાર; પરાશ્રિત; પરાધીન.
૨. વિ. પરાવર્તિત; બાહ્યગોળ; 'રીફ્લેક્સ.'
૩. વિ. લટકતું.
૪. વિ. જોખમવાળું; ગતિવાળું.

પરાયત્તતા ૧. [સં.] સ્ત્રી. પરતંત્રતા; પરાધીનતા.
૨. સ્ત્રી. બાહ્યગોળપણું.
૩. સ્ત્રી. જોખમ હોવાપણું.

પરાયાપણું [સં.] ન. પારકું હોવું તે.

પરારુ [સં. પરશુક] પું. ઝાડ.

પરાવું ૧. [સં. પરકીય] વિ. અન્યનું; બીજાનું; પારકું.
ધિક્કાર છે તે કૃતઘ્નાગ્રણીઓને કે જે અધિકારને હોવે મોહી પણ કારણથી પોતાના સ્વામીના સન્માસન પર પરાયાં બાળકોને બેસાડે છે.
સરસ્વતીચંદ્ર
૧. તે કેમ દેખે સુખ સંસાર, જે નર કરે પરાઈ નાર = જે પુરુષ બીજાની સ્ત્રીનું હરણ કરી તેને ભોગવવાની ઇચ્છા રાખે તે સુખી કેવી રીતે થાય ?
૨. પરાવું એટલું પરાવું = પારકું માણસ અંતે પારકું જ રહે, એટલે કે સ્વજનની માફક આત્મભોગ આપીને તે સેવા ન જ કરે.

૩. પારકી પીડા, પંચાત પસાર્યું, ના કરો મારા આવડભાઈ = બીજાની બાબતમાં, કોઈની બાબત બીજામાં કોઈ માણસે માથું મારવું ન જોઈએ.

૨. જ. બારોબાર; પરભારું.

હું તો અહીંથી પરાયો જ કૂલવાડીએ જઈશ. પ્રેમાનંદ

પરાયો ૧. કું. રસ્તો; સંઘ; પરાર.

૨. કું. સાંબેલું.

૩. વિ. કું. પારકાનો; બીજાનો.

પરાર ૧. કું. રસ્તો; પરાઈ.

૨. સ્ત્રી. (કચ્છી) પરાળ.

૩. જ. ઓક વચમાં રહીને બીજું તેમ; ત્રીજા ઉપર.

૪. જ. ગયા વર્ષ પહેલાનું વર્ષ; અને કે આવતે ત્રીજે વર્ષે. સંસ્કૃતમાં પૂર્વતરે વપરરના અર્થમાં પરારિ શબ્દ છે. પરારિ ઉપરથી ગોલ સ્વર લોપાઈ પરાર થયું છે.

પરારા સ્ત્રી. ઓક જાતની શેરડી. તે પાક જેવા પીળા અને લીલા રંગની હોય છે અને સીતાપુરમાં થાય છે.

પરારિ ૧. [સં.] કું. પરમ દુશ્મન; મહાન વેરી; મોટો શત્રુ.

૨. જ. ગયેલે કે આવતે ત્રીજે વર્ષે; પરાર.

પરારુ [સં.] કું. કારેલાનો વેલો.

પરારુહ [સં.] કું. પરમેશ્વર.

પરાર્ધ ૧. [સં.] કું. ઉત્તમ વસ્તુ.

૨. કું. પરબ્રહ્મ; પરમાત્મા.

૩. [સં. પર (બીજાનું) + અર્થ (કાર્ય)] કું. પરોપકાર; સ્વાર્થથી ઊલટું તે બીજાને માટે કરેલું કાર્ય; પારકાનું પ્રયોજન.

૪. વિ. બીજા હેતુ કે અર્થવાળું.

૫. વિ. બીજાને માટે હોય તેવું; પરનિમિત્તક.

પરાર્થતા ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ ધ્યેય કે પરમાત્મા તેનો જ ઓક માત્ર કલ્યાણહેતુ માની તદાકારવૃત્તિ કરવી તે.

૨. સ્ત્રી. પરોપકારવૃત્તિ.

પરાર્થદંડધારી [સં. પરાર્થદંડધારિન્] વિ. પારકાના હિત માટે ભિક્ષા ધારણ કરી હોય એવું.

પરાર્થપર [સં. પરાર્થ (બીજાનું હિત) + પર (તત્પર)] વિ. બીજાનું હિત કરવામાં તત્પર.

પરાર્થપરતા [સં.] સ્ત્રી. બીજાનું હિત સાધવાની તાલાવેલી.

પરાર્થપ્રાર્થના ૧. [સં.] સ્ત્રી. બીજાના ભલા માટે કરવાની વિનંતિ.

૨. સ્ત્રી. વકીલાત. તેમાં બીજાના હિતને માટે દલીલ કરવાની હોય છે.

પરાર્થભાવ [સં.] કું. પરોપકારવૃત્તિ.

પરાર્થવાદ [સં.] કું. પરોપકારવાદ; સર્વભાવ; સ્વસુખનિરભિલાષ.

પરાર્થવાદી ૧. [સં. પરાર્થવાદિન્] વિ. પરોપકારવાદમાં માનનાર.

૨. વિ. પારકાના હિતને માટે સંભાષણ કરનાર; પારકા માટે બોલનાર.

૩. વિ. બીજાની વાતમાં કે બીજાના વિષયમાં માથું મારનાર; બીજાની બાબતમાં દખલગીરી કરનાર.

૪. વિ. મધ્યસ્થ રહિત.

પરાર્થવૃત્તિ [સં.] સ્ત્રી. બીજાનું કલ્યાણ સાધવાની ભાવના.

પરાર્થસાધક ૧. [સં.] વિ. પરમ અર્થ કે પરમાત્મા, તેની સાધના કરનાર.

૨. વિ. બીજાનું કલ્યાણ કરનાર.

પરાર્થસાધકતા ૧. [સં.] સ્ત્રી. પરમાત્માની સાધના કરવાની વૃત્તિ.

૨. સ્ત્રી. બીજાનું કલ્યાણ કરવાની ભાવના.

પરાર્થસામાન્યતોદૃષ્ટ [સં.] વિ (ન્યાય) દૃષ્ટ સામાન્યતઃ અનુમાનના બે મોટામાં ઓક પ્રકાર. તેમાં બીજાનું જ માત્ર પ્રયોજન સિદ્ધ થતું હોય છે.

પરાર્થાનુમાન [સં.] ન. (ન્યાય) ઓક પ્રકારનું અનુમાનઃ પોતે અનુમાન કર્યા પછી બીજાને સમજાવવા અમુક રીતે વાક્યો રચી કરી બતાવેલું અનુમાન. પોતાને માટે જ કરેલું અનુમાન તે સ્વાર્થાનુમાન કહ્યું છે અને પોતે અનુમાન કર્યા પછી બીજાને સમજાવવા માટે તેની શ્રોતાને અનુરૂપ વાક્યરચનામાં ગોઠવણી કરી તેને પણ અનુમાન કરોનર સુદ્ધિગમ્ય કરી આપવું તેને પરાર્થાનુમાન કહે છે. પરાર્થાનુમાનમાં ત્રોકામાં ત્રોક વસ્તુ અવયવોની આવશ્યકતા છે. પરાર્થાનુમાનના અવયવોની સંખ્યા પાંચ પણ કહેવામાં આવે છે, જેમાં વધારાના બે અવયવો ઉદાહરણ અને વ્યાપ્તિ છે. આ બે અવયવ મૂકી દઈને માત્ર ત્રણ અવયવનું જે પરાર્થાનુમાન કરવામાં આવે છે તે ન્યાયસૂત્રોના ટીકાકારોને માનતું આવે છે. સ્વાર્થાનુમાનવાળો પુરુષ જ્યારે બીજા કોઈ પુરુષને તે પર્વતમાં અગ્નિની અનુમિતિ કરાવે છે, ત્યારે પ્રતિજ્ઞાદિ પાંચ વાક્યોના સમુદાયરૂપ ન્યાય વડે કરાવે છે. તે ન્યાય વડે તે બીજા પુરુષને પણ વ્યાપ્તિજ્ઞાન, પરામર્શ વગેરે દ્વારે અગ્નિની અનુમિતિ થાય છે. એવું ન્યાયજન્ય અનુમાન બીજા પુરુષની અનુમિતિનો હેતુ હોવાથી પરાર્થાનુમાન કહેવાય છે.

પરાર્થાનુમિતિ જુઓ પરાર્થાનુમાન.

પરાર્થિતા [સં.] સ્ત્રી. પરોપકારવાદ; સ્વસુખનિરભિલાષ; સર્વભાવ; 'એલ્ટ્રુઇઝમ.'

પરાર્થિની [સં.] કું. (પિંગળ) ઓક વિષમવૃત્ત છંદ; પરાર્થિની. તેના પહેલા ચરણમાં નગણ, મગણ અને સગણ મળી નવ અક્ષર, બીજા ચરણમાં જગણ, તગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, મગણ અને સગણ મળી નવ અક્ષર અને ચોથા ચરણમાં તગણ, જગણ, રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

પરાર્થી [સં. પરાર્થિન્] વિ. અન્યાર્થી; બીજાના હિતમાં કોઈ કરનાર.

પરાર્થે જ. બીજાના ભલા માટે.

માનવી પ્રભુ વચ્ચે છે અંતરપટ સ્વાર્થનું,
સ્વાર્થ હોળી પરાર્થે તે જલરૂપ બની જતો.

ગાંધીગીતા

પરાર્ધ જુઓ પરાર્ધ

પરાર્દ્ધિ [સં.] કું. વિષ્ણુ.

પરાર્ધ ૧. [સં.] કું. કોઈ પણ વસ્તુનો પાછળનો અર્ધો ભાગ.

૨. કું. બ્રહ્માના આયુષ્યનો બીજો અર્ધો ભાગ.

૩. કું. (ગણિત) ઓકના ઉપર સત્તર મીંડાં લખવાથી બનતી સંખ્યા.

૪. વિ. સંખ્યાવાચનમાં છેલ્લી સંખ્યા; ૧૦૦૦૦૦૦૦૦,૦૦,૦૦૦૦૦૦૦.

પરાર્ધમું વિ. અનુક્રમમાં જેનો ક્રમ પરાર્ધની સંખ્યા ઉપર આવે એવું.

પરાર્પણ [સં.] ન. બીજા માટે આપી દેવું તે.

જૈન ઉપાસકનું ધ્યેય તેના તત્ત્વજ્ઞાન પ્રમાણે પરાર્પણ કે પરપ્રસન્નતા નથી, પણ આત્મસંતોષન માત્ર છે. તત્ત્વાર્થસૂત્ર

પરાલ જુઓ પરાળ.

પરાલબ્ધ [હિં.] ન. પ્રારબ્ધ; નસીબ; ભાગ્ય.

પરાલાલ વિ. ઉપરકાં; બીજા રાતા રંગનું.

પરાવત [સં.] ન. ઓક જાતનું કણ; પારેવડું.

પરાવર્તી ૧. કું. (પિંગળ) ઓક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; વાર્ધમતી. તે સોળેક વર્ણનો છે. તેના પહેલા ચરણમાં રગણ, જગણ, સગણ અને જગણ મળી બાર અક્ષર, બીજા ચરણમાં

પણ તે મુજબના જ અક્ષર, અને બીજા તથા બીજા ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર તેર અક્ષર હોય છે.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

ઉત્તરમાં પરાવતીનું પૂજન કરવું.

ભાગવતી આરાધના

પરાવન ૧. [હિં.] પું. એકીસાથે લોકોનું જમવું તે; પ્રાશન.

૨. પું. જમણા લોકોના ઘરની બહાર તંબૂ તાણી પૂજા કે ઉત્સવ કરવાની રીતિ.

૩. પું. પર્વ; પુણ્યકાળ.

પરાવપુરાણ [સં.] ન. બહાર માંદેનું એ નામનું એક પુરાણ.

પરાવર ૧. [સં.] પું. ઉત્તમોત્તમ તત્ત્વ.

૨. પું. કાર્યકારણરૂપ પરમાત્મા.

મેલાવે હૃદયગ્રંથિ ઉકાવે કર્મ સંચયો,
કરીયુ આવે સહુ કર્મો જેની દૃષ્ટિ પડ્યાપરે.

ગીતારહસ્ય

૩. પું. શિવનાં ઢબ્બર માંદેનું એક નામ.

૪. વિ. ઉત્તમોત્તમ; સર્વોત્કૃષ્ટ; અત્યંત શ્રેષ્ઠ; ૫ ઉત્પર; પરથી પણ પર; શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ; સર્વશ્રેષ્ઠ.

૫. વિ. જે દૂર પણ છે અને નજીક પણ છે તેવું; અદ્વૈતવાદીનું.

૬. અ. અનુક્રમે.

પરાવરણ [સં. પર (બીજું) + આવરણ (આચ્છાદન)] ન. ઓઢી પહેરવી.

પરાવરમુનીશ્વર [સં.] પું. શિવનાં ઢબ્બર માંદેનું એક નામ.

પરાવરા [સં.] સ્ત્રી. એ નામની એક વિદ્યા.

પરાવરેશ્વર [સં. પરાવર (સર્વ શ્રેષ્ઠ) + ઈશ્વર] પું. પરમેશ્વર; પ્રભુ.

પરાવર્ત ૧. [સં.] પું. પરાવર્તન; પાછું ફરવું તે.

૨. પું. વિનિમય; અદલો; અદલબદલ.

પરાવર્તઓહ પું. પાણીનો ઊતાર; 'રીફ્લક્સ.'

પરાવર્તક ૧. [સં.] પું. ફિરણ પાછાં ફેંકવા માટે અરીસાની પાછળ રાખવામાં આવતો અરીસો; 'રીફ્લેક્ટર.'

૨. પું. પ્રજાવર્તક યંત્ર; 'ઓસ્ટરનેટર.'

પરાવર્તક દૂરબીન ન. દૂરના પદાર્થો જોવા માટે વપરાતું એક યંત્ર. તેમાં અંતર્ગોળ અરીસાના કટકા આગળથી પદાર્થકિરણોનું પરાવર્તન કરીને પ્રતિમા તૈયાર થાય છે. આ જાતના દૂરબીનનો મુખ્ય ગુણ બહુ મોટો કરી શકાય છે. આ જાતનું સર્વથી મોટું દૂરબીન આયર્લંડમાં લૉર્ડ રોસનું છે. તેનો મુખ્ય અરીસાનો વ્યાસ ૭ ફૂટ આશરાનો છે.

પરાવર્તક પ્રહાર [સં.] પું. પ્રત્યાવર્તક ઘાત; 'એક્ટરનેટિવ સ્ટ્રાન્ટ.'

પરાવર્તન ૧. [સં.] ન. અદલોબદલો; વિનિમય.

૨. ન. અપારદર્શક વસ્તુ ઉપર પડેલાં કિરણોનું વિરુદ્ધ દિશામાં પાછું ફેંકાવું તે.

૩. ન. આમ્નાય; કંઠસ્થ વસ્તુના ઉચ્ચારનું શુદ્ધિપૂર્વક પુનરાવર્તન કરવું તે.

૪. ન. (જૈન) ગ્રંથોનું દોહરાવવું તે; ઉદ્ઘરણી.

૫. ન. પાછું ફરવું તે; પ્રત્યાવર્તન.

૬. ન. પ્રતિબિંબ; પડઘો.

પરાવર્તન કિરણ [સં.] ન. જલ, ઉપગ્રહ ઉપરથી પરાવર્તન પામી આવતું સૂર્યકિરણ.

પરાવર્તનઠોકુ [સં.] પું. (લક્ષિત) પરાવર્તનનો ખૂણો; કોઈ વસ્તુ ઉપર પડતું કિરણ પાછું ફરતાં પતનકોણથી વિરુદ્ધ દિશામાં કરે તે ખૂણો; 'એંગલ ઑવ રિફ્લેક્શન.'

પરાવર્તનવાદી [સં. પરાવર્તનવાદિન્] વિ. પરાવર્તનમાં માનનારું.

જે કે બંધારાના કે ઉજ્જયિનીના એ પ્રાચીન કવિઓની રસલહરી જેવી જે જેવી રસલહરી બંગ દેશના આ અર્વાચીન કવિના કવિત્વ ભંડારમાં નથી, પણ આપણે એના પદ્યો ઝીણવટથી જોઈએ તો પરાવર્તનવાદી થઈ જઈએ છીએ કે આપણે ય પ્રતિભામાં ઊણે ઊતરે તેવાની પ્રકારાંતર વર્ષાએ.

નાનાલાલ

પરાવર્તનીય [સં.] વિ. પાછું ફરનારું.

પરાવર્તનીયતા [સં.] સ્ત્રી. પાછું વળે તેવો ગુણ.

પરાવર્તનીયદૂરદર્શક [સં.] ન. એક જાતનું દૂરબીન. તેમાં જળ અરીસા ઉપરથી જોવામાં આવે છે.

પરાવર્તબ્રહ્મવિહાર ૧. [સં.] પું. બ્રહ્મભાવની ફરી તપાસ; બ્રહ્મભાવના દૃઢતા ઉપર ફરીથી વિચાર કરવો તે.

૨. પું. બ્રહ્મભાવનો ફરીથી દૃઢતો.

પરાવર્તિત [સં.] વિ. પાછું ફેરવેલું; બદલાવેલું.

પરાવર્તી [સં. પરાવર્તિન્] વિ. પાછું ફરનું; પાછું વળનું.

પરાવર્ત્ય [સં.] વિ. ઉલટાવી શકાય એવું; પાછું વાળી શકાય તેવું.

પરાવલંબન [સં. પર (બીજા) + અવલંબન (આધાર)] ન. બીજા ઉપર આધાર રાખવો તે; પરતંત્રતા.

પરાવલંબિતા [સં. પર (પારકું) + અવલંબિન્ (આધાર રાખનાર) + તા (પણું)] સ્ત્રી. પરતંત્રતા; પરાધીનપણું.

પરાવલંબિત્વ જુઓ પરાવલંબિતા.

પરાવલંબી [સં. પરાવલંબિન્] વિ. પરતંત્ર; બીજા ઉપર આધાર રાખનાર.

કેંદ્ર આજની વિદ્યાનું આંધળે વિશ્વ છે વીર!
સ્વયં ઉંચાંડ ના તેનું નથી પરાવલંબી તે.

માર્ગીગીતા

પરાવલંબીપણું જુઓ પરાવલંબિતા.

પરાવલિત [સં.] વિ. ચકચાળું; 'રેપ્પિડેટ.'

પરાવલિયા ૧. સ્ત્રી. બીજોરા બ્રાહ્મણની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પરાવસુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

૨. પું. (પુરાણ) એ નામનો રાક્ષસોનો એક પુરોહિત.

૩. પું. (પુરાણ) એ નામનો વિશ્વામિત્રનો એક પૌત્ર.

૪. પું. (પુરાણ) રૈભ્ય ઋષિનો એ નામનો એક પુત્ર.

પરાવહ [સં.] પું. સાત મહિનો એક ભ્રાતનો વાયુ.

પરાવાક્ [સં. પરાવાચ્] સ્ત્રી. મૂલાધાર ચક્રના વાયુ વડે ઉત્પન્ન થતો સૂક્ષ્મ શબ્દ; પરા વાણી.

પરા વાણી [સં.] સ્ત્રી. વૈરાટના નાભિકંદ પ્રદેશે થતો નાદ. તે વાણી વેદની ઉત્પત્તિ માટે પ્રભુએ બીજરૂપે કરીને પ્રસાદ કરી છે. તે તેજના પ્રવાહરૂપ તથા અર્ધમાત્રારૂપ છે.

પરાવિદ્ધ ૧. [સં.] પું. કુબેર.

૨. વિ. સામે વીંધેલું.

પરાવિદ્યા [સં.] સ્ત્રી. બ્રહ્મજ્ઞાન આપનારી વિદ્યા; બ્રહ્મવિદ્યા; એક વિદ્યા. મુંડકોપનિષદમાં કહ્યું છે કે: સર્વશ્રેષ્ઠ સૃષ્ટિમાં પરમ પિતા પરમાત્મા છે. આથી પરમાત્માને જાણતી વિદ્યા કે પરમ પિતા પરમાત્માનું સાક્ષાત્ જ્ઞાન થાય એવી વિદ્યા તે પરા વિદ્યા કહેવાય છે. અનુભવરૂપ બ્રહ્મજ્ઞાન એ જ પરા વિદ્યા છે. આ પરા વિદ્યાની તુલનામાં દુનિયાની બીજી બધી વિદ્યા એ અપરા અર્થાત્ કનિષ્ઠ જ છે, ઊતરતી છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ અને જ્યોતિષ એ બધી અપરા વિદ્યા છે. તે જ પરા વિદ્યા છે કે જેના વડે અક્ષર, અવિનાશી બ્રહ્મનો બોધ થાય છે.

પરાવૃજ [સં. પરાવૃજ્] પું. એ નામનો એક ઋષિ.

પરાવૃત્ત ૧. [સં.] વું. બાધું હઠાવવાના નવ માર્ગોનો એક પ્રકાર. આમ કર એમ કહેવું, ધિક્કારવું, નફટા બતાવવી, ફૂલવું, અનાદર કરવો વગેરે ભાવ બતાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

૨. વિ. કઢાળેલું; વિમુખ.

૩. વિ. ગોળાકાર બનેલું.

૪. વિ. ઢંકાયેલું; ઢંધાયેલું.

પશુ બાજોઠનું મન બંધારણી પરાવૃત્ત હોય છે. કાંત

૫. વિ. વળેલું; ઊલટાવેલું.

૬. વિ. સામું ફેરવાયેલું; પાછું નખાયેલું; પાછું ફરેલું.

પરાવૃત્તકિરણ [સં.] ન. પાછું ફેંકાયેલું કિરણ.

પરાવૃત્તગતિ [સં.] સ્ત્રી. વિપરીત ગતિ; પ્રતીપ ગતિ; 'રેટ્રોમોશન.'

પરાવૃત્તવ્યાપાર [સં.] પું. પ્રતિકૃત ક્રિયા; 'રીફ્લેક્સ ઍક્શન.'

પરાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. પલટવાનો ભાવ; પલટો.

૨. જુઓ પરાવર્ત.

પરાવેદી [સં.] સ્ત્રી. ભોંયરીઅણી.

પરાશ ૧. સ્ત્રી. ઢાલ ઉપરનું પાણી; પરાત.

૨. સ્ત્રી. પરાજય; બીજા કાનાની મોટી આજ્ઞા.

પરાશક્તિ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન પુરી પાસે છે.

૨. સ્ત્રી. ચિત્શક્તિ. પરા અને અપરાશક્તિને શાક્ત સંપ્રદાયમાં ચિત્શક્તિ અને માયાશક્તિરૂપે વર્ણવી છે.

૩. સ્ત્રી. જીવરૂપ બનનારી, જગતને ધારણ કરનારી આદ્ય શક્તિ.

પરાશર ૧. [સં.] પું. (પુરાણ) અગ્નિનો એ નામનો એક શિષ્ય; ચરકસંહિતા પ્રમાણે આયુર્વેદનો એ નામનો એક આચાર્ય.

૨. પું. ઉંદર.

૩. પું. (પુરાણ) એ નામનો એક નાગ.

૪. પું. ગાયત્રીના ચોવીસ માંહેનો એ નામનો એક ઋષિ.

૫. પું. ગેંડો.

૬. પું. (પુરાણ) મૈત્રાવરુણિ વસિષ્ઠનો પૌત્ર અને શક્તિ ઋષિના એ નામનો પુત્ર. તેમની માતાનું નામ અદમંતિ હતું. નાનપણ બહુ વહાલું ન હતું. તે સમયે તેને ખબર પડી કે તેના પિતાને રાક્ષસો ખાઈ ગયા છે, તેથી તે તપોબળથી તેજસ્વી બન્યા અને રાક્ષસસત્ર કરીને તેમાં હજારો રાક્ષસોને બાળી મૂક્યા. આથી પુલસ્ત્ય ઋષિએ તેની પાસે આવીને સ્તવ બંધ કરવાનું કહ્યું, પણ તેણે ના કહી. ઊલટે વસિષ્ઠના કહેવાથી તેણે યજ્ઞ બંધ કર્યો.

૭. પું. (પુરાણ) પુષ્કિલિના અથર્વવેદ વ્યાસમાંના સોળ માંહેનો એ નામનો એક ઋત્વિજ.

૮. પું. (પુરાણ) વ્યાસના પિતા અને પરાશર સ્મૃતિના પ્રવર્તક. તેને સાં સત્યવતી નામની સ્ત્રીથી ભગવાનના અંશરૂપ યોગી વ્યાસજીનો જન્મ થયો હતો. આ ઋષિ વ્યાસવર્ષાસ્રમમાં શૈલ પર્વત ઉપર રહેતા હતા. તે વખતે તેની પાસે પંદર હજાર શિષ્ય હતા. આ મહર્ષિ જ્યોતિષ, ગણિત, બીજગણિત અને નૌકાશાસ્ત્રમાં બહુ પ્રવીણ અને શોધક હતા. ખગોળ સંબંધી તેમણે મહત્ત્વની શોધ કરી છે. જ્યોતિષમાં મહાસમર્થ હોવાથી એ જ્યોતિષી પણ કહેવાતા. આ શોધક અને ખંતીલા મહર્ષિએ નૌકાશાસ્ત્રના જ્ઞાનબળ વડે સમુદ્રમાં સફર કરી ભરતખંડને હસતા બે ચાર બેટો પ્રથમ શોધી કાઢ્યા કહેવાય છે. તે મહાન વક્તા પણ હતા. જાહેર ઉપદેશ આપવાને મેદાનમાં ઊભા રહેતા. તેના મત ઉપર લોકો માનની નજરથી જોતા. અમુક વસ્તુની વિધવા બાળકોને કરી પરણવાની ઇચ્છા થાય તો તેમણે પરણવું જોઈએ, એવો તેમનો અભિપ્રાય જોવામાં આવે છે. તેઓ પોતાનો અભિપ્રાય આપીને બેસી રહે તેવા ન હતા, પણ તેવું કરી બતાવતા. તેઓ એક માછી જેવી જાતિની કન્યા અસત્યવતી સાથે સંબંધમાં જોડાયા હતા. તેનાથી કૃષ્ણદ્વૈપાયન નામે વ્યાસ જેવા પરમ પવિત્ર, તેજસ્વી અને સમર્થ જ્ઞાની પુત્રનો જન્મ થયો હતો.

૯. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૦. ન. અઢાર માંહેનું એ નામનું એક ઉપપુરાણ.

પરાશરગીતા [સં.] સ્ત્રી. મહાભારતના શાંતિપર્વમાં આવેલ એ નામનું એક પ્રકરણ.

પરાશરતંત્ર [સં.] ન. જ્યોતિષના અઢાર માંહેનો એ નામનો એક સિદ્ધાંત.

પરાશરશાકૃત્ય [સં.] પું. ઋગ્વેદના પહેલા મંડળનાં બાંસઠથી તોંતેર સુધીનાં સૂક્ત રચનાર એક ઋષિ.

પરાશરસૂનુ [સં.] પું. પરાશરના પુત્ર વેદવ્યાસ ભગવાન.

પરાશરિયા ૧. સ્ત્રી. બાલજ્યોની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

પરાશરી ૧. [સં. પરાશરિન્] પું. ધાર્મિક સાધુ. તે ત્રિવાર્ષી, ચતુરસ્ય અને સાધુનું જીવન જોઈ રખડપટ્ટીની જિંદગી ગાળે છે.

૨. વિ. બાપે રચેલા ભિક્ષુસૂત્રને ભણનાર.

પરાશરેશ્વર [સં.] પું. એ નામના એક મહાદેવ. નર્મદા ખંડમાં લખ્યું છે કે: પરાશર ઋષિએ પુત્રપ્રાપ્તિના હેતુથી તપ કર્યું. શિવજીએ પ્રસન્ન થઈને સો પુત્ર આપ્યા. આ ઋષિ વસિષ્ઠના નાતી એટલે પૌત્ર હતા.

પરાશરેશ્વરતીર્થ [સં.] ન. નર્મદા કિનારે આવેલું એક પવિત્ર સ્થળ.

પરાશાંતિ [સં.] સ્ત્રી. પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ. તેથી સર્વશ્રેષ્ઠ આનંદ અને સર્વોત્કૃષ્ટ શાંતિ અનુભવવામાં આવે છે.

પરાશોભા [સં.] સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માંહેની એ નામની એક શક્તિ.

પરાશ્રય ૧. [સં.] પું. બીજાનો આશરો; પારકો આશ્રય; પરાધીનતા.

અર્થ સ્વરાજનો તો એ સ્વાશ્રય સ્વાવલંબ છે, ના સ્વરાજ બળે બારે તે તો નથી પરાશ્રય.
ગાંધીગીતા

૨. પું. સર્વશ્રેષ્ઠ તત્ત્વ એટલે બ્રહ્મનો આશ્રય.

૩. વિ. જેના ઉપર પરમાત્માની મહેરબાની હોય તેવું.

૪. વિ. પરમાત્માનું શરણ સ્વીકારનાર.

૫. વિ. બીજા ઉપર આધાર રાખનાર.

પરાશ્રયતા [સં.] સ્ત્રી. બીજા ઉપર આધાર રાખવાપણું; પરાધીનતા. માનસીમા આનંદશંકર ભાપુભાઈ ધ્રુવ લખે છે કે: આપણાં પ્રાચીન પુસ્તકોની પંક્તિ ઉપર અસર થાય છે, આપણા વર્તમાન જમાનાના વિચારોની થતી નથી. આપણે તો મેન્ચેસ્ટરનાં વસ્ત્રોથી આપણો દેહ ઢાંકીએ છીએ; પેટલીનાં બટાટાં અને હંટલી પામરની રોટલીથી આપણાં પેટ ભરવા લાગ્યા છીએ; આપણા જળમાં પણ પશ્ચિમનાં યંત્રોથી પશ્ચિમના સોદા ઊભરાય ત્યારે જ એ જળ આપણને લાવે છે! પણ આ બાહ્ય પરાવલંબી જીવન આપણી આંતર પરાશ્રયતાના પ્રમાણમાં કાંઈ જ નથી. પશ્ચિમની વિચારપદ્ધતિએ આપણાં મન ઉપર જેવું સામ્રાજ્ય સ્થાપ્યું છે કે એ નવયુગના મોહમાં આપણે આપણી વૃદ્ધ માતાને ભૂલી ગયા છીએ એમ કહીએ તો ખોટું નથી.

પરાશ્રયપણું જુઓ પરાશ્રયતા.

પરાશ્રય ભાવ પું. પરાશ્રયની સ્થિતિ.

પરાશ્રય ભાવ તે સુખ ત્રણ કાળ અને ત્રણ લોકમાં હોઈ શકે નહિ. સમયસાર

પરાશ્રયા ૧. [સં.] સ્ત્રી. પરોપજીવી છોડ.

૨. સ્ત્રી. વંદા નામની વનસ્પતિ.

પરાધીની [સં. પરાધીન્] વિ. પરાધીન; પરતંત્ર; બીજાનો આધાર લોધનારું કે રાખનારું.

પરાશ્રિત ૧. [સં.] વિ. જેને ઈશ્વરનું શરણ હોય એવું.

૨. વિ. પારકે આસરે રહેલું; બીજાને અધીન.

પરાશ્રિતભાવ પું. (જૈન) અહંકાર.

પરાસ ૧. પું. એક જાતનું ઝાડ; પલાશ.

૨. પું. કોઈ જગાએથી કોઈ વસ્તુ ફેંકવામાં આવતાં તે જેટલે દૂર પડે તેટલું અંતર.

૩. ન. સરિસું.

૪. વિ. એ નામના ઝાડની છાલનું બનેલું.

પરાસન [સં.] ન. મારી નાખવું તે; વધ.

પરાસી [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

પરાસુ [સં.] વિ. મૃત; મરેલું.

પરાસ્ત ૧. [સં.] વિ. નિષ્ફળ બનેલ; હારી ગયેલ; હારેલું; પરાજિત.

તેને પરિણામે બૌદ્ધ ધર્મ ભારતવર્ષમાં પરાસ્ત થયો અને બાળહત્યની અનિષ્ટ પ્રથા પણ દેશમાં દાખલ થઈ. કૌમુદી

૨. વિ. પ્રભાવ વિનાનું; દબાયેલું.

૩. વિ. વેરવિખેર; અસ્તવ્યસ્ત; રહેતરે.

પરાસ્ત્ર [સં.] ન. કોઈ હથિયાર.

રામે એવું સાંભળીને બે પરાસ્ત્રો એવું બાણ.
રામાયણ

પરાહ્ન [સં. પર (બીજું) + અહન્ (દિવસ)] પું. બીજો દિવસ.

પરાહત ૧. [સં.] વિ. બોકાતું; હઠાવો કરાયેલું.

૨. વિ. ખંડિત; નિરાકૃત.

૩. વિ. ધવાયેલું.

૪. વિ. દૂર કરાયેલું; તિરસ્કૃત.

૫. વિ. નાસીપાસ બનેલું.

૬. વિ. મારેલું, ઠોકેલું.

પરાહ્ણ [સં.] પું. દિવસનો પાછળનો ભાગ.

પરાહ્ન જુઓ પરાહ્ણ.

પરાળ ૧. પું. ડોડાનો સૂકો.

૨. ન. ઊભો; નદીની પાન.

૩. [સં. પલાલ; પ્રા. પરાલ] ન. પરાલ; ડાંગરનું બરછલું; અનાજનું પોલું પાસ.

પરાં ૧. ન. આમતેમ.

૨. ન. દૂર; આઘે.

પરાંગ ૧. [સં.] ન. પારકું અંગ; બીજાનું અંગ.

૨. ન. શ્રેષ્ઠ અંગ.

પરાંગણ ૧. ન. બાંધણામાં રમવાની રમતગમત.

૨. ન. મેદાન.

પરાંગડ ૧. [સં.] પું. શિવ; ઢોર.

૨. વિ. જેણે બાલ્યાવસ્થા વટાવી.

પરાંગદા વિ. મૃત્યુ પામેલું; મૃત; મરી ગયેલું.

પરાંગના [સં. પર (પારકું) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. પરસ્ત્રી; પરજી.

પરાંગમુખ ૧. [સં.] પું. તંત્રપ્રસિદ્ધ એક મંત્ર.

૨. વિ. ઊલટી બાજુ તરફ જેનું મુખ હોય તેવું; વિમુખ.

૩. વિ. ઊલટું; વિરુદ્ધ; આડું; અવળચંડું.

૪. વિ. પ્રતિપક્ષી.

૫. વિ. નેહરહિત; પ્રેમ વિનાનું.

પરાંગમુખતા ૧. [સં.] સ્ત્રી. અવળચંડાઈ; ઊલટું વર્તન રાખવું તે; વિરુદ્ધતા.

૨. સ્ત્રી. પ્રતિપક્ષીપણું.

૩. સ્ત્રી. બેદરકારી.

૪. સ્ત્રી. વિમુખતા; ઊલટી બાજુ તરફ મુખ હોવું તે.

પરાંગમુખી જુઓ પરાંગમુખ ૧-૫.

પરાંગવ [સં.] પું. સમુદ્ર.

પરાંજ ૧. [સં.] ન. ઝરીનું કપડું.

૨. ન. તેલ કાઢવાનું યંત્ર; ઘાણી.

૩. ન. દીવો.

પરાંજન જુઓ પરાંજ.

પરાંઠવું અ. ક્રિ. મોઢો અવાજ કરવો.

પરાંઠા ૧. [હિં.] પું. બે ચોપડી ઘોટી ઉપર શેકેલી રોટલી.

૨. પું. સાદો ખાજલું.

પરાંઠી વિ. પાસેનું; નજીકનું.

પરાંડું ન. ઘોડી ઉપર તળાને કરાતી એક જાતની બાજરી.

પરાંધ વિ. (બા. પ્ર.) કેળવાયેલું; અનુભવી.

પરાંત ૧. [સં.] પું. મહાભારતમાં અર્જુનેય એ નામનો એક પ્રાચીન દેશ.

૨. સ્ત્રી. તાંબા કે પિત્તળની મોટી થાળી.

૩. વિ. બાકી વધેલું; શેષ રહેલું; પુરાંત; જેવા વધારાનું.

પરાંતક [સં.] પું. શિવ; ઢોર.

પરાંતકાલ ૧. [સં.] પું. પ્રલયનું એક પરિમાણ. તેંતાલીસ લાખ, વીસ હજાર વર્ષની એક મનુયુગી, એ હજાર મનુયુગીનો એક અહોરાત્ર, એવી વીસ અહોરાત્રનો એક માસ, એવા બાર માસનું એક વર્ષ, એવાં સો વર્ષોનો સમય તે પરાંતકાલ કહેવાય છે.

૨. પું. જેના પછી ફરી જન્મ ન લેવો પડે તેવું મરણ; ચરમ મરણ.

૩. પું. મુમુક્ષુઓનો દેહાંતકાલ.

પરાંતવું સ. ક્રિ. કામ પૂરું કરવું; પરવારવું; નવરા થવું; ફારગત થવું.

પરાંતિકા [સં.] પું. (પિંગળ) ગીતિની જાતનો એક માત્રાવૃત્ત છંદ.

પરાંધ્યા સ્ત્રી. એ નામની એક દેવી.

પરાંસી સ્ત્રી. એક જાતનું ઝાડ.

પરિ ૧. સ્ત્રી. પેર; રીત; પ્રકાર.

૨. [સં.] અ. અતિશય, વિશેષ, આસપાસ, ચારે બાજુએથી, સંપૂર્ણ રીતે, તે સિવાય, પુનઃ એવા અર્થમાં વપરાતો એક ઉપસર્ગ. જેમકે, પરિક્રમ, પરિક્રમણા. આચ્છાદન, દોષ, ભૂષણ, આશ્લેષ, પૂજન, વર્જન, ત્યાગ, મર્યાદા, બાધિ, શેષ, ઉપરામ, વિરામ, ક્રોધ, સંતોષપૂર્વક બાકીના વગેરેના અર્થમાં પણ તે વપરાય છે.

પરિઅંક વિ. પરિપૂર્ણ ભરેલું.

તમ કરી આ વિશ્વ આપું સુવન બૌદ પરિઅંક.
કવિદાસ

પરિકથા ૧. [સં.] સ્ત્રી એક કથાની અંદર તેને અનુસંધાને આવતી બીજી કથા.

૨. સ્ત્રી. (જૈન) વિકથા; કુથલી.

પરિક્રમા [સં. પરિક્રમણ] સ્ત્રી. પ્રદક્ષિણા; કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખી તેની આસપાસ ફરવું તે.

પરિક્રમાવાસી વિ. પ્રદક્ષિણામાં ફરનારું; પરિક્રમા કરનારું.

ત્યાં પરિક્રમાવાસીઓ પણ પવિત્ર મનાય છે.
ગુજરાતનાં તીર્થસ્થાનો

પરિકર ૧. [સં.] પું. આરેજ.

૨. પું. ઉદ્યોગ.

૩. પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર; સાભિપ્રાય વિશેષણો સાથેનું કથન.

૪. પું. કંદોરો; પટો; કમરબંધ.

૫. પું. કેડ આથવી તે; ભેટ.

૬. પું. આટલો; પર્યંત; પર્યંક.

૭. પું. નાટકના વસ્તુમાં આગામી બનાવોનું સૂચિત સૂચન.

૮. પું. નોકર; અનુચર વર્ગ; ચાકર; સેવક.

૯. પું. પરિજન; પરિવાર; કુટુંબપરીવો.

૧૦. પું. મંદિરમાં મુખ્ય મૂર્તિની આસપાસ, ઉપર અને નીચે કરાતું દેવીઓ અને દેવતાઓની મૂર્તિઓનું કોતરકામ.

૧૧. પું. વિવેક.

૧૨. પું. શરીરના અવયવોને ગાઢ બાંધવાં તે.
૧૩. પું. સમારંભ; તૈયારી.
૧૪. પું. સમૂહ; વૃંદ; જથ્થો.
૧૫. પું. સમૃદ્ધિ; વૈભવ.
૧૬. વિ. સહાય કરનાર; મદદ આપનાર.

પરિકરાલંકાર જુઓ પરિકર ૩.

પરિકરાંકુર [સં.] પું. (અલં) એક પ્રકારનો અલંકાર. તેમાં કોઈ વિશેષ કે શબ્દનો પ્રયોગ વિશેષ અભિપ્રાય માટે હોય છે. જેમકે, વામા ભામા કામિની, કહી બોલો પ્રાણેશ; બારી કહત બાજત નહિ, પાવસ ચલત પ્રદેશ. આમાં વામા વગેરે શબ્દો વિશેષ અભિપ્રાયને લીધે વપરાયા છે. નાયિકા કહે છે કે જ્યારે આપ મને ચોમાસામાં છોડી વિદેશ ગયો છો, ત્યારે આ નામોથી મને બોલાવો, બારી કહી ન બોલાવો.

પરિકર્તન જુઓ પરિવર્તન.

પરિકર્તા [સં. પરિકર્તૃ] પું. જેના મોટા ભાઈનો વિવાહ ન થયો હોય તેવા નાના ભાઈનો વિવાહ સંસ્કાર કરનાર મોર.

પરિકર્તિકા [સં.] સ્ત્રી. મળાશયમાં અતીવ પીડા થવી તે.

પરિકર્ત્તન ૧. [સં.] ન. ચોતરફથી કાતરવું તે. ૨. ન. પીડા; દુઃખ.

પરિકર્પર [સં.] ન. ખોપરીની આસપાસનું આવરણ; 'પેરિક્રેનિયમ.'

પરિકર્મ ૧. પું. અભ્યાસ.
૨. [સં. પરિકર્મન્] ન. કેસર વગેરેથી શરીરને ચર્ચવું તે; શરીરસંસ્કાર; અંગસંસ્કાર; શરીરશુશ્રૂષા.
૩. ન. ગણવું તે.
૪. ન. પગ રંગવા તે.
૫. ન. પ્રારંભવું તે; શરૂઆત.
૬. પું. રોગનો ઉપાય; ચિકિત્સા.
૭. પું. વસ્તુસંસ્કાર; વસ્તુમાં કંઈ પણ વિશેષતા ઉત્પન્ન કરવી તે.
૮. ન. (અધિ) સરવાળા, બાદબાકી વગેરે ગણતરીની ક્રિયા. પરિકર્મનાં આઠ અંગ: યોગ, વિયોગ, ગુણન, ભાગહાર, વર્ગ, વર્ગમૂલ, ઘન અને ઘનમૂલ.
૯. ન. સ્વચ્છ કરવું તે; શુદ્ધ કરવું તે.

પરિકર્મા [સં. પરિકર્મન્] પું. પરિચારક; સેવક; નોકર; ચાકર; સેવા કરનાર માણસ; દાસ

પરિકર્મી [સં. પરિકર્મિન્] ૧. વિ. શરીર સજાવનાર.
૨. વિ. સેવા કરનાર.

પરિકર્ષ [સં.] પું. આકર્ષવું તે; ખેંચાણ.

પરિકલિત ૧. [સં.] ન. જાણવું તે.
૨. ન. વિચારવું તે.
૩. વિ. અલંકૃત.
૪. વિ. જાણેલું.
૫. વિ. વિચારેલ.

પરિકલ્પન [સં.] ન. પ્રપંચ; દગાબાજી; છળકપટ.

પરિકલ્પન ૧. [સં.] ન. ભાત વગેરે આપી મદદ કરવાનું કામ.
૨. ન. કલ્પના કરવી તે; કલ્પવું તે.
૩. ન. છળ; પ્રપંચ.
૪. ન. દરાવ; નિર્ણય; ઠરાવવું તે.
૫. ન. બનાવટ; રચના.
૬. ન. મનન; ચિંતન.
૭. ન. ઢાંકવું તે.

પરિકલ્પના જુઓ પરિકલ્પન.

પરિકલ્પવું ૧. [સં. પરિકલ્પ્] સ.ક્રિ. કલ્પના કરવી; ધારવું.
૨. સ. ક્રિ. ઠરાવ કરવો; નિર્ણય કરવો.
૩. સ. ક્રિ. પ્રપંચ કરવો.
૪. સ. ક્રિ. રચના કરવી.
૫. સ. ક્રિ. ઢાંકણી કરવી.
૬. સ. ક્રિ. વિચાર કરવો; ચિંતન કરવું.

પરિકલ્પિત ૧. [સં.] વિ. કલ્પેલું; ધારેલું.
૨. વિ. ઠરાવેલું; નિર્ણય કરેલું.
૩. વિ. પ્રપંચ કર્યો હોય એવું.
૪. વિ. રચિત; રચેલું; બનાવેલું.
૫. વિ. ઢાંકેલું.
૬. વિ. વિચારેલું; મનન કરેલું.

પરિકંપ ૧. [સં.] પું. કંપારી; ધ્રુજારી.
૨. પું. ભય; બીક; ગભરાટ.

પરિકંપિત ૧. [સં.] વિ. ધ્રૂજતું; કંપતું, થરથરતું.
૨. વિ. ભય પામેલું; બી ગયેલું.

પરિકંપી જુઓ પરિકંપિત.

પરિકાર [સં.] પું. (અધિ) ચર્તુળ હોરવા માટેનું સાધન; 'કોમ્પસ.'

પરિકાંક્ષિત [સં.] પું. તપસ્વી; વૈરાગ્યવાળો માણસ.

પરિકીર્ણ ૧. [સં.] વિ. ચોતરફ ફેલાયેલું; વ્યાપ્ત; વિસ્તૃત.
૨. વિ. વીખરાઈ ગયેલું; છિન્નભિન્ન થઈ ગયેલું.
૩. વિ. સમર્પિત; અર્પણ કરેલું.

પરિકીર્ત્તન [સં.] ન. કોઈ બાબત કે હકીકતનો પ્રચાર કરવો તે; 'ઍડવર્ટાઇઝ.'

પરિકીર્તન ૧. ન. ખૂબ ગાવું તે.
૨. [સં.] ન. જાહેર કરવું તે
૩. ન. બડાઈ હાંકવી તે.
૪. ન. બહુ પ્રશંસા; ગુણોનું વિસ્તારથી વર્ણન કરવું તે; મોટે સ્વરથી કોઈનાં વખાણ કરવાં તે.
૫. ન. બોલવું તે; કહેવું તે.
૬. ન. વર્ણન કરવું તે.

પરિકીર્તિત ૧. વિ. ખૂબ ગવાયેલું.
૨. [સં.] વિ. જણાવેલું; જાહેર કરેલું.
૩. વિ. બડાઈ કરેલું.
૪. વિ. બોલેલું; કહેલું.
૫. વિ. વખણાયેલું; પ્રશંસા પામેલું.
૬. વિ. વર્ણવેલું.

પરિકુપિત વિ. ક્રોધે ભરાયેલું.

પરિકૂટ ૧. [સં.] પું. (પુરાણ) એક નામનો એક નાગ.
૨. પું. નગર કે દુર્ગના દરવાજા આગળની બાંધી. ૩. પું. વનસ્પતિમાં; શહેરના દરવાજા પાસે ચારેતરફ ગાંટેનો ઢાળ; શહેરના દરવાજા પાસેનો માટીનો ઢગલો.

પરિકૂલ [સં.] ન. બંને તરફનો કાંઠો.

પરિકૃશ [સં.] વિ. બહુ નબળું; બહુ દુબળું.

પરિકેદ [સં.] ન. (અધિ) કોઈ પણ સુરેખ આકૃતિના કોષ્ઠબિંદુઓમાંથી પસાર થતા વર્તુલનું મધ્યબિંદુ; 'સર્કમસેન્ટર.'

પરિકોચક વિ. પોતા જેવા ગોળાકારનું; ગમરિયું.

પરિકોપ [સં.] પું. ઘણો ગુસ્સો.

પરિકોશ [સં.] પું. ફૂલની પાંખડીઓનો સમૂહ.

પરિકોષ જુઓ પરિકોશ.

પરિક્રમ ૧. [સં.] પું. અનુક્રમ; પરિપાટી.
૨. પું. ચારે તરફ ફરવું તે; પ્રદક્ષિણા; પરિક્રમણ.
૩. પું. પરાક્રમ; ફલોત્પાદક પુરુષાર્થ.
૪. પું. રમત માટે પગથી જવું તે; વિહાર.

પરિક્રમણ ૧. [સં.] ન. અનુક્રમ; પરિપાટી.
૨. ન. આસપાસ ગોળ ફરી વળવું તે; ફેરો કરવો તે; પરિક્રમ; પ્રદક્ષિણા
૩. ન. મનના આનંદ માટે આમતેમ ફરવું તે.

પરિક્રમણકાલ [સં.] પું. એક ફેરો કે ચક્કરવો પૂરો કરતાં લાગતો વખત; ભ્રમણકાળ.

પરિક્રમણમાર્ગ [સં.] પું. ચક્કરવો કરવાનો માર્ગ; જે રસ્તે જઈને ગોળ ગોળ ફરવાનું હોય તે માર્ગ.

પરિક્રમવું [સં. પરિક્રમ્] સ.ક્રિ. પ્રદક્ષિણા કરવી.

પરિક્રમસહ [સં.] કું. ખારો.

પરિક્રમસહી [સં.] સ્ત્રી. ખારી.

પરિક્રમા ૧. [સં.] સ્ત્રી. કોઈ મંદિર કે તીર્થસ્થાનની ચોતરફ ફરવું તે; પ્રદક્ષિણા.
૨. સ્ત્રી. ચક્કર મારવું કે આમતેમ ફરવું તે.
૩. સ્ત્રી. તીર્થ કે મંદિરની ચોતરફ ફરવા માટે કરવામાં આવેલો માર્ગ.

પરિક્રય ૧ [સં.] કું. આલોબાલસો; સાટું.
૨. કું. અમુક નક્કી કરેલા વખત સુધી પગારથી સ્વીકારવું તે.
૩. કું. બદલે મૂલની મિલકત લોઢાવથી લે.
૪. કું. પાછું ખરીદવું તે.

પરિક્રયણ જુઓ પરિક્રય.

પરિક્રમી ૧. [સં. પરિક્રમિન્] વિ. ચોતરફ ફરતું.
૨. વિ. પ્રદક્ષિણા કરનારું.

પરિક્રાંતિ [સં.] સ્ત્રી. ચોતરફ ફરવું તે; પ્રદક્ષિણા.

પરિક્ષિપા ૧. [સં.] સ્ત્રી. બાજી વગેરેથી વીંઝવું તે.
૨. સ્ત્રી. સ્વર્ગની ધુમ્મસથી કરવામાં આવતો એક પ્રકારનો એક દિવસનો યજ્ઞ.

પરિક્લિષ્ટ ૧. [સં.] વિ. અતિ ક્લિષ્ટ; બહુ દુઃખ પામેલું.
૨. વિ. ચિંતાયેલું.
૩. વિ. ભ્રષ્ટ; નષ્ટ; પરિક્ષત.

પરિક્લેદ [સં.] કું. ભીનાશ.

પરિક્લેશ ૧. [સં.] કું. ખૂબ બહુ લાગવું તે.
૨. કું. વિશેષ દુઃખ; અત્યંત પીડા; કષ્ટ.

પરિકલ્પન [સં.] ન. ભેષ; બહાનું.

પરિક્ષત [સં.] કું. નષ્ટ; ભ્રષ્ટ.

પરિક્ષય [સં.] કું. નાશ.

પરિક્ષય [સં.] કું. ક્ષીણ.

પરિક્ષારક [સં.] ન. પરીક્ષા.

પરિક્ષાલન ૧. [સં.] ન. ચોતરફ ધોવું તે.
૨. ન. ધોવા માટેનું પાણી.

પરિક્ષા [સં.] સ્ત્રી. ક્ષીણ.

પરિક્ષિપ્ત ૧. [સં.] વિ. બાજી વગેરેથી ચોમેર ફેલાવેલું
૨. વિ. તજેલું.
૩. વિ. ફેંકેલું.
૪. વિ. વીંટાયેલું.

પરિક્ષીણ ૧. [સં.] વિ. અત્યંત ક્ષીણ થઈ ગયેલું; બહુ જ દુર્બળ અને અશક્ત.
૨. વિ. નિર્ધન.
૩. વિ. વિનાશ પામેલું.

પરિક્ષીણતા ૧. [સં.] સ્ત્રી. અશક્તિ; નબળાઈ.
૨. સ્ત્રી. નિર્ધનતા.
૩. સ્ત્રી. વિનાશ.

પરિક્ષેપ ૧. [સં.] કું. વલિ.
૨. કું. વેરાવો.
૩. કું. ચોતરફથી ઢાંકવું તે.
૪. કું. ચોતરફથી ફેંકવું તે.
૫. કું. તોપની સાથીને પગે બાંધવાની સાંકળ.
૬. કું. લાગ; ઓડી રહેવું તે.
૭. કું. નગરને ફરતી ખાઈ.
૮. કું. વિસ્તારવું કે ફેલાવવાપણું.

પરિક્ષેપક ૧. [સં.] વિ. ચોતરફ ફેલાવનાર.
૨. વિ. ચોતરફ ફેંકનારું.
૩. વિ. ચોતરફથી ઢાંકવાના સ્વભાવનું.

પરિક્ષેપક [સં.] ન. બહુ વિસ્તાર કરવો તે; બહોળો પ્રચાર કરવો તે; 'પ્રોપેગેન્ડા.'

પરિક્ષેપી જુઓ પરિક્ષેપક.

પરિખા ૧. સ્ત્રી. ખાઈ.
૨. સ્ત્રી. પ્રણાલી; રીત; ચાલો.
૩. [સં.] સ્ત્રી. શહેરની આસપાસ ઓદેલી પાણીની ખાઈ; નીચે સાંકડી અને ઉપર પહોળી ખોદેલી ખાઈ; કિલ્લાની આસપાસ રક્ષણ માટે કરાતી પાણીની ખાઈ.

પરિખાત ૧. [સં.] ન. ખાઈ.
૨. વિ. ચોતરફ ખોદેલું.

પરિખાયતન કું. (ચિત્રણ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, સગણ અને ગુરુ મળી સોળ વર્ણ આવે છે.

પરિખિન્ન [સં.] વિ. ખોદેલું; ખનિત.

પરિખેદ [સં.] કું. થાક; શ્રમ.

પરિખ્યાત [સં.] વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; મશહૂર.

પરિખ્યાતિ [સં.] સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.

પરિગઇન ૧. [સં.] ન. વિધિનિષેધ કામનું વિશેષ કીર્તન.
૨. ન. સારી રીતે જાણવું તે; પૂરી જાણકારી કરવી કે ચોતરફથી જાણવું તે.

પરિગઇના જુઓ પરિગઇન.

પરિગણિત ૧. [સં.] વિ. ગણેલું; જાણકારીમાં લેવાયેલ.
૨. વિ. વિધિનિષેધ કામનું વિશેષ રૂપે કીર્તન કરેલ.

પરિગત ૧. [સં.] વિ. ગયેલું.
૨. વિ. ઘેરેલું.
૩. વિ. ચોતરફ જનાર.
૪. વિ. જ્ઞાત; જાણેલું; જાણવામાં આવેલું.
૫. વિ. પ્રાપ્ત; મેળવેલું.
૬. વિ. (ગણિત) બધી બાજુઓ વર્તુળને સ્પર્શ કરે એવી રીતે વર્તુળને ફરતું દોરેલું.
૭. વિ. ભરેલું; નાશ પામેલું.
૮. વિ. મિશ્રિત; ભેગમેળ થયેલું.
૯. વિ. વિલાયા.
૧૦. વિ. વિસ્મૃત; ભુલાઈ ગયેલું.
૧૧. વિ. આવેલું; આમ; આસપાસ વીંટળાયેલું.
૧૨. વિ. (ગણિત) સુરેખ આકૃતિનાં ખૂણાબિંદુઓમાંથી પસાર થાય તેવી રીતે દોરેલું.
૧૩. વિ. સ્મરણ કરેલું.

પરિગર્હિત ૧. [સં.] ન. કહેવું તે.
૨. વિ. કહેલું.

પરિગમ ૧. [સં.] કું. આસપાસ ફરવું તે; પ્રદક્ષિણા.
૨. કું. ભેગમેળ થવું તે; મિશ્રિત થવું તે.
૩. કું. ગમન; જવું તે.
૪. કું. ચેષ્ટા.
૫. કું. જાણવું તે.
૬. કું. મેળવવું તે; પ્રાપ્તિ.
૭. કું. વીંટવું તે.
૮. કું. આપવું તે.
૯. કું. સ્મરણ.

પરિગમન જુઓ પરિગમ.

પરિગર્વિત [સં.] કું. અભિષ્વી આતાને ખાવાથી બાળકને થતો એક જાતનો રોગ. તેમાં બાળકને ઊબકા, અરુચિ અને તંદ્રા વગેરે થાય છે, શરીર ફૂલ્યું જાય છે, ભોજન પચતું નથી અને ચેટ વધી જાય છે. વૈદકમાં આ રોગ ઉપર અમિદીપક ઔષધ દેવાનું વિધાન છે.

પરિગર્વિત [સં.] વિ. બહુ અભિમાની; અતિ ગર્વ કરનાર.

પરિગર્હણ [સં.] ન. નિંદા; નિંદવું તે.

પરિગલિત ૧. [સં.] વિ. ખરેલ; ટપકેલું.
૨. વિ. ગળેલું.
૩. વિ. ખાતું ગયેલ.

પરિગહન [સં.] વિ. અત્યંત ગહન.

પરિગળ વિ. પુષ્કળ; ઘણું જ.

કૌસંબી નગરી અતિ ભલી,
પુણ્ય પિતા પરિગળ ધન. સમયસુંદર

પરિગાલન ન. પાણી, દૂધ વગેરે ગળવું તે.

પરિગીત [સં.] વિ. બધાંએ ચારે બાજુ ગવાયેલું.

પરિગૂઢ [સં.] વિ. બહુ જ છાનું.

પરિગૃહણ [સં.] ન. આલિંગન; ભેટવું તે.

પરિગૃહીત ૧. [સં.] વિ. ગ્રહણ કરેલું; સ્વીકારેલું.

૨. વિ. મળેલું; સામેલ.

૩. વિ. મંજૂર કરેલું.

પરિગૃહીતા ૧. [સં.] સ્ત્રી. ગ્રહણ કરાયેલી સ્ત્રી; પત્ની.

૨. [સં. પરિગૃહિન્] વિ. ગ્રહણ કરનાર; લેનાર; સ્વીકારનાર.

૩. વિ. સ્ત્રી. ગ્રહણ કરવામાં આવેલી.

પરિગૃહીતિ [સં.] સ્ત્રી. ગ્રહણ; સ્વીકાર.

પરિગૃહીતી [સં. પરિગૃહીતિન્] વિ. ગ્રહણ કરનાર; સ્વીકારનાર.

પરિગૃહ્ય [સં.] વિ. ગ્રહણ કરવા જેવું; સ્વીકારવા જેવું.

પરિગૃહ્યા [સં.] સ્ત્રી. પરણેલી સ્ત્રી; પરણેતી.

પરિગોપ ૧. [સં.] પું. આસક્તિ; મોહ.

૨. પું. ગર્વ.

૩. પું. લોભ.

પરિગ્રહ ૧. [સં.] પું. (જૈન) અઢાર પાપોમાંનું એ નામનું એક પાપસ્થાનક; જમીન, મકાન, સોનું, રૂપું વગેરે દ્રવ્ય તથા તે દ્રવ્ય ઉપર આસક્તિ કે મૂર્છા રાખવી તે; આત્માથી પર એવી વસ્તુ ઉપર મૂર્છાભાવ.

૨. પું. અધિકરણ.

૩. પું. અનુગ્રહ; મહેરબાની.

૪. પું. અનુષ્ઠાન.

૫. પું. આચરણ; વર્તન.

૬. પું. આદાન; દાન વગેરે ગ્રહણ કરવું તે; સ્વીકાર; અંગીકાર.

૭. પું. આદિ કારણ.

૮. પું. આલિંગન; ભેટવું તે.

૯. પું. ઉપભોગ.

૧૦. પું. કપડું પહેરવું તે.

૧૧. પું. કેડમણ.

૧૨. પું. (જૈન) કોઈ વિશિષ્ટ વસ્તુઓનો સંગ્રહ ન કરવાનું વ્રત. તેમાં કેટલો પૈસોટકો રાખવો તેની મર્યાદા બંધાય છે.

૧૩. પું. (જ્યોતિષ) ચંદ્રગ્રહણ.

૧૪. પું. (જૈન) બાર મહિની એ નામની એક સંજ્ઞા; તૃષ્ણા; ધનની વાસના.

૧૫. પું. તાગે કરવું તે.

૧૬. પું. તારવી કઢવું તે.

૧૭. પું. (જૈન) ત્રણ પ્રકારનાં અતિનિષ્પેષણ કર્મ: દ્રવ્યપરિગ્રહ, ભાવપરિગ્રહ અને દ્રવ્યભાવપરિગ્રહ.

૧૮. પું. (જ્યોતિ) ત્રણે મુખ્યોને ચારે બાજુથી આવે તે પરિણામ.

૧૯. પું. ધન, મિલકત વગેરેનો સંગ્રહ.

૨૦ પું. નોકર; ચાકર.

૨૧. પું. પત્ની; બાયડી; ઓ.

૨૨. પું. પરિવાર; પરિજન; કુટુંબ.

૨૩. પું. પસંદ કરવું તે.

૨૪. પું પાલન.

૨૫. પું. ભણકારથી ગ્રહણ કરવું તે.

૨૬. પું. ભક્તિ; ઉપાસના.

૨૭. પું. મૂળ; પ્રારંભ.

૨૮. પું. રહેવાનું ઠેકાણું.

૨૯. પું. રાજ્ય.

૩૦. પું. રાષ્ટ્ર; દેશ.

૩૧. પું. વર; પતિ; ધણી.

૩૨. પું. વિવાહ; લગ્ન.

૩૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩૪. પું. શાપ.

૩૫ પું. શિક્ષા.

૩૬. પું મહા

૩૭. પું. સંખ્યાબાહુલ્ય; મોટી સંખ્યામાં હોવું તે.

૩૮. પું. (જ્યોતિષ) સૂર્યગ્રહણ.

૩૯. પું. સૈન્યનો પાછળનો ભાગ.

૪૦. પું. સોગંદ; શપથ; કસમ; પ્રતિજ્ઞા.

૪૧. પું હક્ક.

૪૨. પું. હસ્તમત કરવું તે

પરિગ્રહણ ૧. [સં.] ન. કપડાં પહેરવાં તે.

૨. ન. ગ્રહણ કરવું તે; સ્વીકાર કરવો તે; પૂર્ણ રીતે ગ્રહણ કરવું તે.

૩. ન. લગ્ન; પરણવું તે.

પરિગ્રહ તુચ્છતા [સં.] સ્ત્રી. બીજા પાસેથી કંઈ લેવામાં રહેલી નીચતા.

પરિગ્રહપરાયણ [સં.] વિ. સંચરો કરવાની લેવામાં વૃત્તિ હોય એવું.

પરિગ્રહપરિમાણ ૧. [સં.] ન. (જૈન) એ નામનું એક વ્રત; પરિગ્રહની મર્યાદા બાંધવાનું વ્રત.

૨. ન. પરિગ્રહની મર્યાદા.

પરિગ્રહમય ૧. [સં.] વિ. બધું નોકરચાકરવાળું.

૨. વિ. ઘણી સ્ત્રીઓવાળું.

૩. વિ. બહુ પરિવારવાળું.

પરિગ્રહમર્યાદા [સં.] સ્ત્રી. સંચય કરવાની વૃત્તિની હદ.

પરિગ્રહવિરમણ [સં.] ન. (જૈન) ધન વગેરે વસ્તુનો સંગ્રહ કે સ્વીકાર ન કરવો તે; પરિગ્રહથી નિવૃત્તિ.

પરિગ્રહવું ૧. સ. ક્રિ. આલિંગન આપવું; ભેટવું.

૨. સ. ક્રિ. ગ્રહણ કરવું; સ્વીકાર કરવો.

પરિગ્રહવૃત્તિ [સં.] સ્ત્રી. ધન, મિલકત વગેરે વસ્તુનો સંગ્રહ કે સ્વીકાર કરવાની ભાવના.

પરિગ્રહસંજ્ઞા [સં.] સ્ત્રી. (જૈન) તૃષ્ણા; ધનની વાસના; લોભના ઉદયથી પરિગ્રહ ઉપર થતી મમતા.

પરિગ્રહાનંદ [સં.] પું. (જૈન) પરિગ્રહ વધે તેમાં હર્ષ પામવું તે. રૌદ્ર ધ્યાનનો આ એક પ્રકાર છે.

પરિગ્રહિક ક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) પરિગ્રહની રક્ષા માટે પરિવર્તના.

પરિગ્રહિકી સ્ત્રી. (જૈન) પરિગ્રહની ક્રિયા; પરિગ્રહ રાખવાથી લાગતી ક્રિયા.

પરિગ્રહી ૧. [સં. પરિગ્રહિન્] વિ. (જૈન) આત્માથી પર એવી વસ્તુ ઉપર આસક્તિ રાખનાર.

૨. વિ. નોકરચાકર, પુત્રપરિવાર, ઓજો વગેરે જેને હોય એવું.

૩. વિ. સંચરાખોર; સંચય કરવાની વૃત્તિવાળું; પરિગ્રહવાળું.

પરિગ્રહીતા [સં. પરિગ્રહીતૃ] પું. પરણનાર પુરુષ; ધણી; પતિ; વર.

પરિગ્રામ ૧. [સં.] પું. ગામની સામેનો ભાગ.

૨. અ. ગામની સામે.

પરિગ્રામિક [સં.] વિ ગામની સામે હોનાર કે થનાર.

પરિગ્રાહ ૧. [સં.] પું એક આસ જાતની વનસ્પતિ.

૨. પું. વસ્ત્રમાં તરવારની આકૃતિના અમુક એક ઢાળથી વેદીનો ચોતરફથી સ્વીકાર.

પરિગ્રાહ્ય [સં.] વિ. ગ્રહણ કરવા જેવું; ગ્રહણ કરી લેવા જેવું.

પરિજ્ઞાન ૧. [સં.] વિ. કરમાયેલું.

૨. વિ. ચોકેલું; ઠેકાણે પડેલું.

પરિઘ ૧. [સં.] પું. આગળિયો; આગલો; બારણાની ભોગળ; અર્ગલા.
૨. પું. આનંદ અને સુખની નિવારક અવિદ્યા.
૩. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ચૌદ ગુરુ અને બાસઠ લઘુ મળી છોંતેર વર્ણ અને નેવું માત્રા હોય છે.
૪. પું. કર; વેરો.
૫. પું. કળશ; ઘડો; પાણી ભરવાનું માટીનું વાસણ.
૬. પું. કાચનો કૂપો.
૭. પું. કાર્તિક સ્વામીનો એ નામનો એક અનુચર.
૮. પું. કિરણોનાં વક્રીભવન અને પરાવર્તનને પરિણામે થતો એક ચમત્કાર; ક્ષિતિજ નજીક સૂર્ય હોય ત્યારે વાદળમાં દેખાતી એક કે અનેક રંગબેરંગી તિરકસ રેખા.

તેવી જ રીતે ગંધર્વનગર, પ્રતિસૂર્ય, દંડ, પરિઘ ઇત્યાદિ ચમત્કારો તેણે (વરાહમિહિરે) કહેલા છે અને તે સર્વેનાં ફળો પણ કહેલાં છે.
જ્યોતિર્વિલાસ

૯. પું. ઘર.
૧૦. પું. ઘેર; ઘેરાવો.
૧૧. પું. ચંદ્ર.
૧૨. પું. જન્મ સમયે વિશિષ્ટ પ્રકારની વક્ર સ્થિતિમાં રહેલું બાળક; એક જાતનો મૂઢ ગર્ભ.
૧૩. પું. તીર; બાણ.
૧૪. પું. ત્રિશળ.
૧૫. પું. ધાતુમાંથી વસ્તુ બનાવવામાંથી વધતો નકામો.
૧૬. પું. નદી.
૧૭. પું. પર્વત.
૧૮. પું. પાણી; જળ.
૧૯. પું. ફટકો; ઘા.
૨૦. પું. બારણું; ગોપુર; દ્વાર, ઘર કે મહેલનો દરવાજો.
૨૧. પું. બાધા; પ્રતિબંધ.
૨૨. પું. ભાલું; બરછી.
૨૩. પું. ભોજન જેવું એક આયુધ.
૨૪. પું. મગદળ.
૨૫. પું. મારવું તે; નાશ કરવો તે.
૨૬. પું. મુસાફરની જંને બાજુ બિલ્લાં બે પક્ષી. તે શુભ શકુન મનાય છે.
૨૭. પું. લોઢાનો સળિયો.
૨૮. પું. લોઢાનો હથોડો; ગદા.
૨૯. પું. વજ્ર.
૩૦. પું. (ગણિત) વર્તુલની હદ બાંધનારી લીટી; વર્તુલનો ઘેરાવો; ગોળ આકૃતિની સીમા બતાવનારી લીટી.
૩૧. પું. શેષનાગ.
૩૨. પું. (જ્યોતિષ) સત્તાવીસ માંહેનો એ નામનો એક યોગ. કોઈ શુભ કામ કરવું હોય તો આ યોગ આવ્યો વીત્યા પછી કરાય છે. આ યોગમાં જન્મેલ માણસ વંચકઠાર, અસત્યવાદી, ક્ષમાહીન, સ્વજનાદિકોનો અને ગુરુજનને ઠગનાર થાય એમ મનાય છે.
૩૩. પું. સિદ્ધાર્થ તપાસવાની ફી.
૩૪. પું. સૂર્ય.
૩૫. પું. સૂર્યના ઉદય અને અસ્ત હોવાને સમયે સામે આવતું વાદળું.
૩૬. પું. સ્વજન.
૩૭. સ્ત્રી. ચંડાળની એ નામની એક જાતિ.
૩૮. વ. એ નામની જાતિનું માણસ.
૩૯. વિ. એ નામની જાતિનું.

પરિઘખંડ [સં.] પું. (ગણિત) પરિઘનો કોઈ પણ આઠમો 'ભાગ'.

પરિઘટન ૧. [સં.] વ. ચોતરફથી ઘસાવું કે ઘસાવવું તે; ઘુમાવવું તે.
૨. વ. ગાંજવું તે; ઘસવું તે.

પરિઘટ્ટિત ૧. [સં.] વિ. ચોતરફથી ઘસાયેલું; ઘુમાવાયેલ.
૨. વિ. ગાંજેલું; ઘસેલું.

પરિઘદંડ [સં.] પું. (જ્યોતિષ) એક જાતની આકૃતિ. તે માટે એક ચતુષ્કોણ ચક્ર બનાવી, વચ્ચમ અને અગ્નિકોણમાં એક રેખા દોરવી. પછી તેમાં કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વમાં, મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણમાં, અનુરાધાદિ સાત નક્ષત્રો પશ્ચિમમાં અને ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તરમાં મૂકવાં. આ રીતે એક પરિઘદંડ તૈયાર થાય.

પરિઘધાત્રી [સં.] સ્ત્રી. સ્ત્રી. પરિઘ નામે આયુધ ધારણ કરનારી.

પરિઘમાહાત્મ્ય [સં.] વ. (જ્યોતિષ) પૃથ્વી ઉપર અગ્નિ અને વાયવ્ય ખૂણામાં રહેલો પરિઘદંડ. તેનું ઉલ્લંઘન દેવો, દાનવો અને મનુષ્યો પણ કરી શકતા નથી.

પરિઘમૂઢગર્ભ [સં.] પું. પ્રસવના સમયે યોનિદ્વાર ઉપર આવી બાઝેલિયાની બાજુ ઘટ્ટી જતું બાળક.

પરિઘયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક જાતનો યોગ.

પરિઘર્ષ [સં.] પું. બદલાં મહાવીરપ્રભુથી પહેલા ફીણ વગેરેનું ઝરવું તે.

પરિઘર્ષ [સં.] પું. બદલા રૂપમાં આવતું એક બાણ વગેરે.

પરિઘવાસી [સં. પરિઘવાસિન્] વિ. પરિઘ ઉપર રહેનાર.

પરિઘળ વિ. અત્યંત; બહુ; પરિઘળ.

પરિઘાત ૧. [સં.] પું. કોઈની હત્યા કરી લાવ જેવું અઘટ.
૨. પું. હત્યા; મારી નાખવું તે; હનન.

પરિઘાતન ૧. [સં.] પું. એક જાતનું અસ્ત્ર; પરિઘાત.
૨. વ. ચોતરફથી મારવું તે; ચારે બાજુથી પ્રહાર કરવો તે.
૩. વિ. ચોતરફથી મારનાર; ચોતરફથી પ્રહાર કરનાર.

પરિઘાતી ૧. [સં. પરિઘાતિન્] વિ. ચોતરફથી મારનાર કે પ્રહાર કરનાર.
૨. વિ. મારી નાખનાર; હત્યા કરનાર.

પરિઘૃષ્ટિક [સં.] પું. એક જાતનો વાનપ્રસ્થ.

પરિઘોદય [સં. પરિઘ + ઉદય (જન્મ)] પું. સાધારણ રીતે જન્મ ન થતાં ગર્ભના બલા, પેટ, કમર, જુલા વગેરે પ્રથમ યોનિદ્વારને અડે તે રીતે થતો જન્મ; પાર્શ્વોદય; બાળક આડું આવવું તે.

પરિચોદન વ. વિચાર.

પરિચોષ ૧. [સં.] પું. અશ્રાવ્ય ઘોષ.
૨. પું. મેઘગર્જના.
૩. પું. મોટો અવાજ; ઘોંઘાટ.

પરિચ્છદ્મા [સં.] સ્ત્રી. એ નામની એક પ્રાચીન નગરી.

પરિચ્છા ૧. [સં.] સ્ત્રી. નિંદા.
૨. સ્ત્રી. વર્જન; ત્યાગ.

પરિચ્છાદું વ. ચિત્રોડામાં ઢેબમૂઢાનો બીજો ભાગ. તે ઉનરિયાની ઢોબના બીજા ભાગમાં ગોઠવેલ હોય છે.

પરિચતુર્દશ [સં.] વિ. પંદરની સંખ્યાવાળું.

પરિચપલ [સં.] વિ. અતિ ચંચળ; સ્થિર નહિ રહેનાર.

પરિચય ૧. [સં.] પું. અભ્યાસ; જાણેલું હોય તેનું ફરી ફરીને જ્ઞાન થવું તે; મહાવરો.
૨. પું. ઓળખાણ; પિછાન.
પરિચય કરવો–મેળવવો = (૧) ઓળખાણ કરવી. (૨) મહાવરો કરવો. (૩) સહવાસ કરવો.
૩. પું. ચોતરફથી વીંટવું તે; ઘેરો કરવું તે.
૪. પું. ટેવ; આદત.
૫. પું. પ્રભુત્વ; પ્રેમ.
૬. પું. પ્રમાણ; પ્રમાણ.

૭ પું. મેળાપ.
૮. પું. વહીવટ; શિરસ્તો; રીતરિવાજ.
૯. પું. સામા માણસ સાથેનો સંબંધ; સહવાસ. પરિચય વધારવો = સહવાસ વધારવો; સંબંધ વધારવો.
૧૦. પું. હઠયોગમાં નાદની ચાર અવસ્થાની ત્રીજી અવસ્થા.
૧૧. સ્ત્રી. રાષ્ટ્રભાષા વર્ધાની એ નામની ત્રીજી પરીક્ષા.

પરિચયકાર [સં.] વિ. ઓળખાણ કરાવનાર.

પરિચયપત્ર [સં.] પું. ઓળખાણપત્ર; બીજાનો પરિચય કરાવવા માટે અપેક્ષ કાગળ.

પરિચયપત્રિકા જુઓ પરિચયપત્ર.

પરિચયપદ્ધતિ [સં.] સ્ત્રી. સીધા પરિચયથી જ્ઞાનદાન આપવાની એક શિક્ષણપદ્ધતિ; 'ડિરેક્ટ મેથડ.'

પરિચયપ્રાપ્ત [સં.] વિ. પરિચયથી મેળવેલું. અદર્શનથી મેળવેલું જે જ્ઞાન અહંભાવ કહેવાય છે, તે પણ આ પરિચયપ્રાપ્ત અનુભવજ્ઞાનનો એક પ્રકાર જ છે. વિજ્ઞાનપ્રવેશિકા

પરિચયવાન [સં. પરિચયવત્] વિ. પરિચયવાળું; ઓળખીતું.

પરિચયાત્મક [સં.] વિ. અપરોક્ષ; સાક્ષાત્.

પરિચયાત્મક જ્ઞાન [સં.] ન. સીધા પરિચયથી મેળવેલું જ્ઞાન; અપરોક્ષ જ્ઞાન; સાક્ષાત્ બોધ.

પરિચયાવસ્થા [સં.] સ્ત્રી. (યોગ) નાદની ચાર મોંહેની એક અવસ્થા; ભૃકુટિમાં રહેલ રુદ્રગ્રંથિનું ભેદન થતાં જે નાદ સંભળાય છે તે સ્થિતિ.

પરિચયી [સં. પરિચયિન્] વિ. પરિચય કરાવનાર; પરિચયવાળું.

પરિચર ૧. પું. અનુચારી.
૨. [સં.] પું. અંગરક્ષક; હજૂરિયો.
૩. પું. ચોતરફ ઘૂમનાર માણસ.
૪. પું. હેડનાયક; સેનાપતિ.
૫. પું. દાસ; નોકર; સેવક; ચાકર.
૬. પું. રોગી માણસની સેવા કરનાર માણસ.
૭. પું. વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ.
૮. પું. શત્રુના પ્રહારથી સ્વની રક્ષા કરનાર પુરુષ.
૯ વિ. અનુસાર; પાળી જનાર.
૧૦. વિ. ચોતરફ ફરનાર.

પરિચરણ [સં.] ન. ચાકરી; સેવા; ખિદમત; પરિચર્યા.

પરિચરિતા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં માત્રા અઢાર, યતિ આઠ અને દસ માત્રાએ, જેવા બે લઘુ અક્ષર અને એક, પાંચ, નવ, તેર તથા સત્તર માત્રા ઉપર તાલ હોય છે.
૨. પું. સેવક; નોકર; ચાકર.

પરિચરી [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી.

પરિચર્મકૃત [સં.] ન. ચામડાની ચકરી.

પરિચર્યા ૧. [સં.] સ્ત્રી. ખુશામદ.
૨. સ્ત્રી. ચાકરી; સેવા; બરદાસ; નોકરી; તહેનાત.
૩. સ્ત્રી. ભક્તિ; આરાધના.
૪. સ્ત્રી. રોગીની સેવા કરની તે; શુશ્રૂષા.

પરિચાયક ૧. [સં.] પું. ઓળખાણ કરાવનાર વસ્તુ કે વ્યક્તિ.
વિદ્યા પરમાત્મતત્ત્વના પ્રભાવની પરિચાયક છે. વિશ્વજ્યોતિ
૨. વિ. પરિચય કરાવનાર.
૩. વિ. સૂચવનાર.

પરિચાયક પત્ર [સં.] પું. બોધક પત્ર; કોઈ પણ સંસ્થા કે મંડળનાં નિયમો, કાર્યક્ષેત્ર વગેરેની માહિતી આપતો પત્ર કે પુસ્તિકા; 'પ્રોસ્પેક્ટસ.'

પરિચાર્ય ૧. [સં.] પું. ચકાર્ક.
૨. પું. વહનો અગ્નિ.

પરિચાર ૧. [સં.] પું. ચાકરી; સેવા; શુશ્રૂષા.
૨. પું. નોકર; ચાકર; સેવક.
૩. પું. ફરવા માટેનું નક્કી સ્થળ.

પરિચારક ૧. [સં.] પું. ચાકર; સેવક; નોકર; દાસ.
૨. પું. દેવમંદિર વગેરેનું કામકાજ કે પ્રબંધ કરનાર માણસ.
૩. પું. રોગીની સેવા કરનાર માણસ.
૪. વિ. અભિચારી; વિષસેવન કરનાર.

પરિચારણ ૧. [સં.] ન. ચાકરી; સેવા.
૨. ન. સહવાસ; સંગ.

પરિચારણા [સં.] સ્ત્રી. મૈથુનપ્રવૃત્તિ; મૈથુનસેવન.

પરિચારવતી [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, બે જગણ અને ગુરુ મળી કુલ દસ વર્ણ હોય છે.

પરિચારિક [સં.] પું. ચાકર; નોકર; સેવક.

પરિચારિકા ૧. [સં.] સ્ત્રી. ચાકરડી; દાસી.
૨. સ્ત્રી. સેવા કરનારી સ્ત્રી; સેવિકા.

પરિચારિણી જુઓ પરિચારિકા.

પરિચારી ૧. [સં. પરિચારિન્] પું. સેવક; નોકર.
૨. વિ. ટહેલનાર; જગલ્લુ કરનાર.

પરિચાર્ય [સં.] વિ. સેવ્ય; સેવા કરવાને યોગ્ય; ચાકરી કરવા જેવું.

પરિચાલક ૧. [સં.] પું. અધ્યક્ષ; અવસ્થાપક; સંચાલક.
૨. વિ. ચલાવનાર; ચાલવાને પ્રેરનાર; ગતિ દેનાર; હલાવનાર.

પરિચાલકતા [સં.] સ્ત્રી. પરિચાલન કરવાની ક્રિયા, ભાવ કે શક્તિ.

પરિચાલક સમિતિ [સં.] સ્ત્રી. અવસ્થાપક સમિતિ; પરિચાલન મંડળી.

પરિચાલન ૧. [સં.] ન. કાર્યનું સંચાલન કરવું તે; કાર્યક્રમને જારી રાખવો તે.
૨. ન. ગતિ આપવી તે.
૩. ન. ચલાવવું તે.

પરિચાલનપત્ર [સં.] પું. વહીવટનો દાખલો.

પરિચાલન મંડળી સ્ત્રી. કારોબારી સમિતિ; કાર્યવાહક મંડળી; કારભારી મંડળ.

પરિચાલનાધિકાર [સં.] પું. કારોબારી સત્તા; વહીવટી અધિકાર.

પરિચિત ૧. પું. (જૈન) જે ચાર કોર્ડ મહમાં આવેલો સ્વર્ગીય આત્મા.
૨. વિ. જોડું કરેલું; સંચિત.
૩. [સં.] વિ. ઓળખીતું; જાણીતું; પરિચયવાળું; સમાગમમાં આવેલું.
૪. વિ. સંસર્ગવાળું; સહવાસવાળું.

પરિચિતતા [સં.] સ્ત્રી. પરિચિત હોવાપણું; જાણીતું હોવું તે.

પરિચિતિ ૧. [સં.] સ્ત્રી. ઓળખાણ; પરિચય.
૨. સ્ત્રી. જ્ઞાન; અભિજ્ઞતા.

પરિચુંબન [સં.] ન. પ્રેમથી ચુંબન કરવું તે.

પરિચ્યે [સં. પરિચય] પું. ઓળખાણ.

પરિચેતવ્ય [સં.] વિ. ઓળખાણ કરવા જેવું.

પરિચેય ૧. વિ. પરિચય કરવા યોગ્ય.
૨. વિ. સંચય કરવા જેવું.

પરિચ્યો [હિ.] પું. પરિચય; ઓળખાણ.

પરિચ્છદ ૧. [સં.] પું. આચ્છાદન; કાંચળ.
૨. પું. કુટુંબ; પરિવાર; પરિજન.
૩. પું. પોષાક; વસ્ત્ર.
૪. પું. પ્રાંત; પ્રદેશ.

૫. પું. રાજચિહ્ન.
૬. પું. રાજા વગેરેની સાથે હમેશ રહેનાર સેવક; અનુચર.
૭. પું. સામાન; રાચરચીલું.
૮. પું. હાથી, ઘોડા, રથ અને પાયદળની સેના.

પરિચ્છન્ન ૧. [સં.] વિ. આચ્છાદિત; ઢંકાયેલું.
૨. વિ. ઉંચાયેલું.
૩. વિ. ખુલું પાડેલું; છૂટું કરેલું.
૪. વિ. પરિવારવાળું.
૫. વિ. વસ્ત્ર પહેરેલું.
૬. વિ. સાફ કરેલું.

પરિચ્છન્નતા [સં.] સ્ત્રી. પરિચ્છન્નપણું.

પરિચ્છા ૧. [સં. પરીક્ષા] સ્ત્રી. (પ્રાકૃત) તપાસ; પૂછપરછ.
૨. સ્ત્રી. પ્રયોગ; અખતરો.

પરિચ્છિત્તિ ૧. [સં] સ્ત્રી. જાણવું કરવું તે; વિભાગ પાડવા તે; પૃથક્કરણ.
૨. સ્ત્રી. અવધારણ; નિશ્ચય.
૩. સ્ત્રી. વિભાગ.
૪. સ્ત્રી. સીમા; હદ.

પરિચ્છિન્ન ૧. વિ. કપાયેલ; છેદાયેલ; કાપેલ.
૨. [સં.] વિ. કેદારિમુખ; એક જિનુ તરફ વળતું.
૩. વિ. ખુલું પાડેલું; છૂટું કરેલું; વિભાજિત; વિભક્ત.
૪. વિ. ઢંકાયેલ; આવરણવાળું
૫. વિ. નિરૂપણ કરેલું; ચોક્કસ કરીને કહેલું.
૬. વિ. નિર્ણીત; નિશ્ચિત.
૭. વિ. પરિમિત; મર્યાદિત; સીમાયુક્ત.
૮. વિ. માપેલ; માપ કરાયેલું.
૯. વિ. (ગણિત) સુમેય; 'કોમેન્સ્યુરેબલ.' બાકી બે રાશિઓનું ગુણોત્તર બે પૂર્ણાંક સંખ્યાના ગુણોત્તર વડે દર્શાવી શકાય તો બે સંખ્યાને પાં ચિન્ન કહે છે.

પરિચ્છિન્નત્વ ૧. [સં.] ન. (વેદાંત) અત્યંતાભાવ વગેરે અભાવોમાંથી ગમે તે અભાવનું પ્રતિયોગીપણું. પ્રતિયોગીની સમાન સત્તાવાળા અત્યંતાભાવનું પ્રતિયોગીપણું.
૨. ન. પરિચ્છિન્નપણું.

પરિચ્છિન્નપણું જુઓ પરિચ્છિન્નત્વ.

પરિચ્છિન્નમાન [સં.] વિ. એક જિનુ તરફ વળતું; કેદારિમુખ; 'કોનવર્જન્ટ.'

પરિચ્છેદ ૧. [સં] પું. અવધિ; સીમા; હદ.
૨. પું. નિર્ણય; નિશ્ચય; અવધારણ.
૩. પું. પરિણામ.
૪. પું. પ્રકરણ; અધ્યાય; ગ્રંથનો કોઈ સ્વતંત્ર વિભાગ. ગ્રંથના વિષય પ્રમાણે તેના વિભાગનાં નામ પણ જુદાં જુદાં હોય છે. કાવ્યમાં પ્રત્યેક વિભાગને સર્ગ, કોષમાં વર્ગ, અલંકારમાં પરિચ્છેદ તથા ઉચ્છ્વાસ, કથામાં ઉદ્‌ઘાત, પુરાણ અને સંહિતા વગેરેમાં અધ્યાય, નાટકમાં અંક, તંત્રમાં પટલ, આહ્નિકમાં કંડ, સંગીતમાં પ્રકરણ અને ભાષ્યમાં આહ્નિક કહે છે. આ ઉપરાંત પાદ, તરંગ, સ્તબક, પ્રપાઠક, સ્કંધ, મંજરી, લહરી, શાખા વગેરે પણ નામો વપરાય છે. પરિચ્છેદનું નામ નિયત પ્રમાણે નહિ, પણ સંખ્યા અનુસાર અપાય છે. જેમકે, નવમો પરિચ્છેદ, દશમો પરિચ્છેદ.
૫. પું. બે જ્ઞાનનો તારતમ્ય સ્પષ્ટ કરી બંનેનું જુદું જુદું સ્વરૂપ સ્પષ્ટ કરી બતાવવું તે.
૬. પું. માપ.
૭. પું. લક્ષણ.
૮. પું. વિભાગ; ભાગ.
૯. પું. વિભાજન; કટ્ટ કે વિભાગ કરવાની ક્રિયા; જુદું પાડવું તે.
૧૦. પું. વિવેક.
૧૧. પું. બાબત; 'રેફરિનિશન.'

પરિચ્છેદક ૧. [સં.] પું. પરિમાણ; અવતરી; માપ.
૨. પું. સીમા; હદ.
૩. વિ. ભાગ પાડનાર; પરિચ્છેદ કરનારું.
૪. વિ. સીમા નક્કી કરનાર; હદ મુકરર કરનાર.

પરિચ્છેદકર [સં.] પું. (ગણિ) એ નામની એક જાતની સમાપ્તિ.

પરિચ્છેદક્રિયા ૧. [સં.] સ્ત્રી. વિભાગ પાડવા તે.
૨. સ્ત્રી. હદ બાંધવાની ક્રિયા.

પરિચ્છેદન ૧. [સં.] ન. કાપવું તે; છેદવું તે.
૨. ન. (વેદાંત) જ્ઞાન.
૩. ન. નિશ્ચય કરવો તે.
૪. ન. માપવું તે.

પરિચ્છેદ્ય ૧. [સં.] વિ. અવશ્ય કરવા લાયક.
૨. વિ. નિશ્ચય કરવા જેવું.
૩. વિ. માપ કે તોલ જોખ; પરિમેય.
૪. વિ. વિભાજ્ય; ભાગ પાડી શકાય એવું.

પરિચ્યુત ૧. [સં.] વિ. ભ્રષ્ટ કે પંક્તિથી બહિષ્કૃત
૨. વિ. તદ્દન ભ્રષ્ટ; પતિત.
૩. વિ. ચલાયમાન થયેલું.

પરિચ્યુતિ ૧. સ્ત્રી. નાશ બગાડ થવું તે.
૨. [સં.] સ્ત્રી. પતન; રખલન; ભ્રષ્ટ.
૩. સ્ત્રી. પરાભવ થવું તે.

પરિજન ૧. [સં.] પું.;ન. ચાકર; નોકર; સેવક; અનુચર વર્ગ.
૨. ન. પરિવાર; અટલો; આશ્રિત વર્ગ; પોષ્ય વર્ગ; પાલન કરવા જોગ માણસોનો સમૂહ; કુટુંબ.

પરિજનતા ૧. [સં.] સ્ત્રી. અધીનતા; બીજાને આશ્રયે હોવાની સ્થિતિ.
૨. સ્ત્રી. પરિજન હોવાપણું.

પરિજન્મા ૧. [સં. પરિજન્મન્] પું. અગ્નિ.
૨. પું. ચંદ્રમા.
૩. વિ. ગોળ ફરનાર.

પરિજપન [સં.] ન. જાપ; મંત્રાદિને ફરી ફરી બોલવા તે.

પરિજમ્સ [સં.] વિ. મુગ્ધ; મોહિત; મોહ પામેલું.

પરિજય્ય [સં.] વિ. બોતરફ વિજય કરવાને સમર્થ; બોતરફ વિજય કરી શકનાર.

પરિજલ્પિત [સં.] પું. ચિત્રજલ્પનો એક ભેદ; મર્મમાં કહેવું તે.

પરિજા ૧. [સં.] સ્ત્રી. આદિ જન્મભૂમિ
૨. સ્ત્રી. નિકાસ.

પરિજાત [સં.] વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું.

પરિજિત [સં.] વિ. સર્વથા જિતાયેલું.

પરિજિહ્વા [સં.] સ્ત્રી. જિહ્વાવરણ.

પરિજીર્ણ ૧. [સં.] વિ. અતિ જીર્ણ; બહુ જૂનું થયેલું; જર્જરિત.
૨. વિ. દુર્બળ.

પરિજીર્ણી [સં.] સ્ત્રી ગરીબાઈને લીધે લીધેલી દીક્ષા.

પરિજ્ઞ [સં.] વિ. જ્ઞાતા; જાણકાર.

પરિજ્ઞપ્તિ ૧. [સં] સ્ત્રી. બોલબાલા; પિછાણ.
૨. સ્ત્રી. વાતચીત.

પરિજ્ઞા ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન.
૨. સ્ત્રી. વિચાર; પર્યાલોચન.
૩. સ્ત્રી. વિવેક.
૪. સ્ત્રી. (જૈન) સમજપૂર્વક ત્યાગ કરવો તે; સમજપૂર્વક પચ્ચખાણ; ત્યાગ; પ્રત્યાખ્યાન.
૫. સ્ત્રી. સૂક્ષ્મ કે નિશ્ચયાત્મક જ્ઞાન; સંશય રહિત જ્ઞાન.

પરિજ્ઞાત ૧. [સં.] વિ. જાણેલું; વિશેષ કે સારી રીતે જાણેલું.
૨. વિ. નિશ્ચિતરૂપે જાણેલું.
૩. વિ. પ્રતિજ્ઞા કરેલ; સમજપૂર્વક પચ્ચખાણ કરેલ.
૪. વિ. સમજીને ત્યાગ કરેલ.

પરિજ્ઞાતા [સં.] પું. (વેદાંત) ઉપાધિ વગરવાળો અવિદ્યાથી કલ્પિત જીવાત્મા.

પરિજ્ઞાન ૧. [સં.] ન. નિશ્ચયાત્મક જ્ઞાન; પૂરો ભરોસો રાખી શકાય એવું જ્ઞાન.

૨. ન. પૂર્ણ કે સમ્યક્ જ્ઞાન; પૂરું જ્ઞાન; વિસ્તારપૂર્વક જ્ઞાન; સંપૂર્ણ માહિતી મેળવવી તે.

૩. ન. સૂક્ષ્મ જ્ઞાન; ભેદ કે તફાવતનું જ્ઞાન; કોઈ વસ્તુના ગુણદોષનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન.

પરિજ્ઞાપક [સં.] વિ. જ્ઞાન કે બોધ કરાવે એવું.

પરિજ્ઞોપચિત [સં.] ન. એક પ્રકારનું કર્મ; મનથી હિંસા કરતો હોય પણ શરીરથી ન કરતો હોય તેવા મનુષ્યનું માનસિક કર્મ.

પરિઝુસીયકામભોગ પું (જૈન) આર્તધ્યાનના ચાર ભાંડેનો બીજો ભેદ; પાંચ ઇંદ્રિયના કામભોગ વિષે અતિ તીવ્ર અભિલાષા સાખવી તે.

પરિટ ૧. પું. દક્ષિણ કોંકણ તરફ રહેતી એ નામની એક જાતિ. તેનો ધંધો સામાન્ય રીતે ધોબીનો છે.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પરિડીન [સં. પરિ (ચોતરફ) + ડી (ઊડવું)] ન. પક્ષીનું બેઠાડાર ઊડવું તે.

પરિણત ૧. [સં.] વિ. બાકી રહેલ કાર્યભાર કરતો હાથી.

૨. ન. વ્યાપાર માટે એકત્ર કરેલ જથ્થો.

૩. વિ. અસ્ત થયેલું.

૪. વિ. જૂનું.

૫. વિ. ભેગું થયેલું.

૬. વિ. નમેલું; પરિણતિ પામેલું.

૭. વિ. પચેલું; રસ વગેરેમાં બદલાયેલું.

૮. વિ. પરિણામ પામેલું; પરિણામવાળું.

૯. વિ. પરિપક્વ થયેલું; પાકેલું.

૧૦. વિ. પૂરું થયેલું; અંત આવેલું.

૧૧. વિ. પ્રૌઢ; પુખ્ત ઉંમરનું.

૧૨. વિ. ફેરફારવાળું.

૧૩. વિ. મિશ્રિત.

૧૪. વિ. વિકાર પામેલું; રૂપાંતર થયેલું.

૧૫. વિ. વૃદ્ધ.

૧૬. વિ. રોગમુક્ત.

પરિણતતા [સં.] સ્ત્રી. પરિપક્વતા; પાકેલ હોવાની સ્થિતિ.

પરિણતદ્રવ્ય [સં.] ન. પરિણામ; ઉત્પન્ન; ઊપજ; પેદાશ.

પરિણતવય [સં. પરિણતવયસ્] વિ. પરિપક્વ અવસ્થાવાળું.

પરિણતવાચના સ્ત્રી. (જૈન) એક વાર આપેલ પાઠ આવડ્યા પછી બીજી વાંચણી આપવી તે.

પરિણતિ ૧. [સં.] સ્ત્રી. અંત; અવસાન.

૨. સ્ત્રી. (અલં) એક જાતનો અર્થાલંકાર. તેમાં ઉપમાન ઉપમેય સાથે એકરૂપ થઈને કોઈ કાર્ય કરે છે.

૩. સ્ત્રી. પરિપક્વ અવસ્થા.

૪. સ્ત્રી. ઝૂકવું તે; નમવું તે.

૫. સ્ત્રી. પડતી; અવનતિ.

૬. સ્ત્રી. પરિણામ; નતીજો; ફળ.

૭. સ્ત્રી. પરિપાક; પાકવું તે.

૮. સ્ત્રી. પાક; ઊપજ.

૯. સ્ત્રી. પાચન.

૧૦. સ્ત્રી. પ્રૌઢતા; પરિપક્વતા; પુખ્તપણું.

૧૧. સ્ત્રી. મોહમાં અંધ થવું તે; આસક્તિ.

૧૨. સ્ત્રી. રૂપાંતર; વિકાર; વિકૃતિ.

૧૩. સ્ત્રી. વૃદ્ધિ; વધારો.

૧૪. સ્ત્રી. વેપાર માટે એકત્ર કરેલ જથ્થો.

૧૫. સ્ત્રી. રોગ; બીમાર.

પરિણતવયસ્થા ૧. [સં.] સ્ત્રી. અંતાવસ્થા; ઉંમરની સ્થિતિ.

૨. સ્ત્રી. મૃત્યુ; મરણ.

પરિણદ્ધ ૧. [સં.] વિ. બંધાયેલું.

૨. વિ. લપેટાયેલું; મઢેલું.

૩. વિ. વિસ્તાર; વિસ્તીર્ણ.

૪. વિ. વીંટાયેલું; ઘેરાયેલું.

પરિણમન [સં.] ન. ફેરફાર; રૂપાંતર.

પરિણમનશીલ [સં.] વિ. ફેરફાર પામવાના સ્વભાવવાળું.

પરિણમવું ૧. [સં. પરિણમ્] અ. ક્રિ. પરિણામ પામવું; હસ્તિ થવું; નીપજવું.

> સંપૂર્ણતા ન આરોપું આ પ્રયોગો વિષે હવે,
> કર્મ તે પરિણમ્યા જે આત્મનિરીક્ષણો પછી.
> ગાંધીગીતા

૨. અ. ક્રિ. ભરવું.

૩. અ. ક્રિ. સમાપ્તિ થવી; અંત આવવો.

પરિણમાવવું સ. ક્રિ. પરિણામ આવે તેમ કરવું.

પરિણય [સં.] પું. વિવાહ; લગ્ન.

પરિણયન જુઓ પરિણય.

પરિણામ ૧. [સં.] પું.; ન. (અલં) એક નામનો એક અર્થાલંકાર. તેમાં ઉપમાન ઉપમેય સાથે એકરૂપ થઈને કોઈ કાર્ય કરે છે. રૂપક અલંકાર અને આ અલંકારમાં તફાવત એ છે કે, આ અલંકારના ઉપમાનથી કોઈ બીજો અર્થ કરાવીને અર્થમાં ચમત્કાર ઉત્પન્ન કરાય છે, પરંતુ રૂપકના ઉપમાનથી કોઈ કાર્ય કરાવવાનું કોઈ લક્ષ્ય હોતું નથી. માત્ર ઉપમેય ઉપર તેનો આરોપ કરી દેવામાં આવે છે.

૨. પું.; ન. (જૈન) એક સ્થિતિમાંથી બીજી સ્થિતિની પ્રાપ્તિ; એક ધર્મ કે સંસ્કારનો લય થઈ બીજા ધર્મ કે સંસ્કારની પ્રાપ્તિ. પાતંજલ દર્શનમાં ચિત્તનાં નિરોધ, સમાધિ અને એકાગ્રતા નામે ત્રણ વિશેષ પરિણામ માનેલ છે. ચિત્તનાં પરિણામોની બાહ્ય સ્થૂલ સૂક્ષ્મ જૂતો તથા ઇંદ્રિયોના પણ તે દર્શનમાં ત્રણ પરિણામ બતાવ્યાં છે: (૧) ધર્મ પરિણામ, (૨) લક્ષણ પરિણામ અને (૩) અવસ્થા પરિણામ.

૩. પું.; ન. (સાંખ્ય) કુદરતી નિયમ અનુસાર વસ્તુઓનું રૂપાંતરિત કે અવસ્થાંતરિત એટલે એક રૂપ અથવા અવસ્થાથી ચ્યુત થઈ બીજા રૂપ કે અવસ્થાને પ્રાપ્ત થતા રહેવું તે; વિકૃતિ; રૂપાંતર; વિકારપ્રાપ્તિ. તેનો આ સ્વભાવ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું કારણ છે. જે પરિણામના કારણે જગતની રચના થાય છે, તેને વિરૂપ અથવા વિસદૃશ પરિણામ અને જેના કારણે તેનો અભાવ અથવા પ્રલય થાય છે, તેને સ્વરૂપ અથવા સદૃશ પરિણામ કહે છે. પુરુષ અથવા આત્મા સિવાય સંસારમાં જે બધું પરિણામ છે તે બધું પરિણામ છે અર્થાત્ રૂપાંતર થવાના સ્વભાવવાળું છે. તોપણ કેટલાક પદાર્થનું પરિણામ જલદી દેખાય છે અને કેટલાકનું બહુ મોડે દેખાય છે. જે પરિણામ જલદી દેખાય છે તેને તીવ્ર પરિણામ અને જેની ઉપલબ્ધિ લાંબે ગાળે થાય છે તેને મૃદુ પરિણામ કહે છે. સદૃશ અથવા વિસદૃશ પરિણામમાંથી જ્યારે એકની મૃદુતા ચરમ અવસ્થાને પહોંચે છે ત્યારે બીજા પરિણામનો આરંભ થાય છે.

૪. પું.; ન. કોઈ પણ કામનું ઊભટ કે ઉલ્લું ફળ; અંત; ફળ; નતીજો.

> પરિણામે જડી છે આ અહિંસા સત્ય સાધન,
> જે થકી પ્રાપ્ય થાયે છે સત્ય શાશ્વત નિશ્ચયે.
> ગાંધીગીતા

પરિણામ આવવું = ફળ આવવું; નતીજો આવવો.

૫. પું.; ન. ઉકેલ; અંત.

પરિણામ આણવું-લાવવું = (૧) અંત લાવવો. (૨) ઉકેલ આણવો. (૩) સારું ફળ આવે કે જલદી ફળ આવે એમ કરવું.

૬. પું.; ન. તોડ; ઉકેલ, નિકાલ; ઊભટનો નિર્ણય.

૭. પું.; ન. પરિપક્વતા; પરિપાક; પુખ્તતા.

૮. કું.; ન. પાકવા અથવા પચવાનો ભાવ.
૯. કું.; ન. રૂપાંતર; મૂળ સ્વરૂપ બદલાઈ અવસ્થામાં ફેરફાર થયો તે; વિકાર; અવસ્થાંતર. જેમકે, દૂધનું પરિણામ દહીં, લાકડાનું પરિણામ રાખ.
૧૦. કું.; ન. વિકાસ; વૃદ્ધિ; પરિપુષ્ટિ.
૧૧. કું.; ન. રોગ.
૧૨. ન. (જૈન) જીવની વર્તમાન અવસ્થા.
૧૩. ન. (જૈન) પરિણામિક ભાવ; છ માંહેનો એ નામનો એક ભાવ.
૧૪. ન. (જૈન) ભાવ; મનની સ્થિતિ.

પરિણામક ૧. [સં.] વિ. પરિણામ લાવનાર. ૨. વિ. ફેરફાર કરનાર.

પરિણામકારક જુઓ પરિણામક.

પરિણામદર્શી ૧. [સં. પરિણામદર્શિન્] વિ. અંતમ સુધિવાળું; પરિણામ શું આવશે તેનો આગળથી વિચાર કરી તેની આગાહી કરી શકનાર; દૂરદર્શી; સૂક્ષ્મદર્શી.
૨. વિ. પરિણામ વિચારીને કામ કરનાર.

પરિણામદાયક [સં.] વિ. પરિણામ આપનારું; ફળદાયક.

પરિણામદાયી જુઓ પરિણામદાયક.

પરિણામદૃષ્ટિ [સં.] સ્ત્રી. કોઈ કાર્યનું ફળ જાણી લેવાની શક્તિ; આગામી ફળ તરફની દૃષ્ટિ.

પરિણામન ૧. [સં.] ન. (જૈન) જાતિ કે સંજ્ઞાની વસ્તુ પોતાના કાળમાં લેવી તે.
૨. ન. પૂરેપૂરું વિકસે કે વધે તેમ કરવું તે.

પરિણામપથ્ય [સં.] વિ. પરિણામમાં હિતકારક.

પરિણામવાચક [સં.] વિ. પરિણામ જણાવે એવું.

પરિણામવાદ ૧. [સં.] પું. જગતની ઉત્પત્તિ, નાશ વગેરેને સત્ય નિત્ય પરિણામના રૂપમાં માનવાનો સિદ્ધાંત; સાંખ્યમત.
૨. પું. પ્રાણીઓ કમે કમે વિકસીને અમુક રૂપમા પરિણમે છે એવો વાદ; વિકાસવાદ; ઉત્ક્રાંતિવાદ.

પરિણામવાદી [સં. પરિણામવાદિન્] વિ. પ્રત્યક્ષ જગતને સત્ય માનનારું; પરિણામવાદમાં માનનારું.

પરિણામશૂન્ય [સં.] વિ. પરિણામ વગરનું; જેનું કોઈ પરિણામ ન હોય એવું.

પરિણામશૂલ [સં.] ન. એક જાતનો શૂળનો રોગ; ખાધેલું પચન થઈને પેટ ખાલી થતાં વેદના થવા માંડે એવો પેટશૂળનો રોગ; પોતાના સ્થાનથી ખસેલો કફ વાયુ તથા પિત્તમાં મળતાં ભોજન પચતી વખતે ઉત્પન્ન થતું શૂળ.

પરિણામશૂળ જુઓ પરિણામશૂલ.

પરિણામહીન [સં.] વિ. પરિણામ વગરનું; જેનું કોઈ પરિણામ ન હોય એવું.

પરિણામિક [સં.] વિ. પરિણામ તરીકે ઉત્પન્ન થતું.

પરિણામિકદાહ પું. રોગ પ્રતિકાર; 'કૉન્સીક્વન્ટ રિલીફ.'

પરિણામિતા [સં.] સ્ત્રી. રૂપાંતર થવું તે.
☞ આખી કાચી હરડે કે કેમ તેવા સંદેહવાળું વિષય કહેવાય છે તે અનિત્યતા, ક્ષણિકતા, પરિણામિતા કે રૂપાંતરતાને બરાબર ખ્યાલ રાખવા આપણાને વિચારવા કહેવામાં છે.
જય

પરિણામિત્વ [સં.] ન. બદલવાનો સ્વભાવ કે ધર્મ; પરિવર્તનશીલતા.

પરિણામિનિત્ય [સં.] વિ. નિત્ય હોય પરંતુ બદલતું રહે તેવું; બદલવાના સ્વભાવવાળું હોય તોપણ નિત્ય કે અવિનાશી રહેતું હોય તેવું. સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિ પરિણામિનિત્ય છે અને પુરુષ અથવા આત્મા અપરિણામિનિત્ય છે.

પરિણામિનિત્યત્વ [સં.] ન. મૂળ વસ્તુ તરીકે ન કાળમાં સ્થિર રહ્યા છતાં દેશ, કાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યા કરે તેવો ભાવ.

પરિણામિનિત્યત્વવાદ [સં.] પું. નિત્યાનિત્યત્વવાદ. જૈન દર્શનનો પરિણામિનિત્યત્વવાદ સાંખ્યની માફક કેવળ જડ પ્રકૃતિ સુધી જ નથી, પણ ચેતનતત્ત્વમાં પણ તે લાગુ પડે છે.

પરિણામિનિત્યા [સં.] સ્ત્રી. પ્રકૃતિ. સાંખ્યકારો પુરુષને કૂટસ્થનિત્ય અને પ્રકૃતિને પરિણામિનિત્ય કહે છે.

પરિણામી ૧. [સં. પરિણામિન્] વિ. (વેદાંત) દેશ, કાળ વગેરે નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યા કરતું. જૈન દર્શનનું કહેવું છે કે, પ્રકૃતિ જેવા પદાર્થોમાં કૂટસ્થ નિત્યતા નથી, તેમ જ બૌદ્ધોના ક્ષણિકતા પણ નથી, પણ પરિણામી નિત્યતા છે. તે પ્રમાણે આત્મા પણ પરિણામી નિત્ય છે.
૨. વિ. પરિણામરૂપે નીપજતું; પરિણમતું; ફલિત.
૩. વિ. બદલવાના સ્વભાવવાળું.
૪. વિ. ભાવવાળું; મનની સ્થિતિવાળું.

પરિણામી અવરોધ પું. ખંડક નામ.
નાશના બે પ્રકાર છે: પરિણામી અવરોધ અને વિનાશી અવરોધ. સિદ્ધાંતદર્શન

પરિણામી ઉપાદાન ન. બીજી અવસ્થામાં જતી વસ્તુની પૂર્વાવસ્થા. જેમકે, દૂધ એ દહીંનું પરિણામી ઉપાદાન છે અને દહીં એ પરિણામ છે. જગતની ઉત્પત્તિમાં પ્રકૃતિ એ પરિણામી ઉપાદાન છે અને પુરુષ એ વિવર્તી ઉપાદાન છે, અર્થાત્ જગત એ પ્રકૃતિનું પરિણામ છે અને પુરુષનું વિવર્ત છે.

પરિણામ ૧. [સં.] પું. ખુશી પડે તે દિશામાં લઈ જવું તે.
૨. પું. પરણતી વખતે આપતાં ધરેણાં, કપડાં, રોકડ રકમ વગેરે; સ્ત્રીધન.
૩. પું. પાસા કે સોગઠાંને ગણી જમણી તરફ લઈ જવાં તે.
૪. પું. વિવાહ; લગ્ન.

પરિણાયક ૧. [સં.] પું. નેતા; માર્ગદર્શક માણસ; ગોમિયો.
૨. પું. પતિ; પરણનાર પુરુષ; ધણી.
૩. પું. સેનાપતિ.

પરિણાયકરત્ન [સં.] ન. ચૌદ ચક્રવર્તી રાજાનાં સાત ધન અથવા હોય માણેકું એક.

પરિણાય્ય [સં.] ન. લગ્ન વખતે કન્યાને આપતાં ધરેણાં, કપડાં, રોકડ રકમ વગેરે; સ્ત્રીધન.

પરિણાલિકા સ્ત્રી. સૂર્યની આસપાસ ફરતો ગ્રહ. બુધ અને શુક્રની પરિણાલિકા (રાનિ) હોવાથી. જ્યોતિર્વિલાસ

પરિણાહ ૧. પું. ઘેરાવો; પરિધિ.
૨. પું. આરે તરાયેથી ભરેલું તે.
૩. પું. દીર્ઘ શ્વાસ.
૪. પું. લપેટવાપણું.
૫. [સં.] પું. વિસ્તાર; ફેલાવો; વિશાળતા; પહોળાઈ.

પરિણાહવાન ૧. વિ. પ્રશસ્ત.
૨. [સં. પરિણાહવત્] વિ. ફેલાયેલું; વિસ્તારવાળું.

પરિણાહી ૧. પું. (પિંગળ) એ નામનો ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગઝલી છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, સગણ, ભગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
૨. [સં. પરિણાહિન્] વિ. દીર્ઘ; વિસ્તારવાળું; ફેલાયેલું; વિસ્તૃત.

પરિણીત ૧. [સં.] વિ. ખપેલું; વિવાહથી જોડાયેલું; વિવાહિત.
૨. વિ. સમાપ્ત; સંપૂર્ણ.

પરિણીતરત્ન જુઓ પરિણયરત્ન.

પરિણેતા ૧. [સં. પરિણેતૃ] પું. વરરાજા; કન્યાનું પાણિગ્રહણ કરનાર પુરુષ; સ્વામી; પતિ.
૨. વિ. ચોતરફ લઈ જનાર કે દોરનાર.

પરિણેય ૧. [સં.] વિ. ચોતરફ લઈ જવા કે દોરવા જેવું.
૨. વિ. પરણવા યોગ્ય.

પરિણેયા ૧. [સં.] સ્ત્રી. પરણાવવા યોગ્ય કન્યા.
૨. વિ. સ્ત્રી. પરણવા જેવી.

પરિતપન [સં.] ન. પરિતાપ પામવું તે; દુઃખ પામવું તે.

પરિતપ્ત ૧. [સં.] વિ. ખૂબ તપેલું; અત્યંત ગરમ.
૨. વિ. પીડાઓથી ઘેરાયેલું; બહુ દુઃખી; પરિતાપ પામેલું.

પરિતપ્તિ ૧. [સં.] સ્ત્રી. દાહ; ગરમી; તપવું તે.
૨. સ્ત્રી. દુઃખ; ક્લેશ; બળા.

પરિતર્કણ [સં.] ન. વિચાર કરવો તે.

પરિતર્પણ ૧. [સં.] ન. તૃપ્ત કરવું તે; સંતોષવું તે.
૨. વિ. તૃપ્ત કરનાર; તર્પણ કરનાર.

પરિતર્પવું [સં. પરિતૃપ્] સ. ક્રિ. બરોબર સંતોષવું.

પરિતર્પાવું [સં. પરિતૃપ્] અ. ક્રિ. પૂરો સંતોષ પામવું.

પરિતલિત [સં.] વિ. તેલમાં તળેલું.

પરિતંત [સં. પરિતાંત] વિ. થાકી ગયેલું; સર્વથા ખિન્ન થયેલ.

પરિતઃ ૧. [સં.] અ. ચારે બાજુથી; ચોતરફથી.
૨. અ. બધા પ્રકારે.

પરિતા જુઓ પરિતઃ

પરિતાપ ૧. [સં.] પું. કંપ; ધ્રુજારી.
૨. પું. નરક.
૩. પું. પશ્ચાત્તાપ; પસ્તાવો.
૪. પું. પ્રતાપ
૫. પું. હિમ; ઝિંતા.
૬. પું. બહુ તાપ; સખત ગરમી; અતિ ઉષ્ણતા; બફારો; અકળામણ.
૭. પું. ભય; ભીતિ.
૮. પું. રુદન; વિલાપ.
૯. પું. સંતાપ; અકળામણ; દુઃખ; પીડા.

પરિતાપિકી ક્રિયા સ્ત્રી. (જૈન) પોતાને તથા બીજાને તકલીફ થાય તેવાં કાર્ય કરવાં તે.

પરિતાપિત ૧. [સં.] વિ. અકળાયેલું; દુઃખ પામેલું; પીડિત; સંતપ્ત.
૨. વિ. ખૂબ તપેલું.

પરિતાપી ૧. [સં. પરિતાપિન્] વિ. બહુ ગરમી આપનાર.
૨. વિ. પરિતાપવાળું; પીડિત; દુઃખી.
૩. વિ. સંતાપકારી; દુઃખ આપે એવું; સંતાપનાર.

પરિતાપ્યક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) બીજાને દુઃખ ઉપજાવવાથી લાગતી ક્રિયા એટલે થતો પાપબંધ.

પરિતિકંત ૧. [સં.] પું. લીમડો.
૨. વિ. બહુ કડવું.

પરિતુષ્ટ ૧. [સં.] વિ. તૃપ્ત; સંતોષ પામેલું.
૨. વિ. પ્રસન્ન થયેલું; ખુશ.

પરિતુષ્ટિ ૧. [સં.] સ્ત્રી. તૃપ્તિ; સંતોષ; પરિતોષ.
૨. સ્ત્રી. પ્રસન્નતા; ખુશી.

પરિતૃપ્ત [સં.] વિ. સંતુષ્ટ; તૃપ્ત થયેલું; પરિતૃપ્તિ પામેલું; ધરાયેલું.

પરિતૃપ્તિ [સં.] સ્ત્રી. સંતોષ.

પરિતો પું. સૂતરના કાણામાં રાખવાનું ઓજાર.

પરિતોષ ૧. [સં.] પું. તુષ્ટિ; સંતોષ; તૃપ્તિ.
૨. પું. પ્રસન્નતા; ખુશી.

પરિતોષક ૧. [સં.] પું. તૃપ્તિ કે સંતોષ આપનાર માણસ.
૨. પું. પ્રસન્ન કે ખુશ કરનાર માણસ.

પરિતોષણ ૧. [સં.] ન. તૃપ્ત કરવું તે; સંતોષ ઉપજાવવો તે.
૨. ન. પ્રસન્ન કરવું તે; ખુશ કરવાપણું.

પરિતોષણા જુઓ પરિતોષ.

પરિતોષવાન [સં. પરિતોષવત્] વિ. પરિતોષયુક્ત; સંતુષ્ટ; પરિતુષ્ટ.

પરિતોષવું ૧. [સં. પરિતુષ્] સ. ક્રિ. તૃપ્ત કરવું; સંતોષ આપવો.
૨ સ ક્રિ પ્રસન્ન કરવું; ખુશ કરવું.

પરિતોષા [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બધાં છંદનો એક ભેદ છે. તેમાં સગણ, નગણ, જગણ અને વગણ મળી ચાર વર્ણ હોય છે.

સ ન જ જ થકી રચો પરિતોષા.

રણછોડકવિ

પરિતોષી [સં. પરિતોષિન્] વિ. સંતોષી.

પરિત્ત ૧. [સં. પરીત] વિ. (પ્રાકૃત) અલ્પ; થોડું.
૨. વિ. ભય હણવાળું.
૩. વિ. ભય રહિત.
૪. વિ. શુક્લપક્ષી; અલ્પ સંસારી.
૫. વિ. સંખ્યાત; અનુત્તરીમાં જાવે એવું; પરિમિત.

પરિત્તજીવ [પ્રા.] પું. (જૈન) પ્રત્યેક શરીરી જીવ; જીવ કે જેક શરીરવાળો જીવ.

પરિત્તસંસાર [પ્રા.] પું. જેને થોડો જ કાળ સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય તેવો જીવ; અલ્પ સંસારી જીવ.

પરિત્તસંસારી [સં. પરીતસંસારિન્] વિ. (પ્રાકૃત) અલ્પ સંસારી; જેને થોડો જ વખત સંસારમાં પરિભ્રમણ કરવાનું રહ્યું હોય તેવું

પરિત્યક્ત ૧. [સં.] વિ. મૂકી દીધેલું; છોડી દીધેલું; તજી દીધેલું.
૨. વિ. ખોબ્યું; છૂટું.

પરિત્યક્તા ૧. [સં. પરિત્યક્તૃ] વિ. તજનાર; છોડનાર; પરિત્યાગ કરનાર.
૨. વિ.સ્ત્રી. તજી દેવાયેલી; છોડાયેલી.

પરિત્યજન [સં.] ન. પરિત્યાગ; છોડી દેવું તે.

પરિત્યજવું [સં. પરિત્યજ્] સ. ક્રિ. છોડી દેવું; તજવું.

પરિત્યજ્ય ૧. [સં.] વિ. છોડી દેવા જેવું.
૨. અ. તજીને; તજીને; છોડીને.

પરિત્યાગ [સં.] પું. હરીથી ન સંભરવાના હેતુથી કરેલો સંપૂર્ણ ત્યાગ; છોડી દેવું તે; તજી દેવું તે; વર્જન.

પરિત્યાગવું જુઓ પરિત્યજવું.

પરિત્યાગી [સં. પરિત્યાગિન્] વિ. સંપૂર્ણ ત્યાગ કરનાર; છોડી દેનાર.

પરિત્યાજ્ય જુઓ પરિત્યાજ્ય.

પરિત્યાજ્યન જુઓ પરિત્યજન.

પરિત્યાજ્ય જુઓ પરિત્યજ્ય.

પરિત્રસ્ત [સં.] વિ. ત્રાસ પામેલું; ભયભીત.

પરિત્રાણ ૧. પું. શરીરના બાણ.
૨. ન. આત્મરક્ષણ; પોતાની રક્ષા; રક્ષણ.
૩. [સં. પરિ (ચોતરફ) + ત્રાણ (રક્ષણ)] ન. કવચ; શરીરના રક્ષણ માટે રાખેલું બખ્તર.
૪. ન. ચોતરફથી રક્ષણ કરવું તે; સરક્ષણ; બચાવ; ચોકીની રક્ષા કરવી તે.
૫. ન. વારણ; નિવારણ; અટકાવ.
૬. ન. પાલનપોષન.

પરિત્રાણનિધિ [સં.] પું. કલ્પસંબંધ; પૈસો ભેગો કરવો તે.

પરિત્રાત [સં.] વિ. રક્ષિત; રક્ષણ કરાયેલ.

પરિત્રાતા ૧. [સં. પરિત્રાતૃ] પું. રક્ષણ કરનાર માણસ.

૨. સ્ત્રી.જી. રક્ષણ કરાયેલી.

પરિત્રાપક [સં.] પું. પરિત્રાતા; રક્ષક.

પરિત્રાસ [સં.] પું. અત્યંત ભય; ચોતરફથી બીક હોવી તે.

પરિત્રાસી [સં. પરિત્રાસિન્] વિ. બહુ ભયભીત થયેલું.

પરિત્રિજ્યા [સં.] સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિની આસપાસ દોરેલા વર્તુળની ત્રિજ્યા; 'સર્કમ રેડિયસ.'

પરિત્વચ જ. ગામડીનું ઉપલું પડ.

પરિદર [સં.] જ. દંતમૂળ કે બખાળુનો એક રોગ; બખાળુ ફૂલીને બાદળા જેવાં પોચાં બની જવાં તે. તેમાં પૂંઠની સાથે સોજી નીકળે છે. વૈદક અનુસાર આ રોગ પિત્ત, રુધિર અને કફના પ્રકોપથી થાય છે.

પરિદર્શક ૧. [સં.] પું. તપાસણી કરનાર; નિરીક્ષક.

૨. પું. મુલાકાતી; મુલાકાતે આવનાર માણસ; 'વિઝિટર.'

૩. જ. સળભરિત એટલે ફૂલક ફિલ્મોમાં રાખવામાં આવતું કાચનું એક પ્રતિબિંબક યંત્ર; 'ફોરસ્કોપ.'

પરિદર્શન [સં.] જ. બરાબર અવલોકન કે નિરીક્ષણ કરવું તે.

પરિદષ્ટ ૧. વિ. કાપીને ટુકડા ટુકડા કરેલું.

૨. [સં.] વિ. દંશિત; ડંખ લાગેલું.

પરિદહન [સં.] જ. ચોતરફથી બળવું તે; આગ લાગવી તે.

પરિદંશિત [સં.] વિ. અન્તર પહેરેલું હોય તેવું.

પરિદાન ૧. [સં.] જ. અગ્નિહોત્રનો કરવો તે.

૨. જ. જનોઈ કેડી વખતે સર્વને તથા પ્રજાપતિને માનસિક રીતે આણવું દાન કરવું તે.

૩. જ. પાછું આપી દેવું તે.

૪. જ. બક્ષિસ; ભેટ.

પરિદાય [સં.] વિ. સુગંધ આપનારું; સુગંધી.

પરિદાયી [સં. પરિદાયિન્] પું. જેનો મોટો ભાઈ કુંવારો હોય તેવા નાના ભાઈને કન્યાદાન કરનાર માણસ; પરિવેત્તાનો સસરો.

પરિદાહ ૧. [સં.] પું. અત્યંત બળતરા; ચારે તરફથી પીડા થવી તે.

૨. પું. મનો માનસિક સંતાપ હોય.

૩. પું. ચોતરફથી આગ લાગવી તે; બધી બાજુથી અગ્નિ ફેલાવો તે.

૪. પું. બળારો.

પરિદિવ્યૌષ [સં.] પું. ભાદરવા મહિનો એ નામનો એક અવરશિમ દેવતા.

પરિદીન [સં.] વિ. ઘણું જ દુઃખી; અત્યંત ખિન્ન.

પરિદૃશ્ય [સં.] જ. ચારે તરફથી જોવામાં આવતો દેખાવ.

પરિદૃષ્ટ [સં.] વિ. બરાબર અવલોકન કરેલું; બધી બાજુથી જોવામાં આવેલું.

પરિદેવ ૧. [સં.] પું. એક પ્રકારનો અગ્નિ.

૨. પું. વિલાપ; રડવું તે.

૩. પું. શોક; દુઃખ.

પરિદેવક ૧. [સં.] વિ. વિલાપ કરનાર.

૨. વિ. શોક કરનાર.

પરિદેવન ૧. [સં.] જ. બૂમરાણ; રડવું તે; વિલાપ.

૨. જ. શોક; દિલગીરી.

પરિદેવના જુઓ પરિદેવન.

પરિદેવી જુઓ પરિદેવક.

પરિદેશ જ. એક જાતનું ચોરસ માપ.

૨ રજ્જુ = પરિદેશ.

પરિદ્રષ્ટા [સં. પરિદ્રષ્ટૃ] વિ. ચોતરફથી જોનાર; બધી દૃષ્ટિથી અવલોકન કરનાર.

પરિદ્વીપ [સં.] પું. (પુરાણ) ગરુડનો એ નામનો એક પુત્ર.

પરિધર્મ [સં.] પું. (ગણિત) એ નામનો એક માત્રામેળ છંદ; પ્રતિધર્મ. તે કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં સિત્તેર લઘુ અને તેર ગુરુ મળી જતું માત્રા હોય છે.

પરિધર્ષક ૧. [સં.] જ. તિરસ્કાર; નિંદા.

૨. જ. ઘરની ઉપર બળાત્કાર.

પરિધાન ૧. [સં.] જ. નાભિની નીચે પહેરેલું ધોતિયું વગેરે વસ્ત્ર.

૨. જ. પહેરવું તે; ધારણ કરવું તે.

૩. જ. વસ્ત્ર; કપડું; પોશાક.

૪. જ. સ્તુતિ, પ્રાર્થના, ગાયન વગેરે પૂરું કરવું તે.

પરિધાનીય ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ, તગણ, જગણ, નગણ, સગણ અને બે ગુરુ મળી તેવીસ વર્ણ હોય છે.

૨. [સં. પરિધાન] જ. પહેરવાનું વસ્ત્ર.

૩. [સં.] વિ. પહેરવા જેવું; ધારણ કરવા યોગ્ય.

પરિધાનીયા [સં.] સ્ત્રી. રાજા વગેરેમાં રહેલી ઉત્તમ ઝાંઝ.

પરિધાત્રિયા [સં.] સ્ત્રી. ઉપમના સાત મહિનો એક પ્રકાર.

પરિધાપન [સં.] જ. ધારણ કરવું તે; પહેરવું તે.

પરિધામ વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

પરિધાય ૧. [સં.] જ. બખ્તર.

૨. જ. પોશાક; વસ્ત્ર.

૩. અ. પહેરીને; ધારણ કરીને.

પરિધારક ૧. [સં.] પું. ઘેરો; ચોતરફથી ઘેરી વળવું તે.

૨. વિ. ચોતરફથી ઘેરો નાખનાર.

૩. વિ. અપેક્ષનાર; હાંકનાર.

પરિધારણ ૧. [સં.] જ. પહેરવું તે; ધારણ કરવું તે.

૨. જ. રક્ષણ કરવું તે; બચાવ.

પરિધારા [સં.] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે. તે અનુષ્ટુપનો એક ભેદ છે.

પરિધાવન [સં.] જ. પહેરવાની ક્રિયા કરવી તે; પહેરાવવું તે.

પરિધાવી ૧. [સં. પરિધાવિન્] પું. પ્રભવથી છેતાલીસમો સંવત્સર; બૃહસ્પતિના સાઠ વર્ષના યુગચક્રના ક્રમમાં છેતાલીસમો કે ત્રેપનમો સંવત્સર.

૨. વિ. દોડનાર.

પરિધિ ૧. [સં.] પું. (ગણિત) ગોળાની બહારની સપાટી.

૨. પું. ગોળ કરતી વાડ; કોઈ વસ્તુની રક્ષા માટે ચોતરફ કરેલો ઘેરાવો.

૩. પું. નિયત કે નિર્ધારિત માર્ગ; રસ્તા.

૪. પું. (ગણિત) વૃત્તપરિઘ; ઉપવૃત્ત.

૫. પું. પહોળા પટવાળો ચોતરા જેવો આધાર; પાટલી.

> પરિધિ જેવો ઉપર પહોળા પટવાળા ચોતરા જેવો આધાર હોય છે તે. તેનું બીજું નામ પરિમિ છે. રાજવલ્લભ

૬. પું. પ્રભામંડળ; કોઈ મહાન પુરુષની જ્યોતિ તેના મુખારવિંદની આસપાસ જણાતું તેજોમય ગોળ કુંડાળું; અંશુમાલા.

૭ પું. જેમ વગેરેના સંપીપખણાથી સૂર્ય, ચંદ્ર વગેરેની આસપાસ થતું તેજનું કુંડાળું. પરિવેષ; મંડલ.

૮. પું. (ગણિત) મોટા વર્તુલના પરિધ ઉપર ફરતા અમ્બબિંદુવાળું વર્તુલ; 'એપિસાઇક્લ.'
૯. પું. મકરુંદની આસપાસ ઓઢવામાં આવતી ત્રણ મેખ. તે મેખનાં નામ દક્ષિણ, ઉત્તર અને મધ્યમ હોય છે. મકરંદને બાંધવા માટે વપરાતી આખરા વગેરેની શાખા પણ પરિધિ કહેવાય છે.
૧૦. પું. વર્તુળનો ઘેરાવો; ગોળ મંડળનો ચોતરફનો ગોળાકાર ઘેરાવો.
૧૧. પું. વસ્ત્ર; કપડાં; પોશાક.
૧૨. પું. શિવનાં ઝભ્ભર માટેનું એક નામ.
૧૩. પું. સર્પની ગોળાઈ.

પરિધિપતિખેચર [સં.] પું. મહાદેવ; શંકર.

પરિધિમાન [સં.] ન. પરિધિનું માપ.

વૃત્તના અખિલ પરિધિના ત્રણ સો સાઠ અંશની ગોઠવીસ હજાર છ સો કલા થઈ; એટલે એક કલામિત ચાપને ગોલમ ગણીએ તો સંપૂર્ણ પરિધિમાન ગોઠવીસ હજાર છ સો થયું.
પુરાતત્ત્વ

પરિધિસ્થ ૧. [સં.] પું. પરિવાર; સેવક; નોકર.
૨. પું. રથ તથા રથીની રક્ષક સેના.
૩. વિ. યુદ્ધ વગેરેમાં રથી યોદ્ધાના રક્ષણ માટે ચોતરફ ગોઠવાયેલ.

પરિધીર [સં.] વિ. ખૂબ ગંભીર.

પરિધૂપન [સં.] ન. ધૂપ દેવો તે; સુવાસિત કરવું તે.

પરિધૂપિત [સં.] વિ. ધૂપ દીધેલું; સુવાસિત કરેલું.

પરિધૂમન [સં.] ન. (વૈદક) એક જાતનો તરલાનો ઉપદ્રવ. તેમાં એક જાતનો ધાસ ગોઠકાર આવે છે.

પરિધૂમાયન [સં.] ન. (વૈદક) એક જાતનો ગોઠકાર; પરિધૂમન.

પરિધૂસર ૧. [સં.] વિ. અત્યંત ધૂમરો.
૨. વિ. ધૂળ વગેરેથી ખરડાયેલું.

પરિધેય ૧. [સં.] ન. વસ્ત્ર પોશાક; કપડું.
૨. વિ. પરિધિમાં હોનાર.
૩. વિ. પહેરવા જેવું; પહેરવાનું.

પરિધ્વંસ [સં.] પું. સમૂળો નાશ; સંપૂર્ણ વિનાશ.

પરિધ્વંસી [સં. પરિધ્વંસિન્] વિ. સમૂળગો કે સમગ્રનો નાશ કરનાર.

પરિનંદન ૧. [સં.] ન. સંતોષ ઉપજાવવો તે.
૨. વિ. સંતોષકારક.

પરિનાલિક [સં.] વિ. કૂંડીની આસપાસનું.

પરિનાલિકાયોજની શિરા [સં.] સ્ત્રી. કૂંડીની આસપાસ ફેલાયેલી શિરા. તે મુખ્યત્વે પેટની આગલી દીવાલ ઉપર ફેલાયેલી હોય છે. તેઓ સુકાઈને દોરડા જેવી બની ગયેલી સંવાહિની શિરાની સાથે નાભિપ્રદેશમાંથી ઊંચે યકૃત તરફ જઈ પ્રતિહારિણી શિરાની દ્વારા મુખ્યમાં મળી જાય છે. તેઓ પેટની દીવાલ ઉપરની શિરાઓ તથા અધિજત્રુસ્થિત શિરાઓ, જે બધરા મહાશિરામાં ઠોલી રહે છે, તેની સાથે સૂક્ષ્મ શિરાપ્રતાનો વડે ઓ રચીને સંબંધ બાંધે છે.

પરિનિર્વાણ [સં.] ન. આત્યંતિક મોક્ષ. સંપૂર્ણ મુક્તિ; પૂર્ણ નિર્વાણ; સર્વથા દુઃખનો લય.

પરિનિર્વાણમાર્ગ [સં.] પું મોક્ષમાર્ગ.

પરિનિર્વાતિ જુઓ પરિનિર્વાણ.

પરિનિર્વૃત્ત ૧. [સં.] વિ. પરિનિર્વાણ પામેલ; પૂર્ણ મોક્ષ પામેલું; નિર્વાણ પદ પામેલું; સકળ સંતાપ રહિત બનેલું.
૨. વિ. શાંત; ઠંડું.
૩. વિ. સંપૂર્ણ રીતે દ્વારક બનેલ; ક્રમબદ્ધરીતસર પૂરી રીતે ઘડું બનેલું.

પરિનિર્વૃત્તિ જુઓ પરિનિર્વાણ.

પરિનિષ્ઠા ૧. સ્ત્રી. અભ્યાસ અથવા જ્ઞાનની પરિપૂર્ણતા.
૨. [સં.] સ્ત્રી. અંત; છેડો; છેલ્લી સ્થિતિ.
૩. સ્ત્રી. અંતિમ સીમા; છેવટની હદ; પરાકાષ્ઠા.
૪. સ્ત્રી. વિશેષ ખબર.

પરિનિષ્ઠાન [સં.] ન. અવસાન; છેડો.

પરિનિષ્ઠિત ૧. [સં.] વિ. પૂર્ણ; સંપન્ન; પરાકાષ્ઠાએ પહોંચેલ; પૂર્ણતા મેળવેલ.

સાધ્ય વસ્તુ તો પરિનિષ્ઠિત વસ્તુ અન્ય પ્રમાણથી જ જન્ય છે એમ આને છે.
કમળાશંકર

૨. વિ. પૂર્ણ કુશળ; પૂરા અભ્યાસવાળું; સિદ્ધ; વિદ્વાન; કળાકુશળ.

પરિનૈષ્ઠિક [સં.] વિ. સર્વોત્કૃષ્ટ; સર્વથી ઉચ્ચ; સૌથી સારું; સર્વોચ્ચ.

પરિન્યાસ ૧. [સં.] પું. કાવ્યમાં જ્યાં કોઈ વિશેષ અર્થ પૂરો થતો હોય એવું સ્થળ.
૨. પું. નાટકમાં આખ્યાનભાગ એટલે કે મુખ્ય કથાની મૂળભૂત ઘટનાની સંકેત વડે સૂચના કરવી તે.
૩. પું. પરિપૂર્ણ ચિંતન.

પરિપક્વ ૧. [સં.] વિ. પૂરા પુખ્ત; પ્રૌઢ.
૨. વિ. ચતુર; નિપુણ; પ્રવીણ; કુશળ.
૩. વિ. પરિપાકવાળું; પરિણામ પામેલું.
૪. [સં. પરિ (ચોતરફ) + પલ્વ (પોલાણ)] વિ. પૂરેપૂરું પોલાણ; સીંગેલું.
૫. વિ. પૂર્ણ વિકાસ પામેલું; પરિવિકસિત; પૂરેપૂરું ખીલેલું.
૬. વિ. ભરોભર પચેલું; પૂરેપૂરું હજમ થયેલું.
૭. વિ. સંપૂર્ણ; સમાપ્ત.

પરિપક્વતા ૧. [સં.] સ્ત્રી. પરિણામ પામેલ હોવાપણું.
૨. સ્ત્રી. પૂરેપૂરું ખીલેલું હોવું તે.
૩. સ્ત્રી. પૂરેપૂરું પચેલું હોવાની સ્થિતિ.
૪. સ્ત્રી. પ્રાવીણ્ય; નિપુણતા; કુશળતા; આવડત.
૫. સ્ત્રી. પ્રૌઢતા; પુખ્તપણું.
૬. સ્ત્રી. સમાપ્તિ; સંપૂર્ણતા.
૭. સ્ત્રી. સંપૂર્ણ પાકેલી અવસ્થા; પૂરેપૂરું પોલાણ હોવું તે.

પરિપદ્મ ૧. ન. એક પ્રકારનું દરિયાઈ જંતુ; 'પેરિપેડસ.'
૨. વિ. દોઢડાહ્યું.
૩. [સં.] વિ. પૂરી રીતે નિપુણ; તજ્જ્ઞ; 'એક્સપર્ટ.'

પરિપક્ષ [સં.] ન. મૂળ ખત; પૂંછ; મૂડી.

પરિપતિત [સં.] વિ. ભ્રષ્ટ થયેલું.

પરિપત્તિ ૧. [સં.] પું. સ્વામી; અધિપતિ.
૨. વિ. સર્વવ્યાપી; બધે ફેલાઈ રહેલું.

પરિપત્થ [સં.] પું. નાશ.

તેનું પરિપત્થ કરી સુખચેનથી આ રસ્તો આવે એવા ઇરાદાથી હું હરદ્વાર ઈઈ આવ્યો હું.
વિદ્યાનન્દિસ્વામી

પરિપત્ર પું.;ન. સભ્યોની જાણ માટે ફેરવેલ પત્ર; જાહેરાતો વગેરેની જાણ માટે ફેરવાતો પત્ર; 'સર્કયુલર.'

૧. પરિપત્ર કાઢવો = કોઈ કામ અંગે જાહેરાતો વગેરેની જાણ કરવા સભ્યોમાં તે અંગેનો પરિપત્ર મોકલવો.

૨. પરિપત્ર ફેરવવો = જાહેરાતો વગેરેની જાણ કરવા પરિપત્ર ઠેકાણે વગાડવું અથવા તે મોકલવો.

પરિપદી [સં. પરિપદિન્] પું. શત્રુ.

પરિપરી [સં. પરિપરિન્] પું. શત્રુ.

પરિપવન [સં.] પું. ઝાલરી.

પરિપશવ્ય [સં.] વિ. પશુ સંબંધી.

પરિપંચ [સં. પ્રપંચ] પું. જગતપ્રપંચ; ઉતરવેઠી.

પરિપંથ ૧. [સં.] વિ. રસ્તામાં ફેલાયેલું.
૨. વિ. રસ્તો રોકનાર.

પરિપંથક જુઓ પરિપથી.

પરિપૂજા

પરિપંથિક જુઓ પરિપંથી.

પરિપંથી ૧. [સં. પરિપંથિન્] પું. દુશ્મન; શત્રુ વૈરી.

૨. પું. ધાડપાડુ; લૂંટારો.

૩. વિ. રસ્તામાં વચ્ચે પડી વિઘ્ન નાખનાર.

૪. વિ. રોકનાર; અટકાવનાર.

૫. વિ. વિપરીત આચરણ કરનાર.

પરિપાક ૧. [સં.] પું. કર્મફળ.

૨. પું. તૈયાર રસોઈ.

૩. પું. પચી જવું તે; હજમ થવું તે.

૪. પું પરિણામ; ફળ; નિચોડ.

૫. પું. પરિપક્વતા; પરિપક્વ થવું તે; પૂરી રીતે પાકેલ હોવાપણું

૬. પું. પુખ્તપણું; પ્રૌઢતા.

૭. પું. પૂર્ણતા; સમાપ્તિ; પૂર્ણાહુતિ.

૮. પું. ચેપરોગ; ઊપજ.

૯. પું. હોશિયારી; કુશળતા; નિપુણતા; પ્રવીણતા; નૈપુણ્ય; પ્રાવીણ્ય.

પરિપાકકરી [સં.] સ્ત્રી. સ્વાહાનું એક નામ.

સ્વાહા, વહ્નિપ્રિયા, વહ્નિજાયા, સંતોષકારિણી, શક્તિ, દ્વિજા, કાલરાત્રી, પરિપાકકરી, પુષ્ટા, સર્વદાનવતી, દાહિકા, દહનક્ષમા, સંસારસારરૂપા, ઘોરસંસારતારિણી, દેવજીવનરૂપા અને દેવપોષણકારિણી એવાં સોળ નામવાળાં સ્વાહાને હું નમન કરું છું. બ્રહ્મવૈવર્ત પુરાણ

પરિપાકકરણ [સં.] સ્ત્રી. પાકી જવાની સ્થિતિ.

પરિપાકિનિરી [સં.] સ્ત્રી. નસોતર નામની વનસ્પતિ.

પરિપાચન ૧. [સં.] ન. અવયવોના સ્વસ્થ ચલનવલન માટે કે મેળવેલું વીર્ય પાકું મેળવવા માટે લોહીમાંથી યોગ્ય પોષણ ખેંચી લેવાની ક્રિયા.

૨. ન. સારી રીતે પચવું તે.

૩. ન. સારી રીતે પચી જનાર વસ્તુ.

પરિપાટ જુઓ પરિપાટી.

પરિપાટલ [સં.] વિ. ભભરા રંગનું; પીળાશ પડતા લાલ રંગનું.

પરિપાટલિત [સં] વિ. પીળા અને લાલ રંગમાં રંગેલું.

પરિપાટિ જુઓ પરિપાટી.

પરિપાટી ૧. [સં.] સ્ત્રી. અનુક્રમ; આનુપૂર્વી; એક પછી એક આવવું તે.

૨ સ્ત્રી. અંકપંક્તિ.

૩. સ્ત્રી. કતાર, હાર; પંક્તિ; શ્રેણી; ક્રમ.

૪. સ્ત્રી. જમવા બેઠેલા માણસોની પંક્તિ.

૫. સ્ત્રી. ધારો; પ્રથા; નિયમ.

૬. સ્ત્રી. પદ્ધતિ; ચાલ; રીતરિવાજ; પરંપરા; ચાલ; વહીવટ.

૭. સ્ત્રી. પ્રણાલી; શૈલી; રીતિ.

પરિપાટી પાડવી = ધારો કે પ્રથા થવી.

પરિપાઠ ૧. પું. કોકમીર જેવો એક હાથ ઊંચો ઊગતો એક છોડ. તેનાં પાંદડાં ત્રિકોણ અને મોટાં હોય છે. તેને ધાણાના જેવાં સૂંડલો ત્રિકોણ ફળ આવે છે. તેનો રંગ લીલો હોય છે. આ છોડ ચૂલમાં ઠંડો છે. હાથે પગે બળતરા થતી હોય તો તેને કચરી તેનો અંજરસ હાથે અને પગે ચોળવો. શરીરમાંની ગરમી દૂર કરવા આ છોડનો પાણી નાખી રસ કાઢી તેમાં સાકર નાખી પવાય છે. કંઠમર્ષ અને કંઠવિકાર ઉપર આ છોડ ચલમમાં નાખી તેની પૂરી પીવી એટલે ગળામાં બરાબર બેસેલો કફ પાતળો થઈ કંઠવિકારનો નાશ થાય છે.

૨. પું. વેદ અથવા ધાર્મિક ગ્રંથનો અભ્યાસ.

પરિપાઠી વિ. વેદ અથવા ધાર્મિક ગ્રંથનો અભ્યાસ કરનાર.

પરિપાડ્વિક [સં.] પું. (સંગીત) ગાયનના તાલના કાળની પછી તાળી પડવી તે.

પરિપાત [સં.] પું. નાશ.

પરિપાઠ [સં.] ન. પત્રનો ત્યાગ કરીને; પત્ર સિવાય.

પરિપાર [સં.] સ્ત્રી. મર્યાદા; સીમા.

પરિપાર્શ્વ [સં.] પું. બાજુ; પાર્શ્વ; બગલ.

પરિપાર્શ્વક [સં.] પું. અનુચર; ચાકર; સેવક.

પરિપાર્શ્વિક વ. ખોપરીનાં બે પડખાંનાં હાડકાં આદેનું દરેક.

પરિપાલક ૧. પું. જેમ ચાલતું હોય તેમ ચલાવે જનાર માણસ.

૨. [સં.] પું. પાળનાર પુરુષ.

૩. પું. બરોબર રક્ષણ કરનાર માણસ.

પરિપાલન ૧. [સં.] ન. ચોતરફથી રક્ષણ કરવું તે; કાળજીથી બરાબર રાખવું તે; રક્ષણ.

૨. ન. જેમ ચાલતું હોય તેમ ચલાવ્યા કરવું તે; ગાડું ગબડાવવું તે.

૩. ન. સારી રીતે પાલન કરવું તે; નભાવવું તે; પાલન.

પરિપાલના જુઓ પરિપાલન.

પરિપાલિત ૧. [સં.] વિ. પાળેલું; પોષેલું.

૨. વિ. રક્ષણ કરાયેલું; બચાવાયેલું.

પરિપાલ્ય ૧. વિ. પાલન કરવા જેવું.

૨. [સં] વિ. રક્ષણ કરવા જેવું.

પરિપાંડુ ૧. [સં.] વિ. દુર્બળ; કૃશ; ક્ષીણ.

૨. વિ. બહુ લાંબું પીળું; ખોળાશ પડતું પીળું.

પરિપિચ્છ [સં.] ન. પ્રાચીન કાળનું એક ઘરેણું. તે મોરનાં પીંછાંનું બનતું.

પરિપિષ્ટક [સં.] ન. સીસું.

પરિપિંજર [સં.] વિ. ભભરા લાલ રંગનું; પીંગળું.

પરિપીડન (પરિપીડન) ૧. ન. કોઈનું બરાબર કરવું તે; અનિષ્ટ કરવું તે.

૨. [સં.] ન. ચોતરફથી પીડા કરવી તે; અતિશય દુઃખ દેવું તે.

૩. ન. પીસવું તે; દળવું તે.

પરિપીવર [સં.] વિ. બહુ મોટું; બહુ જાડું.

પરિપૃચ્છાક્રિયા [સં. પ્રતિપૃચ્છના] સ્ત્રી. (જૈન) ગુરુને પ્રશ્ન વગેરે પૂછવા તે.

પરિપુટન ૧. [સં.] ન. ચાલ દૂર કરવી તે; ચોતરફ ઉપેક્ષા રાખવી તે.

૨. ન. ભેદવું તે.

૩. ન. સંપુટીકરણ.

પરિપુત [સં.] વિ. વસ્ત્રથી ગળેલું; ગાળેલું.

પરિપુષ્કરા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કાકડી.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોકુળા.

પરિપુષ્ટ ૧. [સં.] વિ. બરાબર રક્ષણ કરાયેલું.

૨. વિ. પૂરા હૃષ્ટપુષ્ટ; પૂર્ણ પુષ્ટ; જેની વૃદ્ધિ પૂર્ણ રીતે થઈ હોય એવું; સારી રીતે પોષણ કે વૃદ્ધિ પામેલું.

૩. વિ. બહુ પોષાયેલું; સારી રીતે પોષાયેલું.

પરિપુષ્ટતા ૧. [સં.] સ્ત્રી. બરાબર પુષ્ટપણું; પરિપુષ્ટપણું; શરીરનું સારી રીતે પોષણ થઈ તેની વૃદ્ધિ થવી તે; હૃષ્ટપુષ્ટપણું.

૨. સ્ત્રી. બરાબર રક્ષાયેલું હોવાપણું; સારી રીતે રક્ષાયેલ હોવાપણું.

૩. સ્ત્રી. સારી રીતે પોષાયેલું હોવાપણું.

પરિપુષ્ટિ ૧. [સં.] સ્ત્રી. સમર્થન; પૂર્તી; ટેકો આપવો તે.

૨. જુઓ પરિપુષ્ટતા.

પરિપુષ્પિતા સ્ત્રી. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, સગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

ઉદા૰ છે પરિપુષ્પિતા રસા જ રે. રણછોડ પિંગળ

પરિપૂજન [સં.] ન. પરિપૂર્ણ વિધિથી પૂજન કરવું તે; બરાબર રીતે ઉપાસના કરવી તે; પૂજા.

પરિપૂજા જુઓ પરિપૂજન.

પરિપૂજિત [સં.] વિ. પરિપૂર્ણ વિધિથી પૂજાયેલ; પૂજેલ; ભેંટ રીતે ઉપાસના કરાયેલ.

પરિપૂત ૧. [સં.] ન. ઘીતરાં વસ્ત્રનું ગાળ. જેનાં ઘીતરાં લાદ કરી નાખવામાં આવેલ હોય તેવું ગાળ.

૨. વિ. અત્યંત પવિત્ર; શુદ્ધ; સંપૂર્ણ પવિત્ર; સર્વથા પવિત્ર.

૩. વિ. સંસ્કારી.

પરિપૂરક ૧. [સં.] ન. પૂરણ; પૂર્તિ.

૨. વિ. અધૂરાપણાને પૂરનાર; પરિપૂર્ણ કરનાર.

૩. વિ. ધનધાન્યથી ભરનાર; સમૃદ્ધિ કરનાર.

૪. વિ. સંપૂર્ણ.

પરિપૂરણ ૧. [સં. પરિપૂર્ણ] ન. પરિપૂર્ણ કરવું તે; પૂરું કરવું તે.

૨. વિ. સંપૂર્ણ; ભરપૂર; પૂરેપૂરું ભરેલું.

૩. ક્રિ. સંપૂર્ણ રીતે.

પરિપૂરત વિ. પરિપૂર્ણ; સંપૂર્ણ.

પરિપૂરિત ૧. [સં.] વિ. પરિપૂર્ણ; સંપૂર્ણ રીતે ભરેલું; ભરપૂર; ખીચોખીચ ભરેલું.

૨. વિ. સમાપ્ત કરેલું; પૂરું કરેલું; અંત કરેલું; સંપૂર્ણ થયેલું.

પરિપૂર્ણ ૧. [સં.] પું. ભગવાનના અવતારનો એક પ્રકાર.

આર્ય પ્રદેશમાં છ પ્રકારના-અંશ, કલા, વિભૂતિ, આવેશ, પૂર્ણ અને પરિપૂર્ણ-ભગવાનના અસંખ્ય અવતાર થાય છે. પુરુષોત્તમગીતા

૨. વિ. ઠાંઠોકોઠ; પૂરેપૂરું.

૩. વિ. તદ્દન.

૪. વિ. તમામ.

૫. વિ. ધરાયેલ; તૃપ્ત થયેલું.

૬. વિ. પૂરતી રીતે હોમ કરેલું.

૭. વિ. સમાપ્ત કરેલું; સંપૂર્ણ કરેલું.

૮. વિ. સંપૂર્ણ; ભરપૂર; કંઈ કમી ન હોય તેવું; ખૂબ ભરેલું; અત્યંત પૂર્ણ.

જેમાંથી બહુબધે વિશ્વ જેમાં વિશ્વ સમાય છે. બ્રહ્મરૂપી પરિપૂર્ણ પર સત્ય! નમું તને. ગામીગીતા

પરિપૂર્ણચંદ્રવિભલપ્રભ [સં.] પું (નૌદ) જૈ નામની એક સમાધિ.

પરિપૂર્ણતા [સં.] સ્ત્રી. સંપૂર્ણતા; ભરપૂરપણું; પરિપૂર્ણપણું.

પરિપૂર્ણત્વ જુઓ પરિપૂર્ણતા.

પરિપૂર્ણદ્રવણ [સં.] ન. સંપૂર્ણ દ્રવણ; સંતૃપ્ત દ્રવણ; 'સેચ્યુરેટેડ સોલ્યુશન.'

પરિપૂર્ણબિંદુ [સં.] ન. સંતર્પણ બિંદુ; 'સેચ્યુરેશન પોઇન્ટ.'

પરિપૂર્ણસ્થિતિ જુઓ પરિપૂર્ણબિંદુ.

પરિપૂર્ણાહુતિ [સં.] પું;ન. એક પ્રકારનું બલિદાન.

પરિપૂર્તિ ૧. [સં.] સ્ત્રી. ઊણપ પૂરી કરવી તે; ખોટ દૂર કરવી તે.

૨. સ્ત્રી. પરિપૂર્ણતા; સંપૂર્ણ હોવું તે.

પરિપૃચ્છક ૧. [સં.] પું. જિજ્ઞાસુ; વધુ જાણવાની ઇચ્છાથી પૂછપરછ કરનાર માણસ.

૨. પું. તપાસ કરનાર અધિકારી; પરીક્ષણ અધિકારી.

૩. વિ. પ્રશ્ન પૂછનાર.

પરિપૃચ્છનિકા [સં.] સ્ત્રી. વાદનો વિષય.

પરિપૃચ્છા ૧. [સં.] સ્ત્રી. જિજ્ઞાસા; ઉત્સુકતાથી પૂછવું તે.

૨. સ્ત્રી. તપાસ કરવી તે.

૩. સ્ત્રી. પરિશ્રમ; ખુલાસો પૂછવો તે.

પરિપૃચ્છાવિપ્રકાર [સં.] પું. સવાલજવાબથી શોધ; પ્રશ્ન દ્વારા શોધ.

પરિપેલ [સં.] ન. એક સુગંધી ઘાસ; રોહીસાના જેવો મોથ જેવો એક પદાર્થ.

પરિપેલવ ૧. [સં.] ન. મોથ.

૨. વિ. અતિ સુકુમાર; બહુ કોમળ.

પરિપોઢ [સં.] પું. ઢાનનો એક રોગ; શ્વાસની બહુ જૂની ઘરડી થઈ જવાનો એક રોગ. તેમાં બહુ પીડા થાય છે. બચ્ચે ભાગે વજનદાર વાળા પહેરવાથી આ રોગ થાય છે.

પરિપોટક જુઓ પરિપોટ.

પરિપોટન ૧. [સં.] પું. પરિપોટ નામનો ઢાનનો એક રોગ.

૨. ન. ભેદન; ભેદવું તે.

પરિપોટિકા જુઓ પરિપોટ.

પરિપોષ ૧. [સં] પું. પૂર્ણ પુષ્ટિ કે વૃદ્ધિ; પરિપુષ્ટિ; પરિપુષ્ટ થવું કે કરવું તે.

૨. પું પોષણ.

પરિપોષક ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ૭ સગણ મળી અઢાર વર્ણ હોય છે.

પરિપોષકમાં કવિ! સા સ સ સા સ સ આપ ધરો. રણજિતરામ

૨. વિ. બધી જાતનું પોષણ આપનાર; સારી રીતે પાલન કરનાર.

૩. વિ. સર્વ રીતે વિકાસની વૃદ્ધિ કરનાર.

આપ અને સાહિત્ય મનુષ્યજીવનનાં પરિપોષક છે. ગુ. સા. પરિષદ

પરિપોષણ ૧. [સં.] ન. પાલન.

૨. ન. બધી રીતે પોષણ કરવું તે; સંપૂર્ણ રીતે પુષ્ટ કરવું તે.

પરિપોષવું [સં. પરિપુષ્] સ. ક્રિ. સારી રીતે પોષવું; પૂરતું પોષણ આપવું.

પરિપોષિત [સં.] વિ. સર્વ રીતે પોષણ કરાયેલ; પૂરતું પોષણ અપાયેલ; પોષણ કરેલ.

પરિપ્રશ્ન ૧. પું. શુકની અનુકૂળતા જોઈ ચોગ્ય વખતે પ્રશ્ન કરવાની રીત.

૨. પું. પૂછપરછ.

૩. [સં. પરિ + પ્રશ્ન] પું. ફરી ફરીને પ્રશ્ન પૂછવો તે; જિજ્ઞાસાથી વારંવાર પ્રશ્ન પૂછવો તે.

પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા એ ત્રણ સાધનો દ્વારા ગુરુને પહોંચવાનો પ્રયત્ન કરનાર શિષ્ય જ આ દુર્લભ સ્થાન મેળવી શકશે. મહાદેવ દેસાઈ

૪. પું. યોગ્ય અયોગ્યપણાનો પ્રશ્ન.

પરિપ્રાપ્ત [સં.] વિ. સંપૂર્ણ રીતે મળી ગયેલ; અત્યંત પ્રાપ્ત થયેલ.

પરિપ્રાપ્તિ [સં.] સ્ત્રી. અત્યંત પ્રાપ્તિ; સંપૂર્ણ મેળવવું તે.

પરિપ્રેરણ [સં.] ન. પ્રેરણા કરવી તે; મોકલવું તે.

પરિપ્રેરણા [સ.] સ્ત્રી. બધી રીતે પ્રેરણા કરવી તે.

પરિપ્રેરિત ૧. [સં.] વિ. પ્રેરણા કરેલ.

૨. વિ. મોકલેલ.

પરિપ્રેષણ ૧. [સં.] ન. કોઈ ખાસ સ્થાન કે દેશમાંથી કાઢી મૂકવું તે; નિર્વાસન.

૨. ન. ખુશી પડે એમ મોકલવું તે; દૂત કે હલકારા બનાવીને મોકલવું તે.

૩. ન. ત્યાગ કરવો તે; પરિત્યાગ.

૪. ન. પ્રેરણા કરવી તે.

૫. ન. મોકલવું તે.

પરિપ્રેષિત ૧. [સં.] વિ. ત્યાગેલ; પરિત્યક્ત.

૨. વિ. નિર્વાસિત.

૩. વિ. પ્રેરિત; પ્રેરણા કરેલ.

૪. વિ. મોકલેલ.

પરિપ્રેષ્ય ૧. [સ.] પું. નોકર; દાસ; અનુચર.

૨. વિ. પ્રેરણા કરવા યોગ્ય.

૩. ક્રિ. પ્રેરણા કરીને.

પરિપ્લવ ૧. [સં.] પું. અત્યાચાર; જુલમ.

૨. પું. નાહવું તે; ડૂબકી મારવી તે; નાહ.

૩. પું. નૌકા; વહાણ; જહાજ.

૪. પું. પાણી વગેરે ઉપર તરવું તે.

૫. પું. વહેવું તે.

૬. પું. (પુરાણ) સુખીનલ રાજાનો એ નામનો કુમાર. તે સોમવંશી પાંડવ વંશનો રાજા હતો. તેના પુત્રનું નામ સુનય હતું.
૭. વિ. ચંચળ; અસ્થિર; અપગ; હાલતુંચાલતું.
૮. વિ. વહેતું; ગતિયુક્ત.

પરિપ્લવતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

પરિપ્લવા [સં.] સ્ત્રી. વધમાં ક્રમ આવતી એક જાતની દાળી કે ચમચો; એક જાતની કર્વી.

પરિપ્લાવિત ૧. [સં.] વિ. પ્લાવિત; પ્રક્ષાલિત.
૨. વિ. નહેર વડે પાણી પાયેલ.
૩. [સં. પરિ (ચોતરફ) + પ્લાવિત (ડુબાવેલું)] વિ. પૂરેપૂરું ડુબાવેલું; સંપૂર્ણ રીતે અંદર પ્રવેશ કરવામાં આવેલું; આસપાસ ફરી વળેલું.
૪. વિ. રેલગેલ.
૫. વિ. સારી રીતે સમજાવેલું.

પરિપ્લુત ૧. પું. ઉલાંગ; ઠેકાંગ.
૨. [સં.] વિ. પ્લાવિત; પ્રક્ષાલિત.
૩. વિ. તરેલું.
૪. વિ. નાહેલું; સ્નાત.
૫. વિ. પાણીથી ભીનું કરેલું; આર્દ્ર.
૬. વિ. પાણીમાં ડુબાડી મારેલું; પ્લાવિત.
૭. વિ. પૂર્ણ.
૮. વિ. વ્યાપ્ત; ભરપૂર; ગ્રસ્ત.

પરિપ્લુતા ૧. [સં.] સ્ત્રી. અદિરા; શરાબ; દારૂ.
૨. સ્ત્રી. મૈથુન વખતે કે માસિક ઋતુસ્રાવ વખતે પીડા થાય તેવો સ્ત્રીનો રૂગ્ણ ભાગ.
૩. સ્ત્રી. વ્યાપ્તતા; ગ્રસ્તતા; ભરપૂરતા.
૪. સ્ત્રી. સંભોગ વખતે સ્ત્રીના મુખ ભાગમાં કોઈ વખત થતી સખત વેદના; સ્ત્રીના મુખ ભાગમાં ઠરઠ સાથે ખંજવાળ આવવાનો રોગ. માસિક ઋતુસ્રાવ વખતે કોઈ સ્ત્રીને જે પીડા થાય છે તેને પણ અમુક વૈદો પરિપ્લુતા નામ આપે છે.

પરિપ્લુતાયોનિ [સં.] સ્ત્રી. એક પ્રકારનો યોનિરોગ. તેમાં સ્ત્રીને ઋતુધર્મ પ્રાપ્ત થતાં કે મૈથુન સમયમાં ઘણી પીડા થાય છે.

પરિપ્લુષ્ટ [સં.] વિ. બળેલું.

પરિપ્લોષ ૧. [સં.] પું. બળતરા; દાહ.
૨. પું. બળવું તે; તપવું તે.
૩. પું. શરીરની અંદરની ગરમી.

પરિપ્લ્ય ન. જલ; છીછરું.

પરિપુક્વ ૧. [સં.] વિ. ખૂબ શેકેલું.
૨. વિ. જેનું રૂપ કાંઈ બગડ્યું હોય તેવું; રોમાંચયુક્ત.
૩. વિ. સારી રીતે વિકસ્યું પામેલું; પૂરેપૂરું ખીલેલું.

પરિપુ [સં. પ્રતિપદ] સ્ત્રી. સુદિ એકમ; પડવો.

પરિપુષ્ટ ૧. [સં.] વિ. ચારે બાજુથી પંપાળેલ; સંપૂર્ણ રીતે પોષણમાં આવી ગયેલ.
૨. વિ. બળવેલ; ચોંટેલ.

પરિપૂર્ણ ૧. [સં.] પું. (પુરાણ) ગરુડપુત્ર.
૨. પું. ઘરમાં નિત્ય ઉપયોગમાં આવતી વસ્તુ; મનુષ્યને રોજના કામકાજમાં અતિ જરૂરી હોય તેવી વસ્તુ.
૩. પું. રાજાનું છત્ર, ચામર વગેરે રાજચિહ્નો; રાજાનો સાજસામાન.
૫. પું. રાજાને યોગ્ય હાથી, ઘોડા, રથ વગેરે.
૬. પું. સંપત્તિ; દોલત; દ્રવ્ય.

પરિપૂર્ણક ૧. [સં.] ન. અનુવાકી.
૨. ન. ઉપાસના; પૂજા.
૩. ન. વાદ્ય.
૪. ન. યોગ્ય સામગ્રી.
૫. ન. સમૃદ્ધિ; પરિવૃદ્ધિ.

પરિપૂર્ણતા [સં.] સ્ત્રી. ખૂબ તાકાત.

પરિપૂર્ણતા [સં.] સ્ત્રી. ખૂબ તાકાત હોવાપણું; અતિ જોર હોવાપણું.

પરિપૂર્ણા જુઓ પરિપૂર્ણ.

પરિપૂર્ણાતા જુઓ પરિપૂર્ણતા.

પરિપૂર્ણન [સં.] ન. બધી તરફથી બંધનમાં બાંધવું તે; સર્વ બાજુથી બંધન કરવું તે; ચોતરફથી બાંધવું કે જકડવું તે.

પરિપૂર્ણા ૧. [સં.] સ્ત્રી. પીડા; દુઃખ.
૨. સ્ત્રી. શ્રમ; મહેનત; શ્રાંતિ.

પરિપૂર્ણિ [સં.] સ્ત્રી. સહજ જ્ઞાન; આંતરિક સ્ફુરણા.

પરિપૂંહણ ૧. [સં.] પું. ઉન્નતિ; ચડતી; વૃદ્ધિ; આબાદી.
૨. પું. કોઈ ગ્રંથ કે જ્ઞાનના વિષયની પૂર્તિ કે પુષ્ટિ કરનાર ગ્રંથ અથવા ખાસ કોઈ ગ્રંથના અંગરૂપ બીજો ગ્રંથ. પાઠાવલિ વગેરે ગ્રંથ જેના પરિપૂંહણ છે.
૩. પું. સમૃદ્ધિ.

પરિપૂંહિત ૧. [સં.] વિ. ઉન્નત; સમૃદ્ધ.
૨. વિ. કુશળ; અંગીભૂત.

પરિબોધ [સં.] પું. જ્ઞાન.

પરિબોધન ૧. [સં.] ન. ઠંડી ધમકી કે એવો કોઈ બળ દેખાડીને કોઈ ક્રમ કરતાં રોકવું તે.
૨. ન. ધમકી; બળપ્રદર્શન; ચેતવણી.

પરિબોધના જુઓ પરિબોધન.

પરિબ્રહ્મ [સં. પરબ્રહ્મ] ન. પરબ્રહ્મ; પરમાત્મા; પૂર્ણપુરુષોત્તમ; પરમ તત્ત્વ; પ્રભુ; જગદીશ્વર; પરમેશ્વર.

પરિભક્ષ વિ. બીજાનો ભાગ ખાનાર.

પરિભક્ષક ૧. [સં.] ન. જેટલું હોય તેટલું બધું ખાઈ જવું તે; ભોજન સામગ્રી સફાચટ કરી જવી તે.
૨. ન. ભોજન કરવું તે.

પરિભક્ષા [સં.] સ્ત્રી. આપસ્તંબસૂત્ર અનુસાર એક વિશેષ વિધાન.

પરિભદ્ર [સં.] ન. એક જાતનું ઝાડ; પાંડરવો; ભાંગરો.

પરિભવ ૧. [સં.] પું. અનાદર; અવજ્ઞા; અપમાન; અપમાન.
૨. પું. એક પ્રકારનો ભાવરોગ; પારિભાષિક.
૩. પું. તિરસ્કાર.
૪. પું. પરાજય; પરાભવ; હાર.

પરિભવન જુઓ પરિભવ.

પરિભવપદ [સં.] વિ. અનાદરપાત્ર; તિરસ્કારને યોગ્ય; અપમાનને લાયક.

પરિભવપદારૂપદ જુઓ પરિભવપદ.

પરિભવી ૧. [સં. પરિભવિન્] વિ. અપમાનકારી.
૨. વિ. તિરસ્કાર કરનાર; અનાદર કરનાર.
૩. વિ. હારેલું.

પરિભંગ ૧. [સં.] પું. અપમાન.
૨. પું. ભાંગવું તે; તોડવું તે.

પરિભંગા સ્ત્રી. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે.

પરિભાવ ૧. [સં.] પું. અપમાન; પરિભવ.
૨. પું. અવજ્ઞા; તિરસ્કાર.
૩. પું. કોઈ આશ્ચર્યજનક દૃશ્ય દેખી કુતૂહલપૂર્ણ વાત કહેવી તે. આ અર્થમાં નાટકમાં વપરાય છે.
૪. પું. હાર; પરાજય.

પરિભાવન ૧. [સં.] ન. એક થઈ જવું તે; એકતા; મેળાપ; સંયોગ.
૨. ન. ઠિકરું; ઝિંતા.

પરિભાવના ૧. [સં.] સ્ત્રી. અપમાન; પરિભવ.
૨. સ્ત્રી. કુતૂહલ કે અતિશય ઉત્સુકતા સૂચવે અથવા ઉત્પન્ન કરે એવું વાક્ય કે પદ. નાટકમાં આવું વાક્ય જેમ વધારે તેમ તે વધારે સારું મનાય છે.
૩. સ્ત્રી. ચિંતા; ફિકર.
૪. સ્ત્રી. તિરસ્કાર; અવગણના; અનાદર.
૫. સ્ત્રી. વિચાર; કલ્પના.

પરિભાવી ૧. [સં. પરિભાવિન્] વિ. અનાદર કરનાર; તિરસ્કાર કરનાર.
૨. વિ. ચોતરફ હોનાર કે થનાર.
૩. વિ. પરિભવકારી; અપમાનકારી.
૪. વિ. હારેલું

પરિભાષક ૧. [સં.] વિ. નિંદા કરનાર; નિંદા કરીને બીજાનું અપમાન કરનાર.
૨. વિ. (જૈન) સામું બોલનાર; ગુરુની સામે થનાર.

પરિભાષણ ૧. [સં.] ન. નિયમ; કાયદો; દસ્તૂર.
૨. ન. નિંદા કરવી તે.
૩. ન. નિંદાપૂર્વક દુષ્ટ વચન બોલવું તે; નિંદાયુક્ત ઠપકો; ધિક્કાર. મનુસ્મૃતિમાં સજાઓ જેવી, આપત્તિમાં આવી પડેલ આયુધ, દક્ષ પુરુષ અને બાળક વગેરેને બીજી કોઈ પણ જાતનો દંડ ન દેતાં માત્ર પરિભાષણનો દંડ દેવાનું જણાવ્યું છે.
૪. ન. ભાષણ; આલાપ.
૫. ન. મહેણારૂપ બોલવું તે; ઉપાલંભ.
૬. ન. (જૈન) વ્યવસ્થાનમાં અર્થ દ્વારા વસ્તુનું સ્વરૂપ સૂચવે તેવી શાબ્દરચના.
૭. ન. વિવેચન કરવું તે; કોઈ પણ જ્ઞાપ્ત ઉપર ગ્રંથાવયવોનું અવલોકન કરવું તે.
૮. ન. વાર્તાલાપ; સંભાષણ.
૯. ન. સામો ઉત્તર આપવો તે.

પરિભાષણીય [સં.] વિ. નિંદાપૂર્વક દુષ્ટ વચન બોલવા યોગ્ય.

પરિભાષા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અર્વાચીન કાળના લોકોએ કરેલો ખાસ અર્થ.
૨. સ્ત્રી. અધુનિક સંકેત; શાસ્ત્રોક્ત ખાસ શબ્દ.
૩. સ્ત્રી. એ નામની દંડજાતિ; અપરાધીને શિક્ષા કરવાની ભાષા.
૪. સ્ત્રી. કોઈ પણ રોગની બાબતથી બચાવ પડતી તે.
૫. સ્ત્રી. કોઈ શબ્દનો જેવી રીતે અર્થ કરવો કે જેમાં તેની વિશેષતા અને વ્યાપ્તિ પૂરી રીતે નક્કી થઈ જાય તે; કોઈ ગ્રંથકાર કે વક્તાએ વાપરેલ કોઈ ખાસ શબ્દ કે વાક્યનો અર્થ સારી રીતે પ્રકટ થાય એવી રીતે અર્થનું નિરૂપણ કરવું તે.
૬. સ્ત્રી. તારીફ.
૭. સ્ત્રી. નિંદા; બદનામી; ભાંડ.
૮. સ્ત્રી. પરિભવણ; 'અર્થિ.'
૯. સ્ત્રી. પાણિનિના વ્યાકરણના નિયમનો અર્થ.
૧૦. સ્ત્રી. પ્રસ્તાવના; પ્રારંભિક બોલ; કોઈ પુસ્તક કે સંભાષણમાં શું શું વિગત આવવાની છે તે વિષેનું કારણાતનું વક્તવ્ય કે કથન.
૧૧. સ્ત્રી. આજ્ઞાનો સંકેત.
૧૨. સ્ત્રી. શબ્દકોશ; શબ્દમાળા.
૧૩. સ્ત્રી. શબ્દની અમુક આજ્ઞા.
૧૪. સ્ત્રી. શાસ્ત્રકારોની એક કૃત્રિમ સંજ્ઞા; કોઈ પણ શાસ્ત્રની સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દ; સાંકેતિક ભાષા.
પરિભાષા બોલવી = પરિભાષા રચવી કે બનાવવી.
૧૫. સ્ત્રી. શાસ્ત્રોક્ત ક્રમોમાં સંજ્ઞિત શબ્દો અને વાક્યોથી અમુક ખાસ ઘટાવેલો અર્થ, શબ્દ, વાક્ય અથવા સૂત્ર; શબ્દના અવયવાર્થને નહિ સ્વીકારી સમુદાયાર્થે ઘટાવેલ વિશિષ્ટ સંજ્ઞા; અવયવના અર્થના અનાદરપૂર્વક બહારના રૂઢ પ્રસિદ્ધ સમુદાયના અર્થમાં જોડેલ વિશિષ્ટ સંજ્ઞા
૧૬. સ્ત્રી. રીતી.
૧૭. સ્ત્રી. સૂત્રનાં જે બાકીનું જોડે બાકાત.
૧૮. સ્ત્રી. સ્પષ્ટ કથન કે વાત; સંશય રહિત કથન.

પરિભાષિત ૧. [સં.] વિ. કહેલ; બોલેલ.
૨. વિ. જેનો અર્થ કોઈ વિશેષ સૂત્ર કે નિયમ વડે નિર્દિષ્ટ કે પરિમિત કરેલ હોય એવું; જેની પરિભાષા કહેવામાં આવી હોય એવું.
૩. વિ. સ્પષ્ટીકરણ કરેલું; સારી રીતે કહેવામેલું.

પરિભાષી ૧. [સં. પરિભાષિન્] વિ. નિંદા કરનારા તિરસ્કાર અને ધિક્કાર બતાવનાર; પરિભવ કરનાર.
૨. વિ. બોલનાર; ભાષણ કરનાર.

પરિભાષ્ય ૧. [સં.] વિ. બોલવા યોગ્ય; કહેવા જેવું; ભાષણ કરવા લાયક.
૨. અ. બોલીને; કહીને.

પરિભિતિ સ્ત્રી. વિ-ગમ્ય કર્મસંબંધ.

પરિભુક્ત [સં.] વિ. ભોગવેલું; કામમાં લઈ લીધેલું; ઉપભુક્ત.

પરિભૂ ૧. પું. અબ્ધિ; મુખી.
૨. [સં.] વિ. ભોમેરથી ઘેરાયેલું કે ઢંકાયેલું.
૩. વિ. નિરાશક; પરિત્રાતા. આ શબ્દ ઈશ્વરનું વિશેષણ છે.
૪. [સં. પરિ (ચોતરફ) + ભૂ (હોવું)] વિ. સર્વવ્યાપી; સૌ દિશામાં વર્તી રહેલ.

પરિભૂત ૧. [સં.] વિ. તિરસ્કારેલ; અનાદર કરેલ
૨. વિ. હારેલ; પરાજય પામેલ.

પરિભૂતિ ૧. [સં.] સ્ત્રી. અપમાન; તિરસ્કાર; અવગણના; પરિભવ.
૨. સ્ત્રી. શ્રેષ્ઠતા.

પરિભૂષણ ૧. [સં.] પું. અમુક પ્રદેશ શત્રુને આપીને તેની સાથે સંધિ કરવી તે; પોતાના દેશની બધી પેદાશ સામાને આપી તેની સાથે સલાહ કરવી તે.
૨. પું. કોઈ પ્રદેશ કે જમીન શત્રુ રાજાને આપીને સ્થાપેલી શાંતિ કે કરેલી સંધિ.
૩. પું. સમાધાન.

પરિભેદ [સં.] પું. શત્રુનો આઘાત; તલ્વાર કે તીરનો ઘા; જખમ.

પરિભેદક ૧. [સં.] પું. ખૂબ ઊંડો ઘા કરનાર મનુષ્ય કે હથિયાર.
૨. વિ. આઘાતકારી.

પરિભોક્તા ૧. [સં. પરિભોક્તૃ] વિ. ઉપભોગ કરનાર; ભોગવનાર; બીજાના ધનનો ઉપભોગ કરનાર.
૨. વિ. ગુરુના ધનનો ઉપભોગ કરનાર.

પરિભોગ ૧. [સં.] પું. ઉપભોગ; ભોગ
૨. પું. બાલ ઉપભોગ.
૩. પું. ભોગવવું તે; ભોગવટો.
૪. પું. મૈથુન; સંભોગ.
૫. પું. વારંવાર ભોગવટો કરવો તે.
૬. પું. વારંવાર વપરાય તેવી વસ્તુ. જેમકે, કપડાં, વાસણ, ટેબલ, ખુરસી.

પરિભોગી [સં. પરિભોગિન્] વિ. ઉપભોગ કરનાર.

પરિભ્રમ ૧. [સં.] પું. ચિત્તભ્રમ; ભ્રાંતિ; પ્રમાદ.
૨. પું. ભટકવું તે; ભમવું તે; રખડવું તે; પર્યટન.
૩. પું. સીધેસીધી નહિ કરતાં આડીઅવળી રીતે વાત કહેવી તે; કોઈ વસ્તુનું પ્રસિદ્ધ નામ છુપાવી તેના ઉપયોગ, ગુણ, સંબંધ વગેરેથી તેનો ઉલ્લેખ કરવો તે. જેમકે, માતાને બદલે બાપની બૈરીનો પ્રયોગ કરવો, અથવા મંત્રનું નામ પાડવાને બદલે તેનું ચોળમટોળ વર્ણન કરવું.

પરિભ્રમક્ ૧. [સં. પરિ (આસપાસ) + ભ્રમ (ભમવું)] ન. આસપાસ ફરવું તે; ભ્રમરની પેઠે ગુંજાર મારવી તે; ચોતરફ ચાલવું તે; પ્રદક્ષિણા કરવી તે; ગોળ ચક્કરાવે ફરવું તે.
૨. ન એક પ્રકારનું અંગમર્દન; રતામુઓના એકીસાથે ચાલવાથી શરીરનો અમુક ભાગ ગોળ ગોળ ફરવો તે જેમકે, હાથને બલાના સાંધાથી ગોળ ગોળ ફરવવો તે.
૩. ન. ઘઘો, પૈડાં વગેરેનું ગોળ ગતિમાં ફરવું તે.
૪. ન. પરિભ્રમણ; નાટકમાં પાત્રને જેમ ઘટે તેમ ભ્રમણ કરવું કે ફરવું તે.
૫. ન. પરિધિ.
૬. ન. પાછળ પાછળ ફરવું તે.
૭. ન. પ્રવાસ; મુસાફરી; રખડવું તે; સફર; ભ્રમ્યા.
૮. ન. ફરવું તે; ટહેલવું તે; ભ્રમણ.
૯. ન. ફેરી; ફિરકી.
૧૦. ન. રોનવાળો; ગરત.
૧૧. ન. વિવર્તન; ચક્ર ગતિ.

પરિભ્રમણકાલ ૧. [સં.] પું. (જ્યોતિષ) ગ્રહને પોતાની ધરી ઉપર એક આંટો ફરવા માટે જોઈતો સમય.
૨. પું. ગ્રહને સૂર્યની આસપાસ એક આંટો ફરવા માટે જોઈતો સમય.

પરિભ્રમણકાળ જુઓ પરિભ્રમણકાલ.

પરિભ્રમણગરત પું. રોનવાળો; 'પેટ્રોલ.'

પરિભ્રમણપૂર્વક [સં.] ન. પીજણીનો પ્રવાહ પૂર્વપણે વહે તે માર્ગ.

પરિભ્રમણા ૧. [સં.] સ્ત્રી. પરિભ્રમ; ચિત્તભ્રમ.
૨. સ્ત્રી. પ્રદક્ષિણા; પરિભ્રમણ; ગોળ ગોળ ફરવું તે.

પરિભ્રષ્ટ ૧. [સં.] વિ. છીનવી લીધેલું.
૨. વિ. પતિત દશાને પ્રાપ્ત થયેલું; પતન પામેલું; ભ્રષ્ટ; રખલિત; હલકું થયેલું.
૩. વિ. પદભ્રષ્ટ થયેલ; પોતાને સ્થાનેથી પડેલ.
૪. વિ. ભાગી થયેલ; નાસી ગયેલ.

પરિભ્રંશ ૧. [સં] ન. પદભ્રષ્ટ થવું તે.
૨. ન. ભાગવું તે; પલાયન થઈ જવું તે.
૩. ન અષ્ટ થવું તે; પડવું તે; ચ્યુતિ.

પરિભ્રામી [સં. પરિભ્રામિન્] વિ. પરિભ્રમણ કરનાર.

પરિમ [સં. પરિમલ] ન. સુગંધ; વાસ; ગ્રાહક.

પરિમન્યુ [સં.] વિ. અત્યંત રોષયુક્ત.

પરિમર્ષ વિ. વિસ્તૃત; વિસ્તારવાળું.

પરિમર્ષતા [સં.] સ્ત્રી. વિસ્તૃતત્વ વિસ્તાર; 'એક્સ્ટેન્સિબિલિટિ.'

પરિમર [સં.] પું. વસ્ત્ર; લત્તા.

પરિમર્દ ૧. [સં.] પું. ગિરદી.
૨. પું. મર્દન; ચગદવું તે.
૩. પું નાશ પમાડવું તે.
૪ પું. હિંસા કરવી તે.

પરિમર્દન ૧. [સં.] ન. ખૂબ ચગદવું તે; મર્દન; ખૂબ ચોળવું તે.
૨. ન. ખૂબ ચાંપવું તે; આલિંગન કરવું તે.
૩. ન. ગિરદી; ભીડ થવી તે.
૪. ન. નાશ પમાડવું તે; વિનાશ કરવો તે.
૫. ન. હિંસા કરવી તે.

પરિમર્શ ૧. [સં.] પું. કોઈ બાબતનો બારે બાલુથી વિચાર કરવો તે; સારી રીતે વિચાર કરવો તે.
૨. પું. ચોપડવું તે; ઘસવું તે; ચોળવું તે.
૩. પું. નિકટપણું; સમીપપણું.
૪. પું. સંયોગ.
૫. પું. સ્પર્શ.

પરિમર્ષ ૧. [સં.] પું. ક્ષમાભાવ; ક્ષમા.
૨. પું. ક્ષમાપૂર્વક જોવું તે.

પરિમલ ૧. પું. એક જાતની ઝંખર.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, નગણ, નગણ, જગણ અને નગણ મળી કુલ પંદર વર્ણ હોય છે.
૩. [સં.] પું. કેસર, ચંદન વગેરેથી સુગંધયુક્ત અર્દન.
૪. પું. ચોતરફ સંબંધ; સહવાસ.
૫ પું. કામ.
૬. પું. પંડિતોનો સમૂહ.
૭. પું. મૈથુન; સંયોગ.
૮. પું. સુગંધ; સોડમ; વાસ.

પરિમલજ [સં.] વિ. સંયોગજનિત; મૈથુનથી જાગતું.

પરિમલજાતું વિ. ખુશબોદાર; સુગંધવાળું.

પરિમલમય [સં.] વિ. સુવાસિત; સુગંધથી ભરેલ.

પરિમલલલિત [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

પરિમલાંકિત ન ન ગ્રન્થ. પરિમિત

પરિમલવંતું [સં. પરિમલવત્] વિ. સુગંધયુક્ત; સુવાસવાળું.

પરિમલવિશિષ્ટ [સં.] વિ. ખુશબોદાર; સુગંધી.

પરિમલવું જા. ક્રિ. પીગળવું; સુગંધી આપવી; ખુશબો આપવી.

પરિમલિત ૧. [સં.] વિ. સુગંધી; ખુશબોદાર; સુગંધીદાર.
પરિમલિત પાલવ સુમનાઓ ધર્યો,
નાનાલાલ
૨. વિ. સૌંદર્ય ખૂંપી નાખેલ.

પરિમળ જુઓ પરિમલ.

પરિમળમય જુઓ પરિમલમય.

પરિમળવંતું જુઓ પરિમલવંતું.

પરિમળવિશિષ્ટ જુઓ પરિમલવિશિષ્ટ.

પરિમળવું ૧. [સં. પરિમલ] જા. ક્રિ. પીગળવું.
૨. જા. ક્રિ. સુગંધિત થવું; સુવાસિત થવું.
જેસે ચોર, ખીલી ખરે, પરિમળે જે પર્વનાં ફૂલડાં,
નાનાલાલ

પરિમંડન [સં.] ન. અલંકરણ; શણગારવું તે.

પરિમંડલ ૧. પું. અવયવ છત્ર.
જડના પરમાણુ અને છત્રંત પરમાણુના પરસ્પર સંબંધ અને ગતિઆથી અણુઓના ભ્રમણનો છત્ર પરિમંડલ યાને અવયવ-છત્ર અને છે.
આપ્પો ધર્મ
૨. પું. એક જાતનો ગેરી મચ્છર.
૩. પું. ગોળો; ' ગ્લોબ.'
૪. [સં.] પું. ઘેરાવો; પરિધિ.
૫. પું. (વેદાંત) પરમાણુનું પરિમાણ.
૬. પું. વર્તુળ જલોબાના જેવો આકાર.
૭. વિ. અણુ પરિમાણવાળું.
૮. વિ. ગોળાકાર; વલયાકાર; વર્તુલાકાર.
૯. વિ. જેનું માન પરમાણુ બરાબર હોય એવું.

પરિમંડલકુષ્ઠ [સં.] કું. એક પ્રકારનો કોઢ.

પરિમંડલતા ૧. [સં.] સ્ત્રી. ગોળ આકાર; ગોળાઈ.
૨. સ્ત્રી. વર્તુલાકાર.

પરિમંડલસંઠાણ [સં. પરિમંડલસંસ્થાન] ન. (પ્રાકૃત) વલયાકૃતિ; જલોબાના જેવો આકાર.

પરિમંડલાકાર ૧. [સં.] કું. ગોળ આકાર; ગોળ ઘાટ.
૨. વિ. ચૂડીના જેવો ગોળ આકાર જેનો હોય તેવું; ગોળાકાર.
૩. વિ. લાડુના જેવો ગોળ આકાર જેનો હોય તેવું; વર્તુલાકાર.

પરિમંડલિત [સં.] વિ. ગોળાકાર બનેલ.

પરિમંડિત [સં.] વિ. આભૂષણથી સજ્જ કરવામાં આવેલું; અલંકૃત.

પરિમંદ ૧. [સં.] વિ. અતિશય મંદ; બહુ ધીમું.

૨. વિ. અત્યંત થાકેલું.

પરિમંદતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત મંદપણું; બહુ જ ધીમાશ.

૨. સ્ત્રી. બહુ થાકોડો.

પરિમાણ ૧. કું. અવેજ.

૨. કું. અંદાજ; આશરો; અટકળ.

૩. [સં.] કું. (ન્યાય) એ નામનો એક સંખ્યાપ્રકાર. પરિમાણ ત્રણ પ્રકારનાં છે: એક સદમ, બીજું મધ્યમ અને ત્રીજું મહત. નૈયાયિકો કહે છે કે, અણુ એટલે નાનું, મહત એટલે મોટું, દીર્ઘ અને હ્રસ્વ એ ચાર પરિમાણો છે. પણ એ માનવું ઠીક નથી, કારણ કે, અણુ અને મહત એ બે જ પરિમાણો માનવાથી અવહારની સિદ્ધિ થઈ શકે છે. હ્રસ્વ અને દીર્ઘ તો અણુ અને મહતના જ ભેદો છે, માટે બે પરિમાણો માનવા ઠીક છે.

૪. કું. હદ્દબિધા; પરિમિતિ; 'મેન્સ્યૂરેશન.'

૫. કું. અંતરીક વિશ્વાસ.

૬. કું. (વેદાંત) ગુણ જોઈને જે જ્ઞાન એટલે આપણા વ્યવહારનું કારણ હોય તે.

૭. કું. (ન્યાય) ચોવીસ મહેનો એ નામનો એક ગુણ. ચોવીસ ગુણઃ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.

૮. કું. (વેદાંત) જાતિવાળો ગુણ. પરિમાણ અવહારના વિષયમાં કારણરૂપ તથા ગુણત્વ જાતિની વ્યાપ્ય જોતાં જે પરિમાણત્વ જાતિ છે, તે પરિમાણ કહેવાય છે.

૯. કું. નિયમ.

૧૦. કું. (ગણિત) પરિધિ; વર્તુળની ગોળાઈ.

૧૧. કું. મર્યાદા; હદ.

૧૨. કું. માત્રા; પ્રમાણ.

૧૩. કું. રકમ; રાશિ.

૧૪. કું. લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઘનત્વ, જાડાઈ વગેરેમાંથી કોઈ પણ એક અથવા બધી રીતે કોઈ વસ્તુનું માપ કાઢવું તે.

૧૫. કું. (વેદાંત) લંબાઈ, પહોળાઈ તથા તોલ માપ વગેરે અવહારનું જે અસાધારણ કારણ હોય તે.

૧૬. કું. સમતા; બરાબરપણું.

૧૭. કું. સંખ્યા માંડવાની રીત.

૧૮. ન. કળા; સમય.

૧૯. ન. જેને જાણે વસ્તુને માપી શકાય છે તે, એનું લક્ષણ અથવા યથાર્થ લક્ષણવું તે કે તેના રીત.

૨૦. ન. પ્રમાદ.

૨૧. ન. માપ.

૨૨. ન. (વૈશેષિક) મૂર્ત અને અમૂર્ત બંને પ્રકારનાં દ્રવ્યોના સંખ્યાદિ ગમ માંહેનો એક ગુણ.

૨૩. ન. વજન કરવાનું સાધન; તરી, વાટ, ત્રાજવું વગેરે.

૨૪. ન. વર્તુળનો ઘેરાવો.

૨૫. ન. સંખ્યા.

૨૬. ન. સંખ્યાની અવતરી; સંખ્યામણતર.

પરિમાણક લુપ્તો પરિમાણ.

પરિમાણકર [સં.] કું. બાજ નિયમિત કરનાર; માપ પ્રમાણે કર લેનો તે: 'રેગ્યુલિટિવ ડ્યૂટિ'

પરિમાણગુણ [સં.] કું. (વેદાંત) એક પ્રકારનો ગુણ. અણુત્વ, મહત્ત્વ, દીર્ઘત્વ અને હ્રસ્વત્વ એવા ભેદથી આ ગુણ ચાર પ્રકારનો છે. એ ચારે પ્રકારના પરિમાણ વળી પરમ અને મધ્યમ એવા ભેદથી બે પ્રકારના છે. એ પરિમાણગુણ પૃથ્વી આદિ નવે દ્રવ્યોમાં રહે છે. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચારના પરમાણુઓમાં તથા મનમાં પરમ અણુત્વ તથા પરમ હ્રસ્વત્વ ગુણ રહે છે, તથા પૃથ્વી આદિ ચારના દ્વયણુકોમાં મધ્યમ અણુત્વ તથા મધ્યમ હ્રસ્વત્વ પરિમાણ રહે છે અને આકાશ, કાળ, દિશા તથા આત્મા એ ચારમાં પરમ મહત્ત્વ તથા પરમ દીર્ઘત્વ રહે છે. ચતુર્યણુક દ્રવ્યોમાં મધ્યમ મહત્ત્વ તથા મધ્યમ દીર્ઘત્વ રહે છે. એ પરિમાણ નિત્ય દ્રવ્યોમાં નિત્ય હોય છે અને અનિત્ય દ્રવ્યોમાં અનિત્ય હોય છે. અનિત્ય પરિમાણ પણ સંખ્યાજન્ય, પરિમાણજન્ય અને પ્રચયજન્ય એમ ત્રણ પ્રકારનું હોય છે.

પરિમાણનિર્ણાયક [સં.] વિ. અખતરાબાજ; 'એક્સ્પેરિમેન્ટલિસ્ટ.'

પરિમાણપૂર્વકરણ [સં.] ન. અમુક પ્રમાણે કરવું પડવું તે.

પરિમાણપ્રમાણ ૧. [સં.] ન. કદ; વિસ્તાર; 'મેઝિટ્યૂડ.'

૨. ન. ગુરુત્વ.

૩. ન. મહત્તા.

૪. ન. લંબાઈ.

પરિમાણબાધક [સં.] વિ. પરિમાણ ન સ્વીકારનાર.

પરિમાણવાચક ૧. [સં.] વિ. પરિમાણ બતાવનારું.

૨. વિ. પરિમાણ સંબંધી.

પરિમાણવાચક પ્રથમા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) પ્રથમા વિભક્તિનો એક પ્રકાર. જેમકે, સાત રૂપિયાની ચાર શેર મળે છે. એ વાક્યમાં શેર શબ્દ પ્રથમા વિભક્તિનો છે, પરંતુ અહીં પ્રથમા વિભક્તિ પરિમાણવાચક પ્રથમા છે.

પરિમાણવું ૧. અ. ક્રિ. જવું; પ્રમાણ કરવું.

૨. સ. ક્રિ. માપવું; તોલ કરવો.

પરિમાણાનુસાર [સં.] અ. પરિમાણ પ્રમાણે; માપસર.

પરિમાણી ૧. [સં. પરિમાણિન્] ન. એક જાતનું ત્રાજવું. તેની દાંડી બહુ અંગુલ લાંબી હોય છે.

૨. વિ. પરિમાણવાળું; પરિમાણયુક્ત.

પરિમાણીય [સં.] વિ. માપના યોગ્ય; પ્રમાણ કરવા જેવું.

પરિમાણ્ડલ્ય ૧. [સં.] ન. કદ; વિસ્તાર; 'મેગ્નિટ્યૂડ.'

૨. ન. ગુરુતા.

૩. ન. મહત્તા.

૪. ન. લંબાઈ.

પરિમાણ્વંતરિક [સં.] વિ. બે પરિમાણ વચ્ચેનું.

પરિમાતા [સં. પરિમાતૃ] કું. માપવાનું કામ કરનાર માણસ.

પરિમાદ્ય [સં.] ન. તીક્ષ્ણતા; તીક્ષ્ણપણું.

પરિમાન લુપ્તો પરિમાણ.

પરિમાપક ૧. [સં.] ન. આકૃતિના પરિઘનું માપન; સીમાસૂત્ર; પરિમાપન.

૨. ન. માપ; પોરણ; માપું; માપનાર; માપવાનું સાધન.

પરિમાપન [સં.] ન. સીમાસૂત્ર.

આકૃતિના પરિઘનું માપ; 'પેરિમિટર.'

પરિમાર્ગ ૧. કું. કોઈ સ્થળ કે મકાનની આસપાસ જતો માર્ગ કે રસ્તો.

૨. [સં.] કું. શોધવું તે; ખોળવું તે.

૩. કું. સંમાર્જન.

૪. કું. સ્વચ્છ કરવું કે શુદ્ધ કરવું તે; માર્જન કરવું તે.

પરિમાર્ગણ જુઓ પરિમાર્ગ.

પરિમાર્ગી ૧. વિ. અનુસરણ કરનાર.
૨. [સં. પરિમાર્ગિન્] વિ. શોધનાર; ખોળનાર.

પરિમાર્ગ્ય ૧. [સં.] વિ. શોધવા જેવું; ખોળવા જેવું.
૨. વિ. સ્વચ્છ કરવા લાયક.

પરિમાર્જક [સં.] પું. સાફ કરનાર; પરિશોધક.

પરિમાર્જન ૧. [સં.] ન. એક પ્રકારનું સાફલ્ય દ્રવ્ય; જી મિશ્રિત અથની ચાસણીમાં ક્રમોળી કરાતી એક જાતની મીઠાઈ.
૨. ન. ધોવું તે; માંજવું તે; પરિશોધન; પરિષ્કરણ.
૩. ન. ખૂંસાઈ જવું તે.
૪. ન. લેપ વગેરે દિયા.
૫. ન. વાળવું તે; ઝાડવું તે; સાફ કરવું તે; સ્વચ્છ કરવું તે.

પરિમાર્જની ૧. [સં.] સ્ત્રી. સાવરણી.
૨. વિ. સ્ત્રી. શુદ્ધ કરનારી; સ્વચ્છ કરનારી.

પરિમાર્જિત ૧. [સં.] વિ. ચોખ્ખું કરેલ; સાફ કરેલ; શુદ્ધ કરેલ; સ્વચ્છ કરેલ.
૨. વિ. છાંટવામાં આવેલ.
૩. વિ. ખૂંસી નાખવામાં આવેલ.

પરિમિત ૧. [સં.] વિ. અલ્પ; થોડું.
૨. વિ. અંદાજસરનું; વજનસર.
૩. વિ. પરિમાણવાળું; પરિમાણ બાબતમાં હોય એવું; માપ તોલ કરેલું; માપેલ.
૪. વિ. પર્યાપ્ત; મનુતર.
૫. વિ. પ્રમાણ કરેલ; સરખું કરેલ; પ્રમાણસરનું.
૬. વિ. મર્યાદાવાળું; મર્યાદિત; હદમાં હોય તેવું; હદવાળું.

> સત્યના બે પ્રકારો છે, પરિમિતાપરિમિત. દરમ્યાન પરિમિત અપરિમિત હોય છે.
>
> ગાંધીમીમાંસા

પરિમિત કરવું = નિર્માણ કરવું.
૭. વિ. માપસરનું; માપ જેટલું; ઘટિત.

પરિમિત આભરણ વિ. મર્યાદિત શણગારેલ.

પરિમિત આયુષ વિ. ટૂંક મુદત જીવનારું.

પરિમિત આહાર પું. પ્રમાણસર આવું તે; મિતાહાર.

પરિમિતકથ ૧. [સં.] વિ. થોડું બોલનાર.
૨. વિ. માપીને કે જોખીને શબ્દ વાપરનાર.

પરિમિતકથા ૧. [સં.] વિ. અલ્પભાષી; ઓછું બોલનાર.
૨. વિ જરૂરિયાત કરતાં વધુ ન બોલનાર.

પરિમિતતા ૧. [સં.] સ્ત્રી. અલ્પપણું; થોડાપણું.
૨. સ્ત્રી. (ગણિત) પરમિતિ; 'ચેરિમિટર.'
૩. સ્ત્રી. પ્રમાણતા.

> વિચારો વગેરેનો અનુભવ કરીએ છીએ તે બધું પરિમિતતા, અવસ્થિતતા અને ક્રિયાના ભાન સિવાય બીજું કશું જ નથી. ઇન્દ્રિયબોધ

૪. સ્ત્રી. મર્યાદા; સીમા; હદ.
૫. સ્ત્રી. માપ; તોલ.

પરિમિતદાયિત્વ [સં.] ન. નિયમિત જવાબદારી.

પરિમિતપણું જુઓ પરિમિતતા.

પરિમિતપ્રમાતૃપણું ન. અહંપ્રત્યયી જતું મર્યાદિત જ્ઞાન; આ વિષયાદિ આપ્યું છે અને કંઈ જ રસનો આસ્વાદ લઈ શકું એવું વ્યક્તિના અહંત્વથી મર્યાદિત બનેલું જ્ઞાન.

પરિમિતભાર [સં.] પું. નિયમિત જવાબદારી.

પરિમિતભુજ [સં. પરિમિતભુજ્] વિ. માપસર ખાનાર; મિતાહારી.

પરિમિતવિજયા [સં.] સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, રગણ અને વગણ મળી કુલ ચાર વર્ણ હોય છે.

> પરિમિતવિજયા ન ના ર યે હોય છે.
>
> છન્દોમંજરી

પરિમિત વ્યય [સં.] પું. જરૂરના પ્રમાણે ખર્ચ કરવો તે; નિયમ મુજબ વાપરવું તે.

પરિમિત સત્ય [સં.] ન. મર્યાદિત સાચું જોવું તે. પરિમિત સત્ય ઉપરાંત એક શુદ્ધ સત્ય છે, જે અખંડ છે, સર્વવ્યાપક છે, પણ તે અવર્ણનીય છે, જેમાં સત્ય એ જ પરમેશ્વર છે અથવા પરમેશ્વર જ સત્ય છે. બીજું બધું મિથ્યા જેટલે બોટું છે.

પરિમિત સ્વરઆલાપ [સં.] સ્ત્રી. (સંગીત) સ્વરારોહ.

પરિમિત હિતસંબંધ [સં.] પું. મર્યાદિત હિતસંબંધ.

પરિમિતાધિકાર [સં. પરિમિત (મર્યાદિત) + અધિકાર (હક)] પું. મર્યાદિત હક.

પરિમિતાર્થ ૧. [સં.] પું. કોઈ બાબ કામ સોંપવામાં આવ્યું હોય એવો પુરુષ.
૨. ન. ખાસ કરજ; મુખ્ય કર્તવ્ય.

પરિમિતાહાર ૧. [સં.] પું. મર્યાદિત ખોરાક લેવો તે.
૨. પું. માપસરનો ખોરાક.
૩. વિ. માપસર ખાનાર; મિતાહારી.

પરિમિતિ ૧. [સં.] સ્ત્રી. પરિમિતતા.
૨. સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિની બધી બાજુઓની લંબાઈનો સરવાળો; પરમિતિ; 'ચેરિમિટર.'
૩. સ્ત્રી. ક્ષેત્રવિદ્યા.
૪. સ્ત્રી. ઘેર; ઘેરાવો; પરિધ.
૫. [સં.] સ્ત્રી. પ્રમાણુ; પરિમાણુ.
૬. સ્ત્રી. ફેલાવો.
૭. સ્ત્રી. માપ; તોલ.
૮. સ્ત્રી. મિતિશાસ્ત્ર; માપનશાસ્ત્ર; માપકરણ વિદ્યા.
૯. સ્ત્રી. હદ; સીમા; મર્યાદા.

પરિમિલન ૧. [સં.] ન. મેળાપ.
૨. ન. સંબંધ.

પરિમુક્ત [સં.] વિ. બધી રીતે મુક્ત થયેલું; સંપૂર્ણ રીતે સ્વાધીન; છોડેલું.

પરિમુક્તિ [સં.] સ્ત્રી. છુટકારો; મુક્તિ.

પરિમુખ ૧. અ. આસપાસ.
૨. [સં.] અ. મુખ સિવાય; મુખ વિના.

પરિમુગ્ધ ૧. [સં.] વિ. મોહક પણ મૂર્ખાઈથી ભરેલ.
૨. વિ. સાદું પણ દેખાવડું.

પરિમુગ્ધતા ૧. [સં.] સ્ત્રી. ભોળપણ; મૂર્ખપણું.
૨. સ્ત્રી. સૌંદર્ય.

પરિમૂઢ ૧. [સં.] વિ. ક્ષોભ પામેલું.
૨. વિ. વિચલિત; ભ્રમિત.
૩. વિ. આકુળ.

પરિમૂઢતા ૧. [સં.] સ્ત્રી. ક્ષોભીલાપણું.
૨. વિ. વિચલિતપણું.
૩. સ્ત્રી. આકુળતા.

પરિમૃજ્ય ૧. [સં.] વિ. ધસીને સાફ કરવા યોગ્ય; સ્વચ્છ કરવા જેવું.
૨. અ. સાફ કરીને; સ્વચ્છ કરીને.

પરિમૃદિત ૧. [સં.] વિ. આલિંગેલ; ભેટેલ.
૨. વિ. ખૂબ કચરવામાં આવેલું; કચરાયેલું.
૩. [સં. પરિ (ચોતરફ) + મૃજ્ (ચોળવું)] વિ. સારી રીતે ચોળવામાં આવેલું; બધી બાજુથી માલિશ કરાયેલું; સારી રીતે મર્દન કરવામાં આવેલ; સારી રીતે ચોળેલું.

પરિમૃષ્ટ ૧. [સં.] વિ. ઓલેલું; સ્પૃષ્ટ.
૨. વિ. આલિંગેલ; ભેટેલ.
૩. વિ. પકડેલું.
૪. વિ. પથરાયેલું; વિસ્તૃત.
૫. વિ સાફ કરવામાં આવેલું; સ્વચ્છ કરાયેલ; પરિમાર્જિત.

પરિમૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. આલિંગન; ભેટ.
૨. સ્ત્રી. પરિમાર્જન.

પરિમેય ૧. [સં.] વ. (ગણિત) માન; 'મેન્સિટ્યૂડ.'
૨. વિ. અલ્પ; થોડું; માપસરનું; સંકુચિત.
૩. વિ. જોખી, તોળી કે માપી શકાય તેવું.
૪. વિ. પ્રમાણ કરવા જેવું.
૫. વિ. માપ જેટલું; મર્યાદિત; માપી શકાય તેવું.
૬. વિ. માપવા યોગ્ય.

પરિમેયતા ૧. [સં.] સ્ત્રી. અમુક ચોક્કસ અને મર્યાદિત જગ્યા રોકવાનો પદાર્થનો ગુણ.
૨. સ્ત્રી. થોડાપણું; અલ્પપણું.
૩. સ્ત્રી. નિર્જીવતા; જેમ પદાર્થ જે જગ્યા રોકે છે તે જગ્યા બીજો પદાર્થ રોકી શકતો નથી તે.

પરિમેયાનંદ [સં.] પું. જેની ચોક્કસ મર્યાદા આંકી શકાય તેવો આનંદ; મર્યાદિત આનંદ.

પરિમેયક વ. પોતાની જાતનો સંપર્ક ઇચ્છે; 'પ્રેસેમિક્ટમ.' આ જંતુ મીઠા તેમ જ ખારા પાણીમાં રહે છે.

પરિમોક્ષ ૧. [સં.] પું. છોડવું તે; મૂકવું તે; પરિત્યાગ.
૨. પું. મળ પરિત્યાગ.
૩. પું. મોક્ષ; નિર્વાણ.
૪. પું. મોક્ષધામમાં જવું તે; અંતિમ પદની પ્રાપ્તિ.
૫. પું. વિષ્ણુ.
૬. પું. સર્વથા મુક્ત થવું તે; ગોતરફથી મુક્ત થવું તે.

પરિમોક્ષણ ૧. [સં.] ન. ત્યાગ; ઉત્સર્ગ.
૨. ન. શૌતીક્રિયા વડે આંતરડાં ખોખાં સાફ કરવાં તે.
૩. ન. પરિત્યાગ કરવો તે.
૪. ન. પરિમોક્ષ; સર્વથા મુક્તિ.
૫. ન. મળત્યાગ કરવો તે.

પરિમોચન [સં.] ન. છૂટા પડવું તે; મુક્ત થવું તે; છુટકારો; મોક્ષ.

પરિમોષ [સં.] પું. ચોરી; ચોરવું તે; સ્તેય.

પરિમોષક [સં.] પું. ચોર.

પરિમોષી [સં. પરિમોષિન્] વિ. ચોરી કરવાના સ્વભાવવાળું; ચોર.

પરિમોહ [સં.] પું. અત્યંત મોહ.

પરિમોહન ૧. [સં.] ન. કોઈની બુદ્ધિ અથવા મનને પૂર્ણપણે પોતાની સત્તામાં લેવું તે; વશીકરણ.
૨. ન. મોહ પમાડવો તે; મોહિત કરવું તે.

પરિમોહિની [સં.] સ્ત્રી. સ્ત્રી. મોહ પમાડનારી.

પરિમોહી [સં. પરિમોહિન્] વિ. મોહ પમાડનાર.

પરિમ્લાન ૧. [સં.] વિ. અત્યંત ફિક્કું; ઝાંખું, બહુ વખતથી ઝાંખું પડી ગયેલું; ગણિત નિસ્તેજ.
૨. વિ. કરમાયેલું.
૩. વિ. ગમગીન.
૪. વિ. ગાયબ થયેલું.

પરિમ્લાયી ૧. પું. એક પ્રકારનો તિમિરરોગ. આ રોગવાળાને બધી દિશા પીળી કે પ્રજ્વલિત દેખાય છે.
૨. [સં. પરિમ્લાયિન્] વિ. ગ્લાનિયુક્ત; ઉદાસ.

પરિયજ્ઞ [સં.] પું. જોઇએ ન કરાય એવો એક નાનો યજ્ઞ. બીજો કોઈ યજ્ઞ કરતી વખતે તેની પહેલાં અથવા પાછળ આ યજ્ઞ કરવામાં આવે છે. બૃહસ્પતિ સવ એ આ પ્રકારનો યજ્ઞ છે.

પરિયટ ૧. [સં. પરિ (ચોતરફ) + અટ્ (ઘટકવું)] પું. પોળી; ગોવાને માટે જે ઘેર ઘેર ભમે છે તે.
૨. પું. ચૂનકાં પોનાર.
ગામમણ પરિયટ પેર, ગાયી ગીરે ગારે,
ગંગડે સમર્યા સાદ, ભણી કૂબ્યો ભારે.
સામળ

પરિયટણ ૧. [સં. પર્યટન] ન. પર્યટન; મુસાફરી.
૨. ન. પુનરાવલોકન.

પરિયટવાડ (પરિયટવાડ) સ્ત્રી. જ્યાં પોળી લોકો રહેતા હોય તે હતો; પોળી લોકોને રહેવાનો મહોલ્લો; ચોરાશી ચાંદેનું એ નામનું એક ચોકું.

પરિયટહાર વ. પોળીની દુકાન કે બજાર.

પરિયત ૧. સ્ત્રી. મુસલમાનની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

પરિયત્ત જુઓ પરિવેષ્ટિત.

પરિયષ્ટા ૧. [સં. પરિયષ્ટૃ] પું. પરિવેદનની કન્યાને પરણનાર આચાર્ય.
૨. પું. પોતાના મોટા ભાઈની પહેલાં સોમયાગ કરનાર માણસ.

પરિર્ચક [સં. પર્ચક] પું. પ્રાંત કે હોલિયો; પર્ચક.
યહી ચલન ચરચારી, રહે યહી ઉલ્લન ચારી;
ત્રિભુવનાં પરિર્ચક, યહી અટકને ચારી.
કાવ્યદોહન

પરિર્ચા સ્ત્રી. પડદો; કનાત.

પરિર્યા ૧. પું. બ. વ. ભાવિ સંતતિ; ભવિષ્યમાં થનારાં સંતાન અને તેનાં સંતાન; વંશજો.
પરિયાના પરિયા = પેઢી દર પેઢી. જે બન બને તે ફરી ન આવે, પણ જો આવે તો પરિયાના પરિયા આવે એટલું ધન આવે.–ગોસેક્રિત
૨. પું. બ. વ. વડવા; બાપદાદા.
૧. પરિયાના પરિયા ઉઠેલવા = (૧) કોઈના વડવાઓની નિંદા કરવી. (૨) પોતાના બાપદાદાનું ખૂંડું બોલવું.
૨. પરિયાનું પાણી ખોવું = બાપદાદાની આબરૂને લાંછન લગાડવું.
૩. સ્ત્રી. તાણો તાણવાની સાકડી.
૪. [તા. પરૈયાન] સ્ત્રી. દક્ષિણ હિંદની એ નામની એક પ્રાચીન જાતિ. તે અસ્પૃશ્ય મનાય છે. આ જાતિના લોકો મધે ભાગે ચોકિયાત, ભંગી કે મહેતરનું કામ અથવા શુદ્ર ખેતૂતના ખેતરમાં મજૂરીનું કામ કરે છે. સ્વભાવે તે શાંત, નમ્ર અને પરિશ્રમી છે. તેઓ દેવીના ઉપાસક હોય છે અને મોટે ભાગે પાર્વતી અથવા કાળીની મૂર્તિઓની પૂજા કરે છે. દક્ષિણ હિંદના કેટલાંક રાજ્યોમાં તેમને બાહ્મણની સામેથી નીકળવાની મના હોય છે, કેમકે તેમની સામે આવે તો બાહ્મણને નાહવું પડે છે. જે ગામમાં બાહ્મણની વસતી હોય તે ગામમાં જવાની પણ તેમને મના હોય છે. તેઓ પોતાની ઉત્પત્તિ બાહ્મણીના ગર્ભથી થયાનું અને પોતે બાહ્મણોના મોટા ભાઈ હોવાનું જણાવે છે. વેંકટાચાર્યે પ્રબંધરત્નમાલામાં લખ્યું છે કે: ઉર્વશીના પુત્ર વસિષ્ઠે અરુંધતી નામની એક ચાંડાલી સાથે વિવાહ કર્યો હતો. આ ચાંડાલીથી સો પુત્રો થયા. તેમાંથી પિતાનો આદેશ માનનારાઓ ચાર પુત્રો તો ચાર વર્ણના મૂળ પુરુષ થયા અને પિતાની આજ્ઞાની અવજ્ઞા કરનાર છન્નું પુત્રોને પંચમવર્ણ અથવા પરિયાની સંજ્ઞા મળી.
૫. સ્ત્રી. વખાણ; ગોપડામાં માંડેલ બાપદાદાના નામ.
૬. સ્ત્રી. પૂનામાં થતી એ જાતની કેરી.
૭. વ. એ નામની જાતિનું માણસ.
૮. વિ. એ નામની જાતિનું.

પરિયાણ ૧. ન. પ્રાણ્ય જવું તે.

૨. [સં. પ્રયાણ] ન. પ્રસ્થાન; મુસાફરીએ જવાની તૈયારી કરી ચાલવાનું શરૂ કરવું તે; પ્રયાણ.
૩. ન. પ્રારંભ; શરૂઆત.
૪. ન. ભ્રમણ; પર્યટન.
૫. ન. વિલંબ; ઢીલ.
૬. ન. સંકેત; ધારણા; કંઈક કરવા માટે પરસ્પર નક્કી કરેલી બાબત; નક્કી વિચાર; મનસૂબો.

પરિયાણક પું. (ગણિત) સામસામેની બાજુની બંને તે એક બીજા સમાંતર હોય તેવો ચતુષ્કોણ; 'ટ્રૅપિઝિયમ.'

પરિયાત્રિક [સં.] પું. ચાલતી ગાડી.

પરિયાલું ૧. [સં. પ્રયાણ] ન. પરિવાણ; પ્રયાણ.
૨. ન. પાણિનિ; પાણીનાં વાસણ મૂકવાની જગ્યા.

પરિયાત ૧. [સં.] વિ. જેણે ભ્રમણ કે પર્યટન કરેલ હોય એવું.
૨. વિ. ફરી વાર્યું ફરેલું; આવેલું.

પરિયાદ જી. વિનંતી.

પરિયાર ૧. પું. દ્વારદીપના બ્રાહ્મણોનો એ નામનો એક પેટાભેદ.
૨. જી. ગડાસ તરફ રહેતી એ નામની એક જાતિ.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

પરિયાવટ જી. બાપદાદાની આબરૂ.

પરિયું ૧. [સં. પરીત; પ્રા. પરીઅ (મરેલું)]
ન. પૂર્વજ.
૨. ન. પેઢી.
૩. ન. વંશજ.
૪. ન. સંતતિ.

પરિયેટ જુઓ પરિવેટ.

પરિયો ૧. [સં. પરીત; પ્રા. પરીઅ (મરેલું)]
પું. પૂર્વજ; બાપદાદા; વડવો.
૨. પું. વંશજ.
૩. પું. વંશાવળી; પેઢીનામું.

પરિયોગ [સં.] પું. ચોતરફથી યોગ.

પરિયોગ્ય [સં] પું. નેતની એક જાત.

પરિરક્ષણ ૧. [સં.] ન. બધી રીતે બધી તરફથી રક્ષણ કરવું તે; સંભાળપૂર્વક રક્ષણ કરવું તે; સંરક્ષણ.
૨. ન. મુક્તિ; છોડાવવું તે; મુક્તવું તે.
૩. ન. સંભાળીને રાખવું તે; વળગી રહેવું તે.

પરિરક્ષવું સ. ક્રિ. બધી તરફથી બધી રીતે રક્ષણ કરવું.

પરિરક્ષા જુઓ પરિરક્ષણ.

પરિરક્ષિત ૧. [સં.] વિ. કાળજીપૂર્વક રાખી મૂકવામાં આવેલું.
૨. વિ. ચોતરફથી રક્ષાયેલું; બધી બાજુએથી રક્ષાયેલું.

પરિરટન [સં.] ન. પોકારવું તે; બૂમ પાડવી તે.

પરિરથ્ય [સં.] જી. રથનું એક અંગ.

પરિરથ્યા [સં.] જી. ખોળો રસ્તો; સડક.

પરિરબ્ધ ૧. [સં.] વિ. આલિંગન આપેલ; ભેટેલ.
૨. વિ. વેરાયેલ.

પરિરવ ન. મોર બોલ્યા જેવું તંબાકુનું ઝેર; ઝાપ; પડ; રસ.

પરિરંભ ૧. [સં] પું. આલિંગન; ભેટવું તે; કોટી.
૨. પું. ચપો કરવી તે.
૩. પું. ચોળવું તે; મર્દન કરવું તે; મસળ; દબાવવું તે; રગડ; ઘસડ.
૪. પું. કરવું અને આનંદ કરવો તે.

પરિરંભણ જુઓ પરિરંભ.

પરિરંભન જુઓ પરિરંભ.

પરિરાયક [સં.] વિ. ચોતરફથી પોષનારું; બધું પાનારું.

પરિરોધ [સં] પું. ચોતરફથી ઘેરો ઘાલવો તે; ચોતરફથી રોકવાનું; આવરોધ.

પરિલઘુ ૧. [સં.] વિ. અત્યંત નાનું.
૨. વિ. બધાથી પછી ક્રમ લેવું.

પરિલંઘ જુઓ પરિલંઘન.

પરિલંઘન ૧. [સં.] ન. ઉલ્લંઘન કરવાપણું.
૨. ન. ઉપવાસ આવવો તે.

પરિલંજન [સં.] ન. સમતોલ રહેવું તે; સમતોલન; 'બૅલેન્સિંગ.'

પરિલિખિત [સં.] વિ. રેખાથી વેરાયેલું; રેખાથી રોકાયેલું; 'સર્કમસ્ક્રાઇબ્ડ.'

પરિલી ન. ઘોડા જાતનું ચાબખ.

પરિલુપ્ત ૧. [સં.] વિ. અદશ્ય થયેલ; લોપ પામેલ; ઊડી ગયેલ.
૨. વિ. ખરડાયેલ; રજોટાયેલ.

હું ખારે વાવના સકાથી પરિલુપ્ત થયેલી પાપડી માસ ઝરણાં ઉપર મૂકું, ત્યારે જ હું વાવ્ય બને. ભારતના વીર પુરુષો

૩. વિ. નષ્ટ; વિનષ્ટ.
૪. વિ. હાનિ, નાશ કે ક્ષય પામેલું; ક્ષતિગ્રસ્ત.

પરિલુપ્તજ્ઞાનક [સં.] વિ. નાશ પામેલી સંજ્ઞાવાળું; ભેજાનું; ચેતન ગયેલું થયેલ.

પરિલેખ ૧. પું. (ચિત્રણ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; 'ગારી.' તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બધું જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

જ જ જ જાણ સદા પરિલેખે.

રઘુવિજય

૨. [સં.] પું. ચિત્રનું રમૂજ રૂપ. તેમાં હકીકત રેખાઓ હોય છે, પણ રંગ ભરેલ હોતો નથી.
૩. પું. ચોતરફ જોવાનું સાધન.
૪. પું. દોરેલું ચિત્રકામ; ચિત્ર; તસવીર.
૫. પું. (ગણિત) ભૂમિતિનો કોઈ પણ સિદ્ધાંત સિદ્ધ કરવાને અર્થે રચના કરવાને માટે કાઢેલું ચિત્ર; 'ડાયગ્રેમ.'
૬. પું. મુકામો; કાયમી અડ્ડો.
૭. પું. રેખા કે ચિત્ર દોરવાની કલમ.
૮ પું. વર્ણન; ઉલ્લેખ.

પરિલેખન ૧. [સં.] ન. ચારેબાજુમાં ચોતરફ રેખા વગેરે કાઢવી તે.
૨. જુઓ પરિલેખ.

પરિલેહી [હિં.] પું. કાનનો એક રોગ. તેમાં કાન અને કપિરના પ્રકોપથી કાનની બૂટ ઉપર નાની નાની ફોલ્લીઓ થાય છે અને તેમાંથી પીડા થાય છે.

પરિલોકન [સં.] ન. અવલોકન; નિરીક્ષણ.

પરિલોપ ૧. [સં.] પું. ક્ષતિ; હાનિ.
૨. પું. વિલોપ; નાશ.

પરિવટ્ટા [સં.] જી. ગોળાકાર મેદ.

પરિવર્ત્તવિરોહ પું. (સંગીત) એ નામનો એક અવરોહી સંચારી અલંકાર. તેનું સ્વરૂપ: સપધનિ | નિપમપધ | પમપમપ | પગરિમ | મરિસગ | મસનિરિ | રિનિધસ |

પરિવત્સર ૧. [સં.] પું. પાંચ પૈકી એક સંવત્સર. તેનો અધિપતિ સૂર્ય છે. સૂર્યની ગણતરી પ્રમાણે ૭ દિવસ વધે છે અને ચંદ્રની ગણતરી પ્રમાણે ૭ દિવસ ઘટે છે. બેઉમાં બાર દિવસનું અંતર પડતાં સૌર માસ અને ચાંદ્ર માસ આગળ પાછળ થઈ જાય છે. એમ કરતાં પાંચ વર્ષ જાય તેમાં બે માસ અધિમાસ આવે છે અને છઠ્ઠા વર્ષમાં પાછી શુક્લ પ્રતિપદાને દિવસે સંક્રાંતિ બેસવાથી તે બધું સંવત્સર ગણાય છે. એ પાંચ વર્ષમાં પહેલું સંવત્સર, બીજું પરિવત્સર, ત્રીજું

ષડાવત્સર, ચોથું અનુવત્સર અને પાંચમું વત્સર કહેવાય છે.
૨. પું. પૂરી સાલ; એક આખું વર્ષ.
૩. પું. બૃહસ્પતિની ગતિથી ગણાતું વર્ષ.

પરિવદન ૧. [સં.] ન. બારણું તે.
૨. ન. નિંદા; બદગોઈ.
૩ ન. મોટેથી બોલવું તે; જોર પાડવાપણું.

પરિવરેલું ૧. વિ. ઘેરાયેલું.
૨. વિ. પરિવારયુક્ત.
૩. વિ. સુયોજિત.

પરિવર્જ [સં.] પું. ત્યાગ.

પરિવર્જક [સં.] વિ. ત્યાગ કરનાર; તજનાર; છોડી દેનાર.

પરિવર્જન ૧. [સં.] ન. ત્યાગ; છોડી દેવું તે; પરિત્યાગ.
૨. ન. મારી નાખવું તે; હત્યા કરવી તે.

પરિવર્જનીય ૧. [સં.] વિ. દૂર થવા લાયક.
૨. વિ. ત્યાગ કરવા જેવું; પરિત્યાજ્ય.

પરિવર્જિત ૧. [સં.] વિ. ત્યાગેલું; છોડી દીધેલું; તજેલું; પરિત્યક્ત.
૨. વિ. મારી નાખેલું.

પરિવર્ત ૧. પું. (સંગીત) અઠ્ઠાવન મહિનો ત્રેવીસમો વર્ષોત્સવ.
૨. [સં] પું. અદલોબદલો; વિનિમય; હેરફેર; બદલો.
૩. પું. અધ્યાય; ગ્રંથનો વિભાગ; પ્રકરણ.
વર્ણિત વિસ્તારમાં સત્તાવીસ પરિવર્તો છે.
પુરાતત્ત્વ
૪. પું. (જૈન) અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ.
૫ પું. આવર્ત; ભમરી.
૬. પું. આવૃત્તિ; ત્રિવર્તન.
૭. પું. કૂર્મરાજ; વિષ્ણુનો જે નામનો બીજો અવતાર.
૮. પું. ગોળ ફરવું તે; પરિભ્રમણ; ચક્રના આકારમાં ફરવું તે.
૯. પું. (પુરાણ) દુઃશાસનનો જે નામનો એક પુત્ર.
૧૦. પું પરિવૃત્તિવાળું ધન વગેરે.
૧૧. પું. પલટો; ફેરફાર; ઊથલપાથલ; ક્રાંતિ.
૧૨. પું. પાછું ફરવું તે.
૧૩. પું. પૈડાનો ઘેરાવો.
૧૪. પું. પૈડું; ચક્ર.
૧૫. પું. (પુરાણ) ઋતુનો જે નામનો પુત્ર. આંગ્નેય પુરાણમાં લખ્યું છે કે ઋતુને દુરસદ નામનો એક પુત્ર હતો, જેનો વિવાહ કલિની કન્યા નિર્બાધિ સાથે થયો હતો. નિર્બાધિના ગર્ભથી અનેક પુત્ર જન્મ્યા, તેમાં પરિવર્ત ત્રીજો હતો. તે જેઠ ભાઈના ગર્ભથી બીજા ભાઈના ગર્ભમાં ગયેલા કરતો હતો, કોઈ વાક્યનો પણ વક્તાના અભિપ્રાયથી વિરુદ્ધ કે ભિન્ન અર્થ કર્યા કરતો હતો, તેથી તેને પરિવર્ત કહેવા લાગ્યા. તેના ઉપદ્રવથી ગર્ભની રક્ષા કરવા માટે સુદ્રે સરસ્વત અને રક્ષોઘ્ન મંત્રથી તેની શાંતિ કરવામાં આવે છે. તેના પુત્ર વિરૂપ અને વિકૃત પણ ઉપદ્રવ કરી ગર્ભપાત કરાવે છે. તેનું રહેવાનું સ્થાન પ્રાણીઓના ઘેરા, ચક્ર, ખાઈ અને સમુદ્ર છે. જ્યારે ગર્ભિણી સ્ત્રી તેમાંથી કોઈની પાસે જાય ત્યારે તે તેના ગર્ભમાં ઘૂસી જાય અને પછી એકથી બીજાના ગર્ભમાં દર્યા કરે. તેના વારંવાર જન્મ આવવાથી ગર્ભ પડી જાય. આ કારણથી ગર્ભાવસ્થામાં સ્ત્રીને વૃક્ષ, પર્વત, પ્રાચીર, ખાઈ અને સમુદ્ર વગેરેની પાસે જવાનો નિષેધ છે.
૧૬. પું. યુગના અંતનો સમય; કોઈ કાળ કે યુગનો અંત.
૧૭. પું. રાજ્યવિપ્લવ; રાજ્યક્રાંતિ; રાજ્યસત્તામાં મોટો ફેરફાર થયો તે.
૧૮. પું. રાશિચક્રનું ફરવું તે.
૧૯. પું. અતિક્રમ; પરિવૃત્તિ; 'રોલ્વર્ઝન.'
નિરંતરનાં ઘોંસ અને વિષેશ પ્રકારે ચોસપેલાનાં સ્થાન બદલી તેને પરિવર્ત કહે છે.
અમૃતલાલ નથુભાઈ
૨૦. પું. (સંગીત) સ્વર સાધનની જે નામની એક પ્રણાલી; સંચારી ભાતોને પેટી એક આરોહી અવરોહ. તેનું સ્વરૂપ: સમમરિ| રિમપમ| મપધમ| મપનિધ| પનિસધ| ધસરીના નિરંતર.

પરિવર્તક ૧. [સં.] પું (પુરાણ) ઋતુના પુત્ર દુરસદનો જે નામનો એક પુત્ર.
૨. પું. ફરી ફરવવું તે.
૩. પું. વિનિમય; એક ચીજ આપી બદલામાં બીજી વસ્તુ લેવી તે.
૪. વિ પુનરાવર્તન; ફેરવનાર.
૫. વિ. ઘૂમનાર; ચક્કર ખાનાર; પરિભ્રમણ કરનાર; ગોળ ફરનાર.
૬. વિ. પરિવર્તન કરે એવું.
૭. વિ. પરિવર્તન યોગ્ય.
૮. વિ પ્રવર્તક; અગ્રેસર.
૯. વિ. ફેરફાર કરનાર; ક્રાંતિ કરનાર.
૧૦. વિ. બદલનાર; વિનિમય કરનાર.
૧૧. વિ. યુગનો અંત કરનાર.
૧૨. વિ. વારંવાર ઊલટા થનાર.
૧૩. વિ. ચોવીસ પ્રમેયમંત્રઃ વિષ્ણુપ્રસાદવર્ધક.

પરિવર્તક તારો પું. (જ્યોતિષ) અસ્થિર કાંતિવાળો તારો; જેના તેજમાં વધઘટ આવ કરતી હોય તેવો તારો.

પરિવર્તક દોષ [સં.] પું. (જૈન) ઉત્પન્ન સોળ આહારો એ નામનો એક દોષ; સાધુને અર્થે આહાર આદિ નિષ્પન્નતાં ઋણત્વથી લાગતા સોળ આહારો એ નામનો એક દોષ.

પરિવર્તન ૧. [સં.] પું. (પુરાણ) દુઃશાસનનો એ નામનો એક પુત્ર.
૨. ન. આકારની વિકૃતિ; દેહાંતર; રૂપાંતર; દશાંતર; સ્થિતિમાં ફેરફાર; પૂર્વનું રૂપ બદલી જવું તે. તે ત્રણ પ્રકારનું છે: (૧) પરિસ્થિતિરૂપ, (૨) કર્મરૂપ અને (૩) ચૈત્રિક સંસ્કાર.
સંસૃતિ વધારની હોય એ તો,
સુધારથી બ્રહ્મ સ્થિરા બનેઃ
સમાજનાં સૌ બળ બંધબૂતો,
કરે પરિવર્તન સેજ સિદ્ધિ. સાંખીગીતા
૩. ન. આવર્તન; ફરીફરીને કરવું તે; વારંવાર કરવું તે; ગોળ ફરવું તે.
૪ ન. કોઈ કાળ કે યુગની સમાપ્તિ.
૫. ન. પરિભ્રમણ; પરિભ્રમણ.
૬. [સં. પરિ (ચોતરફ) + વર્તન (વાળવું તે)] ન. ફરી વાળવું તે; ફરી બદલવું તે.
૭. ન ફેરફાર; ક્રાંતિ.
પરિવર્તન પામવું = બદલાવું; ફેરફાર થવો.
૮. ન. ફેરો; ચક્કર.
૯. ન. (અલિત) રૂઢમ ઊઠાવવી તે; 'પુનર્વર્તન.'
૧૦. ન. રાજ્યક્રાંતિ.
૧૧. ન. (જૈન) આખેઆ શરીરનું ઊદ્વર્તન કરવું તે.
૧૨. ન. વિનિમય; અદલોબદલો; હેરબદલી.
૧૩. ન. વિવર્તન; બાકું કરવું તે.
૧૪. ન. વીંતી બદલવું તે.
૧૫. ન. સોધન; દુરસ્તી.

પરિવર્તનકારી [સં. પરિવર્તન (ફેરફાર) + કૃ (કરવું)] વિ. ફેરફાર લાવનાર; ફેરફાર કરનાર; પરિવર્તન કરે એવું.

પરિવર્તનકાલ [સં.] પું ફેરફારની સ્થિતિવાળો ટૂંક સમય.

પરિવર્તનક્ષમ [સં.] સ્ત્રી. જે રૂપે પરિવર્તન થઈ શકે તે રૂપઃ 'ફ્રેન્ચ ચોલ્ક.'
રેલ્વેકંપની બદલવાની જોગિસ્તવણી આ શબ્દને પરિવર્તનક્ષમ કહે છે. પુરાતત્ત્વ

પરિવર્તનતા [સં.] સ્ત્રી. રૂપાંતર થવું તે; સ્વરૂપ બદલાવું તે.

પરિવર્તનદ્વેષ [સં.] પું. નવીનવસ્તુદ્વેષ નવદ્વેષ: 'નૂફોબિયા.'

પરિવર્તનપદ્ધતિ [સં.] સ્ત્રી. ચારાબંધી પદ્ધતિ; 'સિસ્ટમ ઑવ સિફ્ટ્સ.'

પરિવર્તનવાદ [સં.] પું. પરિવર્તન એટલે ક્રાંતિ આવશ્યક તેમ જ કાર્યસાધક છે એવો મત.

પરિવર્તનવાદી [સં. પરિવર્તનવાદિન્] વિ. ક્રાંતિકારી; વિપ્લવવાદી; આમૂલાગ્ર ફેરવાદી.

પરિવર્તનવિરોધી [સં. પરિવર્તનવિરોધિન્] વિ. રૂઢિચુસ્ત: અનુદાર: 'કૉન્ઝર્વેટિવ.'

પરિવર્તનશક્તિ [સં.] સ્ત્રી. બહુધારૂપતા; બહુશ્રુતપણું; બુદ્ધિચાપલ્ય.

> કેટલીની બહાર જવું જ કામ છે, અકારણ છે. રોકસપીઅર જેવો પરિવર્તનશક્તિવાળો સમર્થ કવિ પણ પોતાની રચનામાં પોતાની કેટલીયે સ્વતંત્ર રહેવો અજાણે નથી. તેમ આ જેવા પરિવર્તનશક્તિ આપણેલીમાં અંતર્ગત નથી, પણ અભ્યાસાદિક વિષય જ્ઞાન વગેરેના જ તેને અંગે અવકાશ છે. નરસિંહરાવ

પરિવર્તનશીલ ૧. [સં.] વિ. અનિયમિત.

૨. વિ. પરિવર્તનના સ્વભાવવાળું; વધઘટ થતું; બદલાતું.

૩. વિ. રૂપાંતર સંબંધી.

પરિવર્તનશીલતા [સં.] સ્ત્રી. પરિવર્તનશીલ હોવું તે.

પરિવર્તનસાધન [સં.] ન. વિદ્યુત્ સાધન; 'કૉમ્યુટેટર.'

પરિવર્તના ૧. સ્ત્રી. (જૈન) ઉદ્દેશ ૧ વિચારણા કરવી તે; મનન.

૨. સ્ત્રી. પડ્યું ફેરવવું તે.

૩. સ્ત્રી. ભમવું તે; ભટકવાપણું.

૪. [સં.] સ્ત્રી. (જૈન) શીખેલાનું પુનરાવર્તન કરવું તે; સૂત્રાર્થનું પર્યાલોચન કરવું તે; ગોખ્યું; પ્રમોલ્યું; ચર્ચા કરવી તે.

> વાચના, પૃચ્છના, પરિવર્તના, ધર્મકથા એ ચાર ક્રમ છે અને અનુપ્રેક્ષા એ જ્ઞાન છે. રાજચંદ્ર

૫. જુઓ પરિવર્તન ૨–૧૫.

પરિવર્તનાલંબન [સં.] ન. (જૈન) ધર્મધ્યાનનું એક આલંબન. અખેદ જિનકથિત સૂત્રાર્થ સ્મરણમાં રહેવા માટે નિર્જરા અર્થે શુદ્ધ ઉપયોગ સહિત શુદ્ધ સૂત્રાર્થની વારંવાર સજ્ઝાય કરવી તેનું નામ પરિવર્તનાલંબન છે.

પરિવર્તની [સં.] સ્ત્રી. વેલણ.

પરિવર્તનીય ૧. [સં.] વિ. જેનું રૂપ બદલી શકે તેમ હોય તેવું.

૨. વિ. પરિવર્તન યોગ્ય.

૩. વિ. ફરે તેવું; ઘૂમે તેવું; ચક્રના આકારમાં ફરવા યોગ્ય.

પરિવર્તનીયતા ૧. [સં.] સ્ત્રી. પરિવર્તનીય હોવાપણું.

૨. સ્ત્રી. રૂપાંતર થઈ શકે તેવું હોવાપણું; 'ટ્રૅન્સ્ફૉર્મિબિલિટિ.'

પરિવર્તવાદ [સં.] પું. બધાં જીવતાં પ્રાણીઓનો આકાર જે પૂર્વજોના આકારમાં ઘણા ફેરફાર પછીનો છે, એવો મત.

પરિવર્તિકા [સં.] સ્ત્રી. સિક્કાના મધ્ય ઉપર ધાતુપ્રયોગથી ચામડી બહુ સખત થઈ ચોટી રહે તેવો એક રોગ. સિક્કાઓ ચામડી ઘાંટી તેમ જ સાંકડી હોવાને લીધે મધ્ય ભરાવર ખુલ્લો થતો નથી. તેની આસપાસ કચરો ભરાતાં તે સુજી આવે છે. પરિણામે ત્યાં પરુ થાય છે. કોઈ વાર ત્યાં ચાંદાં પડીને મધ્ય ખવાઈ જાય છે. બહુ બળતરાથી, દબાવવાથી કે ઘર્ષણ થવાથી બહુ આ રોગ થતો જણાય છે.

પરિવર્તિત ૧. [સં] પું ભરતના હસ્તાવયવના ચાર બાંધેનો ત્રીજો પ્રકાર. તેમાં ભરતને અર્ધચંદ્રાકાર બનાવી અને હાથી ઢીંચણે ઝુકાવવામાં આવે છે.

૨. વિ. બાધું ફરેલું.

૩. વિ. ફેરવાઈ ગયેલ; બદલાઈ ગયેલ; આકાર કે રૂપ બદલાઈ ગયું હોય એવું; પરિવર્તન પામેલું; રૂપાંતરિત.

૪. વિ. બદલામાં મળેલું.

પરિવર્તિત જ્વર [સં.] પું. થોડે થોડે અંતરે આવતો તાવ; ઊભરા મારીને આવતો તાવ.

પરિવર્તિની ૧. [સં] સ્ત્રી. ત્રિવૃત સ્તોમની વિષ્ટુતિ.

૨. સ્ત્રી. ફરી જવું તે; પલટો.

૩. સ્ત્રી. બદલવું તે; અદલાબદલી કરવી તે.

૪. સ્ત્રી. આદરવા યુદ્ધિ ગ્રેઅદશી; વામન ગ્રેઅદશી. આ દિવસે નારાયણ આઠ નિદ્રામાંથી પોતાનું પડખું આંતરથી ફેરવે છે એમ મનાય છે.

૫. સ્ત્રી. પીતી જવું તે.

પરિવર્તી ૧. [સં. પરિવર્તિન્] વિ. અદલોબદલો કરનાર; વિનિમયકાર.

૨. વિ. આસપાસ ફરતું; ગોળાકારમાં ફરતું; ગોળ ચક્કર ફરતું; વારંવાર આવર્તિવાળું.

૩. વિ. બાધું કરતું.

૪. વિ. પુનઃ બનતું; ફરીને થતું.

૫. વિ. ફરી ફરી આવનાર.

૬. વિ. બદલાતું; રૂપાંતર પામતું; ફેરવાર પામનાર; પરિવર્તનશીલ.

૭. વિ. વારંવાર જન્મનાર

પરિવર્તુલ ૧. [સં.] ન. (ગણિત) ગોળ આકૃતિની આસપાસ દોરેલું વર્તુલ.

૨. વિ. પૂર્ણ ગોળાકારનું.

પરિવર્ત્ત જુઓ પરિવર્ત.

પરિવર્ત્તક જુઓ પરિવર્તક.

પરિવર્ત્તક તારો જુઓ પરિવર્તક તારો.

પરિવર્ત્તક દોષ જુઓ પરિવર્તક દોષ.

પરિવર્ત્તન જુઓ પરિવર્તન.

પરિવર્ત્તનકારી જુઓ પરિવર્તનકારી.

પરિવર્ત્તનકાલ જુઓ પરિવર્તનકાલ.

પરિવર્ત્તનક્ષણ જુઓ પરિવર્તનક્ષણ.

પરિવર્ત્તનતા જુઓ પરિવર્તનતા.

પરિવર્ત્તનદ્વેષ જુઓ પરિવર્તનદ્વેષ.

પરિવર્ત્તનપદ્ધતિ જુઓ પરિવર્તનપદ્ધતિ.

પરિવર્ત્તનવાદ જુઓ પરિવર્તનવાદ.

પરિવર્ત્તનવાદી જુઓ પરિવર્તનવાદી.

પરિવર્ત્તનવિરોધી જુઓ પરિવર્તનવિરોધી.

પરિવર્ત્તનશક્તિ જુઓ પરિવર્તનશક્તિ.

પરિવર્ત્તનશીલ જુઓ પરિવર્તનશીલ.

પરિવર્ત્તનશીલતા જુઓ પરિવર્તનશીલતા.

પરિવર્ત્તનસાધન જુઓ પરિવર્તનસાધન.

પરિવર્ત્તના જુઓ પરિવર્તના.

પરિવર્ત્તનાલંબન જુઓ પરિવર્તનાલંબન.

પરિવર્ત્તની જુઓ પરિવર્તની.

પરિવર્ત્તનીય જુઓ પરિવર્તનીય.

પરિવર્ત્તનીયતા જુઓ પરિવર્તનીયતા.

પરિવર્ત્તવાદ જુઓ પરિવર્તવાદ.

પરિવર્ત્તિકા જુઓ પરિવર્તિકા.

પરિવર્ત્તિત જુઓ પરિવર્તિત.

પરિવર્ત્તિત જ્વર જુઓ પરિવર્તિત જ્વર.

પરિવર્ત્તિની જુઓ પરિવર્તિની.

પરિવર્ત્તી જુઓ પરિવર્તી.

પરિવલ્ક ન. નાણાંનો ઉપયોગ નહિ કરતાં વસ્તુનો અરસપરસ બદલો કરવો તે; સાદું; વસ્તુવિનિમય; બજાર વિનિમયમાં નાણાંની મદદ સિવાય વસ્તુના બદલામાં વસ્તુ અદલાબદલ કરવી તે; 'બાર્ટર.'

પરિવર્ત [સં. પરિવર્તન] જિ. પ્રદક્ષિણા કરતું; ચક્રાકારે ફર્યા કરતું.

પરિવર્દ્ધન [સં.] ન. વધારો; વધવું કે સંખ્યા, સ્થૂલ, વજન, કદ વગેરેમાં કોઈ વસ્તુનું વધવું તે; ખૂબ વૃદ્ધિ; ઇન્ક્રિમેન્ટ.'

પરિવર્દ્ધિત જુઓ પરિવર્ધિત.

પરિવર્ધક ૧. પું. ધ્વનિવર્ધક યંત્ર; 'એમ્પ્લિફાયર.'

૨. [સં.] જિ. વધારનાર; વિસ્તાર કેળવનાર; વૃદ્ધિ કરનાર.

પરિવર્ધન જુઓ પરિવર્દ્ધન.

પરિવર્ધિત ૧. જિ. આરાની ચૌદ ગોઠવણીવાળું; 'પૅનિલ્ડ.'

૨. [સં.] જિ. વિસ્તાર પામેલું; મોટું બનેલું; વધેલું; વૃદ્ધિ પામેલું.

પરિવર્ધિની પદ્મપદી [સં.] પું. (પિંગળ) એક વિષમમાત્રિક છંદ. તે ત્રણ ચરણનો છે. તેમાં ૭ પદ હોય છે. તેના પહેલા, બીજા, ચોથા અને પાંચમા પદમાં સોળ માત્રા હોય, તેમાં ચાર ચાર માત્રાએ યતિ એટલે વિરામો આવે છે. ત્રીજા અને છઠ્ઠા પદમાં છબ્બીસ માત્રા હોય, તેમાં ચાર ચાર માત્રાએ યતિ અને છેલ્લે ગુરુ આવે.

પરિવર્ધિપેક્ષીપદ્મ ન. દ્વિદળ વનસ્પતિ અને વિવૃતપ્રણીજવનસ્પતિ તરીકેના છોડનાં અને ઝાડનાં થડમાં તથા મૂળમાં નવું કદ અને નવી જાત જે નરમ રચક પેશીમાંથી ઉત્પન્ન થાય છે તે પેશીનું પદ્મ; 'કૅમ્બીઅમ લેયર.'

પરિવર્ત્મ [સં. પરિવર્મન્] જિ. બખ્તરથી ઢાંકેલું.

પરિવર્હ ૧. [સં.] પું. રાજાનું છત્ર ચામર વગેરે; રાજ્યચિહ્નરૂપ ચામર, છત્ર વગેરે ચીજો.

૨. પું. રાજાનો રસાલો.

પરિવર્હણ [સં.] ન. મોજ શોખમાં.

પરિવલન [સં.] ન. પરિભ્રમ; ચારે બાજુપાસ ફરવાની ગતિ.

પરિવલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે.

પરિવસથ [સં.] પું. ગામ.

પરિવસન [સં.] ન. નિવાસ; રહેઠાણ.

પરિવસ્ત્રિત [સં.] જિ. ઢાંકેલું; વીંટાયેલું.

પરિવહ ૧. [સં.] પું. ઋમિની સાત જાહેની એક નામની એક જીભ.

૨. પું. મોટું દુઃખ.

૩. પું. સાત જીભોનો એક નામનો એક વાયુ; સ્વરલોકના સપ્તર્ષિ નામના ઋષિ અગ્નિનો વાયુ. કહેવાય છે કે, તે સૂર્યના પવનની ઉપર રહે છે અને આકાશમંડળ ઉપર થઈને વહે છે, તથા શુક્રના તારાને ધુમાવે છે.

પરિવહન [સં.] ન. ઉત્સવનું વાહન.

પરિવંશત ૧. [સં.] પું. વેદમાં વખણાયેલું ઋષિનું એક નામ.

૨. જિ. સર્વ બાબતમાં કપટ કરનાર.

પરિવેદન ૧. [સં.] પું. બોલ બાબતની પહેલાં પોતાને વિદ્વાન કરનાર માનો ભાઈ; પરિવેત્તા.

૨. ન. પ્રશંસા; સ્તુતિ.

પરિવ્રા [સં. પ્રતિપ્રદા] પું. (હિંદી) પ્રત્યેક માસનો પહેલો દિવસ; પડવો.

પરિવ્રાડ ૧. [સં.] પું. બાવરાઃ સંન્યાસ.

૨. પું. બાવરો.

૩. પું. ખોટી નિંદા; ચોરી નિંદા; બદનક્ષી; બદનામી.

૪. પું. કપડાં; ઉપવસ્ત્ર; ઓઢણી.

૫. પું. તડોમત.

૬. પું. તિરસ્કાર.

૭. પું. કપડાં; પુષ્કળ.

બખ્તારી પરિવ્રાડ = દીવાની મુકદમો.

૮. પું. બીજા વખતનું સાધન ખિજરાળ.

૯. પું. બીજાનો બચાવ.

પરિવ્રાડક ૧. [સં.] પું. નિંદા કરનાર વ્યક્તિ.

૨. જિ. ઊંચું જોનાર; નિરીક્ષક.

૩. જિ. નિંદા કરનાર.

૪. જિ. ફરિયાદ કરનાર; ચાડી; આરોપ કરનાર.

૫. જિ. બીજા વખતકાર.

પરિવ્રાડ્‌ભક્ષ [સં.] જિ. બદનક્ષી કરેલું.

પરિવ્રાડ્‌ભિની ૧. [સં.] સ્ત્રી. નિંદા કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. સાત તારની બીજું; સિતાર.

પરિવ્રાડ્‌ભી ૧. [સં. પરિવ્રાડ્‌ભિન્] પું. નિંદક વ્યક્તિ; અપવાદ કે પરિવાદ કરનાર માણસ.

૨. જિ. આરોપ મૂકનાર; ફરિયાદી ચાડી.

૩. જિ. ખોળે ખાંડનાર; નિંદા કરનાર; પરિવાદ કરનારું.

૪. જિ. કપડાં આપનાર.

પરિવ્રાપ ૧. [સં.] પું. બખ્તરખાન.

૨. પું. મુંડન; મૂંડવું તે; હજામત.

પરિવ્રાપિત [સં.] જિ. મૂંડેલું; હજામત કરેલ.

પરિવ્રાપિતા ૧. સ્ત્રી. (જૈન) કરીથી મહાવ્રતો ધારણ કરવાં તે દીક્ષા વિશેષ.

૨. સ્ત્રી. વાવેલું ઊગેલી પાકું રોપવાથી ઊગે તેવી ખેતી; કાંતર વગેરેની ખેતી.

પરિવ્રાપ્ય પું. પરિવ્રાજક.

પરિવાર ૧. [સં.] પું. આવરણ; ઢાંકનારી ચીજ; પરિચ્છેદ.

૨. પું. એક સ્વભાવ કે ધર્મવાળી વસ્તુઓનો સમૂહ.

૩. પું. ઘેરવું તે; વીંટવું તે.

૪. પું. છેબાંધોરણ અને કુટુંબકબીલો; બાઠો; પરસ્તાર; સ્વજનોનો સમુદાય.

૫. પું. ઢાંકવું તે

૬. પું. તરવારનું મ્યાન; કોશ; તરવારની ખોલી.

૭. પું. પરિજન; પોષ્યવર્ગ; નોકરચાકર અને આશ્રિત વગેરેનો સમુદાય; સેવકો; દાસદાસી.

૮. પું. મંડળ; શોભાજન; ઝમરો.

૯. પું. રાજની સવારીમાં તેની પાછળ ઘેરીને ચાલનાર લોક; રસાલો; પરિષદ.

૧૦. પું. સેના; ફોજ; કાફલો.

પરિવારક ૧. [સં.] પું. ઢાલ; ઢોલી ઢાંકર; ઢાંકરની ઘાણી.

૨. પું. ઢાલ; ઢાંકર.

પરિવારગૃહ [સં.] પું. અંતરગૃહ ઘર; 'ઑબિર્ડા.'

પરિવારણ ૧. [સં.] ન. અટકાવવું તે; વારવું તે; રોકવું તે.

૨. ન. આવરણ; આચ્છાદન; ઢાંકવાની ક્રિયા.

૩. ન. મ્યાન; ખોળિયું; કોષ.

પરિવારતા ૧. સ્ત્રી. આશ્રય; આધાર.

૨. [સં.] સ્ત્રી. પરિવારપણું.

પરિવારપાઠ [સં.] પું. પરિશિષ્ટ.

તેમાં પાંચ અંશોનો સમાવેશ થાય છે. ૧. પ્રાતિજ્ઞ, ૨. પાર્શ્વિજ્યાદિ, ૩. મહાવગ્ગ, ૪. ચુલ્લવગ્ગ અને ૫. પરિવારપાઠ (પરિવાર).

પુરાતત્ત્વ

પરિવારિક જિ. પરિવારને લગતું.

શું આ પ્રકારની કૈસલ રાજ્યથી ગુલામની સેવા, બગ્ગાંઓનું પાલનપોષણ અથવા અન્ય પરિવારિક કર્તવ્યોમાં સડાવ મળે છે?

મહિલાસૂબ્ધ

પરિવારિત ૧. [સં.] જિ. બખ્તરપોશ; વારેલ.

૨. જિ. ઘેરેલ; વીંટેલ; ઢાંકેલ.

૩. જિ. પરિવારવાળું.

પરિવાસ ૧. [સં.] પું. નિવાસ; રહેવાનું સ્થળ; મકાન.

૨. પું. (જૈન) સંઘમાંથી બહાર કાઢી મૂકવું તે; અપરાધી ભિક્ષુનો સંઘમાંથી બહિષ્કાર.

૩. પું. સુવાસ; સુગંધ.

પરિવાસન ૧. [સં.] ન. ખંડ; કુચો.
૨. ન. વસાવવું તે.

પરિવાસિત ૧. [સં.] વિ. વસાવેલ.
૨. વિ. કોઇની સેવામાં પરાયણ.

પરિવાહ ૧. પું. તળાવ વગેરેનું પાણી બહાર જઈને નીચ ઊપરથી વહેવું તે; બહાર જવું તે.
૨. [સં.] પું. નહેર.
૩. પું. પૃથ્વીને વીંટળાયેલાં હવાનાં સાત માંહેનું છઠું પડ.
૪. પ્રવાહી પદાર્થનું ધીમે ધીમે વહી જવું કે કોઈ દેશનું પાણી તે દેશની નદીઓ બહવા કરાઓ વડે જે રીતે વહી નીકળી જાય તે.
૫. પું. રેલ; પાણીનું પૂર.
પરિવાહ કરવો = વા કરવો: પાણીમાં નાખવું.
૬. પું. વખારના પાણીને વહેવાના માર્ગ; વખારનું પાણી બહાર નીકળવાનો માર્ગ.
૭. પું. વખારનું પાણી બહાર જતો પ્રવાહ; પાણીનો પ્રવાહ.

પરિવાહક્ષેત્ર ૧. [સં.] ન. પાણી બહાર નીકળવાની જગ્યા.
૨. ન. વનપ્રદેશ.

પરિવાહન [સં.] ન. પ્રવાહી પદાર્થમાં પ્રવાહના રૂપમાં ગરબીનું વહેવું તે.

પરિવાહિકા [સં.] સ્ત્રી. રક્તવાહિની.

પરિવાહિત ૧. પું. બાકું બનાવવાના નવ માંહેનો ઊલ્લો પ્રકાર; પહોળી બાજુ કોઇ બાજુથી બીજી બાજુએ ઢોકું બનાવવું તે. પ્રેમી બનવું, પ્રિયા માટે ઝૂરવું, સુખ, આનંદ, વિચાર વગેરે વખતે તેમ છે.
૨. [સં.] વિ. બસકી બનાવેલ.

પરિવાહી ૧.[સં. પરિવાહિન્] વિ. પ્રવાહવાળું; વહેતું.
૨. વિ. વહીને જાઈ જતું.

પરિવિક્રય ૧. [સં.] પું. ખરીદવું તે.
૨. પું. વેચવું તે.

પરિવિક્રયી [સં. પરિવિક્રયિન્] વિ. વેચવા કે ખરીદવાનો બાપાર કરનાર.

પરિવિક્ષોભ [સં.] પું. નાશ.

પરિવિદ્ધ જુઓ પરિવિત્ત.

પરિવિતર્ક ૧. [સં.] પું. જિજ્ઞાસા; પ્રશ્ન.
૨. પું. પરીક્ષા.

પરિવિત્ત [સં.] પું. પરણેલા નાના ભાઈનો નહિ પરણેલો મોટો ભાઈ; જેનો નાનો ભાઈ પરણ્યો હોય અને પોતે ન પરણ્યો હોય એવો મોટો ભાઈ. ખોટા ભાઈ કરતાં પહેલાં પરણનાર નાનો ભાઈ અવિવાહિત રહેવાતો અને મોટો ભાઈ પરિવિત્ત કહેવાતો.

પરિવિત્તિ જુઓ પરિવિત્ત.

પરિવિત્તિતા [સં.] સ્ત્રી. મોટો ભાઈ કુંવારો હોવા છતાં નાના ભાઈનું પરણવું તે.

પરિવિત્તિત્વ જુઓ પરિવિત્તિતા.

પરિવિદ્ધ ૧. [સં.] પું. કુબેર.
૨. પું. સ્વામી; અધિપતિ; પ્રભુ; માલિક.
૩. વિ. મોતરફથી વીંધેલ.

પરિવિવિદિષન [સં.] પું. મોટા ભાઈ પહેલાં જેનાં લગ્ન થયાં હોય તેવો નાનો ભાઈ; પરિવેત્તા.

પરિવિષ્ટ ૧. [સં.] વિ. રાખ્યા વગેરેથી પ્રવેશ કરેલ.
૨. વિ. પીરસેલું.
૩. વિ. વીંટેલ; ઘેરેલું; ઢંકાયેલું; પરિવેષ્ટિત.
૪. વિ. સેવા કરેલ.
૫. જુઓ પરિવિત્ત.

પરિવિષ્ટિ ૧. [સં.] સ્ત્રી. વ્યાપ્તિ; વ્યાપવું તે.
૨. સ્ત્રી. સેવા; ચાકરી.

પરિવિહાર [સં.] પું. વિહાર; રમતગમત.

પરિવિહ્વલ [સં.] વિ. અત્યંત વિહ્વળ; બહું ગભરાઈ ગયેલ.

પરિવિહ્વલતા [સં.] સ્ત્રી. અત્યંત વિહ્વળપણું; ખૂબ ગભરાટ.

પરિવિંદક [સં.] પું. મોટો ભાઈ કુંવારો હોવા છતાં પરણનાર નાનો ભાઈ; પરિવેત્તા.

પરિવિંદન જુઓ પરિવિંદક.

પરિવી જુઓ પરિવીત ૨–૫

પરિવીક્ષણ [સં.] ન. દર્શનશાસ્ત્ર; સિદ્ધાંત મિમાંસા; પદાર્થો; પદાર્થદર્શન; પદાર્થ દર્શન.

પરિવીત ૧. [સં] ન. વસ્ત્રાનું બહુવચન.
૨. વિ. ઘેરાયેલ.
૩. વિ. મોતરફથી ભરોબાયેલ.
૪. વિ. ઢાંકેલ; આચ્છાદિત.
૫. વિ. પરિવારથી વીંટાયેલ.

પરિવૃક્ષ [સં.] ન. શરીરમાં રહેલું એ નામનું એક અંગ.

પરિવૃક્કાર્બુદ [સં.] પું. એક પ્રકારનું ચૂમડું. તે મૂત્રપિંડની ઉપરની ચરબીમાં થાય છે.

પરિવૃક્ણ ૧. [સં.] વિ. કપાયેલ હાથપગવાળું.
૨. વિ. ઊંદરું કાપેલું.

પરિવૃક્ત [સં.] વિ. તજેલું; છોડેલું.

પરિવૃક્તા ૧. સ્ત્રી. એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પરિવૃક્તી [સં.] સ્ત્રી. વર્ષ કરવા બોલાવ રાજા પાસે હાજર રહેતી રાણી.

પરિવૃઢ ૧. [સં.] પું. અધિપતિ; માલિક; સ્વામી.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ તગણ બંને મુજબ બાર વર્ણ હોય છે.
પરિવૃઢે ના ત જા તા ન આને મટે.
સ્વયંપ્રભ
૩. પું. પતિ; ધણી.
૪. પું. શિવ; હર.
૫. વિ. સમર્થ; શક્તિમાન.

પરિવૃત્ત જુઓ પરિવૃત્ય.

પરિવૃત્તિ જુઓ પરિવૃત્તિ.

પરિવૃત્તિશીલ જુઓ પરિવૃત્તિશીલ.

પરિવૃત્ત ૧. [સં.] ન. આલિંગન; ભેટવું તે.
૨. ન. (ગણિત) કોઈ સુરેખ આકૃતિની આસપાસ ઘોરેલું વર્તુળ; 'સર્કમસ્ક્રાઇબ્ડ સર્કલ.' આકૃતિના શિરોબિંદુમાંથી પસાર થતું વર્તુળ તે આકૃતિનું પરિવૃત્ત કહેવાય છે.
૩. ન. હાથ હલાવવાના બાર માંહેનો એક પ્રકાર; હાથને બાજુ તરફ બાજણ કરવા તે.
૪. વિ. ભોગાકાર કરેલું.
૫. વિ. મોતરફથી ભોગ.
૬. વિ. મોતરફથી વીંટાયેલું; મોતરફથી ઘેરાયેલું
૭. વિ. ઢંકાયેલું.
૮. વિ. ફેરફાર પામેલું; અદલોબદલો થયેલું.
૯ વિ. વારંવાર જન્મેલું
૧૦. વિ. સમાપ્ત; પૂરું થયેલું.

પરિવૃત્તક [સં.] વિ. મોતરફથી ભોગાકારની સમીપનું.

પરિવૃત્તાકૃતિ [સં.] સ્ત્રી. આરે બાજુથી રેખાથી ઘોરાયેલી આકૃતિ.

પરિવૃત્તિ ૧. [સં.] પું. (અલં) એ નામનો એક અર્થાલંકાર. તેમાં એક વસ્તુ આપીને બીજી હીન, સમાન કે ઉત્તમ વસ્તુ લેવાની એટલે કે અદલાબદલીની વાત હોય છે. આ અલંકારના બે મુખ્ય ભેદ છે: એક સમ પરિવૃત્તિ અને બીજો વિષમ પરિવૃત્તિ. પહેલામાં સમાન વસ્તુ કે કીમતની અને બીજામાં અસમાન વસ્તુ કે

કીમતની વસ્તુના અદલાબદલાનું વર્ણન હોય છે. જેમકે, કટાક્ષપૂર્વક એક ભાઇ બેટીને જમુની લક્ષ્મીને હરી લીધી.

૨. સ્ત્રી. અર્થ જેનો એ રહે એવી રીતે એક પદ કે શબ્દને બીજા પદ કે શબ્દ સાથે બદલવો તે; અર્થમાં કોઈ ફેર ન પડે એવી રીતે શબ્દનું બદલવું તે. જેમકે, કમલલોચનના કમલ અથવા લોચનને પદ્મ અથવા નયન સાથે બદલવાં તે.

૩. સ્ત્રી. (તાંત્રિક) એક જાતનું મારણ.

૪. સ્ત્રી. ગોળ ફરવું તે; આવર્તન.

૫. સ્ત્રી. ઢાંકવું તે; વેષ્ટન.

૬. સ્ત્રી. પરિવર્ત; અતિક્રમ; 'ટ્રાન્સગ્રેશન.'

ઇટલાએ વાણીના વેભવ છે. તેની પરિવૃત્તિ ઇટલાએ વેભવ વાણીના છે, એમ સારી રીતે જ કરી શકાય. પારિભાષિક કોષ

૭. સ્ત્રી. પાછા ફરવું તે.

૮. સ્ત્રી. ફેરફાર; અદલોબદલો; વિનિમય.

૯. સ્ત્રી. વારંવાર જન્મવું તે.

૧૦. સ્ત્રી. વીંટળાઈ વળવું તે; ચોતરફ વીંટવું તે; ઘેરવું તે.

૧૧. સ્ત્રી. સમાપ્તિ; અંત.

પરિવૃત્તિશીલ [સં.] વિ. ફેરફાર પામવાના સ્વભાવવાળું; પરિવર્તનશીલ; વધઘટ થતું; ચલિત; બદલાતું; 'વરિએબલ.'

પરિવૃત્તિશીલતા [સં.] સ્ત્રી. ફેરફાર પામવાનો સ્વભાવ.

પરિવૃત્તિસહ [સં.] પું. (વેદાંત) જેનાં પૂર્વ અને ઉત્તર પદને ઊલટાવ્યાથી યોગ્યલક્ષ્ય અર્થનું જ્ઞાન થાય એવો એક જાતનો યૌગિક શબ્દ. જેમકે, સિંહ પદના અંજનોને ઊલટાવ્યાથી હિંસ પદ થાય છે અને તેનો યોગ્યલક્ષ્ય અર્થ હિંસા કરનારું પ્રાણી એવો થાય છે.

પરિવૃદ્ધ ૧. [સં.] વિ. પૂરા વધેલું; બધી રીતે વૃદ્ધિ પામેલું.

૨. વિ. પુષ્ટ; બળવાન.

૩. વિ. સ્થૂળ.

પરિવૃદ્ધિ [સં.] સ્ત્રી. અત્યંત વધવું તે; વધતો વધારો; વૃદ્ધિ.

પરિ વેષ્ટન [સં.] ન. ગ્રંથની પુરવણી; પરિશિષ્ટ.

પરિવેત્તા ૧. [સં. પરિવેતૃ] પું. મોટા ભાઈ પહેલાં પરણનાર નાનો ભાઈ. મોટો ભાઈ અવિવાહિત રહે અને નાનો ભાઈ પરણે તે શાસ્ત્રમાં નિષિદ્ધ અને નિંદિત છે, પરંતુ જ્યારે મોટો ભાઈ જ્યાં બીજા ભાવા બોલાતી હોય, ત્યાં જવા માટે નદી કે પહાડ ઓળંગવો પડતો હોય, ત્યાંના બળદ દસ દિવસ પહેલાં ન આવી શકે, અથવા જે સાઠ, ચાલીસ કે ત્રીસ જોજન દૂર હોય એવા દેશાંતર ગયો હોય, તે નપુંસક, એક ઓઝોલવાળો, વેરવાગમન કરનાર, ક્રૂર સમાન પતિત, અતિ રોગી, જડ, મૂંગો, આંધળો, બહેરો, કુબ્જો, કોઢિયો કે અતિ વૃદ્ધ હોય, શાસ્ત્રમાં મના હોય એવી સ્ત્રી સાથે સંબંધ પરાવતો, શાસ્ત્રવિધિને નહિ જાનનારો, પોતાના પિતાનો અનૌરસ પુત્ર હોય, ચોર હોય કે વિવાહ કરવા ન આવતો હોય અને નાના ભાઈને વિવાહ કરવાની પોતે અનુમતિ આપી હોય, ત્યારે મોટા ભાઈની પહેલાં વિવાહ કરવાથી નાના ભાઈને દોષ લાગતો નથી. દેશાંતર ગયેલ ભાઈને માટે જ્યારે બધે ઠેકાણે સંદેશોમાં વધુ વખત રાહ જોવાનું કહેવા છે, પણ કોઢિયા, પતિત વગેરેના સંબંધમાં નહિ.

૨. પું. શાસ્ત્રીય સિદ્ધાંત.

પરિવેદ [સં.] પું. પરિજ્ઞાન; પ્રકૃષ્ટ જ્ઞાન; યથાર્થ જ્ઞાન; પૂરું જ્ઞાન.

પરિવેદક જુઓ પરિવેત્તા.

પરિવેદન ૧. [સં.] ન. અગ્નિહોત્ર માટે અગ્નિની સ્થાપના.

૨. ન. ચોતરફ વૃત્તિ; સર્વ તરફ સ્થિતિ.

૩. ન. ચોતરફનું જ્ઞાન; પૂરું જ્ઞાન; પરિજ્ઞાન.

૪. ન. દુઃખ; કષ્ટ.

૫. ન. મોટો ભાઈ કુંવારો હોય છતાં નાનો ભાઈ પરણે તે; મોટો ભાઈ કુંવારો હોય છતાં નાના ભાઈએ અગ્ન્યાધાન લેવું તે.

૬. ન. વાદવિવાદ; ચર્ચા.

૭. ન. વિચક્ષણપણું; તીક્ષ્ણ બુદ્ધિ હોવાપણું; ચતુરાઈ.

૮. ન. વિદ્યમાનપણું; મોજૂદ હોવાપણું.

૯. ન. લગ્ન.

૧૦. ન. લાભ; પ્રાપ્તિ.

પરિવેદના ૧. [સં.] સ્ત્રી. ચતુરાઈ; વિચક્ષણતા.

૨. સ્ત્રી. દીર્ઘદૃષ્ટિ.

પરિવેદનીય [સં.] વિ. ચોતરફથી જાણવા જેવું; સર્વ તરફ સ્થિતિ કરવા યોગ્ય.

પરિવેદનીયા [સં.] સ્ત્રી. મોટો ભાઈ કુંવારો હોય છતાં પરણેલા નાના ભાઈની સ્ત્રી; પરિવેત્તાને પરણનાર કન્યા.

પરિવેદિની જુઓ પરિવેદનીયા.

પરિવેશ ૧. પું. વાડ; કોટ.

૨. [સં.] પું. ઘેરાવો; ઘેર.

૩. પું. ચતુરસ્ર રેખા.

૪. પું. પરિધિ.

૫. પું. પીરસવું તે.

૬. પું. મહાપુરુષના માથાની આસપાસ દેખાતું પ્રભામંડળ.

૭. પું. વર્તુળ; ચક્ર.

૮. પું. વીંટવું તે; ઘેરવું તે.

૯. પું. સૂર્ય ચંદ્રની આસપાસ દેખાતું તેજનું કૂંડાળું; જળકૂંડું; તેજનું મંડળ; 'હેલો.'

૧૦. પું. સૂર્ય કે ચંદ્રનું બિંબ.

પરિવેશક [સં.] પું. ઘેરાવો.

પરિવેશન જુઓ પરિવેશ.

પરિવેશન ૧. [સં.] ન. ઘેર; ઘેરાવો; પરિધિ.

૨. ન. ઘેરવું તે.

૩. ન. પીરસવું તે.

પરિવેશી [સં. પરિવેશિન્] વિ. ઘેરાવાવાળું; મંડળવાળું.

પરિવેષ જુઓ પરિવેશ.

પરિવેષક ૧. [સં.] પું. ઘેરાવો; પરિધિ.

૨. વિ. ઘેરનાર.

૩. વિ. હાંકનાર.

૪. વિ. પાટો બાંધનાર.

૫. વિ. પીરસનાર.

૬. વિ. વીંટનાર.

પરિવેષણ ૧. [સં.] ન. જમવા માટે થાળામાં મૂકવું તે; પીરસવું તે.

૨. ન. પરિસ્થિતિ; આસપાસની સ્થિતિ.

૩. ન. ભોજનપાત્ર.

૪. ન. વીંટવું તે; ઘેરવું તે.

૫. ન. સૂર્ય ચંદ્રની આસપાસ દેખાતું તેજોમંડળ.

પરિવેષણા [સં.] સ્ત્રી. ભિક્ષા પીરસવાની ક્રિયા.

પરિવેષી ૧. [સં. પરિવેષિન્] વિ. ઘેરાવાવાળું; મંડળવાળું.

૨. વિ. પીરસવાવાળું.

પરિવેષ્ટન ૧. [સં.] ન. આચ્છાદન; કોઈ ચીજની આસપાસ પાળ્યો બાંધે વીંટળાયેલું પડ; ઢાંકણ.

૨. ન. આસપાસ વીંટાયેલું બળ.

૩. ન. ઉપરનો ખાડો ઘર; ઓટલું.

૪. ન. ઓઢું; ઓથ

૫. ન. ચૂમડા વગેરે ઉપર પાટો બાંધવો તે.

૬. ન. ઘેરવું તે

૭. ન. ઘેરાવો; પરિધિ.

૮. ન. ચાદર; ઓઢણ.

૯. ન. પરબીડિયું.

૧૦. ન. પરિસ્થિતિ.

૧૧. ન. ચારદાનાં; ખાંપણ.
૧૨. ન. વીંટવું તે.

પરિવેષ્ટા ૧. [સં. પરિવેષ્ટૃ] વિ. વેરનાર.
૨. વિ. ઢાંકનાર.
૩. વિ. પાટો બાંધનાર.
૪. વિ. પીરસનાર.
૫. વિ. વીંટનાર.

પરિવેષ્ટિત ૧. [સં.] વિ. વેરાયેલું.
૨. વિ. ઢંકાયેલું.
૩. વિ. પાટો બંધાયેલું.
૪. વિ. પીરસાયેલું.
૫. વિ. વીંટળાયેલું.

પરિવેસના કુ. (જૈન) ભોજનસમારંભ.

પરિવ્યક્ત [સં.] વિ. પૂર્ણ સ્પષ્ટ; પૂર્ણ પ્રકટ.

પરિવ્યય [સં.] પું. ખર્ચાવો.

પરિવ્યાધ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. બ્યોર; દુખોરપણ.
૩. પું. કસિયારા; મરમાળો.
૪. પું. ચોતરફથી વીંધનાર બાણ.
૫. પું. બળબળાવો; ધમધમો.
૬. પું. પાણીમાં થતું નેતર; અંબુવેતસ.

પરિવ્રજિત [સં.] વિ. પરિવ્રજ્યા લીધી હોય તેવું.

પરિવ્રજ્ય સ્ત્રી. સાધુનું ચલન.

પરિવ્રજ્યા ૧. [સં.] સ્ત્રી. અહીંતહીં ભમવું તે.
૨. સ્ત્રી. તપસ્યા.
૩. સ્ત્રી. દીક્ષા; સંન્યાસ.
પરિવ્રજ્યા લેવી = સંન્યાસ ગ્રહણ કરવો; દીક્ષા લેવી.
૪. સ્ત્રી. ભિક્ષુકવૃત્તિથી જીવનનિર્વાહ કરવો તે.
૫. સ્ત્રી. યાત્રા; પરિભ્રમણ; પર્યટન.

પરિવ્રાજ ૧. [સં. પરિવ્રાજ્] પું. સદા ભ્રમણ કરતો હોય એવો સંન્યાસી.
૨. પું. સંન્યાસ; યતિ; ભિક્ષુ; પરમહંસ.

પરિવ્રાજક ૧. પું. જુદા જુદા થવું તે; સમ્યક્ સંયુક્ત થવું તે.
૨. [સં.] પું. યતિ; સંન્યાસી; ભિક્ષુ; જેણે સંસાર અને માનનો ત્યાગ કરેલો હોય તે.
૩. પું. યોગી; પરમહંસ.
૪. પું. સંન્યાસી.
૫. ન. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

પરિવ્રાજકતા [સં.] સ્ત્રી. સંન્યાસીપણું; સંન્યાસીપણું.

પરિવ્રાજક ધર્મ [સં.] પું. પ્રતિસંચય; નિષ્પરિગ્રહ; સંન્યાસી ધર્મ.

પરિવ્રાજકાચાર્ય [સં.] પું. સંન્યાસી હોય એવા ગુરુ.

પરિવ્રાજકોપનિષદ [સં.] સ્ત્રી. એ નામનું અથર્વવેદનું એક ઉપનિષદ.

પરિવ્રાજિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોરખમુંડી; ભાવણી.

પરિવ્રાજિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની બહુ ઓછાં કપડાં પહેરનારી, વિષયો, ધનની હોડિયાર, પોતાનું ગુજરાન ભિક્ષાવૃત્તિથી ચલાવનારી, રાજદરબારમાં સન્માન પામતી હોય એવી અને રાજમંત્રીઓને ઘેર જેની અવરજવર હોય એવી બહુરૂપી સ્ત્રી.
૨. સ્ત્રી. સંન્યાસિની; ત્યાગી સાધ્વી; સાધ્વીવર્યા કરવા લિખ્યો સાથે ૧ એવી રહેતી પંક્તિ ૧ સાધુ સ્ત્રી.

પરિવ્રાજિકા ગ્રહ [સં.] પું. સાધ્વીઓનો ગ્રહ.

પરિવ્રાજિકાશ્રમ [સં.] પું. સાધ્વીઓનો આશ્રમ.

પરિવ્રાજ્ય [સં.] સ્ત્રી. ગોરખમુંડી.

પરિવ્રાડ [સં. પરિવ્રાજ્] પું. પરિવ્રાજ; પરિવ્રાજક; સાધુ; સંન્યાસી.

પરિશંકનીય [સં.] વિ. શંકા આવે તેવું; સંપૂર્ણ શંકા કરવા જેવું.

પરિશંકા [સં.] સ્ત્રી. સંપૂર્ણ શંકા.

પરિશંકિત [સં.] વિ. નાપેલું; અવલીત થયેલું.

પરિશંકી [સં. પરિશંકિન્] વિ. સંપૂર્ણ શંકા કરનાર; વહેમી.

પરિશાક ૧. પું. ઢગાપણું; પ્રચુરતા.
૨. પું. શાક.
૩. પું. પાકવું તે; પાકવાપણું.
૪. પું. વિનાશ કરવાપણું.

પરિશાટન ન. ગર્ભપાત કરવો તે.

પરિશાની સ્ત્રી. પરેશાની; મુશ્કેલી.

પરિશાપ [સં.] પું. અત્યંત શાપ.

પરિશાં ૧. વિ. અસ્તવ્યસ્ત થયેલ; છૂટુંછવાયું થયેલ.
૨. [જા. પરેસાં] વિ. મૂંઝાયું થયેલ.

પરિશિતા સ્ત્રી. (સંગીત) એક પ્રકારનું વાદ્ય.

પરિશિષ્ટ ૧. [સં.] ન. કોઈ પણ પુસ્તકના પાછલા ભાગમાં આપેલું વિસ્તૃતવાર નોંધપત્રક; પુરવણી ગ્રંથ; ગ્રાહીત ભાગનો ગ્રંથ.
૨. ન. ગ્રંથમાં કહેવી બાબત કરતાં વિશેષ કહેવાનું કાંઈ બાકી રહેલું હોય તે અનુભવનાદ્ પ્રકરણ; પુરવણી પ્રકરણ; ગ્રંથ કે લેખની પુરવણી; 'એપેન્ડિક્સ.'
૩. ન. હેરિસ્તા; યાદી; અનુક્રમણિકા; 'શીડ્યુલ.'
૪. ન. વધારાનું બબાણ; વધારો; ઉમેરણ; શેષપૂર્તિ.
૫. ન. સમાપ્તિદર્શન; ઉપસંહાર.
૬. વિ. શેષ; બાકી; બાકી વધેલું; અવશિષ્ટ.

પરિશીર્ષક ન. બાકી વધેરેથી બતાવેલો બાબાનો આકાર.

પરિશીલક ૧. [સં.] વિ. પરિશીલન કરનાર.
૨. વિ. મનમેળ કરનાર; બાસ કરીને બનાર વરવહુનો પરસ્પર મનમેળ કરી આપનાર.
૩. વિ. વારંવાર મનથી ધ્યાનમાં આરોપનાર.

પરિશીલન ૧. [સં.] ન. ઊંડો અભ્યાસ; મનનપૂર્વક અભ્યાસ; બધી વાતો વિચારી સમજીને અભ્યાસ કરવો તે; ફરી ફરીને અભ્યાસ કરવો તે.
૨. ન. બારે તરફથી તપાસવું તે.
૩. ન. બાતી સળગવું બાંધવું તે; બાસિંચન.
૪. ન. બનાર વરવહુએ મન મેળવી લેવાં તે; મનમેળ.
૫. ન. દીર્ઘ સેવન; અનુશીલન.
૬. ન. ધ્યાન; વિચારણા.
૭. ન. પાન; અધ્યયન; નિદિધ્યાસન.
૮. ન. વારંવાર કરવું તે.
૯. ન. સંયોગ; સમાગમ; સ્પર્શ.
૧૦. ન. સેવા; સારવાર.

પરિશીલનવૃત્તિ [સં.] સ્ત્રી. ઊંડા અભ્યાસની વૃત્તિ.

પરિશીલનશૂન્ય [સં.] વિ. પરિશીલન વિનાનું.

પરિશીલિત ૧. [સં.] વિ. અતિ સંભળી.
બાતાધિરાની સેના કરવામાં પરિશીલિત દંપતીઓ સ્થાને સ્થાને અદ્વૈતાભિલાષથી પ્રવૃત્ત થાય છે. ગોવર્ધનરામ
૨. વિ. પરિશીલન વડે ઉત્પન્ન થયેલ.
૩. વિ. મનમેળ થયેલું; પરિશીલન પામેલું; પરિશીલન કરાયેલું.

પરિશુદ્ધ ૧. [સં.] વિ. કરજમાંથી મુક્ત થયેલ.
૨. વિ. બધું જ પવિત્ર.
૩. વિ. નિર્મળ; સ્વચ્છ.
૪. વિ. પવિત્ર કરેલું; પૂર્ણપણે શુદ્ધ.
૫. વિ. ભરી બાપેલું.

પરિશુદ્ધવું સ. ક્રિ. ચોખ્ખું કરવું; શુદ્ધ બનાવવું; સુધારવું.

પરિશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. અત્યંત સ્વચ્છતા; વિશુદ્ધિ; પૂર્ણ શુદ્ધિ.
૨. સ્ત્રી. છુટકારો.
૩. સ્ત્રી. કરેલું બાકી કરવું તે; કરજની ચૂકવણી.
૪. સ્ત્રી. દોષનિર્મુક્તિ.
૫. સ્ત્રી. પવિત્રતા.

પરિશુષ્ક ૧. [સં.] વિ. તળેલું માંસ.
૨. વિ. અત્યંત સૂકું; બિલકુલ નીરસ.

પરિશૂન્ય [સં.] વિ. અત્યંત સૂના; બિલકુલ ખાલી.

પરિશેષ ૧. [સં.] પું. (ન્યાય) એ નામનું એક પ્રમાણ.
૨. પું. જે કંઈ બાકી રહેલું હોય તે.
૩. પું. પરિશિષ્ટ.
૪. પું. (વેદાંત) પ્રાપ્ત અર્થને નિષેધ કરવાથી તેનાથી ભીન્ન અર્થમાં અપ્રાપ્તિ થતાં પરિણામથી રહેલા અર્થમાં અનુમિતિ જ્ઞાનની વિષયતા. જેમકે, ઇષાદિ મૃત્યુની પેઠે શબ્દ પણ મૃત્યુ છે, માટે તે પણ અવશ્ય કોઈ દ્રવ્યનો આશ્રિત હોવો જોઈએ, પણ પૃથ્વી આદિક બાકી દ્રવ્યોમાં કોઈ તેનો આશ્રય જણાતો નથી, માટે બાકી રહેલું આકાશ એ તેનો આશ્રય છે, એમ અનુમાન કરવું એ પરિશેષ.
૫. પું. સમાપ્તિ; અંત.
૬. વિ. અવશિષ્ટ; બાકી વધેલું; વધારાનું; શેષ; બાકી.

પરિશેષ ઉપપત્તિ [સં.] સ્ત્રી. (અલંકાર) અમુક બાબતો સમારવા નિષેધ કરી બાકી રહેલ વાતો બાબત સિદ્ધ કરવી એવા પ્રકારની સાબિતી; નેતિ નેતિ; 'પ્રૂફ બાય એલિમિનેશન.'

પરિશેષણ જુઓ પરિશેષ.

પરિશેષ સત્યોપરણ જુઓ પરિશેષ ઉપપત્તિ.

પરિશેષાનુમાન જુઓ પરિશેષ ૪.

પરિશેષ્યપ્રકાર જુઓ પરિશેષ ઉપપત્તિ.

પરિશોધ ૧. [સં.] પું. ચોતરફથી પવિત્ર કરવું તે; સારી રીતે શુદ્ધ કરવું તે; પૂર્ણ શુદ્ધિ.
૨. પું. ચોતરફથી બારીકાઈથી તપાસ કરવી તે; ખૂબ શોધ.
૩. પું. દેવું ભરી આપવું તે; ઋણશુદ્ધિ.

પરિશોધક ૧. [સં.] વિ. અત્યંત શુદ્ધ કરનાર; પવિત્ર કરનાર.
૨. વિ. દેવું અદા કરનાર.

પરિશોધન ૧. [સં.] ન. કરજ પૂરેપૂરું ભરી દેવું તે; દેવું અદા કરવું તે.
૨. ન. ધન બાદબાકીને અરબ કરતાં તેનું પરબાકી બાદ રૂપમાં ફેરવાઈ જવું તે; 'સબ્સ્ટ્રેક્શન.'
૩. ન. પૂરી રીતે સાફ કે શુદ્ધ કરવું તે; પૂર્ણ શુદ્ધિ; ચોતરફથી પવિત્ર કરવું તે.
૪. ન. વેર વસૂલ કરવું તે; વેરની વસૂલાત.
૫. ન. સદ્‌ગતિ.
૬. ન. સૂક્ષ્મ અવલોકન; બારીક અન્વેષણ; પરિશોધ; ચોતરફથી બારીકાઈથી તપાસ કરવી તે; ખૂબ શોધ.

પરિશોધિત [સં.] વિ. વિશેષ શોધેલું.

પરિશોષ [સં.] પું. અત્યંત સુકાઈ જવું તે.

પરિશોષક [સં.] વિ. અત્યંત સુકવનાર.

પરિશોષણ ૧. [સં.] ન. અત્યંત સુકાવું તે.
૨. ન. પૂરેપૂરું શોષાઈ જવું તે; ચુસાઈ જવું તે

પરિશોષણીય [સં.] વિ. અત્યંત સુકવવા જેવું.

પરિશોષિત [સં.] વિ. સુકવી નાખેલું.

પરિશ્રમ ૧. [સં.] પું. આયાસ.
૨. પું. થાક; શ્રાંતિ.
૩. પું. સજા; શિક્ષાત્મક.
૪. પું. સારી રીતે મહેનત કરવી તે; કષ્ટસાધક પ્રયાસ; મહેનત; તસદી; શ્રમ લેવો તે; ઉદ્યમ; આયાસ.
પરિશ્રમ લેવો = ખૂબ મહેનત કરવી.

પરિશ્રમી [સં. પરિશ્રમિન્] વિ. ઉદ્યોગી; મહેનતુ; પરિશ્રમ લેનાર.

પરિશ્રય ૧. [સં.] પું. આશ્રય; રહેવાનું સ્થાન; આશરાની જગ્યા.
૨. પું. કરવું તે; ભરવું તે; ટપવું તે.
૩. પું. સભા; મિત્રમંડળ; પરિષદ.

પરિશ્રવ ૧. પું. (જૈન) આસ્રવ; કર્મબંધનનું કારણ.
૨. પું. (જૈન) કર્મ તજવાનું સ્થાન; કર્મ છોડવાનો હેતુ.
૩. [સં.] પું. જન્મ.
૪. પું. નદીનો પ્રવાહ.

પરિશ્રવા ૧. પું. જખને ખરે બાજ નેત્રમાંથી પાણી વહે તેવો રોગ.
૨. પું. (પુરાણ) સોમવંશી ભીમસેનનો એ નામનો પુત્ર. જેની માનું નામ સુકુમારી અને બીજું નામ સૌવલ્લસુંદરી હતાં. જેને ટેવશ્રુતિ, શાંતનુ અને બાહ્લિક નામના બીજા પુત્રો હતા.

પરિશ્રાય જુઓ પરિશ્રાંતિ.

પરિશ્રાવી [સં. પરિશ્રાવિન્] પું. એક પ્રકારનો અસંદ્રુત નામનો રોગ. તે મટ્યા બાદ થાય છે. તેમાં વધુ ને વધુ ઝરણ આવે, બહુ જ નીકળે, ચોટી પીડા અને બેભાન કરનારી બેચેની થાય છે અને તે હંમેશા વધતા કરે છે.

પરિશ્રાંત ૧. [સં.] પું. થાક.
૨. વિ. પરિશ્રમ પામેલ; થાકેલ; અત્યંત થાકી ગયેલ.

પરિશ્રાંતિ [સં.] સ્ત્રી. અત્યંત થાક; પરિશ્રમ.

પરિશ્રિત ૧. [સં. પરિશ્રિત] સ્ત્રી. કનાત; પડદો
૨. સ્ત્રી. વચમાં કાંઠા આવતા એક બાજુના પથ્થરનો કટકો.
૩. [સં.] વિ. આશ્રિત.
૪. વિ. ચોતરફથી વીંટાયું તે.
૫. વિ. વરસાદ દૂર કરવા માટે પડદા વગેરેથી વીંટ્યું તે
૬. વિ. આશ્રિત.
૭. વિ. સાંભળેલ; સાંભળ્યું કરેલ.

પરિશ્રુત [સં.] વિ. વિખ્યાત; પ્રસિદ્ધ; મશહૂર.

પરિશ્રુતા [સં.] સ્ત્રી. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; માત્રાવાચિની. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ અને લગણ મળી બાર અક્ષર હોય છે. આ છંદ સંકીર્ણ વર્ગનો છે.

પરિશ્રુતિ [સં.] સ્ત્રી. અવણ; સાંભળવું તે.

પરિશ્લિષ્ટ [સં.] વિ. ભેટેલું; આલિંગન કરેલું.

પરિશ્લેષ [સં.] પું. આલિંગન; ભેટવું તે.

પરિષજ્જા સ્ત્રી. (અ. મ્રુ.) બાર્ડ.

પરિષત જુઓ પરિષદ.

પરિષત્તા ૧. [સં.] સ્ત્રી. સભાપણું.
૨. સ્ત્રી. સભાનું કામ.

પરિષદ ૧. પું. પરિવાર.
૨. પું. મુસાહબ; દરબારી.
૩. પું. સભાસદ મહાસભાનો સભ્ય.
૪. પું. સમૂહ; સમાજ.
૫. પું. સવારીમાં સ્વામીને ઘેરીને ચાલનાર અનુચર.
૬. પું. સેવક; નોકર; દાસ.
૭. [સં. પરિષદ્] સ્ત્રી. અતિ પ્રાચીન સમયમાં આર્ય પૂર્વજોએ રચેલી એ નામની એક સંસ્થા. તે મુખ્યત્વે કરીને ધાર્મિકોની બનતી.

તે રાજનીતિ, ધર્મશાસ્ત્ર વગેરે વિષયો ઉપર સલાહ આપવા માટે રાજા તરફથી બોલાવવામાં આવતી. તેનો નિર્ણય સર્વમાન્ય ગણાતો. મનુ, યાજ્ઞવલ્ક્ય અને પરાશર એ સ્મૃતિકારોએ પરિષદની રચના બતાવી છે તે પ્રમાણે મીમાંસા, ન્યાય, વેદાંત વગેરે ભણનારા ઓછીવત્તી વિદ્વાનોની પરિષદ બનતી હતી. એ સંખ્યા બારથી પચ્ચે ઓછી પણ થઈ શકતી હતી, તે ઠેઠલે સુધી કે ત્રણ વિદ્વાનની પણ પરિષદ ગણાય એવો સંપ્રદાય હતો. ધર્મશાસ્ત્રના સંદિગ્ધ પ્રશ્નોનો નિર્ણય લોકોની મારફતીથી આપવો એ આ પરિષદનું મુખ્ય કર્તવ્ય હતું. એમ પણ મનાય છે કે, દેવબ્રાહ્મણને અનુસરીને ધર્મશાસ્ત્રમાં ફેરફાર કરવાનો પ્રસંગ મળે પરિષદ ભરીને એ વિષે નિર્ણય થતો હતો. આ પરિષદમાં બેસનાર વિદ્વાનોનાં વિદ્યા, વય વગેરેને લીધે અધિકારનાં લક્ષણ પણ ઠરાવેલાં હતાં.

૯. જી. વિદ્વાન વિદ્વાનું કોઈ કાર્યની ચર્ચાવિચારણા માટે ભેગા થઈને બેસવું તે; સભા; બેઠક; પરિષદ; મંડળી.

પરિષદ ભરવી = સભા બોલાવવી; સભા બેસી કરવી.

૯. જી. શાળા; પાઠશાળા; નિશાળ; કોલેજ.

પરિષદ્‌ધ્યક્ષ [સં. પરિષદ્ + અધ્યક્ષ] પું. સભાપતિ; પરિષદનો પ્રમુખ.

પરિષદ્ય ૧. પું. દર્શક; પ્રેક્ષક.
૨. [સં.] પું. સભા યોગ્ય પ્રમાણ અગ્નિ.
૩. પું. સભ્ય; સભાસદ.
૪. વિ. સભાને યોગ્ય.

પરિષદ્વલ [સં.] પું. સભાસદ; સદસ્ય.

પરિષહ જુઓ પરિસહ.

પરિષિક્ત [સં.] વિ. ભરેલું; સિંચેલું.

પરિષીવ્ય ૧. [સં.] ન. ઝાંઝ કેરી તે.
૨ ન. સીવવું તે.

પરિષ્ટુતિ ૧. [સં.] સ્ત્રી. પ્રેરણા; પ્રેરણા કરવી તે; પ્રેરવું તે.
૨. વિ. પ્રેરણા કરનાર; પ્રેરક.

પરિષેક ૧. [સં.] પું. છાંટવું તે; સિંચવું તે; પ્રોક્ષણ.
૨. પું. વેદના નરમ પડે એટલા માટે ઠંડા ઠંડા કરાથી વસ્ત્ર કે દુખતા ભાગને ભરવું તે.
૩. પું. સ્નાન.

પરિષેકરવેદ પું. પગે નરમ સાધન વડે લાંબ સેવી તે.

પરિષેચક [સં.] વિ. પ્રોક્ષણ કરનાર; સિંચનાર; છાંટનાર.

પરિષેચન જુઓ પરિષેક.

પરિષ્કર ૧. [સં.] પું. રક્ષની ચોતરફથી રક્ષા.
૨. પું. અલંકાર કરવું તે; શોભા કરવી તે.

પરિષ્કરણ [સં.] ન. શુદ્ધ કરવું તે; સાફ કરવું તે.

પરિષ્કંદ ૧. [સં.] પું. ચાકર; સેવક.
૨. પું. ગોત્રપિતા સિવાય બીજાએ પાલનપોષણ કરેલ સંતતિ; પરપોષિત સંતતિ
૩. વિ. ચોતરફ રહી રક્ષણ કરનાર.
૪. વિ. બીજાએ પોષેલ.

પરિષ્કાર ૧. [સં.] પું. ઓપ અલંકાર; સજાવટ; ઘરેણું; આભૂષણ.
૨. પું. તૈયાર કરવું તે; સજાવટ.
૩. પું. રાજરમીલું.
૪. પું. સજાવવું તે.
૫. પું. શુદ્ધિ; સંસ્કાર; સફાઈ.
અહીં રસની અશોભ્યતા કરતાં પરંપરાપ્રાપ્ત સાહિત્યિનો પરિષ્કાર કરીને જોઈએ.
ચંદ્રશંકર શુક્લ
૬. પું. શોભા.
૭. પું. (ગૌણ) સંયમ.
૮. પું. સ્વચ્છતા; નિર્મળતા.
૯. પું. બનાવી પરાવવી કોઈ વસ્તુમાં બીજા ગુણોનું સ્થાપન.

પરિષ્કારક [સં.] પું. ઓપ ચઢાવનાર માણસ. બીજા પણ પરિષ્કારકો પણ ભોતીના અતિ મહત્વના તાલીસ્માન તરીકે મુખ્યત્વે નામ છે.
ચિત્રમય જગત

પરિષ્કારણ ૧. [સં.] પું. પાલનપોષણ કરાયેલ હોવ તે.
૨. પું. ક્ષાત્રવિધિ પ્રમાણે પોતાનો કરેલ બીજાનો પુત્ર; દત્તક પુત્ર.

પરિષ્કૃત ૧. [સં.] વિ. અલંકૃત; સજાવેલું.
૨. વિ. ભોગ કરેલ.
૩. વિ. પ્રાયશ્ચિત્ત ક્રિયાઓથી પવિત્ર બનેલું.
૪. વિ. માંજેલું કે ધોયેલું.
૫ વિ. વાણીથી સાફ કરેલ; સ્પષ્ટ કરેલ.
૬. વિ. સંસ્કારવાળું; શુદ્ધ કરેલું; સાફ કરેલું.

પરિષ્કૃત ભૂમિ [સં.] સ્ત્રી. યજ્ઞ માટે તૈયાર કરેલી જમીન; યજ્ઞમાં સંસ્કારવાળી કરેલી ભૂમિ.

પરિષ્કૃતા જુઓ પરિષ્કૃતભૂમિ.

પરિષ્કૃતિ જુઓ પરિષ્કાર.

પરિષ્ક્રિયા ૧. [સં.] સ્ત્રી. માંજવું તે; ધોવું તે; સાફ કરવું તે.
૨. સ્ત્રી. સજાવવું તે; અલંકૃત કરવું તે; શોભાવવું તે.
૩. સ્ત્રી. શુદ્ધ કરવું તે; શોધવું તે.

પરિષ્ટવન [સં.] પું. ખૂબ પ્રશંસા કરવી તે.

પરિષ્ટિ [સં.] સ્ત્રી. અન્વેષણ; શોધ; તપાસ.

પરિષ્ટોમ [સં.] પું. એક નામનું એક જાતનું સ્તુતિવાળું સામગાન.

પરિષ્ટોમ ૧. પું. એક પ્રકારનો યજ્ઞનો.
૨. [સં.] પું. તર્કિયો; ઓશીકું.
૩. પું. હાથી વગેરેની પીઠ ઉપર નાખવાની ગૂણ.
૪. ન. મરતક.

પરિષ્ઠ ધર્માસન [સં.] ન. ઉચ્ચ અદાલત; 'હાઈ કોર્ટ.'

પરિષ્પંદ ૧. [સં.] પું. પરિવાર.
૨. પું. પુષ્પ વગેરેથી બનાવેલી વગેરેની રચના.
૩. પું. વેણીથી બાંધ સજાવવા તે.
૪. પું. સજાવટ; અલંકાર.
૫. વિ. ચારે તરફથી ફરતું.

પરિષ્પંદ ૧. [સં.] પું. બી વગેરેનું ઝરવું કે ટપકવું તે.
૨. પું. દ્વીપ; દ્વીપ.
૩. પું. નદી.
૪. પું. પ્રવાહ; ધારા.
૫. પું. બીનવા; બોજ.
૬. પું. સમૂહ; દરિયો.

પરિષ્પંદી [સં. પરિષ્પંદિન્] વિ. વહેતું; પ્રવાહવાળું.

પરિષ્પરિવું [સં. પરિષ્પર્] સ. ક્રિ. આલિંગન દેવું; ભેટવું.

પરિષ્પંગ ૧. [સં.] પું. આલિંગન; ભેટવું તે.
૨. પું. સગપણ.
૩. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરના અત્રિનિ ઋષિના ૭ માહેનો એ નામનો એક પુત્ર. કૃષ્ણના ભાઈ તરીકે જન્મ થઈ એ કંસને હાથે મારો ગયો હતો.

પરિષ્પંજન [સં.] ન. આલિંગન; ભેટવું તે.

પરિસક્થ [સં.] પું. સથવારો.

પરિસમર્પિત [સં.] વિ. બધી રીતે અર્પણ કરાયેલ; સંપૂર્ણ રીતે આપી દીધેલ.

પરિસમાપ્તિ [સં.] ન. સમાપ્તિ; સંપૂર્ણતા.

પરિસમાપિત વિ. પરિપૂર્ણ કરેલ.

પરિસમાપ્ત ૧. [સં.] વિ. તદ્દન પૂરું; સંપૂર્ણ.
૨. વિ. પૂરેપૂરું સમજવામાં આવી ગયેલું.

પરિસમાપ્તિવું ૧. ન. ક્રિ. બધ પામવું; અંત પામવું.
૨. ન. ક્રિ. સંપૂર્ણ થવું; પાર પામવું; પૂર્ણાહુતિ થવી.

પરિસમાપ્તિ ૧. [સં.] સ્ત્રી. ચોતરફથી સમાપ્ત થવું તે; સંપૂર્ણતા.
૨. સ્ત્રી. પર્યાપ્તિ; સમાવેશ થયો તે.

પરિસમૂહન [સં.] ન. ચતાદિની સર્વ તરફ બળ વગેરેથી માર્જન કરવું તે; યજ્ઞમાં અગ્નિ ઉપર જોક્ષણ વિના સમિધ મૂકવી તે; સર્વ તરફ પડેલા ઘાસને ઉઠાવી યજ્ઞાગ્નિમાં નાખવાં તે.

પરિસર ૧. પું. અષ્ટાપદ જનાવર.
૨. પું. કિનારો; કાંઠો.
૩. [સં.] પું. કોઈ સ્થાનની આસપાસની ભૂમિ; પડોશનો પ્રદેશ; શહેરની પાસેનું કે સામેનું સ્થાન.
૪. પું. દેવ; દેવતા.
૫. પું. નદી, નગર, પર્વત વગેરેનો ઢોળો.
૬. પું. પાદર.
૭. પું. પ્રદેશ; મુલક; વિસ્તારવાળી જમીન.
૮. પું. મેરુ; મેરુ.
૯. પું. વિધિ; નિયમ; વિધાન.
૧૦. પું. શિરા; નાડી.
૧૧. પું. સમીપપણું; પાસે હોવાપણું.
૧૨. પું. સંલેખો; આજુબાજુની વસ્તુઓ.
૧૩. વિ. મળેલું; ભેગાયેલું.

પરિસરણ ૧. [સં.] ન. ચાલવું તે; ભ્રમણ; પર્યટન.
૨. ન. ફેલાવો; વિસ્તાર.
૩. ન. મેરુ; મોત.
૪. ન. હાર; પરાભવ.

પરિસરિયભાગ પું. કુરકુસપરા કણનું બાજરનું પદ. તે બંને જાનુ ઉપર જાતીના માળખાની અંદરની બાજુને, આગળ ઉરઃફલકની પાછલી બાજુને અને પાછળ પૃથ્વંસની આગલી બાજુને લાગેલું છે. આ પદ ઉપર ઠોકના મૂળ ભાગમાં, કુરકુસશીર્ષ નામની મંદીર પ્રાવરણીના નીચલા તળિયાને અને નીચે પેટ તથા જાતીની વચ્ચે રહેલી મહાપ્રાચીરા પેશીના ઉપલા તળિયાને લાગેલું છે. આ પદનો ઉપલો ભાગ ઢોકના મૂળ ભાગમાં, ફેફસાંની ઢોક ઉપર થઈને શરીરની મધ્યરેખા તરફ વળતાં, આસનસિકની બાજુ પાસે થઈને નીચો ઊતરી, કુરકુસશૃંગ અથવા ફેફસાંના મૂળ સુધી આવે છે. એની જ રીતે એ પદનો નીચલો ભાગ મહાપ્રાચીરાના ઉપલા તળિયા ઉપરથી મધ્યરેખા તરફ ઊંચે જતાં હૃદયના કોષની પાસે થઈને પસાર થાય છે અને ફેફસાંના મૂળ સુધી ઊંચે જાય છે. ફેફસાંના મૂળની આસપાસ, આ પ્રમાણે તેના બંને ભાગો વીંટળાય છે અને ત્યાં રહેલા પર્યાવરણ ભાગ તથા અંદરના પડ બેઉ મળી જાય છે.

પરિસરિયા ૧. સ્ત્રી. એક જાતની ધમનીની શાખા.
૨. સ્ત્રી. એક પ્રકારની શરીરની રસગ્રંથિ. તે પ્રકારની ગ્રંથિઓ જાતીની દીવાલના બહારના ભાગ ઉપર ચોટીએલ છે અને બગલમાં, બાવાના મૂળ આગળ તેમજ અન્નપ્રણાલિની નીચે મોટી માલૂમ પડે છે.

પરિસર્ગ ૧. [સં.] પું. ચારે તરફ જવું તે.
૨. પું. ચારે તરફથી વીંટવું તે.

પરિસર્પ ૧. [સં.] પું. એક પ્રકારનો સાપ.
૨. પું. ચોતરફ જવું તે.
૩. પું. ચોતરફ બળ વગેરેથી વીંટવું તે.
૪. પું. ટહેલવું તે; ફરવું તે; ઘૂમવું તે; પરિક્રિયા; પરિભ્રમણ.
૫. પું. પેટભર કે જાતીભર ચાલનાર તિર્યંચ; સર્પ વગેરે પ્રાણી.
૬. પું. સાહિત્યદર્પણ અનુસાર નાટકમાં કોઈની રોષમાં જવું તે; કોઈની ખોજમાં ભટકવું તે.
૭. પું. (વૈદક) સુશ્રુત અનુસાર એક ક્ષુદ્ર રોગ. તેમાં નાની નાની ફોડલીઓ થાય છે અને તે ફૂટી ફૂટીને ફેલાય છે અને તેમાંથી પરુ નીકળે છે.
૮. ન. સારસ્વત વ્યાકરણ.

પરિસર્પણ [સં.] ન. ચોતરફ જવું તે; સર્પની પેઠે જવું તે.

પરિસર્પિણી [સં.] સ્ત્રી. જાતીભર ચાલનાર તિર્યંચિણી; નાગણ વગેરે.

પરિસર્પી [સં. પરિસર્પિન્] વિ. ચોતરફ જનાર; સર્પની પેઠે જનાર.

પરિસર્યા [સં.] સ્ત્રી. ચોતરફ જવું તે.

પરિસહ ૧. [સં.] પું. કસોટી.
૨. પું. (જૈન) ભૂખ, તરસ, ઠાઢ, તડકો વગેરે બાવીસ પ્રકારનાં કષ્ટ સહન કરવાં તે; ઉપસર્ગ.
૩. પું. (જૈન) ભૂખ, તરસ વગેરે બાવીસ પ્રકારની વિપત્તિ માંહેની દરેક.

પરિસહયુક્ત [સં.] વિ. વિકટ; મુશ્કેલી ભરેલું.

પરિસંખ્યા ૧. [સં. પરિ + સંખ્યા] સ્ત્રી. અનુક્રમે ગણવું તે; ગણના; ગણતરી.
૨. સ્ત્રી. આશરો; આડટ્ટો.
૩. સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર. અન્યત્ર નિષેધપૂર્વક પ્રસ્તુતમાં અમુક ધર્મ કે સ્વરૂપનો નિર્દેશ; આમ ઉલ્લેખ; એકાકી ગણના. તેનું વસ્તુ કોઈ પદાર્થનો એક સ્થળમાં નિષેધ કરી તેનું અન્ય સ્થળમાં સ્થાપન કરવામાં આવે ત્યાં પરિસંખ્યા અલંકાર બને છે. અમુક વાતને મળતી બીજી કોઈ વાતનો વિરોધ ઉદ્દિષ્ટ હોય કે કલ્પિત હોય તોપણ તેના સમર્થનમાં કોઈ વસ્તુ ઉલ્લેખ કે પ્રશ્ન થતાં કે પ્રશ્ન વગર પણ કરવામાં આવે ત્યારે આ અલંકાર વપરાયો ગણાય છે. તેથી આવું પરિસંખ્યા અલંકારનો અંગ થાય છે. જેમકે, આવી ધરો કેવલ મોક્ષમાં રહે છે.
૪. સ્ત્રી. (કાવ્ય) એક અલંકાર. જ્યાં સંખ્યા પોતાના આશ્રયમાં પણ વર્જિત થાય એવી વાત વર્ણન કરવામાં આવે એ પરિસંખ્યા અલંકાર છે.
૫. સ્ત્રી. જેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એ સિવાય બીજું નહિ એવું વિશિષ્ટ કથન. મીમાંસામાં વિધિ અને નિયમ બંનેથી એ વિરોધી છે.
૬. સ્ત્રી. (જૈન) જ્ઞાન.
૭. સ્ત્રી. મર્યાદા; હદ.
૮. સ્ત્રી. યાદી; ફેહરિસ્ત.
૯. સ્ત્રી. વિધિનિષેધ.
૧૦. સ્ત્રી. સરવાળો; કુલ.
૧૧. સ્ત્રી. સંખ્યા.

પરિસંખ્યાત [સં.] વિ. ગણતરી કરેલ.

પરિસંખ્યાવિધિ [સં.] સ્ત્રી. (વેદાંત) એક જ કાર્યે બે અર્થો પ્રાપ્ત થાય ત્યારે ઇતર અર્થની નિવૃત્તિનો બોધક વિધિ. જેમકે, પાંચ નખવાળાં પાંચ પશુ ભક્ષ્ય છે. અહીં સસલું, સાહુડી, ગો, ગેંડી અને કાચબો એ પાંચ પ્રાણી નખવાળાં છે, તથા એ પાંચથી ભિન્ન મનુષ્ય વાનર આદિ પણ પાંચ નખવાળાં છે. એ બંનેનું સામટું ભક્ષ્ય પ્રાપ્ત થયે ઉક્ત વિધિ પેલાં પાંચ પ્રાણીઓથી ભિન્ન મનુષ્ય, વાનર વગેરે પ્રાણીઓના ભક્ષણની નિવૃત્તિનું જ બોધન કરે છે. કોઈ સસલાં વગેરે પાંચ પ્રાણીઓના ભક્ષણનું વિધાન કરતું નથી, કેમકે સસલાં વગેરેનું ભક્ષણ લોકોને આગળથી જ રાગ વડે પ્રાપ્ત જ છે. માટે ઉક્ત વિધિ પરિસંખ્યાવિધિ કહેવાય છે.

પરિસંવર [સં.] પું. સૃષ્ટિનો પ્રલયકાળ.

પરિસંવત્સર ૧. [સં.] પું. પાંચ માંહેનું એ નામનું એક સંવત્સર; પરિવત્સર.
૨. ન. વર્ષ ઉપર; વર્ષ પછી.

પરિસદ્ [સં. પરિષદ્] સ્ત્રી. સભા; પરિષદ.

પરિસાધન ૧. [સં.] પું. નક્કી કરવું તે; કરાવ કરવો તે; અન્વેત સાધવું તે.
૨. પું. પ્રાપ્ત કરવું તે; સંપાદન કરવું તે.

પરિસામ [સં. પરિસામન્] ન. એક વિશેષ સામ.

પરિસાર [સં.] વિ. સર્વ તરફ જનાર.

પરિસારક [સં.] વિ. ચોતરફ જાહેરાત સર્વ બાજુએ જનાર.

પરિસારી [સં. પરિસારિન્] વિ. ચોતરફ જનાર; પરિસારક.

પરિસાંત્વન [સં.] ન. શાંત પાડવું તે; સાંત્વન આપવું તે; સમજાવવું તે.

પરિસિદ્ધિકા [સં.] સ્ત્રી. (વૈદક) એક જાતની ચાવલની ચાપસી.

પરિસિંચન [સં.] ન. રેડવું તે; છાંટવું તે.

પરિસીમા ૧. [સં. પરિસીમન્] સ્ત્રી. અવધિ; હદ; મર્યાદા; છેડો; અંત; સરહદ; સીમા.

૨. સ્ત્રી. (ગણિત) કોઈ પણ ક્ષેત્રની સીમાની અંદર રહ્યાં.

૩. સ્ત્રી. ચતુઃસીમા; ચોતરફની હદ.

પરિસૂત [સં.] ન. કસાઈખાના બહાર મારેલું પશુ.

પરીસૂરત વિ. પરી જેવી ખૂબસૂરતવાળું; સુંદર.

પરિસૃમ [સં.] વિ. લડાઈમાંથી ભાગેલ.

પરિસેવવું જ ક્રિ. આચરવું.

> સમ્યક્ પ્રકારથી જ્યાં બધે સુધી આકાશચરિત પરિસેવીને એક આસનું અનશન કરીને તે મહાત્માની પુણ્યરાજ પુત્રપુત્ર મોક્ષગતિને પામ્યાં. રાજબંદ

પરિસો પું (જૂ. ગુ.) પરિસહ; દુઃખ.

પરિસ્કંદ [સં.] વિ. માતાપિતા સિવાય બીજા વડે પોષાયેલ; પરપુષ્ટ; પરિપંદ.

પરિસ્તભ્ય [સં.] પું. (પિંગલ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેને સિતસ્તભ્ય છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, યગણ, જગણ, સગણ, રગણ, નગણ અને ગુરુ મળી બારીસ અક્ષર હોય છે.

પરિસ્તરણ ૧. [સં.] ન. આચ્છાદન; ઓઢણ; ઓઢાડ; ઢાંકણ.

૨. ન. આવરણ કરવું તે; લપેટવું તે.

૩. ન. ફેલાવવું તે.

૪. ન. ફેંકવું તે; નાખવું તે.

૫. ન. હોમની જગ્યા આસપાસ દર્ભ પાથરવાનો એક વિધિ; વાડી ચોતરફ દર્ભ રુપવારે તે.

પરિસ્તાન ૧. [ફા.] ન. પરીઓનો મુલક.

૨. ન. સુંદર સ્ત્રીપુરુષોની જમાવટ.

પરિસ્તુત ૧. [સં.] વિ. આચ્છાદન કરેલ.

૨. વિ. ઢાંકેલ; ઓઢાડેલ.

૩. વિ. પથરાયેલ.

૪. વિ. ફેલાયેલ.

પરિસ્તોમ જુઓ પરિષ્ટોમ.

પરિસ્તાવ [સં.] સ્ત્રી. પખારી.

પરિસ્થાન ૧. પું. ઉકળતા; ગજબૂતપણું.

૨. પું. પસવાટ; વાસ.

૩. [સં.] ન. ધૈર્ય; હિંમત.

૪. જુઓ પરિસ્તાન.

પરિસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. આસપાસની સ્થિતિ અવસ્થા સંજોગ; હાલત; દશા.

૨. સ્ત્રી. ધૈર્ય; હિંમત.

પરિસ્પર્ધા [સં.] સ્ત્રી. ધન, બળ, યશ વગેરેમાં કોઈની બરાબર થવાની ઇચ્છા; પ્રતિસ્પર્ધા; પ્રતિયોગિતા.

પરિસ્પર્ધી [સં. પરિસ્પર્ધિન્] વિ. સ્પર્ધા કરનાર; હરીફાઈ કરે એવું.

પરિસ્પંદ ૧. [સં.] પું. ચંચળતા.

૨. પું. ધ્રુજવું કે ફરકવું તે; કંપન.

૩. જુઓ પરિષ્પંદ.

પરિસ્પંદન ૧. [સં.] ન. કંપવું તે; ફરકવું તે; સર્વ તરફથી જલદ હાલવું તે; કંપન.

૨. ન. ઝરવું કે ઝરવું તે.

પરિસ્પ્રતિ [સં.] સ્ત્રી. પરિસ્થિતિ અને પ્રતિક્ષેપ વચ્ચેનો સંબંધ; પરિપ્રતિ અભિનવ.

પરિસ્ફુટ ૧. [સં.] વિ. તદ્દન ખોખ્યું; સ્પષ્ટ દેખાય એવું; પ્રકટ; વ્યક્ત.

૨. વિ. સારી રીતે ખીલેલું.

પરિસ્ફુરણ ૧. [સં.] ન. સ્ફુરિત થવું તે.

૨. ન. ચમકવું તે.

૩. ન. નીકળવું તે.

૪. ન. પ્રકાશવું તે.

૫. ન. ફરકવું તે.

પરિસ્ફોટ ૧. [સં.] પું. ઝરો; વહેળ.

૨. પું. ટપકવું; ઝરવું તે.

૩. પું. લાંબી વગેરેના બદ વગેરેનું ઝરવું તે.

પરિસ્ફોટન ૧. [સં.] ન. ટપકવું તે.

૨. ન. વહેવું તે.

પરિસ્રવ ૧. [સં.] પું. ઝરવું કે ટપકવું તે.

૨. પું. સર્વ તરફથી ઝરવું તે.

પરિસ્રવણ [સં. પરિ (ચોતરફ) + સ્રવણ (વહેવું તે)] ન. બધી તરફ વહેવું તે; બધી બાજુએથી સ્રાવ થવો તે.

પરિસ્રાવ ૧. [સં.] પું. (વૈદક) એક જાતનો રોગ. તેમાં પિત્ત અને કફવાળો ચાતળો મળ ગુદા વાટે નીકળે છે, સાથે વાંટ પણ આવે છે, અકળામણ થાય છે અને ઘાટ અજીર્ણ છે.

૨. પું. બધી તરફથી ઝરવું, ઝરવું કે ટપકવું તે.

પરિસ્રાવણ [સં.] પું. સાફ કરવા માટે જેમાંથી પાણી ટપકાવવામાં આવે તે વાસણ.

પરિસ્રાવી ૧. વિ. પાંચ મહિના એક પ્રકારનું ભગંદર. તેમાં પરુ વહ્યા કરે છે, પણ પીડા બહુ થતી નથી.

૨. [સં. પરિસ્રાવિન્] વિ. ઝરતું; ઝરતું; ટપકતું.

૩. વિ. વહેતું.

પરિસ્રુત ૧. [સં. પરિસ્રુત] સ્ત્રી. મદિરા; દારૂ.

૨. ન. કૂવા વગેરેમાંથી નીકળેલ સારરૂપ પદાર્થ; પુષ્પસાર; અત્તર.

૩. [સં.] વિ. નિચોવેલું; બધી તરફથી ઝરેલું, ઝરેલું કે ટપકેલું.

૪. વિ. બધી તરફથી ઝરનાર, ઝરનાર કે ટપકનાર

પરિસ્રુતદધિ [સં.] ન. પાણી નિચોવી લીધેલું દહીં. વૈદકમાં આવા દહીંને વાતપિત્તનાશક, મેધાકારી અને પોષક કહ્યું છે.

પરિસ્રુતા ૧. [સં.] પું. દારૂ; મદિરા.

૨. પું. દ્રાક્ષનો દારૂ; અંગૂરી શરાબ.

પરિસ્વેદ [સં. પ્રસ્વેદ] પું. પરસેવો.

પરિહત [સં.] વિ. હત; ઝરેલું; નષ્ટ.

પરિહરણ ૧. [સં.] ન. કોઈ અનિષ્ટાદિનો ઉપચાર કે ઉપાય કરવો તે; નિવારણ; કોઈ જાતની ખોટ, ભરાશ કે જરાઈ દૂર કરવી કે ખોડખાંપણ દૂર કરવી તે.

૨. ન. ખંડન કરવું તે.

૩. ન. ત્યાગ; છોડી દેવું તે.

૪. ન. દોષ વગેરે મટાડવું તે; નિવારણ; દૂર કરવું તે.

૫. ન. લઈ લેવું તે; ઝૂંટવી લેવું તે; છીનવી લેવું તે; જબરદસ્તીથી લઈ લેવું તે.

પરિહરણીય ૧. [સં.] વિ. ખંડન કરવા જેવું.

૨. વિ. ત્યાગ કરવા જેવું.

૩. વિ. નિવારણ કરવા યોગ્ય; ઉપચાર કરવા જેવું.

૪. વિ. લઈ લેવા યોગ્ય; ઝૂંટવી લેવા જેવું.

પરિહરવું [સં. પરિ + હ] સ. ક્રિ. તજવું; છોડવું.

પરિહર્તવ્ય [સં.] વિ. તજવા યોગ્ય; છોડી દેવા જેવું.

પરિહર્ષણ [સં.] વિ. અત્યંત હર્ષ પમાડનાર; રોમાંચ ઊભાં કરી દેનાર.

પરિહસિત [સં.] વિ. પરિહાસ પામેલું; મશ્કરી કરાયેલું.

પરિહાણી [સં] સ્ત્રી. હાનિ; નુકસાન.

પરિહાર ૧. [સં.] પું. અટકાવ; ઉપાય; ઉપચાર; દોષ, અનિષ્ટ, બરાબી વગેરેનું નિવારણ કે નિરાકરણ; દોષ વગેરે દૂર કરવાનું કામ કે ક્રિયા.
૨. પું. અવજ્ઞા; અનાદર; તિરસ્કાર; ઉપેક્ષા.
૩. પું. એ નામનો એક રજપૂત વંશ. તેનો અગ્નિકુળમાં સમાવેશ મનાય છે. આ વંશે કોઈ મોટું રાજ્ય સ્થાપ્યાનું કે લાંબા કાળનું પ્રમાણ મળતું નથી, તોપણ નાનાં નાનાં અનેક રાજ્યો ઉપર તેની સત્તા ચાલી છે. ઈ. સ. ૨૪૬માં માર્લિજરનું રાજ્ય આ વંશના હાથમાં હતું. તેને કલચુરી વંશના કોઈ રાજાએ હરાવીને છીનવી લીધું હતું. સને ૧૧૨૬થી ૧૨૧૧ સુધી આ વંશના સાત રાજાઓએ ગ્વાલિયર ઉપર રાજ્ય કરેલું. હાલ આ વંશના રજપૂતો બુંદેલખંડ, અયોધ્યા વગેરે પ્રદેશમાં રહે છે. તેમાં ઘણા મોટા જમીનદાર છે.
૪. પું. ઢાલની આડી.
૫. પું. ખંડન.
૬. પું. ચોકર; ઢોરને ચરવાની જગ્યા.
૭. પું. તજવું તે; દૂર કરવું તે; ત્યાગ; દોષ વગેરે દૂર કરવાની યુક્તિ કે ઉપાય.
૮. પું. નાટકમાં કોઈ અયોગ્ય કર્મનું પ્રાયશ્ચિત્ત કરવું તે.
૯. પું. (જૈન) પ્રાયશ્ચિત્ત તપના નવ ભેદોનો એક પ્રકાર; માસ, છમાસ વગેરે પ્રાયશ્ચિત્ત તપ; દોષપાત્ર વ્યક્તિને તેના દોષના પ્રમાણમાં પક્ષ માસાદિ પર્યંત કોઈ જાતનો સંસર્ગ રાખ્યા વગર દૂર દૂર રાખવી તે.
૧૦. પું. મોચન; મુક્તિ; છુટકારો.
૧૧. પું. ગાડામાં ભરેલું ધન વગેરે; કાયદા પાસેથી પડાવી લીધેલી વસ્તુ.
૧૨. પું. વાસ્તુમાર્ગના જ્ઞાન માટે જમીની જોખેલી ચોરસ માંહેની એક વસ્તુ.

પરિહારક ૧. [સં.] વ. સુવર્ણનો બાજુબંધ; એક પ્રકારનું ઘરેણું.
૨. વિ. કર વિનાનું.
૩. વિ. ત્યાગ કરનાર.
૪. વિ. પરિહરણ કરનાર; નિવારણ, ત્યાગ, દોષક્ષાલન, હરણ કે ગોપન કરનાર.
૫. વિ. પાપકર્મને દૂર કરનાર.

પરિહારક ગ્રામ [સં.] વ. કર વિનાનું ગામ.

પરિહારકારિણી [સં.] વિ.સ્ત્રી. ત્યાગ કરાવનારી.

પરિહારત્વ [સં.] વ. (જૈનાંત) દોષ વગેરેને દૂર કરવાપણું.

પરિહારભૂમિ [સં.] સ્ત્રી. સાર્વજનિક કામ માટે રાખેલી જમીન.

પરિહારલેખ [સં.] પું. લિખિત માફીપત્ર.

પરિહારવિશુદ્ધ [સં.] વ. (જૈન) જેમ માંહેનું એ નામનું એક ચારિત્ર. તેમાં ખાસ વિશિષ્ટ પ્રકારનો તપપ્રધાન આચાર આચરવામાં આવે છે.

પરિહારિણી ૧. [સં.] સ્ત્રી. ચોતરફથી દુઃખને હરનારી દેવી.
૨. વિ સ્ત્રી. ચોતરફથી દુઃખને હરનારી.

પરિહારી ૧. [સં. પરિહરિન્] વિ. અવજ્ઞા કરનાર; તિરસ્કાર કરનાર.
૨. વિ. અસ્વસ્થ; છટકી ગયું જેવું.
૩. વિ. ત્યાગ કરનાર; પરિહાર કરનાર.
૪. વિ. દોષ વગેરે દૂર કરનાર.
૫. વિ. હરણ કરનાર; લઈ જનાર.

પરિહાર્દિક [સં] વ. હસવું; રમતગમત; હલ્લોલ.

પરિહાર્ય ૧. [સં.] વિ. અનાવશ્યક; જોઈતી કેવાય એવું; ત્યાજ્ય.
૨. વિ. ઉપચાર કરવા યોગ્ય.
૩. વિ. ખંડન કરવા લાયક.
૪. વિ. જેનો ત્યાગ, નિવારણ કે ઉપચાર કરવો ઉચિત હોય એવું; પરિહાર યોગ્ય.
૫. વિ. જેનો પરિહાર થઈ શકે એવું.
૬. વિ. ટાળવા જેવું.
૭. વિ. દાની રકમ ગણે એવું.
૮. વિ. ટાળેલું; તજેલું.
૯. વિ. દોષ વગેરે દૂર કરવા યોગ્ય.
૧૦. વિ. લઈ લેવા જેવું.

પરિહાસ ૧. પું. ઠીઠા; ખેલ.
૨. [સ.] પું. હસવું તે; મશ્કરી; મજાક; ઠઠ્ઠા; હાસ્ય; હાંસી.

પરિહાસપ્રિય [સં.] વિ. મશ્કરું; મજાક જોયે પસંદ હોય એવું.

પરિહાસવેદી [સં. પરિહાસવેદિન્] વિ. મશ્કરું; હાંસી કરી જાણનાર.

પરિહાસી [સં. પરિહાસિન્] વિ. હાંસી કરનાર; મશ્કરી કરનાર.

પરિહાસ્ય [સં.] વિ. પરિહાસ યોગ્ય.

પરિહિત ૧. [સં.] વિ. ઢાંકેલું; આચ્છાદન કરેલું; આચ્છાદિત.
૨. વિ. પહેરેલું; ધારણ કરેલું; ઓઢાયેલું.

પરિહીણ ૧. [સં.] વિ. ઓછું થયેલું; કૃશ થયેલું; નાનું થયેલું.
૨. વિ. ત્યાગેલું; છોડેલું.
૩. જ થયી રીતે દુઃખી અને દરિદ્ર; અત્યંત હીન.

પરિહીન ૧. [સં.] વિ. કમ; ન્યૂન.
૨. વિ. રહિત; હીન.

પરિહૃત ૧. [સં.] વિ. ખંડન કરેલું.
૨. વિ. ચૂંટવી લીધેલું
૩. વિ. દોષ વગેરે દૂર કરેલું.
૪. વિ. નષ્ટ; બરબાદ; ધ્વસ્ત.
૫. વિ. પકડેલું; લઈ લીધેલું; લઈ લેવાયેલું.
૬. વિ. પતિત; ભ્રષ્ટ.
૭. વિ. હરાયેલું; દૂર કરાયેલું; ભગાયેલું; છોડી દીધેલું; તજેલું.

પરિહૃતિ [સં.] સ્ત્રી. નાશ; ક્ષય.

પરિહૃષ્ટ જુઓ પરિહર્ષિત.

પરિંઠ ૧. પું. કસુમારેલ વાળની ગાંઠ.
૨. [ઘ. પરીકન (ઊડવું)] વ. પક્ષી.

પરિંડુ વ. પરેવું; પક્ષી.

પરિંદે જુઓ પરિંદ.

પરી ૧. [ઘ. પરીકન (ઊડવું)] સ્ત્રી. અપ્સરા; જેની માથાનું, શરીર ઘોડાનું અને હાથની પાંખ પાંખોવાળી સુંદર કલ્પિત સ્ત્રી; પાંખોવાળી દેવતાઈ સુંદરી. તેની સુંદરતા હારસી ઉર્દૂ સાહિત્યમાં બહુધા માનવામાં આવી છે. કેવળ સ્વર્ગમાં રહેનારી સ્ત્રીઓની સુંદરતાની તુલનામાં ઊણું સ્થાન બતાવવામાં આવ્યું છે. હારસી ઉર્દૂની કવિતામાં તેને સુંદર રમણીઓના ઉપનામ તરીકે વર્ણવામાં આવેલ છે. પોતાની પાંખો વતી તે આકાશમાં વિચરતી મનાય છે.
૨ સ્ત્રી. પરની.
૩. સ્ત્રી. બાબાની એ નામની એક બટક.
૪. સ્ત્રી. રૂપસુંદરી; બધી જ ખૂબસૂરત સ્ત્રી; અપ્સરા જેવી સુંદર સ્ત્રી.
૫. વ. એ નામની બટકનું માણસ.
૬. વ. ભારતખંડમાં બનાવી થતું એક જાતનું કાપડ.
૭. વિ. એ નામની બટકનું.

પરીઅંક જુઓ પર્યંક.

પરીકથા સ્ત્રી. પરીઓ જેમાં આવતી હોય એવી અદ્ભુત વાર્તા.

પરીક્ષક [સં. પરિ (ચોતરફ) + ઈક્ષ્ (જોવું) + અક (નાર)] પું. પરીક્ષા કરનાર; તપાસનાર; ગુણાવગુણની તુલના કરનાર; સાચું ખોટું સમજનાર; નિરખ; પારખનાર; તપાસણી કરનાર.

પરીક્ષણ ૧. [સં.] વ. પરીક્ષા કરવાનું કામ; પરીક્ષા કરવી તે; તપાસ; કસોટી.
૨. વ. સામાના જ્ઞાનની પરીક્ષા કરવાની આવડત.

પરીક્ષકહારી [સં. પરીક્ષકહારિન્] વિ. તપાસ કરનાર.

પરીક્ષણીય [સં.] વિ. પરીક્ષા કરવા જેવું.

પરીક્ષવું [સં. પરિ (ચારે બાજુ) + ઈક્ષ્ (જોવું)] સ. ક્રિ. પરીક્ષા કરવી; તપાસવું.

પરીક્ષા ૧. [સં.] સ્ત્રી. કોઈના ગુણદોષ વગેરે જાણવા માટે તેને બરાબર તપાસવાનું કાર્ય; નિરીક્ષા; સમીક્ષા; સમાલોચના; કોઈની યોગ્યતા વગેરે જાણવાનું કાર્ય; ગુણાવગુણનું તોલન કરવું તે; તજવીજ તપાસ; કસોટી

વિશ્વવિદ્યાલયોનાં સૌ વિદ્યાર્થીઓની પરીક્ષા, ન થાય જાણી તેના ધર્માચરણથી કદી. ગાંધીગીતા

૧. પરીક્ષા આપવી–પરીક્ષામાં બેસવું = પરીક્ષા માટે ઉમેદવાર બનવું.

૨. પરીક્ષા કરવી–લેવી = સાચું ખોટું જોઈ લેવું; ગુણાવગુણની તુલના કરવી; તારી જોવું; તપાસવું.

૩. પરીક્ષામાં ઊતરવું–ઊતરી જવું = નાપાસ થવું

૨. સ્ત્રી. જ્ઞાન; સમજશક્તિ

૩. સ્ત્રી. હિલ્લ; ગુનેગાર પારખવાની એક રીત; આરોપી ગુનેગાર છે કે નિરપરાધી, તથા સાક્ષી સાચો છે કે ખોટો તે નક્કી કરવાનું વિધાન. આરોપીની પરીક્ષાને દિવ્ય અને સાક્ષીની પરીક્ષાને લૌકિક પરીક્ષા કહેવાતી. દિવ્ય પરીક્ષા નવ પ્રકારની હતી. તેમાંથી આરોપીને તેની અવસ્થા, ઋતુ વગેરે અનુસાર કોઈ એક દિવ્ય પરીક્ષા દેવાની હતી. લૌકિક પરીક્ષામાં સાક્ષીને અનેક પ્રકારના સવાલ પૂછવામાં આવતા હતા.

૪. સ્ત્રી. પારખ; પરખ; કસોટી.

૫. સ્ત્રી. પ્રયોગથી મેળવેલ જ્ઞાન; અનુભવ.

૬. સ્ત્રી. (વેદાંત) જાણેલું લક્ષણ બરાબર છે કે નહિ તેનો નિર્ણય. જે વસ્તુનું લક્ષણ કહ્યું હોય તે વસ્તુનું તે લક્ષણ સંભવે છે કે નથી સંભવતું એનો વિચાર તે પરીક્ષા કહેવાય છે.

૭. સ્ત્રી. શોધ; પ્રયોગ.

પરીક્ષાખાદ્ય [સં.] ન. ખાદ્યવસ્તુની વૈજ્ઞાનિક પરીક્ષા માટે બનાવવામાં આવેલું ભોજન; 'ટેસ્ટ મીલ.'

પરીક્ષાગાર [સં.] ન. પરીક્ષાનું સ્થળ.

પરીક્ષાગૃહ જુઓ પરીક્ષાગાર.

પરીક્ષાધ્યક્ષ [સં.] પું. પરીક્ષાનો ઉપરી અધિકારી; 'રજિસ્ટ્રાર.'

પરીક્ષાપત્ર ૧. [સં] પું.;ન. પરીક્ષાનું પરિણામ બતાવનારું પત્રક.

૨. પું.;ન. પ્રશ્નપત્ર. પરીક્ષાના પ્રશ્નોનો સમૂહ; સવાલપત્રક.

પરીક્ષાપત્રક જુઓ પરીક્ષાપત્ર.

પરીક્ષાપદ્ધતિ [સં.] સ્ત્રી. પરીક્ષા લેવાની રીત.

પરીક્ષાપ્રધાન [સં.] વિ. પરીક્ષાની મુખ્યતાવાળું

અંધશ્રદ્ધાપ્રધાન કરતાં પરીક્ષાપ્રધાન નિર્બુદ્ધ ખાસ કામનો છે. અક્ષયનિધિપ્રવચન

પરીક્ષાર્થક [સં.] ન. પ્રયોગની ખાતરી કરવાનું સાધન.

પરીક્ષાર્થી [સં. પરીક્ષાર્થિન્] વિ. પરીક્ષા આપનાર; પરીક્ષામાં બેસનાર.

પરીક્ષાસંવેદન [સં.] ન. પરીક્ષા કરીને સત્ય જાણી લેવું તે.

પરીક્ષિત ૧. [સં.] પું. (પુરાણ) અભિમન્યુનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) અભિમન્યુનો એ નામનો એક પુત્ર; અર્જુનનો પૌત્ર ગર્ભવતી ઉત્તરાને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તેનું ગર્ભમાં રક્ષણ કર્યું હતું. તે વખતે ગર્ભમાં તેણે ભગવાનના દર્શન કર્યાં હતાં. જન્મતાંવેંત જ તે ભગવાનને ખોળતો હોય, જાણે પરીક્ષા કરતો ન હોય, એમ બધાના સામું જોતો. તે ઉપરથી તેનું નામ પરીક્ષિત પડ્યું હતું. મહાભારતમાં પરીક્ષિતના સંબંધમાં લખ્યું છે કે: જે વખતે તે અભિમન્યુની સ્ત્રી ઉત્તરાના ગર્ભમાં હતો, ત્યારે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ ગર્ભમાં જ તેની હત્યા કરી પાંડુકુળનો નાશ કરવાની દુષ્ટબુદ્ધિથી બ્રહ્મશિર નામનું બ્રહ્મસ્ત્ર ઉત્તરાના ગર્ભમાં પ્રેરિત કર્યું, જેથી ઉત્તરાને ગર્ભપાત થયો અને મૃત પિંડ બહાર નીકળ્યો. કૃષ્ણને પાંડુકુળનો નાશ થવા દેવો ન હતો, તેથી પોતાના યોગબળથી મરેલ ગર્ભને ઉજ્જીવિત કરી દીધો. પરીક્ષીણ એટલે વિનષ્ટ થયેલમાંથી જન્માવેલ હોવાથી તે બાળકનું નામ પરીક્ષિત રાખવામાં આવ્યું. પરીક્ષિતે મહારથી કૃપાચાર્ય પાસેથી અસ્ત્રવિદ્યા શીખી હતી. પાંડવો સંસારથી ઉદાસીન થયા હતા અને તપશ્ચર્યા કરવા પ્રસ્થાન હતા, તેથી પરીક્ષિતને હસ્તિનાપુરની ગાદીએ બેસાડી દ્રૌપદી સાથે તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. કહેવાય છે કે, રાજા બન્યા પછી તેણે પંચાતટ ઉપર ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા હતા, જેમાં ઇન્દ્રાદી દેવતાઓએ પ્રત્યક્ષ આવી હાજર રહ્યા હતા. પરીક્ષિતના સંબંધમાં મુખ્ય વાત એ છે કે, જેના રાજ્યકાળમાં દ્વાપરયુગનો અંત અને કલિયુગનો આરંભ થયાનું મનાય છે. આ સંબંધમાં ભાગવતમાં કથા છે કે, એક દિવસ તેણે સાંભળ્યું કે કલિયુગ તેના રાજ્યમાં ઘૂસી આવ્યો છે અને પોતાનો અધિકાર જમાવવાની તક શોધે છે. આથી પરીક્ષિત તેને પોતાના રાજ્યમાંથી બહાર કાઢી મૂકવા માટે શોધવા નીકળ્યો. એક દિવસ ફરતાં ફરતાં તેણે રાજચિહ્ન ધારણ કરેલા કોઈ શૂદ્રને એક ગાય અને બળદને પીડા કરતો જોયો. બળદને માત્ર એક પગ હતો. પરીક્ષિતે પૂછતાં તે જણેએ પોતાનો પરિચય આપ્યો. શૂદ્ર એ કલિ, ગાય એ પૃથ્વી અને બળદ એ ધર્મ હતો. ધર્મરૂપી બળદના સત્ય, તપ અને દયારૂપી ત્રણ પગ કલિએ તોડી નાખ્યા હતા. માત્ર દાનની મદદથી રહેલ એક પગ વડે તે નાસી રહ્યો હતો. તે પણ ભાંગી નાખવા કલિ તેની પાછળ પડ્યો હતો. આથી પરીક્ષિત રાજા કલિને દંડવા જતો હતો. એટલામાં તે શરણે આવ્યો અને અભય આપ્યું. પરીક્ષિતે તેને રહેવાને માટે જુગાર, કૂડી મદ, હિંસા અને સોનું એ પાંચ સ્થાન આપ્યાં અને તે સિવાય બીજે કોઈ સ્થળે ન રહેવાની કલિએ પ્રતિજ્ઞા કરી. રાજાએ પાંચ સ્થાનની સાથોસાથ પાંચ વસ્તુ પણ તેને આપી: મિથ્યા, મદ, કામ, હિંસા અને વૈર. પરીક્ષિત રાજા નીતિમાન અને ધર્મિષ્ઠ હોવા છતાં તેને એક વખત દુર્બુદ્ધિ સૂઝી. એક વખત તે શિકાર માટે ગયો હતો. પરીક્ષિતના સંબંધમાંથી છૂટી અકેકપણે રાજ કરવા માટે કલિયુગ તક શોધતો હતો. રાજાના યુદ્ધમાં સોનું હતું, તેમાં કલિ ઘૂસી ગયો. રાજાએ એક હરણ પાછળ ઘોડો દોડાવ્યો. બહુ પાછળ ગયો પણ તે હરણ હાથ ન આવ્યું. તે ઘાંઘો થયો અને તેને તૃષા લાગી. એક વૃદ્ધ મુનિ તેને માર્ગમાં મળ્યા. રાજાએ તેને પૂછ્યું કે, હરણ કયાં ગયું તે બતાવ. તે મુનિ સમાધિમાં હતા, તેથી તેણે કાંઈ જવાબ ન આપ્યો. તેથી ઘાંઘા અને તરસ્યા બનેલા પરીક્ષિતને તેના ઉપર બહુ ગુસ્સો ચઢ્યો. કલિયુગ તો આવી સવાર થઈને જોતો જ હતો. પરીક્ષિતે નિશ્ચય કર્યો કે, અભિમાનથી મુનિએ મને જવાબ આપ્યો નથી અને આ અપરાધને માટે તેને શિક્ષા કરવી જોઈએ. પાસે જ એક મરેલ સાપ પડ્યો હતો, તેને લઈ મુનિના ગળામાં મૂએલો સાપ નાખીને પોતે ચાલ્યો ગયો. ઋષિપુત્ર શૃંગીને તેની ખબર પડતાં તેણે શાપ દીધો કે મારા પિતાના ગળામાં સાપ પહેરાવનાર પાપાત્માનું આજથી સાતમે દિવસે તક્ષક નામના સર્પથી મૃત્યુ થશે. ઋષિને આ ખાબતની ખબર પડતાં બહુ દુઃખ થયું અને

પોતાના શિષ્ય આરુણિ પરીક્ષિતને ખબર કહેવરાવ્યા. આથી પરીક્ષિતે જનમેજયને ગાદીએ બેસાડ્યો અને પોતે મંત્રીને કાંઈ રાજ્યભાર તથા અનશન વ્રત કરી મરવા માટે બેઠો. ત્યાં શુકદેવજીએ તેને ભાગવત શ્રવણ કરાવ્યું. સાતમે દિવસે તક્ષક નાગે આવીને તેને ડંખ દીધો અને તેના ઝેરની ભયંકર જ્વાલાથી તેનું શરીર ભસ્મ થઈ ગયું. કહેવાય છે કે, તક્ષક જ્યારે પરીક્ષિતને ડંખ દેવા જતો હતો, ત્યારે રસ્તામાં તેને કશ્યપ ઋષિ મળ્યા. પૂછતાં તેના જાણવામાં આવ્યું કે મારા ઝેરથી પરીક્ષિતનું રક્ષણ કરવા તે જાય છે. તક્ષકે એક ઝાડમાં ડંખ દીધો તેથી તરત તે ઝાડ બળીને ભસ્મ થઈ ગયું. કશ્યપે પોતાની વિદ્યાથી તે ઝાડને ફરી હરિયાળું કરી દીધું. તે ઉપરથી તક્ષકે તેને બહુ ધન આપી પાછા વાળ્યા. દેવી ભાગવતમાં લખ્યું છે કે, રાજાના સમાચાર મળતાં પરીક્ષિતે તક્ષકથી પોતાની રક્ષા કરવા માટે સાત મજલાવાળું ઊંચું મકાન કરાવ્યું અને તેની ચારે બાજુ સારા સારા સર્પમંત્ર જાણનારા અને સર્પનો મોરો રાખનારાઓને મોકલ્યા. તક્ષકને આ બાબતની ખબર પડી તેથી તે બદલાયો. અંતે પરીક્ષિત પાસે પહોંચવાનો એક ઉપાય તેને સૂઝ્યો. પોતાના એક સગ્રહસ્થ સર્પને તપસ્વીનું રૂપ આપી તેના હાથમાં ફળ આપ્યાં અને એક ફળમાં એક બહુ નાના કીડાનું રૂપ ધારણ કરી પોતે જઈ બેઠો. તપસ્વી બનેલ સર્પ તક્ષકની આજ્ઞા પ્રમાણે પરીક્ષિતના તે સુરક્ષિત મહેલ સુધી પહોંચ્યો. પહેરેગીરોએ તેને અંદર જતાં રોક્યો, પણ રાજાને ખબર પડતાં તેણે તેને પોતાની પાસે બોલાવ્યો અને ફળ જોઈને તેને વિદાય કરી દીધો. એક તપસ્વી મારા માટે આ ફળ લઈ આવેલ છે, તો તે બાબાથી અવશ્ય ઉપકાર થશે એમ માની તેણે બીજાં ફળ તો પોતાના મંત્રીઓમાં વહેંચી દીધાં પણ પોતાના માટે રાખેલ ફળ કાપતાં તેમાંથી એક નાનો કીડો નીકળ્યો, જેનો રંગ તાંબા જેવો અને આંખો કાળી હતી. પરીક્ષિતે મંત્રીઓને કહ્યું કે, મારો અંત આવ્યો છે. હવે તક્ષકનો અને કોઈ ભય નથી. પરંતુ આકાશના રાજાની આનરક્ષા કરવી જોઈએ. આ કીડાના ડંખથી વિધિ પૂરી કરવી જોઈ એમ કહી તેણે તે કીડાને પોતાને ગળે લગાડ્યો. પરીક્ષિતના ગળાનો સ્પર્શ થતાં તે કીડો મોટો સર્પ થઈ ગયો અને તેના ડંખથી પરીક્ષિત તરત ભસ્મ થઈ ગયો. કહેવાય છે કે પરીક્ષિતના મરણ પછી કલિયુગને રોકટોક કરનાર કોઈ રહ્યું નહિ અને તેથી તે બેફામપણે શાસન કરવા લાગ્યો. પિતાના મૃત્યુનો બદલો લેવા જનમેજયે સર્પસત્ર કર્યો, જેમાં આખી દુનિયાના સર્પને મંત્રબળથી ખેંચી આણી યજ્ઞના અગ્નિમાં તેની આહુતિ આપી.

૩. પું. (પુરાણ) કેસનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન એક રાજા. આયુ નામના ચંદ્રકુલાધિપતિની કન્યા સુશોભના તેની સ્ત્રી થતી હતી. સત્ય, જય અને દત્ત એ નામના ત્રણ પુત્રો તેને હતા.

૫ પું (પુરાણ) સોમવંશી કુરુપુત્ર અવિક્ષિત અયસ્ય અમ્બરીષ રાજાના બાર મહિનો એ નામનો એક દીકરો.

૬. પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના સંવરણ રાજાનો એ નામનો પૌત્ર.

૭. વિ. આરબેલું; કસેલું; તપાસેલું; પરીક્ષા કરેલું.

૮. વિ. પ્રયોગ કરી તપાસેલું; શુભ વગેરેનો અનુભવ કરેલું.

પરીક્ષિતજ્ઞાનપોષક [સં.] પું. પુરુષોત્તમનાં કલ્યાર માહેનું એક નામ.

પરીક્ષિતવ્ય જુઓ પરીક્ષ્ય.

પરીક્ષી [સં. પરીક્ષિન્] વિ. પરીક્ષા કરનાર; તપાસનાર.

પરીક્ષોત્તીર્ણ [સં.] વિ. પરીક્ષામાં પાસ થયેલું.

પરીક્ષ્ય ૧. [સં.] વિ. પરીક્ષા કરવા જેવું; પરીક્ષા કરવા યોગ્ય કે પરીક્ષા કરવા માટેનું.

૨. વિ. પરીક્ષા કરી જાણ્યા જેવું.

પરીખ ૧. જ્ઞી. કરાઠનો ધંધો કરનારની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. [સં. પરીક્ષ્ (પરીક્ષા કરવી) + અ. પ્રત્યય] વિ. નાણાં પારખનાર; ખરાં ખોટાં નાણાં ઓળખનાર; સિક્કા, હીરામોતી વગેરેની પરીક્ષા કરી જાણનાર; ઝવેરી.

૫. વિ. પરીક્ષક.

પરીજ્ઞાન [સં.] પું. અહંકાર.

પરીત જુઓ પરિત.

પરીતરો ૧. પું. આસક્તતા; ચિકાશ.

૨. જુઓ પરિઘ.

પરીતહરા [સં.] વિ. સુંદર; ખૂબસૂરત.

પરીત્રા [સં.] જ્ઞી. પરીક્ષા; તપાસણી.

પરીદમ [હિં.] પું. ખભામાં પહેરવાનું ચાંદીનું એક ઘરેણું.

પરીક્ષિત ૧. [હિં.] જ. અભિમન્યુ અને ઉત્તરાના પુત્ર.

૨. જુઓ પરીક્ષિત.

પરીલદ [સં.] વિ. અત્યંત સુંદર; બહુ રૂપાળું.

પરીક્ષાવ ૧. [સં] જ્ઞી. ગામની ચોતરફની ભૂમિ. તેને ગામના બધા લોકોની સંપત્તિ સમજવામાં આવતી હતી.

૨. જુઓ પરિણાવ

પરીત ૧. વિ. અલગ; જોડું.

૨ વિ (જૈન) અલ્પસંસારી; શુક્લપક્ષી.

૩. વિ. એક જીવવાળું; એક શરીરે એક જીવ હોય એવું.

૪ વિ. બચાવવા માટે લાવેલું; સંભાળ; પરિમિત.

૫. [સં.] વિ. ચોતરફથી મેળેલું.

૬. વિ. ચોતરફથી વીંટાયેલું; ઘેરાયેલું.

પરીનિ [સં.] જ્ઞી. ફૂલોની બનાવેલ સુરમો; પુષ્પાંજન.

પરીત્ત ૧. [સં.] વિ. મર્યાદિત; સીમાબદ્ધ.

૨. વિ. સંકોચું; સંકુચિત; તંગ.

પરીપેકર [સં.] વિ. બધાને જોવા મોહવાળું.

પરીપ્સા [સં.] જ્ઞી. પ્રાપ્ત કરવાની ઇચ્છા; મેળવવાની ઇચ્છા.

પરીબંદ ૧. પું. કુસ્તીનો એક દાવ.

૨. પું. બાળકો તથા સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું ઘરેણું.

પરીબૂહી જ્ઞી. અદ્ભુત વાર્તા; રૂપકથા.

પરીર [સં.] જ. ફળ.

પરીરબ્ધ ૧. [સં.] પું. આલિંગન.

૨. પું. હાથ.

પરીરૂ ૧. [સં. પરી (અપ્સરા) + રૂ (મુખ)] જ્ઞી. સુંદર સ્ત્રી.

૨. વિ. સુંદર; ખૂબસૂરત; બહુ રૂપવાન.

પરીલા વિ. પીળાંવાળું.

પરીવાદ જુઓ પરિવાદ.

પરીવાદી જુઓ પરિવાદી.

પરીવાર જુઓ પરિવાર.

પરીવાહ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બધુ તગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.

રચ પરીવાહ ન ત ત ગા ગા

રઘુપિંગળ

૨. જુઓ પરિવાહ.

પરીશાન [સં.] વિ. પરેશાન; હેરાન.

પરીશાની [સં.] જ્ઞી. હેરાનગતિ.

પરીષ જ. પુરીષ; વિષ્ટા; ગંદકી.

પરીષહ ૧. [સં.] પું. (જૈન) ક્ષુધા, તરસ, ઠંડી, ગરમી, તરસ વગેરે આવતી વિપત્તિઓમાંની દરેક. આવી પરીષહ: (૧) ક્ષુધાપરીષહ અથવા ક્ષુત્પરીષહ, (૨) પિપાસાપરીષહ, (૩) શીતપરીષહ, (૪) ઉષ્ણપરીષહ, (૫) દંશમશકપરીષહ, (૬) અચેલ કે ચેલપરીષહ, (૭) અરતિપરીષહ, (૮) સ્ત્રીપરીષહ, (૯) ચર્યાપરીષહ, (૧૦) નિષદ્યા કે નૈષધિપરીષહ, (૧૧) શય્યાપરીષહ, (૧૨) આક્રોશપરીષહ, (૧૩) વધપરીષહ, (૧૪) યાચના કે યંચાપરીષહ, (૧૫) અલાભપરીષહ, (૧૬) રોગપરીષહ, (૧૭) તૃણપરીષહ, (૧૮) મલપરીષહ, (૧૯) સત્કારપરીષહ, (૨૦) પ્રજ્ઞાપરીષહ, (૨૧) અજ્ઞાનપરીષહ અને (૨૨) દર્શનપરીષહ.

૨. પું. (જૈન) ક્ષુધા, તરસ, ઠંડી, ગરમી, તરસ વગેરે વિપત્તિઓ સહેવી તે.

પરીષ્ટિ ૧. [સં.] સ્ત્રી. પરિચર્યા; સેવા.

૨. સ્ત્રી. ક્રોધ; ખોળ.

પરીસવું [સં. પરિવિષ્] સ.ક્રિ. પીરસવું; જમનારાઓની થાળીમાં આણ પદાર્થ મૂકવા.

પરીસો ૧. પું. ઝાંઝવાં; મૃગજળ.

૨. પું. દુઃખ; કષ્ટ; પીડા.

૩. જુઓ પરીષહ.

પરીસ્તાન ૧. [ઇ.] જ. અપ્સરાનું નિવાસસ્થાન; પરીઓનો મુલક; પરીઓના વસવાનું કલ્પેલું સ્થાન; પરીઓનો લોક; સ્વર્ગ. આ શબ્દ પરી અને સ્તાન જોડા બે ફારસી શબ્દોનો બનેલો છે, તોપણ ફારસી પુસ્તકોમાં તે શબ્દ જોવામાં આવતો નથી. તેથી આ શબ્દ હિંદમાં હુંફળાઓએ રચ્યો મનાય છે.

૨. જ. સુંદર મનુષ્યો, આસ કરીને સ્ત્રીઓ અથવા અપ્સરા હોય તેવું સ્થાન; સૌંદર્યનો અખાડો.

પરુ ૧. [સં.] પું. ગાંઠ; ગ્રંથિ.

૨. પું. પર્વત; પહાડ.

૩. પું. સમુદ્ર.

૪. પું. સ્વર્ગ.

૫. જ. નાનું ગામ.

૬. [સં. પૂય] જ. લોહીના વિકારથી માંસ પાકી ગયાથી કે ફોલ્લામાંથી નીકળતું ધોળું કે લોહીમિશ્ર પ્રવાહી; પાક; રસી.

૭. જ. કહેરની બહારનો વસવાટ; પરું.

પરુખાઈ [હિં.] સ્ત્રી. કઠોરતા; કઠણપણું; નીરસતા.

પરુહાર [સં.] પું. પોલે.

પરુપક્ષા [સં. પરુષક્ષ] સ્ત્રી. (જૈન) ઉપદેશ; બોધ.

પરુષ [સં.] પું. પોલો.

પરુષ ૧. [સં.] પું. (પુરાણ) ચર રાક્ષસના ખર મહિનો એ નામનો એક અસુર.

૨. સ્ત્રી. (અલં) રીતિ એટલે લખાણના ત્રણ મુખ્ય પ્રકાર મહિના એકનું નામ. વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એ ત્રણને અલંકારમાં મુખ્ય રીતિ માની છે. આ ત્રણ અલંકારની રીતિને અનુક્રમે ઉપનાગરિક, પરુષ અને કોમલવૃત્તિ કહે છે.

૩. જ. એક અલંકારનું નામ.

૪. જ. કઠોર વચન; અપ્રિય વાત.

૫. જ. કાળ ઝીંડોળી.

૬. જ. તીર; બાણ.

૭. જ. અપ્રિય લાગે એવું; તોછડું; અસભ્ય.

૮. જ. કૂર; કઠોર; નિષ્ઠુર; નિર્દય.

૯. ■. ચંદુ.

૧૦. જ. તીક્ષ્ણ; તીર જેવું.

પરુષતા ૧. [સં.] સ્ત્રી. કઠોરતા; નિર્દયપણું; નિષ્ઠુરતા.

૨. સ્ત્રી. ગંદકી.

૩. સ્ત્રી. તીક્ષ્ણતા.

૪. સ્ત્રી. તોછડાઈ; અસભ્યતા.

પરુષત્વ જુઓ પરુષતા.

પરુષવચન ૧. [સં.] સ્ત્રી. કઠોર બોલવું.

૨. જ. કઠોર બોલવાપણું.

પરુષવાચી [સં. પરુષવાચિન્] જ. કઠોર બોલનારું.

પરુષવાણી [સં.] સ્ત્રી. કઠણ બોલ; કઠણ શબ્દ.

પરુષવૃત્તિ [સં.] સ્ત્રી. (અલં) ગૌડી રીતિનું મમ્મટે આપેલું એક નામ.

પરુષા ૧. [સં.] સ્ત્રી. એક અલંકારનું નામ; કઠોરતા.

૨. સ્ત્રી. અલંકારમાં વૃત્તિ અથવા શબ્દ બોલવાની એક રીત. આ વૃત્તિથી વીર, રૌદ્ર અને બીભત્સ રસની કવિતા સારી થાય છે.

૩. સ્ત્રી. રાવી નદી.

પરુષોક્તિ ૧. [સં.] સ્ત્રી. કઠોર બોલવું.

૨. જ. કઠોર બોલવાપણું.

પરુસ [સં. પરશ્વ] પું. કોરડી કે સાંઠાની ગાંઠ.

પરું ૧. જ. ગરીબ માણસ.

૨. જ. કહેર બહારનો વસવાટ; ઉપનગર.

૩. [સં. પર] જ. બહાર; બગલું; દૂર; બાજુ.

૪. જ. બગલું; ઊભું.

૫. જ. જુદું; નિરાળું; ન્યારું.

૬. અ. દૂર; બહાર.

પરૂ જ. પાક; રસી.

પરૂડું જ. ખરું સાજું.

પરૂઢ (પરૂઢ) પું. ટૂંકો, બાકી અને આઘાંનો ભાગ.

પરૂણલો પું. મહેમાન; પરોણો.

પરૂણાગત સ્ત્રી. મહેમાનગીરી; આતિથ્ય.
પરૂણાગત કરવી = મહેમાની કરવી.

પરૂણાચાકરી જુઓ પરૂણાગત.

પરૂણાચાર જુઓ પરૂણાગત.

પરૂણી સ્ત્રી. કોઈ મહેમાન.

પરૂણો ૧. પું. જમાઈ.

૨. પું પરોણો. બાકી કાંઈપણની બારણાની બાકી.

૩. [સં. પ્રાપુણક; પ્રા. પાહુણય] પું. મહેમાન; અતિથિ.

પરૂપવું જ.ક્રિ. બોલવું; ઉચ્ચારવું; કહેવું.

પરૂષ જુઓ પારુષ.

પરૂષક [સં.] જ. એક અતરનું ફળ; કાલખા.

પરૂષણી સ્ત્રી. રાવી નદી.

પરે ૧. સ્ત્રી. પરોઢ; બગસરું.

૨. સ્ત્રી. બગસરાનું અજવાળું; પોહ.
પરે ફાટવી-ફૂટવી = સવાર થવું.

૩. અ. બહાર; બદલે.

૪. [સં. પર] જ. બાકી; દૂર; છેટે.

૫. જ. પછી.

૬. જ. પડ્યે; પેલે ઠેકાણે.

૭. [સં. ઉપરિ] જ. પર; ઉપર.
પૂરી ભણે પરી જેની પ્રસાદી કરી જે નથી,
ઘૂસ્યો સર્વે જેનો ના જોવાનું પ્રસ પરે.
મોમીનાત

૮. જ. પેટે; પેરે; પેરે; માટે; જેમ.

૯. જ. પ્રકારે.

પરેઈ [હિં.] સ્ત્રી. બાદ કબૂતર; કબૂતરી.

પરેખ ૧. પું. બાજરો રહેવું તે.

૨. [હિં.] પું. હિસાબી; પરખાવો; ચેક.

૩. પું. પરીક્ષા.

૪. પું. વિશ્વાસ; પ્રતીતિ.

પરેચ્છા [સં.] સ્ત્રી. પારકાની ઇચ્છા.

પરેચ્છાધીન [સં.] જ. પારકાની ઇચ્છાને તાબે હોય એવું.

પરેચ્છા પ્રારબ્ધ [સં.] ન. એક પ્રકારનું પ્રારબ્ધ. પ્રારબ્ધના બે પ્રકાર છે: (૧) સ્વેચ્છા પ્રારબ્ધ અને (૨) પરેચ્છા પ્રારબ્ધ.

પરેજાવાં [સં. પ્રતિજ્ઞાપ] સ્ત્રી. કોઈનો પડછાયો પડવાની અશુભ ગણત્રી.

પરેજ જુઓ પરહેજ.

પરેજગાર જુઓ પરહેજગાર.

પરેજી જુઓ પરહેજી.

પરેડ ૧. પું (કચ્છી) ચોગ્ગી.
૨. [હિં.] સ્ત્રી. કવાયત; 'પેરેડ.'

પરેઢો સ્ત્રી. પ્રભાત.

પરેઢ (પરેડ) ૧. સ્ત્રી. કવાયત; 'પેરેડ.'
૨. સ્ત્રી તંત્ર; ચોકો; પંચાત.
૩. ન. કામકાજનું ચોઘાન.

પરેત ૧. [સં. પ્રેત] ન. પ્રેત; ભૂત; પિશાચ.
૨. ન. મુડદું; મૃતક.
૩. ન મૃત્યુ, મરણ.
૪. વિ. અકરાતિયું; જાહુ બાનાઈ.
૫. વિ. દૂર થાવું ગયેલું; દૂર જતું રહેલું.
૬. વિ. મરણ પામેલું.

પરેતની સ્ત્રી. ડાકણ.

પરેતભર્તા [સં. પ્રેતભર્તૃ] પું. યમ.

પરેતભૂમિ [સં. પ્રેતભૂમિ] સ્ત્રી. સ્મશાન.

પરેતર ૧. [સં.] વિ. બારકું નહિ તેવું.
૨. વિ. ચતુ નહિ એવું.

પરેતરાજ [સં.] પું. યમ.

પરેતવાસ [સં.] પું. સ્મશાન.

પરેતવું સ. ક્રિ. વીંટવું.

પરેતા [હિં.] પું. મરેડી; બરખી.

પરેપ [સં.] ન. પાણી હોલવાની જગ્યા.

પરેર [હિં.] ન. આમલ.

પરેલી [હિં.] સ્ત્રી. જેમાં બંધસંચાલન વધારે હોય અને અભિનય ઓછો હોય એવો તાંડવનૃત્યનો એક ભેદ.

પરેવા ૧. [હિં.] પું. ઊતાવળે બોલનારો [illegible]
૨. ન. કોઈ જાતની ઊડવું પક્ષી.
૩. ન. પંડુક પક્ષી; પારેવાની જાતનું એક જંગલી પક્ષી.
૪. ન. પારેવું; કબૂતર.

પરેવાસ જુઓ. પરોઢિયું; બળસકું.

પરેશ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. બ્રહ્મા.
૩. પું. વિષ્ણુ.

પરેશ્રા જુઓ પરેસ.

પરેશ્વર જુઓ પરેસર.

પરેશાન ૧. વિ. આતુર; બદહાર.
૨. વિ. તોહાની; મસ્તીખોર
૩. [ફા.] વિ. કુખ્યો; ચિંતવાળું.
૪. વિ. પૂર્ત; ભંડું; ધુત્કું.
૫. વિ. બાદિતબાર; બગડેલું.
૬. વિ. વીસું; નિર્લજ્જ.
૭. વિ. હેરાન; બગડાયેલું; ઉદ્વિગ્ન; દુઃખ કે સંતાપને લીધે બાકુળ બનેલું.

પરેશાન બાતિર [ફા.] વિ. દુઃખી; ચિંતાતુર.

પરેશાનહાલ પું. દુઃખદ સ્થિતિ.

પરેશાની ૧. [ફા.] સ્ત્રી. ચિંતા; ચિંતા; મુંઝવણ.
૨. સ્ત્રી. બાકુળતા; ઉદ્વેગ; બગડાબળ.
૩. સ્ત્રી. હેરાનગતિ; મુસીબત.

પરેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા બાંધેલું એક નામ.

પરેશ્વર જુઓ પરેસ.

પરેષ્ટસાધનપર્યાયોક્તિ [સં.] સ્ત્રી. (અલં) અર્થોક્તિનો એક પ્રકાર જેમાં; એક બનતો અર્થાલંકાર.

પરેષ્ટિ [સં.] પું. યજ્ઞ.

પરેષ્ટુકા [સં.] સ્ત્રી. બણી વાર વિસાયેલી ગાય.

પરેસન ૧. ન. ગાવવાનું યંત્ર; મુદ્રાયંત્ર.
૨. ન. છાપું; વર્તમાનપત્ર
૩. ન. મુદ્રણાલય; છાપખાનું.

પરેસાઉ વિ. બલિહારી.

પરેસ્થાન ૧. [સં.] ન. પરીઓનો મુલક; પરીઓનો રહેવાનો દેશ; પરીઓના વાસનું કલ્પેલું સ્થાન.
૨. ન. સુંદર બનુભવો બાપ કરીને જોઓ બબા બનેલ હોય તેવું સ્થાન; સૌંદર્યનો [illegible]
૩. ન. સુંદર બોબરબોની બબાવટ.
૪. ન. સ્વર્ગ.

પરેહ [હિં.] સ્ત્રી. બાતળા, બોળી, વી કે તેલમાં પકવવામાં બાવતી એક પ્રકારની કઢી.

પરેહરા સ્ત્રી. બતિથિ સુદિ પૂનમ.

પરેહા [હિં.] સ્ત્રી. એકલ બકી પાણી પાયેલી જમીન.

પરેંહો પું. ચોગ્ગો; બાકુ બાજવું તે.

પરેકું ૧. વિ. (કચ્છી) દૂરનું.
૨. વિ. (કચ્છી) સામેનું.

પરૈ ન. (કચ્છી) બાવતી પરમે; બાવતા પરમ દિવસે.

પરો ૧. પું. કૂતરાના પગ ઉપરનો વાળનો ગુચ્છો.
૨. પું. કેડવાળો; ઘોડાના પગા ઉપરનો બાસ સાથે વાળનો ગુચ્છો.
૩. પું. ગુનો; બપરાધ.
૪. પું. છોકરો.
૫. પું. પાડો.
૬. પું. પીંછું.
૭. પું. (કચ્છી) બરોસો.
૮. ન. એક બતનું ઘાસ.

પરોક્ષ [સં. પર (બીજું) + ઉક્ત (કહેલું)] વિ. બીજાએ કહેલું.

પરોક્તચિહ્ન [સં પર (પારકું) + ઉક્ત (કહેલું) + ચિહ્ન (નિશાન)] ન. બવતરણ ચિહ્ન.

પરોક્તદોષ [સં.] પું. બદાવત સમજ્યા વાજબી રીતથી ખુલાસો નહિ બાપવાનો બપરાધ.

પરોક્તિ [સં. પર (પારકું) + ઉક્તિ (બોલ)] સ્ત્રી. બીજાના બોલેલા શબ્દ.

પરોક્ષ ૧. [સં.] પું. બજાણ; બેરહાજરી.
૨. પું. (પુરાણ) સોમવંશી યયાતિપુત્ર અનુ રાજાના ત્રણ બાંઠેનો એ નામનો નાનો દીકરો.
૩. ન. બદશ્યતા.
૪ ન. બબ્રમાણજ્ઞાન; ઉદ્વિય બને મનની સહાયતાથી થતું જ્ઞાન.
૫. વિ. ઉદ્વિયની પેલી પારનું.
૬. વિ. ગુપ્ત; જાનું.
૭ વિ. બણે કાનની વાત જાણનાર; પરમજ્ઞાની.
૮. વિ. નજર બહારનું; બેરહાજર; બદશ્ય; બબ્રત્યક્ષ.
૯ બ. બાડકતરી રીતે; સામે મોંએ નહિ એમ; બીજાની દ્વારા.
૧૦. બ. નજર ન પડે તેમ; પૂંઠ પાછળ; પછવાડે; સાંભળનાર હાજર ન હોય તેમ; પૂંઠે.

પરોક્ષ ઉપપત્તિ [સં.] સ્ત્રી. (બલિત) બા.કારી રીતની સાબિતી; કોઈ પણ બાબત સીધી રીતે સાબિત થઈ શકતી ન હોય ત્યારે તે બાબત ખોટી છે એમ ધારી એવી ધારણા ઉપર બાધાર રાખી, દલીલ કરતાં બનુપપન્ન સ્થિતિ ઊભી કરી તે ધારણાને ખોટી ઠરાવી મૂળ સિદ્ધ કરવાની બાબત સત્ય છે એમ ઠરાવવાની રીત; ઊલટી સિદ્ધતા; 'બનિરોટ મૂવ.

પરોક્ષકર [સં.] પું. વસ્તુઓ ઉપર સીધો નહિ પણ આડકતરી રીતે લેવાતો કર.

પરોક્ષજ્ઞાન ૧. [સં.] ન. (જૈન) ત્રિવિધજ્ઞાનની સાત ભેદોની બીજી અવસ્થા. આત્મા અધિકારી છે એવું શાસ્ત્રાદિ દ્વારા જાણવું એ પરોક્ષજ્ઞાન નામની ત્રિવિધજ્ઞાનની બીજી અવસ્થા છે. બુદ્ધ્યાદિના સાક્ષીરૂપે રહેલ અંતરાત્માથી અખિલ જગતનો સાક્ષાત્કાર નહિ કરીને જગત સત્યરૂપ, જ્ઞાનરૂપ ને અનંતરૂપ છે ઇત્યાદિ વેદાંતશાસ્ત્રનાં વચનથી જાણ્યું છે એવું જે સામાન્ય જ્ઞાન થવું તે જ્ઞાન ઉપાસનામાં પરોક્ષજ્ઞાન કહેવાય છે. શિવ અને વિષ્ણુ આદિની મૂર્તિનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રવચનોથી થનારું જ્ઞાન પણ પરોક્ષજ્ઞાન છે, કેમકે શાસ્ત્રથી તેમનું પાંચ મુખવાળું કે ચાર હાથવાળું સ્વરૂપ છે એવો બોધ થાય છે.
૨. ન. જેવા વગર કેવળ વર્ણન સાંભળી કે વાંચીને થયેલ જ્ઞાન; વર્ણનાત્મક જ્ઞાન. જ્ઞાનના બે પ્રકાર છે: એક પરિચયાત્મક જ્ઞાન જેટલે સાક્ષાત્ અપરોક્ષજ્ઞાન અને બીજું વર્ણનાત્મક જ્ઞાન જેટલે પુનર્જ્ઞાન અથવા પરોક્ષજ્ઞાન. પરોક્ષજ્ઞાનના બે પ્રકાર છે: અનુમિતિ અને શબ્દજ્ઞાન.

પરોક્ષતા [સં.] સ્ત્રી. પરોક્ષ હોવું તે.

પરોક્ષત્વ જુઓ પરોક્ષતા.

પરોક્ષદર્શન [સં.] ન. અંતર્ધાન; અંતઃકરણની વાત જાણવી તે.

પરોક્ષનિર્વાચન [સં.] ન. આડકતરી રીતે ચૂંટણી કરવી તે.

પરોક્ષપદાર્થવાચક [સં.] વિ. અપ્રત્યક્ષ વસ્તુઓ સંબંધી.

પરોક્ષપ્રમાણ [સં.] ન. બીજાની મદદથી પદાર્થના સ્પષ્ટ રૂપનો જાણનારું પ્રમાણ. પરોક્ષપ્રમાણના પાંચ ભેદ છે: સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ.

પરોક્ષભોગ [સં.] પું. કોઈ બીજાનું ન જાણે, ન દેખે તેમ કોઈ વસ્તુનો ઉપભોગ કરવો તે.

પરોક્ષમતિજ્ઞાન [સં.] ન. જૈન પ્રકારનું મતિજ્ઞાન. તેના ચાર ભેદ છે: સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન.

પરોક્ષરચના સ્ત્રી. એ નામની અલંકારપ્રસિદ્ધ એક પ્રકારની વાક્યરચના. તેમાં બોલનારના શબ્દો આડકતરી રીતે વ્યક્ત કરવામાં આવે છે. એથી ઊલટી રચનાને અપરોક્ષરચના કે સીધી રચના કહેવાય છે.

પરોક્ષવૃત્તિ [સં.] વિ. પરોક્ષ વર્તનવાળું.

પરોક્ષસેવા [સં.] સ્ત્રી. અદૃશ્ય રીતે સેવા કરવી તે.

પરોક્ષાનુભવ [સં.] પું. પ્રત્યક્ષ નહિ એવો અનુભવ. પરોક્ષાનુભવ બે પ્રકારનો છે: કર્તાને અધીન અને બીજાને અધીન.

પરોક્ષાર્થ [સં.] પું. અદૃષ્ટ હેતુ.

પરોક્ષાર્થદર્શક [સં.] પું. જોનારની આંખ સામે અગાઉ ન હોય એવી વસ્તુ જોવા માટે વપરાતો જોડ બનતો દર્શક અંગ: 'પોલમોસ્કોપ.'

પરોક્ષિ વિ. (બા. શ્ર.) પ્રત્યક્ષ નહિ એવું; પરોક્ષ.

પરોક્ષ્ય જુઓ પરોક્ષ.

પરોગ પું. આંત; ઊંડો; ઊંચાઈ; આખર.

પરોજન ૧. પું. બહેની બાર બાળકના જન્મ દીપાવવા અને બાળબોધણા ઊતરાવવાની ક્રિયા.
૨. [હિ.] ન. પ્રયોજન; હેતુ; પ્રસંગ; કારણ.

પરોઢ [સં.] પું. અંધારપો; ઝોઝ.

પરોઠું ન. ઘીથી ઉપર ઘીનાં તવેથી શેકેલી જેવી એક ચીજ; ખાટી; આખરી

પરોઢ (પરોઢ) ન. પ્રભાત; પરોઢ; મળસકું; વહાણું; પરોઢિયું.

પરોઢિયું (પરોઢિયું) જુઓ પરોઢ.

પરોઢ [સં. પ્રરોઢ] ન. પ્રભાત; મળસકું; પરોઢ; પ્રાતઃકાળ; સવાર.
મોટે પરોઢે = બહુ વહેલાં.

પરોઢા [સં.] સ્ત્રી. બીજા સાથે પરણેલી સ્ત્રી.

પરોઢિયું જુઓ પરોઢ.

પરોણદી સ્ત્રી. સ્ત્રી મહેમાન.

પરોણલો પું. મહેમાન; પરોણો.

પરોણાગત [સં.] સ્ત્રી. પોતાને ઘેર આવેલા માણસની સારી આગતાસ્વાગતા કરવી તે; મહેમાનગીરી; આતિથ્ય; આદરસત્કાર; બરદાસ.
પરોણાગત કરવી = આતિથ્ય કરવું.

પરોણાચાકરી જુઓ પરોણાગત.

પરોણાચાર જુઓ પરોણાગત.

પરોણાપાઈ ન. મહેમાન અને તેનો નોકરચાકર વર્ગ.

પરોણી ૧. સ્ત્રી. અતિથિ તરીકે આવેલી સ્ત્રી; સ્ત્રી મહેમાન.
પરોણી નાતરે દેવી = આવેલ અતિથિને બીજાને ત્યાં જમવા મોકલવો.
૨. સ્ત્રી. આરવાળી પાતળી નાની લાકડી.
૩. સ્ત્રી. સોયમાં પરોવેલો દોરો.

પરોણીગર પું. પરોવવાનું કામ કરનાર માણસ.

પરોણો ૧. [સં પ્રાભૃતક–પાહુણય–પ્રાહૃણઉ–પ્રાહુણો–પરોણો] પું. અતિથિ; બોલા દિવસ રહેવાને આવેલ અજાણ્યું અથવા ઓળખીતું માણસ; મહેમાન; મિજબાન.
પરોણા જેમવવા = પરોણાનાં ભોજન વગેરેની જોગવાઈ કરવી.
૨. પું. જમાઈ.
૩. પું. ભણદ ઢાંકવાની આરવાળી લાંબી લાકડી; અંકુશ.

પરોત ૧. [સં. પુરોહિત] પું. ગોર; પુરોહિત.
૨. સ્ત્રી. ગોરપણું કરનારી ભાર્ગવ બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.
૩. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૪. વિ. એ નામની જ્ઞાતિનું.

પરોતર્યું [હિ.] પું. લગ્ન વખતે વસ્ત્રવગેરેને બદલે આપવાનો ઘોડ, સાકર, ઘાણદ વગેરેનો સીધો.

પરોત્કર્ષ ૧. [સં] પું. બીજાની ચડતી.
૨. પું. દુશ્મનની ઉન્નતિ.

પરોદ્દિત ૧. [સં.] વિ. બીજાએ કહેલું.
૨. વિ. દુશ્મને કહેલું.

પરોધ ૧. [સં. પુરોહિત] પું. ક્ષત્રિયોનો ગોર; ક્ષત્રિયનું ક્રિયાકર્મ કરાવનાર બ્રાહ્મણ.
૨. સ્ત્રી. ક્ષત્રિયના પુરોહિતની એ નામની એક જ્ઞાત.
૩. ન. એ નામની જ્ઞાતનું માણસ.
૪. વિ. એ નામની જ્ઞાતનું.

પરોપકાર [સં. પર (પારકું) + ઉપકાર (ભલું)] પું. બીજાનું હિત કરવું તે; બીજાને મદદ કરવી તે; પારકાનું ભલું કરવું તે; પારકા ઉપર ઉપકાર કરવો તે; પરહિત.

પરોપકારક [સં.] વિ. બીજાનું ભલું કરનાર.

પરોપકારબુદ્ધિ [સં.] સ્ત્રી. પરહિતેચ્છા; પારકાનું ભલું કરવાની ઇચ્છા.

પરોપકારરસિક [સં.] વિ. પરોપકારમાં રસ લેનાર.

પરોપકારવાદ [સં.] પું. સર્વભાવ; પરોપકારવૃત્તિ; શુદ્ધપરાર્થ; સ્વસુખનિરપેક્ષભાવ; બીજાનું ભલું કરવાનો મત.

પરોપકારવૃત્તિ [સં.] સ્ત્રી. પરહિતેચ્છા; ભલાઈ; ભૈરુબંદગી; બીજાનું ભલું કરવાની લાગણી.

પરોપકારિણી સભા [સં.] સ્ત્રી. પરોપકાર કરનારું મંડળ.

પરોપકારિતા [સં.] સ્ત્રી. પરગજુપણું; પરોપકાર કરવાનો ગુણ; પરોપકારપણું.

પરોપકારિત્વ જુઓ પરોપકારિતા.

પરોપકારી [સં. પરોપકારિન્] વિ. બીજાને ઉપકાર કરનાર; બીજાને મદદ કરનાર; પરગજુ; પરોપકાર કરનાર

નિર્બંસની સત્યવાદી અને ૯૯ અલ્પમાણી છે, પરોપકારી ૯૯ થે છે પરહુ એ ફ.ખી જાહુ. —ત્રાંબીત્રીલા

પરોપકારીપણું જુઓ પરોપકારિતા.

પરોપકૃત [સં.] વિ. પરોપકાર કરાયેલું.

પરોપકૃતિ [સં.] સ્ત્રી. પરોપકાર.

પરોપજાપ [સં.] પું. બીજાએ કરેલ કાવતરું.

પરોપજીવિતા [સં.] સ્ત્રી. બીજાની ઉપર નભવું તે.

પરોપજીવિત્વ જુઓ પરોપજીવિતા.

પરોપજીવી ૧. [સં. પરોપજીવિન્] સ્ત્રી. બીજા પ્રાણીના અથવા બીજી વનસ્પતિના રસથી પોષાઈ વૃદ્ધિ પામનાર પ્રાણી અથવા વનસ્પતિ. પરોપજીવી છોડ ચૂષક મૂળો જમીનની અન્ય વૃક્ષોમાંથી પોતાનું પોષણ મેળવે છે. આ પરોપજીવિત્વ વિવિધ તરેહનું હોય છે. (૧) સંપૂર્ણ પરોપજીવિત્વ અને (૨) અલ્પાંશી. સંપૂર્ણ પરોપજીવી છોડો કદી કૈંક લીલા હોતા નથી, કારણ કે તે પોતાનો સંપૂર્ણ આહાર કાષ્ઠમાંથી જ મેળવે છે. અલ્પાંશી પરોપજીવી છોડોમાં હરિદ્રજ દ્રવ્ય હોય છે, એટલે તે પોતાનો આહાર વધતાઓછા અંશે પોતેજ પેદા કરી લે છે. તેઓ પ્રકાંડ અને શાખાઓ ઉપર હોય છે કે મૂળિયા ઉપર પણ હોય છે, એટલે તેમને પ્રકાંડોપરિ પરોપજીવીઓ કે મૂલોપરિ પરોપજીવીઓ તરીકે ઓળખવામાં આવે છે. સંપૂર્ણ પરોપજીવીઓ: આકાશવેલ, અમરવેલ. અલ્પાંશે પ્રકાંડોપરિ પરોપજીવીઓ: વાંદા. સંપૂર્ણ મૂલોપરિ પરોપજીવીઓ: મૂરિયો ભોંગીઓ, તંબાકુ, રીંગણાં અને બટાટા.

૨. પું. બીજાનો ઉપદેશ.

૩. વિ. બીજાને આધારે જીવનારું; પારકાની મહેનત ઉપર મુજરાન ચલાવનાર.

પરોપદેશ ૧. [સં.] પું. બીજાને આપેલ શિખામણ; પારકાને કરવાનો ઉપદેશ.

૨. પું. બીજાનો ઉપદેશ.

પરોપરુદ્ધ ૧. [સં.] વિ. બીજાએ રોકેલું.

૨. વિ. શત્રુએ કેદ કરેલ.

પરોલ પું. સરકારી અમલદાર તરફથી પહેરગીરને અજાણ્યામાં આવતો સાંકેતિક શબ્દ; 'પેરોલ.' આ શબ્દ બોલનારને પહેરા ઉપરનો સિપાઈ જવા દે આવતાં રોકતો નથી.

પરોક્ષ ૧. [સં.] વ. એ૰ આંખ ઉપરની સંખ્યા.

૨. વિ. એ૰ આંખ ઉપરની સંખ્યાવાળું.

પરોલિયો પું. દરવાજા દ્વારપાળ.

પરોવણી સ્ત્રી. સોયમાં દોરો પરોવવો તે.

પરોવવું ૧. સ. ક્રિ. વાવવું; અંદર નાખવું; સોયના નાકામાં દોરો વાવવો; વેધવાળી વસ્તુને દોરા ઉપર ચલાવવી; પ્રોતવું; વેધવાળી વસ્તુમાં દોરો વાવવો; પોરવવું.

૨. સ. ક્રિ. ભોંકવું; ઘસડવું.

૩. સ ક્રિ. ભેરવવું; લટકાવવું; નાંખવું; ઠાંસવું.

૪. સ. ક્રિ. મન ઉપર લેવું; મગ્ન થવું; જવાબદારી સમજીને કરવું; ચિત્ત જોડાવું; તલ્લીન થવું.

કામમાં ફજર પરોવ્યો = બેદરકારીથી કામમાં મંડ્યા રહેવું.

પરોવાયું વિ. પારકું.

પરોવાવવું સ. ક્રિ. પરોવાવ તેમ કરાવવું.

પરોવાવું સ. ક્રિ. પરોવાવ તેમ થવું.

પરોષ્ણી ૧. [સં.] સ્ત્રી. બીજા જાતનો ઝોડો; તોફાનિયા; વંઠો.

૨. સ્ત્રી. (પુરાણ) કશ્મીરની એક નામની એક નદી.

પરોસ [હિં] પું. પાડોશ; નજીકમાં રહેવું તે.

પરોસવું [સં. પરિવિષ્] સ. ક્રિ. પીરસવું; જમવા માટે થાળામાં મૂકવું

પરોસા [હિં.] પું. પીરસવું; બીજા માણસ આગળ તેટલા ભોજનની મોકલવામાં આવતી થાળી.

પરોસિયો પું. પીરસણિયો; પીરસનારો માણસ.

પરોસી [હિં.] પું. પાડોશી; પાડોશમાં રહેનાર માણસ.

પરોસૈયા [હિં.] પું. પીરસનાર માણસ.

પરોહ ૧. પું. ઉપર ચઢીને ચલી જવું તે; ચઢવું તે.

૨. પું. પાણી ખેંચવાની ચામડાની કોથળી; કોસ.

૩. પું. પાણીમાં નાખવું તે.

૪. પું. પ્રવાહ.

પરોહત [સં. પુરોહિત] પું. ગોર; પુરોહિત.

પરોહન [હિં.] પું. જેના ઉપર સવાર થઈ યાત્રા કરવામાં આવે તે બળદ, ઘોડો, રથ વગેરે વાહન.

પરોઢવું અ. ક્રિ. કોસ હાંકવો; ચામડાની કોથળીથી જમીનને પાણી પાવું.

પરોઢા [હિં.] પું. પાણી ખેંચી કાઢવાની ચામડાની કોથળી; કોસ.

પરોળ સ્ત્રી. ચોરી; ગલી.

પરોળિયો પું. કેદખાનાનો ચોકીદાર.

પરોં ૧. [હિં.] પું. આવતો પરમ દિવસ.

૨. પું. ગયો પરમ દિવસ.

પરોંઠો પું. વરત અને કોસ બંનેને જોડનાર ચામડાનો કટકો.

પરોંપો પું. કોસ અને વરત વચ્ચેનું ચામડું.

પરૌતી સ્ત્રી. પોતાનો કસ પાછો મેળવે તે માટે થોડો વખત બેસવા વખર સામી હોય તેવી જમીન.

પર્ઇ ૧. [સં.] વ. કોંચ પક્ષી; કુંજડું.

૨. વ. પ્રભાતારંભ.

પર્ઇટી ૧. [સં.] સ્ત્રી. કોંચ પક્ષિણી; કુંજડી.

૨. સ્ત્રી. પીપરનું ઝાડ.

પર્કાલિયા ૧. પું. ખીજનારી; અસહિષ્ણુ.

૨. પું. ટુકડો; ખંડ; કટકો.

આખતના પર્કાલિયા = (૧) બધો દુષ્ટ માણસ. (૨) બધુ ઘુરચ્યો માણસ.

૩. પું. કેસી.

૪. પું. સીડી.

પર્કાર ૧. [ફા.] પું. વર્તુલ દોરવાનું યંત્ર; 'કંપસ.'

૨. પું સરસામાન.

૩. પું. કોઠાયંત્ર.

પર્કારી [ફા.] સ્ત્રી. કંપાસથી થયેલું કામ.

પર્કાહ [ફા.] પું. નકામી વસ્તુ.

પર્કૃતી સ્ત્રી. ધાતુ ઢાળવાનો કરમો.

પર્ચ [અં] પું. સાડાસોળ હાથ લંબાઈનું જમીન માપવાનું એક માપ.

પર્ચા ૧. [ફા.] પું. કટકો.

૨. પું. સુતરાઉ કાપડ

૩. સ્ત્રી. ઓપનિયું.

૪ સ્ત્રી. પરીક્ષા.

૫. સ્ત્રી. સાત્રિતી.

પર્ચારા સ્ત્રી. ભોલાચાલી; તકરાર.

પર્ચો ૧. પું. પોતાની મેળે ઊભરી બેસે એવી જાતનો ક્ષાર.

૨. પું. વરસાદ પછીનું ચોખ્ખું થયેલું આકાશ.

પર્છા સ્ત્રી. પ્રતિલિપિ; પડછાયો.

પર્જની [સં.] સ્ત્રી. ગડગડાટ.

પર્જન્ય ૧. [સં.] પું. ઇંદ્ર.
૨. પું. (જૈન) એક જાતનો મેઘ; એક વખત વરસતાં કલાક કરી સુધી જમીનમાં ચોમાસ રહે તેવો મેઘ.
૩. પું. (પુરાણ) કશ્યપ ઋષિનો એ નામનો એક પુત્ર. તેની અનુના ગાંધર્વમાં થાય છે.
૪. પું. જોઈતા કરતું વરસાદનું વધારું.
૫. પું. મેઘનો શબ્દ; વરસાદનો અવાજ.
૬. પું (પુરાણ) રૈવત મન્વંતરના સાત માંહેનો એ નામનો એક ઋષિ.
૭. પું. વરસાદ; મેઘ; વૃષ્ટિ.
૮. પું. વિષ્ણુ મેઘવૃષ્ટિ કરનારા તે છે, વળી આનંદસુખની વૃષ્ટિ કરનાર પણ તે છે, માટે વિષ્ણુ ભગવાન પર્જન્ય કહેવાય છે.
૯. પું (પુરાણ) સવિતા નામના આદિત્યનું બીજું નામ. દર વરસે ફાલ્ગુન મહિનામાં સૂર્યમંડળ ઉપર તેનું આધિપત્ય હોય છે.

પર્જન્યક [સં.] વ. ભાત કરવાનું એક જાતનું હથિયાર.

પર્જન્યપત્ની [સં.] સ્ત્રી. ઇંદ્રાણી.

પર્જન્યમાપકયંત્ર [સં.] વ. વરસાદ માપવાનું યંત્ર.

પર્જન્યયજ્ઞ [સં.] પું. વરસાદને માટે કરાતો [illegible].

પર્જન્યા [સં.] સ્ત્રી. ગડગડાટ.

પર્જન્યાસ્ત્ર [સં.] વ. એ નામનું એક અસ્ત્ર.
મહાભારતના લડાઈમાં અર્જુનના, ઘટોત્કચ, પર્જન્યાસ્ત્રો વગેરે દિવ્ય અસ્ત્રો હતાં.
ગુજરાતી લોકસાહિત્ય

પર્જરક પું. કર.

પર્જવું અ. ક્રિ. ભળવું.

પર્ણક [સં. પર્ણક] પું. પલંગ.

પર્જિત અ. ક્રિ. તાજે બનેલું; હારેલું.

પર્ણદહન ૧. [સં. પર્ણદહન] વ. મુસારી.
૨. વ. દેખાડવું તે.

પર્ણપરિસ્રાન [સં. પર્ણપરિસ્રાન] પું. છેડો; અંત.

પર્ણપંક [સં. પર્ણપંક] પું. પલંગ.

પર્ણપર્યંત [સં. પર્ણપર્યંત] પું. હદ; સીમા.

પર્ણપર્યાય ૧. [સં. પર્ણપર્યાય] પું. એક શબ્દ માટે સમાન અર્થવાળો બીજો શબ્દ.
૨. પું. ગોઠવણ.
૩. પું. તક.
૪. પું. રીત.
૫. પું. ક્રમ.

પર્ણ [સં.] વ. કિ. (ધાતુ) ભીંજવું કરવું. તે ઉપરથી બનેલા શબ્દો: પર્ણું, પર્ણકુટી, પર્ણશય્યા.

પર્ણ ૧. [સં.] પું. ઝાબરાનું ઝાડ.
૨. પું. પત્ર; પ્રણવ; પાનું.
૩. ન. તીરનું પીછું.
૪. ન. નાગરવેલનું પાન.
૫. વ. પાંખ.
૬. ન. પાંદડું; પાન.
૭. વ વૈદિક સમયમાં નવા ચૂંટી કાઢેલા રાજાને રાજસ્થાને લાક્ષણિક ચિહ્ન તરીકે આપવામાં આવતી પલાશની ટહોળી.
૮. ક્રિ. પાંદડાંવાળું.

પર્ણક ૧. [સં.] પું. તે નામનો એક ઋષિ; પાર્ણિક એવા પ્રવર્તાવનાર એક ઋષિ.
૨. પું. પાંદડું; નાનું પાન.

પર્ણકપૂર પું. પત્રકપૂર.

પર્ણકલિકા [સં.] સ્ત્રી. આંખ; બીજની ચાંદ; કેરડી વગેરેને પ્રતળાએ પ્રતળાએ હોય છે તે આંખ.

પર્ણકળી સ્ત્રી. કૂંપળ; ટીશી.

પર્ણકાર ૧. [સં.] પું. નાગરવેલનાં પાન વેચનાર એ નામની એક જાતિ; તંબોળી.
૨. વ. એ નામની જાતિનું આદમી.
૩. ક્રિ. એ નામની જાતિનું.

પર્ણકીટ [સં.] પું. પાંદડાં ઉપર રહેનાર એક જાતનો કીડો.

પર્ણકીય ૧. [સં.] ક્રિ. પાંદડાંવાળા પ્રકારનું.
૨. ક્રિ. પાંદડાંવાળું.

પર્ણકુટિ જુઓ પર્ણકુટી.

પર્ણકુટિર જુઓ પર્ણકુટી.

પર્ણકુટી [સં.] સ્ત્રી. પાંદડાં અને વાંસ વાપરેલી ઝૂંપડી; મઢી; ઝૂંપડી; કેવળ પાંદડાંની બનાવેલી ઝૂંપડી; પર્ણશાળા.

પર્ણકુટીર જુઓ પર્ણકુટી.

પર્ણકૂર્ચ [સં.] પું. એક જાતનું વ્રત. તેમાં નવ ઉપવાસ કરી પાંદડાંનો ઉકાળો પિવાય છે.

પર્ણકૃચ્છ્ર [સં.] પું. એ નામનું એક વ્રત. તેમાં પાંચ દિવસ અમુક અમુક વસ્તુનાં પાંદડાંનો કાઢો પિવાય છે.

પર્ણકૃત્ય [સં.] પું. પર્ણરચના.

પર્ણકેતન ૧. [સં.] પું. નાગરવેલના પાનનો [illegible].
૨. પું. પાંખનો પંખ.
૩. પું. પાંદડાંનો કટકો.
૪. પું. પુષ્પ વગરનું ઝાડ.
૫. પું. ફૂલ ન આવે એવી વનસ્પતિ.
૬. વ. પાંદડાંનો સમૂહ.

પર્ણગિરિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પર્ણગુચ્છ સ્ત્રી. એક જાતની સ્વયંવર્તી વનસ્પતિ.

પર્ણગ્રંથિ ૧. [સં.] સ્ત્રી. થડમાં જે જગ્યાએથી પાંદડું કે પાંદડાં ફૂટી નીકળે છે તે ગ્રંથિ.
૨. સ્ત્રી. પાંદડાંની ગાંઠ; પાંદડાંનો જથ્થો.

પર્ણઘેરું ક્રિ. પાંદડાને લીધે ઘાટ.

પર્ણચીરપટ [સં.] પું. મહાદેવ.

પર્ણચોરક ૧. [સં.] સ્ત્રી. ચિરાયતી જેવી એક વનસ્પતિ. તેનાં પાંદડાં ચોરના રંગ જેવાં એટલે કે રાતા રંગનાં હોય છે. તે ઝાડવાથી કરમાઈ જાય છે, માટે તેને પર્ણચોરક કહે છે.
૨. વ. ચોર નામનું ગંધદ્રવ્ય.

પર્ણજર પું. એક જાતનો બહુ જેવો કીડો. તે દ્રાક્ષના વાંડવામાં ઉત્પન્ન થઈ ચોક્કસ વખતમાં દ્રાક્ષના વેલાનો નાશ કરે છે.

પર્ણજંઘ પું. (પુરાણ) એ નામનો વિશ્વામિત્રનો એક પુત્ર.

પર્ણજીવી [સં. પર્ણજીવિન્] ક્રિ. પાંદડાં ઉપર જીવનાર.

પર્ણતર [સં.] પું. ભરણ પામેલો નહિ મળવાથી તેને સ્થાને અમિદાન કે ભૂમિદાન કરવા માટે કરાતી ઝાબરાનાં પાંદડાંની મનુષ્યાકૃતિ.

પર્ણપટી ૧. વ. પાંદડાંના આકાર જેવા પત્રવાળું પ્રાણી.
૨. વ. પાંદડાંના જેવા પત્રવાળું.

પર્ણપીત [સં.] પું. પાંદડાંના પીળાશ પડતા જાતનો રંગ.

પર્ણપુટ [સં.] પું. પડિયો.

પર્ણભેદન [સં.] ક્રિ. પાંદડું ભેદનાર.

પર્ણભેદિની [સં.] સ્ત્રી. ત્રિભંગ વૃક્ષ.

પર્ણભોજન ૧. [સં.] પું. ખરો.
૨. પું. આખ પાંદડાં ખાઈને રહેવું હોય તે.
૩. વ. પાંદડાં ખાવાં તે.
૪. ક્રિ. પાંદડાં ખાનાર.

પર્ણમણિ ૧. પું. એ નામનું એક જાતનું ઝાડ.
૨. [સં.] પું. નીલમ; નીલમ મણિ.
૩. સ્ત્રી. ચણું.

પર્ણમય [સં.] ક્રિ. પાંદડાંમાંથી બનેલું; પાંદડાનું થયેલું.

પર્ણમયી [સં.] સ્ત્રી. પાંદડાંથી બનાવેલું એક વસ્ત્રાભરણ; ચુડલ.

પર્ણમાચલ [સં.] પું. કમરખનું ઝાડ.

પર્ણમાચાલ [સં.] પું. કારેલાનો વેલો.

પર્ણમુખ [સં. પર્ણમુખ્] પું. શિશિર ઋતુ; પાનખર ઋતુ; હિમાળો.

પર્ણમૃગ [સં.] પું. પાંદડાં ખાઈ જીવનાર વાનર વગેરે પશુ.

પર્ણય [સં.] પું. ઉંટ મારેલો એ નામનો એક અસુર.

પર્ણરુહ [સં. પર્ણરુહ્] પું. વસંત ઋતુ.

પર્ણલ [સં.] વિ. પાંદડાંવાળું

પર્ણલતા [સં.] સ્ત્રી. નાગરવેલ.

પર્ણવટક [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

પર્ણવલ્લી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; પાલાશી નામની લતા.
૨. સ્ત્રી. પલાશનું ઝાડ; ખાખરાનું ઝાડ.

પર્ણવિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પર્ણવી [સં.] ન. પક્ષી.

પર્ણવીટિકા [સં.] સ્ત્રી. પાનબીડું.

પર્ણશય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.
૨. વિ. સૂકાં પાંદડાંના ઢગલામાં રહેનાર.

પર્ણશય્યા [સં.] સ્ત્રી. સાપરો; પાંદડાં પાથરીને બનાવેલું બિછાનું; પાંદડાંની પથારી.

પર્ણશવર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.
૨. સ્ત્રી. તે નામના દૈત્યમાં રહેતી અનાર્ય જાતિ. તે હાલ લગભગ નષ્ટ થયેલી છે.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

પર્ણશાક ન. (પુરાણ) તે નામનું એક ગામ. તે ગંગા અને જમના વચ્ચેના દોઆબની તળેટીમાં પૂર્વે આવેલું હતું.

પર્ણશાલા ૧. [સં.] સ્ત્રી. પર્ણકુટી; ઝૂંપડી; ઉટજ; પાંદડાંની બનાવેલી ઝૂંપડી; મઢી.
૨. સ્ત્રી. વાડીબાજમાં એકાંત માંડવો; વાડીનો માંડવો.

પર્ણશાલાગ્ર [સં.] પું. (પુરાણ) ભદ્રાશ્વવર્ષનો એ નામનો એક પર્વત; ભદ્રાશ્વખંડમાં આવેલ એ નામનો એક કુલાચળ પર્વત.

પર્ણશાળા જુઓ પર્ણશાલા.

પર્ણશુષ્ક [સં. પર્ણશુષ્ક્] પું. શીતકાળ; હિમાળો.

પર્ણસ [સં.] પું. પાંદડાંની સપાટીનો ભાગ.

પર્ણસિ ૧. [સં.] પું. અલંકાર.
૨. પું. કમળ.
૩ પું. પક્ષીનો બચ્ચાં રહેવાનો માળો.
૪. પું. ઘાસ.

પર્ણા [સં.] સ્ત્રી. (પુરાણ) હિમવાન પર્વતની કન્યા અને કૌશીકી ઋષિની સ્ત્રી.

પર્ણાક વ. એક જાતનું પત્રવાદ્ય; સુષિરવાદ્ય.

પર્ણાદક [સં.] પું. એ નામનો એક ઋષિ.

પર્ણાદક [સં.] પું. એ નામનો એક ઋષિ.

પર્ણાદ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. [સં. પર્ણ (પાંદડું) + અદ (ખાવું)] પું. ગોઈ જાતને કારણે પાંદડાં ખાઈ રહેનાર માણસ.
૩. પું. (પુરાણ) દમયંતીએ નળને શોધવા માટે મોકલેલો એ નામનો બ્રાહ્મણ.
૪. વિ. પાન ખાનાર.
૫. વિ. ગત મારે પાંદડાં ખાનાર.

પર્ણાપદી ન. પાંદડાં જેવા પગવાળું પ્રાણી.

પર્ણાલ ૧. [સં.] પું. એક જાતની લતાઈ.
૨. પું. કોદાળી.
૩. પું. નાની કોદી.
૪. પું. પાવડો.
૫. પું. વહાણ.

પર્ણાવૃત [સં. પર્ણ (પાંદડું) + આવૃત (ઢાંકેલું)] વિ. પાંદડાંવાળું.

પર્ણાશન ૧. [સં.] પું. મેઘ; વાદળ.
૨. વિ. પાંદડાં ખાનાર; કેવળ પાંદડાં ખાઈને રહેનાર.

પર્ણાશા [સં] સ્ત્રી. (પુરાણ) પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી; રીતનોધ: તે રાજપૂતસ્થાનમાં વહેતી લાવની બનાસ નદી હોવાનું મનાય છે.

પર્ણાસ [સં.] પું. તુલસી.

પર્ણાસક [સં.] સ્ત્રી. એક જાતની તુલસી.

પર્ણાસિ [સં] પું. તુલસી.

પર્ણાહાર ૧. [સં.] સ્ત્રી. જાતને લીધે માત્ર પાંદડાં ખાઈ રહેનાર માણસ.
૨ વિ. જાતને માટે માત્ર પાંદડાં ખાનાર.

પર્ણાંકુર [સં.] પું. પાંદડાનો કોટો.

પર્ણાંકુરક [સં.] પું. પાંદડાંનો નાનો અંકુર.

પર્ણિક ૧. [સં.] પું. પાંદડાં વેચનાર માણસ.
૨. સ્ત્રી. ઊટજ; એક જાતનું પત્રવાદ્ય.

પર્ણિકા ૧. [સં.] સ્ત્રી. અરણી; અગ્નિમંથ.
૨. સ્ત્રી. ચિકન નામની લતા.
૩. સ્ત્રી. કાલપર્ણી.

પર્ણિની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. માલપર્ણી વનસ્પતિ.

પર્ણિનીદ્રુમ [સં.] સ્ત્રી. કાલપર્ણી; ભૂમિપર્ણી.

પર્ણિલ [સં.] વિ. પાંદડાંવાળું.

પર્ણી ૧. [સં. પર્ણિન્] પું. વૃક્ષ.
૨. પું. કાલપર્ણી.
૩. સ્ત્રી. એક જાતની અપ્સરા.
૪. સ્ત્રી. નાનું પાન.
૫. ન. ઝાડ.
૬. વિ. પર્ણવાળું; પાંદડાંવાળું.
૭ વિ. પાંખવાળું; પાંખાળું.

પર્ણી કરોળિયો પું. એક જાતનો કરોળિયો, તે માદાને પકડીને તેને જાળમાં પૂરી રાખે છે.

પર્ણોદ્ગમન [સં.] ન. પાંદડાં આવવાં તે.

પર્ણોદજ [સં. પર્ણ + ઉટજ (ઝૂંપડી)] ન. પાંદડાંનું ઝૂંપડું; પર્ણશાળા.

પર્ણ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.
૨. વિ. પાંદડાંઓમાં રહેનાર.

પર્ત ૧. [સં. પર્તૃ] પું. રક્ષક.
૨. પું. રક્ષણનું સાધન.

પર્તીતિ સ્ત્રી. ભરોસો; વિશ્વાસ.

પર્દ [સં.] ન. વિ. (ધાતુ) પાદવું; અપાન વાયુ છોડવો. તે ઉપરથી બનેલા શબ્દો: પાદું; પાદણ; પાદણિયું.

પર્દ ૧. [સં.] પું. વેરનો સમૂહ.
૨. પું. પાદવું તે.

પર્દગી [સં.] સ્ત્રી. નમ્ર કે પવિત્ર શીલવંતી સ્ત્રી.

પર્દન [સં.] ન. પાદવું તે.

પર્દની [હિ.] સ્ત્રી. પોતી.

પર્દપોશ ૧. વિ. સંતાડનાર
૨. વિ. સંતાડેલું.

પર્દા ૧. પું. નમતા.
૨. [ફા.] પું. પડદો; તડકાથી કે વરસાદથી રક્ષણ કરવા માટે કે સ્ત્રીઓના ગુપ્ત રહેવા માટે બાંધી, ભિંતાનો, પાલખી વગેરેનો પડદો.
૧. પર્દા કરવું = સંતાડવું.

૨. પર્દો પર્દો કરવું = કોઈ કામ ખંતપૂર્વક કરવું.
૩. પર્દો પર્દો રેબ્બવ = કોઈ વાતમાં બાનગી તપાસ કરવી.
૪. પર્દો બે બીની = નાકનો પડદો.
૩. પું. રહસ્ય; ગૂઢ ભેદ; અંતર.
૪. પું. વહાણનો સઢ.
૫. પું. સંગીતનો એક સ્વર.
૬. વ. આવતી કાલ.
૭. વ. આવતો ચરમ દિવસ.

પર્દાબ્બિ ૧. [સં.] સ્ત્રી. ઉચ્ચારણ આપવું તે.
૨. સ્ત્રી. પૂર્ણ કરવું કે સંપૂર્ણતા.

પર્દાઝ [સં.] વિ. પૂર્ણ કરનાર.
કાર પર્દાઝ = કામ કરવું.

પર્દાદાર ૧. સ્ત્રી. પડદામાં રહેનાર સ્ત્રી.
૨. વિ. બાનગી વાત બહાર પાડનાર.
૩. વિ. ગુપ્ત; બાનગી.

પર્દાદારી ૧. [સં.] સ્ત્રી. બાનગી વાત બહાર પાડવી તે.
૨. સ્ત્રી. નિમકહલાલી.
૩. સ્ત્રી. પોતાની વાત છુપાવવી તે.

પર્દાનશીન ૧. [સં.] સ્ત્રી. પડદા પાછળ રહેનારી સ્ત્રી.
૨. વિ. પડદે રહેનાર.
૩. વિ. સંતાડેલું; છુપાવેલું.

પર્દાનિશીન જુઓ પર્દાનશીન.

પર્દાપોશ ૧. [સં.] પું. ગુપ્તતા રાખનાર માણસ.
૨. વિ. મુખના રાખે એવું.
૩. વિ. બરાબર ઢકાઈ સંતાઈનાર.
૪. વિ. છુપાવો ઓઢનાર.

પર્દાપોશી ૧. [સં.] સ્ત્રી. દુષ્કૃત્યો ઢાંકવાં તે.
પર્દાપોશી કરવી = બરાબર કૃત્યો છુપાવવાં.
૨. સ્ત્રી. દોષ ઢાંકવો તે.
૩. સ્ત્રી. નિમકહલાલી.
૪. સ્ત્રી. પોતાની વાત છુપાવવી તે.

પર્દાફાશ (પર્દાફાશ) ૧. [સં.] પું. ગુપ્ત વાત બહાર પાડનાર માણસ.
૨. સ્ત્રી. ગુપ્ત વાત બહાર પાડવી તે.
૩. સ્ત્રી. પરાજય.

પર્દાવાલી સ્ત્રી. પડદા પાછળ રહેનારી સ્ત્રી.

પર્દુમન ૧. પું. કામદેવ.
૨. પું. કૃષ્ણનો દીકરો પ્રદ્યુમ્ન.

પર્દેનશીત જુઓ પર્દાનશીન.

પર્દેપોસ જુઓ પર્દાપોશ.

પર્દેપોસી જુઓ પર્દાપોશી.

પર્દો ૧. પું. ઓસરીનો ભાગ ઉપર આવતો ભાગ.
૨. પું. આંતરું.
૩. પું. ઓસાંત.
૪. પું. ગ્રહનો પડદો.
૫. [સં. પર્દા] પું. પડદો.
૧. પર્દામાં કાંઈ ગજવવો = અજાણ્યા માણસ સાથે અવિચાર કરવો.
૨. પર્દામાં સુરાખ કરવું = ગુપ્ત રીતે બીજે અવિચાર કરવો.
૩. પર્દો ઢાકવું = (૧) અજાણ્યા માણસને ઉત્તર ન આપવો. (૨) પડદા પાછળ બેસવું.
૪. પર્દો ઉઠાવવો = (૧) ખુલ્લું કરવું. (૨) પડદો ઉપાડવો.
૫. પર્દો કરવો = ઢાંકવું; છુપાવવું.
૬. પર્દો છોડવો = (૧) પડદો નાખવો; પડદો પાડવો. (૨) વાત ગુપ્ત રાખવી.
૭. પર્દો ઢાંકવો = પાપ ઢાંકવાં.
૮. પર્દો પાડવો = (૧) ઢાંકો દેવું. (૨) પડદો નાખવો.
૬. પું. પાતળું પડ.
૭. પું. પિછવાઈ.
૮. પું. પૂજાની સપાટી.
૯. પું. પેટમાં રાખવું તે; કોઈને કહેવું નહિ તે; મર્મ.
૧. કોઈનો પર્દો ખોલવો-ઉઘાડવો = ગુપ્ત વાત બહાર પાડવી.
૨. પર્દો દરી કરવો = (૧) અળખા ખોવી. (૨) કોઈની બાનગી વાત બહાર પાડવી.
૩. પર્દો રાખવો = (૧) ગૂઢ સૂચના આપવી. પોતાનાં પાપ અજાણ્યા જુના છુપાવવા.
૧૦. પું. ભાતું
૧૧. પું. વહાણનો સઢ.
૧૨. પું. સિતારના તારમાં આડી નાખેલ પિત્તળની પટી.

પર્દૂ ૧. [સં.] પું. અપોવાયુ; પાદ.
૨. પું. બાળકના વાળ.

પર્દૂન [સં.] પું. બકાન ચણ ઓડવો તે.

પર્ધાન ૧. [સં. પ્રધાન] પું. બમલદાર.
૨. પું. ઈશ્વર.
૩. પું. કુદરત.
૪. પું. પટેલ; પ્રમુખ.
૫. પું. મુખ્ય; શેઠ; હાકેમ
૬. પું. રાજાનો વિશ્વાસુ બાણસ.
૭. વિ. મુખ્ય

પર્ન ન. તુલસીનો છોડ.

પર્નામ ન. પ્રણામ.

પર્નાસિ [સં. પ્રણાલી] પું. ચટર; ચોરી; ખરનાળું.

પર્ષ ૧. [સં.] પું. ઘર.
૨. પું. નવું ઘાસ.
૩. પું. પૈડાંવાળી ખુરસી.
૪. પું. વૃદ્ધ માણસને બાલવામાં ટેકારૂપ લાકડી, બોડી વગેરે.

પર્ષદ ૧. [સં.] પું. પાષદ.
૨. પું. પિતપાપડો; એક જાતની ઔષધિ. તે વર્ષાઋતુ બેસતી સાથે જ ઊગે છે. ગરમડી, હાથ અને પગમાં બળતરા થતી હોય તેવા તાવમાં આ ઔષધિ આપવાથી ફાયદો થાય છે. કમળાના રોગમાં તે અકસીર ઇલાજ બનાવ છે. તે બેચાથી પેશાબ વધુ આવે છે અને આંખ સોજ્યની મટી જાય છે. ઔષધ તરીકે તેનાં પાનનો તાજો રસ સાકર સાથે આપવામાં આવે છે.

પર્ષદક જુઓ પર્ષદ.

પર્ષદક્ષાર [સં.] પું. (વૈદક) એ નામનો એક ક્ષાર. તે કેટલીક વનસ્પતિને બાળી તેને ચૂનાનું પાણી લગાડી પછી સૂકવીને ફરી બાળવાથી બને છે. આ ક્ષાર મૂત્રલ, આમવિરુદ્ધ અને અંત્રિલાગક તરીકે કમળામાં છાશ સાથે પાવામાં આવે છે. ગાંઠ ઉપર પણ તે લગાવવામાં આવે છે.

પર્ષદચૂર્ણ [સં.] ન. (વૈદક) એ નામનું એક ચૂર્ણ. આ ચૂર્ણ કડવું, તાવાત કેનાર અને જ્વરનિવારક ગણાય છે. દરેક જાતના તાવ અને આસ કરીને જાવરસની વિકૃતિ કે શ્વાનતંતુની નબળાઈના તાવમાં આસ આપવામાં આવે છે. તે તાવમાં આપવાથી તરસ ઓછી લાગે, બધું સુકાતું નથી, ઊલટી બંધ કરે, લાલપત્રની બળતરા ઓછી કરે, બાવાનો દુખાવો અને આંતરડાનો રક્તસ્રાવ બંધ કરે, તેની માત્રા ½ થી ૧ તોલો છે. પાણી અને ખરાબના પાણીમાં દિવસમાં બધુ વખત આપવામાં આવે છે.

પર્ષદદુમ [સં.] પું. કુંવારપાઠું; ગૂગળનું ઝાડ; જલકુમ્બી.

પર્ષદાદિ કવાથ [સં] પું. (વૈદક) એ નામનો એક કવાથ. તે અડસલિયો, ગળો, બળી ઢાક, પાપડા, કરિયાતું, મોથ, કડાછાલ વગેરે ખાંડી બનાવવામાં આવે છે. પિત્તજ્વર, પ્રલાપ, દાહ, મૂર્છા, ભ્રમ, તરસ, ઊલટી પડવું, ઝાડા વગેરે ઉપર તે ઉપયોગી બધુ છે.

પર્પટાદિ હિમ ન. (વૈદક) પિત્તપાપડામાંથી બનતી એ નામની એક દવા. અડસલિયો, દારૂ, વાળો, પાષાણ, મળો ને કરિયાતું એ ૭ ચીજ તોલો તોલો લઈ તેને અડી રતલ પાણીમાં પલાળી રાખવાથી તે બને છે. તેની માત્રા ૫થી ૧૦ તોલા છે.

પર્પટી ૧. [સં.] સ્ત્રી. ઉત્તર પ્રદેશમાં પ્રસિદ્ધ એક સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. કોળાની બનાવેલી પૂરી

૩. સ્ત્રી. ગોપીચંદન; સૌરાષ્ટ્ર દેશની માટી.

૪. સ્ત્રી. પાનડી.

૫. સ્ત્રી. પાપડ.

૬. સ્ત્રી. પાપડી.

૭. સ્ત્રી. પોપડી. કજ્જલીને પીળી આંચે પિત્તળાની તાસના ઢાંકણ ઉપર તે ઢાંણી કઈ ઉપર કાળનું પાન દબાવી પપડી બનાવી લેવામાં આવે તેને પર્પટી કહે છે.

૮ સ્ત્રી. રસ કરીને કાઢેલી દવા.

પર્પટીક ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. આકડાનો છોડ.

૩. પું. મિશ્રક રસ.

૪. પું. જવાસપ.

૫ પું. સૂર્ય.

પર્પટીરસ [સં.] પું. (વૈદક) એ નામે એક જાતનો રસ. તે પારા અને ગંધકને ભાંગરાના રસમાં ઘૂંટી તેમાં તાંબા તથા લોઢાની ભસ્મ મેળવી બનાવવામાં આવે છે.

પર્પરી [સં.] સ્ત્રી. માણસનો અંગ્રોગો.

પર્પરીક ૧. [સં.] પું. કેળવ.

૨. પું. ધૂળ.

૩. પું. પાકડાનો રેસો, નસ કે રગ.

પર્પાલિ સ્ત્રી. ધર્મશાળા.

પર્પિક ૧. [સં.] પું બંગડો માણસ.

૨. વિ. લૂલું; બંગડું.

પર્પુરા પું. એ નામનું એક જાતનું દર્દ; પંડુ રોગ; 'એનિમિયા.' તેમાં ચામડી નીચે લોહી વધારે છે અને ચામડી ઉપર પીરોજી રંગના ડાઘા રેખાયા કરે છે. કોઈ વાર પેટાં, આંતરડાં, ફેફસાં, મુરદો વગેરે અવયવોમાં પણ લોહી વધે છે. એનું કારણ તરત સોધી ન શકાય એમ બને, છતાં મોટે ભાગે બીજું દર્દ કાઢીને તે થાય છે.

પર્પૂરીક [સં.] ન. નવપલ્લવક કુંપળ.

પર્પૂષ [સં.] ન. અત્તર, સેંટ વિગેરે સુગંધી પદાર્થ.

પર્પૂષભરિ [સં.] સ્ત્રી. સેંટ, તેલ, અત્તર વગેરે સુગંધી પદાર્થ.

પર્ણ ૧. પું. એક જાતનો હીરો.

૨. પું. તક; ખરી તક.

૩. પું. પવિત્ર દિવસ; ઉત્સવનો દિવસ; પર્વ.

૪. પું. પ્રકારણ; ભાગ.

૫. પું. સાંધો; બાંધણીનો ચેહો.

૬. પું. સૂર્ય નવા નક્ષત્રમાં પ્રવેશ થાય તે પળ.

પર્વત [હિં.] પું. ડુંગર; પર્વત.

પર્વતી [હિં.] વિ. પહાડી; પહાડ સંબંધી.

પર્વલ વિ. શક્તિમાન; પ્રબલ.

પર્વલા જુઓ પર્વલ.

પર્વાની સ્ત્રી. ખેતૂત વાસેથી લેવાતો એક જાતનો કર.

પર્વી જુઓ પર્વ.

પર્વોવવું સ.ક્રિ. ઉપર કરવું.

પર્સ ૧. વિ. ઘણું મોટું; ઘણું વધારે.

૨. વિ. પહેલું; ઉત્તમ; મુખ્ય.

૩. જુઓ પરમ.

પર્સે વિ. મોટું.

પર્સેગુ [સં.] પું. પરમહંસ જેવો પુરુષ.

પર્સેજ્ઞિ ૧. [સં.] પું. જે અગ્નિ હાથમાં લઈને યજ્ઞની પરિક્રમા કરવામાં આવે તે અગ્નિ.

૨. પું. યજ્ઞ માટે ખોદેલા ખાડાની આસપાસ અગ્નિ લઈને પરિક્રમણ કરવું તે. અગ્નિને લાવી પહેલાં તેની આસપાસ અગ્નિ લઈ જવામાં આવે છે.

પર્સેજ્ઞિકરણ [સં.] ન. કર્ણની મદદથી પશુની ત્રણ વાર પ્રદક્ષિણા કરવી તે.

પર્સેજ્ઞિકૃત [સં.] વિ. ગોતરફ અગ્નિ વીંટીને સંસ્કાર કરેલ; કર્ણની મદદ વડે જેની ત્રણ વાર પ્રદક્ષિણા કરાવેલી હોય તેવું; જેની આસપાસ અગ્નિ ફેરવવામાં આવ્યો હોય તેવું.

પર્સેજ્ઞિકોદ્વહ ન. હોમવાનો પ્રારંભ અગ્નિની ગોતરફ ફેરવવો તે.

પર્સેજ્ઞ પું. ભેદ જાણનાર પુરુષ અભ્યાસી.

પર્સેદ ૧. પું. ખોળી

૨. પું. પોળિયો; દરવાન.

૩. સ્ત્રી. ચૂલમાં પોચનો ધંધો કરનારી એ નામની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

પર્સેદ્યુદ્ગમ [સં.] ક્રિ. સમુદ્રગમન માટે અયોગ્ય; અણગમતા માટે નાલાયક.

પર્સેન ૧. [સં. પરિ (ચોતરફ) + અટન (ભ્રમણ)] ન. યાત્રા; સફર; મુસાફરી; મુસાફરીએ જવું તે; પ્રવાસ. પર્યટન એ કેળવણીનું એક મહત્વનું અંગ છે. શાળાઓમાં તેનો કાર્યક્રમ ગોઠવવો જોઈએ. તેથી વિદ્યાર્થીઓને કુદરતનું તેમજ સમાજનું નિરીક્ષણ કરતાં આવડે તેમજ અપરિચિત જગ્યાએ અપરિચિત લોકોમાં મોકળાશ જતાં આવડે. પુસ્તકોનું શિક્ષણ પર્યટન વિના અધૂરું જ રહે છે.

૨. ન. વારંવાર ભમવું તે; રખડવું તે.

પર્યટાદિ ક્વાથ પું. (વૈદક) એ નામનો એક ક્વાથ. તે અડસલિયો અને બીજી દવામાંથી બને છે.

પર્યનુયોજ્ય ૧. [સં.] પું. (વેદાંત) કૃષ્ણને માટે જિજ્ઞાસા; કૃષ્ણ બાબતની ઇચ્છા.

૨. પું. નિગ્રહસ્થાનમાં આવેલા વાદીને તેનું કૃષ્ણ કહેવાનો અવસર.

૩. પું. નિંદા; કપટો.

૪. પું. પૂછવું તે; તપાસ કરવી તે.

૫ પું. સર્વ તરફનો પ્રશ્ન.

પર્યનુયોજ્ય [સં.] વિ (વેદાંત) નિગ્રહસ્થાનમાં તું આવ્યો છે એમ કહેવા યોગ્ય.

પર્યનુયોજ્યોપેક્ષણ [સં.] ન. ગૌતમે કહેલ એ નામનું એક નિગ્રહસ્થાન.

> પોતાની સામે બોલનાર નિગ્રહસ્થાનને પ્રાપ્ત થયો હોય છતાં વાદી તેની ઉપેક્ષા કરે એટલે કે તું અમુક નિગ્રહસ્થાનને પ્રાપ્ત થયો છે તેવું ઉદ્ભાવન ન કરે તો તે પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાનને પ્રાપ્ત થઈ પરાજય પામે છે. પુરાકલ્પ

પર્યન્ન જુઓ પર્જન્ય.

પર્યય ૧. [સં.] પું. ક્ષયનો નાશ.

૨. પું. કોઈ નિયમ કે ક્રમનું ઉલ્લંઘન; ગરબડ.

૩. પું. ચોકડી.

૪. પું. ઘરેણાં ભૂલી જવી તે; કર્તવ્ય ભૂલી જવું તે.

૫. પું ફેરફાર; રૂપાંતર.

૬ પું. રાગ અને ચોકથી વિરુદ્ધ આચાર.

પર્યયણ [સં.] ન. ચોપડા ઉપર નાખવાનો સામાન; પલાણ.

પર્યયનર [સં.] પું. સિવનાં હજાર માંદેલું એક નામ.

પર્યર્ક [સં. પરિ (પાસે) + અર્ક (સૂર્ય)] ન. (જ્યોતિષ) ગ્રહ કે કેતુની ક્ષણનો સૂર્યની પાસેનો ભાગ.

પર્યલોચના સ્ત્રી. ગરબામણી; તુલના.

પર્યય ૧. પું. (જૈન) દ્રવ્ય અને ગુણનું રૂપાંતર થયું તે; એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું તે.
૨. પું. પરિચ્છેદ; નિર્ણય.
૩. પું. પર્યાય; એક વસ્તુનાં જુદાં જુદાં નામ; એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દ.
૪. પું. વિરોધતા; અકિંચિત્ત્વ.

પર્યવરોધ [સં.] પું. વિઘ્ન; આડચક્ક મુશ્કેલી.

પર્યવસન ન. ઉપરનું પૂર્ણ થયેલું હોવાપણું.

પર્યવસાન ૧. [સં.] ન. અર્થનો નિશ્ચય કરવો તે; જુદા જુદા અર્થનું અવધારણ.
૨. ન. અંત; છેડો.
૩. ન. અંતર્ભાવ; બીજામાં ભળી જવું તે; સ્વતંત્ર ન રહેવું તે.
૪. ન. પરિણામ; નિકાલ; લય.
૫. ન. રાગ; મોહ.
૬. ન. શેષ; અવધિ; સમાપ્તિ.

પર્યવસાનિક ૧. [સં.] વિ. અંતનું; છેવટનું.
૨. વિ. શેષ; અવધિવાળું.

પર્યવસાનેય વિ. ઉલ્લુ.

પર્યવસાયિત્વ [સં.] ન. પરિણામ.

પર્યવસાયિની [સં.] વિ.સ્ત્રી. અંતિમ; અંતવાળી.

પર્યવસાયી ૧. [સં. પર્યવસાયિન્] વિ. અંતવાળું; અંતિમ; છેવાળું.
૨. વિ. શેષ; અવધિવાળું.

પર્યવસિત ૧. [સં.] પું. પૂરો પર વિચાર કરીને નિશ્ચય કરેલ અર્થ; નિષ્પન્નાર્થ; નીચોડાર્થ.
૨. વિ. પરોવાયેલું.

પર્યવસ્કંદ [સં.] પું. નીચે કૂદકી મારવી તે.

પર્યવસ્થા ૧. [સં.] સ્ત્રી. વિરોધ; પ્રતિકાર; પ્રતિપક્ષવાદ
૨. સ્ત્રી. સ્થાપિત કરવું તે.
૩. સ્ત્રી. હરેક જગ્યામાં હોવું તે.

પર્યવસ્થાતા [સં. પર્યવસ્થાત્] વિ. પ્રતિબંધક; શત્રુ; અટકાવનાર માણસ.

પર્યવસ્થાન ૧. [સં.] ન. વિરોધ; પ્રતિપક્ષવાદ.
૨. ન. સ્થિરતા.
૩. વિ. વિરોધ કરનાર; પ્રતિપક્ષવાદ કરનાર.

પર્યવસ્થિત ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. વિ. કેસાઈને રહેલ.

પર્યવેક્ષક [સં.] પું. નિરીક્ષક; 'સુપરિન્ટેન્ડેન્ટ.'

પર્યશ્રુ [સં.] વિ. આંસુથી ખરડાયેલ.

પર્યસન ૧. [સં.] ન. ચોતરફ ફેંકવું તે.
૨. ન. દૂર ખસેડવું કે દૂર કરવું તે.

પર્યસ્ત ૧. [સં.] વિ. ચોતરફ ફેંકેલું.
૨. વિ. દૂર કરેલું; ખસેડેલું; પડેલું.
૩. વિ. નંખાયેલું.
૪. વિ. વિખરાયેલું.
૫. વિ. ઢંકેલું.

પર્યસ્તાપહ્નુતિ [સં.] સ્ત્રી. વસ્તુના ગુણને જોઈને તે ગુણનું બીજામાં આરોપણ કરી વર્ણન કરવામાં આવ્યું હોય એવો જે નામનો એક અલંકાર.

પર્યસ્તિ ૧. [સં.] સ્ત્રી. ખાટલો; પલંગ.
૨. સ્ત્રી. દૂર કરવું કે ખસેડવું તે.

પર્યસ્તિકા ૧. સ્ત્રી. એ નામનું એક આસન; પલાંઠી; વજ્રથી કે લુગડાથી બાંધે ઘૂંટણ આવવા તે.
૨. સ્ત્રી. બે પગ સામસામે અને કેડ વીંટીને બેસાય તે કપડું. બેસતી વખતે તે કપડું કેડ ઉપર વળે ને સાથળ ઉપર વીંટાય અને વીંટાતા કપડાની ઢાળી બાજુનો છેડો બેસનારની જમણી બાજુએ આવે અને જમણી બાજુનો છેડો બેસનારની ડાબી બાજુએ આવે તથા એ રીતે આવેલા બંને છેડાને પગની પિંડીના નીચા પાસે પોતપોતાની સ્વયં ઉપાડી દેવાય. એ રીતે અમુક પ્રકારના બેસવા માટે વપરાતા કપડાંને પર્યસ્તિકા કહે છે. પર્યસ્તિકા શબ્દમાં આવેલો પરિ અને અસનો મૂળ ભાવ આમતેમ ફેરવું એવો છે. ઉપર જણાવેલ રીતે વપરાતા કપડામાં તેના બંને છેડા એક જ બાજુ ન જતાં ઊલટાસૂલટા આવે છે, તથા એ રીતે બેસવાની રીતમાં જમણો પગ ઢાળી બાજુએ અને ડાબો પગ જમણી બાજુએ આવે છે. એ પણ ઊલટાસૂલટું જ થયું. આ બધું જોતાં પરિ + અસનો મૂળ ભાવ કપડાની અને પગની ક્રિયામાં બરાબર જળવાયેલો છે. એ મૂળ ભાવને લક્ષમાં રાખીને જ બેસવા કપડાને પણ પર્યસ્તિકાના ભાવ તરીકે અલ્પાંશે જણાવે છે. એ રીતે જોતાં પર્યસ્તિકાનો કપડું અર્થ તાણવિક વધી ગયો.
૩. જુઓ પર્યસ્તિ.

પર્યંક ૧. [સં.] પું. એ નામે ઓળખાતું એક આસન; વીરાસનમાં ઘૂંટણવર બેસવાનું એક આસન; ઢીંચણ ઊંચા નાખીને બેસવું તે.
૨. પું. કપડા વડે પીઠ, ગોઠણ અને પગ બાંધવા અથવા રાખવા તે.
૩. પું. નર્મદાની ઉત્તરે આવેલો એ નામનો એક પર્વત. તે વિંધ્ય પર્વતનો પુત્ર મનાય છે.
૪. પું. પલંગ.
૫ પું. પલંગ; ઢોલિયો; ખાટલો.
૬. પું. પલાંઠી.
૭. પું. યોગપટ્ટ.
૮. પું. વીરાસનમાં ખોળામાં સ્થાપેલ હાથ.

પર્યંકપટ્ટિકા સ્ત્રી. કાળી વાસોળ.

પર્યંકપાટિકા [સં] સ્ત્રી. કોબચિંબી નામની વનસ્પતિ.

પર્યંકબંધ ૧. [સં.] પું. કપડા વગેરેથી પીઠ, ગોઠણ, ઢીંચણ વગેરેનું બાંધવું તે.
૨. પું. યોગપટ્ટ.

પર્યંકબંધન જુઓ પર્યંકબંધ.

પર્યંકવિદ્યા સ્ત્રી. એક પ્રકારની ઉપાસના.

પર્યંકશય્યા [સં] સ્ત્રી. પલંગ ઉપરનું બિછાનું; ઓઢવું; પથારી.

પર્યંકા ૧. [સં.] સ્ત્રી. પલાસન.
૨. સ્ત્રી. પલાંઠી વાળી બેસવું તે.

પર્યંકાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. આરંભમાં સુખાસનની રીતે સ્થાન કરી પછી બંને પગોને ઢીંચણથી વાળી તેના પંજા હાથ નીચે આવવા ને બંને હાથ લાંબા કરીને સાથળ ઉપર રાખી સ્વસ્થપણે પડી રહેવું તે પર્યંકાસન કહેવાય છે. કેટલાક યોગીઓ અર્ધપદ્માસનને પર્યંકાસન કહે છે.

પર્યંકુષ [સં.] પું. અશ્વમેધમાં પશુબંધનના સ્તંભે બાંધવાનાં પાંચ પશુ.

પર્યંગ ન. મુખ્ય પ્રાણીની આસપાસ ફરતાં પ્રાણીઓ.

પર્યંચ [પ્રા.] પું. પાયરો; કનાત.

પર્યંત ૧. [સં.] પું. ગોળરૂપમ ફરતી હદ; ઘેર.
૨. પું. છેડો; અંત; છેવટ.
૩. પું. પાર્શ્વ; બાજુ.
૪. પું. જાનુ
૫. પું. સીમાડા ઉપર આવેલો પ્રદેશ.
૬. વિ. અંતવાળું.
૭. વિ. મર્યાદાથી બંધાયેલ.
૮. વિ. સમીપ; પાસે.
૯. અ. સુધી, લગી.

પર્યંતભૂ [સં.] સ્ત્રી. ગામડાના સીમાડાની જમીન; હદની જમીન.

પર્યંતવર્તી [સં. પર્યંતવર્તિન્] વિ. જાનુનું.

પર્યંતિકા [સં.] સ્ત્રી. ગુણોનો નાશ.

પર્યંતે અ. છેવટે; આખરે.

પર્યા ૧. ન. નાળું.
૨. ન. (કચ્છી) દૂર.

પર્યાકુલ ૧. [સં] વિ. અધીર; ઉતાવળું; ઉત્સુક; બહુ જ આતુર; ઉતેજ્જર.
૨. વિ. આકુળવ્યાકુળ; ગભરાયેલું.
૩. વિ. ઉગ્ર
૪. વિ. મેલું; અસ્વચ્છ; મલિન.

પર્યાકુલતા ૧. [સં.] સ્ત્રી. અધીરાઈ; બહુ જ આતુરતા; ઉત્સુકતા.
૨. વિ. ઉગ્રતા
૩. વિ. મલિનતા; અસ્વચ્છતા.
૪. વિ. આકુળતા; ગભરાટ.

પર્યાકુળ જુઓ પર્યાકુલ.

પર્યાકુળતા જુઓ પર્યાકુલતા.

પર્યાગતી કું. ચીનંચો; ઠબોડી.

પર્યાચાંત [સં.] ક્ર. એક પંક્તિમાં જમતાં હોય ત્યારે કોઈ એ આચમન કર્યું અથવા કોઈ ઊઠી ઊભો થયો તે વેળાનું બીજા જમનારાઓના પાત્રમાં રહેલું અન્ન.

પર્યાચિત [સં.] વિ. ચોતરફ વ્યાપ્ત.

પર્યાણ ૧. [સં.] ન. પલાણ; ઘોડાનો જીન વગેરે સામાન.
૨. ન. પ્રયાણ; ચાલવું તે; નીકળી પડવું તે.

પર્યાણિક આરેય ન. એ નામનું એક હાડકું. તે મણિબંધના સાંધામાં હોય છે.

પર્યાણિકા સ્ત્રી કાનના અંદરના ભાગમાં આવેલ એ નામની એક પેશી.

પર્યાતમકામ વિ. જેની કામનાઓ પરિપૂર્ણ થઈ હોય એવું.
હવામા એકલો જેણે પોતાના આત્માનો અનુભવ કર્યો છે તે માણસ આત્મસંતોષના અર્થે જ પર્યાપ્તકામ થાય છે, બીજાને કે સમાજ સર્વોપકારાર્થનો થાય છે. મુંડકોપનિષદ

પર્યાપ ૧. વિ. અજ્ઞાની.
૨. વિ. અતિ લોભી.

પર્યાપ્ત ૧. કું. (જૈન) જેણે આહાર આદિ પર્યાપ્તિ બાંધીને પૂરી કરી છે તેવો જીવ.
૨. [સં. પરિ (ચોતરફ) + આપ્ત (મેળવું)] ન. તૃપ્તિ; સંતોષ.
૩. ન. નિવારવું તે; અટકાવવું તે.
૪. ન. પૂર્ણતા; સફળતા.
૫. ન. યથેષ્ટ હોવાનો ભાવ; પ્રચુરતા.
૬. ન. ચોક્કસતા.
૭. ન. શક્તિ; સામર્થ્ય.
૮. ન. સીમા.
૯. વિ. પરિમિત; મર્યાદિત; આપવાળું.
૧૦. વિ. પૂરતું.
૧૧. વિ. પૂર્ણ; સમાપ્ત; પરિપૂર્ણ; સંપૂર્ણ.
૧૨. વિ. પ્રચુર; પુષ્કળ.
૧૩. વિ. પ્રાપ્ત; મેળવેલું.
૧૪. વિ. મન સંતોષ પામે એટલું.
૧૫. વિ. મળી આવે એવું.
૧૬. વિ. વિદ્વાન.
૧૭. વિ. સમર્થ; પર્યાપ્તિ સંબંધવાળું; શક્તિવાળું
૧૮. અ. સંતોષ માન લાંબુ થી.
૧૯ અ. સંપૂર્ણ રીતે.
૨૦. અ. સ્વેચ્છાથી.

પર્યાપ્તકરમ [સં] વિ. પૂર્ણકામ; જેના મનોરથ પૂરા થયા હોય એવું.

પર્યાપ્તસમાહૃતા ૧. [સં.] સ્ત્રી. સંપૂર્ણ સ્વીકારેલ તે; ચારે તરફથી એકત્ર કરેલું તે.
૨. વિ. પૂરતું; પરિપૂર્ણ.
૩. વિ. પ્રાપ્ત.

પર્યાપ્તતા ૧. [સં.] સ્ત્રી. (જૈન) જીવમાં જેટલી હોય તેટલી પૂર્ણ થઈ ગયેલી પર્યાપ્તિવાળી સ્થિતિ.
૨. સ્ત્રી. પર્યાપ્તપણું.

પર્યાપ્તભોગ [સં.] વિ. સંપૂર્ણ ભોગવાળું; જેનો ઉપભોગ કર્યો હોય તેવું; સંપૂર્ણ ભોગ કરનાર.

પર્યાપ્તિ ૧. [સં.] સ્ત્રી. અંત; સીમા; હદ; મર્યાદા
૨. સ્ત્રી. (જૈન) જીવની શક્તિ; સામર્થ્ય.
૩. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
૪. સ્ત્રી. નૈસર્ગિક ગુણો પ્રમાણે પદાર્થોની વિલક્ષણતા.
૫. સ્ત્રી. ન્યાયમતપ્રસિદ્ધ સ્વરૂપસંબંધ.
૬. સ્ત્રી. ભરપૂરપણું; પર્યાપ્તપણું; પરિપૂર્ણતા; પૂર્ણતા; સંપૂર્ણતા. પર્યાપ્તિના આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એમ છ પ્રકાર છે.
૭. સ્ત્રી. ચોક્કસતા.
૮. સ્ત્રી. હાજર મળવું તે.
૯. સ્ત્રી. સમાપ્તિ; પૂર્ણાહુતિ; પરિપૂર્ણતા.
૧૦. સ્ત્રી. સારી રીતે પ્રાપ્તિ.
૧૧. સ્ત્રી. (વેદાંત) સ્વરૂપસંબંધ. પ્રતિયોગી વસ્તુનું અથવા અનુયોગી વસ્તુનું જે સ્વરૂપ છે તે જ સંબંધરૂપ હોય તો તેને સ્વરૂપસંબંધ કહે છે. જેમ કે ઘડામાં રહેલું દ્વિત્વ સંખ્યાનું સ્વરૂપ લેને તે જે ઘડામાં પર્યાપ્તિ નામે સંબંધ છે. તાત્પર્ય આ પ્રમાણે છે: દ્વિત્વ ત્રિત્વાદિ અનેકત્વ સંખ્યા અનેક દ્રવ્યોને આશ્રિત રહે છે, એક દ્રવ્યને આશ્રિત રહેતી નથી. જેમ કે ઘડાની સંખ્યા જે ઘડાને આશ્રિત રહે છે અને બધા ઘડાની સંખ્યા બધા ઘડાને આશ્રિત રહે છે, પ્રત્યેક ઘડાને આશ્રિત રહેતી નથી. જોકે તે દ્વિત્વ ત્રિત્વાદિક સંખ્યા સમવાય સંબંધે કરીને પ્રત્યેક ઘડામાં પણ રહે છે, તથાપિ આ એકત્વ સંખ્યાવાળું દ્રવ્ય દ્વિત્વ સંખ્યાવાળું છે, એવી પ્રતીતિ કોઈને થતી નથી. પણ આ એકત્વ સંખ્યાવાળું દ્રવ્ય દ્વિત્વ સંખ્યાવાળું નથી, એવી જ પ્રતીતિ સૌકોઈને થાય છે. માટે તે દ્વિત્વાદિક સંખ્યા પર્યાપ્તિ નામે કોઈ સંબંધ વિશેષ માનવો જોઈએ. માટે જે ઘડામાં દ્વિત્વ સંખ્યા પર્યાપ્તિ સંબંધ વડે તે જે ઘડામાં રહે છે. તેમ બધા ઘડામાં ત્રિત્વ સંખ્યા પર્યાપ્તિ સંબંધ વડે બધા ઘડામાં છે.
૧૨ સ્ત્રી. સ્વેચ્છા; મરજી.

પર્યાપ્તિકર્મ [સં.] ન. (જૈન) જેના ઉદયથી પોતપોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થાય તે કર્મ.

પર્યાપ્તિકા [સં.] સ્ત્રી. જેનું સ્વરૂપ સારી રીતે સમજવામાં આવે તેવી જાતિ.

પર્યાપ્તિનામ ન. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી પ્રાણી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરે છે.

પર્યાપ્તિભોગ ૧. [સં.] કું જેનો પૂરો ભોગ કે ઉપભોગ થયો હોય તે.
૨ વિ સંપૂર્ણ ભોગ કરનાર.

પર્યાપ્લાવ [સં.] કું. ચોતરફ ભોળવું તે.

પર્યાય ૧. [સં.] કું. અવસર; મોકો.
૨. કું અવસ્થા; દશા.
૩. કું. આસપાસ ફેરો કરવો તે; ફેરાવો; ચક્કરાવો.
૪. કું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. તેમાં એક વસ્તુ ક્રમથી અનેક વસ્તુઓમાં કે અનેક વસ્તુઓ ક્રમથી એક વસ્તુમાં હોવાનું વર્ણન કરવામાં આવે છે.
૫. કું. એક કુળમાં ઉત્પન્ન થયેલ બે વ્યક્તિનો અરસપરસનો સંબંધ.
૬. કું. એક જ અર્થના બે અથવા બધા શબ્દોમાંનો દરેક સમાનાર્થબોધક શબ્દ; સમાનાર્થ શબ્દ; સમાનાર્થકતી શબ્દ; સમાન અર્થનું બોધન કરતો શબ્દ.
આ માન્યો સહુ એક પ્રાચીન ઋષિમુનિએ,
આપ્યોગ્ય હો તેને પર્યાય કુશળતી છે.
ગાંધીગીતા
૭. કું. એકરૂપ હોવું તે.

પર્યુત્થાન

૮. પું. ભાગનો નાશ.
૯. પું. ક્રમ; વારો; અનુક્રમ.
૧૦. પું. ગુણનો વિકાર; દ્રવ્યજન્ય પરિણામ; વસ્તુના ગુણોનું પરિણમન. પર્યાયના બે ભેદ છે: અંજન પર્યાય અને અર્થ પર્યાય.
૧૧. પું. જાતિધર્મ.
૧૨. પું. (ગણિત) તેમાં જેટલાં અવયવ પર આવેલાં હોય તેમની ગમે તેટલી કીમત મૂકવાથી પદ્ય અને પદ્યની કીમત સરખી થાય તેવું સમીકરણ; 'આઇડેન્ટિટિ.'
૧૩. પું. દ્રવ્યનો ધર્મ; પદાર્થનો ગુણ કે ધર્મ.
૧૪. પું. નિર્માણ; રચના.
૧૫. પું. પરિપાટી.
૧૬. પું. પ્રકાર.
૧૭. પું. પ્રવ્રજ્યા દીક્ષા; સંન્યસ્તપણું.
૧૮. પું. પ્રાપ્તિ
૧૯. પું. બીજું નામ.
૨૦. પું. અભિપ્રાય
૨૧. પું. મત; અભિપ્રાય.
૨૨. પું. (જૈન) મનોગત ભાવ.
૨૩. પું. યુક્તિ; બહાનું.
૨૪. પું. રીત; રસ્તો; અન્ય પ્રકાર; બીજી પદ્ધતિ.
૨૫. પું. રૂપાંતર; બીજી અવસ્થા.
૨૬. પું. વિદ્વાનતા.
૨૭. પું. (વેદાંત) સમાન અર્થવાચક બીજા શબ્દ વડે એક શબ્દનો અર્થ કરવો તે.
૨૮. પું. સાધુપણું.
૨૯. વિ. વિકલ્પ.
૩૦. અ. પરોક્ષ; આડકતરી રીતે.

પર્યાયકાળ પું. આવર્તક રોલનકાળ.

પર્યાયક્રમ ૧. [સં.] પું. ક્રમસર ગતી; ઉત્તરોત્તર વૃદ્ધિનું વિધાન.
૨. પું. માન કે પદ વગેરેના વિચાર પ્રમાણેનો ક્રમ.

પર્યાયચિહ્ન ૧. [સં.] ન. (ગણિત) એકરૂપતાની નિશાની; ભૂમિતિની બે આકૃતિ એકરૂપ હોય તો તે બંને વચ્ચે કરાતી ≅ આવી નિશાની.
૨. ન. પર્યાયની = આવી નિશાની.

પર્યાયદૃષ્ટિ [સં.] સ્ત્રી. પર્યાયની મુખ્યત્વ લક્ષમાં લેવી તે; વસ્તુની અવસ્થા બદલે છે તેનું લક્ષ કરવું તે; પર્યાયને લક્ષમાં લેવી તે.

પર્યાયરૂપ વિ. એકજ અર્થવાળું; સમાનાર્થી.

પર્યાયવચન જુઓ પર્યાયશબ્દ.

પર્યાયવાચી વિ. પર્યાય બતાવનારું; સરખો અર્થ બતાવતું.

પર્યાયવૃત્તિ [સં.] સ્ત્રી. એકને જોઈ બીજાનો ઝટપટ કરવાની વૃત્તિ.

પર્યાયશબ્દ [સં.] પું. તે જ અર્થવાળો શબ્દ; સમાનાર્થી શબ્દ.

પર્યાયશયન [સં.] ન. પહેરગીરોનું અનુક્રમે શયન; વારા ફરતી સૂવું તે.

પર્યાયસેવા [સં.] સ્ત્રી. વારાફરતી સેવા કરવી તે.

પર્યાયસ્થવિર [સં.] પું. (જૈન) વીસ વર્ષ ઉપરાંતની દીક્ષાવાળો સાધુ.

પર્યાયાગ્ર જુઓ પર્યાયાંત.

પર્યાયાર્થિક ૧. [સં.] વિ. (જૈન) નયનો એક ભેદ. જુઓ પર્યાયાર્થિકનય.
૨. વિ. વિશેષગામી.

પર્યાયાર્થિકનય પું. (જૈન) વિશેષગામી દૃષ્ટિ; વસ્તુ સંબંધી વિશેષ અંશગામી વિચાર; પર્યાય એટલે અવસ્થાને અનુલક્ષનું પ્રયોજન. આ નયના ચાર ભેદ છે: ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

પર્યાયિક ૧. [સં.] પું. સંગીત કે નૃત્યનું એક અંગ.
૨. વિ. (ગણિત) એકરૂપ; 'કોન્ગ્રુઅન્ટ.'
૩. વિ. એકાર્થિક; 'આઇડેન્ટિકલ.'

પર્યાયી [સં. પર્યાયિન્] વિ. (જૈન) દ્રવ્ય; જેને પર્યાય છે તે.

પર્યાયેષ્ટ [સં.] ન. ચરુયજ્ઞ.

પર્યાયોક્ત [સં.] પું. (અલં) એ નામનો એક અર્થાલંકાર. તેમાં કહેવાની વાતનો ઉલ્લેખ સ્ફુટપણે કરવાને બદલે આડકતરી રીતે કરેલો હોય છે.

પર્યાયોક્તિ ૧. [સં.] સ્ત્રી. અનુક્રમે બોલવું તે.
૨. સ્ત્રી. (અલં) એ નામનો એક શબ્દાલંકાર. તેમાં કોઈ વાત સીધી રીતે ન કહેતાં આડીઅવળી રીતે કહેવામાં આવે અથવા કોઈ સુંદર બહાના વડે અર્થસિદ્ધિ કર્યાનું વર્ણન હોય.
૩. સ્ત્રી. લક્ષણાનું બાનમ.

પર્યારિણ્વી [સં.] સ્ત્રી. સર્વ પ્રકારે રોગગ્રસ્ત બનેલી ગાય.

પર્યાલોચન [સં. પરિ + આલોચન] ન. ફરીને બરોબર વિચારવું તે; વિવેચન કરવું તે; સંપૂર્ણ આલોચના; સમીક્ષા; સારી રીતે તપાસવું તે.

પર્યાલોચના ૧. [સં.] સ્ત્રી. સમીક્ષા; કોઈ વસ્તુની બરાબર તપાસ; સંપૂર્ણ આલોચના.
૨. જુઓ પર્યાલોચન.

પર્યાવર્ત ૧. [સં.] પું. આવવું તે; પાછું ફરવું તે.
૨. પું. ચોતરફ ફરવું તે.
૩. પું. સંસારમાં ફરીને આવી જન્મમરણ.
૪. પું સંસારમાં વિચારપૂર્વક જન્મમરણ.

પર્યાવર્તન ૧. [સં.] ન. (પુરાણ) અક્ષૂણીય માંહેનું એક નરક; જે માણસ અતિથિ ઉપર અનાદૃત આંખો કાઢે તેનાં નેત્ર બીજ પક્ષી જે જગાએ ફોડી નાખે છે તે નરક.
૨. ન. પરિવર્તન; ફેરફાર.
૩. ન. સૂર્યની પશ્ચિમમાં રહેલી જગાની પૂર્વમાં સ્થિતિ.

પર્યાવર્ત્ત જુઓ પર્યાવર્ત.

પર્યાવર્ત્તન જુઓ પર્યાવર્તન.

પર્યાવસથ પું. ભિક્ષુકોનો મઠ.

પર્યાસ ૧. [સં.] પું. નાશ.
૨. પું. પડવું તે; પતન
૩. પું મળતા છંદવાળી ત્રણ માંહેની એ નામની બીજી જાતિ. સ્તોત્રિય, અનુરૂપ અને પર્યાસ એ ત્રણ જાતિઓ એક સાથે ગણાય છે.
૪. પું. બબડવું તે; નાશ કરવો તે.
૫. જુઓ પરિવર્ત.

પર્યાસન ૧. [સં.] ન. ચોરીને જોવું તે; ચોતરફ જોવું તે.
૨. ન. પરિભ્રમણ; ચોતરફ ભમવું તે.

પર્યાહર ૧. પું. ખાન અથવા તણનો સંગ્રહ.
૨. પું. ઝાર; ખોબો.
૩. પું. માટીનાં વાસણ.
૪. પું. લઈ જવું તે.

પર્યાહાર ૧. [સં.] પું. અનાજનો સંગ્રહ કરવો તે.
૨. પું. ઘડો.
૩. પું. ધૂંસરી.
૪. પું. ઝાર; ખોબો.
૫. પું. વહન કરવું તે.

પર્યુક્તિ સ્ત્રી. ચોક્કસ શબ્દે આવે ત્યાં બધા શબ્દો બોલવા તે; દીર્ઘોક્તિ; બહુકિતા; સંપોક્તિ.

પર્યુક્ષણ [સં.] ન. મંત્ર બોલ્યા વિના ઔનપણે પાણી વગેરેનું બલાડિની આસપાસ સિંચન; બાહ્ય, હોમ કે મૂળ વગેરે સમયે જોમ ને ઓમ અથવા મંત્ર ભણીને ચોતરફ પાણી છાંટવું તે.

પર્યુક્ષણી [સં.] સ્ત્રી. પર્યુક્ષણનું પાણી છાંટવાનું વાસણ.

પર્યુત્થાન [સં.] ન. ઊઠવું થવું તે.

પર્યુત્સુક ૧. [સં.] વિ. અત્યંત ઉત્કંઠાવાળું આતુર.
૨. વિ. ઉત્કંઠાયેલ.
૩. વિ. દિલગીર; ઉદાસીન.

પર્યુત્સુકતા ૧. [સં.] સ્ત્રી. અતિ આતુરતા.
૨. સ્ત્રી. ઉત્કંઠાયેલ હોવાપણું.
૩. સ્ત્રી. દિલગીરી; ઉદાસીનતા.

પર્યુદય [સં.] પું સૂર્યોદય નક્ષત્રનો વખત.

પર્યુદસ્ત ૧. [સં.] વિ. ફોતરાં કાઢેલું.
૨. વિ. દૂર કરેલ.
૩. વિ. નિવારેલું; અટકાવેલું; નિષેધેલું.

પર્યુદંચન ૧. [સં.] ન. ઉદ્ધાર.
૨. ન. ઝાલવું; કરજ; દેવું.

પર્યુદાસ ૧. [સં.] પું. (ન્યાય) અન્યોન્યાભાવ.
૨. પું. ત્યાગ.
૩. પું. નિવારણ; નિવારવું તે; અટકાવવું તે; નિષેધ.

પર્યુદાસક વિ. પરોક્ષ; અભાવાત્મક.

પર્યુદાસમૂલક ન. અભાવ; ક્ષોભ; નાશ.

પર્યુદાસ્યોઽપોદ્યક્ષ્ય ન. (ન્યાય) ખાલીમાં માંહેનું ન્યાયનું એક નિગ્રહસ્થાન.

પર્યુપવેશન [સં.] ન. બીજું નામ જોડી કેવળ બેસવું તે.

પર્યુપાસક [સં.] પું. સેવા કરનાર માણસ; સેવક.

પર્યુપાસન ૧. [સં.] ન. ઉપાસના; ભક્તિ; સેવા
૨ ન. પ્રતિમુખ સંધિનું તેર મહિનું એક અંગ.

પર્યુપાસના [સં.] સ્ત્રી. ભક્તિ; ઉપાસના; સેવા.

પર્યુપાસિતા [સં. પર્યુપાસિતૃ] વિ. સેવક; ભક્ત; ઉપાસના કરનાર.

પર્યુપાસીન ૧. [સં.] વિ. ઉપર બેઠેલ.
૨. વિ. સેવેલ; ઉપાસેલ.

પર્યુપ્તિ [સં. પરિ (સંપૂર્ણ રીતે) + વપ્ (વાવવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. વાવવું તે.

પર્યુષણ ૧. [સં. પરિ (સમસ્ત પ્રકારે) + ઉષ્ (બાળવું)] ન. (જૈન) પજુસણ; જૈનોનું પર્વોધિરાજ, અષાડી પાખીના પાછળથી ૪૯ કે ૫૦ મો દિવસ. શબ્દાર્થ જોતાં પર્યુષણ પર્વ કર્મક્ષય કરવા માટે ઉદ્યમવંત થવાનો આઠ દિવસ છે. એક જ દિવસ પર્યુષણ કહેવાય. શ્રાવકમાં પર્યુષણ પર્વ એ નામ એક જ દિવસના માટે વપરાય છે. ભાદરવા સુદિ પાંચમને જ પર્યુષણ કહેવાય છે. એ પર્વ બાર મહિનામાં એક જ વાર આવવાથી નવાં કર્મ ન કરવાં અને જૂનાં ખપાવવાની ક્રિયા બાર મહિને એક જ વાર કરી હોવાથી પર્યુષણનું બીજું નામ સંવત્સરી અપાયું. ભાદરવા સુદિ પાંચમનો દિવસ શ્રાવકમાત્રોએ કેમ મુકરર કર્યો હશે એના પ્રત્યુત્તરમાં કેટલાક કહે છે કે, ચાતુર્માસ કુરબાની મોસમ હોવાથી અને વળી અષાઢ તથા શ્રાવણ માસમાં વધુ વરસાદને લીધે અનાજનાં અંકુરનાં પાપો પણ્યાં હોવાથી જોવા અને તેમ તુરતમાં તેના નિવારણ માટે ભાદરવા પસંદ કર્યો. શુક્લપક્ષ ઉત્તમ ગણાય છે. તેમાં પણ નંદા, ભદ્રા, જયા, રિક્તા, પૂર્ણા એ પાંચ તિથિઓ ઉત્તમ ગણાય છે. એ પાંચમાં પણ પાંચમ મૈત્ર ગણાય છે. માટે ભાદરવા શુક્લ પાંચમનાં પર્યુષણ મુકરર કરવામાં આવ્યાં છે. આ દિવસે લાગી-ભોગે મસ્તકાદિના કેશનો લોચ કરવો તથા અઠ્ઠમતપપૂર્વક ચોવિહાર પાણીનો ત્યાગ કરવો. સંસારીઓએ પોતપોતાના ધંધા બંધ રાખવા, દીકાતરી આદી નહિ, બ્રહ્મચર્ય પાળવું, દાન દેવું, ઉપાસના કરવી, બે વખત પ્રતિક્રમણ કરવું અને જૂના કજિયા પતાવવા એવું શાસ્ત્રવિધાન છે
૨. ન. (જૈન) એક સ્થાનમાં ચોમાસું વ્યતીત કરવું તે
૩. ન. (જૈન) તીર્થંકરોની સેવા કે પૂજા.
૪. ન. પૂજા; ઉપાસના; સેવા; ભક્તિ.
૫. ન. ન. ન. શ્રાવણ વદિ બારસ કે તેરશથી ભાદરવા સુદિ ચોથ કે પાંચમ સુધીના જૈનોના તહેવાર.

પર્યુષણા જુઓ પર્યુષણ.

પર્યુષિત ૧. ન. વાસી અન્ન.
૨. વિ. આગલની સિલાનું.
૩. [સં] વિ. ગયું; વીતું; વાસિ જેના ઉપર એક રાત્રિનો કાળ વીતી ગયો હોય તેવું.
૪. વિ. નીરસ; રસહીન
૫. વિ. મિથ્યાભિમાની.
૬. વિ. મૂર્ખ.

પર્યુષિતભોજી [સં. પર્યુષિતભોજિન્] વિ. વાસી ખાનાર.

પર્યુષ્ય ૧. ન. (જૈન) પજુસણ.
૨. ન. વર્ષાઋતુમાં સાધુએ એક સ્થાને નિવાસ કરવો તે.

પર્વૈષક ૧. [સં] પું. પર્યેષણા કરનાર માણસ.
૨. વિ. તત્ત્વશોધક; શોધખોળ કરનાર શોધક; પર્યેષણા કરનાર.
૩. વિ. તાત્ત્વિક; તત્ત્વજ્ઞાનવિષયક; દિલસોજી ભરેલું.
૪. વિ. વિવેકશક્તિ ધરાવનાર.

પર્યેષકતા જુઓ પર્યેષક.

પર્યેષણ ૧. [સં.] ન. ઉપાસના; પૂજા; સેવા.
૨. ન. તત્ત્વવિષયક દિલસોજી ભરેલી વિચારણા; આલોચના.
૩. ન. તપાસ; તજવીજ; કે ખોળ.
૪. ન. તર્ક વગેરે પદાર્થ જ્ઞા.

પર્યેષણા ૧. [સં.] સ્ત્રી. ત· તજવીજ; શોધ.
૨. સ્ત્રી. તર્ક વગેરે પદાર્થની પરીક્ષા
૩. સ્ત્રી. પૂજા; ઉપાસના; સેવા.
૪. સ્ત્રી દિલસોજી ભરેલો વિચાર; આલોચના; તત્ત્વચિંતન.
૫ સ્ત્રી. ભરજ; ધુંસ્સા.

પર્યેષ્ટિ જુઓ પર્યેષણા.

પર્યોષણા જુઓ પર્યેષણ.

પર્ય્યવેક્ષણ ન. અવલોકન.

પર્ય્યાકૃષ્ટ ન. (ગણિત) અનુલમ લંબક; 'ટ્રેપિઝિયમ.'

પર્ય્યાપ્તિક ન. એ નામનું એક કુર્ચાસ્થિ.

પર્ય્યાપ્તિકા પેશી સ્ત્રી. આરમકૂટ ભાગમાં આવેલી એ નામની એક પેશી.

પર્ય્યાશયભાગ પું. કોશને વીંટળાયેલો કોષણી. તે આખા કોશને પેરી તેના મૂળ ભાગની આસપાસ વીંટળાય છે.

પર્વ ૧. [સં.] ન ક્રિ. પૂરવું; ભરવું.
૨. ન. ક્રિ. સમાપ્ત કરવું; પૂર્ણ કરવું.

પર્વ ૧. [સં. પર્વન્] ન. અમાસ સુધીનો કે પૂનમ સુધીનો કાળ; પક્ષ; પખવાડિયું; પક્ષો અને પૂનમ કે અમાસની વચ્ચેનો કાળ.
૨. ન. અમૃત બ્રહ્મણ.
૩. ન. અવસર; મોકો.
૪. ન. અંગ, ખંડ; ભાગ.
૫. ન. આઠમ, ચૌદશ, અમાસ, પૂનમ એ માંહેની કોઈ તિથિ.
૬. ન. આંગળાના સાંધા વચ્ચેનો ભાગ; આંગળીનો વેઢો.
૭. ન. ઉત્સવ.
૮. ન. કોણી વગેરેનો હાડકાનો સાંધો.
૯. ન. ઇક્ષુ.
૧૦. ન. નખ ઉપરનો ત્રીજો ભાગ.
૧૧. ન. ગાંઠ.
૧૨. ન. ગુલ્મ; મહા અર્બુદ.
૧૩. ન. ગ્રંથવિચ્છેદ સ્થાન.
૧૪. ન. ચંદ્ર, સૂર્યનું મંડલ.
૧૫..ન. ચાતુર્માસ.
૧૬. ન. ચાતુર્માસ્ય યાગમાં વૈશ્વદેવ, વરુણપ્રઘાસ, સાકમેધ, શુનાસીરીય એ ચાર યોગ.
૧૭. ન. જાનુ આંગળનું માપ.
૧૮. ન. જાનુ માપનું એક માપ; આઠ યવા જાડું માપ.

૧૬. ન. ઉત્સવ.
૨૦. ન. ધર્મ. પુણ્યકાર્ય અથવા ઉત્સવ આદિ કરવાનો સમય; પુણ્યકાળ. પુરાણાનુસાર ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા, પૂર્ણિમા અને સંક્રાંતિ એ બધાં પર્વ છે. પર્વને દિવસે ક્ષૌરકર્મ કરવાનો તથા માંસ વગેરે ખાવાનો નિષેધ છે. જે આ ક્રમ કરે તે નિમ્નલિખિત નામના નરકમાં પડવાનું કહેવાય છે. પર્વને દિવસ ઉપવાસ, તીર્થસ્નાન, શ્રાદ્ધ, દાન, જપ વગેરે કરવાં જોઈએ
૨૧. ન. નક્કી કરેલ સમય; નિશ્ચિત ક્ષણ.
૨૨. ન. ગાંઠ.
૨૩. ન. પરબ; તહેવારનો દિવસ; તહેવાર.
૨૪. ન પરબડી; પાણીનું પરબ.
૨૫. ન. પર્વતની મેખલા.
૨૬. ન. પવિત્ર દિવસ.
૨૭. ન. પાંચ સંખ્યા સૂચિત કરનાર શબ્દ. તે વાસ્તવિક રીતે પાંચ હોય છે.
૨૮. ન. પુણ્યકર્મ કરવાનો શાસ્ત્રોક્ત દિવસ; અમાવાસ્યા, પૂર્ણિમા, વૈધૃત, વ્યતીપાત, સંક્રાંતિ, અષ્ટમી વગેરે દિવસ.
૨૯. ન. પ્રકરણ; ગ્રંથનો અમુક ભાગ.
૩૦. ન. પ્રસ્તાવ.
૩૧. ન. મહા વગેરે સમયે થતો ઉત્સવ.
૩૨. ન. શેરડી, નેતર વગેરેના બે ગાંઠાથી ભીન્ન ગાંઠા વચ્ચેનો ભાગ; સાંઠાનો બે ગાંઠાથી ભીન્ન ગાંઠા સુધીનો ભાગ; કાતળી; પેરખું.
૩૩. ન. સંધિસમય.
૩૪. ન. સંધિસ્થાન; જ્યાં બે ચીજો અને ભાગ કરીને બે અંગ મળતાં હોય તે જગ્યા.
૩૫. ન. સૂર્યસંક્રાંતિ; સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે. કોઈ પર્વ અમુક નક્ષત્રની શરૂઆતમાં જ આવતું હોય તો ત્યારથી સત્તરમું પર્વ તે નક્ષત્રથી પાંચમા નક્ષત્રનો બે અંશ પૂરો થયે આવે. કારણ કે, ૧ યુગ = ૧૨ ચાંદ્રમાસ = ૧૨૪ પક્ષ અને ૧ યુગ = ૬૭ નાક્ષત્ર માસ. તેથી ૧ પક્ષ = $\frac{૬૭}{૧૨૪}$ નક્ષત્ર માસ = $\frac{૬૭}{૧૨૪} \times ૨૭ = \frac{૧૮૦૯}{૧૨૪} = ૧૪\frac{૫૩}{૧૨૪}$ નક્ષત્ર. તેથી ૧૭ પક્ષ = $૨૪૮\frac{૧૨}{૧૨૪}$ નક્ષત્ર = ૨૭ × ૯ + $૫\frac{૩૯}{૧૨૪}$ નક્ષત્ર. $\frac{૩૯}{૧૨૪}$ નક્ષત્ર = ૧ અંશ. આ ઉપરથી જણાય છે કે, કોઈ પર્વ અમુક નક્ષત્રની શરૂઆતમાં જ આવતું હોય તો ત્યારથી ૧૭મું પર્વ તે નક્ષત્રથી પાંચમા નક્ષત્રનો ૧ અંશ પૂરો થયે આવે. યુગનો આરંભ ધનિષ્ઠા અને સુદિ ૧ જેવડાં એટલે પ્રતિપદાની અમાવાસ્યા પર્યંત ગણાય છે, તેથી ૧૭મું પર્વ અશ્વિનીનો ૧ અંશ થયે આવશે, ૩૪મું પર્વ આર્દ્રાના ૨ અંશ થયે આવશે, વગેરે.

આ ઉપરથી નીચેનું કોષ્ટક ઉત્પન્ન થાય છે:

પર્વસ્થિતિ			
પર્વનો અંક	નક્ષત્રાંક	નક્ષત્ર નામ	નક્ષત્રાંશ
૧૭	૧	અશ્વિની	૧
૩૪	૧૧	આર્દ્રા	૨
૫૧	૨૧	પૂર્વાષાઢા	૩
૬૮	૨૧	વિશાખા	૪
૮૫	૨૬	ઉત્તરાષાઢા	૫
૧૦૨	૪	ઉત્તરાભાદ્રપદ	૬
૧૧૯	૬	રોહિણી	૭
૧૩૬–૧૨૪=૧૨	૧૪	અશ્લેષા	૮
૨૯	૧૬	ચિત્રા	૯
૪૬	૨૪	મૂળ	૧૦
૬૩	૨	શતભિષક	૧૧
૮૦	૯	ભરણી	૧૨
૯૭	૧૨	પુનર્વસુ	૧૩
૧૧૪	૧૭	ઉત્તરાફાલ્ગુની	૧૪
૧૩૧–૧૨૪=૭	૨૨	અનુરાધા	૧૫
૨૪	૨૭	અશ્વિ	૧૬
૪૧	૫	રેવતી	૧૭
૫૮	૧૦	મૃગશીર્ષ	૧૮
૭૫	૧૫	મઘા	૧૯
૯૨	૨૦	સ્વાતિ	૨૦
૧૦૯	૨૫	પૂર્વાફાલ્ગુ	૨૧
૧૨૬–૧૨૪=૨	૩	પૂર્વાભાદ્રપદ	૨૨
૧૯	૮	કૃત્તિકા	૨૩
૩૬	૧૩	પુષ્ય	૨૪
૫૩	૧૮	હસ્ત	૨૫
૭૦	૨૩	જ્યેષ્ઠા	૨૬
૮૭	૧	ધનિષ્ઠા	૨૭

પર્વક ૧. [સં.] ન. ઘૂંટણ; સાથળનો સાંધો.
૨. ન. પિંડક; ગંડક.
પર્વકાર [સં.] પું. ધનના લોભથી પર્વના દિવસનું કામ પર્વ ન હોય તે દિવસે કરનાર બ્રાહ્મણ.
પર્વકારી [સં. પર્વકારિન્] પું. સમય બજાર પૈસા માટે ક્રિયા કરાવનાર બ્રાહ્મણ.
પર્વકાલ ૧. [સં.] પું. ચંદ્રમાના ક્ષયને વખત, અમાવાસ્યા વગેરે.
૨. પું. પર્વનો સમય; પુણ્યકાળ.
૩. ન. અલ્પના સ્પર્શકાળથી મોક્ષકાળ સુધીનો વખત.
પર્વકાળ જુઓ પર્વકાલ.
પર્વગામી [સં. પર્વગામિન્] પું. પર્વને દિવસે જો સાથે મૈથુન કરનાર જાણવા. તે નરકનો અધિકારી મનાય છે.
પર્વચક્ર પું. પિતપાપડો.
પર્વજ્ઞ ૧. [સં.] પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૨. ન. પૂર્ણ કરવાની ક્રિયા કે ભાવ; પૂર્તિ કરવી તે.
પર્વણિકા ૧. [સં.] સ્ત્રી. એ નામનો એક જાતનો રોગ. તે સાંધામાં થાય છે.
૨. સ્ત્રી. પર્વણી નામનો આંખનો રોગ.
પર્વણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો સાંધાનો રોગ.
૨. સ્ત્રી. એક પ્રકારનો રોગ. તે આંખની સંધિમાં થાય છે.
૩. સ્ત્રી. ગ્રંથનો ભાગ.
૪. [સં. પર્વન્] સ્ત્રી. પર્વનો દિવસ; પર્વનો અવસર; તહેવાર; પુણ્ય દિવસ; પરવણી.
૫. સ્ત્રી. પવિત્ર દિવસ.
૬. સ્ત્રી. પૂનમ; પૂર્ણિમા.
૭. સ્ત્રી. પ્રતિપદા; પડવો.
પર્વત ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક ઋષિ. તે નારદનો અભિન્ન હતો. જનમેજયના સર્પસત્રમાં એ સદસ્ય હતો.
૨. પું. (પુરાણ) એ નામનો એક અધિપતિ.
૩. પું. (પુરાણ) એ નામનો એક દેવર્ષિ. તેને નારદ સાથે બહુ મિત્રતા હતી.
૪. પું. એક જાતનું માળખું.
૫. પું. એક જાતનું ઝાડ.
૬. પું. કોઈ વસ્તુનો પર્વત જેવો ઢગલો.
૭. પું. ગાય; ગૌ.
૮. પું. દશનામી સંન્યાસીનો એ નામનો એક પ્રકાર. જૂના જમાનામાં આ સંન્યાસી આવી ધરીને પર્વતની નીચે રહ્યા કરતા હતા.
૯. પું. દાન માટે કલ્પેલા ધાન્ય વગેરેનો પર્વત.
૧૦. પું. (પુરાણ) ધર્મનો એ નામનો પુત્ર
૧૧. પું. પૃથ્વીની સપાટી ઉપર ઊપસી રહેલો બહુ ઊંચો ટેકરો; પહાડ; ગિરિ; ભૂમ; નગ; ધરાધર; શૈલ; અદ્રિ; શિખરી; ભૂંગી; અચલ. પર્વત ભૂસપાસની જમીનથી બહુ ઊંચો હોય છે. સામાન્ય રીતે પર્વત ઉપર અનેક પ્રકારની ધાતુ, વનસ્પતિ, ઝાડ વગેરે હોય છે. બહુ ઊંચા પર્વતનાં શિખર બરફથી ઢંકાયેલ હોય છે. કેટલાક પર્વત એવા હોય છે કે જેના ઉપર બિલકુલ વનસ્પતિ હોતી નથી અથવા બહુ ઓછી હોય છે. કેટલાંક શિખરમાંથી હમેશા અથવા કોઈવાર ધુમાડા નીકળે છે. આવા પર્વતને જ્વાળામુખી કહે છે. પુરાણોમાં પર્વત સંબંધી ઘણી કથા છે. તેમાં સૌથી પ્રસિદ્ધ કથા એ

છે કે, પહેલાં પર્વતોને પાંખો હતી. અગ્નિપુરાણમાં જણાવ્યું છે કે, એક વખત ભયંકર પર્વત જીતીને અસુરોના નિવાસસ્થાન સમુદ્ર ઉપર જઈને ઉપદ્રવ કરવા લાગ્યા, જેથી અસુરો અને દેવતાઓને યુદ્ધ થયું. યુદ્ધમાં જય મેળવ્યા ઉપરાંત દેવતાઓએ પર્વતોની પાંખો કાપી નાખી અને તેઓને મોક્ષ જગાએ બેસાડી દીધા. કાલિકાપુરાણમાં લખ્યું છે કે, જગતની સ્થિતિ માટે વિષ્ણુએ પર્વતોને કામરૂપી બનાવ્યા હતા. જ્યારે જેવું રૂપ ગ્રહણ કરતા ત્યારે તેવું રૂપ તેઓ ધારણ કરી લેતા હતા. પૌરાણિક ભૂગોળમાં અનેક પર્વતનાં નામ તથા તેઓના વિસ્તાર વગેરેનું વર્ણન આપેલ છે. તેના વર્ષપર્વત, કૂલપર્વત વગેરે પ્રકારો એક પણ છે. વરાહપુરાણમાં લખ્યું છે કે, કોઈ પર્વતો ઉપર દેવો અને બીજા પર્વતો ઉપર દાનવ વગેરે વસે છે. આ ઉપરાંત કોઈ પર્વત ઉપર નાગનો, કોઈ ઉપર સપ્તર્ષિઓનો, કોઈ ઉપર બ્રહ્માનો, કોઈ ઉપર અગ્નિનો અને કોઈ ઉપર ઇંદ્રનો નિવાસ માનેલો છે. પર્વતને કોઈ કોઈ ઠેકાણે પૃથ્વીને ધારણ કરનાર અને કોઈ કોઈ ઠેકાણે તેનો પતિ પણ માન્યો છે. હિંદુસ્તાનમાં ૧૮ મુખ્ય પર્વતો ગણાય છે: (૧) હેમકૂટ, (૨) ગંધમાદન, (૩) (૩) હિમાલય, (૪) ગંધમાદન, (૫) ત્રિકૂટ, (૬) ઉદય, (૭) અસ્તગત, (૮) નિષધ, (૯) લોકાલોક, (૧૦) વિષ્ણ, (૧૧) સપ્તપુટ, (૧૨) રૈવતક, (૧૩) સહ્ય, (૧૪) અસ્ત, (૧૫) મહેંદ્રપર્વત, (૧૬) નીલ, (૧૭) મલય અને (૧૮) ત્રિકૂટ. આજ સુધી પર્વતોની ઊંચાઈ જાણવામાં આવે છે, તે હરિયાળી સપાટીથી અને એ હિસાબે હિમાલયનું એવરેસ્ટ શિખર દુનિયાભરમાં ઊંચામાં ઊંચું છે. પરંતુ ડૉ. જી. રોસ નામના એક જર્મન વૈજ્ઞાનિકે પૃથ્વીના મધ્યબિંદુથી પર્વતોની ઊંચાઈ ગણવાનું માપ શરૂ કર્યું છે. આ હિસાબે એવરેસ્ટ નહિ પણ એન્ડિઝ પર્વતોનું ચિમ્બોરોઝો શિખર દુનિયાનું મુકુટમણિ ગણાય. ડૉ. રોસની ગણતરી પ્રમાણે ચિમ્બોરાઝો પૃથ્વીના મધ્યબિંદુથી ૨૦,૯૬,૧૯૯ ફાર્લંગ ઊંચું છે, જ્યારે એવરેસ્ટ ૨૦,૯૬,૫૨૯ ફાર્લંગ થાય છે, એટલું જ નહિ પણ પેરુનો હુઆરકેસન, એકવાડોરનો કોટોપાક્સી, પૂર્વ આફ્રિકનો કેનિન્ઝ અને આફ્રિકનો કિલિમાંજારો એ બધા પણ આ ગણતરીથી એવરેસ્ટ કરતાં ઊંચા થાય છે.

૧૨. પું. (પુરાણ) સંભૂતિના ગર્ભમાં ઉત્પન્ન મરીચિનો એ નામનો એક પુત્ર.

૧૩. પું. સાતની સંખ્યા.

૧૪ પું. સાતની સંજ્ઞા.

૧૫. પું. હંસ.

પર્વત ઋષિ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. નારદજીના પૂર્વજન્મમાં તેને શાપ આપીને દેવલોકમાં જતા આવતા બંધ કર્યા હતા. જુઓ પર્વત ૧.

પર્વતકાક [સં.] પું. એક જાતનો જંગલી કાગડો; દ્રોણકાક.

પર્વતકાક્ષ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના બારમા સૂક્તનો રચનાર એક ઋષિ.

પર્વતગેહુ (પર્વતગેહ્) પું. પર્વત ઉપર ખેતી કરનાર માણસ.

પર્વતજા સ્ત્રી. પર્વતની શિલા.

પર્વતજ ૧. [સં.] ન. શિલાજિત.

૨. વિ. પર્વતમાં ઉત્પન્ન થનાર.

પર્વતજા ૧. [સં.] સ્ત્રી. નદી.

૨. સ્ત્રી. પર્વતની પુત્રી; પાર્વતી; ત્રિફળા.

પર્વતતૃણ [સં.] ન. એક જંતુનું પહાડી ઘાસ; તણખ્યક. તે ઢોર બહુ ઢોંસથી ખાય છે અને તેને માટે તે બહુ ગુણવર્ધક મનાય છે.

પર્વતતોડ (પર્વતતોડ) વિ. પર્વતને તોડી નાખે એવું.

પર્વતદુર્ગ [સં.] પું. પહાડી કિલ્લો.

પર્વતધાર સ્ત્રી. પર્વતની ધાર.

પર્વતનંદિની [સં.] સ્ત્રી. પાર્વતી.

પર્વતનાથ ૧. [સં.] પું. બધો મોટો પર્વત.

૨. પું. હિમાલય પર્વત.

પર્વતનારદ [સં.] પું. ઋગ્વેદના નવમા મંડલના ૧૦૪મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પર્વતપતિ જુઓ પર્વતનાથ.

પર્વતપ્રપાત [સં.] પું. પર્વત ઉપરથી શરીર પડતું મૂકવું તે.

પર્વતભારભાપકયંત્ર [સં.] ન. પર્વત ઉપર હવાનું દબાણ માપવાનું યંત્ર; 'બરોમિટર.'

પર્વતમાપ વિ. પર્વત જેવું; બહાનું વિશાળ; અતિશય મોટું.

પર્વતમાળ ન. પર્વતની હાર.

પર્વતમાળા સ્ત્રી. પર્વતની હાર.

પર્વતમોચા [સં.] સ્ત્રી. પહાડી કેળ.

પર્વતરાજ ૧. [સં. પર્વત + રાજન્ (રાજ)] પું. બધો મોટો પર્વત.

૨. પું. હિમાલય પર્વત.

પર્વતરાજપુત્ર [સં.] પું. મૈનાક પર્વત. તે હિમાલય પર્વતનો પુત્ર મનાય છે.

પર્વતરાજપુત્રી [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

પર્વતરાજી સ્ત્રી. હાર; ગીચ ઝાડી.

પર્વતવાસિની ૧. [સં.] સ્ત્રી. કાલી; દુર્ગા.

૨. સ્ત્રી. ગાયત્રી.

૩. સ્ત્રી. નાની જટામાંસી; આકાશમાંસી નામની વનસ્પતિ.

પર્વતવાસી ૧. [સં. પર્વતવાસિન્] પું. શિવ; ડુંગર.

૨. વિ. પર્વતમાં રહેનાર.

પર્વતવાહીતુપાર સ્ત્રી. હિમસંચિતા; હિમ નદી; પર્વત ઉપરથી વહેતી બરફની નદી.

પર્વતવિદુર્ગ પું. પહાડવાળો પ્રદેશ.

પર્વતવિદ્યા [સં.] સ્ત્રી. પહાડ કે ડુંગરોનું શાસ્ત્ર.

પર્વતવેત્તા [સં. પર્વતવેત્તૃ] વિ. ડુંગરોનું શાસ્ત્ર જાણનાર.

પર્વતશ્રેણિ જુઓ પર્વતશ્રેણી.

પર્વતશ્રેણી [સં.] સ્ત્રી. પર્વતની હાર; પર્વતમાળા.

પર્વતસમૂહ [સં.] પું. ગિરિમંડળ.

પર્વતસુત [સં.] પું. મૈનાક પર્વત. જુઓ પર્વતરાજપુત્ર.

પર્વતસુતા [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

પર્વતસ્થ [સં.] વિ. ડુંગરી કે પર્વત ઉપર રહેલું.

પર્વતાકારબંધ પું. છંદનો એ નામનો એક પ્રકાર.

પર્વતાત્મજ [સં.] પું. મૈનાક પર્વત; પર્વતસુત.

પર્વતાત્મજા [સં.] પું. પાર્વતી; દુર્ગા.

પર્વતાધારા [સં.] સ્ત્રી. પૃથ્વી.

પર્વતાધીશ ૧. [સં.] પું. મોટો પર્વત.

૨. પું. હિમાલય પર્વત.

પર્વતાની ૧. સ્ત્રી. અફઘાનની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

પર્વતાયુ પું. (પુરાણ) ભાર્ગવી ઋષિના પુત્ર મેધાવીનું બીજું નામ.

પર્વતારિ [સં. પર્વત (પહાડ) + અરિ (દુશ્મન)] પું. ઇંદ્ર. એમ કહેવાય છે કે, અગાઉ પર્વતોને પાંખ હતી અને તે ઇંદ્રે કાપી નાખી હતી. આથી તેનું આ નામ પડ્યું.

પર્વતારણ્ય ૧. [સં.] પું. મેઘ; વાદળ.

૨. પું. શરભ કે અષ્ટાપદ નામે સિંહનું જંતુ પશુ.

૩. વિ. પર્વતમાં રહેનાર.

પર્વતાશ્રય ૧. [સં.] પું. ગરુડ કે અષ્ટાપદ નામે સિંહનું જાતુ પશુ.

૨. વિ. પર્વતમાં રહેનાર.

પર્વતાશ્રયા [સં.] સ્ત્રી. ગરુડ કે અષ્ટાપદની માદા.

પર્વતાશ્રયી [સં. પર્વતાશ્રયિન્] વિ. પર્વતમાં રહેનાર.

પર્વતાસન [સં.] ન. યોગનું એ નામનું એક આસન. ડાબા સાથળ ઉપર જમણો પગ રાખી તથા જમણા સાથળ ઉપર ડાબો પગ રાખી અને હાથને માથા ઉપર ઊંચા રાખી સંપૂર્ણ કરી સ્થિત થવું તે પર્વતાસન કહેવાય છે.

પર્વતાસ્ત્ર ૧. [સં.] ન. અર્જુનનું એ નામનું બાણ.

૨. ન. પર્વતનો નાશ કરનારું બાણ.

૩. ન. પ્રાચીન કાળનું એક અસ્ત્ર. આ અસ્ત્ર ફેંકવાથી શત્રુની સેના ઉપર મોટા મોટા પથ્થરો વરસવા લાગતા હતા અથવા પોતાની સેનાની ચોતરફ પહાડ ઊભા થઈ જતા હતા, જેથી શત્રુના પ્રહારોથી રક્ષાઈ જતા હતા.

પર્વતિયા ૧. [હિં.] પું. જ. જા. એક જાતના તલ.

૨. સ્ત્રી. એક જાતનું ઘોળું.

૩. સ્ત્રી. કુંવરની ચેટકાસ.

૪. સ્ત્રી. નેપાળીઓની એ નામની એક જાત.

૫. ન. એ નામની જાતનું માણસ.

૬. વિ. એ નામની જાતનું.

૭. વિ. કુંવરનું.

૮. વિ. પહાડ ઉપર રહેનાર.

૯. વિ. પહાડમાં ચેટકા બનાર.

૧૦. વિ. પહાડી; પહાડ સંબંધી.

પર્વતી જુઓ પર્વતિયા.

પર્વતીય ૧. [સં.] સ્ત્રી. એ નામની એક પહાડી જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

૪. વિ. પર્વતમાં હોનાર; પર્વતમાં બનાર.

૫. વિ. પહાડ ઉપર વસનાર.

૬. વિ. પહાડી; પહાડ સંબંધી.

પર્વતૃણ [સં.] પું. ઔષધમાં વપરાતું એક જાતનું તૃણ; તૃણધ્યા.

પર્વતેશ્વર [સં.] પું. હિમાલય પર્વત.

પર્વતેષ્ઠા [સં.] વિ. પર્વતમાં રહેનાર.

પર્વતેંદ્ર [સં.] પું. હિમાલય.

પર્વતોત્પત્તિ [સં.] સ્ત્રી. કુંવરાઓનું ચેટા થવું તે; પર્વતનું ઉત્પન્ન થવું તે.

પર્વતોદ્ભવ ૧. [સં.] પું. કપૂર; હિંગરાજ.

૨. પું. પારો.

પર્વતોદ્ભૂત [સં.] પું. અભરખ.

પર્વતોપમ [સં.] વિ. જેને પર્વતની ઉપમા આપી શકાય તેવું; પર્વત જેવડું મોટું.

પર્વતોષ્ણિ [સં.] પું. એક જાતનું માણસું.

પર્વધિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

પર્વનિકા સ્ત્રી. આંખના રોગની કોર ઉપર પીડાકારી ગાંઠ.

પર્વપદી [સં. પર્વન્ (સાંધો) + પદ (પગ) + ઙીપ્ (વાળું)] સ્ત્રી. સાંધાવાળા અવયવોનું પ્રાણી; કીડી પ્રાણી.

પર્વપુષ્પી ૧. [સં.] સ્ત્રી. નાગદંતી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. રામકૂતી તુલસી.

પર્વપૂર્ણતા [સં.] સ્ત્રી. પર્વનું સંપૂર્ણપણું; ઉત્સવની પૂર્ણતા.

પર્વભાગ [સં.] પું. ગાંઠ.

પર્વભેદ [સં.] પું. સંધિબંધ નામના રોગનો એક પ્રકાર.

પર્વમિત્ર [સં.] પું. પર્વ કે ખાસ પ્રસંગે મળવાનું થતું હોય તેવો મિત્ર.

પર્વમૂલ [સં.] ન. ચોટલા અને પૂનમ કે અમાસ વચ્ચેનો સમય.

પર્વમૂલા [સં.] સ્ત્રી. ધોળા ગ્રીષ્મ; પ્રોષ્મા.

પર્વયોનિ [સં.] પું. ગાંઠમાંથી ઊગતી વનસ્પતિ. જેમકે, શેરડી.

પર્વર ન. ચેટક.

પર્વરાહુ પું. (જ્યોતિષ) સૂર્ય તથા ચંદ્રનું ગ્રહણ કરનાર એક ગ્રહ.

પર્વરિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

પર્વરિક્ષા [સં.] સ્ત્રી. પ્રજનપ્રોષ્મા.

પર્વરુહ [સં. પર્વરુહ્] પું. વાંસ.

પર્વલ ન. એક જાતનું ઘાસ. તેનાં તાજાં પાન તથા ફૂલનું શાક કરવામાં આવે છે. તાવ અને લોહીવિકારમાં આ ઘાસ બહુ ઉપયોગી નીવડ્યું છે.

પર્વવલ્લી [સં.] સ્ત્રી. એક જાતની પ્રોષ્મા; માલાદુર્વા.

પર્વસંધિ ૧. [સં.] પું. ગોઠણનો સાંધો.

૨. પું. ચંદ્ર કે સૂર્યગ્રહણનો સમય.

૩. પું. પડવા અને પૂર્ણિમા કે અમાસની સંધિ; પૂર્ણિમા બાદના અમાસ અને પડવાની વચ્ચેનો સમય; પૂર્ણિમા બાદના અમાસ પૂરી થવાનો અને પડવો શરૂ થવાનો વખત.

પર્વાધિરાજ [સં. પર્વન્ (પર્વ) + અધિરાજ (મોટો રાજા)] પું. મોટું પર્વ; શ્રેષ્ઠ પર્વ.

પર્વાપધિ [સં.] પું. પર્વનો અંત.

પર્વાસ્થિ [સં.] ન. ગેહો.

પર્વાસ્ફોટ [સં.] પું. આંગળાના વેઢાનો ફોલ્લો.

પર્વાહ ૧. [સં. પર્વન્ (ઉત્સાહ) + અહન્ (દિવસ)] પું. પર્વનો દિવસ.

૨. [દ્વા. પરવા] સ્ત્રી. ચિંતા; બેચેની; પરવાહ.

પર્વાંગ ૧. પું. (જૈન) અઢાર છિદ્રવાળું એક વાદ્યયંત્ર.

૨. [સં.] પું. અવયવનો સાંધો.

પર્વિણી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, રગણ, નગણ અને બે રગણ મળી અઢાર વર્ણ હોય છે.

૨. [સં.] સ્ત્રી. પર્વનો દિવસ; તહેવાર.

પર્વિત [સં.] પું. એક પ્રકારનું માછલું; પહાડી માછલું.

પર્વિન [સં.] પું. નાના તારાઓનો ઝૂમખો.

પર્વેશ [સં.] પું. (જ્યોતિષ) ગ્રહચક્રના જુદા જુદા ગ્રહના અધિપતિ. બૃહત્સંહિતા પ્રમાણે ચંદ્રમા, ચંદ્ર, ઈંદ્ર, કુબેર, વરુણ, અગ્નિ અને યમ એ સાત દેવતા ક્રમવાર ૭ ૭ માસ સુધી ગ્રહચક્રના અધિપતિ દેવતા બના કરે છે. આ સાતે દેવતા પર્વેશ કહેવાય છે, જુદા જુદા પર્વેશના સમયમાં ગ્રહણ બનવાથી જુદું જુદું ફળ આવે છે. ગ્રહણ સમયે જો ચંદ્રમા અધિપતિ હોય તો દ્વિજ અને પશુઓની વૃદ્ધિ, મંગળ, આરોગ્ય અને ધનસંપત્તિની વૃદ્ધિ થાય છે. જો ચંદ્ર અધિપતિ હોય તો આરોગ્ય અને ધનસંપત્તિની વૃદ્ધિની સાથોસાથ પંડિતોને પીડા અને અનાવૃષ્ટિ થાય. ઈંદ્ર હોય તો રાજાઓમાં વિરોધ, શરદ ઋતુના ધાન્યનો નાશ અને અમંગળ થાય. કુબેર હોય તો ધનિકોના ધનનો નાશ અને દુર્ભિક્ષ થાય. વરુણ હોય તો રાજાઓનું અશુભ, પ્રજાનું મંગળ, ધાન્યની વૃદ્ધિ થાય. અગ્નિ હોય તો ધાન્ય, આરોગ્ય, અભય અને સારો વરસાદ થાય. યમ હોય તો અનાવૃષ્ટિ,

દૂષિત અને પાન્યની હાનિ થાય. આ સિવાય કોઈ સમયે ગ્રહણ થાય તો દુકાળ, મહામારી અને અનાવૃષ્ટિ થાય.

પર્શન પું. સ્પર્શ.

પર્શનીય [સં. સ્પર્શનીય] વિ. સ્પર્શ કરવા જેવું.

પર્શાન ૧. [સં.] ન. પડખાનું સ્થાન; પાર્શ્વસ્થાન

૨ ન. પેય.

૩. વિ. પીવાનું.

૪. વિ. વિચારવા જેવું.

પર્શિઅન ૧. [અં.] સ્ત્રી. અર્વાચીન અફઘાન ગાદીની એ નામની એક લિપિ.

૨. સ્ત્રી. ફારસી ભાષા.

પર્શિપુ ન. એક જાતનું ઝાડ; પારસપીપળો.

પર્શુ ૧. [સં.] પું. પાંસળી.

૨. પું. પ્રાચીન કાળના ઉત્તર હિંદની પશ્ચિમે આવેલો એ નામનો એક દેશ.

૩. પું. વાંકી છરી.

૪. પું. કરકોર્ષ આયુધ; હથિયાર. કોયો, કરશી, કુહાડી.

૫. સ્ત્રી. એ નામની પ્રાચીન લડાયક જાતિ. તે કાલના અફઘાનિસ્તાનના એક પ્રદેશમાં રહેતી હતી.

૬. ન. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનું.

પર્શુક સ્ત્રી. પાંસળી. છાતીના પીંજરામાં પાંસળીઓ બંને બાજુ બાર બાર છે. પીઠમાં તેઓ મેરદંડની કરોડકાઓ સાથે અને આગળના ભાગમાં વક્ષોસ્થિ સાથે જોડાયેલી છે. સાતમી પાંસળીનું માથું વક્ષોસ્થિના અગ્રખંડ સાથે જોડાયલું હોય છે. નીચેની બે પાંસળીઓ આગળના ભાગમાં છૂટી રહે છે અને બાકીની બીજી બધી પાંસળીઓ સાતમી પાંસળીની ઉપર વક્ષોસ્થિ સાથે બંધાયેલી છે.

પર્શુકા ૧. [સં.] સ્ત્રી. છાતી ઉપરનાં હાડકાં; પિંજર.

૨. સ્ત્રી. પાંસળીનું હાડકું.

પર્શુકાકર્પણી સ્ત્રી. પહેલી પાંસળીને લાગેલી ગ્રીવા બાંહેની એ નામની એક પેશી.

પર્શુકાકર્પણીપૃષ્ઠગા સ્ત્રી. બીજી પાંસળીને લાગેલી એ નામની પેશી.

પર્શુકાકોષ્ઠ પું. પાંસળીનો ખૂણો. એ જગ્યાએ પાંસળી વાંકી વળી હિંસા જાદલે છે. આવી પાંસળી ભાંગી જઈ તેના બંને ટુકડા પરસ્પર સંધાઈ ગયા ન હોય તેવો દેખાવ આ ખૂણા નજીક માલૂમ પડે છે.

પર્શુકાક્ષકસંયોજકરજ્જુ પું. એક સ્નાયુ. આ સ્નાયુ પહેલી ઉપપર્શુકાની ઉપલી ધારને તેમ જ અક્ષકાસ્થિની નીચલી ધારને લાગેલી હોઈ બંને પાંસળીઓ તથા ઉરઃફલક વચ્ચેના સંધિને વધારે મજબૂત બનાવે છે.

પર્શુકાતોરણ પું. પાંસળીની કમર.

પર્શુકાનુગા સ્ત્રી. પાંસળીના કાંબની નીચલી ધારમાં આવેલી એ નામની ખાઈ.

પર્શુકાનુગા ધમની સ્ત્રી. ઔરસી મહાધમનીની એ નામની શાખા. આ નામની દરેક શાખા ઔરસી મહાધમનીની દરેક બાજુએ નીકળે છે. તેઓ બીજીથી અગિયારમી સુધીની દરેક પાંસળીઓની નીચલી ધારો સાથે સાથે આગળ વધે છે તથા પાંસળીઓની વચ્ચે રહેલી પર્શુકાંતરાલા નામની પેશીઓને લોહી પૂરું પાડે છે. આ શાખાઓની કેટલીએક પ્રશાખાઓ પેશીઓને ભેદીને બહાર આવે છે અને છાતીની બાજુની બાજુ ઉપર રહેલી માંસપેશીઓ, સ્તનો તથા ચામડીને પોષણ આપે છે.

પર્શુકાનુગા નાડી (પર્શુકાનુગા નાડી) સ્ત્રી. અંતઃસ્થ પર્શુકાંતરિકા પેશીઓને પોષણ તેમ જ ચેષ્ટા આપનારી નાડી.

પર્શુકાનુગા શિરા સ્ત્રી. પર્શુકાનુગા ધમની સાથે વહેતી એ નામની શિરાઓ. એમાંની પહેલી પૃષ્ઠવંશ તથા પહેલી પાંસળીના સાંધાની સહેજ ઉપર જઈને અક્ષમૂલિકા શિરાઓમાં ભળી જાય છે. પૃષ્ઠવંશની દરેક બાજુએ બીજી બીજી અને બીજી પર્શુકાનુગા શિરાઓ મળીને ઉત્તરા પર્શુકાનુગામેદની નામની શિરા બનાવે છે. તેમાંની દરેક દરેક અક્ષમૂલિકામાં બગલ બાજુની પુરોવક્ષિકા શિરામાં ભળે છે. બાકીની પર્શુકાનુગા શિરાઓ પુરોવક્ષિકા નામની શિરાઓ રચે છે.

પર્શુકાપકર્ષણી સ્ત્રી. ગ્રીવાવંશની દરેક બાજુએ આવેલી એ નામની પેશી. આ નામની ત્રણ પેશીઓ છે. તેઓ અનુક્રમે પર્શુકાપકર્ષણી પુરોગા, પર્શુકાપકર્ષણી મધ્યગા તથા પર્શુકાપકર્ષણી પૃષ્ઠગા નામે ઓળખાય છે. બધું કરીને તે બધી ત્રીજીથી છઠ્ઠી સુધીની ગ્રીવાકરોડકાઓનાં આડુપ્રવર્દનકો ઉપરથી ઉત્પન્ન થાય છે. તેમાંની પહેલી બે પહેલી પાંસળીને જ્યારે બીજી પેશી બીજી પાંસળીને લાગેલી છે. આ પેશીઓ ગ્રીવાવંશને બાજુ તરફ ફેરવે છે તથા પાંસળીને ઊંચે ખેંચે છે.

પર્શુકાપકર્ષણીપુરોગા સ્ત્રી. ગ્રીવાવંશની બાજુ ઉપરની એ નામની એક પેશી.

પર્શુકાપકર્ષણીપૃષ્ઠગા સ્ત્રી. ગ્રીવાવંશની બાજુ ઉપરની એ નામની એક પેશી. તે બીજી પાંસળીને લાગેલી છે.

પર્શુકાપકર્ષણી પેશી જુઓ પર્શુકાપકર્ષણી.

પર્શુકાપકર્ષણીમધ્યગા સ્ત્રી. ગ્રીવાવંશની બાજુ ઉપરની એ નામની એક પેશી.

પર્શુકાપક્ષિમ પું. એક પ્રકારનો સ્નાયુ. આ સ્નાયુ કરોડકાઓના આડુપ્રવર્દનકોના અગ્ર ભાગથી પર્શુકાઓના અર્બુદોના આગલા ભાગ સુધી લંબાયેલા છે.

પર્શુકાપૃષ્ઠસંધિ પું. પાંસળીના પાછલા છેડા તથા પૃષ્ઠવંશની કરોડકાઓ વચ્ચેના સાંધા. પાંસળીઓ પાછળ પૃષ્ઠવંશ સાથે, જ્યારે આગળ ઉપપર્શુકાઓ મારફતે ઉરઃફલક સાથે જોડાયેલી છે. આ સાંધાના બે પ્રકાર છે: (૧) પાંસળીના મુંડ અથવા માથા સાથેનો કરોડપિંડનો સાંધો (૨) પાંસળીના અર્બુદનો, કરોડકાના આડુપ્રવર્દનક સાથેનો સાંધો. પર્શુકાના મુંડો તથા કરોડપિંડો વચ્ચેના સાંધાઓ બહુપ્રતર પ્રકારના છે. તેમાં પહેલી, દશમી, અગિયારમી તથા બારમી પાંસળીનાં માથાં ફક્ત એક કરોડકાપિંડના રથ.ક સાથે જોડાય છે, જ્યારે બાકીની પાંસળીઓનાં માથાં, ઉપર નીચે રહેલી બે કરોડકાઓના પિંડો ઉપર રહેલા અર્ધસ્થાનકો રચીને બનેલા એક આખા સ્થાનક સાથે જોડાય છે.

પર્શુકાયકોષ્ઠ પું. ઉદરકોષ.

પર્શુકાંતરિકા સ્ત્રી. એ નામની પહોળી અને ટૂંકી પેશી. તે પાંસળીઓની વચ્ચે રહેલી છે. તેના બે ભેદ છે: બહિઃસ્થ પર્શુકાંતરિકા અને અંતઃસ્થ પર્શુકાંતરિકા. બહિઃસ્થ પર્શુકાંતરિકા પેશીઓ ઉપર આવેલી પાંસળીની નીચલી કિનારી ઉપરથી ઉત્પન્ન થઈ તે જ પાંસળીની નીચે આવેલી પાંસળીની ઉપલી કિનારીમાં લાગેલી છે. તેમના તંતુઓ ત્રાંસી રીતે આગળ આવે છે. અંતઃસ્થ પર્શુકાંતરિકા પેશીઓ પાંસળીઓની નીચલી ધારો ઉપરની આડીના અંદરના કિનારા ઉપરથી ઉત્પન્ન થઈને, નીચે રહેલી પાંસળીઓ તેમ જ ઉપપર્શુકાઓની ઉપલી ધારોમાં લાગેલી હોય છે. આ પેશીઓના તંતુઓ ત્રાંસી રીતે પાછળ જાય છે, એટલે કે બંને પ્રકારની પેશીઓની વચ્ચે રહેલી પર્શુકાનુગા નામની આર્ધમાં અર્ધ ને એ જ નામની રુધિરવાહિનીઓ તથા નાડીઓ પસાર થાય છે. તેઓ એ પેશીઓને પોષણ તેમ જ ચેષ્ટા આપે છે.

પર્શુધર પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૩૦ લઘુ મળી ૪૩ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

પર્શુપાણિ [સં.] પું. મહેશ.

પર્શુરામ [સં.] પું. પરશુરામ.

પર્શુસ્થાન [સં.] ન. એ નામનો એક પ્રાચીન દેશ. તેમાં પર્શુ જાતિના લોકો રહેતા હતા. હાલ તે પ્રાંત અફઘાનિસ્તાનમાં છે.

પર્ષ પું. એ નામનો એક આયુધજાતી સંધ.

પર્ષધ [સં.] પું. કરશી; કુહાડી.

પર્ષનુવૃત્ત જી. ઘોડાની એક ખોખી ચાલ.

પર્ષશૂલ ન. છાતીમાં સાંધાનું થતું સંકોચાવાપણું.

પર્ષ્ણિકા જી. પાંસળી; પર્શુકા.

પર્ષદ ૧. [સં. પર્ષદ] જી. ધર્મોપદેશકોની સભા; પરિષદ.

૨. જી. સમૂહ.

પર્ષદા જી. સભા; બોલાવંડળ.

પર્ષદ્વલ [સં.] પું. સભામાં બેસનાર માણસ; પરિષદનો સભાસદ.

પર્સ [અં.] જી. થેલી.

પર્સનલ [અં] વિ. અંગત; અમુક વ્યક્તિને લગતું.

પર્સનલ અસિસ્ટંટ [અં.] પું. અંગત મદદનીશ.

પર્સરી જી. ગાતી વખતે હાથથી હાવભાવ કરવો તે.

પર્સવું સ. ક્રિ. અડવું; સ્પર્શ કરવો.

પર્સિયા [ફિ.] પું. દાતરડું.

પર્સિયાવિજ્ઞાન [ફા.] પું. ભાણમોવાળા.

પર્સિયાવ્રજ્ઞાન જુઓ પર્સિયાવિજ્ઞાન.

પર્સો ૧. પું. આવતો પરમ દિવસ.

૨. પું. ગયો પરમ દિવસ.

પર્હેજ ૧. [ફા.] જી. અલગ રહેવું તે; દૂર રહેવું તે; ખમવું તે.

૨. જી નઠારાં કામોથી દૂર રહેવું તે; સંયમ.

૩. જી. રોગ વખતે અપથ્ય વસ્તુનો ત્યાગ; પરેજ; કરી.

૪. વિ. પરહેજગાર.

૫. વિ. પરેજી પાળનારું; કરી પાળનારું.

૬. વિ. બચતમાં પડેલું; કેદી.

પર્હેજ કરવું = કેદ કરવું.

પર્હેજગાર ૧. [ફા] વિ. નઠારાં કામોથી દૂર રહેનાર; સંયમી; પર્હેજ કરનાર.

૨. ખુબો પરહેજગાર.

પર્હેજગારી ૧. [ફા.] જી. દૂર રહેવાપણું.

૨. જી. સંયમ; વાસના ઉપર કાબૂ.

૩. જુઓ પરહેજગારી.

પર્હેજી ૧. જી. કરી; પરહેજ.

૨. જી. કેદ.

પલ ૧. [સં. પુમ્] અ. ક્રિ. જવું.

૨. સ. ક્રિ. રક્ષવું કરવું; બચાવવું.

પલ ૧. [સં. પક્ષ્મ] જી. આંખનો પલકારો. પહેલાં સાધારણ લોકો પક્ષ અને આંખના પલકારાના વખતના માપમાં કાંઈ તફાવત માનતા ન હતા. તેથી આંખના પલકનું પ્રત્યેક પલમાં એક વાર પડવાનું માની તેને પણ પલ કે પલક કહેવા લાગ્યા.

પલ મારવી = (૧) આંખનું પોપચું હલાવવું. (૨) ઇશારો મારવો.

૨. [સં.] જી. પળ; ઘડીનો સાઠમો ભાગ; ક્ષણ વાર; નિમિષ; જ્યોતિષપ્રસિદ્ધ અમુક કાળ; ૭ વખત શ્વાસ અંદર લેતાં લાગતો વખત; સમયનો અત્યંત નાનો ભાગ.

બ્રહ્માની પલ = ૨૪,૦૦,૦૦૦ વર્ષ.

૩. ન. હલકું દેશનું ૩૨૦ રતીભાર જેટલું વજન; જવ તોલાભાર; ચાર કર્ષ બરાબર વજન. કર્ષ બરાબર એક તોલા જેટલું થાય છે, પણ તે પ્રમાણ નક્કી નથી, તેથી પલના વજનમાં પણ મતભેદ છે. વૈદકમાં તેનું માપ ૮ તોલા અને બીજે ૪ તોલા અથવા ૩ તોલા ૪ માસા પણ મનાય છે.

૪. ન. ચાર કુડિયાભાર વજન; ચાર તોલા જેટલું વજન. તેને મુષ્ટિ, આમ, અષ્ટમિકા, પ્રકુંચ, પોકરી અને નિલ્વ પણ કહે છે.

૫. ન. ચાલવાની ક્રિયા; ગતિ.

૬. ન. જટામાસી.

૭. ન. કપાર્પિ; ઊતરચિઠ્ઠી; પ્રતારણા.

૮. ન. માપનું; તુલા.

૯. ન. પરાગ; ફાલ્યા વખતનું માખ્યનું પરાળ; જવ, ઘઉં વગેરેના સૂકેલા છોડનો ભૂકો.

૧૦. ન. પારોટ.

૧૧. ન. પાંદડું.

૧૨. ન. પુલ; સેતુ.

૧૩. ન. માટી.

૧૪. ન. માંસ.

૧૫. ન. મૂર્ખ.

૧૬. ન. મેરુદંડમાં મસ્તિષ્કમાં આંહેની મુખ્ય ગ્રંથિ.

૧૭. ન. લાખ.

પલક ૧. પું. એક ભાતનો છોડ.

૨. જી. આંખ બંધ થઈને ઊઘડે એટલો સમય.

૩. [ફા.] જી. આંખનું પોપચું.

૪. જી. આંખનો પલકારો.

૧. પલક મારવી = (૧) આંખ ઊંચી નીચી કરવી. (૨) આંખથી સંકેત કે ઇશારો કરવો.

૨. પલક લાગવી = આંખ મળવી, નીંદર આવવી.

૩. પલક વારમાં = થોડી વારમાં.

૫. જી. ઝારી; પોપડી; અપોટી.

૬. જી. ઝબકારો.

૭. જી. પળ; ક્ષણ.

૮. જી. મીંચાવું ને ઊઘડવું તે.

પલકદરિયા ૧. [ફા.] પું બ. વ. વાદળાં.

૨. વિ. મહા દાની; બહુ ઉદાર.

પલકદરિયાવ ૧. [ફા.] પું. ઘણો વરસાદ વરસવો ને પાણી પાણી થઈ રહેવું તે; ઘડીકમાં રેલમછેલ કરી દે એવો વરસાદ; થોડી વારમાં થયો વરસાદ થાય તે.

૨. પું. પલકમાં હોય થાય તેવું હોવાપણું.

૩. પું. મોટો સમુદ્ર; મહાસાગર.

૪. પું. સ્થળને ઠેકાણે જળ અને જળને ઠેકાણે સ્થળ કરે એવો પરમેશ્વર; ઈશ્વર; પ્રભુ.

૫. વિ. દૂર મુદ્દતનું; અસ્થિર; અનિત્ય.

૬. વિ. બહુ ઉદાર; મહા દાની.

પલકદરિયો પું. ઘડીએ ઘડીએ પાણી બાંધનું બાંધક.

પલકદીવડો (પલકદીવડે) પું. થોડી વાર તેજ થાય અને થોડી વાર ઝાંખો થઈ જાય તેવો દીવો.

પલકનેવાજ [ફા.] વિ. મહા દાની; ક્ષણમાં નિહાલ કરી દેનાર; બહુ ઉદાર.

પલકપલક પું. ધીમે ધીમે પલકાવતાં રાજી રાજી થવું તે; ખુશી ખુશી થવું તે; મળકમળક; ઉપરાઉપર વારંવાર સ્મિત કરવું તે.

પલકપીડા ૧. [હિ.] પું. આંખનો એક પ્રકારનો રોગ.

૨. પું. એ નામના આંખના રોગથી પીડાતો માણસ.

પલકમતીસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. નર્મદા પચાંગમા લખ્યું છે કે: અહીં વનવાસના સમયે પાંડવોએ વાસ કર્યો હતો. તેની ઉત્તમ શ્વેત ભરમ ઘાટ ઉપર નર્મદાને કાંઠે બહુ જ નીકળે છે. અહીંથી એક માઈલ ઉપર પાંડાદીપઘાટ, પાંડવદીપઘાટ અથવા પાંડુદીપઘાટ આવેલ છે.

પલકવું [સં.] વું. એક સંક્રાંતિમાં મધ્યાહ્ને સૂર્ય વિષુવવૃત્ત રેખા ઉપર હોય તે વખતની જ્યોતિષયંત્રના શંકુની છાયાની લંબાઈ.

પલકલ જી. એક પદમાં શું બનાવું છે તે ન સમજાય તેવી કળા; અકળ કળા.

પલકવું ૧. અ. ક્રિ. આંખ પલકવાની જેમ ગતિ હોવી કે થવી.

૨. અ. ક્રિ. ઝળવું; અસ્થિર થવું.

૩. અ. ક્રિ. ઝબૂકવું; રહી રહીને પ્રકાશવું; ચમકવું.

૪. અ. ક્રિ. મીંચાવું ને ઊઘડવું.

૫. અ. ક્રિ. રાજી થવું; ખુશી થવું.

૬. અ. ક્રિ. કિંમત કરવું; હસવું.

પલકા [હિં.] વું. પલંગ; ખાટપાઈ.

પલકાર જુઓ પલકારો.

પલકારડો (પલકારડો) જુઓ પલકારો.

પલકારો ૧. વું. અણસારો; ઇશારો.

પલકારો કરવો = આંખનો ઇશારો કરવો.

૨. વું. આંખ ઊઘડે અને મીંચાય એટલો અલ્પ સમય; નિમેષ; પળ; ક્ષણ. શૈક્ષિક વિદ્યાપીઠના પદાર્થવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. લોડ્રેને પલકારાનું વૈજ્ઞાનિક સંશોધન કરેલું છે. સામાન્ય પરિસ્થિતિ હેઠળ લગભગ દરેક માનવના બે પલકારા વચ્ચેનો સમય પણ સામાન્યપણે સરખો જ હોય છે એવી પ્રાથમિક હકીકત સ્વીકારી લઈને ડૉ. લોડ્રેને પોતાના કાર્યનો આરંભ કર્યો હતો, પણ સામાન્યપણે બાંધણના બે પલકારા વચ્ચેનો સમય દરેક માણસને માટે સરખો હોતો નથી. પલકારાનો સમય ગણનામાં લઈને તેના બાર ભાગો પાડવામાં આવેલા છે અને એમાંનો મોટો ભાગ 'બે' પ્રકારનો ગણવામાં આવે છે. 'બે' વિભાગમાં આવતાં ઓપુરુષોની આંખોના પલકારા વચ્ચેનો સમય ખૂબ જ ઓછો હોય છે. સામાન્યપણે પુરુષો માટે જે સમય ૨-૮ સેકંડનો અને સ્ત્રીઓ માટે ૪ સેકંડનો ગણવામાં આવેલો છે. પલકારાના સમય પ્રમાણેનો બીજો વિભાગ પ્રોટપુને નામે વૈજ્ઞાનિક પરિભાષામાં ઓળખાતો થયેલો છે. આ વિભાગનાં નરનારીઓ સામાન્યપણે ૧૨ સેકંડને અંતરે પલકારા અનુભવે છે. ત્રીજા વિભાગમાં બાકીના પ્રકાર આવે છે. આ પ્રકારનાં ઓપુરુષો ૬-૬ સેકંડે પલકારા અનુભવે છે. સીમેટ્રોકલ પ્રકારને નામે ઓળખાતા વિભાગનાં નરનારીઓ સામાન્યપણે ૫-૮ સેકંડને અંતરે આપણા પલકારા અનુભવે છે. આ ચારે ય પ્રકારનો પલકારાનો સમય તો સામાન્ય સંજોગો પૂરતો જ નક્કી કરાયેલો છે. બધી વાર આપણું મન ચારે અવસ્થા ભોગવતું હોય છે. સામાન્ય રીતે વર્ગો દરમિયાન, અદાલતના સાક્ષીના પૌંજરામાં કે ખૂન કેસોવગેરે દાખામાં અગર તો ઉશ્કેરાટ જેવા કામ કરવાની તૈયારી આવતાં પાંપણના પલકારા વધી જવા પામે છે. પૂર જોશથી પવન વાતો હોય કે ધૂળ ઊડતી હોય ત્યારે પણ આંખના પલકારા વધી જાય છે. ધૂમ્રપાન કરનાર માણસની આંખો સાદા પલકારા મારે છે. આંખના પલકારાની ચોક્કસ ક્રિયા ૦૬ સેકંડમાં થાય છે અને પાંપણ ૧૫ સેકંડ પર્યંત મીંચાયેલી રહે છે. એને ફરી ઊઘડતાં ૨૦ સેકંડ જેટલો સમય લાગે છે અને પલકારા દરમિયાન નજર ૦૩ સેકંડ માટે તદ્દન નકામી બની જાય છે અને ૦૩ સેકંડ પર્યંત નજર નાકામિયાબ રહી પાછી વળતાં તેને ૨૫ સેકંડ જેટલો સમય લાગે છે. આ ઉપરથી ડૉ. લોડ્રેન એ નિર્ણય ઉપર આવ્યો હતો કે, 'બે' વર્ગના માણસોનો પ્રકાર બધા જ મોટો છે અને એવા માણસોની આંખો કલાકની ૧૨ મિનિટ સાંતર બંધ જ રહે છે. 'બે' પ્રકાર અને 'પ્લેસ્ક' પ્રકારના માણસોના પલકારામાં અતીત થતા સમયનું પ્રમાણ ૨૦:૪૬નું છે. આપણા રોજિંદા જીવનમાં પલકારાની ઘણી વાર અગત્ય રહેલી છે. વારંવાર પલકારા મારતો મોટર હંકારનાર ૨૦ ટકા જેટલો સમય અંધ દશામાં ગાળે છે અને તેનું મુખ્ય કારણ અયોગ્ય વ પડવાની અજાગ્રતા જ હોય છે. પૂર ઝડપથી વિમાન ઉડાવતા વિમાનીના આંખના એક પલકારામાં વિમાન ૧૫૦ વાર જેટલું આગળ વધી જાય છે, એટલે કોઈ પણ જગ્યાએ નીચનું ચોક્કસ નિશાન સાધવાને માટે એણે પલકારાની ગણતરીને પણ ગણનામાં લેવી પડે છે. ડૉ. લોડ્રેનના મત પ્રમાણે સાદા પલકારા અનુભવતો માણસ ટેનિસ કે ક્રિકેટ માટે નકામો ગણાય છે. આ ઉપરથી કયો માણસ કયા કામમાં ઉપયોગી કે નકામો નીવડે એની જાણકારી એના આખના પલકારા ઉપરથી ભવિષ્યમાં કરવામાં આવે તો નવાઈ નહિ.

૩. વું. આંખની ઉઘાડમીંચ; આંખનું પલકવું તે.

પલકારો મારવો = આંખનું ઝટક મારવું.

૪. વું. ઝબકારો; ચમકારો; સ્ફુરણ; એકદમ તેજનો ઝબૂકો થવો તે; પંજ પડવો તે.

પલકાવવું ૧. સ. ક્રિ. આંખ મીંચવી ઉઘાડવી; પટપટાવવું.

૨. સ. ક્રિ. ઝબકાવવું; ચમકાવવું.

૩. સ. ક્રિ. ઝલમવું.

પલકાવું ૧. અ. ક્રિ. ઉઘાડમીંચ થવું.

૨. અ. ક્રિ. ખુશ થવું; રાજી થવું; મલકાવું.

૩. અ. ક્રિ. ચમકવું; ઝબકવું.

૪. અ. ક્રિ. હાસ્ય કરવું.

પલકે પલકે અ. ઘડીએ ઘડીએ.

પલકો ૧. વું. આંખનું પલકવું તે; ઉઘાડમીંચ થવું તે; પલકારો.

૨. વું. પ્રહારો; અણસારો.

૩. વું. ઘાટનો; સરાનો ઢોળ.

૪. વું. ઝબકારો.

૫. વિ. ઝાઝા પાણીવાળું.

૬. વિ. ભોળું.

પલકારા [સં.] જી. એક જાતનું ઘાસ.

પલક્ષ ૧. [સં.] વું. ધોળો રંગ; શ્વેત વર્ણ.

૨. વિ. ધોળા રંગનું; ધોળું.

પલક્ષાર [સં. પલ (માંસ) + ક્ષાર] વું. રુધિર; લોહી.

પલખ જુઓ પલક.

પલખવું અ. ક્રિ. ચમકવું.

પલગ્રંહ [સં.] વું. લીંપનાર; ઘર વગેરે પોતનાર; કઈરો; પ્લાસ્ટર કરનાર.

પલચર [સં.] વું. એક ઉપદેવતા. તેનું વર્ણન રાજપૂતોની કથાઓમાં છે. તેના સંબંધમાં લોકોમાં વિશ્વાસ છે કે, તે યુદ્ધમાં મરેલા લોકોનું રક્ત પીએ છે અને આનંદથી નાચે કૂદે છે.

પલટ જી. પરિવર્તન.

પલટકોન [હિં.] વું. (ગણિત) એકસો બાંસીથી વધારે અંકનો ખૂણો.

પલટકું (પલટકું) જ. પલકું; ઝાંખું.

પલટણ [અં. પ્લૅટૂન] જી. પાયદળ લશ્કરનો એક સમૂહ; લશ્કરની ટુકડી. બધું કરી ૧૦૦૦ સુધીના પાયદળ લશ્કરની સંખ્યાને પલટણ કહે છે અને તેનો એક સરદાર હોય છે. એક પલટણના ૪થી ૧૦ સુધી ભાગ કરાય છે તેને કંપનિ કહે છે. બે અગર વધારે પલટણને રેજિમન્ટ કહે છે. બે કે વધારે રેજિમન્ટને બ્રિગેડ કહે છે. એથી વધારે બ્રિગેડને ડિવિઝન કહે છે. બે કે તેથી વધારે ડિવિઝનને કોર કહે છે. બે કે તેથી વધારે કોરને આર્મિ એટલે લશ્કર કહે છે.

૩. જી. હારની હાર; એક પછી એક આવતું ટોળું.

પલટણિયો ૧. વું. લશ્કરનો સિપાઈ.

૨. વિ. પલટનમાં કામ કરનાર.

પલટન ૧. સ્ત્રી. એક ઉદ્દેશ કે નિમિત્તથી એકઠો થયેલ સૈનિકો અથવા બીજા લોકોનો સમૂહ; ટોળું; સમુદાય.
૨. જુઓ પલટણ.

પલટનિયો જુઓ પલટણિયો.

પલટવું ૧. અ. ક્રિ. ઊંધુંચત્તું થઈ જવું.
૨. અ. ક્રિ. ઢોળે વળવું.
૩. અ. ક્રિ. પાછું ફરવું.
૪. [પ્રા. પલ્લટ] સ. ક્રિ. ફરવું; બદલવું; ફેરી જવું.
૫. અ. ક્રિ. ભંગ કરવું; વચન તોડવું.
૬. અ. ક્રિ. સારું કરવું; બદલામાં બેવું દેવું.
૭. અ. ક્રિ. સામું થવું.
૮. અ. ક્રિ. સારી સ્થિતિ કે દશા થવી.
૯. સ. ક્રિ. એક વાત પડતી મૂકી બીજી કરવી.
૧૦. સ. ક્રિ. ફેરવવું; ફેરબદલ કરવું.
૧૧. સ. ક્રિ. સ્થિતિ કે અવસ્થા બદલવી; ઊનતને અવનત અને અવનતને ઊનત કરવું.

પલટા ૧. [હિં.] પું. કુસ્તીનો એ નામનો એક દાવ. તેમાં નીચે પડેલા પહેલવાનની કમર ઉપરનો ભાગ પહેલવાન પકડે ત્યારે નીચેનો પહેલવાન પોતાના જમણા પગનો પંજો ઉપરના પહેલવાનના પગો વચ્ચે નાખી તેનાથી તેનો ડાબો પગ પકડી પોતાના જમણા હાથ વડે તેનો ડાબો હાથ પકડી જોર કરી તેને ચત કરી નાખે છે
૨. પું. બારો; કડાકૂટમાંથી તબેલ બીજ કાઢવાનું સાધન.
૩. પું. ફેરવણી; ફેરો; પરિવર્તન.
૪. પું. બદલો; પ્રતિફળ.
૫. પું. (સંગીત) રાગમાં આંતરો.

પલટાપલટી સ્ત્રી. ફેરફાર; ઊથલપાથલ.

પલટાપૂર્વું ૧. ક્રિ. બદલાતું.
૨. ક્રિ. બદલરૂપી.

પલટાયલું ક્રિ. ઊભરાયેલું; વાહન ચાલે કે સવારી માટે તૈયાર થયેલું.

પલટાવ પું. ત્રિરંગ ભોજવું અથવા થવું તે.

પલટાવવું સ. ક્રિ. ફેરવવું; બદલાવવું; પલટવાની ક્રિયા કરવી.

પલટાવું અ. ક્રિ. બદલાવું; ફરી જવું; બદલી નાખવું; ઊલટાવી દેવું; ફેરવી નાખવું; પલટવાની ક્રિયા થવી

પલટી ૧. સ્ત્રી. ઊબકો.
૨. સ્ત્રી. (સંગીત) ગાતાં સ્વરને ઉતારવો અને ચડાવવો તે.
૩. સ્ત્રી. પટાબાજીનો એક દાવ.
૪. સ્ત્રી. ફેરબદલી.

પલટે અ. બદલામાં; અવેજમાં.

પલટો ૧. પું. આમતેમ બેઠે ભાલુએ હાથ ફેરવવો તે.
૨. પું. ઊબકો.
૩. પું. (સંગીત) ગાતાં સ્વરને ઉતારવો ને ચડાવવો તે.
૪. પું. તાન.
૫. પું. પટાબાજીનો એક દાવ: આડાઈબા અવગાસવળા પડા ખેલવાની રમત.
૬. પું. પલટાવાની ક્રિયા; પરિવર્તન.
૭. પું. ફેરબદલી.
પલટો આવો–મારવો = (૧) દશા કે સ્થિતિ બદલાઈ જવી; પલટાવું. (૨) ફરી બેસવું; ફેરવી નાંખવું. (૩) વેર લેવું.

પલઠી સ્ત્રી. પલાંઠી.

પલડા (પલ્લા) [હિં.] પું. પલ્લું; ત્રાજવું.

પલડો (પલ્લો) પું. પલ્લું; ત્રાજવું.

પલણ પું. (કચ્છી) પ્રભાત.

પલવું અ. પારવું.

પલતપલત અ. વારેવારે.

પલતી સ્ત્રી. બત્તી; અજવાળે.

પલથી [હિં.] સ્ત્રી. ઢગલા ઉપર બેસવાની એક રીત; સ્વસ્તિકાસન; પલાંઠી.

પલદ ૧. પું. એ નામનો એક દેશ.
૨. [સં. પલ (માંસ) + દ (આપવું)] અ. જેના સેવનથી માંસ વધે તેવું દ્રવ્ય.

પલદાચા પું. એક છોડ. તે ઔષધિ તરીકે વપરાય છે.

પલનાં ૧. ન. બાળકને સુવડાવવાનું પારણું.
૨. ન. હવેલીનો એક ઉત્સવ.

પલનું અ. પારવું.

પલપલ અ. પ્રતિક્ષણ; દરેક પળ.

પલપલવું અ. ક્રિ. ચળકવું; ચમક ચમક થવું.

પલપલિયાં ન. બ. વ. બાંસુ.
પલપલિયાં પાડવાં = નાશની બાબતમાં રોવું.

પલપૈત્થક [સં.] વ. શ્રાદ્ધમાં અપાતો માંસવિશેષ.

પલપ્રિય ૧. [સં. પલ (માંસ) + પ્રિય (વહાલું)] પું. ગમતો; દોષ્ટ ગમતો.
૨. પું. રાક્ષસ.
૩. વિ. જેને માંસ પ્રિય હોય એવું.
૪. વિ. માંસાહારી; માંસભક્ષી.

પલભક્ષ [સં. પલ (માંસ) + ભક્ષ (ખોરાક)] પું. સિંહ.

પલભક્ષી [સં. પલભક્ષિન્] વિ. માંસાહારી; માંસભક્ષી.

પલભર અ. પળવાર; ઘડીવાર.

પલભરમાં અ. એક ક્ષણમાં; આંખના પલકારામાં.

પલભા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) વિષુવદ્ દિનાર્ધથી ઉત્પન્ન થયેલી શંકુચ્છાયા; મેષ સક્રાંતિમાં મધ્યાહ્ને સૂર્ય વિષુવવૃત્ત રેખા ઉપર હોય તે વખતની છાયાયંત્રના શંકુની છાયાની લંબાઈ

પલભા યંત્ર ન. (જ્યોતિષ) શંકુચ્છાયાયંત્ર; સૂર્યઘડી.

પલમ પું. અપવાદ; નિંદા.

પલમાયરા સ્ત્રી. એ નામની એક જાતની ખાંડ.

પલમો પું. કોઈને ઉતરવાની યુક્તિ; તરકીબ; કુનેહ; કરામત; કિંમત; એથી વધારે માણસોએ કરેલો સંકેત.

પલલ ૧. [સં.] પું. રાક્ષસ.
૨. ન. અનાજનું પરાળ.
૩. ન. એ નામનું એક જાતનું પ્રાણી; પોલોહો.
૪. ન. કાદવ; કીચડ.
૫. ન. તલનું ફૂલ.
૬. ન. તલનો ખોળ.
૭. ન. તલવટ; ખોળ અથવા ખાંડ નાખી બનાવેલ તલનું ચૂર્ણ; વૈદ્યકપ્રસિદ્ધ વિષ્ટકભેદ.
૮. ન. દૂધ.
૯. ન. પત્થર.
૧૦. ન. જળ.
૧૧. ન. ઝાળ; બંદોબસ્ત.
૧૨. ન. માંસ.
૧૩. ન. ઘાસ; લાસ.
૧૪. ન. સેવાળ.
૧૫. વિ. નીલું અને મુલાયમ.

પલલજ્વર [સં. પલલ (માંસ) + જ્વર (તાવવાળું થવું)] પું. શરીરમાંની પિત્ત ધાતુ.

પલલપ્રિય ૧. [સં. પલલ (માંસ) + પ્રિય (વહાલું)] પું. ગમતો.
૨. પું. રાક્ષસ.
૩. વિ. માંસ જેને પ્રિય હોય એવું.
૪. વિ. માંસાહારી; માંસ ખાઈને રહેનાર; માંસભક્ષી.

પલલપ્રિયા [સં.] સ્ત્રી. ગમતી.

પલલારાય ૧. પું. ગંદરોગ.
૨. [સં.] પું. બદલજળી; બજબું.

પલટી [સં.] સ્ત્રી. રાક્ષસણી.

પલવ ૧. [સં.] પું. માછલાં પકડવાનું વાંસનું એક યંત્ર.

૨. ન. એક જાતનું વાજિંત્ર.

પલવટ ૧. સ્ત્રી. ઓઢેલા વસ્ત્રનો છેડો.

૨. સ્ત્રી. કેડ બાંધવી તે.

૩. [સં. પલ્લવ] સ્ત્રી. કેડથી બાંધવાનું કપડું. તે બીજો બાંધે છે.

૪. પું. પોઠ ઉપર બેસીને તેની કોઠ ઉપર એક પગ લાંબો અને બીજો વળગતો રાખવો તે.

૫. સ્ત્રી. પહેરેલા કે ઓઢેલા વસ્ત્રનો છેડો વીંટાળી કમ્મરે બાંધવો તે; પાલવ કે નીચે લટકતો છેડો કેડે કે છાતીએ તાણીને બાંધવો તે.

પલવટડી (પલવટડી) જુઓ પલવટ.

પલવટવું અ. ક્રિ. બદલામાં જવું.

પલવટિ [સં. પરિવૃત્તિ] સ્ત્રી. કમ્મર.

પલવડી (પલવડી) સ્ત્રી. પલ્લી; પરોળી.

પલવલ ૧. [હિં.] સ્ત્રી. પરવર નામનું શાક.

૨. સ્ત્રી. બાર્કારો; પરોત્રો.

પલવલ મિલાવરી = (૧) મિત્રાચારીનો સંબંધ બાંધવો. (૨) વચન આપવું.

પલવલિયાં ન. બ. વ. આંખનાં કળઝળિયાં.

૧. પલવલિયાં આવવાં = કળઝળિયાં આવવાં; આંખમાં અશ્રુ આવવાં.

૨. પલવલિયાં લાવવાં = રોવરાવવું.

પલવલી યંત્ર ન. ઉત્થાપન યંત્ર.

પલવવું [સં. પલ્લવ (ક્રીડા)] સ. ક્રિ. રાજી કરવું; રીઝવવું; વિનવવું; મનવવું.

પલવાઢ (પલચાઢ) સ્ત્રી. પરવાડ; વાડ.

પલવાર ૧. સ્ત્રી. એક ક્ષુદ્ર; જરા વાર.

૨. સ્ત્રી. એક જાતની મોટી હોડી. તે ૧૫ થી ૨૦ ટન ભાર ઉપાડવા વપરાય છે.

૩. [હિં.] સ્ત્રી. રોટલીને વાવવાની એક રીત; નગરવા. મધ્યપ્રાંતમાં તે રીત પ્રચલિત છે. તેમાં જમીન એક વરસ સુધી પડતર રાખવામાં આવે છે અને વાવેતર કરવા અગાઉ નવ માસ સુધી જમીનને વારંવાર ખેડવામાં આવે છે. વાવેતર નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરિમાં થાય છે. પછી જ્યારે નાના છોડ અઢાર આવે ત્યારે તેને પાંદડાં વડે ઢાંકી દેવામાં આવે છે. આમ કરવાથી બાષ્પીભવન અટકે છે અને પાણીની તંગીથી જે નુકસાન થાય તે ઓછું થાય છે.

૪. ન. પકીડ.

પલવારી [હિ.] પું. હોડીવાળો ખલાસી.

પલવાલ [હિં.] વિ. હૃષ્ટપુષ્ટ બળવાન.

પલવાવું અ. ક્રિ. પાલવે એમ થવું.

પલવું ૧. [સં. પલ્ (રક્ષણ કરવું)] અ. ક્રિ. ઉકેરાવું.

૨. [સં. પલ્] અ. ક્રિ. બળવું; બનવું.

૩. અ. ક્રિ. દાણનું નરમ થવું.

પલવૈયા [હિં.] પું. ભરણપોષણ કરનાર માણસ; પાલક.

પલશી પું. પુરાણમત.

પલસ્તર [હિં.] પું. ઢીપાલ ઉપર માટી કે ચૂનાનો લેપ કરવો તે; 'પ્લાસ્ટર.'

પલસ્તરકારી [હિં.] સ્ત્રી. પલસ્તર કરવાનું કામ.

પલસ્તિ [સં.] વિ. જેને પળિયાં આવી ગયાં હોય તેવું ઘરડું

પલહા [સં. પલ્લવ] પું. (હિંદી) પલવ; કુમળું પાંદડું.

પલહી વિ. હલકા સ્વભાવની સ્ત્રી.

પલળવું ૧. અ ક્રિ. પીગળવું; પોચું થવું; નરમ થવું. મનને માટે વપરાય છે.

૨. અ. ક્રિ. ભીંજાવું; ભીનું થવું; પાણીવાળું થવું.

પલળેલું ૧. વિ. દયાવાળું; લાગણીવાળું.

૨. વિ. ભીંજાયેલું; પાણીવાળું થયેલું.

પલંકટ [સં.] વિ. ભીરુ; બીકણ; કરપોટ.

પલંકર [સં.] પું. શરીરમાંની પિત્ત ધાતુ.

પલંકષ ૧. [સં.] પું. કષ.

૨. પું. કેસર.

૩. પું. આખરો.

૪. પું. ચૂડણ.

૫. પું. ગોખરુ.

૬. પું. મુંડેરી વનસ્પતિ.

૭. પું. રાક્ષસ.

૮. પું. રાસ્ના વનસ્પતિ.

૯. પું. લાખ.

પલંકષા ૧. [સં.] સ્ત્રી. ચૂડણ.

૨. સ્ત્રી. ગોરખમુંડી.

૩. સ્ત્રી. બીજો ગોખરુ.

૪. સ્ત્રી. પલાશ; આખરો.

૫. સ્ત્રી. બલાગળો વનસ્પતિ.

૬. સ્ત્રી. માખી.

૭. સ્ત્રી. રાસ્ના વનસ્પતિ.

૮. સ્ત્રી. લાખ.

પલંકષી ૧. [સં.] સ્ત્રી. રાક્ષસણી.

૨. જુઓ પલંકષા.

પલંકા સ્ત્રી. અતિ દૂર હોય એવું સ્થાન. પ્રાચીન ભારતવાસીઓ લંકા બહુ દૂર સમજતા હતા. આથી અત્યંત દૂરના સ્થાનને તેઓ પલંકા અથવા પરલંકા કહેતા, જેનો અર્થ લંકાથી દૂર અથવા દૂરનો દેશ છે.

પલંગ ૧. પું. એક જાતનું ઝેર.

૨. પું. એક તરેહનું લાકડાનું બનાવેલું સૂવા બેસવાનું છત્રીવાળું ઊંચું સ્થાનક.

૩. [સં.] પું. બિલ્લો; ફાડી ખાનાર એક જંગલી જનવર.

પલંગ મહમન = બહાદુર લડવૈયો.

૪. [સં. પર્યંક; પ્રા. પલિअંક–પલંક] પું. ઢાળવાળો મોટો ખાટલો; ઢોલિયો; ઢોલડી.

૧. પલંગ તોડવો = (૧) કોઈ કામ કર્યા વગર ચૂપ કે પડી રહેવું. (૨) બહુ વખત સુધી સંભોગ કરવો.

૨. પલંગની નોકરી = હવસ સંતોષવા માતર કરતી નોકરી; વિષયવાસના તૃપ્ત કરવા કરવામાં આવતી નોકરી; હલકી નોકરી.

પલંગડી (પલંગડી) ૧. સ્ત્રી. જૂનો અને નકામો ખાટલો.

૨. સ્ત્રી. નાનો પલંગ; ઢોલણી; ખાટલો.

પલંગતોડ (પલંગતોડ) ૧. પું. આળસુ માણસ; બદરૂપ પુરુષ; નકામો આદમી.

૨. પું. પાવેળો.

૩. પું. સાલેમ; એક ઔષધિ.

૪. પું. સ્તંભન કરનારી ઔષધિ. વીર્યવૃદ્ધિ માટે તે ખવાય છે.

૫. વિ. અતિ સંભોગ કરનાર.

૬. વિ. પલંગમાં પડ્યો રહે એવો આળસુ.

૭. વિ. લાંબા સિસકારાવાળું.

પલંગદંત [પલંગ (ચિત્તો) + દંત (દાંત)] પું. ચિત્તાના જેવા વાંકાચૂકા દાંતવાળો માણસ.

પલંગપોષ પું. ઓઢાડ; ચાદર.

પલંગપોશ [ફા.] ન. પલંગ ઉપર શોભાને માટે પાથરવાનું જાતીજાત સુંદર કપડું; પથારી ઉપર પાથરવાનો ઓઢાડ; ચાદર.

પલંગમુરક [સં.] સ્ત્રી. રામતુલસી નામની વનસ્પતિ.

પલંગિયા [હિં.] પું. નાનો પલંગ; ખાટ.

પલંગી ૧. ન. વેલાની પેઠે ફેલાતું એક પ્રકારનું ઘાસ.

૨. [ફા.] વિ. વાય જેવું-કૂર.

પલંગુ પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરના સપ્તર્ષિનો એ નામનો એક ઋષિ.

પલાવ

પલંજી સ્ત્રી. એક જાતનું ઘાસ. તે ઉત્તર ભારતના મેદાનમાં અધિક થાય છે.

પલંડી [હિં.] સ્ત્રી. નાવનો એક વાંસ.

પલ ૧. [હિં.] પું. આંચળ.
૨. [ચ.] પું. આખરો; હદ; પલાસ.
૩. પું. ઝાપટું; ઝાલ્યું.
૪. પું. પલક; નિમિષ.
૫. પું. બ. વ. તેલ વગેરે પ્રવાહ્યનો ચમચો; પાવણ; પળી.
૬. પું બ. વ. દાઢીના ચોકિયા.
પલ ઝાટકવા = દાઢીના વાળના ઝાતરાને મર્યથી બંધેરવા. મૂછો આમળવાની માફક આ ક્રિયા પણ મરદાનગીની સૂચક ગણાય છે.
૭. પું. બ. વ. પાલવ; કિનાર.

પલાઈ સ્ત્રી. (સંગીત) મૂર્છના.

પલાકું ન. આંકના પાકાનો પ્રકાર; પલાખું.

પલાખું (પલાખું) જુઓ પલાખું.

પલાખાં ન. બ. વ. આંકના પાકાના પૂછેલા મુખાકારના બડિયા.

પલાખી સ્ત્રી. આંકના પાકામાંની દરેક લાર.

પલાખું ન. આંકનો સવાલ; આંકના બડિયાનો પ્રકાર; પલાકું.

પલાગ ન. એક જાતનું ઝેર; બલુક. તેનો દેખાવ લીંડીપીપર જેવો હોય છે.

પલાગ્નિ [સં. પલ (માંસ) + અગ્નિ] પું. શરીર માહેની પિત્ત ધાતુ.

પલાગ્ર [સં. પલ (માંસ) + અગ્ર (ભેજ ભાગ)] ન. માંસનો સારાંશ.

પલાઝી પું. ક્ષીર સાગર.

પલાટ પું. જમીનનો અમુક આપનો કટકો; પ્લૉટ.'

પલાટીના ન. એક જાતની ધાતુ; પંચધાતુ; 'પ્લેટિનમ.'

પલાણ ૧. ન. ઘોડા વગેરે પશુઓની પીઠ ઉપર ચઢી બેસવું તે; પલાણવું તે; સવારી.
૧. ઊંટ માંગરતાં પલાણ = આનાકાની છતાં અનિચ્છાએ કામ કરવું તે.
૨. પલાણ કરવું-વાળવું = ઘોડા ઉપર સવારી કરવી; પલાણવું.
૨. [સં. પર્યાણ; પ્રા. પલ્લાણ] ન. ઘોડા વગેરેની પીઠ ઉપર નાખવાની ગાદી; જીન; ખોગીર; ઘોડાની પીઠ ઉપર નાખવાનો સામાન.
પલાણ માંડવું = (૧) ઘોડા વગેરેની પીઠ ઉપર ચઢી બેસવું. (૨) સવારીનો સામાન કસવો; જીન નાખવું.
૩. ન. સવારીના કામમાં લેવું તે.

પલાણવું ૧. સ. ક્રિ. ઘોડા વગેરે પશુની પીઠ ઉપર સામાન કસવું.
૨. સ. ક્રિ. ચઢાઈની તૈયારી કરવી.
૩. [કા. પાલન] સ. ક્રિ. પલોટવું; કામમાં લેવા માંડવું.
૪. સ. ક્રિ. સવારી કરવી; ઘોડા કે પશુની પીઠ ઉપર ચઢી બેસવું.
૫. સ. ક્રિ. સવારીના કામમાં લેવા માંડવું; અંકુશમાં લઈ પીઠ ઉપર ચઢવું.

પલાણિયા ૧. સ્ત્રી. પરમાર સુમિત્રીની એ નામની એક શાખા.
૨. બ. બે નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું.

પલાણિયો પું. ઘોડા વગેરે પશુની પીઠ ઉપર સામાન માંડી દેનાર નોકર.

પલાણું ન. મધેડા ઉપર નાખવાનું સીંદરીનું સાધન.

પલાણો [અં. પ્લેનર] પું. ઝાપતી વખતે બીજાં બરાબર બેસાડવા તેના ઉપર મૂકી ઠોકવાનો લાકડાનો કટકો.

પલાતક ૧. [સં. પલાયન] પું. દેશ છોડીને ચાલ્યો જનાર ભેદૂત.
૨. વિ. ભાગી જનાર.

પલાદ ૧. [સં. પલ (માંસ) + અદ (ખાવું)] પું. રાક્ષસ.
૨. વિ. માંસ ખાનાર.

પલાદન જુઓ પલાદ.

પલાદની ૧. [સં.] સ્ત્રી. રાક્ષસણી.
૨. વિ સ્ત્રી. માંસ ખાનારી.

પલાદાર સ્ત્રી. એક જાતની ઊંડાવાળી કાચ.

પલાદિત્ય સ્ત્રી. એ નામની એક ધાતુ.

પલાદી [સં. પલ (માંસ) + અદ (ખાવું)] સ્ત્રી. રાક્ષસણી; પલાદની.

પલાન ૧. પું. પાતર રાખેલો ખુલ્લી જમીનનો ટુકડો.
૨. [કા. પાલન] પું. જીન; ખોગીર.

પલાના [કા. પલાન] પું. જીન; ખોગીર.

પલાની ૧. [હિં.] સ્ત્રી. ઝાપટ.
૨. સ્ત્રી. ઝાપટ મારવું તે.
૩. સ્ત્રી. પગના પંજે ઉપર પહેરવાનું પાનના આકારનું એક ઘરેણું.

પલાન્ન [સં. પલ (માંસ) + અન્ન] ન. માંસમિશ્ર રાંધેલું અન્ન.

પલાપ ૧ [સં.] પું. કડપાયઃ બળે બાંધવાનો ફાંસલો.
૨. પું. દાણીનું લમણું; દાણીનું ગોંડરબલ.

પલાપલ કુ. બે રૂપિયાકાર.

પલાપહર [સં.] સ્ત્રી. આંખમાં આંજવાની દવા; નેત્રાંજન.

પલાયક [સં.] વિ. ભાગી જનાર.

પલાયણ ૧. [સં. પલાયન] ન. (જૂ. ગુ.) નાસી જવું તે.
૨. વિ. ભાગણચાનું અભ્યાસી.

પલાયન ૧. [સં.] ન. જાનુંમાનું નીકળી જવું તે; ભયથી નાસી જવું તે; રવાના થઈ જવું તે; ભાગી જવું તે; પોબારા ભણવા તે; છટકી જવું તે; નાસભાગ.
૨. ન. જીન; ખોગીર.

પલાયનકાળ પું. હિજરી સન. આ અરબ સનનો શક છે.

પલાયનપર જુઓ પલાયનપરાયણ.

પલાયનપરાયણ [સં.] વિ. ભયથી નાસી જવામાં તત્પર.

પલાયમાન ૧. ન. નાસી જવું તે.
૨. [સં.] વિ. નાસી જતું; ભાગી જતું; ભયથી નાસી જતું.

પલાયિત [સં.] વિ. ભયથી નાસી ગયેલ; ભાગી ગયેલ; નાઠેલું; દોડી ગયેલું.

પલાયી [સં. પલાયિન્] વિ. ભયથી નાસી જનાર.

પલારિયાં ન. બ. વ. ખોરડીનાં બળતાંનો જથ્થો.

પલાલ ૧. [સં.] પું.;ન. બનાજનું ઝાણા વગરનું ભૂસું; પરાળ.
૨. પું.;ન. ઝાણા વગરનું ડૂંડું.
૩. ન. એક જાતનું ઝાડ; છતાડ.

પલાલક [સં.] ન. પરાળનું પાથરણું.

પલાલકોલક [સં.] પું. આંબાનું ઝાડ.

પલાલપીઠક ન. પરાળની બેઠક.

પલાલા ૧. સ્ત્રી. (પુરાણ) માતૃગણમાંની એક દેવતા.
૨. સ્ત્રી. સાત માંહેની એક રાક્ષસણી. તે બળકોને બીમાર કરનારી મનાય છે.

પલાલિ [સં.] સ્ત્રી. માંસનો સમૂહ.

પલાલી [સં. પલાલિન્] વિ. માંસના સમૂહવાળું.

પલાવ ૧. [હિં.] પું. એક પ્રકારનું ઝાડ. તેના રેસામાંથી દોરડાં થાય છે.
૨. પું. ઝાપટ મારવું તે.
બ્યાલી પલાવ = હવાર્ક કિલ્લા.
૩. [કા.] પું. ભાતમાં દાળ, માંસ અને મસાલો નાખીને બનાવવામાં આવતી એક વાની. પુલાવ.

પલાયન ૧. સ્ત્રી. બીજની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપુસ.
૩. વિ. એ નામની જાતનું.

પલાવન ન. પળાવવું તે; પાલન કરાવવું તે.

પલાવવું સ. ક્રિ. કાઢી મૂકવું.

પલાવું [સં. પલ્] સ. ક્રિ. જવું રહેવું; દૂર થવું; જવું; પલાવું; પગવું.

પલાશ ૧ પું એક જાતની વનસ્પતિ; કપૂરો.
૨. પું. એક જાતનું પક્ષી.
૩. પું ઝસુંના નામની ઔષધિ.
૪. [સં.] પું આખરાનું ઝાડ; ભારતવર્ષના બધા પ્રદેશોમાં થતું એક પ્રસિદ્ધ વૃક્ષ. જેદાનો અને જંગલોમાં જ નહિ, પણ ૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહાડોના શિખરો ઉપર પણ કોઈ કોઈ રૂપમાં અવશ્ય મળે છે. તે પલાશ, કુપરૂપ અને ક્ષતારૂપ એમ ત્રણ રૂપમાં જોવામાં આવે છે. બગીચાઓમાં ક્ષુપરૂપે અને જંગલો અને પહાડોમાં વિશેષ કરીને કુપરૂપે જોવામાં આવે છે. ક્ષતારૂપે બહુ ભૂજ મળે છે. પાન, ફૂલ અને ફળ ત્રણે જોડોમાં સમાન હોય છે. વૃક્ષ બહુ ઊંચું થતું નથી. કુપ કાઢીના રૂપમાં અર્થાત્ એક સ્થાન ઉપર પાસે પાસે બહુ જ ઊગે છે. તેની છાલ મોટી અને રેસાવાળી હોય

તેનું લાકડું પોચું કૂચું હોય છે. તેનું ફૂલ નાનું, અર્ધચંદ્રાકાર અને પૈસા લાલ રંગનું હોય છે. ફૂલ ફાગણના અંતમાં કે ચૈત્રની શરૂઆતમાં આવે છે. ફળમાં બીજ બાપડો બીજ હોય છે. ફૂળને પલાસપાપડી અને બીજને પલાશબીજ કહે છે. તેનાં પાન પાતળ દૂના બનાવવાના કામમાં આવે છે. રજપૂતાના અને બંગાલમાં તો તેનાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે. ફૂલ અને બીજ ઔષધિમાં વપરાય છે. બીજમાં ચેટનાં કૃમિ મારવાનો ગુણ વિશેષ છે. ફૂલને ઉકાળવાથી તેમાંથી લાલાશ પડતો પીળો રંગ નીકળે છે અને તેનો ઉપયોગ હોળીના તહેવારોમાં થાય છે. છાલમાંથી એક પ્રકારના રેસા નીકળે છે, જેનો ઉપયોગ બ્રહ્મદેશમાં બાવતા પાણીને બટકાવવા માટે થાય છે. મૂળની છાલના રેસામાંથી દોરડાં તેમ જ કામળ પણ બનાવવામાં આવે છે. તેની પાતળી ડાળીઓને ઉકાળી એક પ્રકારનો કાથો તૈયાર કરવામા આવે છે અને તે બંગાળમાં વિશેષ બાવામાં આવે છે. તેની છાલમાં એક પ્રકારનો ગુંદ પેદા થાય છે. તેનાં ફૂલ સ્વાદુ, કડવાં, ગરમ, કૃમિનાં, વાતવર્ધક, શીતલ, ગરમરા, મલરોધક, તૃપ્ત, દાહ, પિત્ત, કફ, રુધિરવિકાર, કોઢ અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરનાર મનાય છે. તેનું ફળ રેચ, હલકું, ગરમ, કફ, વાત, ઉદરરોગ, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ અને વ્રણનો નાશ કરનાર મનાય છે. બીજને સ્નિગ્ધ, ગરમરા, ગરમ, કફ અને કૃમિનાશક અને મુંડને મલરોધક, ગ્રહણી, મુખરોગ, ખાંસી અને પરીનો દૂર કરનાર માનેલ છે. આ વૃક્ષ હિંદુઓનાં પવિત્ર વૃક્ષો પૈકીનું એક છે. વેદમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. શ્રૌતસૂત્રોમાં કેટલાંક યજ્ઞપાત્રો તેનાં લાકડામાંથી બનાવવાનો વિધિ છે. ગૃહ્યસૂત્ર અનુસાર ઉપનયન સમયે બાલબ્રહ્મચારીને તેની લાકડીનો દંડ ધારણ કરવાનો વિધિ છે. વસંતમાં પાંદડાં વિનાનું લાલ ફૂલોવાળું આ વૃક્ષ આંખને અત્યંત સુખદ છે. સંસ્કૃત અને બીજી ભાષાના કવિઓએ તે સમયના સૌંદર્ય ઉપર કેટલીય ઉત્તમ ઉત્તમ કલ્પનાઓ કરી છે. તેનું ફૂલ અત્યંત સુંદર તો હોય છે, પરંતુ તેમાં ગંધ હોતી નથી. આ વિચિત્રતા ઉપર પણ ઘણી જ ઉક્તિઓ કહેવાયેલી છે. તેનાં બી વિરેચક અને કૃમિઘ્ન હોવાથી તેની ૧૦થી ૨૦ ગ્રેન સુધી કૃમિ અને બાસ કરીને ગોળ કૃમિ બહાર કાઢવા માટે બહુ દિવસ સુધી લાગટ અપાય છે. તેની બૂકોનો મલમ દરાજ ઉપર લગાડાય છે. આ ઝાડના દરેક ભાગમાંથી ક્ષારીય પદાર્થ કાઢવામાં આવે છે. આ ક્ષાર પેટનાં અજીર્ણ અને હરસમાં બહુ ઉપયોગી મનાય છે. તેનાં ચૂર્ણિકાની ગરમ ઉકાળો આંતરડાં દાહકને સાંધે છે અને મરડો મટાડે છે. તેનાં પાંદડાં સંકોચક, બલવર્ધક અને પ્રમોસ્તેજક મનાય છે. ચૂમડાં, ખીલ, ગાંઠ, અજીર્ણ વગેરે ઉપર પાન બંધાય છે. છા, આકારો, કૃમિ અને હરસમાં તેનાં પાન બાવાની દવામાં અપાય છે. સર્પદંશમાં તેની છાલ સાંઠે સાથે બાવા અપાય છે. તેનો ઉકાળો સ્નેહભસ્મ, મરડો અને આંસીમાં દેવાય છે.
૫ પું. બાખરાનું પાન.
૬. પું. બાખરાનું ફળ.
૭. પું. પરિભાષા.
૮. પું. પારસપીપળો.
૯. પું. આંતરડાં પહોળવાં.
૧૦. પું. મનુષ્ય દેહ.
૧૧. પું. રાક્ષસ.
૧૨. પું. ત્રીજો રંગ.
૧૩. પું. બિહારી કંદ.
૧૪. પું. શાસન.
૧૫. ન પાંદડું; પત્ર.
૧૬. વિ. નિર્દય; ક્રૂર.
૧૭. [સં. પલ (માંસ) + અદ (ખાવું)] વિ માંસ ખાનાર; માંસાહારી.
૧૮. વિ. બીજા રંગનું ચિત્રિત.

પલાશક ૧. પું. કપૂર.
૨. પું. કપૂરકચલી.
૩. [સં.] પું. બાખરાનું ઝાડ.
૪. પું. બાખરાનું ફૂલ.
૫. પું. (જૈન) રોગાદિ કરવાનું બાજન.
૬. પું. બાખ.

પલાશકંદક પું. બાખરામાંથી બનતી એ નામની રેચક દવા.

પલાશક્ષાર [સં.] પું. બાખર બાકીનો એક જાતનો ક્ષાર.

પલાશખંડ [સં.] પું. હિંદુસ્તાનનો એક પ્રદેશ; બિહારનો પશ્ચિમ ભાગ.

પલાશગંધિકા [સં.] સ્ત્રી. એક પ્રકારનું વંદલોબન.

પલાશચ્છદન [સં.] પું. તમાલપત્ર.

પલાશતરેજ [સં.] પું. પલાશનું કૂમળું પાન.

પલાશપત્ર [સં.] ન. બાખરાનું પાંદડું.

પલાશપર્ણી [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; બાર્ષધ; અમ્બમણ્ડા.

પલાશપાપડી (પલાશપાપડો) [હિં.] સ્ત્રી. બાખરાનું ફળ

પલાશપાપડો (પલાશપાપડો) પું. બાખરાનું ફળ બાખરાની શિંગ; પિતપાપડો.

પલાશપીપળો પું. પારસપીપળો.

પલાશબીજ ન. બાખરાનું બી. આ બી કૃમિઘ્ન તરીકે બે વાટની માત્રામાં અપાય છે.

પલાશલતા સ્ત્રી. પલાશવેલ.

પલાશવું જ. ક્રિ. પલાયન થવું.

પલાશવેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પલાશ ૧. ન. પલાશનું ઝાડ.
૨. ન. પલાશનું લાકડું.

પલાશાગ્ય ૧. [સં.] પું. હિંસ; વધારણી.
૨. ન. એક જાતનું ઝાડ.

પલાશાંજના [સં પલાશ (બાખરો) + અંજન] ન. આંખમાં કૃમ્યુત્પાદનાં કૃમિ ઉપર ઉપયોગી મનાતું એ નામનું અંજન. તે બનાવવા રતાંજળી ૧ ભાગ, સિંધવ ૨ ભાગ, હરડે ૩ ભાગ અને બાખરાનો ગુંદ ૪ ભાગ લેવાય છે.

પલાશાસના [સં.] સ્ત્રી. અજમોદ વનસ્પતિ; અજમો.

પલાશિકા ૧. [સં.] સ્ત્રી. કપૂરકચલી.
૨. સ્ત્રી. કાચની બનાવેલી બાટલી.
૩. સ્ત્રી. બિહારી કંદ.

પલાશિની ૧. [સં.] સ્ત્રી. કમલિની.
૨. સ્ત્રી. રૈવંતક પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી.
૩. સ્ત્રી. શુક્તિમાન પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી.

પલાશી ૧. પું. હોલિકા.
૨. [સં. પલાશિન્] પું. ઝાડ.
૩. પું. રાક્ષસ.
૪. સ્ત્રી. કપૂરકાચલી; વલી નામની વનસ્પતિ.
૫. સ્ત્રી. (સંગીત) દીપકની એ નામની એક રાગિણી.
૬. સ્ત્રી. રાક્ષસણી.
૭. સ્ત્રી. લાખ.
૮. સ્ત્રી. ઓ.
૯. વિ. પાંદડાંવાળું.
૧૦. વિ. માંસાહારી.

પલાશીય [સં.] વિ. પાંદડાંવાળું.

પલાશ ૧. પું. (સંગીત) એક જાતનો રાગ; ભીમપલાસ.
૨. પું. મીનની જાતનું એક માંસાહારી પક્ષી.
૩. [ગા.] પું. ગુચ્છપાદ; જાદુ જાણું ઘસવું.
૪. પું. બે ઢોરને જોડવા કરવામાં આવતી ખાંડ.
૫. જુઓ પલાસ.

પલાસપાપડા (પલાસપાપડા) [હિં.] પું આખરાની સિમ. ને ઔષધમાં કામ આવે છે.

પલાસપાપડી (પલાસપાપડી) જુઓ પલાસપાપડા.

પલાસવું સ. ક્રિ. પત્તરવું સીવ્યા પછી કાજાનું ચામડું કાપી સરખું કરવું.

પલાસી ૧. સ્ત્રી. એક ગામનું નામ; પ્લાસી.
૨. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોસ રાગની આઠ ભાર્યામાંની એ નામની એક પુત્રવધૂ

પલાસી ચાર પું. (સંગીત) ચાર ભાર્યાનો એ નામનો એક ચાટ. તેમાં મધમાદ સારંગ, મિશ્રાગની સારંગ, ધાની, શુદ્ધ સારંગ, નૂર સારંગ, શુદ્ધા, મેઘ, મલ્લાર, સૂરમલ્લાર, ગાળગુંજ, ભીમપલાસી, વાગીશ્વર, કોટરો, છાયા, દેશી, પટમંજરી, સિંધુરા, સાહના, અકૂપારા, બાહાર, ગારો, સુઘરાઈ, ગારાપહાડી, ગોંડોટી, મિશ્રાની મલ્હાર જેવી વતી, પટદીપકો, ગઝોરી, હંસકંકણી, ગાર અને સાવન રાગનો સમાવેશ થાય છે.

પલાસો પું. ખાખરો.

પલાહ સ. જીભ; ખોખીર.

પલાળ ૧. પું. ભીનું કરેલું ગાભણ.
૨. પું. પલાળેલો લાભ.

પલાળવું ૧. સ. ક્રિ. કોઈ પ્રવાહી વડે કરવું.
૨. સ ક્રિ. ભીનું કરવું; પાણીવાળું કરવું; ભીંજવવું.
૩. સ ક્રિ. વધુ કરવા લાટી ભીંજવવી.
પલાળવું ઓટલે મૂંડવું = કામની શરૂઆત જો સારી થઈ હોય તો ખરચું કામ તો થઈ જ જવું સમજવું.
૪. સ. ક્રિ. સમજાવવું; મગજ ઉતારવું; મન ઉપર અસર પહોંચાડવી; પોતાનો વિચાર સામાના મનમાં ઉતારવો.

પલાળિયું સ. નહાવા માટે રાખેલું પંચિયું; નહાતી વખતે પલાળવા બદલાતું પંચિયું.

પલાંકું જુઓ પલાખું.

પલાંખાં સ. ન. વ. ખાંડના પરિવારમાંના ગુણાંક સંબંધી પ્રશ્નો.

પલાંખી જુઓ પલાંખું.

પલાંખું ૧. સ. ખાંડ ખાંડેની ગુણાંક કોષ્ટક; ખાંડના પાડા ખાંડેની દરેક હાર.
૨. સ. ખાંડના પાડાનો પ્રશ્ન; પલાખું.

પલાંગ [સં.] પું. શિશુમાર નામનું એક જાતનું માછલું.

પલાંગવું સ. ક્રિ. સવારી કરવી; પલાણવું.

પલાંઠ પું. બંને ઢીંચણને જમીન ઉપર નમાવી દેતાં બેઠલે કે તેને જમીન સરખા કરી દેતાં થતું આસન.

પલાંઠિયો વિ. પું. પાણીમાં પલાંઠીભેર મારવાનો. તરવા માટે આ શબ્દ વપરાય છે.

પલાંઠી ૧. [સં. પર્યસ્તિકા; પ્રા. પલત્તિ–પલિઉત્તિઆ – પલ્હુત્તિઆ – પલ્હોત્તિઆ] સ્ત્રી. પગ આડા કરે વાળીને અપટ બેસવાની એક રીત.
૨. સ્ત્રી. બંને ઢીંચણને જમીન ઉપર નમાવી દેતાં બેઠલે કે તેને જમીન સરખા કરી દેતાં થતું આસન.
૧. પલાંઠી ભાંગવી–છોડવી = બેઠક વાળી બે પગ ટેકવી બેસ કે સાથે બાંધીને બેસવું; ઉભડક પગ કરી લેને બેસવી કે સાથે બાંધીને બેસવું.
૨. પલાંઠી મારવી–વાળવી–વાળીને બેસવું = પગ ઉપર પગ ચઢાવીને નિરાંતે કે દઢ આસન લગાવીને કે વધુ જગા રોકાય તેમ બેસવું; ઠંડા કલેજે બેસવું; દૃઢ બને બેસવું.

પલાંઠો [સં. પર્યસ્તિકા] પું. પહોળા પલાંઠી; મોટી પલાંઠી; વધારે જગા રોકે તેવી પલાંઠી.
પલાંઠો મારીને બેસવું = મક્કમ થઈ નીડરતાથી બેસવું.

પલાંડુ ૧. [સં.] સ્ત્રી. કુંમળા; કાંદો; પ્યાજ. પેટનો આફરો, દીનાદ અને કોઢગિરામાં પલાંડુ મીઠાની સાથે અપાય છે. કાનના દુખાવામાં તેનો તાજો રસ અંદર રેડવાથી દુખાવો ઓછો થાય છે. ઝેરી જીવડા અને માખીના કરડ ઉપર તાજો રસ ચોપડવાથી દરદ ઓછું થઈ જાય છે. કોઢગિરાના બખતમાં કુંમળા સુરાસની સાથે આવાયો રોગનો ભય રહેતો નથી એમ કહેવાય છે. કુંમળા વધારે આવાથી કફજનિત થાય છે. તેનો રસ બળવર્ધક, ઉત્તેજક અને વીર્ય વધારનાર મનાય છે. તેના રસનું બી વધારે કામ ઉત્પન્ન કરનાર અને બળવર્ધક મનાય છે.
૨. સ્ત્રી. લસણ.

પલિઙ્કંક [સં. પલ્યંક] પું. (જૂ. મુ.) પલંગ.

પલિક [સં.] વ. એક પલ જેટલા માપનું દ્રવ્ય.

પલિકંત જુઓ પલિકની.

પલિકા [સં.] સ્ત્રી. પળી.

પલિકની ૧. [સં.] સ્ત્રી. અમિણી રાત.
૨. સ્ત્રી. પોલા વાળવાળી વનસ્પતિ; પળિયાં આવેલી સ્ત્રી.
૩. સ્ત્રી. પહેલવેતરી રાત.

પલિક્ષ ૧. [સં.] પું. કામનો કૂવો.
૨. પું. કિલ્લો.
૩. પું. ચોરાળા.
૪. પું. ઘર.
૫. પું. દરવાજો.
૬. પું. પરિઘ.
૭. પું. લોઢાની સાંકડી.

પલિજ પું. બ. વ. એક જાતના કપાસિયા.

પલિત ૧. પું. એક ક્ષુદ્ર રોગ. તેમાં ક્રોધ, લોક અને ભયને લીધે શારીરિક અગ્નિ અને પિત્ત માથામાં ચડી લાંબા વાળ વૃદ્ધાવસ્થા પહેલાં સફેદ થઈ જાય છે.
૨. પું. ઘાસ્કર માણસ.
૩. પું માથાના વાળ ખરી જઈ ટાલ પડવાનો રોગ. માંદગી અથવા ઊંદરી થવાથી માથાના વાળ ખરી પડી ટાલ થઈ જાય છે.
૪. પું. (પુરાણ) હોમદા નામના મિત્રદ્રોહને પાપમુક્ત કરનાર ઋષિ.
૫. સ. અનુપ્રાન.
૬. સ. અશુભ ફલ; નિંદનીય કર્મ.

૭. ન. કર્મ; કામ.
૮. [સં.] ન. મદ્ય.
૯. ન. ગૂગળ.
૧૦. ન. તાપ; ગરમી.
૧૧. ન. મરી.
૧૨. ન. રોગ.
૧૩. ન. વૃદ્ધાવસ્થાથી થતી કેશની પોલાશ; કેશપાક.
૧૪. ન. સિદ્ધાન્જન.
૧૫. ન. સફેદ વાળ; પોળો કેશ; પલિતું.
૧૬. વિ. પલિતાંવાળું; જેના કેશ પોળા થઈ ગયા હોય એવું; વૃદ્ધ; ઘરડું.
૧૭. વિ. સિદ્ધામણું.

પલિતમહ [સં.] કું. તગર; સુગંધીદાર.

પલિતમંદાર ન. એક જાતનું ઝાડ.

પલિતા ૧. [જ. દલીલા] કું. મશાલ; ચિનગારી; સળગાવેલી વાટ; પલિતો.
૨. સ્ત્રી. તોપનો ગોળો.
૩. સ્ત્રી. બંદૂકની ગોળી.
૪. વિ સ્ત્રી. વૃદ્ધા; ઘરડી.

પલિતી ૧. [સં. પલિતિન્] સ્ત્રી. ઘડપણ; જરાવસ્થા; બલિનતા; ઝાંખપ; ઝાંખરો.
૨. વિ. પલિત રોગવાળું.
૩. વિ. સફેદ વાળવાળું; પળિયાંવાળું; વૃદ્ધ.

પલિબંધ કું. (જૈન) ઉપાધિ; સંસારનું વિઘ્ન.

પલિય ૧. [પ્રા.] ન. અનુમાન.
૨. ન. અશુભ ફળ.
૩. ન. કર્મ.
૪. ન. રોગ.
૫. ન. સફેદ વાળ.

પલિયંક ૧. [સં. પર્યંક] કું. (પ્રાકૃત) પલંગ; ખાટલો.
૨. કું. પલાંઠી.

પલિયા [હિં.] કું. પશુઓનો એક રોગ; ઘટેડિયા. તેમાં મણું ફૂલી જાય છે.

પલિહંડા ૧. કું. ખામણું.
૨. કું ઘડો.
૩. કું. પાણિયારું.

પલિહંડી જુઓ પલિહંડા.

પલિંગુ ૧. કું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. કું (પુરાણ) એ નામનો એક પ્રાચીન આચાર્ય.

પલી ૧. [હિ.] સ્ત્રી. પણ; મોટો ચમચો.
૨. સ્ત્રી. (ખા. ગુ.) વાળ.
૩. ન. પાલેસનાં પાંદડાં; ખોરડીનો પાલો.

પલીચો કું. એક જાતનો છોડ; જંગલી વનસ્પતિ. તે જમીન ઉપર પથરાયેલા હોય છે. તેને વાદળાં, ફૂલ બોલ્યું કે ચુકાણી અને ફળ નાનાં ગોળ આવે છે.

પલીત ૧. કું.; ન. અસવચ્છ ઝાડની.
૨. કું.; ન. ઝાંખરું ઝાડવું.
૩. કું.; ન. ભૂતપ્રેત; મેલું.
પલીત આગે ને ભૂત ભાગે = એક પીડા પછે તરત બીજી ઉત્પન્ન થાય.
૪ વિ. દુષ્ટ; પાજી.
૫. વિ. ધૂર્ત; લુચ્ચું.
૬. [જ. પલીદ] વિ. મેલું; ગંદું.

પલીતા ૧. [સં. પ્રદીપ] કું. (હિંદી) સિગારેટ.
૨. કું. કુસંપ; કજિયો.
૩. કું. વીમાં કાનોળને ઠંડી લાગ્યા માટે રાખેલ પોળીનો કુકડો.
૪. [જ. દલીતા] કું બંદરમંતર માટે પુખાનો બાપવા બનાવેલ તાવીજ.
૫. [હિં.] કું. બત્તી.
૬. કું. બંદૂક દાગવાનો મારકો; બત્તરી.
૭. વિ. ઉતાવળી પ્રતિવાળું.
૮. વિ. બહુ ક્રોધી; ક્રોધથી લાલ.

પલીતાઈ સ્ત્રી. બદમાશી; પલીતપણું.

પલીતાક વિ. બદમસ્ત.

પલીતી ૧. સ્ત્રી. નરક.
૨. સ્ત્રી. નાપાકપણું; અપવિત્રતા.
૩. [હિં.] સ્ત્રી. બત્તી.

પલીતું ન. ઝીણી સળી; સળેખડું; નાનો પલીતો.

પલીનો ૧. કું. બહુરૂપી બહુરૂપ.
૨. કું. વીમાં ગોળાને ફરેલ રોટલીનો ટકડો.
૩ [સં. પ્રદીપ; પ્રા. પલિત] કું. બખમરી; બળતો મારકો; બંદૂક, તોપ કે દારૂથી ફરેલ કોઈ પણ બીજાને એક છેડે બંદરના દારૂને સળગાવવા રાખેલી રસી.
પલીનો બાંધ્યો–મૂક્યો સળગાવવો = (૧) બખમરી સળગાવવી. (૨) કુંભારવું ચકડું; લાગતાં વેંત બધી લાગણી ઉશ્કેરવી; અંદરથી છૂપી મસલત કરી ચલાવવું; ખોટું કરવું; ઉશ્કેરાટ બધી બાજી બગાડવી; દુઃખ જોવાથી માણસના ગુસ્સાને ઉશ્કેરવો.
૪. કું. જેથી ધમાધમ, કજિયો કે લડાઈ થાય એવી વાત કે બાબત.
૫. [જ. દલીલા (વિવેટ)] કું. વિવેકમાં બોળેલો ચીંથરાનો મારકો.
પલીતો ચાંપી જવો = તાવમાં બહારે બનેલ પુખાનો થઈ જવો.

૬. કું. ફટાકો; ફટાકિનો.
૭. કું. ખૂબ વળગ્યું હોય તે કાઢવામાં વપરાતી લાંબી વાટ.
૮. કું. સળેખડું.

પલીદ ૧. [જ્ઞા.] કું. અસવચ્છ ઝાડની.
૨. કું. ભૂત; પ્રેત.
૩. વિ. અસવચ્છ; અપવિત્ર; નાપાક; મેલું.
૪. વિ. ધૂણવાળું.
૫. વિ. નીચ; દુષ્ટ.

પલીદી સ્ત્રી. બંદરી.

પલીદું ન. આમલી કે ગોકરમના પાણીમાં મસાલો નાખી બનાવેલી કઢી.

પલીદો જુઓ પલીતો.

પલીપાળો કું. પકવેલો પ્રાણો.

પલીવહો વિ.કું. (કચ્છી) પલી વાહનાર; બ્રાહ્મણ.

પલીવાલ ૧. જ્ઞા. આગ્રાજીની મોરાણી માંહેની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પલીસૂડો કું (કચ્છી) પલી વાહનાર માણસ.

પલુઆ ૧. [હિં.] કું. ઘઉંની જાતનું એક ▬
૨. વિ પાકવું હોય તેવું.

પલુક કું. એ નામનો એક સુશોભિત છોડ.

પલૂર ૧. ન. લીલો કુમળો ડુંડળો કે ડાંસણ.
૨. વિ. પાતળું, ઝીણું; બહુ બારીક. કપડ માટે વપરાય છે.

પલે ૧. સ્ત્રી. ભંગારાની એ નામની એક ભાષા.
૨. ન. ઝરણું.

પલેઠ સ્ત્રી. ખેતર પછી પાણી પાવામાં આવ્યું હોય તેવી જમીન.

પલેઝો કું. માંસને ઉકાળીને બનાવેલ રસ; 'સૂપ.'

પલેપું જુઓ પલાપું.

પલેજ ન. તરબૂચનું ખેતર.

પલેટ ૧. [અં. પ્લેટ] કું.; સ્ત્રી. બખીસ વગેરે કપડાંની બાંય સાંધી જતાં બોડોક ભાગ વાળીને તે જગ્યાએ દોરી ભરવી તે.
૨. સ્ત્રી લાંબી પટ્ટી.

પલેટણ ન ફેરવવું તે.

પલેટન [અં પ્લેટેન] કું. છાપવાના યંત્રમાંનો લોઢાનો એક ચપટો ભાગ. તેના દબાણથી કાગળ ઉપર અક્ષરો છપાય છે.

પલેઠો સ્ત્રી. પ્લેક ચૂલવાનું લાકડા કે પત્થરનું બાંધણ.

પલેથન ૧. [સં. પ્રલેપન] ન. (હિંદી) રોટલી વણતી વખતે તેની બંને બાજુ ચોખ્ખા કરવામાં આવતો ઝીણો લોટ.

૨. ન. હાનિ કે અપકાર પછી તેના સંબંધમાં થતો ખોટો ખર્ચ.

૧. પલેથન નિકાલવું = (૧) ખૂબ મારવું; ખૂબ ટીપવું. (૨) પરેશાન કરવું.

૨. પલેથન નીકળવું = (૧) ખૂબ માર પડ્યો. (૨) પરેશાન થવું.

૩. પલેથન પડવું = ખીલના નારુની ખુજલિ કરવી.

પલેનર [અં. પ્લેન] પું. (હિંદી) જાપખાનામાં વપરાતું કરમામાં ઊપડી આવેલાં ખીનાંઓને એકસરખાં કરવાનું લાકડાનું નાનું સપાટ સાધન.

પલેવ ૧. [હિં.] પું. કાંજી; બૂસ.

૨. પું. કાંજીમાં વપરાતો ચોખાનો લોટ.

૩. પું ખેડ્યા પછી પાણી પાયેલ જમીન.

પલૈયણ ૧. [સં. પ્રદીપન; પ્રા. પલીવણ] ન. અગ્નિ.

૨. [સં. પ્રલોભન; પ્રા. પલોભણ] ન. (જૈન) જીવજંતુના રક્ષણાર્થે ઘાસનાં, રુનેપણા વગેરેને પહોળાં કરી તપાસવાં કે ખંખેરવાં તે.

પલૈવાવું ન. કાપડિયામાં કે સાવરણી.ા બનાવેલાં છવડાં ખંખેરી નાખવાં તે.

પલૈવાલ જુઓ પલીવાલ.

પલૌંડા (પલૌંડ) ૧. પું. આમલ.

૨. પું. ધડો.

૩. પું. પ.ચિયારું.

પલૌંહડી (પલૌંઢી) જુઓ પલૌંડા.

પલો ૧. પું અંતર; ઊંડું.

૨. પું. ખોબામો.

૩. પું. દાઢીનો બોચિયો.

૪. પું. પલ્લું; ત્રાજવું.

૫. પું. પલવ; ઝેડો.

૬. પું. (કચ્છી) ખખની લડાઈમાં જે કચ્છ પડી જાય તેના પક્ષમાંથી બીજો બાહુસ નીકળીને પાડી દેનારની સામે કુરતી લડવા તૈયાર થાય તે.

૭. પું. (કચ્છી) મોટું માણસું.

૮. પું. વળગડ; લફરું.

૯. પું. સગડ; ઝેડ; પાળા લાગવું તે.

પલોખવું સ. ક્રિ. સોના કે રૂપાના ગરમ દાગીનાને રાખમાં દાબવો.

પલોટ જી. અનુભવ; કેળવણી; તાલીમ.

પલોટવું ૧. સ. ક્રિ. કામકાજમાં જોડવું; ધંધામાં નાખવું.

૨. [પ્રા. પલોટ્ટ (પ્રવૃત્તિ કરવી)] સ. ક્રિ. કામકાજમાં જોડી પાવરવું કરવું.

૩. સ. ક્રિ. કેળવવું; શીખવી તૈયાર કરવું; મહાવરો પાડવો.

૪. સ. ક્રિ. જનવરને કેળવી સવારી લાયક કરવું.

૫. સ. ક્રિ. ખૂબ શ્રમ કરાવવું; થકવવું.

૬. સ. ક્રિ. ચૂંદવું; હાલવું; ચાંપવું; ચંપી કરવી; દબાવવું.

પલોટાવું ૧. સ. ક્રિ. કામકાજમાં જોડાવું; કેળવાવું; પાવરધા થવું.

૨ સ ક્રિ. ચંપાવું; ચંપી થવી.

૩. સ. ક્રિ. ટેવાવું; અભ્યાસ થવો.

પલોડા [હિં.] વિ. પ્રથમ જન્મેલું.

પલોઠી જુઓ પાઠી.

પલોયન જુઓ પ્રલેયન ૧.

પલોયની જી. રોટલી.

પલાલા પું. ખાનો બાજરો ઝાડ.

પલોવવું સ. ક્રિ. વાવ્યા પહેલાં ખેડેલી જમીનને પાણી પાવું.

પલૉંઠ પું. રમેટી; ઝીણી ધૂળ.

પલૉંઠી ૧. વિ જી. પ્રથમ સગર્ભા થયેલી.

૨. જુઓ પલાંઠી.

પલૉંઠીતર જી. પલૉંઠી વાળી પાણીમાં તરવાની ક્રિયા.

પલૉંઠો જુઓ પલાંઠો.

પલ્કન [અં.] જી. કારની ઢંકડી.

પલ્કનિયો પું. પલ્કનનો બારમી.

પલ્ટાજ જુઓ પલટો.

પલ્ટો પું બદલો; પલટો.

પલ્ટો આવો = ઊધું વળવું.

પલ્તાકે અ. હરીથી; બીજી વાર.

પલ્પો પું. કપટભરી યુક્તિ.

પલ્લ ૧. પું. અનાજ રાખવાનો કોઠો; કોઠાર.

૨. [સં.] ન. અનાજનો ભેગળો.

૩. વિ. ઉત્તમ.

૪. જુઓ પલ્લોપમ.

પલ્લચન [સં.] ન. ઘોડાનું છાનું પલાણ.

પલ્લચર્મસ [સં.] વિ. ઉત્તમ તેજવાળું.

પલ્લંક [સં.] પું. પલંગ; ઢાળ; પર્યંક.

પલ્લાણ [સં.] ન. ઘોડાનું છાનું; પલાણ.

પલ્લાણક્રિયા [સં.] સ્ત્રી. [સંપ્રસહિતામાં વર્ણવેલ ચોગ્ય આહેની એક કળા.

પલ્લોપમ [પ્રા. પલિઓવમ] ન. (જૈન) એક જોજનનો લાંબો પહોળો કૂવો આરીઢ વાળના ઊંડાથી ઠાંસી ઠાંસીને ભર્યા પછી સો સો વર્ષે એકેક ખંડ કાઢતાં જેટલા વખતમાં કૂવો ખાલી થાય તેટલો વખત; કૂવાની ઉપમાએ ગણાતો કાળ.

પલ્લ ૧. [સં.] પું. અનાજ ભરવાનું એક જાતનું પાત્ર; ટોપલો.

૨. પું. ફળ માટે પાંદડાં, ભૂસું વગેરે પાથરેલી જગ્યા.

૩. પું. વખાર; કોઠાર.

પલ્લક (પલ્લક) પું. પલ્લું; કાપડું.

પલ્લલ [સં.] પું.ન. નાનું તળાવ; આમ્રોલિયું.

પલ્લવ ૧. પું. અષાડ માસનો એક નામનો એક દેશ; હાલનો ગ્રિગિન દેશ; પહ્લવ દેશ.

૨. પું. દક્ષિણ હિંદનો એક રાજવંશ. તેનું રાજ્ય એક વખત ઓરિસ્સાથી તુંગભદ્રા સુધી હતું. કેટલાકનું એવું માનવું છે કે, તેનું નામ પહ્લવ હતું અને તે સ્વતંત્ર રાજવંશ હતો. વરાહમિહિરના જણાવવા પ્રમાણે પલ્લવ દક્ષિણ પશ્ચિમમાં વસતા હતા. ઈસ્વીસના વખતમાં ગુજરાતમાં પલ્લવોનું રાજ્ય હતું.

૩. પું. બૌદ્ધ સમયની એક પ્રજા; એક બૌદ્ધકાલીન કોમ.

૪. પું. લંપટ કે અભિચારી પુરુષ.

૫. પું.; ન. અપળતા.

૬. પું.; ન. કાળ.

૭. પું.; ન. નવાં આવેલાં પાન અને તેનો ગુચ્છો; તાજાં કુમળાં પાનનો સમૂહ; કિસલય. કાવ્યાત્મક શબ્દો સાથે પલ્લવનો સમાસ કરવાથી તેનો અર્થ આસપાસ થાય છે. જેમકે, કરપલ્લવ; પાણિપલ્લવ.

૮. પું.; ન. નવાં પાંદડાંવાળી ડાળી.

૯. પું.; ન. નવું પાંદડું; કૂંપળ; કૂંપળિયું.

૧૦. પું; ન. નૃત્યમાં હાથની એક વિશેષ પ્રકારની સ્થિતિ.

૧૧. પું.; ન. પાંદડું.

૧૨. પું.; ન. જળ.

૧૩. પું.; ન. લાખનો રંગ; જાળતો; લાલ રંગ.

૧૪. પું.; ન. વન; જંગલ.

૧૫. પું.; ન. વસ્ત્રનો કકડો; હાથમાં પહેરવાનું કડું.

૧૬. પું; ન. વજનો પાલવ.

૧૭. પું.; ન. વિસ્તાર; પહોળાપણું.

૧૮. પું.; ન. શણગાર; શૃંગાર.

૧૯. પું.; ન. ઝાખા વગેરેના સાંધાના પાંદડાંનો સમુદાય.

૨૦. પું.; ન. ઓપુરુષનો પ્રેમ.

૨૧. સ્ત્રી. અસલ ફ્રાંસ દેશની રહેવાસી એ નામની જાતિ; પારસી.

૨૨. સ્ત્રી. ગોરીસ માંહેની એ નામની એક ગાયત્રી મુદ્રા.

૨૩. ન. એ નામની જાતિનું માણસ.

૨૪. વિ. એ નામની જાતિનું.

૨૫. વિ. પહ્લવદેશનું રહેવાસી; ફ્રાંસ દેશનું રહેવાસી.

પલ્લવક ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ.

૨. પું, એક જાતનું માળખું.

૩. પું. વેશ્યાનો પતિ.

૪. પું.;ન. નવું પાંદડું; કૂંપળ.

પલ્લવકુંજ [સં.] સ્ત્રી. પાનની વાડ.

પલ્લવગ્રાહી ૧. [સં. પલ્લવગ્રાહિન્] વિ. ઉપરચોટિયું; ઊંડું નહિ તેવું. જ્ઞાન માટે વપરાય છે.

૨. વિ. કોઈ વિષયનું ઊંડું કે પૂરું જ્ઞાન ન હોય એવું; રહસ્ય નહિ જાણનાર; કેવળ ઉપરઉપરતી કે મોટી વાત જાણનાર.

૩. વિ. પાંદડું પકડનાર; મૂળને ન ઝાલનાર.

પલ્લવદ્રુ જુઓ પલ્લવદ્રુમ.

પલ્લવદ્રુમ ૧. [સં] ન. આસોપાલવનું ઝાડ.

૨. ન. એ નામનું ઝાડ; અશોક વૃક્ષ.

પલ્લવન ન. અંકુર ફૂટવો તે.

પલ્લવપુટ પું. પડિયો; પાંદડાંનો બનાવેલ વાટકો.

પલ્લવરક્ત ૧. [સં.] વિ. પલ્લવ જેવું રાતું.

૨. વિ. પલ્લવ જેવો રાતો.

પલ્લવરી પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ ભગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે.

પલ્લવવું ન. ક્રિ. પાંદડાંવાળું થવું; પલ્લવિત થવું; ફાંટવું; નવાં પાન આવવાં; પાંગરવું.

પલ્લવવાટ [સં.] પું. ઝરણું; ઝરો.

પલ્લવવાદી [સં.] સ્ત્રી. મૂળથી; કારણથી.

પલ્લવવાધાર [સં.] પું. ઝાપો; ઝાળ.

પલ્લવવાલેખન [સં. પલ્લવ (પાંદડું) + આલેખન] ન. પત્ર, લેખ વગેરેનું આલેખન.

પલ્લવવાસ [સં.] પું. અત્તરેલ.

પલ્લવવાહ્ય [સં.] પું. તાલીસપત્ર.

પલ્લવાંકુર [સં.] પું. ઝાપો; ઝાળ.

પલ્લવિક [સં.] વિ. ઝાંખી.

પલ્લવિત ૧. [સં.] પું. ઝાપનો રોગ.

૨. વિ. નવાં પાન આવેલાં હોય એવું; નવપલ્લવ; નવાં પાનના ફાલથી લેવર થઈ રહેલું; નવાં અંકુરવાળું.

૩. વિ. રોમાંચવાળું; ફૂલ્યાં ફાલ્યાં વધ્યાં હોય એવું.

૪. વિ. ઝાખથી રંગેલું.

૫. વિ. વિસ્તૃત; વિસ્તારવાળું; ખીલેલું.

૬. વિ. રણગારેલું.

૭. વિ. સુધારીવધારીને સુંદર કરેલું.

પલ્લવિત કાળ પું. છોડને પાંદડાં આવે તે સમય.

પલ્લવી ૧. [સં. પલ્લવિન્] પું. વૃક્ષ.

૨. સ્ત્રી. આંખણીઓના ઉપલા કે આંખનાં ઝલનવલનથી ઇશારત કરીને વિચાર જણાવવાની રીતિ; ઝલનવલનથી કરેલા ઇશારા. જેમકે, કરપલ્લવી; નેત્રપલ્લવી.

૩. વિ. પલ્લવવાળું.

પલ્લવીભવન [સં.] ન. પાંદડાંવાળું થવું તે; પાન આવવાં તે.

પલ્લંક પું. પલંગ.

પલ્લા ૧. [હિં.] પું. કોઈ પણ વસ્તુની એક બાજુ.

૨. પું. કોથળો.

૩. પું. ઊંડું; અંતર.

૪. પું. ઊંડો; કપડાની કિનારી.

૫. પું. ત્રણ મણનું વજન.

૬. પું. કુપલી ટોપીનો એક ભાગ.

૭. પું. પક્ષ; બાજુ.

૮. પું. પલ્લું; બાજુ.

૯. પું. મદદ.

૧૦. સ્ત્રી. એ નામની એક વિધિ.

૧૧. સ્ત્રી. બાજી.

૧૨. ન. કમાડ; બારણું.

૧૩. ન. દૂર.

પલ્લાઉ વિ. જેને મોટું પલ્લું આપવું પડ્યું હોય એવું.

પલ્લાઉવર ૧. પું. જેને મોટું પલ્લું આપવું પડ્યું હોય એવો વર.

૨. પું. દુંદીનો વર; બાલનો વર; પહેરામણીનો વર.

પલ્લાકરા [સ.] વિ. પક્ષપાત કરનાર.

પલ્લાકરી [સ.] સ્ત્રી. પક્ષપાત.

પલ્લિ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝવેર.

૨. સ્ત્રી. બરોળ; પરવી; બિલોડી.

૩. સ્ત્રી. ઘર.

૪. સ્ત્રી. ઝૂંપડી.

૫. સ્ત્રી. નવરાત્રિમાં ગરબાની કોડિયાં મૂકવાની રીત; માઢવી. તેની આસપાસ ઓપુરુષો ગરબા ગાય છે.

પલ્લિ કાઢવી–મૂકવી = નવરાત્રિમાં માંડવીને તૈયાર કરીને મૂકવી.

૬. સ્ત્રી. નાનું ગામ.

૭. સ્ત્રી. પરી.

પલ્લિકા જુઓ પલ્લિ.

પલ્લિઘાહુ [સં.] પું. એક જાતનું ઘાસ.

પલ્લિવાલ જુઓ પલ્લિવાળ.

પલ્લિવાહ [સં.] પું. લાલ રંગનું એક ઘાસ.

પલ્લિવાળ ૧. સ્ત્રી. વણિક અથવા બ્રાહ્મણની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પલ્લી ૧. સ્ત્રી. ચોરીને રહેવાનું સ્થાન.

૨. સ્ત્રી. ચાલો; ચોરડીનાં પાંદડાં.

૩. સ્ત્રી. વીંટવા માટેનું કપડું.

૪. જુઓ પલ્લિ.

પલ્લુક પું. ઝાકળ આનાર એ ઇંદ્રિયવાળો જીવ.

પલ્લુડો (પલ્લુડે) જુઓ પાલવ.

પલ્લું ૧. [સ.] ન. અંતર; ઊંડું.

૨. ન. ત્રણ મણનું વજન.

૩. [સ. પલ્લા] ન. ત્રાજવાની દાંડીની બંને બાજુએ લટકતાં રાખવામાં આવતાં છાબડાં માંહેનું દરેક; બાજુડું; ત્રાજવાનું એક છાબડું.

૪. ન. બારણું.

૫. ન. વર તરફથી કન્યાને અપાતા દાગીના અને રોકડ વગેરે; ઓધન. જો છોકરી હોય ત્યાંસુધી તે ધન ઉપર વરનો હક રહેતો નથી.

૧. પલ્લું આપવું-કરવું-ગણાવવું-ભરવું = (૧) કરિયાવર કરવો. (૨) કરિયાવરનું વજન આપવું.

૨. પલ્લું ભાંખવું = (૧) ખાનમાં લેવું; વિચારવું. (૨) વીંટી લેવું.

૩. પલ્લું ભરવું = કરિયાવરની રકમ બરપાઈ કરવી.

૪. પલ્લું ભારે થવું = (૧) ખૂબ વજન થવું. (૨) મોટું કુટુંબ થવું. (૩) બજારમાં મૂંઝાઈ જવું.

૬. ન. કીમતી માલ ભરાયેલું રહે એવું જે કંઈ તે; ભોગ.

૭. ન. સાડીનો છેડો; પાલવ.

પલ્લુ [હિં.] પું. કિનારી; કોર; છેડો.

પલ્લેદાર ૧. પું. અનાજ જોખનાર દલાલ.
૨. [હિં.] પું. ભારે વજન ઉપાડનાર મજૂર.
૩. સ્ત્રી. એક જાતની માછલી.
૪. વિ. કિનારવાળું.
પલ્લેદાર દલાલ = કિનાર અને ભરતકામવાળી દલાલ.

પલ્લેદારી ૧. [હિં.] સ્ત્રી. અનાજની દુકાન ઉપર અનાજ તોળવાનું કામ.
૨. સ્ત્રી. મોટલિયાનું કામ; અનાજ ઉપાડી તે ખરીદનારને ઘેર પહોંચાડવાનું કામ.

પલ્લો ૧. પું. અનાજ જોખવા માટેની મુખ્ય કે કોથળો.
૨. [સં. પલ્વલ] પું. પહેરેલા કે શરીર આંકેલા વસ્ત્રનો છૂટા રહેતો છેડો; પાલવ; લૂગડાનો છેડો; છોગું.
૧. પલ્લો છોડાવવો = ઉઘાડછડો કરાવવો; છૂટવું.
૨. પલ્લો બાંધવો = પરણવું.
૩. પું. બે સ્થાન વચ્ચેનું અંતર; મજલ; કપ્પો; છેટું.
૪. પું. વળગણ; ઓડકપડ.
૫. સ્ત્રી. લીંબડાં વગેરની એક જાતની માછલી.

પલ્લોઠા [હિં.] વિ. પહેલાં જન્મેલું.

પલ્વમાન પૂંછ સ્ત્રી. ફરતી મૂઠી.

પલ્વલ [સં.] ન. નાનું તળાવ; તળાવડું; સર.

પલ્વલાવાસ [સં. પલ્વલ (નાનું તળાવ) + આવાસ (રહેઠાણ)] પું. દાબળો, કેમકે તે તળાવમાં રહે છે.

પલ્વિસ ન. ચૂર્ણ; દવાઓને ખાંડી ચૂર્ણ કરી ઝીણી ચાળણીથી ચાળી લઈ તૈયાર કરેલ ઔષધ.

પલ્હવ ૧. પું. (પુરાણ) એ નામની એક જાતિ. મનુ તેને ઉત્તરના રહેવાસીઓ કહે છે. કદાચ તેઓ ઈરાનીઓ હોય. તેઓ દાઢી રાખતા.
૨. પું. એ નામનો એક દેશ.

પલ્હવદેશ પું. (પુરાણ) સિંધ દેશની પશ્ચિમે આવેલો એ નામનો એક દેશ.

પલ્હુંડા સ્ત્રી. પાલિયાડું.

પવ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ઓદનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ ગુરુ અને અનુક્રમે લઘુ ગણી એકસઠ વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.
૨. [સં.] પું. વાયુ; હવા; પવન.
૩. પું. સૂપડાથી ઝાટકવું તે.
૪. ન. ગાયનું જાણું; ગોબર.

પવઈ ૧. પું. બાવળો અથવા ઝાડ પર થાણુસ.
૨. [હિં.] સ્ત્રી. એક જાતનું પક્ષી. તેની જાતી ચેરના રંગની, પીઠ ભાખી રંગની અને ચાંચ પીળા હોય છે.
૩. સ્ત્રી. પાવઈ; પવૈયો; હીજડો; નપુંસક; ખંડણ.

પવન ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તમ મનુનો એ નામનો એક પુત્ર.
૨. પું. એ નામે એક વર્ષ.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો ભેદ છે. તેમાં સગણ, જગણ, જગણ, રગણ, સગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.
૪. પું. કુંભારનો નિભાડો.
૫. પું. નવની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.
૬. પું. (જૈન) પવનકુમાર; એક જાતિના ભવનપતિ દેવ.
૭. પું. શ્વાસ; પ્રશ્વાસ.
૮. પું. પ્રાણવાયુ.
૯. પું. મિજાજ; તોર; મનનું વલણ; ભાવના.
પવન ઝાલી નાખવો = મિજાજ ઉતારવો.
૧૦. પું. મેરુની તળેટીમાં આવેલો એ નામનો એક પર્વત.
૧૧. પું. વાયુ; સમીર; વહેતો વાયુ; વા. તે બધ પ્રકારનો છે: શીતજ; મંદ અને સુગંધી.
૧. પવન આવવો = પવન વાવો.
૨. પવન ઉપર ચાલવું = (૧) ચાલાકી ભરવું; ઊંડો તપિયતનું વલણ; દિલજા રાખવી. (૨) હવાઈ વિચાર કરવા; ખોટી ઉમેદો કરવી કે ખ્યાલી મારવી.
૩. પવન છૂટવો = (૧) પવન વહેવા લાગવો. (૨) પવન સરવો; વાછૂટ થવી.
૪. પવન ફૂંકવો = વાત ફેલાવી.
૫. પવન ફેરવો = (૧) અમુક પ્રકારની રીત ફેલાવી. (૨) પવનનું બોલવેર વાવું.
૬. પવન ભરાવો = (૧) ગાંડીઘેલી વાતોનો વિચાર કરવો. (૨) માથામાં મિજાજ વધી જવોટ મગરૂરી કે ગર્વ થવો. (૩) શરીરમાં પવનની માઠી અસર થવી.
૭. પવન લાગવો = (૧) મુખદોષ લાગવો; સોબતની અસર થવી. (૨) શરીર ઉપર પવનની માઠી અસર થવી. (૩) ખોટી વાત ફેલાવી.
૮. પવનના ખાચકા = મિથ્યા પ્રયત્ન.
૯. પવનની પીઠ ઉપર સવાર થવું = અતિ વેગથી ચાલવું.
૧૦. પવનમાં ઊડતું જવું = કપાટાનંધ ચાલવું.
૧૧. પવનમાં ઊડી જવું = (૧) જરાયે દેખાવ નહિ થવો. (૨) ગુમ્મ બની જવું.
૧૨. પું. વિષ્ણુ. પંચમહાભૂતોમાં વાયુતત્ત્વ તે છે. વળી ભૂતપ્રાણીઓની ક્રિયાશક્તિરૂપ પ્રાણ પણ તે છે. દુર્ગંધને દૂર કરનારા અને સર્વગત વાયુતત્ત્વ પણ તે છે.
૧૩. પું. શ્વાસનો ત્રિરસ્તો કે ફેફસાં.
પવન ચાલવો–વાવો = ફેફસાં કામ કરવાં.
૧૪. પું. શ્વાસ.
૧૫. ન. પાણી; જળ.
૧૬. ન. સૂપડાથી ઝાટકવું તે.
૧૭. વિ. પવિત્ર; સ્વચ્છ.

પવનઅસ્ત્ર [સં. પવન + અસ્ત્ર (ફેંકવાનું હથિયાર)] ન. વાયુ દેવતાનું એ નામનું એક અસ્ત્ર; પવનાસ્ત્ર. કહેવાય છે કે, તે બાણ છોડવાથી બહુ જોરથી પવન વાવા લાગે છે.

પવનઆંકડી (પવનઆંકડો) સ્ત્રી. ક્રમાકમાં પવન આવવા સારુ ક્રમાક ખુલ્લાં રાખનારો લોઢાનો આંકડિયો.

પવનકુમાર ૧. [સં.] પું. ભીમ. કુંતાજીને પુત્રોત્પત્તિ માટે જે મંત્રો ઋષિએ આપ્યા, તેમાંથી વાયુમંત્રથી ઉત્પન્ન ભીમ બળો હતો, તેથી તે વાયુપુત્ર કહેવાય છે.
૨. પું. હનુમાન.

પવનકુંવર જુઓ પવનકુમાર.

પવનગઢ જુઓ પાવાગઢ.

પવનગાડી ૧. સ્ત્રી. પવનના જેવા વેગથી ચાલતું વાહન.
૨. સ્ત્રી. વાયુયાન.

પવનચક્કી સ્ત્રી. પવનના જોરથી ફરતા ચક્કર સાથે જોડાયેલું યંત્ર. તે દ્વારા પાણી ખેંચવાનું, અનાજ દળવાનું વગેરે અનેક કામ લેવાય છે.

પવનચક્કોબંધ પું. (સંજ્ઞા) પવનચક્કીનો આકાર અને એવા સંખ્યાબંધની કવિતા.

પવનચક્ર ૧. [સં.] ન. ચક્કર ખાતો જોરદાર પવન; ચક્રવાત; વંટોળિયો; ઝંઝાવાત.
૨. ન. વાયુચક્ર; પૃથ્વીને વીંટળાયેલું વાયુનું પડ.

પવનચાલી વિ. પવનના જેવી ગતિવાળું.

પવનજ [સં.] પું. ભીમસેન. તેને રામાયણ યુગના હનુમાનનો અવતાર માનવામાં આવે છે.

પવનતનય જુઓ પવનજ.

પવનતરંગ [સં.] પું. પવનનું મોજું; હવાનું મોજું.

પવનદડો (પવનદડો) પું. પવન ભરી ફુલાવેલો દડો; 'ફૂટબૉલ.'

પવનદર્શક [સં.] ન. વાયુવેગમાપક યંત્ર; પવનની દિશા અને ગતિ બતાવનારું સાધન.

પવનનંદ જુઓ પવનજ.

પવનનંદન જુઓ પવનજ.

પવનપતિ [સં.] પું. પવનનો અધિષ્ઠાતા દેવતા; મરુત.

પવનપદવી [સં.] સ્ત્રી. આકાશ.

પવનપરિમાપક [સં.] ન. પવનની ગતિ માપવાનું યંત્ર.

પવનપરીક્ષા [સં.] સ્ત્રી. અષાઢી પૂનમના રોજ પવનની દિશા જોઈ ઋતુ સંબંધી ભવિષ્ય ભાખવાની ક્રિયા.

પવનપંખી ન. વિમાન; 'ઍરોપ્લેન.'

પવનપંથું વિ. પવનની ગતિથી જનારું; પવનવેગી

પવનપાણી ન. આબોહવા.

પવનપાવડી (પવનપાવડી) જુ. સ્ત્રી. એક જાતનું કલ્પિત આકાશયાન; પવનમાં ઊડનારું યંત્ર; જેથી આકાશમાં ઊડી શકાય એવી લાકડાની પાવડી; આકાશમાં પવનના જેવા વેગથી માણસને લઈને જાય એવું નાનું વિમાન; 'ઍરોપ્લેન.' જૂની વાતોમાં પવનપાવડીથી આકાશમાર્ગે ઊડી જવાની હકીકત આવે છે.

૨. સ્ત્રી. પવનના જેવી ઉતાવળી ગતિ કે દોડ

પવનપુત્ર ૧. [સં.] પું. ભીમસેન.

૨ પું હનુમાન.

પવનપૂત ૧. [સં.] વિ. પવનથી પવિત્ર થયેલું.

૨. જુઓ પવનપુત્ર.

પવનપ્રભવ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ભીમસેન.

૩. પું. હનુમાન.

પવનબાણ [સં.] ન. એક જાતનું બાણ; વાયવ્યાસ્ત્ર. તે ચલાવવાથી હવા જોસથી ચાલવા લાગે છે

પવનબદ્રક પું. એક જાતનો રસ.

પવનમાપક [સં.] વિ. પવનની ગતિનું માપ જણાવનારું; પવનના વેગનું માપ બતાવનારું.

પવનમુક્તાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન. ડાબા પગની પાની ડાબા ઢંચણને અડાડીને તથા જમણા પગની પાની જમણા ઢંચણને અડાડીને બંને ઢીંચણ બંને બાજા જમીન સપાટીને તે ઢીંચણોથી બહાર જમણા હાથથી ડાબા હાથની કોણી ઝાલવી ને ડાબા હાથથી જમણા હાથની કોણી ઝાલવી અને એવી રીતે બંને ગોઠણ વચ્ચે રાખી સ્વસ્થ બેસવું તે પવનમુક્તાસન કહેવાય છે. આ આસનથી ઓડકારી, આંતરડાં તથા મળાશયમાંનો અપાન વાયુ દૂર થતો મનાય છે. આ આસન માટે બીજી પણ રીત છે: જમીન ઉપર જતા સૂઈ જવું અને એક પગ જમીન ઉપર લાંબો રહેવા દઈને બીજો પગ ઢીંચણમાંથી વાળી પેટ ઉપર ગોઠણ બરાબર સારી પેઠે દબાવી રાખવો. તે પછી તે પગને ફરી સીધો જમીન ઉપર મૂકી દેવો અથવા સીધો ઊંચો કરીને બીજા પગને ઢીંચણમાંથી વાળીને પેટ ઉપર ગોઠણ દબાવી રાખવો. આથી પેટ ઉપર ને આસ કરીને આંતરડાં ઉપર બરાબર સારી અસર નીપજે છે. કોકું ખાધા પીધા પછી આ આસન કરવાથી મળશુદ્ધિ સારી થાય છે. સમજ્યા બોબોજે આ આસન કદી કરવું નહિ.

પવનવાદ્ય [સં.] ન. પવન અથવા ફૂંકથી વાગતું વાદ્ય. જેમકે, હારમોનિયમ, સરણાઈ.

પવનવાદ્યપરિમાપક [સં] ન. ફૂંક મારીને વગાડાતા વાજિંત્રનો અવાજ માપનારું યંત્ર.

પવનવાહન ૧. [સં.] પું. અગ્નિ.

૨. ન. ચિત્રાનું ગાડું.

પવનવિજય [સં.] પું. જૈ નામનો એક ગ્રંથ. તેમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ઉપરથી શુભાશુભ જણાવેલ છે.

પવનવિદ્યા [સં.] સ્ત્રી. વાયુચક્રાચક્ર; હવામાન સંબંધી વિદ્યા; વાતાવરણમાં બનતા ફેરફારો જાણવાનું શાસ્ત્ર.

પવનવેગ [સં.] પું. પવનના જેટલી જોરદાર ગતિ.

પવનવેગા [સં.] સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ગોરક્ષ ગાદીની એ નામની એક કળા.

પવનવેગી [સં. પવનવેગિન] વિ. પવનના જેવા વેગવાળું; પવન જેટલા જોરથી અતિ વેગવાળું; વાયુવેગી; બહુ જ ઉતાવળું.

પવનવ્યાધિ ૧. [સં.] પું. ઉદ્ધવ; કૃષ્ણના ભક્ત અને કૃષ્ણ ઉદ્ધવનું બીજું નામ.

૨. પું. વાયુનો રોગ; વાર્ધ.

૩. પું. સંધિવા.

૪. વિ. વાયુના રોગવાળું; ફેફરાના રોગવાળું.

પવનસંચાલન [સં.] પું. જે તરફથી વાયુનું આવીને અથડાવું તે. તેને કુલમનું કે રાજની ચઢાઈનું લક્ષણ મનાયું છે.

પવનસુત ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ભીમ.

૩. પું હનુમાન.

પવનાત્મજ જુઓ પવનસુત.

પવનાદન [સં.] પું એક જાતનું અનાજ.

પવનાશ ૧. [સં. પવન (વાયુ) + અશ્ (ખાવું)] પું. સર્પ; સાપ

અંદન વિષ, ખાસા પવનાશ
હવ દેખુ હુ અવસ્થા પાસિ. જ્ઞાનેશ્વર

૨. વિ. વાયુનું ભક્ષણ કરનાર; પવન ખાઈને જીવનારું.

પવનાશન જુઓ પવનાશ.

પવનાશનારિ ૧. [સં. પવનાશન (સર્પ) + અરિ (ખાનું)] પું. મોર.

૨. પું. મોર. તે સર્પનો દુશ્મન મનાય છે.

પવનાશી જુઓ પવનાશ.

પવનાસન [સં.] ન. યોગનું એક આસન; ઢીંચણ ઉપર ઊભા રહી બંને હાથની તર્જનીઓ નાભિ ભાગમાં એકબીજા સાથ એમ રાખીને ઠેકાવીને સ્થિર થવું તે.

પવનાસ્ત્ર [સં.] ન. (પુરાણ) એક જાતનું અસ્ત્રિયાર; પવનનું અસ્ત્ર. આ અસ્ત્ર ચલાવવાથી પવન જોરથી ચાલતો હોવાનું મનાય છે.

પવનાહત [સં.] વિ. વાયુના રોગથી હણાયેલું.

પવની ૧. સ્ત્રી. નામમાં રહેનારી નાની કૂમળ કે નીચી જાતિ. તે નિર્વાહ માટે ક્ષત્રિયો, બ્રાહ્મણ અને બીજાઓની સેવા કરે છે. જેમકે, વાળંદ, ભાટ, ધોબી, કુમાર.

૨. [સં.] સ્ત્રી. સાવરણી.

પવનેશ્વર [સં.] ન. કાશીમાં આવેલું શિવલિંગ.

પવમાન ૧. પું. (પુરાણ) અગ્નિથી સ્વાહાને પેટે થયેલા ત્રણ માંહેનો એ નામનો એક પુત્ર. તેના પુત્રનું નામ હવ્યવાહ છે. અરણીનાં લાકડાં ઘસવાથી જે અગ્નિ થાય છે, તે આનો જ અંશ હોઈને તેને માંહેનાં નામ આપેલું છે.

૨. પું. (પુરાણ) ઉત્તાનપાદ રાજાના વિજિતાશ્વ રાજાને શિખંડિનીને પેટે થયેલા ત્રણ માંહેનો એ નામનો બીજો પુત્ર.

૩. [સં.] પું. ગાર્હપત્ય અગ્નિ. તે ગૃહસ્થોને મુખ્યત્વે પૂજ્ય છે

૪. પું. ચંદ્રનું એક નામ.

૫. પું. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં ગવામાં આવતું એ નામનું એક સ્તોત્ર.

૬. પું. (પુરાણ) મેધાતિથિનો એ નામનો દીકરો. તે શાકદ્વીપનો અધિપતિ હતો.

૭. પું. વાયુ; પવન.
૮. પું. (પુરાણ) શાકદ્વીપના સાત માંહેનો એ નામનો એક ખંડ.
પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રસેન, બહુરૂપ અને વિશ્વધૃક્ નામના શાકદ્વીપના સાત ખંડ છે. ભાગવતી ભાગવત
૯. પું. સોમદેવ; સોમ.
૧૦. વિ. પવિત્ર કરતું.

પવમાનસોમ [સં.] પું. સામવેદનો એ નામનો એક દેવતા.

પવમાનાદ્ભજ [સં.] પું. એક વહીવ અગ્નિ.

પવર્ગ [સં.] પું વ્યંજનના પાંચ મહિનો એક વર્ગ. તેમાં પ્, ફ્, બ્, ભ્, મ અક્ષર આવે છે.

પવર્તન [સં.] પું. નાટકના તેત્રીસ માંહેનો એ નામનો એક અલકાર.

પવલગી જી. પગેલગ્ન; પગે લાગવું તે.

પવલટી (પવલડી) જી. મરોળી.

પવષ્ટુરિક [સં.] પું. એ નામનો એક ઋષિ.

પવંગ પું. ઘોડો.

પવંગા [હિ.] પું. (પિંગળ) એક પ્રકારનો છંદ.

પવૅતિકાળ પું. અમાસ કે પૂનમનો બેવડનો ભાગ.

પવા ૧. જી. ડમોડની ઊપજમાંથી લેવાતી ભેતરી.
૨. જી. ભણાશ.
૩. જી. પાણીનું પરબ; પિવાનો.
૪. જી. સાફ કરવું તે; શુદ્ધ કરવું તે. સ્વચ્છ કરવું તે.

પવાઈ ૧. જી. ગુનેગારને બાંધવામાં આવતી સાંકળ.
૨. [હિ.] જી. ચક્કીનો એક પાટ.
૩. જી. ચોરાશ નહિ એટલા માટે ઘોડાના પગે બાંધેલી દોરી.
૪. જી. પગરખું; એક પગનો જોડો.

પવાકા [સં.] પું. વંટોળિયો.

પવાજ [ફા.] પું. ઘ. વ. હલકા લોકો.

પવાડવું (પવાડવું) ૧. સ. ક્રિ. પાણી છાંટવું.
૨. સ. ક્રિ. ધક્કો પિવાડવું.

પવાડિયો (પવડિયો) પું. એક જાતની વનસ્પતિ; કુવાડિયો.

પવાડી (પવાડી) જી. ભભરાઈ.

પવાડો (પવાડો) ૧. પું. ઉત્તરક્રિયા કરનાર પાળ કરવામાં આવતું જમણ.
૨. પું. (કચ્છી) કલિનો.
૩. પું. ચપ્પું; કલ્પિત વાત.
૪. [સં. પ્રવાદક] પું. બદનોર્દ; નિંદા; આક્ષેપ.
૫. પું. બનાવટી કે કલ્પેલાવાળી કવિતા; નિકૃષ્ટ કવિતા; રાસડો; સારાખોટા બનાવ ઉપર બનાવેલું ટૂંકું નાનું કાવ્ય. કટાક્ષમાં બોલાય છે.
૬. [મ.] પું. બાવણી જેવી એક રીતની કવિતા; વીરનું પ્રશસ્તિકાવ્ય. તેમાં શૂરવીર પુરુષની બડાશ હોય છે. તે મહારાષ્ટ્રમાં મરાઠી ભાષામાં જોવા છે.

પવાણ જ. પિવડાવવું તે.

પવાત ૧. જી. ખેતર વગેરેમાં પાણી પાવું તે.
૨. જી. સુતર અને કાપડને પાવામાં આવતી કાંજી.

પવાયત જુઓ પવાત.

પવાર ૧. [હિ.] પું. પરમાર રજપૂત.
૨. જી. એ નામની એક મરાઠી અટક.
૩. જ. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

પવારણ જી. પવારની સ્ત્રી.

પવારણા જી. પ્રાયશ્ચિત્ત કરવાની ક્રિયા.

પવારશાહી જી. પવાર લોકોની આપખુદી; પવાર લોકોનું શાસન.

પવારી [હિ.] જી. નક્ષિત્ર નામનું જ્યોતિષ.

પવાલી ૧. જી. નાનું પ્યાલું.
૨. જી. પાણી સગવાનું પીપ જેવું લંબગોળ નાનું સાધન; ઊંચું નળાકાર એક વાસણ.
૩. જી. પાલીના ચોથા ભાગનું માપ.
૪. જી. પાવલું.

પવાલું ૧. ન. અનાજ માપવાનું એક સાધન; નાની પાલી. તે પાલીના ચોથા ભાગનું હોય છે.
૨. ન. પાણી પીવાનું નાના નળ જેવું તાંબા કે પિત્તળનું વાસણ; પ્યાલો; ગ્લાસ.
૩. ન. મોટું ઊભા પાટનું વાસણ; મોટું નળાકાર એક વાસણ; જમણવારોમાં વપરાય એવી મોટી પવાલી.

પવાલો પું. (કચ્છી) પાલીનો ચોથો ભાગ.

પવાં પું. ઘ. વ. પૌંઆ.

પવાંડ જુઓ પવાડિયો.

પવાંરે જુઓ પવાર.

પવિ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ઉંદરનું બચ્ચું જ્યારે કરા જેવડું હોય; બબ્બર.
અશનિ કુલિશ નિર્ઋત પવિ વજ્ર શિતુર કહાય,
કહિ વચન તે વજ્ર સમ સાસત અંતરમાંય.
પિંગળપ્રકાશ
૩. પું. ગાજવીજ.
૪. પું. ચોર.
૫. પું. બાણ.
૬. પું. બાણની કે બાણની અણી.
૭. પું. માર્ગ; રસ્તો.
૮. પું. વાકય; વાણી.
૯. પું. વીજળી.

પવિકસ વિ. વજ્રની સાથે કસોટીમાં ઊતરે એવું; વજ્ર જેવું.
અતુલબલ જાલરાણા હૈલસંગ્રામ વીરો;
પવિકસ મનુવાણા આપણા પૂર્વજો શૌ.
પ્રતિમાનાટક

પવિત્ત ૧. [સં.] ન. કાળા મરી; તીખાં.
૨. વિ. પવિત્ર; શુદ્ધ.

પવિત્તવ્ય [સં.] વિ. પવિત્ર કરવા યોગ્ય; શુદ્ધ કરવા જેવું.

પવિતા [સં. પવિતૃ] વિ. પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર.

પવિતાઈ [હિ.] જી. પવિત્રતા; શુદ્ધિ; સફાઈ.

પવિત્ત જુઓ પવિત્ર.

પવિત્તર [હિ.] વિ. પવિત્ર.

પવિત્ર ૧. [સં. પૂ (પવિત્ર કરવું)] પું. ઉદ્‌સાવર્ણિ મન્વંતર માંહેનો એ નામનો એક દેવ.
૨. પું. ઊભરાનું ઝાડ.
૩. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ગાહિનીકુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ ગુરુ અને ૮૬ લઘુ મળી ૧૨૨ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.
૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુપવિત્ર. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર નગણ અને બે ગુરુ મળી બાર અક્ષર હોય છે. તેમા આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૫. પું. પ્રતિકેનું એક નામ.
૬. પું. તલનો છોડ.
૭. પું પુત્રજીવ નામનું વૃક્ષ.
૮. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સદા શુદ્ધ અને અંતરમાલ શુચિરૂપ છે, તે અવિકારી પદ છે, વળી તેનું નામઉચ્ચારણ અને નામસ્મરણ જીવોને પવિત્ર કરનારું છે. ઉપરાંત સર્વે જગાં તે પવિત્ર ધામરૂપ છે.
૯. પું. શિવના હજાર માંહેનું એક નામ.

૧૦. કું.;ન. અનામિકા આંગળીમાં પહેરવાની દર્ભની વીંટી; અનામિકાનું દર્ભનું વેષ્ટન.
૧૧. કું.;ન. અર્ઘનું સાધન; અર્ઘપાત્ર.
૧૨. કું.;ન. ઘી.
૧૩. કું.;ન. ઘીનો સંસ્કાર કરનાર એ દર્ભ; હોમમાં નાખવા યોગ્ય ઘીને શુદ્ધ કરનાર એ કુશ.
૧૪. ન. મર્યાદા; વસવું તે.
૧૫. ન. ચાળણી.
૧૬. ન. જનોઈ; યજ્ઞોપવીત.
૧૭. ન. ઢાળ; દર્ભ.
૧૮. ન. તાંબું.
૧૯. ન. દૂધ.
૨૦. ન. પાણી.
૨૧. ન. મધ.
૨૨. ન. વરસવું તે; વૃષ્ટિ; વર્ષા.
૨૩. ન. વેદમંત્ર.
૨૪. વિ. કપટ વિનાનું; નિર્દોષ; સ્વચ્છ મનનું.
૨૫. વિ. શુદ્ધ; નિર્મળ; સ્વચ્છ; દોષ કે વિકાર વિનાનું; પાવન; શુચિ.
૨૬. વિ. શુદ્ધ ચારિત્ર્યવાળું.
૨૭. વિ. શુભ; મંગળ; કલ્યાણકારી.

પવિત્ર આંગિરસ કું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પવિત્રક ૧. [સં.] કું. ઊનનું ગાભ.
૨. કું. દર્ભ.
૩. કું. પીપળાનું ગાભ.
૪. ન. કસ્તૂરિયની જનોઈ.
૫. ન. તાંબાની વીંટી; પવિત્રી.
૬. ન. માથ્યાં પાકવાની ક્રિયા.

પવિત્રકૂટ [સં.] કું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક પર્વત.

પવિત્ર ક્ષેત્ર [સં.] ન. તીર્થસ્થળ.

પવિત્ર ચૂર્ણ ન. (વૈદ્ય) સોનામુખીનો રેચક ચૂર્ણ. તે બનાવવા સોનામુખીનાં પાંદડાં લઈ તેને સાફ કરી તેમાંથી પાંદડા વગેરે બીજને કાઢી નાખી તે એક શેર ભાટીના ક્ષારમાં રાત્રે મોમૂની અંદર બંધ કરવાં. સવારે તે ખૂબ ઝાટી ચૂરવાં. રાત્રે મોમૂનમાં ફરી તે જ પ્રમાણે પલાળવાં અને પાછા દિવસનાં ચૂરવાં. આમ ૭૨ દિવસ સુધી કરવું. ઊલ્લે દિવસે ચૂરાયા પછી તેનું બજબાજા ચૂર્ણ કરવું. ચૂર્ણ ચાળી વખતે વજન પણ લઈ લેવું. તેની માત્રા બે તોલા છે.

પવિત્રતા ૧. સ્ત્રી. કપટ વિનાનું હોવું તે; નિર્દોષતા.
૨. સ્ત્રી. ચારિત્ર્યની શુદ્ધિ.
૩. [સં.] સ્ત્રી. પવિત્રાઈ; પવિત્રપણું; શોભ્યાઈ; સ્વચ્છતા; શુદ્ધિ; દોષ રહિત હોવું તે. બ્રહ્મવિદ્યાનું ફળ આપનો નાશ છે. પાપ નાશે પવિત્રતા પ્રગટ થાય છે. પવિત્રતા પરમાત્માની નિકટ લઈ જનારી છે. જે અત્યંત પવિત્ર થયો તે પરમાત્માને પામે છે અને પરમાત્માની પ્રાપ્તિ એ સચ્ચિદાનંદમાં સ્થિતિ અર્થાત્ મોક્ષ.
૪. સ્ત્રી. મંગળ; કલ્યાણ.

પવિત્ર થાન્ન [સં.] ન. અન્ન.

પવિત્રપણું સુખો પવિત્રતા.

પવિત્રપાણિ ૧. [સં.] કું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. વિ. હાથમાં દર્ભ ધારણ કરનાર.

પવિત્ર ભૂમિ [સં.] સ્ત્રી. તીર્થસ્થળ.

પવિત્રવતિ [સં.] સ્ત્રી. એ નામની કૌંચદ્વીપની એક વનસ્પતિ.

પવિત્ર વિવાહ [સં.] કું. એક વ્રત કરવું તે; એકપત્નીત્વ; એકપત્ની.

પવિત્ર સપ્તક [સં.] ન. શ્રાવણ પવિત્ર દિવસનો સમૂહ. ખ્રિસ્તી લોકો ઈસુના મરણ પહેલાંનું અઠવાડિયું પવિત્ર માને છે. તેમાં તેણે બહુ દુઃખ તથા અપમાન સહન કર્યાં હતાં. ખ્રિસ્તીઓ આ દિવસમાં લોક પાળી ઉપવાસ કરે છે.

પવિત્ર સંરક્ષક [સં.] ન. પવિત્રતાનું રક્ષણ કરવું તે. જો નીચ પુરુષ પાસે સંસ્પર્શ કરાવી ન હોય, એટલા માટે તેની પોતિ ઉપર કેટની આસપાસ ફરીને પ્રહાર કરતો એક પક્ષી બનાવવામાં આવતો. આ પક્ષીને તાબામાં હતાં. આવો પક્ષી પવિત્રતાનો સંરક્ષક બનાવતો.

પવિત્રા ૧. [સં.] કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પીરા. તે તુકારી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ અને સગણ મળી નવ અક્ષરો હોય છે.
૨. [સં.] કું. ઝાડી, લેણાગ, તુલસી વગેરેના દાબની તૈયારીનું ભાજન પાત્ર કરીને ઊભવાનું
---
૩. સ્ત્રી. જનોઈ.
૪. સ્ત્રી. તુલસી.
૫. સ્ત્રી. દર્ભની વીંટી.
૬. સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઊગતું એક ઘાસ.
૭. સ્ત્રી. પીપળનું ગાભ.
૮. સ્ત્રી. પીપળો.
૯. સ્ત્રી. મહાભારતમાં બતાવેલી હરદ્વારના અગ્નિકોણમાં આવેલી એ નામની નદી.
૧૦. સ્ત્રી. શ્રાવણ માસની અજવાળી અગિયારસ.
૧૧. સ્ત્રી. ઝાંઝર.
૧૨. ન. શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રસાદરૂપી રેશમનો તેમને ધરાવેલો દોરો; હરિના નામની દોરની આંટી. વૈષ્ણવ મંદિરોમાં પવિત્રા બારસને દિવસે તે ઠાકોરજીને ધરાવી વૈષ્ણવો ધારણ કરે છે.

પવિત્રાઈ સુખો પવિત્રતા.

પવિત્રાત્મા [સં. પવિત્રાત્મન્] વિ. શુદ્ધ અંતઃકરણવાળું; પવિત્ર આત્માવાળું.

પવિત્રારોપણ ૧. [સં.] ન. યજ્ઞોપવીત ધારણ કરવાનું કર્મ; જનોઈ પહેરવું તે.
૨. ન. વિષ્ણુ વગેરેને ઉદ્દેશીને જનોઈ આપવી તે.
૩. ન. શ્રાવણ સુદિ બારસનો વૈષ્ણવનો એક ઉત્સવ. તેમાં ઠાકોરજીને સોના, ચાંદી, તાંબા કે સૂતરનું યજ્ઞોપવીત પહેરાવવામાં આવે છે.

પવિત્રારોહણ સુખો પવિત્રારોપણ.

પવિત્રાશ [સં.] કું. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં પવિત્ર માનવામાં આવતો રાજાનો ઘોડો.

પવિત્રાસન ૧. [સં.] ન. દર્ભનું આસન.
૨. ન. પવિત્ર આસન.

પવિત્રાં અગિયારસ સ્ત્રી. શ્રાવણ સુદિ અગિયારસ. તે દિવસે વિષ્ણુને સોના, રૂપા, તાંબા કે સૂતરનાં પવિત્રાં ધરાવવામાં આવે છે.

પવિત્રાં અગિયારસ સુખો પવિત્રાં અગિયારસ.

પવિત્રાં એકાદશી સુખો પવિત્રાં અગિયારસ.

પવિત્રાં બારસ સુખો પવિત્રાં બારસ.

પવિત્રાં બારસ સ્ત્રી. શ્રાવણ સુદિ બારસનો દિવસ; મૂર્તિઓને કે ધર્મગુરુઓને પવિત્રાં ધરવાનો દિવસ. તે તંતુપૂજનનો મહિમાનો દિવસ મનાય છે.

પવિત્રાં બારસ સુખો પવિત્રાં બારસ.

પવિત્રિત [સં.] વિ. પવિત્ર કરેલ; શુદ્ધ કરેલું.

પવિત્રી ૧. [સં. પવિત્રક (વીંટી); પ્રા. પવિત્તય] સ્ત્રી. દર્ભની બનાવેલી વીંટી. તે શ્રાદ્ધ, કર્મકાંડ વગેરે વખતે અનામિકા આંગળીમાં પહેરવામાં આવે છે.
૨. સ્ત્રી. પવિત્ર છન્દો પાડેલી કે ભરેલી રેશમી પટ્ટી. દોરની પટ્ટી ઉપર સોનાચાંદી કે એવા છન્દો પાડ્યા હોય છે.
૩. સ્ત્રી. વીંટી.

પશુ

૪. [સં.] વિ. શુદ્ધ; સ્વચ્છ.

૫. વિ. શુદ્ધ કે સ્વચ્છ કરનાર.

પવિત્રીકરણ [સં.] ન. પવિત્ર કરવું કે શુદ્ધ કરવું તે.

પવિત્રીકૃત [સં.] વિ. પવિત્ર કરેલું; શુદ્ધ કરેલ.

પવિત્રીભવન [સં.] ન. શુદ્ધ થવું તે; પવિત્ર થવું તે.

પવિત્રું ૧. [સં. પવિત્ર] ન. એક જાતની પવિત્ર દોરી; કાહોરણને પરાવેલી રેશમની માળા; સૂતર, રેશમ કે કલણ વગેરેના તાંતણાની બનાવેલી માળા.

૨. ન. કોરે બાલવાની મોતીની સેર.

૩. ન. પૂજા અને બીજી વિધિ વખતે પહેરી આંગળી ઉપર પહેરવાની સોનાની વીંટી વગેરે.

પવિત્રર [સં.] પું. વજ્ર ધારણ કરનાર ઇંદ્ર.

પવિત્ર [સં.] પું. એ નામનો એક ઋષિ.

પવી ૧. પું. અઢાર માંહેની એક જાતનો ઉત્તમ મોતિનો હાર.

૨. સ્ત્રી. એ નામની ચિત્રકૂટ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

૩. સ્ત્રી. રાખોડી રંગના માથાવાળું એક પક્ષી.

પવીનદ્ધ [સં.] પું. અથર્વવેદમાં જણાવેલ એ નામનો એક અસુર. તે સ્ત્રીઓનો વર્ણ પલટી નાખતો હોવાનું મનાય છે.

પવીનસ [સં.] પું. વર્ણને ઉપદ્રવ કરનાર એક અસુર; પવીનદ્ધ.

પવીર ૧. પું. એક જાતના ચોખા.

૨. ન. લાલાનું દૂધ.

૩. [સં.] ન. વજ્ર.

૪. ન. હથિયાર; આયુધ.

૫. ન. હાથના આગલા ભાગમાં રહેતું કડું; કાલ.

પવીરત્ન [સં.] પું. વજ્રનો કણ.

પવેડો (પવેડો) પું. પથ્થર; પાણો.

પવેરા [હિં.] પું. હાથથી ભરી વાવવાની ક્રિયા.

પવૈ જુઓ પવૈયો.

પવૈયો પું. પાવૈયો; હીજડો.

પવ્ય ૧. [સં.] ન. યજ્ઞપાત્ર.

૨. વિ. પવિત્ર કે શુદ્ધ કરવા જેવું.

પવ્વણી [સં. પર્વણી] સ્ત્રી. પર્વતિથિ; તહેવારનો દિવસ.

પવ્વો ૧. [સં. પર્વન્] પું. તહેવાર; ઉત્સવ.

૨. પું. પવિત્ર દિવસ; તહેવાર.

૩. પું. પ્રકરણ; ભાગ.

૪. પું. સાંધો; વેઢો.

પશુ ૧. [સં.] ન. વિ. બંધન કરવું.

૨. ન. વિ. બાંધવાનું કે કરવી; દરકાર કરવી.

૩. ન. વિ. બાંધ કરવો.

૪. ન. વિ. બાંધવું; કેદ કરવું; જેલીમાં નાખવું.

૫. ન. વિ. રપર્શ કરવો; અડવું.

૬. ન. વિ. હણવું.

પશ્ચાત્ ૧. સ્ત્રી. તજાયલું.

૨. સ્ત્રી. તુચ્છ વસ્તુ.

૩. [સ્ત્રી. પશ્ચા] સ્ત્રી. કમાંટી; ઊનટ વાળ; રૂવાં.

૪. સ્ત્રી. ઢાંકેલ અનર્ગળિત ઉપરના વાળ.

૫. સ્ત્રી. હિમાલયમાં થતાં એક જાતનાં બકરાંના વાળ. તેનાં બરછ ઘણાં બને છે. કશ્મીર, તિબેટ, નેપાલ વગેરે ઠંડા દેશોનાં બકરાંનાં રૂવાંઓની નીચે એક પ્રકારના બહુ કુમાશદાર ઝીણાં અને બારીક રૂવાં હોય છે, જેને પશ્મ કહે છે. તેના દુશાલા, આસ્તર વગેરે બને છે.

પશ્મી ૧. [સ્ત્રી. પશ્મી] ન. ઊનનું બરછ કાપડ.

૨. વિ. ઊનવાળું; પશ્મનું; પશ્મવાળું.

પશ્મીના ૧. [સ્ત્રી. પશ્મીના] પું. પશ્મ; ઊનનું બરછ કાપડ.

૨. પું. હિમાલયમાં થતાં બકરાંનાં રૂવાંનો બરછ પોશાક; ઊનનો પોશાક.

૩. સ્ત્રી. કશ્મીરનાં બકરાંની ઊનમાંથી બનાવવામાં આવતી એક જાતની શાલ.

પશ્મીનો જુઓ પશ્મીના.

પશ્યલી ૧ સ્ત્રી. પેસ; અરધો ખોબો.

૨. સ્ત્રી. વીંટી.

૩. સ્ત્રી. આવણ માસમાં-આર્દ્ર તરફથી બહેનને આપવામાં આવતી ભક્ષિકા; પસલી.

૪. સ્ત્રી. હથેલીમાં માય તેટલું ધાન્ય.

પશાવડી (પશવડી) સ્ત્રી. હરણી.

પશવ્ય ૧. [સં.] ન. ચોપગાં.

૨. ન. ઢોરનું ઢોળું.

૩. વિ. ઢોર જેવું.

૪. વિ પશુના હિતનું; પશુ સંબંધી.

પશાંગ [સ્ત્રી.] સ્ત્રી. કોડણી.

પશા [સ્ત્રી.] પું. મગજ.

પરિશ્રમાન ૧. [સ્ત્રી.] વિ. દિલગીર; પસ્તાયેલું.

૨. સ્ત્રી. શરમાઈ ગયેલું.

પરિશ્રમાની ૧. [સ્ત્રી.] સ્ત્રી. પસ્તાવો; શોક.

૨. સ્ત્રી. શરમ; લજ્જા.

પરિશું ન. ખેતર કે તલ વાવવા માટે ગોમાસામાં નહિ વાવતાં ખાલી રાખેલી જમીન.

પશીઝ [સ્ત્રી.] પું. એક જાતનો નાનો સિક્કો.

પશુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. એક પ્રકારનો યજ્ઞ. તેમાં પશુને હોમવામાં આવે છે

૩. પું. ચિત્રક વૃક્ષ.

૪. પું. જમીનમાંથી નીકળતી ૭ મહિની એક પ્રકારની ચરબી. જમીનમાં ૭ પ્રકારની વાસ હોય છે: પુલાગ, જાતિપુષ્પ, અબ્જ, ધાન્ય, પાટલ અને પશુ.

૫. પું. દેવ.

૬. પું. પરમાત્મા.

૭. પું. પ્રસવ.

૮. પું. બકરો.

૯. પું. મૂર્ખ માણસ.

પશુ વિના નર પશુ = (૧) મરીલ માણસને મૂર્ખ વર્ગમાં આવે છે. (૨) પૈસા હોઈને નકામું માનવ છે.

૧૦. પું. યજ્ઞ માટેનો ઉખરો.

૧૧. પું. શૈવાગમપ્રસિદ્ધ જીવાત્મા.

૧૨. પું. (પુરાણ) સવિતા નામના પંચમા આદિત્ય અને પૃથ્વિના આઠ માંહેનો એ નામનો એક પુત્ર.

૧૩. પું. (તાંત્રિક) સાધકોનો એ નામનો એક ભાવ.

૧૪. ન. ચારપગું વનચર પ્રાણી; જનવર; ચોપગું પ્રાણી; ઢોર; કાંટી અને પૂંછડાવાળું ચોપગું પ્રાણી. તે પાંચ ઇંદ્રિયો હોવાથી નંબાય છે માટે તેને પશુ કહેવાય છે. તેને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિય હોય છે. પશુધર્મનું પાલન નહિ કરનાર વ્યક્તિ મનુષ્ય મટે છે, એટલું જ નહિ પણ તે પશુ યે નથી બનતો. પશુ તો સ્વભાવે પશુધર્મનું પાલન કરે છે. તેને સ્વાર્થ નથી અને તેને ઇંદ્રિયોનો વિલાસ નથી. પશુ મર્યાદિત છે. પશુઓની આયુમર્યાદા નીચે પ્રમાણે કહેવાય છે: સસલું ૫, બિલાડી ૧૩, બકરી ૧૫, કુકર ૨૫, ઊંટ ૪૦, હાથી ૧૦૧, ઘોડો ૪૦૬, ગેંડું ૧૨, કૂતરો ૧૫, વાઘ ૨૫, ઘોડો ૨૭, સિંહ ૪૦, મગર ૬૦૦, બ્લેક ૫૦૦થી ૧૦૦૦ વર્ષ.

૧૫. ન. જીવમાત્ર પ્રાણી. શૈવદર્શન અને પાશુપતદર્શનમાં પશુને જીવમાત્રની સંજ્ઞા આપેલી છે.

પશુઅધિકારી કું. (કાયદો) સાધકના જન્મ માહેનો એ નામનો એક પ્રકાર. જેનામાં દેખાતા મનુષ્યત્વ છતાં અસુરભાવ નિકૃષ્ટ થયો નથી અને જેનામાં કામ, દ્વેષ, લોભ, મોહ, મદ અને માત્સર્ય એ છ પશુધર્મો રહેલા છે તેવા સાધકો પશુઅધિકારી કહેવાય છે.

પશુઅરિ ૧. કું. પશુઓનો દુશ્મન.
૨. કું. વાઘ.
૩. કું. સિંહ.

પશુઉત્પાદન ન. પશુઓને ઉછેરવાં તે.

પશુકર્મ [સં. પશુકર્મન્] ન. યજ્ઞ વગેરેમાં પશુનું બલિદાન.

પશુકલ્પ [સં.] કું. યજ્ઞના પશુનું સંસ્કારાદિ કર્મ.

પશુકા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનું હરણ.
૨. સ્ત્રી. કોઈ નાનું પ્રાણી.

પશુકાર્ષ [સં.] ન. ક્રૂર કામ; ક્રુત્ય.

પશુક્રિયા [સં.] સ્ત્રી. મૈથુન; સંભોગ.

પશુગંધા [સં.] સ્ત્રી. અજગંધા નામની વનસ્પતિ; તલવણી.

પશુગાયત્રી [સં.] સ્ત્રી. યજ્ઞમાં હણવાના પશુના કાનમાં કહેવાનો એક મંત્ર.

પશુગૃહ [સં.] ન. બંગલી પશુનો સંગ્રહ; બંગલી પશુનું સંગ્રહસ્થાન.

પશુઘાત [સં.] કું. પશુનો વધ.

પશુઘોડી (પશુઘોડ઼ી) સ્ત્રી. સારી ઓલાદ ઉત્પન્ન કરવાની એક જાતની ઘોડી.

પશુઘ્ન [સં.] વિ. પશુઓનો નાશ કરનાર.

પશુચર્માંજનિહરિ [સં.] કું. શિવપસંહિતામાં વર્ણવેલ ચોસઠ માહેની એ નામની એક કળા.

પશુચર્યા ૧. [સં.] સ્ત્રી. પશુના જેવો નિર્લજ્જ આચાર.
૨. સ્ત્રી. પશુની સેવા.
૩. સ્ત્રી. રખેવાળ.

પશુચિકિત્સક ૧. [સં.] કું. પશુની દવા કરનાર વૈદ્ય.
૨. વિ. પશુની દવા કરનાર.

પશુચિકિત્સા ૧. [સં.] સ્ત્રી. પશુના રોગની પરીક્ષા.
૨. સ્ત્રી. પશુના રોગની પરીક્ષા કરવાનું શાસ્ત્ર.
૩. સ્ત્રી. પશુના વૈદ્યનો ઉપચાર.

પશુચિકિત્સાલય [સં.] ન. પશુઓ માટેનું દવાખાનું.

પશુચિકિત્સાશાસ્ત્ર [સં.] ન. પશુઓના રોગ પારખવા સંબંધી શાસ્ત્ર.

પશુજન્મ [સં. પશુજન્મન્] કું. પશુનો અવતાર.

પશુજન્ય [સં.] વિ. પશુમાંથી પેદા થતું; પશુમાંથી નીપજતું.

પશુજાતરજ્જુ [સં.] કું. આન્ત્રરજ્જુ; જનવરની રસી.

પશુજાતરસી જુઓ પશુજાતરજ્જુ.

પશુડાક્તર કું. પશુની સારવાર કરનાર ડાક્ટર.

પશુડું (પશુડું) [સં. પ્રશ્ન (પેટ ચોળેલું) > પ્રા. પ્રસુઅ] ન. બચ્ચું; નાનું બાળક.

પશુતા ૧. [સં.] સ્ત્રી. પશુપણું.
૨. સ્ત્રી. મૂર્ખતા.
૩. સ્ત્રી. હેવાનિયત; પશુને છાજે એવો હીન અમાનવ ધર્મ.

પશુતુલ્ય ૧. [સં.] વિ. ક્રૂર; ઘાતકી; નિષ્ઠુર.
૨. વિ. હેવાન જેવું; ઢોર જેવું; ઢોરની વૃત્તિવાળું; અમાનુષ.

પશુત્વ જુઓ પશુતા.

પશુદ [સં.] વિ. પશુનું દાન કરનાર; પશુ આપનાર.

પશુદા [સં.] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચરી એક માતૃકા દેવી.

પશુદેવતા [સં.] સ્ત્રી. જેને પશુ ચઢાવવાનો હોય તે દેવ.

પશુદોષ [સં.] કું. હેવાનિયત; બંગલીપણું.

પ શુદ્ધ કું. (સંગીત) ક્રમાંક૬ તરફ વપરાતા સોળ માહેનો દસમો શ્રુતિસ્વર; શુદ્ધ પંચમ.

પશુધન [સં.] ન. પશુરૂપી દોલત.

પશુધર્મ ૧. [સં.] કું. પશુના જેવું આચરણ; જનવરના જેવો વહેવાર; મનુષ્યને માટે નિંદ્ય વહેવાર; પશુને છાજે એવો હીન કે અમાનવ ધર્મ.
૨. કું. હલકા પ્રકારનો સંભોગ.

પશુધારી [સં. પશુધારિન્] કું. ગાયધારી; પશુઓ રાખનાર માણસ.

પશુનાથ ૧. [સં.] કું. પશુઓનો સ્વામી.
૨. કું. શિવ; શંકર.
૩. કું. સિંહ; વનરાજ.

પશુનાશ [સં.] કું. પશુઓનો અવક્ષય.

પશુનિરોધસ્થાન [સં.] ન. ઢોર પૂરવાનો કમો.

પશુન્યાય કું. હિંસાવાદી ન્યાય.

પ્રમિતો પશુન્યાય હિંસને કદી ના સદે,
છતાં હિંદ ગ્રહે જો તે ગાર રહેત અર્ય છે.
ગાંધીગીતા

પશુપ ૧. [સં.] કું. ગોપાલ; પશુપાલ.
૨. કું. પશુઓનો સ્વામી.
૩ કું. શિવ; શંકર
૪. વિ. પશુઓને પાળનાર.

પશુપણું જુઓ પશુતા.

પશુપત ૧. [સં. પશુપતિ] કું. ગોવાળ; ગોપાલ.
૨. કું. મહાદેવ; શિવ; શંકર.
૩. વિ. પશુ પાળનાર.

પશુપતાસ્ત્ર [સં.] સ્ત્રી. શંકરનું એક દિવ્ય અસ્ત્ર પશુપત; શિવનું બાણ. તેના ઉપર પશુનું ચિહ્ન હોય છે.

પશુપતાહારત્ર જુઓ પશુપતાસ્ત્ર.

પશુપતાસ્ત્ર જુઓ પશુપતાસ્ત્ર.

પશુપતિ ૧. કું. (પિંગળ) અગિયારની સંખ્યાસૂચક શબ્દ.
૨. કું. અગ્નિ.
૩. [સં.] કું. ઔષધિ.
૪. કું. ગોવાળ; ગોચારિયો.
૫. કું. જીવોનો ઈશ્વર અથવા માલિક.
૬. કું. પશુઓનો સ્વામી.
૭. કું. પાશુપત મતનો પ્રણેતા એક તત્ત્વજ્ઞિત.
૮. કું. મહાદેવ; શંકર; શંભુ; શિવ. પ્રારબ્ધાનુસાર મળી આવતા ભોગરૂપ ચારાને ચરતા જીવોને પશુ કહેવામાં છે. બાંધવાની ભોગેચ્છાનો અંકુર રહ્યો છે, બાંધવી તે ઇચ્છારૂપ પાશ વડે બાંધીને ભોગરૂપ ચારો નીરનાર તથા પૂર્વ તૃપ્ત થતાં નિષ્કામ બનેલાને તે પાશ છોડવારૂપ મુક્તિને આપનાર તે જીવરૂપ પશુઓના પતિ એટલે નિત્યમાં રાખીને પાળનાર મહેશ્વરને પશુપતિ કહેલા છે. શૈવદર્શન અને પાશુપત દર્શનમાં જીવમાત્રને પશુ કહેલ છે અને બધા જીવોના અધિપતિ શિવને જ પરમેશ્વર માનેલા છે.
ઉમા કપર્દી જગપતિ પશુપાલ મૃડ ઈશાન;
નીલકંઠ ગોપ રિપિકંઠ સકલ કલ્યાન.
પિંગલસુકોષ
૯. કું. વસ્તુવૈદની કર્મકાંડ પદ્ધતિ બતાવનાર એક પંડિત.

પશુપતિનાથ ૧. [સં.] કું. શંકર; શિવ; મહાદેવ.
પશુપતિનાથની જેમ હિમાલય પણ અતિપ્રસિદ્ધ છે. કાલેલકર
૨. ન. મહાદેવનું એક તીર્થસ્થાન. ઓંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં અમરેરીના સંગમ ઉપર આવેલ

પંચિમા ક્રમમાં તે આવેલ છે. તે નેપાળમાં પૂર્વ બાજુ છે, અહીં એક કથા થી હોવાનું કહેવાય છે

પશુપતિપુરાણ [સં] ન. એ નામનું એક ઉપપુરાણ.

પશુપતેશ્વર જુઓ પશુપતિનાથ.

પશુપથ [સં.] પું. ઢોરને જવવા જવા માટેનો આડ કૂદ પહોળો રસ્તો.

પશુપદ્ધતિ [સં.] ન. એક જાતની મોજ.

પશુપંખી ન.બ.વ. જમીન ઉપર ચાલનારાં તેમજ ઊડનારાં બંને પ્રકારનાં પ્રાણી; તિર્યંચ.

પશુપારેખ વિ. પ્રાણી ઓળખવામાં નિષ્ણાત.

પશુપાલ ૧. [સં.] પું. પશુઓનું પાલન કરનાર ગોવાળ; ભરવાડ.
૨. પું. ઈશ્વર; મહાદેવ.
૩. પું. હિંદના ઈશાન કોણમાં આવેલો એ નામનો એક દેશ. જાંના લોકો પશુપાલન વડે પોતાનો નિર્વાહ ચલાવે છે.
૪. વિ. પશુઓનું પાલન કરનાર; પશુઓનું રક્ષણ કરનાર.

પશુપાલક જુઓ પશુપાલ.

પશુપાલન [સં.] ન. પશુ પાળવાં તે; પશુઓનું રક્ષણ કરવું તે.

પશુપાલનંદ ૧. સ્ત્રી. આહીરની એ નામની એક જાટક.
૨. ન. એ નામની જાટકનું માપુસ.
૩. વિ. એ નામની જાટકનું.

પશુપાશ ૧. [સં.] પું. પશુઓનું બંધન.
૨. પું. પશુપત.
૩. પું. પશુરૂપ જીવોનો બંધ. શૈવદર્શન પ્રમાણે જીવોનું ત્રણ પ્રકારનું બંધન.

પશુપાશક [સં.] પું. એ નામનો એક રતિબંધ.

પશુપાળ જુઓ પશુપાલ.

પશુપૂચ [સં. પશુ + પૂચ (રસી)] પું. પ્રાણીરસ; જનવરની રસી.

પશુપોષણ [સં.] ન. ઢોરની ઉછેર.

પશુપ્રકૃતિ [સં.] સ્ત્રી. પશુ જેવો જંગલી સ્વભાવ.

પશુપ્રદેશ [સં.] પું. પશુઓથી વ્યાપેલ પ્રદેશ.

પશુપ્રીતા [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનર માંહેનું એક નામ.

પશુપ્રેરણ [સં.] ન. પશુને હાંકવું તે.

પશુપ્રેરણા જુઓ પશુપ્રેરણ.

પશુબલ ૧. [સં.] ન. અશ્વબલ; હૉર્સ પાવર.
૨. ન. માનુષતાને કારણે જેવું બલ; જંગલી બળ.

ઓ પશુબલ ચમિમે પૂર્વે છ બલ આજનું,
બુદ્ધિબલ આજે ત્યાં હો કૃષ્ણબલ હિંસનું.
ગાંધીગીતા

પશુબલિ [સં.] પું. યજ્ઞમાં અપાતું પશુનું બલિદાન.

પશુબળ જુઓ પશુબલ.

પશુબંધ [સં.] પું. જેમાં પશુને બાંધીને તેનો વધ કરવામાં આવે છે એવો એક યજ્ઞ.

પશુબુદ્ધિ [સં.] સ્ત્રી. અંતર્જ્ઞાન; અંતપ્રેરણા; સ્વાભાવિક બુદ્ધિ; પ્રેરણાબુદ્ધિ.

પશુભક્ષક [સં.] વિ. માંસાહારી; પશુને મારીને ખાનારું.

પશુભાવ ૧. [સં.] પું. (તાંત્રિક) સાધનાના ત્રણ મહિનો એ નામનો એક પ્રકાર. સાધક ત્રણ અવસ્થી મંત્રસાધના કરે છે. દિવ્ય, વીર અને પશુ. આમાં પહેલા બે ઉત્તમ અને પશુભાવ નિકૃષ્ટ ગણાય છે. જેઓ તંત્રની બધી વિધિનું પૂરેપૂરું પાલન કરી ન શકે તેવા સાધકની સાધના પશુભાવથી ગણાય છે.
૨. પું. જેવાનિયત; પશુવૃત્તિ.

પશુભાર પું. પશુને પડે એવો ભાર; ઢોરભાર.

પશુભારક [સં.] પું. પશુનો વધ કરનાર અબુસ; જાટકી; કસાઈ.

પશુભારી પું. ઢોરને થતો એક ઊતરો ચેપી રોગ.

પશુમૃગયા [સં.] સ્ત્રી. કૂતરા વગેરેની મદદથી પશુનો શિકાર કરવો તે.

પશુયજ્ઞ [સં.] પું. યજ્ઞ કરી તેમાં કોઈ પશુનું બલિદાન આપવું તે; પશુ વડે કરાતો યજ્ઞ; પશુનો હોમ આપવામાં આવે તેવો યજ્ઞ.

પશુયાગ જુઓ પશુયજ્ઞ.

પશુયોનિ ૧. [સં.] સ્ત્રી. પશુની જનનેંદ્રિય.
૨. સ્ત્રી. પશુરૂપે અવતરવું તે.

પશુરજ્જુ [સં.] પું. ઢોર બાંધવાનું દોરડું.

પશુરતા [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનર માંહેનું એક નામ.

પશુરાજ [સં.] પું. સિંહ.

પશુરોગચિકિત્સક [સં.] પું. પશુનો રોગ મટાડી ઔષધ કરનાર માણસ; પશુવૈદ્ય.

પશુરોગચિકિત્સા [સં.] સ્ત્રી. પશુનો રોગ પારખી તેનો કરાતો ઉપચાર.

પશુરોગચિકિત્સાલય [સં.] ન. પશુઓના રોગ તથા ચિકિત્સાના અભ્યાસની શાળા.

પશુલક્ષણ [સં.] ન. પશુ સંબંધી સામુદ્રિક શાસ્ત્ર; ગોતેર માંહેની એ નામની એક કળા.

પશુલંભ [સં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

પશુવ વિ. મલિન; ગંદું.

પશુવત [સં. પશુવત્] વિ. ઘાતકી; ક્રૂર; નિર્દય.

પશુવધ [સં.] પું. પશુની કતલ.

પશુવર [સં.] વિ. પશુમાં શ્રેષ્ઠ.

પશુવર્ણન [સં.] ન. પ્રાણીનું વર્ણન.

પશુવર્ધન [સં.] ન. પશુને પુષ્ટ કરનાર ક્રમિક વ્યાપાર.

પશુવાટિકા [સં.] સ્ત્રી. પશુશાળા; પ્રાણીઓને રાખવાની જગ્યા; પશુનું સંમહસ્થાન.

પશુવિદ્યા [સં.] સ્ત્રી. શિવસંહિતામાં વર્ણવેલ ગણીસ માંહેની એ નામની એક વિદ્યા; પશુ સંબંધી શાસ્ત્ર.

પશુવૃત્તિ [સં.] સ્ત્રી. જેવાનિયત; પશુતા; પ્રાણવતા.

પશુવૃદ્ધિ [સં.] સ્ત્રી. પશુની સંખ્યામાં વધારો થવો તે.

પશુવૈદ જુઓ પશુવૈદ્ય.

પશુવૈદ્ય [સં.] પું. ઢોરનો વૈદ્ય; પશુચિકિત્સક.

પશુવૈદ્યક [સં.] ન. પશુઓ માટેનું વૈદું.

પશુવૈદ્યકીય [સં.] વિ. પશુરોગ સંબંધી; ઢોરના રોગને લગતું.

પશુશાલા [સં.] સ્ત્રી. પશુઓને રાખવાનું કે ઉછેરવાનું સ્થળ.

પશુશાસ્ત્ર [સં.] ન. પશુનું કે તેના પાલન વગેરેનું શાસ્ત્ર; 'ઝૂઓલોજિ.'

પશુશાળા જુઓ પશુશાલા.

પશુશિકાર પું. કૂતરા વગેરેની મદદથી પ્રાણીઓનો સંહાર કરવો તે.

પશુશિખા સ્ત્રી. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેનું પાંચમું અંગ; પ્લુત અંગ, ત્રિમાત્ર.

પશુષ જુઓ પશુસંભવ.

પશુસર્ગ [સં.] પું. પ્રાણીઓનો સમૂહ કે જાતિ.

પશુસંભવ [સં.] વિ. પશુમાંથી ઉત્પન્ન થનાર.

પશુસંભોગ [સં] પું. પશુની સાથે મૈથુન સેવવું તે.

પશુસામાન્ય [સં.] વિ. પશુઓમાં પણ જોવામાં આવતું; પશુમાં પણ મળી આવતું.

પશુસુખ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક શબ્દ. તેની બીજું નામ મંદ હતું.

૨ ન. દુષ્ટ કર્મ કરવાથી મળતો આનંદ.

પશુસૃષ્ટિ જુઓ પશુસર્ગ.

પશુસ્વભાવ [સં.] પું. હેયનિયતઃ પશુતા.

પશુહરીતકી [સં.] સ્ત્રી. આમ્રાતકનું ફળ.

પશુહવ્ય જુઓ પશુપાત્ર.

પશુહિંસા [સં.] સ્ત્રી. જીવહિંસા; પશુવધ; પશુઓને મારી નાખવાં તે.

પશૂનાંપતિ [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

પરીઆન ૧. [સા.] વિ. પસ્તાયેલું; પસ્તાવો પામેલું.

૨. વિ. શરમાયેલું.

પરીમાની ૧. [સા.] સ્ત્રી. પશ્ચાત્તાપ; ખેદ.

૨. સ્ત્રી. શરમ; લજ્જા.

પશ્ચમ સ્ત્રી. નિતંબ; પાછળનો ભાગ.

પશ્ચાગ્ચિહ્ન [સં.] ન. પ્રસન્નઃ 'અહિક્ષ.'

પશ્ચાજ્જીવિતાધિકાર [સં.] પું. અતિજીવન હક્ક; મિલકતમાં બીજાની સાથે સંયુક્ત હિત ધરાવતા, પાછળ જીવતા રહેતા પક્ષને મળતો સંપૂર્ણ વારસાનો હક્ક; અનુજીવિત્વનો અધિકાર.

પશ્ચાજ્જીવિતાયાધિકાર [સં.] પું. અતિજીવિત્વ નિયમ; પાછળ જીવતા રહેવાથી મળતા પૂરેપૂરા વારસા સંબંધી ધારો.

પશ્ચાજ્જીવિત્વ જુઓ પશ્ચાજ્જીવિતાધિકાર.

પશ્ચાત ૧. [સં. પશ્ચાત્] પું. અધિકાર.

૨. પું. પશ્ચાત્તાપ.

૩. પું. પશ્ચિમ દિશા.

૪. પું. શેષ; અંત.

પશ્ચાત્ ૧. [સં.] અ. પાછળ; પાછળથી; ઉત્તરે; ઉત્તરે; તે પછી.

૨. અ. પશ્ચિમ તરફ.

પશ્ચાત્કપાલ [સં.] ન. ખોપરીનાં આઠ માંહેનું એ નામનું એક હાડકું. તે કરોડના ઉપલા ભાગ સાથે જોડાયેલું હોઈ આખી ખોપરીને ટેકો આપે છે. તેના બે ભાગ છે: કપાલ ભાગ અને મૂલ ભાગ. આ બંને ભાગોની વચ્ચે લગભગ ત્રિકોણાકારનું એક મહાવિવર અથવા મોટું છિદ્ર છે, જેમાં થઈને સુષુમ્ણા નાડી નીચે અર્ધ પૃષ્ઠવંશમાં પેસે છે. આ છિદ્રથી પાછળનો અને ઉપલો સાપની ફેણ જેવો પહોળો ભાગ કપાલ ભાગ કહેવાય છે, જ્યારે સાપની ડોક જેવો સાંકડો અને લાંબો, તેની આગળ અને નીચે રહેલો ભાગ મૂલ ભાગ તરીકે ઓળખાય છે. બંને ભાગ મળીને થયેલા આ પશ્ચાત્કપાલને અંદરની અને બહારની એમ બે બાજુ છે. અંદરની બાજુ ખોપરીના અંદરના ભાગમાં આવેલી છે અને પૃષ્ઠવંશ અથવા બહારની બાજુ ખોપરીના બહારના ભાગમાં છે. કપાલ ભાગની અંદરની બાજુ અંતર્ગોળ હોઈ ત્રાંબોલ જેવી છે. તે મગજના પાછલા અર્ધ ભાગને તેમ જ નાના મગજને ટેકો આપે છે. આ બાજુ ઉપર બે ઊભી અને બે આડી એમ સાધિયાના આકારમાં ગોઠવાયેલી ચાર શિરાપરિખા આવેલી છે. જેઓના કિનારાને અસ્તિષ્ઠાવરણથી કઠણ કાગળો લાગેલા છે. મૂળ ભાગની અંદરની બાજુ ઉપર ઊભરો આવો છે. તેમાં સુષુમ્ણાકાંડ અથવા સુષુમ્ણાનો ઉપલો ભાગ રહે છે. કપાલ ભાગ અને મૂલ ભાગ જ્યાં જોડાય છે ત્યાં બંને બાજુએ ચન્દ્રાખાત તરીકે ઓળખાતા અર્ધચંદ્રાકાર ખાડાઓ આવેલા છે. તેમાં અર્ધને ચન્દ્ર નામની મોટી શિરા પસાર થાય છે. કપાલ ભાગની ઉપલી ધાર કરવતની પેઠે દાંતાવાળી છે. તેની બંને બાજુએ મધ્ય ભાગમાં આવેલા ખૂણા પાર્શ્વકોણ તરીકે ઓળખાય છે. આ ખૂણાઓથી ઉપર આવેલી કોરનો અર્ધ ભાગ દરેક બાજુએ પાર્શ્વકપાલની પાછળ ધાર સાથે જોડાય છે. તે ખૂણાઓથી નીચેની ધારનો બાકીનો ભાગ દરેક બાજુએ કર્ણાસ્થિ સાથે જોડાય છે, જ્યારે બાકીનો મૂલપિંડ ભાગ જતૂકાસ્થિ સાથે જોડાય છે. પૃષ્ઠવંશ અથવા બહારની બાજુ ખોપરીના બહારના ભાગમાં છે. કપાલ ભાગની બહારની બાજુ કાચબાની ઢાલની માફક બહિર્ગોળ છે. તેનો ઉપરનો ભાગ ત્રિરશ્મા પેશીથી ઢંકાયેલો છે. તેના મધ્ય ભાગમાં આવેલો એક ઊભો ગોળ ભાગ પશ્ચિમાર્ધુંદ તરીકે ઓળખાય છે. આ અર્ધુંદ ઉપરથી નીચે ઊતરી આવી મહાવિવર સુધી પહોંચતી એક ઊપસતી રેખા મધ્યાહ્નિકા તરીકે ઓળખાય છે. આ રેખાની દરેક બાજુએ બબ્બે અર્ધચંદ્રાકાર આડી રેખાઓ નીકળે છે. તેમાંની ઉપલી રેખાઓ ઉત્તરતોરણિકા તરીકે અને નીચલી બે અધરતોરણિકા તરીકે ઓળખાય છે. મૂલ ભાગની બહારની બાજુ ઉપર બંને બાજુએ મૂલકોટિ નામના બે સંધયોગ ઉત્સેધો આવેલા છે. દરેક મૂલકોટિની આગળ અને પાછળ એક એક છિદ્ર આવેલું છે. તેમાં થઈને નાડીઓ બહાર નીકળે છે. આ રીતે પશ્ચાત્કપાલ હાડકું બીજાં બે હાડકાં સાથે જોડાયેલ છે. જેમકે, તેનો ઉપલો અર્ધ ભાગ બે પાર્શ્વકપાલો સાથે, નીચલા અર્ધ ભાગની બંને બાજુઓ કર્ણાસ્થિ સાથે, મૂલ ભાગની આગલી બાજુ જતૂકાસ્થિ સાથે, અને મૂલકોટિઓ કરોડની ઉપલી કશેરુકા સાથે જોડાય છે.

પશ્ચાત્કર્મ ૧. [સં. પશ્ચાત્કર્મન્] ન. પાછળ કરવાનું કામ.

૨. ન. (વૈદક) શરીરમાં જળ, વર્ષા અને અગ્નિનો જેવી વધારો આવ જેવું કામ. આવું કર્મ પછી આવે રોગ દૂર થતાં શરીરને અગાઉના જેવી સ્થિતિમાં લાવવા માટે કરવામાં આવે છે. જુદા જુદા રોગોમાં જુદું જુદું પશ્ચાત્કર્મ હોય છે.

૩. ન. (જૈન) સાધુ સાધ્વીને આહાર વહોરાવી તે નિમિત્તે સચેત પાણીથી હાથવ વગેરે ધોવાં તે.

પશ્ચાત્કર્ણરા [સં.] સ્ત્રી. એ નામની સાયજાની પાછળની બાજુ ઉપરની એક પેશીઃ અંધપિંડિકાપુચ્છી.

પશ્ચાત્કૃત ૧. વિ. નિરાકરણ કરેલું.

૨. વિ. પસાર થયેલ; અતીત થયેલ.

૩. વિ. સાધુનો વેશ ઉતારી ગૃહસ્થ બનેલ.

પશ્ચાત્કેંદ્ર [સં.] ન. પ્રમાણ પ્રમાણે 'પોસ્ટીરિયર પોલ.'

પશ્ચાત્કોષ્ઠ [સં.] પું. પશ્ચાત્ કોષ્ઠકઃ 'રેટ્રો પેરિટોનિયમ.'

પશ્ચાત્ખંડ [સં.] પું. પાછળનો ભાગ.

પશ્ચાત્તપ્ત [સં.] વિ. પસ્તાવો કે પશ્ચાત્તાપ કરતું.

પશ્ચાત્તાપ [સં.] પું. કોઈ અયોગ્ય કામ કરવાથી અથવા યોગ્ય કામ નહિ કરવાથી થતું માનસિક દુઃખ કે ખિન્નતા; અનુતાપ; અફસોસ; પસ્તાવોઃ દિલગીરી; ખેદાપો. હરિજન બંધુમાં ગાંધીજીએ લખ્યું છે કેઃ અંગ્રેજીમાં એક વચન છે કે, પોતાના ઉદ્ધારનો દૃઢ સંકલ્પ હોય, તો ચાહે તેટલી અધોગતિએ પહોંચેલો માણસ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. આપણને એવો ડોસ આપવામાં આવેલો છે કે, પાપીએ ગમે તેટલાં પાપ કર્યાં ન કર્યાં હોય, તે ગમે તેટલા પાપના ઊંડાણમાં કાં ન ખૂંતી ગયો હોય, અંતની ઘડીએ પણ પોતાના પાપનો એકરાર કરી તે બદલ પશ્ચાત્તાપ કરે, તો ફરીવાર તેને જન્મ ધારણ કરવો પડે. હું મરણ પછીના જીવનને અને અનેક જન્મોના ફેરામાં અખંડ ચાલુ રહેતા કર્મને માનનારો છું. આપણે અહીં જે વાવીએ, તે બીજે જન્મવાનું રહે છે; આ નિયમમાંથી કોઈનો

ઊતારો નથી. પરંતુ, પોતાની અંતઘડીએ જે માણસ પશ્ચાત્તાપ કરે, તો તે પસ્તાવાના તાપમાં તેનાં પાપ બળીને ખાખ થઈ જાય છે અને આવિ જન્મ પર તેમની કોઈ જાતની અસર રહેતી નથી.

પશ્ચાત્તાપ થવો–પ્રમવો = અફસોસ થવો; ભૂતકાળની રીતભાત માટે દિલગીરી થવી.

પશ્ચાત્તાપપુનિત [સં.] વિ. પસ્તાવે કરી પવિત્ર થયેલું

પશ્ચાત્તાપવિધિ [સં.] સ્ત્રી. દોષ કબૂલ કરીને ક્ષમા મેળવવાની ક્રિયા.

પશ્ચાત્તાપી ૧. [સં. પશ્ચાત્તાપિન્] વિ. પસ્તાવા જેવું; ખેદકારક.

૨. વિ. પસ્તાવો કરનાર.

પશ્ચાદસર [સં. પશ્ચાત્ (પાછળ) + સ (જવું)] વિ. પાછળ જાનાર.

પશ્ચાદસ્કોલ્ય ન્ગુ. પશ્ચાત્કોષ્ઠ.

પશ્ચાત્સંસ્તુતિ [સં.] સ્ત્રી. (જૈન) સોળ માંહેનો એ નામનો એક ઉત્પાદન દોષ; ભિક્ષા લીધા પછી દાતાનાં વખાણ કરવાથી સાધુને લાગતો દોષ.

પશ્ચાદનુતાપ [સં.] પું. પશ્ચાત્તાપ; પસ્તાવો.

પશ્ચાદનુપૂર્વી [સં.] સ્ત્રી. પાછળથી એટલે છેલ્લેથી અનુક્રમ મણવો તે.

પશ્ચાદનુભવજ્ઞાન [સં.] ન. અનુભવજન્ય જ્ઞાન; ઉદ્ભિજન્ય જ્ઞાન.

પશ્ચાદપિ [સં. પશ્ચાત્ (પાછળથી) + અપિ (પણ)] અ. પછીથી પણ.

પશ્ચાદયન [સં. પશ્ચાત્ + અયન] ન. (જ્યોતિષ) ગ્રહિયકની ગતિના બે માંહેનો એ નામનો એક ભેદ.

પશ્ચાદવલોકન ૧. [સં.] ન. પાછળ નજર કરવી તે.

૨. ન. પાછળથી વિચાર આવવો તે.

પશ્ચાદ્ગામી [સં. પશ્ચાત્ (પાછળ) + ગામિન્ (જનાર)] વિ. અનુગામી; પાછળ જનું; અનુસરતું.

પશ્ચાદ્દર્શન [સં. પશ્ચાત્ (પાછળ) + દર્શન (જોવું તે)] ન. સિંહાવલોકન; આઈ ગયાતોનો વિચાર.

પશ્ચાદ્દર્શી [સં. પશ્ચાદ્દર્શિન્] વિ. આઈ ગયાતોનો વિચાર કરનું; પ્રજ્ઞાવલોકી.

પશ્ચાદ્દૃષ્ટિ જુઓ પશ્ચાદ્દર્શન.

પશ્ચાદ્ભાગ [સં] પું. પાછલો ભાગ; પાછલો હિસ્સો.

પશ્ચાદ્ભાવી [સં. પશ્ચાદ્ભવિન્] વિ. પાછળથી બનાર.

પશ્ચાદ્ભૂ જુઓ પશ્ચાદ્ભૂમિ.

પશ્ચાદ્ભૂમિ [સં.] સ્ત્રી. ચિત્રની પાછળની ભૂમિકા; પાર્શ્વભૂમિકા; 'બૅક ગ્રાઉન્ડ.' તે તેને ઉઠાવ, છાયા વગેરે આપે છે.

પશ્ચાદ્ભ્રસ્તિષ્ક [સં.] ન. ખોપરીનો પાછલો ભાગ.

પશ્ચાદ્વર્તી [સં. પશ્ચાદ્વર્તિન્] વિ. પછીથી બનાર કે બનનાર; ઉત્તરકાલીન.

પશ્ચાદ્વાત [સં. પશ્ચાત્ (પાછળનું) + વાત (વાયુ)] પું. પશ્ચિમનો અનુકૂળ વાયુ.

પશ્ચાદ્વારસ પું. ઉત્તરાધિકારી.

પશ્ચાદ્વારેતુક ન. પાછલું ઘર.

પશ્ચાદ્વેષ સ્ત્રી. બાળક જન્મ્યા પછી ગર્ભાવસ્થામાં લોહી વગેરે પાતી વખતે થતું દરદ; પ્રસવ થયા પછી ગોરનો ભાગ અંદર રહી જવાથી સ્ત્રીઓને બાળક કરતી વીણી વીણી વેદના. આમાં કુદરતનો હેતુ અંદર રહેલ પદાર્થને બહાર મોકલવાનો છે. કેટલીક વખત આ પદાર્થનું બહું અંકાર સ્વરૂપ ધારણ કરે છે.

પશ્ચાનુતાપ [સં.] પું. પશ્ચાત્તાપ; અનુતાપ; પસ્તાવો.

પશ્ચાનુપૂર્વી [સં.] વિ. છેલ્લેથી પહેલા સુધીનું.

પશ્ચાન્નિપાતી [સં. પશ્ચાત્ (પાછળથી) + નિપાતિન્ (પડનાર)] વિ. (જૈન) પાછળથી સરી પડનાર; ચારિત્ર લીધા પછી તેને છોડી દેનાર.

પશ્ચારોહ [સં. પશ્ચા (પાછળ) + રોહ્ (રોપવું)] પું. (વૈદક) બરાબર બસ આપનાર ઓને ચાવનાર બાળકને થતો એક રોગ. આ રોગમાં બાળકને મુદ્દામાં બળતરા થાય છે, હોનો બરાબર પીળો મળ ઊતરે છે અને તેને સખ્ત તાવ આવે છે.

પશ્ચાર્ધ [સં.] પું. પાછળનો અર્ધ ભાગ; ઉત્તરાર્ધ.

પશ્ચિમ ૧. [સં.] સ્ત્રી. સૂર્ય બરતા બાજુ તે દિશા; બાયમણી દિશા.

૧. પશ્ચિમમાં સૂર્ય ઊગ્યો = કદી પણ ન બનવાનું બનવું.

૨. પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગે તોપણ હું ? = (૧) બરાબર પરિણામ આવે તોપણ હઠ ન છોડવી. (૨) નમવું ન બાપવાનું વલણ.

૨. ન. જોસફ માંહેનું એ નામનું એક વંશ.

૩. ન. બરપ, અમેરિકા વગેરે પશ્ચિમનો પ્રદેશ. હરિજન બંધુમાં આંખીજીએ લખ્યું છે કે: પશ્ચિમની દુનિયા ક્રિસ્તી ધર્મ પાળવાનો દાવો કરે છે, છતાં ત્યાં ક્રિસ્તીનો ધર્મ કે ક્રિસ્ત પોતે ક્યાંય જોવાના જડતા નથી, એ હકીકત પશ્ચિમને વિષે વિચિત્ર છે. બાકી, પશ્ચિમ ક્રિસ્તનો ધર્મ પાળતું હોય, અથવા ક્રિસ્તને અનુસરતું હોય, તો આવી સ્થાપત્તિ કેવી ? હું ઈસુનો ઉપદેશ એ જ રીતે સમજ્યો છું. અહીં હિંદુસ્તાનમાં પણ બધું અજ્ઞાન અને બધા વહેમો છે. છતાં અમારા લોકોમાં ઊંડે ઊંડે ઈશ્વરને વિષે શ્રદ્ધા છે–ધર્મ પર આસ્થાની સ્વાભાવિક વૃત્તિ છે.

પૂર્વ પશ્ચિમ વચ્ચે જે ઊંચ સિદ્ધાંતનો ભેદ,
સમજ્યા વિણ મિથ્યા છે પ્રયાસો આપણા સહુ.
આંખીગીતા

૪. વિ. આથમતું; પશ્ચિમનું.

૫. વિ. પાછળથી ઉત્પન્ન થયેલું.

૬. વિ. પાછળનું; પાછલું; છેલ્લું; અંતિમ.

પશ્ચિમ આનર્ત પું. (પુરાણ) પશ્ચિમ તરફનો એ નામનો એક દેશ. તેની રાજધાની કુશસ્થલી અથવા દ્વારકા હતી. પાંડવોના સમયમાં અહીં બલરામ અને કૃષ્ણ વગેરે રહેતા હતા.

પશ્ચિમકપાલ [સં.] ન. જેમાં મસ્તકનો પાછલો ભાગ સમાયેલો છે તે હાડકું.

પશ્ચિમકપાલાસ્થિ જુઓ પશ્ચિમકપાલ.

પશ્ચિમકપાલિકા ૧. [સં.] સ્ત્રી. કપાલમણિની શાખાની છ માંહેની એ નામની એક અનુશાખા.

૨. સ્ત્રી. પશ્ચિમકપિંજલ શાખાની બધુ માંહેની એ નામની એક અનુશાખા.

પશ્ચિમકપાલી યંત્ર ન. જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષ યંત્રાલય માંહેનું એ નામનું એક યંત્ર. સમ્રાટયંત્ર તથા ચક્રયંત્રના નીચેના ભાગમાં પશ્ચિમ તરફ આ યંત્ર આવેલું છે. આ યંત્રની વચમાંથી પસાર થતી લીટી આરે દિગ્રાંશોનું જ્ઞાન આપે છે. તેની મદદથી જોગાનુજોગ પદાર્થોની માફતી મેળવી શકાય છે.

પશ્ચિમકપિંજલા [સં.] સ્ત્રી. અહિર્બાતુક્ષ્ન ધમનીની એ નામની એક શાખા. આ નાની શાખા અહિર્બાતુકાગ્રીથી ક્રનની પછવાડેના પ્રદેશમાં ઉત્પન્ન થાય છે અને દ્વિગુંદિત પેશીના મૂળથી ઉપર તથા કર્ણમૂલિક્ષ ગ્રંથિની પાછળ ફેલાય છે. તે કાંબાસ્થિના ગોસ્તન પ્રવર્ધન અને કર્ણવિવરની વચ્ચે પેસે છે. તે પોતાની શાખાઓ વડે દ્વિગુંદિત વગેરે પેશીઓ તેમ જ કર્ણમૂલિક્ષ ગ્રંથિને પોષણ આપે છે. આ ઉપરાંત તેની બીજી બધુ અનુશાખા છે: અર્ણાંતરિકા, કર્ણપૃષ્ઠા અને પશ્ચિમકપાલિકા.

પશ્ચિમકર્ષિકા ધમની જુઓ પશ્ચિમકર્ષિણ.

પશ્ચિમ કાલ [સં.] પું. (જૈન) પાછલો વખત; સલેખણાનો સમય; અંતકાળ.

પશ્ચિમકૂટ [સં.] પું. અખનજાની કોરના ગોટલે અખનબારાના પાછલા ભાગ ઉપર આવેલા બે ઊપસતા ભાગ માંહેનો દરેક ભાગ.

પશ્ચિમ ગુજરાત પું. અર્વાચીનકાલ: સૌરાષ્ટ્ર.

પશ્ચિમ ગુંદ [સં.] પું. પાછલો ગૂમડો.

પશ્ચિમ ગોલાર્ધ [સં.] પું. પૃથ્વીનો પશ્ચિમ તરફનો અર્ધ ગોળ.

પશ્ચિમ ગોળાર્ધ જુઓ પશ્ચિમ ગોલાર્ધ.

પશ્ચિમગ્રીવિકા શિરા [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. તે ઓપરીની પાછલી બાજુ ઉપર રહેલી ઉત્તાન શિરાઓમાંથી ઉત્પન્ન થાય છે અને પશ્ચિમકપાલના મૂળ ભાગ ઉપરથી બાંસી રીતે નીચે ઊતરી આવી અધિમન્યામાં મળી જાય છે.

પશ્ચિમઘાટ પું. મુંબઈ ઇલાકાની પશ્ચિમ તરફની પર્વતમાળા. તે વિંધ્ય પર્વતની પશ્ચિમ શાખાની ઉંચટની ઢાળથી સમુદ્રને કિનારે કિનારે ગારજકોરની ઉત્તર સીમા સુધી ચાલી જાય છે.

પશ્ચિમઘ્રાણકૂટ પું. ભાલ ઘ્રાણેન્દ્રની પાછળ રહેલ ત્રણ માંહેનો દરેક ઢોલ.

પશ્ચિમજંઘિકા ધમની [સં.] સ્ત્રી. ઓર્વી ધમનીની એ નામની એક શાખા. તે જાનુપૃષ્ઠિકા પેશીની નીચલી કિનારીથી શરૂ થઈ, અંદરની ઘૂંટી તથા પાષ્ણિ વચ્ચેના પ્રદેશ સુધી નીચે ઊતરી જાય છે. શરૂઆતમાં તે જંઘાસ્થિની વચ્ચે રહેલી હોય છે, પરંતુ નીચે ઊતરતાં ક્રમે ક્રમે જંઘાની પાછલી બાજુ ઉપરથી તેની અંદરની સીમા ઉપર આવી જઈને અંદરની ઘૂંટીના નીચેયા પસાર થઈ પાદતલ તરફ જાય છે. તેનો શરૂઆતનો ભાગ જંઘાપિંડિકા વડે ઢંકાયેલો છે, પરંતુ ઘૂંટીની નજીક જંઘાની અંદરની બાજુ ઉપરનો તેનો ભાગ ફક્ત ત્વચા અને ચામડી વડે ઢંકાયેલો છે. આ ધમનીની સાત મુખ્ય શાખા છે. તેમાં સૌથી મોટી ધમની બહિર્જંઘિકા તરીકે ઓળખાય છે. આ ઉપરાંત કેટલીક માંસના શાખાઓ છે, જેઓ માંસપેશીઓને લોહી પૂરું પાડે છે.

પશ્ચિમજંઘિકાશિરા સ્ત્રી. પગની એ નામની એક શિરા.

પશ્ચિમજાનુશંખરબંધ [સં.] પું. એક અને બાયું સારી રીતે પાછળ નમાવીને બેસવાનું આસન.

પશ્ચિમતઃ [સં.] અ. પશ્ચિમ તરફથી.

પશ્ચિમતાન ન. (યોગ) ચોરાસી માંહેનું એ નામનું એક આસન. બંને પગને ઢંકની માફક સીધા કરી, બંને કોણીઓને બેકસાથે મેળવવી. પછી બંને હાથની તર્જની અને અંગૂઠા વડે પગના અંગૂઠા પકડીને માથાને ઘૂંટણ ઉપર રાખવું. બોલવું જમીનથી ઊંચા ન રાખવા દેવા. આ અવસ્થા તે પશ્ચિમતાન આસન કહેવાય છે. આ આસનનો અભ્યાસ કરવાથી વખતે પહેલાં તો પગને ફેલાવીને તે તરફ હાથ લાંબા કરીને શરીરને ચારેવાર પગ તરફ ઝુકાવવું પડે છે. હમેશ અર્ધો કલાક આ રીતે કરવાથી આઠ દસ દિવસમાં આ આસન સિદ્ધ થઈ જાય છે. પછી ધીમે ધીમે વધુ રાખવાની ટેવ પાડવી. આ આસનથી નસો મલ રહિત થઈ નરમ બને છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, કફ, આમ અને મેદ નાશ થાય છે, તથા નોળિયાની કરવામાં બહુ સહાયતા મળે છે. મંદાગ્નિ, મલાવરોધ, અજીર્ણ, ઉદરરોગ, કૃમિવિકાર, પ્રતિશ્યાય, વાતવિકાર વગેરે રોગ પણ મટે છે. આ આસનના અભ્યાસથી પ્રાણતત્ત્વ સુષુમ્ણા નાડીમાં જઈને મસ્તકમાં પાછળી તરફથી આવવા માંડે છે. તે પશ્ચિમબ્રહ્મગમન કહેવાય છે અને તેથી આ આસન પશ્ચિમતાનાસન કહેવાય છે. સિદ્ધાસન, પદ્માસન વગેરે આસનમાં પૂર્વ અને પશ્ચિમ બંને માર્ગ ઉપર સરખી અસર થાય છે. પ્રાણતત્ત્વ ચૂપચાપમાં જઈ ઊર્ધ્વસહસ્રદલકમલમાં ગતિ કરે તેને પૂર્વ માર્ગ કહે છે. બંને માર્ગને બદલે એકજ માર્ગ ઉપર બધી શક્તિનો પ્રયોગ થવાથી ત્વરિત સફળતા મળે છે; તેથી આ આસન યોગીઓએ બહુ જ લાભદાયક માનેલ છે.

પશ્ચિમતાનાસન જુઓ પશ્ચિમતાન.

પશ્ચિમત્રિગર્ત પું. (પુરાણ) સિબિ દેશની પશ્ચિમે આવેલો એ નામનો દેશ. પાંડવોના વખતમાં અહીં ક્ષેમકર વગેરે ભોગ રાજા હતા.

પશ્ચિમદક્ષિણ [સં.] વિ. પશ્ચિમ અને દક્ષિણ વચ્ચેનું; નૈર્ઋત્ય.

પશ્ચિમદશાર્ણ [સં.] પું. (પુરાણ) મધ્યભારત દેશની પશ્ચિમે આવેલો એ નામનો એક દેશ. પાંડવોના વખતમાં અહીં હિરણ્યવર્મા નામનો રાજા હતો.

પશ્ચિમદંતિક ધમની [સં.] સ્ત્રી. અનુપિંડની ગ્રીવોત્તરતલ નામની ભાગ ઉપર આવેલ પશ્ચિમદંતિક નામના છિદ્રમાંથી પસાર થતી ધમની.

પશ્ચિમદિક્પતિ [સં.] પું. વરુણ.

પશ્ચિમદિશાવર્તી [સં. પશ્ચિમદિશાવર્તિન્] વિ. પશ્ચિમ દિશામાં આવેલું.

પશ્ચિમદ્વાર ન. મુદ્રા.

પશ્ચિમપથ [સં.] પું. પશ્ચિમ દિશાએ જનારો રસ્તો.

પશ્ચિમપંજાબી સ્ત્રી. ઉત્તર અપભ્રંશમાંથી ઉત્પન્ન થયેલી એ નામની એક ભાષા.

પશ્ચિમપંચાલ પું. (પુરાણ) હાલનો રોહિલખંડ પશ્ચિમે આવેલ એ નામનો દેશ. પાંડવોના સમયમાં અહીં દ્રુપદ રાજા રાજ્ય કરતો હતો.

પશ્ચિમપ્રબંધની [સં.] સ્ત્રી. વક્ષઃસ્થલની પાંચ માંહેની એક પ્રબંધની. તે વક્ષઃસ્થલના પીઠ ભાગને મહાપ્રાચીરા પેશી સાથે જોડે છે.

પશ્ચિમપ્રાકૃત [સં.] સ્ત્રી. પ્રાકૃતમાંથી ઉત્પન્ન થયેલી એ નામની એક ભાષા.

પશ્ચિમબર્બર પું. પશ્ચિમ સમુદ્રમાંનો એ નામનો દેશ.

પશ્ચિમબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. પાછળથી ઉત્પન્ન થયેલો વિચાર.

૨. વિ. પાછળથી જોને ઊંડા સૂરે જોવું.

પશ્ચિમબુદ્ધિમું વિ. પછીથી વિચારનાર; પાછળથી જોને ઊંડા સૂરે જોવું.

પશ્ચિમ બ્રહ્મદેશ [સં.] પું. (પુરાણ) કુરુક્ષેત્રની પશ્ચિમે અને સારસ્વત દેશની પૂર્વે આવેલો એ નામનો એક દેશ.

પશ્ચિમ બ્રહ્મદ્વીપ પું. (પુરાણ) પશ્ચિમ સમુદ્રમાંનો લાલ ચોકોનો દેશ.

પશ્ચિમ ભાલવ [સં.] પું. (પુરાણ) ઉદ્ભ્રમની પશ્ચિમે આવેલો માલવા દેશ.

પશ્ચિમમુખી ૧. [સં. પશ્ચિમમુખિન્] વિ. પશ્ચિમ તરફ મુખવાળું.

૨. વિ. પશ્ચિમ બાજુનું; પશ્ચિમ તરફનું.

પશ્ચિમમુખ [સં.] વિ. પશ્ચિમના સુધારામાં મોહ પામેલું.

પશ્ચિમ યવન [સં.] પું. (પુરાણ) પશ્ચિમ સમુદ્રમાંનો યવનોનો દેશ.

પશ્ચિમયામકૃત્ય [સં.] ન. રાત્રિના છેલ્લા પહોરે કરવાનું કર્તવ્ય.

પશ્ચિમરાજસ્થાની સ્ત્રી. જૂની ગુજરાતી ભાષાને મળતી એ નામની એક ભાષા.

પશ્ચિમરાત્ર જુઓ પશ્ચિમરાત્રિ.

પશ્ચિમરાત્રિ [સં.] સ્ત્રી. પાછળનો રાતઃ રાત્રિનો પાછળનો ભાગ.

પશ્ચિમરેખાંશવૃત્ત [સં.] ન. ગ્રીનરેખાંશવૃત્તની પશ્ચિમમાં આવેલ રેખાંશવૃત્ત.

પશ્ચિમવય [સં. પશ્ચિમ (પાછળનું) + વયસ (અવસ્થા)] ન. ઘડપણ; વૃદ્ધાવસ્થા.

પશ્ચિમવાયુ [સં.] પું. પશ્ચિમ દિશામાંથી આવતો પવન.

પશ્ચિમવાસી [સં. પશ્ચિમવાસિન્] વિ. પશ્ચિમમાં રહેનાર.

> સેવી અનુરી સિદ્ધાંત નવ્યો પાશ્ચિમવાસીને,
> ચલાવ્યા સુધારોને પૂર્વ ઋષિમુનિ ત્યો.
> — ગાંધીગીતા

પશ્ચિમવાહિની [સં.] વિ.સ્ત્રી. પશ્ચિમ તરફ વહેતી.

પશ્ચિમશૂરસેન [સં.] પું. (પુરાણ) પશ્ચિમ પાંચાળની પશ્ચિમે આવેલો એ નામનો એક દેશ. તેની રાજધાની મથુરા હતી.

પશ્ચિમસંધ્યા સ્ત્રી. (જૈન) ઉત્સર્પ વખતની સંધ્યાઃ અંત વખતે દુષમાદિને ટાળવા તે.

પશ્ચિમ સાગર [સં.] પું. આયર્લૅંડ અને અમેરિકા વચ્ચેનો સમુદ્રઃ અટલાંટિક મહાસાગર.

પશ્ચિમ હિંદી સ્ત્રી. હિંદની એક પ્રાંતિક બોલી.

પશ્ચિમા [સં.] સ્ત્રી. પશ્ચિમ દિશા.

પશ્ચિમાચલ [સં. પશ્ચિમ + અચલ (પર્વત)] પું. અસ્તાચલઃ એ નામનો એક કલ્પિત પર્વત. તેના સંબંધમાં લોકોની એવી માન્યતા છે કે, અસ્ત પામવા વખતે સૂર્ય તેની પછવાડે ભરાઈ જાય છે.

પશ્ચિમાધરા [સં.] સ્ત્રી. ખોપરીના તળિયામાં રહેલી શિરાસરિતાઓના બે મોંહેનો એ નામનો એક વિભાગ.

પશ્ચિમાપ્રકોષ્ઠાંતરાલા [સં.] સ્ત્રી. એ નામની એક નાડી.

પશ્ચિમાભિમુખ [સં.] વિ. પશ્ચિમ તરફ આવેલા મોંવાળું; પશ્ચિમ બાજુએ મોંવાળું.

પશ્ચિમામ્નાય [સં.] પું. તંત્રિકતંત્રમાં આવેલાં છ મોંહેનું એ નામનું એક ચક્ર.

પશ્ચિમાયન [સં.] ન. પશ્ચિમમાં જવું તે.

પશ્ચિમારિત્રા સ્ત્રી. એ નામની એક ચેરી. આ નામની ઉત્તરા અને અપરા બને ચેરીઓ ભરડાની બાજુમાં આવેલી છે. આમાંની પહેલી ચેરી ગ્રીવાધર નામના સ્નાયુસમૂહ ઉપરથી, સાતમી ગ્રીવાકશેરુકા તથા ઉપલી બે વક્ષ પૃષ્ઠકશેરુકાઓ ઉપરથી ઉત્પન્ન થઈને ત્રાંસ જુદાં જુદાં મુખો વડે બીજી, ત્રીજી, ચોથી તથા પાંચમી પર્શુકાઓના પાછલા અર્ધ ભાગમાં આવેલી છે. પશ્ચિમારિત્રા અપરા ચેરી, બે ઉપલી પૃષ્ઠકશેરુકા તથા પહેલી બાજુ કટિકશેરુકાઓના પૃષ્ઠકાંડો ઉપરથી ઉત્પન્ન થઈ ત્રાંસ જુદાં જુદાં મુખો વડે ઉપલી ત્રાંસળીઓના પાછલા અર્ધ ભાગમાં આવેલી છે. આમાંની ઉત્તર ચેરી શ્વાસ અંદર લેતી વખતે પોતાના સંબંધમાં આવતી પાંસળીઓને ઊંચે ખેંચે છે, જ્યારે અપરા પશ્ચિમારિત્રા ચેરી પોતાના સંબંધમાં આવતી પાસળીઓને શ્વાસ બહાર કાઢતી વખતે નીચે ખેંચે છે.

પશ્ચિમાર્ણવ જુઓ પશ્ચિમસાગર.

પશ્ચિમાર્ધ [સં.] પું. પાછળનો અર્ધ ભાગઃ ઉત્તરાર્ધઃ ઉત્તરનો અર્ધ ભાગ.

પશ્ચિમાવસ્થા ૧. [સં.] સ્ત્રી. જરાવસ્થા.
૨. સ્ત્રી. વૃદ્ધાવસ્થાઃ ઘડપણ.

પશ્ચિમાશિર [સં.] ન. ખોપરીની પાછળના ભાગમાં ઢળી જાલુએ આવેલું હાડકું.

પશ્ચિમી ૧. સ્ત્રી. એ નામની એક ભારતીય લિપિ.
૨. [સં.] વિ. પશ્ચિમનું; પશ્ચિમને લગતું.

પશ્ચિમી ઘાટ જુઓ પશ્ચિમ ઘાટ.

પશ્ચિમીય વિ. પશ્ચિમનું.

પશ્ચિમી લિપિ [સં.] સ્ત્રી. એક પ્રકારની લિપિ. તે કાઠિયાવાડ, ગુજરાત, નાસિક, ખાનદેશ, સતારા જિલ્લો, હૈદરાબાદ રાજ્યનો કેટલોક ભાગ, કોલ્હાપુર તથા મહિસુર રાજ્યમાં ઈ. સ.ની પાંચમી સદીથી નવમી સદી સુધી ચાલી. ઈ. સ.ની પાંચમી સદીમાં રજપૂતાના તથા મધ્ય ભારતમાં આ લિપિનો કંઈક કંઈક પ્રચાર હતો. આ લિપિ ઉપર ઉતરી લિપિની ઘણી અસર થઈ છે. ભારતવર્ષના પશ્ચિમ ભાગમાં એનો વધારે પ્રચાર હોવાથી તેને પશ્ચિમી લિપિ નામ આપવામાં આવ્યું છે.

પશ્ચિમી સંવત પું. ભારતીય જ્યોતીષ મોંહેનો એ નામનો એક સંવત. આ સંવત ૮૨૫ થી શરૂ થયો છે. તેને કોલ્લમ સંવત, કોલંબ સંવત અને પરશુરામ સંવત પણ કહે છે. કોલ્લમ કહેરની આસપાસ વખતે આ સંવત ચાલુ થયો હોવો જોઈએ. આ સંવત મહાભારથી કન્યાકુમારી સુધી અને તિનેવેલ્લિ જિલ્લામાં પ્રચલિત છે.

પશ્ચિમોત્તર ૧. [સં. પશ્ચિમ + ઉત્તર] પું. વાયવ્ય ખૂણો.
૨. વિ. પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનું; વાયવ્ય.

પશ્ચિમોત્તરા [સં.] સ્ત્રી. વાયવ્ય ખૂણો.

પશ્ચિમોત્તાન જુઓ પશ્ચિમતાન.

પશ્ચિમોત્તાનાસન જુઓ પશ્ચિમતાન.

પશ્ચિમોદધિ [સં.] પું. પશ્ચિમ સાગર.

પશ્ત [હિં.] પું. બંગલો.

પશ્તા [ફા. પુશ્તા] પું. કિનારોઃ તટ.

પશ્તુ જુઓ પશ્તો ૩.

પશ્તો ૧. [હિં.] પું. (સંગીત) એક જાતનો તાલ. તેમાં સાત માત્રા હોય છે. પહેલી, ચોથી, છઠ્ઠી અને સાતમી માત્રા ઉપર તાલ આવે છે.
૨. પું. (સંગીત) સાડાચાર માત્રાનો એક તાલ. તેમાં બે આઘાત હોય છે. તેના બોલઃ તિ, તક, ધિ, ધા, ગે.
૩. સ્ત્રી. એ નામની એક આર્ય ભાષા. તેમાં ઇરાની ભાષાના બહુ શબ્દો છે. હિંદની વાયવ્ય સરહદથી અફઘાનિસ્તાન સુધી તે બોલાય છે.

પશ્મ ૧. [સં.] સ્ત્રી. ઊન.
૨. સ્ત્રી. શ્વાનનો વાળ.
૩. સ્ત્રી. મૂલેંદ્રિય ઉપર ઊગતો વાળ; ઝાંટું.

પશ્મક [સં.] સ્ત્રી. એક જાતની મીઠાઈ.

પશ્માઈ સ્ત્રી. કુમાશઃ સુંવાળપઃ મુલાયમપણું.

પશ્મી [સં.] વિ. ઊનનું; ઊનનું બનેલું.

પશ્મીન જુઓ પશ્મી.

પશ્મીના [સં.] ન. એક જાતનું સુંદર અને પોચું ઊનનું કપડું. તે કશ્મીર, તિબેટ વગેરે પહાડી અને ઠંડા દેશમાં બહુ સારું અને વિશેષપણે થાય છે.

પશ્ય ૧. પું. વિવેકી જીવાત્મા.
૨. [સં.] વિ. જોનારઃ જોઈ લેનાર.
૩. અ. પ્રશંસા તથા વિસ્મયના અર્થમાં વપરાતો અવ્યય.

પશ્યતોહર ૧. [સં.] પું. સોની.
૨. પું. સોના જેવાં જ બીજ આંબાને ચોરી કરનાર બાવુસ.

પશ્યંતી ૧. [સં.] સ્ત્રી. ચાર ખાણીની એક પ્રકારની વાણી. ભારતી શાસ્ત્રોમાં વાણીનાં ચાર ભેદ માન્યા છે: પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. મૂલાધારથી ઊઠતા નાદને પરા કહે છે. જ્યારે તે મૂલાધારથી હૃદયમાં પહોંચે ત્યારે પશ્યંતી કહેવાય છે. ત્યાંથી આગળ વધીને તથા બુદ્ધિ સાથે જોડાતાં તે મધ્યમા થાય છે અને જ્યારે કંઠમાં આવી બધાથી સંભળાય એવી બને ત્યારે તે વૈખરી કહેવાય છે.
૨. સ્ત્રી. દેખતી કે જોતી સ્ત્રી.

પશ્યયન [સં.] ન. એક જાતનો યાગ.

પશ્ચવધાન [સં.] ન. પશુઓનાં અમુક અમુક અંગનું ઊંડન.

પશ્ચાચાર ૧. [સં.] પું. (તાંત્રિક) ક્રમના અને સંકલ્પપૂર્વક વૈદિક રીતિથી કરેલું પૂજન. તાંત્રિકો દિવ્ય, વીર અને પશુ એવી ત્રણ ભાવનાથી સાધના કરે છે. આમાંથી માત્ર છેલ્લી ભાવના કળિયુગમાં વિશેષ છે અને પશુભાવથી પૂજા કરવાથી સિદ્ધિ થાય છે એમ તેઓ માને છે. પશ્ચાચારીએ નિત્ય સ્નાન, સંધ્યા, પૂજન, જાપ તથા વિધિકર્મ કરવાં જોઈએ, બધાંને સમાન ભાવથી જોવાં જોઈએ, કોઈનું ખરાબ જોવું ન જોઈએ, હંમેશા સત્ય બોલવું જોઈએ અને મદ્ય, માંસનો બહિષ્કાર નં કરવો જોઈએ.

૨. પું. પશુઓનો આચાર કે તેવું વર્તન.

પશ્ચાચારી ૧. [સં. પશ્ચાચારિન] વિ. પશુના જેવા વર્તનવાળું.

૨. વિ. પશ્ચાચાર કરનાર; ક્રમના અને સંકલ્પપૂર્વક વૈદિક રીતિથી કરેલું પૂજન કરનાર.

પશ્ચિનક્યા [સં.] સ્ત્રી. એક જાતનો પશુયજ્ઞ.

પશ્ચિષ્ટિ [સં.] સ્ત્રી. પશુયાગના અંગરૂપ એક યજ્ઞ.

પશ્વેકાદશિની ૧. [સં.] સ્ત્રી. અગિયાર દેવતાઓને ઉદ્દેશીને બલિ આપવામાં આવે છે તેવો એક જાતનો યજ્ઞ.

૨. સ્ત્રી. અગિયાર પશુઓથી સાધ્ય એક જા.

પષ્ ૧. [સં.] સ. ક્રિ. જવું.

૨. સ. ક્રિ. ભેદ કરવું; ભાંખવું.

૩. સ. ક્રિ. સ્પર્શ કરવો.

૪. સ. ક્રિ. હણવું.

૫. સ. ક્રિ. હરકત કરવી.

પષાણ [સં. પાષાણ] પું. પાણો; પત્થર.

> માત્ર અરધ પ્રસ્તર ઉપલ,
> શિલ પષાણ અતિસાર;
> પત્થા પાણી પથ તરે
> જેના નામ આધાર. વિનયસાગરોપ

પષ્ઠવાહ [સં. પષ્ઠવાહ્] પું. ભાર ઊંચકી શકે તેવો પાંચ વર્ષનો બળદ.

પષ્ઠૌહી [સં.] સ્ત્રી. પાંચ વરસની ગાય.

પસ ૧. પું. (વહાણવટું) વહાણ ઉપર ભરવા માટે વપરાતો સાધારણ ખૂણાવાળો ખૂરિયો.

૨. પું. વિવાહ કે જેવા શુભ પ્રસંગે આપાતી ભેટ કે વધાવુ

૩. સ્ત્રી. પસલો; પોલ; ખોખો.

૪. [કા.] અ. જે કારણથી; તેટલા માટે.

૫. અ. છેવટે; આખરે.

૬. સ. પાછળ; પછવાડે.

પસર્જનાર [સં.] પું. બકરાં વગેરે; ઘેટું.

પસકરણ વિ. અપર; બરાબર; બનાવું.

પસકસ [સં.] પું. પાપું હલવું તે.

પસખુર્દા [ફા.] પું. ઓશિયાળું જીવતાં પાળવા પોષવા આપ.

પસચૈષ્ટત [સં.] સ્ત્રી. કોઈની ગેરહાજરીમાં તેની નિંદા કરવી તે.

પસજ પું. (કચ્છી) ખેતું તે.

પસતાગિયો પું. સામસામા વેગનારો આખલા; ગાડિયો; પસતામિયો.

પસતાલ પું. પાણિવાળા સ્થળની આજપાસ થતું એક જાતનું ઘાસ. પશુ તે બહુ ખાય છે. કોઈ કોઈ સ્થળે ક્યારીના ચોકો તેના હોય છે બીનો ઉપરોક્ત અનાજ તરીકે કરે છે.

પસતાળ જ. પ્રતિજ્ઞા; પક્ષ; ટેક.

પસન વિ. પસંદ; ગમે એવું.

પસની [સં. પ્રાશન] સ્ત્રી. (હિંદી) અન્નપ્રાશન નામનો સંસ્કાર. તેમાં બાળકને પહેલી વખત અનાજ ખવડાવામાં આવે છે.

પસપ [કા.] ન. પહાંડી બળીને બેસવું તે.

પસપૂત [સં. પોષ્યપુત્ર] પું. બીજે બેસાડેલ દીકરો; દત્તક પુત્ર.

પસમ ૧. સ્ત્રી. (કચ્છી) ભિન

૨. સ્ત્રી. (કચ્છી) મુખવાસ.

પસમાઈ સ્ત્રી. (કચ્છી) મુખવાસ.

પસમાંઢા [કા.] વિ. પાછળ રહેનાર કે છૂટનાર.

પસર ૧. પું. આક્રમણ; ચઢાઈ.

૨. [સં. પ્રસર] પું. વિસ્તાર; પ્રસાર; ફેલાવો.

૩. પું. હથેળીને ભેગી કરવાથી બનતો ખાડો; બન્ને ખોબાને જોડવાથી બનતો ખાડો; બન્ને ખોબાનું જોડાણ.

૪. સ્ત્રી.જ. બળસકામાં ઝાકળબિંદુ પાસ હોરને ચરાવવું તે; રાતને વખતે હોરને ચરાવવાનું કામ; બળસકે હોરને ચરવા લઈ જવાં તે; ચરહ; હોરને ચરાવવાનું ચારવું તે.

પસરચ [સં. પ્રસરણ] ન. પ્રસાર; ફેલાવો; વિસ્તાર.

પસરચ ૧. [કા.] પું. રસાલો.

૨. વિ. અનુચરો; આશ્રિત.

પસરવું ૧. સ. ક્રિ. અદશ્ય થવું.

૨. [સં. પ્ર + સૃ] અ. ક્રિ. પસરી કે ફેલાઈ જવું; પ્રસરવું; ફેલાવું; આજુબાજુ મોટા વિસ્તાર ઉપર પથરાવુ.

૩. સ. ક્રિ. ફેલવું; ખીલવું; વધવું.

પસરહદ્દા [હિં.] પું. ઔષધિ અને મસાલો વેચાતાં હોય તે સ્થળ.

પસરાવવું ૧. [સં. પ્ર + સૃ] સ. ક્રિ. અદશ્ય થવા તેમ કરવું.

૨. સ. ક્રિ. પ્રસરે તેમ કરવું; ફેલાવવુ.

૩. સ. ક્રિ. કુવાવવું; વધારવું; ખીલવવું.

પસરાવું જુઓ પસરવું.

પસરુ ૧. વિ. અદશ્ય થતું.

૨. વિ. ખીલતું; ફૂલતું; વધતું.

૩. વિ. પ્રસરતું; ફેલાતું.

પસલિયાત વિ. પું. બહેનને વીરપસલી આપનાર. ભાઈને માટે બોલાય છે.

પસલી ૧. સ્ત્રી. એક આચમનનું જળ રહે એવો હાથના પહોંચાનો આકાર; અરધી ખોબો; અંજલિ.

૨. સ્ત્રી. પસા; પોલ; ખોબો.

૩. સ્ત્રી. પાંસળી.

૧. પસલી પહોરી = મનમાં ઉત્સાહ થવો.

૨. પસલીનો રોગ = બરડાંબોનો એક પ્રકારનો રોગ. તેમાં તેનો શ્વાસ જોરથી આવે છે.

૪. સ્ત્રી. પોલમાં રહે એટલું કે કોઈ તે.

૫. સ્ત્રી. (કચ્છી) કુવેડું.

૬. સ્ત્રી. બાઈ તરફથી બહેનને આપવામાં આવતી બક્ષિસ; ભાઈની બહેનને ભેટ.

૭ સ્ત્રી. વીંટી.

પસલીભંગ પું. પાંસળી ભાંગી જવી તે.

પસલીયા સ્ત્રી. મધ્ય શરીરના પાર્શ્વભાગનું હાડકું; પશુઓ; પાંસળી.

પસલો પું. ખોબો.

પસવ ૧. સ. એક જાતનું સુંદર અને સુંવાળું પક્ષી.

૨. સ. હરણની જાતનું એક પ્રાણી.

પસવા [હિં.] પું. હલકો ગુલાબી રંગ.

પસવાડું (પસવાડું) સ. પડખું; પાસું; બાજુ.

પસવારવું ૧. સ. ક્રિ. પસારવું; પહોળું કરવુ.

૨. સ. ક્રિ. સારે લાગે એમ શરીરને સ્પર્શ કરવો; ધીમે ધીમે હાથ ફેરવવો; પંપાળવું.

પસવાવવું સ. ક્રિ. પંપાળવું; પસવારવુ.

પસહી [હિં.] પું. રાજમરો.

પસંગ સ. કોંકણના પર્વત ઉપર વસતું રતુંબડા રંગનું એક જાતનું જનાવર.

પસંગા ૧. [કા. પાસંગ] પું. વાજવાનાં બંને પલ્લાંનું વજન બરાબર કરવા એકબ વજનના પલ્લામાં બાંધવામાં આવતું વજન; ધડો.

૨. વિ. બહુ મોટું.

પસંદ ૧. સ્ત્રી. મારું લાગવાની વૃત્તિ; અભિરુચિ.
૨. વિ. પસંદ કરેલું.
૩. [ફા.] વિ. મનને ગમતું; દિલ રીઝતું; ભાવતું; ગમતું; અનુકૂળ પડતું; મન માનતું.
૧. પસંદ આવવું-પડવું = પસંદગી ઊતરવી; ગમવું.
૨. પસંદ કરવું = (૧) અનુકૂળ આવવું. (૨) કબૂલ કરવું; માન્ય રાખવું; સ્વીકારવું. (૩) મનને ગમતું હોય તે તારવવું; પસંદગી કરવી; ચૂંટી કાઢવું.
૪. વિ. માન્ય કરેલું; સ્વીકારેલું.
સુખના હસતે મુખે, તેણે ઊકળતે પખો;
જેનને જાણે ભેજ, પસંદ કરી મુકશે.
ગાંધીબાપ

પસંદગી ૧. [ફા.] સ્ત્રી. મનની રુચિ; પસંદ કરવું તે; રુચિ; દિલચાહ; રાજીખુશી.
૨. સ્ત્રી. મંજૂરી; કબૂલત; સંમતિ; અનુમોદન; અનુમત.
૩. સ્ત્રી ઘરણી; ચૂંટણી; ચૂંટી કાઢવું તે.
૧. પસંદગી કરવી = પખાંમાંથી મનને ગમતી વસ્તુને ઊપાડી લેવા અનુમતિ આપવી.
૨. પસંદગી પામવી = દીલને પસંદ પડવું; રુચવું.

પસંદી જુઓ પસંદગી.

પસંદીદા [ફા.] વિ. પસંદ કરેલું.

પસા ૧ [હિ.] પું. ખોબો; અંજલિ.
૨. પું. (કચ્છી) છાજ.
૩. પું. (કચ્છી) શ્વાસોચ્છ્વાસ.
૪. સ્ત્રી. અગાઉના વખતમાં રાજાના માણસોને દાનમાં અપાતા ઘોડા, હાથી, રથ, ગાયો, બેસો, ઊંટ વગેરે સિવાયની.
૫. સ્ત્રી. નવી ખેડાણ જમીન. બે વરસ પરત તેની મહેસૂલ લેવાતી નથી.

પસાઈ ૧. [સં. પ્રસાદ] સ્ત્રી. કૃપા; મહેરબાની.
સરસતિ સામિણિ પીનવું ગાઇસ્યું તુઝ પસાઈ;
સાચા અક્ષર મેલવે કર્મણ લાગઇ પાઇ.
સીતાહરણ (સં. ૧૪૨૬)
૨. સ્ત્રી. પગતાલ નામનું ઘાસ.
૩. સ્ત્રી. પ્રભાવ; પ્રતાપ.
૪. સ્ત્રી. બક્ષિસ; ભેટ.
૫. સ્ત્રી. રાજભરો.

પસાઉ ૧. [સં. પ્રસાદ] પું. કૃપા; પ્રસન્નતા; અનુગ્રહ.
૨. પું. ધન; દોલત.

પસાય ૧. [સં. પ્રસાદ] પું;સ્ત્રી. (પ્રાકૃત) કૃપા; મહેરબાની.
૨. પું;સ્ત્રી. ખુશી થઈને ભક્તો સેવાના બદલામાં આપેલી ભેટ; કૃપાદાન; રાજી થઈને આપેલી બક્ષિસ.
હાર આપે દામોદર રાય,
તો નરસૈંની કરો પસાય. નરસિંહ

પસાયતું ન. સેવાના બદલામાં ભક્તો વંશપરંપરા તરીકે આપેલી વગર ખાતરની જમીન; બક્ષિસ તરીકેની જમીન; પેઢી દર પેઢી ચાલ્યા કરે એવી જમીનની બક્ષિસ; ગામનાં વસવાયાંને ગામનાં કામકાજ કરવાના બદલા તરીકે આપેલી જમીન.

પસાયતો પું. ગામડાના રક્ષણ માટેનો સિપાઈ; ગામડાનો ચોકીદાર.

પસાર ૧. પું ચાલવાની કસરત.
૨. પું. પોબારા ભણવા તે; નાસી જવું તે.
૩. પું. પ્રવેશ; પેસારો; દાખલ થવું તે.
૪. [સં. પ્રસાર] પું. (પ્રાકૃત) પ્રસાર; ફેલાવો; પ્રચાર; ફેલાવાની ક્રિયા; વ્યાપ્તિ; આસપાસના તમામ ગામમાં આપી જવું તે.
૫. પું. વિસ્તાર.
૬. સ્ત્રી. આંટા મારવા તે જ્યાંથી ત્યાં ને ત્યાંથી ત્યાં ફેરા કરવા તે. જગ્યા પછી જે ચોકો કરતાં આંટા મારવા માટે ખોલાય છે.
પસાર કરવી = જગ્યા પછી ચોકો ચાલવું.
૭. વિ. કસોટીમાં પાર ઊતરેલું.
પસાર થવું = પરીક્ષામાંથી પાર થવું.
૮. વિ. પટાવેલું; આરપાર ગયેલું; એક છેડેથી બીજે છેડે નીકળી ગયેલ હોય એવું; પાર ઊતરેલું. બહુધા વિશેષ વિશેષણ તરીકે વપરાય છે.
પસાર કરવું = અંદર જઈને બહાર નાખવું; એક છેડેથી બીજે છેડે કાઢી નાખવું.
૯. વ. કસોટીમાંથી નીકળી જવું હોય તેમ.

પસારણ પું. (કચ્છી) ફેલાવવું તે.

પસારવું ૧. સ. ક્રિ. આગળ વધવું; એકઠો મુકામ પટાવી આગળ જવું.
૨. સ. ક્રિ. અંદર જઈને જવા દેવું.
૩. સ ક્રિ. ખુશીથી કબૂલ રખાવવું.
૪. [સં. પ્રસારય] સ ક્રિ. બધા લોકમાં અને મોટા વિસ્તાર ઉપર પ્રસરી જાય એમ કરવું; ફેલાવવું.
૫. સ. ક્રિ. ચોરી લેવું.
૬. સ. ક્રિ. ન બનવા કરવું.
૭. સ. ક્રિ. પરીક્ષામાં પાસ કરવું.
૮. સ. ક્રિ. સંભાળવું; સાંધું થઈ રહે તેમ કરવું; વધારવું.

પસારી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું ગંધિયાણું.
૨. સ્ત્રી. પસાર; ફેલાવ; વિસ્તાર.
૩. સ્ત્રી. સંભાર.
૪. વિ. તેલનો વેચનાર.

પસારો ૧. પું. અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓ.
૨. પું. ભાહેરાત.
૩. પું. ધીરે ધીરે પેસવું તે; પ્રવેશ; દાખલ થવું તે.
૪. પું. ફેલાવો; પ્રસાર.

પસાવ પું. એક જાતનો સિક્કો.

પસાવન [સં. પ્રસાવણ] ન. ઓસામણ.

પસાવવું ૧. સ. ક્રિ. અજમાવવું; અખતરો કરવો.
૨. સ. ક્રિ. ઓસાવવું.

પસિયા ૧. સ્ત્રી. ભોજા જાતિની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પસિયારું ૧. [દે. પક્ષ્મરિપ] ન. કરોળિયાના જળબ્રમનો વચ્ચેનો ભાગ.
૨. ન. ખરેખામાં ખીલી ભાલવાનું નાનું; પચ્ચિમારું.
૩. ન. ચચ્ચિયારું; બળબળે; બરડવું.
૪. ન. પાંખિયું; સાંધો; બખ્ખાં, બંગડી વગેરે ગોળ બાંધનો ઊભડે અને બંધ થઈ જાય એવો એક ભાગ.

પસિંજર ૧. [હિં.] સ્ત્રી. મુસાફરો માટેની રેલગાડી. તે દરેક સ્ટેશને રોકાતી હોય છે અને ટપાલગાડી કરતાં તેની ઝડપ ઓછી હોય છે.
૨. [અં. પેસેંજર] ન. મુસાફર; રેલગાડી કે આગબોટનો ઊતાર.

પસીજ ૧. [ફા.] પું. મુસાફરી માટેનો ખોરાક.
૨ વિ. તૈયાર.

પસીજવું ૧. અ. ક્રિ. બફાવવું; બહુ નરમ થઈ જવું.
૨. અ. ક્રિ. ઝળી જવું; ઓછું થઈ જવું.
૩. અ. ક્રિ. દયા આવવી; દયાર્દ્ર હોવું.
૪. અ ક્રિ. પરસેવો વળવો.
૫. અ. ક્રિ. રસોઈ બધુ બાજની પાકવા પછી તે ધીમે તાપે પાકવી.

પસીન ૧. [ફા.] વિ છેલ્લું; છેવટનું.
૨ વિ. સુધરેલું.

પસીનિયાન [ફા.] પું. સુધરેલી હજામો માણસ.

પસીની જુઓ પસીન.

પસીનો પું. પ્રાણીના શરીરની ચામડીનાં નારીક છિદ્રોમાંથી તાપ કે પરિશ્રમને લીધે નીકળતું પાણી; પરસેવો; પ્રસ્વેદ. પસીનો કેવળ પાવનાર જીવોને જ થાય છે. એવા જીવોના શરીરમાં ત્વચાની નીચે નાની નાની ગ્રંથિઓ હોય છે, જેમાંથી રોમકૂપોમાં થઈ ને બહારબાજુના રૂપમાં પસીનો નીકળે છે. રાસાયનિક વિશ્લેષણથી સિદ્ધ થયું છે કે, મૂત્રમાં જે પદાર્થો હોય છે તે જ પદાર્થો પસીનામાં હોય છે, પરંતુ તે પદાર્થ બહુ જ ઓછા પ્રમાણમાં હોય છે. પસીનામાં મુખ્યત્વે અનેક પ્રકારના ક્ષાર, ચરબી અને પ્રોટીન હોય છે. ગ્રીષ્મ ઋતુમાં આયાસ થયા અધિક પરિશ્રમ કરવાથી શરીરમાં અધિક ગરમી પહોંચવાથી અથવા લજ્જા, ભય, ક્રોધ આદિ આવેગોના સમયે અથવા અધિક પાણી પીવાથી બહુ પસીનો થાય છે. જ્યારે વૈદ્યરાજ ઓળો આવે છે ત્યારે પણ પસીનો અધિક વળે છે. ઔષધો દ્વારા અધિક પસીનો લાવી અનેક રોગોની ચિકિત્સા પણ કરી શકાય છે. શરીર સ્વસ્થ રહેવાની દશામાં જે પસીનો આવે છે તેમાં કોઈ રંગ કે દુર્ગંધ હોતી નથી, પરંતુ શરીરમાં કોઈ પણ પ્રકારનો રોગ થઈ જવાથી પસીનામાંથી દુર્ગંધ નીકળે છે.

૧. પસીનો ઉતારવો–પાડવો–રેડવો = સખત મહેનત કરવી.

૨. પસીનો ઊતરવો–પડવો = સખત મહેનત કરવાનું થવું.

૩. પસીનો છૂટવો = (૧) ગભરામણ થવી. (૨) પરસેવો થવો.

૪. પસીનો નીકળવો–વળવો = પરસેવવું; પરસેવો થવો.

પસુ ૧. [પ્રા.] પું. ભય; ભડકો.

૨. પું. ગાય, બૈસ વગેરે પશુ.

પસુ ૧. [હિં.] ન. ઢોર અને પૂંછડાવાળું પ્રાણી; પશુ; ઢોર.

૨. ન. મૂર્ખ; બાઘા વગરનું માણસ.

પસુઆણ ન. (જુ. ગુ.) પશુપક્ષ; પશુંપશુ. એ દુઃખ પર્યે પસુઆણુ માત.

લાલબહાદુરમાલવ

પસૂજવું સ. ક્રિ. સીવવું.

પસૂડું (પસૂડું) ૧. ન. નાનું પશુ.

૨. ન. નાનું બાળક.

પસૂસ [હિં.] સ્ત્રી. ઠોર; નિર્દય.

પસૂંદી સ્ત્રી. બીજા પાક પીસીને કાઢેલો બારીક લોટ; મેંદો; પરચૂરી.

પસેઉ પું. એક જાતનો સિક્કો.

પસેઆન વિ. પરસેવાથી રેબઝેબ થયેલું.

પસેરી [હિં.] સ્ત્રી. પાંચ શેરનું વજન બતાવવા માપ; પંચશેરી.

પસેવ ૧. [હિં.] પું. ક્રિયા અટકીયાંથી નીકળતો પ્રવાહી પદાર્થ. આ પ્રવાહી નીકળી ગયા પછી અટકીયું સુકાઈ જાય છે અને ખંજવાળ્યું નથી.

૨. પું. કોઈ પદાર્થમાંથી રસ કાઢી નીકળતું પાણી.

૩. પું. પરસેવો.

પસેવો [સં. પ્રસ્વેદ] પું. પરસેવો.

પસૌં અ. પછી.

પસોપેશ ૧. પું. અડચણ; હરકત.

૨. પું. અનિશ્ચિતતા; અનાકાની.

૩. પું. ઝગડોઝેરઝામકો; હાનિલાભ.

૪. [ફા.] સ્ત્રી. વિચાર; મૂંઝવણ.

૫. ન. આગળ અને પાછળ.

પસોર ૧. ન. સીમાડો.

૨. વિ. સીધું.

પસ્ત ૧. [ફા.] વિ. ઠીંગણું.

૨. વિ. કુબ્જ થયેલું.

૩. વિ. નીચ; હલકું; અધમ.

૪. વિ. હારેલું.

પસ્તકદ [ફા.] વિ. નીચા બાંધું; બટુકા; વામન.

પસ્તખ્યાલાત [ફા. પસ્ત (હલકું) + ખ્યાલાત (વિચાર)] પું. હલકો વિચાર.

પસ્તહિંમત [ફા.] વિ. બીક; હરપોક; ડરપોક.

પસ્તાગિયાવાડ (પસ્તાગિયાવાડ) સ્ત્રી. શહેરના જે ભાગમાં કસ્તિયા લોકોની દુકાન હોય તે ભાગ; કસ્તિયાવાડ મોરાસી મહિનું એક ચોકું.

પસ્તાગિયો પું. કાકડાના વેપાર માણસ; કસ્તિયો; પસ્તાગિયો; બજારી.

પસ્તાનું ૧. [સં. પ્રસ્થાન] ન. ગામ જવાને ઊપડવાના સ્થાનમાંથી થોડા મુહૂર્તમાં ઊપડી જઈ સમયને માટે બીજે ઠેકાણે જોઈતું તે; ઊપડવાનું મુહૂર્ત સાચવવું તે; મુહૂર્ત સાચવવા પોતાના ઘેરથી નીકળી બીજાને ઘેર વાસો કરવો તે.

૧. પસ્તાનું કરવું = બહારગામ જવાનું મુહૂર્ત સાચવવું.

૨. પસ્તાનું મૂકવું = બહારગામ જવાનું મુહૂર્ત સાચવવા બીજાને ઘેર કપડું કે એવું કંઈ મૂકી આવવું.

૨. ન. બહારગામ જવા ઊપડવું તે.

પસ્તાલ ૧. સ્ત્રી. કોઈ ઉપર ઉપરાઉપરી કોઈ મારવી તે; કોઈના ઉપર ક્રોધમાં ઊતરી પડવું તે.

૨. સ્ત્રી. ગાળોનો વરસાદ; વાણીનો પ્રહાર.

૩. સ્ત્રી. રકાપીટ; કકળાટ.

૪. સ્ત્રી. શરીરના જે પાંચ ભાગમાં વાળ ઊગે છે ત્યાં ટાલ પડવી તે.

૫. સ્ત્રી. સોગન; પ્રતિજ્ઞા.

૬. વિ. મફત કે કાર્ય પણ કોમત આપ્યા વિના મળેલું.

પસ્તાવ જુઓ પસ્તાવો.

પસ્તાવું [સં. પશ્ચાત્તાપ-પશ્ચાત્તાવ-ઉ પસ્તાવઉ-પસ્તાવુ] અ. ક્રિ. કામ કર્યા પછી તે ખોટું થયું એવો પરિતાપ થવો; દિલગીર થવું; ખેદ થવો; પશ્ચાત્તાપ કરવો; પસ્તાવો કરવો.

પસ્તાવો [સં. પશ્ચાત્તાપ; પ્રા. પચ્છાતાવ; અપ. પચ્છુત્તાવિય–પચ્છાતાવ] પું. પશ્ચાત્તાપ; અફસોસ; દિલગીરી; વિમાસણ; શોક; ખૂબ કે ક્રોધને માટે પાછળથી થતો ખેદ.

પસ્તાળ ૧. સ્ત્રી. ઉપરાઉપરી કોઈ; વાણીના પ્રહાર.

પસ્તાળ પડવી = વાણીના પ્રહાર થવા.

૨. સ્ત્રી. પિસ્તાળીસની સાલના દુકાળનું પાપ.

એના બાપ સિરે પસ્તાળ, બાળ સિરે કહી કે લોક.

વલ્લભ

૩. જુઓ પસ્તાલ.

પસ્તી ૧. સ્ત્રી. નકામા રદી કાગળ.

૨. [ફા.] સ્ત્રી. નીચાપણું; હલકાઈ.

૩. [હિં.] સ્ત્રી. ન્યૂનતા; ઓછાપણું.

૪. સ્ત્રી. પસ્તું; બીજાના તરફથી લઈવાનું કરજ; ઉપરાણું.

૫. સ્ત્રી. મજબૂતી માટે કરેલું અસ્તર.

પસ્તુ ન. પક્ષપાત; પક્ષ; ઉપરાણું.

પસ્તું ૧. [ફા. પિસ્તહ] ન. એક જાતના કાચનું તેલી ભિનું; એક જાતનો ચૂકો મેવો; પિસ્તુ. ઈરાન, અરબસ્તાન અને ભૂમધ્ય સમુદ્ર પાસેનાં જંગલોમાં તેનાં ઝાડ થાય છે. પસ્તાં મીઠાઈ વગેરેમાં નાખવાના કામમાં આવે છે. તેનો રંગ લીલો હોય છે. તે લોહી વધારનાર મનાય છે.

૨. [ફા. પુસ્તી (મદદ)] ન. પક્ષ; પક્ષપાત; ઉપરાણું.

પસ્તું તાણવું = પક્ષપાત કરવો; પક્ષ ખેંચવો; ઉપરાણું લેવું.

પસ્તો પું. (સંગીત) એક જાતનો રાગ. તેમાં પહેલી, બીજી, છઠ્ઠી અને સાતમી માત્રા ઉપર તાલ આવે છે.

પરપરા [સં.] પું. કાર્યના આરંભનું સમર્થન કરનાર ભાગ; ઉપોદ્ઘાત.

પરસર [હિં.] પું. જહાજનો ખજાનચી કે ભંડારી.

પરસા [હિં.] પું. બોનો; અંજલિ.

પરસી [હિં.] પું. સીસમની જાતનું એક મોટું ઝાડ.

પહ ૧. પું. ભેટ; પસ. પક્ષ શબ્દ એ પસનું અપભ્રંશ છે. નિરક્ષર માણસો સને બદલે હ ઉચ્ચારે છે. આપણા તહેવારમાં વીરપહલી બોલીએ છીએ, પણ ખરો શબ્દ વીરપસલી છે. વીર એટલે ભાઈ અને પસલી એટલે ભેટ. એટલે ભાઈ તરફથી બહેનને મળતી ભેટ, એવો અર્થ વીરપસલીનો છે. તે જ પ્રમાણે મંગલ પ્રસંગમાં પસ ભરાવવો એટલે ભેટ આપવી. ભેટ પણ તુચ્છ વસ્તુની નહિ ! શરીરના ઉત્તમાંગ મસ્તક તરીકે કલ્પવેલા નાળિયેરની. સારાંશમાં પસ એ શુભાશા વ્યક્ત કરવાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

૨. [પ્રા.] પું. રસ્તો; માર્ગ.

૩. પું. રાજા.

૪. સ્ત્રી. કિરણ; પ્રકાશની રેખા; જ્યોતિ.

૫. સ્ત્રી. પરોઢ; પ્રાતઃકાળ.

પહચાન ૧. [સં. પ્રત્યભિજ્ઞાન] સ્ત્રી. અંતર કે ભેદ જાણવાની શક્તિ.

૨. સ્ત્રી. ઓળખવાની ક્રિયા.

૩. સ્ત્રી. કોઈના ગુણ, કીમત તથા યોગ્યતા જાણવાની ક્રિયા કે ગુણ.

૪ સ્ત્રી. નિશાની; લક્ષણ.

૫. સ્ત્રી. પિછાન; ઓળખ; પરિચય.

પહચાનવું ૧. સ. ક્રિ. કોઈ વસ્તુના ગુણદોષ વગેરે જાણવા.

૨. સ. ક્રિ. કોઈ વસ્તુની શરીરકૃતિ, રૂપરંગથી પરિચિત હોવું; ઓળખવું.

પહટવું અ. ક્રિ. ફેલાવું; વધવું.

"પહટિ પૌર પરિવાર, ગયો લગભગ ચૌગોઙાં.
મૂલદાસકૃ

પહણ ન. બાળક.

પહન ૧. [ફા.] પું. પહોળાઈ

૨. પું. પાણો; પથ્થર.

૩. પું. પાનો; ભવ્યાંને જોઈને પ્રેમભાવથી માતાને છાતીમાં ભરાઈ આવીને ટપકતા દ્રવનું દૂધ.

પહના ૧. [હિં.] પું. ભવ્યાને જોઈને પ્રેમભાવને લીધે માતાનાં સ્તન ભરાઈ જઈને ટપકતા દ્રવનું દૂધ; પાનો.

૨. સ્ત્રી. પહોળું.

પહનાઈ [હિં.] સ્ત્રી. પહેરવાની ક્રિયા કે ભાવ.

૨. સ્ત્રી. પહેરાવવાની મજૂરી.

૩. [ફા.] સ્ત્રી. પહોળાઈ; પનો.

પહનાવર [ફા.] સ્ત્રિ. પહોળું.

પહનાચા ૧. [હિં.] પું. કપડાં પહેરવાનો ઢંગ કે ભાત.

૨. પું. ખાસ અવસરે પહેરવામાં આવતાં કપડાં.

પહનોતું સ્ત્રિ. પનોતું.

પહન્યા જુઓ પહનાવ.

પહપટ ૧. [હિં.] પું. કપટ; છળ.

૨. પું. ગુપ્ત અપરાધ કે નિંદા.

૩. પું. બદનામીની ઓરડોરથી ચર્ચા.

૪. પું. ઘોરબકોર; કોલાહલ.

૫. ન. એક પ્રકારનું ગીત.

પહપટબાજ ૧. [હિં.] સ્ત્રિ. ધોખેબાજ; કરેણી; કપટી.

૨. સ્ત્રિ. કસાદી; કપટાળુ.

પહપટબાજી ૧. [હિં.] સ્ત્રી. કપટીપણું.

૨. સ્ત્રી. ઘોરબકોર કરવાની આદત.

પહર ૧. [સં. પ્રહર] પું. પહોર; દિવસનો ચોથો ભાગ; રાતદિવસનો આઠમો ભાગ; ત્રણ કલાકનો વખત. તે વસ્તુ પ્રમાણે અને ઋતુમાન પ્રમાણે ફરે છે. દાખલા તરીકે, કશ્મીરમાં ઉનાળામાં દિવસનો પહર લગભગ નવ ઘડીનો થાય છે અને રાતનો છ ઘડીનો થાય છે; જ્યારે ફેબ્રુમોરિન આયર્લંડ ક્રિસ્ત અને રાતના પહરમાં આવા વર્ષમાં ફેર પડતો નથી.

૨. પું. રાત્રિને પાછલે પહોરે પશુઓને ચારવા લઈ જવાં તે; પસર; પરહ; પહર.

૩. પું. સમય; જમાનો; યુગ.

પહરદિન પું. સૂર્યોદય પછીનો ત્રણ કલાક જેટલો વખત.

પહરરાત સ્ત્રી. સૂર્યાસ્ત પછીનો ત્રણ કલાક જેટલો વખત.

પહરા ૧. પું. પહોર; દિવસનો ચોથો ભાગ; પહર.

૨. જુઓ પહેરો.

પહરાઈ સ્ત્રી. નરાજ; જમીન ખોદવાનું એક સાધન; કોશ.

પહરાવની [હિં.] સ્ત્રી. પહેરામણી; પોશાક.

પહરિયો ૧. પું. ચોકીદાર.

૨. વિ. પું. પહરનાં ઢોર ચારનારો.

પહરી ૧. પું. દૂત; કાસદ.

૨. [સં. પ્રહરિન્] પું. ચોકીદાર; રક્ષક.

૩. સ્ત્રી. ચોકીદારનું કામ કરતી એ નામની એક જાતિ. આ જાતિના લોકો જુદા જુદા પ્રબંધો કરવા લાગી ગયા છે. અગાઉ તેઓ પહેરો ભરવાનું જ કામ કરતા.

૪. સ. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

પહરેગ્યા જુઓ પહરા.

પહરૈ [હિં.] પું. ચોકીદાર; સંતરી; રક્ષક.

પહરૂણો [સં. પ્રાપુણક; પ્રા. પહુણ] પું. મહેમાન; અતિથિ; પરોણો

પહરેદાર [હિં.] પું. ચોકીદાર; રક્ષક.

પહરેવાલા જુઓ પહરેદાર.

પહલ ૧. [હિં.] પું. કોઈ કર્મની શરૂઆત, જેના પ્રતિકાર કે જવાબમાં કરેવાની સંજ્ઞાવના હોય.

૨. પું. ખૂનનું વેર; રજાઈ, ગોદડું, ખાદલું વગેરેમાંથી નીકળેલ ખૂનું રૂ.

૩. પું. તહ; પરત.

૪ પું. બાજુ; તરફ; પહલૂ.

૫. પું. ૨ અથવા બરદનો જથ્થો.

૬. પું. હાંસ.

પહલદાર સ્ત્રિ. હાંસિવાળું.

પહલની [હિં.] સ્ત્રી. સોની લોકોનું લોઢાનું એક ઓજાર.

પહલવાન ૧. [ફા.] પું. કસરતબાજ; મલ્લ; હૃષ્ટપુષ્ટ માણસ; બળવાન માણસ; કુસ્તીબાજ.

૨. પું. બહાદુર માણસ; યોદ્ધો.

પહલવાની ૧. [ફા.] સ્ત્રી. કુસ્તી, મલ્લનો ધંધો; મલ્લ વ્યવસાય.

૨. સ્ત્રી. કુસ્તી લડવાનું કામ.

૩. સ્ત્રી. પહલવાન હોવાનો ભાવ

૪. સ્ત્રી. બહાદુરી, પરાક્રમ.

૫. સ્ત્રી. શરીરબળ, દક્ષપેચ આદિનો અભ્યાસ.

પહલવી ૧. પું. એક જાતના લોકો; પહ્લવી. તેઓ શક લોકોના ભારતમાં હિંદમાં આવ્યા. પાછળથી તેઓ દક્ષિણમાં ગયા. તેઓ વસિષ્ઠની ગાયના પૂંછડામાંથી ઉત્પન્ન થયા મનાય છે.

૨. [ફા.] સ્ત્રી. એ નામની એક ભાષા.

પહલા ૧. [હિં.] પું. જૂનું કે પહેલું.
૨. પું. સૌથી મોટો દીકરો.
૩. વિ. અસલનું; મૂળનું.
૪. વિ. પહેલું.
૫. વિ. પહેલો જન્મેલ.
૬. વિ. મુખ્ય.
૭. અ. પહેલાં.
૮. અ. તરત જ.

પહલાણ [સં. પર્યાણ; પ્રા. પલ્લાણ] ન. ખોગીર; જીન. હથિયાર ઘુમ્મટ હથિયારની જગ્યા સાચવે છે ને વજન જાળવે છે. તે મોળો પડી અલાંતરે ઘસાઈ જવે ઝાડુ પલાણ શબ્દ પ્રગટ્યો જણાય છે.

પહલી ૧. [સં. પ્રસૃતિ (અંજલિ)] સ્ત્રી. ખોબો. અસલ પોહ, પછી પહ ને પછી પહલી શબ્દ ખોબાના અર્થમાં વપરાયો લાગે છે. હાથમાં પહ ભરાવવાની વિધિ પણ એ જ અર્થમાં થાય છે.
(કોઈ) પહલી પાણી પામ, એને ઘડો ઘી ચૂંટાનીએ, (બાપાં) કુંપળાં કરમાય, રોપા રાણકદેવના.
રાણક ભેંસાસનો દુહો
૨. સ્ત્રી. હિંદુ પખવાડિયાનો પહેલો દિવસ.

પહલુ ૧. પું. ગૂઢ જ્ઞાનત.
૨. પું. ગૂઢ લાગ.
૩. પું. ખાલુ.

પહલુક જુઓ પહલુ.

પહલૂ ૧. પું. કોખની નીચેનો ભાગ; પાર્શ્વ; પાંજર.
૨. પું. કોઈ વસ્તુના પૃષ્ઠદેશ ઉપરની સમતલ બાજુ; પડખ.
૩. પું. દિશા; તરફ.
૪. પું. પડોશ.
૫. પું. બાજુ.
૬. પું. શરીરની એક પાંખ.
૭. પું. વિચારણીય વિષયનું કોઈ એક અંગ; ગુણ, દોષ, બલાઈ, ભરાઈ આદિની દૃષ્ટિએ કોઈ વસ્તુનું ભિન્ન ભિન્ન અંગ; પક્ષ.
૮. પું. સંકેત; ગુપ્ત સૂચના; ગૂઢાર્થ ધ્વનિ; અંગ્યાર્થ.

પહલૂતિહી સ્ત્રી. બેદરકારી.
પહલૂતિહી કરવી = બદકવું; ફર રહેવું.

પહલૂદાર ૧. વિ. ન સમજાય એવું.
૨. વિ. પાસાદાર.
૩. વિ. બાજુઓવાળું.

પહલૂદાર શિખર ન. પિરામિડ; કંકુ આકાર.

પહલે ૧. [હિં.] વિ. આગલું; પહેલું.
૨. અ. આરંભમાં; સર્વ પ્રથમ; આદિમાં; શરૂઆતમાં.
૩. અ. ક્રમાંકમમાં પ્રથમ.
૪. અ. કરતાં; પહેલેથી.
૫. અ. ક્રમાંકમમાં પ્રથમ; સ્થિતિમાં પૂર્વ.

પહલે પહલ [હિં.] અ. પહેલી વાર; સર્વપૂર્વ.

પહલો પું. ઓખો.

પહલૌઠ ૧. [હિં.] પું. અગરણીનો દીકરો.
૨. વિ. પહેલા ગર્ભથી જન્મેલ; પ્રથમ ગર્ભજાત.

પહલૌઠી [હિં.] સ્ત્રી. સૌથી પહેલી જનનક્રિયા; પ્રથમ પ્રસવ.

પહલૌન સ્ત્રી. પ્રથમ ચેતરની ગાય; પહેલચેતરની ગાય.

પહળ પું. નાગકિંજલ્ક આંકે જણાવેલો એક વર્ણમેળ છંદ.

પહા પું. પહાડ.

પહાઇ (પહાઇ) ૧. [સં. પ્રસૃત (કેલાસેલ)] પું. કોઈ વસ્તુનો મોટો ઢગલો કે સમૂહ.
૨. પું. ગઢ; ઊંચી જગ્યાનનો ટેકરો; કુંવર; પર્વત; ગિરિ; સાધારણ સપાટીથી ઊંચો ને મોટો ઝાડી કે પથ્થરનો કુદરતી ઢગલો.
૧. પહાઇ ઊઠાવવો = (૧) ભારે શ્રમ પૂરું કરવું. (૨) ભારે શ્રમ માથે લેવું.
૨. પહાઇ માથેનો = પહાડમાં કુખાવો થવો.
૩. પહાઇ જેવડી મોટી ભૂલ = બહુ મોટો દોષ.
૪. પહાઇ જેવી રાત = ઘિચગીરી ભરેલી લાંબી અને કંટાળાભરી રાત.
૫. પહાઇ જેવું = (૧) બુદ્ધાનબેધડ; જબરું માણસ. (૨) દુસ્તર; દુર્ગમ્ય. (૩) પહાઇ જેવું દુઃખ, આઘાત, મુશ્કેલી. (૪) કામ તેમજ સંગીત; મોટું; જાજરમાન. (૫) સાધારણ પ્રમાણ કરતાં મોટું.
૬. પહાઇ તૂટયો-તૂટી પડયો = અચાનક કોઈ ભારે આપત્તિ આવી પડવી; મહાન સંકટ આવી પડવું; એકાએક ભારે મુસીબત આવી પડવી.
૭. પું. વધુ કાળ; ભય.
૪. પું. પહાડના જેવી કોઈ ભારે ચીજ.
૫. પું. પાઠ; ઉપકાર.
૬. પું. મોટો ભારો કે ઢગલો; મોટો પથ્થર.

પહાડમૂલ (પહાડમૂલ) ન. ઝાળીપાટ.

પહાડવી (પહાડવી) ૧. સ્ત્રી. રાનીપરજની એક જાત. આ જાતના લોકો પોતાને જંગલી કોમમાં ગણતા નથી. ૧૮૫૭ની અશાંતિના સમયે આ પ્રજા ખાનદેશના પહાડી પ્રદેશમાંથી આવી રાજપીપળાના પ્રદેશમાં વસી.
૨. સ્ત્રી. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પહાડવેલ (પહાડવેલ) સ્ત્રી. એક જાતની વેલ. ભેજવાળા પ્રદેશમાં તે ઊગે છે. તેનાં ફૂલ નાનાં અને પીળાં હોય છે.

પહાડા (પહાડા) [સં. પ્રસ્તાર] પું. બ. વ. આંકના પાડા; આંકના ઘડિયા.

પહાડિકા (પહાડિકા) સ્ત્રી. (સંગીત) શ્રીરાગની એ નામની એક રાગણી.

પહાડિયા (પહાડિયા) ૧. પું. પહાડમાં રહેનાર માણસ.
૨. વિ. પહાડનું; પહાડી.

પહાડી (પહાડી)] ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. પખાજ વાદનના સંપૂર્ણ પ્રકારના રાગમાં તેનો સમાવેશ થાય છે. તેમાં શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં કવચિત આરોહ કે અવરોહનો લોપ થાય છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ કોઈ પણ સમયે ગાવાનો પ્રચાર છે. આ રાગમાં કેટલેક સ્થળે ભૂપાલીનો ભાસ થાય છે. તેમાં અવરોહમાં સા નિ ધ પ મ રિ સા સ્વરો આવે છે. તેનો ગ્રહ સ્વર ગ, વાદીસ્વર ધ, સંવાદી સ્વર રિ અને ન્યાસ સ્વર સા છે. સર્વ સમયે તે ગવાય છે. તે વીર, અદ્ભુત અને કરુણરસ ઉત્પન્ન કરે છે. તે મંગલ પ્રકૃતિવાળાને મનાય છે.
૨. સ્ત્રી. એક પ્રકારની ઔષધિ; પર્પટી.
૩. સ્ત્રી. એક પ્રકારની લિપિ.
૪. સ્ત્રી. ટેકરી; નાનો પહાડ.
૫. સ્ત્રી. પહાડના લોકોની ભાષાની એક ધૂન.
૬. સ્ત્રી. પહાડોની હાર.
૭. સ્ત્રી. ભીંગડા વગરની એક જાતની કાંટાવાળી મોટી માછલી. તેનું વજન અધો મણ સુધી હોય છે. મોંમાં ઉપલા અને નીચલા જડબામાં સોયની ધાર જેવા દાંત બે બબ્બે હારમાં આવેલા હોય છે.
૮. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતની એ નામની એક જાતની રાગણી. તે અધસ્પતે ગવાય છે.
૯. વિ. ભારવર અને જાજરમાન; કદે મોટું, જથ્થે અને તેવું જ સંગીત; વિશાળ; મજબૂત.

૧૦. વિ. પહાડ ઉપર રહેનારું; પર્વતવાસી.
૧૧. વિ. પહાડ જેવું; મોટા પર્વત જેવું.
૧૨. વિ. પહાડનું; પહાડવાળું; કુંગરિયાળું.

પહાડી અવાજ (પહાડી અવાજ) પું. મોટો સંપૂર્ણ અવાજ.

પહાડી કબૂતર (પહાડો કબૂતર) ન. એક જાતનું કબૂતર. એમાંથી હાલમાં જોવામાં આવતી પંખા, લક્ષ્મી, ગીરેબાજ, કાસદિયાં, કુક્કા, મોતી, લોટણ વગેરે જાતો ઉત્પન્ન થયેલી માનવામાં છે. તેની ચાંચ ટૂંકી અને સખત તથા પીંજ સુંવાળાં હોય છે. એ પક્ષી દૂધ, દાણો, ઘી વગેરે ખાય છે.

પહાડી કબ્બા (પહાડી કબ્બા) પું. જંગલી બામડો.

પહાડી કિલ્લો (પહાડો કિલ્લો) પું. પર્વત ઉપર બાંધેલો કિલ્લો.

પહાડી કીકર (પહાડી કીકર) પું. બંધીલો બેર.

પહાડી ખોખરુ (પહાડો ખોખરુ) પું. ઊંચો ખોખરુ.

પહાડી ઘાસ (પહાડી ઘાસ) ન. એક જાતનું ઘાસ. એમાંથી કાગળ બનાવાય છે.

પહાડી જીંજોટી (પહાડી જીંજોટી) સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. પહાડી ગાયનના સંકીર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં કોમળ તેમ જ શુદ્ધ ગાંધાર, નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વર આવે છે. તેનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. આ રાગ કોઈ પણ સમયે ગાવાનો પ્રચાર છે. આ રાગ પહાડી અને જીંજોટી રાગનું મિશ્રણ છે.

પહાડી પંજો (પહાડી પંજો) પું. મજબૂત પંજો; મોટો પંજો; મજબૂત પંજો.

પહાડી પીલુ (પહાડી પીલુ) ૧. પું. એક જાતની જંગલી વનસ્પતિ; બાકોટ. તેનાં ફળ કૃમિ અને પિત્તનો નાશ કરનાર મનાય છે.
૨. પું. એક જાતનો મુંડર.

પહાડી પ્રદેશ (પહાડી પ્રદેશ) પું. જંગલી દેશ.

પહાડી કુદીનો (પહાડી કુદીનો) પું. એક જાતનો કુદીનો.

પહાડી બલાક (પહાડી બલાક) ન. એક જાતનું પક્ષી.

પહાડી બુલબુલ (પહાડો બુલબુલ) ન. એક જાતનું પહાડમાં રહેનારું પક્ષી; રાતા મુખવાળું બુલબુલ પક્ષી.

પહાડી ભેંસ (પહાડી ભેંસ) પું. (સંગીત) એક જાતનો રાગ.

પહાડી મૈના (પહાડી મૈના) સ્ત્રી. એક જાતનું પહાડમાં રહેનારું પક્ષી; જંગલી કાગડાની જાતનું પક્ષી

પહાડી લટોરા (પહાડી લટોરા) ન. એક જાતનું જંગલી પક્ષી

પહાડી લોક (પહાડી લોક) પું ૧ ન. પહાડ ઉપર વસનારા લોક; ઉચ્ચ પ્રદેશમાં રહેનાર માણસો.

પહાડી લોંઠી (પહાડી લોંઠી) ન. ઊંચ લુરસો.

પહાડી વાયુબારમાપક (પહાડી વાયુબારમાપક) ન. પહાડ ઉપર વપરાતું હવાનું વજન માપવાનું યંત્ર.

પહાડી વૈદ્ય (પહાડી વૈદ્ય) પું. ઔટવેદ.

પહાડી સંવત (પહાડી સંવત) પું. ભારતીય જ્યોતિષ ગ્રંથોનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૨૪–૨૫થી શરૂ થાય છે. તેને સપ્તર્ષિ સંવત, લૌકિક કાલ, લૌકિક સંવત, શાલ્વ સંવત, કશ્મા સંવત પણ કહે છે. કાશ્મીર અને પંજાબના પહાડી પ્રદેશમાં તેનો પ્રચાર હોવાથી તે પહાડી સંવત કહેવાય છે.

પહાડુગ્યા (પહાડુગ્યા) ૧. [હિં.] પું. બચ્ચાઓનો એક પ્રકારનો ચેપ; બાળીપાની.
૨. વિ. પહાડ સંબંધી; પહાડનું; પહાડી.

પહાણ ૧. પું. બાળસ; બાલસ્વ.
૨. [સં. પાષાણ; પ્રા. પહાણ] પું. પથ્થર; કાંકરા; પથરો; પાણો.
૩. વિ. જડ; મંદ; મૂઢ; અચેતન.
૪. વિ. ખારું અને જડ હોય એવું.

પહાણવું સ. ક્રિ. રેંજવા માટે લોઢું વગેરે ધોવું; નિખારવું.

પહાણાવવું સ.ક્રિ. પથ્થર વડે મારવું; પથ્થરના માર્યો મારવું.

પહાણી [સં. પ્રેક્ષ્ (જોવું); પ્રા. પેક્ખ] (મરાઠી) સ્ત્રી. જમીનની તપાસ; તપાસવા જેવું તે; તપાસણી; નિરીક્ષણ; 'સર્વે.'

પહાણીદાર ૧. [ફા.] પું. ખેતરના પાકની કીમતનો અંદાજ કરનાર માણસ.
૨. પું. જમીનની માપણી કરનાર પુરુષ.

પહાણીપત્રક ન. ખેતર, જમીન વગેરેની નોંધનું પત્રક; ખેતર, તેમાં થતા પાક અને પાકની નોંધ બતાવતું તલાટીનું પત્રક.

પહાણો ૧. પું. ઉંદરાનો; બચ્ચો અને મોટો કદરૂ કાચરો.
૨. [સં. પાષાણ] પું. પહાણ; પથરો; મોટો કાંકરા; શિલા; પત્થર.
પહાણો આપરો = કોઈના મગજમાં ખોટું ભૂંસું ભરવું.

પહાની સ્ત્રી. પત્ની; પેની.

પહારા [સં. પ્રહર (પહોર)] પું. વારા પ્રમાણે એક પ્રહર સુધી ચોકી કરનાર પુરુષ; ચોકિયાત; પહેરો ભરનાર માણસ.

પહારુ પું. રક્ષક; પહેરેગીર.

પહાં અ. સાં.

પહિચાન ૧. [હિં.] સ્ત્રી. ઓળખાણ; પિછાણ.
૨. સ્ત્રી. ચિહ્ન; નિશાની.

પહિત [હિં.] સ્ત્રી. ભરેલી દાળ; રાંધેલી દાળ. તેમાં ચી, નિમક, આદુ, કાંદા, હિંગ વગેરે નખાય છે.

પહિતી જુઓ પહિત.

પહિયા ૧. [હિં.] પું. આકાર; ઘાટ.
૨. પું. પૈડું.

પહિર [સં. પ્રહર] પું. (જૂ. ગુ.) પહોર; ત્રણ કલાકનો સમય કે ગાળો.

પહિરવું (જૂ. ગુ.) સ. ક્રિ. લગાડવું.
કાયા સંબંધ નવ પહિરવું,
પાણી બાંધ બાંધ્યાં વહ્યું. કાન્હડદેપ્રબંધ

પહિરામણી સ્ત્રી. લગ્ન વખતે મહેમાનોને કપડાંની પહેરામણી આપનારી સ્ત્રી.

પહિરામણ સ્ત્રી. પહેરામણી.

પહિરામણિ [હિં.] સ્ત્રી. પહેરામણી.

પહિરાવની ૧. [હિં.] સ્ત્રી. પહેરામણી.
૨. સ્ત્રી. લગ્ન વખતે મહેમાનોને કપડાં પહેરાવનારી સ્ત્રી.

પહિરાવવું [સં. પરિધાપન (ભેટમાં અપાતું વસ્ત્રાદિ); પ્રા. પહિરાવણ] સ. ક્રિ. આપવું; ભેટ આપવી.

પહિલવું [સં. પ્રથમ; પ્રા. પઢમિલ્લ] વિ. (જૂ. ગુ.) પહેલું. કદાચ પઢમિલ્લ સાથે પહિલવુંનો સંબંધ હોય. આપણો પહેલો શબ્દ આ પહિલવુંનું જ રૂપાંતર છે. આચાર્ય હેમચંદ્ર તો સ્થાનના સ્થાનમાં પહિલવનો આદેશ કરે છે.

પહિલા [હિં.] વિ. સ્ત્રી. પ્રથમ પ્રસૂતા; પહેલી વખત વિયાએલી.

પહિલે વિ. પ્રથમનું.

પહિલૌરા [હિં.] વિ. પહેલાં જન્મેલું.

પહી [સં. પંક્તિ] પું. મુસાફર; પથીક; વટેમાર્ગુ.

પહીપરહુણ પું. (જૂ. ગુ.) પરોણો; મહેમાન; અતિથિ.

આવિઉ મેહ પહીપરહુણઉ. ભાલણસમય

પહીં અ. જા.

પહુ અ. (જૂ. ગુ.) કાંઈ.

જાન ન દીઇઇ ચેલ્હિ, તેણિ પહુ પુરુષ ન દીઇઇ. ભાલણસમય

પહુઆ પું. બ. વ. પૌંઆ; શેકેલી ડાંગર આંડીને કાઢેલા ચપટા દાણા.

૧. પહુઆ ખંડાવા = (૧) પૌંઆ ખંડાવા જેવી સ્થિતિ કરી; નુકસાનીમાં આવી પડવું. (૨) માર પડવાથી કચ્ચર થવું.

૨. પહુઆ પૂનમ = માગેશ્વારી પૂનમ. એ દિવસે પહુઆ અને દૂધ આવાનો આલ છે.

પહુઆં જુઓ પહુઆ

પહુત્ત [સં. પ્રાપ્ત] વિ. પહોંચેલું

ભાષારાસો સ. કેવેડિમાના કથન પ્રમાણે આ પહુત્તનો સંબંધ સંસ્કૃત પ્રાપ્ત સાથે છે. આપણી ભાષાના પહોંચ્યો રૂપની દૃષ્ટિએ જે પહુત્ત, પહુલ, પહુચ્ચમાંથી થયેલો છે. પુરાતત્ત્વ

પહુના [હિં.] પું. મહેમાન; પરોણો.

પહુનાઈ ૧. [હિં.] સ્ત્રી. પરોણાગત; મહેમાની; અતિથિસત્કાર.

૨. સ્ત્રી. મહેમાન તરીકે આવવું જવું તે.

પહુલા [હિં.] પું. કુમુદિની.

પહુઆ જુઓ પહુના.

પહુચ ૧. સ્ત્રી. આગમન.

૨. [હિં.] સ્ત્રી. કોઈ જગ્યા સુધી જવાની ક્રિયા કે શક્તિ.

૩. સ્ત્રી. કોઈ વિષયને સમજવાની કે ગ્રહણ કરવાની શક્તિ

૪. સ્ત્રી. કોઈ સ્થાન સુધીનો વિસ્તાર.

૫. સ્ત્રી. પરિચય પ્રવેશ; જાણપણાનો વિસ્તાર.

૬. સ્ત્રી. પહોંચ; રસીદ; કોઈ ચીજ કે વ્યક્તિ પહોંચ્યાની સૂચના.

૭. સ્ત્રી. સમીપ સુધી ગતિ.

પહુચા [સં. પ્રકોષ] પું. (હિંદી) પહોંચો; મણિબંધ; કળાઈ.

પહુચી ૧. [હિં.] સ્ત્રી. ચુડચાળામાં હાથના કાંડાના રક્ષણ માટે તે ઉપર પહેરવાનું સોનાનું એક પ્રકારનું આવરણ.

૨. સ્ત્રી. હાથના કાંડામાં પહેરવાનું સોનાનું એક ઘરેણું; પહોંચી.

પહુચ્યા પું. શેકેલા ચોખા; પૌંઆ.

પહૂ પું. (જૂ. ગુ.) પ્રભુ; ધણિ.

અબ પહૂ એહના મુઝ બિન દુજા કહે મો. વિગ્રહ

પહેચાણ સ્ત્રી. ઓળખાણ.

પહેચાન સ્ત્રી. ઓળખાણ.

પહેડી (પહેડો) ૧. સ્ત્રી. પેટી; દુકાન.

૨. સ્ત્રી. વંશપરંપરાનું પત્રવિયું.

પહેરગીર પું. ચોકી કરનાર સિપાહી.

પહેરણ સ્ત્રી. પહેરવાની રીત.

પહેરણ ૧. ન. પહેરવાની રીત.

૨. ન. પહેરવાનું વસ્ત્ર

૩. [સં. પરિ (આજપાસ) + ધિત (મૂકેલું)] ન. પહેરવું તે.

૪. ન. સારા જેવું સીવેલું વસ્ત્ર; કેડિયું; કુરતું.

પહેરણું ૧. ન. ઘાઘરાને બદલે કમરે વીંટવાનું વસ્ત્ર.

૨. ન. પહેરવાની રીત.

૩. ન. પહેરવાનું વસ્ત્ર; લૂગડું.

૪. ન. લૂગડું.

પહેરતલ વિ પહેરનાર.

પહેરદાર પું. ચોકીદાર.

પહેરફટક (પહેરફાક) સ્ત્રી. લૂગડાં વગેરે પહેરવાથી તેનો થતો બગાડો.

પહેરવાસ પું. પહેરવેશ.

પહેરવું ૧. [સં. પરિધિત-પરિધિષ્ઠ-પ્રેષું] સ. ક્રિ. ધારવું; અંદર ધારણ કરવું; ધોંચવું; ભેરવી દેવું.

૨. [સં. પરિધા; પ્રા. પહિર] સ. ક્રિ. વસ્ત્ર, દાગીના વગેરે શરીર ઉપર ધારણ કરવાં; ધરવું; સજવું; ધારણ કરવું.

જનોઈ પહેરવી = ગાયત્રી કે બાદરાયણ અમુક દિવસે જનોઈ ધારણ કરવી.

પહેરવેશ ૧. પું. કપડાં પહેરવાની રીત.

૨. પું. કપડાં વગેરે પહેરવાથી જણાતો દેખાવ; વસ્ત્ર પહેર્યા પછીનો દેખાવ.

૩. પું. પહેરવાનાં કપડાં; પોશાક; વસ્ત્ર; લિબાસ.

જેનું અંતર છે સાદું સાદો પહેરવેશ હો;
સ્વદેશી અંતરોને તો ખાદી પહેરવેશ હો.
ગાંધીગીતા

પહેરાઉત ૧. સ્ત્રી. મેવાડી ચોમેરી એ નામની એક જાત. આ જાતિના લોકો એક જાત પહોળી અને એક પુરુષ જેટલી ઊંચી દાઢ રાખે છે.

૨. વ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પહેરાગીર પું. પહેરાવાળો; સંત્રી.

પહેરાન સ. વસ્ત્ર; પોશાક.

પહેરામણી ૧. [પ્રા. પહિરાવણ] સ્ત્રી. કન્યાના બાપ તરફથી વરપક્ષનાં માણસોને અપાતી બક્ષિસ.

૧. પહેરામણી કરવી = (૧) ભેટ આપવી. (૨) લગ્ન પ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષનાં માણસોને લૂગડાં, ઘરેણાં વગેરે બક્ષવાં.

૨. પહેરામણીનો વર = જેને કન્યા ઉપરાંત ભેટ, રોકડ વગેરે આપવું પડે એવો વર; દૂહીનો વર.

૨. સ્ત્રી. ઓઢવાનું; પહેરું.

પહેરાવવું ૧. [સં. પરિ + ધિત (મૂકેલું)] સ. ક્રિ. અંદર ધારણ કરવું; ભરી દેવું; ખુસાડી દેવું; ધોંચવું.

૨ સ. ક્રિ. ઓઢાડવું; ઓઢાડવું; જેમ તેમ કરી ભરાડી દેવું; પોતાને લાભ થતો જોઈ યુક્તિપ્રયુક્તિથી બીજાને સોંપી દેવું; ગમે તેમ સમજાવી ફસાવવું; પધરાવી દેવું.

૩. સ. ક્રિ. પહેરે તેમ કરાવવું; ધારણ કરાવવું; ધરાવવું; સજાવવું.

૪. સ. ક્રિ. વસ્ત્ર બક્ષિસ કરવાં.

૫. સ. ક્રિ. શણગારવું; સજ્જ કરવું; વસ્ત્ર સજવા.

પહેરાવાળો પું. પહેરેગીર; સંત્રી.

પહેરાવું ૧. અ. ક્રિ. ધસાવું; ખુસાડાવું.

૨. અ ક્રિ. પહેરવાની ક્રિયા થવી; વસ્ત્ર સજવાં; શણગારાવું.

૩. અ. ક્રિ. સજવું; ધારણ થવું; પહેરી શકાવું.

પહેરેગીર પું. ચોકિયાત; ચારદી; રખવાળ; રક્ષક; ચોકીદાર; સંત્રી; પહેરો ભરનાર માણસ.

પહેરો ૧. [સં. પ્રહર] પું. ચોકી; તપાસ; બંદોબસ્ત.

૨. પું. ચોકીદારને ચોકી કરવાનો વખત.

૩. પું. ચોકીદારનો અવાજ.

૪. પું. નિર્દિષ્ટ સ્થાનમાં કોઈ વસ્તુ કે વ્યક્તિની રક્ષા કરવાનું કાર્ય; રક્ષા કરવાનો પ્રબંધ.

૫. પું. પગ મૂકવાનું કળ; આવવા જવાનો શુભ કે અશુભ પ્રભાવ.

૬. પું. પહેરામાં રહેવાની સ્થિતિ; નજરબંદી; કેદ.

૧. પહેરામાં રાખવું = કેદમાં રાખવું; બંદોબસ્તમાં રાખવું; અટકાયતમાં રાખવું.

૨. પહેરામાં હોવું = અટકાયતમાં હોવું.

૩. પહેરો દેવો-ભરવો = ચોકી કરવી; રખવાળી કરવી.

૪. પહેરો બદલવો = ચોકીદાર બદલવા; નવા ચોકીદાર રાખવા કે ચોકવવા; નવા ચોકીદારને નીમી જૂનાને રજા દેવી.

૫. પહેરો બેસાડવો = કોઈ ચીજ કે માણસની આસપાસ ચોકીદાર બેસવો.

૬. પહેરો બેસાડ્યો–મૂક્યો = ચોકીદાર બેસાડવો; ચોકીની વ્યવસ્થા કરવી.

૭. પું. રક્ષક દ્વારા ચોક સાથે ક્રમ કરતા ચોકીદારો.

૮. પું. સમય; મુદ્દત; જમાનો.

૯. પું. સંભાળ; રક્ષા; રખવાળી; હવાલો; ચોકી રાખવાની ક્રિયા.

પહેલ ૧. [રા. પહિલ્લ (પહેલ કરવી)] પું. બન પદાર્થની સપાટ બાજુ; પાસો; ઢાંસ.

પહેલ પાડવા = પાસા પાડવા.

૨. સ્ત્રી. આગેવાન થવું તે; પ્રથમ બનાર પડવું તે; જે કાર્ય પ્રથમ જ નવું કરેલું તે; પ્રારંભ; મંડાણ; શરૂઆત.

૧. પહેલ કરવી–કાઢવી = (૧) આગેવાની લેવી. (૨) શરૂઆત કરી દાખલો બેસાડવો.

૨. પહેલ કરનાર = અગ્રેસર; નેતા.

૩. ન. દૂધમાં કે કોઈ હવામાં ઝબોળેલ રૂની પોચી ગાદી.

૪. વિ. પહેલું; પ્રથમનું.

પહેલકાર વિ. પહેલ પાડેલું; પહેલવાળું; પાસાદાર.

પહેલઘરો પું. પહેલી વાર પોંસરું પડ્યું હોય એવો બળદ.

પહેલવ [સં.] વિ. શૂરવીર; પહેલવાન.

પહેલવહેલાં અ. શરૂઆતમાં; પ્રથમ.

પહેલવહેલું ૧. વિ. પહેલી વારનું; સૌથી પહેલું; શરૂઆતનું; આરંભનું; આદિ; પહેલ; સૌથી પ્રથમનું.

૨. અ. તરત; તાબડતોબ.

૩. અ. સૌથી પહેલાં; પહેલી વાર; પ્રથમ; સૌથી અગાઉ; શરૂઆતમાં જ.

પહેલવાડો (પહેલ્વાડો) પું. પ્રારંભ; શરૂઆત.

પહેલવાન ૧. [સં. પહલવાન (બુઝન)] પું. બુદ્ધાનલેખ; શારીરિક બળવાનો બહોળ માણસ.

૨. પું. જોરવાળો ને બહોળ માણસ; મરદાનગીના દાવપેચ રમી બાણનારો સશક્ત માણસ.

૩. પું. તાલીમખાનાનો ઉસ્તાદ.

૪. પું. મલ્લ; કુસ્તીબાજ.

૫. પું. શૂરવીર; વીર; બહાદુર; રણધીર; બહાદુર અને હથિયારમાં બળવત્તર ચડે એવો શારીરિક બળવાળો માણસ.

૬. વિ. પહેલ પાડેલું.

પહેલવાની ૧. [સં.] સ્ત્રી. મરદાનગી.

૨. સ્ત્રી. મલ્લની રમત; કુસ્તી.

પહેલવારકું વિ. પહેલી વારનું.

પહેલવાળો કાચ પું. બધું ખૂણિયો કાચ; ત્રિપાર્શ્વ; 'પ્રિઝમ.'

પહેલવી [સં. પહ્લવી] સ્ત્રી. ઈરાનમાં બોલાતી એક પ્રાચીન ભાષા; જૂની ફારસી ભાષા; જૂની ઈરાની ભાષા.

પહેલવેતરી વિ. સ્ત્રી. પહેલા વેતરની. માવ, ભેંસ વગેરે માટે વપરાય છે.

પહેલાપણું ન. પ્રથમતા; આદિપણું; પ્રધાનપણું.

પહેલાં ૧. અ. પૂર્વે; અગાઉ; અગાઉ; અતીત કાળમાં; ભૂતા વખતમાં.

૨. અ. શરૂઆતમાં; પ્રથમ.

૧. પહેલાં પેટને, પછી રેવને = પહેલી પૂજા પેટની કરવી.

૨. પહેલાં પોતાનું, પછી પારકું = (૧) આગળથી નમ લેવળા તે વેરળ. (૨) પહેલાં ઘરમાં પછી બહાર. (૩) પહેલાં આઈ પછી તાઈ.

પહેલાંપહેલાં અ. પ્રથમ; શરૂઆતમાં; આરંભમાં.

પહેલી ૧. [સં. પ્રહેલિકા] સ્ત્રી. ઉખાણું; સમસ્યા.

૨. [સં. પ્રથમા] સ્ત્રી. (વ્યાકરણ) ગુજરાતી ભાષામાં વપરાતી સાત માંહેની પ્રથમા વિભક્તિ.

૩. સ્ત્રી. સમજવામાં ન આવે એવો વિષય.

પહેલું ૧. ન. ચેતા બકરાંનું ખાતી તથા પંપળાનું માંસ.

૨. [સં. પ્રથમ; પ્રા. પઢમિલ્લ–પઢિલ] વિ. પ્રથમનું; શરૂઆતનું; આરંભનું.

૧. પહેલા બોલાનું = (૧) બધું લાડ લડાવેલું બગડવા વહાલું. બાળક માટે વપરાય છે. (૨) પહેલી પ્રસૂતિનું; બાપરણીનું; પહેલા વખતની સુવાવડમાં જન્મેલું; પ્રથમ સંતાન. (૩) સૌથી વહાલું.

૨. પહેલા નંબરનું = બેઉ પંક્તિનું; સૌથી સારું; સૌથી બગળ પડતું.

૩. પહેલાને પાણી, ઊલટાને ઘાલવ = પહેલો તે પહેલો.

૪. પહેલું સુખ તે જાતે નર્યા = તંદુરસ્તી એ જ સૌથી મહિમાવું સુખ છે.

૫. પહેલે ભોળિયે જ મહિમા = મુહૂર્તમાં જ વિઘ્ન.

૬. પહેલે ઘરથી = પ્રથમથી; ઘરમૂળથી, ઘર ઠેકાણેથી; શરૂઆતથી.

૭. પહેલે પાટલે = (૧) ઊંચે ટોચે; ઊલટી હદે. (૨) પહેલવહેલું; બંડાણમાં; આરંભમાં; શરૂઆતમાં.

૮. પહેલેથી = શરૂઆતથી.

૩. વિ. વડું; પહેલા દરજ્જાનું; મુખ્ય.

હિંદે રહ્યુ ગામ પ્રજાસત્તાક,
બાકી બધે જે ચિત્ર વાસ્તવિક;
ઉલ્લો જ ત્યાં છે રહ્યુની પહેલી,
સ્વરાજની એ મુજ કલ્પના છે!

ગાંધીગીતા

૪. અ. સૌથી આગળ.

પહેલું મધ્યાંકયંત્ર ન. જયપુરના ભારતીય જ્યોતિષ યંત્રાલયમાં આવેલું એ નામનું એક યંત્ર. તે મોટા સમ્રાટયંત્રની નીચેના ભાગમાં પશ્ચિમ તરફ આવેલું છે. બે ઓટીની ઉપર આ યંત્ર ગોઠવેલું છે, તેની અંદર.સહેજ જોતાં માલૂમ પડી આવે છે કે, પૂર્વ તથા પશ્ચિમ બંને ભૂજા ઉપર અર્ધક ગોળાકાર ભાગ કાઢવો છે. આ બંને ગોળાકાર ભાગમાં કાળા રંગના અંક બનાવ્યા છે. તેની અંદર છિદ્ર પાડેલાં છે. બરોબર મધ્યાહ્ન સમયે સૂર્યનો પ્રકાશ આ છિદ્રો દ્વારા ક્રમપૂર્વક તેની અંદર પડે છે. જે વખતે આ છિદ્રોમાંથી પસાર થતો સૂર્યનો પ્રકાશ તેના રાવળાંકોની મધ્યમાં પડે તે સમયને બરોબર મધ્યાહ્નનો સમય કહેવામાં આવે છે. મધ્યાહ્નનો વખત આ યંત્રથી બહુ જ સ્પષ્ટ રીતે જાણી શકાય છે.

પહેલે અ. પહેલાં; પ્રથમ; અગાઉ.

પહેલો [સં. પ્રથમ] વિ.પું. પ્રથમ. આ સંબંધે મૂળ આકારમાં બ્યુત્પત્તિ છે કે, પ્રથમના ચૂ ચો ફૂ ઝાં થાય છે. જેમકે, પૃથ્વીનું પહુમ, પથિકનું પઢિઅ થાય છે. રૂનો ફૂ થયો હોય, ચ લોપાયો હોય ને વર્ણવ્યત્યય થયો હોય. મરાઠીમાં પહમિલ્યે પઢપ્રહ્યે છે. ડો. ટેસિટોરી પહિલઉ એ જૂના ગુજરાતી રૂપ ઉપરથી એ જ અપભ્રંશનું રૂપ ધારી સંસ્કૃત પ્રાથમક શબ્દ કલ્પે છે. મુગ્ધાવબોધમાં પહિલઉ રૂપ છે. હિંદીમાં પહલા છે.

૧. પહેલો દાવ = જેની રમતમાં પ્રથમ દાવ; 'ફર્સ્ટ ઇનિંગ્સ.'

૨. પહેલો પુરુષ = પુરુષવાચક સર્વનામનો એક ભાગ; બોલનાર પોતાને માટે વાપરે તેવું સર્વનામ. હું અને અમે એ પહેલો પુરુષ સર્વનામ છે.

પહુચી पुं. એક જાતની વનસ્પતિ; ચોક. તેનો વેલો ચીભડાના વેલા જેવો થાય છે. તેના દાણા પીળા રંગના અને ભીંડીના દાણાની આકૃતિના થાય છે.

પહો સ્ત્રી. પ્રભાત; સવાર; અજવાળું.
પહો ફાટવી = પ્રભાત થવું; સવાર થવું.

પહોક ન. પહોંચ.

પહોચ જુઓ પહોંચ.

પહોચણુક જુઓ પહોંચણુક.

પહોચવું જુઓ પહોંચવું.

પહોચાડવું (પહોચાડું) જુઓ પહોંચાડવું.

પહોચેલ જુઓ પહોંચેલ.

પહોચેલું જુઓ પહોંચેલું.

પહોડવું (પહોડું) અ. ક્રિ. પોદળું; સડવું.

પહોડાડવું (પહોડાડું) સ. ક્રિ. પોદાડવું; સડાવવું.

પહોડાવવું જુઓ પહોડાવું.

પહોતવું અ. ક્રિ. પહોંચવું.
નરસૈયાનો સ્વામી મળે પહોતી મનડાની આશ. નરસિંહ

પહોતાર પું. મહાજન; હાથીનો હાંકનાર માહુત.
સબળ પહોતાર આયુધ અંકુશ શું,
સનાહ સાંકળા બળકેટ. કેશવદાસ

પહોતેલું [સં. પ્રભૂત (સમર્થ); પ્રા. પહુત્ત] વિ. ન છેતરાય તેવું; પાકું; પહોંચવાળું; પહોંચેલું.

પહોની સ્ત્રી. પૃથ્વી.

પહોપકન્ધી પું. લાલ રંગના શરીર ઉપર ધોળાં ટપકાં હોય તેવો ધોડો.

પહોર ૧. [સં. પ્રહર] પું. ત્રણ કલાક જેટલો વખત; પ્રહર; ત્રણ કલાક.
૧. દાદા પહોરની મોટી તોપ = ન માની શકાય તેવું ઠઠ્ઠાડતું જૂઠાણું.
૨. દાદા પહોરની હાંકવી = ગપ મારવી.
૩. પહોર વીતવો = પણો વખત જવો. રોજના કરતાં જ્યારે કોઈ કામ કરવામાં બહુ વખત જાય ત્યારે આમ બોલાય છે.
૨. સ્ત્રી. આવતે અથવા ગયે વર્ષ.

પહોરાડવું (પહોરાડું) સ. ક્રિ. પોદાડવું.

પહોરાળવું સ. ક્રિ. પોદાડવું.

પહોરેગીરી સ્ત્રી. પહેરેગીરી; ચોકીદારી.

પહોરેદાર પું. સંત્રી; પહેરાવાળો; ચોકીદાર.

પહોરો ૧. [ફા. પહરા] પું. નિગેબાની; તપાસ રાખવી તે ચોકી કરવી તે; ચોકો; સિપાઈઓની કડક નજર તળે રખાવવું તે; રખવાળી; રખવાળું.
૨. પું. પહોર પહોરને અંતરે તપાસ લેવાય અને નવા નવા માણસો રોકાય એવો ભપતો; તકેદારી; ભપતો; પહેરો.

પહોળખૂણ પું. (સંક્ષિપ્ત) કાટખૂણાથી મોટો ખૂણો.

પહોળખૂણ ત્રિકોણ પું. (સંક્ષિપ્ત) જેમાં એક ખૂણો પહોળો હોય તેવો ત્રિકોણ.

પહોળપણ ન. પનો; પહોળાઈ; વિસ્તાર; પહોળાપણું.

પહોળાઈ ૧. સ્ત્રી. પહોળપણ; પહોળાણ; લંબચોરસમાં ટૂંકી બાજુનો વિસ્તાર; પનો; આડું માપ.
૨. સ્ત્રી. પૃથુતા.
૩. સ્ત્રી. વિસ્તાર; ચોપાઈ.
પહોળાઈ જવું = ફેલાઈ જવું; પથરાઈ જવું.

પહોળાવવું સ. ક્રિ. પહોળું કરાવવું

પહોળાવું અ. ક્રિ. પહોળું થવું.

પહોળાશ સ્ત્રી. પહોળાઈ; પહોળપણ; પનો; પથરાણ.

પહોળિયું ન. પહોળો રૂપિયો; કલદાર રૂપિયો; મુન્શાશાહી રૂપિયો.

પહોળું ૧. [સં. પૃથુ; પ્રા. પહુલ્લ–પહુલ] વિ. ટૂંકું કે સાંકડું નહિ એવું; બહોળા વિસ્તારવાળું.
૨. વિ. ઢીલું; ઢહું; રમતું.
૩. વિ. પથરાયેલું; જોખમે, દાણા પહોળા કરવા.
૪. વિ. પૃથુ; વિશાળ.
૫. વિ. મોકળું; ખૂલતું; વિસ્તૃત.
૧. પહોળા પહોળા થવું –જઈને કરવું = (૧) ફલફજી જનવું. (૨) બેદરકાર થવું.
૨. પહોળું કરવું = વિસ્તૃત કરવું; ખુલ્લું કરવું; ઢાકણું મોકળું કરવું.
૩. પહોળું થઈ જવું = પાયમાલ થઈ જવું.
૪. પહોળું થવું = (૧) રાજી થવું; પોરસાવું. (૨) વધારે પડતું ઉદાર કે નકામું બનવું.
૫. પહોળે હાથે = (૧) ઉડાઉપણે. (૨) મોકળો હાથ રાખીને; ઉદારતાથી; છૂટે હાથે; અનર્થમાં ક્યવાય કે આંચકો આપ્યા સિવાય.
૬. વિ. લંબાઈની બે કિનારી વચ્ચે રહેતા વિસ્તારવાળું; પનાદાર; ચોડું.
૭. વિ. સામસામેની કિનારીઓ એકબીજાથી દૂર રહેતી હોય એવું; નહિ ભીડેલું; બંધ નહિ તેવું; ખુલ્લું.

પહોળો ખૂણો જુઓ પહોળખૂણો.

પહોળો ઢાહર પું. ચડતા ક્રમના ઘાટવાળા દરેક લંબચોરસ કટકા ઓરીને મૂકવાથી બનતી આકૃતિ.

પહોળો હાથ પું. ઉદારતા; અર્થ કરવાનો સ્વભાવ; કરકસર ન કરવાપણું.

પહોંક સ્ત્રી. પૃથ્વી.

પહોંચ ૧. સ્ત્રી. પહોંચવું તે; મુદ્દો બરાબર થવું તે.
૨. સ્ત્રી. પાવતી; રસીદ; નાણું કે માલ બરાબર બાબતની ચિઠ્ઠી.
પહોંચ ફાડવી = પાવતીની નોંધ રહે તેટલો ભાગ રાખી, તેની નકલ છૂટી કરીને આપવી.
૩. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય; બળ; તાકાત.
૪. સ્ત્રી. સમજશક્તિ; અક્કલ; અનુભવ; જ્ઞાન; મતિ.

પહોંચણુક સ્ત્રી. પાવતી આપવાના કાગળોની બાંધેલી વહી.

પહોંચવાહી જુઓ પહોંચણુક.

પહોંચવું ૧. અ. ક્રિ. એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉપસ્થિત થવું. નરસિંહરાવે સં. પ્રાપ્તનું પ્રાકૃત પત્તઉં, પહુત્તઉં અને ગુજરાતી પહુતઉ–પહોતું-પહોંચું.-પહોંચ બતાવીને પહોંચવું ક્રિયાપદ સં. પ્ર + આપ્ ધાતુમાંથી આવ્યાનું બતાવ્યું છે.
૨. અ. ક્રિ. એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું.
૩. અ. ક્રિ. કામેલ હોવું; સ્વાર્થ સાધવાની પાકી સમજ હોવી.
૪. અ. ક્રિ. મૂસવું; પેસવું.
૫. અ. ક્રિ. ઠરવું; જરી રહેવું.
૬. અ. ક્રિ. ધારેલે ઠેકાણે જવું; પૂગવું.
૭. અ. ક્રિ. પહોંચી જવું; આવી પૂગવું.
૧. પહોંચી જવું = વખતસર જઈ પહોંચવું.
૨. પહોંચી વળવું = (૧) કાર્ય બરાબર બજાવી શકવું; વખતસર કામ પૂરું કરી શકવું. (૨) હરીફ સ્પર્ધકો; મુકાબલો કરી પાર ઊતરવું.
૮. અ. ક્રિ. પાસે જઈ લાગવું; પકડી પાડવું.
૯. અ. ક્રિ. પૂરા થવું.
૧૦. અ. ક્રિ. ફેલાવું.
૧૧. અ. ક્રિ. મોક્ષેથી વસ્તુનું મળવું.
૧૨. અ. ક્રિ. લાગવું; સ્પર્શ કરવું.
૧૩. અ. ક્રિ. ઢાંકવું.
૧૪. અ. ક્રિ. સાથે બરાબર થવું; વખતસર થઈ જવું.
૧૫. અ. ક્રિ. સુધી ચાલવું.
૧૬. અ. ક્રિ. હાથમાં આવવું, મળવું.

૧૭. સ. ક્રિ. પૂરા પાડવું; કામકાજમાં કે સ્પર્ધામાં કાચું પડવું; બરાબર થવું; ટક્કર ઝીલી શકાવી; બરાબર ઊતરવું.

૧૮. સ. ક્રિ. બરાબર કરવું.

૧૯. સ. ક્રિ. સમજવું; કાવાદાવા, પેચ, પ્રપંચ જાણવા; કાબેલિયત કે ચતુરાઈ અને સ્વાર્થ સાધવાની પાકી સમજણ હોવી.

પહોંચાડવું (પહોંચાડું) ૧. સ. ક્રિ. આણવું; કરવું.

૨. સ. ક્રિ. ઊંચી સ્થિતિએ લઈ જવું.

૩. સ. ક્રિ. દાખલ કરાવવું; ઘુસાડવું.

૪. સ. ક્રિ. પહોંચે એમ કરવું; પહોંચવાની ક્રિયા કરાવવી.

૧. અંતમે પહોંચાડવું = પૂરું કરવું.

૨. નુકસાન પહોંચાડવું = નુકસાન કરવું.

૫. સ. ક્રિ. મોકલવું; લઈ જવું.

૬. સ. ક્રિ. સમજે તેમ કરવું.

પહોંચાવવું જુઓ પહોંચાડવું.

પહોંચાવું ૧. અ. ક્રિ. પકડી પાડવું; પકડી પાડી શકાવું.

૨. અ. ક્રિ. પૂગવું; પહોંચી શકાવું.

૩. અ. ક્રિ. પૂરું પડાવું.

પહોંચી ૧. સ્ત્રી. કાંડા ઉપરનો ભાગ.

૨. સ્ત્રી. કૃષ્ણના સોળ માંહેનો એક કામદાર.

૩. સ્ત્રી. પુરુષને કાંડે પહેરવાનું ઘરેણું; પહોંચે પહેરાય તેવું સોનાનું ઘરેણું; પહોંચાનું એક ઘરેણું.

૪. સ્ત્રી. રાધાના સોળ માંહેનો એક કામદાર.

પહોંચું ન. પહોંચો; પાંચ આંગળનાં મૂળ આગળનો હાથનો ભાગ; કાંડું.

પહોંચેલ વિ. શુરવું; બંધું; કોઈથી જેતરાય નહિ તેવું.

પહોંચેલ છુટી–માયા = બધું પહેલું માણસ.

પહોંચેલું ૧. વિ. કુશળ; હોશિયાર.

૨. વિ. બધું; પહેલું.

૩. વિ. દોંગું; કારસ્તાની; ખટપટમાં પ્રવીણ; ન જેતરાય એવું; ઉત્સાહ.

પહોંચેલી છુટી–માયા = (૧) માંહ્યું કે જેતરાઈ ન જાય એવું; બહુ ચતુરાઈવાળું; બધાને પહોંચી વળે એવું; તમામને જવાબ આપે એવું હોશિયાર. (૨) બહું પહું માણસ. (૩) પાતાળજંત્રી: જેની મસલત કે યુક્તિ જાણવામાં ન આવે તેવું. (૪) પ્રપંચ કરે તેવું.

૪. વિ. મળેલું; જેને પ્રાપ્ત થયું હોઈએ તેને પ્રાપ્ત થયેલું.

પહોંચો પું. આંગળીઓના મૂળ આગળનો ભાગ; હાથનું કાંડું; મણિબંધ; જ્યાં હાથનો પંજો જોડાયેલો છે તે ભાગ.

૧. પહોંચા કરવા = (૧) આગળ શું કરવું તે ન સમજવાથી મૂંઝાવું. (૨) બધો પસ્તાવો કરવો. (૩) પાછું પડવું.

૨. પહોંચો પકડવો = (૧) ગુનો કરતાં પકડી પાડવું. (૨) જકડમાં કે પકડમાં લેવું.

૩. પાંચ આંગળીએ પહોંચો સખ્યો = સંપ ત્યાં જંપ.

પહ્લવ ૧. [સં.] પું. દાઢીમૂછ રાખનાર એ નામની એક મ્લેચ્છ જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પહ્લાવા પું. કપડાં.

પહ્લિકા [સં.] સ્ત્રી. ચરિપરી નામની વનસ્પતિ.

પહ્લ્વ ૧. [સં.] પું. એક પ્રાચીન દેશ; હાલના ઈરાનનો પશ્ચિમનો ભાગ. તે પહ્લ્વ જાતિનું નિવાસસ્થાન હતું. ફારસી લોકોમાં પહ્લ્વ પ્રાચીન પારસની અંતર્ગત એક પ્રદેશ કે નગરનું નામ છે. કેટલાકના મત પ્રમાણે હમદાન, રાય, હમદાન, નિહાવંદ અને આજરબાયજાન મળીને બનતો પ્રદેશ તે વખતનો પહ્લ્વ દેશ છે. પણ તેમ જ તો પહ્લ્વને મીડિયા કે મહાન બીજું નામ માનવું પડશે. પણ કોઈ ઈરાની કે અરબી ઇતિહાસલેખકે તેનો પહ્લ્વ નામથી ઉલ્લેખ કર્યો નથી. પારદ અને પહ્લ્વને એક કહેનાર યુરોપીય વિદ્વાન પહ્લ્વને પર્થિયા પ્રદેશનું ફારસી નામ માને છે. સંસ્કૃત પુસ્તકોમાં જેમ જાતિના અર્થમાં પહ્લ્વનો સાધારણ રીતે ઈરાનના નિવાસીઓ માટે પ્રયોગ થયો છે, તેવી રીતે દેશના અર્થમાં પણ મોટે ભાગે ઈરાનને માટે તેનો ઉપયોગ થયો છે.

૨. સ્ત્રી. પ્રાચીન પારસી કે ઈરાની જાતિ. મનુસ્મૃતિ, રામાયણ, મહાભારત વગેરે પ્રાચીન પુસ્તકોમાં જ્યાં જ્યાં ભરત, યવન, શક, કાંબોજ, વાહ્લીક, પારદ વગેરે હિંદની પશ્ચિમમાં રહેનારી જાતિઓનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં પહ્લ્વોનું પણ નામ આવે છે. ઉપર્યા પુસ્તકોમાં તેમ જ બીજા સંસ્કૃત ગ્રંથોમાં પહ્લ્વ શબ્દ સામાન્ય રીતે ઈરાનના રહેવાસીઓ અથવા ઈરાનીઓ માટે વપરાયેલ છે. મુસલમાન ઇતિહાસકારોએ પણ પહ્લ્વોને પ્રાચીન પારસીઓનું નામ આપ્યું છે. સાસાનીય સમ્રાટોના વખતમાં પારસની મુખ્ય ભાષા અને લિપિનું નામ પહ્લ્વી પડી ગયું હતું. તોપણ કેટલાક યુરોપીય ઇતિહાસવેત્તાઓ પહ્લ્વ આખા પારસ નિવાસીઓની નહિ પણ માત્ર પર્થિયા નિવાસીઓ એટલે પારદોની અપભ્રંશ સંજ્ઞા માને છે. પારસનાં કેટલાંક પહાડી સ્થળોમાંથી મળેલા શિલાલેખોમાંથી પાર્થવ નામની એક જાતિનો ઉલ્લેખ છે. કોકટર હાઉ વગેરે જણાવે છે કે, આ પાર્થવ એ પાર્થિવંસ એટલે પારદોનું જ નામ હોઈ શકે છે અને પહ્લ્વ આ પાર્થવનું ફારસી અપભ્રંશ છે. વળી તેઓ આ બાબતની પુષ્ટિમાં જણાવે છે કે, અરમની ભાષાના ગ્રંથોમાં લખ્યું છે, કે અરસક એટલે પારદ રાજાઓની રાજઉપાધિ પહ્લ્વ હતી. બીજું તેઓ એમ જણાવે છે કે, પાર્થિયાવાસીઓને પોતાના શરવીરપણાનું અને લડાઈના શોખનું બહુ અભિમાન હતું અને ફારસીના પહલવાન અને અરમનીના પહ્લવીય શબ્દનો અર્થ પણ શૂરવીર અને યુદ્ધપ્રિય છે. પારસનું આ નામ સાથી પડ્યું તે સંબંધમાં તે ઇતિહાસવેત્તા જણાવે છે કે, પાર્થિયાવાસીઓએ પાંચસો વર્ષ સુધી પારસમાં રાજ્ય કર્યું અને રોમનો વગેરે સામે યુદ્ધ કરી તેઓને હરાવ્યા. આ સ્થિતિમાં પહ્લ્વ શબ્દનો પારસ સાથે આવો મોટો સંબંધ બંધાયો તેમાં નવાઈ નથી. સંસ્કૃત પુસ્તકોમાં બધે સ્થળે પારદ અને પહ્લ્વને જુદી જુદી બે જાતિ માની તેનો ઉલ્લેખ કરેલો છે. હરિવંશ પુરાણમાં મહારાજા સગરે તેઓનો જુદો જુદો વેશ નક્કી કર્યાનું વર્ણન છે. તેમની આજ્ઞાથી પહ્લ્વ શ્મશ્રુધારી થયા અને પારદ મુક્તકેશ રહેવા લાગ્યા. મનુસ્મૃતિ પ્રમાણે પહ્લ્વ એ પારદ, શક વગેરેની માફક મૂળ ક્ષત્રિય હતા અને પછી સંસ્કારભ્રષ્ટ થઈ શૂદ્ર બન્યા. હરિવંશ પુરાણ પ્રમાણે મહારાજા સગરે તેઓને ક્ષત્રિય ધર્મથી પતિત કરી પરાણે મ્લેચ્છ બનાવ્યા. તે સંબંધી હકીકત એવી છે કે, ઐક્ષ્વાકવંશી ક્ષત્રિયોએ સગરના પિતાનું રાજ્ય છીનવી લીધું હતું. તેઓને મદદ કરવા માટે પહ્લ્વ વગેરેના ઉપર સગરને બહુ દ્વેષ થયો. તેઓ સગરથી બી જઈને તેમના ગુરુ વસિષ્ઠને શરણે ગયા. વસિષ્ઠે અભયદાન આપ્યું. તેથી સગર રાજાએ ગુરુનું વચન રાખવા માટે તેઓનો છળ બનાવ્યો, પણ તેઓનો ધર્મ લઈ લીધો અને તેઓને ક્ષાત્રધર્મથી બહાર કરી મ્લેચ્છ બનાવ્યા. વાલ્મીકિ રામાયણમાં જણાવ્યા પ્રમાણે પહ્લ્વોની ઉત્પત્તિ વસિષ્ઠની શબલા નામની ગાયના આંચળવાથી થઈ છે. વિશ્વામિત્ર તે ગાયને હરી જતાં વસિષ્ઠની આજ્ઞાથી લડવાને માટે જે અનેક ક્ષત્રિય જાતિઓ તેણે પોતાના શબ્દમાંથી ઉત્પન્ન કરી તેમાં પહ્લ્વ પહેલી હતી.

પહ્લવિ પું. હાથીની પીઠ ઉપર નાખવાની ઝૂલ.

પહ્લવિકા જો. પહ્લ્વ દેશમાં ઉત્પન્ન થયેલી દાસી.

પહલવી [ફા.] જી. ઈરાનની એક પ્રાચીન ભાષા; ખાસ કરીને પ્રાચીન પારસી અથવા ઝેંદ અવસ્તાની ભાષા અને હાલની ફારસી વચ્ચેના મધ્યવર્તી કાળની ઈરાનની ભાષા. પારસીઓના પ્રાચીન ધાર્મિક તથા ઐતિહાસિક ગ્રંથો આ ભાષામાં છે. તેઓના મૂળ ધર્મપુસ્તક ઝેંદ અવસ્તાની ટીકા, અનુવાદ વગેરેના રૂપમાં જેટલાં પ્રાચીન પુસ્તકો મળે છે તે બધાં આ ભાષામાં છે. સાસાન વંશના સમ્રાટોના સમયમાં રાજકાજમાં આ ભાષા વપરાતી હતી. આથી આ ભાષાની ઉત્પત્તિનો કાળ પારદ સમ્રાટોના શાસન વખતનો હોવો જોઈએ. આ ભાષામાં સેમેટિક શબ્દો બહુ આવ્યા છે. શાસ્ત્રીય કાળની પહેલાની પહેલીમાં આ શબ્દો ઓછા જોવામાં આવે છે. પહેલી ગ્રંથોના મુખ્ય બે ભાગ છે. એક ભાગ અવસ્તાગ્રંથોનો અનુવાદ માત્ર છે. બીજા ભાગના ગ્રંથોમાં ધર્મની આજ્ઞા અને ઐતિહાસિક ઉપાખ્યાનો છે.

પળ ૧. [સં. પલ] જી. મહીનો સાઠમો ભાગ; ચોવીસ સેકંડ.

૨. જી. વખતનું એક માપ; ક્ષણ.

૩. ન. માંસ.

પળકવું ૧. અ. ક્રિ. આવાની હાલતથી ઓર્યા પાણી વહેવું.

૨. અ. ક્રિ. ઢળકવું; આવાની અવસ્થામાં આવવું; કેફ જેવા કે આવાને આવવું.

ઠોઠી સૂઝાનો કામ નથી, પણ જ્ઞાન પળકવાનો કામ છે = કાર્ય કરતાં પહેલાં વિચારવું.

૩. અ. ક્રિ. લાલ જેવાની જવાની ખાસ પાકવી; રેવાવું.

પળકો ૧. પું. પલકો; ઝબકારો.

૨. પું. ભરકું.

પળત ૧. જી. કરમાંથી મુક્તિ.

૨. જી. બારણું બંધ કરીને કરનારમાં રાખી તેને સારસંભાળ માટે આપવામાં આવતી રકમ અથવા જમીન.

૩. વિ. પળાતું. જેમાંથી, તે ખેડૂત જેવસાયની પળત જમીન ખેડે છે.

૪. વિ. વેરો કે વેઠ ન હોય તેવું.

પળતિયું ૧. વિ. પળતની જમીન ભોગવનારું.

૨. વિ. વેરો કે વેઠ ન હોય તેવું.

પળપંચ પું. (પ્રાકૃત) વીસ તોલા; અક્કેર.

પળભરમાં અ. એક પળમાં; થોડી વારમાં; ક્ષણ વારમાં.

પળમાત્ર અ. ક્ષણમાત્ર; ક્ષણવાર; વાર.

પળવાર વિ. ઘડીભર; ક્ષણવાર; ઘડીક; જરાવાર.

પળવું ૧. અ. ક્રિ. અનાજનો પાકવો.

૨. અ. ક્રિ. અનુકૂળ આવવું.

૩. અ. ક્રિ. ઊકલવું.

૪. અ. ક્રિ. કબજા રખાવું; વચન પળવું; અમલમાં આવવું.

૫. અ. ક્રિ. કરી પાળવી તે.

૬. અ. ક્રિ. કેફ પાકે જવા; વાત પોગા થઈ જવા.

૭. અ. ક્રિ. ખરું થવું; ખાસ થવું.

૮. અ. ક્રિ. જવું.

૯. અ. ક્રિ. નાસવું; ભાગવું.

૧૦. અ. ક્રિ. પરંપરા રહ્યા કરવી; પરંપરા ચાલવી; ચાલ્યા કરવું.

૧૧. અ. ક્રિ. પાર પડવું; ફળવું.

૧૨. [અપ. પલ (પ્રસ્થ કરવું)] અ. ક્રિ. પ્રસ્થાન થવું.

૧૩. અ. ક્રિ. ભરાવા જવું; પોષવું થવું; પોષાવું.

૧૪. અ. ક્રિ. મરી જવું.

૧૫. અ. ક્રિ. વહેવું.

૧૬. અ. ક્રિ. સચવાવું.

૧૭. અ. ક્રિ. પાળવું. વચન માટે વપરાય છે.

૧૮. અ. ક્રિ. ભોમટો તાબામાં હોવો. જમીન માટે વપરાય છે.

પળશી ૧. જી. ખુશામદ; મન મનાવવા માટે ખૂબ મહેનત કરવી અને અણછાજ કામ કરવી તે; બહુ જાણવી ખૂબ મોમ લાડને સામાનું મન મેળવી લેવાનો યત્ન કરવો તે; ચાપલુસી; એક જ હકની તાબેદારી; મતલબ સાધવા માટે હદથી વધારે તારીફ કરવી તે; પળસી.

૨. જી. પાપણ; મુખસ્તુતિ.

૩. જી. નમ્ર સેવા; અણછાજ ચાકરી.

૪. જી. ખબરપેટ; પગ ચાંપવા તે.

૫. અ. ધીમે; હળવે.

પળસ [અ.] પું. આખરો; ખાસ.

પળસપાપડી (પળસપાપડો) [અ.] જી. આખરના ફળમાં જતાં સતાં બચાં બી. તેની ખાસ ઉતરી, અંદરના સોફ આખું ચૂસી કરી ૧૦થી ૩૦ જેટલી સંખ્યામાં મુસ્લિમ તરીકે આપવા છે, જેથી ફરમ કરી ખાય છે અને પાછળથી ખુલાસ આપતાં ખબર પડે છે.

પળસી જુઓ પળશી.

પળા ૧. જી. કેટાળો આપે તેવું કામ.

૨. જી. ખિદમતગારી; સેવાચાકરી; ટંચાકરી; પલન.

૩. જી. દુઃખ; આપત્તિ.

૪. જી. પાળવું પડે તેવું બાળક, ઢોરું, ઘરનું કે અંગત માણસ; સંભાળ લેવી કે રાખવી પડે તેવું જે કોઈ તે.

૫. સ્ત્રી. બળતરા.

૬. જી. સાબિતીની આંટી ઊભી કીટીના વાદેલા ઊભા.

પળાયન જુઓ પલાયન.

પળાવવું સ. ક્રિ. પાળે એમ કરવું.

પળાવું ૧. અ. ક્રિ. ખોડાની પીઠ ઉપર સામાન કસવો.

૨. અ. ક્રિ. નાસ પામવું.

૩. અ. ક્રિ. પલાવું; સચવાવું; કરવી.

૪. અ. ક્રિ. પાળે એમ થવું; પાળા કબાવું.

૫. અ. ક્રિ. વર આવવું; ખાઈ થવું.

પળાહાર કું. ઝાસાહાર.

પળાંતર અ. ઘડી ઘડી.

પળાંતરો કું. ભેદ; જુદાઈ; નોખાપણું.

પળાંશી જી. નહીંવતારે ઊગતો એક છોડ.

પળાંસવું ૧. સ. ક્રિ. ખુશામદ કરવી.

૨. સ. ક્રિ. ચાંપવું; મસળવું; ઘસવું; પગચંપી કરવી.

૩. સ. ક્રિ. નમ્ર સેવા કરવી.

પળિત વ. ધોળા વાળ.

પળિયલ વિ. પળિયાંવાળું.

પળિયાં ૧. વ. વ. ઘ. માથાના.

૨. [સં. પલિત] વ. વ. ઘ. પાકીને ધોળા થઈ ગયેલા વાળ; ધોળા થઈ ગયેલા કેશ.

પળિયાં આવવાં = (૧) માથાના આવવું. (૨) વાળ ધોળા થવા.

પળિયું [સં. પલિત; પ્રા. પલિઅ] વ. પાકીને ધોળો થયેલો વાળ.

પળિયેલ [સં. પલિત] વિ. જૂનું; ઘરડું; ધોળા વાળવાળું; પળિયાંવાળું.

પળિયો કું. એક જાતનું ઘાસ. ખેતરાઉ કામોની અને પાકેલ પોલી જમીનમાં પળિયો અને સીળો મુખ્ય ઘાસ થાય છે. પળિયો ઘાસ ઢોરને પુષ્ટિપ્રદ ખોરાક બનાવે છે.

પળી ૧. જી. આઠ તોલા પાણી સમાય તેટલું માપ.

૧૧ આચમની = ૧ પળી

૮૦ પળી = ૧ દ્રોણ

૨. [સં. પલ (પ્રવાહીનું એક માપ); પ્રા. પલિઅ] જી. કુલ્લામાંથી કે સાંકડા મોંવી જરણી વગેરેમાંથી જી, તેલ વગેરે પ્રવાહી

કાઢવાની ઊભા દાંડાની ડોર્યો, કડછી કે ચમચો; ડોખલી; કુલ્લા કે બરણીમાંથી ઘી તેલ કાઢવાનું લોટાનું એક ઓજાર કે સાધન.

૩. સ્ત્રી. જેમાં એક પલ્લાદાર પ્રવાહી માપ એવો ચમચો.

૪. સ્ત્રી. દૂધ માપવાનું પિત્તળ અથવા લોટાનું વાસણ.

૫. સ્ત્રી. ખોળા વાળ; પળિયાં.

૬. સ્ત્રી. પળવું તે.

૭. સ્ત્રી. પથી પડવું તે.

૮. સ્ત્રી. પાલન કરવું તે.

૯. સ્ત્રી. પાળિયો.

પળોપળ અ. ક્ષણેક્ષણ.

પળો પું. મોટી પળી; ડોર્યો; કડછો; મોટી ડોખલી.

પળોઘું પું. સુથારના સાંધાને ઢાંકી દીધા પછી તેમાંથી ફૂટતો ખીલો ઠપકો.

પળોજણ ૧. સ્ત્રી. ઝંઝટખણી.

૨. સ્ત્રી. પરવરશી; ઉછેર.

૩. સ્ત્રી. પાળવું કે પોષવું તે.

૪. સ્ત્રી. ફિકર; ઉપાધિ; ચિંતા; બાધિ; તરબ્બા; પંચાત.

૫. સ્ત્રી. બરદાસ.

પળોટવું ૧. [પ્રા. પલોટ્ટ (પ્રવૃત્તિ કરવી)] સ. ક્રિ. કામ શિખાડવા માંડવું; પહેલવહેલાં કામમાં જોડવું; ધીરે ધીરે માહિતગાર કરવા માંડવું; પાવરધું કરવું; ઝપે ચઢાવવું; કામમાં જોજવું; ઘીબનીને તૈયાર કરવું.

૧. પળોટાઈ જવું = ઠળાઈ જવું.

૨. પળોટાવું = પલોટાવું; વપરાઈ વપરાઈને પડવું.

૨. સ. ક્રિ. કેળવવું; તાલીમ આપવી; શિક્ષણ આપવું.

૩. સ. ક્રિ. કેળવી સવારી લાયક કરવું.

૪. સ. ક્રિ. ચંપી કરવી; દબાવવું.

૫. જુઓ પલોટવું.

પળોઠી સ્ત્રી. પલોંઠી.

પશ્ય સ્ત્રી. ઊંટની એક જાતની ચાલ; દબાક, દબાક કરતાં બન્ને પગે સાથે ચાલતા ઊંટની ચાલનું નામ. આ ચાલ સારી ગણાતી નથી. તેથી બેસનારને લદકા બહુ લાગે છે.

પંક ૧. [સં.] પું. કાદવ; કીચડ; કચરો; ગારો

૨. પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; પંકવતી. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ એમ તેર અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ત્રિપ. તે કૃતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને નગણ મળી નવ અક્ષર હોય છે.

૪. [હિં.] પું. લેપ.

૫. પું. સારસ પક્ષી.

૬. સ્ત્રી. કાદવવાળી પોચી જમીન.

૭. ન. (જૈન) સોમા નરકનું નામ. જ્યાં કાદવ વિશેષ હોય છે.

૮. ન. પાપ; દોષ.

પંકકર્દટ [સં.] પું. પાણીવાળો કાદવ.

પંકકીર [સં.] પું. કાદવ જેને પ્રિય છે તેવું પક્ષી; ટિટિહરી નામનું પક્ષી.

પંકકીડ (પંકકીડ) ૧. [સં.] પું. ભૂંડ; ડુક્કર.

૨. વિ. કાદવમાં ખેલનાર.

પંકગહ [સં.] ન. કાદવમાં રહેનારું એક જાતનું જાનવર.

પંકગર્તિ જુઓ પંકગહ.

પંકગાહ [સં.] પું. મગરમચ્છ.

પંકજ ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે કુસુમિત છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૧૩૨ લઘુ મળી ૧૪૨ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને પંકવતી, પંકજમાલા, પંક, પંકજાવલી, ઓઘાવલી, કમલાવલી, પંક્તિ, કેસરવલી, પંકજવાટિકા તથા ચંપકવાટિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે.

૩. પું. સરોજ.

૪. પું. સારસ પક્ષી.

૫. [સં. પંક (કાદવ) + જન્ (પેદા થવું)] ન. કમળ; પદ્મ.

૬. વિ. કાદવમાં પેદા થનાર.

પંકજચક્ષુ વિ. કમળના જેવી આંખવાળું.

પંકજચરણ ન. ચરણકમળ.

પંકજજન્મ જુઓ પંકજજાત.

પંકજજાત [સં. પંકજ (કમળ) + જાત (જન્મેલું)] વિ. કમળમાં જન્મેલું. વહાણનું એક વિશેષણ છે.

પંકજવાસિની પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

ગાશે પંકજવાસિની ભ સ જ સા ગે.

રઘુપિંગળ

પંકજનયન ૧. [સં.] પું. પરમાત્મા.

૨. વિ. કમળ સમાન આંખોવાળું.

પંકજનેત્ર જુઓ પંકજનયન.

પંકજન્મા ૧. [સં. પંકજ-મન્] પું. સારસ પક્ષી.

૨. ન. કમળ.

૩. વિ. કાદવમાં ઉત્પન્ન થનાર.

પંકજપત્ર ન. કમળપત્ર.

પંકજમાલા [સં.] સ્ત્રી. કમળની માળા.

પંકજમુખી વિ. સ્ત્રી. કમળ જેવા મુખવાળી.

પંકજહર પું. (ભૌદ્ધ) બોરાથી માંહેનો એ નામનો એક સિદ્ધ.

પંકજરાજ [સં.] પું. ભમરાજ ભમિ.

પંકજવાટિકા સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ મળી તેર વર્ણ હોય છે.

પંકજવાસિની [સં.] સ્ત્રી. નર્મદાનાં જબ્બર માંહેનું એક નામ.

પંકજાત ૧. [સં. પંક (કીચડ) + જાત (જન્મેલ)] ન. કમળ.

૨. વિ. કાદવમાં જન્મેલું.

પંકજાવલી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને પદ્મવતી છંદ પણ કહે છે.

પંકજશ્રી [સં.] સ્ત્રી. કમળમાંથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી.

પંકજાસન [સં. પંકજ (કમળ) + આસન (બેઠક)] પું. બ્રહ્મા; કમલાસન.

પંકજિત [સં. પંકજિત્] પું. (પુરાણ) ગરુડનો એ નામનો એક પુત્ર.

પંકજિની ૧. [સં.] સ્ત્રી. કમળફૂલની વેલ; કમલિની. આ વેલ પાણી ઉપર પથરાય છે.

૨. સ્ત્રી. કમળવાળો પ્રદેશ.

૩. સ્ત્રી. પદ્માકર; કમળનો સમૂહ; કમલાકર.

પંકજેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં જબ્બર માંહેનું એક નામ.

પંકતા [સં.] સ્ત્રી. કાદવપણું; કીચડપણું.

પંકદિગ્ધશરીર [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

પંકદિગ્ધાંગ [સં.] કું. (પુરાણ) પ્રતિષ્ઠ સ્વામીનો એ નામનો એક અનુચર.

પંકધૂમ [સં.] ન. (જૈન) એ નામનું એક નરક.

પંકપર્પટી [સં.] સ્ત્રી. સોરાષ્ટ્રમૃત્તિકા; ગોપીચંદન.

પંકપ્રક્ષાલન [સં. પંક (કાદવ) + પ્રક્ષાલન (ધોવું તે)] કું. એ નામનો એક ન્યાય; કાદવમાં પડી પગ ધોવા કરતાં કાદવમાં ન પડવું સારું, એ અર્થનો એક ન્યાય. રોગ થયા પછી તે સુધારવો તેના કરતાં રોગને થતો અટકાવવો એવું બતાવવા માટે આ ન્યાય વપરાય છે.

પંકપ્રભા [સં.] સ્ત્રી. (જૈન) તે નામની બીજી નરકભૂમિ; કીચડથી ભરેલ એ નામનું નરક. તેની જાડાઈ એક લાખ વીસ હજાર યોજનની છે અને તેમાં દસ લાખ નરકાવાસ છે.

પંકબહુલ ૧. [સં.] કું. રત્નપ્રભા નરકના ત્રણ ભાગોનો બીજો ભાગ. તેની જાડાઈ ૮૪ હજાર યોજન છે.
૨. વિ. ઘણા કાદવવાળું.
૩. વિ. બહુ પાપવાળું.

પંકભાજ ૧. [સં. પંક (કાદવ) + ભાજ્ (સેવવું)] વિ. કાદવવાળું.
૨. વિ. કાદવ સેવન કરનાર.

પંકમય [સં. પંક (કાદવ) + મય (ભરેલું)] વિ. કાદવવાળું.

પંકમંડૂક ૧. [સં.] કું. કાદવમાં બનારી એક જાતની છીપ.
૨. કું. ખોપા; આઠ પગવાળું કાંચળા જેવું પાણીનું એક પ્રાણી.

પંકમાષ કું. કાદવમાં ઊગતો એક છોડ. તે વરસ અને અમેરિકામાં થાય છે. તેનાં પાંદડાં ત્રિફળ અને બહુ જ કડવાં હોય છે. તેનો દવામાં ઉપયોગ થાય છે.

પંકરુહ ૧. [સં.] કું. સારસ પક્ષી.
૨. [સં. પંક (કાદવ) + રુહ્ (ઊગવું)] ન. કમળ.
૩. વિ. કાદવમાં ઊગનાર.

પંકવતી કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને પદ્મમાલા, પંક, પંકજવતી, ભોગાવલી, કમલાવલી, પદ્મા, કેસરવતી, પંકજવાટિકા, પંકવાટિકા અને પંકજ છંદ પણ કહે છે. તેમાં ભગણ, નગણ, બે જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

પંકવતી અહિ ૭ ન ૭ ૭ ૭ ગા ૫૨. અનુપિંગળ

પંકવારિ [સં.] સ્ત્રી. કાંજી.

પંકવાસ ૧. [સં. પંક (કીચડ) + વાસ (રહેવાનું)] કું. કરચલો.
૨. કું. કાદવમાં રહેનારું એક જાતનું જળજંતુ.
૩. વિ. કાદવમાં રહેનારું.

પંકશુક્તિ ૧. [સં. પંક (કીચડ) + શુક્તિ (છીપ)] સ્ત્રી. કાદવમાં થતી એક જાતની છીપ.
૨. સ્ત્રી. ખોપા; પંકમંડૂક.

પંકશૌવાળ કું. એક જાતનો શેવાળ. તેનો આકાર્ત્તુ દાંડીવાળો હોતો નથી, પણ હંસરાજ વનસ્પતિની માફક અનુક્રમાંક જેવો હોય છે. તેનાં પાંદડાંમાં જલ્યાબંધ પાણીદાર પેશી હોય છે. હરિત દ્રવ્યથી ભરેલા કોષોની સાથે એકમેક વર્ષ મળેલા રંગહીન કોષોની એ પેશી બનેલી હોય છે. આ એક બીનાસ્થવાળી જગામાં જ અથવા પાણીમાં જ ઊગે છે અને વર્ષોવર્ષ સારે ઉત્પન્ન થવાથી તેનો તે સ્થળે પંક એટલે કાદવ સ્તરબંધ બાંધે છે.

પંકા ૧. કું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને નગણ મળી નવ અક્ષર હોય છે. તેને નિધ છંદ પણ કહે છે.
૨. કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. જુઓ પંક્જ ૨.
૩. સ્ત્રી. (જૈન) એ નામનું ચોથું નરક.

પંકાઉ વિ. પ્રખ્યાત; જાણીતું.

પંકાતા સ્ત્રી. એ નામનું ચોથું નરક.

પંકાયતન [સં.] ન. કાદવવાળી જગ્યા.

પંકાયેલું વિ. વખણાયેલું; નામીચું; પ્રખ્યાત; પ્રખ્યાતી પામેલું.

પંકાર ૧. [સં.] કું. એક જાતનું જલચર પ્રાણી.
૨. કું. પત્રવિશું.
૩ કું. પાજ; પુલ; સેતુ.
૪. કું. પાણીમાં ઊગતો એ નામનો એક છોડ.
૫. કું. કેવાળ.

પંકાવતી સ્ત્રી. ગજલાવર્ણ વિજ્યની પૂર્વ સરહદ ઉપર આવેલ એ નામની નદી.

પંકાવલિ કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, નગણ, નગણ, નગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

આ ન ન ન ન ગા વડી પંકાવલિ ૨૨. અનુપિંગળ

પંકાવલી જુઓ પંક્તિવલિ.

પંકાવળી જુઓ પંક્તિવલિ.

પંકાવું [સં. પ્ર + અંક્] અ. ક્રિ. ઓળખાવું; વખણાવું; પ્રખ્યાત થવું; હોકેમાં વખાણ થવાં; અમુક સારે ખોટે નામે ઓળખાવું; હોકોમાં જણીતા થવું.

પંકિત [સં. પંક (કાદવ) + ઇત (વાળું)] વિ. કાદવવાળું.

પંકિલ ૧. [સં.] કું. કાદવવાળો પ્રદેશ.
૨. વિ. કાદવવાળું; મેલું.

પંકિલતા [સં.] સ્ત્રી. કાદવવાળું હોવાપણું.

પંકી જુઓ પંકિ.

પંકેજ ૧. [સં.] કું. સારસ પક્ષી.
૨. [સં. પંક (કાદવમાં) + જ (જન્મેલું)] ન. કમળ.
૩. વિ. કાદવમાં ઊગનારું.

પંકેરુહ જુઓ પંકેજ.

પંકેશય [સં. પંક (કાદવમાં) + શી (સૂવું)] વિ. કાદવમાં ઊગનાર.

પંકૈરાવા [સં.] સ્ત્રી. એક જાતની જળો.

પંકૌરવા સ્ત્રી. જળકૂકડી.

પંક્ચર [અં.] ન. કાણું; છિદ્ર.

પંક્ચુઅલ [અં.] વિ. વખતસરનું; યોગ્ય વખતે આવનાર; નિયમિત.

પંક્ચુઅલિટિ [અં.] સ્ત્રી. વખતસરપણું; નિયમિતપણું.

પંક્તિ ૧. કું. (પિંગળ) એ નામનો એક છંદ. તેના પ્રસ્તાર ભેદથી ૧૦૨૪ સમવૃત્તો થઈ શકે છે. તેમાં ૧૦ વર્ણ હોય છે. દરેક ભેદમાં બધુ બધુ બધુ અને ગમે ગુરુ બધવા થયુ આવે.
૨. [સં.] કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને હંસ છંદ પણ કહે છે. તેમાં ભગણ અને બે ગુરુ મળી પાંચ વર્ણ હોય છે.
૩. કું. (પિંગળ) ગાયત્રીના ચોવીસ પૈકીનો એ નામનો એક છંદ.
૪. કું. (પિંગળ) ચાલીસ અક્ષરનો એક વૈદિક છંદ. તેના આર્ષી, દૈવી, આસુરી, પ્રાજાપત્ય, યાજુષી, સામની, આર્ચી અને યાજુષી એવા આઠ પ્રકાર છે. તેનો વર્ણ નીલ, ગોત્ર ભાર્ગવ, દેવતા વરુણ અને સ્વર પંચમ છે.
૫. કું. બાહ્માની મન્ત્રણાથી ઉત્પન્ન થયેલો એ નામનો એક છંદ.

૬. સ્ત્રી. કક્ષા.
૭. સ્ત્રી. ગૌરવ; મોટાઈ.
૮. સ્ત્રી. ગમની એક લીટીમાં હોય તેટલું લખાણ.
૯. સ્ત્રી. જમવા બેઠેલાઓની હાર; ઓળ.
૧૦. સ્ત્રી. જાતિ.
૧૧. સ્ત્રી. ટોળી; વર્ગ; સાથ.
૧૨. સ્ત્રી. તતિ; આવલિ; આલિ.
૧૩. સ્ત્રી. દરજ્જો; વર્ગ.
૧૪. સ્ત્રી. દાની સંખ્યા.
૧૫. સ્ત્રી. દશની સંજ્ઞા.
૧૬. સ્ત્રી. પંગત; હાર; શ્રેણી.
૧. પંક્તિ આપવી = (૧) પોતાના જેવું બનવું. (૨) પંક્તિમાં કે જ્ઞાતમાં લેવું; સાથે એક પંગતે જમવા બેસવાનો હક્ક આપવો. (૩) પાવન કરવું. (૪) પોતાનું સમોવડું બનવું.
૨. પંક્તિમાં આવવું = (૧) બનવામાં આવવું; ગણાવું. (૨) હારમાં બોલાવું.
૩. પંક્તિમાં બેસાડવું-લેવું = જ્ઞાતબહાર મૂકેલ માણસને જ્ઞાતમાં પાછું દાખલ કરવું.
૧૭. સ્ત્રી. પૃથ્વી.
૧૮. સ્ત્રી. પ્રપંચ.
૧૯. સ્ત્રી. રસોઈ; પાક.
૨૦. સ્ત્રી. લીટી.
૨૧. સ્ત્રી. વિસ્તાર; ફેલાવ.
૨૨. સ્ત્રી. સન્નદ્ધ પદાર્થોની સ્થિતિ.
૨૩. સ્ત્રી. સેનામાં દસ દસ ચોદ્ધાની શ્રેણી.
૨૪. સ્ત્રી. બડ.

પંક્તિકંટક ૧. [સં.] પું. એક પંગતમાં બેસવામાં કાંટાની પેઠે સામા મનુષ્ય પંગતને દૂષિત કરનાર માણસ.
૨. વિ. પંક્તિદૂષક; પંગતને દૂષિત કરનાર.

પંક્તિકૃત [સં.] વિ શ્રેણીબદ્ધ.

પંક્તિગીત [સં.] પું. રાવણ.

પંક્તિચર [સં.] ન. એક જાતનું પક્ષી.

પંક્તિચ્યુત [સં. પંક્તિ (પંગત) + ચ્યુત (ભ્રષ્ટ)] વિ. કોઈ કારણ કે દોષને લીધે પંગતબહાર કરેલ.

પંક્તિદૂષ જુઓ પંક્તિદૂષક.

પંક્તિદૂષક ૧. [સં.] પું. જ્ઞાતમાં ભોજન કરાવવા તથા દાન આપવા માટે અયોગ્ય બ્રાહ્મણ.
૨. પું. શ્રાદ્ધમાં ભોજન માટે બેઠેલ બ્રાહ્મણની નાતને દૂષિત કરનાર પુરુષ; જ્ઞાતિથી બહિષ્કૃત બ્રાહ્મણ
૩. વિ. ભ્રષ્ટ; નાતબહાર; પંગતને દૂષિત કરનાર; જેની સાથે પંગતમાં બેસીને ભોજન કરી ન શકાય એવું.

પંક્તિદોષ પું. પંક્તિમાંથી દૂર કરવો પડે તેવી ભૂલ.

પંક્તિપાવન ૧. [સં.] પું. માન આપવા લાયક માણસ.
૨. પું. યજ્ઞમાં બોલાવવા, ભોજન કરાવવા અને દાન આપવા માટે ઉત્તમ મનાતો બ્રાહ્મણ.
૩. પું. શ્રાદ્ધભોજન માટે બેઠેલા બ્રાહ્મણની નાતને પવિત્ર કરનાર વિદ્વાન બ્રાહ્મણ.
૪. વિ. નાતને પવિત્ર કરે એવું; પવિત્ર આચારવાળું.
૫. વિ. પંક્તિને પવિત્ર કરનાર.
૬. વિ. પંક્તિમાં બેસી શકે એવું; પવિત્ર.
૭. વિ. માનનીય; આનંદ 'ઓનરેબલ.'

પંક્તિપૂરક [સં.] પું. અંતરજોગ; ઝાઝપદ નિશાની.

પંક્તિપ્રજ્ઞ વિ. મહાન બુદ્ધિશાળી.

પંક્તિબદ્ધ [સં.] વિ. હારબંધ; શ્રેણીબદ્ધ.

પંક્તિબહાર વિ. નાતબહાર; ભ્રષ્ટ.

પંક્તિબંધ વિ. હારબંધ.

પંક્તિભેદ ૧. [સં. પંક્તિ (હાર) + ભેદ (જુદાપણું)] પું. બાળકોમાં સાથે હારમાં બેસી નહિ જમવાનો આચાર.
૨. પું. જમવા એક પંગતે કે સાટીને ન બેસાય તેવો ભેદ.
૩. ન. ઓછુંવત્તું પીરસવું તે; પીરસવામાં વહેરોઝાંતરો; જાણીભેદ; જાણાંતર; સાથે બેઠેલાને પીરસવામાં ઢાળો કરવો તે.

પંક્તિભોજન [સં.] ન. હારમાં બેસી જમવું તે; સહભોજન; પંગતમાં જમવા બેસવું તે.

પંક્તિમાન્ય ૧. વિ. પંગતમાં બેસવા જોગ; પંગતમાં સ્વીકારવા જોગ.
૨. વિ. સમાજે કબૂલ રાખેલ.

પંક્તિરથ [સં.] પું. (પુરાણ) દશરથ રાજા.

પંક્તિવાન વિ. પંક્તિમાં જમવાને વાસ્તે હરકત નહિ તેવું.

પંક્તિવાહ્ય [સં.] વિ. જ્ઞાતિબ્યુત; પંક્તિમાંથી કાઢી મૂકેલું.

પંખ ૧. પું. બાજુ; ઓર.
૨. પું. બાજુની બાજુબાજુનો છેડો.
૩. સ્ત્રી. પક્ષ.
૪. સ્ત્રી. પક્ષો. કવિતામાં આ રૂપ વપરાય છે.
૫. [સં. પક્ષ; પ્રા. પંખ] સ્ત્રી. પાખ; પંખીને ઊડવાના ઉપયોગમાં આવતો પંખાની માફક સંકોચાય અને પહોળો થાય એવો અવયવ; જે વડે પક્ષી ઊડે છે તે અવયવ.
૬. સ્ત્રી. બરફની એક જાતની બાવાની બનાવટ.
૭. ન. (બારણું) બરફ.
૮. ન. પીંછું.

પંખડી (પંખડી) ૧. સ્ત્રી. ફૂલની પાંખડી.
૨. વિ. પાતળું; ફરજું

પંખણિ સ્ત્રી. માદા પક્ષી; પક્ષિણી.

પંખણી જુઓ પંખણિ.

પંખન સ્ત્રી. (વજ) પાંખ.

પંખપાત [સં. પક્ષપાત] પું. એક પાસાનું બદલી જવું તે; પક્ષાઘાત; લકવો; અર્ધાંગ -લકવો. તેમાં અર્ધું શરીર રહી જાય છે.

પંખવો પું. પંખો; વીંજણો

પંખવિકાર પું. બાજ પંખીની મદદથી શિકાર કરવો તે.

પંખા ૧. [હિં.] પું. વીંજણો; પંખો.
હરાશીપંખા = હાથમાં રાખવાનો મોટો પંખો; હાથથી ચાલતો મોટો પંખો.
૨. સ્ત્રી. પવનબારી; 'વેન્ટિલેટર.'
૩. [સં. પક્ષ] સ્ત્રી. પાંખ.
૪. સ્ત્રી. કટકાસાળમાં ઊભાના ભાગ ઉપરની લાકડાની બે આડેની કરેક પટી.
૫. ન. એક પ્રકારનું પાળેલું કબૂતર. તેને પહોળી ગોળાકાર પૂછડી હોય છે. પૂછડી ઉપર બાર પીંછાં હોંચાને બદલે અસાધારણ ત્રીસ ચાલીસ પીંછાં હોય છે. પૂછડી પહોળી કરી પંખા જેવો આકાર કરવાની તેની ટેવને લીધે એને પંખા કહે છે.

પંખાકલ્લ સ્ત્રી. વીજણાના પાટિયામાં બેસાડેલી વીજણાના પંખાની ચાંપ.

પંખાકળી જુઓ પંખાકલ્લ.

પંખાકૂલી પું. પંખો ઝલાવનાર માણસ; પંખાની દોરી ખેંચી પવન નાખનાર માણસ.

પંખાકોસ પું પંખાની જાતનો કોસ.

પંખાતાડ (પંખાતાડ) ન. એક જાતનું ઝાડ. તેનાં પાન ઢાલ જેવાં જાડાં પંખા જેવાં અને કોરે ઝાલરવાળાં હોય છે.

પંખાપાત્ર ૧. ન. એક જાતનું જરીનું ભરતકામ.
૨. ન. એક જાતનું ઝાડ. તેનું થડ નીચે જાડું ઓ ઉપર ઊંડકોતાર ભરભચ્ચું હોય છે. તેનાં પાનની ડાળી ઘણી લાંબી હોય છે. ઉપર મોળ આકારનું લાલું પાન થાય છે. તેનાં ફૂલની ઝૂમ થાય છે

પંખાપુલર જુઓ પંખાકૂલી.

પંખાપોશ પું. પંખા ઉપરનો ગલેફ.

પંખાભાંય સ્ત્રી. પંખા જેવી ભાંય.

પંખાવા પું. એક જાતનો ધોડો.

પંખાસણ ન. બે પગે ઊભું અને વચમાં દબાવું આસન.

પંખાળ ૧. વિ. ઝડપથી દોડે એવું.

૨. વિ. પાંખવાળું.

પંખાળિયું ન. એક જાતની ઢાંગર; સૂંખવાંવાળી ઢાંગર.

પંખાળિયો પું. એક જાતનો કાઠિયાવાડી ધોડો.

પંખાળી ૧. સ્ત્રી.-એક જાતની ક્રમોદ; મધુ પાંખાંવાળી એક જાતની ઢાંગર. અમદાવાદ જિલ્લામાં આ ઢાંગર વધારામાં છે.

૨. સ્ત્રી. એક જાતની ધોડી.

૩. વિ. સ્ત્રી. પાંખોવાળી.

પંખાળું ૧. વિ. ઝડપથી દોડે એવું; પવનવેગી.

૨. વિ. પાંખવાળું; પાંખો હોય એવું.

પંખિ [સં. પક્ષિન્] પું.;સ્ત્રી. (પ્રાકૃત) પક્ષી.

પંખિણી સ્ત્રી. પંખીની માદા; માદા પક્ષી; પક્ષિણી.

પંખિયા ૧. પું. દુષ્ટ માણસ.

૨. પું. નાનો પંખો.

૩. પું. રમતારામ; પંખીની પેઠે ભમનાર કે સ્થિરવાસ કરીને ન રહેનાર માણસ.

૪. પું. રસ્તા વચ્ચે ઊભો રહી જતાં આવતાને પવન નાખનાર ફકીર.

પંખિયું ૧. ન. એક ભાલું.

૨. ન. ઊપડે ને બંધ થાય એવો વર્તુલનો એક નાનો ભાગ.

૩. ન. ચોપો ભાગ.

૪. ન. પાંખિયું; મોળ કરી કે બલાનો સાંધાવાળો મોળ કટકો.

૫. વિ. એક ભાલુનું; એક તરફનું.

૬. વિ. પાંખવાળું; પાંખાળું; જેને ઊડવાની પાંખો હોય તેવું.

પંખી ૧. [હિ.] પું અન્યકર્મના ફળના માથા ઉપરનું પાતળું હલકું પાંદડું.

૨. પું. પુષ્પદલ; ફૂલની પાંખડી.

૩. પું. કૂંડું.

૪. સ્ત્રી. નાનો પંખો.

૫. ન. એક પ્રકારનું ગરમ કપડું. તે ઘેટાંના વાળ વણીને બનાવવામાં આવે છે.

૬. [સં. પક્ષિન્; પ્રા. પંખિ] ન. જેની જનીન ઉપર આવે અને પાંખથી હવામાં ઊડે એવું પ્રાણી; પક્ષી; વિહંગમ. જો સંજીવ કૌમુદીમાં ઉલ્લેખ છે કે, બીજા કોઈ પણ જનાવર કરતાં પંખીઓના હૃદયના ધબકારા વધુ વેગવાળા હોય છે. વિશ્રાંતિ વેળા મિનિટે ૧૨૦ ધબકારા અનુભવ છે, પરંતુ માર્ગક્રમણ વેળા તો ન કહી શકાય એટલું ઝડપથી હૃદય ધબકે છે. તાજા ઊતરી આવેલ પંખીના ધબકારાથી આ જાણી શકાય છે. પક્ષીઓની નજર ખૂબ જ ખીલેલી હોય છે. નરી આંખે આપણે જોઈ ન શકીએ એટલી ઊંચાઈએથી નીચ ખોરાક પાસે ઊડતાં પંખીઓ ઉપરથી પોતાના ખોરાકની જગ્યા જોઈ શકે છે.

૧. ઊડતાં પંખી પાડવાં = (૧) ગમે તેવું અઘરું કામ પાર ઉતારવું. (૨) બહુ જ ઝટપટી ને ચાલાક હોવું.

૨. પંખીનો માળો = કામચલાઉ રહેઠાણ.

૩. પંખીનો મેળો = અમુક કામ પૂરતો જ મેળાપ; વખત આવે સૌ સૌને ઠેકાણે વેરાઈ જવા, એવા પ્રસંગને લઈને થયેલો મેળાપ.

૭. ન. મધુપાતક.

૮. વિ. પાંખવાળું.

પંખીઘર ન; બગીચામાં પક્ષીઓ રાખવાનું મકાન; ચીડિયાખાનું.

પંખીડું (પંખીડું) ન. પંખીનું.

પંખીડી (-પંખીડી) સ્ત્રી. પક્ષીની માદા.

પંખીડું (પંખીડું) [પંખી + ડું (સ્વાર્થિક પ્રત્યય)] ન. પંખી; પક્ષી; વિહંગમ.

પંખીરાજ ૧. પું. ગરુડ.

૨. પું. હંસ.

પંખુ સ્ત્રી નંગાળમાં બોલાતી એક ભાષા.

પંખુડા (પંખુડા) [હિ.] પું. મનુષ્યના શરીર ઉપર ખંજા સાથે હાથ જોડવામાં આવે છે તે ભાગ; પખોરા.

પંખેરવું સ. ક્રિ. પીંખવું.

પંખેરું ન. પંખી; નાનું નાજુક પંખી; પક્ષી.

પંખેલર ૧. પું. પરમાર ક્ષત્રિયોની એ નામની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ.

૩. વિ. એ નામની શાખાનું.

પંખો ૧. પું. ભાગબોટ કે વહાણમાં ભાગળના ભાગમાં ચણી કાપવા માટેનો લાકડાનો કે લોઢાનો ભાગ.

૨. પું. ભમડીનું ઘર.

૩. પું. ટોળું.

૪. પું. પંખા જેવી પહોળી પૂછડીવાળું કબૂતર.

૫. પું. પૈડા ઉપરનું ઢાંકણું; સાઇકલ, મોટર વગેરેના પૈડા ઉપર ચતરાનો કે ભમડાનો ચૂપડા જેવો ચોરેલ ભાગ. તે કીચડ વગેરેને ભાટીમાં ઊડતો અટકાવે છે.

૬. પું. કૂંક મારવાનું યંત્ર; સોનું રૂપું ગાળવાને માટે સખત તાપની જરૂર પડતાં તેને પંખાથી પવન પૂરો પાડે તેવું સાધન.

૭. પું. બાંધેલાં દોરડાં ઢાંકી દેનાર કપડાનો પટ્ટો.

૮. પું. વાલની પેટીનો એક ભાગ.

૯. [સં. પક્ષક; પ્રા. પક્ખય] પું. વીંજણો; હવાને હલાવી પવનની લહરીઓ ઉત્પન્ન કરવાનું હલકું પતાકડું. તે ડાભળ, સાદડી, તાડપત્ર, કપડાં વગેરેમાંથી બને છે. પંખાના જેવા આકારનો હોવાથી અથવા પ્રથમ તે પાંખનો બનતો તેથી તે પંખો કહેવાય છે.

૧. પંખો કરવો-નાખવો = કૂંક પાડવું; પંખા વડે પવન નાખવો; પવન ઢોળવો.

૨. પંખો આવો = પવન આવો; પંખા વડે જાતને પવન નાખવો; ધામ મટાડવો.

૩. પંખો ખેંચવો = પંખો આમતેમ હલ્યા કરે એમ દોરડીથી તાણવો.

૪. પંખો મારવો = (૧) પંખાથી પવન નંખાતો રહેવો. (૨) યંત્ર કે પંખો કામ કે તેવી આશુ હલ્લામાં હોવો.

૧૦. પું. હવાની અવરજવર કરી આપનારું વરાળ કે વીજળીથી ચાલતું યંત્ર.

પંગ ૧. પું. આસામ અને સિલહટની તળેટીમાં થતું એક વૃક્ષ. તેનું લાકડું ઘણું જ મજબૂત હોય છે. તે મકાનના કામમાં ઉપયોગી તેમ જ તેના કોલસા પણ સારા થાય છે. તેના લાકડામાંથી એક પ્રકારનો રંગ નીકળે છે.

૨. પું. એક પ્રકારનું નમક.

૩. પું. પગ મારવો તે; પગ વતી એકરસ કરવું તે.

૪. પું. પાંગળો માણસ.

૫. પું. રંગ સાફ કરવાનું સાધન.

૬. વિ. પાંગળું.

૭. વિ. સ્તબ્ધ; બેકામ.

પંગથ ૧. [સં.] સ્ત્રી. ચપ્પુ.

૨. સ્ત્રી. ચમચો.

૩. સ્ત્રી. હાથલેસું.

પંગજ જુઓ પંકજ.

પંગાજુ [સં. પ્રાંગણ] ન. (પ્રાકૃત) ઘરનું આંગણું.

પંગત ૧. સ્ત્રી. એક જાતનું ઓજાર.

૨. સ્ત્રી. એક સાથે જમવા હારબંધ બેઠેલો આખો સમૂહ.

૧. પંગત ઊઠવી = જમનાર સમૂહે જમી પરવારવું; જમીને આસનેથી ઊઠવું.

૨. પંગતથી બહાર = નાત બહાર.

૩. ૦ જમણવારમાં સમૂહમાં એક પછી એક બેસે તે ક્રમ.

૪. [સં. પંક્તિ] સ્ત્રી. જમવા બેઠેલાઓની હાર; ઓળ; પંક્તિ; વાલ.

૧. પંગત પડવી = જમણને માટે પંક્તિમાં ગોઠવાઈને બેસવું.

૨. પંગત બેસવી = પંગત પડવી; પંગત જમતી હોવી.

૫. સ્ત્રી. જર જાજરીના કબૂતરાંમાંથી દાણા છૂટા પાડવા, ઉપર જળની ધાર ફેરવવા બંધ સાત જાળને સાથે દોરવાં બાંધી કરેલી હાર.

૬. સ્ત્રી. ટોળી; જાતિ.

૭. સ્ત્રી. ભોજ.

૮. સ્ત્રી. મોભા પ્રમાણે બેઠક મોટી હોય તેવી બેઠળી.

૯. સ્ત્રી. સમાજ; સભા.

પંગતબહાર વિ. જ્ઞાતિથી બહિષ્કાર પામેલ; નાતબહાર.

પંગતી ૧. સ્ત્રી. જમવા બેઠેલાઓનો સમૂહ; પંગત.

૨. સ્ત્રી. ટોળી; સમૂહ.

૩. [સં. પંક્તિ] સ્ત્રી. હાર.

પંગળાવનો પું. બોડાના પગ નમ્યા કરે એવો રોગ.

પંજરા [હિં.] પું. એક જાતનું ઝાડ; મધ્યમ આકારનું એક પ્રકારનું કાંટાવાળું વૃક્ષ. તેનું થડકું મુલાયમ હોવાથી તરવારનાં મ્યાન આદિ બનાવવામાં વપરાય છે.

પંજરી ન. એક જાતનું કાપડ.

પંજલા [હિં.] વિ. અપંગ; પાંગળું; લૂલું; પંગુ.

પંગાહું ૧. વિ. પંગુ; લંગડું.

૨. વિ. (બા. પ્ર.) પીગાહ પડતું; પીળું.

પંગા ૧. વિ. તરંગ; નાલુક.

૨. વિ. લંગડું.

૩. વિ. સ્તબ્ધ.

પંગાચા સ્ત્રી. પાણીથી તરબોળ ખેતર.

પંગાડ [હિં.] સ્ત્રી. એક પ્રકારની માછલી.

પંગારો પું. એક જાતનું ઝાડ. તે ઊંચું થાય છે. તેને કસરિયા લાલ ફૂલ આવે છે. તેનાં પાન વાલોળ જેવાં હોય છે. તેના વાંસ પરડિયામાંથી કાચાં વાલોળ જેવાં જ નીકળે છે.

પંગારા ન. એક જાતનું માછલું.

પંગારસ ન. એક જાતનું લાકડું.

પંગાહ ૧. વિ. કુબડું.

૨. વિ. નમાલું; દુર્બળ.

૩. વિ. પાતળું.

૪. વિ. વાંકું.

પંગાળો જુઓ પંગારો.

પંગી ૧. સ્ત્રી. કીર્તિ.

૨. સ્ત્રી. પાનના બેતરમાં થતો એક પ્રકારનો કીડો.

પંગુ ૧. પું. એક જાતનો સાધુ. તે ભિક્ષા કે કાયા પોકારના કારણ સિવાય પોતાને સ્થાનેથી ઊઠી બીજા કોઈ કામ માટે આખા દિવસમાં એક જોજનથી બહાર જઈ શકતો નથી.

૨. પું. એક પ્રકારનો રોગ. તેમાં કમરમાં રહેતો વાયુ નાડીમાં પ્રવેશવાથી પગ જકડાઈ જાય છે અને તેથી હાલીચાલી શકાતું નથી.

૩. પું. લંગડો માણસ.

૪. [સં.] પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૫. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

૮. વિ. પાંગળું; પગ વિનાનું; અપંગ; શરીરના કોઈ અવયવમાં ખોડ હોય એવું; લંગડું; લૂલું.

પંગુગતિ [સં.] સ્ત્રી. (પિંગળ) વિષ્ણુ છંદનો એક ભેદ. લઘુના સ્થાનમાં ગુરુ અને ગુરુના સ્થાનમાં લઘુ આવવાથી આ ભેદ થાય છે.

પંગુગ્રાહ ૧. [સં.] પું. (જ્યોતિષ) ગ્રહ રાશિ.

૨. પું. મગર.

પંગુતા [સં.] સ્ત્રી. અપંગતા; પાંગળાપણું; લંગડાપણું; લૂલાપણું.

પંગુપણું ન. પાંગળાપણું; પંગુતા.

પંગુર વિ. પગ વિનાનું; પંગુ; પાંગળું; લંગડું; લૂલું.

પંગુલ ૧. પું. સફેદ રંગનો ઘોડો.

૨. ન. એક જાતનું પહેરો.

૩. વિ. પાંગળું; લંગડું; પગ વિનાનું.

પંગુવાયુ પું. એક પ્રકારનો વાયુરોગ; પંગુ.

પંગોળું ન. એ નામની એક વાનીમાં વપરાતી મેથીનું વડું.

પંગોદિક ૧. વિ. ક્રોધિયું.

૨. વિ. પાગણું.

પંઘૂરા પું. પારણું.

પંઘૂલા જુઓ પંઘૂરા.

પંચ ૧. પું. હાથનું પાડવાનું એક ઓજાર; સુતારના કામનો સારડી.

૨. પું. કોઈ વાતનો તોડ લાવવા માટે નિમાયેલ પાંચ માણેકનો દરેક માણસ.

૩. પું. કોઈ વાતનો તોડ લાવવા માટે નિમાયેલા પાંચ કે તેથી વધારે માણસો; પાંચ અથવા વધુ માણસોનો સમુદાય; સમાજ. જમો, પંચની આજ્ઞા માથા ઉપર છે.

૧. પંચ કરાવવું = કોઈ બાબતનો નિર્ણય કરાવવાને માટે પાંચ કાબા માણસ ચૂંટી કાઢવા.

૨. પંચ નીમવું = (૧) અમુક કાર્યનો નિવેડો લાવવાનું કામ પંચને સોંપવું; કોઈ બાબતનો નિર્ણય કરાવવાને માટે પાંચ કાબા માણસો ચૂંટી કાઢવા. (૨) કાયદે નીમવી; અદાલતે એક તરીકે નિમાવું કરવી.

૩. પંચ બોલાવવું-બરવું-મેળવવું = પંચની સભા બોલાવવી.

૪. પંચ બોલે તે પરમેશ્વર = પંચનું કહેવું પ્રમાણ હોય એમ કહેવત છે; ઘણા માણસોની એક જ જાતની નીકળેલી વાણી સાચી પડે છે.

૫. પગ ભરાવું-ભળવું-મેળવું = (૧) એક જાતિ કે સમવાયમાંના તમામ માણસોનું મળવું. (૨) પંચની સભા મળવી.

૬. પંચની લાકડી એકમ બોજ = આપનાર સમવાયમાંના માણસોને દરેકે થોડું થોડું આપતાં જણાય નહિ અને માગનારને પોંચપૂર થઈ પડે તો; દરેક જુદા જુદા માણસને ભારે ન પડે તે.

૭. પંચની ગાવડી = ઘણાના ભેગિયારામાં જેની સંભાળ ન લેવાય તેવું.

૮. પંચની ભીખ = ઘણા આદમીઓનો અનુગ્રહ; સર્વસાધારણની કૃપા; સર્વનો આશીર્વાદ.

૪. પું. ગામનો આગેવાન મુખી.

૫. પું. જેને કોઈનો પક્ષ ન હોય એવો તટસ્થ પુરુષ.

૬. પું. ગાગલો; વિદૂષક.

૭. પું. દલાલ.

૮. પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કુતા. તેના દરેક ચરણમાં લઘુ અને બે લઘુ મળી પાંચ અક્ષર હોય છે.

૯. પું. પાંચ મુખ્ય માણસોની મંડળીનો વડો.
૧૦. પું. ફોજદારી મુકદ્દમામાં જજને મદદ કરવા માટે નીમવામાં આવતું મંડળ; 'જૂરિ.'
૧૧. વ. છાપ પાડવાનું, આકૃતિ કાઢવાનું અથવા બીજાં ઉપર છાપ પાડવાનું જોડે હથિયાર.
૧૨. વ. દારૂનો અર્ક, ખાંડ, પાણી અથવા દૂધ, મસાલો અને લીંબુનો રસ એ પાંચ વસ્તુનું બનાવેલું પીણું.
૧૩ વ. ન્યાયની કચેરીના આઠ મહિનો જોડે ભાગ.
૧૪. વ. પાંચ કાજા માણસોની મંડળી.
૧૫. વ. સવાદ; બે પક્ષની સંમતિથી બજર સરકાર તરફથી ઝેરબીજની તકરારોનો નિકાલ કરવા માટે જેને નીમવામાં આવે છે તે માણસો.
૧૬. વિ. પાંચ.

પંચ અક્ષ પું. હોમ કરવાનાં પાંચ હવિષ્ય.

પંચ અગ્નિ પું. જોડ પ્રકારનું તપ. તેમાં ચોતરફ અગ્નિ અને માથે સૂર્ય તપતો હોય છે.

પંચ અવિદ્યા [સં. પંચન્ (પાંચ) + અવિદ્યા] સ્ત્રી. પાંચ પ્રકારની અવિદ્યા. જેમકે, તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર.

પંચ અંકી વિ. પાંચ અંકવાળું.

પંચ આબ [પંચ (પાંચ) + આબ (પાણી)] પું. જેમાં પાંચ નદીઓ આવેલી છે એવો દેશ; પંજાબ. તે પાંચ નદીઓઃ સિંધુ, જિલમ, વીતસ્તા, અસીકની અને પરુષની છે.

પંચ ઇંદ્રિય ૧. સ્ત્રી. આંખ, કાન, નાક, જીભ અને ચામડી એ પાંચ જ્ઞાનેંદ્રિયો.
૨. સ્ત્રી. હાથ, પગ, વાણી, ગુદા અને જનનેંદ્રિય એ કાર્ય કરવાની પાંચ કર્મેંદ્રિયો.

પંચઇંદ્રિયાણી સ્ત્રી. જોડ પ્રકારની શિક્ષા; અપરાધીને લોહોલોહ પથ્થર મારી મારીને મારી નાખવાની શિક્ષા; પંચની મારફે જાહેરમાં ઇંદ્રિયાણાની માર મારવાની અને કજોડી જાત જોડી શિક્ષા; જુદી જુદી તરેહના દંડમાંનો જોડ જાહેર દંડ; પંચથી થતી રોકાતદંડની શિક્ષા; ઇંદ્રિયાણાની જાહેર શિક્ષા.

પંચક ૧. [સં.] પું. જેને પાંચ અવયવ કે ભાગ હોય તે.
૨. પું. પાશુપત દર્શનમાં કહેવેલ આઠ વસ્તુઓ. તેના પ્રત્યેકના પાંચ પાંચ જોડ કહેવામાં આવ્યા છે. આઠ વસ્તુઓ નીચે પ્રમાણે છેઃ કારણ, મત, ઉપાય, દેશ, અવસ્થા, વિશુદ્ધિ, દીક્ષા, કાર્ય અને ફળ.
૩. પું. પાંચ અમુક અર્થનું બનતું જે અવયવી રેવતી સુધીના પાંચ દિવસ.
૪. પું. પાંચ પ્રતિનિધિઓની સભા; પંચાયત.
૫. પું. પાંચ સેરનું બાજુ.
૬. પું. શકુન જોવા.
૭. વ. ચોતીસ માંહેની જે નામની જોડે મુદ્રા.
૮. વ. ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી રેવતીના અંત સુધી આવતાં પાંચ નક્ષત્રો; પાંચ નક્ષત્રોનો સમૂહ. ધનિષ્ઠ નક્ષત્રનો અર્ધો ભાગ વીતી ગયા બાદથી તે રેવતી નક્ષત્ર ઊતરે ત્યાંસુધી એટલે ધનિષ્ઠ અર્ધું, શતતારિકા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી એ પાંચ નક્ષત્રોમાં ચંદ્ર હોય અથવા ચંદ્ર કુંભનો જેસે ત્યારથી તે મીનનો ચંદ્ર ઊતરી રહે ત્યાંસુધીનાં પાંચ નક્ષત્રોનું પંચક કહેવાય છે. ૬૨ ૨૩ દિવસે કુંભ અને મીન રાશિમાં ચંદ્ર આવે ત્યારે તે પાંચ દિવસ પંચકના કહેવાય છે. આ પંચકમાં પરદેશ જવાની તથા ઘાસ સંગ્રહવાની મના કરેલી છે. તેમ જ મરણ સંબંધી કોઈ કામ કરવાને પણ નિષેધ મનાય છે.
પંચક જેસવું = પાંચ નક્ષત્રો કે દિવસોનો સન્નેપાત આવવો; અશુભ સંજોગ આવવો.
૯. વ. ધનુષની દોરી.
૧૦. વ. પાંચ દિવસનો કાળ.
૧૧. વ. પાંચની સંખ્યા.
૧૨. વ. પાંચનો સમૂહ પાંચનો સંગ્રહ; પાંચનો સમુદાય.
૧. અગ્નિપંચક = ગોર, હવન, હોમ, ચૂલો અને અગ્નિચેતસ.
૨. આયુધપંચક = સુદર્શન, વજ્ર, પંચજન્ય, કૌમુદી અને નંદક.
૩. કર્મેંદ્રિયપંચક = વાચા, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા.
૪. ક્ષેત્રપંચક = અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય.
૫. ક્ષારપંચક = ખાખરાનો, કમળનો, જવનો, તલસરનો ક્ષાર અને સાજીખાર.
૬. જ્ઞાનપંચક = મુક્ત, મુમુક્ષુ, સાધક, બદ્ધ અને પામર.
૭. જ્ઞાનેંદ્રિયપંચક = શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા અને ઘ્રાણ.
૮. દેવપંચક = અગ્નિપતિ, ગૌરી, બ્રહ્મ, હરિ અને રવિ.
૯. પંચક પામવું = મરી જવું; પંચત્વ પામવું. નાહી નૈવેદ્ય કરવું અભ્યાસ, અદ્વયચિ પંચક પામિલે ભાસ.–જ્ઞિલ્હણ
૧૦. પ્રાણપંચક = પ્રાણ, સમાન, વ્યાન, ઉદાન અને અપાન.
૧૧. મિત્રપંચક = વી, મધ, ચૂનો, અફીણ અને ટંકણખાર.
૧૨. વસ્તુપંચક = સિંધાલૂણ, સંચળ, બીડલવણ, બરાડું અને દરિયાનું મીઠું.
૧૩. વરપંચક = લગ્ન વખતે રહેતાં મંડપમાં વરની સાથે રહેતા તેના કાકા, મામા વગેરે પાંચ માણસ.
૧૪. સુગંધી પંચક = કેસર, અગર, કપૂર, કસ્તૂરી અને ચંદન.
૧૩. વ. લડાઈનું મેદાન.
૧૪. વિ. પાંચથી ખરીદેલ, પાંચની સંખ્યાવાળું, પાંચ જણવાળું કે પાંચની કીમતનું.

પંચકડી (પંચકડી) સ્ત્રી. ત્વચા, માંસ, અસ્થિ, મજ્જા અને વનસ્પતિ એ પાંચ. આ પંચકડી જીવમાત્ર પૃથ્વીની છે.

પંચકડું (પંચકડું) ૧. વ. ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી રેવતીના અંત સુધી આવતાં પાંચ નક્ષત્રો; પંચક.
૨. વ. પાંચ પાંચનો જથ્થો; પાંચનો સમુદાય; એકસાથે પાંચ વાનાં હોય તે.

પંચકકડી સ્ત્રી. જુદી જુદી જાતનાં અનાજનું મિશ્રણ.

પંચકકડીખાઉ વિ. ભોટ માગી તે ઉપર નિર્વાહ ચલાવનાર ભિક્ષુક.

પંચકન્યા [સં.] સ્ત્રી. (પુરાણ) વિવાહ આદિ કરવા છતાં પણ કન્યાપણું નષ્ટ ન થયેલું હોય એવી પાંચ સ્ત્રીઓ, તેને બહુ જ પવિત્ર માનવામાં આવેલ છે. અહલ્યા, દ્રૌપદી, કુંતી, તારા અને મંદોદરી એ પાંચ કન્યા કહેવાય છે.

પંચકપાલ [સં.] પું. પાંચ કપાલમાં સંસ્કારયુક્ત કરેલ પુરોડાશ વગેરે.

પંચકપાલી ૧. [સં.] સ્ત્રી. પાંચ કપાલ.
૨. વિ. પાંચ કપાલવાળું.

પંચકમાલા પું. (પિંગળ) જોડ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો જોડ ભેદ છે. તેને પંચકમાલા પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

પંચકરી ૧. વ. ખંજેરીનું કુળ.
૨. વિ. પાંચ હાથવાળું.

પંચકર્ણ [સં. પંચન્ (પાંચ) + કર્ણ (કાન)] વિ. પાંચ કાનરૂપ અવયવ કે ચિહ્નવાળું.

પંચકર્ણિ [સં.] પું. (પુરાણ) મહાભારતમાં આવેલ પશ્ચિમ તરફનો જે નામનો જોડ દેશ. નકુલે રાજસૂય યજ્ઞ વખતે આ દેશ જીતી લીધો.

પંચકર્મ ૧. [સં. પંચકર્મન્] વ. મનુષ્યનાં પાંચ કર્મ. વૈશેષિક મત પ્રમાણે પાંચ જાતનાં કર્મઃ ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન.

૨. ન. વૈદકપ્રસિદ્ધ પાંચકર્મ; મિશ્રિતાની પાંચ ક્રિયા. જેમકે, વમન, વિરેચન, નસ્ય, નિરૂહવસ્તિ અને અનુવાસન

પંચકલ્પ પું. (પિંગળ) જે પ્રકારનો દ્રગનો એક ગુરુ માત્રામેળ અર્ધ્યાઓમાં દ્વિકલ, ત્રિકલ, ચોકલ, પંચકલ, ષટ્કલ અને સપ્તકલ અથો દર્શાવીને આખી પંક્તિ અને કડીની આખ્યા કરવામાં આવે છે. આ અથોને અનુક્રમે ૬, ૭, ૮, ૫, ૬, સપ્ કહીએ તો એ સંજ્ઞા જ આપણને દરેક કેટલો માત્રાનો તે કહી દે.

પંચકલ્યાણ ૧. પું. જે નામે એક જાતનો રંગ. ૨. પું. એક જાતનો શકુનવાળો ઘોડો. આ ઘોડાના ચારે પગ અને માથા ઉપર સફેદ ટીકાની નિશાની હોય છે. ચાર પગ અને કપાળ એ પાંચનો ધોળો રંગ હોવો તે ઘોડા માટે શુભ ચિહ્ન ગણાય છે.

૩. પું. પાંચ જાતનું સુખ.

૪. વિ. કલ્યાણકારી પાંચ ચિહ્ન જેની ઉપર હોય એવું; પાંચ શુભ ચિહ્નવાળું.

પંચકલ્યાણક પું. (જૈન) તીર્થંકર દેવના પાંચ શુભ અવસર. જેમકે, (૧) અવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવળ, (૫) મોક્ષ અથવા નિર્વાણ.

પંચકલ્યાણકારક વિ. ઘોડાની પાંચ શુભ ચિહ્નવાળી જાતનું.

પંચકલ્યાણી ૧. પું. અંજનો રંગ જેવો તેવો હોવા છતાં ચારે પગ અને કપાળ એ પાંચ ધોળા હોય તેવો ઘોડો.

૨. વિ. કલ્યાણકારી પાંચ ચિહ્ન જેની ઉપર હોય એવું; પાંચ શુભ ચિહ્નવાળું.

પંચકવલ [સં. પઞ્ચન્ (પાંચ) + કવલ (કોળિયો)] પું. અમાસના પાંચ કોળિયા જેટલું અન્ન. સ્મૃતિ અનુસાર જમતા પહેલાં કૂતરા, પતિત, કોઢી, રોગી, કામણ વગેરે માટે તેટલું અન્ન જુદું કાઢવામાં આવે છે. આ કૃત્યને બલિ વૈશ્વદેવનું અંગ માનવામાં આવે છે.

પંચકષાય [સં.] ન. (વૈદક) પાંચ જાતનો કષાય; જાંબુ, શેમળો, અતિબલા, બકુલ અને બોર એ પાંચ ઝાડની અલ પાણીમાં પલાળી કાઢવામાં આવેલો રસ. તે દુખોની પૂલમાં કામ આવે છે.

પંચકા ન. હાથ ઉપર પહેરવાનું એક ઘરેણું; કાંડાની પહોંચી.

પંચકામ [સં.] પું. (તાન્ત્રિક) પાંચ કામદેવ. તેનાં નામઃ કામ, મન્મથ, કંદર્પ, મકરધ્વજ અને મીનકેતુ

પંચકાર પું. ધનુકારનું એ નામનું એક ઓજાર.

પંચકારક ૧. [સં.] વ. અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ એ પાંચ કારણો.

મહારાજ, હે મહાબાહો! સાંખ્ય એ પંચકારકો, જે કર્મો સાંખ્ય સિદ્ધાંતે સાધવા કાજ કર્મ સૌ. અધિષ્ઠાન તથા કર્તા, કરણો જે જુદાં જુદા, ચેષ્ટા નાના વિધિની, જે હોમાં દૈવ પાંચમું. મન વાણી શરીરે થા આરંભે જન કર્મ જે, ન્યાયી કે અન્યાયી, સૌનાં એ પાંચ કારણો.

કવિનીતા

૨. વ. (જૈન) કાર્યની ઉત્પત્તિનાં પાંચ કારણ. જેમકે, કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષ અને કર્મ.

પંચકાવલી પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેને સરસી, કે ધૃતમતી પણ કહે છે. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, રગણ જગણ અને રગણ એમ બેતાલીસ અક્ષરો હોય છે.

પંચકાવ્ય [સં.] વ. પાંચ સંસ્કૃત મહાકાવ્યો; રઘુવંશ, કુમારસંભવ, કિરાતાર્જુનીય, શિશુપાલવધ અને નૈષધીયચરિત.

પંચકુટી સ્ત્રી. ખીચડી; ભેળ.

પંચકુટો પું. ખીચડો; ભેળાગાગ્રો; કબો.

પંચકુર [હિં.] સ્ત્રી. એક પ્રકારની લશ્કરબાદી તેમાં ખેતરની ઊપજનો પાંચ ભાગનો એક ભાગ જમીનદાર લે છે.

પંચકુલ ૧. પું. જકાત ખાતાનો અધિકારી.

૨. પું. પાંચ અધિકારીઓ; બાદશાહી જમાનામાં સનંદ, દસ્તાવેજ વગેરે ઉપર કાજી, અમીન, દરોગા વગેરે પાસ જમાબંદરોના સહીસિક્કા લેતા તે પાસનો સમુદાય.

૩. પું. પાંચ જણની સંસ્થા.

૪. ન. કર ઉઘરાવવા નીમેલું પંચ; કમિશન.

૫. વ. તપાસસમિતિ. આ શબ્દ ઘણા પુસ્તકોમાં મળે છે. કેટલેક સ્થળે તેનો અર્થ વસૂલાતી અધિકારી જેવો છે

પંચકુળ જુઓ પંચકુલ.

પંચકુંડતીર્થ [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં નીલકંઠેશ્વર શિવજી, હરિહરેશ્વર, નર્મદામાં એક પથ્થરમાંથી બનેલ ઘાટ અને કુંડ છે. નર્મદા પંચાંગમાં કહ્યું છે કે: અહીં તપ કરીને સપ્ત ઋષિઓએ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અહીં અગ્નિદેવ સદૈવ સ્થિત રહે છે. પ્રાચીન સમયમાં જ્યારે મોટા મોટા ઋષિઓને મણીને અગ્નિદેવની સ્તુતિ કરીને તેને વશરૂપ માન્યા, ત્યારે અગ્નિદેવે પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે, અહીં સ્નાન કરનાર મુક્ત થઈ જશે. પછી બધાએ અગ્નીશ્વરની સ્થાપના કરી. અહીં રહીને અગ્નીશ્વરનું પૂજન કરીને સ્તોત્રપઠન કરનાર ચૌદ જન્મ સુધી અગ્નિભયથી મુક્ત થઈ જાય છે.

પંચકૂટિયા વિ. મિશ્ર.

પંચકૃત્ય ૧. [સં.] વ. ઈશ્વરનાં પાંચ જાતનાં કર્મ. જેમકે, સૃષ્ટિ, સ્થિતિ, ધ્વંસ, વિધાન અને અનુગ્રહ.

૨. વ. પંચમોઢ નામનું ગ્રાહ્મણ.

પંચકૃત્વઃ [સં.] અ. પાંચ વાર; પાંચ વખત.

પંચકૃષ્ણ [સં.] પું. એક જાતનો ઘોડો.

પંચકેય ૧. [સં.] પું. પાંચ જણાએથી નહિ ઉતારવાલા વાળ.

૨. પું. હજામત કરાવવાની ભાષા.

૩. પું. બ.વ. શરીરના પાંચ સ્થાન ઉપરના વાળ; માથું, ઉપલો હોઠ, બે બગલ અને અધોભાગ એ પાંચ જગ્યાના વાળ. અમુક વ્રત કે સાધના માટે એ પાંચ અવયવો ઉપરના વાળ વધારવામાં આવે છે. આઠમનો વિલાપ કારે તથા શ્રાવણ માસમાં મહાદેવની પૂજા વખતે વગેરે પ્રસંગે પંચકેશ વધારવામાં આવે છે.

પંચકેશ રાખવા = (૧) પાંચ ઠેકાણાના વાળ નહિ લેવરાવવા; બાકી શરીરે વાળ રાખવા. (૨) શ્રાવણ માસમાં મહાદેવની પૂજા કરતાં પાંચ ઠેકાણાના વાળ રાખવા.

પંચકેશાળો વિ. પું. જેણે પંચકેશ રાખ્યા હોય તેવો.

પંચકોષ ૧. [સં.] પું. તંત્રપ્રસિદ્ધ એક યંત્ર.

૨. પું. (ગણિત) પંચભુજ; પાંચ ખૂણાવાળી સમતલ આકૃતિ; જેની દરેક પાંચ સીધી લીટીઓથી બંધારેલી હોય તેવી સમતલ આકૃતિ; જેને પાંચ ખૂણા હોય તેવી આકૃતિ.

૩. પું. પાંચ ખૂણા.

૪. પું. શુક્રનું એક નામ.

૫ વ. જન્મકુંડલીમાં લગ્નથી નવમું કે પાંચમું સ્થાન.

૬. વ. પાંચ ખૂણાવાળું ક્ષેત્ર.

૭. વિ. પાંચ ખૂણાવાળું.

પંચકોણાકૃતિ [સં] સ્ત્રી. (ગણિત) પાંચ ખૂણાવાળી આકૃતિ.

પંચકોણી વિ. પાંચ કોણવાળું; પાંચ ખૂણાવાળું.

પંચકોલ [સં.] વ. (વૈદક) એ નામનું એક ઔષધ; લીંડીપીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક અને સૂંઠનું સમભાગી ચૂર્ણ. તેનું સેવન કરવાથી વાયુનું હરણ થાય છે. હરડે, બહેડાં, આંબળા, ત્રિફળ અને સૂંઠના ચૂર્ણને પણ પંચકોલ કહે છે.

પંચકોશ [સં.] પું. બ. વ. આત્માનાં શરીરિક પાંચ આવરણ માહેનું દરેક; જેના જે પાંચ પડદામાં આત્મા રહે છે તે; વેદાંતમતે શરીરમાં રહેલા પાંચ કોશ: અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ માંહેનું દરેક આવરણ.

પંચકોશપુરી [સં.] સ્ત્રી. શરીર.

પંચકોશી ૧. [સં.] સ્ત્રી. કાશીની આસપાસના પાંચ કોસ સુધીનાં તીર્થો; કાશીક્ષેત્ર.
૨. સ્ત્રી. મોટા તીર્થની આસપાસની પાંચ કોસ ઘેરાવાની જમીન.
૩. ન. એ નામનું એક વસ્ત્ર.
૪. વિ. જેમાંથી પાંચ કોસ જાણતા હોય એવું.
૫. સ. પાંચ માણિમાં.

પંચકોષ જુઓ પંચકોશ.

પંચકોષપુરી જુઓ પંચકોશપુરી.

પંચકોસ ૧. [હિ.] ન. કાશી.
૨. ન. પાંચ ગાઉની લંબાઈપહોળાઈમાં વસેલી કાશીની પવિત્ર ભૂમિ.

પંચકોસી [હિં.] સ્ત્રી. કાશીની પરિક્રમા; બનારસની આસપાસની યાત્રા.

પંચકોળ જુઓ પંચકોશ.

પંચકષાય ૧. [પંચ (પાંચ) + કષાય (અનુમાન)] પું. પરીક્ષા; તપાસ.
૨. પું. પંચથી જાહેર તપાસ; પાંચ કાકા માણસ પાસે જાહેર કજ કરાવવો તે; જાહેર પરીક્ષણ; પંચથી કરાતી કસોટી.
૩. પું. પંચે પ્રસન્ન જોઈ તપાસીને નોંધેલો પોતાનો કયાસ.
૪. પું. સવાદાયી નિકાલ કરવો તે; નિર્ણય; જાહેર તોડ.

પંચકોશ [સં.] ન. પંચકોસ; કાશી.

પંચક્લેશ [સં.] પું. યોગશાસ્ત્રાનુસાર અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ નામના પાંચ પ્રકારના ક્લેશ.

પંચક્ષારગણ [સં.] પું. (વૈદક) પંચક્ષાર; ટંકણખાર, સૈંધવ, સમુદ્રનું મીઠું, બિડલવણ અને સંચળ.

પંચક્ષિતિ પું. એ નામનો આર્યાએ કબજે કરેલો એક પ્રદેશ.
આસલમાં આર્યોનાં પાંચ કુલ વસ્યાં. આ કુળોએ જે જુદા જુદા પાંચ પ્રદેશ કબજે કર્યા, તે પંચક્ષિતિના નામથી ઓળખાયા.
આર્યોના તહેવારોનો ઇતિહાસ

પંચક્ષેત્ર ન. ગયા, હરદ્વાર, પુષ્કર, પ્રયાગ અને ગંગાનો સંગમ એ પાંચ ક્ષેત્ર.

પંચખૂર [સં.] ન. પાંચ ખાટલાનો સમૂહ.

પંચખના વિ. પાંચ ખાનાંવાળું.

પંચખંડી વિ. પાંચ ખંડવાળું.

પંચખાણ ન. પાંચ પ્રકારનાં ખાણ.

પંચખુરી પું. એક જાતનો ઘોડો.

પંચગઉ ૧. [સં.] પું. (પુરાણ) અપર ઉત્તર ઉદીચ દેશની ઉત્તરનો દેશ.
૨. પું. (વૈદક) પાંચ ઔષધિઓનો સમૂહ; પીપરમૂળ, ચીબી ચોરિમડી, મેથી ચોરિમડી, વિદારીકંદ અને ભોંયરેંગ એ પાંચનો સમૂહ.

પંચગત ૧. [સં.] પું. (ગણિત) જેમાં પાંચ વર્ણ હોય એવો રાશિ.
૨. વિ. (ગણિત) પંચઘાત ઉપર મૂકેલું.

પંચગની ન. રાજપૂતાનામાં આબોહવાની કેળવણી માટે પ્રસિદ્ધ થયેલું પૂના પાસેનું એક ગામ. અહીં ભૂતકાળમાં કોઈ પ્રસિદ્ધ પુરુષે આશ્રમ કરી પંચાગ્નિની પૂણીનું સેવન કર્યું હતું, તે ઉપરથી તે પંચાગ્નિ અને પાછળથી પંચગિની કે પંચગની કહેવાયું.

પંચગવ [સં.] ન. પાંચ ગાયનો સમૂહ.

પંચગવધન [સં.] વિ. પાંચ ગાયો જેનું ધન હોય તેવું.

પંચગવ્ય [સં. પંચન્ (પાંચ) + ગવ્ય (ગાયથી મળતું)] ન. ગાયથી ઉત્પન્ન થયેલાં પાંચ વાનાં; ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ. આ પાંચ વાનાં પવિત્ર મનાય છે અને પાપના પ્રાયશ્ચિત વગેરેમાં અજમાવવામાં આવે છે. પંચગવ્યમાં પ્રત્યેક દ્રવ્યનું પરિમાણ નીચે પ્રમાણે છે: ઘી, દૂધ, ગોમૂત્ર એક એક પલ, દહીં એક પ્રસૃતિ અને છાણ કરુ તોલા. ગાયના છાણથી ભભરાવું ગોમૂત્ર. ગોમૂત્રથી ભભરાવું દૂધ, દૂધથી ભભરાવું ઘી અને ઘીથી ભભરાવું દહીં એવો પણ પાઠ છે. વળી કંચનવર્ણી ગાયનું દૂધ, શ્વેતવર્ણી ગાયનું છાણ, તામ્રવર્ણી ગાયનું મૂત્ર, નીલવર્ણી ગાયનું ઘી અને કૃષ્ણવર્ણી ગાયનું દહીં લેવું એવો પણ એક વિધિ છે.

પંચગવ્યઘૃત [સં.] ન. વૈદ્યપ્રસિદ્ધ એક પક્વ ઘી. તે અપસ્માર અને ઉન્માદમાં અપાય છે. ગાયનું દૂધ, ઘી, દહીં, છાણનો રસ અને ગાયનું મૂત્ર એ દરેક વસ્તુ ચાર ચાર શેર લઈ સોળ શેર પાણીમાં એક દિવસ પકવવાથી તે થાય છે.

પંચગંગ ૧. [સં.] ન. કાશીમાં આવેલ એ નામનું એક તીર્થ.
૨. ન. પાંચ નદીઓનો સમૂહ.

પંચગંગા ૧. [સં.] સ્ત્રી. કાશીમાં ગંગાને જ્યાં કિરણા અને ધૂતપાપા મળતી હતી તે સ્થાન.
૨. સ્ત્રી. ગંગા, યમુના, સરસ્વતી, કિરણા અને ધૂતપાપા એ પાંચ નદીઓનો સમૂહ. તેને પંચનદ પણ કહે છે.

પંચગંગાસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થાન. તેને સૂંઢસંગમ પણ કહે છે. સ્થાન સુંદર તપ કરવા યોગ્ય છે. અહીં સંગમેશ્વર તથા અન્ય મંદિરો પ્રાચીન છે.

પંચગિની જુઓ પંચગની.

પંચગીત [સં.] ન. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધનાં પાંચ પ્રસિદ્ધ પ્રકરણ: વેણુગીત, ગોપીગીત, યુગલગીત, ભ્રમરગીત અને મહિષીગીત.

પંચગુણ ૧. [સં.] પું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણ.
૨. વિ. પાંચ પ્રકારનું.
૩. વિ. પાંચે ગુણેલ: પાંચગણું.

પંચગુણા [સં.] સ્ત્રી. પૃથ્વી.

પંચગુનાં [હિં.] વિ. પાંચગણું.

પંચગુપ્ત ૧. [સં.] પું. કાચબો.
૨. ન. આર્યોનું દર્શન. તેમાં પાંચ ઇંદ્રિયોને ગોપવવાની મુખ્ય વાત છે.

પંચગુપ્તિરસા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અસવરસ; રવૈયા.

પંચગુરુ [સં.] પું. (જૈન) અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ ગુરુ.

પંચગોરસ [સં.] ન. પાંચ ગોરસ; ગાયનું દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર અને છાણ.

પંચગૌડ (પંચગૌડ) ૧. [સં.] પું. ઉત્તર હિંદુસ્તાનમાં વસતા પાંચ જાતના બ્રાહ્મણો: (૧) ગૌડ, (૨) કાન્યકુબ્જ, (૩) મૈથિલ, (૪) સારસ્વત અને (૫) ઉત્કલ. આ પાંચ જાતના બ્રાહ્મણો પંચગૌડ તરીકે ઓળખાય છે. તેઓ માંસનો આહાર કરે છે ને દ્રાવિડ કરતા નથી.
૨. પું. પૂર્વ હિંદુસ્તાનના જુદા જુદા પશુ ઓલાદોને લગતા ગૌડ નામે ઓળખાતા પાંચ પ્રાંત: બંગાળના પાંચ વિભાગ.
૩. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫ વિ. એ નામની જાતનું.

પંચઘટ પું. પાંચ પલા; ચંદ્રગુપ્તના વખતમાં આગ સામે ઉપદ્રવ તરીકે કરેલ શહેરમાં તૈયાર રાખવામાં આવતાં દસ માંહેનું એક સાધન.

પંચઘાટ પું. બજાર.

પંચઘાત પું. (ગણિત) ઓકની એક સંખ્યા પાંચ વાર લઈ તેને ક્રમિક ગુણાકાર કરતાં છેવટના ગુણાકારમાં આવતી સંખ્યા. જેમકે, ૨ × ૨ × ૨ × ૨ × ૨ = ૩૨. એમાં ૩૨ એ ૨ નો પંચઘાત છે અને ૨ એ ૩૨ નું પંચઘાતમૂળ છે.

પંચઘાતમૂળ ન. (ગણિત) તેની તે જ સંખ્યાને પાંચ વાર લઈ ક્રમિક ગુણાકાર કરતાં છેવટનો ગુણાકાર આપેલી સંખ્યાની બરોબર થઈ રહે તે સંખ્યા. જેમકે, ૨ × ૨ × ૨ × ૨ × ૨ = ૩૨ એમાં ૨ એ ૩૨ નું પંચઘાતમૂળ છે.

પંચચક્ર [સં.] ન. પાંચ જાતનાં ચક્રઃ રાજચક્ર, મહાચક્ર, દૈવચક્ર, વીરચક્ર અને પશુચક્ર.

પંચચામર ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ, લઘુ અને ગુરુ મળી વીસ અક્ષર હોય છે. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને નરાજ પણ કહે છે.

જ સ જ સ જ સ લ ગા
પંચચામરે નરાજ નામ છે. ઝવેરિબાણ

૨. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી ઓગણીસ અક્ષર હોય છે. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેને પ્રપંચ કે પ્રપંચચામર પણ કહે છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેને નારાજ, નારાજર, નારાજ છંદ પણ કહે છે. તેમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.

સ જ સ જ લગા પંચચામરે છં. ઝવેરિબાણ

પંચચિતિક [સં.] પું. એક પક્ષિણ અગ્નિ.

પંચચીર [સં.] પું. બંજુબોપ.

પંચચૂડા (પંચચૂડ) [સં.] સ્ત્રી. (પુરાણ) રૈભ્ય નામની એક અપ્સરા. તેને નારદની જોડે સ્ત્રીઓના સ્વભાવ સંબંધી સંવાદ થયો હતો.

પંચજાપ સ્ત્રી. પાંચ જાતની જાપ.

પંચજ ૧. સ્ત્રી. અંજલજની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પંચજણો પું. જુ. ન. પાંચ માણસો.

જ્યારે બધાએ જાણે અજાણે કાંઈ કરતા ત્યારે એને પંચજણો કહેવામાં આવતા. પ્રસન્ન

પંચજન ૧. [સં.] પું. આત્મા.

૨. પું. ઉત્તર દિશમાં આવેલ એ નામનું એક રાક્ષસ.

૩. પું. એ નામનો એક અસુર. તે પાતાલમાં વસતો હતો. કૃષ્ણના ગુરુ સાંદીપનિ ઋષિના પુત્રને આ અસુર ઉપાડી ગયો હતો. કૃષ્ણે તેને મારી ઋષિના પુત્રને બચાવ્યો હતો. આ અસુરનાં હાડકાંમાંથી પંચજન્ય શંખ બન્યો હતો. તે કૃષ્ણ બજાવતા હતા.

૪. પું. (પુરાણ) એ નામનો એક પ્રજાપતિ. તેની અસિક્ની નામની કન્યા પ્રાચેતસ દક્ષની સ્ત્રી હતી. એ કન્યાનું બીજું નામ પાંચજની હતું.

૫. પું. એક દેવનું નામ. ચંદ્રગુપ્તના વખતમાં લાંબા હાથી ક્રમિક ગણાતા.

૬. પું. ગંધર્વ, પિતૃ, દેવ, અસુર અને મનુષ્ય.

૭. પું. પાંચ જાતના પાંચ જાતના માણસનો સમૂહ.

૮. પું. પુરુષ.

૯. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને નિષાદ.

૧૦. પું. મનુષ્યઃ જનસમુદાય.

૧૧. પું. મનુષ્ય તુલ્ય દેવ વગેરે.

૧૨. પું. મનુષ્ય સંબંધી પ્રાણ વગેરે.

૧૩. પું. સગર રાજાનો એ નામનો એક પુત્ર.

૧૪. પું. (પુરાણ) સંહ્લાદ નામના રાજાને કૃતિ નામની સ્ત્રીથી થયેલ એ નામનો દીકરો.

૧૫. પું. (પુરાણ) સૃંજય રાજાનો પુત્ર. તે અંશુમાનનો પિતા હતો.

પંચજના ન. મનુષ્યવાચક નામ.

પંચજની ૧. પું. પંચ; 'બૂરિ.'

૨. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋષભદેવના પુત્ર ભરત રાજાની એ નામની સ્ત્રી.

૩. સ્ત્રી. પાંચ માણસની મંડળી; પંચાયત.

પંચજનીન ૧. પું. નટ; અભિનેતા.

૨. [સં.] પું. બાંધ; વિદૂષક; મશ્કરો માણસ.

૩. વિ. પાંચ માણસમાં પુજાતું.

પંચજન્ય [સં.] પું. કૃષ્ણનો એ નામનો શંખ. તે પંચજન નામના અસુરનાં હાડકાંમાંથી બનાવ્યો હતો.

શંખ અસંખ્ય સમુદ્રે,
રવ કરો રે ઘરે ઘરે હાલ અતિ;
હરિમુખ હાલે નિત્યે,
પંચજન્યની પેર પેર સુકૃતિ.
કાન્હરાજ

પંચજન્ય શંખ પું. એ નામે શ્રીકૃષ્ણનો શંખ.

પંચજન્ય [સં. પંચમ] પું. (પ્રાકૃત) અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રત.

પંચજીરક ગુપ્ત (પંચજીરક ગુપ્ત) [સં.] પું. (વૈદક) જીરું વગેરેમાં પડેલ ભોળ.

પંચજીરક પાક પું. (વૈદક) એ નામનો એક પાક. તેની બનાવટ નીચે પ્રમાણે છેઃ જીરું, કાળજીરું, ધાણા, અજમો, ઓડી અજમોદ, સુવા, બાવળ, મેથી, સૂંઠ, પીપર, પીપરીમૂળના ગાંઠિયા, ચિત્રક, કપુષ, વિદારી કંદનું ચૂર્ણ, ઉપલેટ અને કપીલો દરેક ચત્તાર તોલા, ભોળ ૪૦૦ તોલા, દૂધ ૧૨૮ તોલા અને ઘી ૧૬ તોલા એ બધાને ભેગાં ઉકાળી પાક કરવામાં આવે છે. બીજી રીતે જીરું, કાળીજી, સતપુષ્પા અજવાયન, અજમોદ, બાવળ, મેથી, સૂંઠ, પીપર, પીપરીમૂળ, ચિત્રક, હાઉબેર, બદરીનું ચૂર્ણ, દૂધ, કપીલો દરેક ચાર તોલા, ભોળ પાંચ શેર, દૂધ અઢાર, ગાયનું ઘી પા શેર એ સર્વને ભેગું કરીને પાક બનાવવામાં આવે છે. આ પાક પ્રસૂતરોગનો જ્વર, યોનિરોગ, શ્રમ, અંધ્રી, શ્વાસ, પાંડુ, કૃશતા અને વાયુના બધા રોગ મટાડનાર મનાય છે.

પંચજીવનમૃત પું. જીવતા છતાં મરેલા જેવા પાંચ પ્રકારના મનુષ્યો. પરાધીન, મુસાફર, દરિદ્રી, રોગી અને જડ એ જીવતા છતાં મૂવા જેવા મનુષ્ય છે.

પંચજ્ઞાન ૧. [સં.] પું. શુદ્ધદેવ.

૨. સ્ત્રી. પાશુપત દર્શનને જાણનાર.

પંઠો પું. સુરતમાં આવેલા સંતબાખીના મંદિરમાં નવો મહંત ગાદીએ બેસે ત્યારે થતો મહોરબંધવાળો દસ્તાવેજ.

પંચતક્ષ [સં. પંચતક્ષન્] ન. પાંચ સુથાર.

પંચતક્ષી સુથ્રો પંચતક્ષ.

પંચતત્ત્વ ૧. પું.;ન. જેમાંથી ઉત્પન્ન થયેલા પાંચ પદાર્થ. જેમકે, દૂધ, ઘી, દહીં, છાશ અને મૂત્ર.

૨. [સં.] પું.;ન. જગદુત્પત્તિના કારણરૂપ પાંચ મુખ્ય તત્ત્વો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. તેને પાંચ મહાભૂત પણ કહે છે.

૩. પું.;ન. (તાંત્રિક) મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા, મૈથુન એ પાંચ મકાર તત્ત્વ.

૪. પું.;ન. વૈષ્ણવોનાં મુક્તતત્ત્વ, મંત્રતત્ત્વ, મનસ્તત્ત્વ, દેવતત્ત્વ અને જ્ઞાનતત્ત્વ એ પાંચ તત્ત્વો.

પંચતત્ત્વપણું ન. મરણ.

પંચતનુ [સં.] જી. (જૈન) પાંચ પ્રકારનાં શરીર: ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કર્મણ શરીર.

પંચતન્માત્ર [સં.] ન. (સાંખ્ય) પાંચ સ્થૂલ મહાભૂતોના કારણરૂપ સૂક્ષ્મ મહાભૂત. તેનાં નામ: શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ. તેને તન્માત્ર કહેવાનું કારણ એ છે કે, તે વિશુદ્ધ રૂપમાં રહે છે, એટલે કે એકબીજા સાથ મળી જતા નથી સ્થૂલ ભૂત વિશુદ્ધ નથી હોતા. એક ભૂતમાં બીજા ભૂત પણ સૂક્ષ્મ રૂપમાં મળી રહે છે.

પંચતન્માત્રા જુઓ પંચતન્માત્ર.

પંચતપ [સં.] પું. ચાર બાજુ અગ્નિ અને માંમાથે સૂર્ય એમ પાંચ તેજથી તપ કરનાર માણસ.

પંચતપા [સં. પંચતપસ્] પું. પંચાગ્નિ તાપનાર તપસ્વી: ચારે બાજુ અગ્નિ સળગાવી તહકામાં બેસી તપ કરનાર મુનિ.

પંચતય ૧. [સં.] ન. પાંચની સંખ્યા: પાંચ. ૨. વિ. પાંચની સંખ્યાવાળું.

પંચતરુ ૧. પું. એ નામનો મોટા દેહનો એક જાતી ઝાડનો ધોળો. તે ઘેરા ઉપર ધોળા રંગનો અને શરીરના બીજા ભાગ ઉપર રાતા રંગનો હોય છે.

૨. [સં.] પું. મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન એ પાંચ વૃક્ષ.

પંચતંત્ર [સં.] ન. એ નામનું સંસ્કૃત પુસ્તક: તે નામે એક નીતિશાસ્ત્ર: પંડિત વિષ્ણુ શર્મા નામના બ્રાહ્મણે રચેલું નાની નાની વાર્તાનું એક પુસ્તક. આ પુસ્તક અસલ સંસ્કૃતમાં છે અને પશુપંખીની વાતોને રૂપે તેમાં ધર્મ, નીતિ અને વ્યવહારનું ઊંચા પ્રકારનું શિક્ષણ ઉપદેશેલું છે. તેનો ઘણી ભાષામાં તરજૂમો થયો છે. ઈ.સ.ની પાંચમી સદીમાં આ પુસ્તક લખાયું હોય એમ મનાય છે.

પંચતંત્રી [સં.] જી. પાંચ તારવાળી વીણા.

પંચતંત્રીવાદ્ય ન. પાંચ તારનો સિતાર.

પંચતા ૧. [સં.] જી. આરંભક પાંચ ભૂતોનું પોતાના સ્વરૂપે થવું તે.

૨. જી. પાંચપણું: પાંચનો ભાવ.

૩. જી. મૃત્યુ: શરીરનાં પાંચ ભૂતોનું અલગ અલગ અવસ્થાનું વિનાશ.

પંચતાર્કીનીબાજ જી. (જરથોસ્તી) એ નામની એક ક્રિયા. તેમાં જરસમના પાંચ તાર વાપરવામાં આવે છે. આથી તેને પંચતાર્કીનીબાજ કહેવામાં આવે છે.

પંચતાલ [સં.] પું. (સંગીત) અઠતાલનો એ નામનો એક ભેદ. તેમાં પ્રથમ દ્રુતલ, પછી એક, પછી દ્રુતલ અને છેવટમાં શૂન્ય હોય છે.

પંચતાલેશ્વર [સં.] પું. (સંગીત) શુદ્ધ જાતિનો એ નામનો એક રાગ.

પંચતિક્ત [સં.] ન. (વૈદક) પાંચ કડવા પદાર્થો. મગો, લીમડાના મૂળની છાલ, અરડૂસી, ઓરિગડી અને પટોલને પંચતિક્ત કહે છે. કડુ, કરિયાતું, સુંઠ, મગો અને કંકારિ એ પાંચ કડવા પદાર્થો પણ પંચતિક્ત કહેવાય છે.

પંચતિક્તઘૃત [સં] ન. (વૈદક) એક પ્રકારનું ઘી. તે બનાવવાની રીત: લીમડાની અંતરછાલ, પટોલ, ઓરિગડી, મગો, અરડૂસીની છાલ એ દરેક ૮૦ તોલા લઈ તેને ૪૦૯૬ તોલા પાણીમાં ઉકાળવાં અને જ્યારે ૧૦૨૪ તોલા પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેમાં ૨૫૬ તોલા ઘી તથા ૬૨ તોલા ત્રિફળા નાખી રીતસર ઘી સિદ્ધ કરવું.

પંચતીર્થ ૧. [સં.] ન. (પુરાણ) નારીતીર્થ

૨. ન. પ્રયાગ, પુષ્કર, નૈમિષ, વિશ્રાંતિ અને ગોકર્ણ એ પાંચ તીર્થનો સમુદાય.

૩. ન. ભગવાનની પ્રસાદીનાં સ્થળોએ તીર્થ કરવા જવું તે.

૪. ન. મેધસ્નિગ્ધમાં નાહવું તે.

૫. ન. સ્વામીનારાયણ પ્રભુએ ઉપદેશ આપેલ પાસે પાસેનાં જ્યાનંદ મુનિ.

પંચતીર્થી ૧. [સં.] જી. પ્રતીમા આવેલ જ્ઞાનવાપી વગેરે પાંચ તીર્થ.

૨. જી. પંચક્રોશીનાં તીર્થનો સમૂહ.

૩. જી. પ્રયાગ, પુષ્કર, નૈમિષ, વિશ્રાંતિ અને ગોકર્ણ એ પાંચ તીર્થ.

પંચતૃણ [સં.] ન. પાંચ જાતનાં ઘાસનો સમૂહ: કુશ, કાશ, સરકડું, દાભ અને ઈખ એ પાંચ પ્રકારનાં ઘાસનો જથ્થો.

પંચતોલિયા [હિં.] પું. એક પ્રકારનું ઝીણું ચોકડું કપડું.

પંચત્ર જી. મુકદમો જીતનાર પાસેથી લેવામાં આવતી પાંચ ટકાની ફી.

પંચત્ર કાનડો (પંચત્ર કાનડો) પું. (સંગીત) એક પ્રકારનો રાગ.

પંચત્વ ૧. [સં.] ન. પંચપણું: પાંચનો ભાવ: પંચતા.

૨. ન. મરણ: મૃત્યુ: શરીરનાં પાંચ મહાભૂત છૂટાં થઈ જવાં તે.

પંચત્વ પામવું ∞ મરણ પામવું: મરી જવું.

પંચત્વક ૧. [સં. પંચન્ (પાંચ) + ત્વચ્ (ચામડી)] ન. પાંચ જાતની વનસ્પતિની છાલ.

૨. ન. પાંચ ઝાડની છાલના ઉકાળો.

પંચદશ ૧. [સં. પંચદશન્] વિ પંદર: પંદરની સંખ્યાવાળું.

૨. [સં.] વિ. પંદરમું.

પંચદશકોષ્ઠ ૧. [સં.] પું. (ગણિત) જેની દરેક પંદર સીધી લીટીઓથી બંધાયેલી હોય તેવી આકૃતિ.

૨. વિ. પંદરખૂણિયું.

પંચદશધા [સં.] અ. પંદર પ્રકારે.

પંચદશાક્ષર [સં.] પું. એક જાતનો મંત્ર.

પંચદશાક્ષરી [સં.] જી. (શાક્ત) એ નામની એક દેવી.

પંચદશાહ [સં. પંચદશન્ (પંદર) + અહન્ (દિવસ)] પું. પંદર દિવસનો સમય.

પંચદશાહિક [સં.] વિ. પંદર દિવસમાં પૂરા થાય એવું.

પંચદશી ૧. [સં.] જી. અમાસ તિથિ: અમાવાસ્યા.

૨. જી. પૂનમ.

૩. જી. વેદાંતના સિદ્ધાંતો સમજાવનાર એ નામનું એક સંસ્કૃત પુસ્તક.

૪. જી. શાક્ત મત પ્રમાણે જગતનો એક પ્રકાર.

૫. [સં. પંચદશિન્] વિ. પંદરના માપનું.

૬. વિ. પંદરનું બનેલું.

પંચદશીસારસંગ્રહ પું. એ નામનું એક પુસ્તક.

પંચદસ જુઓ પંચદશ.

પંચદળ [સં. પંચન્ (પાંચ) + દલ (પાંખડી)] વિ. પાંચ પાખડીનું.

પંચદંતી [સં. પંચન્ (પાંચ) + દંતિન્ (દાંતવાળું)] પું. જેને દાંત ઓછા હોય તેવો ઘોડો.

પંચદાઢ પું. પાંચ તત્ત્વોનો બનેલો દાઢ.

પંચદિવ્ય [સં.] ન. (જૈન) જી. પાંચ દેવતાઈ વસ્તુઓ. સોનામહોરની વૃષ્ટિ, પાંચવર્ણાં ફૂલની વૃષ્ટિ, વસ્ત્રની વૃષ્ટિ, દેવદુંદુભિ અને અહોદાનં અહાદાનં એવો ધ્વનિ એ પાંચ દિવ્ય. તીર્થંકર ભગવાનને આહારપાણી વહોરાવનારને ત્યાં આ પંચદિવ્ય પ્રગટ થાય છે.

પંચદીર્ઘ [સં.] વિ. બે હાથ, બે નેત્ર, ઉદર, નાક અને છાતી એ પાંચ જેનાં લાંબાં હોય તેવું.

પંચદેવ [સં.] પું. આદિત્ય, રુદ્ર, વિષ્ણુ, ગણેશ અને દેવી એ પાંચ મુખ્ય દેવતા. તેની ઉપાસના હિંદુઓમાં પ્રચલિત છે. આમાં બીજા પણ પેટાદેવતા છે, પણ જાણવાનું જ્ઞાન અને જાણવાની પૂજા પૌરાણિક તથા તાંત્રિક રીતિએ થાય છે. આ દેવતાઓમાં પ્રત્યેકને અનેક વિગ્રહ છે, તે અનુસાર અનેક નામરૂપોથી ઉપાસના થાય છે. કેટલાક લોકો તો પાંચે દેવતાઓની ઉપાસના સમાન ભાવથી કરે છે અને કેટલાક લોકો કોઈ વિશેષ સંપ્રદાયની અંતર્ગત થઈ કોઈ વિશેષ દેવતાની ઉપાસના કરે છે વિષ્ણુના ઉપાસક વૈષ્ણવ, શિવના શૈવ, સૂર્યના સૌર અને અગ્નિપતિના આગ્નેયક કહેવાય છે.

પંચદેવતા [સં.] સ્ત્રી. સૂર્ય, ગણેશ, દેવી, શંકર અને વિષ્ણુ એ પાંચ દેવ.

પંચદેવવૃક્ષ [સં.] પું. ચંદન, અશોક, મંદાર, કલ્પવૃક્ષ અને પારિજાત એ પાંચ વૃક્ષ.

પંચદ્રવિડ [સં.] પું. વિંધ્યાચલની દક્ષિણે વસતા બ્રાહ્મણોની પાંચ જાત. તેનાં નામઃ મહારાષ્ટ્ર, તલંગ, કર્ણાટ, ગુર્જર અને દ્રવિડ. બીજા લોકો માંસનો આહાર કરે છે, પણ દ્રવિડ કરતા નથી. કોઈક દેશાચાર પ્રસંગે પંચદ્રવિડ અને પંચગૌડ એ પ્રમાણે જાત ગણી.

પંચધા [સં] અ. પાંચ પ્રકારે.

પંચધાતુ [સં.] સ્ત્રી. પાંચ ધાતુઓનું મિશ્રણ. સોનું, રૂપું, તાંબું, સીસું અને લોઢું એ પંચધાતુ કહેવાય છે. દેવતાની પૂજા વખતે દેવતાના આવાહનની મૂર્તિ તરીકે હિંદુઓમાં તે પણ ઘણે ભાગે વપરાય છે.

પંચધાત્રી [સં] સ્ત્રી (જૈન) ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, અંકધાત્રી અને ક્રીડાવણધાત્રી એ પાંચ ધાવ માતા. જુઓ પંચધાવ.

પંચધાન્ય [સં] ન. ચોખા, જવ, ઘઉં, તલ અને મગ એ પાંચ જાતનાં ધાન્ય.

પંચધાર પું. પાંચધારી; એક જાતની ડાબલી. પંચધાર ડાબલી કંસાર, પાક રસોઈ ભાત અઢાર. કાન્હડદેપ્રબંધ

પંચધારિણી. [સં.] સ્ત્રી (યોગ) એ નામની એક મુદ્રા. મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડાનબંધ, જલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોનિ, વજ્રોલી, શક્તિચારિણી, તાડાંગી, માંડવી, કાંજણી, પંચધારિણી, ભુજિની, પાશિની, કાકો, માતંગી, ભુજંગિની ઇત્યાદિ યોગની મુદ્રાઓ છે.

પંચધારૂપ [સં.] પું. અર્ચા, વિભવ, વ્યૂહ, સૂક્ષ્મ અને અંતર્યામી એ પાંચ પ્રકારનાં રૂપ.

પંચધાવ સ્ત્રી બાળકની માવજત કરનાર પાંચ જાતની સ્ત્રીઃ (૧) ધવરાવનારી, (૨) સ્નાન કરાવનારી, (૩) વસ્ત્રાભૂષણ પહેરાવનારી, (૪) ખોળે બેસાડનારી અને (૫) રમાડનારી

પંચધૂણિયા સાધુ પું. પાંચ ધૂણી અથવા ચાર ધૂણી અને સૂર્યનો તાપ એ પાંચ ધૂણીના તાપમાં બેસનાર સાધુ.

પંચધૂણી સ્ત્રી. પંચાગ્નિ તપ.

પંચનખ વિ. [સં.] પું. દરેક હાથ કે પગ ઉપર પાંચ નખ હોય એવો કૂતરો હાથી તથા પગે પણ પાંચ નખ હોય એવું પશુઃ દરેક હાથ કે પગ ઉપર પાંચ નખ હોય એવો કૂતરો. બીજા વાંદરો, કૂતરો, શિયાળ, વાઘ, બિલાડી, સસલું. સિંહ, ઉંદર, હાથી, કાચબો, દેડકું. વાઘ વગેરે.
૨ પું. સસલો, શિયાળ, ઘો, ગોધો અને કાચબો એ પાંચ પ્રાણી.
૩. વિ. પાંચ નખવાળું.

પંચનખર [સં.] પું. ઘો.

પંચનદ વિ. [સં] પું (પુરાણ) આબીર દેશની પશ્ચિમે આવેલો એ નામનો એક દેશઃ હાલનો પંજાબ પ્રાંત. પાંચ નદીઓ વચ્ચે તે હોવાથી તેનું આ નામ પડ્યું છે.
૨. પું. કાશીમાંનું એ નામનું એક તીર્થ. તેને પંચગંગા પણ કહે છે.
૩ પું. સિંધુને મળનારી પાંચ નદીઓ. તેનાં નામઃ સતલજ, બિયાસ, રાવી, ચિનાબ અને જેલમ.

પંચનદપ્રાંત [સં.] પું. પંજાબ પ્રાંત.

પંચનદ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન ક્ષેત્ર.

પંચનાથ [સં.] પું. બદરીનાથ, દ્વારકાનાથ, જગન્નાથ, રંગનાથ અને બીનાથ એ પાંચ દેવ.

પંચનામા [હિં.] ન. પંચનામું; પંચના કરારનો કાગળ.

પંચનામું ૧. ન. કોઈ વસ્તુ કિંમતી ઉપર પંચે કરેલું જાહેરનામું.
૨. ન. પંચ સમક્ષ કરેલી તપાસણીની નોંધ.

પંચનિદ્રા [સં.] સ્ત્રી. (જૈન) નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ એ પાંચ પ્રકારની ઊંઘ.

પંચનિયમ ૧. [સં.] પું (જૈન) અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ.
૨. પું. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ

પંચનિર્ગ્રંથ [સં.] પું. (જૈન) પુલાક, બકુશ, કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચ પ્રકારના સાધુ.

પંચનિર્ણય [સં.] પું પંચે આપેલ ફેસલો.

પંચનિષ્ય [સં.] ન. લીમડાના ફૂલ, મૂળ, છાલ, ફળ અને પાંદડાં એ પાંચ અવયવ.

પંચનિષ્યચૂર્ણ ૧. [સં.] ન. આમરાના રસમાં ઘૂંટવી ગોરસમાં.
૨. ન. (વૈદક) લીમડાનાં પાંચ અંગનું ચૂર્ણ. તે બનાવવા લીમડાનાં મૂળની છાલ, લીમડાનાં પાન, લીમડાના ફૂલ, લીમડાનાં ફળ અને લીમડાની છાલ એ દરેક પંદર તોલા લઈ તેનું ચૂર્ણ કરવું.

પંચની [સં.] સ્ત્રી રોતરેજ, ચોપાટ વગેરે.

પંચનીરાજન [સં] ન. દીવો, કપૂર, આંબાનું કે નાગરવેલનું પાન, વસ્ત્ર અને સાષ્ટાંગ નમસ્કાર એ પાંચ દેવને અર્પણ કરવા તે.

પંચપક્ષી [સં. પંચપક્ષિન્] ન. એ નામે હિંદુ જ્યોતિષ એક જાતનું શકુનશાસ્ત્ર તેમાં કાગ, ઘુવડ, ઘો, કાબર અને બાજ એ પાંચ પક્ષીને પક્ષી કહી શુભ અશુભનો વિચાર કરેલો છે.

પંચપટ્ટકી વિ. પાંચ પડવાળું

પંચપતિ [સં.] પું. પાંચ ધણી.

પંચપત્ર [સં] પું. એક જાતનું ઘરેણું બંગડીઓ.

પંચપદાર્થ [સં.] પું. (જૈન) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ પાંચ પદાર્થ.

પંચપદાર્થવાદી [સં. પંચપદાર્થવાદિન્] વિ. પાંચ પદાર્થમાં માનનાર.

પંચપદી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક જાતિ.
૨. સ્ત્રી. એ નામની પુષ્કરદ્વીપની એક નદી.
૩ સ્ત્રી. સ્તોત્રભાગઃ કવિતા.
૪. વિ. પાંચ પદનું બનેલું.

પંચપર્વિન સ્ત્રી ઘોડાની એક બીમારી જાત. તેમાં ઘોડો પોતાનાં કાન અને આયુ દ્વાર રાખે છે. આ જાતિમાં તે એક વાર પણ પગ અને બીજી વાર બે પગ એમ વારાફરતી વાપરે છે.

પંચપરમેષ્ઠિમંત્ર [સં.] પું (જૈન) નવકારમંત્ર; પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાનો મંત્ર.

પંચપરમેષ્ઠી ૧. [સં પંચપરમેષ્ઠિન્] પું. જગતનું કલ્યાણ કરનાર પાંચ મહાત્માઓ

૨. પું. (જૈન) પાંચ પરમોત્કૃષ્ટ અર્હિત; અર્હિત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ માત્રી એ પાંચ પુરુષાત્મા.

પંચપક્ષિકા [સં.] સ્ત્રી. ભોજનનો એક.

પંચપક્ષી ૧. પું. ભોળા તલવરીનો એક.

૨. સ્ત્રી. નાનો એક.

૩. વિ. પાંચ પાંદડાંવાળું.

પંચપર્વ ૧. પું. બાંધકામમાં વપરાતો એક જાતનો બંધ; વેલ્હપર્વ.

૨. [સં. પંચપર્વન્] ન. કૃષ્ણપક્ષની અષ્ટમી, ચૌદશ, અમાસ, રવિ સંક્રાંતિ અને પૂર્ણિમા એ પાંચ પર્વ.

પંચપર્વાત્મિકા વિ.સ્ત્રી. દેહાભ્યાસ, ઉદ્ભિદાભ્યાસ, અંતઃસ્રાવાભ્યાસ, પ્રાણાભ્યાસ અને સ્વાપવિસ્મૃતિરૂપી પાંચ પર્વવાળી.

પંચપર્વિકા ૧. સ્ત્રી. પાંચ ગાંઠવાળી મહામાયા. તેના પાંચ પર્વ: (૧) અવિદ્યા, (૨) અહંકાર, (૩) રાગ, (૪) દ્વેષ અને (૫) મરણભય.

૨. વિ. પાંચ પર્વવાળું.

પંચપલ્લવ ૧. [સં.] ન. ૧. ૨. આંબો, અશોક, જેમરો, વડ અને પીપળો એ પાંચ ઝાડનાં પાન.

૨. ન. ૧. ૨. આંબો, લવંગ, કોઠ, બિલ્વ અને બીલી એ પાંચ વૃક્ષનાં પાંદડાં.

૩. પું ન. ૧. પાંચ પાંદડાંનો સમૂહ.

૪. ન. ૧. ૨. પીપળો, જેમરો, આંબો અને વડ એ પાંચ વૃક્ષનાં પાંદડાં.

૫. ન. ૧. ૨. કમુક, આંબો, પીપળો, વડ અને ઓરસલી એ પાંચ ઝાડનાં પાંદડાં.

૬. ન. ૧. ૨. વડ, પીપર, પીપળો, જેમરો અને પારસપીપળો એ પાંચ ઝાડનાં પાંદડાં.

પંચપસાય ૧. પું. પાંચ પકવાન કે પાંચ વસ્ત્રરૂપી પ્રસાદ.

૨. પું. સિરપાવ.

૩. સ્ત્રી. મહેરબાની.

૪. ન. આસન, બેસણું, સન્માન, ભોજન અને દક્ષિણા.

પંચપંચિની [સં.] સ્ત્રી. પંચદશ સ્તોત્રની એક વિદ્યુત્તિ.

પંચપાટ ન. જેના મધ્યમાં મોટા અક્ષરે મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરોથી ઉપર, નીચે તથા બંને તરફના હાંસિયામાં ટીકા લખવામાં આવેલ હોય તેવું પુસ્તક: પત્રમાં, મૂળ, ઉપર, નીચે તેમ જ બંને તરફના હાંસિયામાં ટીકા જેમ પાંચ વિભાગે લખાતું પુસ્તક.

પંચપાઠી વિ. પાંચ વિભાગમાં લખેલું હોય તેવું

પંચપાડિ સ્ત્રી. ધોકાની જોડ બનતી ભાત.

પંચપાત [સં. પંચપત્ર] પું. પંચોલી વૃક્ષ: પંચપતરી.

પંચપાતક [સં.] પું પાંચ મહાન પાપ; બાલહત્યા, સ્ત્રીવધ, મદ્યપાન, ગુરુની કોઈ સાથે સંભોગ અને આ ચાર પાપ કર્યાં હોય તેની સાથે સંબંધ રાખનો તે પાંચ મોટાં પાપ.

પંચપાતકી [સં. પંચપાતકિન્] પું. બાલહત્યિહ પંચપાતક જેણે કર્યાં હોય તે.

પંચપાત્ર ૧. [સં. પંચપાત્ર] ન. પવિત્ર વસ્તુઓ પૂજા કરવાનું સાધન: સંધ્યા, પૂજન વગેરેમાં પાણી ભરવા માટે વપરાતું ખ્યાલા જેવું સાધન: તરભાણું.

૨. ન. પાણી પીવાનો ખ્યાલો: રકાબી જેવું સાધન.

પંચપાત્ર ૧. [સં.] ન. એક જાતનું ઝાડ. તે અમલતાસ, અકલ વગેરે પર્વમાં કરાય છે.

૨. ન. દહીં, દૂધ ઘી, મધ અને સાકર એ પાંચ વસ્તુઓ રાખવાનું સાધન.

૩ ન. પાણી ભરવાની ઊભા ઘાટની કોરી; સંધ્યા વગેરેમાં વપરાતું ખ્યાલું; પંચાલું.

૪. ન. પાંચ વાસણમાં કરેલું ભક્ષિદાન.

૫. ન. ૧. ૨. પાંચ વાસણ.

પંચપાદ ૧. [સં.] પું. સંવત્સર; વર્ષ.

૨. વિ. પાંચ પગવાળું.

૩. વિ. શિશિર અને હેમંતને એક ગણીને પાંચ ઋતુઓવાળું.

પંચપાપ ૧. ન. ૧. ૨. આંબલી, પીપળી અથવા વંટી, ચૂની, જળકુલ અને આકંની એ પાંચથી થતાં દૈનિક પાપો.

૨. ન. ૧. ૨. વાલહત્યા, મદ્યપાન, ગુરુતલ્પગમન, ચોરી અને આ પાપ કરનારનો સંગ એ પાંચ મહાપાપો.

પંચપાંડવ [સં.] પું. પાંચ પાંડવો: કુંતિપુત્ર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ.

પંચપિતર જુઓ પંચપિતા.

પંચપિતા [સં. પંચપિતૃ] પું. ઉત્પન્ન કરનાર કે જન્મ દેનાર, મુંજ કે સંસ્કાર કરનાર, જનમાંથી રક્ષણ કરનાર, કન્યા આપનાર કે સસરો અને અન્ન દેનાર એ પાંચ પિતા: પિતા, આચાર્ય, સસુર, અન્નદાતા અને ભયનો રક્ષક.

પંચપિત્ત જુઓ પંચપિતા.

પંચપિત્ત [સં] ન ઘૂંટનું, બકરીનું, પાડાનું, માછલાનું અને મોરનું એ પાંચનાં પિત્ત તેનો વૈદકમાં ઉપયોગ છે.

પંચપીર પું. બ. વ. પાંચ પીર. તેને મુસલમાન તેમ જ પણ હિંદુઓ પણ માને છે.

પંચપીરિયા ૧ [હિં] પું. મુસલમાનના પાંચ પીરને પૂજનારો હરકોઈ જાતનો માણસ.

૨. જો હલાલખોરની એક નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું મનુષ્ય.

૪. વિ એ નામની જાતનું.

પંચપુટ ૧. વિ. પાંચપડવું.

૨. વિ. પાંચવું.

પંચપુરુષ [સં.] પું બ. વ. આત્માનાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ શારીરિક આવરણ: પંચકોષ.

પંચપુત્ર સ્ત્રી. માથાં પકડવાની ભાળ.

પંચપુષ્પ [સં.] ન. બ. વ. ૧. આંબો, આંબો, ખીજડી, કમળ અને કરેણ એ પાંચ પુષ્પ. તે દેવતાઓને પ્રિય મનાય છે.

પંચપ્રદીપ [સં.] ન. આરતીના અંગરૂપ એક દીવો.

પંચપ્રપંચ [સં] પું. સંસારરૂપી વન.

પંચપ્રાણ ૧. પું. પાંચ દેશવાળો નાગ.

૨. [સં] પું. બ. વ. શરીરમાં રહેલ પાંચ વાયુ: પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ શરીરના પ્રાણો.

પંચપ્રાણિત વિ. પાંચ પ્રકારના પ્રાણવાળું.

પંચપ્રાસાદ [સં] પું. પાંચ શિખરવાળું દેવમંદિર.

પંચફલક ૧. પું. સોનાની પાંચ પાંદડીઓ વચ્ચે જડેલો હીરો.

૨. ન. પાંચ સમતલ પાસાવાળી ઘનાકૃતિ.

પંચફલી સ્ત્રી. પાંચ ફળનો સમૂહ.

પંચફેંસલો પું. સગાદનો નિર્ણય: સગાદે આપેલ લેખિત નિર્ણય કે ફેંસલો.

પંચબટી [હિં.] સ્ત્રી. પંચવટી.

પંચબલા [સં.] સ્ત્રી. બલા, નાગબલા, અતિબલા, સહબલા અને મહાબલા એ પાંચ પ્રકારની બલા વનસ્પતિ.

પંચબંધ [સં.] પું. ખોવાયેલી અથવા ચોરાયેલી ચીજની કીમતના અથવા ઢાવાની રકમના પાંચમા ભાગ જેટલો દંડ.

પંચબાણ ૧. [સં.] પું. કામદેવ. જે સ્વરૂપે ઘણો સુંદર મનાય છે. તેને બાણ મધમાખીનો પણછવાળું શેરડીનું ધનુષ્ય ફૂલનું બનેલું અને પાંચ પુષ્પરૂપી બાણ છે. આસોપાલવ, કમળ, સરસવનું ફૂલ, આંબાનો મોર અને જૂઈ કમળ એ પાંચ બાણ તો ચંપો, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને બીલીનું ફૂલ એ પાંચ પુષ્પો એનાં બાણ છે એમ મનાય છે. પંચશર, મદન, મન્મથ અને સ્મર એવાં તેનાં બીજાં નામ છે. અરવિંદ, અશોક, નવમલ્લિકા, આંબામોર અને નીલોત્પલ એ પાંચ પુષ્પ પણ કામદેવનાં બાણ મનાય છે.

૨. ન. જ ન. તાપન, ઉન્માદન, શોષણ, સ્તંભન અને સંમોહન એ પાંચ કામદેવનાં બાણ.

૩. ન. જ ન. દ્રાવણ, શોભણ, વશીકરણ, આકર્ષણ અને સંમોહન એ કામદેવનાં પાંચ બાણ.

પંચબાહુ [સં.] પું. મહાદેવ; શિવ; શંકર.

પંચબીજ ૧. [સં.] ન. કાકડી.

૨. ન. દાડમ.

૩. ન. પાંચ જાતની વનસ્પતિનાં બીજ; અજમોદ, અજમો, અમલબેત, છૂંઈ અને રાઈ અથવા મેથી, માલકાંગણી, અજમો, કલોંજી અને ઓખરો.

૪. ન. સીસું.

પંચમી ઠેકો પું. (સંગીત) એક જાતનો તાલ.

પંચબ્રહ્મ ૧. [સં.] સ્ત્રી;ન. એકસો આઠ માંહેની એ નામની એક ઉપનિષદ.

૨. સ્ત્રી.;ન. મુખ્ય યજુર્વેદીય ઉપનિષદ.

પંચબ્રહ્મપ્રાણ [સં.] પું. મુખ્ય યજુર્વેદની એ નામની એક ઉપનિષદ.

પંચબ્રહ્મા પું. એ નામની શિવની પાંચ મુદ્રા: ઘોરબ્રહ્મા, તત્પુરુષા, અઘોરા, વામદેવ અને સદ્યોજાતા.

પંચભદ્ર ૧. [સં.] પું. એક જાતનો ઘોડો; કાળજું, ખો, પીઠ, પડખું અને કેડ આગળ અમરી હોય તેવો ઘોડો.

૨. પું વૈદકપ્રસિદ્ધ એક પ્રાણ: જનાવર માં વપરાતી એ નામની ઔષધિ. તેની બનાવટ નીચે મુજબ: ગળો, અડસલિયો, પિત્તપાપડો, નાગરમોથ, કરિયાતું અને સૂંઠ સમ ભાગે લઈ, બધી ભારીક ચૂર્ણ કરવું. એ બે તોલા ચૂર્ણને પાણી ૩૨ તોલામાં ઉકાળતાં ૮ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું. તેની માત્રા ૪ તોલાની છે.

૩. સ્ત્રી. કાળી; વિષવાસક્ત.

૪. સ્ત્રી. પાંચ સારાં લક્ષણવાળું.

પંચભદ્રકષાય પું. (વૈદક) પાંચ ઉત્તમ ઔષધિનો ઉકાળો.

પંચભદ્રી ૧. [સં.] પું. એક જાતનો ઘોડો; પાંચ શુભ લક્ષણવાળો ઘોડો.

૨. પું. પાંચ વસ્તુ નાખીને બનાવેલું અાથું.

પંચભર્તારી [સં. પંચન (પાંચ) + ભર્તૃ (ધણી)] સ્ત્રી. દ્રૌપદી.

પંચભાગ ૧. પું. ગૃહસ્થના ઘરમાં જતા ઘરગથ્થુ નાના નાના દોષના નિવારણ અર્થે અપાતા પંચ ભૂતબલિ; ભૂતયજ્ઞભાગ; ગૃહસ્થના ઘરમાં રસોઈ માટે નીકળતા અનાજમાંથી જે થોડી થોડી અલગ તરીકે કાઢવામાં આવે છે તે.

૨. પું. ચોરને આપવામાં આવતાં ચોરી ચોરીને જતના પાંચ.

૩. પું. રસોઈ માટે કાઢેલ સીધામાંથી બ્રાહ્મણને અપવા કાઢેલો ભાગ: ચોટ, ઘી, ચોખા, દાળ અને મીઠું.

પંચભાવ [સં.] પું. આલંબન, ઉદ્દીપન, ભાવ, વિભાવ અને સ્થાયી ભાવ એ માંહેનો દરેક.

પંચભુજ ૧. [સં.] પું. (ગણિત) પંચકોણ; પાંચ ખૂણાવાળી આકૃતિ.

૨. સ્ત્રી. પાંચ ખૂણાવાળું.

પંચભૂત [સં.] ન. બ. વ. આકાશ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને પાણી એ પાંચ મહાભૂત. આ પંચતત્ત્વોથી જગત ઉત્પન્ન થયું છે.

પંચભૂતવાદી [સં. પંચભૂતવાદિન્] સ્ત્રી. પંચમહાભૌતિક; આત્મા સિવાય માત્ર પાંચ મહાભૂતોને માનનાર; નાસ્તિક.

પંચભૂતાત્મક [સં.] સ્ત્રી. પાંચ ભૂતના સમૂહથી બનેલું; ભૌતિક.

પંચભૂતાત્મા ૧. [સં. પંચભૂતાત્મન્] પું. પાંચ તત્ત્વોનો બનેલ માણસ.

૨ પું. પાંચ ભૂતવાળો આત્મા.

પંચભૂતિ જુઓ પંચભૂતાત્મક.

પંચભૂમિક [સં.] સ્ત્રી. પાંચ માત્રા.

પંચભૃંગ [સં.] પું. કડકનેલ, ભોંયરીંગણી, ભાંગરો, નગોડ અને તમાલ એ પાંચ વૃક્ષનો સમૂહ.

પંચભેદ [સં.] પું. (વેદાંત) પાંચ પ્રકારના ભેદ, (૧) જીવોનો પરસ્પર ભેદ, (૨) જીવ ઈશ્વરનો પરસ્પર ભેદ, (૩) જડ પદાર્થોનો પરસ્પર ભેદ, (૪) ઈશ્વરનો અને જડનો ભેદ અને (૫) જીવનો અને જડનો ભેદ.

પંચભોજ ૧. પું. કરચુંબર.

૨. સ્ત્રી. ખીચડા જેવું; ભેગસેળ; જેમાં ઘણી વસ્તુઓ ભળેલી હોય એવું.

પંચભૌતિક [સં.] સ્ત્રી. પંચભૂત સંબંધનું; પંચભૂતનું બનેલું

પંચમ ૧. પું. ઊંચામાં ઊંચે સૂરે જનાર માણસ.

૨. પું. (સંગીત) ઊંચામાં ઊંચો સૂર.

૩. [સં.] પું (સંગીત) જે નામે એક રાગ. આ રાગ ગાવાથી વાત્સલ્યપણ પ્રકૃતિની પ્રસન્નિષ્ઠતા નાશ પામે છે. કોઈ તેને હિંડોળ રાગનો અને કોઈ તેને ભૈરવ રાગનો પુત્ર માને છે. કેટલાક તેને લલિત તથા વસંતના યોગથી અને કેટલાક હિંડોળ, આંધાર અને મનોહરના યોગથી બનેલો માને છે. કોઈ તેને ઓડવ જાતિનો રાગ માને છે અને તેમાં ઋષભ કોમલ, પંચમ તથા આંધાર સ્વરો વર્જિત બતાવે છે. તે ગાવાનો સમય શરદ ઋતુમાં પ્રાતઃકાળનો છે. વિભાષા, ભૂપાલી, કર્ણાટી, વાગ્દેવિકા, માલશ્રી અને પદ્મમંજરી એ ૬ તેમજ કોઈ ત્રિવેણી, સ્તંભતીર્થ, આભીરી, કમુદ અને વસારી તેના રાગણી માને છે.

૪. પું. (સંગીત) જે નામે એક સ્વર; સાત માંહેનો પાંચમો સ્વર. તેનો જન્મ પિતૃકુળમાં છે, સ્થાન હૃદયમાંથી કંઠમાં છે, વાહન કોયલનું છે. દેવતા લક્ષ્મી અને ઋષિ નારદ છે. એક મુખ, ૭ હાથનો આ સ્વર છે. તેના બે હાથમાં વીણા અને બીજા ચારમાં શંખ, કમળ અને અક્ષવલય છે. તેનો જન્મ શ્રાવણને દિવસે અને મૂળ નક્ષત્રમાં છે. તેની કુળદેવી ચારાદી અને ગોત્ર ભારદ્વાજ છે. તેનો મધ્યમ ગ્રહ બળવાન છે તે કોયલના સ્વરને મળતો આવે છે. આ સ્વર ઉષ્ણ અને મૃદુ સ્પર્શવાળ છે. તેને અનુકૂળ ઋતુ શરદ છે. હાસ્ય અને શૃંગાર રસમાં તે દાખે છે. આ સ્વર નાભિમાંથી ઉત્પન્ન થાય છે. તેના સ્વરનો વર્ણ લાલાશ, રંગ શ્યામ, દેવતા મહાદેવ, રૂપ ઉદ્ર સમાન અને સ્થાન કૌંચદ્વીપ કહેવાય છે. અમુક સંગીતશાસ્ત્રીઓના મત પ્રમાણે તેમા પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન એ પાંચ વાયુ સાથે ક્રમ લાગવાથી તેને પંચમ કહે છે.

૫. પું. કોયલનો સૂર.

૬. પું. તે નામનો એક મંત્ર. આ મંત્રના કુલ ઋષિ, ૭૮ દેવતા, પંક્તિ છંદ અને પંચમ સ્વર મનાય છે.

૭. પું. નાભિ, હોઠ, કંઠ, શિર અને હૃદય એ પાંચે સ્થાનના વાયુથી ઉત્પન્ન થયેલ સ્વર. પાંચ સ્થાનોમાંથી ઉત્પન્ન થતો હોવાથી તે પંચમ કહેવાય છે.

૮. પું (સંગીત) ભૈરવ રાગના આઠ પુત્ર પૈકી એ નામનો એક રાગ. આ રાગ સંપૂર્ણ છે. તે માવાનો વખત મળસકાનો છે. તે ભૈરવ રાગને મળતો છે. તેમાં ઋરજ શુદ્ધ, રિખભ કોમલ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમલ, પંચમ શુદ્ધ, ધૈવત કોમલ, નિખાદ તીવ્ર છે. પંચમ વાદી સ્વર, ઋરજ સંવાદી સ્વર તથા ગાંધાર અનુવાદી સ્વર છે આ રાગ લલિત, વિભોગ, દેવગાંધાર, વસંત; ભૈરવ તે પાંચ રાગથી ભિન્ન છે, તેથી તેનું નામ પંચમ છે.

૯. પું. (સંગીત) મારવા થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેના આરોહાવરોહ સ્વરૂપ: સ રિ ૪ સ, સ મ, ૫ મ ગ, મ | ધ, નિ ધ, સ્ત્ર | સ્ત્ર નિ ધ ૫ મ, ગ ૫ ગ, રિ ૪ સ ‖ વાદી સંવાદી સ્વર મ-સ્ત્રૈ, સમય રાત્રિનો બીજો પ્રહર છે.

૧૦. પું મૈથુન.

૧૧. પું. (સંગીત) સારંગી વીણાના સાત પૈકીનો બીજો તાર.

૧૨. સ્ત્રી. એક અપ્સરા જાતિ; આર વર્ણમાં સમાવેશ ન થાય એવો પાંચમો વર્ણ. દક્ષિણ આદિકમાં આ શબ્દ ઠેઠના અર્થમાં વપરાય છે.

૧૩. સ્ત્રી. પાંચમ.

૧૪. સ્ત્રી. વાણિયાની ચોરાશી ખાંપની એ નામની એક જાત.

૧૫. ન. એ નામની જાતિનું માણસ; પંચમ વર્ણનું માણસ.

૧૬. ન વાણિયાની એ નામની જાતનું માણસ.

૧૭. વિ. દક્ષ; ચતુર.

૧૮. વિ. પાંચ; પાંચમું.

૧૯. વિ. પાંચમી જાતિનું; નિષાદ વગેરે જંગલી લોકોની જાતનું.

૨૦. વિ. વાણિયાની એ નામની જાતનું.

૨૧. વિ. સુંદર.

પંચમ આરો પું. કલિયુગ; પાંચમો આરો.

પંચમ ઉત્તું ન. એક જાતનું વાજું; કરણાઈની જાતનું એક વાદ્ય.

પંચમક [સં.] વિ. પાંચમું.

પંચ પકાર [સં.] પું. બ. વ. મ થી શરૂ થતા પાંચ પદાર્થનો સમુદાય; વામમાર્ગીઓની મથી શરૂ થતી પાંચ વસ્તુઓ; મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન.

પંચમ કાલ [સં.] પું. (જૈન) કલિયુગ; અવસર્પિણી કાલનો પાંચમો આરો. તે ૨૧,૦૦૦ વર્ષનો મનાય છે. આ કાલમાં ઉત્તમ વસ્તુની દુર્લભતા અને કનિષ્ટ વસ્તુનો વધારો થાય.

પંચમ કાળ જુઓ પંચમ કાલ.

પંચમ ગતિ સ્ત્રી. (જૈન) મોક્ષ; પંચમી ગતિ.

પંચમત પું. પંચનો અભિપ્રાય.

પંચમનીયા પું. પાંચ સરખાળો ઢગીનો.

પંચમપ્રભાવ પું. (સંગીત) એ નામનો એક રાગ.

પંચમવર્ણ પું. બ્લેચ્છ.

પંચમવંશ ૧. સ્ત્રી. (જૈન) એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પંચમ વેદ પું. મહાભારત.

પંચમસંવાદી ૧. પું. પંચમ રાગ ગાનારો માણસ.

૨. પું. (સંગીત) વાદી સ્વરથી પાંચમો સ્વર. વાદી સ્વર અને તેનાથી પાંચમો સ્વર બંને સાથે વગાડવાથી ગોળીબંધમાં બરાબર જતા હોવ તેમ લાગતું, માટે પાંચમા સ્વરને સંવાદી કહે છે.

પંચમહલ્લા [હિં.] વ. પાંચ માણસનું મંડળ.

પંચમહાકાવ્ય [સં.] ન. બ. વ. પાંચ મહાકાવ્ય. કાલિદાસ રચિત રઘુવંશ અને કુમારસંભવ, માઘરચિત શિશુપાલવધ, ભારવિકૃત કિરાતાર્જુનીય અને હર્ષરચિત નૈષધીયચરિત એ પંચમહાકાવ્ય છે.

પંચમહાપાતક ૧. [સં.] ન. બ. વ. પાંચ મહાપાપો. ગુરુપત્નીને ઘરમાં રહેવું, બ્રાહ્મણ સહન કરવો, પ્રાણીની ઉપર થતો બ્રાહ્મણ મૂકે મોટો લેવા કરવો, બ્રાહ્મણમાં બાકુબ્ય વિતાડવું અને બ્રાહ્મણ દૂર કરવાનો પ્રયત્ન ન કરવો એ પાંચ મહાપાપ કહેવાય છે.

૨. ન. બ. વ. બ્રાહ્મણવધ, અગિરાગમન, ગુરુપત્નીની સાથે વ્યભિચાર, સોનાની ચોરી અને તે પાપ કરનારનો સંગ એ પાંચ પ્રકારનાં પાપ.

પંચમહાભૂત ૧. [સં.] ન. બ. વ. પાંચ મહાભૂત; પાંચ મોટાં તત્ત્વ આકાશ, પૃથ્વી, જળ, તેજ અને વાયુ; જગતરચના જેમાંથી થાય છે એવાં પાંચ દ્રવ્યો.

૨. સ્ત્રી. પ્રકૃતિ.

પંચમહાભૂતવાદ [સં.] પું. જગતના સર્વ પદાર્થ પાંચ મહાભૂતના બનેલા છે એવો સિદ્ધાંત.

પંચમહાભૂતવાદી [સં. પંચમહાભૂતવાદિન્] વિ. પંચમહાભૂતવાદમાં માનનાર.

પંચમહાભૌતિક [સં.] વિ. પંચભૂતવાદી; આત્મા સિવાય માત્ર પાંચ મહાભૂતોને માનનાર.

પંચમહાયજ્ઞ [સં.] પું. બ. વ. સ્મૃતિ અને મૂલસૂત્રોમાં જણાવેલાં પાંચ કૃત્યો; દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને નૃયજ્ઞ, એ પાંચ મુખ્ય યજ્ઞ. તે ગૃહસ્થે કરેલા કરવા જોઈએ એવું વિધાન છે. ગૃહસ્થોને ઘરના કામકાજમાં પાંચ જનની હિંસા થાય છે, જેને ધર્મશાસ્ત્રમાં પંચસૂના કહેલ છે. આ હિંસાના પાપથી છૂટવા માટે ધર્મશાસ્ત્રમાં આ પાંચ યજ્ઞ કરવા જણાવેલ છે: (૧) અધ્યાપન, જેને બ્રહ્મયજ્ઞ કહે છે. સંધ્યાવંદન આ અધ્યાપનમાં આવી જાય છે. (૨) પિતૃતર્પણ, જેને પિતૃયજ્ઞ કહે છે. (૩) હોમ, જેને દેવયજ્ઞ કહે છે. (૪) બલિવૈશ્વદેવ અથવા ભૂતયજ્ઞ અને (૫) અતિથિપૂજન એટલે કે નૃયજ્ઞ અથવા મનુષ્યયજ્ઞ.

પંચમહાયજ્ઞવિધિ [સં.] પું. એ નામનું એક પુસ્તક. તેમાં પંચમહાયજ્ઞનો વિધિ વર્ણવવામાં આવેલ છે. સંધ્યોપાસના પણ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

પંચમહાલ પું. એ નામનો એક જિલ્લો; પાંચ મહાલનો બનેલો કે સમૂહ. ગોધરા, કાલોલ, હાલોલ, ઝાલોદ અને દાહોદ એ પાંચ મહાલના સમૂહને પંચમહાલ કહે છે.

પંચમહાવિઘ [સં.] ન. બ. વ. સોમલ, હરતાલ, મનઃશિલ, વછનાગ અને સર્પવિષ એ પાંચ ઝેર.

પંચમહાવીર [સં.] પું. બ. વ. ભળદેવ વગેરે પાંચ મહાવીર એટલે મહાસુભટ.

પંચમહાવ્યાધિ [સં.] પું. બ. વ. (વૈદ્ય) જ્વર, વરમા, કોઢ, પ્રમેહ અને ઉન્માદ એ પાંચ મોટા રોગ.

પંચમહાવ્રત [સં.] ન. બ. વ. (જૈન) સાધુનાં પાંચ મહાવ્રત. અહિંસા, ખોટું બોલવું નહિ, અસ્તેય એટલે ચોરી કરવી નહિ, મૈથુન સેવવું નહિ અને અપરિગ્રહ એટલે પરિગ્રહ રાખવો નહિ એ પાંચ મહાવ્રત છે.

પંચમહાવ્રતિક વિ. પાંચ મહાવ્રત ધારણ કરનાર.

પંચમહાશબ્દ [સં.] પું. બ. વ. પાંચ જાતના વાજાં; શૃંગ, ભેરી, શંખ, ભેરી અને જયઘંટા. પ્રાચીન કાળમાં રાજમહારાજાને જ આ પાંચ વાજાં સાથે વગાડવાનો અધિકાર હતો

પંચમહાસાગર [સં.] પું બ. વ. પાંચ મહાસાગર; આટલાંટિક મહાસાગર, પેસિફિક

મહાસાગર, હિંદી મહાસાગર, ઉત્તર મહાસાગર અને દક્ષિણ મહાસાગર.

પંચમહિષ [સં.] ન. ભેંસમાંથી મળતા પાંચ પદાર્થ. ભેંસનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ.

પંચમંડલી [સં.] સ્ત્રી. પાંચ જણા માણસોની સભા; પંચાયત.

પંચમાક્ષર પું. (પિંગળ) સોળ અક્ષરનો એક છંદ. તે અષ્ટિવર્ગનો એક ભેદ છે.

પંચમાત્રા સ્ત્રી. શબ્દાદિ પાંચ તન્માત્રા.

પંચમાર ૧. [સં.] પું. પાંચ પ્રકારનો ક્ષય.

૨. પું. (જૈન) પાંચમો આરો.

૩. પું. જળદેવનો એ નામનો પુત્ર.

પંચમાર્ક પું. એ નામનો એક જાતની સિક્કો.

પંચમાર્ક્ડ જુઓ પંચમાર્ક્ડ સિક્કા.

પંચમાર્ક્ડ સિક્કા પું. ઇ. સ. ની જૂના જમાનાના એ નામના સિક્કા. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે ઈ. સ. પૂર્વે ૧૦૦૦ વરસ પહેલાંના સિક્કાઓ મળ્યા, નાના કદના ચોરસ છે અને તે પંચમાર્ક્ડ સિક્કા કહેવાય છે. આ શબ્દ એટલા માટે વપરાય છે કે સિક્કા ઉપર જુદે જુદે ઠેકાણે પંચ નિશાની અનિયમિત રીતે લગાડેલી હોય છે. તેના ઉપર લેખ તો હોતો જ નથી, એટલું જ નહિ પણ તેની મુદ્રા કે છાપ આખા મુખપૃષ્ઠને ઢાંકી દે એવડી હોતી નથી. સામાન્ય રીતે એમ મનાય છે કે, આ પંચમાર્ક્ડ સિક્કાઓ આગળની ગણેલી સિક્કાઓ હતા અને તે રાજકર્તાની પરવાનગી મેળવી સોની વગેરે કારીગરના મંડળ તરફથી કાઢવામાં આવતા. જે જુદા જુદા ઠેકાણામાં કામ કરનારના હાથમાં સિક્કો જાય તેના તરફથી મોરાણાવાળા ભાગ ઉપર અવંક પંચ છાપ પાડેલી હોય એમ દેખાય છે અને પાછળ આખની સંસ્થાનો રાજ તરફથી સંમતિ મળી છે એવું જણાવવા કરેલી હોય છે. પંચમાર્ક્ડ સિક્કાઓ ઉપર આલેખ પડેલી લગભગ બધાંસો કરતાં વધારે સંસ્થાઓ જણાયી છે અને તેના નીચે પ્રમાણે ૭ વિભાગ કર્યા છે: (૧) મનુષ્ય આકૃતિનું ચિત્ર. (૨) કોઈ હથિયાર, ઓજાર કે માણસની કૃતિનું ચિત્ર. જેમકે, તીર, કમાનુ, ચૈત્ય. (૩) પ્રાણીઓનાં ચિત્ર. જેમકે, વાંદો, હાથી, મોર, સર્પ, માછલી. (૪) ઝાડ કે વેલી ગળી અને ફૂલના ચિત્રો. (૫) સૂર્ય, નક્ષત્રમાળા કે ચિત્રપૂજાને લગતાં ચિહ્નો. (૬) પરચૂરણ અને નહિ જણાયેલી સંસ્થાઓ.

પંચમાસિયું ન. પ્રથમ ગર્ભાધાનના પાંચ માસ પૂરા થયાના ઉત્સવનો દિવસ.

પંચમાસી સ્ત્રી. ગર્ભસ્થી ગણેલા પહેલા ગર્ભને પાંચ મહિનાની થયેલા કરવામાં આવતો સંસ્કાર; પહેલી વારની ગર્ભવતી સ્ત્રીને પાંચમે માસે કરવામાં આવતો સંસ્કાર.

પંચમાસીની છમાસી કરવી = વિવાદની વરસી કરવી; કોઈનું કંઈ વિપરીત જોતી બનાવનું સ્મરણ કરવું. અરર! મેં તો સૂરતમાં જ પંચમાસીનું છમાસી કીધું, પણ રોઢ, અજ્ઞાનપણ ને આપણા નરોત્તર.—અદ્યતનું જોયાનું

પંચમાસિક [સં.] વિ. પાંચ માસનાર.

પંચમાસિયું જુઓ પંચમાસિયું.

પંચમાસી જુઓ પંચમાસી.

પંચમાસ્ય ૧. [સં.] પું. ગોવધ. તેના ગળામાંથી પંચમ સ્વર નીકળે છે.

૨. વિ. પાંચ મહિનાનું; દરેક પાંચમે મહિને થતું; પાંચ મહિનામાં હોનાર કે થનાર.

પંચમાસ્યા [સં.] સ્ત્રી. ગોવધ માસ.

પંચમાંસ [સં.] પું. પાંચમો આગ્ર પાંચમો અંશ: ભૈ.

પંચમિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પંચમી ૧. [સં.] સ્ત્રી. (આકારણ) અજ્ઞાન વિભક્તિનું પાંચમી વિભક્તિ.

૨. સ્ત્રી. (સંગીત) અંશ સ્વર ઉપર આધાર રાખીને રાગની પહેલી સાત મહિની એ નામની એક જાતિ.

૩. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.

૪. સ્ત્રી. ચંદની પાંચમી કલા.

૫. સ્ત્રી. દ્રૌપદી. કેને પાંચ પણી કલા.

૬. સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંદેનું એક નામ.

૭. સ્ત્રી. પખવાડિયાનો પાંચમો દિવસ કે પાંચની તિથિ; પાંચમ.

૮. સ્ત્રી. પુરુષની સંખ્યાની પાંચમા આંક જેવડી કિંમત. તે વહમાં વેરી બનાવવામાં વપરાતી.

૯. સ્ત્રી. (તાંત્રિક) પૂજનની વસ્તિમાંની પાંચ જાતની મુદ્રા.

૧૦. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૧૧. સ્ત્રી. વર્ષતપંચમી.

પંચમી તત્પુરુષ [સં.] પું. (આકારણ) તત્પુરુષ સમાસનો એક પ્રકાર. પૂર્વપદ અને ઉત્તરપદની વચ્ચે પંચમીનો સંબંધ હોય એવો તત્પુરુષ પંચમી તત્પુરુષ કહેવાય છે. જેમકે, ચોરભય, સ્વર્ગપતિત; ગ્રામમુક્ત.

પંચમુખ ૧. [સં.] પું. અરડૂસાનો છોડ.

૨. પું. નાટકમાં અર્થોપક્ષેપકના પાંચ ભેદોનો એ નામનો એક વિભેદ.

૩. પું. પાંચ મુખનો એક સદ્રાક્ષ.

૪. પું. પાંચ મુખવાળું તીર.

૫. પું. મહાદેવ; શિવ.

૬. પું. સિંહ.

૭. સ્ત્રી. બોંતેર ભાંદેની એ નામની એક જાતની મુદ્રા.

૮. વિ. પાંચ મુખવાળું.

પંચમુખી ૧. પું. જેના પેટ ઉપર પાંચ ભમરી હોય તે.

૨. પું. મહાદેવ; પંચાનન; પંચવક્ત્ર; શિવ.

૩. [સં] સ્ત્રી. અરડૂસી.

૪. સ્ત્રી. એક જાતનો જવાસો.

૫. સ્ત્રી. પાર્વતી.

૬. સ્ત્રી. પાંચ મુખવાળું શિવલિંગ.

૭. સ્ત્રી. સિંહણ.

૮. ન. એ નામનું એક જાતનું ફૂલ.

૯. [સં પંચમુખિન્] વિ. પાંચ મુખવાળું; પાંચ મોંવાળું.

૧૦. વિ. સ્ત્રી. પાંચ મુખવાળી.

પંચમુખી મણિપતિ પું. ઓંકારક્ષેત્રમાં નર્મદાતીરે આવેલ એ નામનું એક સ્થાન.

પંચમુખી મારુતી પું. ઓંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં આવતું એ નામનું એક તીર્થસ્થાન.

પંચમુખી હનુમાન ૧. પું. એ નામના એક હનુમાન. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલું છે.

૨. પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના એક હનુમાન. અહીં હનુમાનજીએ કોઈ રાક્ષસને મુક્તિ આપ્યાનું મનાય છે.

પંચમુખી હનુમાનઘાટ પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

પંચમુખી હનૂમાન જુઓ પંચમુખી હનુમાન.

પંચમુખી હનૂમાનઘાટ જુઓ પંચમુખી હનુમાનઘાટ.

પંચમુખ્ય [સં.] પું. શરપંજ; પંચાખ્યક્ષ; પંચનો વડો.

પંચમુષ્ટિક ૧. [સં. પંચમુષ્ટિક] ન. (જૈન) માથાની આર બાજુએ આર અને એક વચ્ચે એમ પાંચ મુષ્ટિ જેટલે અપંતરે માથાના કેશનું લુંચન.

૨. વિ. પાંચ મુદ્રાઓ આપે એવું.

પંચમુદ્રા [સં.] સ્ત્રી. (તંત્ર) પૂજનની વિધિમાંની પાંચ પ્રકારની મુદ્રા. આવાહની, સ્થાપની, સન્નિધાપની, સંમોધની અને સન્મુખીકરણી એમ તેનાં પાંચ નામ છે.

પંચમુષ્ટિ [સં.] સ્ત્રી. (જૈન) કેશલુંચનનો એક પ્રકાર; પંચમુષ્ટિ.

> ભગવાન ભગવાન મહાવીર ઘરના હાથની ઘરની તારનો પંચમુષ્ટિ લોચ કર્યો. કુ. સા. પરિષદ

પંચમુષ્ટિક [સં.] પું. (વૈદક) સન્નિપાતમાં અપાતો એક જાતનો ઉકાળો. તે જવ, નાગરમોથ, કાકડી, મગ અને કાકમાચી એ દરેક એકેક મૂઠી લઈ તેથી આઠગણા પાણીમાં ઉકાળવાથી થાય છે.

પંચમૂત્ર [સં.] ન. ગાય, બકરી, ઘેટી, ભેંસ અને ગધેડી એ પાંચનાં મૂત્ર.

પંચમૂલ [સં.] ન. (વૈદક) કુશ, કાશ, ડાભ, છત્રુ અને દાભ અથવા કાકડપર્ણી, પૃશ્નિપર્ણી, ભોરિંગણી, ડોરલી અને ગોખરુ એ પાંચનાં મૂળ. તે લઘુ પંચમૂલ કહેવાય છે. લઘુ પંચમૂલ, બૃહત્ પંચમૂલ, મધ્યમ પંચમૂલ, જલાબ્જ પંચમૂલ, દશવ્ય પંચમૂલ, તૃણ પંચમૂલ અને ગોક્ષુરાદિ પંચમૂલ એમ તેના સાત પ્રકાર છે.

પંચમૂલચક્ર [સં.] ન. (જ્યોતિષ) પંચક; ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી રેવતીના અંત લગી આવતાં પાંચ નક્ષત્રો.

પંચમૂલી [સં.] સ્ત્રી. પાંચ મૂળિયાં; લઘુ પંચમૂલ; કાકડપર્ણી, પૃશ્નિપર્ણી, મોટી ભોરિંગણી, નાની ભોરિંગણી અને ગોખરુ એ પાંચનાં મૂળ.

પંચમૂલ્યાદિ [સં.] ન. (વૈદક) એક જાતનું પામન.

પંચમૂળ જુઓ પંચમૂલ.

પંચમૃત્તિકા [સં.] ન. ઈંટનો ભૂકો, રાખ, રાફડાની માટી, ગેરુ અને મીઠું એ પંચનો સમૂહ.

પંચમેશ [સં.] પું. (જ્યોતિષ) જન્મકુંડલીના પાંચમા ઘરનો સ્વામી.

પંચમેળ ૧. [સં. પંચન્ (પાંચ) + મિશ્ર (ભળેલું)] પું. પાંચ ચીજોનું મિશ્રણ.
૨. વિ. પંચરસુકી; ઘણી ચીજો સાથે ભેગી કરીને બનેલું.
૩. વિ. સાધારણ; સામાન્ય.

પંચમેળો જ. પંચ મારફત પાંચ કામ આપવાનો મારફત.

પંચયજ્ઞા [સં.] સ્ત્રી. મહાભારતમાં ઉલ્લેખેલ એક પ્રાચીન નદી.

પંચયજ્ઞ ૧. [સં.] પું. પાંચ પ્રકારના યજ્ઞ: દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને મનુષ્યયજ્ઞ એ પંચયજ્ઞ કહેવાય છે. ગૃહસ્થને માટે ચૂલો, સાંબેલું, પંથી, ઘેડું અને રોટિયો એમ પાંચ યજ્ઞ માનેલા છે. અગ્નિહોત્ર, પશુયજ્ઞ, સોમયજ્ઞ, ચાતુર્માસિયજ્ઞ અને દર્શપૂર્ણમાસીયજ્ઞ એમ પણ યજ્ઞના પાંચ પ્રકાર છે.
૨. પું. શિવ, વિષ્ણુ, અગ્નિદેવ, ગણેશ અને સૂર્ય એ પાંચ દેવની પૂજા.

પંચયષ્ટી પું. (જ્યોસ્તી) રસ્તાનો અધિષ્ઠાતા દેવ. લાંબી મુસાફરીએ જતી વખતે તેની પ્રાર્થના કરવામાં આવે છે.

પંચયમ [સં.] પું. (જૈન) અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રત.

પંચયામ જુઓ પંચયમ.

પંચયામ ૧. પું. (જૈન) અહિંસાદિ પાંચ મહાવ્રત.
૨. [સં. પંચન્ (પાંચ) + યામ (પહોર)] પું. દિવસ. ચોવીસ કલાકના દિવસના પાંચ અને રાતના પણ પહોર માનેલા છે. રાતના પહેલા ચાર કંઈ તથા જેવા ચાર કંઈ દિવસમાં ગણેલા છે.
૩. પું દિવસનો અભિમાની દેવ.

પંચયામલ પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ: તૂણ; ચામર; તૂણક. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે.

પંચયુગ [સં.] ન. સાઠ વર્ષોના સમયચક્રનું સાઠમું વર્ષ.

પંચર [અં. પંક્ચર] ન. કાણું; છિદ્ર; સાર.

પંચરક્ષક ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. વિ. પાંચ ઇંદ્રિયરૂપ રક્ષાવાળું.

પંચરત્ન ૧. ન. (સિક્કા) એક જાતનું મકાન. તેમાં વચ્ચે એક કે વધારે ખંડ અને ચાર ખૂણે અથવા બાજુમાં એક એક ખંડ હોય છે. મૃદ્વિધાનમાં જણાવ્યું છે કે વચમાં એક યા વધારે ખંડ અને ચાર ખૂણે અથવા બાજુમાં એક એક ખંડ, તેવી જાતનું તલ પંચરત્નમાં આવે. આ જાતની ગોઠવણ હાલ બહુ જ પ્રચારમાં છે. આ ગોઠવણીની એક તરી આવે એવી ખાસી એ છે કે તે વચલા ભાગનાં ઉજાસપ્રકાશ વગરનાં બિનજરૂરી રહે છે. પણ આને આ ગોઠવણમાં વચલો ખંડ અંધારો અને હવા વિનાનો રહે છે અને અજૂરામાં પૂરે આ ખંડ જ આખા મકાનનો મહત્ત્વનો ભાગ હોય છે. અલબત્ત, ઉનાળાના બહુ ગરમીના દિવસોમાં તે ખંડ ઠંડો રહે છે, પરંતુ તેની ઠંડકની કીમત હવાપ્રકાશનાં અભાવને લીધે ઘણી વધી જાય છે. સારી સારી જે પણ કહેવું જોઈએ કે, મૂળમાં પંચરત્નની ગોઠવણ રાખીને પણ વચલા ખંડના કેટલાક દોષો નિવારી શકાય. સાધારણ રીતે આ ગોઠવણીમાં ચાર ખૂણે ખંડ હોય છે. બહુ તો આવશ્યકની સગવડ માટે જરા દૂર બહેલાવ અગર તો પરસારા વચલા ખંડમાંથી પ્રવેશ આપવા માટે પાસે લઈ શકાય. છતાં મોઢવણીના મૂળમાં તે પંચરત્ન રહે છે. આવા બંગ્લે ઘણે ભાગે એક જ હોય છે. પરંતુ તેના વિકાસ કરી બે કે ત્રણ કરવામાં આવે છે. છતાં ખોખા તરીકે તો એક જ રહે છે.
૨. [સં.] ન. જુદી જુદી જાતના રંગનાં પાંચ રત્નોનો સમુદાય. સોનું, મોતી, હીરો, માણેક અને મોતી અથવા નીલમ, હીરો, માણેક, મોતી અને પ્રવાલ એ પંચરત્ન કહેવાય છે. રૂપું પણ એક જાતનું રત્ન મનાય છે.
૩ ન. નીતિવાળી પાંચ કવિતા.
૪. ન. પાંચ કળશવાળું દેવમંદિર.
૫. ન. મહાભારતના પાંચ પ્રસિદ્ધ પ્રસંગ.
૬. ન. સ્વામીનારાયણ સંપ્રદાયમાં પ્રૌઢ શિક્ષાના પાઠકોનો એ નામનો ગ્રંથ.

પંચરત્નગીતા [સં.] સ્ત્રી. ભગવદ્ગીતા, ગજેંદ્રમોક્ષ, વિષ્ણુસહસ્રનામ વગેરે પાંચ સંસ્કૃત કાવ્યોનો સંગ્રહ.

પંચરત્ન વિ. જુદા જુદા રંગવાળું; પંચરંગી.

> ઓઢણી પહેરવેશ પંચરત્ન હતો. સારસ્વા

પંચરશ્મિ ૧. [સં.] પું. આકાશનો ઘોડો.
૨ પું. સૂર્ય.

પંચરસ ૧. પું. આદુ, કુદીનો વગેરે પાંચ ચીજનો છમકારેસો રસ.
૨ [સં.] પું. કડવો, તીખો, ખારો, ખાટો અને મીઠો એ પાંચ રસ.
૩. વિ. જેમાં પાંચ રસ હોય એવું.
૪. વિ. વિવિધ રસવાળું.

પંચરસા ૧. [સં.] સ્ત્રી. આમળું. તીખા સિવાયના પાંચ રસ આમળામાં છે, માટે તેને પંચરસા કહે છે.
૨. સ્ત્રી. આંબલી.

પંચરસિયું ૧. વિ. જુદી જુદી જાતનું.
૨. વિ. જેમાં પાંચ રસ હોય એવું.

પંચરસી જુઓ પંચરસિયું.

પંચરંગ ૧. [સં.] પું. લાલ, લીલો, પીળો, ધોળો અને કાળો એ પાંચ રંગ.

૨. વિ. અનેક રંગનું.

૩. વિ. પાંચ રંગનું; જેમાં પાંચ રંગ હોય તેવું.

પંચરંગી ૧ સ્ત્રી. (જૈન) એક પ્રકારનું તપ. આ તપ ઓનો કરે છે. તેમાં કેટલીક સ્ત્રીઓ લાગલાગટ પાંચ ઉપવાસ, કેટલીક ચાર ઉપવાસ, કેટલીક ત્રણ, કેટલીક બે અને કેટલીક એક ઉપવાસ કરે. આમ પાંચ પ્રકારના ઉપવાસનું વ્રત હોવાથી તે પંચરંગી કહેવાય છે.

૨. વિ. આકુંબળું; અવળુંસવળું. જેમાં, જેનું પંચરંગી જોઉનું છે.

૩. વિ. જેમાં જુદા જુદા રંગ ભરેલા હોય તેવું; તરેહ તરેહનાં રંગવાળું.

૪. વિ. પાંચ રંગનું; પાંચ રંગવાળું; પાંચવર્ણું.

૫. વિ. સેળભેળિયું; સંકર; મિશ્ર.

પંચરાઉ ૧. વિ. પરચૂરણ વેચાણ કરાતું; છૂટક વેચાતું; પ્રકીર્ણ.

૨. વિ. સેળભેળિયું; ચાર પાંચ જાતના મિશ્રણવાળું; સંકર; બે ચાર જુદી જુદી જાતનું. જેમકે, પંચરાઉ અનાજ; પંચરાઉ ઘાસ.

પંચરાત્ર ૧. [સં.] કું. પાંચ રાત્રિમાં થતો એ નામનો એક યજ્ઞ.

૨. ન. એ નામનો વૈષ્ણવ ધર્મનો પ્રસિદ્ધ ગ્રંથ.

૩. ન. નારદ મુનિનું બનાવેલું એ નામનું એક પુસ્તક.

૪. ન. પાંચ રાત્રિનો સમૂહ.

પંચરાત્રિ [સં.] સ્ત્રી. પાંચ રાતનું પર્વ.

પંચરાત્રિક [સં.] કું. વિષ્ણુ.

પંચરામ કું. સાબરકાંઠાની સિત્તાવીસ નામની રકમમાં પાંચમે ક્રમે બોલાતો શબ્દ.

પંચરાશિ [સં.] સ્ત્રી. (ગણિત) ભેળવણી ત્રિરાશિની રીત; પાંચ પદ ઉપરથી કરું ઉપજાવવાની રીત કે ગણતરી.

પંચરાશિક ૧. [સં.] કું. લીલાવતી પ્રસિદ્ધ એક ગણિત.

૨. જુઓ પંચરાશિ.

પંચરીક [સં.] કું. (સંગીત) એ નામનો એક તાલ.

પંચરૂખી સ્ત્રી. ઉત્તમ વર્ગની એક જાતની ભાંડ.

પંચલ [હિં.] ન. સાકરકંદ; શકરિયું; રતાળુ.

પંચલક્ષણ ૧. [સં.] ન. પાંચ લક્ષણનો સમૂહ. નવું વય, કામવિકાર, રતિમાં વહતા, દ્વેષમાં દ્વેષગતા અને સ્મરજ્વર એ પ્રમદોનાં પાંચ લક્ષણ કહ્યાં છે.

૨. ન. પુરાણ. તેમાં મુખ્ય પાંચ બાબતો ગણાવી છે. સૃષ્ટિની ઉત્પત્તિ, પ્રલય, દેવતાઓની ઉત્પત્તિ તથા વંશપરંપરા, મન્વંતર અને અનુવંશનો વિસ્તાર, એ પુરાણનાં પાંચ લક્ષણ છે.

પંચલક્ષણી ૧. [સં.] સ્ત્રી. પાંચ લક્ષણનો સમૂહ.

૨. વિ. સ્ત્રી. જેમાં પાંચ લક્ષણ હોય તેવી.

પંચલસ (પંચલ્સ) [હિં.] વિ. પાંચ સેરનું બનેલું.

પંચલડી (પંચલ્ડી) [હિં.] સ્ત્રી. ગળામાં પહેરવાની પાંચ સેરની માળા.

પંચલડું (પંચલ્ડું) જુઓ પંચલડી.

પંચલવણ [સં.] ન. (વૈદક) પાંચ જાતનું મીઠું. દેશી વૈદકમાં ગણાવેલ લવણની પાંચ જાત: (૧) સિંધવ અથવા સિંધાલવ, (૨) સમુદ્રલવણ અથવા સાંભારનું મીઠું, (૩) બડાગરું મીઠું, (૪) સંચળ અને (૫) બીડલવણ. લવણ ઉષ્ણ, દીપક, પાચક અને રેચક તરીકે ગુણ. સૂક્ષ્મ, ઉદરરોગ અને વાતરોગ ઉપર ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે.

પંચલાંગલક [સં.] ન. પાંચ હળથી ખેડાય તેવા ખેતરનું માપવાન.

પંચલોકપાલ [સં.] કું. ઋષેશ, દુર્વા, વાયુ, આકાશ અને અશ્વિનીકુમાર એ પંચ દેવ.

પંચલોહ ૧. [સં.] ન. પાંચ જાતનું ભોટું પાંચ પ્રકાર: કાંસી, પાંદિ, કાંત, કાન્તિક અને વજ્રક.

૨. ન. પિત્તળ તાંબું, કલાઈ, સીસું અને લોઢું એમ પાંચ ધાતુનું મિશ્રણ.

૩. ન. સોનું, ચાંદી, તાંબું, સીસું અને કલાઈ એ પાંચ ધાતુ.

૪. ન. સૌરાષ્ટ્ર દેશમાં ઉત્પન્ન થતું લોઢું.

પંચલોહક [સં.] ન. સોનું, રૂપું, તાંબું, કલાઈ અને સીસું એ પાંચ ધાતુ. સોનું, રૂપું, તાંબું, કલાઈ અને જસ્તાનું એ પાંચ ધાતુને પણ કેટલાક પંચલોહ કહે છે.

પંચવક્ત્ર ૧. [સં.] કું. મરડાશિંગો.

૨. કું. વાઘ.

૩. કું. સર્પ.

૪. કું (પુરાણ) શંકર; મહાદેવ. તેને પાંચ મોં હોવાનું મનાય છે.

૫. કું. સિંહ. તેને ચાર પંજા અને મુખ એમ પાંચ મોટાં અવયવમાં ગણે છે.

૬. કું. હનુમાન.

૭. [સં. પંચન્ (પાંચ) + વક્ત્ર (મોઢું)] વિ. પાંચ મુખવાળું; જેને પાંચ મોઢાં હોય તેવું.

પંચવક્ત્રરસ [સં.] કું. (વૈદક) જાતની એક બનાવટ: સન્નિપાત જ્વર ઉપર ઉપયોગી એ નામનો રસ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, મરી, ટંકણ એ બધી ચીજને સમ ભાગે લઈ તેને ધતૂરાના રસમાં ત્રણ પ્રહર ખલ કરવાં. પછી તેની બબ્બે રતીભારની ગોળી કરવી. તેની માત્રા બે રતી છે.

પંચવટ્ટી [સં.] સ્ત્રી. સિંધવ.

પંચવટ [સં.] કું. યજ્ઞોપવીત; જનોઈ.

પંચવટી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ગોદાવરી નદીની ઉત્તરે આવેલું એ નામનું સ્થળ: વનવાસમાં રામે જ્યાં નિવાસ કર્યો હતો, તે રામાયણપ્રસિદ્ધ દંડકારણ્યમાંનું સ્થાન. અહીં રામ લક્ષ્મણ અને સીતા સાથે પર્ણકુટિ બાંધીને રહ્યા હતા. અહીં લક્ષ્મણે સૂર્પણખાનાં નાકકાન કાપી તેને વરવી કરી મૂકી હતી. આથી ખર નામનો રાક્ષસ રામચંદ્રજી ઉપર ચઢી આવ્યો. તેનો અનુચરો સહિત રામે નાશ કર્યો. રાવણની આજ્ઞાથી મારીચ નામનો રાક્ષસ મૃગનું રૂપ લઈ પર્ણકુટિએ આવ્યો અને સીતાના કહેવાથી રામ તેને પકડવા ગયા. પાછળથી લક્ષ્મણ પણ ગયા અને રાવણ સીતાને હરી ગયો.

> જાગ્યો ભલે ઋષિ કહે હરને અરણ્યે,
> આદીથી પંચવટી રોજના દૂર બે છે;
> ગોદાવરી તીર દળો કુશથી ભરેલું,
> એકાંત પર્ણકુટિ બાંધી સુખે રહેવું.

સોપી નીચી સપાટ સુંદર ભૂમિ ગોદાવરીને તીર, પાસે વિવિધ પુષ્પ ફળ ક્રમળો ખીલ્યાં નીર નિર્મળ; વૃક્ષે આમ્ર અશોક ચંદન તરુ તાડો તમાલો સખે, ડોલે સિખર પર્વતો કુદ કળા કૂજે ભર્યાં પક્ષથી. ઘૂમે વિવિધ મહાવહ ભમરો પંખી પશુ વિઘ્નને, નાચે મોર મધુર પર્ણકુટિ ત્યાં ચલને કરી લક્ષ્મણે; માટી કુશની ઢાળ વાસ તરુનાં પર્ણો અને ઘાસથી, મંત્રે કોમી પવિત્ર હોમ પૂજને પદ્મદિ સુવાસથી.

રામાયણસાર

૨. સ્ત્રી. ત્રિતંદ્રિય પુરુષનું ચિત્ત.

૩. સ્ત્રી. પાંચ રત્ના કે સેરી આરી ગણતાં હોય એવું મોટું ઝાલું.

૪. સ્ત્રી. પાંચ વડનો સમૂહ: પાંચ વડનાં ઝાડનો સમુદાય.

૫. સ્ત્રી. પીપળો, બીલી, વડ, આંબલી અને અશોક એ પાંચ ઝાડનો સમૂહ.

પંચવટીપ્રવેશ [સં.] કું. ઉત્તરરામચરિત નાટકના સાત અંકોનો એ નામનો પહેલો અંક.

પંચવદન ૧. કું. (પિંગળ) એક જાતનો સમમાત્રિક માત્રામેળ છંદ.

૨. જુઓ પંચવક્ત્ર.

પંચવક્ત્ર વિ. પચાવનાર; પચ.

પંચવરણું જુઓ પંચવર્ણું.

પંચવર્ગ ૧. [સં] પું. એ નામનો એક વૃક્ષ.
૨. પું. પાંચ વસ્તુનો સમૂહ. જેમકે, પાંચ ઉદ્રિય.

પંચવર્ગીય [સં] વિ. પાંચ વર્ગનું; પંચ પ્રકારનું.

પંચવર્ણ ૧. [સં.] પું. એ નામનો [illegible] પર્વત.
૨. પું કાળો, નીલો, રાતો, પીળો અને ધોળો એ પાંચ રંગ.
૩. પું. પાંચ અક્ષર.
૪. પું. પ્રણવ; ૐકાર. અ, ઉ, મ, નાદ અને બિંદુ એ પ્રણવના પાંચ વર્ણ કહ્યા છે.
૫. ન. એ નામનું એક વન.
૬. ન. પાંચ રંગનું ચોખાનું ચૂર્ણ; પચરંગી ચોખાનું ચૂર્ણ.
૭. વિ. પાંચ અક્ષરનું.
૮. વિ. પાંચ રંગનું; પંચરંગી.
૯. વિ. રંગબેરંગી; જુદા જુદા રંગનું.

પંચવર્ણક ૧. [સં.] ન. પતરાનું કાચ.
૨. વિ. પાંચ રંગનું; જેમાં પાંચ રંગ હોય એવું.
૩. વિ. રંગબેરંગી. વિવિધ રંગનું.

પંચવર્ણિયું ૧. [સં.] વિ. પાંચ રંગવાળું.
૨. વિ. રંગબેરંગી; વિવિધ રંગનું.

પંચવર્ણું ૧. [સં. પંચન્ (પાંચ) + વર્ણ (રંગ)] વિ પચરંગી; પાંચ રંગવાળું.
૨. વિ. રંગબેરંગી; જુદા જુદા રંગનું.

પંચવર્તમાન [સં.] ન. બ. વ. સાધુઓએ પાળવાના નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિર્મોહ એ પાંચ નિયમ. તેને સૂક્ષ્મ પંચવર્તમાન કહેવામાં છે. માંસ, મદિરા, ચોરી, બલિયાર અને વટાળથી દૂર રહેવું તે સ્થૂળ પંચવર્તમાન ગણાય છે.

પંચવર્ષયુગ [સં.] પું. સંવત્સર, ઇદાવત્સર, પરિવત્સર, ઇદ્વત્સર અને અનુવત્સર એમ પાંચ વર્ષનો સમય. ચાંદ્રમાસ ને સૌર ઋતુની સાથે કરવાને તે બનાવ્યો હશે એમ મનાય છે. તે ઋગ્વેદ જેટલો જૂનો છે. તે વખતે પાંચ વર્ષના સાઠ ચાંદ્રમાસમા બે અધિક માસ ઉમેરીને પાંચ સૌર વર્ષ બનાવવામાં આવતાં. સંવત્સરનાં ૩૫૫, ઇદાવત્સરનાં ૩૮૪, પરિવત્સરનાં ૩૫૪, ઇદ્વત્સરનાં ૩૮૩ અને અનુવત્સરનાં ૩૫૪ એ પ્રમાણે વર્ષ હતાં.

પંચવર્ષીય [સં.] વિ. પાંચ વર્ષનું.

પંચવલ્કલ [સં. પંચન્ (પાંચ) + વલ્કલ (છાલ)] ન. વડ, પીપર, પીપળો, ઉમરો, અને પારસપીપળાની છાલ.

પંચવલ્કલ કષાય [સં.] પું. (વૈદ્ય) વડ, પીપર, પીપળો, ઉમરો અને પારસપીપળાની છાલનો ઉકાળો. તે કફનિવારક કરનાર મનાય છે.

પંચવાણી [સં.] સ્ત્રી. લોકવાયકા; પંચવાયકા.

પંચવાતીય [સં] વ. સંસ્કૃત વાક્યના બંધારણ એક જાતનો ક્રોમ.

પંચવાદ્ય [સં.] ન. તંત, આનદ, સુષિર, ઘન અને વારોનું વર્ગીકરણ.

પંચવાન ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પંચવાયકા ૧. સ્ત્રી. અફવા; લોકમુખે વાત.
૨. સ્ત્રી. પાંચ જણને મોઢે ચોકાતી વાત; લોકાભિપ્રાય; લોકમત; સ્વાભાવિક લોકોદ્ગાર; સામાન્ય મત; પાંચ સારા માણસોનો નૈસર્ગિક ન્યાયોદ્ગાર; લોકવાયકા.

પંચવાયુ [સં.] પું બ. વ. પંચપ્રાણ; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ શરીરમાંના વાયુ.

પંચવાર્ષિક [સં.] વિ. પાંચસાલી; દર પાંચ વર્ષે આવતું.

પંચવાર્ષિકયુગ જુઓ પંચવર્ષયુગ.

પંચવાહી [સં. પંચવાહિન્] વિ. પંચ રીતે વહન કરનાર; પાંચથી ખેંચાતું. જેમકે, ગાડી.

પંચવાંસા [હિં.] પું. મકાન રહેવાથી પાંચમે માઢને કરવામાં આવતો વિધિ; મકાનિયાનથી પાંચમા માસનું કૃત્ય.

પંચવિધ [સં.] વિ. પાંચ પ્રકારનું.

પંચવિધપ્રકૃતિ [સં.] સ્ત્રી. આકાશ, શબ્દ, દુર્ગ, અર્થ અને ઇંદ્ર એમ રાજ્યનાં પાંચ અવયવ પ્રકૃતિ.

પંચવિષય [સં.] પું બ. વ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ઉદ્રિયોના વિષય.

પંચવિંસ [સં. પંચવિંશતિ] વિ. પચીસ; ૨૫.
પંચવિંસ ક્રોડિ કપિવર સાથ.
વિદાય કીધી શ્રી રઘુનાથ. પ્રેમાનંદ

પંચવિસર્જન [સં.] ન. પંચોને રજા આપવી કે છૂટા કરવા તે.

પંચવિંશ ૧. ન. સામવેદનો આઠ મંત્રોનું એક નામનું એક બ્રાહ્મણ.
૨. [સં.] વિ. પચીસમું.

પંચવિંશતિ [સં.] સ્ત્રી. પચીસ; ૨૫.

પંચવિંશતિકા ૧. [સં.] સ્ત્રી. પચીસ શ્લોકનું કાવ્ય.
૨. સ્ત્રી. પચીસનો સમૂહ.

પંચવિંશતિતત્ત્વસ્થ [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

પંચવિંશતિતમ [સં.] વિ. પચીસમું.

પંચવિંશનિધાગુરુ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ

પંચવીજ ૧. [સં.] ન. કાકડી.
૨. ન. દાડમ.
૩. ન. સીસું.

પંચવીસ [સં. પંચવિ] વિ. પચીસ; ૨૫.

પંચવૃક્ષ [સં] ન. બ. વ. સ્વર્ગનાં પાંચ ઝાડનો સમૂહ. તેમનાં નામ: મંદાર, પારિજાતક, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન.

પંચવૃત્ત ૧. [સં.] ન. પંચવર્તમાન; સાધુઓએ પાળવાના નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિર્મોહ એ પાંચ નિયમ.
રૂડે પંચવૃત્ત પ્રમાણે રે,
મારી બિયારી સૌ સુજાણ રે. નિષ્કુળાનંદ
૨. ન. પંચસૂત્ર.

પંચવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. પાતંજલ યોગદર્શનપ્રસિદ્ધ મનની પાંચ વૃત્તિ.
૨. સ્ત્રી. શરીરમાં રહેલ પ્રાણવાયુ.

પંચવેઢિયું વ. પાંચ વેણીવાળું કપાસ.

પંચવેણી જુઓ પંચવેઢિયું.

પંચશત ૧. [સં] વિ. એકસો પાંચ.
૨. વિ. પાંચસો.

પંચશતી [સં.] સ્ત્રી. જેમાં પાંચસો શ્લોક હોય એવો ગ્રંથ.

પંચશબ્દ ૧. [સં.] પું. ચાર તરેહનાં વાદ્ય અને ગાનારનો કંઠ એ પંચના સૂર.
૨. પું. ઢંઢેરો.
૩. પું. પાંચ જાતનો અવાજ. તેનાં નામ: વેદધ્વનિ, વંદીધ્વનિ, જયધ્વનિ, શંખધ્વનિ અને નિશાનધ્વનિ.
૪. પું. પાંચ સંગીતસૂચક વાદ્ય. જેમકે, તંતી, તાલ, ઝાંઝ, નગારું અને શરણાઈ.
૫. પું. પાંચ વાદ્યોનો મેળો ધ્વનિ.
૬. પું. (આકાશ) સત્ર, વાયુ, આપ, તેજ અને મહાભૂતોનો પ્રયોગ.
૭. વિ. પાંચ જાતના અવાજવાળું.

પંચશાખ

પંચશર ૧. [સં. પંચન્ (પાંચ) + શર (બાણ)] પું. કામદેવ; મદન; સ્મર; અનંગ. તેનાં પાંચ બાણ મનાય છે.

૨. ન. કામદેવનાં પાંચ બાણ. જેમકે, કમળ, અશોક, આંબાનો મોર, નવમાલિકા અને નીલકમળ.

પંચશસ્ય [સં. પંચન્ (પાંચ) + શસ્ય (અનાજ)] ન. જ. ઘ. ઘઉં, તલ, અડદ, જવ અને સરસવ એ પાંચ ધાન્ય.

પંચશાખ ૧. [સં.] પું. હાથ.

૨. પું. હાથી.

૩. ન. પાંચ શાખાનો સમૂહ.

પંચશાખા જુઓ પંચશાખ.

પંચશાખી ૧. પું. (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ આવે છે.

ન સ જ ગ ગ વાય પંચશાખી. રત્નકોશ

૨. [સં.] સ્ત્રી. હાથણી.

પંચશાહડિયા (પંચશાહડિયા) ૧. સ્ત્રી. ગોવા જાતિની એ નામની એક જાટક.

૨. ન. એ નામની જાટકનું માપસ.

૩. વિ. એ નામની જાટકનું.

પંચશિખ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે તે મહર્ષિ કપિલના પુત્ર હતા, માટે તેને કાપિલેય પણ કહેતા. સાંખ્યશાસ્ત્રના તે એક મુખ્ય આચાર્ય હતા. તેને લોકો બીજા કપિલ કહે છે. જનદેવ નામના જનક તેમના બ્રહ્મવિદ્યા સંબંધી ગુરુ શિષ્ય હતા.

૨. પું. સિંધા નામનું વાજું.

૩. પું. સિંહ.

૪. વિ. જેના બાળબોધવાળા ઉતારવામાં આવ્યા ન હોય એવું.

૫. વિ. પાંચ વાટવાળું.

પંચશિખા પું. (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ; રમણીયશિખા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

પંચશિખાચાર્ય [સં.] પું. સાંખ્ય મતમાં પારંપરત એ નામનો એક મુનિ; પંચશિખ.

પંચશીર્ષ ૧. [સં. પંચન્ (પાંચ) + શીર્ષ (માથું)] પું. એક જાતનો સર્પ.

૨. વિ. પાંચ માથાવાળું.

પંચશીલ જુઓ પંચમ.

પંચશુક્લા [સં.] પું. એક જાતનો ઝીણો.

પંચશૂરણ [સં.] પું. (વૈદક) પાંચ જાતનાં મુખ્ય કંદ. જેમકે, અસ્તવજ્રી, કાંડવેલ, મહાકંદ, સૂરણ અને ઘોળું સૂરણ.

પંચશૃણી ન. કમીરથી નીચે જમણી તરફ આવેલ હિમાલયનું એ નામનું એક શિખર.

પંચશૈરીષક [સં.] ન. બ૰ વ. શિરીષ એટલે અમુકના ઝાડનાં પાંચ અંગ; શિરીષનાં મૂળ, છાલ, પાંદડાં, ફળ અને ફૂલ. તે બધાં દવાના કામમાં આવે છે.

પંચશૈલ [સં.] પું. મેરુની દક્ષિણે આવેલો એ નામનો એક પર્વત.

પંચષ [સં.] વિ. પાંચ કે છ.

પંચષષ્ટ [સં.] વિ. પાંસઠમું.

પંચષષ્ટિ [સં.] વિ. પાંસઠ; ૬૫.

પંચષષ્ટિતમ જુઓ પંચષષ્ટ.

પંચસ વિ. પચાસ; ૫૦.

પંચસત્તા સ્ત્રી. પંચની સત્તા.

પંચસપ્તત [સં.] વિ. પંચોતેરમું.

પંચસપ્તતિ [સં.] વિ. પંચોતેર; ૭૫.

પંચસભા જુઓ પંચાયત.

પંચસમ [સં.] ન. (વૈદક) સૂંઠ, લીંડીપીપર, મરી, નસોતર અને સંચળ એ પાંચે વસ્તુઓનું બનાવેલું સમભાગી ચૂર્ણ. તે વાતરોગ ઉપર ૧ થી ૩ા તોલાની માત્રામાં ઔષધ તરીકે અપાય છે.

પંચસમચૂર્ણ જુઓ પંચસમ.

પંચસમિતિ જુઓ પંચાયત

પંચસર વિ. જેમાં માળા જેવી પાંચ સર હોય એવું.

પંચસંધિ [સં.] સ્ત્રી. (વ્યાકરણ) સંધિના પાંચ ભેદ: સ્વરસંધિ, વ્યંજનસંધિ, વિસર્ગસંધિ, સ્વાદિસંધિ અને પ્રકૃતિભાવ.

પંચસાગર [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક પીરસ્થાન. ત્યાં સતીના નીચલા દાંત પડેલા હતા.

પંચસાધારણમુદ્રા [સં.] સ્ત્રી. હઠયોગની એક જાતની મુદ્રા. તેના પાંચ પ્રકાર છે: પાર્થિવી, આપ્યસી, વાયવી, આગ્નેયી અને આકાશી.

પંચસાયક [સં.] પું. કામદેવ; પંચશર.

પંચસિદ્ધાંતિકા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) જ્યોતિષના પાંચ સિદ્ધાંતવાળું એ નામનું એક પુસ્તક. આ પાંચે સિદ્ધાંત ગ્રહગણિત સંબંધી માહિતી આપે છે.

પંચસિદ્ધાંતી જુઓ પંચસિદ્ધાંતિકા.

પંચસિદ્ધૌષધ [સં.] ન. તેલિયોકંદ, સુવાકંદ, કુકરકંદ, કડવતી અને મત્સ્યાક્ષી એ પાંચ ઔષધિનો સમૂહ.

પંચસિદ્ધૌષધિ જુઓ પંચસિદ્ધૌષધ.

પંચસીરા સ્ત્રી. ભંગાણી આંબાની એ નામની એક જાત.

પંચસુગંધક જુઓ પંચસુગંધિક.

પંચસુગંધિક [સં] ન. પાંચ સુગંધી ઔષધિ. તેનાં નામ: ગવિત્ર, કીતજટામાંસી, અમર, જમાલગોટા અને કપૂર અથવા કપૂર, કીતજટામાંસી, ગવિત્ર, સોપારી અને જાયફળ.

પંચસૂના ૧. [સં.] સ્ત્રી. ગૃહસ્થોથી ઘરકામમાં થતી પાંચ જાતની હિંસા; ચૂલો બાળવો, દળવું, સાવરણી કાઢવી, ખાંડવું અને પાણી રાખવું એ પાંચમાં થતી હિંસા. આ પાંચ જાતની હિંસાના દોષમાંથી છૂટવા માટે પંચમહાયજ્ઞ કરવા કહેલ છે.

૨. સ્ત્રી. ચૂલો, ખંડી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું એ પાંચ હિંસાનાં સ્થાન.

પંચસ્કંધ [સં.] પું. (બૌદ્ધ) બુદ્ધોની સમષ્ટિ-સ્કંધ પાંચ છે: રૂપસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ અને વિજ્ઞાનસ્કંધ. રૂપસ્કંધનું બીજું નામ ભૂતભૌતિક-માત્રા છે. આ સ્કંધમાં ચાર મહાભૂત, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ તન્માત્રા, બે લિંગ એટલે સ્ત્રી અને પુરુષ, જન્મ અવસ્થા એટલે ચેતના, કર્મેંદ્રિય અને આહાર, ચેષ્ટા, વાણી, ચિત્તપ્રસાદન, સ્થિતિસ્થાપન, સમતા, સમષ્ટિ, સ્વામિત્વ, જ્ઞેયત્વ અને પરીવર્તનશીલતા એ અઢારીસ ગુણ માનવામાં આવે છે. રૂપસ્કંધમાંથી જ વેદનાસ્કંધની ઉત્પત્તિ થાય છે. વેદનાસ્કંધના પાંચ જ્ઞાનેંદ્રિય અને મન એમ છ પ્રકાર છે અને તે દરેકના સ્પર્શ, અસ્પર્શ અને સ્પૃષ્ટાસ્પૃષ્ટતા એમ બબ્બે ભેદ છે સંજ્ઞાસ્કંધને અનુમિતિ તન્માત્રા પણ કહે છે. ઈંદ્રિય અને અંત:કરણ અનુમાર તેના છ ભેદ છે. સંસ્કારસ્કંધના બાવન ભેદ છે: સ્પર્શ, વેદના, સંજ્ઞા, ચેતના, મનસિકાર, સ્મૃતિ, જ્ઞાનેંદ્રિય, એકાગ્રતા, વિતર્ક વિચાર, ધૃતિ, અધિમોક્ષ, પ્રીતિ, છંદ, અધ્યવસના, નિદ્રા, તંદ્રા, મોહ, પ્રજ્ઞા, લોભ, અલોભ, ઉત્તાપ, અનુતાપ, હ્રી, અહ્રી, દ્વેષ, અદ્વેષ, વિચિકિત્સા, શ્રદ્ધા, દૃષ્ટિ, શારીર અને માનસ જેવી વિવિધ પ્રસિદ્ધિ. મૃદુતા, મૃદુતા, કર્મણ્યતા, પ્રાગ્રહતા, ઉલ્લોલતા, સાઠ્ય, કરુણા, મુદિતા, ઈર્ષા, માત્સર્ય, કાર્કશ્ય, ઔદ્ધત્ય અને માન.

ચિત્ત, આત્મા અને વિજ્ઞાન એ વિજ્ઞાનસ્કંધમાં આવે છે. ચેતનાના ધર્માધર્મ ભેદ પ્રમાણે ઓગણપચાસ ભેદ થાય છે. વિજ્ઞાનસ્કંધનો ક્ષણ બધામાં નિર્બાધ મળતું હોવાનું બૌદ્ધદર્શન માને છે.

પંચસ્કંધવાદ [સં.] પું. રૂપસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ અને વિજ્ઞાનસ્કંધ એ પાંચ સ્કંધ સ્વયંભોગી છે, એ સિવાય બીજો કોઈ સહેતુક કે નિર્હેતુક પદાર્થ નથી, આત્મા કે અનન્ય પણ કોઈ પદાર્થ નથી એવો બૌદ્ધ મતનો અક્ષણવાદ; બૌદ્ધદર્શન.

પંચસ્કંધી ૧. [સં. પંચસ્કન્ધિન્] વિ. પંચસ્કંધવાદમાં માનનારું.

૨. વિ. (બૌદ્ધ) સંસારી; સંસારમાં આસક્તિવાળું.

આ અવયવ જેને પ્રતીત થાય છે તેને પંચસ્કંધી કહે છે. અક્ષપાદભાષ્ય

પંચસ્તંભી [સં. પંચસ્તમ્ભિન્] વિ. જેને પાંચ થાંભલા હોય એવું; પાંચ થાંભલાવાળું.

પંચસ્નેહ [સં.] પું. ઘી, તેલ, ચરબી, મજ્જા અને મીણ એ પાંચ વસ્તુનો સમૂહ.

પંચસ્રોતઃ ૧. [સં. પંચસ્રોતસ્] ન. એ નામનું એક તીર્થ.

૨. ન. એ નામે એક મોક્ષ.

પંચસ્વરા [સં.] સ્ત્રી. એ નામનો એક જ્યોતિષપ્રસિદ્ધ યોગ.

પંચસ્વરી [સં. પંચસ્વરિન્] વિ. પાંચ સ્વરવાળું

પંચસ્વરોદય [સં.] પું. એ નામનો એક જ્યોતિષપ્રસિદ્ધ ગ્રંથ.

પંચસ્વેદ [સં.] પું. (વૈદ્યક) કોષ્ટસ્વેદ, વાલુકાસ્વેદ, ભાષ્પસ્વેદ, કટસ્વેદ અને જલાવગાહસ્વેદ એ પાંચ જાતના સ્વેદ.

પંચહજારી ૧. [ફા. પંજહઝારી] પું. પાંચ હજારની સેનાનો અધિપતિ.

૨. પું. મુઘલ સામ્રાજ્યમાં મોટા હોદ્દાને આપવામાં આવતી એ નામની એક પદવી.

પંચહસ્યું વિ. પાંચ હાથના માપવાળું

પંચહાયન [સં.] ન. પાંચ વર્ષની ઉંમરનું.

પંચદ્વારક [સં.] ન. પાંચ દ્વારવાળો દ્વાર.

પંચહોત્ર [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર.

પંચહ્રદ [સં] પું. એ નામનું એક તીર્થ.

પંચા ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે માહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રેવીસ મળી અને પહેલા ઓગણીસ માત્રા હોય છે. તેમાં વર્ણસંજ્ઞા આદીશ ગુરુ અને બે લઘુ મળી

ચોવીસની છે. એક ગુરુ ઘટાડી બે લઘુ વધારતા જતાં છેવટ બે ગુરુ રહે ત્યાંસુધીના એકવીસ ભેદ થાય છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદઃ પ્રસ્તાર. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ અને બે લઘુ મળી પાંચ અક્ષર હોય છે.

પંચાઉ વિ. અમુક સમૂહ તરફથી ગ્રહેય એવું સમૂહના હિતનું; પંચ સંબંધી; પંચનું.

પંચાક્ષ [સં.] વિ. પાંચ આંકડાવાળું.

પંચાક્ષર ૧. [સં.] પું. પાંચ અક્ષરનો મંત્ર; ૐ નમઃ શિવાય.

૨. પું. (પિંગળ) પ્રતિષ્ઠા નામનો એક છંદ. તેમાં પાંચ અક્ષર હોય છે.

૩. પું. પ્રણવ મંત્ર.

૪. વિ. પાંચ અક્ષરવાળું.

પંચાક્ષર જપ [સં.] પું. ૐ નમઃ શિવાય નામનો પાંચ અક્ષરવાળો મંત્ર વારંવાર જોડ્યા કરવો તે.

પંચાક્ષર મંત્ર [સં.] પું. ૐ નમઃ શિવાય નામનો પાંચ અક્ષરનો મંત્ર.

પંચાક્ષરી જુઓ પંચાક્ષર.

પંચાક્ષરી મંત્ર જુઓ પંચાક્ષર મંત્ર.

પંચાગ્નયી વિ. ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ, સભ્ય અને આવસથ્ય એ પાંચ અગ્નિ સેવનારું.

> મુમુક્ષિતોએ ભક્ત થાય જે તે,
> ગુહારૂપી હૃદય મંદિરે જે;
> ઇચ્છા તજે એમ બને ગૃહસ્થો,
> પંચાગ્નયી ને વળી બ્રહ્મવેત્તા. કઠોપનિષદ

પંચાગ્નિ ૧. [સં.] પું. અગ્નિ રૂપે આહુતિનાં પાંચ સ્થાનઃ સ્વર્ગ, મેઘ, પૃથ્વી, પુરુષ અને સ્ત્રી.

૨. પું. છાંદોગ્ય ઉપનિષદ પ્રમાણે સૂર્ય, મેઘ, પૃથ્વી, પુરુષ અને સ્ત્રી એ પાંચનો સમૂહ.

૩. પું પંચાગ્નિ તાપનાર માણસ: પંચાગ્નિની ઉપાસના કરનાર વ્યક્તિ.

૪. પું. પંચાગ્નિ વિદ્યા જાણનાર પુરુષ.

૫. પું. શરીરમાં રહેલ પાંચ ગુપ્ત અગ્નિ.

૬. પું. સાધકને સેવવાના પાંચ અગ્નિઃ ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ, સભ્ય અને આવસથ્ય એ પાંચ અગ્નિ. તપ કરનારા આ પાંચ અગ્નિઓનું સેવન કરતા. પંચાગ્નિ સાધવો કે તપવો એ એક કઠિન તપ ગણાય છે.

૭. ન. આયુર્વેદ અનુસાર ગીતા, ગિલોડી, ગિલાડો, ગોખરુ અને ગદર નામની ઔષધિઓ. તે બહુ ગરમ માનવામાં આવે છે.

૯. ન. ચારે તરફ દેવતા અને ઉપર સૂર્યનો તાપ એમ પાંચ અગ્નિ વડે ઉનાળાની ઋતુમાં કરાતું એક જાતનું તપ.

૯. વિ. વેદપ્રસિદ્ધ અન્વાહાર્ય વગેરે પાંચ અગ્નિઓથી જે તે કાર્ય કરનાર.

પંચાગ્નિતા [સં.] સ્ત્રી. પાંચ અગ્નિપણું.

પંચાગ્નિતાપ પું. ચાર તરફ અગ્નિ અને ઉપર સૂર્યનો તાપ એ પાંચ તાપ.

પંચાગ્નિવિદ્યા [સં.] સ્ત્રી. દેહોત્પત્તિને લગતી એક વિદ્યા.

પંચાગ્નિસાધન [સં.] ન. ચાર બાજુએ ચાર અગ્નિ અને ઉપર સૂર્ય તરફ દૃષ્ટિ રાખવી તે એક જાતની તપશ્ચર્યા.

પંચાચાર ૧. [સં.] પું. (જૈન) પાંચ પ્રકારનો આચારઃ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.

૨. [સં.] પું. વીરશૈવ ધર્મના પાંચ આચારઃ સદાચાર, નિયતાચાર, અનુષ્ઠાચાર, જંગમાચાર અને શિવાચાર. જે માણસ પંચાચાર અને અષ્ટાવરણ યુક્ત રહી ષટ્સ્થલનું જ્ઞાન સંપાદન કરવા અહર્નિશ દૃઢપ્રયત્ન ધારણ કરી શિવઐક્ય સિદ્ધિમાં સાધવા નિમગ્ન રહે તે જ વીરશૈવ ગણાય છે.

પંચાજ [સં. પંચન્ (પાંચ) + અજ (બકરું)] ન. બકરીનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને લીંડી.

પંચાજરી સ્ત્રી. ઘઉં, ચણાનો લોટ, અજમો, ગોપરૂ અને સુવાના ભૂકામાં આઠ ગણીને કરેલું મિશ્રણ; પંચજીરું. જન્માષ્ટમીના પારણાને દિવસે સવારમાં પંચાજરી પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. તેનો ખૂબ પ્રચાર મનાય છે.

પંચાનું ૧. [સં. પંચાનન] પું. સિંહ.

૨. સ્ત્રી. એ નામની એક જાતિ,

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

પંચાયું [સં. પંચનવતિ] વિ. નેવું ને પાંચ; ૯૫

પંચાસ્રવવિરતિક વિ. (જૈન) પાંચ આસ્રવવિરતિવાળું; હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહના ત્યાગવાળું.

પંચાસું જુઓ પંચાસ.

પંચાસ્થ સ્ત્રી. એક જાતની સંખ્યતી. તે પોતાના પૂજકને ઇચ્છેલા પાંચ રૂપિયા આપતી હતી એમ મનાય છે.

પંચામૃત આપે પાંચ રોકડા,
વધેરશંખ કહે કોને લાગ;
પણ ગણીને માંડ્યે બાંધ્યા વધી,
વણા કોઈ ન પૂરે લાગ.
નિષ્કુળાનંદ

પંચાત ૧. સ્ત્રી. ઊઠાપોઠ; ભાંજગડ.
૧. પંચાત કરવી = ભાંજગડ કરવી.
૨. પંચાત ચલાવવી–પંચાતમાં પડવું = તકરાર કે ભાંજગડ માથે લેવી.
૨. [સં. પંચાયતન] સ્ત્રી. કોઈ તકરારનો ફેસલો કરવાને નીમેલી પાંચ અથવા વધારે માણસની મંડળી.
૩. સ્ત્રી. ખટપટ; તકરાર.
૧. પંચાત કરાવવી = તકરારનો નિવેડો લાવવો.
૨. પંચાતો વધવી = ઝાઝાથી વધવું.
૪. સ્ત્રી. ગૂંચવાડો; મુશ્કેલી; હરકત.
૫. સ્ત્રી. ચિંતા; પીડા; ફિકર.
૧. પેટની પંચાત = ખોરાકનો પ્રશ્ન.
૨. પેટની પંચાત હોવી = આવકને પૂરતું ન મળવું.
૬. સ્ત્રી પાંચ સભ્ય માણસો પાસે ન્યાય જણાવવો તે; પંચ પાસે નિર્ણય કરાવવો તે.
૭. સ્ત્રી. પાંચ સભ્ય માણસોએ આપેલો ફેસલો; ઝઘડાનો નિર્ણય; પંચે આપેલો નિકાલ.
૮. સ્ત્રી. પાંચ સભ્ય માણસોએ કરેલી તપાસ.
૯. સ્ત્રી. વજન કરવે ભીજના ક્રમમાં આપ્યું આવવું તે; નકામી માથાકૂટ.

પંચાતખોર ૧. કું. પંચાતિયો.
૨. વિ. કોઈ પણ બાબતની ચર્ચા કે તકરારમાં માથું મારીને ઘૂસનાર; ચર્ચારસિયું.
૩. વિ. ભાંજગડ કર્યા કરનારું; તકરારી; કજિયાળું.

પંચાતનામું ૧. ન. પંચાત કરવાની સત્તા આપનારો લેખ.
૨. ન. પંચાતિયાઓએ કરેલા નિર્ણયનો લેખ; પંચાયે કરેલા ઠરાવ કે ફેસલાનો લેખ.

પંચાનપ ૧. [સં પવન્ (પાંચ) + આતપ (ગરમી)] ન. ચાર બાજુ અગ્નિ સળગાવી ઉનાળામાં તડકામાં બેસી તપ કરવું તે; પંચાગ્નિ.
૨. વિ. ચાર બાજુ અગ્નિ તથા ઉપર સૂર્ય એમ પાંચ અગ્નિથી તપ કરનાર.

પંચાનિયું ૧. વિ. એક નહિ પણ પાંચ જણે કે પંચાતે મળીને કરેલું.
૨. વિ. પંચાત કરનારું; પંચાતખોર.
૩. વિ પંચાત કરાવવી પડે એવું; પંચાતવાળું; તકરારી; ગૂંચવણવાળું; ગૂંચવણિયું.
૪. વિ. પંચાતે મળીને કરવા જેવું.

પંચાતિસેક સ્ત્રી. ચોઘડાં.

પંચાતિયો ૧. કું. નકામી માથાકૂટ કરનાર માણસ.
૨. કું. પંચાત કરનારમાંનો એક પુરુષ.

પંચાતી ૧. કું. ઝઘડાનો એક સભ્ય.
૨. સ્ત્રી. ગૂંચવાડો; મુશ્કેલી; વિટંબણા.
૩. સ્ત્રી. પીડા; દુઃખ.
૪. સ્ત્રી. ભાંજગડ; નકામી તકરાર.
૫. વિ. પંચાત કરનારું; ભાંજગડિયું.
પંચાતીનાં છોકરાં ભૂખે મરે = બીજાની ચોકટ કરનાર પોતાના ઘરની શું સ્થિતિ છે તે તરફ નજર કરતો નથી.

પંચાત્મક [સં.] વિ. આકાશ વગેરે પાંચ મહાભૂતસ્વરૂપવાળું.

પંચાત્મા [સં. પંચાત્મન્] કું. ૧. બ. વ. પાંચ પ્રાણ.

પંચાધ્યક્ષ [સં.] કું. મુખ્ય પંચ; સરપંચ.

પંચાધ્યાયી ૧. કું. (જૈન) એ નામનો એક ગ્રંથ.
તે વાંચે સમયસાર, પંચાધ્યાયી જેના મોંએ બહુનો હોય છતાં તેની બધી ખાસડા મારવા યોગ્ય બાબત.
અકબરસિદ્ધિપ્રવચન
૨. [સં. પંચાધ્યાયિન્] સ્ત્રી. કૃષ્ણગોપીના રાસનું વર્ણન કરતા ભાગવતના પાંચ પ્રકરણનો સમૂહ.
૩. સ્ત્રી. પાંચ પ્રકરણનો સમૂહ.
૪. વિ. જેની અંદર પાંચ અધ્યાય હોય એવું; પાંચ અધ્યાયવાળું.

પંચાનન ૧. [સં.] કું. એક જાતનો રુદ્રાક્ષ.
૨. કું. શંકરદેવ.
૩. કું. જંગલમાં પૂજવું શિવનું પાંચ મુખવાળું સ્વરૂપ. તેમાં દરેક મુખને ત્રણ નેત્ર હોય છે. ગળે સર્પોનો હાર અને ગોમીનું નામ શરીર એ તેમનું વિશેષ લક્ષણ છે. જંગલમાં મુખ્યત્વે અઘોરી સાધકો તેને પૂજે છે તેની મૂર્તિ તરીકે પાંચ નીચે પથ્થર મૂકી તેનું બનાવું લાલ રંગે છે અને તેલથી ચળકાવે છે. દૂધ, દૂધ, પાણી, મિષ્ટાન્ન તેના મુખ આગળ ધરે છે. આ દેવની મૂર્તામાં રાજપૂતનો અંક કોઈ ઓછો પૂજતાં બીજો છે.
૪. કું. બકરા.
૫. કું. શંકર; શિવ. તેને પાંચ મુખ હોવાનું મનાય છે.
૬. કું. શિવ. તેને પંચાનન કહેવાનાં બે કારણ અપાય છે. કેટલાક લોકો પંચનો અર્થ વિસ્તારવાળું કરીને પંચાનનનો અર્થ પહોળા મોઢાવાળો કરે છે. બીજા કારણમાં ચાર વેદ અને મુખ એમ શિવનાં પાંચ મુખ ગણે છે તે પાંચ પ્રકારના અમુખથી એટલે ચાર પગના નખ અને મુખના વિકરાળ દાંતથી પ્રાણીઓનો સંહાર કરે છે.
૭. કું. (જ્યોતિષ) સિંહ રાશિ.
૮. કું. (સંગીત) સ્વરસાધનની એક પ્રણાલી. જેમકે, આરોહમાં સા રે ગ મ પ, રે ગ મ પ ધ, ગ મ પ ધ નિ, મ પ ધ નિ સા, અવરોહમાં સા નિ ધ પ મ, નિ ધ પ મ ગ, ધ પ મ ગ રે, પ મ ગ રે સા.
૯. વિ. પાંચમુખી; પાંચ મોંવાળું; પાંચ મોંનું.

પંચાનની ૧. [સં.] સ્ત્રી. શિવપત્ની; દુર્ગા.
૨. સ્ત્રી. સિંહણ.

પંચાનલી ૧. [સં. પંચન્ (પાંચ) + અનલ (અગ્નિ)] કું. ચાર બાજુ ચાર ધૂણીનો અને પાંચમો માથે સૂર્યનો તાપ; પંચાગ્નિ.
૨. કું. પાંચ જાતના અગ્નિ: માઁપલ, આહવનીય, દક્ષિણ, સભ્ય અને આવસથ્ય.

પંચાનવે [સં. પંચનવતિ] વિ. (હિંદી) પંચાણું; ૯૫.

પંચાપો કું. બોલજ; બારપૂરબ જાતિનો પુરુષ.

પંચાપ્સર [સં. પંચન્ (પાંચ) + અપ્સરસ્ (અપ્સરા)] ન. રામાયણમાં જણાવેલું પંપા નામનું સરોવર; પંચાસર. ત્યાં ઋતબિંદુ મુનિએ તપ કર્યું હતું. તેથી ઇંદ્રે તેને તપથી ભ્રષ્ટ કરવા માટે પાંચ અપ્સરા મોકલી હતી. બળરામ તીર્થયાત્રા વખતે અહીં આવ્યા હતા.

પંચાભ્યંતરમંડલ [સં.] ન. સર્વતોભદ્ર મંડલનું એક ચોરામંડળ.

પંચાબ્દપિતા [સં. પંચન્ (પાંચ) + અબ્દ (વર્ષ) + પિતૃ (પિતા)] કું. બ. વ. (પુરાણ) વત્સર, સંવત્સર, પરિવત્સર, ઇદ્વત્સર અને અનુવત્સર એ પાંચના રુદ્ર, અગ્નિ, સૂર્ય, સોમ અને વાયુ એ પાંચ અધિષ્ઠાતા દેવ.

પંચાભિગમ [સં.] કું. (જૈન) જિનેશ્વર દેવોની અથવા સાધુ મુનિરાજોની પાસે જતાં સાચવવાનાં પાંચ અભિગમન એટલે નિયમ. પાંચ અભિગમ: સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, પહેરેલાં કપડાં મર્યાદામાં રાખવાં, બેસવાનો ઉત્તરાસંગ કરવો, બે હાથ જોડી અંજલિ બાંધવી અને મનની વૃત્તિઓ એકાગ્ર કરવી.

પંચામરા [સં.] સ્ત્રી. (વૈદક) પાંચ પ્રકારની અમરવેલી તેમનાં નામ: દૂર્વા, વિજયા, બિલ્વપત્ર, નગ્નેહ અને કાળી તુલસી.

પંચામૃત ૧. [સં.] ન. અમૃતરૂપ પાંચ વસ્તુઓનું મિશ્રણ; દૂધ, દહીં, ઘી, મધ ને સાકરનું મિશ્રણ. દેવતાને નવરાવવા તથા યજ્ઞયજ્ઞના ક્રમમાં તે આવે છે.

૨. ન. એ નામનો પાંચ ચીજનો બનાવેલો સંભારો.

૩. ન. ઘણી વાનીઓવાળું ભોજન.

૪. ન. (તાંત્રિક) ચોસઠ મરિનું એ નામનું એક તંત્ર. તેમાં પૃથિવ્યાદિ પંચભૂતોના સાધનથી મૃત્યુ જીતવાના ઉપાય કહેલા છે.

૫. ન. કાઠોરજીને નવરાવવા માટે ઘી, દૂધ, દહીં, મધ અને સાકરના મિશ્રણવાળું જળ.

૬. ન. દૂધ, દહીં, મધ, ઘી અને સાકરથી કાઠોરજીને નવરાવ્યા પછી એ નવાણનું આચમન કરવા એનો દેવનો પ્રસાદ.

૭. ન. (વૈદક) પાંચ મૂલ્યવાન ઔષધિ જેમકે, ગળો, ગોખરુ, મૂસળી, ગોરખમુંડી અને શતાવરી.

૮. વિ. પાંચ અમૃતવાળું.

પંચામૃતપર્પટી સ્ત્રી. (વૈદક) અતિસાર વગેરે દરદોમાં વપરાતી પારાના મિશ્રણવાળી એક જાતની દવા. તે બનાવવા શુદ્ધ મોથ અને શુદ્ધ પારદ બંને સાર તોલા, લોહ ભસ્મ બે તોલા, અભ્રક ભસ્મ એક તોલો અને તાજ ભસ્મ પણ તોલો લઈ તેમને બરાબર ખરલમાં મેળવવાં. લોહાની કઢાઈમાં તેનો રસ કરી તેને ઘણી દેવો. ધંતૂરણી, લોહીના ઝાડા, ઝાડુંબર, નબળાઈ, અશક્તિ તથા આંતરડાની નબળાઈ મટાડવા તેનું સેવન કરાય છે. તેની માત્રા ૨ થી ૪ રતી છે. દિવસમાં સવાર સાંજ બે વખત તે પીપર અને મધ સાથે લેવાય છે. તેની સાથે ઘીદૂધનો ખોરાક લેવો આવશ્યક મનાય છે.

પંચામૃતપાન [સં.] ન. દહીં, દૂધ, ઘી, મધ અને સાકરને મેળવી પીવું તે.

પંચામૃતપૂપ [સં.] ન. કળથી, મગ, તુવેર, અડદ અને ચોખાનું બનાવેલું ઓસામણ. તે દીપક, પાચક, ધાતુવૃદ્ધિ કરનાર તથા જ્વર, કૃમિ અને કૃમનો નાશ કરનાર મનાય છે.

પંચામૃતયોગ [સં] પું. મગો, ગોખરુ, મૂસળી, મુંડિકા અને શતાવરી એ પાંચ ઔષધિઓનો સમૂહ.

પંચાગ્નાય [સં.] સ.વ.ક. પાંચ મુખથી શિવે કહેલાં શાસ્ત્ર.

પંચાગ્નિ ૧. [સં.] ન. એક પીપળો, એક લીમડો, એક વડ, દક્ષ પ્રજાપતિ, બે ઘાડમી, બે બિલ્વોનાં ઝાડ એ પાંચ.

૨. ન. એક પીપળો, એક લીમડો, બે ચંપા, બકુલ કેસરવૃક્ષ, સાત તાડનાં ઝાડ, નવ નાગિરેવી એ પાંચ.

પંચાગ્નિ [સં.] ન. આંબલી, બોર, લકડ, અશ્વત્થ અને બિલ્વ એ પાંચ ઝાડ પાર્થે.

પંચાયુધ ૧. પું. કૃષ્ણ. તેમના હાથમાં પાંચજન્ય નામનો શંખ છે.

૨. સુન્દો પંચાનન.

પંચાયત ૧. સ્ત્રી. ઉઘરાણું; લાંબ્યા; પંચાત.

૨. સ્ત્રી. એકીસાથે બહુ લોકોને બગાસાં.

૩. સ્ત્રી. ભેગાનું ઝરોનારી બંગળ.

૪. [સં. પંચાયતન] સ્ત્રી. પંચસભા; પંચાત કરનારી મંડળી.

૫. સ્ત્રી. પંચોનો સદવિચાર; પંચાત.

પંચાયતન ૧. [સં.] ન. પંચસભા; પંચાત કરનારી મંડળી

૨. ન. પાંચ મૂર્તિઓનો એકો સમુદાય; જેમાં પાંચ દેવોની મૂર્તિઓ કે પ્રતિમાઓ હોય તે; ઉપાસ્ય પાંચ દેવની મૂર્તિઓનો સમૂહ.

૩. ન. શિવ, વિષ્ણુ, સૂર્ય, અગ્નિપતિ અને દેવી એ પાંચ દેવનો સમૂહ. રામપંચાયતનમાં રામ, સીતા, લક્ષ્મણ, હનુમાન અને ભરત અથવા રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને સીતા હોય છે.

પંચાયતનાત્મા સ. પંચે આપેલ નિશ્ચિત નિર્ણય.

પંચાયતની [સં.] સ્ત્રી. ગણેશ, દુર્ગા, સૂર્ય, શિવ અને વિષ્ણુ એ પાંચ ઉપાસ્ય દેવ.

પંચાયત ન્યાયાધીશી સ્ત્રી. પંચની અદાલત.

પંચાયતી ૧. પું. પંચાયતે આપેલો ઠરાવ.

૨. પું સાળો; ખલીનો ભાઈ. માન આપવા તરીકે આ શબ્દ વપરાય છે.

૩. વિ. જેના ઉપર એક માણસનો અધિકાર ન હોય એનું; પંચાઉ.

૪. વિ. પંચ સંબંધી.

૫. વિ. પંચાયતનું; પંચે કરેલું; પંચનું.

૬. વિ. સર્વસામાન્ય; સર્વસાધારણનું.

પંચાયતી ક્ષેત્ર સ. હરદ્વાર પાસે આવેલું કાળી કામળીવાળાનું એ નામનું એક સ્થળ.

પંચાયતી નિર્ણય પું. પંચે આપેલો ફેંસલો.

પંચાયતી રાજ્ય સ. નાના લોકોના હાથવાળું રાજ્ય; પ્રજાસત્તાક રાજ્ય; પ્રજાધીન રાજ્યતંત્ર

પંચાયુધ ૧. [સં.] પું. કામદેવ.

૨. પું. વિષ્ણુ.

પંચાલ ૧. પું. એ નામના દેશનો રાજા.

૨. [સં.] પું. એ નામનો એક પ્રાચીનો દેશ. આ દેશનું નામ વાલ્મીકિ અને ઉપનિષદ ગ્રંથોથી લઈને પુરાણો સુધીમાં મળી આવે છે. આ દેશની સીમા જિદ્ન જિદ્ન કાળમાં જિદ્ન જિદ્ન રહી છે. આ દેશ હિમાલય અને ચંબલની વચ્ચે ગંગા નદીની બાજુ ગણવામાં આવતો. ગંગાના ઉત્તર પ્રદેશને ઉત્તર પંચાલ અને દક્ષિણ પ્રદેશને દક્ષિણ પંચાલ કહેતા. આ દેશને દેવપંચાલથી ભિન્ન સમજવો, જે સૌરાષ્ટ્ર દેશનો એક ભાગ હતો. હરિવંશમાં લખ્યું છે કે દર્યશ્વે સૌરાષ્ટ્ર દેશમાં આનર્તપુર નામનું નગર વસાવ્યું હતું. આ આધારે કેટલાક લોકો દેવપંચાલને પંચાલ પણ કહે છે. પરંતુ મહાભારતમાં હિમાલયની તળેટીથી લઈને ચંબલ સુધી ફેલાયેલી ગંગાની બંને બાજુના દેશનું વર્ણન પંચાલની અંતર્ગત આવે છે. પાંડવોના સમયમાં આ દેશનો રાજા દ્રુપદ હતો, જેની પાસેથી દ્રોણાચાર્યે ઉત્તર પંચાલ છીનવી લીધો હતો. મહાભારતમા ઉત્તર પંચાલની રાજધાની અહિચ્છત્રપુર અને દક્ષિણની કાંપિલ્ય લખેલ છે. દ્રૌપદી અર્જુનના રાજની કન્યા હોવાના કારણે પાંચાલી કહેવામાં આવી છે. આ દેશનું પંચાલ નામ પડવાના સંબંધમાં પુરાણમાં એવી કથા છે કે, મહારાજા દર્યશ્વે પોતાના ભાઈ સાથે તકરાર કરીને મધુપુરીમાં પોતાના સસરાને ત્યાં જતા રહ્યા અને પોતાના સસરા મધુની મદદથી તેમણે અયોધ્યાનો પશ્ચિમ દેશ છતી લીધો. ત્યારે લોકોએ આવીને તેમને અયોધ્યાના રાજના આક્રમણની વાત કરી, ત્યારે તેમણે પોતાના પાંચ પુત્રો મુદ્ગલ, સૃંજય, બૃહદિષુ, પ્રવીર અને કાપિલ્ય તરફ નજર કરી કહ્યું કે, પંચાલમ્ એટલે આ પંચ એટલે પાંચ મારા રાજ્યનું રક્ષણ કરવા પૂરતા છે આ.રથી તે દેશનું નામ પંચાલ પડ્યું છે.

૩. પું. એ નામનો એક સર્પ

૪. પું. એક જાતનો ઝેરી કીડો.

૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પાંચાલિ; કામાવતાર. તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેમાં તમણના બધા વર્ણ હોય છે.

૬. પું. કામ; સુન્દો માણસ.

૭. પું. પંચાલનો વતની.

૮. પું. પાંચ જાતનાં વસ્ત્રાભરણનો સમૂહ. તેમાં સુથાર, સુતાર, કંસારા, સોની અને સલાટનો સમાવેશ થાય છે.

૯. [સં. પાંચાલ (પાંચ પ્રકારના કારીગરોનું પદ)] પું. સુથાર.

૧૦. પું. વાસ્તુ ક્ષેત્રનો એ નામનો એક ઋષિ.

૧૧. પું. શિવ; મહાદેવ.

૧૨. સ્ત્રી. એ નામની દક્ષિણ દેશની એક જાતિ. આ જાતિના લોકો સુથારનું કામ કરે છે અને વિશ્વકર્માના વંશજો તરીકે પોતાને ઓળખાવે છે. તેઓ જનોઈ પહેરે છે.

૧૩. સ્ત્રી. સુથારની એ નામની એક જાતિ.

પંચાંગ

૧૪. વ. એ નામની અટકનું માણસ.
૧૫. વ. એ નામની જાતિનું માણસ.
૧૬. વિ. એ નામની અટકનું.
૧૭. વિ. એ નામની જાતિનું.
૧૮. વિ. છવ કે રસ વગરનું.
૧૯. વિ. ભુક્કો; ભંકુ; ભૂકો.

પંચાલિકા ૧. [સં.] સ્ત્રી. ઢીંગલી; પૂતળી.
૨. સ્ત્રી. નટી; નર્તકી.
૩. સ્ત્રી. પંચાલ દેશના રાજા દ્રુપદની દીકરી; દ્રૌપદી.

પંચાલિયા સ્ત્રી. દ્રુપદ રાજાની દીકરી; દ્રૌપદી.

પંચાવકી ૧. સ્ત્રી. અપભ્રંશ ભાષાનો એ નામનો એક વિભાગ.
૨. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામે એક માત્રા.
૩. સ્ત્રી. દ્રૌપદી.
૪. સ્ત્રી. પૂતળી; ઢીંગલી.
૫. સ્ત્રી. સોગઠાંબાજી ખેલવાનો પટ.

પંચાલીસ [સં. પંચચત્વારિંશત્] વિ. ચાલીસ ને પાંચ; ૪૫.

પંચાવક [સં.] વ. પાંચ યજ્ઞોપવીત.

પંચાવન [સં. પંચપંચાશત; પ્રા. પંચપંચાસ] વિ. પચાસ ને પાંચ; ૫૫.

પંચાવયવ [સં.] વ. (ન્યાય) પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ અવયવોવાળું વાક્ય. તેનાં ઉદાહરણ: (૧) આ પર્વત વહ્નિવાળો છે (પ્રતિજ્ઞા). (૨) કારણ, જે તે ધૂમવાળો છે (હેતુ). (૩) જે જે ધૂમવાળું હોય તે તે વહ્નિવાળું હોય છે. જેમકે, રસોડું (ઉદાહરણ). (૪) આ પર્વત વહ્નિવ્યાપ્ત ધૂમવાળો છે (ઉપનય). (૫) તેથી આ પર્વત વહ્નિવાળો છે (નિગમન).

પંચાવયવી [સં. પંચાવયવિન્] વિ. પાંચ અવયવવાળું.

પંચાવરણ [સં.] વ. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ; પંચમહાભૂત.

પંચાવસ્થ [સં.] વ. જળ ઘૂઘરું.

પંચાવિ [સં.] વ. બકરી વરસનો બળદ.

પંચાવિક [સં.] વ. ઘેટાંમાંથી બનતી પાંચ પ્રકારની ચેટાઈ.

પંચાવી [સં.] સ્ત્રી. બકરી વરસની ગાય.

પંચાવો વ. છોટોની સહી નામવાનો આલો.

પંચાશ ૧. વિ. પચાસ; ૫૦.
૨. [સં.] વિ. પચાસમું.

પંચાશિકા [સં.] સ્ત્રી. પચાસ શ્લોકનો સમૂહ.

પંચાશી ૧. સ્ત્રી. ખજૂરીનાં પાનની વણેલી દોરી
૨. [સં. પંચાશીતિ; પ્રા. પંચસીઇ] વિ. એંસી ને પાંચ; ૮૫.
૩. [સં. પંચાશિન્] વિ. પચાસના પરિણામવાળું.

પંચાશીતિ [સં.] વિ. પંચાશી; ૮૫.

પંચાશ્રવ [સં.] વ. (જૈન) પાંચ આશ્રવ: પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ કર્મ આવવાનાં એ પાંચ દ્વાર.

પંચાસન [સં.] સ્ત્રી. (ગણિત) પાંચ સરખી સંખ્યાની આવૃત્તિ; પંચકોષ્ઠ.

પંચાસર વ. મારવા પંથની રાજધાનીનું એ નામનું જૂનું શહેર.

પંચાસરા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પંચાસી જુઓ પંચાશી.

પંચાસ્તિકાય ૧. [સં.] વ. (જૈન) દિગંબરી કુંદકુંદાચાર્યે પ્રાકૃતમાં વિક્રમ સંવતના પહેલા સૈકામાં રચેલો એ નામનો ગ્રંથ. તેમાં જગતમાં મૂળ દ્રવ્યોનું, તેના ગુણ, સ્વભાવ, પર્યાયોનું નિરૂપણ કર્યું છે. પંચાસ્તિકાય અને સમયસારમાં તત્ત્વાર્થની પેઠે જ આસ્રવ, સંવર, બંધ આદિ તત્ત્વોને લઈ આત્મિમીમાંસા કરવામાં આવી છે, છતાં એ બે વચ્ચે તફાવત છે અને તે એ કે, તત્ત્વાર્થના વર્ણનમાં નિશ્ચય કરતાં વ્યવહારનું ચિત્ર વધારે ખેંચવું છે. તેમાં દરેક તત્ત્વને લગતી બધી હકીકતો છે અને આગમ, સ્વરૂપ તથા સાધુના બધા પ્રકારના આચાર તથા નિયમ વર્ણવાયેલા છે, જ્યારે પંચાસ્તિકાય અને સમયસારમાં તેમ નથી.
૨. વ. (જૈન) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પાંચ અસ્તિકાય દ્રવ્ય.

પંચાસ્ય ૧. [સં. પંચન (પાંચ) + આસ્ય (મોઢું)] વ. એક જાતનો રાક્ષસ.
૨. વ. શિવ.
૩. વ. સિંહ.
૪. વ. (જ્યોતિષ) સિંહ રાશિ.
૫. વિ. પાંચ મુખવાળું.

પંચાસ્યા ૧. [સં.] સ્ત્રી. શિવપત્ની; પાર્વતી.
૨. સ્ત્રી. (જ્યોતિષ) સિંહ રાશિ.
૩. સ્ત્રી. સિંહણ.
૪. વિ.સ્ત્રી. પાંચ મુખવાળી.

પંચાસ્યાંગ્નિ વ. (પિંગળ) એક સમવૃત્ત અર્ધસમ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેમાં નગણ, વગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

પંચાહ ૧. [સં. પંચન્ (પાંચ) + અહન્ (દિવસ)] વ. પાંચ દિવસનો સમય.
૨. વ. પાંચ દિવસમાં થાય એવો એ નામનો એક યજ્ઞ.
૩. વ. સોમયાગમાં સુત્યાથી પાંચમે દિવસે કરવામાં આવતી ક્રિયા.

પંચાળ જુઓ પંચાલ.

પંચાળ સુથાર ૧. સ્ત્રી. સુથારની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પંચાળા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

પંચાળિયો વ. પંચાળ તરફ થતો એક જાતનો બળદ.

પંચાણી ૧. સ્ત્રી. બીજ માસની આઠ.
૨. સ્ત્રી દ્રૌપદી; પંચાલ દેશના રાજાની પુત્રી.
૩ વિ.સ્ત્રી. વાચાળ; વાતૂડી.

પંચાંગ ૧. [સં.] વ. (તાંત્રિક) એક જાતના પ્રણામ. તેમાં બે ઘૂંટણ, બે હાથ અને માથું પૃથ્વી ઉપર રેખાની જાંઘ રેખ તરફ રાખી મોઢાથી પ્રણામસૂચક શબ્દ કહેવામાં આવે છે.
૨ વ. કાચબો
૩. વ. ચાર પગના કાચલા આકાર સોફ્ટ હોય અને અંદરમાં સફેદ હાડ હોય એવો બોડો; પંચકલ્પક; પંચબદ.
૪. વ. કોઈ એક જ ઝાડનાં છાલ, પાંદડાં, ફૂલ, ફળ અને મૂળ એ પાંચ અંગ.
૫ વ. જપ, હોમ, તર્પણ, અભિષેક અને બ્રાહ્મણભોજન એ તંત્રસારપ્રસિદ્ધ મહાપુરશ્ચરણ.
૬. વ. જ્યોતિષનાં જેમાં પાંચ અંગ બતાવેલાં હોય એવું તિથિવારિયું; દીપડું; તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ એ પાંચ બાબતો વિગતવાર બતાવેલાં છે તે બતાવનારું રોજપત્રક; 'કૅલે-ડર.' હિંદનું પંચાંગ આકાશની બાબતમાં ઘણું ચોકસ છે કે, અમુક માસની અમુક તિથિનો અમુક સમય આપણને જણાવવામાં આવ્યો હોય તો તેટલા ઉપરથી જ તે સમયનો આકાશનો નકશો આપણે દોરી શકીએ, એટલે તે સમયે કયું નક્ષત્ર ઊગતું હતું, કયું આથમતું હતું, કયું માથાની ઉપર હતું તે આપણે કહી શકીએ અને સત્તાવીસ નક્ષત્રોના સંબંધમાં બીજા તારાઓ કયાં કયાં આવ્યા છે તે પણ તે આપણે

બાણના કોઈ એ તો તે સમયનો આખા આકાશનો નકશો આપણે કોરી શકીએ. આવી કોઈ વ્યવસ્થા વરપના પંચાંગમાં નથી.

૭. ન. તાંત્રિક ઉપાસનામાં કોઈ ઇષ્ટદેવનાં કવચ, સ્તોત્ર, પદ્ધતિ, પટલ અને સહસ્રનામ.

૮. ન. પાંચ અંગનો સમૂહ.

૯ ન. બે હાથ, બે પગ અને મસ્તક એ પાંચ અંગ.

૧૦ ન. આંકડાની પાંચ રીત.

૧૧. ન. રાજનીતિશાસ્ત્રનાં પાંચ અંગ: સહાય, સામન, ઉપાય, દેશકાલલેદ અને વિપદપ્રતિકાર.

૧૨. વિ. પાંચ અંગવાળું.

પંચાંગકર્તા [સં. પંચાંગકર્તૃ] વિ. પંચાંગ બનાવનાર.

પંચાંગકાર જુઓ પંચાંગકર્તા.

પંચાંગગુપ્ત [સં.] કું. કાચબો.

પંચાંગપત્ર [સં.] ન. પંચાંગ; ટીપણું.

પંચાંગલેપ ૧. [સં.] કું. કોઠનાં મૂળ, ત્વચા, પાદડાં, ફળ અને ફૂલનો ઔષધ.

૨ કું. (વૈદક) કાટોડીનાં મૂળ, દેવદાર, સૂંઠ સરસ્વ અને સરગવાની છાલ એ પાંચનો લેપ

પંચાંગશુદ્ધિ [સં.] સ્ત્રી. તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ એવાં પાંચ અંગનું દોષરહિતપણું.

પંચાંગિક [સં.] વિ. પાંચ અંગવાળું.

પંચાંગી ૧. [સં. પંચાગ્નિન્] કું. અગ્નિહોત્રવેત્તા.

૨. કું. ગોલકી.

૩. [સં] સ્ત્રી. કાચબી.

૪. સ્ત્રી. બોડાની બોડાની અંદરનો લોખંડનો કટકો; છીણી.

૫ સ્ત્રી. કાથીની કે બાંધવાની દોરી.

૬ વિ પાંચ અંગવાળું.

૭. વિ પાંચ કોમનું.

૮. વિ. પાંચ પણ વચ્ચે રમાતું.

પંચાંગુલ ૧. [સં.] કું હેરેકનું ઝાડ.

૨ કું પાંચ આંગળીઓના આકારના આકારવાળો કાચકાનો એક જાતનો તાવેચો.

૩ કું હાથ.

૪. કું. કાથીનો પંજો.

૫. ન. એક જાતનું માપ.

૬. વિ. જેમાં પાંચ આંગળા હોય એવું.

૭. વિ. પાંચ આંગળાના માપનું.

પંચાંગુલિ જુઓ પંચાંગુલ.

પંચાંગુલિક [સં.] ન. રાતા ચંદનમાં હાથ જોડ્યા પાંચે આંગળીઓ ઊંડી જાય તેવી રીતે જનાવરની પીઠ ઉપર મારવું તે.

પંચાંગુલિકા [સં.] સ્ત્રી. એ નામની એક જાતની વેલ.

પંચાંગુલિતલ ૧. [સં.] ન. હાથની પાંચેયો આંગળી.

૨. ન. હાથનો પંજો.

પંચાંતરીય [સં.] ન. માતા, પિતા, અર્હત અને ગુરુની પાત તથા સાક્ષ સાથે વિવાહ એ પાંચ જાતનાં પાપ.

પંચાંશ ૧. [સં] કું. ગોલ આંકાત્મક રાશિનો પાંચમો અંશ.

૨ કું પાંચમો ભાગ.

પંચાંશ સંધ [સં.] કું. કામ કરવા માટે ભોજમાં ભોજાં પાંચ માણસ જેમાં જોડાઈ એવો સંધ.

પંચિકા [સં.] સ્ત્રી. પાંચ અક્ષરના કે અંકનો સમૂહ.

એતદેવ આકાશની પાંચની પંચિકરણની પ્રક્રિયાની ઉપનીતની કંઠિકામાં સાવધાન હોય કરવાના બીજા પંચો આપ્યા છે. ગ્રહમેધાદિ કાલસંહિતા

પંચિતપ્રેમા [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું માંસેનું એક નામ

પંચિતાદીશ વિ. બાવીસ ને પાંચ: ૨૭.

પંચિયું ૧ ન. અસરસવાર પહેરવાનું નાનું કે ટૂંકું ધોતિયું.

પંચિયું ભાલાવ્યું = ધોતિયું બાકીને પંચિયું પહેરવું. આમ કરીને ઘરમાં આવતાં ધોતિયું બદલાવતાં વપરાય છે.

૨ ન. નાહવાનું નાનું ધોતિયું.

પંચી ૧. કું. કાચ: લુચ્ચો માણસ.

૨. સ્ત્રી. નાકે પહેરવાની બાઈ કે ચૂની. તેમાં પાંચ રંગનાં રત્નોની ચૂનીઓ બેસાડેલી હોય છે.

૩. સ્ત્રી. મકરી: બનાવ.

પંચી ઉઘાડવી-ઉઘાડવી = (૧) ઉતારી પાડવું. (૨) મશ્કરી કરવી.

૪ ન બાજ કરી રીંછ બનાવવું તે.

૫ ન. સતારનું એક ઓજાર.

૬ [સં પંચિન્] વિ. પાંચ પરિવારવાળું.

પંચીકરણ ૧. [સં.] ન. એ નામનું મૂળ સંસ્કૃત વેદાંતમાં રચાયેલું વેદાંતનું એક પુસ્તક. અન્યાન્ય પણ આ નામનું ગુજરાતી વેદાંતમાં એક પુસ્તક લખાયું હતું.

૨. ન પાંચ તત્ત્વનું એકીકરણ; સૃષ્ટિની ઉત્પત્તિ માટે પંચમહાભૂતનું વિશિષ્ટ મિશ્રણ: કેમાં એકત્ર થઈ રહેલાં પાંચ મહાભૂતનો સમન્વય. આકાશ વગેરે પાંચ તત્ત્વ કે મહાભૂત ગતિમાન થતાં ઉત્પન્ન પ્રત્યેકના બબ્બે વિભાગ થાય છે. પ્રત્યેક અર્ધના વળી બે વિભાગ થાય છે અને તે અર્ધના અર્ધ કરી બે થાય છે. આમ પ્રત્યેક તત્ત્વ પંચધા વિભક્ત થાય છે. પ્રત્યેક તત્ત્વના અર્ધના ૪ ભાગ પોતા સિવાયનાં તત્ત્વના અર્ધ ભાગ સાથે મિશ્રણ પામી પચીસ મિશ્ર તત્ત્વ થાય છે.

૩. ન. પાંચ તત્ત્વો શરીરમાં કયે કયે રૂપે એક થઈને રહેલાં છે તેની સમજૂતીનું વેદાંતમાંનું એક પ્રકરણ.

૪. ન પાંચ ન હોય તેને પાંચરૂપ કરવું તે.

૫. ન. સૃષ્ટિની ઉત્પત્તિની હકીકત.

પંચીકૃત ૧. [સં.] વિ. પાંચરૂપ કરેલ: જેનું પંચીકરણ કરેલું હોય એવું.

૨. વિ. સૂક્ષ્મ તત્ત્વના પૂરા ભાગ સાથે બાકીના ચાર તત્ત્વના કરેલા પૂરા ભાગ સાથે મળી બનેલું. જેમકે, એક પંચીકૃત પૃથિવી અણુમાં પૃથ્વી દ્રવ્યનો એક દ્વિતીયાંશ ભાગ અને જલ, તેજ, વાયુ અને આકાશ દરેકનો પૂરો ભાગ એકઠો થયેલો હોય છે.

પંચીકૃત ભૂતમાંથી સ્થૂલ દેહ પેદા થાય છે. ગીતાપંચામૃત

પંચીકર ૧. કું. વીંટી, બાજની ચૂની વગેરેમાં નાજુક હીરાચૂનીઓ જડવા બેસાડવાનું કામ કરનારો કારીગર.

૨. વિ. પાંચ જાતનું.

પંચીસ સ્ત્રી. બોગાનું સાબૂસી જેવું એક ઓજાર. બીતી વળી ગયેલી હોય તો તે ખેંચી કાઢવા પચીસ વપરાય છે.

પંચું ન ૧ × ૧ થી ૧ × ૧૦ સુધીનો પાડો: પાંચનો પાંકડો.

પંચૂરા [હિં.] કું. બાળકોનું રમવાનું માટીનું એક વાસણ.

પંચેટાણી જુઓ પંચાત.

પંચેધ્મેય [સં.] કું. પાંચ સમિધોથી સાધ્ય અગ્નિ હોમ.

પંચેષુ [સં. પંચન્ (પાંચ) + ઇષુ (બાણ)] કું. કામદેવ. તેનાં પાંચ ઇષુ કે બાણ મનાય છે.

પંચેંદ્રિય ૧. [સં.] સ્ત્રી. માણસના શરીરનાં કાન, ચામડી, આંખ, જીભ અને નાક: સાંભળવાની, સ્પર્શથી અનુભવાની, જોવાની, સ્વાદની અને સૂંઘવાની પાંચ જ્ઞાનેંદ્રિય.

૨. ન. પ્રાણી.

૩. વિ. પાંચ ઇંદ્રિયવાળું.

પંચેંદ્રિયગમ્ય [સં.] વિ. પાંચ ઇંદ્રિયોના અનુભવથી માનું.

પંચેંદ્રિયજન્ય [સં.] વિ. પાંચ ઇંદ્રિયોથી ઉત્પન્ન થતું.

પંચેંદ્રિયજાતિ [સં.] સ્ત્રી. (જૈન) પંચેંદ્રિયપણું; પૂર્ણવિકસ થયાની ચેતાલીસ માંહેની એક પ્રકૃતિ.

પંચેંદ્રિયપણું ન. પાંચ ઇંદ્રિયો હોવાપણું; બધી ઇંદ્રિયો અખંડ હોય તેની સ્થિતિ.

પંચેંદ્રિયપરિપૂર્ણતા જુઓ પંચેંદ્રિયપણું.

પંચો ૧. પું સંજ્ઞામાં પાંચ દાણાવાળું પાનું.
૨. પું. ગીતી દંડાની રમતમાં દંડથી ગીલીને મારી દૂર ફેંકવાની એક રીત.

પંચોતરા ૧. પું. ભાડા વગેરેમાંથી પાંચ ટકા ઓછા કરવા તે.
૨. પું. સોડા, ફેરબદલા ઉપર લેવાતો પાંચ ટકાનો કર.

પંચોતરી સ્ત્રી. ખેતર ઉપરના લેણામાં પાંચ ટકા વધારે લેવા તે.

પંચોતરો જુઓ પંચોતેરિયો.

પંચોતેર [સં. પંચસપ્તતિ; પ્રા. પંચહત્તર] વિ. સિત્તેર અને પાંચ; ૭૫.

પંચોતેરિયો પું. સંવત ૧૯૭૫ની સાલમાં પડેલો દુકાળ.

પંચોપચાર ૧. [સં.] પું. અર્ચનમાં ભતાવેલા ઉપાસનાના ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય એ પાંચ ઉપચાર. સ્નાન, વાન, માન, દાન અને જ્ઞાન એ પણ પાંચ ઉપચાર.
૧ વિધિ અથવા ઉપચારવાળું.
૨. વિ. પાંચ ઉપચારવાળું.

પંચોપવિષ [સં.] ન. આકડાનું દૂધ, ધોરનું દૂધ, સાંતળી, ધતૂરો અને કરેણ એ પાંચ જાતનાં ઝેર.

પંચોરા [હિં.] પું. સાંકડા મળાવાળું અને પેટાળે બધાં છિદ્રોવાળું માટીનું વાસણ અથવા રમકડું. તેમાં છોકરાં પાણી ભરીને રમે છે.

પંચોરી સ્ત્રી. ખાંડું અને પોંસરીને જોડનાર લાકડાની પટ્ટી.

પંચોલ ન. પાંચનો સમૂહ.

પંચોલું ન. એકસાથે કરાતા પાંચ ઉપવાસ.

પંચોષણ [સં.] ન. પીપર, પીપરીમૂળ, ચવ્ય, મરી અને ચિત્રક નામની પાંચ ગરમ ઔષધિ.

પંચોષ્મા [સં. પંચોષ્મન્] પું. ન. ક. શરીરની અંદર રહેલ અન્ન પચાવનારા પાંચ જાતના અગ્નિ.

પંચોળ જુઓ પંચોલ.

પંચોળિયા ૧. સ્ત્રી. આહીરની એક નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પંચોળિયું ન. ચિત્રોડામાં વપરાતું એક જાતનું સાધન.

પંચોળી ૧. પું. ચિત્રોડામાં માટીમાં ભેળવ્યાં ભેગું રાખનાર લાકડાનો કટકો.
૨. પું. તરેહની અંદરની બાજુમાં રાખવામાં આવતો સાંબેલા જેવો લાકડાનો કટકો; તરેહમાં બંને કજાદ ભેગા ન થઈ જાય માટે બંને બાજુની વચમાં બંને તરફ રખાતી લાકડાની ચોરસ પટ્ટી.
૩. [સં. પંચકુલિક; પ્રા. પંચોલિય] પું. પંચનો સભાસદ.
૪. સ્ત્રી. વાણિયા, બાઘરી, સુતાર અને આહીરની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

પંચોળીબંધણું ન. તરેહનું પોંસરું અને કાઠિયું એ બે જાતને જોડનારું દોરડું; પંચોળી તથા કાઠિયામાં કાણું પાડી તેમને બાંધવાની દોરી બનાવવા વાપરી.

પંચૌદન ૧. [સં.] પું. એ નામનો એક યજ્ઞ.
૨. [સં. પંચન્ (પાંચ) + ઓદન (ભાત)] પું. પાંચ જાનવરોથી પાંચ પ્રકારે વિભાગ કરેલ ભાત.

પંચ્યારશી જુઓ પંચાસી.

પંછાલો ૧. પું. અનુનાસિક નોકર.
૨. [સં. પુચ્છ] પું. પતંગનું પૂછડું.
૩. પું. હોલ્લામાં રહેલું પાણી.
૪. પું. હોલ્લો; હોલો.
૫. પું. ઓની પાછળ પાછળ ફરનારો માણસ.

પંછી [હિં.] ન. પક્ષી; પંખી.

પંજ ૧. પું. મુખ્ય શહેનશાહ અકબરના વખતનો એક જાતનો સોનાનો સિક્કો. તેની કીમત પંદરાશીથી પાંચમા ભાગની હતી.
૨. [ફા.] વિ. પાંચ.

પંજઅમેળ [ફા.] પું. પાંચ જાતની ભેળસ; ચોરી, અભિચાર, જુગાર, મદ્યપાન અને અસત્ય એ પાંચ દુર્ગુણ.

પંજઆંગુરત [ફા.] સ્ત્રી. પાંચ આંગળી.

પંજઆયત [ફા.] પું. મરણના શોકમાં વંચાતાં કુરાનનાં પાંચ પ્રકરણ.

પંજકણી સ્ત્રી. (કચ્છી) ઘરઘરની કચકચ; કિચકિચ.

પંજગજ ૧. [ફા.] પું. પાંચ ઇંદ્રિયો.
૨. પું. હમેશની પાંચ નમાજ.

પંજગાને પું. ન. ફા. દિવસના પાંચ જુદા જુદા વખતે કરવાની પાંચ પ્રાર્થના.

પંજગુના [ફા.] સ્ત્રી. પાંચ ખૂણાવાળી આકૃતિ.

પંજગોશા જુઓ પંજગુના.

પંજડી (પંજડ્ડી) સ્ત્રી. પાસાની રમતમાં એક જાતનો દાવ; જ્યારે પાસામાં પાંચનો દાવ.

પંજતન પું. ન. ક. પાંચ પવિત્ર વ્યક્તિઓ. મુસ્લી સંપ્રદાયમાં પૈગંબર હજરત મોહંમદ, હજરત અલી, બીબી ફાતમા, ઇમામ હસન અને ઇમામ હુસેન એ પાંચ પવિત્ર મનાય છે.

પંજતનપાક જુઓ પંજતન.

પંજદળિયા પું. લોઢા ચોરાણી બનેલ માંહેનો એ નામનો એક પેટા ભેદ.

પંજદુર્ગ સ્ત્રી. મહેસૂલ તરીકે લેવાતો ઉપજનો ૨૦ ભાગ.

પંજનમાઝ [ફા.] સ્ત્રી. મુસલમાનોની રોજની પાંચ વખતની પ્રાર્થના.

પંજપાક જુઓ પંજતન.

પંજપાટી સ્ત્રી. પાંચ પાટવાળી પ્રાર્થના.

પંજપોરી વિ. સ્ત્રી. (કચ્છી) પાંચ પહોરની મોટી. રાત્રિ માટે બોલાય છે.

પંજભાગ ૧. પું. સોનને અપાતાં પાંચ જુદી જુદી જાતનાં અનાજ; પચભાગ.
૨. પું. પાંચનો હિસ્સો.

પંજભાર ૧. વિ. (કચ્છી) પાંચને પહોંચી વળનાર.
૨. વિ. બાઝ હાંકનાર.

પંજમ્યાલ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાણી માંહેની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

પંજર ૧. [સં.] પું. કલિયુગ.
૨. પું. આબોની આરતીનો વિધિ; આબનો એક સંસ્કાર.
૩. ન. પાંસળી.
૪. ન. પિંજર; પાંજરું.
૫. ન. શરીર; દેહ.
૬. ન. હાડપિંજર; હાડકાંનો સમુચ્ચય.

પંજરક [સં.] ન. પાંજરું.

પંજરચાલનન્યાય [સં.] પું. ઇંદ્રિયો દેહને ચલાવતી હોવા બાબતનો ન્યાય. દા.ત. પક્ષીને એક પાંજરામાં સારી પૂરી હોય અને તે સારી પેઠ કરે તો પાંજરાને અહીંતહીં ચલાવી શકે,

તેમ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા પાંચ કર્મેંદ્રિયો મળી દસ ઇંદ્રિનો પ્રાણરૂપ ક્રિયા ઉત્પન્ન કરીને દેહને ચલાવે છે. તેના દૃષ્ટાંતમાં સાંખ્ય મતવાળા આ ન્યાય આપે છે.

પંજરદીપ પું. જ્ઞાનસ સહિત દીવો.

પંજરાખેટ [સં.] પું. માછલાં પકડવાનું એક જાતનું યંત્ર.

પંજરિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, મગણ અને બે લઘુ મળી આઠ વર્ણ આવે છે.

જ્યમ લઘુથી પંજરિ રણપિંગળ

પંજરી ૧. સ્ત્રી. અક્ષેત્રી; ઠોમણ.

૨. સ્ત્રી. ઝીણું લૂગડું.

૩. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ માંહેનું એક નામ.

૪. સ્ત્રી. પંચાઝરી; પાણા, સૂંઠ, સુવાદાણા, ખાંડ અને ટોપરું અથવા સૂંઠ, અસબસ, અજમો, ટોપરું અને સુવાના સૂકામાં ખાંડ મેળવીને કરેલું મિશ્રણ.

૫. સ્ત્રી. પાસણી.

૬. સ્ત્રી. મારઃ શિક્ષા.

પંજરીપાઠ પું. મારઃ શિક્ષા. અંજમાં બોલાય છે.

પંજરીપાઠ આપવો-અપાવવો = માર મારવો.

પંજલ [સં.] પું. કોલકંદ.

પંજલિ [સં. પ્રાંજલિ] સ્ત્રી. કરપુટ; અંજલિ; ખોબો.

પંજલિપુટ [સં. પ્રાંજલિપુટ] પું. બે હાથ જોડી નમન કરવું તે.

પંજશંબા [જા.] પું. શુક્રવાર; રવિવાર પછીનો પાંચમો દિવસ.

પંજશાખ સ્ત્રી. પાંચ દીવા બળે તેવી દીવી.

પંજસદી [જા. પંજ (પાંચ) + સદ (સો)] પું. પાંચસો ઊંટનો ઉપરી.

પાંચસો ઊંટના ઉપરીને પંજસદી કહે છે. આઈને અકબરી

પંજસાલા [જા.] વિ. પાંચ વર્ષની ઉમરનું; પાંચ વર્ષનું.

પંજસેરા પું. એ નામની એક જાતનો શિકારી કૂતરો આંબો.

પંજહજારી [જા.] સ્ત્રી. મુસલમાન રાજાઓના સમયમાં સરદારો તથા દરબારીઓને અપાતી એક જાતની પદવી. તેઓ પાંચ હજારની સેના રાખી શકતા અથવા તેમને પાંચ હજારની સેનાના નાયક બનાવવામાં આવતા.

પંજાઈ અરિયમ સ્ત્રી. હાથના પંજાના આકાર જેવું એક જાતનું ઘાસ.

પંજાકસ જુ. [જા.] પું. હાથને મળતું એક જાતનું ઓજારનું હથિયાર. તેની આંગળીઓ સાથે પોતાની આંગળીઓ ભેરવી માલ કસરત કરે છે.

૨. સ્ત્રી. પાંચ આંગળીઓની નિશાનીવાળી એક જાતની રોટલી.

પંજાકાર વિ. પંજાના આકારનું બોડાને ઢાંકવાનું એક જાતનું ઓજાર.

પંજાજરી જુઓ પંજરી ૪.

પંજાતોડ બેઠક (પંજાતોડ બેઠક) સ્ત્રી. કુસ્તીનો એક દાવ.

પંજાફેરુ પું. બોર્ડ્યાની રમતમાં પાંચમે દાવે બોલાતો શબ્દ.

પંજાબાલુ જુઓ પંજાકસ.

પંજાબ [જા. પંજ (પાંચ) + આબ (પાણી)] પું. હિંદની વાયવ્યે આવેલો એ નામનો એક પ્રાંત. તેમાં જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ નામની પાંચ નદીઓ વહે છે. પ્રાચીન ગ્રંથોમાં તેનું નામ પંચનદ છે. ઋગ્વેદમાં સપ્તસિંધુ નામે ઓળખાવેલ આ દેશ છે એમ વિદ્વાનોનું માનવું છે. તેમાં અંશુમતી, અંજસી, અનિતભા, અશ્મન્વતી, આસિકની, ઇક્ષુમા અથવા ઝાણુલ નદી, ઇક્ષુ, ઇરાવતી, વિતસ્તા, સિંધુ, ઊર્ણાવતી, સરસ્વતી, સુવાસ્તુ અથવા સ્વાત વગેરે બધી નદીઓનાં નામ આપેલ છે. તે સમયના બધી પંજાબની જ છે. સરસ્વતીના કિનારાનો સારસ્વત પ્રદેશ વૈદિક કાળમાં બહુ જ પવિત્ર માનવામાં આવતો હતો અને ત્યાં અનેક મોટા યજ્ઞ કરવામાં આવેલ છે. મનુસંહિતાનો બ્રહ્મર્ષિ દેશ પણ પંજાબમાં જ અંતર્ગત હતો. મહાભારતમાં આપેલ મદ્ર, આરટ્ટ, સિંધુ, ગાંધાર વગેરે દેશ પંજાબમાં હતા. મહાભારતમાં મદ્ર દેશના વાસીઓના આચાર બહુ જ નિંદિત કહેલા છે.

પંજાબ અમેરિકન વિ. હિંદી લાંબા તારવાળું પહેલા નંબરનું કપાસ.

પંજાબક્ષેત્ર ૧. ન. હિમાલયની તળેટીમાં આવેલું એ નામનું એક ક્ષેત્ર.

૨. ન. હરિવંશમાં આવેલ એ નામનું એક મુસાફરખાનું. આર્યાવર્ત યજ્ઞમાં ઉલ્લેખ છે કે હરિવંશમાં નાનાં મોટાં બધાં મંદિરો તેમ જ ધર્મશાળાઓ પણ બંધાતાં બાકી છે. બધાં યજ્ઞોમાં સૌથી મોટું પંજાબક્ષેત્ર છે. પંજાબના ઉદાર શેઠોની સખાવતોથી આ ક્ષેત્ર બંધાયેલું છે. અહીં મુસાફરોને રહેવા માટે મકાનો છે, સારા વૈદની દેખરેખવાળી એક દવાખાનું પણ છે.

પંજાબણ સ્ત્રી. પંજાબની સ્ત્રી.

પંજાબ મેલ પું. જી આઇ. પી. રેલવેની મુંબઈથી ઊપડતી એ નામની ઘણી ઝડપવાળી ટપાલ ગાડી.

પંજાબલ પું. પાલખી ઊપાડનારની એક બોલી. આગળની ભૂમિ ઊંચી છે એ સૂચિત કરવા આગળના માણસો એ વાક્ય પાછળના માણસોને સૂચના કરવા બોલે છે.

પંજાબી ૧. પું. (સંગીત) સપ્તસપ્તતિ સોળ માત્રાનો એક તાલ. તેની માત્રાઓ, તેનાં અંગ અને સ્વરૂપ ચિતાલ પ્રમાણે છે. તબલાં ઉપર વગાડવાના અમુક જાતના શબ્દોનો તે એક પ્રકાર છે. તેમાં કૂમરી જેવા સાદાં ગાયન પણ ગવાય છે.

૨. સ્ત્રી. મુખ્ય તેર માંહેની એ નામની એક ભાષા; એ નામની એક આર્ય ભાષા. પંજાબી ભાષા.

૩. વિ. કઠોર; જોરાવર; પહેલવાન; મજબૂત; કસરતે સંપૂર્ણ ખીલેલું; બળવાન

૪. વિ. પંજાબનું; પંજાબને લગતું.

૫. વિ. પંજાબનું વતની; પંજાબનું રહેવાસી.

પંજાબી ઠોઠી સ્ત્રી. એક જાતની આતશબાજી.

પંજાબી ઠેકો પું. (સંગીત) સપ્તસપ્તતિ સોળ માત્રાનો તાલ. તેમાં તાલસ્થાન ૧, ૫, ૧૩ માત્રા ઉપર છે. તેના ઠોકડીના બોલ: ધા, તક ધીં ધા, ત ક તીં તા, ત ક ધીં ધાં, ત ક ધીં. ત ક ધીં ધા આ ચાર અક્ષર મળીને ગતનો એક ચતુર્થાંશ થાય છે. ત, એક માત્રા; આખી એક માત્રાનો અવકાશ રાખવો. ક, અરધી માત્રા; ત કરતાં અરધા વખતમાં ક વગાડવો એટલે ત ક પછીનો અક્ષર ધીં ક ની સાથોસાથ તરત જ વગાડવો. ધીં, આ અક્ષર એક માત્રાનો છે. ત જેટલા જ અવકાશથી વગાડવો. ધા, આ અક્ષર ત કરતાં દોઢો દીર્ઘ વગાડવો એટલે જેટલો સમય ત અક્ષરને વગાડવામાં જોઈએ તેના કરતાં દોઢો સમય ધા માટે લેવો, કારણ કે આ અક્ષર દોઢ માત્રાનો છે. સપ્તસપ્તતિના ત્રિપુટ તાલમાં ચાર ઠેકા અને આઠ માત્રા હોય છે, પરંતુ આ પંજાબી ઠેકામાં ત ક ધીં ધા આ ચાર અક્ષરમાં ચાર માત્રા થાય છે અને આ ગતિનો એક ચતુર્થાંશ છે. આવા ચાર ચતુર્થાંશ મળીને એક પૂર્ણાંક થાય છે; તેમ જ ઠેકા ચાર બદલે માત્રા સોળ થાય છે. જ્યારે હ્રસ્વ અક્ષર વગાડવો હોય ત્યારે તે હ્રસ્વ અક્ષરની પહેલાના અક્ષરનો ઉચ્ચાર જલદ કરવો; તથા દીર્ઘ અક્ષર વગાડવો હોય ત્યારે તેની પહેલાનો અક્ષરનો ઉચ્ચાર જલદ નહિ કરતાં જેટલી માત્રાનો

અક્ષર હોય તેટલી માત્રાનો અવકાશ અગ્ર દીધા પછી આરંભ કરવો. આ જાતનો ઉપયોગ આસ કરીને પંજાબી કૂમરીઓ સાથે પખાવજ વગાડવામાં થાય છે.

પંજાબી લિપિ સ્ત્રી. શારદા લિપિમાંથી ઉત્પન્ન થયેલી એ નામની એક લિપિ મુખ્યમુખી.

પંજાબી સાલમ પું. એક જાતની વનસ્પતિની ભાજી; એક જાતની ઔષધિ.

પંજાબેઠક સ્ત્રી. એક પ્રકારની બેઠક.

પંજારા [હિ.] પું. પીંજારો.

પંજાલી સ્ત્રી. બારસાખ; બારણાનું ચોકઠું.

પંજાહ [ફા.] વિ. પચાસ ૫૦.

પંજાહી [ફા.] પું. પચાસ ઉંદનો ઉપરી.
પંજાહીના તાબામાં દસ હજાર ઘોડેસ્વે પચાસ હોય છે. આઇને અકબરી

પંજાહુમ [ફા.] વિ. પચાસમું.

પંજિ ૧. પું. (ચિત્રગ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં બે સગણ અને નગણ મળી નવ વર્ણ, બીજા પાદમાં નગણ, બે જગણ અને રગણ મળી બાર, ત્રીજા પાદમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અને ચોથા પાદમાં નગણ, બે જગણ, રગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
૨. [સં.] સ્ત્રી. પંક્તિ; 'રજિસ્ટર'.
૩. સ્ત્રી. પંચાંગ; દીપડું.
૪. સ્ત્રી. વાંસની બારી.
૫. સ્ત્રી. સૂતર કાંતવા તૈયાર કરેલી રૂની પૂણી.

પંજિકા ૧. [સં.] સ્ત્રી. આવશ્યકવાની નોંધપોથી; ખાતાવહી.
૨. સ્ત્રી. પત્રક; નોંધ; 'રજિસ્ટર'.
૩. સ્ત્રી. પંચાંગ; દીપડું; તિથિ, વાર, નક્ષત્ર, કરણ અને યોગ જેમાં લખેલાં હોય તેવું પંચાંગ.
૪. સ્ત્રી. પાણિનીય સૂત્રો ઉપરની એક વૃત્તિ.
૫. સ્ત્રી. યમરાજનો ચોપડો.
૬. સ્ત્રી. સૂતર કાંતવા તૈયાર કરેલી રૂની પૂણી.

પંજિકાધ્યક્ષ [સં.] પું. નોંધણી વિભાગના અધ્યક્ષ; નોંધણી વિભાગનો ઉપરી.

પંજી ૧. સ્ત્રી. (કચ્છી) એક જાતની ભાગત.
૨. જુઓ પંજિ.

પંજીર સ. એક જાતનું ઝાડ; પાંડરવો.

પંજીરી ૧. [હિં.] સ્ત્રી. ખાખ, સંઠ, જીરું, સાકર વગેરે નાખી બનાવેલ એક જાતનું ચૂર્ણ; પંજરી. તેનો ઉપયોગ આસ કરીને નૈવેદ્યમાં થાય છે. જન્માષ્ટમી, રામનવમીના ઉત્સવમાં તથા સત્યનારાયણની કથામાં આ ચૂર્ણનો પ્રસાદ વહેંચવામાં આવે છે.
૨. સ્ત્રી. મલબાર, મદ્રિસુર તથા ઉત્તર સરકારમાં થતો એક જાતનો ઔષધોપયોગી છોડ. તે ઉત્તેજક, પરસેવો આવનાર તથા કાનો નાશ કરનાર મનાય છે. કારીમાં તેનાં પાન તથા કાંખણાંનો કાઢો કેવાય છે. સંસ્કૃતમાં તેને ગંડુપદ્મી કહે છે.

પંજુ પું. (કચ્છી) અસલના વખતમાં પાંચમા પુત્રનું બાળકમાં આવતું નામ.

પંજુપુત્તર પું. (કચ્છી) ચૂર્ણ જોકરો.

પંજુભ [સ.] સ્ત્રી. પંચાંગ.

પંજુરી જુઓ પંજરી ૪.

પંજેઠરા ૧. પું. પાંચે આંગળાં ઊંડી જાય તેવી પૂરી.
૨. પું. ખાવાનું લોઢાનું પંજાના આકારનું એક ઓજાર.

પંજેકેહ [ફા. પંજ (પાંચ) + ઇ (નું) + કેહ (નાનું)] પું. (જરથોસ્તી) કુવરદેમાનના તહેવારના દસ દિવસ આંહેના પહેલા પાંચ દિવસ. દસ દિવસમાં આ પાંચ દિવસ ગોઠી જાગતના હોવાથી તેને પંજેકેહ કહે છે.

પંજેકવું સ. ક્રિ. પંજેરીથી ગોઠું કરવું.

પંજેરી [સં. પંચતંતી] સ્ત્રી. પાક જાયવા ગોળ કાંતવાનું કાંબરાં વગેરે ભેગી લેવાનું ખેતીનું એક ઓજાર; ખંપાળી; કંતાળ.

પંજેદાર ૧. વ. પંજાના આકારવાળું પાંદડું.
૨. સ્ત્રી. પંજાવાળું.

પંજેબાઝ ૧. પું. એક જાતની કુસ્તીમાં ખેલાતો પેચ.
૨. વિ. હસ્તમેળાપ કરનાર.

પંજેમેહ [ફા. પંજ (પાંચ) + ઇ (નું) + મેહ (મોટું)] પું. (જરથોસ્તી) કુવરદેમાનના દસ દિવસના તહેવારમાં છેલ્લા પાંચ દિવસ. દસ દિવસમાં આ પાંચ દિવસ જાગતના હોવાથી તેને પંજેમેહ કહે છે. બીજા પંજેમેહ કહેવાય છે.

પંજેરો પું. ખેતી કેનાર માણસ.

પંજેલવું ૧. સ. ક્રિ. મહેનત લઈને આટોપવું.
૨. સ. ક્રિ. સેંતાથી ઊખડીને કેંકવું.

પંજેસો ૧. પું. બહેર જમાવાનાં વાવાઝોડું; કમોસમી.
૨. પું. બહેર તોફાનનું મોટા અવાજ સાથે તકરાર.

પંજેળું સ. વગોણું; બાજોઠ; નિંદા.

પંજેળો પું. બાજોઠ; કમોસમી.

પંજો ૧. [ફા.] પું. બારસબસ હસ્તમેળાપ. ચોળ લોકોમાં આ શબ્દ પ્રચલિત છે.
૨. પું. કાનનો; તાળો; પક્ષ.
૧. પંજામાં આવવું = (૧) તાબામાં આવવું; પકડાવું; ફસાવું. (૨) ધાર્યું પાર પડે એવી બેબજાઈ થવી.
૨. પંજામાં પડવું = (૧) કબજામાં આવવું. (૨) ઉતરાવું.
૩. પંજામાં લાવવું-લેવું = (૧) કબજે લેવું; તાબે કરવું. (૨) પકડમાં લેવું; સપડાવવું.
૪. પંજામાં હોવું = કબજામાં હોવું
૩. પું. કાંડાનો આગલો ભાગ; આંગળાં અને હથેળીવાળો હાથનો અવયવ; પાંચ આંગળાં અને હથેળીથી બનેલો અવયવ; પાંચ આંગળીવાળો પહોંચો.
૧. પંજે કરવો-લડાવવો = સામા માણસના પંજામાં પંજો ભેરવી, આંગળાઓ ભરાવી મરડવાનો પ્રયત્ન કરવો.
૨. પંજે ભેગી કાઢવો-ચોડી દેવો = તમાચો મારવો.
૩. પંજો દેખાડવો-બતાવવો = પંજો ભેગી કાઢવાની તૈયારી બતાવવી.
૪. પંજો પકડવો = કાંઈ પકડવું; ઝાલવું.
૫. પંજો પડવો = જય થવો; લાભ કરવો; અનુકૂળ વખત આવવો.
૬. પંજો ફેરવવો = કરાવવું.
૭. પંજો ફેલાવવો = અધિકારમાં લેવા માટે હાથ લંબાવવો.
૮. પંજો મારવો = તરાપ મારવી; ઝાપો મારવો; હલ્લો કરવો.
૯. પંજો મેળવવો = હસ્તમેળાપ કરવો; હાથ મેળવવો.
૪. પું. ગંજીફાની રમતમાં પાંચની સંતાવાળું પાનું; પંચ કહેવાતું પાનું; પાંચના આંકવાળું પત્તું.
૫. પું. બખરાનો આગલો ભાગ. તેમાં આંગળાઓ રહે છે.
૬. પું. પશુનો નહોરવાળો અવયવ; પશુના પગનો નખવાળો ચપટો અવયવ.
૭. પું. પાંચના આંકવાળો પાસો.
૮. પું. પાંચનો સમૂહ.
૯. પું. ભાજી કે લોંસની પાંસળીનું મોટું હાડકું.
૧૦. પું. ખાવા કેતી વખતે આંગળાઓનું રક્ષણ કરવાને માટે વપરાતું સાધન; આંગુલિત્રાણ.
૧૧. પું. માણસના પંજાના આકારનો ઢાંચો પતરા કે કોઈ ધાતુનો કટકો.
૧૨. પું. મોટા પુરુષની સહીને કેમણે તેના હાથનો કટકો જાણો.
૧૩. પું. વાંસો ખંજેળવા બનાવેલું હાથીદાંતનું પંજાના આકારનું સાધન.
૧૪. પું. હાથને પહોંચે પહેરવાનો એક જાતનો સોનાનો દાગીનો.

પંજોબ્જો કું. સુથાર.

પંજોડી (પંજોડો) ૧. સ્ત્રી. કસુમ્બીની એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પંજ્રટિકા કું. (ચિત્રા) એ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં જણ જણ તથા જગણ મળી સોળ માત્રા હોય છે અને યતિ, ૭, અગિયાર તથા ચૌદ માત્રાએ તાલ આવે છે.
જણ જણ ઉપરે જગણ પ્રાસ,
કલ સોળ પદરી ચરણ ચાર;
ગુણ લાગ્યા કેદ્ર રાને સુલાવ.
કવિરાજ। પંજ્રટિકા કું લાલ. કવિપિંગલ

પંજવાર કું. એક જાતનો આશીર્વાદાત્મક રિવાજ. તેમાં બાલ કે સંબંધીના દિવસે વહુ પિતૃદેવને બે પૈસા અને બે સોપારી મૂકી પગે લાગે છે અને ગોર આશીર્વાદ આપે છે. સોપારી ગોર લઈ જાય છે અને નજુંક પૈસા લે એવો રિવાજ છે.

પંજા સ્ત્રિ. (કચ્છી) પચાસ; ૫૦.

પંજેટવું ૧. સ. ક્રિ. દાંતાવાળા ઓજારથી રેસા કાઢી નાખવા; દાંતી દેવી.
૨. સ. ક્રિ. પીંજવું; રેસા છૂટા પાડવા.
૩. સ. ક્રિ. વેદવું; સહેવું; નિભાવવું; સહન કરવું.

પંજેટી સ્ત્રી. પંજેટો; દાંતી; દંતાળી; એકદમ લોઢેનું વાહમાંથી ઝરડાં તાણી લેવાનું દાંતાવાળું ઓજાર. ઊંટનો; બળદ પાંખાની લાંબી લાકડી.

પંજેલાઢ સ્ત્રી. મુશ્કેલી; અડચણ.

પંઢારિયા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પંઢ ૧. [સં.] વ. ક્રિ. જાતું; ખસવું
૨. સ. ક્રિ. એકત્ર કરવું; ઢગ કરવો; ભેળું કરવું.

પંઢ ૧. કું. કમળો.
૨. કું. કમળો.
૩. કું. ઢગ.
૪. [સં.] કું. નપુંસક; નામર્દ; હીજડો.
૫. [સં. પાંડુ; પ્રા. પંડુ] કું. પાંડુ રોગ.
૬. કું. પિંડ.
૭. કું. પોતાની જાત.
૧. પંઢ સલામત તો પચ્ચિયાં પહોંતેરી = શરીર સાબૂત હોય તો કોઈ પણ વસ્તુ મેળવી શકાય; જીવતો નર ભદ્રા પામે.
૨. પંઢ સુખીની પચ્ચારી = જીવે સાંસુખીનો મંડપ.
૮. કું. કશે નહિ એવું જણ.
૯. [સં. પિણ્ડ] કું. ચાટી કે કણકનો ઊંચો ગોળો; પૌંઓ; કણક બાજરા જાતનો નાનો ગોળો.
૧૦. કું. રુધિર.
૧૧. કું. શરીર; દેહ; કાયા.
૧૨. વિ. કશે નહિ એવું; નિષ્ફળ.
૧૩. વિ. ઊંડું પડી ગયેલું.

પંઢક ૧. [સં.] કું. નામર્દ; નપુંસક; હીજડો.
૨. કું. સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.
૩. વ. પાખંડ; પાપ.
૪. વ. કશે નહિ એવું જાય.

પંઢગ ૧. [સં.] કું. નપુંસક; નામર્દ.
૨. [પ્રા.] વ. પાખંડ; પાપ.
૩. વ. મેરુ પર્વતના શિખર ઉપરનું એ નામનું વન.

પંઢત જુઓ પડિત.

પંઢર વ. (ભોંઢ) આવતના કર્મનું ઉપસ્થાન પ્રારબ્ધ. આત્મારિક અને બાલ પંઢરો (એટલે આવતનો) જાણીને જ ત્રિકાલજ્ઞ પરપુરુષની પાર બાલ છે તેને તે ઝુકોથી પંઢર કહે છે.
મુક્તાનિપાત

પંઢરખું વિ. શરીર સાબૂતને શ્રમ કરવાવાળું; શરીરને બાલ ન આવે એની રીતે શ્રમ કરવાવાળું; શરીરરખું.

પંઢરકણી સ્ત્રી. એક જાતનો છોડ. તેને મૂળ પાસે લાંબી નાજુક ડાળીઓ ફૂટે છે. તેનાં પાન ચીકણાં અને ફૂલ પીળાશ પડતાં હોય છે. તેની બાસ પ્રિય નથી.

પંઢરંગ કું. સિદ્ધ જ.

પંઢરી [હિ.] સ્ત્રી. શેરડીના વાવેતર માટે રખાયેલી ભૂમિ.

પંઢરોગિખું વિ. પાંડુ રોગવાળું.

પંઢરોગી જુઓ પંઢરોગિખું.

પંઢલ ૧. [સં. પિંડ] વ. પિંડ; શરીર.
૨. [સં. પંઢર] વિ. પાંડુ વર્ણનું; પીળું.

પંઢલાય કું. આત્માનો નીચ કક્ષામાં નાશ થવો તે.

પંઢવ [સં. પાંડવ] કું. પાંડુ રાજાના પુત્રો માંહેનો દરેક; પાંચ માંહેનો દરેક પાંડવ.

પંઢવા [હિ.] કું. વ. વ. પાંડવ.

પંઢસ્વખ્યાન વ. (ક્રોન) ઉપખ્યાનનો એ નામનો એક પ્રકાર. ઉપખ્યાન ચાર છે: (૧) પંઢસ્વખ્યાન, (૨) પરસ્વખ્યાન, (૩) રૂપસ્વખ્યાન અને (૪) રૂપાતીત ખ્યાન.

પંઢા ૧. [સં. પંડિત] કું. (હિંદી) દેવમંદિરનો પૂજારી; પંડ્યો; કોઈ પણ કે મંદિરનો પૂજારી.
૨. કું. દેવતા.
૩. [હિ.] કું. બાલબ્રહ્મ રસોયણો
૪. [સં.] સ્ત્રી. જ્ઞાનબુદ્ધિ; કાર્યોપ સંસ્કારવાળી બુદ્ધિ; વેદના સંસ્કારવાળી મતિ.
૫. સ્ત્રી. કલાપણું; સમજ.
૬. સ્ત્રી. વિદ્યા.
૭. સ્ત્રી. જ્ઞાનસ્થાન.

પંઢાણી ૧. સ્ત્રી. ગોરાણી.
૨. સ્ત્રી. પંડિતાણી; પંડિતની સ્ત્રી.

પંઢાપૂર્વે [સં.] વ. (મીમાંસા) કર્મનું ફળ દેવાને અયોગ્ય એવું ધર્માધર્મરૂપ અદૃષ્ટ. મીમાંસાનો મત છે કે, દરકોઈ કર્મ પછી તે ધર્મ હોય કે અધર્મ હોય પણ તે કરતાં અદૃષ્ટને ઉત્પન્ન કરે છે. આ અદૃષ્ટમાં કર્મનું શુભાશુભ ફળ દેવાની શક્તિ હોય છે. પણ કેટલાંક કર્મોનું શુભાશુભ ફળ મળે છે અને તેનાં ફળ મળવાનું વર્ણન અર્થવાદ વાક્યોમાં છે, પણ કેટલાંક એવાં પણ કર્મ છે કે જેનું ફળ મળતું નથી. એવાં કર્મોની વિધિ તો શાસ્ત્રમાં છે, પણ તેનો અર્થવાદ નથી. આવી જાતનાં કર્મો કરવાથી જે અદૃષ્ટ ઉત્પન્ન થાય છે, તેને પંઢાપૂર્વે કહે છે. મીમાંસકોનો એવો મત છે કે, એવાં અદૃષ્ટમાં સ્પષ્ટ ફળ દેવાની શક્તિ નથી હોતી, પણ તે પાપ યા પુણ્યનો ક્ષય કરે છે. નૈયાયિકો આવા પ્રકારના અદૃષ્ટને નથી માનતા. સંધ્યા, વંદનાદિ નહિ કરવાથી પાપ લાગે, પણ સંધ્યા વંદનાદિ કરવાથી પાપનો નાશ થાય.

પંઢારી સ્ત્રી. રાસને મળતી એક જાતની રમત.

પંઢાલ કું. કોઈ ભારે સમારોહને માટે બનાવવામાં આવેલ મોટો મંડપ; 'પેંડલ.'

પંઢિઉ કું. (જૂ. ગુ.) પંડ્યો; બ્રાહ્મણ.
રાહ પંઢિઉ પઢમનું ભણી,
સિવિઉ સેવ વિમલેશ્વર ભણી.
સાવયસમય

પંડિત ૧. [સં.] કું. કોવિદ; શાસ્ત્રોપ સંસ્કારવાળી બુદ્ધિવાળો વિદ્વાન; મેધાવી.
૨. કું. (સંગીત) નિષ્ણાત કે કાબેલ માણસ. જે ગાયનવિદ્યા શીખવી શકે છે, પરંતુ જે જરૂરિયાતની પેઠે મિજલસમાં બેસીને ગાતો નથી, જ્યાં પૂર્ણ જ્ઞાની તથા ગુરુની યોગ્યતાવાળો હોય તેને પંડિત કહે છે.
૩. કું. બુદ્ધનું એક નામ.
૪. કું. મહારાષ્ટ્રના સાધુસંત; સપ્તર્ષિ.
૫. કું. રસ, રીતિ અને જૂની કહાણીઓ જાણનાર માણસ.
૬. કું. રાજાના મુખ્ય બાર માંહેનો એક કારભારી.

૭. પું. વિદ્વાન; ગુરુ. આ શબ્દ પંડા ઉપરથી બનેલ છે. પંડાનો છેવટનો અર્થ તત્ત્વવિવેકક બુદ્ધિ કે સમજ એવો થાય છે. તત્ત્વ એટલે તેપણું અર્થાત્ પ્રત્યેક પદાર્થનું મૂળ સ્વરૂપ. પદાર્થ માત્રનો સમાવેશ આત્મા, પરમાત્મા અને જગત એવા ત્રણ વર્ગમાં થઈ જાય છે. આથી તત્ત્વવિવેકક બુદ્ધિ એટલે કે આત્મા, પરમાત્મા અને જગતને જગતી નિર્ભેળ દૃષ્ટ સમજ. એ ત્રણેનું યથાર્થ જ્ઞાન આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનાં વાસ્તવ સ્વરૂપનું જેને જ્ઞાન હોય તેનું નામ પંડિત.

> અરે, પંડિત યુગના આપણા પંડિતો કોઈને કોઈ ક્ષેત્રમાં અસાધારણ મૌલિકપ્રતિભા ધરાવતા. બોધમંદિરમાંનું કલ્પનાશીલ સમાજદર્શન લાખો; નરસિંહરાવનું વિવેચન, કેટલાકોના અનુવાદ, બળિયાદની કવિતા લાખો; આનંદશંકરનું અર્થસંકોચન ને તેમનો રહસ્યરસ લાખો.
>
> ચિન્નુપ્રસાદ ત્રિવેદી

૮. પું. વિદ્વાન માણસને આપાતો એક ઇલકાબ.

૯. પું. શાસ્ત્રમાં નિષ્ણાત પુરુષ; શાસ્ત્રાદિક ખૂબ ભણેલો માણસ; બુદ્ધિશાળી ને સમજુ માણસ; જ્ઞાની.

૧૦. પું. શિવનું એક નામ.

૧૧. પું. શ્રમણ; સાધુ; સર્વવિરતિ.

૧૨. પું. સંસ્કૃત ભાષાનો વિદ્વાન.

૧૩. પું. સિલ્લક; ભોભાન.

૧૪. પું. (પુરાણ) સોમવંશી પૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. એને બીજે આર્યો હતો.

૧૫. પું. હિંદુઓના કામદા ભણનાર માણસ; કામદામંત્રી.

૧૬. સ્ત્રી બ્રાહ્મણ તથા સાડોદરા નાગરની એ નામની એક અટક.

૧૭. ન. એ નામની અટકનું માણસ.

૧૮. વિ. એ નામની અટકનું.

૧૯. વિ. કુશળ; નિષ્ણાત.

૨૦. વિ. ચતુર; પ્રવીણ.

૨૧. વિ. જ્ઞાની; વિદ્વાન; બુદ્ધિમાન; શાસ્ત્ર ભણનાર.

> એહેણ બમણઈ કહઈ નાહિક નૂમ,
> પંડિત જન બાંમણઈ બહુ ઘનિ.

૨૨. વિ. નાગર.

૨૩. વિ. વિદગ્ધ.

૨૪. વિ. વિદ્યોપાસક; સાક્ષર.

પંડિત [સં.] પું. (પુરાણ) પૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

પંડિતખાના ૧. પું. ઝવેરાતું; જોહર ભંડીખાનું.

૨. પું. ભુજારખાનું.

૩. પું. વિદ્વાન માણસોને બેસવા કરવાનું મકાન.

પંડિત અકુલાલજી પું. ઓગણીસમા સૈકામાં કાઠિયાવાડમાં થઈ ગયેલ એ નામના એક કવિવાદની. તેમનો જન્મ ૧૮૪૫માં અને મરણ ૧૮૯૮માં થયેલ. આઠ વર્ષની ઉમરે તે સંસ્કૃત બોલી શકતા. તેમનામાં કવિતાશક્તિ, ભાષાશક્તિ, અવધાનશક્તિ બધી જ હતી. તેઓ એકોવખતે સો જુદી જુદી બાબતો ઉપર ધ્યાન આપી તે પ્રત્યેક બાબત એક પછી એક પૂરી કરાવી છેવટે તેઓ એ સઘળી બાબતોનું સાંગોપાંગ વર્ણન આપી શકતા. રાગ અને તાલ તથા છંદના બાબતમાં વગેરેમાં તેઓ કુશળ હતા. તેમ જ તેઓ પ્રખર વક્તા હતા.

પંડિતજતીય [સં.] વિ. બોટુપણું હોશિયાર.

પંડિતતા ૧. [સં.] સ્ત્રી. બાબતમાં અમુક હાથ કે વિદ્યામાં કુશળતા; ચતુરાઈ.

૨. સ્ત્રી. પંડિતાઈ; પંડિતપણું.

પંડિતપણું જ. પંડિતતા; પંડિતાઈ; વિદ્વત્તા.

પંડિતપદ પું. પંડિતનો હોદ્દો; વિદ્વાનનો ખિતાબ.

પંડિતપરિષદ [સં. પંડિત + પરિષદ] સ્ત્રી. વિદ્વાન માણસોની સભા.

પંડિતપ્રવર [સં.] વિ. પંડિતોમાં શ્રેષ્ઠ.

પંડિતપ્રસંગ [સં.] પું. વિદ્વાન સાથેનો પ્રસંગ; વિદ્વાનનો મેળાપ.

પંડિતભૂષણ [સં.] પું. એ નામની એક સંસ્કૃત વિદ્યોપાધિ.

પંડિતમરણ [સં.] ન. (જૈન) પંડિતભાવ સહિત સમાધિપરિણામે થતું મરણ.

પંડિતમંડલ [સં.] ન. વિદ્વાનોની સભા.

પંડિતમંડળ જુઓ પંડિતમંડલ.

પંડિતમાનિક જુઓ પંડિતમાની.

પંડિતમાની [સ્ત્રી. પંડિતમાનિની] વિ. પંડિત નહિ છતાં પોતાને પંડિત તરીકે માનનાર; દુર્વિદગ્ધ.

પંડિતસુત [સં.] પું. જેનો વિદ્વાન કે શાસ્ત્રકાર થઈ ગયા હોય તે પુત્ર. ગુજરાતી સાહિત્યમાં પંડિતોમાં અગ્રેસર ગોવર્ધનરામ અને તેના સમકાલીન સાહિત્યકારો જે યુગમાં થઈ ગયા તેને પંડિતયુગ કહે છે.

પંડિતવર [સં.] વિ. પંડિતોમાં શ્રેષ્ઠ; પંડિતોમાં અગ્રેસર.

પંડિતવર્ય [સં.] પું. જોવો સારો પંડિત.

પંડિતવાદી [સં. પંડિતવાદિન્] વિ. હાલો હોવાનો આડંબર કરનાર.

પંડિતવીર્ય [સં.] ન. (જૈન) જ્ઞાન સહિત શક્તિ; સાધુનું આત્મબળ.

પંડિતશિરોમણિ ૧. [સં.] વિ. એ નામની મંજલી પદવીવાળુ.

૨. વિ. પંડિતોમાં શિરોમણિ.

પંડિતસભા જુઓ પંડિતમંડલ.

પંડિતસંસ્થા [સં.] સ્ત્રી. પંડિતોની સંસ્થા.

પંડિતંમન્ય [સં.] વિ. પંડિત નહિ છતાં પોતાને પંડિત માનનાર; પાંડિત્યાભિમાની; મૂર્ખ; આડંબર કરનાર; અવિદ્વ; અહંકારી; પોતે વિદ્વાન છે તેવો ડોળ કરનાર; પંડિતમાની; વિદ્વાદંભી; પાંડિત્યદંભી.

પંડિતંમન્યમાન [સં.] વિ. પોતાને પંડિત માનનાર; ડોહ્યાહ્યું.

પંડિતા ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

૨. સ્ત્રી. પંડિત જેવી સ્ત્રી; શાસ્ત્રાદિક ભણેલી ગણેલી ચતુર સ્ત્રી; વિદ્વાન સ્ત્રી; બુદ્ધિશાળી કુશળ સ્ત્રી; વિદુષી સ્ત્રી.

૩. સ્ત્રી. પાપથી સર્વથા નિવૃત્ત થયેલ સાધ્વી.

૪. સ્ત્રી. વિદુષી સ્ત્રી; સાધ્વી.

પંડિતાઈ ૧. સ્ત્રી. પંડિતતા; પંડિતપણું; શાસ્ત્રકુશળતા; વિદ્વત્તા; પાંડિત્ય; સાક્ષરતા.

> પંડિતને પંડિતાઈનું જોર,
> પણ અંતઃકરણ અંધારાં ઘોર. અખો

૨. સ્ત્રી. પંડિતનો હોદ્દો.

૩. સ્ત્રી. શાસ્ત્રનું જ્ઞાન.

પંડિતાણી ૧. સ્ત્રી. પંડિતની સ્ત્રી.

૨. સ્ત્રી. બ્રાહ્મણી.

૩. સ્ત્રી. વિદ્વાન સ્ત્રી.

પંડિતાત્મજ [સં.] પું. પ્રબંધ પડનાર ખાતાનો પ્રધાન.

પંડિતારાધ્ય ૧. [સં.] પું. વીરશૈવ ધર્મના સ્થાપક પાંચ આંદેના એક આચાર્ય. તેમનું સિંહાસન શ્રીશૈલમાં હતું.

૨. વિ. પંડિતે પૂજવા યોગ્ય.

પંડિતિમા [સં. પંડિતિમન્] પું. પંડિતપણું; પંડિતાઈ; વિદ્વત્તા.

પંડિતિયું વિ. પંડિતના જેવું.

પંડિતી વિ. પંડિત જેવું.

પંડિયા સ્ત્રી. એક જાતની શેરડી. તે પૂના પાસે થાય છે.

પંડિયાજળ સ્ત્રી. પાંડેની સ્ત્રી.

પંડિરિયંમા જ. હમેશું.

પંડિલ વિ. આત્મમગ્ન; આત્મસ્થિત; સ્વાનુભાવી.

પંઢ ૧. કું. કમળો.
૨. [પ્રા.] કું. જેમાં ચોમી ફોલ્લી કાઈ ભાગ છે એવો રોગ; પંડ; પાંડુરોગ.
૩. કું. (પુરાણ) પાંડુ રાજા; યુધિષ્ઠિર વગેરે પાંડવોનો પિતા.
૪. કું. શિલા.
૫. વિ. ધોળું; સફેદ.
૬. વિ. પીળું; ફીકું.

પંઢક [હિં.] ન. ગાદીમાં કે ઉત્તરકે બગલમાં રહેતું કપાતરની જાતનું એક પક્ષી. તે લીલાશ પડતા ભૂરા રંગનું હોય છે. તેને મળે કાંઠલા જેવું હોય છે, જે નીચે સ્પષ્ટ દેખાય છે, પણ ઉપરની બાજુ એવો સ્પષ્ટ દેખાતો નથી.

પંઢકંબલા સ્ત્રી. (જૈન) એક પર્વત ઉપરની એક અભિષેક શિલા.

પંઢણી ૧. કું. મરકટવો.
૨. સ્ત્રી. જળજંતુ.

પંઢર ૧. [હિં.] કું. જળસાપ.
૨. કું. ધોળો રંગ.
૩. વિ. શ્વેત; સફેદ.

પંઢરા કું. મોરવર્ણું.

પંઢરોગ કું. પાંડુરોગ; જેથી શરીર ફીકું કાઈ જાય તેવો એક રોગ.

પંઢરીજા સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

પંઢરીશિલા [પ્રા.] સ્ત્રી. એક પર્વત ઉપરની એક અભિષેક શિલા.

પંઢે ઉ. જાતે; પોતે; ખુદ; પોતાની જાત કે સાથે; સ્વદેહે; પંઢ સંસ્કૃત પિણ્ડ શબ્દ ઉપરથી આવેલ છે. પછી પંઢ એટલે શરીર ઉપરથી પંઢે શબ્દ પોતે કે જાતેના અર્થમાં વપરાવા લાગ્યો. જેમકે, હું પંઢે આવીશ. પંઢે પોતે એમ પણ બોલાય છે.

પંઢેતર વિ. વિષમાત્મક; પરસ્ત્રી; બાલનિષ્ઠ; પરવિષયક.

પંઢેપંઢ અ. જાતોજાત; પોતે જ; બીજો કોઈ પણ માણસ સાથે નહિ તેવી રીતે.

પંઢેય ન. પિંડ; દેહ; શરીર.

પંઢેરવો કું. એક જાણીતું વનસ્પતિ. તેને પ્રપૌંડરિક, પૌંડર્ક, ઋક્ષુષ્ય અને પૌંડરિષ્ક પણ કહે છે.

પંઢો ૧. કું. પૂજારી; તીર્થનો ગોર.
૨. કું. બાધાવાનો ધંધો કરતો બાહ્મણ.

પંઢોપંઢ ૧. અ. એકલું; જાતે એક જ.
૨. અ. જાતોજાત; જાતે જ; ખુદ પોતે જ.
૩. અ. હાજરાહજૂર; સાક્ષાત; આબોહવા.

પંઢોલ ન. એક જાતની દાળ.

પંઢોળી સ્ત્રી. અર્ધવર્તુલાકાર વેઢની.

પંઢોળું [સં. પટોલ; પ્રા. પોલ] ન. શાકમાં ઉપયોગી એક વનસ્પતિ. ચોમાસામાં તેને માટે વાડીપડાની જમીન ખેડી, ખાતર નાખી તૈયાર કરી હોય તેમાં પાટલા કરી બન્યે ફૂટ છેટાં બી વાવી ઉપર માંડવો કરવામાં આવે છે. મુંબઈ, પૂના, મદ્રાસ, સુરત તરફ તે ખૂબ વવાય છે. એની સિંગ ભૂરી અને સાપ જેવી લાંબી હોય છે. એના વેલા બહુ જ વધે છે. બાજ સફેદ કે લીલી અને ઉપર સફેદ લીટા હોય છે. તેને ત્રિકોણ, શ્વેતરાજિ, સુદીર્ઘ, ગૃહકુક્કુટ, ત્રિકોણ પણ કહે છે. પંઢોળાના વેલા પણ વધે છે. પંઢોળાંનું શાક બહુ પ્રખ્યાત મનાય છે. તે વધારે ખાવાથી પણ બાધા ઉત્પન્ન કરતું નથી. એ શાક બહુ જ નીરોગી છે. તેના સુધારે બે પ્રકારના બંધારણનાં દૂધ સ્વાદુ, મધિકર, બહાર, પથ્ય, દીપન, પાચન તથા પુષ્ટિકર અને વાત, પિત્ત, તાવ, દોષ તથા ત્રિદોષનો નાશ કરનાર મનાય છે. તેની એક બીજી જાત કડવા પંઢોળાંની થાય છે.

પંડચા ૧. કું. પંચો; ગોર. આનાથી બોલાય છે.
૨. સ્ત્રી. આકાશ તથા સાહોદ્ય નાગરની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

પંડયો ૧. [સં. પંડિત; પ્રા. પંડિઅ] કું. ગામડી નિશાળનો આકાશ મહેતાજી; નાના છોકરાને ભણાવનારો આકાશ શિક્ષક.
૨. કું. વિદ્વાન બ્રાહ્મણ; પુરોહિત; ગોર; યાત્રાસ્થાનમાં યાત્રાળુનો માર્ગદર્શક અને કર્મકાંડ કરનાર ગોર.
બોબડો ચેલ્લો પણ જ આખુ મહેતાજીને હાય. આમેર

પંડુક [સં.] કું. ચણોઠ રોગવાળો પાંખાળો માણસ.

પંડ્રી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. દૂધીની જાતનો એક વેલો.

પંડત કું. (કચ્છી) પંડિત.

પંઢરપુર ૧. ન. મહારાષ્ટ્રમાં આવેલ એ નામનું એક શહેર. ભારતવર્ષ યાત્રામાં ઉલ્લેખ છે કે: પંઢરપુર ચંદ્રભાગા નદીને કાંઠે આવેલું છે. વિષ્ણુ મહારાજનાં પગલાં અને પરાક્રમથી આ ભૂમિ પાવન થયેલી છે. આ શહેરમાં બધાં મંદિરો છે, તેમાં વિઠોબા એટલે વિષ્ણુનાથજીનું મંદિર મુખ્ય છે. આ મંદિરનો મહિમા મહારાષ્ટ્રમાં બહુ છે. આ મંદિરમાં જવાને જુદી જુદી તરફ જુદા જુદા દરવાજા છે. નદીના કાંઠા તરફથી જવાય છે, શહેરની બજારમાંથી જવાય છે એ મુખ્ય માર્ગ છે અને તે સિવાય બીજે ત્રીજે દરવાજેથી પણ જવાય જવાય છે. આ મંદિર કાળા પથ્થરનું કારીગરી ભરેલા સુંદર સ્તંભવાળું છે. મંદિર સામે એ મંડપ છે, દીપમાળા પ્રકટાવવા દીપસ્તંભો પણ છે. દર્શનનો પ્રબંધ બહુ સારો છે. મૂર્તિ અને દર્શન સુંદર છે. હરકોઈ માણસ ચરણસ્પર્શ કરી શકે છે અને આનંદ લઈ શકે છે. આ બીજું મંદિર રાકોરજીનાં પટરાણી રુક્મણીનું છે, એ મંદિર પણ સુંદર છે અને તેનાં દર્શન તથા મૂર્તિ પણ ભવ્ય છે. મહારાષ્ટ્રના અનેક લોકો દર્શને આવે છે અને હાવભાવ તથા નૃત્યગાનથી આનંદ મેળવે છે. મંદિરનાં પગથિયાં ઉપર ગુજરાતના અઢારમી કવિ ભક્ત જનતની અને તેની પાસે દક્ષિણ તરફના ભક્ત મહાત્મા નામદેવની મૂર્તિઓ છે. મંદિરના પાછલા ભાગમાં અનેક દેવદેવીઓનાં નાનાં નાનાં મંદિરો છે.
૨. ન. સતારા અને પંઢરપુર વચ્ચે આવેલું કરટેશ્વર મહાદેવનું મંદિર.

પંઢરી દ્રાક્ષ સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

પંઢરીનાથ ૧. કું પંઢરપુરમાંના મંદિરની મૂર્તિ.
૨. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ.

પંઢારિયા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પંત ૧. કું. જગતનાં વધેલો ખોરાક.
૨. કું. ધર્મ.
૩. કું. પંડિતનું ટૂંકું રૂપ. મરાઠી રાજ્યમાં અષ્ટ પ્રધાન મંડળમાંના પ્રત્યેકના નામ આગળ પંત શબ્દ મૂકવામાં આવે છે. જેમકે, પંત અમાત્ય.
૪. કું. પંથ; માર્ગ.
૫. કું. મહારાષ્ટ્રના સાધુ સંત.
૬. કું. સંપ્રદાય.
૭. સ્ત્રી. એ નામની એક અટક.
૮. ન. અપશબ્દ; ગાળ.
૯. ન. એ નામની અટકનું માણસ.
૧૦. ન. બરાબ બાજુ.
૧૧. વિ. અંતિમ; છેલ્લું.
૧૨. વિ. ઉદ્વિગ્નપ્રતિકૂલ.
૧૩ વિ. એ નામની અટકનું.
૧૪. વિ. છેલ્લું; સર્વોત્તમ.

૧૫. વિ. તુચ્છ; હલકું; રસ વિનાનું.
૧૬. વિ. ધર્મભ્રષ્ટ.
૧૭. વિ. નઠારું; ખરાબ.
૧૮. વિ. નિર્ધન; દરિદ્રી.
૧૯. વિ. વિનષ્ટ.

પંતકુલ ન. નીચ કુલ; હલકો જાતિ.

પંતલી જુઓ પંતળી.

પંતવા [હિં.] કું. એક જાતની મીઠાઈ.

પંતાળી કું. નર્મદા નદીનો દક્ષિણ કિનારો. આ બધી ખૂની બોલીઓ બોલાતો શબ્દ છે. દક્ષિણ ગુજરાતના જંગલમાં રહેતી, નર્મદાના દક્ષિણ કાંઠાના પ્રદેશમાં વસતી ભીલ જાતિઓમાં આ શબ્દ વપરાય છે.

પંતાલ ૧ કું. દક્ષિણ મુખ તરફનો મુખવટ. સાં નાગમુખના ઘોટ રહે છે એમ મનાય છે.
૨. કું. ધાતુઓની ઓરમ બનાવવા માટેનું એક માટીનું વાસણ. તેનો એક ભાગ બીજા ભાગ ઉપર ઊંધો વાળવામાં આવેલ હોય અને તેની સાંધ ઉપર માટી લગાડી દીધી હોય. પછી તેને અગ્નિમાં મૂકવામાં આવે છે.
૩. કું. નરક; પૃથ્વી નીચેનો લોક; પાતાળ.

પંતાલાર [પ્રા.] વિ. ઢકુંચવું આપનાર.

પંતિ સ્ત્રી. (જૂ. ગુ.) પંક્તિ; હાર.
સરસ નાક સમ દીપતા બહી,
દંત પંતિ કરિ મુક્તા બહી. લાવણ્યસમય

પંતિયાણી વિ. સ્ત્રી. સડિયારી.
જે પાંચ પાંડવોને દ્રૌપદી નામે એક પંતિયાણી સ્ત્રી હતી. લલિતી આખ્યાન

પંતિયાળું ૧. ન. એકથી વધારે માણસોએ સરખા કે ઓછા વધતા ભાગે નાણું ભેગું કરી વેપાર કર્યો હોય એવું જે એકદાપણું તે; સડિયારો વેપાર કે વહીવટ; પક્ષ અથવા પાંતી કે ભાગ જેમાં હોય એવું મોટું ધંધાદારી કામ; ભાગિયા ભાગનો વેપાર કે વહીવટ; ભાગીદારી કામ. પાંતી એટલે ભાગ ઉપરથી આ શબ્દ થયો છે.
પંતિયાળી ખીચડી જેવ કૂટતી અથવા = સડિયારા કામમાં કોઈને પૂરી દરકાર ન હોય.
૨. ન. ગણિતમાં આવતી એક અપવર્તનની રીત.
૩. વિ. બધા અથવા બળીને કરેલું; સડિયાઉ; બધા અથવું સડિયાઈ.

પંતિયાળો ૧: કું. ગણિતની એક રીત.
૨ કું પંતિયાળું કરનારો માણસ; પંતાળો; ભાગિયો; ભાગિદો; પંતિયાળામાં જેની પાંતી હોય તે.
૩. વિ. ભાગીદાર; પંતીદાર.

પંતુવરાળી કું. (સંગીત) દસ મહિનો એ નામનો એક રાગ.

પંતૂજી ૧. [સં. પાંડુ (ચાર વેદ અથવાનારો પંક્તિનું)] કું. બાબરી નિશાન અથવાનારો બ્રાહ્મણ; નાનાં છોકરાંને ભેગાં કરી તેમને સાધારણ વ્યાવહારિક જ્ઞાન આપનારો મહેતાજી; માત્ર છોકરાં અથવી અથવનાર મહેતાજી; પંડોજી; હાથો શીખનાર શિક્ષક.
૨. કું. ભોળા, સાદા અને સીધા સ્વભાવનો વિદ્વાન; જેવો માણસ; ભણેલો પણ ભણેલો નહિ એવો શિક્ષકને ધંધો કરનાર પુરુષ. તિરસ્કાર કે વિનોદમાં મહેતાજી કે શિક્ષકને પંતૂજી કહે છે.

પંતૂજીપણું ૧. ન. મહેતાજીગીરી.
૨. ન. ભેદિયાપણું.

પંતોજી જુઓ પંતૂજી.

પંતોજીપણું જુઓ પંતૂજીપણું.

પંતોરા ૧. સ્ત્રી. ખાવાની એક નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પંથ [સં.] ન. કિ. ગમન કરવું; જવું.

પંથ ૧. કું. અભિપ્રાય; મત; વાદ; સંસારમાં વર્તવાની રીત.
૨. કું. આચારપદ્ધતિ; ચાલ; રીતિ; વ્યવસ્થા.
૩. કું. તટ; આગ; પક્ષ; હિસ્સો.
૪. કું. ધર્મનો ફાંટો; ધર્મનો સંપ્રદાય; ધર્મનો માર્ગ.
૧. પંથ પળાવવો = મરણ પછી તેરમે દિવસે એ નામનો ઝઘલવિધિ કરવો.
૨. પંથ પાળવો = ધર્મ પાળવો.
૫. કું. (કચ્છી) પગે ચાલવું તે.
૬. કું. પગે તેવો ખોરાક; રોગીને લંઘન કે ઉપવાસ બાદ શરીર સ્વસ્થ બન્યા પછી આપવામાં આવતું ભોજન.
૭. [સં. પથિન્] કું. રસ્તો; માર્ગ; વાટ; પથ.
૧. એક પંથ ને બે કાજ = એક ઠેકાણે બે પક્ષી મારવાં; એક સાથે બે કામ કરવાં.
૨. પંથ ઉપર પગ દેવો = (૧) ચાલવું. (૨) વિશેષ પ્રકારનાં કર્મોમાં પ્રવૃત્ત થવું; આચરણ શરૂ કરવાં.
૩. પંથ કાપવો-પહોંચો-લેવો = રસ્તે પડવું.
૪. પંથ પર લાવવું = (૧) ઉપર આચરણ શીખવવું; ધર્મોપદેશ કરવો. (૨) સાચા રસ્તા ઉપર લાવવું.
૫. પંથ બતાવવો = (૧) ધર્મ કે આચારની રીતિ બતાવવી; ઉપદેશ દેવો. (૨) રસ્તો બતાવવો.
૬. પંથ વળાવવો = મરણ પછી તેરમે દિવસે સ્મશાનવિધિ કરવી.
૭. પંથ સપાટા = પંથના સપાટા; ઓગણીસ પંથોથી ઓગણીસની જ્ઞાતી નિંદા.
૮. પંથે પડવું = રસ્તે પડવું; ચાલવા લાગવું.
૮. સ્ત્રી. ચાબખા.
૯. ન. તેરમે દહાડે મૂએલાની પાછવાડે લોહા, ઉતરી, કપડાં વગેરેનું આપવામાં આવતું દાન.
૧૦. ન. કરગઠ.
૧૧. વિ. પ્રથમ; પહેલું; શરૂઆતનું.

પંથક ૧. કું. અનુયાયી.
૨. કું. ભસદ; ભેરિયો; દૂત.
૩. કું. પંથ કરનારો; પ્રવાસી; મુસાફર.
૪. કું. પ્રદેશ; દેશનો અમુક વિભાગ; પરગણું; ભાંત.
૫. કું. ભાનુ; તરણ.
૬. કું. જ્ઞાનમાન.
૭. [સં.] વિ. માર્ગમાં રહેલ.

પંથકકૂવ [પ્રા.] કું. વાટપાડુ; લૂંટારો.

પંથકો ૧. કું. પારસી અગિયારીનો મુખ્ય.
૨. કું. ચાકી; પહિરો; રસ્તે ચાલતો મુસાફર.
૩. સ્ત્રી. પારસીની એક નામની એક જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું.
૬. વિ. પંથનું; રાખાનું.

પંથગામી ૧. વિ. મુસાફરી કરનાર; પ્રવાસ કરનાર.
૨. વિ. સાચે રસ્તે જનાર; સન્માર્ગે ચાલનાર.
પંથગામી માણસને પ્રભુ મેં તો જોરસભમર્યું મેં તો ભક્ત ભણિયામાં મેં તો ભુલ્યા કે કાંટીમાં દેખાય છે. પ્રેમાનંદ

પંથડો (પંથો) કું. પંથ; રસ્તો; વાટ; મારગ.
પંથડે નિહાળી રે જોતી; પીતાંબર પલવાં. નરસિંહ

પંથદર્શિકા વિ. સ્ત્રી. રસ્તો બતાવનારી; માર્ગ દર્શાવનારી.

પંથપાથેય ન. મુસાફરને ઉપયોગી ભાથું.

પંથભેદી સ્ત્રી. જુદા જુદા પંથ હોવાપણું. જુદા જુદા સંપ્રદાયો નીચે મુજબ છે: રામાનંદી, કબીરપંથી, શ્રી સંપ્રદાયી, માધ્વમત, શાક્ત, સૌર, શૈવ, વૈષ્ણવ, વલ્લભપંથી, દાદુપંથી, ઉદાસી, સ્વામી, રામસનેહી, જોગી, નાથપંથી, અવધૂત, પ્રણામી, નીલ્બાચી, શિક્ષાપત્ર, જૈન, સત્સંગી, મહાનુભાવી, ચારણી, સાધુ, ચતુઃસાંપ્રદાયી, રામદાસી,

ઠાપાણી, અઘોરી, વામમાર્ગી, પાશુપત, પ્રવૃત્તિમાર્ગી, નિવૃત્તિમાર્ગી, લૌકિક, અગ્નિહોત્રી, ભાગવત, હરબ્યાસી, ઠંડીવાળા.

પંથમાપક ૧. ન. પૈડાંવાળા ગાડી કેટલું ચાલે છે તે માપવાનું સાધન.

૨. ન. માર્ગમાપક; રસ્તો માપવાનું સાધન.

પંથવર [સં. પ્રથમ (પહેલું) + વર (પતિ)] પું. પહેલી જ વાર પરણતો હોય એવો વર.

પંથવાદી વિ. મતવાદી; અમુક મતને માનનાર.

પંથસર વિ. માર્ગને આશ્રિત.

પંથા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે ત્રણની છંદનો એક ભેદ છે. તેમાં નગણ અને મગણ મળી ૭ વર્ણ હોય છે.

ય મે પંથા થારી. ઋષિપંચમી

૨. [સં. પથિન્] પું. રસ્તો; માર્ગ; પંથ.

પંથાન પું. માર્ગ.

પંથાભિમાન ન. પથનું અભિમાન.

પંથિક ૧. પું. પંથનો અનુયાયી; અમુક સંપ્રદાયને અનુસરનાર માણસ.

૨. પું. પંથી; મુસાફર; વટેમાર્ગુ; પ્રવાસી.

૩. વિ. પંથી; મતનું; સંપ્રદાયનું.

પંથિયા ન. ઓઢણીની પ્રદક્ષિણા કરતાં વચ્ચે આવતું નર્મદા અને હાલેરીના સંગમ ઉપરનું એક ગામ. ત્યાં પશુપતિનાથ મહાદેવનું મંદિર છે.

પંથિયો પું. મુસાફર.

પંથી ૧. પું. કોઈ ધર્મનો અનુયાયી.

૨. [સં. પથિન્] પું. પ્રવાસી; મુસાફર; વટેમાર્ગુ; દેશપરદેશ ફરનાર માણસ.

૩. સ્ત્રી. પલાંઠી.
પંથી પૂરવી = પલાંઠી વાળવી.

૪. વિ. નાનકપંથી.

૫. વિ. પંથનું કે તેને લગતું. પદ્ય કરીને સમાસમાં વપરાય છે. જેમકે, નાનકપંથી.

૬. વિ. મતનું, સંપ્રદાયનું; કોઈ પણ એક પંથ પ્રમાણે ચાલનાર.

પંથીડો (પંથીડો) પું. વટેમાર્ગુ.

પંથીદાન ૧. ન. પંથે ઉપયોગનું દાન.

૨. ન. મરનાર પાછળ પંથી જાદવાને અપાતું દાન; કમ્યાદાન. તેમાં લાકડી, પાનસ વગેરે રસ્તે ચાલવામાં ઉપયોગી વસ્તુઓનું દાન અપાય છે.

પંથીલોક પું. મુસાફર; વટેમાર્ગુ.

પંથીવાદ પું. મતમતાંતર; તત્ત્વવાદના વિચાર.

પંથીવિરહ વિ. પથીના વેરહવાળું.

પંદ [સ્ત્રી.] સ્ત્રી. બોધ; શિખામણ; શિક્ષા; ઉપદેશ.

પંદડો (પંદડો) પું. સોનાની ગોળ પંદડીમાં વાળા આપીને સ્ત્રીઓનું કાનમાં પહેરવાનું એક ઘરેણું.

પંદડોતેરસો (પંદડોતેરસો) જુઓ પંદરોતેરસો.

પંદનામા ન. બોધનું પુસ્તક.

પંદર [સં. પઞ્ચદશન્; પ્રા. પન્નર; અપ. પનરહ– પદર] વિ. દસ ને પાંચ; ૧૫.

પંદરપોથા પું. એક જાતનું ક્રિયાવ્રત.

પંદરમું ૧. ન. અરધ પછીનો પંદરમો દિવસ.

૨. ન. વસ્તુ બાદ પંદરમા દિવસે કરવામાં આવતી વિધિ.

૩. વિ. પંદર ઉપરનું; ક્રમમાં ચૌદ પછીનું; ચૌદ અને સોળ વચ્ચેનું.

પંદરવાડિયું ૧. ન. પખવાડિયું; પંદર દિવસ; પક્ષ.

૨. ન. પાક્ષિક ચોપાનિયું.

૩. વિ. પંદર દિવસને અંતરે પ્રસિદ્ધ થનારું; પખવાડિક.

પંદરા ૧. પું. ન. ક. પંદરનો ઘડિયો; ૧૫ × ૧થી ૧૫ × ૧૦ સુધીનો ઘડિયો કે ભાંડ.

૨. [હિં.] વિ. પંદર.

પંદરાં ૧. ન. સ. ક. પંદર દિવસનું ચૂક; પખવાડિયું.

૨. ન. સ. ક. પંદરનું ચૂક.

૩. સ. સ. ક. પંદરનો ઘડિયો; ૧૫ × ૧ થી ૧૫ × ૧૦ સુધીનો ઘડિયો કે ભાંડ.

પંદરી પું. પંદર ઉંમર.

પંદરોતેરસો વિ. એકસો પંદર; ૧૧૫.

પંદા ૧. પું. ઉપાધ્ય; શિક્ષા.

૨. પું. મંદિરનો મુખ્ય સાધુ.

પંદુબ્યા પું. બંગાળમાં એક જાતનું પાણીનું પ્રેત.

પંદ્રવારા [ન.] પું. પખવાડિયું.

પંદ્રહ [હિં.] વિ. પંદર.

પંદ્રહા વિ. (વજ) પંદર.

પંદ્રિયા સ્ત્રી. પૂનામાં થતી એક નામની એક જાતની કેરી. તે વજનમાં આશરે ૨૩૩ તોલા જેટલી હોય છે. તેની છાલ લીલી, પીળી અને રસ મીઠો પણ રેસાવાળો હોય છે.

પંથ પું. (કચ્છી) રસ્તો.

પંનર વિ. પંદર; ૧૫.

પંન્યાસ ૧. સ્ત્રી. (જૈન) દીક્ષા લીધા પછી દસ વર્ષે સાધુને અપાતી પદવી.

૨. સ્ત્રી. નામની અટકમાં પદવી લખવી તે.

પંન્યાસપ્રવર [પંન્યાસ (જૈન સાધુની એ નામની એક ઉપાધિ) + પ્રવર (શ્રેષ્ઠ)] પું. શ્રેષ્ઠ પંન્યાસ.

પંપ ૧. પું. અંગ્રેજી ઢબનો એક જાતનો લોઢો.

૨. પું. જમીનમાંથી પાણી ખેંચનારું યંત્ર; પાણી ખેંચવાનું મશિન; ઠંડી; પાણી અથવા બીજા પ્રવાહી પદાર્થને ઊંચાઈએ લઈ જવા માટે અથવા નીચેથી ઊંચે ખેંચવા માટે વપરાતું યંત્ર.

૩. પું. જળાશયમાંથી પાણી ખેંચવા માટે ગોઠવેલું યંત્ર.
પંપ મૂકનો = કૂવા વગેરેમાંથી પાણી ખેંચવા માટે પંપની ગોઠવણ કરવી.

૪. પું. પાણી ખેંચવાનું યંત્ર કે ઠંડી ગોઠવેલ હોય તે સ્થળ, કૂવો વગેરે.

૫. પું. ખિસકારી.

૬. પું. બંબો; પ્રવાહી પદાર્થ ચોષી લેવાનું કે ઊડાડવાનું યંત્ર; પાણી ઊંચે ખેંચવા કે ચડાવવાનું યંત્ર.

૭. પું. મોટરમાં પેટ્રોલ ભરવાના યંત્ર વડે પેટ્રોલ ભરી આપનાર જગા.

૮. પું. મોટરમાં પેટ્રોલ ભરવાનું યંત્ર.

૯. પું. રબ્બર એટલે ઝૂલામાં બાસલેટને ઠમાવ્યા કરવાનું સાધન.

૧૦. પું. હવા ભરવાનું સાધન. સાઇકલ, મોટર; ફટબૉલ વગેરેમાં વપરાય છે.

પંપલાવવું સ. ક્રિ. માથે હાથ ફેરવવો.

પંપા ૧. [સં.] સ્ત્રી. કિષ્કિંધા દેશમાં આવેલ એ નામની એક પ્રાચીન નગરી; પંપા નદી કે પંપા સરોવર પાસે આવેલું એ નામનું એક શહેર.

૨. સ્ત્રી. પંચવટી અને કિષ્કિંધા વચ્ચે દંડકારણ્યમાં ઋષ્યમૂક પર્વત પાસે આવેલું એ નામનું પુરાણપ્રસિદ્ધ સરોવર. આ સરોવર પાસે રામચંદ્રજીએ શબરીનો ઉદ્ધાર કર્યો હતો.

૩. સ્ત્રી. રામાયણ અને મહાભારતમાં જણાવેલી દક્ષિણની એ નામની એક નદી. તે તુંગભદ્રાની શાખા છે. આ નદી અનગંડી પર્વતથી આઠ માઈલ દૂર આવેલા ઋષ્યમૂક પર્વતમાંથી નીકળે છે. રામાયણમાં લખ્યું છે કે, પંપા નદીથી ભોગાયેલ ઋષ્યમૂક પર્વત છે. આ બંને ક્યાં છે, તેનો ચોક્કસ નિર્ણય નથી થયો. એ સંબંધમાં વિલ્સન સાહેબે લખ્યું છે કે, પંપા

નદી ઋષ્યમૂક પર્વતમાંથી નીકળી તુંગભદ્રામાં મળી જાય છે. રામાયણથી જેટલી હકીકત વધારે મળે છે કે, નિલય અને ઋષ્યમૂક બંને પર્વત પાસે પાસે હતા. હનુમાને ઋષ્યમૂક ઉપરથી મલયગિરિ ઉપર જઈ ને રામને બતાવવું વૃત્તાંત સુગ્રીવને કહ્યું હતું. આજકાલ ત્રાવણકોર રાજ્યમાં એક નદીનું નામ પંપે છે. તે પશ્ચિમઘાટમાંથી નીકળે છે ત્યાં લોકો તેને અતમલય કહે છે. આ જ નદી પંપા નદી જણાય છે અને જ્યાંથી આ નદી નીકળે છે તે ઋષ્યમૂક પર્વત હોય.

પંપાસર ન. દક્ષિણ અમેરિકાના મધ્ય અને દક્ષિણમાં આવેલું એ નામનું એક મહાન મેદાન.

પંપાસર ૧. ન. નિર્મળ જલ. આત્મરામાયણમાં આ અર્થમાં આ શબ્દ વપરાયો છે.

૨. ન. પંપા નામનું સરોવર.

૩. ન. (પુરાણ) રામાયણમાં આવેલું એ નામનું એક સ્થાન. તેને હાલ પણ કહે છે. તે મદ્રાસ ઇલાકાના બેલારી જિલ્લામાં હોસપેટની અને અનાગોંદીથી બે માઈલ દૂર છે.

પંપા સરોવર ન. એ નામનું એક પ્રાચીન સરોવર; પંપ.

પંપાળ ૧. સ્ત્રી. ખોટાં લાડ લડાવવાં તે.

૨. સ્ત્રી. ખોટી માન્યતા.

૩. સ્ત્રી. બહુ કાળજી રાખવી તે.

પંપાળવું ૧. સ. ક્રિ. અત્યંત કાળજીથી સંભાળવું કરવું.

૨. સ. ક્રિ. અનોખ્ય વહાલ બતાવવું; અયોગ્ય લાડ લડાવવાં; ખોટાં લાડ લડાવવાં; પોષવાવું.

ઘોડાની હાકે ઘોડકો થઈ, ને પંપાળીને મોટી કરી = વાની વસ્તુને મોટું સ્વરૂપ આપવું.

૩. સ ક્રિ. આશ્વાસન આપવું; દુઃખ લાગે નહિ અને શાંત પડે એમ કરવું.

૪. સ. ક્રિ. ખોટું નહિ લાગવા દેવું.

૫. સ. ક્રિ. ઢાંકવું; ઢંકાવું.

૬. સ. ક્રિ. જે અવયવ ઉપર વાગ્યું હોય તે અવયવ ઉપર હાથ ફેરવી દુઃખ કમી કરવું; સૂજેલા ભાગ ઉપર લોહી વેરાય એમ પોચો હાથ ફેરવવો.

૭. સ. ક્રિ. પોષવું.

૮. સ ક્રિ. શરીર ઉપર ધીમે ધીમે વહાલથી પોચો હાથ ફેરવવો; વહાલથી હાથ ફેરવવો; હેતથી પોચો હાથ ફેરવવો.

આવતા કાજની ચિંતુ તેવારી કરી એ રાકયાં,
પંપાળી પ્રેમથી હેયાં ઓલ્યે બાર કરી રાકયાં.
કલાપી

પંપુડી (પંપૂડી) સ્ત્રી. પપૂડું.

પંપુડું (પંપૂડું) ન. પપૂડું.

પંપેના સ. એક જાતનું હાથથી ઊડાવવાનું સાધન.

પંપોયો પું. ઈંટનો મોટો કટકો; ઈંટાળો; એવા મોટા કાંકરો; ઠેબાળો.

પંપોળવું સ. ક્રિ. હાંફ ચઢવાં; ફફોસવું.

પંપ્સ પું. એક જાતનો ભોગો.

પંબા [હિં.] પું. ચીન દેશના રાજમાં આવતો એક પ્રકારનો પીળો રંગ.

પંબેડો (પંબેડો) પું. ધા.

પંબેરી સ્ત્રી. (કચ્છી) કીડી જેવું.

પંબેપંબ વિ. પોલેપોલું; ધાતિય જેવું; ખોટો ઠોસ હોય તેવું.

પંબો પું. પાણો.

પંયજન ન. પગ ઉપર પહેરવાનું એક જાતનું બખ્તર.

પંવર [હિં.] પું. સામાન; સામગ્રી.

પંવરવું સ. ક્રિ. તરવું.

પંવરિ [હિં.] સ્ત્રી. પ્રવેશદ્વાર.

પંવરિયા [હિં.] પું. દ્વારપાલ; દરવાન.

પંવરી [હિં.] સ્ત્રી. ઘાસચારાનું ભેગું.

પંવાડા પું. વાર્તા.

પંવાડા (પંવાડો) ૧. [હિં.] પું. એક પ્રકારનું ગીત.

૨. પું. લાંબીચોડી વાર્તા; કંતાસ.

૩. પું. અતિ વિસ્તારથી કહેવી વાત.

પંવાડિયા (પંવાડિયો) [હિં.] પું. વાર્તા કહેનાર માણસ; ભાટ.

પંવાડો (પંવાડો) જુઓ પંવાડા.

પંવાર ૧. પું. એક જાતનો જોડ.

૨. પું. (કચ્છી) ઘેટાં બકરાં ચારનાર માણસ.

૩. સ્ત્રી. રજપૂતોની એ નામની એક જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

પંવારવું સ. ક્રિ. હાલવું; દૂર કરવું.

પંસારા પું. પાંદડાંની પાતર.

પંસારિયા જુઓ પંવાડિયા.

પંસારિયો પું. (કચ્છી) ઘેટાં બકરાં ચારનાર માણસ.

પંસારી ૧. સ્ત્રી. નાગરવેલનાં પાનની વાડી.

૨. સ્ત્રી. લોઢું ઘસવાનું સુથારનું એક ઓજાર.

પંસાચિહ્ન ન. પુરુષની જનનેંદ્રિય.

પંસારહટ્ટા [હિં.] પું. પંસારીઓની દુકાનો જ્યાં હોય તે બજાર.

પંસારી ૧. પું. બંધી.

૨. પું. પંસારીનો હાટો.

૩. પું. બજાર, પાણા આદિ મસાલા તથા ધાન્યો વગેરે વેચનાર વાણિયો.

પંસારહેતા સ્ત્રી. તેજાનાનો વેપાર કરવો તે.

પંસુકૂલ [સં. પાંસુ (પૂળ)] ન. બૌદ્ધ ભિક્ષુનું કપડું; બૌદ્ધ ભિક્ષુનું ચીવર. બૌદ્ધ ભિક્ષુઓ શેરી, સ્મશાન વગેરે જગ્યાએ નાખી દીધેલાં ચીંથરાંમાંથી પોતાને માટે ચીવર બનાવતા. તેને માટે સામાન્ય શબ્દ પંસુકૂલ છે. તે સંસ્કૃત કુકૂલ શબ્દની પેઠે વ્યુત્પન્ન થયો લાગે છે.

પંસુકૂલધર વિ. ફેંકી દીધેલ ચીંથરાંમાંથી બનાવીને કપડાં પહેરનાર; ધૂળમાંથી બનાવીને કપડાં પહેરનાર.

પંસૂરી સ્ત્રી. પાંસળી.

પંસૂલી સ્ત્રી. પાંસળી.

પંસેરા સ્ત્રી. પાંચશેરી; પાનશેરી.

પંસેરી [હિં.] સ્ત્રી. પાંચ શેરનું તોલું; પાંચશેરી.

પા ૧. [સં. પાદ; પ્રા. પાअ–પાआ–પાइ–પા] પું. ચતુર્થાંશ; એકનો ચોથો ભાગ; ચોથિયું. આ શબ્દ પાદ એટલે પગ ઉપરથી આવ્યો છે. પાદ, પગ અને ચરણ શબ્દનો સામાન્ય અર્થ પગ થાય છે; પણ ગેતીવાડીનું જીવન ગાળનાર આપણા પુરાણ પૂર્વજોએ તે શબ્દો ગાય આદિ ચોપગાં જનાવરોના ચાર પગો પૈકીના એક પગ માટે વાપરેલ. તે જ રીતે સાહિત્યકારોએ એ શબ્દો શ્લોક કે કવિતાની ચાર ટૂક માટે વાપરેલ. છેવટે પાદ ઉપરથી ક અક્ષરનો લોપ થયો અને પા એટલે ચાર પૈકીનું એક અથવા એકનો ચોથો ભાગ એવો સામાન્ય અર્થ પ્રચલિત થયો.

૨. પું. તમાકુ સાથે મેળવવાનો ચોળનો રસ.

૩. [સં. પાદ] પું. પગ.

૪. પું. પાયો.

૫. [સં. પા (પીવું)] પું. પીવું તે. સમાસને અંતે આ અર્થમાં વપરાય છે.

૬. પું. મહોલ્લો; શેરી; પોળ; વાડો; કોઈ પણ જાતિના નામે ગામમાં રહેઠાણના ભાગ માટે વપરાતો શબ્દ. જેમકે, વાણિયાપા, નાગરપા.

૭. પું. (કચ્છી) કેમનો પાક; ચેપ.

૮. સ્ત્રી. પાઈનું ટૂંકું રૂપ.

૯. [સં. પાર્શ્વ; પ્રા. પાસ] સ્ત્રી. બાજુ; તરફ. આપણી પા આવો = આપણી તરફ આવો; આ બાજુ આવો.

૧૦. સ. પગેલાગણનું ટૂંકું રૂ.
૧૧. સ. પરેલનું ટૂંકું રૂ.
૧૨. સ. પારેખનું ટૂંકું રૂ.
૧૩. [પ્રા.] સ. પાલી; પાલીનું સંક્ષિપ્ત ચિહ્ન.
૧૪. સ. સ. સ. પાના પડિયા; પાયાં.
૧૫. વિ. ચોથા ભાગનું.
૧૬. [સં.] વિ. પીનાર.
૧૭. વિ. રક્ષણ કરનાર; પાલન કરનાર.
૧૮. સ. ક્રિ. ભરડાવ આપું.
૧૯. સ. ક્રિ. ચૂંપવું.
૨૦. સ. ક્રિ. આનપૂર્વક ભરણ કરવું.
૨૧. સ. ક્રિ. પાન કરવું; પીવું
૨૨. સ. ક્રિ રક્ષણ કરવું; પાળવું
૨૩. સ. તરફ; બાજુ; ભણ.

પાઅંદાજ [ફા. પાય (પગ) + અંદાજ (નાખવું)] પું. પગ ઢાંકવા માટે ઉનરામાં પાથરેલ સાદડી; કરવાલ બાજણ પગ ઢાંકવા માટે રૂપેલ કપડું.

પાઆ પું (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે દ્વિપદી છંદનો એક ભેદ છે. તેમાં ૪૫ ગુરુ અને ૨૨ લઘુ મળી ૬૭ વર્ણ અને ૧૧૨ માત્રા હોય છે.

પાઇકા [અં.] પું. પૈકા. છાપવાનાં એક જાતનાં બીબાંનાં અક્ષર. આ જાતનાં બીબાંની પહોળાઈ ૨ ઇંચ હોય છે. પાઇકા રમોજ, પાઇકા ટૂ લાઇન, પાઇકા શેડ એમ નાનાં મોટાં બીબાંના અક્ષર હોય છે.

પાઇક્ત પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૧૫ માત્રા હોય છે. તેમાં સાતમી માત્રાએ યતિ એટલે વિસામો આવે છે, તેમ જ અંતે એક સગણ હોય છે. ૧, ૫, ૮ અને ૧૨ માત્રાએ તાલ આવે છે.

તિથિ કેસમાંહ મુનિ વસુ કરો,
અંતે એક સગણ ઠીક ધરો;
બે પર તાલ, પછી શ્રુતિ શ્રુતિ,
પાઇક્તની ગણો ચાલ યતિ. સપ્તપિંગલ

પાઇક્રોફોલેક્સિસ [અં.] પું. એક જાતનો વધુ ભારીક ગોળાકાર જંતુ. તે એક ઇંચના ૨૫,૦૦૦મા ભાગ જેટલા વ્યાસના એક ગોળાકાર પરમાણુ જેવો હોય છે. તેની ઉત્પત્તિથી ચેપરોગ સંભવે છે અને પુરિયનો અમોનિઆ થાય છે. પટ થવાનું મુખ્ય કારણ પણ આ જીવ જ છે અને તેમાં આવા પુષ્કળ જીવ હોય છે. ફેફસાં તથા મગજના વરમમાં તેમ જ શીળી, રાતો તાવ, મોટી ઊધરસ અને મરડાના વ્યાધિમાં શરીરમાંથી આ જાતના જંતુઓ મળી આવે છે. પ્રમેહની ઉત્પત્તિમાં પણ આ જંતુનો ભાગ હોય છે એમ જણાયું છે.

પું. પગ રાખવાનો ચોરસણીનો ભાગ.

પાઇજાનો મિનારો પું. એ નામનો એક મિનારો. જુઓ પિસાનો મિનારો.

પાઇતરી [સં. પાદત્રાણી] સ્ત્રી. સુથારના પગ રહે તે બાજુનો વસંબનો ભાગ; ખંભ.

પાઇત્તા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વીરા; પવિત્રા; પ્રથિતા; પાદાતાલી; ગભીરા; પાપિત્તા; પ્રાપ્તિ; પ્રાપ્તા; પ્રાપ્તારે તે પૃથ્વી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે

પાઇથન [અં.] પું. એક જાતનો સાપ. તે આફ્રિકા અને ઇસ્ટ ઇન્ડીઝમાં થાય છે. અજગરની માફક તે પણ પોતાનો શિકાર ભરી ગોબડી બની જાય છે.

પાઇથાગોરસ પું. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થયેલ એ નામનો એક ગ્રીક ફિલસૂફ. પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતને તે માનતો. પશુઓને પણ આત્મા છે અને તેથી માંસાહાર ત્યાજ્ય છે એમ એ અને એના અનુયાયીઓ માનતા.

પાઇન ૧. [અં.] સ. ઇંચ ને ખાસ કરી પ્રેસમાં વપરાતું લગભગ સો ફૂટ જેટલું ઊંચું વધતું એક જાતનું ઝાડ; શરૂ. તેની ઘણી જાતો થાય છે. એનાં પાંદડાં સોય જેવાં ઝીણાં ને નાજુક હોય છે. પાઇનની કેટલીક જાતમાંથી સાગ જેવું ઇમારતી લાકડું, ટાર અને ટરપેનટાઇન નીકળે છે.

૨. વિ. નીચલું.

પાઇનોક્યન [અં.] પું. વાનો મદમ. તેનાથી ચક્કર, માથાનો દુખાવો, આંધારીશી, આંસામાં નીકળતા ચસકા, પગે, પિંડીએ કે સાંધામાં થતી કળતર, છાતીમાં થતી પીડા, પાંસળા, મૂત્રાગ અને ચેતુમાં થતો દુખાવો, શરદ અને આંચે થતો કરકોઈ જાતનો દુખાવો નાબૂદ થવાનું કહેવાય છે.

પાઇપ ૧. [અં.] સ્ત્રી. એ નામનું વાસ; વાંસળીના અક્ષરનું એક જાતનું અંગ્રેજી વાજું.
૨. સ્ત્રી. નળ; નળી; હોકાની પોલી ભૂંગળી; વાયુ, પાણી, વરાળ વગેરે જવાની નળી.
૩. સ્ત્રી. પાણીનો નળ.
૪. સ્ત્રી. મોરલી; વાંસળી; બંસી.
૫. સ્ત્રી. હુક્કાની નળી.

પાઇપફિટિંગ્સ [અં] સ. એસ, વીજણી, પાણીની નળીઓ વગેરે બરાબર બેસાડવાનું કામ.

પાઇપ માછલી સ્ત્રી. એક જાતની માછલી. તે ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધમાં પાણીમાં જોવામાં આવે છે. તેના નરને ઈંડાં સેવાય ત્યાંસુધી તેને રાખવા માટે કોથળી હોય છે. આ જાતની મોટામાં મોટી માછલી ૧૮ ઇંચ લાંબી હોય છે.

પાઇયો ૧. પું. અક્કલ; સમજ.
એક પાઇયો ઓછો હોવો-કોઠે પાઇયાનું હોવું = મૂર્ખ હોવું.
૨. પું. કોઈ વસ્તુનું મંડાણસ્થાન; મૂળાધાર; મૂળ; બડ.
પાયમો રોપવો = પાયાનો પથ્થરનો નાખવો.
૩. પું. (કચ્છી) ગાડાનું કે કોશનું પૈડું.
૪. પું. તળ; તળિયું.
૫. પું. પગ; પાયો; પૈયો.
૬. પું. ખારીના ઢોલ્યા આકાર છાજલી નીચે મૂકાતો પાટ.
૭. પું. મૂળ; કારણ.

પાઇરટ [હિં.] પું. રાજા. ખોડેસવારી વખતે તેના ઉપર પગ રાખવામાં આવે છે.

પાઇલટ [અં.] પું. આગેવાન.

પાઇલિયા પું. એ નામનો એક જાતનો છોડ. તે ભૂણીની માફક જમીનમાં પથરાય છે.

પાઇલેટ ૧. પું. ઈશુ ખ્રિસ્તને સજા કરનાર એ નામનો ન્યાયાધીશ.
૨. પું. પાઇલટ; આગેવાન.

પાઇલ્સ [અં.] પું. મસા; કરસ.

પાઉંડ સ. વીસ ઔંસ અથવા સવા રતલ પાણીનું વજન.

પાઉ ૧. સ્ત્રી. (કચ્છી) ઉપવિ.
૨. [હિં.] સ્ત્રી. એ નામની બોઢાની એક બીમારી. તેમાં તેના પગ સૂજી આવે છે અને તે ચાલી શકતો નથી
૩. સ્ત્રી. એક નાનો લાંબો કીડો. તે બહુની જાતના અનાજમાં ખાસ કરીને થાય છે અને તેને ખાય છે તેમ જ બરાબ કરે છે.
૪. સ્ત્રી. એક પૈસો; આનાનો ત્રીજો ભાગ.
૫. સ્ત્રી. રોમ વર્ણમાલાનો એક અક્ષર; 'TT.'
પાઉ = રેલ્વે અથવા ૪.૧૪૧૫૯૨૬.
૬. સ્ત્રી. છાપવાના વપરાઈ ગયેલ જૂના ટાઇપ; છાપખાનામાં નકામાં થયેલ બીબાં; પાઈ.
૭. સ્ત્રી. તાણો ઉભેળવા માટે વણકરોથી વપરાતી પિન; વણકરનું એ નામનું એક ઓજાર.
પાઉ કરવી = તાણાને લાંબો કર્યા પછી સાફ કરવો.

૮. સ્ત્રી. દીર્ઘ અક્ષર સૂચક માત્રા; અક્ષરને દીર્ઘ કરવા માટેની માત્રા. જેમકે, ા ઉપરથી ા.

૯. સ્ત્રી. પશુ; ઢોરનો ચોથો ભાગ બતાવવા કોઈ સંખ્યા પાછળ કરાતી સીધી લીટી. જેમકે, ૪૫ એટલે સવાસો.

૧૦. સ્ત્રી. પૈ; પૈસાના ત્રીજા ભાગ જેટલી કીમતનો તાંબાનો એક નાનો અસલી સિક્કો; દુઆની.

૧. પાઈ આવે એટલાં ચારી આવે એવું = ઘણી હોશિયારીવાળું; ઊતરી આવ એવું; ઘણી આવડત ધરાવનારું; ચાલાકું.

૨. પાઈ ઊડી જવી = બંધ જવો.

૩. પાઈ જવું = ઊડાની જવું. ઓખામંડળ તરફ આ પ્રયોગ વપરાય છે.

૪. પાઈ તિખાળ = (૧) નજરથી દૂર જવું. (૨) હાથથી, પ્રેમ કે ઠકાઠમ ઊતરી જવો.

૫. પાઈ પાઈ કરતાં પૈસો થાય = કાંકરે કાંકરે પાળ બંધાય. કીમતમાં કે કદમાં નાનામાં નાનું હોવા છતાં, તે જ્યારે સંખ્યામાં અતિ અધિક વધી જાય છે ત્યારે તે પરિણામમાં અમાપ બને છે.

૬. પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ = મિથ્યા પ્રવૃત્તિ કરવી; કોઈ પણ જાતના ઉત્પન્ન વિના નિરર્થક ખૂબ મહેનત કરવી.

૧૧. સ્ત્રી. (કચ્છી) હાંસી.

૧૨. સ્ત્રી. વાક્યને અંતે પૂર્ણવિરામ સૂચિત કરાતી નાની સીધી રેખા. તે હિંદી ભાષામાં વપરાય છે.

૧૩. સ્ત્રી. સોપારી.

૧૪. સ્ત્રી. ઓજારો વગેરે રાખવાની પેટી.

૧૫. અ. પૈ; કરતાં; થી.

પાઈક ૧. પું. પોતાની બાજુએ બળવા પાછળ દોડનાર માણસ.

૨. [ફા. પૈક] પું. સેવક.

૩. સ્ત્રી. મીઠા પાણીમાં રહેતી એક જાતની માછલી. તે વરપ અને ઉત્તર અમેરિકામાં થાય છે. તે ૨૦૦ થી ૩૦૦ વર્ષ સુધી જીવે છે.

પાઈકી સ્ત્રી. સેવા.

પાઈકોઠાહ સ્ત્રી. ઝડપ તરફ ફુવારાથી પાણી ખેંચવાની એક રીત. દક્ષિણમાં તેને ઢેંકલી કહે છે. તેમાં વાંસને એક છેડે ડોલ અને બીજે છેડે ભારણ ટાંગવામાં આવે છે. ભારણને સહેજ ધક્કો મારવામાં આવે તો ડોલ તરત જ ઊંચે આવે છે.

પાઈકિર સ્ત્રી. ખાઈ; ખાડી.

પાઈની સ્ત્રી. નીચપણું.

પાઈપૈસો પું. ધન.

પાઈલ્લ મહાન વ. સરોવરમાં આવેલ મહાન.

પાઉ ૧. પું. કળણ.

૨. પું. ચોથો ભાગ.

૩. પું. ખેપમદારી.

૪. પું. દહતા.

૫. [સં. પાદ; પ્રા. પાયમ] પું. પદ્ય.

तं जइ राही पेलवाए रयणि.
उवर अर्ध पाउ अवस. अप

૧. પાઉ અવાઢ્યો = વધ્યાં પાડ્યું.

૨. પાઉ ઉખેડવો = (૧) તણાઈ જવું. (૨) નાસી જવું. (૩) સમતોલપણું ખોવું.

૩. પાઉ પાડવુ = પગે લાગવુ.

૬. પું. પાયો.

૭. પું. વચમાં પડતુ તે.

પાઉઅર [પ્રા.] સ્ત્રી. લાકડાની ચાખડી.

પાઉ આના [હિં.] પું. આનાનો ચોથો ભાગ; એક પૈસો.

પાઉકસી પું. એક પ્રકારનો ઢોલ.

પાઉજર વ. એક જાતનું કરિયાણું.

પાઉઝકૂ પું. એક જાતનો પથ્થર.

પાઉટ્ટી સ્ત્રી. ઓલિસ વગેરેના અર્ક માટે દરેક જિલ્લાની રોઝ મહેસૂલમાંથી સો રૂપિયે આર આનાના દરે ઉપરાવવામાં આવતો કર.

પાઉઠર ૧. [અં.] પું.; વ. એ નામનો એક જાતનો વિલાયતી મસાલો અથવા ચૂર્ણ; ચામડી ઉપર લગાવવાનો સુગંધીદાર પાઉડર. તે બધે આગે ઓગ્યો અને નાટકશારો પોતાના ચહેરા ઉપર ફોલા માટે લગાડે છે.

૨. પું.; વ. ચીને ઉત્પન્ન થવાના ડામમાં આવતો એક જાતનો ચૂરો.

૩. પું.; વ. ચૂર્ણ; જેવા; ભૂકો; લોટ.

૪. પું.; વ. દંતમંજન.

પાઉડર મેગેઝિન [અં.] પું. બારૂદનો ઢગ.

પાઉડરવાન [અં.] પું. સળગી ઊઠે તેવો માલ ભરવાનો ડબો; દારૂગોળો વગેરે સળગી ઊઠે તેવો માલ વહી જવા માટે વપરાતો રેલવેનો ડબો.

પાઉતી સ્ત્રી. બાવડ; પેદાશ.

પાઉપ્પાદું વિ. પગે ચાલતું.

પાઉભાર [હિ.] વિ. વજનમાં પાશેર.

પાઉલ પું. એ નામનો ખ્રિસ્તી ધર્મમાં થઈ ગયેલો એક સંત. તે ખ્રિસ્તી ધર્મનો એક મુખ્ય પ્રેરિત મનાય છે. પહેલાં તે ઈશુના શિષ્યની સતાવણી કરતો હતો. પણ એક વખત તેને ઈશુનું દર્શન થયું અને તે ઘોડા ઉપરથી પડી ગયો, ત્યારથી તેનો હૃદયપલટો થયો. તેણે આખા એશિયા માઇનરમાં અને ગ્રીસમાં ઈશુની સુવાર્તાનો ફેલાવો કર્યો. પછી તે રોમ ગયો અને ત્યાં નેરો બાદશાહ તરફથી ચાલતી સતાવણીમાં તેણે ઈશુને માટે પ્રાણ અર્પણ કર્યા. તે દેવજ્ઞાની હતો. તેણે ચૌદ પત્ર ખ્રિસ્તી સમાજ ઉપર લખેલા. તેમાં ઊંડું દેવજ્ઞાન સમાયેલું મનાય છે.

પાઉલા [હિં.] પું. બે રૂપિયો; પાવલું.

પાઉલિયો પું. પદ્ય.

નેપુર ઠંકણ રમઝમ વાજે,
પાઉલિયે પૂપરી રે. નરસિંહ

પાઉલું વ. ચરણ; પદ્ય.

પાઉલો પું. પદ્ય.

કાનનાં કુંડળ પાઉલે ભાલી,
મોહની રેખી જોપો વન ચાલી. નરસિંહ

પાઉલ્લ [સં. પાદુમ] સ્ત્રી. (પ્રાકૃત) લાકડાની ચાખડી.

પાઉસ [સં. પ્રાવૃષ્] વ. (પ્રાકૃત) ચોમાસું; વર્ષા ઋતુ.

પાઉસ્સિય [પ્રા.] વિ. પાઉસની; પાઉસમાં રહેનારું.

પાઉસ્હોલ પું. પ્રવાહી લોખ્ય ભરે તેમાં રહેલા વરાળના પરપોટા કે ગેસને લીધે થાકણા જેવો છિદ્રાળુ બનેલો, જ્વાળામુખી પર્વતના રસનો પાણીમાં તરે એવો ખડો. આસ કરીને ભૂકાના રૂપમાં પોલીસ કરવા માટે તેનો બહુ ઉપયોગ થાય છે.

પાઉં ૧. પું. ઢોકળા જેવો પોચો રોટલો.

૨. પું. પગ; ચરણ.

પાઉંડ ૧. [અં.] પું. એ નામનો સોનાનો એક અંગ્રેજી સિક્કો; ગીની; મહોર.

૨. પું. રતલ; ૪૮૬૨ રૂપિયાભારનું એક અંગ્રેજી વજન; લગભગ સાત છટાંક જેટલો અંગ્રેજી તોલ.

પાઉંડ કેટલ [અં] પું. નખણિયાનાં ઢોર પૂરવાનો ડબો.

પાઉંધૂલ [હિં.] સ્ત્રી. આફત; કમનસીબી.

પાઉંતી [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

પાઉંન વિ. એકમાં પા ભોકું; પોણું.

પાઉંમે [હિં.] પું. એક ગામમાં રહી બીજા ગામની જમીન ખેડનાર ખેડૂત.

પાઝેકાર ૧. [ફા.] પું. જમીન ખેડવા રોજે રાખેલો ખેડારનો મજૂર.

૨. પું વેપારીને વેચવા માટે બનાવનાર પાસેથી માલ વેચાતો લેનાર માણસ.

પાઝેકારત [ફા.] સ્ત્રી. રહીશ નહિ એવા ખેડૂતને ખેડવા આપેલી જમીન.

પાઝેખાના [ફા.] ન. દસ્ત જવા માટેની ઓરડી; સંડાસ.

પાઝેગાહ ૧. સ્ત્રી. ધોડેસવારની ટુકડી.

૨. [ફા.] સ્ત્રી. તબેલો; ધોડાર.

૩. સ્ત્રી. મોભો; પ્રતિષ્ઠા.

પાઝેજામા [ફા.] પું. લેંઘો.

પાઝેઝહ્રુ [ફા.] પું. એક જાતનો પથ્થર.

પાઝેઝંજીર [ફા.] વિ. કુટુંબથી બંધાયેલું.

પાઝેઝિહ્ન ૧. પું. એક જાતનો બાજ પક્ષી.

૨. [ફા.] પું. બાજ પક્ષીના પગે બાંધેલો ઝાલિયો.

પાઝેઝેબ [ફા.] ન. ચૂંટીની આસપાસ પહેરાતું એક જાતનું ઘરેણું; સાંકળું.

પાઝેતખ્ત [ફા.] ન. રાજધાની.

પાઝેતાબા ૧. ન. ચંપલ.

૨. [ફા.] ન. પગમાં પહેરવાનું ભોલું.

પાઝેતુરાબ [ફા.] પું. મુસાફરીનો પહેલો વિસામો.

પાઝેદાર [ફા.] વિ. કાયમી; દૃઢ.

પાઝેદારી [ફા.] સ્ત્રી. દૃઢતા; સ્થિરતા.

પાઝેપોશ [ફા.] પું. મોજો.

પાઝેબંદ જુઓ પાઝેઝંજીર.

પાઝેમર્દી ૧. [ફા.] સ્ત્રી. દૃઢ નિશ્ચય.

૨. સ્ત્રી. હિંમત.

પાઝેમાલ વિ. નાશ થયેલું; પાયમાલ.

પાઝેમાલી [ફા.] સ્ત્રી. નાશ; પાયમાલી.

પાઝેવંદનામા [ફા.] ન. (જરથોસ્તી) આશીર્વાદ; પારસીઓમાં સમક્રિયાને અંતે ધર્મગુરુઓ તરફથી કરવામાં આવતું ભાષણ. તેમાં સિદ્ધાન્તમય, આશીર્વાદ તથા પ્રભુપ્રાર્થના હોય છે.

પાઝેંબા [ફા.] પું. સોનાનો એક પહેરો.

પાઝેંબ સ્ત્રી. પંક્તિ; પથારી કે બાંકડાનો પગ તરફનો ભાગ.

પાઝો ૧. [સં. પાદ] પું. ચોથો ભાગ.

૨. પું. સામ્ય મેળવવા માટે વિસ્તાર બતાવતો ચોક્કસ શબ્દ.

પાઝોના [સં. પ્રયુક્ત; પ્રા. પાઅરણો] પું. મહેમાન.

પાઝોલી સ્ત્રી. બાર બાનીઃ પાવલી.

પાઝોહું [સં. પાદ] ન. પગ ભરવું.

એને પાઝોહે પગ મોંધાણ રે સખી સાહેલિયાં. નરસિંહ

પાઠ ૧. [સં.] પું. (પ્રાચ) અર્થની પરિપક્વતા; હૃદયંગમ અર્થબાંધીર્. તેના મુખ્ય બે ભાગ છેઃ દ્રાક્ષાપાઠ અને નારિકેર પાઠ.

૨. પું. ઊભા ચરમી.

૩. પું. (પુરાણ) એ નામનો છેલ્લે મારેલો એક અસુર. તેના ઉપરથી જ ઉંદનું પાઠશાસન એવું નામ પડ્યું છે.

૪. પું. (વૈદક) એક જાતનો રોગ; ચકામુખ, બાર્શ, કોલ્લા, કોર્ડ પણ અવયવ કે મર્મસ્થાનનું પાકવું તે. આ એક ખાસ રોગ નહિ હોતાં તે કેટલાક રોગનું ચિહ્ન છે. વાતબાધિ સિવાય જે રોગો વીસેક દાકરને કેખાય છે, તેમાં શરીરના કોઈ પણ ભાગમાં અમુક પાક થયેલો હોય છે. પાક થવાથી તે ભાગમાં લોહીનો અભાવ થાય છે. ત્યાં લોહીપણો સોજો હોય છે અને તે ઠેકાણે કમેળા પીડા થયા કરે છે. પાક થવાથી દરદીને તાવ ચડી આવે છે.

૫. પું. કર્મનું ફળ.

૬. પું. ખરાબ વૅધથી છોકરાંઓનું ઉત્પન્ન થવું તે.

૭. પું. ઘરનો અગ્નિ.

૮. પું. ચાંદું; ચાઠું; ચૂમડું.

૯. પું. જમીનમાંથી અન્ન, ફળ, ઘાસ વગેરેની થતી પેદાશ; ખેતીની પેદાશ; ખેતીની નીપજ; ઉપજ. ખેતરમાં જે પાક પડે તેમાંથી કેટલોક ઘણી, બાજરી જેવી વસ્તુઓનો ખોરાકી પાક, કેટલોક કપાસ, તમાકુ જેવી વસ્તુઓનો જિનખોરાકી અને કેટલોક ઢોર માટે ઘાસચારો હોય છે. જિનખોરાકી પાક વધુખરૂ જમીનમાં વેચી દેવા માટે કરવામાં આવે છે, એટલે તેને સામાન્ય રીતે જણસ પાક કહે છે.

૧૦. પું. દૂધ, ઘી, માખણ વગેરેમાં રાંધી, પકવી, બાંધી કે સાધીને તૈયાર કરેલો મસાલા સાથેનો ખાવાનો પદાર્થઃ પૌષ્ટિક પદાર્થો અને ઔષધોનો બનાવેલો મિશ્ર પદાર્થ.

૧૧. પું. પકવવું તેઃ રાંધવું તે.

૧૨. પું. પરિપાક.

૧૩. પું. પરિપક્વતાઃ પાકી જવું તેઃ પાકવું તે. ફળને માટે વપરાય છે.

૧. પાકી જવું = પાકવા આવવું.

૨. પાકે મૂકવું = પાકવા નાખવું; પાકે એમ કરવું.

૧૪. પું. પચનઃ પચવું તેઃ હજમ થવું તે.

૧૫. પું. પાંદડાં, ઘાસ, અનાજની મરમીથી કૂણ પકવવાં તે.

૧૬. પું. રસોઈઃ રાંધેલું અન્ન.

૧૭. પું. રસોઈનું વાસણ.

૧૮. પું. રાજ્યભંગ.

૧૯. પું. વૃદ્ધાવસ્થાથી વાળ વગેરે ધોળા થવા તે.

૨૦. પું. હીરડીના રસની ઊકળતી કડાઈમાં નાખેલું આદુ.

૨૧. પું. આહ્નમાં પિંડદાન માટે રાંધેલી ખીર.

૨૨. પું. સમુદ્રમાં મોતી ઉત્પન્ન થવાં તે.

૨૩. પું. સિદ્ધિ.

૨૪. ન. ધુપ્રા પક્ષી.

૨૫. ન. પાવલું ભાળક.

૨૬. વિ. અજાત; નહિ જણેલું.

૨૭. વિ. અક્ષપ; ચોકું.

૨૮. વિ. ધર્માનદાર; પ્રામાણિક.

૨૯. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૩૦. [ફા.] વિ. પવિત્ર; ચોખ્ખું; શુદ્ધ.

૩૧. વિ. પાકી શુદ્ધિવાળું.

૩૨. વિ. પાકું; પાકેલું; પાકવા બીમાં પકવેલું. રસોઈ માટે બોલાય છે.

૩૩. વિ. પાપ રહિત; નિર્મલ; નિર્દોષ.

૩૪. વિ. પ્રશંસનીય; વખાણવા લાયક.

૩૫. વિ. સંપૂર્ણ; સમાપ્ત.

૩૬. વિ. સાફ કરેલું.

પાકકર્મ [સં. પાકકર્મન્] ન. પાચનક્રિયા; અન્નનું પાચન થવું તે.

પાકકાર [સં.] પું. રસોયો.

પાકકાલ ૧. [સં.] પું. કર્મફળ દેવા લાગવાનો વખત; કર્મ ઉદય આવવાનો વખત.

૨. પું. પાકવાનો સમય.

પાકકાળ જુઓ પાકકાલ.

પાકકુમ્ભ [સં.] પું. એક જાતનું ઝાડ; કરંજ.

પાકક્રિયા [સં.] સ્ત્રી. રસોઈ રાંધવું તે.

પાકગૃહ [સં. પાક (રસોઈ) + ગૃહ (ઘર)] ન. રસોડું.

પાકચર જુઓ પાકજ.

પાકચ્છ ૧. વિ. ચોકું પાકેલું.

૨. વિ. પૂરેપૂરું પાકેલું.

પાકજ્જ વિ. ચોકું પાકેલું; પૂરી રીતે પાકેલું; પાકવા લાયકનું.

પાકજ ૧. [સં.] વિ. રાંધવાથી બનેલું.
૨. વિ. પરિણામે થયું.
૩. વિ. પાકનો રોગ.
૪. વિ. પાકથી બનાવેલું; પરિપાકથી ઉત્પન્ન થનાર.

પાકજાઇ [જુ.] વિ. પવિત્ર કુળનું; ઉમદા કુટુંબનું.

પાકજાઢા જુ. પોળી.

પાકટ ૧. [હિં.] સ્ત્રી. કેરી; પાકોટ.
૨. વિ. પાકું; પાકેલું; કાચું નહિ એવું.
૩. વિ. પુખ્ત; પાકી વયનું.

પાકઠ ૧. [હિં.] વિ. પાકેલું.
૨. વિ. પુરાણું.
૩. વિ. મજબૂત.

પાકઠી સ્ત્રી. વધુડી ગયેલી ગાય; દોહવા ન આપતી હોય તેવી ગાય.

પાકડું ન. લાગવગ; વગ; પક્ષ; તરફેણ; ટેકો.

પાકડ (પાકડ) ન. બંદરનું ગોદી.

પાકડા (પાકડા) ૧. સ્ત્રી. મેંગણની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાકડું (પાકડું) ૧. વિ. ઘરડું.
૨. વિ. દોહવા ન દેવું હોય તેવું.

પાકણી ૧. સ્ત્રી. પાક; જમીનનું ઉત્પન્ન.
૨. વિ.સ્ત્રી. જરા પણ ધા લાગતાં પાક ઉપર આવી ઓટલે બેસી જઈ બીજી ઇજા ન આવે એવી; પાકવાના સ્વભાવવાળી. જેમકે, પાકણી ભાઠી.
૩. વિ.સ્ત્રી. પાકી જાય એવી; પાકવાને પાત્ર હોય એવી.

પાકણી ઢેલ સ્ત્રી. કોઈ લાગમાં ઊભરો થવાથી, વાગવાથી અથવા કોઈનો થવાથી પાકી ઊઠે એવી આસિયતનું શરીર.

પાકણું વિ. સહેજ સહેજમાં પાકી જાય એવું; પાકી ઊઠે એવું; પાકવાની આસિયતવાળું.

પાકત્રા [સં.] વિ. પાક બુદ્ધિવાળું.

પાકદાનત [જુ.] સ્ત્રી. ચોખ્ખી દાનત; પૂર્ણ નેકી; સંપૂર્ણ પ્રામાણિકપણું.

પાકદામન ૧ [જુ.] સ્ત્રી. પતિવ્રતા; સતી.
૨. વિ. પવિત્ર ચાલવાળું; શીલવાન; પવિત્ર; શુદ્ધ.

પાકદામની ૧. [જુ.] સ્ત્રી. પાતિવ્રત્ય; સતીત્વ.
૨. સ્ત્રી. શુદ્ધ ચરિત્રતા; પવિત્રતા.

પાકદિલ [જુ.] વિ. પવિત્ર હૃદયવાળું; નિર્મળ મનનું.

પાકદિલી [જુ.] સ્ત્રી. નેકી; પવિત્રતા.

પાકદૂર્વા [સં.] સ્ત્રી. પાકેલી દૂર્વા; જી ઘાસ.

પાકદોસ્તી [જુ.] સ્ત્રી. સ્વાર્થ વગરની મિત્રતા; જેમાં વિકાર કે દોષ ન હોય એવી પવિત્ર દોસ્તારી; મતલબ માટી લેવાની નહિ પણ આપી દેવાની દોસ્તી.

પાકદ્વિજ [સં. પાકદ્વિજ] પું. ઉદ્ર પાકયજ્ઞન.

પાકનજર [જુ. પાકનજર] સ્ત્રી. પ્રામાણિક નજર; પાકદાનત.

પાકનિયત [જુ.] વિ. સાફ દાનતનું.

પાકનૈત જુઓ પાકનિયત.

પાકપરવરદિગાર [જુ.] પું. નેક પ્રભુ; પવિત્ર પરમેશ્વર.

પાકપાત્ર [સં.] ન. ભોજન રાંધવા કે રાખવા માટેનું વાસણ.

પાકપાત્ર [સં.] ન. રાંધવાનું વાસણ.

પાકપુટી [સં.] સ્ત્રી. કુંભારનો નિભાડો.

પાકફેલ [સં.] ન. કલપાક વૃક્ષ; કરીંદા.

પાકબાજ ૧. સ્ત્રી. બળજબરી.
૨. [જુ.] વિ. પવિત્ર; શુદ્ધ; ચોખ્ખું.

પાકબાજી [જુ.] સ્ત્રી. પવિત્રતા.

પાકભાજન જુઓ પાકપાત્ર.

પાકભાંડ [સં.] ન. રસોઈનું વાસણ.

પાકમતસ્થ ૧. [સં] ન. એક જાતનો કીડો.
૨. ન. રાંધેલું માખણ.
૩. ન. સમુદ્રનું માખણ.

પાકમહોબ્બત ૧. [જુ.] સ્ત્રી. ખરી સ્વાર્થ વગરની પ્રીતિ; પવિત્ર પ્રેમ; શુદ્ધ સ્નેહ.
૨. સ્ત્રી. નિષ્કામ મૈત્રી.

પાકમિનરત પું. (જરથોસ્તી) શુદ્ધ વિચારવાળો માણસ.

પાકયજ્ઞ ૧. [સં.] પું. ચરુપાકથી કરાતો એક જાતનો નાનો ઉત્તમ યજ્ઞ.
૨. પું. પંચમહાયજ્ઞમાં ગણવામાં લિયેલના ત્રણ યજ્ઞ. તેનાં નામ: વૈશ્વદેવ હોમ, બલિકર્મ, નિત્યશ્રદ્ધ અને અતિથિસોજન. ગૃહોને પણ પાકયજ્ઞ કરવાનો અધિકાર છે.
૩. પું. દર્શોત્સર્ગ અને ચૂડકર્મસંસ્કાર વગેરે યજ્ઞો કરવામાં આવતો હોમ. તેમાં ખીરની આહુતિ આપવામાં આવે છે
૪. પું. સાત મોટામાં કરેલ યજ્ઞ. તેનાં નામ: અષ્ટક, પાર્વણ, શ્રાદ્ધ, શ્રાવણી, આગ્રયણ, ચૈત્રી અને આશ્વયુજ.

પાકયજ્ઞિક [સં.] વિ. પાકયજ્ઞને યોગ્ય.

પાકયાજ્ઞિક ૧. [સં.] પું. પાકયજ્ઞ કરનાર માણસ.
૨. પું. પાકયજ્ઞની વિધિ બતાવનાર ગ્રંથ.
૩. વિ. પાકયજ્ઞ સંબંધી
૪. વિ. પાકયજ્ઞથી બનાવેલું કે હોનારું.

પાકર [સં. પર્કટી; પ્રા. પક્કડી] પું. વડની જાતનું એક ઝાડ; જંગલી પીપળો; પાખર; રામઅંજીર. તે આખા ભારતવર્ષમાં વર્ષા ઋતુમાં વાવવામાં આવે છે. તેનાં પાન ખૂબ લીલાં અને આંબાના જેવાં લાંબાં પણ તેનાથી અધિક પહોળાં હોય છે. આ વૃક્ષ જેની મેળે ઊગે જ ઊગે છે. પ્રાયઃ વાવવાથી જ ઊગે છે. તે સાત આઠ વર્ષમાં તૈયાર થઈ જાય છે. તેની છાયા ઘણી જ ઘટ્ટ હોય છે. કવિઓએ તેની ઘટ્ટ છાયાની મહાન પ્રશંસા કરી છે. તેની છાલમાંથી બહુ જ મજબૂત અને મુલાયમ તાંતણા તૈયાર કરવામાં આવે છે. નરમ કૂણી જંગલી તેમ જ ગામડાંનાં મનુષ્ય પ્રાયઃ ખાય છે. તેનાં પાન ઢોરો તેમ જ અન્ય પશુઓના ચારા તરીકે વપરાય છે. તેનું લાકડું કોઈ કામમાં આવતું નથી, માત્ર તેના કોલસા થાય છે. વૈદકમાં તેને કષાય, કટુ, શીતળ, લઘુ, દાહ, યોનિરોગ, પિત્ત, કફ, રુધિરવિકાર, સોજો અને રક્તપિત્તને દૂર કરનાર મનાય છે. નાનાં પાનવાળું વૃક્ષ અધિક ગુણકારક મનાયેલું છે.

પાકરવ વિ. સારી લાલચલાવતવાળું.

પાકરંજન [સં.] ન. તેજપત્ર; તમાલપત્ર.

પાકરિપુ [સં. પાક (એ નામનો અસુર) + રિપુ (દુશ્મન)] પું. ઇંદ્ર. તેણે પાક નામના અસુરનો નાશ કર્યો હતો.

પાકરો ૧. [સં.] ન. અન્નપાકનારક અગ્નિની મંદતા.
૨. ન. મોઢું પાકવાથી પડેલ ચાંદું.

પાકરોગવિધાન [સં.] ન. વૃક્ષવેદી વિદ્યા; ખેતીની ઊપજમાં થતા રોગના વિષય સંબંધી પુસ્તક.

પાકરોગશાસ્ત્રી [સં. પાકરોગશાસ્ત્રિન્] વિ. ખેતીના મોલમાં થતા રોગને જાણનાર.

પાકલ ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું. ચિત્રક વૃક્ષ.
૩. પું. પિત્ત પ્રબળ, વાત મધ્યમ અને કફ હીન અવસ્થામાં હોય એવો સન્નિપાતનો તાવ. તેમાં રોગી બહુ કરીને બાર દિવસમાં મરી જાય છે.
૪. પું. (વૈદક) દોષોને પકવનારી દવા.
૫. પું. ભોજન કરવું.

૬. પું. હાથીનો તાવ.
૭. ન. કોઢની દવા.
૮. વિ. બારથી નહિ પણ પખવાર, ઈંટ અને ચૂનાથી ચણેલું.
૯. વિ. ઘરડું; પાકી ઉમરનું; પ્રૌઢ.
૧૦. વિ. ચબરાક; ચાલાક; હોશિયાર.
૧૧. વિ. બોલ્યા; બાતરીવાળું.
૧૨. વિ. છાપ મારેલું.
૧૩. વિ. તપાસીને રાખેલું; સુધારેલું.
૧૪. વિ. તેલ અથવા ઘીમાં તળેલું.
૧૫. વિ. નિમકહલાલ; વિશ્વાસુ; ભરોસાપાત્ર.
૧૬. વિ. નિર્ણય; ઠરેલ વયનું.
૧૭. વિ. નિશ્ચયવાળું. દૃઢ; મક્કમ.
૧૮. વિ. પાક લાવનાર; રસોઈ બનાવનાર.
૧૯. [સં. પાક] વિ. પાકું; પાકેલું; પક્વ.
૨૦. વિ. ફૂલ્યું; પૂર્ણ; ભરાબર.
૨૧. વિ. બેરંગ વયનું; શુદ્ધ.
૨૨. વિ. રંધેલું; પકાવેલું.
૨૩. વિ. લાબો વખત ચાલે તેવું.
૨૪. વિ. સુચ્યું.
૨૫. વિ વળે નહિ તેવું; સખત; કઠણ.
૨૬. વિ. સસ્તું સારું; બહું.
૨૭. વિ. સમજુ; બુદ્ધિશાળી.

પાકલાભ ૧. ન. ઔદિચ્ય બ્રાહ્મણની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાકલિ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.
ન ર લ લેથી પાકલિ. ઉદાહરણ
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ અને જગણ મળી ૭ અક્ષર હોય છે.
પાકલિ ગ ન થી. ઉદાહરણ
૩. [સં.] સ્ત્રી. કાકડાશિંગી; કર્કટી.
૪. સ્ત્રી. રોહિણી નામે વૃક્ષ.

પાકલી જુઓ પાકલિ ૩.

પાકવિધિ ૧. [સં.] પું. ચૂલા વગેરેમાં પાકી પડ થવું તે.
૨. સ્ત્રી. રસોઈ કરવાની રીત.

પાકવિમર્દન [સં.] પું. વાયુ; પવન.

પાકવું ૧. અ. ક્રિ. ઊકડું; નીકળવું; નીવડવું. જેમકે, છોકરા સારા પાક્યા.
૨. અ. ક્રિ ઠાવર થવું; થાકવું; બીટી બીટી થવું. માથું પાકી જવું = (૧) ત્રાસી જવું. (૨) વિચારથી કે દલીલોથી કંટાળી જવું.
૩. અ. ક્રિ. ગરમીથી બળી જવું; ચડી રહેવું; રંધાઈ જવું. જેમકે, દાળ પાકવી.
૪. અ ક્રિ. લડપથ કે રોગથી વાળનું પોળું થવું; વાળ પોળા થઈ જવા.
૫. અ. ક્રિ. ઘણી જ અકળામણ થવી; ગરમી પહોંચવી; દુઃખ થવું; પાકો ત્રાસ હોય એમ દુખવું.
૬. અ. ક્રિ ચોપાટની રમતમાં સોગઠીનું બધાં ઘરવાનાં ઘર ફરીને ઘરમાં જવું.
૭. અ ક્રિ. જમીન ઉપર ઊગીને ફળવું; અનાજ વગેરેનું ફળીને તૈયાર થઈ જવું; ઊગવું; ઊપજવું; ઉત્પન્ન થવું; નીપજવું; પેદા થવું; બનવું. જેમકે, અનાજ સારું પાકવું છે.
વરસ સારું પાકવું = અનાજનો પાક સારો થવો.
૮. અ. ક્રિ. ગાઢને કૃત્ય આવવાં; ઉત્પત્તિ થવી.
૯. અ. ક્રિ. ઠરાવેલો વખત બરાબર પહોંચવો; મુદત થવી.
હુંડી પાકવી = હુંડીના પૈસા દેવાનો સમય આવી પહોંચવો.
૧૦. અ. ક્રિ. દાવ દેવાની રમતમાં બાજી દાવ ન આવવો; રમતમાં સફળ થવું.
૧૧. અ. ક્રિ. નક્કી થવું.
૧૨. અ. ક્રિ. પાકી ગયું હોય તેમ શરીર કે તેના અંગનું દુખવું; પાક લાગવાથી દુખવું.
૧૩. [સં. પાક (પકેલું); પ્રા. પક્ક] અ. ક્રિ. દૂધ વગેરે ઘોયું થઈ ખીલું થવું; મીઠાશ આવવી; પરિપાક થવું. જેમકે, કેરી, કેળાં વગેરે પાકો મધ્યા છે.
૧૪. અ. ક્રિ. ફળવું; વળવું; લાભ થવો; મળવું; ગ્રાપ્ત થવું. જેમકે, એમાં તારે શું પાક્યું? એટલે તને તેથી શું ફાયદો થયો?
૧૫. અ. ક્રિ. ઘોલ્યા કે ગાંઠની અંદર લોહીનું પરુ થવું; દરદથી કઠણ થયેલા ભાગે પોચું થવું; અંદર પરુ પેદા થઈ પોચું થવું; વિકાર થવો; માંસનું સડવું.
૧૬. અ. ક્રિ. ભળી જવું; તૈયાર્ર થવું.
૧૭. અ. ક્રિ. મળવું; જડવું.
૧૮. અ ક્રિ. રમતમાં દા નક્કી કરવો.
૧૯. અ. ક્રિ. હારી જવું; હારીને તાબે થવું.

પાકવ્યવહાર [સં.] પું. રસોઈ વગેરે રાંધવાની ક્રિયા કરવાનો વહેવાર.

પાકશક્તિ ૧. [સં.] સ્ત્રી. ખોરાકની પાચનશક્તિ.
૨. સ્ત્રી. જમીનમાંથી જળ, ક્ષારપાન વગેરેને ઉતારનારી શક્તિ.

પાકશાલા [સં.] સ્ત્રી. રસોડું; રસોઈનું સ્થાન; રસોઈ કરવાની જગ્યા; રાંધવાની જગ્યા. મુહૂર્તચિંતામણિ અનુસાર ઘરનાં પૂર્વ દક્ષિણ ખૂણામાં પાકશાલા બનાવવાનું ઉત્તમ છે. સુશ્રુત મતાનુસાર પુમાણે જવા માટે ઉપરના ભાગમાં નાની બારી હોવી જોઈએ.

પાકશાસન ૧. [સ.] પું. અર્જુન.
૨. પું. દેવોનો રાજા ઇંદ્ર. તેણે પાક નામના અસુરને માર્યો હતો.

પાકશાસનપોષિણી [સં.] સ્ત્રી નર્મદાનાં કાંઠા પરનું એક તીર્થ.

પાકશાસનિ ૧ [સં.] પું. અર્જુન.
૨. પું. ઇંદ્રનો પુત્ર; વૈજયંત.
૩. પું. વાલિ નામનો વાનર.

પાકશાસની સ્ત્રી. ઇંદ્રજાલવિદ્યા.

પાકશાસિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક તીર્થ.

પાકશાસ્ત્ર [સં.] ન. રસોઈની જુદી જુદી બનાવટને લગતું શાસ્ત્ર, રસોઈ બનાવવાની વિદ્યા; રસોઈ સંબંધી શાસ્ત્ર પ્રાચીન કાળમાં નળ રાજા, ભીમસેન, દ્રૌપદી, રેણુકા, અરુંધતી વગેરે એ કળામાં બહુ પ્રવીણ મનાતાં હતાં.

પાકશાળા જુઓ પાકશાલા.

પાકશુક્લા [સં.] સ્ત્રી. ભાદરવા માસ.

પાકસંસ્થ [સં.] પું. પાકસાધ્ય એક પદ્ય.

પાકસાફ [ફા.] વિ. પવિત્ર; શોખીન; શુદ્ધ.

પાકસાફી [ફા.] સ્ત્રી. પવિત્રતા; શુદ્ધપણું.

પાકસામગ્રી સ્ત્રી. રાંધવાની ક્રિયામાં ઉપયોગી સામાન.

પાકસ્થલી [સં.] સ્ત્રી. પકવાશય; પેટમાં ખોરાક જઠરાગ્નિ અથવા પાચક રસથી જ્યાં પચે છે તે ભાગ; ઓજરી.

પાકસ્થાન ૧. [સં.] ન. કુંભારનો નિભાડો
૨. ન. રાંધવાનું ઘર; રસોડું.

પાકહુંકા [સં. પાક (એ નામનો અસુર) + હંત (હણનાર)] પું. ઇંદ્ર; પાકશાસન.

પાકળ વિ. પાકનાર; ઉકેરનાર.

પાકા ૧. પું. ફોલ્લો.
૨. [સં.] સ્ત્રી. બાવળી જોડરી; નાની બાળા.

પાકાઈ સ્ત્રી. પકાઈ; હોશિયારી; ચાલાકી.

પાકાગાર [સં.] ન. પાકશાલા; રસોડું.

પાકાગ્નિ [સં.] પું. રાંધવાનો અગ્નિ.

પાકાતિસાર જુઓ પાકાતીસાર.

પાકાતીસાર [સં.] પું. સમહણી.

પાકાત્પય [સં.] પું. (વૈદક) આંખનો એક રોગ. તેમાં આંખનો કાળો ભાગ ધોળો થઈ જાય છે. કફપ્રધાનમાં આંખમાં એક ફોલ્લો થાય અને આંખમાંથી ગરમ ગરમ આંસુ પડે. કીકીનું ધોળું થઈ જવું એ ત્રિદોષનો કોપ સૂચવે છે. આ દશામાં આ રોગ અસાધ્ય મનાય છે.

પાકાભિમુખ ૧. [સં.] વિ. અનુમાન કે કૃત્ય કરવાની વૃત્તિવાળું

૨. વિ. પાક કે વિકાસ માટે તૈયાર.

પાકારિ ૧. [સં.] પું. ધોળાશ પડતું સોનું.

૨. પું. પાક નામના રાક્ષસનો દુશ્મન; ઇંદ્ર.

૩. પું. સફેદ કમળ; રક્ષ.

પાકારિજિત [સં. પાકારિ (ઇંદ્ર) + જિત (જીતનાર)] પું. રાવણનો પુત્ર ઇંદ્રજિત.

પાકારા સ્ત્રી. પાકાપણું; પાકુ હોવું તે.

પાકાહુતિ સ્ત્રી. પવિત્ર આહુતિ.

પાકિત વિ. પરિપક્વ; રંધાયેલું.

પાકિમ [સં.] વિ. પાકથી બનેલું; પાકથી તૈયાર થયેલું.

પાકિમા ૧. [સં. પાકિમન્] પું. અક્કપણું.

૨. પું. ઉત્તમપણું.

૩. પું. પરિણત બુદ્ધિપણું.

૪. પું. પરિપક્વતા; પાકપણું.

પાકિસ્તાન ૧. ન. પવિત્ર ભૂમિ.

૨. ન. હિંદને આઝાદી પ્રાપ્ત થતાં તેના ભાગલા પડતાં અસ્તિત્વમાં આવેલો એ નામનો દેશ.

પાકિસ્તાન ધ્વજ પું. પાકિસ્તાન દેશનો રાષ્ટ્રધ્વજ. હિંદના રાષ્ટ્રધ્વજની પેઠે એ ધ્વજ પણ ત્રિરંગી છે: લાલ, ભૂરો અને શ્વેત. તે સંબંધે એક એવું વિધાન છે કે, મુસ્લિમ લીગનો સ્થાપનારાઓ ધ્વજ પાકિસ્તાનમાં વસતા તમામ નાગરિકોને સ્વીકાર્ય થઈ પડે તે માટે તેમા કેટલાક ફેરફારો કરીને કરવામાં આવેલ છે. નવો ધ્વજ ત્રિરંગી છે. તેમાં મહાન હિંદુઓના ચિહ્ન તરીકે ૐ અક્ષર સાથેનો લાલ પટો, મધ્યમાં મુસ્લિમોના ચિહ્ન તરીકે ચાંદાતારાવાળો ભૂરો પટો અને નીચે લઘુમતીઓના ચિહ્ન તરીકે શ્વેત પટો રાખવામાં આવ્યો છે.

પાકી ૧. સ્ત્રી. ક્રમે વળગવાની મનાઈ

પાકી પાળવી = (૧) ધર્મોત્સવ વગેરે બંધ રાખવો; તહેવાર પાળવો. (૨) હડતાળ પાળવી

૨. સ્ત્રી. કારીગરો અને નાના ધંધાદારીઓને પાળવાની રજા; અકનો; તહેવાર, લોકપ્રદર્શન વગેરે કારણને લીધે કામધંધો બંધ રાખવો તે; એકસમયે રહી દુકાન બંધ રાખવાનો દિવસ; હડતાલ; અણોળ.

૧. પાકી પૂજારી = ચાલુ હડતાલ બંધ વખતે; હડતાલ પૂરતી.

૨. પાકી પડવી = હડતાલ પડવી.

૩. પાકી પર જવું = હડતાલ ઉપર જવું.

૩. [સં.] સ્ત્રી. પરહેજગારી.

૪. સ્ત્રી. શુદ્ધતા; નિર્મળપણું; પવિત્રતા.

૫. [સં. પાકિન્] વિ. રાંધનાર; રસોઈ કરનાર.

પાકી ઉમર સ્ત્રી. પુખ્તપણું; વૃદ્ધાવસ્થા.

પાકી ખાતાવહી સ્ત્રી. ખાવરા ઉપરથી બનતી ખાતાવહી.

પાકી ગાર સ્ત્રી. ચૂનાની ગાર; "પ્લાસ્ટર."

પાકીઝગી સ્ત્રી. શુદ્ધતા; પવિત્રપણું.

પાકીઝા ૧. [ફા.] વિ. ખૂબસૂરત; સુંદર.

૨. વિ. નિર્દોષ.

૩. વિ. પવિત્ર; પાક; શુદ્ધ.

પાકીઝાદગી જુઓ પાકીઝા.

પાકીટ ૧. ન. અનેક જાતની વસ્તુઓ મુકાય એવી થેલી જેવી એક મોટી બનાવટ. જેમકે, વિદ્યાર્થીનું પાકીટ.

૨. [અં. પૉકેટ] ન. ખીસું.

૩. ન. પરબીડિયું.

૪. ન. પૈસા અથવા બીજી વસ્તુ રાખવાનું સાધન; પૈસા રાખવાની બીસામાં મુકાય તેવી એક બનાવટ.

પાકીનાતી સ્ત્રી. કુરાનશરીફ જેવી પવિત્ર ચીજને કબજે રાખવી તે.

પાકી પ્રાર્થના સ્ત્રી. પાકો દાવો.

પાકી મુદત સ્ત્રી. બરાબર મુદત.

પાકીવહી સ્ત્રી. આવરો.

પાકીવેંતિયા [સં. પાક (પાકું) + વિતસ્તિ (વેત)] પું. ન. વ. વહાણમાં વપરાતા લાકડાં આંગળના ખીલા.

પાકુ ૧. [સં.] પું. પાકશાસ્ત્રીઓ; રસોયણો.

૨. વિ. રાંધનાર; રસોઈ કરનાર.

પાકુક [સં.] પું. પાકશાસ્ત્રીઓ; રસોયણો.

પાકુકું (પાકું) વિ. લુચ્ચું; ખંપું.

પાકુની સ્ત્રી. લાકડાની ભારી.

પાકુલ પું. વાંસનું ઝાડ

પાકું ૧. વિ. અકમાં દક્ષ; મજબૂત.

૨. વિ. ચાલાકીવાળું; નિપુણ; હોશિયાર.

૩. વિ. આધેડ ઉમરનું; પુખ્ત; પાકટ; પીઢ.

૪. વિ. ઊંડી ન જાય એવું; દૃઢ એવું.

૧. પાકે પાયે = ખાતરીપૂર્વક; ચોક્કસ.

૨. પાકો રંગ = ઊડી ન જાય તેવો કાયમી રંગ.

૫. વિ. કામચલાઉ વગરનું; બરોબર કરાયેલું; પરિપૂર્ણ. જેમકે, આ બાંધકામ પાકું છે, આનું લખાણ પાકું છે, આ દસ્તાવેજ પાકો છે.

૧. પાકું મકાન = ઈંટ ચૂનાનું બનાવેલું મકાન.

૨. પાકું લખાણ = છેવટનું કાયમીસર લખાણ.

૬. વિ. કાચેલું; ખપું; ઊતરાય નહિ એવું; પહોંચેલું; ઘુચ્યું.

૧. પાકો ગુરુ = ભોળાને મંત્રોપદેશ મૂકી, લોભ દઈ અકૂંબવળું સમજાવી કે ઊતરી લેવાની વૃત્તિવાળો માણસ; ઊંધુંચત્તું કરી પોતાનું કામ કાઢી લેવામાં કાચેલ પુરુષ.

૨. પાકો ઘંટ જેવો = કોઈથી બાંધ્યો ન બંધાય કે ઊતરાય નહિ એવો; કારે પહોંચેલ.

૩. પાકો મારવાડી = ઘણો લુચ્ચો; મહા કુપણ; બબરો ઠગ.

૭. [સં. પાક] વિ. કુદરતી અથવા આપેલી ગરમીથી રોચું અને મીઠાશવાળું થયેલું; ખાવાને મીઠું થયેલું; કાચું નહિ એવું; પરિપક્વ.

૮. વિ. ગરમીથી સીઝેલું; બફેલું; શેકાયેલું; ખરું થયેલું; રંધાયેલું.

૯. વિ. જેનું ધાર્યા મુજબનું ઊંચું આવ્યા વિના ન રહે એવું.

૧૦. વિ. કરેલ; વળેલું. જેમકે, પાકા અક્ષર

૧૧. વિ. તરતનું નહિ પણ ચોક્કસ ઠેકાણે રહ્યા હોય તેવું. જેમકે, તાવને પાકો થવા દો

૧૨. વિ. તૈયાર; સિદ્ધ; કામનું ચાલુ થાય એવું.

૧૩. વિ. ચાલી ગયેલું; ઠેકાણે થયેલું; ઠારી ગયેલું; ઠાવર.

૧૪. વિ. પૂરું; પૂર્ણ. સિદ્ધ.

૧૫. વિ. ભળીને પાણીમાં ભળે નહિ એવું થયેલું. જેમકે, પાકો ઉંદ.

૧. પાકી કોડીએ કામ ન ચાલે = ઓટપણે ચલાય નહિ અને ઉપરેસ પણ લાગે નહિ.

૨. પાકે ઘડે કાંઠા ચડાવવા = મિથ્યા પ્રયાસ કરવો; કરવા યોગ્ય ન કરતાં પાછળથી ફોગટ યત્ન કરવો.

૧૬. વિ. મિષ્ટાન્નવાળું. જેમકે, પાકું જમણ

૧૭. વિ. મિષ્ટાન્ન બની શકે એવું. જેમકે, પાકું ઘર.

૧૮. વિ. મુકરર થયેલી હોય એવું; વખતસરનું; વાયદાપ્રમાણેનું.

૧૯. વિ. દૃઢ; ખરડું; જર્જરિત થઈ ગયેલું.

૨૦. વિ. સારું જ્ઞાન ધરાવતું; હોશિયાર. જેમકે, નિષ્ણાતમાં પાકું.

૨૧. વિ. રંધાયેલું અધકચરું નહિ એવું; બરોબર પકવેલું.

પાકી રસોઈ = બરોબર પકવેલું મિષ્ટ ભોજન.

પાકું પાન ૧. ન. ખરડું માણસ.

૨. ન. હલકી ખરડી વેરણ.

પાકું વેર ન. કટ્ટી દુશ્મનાવટ.

પાકેટ [અં. પૉકટ] ન. ખીસું; જબ્બું; પાકીટ.

પાકેરું વિ. ખીલેલું; વિકસ્વર પામેલું.

સખી નિત્ય સેજ બનાવત, પાકેરી કળાયે રે;
સખી અક્ષરાનંદનો નાથ, મળે જો મળાયે રે.
અક્ષરાનંદ

પાકો આસ કું. તૈયાર કરેલો માલ.

પાકો હાથ કું. જમીનનું એક માપ; ત્રીસ હાથ લાંબી અને એક હાથ પહોળી જમીનનું માપ. એક હાથ બરાબર પોણાબે ફૂટ લેખે ત્રીસ હાથ બરાબર સાડીબાવન ફૂટ માપ છે. તે હિસાબે એક પાકો હાથ બરાબર ૬૧૫ ચોરસફૂટ માપ.

પાકોળી સ્ત્રી. એક જાતનું કાળી આંખવાળું પક્ષી.

પાક્ય ૧. [સં.] કું. પાંચ હવણ; અથાર.

૨. ન. નિઃસત્ત્વ.

૩. વિ. પાકેલી સાખ.

૪. વિ. પાકના હિતનું.

૫. વિ રાંધવા યોગ્ય; રસોઈ કરવા જેવું.

પાક્યપક્ષાર [સં.] કું. અથાર.

પાક્ષ ૧. [સં.] વિ. પક્ષનું; પક્ષ સંબંધી.

૨. વિ. પખવાડિયાનું; પખવાડિયા સંબંધી; પખવાડિયામાં હોનાર કે બનાર; પખવાડિયે નીકળતું, આવતું કે જતું.

પાક્ષપાતિક [સં.] વિ. પક્ષપાતી.

પાક્ષાયણ [સં.] વિ. પક્ષમાં હોનાર કે બનાર; પખવાડિયાનું; પખવાડિયા સંબંધી.

પાક્ષિક ૧. કું. પક્ષીઓને મારનાર માણસ; બાજ; શિકારી.

૨. [સં.] ન. પખવાડિયે નીકળતું છાપું.

૩. વિ. એક બાજુ કે તરફનું; એક બાજુનું; એક પક્ષનું.

૪. વિ. જેના પક્ષમાં ઘણા માણસ હોય એવું.

૫. વિ. તરફદાર; પક્ષવાદી.

૬. વિ. પખવાડિયામાં એક વાર થતું કે કરાતું; પખવાડિયાનું; પખવાડિયાને લગતું.

૭. વિ. બે માત્રાનું.

૮. વિ. સંસ્કૃત કોટિમાં હોનાર કે બનાર.

પાક્ષિક અસ્વિસ્થતા સ્ત્રી. પોતાના પક્ષનું અભિમાન હોવું તે.

પાક્ષિક ક્રિયા [સં.] સ્ત્રી. મરણ પછી પંદર દિવસે કરવામાં આવતી ક્રિયા.

પાક્ષિક પ્રતિક્રમણ [સં.] ન. (જૈન) દર પખવાડિયે કરાતું પ્રતિક્રમણ; શુક્લ તથા કૃષ્ણ પક્ષની પંદરમી તિથિએ કરાતું પ્રતિક્રમણ.

પાક્ષ્ય [સં.] વિ. પક્ષનું; બાજુનું.

પાખ ૧. સ્ત્રી. પક્ષ; તરફેણ; બાજુ.

૨. સ્ત્રી. પક્ષ; સહાયતા; પ્રમાણ.

૩. સ્ત્રી. પક્ષીની પાંખ.

૪. [સં. પક્ષ; પ્રા. પક્ખ] સ્ત્રી. પખવાડિયું.

૫. સ્ત્રી. મકાનના ઢરા ઉપર ઢંકાતી પાંખ.

૬. [હિં.] સ્ત્રી. મકાનની પહોળી દીવાલનો એક ભાગ. તે ભોંયને માટે લાંબી દીવાલથી ત્રિકોણ આકારમાં અધિક ઊંચો કરવામાં આવે છે અને તેના ઉપર આકાર મૂકવામાં આવે છે.

૭. અ. વિના.

પાખડું જુઓ પાકડું.

પાખદ (પાખડ) ન. વડનું ઝાડ.

પાખડી (પાકડી) સ્ત્રી. એક જાતની સાકર.

પાખડું (પાખું) ૧. ન. ઓઘ; આધાર; આશ્રય.

૨. ન. પક્ષ; બાજુ.

પાખણભેદ કું. એક જાતની ઔષધિ; પાષાણભેદ. તેના છોડ, ડોક ઉંચના કટકા આવે છે. તેનો રંગ ભૂખરો આસ છે. તેની છાલ જલદીથી ઊખડી આવે છે અને તે ઉપર મૂળના ખાંચાની નિશાની હોય છે. તેનો રંગ તથા દેખાવ ચોપચીનીને મળતો હોય છે. એવો જે એવો એક બીજો બનીજ પદાર્થ હાલ છે, તેનું નામ પણ પાખણભેદ છે. આ બંનેનાં નામ એક હોવાથી ભુલાવો ન થાય તેટલા માટે વનસ્પતિ વર્ગની ચેદારાને પાખણભેદ લાકડી અને બનીજ વર્ગની ચેદારાને પાખણભેદ દગડી કહે છે. પાખણભેદ દગડીના વજનદાર ભૂખરા રંગના કટકા આવે છે અને તેની સુગંધ માટીના જેવી છે. તેમાં કાંઇક ધોળા ડાઘ હોય છે. તે પ્રમેહ, ઊલટી, ચેદારાની બળતરા તથા મૂત્રકૃચ્છ્રમાં ઉપયોગી મનાય છે. કેટલાક જનવરાદિક રોગની ઔષધ પણ તે મનાય છે. તેનો મૂત્રમાં ઘસ્યા પણ સારો છે. પિત્તનું તે શમન કરનાર મનાય છે.

પાખણભેદ કવાથ કું. (વૈદક) પાખણભેદ દગડીમાંથી બનાવતો એક જાતનો ઉકાળો. તે બનાવવા પાખણભેદ, નસોતર, હરડે, બહેડાં, પોકરમૂળ, ગોખરુ, પલાશપાપડો, ત્રિફળાં, કડુનાં બી એ દરેક ચીજ સરખે ભાગે લઈ, બારીક ભુક્કા પાણીમાં નાખી ઉકાળવું. આ ક્વાથ મૂત્રરોગ આ દાહ ઉપર ઉપયોગી મનાય છે.

પાખણભેદચૂર્ણ ન. (વૈદક) પાખણભેદ દગડીમાંથી બનતું એક જાતનું ચૂર્ણ. તે બનાવવા પાખણભેદ, શિલાજિત, પીપર અને પટ્ટા સમ ભાગે લઈ ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૧૦ થી ૧૫ ગ્રેનની માત્રામાં પ્રમેહ ઉપર અપાય છે.

પાખર ૧. સ્ત્રી. ઘોડા ઉપર ઢંકવાનો સામાન; ઝળ.

૨. સ્ત્રી. ઘોડા ઉપર નાખવાની સોનારૂપાનાં ફૂલની બનાવેલી ઝૂલ; ઓઢો.

પાખર પૂળ કરવી = ચારમાણી હાંકી દેવું

૩. સ્ત્રી. ફૂલની ચાદર

૪. ન. આંખનો પાન.

૫. ન. રાખ ચડાવેલું દાહ અથવા તેનો બનાવેલો ચોકાર.

૬. ન. વડનું ઝાડ.

૭. [સં. પ્રખર; દે. પક્ખર] ન. હાથી કે ઘોડાની બરદન અને પીઠ ઉપર નાખવાનો સાજ; લડાઈને વખતે રક્ષણ માટે ઘોડા કે હાથી ઉપર નાખવાનું બખતર.

પાખરવું ૧. સ. ક્રિ. બખતર પહેરાવી હાથી કે ઘોડાને સૈન્યમાં લઈ જવા તૈયાર કરવા; પાખર પહેરાવવી.

૨. સ. ક્રિ. સવારીને માટે સોનેરી ફૂલના ઓઢા અને સાજ નાખીને ઘોડાને તૈયાર કરવો.

પાખરિયા ૧. સ્ત્રી. મીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પાખરિયું જુઓ પાખરી ૪–૫.

પાખરિયો ૧. કું. એક જાતનો ઘોડો.

૨. વિ.કું. પાખરવાળો; જેણે સાજ સજ્યો હોય એવો; જેના ઉપર સાજ નખાયો હોય એવો.

૩. વિ પુ. બખતર પહેરેલો.

પાખરિયો આંબો કું. એક જાતનો આંબો.

પાખરી ૧. કું. ઘોડેસવાર.

૨. કું. પાખર પહેરી સજ્જ થયેલો માણસ.

૩ સ્ત્રી. ભંગણ.

૪. વિ. અસવાર બેસેલું.

૫. વિ. પાખરિયું; પાખરવાળું; જેણે સાજ સજ્યો હોય એવું.

પાખરી મોચી ૧. જ્ઞા. ચામ બનાવનાર મોચીની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

પાખરું વિ. પાખરવાળું.

પાખરેલું વિ. પલાણ નાખેલું; સામાન નાખી સજ્જ કરેલું.

પાખરો જુઓ પાખરિયો.

પાખર્યું જુઓ પાખરેલું.

પાખલ ૧. અ. આસપાસ; ચારે તરફ; આજુબાજુ; ચોમેર.

૨. અ. નજીક; પાસે.

૩. અ. પાછે, વિના; બગર; સિવાય.

૪. અ. પાછળ; પૂંઠે; પછવાડે.

પાખલડું (પાખલડું) વિ. પાકટ વયનું; પ્રૌઢ.

આંખલડી અહીમલ પાખલડી બીજા લાડ વેલી રે. નરસિંહ

પાખલિ જુઓ પાખલ.

પાખલ્ય જુઓ પાખલ.

પાખવું ૧. સ. ક્રિ. જાણવું; સમજવું.

૨. સ ક્રિ. પારખવું; ઓળખવું.

પાખળ [સં. પ્રક્ષાલન] ન. ધોવું તે.

ઋષિ નખ્યા દીઠી દ્રાક્ષિકા, પાખળે સામટ નીર. દ્રૌપદી સ્વયંવર

પાખળ પૂજા કરવી = (૧) મૂર્તિને નવરાવી પૂજા કરવી. (૨) ચારમાસી કાઢી મૂકવું.

પાખળે અ. આજુબાજુ; પાખલ.

અરે હાં મામ વરમાં બહુ પાખળે છ. નેમવિજય

પાખંડ ૧. પું. ખોખો ભાગ.

૨. પું. વેદવિહિત આચારનો નાશ કરનાર ઢોંગી નાસ્તિક.

૩. [સં. પાઠ] ન. ઢોંગ; જોનાર સાંભળનારને અરૂં લાગે એવો દેખાવ કરવો તે; દંભ; અરૂં નહિ પણ કૃત્રિમ ધાંધલ; આડંબર; ઝમલો.

કઈ પાખંડ પણ ચલાવે, પ્રભુ થઈને પૂજાય; રિલ્ય ત્યારો સંસાર નવ ટાળે, પછીને મન આય. મનોહર

પાખંડ મચાવવું = ઢોંગ કરવો.

૪. ન. ધર્મની વિરુદ્ધનો માર્ગ; વેદવિરુદ્ધ આચાર; જગત્કર્તા એવા નિરાકાર ઈશ્વરને ન માનતાં અનેક આકારે ને અનેક રીતે પૂજવાના અનેક મત.

પ્રભુ રાજના સોમા અમમેધ યજ્ઞના ઘોડાનું હરણ કરવાની કામનાથી દીક્ષા લે ત્યારે ત્રણે અલ્પ કર્યા તે તો ત્યાં પાશુપત પંડાનિ ઘોડાને પાછળ ચિહ્નરૂપ હતાં, એમ તે ત્યાં પાખંડાનિ ઘોડાને પાખંડ કહેવાય. કેમકે પાખંડ એ શબ્દમાં પા એ પાપવાચક શબ્દ છે અને ખંડ એ ચિહ્નવાચી શબ્દ છે. અર્થાત્ આવી રીતે પાખંડ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. આત્મજ્ઞ

૫. ન. બીજાને માત્ર દેખાડવારૂપ વર્તન કે ઉપાસના.

૬. વિ. પાખંડી; ઢોંગી.

પાખંડકપુર ન. (પુરાણ) સંજમની પુરીની આગ્નેયી દિશાએ આવેલું એ નામનું એક શહેર.

પાખંડખંડક વિ. દંભનું ખંડન કરનાર.

પાખંડખંડન ન. દંભ તોડી નાખવો તે.

પાખંડધર્મ પું. ઢોંગથી ભરેલો ધર્મ.

પાખંડલીલા સ્ત્રી. દંભ કે આડંબરવાળું દુષ્ટ વર્તન.

પાખંડવાદ જુઓ પાખંડવિદ્યા.

પાખંડવાદી વિ. પાખંડવાદમાં માનનારું.

પાખંડવિદ્યા ૧. સ્ત્રી. ઈશ્વરભક્તિને નામે ચાલતો ઢોંગ.

૨. સ્ત્રી. નાસ્તિકતા.

પાખંડશાહી ૧. સ્ત્રી. દંભ; ઢોંગ

૨. સ્ત્રી. નાસ્તિકતા.

પાખંડસૃષ્ટિ સ્ત્રી. દંભ અથવા ઢોંગ તથા નાસ્તિકતાથી ભરેલું જગત.

પાખંડિયું જુઓ પાખંડી.

પાખંડી ૧. વિ. જૂઠું; કપટી; દગી.

૨. [સં. પાષંડિન્] વિ. ઢોંગી; બનાવટ કરનારું; કૃતઘ્નખોર.

૩. વિ. નાસ્તિક.

૪. વિ. બનાવટી ધાર્મિકતા દેખાડનાર; બહારથી ધાર્મિકપણું દેખાડનાર અને અંદરથી પાપાચારમાં રમ્યાંપચ્યું રહેનાર.

૫. વિ. બીજાને ઠગવા માટે અનેક પ્રકારની ઠગવિદ્યા કરનાર; ઠગ ધૂર્ત

૬. વિ. (વેદાંત) વેદથી વિરુદ્ધ અર્થને પ્રતિપાદન કરનાર; વેદાચારનું ખંડન કે નિંદા કરનાર; વેદ વિરુદ્ધ આચાર કરનાર. પદ્મપુરાણમાં લખ્યું છે કે, જે નારાયણ સિવાય બીજા દેવતાને વંદનીય કહે, ભરતક વગેરેમાં વેદનાં ચિહ્નો ધારણ ન કરી અવૈદિક ચિહ્નો ધારણ કરે, વેદાચાર ન માને, સદા અવૈદિક કર્મ કરે, જ્ઞાનપ્રસ્થાશ્રમી ન થયા છતાં જટાવલ્કલ ધારણ કરે, બ્રાહ્મણ હોવા છતાં હરિના અનંત ત્રિશૂલ ચક્ર, ઊર્ધ્વપુંડ્ર વગેરે ચિહ્ન ધારણ ન કરે, ભક્તિ વગર વૈદિક યજ્ઞ કરે, કુલક્ષિયક, કુવલક્ષક, અપ્રશસ્ત દાન લેનાર, પૂજારી, ગામવાજ્ય એટલે પુરોહિત, અનેક દેવતાઓની પૂજા કરનાર, દેવતાને અર્પિત તથા આહના અન્ન ઉપર નિર્વાહ કરનાર, શ્રદ્ધના જેવું કામ કરનાર, નિષિદ્ધ પદાર્થો ખાનાર, લોભ મોહ વગેરેથી યુક્ત, પરસ્ત્રીગામી, આશ્રમધર્મ નહિ પાળનાર, બધી વસ્તુ ખાનાર કે વેચનાર, પીપળ, તુળસી, તીર્થસ્થાન વગેરેની સેવા નહિ કરનાર, સિપાઈ, લેખક, દૂત, રસોઈયા વગેરેના ધંધા કરનાર, આદક પદાર્થો સેવનાર ઇત્યાદિ પાખંડી છે. પાખંડી સાથે બેસવા ઊઠવાની કે આહારપાણીના વહેવારની મનાઈ છે. આ મનાઈનું ઉલ્લંઘન એક વાર પણ ઉલ્લંઘન આપ તો તે પરમ વૈષ્ણવ હોવા છતાં આ પાપથી પાખંડી થઈ જાય. અનુસ્મૃતિમાં જણાવ્યું છે કે, પાખંડીનો વાણીથી પણ સત્કાર ન કરવો અને રાજાએ તેને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકવો.

પાખંડીપણું ન. પાખંડવાળું હોવું તે.

પાખા [સ. પક્ષ; પ્રા. પક્ખ] પું. (હિંદી) ઘરનું છાપરું; છાપરું; પાંખ.

પાખાડો (પાખાડો) [રે. પક્ષભિન્ન] પું. ભૂમ; ભરાડો.

પાખાડા પડવા = ભૂમભરાડા પાડવા. ખૂંડો જે પાખાડા પડે.—શામળ

પાખાણ [સં. પાષાણ] પું. પથ્થર; પાષાણ.

પાખાણભેદ પું. પાષાણભેદ; એક જાતની મૂત્રલ ઔષધિ. તેની બે જાત છે: એક બનીજ દ્રવ્ય અને બીજી એક વનસ્પતિનાં મૂળિયાં છે. બંને જાત મૂત્રલ તરીકે ૧૦થી ૪૦ ગ્રેનની માત્રામાં પ્રમેહ, જીનવા, મૂત્રરોગ તથા પથરી ઉપર અપાય છે.

પાખાન જુઓ પાખાણ.

પાખાનભેદ જુઓ પાખાણભેદ.

પાખાના ૧. [હિ.] ન. ઝાડો; મળ.

૨. ન. પાયખાનું; જાજરૂ.

પાખાર પું. ધોવું તે; પખાળવું તે.

પાખિયા ભાટ ૧. સ્ત્રી. ભાટની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું

પાખિયું [સં. પક્ષ] ન. અરધિયું; જોડી માંહેનું બીજું નંગ.

પાખી ૧. જુ. અક્કો.

૨. પું. ચોક્કસ વખત માટે રહેવા આવેલ બહાર ગામનો ખેડૂત.

૩. સ્ત્રી. અજોનો; ક્રમ નક્કિ કરવાનો દિવસ; અકતો.

૪. સ્ત્રી. દરેક માસની પૂનમ અને અમાસ; શુક્લ તથા કૃષ્ણપક્ષનો છેલ્લો દિવસ.

૫. સ્ત્રી. પવિત્રતા.

૬. અ. પાખે; સિવાય; વગર; વિના.

પાખું ૧. [સં. પાક્ષિક; અપ. પક્ખિઅ] વિ. બાકું; પટ્ટ નહિ એવું; છટકતું.

૨. ન. ગેરહાજરીને લીધે.

૩. ન. પાસે.

કઈ પાખું મામ બાલેજ ઉપરે. પ્રેમાનંદ

૪. અ. વિના; સિવાય.

પાખે અ. પાખી; સિવાય; વગર; વિના.

પાખેડ (પાખેડ) જુઓ પાખોડ.

પાખો ૧. પું. કહેવાગો.

૨. પું. હાજિયું; એક હાળવાળું છાપરું.

૩. [સં. પક્ષ] પું. પાસેની દીવાલ.

પાખોટું ન. પત્ર.

પાખોડ (પાખોડ) ૧. પું. પાડોશ; સાનિધ્ય.

ઇતિહાસ વળી વદે છે કે હાલના જૂજવાસણની પાખોડમાં વાસનાથ વીરપ્રભુ ભવિનું આધિપત્ય ભાલતું. કચ્છનાં રજવાડાં

૨. સ્ત્રી. (કચ્છી) આજુબાજુનો પ્રદેશ.

પાખ્ય અ. વિના; પાખે; વગર.

પાગ ૧. [સં. પાદ] પું. પગ; પાય; પાદ.

૨. પું. પાઘડીવેરો; બાર વર્ષની ઉપરના પુરુષવર્ગ પાસેથી મુસલમાની રાજ્યમાં અગાઉ લેવામાં આવતો એક જાતનો કર.

૩. પું. પાજ; પાળ.

૪. પું. મોટી પાઘડી.

૫. પું. સરભત.

૬. સ્ત્રી. એક પ્રકારની ચામણી. તેમાં મીઠાઈ કે બીજી ખાવાની વસ્તુઓ કુબાડવામાં આવે છે.

૭. સ્ત્રી. ખાંડ કે ગળની ચાસણીમાં પાકવેલી દવા.

૮. સ્ત્રી. ખાંડની ચાસણીમાં પાકવેલ ફળ વગેરે.

૯. સ્ત્રી. પાઘડી. કહેવાય છે કે, પહેલાં પાઘડી વસ્ત્ર ઉપર બાંધીને પછી માથા ઉપર મૂકવામાં આવતી. તેથી તેનું આ નામ પડ્યું છે.

રામ પામ ને પારખાં નાહી ને વળી ન્યાય;
તરવું તાતરવું ને વસ્તરવું એ માટે આપ કલાય.
દીકોક્તિ

૧૦. સ્ત્રી. માન; કોહો.

૧૧. સ્ત્રી. વણવાની ચીજમાં કસબી માલની ભાત પાડવાનું એક સાધન.

૧૨. ન. કોડી બસવાનું કોરડું.

પાગદાગ પું. પાઘડી પહેરનાર પાસેથી લેવાનો એ નામનો એક કર.

પાગદું (પાગદું) ૧. ન. આશ્રયસ્થાન; આધારનું ટેકાણું.

૨. ન. પક્ષ; ઓળખાણ.

૩. ન. પગ મૂકવાનું સ્થાન; પાદપીઠ.

૪. ન. પેગડું; પાગડું; રકાબ.

૫. ન. મદદ કરનાર માણસ.

૬. ન. સાગવન.

૭. ન. સહાયક પક્ષ; વગવસીલો.

પાગદું બોદું હોવું = પક્ષ કે આધાર સબળ હોવો.

પાગદું જુઓ પાગદું.

પાગડ (પાગડ) ૧. સ્ત્રી. કોઈ પણ વસ્તુ ખેંચી લઈ જવાનું દોરડું.

પાગડ ખેંચવી–બાંધવી = વહાણને કે કોઈ વસ્તુને દોરડાં વડે પકડી લઈ જવું.

૨. [સં.] સ્ત્રી. જાહેર રીતે સરિયો પહોંચાડનાર ટુકડી.

૩. સ્ત્રી. મોટી પાઘડી.

૪. વિ. રબ્બર; ખુલ્લું.

પાગડાત્રોડ (પાગડાત્રોડ) પું. એક જાતની એબવાળો બોડો. આવા બોડાને પાસળી ઉપર જમરી હોય છે.

પાગડી (પાગડી) જુઓ પાઘડી.

પાગડીપનો (પાગડીપનો) જુઓ પાઘડીપનો.

પાગડીવાલા (પાગડીવાલા) જુઓ પાઘડીવાળા.

પાગડીવાળા (પાગડીવાળા) ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પાગડું (પાગડું) ૧. ન. બોજા ઉપર બેસનારનો પગ જોઈ રહે તે સાધન; પેગડું; પાયડું; પાગદું; રકાબ; પાવડો.

૨. ન. પાઘડી. તિરસ્કારમાં આ શબ્દ વપરાય છે.

પાગડો (પાગડો) પું. (કચ્છી) બોજા કે ઊંટનું પેગડું.

પાગનીસ પું. બોજા કે રસાલાનો કારકુન.

પાગર ૧. સ્ત્રી. બોજા બાંધવાની દોરી કે પાથરી.

૨. સ્ત્રી. કોરડું બાંધવાનો વહાણના સુકાન પાસેનો ખીલો કે અંકોડો; વહાણનો આગળી કે પાછલી તકેનો ખીલો; કોઈ વસ્તુ પકડી જવાને સુકાનવાળી જાતુઓ બાંધવાનું સ્થાન.

૩. સ્ત્રી. પવન પડી જવાથી કોડીને દોરડાં વડે કિનારે ખેંચવી તે.

૪. સ્ત્રી. કોડીને પાણીમાં ખેંચવા માટે કોઇ સામે બાંધવામાં આવતું લાંબું દોરડું; કોડી ખેંચવાનું દોરડું.

પાગરણ ૧. [સં. પ્રાવરણ] ન. આચ્છાદન; ઢાંકણ.

૨. ન. પાથરવાનો સામાન; બિસ્તરો.

૩. ન. શણગાર; સોબા.

૪. ન. સત્રપણ; સંભમ.

૫. ન. સાધનસામગ્રિ; ઉપયોગની જુદી જુદી વસ્તુઓ.

૬. ન. સારું ટાણું; પ્રસરણ; શુભ અવસર.

પાગરવું અ. ક્રિ. નવપલ્લવિત થવું; વિકસવું; ખીલવું.

વન વરસે વન પાગરે, એમ હંદ્રિય વિષય વિકાર છે. નિષ્કુલાનંદ

પાગરાણી સ્ત્રી. એકથી વધારે જગ્યાએથી આવતો પગાર.

પાગરી પું. પગે બાંધનાર સિપાઈ; પાયદલ.

પાગરોડ ન. બજૂરનું કામ; મજૂરી.

પાગલ ૧. [સં.] વિ. બાંકું; પેલું; ઉન્મત્ત. ક્રોધ, શોક, પ્રેમ વગેરેના ઉદ્વેગમાં સારાસારની ચિંતનશક્તિ જતી રહી હોય એવું.

૨. વિ. પોલું; પોકળ.

૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

પાગલકોકિલા સ્ત્રી. કામ કરનારાઓની હાજરમસ્તવાળી જાતી.

પાગલખાના [ફા.] ન. દીવાનાશ્રમ; ભ્રાંતચિત્તાલય; ગાંડાઓને રાખવાનું સ્થાન.

પાગલખાનું જુઓ પાગલખાના.

પાગલઘર જુઓ પાગલખાના.

પાગલતા ૧. [સં.] સ્ત્રી. ગાંડપણ; પેલાપણું; ઉન્માદ; ચિત્તવિભ્રમ.

૨. સ્ત્રી. પોકળપણું.

૩. સ્ત્રી. મૂર્ખતા; બેવકૂફી.

પાગલદાણા ૧. પું. બ. વ. પોલા દાણા.

૨. ન. એક જાતનું કપાસનું સાંઠણું; તોડો; પગનું એક જાતનું ઘરેણું. તેના દાણા પોલા હોય છે.

પાગલનાચ પું. ચિત્રવિચિત્ર પોશાકમાં સમૂહનૃત્ત નાચ.

પાગલપણું જુઓ પાગલતા.

પાગલયંત્ર ન. ધૂપેલ તેલ બનાવવાનું એક જાતનું સાધન. જમીનમાં ખાડો કરી તેમાં એક નાની તપેલી મૂકવી. તે તપેલી ઉપર એક માટલામાં જે વસ્તુનો ચૂરો કે તેલ પાડવું હોય તે અને તેના મોં ઉપર કપડું બાંધી કપડમટ્ટી કરવી. પછી તે માટલાને ઊંધું વાળવું. તપેલી ઠાર્ય બાય એટલી ધૂળ વાળી દેવી અને માટલા ઉપર બાજુનો અગ્નિ કરવો. બૈરાંઓ ધૂપેલ તેલ પાડવા માટે તપેલા ઉપર ગોગાનો ઠાંડો મૂકી તેમાં તેલ તથા વસ્ત્રાં ભરેલો ઘડો ઊંચો પાડે છે અને પછી ઘડા ઉપર અગ્નિ કરે છે. તે પણ આ જાતનું જ યંત્ર છે.

પાગલાગલું ૧. ન. પગેપડલું; નવી વહુએ સાસુ વગેરે વડીલોને પગે લાગતાં ધરવાનું નજરાણું; સાસુ વગેરેને પગે પડતાં વહુએ મૂકેલી ભેટ

એવું કહી દ્રુપ્રસ્થે આવ્યા,
વહુ નમ્યાં સાસુને પાય;
પાગલાગલું પણ દીધું,
જે ખિસ્સું સોનામય.
પ્રેમાનંદ

૨. ન. પગેલાગલું; નમસ્કાર; પગે લાગવું તે; પગે પડવું તે.

પાગલી [હિ.] જી. પગલી; ગાંડી સ્ત્રી.

પાગલો ૧. વિ. એક કામનું પણ બાજુએ ન ખરી શકાય તેવી સ્થિતિ.

૨. વિ. ગાંડો માણસ.

૩. વિ. બાળકને બોલતાં શીખવવા માટે પ્રોત્સાહક એક ઉચ્ચાર.

પાગલોપા ૧. જિ. બહુ જ ઝાડી બનેલું; હોમપોમ. એક કામનું પણ કરવા અશક્ત હોય તેવું.

૨. જુઓ પાગલો ૨.

પાગવું જ જિ. પતાસા બનાવવાં.

પાગા ૧. [ફા. પાયગાહ] જી. અશ્વસેના; પાયગા; સરકારી ઘોડેસવારની ટુકડી.

૨. જી. સરકારી ઘોડા રાખવાનો તબેલો; અશ્વશાળા; ઘોડાર; કપડાલા.

પાગાદાર [ફા. પાયગાહ + દાર (વાળુ)] પું. રાજ્ય તરફથી અપાતો હોમ એવો ઘોડેસવાર સિપાઈ.

પાગારો પું. (કચ્છી) પટેલની પાઘડી બાંધનાર માણસ; મુખી; અગ્રેસર.

પાગિયો ૧. પું કાસદ; ખેપિયો. પાગ એટલે પગ ઉપરથી આ શબ્દ બનેલો છે.

૨ [સં પ્રમાદ (ગાજવાની સાંકળી); પ્રા. પગ્ગહ] પું ચૂડી ઉપર ભીંત બેસાડવાની કડીનાળી રેખ.

૩. પું. બસ્સ; બાતમીદાર

૪. પું. મિત્ર; સહાયક; સાથી; સલાહકાર; મદદગાર; પડખે રહેનાર માણસ.

૫. પું. સંબંધ કરતી વખતે વર તરફના બે અને કન્યા તરફના બે સારો માંહેનો એક માનિત માણસ.

પાગુર જ. વાડ કરવું તે.

પાગુરવું ૧. જ. ક્રિ. પચારવું; પચારી પાડવું.

૨. જ. ક્રિ. ગામોળવું; ઓગાળવું.

પાગેર જી. કોર; ધાર; કિનાર.

નરેંદ્રદેવ, આલિ અને રોપ ઓટવાની છે પાગેર બાજણ ઊભા હતા.
કનૈયાલાલ મુનશી

પાગેરી પું. પાગો; પગી; પાયદળ; લશ્કરનો સિપાઈ.

પાગેરો જુઓ પાગારો.

પાગો પું. એક જાતનું ધોલું.

ઊંટ ની દાણચોરીને કારણની બાબે તે માટે પાગો અને સાંકરી મુનાની ઓલાદો છે.
મેહેરબાન રાણા

પાગોડો પું. (કચ્છી) મોટી પાઘડી.

પાગોડો પું. દેવળ; મંદિર.

વળી અમુકાલના પોતાના બાકને બાલરીમાં બધાવે છે કે વડનગરને બધુ દુનિયા પાગોડા હતા અને તે દરેકને માટે એક એક બાવ હતું.
ગુ. સા. પરિષદ

પાગ્યા [ચ.] પું. સ્થાનનો અધિકારી.

પાઘ ૧. પું. મોટી પાઘડી; કાંઈ પણ વાટ કે ઢંગધડા વિનાનું બાંધેલું માથાનું. ૨. પું. શૃંગાર વખતે શ્રીકૃષ્ણના મસ્તકે ધરવાની પાઘડી.

૩ [પ્રા. પગ્ગહ (ઉપાધિ)] જી. (કચ્છી) પાઘડી; માથે પહેરવાનું વસ્ત્ર શિરોભૂષણ; પાગ.

પાઘડ (પાઘડ) જુઓ પાઘડ.

પાઘડલી (પાઘડલી) જી. પાઘડી.

પાઘડલું (પાઘડલું) જ. (બૃ. ગુ.) પૈસાનું રક્ષણ.

પાઘડા (પાઘડા) ૧. જી. ગોદિયાજી લોઢા કબૂતીની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ

૩. જિ. એ નામની અટકનું.

પાઘડાળ (પાઘડાળ) ૧. જી. લોઢિયા કબૂતીની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. જિ. એ નામની અટકનું.

પાઘડાળા (પાઘડાળા) ૧. જી. કબૂતીની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. જિ. એ નામની અટકનું.

પાઘડિયાળું (પાઘડિયાળું) જિ. પાઘડી પહેરતા માણસોનું; મોટી ઉમરના માણસોને લગતું.

બ્યાકરણના, બાગના, વેદાંતના, ધર્મના, દેશના અને રાજકાજના સર્વ પ્રશ્નો પાઘડિયાળી બંધારણવાળા એ પંડિતો ચર્ચતા.
ઝવેરી

પાઘડી (પાઘડી) ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ. ભીમ કવિએ હરિલીલા ષોડશકળામાં આ છંદનો ઉપયોગ કર્યો છે. જેમકે,

એ અદ્ભુત મોહન રૂપ,
હરખે હુઈ મથુરામાંહિ ભૂપ;
તું કાંઈ કરઈ સાથ તણી સાર,
એ નિર્લજ નિર્ગુણ ગમાર.

૨. પું. નાગપિંગળ માંહેનો એ નામનો એક માત્રામેળ છંદ.

૩. જી. બાબરો; લાજ.

બીબા નાગર કુલી ગઇલી,
રખે બાપણી કે એ પાઘડી.
પ્રેમાનંદ

૪. જી. એક જાતની રમત. બે છોકરીઓએ એકમેકના તરફ મોઢાં રાખીને એકમેકથી દૂર બાર હાથને છેટે ઊભા રહેવું. એક વખત પોતાના જમણા હાથ ઉપર ડાબો હાથ અને જમણા પગ ઉપર ડાબો પગ મૂકો અને પછી બીજી વખત ડાબા હાથ ઉપર જમણો હાથ અને ડાબા પગ ઉપર જમણો પગ મૂકીને બંનેએ નાચતાં નાચતાં એકમેકની જગ્યા ઉપર જવું. પછી પાછાં વળીને તે જ પ્રમાણે કરતાં કરતાં પોતાની મૂળની જગ્યા ઉપર આવવું.

૫. જી. બીજા બાજુની ઘડી; ઘડીનો બીજો ભાગ.

૬. જી. બક્ષિસ; સારા કામ બદલ અપાતી ભેટ; સરપાવ; માલ્યો.

૭. જી. મકાન બાંધે લેવા માટે બનાવી આપવી પડતી ઊંચાઈ રકમ.

૮. જી. માથાનંબાળું; માથે બાંધવાનું કપડું ઉકાળાયું પને ટૂંકું પણ સંબાધે ઘણું જીણું અને બહાળ પોતનું કપડું; માથે પહેરવાનું કપડું; માથાનો એક પહેરવેશ; માથે પહેરવાને લાંબા અને ટૂંકા બનાવેલા કપડાને વીંટાળીને બનાવેલો અમુક ઘાટ; ટોપો; શિરોભૂષણ; માથે વાળવાને બનાવેલો કપડાનો ઘાટ. પાઘડી તરેહતરેહની બંધાય છે: ગુજરાતી, દક્ષિણી, કચ્છી, મુસલમાની.

૧. બાંધી પાઘડી મૂકવી = દીવાળું કાઢવું.

૨. પાઘડી આપવી = સાંચ આપવી; સાંચ તરીકે અક્ષિસ આપવી.

૩. પાઘડી ઉછાળવી = જાહેરમાં કજેત કરવું.

૪. પાઘડી ઉતારવી = (૧) આબરૂ ગુમાવવી. (૨) કરગરવું; આજીજી કરવી; ક્ષમાયાચના કરવા. (૩) ઊતરવું. (૪) પગે લાગવું; માફી માગવી. (૫) પાઘડી માથેથી કાઢવી. (૬) મતલબ સારૂ કોક મરીબાઈથી બોલવું; રડવા સરખું મોઢું કરી કોઈ માગી લેવું.

૫. પાઘડી ઊલટી બાંધવી = (૧) દીવાળું કાઢવું. (૨) કરી જવું; પોતાની સ્થિતિ બદલવી.

૬. પાઘડી ઊંચી બાંધવી = દીવાળું કાઢવું.

૭. પાઘડી ગુમાવવી = (૧) કીર્તિ ગુમાવવી; આબરૂ ગુમાવવી; બોચ્ચ સ્થિતિ ખોવી. (૨) ઊતરવું; ઠગાવું

૮. પાઘડી બાટમાં બાંધુરી-બાંધવી = કોક મૂકવો.

૯. પાઘડી બાંધવી = પાઘડી પહેરવી; પાઘડી માથે મૂકવી.

૧૦. પાઘડી એ હાથે આવીને દીઉવું = ઉતાવળિયા નહિ થતાં વહેવાર રીતે ધીરેથી કામ કરવું; સીધે રસ્તે સલાહીને ચાલવું; વિચારી વિચારીને સાવધ રહી વર્તવું; કાંઈ ઉપદ્રવ ન પહોંચે એવી રીતે ચાલવું

૧૧. પાઘડી દેવી = અક્ષિસ આપવી

૧૨. પાઘડી નીચી કરવી = (૧) કલંકિત કરવું; બદનામ કરવું. (૨) ઠગાવવા કરવા.

૧૩. પાઘડી પગે મૂકવી = લાચારી કરવી; નમી જવું.

૧૪. પાઘડી પહેરેં માટીડો ન થવાય = પાઘડી પહેરવાથી મોટો થવાતું નથી, પણ ઉમર, સમજ અને ચારિત્રથી મોટા થવાય છે.

૧૫. પાઘડી ફેરવવી = (૧) ખોટું બોલવું; બોલેલું ફેરવવું. (૨) નાસીપાસ જવું; ફેરવી બોલવું. (૩) ફરી બેસવું. (૪) વાત બદલી નાખવી. (૫) શાખ કુબાવવી; કરજે લીધેલાં નાણાં પાછાં ન આપવાં; દીવાળું કાઢવું. (૬) સાચું બનું; બાજુ બદલવી; પક્ષ બદલવો.

૧૬. પાઘડી બજારમાં મારવી = બદમાશ કે કજિયામાં જના બનવા અપકીર્તિવાળું કોઈ કામ કરવા તત્પર થવું; આબરૂની દરકાર ન રાખવી; આબરૂ જાય તેની ફિકર ન રાખી કાંઈ માલસ કરવું.

૧૭. પાઘડી બદલ ભાઈ = દિલોજાન દોસ્ત; પાકો મિત્ર.

૧૮. પાઘડી બદલો-રંગો = બીજો તરફથી પુરૂષ વર્ગના ઉપદ્રવને અર્થાતી એક જાતની માગ; મૂલ્યો; કાઢી મૂલ્યો.

૧૯. પાઘડી બંધાવવી = (૧) જશ આપવો; શાબાશી આપવી; તારીફ કરવી; વખાણ કરવાં; પ્રશંસા કરવી. (૨) પાઘડી બાંધે એમ કરવું (૩) અક્ષિસ આપવી; ઇનામ કે સરપાવ આપવો; બોલાવ આપવો. (૪) કોક મુદ્રાવની વખતે પાઘડી પહેરાવવી. (૫) કોક મુદ્રાવવો.

૨૦. પાઘડી જેમ ચારી ગઈ = કક વખર હરામના પૈસા લઈને દબો દેવો. એક ન્યાયાધીશને એક આસામે પોતાનો કેસ જીતમાં ચૂકવવા માટે એક પાઘડી અક્ષિસમાં આપી. તેના વિરુદ્ધ પક્ષવાળાએ તે જ ન્યાયાધીશને તે જ કામ માટે જેમ અક્ષિસ આપી. ન્યાયાધીશે કામ પૂરું થવા પછી મુદ્રાવો સંભળાવ્યો તે જેમ અક્ષિસ આપનાર આસામના લાભમાં હતો. ત્યારે પહેલો આસામ બોલી ઊઠ્યો કે, સાહેબ, મારી પાઘડી સામું તો જુઓ! ન્યાયાધીશે જવાબ આપ્યો: પાઘડી જેમ ચારી ગઈ.

૨૧. પાઘડી મૂકવી = (૧) દીવાળું કાઢવું. (૨) પાઘડી પહેરવી; પાઘડી માથે મૂકવી. (૩) બોલેલું ફેરવવું. (૪) માગે ચડવું.

૨૨. પાઘડી મૂકીને આવવું = ઉતરાઈને આવવું

૨૩. પાઘડી કેવી નાખવી = આબરૂ લઈ નાખવી; પત્તર ઝમી નાખવી.

૨૪. પાઘડી લેવી = (૧) આબરૂ લેવી; લાજ લેવી. (૨) આંબવું; કાબૂ કાપવા. (૩) કોઈ વસ્તુ જેવી કે મકાન વગેરે આડે આપતાં આનવી અક્ષિસ લેવી. (૪) કરવું; ઠગવવું; ઉતરવું. (૫) નામે ચઢાવી કરજ પાડવી. (૬) માર ખવડાવવો.

૨૫. પાઘડી સંભાળવી = પોતે પોતાનો ભાર કે કીર્તિ જાળવવી; કોઠિયાર રહેવું; સાવચેત રહેવું; સાવધ રહેવું; આબરૂ સંભાળવી; ગફલત ન થાય, ભલા ન બદામ જેવી રીતે સમજીને ચાલવું.

૨૬. પાઘડીએ ઘેડવું = જમીનના માલિકને અમુક રકમ આપી તે જમીન વાવવા રાખવી

૨૭. પાઘડીનો ધણી = વેપાર કે વ્યવહારમાં માનવંતો આસામ; મારી કીર્તિવાળો આસામ.

૨૮. પાઘડીનો પેચ સંભાળવો = આબરૂ સંભાળવી.

૨૯. પાઘડીનો વળ છેડે આવવો = વાતનું ચાલતું માંડવે આવવું; વખત આવે શો જવાબ દેવો. જે તે મુંઝવણો પરિણામે થતી બધ અને નિકાલ આવે.

૩૦. પાઘડીમાં માયુ ને માથામાં પાઘડી = એક જ વસ્તુને જુદી જુદી રીતે વર્ણવવી.

૩૧. ફેર પાઘડી બાંધવી = બોલેલું ફેરવવું

વ. સી. સાંચ.

પાઘડી આપવી = સાંચ આપવી; સાંચ તરીકે અક્ષિસ આપવી.

૧૦. સી. સરપેચ; ઝોબુ.

૧૧. સી. હરાજીના કામમાં આગણીશારો સપી જઈ છેવટ હરાજીમાં રાખનાર તરફથી હરાજીમાંથી અસી જનારને આપાતી રકમ.

પાઘડીઓ છેડો (પાઘડીઓ છેડો) [પરીષ + છેડો] પું. (લાક્ષણિક) ઢાંસણથી પાતળું દોરડું.

પાઘડીપને ૧. અ. પાઘડીના પનાની માફક; પહોળાઈમાં.

૨. અ. લંબાઈમાં; દૂરની પહોળાઈમાં.

પાઘડીપનો ૧. [પાઘડી + પનો (પહોળાઈ)] પું. પાઘડીના કપડાની આઠ આંકડો અને સીધો વિસ્તાર; પાઘડીના જેવો લંબાઈમાં વધારે પણ પહોળાઈમા ઓછો વિસ્તાર.

૨. પું. પાઘડીની જેમ વધારે લંબાઈ અને ઓછી પહોળાઈ.

પાઘડીબદલ (પાઘડીબદલ) સી. દીવાળું.

પાઘડીબંધ (પાઘડીબંધ) વિ. જેમાં ફક્ત પુરુષોનો સમાજ આવ જોવું; પુરુષો પૂરતું.

પાઘડીબંધ નોતરું = પુરુષોને જ નોતરું.

પાઘડીવાલા (પાઘડીવાલા) જુઓ પાગડીવાળા.

પાઘડીવાળા જુઓ પાગડીવાળા.

પાઘડું (પાઘડું) ૧. અ. ઘોડે ચડવાની રકાબ; પેગડું.

૨. અ. જેમ તેમ વીંટાળેલી પાઘડી. તિરસ્કાર સૂચવવા આ શબ્દ વપરાય છે.

૩. જુઓ પાગડું.

પાઘડો (પાઘડો) પું. ઓઢું પાથરું.

પાઘમ પું. કાનનો ઢોલ.

પાઘાયા [હિ.] પું. કાપડ, ધાતુ વગેરેનો વેપારી.

પાઘુર [હિ.] પું. વાગોળવું તે.

પાઘું સી. (કચ્છી) પાઘડી.

પાઘોટાધારી વિ. પાઘડી ધારણ કરનાર.

પાઘોટી પું.; ન. પાઘડી; પોશાકુ.

પાઘોઢું જુઓ પાઘોટી.

પાચ ૧. ન. એ નામનું એક ઔષધ. તુલસીના બીજ સાથે તે મૂત્રલ તરીકે વપરાય છે.

૨. ન. એક જાતનું લીલા રંગનું રત્ન.

૩. [સં. પચ્ (પકાવવું)] ન. ગ્રહણીરોગમાંથી નીકળતી જાડી, ધોળી, ભેરંગી રસી; પરુ.

૪. ન. ચેપ; રસી.

૫. વિ. (કચ્છી) ઊંચું પાતળું.

પાચક ૧. [સં.] પું. મિત્રક વૃક્ષ.

૨. પું. જઠરાગ્નિ.

૩. પું. દવાનો ઉકાળો કરનાર માણસ; કષાય કરનાર વ્યક્તિ.

૪. [સં. પચ્ (રાંધવું) + અક (કર્તાવાચક પ્રત્યય)] પું. પાચક પિત્તમાં રહેલ અગ્નિ. શરીરની ગરમીની વધઘટ આ અગ્નિ ઉપર આધાર રાખે છે.

૫. પું. ભાતભર્યા માટે સુકાવેલું ઘાસ.

૬. પું રસોઈયો; રાંધનારો માણસ.

૭. પું.; ન. શરીર માંહેની પિત્ત ધાતુ; પંચ માંહેની એ નામની એક જાતનું પિત્ત. વૈદકમાં તેનું સ્થાન આમાશય અથવા પક્વાશય માન્યું છે. તે ભોજનને પચાવે છે અને તેમાંથી ઉત્પન્ન થતા રસ વાયુ, પિત્ત, કફ, મૂત્ર, પુરીષ વગેરેને જુદાં જુદાં કરે છે. પોતાની અગ્નિ વડે તે બીજા ચાર પિત્તનાં સ્થાનોની ક્રિયામાં મદદ કરે છે.

૮. ન. (વૈદક) ખોરાક પચાવે અને ભૂખ લગાડે તથા પાચનશક્તિ વધારે એવું ક્ષારવાળું ઔષધ. જેમકે નાગકેસર.

૯. વિ. જે બાબતથી અન્ન પચન થાય એવું; પચાવનારું; પચવે એવું; પચન કરનારું; પાચનક્રિયાને મદદ કરનાર.

૧૦. વિ. પકવનાર; પાક કરનાર; રાંધનાર; પકાવનારું.

પાચક ચૂર્ણ ૧. [સં.] ન. ખોરાક પચાવનારો દવાનો ભૂકો.

૨. ન. (વૈદક) પચવામાં મદદગાર એક જાતનું ચૂર્ણ; એલચીદાણા, લવિંગ, જાયફળ, જાવંત્રી, સૂંઠ, મરી, લીંડીપીપર, પીપરીમૂળ, મિત્રક, તજ, તમાલપત્ર, સિંધવ, સંચળ, બિડલવણ, બંગભસ્મ અને વાયવિડંગ બીજું એ સર્વ જાતે લઈ તેનું ચૂર્ણ કરી લીંબુના રસની ભાવના આપી તૈયાર કરેલું ચૂર્ણ. તેની માત્રા ૧૫ માસાની છે. તેનાથી અગ્નિ પ્રદીપ્ત થાય, મોઢામાં રુચિ આવે અને અજીર્ણ તથા પેટ ચડવું કોપ તો તે ઊતરી જાય.

પાચક દ્રવ્ય [સં.] ન. પાચન કરનાર પદાર્થ.

પાચક નલિકા ૧. [સં.] સ્ત્રી. અન્ન નલિકા.

૨. સ્ત્રી. અન્નમાર્ગ.

પાચક પિત્ત [સં.] ન. આંતરડામાં રહેલો ખોરાક પચાવનારો પીળો રસ.

પાચક પીપર સ્ત્રી. અજીર્ણ વિકાર દૂર કરનાર પીપર. લીંડીપીપરને લીંબુના રસમાં ભીંજવી રાખી તેમાં સિંધવનું ચૂર્ણ નાખવું. બે ત્રણ દિવસ ભીંજવ્યા પછી સૂકવી રાખવી. તેમાંથી બે ત્રણ લીંડીપીપર દરરોજ ખાતા જવાથી અજીર્ણ વિકાર વગેરે મટી મોંમાં રુચિ આવે અને અન્ન પાચન થાય.

પાચક યંત્ર [સં.] ન. પાચનક્રિયા જેમાં થાય છે તે નળી.

પાચક રેચક ચૂર્ણ [સં.] ન. (વૈદક) એક પ્રકારનું ચૂર્ણ. ખારેક ૧૦ તોલા, લીંડીપીપર ૨ તોલા, દ્રાક્ષ ૧ તોલા, સાકર ૧૦ તોલા, મરી ૨ તોલા, સિંધવ ૧ તોલા, સૂંઠ ૨ તોલા, જાયફળ ૧ તોલા અને તજ ૧ તોલા લઈ ચૂર્ણ કરી તે લીંબુના રસમાં ગરમ કરી રાખવું. એ અન્નનું પાચન અને મોઢામાં સ્વાદ આપે છે.

પાચક લીંબુ ન. આથેલ લીંબુ. લીંબુ અને મીઠાના અનુક્રમે થર ઉપર થર કરી માટલામાં દાબી રાખવું. તેમાંથી જરૂર પ્રમાણે એક કે બે લીંબુ કાઢી તેનો ઉપયોગ કરવાથી અજીર્ણ વિકાર વગેરે દૂર થઈ અગ્નિ પ્રદીપ્ત થાય અને મોંમાં સ્વાદ આવે.

પાચકાગ્નિ [સં.] પું. અન્નને પચાવનાર જઠરમાં રહેલો એ નામનો અગ્નિ; જઠરાગ્નિ.

પાચન ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ખાટો રસ; અમ્લ રસ.

૩. પું. મિત્રાનું ઝાડ.

૪. પું. રાતો ગેરુ.

૫. પું. રાંધનાર માણસ; રસોઈયો.

૬. ન. અજીર્ણનો નાશ કરનાર એક ઔષધ; આમ તથા અપાચન રોગને પચાવનાર ઔષધિ. આ ઔષધ સોળગણા પાણીમાં પકાવી સોળા ભાગનું પાણી રહેતાં ઉપયોગમાં લેવામાં આવે છે. વૈદકમાં દરેક રોગ માટે જુદાં જુદાં પાચન બનેલ છે. વિશેષ વસ્તુઓ ખાવાથી ઉત્પન્ન અજીર્ણ વિશેષ પદાર્થો ખાવાથી નષ્ટ થાય છે. જે વસ્તુ જે અજીર્ણને નષ્ટ કરે છે તેને તેનું પાચન કહે છે. જેમકે, અડદનું પાચન હિંગ, હિંગનું ઘી અને ઘીનું જંગલી લીંબુ પાચન છે. આ પ્રકારે આમ અને જાતના અજીર્ણનું દૂધ, દૂધના અજીર્ણનું પાચન આમળા, માખણ અને માંસના અજીર્ણનું પાચન ઘાટી છાશ છે. ગરમ મસાલો, હળદર, ઘિ, સૂંઠ, મીઠું આદિ સાધારણ રીતિથી બધાં દ્રવ્યોનું પાચન છે.

૭. ન. એક જાતનો લેપ.

૮. ન. ખાધેલા ખોરાકનું શરીરની ધાતુઓના રૂપમાં પરિવર્તન.

૯. ન. ખાને રૂઝવવા અને વહેતા લોહીને અટકાવવા માટે વપરાતો પદાર્થ.

૧૦. ન. જઠરાગ્નિ.

૧૧. ન. પચવવાની શક્તિ.

૧૨. [સં. પચ્ (પકવવું) ન. પકવવું તે; પચાવવું તે; હજમ કરવું તે; પચી જવું તે.

૧૩. ન. પાકવું તે.

૧૪. ન. પાપનો નાશ કરનાર પ્રાયશ્ચિત.

૧૫. ન. પિત્તના દોષનો નાશ કરનાર એક પ્રકારનો ઉકાળો.

૧૬. ન. રસોઈ કરવી તે; રાંધવું તે.

૧૭. ન. વસ્તુને ઠગવાનું તે.

૧૮. ન. વસ્તુમાંથી અક્ષરના પદાર્થો ખેંચી કાઢવા તે.

૧૯. વિ. પચાવનારું; પાચક.

૨૦. વિ. પ્રચાવનાર; પચાવનારું.

૨૧. વિ. જળવર્ધક.

૨૨. વિ. રાંધનાર.

પાચનક ૧. [સં.] પું. ટંકણખાર.

૨. ન. એક જાતનું ખાલ પીલું.

૩. ન. વસ્તુને ઠગવાનો તે.

પાચનક્રિયા [સં.] સ્ત્રી. ખોરાક પચવાની ક્રિયા; હજમ કરવાનું કામ; હજમ થવાની રીત; ખોરાક મોઢાવાટે પેટમાં જતાં પહેલાં તેના ઉપર જે ક્રિયા અને ફેરફાર થાય છે તે; પચવાની ક્રિયા.

પાચનગણ [સં.] પું. (વૈદક) પાચન ઔષધિઓનો વર્ગ. જેમકે, કાળાં મરી, અજમા, સૂંઠ, બળપીપર, કાકડાશિંગ.

પાચનગુટી સ્ત્રી. (વૈદક) ખોરાક પચાવનારી દવાઓની ગોળી.

પાચનતંત્ર [સં.] ન. પાચન થવાની ક્રિયા.

પાચનનળી પું. ખોરાકનું પાચન જેમાં થાય છે તે નળી.

પાચનમાર્ગ પું. અન્નમાર્ગ.

પાચનયંત્ર [સં.] ન. પાચનાય; ઓજરી.

પાચનરસ [સં.] પું. પચવામાં મદદ કરનાર જઠરની અંદરથી ઝરતો રસ; જઠરરસ; આમરસ.

પાચનશક્તિ [સં.] સ્ત્રી. આપેલું હજમ કરવાની શક્તિ; જઠરાગ્નિ; પચાવવાની શક્તિ; હજમ કરવાની શક્તિ.

પાચનિકા ૧. [સં.] સ્ત્રી. પરિચારિકા.

૨. સ્ત્રી. રાંધવું તે.

પાચની [સં.] સ્ત્રી. ૬૨૩. તે અનાજનું પાચન કરવાવાળી છે, માટે તેને પાચની કહે છે.

પાચનીય [સં.] વિ. પચાવી શકાય એવું; પાચ્ય

પાચપરુ જ. રસી.

પાચપાનડી (પાચપાનડી) સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ.

પાચપેચ કું. દાવપેચ.

પાચયિતા ૧. [સં. પાચયિતૃ] વિ. પચાવનાર. ૨. વિ. રસોઈ કરનાર.

પાચલ ૧. [સં.] કું. અગ્નિ ૨. કું. ચિત્રક વૃક્ષ. ૩. કું. રાંધવાનું વાસણ. ૪. કું. વાયુ ૫ ન. પકાવવું તે. ૬. ન. પાચન કરવું તે. ૭ ન. રાંધવું તે. ૮. વિ. પકાવનારું. ૯. વિ. પાચનશક્તિ વધારનારું; પચાવનાર. ૧૦. વિ. રાંધનારું.

પાચલા કું. વાસણ કામ કરનાર માણસ.

પાચવું ૧. [સં. પચ્ (રાંધવું)] જા. ક્રિ. રંધાવું. નિબ્બુ પાપી કેં પિંડ. નરકમાહિ પાચઈં રાત સતખંડ. ભીમ

૨ જા. ક્રિ. પકાવવું; તૈયાર કરવું; રાંધવું.

૩. જા. ક્રિ. મરિપક્વ કરવું; સારી રીતે રાંધવું.

પાચા ૧. [દ્રા.] કું. પગ. બેટાના પગ માટે આ શબ્દ વપરાય છે.

૨. [સં.] સ્ત્રી. રાંધવું તે.

પાચાઠો કું. (રૂઢી) પ્રહોજ.

પાચાપીરોળા કું. પગ નામનો કીમતી પત્થર.

પાચિ ૧. [સં.] સ્ત્રી. પકાવવું તે.

૨. સ્ત્રી. રાંધવું તે.

પાચિકા [સં.] સ્ત્રી. રાંધનારી બાઈ; રસોઈ કરનારી સ્ત્રી; રસોઈપણું.

પાચિત્તિય કું. પ્રાયશ્ચિત્તને લાયક ગુનો.

પાચી [સં. પચી] સ્ત્રી. (વૈદક) એક પ્રકારની લતા. તેને કડુ, તિક્ત, કષાય, ઉષ્ણ, અને વાતવિકાર, પ્રેત અને ભૂતની બાધા, કફરોગ અને કોલ્હામાં ઉપકારક માનવામાં આવે છે. તેને ચર્મલતા અને હસ્તિપત્રિકા પણ કહે છે.

પાચીકા (પચીકા) સ્ત્રી. હરિયાને કાંઠે રહેતી, આર તરફ ઢંકાઈની, નાની, સાંકડી, લાલ રેતની ચીકણાંવાળી માછલી.

પાચો કું. પોપચાંપ.

પાચ્છા કું. બાદશાહ; રાજા.

પાચ્છાઈ ૧. સ્ત્રી. બાદશાહી; રાજાનું બાદશાહની હકૂમતી.

૨. વિ. બાદશાહ સંબંધી.

પાચ્છાચ કું. બાદશાહ. તુર્કસ્તાન તણો પાચ્છાચ કરી હલ્લો કરાવે બહુ ધર્મદાસોદ્ધાર

પાચ્છાહ [હિં.] કું. બાદશાહ.

પાચ્ય ૧. [સં] વિ. અવશ્ય પચાવવા યોગ્ય; જરૂર રાંધવા યોગ્ય.

૨. વિ પચાવી શકાય એવું.

૩. વિ. પચી શકે એવું.

પાછ ૧. કું. પાછલો ભાગ.

૨. કું. રસી મૂકની તે.

૩. [હિં.] સ્ત્રી. ભરીયુના ગોદામ ઉપર કરેલો ચીરો. તેમાંથી મુંઢના રૂપમાં ભરીયુ નીકળે છે.

૪. સ્ત્રી. કોઈ ઠામ અથવા ઝાડના શરીર ઉપર ઉપરઉપરથી કરેલો ઝરકો.

૫ સ્ત્રી. કોઈ ઝાડનો રસ કાઢવા માટે તે ઉપર કરેલ ચીરો.

૬. સ્ત્રી. પાછલા પગની લાત. ઘોડા માટે વપરાય છે.

૭. સ્ત્રી. ખિલાન; ખીલ; ખેત.

૮. સ્ત્રી. સંચારણ.

૯. જા. પછી.

પાછઉં જ. (જૂ. ગુ.) પાછું. એક અમૃત વરિ બાકે અહં, પણિ હું પાછઉં નહિ હસઈ. વિજયપ્રબંધ

પાછકૂડાણી સ્ત્રી. કૂસ્ત ઇનું ચિહ્ન; ઈ. આ ચિહ્નને આપણે કૂસ્ત ઇનું ચિહ્ન કહીએ છીએ. ગામડી નિશાળોમાં પંડ્યાજીઓ તેને પાંચકૂડાણી કહેતા. અરે નામ પાછકૂડાણી છે, કેમકે તે અક્ષરની પાછળ લખવામાં આવે છે.

પાછકું જ વિ. પલાકું.

પાછતર ૧. કું. પાછળથી લાવવાનો ખોડ.

૨. કું. પાછોતરો પાક; બીજો પાક; જિવાણુ પાક. મગ, કપાસ, બાજરી, જુવાર, મેથી, જવ વગેરે પાછતર જણસ છે.

૩. [સં. પશ્ચાત્ + ઉત્તર; પ્રા. પચ્છ] વિ. પાછોતરું; મોસમના પાછા ભાગનું.

પાછતરું ૧. વિ. પાછળનું.

૨. જ. પછીથી; પાછળથી.

પાછરું જ. બસરકો; પા. પાછરાં પડ્યાં = પા થયા.

પાછલ ૧. [હિં.] વિ. પાછળનું.

૨. જ. પાછળ.

પાછલા ૧. વિ. પાછલું; મોઢા આગળ નહિ તેનું; પાછળનું.

૨. જ. પાછળ.

તમે પાછલા વનને રે, પીળાં સોનાં અમે રે લાવ્યા. ગીત

પાછલી અવરથા સ્ત્રી. ઘડપણ.

પાછલી મત સ્ત્રી. પાછળની બુદ્ધિ.

પાછલી મીલ સ્ત્રી. (વહાણવટું) સુકાન પાસેનો એક ભાગ.

પાછલી રાત સ્ત્રી. મધરાત પછીનો વખત; રાતનો અંત ભાગ; રાતના બે વાગ્યા પછીનો પરોઢ થતાં સુધીનો ભાગ

પાછલુ જુઓ પાછલ.

પાછલું ૧. વિ. આગલું નહિ એવું; પાછવારેનું; પાછળનું; પૂંઠનું.

૧. જુવાનીનું રળ્યું ને પાછલી રાતનું દળ્યું = જુવાનીમાં જેમ વધારે કમાઈ શકાય તેમ પાછલી રાતની શાંતિમાં દળાણ વધારે દળી શકાય.

૨. પાછલા પહોરનું–પાછલી રાતનું = પાછલી રાતે સંભોગ કરવાથી ઉત્પન્ન થયેલું; હલકું; બરાબર.

૩. પાછલે બારણેથી = ચોરીછૂપીથી.

૨. [સં. પશ્ચિમ; અપ. પચ્ચિમ; પ્રા. પચ્છિમઅ] વિ. ગુજરતા; બધું; પૂર્વનું; બનેલું; પહેલાનું.

૩. વિ. છેલ્લું; છેવટનું.

પાછલી ચાર ઘડી = ઉંમરી અવસ્થા; પાછલો પહોર દહાડો.

પાછલો પહોર ૧. કું. ઉતરાવસ્થા; વૃદ્ધાવસ્થા.

૨. કું. ત્રીજો પહોર; બપોરના ત્રણ વાગ્યાથી પંચ સુધીનો ભાગ.

૩. કું. જુનવસ ૪ રાતનો પાછલો ભાગ; બપ્પાહ ૪ મધરાત પછીનો વખત.

પાછલો કાલકો કું. (વહાણવટું) સૂવાની પાછળનું ઢાર.

પાછલો ખતાનો કું. (વહાણવટું) સુકાન પાસેનો એક ભાગ.

પાછલો મોરો કું. (વહાણવટું) વહાણનો સુખાણ તરફનો ભાગ.

પાછવું ૧. જ. બધું પાછવું તે; સંભારણ કરવું તે.

૨. જ. ઘરની ભીંત ઉપર કાગળથી કોઈ બનીવાળા સાધનથી કરાતો લિસોટો. આથી

થાકવું નુકસાન કરવા મરજીની હોય તેના શરીર ઉપર જોવા સિસોટા થાય તેમ મનાય છે.

પાછળ ૧. અ. કાજે; માટે.

૨. અ. ગેરહાજરીમાં.

૩. અ. પૂંઠે; પગવાડે.

૧. પાછળ ચાલવું = (૧) કોઈ બાબતમાં કોઈને નેતા કે ગુરુ માનવો; કોઈના અનુયાયી થવું; અનુકરણ કરવું. (૨) નકલ કરવી; કોઈના કર્મો મુજબ કરવું.

૨. પાછળ જોવું = (૧) આગળ નીકળી જવું. (૨) કોઈ બાબતમાં કોઈનાથી વધી જવું. (૩) બરાબર બનાવી કોઈની સાથે રાખવું. (૪) ભાગી જવેલ માણસને પકડવા કોઈને મોકલવું.

૩. પાછળ થવું = (૧) મોડમાં કરવું. (૨) પીછે પકડવો.

૪. પાછળ રોડાવવું = ભાગી જવેલા અથવા જતા માણસોને પકડી લાવવા માટે કોઈને રવાના કરવું; ગયેલા અથવા જતા માણસને પાછો લાવવા માટે કોઈને મોકલવું.

૫. પાછળ પડવું = (૧) કોઈ કામ પાર પાડવા માટે અંતથી મંડ્યા રહેવું; વળી વાર નિષ્ફળ જવા છતાં કોઈ કામ માટે ઉત્સાહ સહિત પ્રયત્ન કરતા રહેવું. (૨) કોઈ બાબતમાં કોઈ વખત કોઈની બરાબર હોય પણ પછી તેનાથી ચઢી જવું; પગત પડવું; પગવાડે રહેવું. (૩) કોઈના સંબંધમાં વારંવાર જોવું કોઈ કામ કરવું કે જોવું તેને બહુ કષ્ટ પહોંચે; કોઈને હાનિ પહોંચાડવાને આમડી થવું. (૪) કોઈ નો કજીઓ આવો; કોઈ કામ કરવાને કોઈને વારંવાર કહેવું. (૫) ઝઘડા, લાગકાત વગેરેના મુકાબલામાં કોઈથી ઊતરતા જણાવું. (૬) પીછો પકડવો.

૬. પાછળ પડી-રહી જવું = (૧) મોડું પડવું; મોડું થવું. (૨) સાથે ન રહી શકવું. (૩) સ્થિતિ કે દરજ્જામાં ઊતરતું હોવું.

૭. પાછળ મૂકવું = (૧) ચડિયાતા થવું. (૨) દોડવામાં આગળ જવું. (૩) ની આગળ જવું. (૪) પ્રાપ્ત કરતાં વધી જવું.

૮. પાછળ લગાડવું = કોઈની પાસેથી કોઈ મેળવવા કે કોઈના ઉપર નજર રાખવા કોઈને તેની સાથે રાખી દેવો.

૯. પાછળ લાગવું – (૧) કોઈ બાબતમાં અથવા મતલબથી કોઈની પાછળ પાછળ ચાલ્યા કરવું; સાથે સાથે રહ્યા કરવું. (૨) રોગ, દુઃખ વગેરેનું લાંબા વખત સુધી રહેવું

૧૦. પાછળ દાટવું = પાછળ ખસવું.

૪. અ. ભૂતકાળમાં.

૫. અ. મરણ પછી.

પાછળથી ૧. અ. પછવાડેથી; વંસેથી; પૂંઠેથી.

૨. અ. પછી; રહીને.

૩. અ. પછીથી.

પાછળબુદ્ધિ ૧. સ્ત્રી. ચોરી બુદ્ધિ.

૨. સ્ત્રી. પાછળથી વિચાર કરનારી બુદ્ધિ.

૩. વિ. ચોરી બુદ્ધિવાળું.

આગળબુદ્ધિ વાણિયો. પાછળબુદ્ધિ બ્રાહ્મ. ઝોડોક્તિ

પાછળમતિનું વિ. બુદ્ધિ વગરનું; વિચારીને નહિ કામ કરનાર.

પાછળિયાં અ. પાછળ.

પાછળી ૧. સ્ત્રી. કમુખીની એ નામની એક જાત.

૨. વ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પાછાતરો વિ.પું. (કચ્છી) પાછળનો.

પાછા ફર્મ પું. વ. ઇ. પરણ્યા પછી અમુક દિવસે કન્યાનાં માવતર બોલ દિવસને માટે કન્યાને પોતાને ઘેર તેડી આવે તે.

પાછિમ અ. (જૂ. ગુ.) પાછળ.

પાછિમ પહરણ બાંધિયાં. વિમલપ્રબંધ

પાછિયા પું.બ.વ. (કચ્છી) ઢાંગા; પાછળા પગ.

પાછી [હિં.] અ. પાછળ.

પાછી ધરતી સ્ત્રી. કઠિયાવાડ.

પાછું ૧. વિ. બાકીનું; ઉચ્ચિષ્ટ; બીજું; બોકું; પડતું.

૨. વિ. અસલ બાબતની બાજુ તરફનું.

૩. [સં. પશ્ચાત્; પ્રા. પ્રચ્છા; અપ. પચ્છઅ– પાચ્છિઅ] વિ. પૂંઠ તરફનું; પાછળું; આગળ નહિ જોવું; પાછળનું.

૪. અ. ઊલટી, બનવી કે સામેની દિશામાં. જોમકે, પાછો આવ.

૫. અ. જે તરફથી આવ્યું હોય તે બાજુએ; પાછળ આવ્યું હોય તે તરફ.

૧. પાછા ઠોકવું = ઊલટી વળી.

૨. પાછા વળું = (૧) ફોક વળું; મિથ્યા થવું. (૨) મરી જવું; ગુજરી જવું; મરણ પામવું; ગત થવું.

૩. પાછા વળવું = (૧) પાછું ફરવું. (૨) મરી જવું; ગુજરી જવું.

૪. પાછા વળી જવું = કોની રોનિમાં જવું.

૫ પાછાં પગલાં કરવાં = વળવું.

૬. પાછી ખરી કરવી–ઠારવી = (૧) તકરારમાં નબળું પડવું; હારવું. (૨) પાછા હઠવું; પૂંઠ બતાવવી; પાછું ફરવું. (૩) હારીને નાસી જવું; હિંમત હારવી.

૭. પાછી પાની નહિ કરવી–ઠારવી = કચાશ નહિ રાખવી; જેટલો લાભ લેવાય તેટલો લેવો; બાકી નહિ રાખવું; પાછા નહિ પડવું; મચ્યા રહેવું.

૮. પાછી પાની ફરવી = પાછી જરૂરી કોઈ બાબે બારે બનાવ તે ન બનવા પામતાં પાછે પગે પસપસતા જાણ તરફ બનવ તે બારમાત બનો.

૯. પાછી લાગવી = (૧) નુકસાન થવું; હાનિ પહોંચવી. (૨) મોત આવવું.

૧૦. પાછું આપવું = મજરે આપવું.

૧૧. પાછું આવવું જવું = બીજી વાર આવવું જવું.

૧૨. પાછું કરવું = (૧) પાછું ઠારવું. (૨) પાછું બસેડવું.

૧૩. પાછું ઠારવું = (૧) અસ્વીકાર કરવો; ન લેવું. (૨) પેસવા ન દેવું.

૧૪. પાછું થવું = ગુજરી જવું; ફરી થવું. ફરીથી જન્મ લીધો હોય એમ અર્થ થાય છે, પણ બાબાજી ન સમજતાં ગુજરી ગયો એ અર્થમાં વાપરે છે.

૧૫. પાછું નાખવું = ઊલટી કરવી.

૧૬. પાછું પડવું = (૧) ખોટું પડવું. (૨) નિષ્ફળ જવું. (૩) હારી જવું; હારવું; પૂંઠ બતાવવી.

૧૭. પાછું પગલું ભરવું = (૧) બચાવવું. (૨) પલાયન કરવું.

૧૮. પાછું ફરવું–વળવું = (૧) આગળ નહિ વધતાં પાછા અસલ સ્થાન તરફ આવવું; પૂંઠ ફેરવવી. (૨) ઊલટી થવી; આપેલું અન્ન પાછું નીકળી જવું. (૩) પોતાનું આદિ કારણ તપાસવું; પાછું આવવું; કર્મ કરતાં પાછું પડવું. (૪) બગડી જવું; ઊતરી જવું; સ્વાદ રહિત થવું. જેમકે, ભાત પાછો વળ્યો. (૫) મરણ પામવું.

૧૯. પાછું વળીને–વાળીને જોવું = (૧) ભાંગડો આવો; સકોચ પામવો. (૨) દયા લાવવી. (૩) દીર્ઘદૃષ્ટિ પહોંચાડવી. (૪) પાછળ શું છે તે જોવું; પાછળ નજર કરવી. (૫) શું કરી તેનો વિચાર રાખવો; પાછળ શું થાય છે અથવા કરી તેનો વિચાર રાખવો; ભવિષ્ય વિચારવું.

૨૦. પાછું વાળવું = પાછું ઠારવું.

૬. અ. પૂંઠે; પગવાડે.

૭. અ. ફરીથી; બીજી વાર; વળી.

૮. અ. બાજુએ કે બાજું. જેમકે, પાછો બસ.

પાકું ભરવું ક્ર. વળતર.

પાછે ૧. પું. પાછલો ભાગ.

૨. પું. પાછળ પડવું તે.

૩. [સં. પશ્ચાત્] અ. પાછળ.

પાછેવાનું જ. ક્રિ. પાછું પડતું.

પાછેં [હિં.] અ. પાછળ.

પાછો અ. ફરીથી; બીજી વાર.

પાછોડિયું ૧. ન. કપડાની અંદરનું બીજું.

૨. ન. ગાડાના પાછલા ભાગમાં પાંજરીને બે રાખવામાં આવતું ભારણા જેવું પાટિયું; પાંજરીવાળા ગાડાનું પાછલું પાટિયું; પછીતિયું; પાછલો ભાંતરો.

પાછોડિયું (પાછોડિયું) ન. પીઠ પાછળ હાથ બાંધવા તે.

પાછોતર ૧. પું. વાવવાના યોગ્ય વખત પછી વાવેલો પાક.

૨. વિ. મોસમના પાછલા ભાગનું; પાછતર.

પાછોતરું ૧. વિ. મોસમ બાદ પછીનું; પાછળથી થયેલું.

૨. વિ. મોસમના પાછલા ભાગનું; પાછતર. જેમકે, પાછોતરો વરસાદ; પાછોતરું વાવેતર.

પાછોયું ન. પાછા વળવું તે; વળામણ.

ઈર્ષ્યા હરિ અસમાન, પાછોયાં પુનો કર્યાં;
કર્યાં બાનાં મંડાણ, રંગોળ લાખ્યાં વાસણાં.
હિલ્લોલ

પાછોવાડિયું (પાછોવાડિયું) વિ. પાછલા ભાગનું; ગામના છેવાડાના ભાગનું.

પાજ્જા પું. પાદશાહ; સમ્રાટ.

પાજ્જાઈ સ્ત્રી. પાદશાહી.

પાજ ૧. પું. પગ; ચરણ; પાંય.

૨. પું. પંક્તિ; કતાર.

૩. [સં. પદ્યા (રસ્તો); પ્રા. પજ્જ] સ્ત્રી. પાળ; પુલ; સેતુ; ભેખડ; હદ.

કર્મે અનુસાર કરે બહુ કામ,
પુરુષ સહોદર જાંપિ પાજ. રામચ

૪. ન. કામ કરવાનો લાકડાનો મેહો.

૫. ન. કાંદાના પાકોની વચમાં જોવું નાખુંક ત્રીજું પડ હોય છે એવા નાખુંક ત્રીજા પોતનું રેશમી કપડું; એક જાતનું ત્રીજા પોતનું રેશમી કાપડ.

૬. ન. નદીની કોર; નદી કે દરિયાનો બાંધેલ કાંઠો; બકો; કકો.

૭. ન. પગરસ્તો.

૮. ન. બળ.

૯. ન. સાધન.

પાજણી ૧. સ્ત્રી. કાંઠ પાની તે.

૨. સ્ત્રી. નિયત સમયે જોયું સેવન કર્યા વિના ન ચાલે તેવી ટેવ; આદત; બંધાણ.

૩. સ્ત્રી. સૂતરને ચીવટ અને કસ કરવા માટે પાવાની કાંજી તાણવાણાને ચડાવાતી ઘઉંના લોટની લાહી; ભેળ.

પાજણીગરો પું. સૂતરના તાણાને ભેળ પાનાર માણસ.

પાજરા [હિં.] પું. એ નામની એક વનસ્પતિ. તેમાંથી રંગ બનાવવામાં આવે છે.

પાજસ્ત ૧. [સં.] પું. પાંજર; છાતી અને પેટની બાજુનો ભાગ; પાસ્વું.

૨. વિ. બળકર.

પાજંદ સ્ત્રી. પારસી લોકોની ધર્મભાષા.

પાજામા ૧. [ફા. પા (પગ) + જામા (કપડે)] પું. પાયજામો; સુરવાલ; કાજર. પાયજામાનો બનાવટ આ દેશમાં ક્યારે થઈ હશે તેનો નિર્ણય થઈ શકતો નથી; પણ ઇરાનનું માનવું છે કે, મુસલમાનો આવે તે અગાઉ. તે પહેલાં અહીંના લોકો ધોતી પહેરતા હતા. પરંતુ પહાડી અને ઠંડા પ્રદેશના લોકોમાં બાજામા તેનો જેટલો બજાર છે તેથી ઓછા ગામ છે કે, પહેલાં પણ તેમનું કામ તેના વિના નહિ ચાલતું હોય. આજે હિંદુ મુસલમાન બંને પાયજામા પહેરે છે, પણ મુસલમાનો વિશેષ તેનો ઉપયોગ કરે છે.

૨. પું. મૂર્ખ.

૩. પું. લેખાને બળતું એક જાતનું કપડું.

પાજ્જ ૧. પું. કંજૂસ માણસ.

૨. પું. હિજડીર માણસ.

૩. પું. દુષ્ટ માણસ.

૪. પું. પાયદળ; પેદલ સેનાનો સિપાઈ; પાઇક.

૫. પું. રક્ષક; ચોકીદાર.

૬. વિ. કંજૂસ; નખીલ.

પાજ્જ ઘોડા સારૂ પીટવા ગઈ ને ઊંટ કહ્યામણુ
બધ્યો જોડો = સહાનુભૂતિ દર્શાવતાં ઊલટું
નુકસાન સહન કરવું પડ્યું.

૭. વિ. તોફાની; કજિયાળું.

૮. વિ. દુષ્ટ; બેકરમ; બેગયરત; કાફેલ.

૯. [સ.] વિ. નીચ વૃત્તિનું બદમાશ; બદમઝા; અનંત નીચ.

૧૦. વિ. ખુરચું; કંઈ; બદમાસ.

પાજ્જપણ જુઓ પાજ્જપણું.

પાજ્જ હું ન. દુષ્ટતા; નીચતા; ખુરચાઈ; બદમાશપણું.

પાજ્જપન જુઓ પાજ્જપણું.

પાજ્જપરસ્ત વિ. બદમાશ માણસોને ઉત્તેજન આપનાર.

પાજ્જમિજાજ વિ. નીચ સ્વભાવનું

પાજ્જાના જ. પણ કરમજાના હોય એમ.

પાજ્જવનું વિ. કંજૂસ; કૃપણ; નખીલ.

પાજ્જવાળું જુઓ પાજ્જનું.

પાજેઠિયું ૧. ન. ગાડાની પાંજરીનો આગલો ભાગ.

૨. ન. ભરડા ઉપર નાખેલી લૂગડાની કોથળી જેવી દેખાતી ભોંય.

૩. ન. ભરડા ઉપર લટકતી રાખેલી પોટલી.

૧૪૨. પાવળું પાણી યે ન જાતું = અત્યંત દુઃખી થવું. એક ગામમાં ભોગાભાઈ કરીને એક શેઠ રહેતા હતા. આજુબાજુનાં ગામડાંઓમાં શેઠની નાણાની ધીરધાર હતી, જેથી શેઠને અવારનવાર નજીકનાં ગામડાંઓમાં જવું પડતું. જ્યારે જ્યારે શેઠ સવદાસ પટેલના ગામમાં જતા, ત્યારે પટેલ શેઠને માટે પ્રાણ પાથરતા. જુદી રસોઈ કરાવી મિજબાન જમાડતા. શેઠની ઘોડીને માટે વાડીઓથી લીલું, જાર વગેરે મંગાવી નાખતા, તેને ચોતરવા માટે અલાયદી સગવડ કરવામાં આવતી. શેઠની તહેનાત ઊઠવવા પટેલ બડે પગે તૈયાર રહેતા. જમાનાક એક દિવસ પટેલ કોઈ કામ પ્રસંગે શેઠના ગામમાં જઈ ચઢ્યા. શેઠ તો પોતાની દુકાનના ઓટલા ઉપર બેસી હાલપ્પુ કરતા હતા. પટેલને દૂરથી દેખીને શેઠ દુકાન સામું જોઈ પોતાના દીકરાની સાથે આડીઅવળી વાતો કરવા લાગ્યા. પટેલ ઘોડી સહિત શેઠના ઓટલા પાસે આવી પહોંચ્યા. શેઠે તો રામ રામ પણ ન કર્યા. ઊલટા પટેલે શેઠને કહ્યું કે, શેઠિયાજી, રામ રામ! શેઠ તો જાણે માથે આરે મેઘ આંગા થઈ ગયા હોય તેમ આભમ મરડીને બોલ્યા: રામ રામ. શેઠે આદર આગતાસ્વાગત આપ્યો નહિ. પટેલના મનમાં થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જવું. પટેલે તો પોતાની ઘોડીને જોરથી ઝોડી મારી. ઘોડી પવનવેગે ચાલી નીકળી. પટેલે ઘેર આવી પોતાના મોટા દીકરા ગોવિંદને બીતેલી વાત કહી સંભળાવી. બીજા દિવસ પછી શેઠ તો પાછા પટેલના ગામમાં આવ્યા. પટેલની ડેલીએ આવી શેઠ બોલ્યા, કેમ સવદાસ શું કરશ ? પટેલ બોલ્યા કે આવો શેઠ આવો. આ ગોવિંદ, શેઠની ઘોડી બાંધી દે. ગોવિંદ બોલ્યો કે શેઠ, આ જમીન તો સમવાનની છે, એમાં અમે તો તેના રખવાળ છીએ. લાવો ઘોડી બાંધી આવું. પરંતુ તમે તો પાવળા પાણીમાંથી યે ગયા ને! શેઠ વિચારમાં પડી ગયા. ત્યારપછી શેઠ જ્યારે આવતા ત્યારે સવદાસ પટેલને ઘેર આવતા નહિ.

૧૪૩. પાંદડે પાણી પાવુ = હેરાન કરવું; પોતાની ઇચ્છા પ્રમાણે બીજાને બળાત્કારે ચલાવવું; જુલમ કરવો; બહુ સતાવવું; પાંદડે પાણી પડે તેવી સ્થિતિમાં લાવવું.

૧૪૪. પીવા પૂરતું પાણી નહિ ને નામ દિલાવરખાં = ખોટી બડાશ હાંકવી.

૧૪૫. પેટ પાણી પકવા ન દેવું = (૧) પચેલ પાણી જવા ન દેવું. (૨) શાંતિથી રહેવા ન દેવું; ગુસ્સે કરવું.

૧૪૬. પેટમાં પાણી ન જીરવું = ગુપ્ત વાત બહાર ન પાડી દેવી; સાભળેલ વાત છાની જ રાખવી.

૧૪૭. પેટમાં પાણી ન હલવું = (૧) પેટમાં જ વાત રાખવી; ગુપ્ત વાત બહાર ન જવી. (૨) મનમાં ઉદ્વેગ ન થવો; જરા પણ ચિંતા ન થવી.

૧૪૮. પેટમાં પાણી યે ન ટકવું = (૧) કોઈ વાત ગુપ્ત ન રાખી શકવી. (૨) પેટમાં કોઈ ચીજ નાખતાં ઝીલવી અઘરી બધું નીકળી જવું.

૧૪૯. પેટમાં પાણી હાલતા ન દે એવું = વિચાર જરા પણ બહાર ન કરે તેવું ગંભીર.

૧૫૦. પેટમાંનું પાણી હાલવું = (૧) ઠાંઈ પણ ખસી જવી. (૨) ચિંતા થવી.

૧૫૧. પૈસાનું પાણી કરવું = પુષ્કળ પૈસો ખરચવો.

૧૫૨. બે પાણીનું = પરમુલકના વીર્યથી ઉત્પન્ન થયેલ.

૧૫૩. ભારે પાણી = અનિજ પદાર્થ અધિક પ્રમાણમાં હોય એવું પાણી.

૧૫૪. મોઢે પાણી લાવવું = (૧) મોઢા ને લાંબા મંડવાઠમાંથી ઊઠવું. (૨) સુધાવઠમાંથી ઊઠવું

૧૫૫. મીઠું પાણી = (૧) પીવામાં સ્વાદવાળું પાણી. (૨) ક્ષેમકોનેઠ; ક્ષેમના સાઠ પાણી.

૧૫૬. મુસાફાર્મનાં વા પાણી = પરાયો માલ પોતાને નામે વાપરવો; પારકો માલ પોતાને નામે વાપરવામાં ખેદ ન થવો

૧૫૭. મોંમાં પાણી આવવું = (૧) લાલચને લીધે રહી ન શકવું. (૨) સ્વાદ લેવાની બહુ લાલસા થવી.

૧૫૮. લાલ પાણી = (૧) ઋતુનું પાણી. (૨) લોહી.

૧૫૯. લીંબુનું પાણી = દરેકમાં ભળી જાય તેવું.

૧૬૦. લોહીનું પાણી કરવું = (૧) બહુ મહેનત લેવી; જાત તોડીને મહેનત કરવી. (૨) મારકૂટ કરવી; બહુ સમજાવવું.

૧૬૧. લોહીનું પાણી થવું = (૧) બહુ મહેનત પડવી. (૨) શરીર ઉપર દિક્કત આવવી.

૧૬૨. વગતાં પાણી = નબળો વખત; મોળું નસીબ; ઓછી મહેરબાની.
૧૬૩. સો મળણે મળીને પાણો પીવું = પૂરતો વિચાર કરી કામ કરવું.
૧૬૪. હલકું પાણી = અનિજ પદાર્થ બહુ થોડા પ્રમાણમાં હોય એવું પાણી.
૧૬. ન. ટેક; વટ; શાખ; આબરૂ.
૧૪. ન. ઠંડો પદાર્થ.
૧૫. ન. તેલ, ફૂલ અથવા ફળને કચરી તેમાં પાણી મેળવીને તેમાંથી યંત્ર વડે ખેંચીને તૈયાર કરેલું ઔષધનું પાણી.
૧૬. ન. ડાઘ; ફરાળ.
૧૭. ન. ધારદાર વાઢ.
૧૮. ન. નરમ કે મુલાયમ વસ્તુ.
૧૯. ન. ન્યાય કચેરીનો આઠ મહિનો એક ભાગ.
૨૦. ન. પરિસ્થિતિ; સામાજિક દશા. આ શબ્દ કેવળ ખરાબ પરિસ્થિતિ, ખરાબ ચાલચલગત કે ચરિત્ર બગડવાની સામાજિક દશામાં વપરાય છે, સારી સામાજિક સ્થિતિમાં નહિ.
૨૧. ન. પાણી જેવી કોઈ પાતળી વસ્તુ; જળ જેવું કોઈ પ્રવાહી; ઘી, તેલ, મરઘી વગેરે સિવાય કોઈ પ્રવાહી પદાર્થ.
૨૨. ન. ફિક્કો અને સ્વાદ વગરનો પદાર્થ. જેમકે, દાળમાં શું દમ છે ? બિલકુલ પાણી છે.
૨૩. ન. બળ; જોર; શક્તિ; સત્તા; માલ; શૌર્ય; ખરાતનો જુસ્સો; પોરસ; તેજ; હિંમત; દમ; દૈવત; બહાદુરી; સ્વાભિમાન; મરદાનગી.
૨૪. ન. જળ, બંધારણ કે સ્વભાવનું વલણ. જેમકે, કઠિયાવાડનું પાણી જેનામાં નથી.
૨૫. ન. મધુ.
૨૬. ન. રૂપ; સ્વરૂપ.
૨૭. ન. ચળકાટ; ચળકાટદાર; તેજ; નૂર; ચમક; ઓપ; કાંતિ. જેમકે, મોતી કે હીરાનું પાણી.
૨૮. ન. વખત; તક.
૨૯. ન. વરસાદ; મેહ; વૃષ્ટિ.
૩૦. ન. વર્ષ; સાલ. જેમકે, પાંચ પાણીનું સુખર એટલે જેણે પાંચ વરસાદ દીઠા હોય એવું સુખર અર્થાત્ પાંચ વર્ષ પૂરાં થયાં હોય એવું સુખર.
૩૧. ન. વાર; દાણ.
૩૨. ન. વીર્ય; ધાતુ; રેત; શુક્ર.
૩૩. ન. શરમ.
૩૪. ન. સંકલ્પ; પણ; હથેળીમાં પાણી લઈ કોઈ કામ કરવાનું નક્કી કરવું તે.
૩૫. ન. સૂક્ષ્મદર્શક યંત્રથી પાણીમાં દેખાતો એક જાતનો ખોળાકાર પદાર્થ. તે હમેશા ફરતો રહે છે.
૩૬. ન. સોનારૂપાનો રસ; ઢોળ.
૩૭. વિ. ઠંડું.
૩૮. વિ. પાણી જેવું પાતળું; પ્રવાહી.
૩૯. વિ. ખોચું; મોળું.
૪૦. વિ. બેસ્વાદ; ફિક્કું.

પાણીકરણ [સં.] ન. વિવાહ; લગ્ન; પાણિગ્રહણ.

પાણીકળો પું. જમીનમાં કઈ જગ્યાએ કૂવો ખોદવાથી પાણી નીકળશે તે જાણનાર માણસ; જમે તેટલી ઊંડાઈએ વહેતા પાણીના પ્રવાહને પારખી જાનાર માણસ.

કુશળ પાણીકળો જેમ જમે તેટલી ઊંડાઈએ વહેતા પાણીપ્રવાહને પણ પારખી કાઢે છે, તેમ આ અદ્‌ભુત સૌંદર્યનો જમે તેટલા ઘર નીચે વહેતા સૌંદર્યપ્રવાહને પણ પારખી કાઢે છે.
કૌમુદી

પાણીકાગ પું. પાણીમાં રહેનાર કાગડા જેવું એક પક્ષી.

પાણીકાગડો (પાણીકાગડો) જુઓ પાણીકાગ.

પાણીક્ષાર પું. અનિજ ક્ષાર.

પાણીખાતું ન. પાણી પૂરું પાડવાનું કામકાજ કરનાર ખાતું; જળાશયખાતું.

આ પાણીખાતાના બે હેતુ છે. વરસાદનું પાણી સંગ્રહી રાખવું, અને જે પાણીના ગોપે લાયા પ્રદેસમાની જમીનને પાણી પૂરું તેમ કરવું.
વનસ્પતિશાસ્ત્ર

પાણી ખૂંદનાર વિ. પક્ષીની એક જાતનું. આ વર્ગમાં જળમાં આવે છે. તેના વળી બે વિભાગ છે: ઝાડ ઉપર બેસી શકે તે અને ઝાડ ઉપર ન બેસી શકે પ્રણ જમીન ઉપર જ રહે તે. પહેલા વિભાગનાં પક્ષીઓના પગનાં પાછળનાં અંગળાનો સંપૂર્ણ વિકાસ થયો હોય છે, એટલે તેઓ ઝાડની ડાળી પકડીને બેસી શકે છે. બીજા વર્ગનાં પક્ષીઓમાં તે અંગળાનો વિકાસ થયો નથી હોતો અને તેઓ ઝાડની ડાળી પકડી શકતાં નથી. તેઓ જિંદગી જમીન ઉપર જ કાઢે છે. આ બીજા વિભાગમાં ત્રણ જાતનાં જળમાં આપણે જાણે છે: સારસ, કુરંગ અને કુંજ. આ ત્રણે પક્ષીઓમાં કેટલીક શારીરિક સામ્યતા છે. તેઓની ચાંચ લાંબી પણ બાકી કુટુંબનાં બીજાં પક્ષીઓ કરતાં ટૂંકી હોય છે. ચાંચની ઊંડી બાંચમાં નસકોરાં આવેલાં હોય છે. પગ લાંબા અને ભીંગાંવાળા, પાંખો લાંબી, પૂંછડી ટૂંકી અને ગોકસરખાં આપનું પીંજવાણી હોય છે. તેઓ ઊડતી વખતે ડોક લાંબી અને પગ પાછળ લંબાવી રાખે છે. ઊડવાની શરૂઆત કરવા તેઓ થોડુંક દોડે છે અને જમીન છોડીને હવામાં જવા માટે પાંખો જોરથી વીંઝે છે. તેમની પાંખોના છેડાનાં પીછાં લાંબાં, સુંવાળાં અને ઝૂલતાં હોય છે. તેઓ બહુધા વનસ્પતિભક્ષી છે, પણ કવચિત્ માંસ છે

પાણીચકી સ્ત્રી. જળચકી; પાણીથી ચાલતી ચકી.

પાણીચાલ ન. એક જાતનું પક્ષી.

પાણીચું ૧. ન. પાણીથી ભરેલું નાળિયેર.
૨. ન. બરતરફી; રજા; વિદાય; કબસદ.
૧. પાણીચું આપવું-દેવું-પકડાવવું-પરખાવવું = (૧) નોકરીમાંથી બરતરફ કરવું. (૨) વિદાય કરવું; રજા આપવી. (૩) વિદાય વખતે શુભ શકુન તરીકે પાણીવાળું નાળિયેર બળવું.
૨. પાણીચું મળવું = (૧) નોકરીમાંથી રજા મળવી; બરતરફ થવું. (૨) વિદાય થતી વખતે શુભ શકુન તરીકે પાણીવાળું નાળિયેર આપવું. (૩) વિદાય થવું.
૩. ન. મીઠાના પાણીમાં આથેલી કેરી.
૪. ન. વિદાયને વખતે શુભ શકુન તરીકે પાણીવાળું નાળિયેર આપવું તે.
૫. વિ. પાણીવાળું; પાણીનું; પાણીથી ભરેલું.

પાણીજલ્લું ૧. ન. નાળિયેર.
૨. વિ. પાણીનું; પાણીથી ભરેલું.
પાણીજલ્લું આપવું = (૧) પાણીનું શ્રીફળ આપવું; જોજોજલ પાણીથી ભરેલું શ્રીફળ આપવું. (૨) બરતરફ કરવું. (૩) રજા આપવી; કાઢી મૂકવું. (૪) લીલે તોરણે વિદાય કરવું.

પાણીજાણી ૧. ન. પાણી વગેરે જોઈતી ચીજ. તમને દયા આપવી, આશ્વાસન આપવું, પાણીજાણી આપવાં. ભાંપીલ
૨. ન. ઓનું ઓકેટર દૈનિક ખરચમાં; પાણી ભરી લાવવું, લીંપવું, ચાસીકું વાળવું, ધોવું વગેરે બધું ખરચમાં.

પાણીજન્ય વિ. પાણીમાંથી ઉત્પન્ન થતું.

પાણીજૂમ ન. નદીકાંઠે ઊગતું એક જાતનું ઝાડ.

પાણીઝલ સ્ત્રી. (કચ્છી) પાણી પીવાની સરલતા થાય તે માટે સવારમાં ચોકું બાંધી લેવું તે.

પાણીઝૂલ સ્ત્રી. નાસ્તા કે ભોજન પછી પાણી પીવું તે.

પાણીડું (પાણીડું) ન. પાણી; જલ.
ચારી લાવો પાણીડું પાઈને. ગુ. સા. પરિષદ

પાણીદાળ ૧. પું. જેમાંથી નદી પાણી મેળવે તે પ્રદેશ.
૨. પું. નદીનું પાણી વહી જવાનો ઢાળ; 'વૉટરશેડ.'
૩. પું. પાણીના બે ઢોજ વચ્ચેની દીવાલ.

પાણીહોળ ૧. ન. ઉપકારને બદલે અપાતો અપકાર. ૨. ન. કરેલા શ્રમની નિષ્ફળતા; કપાં માથે ફેરવાયેલું પાણી. ૩. ન. કોઈ માણસના મરણ પછી અગિયારમે કે બારમે દિવસે કરવાની ક્રિયા; મરનારની પાછળ આઠક્રિયામાં છેવટે પાણી ઢોળવામાં આવે છે તે વિધિ. ૪. વિ. અર્થ; નકામું.

પાણીતક ૧. [સં.] પું. કાર્તિકેયનો એક અનુ. ૨. સ્ત્રી. કાર્તિક સ્વામીની અનુચર માતૃકા.

પાણીદાર ૧. વિ. આકરું; કડક. ૨. વિ. આત્માભિમાની. ૩. વિ. આબરૂદાર; માનનીય. ૪. વિ. તીક્ષ્ણ ધારવાળું. ૫. વિ. પાણીવાળું; તેજ; તેજસ્વી. ૬. વિ. શૂરવીર; બહાદુર.

પાણીદિયા [હિં.] પું. દીકરો; પિતૃઓને તર્પણ દેવાનો હકદાર પુત્ર.

પાણીની પટ્ટી સ્ત્રી. એક જાતનું પક્ષી.

પાણીપચ્યું જુઓ પાણીપોચું.

પાણીપત ૧. ન. એ નામનું એક ગામ. તે પાણીપતના મેદાનથી એક માઈલ દૂર આવેલ છે. ૨. ન. દિલ્હી અને અંબાલા વચ્ચે આવેલું એ નામનું પ્રસિદ્ધ યુદ્ધક્ષેત્ર. ત્યાં રાજકીય દૃષ્ટિએ યુદ્ધ થયેલાં છે. તેની પાસે કુરુક્ષેત્ર છે, જ્યાં મહાભારતનું યુદ્ધ થયું હતું. પૃથ્વીરાજ અને શાહબુદ્દીનને, પઠાણો અને મુઘલોને, મરાઠા અને અહમદશાહ અબ્દાલીને અહીં યુદ્ધ થયાં હતાં. અકબરના સમયમાં પાણીપત વ્યાપારનું એક મુખ્ય સ્થાન હતું. એ કારણથી જ તેનું નામ પાણીપતિ રાખવામાં આવ્યું હતું. પાણી એટલે જળ અને પતિ એટલે માલિક અર્થાત્ જળનો માલિક તે પાણીપતિ. આવર્ત પાત્રમાં ઉલ્લેખ છે કે: પાણીપતનું મેદાન જૂના સમયથી ઇતિહાસપ્રસિદ્ધ છે. મેદાનના નામ ઉપરથી ગામનું નામ પણ પાણીપત પડ્યું છે. ગામથી મેદાન એકાદ માઈલ દૂર છે અને તેનો ઉંચો ચારેક માઈલે આવે છે. ભૂમિ તદ્દન ઉજ્જડ, એક પણ ઘર કૂંપા વિનાની નિર્જન જણાય છે. મેદાન તે બરોબર ચોરું મેદાન છે, પણ અંદર ખેતરો સારાં છે અને પાક પણ સારો થાય છે. જ્યાં ચાર માઈલ દૂર એક ઓટા ફરતી જળી અને સાતેક ફૂટ ઊંચો એક કીર્તિસ્તંભ છે. તેમાં આરસની તકતીમાં પાણીપતના આ મેદાનમાં ઈ.સ. ૧૭૬૧માં અહમદશાહ અને મરાઠા વચ્ચે થયેલી ત્રીજી લડાઈનો ઉલ્લેખ છે, જે અંગ્રેજી તથા ઉર્દૂમાં છે. આ ઉપરથી જાણી શકાય છે કે, એ મેદાન પાણીપતનું જ છે. લેખમાં લખ્યા પ્રમાણે ત્યાં મુકાણાં બાંધાનું જૂથ હતું ને તેથી ત્યાંનું મેદાન કલાત્મક તરીકે ઓળખાય છે, જ્યાં ઉપર જણાવેલ લેખવાળો સ્મરણસ્તંભ છે. મૂળના કાળા બાંધા ઉપર વીજળી પડતાં તે બળી ગયો અને રંગ પણ ધીરે ધીરે ઘસાઈ નાશ થયું. પૂર્વકાળમાં કુરુક્ષેત્રનો ઘેરાવો ૪૮ કોસનો હતો. પાણીપતના મેદાનનો તેમાં સમાવેશ થઈ જતો હતો. અત્યારે કુરુક્ષેત્ર અને પાણીપત જુદાં છે.

આ મેદાન મહાન પાણીપતનું માનુષ્યચોરું હતું. કોહીથી તરબોળ લોક વરસ્યું ઘાને હજી કોહીનું; લાખો હસ્તી હયાદિ ન્યાં પણ પડ્યાં લાખો પડ્યાં માનવો, ત્યાં કોહીની નદી તણાય ઝરણાં આડી ઝરણાં અહો! અમર્યું અંતિમ યુદ્ધ આ રણ વિષે મુસ્લિમ મરાઠાતણું, ઘાયે ઘોડા આંબવે સ્વજનનું ત્યાં ચિહ્ન છે સ્વજનું; ગાઢના પણ ગાઢ ભૂમિ પડી છે મેદાનરૂપી હજી, કેવા નિર્દય ધર્મ રાજ્યતણો કાં તો પ્રભુએ સૂજ્યા! વિહારી

પાણીપત્રક ન. તલાટીનું દફતર. તેમાં ખેતર, તે ઉપરનાં ઝાડ અને પાક વગેરેની નોંધ લેવામાં છે.

પાણીપળ સ્ત્રી. પાણીના માપની સાડાસાત પળી.

પાણીપંથ વિ. કાપથી ચાલનાર; પાણીપંથું.

> વારણીઆ વેરે નાવંદ,
> કૂડા પણ જેમ પાણીપંથ. પ્રેમાનંદ

પાણીપંથાર સ્ત્રી. નહેર.

પાણીપંથું વિ. પાણીના રેલાની પેઠે માર્ગ કરે કે કાપે એવું; ઉતાવળે ચાલનારું; પાણીના જેવી ગતિવાળું; ત્વરિત.

> પાણીપંથા પુરાસાણીનઇ તુરતી તુરંગ.
> કાન્હડદેપ્રબંધ

પાણીપંથો ૧. પું. પાણીની ગાડક ઉતાવળે ચાલનારો ઘોડો.
૨ વિ.પું. ઉતાવળે ચાલનારો.

પાણીપાઢલો પું. ગામપાટલો.

પાણીપાણી ૧. વિ. પ્રવાહી; નરમ. ૨. વિ. મન પીગળી ગયેલું.

પાણીપિલાઈ સ્ત્રી. પાણી પીવાની ફી.

પાણીપોચું વિ. જેમાં ઘોડું પાણી રહ્યું હોય તેવું; ઝાડવું.

પાણીપોળ સ્ત્રી. પાણી ભરવા જવાનો રસ્તો.

> મેહેબ્નિસાનું દાસીમંદિર જમનાનાં જલ લા-વા જતું પાણીપોળમાંથી રાજઘાટે રાજના જવનું ગામ ગાતું આવે છે. નાનાલાલ

પાણીપ્રસ્થ ન. કુરુક્ષેત્રમાં આવેલા પાણીપતનું પ્રાચીન નામ; કુશસ્થળ; અરિસ્મળ; પાણીપત.

પાણીફલ ન. સીંગોડું. ઝાડવાળા જગ્યામાં તે ઊગે છે.

પાણીફેર પું. પાણીબદલો; તંદુરસ્તી સુધારવા પાણી બદલવું કે સ્થાનાંતર કરવું તે; એક જાતનાં હવાપાણીમાંથી બીજી જાતનાં હવાપાણીવાળા ગામમાં જઈ રહેવું તે.

૧. પાણીફેર કરવો = બીજે ગામ હવાફેર માટે જવું; તંદુરસ્તી માટે સારાં હવાપાણીવાળા સ્થળે જવું.

૨. પાણીફેર થવું = પરપુરુષના વીર્યથી ઉત્પન્ન થવું.

પાણીબદલો જુઓ પાણીફેર.

પાણીબાણી જુઓ પાણીઝાણી.

પાણીભરો પું. પાણી ભરવાનું કામ કરનાર માણસ; જળભરિયો.

પાણીમીનું વિ. પાણીથી ભીનું બનેલું.

> પાણીમીની પાંખ જેની ફરફરતી આવે. મેઘાણી

પાણીમૂકું ૧. ન. જેમાં પાણી ચોકું ચોખ્ખું પડ્યું હોય એવું રાંધણું. ૨. વિ. નમાલું; શક્તિ વગરનું.

> બહાદુર સાથે ભાગ, પાણીમૂકાને પરતા નહિ;
> સિંહણ સિંહનો સાથ, નહિ સસલાં સિયાળિયાં. વિહારી

પાણીમૂલ્ય વિ. બહુ જ ઓછી કીમતનું; સસ્તું.

પાણીલાવરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

પાણીલું ન. વાણી; જળ.

> કોરી મારે પુગાયો કાન,
> પાણીલાં કેમ કરી જઈએ રે. મીરાંબાઈ

પાણીવમળ ન. પાણીની ઘૂમરી.

પાણીવાસણ ન. પાણી ભરી રાખવાનું વાસણ.

> પ્રેમાનંદને મુખે જોતાંઓ અમુક તેનું જ ઇચ્છે કામ સાંભળે અને રસમાં એટલા તો ગેલા થઈ જાય કે ખેતરાં પાણીવાસણ સુધાં તેને આપી દે એ શું સત્ય નહિ ગણાય! મુ. સા. પરિષદ

પાણીવાસીદું ન. પાણી ભરવાનું તથા વાળવા ચોળવાનું વગેરે ઘરચૂરણ કામ.

પાણીવાણી ૧. સ્ત્રી. પાણી ભરનારી કે પાનારી સ્ત્રી. ૨. જુઓ પાણીવાળું

પાણીવાળું ૧. વિ. આકરું; કડક. ૨. વિ. તેજયુક્ત; તેજસ્વી; તેજદાર. ૩. વિ. પાણી ભરનારું કે પાનારું. ૪. વિ. પાણીથી ભરેલું; પાણિયું. ૫. વિ. શૂરવીર; બહાદુર

પાણીવાળો ૧. પું. પાણી ભરનારો કે પાનારો પુરુષ.

૨. જુઓ પાણીવાળું.

પાણીવેરો પું. પાણીની ફી; પાણી ઉપર લેવાતો કર.

પાણીવેલ સ્ત્રી. એક પ્રકારની મોટી લતા; મૂસલ. તેનાં પાન વરુથી સાત ઇંચ લાંબાં થાય છે. ગરમીના દિવસોમાં તેમાં જૂરા રંગનાં નાનાં ફૂલ આવે છે અને વર્ષા ઋતુમાં તે ફળે છે. તેનાં ફળનો આવામાં અને જડનો ઔષધિમાં ઉપયોગ થાય છે.

પાણીશેરડો (પાણીશેરડો) ૧. પું. પાણી જવા માટેની પાળ.

૨. પું. પાણી ભરવાનો ઘાટ કે ઝારો; નદીકાંઠા કે અરા પાસેનો રસ્તો.

પાણીશેરડે ઊભો સુભગ કંઈ આશા ધરી રે,
નેવા મોડ્યથી ભાવિની મળી દષ્ટે ફરી રે.
રામપુરા

૩. પું. મુસાફરને માટે પાણીની સગવડવાળું સ્થળ.

પાણીશેરી જુઓ પાણીશેરડો.

પાણીસોક પું. એક જાતનો પત્થર. તેનો રંગ ધોળો હોય છે.

પાણીહરા પું. પાણી ભરનાર માણસ; બહારિયો.

પાણીહરા, પોલિયા, સુથાર,
દાસ કીકોસાં, સંધ ન પાર.
ભાલણકૃત પ્રબંધ

પાણીહારી સ્ત્રી. પાણી ભરનારી સ્ત્રી; પનિહારી.

વિહ પ્રભાત તણ તરણી નારી;
ગઈ સરોવરિ પાણીહારી.
ભાલણકૃત પ્રબંધ

પાણું ૧. પું. (કચ્છી) પત્થર.

૨. ન. મગનાં કાંખળાનો ભૂકો.

પાણેચો પું. વહાણમાંથી પાણી કાઢવાનો ચામડાનો આકડિયો.

પાણેરી ૧. સ્ત્રી. બારૈયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પાણેરું ન. એક જાતનો ચારમાસી છોડ. તે બેથી ત્રણ ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન વાંસનાં પાન જેવાં ઝીણાં હોય છે. ડાંડીને છેડે ફૂલની ચમરી છેટે છેટે આવે છે. તેનાં ફૂલ ગુલાબી કે ધોળા રંગનાં હોય છે. ફળ ઊભી બે ચાંચવાળું ઝીણું થાય છે. તે દવામાં વપરાય છે. આ છોડનાં પાન ઢોર ખાય છે.

પાણ્ડે અ. (કચ્છી) પોતાની મેળે.

પાણ્ડો ૧. પું. ઠોઠ વિદ્યાર્થી.

૨. [સં. પાષાણ; પ્રા. પાહણ્ણ] પું. પત્થર; પાષાણ.

પાણ્ડો નાખવો–મૂકવો = આડખીલી કરવી; વિઘ્ન નાખવું.

આવ અરબ પ્રસ્તર ઉપલ સિલ પ્રમાન અતિસાર;
પાણ્ડા પાણી પર તરે જેના નામ આધાર.
ત્રિભુવનકૃત દોહા

૩. વિ. જડ; જડ જેવું.

પાણ્ડોકરણ [સં.] ન. પાણિગ્રહણ; વિવાહ; લગ્ન.

પાણ્ય ૧. [સં. પણિ] પું. હાથ; કરત.

૨. [સં.] વિ. સ્તુતિ કરવા જેવું; વખાણવા લાયક.

પાણ્યાચમન [સં.] પું. આહમાં દક્ષિણા લીધા પછી આશીર્વાદને મંત્ર ભણનાર બ્રાહ્મણ.

પાત ૧. [સં.] પું. અધઃપતન; આઘાત.

૨. પું. ક્ષય.

૩. પું. કાનના ઉપલા ભાગમાં પહેરાતું એક જાતનું ઘરેણું.

૪. પું. (જ્યોતિષ) ક્રાંતિવૃત્ત ને ગ્રહનો માર્ગ છેદન કરતું હોય તે સ્થાનઃ જે બિંદુમાં ક્રાંતિવૃત્તને છેદે છે તે બિંદુ. તે સ્થાનનો અધિષ્ઠાતા દેવતા રાહુ મનાય છે.

૫. પું. તૂટીને પડવાની ક્રિયા કે ભાવ. જેમકે, ઉલ્કાપાત, દુગ્ધપાત.

૬. પું. નક્ષત્રમંડળનો અધિષ્ઠાતા એક દેવ; રાહુ.

૭. પું. નાશ; ધ્વંસ; મૃત્યુ. જેમકે, દેહપાત.

૮. પું. પડવું તેઃ પતન. જેમકે, અધઃપાત.

૯. [સં. પત્ર (પડવું)] પું. પડવું તે. આ શબ્દ બીજા શબ્દ સાથે જોડાય છે. જેમકે, અશ્રુપાત; રક્તપાત.

૧૦. પું. પાપ.

૧૧. પુ. બનાવ; બનવું તેઃ થવું તે.

૧૨. પું. સૂર્ય સિવાયના ગ્રહોની ઉત્તર દક્ષિણ ઊતરતી ગતિ.

૧૩. [સં. પત્ર] ન. પાંદડું; પાન.

૧૪. વિ. પડનાર; પતન પામનાર.

૧૫. વિ. રક્ષણ કરેલું; બચાવેલું.

પાતક ૧. [સં.] ન. અધર્મ; પાપ; કિલ્બિષ; કલ્મષ; અનુપાતક. તે નીચે પાડે છે, માટે પાતક કહેવાય છે. પ્રાયશ્ચિત્ત મત અનુસાર પાતકના આઠ ભેદ છેઃ અતિપાતક, મહાપાતક, અનુપાતક, ઉપપાતક, સંકરીકરણ, અપાત્રીકરણ, જાતિભ્રંશકર અને પ્રકીર્ણક.

૨. ન. અન્યાય.

૩. ન. દોષ.

૪. [સં. પત્ (પડવું)] વિ. પાડે એવું; પાડનાર; પતન કરનાર.

પાતકયોગ [સં.] પું. પાપનો યોગ.

પાતકયોગી [સં. પાતકયોગિન્] વિ. પાપના યોગવાળું

પાતકવા પું. સંદેશો લઈ જનાર માણસ.

પાતકાવ્ય પું. મધ્યકાલીન ભારતમાં થયેલો એ નામનો એક પંડિત.

પાતકી ૧. [સં. પાતકિન્] વિ. અધર્મી; પાપી; કુકર્મી; દુષ્ટ.

૨. વિ. અન્યાયી.

૩. વિ. ઠોઠીલું.

પાતકેતુ પું. (જ્યોતિષ) દક્ષિણ તરફ જતા કેતુ ગ્રહની કક્ષા.

પાતકોચ્ચારણ [સં.] ન. ધર્મગુરુ આગળ પાપ કબૂલવાની વિધિ; 'કન્ફેશન.'

પાતગ [સં. પાતક] ન. પાતકઃ પાપ.

જે એ તાપસ ભગતિ કહે,
તો તસ નિકે પાતગ રહે.
વાનાજી

પાતણી પું. (કચ્છી) તારનાર માણસ.

પાતદોષ [સં.] પું. (જ્યોતિષ) એક જાતનો યોગ. સૂર્યના નક્ષત્રથી ગણતાં જ્યાં અશ્લેષા, મઘા, ચિત્રા, અનુરાધા, ધનિષ્ઠા અને રેવતી નક્ષત્ર આવે, ત્યાં નિશાની કરવી અને તે સમના દિવસના નક્ષત્રથી ગણતાં ઉપર કહેલાં નિશાનીવાળાં કોઈ પણ નક્ષત્ર આવે તો તેને પાતદોષ ગણવામાં આવે છે.

પાતન ૧. [સં.] ન. નીચે લઈ જવું તેઃ પાડવું તે.

૨. ન. નૃત્યમાં એક જાતનો નેત્રભાવ.

૩. ન. પત્ર.

૪. ન. પત્તરખું.

૫. ન. ધારાના આઠ માંહેનો પંચમો સંસ્કારઃ એક જાતની રસાયનક્રિયા. તેના ત્રણ ભેદ છેઃ ઊર્ધ્વપાતન, અધઃપાતન અને તિર્યક્પાતન.

૬. ન. વિનાશ કરવો તે.

૭. વિ. પતન કરનાર; પાડનાર.

પાતનયંત્ર [સં.] ન. ધાતુની ભસ્મ કરવા માટે વપરાતું એક જાતનું યંત્ર.

પાતબંદી [હિ.] સ્ત્રી. જગીરની બિલકત કેવાની હકીકત જેમાં લખેલી હોય તેવો નકશો કે પત્રક.

પાતબિંદુ [સં.] ન. (જ્યોતિષ) ખરતા તારાના કેખીતા ભાગ જ્યાં જોતા થાય તે સ્થળ; 'રેડિયન્ટ.'

પાતર ૧. પું. (હજી) પાત્ર.
૨. સ્ત્રી. (હજી) કમરોટ.
૩. સ્ત્રી. ફિરણ.
૪. સ્ત્રી. ખાટલામાં વાણની બાર બાર સેરની પાંતી.
૫. સ્ત્રી. તિતલી; પતંગિયું.
૬. [સં. પત્ર (પાંદડું)] સ્ત્રી. પાતળ; પતરાવળી.
૭. [સં. પાત્ર] સ્ત્રી. ભિક્ષાપાત્ર; ભિક્ષા માગવાનું વાસણ.
પાતર પૂરવી = અવરાવવું.
૮. [હિ.] સ્ત્રી. વેશ્યા; છિનાળ; અનીતિએ ચાલનારી બરાબ સ્ત્રી; બજિયા.
૯. વિ. નજીકનું.
૧૦. [સં. પ્રતનુ] વિ. પાતળું; સૂક્ષ્મ.
૧૧. વિ. બારીક.

પાતરવાડિયાં (પાતરવાડિયાં) ૧. ન.બ.વ. જળવીનાં પાન.
૨. ન.બ.વ. જળવીનાં પાનનાં બખિયાં.
૩. ન.બ.વ. પાનઃ પાંદડાં.

પાતરવાડિયું (પાતરવાડિયું) ૧. ન. જળવીના પાનનું બખિયું
૨. ન. જળવીનું પાનઃ પતરવેલિયું.
૩. ન. પાંદડું.

પાતરવાડો (પાતરવાડો) પું. વેશ્યાવાડો; બરાબ ચાલની સ્ત્રીઓ રહેતી હોય તેવી જગ્યા.

પાતરવું ૧. અ.ક્રિ. બંસીને ચાલવું.
૨. અ.ક્રિ. બોલીને ફરી જવું.

પાતરાજ [હિ.] પું. એક પ્રકારનો સર્પ.

પાતરાજ ૧. પું. જગ્યાનો કેરબદલો.
૨ પું. જવા માટે તૈયારી કરવી તે.
૩. પું. મુસાફરીનો પહેલો વિસામો.

પાતરાહુ [સં.] પું. (જ્યોળ) ઉત્તર તરફ જતા રાહુ ગ્રહની કક્ષા.

પાતરાં જુઓ પાતરવાડિયાં.

પાતરી ૧. સ્ત્રી. પતરાવળી; પાતર.
૨. સ્ત્રી. પતરી; કપોટી; પાતળા ભાગ.
૩. સ્ત્રી. પાદડાંના નાના ટુકડા.
૪. સ્ત્રી. મગ, મઠ વગેરેનાં પાંદડાંનો ભૂકો; કઠોળની પાતળી નાની ચપટી કટકી.

૫. સ્ત્રી. લીલાં પાન અથવા કેળનાં પાનથી બાંધેલું પડીકું; ફૂલપાતરી; પાંદડાં વડે બાંધેલું ફૂલનું પડીકું.
સૌ સેવક છે સ્વામી સુખો, દેવ તેવી કરો પાતરી. રામબ

પાતરું ૧. ન. જળવીના પાનનું બખિયું.
૨. [સં. પત્રક-પત્તરઉ-પાતરું] ન. જળવીનું પાંદડું; પતરવેલિયું.
૩. ન. જૈન સાધુનું ખાવાનું ઉતારેલું અને રંગેલું બરાબ વહોરી લાવવાનું તથા બાહાર કરવાનું બાજન.
૪. [સં. પત્ર] ન. પાનઃ પાંદડું; દલ.
૧. પાતરે પાણી પાવું = (૧) કંજૂસાઈ કેવું. (૨) ચીડવવું; મુસ્કેલ કરવું. (૩) પાપું ક્રમ કરાવવું. (૪) ખજવવું; રિબાવવું.
૨. હાથે પાતરાં પાડવાં = બતમહેનત કરવી.

પાતલ જુઓ પાતળ.

પાતલડી (પાતલડો) સ્ત્રી. પાતળી બો.

પાતલિયા ૧. સ્ત્રી. બધ્ય હિંદમાં વસતી ભીલની બે નામની બેક બતિ.
૨. ન. બે નામની બતિનું બાણસ.
૩. વિ. બે નામની બતિનું.

પાતલી ૧. [સં.] સ્ત્રી. બાળ.
૨. સ્ત્રી. માટી
૩. સ્ત્રી. બો; નારી.
૪. ન. બેક બતનું ફૂલ.

પાતવાર ન. વહાણનું સુકાન.

પાતવ્ય ૧. [સં.] વિ. પીવા યોગ્ય.
૨. વિ. રક્ષણ કરવા જેવું.

પાતશાહ [હિ.] પું. બાદશાહ.

પાતશાહી [હિ.] સ્ત્રી. બાદશાહી.

પાતસ્રીલા પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, નગણ, મગણ અને વગણ મળી બાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં તગણ, મગણ, રગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.
ત્રિભંગી સ ન મ ય થી પાતસ્રીલા;
તા બા ર ના કુળે આઠ દોલા! ન્હાનાલાલ

પાતસા પું. બાદશાહ.

પાતસ્તંભ પું. બાજુમાંથી કેવસા કાઢવાની એક રીત. આ પદ્ધતિ પ્રમાણે બાજુથી જે રસ્તા કાઢવા છે તે બાજુને કાટખૂણાએ વળગેલા હોય છે.

પાતળ ૧. સ્ત્રી. પાતળું અને ઊંડું બીજાને પહોરવાનું કપડું; વસન.
૨. ન. એક બતનું ફૂલ
૩. [સં. પત્ર; પ્રા. પત્તલ] ન. પત્રાળુ.
૪. ન. પીરસેલું બાણું.
૫. ન. ભિક્ષા લેવાનું વાસણ; ભિક્ષાપાત્ર.
૬. વિ. પાતળું; જાડું નહિ એવું.

પાતળચ્છું ૧. વિ. થોડું જમનાર.
૨. વિ. પતરાવળામાંથી ઓછું જમનાર.
૩. વિ. હોલી બાનાર.

પાતળપેટું ૧. વિ. દુંદ વગરનું; પાતળા પેટવાળું.
૨. વિ. થોડું બાનાર.

પાતળબાળ સ્ત્રી. પાણીવાળું બાક.

પાતળાઈ સ્ત્રી. પાતળાપણું; જાડું ન હોવું તે.

પાતળાશ જુઓ પાતળાઈ.

પાતળિયા જુઓ પાતલિયા.

પાતળિયું વિ. પાતળું છતાં કદાવર અને દેખાવકું.

પાતળિયો ૧. પું. સ્થૂળ નહિ પણ સમબાવ બીલેલા, બાંધે ઊંચો અને રૂપાળો પુરુષ; પાતળો પણ નીરોગી દેખાવો પુરુષ.
૨. વિ પું. પાતળો.

પાતળી ૧. સ્ત્રી. ચોરસી.
૨. સ્ત્રી. જાડી નહિ પણ ઊંચી અને રૂપાળી બો; નીરોગી ને દેખાવડી બો.
૩. વિ. સ્ત્રી. જાડી નહિ એવી.

પાતળું ૧. વિ. ઓછું
૨. વિ. ઘટ્ટ કે ભરેલું નહિ એવું.
૩. [સં. પ્રતનુ] વિ. જાડું નહિ એવું; દલ કે જાડાઈ વગરનું; બસ્થૂલ.
૧. બાકું પાતળું = સાધારણ પ્રકારનું; બહુ સારું નહિ એવું. ખોરાક કે કપડા માટે બોલાય છે.
૨. પાણીથી પાતળું કરવું = ઉંચા જ ચરમાની હલકું પાડવું.
૪. વિ. બાંધુ, બાકું.
૫. વિ. સુધારેલું થયેલું; કૃશ.
૬. વિ. સૂક્ષ્મ; બારીક.

પાતંગિ જુઓ પાતંગી.

પાતંગી ૧. [સં. પાતંગિન્] પું. કર્ણ.
૨. પું. યમ.
૩. પું. વૈવસ્વત મનુ.
૪. પું. સુગ્રીવ.
૫. પું. સૂર્યનો પુત્ર; શનૈશ્ચર.

પાતંજલ ૧. [સં.] ન. પતંજલિએ બનાવેલું પાંચસૂત્રીય સૂત્ર ઉપરનું મહાબાષ્ય
૨. ન. પતંજલિએ રચેલું યોગસૂત્ર.

૩. ન પાતંજલ યોગસૂત્ર પ્રમાણે યોગની સાધના કરનાર માણસ.
૪. વિ. પતંજલિએ રચેલું.

પાતંજલદર્શન [સં.] ન. સાંખ્યમત ઉપર પતંજલિએ રચેલું યોગદર્શન; યોગસૂત્ર.

પાતંજલભાષ્ય [સં.] ન. પતંજલિએ રચેલો મહાભાષ્ય નામનો વ્યાકરણનો એક ગ્રંથ.

પાતંજલયોગ જુઓ પાતંજલદર્શન.

પાતંજલયોગદર્શન [સં.] ન. પતંજલિએ રચેલું એ નામનું યોગ સંબંધી એક પુસ્તક.

પાતંજલસૂત્ર જુઓ પાતંજલદર્શન.

પાતંજલિ [સં. પત્ (પડવું) + અંજલિ] પું. એ નામના યોગતત્ત્વના સ્થાપક પુરુષ. પાણિનિએ રચેલ વ્યાકરણ ઉપર તેણે મહાભાષ્ય નામનું પુસ્તક ટીકારૂપે લખ્યું છે. પાણિનિના વ્યાકરણ વિરુદ્ધ કાત્યાયને કરેલ ઝીણી ટીકાનો જ્યાં ત્યાં બચાવ કરવામાં આવ્યો છે. તેણે મહાભાષ્ય ગુમારે ઈ. સ. પૂ. ૨૦૦ના અરસામાં લખ્યું હોય એમ મનાય છે. તેને ગોનર્દીય અથવા ગોણિકાપુત્ર પણ કહે છે. દંતકથા છે કે સ્વર્ગમાંથી નાના સર્પના સ્વરૂપે તે પાણિનિના હાથમાં પડ્યા, તેથી તેને પાતંજલિ કહે છે.

પાતંજલીય [સં.] વિ. પતંજલિનું રચેલું; પાતંજલ.

પાતા ૧. [સં. પાતૃ] પું. રક્ષણ કરનાર માણસ; રક્ષણહાર.
૨. ન. એક જાતનું ઘાસ.
૩. [સં. પા (પાળવું)] વિ. પાળનાર; રક્ષણ કરનાર.
૪. [સં. પત્ર] ન. પાંદડું; પાન.
૫. [સં. પા (પીવું)] વિ. પીનાર; પાન કરનાર.

પાતાળ ૧. પું. પગરખામાં નાખવામાં આવતી ચામડાની સગવણી; સુખતલા.
૨. [દ્વા.] પું. મોજું.

પાતાર ૧. સ્ત્રી. મુસલમાન અમીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. [હિ.] ન. પાતાલ.
૪. વિ. એ નામની અટકનું.

પાતારી સ્ત્રી. (પહાણવટું) કંઢાસાપણું; કેડ સૌથી ઉપરની સાપણનું પાટિયું.

પાતાલ ૧. પું. (ખિજળ) એક જાતનો માત્રા ૧ વર્ણવૃત્ત.
૨. પું. છંદઃશાસ્ત્રમાં જે વડે માત્રિક છંદની સંખ્યા, લઘુ, ગુરુ, કલા વગેરેનું જ્ઞાન થાય છે તે ચંદ.
૩. પું. (જૈન) લવણ સમુદ્રમાં આવેલ પાતાળ કળશા.
૪. [સં.] પું. વડવાનલ; સમુદ્રનો અગ્નિ.
૫. પું. વિવર; ગુફા; બિલ.
૬. ન. અમેરિકા.
૭. ન. ઊંડો ખાડો.
૮. ન. જેમાં અધર્મીઓ પડે છે તે અધોલોક; નરક.
૯. ન. ધાતુની ભસ્મ બનાવવા માટેનું એક જાતનું યંત્ર.
૧૦. ન. પુરાણાનુસાર પૃથ્વીની નીચે આવેલા સાત બિલનો કોઈ પણ એક; નાગલોક. પાતાળમાં સર્પ, દૈત્ય, દાનવ અને યક્ષ વસતા મનાય છે. વિષ્ણુપુરાણ પ્રમાણે પાતાળ સાત છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ. શિવપુરાણ પ્રમાણે પાતાળ આઠ છે: પાતાલ, તલ, અતલ, વિતલ, તાલ, નિધિપાતાલ, કાંકરાભૂમિ અને વિજય. પુરાણોમાં લખ્યું છે કે દરેક પાતાલની લંબાઈ પહોળાઈ દસ દસ હજાર યોજન છે. અહીં પાતાળ ધન, સુખ અને ભોગાદિથી પૂર્ણ છે. આ બાબતમાં તે સ્વર્ગથી પણ ચડે છે. સૂર્ય અને ચંદ્ર ત્યાં પ્રકાશ માત્ર આપે છે, બરફથી કે ઠરડી નથી કઈ શકતા. અતલ પાતાલની ભૂમિનો રંગ કાળો છે. ત્યાં મય દાનવનો પુત્ર બલ રહે છે, જેણે છ પ્રકારની માયાની સૃષ્ટિ કરી રાખી છે. બીજા પાતાલ વિતલની ભૂમિ સફેદ છે. ત્યાં ભગવાન હાટક પાર્વતી અને પાર્વતીશ્વરની સાથે વસે છે. તેના વીર્યથી હાટકી નામની નદી નીકળી છે, જેમાંથી હાટક નામનું સોનું નીકળે છે. દૈત્યોની સ્ત્રીઓ આ સોનું મહાબલથી ધારણ કરે છે. સુતલ પાતાલની ભૂમિ લાલ છે. ત્યાં મહાદેવનો પૌત્ર બલિ રાજ કરે છે. તેના દરવાજા ઉપર સ્વયં ભગવાન વિષ્ણુ ગદા ખોર ચક્ર લઈને પહેરો આપે છે. બીજું પાતાલ કરતાં આ પાતાલ અધિક સમૃદ્ધ, સુખપૂર્ણ અને ભોગ છે. તલાતલ પાતાલનો અધિપતિ દાનવેંદ્ર મય છે. તેની ભૂમિ પીળા રંગની છે. પંચમા પાતાલ મહાતલની માટી ખાંડથી ભરેલી છે. ત્યાં કદ્રુના મહાફોણી સર્પપુત્ર નિવાસ કરે છે. રસાતલની ભૂમિ પથ્થરવાળી છે. તેમાં દૈત્ય, દાનવ અને પાણિ નામના અસુર ઉદ્દંડ બળથી નિવાસ કરે છે. સાતમા પાતાલની ભૂમિ સુવર્ણમય છે. તેનો અધિપતિ વાસુકિ નામનો પ્રસિદ્ધ સર્પ છે. શંખ, શંખચૂડ, કુલિક, ધનંજય વગેરે ઠેકાણાં મોટા શરીરવાળા સર્પ ત્યાં વસે છે. તેની નીચે ત્રીસ હજાર યોજનને અંતરે અનંત અથવા શેષ ભગવાનનું સ્થાન છે.

પાતાલ એમાં બધા બળી, નિરંતર આનંદમાં મગ્ન રહેતા, સ્ત્રી, પુત્ર તથા બંધુઓમાં આસક્તિ રાખેલા, અતુલ્ય આદિ સ્નેહી જનોથી વીંટાયેલા, આવતી, સર્વ ઋતુઓમાં સુખ ભોગવતા અને જેઓની ઇચ્છા ઈશ્વરથી પણ તોડી શકાતી નથી એવા મહા બળવાન દૈત્યો, દાનવો અને નાગો રહે છે. ભાગવતી ભાગવત

૧. પાતાલ પાણી = પૃથ્વીના ઊંડા ભાગમાં રહેલું ખૂટે નહિ તેવું પાણી.
૨. પાતાલ ફોડવું = (૧) કૂવો ઊંડો ખોદવો. (૨) પૃથ્વીની અંદરનું ખૂબ ઊંડું તળ ફોડીને પાણી કાઢવું. (૩) મહામુશ્કેલ કામ કરવું.
૩. પાતાલના પાણીને અડે એવું = બહુ જ ઊંડું.
૪. પાતાલનાં પૂતળાં હલાવવાં = બહુ મુશ્કેલ કામ પણ ધીરજથી કોઈ ન્યાયે નહિ એમ પાર પાડવું. મુશ્કેલ અને ન મનાય એવું કામ પણ જગતે એવા માણસને માટે કામ કહેવાય છે.
૫. પાતાલમાં પગ હોવા = દેખાવ કરતાં અંદરથી બહુ બાહોશ અને ઊંડું કે કપટી હોવું; મહાકુબાંડી અને ન સમજાય એવી ઊંડી અટપટ કરી જાણવી.
૬. પાતાલમાં પેસાડવું = જરમાની નીચું જોવરાવવું; જરમથી ગાલ ઓછું પાડી દેવું.
૭. પાતાલમાં પેસી જવું = (૧) ઊંડું ઊતરી જવું; બહુ ઊંડાણમાં જતા રહેવું. (૨) ઓઠે પડી જવું; જાહેરમાંથી નીકળી જઈ અંધારે પડી જવું. (૩) કોઈને ન સાંભળે એમ ઊંડા ચિંતનમાં પડી જવું. (૪) બહુ જરમ લાગવી; નીચું જોઈ જવું. (૫) ધરતીમાં પેસી જવું; અદશ્ય થવું.
૮. પાતાલમાંથી વાત લાવવી = ગમે ત્યાંથી ગમે તેવી પણ છૂપી બાતમી મેળવવી; ઊંડા ઊતરીને, ખૂણેખાંચરે કોઈને પૂછીગાછીને ગુપ્ત હોય તે છતાં પણ ગમે ત્યાંથી વાત કાઢી લાવવી; છૂપામાં છૂપી વાત શોધી કાઢવી.

૧૧. ન. પૃથ્વીની નીચેનો કલ્પિત પ્રદેશ; નીચલો પ્રદેશ; અધોલોક. આકાશ, પૃથ્વી અને પાતાળ એ ત્રણ લોક કહેવાય છે
૧૨. ન. પૃથ્વીનું બહુ ઊંડું તળ.
૧૩. ન. બહુ ઊંડું સ્થાન કે જગ્યા.
૧૪. ન. (જ્યોતિષ) જમનથી ચોથું સ્થાન.
૧૫. ન. બાપારી નગર.

પાતાલનો સંસ્કૃત અર્થ બાપારી નગર થાય છે. એ ઉપરથી પુરવાર થાય છે કે સિંધુમાંથી વહાણવટું-દરિયાઈ માર્ગ બાપાર અતિ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે. સુવર્ણભૂમિ

૧૬. મ. સર્વ કરતાં નીચું રહેલું સ્થાન.
૧૭. મ. સિંધ દેશનાં જાનું પ્રાચીન નામ.

પાતાલઊંડું જુઓ પાતાળોદર.

પાતાલકલશ [સં.] પું. (જૈન) લવણ સમુદ્રમાંના પાતાળદ્વારો

પાતાલકીડી (પાતાળકોડી) સ્ત્રી. એક જાતની કોડી.

પાતાલકૂદ વિ. પાતાળ ફોડીને નીકળેલું.

પાતાલકૂપ [સં.] પું. પાતાળકૂવો; ઘારડીથી ઓદેલો અથાગ પાણીવાળો ઊંડોઊંડો કૂવો. જમીનની અંદર બે અભેદ્ય પડની વચ્ચે જળભેદ પડ હોય અને તેમાં પાણી હોય તો ઉપલા પડમા કાણું પડવાથી પાણી જોસભેર ફુવારાની માફક બહાર આવે છે. તેને પાતાળકૂવો કહે છે.

પાતાલકૂવો જુઓ પાતાલકૂપ.

પાતાલકેતુ [સં.] પું. પાતાલમાં રહેતો એ નામનો એક દૈત્ય.

પાતાલકોઠી જુઓ પાતાલકોઢો.

પાતાલકોઢી સ્ત્રી. પાતાલકોઠી; ખેચા અનિજ પદાર્થમાથી સત્ત્વ કાઢવામાં ઉપયોગી એક યંત્ર. તે બનાવવા બાર ઊંચનો ખાડો જમીનમાં ખોદવો. તે ખાડાની વચમાં બાર ઊંચનો મોટો ખાડો કરવો. એક કોડિયું અંદરના ખીલ્લા નાના ખાડા ઉપર મૂકવુ. તેમાં કાણું પાડી તેમાં કોમલા તથા સત્ત્વ કાઢવાના પદાર્થ ભારી ધમણથી ધમવુ.

પાતાલકોળું ન. કોળાની જાતને મળતો જમીનમાં થતો એક કંદ. તેને સૂકવી, ભૂકો કરી દવામાં વાપરે છે. તે વીર્યવર્ધક મનાય છે.

પાતાલખંડ [સં.] પું. પાતાળલોક.

પાતાલગત [સં.] વિ. પાતાલમાં ગયેલું.

પાતાલગરુડ (પાતાલગરુડ) જુઓ પાતાલગરુડી.

પાતાલગરુડી (પાતાલગરુડી) [સં.] સ્ત્રી. એ નામની એક જાતનાં ઝાંખરવેલ; વેવલી. તેનું મૂળ અફીણનું બંધાણ મુકાવવા વપરાય છે. આ વેલો ઊંચો ચડે છે. તેનું મૂળ કરમદીવાળું અને વળદાર, રંગ બદામરો, સુગંધ કાચા બટેટાના જેવી અને પાન લાંબાં, સાંકડાં અને અણીવાળાં થાય છે. તેનાં પાનનો રસ થોડા વખતમાં જામી જાય છે. તેનો ચીકણો લુગ્દાગ થાય છે. ગુણમાં તે શીતળ મનાય છે, તેથી દાહવાળા અંગ ઉપર લગાડવામાં આવે છે. તેના સ્વરસની માત્રા ૨ થી ૫ તોલા છે. પાતાલગરુડીનાં પાન તોલા ૧૦, પાણી તોલા ૧૦ અને સાકર ૩ પૈસાભાર ચોળી, વસ્ત્રગાળ કરી પીવાથી પિત્તપ્રમેહ, ૭ જાતનાં સ્ત્રીઓનાં પ્રદર અને યોનિની ચાંદી કે બળતરા ત્રણથી સાત દિવસમાં મટતી મનાય છે.

પાતાલગંગા [સં.] સ્ત્રી. પાતાલની ગંગા.

પાતાલગારુડી (પાતાલગારુડી) જુઓ પાતાલગરુડી.

પાતાલગુફા સ્ત્રી. બહુ ઊંડી ગુફા.

પાતાલજંત્રી ૧. વિ. ઊંડી મસલત, સલાહ કે યુક્તિવાળું.
૨. વિ. ગમે તેમ કરીને કામ પાર પાડી આપે એવું.
૩. વિ. છુપી જાતમીઓ અને લાંચી ખોળા લાગનાર; છુપી જાતમીઓ મેળવવામાં બહુ જ ખાહોશ; ખોંચેલી છુટ્ટી.

પાતાલતલ [સં.] વિ. પાતાળમાં જેનું તળિયું હોય એવું.

પાતાલતુંબડી (પાતાલતુંબડો) જુઓ પાતાલતુંબી.

પાતાલતુંબી [સં.] સ્ત્રી. એ નામે એક જાતની લતા; પાતાળતુંબડી. તે ઘણે ભાગે ખેતરમાં થાય છે. તેને પીળા રંગનાં વીંછીના ડંખ જેવાં કાંટાવાળાં ફળ આવે છે. વૈદ્યકમા આ લતાને કડવી, ઝેરની અસર દૂર કરનાર, સુવાવડનો અતિસાર, પરસેવાવાળો જ્વર વગેરે મટાડનાર મનાય છે. કોકને ઝાડો બંધ થયું હોય ત્યારે તે બવાય છે. માથું દુખતું હોય તો તે ચોપડાય છે.

પાતાલતૂંબડી (પાતાલતૂંબડો) જુઓ પાતાલતુંબી.

પાતાલતૂંબડી (પાતાલતૂંબડી) જુઓ પાતાલતુંબી.

પાતાલતોંબી જુઓ પાતાલતુંબી.

પાતાલદેડકી સ્ત્રી. બહુ ઝટપટી અને ઊંડા કૂદનારી બો.

પાતાલદેડકો ૧. પું. ઠીંગણો માણસ.
૨. પું. વરસાદ આવતાં સુધી જનો રહેનાર દેડકો.

પાતાલદેવી સ્ત્રી. એ નામની એક દેવી. હિમાલયમાં ઠેકાણે ઠેકાણે દેવીઓનો વાસ છે. શાકંભરી, પૂરાદેવી, સીતોલાદેવી અને પાતાલદેવી, આ ચાર આલમોડાની ચાર દિશાની રક્ષા કરતી મનાય છે.

પાતાલનિલય ૧. [સં.] પું. દૈત્ય. તે પાતાળમાં રહેતા મનાય છે.
૨. પું. સર્પ.

પાતાલનિવાસ ૧. [સં.] પું. પાતાળમાં રહેવું તે.
૨. વિ. પાતાળમાં રહેનાર.
૩. જુઓ પાતાલનિલય.

પાતાલનિવાસી [સં. પાતાલનિવાસિન્] વિ. પાતાળમાં રહેનાર.

પાતાલનૃપતિ [સં.] મ. સીસું.

પાતાલનોકા [સં.] સ્ત્રી. પાણીની સપાટી નીચે ચાલતી હોડી.

પાતાલપાણી સ. પાતાલ ફોડીને કાઢેલું પાણી; અખૂટ પાણી; પાણીનો ખૂટે નહિ તેવો પુરવઠો.

પાતાલપુરી [સં.] સ્ત્રી. પાતાળમાં આવેલી મુખ્ય નગરી; ભોગપુરી.

પાતાલપ્રકૃતિ સ્ત્રી. (પિંગળ) છંદમાં માત્રાઓના જાતિના ભેદ; લઘુ ગુરુ કેટલા આવે છે અને બધી માત્રા કેટલી થાય છે અથવા સર્વ વર્ણ કેટલા થાય છે તે જાણવાની ક્રિયા.

પાતાલપ્રદેશ પું. અમેરિકા, કામરૂ કે તે આપણી નીચે અને પશ્ચિમ ગોળાર્ધમાં આવેલ છે.

પાતાલયંત્ર ૧. [સં] ન. એક જાતનું યંત્ર. તેના દ્વારા કાચ ઔષધિઓ પલાળી તેમાંથી તેલ બનાવવામાં આવે છે. તે બનાવવા એક હાથ ઊંડો અને પહોળો ખાડો કરવો. તેમાં એક તપેલા જેવું કામ મૂકવું. પછી બીજું સાંકડા મોંનું બડા જેવું કામ લઈ તેમાં પલાળવાની ઔષધિઓ, તેલ વગેરે ચીજો નાખી તેને મોઢે સરાવલું મૂકવું. તે સરાવલામાં ૧૦થી ૨૦ શેરાં કાચા પાડી બાકામાં રહેલા કામમાં તે બડો મૂકવો. સંધિશ્લેષ કરી તે બાકા ઉપર ખૂબ વાળી લઈ તેના ઉપર અગ્નિ દેવો. પછી તે ચોળામાં ઊંધો વાળેલો બડો બળતણને કાઢી લેવો. તેમાં રહેલું તેલ ટોપમાં પડયું હોય છે તે લઈ લેવું.
૨. ન. હવા પલવવાનું એક પ્રકારનું યંત્ર કે બોજન, જેથી જમીન નીચેથી જાંગ મળે. તેના ઉપરના પાત્રમાં જળ રહે છે અને નીચેના પાત્રને અગ્નિ દેવામાં આવે છે અને વચ્ચે રસની સિદ્ધિ થાય છે.

પાતાલયંત્રી જુઓ પાતાલજંત્રી.

પાતાલલોક જુઓ પાતાલ ૧૦.

પાતાલવાસ જુઓ પાતાલનિવાસ.

પાતાલવાસિની [સં.] સ્ત્રી. નાગરવેલ.

પાતાલવાસી ૧. [સં. પાતાલવાસિન્] પું. પાતાલની અંદર રહેનાર દેવ
૨. વિ. પાતાળમાં રહેનાર.

પાતાલસિદ્ધિ [સં.] સ્ત્રી. પાતાળમાં ઊતરવાની કળા.

પાતાલાહ્વયુક વ. (જ્યોતિષ) ભગકુંડલીમાં ચોથું ભુવન.

પાતાલિયું ૧. વિ. પાતાળ સુધીનું; બહુ ઊંડું.
૨. વિ. પાતાળનું; પાતાળને લગતું.

પાતાલીનાથ પું. પાતાળનો ધણી; શેષનાગ.
એ વિસ્તારી કહો મુજને વાત,
એમ બોલ્યા પાતાલીનાથ.
અનુવાદન આખ્યાન

પાતાલેશ્વર [સં.] પું. એ નામના ડુંગર. તેનું મંદિર નર્મદાના દક્ષિણ તટ ઉપર ભૃગુક્ષેત્ર સંગમ પાસેના જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવેલ છે.

પાતાલોદર વિ. બહુ ઊંડું.
પાતાલોદર કુંજર મદ તમ રાં,
એ ભૂમકાઓ નવી.
ઉત્તરરામચરિત

પાતાલૌકસ ૧. [સં. પાતાલ + ઓકસ્ (રહેઠાણ)] પું. અગ્નિ.
૨. પું. શેષનાગ.
૩. વિ. પાતાળમાં રહેનાર.

પાનાળ જુઓ પાતાલ.

પાતાળઊંડું જુઓ પાતાલોદર.

પાતાળકળશ જુઓ પાતાલકલશ.

પાતાળકોડી (પાતાળકોડો) જુઓ પાતાલકોડી.

પાતાળકૂટ જુઓ પાતાલકૂટ.

પાતાળકૂપ જુઓ પાતાલકૂપ.

પાતાળકૂવો જુઓ પાતાલકૂપ.

પાતાળકેતુ જુઓ પાતાલકેતુ.

પાતાળકોડી જુઓ પાતાલકોડી.

પાનાળકોષ્ઠી જુઓ પાતાલકોષ્ઠી.

પાનાળકોળું જુઓ પાતાલકોળું.

પાતાળખંડ જુઓ પાતાલખંડ.

પાતાળગત જુઓ પાતાલગત.

પાતાળગરુડ જુઓ પાતાલગરુડી.

પાતાળગરુડી (પાતાળગરુડ) જુઓ પાતાલગરુડી.

પાતાળગંગા જુઓ પાતાલગંગા.

પાતાળગારુડી (પાતાળગારુડ) જુઓ પાતાલગરુડી.

પાતાળગુફા જુઓ પાતાલગુહા.

પાતાળજંત્રી જુઓ પાતાલજંત્રી.

પાતાળતળ જુઓ પાતાલતલ.

પાતાળતુંબડી (પાતાળતુંબડી) જુઓ પાતાલતુંબી.

પાતાળતુંબી જુઓ પાતાલતુંબી.

પાતાળતૂંબડી (પાતાળતૂંબડી) જુઓ પાતાલતુંબી.

પાતાળતૂંબડી જુઓ પાતાલતુંબી.

પાતાળતૉંબી જુઓ પાતાલતુંબી.

પાતાળદેડકી જુઓ પાતાલદેડકી.

પાતાળદેડકો જુઓ પાતાલદેડકો.

પાતાળદેવી જુઓ પાતાલદેવી.

પાતાળનિલય જુઓ પાતાલનિલય.

પાતાળનિવાસ જુઓ પાતાલનિવાસ.

પાતાળનિવાસી જુઓ પાતાલનિવાસી.

પાતાળનૃપતિ જુઓ પાતાલનૃપતિ.

પાતાળનૌકા જુઓ પાતાલનૌકા.

પાતાળપાણી જુઓ પાતાલપાણી.

પાતાળપુરી જુઓ પાતાલપુરી.

પાતાળપ્રક્રિયા જુઓ પાતાલપ્રક્રિયા.

પાતાળપ્રદેશ જુઓ પાતાલપ્રદેશ.

પાતાળયંત્ર જુઓ પાતાલયંત્ર.

પાતાળયંત્રો જુઓ પાતાલજંત્રી.

પાતાળલોક જુઓ પાતાલ ૧૦.

પાતાળવાસ જુઓ પાતાલનિવાસ.

પાતાળવાસિની જુઓ પાતાલવાસિની.

પાતાળવાસી જુઓ પાતાલવાસી.

પાતાળસિદ્ધિ જુઓ પાતાલસિદ્ધિ.

પાતાળિયું જુઓ પાતાલિયું.

પાતાળીનાથ જુઓ પાતાલીનાથ.

પાતાળેશ્વર જુઓ પાતાલેશ્વર.

પાતિ ૧. [સં.] પું. ધણી; પતિ.
૨. [સં. પત્ર] સ્ત્રી. ચિઠ્ઠી; પત્રિકા.
૩. સ્ત્રી. પાંદડું; પર્ણ.

પાતિક ૧. [સં.] પું. સિંધુમાર નામે જળચર.
૨. ન. દોષ.
૩. ન. પાપ; પાતક.
૪ વિ. નીચે પાડેલું.
૫. વિ. ફેંકેલું.

પાતિકરાશિ પું. પાપનો ઢગલો.

પાતિકી [સં.] સ્ત્રી. સિંધુમાર નામના જળચરની માદા.

પાતિગ [સં. પાતક] ન. પાપ; દોષ; પાતક.
જે જોઈ બંધન છોડવ્યાં,
પાતિગ કાંઈ ન રહ્યું. કનકદેવમલ્લ

પાતિત [સં.] વિ. પાડેલું.

પાતિત્ય ૧. [સં.] ન. અધઃપતન; નીચ કે કુમાર્ગે હોવાપણું; પતિતપણું.
૨. ન. નીચે પડવાપણું.

પાતિન સ્ત્રી. બહુ દાંતવાળી એક જાતની માછલી.

પાતિમોક્ષ્ય [સં. પ્રાતિમોક્ષ] પું. બૌદ્ધ ભિક્ષુઓ માટેના નિષેધાત્મક ૨૨૭ નિયમોનો સંગ્રહ. એ નિયમોનો દરેક ઉપોસથને દિવસે સંઘ આગળ પાઠ કરવામાં આવતો.

પાતિલી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું માટીનું વાસણ; ભોમરણી.
૨. સ્ત્રી. માછલાં વગેરે પકડવાની જાળ.
૩. સ્ત્રી. બી.

પાતિવ્રત જુઓ પાતિવ્રત્ય.

પાતિવ્રતશાસ્ત્ર ન. પાતિવ્રત્યને લગતું શાસ્ત્ર.

પાતિવ્રત્ય [સં.] ન. પતિસેવાનું વ્રત; પતિ એ જ સર્વસ્વ માની તેની જ સેવા અને તેનામાં જ અનુરાગ રાખવા રૂપી સ્ત્રીનો ધર્મ; પતિવ્રતાપણું; પતિવ્રતાનો ધર્મ.

પાતિસાહિ જુઓ પાદશાહ.

પાતી ૧. પું. દુષ્ટતા; અધમપણું.
૨. પું. હત.
૩. પું. નિશાની.
૪. પું. પાણીમાં રહેનારું એક જાતનું મોટું પ્રાણી; જળહાથી.
૫. પું. પાપ.
૬. પું. સંદેશો.
૭. [સં. પત્રિકા; પ્રા. પત્તિઆ] સ્ત્રી. કાગળ; ચિઠ્ઠી; પત્રી; પત્ર.
૮. સ્ત્રી. પાંદડું.
કાજ આવિઉ કનકૂલ પાતી ૨.
નિજુલાનંદ
૯. [હિ.] સ્ત્રી. લજ્જા; ઊલજત; પ્રતિષ્ઠા.
૧૦. વિ. જીતરતું.
૧૧. વિ. પડનાર.
૧૨. વિ. પડેલું.

પાતીક ન. પાપ; પાતક.
અંગાજ પાતીક પસ્તવે. પ્રીતમ

પાતુક ૧. [સં.] પું. નરકમાં પડવું તે.
૨. પું. પર્વતનો ઢોળાવ.
૩. પું. પાણીમાં રહેનારું એક મોટું પ્રાણી; જળહાથી.
૪. પું. પ્રપાત; પડવું તે.
૫. પું. વારંવાર પડવું તે.
૬. વિ. પડનશીલ; પડનાર.

પાતુર [હિં.] સ્ત્રી. વેશ્યા; રંડી.

પાતુરખાઉ વિ. બેઅિબારી; બરાબ ચાલનું.

પાતું [સં. પત્ર; પ્રા. પત્ત] ન. પાંદડું.

પાતૃ [સં.] વિ. રક્ષણ કરનાર; પોષણ કરનાર.

પાતેલી [સં. પાનિલી (માટીનું વાસણ)] સ્ત્રી. તપેલી; નાનું પાતેલું; પતેલી.

પાતેલું ૧. ન. ગરમ; વાટકો; કાંસિયું.
૨. ન. તાંબા કે પિત્તળનું તપેલું.

પાત્તુ ન. ગળી કે ખટાશ ઉમેરવાને સારૂ ઘુકરર કરેલી હદ; પૈસું.

પાત્ત [સં.] વિ. પાપીઓનું રક્ષણ કરનાર.

પાત્તતા [સં.] સ્ત્રી. પાપીઓનું રક્ષણ કરવાપણું.

પાત્તત્વ જુઓ પાત્તતા.

પાત્ય ૧. [સં.] ન. પતિપણું; માલિકી; સ્વામિત્વ.
૨. ન. પતિત હોવાપણું; પાપી હોવું તે.
૩. વિ. પત્નીય; પાળવા જેવું.

પાત્યગ ન. પાતક; પાપ.
આખે ગુરુ સપની અનદાત,
મારી સહી મન પાત્યગ વાત. અખાભક્તિ

પાત્ર ૧. સ્ત્રી. નાયિકા; ગુણવતી નાયકનારી સ્ત્રી.
નાયક નહ નયાવહ પાત્ર. કનકાદેવ્યાખ્ય
૨. [સં.] ન. અધિકારી; લાયક પુરુષ; યોગ્ય માણસ.
૩. ન. અમાત્ય; રાજમંત્રી.
૪. ન. આજ્ઞા; હુકમ.
૫. ન. કથા કે વાતમાં આવતી વ્યક્તિ.
૬. ન. મારે શેરનું માપ; અાઢક.
૭. ન. અન્નાધારસ્થાન.
૮. ન. નદીના તળિયાની જમીન; તળું; તળિયું; તળ; ઝાડું; નદીના બે કાંઠા વચ્ચેનો ભાગ.
૯. ન. નાટકમાં વેશ ભજવનાર વ્યક્તિ; નાટકમાં નાયક નાયિકા વગેરે; વેશ લેનાર જન; અભિનેતા; નટ.
૧૦. ન. પત્ર; પાંદડું.
૧૧. ન. પાપમાંથી રક્ષણ કરનાર માણસ.
૧૨. ન. યોગ્યતા; લાયકાત.
૧૩ ન. વાસણ; કાચ; ભાજન.
હિરણ્મય પાત્રેથી આવ્યું સત્યનું મુખ,
તે પરમાત્મ ! ઉઘાડ દર્શને સત્યનિષ્ઠા.
ગાંધીગીતા
૧૪. ન. વિદ્યા વગેરેથી યુક્ત યોગ્ય બ્રાહ્મણ વગેરે.
૧૫. ન. ખુવો વગેરે વાનું ઉપકરણ.
૧૬. વિ. યોગ્ય; લાયક. સમાસમાં વપરાય છે. જેમકે, દાનપાત્ર; વિશ્વાસપાત્ર.

પાત્રક ૧. [સં.] ન. ઢાંકણ; વાસણ.
૨. ન. ભિખારીનું ભિક્ષાપાત્ર.

પાત્રકેસરિકા સ્ત્રી. પાતરાંને પૂંજવાની પૂંજણી

પાત્રચીવર ન.બ.વ. ભિક્ષાપાત્ર અને શરીર ઉપર ધારણ કરવાનું વસ્ત્ર અથવા વલ્કલ.
હવે ભગવાન સત્વરમાં તૈયાર થઈને પાત્રચીવર લઈને આવસ્તિમાં ભિક્ષા અર્થે ગયા.
ગજનારાયણ પાઠક

પાત્રજ્ઞ [સં.] વિ. પાત્રને જાણનાર.

પાત્રટ ૧. [સં.] પું. કપૅટ; ચીંથરાંની ગોદડી; કંથા.
૨. પું. ખાલો.
૩. પું. વાસણ.
૪. વિ. કૃષ્ણ દુર્જન.

પાત્રટીર ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. કેક પક્ષી.
૩. પું. કાગડો.
૪. પું. કાંસાનું પાત્ર.
૫. પું. ચિત્રાનું ઝાડ.
૬. પું. પિત્તાશ.
૭. પું. યોગ્ય આધારયુક્ત મંત્રી.
૮. પું. કપાનું પાત્ર.
૯. પું. લોઢાનું પાત્ર.
૧૦. પું. લોઢાનો મઠ.
૧૧. પું. શ્લેષ્મ; બળખો.
૧૨. પું. સિંગાપુરો; ખાજ.

પાત્રતરંગ [સં.] ન. પ્રાચીન કાળનું તાલ દેવા વારેનું એક જાતનું વાજું.

પાત્રતા ૧. [સં.] સ્ત્રી. કથા વગેરેના પાત્રનો ગુણ; 'કૅરેક્ટર.'
૨. સ્ત્રી. યોગ્યતા; લાયકાત; લાયકી; સુપાત્રપણું.
યોગ્યથી લાગના જીવનનો પ્રશ્ન, સંસારની અરાજકતા, પરમાત્મપ્રાપ્તિનું દુઃખ વગેરેનો વિચાર કરીને પરમ સત્યની અંતરમાં તીવ્ર જિજ્ઞાસા હોય તેને પાત્રતા કહે છે.
૩. સ્ત્રી. સહજ ધર્મ.

પાત્રત્વ જુઓ પાત્રતા.

પાત્રદુષ્ટ જુઓ પાત્રદુષ્ટરસ.

પાત્રદુષ્ટરસ [સં.] પું. (જૈન) રસવિહીન કાળના પાંચ મહિનો એક એક; એક પ્રકારનો રસદોષ. તેમાં કવિ વસ્તુને જેવી સમજે છે તેવી વિરુદ્ધ રચના કરે છે. એક વસ્તુના વિષયમાં એકબીજાથી વિરુદ્ધ અથવા જેમ વગરની વાત કહેવી તેને કહે છે.

પાત્રનિરૂપણ [સં.] ન. પાત્રોની પરીક્ષા કરવી તે.
નાટકની આકર્ષકતા તેના કથાસંવિધાન અને પાત્રનિરૂપણ ઉપર આધાર રાખે છે.
પુરાતત્ત્વ

પાત્રનિર્ણય [સં] ન. પાત્રોનું નક્કી કરવું તે.

પાત્રનીરખણ જુઓ પાત્રનિરૂપણ.

પાત્રપાત્ર ૧. [સં.] પું. મોટો નૌકાદંડ; એક જાતનો મોટો હોડ. તે સુકાન તરીકે પણ કામ આવે છે.
૨. વિ. પાત્રનું રક્ષણ કરનાર

પાત્રબંધન [સં.] ન. જૈન મુનિઓનું એક ઉપકરણ; પાતરાં બાંધવાનું વસ્ત્ર; પાતરાં બાંધવાની કે રાખવાની ઝોળી.

પાત્રભૂત [સં.] વિ. સુપાત્ર બનેલ; દાન વગેરે આપવા યોગ્ય બનેલ.

પાત્રભૃત [સં. પાત્રભૃત્] પું. સેવક; નોકર; દાસ.

પાત્રલક્ષી વિ. મુખ્ય વિષય સંબંધી; પાત્રદર્શક; સૂચક; બોધક.

પાત્રવાહક [સં.] પું. જમી રહ્યા પછી વાસણ વગેરે ઉપાડી લેનાર મનુષ્ય. તે પીરસવાનું કામ પણ કરે છે.

પાત્રવિધાન [સં.] ન. પાત્રો નક્કી કરવાં તે.
એક જો આ લેખની શરૂઆતમાં જે ક્રમ કહ્યો, કહ્યો છે, તે મિશ્ર ઐતિહ્ય કે વસ્તુનું સંવિધાન અને બીજું કેવું પાત્રવિધાન. પુરાતત્ત્વ

પાત્રવૈચિત્ર્ય [સં.] ન. જુદાં જુદાં પાત્રોની પ્રસંગતા.
પરંતુ તે રસક્ષતિ ન થાય એવું પાત્રોચિત્ય અને પાત્રવૈચિત્ર્ય નજરે પડે છે.
શુ. સા. પરિષદ

પાત્રશુદ્ધિ [સં.] સ્ત્રી. માટી, રાખ વગેરેથી પાત્ર શુદ્ધ કરવું તે.

પાત્રશેષ [સં.] પું. જમતાં થાળામાં બચી ગયેલું મૂકેલું ભોજન; જમ્યા પછી છોડી દીધેલું અન્નાદિ.

પાત્રસર્જન જુઓ પાત્રવિધાન.

પાત્રસંકલના [સં.] સ્ત્રી. પાત્રની ગોઠવણ; પાત્રોની યોજના.

પાત્રસંસ્કાર [સં.] પું. માટી, રાખ વગેરેથી પાત્ર શુદ્ધ કરવું તે; પાત્રશુદ્ધિ.

પાત્રસ્થાપન ન. (જૈન) પાતરાંની નીચે મૂકવાનું ચોખંડું કપડું.

પાત્રાલેખન [સં.] ન. નાટકના પાત્રનું સારી રીતે આલેખન કરવું તે; પાત્રો આલેખવાં તે.

પાત્રાલેખન અને સંકલનાનો વિકાસ થતાં મુખ્ય બિના પર લેખકે એવી સરસ રીતે આવવું જોઈએ કે વાચકના હૃદય પર તે મુખ્ય બિના સિવાય અને આકર્ષક રહે.

મુ. સા. પરિષદ

પાત્રાસાદન [સં.] ન. યજ્ઞનાં વાસણોને શાસ્ત્રોક્ત ક્રમ પ્રમાણે યજ્ઞસિદ્ધિ માટે યોગ્ય સ્થાને રાખવાં તે.

પાત્રાસાદન કર્યાં પછી ઇન્દ્રમંત્રથી અને કૃષ્ણ મંત્રથી મંત્રેલા જળ વડે પૂજનના પદાર્થોને શુદ્ધ કરવા. ગંગાજી ગાયત્રી

પાત્રિક ૧. [સં.] ન. એક પાત્ર ભરાય એવું ખેતર વગેરે.

૨. ન. પ્યાલો, રકાબી વગેરે કોઈ વાસણ.

૩ વિ. એક પાત્ર લઈ જનાર.

૪. વિ. એક પાત્ર વહેનાર.

૫. વિ. એક પાત્ર સમાય તેવું.

૬. વિ. કોઈ વાસણથી કે આકારથી બાંધેલું.

પાત્રિય ૧. [સં.] ન. વહાણ કાંઠા આવતું એક વાસણ.

૨. વિ. પાત્ર સંબંધી.

૩. વિ. યોગ્ય; લાયક.

૪. વિ. સહભોજ્ય જેની સાથે એક વાસણમાં ભોજન કરી શકાય એવું.

પાત્રી ૧. સ્ત્રી. એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જઈ શકાય તેવી નાની કઢી.

૨. [સં.] સ્ત્રી. નાનું પાત્ર; પ્યાલી.

૩. [સં. પાત્રિન્] સ્ત્રી. લીલાં પાંદડાંમાં બાંધેલી ફૂલની પડીકી; માળા ગોઠવે ગોઠવીને ઘેર નિયમિત રીતે દેવને માટે પાંદડામાં ફૂલ બાંધી આપે છે તે પડીકું; પાતરી.

માતપિતાના પૂજન પાત્ર,
પાત્રી લેવા વાડી જાય. લીમ

૪. વિ. જેના પાસે યોગ્ય માણસ હોય એવું.

૫. વિ. વાસણવાળું; પાત્રવાળું.

પાત્રીક જુઓ પાત્રિક.

પાત્રીય [સં.] ન. ચમચા, સરવો વગેરે વાસણ.

પાત્રીર [સં.] પું.;ન. વાસણ.

પાત્રીય [સં.] પું.;ન. વાસણ.

પાત્રેબહુલ જુઓ પાત્રેસમિત.

પાત્રેસમિત વિ. ક્રમ વખતે નહિ પણ ભોજન સમયે જ ખપેલ.

પાત્રોપકરણ ૧. [સં.] ન. ઘંટા, ચામર વગેરેથી સુશોભિત કરવું તે

૨. ન. પાત્રોનું ઉપકરણ; વાસણ ગોઠવવા માટે વપરાતા કોઠી વગેરે પદાર્થ.

પાથ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. અન્ન.

૩ પું. આકાશનો છેડ.

૪. પું. મિત્રાનું ઝાડ.

૫. [સં. પથ] પું. માર્ગ; રસ્તો.

૬. પું. સૂર્ય.

૭. ન. આકાશ.

૮. [સં. પાથસ્] ન. પાણી; જળ,

મિષ્ટપુષ્પ બિલ સર્વપુષ્પ ઇંધણ રસ હોય,
ઉદક પાત્ર સંગર સલિલ અપ કૂપીઠ પણ હોય.

વિજયવપુકોષ

૯. ન. વાયુ.

પાથડો (પાથડો) પું. રહેવાનું સ્થાનક; પ્રાંત.

પાથરણ સ્ત્રી. ઝીણું ઘાસ સારી ન પડે તે માટે પૂળા વગેરેનો મેલા ઉપર થર કરવો તે.

પાથનાથ [સં. પાથસ્ (પાણી) + નાથ (પતિ)] પું. સમુદ્ર.

પાથનિધિ [સં. પાથસ્ (પાણી) + નિધિ (ભંડાર)] પું. સમુદ્ર; દરિયો.

પાથર ૧. [હિ.] પું. પથ્થર.

૨. સ્ત્રી. સાગર અને ખારવાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

પાથરકૂર સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

પાથરડી (પાથરડી) સ્ત્રી. એક જાતનો છોડ. તે સોનકીના છોડને મળતો આવે છે. તેનાં ફૂલ પીળાં અને ફૂલ ખરવાથી કાળા રંગનાં હોય છે. પાનનો ઉકાળો તેને તળિયે હોય છે.

પાથરણ ૧. ન. કાર્ય કરવું તે.

૨. ન. ખરખરો કરવા આવેલાં માટે પાથરેલું કપડું; પાથરણું.

પાથરણે જવું—બેસવું = મૂએલાની પાછળ શોક કરવા સગેવહાલાં વગેરે નાતના માણસોએ પાથરેલ ઉપર બેસવું; મરનારને ત્યાં શોક દર્શાવવા જનારે બેસવું જવું

૩. ન. પથારી; બિસ્તરો

૪. [સં. પ્રસ્તરણ] ન. પાથરવાનું કપડું; નીચે પાથરવા માટેનું ખાદું જાડું કપડું; જાજમ; શેતરંજી.

૫. ન. પૈસો; ધન.

૬. ન. મિલકત.

૭. ન. મૃત્યુ પછી દરરોજ નવ દિવસ સુધી મળતી ખંડણી; બેસણું.

પાથરણું જુઓ પાથરણ.

પાથરવડ ૧. સ્ત્રી. દક્ષિણ હિંદમાં કર્ણાટક તરફ રહેતી પથ્થર ઘડનારા કોડોની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પાથરવું ૧. સ. ક્રિ. અસ્તવ્યસ્ત સ્થિતિમાં મૂકવું.

૨. [સં. પ્રસ્તૃ; પ્રા. પત્થર] સ. ક્રિ. ફેલાવીને પહોળું કરી નાખવું; ફેલાવવું; વિસ્તારીને જમીન ઉપર નાખવું; પહોળું કરવું.

૩. સ. ક્રિ. બિછાવવું.

પાથરી ૧. સ્ત્રી. ભોંપાથરી; મગજબ્રહ્મી; બ્રાહ્મિકા. તેનો છોડ જમીન ઉપર પથરાય છે. તેનાં પાન લાંબાં, સફેદ પટ્ટાવાળાં અને કોર ઉપર બારીક અને દાંતાવાળાં હોય છે. તેનાં ફૂલ બાવળીનાં ફૂલને મળતાં હોય છે. આ છોડનો ઉપયોગ મૂત્રલ તરીકે બીનવા અને અસ્મરી ઉપર ઔષધ તરીકે થાય છે.

૨. સ્ત્રી. લોઢાનાં હથિયારોનાં પાનાં ઘસવાનું પથ્થરનું સાધન.

પાથરો ૧. પું. કાપણી કરીને આડે નાખેલો પાક; વાઢેલી કાપનો કે ઉપાડેલી મજૂરણોના છોડનો ખેતરમાં કરેલો નાનો ઢગલો.

૨. પું. ગામડાના જૂના કોસનો કટકો.

પાથવું ૧. સ. ક્રિ. ભાણું નાખવું.

૨. સ. ક્રિ. મારવું; પીટવું.

પાથસ ૧. [સં. પાથસ્] પું. વરુણ.

૨. ન. અન્ન.

૩. ન. આકાશ.

૪. ન. પાણી.

પાથસ્પતિ [સં. પાથસ્ (પાણી) + પતિ] પું. વરુણ.

પાથા ૧. પું. અનાજમાં ઊપજતો એક જાતનો કીડો.

૨. [સં. પાથસ્] પું. અન્ન.

૩. પું. આકાશ.

૪. પું. એક જાતનો મોટો ટોપરો. આ ટોપરાનું નિયત માપ હોતું નથી. લોકો ઇચ્છાનુસાર જુદા જુદા માપનો ઉપયોગ કરે છે.

૫. પું. એક પાથા જેટલું અનાજ વવાય તેવી જમીન.

૬. પું. કાચા ચાર શેરનું વજન.

૭ પું. બિયોડો ઢાંકનાર માણસ.

૮. પું. જળ; પાણી.

૯. પું. કૂવાનો એક ભાગ. તેમાં કૂવા જડેલી રહે છે.

પાથારી સ્ત્રી. (કચ્છી) પથારી.

પાથારો પું. (કચ્છી) પથારો; ફેલાવો; વિસ્તાર.

પાદિ ૧. પું. આંખ.

૨. પું. માટી છાશ, દૂધ વગેરે મેળવી બનાવાતું એક જાતનું સરબત. તે વડે આગાઉ પિતૃતર્પણ કરાતું.

૩. પું. જળમય ઉપરની પોપડી.

૪. પું. સમુદ્ર.

પાથિક [સં.] પું. વટેમાર્ગુનો ભોકરો.

આ માર્ગો ઉપર ઠેકઠેકાણે પાથિકોના સુખની ખાતર સખી જનોએ આપી આપેલા કુવા-વાવ આદિ અસંખ્ય જળાશયો છે. પુરાતત્ત્વ

પાથિકી [સં.] સ્ત્રી. વટેમાર્ગુની ભોકરી.

પાથેય [સં.] ન. મુસાફરપણું; વટેમાર્ગુપણું.

પાથિસ ૧. [સં. પાથિસ] પું. સમુદ્ર.

૨. ન. નેત્ર.

૩. ન. પરુ જેમાંથી વહેતું હોય એવું ગુમડું.

૪. ન. પાણી.

પાથી પું. ભાગ; હિસ્સો; ભાતી.

પાથુ પું. કવિ.

પાથુજ પું. દરિયો; સમુદ્ર.

પાદિય ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. (જ્યોતિષ) કન્યા રાશિ.

૩. ન. ભાતું; ભાથું; ટીમણ; રસ્તામાં ખાવા માટે સાથે રાખેલો ખોરાક.

પરલોકમાં સમલ કલ્યાણમાર્ગનું પથ્ય જે જ પાથેય છે. કુમારપાલપ્રતિબોધ

૪. ન. રસ્તાખર્ચ માટે મુસાફરે પોતાની સાથે લીધેલ પૈસા; રાહખર્ચ.

પાથેયક ૧. [સં.] ન. માર્ગમાં ખાવા લીધેલ ભાતું.

૨. વિ. પાથેય નામના દેશમાં હોનાર કે બનાર.

પાથો સ્ત્રી. નાનો પુલકોટ.

પાથોજ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૧૧૪ લઘુ મળી ૧૩૩ વર્ણ આવે છે.

૨. [સં.] ન. કમળ.

૩. ન. શંખ.

૪. વિ. પાણીમાં ઉત્પન્ન બનાર.

પાથોજાત જુઓ પાથોજ.

પાથોદ ૧. [સં.] પું. મેઘ; વાદળું.

૨. પું. મોથ; નાગરમોથ.

૩. વિ. પાણી આપનાર.

પાથોધર ૧. [સં.] પું. મેઘ; વાદળું.

૨. પું. મોથ.

પાથોધિ [સં. પાથસ્ (પાણી) + ધિ (સમૂહ)] પું. સમુદ્ર; દરિયો.

પાથોન પું. (જ્યોતિષ) કન્યા રાશિ.

પાથોનિધિ જુઓ પાથોધિ.

પાથ્ય ૧. [સં.] વિ. જાહ્યસ્થમાં રહેનાર.

૨. વિ. હવામાં રહેનાર.

૩. વિ. હવાપાણીમાં હોનાર કે બનાર.

પાદ ૧. પું. અગ્નિથી ઊપજતાં પંચતત્ત્વ માંહેનું એક.

૨. [સં.] પું. અંશ; ભાગ. હિંદુ ગ્રંથકાર પ્રમાણે દાન અથવા કરિયાદના આ પ્રમાણે ચાર ભાગ જોઈએ: (૧) ભાવપાદ એટલે દાતાકરજ કે કરિયાદ, (૨) ઉત્તરપાદ એટલે પ્રતિવાદી અથવા જવાબપક્ષનો જવાબ, (૩) ક્રિયાપાદ એટલે સાક્ષીપુરાવા અને (૪) સાધ્યસિદ્ધપાદ એટલે ફરલ કે ચુકાદો.

૩. પું. એ નામના એક ઋષિ.

૪. પું. કિરણ; રશ્મિ.

૫. પું. ચરણ; ગતિ; જવું તે; ચલની ક્રિયા.

૬. પું. શ્લોકનો ભાગ.

૭. પું. (જૈન) ૯ અંગુલ જેટલું પ્રમાણ.

૮ જવ = અંગુલ

૬ અંગુલ = પાદ

૮. પું. છન્દોદ માંહેનું એ નામનું ચોવીસમું તત્ત્વ.

૯. પું. પગ; ચરણ.

ચરણ ચલન ચલિતંત ને ગતિ પાદ પદ ધામ,
પાદંદન કરી કુંજરીનાં લાવી સન્મુખ ગજ.
વિજયવલ્લભસૂરિ

૧૦. પું. પર્વતની તળેટી.

૧૧. પું. ચોથો ભાગ; ચોથિયું; ચતુર્થાંશ; ચોથો ભાગ. પાદ, પદ અને ચરણનો મૂળ અર્થ પગ થાય છે, પણ તેનો અર્થ ચોથો પણ થાય છે. ગામડાં ખેતીવાડી ઉપર જ્યારે મુખ્યત્વે આધાર રાખતાં હતાં ત્યારે ગામ વગેરે ચોપડામાં જમીનવેરાથી બહુ પરિચિત હતો. તે વખતે પાદ, પગ કે ચરણ શબ્દ ગામના ચાર પગ પૈકીના એક પગ માટે વપરાતો. તે ઉપરથી જેવો ચાર પૈકીનું એક એટલે પા જેવો અર્થ થયો.

૧૨. પું. પાણિનિના સમયમાં વપરાતો એક જાતનો સિક્કો.

૧૩. પું. ચારાઢ મહિનો એ નામનો એક તેજસ્તત્ત્વ દેવતા.

૧૪. પું. મોટા પર્વતની પાસેનો નાનો પર્વત.

૧૫. પું. વસ્તુનું તળિયું.

૧૬. પું. વૃક્ષનું મૂળ.

૧૭. પું. શિવનાં હજાર માંહેનું નામ.

૧૮. પું. સ્તંભ; થાંભલો.

૧૯. [સં. પદ્] વ. આંતરડામાં ખોરાક અને રસમાં રસાયણી ફેરફારો થવાથી, રસપદમાં બીજા રસની માફક ઉત્પન્ન થતો વાયુ; અપાનવાયુ; અધોવાયુ; પાદવું તે; ચાહૂટ; ગોજ. તે ઓક્સિજન, હાઇડ્રોજન, નાઇટ્રોજન વગેરેનો બનેલો હોય છે. તેની દુર્ગંધ ગંધક અને હાઇડ્રોજનના સંયોગથી થાય છે.

૧. પદ છોડવું-મારવું-થવાવું = (૧) ગુદાથી અપાનવાયુ છોડવો. (૨) હાર પામી પાછું આવવું.

૨. પદ બંધ થવું = (૧) અધોવાયુ ન જવો. (૨) પ્રેરણાથી કરવું.

૨૦. ન. કવિતાની એક કડી; ચરણ. છંદના ચાર કે છ ભાગ હોય છે ત્યારે તેને પાદ કે ચરણ કહે છે. સંસ્કૃતમાં તો છંદના ચાર ભાગ હોય છે ને તેને પાદ એટલે ચતુર્થાંશ કહે છે.

૨૧. ન. (અંકિત) કોઈ પણ સીધી લીટી ઉપર તેની બહારના બિંદુમાંથી દોરેલો લંબ તે લીટીને જ્યાં મળે તે બિંદુ.

૨૨. ન. ચિકિત્સાનાં ચાર અંગ વૈદ્ય, રોગી, ઔષધ અને ઉપચાર.

૨૩. ન. (સંગીત) તાલના મુખ્ય છ માંહેનું છઠ્ઠું અંગ: દ્રુતપદ; ચતુર્ભગ; ચતુરંગ; ચતુર્ભાગ; પૂર્ણકાળ.

૨૪. ન. પાવલું; રૂપિયાનો ચોથો ભાગ.

૨૫. ન. એની સંજ્ઞાવાચક શબ્દ.

૨૬. ન. બોલનારની પ્રત્યે અત્યંત સન્માનભાવ તથા ભક્તિ બતાવવા નામ કે શબ્દને જોડે વપરાતો શબ્દ, જેમકે, ગુરુપાદ, આચાર્યપાદ.

પાદક ૧. [સં.] પું. નાનો પગ.

૨. ન. ચતુર્થાંશ; ચોથો ભાગ.

૩. વિ. ચાલવામાં હોશિયાર.

પાદકટક [સં.] ન. નૂપુર; ઝાંઝર.

પાદકર્ણી સ્ત્રી. ખીલ્લી; કરપોટ.

પાદકનિષ્ઠપર્ણિકા [સં.] સ્ત્રી. પાદતલની બહારની સીમા ઉપર રહેલી એ નામની એક] પાતળી પેશી. તે પાણિના મૂલ ભાગની બાજુ ઉપરથી તેમજ પાદતલિકાપ્રાવરણી ઉપરથી ઉત્પન્ન થઈ ઊલટી આંગળીના પાછલા પર્વમાં લાગેલી છે. તેનું કામ પગની કનિષ્ઠ આંગળીને ખેંચવાનું છે.

પાદકમલ [સં.] ન. પગરૂપી કમળ; ચરણકમળ.

પાદકંદક જુઓ પાદકટક.

પાદકંદુક [સં] કું. પગનડો; હાથ ભરીને પગથી લાત મારી રમી શકાય એવો દડો; 'ફૂટબૉલ.'

અર્થક શસ્ત્રપ્રહારે આમથી તેમ ફેરાનાર પાદકંદુક જેવા જેને પોતાના અભિપ્રાયો જ નથી તેવા પુરુષોમાંથી, સાત ક્ષિતની સિદ્ધિને અર્થે વિલક્ષણ ધર્મયુક્તિથી અતત્ત્વસ્થાનું સમાધાન કરનાર મહાત્માઓનો વિવેક કરવો એ અત્યંત આવશ્યક છે. ચંદ્રશંકર

પાદકંબલ [સં.] કું. પગે પાથરવાનો કામળો; પાયરણું.

પાદકાંચનિકા [સં.] સ્ત્રી. પગ ધોવા માટેની સોના-ની પાત્રી

પાદકાંસ્યલિકા [સં.] સ્ત્રી. નૂપુર; ઝાંઝર.

પાદકૃચ્છ્ર [સં.] સ્ત્રી. બાર દિવસ ચાલતું પ્રાયશ્ચિત્તનું એ નામે એક મત. તેમાં પહેલે દિવસે એક વાર દિવસમાં અને બીજે દિવસે એક વાર રાતમાં જમીને ફરી ત્રીજે દિવસે કાચું ભોજન લઈ ચોથે દિવસે ઉપવાસ કરવામાં આવે છે. આ વ્રતની બીજી વિધિ પણ મળે છે. તેમાં પહેલે દિવસે રાતમાં એક વાર પીરસેલું ભોજન કરી બીજે દિવસે ઉપવાસ કરવામાં આવે છે. ત્રીજે અને ચોથે દિવસે ફરીને આ પ્રમાણે કરવામાં આવે છે.

પાદકેસરિયા [પ્રા.] સ્ત્રી. ધૂંસણી; મુક્કો.

પાદગંડિર [સં.] કું એમાં પગ સોજેલો રહે છે તેવો એક રોગ; હાથીપગ; શ્લીપદ.

પાદગાળકું વિ. બીકણ; ડરપોક.

પાદગૃધ્ધ્ર ૧. [સં.] કું. પગ.

૨. વિ. મહણ કરવા જેવું.

પાદગેંદુક જુઓ પાદકંદુક.

પાદગોપ [સં.] કું. પદાતિ, રથી, હસ્તી અને અશ્વારોહી સેનાનો સંરક્ષક.

પાદગ્રહણ [સં.] ન. પગને અડી પ્રણામ કરવા તે; પાયલાગણ; નમસ્કાર; નમીને પગે લાગવું તે; અભિવંદન. જેના હાથમાં સ્નિગ્ધ, પાણી, પાણીનો મગ, કુશ, અન્ન તથા ચોખા એટલામાંથી કોઈ પદાર્થ હોય, જે અપવિત્ર હોય, જે જપ કે પિતૃકાર્ય કરતો હોય તેના પગને અડવું ન જોઈએ.

પાદગ્રંથિ [સં.] કું પગની ઘૂંટી; પગનો સાંધો; એડી અને ઘૂંટી વચ્ચેનું સ્થાન; ગુલ્ફ.

પાદગ્રાહ્ય [સં.] કું. પગનો સંધિવા.

પાદઘાત [સં.] સ્ત્રી. પગની પાટુ મારવી તે.

કસનો વધ કરેલ શ્રીકૃષ્ણની પાદઘાતો કાલિયનાગને આશીર્વાદરૂપ છે. સુન્દરમ્

પાદઘૃત [સં.] ન. પગે ચોળવાનું ઘી.

પાદચતુર ૧. [સં.] કું. કરંજ વૃક્ષ.

૨. કું. કેવળ ચારમાંનો કોઈ કહેનાર પુરુષ.

૩. કું. પીપળાનું ઝાડ.

૪. કું. બકરો.

૫. કું. રેતી.

૬. વિ. ચારમાં ચાલવામાં કુશળ.

પાદચતુરસ્રા જુઓ પાદતલચતુરસ્રા.

પાદચતુરી [સં.] સ્ત્રી. બકરી.

પાદચત્વર ૧. [સં.] કું. ઝરાનો વરસાદ.

૨. કું. પીપળાનું ઝાડ.

૩. કું. બકરો.

૪. કું. રેતીનો ઢેકરો.

૫. વિ. તોફાની.

૬. વિ. ચારમાં કોઈ કહેનાર; નિંદા કરનાર; ચુગલખોર.

પાદચાપલ્ય [સં.] ન. પગની ચપળતા; પાદચાંચલ્ય.

પાદચાર ૧. [સં.] ન. ઝાડની ડાખોળની જાતિ.

૨. ન. પગપાળા ચાલવું તે.

૩. વિ. પગે ચાલનાર.

પાદચારી ૧. [સં. પાદચારિન્] કું. પ્રવાસ; પાળો.

૨. વિ. પગે ચાલનાર.

પાદચાંચલ્ય [સં.] ન. આમતેમ ફરવાની હોંશ; પગની ચપળતા.

એની કવિતા નીચે છે. પાદચાંચલ્ય (આમતેમ ફરવાની હોંશ) નથી, પણ એનું સુરક્ષિત છે. એનો વડિલ બેઠાના સ્થિરતાની જેમ જોકારી રહેવું. સુરતનિવાસ

પાદચિહ્ન [સં.] ન. પગની નિશાની; પગલાંની છાપ.

પાદચુંબન [સં.] ન. ચરણોસી; પગનું ચુંબન કરવું તે.

પાદચૂહ (પાદચૂઢ) સ્ત્રી. પગનું એક જાતનું ઘરેણું.

પાદછાયા [સં.] સ્ત્રી. દિવસોનું તેજ.

અતિ મહાન અધિપતિ ઉપર પડતી પાદછાયા (દિવસોની પ્રભા)વાળા સૂર્ય સમાન શ્રી મુહસેન હતો. ગુજરાતના ઐતિહાસિક દીપો

પાદછિદ્રક ન. પદ ઉપવાની સજા.

પાદજ ૧. [સં.] કું. રજ.

૨. વિ. પગથી ઉત્પન્ન થયેલ.

૩. વિ. પગમાં થયેલ.

પાદજલ ૧. [સં.] ન જાઓ.

૨. ન. પગ ધોવાનું પાણી; ચરણોદક.

૩. વિ. જેમાં ચોથે હિસ્સે પાણી હોય એવું.

પાદજંઘુ [સં.] સ્ત્રી. પાવડી; ચાખડી; મોજડી; જોડો; પગરખું.

પાદજાલ ન. એક જાતનું ઘરેણું.

પાદજાલક ન. પગની ઘૂંટી નીચે પગના કૂણા ઉપર પહેરવાનું ઘરેણું; નૂપુર.

પાદજાહ [સં.] ન. પગનું મૂત્ર.

પાદજી [સં.] સ્ત્રી. શૂદ્ર જાતિની સ્ત્રી.

પાદજીવ ન. બાર આઠ કૂપું, અગિયાર આઠ તાંબું અને એક આઠ તીક્ષ્ણની અનેક મિશ્ર ધાતુ.

પાદજોડી (પાદજોડો) સ્ત્રી. બે પગનું જોડકું.

પાદજ્વરહર [સં.] ન. ડોરનો નાશ કરનાર એ નામનું એક ઔષધ.

પાદટીકા [સં.] સ્ત્રી. પુસ્તકના પાનાની નીચે લખેલું ટિપ્પણ; 'ફૂટનોટ.'

પાદટીપ જુઓ પાદટીપ્પ.

પાદડી (પાદડો) સ્ત્રી. પગનું એક જાતનું ઘરેણું.

પાદડુ ૧. ન. વાદળ.

૨. વિ. ડરપોક; બીકણ.

૩. વિ. વાદળ કરનારું.

પાદડુહીડો (પાદડુહોડો) કું. એક જાતનો ઊડતો વંદો; ભુંડરડો.

પાદણિયું જુઓ પાદવું ૨, ૩.

પાદણું જુઓ પાદવું.

પાદતલ [સં.] ન. પગનું તળિયું.

એના પાદતલનું પ્રક્ષાલન કરી એને પુણ્ય ભૂમિની પહેલી પ્રાપ્તિ કરાવી છે. પુરાતત્ત્વ

પાદતલગ [સં.] વિ. પગના તળિયામાં મળેલ.

પાદતલચતુરસ્રા [સં.] સ્ત્રી. એ નામની પગના તળિયાની એક પેશી. આ લગભગ ચોખંડી પેશી પાર્શ્વિતલ ઉપરથી બે મૂલ વડે, તેમજ દીર્ઘપાદતલિક નામના સ્નાયુ ઉપરથી ઉત્પન્ન થાય છે. પાદાયુસિ સંકોચની દીર્ઘા પેશી આંગળીઓને અંદરની બાજુ તરફ ખેંચીને વાળે છે, જ્યારે આ પેશી તેમને અંદરની બાજુ તરફ ન ખેંચાવા દેતાં પાછળી બાજુ તરફ ખેંચે છે. મતલબ કે આ પેશી પાદાયુસિ સંકોચની દીર્ઘા પેશી ને આંગળીઓને ત્રાંસી રીતે અવળી અટકાવે છે.

પાદતલધાનુષી [સં.] સ્ત્રી. એ નામની પગના તળિયાની એક પેશી.

પાદતલિક [સં.] પું. એ નામનો પગના તળિયામાંનો એક રનાયુ.

પાદતલિકા જુઓ પાદતલપાનુયી.

પાદતલીયા આંતરા જી. પગના તળિયામાં આવેલી એક ધમની. પશ્ચિમ જાંઘિકની આ શાખા પગના તળિયાની અંદરની કિનારી ઉપર માંસપેશીઓમાં તેમજ ચામડીમાં પોતાની શાખાઓ વડે વહેંચાઈ ગયેલી છે.

પાદત્ર ૧. [સં.] ન. પાદત્રાણ; જોડા.
૨. વિ. પગની રક્ષા કરનાર.

પાદત્રા [સં.] જી. પાવડી; ચામડી; જોડો.

પાદત્રાણ ૧. [સં.] ન., બહુવ. જોડો; પાદત્ર; પગરખું.

પાદત્રાણ પાદપીઠ રે ઉપલ પિન્હર જતી,
બગી ચાર કરી અને આસન બસી હતી.
પિંગળશયુકોષ

૨. વિ. પગની રક્ષા કરનાર.

પાદત્રાણપ્રવસ્ત્ર [સં.] ન. પગનું મોજું.

પાદદલિત [સં.] વિ. પગથી કચરેલું; પાદાક્રાંત.

પાદદારિકા [સં.] જી. પગના તળિયામાં ચીરા પડવાનો રોગ; બિવાઈ; બિવા પડવાનો રોગ.

પાદદારિમલમ પું. પગમાં પડેલા ચીરા ઉપર લગાડવાનો મલમ.

પાદદારી [સં.] જી. પગના તળિયામાં પડતી ફાટ. જે માણસને પગે ખૂબ મજૂરી કરવી પડે, તેના પગો કેટલીયે વખતથી ચામડી ફાટે. આથી કરડીને પીડા થાય. તેમાં કોકમનું તેલ ભરવાથી રાહત મળે છે.

પાદદાહ [સં.] પું. પગમાં થતો એક વાતજન્ય રોગ; પગનું તળિયું બળવાનો રોગ. પિત્તરક્ત સાથે વાયુ મળવાથી આ રોગ થતો મનાય છે.

પાદદાહી જી. તળબરમી; પગની ચામડી ફાટવાનો રોગ. જે માણસ સ્વભાવતઃ બહુ ફરતો હોય, તેના પગ ફાટી વાયુના યોગે અત્યંત બળતરા થાય.

પાદપ્રક્ષાલન ૧. [સં.] ન. પગ ધોવાની ક્રિયા.
૨ ન. પગ ધોવામાં વપરાતી માટી.

પાદધૂલિ [સં.] જી. પગથી ચાલતાં ઊડેલી રજ

પાદધૌતપ્રી જી. પગથી ચલાવવાની ઘમરુ.

પાદનખ [સં.] પું. પગના આંગળાનો નખ.

પાદનાલિકા [સં.] જી. પગનો એક જાતનો દાગીનો.

પાદનૂપુર [સં.] ન. પગમાં પહેરવાનું ઝાંઝર.

પાદનોંધ જી. પાનાને તળિયે આપેલી ચર્ચા; ટિપ્પણી; પાદટીકા; 'ફૂટનોટ.'

પાદન્યાસ ૧. [સં.] પું. ચાલવું તે; પગ રાખવો તે; પગલું ભરવું તે.
૨. પું. નાચનારના પગનો ઠમકો.
૩. પું. નાચવું તે.

પાદપ ૧. [સં.] પું. પગ મૂકવાનો બાજઠ.
૨. [સં. પાદ (પગ) + પ (પીનાર)] ન. પગથી એટલે મૂળ વડે પાણી પીનાર; ઝાડ; વૃક્ષ.

અર્જુન અધિક દાનવદેવિ,
પ્રગટ થયું પાદપ તત્પર્વિ. ભાલણ

પાદપખંડ [સં.] પું. વૃક્ષોનો સમૂહ; જંગલ.

પાદપતન [સં.] ન દંડવત્ પ્રણામ કરવા તે.

પાદપથ [સં પાદ (પગ) + પથ (રસ્તો)] પું. પગે ચાલનારાઓને ચાલવાનો રસ્તો; પગદંડી.

પાદપદ્ધતિ જુઓ પાદપથ.

પાદપદ્મ ૧. [સં. પાદ (પગ) + પદ્મ (કમળ)] ન. પગરૂપી કમળ; પાદપંકજ.
૨. ન. પગનું એક જાતનું ઘરેણું.

પાદપદ્મોપજીવી [સં. પાદપદ્મોપજીવિન્] પું. નોકર; ચાકર.

પાદપરાગ [સં. પાદ (પગ) + પરાગ (રજ)] પું. પગ ઉપરની રજ; પગ વડે ઊડેલી રજ.

વસંત-ઋતુની પેઠે જેનો પાદપરાગ ભમરો
એ આલેની મુખની જ્યોતિ પૂસર થયેલો હતો.
કાદંબરી

પાદપરિચક્રન [સં.] ન. પગથી ફરવું તે.

પાદપરોહ ૧. [સં.] જી. પરોપજીવી વેલ.
૨. જી એરંડાનું નામનું વૃક્ષ; ખાંડા.

પાદપર્ણી ન. એક જાતના ઝાડનાં મૂળિયાંમાંથી કાઢેલું ઔષધ. તેનો મુખ્ય ગુણ રેચક હોવાથી કાળજાના રોગમાં તે સારી અસર કરનાર મનાય છે.

પાદપલ્લવ [સં.] જી. પગની આંગળી.

શ્રી વસ્ત્રાંચળ કુર્મેશ, પાદપલ્લવ અમ્બ.
દયારામ

પાદપંકજ [સં.] ન. કમળ જેવો પગ; પાદારવિંદ; પાદપદ્મ; ચરણકમળ.

હનમંતે અવતારમાં આવો જમે તે યોનિમાં જન્મ થાય, તોપણ તારા પાદપંકજની અચળ ભક્તિ આપું છું. હિંદુસ્તાનના દેવો

પાદપંકજસેવિતા [સં.] જી. નર્મદાનાં કાંઠા ઉપરનું એક તીર્થ.

પાદપા જુઓ પાદત્રા.

પાદપાર્શ્વચાલનાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. તેમાં પગ લાંબા અને સાથે રાખી ચત્તા સૂવું, હાથ માથાની બંને બાજુએ સીધી લીટીમાં રાખી હથેલી જમીન ઉપર રાખવી. પગને ઢિંચણથી સમકોણ રાખવા. પછી એ બંને પગને પહેલા ડાબી બાજુએ અને પછી જમણી બાજુએ લઈ જવા. હાથ જમીનથી ન ઉપાડવા. આ આસનથી કમર, સ્નાયુ અને આંતરડાં મજબૂત બને, મળ સાફ ઊતરે અને હેડકાં સુધરે એમ મનાય છે.

પાદપાર્શ્વાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. પહેલાં જમીન ઉપર ચત્તા સૂઈ બંને હાથ બંને બાજુની સામે સીધા રાખવા. શ્વાસ ફેફસામાં ભરીને બંને પગ જમીનથી કમર સુધી ઉપાડવા અને ડાબી બાજુ લઈ જઈ જમીન ઉપર મૂકવા. ત્યાર પછી શ્વાસ તરત ફેફસાંમાંથી બહાર કાઢીને ફરીથી ફેફસાંમાં ભરી લેવો ને પગ લાંબો ઉપાડીને જમણી બાજુ તરફ લઈ જઈ જમીન ઉપર મૂકવા. શ્વાસ બહાર કાઢીને ભરી લેવો અને પગ લાંબો ઉપાડીને સીધા રાખવા. આવી રીતે સીધી લીટીમાં રહેલા પગને એક વખત ડાબી બાજુ અને બીજી વખત જમણી બાજુ ને ત્રીજી વખત પરેલાંની સ્થિતિમાં રાખવામાં આવે, ત્યારે પાદપાર્શ્વાસન સંપૂર્ણ થયું કહેવાય. બે દિવસ સુધી પણ વખત, એથી છ દિવસ સુધી પાંચ વખત, છથી સોળ દિવસ સુધી સાત વખત, સોળથી ત્રીસ દિવસ સુધી દસ વખત અને એક મહિના સુધી અનુકૂળતા મુજબ દસથી બાર વખત સુધી આ આસન કરવાથી મધુમેહના રોગમાં ફાયદો થતો મનાય છે.

પાદપાલિકા જુઓ પાદનાલિકા.

પાદપાશ [સં.] પું. ઘોડાના પાછલા પગ બાંધવાનું દોરડું; ફાસણ; સાંકળ

પાદપાશિક [સં.] પું. હાથીના પગમાં સાંકળ પહેરાવનાર નોકર; જંજાલી હાથીને પકડવામાં તેના પગમાં ફાંસો નાખનાર માણસ.

પાદપાશી ૧. [સં.] જી. બેડી; સાંકળ; જંજીર.
૨. જી. લતા; વેલ.
૩. જી. સાદડી; ચટાઈ.

પાદપાસન [સં.] પું. શિવનાં કાન્દર આવેલું એક તીર્થ.

પાદપાંસુ [સં.] ન. ચરણરજ

પાદપીઠ [સં. પાદ (પગ) + પીઠ (આસન)] પુ., ન. ઊંચા આસન ઉપર બેઠેલાને પગ મૂકવાની માચી કે પાટલી; પગ મૂકવાની ત્રિપાઈ; પગનું આસન; પગ મૂકવાનો બાજોઠ.

પાદપીડિકા ૧. [સં.] સ્ત્રી. વાંસ વગેરેની કારીગરી.
૨. સ્ત્રી. પગ મૂકવાનો બાજોઠ.
૩ સ્ત્રી. હળમની સળી.

પાદપીઠી [સં.] સ્ત્રી. પગરખું; પાવડી; ચાખડી; મોજડી.

પાદપૂજા [સં.] સ્ત્રી. મહેમાનનું એક પ્રકારનું સ્વાગત; પગ ધોવા અને ચંદન લગાડવું તે.

પાદપૂરણ ૧. [સં.] ન. કોઈ પદ પૂરું કરવાને તેમાં જોડવામાં આવતો અક્ષર કે શબ્દ.
૨. ન. પાદપૂર્તિ; ખૂટતું પદ પૂરું કરી આપવું તે; અધૂરો શ્લોક પૂરો કરી આપવો તે કોઈ શ્લોક કે કવિતાનાં ખૂટતાં ચરણ પૂરાં કરવાં તે.

પાદપૂર્તિ [સં.] સ્ત્રી. પાદપૂરણ; ખૂટતું પદ પૂરી આપવું તે; અધૂરો શ્લોક પૂરો કરવો તે. કવિની આ એક મોટી આવડત ગણાય છે. કોઈ વાર પહેલાં ત્રણ પદ બનાવી ચોથા પદની પૂર્તિ આપવામાં છે અને કોઈ વાર એક પદ બનાવી બીજાં ત્રણ પદની પૂર્તિ આપવામાં આવે છે.

પાદપૃષ્ઠ [સં.] પુ. પગનો એડીનો ભાગ.

પાદપૃષ્ઠગ [સં.] વિ. પગના પંજાની ઉપરના ભાગમાં રહેલ.

પાદપૃષ્ઠગામિનાડી [સં.] સ્ત્રી. એ નામની ધમની. ટૂંકી અને ધનુષના જેવી વાંકી આ ધમની પાદપૃષ્ઠની બહારની સીમા ઉપર ફેલાયેલી છે.

પાદપૃષ્ઠિક [સં.] વિ. પગના પંજાની ઉપરના ભાગનું.

પાદપોદપલ [સં.] સ્ત્રી. પીળા કરેણ.

પાદપ્રક્ષાલન ૧. [સં.] ન. પગ ધોવાની ક્રિયા.
૨. ન. પગ ધોવાનું પાણી.

પાદપ્રણામ [સં] પુ. પગ અડકી કરીને પ્રણામ કરવા તે; સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

પાદપ્રતિષ્ઠાન [સં.] ન. પગ રાખવાનો બાજોઠ; પાદપીઠ.

પાદપ્રધારણ [સં.] ન. ખોડો; પાવડી; ચાખડી.

પાદપ્રલંબ [સં.] પુ. પગ સુધી લટકતું એક જાતનું ઘરેણું; ઝૂમણ.

પાદપ્રવેશ [સં.] પુ. દાખલ થવું તે; પગપેસારો.

પાદપ્રહાર [સં.] પુ. પાટું મારવું તે; પગથી મારવું તે; લાત; પગનો માર; પદાઘાત.
જોડી નાખી કરાઢાત પાદપ્રહારે ૨. નરસિંહરાવ

પાદબંધ ૧. [સં.] પુ. પગ બાંધવા તે.
૨. પુ. પગ બાંધવાની બંદૂક; બેડી.
૩. વ. છિંદશાસ્ત્રમાં બતાવેલ દસ માંહેનું એક પ્રકારનું આસન

પાદબંધન જુઓ પાદબંધ.

પાદભાગ ૧. [સં.] પુ. ચોથો ભાગ; પા ભાગ.
૨ પુ પગની નીચેનો ભાગ.

પાદભાજ [સં. પાદભાજ્] વિ. એક ચતુર્થાંશ પ્રાપ્ત કરનાર.

પાદભુજ [સં] પુ. શિવ; શંકર.

પાદમધ્ય [સં.] પુ. પગની વચ્ચે.

પાદમાપક [સં.] ન. પગે માલીને બનાવેલું અંતર માપવાનું ચક્રિવાળ જેવું સાધન.

પાદમુદ્રા [સં.] સ્ત્રી. પગલું; પદચિહ્ન; પગનું ચિહ્ન કે ઠાપ.

પાદમૂલ ૧. [સં.] ન. ચરણમૂલ; પગનું મૂળ; પગની નીચેનો ભાગ; પગનું તળિયું.
૨. ન. પગ આગળની જગ્યા.
૩. ન. પહાડની તળેટી.

પાદમૂલરાસાકા [સં.] સ્ત્રી. પગની આંગળીના મૂળ આગળનું હાડકું.

પાદપ્રાણ ન. (જરથોસ્તી) શુદ્ધિની ત્રીજી ગાહંબારની એ નામની એક ક્રિયા. તે ધર્મગુરુની મદદ વગર કરી શકે છે. તેમાં શરીરના ઉઘાડા ભાગોને પાણીથી ધોવાના હોય છે. આ ક્રિયાના ત્રણ ભાગ છે અને તે ત્રણે મળીને પાદપ્રાણ કરતી કહેવાય છે. ત્રણમાનો વચલો એટલે બીજો ભાગ એટલે પાદપ્રાણ છે અને પહેલો તથા ત્રીજો ભાગ પ્રાર્થનાના છે. પાદપ્રાણ કરનાર માણસ પ્રથમ અશેમવોહૂનું એક ટૂંકું સૂત્ર બોલે છે કે જેનો અર્થ હું અહુરમઝદની પ્રસન્નતા માટે આ કરું છું એવો છે. આ સૂત્ર બોલ્યા બાદ તે મોઢું, હાથ, પગ વગેરે ખુલ્લા ભાગ ધૂએ છે. પછી તે તે ભાગોને સૂકી નાખે છે અને છેવટે કસ્તી કરે છે, એટલે કે બોજા સૂત્ર બોલવાની સાથે કસ્તી છોડે છે અને ફરીથી બાંધે છે. ઘરસ્ત્રીઓને પાદપ્રાણની ક્રિયા સવારમાં પખાલીમાંથી ઊઠતી વખતે, કાંઈ ખેતરાળ જઈ આવીને, જમવા બેસતી વખતે અને સંધ્યા કરતા પહેલાં કરવાની હોય છે.

પાદપ્રાણ કસ્તી સ્ત્રી. (જરથોસ્તી) બંદગીની સાથે શરીરના ઉઘાડા ભાગોને ધોવાની તથા જનોઈ છોડી ફરી બાંધવાની ક્રિયા.

પાદર ૧. ન. ગામની આસપાસ મોચારાની ખુલ્લી જમીન.
૨. [સં. પદ] ન. ગામની બહાર આવેલ ખુલ્લી જમીન; ગામની નજીકનો ખુલ્લો પ્રદેશ; ગામોળ ગામનું મેદાન; ગામોળ અને મેલાણ વચ્ચેનું અંતર.
૧. ચિત્રળનું પાદર = (૧) ઉજ્જડ કે વેરાન મેદાન. ચિત્રળના પાદરમાં ઝાઝ ઓછાં હોવાથી ગામ ઓલાય છે. (૨) સાવ સદાય ઉજ્જડ; નકેડાટ.
૨. પાદર જવું = હોમ જવું; ઝાડે ફરવા જવું; જંગલ જવું.

પાદરક્ષ જુઓ પાદરક્ષક.

પાદરક્ષક ૧. [સં.] પુ. ભોમિયો; ચાખડી તે પગનું રક્ષણ કરે છે.
૨. વિ. પગનું રક્ષણ કરનાર.
૩. વિ. રથનાં પૈડાંની રક્ષા કરનાર.

પાદરક્ષણ ૧. [સં.] ન. પગની રક્ષા કરવી તે.
૨. વિ. પગની રક્ષા કરનાર.

પાદરજ [સં. પાદરજસ્] સ્ત્રી. પગની રજ; ચરણની ધૂળ.

પાદરજભક્ષ ન. જનન જાય તે દિવસે ગામને પાદર કન્યાવાળા તરફથી ઊતારો હોય ત્યાં અપાતું જમણ.

પાદરજ્જુ ૧. [સં.] સ્ત્રી. પગ બાંધવાનું આસ કરીને હાથીના પગ બાંધવાનું દોરડું કે સાંકળ વગેરે; નિગલ.
૨. સ્ત્રી. પગે બાંધવાનું દોરડું કે સાંકળ.

પાદરડું (પાદરડું) ૧. [સં. પદ (ગામડું)] ન. ગામની બહાર આવેલી ખુલ્લી જમીન; પાદર; ગામની નજીકનો ખુલ્લો પ્રદેશ; ગામોળ.
૨. ન. ગોચરની ખુલ્લી જમીન.
૩. ન. જનનેંદ્રિય ઉપરનો વાળવાળો ભાગ
૪. વિ. પાદરમાં આવેલું; ગામની નજીકનું.
પાદરડું ખેતર ને પગમાં વાળા,
વહમથી વહુ ને ગામમાં સાળા;
અંધારી રાત ને અજાણિયા કાળા,
એવું દુઃખ દઈશ મા કુપાત્રને બાપા. લોકોક્તિ

પાદરણ ૧. સ્ત્રી. પાદરી ઓ.
૨. સ્ત્રી. પાદરીની ઓ.

પાદરથી [સં.] સ્ત્રી. ચાખડી; પાવડી.

પાદરદેવતા પું. ગામના પાદરમાં સ્થાપેલ ગ્રામરક્ષક દેવ.

પાદરપટ્ટ ૬. ન. ગામની ભાગોળનો પટ.
૨. વિ. ઉજ્જડ; વેરાન.

પાદરાકર ૬. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાદરાજ ૧. [ફા. પા (પગ) + ફરાઝ (ઢાલું)] વિ. લાંબા પગવાળું.
૨. વિ. શાંત.
૩. વિ. સંતોષી.
૪. વિ. હદ ચીત્નાર.

પાદરાઝી [ફા.] સ્ત્રી. હદ ચીતરવી તે.

પાદરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાદરિયાણી ૧. સ્ત્રી. પાદરી સ્ત્રી; પાદરણ.
પ્રોટેસ્ટન્ટ પાદરીઓ અને પાદરિયાણીઓ પણ ઇંગ્લેન્ડ અહંસ્મિથ ચૂંટાઈ આવ્યા બે બ્રીટની પોતાનાં નામ મતદારોની યાદીમાં રજિસ્ટર કરાવવા લાગ્યાં. પ્રસ્થાન
૨. સ્ત્રી. પાદરીની સ્ત્રી.

પાદરી [પોર્ટુ.] પું. ખ્રિસ્તી ધર્મોપદેશક; ખ્રિસ્તી ધર્મનો પુરોહિત. તે ખ્રિસ્તીઓનાં ધાર્મકર્મ, સંસ્કાર તથા ઉપાસના કરાવે છે.

પાદરીપણું ૧. ન. પાદરી તરીકેનું કામ.
૨. ન. પાદરીનો હોદ્દો.

પાદરીવેડા (પાદરીવેઢ) પું.બ.વ. ઉપરોક્તપણું; ઓપદેશ્ય.
અને સાથે જેમનું દીર્ઘસૂત્રીપણું અને પાદરીવેડા તો લેખાદ ચોકસાવે છે. કૌમુદી

પાદરેણુ [સં.] સ્ત્રી. પગની ધૂળ; પાદરજ.

પાદરોગ [સં.] પું. પગનો રોગ. પગે ઝાઝવાની બર્ષ હોય તો ઠીપ અને કોડી ખાણી તેની રાખ સમ ભાગે મધમાં ખરલ કરી ચોપડવી. પગે ગાંઠ થાય તો તે ઉપર અર્ધી ગાંઠ કાપી તેમાંનું પરુ કાઢવું અને પછી જવખાર અને સાજીખાર સમ ભાગે લઈ આમલીની ખેળમાં લેપ કરવો અને સિંધવ, હસણ, સંઠ અને ચાવઠિ એ પ્રત્યેક ત્રણ ત્રણ માસા અને અજમો એક માસો લઈ તેનું ચૂર્ણ કરી ગૂના સોળ સાથે ખાવું.

પાદરોહ જુઓ પાદરોહણ.

પાદરોહણ [સં.] ન. વાવનું ઝાડ.

પાદલિખિત [સં.] સ્ત્રી. લલિતવિસ્તરમાં બ્રહ્મદેવ ચોસઠ બોલીની એ નામની એક લિપિ.

પાદલિપ્તપુર [સં.] ન. સૌરાષ્ટ્રમાં આવેલ પાલીતાણા શહેર.
મુકની અસ્તિ નિમિત્તે સૌરાષ્ટ્રમાં શત્રુંજય પર્વતની તલાટી પાસે તેણે પાદલિપ્તપુર નામે નગર વસાવ્યું, જે આજના જગતા પાલીતાણા નામે પ્રસિદ્ધ થયું. કુ. ચ. પરિષદ

પાદલિપ્તસ્વામી જુઓ પાદલિપ્તપુર.

પાદલેપ ૧. [સં.] પું. પગે લગાડવાનો લેપ.
૨. સ્ત્રી. એક જાતની સિદ્ધિ. તેમાં એક ચમત્કારી રસ પગે ચોપડવાથી માણસ અદશ્ય થઈને ગમે ત્યાં ફરી શકે છે.

પાદવદમીક [સં.] પું. હાથીપગાનો રોગ; શ્લીપદ. તેમાં પગ સૂજીને થાંભલા જેવો થઈ જાય છે.

પાદવંદક [સં.] વિ. કીર્તન ઉપર બેસી નીચા વળી વંદન કરનાર.

પાદવંદન [સં.] ન. પગ પ્રક્ષણ કરીને કરાતા પ્રણામ; પગ પખાળીને પ્રણામ કરવા તે.
મુકની આજ્ઞા થયે તે વહેલાં આવા વડીલોનું પાદવંદન કરી તેમની આશીર્વાદ લેવાને મુકિશિર ઘણા. નીલકંઠ

પાદવંદના જુઓ પાદવંદન.

પાદવંદનિક વિ. પગે લાગવા જેવું; પગે લાગવા યોગ્ય.

પાદવિક [સં.] પું. મુસાફર; પથિક.

પાદવિગ્રહ ૧. [સં.] પું. અવયવનું મૂળ.
૨. પું. એક મનુષ્યનું પ્રમાણ.
૩. વિ. એક મનુષ્ય જેવડું અવયવવાળું.

પાદવિદારિકા [સં.] સ્ત્રી. ઘોડાના પગના નીચેના ભાગમાં ગાંઠનો થતો એક પ્રકારનો રોગ.

પાદવિન્યાસ [સં.] પું. પગ રાખવાની ક્રિયા.

પાદવિવર્ત્તની [સં.] વિ.સ્ત્રી. પગના પંજામાં રહેનારી.

પાદવિવર્ત્તની તૃતીયા [સં.] સ્ત્રી. એ નામની પાદપૃષ્ઠિકાની ઉપરની નાભુએ પથરાયેલી પેશી; જંઘાની આગલી નાભુ ઉપરની એ નામની એક પેશી. આ પેશી જંઘાની અહારની નાભુ ઉપર આવેલી છે તે પગની ઉપલી આંગળીની મૂળસલાકાના મૂળ ભાગને લાગેલી છે. આ પેશી ઘૂંટણના સાંધાને સંકોચે છે તથા પગના તળિયાને અહારની નાભુ તરફ ફેરવે છે. પુરોજનપિકા ગંભીરા તેની પ્રત્યેષ્ટની નાડી છે.

પાદવિવર્ત્તની દ્વીયા [સં.] સ્ત્રી. એ નામની જંઘાની અહારની નાભુ ઉપરની પેશી. આ પેશી અનુજંઘાસ્થિના ઉપલા ભેદ ઉપરથી તથા તેના મધ્યનલકની અહારની નાભુ ઉપરથી ઉત્પન્ન થાય છે. તેના બોદા તંતુઓ પેશીઓ વચ્ચેની ક્લા ઉપરથી પણ ઉત્પન્ન થાય છે. ત્રાંસી રીતે પગના આખા તળિયાને ઓળંગીને આ પેશી અંતઃકોષ્ઠક તથા અંગુષ્ઠાની મૂળસલાકાના મૂળ ભાગને ચોંટે છે. તે પગના તળિયાને સકોચે છે. તથા અહારની બાજુ તરફ ફેરવે છે.

પાદવિવર્ત્તની ક્રુરવા [સં.] સ્ત્રી. એ નામની જંઘાની અહારની નાભુ ઉપરની એક પેશી. આ નાની પેશી અનુજંઘાસ્થિના નલકની અહારની નાભુ ઉપરથી ઉત્પન્ન થાય છે. તે અહારની ઘૂંટીની પાછળની આઈમાં મર્યને નીચે આવી ઉલ્ટી આંગળીની મૂળસલાકાની પીઠને લાગેલી છે. તે પગના તળિયાને સહેજ અહારની નાભુ તરફ ફેરવે છે.

પાદવિહાર [સં.] પું. પગે ચાલીને મુસાફરી કરવી તે.

પાદવિહારી [સં. પાદવિહારિન્] વિ. પગે ચાલનાર; ચાલીને મુસાફરી કરનાર.

પાદવું ૧. [સં. પર્દ્] અ. ક્રિ. અધોવાયુ કાઢવો; વા ગોઠવો; વાછૂટ કરવી.
૧. પાદી જવું = (૧) આનગી વાત કહી જવી. (૨) ગભરાઈ જવું; બી જવું.
૨. પાદી પડવું = ગભરાઈ જવું; બી જવું.
૨. અ. ક્રિ. હારીને પાછું આવવું.

પાદવૃક્ષ [સં.] પું. મેદાસ્થિમ નામની વનસ્પતિ.

પાદશબ્દ [સં.] પું. પગનો અવાજ.

પાદશલાકા [સં.] સ્ત્રી. પગની નળી.

પાદશઃ ૧. અ. ચોથે ભાગે; ચોથે હિસ્સે.
૨. અ. પગે પગે.

પાદશાખા [સં.] સ્ત્રી. પગની આંગળી.

પાદશાહ [ફા. પાદ (બાદી) + શાહ (માલિક)] પું. મોટો મુસલમાન રાજા; બાદશાહ; સમ્રાટ.

પાદશાહજાદી [ફા.] સ્ત્રી. પાદશાહની પુત્રી; કુંવરી; રાજકુવરી.

પાદશાહજાદો [ફા.] પું. પાદશાહનો કુંવર; રાજકુંવર; શાહજાદો.

પાદશાહઝાદી જુઓ પાદશાહજાદી.

પાદશાહઝાદો જુઓ પાદશાહજાદો.

પાદશાહત [ફા.] સ્ત્રી. રાજસત્તા; રાજ્યાધિકાર; સલ્તનત.

પાદશાહપ્રસન્ન સ્ત્રી. એક જાતની કેરી.

પાદશાહાના [ફા.] વિ. રાજાને યોગ્ય બાદશાહી.

પાદશાહી ૧. સ્ત્રી. બહાદુરી.
૨. સ્ત્રી. પાદશાહ જેવો વૈભવ.
૩. સ્ત્રી. પાદશાહનું પદ કે સ્થાન; રાજપદ; રાજ્યાદી.
૪. સ્ત્રી. મુસલમાની રાજ્ય.
૫. [ઇ.] સ્ત્રી. રાજસત્તા; પાદશાહની હકૂમત; પાદશાહનું રાજ્ય; પાદશાહનો રાજ્યસમય કે સત્તા.
૬. સ્ત્રી. સત્તા કે વહીવટની ગેરબરસ્થા.
૭. વિ. પાદશાહ સંબંધી; પાદશાહનું.
૮. વિ. ભવ્ય; સુંદર.
૯. વિ. રાજાને શોભે એવું.

પાદશિલાજલ [સં.] ન. ઉકાળવાથી બોળા જાગતું રહેલું પાણી. વૈદકમાં આવું પાણી ત્રિદોષનાશક મનાય છે.

પાદશીર્ષક પું. પક્ષંગ, કપાટ વગેરેનો પાયાનો ઉપલો ભાગ.

પાદશીસી [હિં.] પું. બાદલી; કસાર્ણ.

પાદશુશ્રૂષા [સં. પાદ (પગ) + શુશ્રૂષા (સેવા)] સ્ત્રી. ચરણસેવા; પગ દાબવા તે.

પાદશૂલ [સં.] ન. પગમાં ચસકા નીકળવાનો રોગ.

પાદશૌચ [સં] પું. વપારાની રકમ.

પાદશૈલ [સં.] પું. મોટા પર્વતની પાસેનો નાનો પર્વત; પર્વત પાસેની નાની ડેકરી.

પાદશોથ [સં.] પું. (વૈદક) પગ સૂજી જવાનો એક રોગ; પગનો સોજો. આ રોગ પોતાની મેળે થાય છે અથવા કોઈ કોઈ વાર બીજા રોગના કારણથી થાય છે.

પાદશૌચ [સં.] ન. પગ ધોઈ ને શુદ્ધ કરવા તે; પાદપ્રક્ષાલન.
પાદશૌચ આસનાદિ લેવું. સ્વામિ

પાદસરોજ [સં.] ન. પાદારવિંદ; પાદપંકજ; કમળ જેવો પગ.

પાદસંચાર [સં.] પું. ચલનવલન.

પાદસંચારી [સં. પાદસંચારિન્] વિ. પગે ચાલનાર.

પાદસંધિ [સં.] પું. ગુલ્ફસંધિ; ઘૂંટણનો સાંધો.

પાદસંયત [સં.] પું. (જૈન) અન્યાયની પોતે પગને પાપથી ગોપવી સંયમમાં રાખનાર મુનિ.

પાદસંવાહન [સં.] ન. પગની સેવા; પગ ચાંપવા તે.

પાદસેવન ૧. [સં.] ન. ચરણસેવા; પગની સેવા; પાદપૂજા; પગ ચાંપી સેવા કરવી તે. ભક્તિના નવ માર્ગોનો એક પ્રકાર. સદા પાસે રહીને પ્રભુની ચરણસેવા કરવી તેને પાદસેવન ભક્તિ કહે છે. દાખલા તરીકે, લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રજીના પાદ સેવી પ્રભુને પ્રસન્ન કરેલ છે.
૨. ન. નોકરી; ચાકરી.

પાદસેવા [સં.] સ્ત્રી. પગની સેવા; પાદસેવન.

પાદસ્તંભ [સં.] પું. કોઈ ચીજને પડતી અટકાવવા માટે મૂકવામાં આવેલ ટેકો.

પાદસ્થિત [સં.] વિ. સ્વાભાવિક; નૈસર્ગિક; કુદરતી.

પાદસ્નાન [સં.] ન. પગ ધોવા તે.

પાદસ્નાયુશૂલ [સં.] ન. પગના તળિયાથી અંગૂઠા સુધી થતી ઊંચ પીડા.

પાદસ્પર્શ [સં.] ન. પગનું અડવું તે.

પાદસ્ફોટ ૧. [સં.] પું. એક જાતનો રોગ; વિપાદિકા. તેમાં પગમાં ફાળા પડવા જેવી ફોલ્લી થઈ આવી તેમાંથી બહુ પાણી નીકળે છે.
૨. પું. પગ દુખવાનું દરદ.

પાદસ્વેદન [સં.] ન. વૈદક રીતે પગને સ્વેદન આપવું તે.

પાદસ્વેદનિક [સં.] વિ. પગને સ્વેદન આપી કરેલું.

પાદહત [સં.] વિ. પગથી મારેલું.

પાદહર્ષ [સં.] પું. (વૈદક) એક વાતરોગ; પગનાં ચતો કણકણાટ.

પાદહસ્તાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન; હાથથી બંને પગના અંગૂઠા પકડીને આગળ વાળવા કે પાછળ નમીને ઊભા રહેવું તે. તેને અહાસન પણ કહે છે. આ આસનથી બંધકોશ અને મંદાગ્નિની નિવૃત્તિ થતી મનાય છે.

પાદહંસ પું. એક જાતનો હંસ

પાદહારક [સં.] વિ. પગથી ચર્મ જનાર; પગથી ચોરી કરનાર.

પાદહીન ૧. [સં.] વિ. ચરણ વગરનું; પગ વિનાનું.
૨. વિ. પગ ચરણવાળું.

પાદહીના [સં.] સ્ત્રી. પગ પાયાવાળી લાકડાની બોઠી; ત્રિપદી.

પાદળ ૧. [સં. પાદાગ્ર (પગે ચાલનાર)] ન. પેદલ; પાયદળ.
૨. વિ. પગે ચાલનાર.

પાદાકુલક [સં.] પું. (પિંગળ) સોળ માત્રાનો એ નામનો એક માત્રાવૃત્ત છંદ; પાયાકુલક. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

પાદાકુલક પું. (પિંગળ) સોળ માત્રાનો એ નામનો એક છંદ; પાદાકુલક.

પાદાકૃતિ [સં.] સ્ત્રી. પ્રભુના ચરણકમળના આકારનું.
ત્રિવક્ર સુભગ કેસરવાળું શ્રીનાથજી,
પાદાકૃતિ શોભે છે આજ. સ્વામિ

પાદાક્રાંત ૧. [સં. પાદ + આક્રાંત (પગ નીચે ચાંપેલું)] વિ. પગ નીચે કરેલું; પગથી કચરેલું.
૨. વિ. પરાજિત; હાર પામેલ.
પાદાક્રાંત કરવું = હરાવવું; સત્તાથી દબાવી દેવું.
૩. વિ. પાદથી આક્રમણ થયેલું; જીતેલું; તાબે કરેલું; વશ કરેલું.
૪. વિ. પાયમાલ.

પાદાગ્ર [સં.] ન. પગનો કડ્યો; પગનો આગળનો ભાગ.

પાદાઘરોગ [સં.] પું. સાંધિવા; એક જાતનો વાતરોગ.

પાદાઘાત [સં. પાદ (પગ) + આઘાત (પ્રહાર)] પું. પાદપ્રહાર; પગનો મારા; પગથી લાત મારવી તે.

પાદાત ૧. [સં.] પું. પાયદળ; પાળો; પદાતિ.
૨. [સં. પાદાત્] પું. વૃક્ષ; ઝાડ.
૩. વિ. પગે જનાર.

પાદાતાનીક [સં. પાદાત (પાયદળ + અનીક (લશ્કર)] ન. પાયદળ લશ્કર.

પાદાતાલી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; વીરા. તેના દરેક ચરણમાં ગગણ, ગગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે. તે બૃહતી છંદનો એક ભેદ છે.

પાદાતિ [સં.] પું. પાળો; પાયદળ; સિપાઈ.

પાદાતિક જુઓ પાદાતિ.

પાદાધ્યાસ [સં.] પું. લાત મારવી તે.

પાદાનુધ્યાત ૧. [સં. પાદ (પગ) + અનુ (પાછળ) + ધ્યે (ચિંતવવું)] પું. નાના તરફથી મોટાને પત્ર લખવામાં વપરાતો નમ્રતાસૂચક શબ્દ. લખનાર તે શબ્દ પોતાને માટે વાપરે છે. સામંત કે જાગીરદાર મહારાજાને પત્ર લખવામાં આ શબ્દનો ઉપયોગ કરતા. આ પ્રકારે પુત્ર પિતાને લખવામાં અથવા કોઈ વ્યક્તિ તેના પૂર્વજનો ઉલ્લેખ કરવાને સમયે આ શબ્દનો ઉપયોગ કરતા હતા.
૨ ન. સાચો વારસ.

પાદાનુધ્યાન જુઓ પાદાનુધ્યાત.

પાદાનોન [હિં] ન. કાળું નિમક; એક જાતનું ખડક તથા કરડે ભેળવેલું મીઠું.

પાદાબ્જ [સં. પાદ (પગ) + અબ્જ (કમળ)] ન. કમળ જેવો પગ પાદારવિંદ; પાદપંકજ; પાદસરોજ.

પાદાભ્યંજન [સં.] ન. પગે ચોળવાનું ઘી કે તેલ.

પાદાયન [સં.] પું. પગ નામના ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

પાદારક પું. વહાણની સંખ્યામાં બે ભાગ લાકડાની પટ્ટી વડે બનાવેલું ઊંચું અને ચોરસ સ્થાન. તેના ઉપર મુસાફરો બેસે છે.

પાદારવિંદ જુઓ પાદાબ્જ.

પાદાર્ઘ્ય [સં.] ન. ચાકળાવ વગેરે ઊંચા માણસને ચોગ્ય અર્પણ કરવું તે.

પાદાર્થિક [સં.] વિ. પદાર્થને લગતું.
તેમાં ધર્મતત્ત્વ ગમે તે હશે, પરંતુ હાલની પદ્ધતિને અનુસરી પાદાર્થિક કારણો ખોળવું તો મુશ્કેલ બની રહેશે. રાજ્યરત્નમ

પાદાર્ધ ૧. ન. અર્ધ ચરણ.
૨. ન. અષ્ટમાંશ; આઠમો ભાગ.

પાદાલિંદી [સં.] સ્ત્રી. નૌકા; નાવ; હોડી.

પાદાવનેજન જુઓ પાદપ્રક્ષાલન.

પાદાવર્ત્ત ૧. [સં.] પું. કૂવા વગેરેમાંથી પાણી ખેંચવાનું ચક્ર; રેંટ.
૨. ન. પ્રાચીન કાળમાં હાલના ચોરસ ફૂટ જેવું જમીન માપવાનું એક પ્રમાણ. તેના વિષે ચોક્કસ માહિતી મળતી નથી. તે શબ્દ ઉપરથી એમ કલ્પના થાય છે કે, હાલના ચોરસ ફૂટ જેવું તે કોઈ ચોક્કસ પ્રમાણ હશે. આ પ્રમાણની ઉત્પત્તિ વિષે એવો તર્ક છે કે, એક માણસ હાથવા તરીકે પૂર્વાભિમુખ ઊભો રહે અને હાથો પગ અસ્થિર રાખી જમણો પગ એક વખત દક્ષિણ તરફ ફેલાવે અને બીજી વખત સામે ફેલાવે અને એવી રીતે જેટલી જગ્યા પ્રદક્ષિણામાં આવે તેટલીનું એક પાદાવર્ત્ત થાય.

પાદાવસેચન જુઓ પાદપ્રક્ષાલન.

પાદાવસ્ફોટન [સં.] ન. પગથી ફોડવું તે; પગ મારવો તે.

પાદાવિક [સં.] પું. પાળો; પગે ચાલનાર માણસ.

પાદાવિવર્ત્તની દીર્ઘા [સં.] સ્ત્રી. એ નામની સામગની પાછલી બાજુ ઉપરની એક પેશી.

પાદારા ૧. [ફા.] પું. બદલો.
૨. પું. વેર લેવું તે.
૩. પું. સંતોષ.

પાદારત જુઓ પાદાહત.

પાદાષ્ઠીલ [સં.] પું. ઘૂંટી; પગનો સાંધો.

પાદાસન [સં.] ન. પગ મૂકવાનો બાજઠ.

પાદાસ્થિ [સં.] ન. પગનું હાડકું; ઘૂંટી અને અંગૂઠા વચ્ચેનાં પાંચ લાંબાં હાડકાંનો સમૂહ.

પાદાસ્ફોલન [સં.] ન. પગ ઠોકવો તે; પગથી મારવું તે.

પાદાહત [સં.] વિ. પગથી હણેલ; પગથી મારેલ.

પાદાહતિ [સં.] સ્ત્રી. પગની લાત.

પાદાંકુર [સં.] ન. પગલું.

પાદાંકુલક જુઓ પાદાકુલક.

પાદાંગદ [સં.] ન. નૂપુર; પગનું ઝાંઝર.
પાદાંગદ અને નૂપુર, દુકાકોટિ ચંટક,
નૂપુર એ પીયા સબો ઝાંઝર ઝાંઝરવું સુધીર. પિંગલપ્રકોષ

પાદાંગદી જુઓ પાદાંગદ.

પાદાંગુલિ [સં.] સ્ત્રી. પગની આંગળી.

પાદાંગુલિનલક જુઓ પાદાંગુલીનલક.

પાદાંગુલિ પ્રસારણી કૂરચ્ચા જુઓ પાદાંગુલી પ્રસારણી કૂરચ્ચા.

પાદાંગુલિ મૂલરાજાકા જુઓ પાદાંગુલી મૂલરાજાકા.

પાદાંગુલિ સંકોચની દીર્ઘા જુઓ પાદાંગુલી સંકોચની દીર્ઘા.

પાદાંગુલિ સંકોચની કૂરચ્ચા જુઓ પાદાંગુલી સંકોચની કૂરચ્ચા.

પાદાંગુલી જુઓ પાદાંગુલિ.

પાદાંગુલીનલક [સં.] ન. પગની આંગળીનું હાડકું.

પાદાંગુલી પ્રસારણી કૂરચ્ચા [સં.] સ્ત્રી. એ નામની પગના કંડાની એક પેશી. તે પાદાંગુલી પ્રસારણી દીર્ઘા નામની પેશીની કેટલાક વડે ઢંકાયેલી છે. તે પાર્ષ્ણિની આગલી બાજુ ઉપરથી ઉત્પન્ન થાય છે. તેની કેટલા પાદપૃષ્ઠ ઉપર ત્રાંસી રીતે ઊતરીને ચાર શાખામાં વહેંચાઈ જાય છે. તેમાંની પહેલી શાખા અંગૂઠાના પાછલા પર્વની પીઠ ઉપર લાગેલી છે, જ્યારે બાકીની ત્રણ શાખા પાદાંગુલી પ્રસારણી દીર્ઘા પેશીની ત્રણ કેટલા સાથે મળી જાય છે. તેનું કામ પગની આંગળીઓને ફેલાવવાનું છે

પાદાંગુલી મૂલરાજાકા [સં.] સ્ત્રી. પગની આંગળીઓના મૂળમાં રહેલું એક હાડકું. દરેક પગમાં આવાં પાંચ હાડકાં હોય છે.

પાદાંગુલીયક [સં.] ન. પગની આંગળીએ પહેરવાનો કરેડો અંગૂઠી.

પાદાંગુલી સંકોચની દીર્ઘા [સં] સ્ત્રી. એ નામની જંઘની પાછલી બાજુ ઉપરની એક પેશી. તે જંઘાસ્થિના મધ્યનલકની પીઠ ઉપરથી ઉત્પન્ન થાય છે. તેની કેટલા પાદાંગુષ્ઠ સંકોચની દીર્ઘા નામની પેશીની કેટલાને ત્રાંસી રીતે વટાવીને ચાર શાખામાં વહેંચાઈ જાય છે. તે દરેક શાખા દરેક આંગળીના આગલા પર્વના મૂલભાગને લાગેલી છે. તે પગની આંગળીઓને ખેંચી ટૂંકી કરે છે અથવા વાળે છે.

પાદાંગુલી સંકોચની કૂરચ્ચા [સં.] સ્ત્રી. એ નામની પગના તળિયાની એક પેશી. તે પાદતલિકા પ્રાવરણીની મધ્યમ શાખાને લાગેલી છે. તે પાર્ષ્ણિની આગલી બાજુ ઉપરથી કેટલામય સૂત્રો વડે ઉત્પન્ન થાય છે. તેનો મધ્યભાગ જાડો અને ભરાવદાર છે. પાદાંગુલી સંકોચની દીર્ઘા નામની પેશીની કેટલાઓ આ પેશીની કેટલાની શાખાઓને જોડીને બને છે. તેનું કામ પગની આંગળીઓને સંકોચવાનું છે.

પાદાંગુષ્ઠ [સં.] પું. પગનો અંગૂઠો.

પાદાંગુષ્ઠપ્રકર્ષણી [સં.] સ્ત્રી. એ નામની પાદતલમાંની એક પેશી. આ ટૂંકી પેશીના બે ત્રાંસો અને બીજો આડો એવા બે ભાગ છે. તેમાંનો ત્રાંસો અને લાંબો ભાગ અંગૂઠાના પાછલા પર્વના મૂલભાગની અંદરની બાજુને લાગેલો છે, જ્યારે બીજો આડો અને પાતળો ભાગ આંગળીઓના મૂલ ભાગો ઉપર આડો રહેલો છે, આ પેશી અંગૂઠાને પગના તળિયાની મધ્યરેખા તરફ ખેંચે છે.

પાદાંગુષ્ઠસંકોચની દીર્ઘા [સં.] સ્ત્રી. એ નામની જંઘની પાછલી બાજુ ઉપરની એક પેશી. તે જંઘાની પાછલી બાજુ ઉપર તેની અંદરની સીમા ઉપર આવેલી છે. તે અનુજંઘાસ્થિના મધ્યનલકની પીઠ ઉપરથી તેમજ બંને અસ્થિઓ વચ્ચે રહેલી કલા ઉપરથી ઉત્પન્ન થાય છે. પગના તળિયામાં પેસી જાં તે અંગૂઠાના આગલા પર્વના મૂળ ભાગને લાગે છે. અંદરની ઘૂંટીની નીચે થઈને પસાર થતાં તે અંતર્ગુલ્ફિક નામના સ્નાયુ વડે ઢંકાય છે. તેનું કામ પગના અંગૂઠાને સંકોચવાનું છે.

પાદાંગુષ્ઠસંકોચની કૂરચ્ચા [સં.] સ્ત્રી. એ નામની પાદતલમાંની એક પેશી. આ બાજુના મૂળ ભાગ જેવી પેશી અંગૂઠાની પાછળ સીધી લીટીમાં રહેલી છે. તે પાર્ષ્ણિ તથા બાહ્યગોલ્ફ નામના કૂર્ચાસ્થિઓ ઉપરથી તથા જંઘાનુજ્ઞ નામની પેશીની કેટલા ઉપરથી ઉત્પન્ન થાય છે. તેની કેટલાની બે શાખા થાય છે અને તે

અંગૂઠાના પાછલા પર્વના મૂળ ભાગની બંને બાજુ ઉપર લાગેલી છે. તેનું કામ પગના અંગૂઠાને સકોચવાનું છે.

પાદાંગુષ્ઠાપકર્ષણી [સં.] સ્ત્રી. એ નામની પાદતલમાંની એક પેશી. આ બાજુના મૂળ ભાગ જેવી પેશી તળિયાની અંદરની કિનારી ઉપર રહેલી છે. તે પાર્ષ્ણિના આંતરાસ્થુંદ ઉપરથી, અંતર્ગુલ્ફિક નામના સ્નાયુ ઉપરથી તેમ જ પાદતલિકાપ્રાવરણી ઉપરથી ઉદ્‌ભવ પામે અંગૂઠાના પાછલા પર્વની અંદરની બાજુ ઉપર લાગેલી છે. તેનું કામ પગના અંગૂઠાને ખેંચવાનું છે.

પાદાંગુષ્ઠાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં કાખા કે જમણા પગની પાની ગુદા ને વૃષણની વચ્ચે એટલે સીવનીમાં રાખી તે પગના પંજા ઉપર બેસવું અને બીજો પગ પ્રથમ પગના દીર્ઘિણ ઉપર રાખવો તથા બંને હાથના પંજા કેડ ઉપર ટેકવીને આખી કેડને સારી રીતે પકડવી. ગુદા તથા અંડકોશની વચ્ચે ચાર આંગળ જેટલી જગામાં વીર્યની નાડીઓ છે. આ આસનમાં તે બેડી વડે દબાવાથી વીર્યનો પ્રવાહ બહાર જતો બંધ થઈ જાય છે. તેથી વીર્યદોષ દૂર થતો મનાય છે.

પાદાંગુષ્ઠિકા [સં.] સ્ત્રી. પગના અંગૂઠા ઉપર પહેરાતો કરડો; અંગૂઠી.

પાદાંત ૧. [સં.] પું. પગનો અંત ભાગ.

૨. પું. ઘોડા વગેરેના ચરણનો અંત.

પાદાંતર ૧. [સં.] ન. બીજો પગ.

૨. ન. ઘોડા વગેરેનું બીજું ચરણ.

પાદાંબુ [સં.] ન. જાદ.

પાદાંબુજ [સં. પાદ (પગ) + અંબુજ (કમળ)] ન. ચરણકમળ; કમળ સમાન પગ; પાદારવિંદ; પાદાબ્જ.

પાદિક ૧. [સં.] ન. પાદકૃચ્છ્ર નામનું પ્રાયશ્ચિત્તનું એક વ્રત.

૨. વિ. એક ચતુર્થાંશ માપવાળું.

૩. વિ. એક ચતુર્થાંશથી જીવનાર.

૪. વિ. ત્રિકોણના દરેક શિરોબિંદુમાંથી તેની સામેની બાજુ ઉપર દોરેલા લંબ તે બાજુઓને જે બિંદુઓમાં મળે તે બિંદુઓને અનુક્રમે જોડવાથી બનેલું.

પાદી ૧. [સં. પાદિન્] પું. ચરણવાળો ઘોડા વગેરે.

૨. પું. પગવાળું; જળજંતુ ચાર પગવાળા કુંભીર, નક્ર વગેરે જંતુ. ભાવપ્રકાશ અનુસાર આવા જંતુનું માંસ મધુર, ગરમ, વાતપિત્તનાશક, બલવર્ધક, શુક્રજનક અને બલકારક મનાય છે.

૩. વિ. ચોથો હિસ્સો લેનાર.

૪. વિ. પગવાળું; ચરણવાળું.

૫. વિ. પા ભાગવાળું.

પાદીય [સં.] વિ. પગવાળું; પગોદકીય. પ્રાચીન કાળમાં ઉમદા વર્ગના લોકોને જે પાનીએ આપવામાં આવતી હતી તે આવા પ્રકારની હતી. જેમકે, કુમારપાદીય અર્થાત્ રાજસભામાં રાજકુમારની બરોબરનું આસન મેળવનાર.

પાદુ [સં.] સ્ત્રી. ગમન; ગતિ.

પાદુક ૧. [સં.] વિ. ગમનશીલ; ગતિવાળું.

૨. વિ. પગે ચાલનાર.

પાદુકા ૧. સ્ત્રી. (લિપ) એક જાતનું હોતરકામ.

૨. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

૩. સ્ત્રી. પગરખું; મોજડી; જોડો.

૪. સ્ત્રી. પાવડી; ચાખડી; પગે પહેરવાની લાકડાની ખડ.

૫. સ્ત્રી. મોટા આચાર્યના પગલાંની તકતી.

પાદુકાકાર ૧. [સં.] પું. ચમાર.

૨. પું. મોચી.

પાદુકાકૃત્ જુઓ પાદુકાકાર.

પાદૂ [સં.] સ્ત્રી. પાદુકા; ચાખડી; જોડો.

પાદૂકૃત જુઓ પાદુકાકાર.

પાદોચ્છ્રય [સં.] ન. નાટકનાં છત્રીસ માંહેનું એક લક્ષણ.

પાદોદક ૧. [સં.] ન. પગ ધોયેલું પાણી; ચરણોદક; ચરણામૃત.

૨. ન. પગ ધોવાનું પાણી.

૩. ન. વીરશૈવ ધર્મમાં જપમાલા આદિ માંહેનું એક આવરણ.

પાદોદય [સં.] પું. પ્રસવ વખતે ગર્ભના પગ પ્રથમ યોનિદ્વારથી બહાર નીકળે તેવો જન્મ.

પાદોદર [સં. પાદ (પગ) + ઉદર (પેટ)] પું. સર્પ; નાગ. તે પેટથી ચાલે છે.

પાદોદરી [સં.] સ્ત્રી. સાપેણ; નાગણી.

પાદોન [સં.] વિ. પોણું.

પાદોપગમ [સં.] પું. (જૈન) એક પ્રકારનો સંથારો; વૃક્ષની શાખાની માફક નિશ્ચેષ્ટ થઈ સ્વસ્થપણે બેઠા રહી સમાધિમરણ કરવું તે.

પાદોપગમન જુઓ પાદોપગમ.

પાદોપધાન [સં.] ન. જેના ઉપર પગ રાખવામાં આવે તે બાજોઠ.

પાદ્મ ૧. [સં.] ન. પદ્મપુરાણ; બ્રહ્મા માહેનું એક પુરાણ.

૨. ન. બ્રહ્માના દિવસરૂપ એક કલ્પ.

પાદ્મકલ્પ [સં.] પું. (પુરાણ) બ્રહ્માના દિવસરૂપ એક કલ્પ. બ્રહ્માના આયુષ્યના અર્ધા ભાગને પરાર્ધ કહેવામાં આવે છે. બ્રહ્માના પૂર્વ પરાર્ધને અંતે જે કલ્પ થયો હતો તેને પાદ્મકલ્પ કહે છે. એ પાદ્મકલ્પમાં હરિના નાભિ સરોવરમાંથી ત્રિભુવનાદ્ભુત કમળ ઉત્પન્ન થયું હતું.

પાદ્મપુરાણ [સં.] ન. બ્રહ્મા માહેનું એક મહાપુરાણ. તેમાં પદ્મકલ્પનું માહાત્મ્ય કહેલું છે.

પાદ્ય ૧. [સં.] ન. ચરણોદક; પગ ધોવાનું પાણી; પૂજ્ય માણસ અથવા દેવતાના પગ ધોવાનું પાણી. ષોડશોપચાર પૂજામાં આસન અને સ્વાગતની પછાત્ અને દશોપચાર પૂજામાં સર્વપ્રથમ પાદ્યની વિધિ છે. જે પાણીથી દેવતાના પગ ધોવામાં આવે છે તેનાથી હાથ ધોઈ નાખતા નથી. પગ ધોવાના જળને પાદ્ય કહે છે અને હાથ ધોવાના જળને અર્ઘ્ય કહે છે.

૨. ન. ધર્મપુરુષાર્થમાં કહેલી ત્રયીરૂપ માહેની એક કલા.

૩. વિ. ચતુર્થાંશને યોગ્ય.

૪. વિ. પાદનું; પગનું; પગ સંબંધી.

પાદ્યક પું. પાદ્ય આપવાનો એક પ્રકાર.

પાદ્યપાત્ર [સં.] ન. પગ ધોવા માટેનું પાણી રાખવાનું વાસણ.

પાદ્યાર્ઘ્ય ૧. [સં.] ન. પૂજાની સામગ્રી.

૨. ન. ભેટ; અર્પણ.

૩. ન. હાથપગ ધોવા કે ધોવરાવવાનું પાણી.

પાદ્યોપદાત્રી જુઓ પાદ્યોપદાયિકા.

પાદ્યોપદાયિકા [સં.] સ્ત્રી. પગ ધોવાનું પાણી આપનાર દાસી.

પાદ્ર ક. (જૂ. ગુ.) મોંદરો; પાદર.

આની પાદ્રિ શિવપ્પુ કોણુ, કીમામજ પટ્ટ મામ.
કાન્હડદેપ્રબંધ

પાદ્રી પું. પાદરી; ખ્રિસ્તી ધર્મનો ઉપદેશક; ખ્રિસ્તી ધર્મગુરુ.

પાધ ક. આહરે ૧૧૨ ઇંચનું એક જાતનું અંતર.

પાધર ૧. પું. ગામ બહારનો રસ્તો; સીધો, સપાટ, ખુલ્લો રાજમાર્ગ.

૨. ન. ગામોળ ભમાળનું મેદાન; મોંદરો; ગામની પાસેનું મેદાન.

૩. ન. સીમાડો; છેડો; પાદર; ગામોળ.

૪. વિ. બરાબર; અનિષ્ટ.

૫. વિ. ખુલ્લું; મેદાન જેવું
૬. વિ. જેની ઉપર ઝાડ કે પરસાર ન હોય એવું; સપાટ; ઉજ્જડ; વસતી અને વનસ્પતિ વિનાનું.
૧. પાધર કરવું = ઉજ્જડ કરવું, બાળે પાટમૂને પાધર કરવા નીકળ્યો છે.–કનૈયાલાલ મુનશી
૨. પાધર થવું = બેદાનબેદાન થવું; સત્યાનાશ જવું.
૭. વિ. (ચારણી) સહાર્ય કરનાર.

પાધરા ૧. જ્ઞા. રજપૂતોની એ નામની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

પાધરી ૧. કું. (પિંગ) સોળ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૩, ૬, ૧૧, ૧૪ માત્રાએ તાલ આવે છે. તેને પંક્તિપ્રિયા, પદ્મિની, પદ્મરી છંદ પણ કહે છે.
૨. વિ.સ્ત્રી. સીધી; પાંસરી.

પાધરું ૧. વિ. અનુકૂળ; સાનુકાવક.
પરમેશ્વર જો પાધરો, તનુથી શું થાય;
પથરા હોય પાપી તે, કૂલ થઈ જેવાય.

૨. વિ. કૂડકપટ રહિત; સરળ; ન્યાયને માર્ગે ચાલવું ભળ જેવું; ન્યાયી; પ્રામાણિક.
૩. વિ. બરોબર; સાચું.
૪. વિ. ઠીક; સારું.
૫. વિ. વાંકુંચૂકું નહિ એવું; આડુંઅવળું નહિ પણ સીધું.
ઘડવા કરીએ અતિ ઘણો,
કર કપટ કહેવાય;
કર્મ ન હોયે પાધરું,
(તો) આરે પાટે જાય. સામળ
૬. વિ. સીધે માર્ગે જનારું; સરળતાવાળું; પાંસરું.
૭. વિ. હિત ચાહનાર; મિત્ર જેવું.
પ્રાણરો વિલીક્ષણ જે હો,
તે તો વાંકો થયો. પ્રેમાનંદ
૮. અ. કોઈની મારફત વગર; વચમાં કોઈને રાખ્યા વગર.
૯. અ. તરત; તાબડતોબ; વગર વિલંબે; એકદમ.
૧૦. અ. નિત્ય; અમર; અવિનાશી.
૧૧. અ. આરોનાર; પાંસરું એક છેડેથી બીજે છેડે; સળંગ.
૧૨. અ. સમુખ; સામું.
૧૩. અ. સીધું; ડોરીબદ્ધ.

પાધરોદોર ૧. વિ. ટચકું; કલકું.
૨. વિ. નીતિ અને વ્યવહારને માર્ગે ચાલે એવું; આડુંઅવળું કે કુમાર્ગે ન જાય એવું.
૩. વિ. વર્તનમાં ઠેકાણે આવેલ; દુર્ગુણથી મુક્ત થયેલ; સુધરી ગયેલ.
૪. વિ. સરળ; વાંકુંચૂકું નહિ એવું.
૫. વિ. સીધું; ડોરીબદ્ધ; પાંસરું.

પાધ્યા ૧. [હિં] કું. ઉપાધ્યાય; આચાર્ય; ધર્મગુરુ.
૨. કું. (પિંગ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૬૮ લઘુ અને ૩૦ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.
૩. કું. ગુરુ; મહેતાજી.
૪. કું. પંડિત.

પાધ્યે ૧. [સં. ઉપાધ્યાય; પ્રા. ઉવજ્ઝાઓ–વજ્ઝે–પાધ્યે] જ્ઞા. એ નામની એક મરાઠી અટક. પ્રાકૃત ઉવજ્ઝાઓ ઉપરથી વજ્ઝે અને પાધ્યે બંને મરાઠીમાં અટક થઈ એમ મનાય છે.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાન ૧. [સં.] કું. દારૂ બનાવનાર તથા વેચનાર માણસ; કલાલ.
૨. કું. નિઃશ્વાસ; ઉચ્છ્વાસ.
૩. કું. પગરખાની એડી પાછળ નખાતો ચામડાનો કટકો.
૪. [હિં.] કું. પ્રાણ.
૫. કું. બહાદુર.
૬. [સં. પર્ણ] કું. હાથ.
પ્રીત નેહ રસ બાન હિત રીસ ધર્મ બે પાન;
વન દર્શનથી હે સખી! થયું બાર કલ્યાન.
વિનયસાગરોપાધ્યાય
રસિક પર પાન ધરવાં = કુમાર્ગે જવાં; બોવારણું સેવવું.
૭. સ્ત્રી. એક જાતનું નદીમાં થતું ઘાસ. તેની કૂંડી કલામાં વપરાય છે.
૮. સ્ત્રી. પાની; પગની પેની.
૯. સ્ત્રી. વાક્યનો અંત બતાવતી નિશાની; પાનું.
પાન મૂકવી = અંત આણવો; વંચાણ મૂકવું; પાર લાવવો. પહેલાં વાક્યને છેડે પાન એટલે પાનું દોરવાનો રિવાજ હતો. સંસ્કૃતમાં મૂળથી તે હજુ સુધી પણ વાક્યને છેડે કે શ્લોકને અંતે પાન દોરે છે. કૃષ્ણિનો આંકડો લખવો હોય તો તેની પાછળ પણ પાન કે ઓળાવો કરે છે. એટલા માટે કે તેમાં કોઈ વધારો ન કરે. તે ઉપરથી આ પ્રયોગ બોલાય છે.
૧૦ સ્ત્રી વેગ; ગતિ.
૧૧. ન. ઉપલોગ; બોજવટો.
૧૨. ન. કોઈ પણ ઔષધિને નેતાથી ભાવીકરણ કે તેથી વધારે પાણીમાં ઉકાળી તેનું અરધું પાણી રહેવા દઈ તૈયાર કરવામાં આવતું પીણું.
૧૩. ન. કોઈ પ્રવાહી પદાર્થને ઘૂંટડે ઘૂંટડે કરીને ગળે ઉતારવું તે; પીવું તે.
પાન કરાવવું = પિવડાવવું
૧૪. ન. ગંજીફાના પાનાના ચાર માંહેનો એક પ્રકાર. તેમાં પાના ઉપર પાંદડાંના આકારની લાલ ભાત હોય છે.
૧૫. ન. ચમચું; પાનના આકારનું પરેજામાં નખાતું ચમચું.
૧૬. ન. ચોથા ભાગની નિશાની.
૧૭. ન. બળ.
૧૮. ન. તાંબૂલ; નાગરવેલનું પાન.
પાનની જડ = એક પ્રકારની ઔષધિ; નાગરવેલનું મૂળિયું. તે કટુ, રસ અને ઉષ્ણરસ ઉપર ઉપયોગી મનાય છે.
૧૯. ન. દારૂ.
૨૦. ન. દારૂ પીવો તે; મદ્યપાન.
૨૧. ન. નકોર.
૨૨. ન. નાગરવેલ; નાગરવલ્લી; પાનવેલ; તાંબૂલ. આ જાતા હિંદની સરહદનો ભાગ તથા પંજાબને છોડીને બાકીના આખા હિંદમાં તથા સિંહલદ્વીપ, બ્રહ્મા, સિયામ વગેરે ઉષ્ણ જલવાયુવાળા પ્રદેશમાં પુષ્કળ થાય છે. અપત અને જલવાયુની અનુકૂળતા અનુસાર ન્યૂનાધિક માત્રામાં તેની ખેતી કરવામાં આવે છે. તેની ખેતીમાં મહાન પરિશ્રમ પડે છે. આ વેલ અત્યંત કોમળ હોવાને કારણે અધિક ગરમી કે અતી સહન કરી શકતી નથી. તેની ખેતી તળાવ કે ઝીલ આદિના કિનારે ઊંચી ઢાળવાળી જમીન બનાવી કરવામાં આવે છે. તડકા અને ઠંડાના બેસથી બચાવવા વાંસ આદિના મંડપ બનાવવામાં આવે છે અને તેની ઓતરફ દટ્ટી બાંધવામાં આવે છે. મંડપની અંદરના ભાગમાં વેલા ચડાવવામાં આવે છે. આ મંડપને પાનનો બંગલો, બરેજ કે બરૌજ કહેવામાં આવે છે. ઓરિસ્સામાં તેનાં બહુ સુંદર પાન નીકળતાં હોવાથી ત્યાં પાનની ખેતી અધિક લાભદાયક મનાય છે. પાનની અનેક જાતિ છે: બંગલા, મગહી, મદ્રાસી, કપૂરી, મહોબ્બી, અકુવા, કલકતિહા. બધાનાં મગહી પાન સૌથી સારાં મનાય છે. તેની નસો બહુ પાતળી અને સુંવાળી હોય છે. તેનું બીડું મોઢામાં મૂકતાં જ ગળી જાય છે. તેના પછી બંગલા પાનનો નંબર આવે છે. મહોબ્બી પાન કડવું પણ મીઠું હોય છે અને તે સારા પાનમાં અગ્રગણ્ય છે. કલકતિહા કડવા હોય છે. કપૂરી પાન લાંબાં હોય છે અને તેમાંથી કપૂર જેવી સુગંધ આવે છે. ભારતમાં નાગરવેલના પાનનો વપરાશ ઘણો જ

વધારે છે. કાથો, ચૂનો ચોપડી, સોપારી વગેરે મસાલો નાખી તેનું બીડું બાંધી મન પ્રસન્ન કરવામાં આવે છે, તેમજ તેનાં બીડાંથી મહેમાનનો સત્કાર કરવામાં આવે છે. દેવતાઓ તથા પિતૃઓના પૂજનમાં નાગરવેલનું પાન વપરાય છે. તેનો રસ અનેક રોગમાં ઔષધના અનુપાન તરીકે અપાય છે. આ વેલનું મળિયું કે જેને કુલંજન કે કુલીંજન કહે છે, તે પણ દવા તરીકે વપરાય છે. વૈદકમાં નાગરવેલના પાનને ઉત્તેજક, દુર્ગંધનો નાશ કરનાર, તીક્ષ્ણ, ઉષ્ણ, કટુ, તિક્ત, કષાય, કફનાશક, વાયુ હરનાર, શ્રમ હરનાર, કાંતિજનક, અંગોને સુંદર બનાવનાર, તથા કૃમિ, જ્વર વગેરેનું શોષક માનેલ છે. વેદો, સૂત્રગ્રંથો, વાલ્મીકિ રામાયણ તથા મહાભારતમાં પાનનું નામ કયાંય આવતું નથી. પરંતુ પુરાણોમાં અને વૈદક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ બહુ મળે છે. વિદેશી મુસાફરોએ ભારતવાસીઓની પાન ખાવાની આદત જણાવેલી છે. અત્યંત પ્રાચીન ગ્રંથોમાં તેનું નામ પણ નહિ હોવાથી એવું અનુમાન છે કે પાન ખાવાનો વહેવાર પ્રથમ પૂર્વ તથા દક્ષિણમાં જ હતો. વૈદિક પૂજનમાં પાન નથી, પણ આજકાલ પ્રચલિત તાંત્રિક પદ્ધતિમાં પાનનું કામ પડે છે.

પાન પદારથ પદમણી પ્રેમળ તે પોકાક,
પાંચ પખ્યાવાલા પુરુષને તેથી આવી ઝાંક.
લોકોક્તિ

૧. જે મોઢે પાન ખાતાં હોય તે મોઢે કોપલા આવવા = (૧) ચઢાવેલને પાડવું. (૨) રંજમાં ભંગ કરવો; સારું કે મંગળ કામ કર્યા પછી બૂરું કે અશુભ બોલવું; વચને ફરી જવું.

૨. પાન ઓડી જવું = સર્પદંશ થવો.

૩. પાન આપવું = (૧) પાનનું બીડું આપવું. (૨) સત્કાર કરવો; મળવા આવેલા તરફ વિવેક બતાવવો; આદરભાવ પૂછવો.

૪. પાન ખાખડવું = સર્પદંશ થવો; ઝેર ખાખડવો કે કરડવો.

૫. પાન ઉઠાવવું = બીડું ઝડપવું; કોઈ કામ કરવાને માટે પ્રતિજ્ઞા લેવી.

૬. પાન કરવું = (૧) ભક્ષણ કરવું. (૨) જરા નાસ્તો કરી તાજા થવું. (૩) પાનબીડું બનાવવું. (૪) પીવું. (૫) મદ્યપાન કરવું.

૭. પાન બદલાવવું = વરકન્યાના વિવાહ સંબંધમાં બંને પક્ષનું વચનબદ્ધ થવું; સગપણ કરવું.

૮. પાન ખાવું = (૧) મુખવાસ કરવો. (૨) રંજાડવાનું કામ કરવું; ખુશખુશાલીથી કામ પતાવવું.

૯. પાન ચીરવું = (૧) કોઈ પણ કામમાં રોકાવું. (૨) પાન કાપવાં. (૩) હાજી વગરનું કામ કરવું; નકામું કામ કરવું.

૧૦. પાન દેવું = સાહસપૂર્વ કામ કરવાને કોઈને પ્રતિજ્ઞા આપવી.

૧૧. પાન ન હાલવું = કાંઈ ન ખવી શકવું.

૧૨. પાન, પ્રધાન ને પટેલ એ ત્રણ પાકાં સારાં = પાન પાકેલું અને પ્રધાન તથા પટેલ અનુભવી હોય તેમ સારું.

૧૩. પાન બનાવવું = પાનમાં કાથો, ચૂનો, સોપારી વગેરે નાખી બીડું કરવું.

૧૪. પાનમાં આણવું-લાવવું-લેવું = (૧) હાથમાં લાવવું; હાથમાં સપડાવવું. (૨) સત્તા કે અધિકાર નીચે લાવવું.

૧૫. પાનમાં જાવું = હાથમાં આવવું; વશમાં આવવું; હાથમાં સપડાવું.

૧૬. મુખનું પાન = માનીતું.

૨૩. ન. પાણી.

૨૪. ન. પાનના આકારનું કોઈ પણ ઘૂંચવ્યું.

૨૫ ન. પાનબીડું.

૨૬. ન. પાનું; પૃષ્ઠ.

૨૭. [સં. પર્ણ; પ્રા. પન્ન] ન. પાંદડું.

દરેક ધર્મનું સ્થાન આ ચિત્રમાં સમાન છે,
આપણે સૌ બીએ પાન તજવર વર્ણ અહા.
આપીગીતા

૨૮. ન. પીવાની વસ્તુ; પેય; પીવાનો પદાર્થ.

૨૯. ન. પીવાનું પાત્ર; પ્યાલું; કટોરો.

૩૦. ન. રક્ષણ; રક્ષા.

૩૧. ન. કાગ તરીકે વપરાતાં પત્ર. તેમાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે: મૂળનાં પાન, અજમાનાં પાન, કુવાડિયાનાં પાન, બાકસલિયાનાં પાન, ગળકવલીનાં પાન, પરવળનાં પાન, મળોનાં પાન, વડવાઈનાં પાન, સરસવનાં પાન.

પીપળ પાન અરૂત, હસતી કુંપળિયાં = બીજા ઉપર આફત આવતાં ખુવારિયાએ હસવું.

૩૨. ન. ઓજોના મોટલા પાનનામાં જોવી ચાળને આમતેમ હોળાને પાડવામાં આવતી આકૃતિ; હોળતાં પાડેલા સેવાની સામે કરવામાં આવતો પાન જેવો આકાર.

પાન પાડવું = મોટલો ચાળી પાદડાંની આકૃતિમાં વાળ જોડવા.

૩૩. ન. હથિયારને તીક્ષ્ણ કરવાને તેને પાણી પાવું તે. હથિયારને ગરમ કરી પ્રવાહી પદાર્થમાં બોળવાથી તેમાં ચમક આવે છે.

પાનઅજમા પું. એક જાતનો છોડ. તે હાથ દોઢ હાથ ઊંચો વધે છે. ચોમાસામાં એના કાંદા વાવવાથી એ છોડ થાય છે. ભમરીના દંશ ઉપર એનાં પાંદડાં મસળી દંશસ્થાને ચોળાય છે. તેનાં પાન જાડાં, કરકરિયાંવાળાં, ગોળ અને નાનાં હોય છે. કરમ ઉપર એનાં પાંદડાંનો રસ આપવામાં આવે છે. અજમાનાં પાનનાં ભજિયાં થાય છે.

પાનઅળુ ન. એક જાતનો અળવીનો કંદ.

પાનઆરકા પું. જરીબરતકામમાં વપરાતી એક જાતની છાપ.

પાનક ૧. [સં.] ન. કાંજી વગેરે પીવાનો પદાર્થ.

૨. ન. પીવાનો રસ; પીણું; કરબત; પીવાનું પાણી.

પાનકરિયાતું ન. દેશી કરિયાતું. કરિયાતાની બે જાત છે: (૧) દેશી કરિયાતું એટલે પાન કરિયાતું અને (૨) નેપાળી કરિયાતું એટલે કાંખણીવાળું કરિયાતું.

પાનકપૂર ન. એક જાતનું કેસર.

પાનકંદો જુઓ પાણકંદો.

પાનકી ૧. સ્ત્રી. એક જાતનો કમળો.

૨. સ્ત્રી. બે પાનની વચ્ચે મૂકીને બનાવેલો રોટલો.

પાનકોથળિયું ન. કોથળીવાળું એક જાતનું તોરણ.

પાનકોથી સ્ત્રી. એક પ્રકારનું વિલાયતી ઘાસ.

પાનકોર સ્ત્રી. પાનના જેવી કોર.

પાનકોવો જુઓ પાનકોબા.

પાનકોબા [હિં.] ન. એક જાતનું પક્ષી; કઠોંટ. તે એશિઆ, યુરપ અને આફ્રિકામાં વસે છે. તેની ચાંચ અણીદાર, પગ કાળા અને લંબાઈ આર ફૂટની હોય છે. એનો રંગ કાળો, પણ મોટું, માથાની આજુબાજુ અને કંઠપરથી ધોળાં હોય છે.

પાનકોવા જુઓ પાનકોંબા.

પાનખર સ્ત્રી. જેમાં ઝાડનાં પાંદડાં ખરી પડે છે એ ઋતુ; વસંત. માઘ, ફાગણમાં ઝાડનાં જૂનાં પાંદડાં ખરી જઈ ચૈત્રમાં નવાં આવે છે. આ કાળ પાનખર મોસમનો કહેવાય છે.

પાનખિલાઈ [હિં.] સ્ત્રી. સમપથ્થ કરવાની ક્રિયા; ચેતિયાળ કરવાની ક્રિયા.

પાનગરા ૧. સ્ત્રી. સોનારૂપાના વરખ બનાવનાર મોચીની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પાનગુલાબ સ.ગ.ન. સત્કાર સમારંભમાં આપવામાં આવતાં પાનબીડું તથા ફૂલ, ગુલાબ વગેરે.

પાનપૂહ ૧. [સં.] ન. પીવાં વેચવાની દુકાન.
૨. ન. મદ્યશાળા; દારૂનું પીઠું.

પાનપૂહિણીકા [સં.] સ્ત્રી. પાણી ભરનારી દાસી.

પાનગોષ્ઠિકા ૧. [સં.] સ્ત્રી. તાંત્રિક લોકોએ એકઠા મળી મદ્યપાન તથા કોઈ પૂજન વગેરે કરવાનું સ્થળ.
૨. સ્ત્રી. દારૂ પીવા માટે એકત્ર થયેલો દારૂડિયાનો સમાજ.
૩. સ્ત્રી. દારૂનું પીઠું.
૪. સ્ત્રી. મદ્યપાનગૃહ; તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ભૈરવીચક્ર.

પાનગોષ્ઠી જુઓ પાનગોષ્ઠિકા.

પાનચમચી ૧. સ્ત્રી. બદામો.
૨. સ્ત્રી. પાનખર ઋતુ.

પાનચરાઈ સ્ત્રી. ઢોરને ચરાવવા માટે જોવામાં આવતી રકમ.

પાનચાળચણી ૧. સ્ત્રી. ઉપયુક્ત કે ઊચિત રમતાં આવડવું તે; પ્રપંચના ખેલ બેલી જાણવા રૂપી આવડત કે ચતુરાઈ; હાવચતુરાઈ.
૨. સ્ત્રી. તકે પહોંચે નહિ એમ ધ્યાન રાખી વસ્તુને આઘીપાછી કરવી તથા ફેરવવી તે; અવસ્થા કરવાનું ચાતુર્ય.
૩. સ્ત્રી. પાનને ફેરવવાં તે.
૪. સ્ત્રી. હોશિયારી; ચાલાકી.

પાનચેવલી પું. એ નામનો એક જાતનો છોડ. મુખવાસના તથા દવાના કામમાં એનાં પાન વપરાય છે.

પાનજંબૂલ ન. એક જાતનું નાનું ઝાડ. તેને બોગા ફૂલ આવે છે. તેમાંથી ખંડ પણ મધુર ખુશબો નીકળે છે.

પાનજાવલ સ્ત્રી. (કચ્છી) એ નામની એક વેલ. તેને નાગરવેલ પણ કહે છે.

પાનજૂંબડ પું. (કોન) એક જાતના જંગલકોવ; જળને સારું નરસું બનાવનાર દેવ.

પાનઠ ૧. સ્ત્રી. જુવાર, બાજરી, મકાઈ વગેરે કેટલાક સાંઠાનું લાલું પોંકડું; પાનોઠ.
૨. [સં.] વિ. પાન કરવામાં કુશળ; પીવામાં હોશિયાર.

પાનડ (પાનડ) ન. પોંકડું.
લાડવ પાનડ ને પાણી જ્યાં સોંપું ત્યાં પધારજ્યા હરિ નરસૈયામ

પાનડિયું (પાનડિયું) ન. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

પાનડિયો (પાનડિયો) ૧. પું. એક જાતનું ઘાસ; એક જાતનું પોંખાળમાં થતું ઊંચું અને મોટાં પાનવાળું ઘાસ.
૨. પું. એક ઝાડ. આ ઝાડને એક ડાંડલીમાં બબ્બે ઉપરા સાંકડાં ત્રણ પાન થાય છે. તેના ઉપર લીલી ને લીલી કોરે પાન થાય છે. ઉપર ફૂલ લાલ આવે છે.

પાનડી (પાનડો) ૧. સ્ત્રી. એક જાતની ખાજોગ.
૨. સ્ત્રી. નાગરવેલનાં પાનની વેલ.
૩. સ્ત્રી. નાનું કુમળું પોંકડું.
૪. સ્ત્રી. પાનની નાની નાની કટકી; ચીરી; પાંદડી.
૫. [હિં.] સ્ત્રી. મધુર પીસાં તથા તેલ વગેરેને સુગંધી બનાવવા માટે વપરાતી એ નામની એક સુગંધી પાંદડી.
૬. સ્ત્રી. ઓઓનું પાનનું એક ઘરેણું. તેનો આકાર પાન જેવો હોય છે.
૭. ન. એક જાતનું અત્તર.

પાનડું (પાનડું) [સં. પત્ર] ન. પર્ણ; પાંદડું; પાનું; પત્ર.

પાનતંબોલ ૧. પું. એક જાતનો છોડ. આ છોડ ઝુંબર જેવો દેખાય છે. તેનાં પાન લાંબાં, ઢંતાવાળાં હોય છે અને તેમાં સુવાળી રેસાનાં ફૂલ આવે છે. નાનાં કટોરાં જેવાં તેને ફળ થાય છે.
૨. ન. ગલમેંદી.

પાનતાંતી ૧. સ્ત્રી. એ નામની હરિજનની એક જાત. તેને તાંતી પણ કહે છે. હરિજનબંધુમાં આ સંબંધે લખ્યું છે કે: ઊનમાં તાંતી લોકોની સંખ્યા સારી પૈકી છે. કસબથી તેઓ હરિજન ગણાય છે ને પાનતાંતીને નામે ઓળખાય છે.
૨. ન. એ નામની જાતનું માપસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનથરા સ્ત્રી. ગોબરથી બનેલ પથરાની લાદી.

પાનદાન ૧. [પાન + દાન (કેકાણું)] ન. પાન રાખવાનું પાત્ર; પાન, સોપારી, સૂકી, કાથો, ચૂનો વગેરે રાખવાની પેટી; પાનનો કાનડો; પાન અને તેનો સામાન મૂકવાનું પાત્ર; પાનપેટી.
પાનદાનનો અર્થ = ઓળખને પાન તથા બીજી આવશ્યકતાઓને માટે આપવામાં આવતી રકમ.
૨. ન. પાનનાં બીડાં રાખવાનો કબો.

પાનદાનિયું ન. પાનદાન; પાનદાની; પાન વગેરે રાખવાનું સાધન; પાનિયું; એક બાજુએ કાથો ને બીજી બાજુએ ચૂનો અને વચ્ચમાં કાણીદાર ખાનામાં પાન રહે તેવી બનાવટ.

પાનદાની સ્ત્રી. પાનદાન; પાનનો કાળકો; ખાવાનાં પાન તથા તેનો સામાન મૂકવાનું પાત્ર.

પાનદોષ [સં.] પું. મદ્યપાનનું વ્યસન; દારૂ પીવાની ટેવ.

પાનન ૧. [હિં.] પું. એ જાતનું ઝાડ.
૨. ન. પાન.

પાનપ ૧. [સં.] પું. શરાબી; મદ્યપ.
૨. વિ. દારૂ પીનાર.

પાનપટી જુઓ પાનપટો.

પાનપટો પું. પાનનો બાંધેલો ભૂકો કે જથ્થો.

પાનપટ્ટી ૧. સ્ત્રી. કાથો ચૂનો ચોપડી સોપારી વગેરે મૂકી વાળેલી પાનબીડી; નાગરવેલના પાનનું બીડું; તાબૂલ.
પાનપટ્ટી આપવી = રજા આપવી; કાઢી મેલવું; બરતરફ કરવું કમિશનની નિશાનીમાં સરદારને પાંચ પાનની પટ્ટી સોપારી સાથે આપવામાં આવે છે. તે ઉપરથી બંગમાં આ પ્રયોગ વપરાય છે.
૨. સ્ત્રી. છાપરામાં આગળ કોતરીને ચોટાડેલી લાકડાની પટ્ટી; મકાનની શોભા માટે નેવાને અડીને સાદી કે કોતરીને ચોટાડાતી લાકડાની પટ્ટી; મોતિયો.

પાનપટ્ટો (પાનપટ્ટો) પું. પાનનું પડીકું; જેમાં પાન બાંધ્યાં હોય તે પડો.

પાનપત્તા ૧. ન. તુચ્છ ભેટ.
૨. ન. બનાવેલું પાન; પાનનું બીડું.

પાનપર [સં.] વિ. પીવામાં તત્પર; ઉત્સાહથી પીનાર.

પાનપાત્ર ૧. [સં.] ન. દારૂ વગેરે પીવાનું વાસણ.
૨. ન. પીવાનું વાસણ; પાણી પીવાનું વાસણ; ખાલો; ઝા.સ.

પાનપુણ્ય [સં.] ન. અનુકંપાથી તરસ્યાને પાણી આપવાથી થતું પુણ્ય.

પાનપુરોહિત વિ. કાંબા લાલ રંગનું; કાંબું રાતું.

પાનપ્રસક્તા [સં.] વિ. દારૂડિયું.

પાનપ્રસક્તિ [સં.] સ્ત્રી. ખૂબ દારૂ ઢસવો તે.

પાનપૂળિયું વિ. અતિ લાડકવાયું; અતિલાડકું.

પાનપૂર્ણ સ્ત્રી. એક જાતનો છોડ; જેવંતી.

પાનપૂર્ણ ૧. ન. બહુ કોમળ વસ્તુ.
૨. ન. સામાન્ય ભેટ.

પાનફૂલિયું ૧. વિ. જેણે દુઃખ જોયાં ન અનુભવ્યાં હોય એવું.
૨. વિ. કુસની પાંખડી જેવું; કોમળ કે હલકું.
૩. વિ. કુલફટાકિયું; લાડકોડમાં ઊછરેલું; સુકુમાર; નાજુક તબિયતનું.
૪. વિ. સમજમાં બહુ ઊંડું નહિ એવું; હાલુંપોલું.

પાનબાજરિયું ન. એ નામની એક વનસ્પતિ; પાનબાજરિયું; પાણબાજરિયું. એના સાંઠાની વચ્ચે બાજરિયા જેવું ડૂંડું થાય છે. તેનાં પાન બાજરીપાન જેવાં હોય છે. તેમાં બાજરી પ્રમાણે બાજરિયાં થાય છે, તેને પાનબાજરિયું કહે છે. તેના ઊપર રૂ હોય છે. પાનબાજરિયાને તેલમાં ભોળી સળગાવવાથી કાકડા મુજબ સળગે છે. ધા રૂઝવવામાં તે ઉપયોગી મનાય છે.

તે પાનબાજરિયાના રેસા કાઢી જેનું અંગ સામાન્ય હચિયાર વડે કપાયું હોય તે ઘામા રેસા ભરવાથી તુરત આરામ થાય છે.
રાજવલ્લભ

પાનબીડી (પાનબીડ) ૧. સ્ત્રી. નાગરવેલના પાનને કાથો, ચૂનો લગાડીને બનાવેલી નાની ગડી; પાનપટી; લવિંગ, સોપારી, એલચી ને તજવાળી કામા ચૂનાની પાનબીડી; તાંબૂલ.
૨. સ્ત્રી. પાનની પટ્ટી તથા પીવાની ટીમરૂ કે આપદાના સૂકા પાનમાં જરદો નાખી વાળેલી ભૂંગળી.

પાનબીડું (પાનબીડું) ન. નાગરવેલના પાનનું બીડું; તાંબૂલ; પાનપટી.

પાનભૂક્કો પું. મોતી માટે કૂલડી મારનાર માણસ.
એક દિવસે પાનભૂક્કો ઉમર રાજાજીહેરીને બહેરીનનાં મુલ્યવાન્‌ની તપેલીઓથી ભરેલા મોતીઓ વેચવા આવ્યો. ચિત્રમય જગત

પાનભક્ત પું. પાન ખાવાની ટેવવાળું માણસ.

પાનભાજન ૧. [સં.] ન. કાચ પીવાનું બાલું; પાનપાત્ર.
૨. ન. પીવાનું પાત્ર.

પાનભાત ન. એક જાતનું પાટણનું ભાતીગળ પટોળું

પાનભૂમિ [સં.] સ્ત્રી. પીઠું; જેના ઉપર બેસીને કાચ પીવાની જગ્યા.

પાનભોજ્ય [સં] ન. અન્નપાણી.
બીજાને પાનભોજ્ય અપાતા જે રોકવામાં છે, તે દિવસો કે રાત્રે સમાધિ મેળવી શકતો નથી.
ધર્મમંદિર

પાનમદાલ પું પાનની ખેતી ઉપરનો કર.

પાનમંગલ [સં.] પું. પાનબોડી.

પાનરત [સં.] વિ. પીવામાં તત્પર.

પાનલવંગ પું. એ નામનો એક સીધો ઊંચતો છોડ.

પાનલોઢા ન. એક જાતનું પક્ષી; બીની રેતાળ જમીન ઉપર રમતું એક જાતનું નાનું પક્ષી.

પાનવણિજ [સં. પાનવણિજ્] પું. કાચ વેચનાર માણસ; કલાલ.

પાનવાલા ૧. પું. નાગરવેલનાં પાન વેચનારો માણસ.
૨. સ્ત્રી. મેમણની એ નામની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

પાનવિધિ [સં.] પું. શરીરને અનુકૂળ કે પ્રતિકૂળ, કારે કે હલકું પાણી બનવાની કળા.

પાનવિભ્રમ [સં.] પું. કાચ પીવાથી બતો ભ્રમ; પાનાલય નામનો રોગ; કાચ પીવાથી ઉત્પન્ન થતો એક રોગ.

પાનવેલ ૧. સ્ત્રી. ખાવાનાં પાન આપનાર વેલ.
૨. સ્ત્રી. નાગરવેલ; નાગવલ્લી.

પાનશાલા [સં.] સ્ત્રી. બહિશાળ.

પાનશેરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનશૌંડ [સં.] વિ. કાચ પીવામાં કુશળ.

પાનસ ૧. [સં.] ન. કલ્પવૃક્ષમાંથી પ્રાચીન કાળમાં બનાવવામાં આવતો એક જાતનો કાચ.
૨. વિ. કણસ સંબંધી.

પાનસડા (પાનસડા) ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનસૌંડ [સં.] વિ. કાચ પીવામાં કુશળ.

પાનસ ૧. [સં.] ન. કલ્પવૃક્ષમાંથી પ્રાચીન કાળમાં બનાવવામાં આવતો એક જાતનો કાચ.
૨. વિ. કણસ સંબંધી.

પાનસડા (પાનસડા) ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનસરા વિ. ભોજનના આખરનું.

પાનસારી પું. કેરી કાચ વેચનાર માણસ; ગાંધી.

પાનસાંકળ સ્ત્રી. કમાડને કેરાની સાંકળ; એક જોડ લોટાના સળિયામાં કાકું પાડીને બનાવેલી સાંકળ.

પાનસુપારી જુઓ પાનસોપારી.

પાનસૂર ન. પાદડાં; કડવનાં સૂકાં પાંદડાં.

પાનસૂરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનસૂંઘામણ જી. એ નામની એક રમત. તે અમરેલી તરફ રમાય છે.

પાનસૂંઘામણી જી. એ નામની એક રમત; પત્તાસૂંઘામણી.

પાનસેટિયા ૧. ન. એક જાતનું ઝાડ. તેમાં મોટાં રાતા રંગનાં પાન જેવાં પુષ્પપત્રો થાય છે.
૨. ન. કૃષ્ણચૂર.

પાનસેટિયો નાહાનો પું એક પ્રકારનો છોડવો. આ છોડ ૨ થી ૩ ફૂટ ઊંચો આપોઆપ ઊગી આવે છે. એમાં આર અર્ધ ૨ તાં પુષ્પપત્રો થાય છે. તે બહુ ઝેરી હોય છે.

પાનસોપારી ૧. સ્ત્રી. કોઈના માનમાં કરાતો સમારંભ.
૨. સ્ત્રી. નાની બક્ષિસ; સિપાઈસિપરાને અપાતી નાની બક્ષિસ.
૩. સ્ત્રી. પાનની પટી, એલચી, સોપારી વગેરે સત્કાર કરી આપવાં તે; મુખવાસ; તાંબૂલ; પાન ને સોપારી.
૪. સ્ત્રી. રહેમનજરના બદલામાં ખુશીથી આપવું તે; 'ગેરીગેરી.'
પાનસોપારી એ લાંચનું સુધરેલું નામ છે.
પૂનમેટ
૫. સ્ત્રી. લાંચ.

પાનસોરા ૧. સ્ત્રી. તરભાળા અને બાસણી એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાનસ્થાન [સં.] ન. મદ્યપાન કરવાનું સ્થળ; પાનભૂમિ.

પાનહી [હિં.] સ્ત્રી. પનરખાં.

પાનકૂર (પાનકૂર) ન. કડવનાં સૂકાં પાંદડાં.

પાનંગ [સં. પન્નગ] પું. (ગારુડી) સર્પ.
પધારી પાનંગ તણે,
જે ઝીનું ઝડામ;
(એને) જાય જે ઘરીયું જાય,
(પણ) પોંર નો જાય પીડવા.
સૌરાષ્ટ્રની રસધાર

પાના ૧. પું. પગના તળિયાનું માપ.
૨. પું. લેલું; નીકળતું લેલું.
૩. પું. શહેરનો અમુક ભાગ; પટ્ટો.
૪. પું. સોગઠી; 'ગોટરિ.'
૫. પું. રિવર પાણીમાં ઊગતો એક છોડ.
૬. ન. પારલું; ધોડિયું.
પાના લાં પાના નહિ અને પાના લાં પાના નહિ = પૈસાદારને છોકરાની ખોટ અને ગરીબને બાળબચ્ચાંનો પાર નહિ.
૭. ન. સંતાન.

પાનાગાર [સં.] પું; ન. પીઠું; ઢારની દુકાન.

પાનાજીર્ણું [સં. પાન (પીવું તે) + અજીર્ણ (અપચો)] ન. વધારે દારૂ પીવાથી થતી બીમારી; પેથી થયેલું અજીર્ણ; કેફી પદાર્થ વધારે લેવાયાથી થયેલો અપચો.

પાનાટદેરા પું. કાલપી, ચિત્રકોટ વગેરે પ્રાંત.

પાનાત્યય [સં. પાન + અત્યય (અતિશયતા)] પું. મદ્યાલય; દારૂના અતિ સેવનથી થતો રોગ; અતિશય પાન કરવું તે; કેફી પદાર્થ લેવામાં અતિશયતા; પીધું લેવામાં હદ ઓળગી જવી તે. આ રોગમાં હૃદયમાં દાહ તથા પીડા થાય, ચહેરો પીળો થાય, મોઢું સૂકાઈ જાય, રોગીને મૂર્છા આવે અને જેમતેમ બકે તથા મોઢામાંથી લાળ ઝરવા લાગે.

પાનાં ૧. ન.બ.વ. પત્રા; એક જાતનાં લીલાં રત્ન.

૨. ન.બ.વ. પાનાં રમવાની રમત.

૩. ન.બ.વ. પૃષ્ઠ.

૪. ન.બ.વ. રમવાનાં આંક માંડેલાં પતાકડાં; પંજીઓ.

પાનાંનું ઘર = કાગળની કોથળી; કપડાંમૂકવા વસ્તુ.

૫. ન.બ.વ. વરખ; સોનેરી રૂપેરી તાવ.

૬. ન.બ.વ. સોના કે રૂપાનાં પતરાં. સોનાનાં પાતળા પતરાં બન્ને ઊંચ લાંબાં ચાર પડોળાં બનાવીને તેને મીઠાના પાણીની અંદર બોળી, ઠીકરાંનો બાંકોચૂકો ઝીણો ભૂકો કરી તેમાં મીઠાનું પાણી ગોળ કરી તે ભૂકો સોનાનાં પતરાંને લપેટી બાંધો ઘર દેવાય છે. તેવી રીતે દરેક પતરાંને કરી છાણાં સળગાવી ભઠ્ઠીની અંદર મોઢવી આસપાસ સારી રીતે છાણાં મોઢવી ચાર છ કલાક સારો તાપ લાગવાથી સોના સિવાય બીજી ધાતુનો ભાગ બળી જાય છે અને પતરાં કાટી, ધોઈ નાખવાથી તે પતરાં ચોખ્ખા સોનાનાં થાય છે. તે સોનાનાં પાનાં કહેવાય છે.

પાનાં નાખવાં-પાડવાં = (૧) કોઈ વસ્તુના ભાગ પાડવા; કામગામાં ભાગીદારનાં નામ લખાવી બીજા માણસ પાસે તેવા કાગળ બીજ ઉપર નાખવા અને નામ પ્રમાણે બીજ લેવી. (૨) નાનાં મોટાં કાંસાં પાડવાં. (૩) સત્ર.નો કે કામનો સબંધ થવો.

પાનાંપુરસ્તક ન.બ.વ. વેદશાસ્ત્રનાં પુસ્તકો.

પાનાંમૂલાં ૧. ન.બ.વ. પાન અને ફૂલ.

૨. બ. પાન ફૂલની સલામ લેવામાં આવે તેમ.

પાનિ [સં. પાણિ] પું. (હિંદી) હાથ; હસ્ત; કર.

હરત ભાહુ ગુજ પાનિ કર ધરે નામ પર નામ;
કમલ નામ પર પ્રગટ કરી બલ્લે કરે આરામ.
વિશ્વકોષ

પાનિક [સં.] ન. કલાલ; દારૂ વેચનાર માણસ.

પાનિગ્રહણ ૧. [હિં.] ન. લગ્ન; પાણિગ્રહણ.

૨. ન. કરતમેળાપ.

પાનિપ ૧. [હિં.] પું. ક્રાંતિ; ચમક; દ્યુતિ.

૨. પું. પાની.

પાનિયલ વિ. પાનના રંગ જેવું; કાંદાના રંગનું.

પાનિયા ૧. સ્ત્રી. ચાકરીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પાનિયાં ન.બ.વ. આખરાનાં બે પાન વચ્ચે રાખી ચોડવેલા બાનડી. મધ્ય ભારતમાં લોકો મહાઈના ઝોટમાં મીઠું નાખી, પાણીમાં પલાળી બાનડીઓ એટલે નાની આખરીઓ બનાવે છે. આસપાસથી અડધાં વીણી લાવી તેને સળગાવી દેવતા કરે છે. પછી આખરાનાં બે પાન વચ્ચે મહાઈના ઝોટની કરેલ બાનડીઓ એક એકને બે પાન વચ્ચે રાખી ભઠ્ઠામાં મૂકે છે. ઉપર રાખ ભરી દે છે. પાન બંને બળા જાય છે અને બાનડી ચડી જાય છે. આ બાનડીને બે પાન વચ્ચે રાખી ભઠ્ઠામાં પકવેલ હોઈને તેને પાનિયાં કહે છે.

પાનિયું ૧. ન. મંજીઠનું પત્તું.

૨. ન. ચપ્પુ જરી પલાદિનું દળ.

૩. ન. ચોખાના ઝોટનો બીજો પૂડો.

૪. ન. ચોપડીનું પૃષ્ઠ.

૫. ન. જિંદગીભરનો સંબંધ.

૬. ન. પશુ; લીલા રંગનું એક રત્ન.

૭. ન. પાન મૂકવાની દાબડી; પાનદાન; પાનદાની.

૮. ન. પાનું; પત્રાં પૂજા; કાગળ.

૯. ન. પાંદડું.

૧૦. ન. પ્રારબ્ધ; નસીબ; ભાગ્ય.

૧. પાનિયું ઊઘડવું = નસીબ ખૂલવાં.

૨. પાનિયું બસી જવું-તૂટવું = પડતી થવી.

૩. પાનિયું ફરવું = બુદ્ધિ ફરી જવી; નસીબ ફૂટવું; દુઃખ આવવું; કમભાગ્ય થવું

૧૧. ન. બે પાનાં વચ્ચે ઝોટની કણક ઘાલવા ઉપરની રોટલી. કુંભરના બીજ ઝોકો તે પ્રમાણે કરે છે.

૧૨. ન. દ્વિજાજની વિગતનો કાગળ.

પાનિલ [સં.] ન. પીવાનું વાસણ.

પાની ૧. સ્ત્રી. આબરૂ; શરમ.

૨. સ્ત્રી. એક જાતની વેલ.

૩. સ્ત્રી. ચળકાટ; તેજ; તેજ; નૂર

૪. સ્ત્રી. જાત.

૫. સ્ત્રી. પત્ર.

૬. [હિં.] સ્ત્રી. પાણી; નીર; જલ; વારિ; ઉદક.

૭. [સં. પાર્ષ્ણિ; પ્રા. પરિહ–પરિહમા] સ્ત્રી. પેની; ઢુંટીની તળેનો પાછલો માંસલ અવયવ; પગનું તળિયું; પગના તળિયાનો પાછળનો એટલે જેડી તરફનો ભાગ.

૧. પાછી પાની કરવી-હઠવી = નાસવું; નાહિમત થવું; પાછે પગે ભાગવું.

૨. પાની ચુરાવવું = ગર્ભ ધારણ કરવો.

૩. જેની બુદ્ધિ પાનીએ = દબાઈ ગયેલી બુદ્ધિ; જેને આગળપાછળનો વિચાર કરે નહિ તેવું.

૮. સ્ત્રી. આંબળાની ઝીણી ટીશી; આંબળાનાં પાંદડાં.

૯. સ્ત્રી. આંબળીની કાંખળી.

૧૦. સ્ત્રી વખત; તક.

૧૧. સ્ત્રી. વાર; દાબ; ફેરો.

૧૨. સ્ત્રી. વીર્ય; ધાત.

૧૩. સ્ત્રી. શેરડીનું આગળું; શેરડીનું પહોળું.

૧૪. સ્ત્રી. સીંચણ.

૧૫. વિ. ઠંડું.

૧૬. વિ. પાણી જેવું પાતળું.

૧૭. વિ. પોચું; પોલું.

૧૮. વિ. બેસ્વાદ.

પાનીઆમલકા [હિં.] પું. ન. જ. જળઆંબળાં.

પાનીઆંબળું ન. ઉદકાંઠા ઉપર ફૂટતી અન્ન શાખા. કેટલીક વખત કાંટા ઉપર પાન, ફૂલ અને ફળ પણ જોઠેલાં જોવામા આવે છે અને ક્વચિત્ તેમાંથી અન્ન શાખા પણ નીકળે છે.

પાનીડાં (પાનીડું) ન.બ.વ. જળ; પાણી. કવિતામાં વપરાય છે.

રોકયો જનપદ પાનીડાં કેમ જઈએ? દયારામ

પાનીકક જુઓ પાનીટંક.

પાનીટંક ૧. વિ. પાની ઠંડાવ તેવું; પાનીને ટાકે એવું.

૨. વિ. મરજાદથી ઠાંકેલું.

પાનીતરાશ પું. ઢલેસું.

પાનીપેલ જુઓ પાણીપેલ.

પાનીય ૧. ન. એક જાતની પાણીમાં થતી વેલ.

અનેતર

૨. ન. (વૈદ્યક) એક જાતનું પેય. એક તોલા કલ્કને ૬૪ તોલા પાણીમાં ઉકાળી, અર્ધું બળી જાય એટલે ઉતારી ગાળી લેવાથી જે બને તેને પાનીય કહે છે. જ્વરમાં તૃષા છિપાવવા માટે તે અપાય છે.

૩. ન. જગતાંદળજો; ઢીમડો.

૪. ન. ધર્મપુરુષાર્થમાં કહેલી અત્રોશ માંકેની એ નામની એક કળા.

૫. ન. પાણી; જળ.

૬. ન. પીવાનો પદાર્થ; પાન; પેય.

૭. [સં. પા (પીવું) + અનીય (જેવું)] વિ. પાન કરવાને યોગ્ય પીવા જેવું; પીવા લાયક.

૮. [સં. પા (રક્ષવું) + અનીય (જેવું)] વિ. રક્ષણ કરવા જેવું.

પાનીયકલ્યાણ [સં.] ન. (વૈદ્યક) એ નામે એક ઘૃત. તે ત્રિફળા, ગળો, કળહર, અનંતમૂલ, મજીઠ, નાગરમોથ, લાલચંદન વગેરે અનેક ઔષધિઓમાંથી બનાવવામાં આવે છે. તે અપસ્માર, ઉન્માદ, જ્વર, ઉપરસ, રક્ત વગેરે રોગો મટાડનાર કહેવાય છે.

પાનીયક્ષાર [સં.] પું. (વૈદ્યક) દવામાં ઉપયોગી એક જાતનો ક્ષાર.

પાનીયચૂર્ણિકા [સં.] સ્ત્રી. રેતી; વાલુકા.

પાનીયનકુલ [સં. પાનીય (પાણી) + નકુલ (નોળિયો)] પું. જળનિવાડો.

પાનીયપાન [સં.] ન. જળપાન.

પાનીયપૂષ્પજ [સં.] પું. પાણી ઉપર થનાર એક જાતની વનસ્પતિ.

પાનીયપૂષ્પાની [સં.] સ્ત્રી. શેવાળ.

પાનીયપૂરપજ [સં.] પું. એક જાતનો જળમાં ઊગતો છોડ.

પાનીયફણ ૧. [સં.] ન. ઔષધોપનોગી એક છોડ; ઓખરો; તાલમખાના.

૨. ન. પાણીમાં થતું એક કંદ.

પાનીયફળ જુઓ પાનીયફણ.

પાનીયમૂલક [સં.] ન. ભાવરી નામની વનસ્પતિ; સોમરાજી નામની વનસ્પતિ.

પાનીયચર્ચિકા જુઓ પાનીયચૂર્ણિકા.

પાનીયશાલ [સં.] સ્ત્રી. પાણી પાવાની જગ્યા; પાણીનું પરબ; જલસત્ર; પ્યારો.

પાનીયશાલિક જુઓ પાનીયશાલ.

પાનીયામલક ૧. [સં.] ન. જળઆમળું.

૨. ન. પાણીમાં થતું એક વૃક્ષ.

પાનીયાલુ [સં.] પું. પાણીમાં થતું એ નામે એક કંદ. તે ત્રિદોષ મટાડનાર અને તૃપ્તિ કરનાર મનાય છે.

પાનીયારના [સં.] સ્ત્રી. એક પ્રકારનું ઘાસ.

પાનીયુ ન. (બોલી) ખેતીનું એક ઓજાર; સમાર.

પાનુડી (પાનુડો) સ્ત્રી. (બોલી) વાંસનું પાણુ.

પાનું ૧. એક જાતનો રાતો અને લીલો ખાદ્યાન્ન થતો ક્ષાર. તે પેટી અને પટારામાં વપરાય છે.

૨. ન. કોક કે કેતકીની ધાર.

૩. ન. મંજીઠનું પત્તું.

૪. ન. ચારો ભરવા પેજવાળા લોઢાના ખીલાને ચડાવવા ભરવા બહાર કાઢવા ફેરવવામાં વપરાતું કાણાવાળું કે ખાંચાવાળું લોઢાનું હથિયાર; પેચકસ; 'સ્પેનર.'

૫. ન. જીવનસંબંધ; આજન્મ સંબંધ; જિંદગી પર્યંતનો સંબંધ; પનારો.

૬. ન. (બ્રહ્મી) દૂધમાં બાંધેલ રોટી.

૭. [હિં. પન્ના] ન. નવ માંહેનું એક રત્ન; પિરોજની જાતિનું લીલા રંગનું એક રત્ન; પન્નું. તે ક્ષારક, શીતળ અને સર્વ રોગહર છે. તેને ગારુત્મક, ગરુત્ત, ભુજગર્ભ, હરિ-મણી પણ કહે છે. તે વધું કરીને રશેદ અને મૈનાકટની ખાણોમાંથી નીકળે છે. કોલમિયમ નામના એક રંગ વધારનારા તત્ત્વને લીધે ક્રોમ તેનાં સુવર્ણીય રત્નોથી તેનો રંગ વધારે ઘેરો તથા આકર્ષક હોય છે. પાનું જેટલું ઘેરા લીલા રંગનું તથા ચળકાટવાળું હોય છે, તેટલું તે કીમતી ગણાય છે. સૌથી સરસ પાનાં દક્ષિણ અમેરિકામાં કોલંબિઆની ખાણોમાંથી નીકળે છે. હિંદુસ્તાનના પણ રાજ્યની ખાણોમાંથી પણ પ્રાચીન કાળથી પાનાં નીકળે છે. કુવિત જ્યોતિષ પ્રમાણે પાનાનો અધિષ્ઠાતા દેવતા બુધ છે. તે ધારણ કરવાથી તેના કોપની શાંતિ થતી મનાય છે. તેને ઉદ્ગીલ પણ કહેવામાં આવે છે. એનો રંગ નીલો હોય છે. તે મુખ નામના ઋગ્વેદ નંગ છે. વૈદ્યકીય ગ્રંથમાં પણ વપરાય છે. તે પથ્થર સ્વરૂપમાં જોવો છે. આફ્રિકા અને અમેરિકામાં તેની ખાણો છે. સૌથી મોટું પાનું મોરોક્કોના પહાડો પાસે છે. તેનું વજન બે ઔંસ છે. રૂમના એક બાદશાહ રાજા નીરોએ એક આખા પાનાનું ચશ્માં બનાવ્યું હતું.

૮. ન. નસીબનું પાનિયું.

૯. ન. પાટ; કપોટી જેવું પદ.

૧૦. ન. પત્ર; પર્ણ; પતાકું.

૧૧. [સં. પર્ણ; પ્રા. પન-પન્નઉ-પાનું] ન. પાન; પાંદડું; દલ.

૧૨. ન. મૃદ્ધ; પ્રાચીન કાળની ઓકડી ભાળુ; ખોપડીમાં ભાવિના કાચનું ઓકડું પત્ર કે પદ.

૧. પાનું ઊખલવું = એક ને એક માણસ કે બાબત વિશે વારંવાર ટીકા કરવું.

૨. પાનું ઉઘાડવું = (૧) કોઈની નિંદા વગેરે કરવી. (૨) ખોપડીનું પાનું વાંચવું કે વાંચવા માટે ખુલ્લું કરવું.

૩. પાનું કાઢવું = (૧) અંત લેવો. (૨) એક જ માણસ કે વિષયને વારંવાર સંભોધવું. (૩) કામ કાઢવું. (૪) ધાર કાઢવી; અણી કાઢવી.

૪. પાનું ખોળવું = બદલો લેવા સામાનો આગલો ઇતિહાસ જોવો.

૫. પાનું પડવું = જન્મસગીનું જોડાણ થવું; સંબંધ થવો; જીવનમાં સાથી રહેવાનું થવું; સંબંધ બંધારો; મેળું થવું.

૬. પાનું ફરવું = (૧) બદલો વળી. (૨) પહેલો આવવો; સમય બદલાવો.

૭. પાનું સોંપવું = (૧) કોઈ પણ માણસના ગુના જોવા. (૨) પત્તું આળવું. (૩) પાકકી વાત બોળરી. (૪) માગતા મેળવાની પતાવટનો હિસાબ કોથી કાઢવો. (૫) મોત મોકલવું.

૧૩. ન. દળ.

૧૪. ન. ભવિષ્ય; ભાગ્ય; નસીબ.

૧૫. ન. ભાગ; અંશ.

૧૬. ન. સોનંદની ધારદાર' ચીપ; ચપ્પુ કે છરીનું દળ; અરા લોઢાનું અણી ને ધારવાળું ચપટું ફળું. જેમકે, તરવારનું પાનું; દેવતાનું પાનું.

૧૭. ન. સંબંધ; સગપણ.

૧૮. ન. સાર પાકવાનો સળિયો.

૧૯. ન. સોના કે રૂપાનાં પાતળાં વાળા જેવાં પતાં કે પડ; વરખનું એક પત.

૨૦. ન. હથિયાર માટેનું લોઢું.

પાનૂન ૧. પું. કપડાં.

૨. પું. જોખમદારી.

૩. પું. દદતા.

૪. પું. પત્ર; પત્રકું.

૫. પું. પાનો.

૬. પું. ભાગ; અંશ.

૭. પું. વસમાં પાનું તે.

પાનેતર ન. કન્યાવસ્ત્ર; લગ્ન વખતે કન્યાને પહેરવાનું ધોળું રેશમી વસ્ત્ર; કન્યાને પરણતી વખતે પહેરવાનું ધોળું વસ્ત્ર.

પરણે પાનેતર નહિ ને જમરણીએ ચીર = જરૂરિયાત હોય ત્યારે કોઈ ન આપવું અને ન જરૂર હોય ત્યારે પુષ્કળ આપવું.

પાનેત્ર ન. (જૂ. મ.) પાનેતર; પરણતી વખતે કન્યાએ પહેરવાનું પીળું વસ્ત્ર.
નારી કહાઈ ઉત્તમપેત્ર પરિણુનિ પહિર્ની પાનેત્ર. પ્રાચીન

પાનેપાત્ર ન. પોપો રોટ.

પાનેરવો પું. એક જાતનું ઝાડ.

પાનેરી વિ. તકતીવાળું. ભારીબારણા માટે વપરાય છે.

પાનેલ ૧. [અં. પેનલ] સ્ત્રી. કમાડમાં નાખવામાં આવતી લાકડાની ચોરસ કે લંબચોરસ આકારની તકતી; બારણાના ચોકઠામાં ખોબણ કાઢી તેમાં જડેલી ચોકઠ.
૨. સ્ત્રી. ચતુરસ્રાકારમાં દીવાલમાં બનાવાતી લંબચોરસ તાકતી.

પાનેલિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાનેલિયો સિરકસિયો પું. એક પ્રકારનો સિરકસિયાનો વેશ. એનાં પાંદડાં ગોળ પૂરવર જેવાં હોય છે.

પાનેલીના ખીલા પું. બ. વ. એક જાતના લોઢાના કે લાકડાના ખીલા. વેલ્યું વણતી વખતે તાણાને ઉપાડવા જેના ઉપર પગ દાબવામાં આવે તેને પાવલાં કહે છે. પાનેલીના ખીલા પાવલાંની પછાડી રાખવાના કામમાં આવે છે.

પાનેહ [મા. પનાહ] સ્ત્રી. આશ્રય.

પાનો ૧. પું. એક જાતની ઔષધિ; જળવજ.
૨. પું. કજળો.
૩. પું. ગાય, ભેંસ વગેરેના આવલામાં દૂધ ભરાવું તે; સ્તનમાં દૂધ ભરાવું તે; ચારણો; પાલો; આવલામાં દૂધનો ભરાવ.
૧. ધણીની પાંકે કાંઈ ભેંસ વહેલી પાનો મૂકે ? = પારકી પીડાએ કોઈને ઉતાવળ ન થાય.
૨. પાનો ચોરવો = ગાય, ભેંસ આદિનું દૂધ ચોરી જવું; આંચળમાંથી દૂધ ઊઠી દેવું; પાનો ન મૂકવો.
૩. પાનો મૂકવો = ગાય, ભેંસ આદિનું દૂધ આપવું; આંચળમાં દૂધ આવવા દેવું.
૪. પું. લેખમદારી.
૫. પું. દહતા.
૬. પું. પાવલું.
૭. પું. પગ; પગલું.
૮. પું. પનારો.
૯. પું. પાનો.
૧૦. પું. પોરસ; આવેશ; હુસ્સો; પૈર્ય; ચણી; કોર્ય.
૧. પાનો ઊતરવો = (૧) હુસ્સો નરમ પડવો. (૨) ભરાયેલું દૂધ માતા સ્તનમાંથી ઓસરી જવું. (૩) સ્તનમાં દૂધનું ઊભરાવું.
૨. પાનો આવવો = હિંમત આવવી; ઉશ્કેરવું; ચટ ચડાવવું.
૧૧. [સં. પ્રસ્તર; દે. પયટ્ટ–પયટ્ટઅ] પું. પ્રેમ ને સૌર્યનો ઊભરો; વાત્સલ્યથી માની છાતીમાં દૂધ ઊભરાઈ આવવું તે; રસાવેશ; બાળકને જોઈને માતાના સ્તનમાં દૂધ ભરાઈ આવવું તે; વાત્સલ્ય.
૧. પાનો ચડવો = (૧) મરણવાની ઇચ્છા થવી; ચટાક આવવું; પોરસ ચડવો; હેતને લીધે સ્તનમાં દૂધ ઊભરાવું; છાતીમાં પાવલું ભરાવું. (૨) ચારાતન આવવું; હુસ્સો આવવો.
૨. પાનો છૂટવો = દૂધ છૂટવું.
૩. પાવૈને પાનો ન ચડવો = (૧) પાવૈને બાળક ઉપર હેત ન જ આવવું. (૨) છોકરાને ચારાતન ન ચડવું.
૧૨. પું. ભાગ; અંશ.
૧૩. પું. વચમાં પડવું તે.

પાનોઠ ૧. સ્ત્રી. ઝાડ ઉપર આવતી નવી પાંદડી.
૨. [સં. પર્ણપુટ] સ્ત્રી. પાનાકાર જુવાર, બાજરી વગેરેનું લાંબું પાંદડું; સાંઠાનું લાંબું પાન.
જેમ જુવાર ઓઠ સહિત પાનોઠ;
તેમ એક જીવ સબળે આમોઠ. અખો

પાનોઠય જુઓ પાનોઠ.

પાનોઠ જુઓ પાનોઠ.

પાનોતરી સ્ત્રી. પાનાની વાદી; અનુક્રમણિકા.

પાનોત્સવ ૧. [સં.] પું. પ્રાણસમારંભ.
૨. પું. નવું ઘર પ્રસવાનો ઉત્સવ; ઘરઢિયાની મિજબાની; ઘર પીવાનો ઉત્સવ.

પાનોલી ૧. સ્ત્રી. એક પ્રકારની વાની; મગની દાળ પલાળી, વાટીને તેની રોટલી આખરાના પાન વચ્ચે રાખી તવા ઉપર તપાવી બનાવેલો આહાર પદાર્થ; પર્ણપલ્લી.
૨. સ્ત્રી. સુરત વિભાગ માંહેનું એ નામનું એક ગામ.

પાન્થ [સં.] પું. મુસાફર; પંથ.

પાન્નગ [સં.] વિ. સર્પ સંબંધી.

પાન્નાગારિ [સં.] પું. ભારદ્વાજ ઋષિનો વંશજ.

પાન્હા ૧. સ્ત્રી. ઘોરી આંકતાં જેમ જેમ વળ આવે તેમ તેમ ઉમેરાતા રેસા; રેસું.
પાન્હમાં આવવું = ફાવમાં આવવું; વળમાં આવવું.
૨. સ્ત્રી. પાણીમાં થતી એક વેલ.
૩. સ્ત્રી. રેસું; ઉશ્કેરણીનો પત્રીતો.
૪. સ્ત્રી. લંબાણ.
પાન્હ મૂકવી = લંબાણ મૂકવું કે તજવું; તથ્યા જોડી દેવી.

પાન્હી (જૂ. મ.) સ્ત્રી. પાની.
પાન્હીએ બુદ્ધિ નાસિએ. સીતાહરણ

પાન્હો ૧. પું. પાનો; હુસ્સો; કોર્ય.
૨. પું. સ્તનમાંથી સ્નેહના આવેશને લીધે ઝરતું દૂધ.
પાન્હો કાપેલું જેટી વહે નેહણ એહને.
પરાક્રમની પ્રસાદી

પાપ ૧. પું. આગમ રહેવા પ્રત્યક્ષીએ જોગી અશુભમતી વ્યક્તિ.
૨. [સં.] પું. દુષ્કર્મનો એ નામનો છઠ્ઠો અધ્યાય.
વેદમાં પાપ, પાપ્મા, તમસ, મલ વગેરે જુદા જુદા અવસરોમાં બતાવેલ દુષ્કર્મના છઠ્ઠા અધ્યાયોનાં જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે.
આયુર્વેદ રહસ્યાર્ક
૩. પું. દુષ્ટ માણસ; પાપી મનુષ્ય.
૪. પું. રાની અડદ.
૫. પું. વ્યભિચારી પુરુષ; વિષયી કે લંપટ માણસ.
૬. ન. અનિષ્ટ; અહિત; નુકસાન.
૭. ન. અશુભ અદૃષ્ટ ઉત્પન્ન કરનાર આચરણ; આ લોક તથા પરલોકમાં અશુભ ફળ આપનારું કર્મ; કર્તાનું અધઃપતન કરનારું કર્મ; ધર્મશાસ્ત્ર કે નીતિશાસ્ત્રમાં વર્જ્યોડેલું આચરણ; અનાચાર; પાતક; અશુભ કાર્યથી બંધાતું અશુભ કર્મ. જૈનધર્મ પ્રમાણે અઢાર પાપ ગણાય છે: જીવહિંસા, જૂઠું બોલવું, ચોરી, વિષય સેવવો, પરિગ્રહ, ક્રોધ, અહંકાર, કપટ, લોભ, રાગ, દ્વેષ, કલહ, ટોર્ય ઉપર આળ ચડાવવું, ચાડી, પારકી નિંદા, રતિઅરતિ, માયામોસો અને કુગુરુ, કુદેવ તથા કુધર્મની આસ્થારૂપ શલ્ય. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન વગેરેના અશુભ ભાવ તે ભાવપાપ છે અને તેના નિમિત્તે જડની શક્તિથી પરમાણુઓનો બંધાતો સ્વયં બંધાય તે દ્રવ્યપાપ છે. કઠોર વાણી, મિથ્યા વચન, સર્વ પ્રકારની ચાડી અને નિષ્પ્રયોજન વાર્તા એ ચાર વાણીનાં પાપ મનાય છે. નહિ કરવા જેવું કામ કરવું એ જેમ પાપ છે, તેમ કરવા જેવું કામ ન કરવું તે પણ પાપ છે. પાપનું ફળ પતન અને દુઃખ છે. તે કર્તાનું અનેક જન્મોમાં અહિત કરે છે. પાપીનો સંસર્ગ કરનાર પણ પાપનો ભાગીદાર તથા

દુઃખનો અધિકારી થાય છે. પ્રાયશ્ચિત્ત અને પાપનું ફળ ભોગવવું એ બે ઉપાયોથી પાપની નિવૃત્તિ માનવામાં આવે છે. આ ઉપાયોથી તેના સંસ્કાર સારી રીતે ક્ષીણ ન થાય તો તે મરણ બાદ કર્તાને નરક અને જન્માંતરમાં અનેક પ્રકારના રોગ, ક્લેશ વગેરે અનુભવાવે છે. મનુસ્મૃતિમાં જણાવ્યું છે કે, સમાજ આગળ પોતાનાં પાપ પ્રકાશવાથી તથા તેને માટે અનુતાપ કરવાથી તે નાશ પામે છે.

૮. ન. ધર્મવિરુદ્ધ નિયમ તોડનો તે.

૯. ન. કષ્ટદાયક મુશ્કેલી; સંકટ.

૧૦. ન. કોઈ કલેશદાયક કાર્ય કે વિષય; ઝંઝટ; જંજાળ.

૧૧. ન. જે કાર્ય કરતી વખતે ક્રોધ, તિરસ્કાર, ભય ઉત્પન્ન થાય તેવું કાર્ય.

૧૨. [સં.] ન. દુષ્કૃત્ય; નઠારું કામ; દુરિત; કિલ્બિષ; કલ્મષ; અધર્મ; અકામ; અધર્મનું કામ; ધર્મ વિરુદ્ધનું કૃત્ય; પાતક.

અત્યાચાર અનાચારથી કર્યું પાપ તે ગયું,
જેથી જનમમા હિંદુ પાત્ર છે તિરસ્કારને.
ગાંધીગીતા

૧. પાપ ઉપાર્જે પડ્યું = પાપ બજાર્યું બજ્યું.

૨. પાપ કમાવું = (૧) અશાસ્ત્ર કામ કરવાં; પાપ લાગે એવું આચરણ રાખ્યું. (૨) પાપ કરવું.

૩. પાપ કરતાં પાછું જોવું-વાળી જોવું = પાપનાં ફળ અચૂક મળવાનાં છે એમ સમજી પાપ કરતાં અચકાવું; પાપભીરુ બનવું.

૪. પાપ કરવું = (૧) ગુનો કરવો. (૨) દુષ્કર્મ કરવાં; અધર્માચરણ કરવું. (૩) અભિચાર કરવો.

૫. પાપ કાઢવું = પાપ ધોઈ નાખવું.

૬. પાપ કાપવું = પાપથી મુક્ત કરવું; કોઈના પાપનો નાશ કરવો.

૭. પાપ ગાંઠવવું = (૧) બાળ ગાંઠવવું. (૨) પાપ કરવું.

૮. પાપ છ મહિને બાપરે થઈને જોસે = (૧) પાપ બાકી રહેતું નથી. (૨) અભિચાર છુપાવ્યો છુપાતો નથી.

૯. પાપ જાવું ઠળવું = (૧) બંજાળ દૂર થવી. તિરસ્કારમાં જોડાય છે. (૨) પીડા કે નુકસાન કરનાર દુષ્ટ માણસ ટળવું; કટક ટળવું; કાશ જવી.

૧૦. પાપ ઢાંક્યું ન ઢંકાવું = પાપ છુપાવ્યું છુપું ન રહેવું.

૧૧. પાપ ધોવું = (૧) નિંદા કરવી. (૨) પાપ દૂર કરવાં; પ્રાયશ્ચિત્ત કરવું; શુદ્ધિ કરવી. નિર્દોષની કોઈ નિંદા કરે, ત્યારે તે નિંદા કરનાર જેની નિંદા થાય તેનું પાપ ધૂએ છે એમ કહેવામાં આવે છે.

૧૨. પાપ પીપળે ચડી પોકારે = પાપ છાનું ન રહેવું.

૧૩. પાપ ફરી વળવું = કરેલાં પાપ આવી નડવાં; પાપનું ફળ મળવું; પાપનું ફળ આવે આવવું.

૧૪. પાપ ફૂટી નીકળવું = (૧) કરેલાં પાપ આવી નડવાં; આફત આવી નડવી. (૨) કરેલાં પાપને લીધે મરણી ફૂટી નીકળવી; દુરાચારને લીધે અવંતર રોગ થવો. (૩) પાપ ઉઘાડું પડવું; પાપ પ્રગટ થવું.

૧૫. પાપ લગાવવું = આળ ચઢાવવું; આરોપ મૂકવો.

૧૬. પાપ લાગવું = (૧) દોષિત થવું. (૨) ભોગ બનવા.

૧૭. પાપના પગથંડા ચાલવા = પાપીનું હલન ચલન.

૧૮. પાપના ભીજને ઝાંડા ઉડાડવા = પાપમાં ભાગીદાર બનાવી સંડોવવું.

૧૯. પાપનાં પોટલાં બાંધ્યાં = દુષ્કર્મનો સંચય કરવો; ઘણું પાપ જેમું કરવું.

૨૦. પાપની દશું = (૧) પાપના દોષની ભાગીદારી. (૨) પાપનો દશમો ભાગ. કોઈ માણસ કોઈ પાપ કરે તે નજરે જોવાથી અથવા તેમાં મદદ કરવાથી તેના પાપનો દશમો ભાગ એ જોનાર અથવા મદદ કરનારને આવે છે એમ લોકો માને છે.

૨૧. પાપનું પોટલું = ઘણાં પાપનો સંચય. તેનું ફળ પછી ભોગવવાનું હોય છે.

૨૨. પાપને પગ ન હોય = પાપ તો આપમેળે જ પ્રગટ થાય.

૨૩. પાપનો ઉદય થવો-હોવો = સંચિત પાપનું ફળ મળવું આગલા ભવનાં પાપનો બદલો મળવો.

૨૪. પાપનો ઘડો ફૂટવો = છૂપું રહેલું પાપ જાહેર થવું; પાપ ઉઘાડું પડવું.

૨૫. પાપનો ઘડો ફૂટે જ ફૂટે-ફૂટવા વગર રહે નહિ = નઠારું કામ કર્યું પાપ એટલે તેનું નઠારું ફળ આવે જ આવે; પાપ છાનું રહ્યા વિના રહેતું જ નથી.

૨૬. પાપનો ઘડો ભરાવો = પાપનો સમૂહ વધતાં વધતાં પ્રગટ પાપ જેમ થવું. અથવા તેની સજા આવી પડે એમ થવું.

૨૭. પાપીનું પહલે ભજન = પાપીનો માલ કોઈને કામ આવે નહિ; પાપીનું નપું રહેદહે થઈ જાય.

૨૮. પાપે ચૂક = પાપનાં કામ કરવાથી થતો નાશ.

૨૯. પાપે પેટ ભરવું = દુષ્કર્મ કરીને ભરણપોષણ કરવું.

૩૦. મનમાં પાપ હોવું = (૧) અપ્રામાણિક કે ગુનાહિત વિચારો થવા. (૨) ડખો હોવો.

૧૩. ન. દુષ્ટ વાસના; પ્રપંચ; કપટ; પાપબુદ્ધિ.

૧૪. ન. દુઃખ.

ઝાઝ પાકતું નથી ભાસુપી ઝાઝ પણ પાપ
(દુઃખ) ભુગે છે; જ્યારે ઝાઝ પાકે છે ત્યારે
ઝાઝ ઝાઝોને ભુગે છે. ધમ્મપદ

૧૫. ન. દોષ; ગુનો; અપરાધ; તકસીર.

૧૬. ન. ધર્મરાજાની આજ્ઞાનું ઉલ્લંઘન; અધર્મ કરવો તે.

૧૭. ન. (વેદાંત) નિષિદ્ધ કર્મ કરવાથી મળતું ફળ.

પાપ મહાબળ દશનદ્ય જેનું કંચક નામ,
તેનું તું કપટી બ્રહ્મે તારે કહું શું આમ.
વિક્રમસદ્ગુણલેખ

૧૮. ન. (જ્યોતિષ) પાપગ્રહ; ક્રૂર ગ્રહ; અશુભ ગ્રહ.

૧૯. ન. બીજાનું ધન અન્યાયથી ગ્રહણ કરવાની ઇચ્છા, મનમાં હિંસા, દ્વેષ આદિ અનિષ્ટ કરવાની ઇચ્છા, પરલોક નથી, દેહ જ આત્મા છે વગેરે મિથ્યા આગ્રહ કે મનમાં રહેલી ભાવના.

૨૦. ન. મલિનતા.

૨૧. ન. ક્ષણ ચૂકવું તે.

૨૨. ન. રંધ્ર.

૨૩. ન. હત્યા; હિંસા; પ્રાણીને મારવું તે.

૨૪. વિ. અધર્મી; પાપી.

૨૫. વિ. અશુભ; અમંગળ; દુઃખદ.

૨૬. વિ. દુષ્ટ; ભયંકર; દુરાચારી; નીચ; હલકું.

૨૭. વિ. નિંદવા જેવું; ગર્હ્ય.

૨૮. વિ. પાપવાળું; પાપી; દુષ્કર્મવાળું.

૨૯. વિ. પીડા કરનાર; નુકસાન કરનાર.

પાપઆયુષી વિ. અધાયુ; પાપી.

પાપક ૧. પું. (જ્યોતિષ) અમંગળ ગ્રહ; અશુભ ગ્રહ.

૨. પું. દુષ્ટ માણસ.

૩. [સં.] ન. પાપ; ગુનો.

૪. વિ. પાપી; દુષ્ટ.

પાપકરેશ્વર પું. એ નામના મહાદેવનું એક તીર્થસ્થાન. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: આબુ ગામથી એક માઈલ છેટે અર્બુદા દેવીનું શિખર છે, ત્યાં ચડતાં પુંડરીક ભક્તના કેટલાંક ઉપદેશવચન પથ્થરમાં કોતરી કાઢેલા છે. પ્રવેતની બે મોટી શિલાઓને કોરીને બનાવે કેમ બનાવ્યું હોય નહિ, એવી ગુફામાં અર્બુદા દેવીનું સ્થાનક છે. જળ અને મૂર્તિ બન્નેને પ્રભાવ પારે છે.

અર્જુના દેવીને કોઈ અપર દેવી પણ કહે છે. પાસે એક શંકરનું દેવું છે. આ પાપકેશ્વર મહાદેવનું સ્થાન પણ દર્શનીય છે. આ ટેકરી ચડતાં એક તરફ છૂટાં પથ્થરનાં પત્રિયાં છે અને એક તરફ પાકાં બાંધેલાં પત્રિયાં છે, જે લગભગ ૪૫૦ છે. પાપકેશ્વર મહાદેવ પાસે એક નાનો કૂંડ અને એક ગુફા છે.

પાપકર ૧. [સં.] વિ. દુષ્ટ; દોષવાળું.
૨. વિ. પાપ કરનાર; પાપી.

પાપકર્તા ૧. [સં. પાપકર્તૃ] પું. પાપી માણસ.
૨. વિ. પાપી; દુષ્ટ.

પાપકર્મ ૧. [સં. પાપકર્મન્] ન. અનુચિત કાર્ય; ખરું કામ; અશુભ કાર્ય.
૨. ન. (જૈન) જીવને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે તેવું કાર્ય; પાપમય કાર્ય; પાપનું કામ; જેથી પાપ લાગે એવું કામ.
૩. ન. હિંસા વગેરે દુષ્ટ કર્મ.
૪. વિ. પાપી કર્મ કરનાર.

પાપકર્મેન્દ્રય [સં.] ન. બધ પ્રકારનું પાપકર્મ. ઉત્કૃષ્ટ, મધ્યમ અને સામાન્ય જોદથી પાપકર્મ બધ પ્રકારનું છે. બીજાને પીડા કરનાર ગુપ્ત, સુક્ષ્મ, ભૂમિકાદિ શરીર આપનાર પાપકર્મ ઉત્કૃષ્ટ પાપ કહેવાય છે. આંબો, દ્રાક્ષ વગેરે શરીરો મધ્યમ પાપનું ફળ છે અને લોકમાં મૂલ્ય જેવાં ગામ, ઢોર, પીપળો, તુલસી વગેરે સામાન્ય પાપનું ફળ છે.

પાપકર્મા [સં. પાપકર્મન્] વિ. પાપી; પાતકી.

પાપકર્મી [સં. પાપકર્મિન્] વિ. પાપ કરનાર; પાપી.
કેટલાક પાપકર્મીઓ નર્કમાં ઉત્પન્ન થાય છે, કેટલાક નરકમાં ઉત્પન્ન થાય છે. ધર્મપદ

પાપકારી [સં. પાપકારિન્] વિ. પાપકર્મ કરનાર; પાપી

પાપકૂપ [સં.] પું. પાપનો કૂવો.

પાપકૃત ૧. [સં. પાપ + કૃત્ (કરનાર)] પું. પાપી માણસ.
૨. વિ. પાપી; દુષ્ટ.

પાપકોટિ સ્ત્રી. પાપીનો વર્ગ.
પાર્થ ! મ્હારે શત્રુ આવી જે કો હો પાપકોટિના, ક્ષત્ર હો, વૈશ્ય હો, સ્ત્રી હો, તે યે પામે પરં ગતિ. કર્ણમીમાંસા

પાપક્રિયા [સં.] સ્ત્રી. પાપકારી ક્રિયા.

પાપક્ષય ૧. [સં.] પું. પાપનો નાશ.
૨. ન. તીર્થ; જ્યાં જવાથી પાપ નાશ થાય તેવું સ્થાન.

પાપક્ષાલન [સં.] ન. પાપ ધોઈ નાખવાં તે.

પાપક્ષય [સં.] પું. છંદઃશાસ્ત્ર અનુસાર ક્ષયનો આઠમો ભેદ.

પાપગલી સ્ત્રી. બાળકની પ્રથમ ધીમી ધીમી ચાલ માટે બોલાતો શબ્દ; પાપગી; પાપા પગલી.

પાપગંજન [સં. પાપ + ગંજન (તિરસ્કાર કરનાર)] વિ. પાપનો નાશ કરનાર.

પાપગી સ્ત્રી. પાપ પગલી; બાળકને પાપ કરવું તે; નાનાં બાળકને ચલાવતી વખતે બોલાતો શબ્દ.

પાપગોચર [સં.] વિ. જ્ઞાનપૂર્વક પાપ કરનાર.

પાપગ્રહ ૧. [સં.] પું. (જ્યોતિષ) ક્ષીણચંદ્રમા; વદિ આઠમથી સુદિ આઠમ સુધીનો ચંદ્રમા; જોવામાં અપંથી ઓછો દેખાતો ચંદ્ર.
૨. પું. (જ્યોતિષ) તારાઓનો કોઈ પણ અપશુકનિયો દેખાવ. જેમકે, સૂર્ય અથવા ચુધનો ચંદની ગતિના ચોથા ભાગમાં સયોગ.
૩. પું. (જ્યોતિષ) પીડા કરનાર ગ્રહ: નાઈ કે હાનું કરે તેવો ગ્રહ.
૪. પું. (જ્યોતિષ) સૂર્ય, ચંદ્રમા, શનિ, રાહુ અને કેતુ એટલામાંથી કોઈ પણ ગ્રહ અથવા ચુધયુક્ત ભાવનો કોઈ ગ્રહ: રવિ, રાહુ, કેતુ, ક્ષીણ ચંદ્ર, મંગળ, શનિ અને બુધ એમાંથી પ્રત્યેક. તે દુર્બુદ્ધિ ઉપજાવી હાનિ કરનાર મનાય છે.

પાપઘ્ન ૧. [સં.] વિ. તમ.
૨. વિ. પાપને હણનારું; પાપનો નાશ કરનારું.

પાપઘ્ની ૧. [સં.] સ્ત્રી. તુલસી.
૨. સ્ત્રી. ગોતેર માહેની એ નામની એક આકાશતત્ત્વ દેવતા.

પાપચક્ર [સં.] વિ. વારંવાર પાપ કરનાર; ઘણું પાપ કરનાર.

પાપચર [સં.] વિ. પાપી; પાપાચારી.

પાપચર્યા ૧. [સં.] પું. પાપી માણસ.
૨. પું. રાક્ષસ.
૩. વિ. પાપાચરણ કરનાર.

પાપચંદ્રમા [સં. પાપચંદ્રમસ] પું. (જ્યોતિષ) વિશાખા અને અનુરાધા નક્ષત્રના દક્ષિણ ભાગમાં રહેલ ચંદ્રમા.

પાપચારિણી [સં.] વિ. સ્ત્રી. અધિક રહેણીવાળી; પાપ કરનારી.

પાપચારી [સં. પાપચારિન્] વિ. પાપી; પાપ કરનાર; પાતકી.

પાપચેતા [સં. પાપચેતસ્] વિ. બૂરા ચિત્તવાળું; દુષ્ટચિત્ત; પાપી મનવાળું.

પાપચૈલિકા [સં.] સ્ત્રી. કાળી પાઠ નામની વનસ્પતિ; પાઠામૂલ.

પાપચૈલી જુઓ પાપચેલિકા.

પાપચૈલ [સં] વિ. અશુભ કે અભદ્ર વસ્ત્રધારી.

પાપછૂટું ૧. વિ. કપટ રહિત.
પાપછૂટી વાત = કપટ વગરની વાત; પાપ કે કપટ રહિત કરેલી વાત; નિખાલસ મનથી કરેલી વાત.
૨. વિ. છૂપું.

પાપજન્ય [સં.] વિ. પાપથી ઉત્પન્ન થયેલ.

પાપજીવ ૧. [સં.] પું. (પુરાણ) ઝાડ, પહાડ, કૂવા અને સરવર વગેરે જીવ.
૨. વિ. દુષ્ટ; પાપી.

પાપજીવી [સં. પાપજીવિન્] વિ. પાપથી જીવનાર.

પાપડ ૧. સ્ત્રી. પાપડી.
૨. ન. એક જાતનો મોટો છોડ.

પાપડ (પાપડ) ૧. [સં. પર્પટ; પ્રા. પપ્પડ] પું. એક ખાવાની વાની. મગ, અડદ અને બીજા વગેરેના લોટમાં મીઠું, હિંગ વગેરે નાખી વણીને સૂકવેલી પાતળી રોટલી, જે શેકી અથવા તળીને ખાવામાં છે, તેને પણ પાપડ કહે છે. લગ્નાદિક અવસરો ઉપર ગુજરાતમાં સૌ કોઈ અવશ્ય પાપડ બનાવે છે. વડી, પાપડ એ અવસરના ભોજનાગ્રસ્થ જેવાં અનાજ છે. તે અડદ, બાજરો કે ચોખાનો ખૂબ ઝીણાં દળી અંદર મીઠું, આરો વગેરે નાખી લોટને બાંધી ખૂબ કામણ જેવા વણી બનાવાય છે. અડદના પાપડમાં લોટને બાંધવે પડતો નથી. દિલ્હી, આગ્રા, મિર્જાપુર આદિ નગરોના પાપડ પુરાણા કાળથી પ્રસિદ્ધ છે. અત્યારે કલકત્તા આદિમાં પણ સારા પાપડ બનવા માંડ્યા છે. હિંદુઓ, વિશેષ કરીને નાગરિક હિંદુઓના ભોજનમાં પાપડ એક આવશ્યક અંજન છે. પાપડ બનાવવાની વિધિ નીચે પ્રમાણે છે: પહેલાં લોટને કેળ આદિના ક્ષારમાં કે સોડાવાળા પાણીમાં બાંધવામાં આવે છે. પછી તેમાં મીઠું, હીંગ, તીખાં વગેરે મસાલો નાખી તેને તેલ લગાવી ખૂબ કૂટવામાં આવે છે. સારી રીતે કૂટ્યા બાદ એક તોલા જેટલું ઝીણું ઝર્ક વેલણથી ખૂબ ઝીણે વણવામાં આવે છે. પછી તેને તાપમાં સૂકવે છે. પાપડ બે પ્રકારના થાય છે: સાદા અને મસાલેદાર. સાદા પાપડમાં માત્ર મીઠું, હીંગ વગેરે મસાલો જ પડે છે અને તે પણ થોડા પ્રમાણમાં. મસાલેદાર પાપડમાં બધા મસાલા નાખવામાં આવે છે અને તે પણ વધારે પ્રમાણમાં.

૧. પાપડ ન ભાંગ્યો = સહેલું કામ પણ ન કરી શકવું.
૨. પાપડ ભાંગ્યો = (૧) નવાઈ કરવી. (૨) સહેલું કામ કરવું.
૩. પાપડ વણવા = કઠોર પરિશ્રમ કરવો; બારે પ્રકાશ કરવો.
૪. ભૂંજ્યો પાપડ ન ભાંગ્યો = સહેલું કામ પણ ન કરી શકવું.
૫. વડી પાપડ વેંચી જ્યાં = કોઈ પણ કાર્યના પરિણામને બહુ મહત્ત્વ ન આપવું.

૨. ન. પાતળું પડ.
૩. ન. ફળદ્રુપ જમીન.
૪. [વિ.] વિ. ખારીક; પાતળું; કામળ જેવું.
૫. વિ. સૂકું; શુષ્ક.

પાપડખાર (પાપડખાર) ૧. પું. ભક્ષકક્ષારનું મૂળ.
૨. પું કેળની રાખ. તે પાપડ બનાવવામાં મીઠાને બદલે વપરાય છે.
૩. પું. પાપડની બનાવટમાં વપરાતો ખારો; સંચોરો; સોડા; સાજીખાર; કેટલીક વનસ્પતિને બાળી, તેને ચૂનાનું પાણી કામડી અને પછી સૂકવીને કરી બાળવાથી બનતો ક્ષાર. આ ક્ષાર મૂત્રલ, આમ્લનિરોધ અને ગ્રંથિસ્રાવક તરીકે કબજીયાતમાં ઝાડા સાથે પ્રયોજાય છે તથા ગાંઠ ઉપર ચોપડાય છે.

પાપડપાકું (પાપડપાકું) વિ. કોવત વિનાનું; નિર્બળ; તેજ વિનાનું; નરમ; અશક્ત.

પાપડપીઠી (પાપડપીઠી) સ્ત્રી. નાગરી વિવાહવિધિ.

પાપડપેડું (પાપડપેડું) ૧. વિ. ભલકું; છીછરું.
૨. વિ. પાતળા પેટવાળું; પાપડ જેવા પેટનું; બહુ પાતળું.

પાપડપૌંઆ (પાપડપૌંઆ) પું બ. વ. પાપડ અને પૌંઆની એક વાની.

પાપડા (પાપડા) ૧. [વિ.] પું. પિતપાપડો.
૨. પું. મધ્ય પ્રદેશ, બંગાળા, મદ્રાસ આદિમાં થતું એક જાતનું ઝાડ. તેનું લાકડું અંદર ચીકણું, સાદ અને પીળાશ પડતું બદામી હોય છે. તે મજબૂત હોવાથી ખરાદી કામમાં વપરાય છે.

પાપડાખાર (પાપડાખાર) ૧. પું. ભક્ષકક્ષારનું મૂળ.
૨. પું. કેળનો ક્ષાર. તે પાપડ બનાવવામાં મીઠાને બદલે વપરાય છે.
૩. પું સાજીખાર.

પાપડિયા (પાપડિયા) ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાપડિયો ખાર (પાપડિયો ખાર) જુઓ પાપડખાર.

પાપડિયો ખારો (પાપડિયો ખારો) પું. સંચોરો; પાપડખાર; સાજીખાર.

પાપડી (પાપડી) ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ. તે મધ્ય પ્રદેશ, પંજાબ અને મદ્રાસમાં બહુ થાય છે. તેનું ઝાડ લાંબું હોય છે. તેનાં પાન દર વર્ષે ખરી જાય છે. તેનું લાકડું પીળાશ પડતું ધોળું હોય છે અને ઘર તથા ગાડી બનાવવામાં કામ આવે છે.
૨. સ્ત્રી. એક જાતનો ખાવાનો પદાર્થ; ગોળ પાપડી.

કતાર ગામની પાપડી = બારે જમણ.

૩. [સં. પર્પટિકા; પ્રા. પप्पडिया] સ્ત્રી. ચોખાનો લોટ બાફો બનાવેલી પૂરી; ચોખાના લોટની પૂરીના આકારની પાપડ જેવી બનાવટ. આ પૂરી સાતમ પછી દેવતા ઉપર શ્રીફળને બદલે ધરાય છે.
૪. [સં. પુટ] સ્ત્રી. પડો; પુડો.
૫. સ્ત્રી. ચર્બી. તેને રેજના, કૃષ્ણા, જતુકા, જતની, જતુકૃષ્ણા, અગ્નિસંસ્પર્શા, જતુકૃત અને અક્ષતંતિની પણ કહે છે. સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીમાં બાર ઉંચ ઊંડેના ખાડામાં તે વાવવામાં આવે છે. ત્રિપાં કામળા બે ઉંચ ઊંડાં વવાય છે. તે કાળી, ઊંડી, કાંકરોટી જમીનમાં સારી રીતે સડેલા ગોબરના ખાતર સહિત વવાય છે. વાવતા પહેલાં બિયાંને ગોબા કલાક ગરમ પાણીમાં કલોળી રાખ્યા પછી સૂકવીને વવાય. બીજી રીત એ છે કે, વાવીને તરત જ કયારા પાણીથી ભરી દેવા. બધા વાવનારાઓ બારે ગોકવાઓ કામળા જેવું કૂવા ઊંચા થાય તથા કૂલ આવવા માંડે ત્યારે દરેક ગોંટાને તોડી નાખે છે. આથી બધી જ જાતની પાપડીઓ બેસવા માંડે છે. ટેકરીઓમાં માર્ચની શરૂઆતથી બેની આખર સુધીમાં વાવવામાં આવે છે.
૬. સ્ત્રી. બેથી ચાર તસુ લાંબી અને અઢારથી ચોવીસ તસુ ઘેરાઈ ને પહોળાઈનો પડવાળો પથ્થર.
૭. સ્ત્રી. વાસની ચપટી કુમળી સિંગ. એનું શાક થાય છે.

૧. પાપડી જેવું = સુકાઈને કુરચેજ થઈ ગયું હોય એવું.
૨. પાપડી જેવી કંપળ ન્હાય = સુકા જેવું લીલું બને.

પાપડી પદ્માવતી (પાપડી પદ્માવતી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ ઉપયોગી છે. તે મુંબઈ બાજુ થાય છે. ઝાડુમાં તે શીતલ છે અને વસ્તુ, રક્ત, કોઢ, રક્તરોગમાં તે ઉપયોગી મનાય છે.

પાપડી વાલોળ (પાપડી વાલોળ) સ્ત્રી. એક જાતની પહોળી વાલોળ. તે પહોળી અને ટૂંકી હોય છે બારે સૂરતી વાલોળ પહોળી પણ લાંબી હોય છે.

પાપડું (પાપડું) ન. નાની પાપડી; ઓળખી બનાવેલું; કનેકું.

પાપણ સ્ત્રી. આંખના ઢોળાનું જંતુ, રજ, પ્રકાશ ઇત્યાદિથી રક્ષણ કરનાર વાળવાળું પોપચું.

પાપણે પાણી = આંખમાં પાણી આવવું; આંસુ સારવાં; દુઃખ થવું.

પાપણપાણ વિ. બેદરમ; લાજ વગરનું.

પાપણી ૧ સ્ત્રી. કુલટા; કુબારણ.
૨. [સં. પાપિની] સ્ત્રી. પાપી સ્ત્રી; પાપ કરનારી સ્ત્રી.

પાપદગની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

પાપદરશિ ૧. [સં. પાપદર્શિન્] વિ. અનિષ્ટ કરવાની ઇચ્છાથી જોનાર.
૨. વિ. દુષ્ટ બુદ્ધિવાળું; બરાબ નજરવાળું.
૩. વિ. પાપ જોનાર.

પાપદષ્ટિ ૧. [સં.] સ્ત્રી. બૂરી નજર; કુદૃષ્ટિ; ક્રામી નજર.
૨. વિ. અશુભ દૃષ્ટિવાળું; જેની નજર પડવાથી હાનિ થાય એવું; નિંદિત દૃષ્ટિવાળું.
૩. વિ. છિદ્રાન્વેષી.
૪. વિ. પાપમય દૃષ્ટિવાળું.

પાપધન [સં.] ન. પાપથી કે અયોગ્ય રીતે મેળવેલ ધન.

પાપધર્મ [સં.] પું. પાપવાળા કર્મો; પાપકારી કામ.

પાપધી ૧. [સં.] પું. દુષ્ટ બુદ્ધિવાળું માણસ; દુષ્ટ માણસ.
૨. વિ. દુષ્ટ બુદ્ધિવાળું; પાપમતિ; પાપચેતા.

પાપનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) જ્યેષ્ઠા વગેરે નક્ષત્ર. તે નિંદિત મનાય છે.

પાપનાપિત [સં.] પું. ધૂર્ત હજામ.

પાપનામા ૧. [સં. પાપનામન્] વિ. બરાબ નામવાળું; ખરાબ નામવાળું.
૨. વિ. બદનામ; અપકીર્તિવાળું.

પાપનાશ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. પાપનો નાશ.

પાપનારાન ૧. [સં.] પું. વિષ્ણુનાં કાંઠાનું એક નામ.
૨. પું. શિવ.

૩. ન. પાપનું નિવારણ; પાપ ધોઈ નાખવું તે; પાપનો નાશ કરવાની ક્રિયા કે ભાવ.
૪. ન. પાપનો નાશ કર્યો તે.
૫. ન. પ્રાયશ્ચિત્ત; પાપનો નાશ કરનારું કાર્ય.
૬. વિ. પાપનો નાશ કરનાર; પાપનાશી.

પાપનાશિની ૧. [સં.] સ્ત્રી. કરવાર જિલ્લામાં આવેલી એ નામની એક નદી તેના કિનારે મધ્વાચાર્યે ઉડિપ નામનો મઠ સ્થાપ્યો છે.
૨. સ્ત્રી. તુલસી; કાળી તુલસી.
૩. સ્ત્રી. રોહિણી નક્ષત્રના બીજવાળી ભારદ. તે પાપનાશિની દ્વાદશી કહેવાય છે.
૪. સ્ત્રી. શમી વૃક્ષ; ખીજડાનું ઝાડ.

પાપનાશી ૧. સ્ત્રી શુદ્ધિ.
૨. [સં. પાપનાશિન્] વિ. પાપનો નાશ કરનાર.

પાપનિવારણ [સં. પાપ + નિવારણ (અટકાવવું તે)] ન. પ્રાયશ્ચિત્ત.

પાપનિશ્ચય [સં.] વિ. પાપ કરવાને કૃતસંકલ્પ; ખોટાં કામ કરવાને તૈયાર; દુષ્કર્મ કરવાના નિશ્ચયવાળું.

પાપપતિ [સં.] પું. ઉપપતિ; રખાત ધણી.

પાપપંથ [સં.] પું. પાપનો રસ્તો.
તો જ મટશે આ પાપપંથ,
ત્યાં સુધી અનેક રૂપે અવતરશે. નાનાલાલ

પાપપાવની [સં.] વિ. સ્ત્રી. પાપમાંથી પાવન કરનારી.
પાપપાવની મહારી અમાવાસ્યા,
મહારાં અંધાર વાદળ કેવા ઝૂમ્યાં છે ! નાનાલાલ

પાપપાશવિનાશિની [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માહેનું એક નામ.

પાપપુણ્ય [સં.] ન. ક. વ. પાપ અને પુણ્ય.

પાપપુન જુઓ પા૫પુણ્ય.

પાપપુરુષ ૧. [સં.] પું. તંત્ર પ્રસિદ્ધ પાપદેવ. તેના સંપૂર્ણ શરીરનું ઉપાદાન કેવળ પાપ હોય છે. તેના શિરથી માંડીને રૂંવાં સુધીનું સંપૂર્ણ અંગ પ્રત્યંગ કોઈને કોઈ-મહાપાતક અથવા ઉપપાતકથી બનેલું માનવામાં આવે છે. તેનો રંગ કાજળના જેવો કાળો અને આંખ લાલ હોય છે. તે ક્રમેથા ગુસ્સાથી ભરેલ અને હાથમાં તરવાર તથા ઢાલ રાખીને રહે છે.
૨. પું. પાપી પુરુષ; દુષ્ટ માણસ.

પાપપૂર્ણ [સં] વિ. પાપથી ભરપૂર; પાપથી ભરેલું.

પાપપ્રક્ષાલન [સં] ન. પાપ ધોઈ નાખવાં તે.

પાપપ્રક્ષાલિની [સં.] વિ. સ્ત્રી. પાપનો નાશ કરનારી.

પાપફલ [સં.] વિ. અશુભ ફળ દેનારું; દુષ્ટ.

પાપબંધ [સં.] પું. (જૈન) આત્મપ્રદેશ સાથે પાપકર્મ પુદ્ગલનું બંધન થવું તે; અશુભ ભાવથી થતું પાપનું બંધન.
હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની મૂર્છા વગેરે અશુભ ભાવ છે, જે તેનાથી પાપબંધ થાય છે. સમયસાર

પાપબંધક વિ. પાપ બાંધનાર.

પાપબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ દાનત; પાપી બુદ્ધિ; ભલાનો સ્વભાવ.
૨. સ્ત્રી. પાપ કરવાની ઇચ્છા.
૩. વિ. ખરાબ દાનત રાખનારું; ખરાબ મતિવાળું; પાપી બુદ્ધિવાળું; દુષ્ટ.

પાપભક્ષણ [સં] પું. કાલભૈરવ.

પાપભય [સં.] પું. પાપથી ડરવું તે.

પાપભાજ [સં. પાપભાજ્] વિ. પાપી; પાપવાળું.

પાપભાવ [સં.] પું. પાપી વિચાર.

પાપભીરુ [સં.] વિ. પાપ કરવામાં બીકણ; પાપથી ડરનારું; પાપકર્મથી ડરીને ચાલનારું.

પાપભીરુતા [સં.] સ્ત્રી. પાપથી બીવું તે; પાપભીરુપણું.

પાપમતિ ૧. [સં.] સ્ત્રી. પાપી બુદ્ધિ; દુષ્ટ બુદ્ધિ; દુષ્ટ વિચાર.
૨. સ્ત્રી. અભિચારવૃત્તિ; નઠારાં કામ કરવાની બુદ્ધિ.
૩. વિ. જેની મતિ સદા પાપી હોય એવું.
૪. વિ. દુષ્ટ બુદ્ધિવાળું; દુષ્ટ; નીચ.

પાપમય [સં.] વિ. પાપથી ભરેલું; હિંસાપૂર્ણ; પાપથી ઓતપ્રોત; પાપી વાસનાથી ભરેલું.

પાપમાર્જન [સં. પાપ + માર્જન (સાફ કરવું તે)] ન. પાપ ધોઈ નાખવાં તે.

પાપમિત્ર [સં.] પું. દુષ્ટ મિત્ર; ખરાબ સલાહકાર.

પાપમુક્ત [સં.] વિ. પાપમાંથી છૂટેલું; પાપ રહિત; શુદ્ધ થયેલ.

પાપમુક્તિ ૧. સ્ત્રી. ક્ષમા.
૨. [સં.] સ્ત્રી. પાપમાંથી છુટકારો.

પાપમુમુક્ષા સ્ત્રી. પશ્ચાત્તાપ; મનસ્તાપ.

પાપમૂકી વિ. સ્ત્રી. ચોખ્ખે ચોખ્ખી.
હું તો આપાલ્યોલા, પાપમૂકી વાત કહેનારો માણસ છું. મહાદેવ દેસાઈ

પાપમૂર્તિ [સં.] વિ. કુકર્મી; પાપ કરનાર.

પાપમૂલક [સં.] વિ. જેના મૂળમાં પાપ રહેલું હોય એવું.

પાપમોચન ૧. [સં.] ન. ધર્મગુરુ પાસે પાપ કબૂલ કરી ક્ષમા મેળવવી તે; પાપ ધોઈ નાખવાં તે. પાપનાશન; પાપમાંથી મુક્તિ મેળવવી તે.
૨. વિ. પાપમાંથી છોડાવનાર.

પાપમોચનતીર્થ [સં.] ન. ઉજ્જયિનીમાં આવેલ આદરણીય મંદિરનું એ નામનું એક તીર્થ.

પાપમોચનયક્ષ [સં.] પું. એ નામનો એક જાતનો યક્ષ.

પાપમોચનિકા એકાદશી સ્ત્રી. ફાગણ વદિ અગિયારસ. આ એકાદશીના વ્રતથી સર્વ પાપમાંથી મુક્તિ મળવાનું મનાય છે. તેથી તેનું નામ પાપમોચનિકા એકાદશી પડ્યું છે. એક દિવસ ઉદ્દ ઋષિવર્ય-પત્ની, દિલ્પર અને સર્વ દેવો સહિત ચૈત્રરથ નામના વનમાં ક્રીડા કરવા આવ્યો. તે વનમાં કેટલાક ઋષિઓ તપશ્ચર્યા કરતા હતા. તેમાં એક મેધાવી નામનો વિખ્યાત ઋષિ હતો. તે ઋષિને મોહ ઉત્પન્ન કરવા માટે મંજુઘોષા નામક અપ્સરા ઉદ્યોગ કરવા લાગી. પોતાનું શરીર ઢાંકે આગી નાખ્યું તે વેશનું કામદેવને સ્મરણ થતાં શિવભક્ત મેધાવીને દુશ્મન ગણી વેરનો બદલો લેવા તે પણ તત્પર થયો. મેધાવી ચ્યવન ઋષિના આશ્રમમાં રહેતો હતો. મંજુઘોષા ત્યાં જઈ નૃત્યગાન કરવા લાગી. કામદેવના સહકારથી મંજુઘોષાએ હાવભાવ અને કટાક્ષથી ઋષિને મોહિત કર્યો. અપ્સરાના ઉત્તમ દેહથી મુગ્ધ થઈ ઋષિ કામવશ થયો. તેનું શિવતત્ત્વ આખરે નષ્ટ પામ્યું. કામી ઋષિને કાળનું પણ ભાન ન રહ્યું. એક દિવસ મંજુઘોષાએ ઋષિ પાસે સ્વસ્થાને જવાની માગણી કરી. મંજુઘોષાએ ઋષિને કાળનું ભાન કરાવ્યું. ભાન આવતાં પોતાનું સર્વ તપ નષ્ટ થયેલું જોઈ ઋષિએ ગુસ્સે થઈ મંજુઘોષાને પિશાચ થવાનો શાપ આપ્યો. અપ્સરા શાપના અનુગ્રહ માટે આજીજી કરવા લાગી. ઋષિએ ફાગણ વદિ અગિયારસનું વ્રત કરવાની સૂચના આપી. આ ઘોર પાપનું પ્રાયશ્ચિત્ત કરવા મેધાવી ઋષિ પણ પિતાના આશ્રમે આવ્યો. પિતાની સલાહ મુજબ ઋષિએ અને ઋષિની આજ્ઞા મુજબ પિશાચરૂપે અવતરેલ મંજુઘોષાએ ફાગણ વદિ અગિયારસનું વ્રત કર્યું. આ વ્રતથી તેઓનાં પાપ નાશ પામ્યાં અને બંને મૂળ પદને પામ્યાં.

પાપમોચની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક પવિત્ર નદી. આવર્તતીર્થ માહાત્મ્યમાં ઉલ્લેખ છે કે: ભાલાજીથી ત્રણેક માઈલ દૂર પાપમોચની નામના પર્વતમાં છે. પાપમોચનીનો માર્ગ ડુંગરમાં હોવાથી

દરય મનોહર લાગે છે. પાપમોચનીના ઝાડે ઘોષ કરતા બાર ફૂટ ઊંચેથી પડતા હોવાથી નાહવાની બહુ મજા પડે છે. વધારે જોરમાં ધોધ પડતાં ઝાડે ધોધ પાસે લટકાવેલી સાંકળ ઝાલીને નાહવું પડે છે.

૨. સ્ત્રી. ચૈત્ર વદિ અમિપારણ.

૩. સ્ત્રી. હાજરા વદિ એકાદશી તેને પાપમોચની એકાદશી કહે છે, કારણ કે તેનું વ્રત કરવાથી વિદ્યાર્થીઓનો તે પાપનો નાશ કરનારી મનાય છે.

૪. વિ.સ્ત્રી. પાપમાંથી મુક્તિ અપાવનારી; પાપનો નાશ કરનારી; પાપ ધોઈ નાખનારી.

પાપમોચની પત્રિકા [સં.] સ્ત્રી. ક્ષમાપત્ર; ક્ષમાપત્રિકા; મુક્તિપત્રિકા; મોક્ષપત્રિકા.

પાપયક્ષ્મા ૧. [સં. પાપયક્ષ્મન્] પું. એ નામનો એક પુરુષરોગ; વાસ્તુપુરુષની પશ્ચિમ દિશાના મધ્યના કોઠામાં સ્થાપાતો દેવ.

નૈઋત્ય કોણે પિતૃદેવની તથા પશ્ચિમ દિશાના મધ્યના સાત કોઠામાં નંદી, સુગ્રીવ, પુષ્પદંત, વરુણ, અસુર, રોગ અને પાપયક્ષ્મા એ સાતની સાત કોઠાઓમાં સ્થાપના કરવી. સાર્થવસ્તુ

૨. પું. એક જાતનો ક્ષયરોગ; રાજયક્ષ્મા.

અરુમા, રાજયક્ષ્મા, અજ્ઞાતયક્ષ્મા, પાપયક્ષ્મા વગેરે શબ્દો આયુર્વેદમાં ક્ષયવાચક અર્થમાં છે. પુરાતત્ત્વ

પાપયોનિ ૧. [સં. પાપ (પાપી) + યોનિ (જન્મસ્થાન)] સ્ત્રી. હલકી જાતિમાં થયેલો જન્મ; નીચા વર્ણમાં જન્મ; નિંદવા યોગ્ય પશુ કે પક્ષી વગેરેની યોનિ; મનુષ્ય સિવાય અન્ય પશુ, પક્ષી, વૃક્ષ આદિની યોનિ; પાપને લીધે પ્રાપ્ત થતો નીચ જન્મ; નિંદિત યોનિ.

પાપયોનિ તીર્થે પારણ અધમાં છે અધમ ગતિ, સ્ત્રી વૈશ્ય શૂદ્રથી તે તે ગતિ પામે ગતિ. પ્રીતમગીતા

૨. વિ. અધમ; હલકા વર્ણમાં જન્મેલું; પાપને લીધે પશુ, પક્ષી વગેરેમાં જન્મેલ; પાપના ફળરૂપ યોનિમાં જન્મેલું; નીચ જન્મનું; નીચા કુળનું.

પાપર ૧. [સં. પર્પટ] પું. પાતળું પડ.

૨. પું. પાપડ.

૩. [અં. પોપર] પું. મુફલિસ આદમી; નિર્ધન વ્યક્તિ.

૪. પું. મુફલિસી કે નિર્ધનતાને કારણે દીવાનીમાં કોર્ટ પણ પ્રકારના અદાલતી રસૂમ કે અર્જ માટે કોર્ટ ઉપર દાવા દાખલ કરવાને કે લડવાને સ્વીકૃતિ મેળવનાર વ્યક્તિ. આવો માણસ મુફલિસ છે તેવું પ્રમાણપત્ર પહેલેથી જ મેળવવું પડે છે. દાવો દાખલ કરવાને કે લડવાને તેની પાસે પૈસા નથી એવો વિશ્વાસ અદાલતને થયાથી અદાલતી રસૂમ કે અર્જ માફ કરવામાં આવે છે. પરંતુ જો મામલો તેના હકમાં થાય તો અર્જ દેવું પડે છે.

૫. સ્ત્રી. કપેટી.

૬. સ્ત્રી. કોઈ પણ કોલની પાતળી પૂરી.

૭. સ્ત્રી. ફળદ્રુપ જમીન.

પાપરતિ [સં.] વિ. પાપમાં જ પ્રેમવાળું; પાપથી જ પુષ્ટ બનેલું.

પાપરહિત [સં.] વિ. પવિત્ર; પુનિત; પાવન.

પાપરાશિ [સં.] પું. પાપનો જથ્થો.

પાપરુચિ ૧. [સં.] સ્ત્રી. પાપની ઇચ્છા.

૨. વિ. પાપમાં આસક્ત; પાપમાં રચ્યોપચ્યો રહેનાર.

પાપરૂક્ષ [સં. પાપરૂક્ષ] ન. પાપનું કરજ.

હોય કશું તો પાપરૂક્ષ
જે હક્ક પૂરે નહિ ફિટપુ. ભજનાવલી

પાપરોગ ૧. [સં.] પું. પાપને લીધે થયેલ રોગ; કોઈ પણ ખરાબ રોગ.

૨. પું. મસૂરી નામનો રોગ; નાના માતા; શીતળા; વસંત રોગ. કોઢ અને ચાંદી આમલા ભવના પાપની શિક્ષા સ્વરૂપ છે. ધર્મશાસ્ત્રાનુસાર કુષ્ઠ, વહ્મા, કુનખ, રક્તદંત એટલે દાંત કાળા કે બદરંગના થઈ જવા તે, પીનસ, પૂતિનસ એટલે શ્વાસમાંથી દુર્ગંધ નીકળવી તે, હીનાંગતા, ચિત્ર, શ્વેતકુષ્ઠ, પંગુત્વ, મૂકતા, ગોર્જન્યુતા, ઉન્માદ, અપસ્માર, અંધત્વ, કાણાપણ, બહેરા એટલે માણસમાં ચક્કર આવવા તે, શુક્રદોષ, શ્લીપદ વગેરે રોગ પાપરોગ મનાય છે. અકાળપક્વતા, સુરાપાન, સુવર્ણહરણ આદિ મોટાં પાપોના કર્તાને નરક અને પશુ, કીટ, પતંગ આદિ યોનિમાંથી પુનઃ મનુષ્યજન્મ પ્રાપ્ત કરતાં આ રોગ થતા હોવાનું મનાય છે.

પાપરોગી [સં. પાપરોગિન્] વિ. પાપને લીધે થયેલા અહિત રોગવાળું.

પાપર્દ્ધિ ૧. [સં.] સ્ત્રી. પાપની વૃદ્ધિ.

૨. [સં. પાપ + ઋદ્ધિ (બઢતી)] સ્ત્રી. મૂરખા; શિક્ષક. મૂરખાથી પાપની વૃદ્ધિ થવાનું મનાય છે, તેથી તેને પાપર્દ્ધિ કહે છે.

પાપર્દ્ધિક [સં.] પું. શિકારી.

પાપલ ૧. [સં.] ન. એક જાતનું પરિણામ.

૨. વિ. પાપ કરનાર.

પાપલક્ષ્મા [સં.] સ્ત્રી. પાપની શરમ; પાપ કરતાં ઊપજતી લજ્જા.

પાપલિન [કા.] ન. એ નામે એક જાતનું સુતરાઉ કાપડ.

પાપલી સ્ત્રી. ઝીણી ચામડી.

આ રસ પર ઉપર ચારીક પાપલી આવેલ છે. વિજ્ઞાનવિલાસ

પાપલીલા [સં.] સ્ત્રી. પાપનાં કામ.

પાપલું જુઓ પાપળું.

પાપલેન [કા. પાપલિન] પું. એક પ્રકારનું સુતરાઉ કાપડ; પાપલિન.

પાપલોક [સં.] પું. નરક આદિ દુર્ગતિ; પાપીઓને રહેવાનું સ્થાન; પાપીને મળનાર લોક.

પાપલોકય ૧. [સં.] વિ. દુષ્ટનું; પાપી માણસનું.

૨. વિ. નરક વગેરે પાપલોક સંબંધી.

પાપવલ્લી [સં.] સ્ત્રી. એ નામની એક વેલ.

પાપવાદ [સં.] પું. અશુભસૂચક શબ્દ; અમંગળ ધ્વનિ. કાગડા વગેરેનો બોલી અશુભ સૂચક મનાય છે.

પાપવાસના [સં.] સ્ત્રી. ખરાબ ઇચ્છા; કામવાસના; પાપી વિચાર; બલિયારવૃત્તિ.

પાપવિનાશન જુઓ પાપમોચન.

પાપવિનાશી [સં. પાપવિનાશિન્] વિ. પવિત્રકારક; પાવન.

પાપવિમોક્ષક [સં.] ન. પાપથી મુક્ત કરવું તે.

પાપવિમોચનમીમાંસા [સં.] સ્ત્રી. પાપનાશક વિચાર.

પાપવૃત્તિ [સં.] સ્ત્રી. પાપમય વિચાર.

પાપશકુન [સં. પાપ + શકુન (પક્ષી)] પું. શિકારી પક્ષી; પાપી પક્ષી.

પાપશમન ૧. [સં.] ન. પાપ દૂર કરવું તે; પાપની શાંતિ.

૨. વિ. પાપને દૂર કરનાર.

પાપશમની ૧. [સં.] સ્ત્રી. ખીજડીનું ઝાડ; શમી વૃક્ષ.

૨. વિ. સ્ત્રી. પાપ નાશ કરનારી.

પાપશાંડો [સં. પાપ + સંજ્ઞા (વહેમ) + ઇન્ (વાળું)] વિ. પાપની શંકાવાળું.

એવી ભ્રાન્તિ રાખનાર અતિ સ્નેહી પાપશાંડી વર્ગને આશ્વાસન આપ્યું હતું. નાગરિક

પાપશાળી ૧. [સં. પાપશાલિન્] વિ. દરિદ્ર; દુઃખસપત્ત.

૨. દુર્ભાગી; હતભાગી; કમનસીબ; બેનસીબ.

૩. વિ. ભારે કર્મી; પાપી; અધર્મી; હિંસક.

પાપશોધન ૧. [સં.] ન. તીર્થસ્થાન.

૨. ન. પાપથી શુદ્ધ થવાની ક્રિયા; પાપનિવારણ.

પાપશ્રમણ [સં.] પું. ઢોંગી સાધુ; પાપી સાધુ.

પાપશ્રુત [સં.] ન. પાપની વાત.

પાપસમ [સં.] ન. પાપની સમાન.

પાપસંકલ્પ ૧. [સં.] પું. ખરાબ વિચાર.

૨. વિ. ખરાબ વિચારવાળું.

પાપસંતાપ [સં.] પું. પાપ કર્મથી થયેલ થતું દુ :ખ.

પાપસંત્રાસિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનારે આવેલું એક નામ.

પાપસંભાવના [સં.] સ્ત્રી. પાપનો સંભવ.

પાપસંભાવનાતીત [સં.] વિ. જેનાથી પાપ થાય નહિ તેવું.

પાપસંમિત ૧. [સં.] વિ. પાપમાં સરખું; પાપ તુલ્ય.

૨. અ. પાપની સમાન.

પાપસા પું. (વૈદક) એક જાતનો રોગ; 'પ્યુરોન્યુમોનિઆ.' આ રોગ ચેપી છે. તેમાં ઓખરો કાસો, નસકોરાં સૂજે, મોં ગરમ થાય છે અને ભૂખ લાગતી નથી.

પાપસૂદનતીર્થ [સં.] ન. એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન.

પાપસેવન [સં.] ન. પાપ સેવવું તે; પાપની ક્રિયા કરવી તે.

પાપસ્તંભ [સં.] પું. પાપનો થાંભલો.

પાપસ્થાન [સં.] ન. (જૈન) પાપ બાંધવાનું કારણ, જેથી પાપ બંધાય તેવી ક્રિયા; પાપ બાંધવાનાં અઢાર માઠાં કારણ સ્થાન. અઢાર પાપસ્થાનક : (૧) પ્રાણાતિપાત એટલે કોઈ જીવને દુ:ખ દેવું કે તેના પ્રાણનો નાશ કરવો તે, (૨) મૃષાવાદ એટલે ખોટું બોલવું તે, (૩) અદત્તાદાન એટલે ચોરી, (૪) મૈથુન એટલે કામસંજ્ઞ કરવો તે, (૫) પરિગ્રહ એટલે સંગ્રહ, લોભ વગેરે કરવો તે, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા એટલે કપટ, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન એટલે કોઈના ઉપર ખોટું આળ કે તહોમત ચઢાવવું તે, (૧૪) પૈશુન્ય એટલે કોઈની ચાડીચૂગલી કરવી તે, (૧૫) પરપરિવાદ એટલે કોઈની નિંદા કે કુથલી કરવી તે, (૧૬) રતિ અરતિ એટલે હરખ શોક કરવો તે, (૧૭) માયામોસો એટલે મનમાં કપટ રાખી ખોટો ઉપદેશ કે સલાહ આપવી તે અને (૧૮) મિથ્યાત્વદર્શનશલ્ય એટલે પોતાના હૃદયમાં ખોટી શ્રદ્ધાનું શલ્ય રાખવું તે.

પાપસ્વપ્ન [સં.] ન. ખરાબ સ્વપ્નું.

પાપસ્વીકાર [સં.] પું. રોમન કૅથલિક મંદિરમાં દેવળમાં જઈ ધર્મગુરુ પાસે કરેલાં પાપ કબૂલ કરવાની ક્રિયા; પાદરી આગળ પાપ કબૂલવાની કૅથલિક ધર્મની વિધિ; પાતકોચ્ચારણ; ' કન્ફેશન.'

પાપહર ૧. [સં.] ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

૨. વિ. પાપનાશક.

પાપહરા ૧. [સં.] સ્ત્રી. મહાભારતમાં બ્રહ્મપ્રેતી એ નામની એક પ્રાચીન નદી.

૨. વિ. સ્ત્રી. પાપનો નાશ કરનારી.

પાપહા ૧. [સં. પાપહન્] પું. શિવનાં કિનારે આવેલું એક નામ.

૨. વિ. પાપનાશક; પાપનો નાશ કરનાર.

પાપહારી દીવાલ સ્ત્રી. જેરુસલેમના કેટલની પશ્ચિમ તરફની દીવાલ. સોલોમનના વખતથી અસલના સેંકડે વર્ષ સુધી યહૂદીઓ ને મુસલમાનોની આ પાપહારી દીવાલ કહી. ૧૯૨૯ના ઑગસ્ટમાં અને અતિ વચ્ચે તકરાર થવાથી આંતરરાષ્ટ્રીય પરિષદે તેનો ઇતિહાસ કરેલ છે.

પાપહૃદય [સં.] ન. દુષ્ટ અંતઃકરણ.

પાપળું વિ. ખાલ વિનાનું; નાદમું.

પાપા ૧. પું. કૅથલિક ધર્મના વડા ધર્મગુરુ; પોપ.

૨. પું. બાર, બાજરા, જોખા વગેરેમાં થતું એક જાતનું છાપું. બહુ વરસાદ થાય તો વર્ષો આ છાપાત બનાજમાં પડે છે.

૩. પું. તાપ; રોટલો; રોટલી. બાળકો બોલે છે.

૪. પું. ધીરે ધીરે પગલાં ભરવાં તે; નાના બાળકનું ચાલવું તે; બાળકને પગલાં ભરવાનો ઉદ્યમ; પગલીઓ ભરવી તે.

૫. પું. પ્રાચીન કાળમાં આલ્પ પાદરીઓના અને વર્તમાનકાળમાં કેવળ ચૂનાની પાદરીઓના એક આલ્પ વર્ગની સન્માનસૂચક ઉપાધિ.

૬. [હિં.] પું. આપણે બચ્ચાંઓને આપણે સંતોષવામાં વપરાતો શબ્દ.

૭. [સં.] સ્ત્રી. નર્મદાનાં કિનારે આવેલું એક નામ.

૮. સ્ત્રી. પાપણી સ્ત્રી.

૯. સ્ત્રી. (જ્યોતિષ) હસ્ત, અનુરાધા અથવા રેવતી નક્ષત્રમાં હોય તે વખતની શુભની ગતિ.

૧૦. ન. નાનું બાળક ચાલતાં શીખે ત્યારે પગલાં ભરવાનો ઉદ્યમ.

મારે પાપા પગલીએ પ્રભુ રમે,
એ પ્રભુ રમે કૃષ્ણ પગલી ભમે. વિહારી

પાપાખ્યા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) શુભ ગ્રહની એક પ્રકારની ગતિ; હસ્ત, અનુરાધા અથવા રેવતી નક્ષત્રમાં પોતે હોય એ વખતની શુભની ગતિ.

પાપાગાર [સં. પાપ + આગાર (ઘર)] ન. પાપ થતું હોય તેવું સ્થાન.

પાપાચરણ [સં. પાપ + આચરણ (વર્તન)] ન. પાપી વર્તણૂક; પાપનું આચરણ; પાપી કામ, પાપકર્મ; દુરાચાર.

પાપાચરણી [સં. પાપ + આચરણ (વર્તન) + ઇન્ (વાળું)] વિ. પાપનું આચરણ કરવાવાળું.

પાપાચાર ૧. [સં. પાપ + આચાર (વર્તન)] પું. દુષ્ટાચાર; પાપી કામ; પાપનું આચરણ; દુરાચાર; પાપકર્મ; પાપનું કામ.

૨. વિ. પાપનું આચરણ કરનાર; પાપી; દુરાચારી.

પાપાચારી જુઓ પાપાચરણી.

પાપાત્મા ૧. [સં. પાપાત્મન્] પું. પાપી પુરુષ; પાપી જીવ; દુષ્ટાત્મા.

૨. વિ. પાપી અંતઃકરણવાળું; પાપી; પાપમાં અનુરક્ત.

પાપાધીન [સં. પાપ + અધીન (વશ)] વિ. પાપવશ.

પાપાનુપત્તિ [સં.] સ્ત્રી. પ્રાયશ્ચિત્ત દ્વારા પાપનો નાશ.

પાપાનુબંધી [સં. પાપાનુબન્ધિન્] વિ. પાપ બંધાવનાર.

પાપાનુબંધી પાપ ન. (જૈન) અધોગતિને અનુકૂળ પાપ સાથે સંબંધ કરાવનાર પાપ.

પાપાનુબંધી પુણ્ય ન. (જૈન) દુર્ગતિ વિષયક પાપ સાથે સંબંધ કરાવનાર પુણ્ય; અજ્ઞાનભાવે ધર્મના નામે શુભ ભાવ કરવાથી થતું પુણ્ય.

સમ્યગ્દર્શન પહેલાં જ્ઞાન સમ્યક્ હોય, સમ્યક્ચારિત્ર વિના સર્વકર્મક્ષય થાય નહિ. કષાયની મંદતા હોય તો પાપાનુબંધી પુણ્યનો બંધ. સમયસાર

પાપાનુભાગ [સં.] પું. (જૈન) પાપ પ્રકૃતિનો રસ.

પાપાનુયાસિત [સં.] વિ. પાપમાં રહેલ.

પાપાનુરાગ પું. (જૈન) ઠેકાણે રહેલ પાપ સંસ્કાર.

જે ભિક્ષુના અંતઃકરણમાં પાપાનુરાગ રહ્યો ન હોય તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. સુત્તનિપાત

પાપાનુરાગી વિ. (જૈન) ઠેકાણે રહેનારા પાપ સંસ્કારવાળું.

પાપા પગલી સ્ત્રી. નાનાં બચ્ચાંને ચાલતાં શીખવવું તે; નાના બાળકને ઠેકાણે ઊભાં રહેતાં અને ચાલતાં સારે પગ માંડતાં શીખવવું તે.

પાપાપગી જુઓ પાપા પગલી.

પાપાપહ [સં.] વિ. પાપનો નાશ કરનાર.

પાપાભિમાની [સં. પાપાભિમાનિન્] વિ. કરેલ પાપનું અભિમાન કરનાર.

પાપારિ ન. નીર; ઉદક; પાણી; જલ; વારિ.

> અંધુ કમલ હોલાલ જલ પ્રા પુષ્કર જલ વારિ,
> અંધ અમૃત ઇલલ સુલલ પ્રાનસ કુલ પાપારિ.
> પિંગલપુરોષ

પાપાર્જિત [સં. પાપ + અર્જ (મારે) + અર્પણ (કુરબાની)] ન. કરેલાં પાપથી મુક્ત થવાને માટે અપાતી કુરબાની.

પાપાશય [સં.] વિ. પાપી આશયવાળું.

પાપાશ્રય જુઓ પાપાશ્રય.

પાપાસક્ત [સં.] વિ. પાપમાં આસક્ત; પાપમાં મચ્યું રહેલું.

પાપાસંભવ [સં. પાપ + અસંભવ (ન હોવું તે)] પું. જેનાથી પાપ ન થાય તેવો ગુણ.

પાપાસંભાવના જુઓ પાપાસંભવ.

પાપાસ્મિતા [સં. પાપ + અસ્મિતા (અહંતા)] સ્ત્રી. પાપનો ઉન્માદ; પાપની મસ્તી.

> પાપાસ્મિતાનો અશાંતિ ઠંબ ખોરવી તદ્દ કરે છે અને બે ખોડવી વધતી બંધ છે.
> અનંતરાય ઠાકોર

પાપાસ્રવ પું. (જૈન) પાપકર્મનું બંધન. અશુભ યોગથી પાપાસ્રવ થાય છે.

પાપાહ્ન ૧. [સં. પાપ + અહન્ (દિવસ)] પું. અશુભ દિવસ; પાપી દિવસ; ખરાબ રોજ.

૨. પું શનિનો દિવસ.

પાપાહી [સં.] પું. સર્પ.

પાપાંકુશા [સં.] સ્ત્રી. પાપ ઉપર અંકુશ મૂકનારી તિથિ; આસો સુદિ અગિયારસ.

પાપાંત [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ

પાપિકા જુઓ પાપિણી.

પાપિક જુઓ પાપિણી.

પાપિણી ૧. સ્ત્રી. કુમારિકા.

૨. સ્ત્રી. પાપી સ્ત્રી; દુષ્ટા; લંપટ સ્ત્રી; લુચ્ચી; પાપ કરવાવાળી સ્ત્રી; પાપણી સ્ત્રી

પાપિત્સા ૧. પું. (ચિત્રા) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂકતી છંદનો એક ભેદ છે.

૨. પું. (ચિત્રા) નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેને વીસ પણ કહે છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

પાપિની જુઓ પાપિણી.

પાપિયું ૧. વિ. પાપી; પાપ કરનારું.

૨. વિ. હલકું.

પાપિષ્ઠ [સં.] વિ. અતિશય પાપી; અધર્મી; દુષ્ટ દુરાચારી; દુરાત્મા; બહુ મોટું ગુનેગાર.

પાપિષ્ઠા [સં.] વિ. સ્ત્રી. પાપણવી; પાપિણી.

પાપી ૧. [સં. પાપિન્] પું. પાપ કરનાર વ્યક્તિ; પાપકારી માણસ; અપરાધી જન.

૨. વિ. અધર્મી; પાપિષ્ઠ; પાપ કરનારું; દુરાચારી; બદકારી.

> તેથી ઉ સર્વ ધર્મોનું ત્રિશરણ એ કલ્યાણ,
> અલંકાર પાપીની સારે પરમ ધર્મ છે.
> ગાંધીગીતા

૧. પાપીનું અંતઃકરણ જ પાપીને ઠંબે = પાપનો પસ્તાવો થયા વિના ન રહે.

૨. પાપીનો મોઢા પહેલે જવ = અન્યાયથી મળેલાનો નાશ થાય.

૩. વિ. અપરાધી; પાપાત્મા; ગુનેગાર; પાપથી ભરેલું; પાપયુક્ત.

પાપીની બાવરદા પૂરે નહિ = નઠારું કે દુષ્ટ માણસ બહુ વિલાય.

૪. વિ. અભાગી; હતભાગી; દુર્ભાગી; બેનસીબ; કમબખ્ત; બારે કર્મી.

૫. વિ. ક્રૂર; નિર્દય; પરપીડક.

૬. વિ. ખાનાર અને પીનાર.

કોઈ પાપી નામ આપે તો પાપી એટલે પા + પી = બીજાને સત્ બોધરૂપી ધર્મ, અમૃત રૂપી ઉપદેશ પમાડનાર અને પોતે પીનાર. એટલે પોતે પોતાના જ સહજ સમજા આનંદ ગુણને પામ્યા કરનાર ધર્માત્મા કહ્યો. સમયસાર

૭. વિ. મલિન; મેલું; અસ્વચ્છ; અપવિત્ર.

૮. વિ. હિંસક.

પાપુચ્યા પું. ઓસ્ટ્રેલિઆની પાસેનો એ નામનો એક ટાપુ.

પાપેચ્છ વિ. પાપની ઇચ્છાવાળું.

> સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન પાપેચ્છ હોઈ પાપી વાસનાઓને વશ છે.
> સુત્તનિપાત

પાપેય ૧. પું. ચંદ્રમાના વક્રતામાં નમ્ર ઘોડા માટે વપરાતો એક ટેક.

૨. પું. મધ્યમ વર્ગની એક જાતનો ઘોડો.

પાપોત્પાતિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક ગામ.

પાપોત્પાદક [સં.] વિ. પાપ ઉત્પન્ન કરનારું.

પાપોશ ૧. [સં. પા (પગ) + પોશ (ઢાંકનાર)] સ્ત્રી. ઊની વિનાની સપાટ મોજડી. મુઘલ સમયમાં તેનો વપરાશ વધારે હતો.

પાપોશથી મારવું = કોઈની દરકાર ન કરવી.

૨. સ્ત્રી. પગરખું; જોડો.

૩. ન. એક લૂગડાનું સાધન.

પાપોશી ૧. સ્ત્રી. પગનું રક્ષણ કરવું તે; પગમાં પહેરવાં તે.

૨. સ્ત્રી. પગરખું; જોડો.

૩. સ્ત્રી. ચેસાઈ અમલમાં લેવાતો એક જાતનો કર.

પાપ્પા ૧. [સં. પાપ્પન્] પું એ નામનો ક્ષુપનો છોડવાનું.

૨. પું. દુર્દેવ.

૩. પું. પાપ; દુષ્ટપણું; દોષ.

૪. વિ. દુષ્ટ; પાપી.

પાપ્વાન્સ સ્ત્રી. ઊંચા તથા કાળા રંગના મનુષ્યની એક જાત; 'પાપુઅન્સ.' આ જાતિનું મૂળ હજી પણ નિશ્ચિત નથી. તેઓ ન્યૂ ગીનીના જંગલોમાં રહે છે. તેઓને ધર્મગુરુઓ કે વંશોથી ચાલતા આવતા મુખીઓ પણ હોતા નથી. તેમાંના ઘોડામણાઓ મુસ્લિમ તથા ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો છે. તે સિવાય બાકીના બધા દેવદેવીઓના ઉપાસકો અને મૂર્તિપૂજકો છે. તેઓ ઘોડાં અને ઘરો બાંધવામાં નિષ્ણાત ગણાય છે. તેઓનાં ઘરો ન્યૂ ગીનીના જુદા જુદા ભાગોમાં બાંધવામાં આવ્યાં છે અને ઘરોની ઊંચાઈ ૫૦૦થી ૭૦૦ ફૂટ સુધીની હોય છે, પણ આમ કરીને દરેક કુટુંબને પોતાનું જુદું જ રહેઠાણ ૬૦થી ૭૦ ફૂટનું હોય છે. ધનુષબાણ, પથ્થર અને લાકડાંના મગદળ તથા ભાલાં એ તેમનાં હથિયારો છે. પથ્થરની કરસીઓ તેઓ ખાસ વાપરે છે. તેઓ પૂર્વ આફ્રિકા તથા ઓસ્ટ્રેલિઆના મૂળ વતનીઓને ખાસ મળતા આવે છે. એક કરતાં વધારે બૌ કરવાનો રિવાજ તે લોકોમાં છે. તે છતાં અમુક બાંધી તે લોકોમાં સામાજિક બંધનો પણ છે.

પાપ્પની ૧. [સં. પર્વન્] પું. પવિત્ર દિવસ; ઉત્સવનો દિવસ; પર્વનો દિવસ.

૨. પું. પ્રકરણ; ભાગ.

૩. પું સાંધો; બે અંગોનો મેળો.

૪. પું. સૂર્ય નવા નક્ષત્રમાં દાખલ થાય તે પળ.

૫. સ્ત્રી. તક; ભરી તક.

પાપંડ ૧. પું. કેડી.

૨. પું. નોકર; દાસ; સેવક.

૩. પું. પરહેજગારી માણસ.

૪. સ્ત્રી. અધીનતા.

૫. સ્ત્રી. લાચારી.

૬. ન. ઘોડાના પગે બાંધવાનું સંદલું; ઘોડાની પિછાડી.

૭. સિ. કોઈ નિયમ, વિધિ, આદેશ, આજ્ઞા, વચન વગેરેને પૂર્ણપણે અધીન થઈને કામ કરનાર; નિયમ, પ્રતિજ્ઞા વગેરેનું પાલન કરનાર.

૧. પાબંદ થવું = પરવશું.

૨. પાબંદ હોવું = (૧) કાયદો પાળવો; અનુસરવું. (૨) બંધાવું; દોરાવું; વળગી રહેવું.

૮. [સં. પા (પદ્ય) + બસ્તન્ (બાંધવું)] વિ. જેના પગ બંધાયેલા હોય તેવું; બંધાયેલું; પરવશ; કેદ; અસ્વાધીન; વિવશ.

૯. સિ. નિયમથી કે ન્યાયથી કોઈ બાબત કામ કરવાને બંધાયેલ; કાબૂમાં રહેલ.

૧૦. સિ. રોકનાર; અટકાવનાર.

પાબંદી ૧. સ્ત્રી. અધીનતા; જકડતા.

૨. સ્ત્રી. કોઈ બાબતને અનુસરવાની આવશ્યકતા; કોઈ વિશેષ કાર્ય કરવાની લાચારી.

૩. સ્ત્રી. નિયમ, પ્રતિજ્ઞા, આદેશ, વિધિ વગેરેનું પાલન; નિયમિત રૂપથી કોઈ વાતનું અનુસરણ.

૪. [સં.] સ્ત્રી. પગબંધણી; અંકુશ; બંધાઈ રહેવાની સ્થિતિ.

૫. સ્ત્રી. લાચારી; મજબૂરી.

પાબંદ [સં.] સિ. નિયમસર કોઈ કામને વળગી રહેનાર; ચુસ્ત બંધનવાળું; મક્કમ.

પાભારી ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. સિ. એ નામની અટકનું.

પાભેચા ૧. સ્ત્રી. લોહાણા જ્ઞાતિની એ નામની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ.

૩. સિ. એ નામની શાખાનું.

પામોર પું. લૂંટણ સુધી કે લૂંટણ કૂબે તેટલું પાણીવાળું સ્થાન.

પામોસ [સં.] પું. ચરણ ચૂમવાં તે; પાદવંદન.

પામોસી સ્ત્રી. પાદવંદન.

પામોસી કરવી = પૂજવું; માન આપવું.

પામ ૧. [સિં.] સ્ત્રી. કોતની બને બાજુ આવેલ ઊભા ઢોરા કે જેથી કોતનું ચૂંબણ છૂટું ન પડે.

૨. સ્ત્રી. રસ્સી; દોરી.

૩. સ્ત્રી.;ન. ખણ; અજવાળું; અરજ; ખૂબસી; આજ.

૪. ન. એક જાતનું ઝાડ.

૫. [સં. પામન્] ન. ખસનો રોગ.

પામકું ૧. ન. મુક્ત ભેદ.

૨. ન. અમદાવાદ પરગણે.

૩. ન. વિદ્વ.

૪. ન. પરીક્ષા; પારખું.

પામગ્ર [સં. પામન્ (ખસ) + ઘ્ન (નાશ કરનાર)] પું. ઔષધ. તે લોહીસુધારક હોવાથી ખસનો નાશ કરે છે.

પામગ્રી [સં.] સ્ત્રી. કટુમ; કુટકી.

પામડી (પામડી) ૧. સ્ત્રી. ખભે નાખવાનું વસ્ત્ર; ખેસ.

૨. સ્ત્રી. શરીરે પહેરવાનું ઊંચી જાતનું કપડું.

૩. [સં. પ્રાવર૪ (મૃગરોમનું બનેલું કીમતી ઓઢવાનું વસ્ત્ર)] સ્ત્રી. શેલું.

પામણ સ્ત્રી. પાંપણ.

પામણને પગટે કહો તો કુવા લાગીએ;
માલેચે મસ્તે શરીરમાં સાપ વહે.

પામણહાર સિ. પામનાર.

પામતું ૧. સિ. દિવેલ પામી શકે તેવી સ્થિતિમાં મરેલું; દિવેલ પામી શકે તેમ ગોઠવેલું. દીવા માટે વપરાય છે.

૨. સિ. પૈસેટકે પહોંચતું.

પામદેવ [સં.] પું. એ નામનો એક વૈદિક ઋષિ.

પામન [સં. પામન્] સિ. ખસના રોગવાળું.

પામર ૧. પું. કેવળ વિષયમાં જ બંધાયેલો જીવ.

૨. પું. ગુલામ.

૩. [સં.] પું. હલકો ધંધો કરનાર માણસ.

૪. પું. હલકો માણસ; નીચ કુળમાં ઉત્પન્ન થયેલ માણસ.

૫. સ્ત્રી. સુરતની એ નામની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. સિ. અર્વાચીન; હલકટ.

૮. સિ. એ નામની અટકનું.

૯. સિ. કંગાલ; રાંક.

૧૦. સિ. કેવળ વૈભવથી જ મોહ પામનાર. કેવળ રૂપથી મોહે તે ગમાર કહેવાય છે.

૧૧. સિ. ખલ; દુષ્ટ; પાજી.

૧૨. સિ. નિર્બળ; અશક્ત.

૧૩. સિ. નીચ; તુચ્છ હીણ; ક્ષુલ્લક; અધમ; સાંકડા મનનું.

૧૪. સિ. મૂર્ખ; બેવકૂફ; નાસમજ; અજ્ઞાન.

પામરજન જુઓ પામર ૧-૪.

પામરતા જુઓ પામરત્વ.

પામરત્વ ૧. ન. અજ્ઞાન; નહિ જાણવું કે સમજવાપણું.

૨. ન. અશ્લીલતા; હલકાઈ.

૩. ન. કેવળ વૈભવથી જ મોહ પામવાપણું.

૪. [સં.] ન. ખલતા; દુષ્ટતા; પાજીપણું.

૫. ન. તુચ્છતા; હીણપ; અધમતા; સાંકડું મન હોવું તે.

૬. ન. ધન રહિત તુચ્છ અવસ્થા; કંગાલિયત; રાંકાઈ.

૭. ન. નિર્બળતા; અશક્તિ.

૮. ન. મૂર્ખાઈ; બેવકૂફ હોવાપણું.

૯. ન. (વેદાંત) જ્ઞાનના સંસ્કારથી રહિત હોઈને વિષયભોગમાં આસક્તપણું.

પામરપણું જુઓ પામરત્વ.

પામરપંથ પું. નબળો ઉપાય.

પામરયોગ [સં.] પું. એક પ્રકારનો નિકૃષ્ટ યોગ. તે દ્વારા ભારતવર્ષના નટ, બાજીગર વગેરે અદ્‌ભુત ખેલ કરે છે. તેનાથી અનેક રોગોનો નાશ અને અદ્‌ભુત શક્તિઓની પ્રાપ્તિ થવાનું મનાય છે. કેટલાક લોકો તેને મેસ્મેરિઝમની અંતર્ગત માને છે.

પામરી ૧. [હિં] સ્ત્રી. એક જાતનું ભાતી સુવાસવાળું ઘાસ.

૨. સ્ત્રી. પછેડી; પિછેડી.

૩. સ્ત્રી. પરાગ.

૪. સ્ત્રી. પામર જુઓ.

૫. [સં. પ્રાવાર (ઉત્તરીયવસ્ત્ર)] સ્ત્રી ૨હાથી અથવા ઊનના નાજુક વસ્ત્રનું તથા સુંદર કારેલી કોરનું અને ખભે નાખવાનું કે ઓઢવાનું કપડું; નાજુક વસ્ત્રની ઊંચી કસબી ચાદર; ઉપરણો; દુપટ્ટો.

બાળને પગ સુવાય ઓઢાયે પામરી;
જેના હોયે મેમાન તેની વસ્ત્ર બાજરી.

ભોજીદાસ

પામરી આપવી-ઓઢાડવી-પહેરાવવી = માન કે સરપાવ આપવાં.

૬. સ્ત્રી. સુગંધ; મહેક; સુવાસ.

૭. સ્ત્રી. હલકી કોમ; નીચ કોમ.

૮. સિ. ગંભીર કહેવાય.

પામરોદ્ધારા [સં.] સ્ત્રી. ગળો; ગડૂચી.

પામર્દી ૧. [સં.] સ્ત્રી. ખેર.

૨. સ્ત્રી. ૬૪ નિબંધ.

૩. સ્ત્રી. બહાદુરી.

પામલીઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. તેની પાસે પ્રાકૃતી સંગમ આવેલ છે.

પામવું ૧. સ. ક્રિ. મળવું.

૨. સ. ક્રિ. આવી પહોંચવું.

૩. સ. ક્રિ. જાણવું.

૪. સ. ક્રિ. જાણવું; સમજવું; કળી જવું.

પામી જવું = (૧) ભણવું. (૨) પકડી આપણી; બોટી રીતે કરાવવું. (૩) સમજી જવું; કળી જવું.

૫. સ. ક્રિ. તાબે થવું; કરજે જવું.

૬. [સં. પ્ર + આપ્ (મેળવવું)] સ. ક્રિ. પ્રાપ્ત કરવું; મેળવવું.

કયાંને પામવું = દુઃખી હાલતમાં આવી પડવું.

૭. સં. ક્રિ. જોમવવું.

૮. સ. ક્રિ. લાવવું; આણવું.

૯. સ. ક્રિ. સહન કરવું; ખમવું; સહેવું.

પામસ જી. ભેટ; અર્ઘ.

પામા ૧. પું. એક પ્રકારનો અપનો રોગ.

૨. [સં. પામન્] પું. એક પ્રકારનો ગુમ્બમ ફોડ; ખૂજલી; વિસર્પિકા; ફોલ્લી અને ચળી હોલ્લીઓ હોય તેમાંથી રસી ઝરે અને વધુ વધુને તેવો ફોડ.

૩. પું. ખોટીવિચારથી ઉત્પન્ન થતો એક પ્રકારનો ચામડીનો રોગ; એક જાતનું ચામડીનું દર્દ.

૪. [સં.] સ્ત્રી. ખસનો રોગ.

૫. સ્ત્રી. વનસ્પતિમાં થતો એક જાતનો રોગ; એક જાતની વિનાશક પરોપજીવી ફુગ. આ દરદ જે વનસ્પતિને થાય છે તે વનસ્પતિ ઉપર કાળા રંગના, જીંગડાં જેવા ડાઘા પડી જાય છે.

પામાખેડી (પામાખેડો) જી. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ.

પામાણી ૧. પું. એક પ્રકારનો છંદ.

૨. સ્ત્રી. ખેડુઆ કણબીની એ નામની એક અટક.

૩. જી. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

પામારિ [સં. પામન્ (ખસ) + અરિ (દુશ્મન)] પું. ગંધક; પામણ.

પામાલ ૧. [જી.] વિ. ઠમરાયેલું; નાશ પામેલું; પાયમાલ; પદદલિત.

૨. [હિં.] વિ. બરબાદ; સત્યાનાશ.

પામાલી [જી.] સ્ત્રી. નાશ; બરબાદી.

પામીર જ. મધ્ય એશિયામાં આવેલો એ નામનો ઉચ્ચ પ્રદેશ.

પામુખ પું. એક જાતનો છોડ. તેને બધાં સુંદર ફૂલ હોય છે.

પામેડો પું. સુતરાઉ તાણા અને ઊનના વાણાવાળું સળીદાર કપડું.

પામેડી (પામેડો) સ્ત્રી. એક જાતનો દરિયાઈ જીવ.

પામોજ ૧. પું. એક જાતનું કબૂતર. તેને પગની આંગળીઓ સુધી પીંછાં હોય છે.

૨. પું. સવારી વખતે સવારની પિછવી પોતાના મોઢાથી પકડનાર ઘોડો.

પાય ૧. પું. ઘુરસી, ટેબલ કે ખાટલાનો પાયો.

૨. [સં. પાદ; પ્રા. પાય] પું. પગ; ચરણ; પદ.

ચલ્યુ ચલન ગતિવંત મે આતિ પાદ પદ પાય;
પદ્મદલ કરી કુંવરીનાં લેણી સન્મુખ જાય.
પિત્રજલપુત્રોપ

પાય-પાયે પડવું-લાગવું = (૧) પગે પડવું. (૨) પગે લાગવું; નમસ્કાર કરવાં; નમવું. (૩) માફી માગવી; ક્ષમા યાચવી.

૩. પું. ખોડો કે ગાય'નું ચરણ; પદ.

૪. [સં.] ન. પાણી; જળ.

પાયઅલંકાર [સં. પાદ (પગ) + અલંકાર (ઘરેણું)] પું. પગનું ઘરેણું.

પાયક ૧. પું. (જિનશ) એ નામનો એક અક્ષરમેળ છંદ; આસુર; નરકોદ્ગા; માનવહીરા; સુરકીડા; માણવક. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૨. [હિં.] પું. દાસ; સેવક; અનુચર.

૩. પું. દૂતઃ હરકારો; એપિયો.

૪. [સં. પાદિક] પું. પગપાળો સિપાઈ; પગે ચાલનારો સૈનિક.

અબ જાય રણ પાયક પ્રૌઢ, ચાલ્યું દળ ચાલ્યું.
દેવીદાસ

૫. પું. પાન કરનાર વ્યક્તિ.

૬. સ્ત્રી. ચારણની એ નામની એક અટક.

૭. જ. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

પાયકદળ જ. પાયદળ; પગદા; પગે ચાલનારું લશ્કર.

પાયકંબલ [સં. પાદકમ્બલ] પું.; ન. પાયરણ; પગે પાથરવાનો ગાલીચો.

પાયકા ૧. પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કલરવનવરા. તેના દરેક ચરણમાં બે જગણ, તગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૨. જી. માળા.

પાયકારત [જી.] પું. પોતાના ગામની પોતીકી કે પારકી જમીન ઉપરાંત બીજા ગામની જમીન ખેડનાર ખેડૂત.

પાયકારસ્ત જુઓ પાયકારત.

પાયકિરત [જી.] વિ. ઉજ્જડ; વેરાન; ખેદાનમેદાન.

પાયકિરસ્ત જુઓ પાયકિરત.

પાયખાના [હિં.] પું. સંડાસ; જાજરૂ.

પાયખાનું ૧. ન. મેલું.

૨. [જી. પાયરખાનહ] ન. સંડાસ; જાજરૂ.

શિવાજીના રાયગઢના કિલ્લામાં કેટલાંક ખંડિયેરોનાં પાયખાનાં નીચે ખાળકૂવા જણાતા નથી. જેપુરના જૂના મહેલનાં પાયખાનાં નીચે પણ ખાળકૂવા જણાતા નથી. એ વખતે સાંગીઆ પાસે સાફ કરાવવાની રીતિ ચાલુ થયેલી હોવી જોઈએ. આમેરના મહેલનાં કેટલાંક પાયખાનાંની નીચે જમના નદી વહે છે, એટલે ત્યાં કદાચ સાંગીની જરૂર પડી નહીં હોય. ગુ. સા. પરિષદ

પાયગાઈ [જી.] સ્ત્રી. ઘોડાર; અશ્વશાળા.

ઘોડા વધી પાયગાઈ કીધી. કાન્હડદેપ્રબંધ

પાયગા ૧. સ્ત્રી. એક સરદારની સત્તા તળે જેટલા ઘોડા તથા સવારો હોય તેનો સમૂહ.

૨. [જી.] સ્ત્રી. ઘોડેસવારની લશ્કરી એક નાની ટુકડી; ઘોડેસવાર પલટણનો એક ભાગ; અશ્વદળ.

૩. [સં. પાયગાહ્] સ્ત્રી. લશ્કરી ઘોડાનો તબેલો; ઘોડાર; અશ્વશાળા.

આપણી પાસે જાતવંત ઘોડાની પાયગા છે.
ર.ા'કવાઠ

પાયગાડી સ્ત્રી. પગથી ઓળવાનું વાહન; 'સાઇકલ.'

પાયગાહ [જી.] સ્ત્રી. પગ મૂકવાની જગ્યા.

પાયગામિક [સં.] વિ. ટેપી; વૈરી.

પાયચંદ પું. (જૈન) એ નામનો એક ગચ્છ. ખતર, પાયચંદ, ગચ્છ પક્ષાદિ ચોર્યાશી ગચ્છો જુદાં જુદાં કારણોથી જુદા જુદા આચાર્યોએ સ્થાપન કર્યા હતા.

પાયચાલી સ્ત્રી. વિચારતાં વિચારતાં આમતેમ ચાલવું તે; આમતેમ ફરવું અને વિચાર કરવા તે.

પાયચો [જી. પાયચહ (સુરવાલ)] પું. સુરવાળની એક ઢાંગ. તેમાં પગ રહે છે.

પાયચ્છિત્ત [પ્રા.] ન. પ્રાયશ્ચિત્ત; પાપનો પશ્ચાત્તાપ; ગુના કે અપરાધની શુદ્ધિ માટે કરાવેલ તપ વગેરે.

પાયજેજર ૧. વિ. કુટુંબજનોમાં ઉછરેલું.

૨. વિ. બેડીથી જકડાયેલું.

પાયજમા [જી.] પું. પહોળો સુરવાળ; પાયજામો.

પાયજામે ૧. [જી.] પું. એક જાતનું કપડું.

૨. વિ. મૂર્ખ; બેવકૂફ.

પાયજામો [જી. પાયજમા] પું. સુથણો; ચોરણો; સુરવાળ.

પાયઠ પું. હાંસી.

પાયઠમકો પું. પગનો ઝટકો.

પાયડી (પાયડી) સ્ત્રી. પાટડી; બી કરવાનું નાનું વાસણ.

પાયણ ૧. પું. (કચ્છી) પાણો.
૨. સ્ત્રી. આખની પાંપણ.
૩. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું.

પાયણી ૧. સ્ત્રી. સુથરાની એ નામની એક ભટક.
૨. ન. એ નામની ભટકનું માણસ.
૩. વિ. એ નામની ભટકનું.

પાયણું ન. પારણું; ધોડિયું.
વળી પાયણામા પર્યંક વિદોલે, પોઢમા હરિ ધરમાંદે. ગિરધર

પાયન્નુસૂત્ર ન. (જૈન) એ નામનાં ધાર્મિક પુસ્તકો માંહેનું કરેક. તે કુલ દસ છે: (૧) ચતુસ્સારણસૂત્ર, (૨) પચ્ચખાણસૂત્ર, (૩) તદુલ વૈયાલિકસૂત્ર, (૪) ભક્તિપરિજ્ઞાનસૂત્ર, (૫) મહાપ્રત્યાખ્યાનસૂત્ર, (૬) ચંદાવિજ્ઝયસૂત્ર, (૭) ગણિવિજ્જયસૂત્ર, (૮) મરણસમાધિસૂત્ર, (૯) દેવેંદ્રસ્તવનસૂત્ર, (૧૦) સંસારસૂત્ર. આ ઉપરાંત નંદિસૂત્ર, યોગધારાસૂત્ર પણ ઉમેરવામાં આવે છે.

પાયતખ્ત ૧. [ફા.] ન. જે શહેરમાં રાજા રહેતો હોય અને જ્યાં રાજ્યગાદી હોય તે સ્થાન; રાજધાની; પાટનગર.
૨. ન. રાજપાટ; સિંહાસન; રાજ્યગાદી.

પાયતલ [સં. પાદતલ] ન. પગનું તળિયું.

પાયતાન ન. પાટલાનું; પગરખું.

પાયતાબા ન. પગનું મોજું.

પાયતિખ્યા ૧. [સં.] સ્ત્રી. વાળ બાંધવાની મોતીની માળા.
૨. સ્ત્રી. વાળમાં ચૂસેલ ફૂલની માળા.

પાયત્ત પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; વીશ. તે જૂહતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, જગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

પાયત્તારો જુઓ પાયત્ત.

પાયત્રા સ્ત્રી. નોકરી; ખિદમત.

પાયદલ જુઓ પાયદળ.

પાયદરેત ૧. સ્ત્રી. મરણયાત્રા.
૨. [ફા.] સ્ત્રી. મરેલાના ફળની પાછળ પીળે પગે ચાલવું તે.
૩. ન. મૃત્યુ.
૪. વિ. ડાઘને નાશ પામેલું.

પાયદાગ [સં. પાદ (પગ) + દાહ (લાકડાં)] ન. પગે ચાલનારાઓ લાકડાં ચેરવા ખાડામાં પધરાવે. ત્રિકમ ખાંડિયું. ખાંડિયું પગે ચાલનારાઓ લાકડાં ચેરવા ખાડામાં પધરાવે. ત્રિકમ

પાયદાન ન. પગનું પગથિયું.

પાયદામા [ફા. પાયદામ] પું. પણી પાટલાની જાળ.

પાયદાર ૧. [ફા.] વિ. ટકાઉ; લાંબું ચલે તેવું; મજબૂત.
૨. વિ. પાયાદાર; આધારવાળું.
૩. વિ. પાયાવાળું.

પાયદારી [ફા.] સ્ત્રી. સ્થિરતા; મજબૂતી; દૃઢતા.

પાયન ૧. [સં. પદ્] પું. પગ.
૨. [સં.] ન. પિવડાવવું તે; પાન કરાવવું તે.

પાયનગન [સં પાદનખ] ન. પગે લાગવું તે.

પાયની [સં.] સ્ત્રી. હથિયાર વગેરેને તીક્ષ્ણ કરવા માટે પાણી પાવું તે.

પાયપઠ્ઠ (પાયપઠ્ઠુ) ન. પાદપતન; પગમાં પડવું તે; નમન.

પાયપાંદડી (પાયપાંદડો) સ્ત્રી. સુકોમળ પગ.
એક નવયૌવના બાલાની બીજો રેશમદોર ઝાલી એક પાયપાંદડી નોબાપલિતા કરકમલમાં મૂકીને કટિદેશે બીજા હસ્તતલમાં કોકાઈ કિસ્તીમાં હલે છે. નાનાલાલ

પાયપીઠ [સં. પાદપીઠ] ન. બાજોઠ; પગ રાખવાનું આસન.

પાયપુંચ્છક [સં. પાદપ્રોચ્છન] ન. (પ્રાકૃત) પગની રજ લૂછવાનું રજોહરણ.

પાયપોસ ૧. [ફા.] પું. પગ ધોયેલો પોચાટ.
૨. સ્ત્રી. પાપોશ; પગરખું; જોડો; બાસડું.

પાયપોસા પું. એક જાતનો આંબો.

પાયબંદ [ફા.] પું. પગે બાંધવાનું દોરડું.
ઘોડાના આગલા તથા પાછલા પગના પાયબંદની મેખત કર ગામ ગણાય છે. આઈને અકબરી

પાયબંધ જુઓ પાયબંદ.

પાયબંધણ ૧. [સં. પાદબંધન] ન. પગ બાંધવાનું દોરડું.
૨. [સં. પાત્રબંધન] ન. (જૈન) પાત્રાં બાંધવાની ઝોળી.

પાયબાડીની સ્ત્રી. આડો રહેલી મહેસૂલ.

પાયબોસી [ફા.] સ્ત્રી. પગ ચૂમવા તે; કદમબોસી; પાદચુંબન.

પાયમાલ ૧. સ્ત્રી. બરબાદી; નાશ.
૨. સ્ત્રી. દુર્ગતિ; અધોગતિ
૩. વિ. ઉંડ દુર્દશામાં આવી પડેલું; ખુવાર; દુઃખી; બરબાદ થઈ ગયેલું; નાશ પામેલું; તબાહ; તળિયાઝાટક નાશ થયેલો હોય તેવું; દટાયેલું; જડમૂળથી ઊખડી ગયેલું.
૪. [ફા. માલિદન્ (મસળવું)] વિ. પગે મસળી નાખેલું
૫. વિ. હલકોલાહ; જેની પાસે કંઈ જ રહેલું ન હોય એવું; નાદાર; ગરીબ.

પાયમાલી ૧. [ફા.] સ્ત્રી બરબાદી; બારે દુર્દશા; બરાબ હાલત; ખુવારી.
૨. સ્ત્રી. દુર્ગતિ; અધોગતિ; પડતી.
૩. સ્ત્રી. વિનાશ; જેહાલી; લય; નિકંદન; ઉચ્છેદ.

પાયમેઢર ન. ઝભ્ભાનાં ખભ્ખ આગળ પાછળ પહેરેલું આવરણ. તેમાં ઝભ્ભાના પોષણ માટે રત્નજડિત મણકાની જાળ પથરાયેલી હોય છે.

પાયમોસ [ફા.] પું. પગ ઘુમી આપવું તે.

પાયર ૧. પું. દંતાળ; ખેતીમાં વપરાતું એક સાધન. ૨. ન. એક જાતનું કંમારતી હાથકું.

પાયરક્ષક [સં. પાદરક્ષક] વિ. પગનું રક્ષણ કરનાર.

પાયરવ [ફા.] સ્ત્રી. પ્રવેશ; દાખલ થવું તે.

પાયરા ૧. [હિં.] પું. એક પ્રકારનું કઠોતર. ૨. પું. રકાબ; પેમડું.

પાયરાસ ન. સવારનું ઝભ્ખ; શિરામણ.

પાયરિયા ૧. સ્ત્રી. કપૂનીની એ નામની એક અટક. ૨. ન. એ નામની અટકનું માણસ. ૩. વિ. એ નામની અટકનું.

પાયરી ૧. સ્ત્રી. ઉપર ઉપર આવતો ક્રમ; શ્રેણી; પરિપાટી.

૨. [જો.હું. પાયડી] સ્ત્રી. એક જાતની ઊભી કેરી, આ કરા ઓકું, ઊંચા રંગનું, ઠોઠ કેર સુધીના વજનનું થાય છે.

૩. સ્ત્રી. ગૌરવ; પ્રતિષ્ઠા; માન; ઝરતબો.

૪. સ્ત્રી. પગથિયું; પગ મૂકવાનું સાધન.

૫. સ્ત્રી. પાવડી; ઠોઠો; દરજ્જો.

૧. પાયરી ઉતારવી = અધિકારના ક્રમમાં નીચે ઉતારવું.

૨. પાયરી ઊતરવી = દરજ્જો ઊતરવો; પાવડી ઊતરવી.

૩. પાયરી ચડવી–ભળવી–પાયરીએ ચડવું = અધિકારના ક્રમમાં આગળ વધવું.

૬. સ્ત્રી. પંક્તિ; હાર; ઓળ.

૭. સ્ત્રી. પીપરનું ઝાડ.

૮. સ્ત્રી. મોટા સજ્જાર્ડની બે બાજુએ માણસને ચાલવા બાંધેલો કરસબંધીનો માર્ગ; પગથી.

૯. સ્ત્રી. વર્ગ; જાત; પ્રત.

૧૦. સ્ત્રી. સીડી, નિસરણી; હાદર; પગથિયાની હાર.

પાયરેણુ [સં. પાદરેણુ] સ્ત્રી. પગની રજ; પદધૂલિ.

પાયરો સ્ત્રી. કામ ધોવાની એક જાતની દવા.

પાયરોમિટર ન. નક્કર પદાર્થનો અગ્નિથી થયેલો વિસ્તાર માપવાનું યંત્ર. ૬૦૦ ફેરનહીટ ડીગ્રીથી વધુ ગરમી થર્મોમિટરથી માપી શકાતી નથી. માટે તે ઉપરની ગરમી માપવાને પાયરોમિટર વપરાય છે.

પાયલ ૧. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે બરવૈ છંદનો ભેદ છે. તેમાં પંદર ગુરુ અને આઠ લઘુ મળી ત્રેવીસ વર્ણ હોય છે. ૨. સ્ત્રી. ઉનાળે ચાલનારી હાથણી. ૩. સ્ત્રી. વાંસની નિસરણી

૪. [ફા.] સ્ત્રી.;ન. સ્ત્રીઓને પગે પહેરવાનું એક જાતનું ઘરેણું; પગના ઘૂઘરા; ઝાંઝર.

૫. ન. જન્મતી વખતે પગ પહેલો બહાર આવ્યો હોય એવું બાળક.

૬. વિ. સહેલું.

૭. વિ. સ્થિર; દૃઢ; ખસે નહિ એવું.

પાયલટ ૧. [અં.] પું. બંદર વગેરે બંદરી જગ્યાએ સુકાનીનું કામ કરનાર લાયસાતધારી નાવિક.

૨. પું. હવાઈ જહાજનો નિયામક.

પાયલગણ ન. પગે લાગવું તે; પાયવંદન.

પાયલાગણું ન. પગે લાગવું તે.

પાયલિત્તાઇક ન. પાલીતાણા; સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું એક શહેર.

પાયલિત્તાન જુઓ પાયલિત્તાઇક.

પાયલિપ્ત સૂરિ પું. એ નામના એક જૈનાચાર્ય. વિ. સં. બીજા સૈકાના અરસામાં થયેલા પ્રસિદ્ધ નાગાર્જુનને પોતાના ગુરુ પાદલિપ્ત સૂરિ કે પાયલિપ્ત સૂરિના નામથી શત્રુંજય પર્વતની તળેટીમાં પાયલિત્તાઇક, સંસ્કૃત પાદલિપ્તસ્થાન એટલે હાલનું પાયલિત્તાન કે પાલીતાણા વસાવ્યું.

પાયલી ૧. સ્ત્રી. આર આની; આર આનાની કોમતનો ચલણી સિક્કો; પાવલી.

૨. [સં. પાદ] સ્ત્રી. ચોથો ભાગ.

૩. સ્ત્રી. પાલી; આર શેર માપ એવું અનાજ માપવાનું વાસણ.

પાયલું ૧. ન. પાવલું; આર આનાનો ચલણી સિક્કો; આર આની; પાવલી; પાયલી.

૨. ન. સોનાની પાવલીઓના ગંઠણવાળું ગોઠમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

પાયલો પું. પગ.

પાયલે નેપૂર રમઝમ વાજે. નરસિંહ

પાયલોટ સ્ત્રી. ગુજરાતી-કોંકણ કાંઠાપંથમાં મળતી નાર ઇંચ લાંબી એક જાતની દરિયાઈ માછલી. તે બાજુ વાદળી રંગની કાળી આડી સળીઓવાળી હોય છે.

પાયવ [સં. પાદપ] પું. વૃક્ષ; ઝાડ.

પાયવંદ ૧. પું. (જરથોસ્તી) મરનારના ઓરડામાં જનાર બે માણસોએ પોતાની વચ્ચે ઘરવાનું કપડું અથવા સુતરાઉ પાટી.

૨. પું. (જરથોસ્તી) મુડદાની પાછળ બળતણની ગોદીમાં ચાલતા પારસીઓએ પોતાની વચ્ચે પકડેલો રૂમાલ.

પાયવંદણ જુઓ પાયવંદન.

પાયવંદન [સં. પાદવંદન] ન. પગે લાગવું તે.

પાયવાઇ સ્ત્રી. પગદંડો; કેડી.

પાયવિહાર [સં. પાદવિહાર] પું. (જૈન) પગે ચાલીને જવું તે.

પાયવેલ ૧. સ્ત્રી. ઝાંઝર; નુપૂર.

૨. સ્ત્રી. વેલ જેવો સુકોમળ પગ.

શાહજહાની જબળી પાયવેલમાં બાનગાદી ઠાલી
પાયવેલ મૂંઝીને શાહજાદાના વિશાલ વક્ષઃસ્થલને
ખોળે આરામગાહ દીધે છે. નાનાલાલ

પાયસ ૧. [સં.] ન. અમૃત.

૨. ન. ઢરપેંટાઈન નામનું તેલ; નખતેલ.

૩. ન. દૂધ.

૪. ન. દૂધની એક બનાવટ; ખીર; ક્ષીર; દૂધપાક.

૫. ન. સાંદ્ર પ્રવાહી; અવલેહ.

૬. વિ. દૂધ કે પાણીનું બનેલું.

૭. વિ. પાણી સંબંધી.

પાયસર્પિંડાદક [સં.] વિ. ખીરનો લોખીન.

પાયસરસ [સં.] પું. દૂધ, ઘી વગેરે સૌમ્ય ખોરાક જમ્યા પછી આંતરડાંની દીવાલોમાંથી પયસ્વિની નામની રસાવનીઓ વડે ચુસાતો ખોરાકનો સારરૂપ દ્રવભાગ; મિશ્ર રસ; સૌમ્ય રસ; 'ચાઇલ.' તેની અંદર ચરબીનાં બિંદુઓ તરતાં હોવાથી તે રસ દૂધના જેવો હોય છે.

પાયસરોજ [સં. પાદ (પગ) + સરોજ (કમળ)] ન. પદકમળ; ચરણારવિંદ

પાયસહાય પું. સોબતી; મેળાપી; મળતિયો.

પાયસા [સં. પાર્શ્વ] પું. (હિંદી) પડોશ; આસપાસનું સ્થાન.

પાયસાન્ન [સં.] ન. દૂધપાક; ખીર.

બાજુની પુરી પાયસાન્ન છે, ઘૂતની પુરી અપાર.
રતનેશ્વર

પાયસિક [સં.] વિ. દૂધપાકની બક્તિવાળું; ખીર જેને ભાવતી હોય તેવું.

પાયસો ૧. પું. ઓરણીનો નીચેનો ભાગ; પાયજામાની બાજુ; પાયચો.

૨. પું. પડોશ.

પાયસ્તંભ [સં. પાદસ્તંભ] પું. પાયાનો થાંભલો.

પાયંતી સ્ત્રી. પલંગની પાંગત.

પાયંદા [ફા.] વિ. કાયમી; સ્થિર; દૃઢ.

પાયંદાજ [ફા.] ન. પગલૂછણું; દીવાનખાનામાં જતા પહેલાં પગ લૂછવાનું સાદડી જેવું સાધન.

પાયા અચોળી પું. કુસ્તીનો એક દાવ.

પાયા ઉખેડ (પાયા ઉખેડ) વિ. નખોદિયું; જડમૂળથી નાશ કરે એવું.

પાયાકુલક નું (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; પાદાકુલક. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

ચાર ચરણમાં ગુરુ ઉપર છે,
સાળ કળાનો એવો પદ છે;
પાયાકુલક કમાથી શોભે,
બે ચાર નવ જગ તાલ જ બોલે. ઇન્દ્રપિંગળ

પાયાદાર વિ. આધારવાળું; મજબૂત.

૨. વિ. પાયાવાળું.

૩. વિ. વિશ્વાસ રાખવા જોગ; ખરું; ભરોસાપાત્ર; વિશ્વસનીય.

પાયાન [સં.] પું. ઉંડો; સમાધિ.

પાયાની જુઓ પાષાન.

પાયાપાસા સ્ત્રી. એ નામની એક જાતની કેરી.

પાયાપાસા નામની સૌથી જાતની પુનાની કેરીની બધુ જ મીઠી વાસ આવે છે.

ગમીગાનું પુસ્તક

પાયાપૂર વિ. પાયાના માપ જેટલું; પાયો પુરાય તેટલું.

પાયાબ [સં. પાદ (પગ) + આબ (પાણી)] વિ. પગે ચાલીને સામે પાર જવાય એટલું પાણી જેમાં હોય તેવું; પગે ચાલીને ઊતરી શકાય એવું.

પાયાભાંગક પું. છોડી દીધેલ બાળક.

પાયાળી [સં.] સ્ત્રી. પગે ચાલીને ઊતરી શકાય એટલું પાણી હોવું તે.

પાયાર [સં. પ્રાકાર] પું. કિલ્લો; દુર્ગ.

પાયારહિત વિ. આધારરહિત; નિરાધાર; મુદ્દા વગરનું.

પાયાલ [સં. પાતાલ] ન. પાતાળ.

પાયાલ ત્રિત્તિ ખનત કરજ,
ઉચી ઉદ્ર સમા લગઇ. લાલચંદસમય

પાયાસન ન. પગ રાખવાની જગ્યા.

આધારના નહીં કેમકે તે દેવનું રાજાસન છે અને પુજ્યના નહીં કેમકે તે તેનું પાયાસન છે અને તું તારા માથાના પણ સમ ન ખા, કેમકે તારાથી એક નિમાળો ધોળો અથવા કાળો નથી કરાતો. વિનયવિજયનો સંદેશ

પાયાળ ૧. વિ. પગવાળું.

સહસ્ર શીર્ષાળો એ પુરુષ,
સહસ્ર આંખાળ સહસ્ર પાયાળ. નાનાલાલ

૨. જુઓ પગાળુ.

પાયાળુ વિ. પ્રસવને વખતે જે બાળકના પગ મહેલા બહાર આવ્યા હોય એવું.

પાયાં ૧. ન. પગ; પાણી.

૨. ન. બ. ૧. આંકમાં પાનાં પદ્મ.

પાયિક ૧. [સં.] પું. પગો; પગદળ સિપાઈ; પ્યાદું.

૨. પું. સદેસો ગાઈ જનાર માણસ; દૂત.

પાયિકા ૧. [સં.] સ્ત્રી. પાનખર ઋતુ.

૨. સ્ત્રી. દૂકાનરસ્તા.

પાયિત ૧. ન. પીવા યોગ્ય વસ્તુનું દાન.

૨. [સં.] વિ. પિવડાવેલ; પાણી પાવેલ. હથિયાર માટે વપરાય છે.

પાયિતામૃતદેવાંશ [સં.] પું. પુરુષોત્તમનાં દત્તાત્રેય માર્ગનું એક નામ.

પાયી [સં. પાયિન્] વિ. પીનાર; પાન કરનાર.

પાયુ ૧. પું. ઋગ્વેદના દશમા મંડલના ૭૮મા સૂક્તનો રચનાર એક ઋષિ.

૨. પું. ભરદ્વાજ ઋષિનો એ નામનો એક પુત્ર.

૩. પું. (જૂ. ગુ.) મકાનનો પાયો.

આલેણી ગઢ પાયુ દિધ,
રાજહર ચોટાં મંદિર કિધ. લાવણ્યસમય

૪. [સં.] સ્ત્રી. ગુદા; મલત્યાગની ઇંદ્રિય. તે કર્મેંદ્રિયમાં ગણાય છે.

૫. ન. (તાંત્રિક) છત્રીસ માંહેનું એ નામનું એક તત્ત્વ.

પાયુદ્વાર [સં.] ન. અપાનદ્વાર; ગુદા.

પાયુપારણી [સં.] સ્ત્રી. બોલિચકની દરેક બાજુએ રહેલી એ નામની એક પેશી. આ પહોળી અને પાતળી પેશી અસ્તિગુહાની બાજુ ઉપર લાગેલી હોઈ, સામી બાજુની એ નામની પેશી સાથે મધ્યરેખામાં મળી જઈ તે અસ્તિગુહાનું તળિયું બનાવવામાં મુખ્ય ભાગ લે છે. જેમ બને દરીળી મળીને બનેલા ખોખામાં વસ્તુઓ રહી શકે છે, તેમ બને પાયુપારણી પેશીઓ વડે મળીને બનેલી અસ્તિભૂમિ ઉપર ગુદદ્વાર, અસ્તિ, ઉપસ્થમૂળ વગેરે અવયવો રહેલા છે આ પેશી અસ્થિની પાછલી બાજુ ઉપરથી, કુકુંદરકંદક ઉપરથી તથા અસ્તિગુહાંતરીના નામની ગ્રંથ ઉપરથી ઉત્પન્ન થાય છે. તેના બોધ તંતુ અનુત્રિકાસ્થિના અગ્રભાગને, બોધ સેરુનીમાં તથા બોધ ગુદદ્વારની આસપાસ લાગેલા છે. આ પેશી ગુદા, ઉપસ્થ, અસ્તિ વગેરેને ટેકો આપે છે અને પાયુસંકોચની નામની પેશીની સાથે મળીને ગુદાને ઊંચે ખેંચે છે તેમ જ સંકોચે છે.

પાયુમોક્ષ [સં.] પું. ચંદ્રાયણના મોક્ષનો એક પ્રકાર. તેમાં મોક્ષ નૈર્ઋત્ય કે વામ્ય ખૂણામાંથી થાય છે. જો નૈર્ઋત્ય ખૂણામાંથી મોક્ષ થાય તો તેને દક્ષિણ પાયુભેદ અને વામ્ય ખૂણામાંથી થાય તો વામ પાયુભેદ કહે છે. આ બંને પ્રકારના મોક્ષથી સામાન્ય મૂત્રપીડા અને મૂત્રદૃષ્ટિ થતી મનાય છે.

પાયુસંકોચની [સ.] સ્ત્રી. બોલિચકમાં રહેલી એ નામની એક પેશી. તે પાયુપારણી પેશી સાથે મળીને ગુદાને ઊંચે ખેંચે છે તેમ જ સંકોચે છે.

પાયો ૧. પું. આધાર; આશ્રય; મૂળ; મદાર.

૨. પું. (મર્યાદિત) ઘાટઘૂણત્રિકોણમાં ઘાટઘૂણો કરનારી એક બાજુ; જેના ઉપર ત્રિકોણ ઊભો રહે તે બાજુ; 'બેઝ'

૩. [સં.] પું ખાટલો, કુરસી, ટેબલ કે ત્રિપાઈનો પગ કે ટેકો.

ખાટલે મોટી ખોટ કે પ્રથમ પાયો જ નહિ = મુખ્ય વસ્તુનો અભાવ હોવો.

૪. પું. ચોટીના ગાળાનો પગ.

૫. પું. ચોથો ભાગ.

૬. પું. જેની ઉપર કોઈ વસ્તુ ઊભી રહે અથવા ટેકાવાય તે.

૭. પું. ટેકો, આંબલો; સ્તંભ.

૮. પું. તળિયું.

૯. પું. ધોબીનાં કપડાં ધોવાનું કાંકરા ઠીકરાં વગરનું ચોખ્ખું; ધોબીઘાટ; લૂગડાં ધોવાનો લાકડાનો કટકો; ધોકો.

પગ પાડવા = ધોવા માટે કપડાંને ભીનું કરીને ધોબીઘાટે ધોબીએ ધોકવું.

૧૦. પું. નામનિશાની.

૧૧. પું. નીચેની બાજુ; મૂળ; અપટ બેસીને રહેવાની ઠોબ તે બાજુ.

૧૨ પું. પદ; ઠરાવ.

૧૩. પું. (જ્યોતિષ) ધનોતીની બેસણી. ધનોતી લોઢાનું, તાંબાનું કે સોનાનું પાયે હોય છે અને તે પ્રમાણે તેનાં મૂળ અનુમાનવામાં આવે છે.

૧૪. પું. (કચ્છી) પૈડું.

૧૫ પું. બકરાંબેટનું ઘૂંટણથી નીચે ભરી સુધીના પગનું માંસ.

૧૬. પું. (જ્યોતિષ) ભાગ.

૧૭. [સં પાદક] પું. ભીંતના તળનું મજબૂતર; જેના ઉપર દીવાલનો અને મકાનનો ભાર રહે છે તે મૂળનું બાંધકામ; બેસણી; તળ; જેના ઉપર ઇમારત ઊભી કરવામાં આવે તે મૂળ મજબૂતર. ગૃહવિજ્ઞાનમાં જણાવ્યું છે કે: દીવાલમાં બાજરી કરકસર કરવી તે બરાબર છે, પરંતુ પાયામાં સહેજ વધારે ખર્ચ થાય

તો ફરકત નથી. પાયો હમેશ નજર બહાર રહે છે તેથી તેની આખી તુરત ધ્યાન પર આવી શકતી નથી, એટલે તેની દુરસ્તી વખતસર થઈ શકે નહિ. વિશેષમાં પાયાની મજબૂતાઈનો આધાર જમીન ઉપર છે. ઊંડા પાયા લેવાના રિવાજમાં ટટ્ટીક વાર સોનું વેચી કથીર લેવા જેવું થાય છે. એવા ઘણા કિસ્સા જોવામાં આવ્યા છે કે પાયાનું તળ ઘણું સખત હોય છતાં ઊંડું ખોદવામાં આવે છે અને પછી પાયાના માલથી તે પૂરવામાં આવે છે. વસ્તુસ્થિતિ એવી થાય કે એકરસો, કકણ, મજબૂત માલ કાઢી નાખી તેની જગાએ અનેકરસો, પ્રમાણમાં ઓછો મજબૂત માલ નાખવામાં આવે. મતલબ કે, પડ્યા પહેલા અને ઊંડા જોઈએ એ સિદ્ધાંતને જોઈએ તે કરતાં વધારે ખેંચી જવો જોઈએ નહિ. સાધારણ સંયોગોમાં પાયો ત્રણ ફૂટ ઊંડો અને દોઢથી બે ફૂટ પહોળો હોય તે બરાબર કહેવાય.

૧. અડી પાયા = ખાંડું; અસકેલ મજબૂત.

૨. ઓછે પાયો = ઓછી સમજ; ઘેલછા.

૩. ગણ પાયાનું–સંજ્ઞાગણ પાયાનું = કમબખ્તનું; મૂર્ખ.

૪. દોઢ પાયો = ડાધારગું; બણસમજુ.

૫. પાકે પાયે કામ કરવું = ભાગી પડે નહિ એમ કામ કરવું.

૬. પાકે પાયે વાત જાણવી = ચોક્કસપણે હકીકત જાણવી.

૭. પાયા ઊખડી–ઊપડી જવા = મૂળમાંથી નાશ પામવું; જડમૂળ ખોદાઈ જવું; પૂર્ણ નાશ થવો.

૮. પાયા મજબૂત = કસુમય થવું; જોર નરમ પડવું.

૯. પાયા વિનાની વાત = આધાર રહિત બાબત.

૧૦. પાયામાંથી ઉઠી બેસવી = બહુતર ઊખાડી નાખવું; કરેલું કામ હલાવી નાખવું.

૧૧. પાયામાંથી ઊખડી જવું = પાયા ઊખડી જવા.

૧૨. પાયો ઉખેડી નાખવો = મૂળમાંથી નાશ કરવું.

૧૩. પાયો ઓછો હોવો = થોડું અસકેલું કે માઠું હોવું.

૧૪. પાયો ખોદવો–ભરવો = પાયાને ઠેકાણેસર માટી, પથ્થર ખોદી કાઢવાં.

૧૫. પાયો ચણવો = (૧) કામની શરૂઆત કરવી. (૨) મકાનના મૂળ બહુતરને ચણવાનું કરવું

૧૬. પાયો ટકવો = (૧) આધાર કે ટેકો આપવો. (૨) ઉત્તેજન આપવું; મદદ કરવી. (૩) બાદશો બરવામાં વધારે નહિ પણ બાબુને અંદર લેવાને પાયે ઉપાડવા જેટલી મદદ કરવી. (૪) બલામણ કરવી. (૫) સંમત થવું.

૧૭. પાયો નાખવો = (૧) બાતમુહૂર્ત કરવું. (૨) મકાણ કરવું; શરૂઆત કરવી. (૩) મૂળ ઘાલવું; દઢ થઈ રહેવું.

૧૮. પાયો પૂરવો-ભરવો-ભરવો = (૧) પાયો ખોદી રહ્યા પછી તેને પાણા, માટી કે ચૂનાથી ભરવો. (૨) મૂળનું કે પાયાનું બહુતર કરવું.

૧૯. પાયો બિલકુલ ન હોવો = જમીન ઉપરથી બહુતરકામ શરૂ હોવું.

૨૦. બોલ ફૂટે તે પથ્થર વરાણીએ = પાયો મજબૂત હોવાથી કૂદવાનું થાય.

૧૮. પું. મૂળતત્ત્વ; મૂળ કારણ; બીજ; ઉત્પત્તિ.

૧૯. પું. બોભો; પ્રતિજ્ઞા.

૨૦. પું. શરૂઆત; પ્રારંભ; સ્થાપના.

૨૧. પું. સીડીનું પગથિયું.

૨૨. [સં. પાદ; પ્રા. પાઅ] પું. સુખડી બનાવવા માટે કરેલો ગોળનો પાક. સુખડીનો પાગ ૧ સારો કર્યો હોય તો પછી કંઈ કરવત નહિ.

પાયોધી [સં. પયોધિ] પું. સમુદ્ર.
પૂર્વ પુનઃ પાયોધી કન્યા. દયારામ

પાયોપગરણ ન.ન.બ. ખંડી, બાંધણિયો, ડોલ, કોદાળી વગેરે પાયકર્મનાં સાધન.
અમના પાયોપગરણ જેહ,
હું નોંસિરાવું સપના તેહ. ઋષભદેવ

પાયોરિયા [અં.] પું. (વૈદક) દંતિદંતક; દાંતનો એક પ્રકારનો રોગ; દંતપૂયવિકાર.

પાર્શ્વ ૧. [સં.] ન. જળ; પાણી.

૨. ન. ધંધો.

૩. ન. પરિમાણ; માપ.

૪. ન. પાન; પીણું.

૫. ન. પીવું તે.

૬. ન. રક્ષણ.

૭. વિ. નિંદવા જેવું.

૮. વિ. પીવા યોગ્ય.

પાર્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઓળંગવું; સામે પાર જવું. તે ઉપરથી અનેક શબ્દ: અપાર, અપરંપાર, દેશપાર.

૨. સ. ક્રિ. પાર કરવું; પૂરું કરવું.

પાર ૧. [સં.] પું. અંત; છેડો; આરો; છેવટનો ભાગ; શેષ; અવધિ; પ્રાંત ભાગ.

૨. બહ પાર કે પેલે પાર = આમ કે તેમ; ગમે તે રીતે.

૨. પાર આવવો = નિકાલ આવી જવો; પૂરું થવું; અંતમ થવું.

૩. પાર ઉતારવું = (૧) ઉદ્ધાર કરવો; દુઃખ કે કષ્ટથી બહાર કાઢવું; કોઈ પણ કામ કે બાબતમાંથી કારમ કરવું. (૨) કોઈ પણ કામ પૂર્ણ કરવું. (૩) તારવું; મોક્ષ આપવો. (૪) બીજે કિનારે પહોંચાડવું. (૫) સમાપ્ત કરવું.

૪. પાર ઊતરવું = (૧) ઓળંગવું. (૨) છેડે પહોંચવું. (૩) પૂરું થવું. (૪) બે સીમા કે હદની વચમાં થઈને જતા રહેવું કે તરી જવું; તરી ઊતરવું; સહીસલામત સામે કિનારે નીકળી જવું; કોઈ એક બાબત કે ઉઠાવી બીજા છેડા લગી સારી રીતે કરી નાખવી તે; સામે કાંઠે પહોંચી જવું. (૫) સફળ થવું; મનની ધારણા બર આવવી; સિદ્ધિ કે સફળતા પ્રાપ્ત કરવી; સફળતાથી પૂરું થવું; સિદ્ધ થવું.

૫. પાર ઊતરી જવું = (૧) પાર ઊતરવું. (૨) મતલબ સાધીને અલગ થઈ જવું.

૬. પાર કરવું–મેલવું = (૧) ઉદ્ધાર કરવો; દુઃખ કે કષ્ટમાંથી બહાર કાઢવું. (૨) ઉપાડી જવું. (૩) કાપવાં પાડવાં. (૪) કોઈ વસ્તુનું ઉપર, નીચે કે વચ્ચે થઈને બીજી તરફ પહોંચવું; ઓળંગવું. (૫) કોઈ વસ્તુને ઉપર, નીચે કે વચ્ચે થઈને બીજી તરફ પહોંચાડવી. (૬) ગળવું. (૭) નદી વગેરેની વચમાં થઈને તેને બીજે કિનારે જવું. (૮) પૂરું કરવું; બલાસ કરવું; બાકીને સમાપ્ત કરી નાખવું. (૯) વિતાડવું.

૭. પાર કાઢવો = પાર મેલવો; બોટ બાબવો.

૮. પાર જવું = (૧) આરપાર થઈને સોંસરું નીકળી જવું; એક કિનારેથી બીજે કિનારે નીકળી જવું; ઓળંગવું; પસાર કરવું; પાર ઊતરવું; ઉલ્લંઘન કરવું. (૨) પૂરું કરવું. (૩) ફળીભૂત થવું.

૯. પાર થઈ જવું = (૧) આકરો મેળવવો. (૨) નાસી જવું.

૧૦. પાર થવું = જતા રહેવું; પાર જવું; બીજી તરફ પહોંચવું.

૧૧. પાર પડવું = (૧) સલામત રીતે તરી જવું; સામે કાંઠે પહોંચી જવું. (૨) સિદ્ધ થવું; સફળતાથી પૂરું થવું; ઉપટ આવવું, આબાદ થવું; ઉદય થવો.

૧૨. પાર પતવું = થઈ રહેવું, પતારાઈ જવું; આવી રહેવું.

૧૩. પાર પમાડવું = (૧) છુટ્ટો કરવો.

(૨) ઉપર ઉપર લઈ જવું. (૩) પૂરું કરાવવું. (૪) પેલે પાર પહોંચાડવું.

૧૪. પાર પહોંચાડવું = (૧) અંત લેવો. (૨) પારેલે દેખાવે પહોંચાડવું. (૩) સામે કાંઠે લઈ જવું.

૧૫. પાર પાડવું = (૧) ઉકેલ લાવવો. (૨) પૂરું કરવું; સંપૂર્ણ કરવું. (૩) સાધેક થાય તેમ કરવું; સિદ્ધ કરવું.

૧૬. પાર પામવો = (૧) પૂરું કરવું. (૨) ભેદ જાણવો. (૩) સમજવું; મનોભાવ, મર્મ કે રહસ્ય સમજવા.

૧૭. પાર પાડું = તાગ કાઢવો; માપવું.

૧૮. પાર મૂકવું-મેલવું-લાવવું = (૧) પૂરું કરવું; અભ્યાસ કરવો; સમાપ્ત કરી નાખવું; અંતમ કરવું; વધે નહિ તેમ કરવું. (૨) કૃતજ્ઞો લાવવો; નિકાલ લાવવો; ઉપરઢ લાવવું; પૂર્ણતાએ પહોંચાડવું; સિદ્ધ કરવું.

૧૯. પાર લાવવો = (૧) પૂરું કરવું. (૨) મુક્તિ આપવી; દુઃખમાંથી છૂટવું કે બરબ્ય આવવું.

૨૦. પાર મેળવો = ભેદ જાણવો; ગુપ્ત ભેદ કે રહસ્ય જાણવું.

૨૧. પાર હોવું = (૧) કાંઠે પહોંચવું. (૨) પૂરું થઈ જવું.

૨૨. બેડો પાર = વિજય.

૨૩. વાર પાર = (૧) એક છેડાથી બીજા છેડા સુધી. (૨) નદીને બંને કાંઠે.

૨૪. વારના પાર થયા = બધી જ વાર થવી.

૨. પું. આધારો; ટેરવું; આશ્રય.

૩. પું. એક છેડાથી બીજા છેડા લગી જવું તે.

૪. પું. એક પ્રકારની તુષ્ટિ; સંતોષ.

અર્જન અર્થાત્ પ્રાપ્તિમા દોષ જોઈ જે તુષ્ટિ થાય છે તે પાર. સાંખ્યદર્શન

૫. પું. કણસલાં કાપીને સુકાવા માટે નાને નાને જથ્થે નાખવું તે; કરણ કાપીને સુકાવા માટે કરેલા નાના ઢગલા.

૬. પું. કણસલું.

૭. પું. ચાલીને ઊતરી શકાય તેવો નદી કે ખાડીનો પાણીવાળો ભાગ.

૮. [સં. પ્રકર; પ્રા. પ્પર] પું. જુવાર બાજરીનાં કણસલાંમાંથી દાણા છૂટા પાડવા અને ઝૂંટવા તે.

૯. પું. તળિયું.

૧૦. પું. (પુરાણ) ચક્ષુષાવર્ણિ મન્વંતરમાંનો એ નામનો એક દેવ.

૧૧. પું. નદી કે વહેળામાં ચાલીને જઈ શકાય એટલું પાણી

૧૨. પું. નરકાદિ જન્મ.

૧૩. પું. પતો.

૧૪. [પ્રા.] પું. પરબોક.

૧૫. પું. પાણી આવવા જવાનો માર્ગ.

૧૬. પું. પારો.

૧૭. પું. મનોભાવ; ઊંડો મર્મ; ભેદ.

બળી ચતુર લોકના પારને, મેઈ પંડિતે ન પારખ્યો. રામચ

૧૮. પું. મંદિરનું આંગણું.

૧૯. પું. મૃત્યુ; મરણ.

૨૦. પું. મોક્ષ.

૨૧. ન. વહાણમાં કૂવો ઊલેચે રાખવા માટે નીચેનું પાકું.

૨૨. પું. સંખ્યા; શુમાર; આકડો.

૨૩. પું. સંપૂર્તિ.

૨૪. પું. સામો કિનારો; તીર; નદી વગેરેની સામી બાજુ; સામો કાંઠો.

આત્મા અજ્ઞાનનો પાર અર્થાત્ પર કિનારે કે અવધિ છે. કઠોપનિષદ્‌ભાષ્ય

૨૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન એ નામનો એક રાજા; વિજ્ઞાજ; અજમીઢપુત્ર બૃહદિષુના વંશના ઋક્ષરાજ રાજાનો એ નામનો પુત્ર.

૨૬. પું. (કચ્છી) કોનું સ્વજન.

૨૭. પું. (કચ્છી) હકોકત.

૨૮. પું. હદ; સીમા; પરિમિતિ.

૨૯. સ્ત્રી. ભેષ.

૩૦. સ્ત્રી. ગુજરાતની એ નામની એક નદી.

૩૧. સ્ત્રી. પથ્થી બાંધકામ માટેનો ઝમવા પથ્થરનો બંધ.

૩૨. [સં. પારી] સ્ત્રી. ભરણી; વાગેલું માટલું.

૩૩. સ્ત્રી. માહિતી; સાર.

૩૪. ન. લોઢાનાં દસ માંહેનાં ઊલ્લાં પાંચ સવોજના; ઊર્ધ્વભાગી સંયોજન.

૩૫. ન. વિશિષ્ટાદ્વૈત પ્રમાણે ઈશ્વરદર્શનની એક રીત. આ રીતમાં પ્રભુ નારાયણરૂપે દેખાય છે.

૩૬. અ. આપેક; દૂર; સામે.

૩૭. અ. તમામ; બધાયનું પૂરું.

૩૮. અ. બહાર; બહાર.

૩૯. અ. બીજી તરફ; બાજુએ.

૪૦. અ. સોંસરું.

પારઈ [હિં.] સ્ત્રી. માટીનું મોટું વાસણ.

પારક ૧. [સં.] વિ. આનંદદાયક.

૨. વિ. ઉદ્ધાર કરનાર.

૩. વિ. પાર કરનાર.

૪. વિ. પાલન કરનાર.

૫. વિ. પ્રીતિ કરનાર.

૬. વિ. રક્ષણ કરનાર.

૭. વિ. સંપૂર્ણ કરનાર.

પારકત ન. પુણ્યનું વાસણ.

પારકરા પું. સાવજ.

દોહા દંત તુને દવ, સોહા બુદ્ધિસાર;
ઓટે ઊજ્યે દે મને, પારકરા પરમાર.
લોકસાહિત્ય

પારકપણું ન. પારકાનું કે તેવો બ્યવહાર; ભેદભાવ.

પારકાળ ૧. પું. તૈયાર હોવું તે.

૨. [હિ.] પું. રસાલો.

પારકું [સં. પરકીય; દે. પારક્ક-પારક્કેર] વિ. પરકીય; પરાયું; બીજાનું.

૧. છોકરાને પારકા કરવાં = (૧) છોકરાંનાં સગપણ કરવાં; બાળકોને ઘરમાં આપ્યાં. (૨) સગાઈ ન રાખવી.

૨. પારકા ઘરમાં ઠોળી ઝાળગાવવી = બીજાના ઘરમાં કંકાસ કરાવવો.

૩. પારક્ષ પેટ ઉપર પાકું = બીજાના ભોગમે આનંદ

૪. પારકા પેટ ઉપર પાકું મારવું = બીજાનું ગુજરાનનું સાધન ખોવરાવવું.

૫. પારકા બાણાની માખ ઉડાડવી રહેવા દેવી = પારકી પંચાતમાં ઊતરવું છોડી દેવું.

૬. પારકાના પગ તળે બળે તેના કરતાં પોતાને માથે બળે તે ભલું = જે દોષ બીજામાં જોવામાં આવે તેવા પોતાના દોષ સુધારવા.

૭. પારકાનું ભોર્ડ ને ચિંથામણ જેવી = બીજાનું દૃષ્ટાંત નજર સમક્ષ રાખવું.

૮. પારકાનું નામ અને પોતાનું કામ = પારકે નામે બીજાનાં કરવાં.

૯. પારકાં છોકરાંને જતી-જોગી કરવાં = પોતાનાં સ્વાર્થ ખાતર બીજાંને હોમી દેવાં.

૧૦. પારકાં તે પારકાં ને પોતાનાં તે પોતાનાં = સ્વાભાવિક રીતથી આપોઆપ દેખાઈ આવે.

૧૧. પારકાં પોતાનાં ન થાય = પોતાનાં તે પોતાનાં ને પારકાં તે પારકાં.

૧૨. પારકી આશ સદા નિરાશ = બીજાની આશા ઉપર નહિ રહેતાં સદા પોતાની કમાન ઉપર જ ખુશકું; હેયું જાળવા કરતાં હાથ જાળવા સારા; આપ સમાન બળ નહિ ને ભેય સમાન જળ નહિ.

૧૩. પારકી કલમ, પારકી સાહી, મનું મારે આવજ્જાઈ = બીજાં પોતાની પાઈ પણ ખરચાતી ન હોય ત્યા સૌ ઉદાર થાય.

૧૪. પારકી આગ, પારકું આગ, જે હોઠ જેનું સલાનાગ બને = મફતનો માલ સૌને ભેગા મળીને ઉડાવવો.

૧૫. પારકી ભેંસમાં કોણ જાણે મરે ? = બીજાની ખાતર કોઈ નાશ વહોરી ન લે.

૧૬. પારકી છઠ્ઠીનું જમતલ-જમનાર = પારકાને દુઃખે દુઃખી થનાર; પરાયાં દુઃખ ટાળવા હમેશાં તત્પર રહેનાર.
૧૭. પારકી જણ્યી = વહુ.
૧૮. પારકી થાપણ = દીકરો.
૧૯. પારકી પીડ કોણ વહોરી લે? = પારકાંને ખાતર કોઈ જોખીનો ઠબકો ન લે.
૨૦. પારકી ભૂલ પકડતી દેખાય, આપણી ભૂલ ના સમજાય = પોતાની ભૂલ પોતાને ન સૂઝે.
૨૧. પારકો મા કાન વીંધે = (૧) દુનિયાનો ખરો અનુભવ પોતાનાં નહિ એવાં માણસો દ્વારા જ પામી શકાય. (૨) બીજાના કલ્યાણમાં મચ્યું રહે પણ બાવતરનું કહ્યું ન માને.
૨૨. પારકો માના મળવા = દુશ્મન મળવા.
૨૩. પારકો વાતમાં માથું ન મારવું = પારકો પંચાતમાં ન ઊતરવું.
૨૪. પારકી હવેલી જોઈ પોતાની ઝૂંપડી ન બળાય = (૧) અદેખાઈ ન કરવી જોઈએ; (૨) બીજાનું સારું જોઈ આપણું બગાડી ન નખાય.
૨૫. પારકું ખાવું ને મહેરૂંદીઓ કરવી = હરામનું ખાઈ આનંદ કરવો ને બીજાની નિંદા કરવી.
૧. પારકું ધન= દીકરી.
૨૭. પારકે માદલે બેસવું ને વળી ખૂંખારા કરવા = મફતનો માલ ઊડાવવો.
૨૮. પારકે પાદર પાગિયો પહોળો, પોતાને પેર ઊલટો મોળો = બીજાને ત્યાં ઉદારતા બતાવવી.
૨૯. પારકે પુત્રે સપુત્રા ન થવાય = (૧) પારકાં પંઠનાં ન થાય. (૨) બીજાના જોર ઉપર નાચવું બોટું.
૩૦. પારકે પૈસે દિવાળી = બીજાને પૈસે તાગડધિના કરવા.
૩૧. પારકે પૈસે પરમાતી = (૧) નાતનું નાત જમે અને મુખ્યાજાઈનાં વા ને પાણી. (૨) બાઈનાં કૂલ બાઈ ને અને સોબા મા બાઈ ને
૩૨. પારકે પૈસે નાણાચટી = પારકે પૈસે દિવાળી.
૩૩. પારકે ભાલે મોટો લાકડો = પોતાના કરતાં બીજાને વધારે લાભ થયો છે એમ સમજવું.
૩૪. પારકે રોટલે ભડી કોર = બીજાનો દોષ જલદી જડે; પારકો ભૂલ પહેલી દેખાય.
૩૫. પારકો જશ અને પોતાનાં અપલક્ષણ ઢાંકી ન રાખવાં = બીજાના ગુણ અને પોતાના અવગુણ જોવા.
૩૬. પારકો દેશ = પરદેશ.
૩૭. પારકો પલ્લો = જૂનાનો બગાડ.
૩૮. પારકો વિવાહ પત્નીને પૂછે = બીજાને ત્યાં પ્રસંગ હોય ત્યારે પોતાને પણ ખર્ચ થવું.

પારકું કાપવું ન. પારકાનું છે તેવો ખપાવ.

પારખ ૧. [સં. પરીક્ષ્] પું. પરીક્ષક; પરીક્ષા કરનાર માણસ
૨. પું. પારખનાર માણસ; ઝવેરી.
૩. પું. પારેખ; વણિકો; વેપારી; સિક્કાની પરીક્ષા કરનાર માણસ.
૪. સ્ત્રી. એ નામની એક અટક.
૫. સ્ત્રી. પરીક્ષા; પારખવું તે; કસ; જોખ; સાર્ટિફિકેટ પારખવાની શક્તિ; પારેખ.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. ન. (જૈન) જિનદત્તસૂરિએ સંવત ૧૧૬૯માં રાજા રજપૂતોને પ્રતિબોધ કરીને રચાપેલું ઓસવાળ વંશનું એક ગોત્ર.
૮. વિ. એ નામની અટકનું.

પારખનાર વિ. પરીખ; પરીક્ષક; પારખ કરવામાં એકું હોય એવું.

પારખભણિ કું. એક જાતનો કાંકિણાવાળી ધોળો.

પારખવું ૧. સ. ક્રિ. ઓળખવું; વિજાનવું; સમજવું; જોખ જાણવી; કસ કરવી.
૨. સ. ક્રિ. કળવું; ઓળખી કાઢવું.
૩. [સં. પરીક્ષ્; પ્રા. પરિક્ખ] સ. ક્રિ. સારા નરસાની પરીક્ષા કરવી; ગુણાગુણપરીક્ષા, ઓછાંપણું અને શુદ્ધાશુદ્ધતા કેવી ને કેટલા પ્રમાણમાં છે તે સમજવું કે જોખી કાઢવું; પરીક્ષા કરવી; ગુણદોષ જાણવા; તપાસવું.
૧. પારખી કાઢવું = સાર્ટિનરસું જાણી જવું.
૨. રૂપિયો પારખવો = ખરા ખોટાની તપાસ કરવી; પરીક્ષા કરવી.

પારખશક્તિ સ્ત્રી. પરીક્ષા કરવાની શક્તિ કે લાયકાત.

પારખંદું વિ. પરીક્ષક; કસ કરનાર.

પારખાણ સ્ત્રી. વિજાણ; ઓળખાણ.

પારખિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પારખી ૧. પું. ઝવેરી; પારખ કરનાર માણસ; કીમત આંકનાર વ્યક્તિ.
૨. [હિં.] પું. પરીક્ષક; પારેખ.
૩. પું. પરીક્ષા કરવાની યોગ્યતા ધરાવનાર માણસ.
૪. પું. પૈસા તપાસનાર અને ખાતરી કરનાર માણસ.

પારખુ વિ. પરીક્ષક; કસ કરનાર.

પારખું ૧. ન. નિશાન; ઓળખાણ; પ્રમાણ.
૨. ન. પત્ર; પત.
૩. ન. ચમત્કાર.
૪. ન. પરીક્ષા; સાર્ટિનરસું સમજવાની શક્તિ.
૫. ન. જોખ; કસ.
૧. ખાતાનું પારખું = ખાતાની કસોટી.
૨. ખરાં પારખાં કરવાં = સત્ય શોધી કાઢવું.
૩. ઝેરનાં પારખાં લેવાં = (૧) દુષ્ટતા આચરવી. (૨) દુષ્ટનો સંગ કરવો.
૪. પારખું કરવું-લેવું-લેવું = (૧) અજમાવવું; પરીક્ષા કરવી; ખાતરી કરી લેવી; અનુભવ લેવો; કસી લેવું; તપાસ કરવી. (૨) પત્ર લેવું; સામાની પરીક્ષા લેવી.
૫. પારખું દેખાડવું-બતાવવું = સામાને ખાતરી થાય એમ પોતાની શક્તિ બતાવી ખાતરી કરી આપવી; પરતો આપવો; પરખો દેવો.
૬. પારખું પડવું = સામા ઘોટાની અજર પડવી.
૬. વિ. પરીક્ષક; હીરાપારખુ.

પારગ ૧. [સં.] વિ. ઊંડું અભ્યાસી.
૨. વિ. પાર પામનાર; છેડો લેનાર; પારગામી.
૩. વિ. પૂરું જાણકાર.
૪. વિ. પેલે પાર જનાર.
૫. વિ. સમર્થ.
૬. વિ. સમર્થ.
૭. વિ. સમાપ્ત કરનાર; અર્થને પૂર્ણ કરનાર.

પારગત ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. પું. (જૈન) જિન ભગવાન; તીર્થંકર.
અર્હંત દેવનાં ઘણાં નામો છે, જેમાં સંકર, જિન, કેવલી, પરમેષ્ઠી, જિન, પારગત, વીતરાગ આદિ નામો મુખ્યપણે છે. વિજયધર્મસૂરિ
૩. વિ. ઓળંગનાર; પાર જનાર; અર્થને પૂર્ણ કરનાર.
૪. વિ. જેણે કોઈ પણ વિષયને આદિથી અંત સુધી પૂર્ણ કરેલ હોય એવું.
૫. વિ. (જૈન) નિર્વાણ પામેલ.
૬. વિ. પવિત્ર.
૭. વિ. પાર પામેલ; મુક્તિ પામેલ.
૮. વિ. પૂરું જાણકાર.
૯. વિ. સમર્થ.

પારગમન ૧. [સં.] ન. પાર પામવું તે.
૨. ન. સંસારનું.

પારગલો પું. બાળકને થતો એક રોગ; અર્ભવાણી સ્ત્રીને પાલવવાથી બાળકને થતો રોગ. તેમાં તેના હાથ પગ દોરડી જેવા ને પેટ ગાગરડી જેવું બને છે.

પારગામી ૧ [સં. પારગામિન્] વિ. અંત લેનાર; પાર પામનાર

૨. વિ. પસાર કરનાર.

૩. વિ સંપૂર્ણ; પારંગત; વિશારદ; પારને પહોંચી ગયેલ.

પારઘડો (પારઘડો) જુઓ પારગલો.

પારઘલો જુઓ પારગલો.

પારચા ૧. [હિં] પું. એક જાતનું રેશમી કપડું.

૨. [કા.] પું. કપડું, કામળ વગેરેનો ટુકડો.

૩. પું. કપડું; વસ્ત્ર.

૪. પું. કૂવાના ઓઠાની કિનાર ઉપર અંદરની બાજુએ રાખવામાં આવતી લાકડાની પટ્ટી. તેનાથી દૂર દોરી લટકાવી પાણી ખેંચવામાં આવે છે અને ખેંચતી વખતે વાસણ કૂવાની દીવાલ સાથે અથડાતું નથી.

૫. પું. જેમા કૂવામાંથી પાણી એકઠું કરવામાં આવે તે ડાંડી.

૬. પું. પોચાટ.

પારચાકરોસ પું. કાપડ ધોનાર માણસ.

પારચાણાની સ્ત્રી. કપડાં વણવાની કળા.

પારચી [કા.] પું ચીંથરું; કપડાનો ટુકડો.

પારછા જુઓ પારચા.

પારજ [સં. પારજ્] ન. સોનું.

પારજાત સ્ત્રી. પારિજાતનું ફૂલ.

પારજાતક ન. પારિજાતક.

પારજાયિક [સં.] પું. પરસ્ત્રીગમન કરનાર માણસ; અભિગારી પુરુષ.

પારજાંબલી પું. એક જાતનો રંગ; 'જાહ્નવા વામોરેટ.'

પારઠવું ન. ક્રિ. પલટવું; બાલવું કરવું.

પારટી ૧. [અં. પાર્ટિ] સ્ત્રી. ટોળી.

૨. સ્ત્રી. પક્ષ.

૩. સ્ત્રી. મેળાવડો; મિજબાની.

પારટીક [સં.] પું. પત્થર; ખડક.

પારટીન [સં.] પું. પત્થર.

પારઠ વિ. વિધવા પછી સાંધ્ય વખતથી દબાયું; બાખડું; પારેઠ.

પારડી (પારડી) સ્ત્રી. ટોપલી; ઢાંકણી.

પારદ ૧. [સં.] પું. એક ઋષિ.

૨. પું. મેઘ; વાદળ.

૩. પું. ચોર.

. ન. તૃપ્ત કરવાની ક્રિયા અથવા ભાવ; તૃપ્તિ.

૫. ન પારણું; વ્રતની સમાપ્તિમાં ભોજન કરવું તે; ઉપવાસ છોડવો તે.

૬ ન. સમાપ્તિ; પૂરું કરવાની ક્રિયા.

૭. વિ. પરાયણ; કુશળ.

પારણા [સં.] પું. ઉપવાસ છોડવો તે; વ્રતનું પારણું કરવું તે.

પારણાતી સ્ત્રી. બારમા દિવસના ઉપવાસવાળું અને બીજે દિવસે પ્રથમ ભોજનની ઇચ્છાવાળું

પારણાં ૧. ન. ૧ ન. તૃપ્તિ.

૨ ન ૪ ન. પારણા.

૩ ન ૧. ન. વ્રત અથવા ઉપવાસને અંતે પહેલવહેલું ભોજન; ઉપવાસ કર્યા પછી પહેલવહેલું અન્ન તે; ઉપવાસ મૂકવો તે; ઉપવાસને બીજે દિવસે કરાતું ભોજન તે.

૪. ન. ૧ ન. સમાપ્તિ.

પારણિક [સં.] પું. પારણ નામના ઋષિનો પુત્ર.

પારણિયું ન. પારણું; પાલણું; કઠોડાવાળો નાના બાળકનો ખાટલો; પાળણું; ઘોડિયું; બાળકને સુવાડવાની કઠેરાવાળી નાની હિંડોળાખાટ. પારણા માટે આ લાક્ષણિકવાચક શબ્દ છે.

પારણી સ્ત્રી. પારણાની ક્રિયા.

પારણીય [સં] વિ. પૂરું કરવા જેવું.

પારણું ૧. [સં. પારણ] ન. ઉપવાસને વખતે દિવસ પ્રથમ જમવું તે; વ્રત કે ઉપવાસની સમાપ્તિએ કરવામાં આવતું ભોજન. વ્રતને બીજે દિવસે જો સારી રીતે પારણું કરવામાં ન આવે તો તેનું સંપૂર્ણ ફળ મળતું નથી. દેવપૂજન કરીને અને બ્રાહ્મણને અવરાવી ક્ષારબાર ભોજન કરવું જોઈએ. પારણાના દિવસે કાંસાના વાસણમાં ન જમવું. વાંસ, મદ્ય, મધુ ન જમવું. મિથ્યા ભાષણ, આયાસ, ઓસિંગ આદિ ન કરવાં.

પારણું કરવું = ઉપવાસ પછી આહાર કરવો; વ્રત અથવા ઉપવાસને અંતે પહેલું ભોજન લેવું; ઉપવાસ મૂકવો.

૨. ન. છોકરીઓની જે નામની એક દેશી રમત. તેમાં એક છોકરીએ પોતાના હાથ પોતાના ખોળામાં નીચેથી લઈ ને તેની આંગળીઓ એકમેકની સાથે ભરાવી દેવી. પછી તે છોકરીના કંઠ નીચે બે છોકરીઓ પકડીને તેને ઊભી કે અને પારણું હલાવીએ તેમ તેને ઝાલણપાળ હલાવે છે.

૩. ન. પાલણું; ઘોડિયું; નાના બાળકને સુવાડીને ઝુલાવવાની એક બનાવટ; દોલ; કઠોડાવાળી માંચીનું ઘોડિયું; બાળકને સુવાડવાની કઠેરાવાળી નાની હિંડોળાખાટ; પાળણ.

૧. પારણાં બંધાવાં = છોકરાં આવી આશા રહી ન હોય તે પછી છોકરાં થવાં; બાળકનો જન્મ થવો; ચંદ્રિકાપક્ષનો અંત આવવો; વંશ ચાલવો; સંતાન થવાં

૨. પારણાં ત્રિવાર = બાળકમાં; ઘોડિયામાંના સમે.

૩. પારણું ચૂનું = નિર્વંશ.

૪. ન. બચ્ચાને રમાડવાનું રમકડું; મુખલમાનો તેને ચીનણું કહે છે.

પારત ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું પારો.

૩ સ્ત્રી. એ નામની એક પ્રાચીન અસભ્ય જાતિ; પારદ જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. ન. પાતર; ભોજનનું પાતર.

૬. વિ. એ નામની જાતિનું

પારતલિપક [સં.] વિ. પારકી સ્ત્રી સાથે ગમન કરનાર; અભિચારી.

પારતંત્ર એક વિ. પરતંત્ર.

પારતંત્ર્ય [સં.] ન. પરાધીનતા; પરતંત્રતા; પરાધીનપણું; દાસત્વ.

પારતી સ્ત્રી. પ્રાર્થના.

આરતી પારતી બંગળ બાઉ, દેવને બહાનું ભારે હું શું બાઉ = કોઈ ભગ્ન કર્યા વિના દેવોની જે રીતે ભક્તિ કર્યા કરે તેમ કરું, પણ પૈસા ખરચવાની વાત આવે ત્યારે તે વાત ખોટી.

પારત્રિક ૧. [સં.] વિ. પરલોક સંબંધી; પરલોકનું; પારલૌકિક.

૨. વિ. પરલોકને માટે હિતકારક; મરણ પછી ઉત્તમ ગતિ આપનાર.

૩. વિ. પરલોકમાં થનાર.

પારથ પું. પાર્થ; અર્જુન.

પારથિવ [હિં.] વિ. પાર્થિવ.

પારથેશ્વર જુઓ પાર્થેશ્વર.

પારદ ૧. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે સવળા છંદનો એક ભેદ છે. તેમાં ૬૮ ગુરુ અને ૪૮ લઘુ મળી ૮૬ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.

૨. [સં.] પું. (વૈદક) પારો; રસરાજ; રસ ધાતુ. તે ખનિજરસાયનમાં સૌથી ઉત્તમ રસાયન છે. તેનું નામ રસ છે અને જેમાં તે

આવે છે તે બધી ભનાવટો રસાયનની ગણાય છે. વૈદ્યો પારાનો જેટલો બહોળો ઉપયોગ કરે છે, તેટલો બીજી કોઈ ધાતુનો કરતા નથી. પારો એ પ્રવાહી, વજનદાર અને આખી રેંજનો પદાર્થ છે. તેમાં જરૂર ઝાડ હોય છે. ભૂખરા, પીળા કે ધોળા રંગની ઝાંયવાળો પારો અશુદ્ધ ગણાય છે અને તે ઔષધમાં વપરાતો નથી. પારદનું શોધન બધી જુદી જુદી રીતે થાય છે પારદ શુદ્ધ કર્યો એટલે ગમે તે કેફાલે વાપરવાની હરકત નથી. પારદ અશુદ્ધ હોય તો શોધન કરવાથી તેની અંદર સીસું, કલાઈ વગેરે જે કંઈ મેલ હોય તે દૂર થાય છે. પારદના કેટલાક બહાર સંસ્કાર લખે છે અને કેટલાક આઠ સંસ્કાર લખે છે. પારદ શોધન કરવાની રીત બધી કઠાકૂટવાળી છે. અર્ધો શેર રાઈ અને અર્ધો શેર લસણની ફોતરાં ઉતારેલ કળીઓ વાટી તૈયાર કરવી. રાઈને જેમ વધારે સારી રીતે વઘારો તેમ તે વધારે ચીકાશ પકડશે. માટે રાઈ બને સારી પેઠે મેળની તેમાંથી અર્ધ ઝાઝેરો ફોંકો લઈ તેની એક મૂસ કરવી. બાકીના ફોંકાની બીજી મૂસ કરવી. એક મૂસમાં પારો ભરવો ને બાકી બીજી મૂસ મૂકી તેને બરાબર મેળવી દેવી. બાકી રાઈ અને લસણના પોલા કકાની અંદર પારો બાકી જશે. આ કકાને જમાલગોટાના કોરા કટકામાં બાંધી તે કટકાને છેડે તે બાર ફીલે એવો બાકો દોરો બાંધવો માટીનું કાળું માટલું લઈ તેની અંદર બાઢ શેર ક્ષાર ભરવી. માટલું બાઢ શેર ક્ષાર નાખતાં બારકે અર્ધ ઉપરાંત ભરાય એવું લેવું. પછી તે પારદવાળો દોરો માટલામાં ક્ષારથી ઊંચે રાખી તેના બેમાં બેસતી આવે એવી બીજી દોણી લઈ તે ઉપર સરખી બેસાડી દેવી. દોણી બેસાડતાં તેના તળાના મધ્યમાં એક છેદ પાડવો, તેમાંથી પારદવાળી પોટલીએ બાંધેલો દોરો બહાર કાઢી શકાય. એક હાતણાને છેદ બાકું રાખીને હાતણે પેલા દોરડાની સખત ગાંઠ વાળવી બાકી તે પોટલી બરાબર લટકો રહેશે અને નીચે ક્ષારમાં પડવા પામશે નહિ. પછી તેનું બોકું બંધ કરી બાકી લગાડવી તેમજ દોણીના તળાના છેદ ઉપર જ્યાં હાતણ રાખ્યું હોય, ત્યાં પણ માટી લગાડી લેવી કે જેથી બરાબર ત્યાંથી પણ નીકળવા પામે નહિ. નીચે ધીરો ધીરો તાપ રાખવો. બાકી કાજળમાંથી બરાબર ઉત્પન્ન થશે ને તેથી અંદરનો પારો બાકાશે. બાકી રીતે ત્રીજો ત્રીજો તાપ ત્રણ દિવસ સુધી બાપવો. તાપ બિલકુલ બાકરો કરવો નહિ. જો તાપ બાકરો થયો ને બરાબરનો જોસ વધ્યો તો તે કરેલી મુખમુદ્રાને ઉખેડી નાખશે. પારદનું પોટલું કાંઠામાં અડક રાખવું નહિ. ત્રણ દિવસ પછી જ્યારે તે કાંકરું ઝોની મેળે ટાઢું થાય, ત્યારે ઉતારી લેવું ને મુખમુદ્રા ઉખેડી તેમાંથી પોટલું કાઢી બોકવું. તે મૂસને તળે એક સણી બોસવાથી તેની અંદરથી પારદ નીચે રાખેલા કામમાં નીકળી આવશે. આ પારદ બહો સ્વચ્છ અને ચકચકિત હોય છે. બાગલા પારામાં જે ધૂળની કપોટી વગેરે હતું તે દૂર થઈ ગયું હોય છે. મૂસની પોલ ઉખેડી જોતાં તેની અંદર પારદનો મેલ જામી ગયેલો દેખાશે. બારી રીતે સ્વેદન કરેલા પારાનું બાર દિવસ સુધી મર્દન કરવું. પહેલે દિવસે કુંવારના રસથી, બીજે દિવસે ત્રિફળાના કવાથથી, ત્રીજે દિવસે કાકમાચીના રસથી, ચોથે દિવસે ત્રિફળાનાં કવાથથી. મર્દન કરેલ પારાને કાંઠીથી ઘોઈ નાખવો. બારબાદ પારાને બરણી બંદર નાખી તેમાં પારાથી બર્ધું સિંધાલણ નાખવું અને તેને એક દિવસ લીંબુના રસમાં ખલ કરવો. પછી રાઈ, લસણ અને નવસાર એ બધી ચીજ પારાની બરાબર લઈ તેમને અને પારાને કમોદના પરાળના કકામાં સારી પેઠે લૂંટવા અને બારે તે સુકાઈ બાય ત્યારે તેની બાનકી કરવી અને તે બાનકીને ત્રિફળાનો લેપ કરવો. આ બાનકીને એક હાંડલીમાં મૂકી તે બાખે મોઢું નાખવું. આ હાંડલીના મોઢા ઉપર બીજી દોણી બેસતી કરી તેને કપડ માટી કરવાં. બાઠ પહોર સુધી ખૂબ તાપ બાપવો અને ઉપલા દોણા ઉપર ટાઢા પાણીનાં પોતાં મૂકવે જવાં. તેથી તે દોણાને તળે પારો જામી જશે. બારી રીતે પારો શુદ્ધ થઈ જાય છે અને તે ઔષધમાં વપરાય છે. પારો ચાર જુદા જુદા રૂપમાં તૈયાર કરવામાં આવે છે: (૧) પારદકજ્જળી અથવા કૃષ્ણભસ્મ, (૨) રસસિંદૂર અથવા રક્તભસ્મ, (૩) શ્વેતભસ્મ અથવા રસકર્પૂર અને (૪) પિત્તભસ્મ પારદ. આ ચાર રૂપ પૈકી પારાનો મુખ્ય ઉપયોગ પારદકજ્જળીના અને રસસિંદૂરના રૂપે કરવામાં આવે છે. પારાની અંદર જુદે રસ રહ્યા છે અને તે જુદે પ્રકૃતિની જુદી જુદી અસર તેમાંની કોઈ એની અસર તે જુદેની સંયુક્ત વિકૃતિ મટાડે છે. પારદકજ્જળી મુખ્યત્વે કરીને શોધક ગુણને માટે વપરાય છે અને રસસિંદૂર પૌષ્ટિક ગુણ માટે વપરાય છે. કજ્જળી શરીરના પિત્તાધિક્ય દોષનું શમન કરે છે અને રસસિંદૂર કફાધિક્ય દોષનું શમન કરે છે. વાતબાધિ, જેવાં કે શરીરનું જકડાઈ જવું, શૂળ, સોજો વગેરે રોગો ઉપર કજ્જળી સાથે ઉષ્ણ અને વાતહર દ્રવ્યો બાપવા છે. જે વાતબાધિમાં બાસ મગજમાં કાંઈ ફેરફાર થયેલો હોય અને જ્યાં કફ અને મતિનો ભ્રમ પ્રાધાન્યપણે રહેલાં હોય છે, ત્યાં ઉષ્ણ અને વાતહર દ્રવ્યો સાથે રસસિંદૂર ક્રમનો છે. કજ્જળી વાતબાધિમાં લોહીની સાથે મળેલા દૂષ્ટ પદાર્થોને દૂર કરી ફાયદો કરે છે અને રસસિંદૂર બાસ મગજને પુષ્ટિ બાપી ફાયદો કરે છે. કજ્જળી વળી સારક તરીકે ઊનિયા તાવમાં અને મળાવરોધવાળા તાવમાં સારો ફાયદો કરે છે. કજ્જળીનો બોજ ઉપયોગ થવાથી બકૃતમાં લોહીનો જમાવ થતો બટકે છે. તીક્ષ્ણ સન્નિપાત જ્વરમાં પારદકજ્જળી બહું સારું કામ કરે છે. સન્નિપાત ઉપર લાગુ પડતાં તમામ બાર્ય રસાયનોમાં પારદ બાવે છે. તે લેવાથી કમળો ટળે છે. ત્વકરોગમાં હમેશા પિત્તાધિક્યદોષ હોય છે ને તેથી પારદકજ્જળી બહુ સારી માફક બાવે છે. વાતરક્ત, કુષ્ઠ, શીતપિત્ત, વિસર્પિકા વગેરે દર્દોમાં પારદ ઉપયોગી છે. મંડમાળ, વિસ્ફોટક અને ઉપદંશ વિકૃતિમાં પણ લોહીની બંદર કોઈ દુષ્ટ પદાર્થ મળેલો હોય છે અને તેટલા માટે તે દરદોમાં કજ્જળી બહુ ઉપયોગી છે. બોડાબહા દિવસ પારદનું સેવન કરવાથી થયેલ જબાવ, વૃદ્ધિ બગર ગાંઠ પોચાં પડે છે અને તે બાગ પોતાની બોજ સ્થિતિ પારણ કરે છે. જ્યારે દરદીનું શરીર સાધારણ રીતે ઊનું રહે ત્યારે કજ્જળીવાળું કોઈ પણ પિત્તશામક રસાયન બાપવું જોઈએ. ક્ષય, જૂનું ઉપરસ, વીર્યસ્રાવ, અત્યંત ક્ષીણતા, નબળાઈ વગેરેમાં રસસિંદૂર બપાય છે. ચેટમાં બાવાને માટે તમામ રોગમાં પારાનો ઉપયોગ કરવાનું બાયર્વેદકારોએ લખેલ છે. ઉપદંશની અંદર પારદ બાસ ઉપયોગી મનાય છે. પારો માત્રામાં નાખવાથી બૂનો નાશ થાય છે.

ઉ. કું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

૪. કું. રસ.

૫. કું. સૂત.

૬. સ્ત્રી. કાસ્પિયન સમુદ્રની દક્ષિણે બાવેલ પ્રદેશમાં વસતી એ નામની એક પ્રાચીન જાતિ. તેઓના હાથમાં બણો વખત સુધી ઈરાનનું રાજ્ય હતું. મહાભારત, મનુસ્મૃતિ વગેરેમાં પારદ દેશ અને પારદ જાતિનું વર્ણન છે. તે જ પ્રકારે બૃહત્સંહિતામાં પશ્ચિમ દિશામાં વસતી જાતિઓમાં પારસ્ત અને તેઓના દેશનો ઉલ્લેખ છે. જૂના શિલાલેખોમાં પાર્થવ રૂપ મળે છે, જે ઉપરથી ફારસીની પાર્થિમા શબ્દ બન્યો છે. બરણી વિદ્વાનોએ પહ્લવ શબ્દને આ પાર્થવનું અપભ્રંશ અથવા રૂપાંતર માની પહ્લવ અને પારદને એક ઠરાવેલ છે. પણ સંસ્કૃત

સાહિત્યમાં આ બે જાતિને જુદી જુદી ગણેલી છે. મહાભારત અને બૃહત્સંહિતામાં પણ તે બેને જુદા જણાવેલા છે. ઈરાનમાં પહ્લવ શબ્દ શાસનવશી સમ્રાટોના વખતની ભાષા તથા લિપિના અર્થમાં મળે છે. આથી જણાય છે કે તેનો પ્રયોગ અધિક વ્યાપક અર્થમાં પારસીઓને માટે ભારતીય ગ્રંથોમાં થયેલ છે.

૭. સ્ત્રી. વાયવ્ય તરફની જંગલી લોકોની એ નામની એક જાતિ. મનુના મત પ્રમાણે તેઓ ઊતરતી જાતિના ક્ષત્રિય છે.

૮. ન. એ નામની જાતિનું માણસ.

૯. વિ. એ નામની જાતિનું

૧૦. વિ. પાર આપનાર.

૧૧. વિ. પાર ઊતારનાર; પેલે પાર લઈ જનાર

૧૨. વિ. સંસાર કે ખરાબ તારનાર; મોક્ષ આપનાર.

પારદકન્જલી [સં.] સ્ત્રી. (વૈદક) કુષ્ઠભેદ.

પારદબંધન [સં.] ન. (વૈદક) પારો બાંધવો તે. પારદબંધન માટે ૬૪ વલ્લી કહેલી છે: સોમવલ્લી, રવિપર્ણિની, અજગરી, ધોનશી, ત્રિજટા, ઈશ્વરી કે ત્રિવલિંગી, ભૂતકેશી, કૃષ્ણવલ્લી, રક્તી કે ગવની, ગાન્ધો, સર્વરા, ચારાહી કે કુક્કરદંત, અશ્વત્થપત્રી, અજાપત્રી, ગોરક્તાસા, અજોક્ષાગ્નની, પુનાગપત્રિકા, નાગિની, ક્ષેત્રી, સંવીર, કેતા ગતા, વજ્રવલ્લી, ત્રિત્રો, કાણપર્ણી, પાલાસતિલક, નીલોત્પલી, રજની, સિંહિકા, ગોક્ષગી, અદ્રિપત્રી, તૃણે, રક્તવલ્લી, ગાઠદંડી, મધુપુષ્પા, પ્રપાકરી, દંડી, વિજયા, અજયા, જયા, નલી, ગી, ક્ષીરમારી, તુલિમા, કટુતુબી, મયૂરશિખા, હેમલતા, અસુરી, સામપર્ણી, ગોપારી, પીતક્ષીરા, આમ્રપાદ ગતા, ધનુર્વલ્લી, ત્રિપુણ્ડ, વૃંગી, વજ્રનાલવલ્લી, મહાવલ્લી, રક્તકંદવતી, ત્રિનવલ્લા, રોહિણી, નિર્લંતકી, ગોરોચના, કેતપત્રિકા, વિશલ્યા અને કેવ્યોરા.

પારદજારણ [સં.] સ્ત્રી. (વૈદક) પારાની ભાષ્મ. શુદ્ધ કરેલો પારદ અને ગંધક બને સમભાગે મેળવી તેની કજ્જલી કરવી. આ કજ્જલીને કલાઈમાં રોકી રાખવી. તેથી શુદ્ધ પારદજારણ થાય છે. આ કજ્જલી પારદજારણ બાપરવી હોય ત્યાં વપરાય છે. કજ્જલીની માત્રા એક રતીથી એક વાલની છે.

પારદત્વ [સં.] વિ. પારદવાળું.

પારદમિશ્રણ [સં.] ન. પારામિશ્રણ; પારો મેળવવો તે.

પારદમિશ્રણ [સં.] ન. પારા સાથેનું કોઈ પણ ધાતુનું મિશ્રણ; મિશ્રધાતુ.

પારદમેળ ૧. કું. મંસું
૨ કું. પારા સાથે કોઈ પણ ધાતુનો મેળ; મિશ્રધાતુ.

પારદયંત્ર [સં.] ન. વાયુમાપક યંત્ર; હવામાપક યંત્ર; પારો ભરેલી નળીમાં દાબ કરી તે ક્રમ ઉપર માપના આંક બનાવી વાયુ, ગરમી, હવામાન વગેરે માપવા માટે વપરાતું સાધન; 'બેરોમિટર.'

પારદર્શક ૧. [સં. પાર (સામો છેડો) + દૃશ્ (જોવું)] વિ. આરપાર દેખાય એવું; જેમાંથી સામી વસ્તુ જણાય એવું; સાફ જણાય તેવું; વિમળ; પ્રકાશનાં કિરણો આરપાર જઈ શકે તેવું
૨ વિ. સ્વચ્છ; નિર્મળ.

પારદર્શકતા ૧. [સં.] સ્ત્રી. પારદર્શક હોવાનો ગુણ. આરપાર દેખાય એવું હોવાનો ગુણ. પારદર્શકપણું.
૨ સ્ત્રી. સ્વચ્છતા; નિર્મળતા.

પારદર્શકદ્રવ્ય [સં.] ન. કાચસાર; સાન્દરસ.

પારદર્શકપણું જુઓ પારદર્શકતા.

પારદર્શિતા જુઓ પારદર્શકતા.

પારદર્શિત્વ જુઓ પારદર્શકતા.

પારદર્શી ૧. [સં. પારદર્શિન્] વિ. આરપાર જણાય તેવું; સામે દેખાય તેવું.
૨. વિ. કામનો અંત જેવો આવશે તે જાણનાર; ધર્મ, અર્થ કે અંતિમ હક સુધીનું પ્રમાણ; દીર્ઘ ને ઊંડી દૃષ્ટિવાળું.
૩. વિ. દૂરદર્શી; ચતુર; બુદ્ધિમાન; તત્ત્વજ્ઞાની.
૪ વિ. જાડું કે પ્રવાહી સાંકળવું હોય એવું.
૫. વિ. બીજા પાર સુધી દેખનાર.

પારદસંહિતા [સં.] સ્ત્રી. એ નામનો વૈદકનો એક ગ્રંથ. તેના ૬૦ અધ્યાયોમાં રસશાસ્ત્રની ઉત્તમતા, રસની ઉત્પત્તિ અને ભેદ, સાધારણ શોધન, જારસંસ્કાર, યંત્રકલ્પના, કોડી, પુટ, ખરલ વગેરે બનાવવાની રસસિદ્ધિની સામગ્રી, ગંધક, અભ્રકભસ્મ, કર્પાકૃતિ, બાલકૃતિ, ભસ્મ, મારણ, ક્રામણ, વેધ, બાલકૃષ્ટિવિધિ, ધાતુભસ્મ, સત્ત્વકૃતિ, રસ ઉપરસ શોધન, ભસ્મ, જડીબુટી વગેરે અનેક વૈદકીય વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

પારદસ્તંભ [સં. પારદ (પારો) + સ્તંભ (થાંભલો)] કું. પારાનો ઊભો રાખેલ; ઉષ્ણામાપક યંત્રમાંની પારાની ચળકતી ઊભી દોટી.

પારદસ્નાન [સં.] ન. એક પ્રકારનું સ્નાન. આ સ્નાન પારાની ભસ્મમાં દેવાય છે. ગરમીના દરદી માટે આ સ્નાન લાભકારક મનાય છે.

પારદંઠક [સં.] કું ઓરિસ્સાનો એ નામનો એક આમ.

પારદાદિ અલમ કું. (વૈદક) જેમાં પારો મુખ્ય હોય એવો મલમ.

પારદાદિ લેપ કું. જેમાં પારો મુખ્ય હોય એવો લેપ.

પારદારિક ૧. [સં.] કું. પરસ્ત્રી તરફ જનાર આદમી; અભિચારી પુરુષ; અભિચાર કરનાર માણસ.
૨. વિ. પરસ્ત્રી ગમન વિષેનું.
૩. વિ. પરસ્ત્રીગામી; પરસ્ત્રી સેવનાર; અભિચારી.

પારદાર્ય [સં.] ન. પરસ્ત્રી સાથે ગમન કરવું તે; અભિચાર.

પારદૃશ્યલેખન [સં.] ન. આભાસ ઉપરથી ચીતરવું તે.

પારદ્રવન ૧. [સં. પારદ્રવન્] કું. જેણે સામો કિનારો જોવા હોય તે.
૨ કું. પૂર્વ મીમાંસાનો માણસ.
૩. વિ. દીર્ઘદૃષ્ટિવાળું; પારને જોનાર.

પારદ્રશિક ૧. [સં.] કું. મુસાફર; બીજાનો માણસ.
૨. વિ. પરદેશી.

પારદ્રશી ૧. કું. પરદેશી માણસ.
૨ કું. મુસાફર.
૩. સ્ત્રી. બીજા દેશનું હોવું તે.

પારદ્રશીય [સં.] વિ. પરદેશ સંબંધી.

પારદ્રશ્વ ૧. [સં.] કું. બીજા દેશનો માણસ.
૨. વિ. પરદેશથી આવેલ; પરદેશી.
૩. વિ. પરદેશમાં હોનાર કે થનાર.

પારધ ૧. કું. પારધી; શિકારી.
૨. વિ મૃત્યુ.
૩. સ્ત્રી. શિકાર; બાણ.
૪. સ્ત્રી. શિકાર કરવો તે.

પારધિ ૧. કું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ચાલિની કુલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૧૩૦ લઘુ મળી ૧૪૪ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.
૨. કું. (જ્યોતિષ) હરણી નક્ષત્રને છેડે દક્ષિણ તરફ દેખાતા કરોડો તારાઓમાં સૌથી વધારેમાં વધારે તેજસ્વી જણાતો તારો. તારાના તેજ પ્રમાણે સાત વર્ગો પડેલા છે, તેમાના પહેલા વર્ગમાંનો આ પહેલો તારો છે.

પારધી ૧. [સં. પરિધાન (આચ્છાદન)] કું. હરણ વગેરેને આચ્છાદનથી પશુપક્ષીઓને પકડનાર અથવા મારનાર માણસ; બાણ.

૨. [પ્રા. પારદ્ધિઅ; દે. પારદ્ધ] પું. પાપ એકઠાં કરનારો માણસ; પ્રાણીઓને મારનારો માણસ; હિંસક પુરુષ; જીવ મારનાર માણસ; શિકારી; પારધિ; પારધી જ દ્રવ્ય મેળવનાર અથવા પાપ જેનું દ્રવ્ય છે તેવો આદમી.

દેવકી ઝાલી ઓટલે જેમ પોપટ રહે પારધી. પ્રેમાનંદ

૩. સ્ત્રી. ઓટ; ભાડ.

પારધી પડવું = આડતમાં રહી કોઈ વ્યાપાર ફેલ્યો કે વાત સાંભળવી.

૪. સ્ત્રી. ઢેઢની એ નામની એક અટક.

૫. સ્ત્રી. કસાઈ માણસ.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું

પારધીડો : પારધીડો) પું શિકારી.

વનરા તે વનમા સાંભો પારધીડે ફાંસલો તે. રસધાર

પારનેરા પું. સુરત જિલ્લામાં આવેલો એ નામનો એક ડુંગર.

પારપત ન. ડાહોરજીનાં વાસણ માંજવાં તે.

પારપતન ન. નાહ.

પારબેડુ પું. ઓર જાતનો કાઠિયાવાડી ઘોડો.

પારબ્રહ્મ ૧. [સં. પરબ્રહ્મ] પું. પરમેશ્વર.

૨. વિ. પરબ્રહ્મ સંબંધી.

પારમહંસ્ય ૧. [સં.] ન. ઉત્તમ જ્ઞાન.

૨. વિ. પરમહંસ સંબંધી.

પારમાનવ વિ. મનુષ્યથી પર હોય એવું; માણસથી અપ્રાપ્ય.

હર્ષથી અને પુરુષાની પ્રેમગાથા જેટલી અદ્‌ભુત અને રોમાંચજનક છે, એટલી જ ગૂઢ અને પારમાનવ-મનુષ્યથી અપ્રાપ્ય છે. બુદ્ધિપ્રકાશ

પારમાર્થિક ૧. [સં.] વિ. પરમાર્થ સંબંધી; જેનાથી પરમાર્થ સિદ્ધ થાય એવું; જેથી પારલૌકિક સુખ પ્રાપ્ત થાય એવું.

૨. વિ. પારકાના કલ્યાણનું; પરમાર્થ પરોપકારી; પરમાર્થ સંબંધી; પરહિતનું; પરહિતૈષી.

૩. વિ. શુદ્ધ સત્ય; વાસ્તવિક; ભ્રમ કે પ્રતીતિરૂપ નહિ એવું; અરૈભઈ; પરિણામી કે પરિવર્તનશીલ ન હોય એવું; નામ રૂપથી ભિન્ન શુદ્ધ સત્ય; યથાર્થ; ખરું; સત્ય; સ્વાભાવિક.

૪. વિ. સત્યની શોધ કરવાવાળું.

૫. વિ. સંસારમાં સારું; ઇચ્છવા યોગ્ય.

પારમાર્થિકતા ૧. [સં.] સ્ત્રી. આત્મા સંબંધી હોવાપણું; આત્મવિષયકતા; આધ્યાત્મિકતા.

૨. સ્ત્રી. પરોપકારક વૃત્તિ; પરોપકારીપણું.

પારમાર્થિકત્વ જુઓ પારમાર્થિકતા.

પારમાર્થિક પ્રત્યક્ષ [સં.] પું. (જૈન) જે કોઈની પણ સહાયતા વગર પદાર્થને સ્પષ્ટ જાણે તે. તેના બે ભેદ છે: વિકલ પારમાર્થિક અને સકલ પારમાર્થિક. જે રૂપી પદાર્થોને કોઈની સહાયતા વિના સ્પષ્ટ જાણે તે વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ તેના બે ભેદ છે. કેવલ જ્ઞાનને સકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહે છે.

પારમાર્થિક વસ્તુ સ્ત્રી. જગત.

જે પદાર્થ ત્રણે કાળમાં એક રૂપે રહે છે, પણ કોઈ પ્રકારે જેનો નાશ નથી તેને વિદ્વાનો પારમાર્થિક વસ્તુ કહે છે. સિદ્ધાંતદર્શન

પારમાર્થિક વિષય પું. સ્વરૂપ; ભાવ.

જ્ઞાનની ક્રિયાનું પૃથક્કરણ કર્યાથી કેટલે માલૂમ પડયું કે પારમાર્થિક વિષયો જ્ઞાનના પ્રદેશની બહાર છે અને જગતના જેટલા પદાર્થોને આપણે અમુક નામરૂપના સંબંધમાં જ જાણી શકીએ છીએ. નર્મદાશંકર મહેતા

પારમાર્થિક શાબ્દી પ્રમા સ્ત્રી. પરમાર્થતત્ત્વના બોધક વાક્યોથી ઊપજતું પ્રમાજ્ઞાન.

પારમાર્થિકસત્ત્વ [સં.] ન. (વેદાંત) જેણે ત્રણે કાળમાં અબાધ્ય હોય.

પારમાર્થિકાત્યંતાભાવ [સં.] પું. (વેદાંત) જીવ, ઈશ્વર અને જગતરૂપ દ્વૈત પ્રપંચનો પ્રત્યગભિન્ન બ્રહ્મ વચ્ચે અત્યંતાભાવ.

પારમાર્થિકી વિ. વસ્તુતઃ સત્ય; યથાર્થ.

સત્તા બે પ્રકારની છે: પારમાર્થિકી અને પ્રાતિભાસિકી. ચેતનની સત્તા પારમાર્થિકી એટલે વસ્તુતઃ સત્ય છે. સિદ્ધાંતદર્શન

પારમાર્થિકી પ્રમા [સં.] સ્ત્રી. (વેદાંત) બ્રહ્મ સંબંધી યથાર્થ જ્ઞાન.

પારમિક [સં.] વિ. સર્વોત્તમ; શ્રેષ્ઠ; મુખ્ય.

પારમિત ૧. [સં.] વિ. બીજાંની ગયેલ.

૨. વિ. બીજે કિનારે ગયેલ; પાર ગયેલ.

૩. વિ. સર્વોત્તમ; સર્વોત્કૃષ્ટ.

પારમિતા [સં.] સ્ત્રી. (બૌદ્ધ) કોઈ મુક્ત કે જ્ઞાનની પ્રાપ્તિમાં પાર પામવું તે; કોઈ મુક્ત કે જ્ઞાનની સિદ્ધિ. પાલી ગ્રંથોમાં બોધિસત્ત્વે પ્રાપ્ત કરવાની દસ પારમિતા કહેવી છે: દાન, શીલ, ક્ષાંતિ, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી અને ઉપેક્ષા. પણ મહાયાન ગ્રંથમાં છ પારમિતાઓ છે: દાન, શીલ, ક્ષાંતિ, વીર્ય, ધ્યાન અને પ્રજ્ઞા.

પારમેશ્વર [સં.] ન. આચારશીલ માંહેનું એક શૈવાગમ.

પારમૈષ્ઠ્ય ૧. [સં.] ન. ઊંચામાં ઊંચો દરજ્જો; આધિપત્ય.

૨. ન. બ્રાહ્મણ સમવનું એક જાતનું રાજબંધારણ.

૩. ન. રાજચિહ્ન.

પારમૈશ્વર્ય [સં.] ન. પરમ સામર્થ્ય; પરમેશ્વરતા.

પારય ૧. [સં. પારગ] વિ. (પ્રાકૃત) પારંગત; પારગામી.

૨. વિ. પૂર્ણ કરનાર.

૩. ન. પાર; પેલો પાસ; સામે કાંઠે.

પારલ [સં.] પું. એક જાતનો છોડ.

પારલાઈ પું. ચુકાદો; ન્યાય.

પારલૌકિક ૧. [સં.] ન. અંત્યેષ્ટિ ક્રિયા; ઉત્તરક્રિયા.

૨. વિ. પરલોક માટે હિતકારી; પરલોકમાં શુભ ફળ દેનાર; જન્માંતરના હિતનું.

૩. વિ. બીજા લોકનું; પરલોક સંબંધી; પરલોકનું; પરલોકને લગતું.

૪. વિ. બીજી દુનિયા સંબંધી; સ્વર્ગ સંબંધી; સ્વર્ગીય; દેવલોકવાસી; દિવ્ય.

પારલૌકય [સં.] વિ. પરલોક સંબંધી.

પારલૌહિત્યક ન. એક જાતનો સુગંધી પદાર્થ.

પારવ ૧. ન. પારેવું.

વનની વાણ્ય થઈશ હું યે,
પળી પારવનું પીંજા બળશે લોહી. નાનાલાલ

૨. ન. બચ્ચું.

પારવત [સં.] પું. પારેવું; કબૂતર.

પારવતી ૧. [સં.] સ્ત્રી. કબૂતરી.

૨. [સં. પાર્વતી] સ્ત્રી. પાર્વતી.

પારવર્તું વિ. અનંત; પુષ્કળ; બહુ જ; પાર વિનાનું.

પારવર્શ્ય [સં.] વિ. સમુદાયમાં હોનાર કે થનાર.

પારવવું ૧. સ. ક્રિ. પારવું પાડવું; છૂટું છૂટું પાડવું; ખીચોખીચ હોય તેને છૂટું અને અંતરાલ પડે તેમ કરવું; ઊપાડીને ઓછું કરવું.

૨. સ. ક્રિ. રોપાઓને છૂટા છૂટા કરવા; ગામમાંથી વધારાના છોડને ખેંચી કાઢવા; ઘાટા મોલને થોડો થોડો વચ્ચેથી ઉપાડી લેવો.

૩. સ. ક્રિ. લાખ ચડાવવી. જેમકે, પારવેલી બરણી.

પારવશ્ય [સં.] ન. પરવશપણું; પરાધીનતા; પરતંત્રતા.

પારવાણી ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પારવાન [સં. પારવત્] વિ. પારવાળું.

પારવાર ૧. [સં.] અ. નદીની બીજે બાજુએ. ૨. અ. સાંસરવું હોય તેમ; આરપાર.

પારવાળું વિ. સામે કાંઠે રહેનાર.

પારવિદ [સં. પારવિદ્] વિ. આરપારને જાણનાર.

પારવિશ્યક [સં.] પું. સમુદ્રની પેલી પાર આવેલ દેશો જોડે વેપાર કરનાર માણસ.

પારવિષયિક [સં.] વિ. બીજા રાજ્યનું; વિદેશી.

પારવું ૧. અ. અચ્યું.

> અરચરી સિદ્ધારી પામ્યા પર હેવ ઘેરી,
> હવે સલેડી આવળે દુખ મોળી બેય.
> દુહો

૨. વિ. જુદું જુદું; નોખું નોખું; અમુક અમુક માપના પદોના અંતરે હોય તેવું; બહુ ખીચોખીચ ન હોય તેવું; પાંખું; પારવેલું; આછું; છૂટું; અલગ અલગ.

૩. સ. ક્રિ. પૂરું કરવું.

૪. [સં. ઉત્પાદ] સ. ક્રિ. બનાવવું; ઉત્પન્ન કરવું.

૫. સ. ક્રિ. મૂળમાંથી ખેંચી કાઢવું; નીંદવું; ઊખાડી નાખવું.

પારશમસ અ. અત્યંત.

પારશવ ૧. [સં.] પું. અનૌરસ પુત્ર; દાસીપુત્ર; પરસ્ત્રીમાં ઉત્પન્ન કરેલ પુત્ર.

૨. પું. ઉઝેરવું તે.

૩. પું. એ નામનો એક દેશ. ત્યાં મોતી નીપજતાં હતાં.

૪. પું. લોઢું.

૫. પું. શૂદ્ર સ્ત્રીથી બ્રાહ્મણને થયેલો પુત્ર; પરિણીત શૂદ્ર સ્ત્રીમાં બ્રાહ્મણે ઉત્પન્ન કરેલ વર્ણસંકર.

> શૂદ્ર સ્ત્રી બ્રાહ્મણ પતિ દ્વારા પારશવને જન્મ આપે છે અને ચોરીથી ગર્ભ રહ્યો હોય તો નિષાદને જન્મ આપે છે. સુશ્રુતસંહિતા

૬. વિ. દારૂની સંબંધી; દારૂડી સંબંધી.

૭. વિ. લોઢાનું બનેલ.

પારશિક જુઓ પારસિક.

પારશી જી. પ્રપંચ.

પારસીક ૧. પું. ઈરાન દેશ.

૨. પું. ઈરાની ઘોડો.

પારસુ વિ. પારસીનું.

પારર્થય [સં.] પું. દારૂથી ગર્ભ મુદ્દ કરનાર હાલેનો.

પારવૈધિક જુઓ પારશવ.

પારશ્ય [સં.] પું. સોનું; સુવર્ણ.

પારસ ૧. [સં. સ્પર્શ (અડવું તે)] પું. એક કલ્પિત પથ્થર; સ્પર્શમણિ. તેને માટે એવી વાત પ્રસિદ્ધ છે કે, એ લોઢાને તે સ્પર્શે તો લોઢાનું સોનું થઈ જાય. આ જાતના પથ્થરની વાત ઈરાન, અરબસ્તાન તથા યુરપના પણ કીમિયાગરોમાં પ્રસિદ્ધ હતી. યુરપના કેટલાક લોક તેની શોધમાં કાંઈક હેરાન પણ થયા. કેટલાક લોકોએ તેનાં રૂપ, રંગ વિષે પણ લખ્યું. પરંતુ અંતે બધું કલ્પિત નીકળ્યું. હજુ સુધી હિંદુસ્તાનમાં ઘણા લોકો તે મેળવામાં હોવાનું માને છે.

૨. પું. ઘણો ઘાસલપક અને ઉપયોગી વસ્તુ.

૩. [સં. પ્રાવૃ; પ્રા. પાવસ] પું. ચોમાસું; પાવસ.

૪. પું. પતરાવળી; પાતર.

૫. [પ્રા.] પું. પારસ નામનો અનાર્ય દેશ.

૬. પું. પારસપીપળો.

૭. પું. બદામની જાતનું એક પહાડી વૃક્ષ. તે હિમાલય ઉપર સિંધુના કિનારેથી સિક્કિમ સુધીમાં થાય છે. તેમાંથી એક પ્રકારનો ગુંદ અને કેરી તેલ નીકળે છે, જે દવાના કામમાં આવે છે.

૮. પું. વરસાદ.

૯. પું. હિંદની પશ્ચિમે સિંધુ નદી અને અફઘાનિસ્તાનથી આગળ આવેલો એ નામે એક દેશ; હાલનો ઈરાન દેશ; પ્રાચીન કાંસ્યોજ અને વાહ્લીકની પશ્ચિમનો દેશ. તેનો પ્રતાપ પ્રાચીન કાળમાં બહુ દૂર દૂર સુધી વિસ્તૃત હતો. સભ્યતા અને શિષ્ટાચારને માટે તે પ્રસિદ્ધ આર્યો આવે છે. અત્યંત પ્રાચીન કાળથી પારસ દેશ આર્યોની એક શાખાનું વાસસ્થાન હતું. તેનો ભારતના આર્યો સાથે મોટો સંબંધ હતો. અતિ પ્રાચીન વૈદિક યુગમાં તો પારસથી લઈ ગંગા સરયૂના કિનારા સુધીની બધી ભૂમિ આર્યભૂમિ હતી, જે અનેક દેશોમાં વહેંચાયેલી હતી. આ દેશોમાં કેટલાક દેશની સાથે આર્ય શબ્દ લાગેલો હતો. જે પ્રમાણે અહીં આર્યાવર્ત એક પ્રદેશ હતો, તેમ પ્રાચીન પારસમાં પણ હાલના અફઘાનિસ્તાનથી લઈ ગયો પૂર્વીય પ્રદેશ અરિયાન અથવા ઐર્યાન એટલે યૂનાની એરિયાના કહેવાતો હતો, જેમાંથી ઈરાન શબ્દ બન્યો. ઈરાન શબ્દ આર્યાવાસના અર્થમાં આખા દેશને માટે વપરાતો હતો. ઝરથોસ્તપંથી પ્રજાઓએ પણ પોતાને ઈરાનના સદ્દેનશાહ કહેલ છે. પદાધિકારીઓનાં નામની સાથે પણ ઈરાન શબ્દ મળે છે. જેમકે, ઈરાનસપાહદ એટલે ઈરાનનો સેનાપતિ, ઈરાનબંદારકપત એટલે ઈરાનનો ભંડારી. પ્રાચીન પારસીઓ પોતાનાં નામ સાથે આર્ય શબ્દ ઘણા ગૌરવથી લગાડતા હતા. પ્રાચીન સમ્રાટ દારયવહુ અથવા દારાએ પોતાને અરિયપુત્ર લખેલ છે. સરદારોનાં નામોમાં પણ આર્ય શબ્દ મળે છે. જેમકે, અરિયરામ્ન, અરિયોવર્જનિસ. પ્રાચીન પારસ કે જે ઘણા પ્રદેશોમાં બંટાયો હતો, તેમાં પારસની બાડીના પૂર્વ તટ ઉપર આવેલ પાર્સે અથવા પારસ્ય પ્રદેશ પણ હતો, જેના નામ ઉપરથી પછી આખા એ દેશનું નામ પડ્યું. તેની પ્રાચીન રાજધાની પારસપુર અથવા યૂનાની પર્સિપોલિસ હતી. ત્યાં પાછળથી ઇસ્તખ્ર વસાવવામાં આવ્યું. વૈદિક કાળમાં પારસ નામ પ્રસિદ્ધ થયું ન હતું. આ નામ પારસ્ય પ્રદેશના હખામનીષ વંશના સમ્રાટોના સમયથી આખા એ દેશ માટે વ્યવહારમાં આવ્યું. આ કારણથી વેદ અને રામાયણમાં આ શબ્દનો પત્તો લાગતો નથી, પરંતુ મહાભારત, રઘુવંશ, કથાસરિત્સાગર વગેરેમાં પારસ્ય અને પારસીકનો ઉલ્લેખ અરાબર મળે છે. અત્યંત પ્રાચીન યુગના પારસીઓ અને વૈદિક આર્યોમાં ઉપાસના, કર્મકાંડ વગેરેમાં ભેદ ન હતો. તેઓ અગ્નિ, સૂર્ય, વાયુ વગેરેની ઉપાસના તથા અગ્નિહોત્ર કરતા હતા. મિત્ર એટલે મિત્ર કે સૂર્ય, વયુ એટલે વાયુ, હોમ એટલે સોમ, અરમઇતિ એટલે અર્યમા, અહમન્ એટલે અર્યમન્, નઇર્યસઙ એટલે નરાશંસ વગેરે તેઓના પણ દેવ હતા. તેઓ પણ મોટા મોટા યજ્ઞ એટલે યજ્ઞ કરતા, સોમપાન કરતા અને અગ્નિમન એટલે અથર્વન્ નામનો યાજક કાષ્ઠથી કાષ્ઠ ઘસીને અગ્નિ ઉત્પન્ન કરતા હતા. તેઓની ભાષા પણ એક મૂળ આર્ય ભાષાથી ઉત્પન્ન થઈ હતી, જેમાંથી વૈદિક અને લૌકિક સંસ્કૃત નીકળી છે. પ્રાચીન પારસી અને વૈદિક સંસ્કૃતમાં કોઈ વિશેષ ભેદ નથી જણાતો. અવસ્તામાં ભારતના પ્રદેશો તથા નદીઓનાં નામ પણ છે. જેમકે, હપ્તહિંદુ એટલે સપ્તસિંધુ કે પંજાબ, હરખ્વેતી એટલે સરસ્વતી, હરયૂ એટલે સરયૂ. વેદોથી જણાય છે કે, કેટલાક દેવતાઓને અસુર સંજ્ઞા પણ આપવામાં આવતી હતી વસ્તુને માટે આ સંજ્ઞાનો પ્રયોગ ઘણી વાર થયો છે. સામાન્યાર્થે ભાષામાં અસુર શબ્દનો અર્થ કરેલ છે સર્વનો પ્રાણદાતા. ઇંદ્રને માટે પણ આ સંજ્ઞાનો પ્રયોગ એક કેકાણે મળે છે, પરંતુ એ પણ અપેક્ષ મળે છે કે, આ પદ પ્રદાન કરેલ છે. તેથી જણાય છે કે, આ એક

વિશિષ્ટ સંજ્ઞા થઈ ગઈ હતી. વેદોમાં વરણ ધીમે ધીમે પ્રજાત પડતો ગયો અને ઇંદ્રને પ્રધાનતા મળતી ગઈ. સાથે સાથે અસુર શબ્દ પણ ઓછો થતો ગયો. પાછળથી અસુર શબ્દ રાક્ષસ, દૈત્યના અર્થમાં જ વપરાય છે. આથી જણાય છે કે, દેવોપાસક અને અસુરોપાસક એવા બે પક્ષ આર્યોમાં થઈ ગયા હતા. પારસ તરફ જરથુસ્ત્ર જેને માટે અર્વાચીન ફારસીમાં જરતુશ્ત શબ્દ છે, તે નામનો એક ઋષિ અથવા ઋત્વિજ એટલે જોતા અથવા સંસ્કૃત હોતા થયો, જે અસુરોપાસકના પક્ષનો હતો. તેણે પોતાની શાખા અલગ કરી લીધી અને જંદ અવસ્તાને નામે તેને ઓળખી. આ પ્રમાણે જંદ અવસ્તા પારસીઓનો ધર્મગ્રંથ થયો. તેમાં દેવ શબ્દ દૈત્યના અર્થમાં આવ્યો છે. રુદ્ર અથવા વૃત્રહન્ જેને માટે જંદમાં વેરેથ્રઘ્ન શબ્દ છે, તેને દૈત્યોનો રાજા કહેલો છે. સ્વર્ગલોક એટલે સ્વર્ગ અને નારકલોક એટલે નાસલને પણ દૈત્ય કહેલ છે. અંગ્ર એટલે અંગિરસ નામે અગ્નિયાજ્ઞકોની પ્રશંસા અને સોમયાગની નિંદા કરેલી છે. ઉપાસ્ય અહુરમજ્દ એટલે સર્વત્ર અસુર છે, જે ધર્મ અને સત્યસ્વરૂપ છે. અહ્રમન એટલે અધર્મન્ અધર્મ અને પાપના અધિષ્ઠાતા છે. આ પ્રકારે જરથુસ્ત્રે ધર્મ અને અધર્મ બે દ્વંદ્વ શક્તિઓની સૂક્ષ્મ કલ્પના કરી અને શુદ્ધાચારનો ઉપદેશ દીધો. જરથુસ્ત્રના પ્રભાવથી પારસમાં કેટલાક કાળને માટે એક અહુરમજ્દની ઉપાસના સ્થાપિત થઈ અને બધા દેવતાઓની ઉપાસના તથા કર્મકાંડ ઓછાં થયાં. પરંતુ જનતાનો સંતોષ આ સૂક્ષ્મ વિચારવાળા ધર્મથી પૂરેપૂરો થયો નહિ. રાજાઓના સમયમાં જ્યારે મગયાજ્ઞો અને પુરોહિતોનો પ્રભાવ વધ્યો, ત્યારે સ્થૂલ દેવતાઓની ઉપાસના ફરીને જેમની તેમ આવી ગઈ અને કર્મકાંડની જટિલતા ફરી તેવી જ થઈ ગઈ. અગ્નિ પાછળથી પહલિ પણ જંદ અવસ્તામાં જ મળી ગઈ. જંદ અવસ્તામાં પણ વેદની સમાન ગાથા એટલે ગાન અને મંત્ર એટલે મંત્ર છે. તેના કેટલાક વિભાગ છે, જેમાં ગાથ બધાથી પ્રાચીન અને જરથુસ્ત્રના મુખમાંથી નીકળેલ મનાવામાં આવે છે. એક ભાગનું નામ યસ્ન છે. જે વૈદિક યજ્ઞ શબ્દનું રૂપાંતર માત્ર છે. વિસ્પર્દ, વકત અથવા વૈદિક સૃષ્ટિ, વંદિદાદ આદિ તેના બીજા વિભાગ છે. વંદિદાદમાં જરથુસ્ત્ર અને અહુરમજ્દનો ધર્મ સંબંધમા સંવાદ છે. અવસ્તાની ભાષા, વિશેષતઃ ગાથની ભાષા, પદ્યમાં એક પ્રકારની અપભ્રંશ વૈદિક સંસ્કૃતના જેવી પ્રતીત થાય છે. કેટલાક મત્રો તો વેદમત્રો સાથે બિલકુલ મળે છે. હોગ્લર હાલે આ સમાનતા ઉદાહરણોથી બતાવી છે અને હોગ્લર બિલ્સે કેટલીક ગાથાઓનું વૈદિક સંસ્કૃતમાં જેમનું તેમ રૂપાંતર કરેલ છે. જરથુસ્ત્ર ઋષિ કયારે થયા તેનો નિર્ણય થઈ શક્યો નથી, પરંતુ તે અત્યંત પ્રાચીન કાળમાં થયા છે, તેમાં સંદેહ નથી. રાજાઓના સમયમાં અવસ્તા ઉપર આખ્યસ્વરૂપ જે અનેક ગ્રંથ બન્યા, તેમાંથી એકમાં હિંદી વ્યાસનું પારસમાં જવું થયેલ છે. સભવ છે કે, વેદવ્યાસ અને જરથુસ્ત્ર સમકાલીન હોય.

૧૦. પું. ઈરાક પ્રદેશનો પથ્થર; પારસમણિ.

૧૧. સ્ત્રી. ઊંચા કાનની ટોચ.

પારસ બેસવું = (૧) કામ કર્યા વિના આળસમાં સમય વિતાવવો; મોટા થઈ નિરાંતથી થઈ બેસી રહેવું; પાટ થઈ બેસવું. એમ કહેવાય છે કે, ચોમાસું બેસતાં જ નર બગલાના પગ કોહવાઈ જવાથી તે મહીનામાં બેસી રહે છે અને બગલી તેને ચણ લાવી આપે છે. બગલી તેના માથામાં ચાંચથી ટપોર મારી આવતી હોવાથી લોકમાં આળ બગલા સુખ બેસી કહેતી આવે છે. બીજી બાજુ એમ કહેવાય છે કે, બગલી ઈંડા મૂકે છે અને બગલો તે સેવવા બેસે છે. (૨) સવર્યું; ઈંડાને ગરમી આપવી.

૧૨. સ્ત્રી. જમણની વાનીઓ; ખાવા માટે પીરસેલ ભોજન.

૧૩. સ્ત્રી. મોટી ઓરડી. તે ડેરીના વાડમાં મોટા ઓરડા ઉપર મોટે ભાગે આવ છે.

૧૪. [સં.] પું. ઈશાની.

૧૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૧૬. વિ. પારસ પથ્થરના જેવું સ્વચ્છ અને ઉત્તમ; તંદુરસ્ત; નીરોગી.

૧૭. વિ. બીજાને પણ પોતાની સમાન કરનાર; બીજાને પણ પોતાના જેવા બનાવનાર.

૧૮. વિ. મજબૂત.

૧૯. વિ. મોટું.

પારસખસ સ્ત્રી. મોટા કોલ્લાસણી ખસ; એક ઊડવાથી આખે શરીરે ઝમે એવી મોટી ખસ; ભિલામા ખસ.

આકડાના ચંદડાના રસમાં હળદરનો કલ્ક ભેળવી રસવિયા તેલને પકવી શરીરે ચોળે તો ઘૃણસ, પારસખસ અને વિસર્પિકાનો નાશ કરે છે. ભોજનિતામણિ

પારસજાંજુ ન. મોટા કદનું જંજુ.

પારસણ સ્ત્રી. પારસી સ્ત્રી.

પારસણું ન. મોટો ઉપકાર.

પારસદેશ પું. પારસીઓનો દેશ; ઈરાન.

પારસદેશના ઉત્પાદનમાં ચૂનો ૬ ટકા જેવો છે. વાલજી દેસાઈ

પારસનવીસ ૧. પું. ફારસી પત્રવ્યવહાર કરનાર માણસ; મુનશી.

૨. પું. મજમુદાર; સુબેદાર.

૩. પું. મંત્રી; 'સેક્રેટરિ.'

પારસનાથ ૧. [સં. પાર્શ્વનાથ] પું. જૈન જાવોના ત્રેવીસમા તીર્થંકર; પાર્શ્વનાથ.

૨. ન. એ નામની ભંગાણમાં આવેલ એક ટેકરી; સુમેત શિખર. જ્યાં વીસ તીર્થંકર મોક્ષ પામ્યાની માન્યતા છે.

૩. ન. રાજપૂત અને ગુજ્જર જાયી દક્ષિણમાં આવેલું એ નામનું સ્થળ.

પારસપથ્થર પું. પારસમણિ. આ પથ્થર જે ધાતુને અડે તેનું સોનું થઈ જતું એવી માન્યતા છે. કહેવાય છે કે જૂના વખતમાં એક બાવાજારને તે જડ્યો હતો. બાવો કાપતાં કાપતાં તેનું ચપ્પરકું સોનાનું થઈ ગયું. તે જોઈ તે નવાઈ પામ્યો. પછી તે પથ્થર એક રાજાના હાથમાં ગયો. તેણે એક વખત ઉદારતાથી એક બ્રાહ્મણને ભક્ષિસ આપ્યો. તે ભક્ષિસના ગ્રહ્યથી અજ્ઞાન બ્રાહ્મણે આવી ભક્ષિસ માટે નાખુશ થઈ તે પથ્થર નર્મદા નદીમાં નાખી દીધો. જ્યારે પોતાની મૂર્ખાઈની તે બ્રાહ્મણને અખર પડી, ત્યારે તે ગરમાઈ ગયો, દિલગીર થયો અને બની શકે તો પાછો મેળવવા તે નદીમાં તેણે ડૂબકી મારી. પણ પાણી એટલું બધું ઊંડું હતું કે તે તળિયે પહોંચી શક્યો નહિ. નર્મદાનો તે ભાગ બહુ ઊંડો છે, તેથી ત્યાર પછી તે પથ્થર કોઈને જડ્યો નથી એમ કહેવાય છે.

પારસપિપ્પલ જુઓ પારસપીપળો ૨.

પારસપીપળ જુઓ પારસપીપળો ૨.

પારસપીપળો ૧. પું. જેની આગળ બાળગ કોઈ હોય નહિ એવો સ્વતંત્ર માણસ; કોઈની પણ સ્પૃહા વિનાનો સ્વતંત્ર માણસ.

૨. પું. પીપળાની જાતનું એક મોટું વૃક્ષ; મજપૂડી; પલાશપીપળ; બોડી; બોડી; પલાશપીપળો. હિંદુ લોકો આ ઝાડને પવિત્ર માને છે. મરણક્રિયા વખતે કેટલાક હિંદુઓ આ ઝાડનાં પાંદડાં વાપરે છે. તે હિંદુસ્તાનના હિમાલય ઉપરનાં જંગલોમાં, આંદામાન ટાપુઓમાં, બર્મામાં અને સિલોનમાં બધી આવે છે. દક્ષિણ હિંદમાં દેવળોના ચોગાનમાં સામાન્ય રીતે તે જોવામાં આવે છે. તેની ઊંચાઈ ૬૦થી ૮૦ ફૂટ હોય છે. તેનું લીસું અને ચળકતું થડ સીધું અને ઊંચું હોય છે.

તેનાં પહોળાં હૃદયાકાર પાદડાં ડાળીઓને છેડે એક પછી એક લીલે છે. પાદડું ઝાડથી છ ઇંચ લાંબું હોય છે. તેનો છેડો પીપળાના પાન જેમ અણિયાળો હોય છે. પાન લીસું અને નસથી ભરપૂર હોય છે. વચ્ચેથી સાત નસ તરી આવે તેવી મોટી હોય છે. વચ્ચે એક મુખ્ય નસ હોય છે. રાખોડી રંગનાં ઝાડ નાનાં પાનની બંને બાજુએ લીલાંછમ હોય છે. આ ઝાડ હમેશાં લીલું રહે છે. ફેબ્રુઆરિ મહિનામાં ઝાડનાં કેટલાંક પાન પીળાં પડી જાય છે. ફૂલ ૩થી ૪ ઇંચ મોટાં હોય છે. ફૂલ એકલું અથવા કોર્ષ વાર જોડકામાં હોય છે. ત્યારે ફૂલ કરમાઈ જાય છે, ત્યારે ડાંખ્યાં જોખ્રુડિયાં રંગનાં બને છે. પાંખડીઓ કરચલીવાળી અને ખાલાના આકારના ડીંટામાં હોય છે ફૂલ ત્યારે માસ આવે છે. આસ કરીને ઠંડી ઋતુમાં તે વિશેષ દેખાય છે. પાપડીના આકારનું મોગ ફળ તેને આવે છે. તેને ઈંડાના આકારનાં ચપટાં બિયાં આવે છે. આ ઝાડ જલદી વધનારું છે. મુખ્યત્વે તરફ આ ઝાડ સામાન્ય રીતે માલૂમ પડે છે. રેતાળ જમીન તેને અનુકૂળ છે. તેનું લાકડું દાણાદાર અને મજબૂત હોય છે. બંદૂકના કુંદા, ગાડાનાં પૈડાં, બોટ વગેરે બનાવવામાં તે વપરાય છે. તેની છાલના રેસામાંથી દોરડાં બનાવાય છે. અંતરછાલમાંથી રાતો રંગ અને ફૂલ તથા ફળમાંથી પીળો રસ નીકળે છે. આફ્રિકામાં સુવર્ણખારા તરફ ગામડી રંગવા માટે લાંબા સોડો તે ઝાડને છે. બિયાંમાંથી ઘાટા રાતા રંગનું બટ્ટ તેલ નીકળે છે. તેનાં ફળમાંથી નીકળતો પીળો રસ ખૂજલી ઉપર તથા ગામડીનાં બીજ દર્દ ઉપર લગાડાય છે. સોજા, ચૂમડાં વગેરે ઉપર તેનાં પાનની પોટીસ લગાડાય છે. તેની રાતી અંતરછાલ હરસના દર્દ ઉપર અપાય છે. આ ઝાડનાં મીંઢળના જેવા ફળોની માળાને સાધુઓ પવિત્ર માને છે. એ ફળમાં કપાસિયા જેવાં બધુ ફેલ્ય વમરનાં પાંચ બી હોય છે. ચૂમડાં ઓંકેના મૂર્ખિના લાભ માટે પારસપીપળાનું દૂધ ચોપડાય છે. આલ્કાતીરી ઉપર પારસપીપળાના ફળને પાણીમાં ઘસી તેનું નરણ આપવામાં આવે છે. પારસપીપળો માદી, ગુપ્તરોગ અને પૌષ્ટિક છે તેનાં બીજ સંગ્રહણી ને હરસ ઉપર અપાય છે

૩. પું માબાપ કે પૈપાંકોકરની જંજાળ વિનાનો લાપરવા માણસ

૪ વિ પું. પુત્ર વિનાનો.

૫. વિ પું. મિત્ર વિનાનો.

પારસપૂતળી વિ.સ્ત્રી. સુંદર; સુશોભિત.

સોના પાલવડે રે કે વાલા જોવી સાહેલડી;
પારસપૂતળી રે કે એવી કાં મૂંઝી સાહેલડી.
નાનાલાલ

પારસબોર ન. એક જાતનું બોર; કાશ્મીબોર.

પારસમણિ ૧. [સં. સ્પર્શમણિ] પું. જેના સ્પર્શથી લોઢું સોનું થઈ જાય તેવો મણિ; ચિંતામણિ; અયસ્કાંત; સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ. કાલ્પાણી લોઢાની ગાભલીમાં પારસમણિ હોય તો તેનું કાર્ય પણ પરિણામ આવતું નથી.

પારસમણિરૂપે જે ગ્રામમિત્રરૂપે વળી,
જે સત્ય હોય છે તે તો સાપડે કેમ પ્રેમ એ.
ગાંધીગીતા

૨. પું. મોટો મણિ; ઉત્તમ રત્ન.

પારસમુદ્ર ૧. [સં.] પું. લંકા; 'સિલોન.'

૨. ન. લંકાનું સુગંધી અત્તર.

પારસમુદ્રક ૧. પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે જુદા જુદા રંગનો અને ભૂકીના જેવી સુગંધવાળો હોય છે. તે સિલોન દ્વીપમાં થાય છે.

૨. પું. કસ્તૂરીની પેઠે પાર નીકળતો એક જાતનો હીરો; એક જાતનું રત્ન.

પારસલ ૧. ન. ગાડા; ઠઠ્ઠો; હિસ્સો.

૨. [અં.] ન. રેલવે રસ્તે મોકલેલ માલ; બિદડી; પોટલી; ભગાડી; નાની ગાંસડી; પેટકું; ટપાલ કે રેલવે મારફત મોકલવાનું પોટકું; 'પાર્સલ.'

પારસલ કરવું = રેલવે કે ટપાલથી પોટકું કે ગાંઠ બાંધીને રવાના કરવું કે મોકલવું.

પારસવી સ્ત્રી. એક જાતની વાઢવાળ. જેનાં પાન કોમળીર જેવાં હોય છે

પારસવ જુઓ પારસવ.

પારસવનાથ પું. ત્રેવીસમા જૈન તીર્થંકર; પાર્શ્વનાથ. તેનું ચિહ્ન સાપ છે. તેનું જન્મસ્થળ બનારસ અને મરણસ્થળ સિકારપુર છે.

પારસવી સ્ત્રી (પુરાણ) કૈકય નામના રાજાની દીકરી. તે વિદુર સાથે પરણી હતી.

પારસવું ૧. [સં. સ્પૃશ્ (ભાસવું)] સ. ક્રિ. અડવું; હાથ લગાડવો.

૨. સ ક્રિ. હાથ દેવો; ધસવું.

પારસ્પા ૧. પું. બ્રહ્મચર્ય પાળનાર માણસ

૨. [ફા.] પું. સાધુ પુરુષ; સંત પુરુષ.

૩. વિ. અખંડિત બ્રહ્મચર્યવાન.

૪. વિ. પવિત્ર.

૫. વિ. શુદ્ધ.

પારસાઈ ૧. [ફા.] સ્ત્રી. પવિત્રતા.

૨. સ્ત્રી. બ્રહ્મચર્ય.

૩. સ્ત્રી. શુદ્ધતા.

૪. સ્ત્રી. સંતપણું; સાધુતા.

પારસાત [સં. પાર્શ્વાત્] અ. થી; થકી; પાસેથી. ખતપત્તરમા આ શબ્દ વેચનારના નામ પાછળ મુકાય છે.

પારસાલ ૧. સ્ત્રી. સત વરસ; પોર; મર્ષ સાલ.

૨. [ફા.] અ. બધે વર્ષે.

પારસિક ૧. પું. ઈરાનનું રાજ્ય.

૨. [સં.] પું. ઈરાનનો ઘોડો; ઈરાની ઘોડો.

૩. પું. ઈરાનનો રહેવાસી; ઈરાનનો વતની.

૪. પું. એક જાતના વૈદક.

યવન, મીડ, પારસિક, આંધ્ર, કાંબોજ, માલવ, ચીન વગેરે પ્રાચીન જાતના વૈદ્યો. પુરાતત્ત્વ

૫ પું એક પ્રકારનો દવાનો છોડ. તે હિમાલય ઉપર ૭,૦૦૦ થી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી હોય છે.

૬. પું. પારસી.

૭. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; હાલનો ઈરાન દેશ; પારસ દેશ.

૮. જુઓ પારસી ૭.૧.

૯. સ્ત્રી. સેમેટિક માલેની એક નામની એક લિપિ.

૧૦. વિ. ઈરાની; ઈરાન દેશને લગતું.

પારસિક ચશ્માની જુઓ પારસીક ચશ્માની.

પારસિક ચશ્મા જુઓ પારસીક ચશ્મા.

પારસિકાધિપતિન જુઓ પારસીકાધિપતિ

પારસી ૧. [સં પારસિક; પ્રા. પારસીઅ] પું. જરથોસ્તી ધર્મનો અસલ ઈરાનનો રહેવાસી માણસ; ઈરાનથી હિંદમાં આવી વસેલો જરથોસ્તી કે તેનો વંશજ; ઈરાની આર્ય. તે સાતમા સૈકામાં ઈરાન છોડી પોતાનો પવિત્ર અગ્નિ લઈ હિંદ આવતા રહેલ. તેની વસતી ગુજરાતમાં આસ કરીને સુરત જિલ્લામાં બધુ છે. તેઓ અગ્નિપૂજક છે. તેઓ માને છે કે, ઓર્મઝદ કે જે આકાશનો દેવ છે અને જેનું કોઈ ચિહ્ન સૂર્ય, અગ્નિ અથવા તેજ છે, તે બધે સર્જનહાર છે અને જેની વિરુદ્ધ અહિમાન કે જે અંધકારનો રાજા છે તે યુદ્ધ લડે છે. ઈ.સ. પછી સાતમા સૈકામાં મુસલમાન લોકો ચડી આવ્યા અને પારસી લોકોનો નાશ કરવામાં આવ્યો. તેમાંના જે હિંદુસ્તાનમા નાસી ગયા તે બચા બની ગયા અને તે વંશના લોકો હાલ અગારે પણ મુંબઈ ઇલાકામા રહે છે. હાલ તેઓનો વર્ગ બધો જ

ધનાઢ્ય છે. પારસીઓએ ધર્મ માત્ર સાચવી રાખ્યો. બાકી પહેરવેશ, ભાષા, આચાર વગેરે હિંદનાં જ કાયમ રાખ્યાં. એમની મૂળ ભાષા પણ રાજ્યની ભાષા આશરે પારસી હતી, પણ આકૃતના માર્યા આવેલા એટલે ખેતી, વ્યાપાર વગેરે પોતાના બીજા બંધામાં એટલા રોકાઈ ગયા કે સાહિત્યની વૃત્તિ કેળવવાનો તેમને અવકાશ જ ન રહ્યો. વખત જતાં તેમણે એ દિશા તરફ દૃષ્ટિ કરી, પરંતુ પોતાના ધર્મ યા રીતરિવાજ સંબંધે જ્યારે એમને કોઈ રીતનો શક પડતો, ત્યારે પોતાની કોમના વિદ્વાન મોબેદો યા ધર્મગુરુઓને પૂછતા અથવા તેમ ન બને તો તે સંબંધી કાગળો તેઓ પોતાના અસલ વતનમાં મોકલતા અને ત્યાં જે થોડા જરથોસ્તીઓ હિંમતથી પાછળ રહીને ધર્મ પાળી રહ્યા હતા, તેમની પાસેથી ખુલાસો મેળવતા. એ ખુલાસા પોતાના હમદીનોને જણાવવા માટે પ્રસિદ્ધ કરતા. તેમની ભાષા જોકે ગુજરાતી રહેતી, તોપણ તે કેળવાયેલી યા સાહિત્યને શોભાવે તેવી ભાષા ન હતી અને હોય પણ નહિ. હિંદમાં મુંબઈ અને ગુજરાત તરફ કાળક્રમે વર્ષથી આ લોકો આવી વસ્યા છે. તેઓના પૂર્વજો મુસલમાન થવાના ડરથી પારસ છોડીને આવ્યા હતા. સને ૬૪૦ માં નહાવંદની લડાઈ પછી જ્યારે પારસ ઉપર અરબ અને મુસલમાનોનો અધિકાર થયો અને પારસીઓને મુસલમાન બનાવવા લાગ્યા, ત્યારે પોતાના આર્યધર્મની રક્ષા માટે ઘણા પારસી ખુરાસાનમાં આવીને રહ્યા. ખુરાસાનમાં પણ જ્યારે તેમને ઉપદ્રવ થયો, ત્યારે તેઓ ઈરાનની આડી ઉપર આવેલ હરમુઝ નામના દ્વીપમાં જઈ વસ્યા. ત્યાં ૧૫ વર્ષ રહ્યા. આગળ જતાં હરકત દેખી. અંતે સને ૭૨૦માં તેઓ એક નાના વહાણમાં હારતવર્ષ કે જે ઘણા કાળથી હરણ્યતોના રહણ્ય માટે દૂર દેશોમાં પ્રસિદ્ધ હતો, ત્યાં આવ્યા આવ્યા. પહેલાં તેઓ દીવ નામના દ્વીપમાં ઊતર્યા. પછી ગુજરાતના એક રાજા જાદુ રાણાએ તેમોને સંજાન નામના ગામમાં વસાવ્યા અને તેમોને અગ્નિસ્થાપના અને મંદિર માટે જમીન આપી. હિંદના દ્વાલના પારસીઓ તેમોના વંશજો છે. પારસી લોકો પોતાના સંવતનો આરંભ પોતાના છેલ્લા રાજા યઝદજર્દની હારના વખતથી લે છે.

પારસી ભાગ્યો કલાક = પારસી ખૂટે તો ઊભો કલાકને બંધો કરે.

૨. પું. પારસ દેશનો રહેવાસી.

૩. [પ્રા.] સ્ત્રી. કાવોદાવો; ભળકપટ; પ્રપંચ.

૪. સ્ત્રી. ગૂઢ સાંકેતિક બોલી; ભંગ ભાષા. આ શબ્દ પારસી શબ્દ ઉપરથી બનેલ છે. બૌદ્ધ ગ્રંથમાં સીતવાળી ગૂઢ બોલી ન સમજવાથી પ્લેચ્છ ભાષા કે પ્લેચ્છિક તરીકે તે ઓળખાતી. મુસલમાનોના અમલમાં આવી સાંકેતિક કે ગૂઢ બોલીને પારસી ભાષા જેવી ન સમજી હોવા જેવી લાગવાથી તેનું નામ પારસી પડ્યું. એને પ્લેચ્છિતક પણ કહે છે એનો જૂનામાં જૂનો પ્રયોગ મહાભારતમાં છે. ત્યાં વારણાવત જતાં પાંડવોને દુર્યોધને રચાવેલા લાક્ષાગૃહ વિષે વિદુર પ્લેચ્છ ભાષામાં એટલે કે પ્લેચ્છિતકમાં અર્થાત્ સંકેતની પારસીમાં ચેતાવે છે. ત્યાર પછી વાત્સ્યાયને અને મૂલદેવે ચોસઠ પ્રકારના પ્લેચ્છિતકનો નિર્દેશ કામસૂત્રની ટીકામાં કરે છે. પ્લેચ્છિતકને મુસલમાનોના અમલમાં પારસી નામ મળ્યું, કેમકે જુદા જુદા પ્રકારની બોલી તેની કુંચીથી ઊકલવા માણસને પારસી જેવો જ અભ્યાસ લાગે છે.

૫. સ્ત્રી. નિશાની; સંજ્ઞામાં કહેવું કે બતાવવું તે; ઇશારો કરી કહેવું તે.

૬. સ્ત્રી. પરદેશી ભાષા.

૭. સ્ત્રી. પારસ નામના અનાર્ય દેશમાં જન્મેલી દાસી.

૮. [સં.] સ્ત્રી. પારસી ભાષા.

૯. સ્ત્રી. પારસી લિપિ.

૧૦. સ્ત્રી. વેપારી લોકોની સંજ્ઞા; ગુપ્ત વાતચીત; બોલાપારસી; ગૂઢાર્થ; બેદરકારી ભાષા; સમરવા; સાનમાં આપેલી સમજણ; સંકેતથી આપેલી સમજણ; સમસ્યાની ભાષા; સાંકેતિક બોલી; વેપારીમાં વપરાતી સાંકેતિક બોલી. વેપારી લોકો આપસઆપસમાં વાત કરતાં પરાક્ષ અથવા ગર્ભિત લોકો ન સમજે એવી પરિભાષા વાપરે છે. એમાં આંકડાઓના સંકેત શબ્દો આવે છે. ગુજરાતના બધા જ વેપારીઓમાં આ જ સંજ્ઞાઓ પ્રચલિત નથી.

કેલ નવાલું = ૧	મૂલપડી = ૧૫
ધર બાકાલું = ૨	ઉલપડી = ૧૬
ઉધાન = ૩	સમરપડી = ૧૭
ગોમ = ૪	બાંગપડી = ૧૮
મૂલ = ૫	જબૂસપડી = ૧૯
ઉલ = ૬	કુડી = ૨૦
સમર = ૭	સવા કુંડી = ૨૫
બાંગ = ૮	દોઢ કુડી = ૩૦
જબૂસ = ૯	પોણિયે કુંડી = ૩૫
આગળ = ૧૦	બે કુંડી = ૪૦
કેલપડી = ૧૧	બે કુંડી ને કેલ = ૪૧
ધરપડી-ગોદાવરી = ૧૨	લીટી સવા = ૦।।
ઉધાનપડી = ૧૩	પીલ કાડિયું = ૦।।
ગોમપડી = ૧૪	ગણ પાન = ૦।।।

પહિલ આગળ થી પારસી. ગામળ

પારસી બાલવી–પારસીમાં બાલવી = કોઈ ન સમજે એમ વાત કરવી; સાંકેતિક બોલીમાં વાત કરવી.

૧૧. સ્ત્રી. સોની લોકોના બોલવામાં વપરાતી સાંકેતિક ભાષા. સોનીની પારસી નીચે મુજબ છે:

કચ્ચો = ૧	કચ્ચપરી = ૧૧
સમાણી = ૨	બાવર = ૧૨
ઓકલવાર્ધ = ૩	રેત = ૧૩
ઓરચ્ચ = ૪	ઓરચ્ચપરી = ૧૪
મૂળ = ૫	નકૂરે = ૧૫
ખેઠ = ૬	ખેઠપરી = ૧૬
સમાર = ૭	સમારપરી = ૧૭
બાંગલ = ૮	બાંગલપરી = ૧૮
વંન = ૯	વંનપરી = ૧૯

બાંગલ અથવા પરી = ૧૦ સુત = ૨૦
વીસપાર્ધ = ૨૫
મુલસટિયા = ૩૦
પા મેંમુડી = ૪૦
સવે બાકરો = ૫૦
બાકર = ૧૦૦
સમાણી ખેપુઓ = ૧૧૦
સમાણી સવે = ૨૦૦
સમાણી ખેકલ = ૨૧૦
ઓકલવાર્ધ ખેપુઆ = ૨૨૦

તીને છે = રેખે છે	ઠોરક = બ્રાહ્મણ
કહવું = બોલવું	ટાહવું = જમવું
ખેકહાં = બાળ	બાંકો = સિપાઈ
કુલ્લા = કોળી	

૧૨. વિ. અગ્નિપૂજક.

૧૩. વિ. પારસ દેશ સંબંધી.

૧૪. વિ. પારસીઓને લગતું.

પારસીક ૧. [સં.] પું. પારસ દેશ; ઈરાન.

૨. પું. પારસ દેશનો ઘોડો; ઈરાની ઘોડો.

૩. પું. પારસ દેશનો વતની.

૪. પું. પારસી.

૫. વિ. ઈરાની.

પારસીક વચાની [સં.] સ્ત્રી. ઈરાની અજમોદ; ખુરાસાની અજમોદ.

પારસીકર પું. ઈરાન; 'પર્શિઅ.'

પારસીકર દેસનિ સર્ઇ રનિ કિયું ઊદય. ગામળ

પારસીક વચા [સં.] સ્ત્રી. ખુરાસાની વજ; ઈરાની વજ; ઘોળા વેખંડ.

પારસીકાધિપતિ [સં.] પું. ઈરાનનો રાજા.
ઉજ્જયિનીના વાસપીઠને પારસીકાધિપતિ સમુદ્રમાંથી પ્રગટેલો ઉત્તમાશ્વ ભેટ મોકલે છે. કેતાય ૬૪૬

પારસીકેય [સં.] પું. કુંકુમ.

પારસી ગુજરાતી સ્ત્રી. પારસી લોકોથી બોલાતી તથા લખાતી ગુજરાતી ભાષા.

પારસીય યવાની [સં.] સ્ત્રી. ઈરાની અજમોદ; ખુરાસાની અજમોદ.

પારસીશાર્ઙ્ગ વિ. પારસીની પદ્ધતિનું.

પારસી શાત્રણિયો પું. એ નામની એક જાતની કેરી. આ ફળ પાકતરમાં પાકે છે અને આવામાં ઉત્તમ મનાય છે.

પારસેણ સ્ત્રી. પારસી સ્ત્રી.

પારસો ૧. [સં. પ્રસવ્ય] પું. ઢોરના ડાબા જનવરને થતી બાળતા; દૂઝણા ઢોરના આઉમાં થતો દૂધનો ભરાવ; આવલામાં થતો દૂધનો ભરાવ; આંચળમાં દૂધ ભરાઈ આવવું તે.
૧. પાઠો કાંઈ પારસો ન વાળે કે દૂધ દેખાડે = કોઈ વસ્તુ અપ્રાપ્ય હોવી.
૨. પારસે આવવું = ઢોરે સવાણે આવવું; ઢોરને ગર્ભાધાન કાળ આવવો; ગર્ભાધાનનો સમય થવો. પશુમાલ માટે બોલાય છે.
૩. પારસો મૂકવો-મેલવો = પાનો મૂકવો; દૂધ દોહતી વખતે દૂધ છૂટવું; ઢોરે આંચળમાં દૂધ આવવા દેવું.
૨. પું. પાનો આવવો તે; બખેણી; દૂધ આપવા સ્તન ભરાઈ આવવાં તે.
૩. પું. પાસો; બાજી રમવાનો ચોખંડો કાંબો પાસો.
૪. પું. સવાણ.

પારસોવું સ. ક્રિ. પાનો મૂકવો; પારસો મૂકવો; દૂધ છોડવું; આંચળમાં દૂધનો પ્રવાહ વહેવા દેવો; પ્રકુલ્લ થઈ દૂધ ભરાવું.
પાડાની ઉતાવળે કોઈ બેસ પારસોવે ? = સામાની ભરજે કોઈ ક્રમ કરવું નથી.

પારસ્કર ૧. [સં.] પું. પારસ્કર સૂત્રનો કર્તા એક આચાર્ય; ગૃહ્યસૂત્રકાર એક મુનિ.
૨. પુ. પ્રાચીન હિંદનો એ નામનો એક દેશ.
૩. ન. એ નામનું એક સૂત્ર.

પારસ્કરસૂત્ર [સં.] ન. શુક્લ યજુર્વેદનું એ નામનું એક સૂત્ર.

પારસ્ત્રૈણેય [સં.] પું. પરસ્ત્રીથી થયેલ પુત્ર; જારજ પુત્ર.

પારસ્નીપ સ્ત્રી. એક જાતની શાકભાજી.

પારસ્પરિક [સં.] વિ. પરસ્પરનું; એકબીજાનું; અન્યોન્યનું.

પારસ્પારિક જુઓ પારસ્પરિક.

પારસ્ય [સં.] પું. પારસ દેશ.

પારસ્યકુલીન [સં.] વિ. પારસ કુળમાં ઉત્પન્ન થયેલ. દત્તક પુત્ર વગેરે માટે વપરાય છે.

પારસ્વધ [સં. પાર્શ્વદ] પું. પાર્શ્વદ; અનુચર; નોકર; પરોણિયા; દ્વારપાલ; ચોકિયા.

પારહો (પારઠો) [સં. પ્રસવ્ય] પું. આંચળમાં દૂધ આવવું તે; પારસો; આઉમાં દૂધનું ઉભરાવું તે.

પારહોવું (પારઠોવું) સ. ક્રિ. દૂઝણાં ઢોરે આંચળમાં દૂધ ઉતારવું.

પારંગત ૧. [સં.] પું. જૈન; જિન.
૨. [સં. પાર (છેડો) + ગત (ગયેલું)] વિ. અભ્યસનમાં પાર ઊતરેલું.
૩. વિ. એક છેડાથી બીજા છેડા સુધી જતું રહેલું; પાર પામેલ; પાર ગયેલું.
૪. વિ. પૂરેપૂરો જાણકાર; પૂરેપૂરું માહિતગાર; સંપૂર્ણ માહિતગાર.
૫. વિ. હોશિયાર; કુશળ; પ્રવીણ; નિપુણ.

પારંગતતા ૧. [સં.] સ્ત્રી. અભ્યાસમાં પાર ઊતરવું તે.
૨. સ્ત્રી. પાર જવું તે; એક છેડાથી બીજા છેડા સુધી પહોંચવું તે.
૩. સ્ત્રી. પૂરેપૂરું માહિતગાર હોવું તે.
૪. સ્ત્રી. હોશિયારી; કુશળતા.

પારંગતપણું જુઓ પારંગતતા.

પારંગમ ૧. ન. પાર જવાનું; પાર પહોંચવું તે.
૨. વિ. પાર પામનાર.

પારંગલો પું. (વૈદક) દિનપ્રતિદિન ઓછું ખાતું જાય, પેટ વધે અને સ્નાયુ શિથિલ થાય તે રોગ; પારિમર્નિક.

પારંપરિક [સં.] વિ. પૈતૃક; પેઢીઉતાર; પરંપરાગત; પરંપરાથી ચાલી આવતું.

પારંપરીણ [સં.] વિ. પરંપરાથી આવેલું; પરંપરાગત.

પારંપરીય [સં.] વિ. પરંપરાગત; પરંપરાનું.

પારંપર્ય ૧. [સં.] ન. પરંપરા; પરિપાટી.
૨. ન. પરંપરાક્રમ; વંશપરંપરા; કુલક્રમ; પરંપરાથી ચાલતી આવેલી રીત; કુલ વગેરેની પરંપરા; આમ્નાય.
૩. વિ. કુલાનુસાર પરંપરાથી આવતું રહેલું.
૪. વિ. પરંપરા પ્રમાણેનું; પરિપાટીને અનુસરતું.

પારંપર્યોપદેશ [સં.] પું. કુલપરંપરાથી આવતો ઉપદેશ.

પારંપાર ૧. [સં. પાર્ (પાર પામવું)] અ. એક છેડેથી બીજા છેડા સુધી; આ પારથી પેલે પાર; છેક સુધીના ક્રમે; સંપૂર્ણ રીતે; આરપાર.
૨. અ. પૂરેપૂરું; સંપૂર્ણ.

પારંપારા જુઓ પારંપાર.

પારા ૧. પું. એક જાતનું એકલપેટું જનાવર. તે બીજા બધા જીવોના શ્વાસની અંદર રહે છે. તેનાં ત્રિનેત્રને છ હાંટા હોય છે.
૨. પું. એક જાતનું ઘરેણું.
૩. પું. એક જાતનું રમકડું.
૪. પું. ઘોડાની નેવર ઉપરના વાળનો ઝુમ્મો; ઘોડાના પગની પાછલી જાનુએ ભરી ઉપર ઊતરતું વાળનું ઝુમખું.
૫. [અ.] પું. ઓરોદાર.
૬. [સં.] પું. ટુકડો; કટકો.
પારા કરવા = કટકા કરવા.
૭. પું (પિંગળ) ત્રિમાંત્રીની જાતનો એક એક માત્રામેળ છંદ. તેમાં ૫૬ લઘુ અને ૨૬ ગુરુ મળી ૯૨ અક્ષર અને ૧૨૮ માત્રા હોય છે.
૮. પું. દાંતના મૂળ આગળના માંસના ભોગા; જેમાં દાંત દટાયેલા હોય છે તે ચેહાનું માંસ.
૯. [હિં.] પું પારદ; પારો; રસરાજ.
૧૦. પું. પારિયાનું વી
૧૧. પું. ભંડકની જોગી.
૧૨. સ્ત્રી. (પુરાણ) રોહિડો નદીનું એક નામ.
૧૩. સ્ત્રી. (પુરાણ) વિંધ્ય પર્વતના એક ભાગ પારિયાત્ર પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.
૧૪. વિ. ઠારે; વજનદાર.

પારાઈ સ્ત્રી. (કચ્છી) લોઢાની ઠોસ.

પારાકજ્જલી સ્ત્રી. (વૈદક) શુદ્ધ પારો અને ગંધકની મેળવણીથી બનતી દવા.

પારાગડી ૧. (પારાગડો) સ્ત્રી. બજપક્ષી.
૨. સ્ત્રી. પારાને ધીમે ધીમે એક વાસણમાંથી બીજા કોઈ વખત બગાડ તેવું એક જાતનું પક્ષિબાળ.

પારાજિક પું. (બૌદ્ધ) એક જાતનો નિયમ.
પારાજિક જેવા સ્થૂલ નિયમો છોડી દઈને બીજા નાના નિયમોમાં ફેરફાર કરવાને સંઘને અધિકાર આપ્યો હતો.
પ્રબોધ

પારાજ્ઞ જુઓ પારાવણ.

પારાદૈસ કું. સ્વર્ગ; સુખ અને શાંતિમય સ્થાન.

પારાદોજ ૧. [ફા.] વિ. તોપ બનાવનાર; તોપમાં બારુદના કટકા નાખનાર.
૨. વિ. લંગડાં મારનાર

પારાધી ૧ કું. (જ્યોતિષ) હરિણી નક્ષત્રને ઊંડે દક્ષિણ તરફ દેખાતો, કરોડો તારાઓમાં સૌથી વધારેમાં વધારે તેજસ્વી જણાતો એ નામનો તારો; તારાના તેજ પ્રમાણે પાડેલા સાત વર્ગ માંહેના પહેલા વર્ગમાનો પહેલો તારો.
૨. સ્ત્રી. શિકાર કરનાર અને પક્ષી પકડનાર એ નામની એક જાત તે મોટે ભાગે નાસિક, સોલાપુર તરફ રહે છે.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

પારાપોણી સ્ત્રી. કીમતની રકઝક; જૈમતાણ.

પારાપત [સં.] કું. પારેવો; કબૂતર.
આકાશ ઊડ્યા પારાપત, આહાર ગયો નવનીપાત.
લાલચુ

પારાપતી [સં.] સ્ત્રી. કબૂતરી.

પારાપાર ૧. [સં.] કું સમુદ્ર.
૨. સ્ત્રી. એક પ્રકારની તુષ્ટિ; સંતોષ.
જમના હોય જોઈ જે દુર્લભ વાત છે તે પારાપાર.
સામ્યદર્શન
૩. સ્ત્રી. પરંપરા; પરિપાટી.
પારાપાર ટીકાકીની, રહે કવી આપમાં.
૪ ન. નદી વગેરેના બે કાંઠા.
૫. ન એક ઉંડાથી બીજા ઉંડા સુધી; પારંપાર; આ પારથી પેલે પાર જવાનું.
૬. ન. સંપૂર્ણપણે.

પારાપારતર [સં.] સ્ત્રી. સાર્વજનિક હોડી.

પારાપારા [ફા.] અ. કટકે કટકે.

પારાપારી અ. પારાપરથી.

પારાપારીણ ૧. [સં.] વિ. બે કાંઠે જનાર.
૨. વિ. સમુદ્ર તરફ જનાર.

પારાપેઠ સ્ત્રી. અજાતરની નીચી આડશ; કેયારણી; રેલિંગ; 'પેરપેઠ.'

પારામરીચિ કું. બાર બાર દેવના ગણ માંહેનો એ નામનો એક ગણ. પારામરીચિ, ભર્ગ અને સુધર્મા એ નામના બાર બાર દેવના ગણ બણ છે.
પારામરીચિશ ભર્ગેશ, સુધર્મા દિશ બાર.
પ્રાચીન કાવ્યમાળા

પારાયેડો કું. એક જાતનું કાપડ; પરમેટો; પામેડો.

પારાયણ ૧. કું. કામશાસ્ત્ર વિશે લખનાર એ નામનો એક ગ્રંથકાર.
૨. કું. તોહાની કાપી માટે વપરાતી લગામ.
૩. કું. પરમ કૃપાળુ વિષ્ણુ.
૪. [સં. પાર (છેડો) + અયન (જવું તે)] ન. આખું વાંચી જવું તે; ગ્રંથ વગેરેનો આદ્યંત પાઠ; પૂર્ણ વાચન.
૫. ન. કટાયા ઉપલાને એવું લાંબું વિવેચન; પા.
૬. ન. નિયત સમયમાં વેદ કે પુરાણનો સમગ્ર પાઠ; વેદ, પુરાણ અથવા ધર્મગ્રંથનું પહેલેથી છેલ્લે સુધી વાચન.
૭. ન. પાર પામવું તે.
૮. ન. ભાગવત વગેરેનો સાદ્યંત પાઠ કરવાના અધિકાર વડે જે કર્મ પ્રવૃત્ત થયું હોય તે.
૯. ન. શ્રીમદ્ ભાગવતનો સાત દિવસ સુધીનો પાઠ; સપ્તાહ.
૧૦. ન. સમગ્રપણું; સકલપણું.
૧૧. ન. સમાપ્તિ; પૂરું કરવાનું કામ.

પારાયણકાર વિ. વાંચનાર; ધર્મગ્રંથનું પારાયણ કરનાર.

પારાયણ બેઠ કું. સપ્તાહ કરનાર બેઠ.

પારાયણિક ૧. [સં.] કું. બ્રહ્મ.
૨. કું પારાયણ કરનાર માણસ.
૩. વિ. ગ્રંથ વગેરેના આદ્યંત પાઠનું આવર્તન કરનાર.
૪. વિ. પારાયણ સંબંધી.
૫. વિ. સમગ્રપણાનું આવર્તન કરનાર.

પારાયણી ૧. [સં.] સ્ત્રી. કામક્રિયા કરવી તે.
૨. સ્ત્રી. ચિંતન; વિચાર.
૩ સ્ત્રી. પ્રકાશ; તેજ.
૪. સ્ત્રી. સરસ્વતી.

પારાયણીય [સં.] વિ. પારાયણ સંબંધી; પારાયણમાર્ગપ્રકારે પ્રવૃત્ત.

પારાવત ૧. કું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.
પારાવતે ચમ તા તા તા તા ગા ભરે.
સ્વરૂપિણ
૨. કું. (વૈદક) એ નામનાને એક જાતનો ભાટો પદાર્થ.
૩. [સં.] કું. કબૂતર; પારાપત; પારેવો; કપોત
૪. કું. ખેરની જાતનું એક ઝાડ.
૫. કું. કૃતયુગના એ નામના એક ગુરુ.
૬. કું. પર્વત; ગિરિ.
૭. કું. પંડુક; હોલો; કબૂતરની જાતિનું એક પક્ષી.
૮. કું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એ નામનો એક નાગ.
૯. કું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે આવેલ એ નામનો એક તારાસમુદાય; એ નામનું એક નક્ષત્રમંડળ; 'કોલુમ્બા.' તેનો આકાર કબૂતર જેવો હોય છે.
૧૦. કું. વાંદરો.
૧૧. કું. સારસજન.

પારાવતક [સં.] કું. એક જાતના મોભા.

પારાવતકલિકા ૧. [સં.] સ્ત્રી. કાંગ.
૨. સ્ત્રી. ભાલકાંકણી.

પારાવતગ્રી [સં.] સ્ત્રી. સરસ્વતી નદી.

પારાવતપદી ૧. [સં.] સ્ત્રી. અમેરી.
૨. સ્ત્રી. એક જાતનું કૃળ.
૩. સ્ત્રી. કાકજંઘા.
૪. સ્ત્રી. ભાલકાંકણી; જ્યોતિષ્મતી. ભાલકાંકણીનું તેલ કાઢી કોમિળાગર લોકો પાસે આંધળાના કાચળામાં લે છે. તેનાથી પારો બંધાય છે તથા પારો ખેટલે વીંધે પણ બંધેય કરે છે, માટે આ વનસ્પતિને પારાવતપદી કહે છે.

પારાવતપ્રજ ન. કપું.

પારાવતા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. સીતાકૃળ.
૩. સ્ત્રી. સીતાકૃણી.

પારાવતાર્ચિ [સં.] કું. (પુરાણ) પૃષ્ટદ્યુમ્ન.

પારાવતાંગ્રિ [સં.] કું. જ્યોતિષ્મતીનો વેલો.

પારાવતાંગ્રિપિણ્ડ [સં.] કું. એક જાતનું કબૂતર.

પારાવતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. એક જાતનું કૃળ.
૩. સ્ત્રી. ગોપગીત; ગોવાળિયાઓનું ગીત.
૪. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોલ રાગની આઠ માંહેની એક પુત્રવધૂ; એ નામની એક રાગિણી. તે પૂરવી, દેવગીરી, ગૌડ તથા ગૌરીથી મિશ્ર છે.

પારાવય કું. (બૃ. સ્ત્ર.) પારેવો; કબૂતર.

પારાવાર ૧. [સં.] કું. દરિયો; સમુદ્ર.
આ પ્રેમ પારાવારમાં ન્હાવાં મરણ પણ ઇષ્ટ છે.
બોટાદકર
૨. કું. (પિંગળ) શાર્દૂલની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, બે નગણ, રગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.
આવો ઠીક લગાગા તગણ નગણ રગણ પારાવારે.
સ્વરૂપિણ

૩. પું. સીમા; અંત; હદ.
૪. [સં. પાર (પેલો કાંઠો) + અવાર (આ કાંઠો)] ન. બને કાંઠા; અરપાર.
૫. વિ. અપાર; અગાધ; પુષ્કળ; બહુ જ; [illegible].
૬. સ. ક્રિ. ઉપાડી લે. સોની લોકો પારસીમાં વાપરે છે.

પારાવારા સ્ત્રી. એ નામની એક દેવી. તેની પીઠ સમુદ્રના તટ ઉપર હોવાનું મનાય છે.

પારાવારાંત જુઓ પારાવારાંતસ્થ.

પારાવારાંતસ્થ પું. (પિંગળ) વિકૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પારાવારાંત. તેના દરેક ચરણમાં ત્રણ ભગણ, સગણ, ભગણ, સગણ, તગણ, લઘુ અને ગુરુ મળી તેરીસ અક્ષર હોય છે.

પારાવારાંતસ્થે ઉ મા તો ત્રણ સા લા પા સ ત અંતે તા ગ કરો. રણજિતરામ

પારાવારીજ્ઞ વિ. જે તટ ઉપર જનાર.
૨. [સં. પાર (પેલો કાંઠો) + અવાર (આ કાંઠો)] વિ. સમુદ્રને પાર જનાર.
૩. વિ. સંપૂર્ણ માહિતગાર.

પારાશર ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. ધર્મશાસ્ત્રનો એ નામનો એક પ્રવર્તક.
૩. પું. (જ્યોતિષ) નક્ષત્રોમંડળમાં ધ્રુવની આસપાસ ફરતા સપ્તર્ષિ મંડલનો એ નામનો એક તારો.
૪. પું. પરાશરનો વંશજ.
૫. પું. પરાશરે કરેલા નિયમ, સ્મૃતિ વગેરે.
૬. પું. પારાશર્યનો વિદ્યાર્થી.
૭. પું. અઠ્ઠાવીસ મંડલનો એ નામનો એક વિનયવાદી.

વસિષ્ઠ, પારાશર, જતૂકર્ણિ, કશ્યપ વગેરે અઠ્ઠાવીસ વિનયવાદીઓના મતોનો દક્ષિણદમાં ઊહાપોહ કરવામાં આવ્યો છે. પુરાતત્ત્વ

૮. પું. બાઢાબુની એ નામની એક જાતિ.
૯. પું. વનનું જનવર.
૧૦. પું. વ્યાસ મુનિ; પરાશરનો પુત્ર.
૧૧. સ્ત્રી. એ નામની એક સ્મૃતિ.
૧૨. ન. અઠ્ઠાર મહિનું એ નામનું એક ઉપપુરાણ.
૧૩. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.
૧૪. ન. એ નામની જાતનું માણસ.
૧૫. ન. હિરાવણ બાઢાબુનું એ નામનું એક ગોત્ર.
૧૬. ન. મિત્રાવરુણ ગોત્રનું એ નામનું એક પ્રવર.
૧૭. વિ. એ નામની જાતનું.
૧૮. વિ. પરાશર ઋષિએ કરેલ; પરાશરનું બનાવેલું.
૧૯. વિ. પરાશર સંબંધી.
૨૦. વિ. પરાશર ગોત્રમાં ઉત્પન્ન થયેલ.

પારાશરકલ્પિક [સં.] વિ. પરાશરે કરેલા કલ્પપ્રબંધને જાણનાર કે ભણનાર.

પારાશરસ્મૃતિ [સં.] સ્ત્રી. પરાશર ઋષિએ બનાવેલું આચાર માટેનું ધર્મશાસ્ત્ર.

પારાશરિ ૧. [સં.] પું. પરાશરના પુત્ર વેદવ્યાસ.
૨. પું. શુકદેવ.
૩. વિ. પરાશરનું; પરાશર સંબંધી.

પારાશરી ૧. [સં. પારાશરિન્] પું. પારાશર્ય ઋષિનો અનુયાયી કે શિષ્ય.
૨. પું. પારાશર્યે કહેલા ભિક્ષુસૂત્રને અનુસાર ભિક્ષુ; વેદવ્યાસના શારીરક સૂત્રરૂપ ભિક્ષુસૂત્રનું અધ્યયન કરનાર ધાર્મિક સાધુ; અનુયાયી સાધુ.
૩. સ્ત્રી. પરાશરે રચેલ સ્મૃતિ કે ધર્મશાસ્ત્ર.
૪. સ્ત્રી, બાઢાબુની એ નામની એક જાત.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.

પારાશરીય [સં.] વિ. પરાશરનું.

પારાશરીસ્મૃતિ સ્ત્રી. અઠ્ઠાર મહિનાની એ નામની એક સ્મૃતિ; પરાશરસ્મૃતિ; પરાશર ઋષિએ બનાવેલું આચાર માટેનું ધર્મશાસ્ત્ર.

પારાશર્ય ૧. [સં. પરાશર + ય (તે ઉપરથી ઉત્પન્ન થયેલ)] પું. પરાશર ઋષિનો પુત્ર; વેદવ્યાસ; કૃષ્ણ દ્વૈપાયન.
૨. વિ. વ્યાસનું; વ્યાસથી ઉત્પન્ન થયેલું.

પારાશર્યાયણ પું. એ નામનો એક પ્રાચીન આચાર્ય; પૈપ્પિલાદ આચાર્યનો એ નામનો એક શિષ્ય.

પારાશવ પું. બાઢાબુથી વૈશ્ય કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર; બંબા.

પારાશરીક્ષી ૧. સ્ત્રી. ચરબી માપવાનું યંત્ર; 'બરમોમિટર.'
૨. સ્ત્રી. પારો નાખી બનાવેલું વાયુભારમાપક વગેરે યંત્ર.

કુમારખમાં પારાશરીક્ષી રાખવી જોઈએ.
વાઘજી ઈસાઈ

પારાષ્ણરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પ્રયાગમાં લખ્યું છે કે, એક સમય પરાશર ઋષિને સંતાનની ઇચ્છા થઈ. તે નર્મદાને કાંઠે આવીને હરમોરાની આરાધના કરવા લાગ્યા. બંને પ્રસન્ન થયાં. પાર્વતીજી વરદાન દેવા લાગ્યાં, ઋષિએ વિદ્યા, જ્ઞાન અને પ્રખરબુદ્ધિવાળો પુત્ર માગ્યો અને પોતાના તપસ્થાનમાં રહેવાની માગણી કરી. પાર્વતીજીએ કહ્યું, હે ઋષિષ્ઠ, તમારી જોડે દીકરો નહિ રમે, તમે શિવજી પાસે જાઓ કે પોતાના અંગથી અયોનિસંભવ પુત્ર આપે. એમ કહીને શિવપાર્વતી ગુપ્ત થઈ ગયાં, પછી તેમણે શિવમોરાની સ્થાપના કરી. અહીં તપ અને દાન કરનારને પ્રભાવશાળી પુત્ર મળે છે. મહા, ચૈત્ર, વૈશાખ આવણ અને ભાદરવાની સુદિ ૯ ને ૧૪નું હરમોરા પૂજનનું મોટું માહાત્મ્ય છે. સંક્રાંતિ મહત્ત્વ કાળમાં અહીં કર્મ કરવાથી મોટું ફળ મળતું હોવાનું કહેવાય છે.

પારાસ પું. ઈજિપ્ત તથા તુર્કસ્તાનમાં થતો એક સિક્કો.

પારાસુરા ૧. સ્ત્રી. બાઢાબુની મોરારી મંઢેની એ નામની એક પેટા જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પારાંચિક ૧. ન. (જૈન) એક જાતનું તપ; સર્વોત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત.

જ્યારે આવી અવસ્થાવાળી ઉપાધ્યાય હતી તો પછી એમને બાર વર્ષ મૌન પારવાનું પારાંચિક પ્રાયશ્ચિત્ત શા માટે આપ્યું ?
ગુ. સા. પરિષદ

૨. ન. (જૈન) પારાંચિક નામનું દસમું પ્રાયશ્ચિત્ત; સાધુને ગુદસ્થનો વેશ પહેરાવી અમુક વખત રાખવો તે.

પારાંતચારી પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, તગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

ન ત બે પારાંતચારી રણજિતરામ

પારિ ૧. [સં] પું. મદ્ય પીવાનું પાત્ર; પ્યાલું.
૨. [સં. પાર] સ્ત્રી. જલાશયનો કિનારો.
૩. સ્ત્રી. દિશા.
૪. સ્ત્રી. હદ; સીમા.

પારિકર્મિક ૧. [સં.] પું. જંગલી હાથીને પાઠવામાં પરચૂરણ કામ કરનાર નોકર.
૨. વિ. કેસર વગેરેથી અંગ વગેરેના સંસ્કારકર્મમાં જોડેલ કે નીમેલ; પરિકર્મ કરવા નીમેલું.

પારિકારારિ [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

પારિકાંક્ષી [સં. પારિકાङ્ક્ષિન્] પું. બ્રહ્મજ્ઞાનની અભિલાષી તપસ્વી; બ્રહ્મજ્ઞાનની આકાંક્ષા રાખનાર કોઈ વ્યક્તિ. મુમુક્ષુ.

પારિકૂટ [સં.] પું. સેવક; નોકર; ભૃત્ય.

પારિક્ષિત ૧. [સં.] પું. પરીક્ષિતનો પુત્ર જનમેજય.

૨. વિ. પરીક્ષિતનું; પરીક્ષિત સંબંધી.

પારિખ [સં.] વિ. આર્યમાં હોનાર કે બનાર; જિલ્લા વગેરેની આસપાસ આવી વગેરેમાં હોનાર.

પારિખીય [સં.] વિ આર્યનું; આર્ય સંબંધી.

પારિગર્ભિક ૧. [સં.] પું. (વૈદક) બાળકનો એક રોગ; પરિસર્પ; પરિભવ; પારોસું. ચર્બિણી માતાનું દૂધ પાવાથી બાળકને ઉપરસ, અતિસાર, ઝાડો, ઊલટી, અરુચિ તથા તાવ આવ, દિન પર દિન બાળક ગળતું જાય, પેટ મોટું થઈ તરતજ અને ઘણુ સિવિલ થઈ જાય.

૨. વ. કબૂતર.

પારિગ્રહિકીક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) પરિગ્રહની મમતાથી લાગતી ક્રિયા.

પારિગ્રાફ [અં. પૅરેગ્રાફ] પું. પારો; ફકરો.

પારિઘ્નિક [સં.] વિ. ઘામની ચોતરફ હોનાર કે બનાર.

પારિચક્ર સ્ત્રી. ઢાસી; ચાકરડી.

પારિજાત પું પ્રાચીન ક્રિતનો એ નામનો એક પર્વત

પારિજાતક જ. પારિજાતક વૃક્ષ.

પારિજાતિક જ. પરીક્ષાથી વેચાતી વસ્તુ. જેમકે, સોનું, હીરા, મણિ

પારિજાત ૧. પું (ત્રિમળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉદ્ગાત છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૩૦ લઘુ મળી ૪૨ વર્ણની ૫૨ માત્રા હોય છે.

૨. [સં] પું. એ નામનો એક ઋષિ.

૩. પું. એક દેવવૃક્ષ; કલ્પવૃક્ષ. તે સ્વર્ગલોકમાં ઉદધના નંદનકાનનમાં છે તેનું ફૂલ જેવા પ્રકારની ગંધ ઇચ્છીએ તેવા પ્રકારની ગંધ આપે છે. તેની ભિન્ન ભિન્ન શાખાઓમાં અનેક પ્રકારનાં રત્ન લાગે છે. આ પ્રકારના આ વૃક્ષના અનેક ગ્રંથ પુરાણોમાં કહેવામાં આવેલ છે. સત્યભામાની પ્રસન્નતા માટે શ્રીકૃષ્ણ સ્વર્ગમાંથી ઉદધની સાથે યુદ્ધ કરીને આ વૃક્ષ લાવ્યા હતા. તેનો પૂરો ભોગ કરી આવું સ્વર્ગમાં રાખી દીધું હતું. તે સમુદ્રમંથન સમયે નીકળેલ હતું એમ મનાય છે.

૪. પું. ઐરાવત કુળનો એ નામનો એક હાથી.

૫. પું. (પુરાણ) મથદાનવે બનાવેલ સભામંડપ જેવા નારદની સાથે આવેલ એક ઋષિ.

૬. પું. (જ્યોતિષ) દૃષ્ટિ રાશિમાં આવેલો એ નામનો એક તેજસ્વી તારો.

પૂર્વ તરફનું ચોથું કરણ જ્યારે કાંઈક જગ્યારી બાકી ચોથું હો ત્યાં સોમ ભગવાન પોતાને લાયે અભિલિત ઉદ્દેશો જ ઊંચે આવેલો દેખાયે તેનું નામ પારિજાત છે.

શિક્ષણ અને સાહિત્ય

૭ પું સિદ્ધ પર્વત.

૮. પું સિતાદ્ર પર્વત.

૯. પું સુગંધ.

૧૦. વ. એ નામના દેવવૃક્ષનું ફૂલ.

૧૧. વ. (જ્યોતિષ) જ્યેષ્ઠા નક્ષત્ર. જ્યેષ્ઠામાં ત્રણ તારા છે. તેમાંથી વચલો તારો આખા ભૂમિકમાં સૌથી તેજસ્વી છે અને તે આખા ભૂમિકનું મધ્યબિંદુ છે.

૧૨. વ. સારી કે હારસિંગારનું ઝાડ. તેનાં તાજાં પાંદડાંનો રસ ૧૦થી ૨૦ ટીપાં બાળકને આપવાથી ખુલાસ થાય છે. જૂનું જ્વરમાં તે મધની સાથે અપાય છે. તેનાં પાંદડાંને ઘીમાં અગ્નિ આપીને બનાવેલો ઉકાળો સાકર, પણ વગેરેના સન્નિપાતમાં હાનકારક બનાય છે. તેની માત્રા ૧થી ૨ ગ્રામ છે. આ ઝાડ વધું મોટું હોતું નથી. એને ગોળાઈ બહુ આવે છે. સર્પદંશ ઉપર તેના પાંદડાનો અથવા છાલનો રસ પાઈ પાવાથી ફાયદો થતો બનાય છે. હાર ઉપર તેના પાંદડાનો રસ ચોપડાય છે. કોઢરાના વિષ, અરજ્યા, આમંડ, ઉદરકેહ, ખોડા ઉપર પણ તેનો ઉપયોગ થાય છે. આ ઝાડ મધ્ય હિંદનાં જંગલોમાં અને હિમાલયના નીચલા પ્રદેશમાં ખૂબ ઊગે છે. તેને સુગંધીદાર ફૂલ આવે છે માટે જ તેને બગીચામાં વાવવામાં આવે છે. તેનાં ફૂલ પીળાં અને દાંડી લાલ કે કેસરિયા રંગની હોય છે. તે ચાવવું ખાદરવામાં આવે છે.

૧૩. વ. હારસિંગા કે સારી નામના ઝાડનું ફૂલ.

પારિજાતક ૧. [સં.] વ. એ નામના દેવવૃક્ષનું ફૂલ

૨. વ. સારી કે હારસિંગારનું ઝાડ.

૩. જ સમુદ્રમથન કરતા નીકળેલ પાંચ ઝાડોનું એક દેવવૃક્ષ; પારિજાત. જે વનસ્પતિની દાંડી લાલ જેવા રંગની હોય, શાખાઓ તળિયેના વખારે નીકળેલી હોય અને એક ધૂંવા કે ગુચ્છ જેવો આકાર થયો હોય, જેમાંથી દર વરસે પુષ્પ ધારણ કરનારી શાખાઓ નીકળતી હોય, જેની ઊંચાઈ બહુ કરતાં વધુ અને વૃક્ષ કરતાં વધુ નીચી હોય તેને ગુચ્છ કહેવામાં આવે છે અને તેથી પારિજાતકને ગુચ્છ કહેવાય છે.

૪. વ. હારસિંગા કે સારી નામના ઝાડનું ફૂલ.

પારિજાતરાત્ર્યા [સં.] સ્ત્રી. પારિજાતકનાં ફૂલની બજારી.

પારિજાતસરસ્વતી [સં.] સ્ત્રી. એ નામની એક સરસ્વતી.

પારિજાતા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

નાગ્યમાં પારિજાતાનું ભજન કરવું

જાગવતી ગાગવત

૨. સ્ત્રી. તેજબળ નામની વનસ્પતિ, આ ઝાડનાં ફૂલ પારિજાતકનાં ફૂલ જેવાં થાય છે, માટે તેજબળને પારિજાતા કહે છે.

પારિજાતાપહરણ [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર આંદેનું એક નામ.

પારિજ્ઞાયિક વિ. સેળભેળ કરનાર.

પારિષ્ઠાપનિકા સમિતિ સ્ત્રી. (જૈન) પાંચ મહિની એ નામની પાંચમી સમિતિ. મળમૂત્ર વગેરે દેહી દેવાની અને જીવ રહિત જગ્યાએ શાસ્ત્રોક્ત રીતે ઉપયોગ રાખીને નાખવાં તે.

પારિણામિક ૧. [સં.] પું. (જૈન) આત્માના પર્યાયોનો એક ભાવ; પાંચ મહિના એક પ્રકારનો ભાવ. આત્માના પર્યાયો અધિકમાં અધિક પાંચ ભાવવાળા હોઈ શકે છે: ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક. આ ભાવના ત્રણ ભેદ ત્રણ ભાવ છે: જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. એ ત્રણ તથા બીજા પણ પારિણામિક ભાવો છે. ચૈતન્ય, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ ભાવો સ્વાભાવિક છે, અર્થાત્ તે કર્મના ઉદયથી કે ઉપશમથી કે ક્ષયથી કે ક્ષયોપશમથી પેદા થતા નથી. પરંતુ અનાદિ સિદ્ધ આત્મદ્રવ્યના અસ્તિત્વથી જ સિદ્ધ છે, તેથી તે પારિણામિક છે. ત્રિકાળવર્તી અને બધા આત્માઓમાં પ્રાપ્ત થાય એવો એક જીવત્વરૂપ પારિણામિક ભાવ જ છે, જેનો ફલિત અર્થ ઉપયોગ જ થાય છે. પારિણામિક ભાવ દ્રવ્યનું એક પરિણામ છે. તે દ્રવ્ય દ્રવ્યના અસ્તિત્વથી જ પોતાની મતે જ ઉત્પન્ન થયા કરે છે.

૨. પું. (જૈન) દ્રવ્યના પરિણમવાથી થતો એક ભાવ; છ ભાવોનો એ નામનો એક ભાવ.

૩. વિ. પરિણામરૂપે રહેલું કે આવેલું.

પારિણામિક ક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) એક જાતની અંતરંગ ક્રિયા.

આત્મા ત્રિકાળવસ્તુ. તેના ગુણ અને તેની અરૂપી પારિણામિકક્રિયા (તે અંતરંગ ક્રિયા છે. બહારમાં તો અક્રિય છે) તે એકરૂપ પડ્યાં છે, તેના વડે સમ્યગ્દર્શન પ્રગટે છે. નિયમસાર

પારિણામિક ભાવ [સં.] પું. (જૈન) કર્મોનાં ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અથવા ઉદયની અપેક્ષા રાખ્યા વિના જીવનો સ્વભાવ. તેના ત્રણ ભેદ છે: જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ.

પારિપ્લુમિકી [સં.] સ્ત્રી. બાકી ઉમરે ઉત્પન્ન થતી બુદ્ધિ.

પારિપ્લવ્ય ૧. [સં.] વિ. અસ્થાનમાન; બાસ; વિશેષ.

૨. વિ. વિવાહને સમયે મળેલું.

પારિપ્લાજ્ય [સં.] ન. ઘરનો સરસામાન; ઘરવખરી.

પારિત [સં.] વિ. પારેલું; સમાપ્ત કરેલું.

પારિતક્ષ્યા [સં.] સ્ત્રી. સોનામાં રાખવાનો સોનાનો એક અલંકાર.

પારિતાપનિકી ક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવાથી લાગતી ક્રિયા જેટલે થતો કર્મબંધ.

પારિતોષ ન. પરિતોષિક; ઇનામ; બક્ષિસ.

પારિતોષિક ૧. [સં.] ન. ઇનામ; પ્રસન્ન કે પરિતુષ્ટ થઈને કોઈને આપવામાં આવતું ધન કે વસ્તુ; પુરસ્કાર.

સર રવીંદ્રનાથ ઠાકુરને નોબલ પારિતોષિક આપ્યું ત્યારે સમગ્ર હિંદે અર્જુનાદી એકતા અનુભવી હતી. રમણલાલ

૨. ન. કરેલા કામનો બદલો; દામ.

૩. ન. વિદ્વાન માણસને અપાતું તેની મહેનતનું મહેનતાણું.

૪. વિ. આનંદ આપનારું; પ્રીતિકર.

૫. વિ. ઇનામને લગતું.

૬. વિ. સંતોષ આપતું.

પારિત્રાય કું. આરબલી પર્વત.

પારિદવરણું વિ. અસલમાની રંગનું.

પારિધ ત્રિલ્લો કું. અસપાસ ગાળોની ગીચ પટાવાળો અમલા કરતી આર્યાળો ત્રિલ્લો.

પારિધ્વજિક [સં.] કું. ધ્વજ વહન કરનાર પુરુષ.

પારિપત્ત જુઓ પારિપલ.

પારિપત્ય ૧. ન. નિવારણ; પ્રશમન.

૨. ન શિક્ષા; સજા; નસિયત.

૩. [સં.] ન. કુમળો કરીને કરાવવું તે; લાર. અર્જુનિવર્ણએ બોબ્બોનું પારિપત્ય કર્યું. સહ્યાદ્રિ

પારિપાર્શ્વક ૧. [સં.] કું. ચોર; ઠંઠારો.

૨. વિ. બાજુ બોડીને કે રોકીને ઊભું રહેનાર.

૩. વિ. હિંસક.

પારિપાટય જુઓ પરિપાટી.

પારિપાતિક રસ [સં.] કું. અથીતકી દ્રવ્યના પ્રમાણમાં આવતો રસ.

પારિપાત્ર ૧. કું. (પુરાણ) વિંધ્યાચલ પર્વતનો આલવાની સરહદ ઉપર આવેલ એક લાંબો સમાંતર પર્વતોમાંનો વિંધ્યાચલની અંદરનો એક પર્વત; નર્મદાના મૂળથી અંદીને ખંભાતના અખાત સુધીનો વિંધ્યાચલનો પશ્ચિમ ભાગ. તેમાં અરવલ્લીનો સમાસ થતો હતો. અહીં કૃષ્ણ અને ઉદ્ધને યુદ્ધ થયું હતું. કૃષ્ણના પગના આરથી તે બેસી ગયો હતો એમ કહેવાય છે. તેમાંથી વેદસ્મૃતિ, વેદવતી, વૃત્રઘ્ની, સિંધુ, સાનદિની, સદાનીરા, મહી, નર્મદા, પ્રવેરી, પાસ, ચર્મણ્વતી, ઋષી, વિદિશા, વેત્રવતી, વેણુમતી, શિપ્રા, અવંતિકા વગેરે નદીઓ નીકળે છે એમ માર્કંડેય પુરાણમાં જણાવેલ છે. મહર અને માલવ જાતિ આ પર્વત ઉપર રહેતી હતી એમ વિષ્ણુપુરાણમાં લખ્યું છે. આ પર્વતનું બીજું નામ ચરિયાત્ર પણ છે.

મેકલના પશ્ચિમ ભાગમાં બબ્બ અને પારિપાત્ર નામના બે પર્વતો છે. ગુજરાતી ગુજરાત

૨. ન. દક્ષિણ હિંદનું એ નામનું એક રાજ્ય.

પારિપાત્રક જુઓ પરિપાત્ર.

પારિપાર્શ્વ જુઓ પારિપાર્શ્વિક.

પારિપાર્શ્વક જુઓ પારિપાર્શ્વિક.

પારિપાર્શ્વિક ૧. [સં.] કું. સૂત્રધારનો અનુચર; સૂત્રધારને સહાયતા કરનારો નટ; સૂત્રધારના હાથ નીચેનો મુખ્ય નટ.

૨. કું. સેવક; નોકર.

૩. કું. હજૂરી.

૪ ન. પરિવાર; કુટુંબ.

પારિપાર્શ્વિકા [સં.] સ્ત્રી. નોકરડી; બાંદી; ચાકરણ.

પારિપ્લવ ૧. [સં.] ન. એ નામનું એક આખ્યાન.

૨. ન. એક જાતનું પક્ષી.

૩ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

૪. વિ. અસ્થિર થઈ જવાયેલું.

૫. વિ. ચંચળ; બાલુક; ચપળ.

૬. વિ. પાણી ઉપર તરનાર.

પારિપ્લાવ્ય ૧. [સં.] કું. હંસ.

૨. ન. બાલુકપણું; ચંચળપણું.

પારિપ્લાવ્યા [સં.] સ્ત્રી. હંસણી.

પારિપ્લ્વ [સં.] વિ. વિષય સંબંધી.

પારિભદ્ર ૧. [સં. પરિભદ્ર] કું. દેવદારનું ઝાડ.

૨. કું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ભાનુના સાત માંહેનો એ નામનો એક પુત્ર; વર્ષ.

૩. કું. લીમડો; નીમ.

૪. કું. (પુરાણ) શાલ્મલી દ્વીપનો એ નામનો એક ખંડ.

સુરોચન, સૌમનસ્ય, રમણ, દેવવર્ષક, પારિભદ્ર, આપ્યાયન અને વિજ્ઞાન એ નામના શાલ્મલી દ્વીપના સાત ખંડો છે. ભાગવતી ભાગવત

૫. કું. સરલનું ઝાડ.

૬. કું. ઢોલી.

૭. સ્ત્રી. એ નામની એક ઔષધિ; કુટ.

પારિભદ્રક જુઓ પારિભદ્ર.

પારિભાવ્ય ૧. [સં.] ન કુટ નામની ઔષધિ.

૨. ન. સાક્ષીપણું; પરિભૂ કે ભાવીન હોવાપણું.

પારિભાષક જુઓ પારિભાષિક.

પારિભાષા જુઓ પરિભાષા.

પારિભાષિક ૧. [સં.] કું. પરિભાષારૂપ આધુનિક સંકેતવાળો શબ્દ; આકરણ, રસાયન વગેરે શાસ્ત્રમાં અમુક અર્થનો બોધ કરવા બનાવેલ સાંકેતિક શબ્દ.

૨. વિ. અર્થબોધક; સાંકેતિક; શાસ્ત્રિક; પરિભાષા સંબંધી; પરિભાષાથી આવેલ

પારિભાષિક શબ્દમાં પદાર્થની મુખ્ય વિશિષ્ટતાનું રક્ષણ કરવા, સરલતા અને લાઘવ જરૂરી હોય તો સારું. મુ. સા. પરિષદ

૩. વિ. શાસ્ત્રીય.

પારિભાષિક કોષ [સં.] કું. અમુક વિષયના ખાસ શબ્દોનો સંગ્રહ.

વિજ્ઞાન વિષયોનો પારિભાષિક કોષ થવો જોઈએ. મુ. સા. પરિષદ

પારિભાષિકતા [સં.] સ્ત્રી. પારિભાષિક હોવું તે; 'ટેક્નિકેલિટિ.'

પારિભાષિક શૈલીવત [સં.] ન. વિશેષ બોધના; ખાસ બોધના; કોની ખાસ મિલકત.

પારિભાષિકી [સં.] સ્ત્રી. પરિભાષારૂપ આધુનિક સંકેતવાળી સંજ્ઞા.

પારિમંડલ્ય [સં.] ન. (ન્યાય) અસમવાયી કારણથી રહિત પરમાણુપરિમાણ; અણુ કે પરમાણુનું પરિમાણ.

પારિમિત [સં.] કું. સત્કાર કરી ગણુમારીને કન્યાનું દાન કરનાર માણસ.

પારિમિત્ય [સં.] ન. મર્યાદા; હદ.

પારિમુખિક [સં.] વિ. મોની પાસે રહેલું.

પારિમુખ્ય ૧. [સં.] ન. સમક્ષપણું.

૨. ન. મોહમોટ; કુળ.

પારિયા ૧. સ્ત્રી. મદ્રાસ તરફની અંત્યજની એ નામની એક જાત.

ખપ્પા લોકો પ્રોસ્તી થવાથી નોકરી મળે, એવી મતલબથી પોતાનો ધર્મ છોડી દેતા હતા એ નીચ રીત; જેમ કે, ટેડ, શાનીઆ અથવા મદ્રાસ તરફના પારિયા અને બીજા અંત્યજો.

ગુ. સા. પરિષદ

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પારિયાત્ર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

૨. પું. ભારતવર્ષનો એ નામનો એક પર્વત; પરિપાત્ર.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસ્થાકુલોત્પન્ન કુશવંશીય અનીહ રાજાના બે ભાઈનો એ નામનો મોટો દીકરો. એના પુત્રનું નામ બલ હતું.

પારિયાત્રક જુઓ પારિયાત્ર.

પારિયાત્રિક જુઓ પારિયાત્ર.

પારિયાનિક [સં.] પું. મુસાફરી માટે વપરાતો રથ; માર્ગમાં ચાલી શકે તેવો રથ; દીર્ઘ નિમિત્તે વપરાતો રથ.

પારિવું ૧ ન. અમુક પ્રકારનો જથ્થો.

૨. ન. પગલું.

પારિયાં ભરવાં = પગલાં ભરવાં. જૂના વખતમાં જ્યારે ઘડિયાળ ન હતી ત્યારે પગલાં ભરીને પહોરનો માપીને સમય નક્કી કરાતો.

૩. ન. માટીનું કાંઈ નાનું બી ભરવાનું વાસણ; દીકરાની નાની ઠોશી; ઠોલું.

પારિયો ૧. [પ્રા. પારિય] પું. દીકરો.

૨. [સં. પારી] પું. પાણીનું પૂર; પારી.

પારિરક્ષક [સં.] પું. તાપસ; તપસ્વી; સાધુ.

પારિવર્હ જુઓ પરિબર્હ.

પારિવારિક [સં.] વિ. પરિવારનું; પરિવારને લગતું.

રાજ્યતંત્ર, સમાજવ્યવસ્થા, વ્યક્તિગત પારિવારિક અને સામાજિક આચારોનાં અર્થહીન બંધનો જતાં કરી ચાકરણી માંડીને ચાલણ સુધીના બધા મનુષ્યોને સાધનોનો સમાન અધિકાર આપવામાં આવ્યો. બુદ્ધિપ્રકાશ

પારિવારિક આયવ્યય [સં. પારિવારિક (પરિવારનું) + આય (આવક) + વ્યય (ખર્ચ)] પું. કુટુંબની આવકજાવકનું સરવૈયું; 'ફેમિલિ બજેટ.'

પારિવિત્ય [સં.] ન. મોટાભાઈના પરણ્યા પહેલાં નાના ભાઈનું પરણવું તે.

પારિવેત્ય જુઓ પરિવિત્ત.

પારિવેલ્લ્ય ન. એક જાતનું ઓઢું વાજું. તે વાંકું બજવા કામમાં હોય છે.

પારિવ્રાજક [સં.] ન. સંન્યાસ.

પારિવ્રાજ્ય ૧. [સં.] ન. એ નામે એક જાતનો અધિકાર.

૨. ન. પરિવ્રાજક હોવું તે; સંન્યાસીપણું.

૩. ન. પરિવ્રાજકનું કામ.

પારિશ ૧. [સં.] પું. પારસપીપળાનું ઝાડ; પારસપીપળો.

૨. પું. પીપરનું ઝાડ.

પારિશીલ [સં.] પું. એક પ્રકારના ગાયપૂડા.

પારિશેષ્ય [સં.] ન. (ન્યાય) એક જાતનું અનુમાન; બે વસ્તુઓની સરખામણીમાં જેટલા પ્રકારના સંબંધ થઈ શકતા હોય તેમાંના એક સિવાય બાકીનાની અનુપપત્તિ દર્શાવી અવશિષ્ટ રહેલ પ્રકારનો જે સંબંધ હોવો જોઈએ એવા પ્રકારનું અનુમાન. જેમકે, બે લીટીઓની લંબાઈ સરખાવવામાં કાં તો એક બીજીથી મોટી હોય, નાની હોય કે બરાબર હોય. હવે તેમાંના બે જેવા જે પ્રકાર થઈ શકતા ન હોય તો બાકીનો પ્રકાર મોટી જ હોવો જોઈએ એવું અનુમાન થાય.

પારિશ્રમિક ૧. [સં.] પું. મહેનતાણું; બક્ષો; વેતન.

૨. વિ. પરિશ્રમવાળું; શ્રમિક.

પારિષદ ૧. [સં.] પું. અનુયાયી વર્ગ; અનુ.

૨. પું. પ્રેક્ષક; નજરે જોનાર માણસ.

૩. પું. રાજાનો મિત્ર.

૪. પું. સભામાં બેસનાર માણસ; પરિષદમાં બેસનાર માણસ; સભ્ય; સભાસદ; પંચ.

૫. ન. સભામાં આપ લેવો તે.

૬. વિ. સભામાં સારું.

૭. વિ. સભામાં હોનાર કે બનાર.

પારિષદક [સં.] વિ. પરિષદે કે સભાએ કરેલું.

પારિષદદેવ પું. (જૈન) ઇંદ્રની સભામાં બેસનાર દેવ.

પારિષદ્ય ૧. [સં.] પું. પ્રેક્ષક.

૨. વિ. સભામાં સારું.

પારિસ [સં.] પું. ધરિન દેવ.

પારિસપીપલ [હિં.] પું. ભીંડીની જાતનું એક ઝાડ. તેને કપાસના છોડના જેવું ફળ આવે છે. ફળ ખાવામાં ખાટું હોય છે. તેને ભીંડીના જેવાં સુંદર પાંચ દલોનાં મોટાં મોટાં ફૂલ આવે છે. તેની જડ અને છાલના રેસા મોટા હોય છે. વૈદકમાં આ ફળને કૃમિઘ્ન, શુક્રવર્ધક અને ક્ષારક માનેલ છે.

પારિસાહસ્રિયા સ્ત્રી. (જૈન) પરિસાથી થતો કર્મબંધ.

પારિસીર્ય [સં.] વિ. બમર વાળે હોનાર કે બનાર.

પારિસ્થાપનિકા સમિતિ સ્ત્રી. (જૈન) છ બાંહેની એ નામની પાંચમી સમિતિ; અણમૂત્ર વગેરે જીવજંતુ રહિત સ્થળે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નાખવાં તે.

પારિહારિક ૧. [સં.] પું. માળી.

૨. વિ. (જૈન) જેના બદલી ભિક્ષા સાધુએ તજવી જોઈએ એવું.

૩. વિ. પરિહાર કરનાર; લાગ કરનાર.

૪. વિ પ્રાયશ્ચિત્તને યોગ્ય; ગુનેગાર

૫. વિ. હરનાર; હર્તા હરનાર.

પારિહારિકી [સં.] સ્ત્રી. સમસ્યા; પ્રહેલિકા.

પારિહાર્ય ૧. [સં.] પું. હાથે પહેરવાનું કડું; વલય; હાથે પહેરવાનો દાગીનો; પહોંચી.

૨. ન. છોડી દેવાપણું.

પારિહાસ્ય ૧. [સં.] ન. ક્ષતિપૂર્તિ; નુકસાની.

૨. ન. મશ્કરી; હાંસી.

પારિહિણ્ય ૧. સ્ત્રી. રાજાને કોઈ રીતે હંફ કરવા બદલ લેવામાં આવતી નુકસાનીથી રાજાને થતી આવક.

૨. ન. એક બમરની જમીન ઉપર ચોક્કસ પાક.

૩. ન. કોરે પાકને કરેલ નુકસાનીનો મેળાતો બદલો.

પારિંદ્ર [સં.] પું. સિંહ; શાવજ.

પારિંદ્રી [સં.] સ્ત્રી. સિંહણ.

પારી ૧. પું. દીકરો; પુત્ર.

૨. પું. પારેખ અટકનું ટૂંકું રૂપ. જેમકે, પારી, નવલશા હીરજી.

૩. [હિં.] પું. પ્યાલો.

૪. પું. બતની; રકાબી.

૫. પું. વંશજ.

૬. [સં. પાલિકા] સ્ત્રી. (વહાણવટું) ખૂતાનું માલ બેસારવા માટે આડો પાડી પહાણ ઉપર રાખવામાં આવતી લાકડાની જાડી લંબગોરસ પાટલી. તેમાં બીબા નથી ભરાતા.

૭. સ્ત્રી. ચામડાનું ઢાંકણ; કુંડી.

૮. સ્ત્રી. જળતરો.

૯. સ્ત્રી. નાનું જળપાત્ર.

૧૦. સ્ત્રી. પત્થર તોડવાની નરાજ; મોટી છીણ; પરાર્ધ.

૧૧. સ્ત્રી. પરાજ.
૧૨. [સં.] સ્ત્રી. પણીનું પૂર; રેલ.
૧૩ સ્ત્રી. વારો; વખત; અમુક અંતરે આવતો અવસર.
૧૪. સ્ત્રી. સાંગડું.
૧૫. સ્ત્રી. હાથીને પગે બાંધવાનું દામણ.

પારીક્ષક [સં.] વ. તપાસવાની ક્રી.

પારીક્ષિત ૧. [સં.] પું. પરીક્ષિતનો પુત્ર; પરીક્ષિત રાજાના પુત્રોનું સામાન્ય નામ. બાસ કરીને જન્મેજય માટે વપરાયેલ છે.
૨. પું. પરીક્ષિતનો વંશજ.
૩. વિ. પરીક્ષિતનું; પરીક્ષિત સંબંધી.

પારીગ ૧. [સં.] વિ. કામ સમાપ્ત કરનાર.
૨. વિ. પાર જનાર.

પારીના [સા.] વિ. ભૂતું; વીતી ગયેલું.

પારીરક્ષ ૧. [સં.] પું. સમ્બો.
૨. પું. દંડ; લાકડી.

પારીરક્ષી [સં.] સ્ત્રી. કામળી.

પારીશ [હિં.] પું. પારસપીપળાનું ઝાડ.

પારીસો પું. (કચ્છી) પીરસણું.

પારીંદ ૧. [સં.] પું. મોટો સાપ; અજગર.
૨. પું. સિંહ

પારીંદ્રી ૧. [સં.] સ્ત્રી. અજગરણ.
૨. સ્ત્રી. સિંહણ.

પારુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું આકડાનો છોડ.
૩. પું ચિત્રાનું ઝાડ.
૪. પું. સૂર્ય.
૫ વ. બાવળ પારગ્રું; પારગ; જેલનું બચ્ચું.

પારુષ્ય ૧. [સં.] પું. બૃહસ્પતિ.
૨. વ. અમરસંહન.
૩. વ. ઉંદરનું બચ્ચ.
૪. વ. કઠોરતા; નિષ્ઠુરપણું; ક્રૂરતા; કઠંકરપણું. જેનું મન સર્પના કરતાં જેનું અને દૃષ્ટિ બાણના અગ્રભાગ જેવી તીક્ષ્ણ હોય, જેનું બાણણ અગ્નિની વૃષ્ટિના જેવું પ્રખર હોય તથા જેની પ્રતિક્રિયા કરવતની પેઠે અન્યને ત્રાસદાયક હોય, આ પ્રકારે જે અન્યના મનને ખિન્નખિન્ન કરી નાખનારી ક્રિયાથી અંતર્બાહ્ય ભરેલ હોય તે મનુષ્ય અધમ મનુષ્ય છે, કેમકે આ સર્વ પારુષ્યનાં લક્ષણ છે. પારુષ્યના બે પ્રકાર મનાય છે: (૧) દંડપારુષ્ય એટલે કારીરિક બળ, મહાબળ અથવા ખૂન અને (૨) વાક્પારુષ્ય એટલે ગાળ કે નિંદા.
૫. વ. ખરાબ બાણણ; દુષ્ટ વાક્ય.
૬. વ. બળ; શક્તિ.
૭. વ. બળબળાટ
૮. વ. વિકૃત આચરણ.
૯. વ. સખ્તાઈ.
૧૦. વ. કુમકો.

પારુ ૧. સ્ત્રી. ભોજનની એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩ વિ. એ નામની જાતનું.

પારુગલો જુઓ પારધલો.

પારુચકો પું. જનિણી માતાને મારવાથી બાળકને થતો એક રોગ; પારિજલિક રોગ.

પારુપિયા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક જાત.
૨. વ. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું

પારે ૧. [સા. પારા] પું. બાજ; કટકે.
૨. પું. સુકન; અવિમ્બમિદ્ધ, શુભાશુભસિદ્ધ.
૩. પું. સિમેંટ, ચૂનો કે માટી વિના ચણેલી પથ્થરની દીવાલ.
૪. વ. આગળ.
રઘિમણી પારે બબાસિયાં, પાછળ રહ્યો શશિ.
દેવીદાસ
૫. વ. દૂર; બાજુમાં આવે.
૬. વ. પેલે પાર.

પારેઈ પું. (પિંગળ) ત્રિભંગી છંદની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૩૨ ગુરુ અને ૨૮ લઘુ મળી ૧૨૮ માત્રા હોય છે.

પારેખ ૧. [સં. પરીક્ષા–પરિક્ષુ-પારેખ] પું. પરીક્ષા કરનાર માણસ.
૨. પું. સિક્કા, ઝવેરાત વગેરેની પરીક્ષા કરી બાણનાર માણસ; ખરા ખોટા સિક્કા તપાસનારો માણસ; પારખ; સરાફ.
૩. પું. હજામ; વાળંદ; નાપિત; ગંગલે.
બમદાવાદી પારેખ = હજામ
૪. સ્ત્રી. વાણિયા, સોની, લોહાણા અને ભાટિયાની એ નામની એક જાત.
૫. વ. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.

પારેખડો (પારેખડો) પું. એક જાતનો છોડ; પારેખો. તે વેરાન જગ્યાએ થાય છે. તેનાં પાન ઊભરની સપાટીએ કરચલીવાળાં, ગોળાકારનાં અને મુદ્દર સુવાટીવાળાં હોય છે. ફળ ગાંઠનો કેસરિયા રંગનો નર ભાદળો થાય છે.

પારેખવું [સં. પરીક્ષ્] સ. ક્રિ. પરીક્ષા કરવી; તપાસવું.

પારેગાડું પું. બાજુ ફરવો: 'પેરેગાડું.'

પારેઠ જુઓ પારેડ.

પારેઠું જુઓ પારેડું.

પારેઠ [સં. પરેષ્ટ] ક્રિ. વિ. પ્રસૂતા; પાંચ સાત માસ વધ્યાં વિયાયેલા; વિયાયા પછી દુઝવાની મુદતનો લગભગ અર્ધો ભાગ જેને વીત્યો હોય એવું દુઝાણું. બાજુ કે જોસ માટે બોલાય છે.

પારેડું જુઓ પારેઠ

પારેઠ (પારેઠ) સ્ત્રી. કોઠા ગયેલી જૂની ક્ષણ.

પારેડું (પારેડું) વ. ઘોરિયા કાંઠાનું ઘૂમખું કે ઝરડું; પાલોર
પારેડું બાજવું = ઝરડું ઝરાવું.

પારેરક [સં.] પું. એક બાતની તરવાર.

પારેલો પું. (કચ્છી) નર કબૂતર.

પારેવ [સં. પારાવત] પું. નર કબૂતર; પારેવો.
રવી પારેવાની બાખ,
પારેવ કોલે ઉડાડિયો. લોકગીત

પારેવઈ [સં. પારાવતી] સ્ત્રી. (પ્રાકૃત) પારેવાની માદા; પારેવી.

પારેવડાં ૧. વ. ન. બ. બ. કબૂતર જેવાં જરીબ બચ્ચાં.
૨. વ. ન. બ. બ. કબૂતર. કબૂતર માટે બાજુથી ઉચ્ચારવા બોલાય છે.

પારેવડી (પારેવડી) ૧. સ્ત્રી. એક બાતનું ઘીંટ.
૨. સ્ત્રી. પારેવાની માદા.
૩. સ્ત્રી. જેલને બપાતું એક નામ.
૪. સિ.સ્ત્રી. ગરીબડી, રાંક.

પારેવડું (પારેવડું) ૧. [સં. પારાવત; પ્રા. પારેવય] વ. કબૂતર જેવું જરીબ બચ્ચું.
૨. વ. પારેવું; કબૂતર.

પારેવડો (પારેવડો) પું. નર કબૂતર.

પારેવત ૧. પું. એક પ્રકારનો બબૂર.
૨. [સં. પારાવત] પું. કબૂતર; પારેવો.
૩. પું. બબૂરાનું ઝાડ.

પારેવલો પું. પારેવો; નર કબૂતર.

પારેવું ૧. [સં પારાવત; પ્રા. પારેવય] વ. કબૂતર; પારાવત; કપોત; રક્તલોચન.
૨. જુઓ પારેડું.

પારેવો [સં. પારાવત] પું. નર કબૂતર; બાસમાની કબૂતર.
જિત્યા ગયા પારેવા વધુ ચણ;
જિત્યાં ચિત્તરક સૂર્ય તણાં કિરણ.
પુરીબંધ ચરિત્ર (સંવત ૧૪૭૮)

પારેસી ૧. સ્ત્રી. સોનાની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જેટલું.

પારેંડું ન. પીઠે ન મૂકનાર માણસ.

પારો ૧. પું. આંખ માંહેનો પ્રવાહી ભાગ.
૨. [સં. પારદ; પ્રા. પારય–પારઉ–પારો] પું. એક જાતની ખનિજ પ્રવાહી ધાતુ; રૂપા જેવી ચળકતી એક પ્રવાહી ભારે ધાતુ; પારદ; રસરાજ; રસનાથ; રસેંદ્ર; મહારસ; રસ; શિવબીજ; સિદ્ધધાતુ; હરતેજસ; રસોત્તમ; અમૃત; હિંગરસ; ગોક્ષ. સાધારણ ગરમી કે ઠંડીમાં આ ધાતુ પ્રવાહી રહે છે, પરંતુ બહુ ઠંડી લાગવાથી બંધાઈને સખત થઈ જાય છે. તે કોઈ કોઈ વખત ખાણોમાં શુદ્ધ રૂપમાં મળે છે, પણ વધારે ભાગે બીજી ધાતુઓ સાથે મળેલો મળે છે. નેપાળમાં પારાની ઘણી ખાણો છે. ચીન, જાપૅન અને સ્પેનમાંથી ઘણો પારો હિંદમાં આવે છે. અશુદ્ધ સોના ચાંદી વગેરે કીમતી ધાતુઓને શુદ્ધ કરવામાં પારો કામ આવે છે. તે ધાતુઓને પારા માટે બહુ રાગ હોય છે. આ વિશેષતાને લીધે પારો રસરાજ કહેવાય છે અને તેના વડે ધાતુઓ ઉપર અનેક જાતની ક્રિયાઓ કરવામાં આવે છે. પારાની મદદથી સોના ચાંદી વગેરે ઉપર ઢોળ ચઢાવવામાં આવે છે. પારા ઉપર ગરમીની અસર સૌથી વધારે થાય છે, તેથી ગરમી માપવાના યંત્રમાં તેનો વ્યવહાર થાય છે. ઔષધમાં પણ પારાનો બહુ ઉપયોગ થાય છે. હવામાં બહુ વખત રાખવાથી તે ઊડી જતો માલૂમ પડે છે. પુરાણ તથા વૈદકના ગ્રંથમાં પારાની ઉત્પત્તિ શિવના વીર્યથી કહેલી છે અને તેનું બહુ માહાત્મ્ય ગાયેલું છે, તે એટલે સુધી કે તેને બ્રહ્મ અથવા શિવસ્વરૂપ કહેલ છે અને મુક્તિનું સાધન જણાવ્યું છે. ભાવપ્રકાશમાં ચાર પ્રકારનો પારો જણાવ્યો છે: ધોળો, રાતો, પીળો અને કાળો. આમાં ધોળો એટલે રૂપેરી પારો શ્રેષ્ઠ ગણાય છે. વૈદકમાં પારાને કૃમિનાશક, કોઢ મટાડનાર, આંખને હાનિકારક, રસાયણ, મધુર વગેરે ૭ રસયુક્ત, સ્નિગ્ધ, ત્રિદોષ મટાડનાર, શુક્રવર્ધક અને સંપૂર્ણ રોગનાશક કહેલ છે. સર્વ રોગ ઉપર તે અપાય છે. પારામાં મલ, અગ્નિ, વિષ વગેરે કેટલાક દોષ મનેલ હોય છે, તેથી તેને શુદ્ધ કરીને ખાવામાં આવે છે. પારો શોધવાની અનેક વિધિ વૈદક ગ્રંથોમાં આપેલી છે. શોધનકર્મ આઠ પ્રકારનું કહેલું છે: સ્વેદન, મર્દન, ઉત્થાપન, પાતન, બોધન, નિયામન અને દીપન. ભાવપ્રકાશમાં મૂર્ચ્છન પણ કહેલ છે, જે કેટલીક ઔષધિઓ સાથે મર્દન કરવાનું પરિણામ છે.

૧. મરે પારો = (૧) પચી ન શકે તેવી ખાવા. (૨) કૂટી નીકળે તેવું પાપ.
૨. મર્યો પારો ને જાદા જણ = જેવી રીતે મર્યો પારો પચી શકતો નથી તેવી રીતે અનીતિથી ઘણાકાળની દાબેલી વસ્તુ દબી રહતી નથી.
૩. ચાલતો પારો = (૧) ગુસ્સે થયેલું. (૨) વધતું જતું ભ્રમ.
૪. પારો ઊંચે ચડવો–પારો ચડવો = (૧) ગુસ્સે થવું; કોપે ભરાવું. (૨) ઘમોંમિટરમાં પારાનું વિસ્તાર પામવું. (૩) રિસાવું.
૫. પારો ચઢાવવો = કોઈ પણ ધાતુ કે વસ્તુ સાથે પારો મેળવવો.
૬. પારો પાવો–ચડવો = કોઈ વસ્તુને વજનદાર બનાવવી; ભારે બનાવવું.

૩ પું. તંબૂરો સુરેલ બનાવવા રખાતો તારને ભરવેલો મણકો.

૪. પું. તેજ.

૫. પું. હસ્તો.

૬. પું. નાની ગોળી; બંદૂકનો ભરો કે ગોળી.

૭. પું. પરિચ્છેદ; 'પરેમાહ.'

૮. પું. પરિયું; કોણીના બાહનું બાદીનું એક નાનું હાડકું.

૯. પું. ચેહું; બચાળું; જેમાં દાંત દાબેલા હોય અને દાંતના સાધની વચ્ચે આવેલું હોય તે માંસ. તે દરેક પારો કહેવાય છે.

૧૦. પું. માત્ર પથ્થરના ટુકડા એકબીજા ઉપર રાખી બનાવવામાં આવતી દીવાલ.

૧૧. [સં. પર્વન્ (વિભાગ)] પું. બાજાનો મણકો.

૧૨. પું. લખોટી.

૧૩. પું. વાઢેલી શેરડીનો ટુકડો. રાનીપરજ લોકો આ શબ્દ વાપરે છે.

૧૪. પું. વીર્ય; શરીરમાંની ધાતુ.

૧૫ પું. ચોખાને ડોકમાં ખોસવાનું સોનાનું એક ઘરેણું.

૧૬. પું. સ્થાન; સ્થાનક.
આ જગતંબાના જાગરણના પારામાં તો કેની મનોકામના હોય તે પોતે જ નામ લઈને આવે છે. ઉપ્રાસાદ સુમંતરામ

૧૭. [સં. પાર્ષદ] પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એક મોટિનો સેવક; પાર્ષદ.

૧૮. પું. હિરણ્ય; સોનું.

૧૯. વિ. પાસનું; તરફનું.

પારોક્ષ [સં.] વિ. અગમ્ય; રહસ્યમય; ગુપ્ત; ગૂઢ.

પારોક્ષ્ય [સં.] ન. અદૃશ્યપણું; ગૂઢતા; ગુપ્તતા.

પારોગવું (પારોગવું) જુઓ પારોવવો.

પારોવલો વિ. એક જાતનો બાલરોગ; પાશ્ચિકિક; ચળતથી કોને પાવનાર બાળકને થતો એક જાતનો રોગ; પારૂમલો.

પારોઠ ૧. સ્ત્રી. પીઠ બતાવી જવાનું તે.
પારોઠ ના આપી હોત તો મને પસ્તાવો થાત. જોડાદેવ

પારોઠનાં પગલાં = પીઠ બતાવીને કરેલી નાસભાગ.

૨. વિ. અવાવરૂ; ઉપયોગમાં આવતું ન હોય એવું.

૩. વિ. અવાવરૂ પડી રહેવાથી કે હવામાં ખુલ્લું પડી રહેવાથી કાચું થઈ ગયેલું; બરડ.

૪. વિ. પાણીમાં કે બેજમાં રહેવાથી ફોલાઈ જઈ પોચું થઈ ગયેલું; પોચું પડી ગયેલું.

પારોઠું ૧. વિ. ઊંધું; આળું.
૨. વિ. નિર્જળ; સૂકું.
હસ્તિશાસ્ત્ર મહાબળવાન,
તે પણ કામ કોઈનો વેચાણું;
એવાં કામ કોણ હોય ઓઢાં,
જેણે રહને કર્યું પારોઠું.
નિષ્કુળાનંદ

પારોપાર ૧. ન. કોડોકોડ; એક કોઠાથી બીજા કોઠા સુધી.
૨. [સં. પાર] ન. પારેપાર; પારાપાર; આરપાર; એક ઉઠાથી બીજા ઉઠા લગી.

પારોસ ન. બબૂલ.

પારોસા સ્ત્રી. રકાબી.

પાર્ક [અં.] પું. બગીચો; મોટો બાગ; ઉપવન.

પાર્ક્ષ ૧. [સં.] ન. પૂળા; રજ.
૨. ન. રાખ; ભસ્મ.

પાર્ક્ષમેદ ૧. ન. ગામડા જેવો ચોકટ ક્ષત્રિયો; ગર્ભપત્ર; ચોક્કો ક્ષત્રિયો; કમાવેલા નાલુક જાતના ગામડા ઉપર આકરા કબજા લખવામાં આવતાં તે ગર્ભપત્ર. પહેલાં દસ્તાવેજને બદલે ગર્ભપત્ર ઉપર થતા. બ્રિટિશ મ્યુઝિયમમાં ગર્ભપત્ર ઉપર લખાયેલાં લખાણોના નમૂના છે.
૨. [અં.] ન. લખવાના કામમાં આવે એવું કમાવેલું ચેટાનું ચામડું.

પાર્ચા [સ.] પું. કટકો; ભાગ; ટુકડો.

પાર્જન્ય ૧. [સં. પર્જન્ય (વરસાદ)] વિ. મેઘનું; મેઘ સંબંધી.
૨. વિ. ઘીનું; ઘી સંબંધી.

પાર્જાત ન. અમૃત.

પાર્ટ ૧. [અં.] પું. નાટકમાંનો લખવાનો પાઠ.
૨. પું. હિસ્સો; ભાગ.

પાર્ટનર [અં.] કું. ભેદીદાર; ભાગીદાર.

પાર્ટિશન ૧. [અં.] ન. આડશ; પાટી.

૨. ન. વિભાગ કરવાની ક્રિયા; કોઈ મિલ્કતના બે કે અધિક વિભાગ કરવા તે.

પાર્ટી ૧. [અં.] સ્ત્રી. જમણ.

> જ્યાં લગી હિંદુસ્તાનમાં કરોડો ભૂખે મરે ત્યાં લગી આપણને પાર્ટીઓ આપવાનો અધિકાર જ નથી. ગાંધીજી

૨. સ્ત્રી. પક્ષ; બાજુ; તરફ.

૩. ન. મંડળી; સમુદાય; ટુકડી.

પાર્ટ્રિજ [અં.] ન. તેતરને મળતું એક પક્ષી.

પાર્શ્વ [સં.] વિ. પાંસળાનું; પાંસળાં સંબંધી.

પાર્શ્વ ૧. [સં.] કું. અર્જુન; પૃથાનો પુત્ર. કુંતીનું નામ પૃથા પણ હતું. તેથી તેના બધા ભાંડેનો કરેક દીકરો પાર્થ કહેવાય છે.

> જિષ્ણુ ધનંજય વિજય નર, ફાલ્ગુન કિરીટી હોય;
> શ્વેતકેશ બાહિવર, પાર્થ કપિધ્વજ સોઈ.
> પિંગળશાસ્ત્રોક્ત

૨. કું. ભીમ.

૩. કું. યુધિષ્ઠિર.

૪. [સં. પૃ (રક્ષણ કરવું)] કું. રાજા; પૃથ્વીનો પાલક; પૃથ્વીપતિ.

૫. ન. પારિજાતક નામના વૃક્ષનું ફળ.

૬. ન. વૈન્ય ગોત્રનું એક નામનું એક પ્રવર.

૭. ન. સાદડનું ઝાડ; સાજડ; અર્જુન વૃક્ષ.

પાર્શ્વક [સં.] ન. બોદાપણું; બોદાઈ.

પાર્શ્વકક્ષ ૧. [સં.] ન. અલગ અલગ હોવું તે; જુદા જુદા હોવું તે; અનેક હોવાનો ભાવ; પૃથક્તા.

> મનુષ્ય વિચાર કરનાર પ્રાણી છે અને તેટલા પૂરતું જ પશુથી તેનું પાર્થક્ય છે.
> ન. ત્રિ. રાજ

૨. ન. જુદાઈ; જુદાપણું; વિયોગ.

૩. ન. પૃથક્કરણ; વિશ્લેષણ; રાસાયણિક સંયુક્ત પદાર્થને તેના ઘટકમાં જુદા પાડવાની ક્રિયા.

પાર્થિવ ૧. [સં.] ન. બારેપણું; વિશાળતા; સ્થૂળપણું.

૨. ન. મૂર્ખતા.

૩. ન. બોટાઈ.

૪. વિ. પૃથ્વી રાજા સંબંધી.

પાર્થિવી [સં.] સ્ત્રી. સીતાનું એક નામ. તે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલાં મનાય છે.

પાર્થસારથિ ૧. [સં. પાર્થ (અર્જુન) + સારથિ (રથ હાંકનાર)] કું. કૃષ્ણ.

૨. કું. મીમાંસા સંપ્રદાય એક વિદ્વાન.

પાર્થી ૧. [સં.] સ્ત્રી. બાલો નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. સૂરજમુખીની વેલ.

૩. સ્ત્રી. સૂરજમુખી.

પાર્શ્વિનાથ સ્ત્રી. ઈ. સ. ની પૂર્વે ગુજરાતમાં આવેલા એ નામની એક પ્રજા; એક જાતના લોકો; પરવા.

પાર્શ્વિક ૧. કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. કું. એ નામનું એક સંવત્સર.

૩. કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ. નગણ અને રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષરે વિરામો આવે છે.

૪. કું. નામકર્મ સંસ્કારનો અગ્નિ.

૫. કું. પૃથ્વી નિમિત્તે સંભવે તે ઉત્પાત.

૬. કું. પૃથ્વીનો રહેવાસી.

૭. કું. બાર્હસ્પત્ય સંવત્સરનાં સાઠ માંહેનું ઓગણીસમું વર્ષ; પ્રભવથી ઓગણીસમો સંવત્સર.

૮. કું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

૯. કું. માટીથી બનેલો પદાર્થ.

> સર્વ શરીરમાં પૃથ્વી જ મુખ્ય આરંભક હોવાથી શરીર પાર્થિવ છે. સાંખ્યદર્શન

૧૦. કું. માટીના બનાવેલ માટીનું શિવલિંગ; પાર્થિવ લિંગ.

૧૧. કું. રાજા; ભૂપાળ; પૃથ્વીનો ઈશ્વર; ભૂપ.

૧૨ કું. શરીર; દેહ.

૧૩. ન તમરનું ઝાડ.

૧૪ ન. તમરનું ફૂલ.

૧૫. ન. માટીનું વાસણ.

૧૬. ન. શરીર માંહેનાં ૭ માંહેનું પહેલું ચક્ર. હેમચંદ્રમાં બતાવેલ ૭ ચક્રઃ પાર્થિવ, આપ્ય, આગ્નેય, વાયવ્ય, નાભસ અને માનસ.

૧૭. વિ. જડ પદાર્થ સંબંધી.

૧૮ વિ. નશ્વર.

૧૯. વિ. પૃથ્વી ઉપર રાજ કરતું.

૨૦. વિ. પૃથ્વી કે મહાભૂતનું; પૃથ્વી સંબંધી; ધરતીનું.

૨૧. વિ. પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલ.

૨૨. વિ. પ્રાકૃતિક; ભૌતિક.

૨૩. વિ. માટીનું; માટીમાંથી બનાવેલું.

૨૪. વિ. રાજાને લગતું; રાજસી.

૨૫. વિ. સ્થૂળ; મૂર્ત; પ્રત્યક્ષ.

૨૬. વિ. સાંસારિક; ઐહિક; લૌકિક.

પાર્થિવ ગ્રામ સ્ત્રી. જમીનની ઝમવાની; ભાવસુન્દરી.

પાર્થિવકન્યા [સં.] સ્ત્રી. રાજકન્યા.

પાર્થિવતત્ત્વ દેવતા [સં.] સ્ત્રી. બે પ્રકારની દેવી. પાર્થિવતત્ત્વ દેવતા ૫૬ મનાય છે. તેનાં નામઃ ઉડ્ડીશ્વર, ઉડ્ડીશ્વરી, જાલેશ્વર, જાલેશ્વરી, પૂર્ણેશ્વર, પૂર્ણેશ્વરી, કામેશ્વર, કામેશ્વરી, ગીરક, ગગના, અનંત, સ્વર્ગ, શંકર, ગતિ, વિમલ, પાતાલદેવી, સાદાખ્ય, નાદા, આનંદ, ડાકિની, અવશ્યાનંદનાથ, રાકિની, મલાનંદ, લાકિની, યોગ, કાકિની, અનંત, શાકિની, પાદ, હાકિની, આધારેશ, રક્તા, ચક્રીશ, ચંડા, કુર્કમીશ, કરાલા, મહાક્રોશ, મહોગ્રમુખા, અનાદિવિમલ, માતંગી, સર્વજ્ઞવિમલ, પુસિદ્ધા, યોગવિમલ, કંબરી, સિદ્ધિવિમલ, ચમાપરા, સમય, કુલાલિકા, મિત્રેશ, કુબ્જા, ઉડ્ડીશ, લાકી, પટ્ટીશ, કુલેશ્વરી, અર્પાધીશ અને કુબ્જા.

પાર્થિવતા [સં.] સ્ત્રી. જડપણું; સ્થૂળતા.

> સ્વાર્પણ અને સેવાની દીક્ષા લેનારી અને પાર્થિવતાના બોજો ઓછા કરી આપનારાં દિવ્યતા વૃદ્ધિ પામતી જશે. સુ. સા. પરિષદ

પાર્થિવદેહ [સં.] કું. પંચમહાભૂતોનો બનેલ દેહ.

પાર્થિવદ્રવ્ય [સં.] ન. ધાતુ, ઉપધાતુ વગેરે ખનિજ દ્રવ્ય.

પાર્થિવનંદન [સં.] કું. રાજપુત્ર; રાજાનો કુમાર.

પાર્થિવપૂજન [સં.] ન. માટીના બનાવેલ શિવલિંગની પૂજા.

> પાર્થિવપૂજન કરી ભક્તિ ઘણ માગે,
> મારે નિમૂર્તિ આત્મા જીવને સ્વભાવે.
> ઉદ્ધવગીતમ

પાર્થિવપૂજા [સં.] સ્ત્રી. પાર્થિવેશ્વરની પૂજા; માટીનું શિવલિંગ બનાવી તેની પૂજા કરવી તે; પાર્થિવપૂજન.

પાર્થિવલિંગ [સં.] ન. માટીનું બનાવેલું શિવલિંગ.

પાર્થિવવિવર્ત [સં.] કું. (વેદાંત) સમવાય સંબંધે કરીને ગંધગુણવાળો હોય તે વિવર્ત; ગંધનું સમાનાધિકરણ્ય અને દ્રવ્યત્વનો સાક્ષાત્ વ્યાપ્ય એવો વિવર્ત.

પાર્થિવશરીર [સં.] ન. (વેદાંત) સમવાય સંબંધે કરીને ગંધગુણવાળું હોય તે શરીર; ગંધની સમાનાધિકરણ્ય તથા દ્રવ્યત્વ જાતિનું સાક્ષાત્ વ્યાપ્ય એવી જે પૃથિવીત્વ જાતિ છે, તે જાતિવાળું શરીર. જેમકે, મનુષ્ય, પશુ, પક્ષી, કૃમિ, વૃક્ષ ઇત્યાદિ શરીરો સમવાય સંબંધે કરીને ગંધગુણવાળાં છે, માટે તે પાર્થિવશરીરો છે.

પાર્થિવસુખ [સં. પાર્થિવ (પૃથ્વીનું) + સુખ] ન. સંસારી સુખ.

સ્વાધીનતા પ્રાપ્ત કરવાના પ્રયત્ન દરમ્યાનમાં એ નવલરાયશે અને એમની નારબારી સેનાના સૈનિકોએ સમસ્ત પાર્થિવસુખને હોમી દીધું.
ઝવેરીનો મુક્તિયજ્ઞ

પાર્થિવસુત [સં.] પું. રાજપુત્ર; રાજનો કુંવર.

પાર્થિવસુતા [સં.] સ્ત્રી. રાજકન્યા; રાજની કુંવરી

પાર્થિવાત્મજ જુઓ પાર્થિવસુત.

પાર્થિવાત્મજા જુઓ પાર્થિવસુતા.

પાર્થિવી ૧. [સં.] સ્ત્રી. ઉમા; પાર્વતી.

૨. સ્ત્રી. રાજની રાણી.

૩. સ્ત્રી સહદેવી.

૪. સ્ત્રી સીતા. તે પૃથ્વીમાંથી નીકળ્યાં હોવાનું કહેવાય છે.

૫. ન. એક જાતનું મોતી. તે વજનમાં ભારે હોય છે.

પાર્થિવીધારણા [સં] સ્ત્રી. (યોગ) હાવોગની પાંચ માંહેની એક સાધારણ મુદ્રા.

પૃથ્વીતત્ત્વનો પહેલું હસ્તાક્ષર જેવો પીળો છે; તેનું બીજ કકાર છે; તેનો આકાર ચોખૂણ છે; તેના દેવતા બ્રહ્મા છે. યોગના પ્રભાવથી જે સર્વ બીજે સહિત હૃદયમાં ધ્યાન ધરે એ વખતે પ્રાણવાયુને ખેંચી કુંભક દ્વારા પાંચ ઘડી મન ન ડગાવતાં એકાગ્રચિત્તે ધારણા કરે, આ આસને સ્થિરાસનની ક્રિયાને પાર્થિવીધારણા કહે છે. તેનું બીજું નામ અયોધારણા પણ છે. ત્રિકાળદર્શક દર્પણ

પાર્થિવેશ્વર [સં. પાર્થિવ (માટીનું) + ઈશ્વર] પું. માટીના મહાદેવ; માટીમાંથી બનાવેલી શિવની મૂર્તિ. કેટલાક બ્રાહ્મણો શ્રાવણ માસમાં પાર્થિવેશ્વર બનાવી તેની પૂજા કરે છે. દરરોજ માને તે મૂર્તિને જળમાં પધરાવી સવારે નવી મૂર્તિ બનાવી પૂજન કરાય છે.

પાર્થિવેંદ્ર [સં.] પું. મોટો રાજા

પાર્થિવેંદ્રિય [સં] સ્ત્રી. (વેદાંત) સમવાય સંબંધે કરીને અપંચીકૃતવાળી હોય તે ઇંદ્રિય. સમવાય સંબંધે કરીને પંચીકૃતવાળી એક ઘ્રાણ ઇંદ્રિય છે, માટે ઘ્રાણેંદ્રિયને પાર્થિવેંદ્રિય કહે છે.

પાર્શ્વ [સં] પું. પૃથિવરી એ નામનો એક રાજા.

પાર્શ્વ ૧. [સં.] પું. શ્વાસ રોગ.

૨. પું. યમ.

૩. પું. રાખ; ભસ્મ.

પાર્શ્વિક ૧. [સં.] પું. કપડા વણવાના તંતુ.

૨. વિ. ઊભટનું; અંગ.

પાર્શ્વિક ૧. [સં] પું. એક જાતનો મૃગ.

૨. વિ. સમાપ્તિ થઈ શકે એમ કહેનાર.

૩ વિ. સંપૂર્ણ.

પાર્શ્વિકી [સં] સ્ત્રી. એક જાતની મૃગવી.

પાર્શ્વ્ય [સં] પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ; સંસાર સમુદ્રને સામે કાંઠે મુમુક્ષુ વડે ધ્યાન ધરાયેલા ઋષિ.

પાર્લમેંટ જુઓ પાર્લમેંટ.

પાર્લમેંટરી જુઓ પાર્લમેંટરી

પાર્લમેંટ ૧. [અં.] સ્ત્રી. ઇંગ્લંડની રાજસભા; બ્રિટાનની મોટી રાજસભા; ઇંગ્લંડની રાજસભા બનાવવા માટે લોકોએ ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓની સભા.

૨. સ્ત્રી. રાજ ચલાવવા માટે લોકોએ ચૂંટી કાઢેલા લોકોના પ્રતિનિધિઓની સભા; કોઈ દેશની મુખ્ય લોકપ્રતિનિધિ સભા; કાનૂન બનાવનારી સૌથી મોટી સભા; રાજસભા. આ શબ્દનો પ્રયોગ ખાસ કરીને અંગ્રેજ રાજ્યની રાજનીતિ નક્કી કરનારી મહાસભા માટે થાય છે. તેના સભાસદોને જુદા જુદા વર્ગો દ્વારા ચૂંટાય છે. અંગ્રેજ સામ્રાજ્યની અંદર સ્વરાજ્ય ભોગવતા દેશોની ધારી સભાઓ માટે પણ આ શબ્દ વપરાય છે.

પાર્લમેંટરી [અં.] વિ. રાજસભા સંબંધી; રાજસભાને લગતું; પાર્લમેંટને લગતું; પાર્લમેંટ વિષેનું.

પાર્લમેંટરી રાજ્યસંસ્થામાં બધું કામ થઈ રહ્યું નહિ. પ્રસ્થાન

પાર્લામેંટ જુઓ પાર્લમેંટ.

પાર્લામેંટરી જુઓ પાર્લમેંટરી.

પાર્લામેંટવાદ પું. લોકોના પ્રતિનિધિઓવાળી રાજસભા દ્વારા જ રાજ્યનું કાનૂન બનાવવા વગેરેનું કામકાજ થઈ શકે એવો મત.

કોલેરિજનું નિશાન હતું પાર્લામેંટવાદનો નાશ કરવાનું. પ્રસ્થાન

પાર્લામેંટવાદી વિ. પાર્લામેંટમાં માનનારું.

પાર્લામેંટવાદીઓ પુનરુત્થાન કાળ કે ઉષાકાળ બતાવવાની રીતિએ આપણે કરી કલ્પવાની નથી. પ્રસ્થાન

પાર્વણ ૧. [સં.] પું. એક જાતનો મૃગ.

૨. પું. પવિત્ર માંહેનો એક સંસ્કાર.

૩. ન. અમાવાસ્યા, પૂનમ વગેરે દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ.

૪. ન. પક્ષને દિવસે નખાતું જેવું શ્રાદ્ધ. જેવું એટલે કે બાપને, દાદાને અને પરદાદાને તેમજ નાનાને, નાનાના બાપને અને તેના બાપને.

૫. ન. પર્વને દિવસે કરાતું પિતૃતર્પણ.

૬. વિ. પર્વ ઉપરનું; પર્વમાં કરાયેલ; અમાવાસ્યા, દાદશી વગેરે પર્વ ઉપરનું; પર્વને દિવસે કરવા જેવું.

પાર્વણિક જુઓ પાર્વણ.

પાર્વત ૧. [સં.] પું. એક જાતનો હીંગડો; બકાન.

૨. પું. એક જાતનો વિદ્યાધર.

૩. પું. પર્વત ઉપર કુદરતી રીતે રક્ષાયેલો કિલ્લો.

૪. ન ઊંચુર

૫ ન. એક જાતનું અત્ર.

૬. ન. શિલાજિત.

૭. ન. સીસું

૮. ન. હિંગળોક

૯. વિ. પર્વત સંબંધી; પર્વતનું.

૧૦. વિ. પર્વતમાં હોનાર કે થનાર.

પાર્વતપીલુ [સં.] ન. અખરોટ.

પાર્વતાયન [સં.] પું. પર્વત ઋષિનો ગોત્રજ.

પાર્વતિ જુઓ પાર્વતાયન.

પાર્વતિક [સં.] ન. પર્વતમાળા; પર્વતની હાર.

પાર્વતિકા [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

પાર્વતી ૧. સ્ત્રી. અળસી.

૨. [સં.] સ્ત્રી. જલપીપર; સિંહણી પીપળ.

૩. સ્ત્રી. ગોપીચંદન.

૪. સ્ત્રી. છત્રવતી વનસ્પતિ.

૫. સ્ત્રી. દ્રૌપદી.

૬. સ્ત્રી. પર્વતની દીકરી; પર્વતના રાજા હિમાલયને મેનાથી થયેલી દીકરી; શંકરનાં પત્ની; મહાદેવનાં બૈરી; ઉમા; ઉમિયા; કાલાવતી; ગૌરી; કાલી, કાલા; હૈમવતી; ઈશ્વરા; ઈશ્વરી; શિવા; શિવી; ભવાની; રુદ્રાણી; શર્વાણી; સર્વમંગલા; અપર્ણા, દુર્ગા; મૃડાની; ચંડિકા; અંબિકા; આર્યા; દાક્ષાયણી; ગિરિજા; મેનકાત્મજા; ભવા; મેનકજા; અભવા; શિવપત્ની; શૈલસુતા. દક્ષને ત્યાં યજ્ઞકુંડમાં સતી થઈ હિમાલયને ત્યાં તે ફરી જન્મ્યાં હતાં. ત્યાં શિવજીને પુનઃ મેળવવા કામદેવે તેમને મદદ કરી હતી. બ્રહ્માના વરદાનથી તેમનું કાંચન જેવું શરીર થયું તેથી તે ગૌરી તરીકે પ્રસિદ્ધ છે. આ દેવી પરોપકારી સ્વભાવ છે. તેને ગણેશ અને કાર્તિકેય નામના બે પુત્રો હતા.

પરમેશ્વર કૈલાસશિખર બેઠતું પાર્વતી હૃદયરમણ
વિશ્વનાથ જિતું વિશ્વ નીરખનવિત
ચિંતામણિ (ચિં. ૨૪૪૯)

૭. સ્ત્રી. પર્વતમાંથી નીકળતું ઝરણું.
૮. સ્ત્રી. ભાદ્રપદ માહેની બે નામની એક અષ્ટમિદેવતા.
૯. સ્ત્રી. શેવાઈ
૧૦. સ્ત્રી. સીતાનાં કુળર મહિનું એક નામ.
૧૧. સ્ત્રી ષ. ન. અન્ન.
૧૨. વિ. પર્વતનું; પર્વતને લગતું.
૧૩. વિ. સ્ત્રી. પર્વતમાં જન્મેલી.

પાર્વતીતનય જુઓ પાર્વતીનંદન.

પાર્વતીનયન જુઓ પાર્વતીનંદન.

પાર્વતીનંદન ૧. [સં.] પું. કાર્તિકસ્વામી. મહાસેન, શરજન્મા, ષડાનન, રહેત, સેનાની, અગ્નિભૂ, ગુહ, ભાદુસેય, તારકજિત, વિશાખ, શિખિવાહન, ષાણ્માતુર, કાર્તિકેય, કુમાર, કૌંચારિષ્ણ વગેરે તેમનાં બીજાં નામ છે.
૨. પું. મધ્યપતિ.

પાર્વતીપતિ [સં.] પું. મહાદેવ; શંકર; શિવ; શંભુ; ગિરીશ; ભોળાનાથ; ગિરિજાપતિ; હરિશેશ્વર; ત્રિપુરારિ; કપર્દીશ.

પાર્વતીપુત્ર જુઓ પાર્વતીનંદન.

પાર્વતીમંગલ [સં.] પું. તુલસીદાસજીએ રચેલો એ નામનો એક ગ્રંથ.

પાર્વતીય ૧. [સં.] પું. (પુરાણ) દુર્યોધનનો મામો શકુનિ.
૨. વિ. પર્વતનું; પર્વત સંબંધી; પહાડી; ડુંગરી.
ભૂપરાજને સૌરાષ્ટ્રના પાર્વતીય પ્રદેશમાં કેદ રાખવાની મોટી જવાબદારી તેને સોંપી.
કુ. સા. પરિષ્ક
૩. વિ. પર્વતમાં રહેનાર કે થનાર.

પાર્વતીરાઈ પું. ઘરિયાલિનારે વસ્તો એક જાતનો ઘોડ.

પાર્વતીરોચન જુઓ પાર્વતીલોચન.

પાર્વતીલોચન [સં.] પું. (સંગીત) શ્રુતિઓની ક્રમસર માત્રાનો એક તાલ. તેનાં તાલસ્થાન ૧, ૯, ૧૭, ૨૫, ૨૯, ૩૫, ૪૧, ૪૯, ૫૭, ૬૯ અને ૭૧ માત્રા ઉપર હોય છે. તેની કેટલીક બોલ: ધા[1] ધિત્તા તકિટ કત્તા, ધા[2] ધિત્તા, તકિટ કત્તા, ધા[3] ધિત્તા તકિટ કત્તા, ધા[4] ધિત્તા ધા[5] ધિનકિટ, ધા[6] ધિનકિટ તક ધિનકિટ, ધા[7] ધિત્તા તકિટ ધિત્તા, ધા[8] ધિત્તા તકિટ ધિત્તા. ધિનકિટ ધિનકિટ[9] ધિનકિટ[10] ધિનકિટ[11].

પાર્વતીશ [સં.] પું. પાર્વતીપતિ; મહાદેવ; શંકર.

પાર્વતીશૈલ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. તે સહ્યાદ્રિ પર્વતના શિખર પાર્વતી પર્વત ઉપર આવેલું છે. અહીં સ્વયંભૂમી પાર્વતી તથા પાર્વતીની સિંહની મૂર્તિ છે.

પાર્વતીશ્વર ૧. [સં.] ન. મરીમાં આવેલું એ નામનું એક શિવલિંગ.
૨. જુઓ પાર્વતીશ.

પાર્વતીસુત જુઓ પાર્વતીનંદન.

પાર્વતીહૃદયવલ્લભ [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

પાર્વતેય ૧. [સં.] ન. સૌવીરાંજન; સુરમો. અંજન.
૨. વિ. પર્વતમાં હોનાર કે થનાર; પહાડી.

પાર્વત્ય વિ. પર્વતનું; પર્વત સંબંધી.

પાર્વાયનાંતીયા [સં.] સ્ત્રી. એ નામની એક ઋષિ

પાર્વિક ૧. [સં.] પું. પૂનમનો ચંદ.
૨. વિ. પર્વમાં હોનાર કે થનાર.

પાર્શ ૧. પું. એક જાતનું ઓઢાનું હથિયાર.
૨. પું. ફરસીથી લડનાર યોદ્ધો.
૩. પું. બીજાની ઓથી થયેલ દીકરો.
૪. પું. શૂદ્ર સ્ત્રીને બ્રાહ્મણથી થયેલ દીકરો.
૫. વિ. અનોરસ; બાર વારસ નહિ એવું.
૬. [સં.] વિ. ફરસી ધારણ કરનાર.

પાર્શુકા [સં.] સ્ત્રી. પાંસળી

પાર્ષ્ણિગ્રાહ પું. રાજાના નવ પ્રકૃતિનો એક વર્ગ. નવ વર્ગ: ચક્રવર્તી, મહારાજ અથવા અધિરાજ, મહેન્દ્ર અથવા નરેન્દ્ર, પાર્ષ્ણિગ્રાહ, પ્રતાપ, મંડલેશ, પ્રધાનરાજ, પ્રાકારસ્થ અને અબ્દસ્થ.

પાર્શ્વ ૧. [સં.] પું. (જૈન) એ નામના તીર્થંકર; ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું ટૂંકું નામ; પાર્શ્વનાથ.
પાસ, પાર્શ્વ એ બન્ને ત્રેવીસમા જૈન તીર્થંકર પાર્શ્વનાથનું ટૂંકું નામ છે. પુરાતત્ત્વ
૨. પું. ત્રેવીસમા જૈન તીર્થંકરનો સેવક યક્ષ.
૩. પું.;ન. કપટ કરેલો ઉપાય.
૪. પું.;ન. કુહાડો
૫. પું.;ન. ચક્ર; ચૌદું.
૬. પું.;ન. નજીકપણું; સામીપ્ય.
૭. પું.;ન. પાસું; પડખું.
૮. પું.;ન. પાંસળી.
૯. પું.;ન. બગલ; હાથની નીચેનો ભાગ.
૧૦. પું.;ન. બાજુ; પક્ષ.
૧૧. ન. ચુલાયેલ વસ્તુ અથવા સરકારી નોકરોના હાથમાંથી લઈ રાજાની બાજુ.
૧૨. વિ. નજીકનું; પાસેનું; પડખાનું.
અંતિક પાર્શ્વ અદિદર વટ વળી સમીપ અભ્યાસ; જરૂર અનાદર પાસનો બે રહે નિરંતર પાસ.
ત્રિભોવનદાસ પ્રેમજી

પાર્શ્વક ૧. [સં.] પું. નોકર; સેવક; ચાકર.
૨. વિ. અનેક જાતના કપટ ભરેલા ઉપાય રચી કે કહાડીને ધન કમાનાર; ચાલબાજીથી પોતાની ચાકરી ખુશ્કાવનાર.
૩. વિ. પાસે રહેનાર; સમીપ રહેનાર.

પાર્શ્વકપાલ [સં.] પું. ઓપરીની બંને બાજુ ઉપર આવેલા ચોખંડા કપાલાસ્થિ માહેનું દરેક. તેઓ પુરઃકપાલ અને પશ્ચિમકપાલની વચ્ચે આવેલાં છે. મઢાની મજબૂતીમાં તેઓ પરસ્પર જોડાય છે. એ રીતે તેઓ ઓપરીની બાજુઓ તથા ઢાલનું બનાવવામાં સહાયભૂત થાય છે. દરેક પાર્શ્વકપાલને અંદરની તથા બહારની એમ બે બાજુઓ, ચાર ધારાઓ તથા ચાર ખૂણા છે. બહિરંતલ અથવા બહારની બાજુનો આકાર કાચબાની ઢાલ જેવો બહિર્ગોલ છે. તેના ઉપર આવેલો ગોળ જેવો ઊંચો ભાગ પાર્શ્વકુભ તરીકે ઓળખાય છે. એ જ બાજુ ઉપર બે ધનુષ્યના જેવી વાંકી રેખાઓ, શંકતોરશ્વિકા ઉત્તરા અને સંમતોરશ્વિકા અપરા તરીકે ઓળખાય છે. આ રેખાઓ નીચેના સહેજ ઊંડાણવાળા પ્રદેશમાંથી સંભવતા પેથી ઉદ્ભવે છે. અંતસ્તલ અથવા અંદરની બાજુ અંતર્ગોળ અને અલ્પગહરી છે. આમાંના કેટલાકેક ખાડા મગજની બહારની બાજુ ઉપરનાં વળાં માટે, કેટલાકેક મસ્તિષ્કકલાપોષણી મધ્યમ ધમની શાખાઓ માટે, બાકી કેટલાકેક કલાગ્રંથિઓ રહેવા માટે છે. પાર્શ્વકપાલની ચારે ધારાઓ ઢાલાકાણ છે. તેની ઉપલી ધાર સામી બાજુના પાર્શ્વકપાલની ઉપલી ધાર સાથે, નીચલી ધાર કંઠાસ્થિ તથા અનુકંઠાસ્થિ સાથે, આગલી ધાર પુરઃકપાલ સાથે અને પાછલી પશ્ચિમકપાલ સાથે જોડાય છે. પાર્શ્વકપાલને આગલા ભાગમાં ઉપરનો અને નીચેનો એમ બે ખૂણા તેમ જ તેના પાછલા ભાગમાં ઉપરનો અને નીચેનો એમ બે ખૂણા મળી કુલ ચાર ખૂણા હોય છે. આગળના આગલા તથા પાછલા ભાગના ઉપરના ખૂણા બાળકના જન્મ પછી લગભગ એક વર્ષ સુધી કઠણ ન હોતાં તદ્દન કલામય હોય છે. ઘારણા ભાગકના ભાગોમાં આ ખૂણાઓ આગળ ને પાછલા ભાગ વચ્ચેના સાંધા વજ્રકીલ્ક તથા શિવરંધ્ર અપૂર્ણ આવે છે. તેમાંનો પાછલો ખાડો જન્મ્યા પછી બે વર્ષ આસપાસ, જ્યારે આગલો ખાડો લગભગ દોઢ વર્ષે પુરાય છે, એટલે કે એ બાકાઓ ઉપરના પોચા કલામય ભાગને બદલે કઠણ

હાડકાનું ઢાંકણ બની જાય છે. આ ખૂણાઓમાંનો આગલા ભાગનો નીચલો ખૂણો અનુકરસ્થિ સાથે સંધાય છે. તેના ઉપર પગનીની શાખાઓ માટેના ખાડાઓ પોલા: છે. પાછલા ભાગનો નીચલો ખૂણો ઇશ્વાસ્થિ સાથે જોડાય છે. તેના ઉપર પાર્શ્વિકા નામની ચિરા માટેની ભાગ આવેલી છે.

પાર્શ્વકર [સં.] પું. પાછલા વર્ણની ખાડી રહેલો માણચુલ્લદી.

પાર્શ્વકાર્શિય [સં.] ન. મણાની બંને બાજુએ આવેલું એક હાડકું

પાર્શ્વકુંભ પું કપોટિપટ્ટની બહારની બાજુ ઉપર આવેલો એક ઉત્સેધ; પાર્શ્વકપટ્ટાસ્થિની બહારની બાજુ ઉપર આવેલો મોળા જેવો ઊંચો ભાગ.

પાર્શ્વકોષ્ઠ [સં.] પું. પશ્ચાત્કપાલની કરવતના જેવા દાંતાવાળી ઉપલી ધારની બંને બાજુએ મધ્ય ભાગમાં આવેલો ખૂણો.

પાર્શ્વખતન ન. રસ્તાની બાજુએ ખોદેલી નીક.

પાર્શ્વખંડ જુઓ પાર્શ્વાસ્થિ.

પાર્શ્વગ ૧. [સં.] પું. નોકર; ચાકર; સેવક.
૨. વિ. પડખાભેર આવનાર.
૩. વિ. પડખે આવનાર; સાથમાં કે પાસે રહેનાર; સમીપ રહેનાર.

પાર્શ્વગત ૧. [સં.] ન. આકૃતિનાં નવ માંહેનું એક સ્થાન; જ્યાં અસંમુખ સ્થાન માંહેનું એક.
આકૃતિનાં સ્થાનો ચિત્રકોખકોએ નવ કરાવ્યાં છે. તેમાં પાર્શ્વગત એટલે પડખાભેર એ અસંમુખ સ્થાન છે. પુરાતત્ત્વ
૨. વિ. પડખાભેરનું.
૩. વિ. પાસે રહેલ; સમીપ રહેલ; નજીકનું.

પાર્શ્વગમ જુઓ પાર્શ્વગ.

પાર્શ્વગર જુઓ પાર્શ્વગ.

પાર્શ્વચલિતધનુરાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. તેમાં પેટભર સૂઈ પગવાળીને પગવાળો તેને હાથથી પકડી રાખી કમાનની જેમ શરીર બનાવવું. આ ધનુરાસન કર્યા પછી એ જ હાલતમાં બંને પડખે વારંવાર લોટવું. આ આસનથી પેટનું બધું સામાન્યરૂપ બનતું મનાય છે.

પાર્શ્વચિત્ર [સં.] ન. એક જ બાજુ દેખાય એવી છબી.

પાર્શ્વતઃ [સં.] અ. પાસેથી; પડખેથી; સમીપથી.

પાર્શ્વતીય [સં.] વિ. પડખે કે પાસે હોનાર કે બનાર.

પાર્શ્વદ [સં] પું ચાકર; નોકર.

પાર્શ્વદર્શન [સં.] ન. પક્ષદર્શન; કોઈ વસ્તુનો બાજુનો ત્રણ ભાગ જોવો તે.

પાર્શ્વદેશ [સં.] પું. શરીરની એક બાજુ.

પાર્શ્વનાથ ૧. [સં.] પું. (જૈન) આજુ અવસર્પિણી કાળના ત્રેવીસમા તીર્થંકર; પારસનાથ; મહાવીર સ્વામીથી અઢીસો વર્ષ પહેલાં થયેલા એ નામના તીર્થંકર વારાણસી નગરીમાં ઇક્ષ્વાકુવંશી અશ્વસેન રાજાની વામાદેવી રાણીની કુખે પોષ વદિ ૧૦ના રોજ તેમનો જન્મ થયો હતો. તેમના શરીરનો વર્ણ પણ જેવો નીલ હતો અને તેમના શરીર ઉપર સર્પનું ચિહ્ન હતું. વામાદેવીએ ગર્ભાવસ્થામાં એક વાર પોતાના પડખામાં એક સર્પ દીઠો હતો, તેથી આ પુત્રનું નામ પાર્શ્વ રાખવામાં આવ્યું. તેમનું દેહમાન નવ હાથનું હતું અને આયુષ્ય સો વર્ષનું હતું. કુશસ્થાનના રાજા પ્રસેનજિતની કુંવરી પ્રભાવતી પાર્શ્વનાથ ઉપર મોહ પામી. આ સાંભળી કલિંગ દેશના યવન નામના રાજાએ પ્રભાવતીનું હરણ કરવાના વિચારથી કુશસ્થાનને ઘેરો ઘાલ્યો. અશ્વસેન રાજાને જ્યારે આ સમાચાર મળ્યા, ત્યારે તેમણે મોટી સેનાની સાથે પાર્શ્વને કુશસ્થળ મોકલ્યા. પહેલાં તો કલિંગ રાજા યુદ્ધ કરવા તૈયાર થયો, પણ જ્યારે તેણે પોતાના મંત્રીને મોકલેલા પાર્શ્વનો પ્રભાવ સાંભળ્યો, ત્યારે તેણે આવીને ક્ષમા માગી. છેવટે પ્રભાવતી સાથે પાર્શ્વનો વિવાહ થયો. એક દિવસ પાર્શ્વ પોતાના મહેલ ઉપરથી જોયું કે લોકો પૂજાની સામગ્રી લઈને એક દિશામાં જતા હતા. ત્યાં જઈને તેમણે જોયું કે, એક તપસ્વી પંચાગ્નિ તાપતો હતો અને અગ્નિમાં એક સર્પ મરણ પામતો હતો. પાર્શ્વે કહ્યું કે, દયાહીન ધર્મ કોઈ કામનો નહિ. ત્રીસમે વર્ષે તેમણે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી ઉપદેશ માટે અને લોકોના ઉદ્ધાર માટે ગામોગામ તેઓ ફરવા લાગ્યા. કાશીમાં તેમણે ચોરાસી દિવસ તપસ્યા કરી અને તે પછી તેને કેવળજ્ઞાન થયું. તેમને અનેક શિષ્યો થયા. છેવટમાં પોતાનો નિર્વાણકાળ નજીકમાં જોઈ સમેત શિખર ઉપર તે આવ્યા ગયા. ત્યાં શ્રાવણ સુદિ ૮ના રોજ એક હજાર સાધુ સાથે તે મોક્ષ પધાર્યા. સમેત શિખર તે હજારીબાગમાં આવેલ પારસનાથનો ડુંગર છે.
૨. સ્ત્રી. ઇક્ષુરાની જૈન ગુહ્ય માંહેની ચોત્રીસમી ગુહ્યાનું નામ.
૩. ન. રાજગૃહ અને ગુહ્ય વચ્ચેથી દક્ષિણમાં આવેલ એક સ્થાનક પારસનાથ.

પાર્શ્વપટ્ટક [સં.] ન. સ્તનપટ્ટ તેમ જ બીજાં પ્રાણીઓમાં પેટની અંદર આવેલી પારદર્શક અંતર્ત્વચા. પોકળપેશીમાં ચામડીનાં બે પડ હોય છે. બહારની દીવાલનો જે છેડો ચામડીમાં હોય છે, તેને પાર્શ્વપટ્ટક કહે છે.

પાર્શ્વપરિવર્તન ૧. [સં.] ન પડખું બદલવું તે.
૨. ન. ભાદ્રપદના શુક્લપક્ષમાં અગિયારશને દિવસે ઊજવાતો ઉત્સવ.

પાર્શ્વપિપ્પલ [સં.] સ્ત્રી. એક જાતની હરડે.

પાર્શ્વપિંડ [સં.] પું. પાર્શ્વભાગ; અપરભાગ; ખોપરીના તળિયામાં આવેલ ગર્ભેરાસ્થિના ત્રણ મુખ્ય માંહેનો એ નામનો એક ભાગ. ગર્ભેરાસ્થિના ત્રણ મુખ્ય ભાગ: મધ્યકલક, ચાલનીપટ્ટક અને બે પાર્શ્વપિંડો. આ બંને પાર્શ્વપિંડો મધપૂડાની માફક પાતળી, અસ્થિમય દીવાલોવાળા અસંખ્ય કોષોથી ભરપૂર છે. દરેક પાર્શ્વપિંડો છ છ બાજુઓ હોય છે. દરેક પાર્શ્વપિંડ ચાર ચાર હાડકાં સાથે જોડાયેલ છે, એટલે કે ઉપર પુરઃકપાલના નેત્રગર્ભકલક સાથે, નીચે ઊર્ધ્વહનુસ્થિ સાથે, આગળ અશ્રુપીઠાસ્થિ સાથે અને પાછળ તાલ્વસ્થિ સાથે જોડાયેલો છે.

પાર્શ્વપૃષ્ઠચલિતવૃક્ષાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. તેમાં પાછલી તરફ નમતાં એક હાથ જમીન ઉપર અઢાવવાનો પ્રયત્ન કરવો ને બીજો હાથ ઉપર રાખવો. એ જ રીતે હાથ અદલબદલ કરવા. આ આસનથી કમર તથા પાંસળીનો શુદ્ધ બનતી મનાય છે.

પાર્શ્વફલક [સં.] ન. પુરઃકપાલના લલાટ ભાગનો બાજુનો ભાગ; 'ટેમ્પોરલ પ્લેટ.'

પાર્શ્વભક્ત [સં.] પું. (જૈન) પાર્શ્વ તીર્થંકરનો અનુયાયી; પાર્શ્વનાથ તીર્થંકરનો ભક્ત.
મહાવીર સ્વામી વસ્ત્ર ગ્રહણ જ રાખતા ન હતા, પણ પાર્શ્વભક્ત એકાદ બે વસ્ત્રો રાખતા હતા. પુરાતત્ત્વ

પાર્શ્વભાગ ૧. [સં.] પું. પડખાનો ભાગ.
ગોગલેજ એ ચિકારણું ગોળ હોવાથી તેનો પાર્શ્વભાગ જલદી સકાતો નથી. ચિત્રમયજગત્
૨. પું. પાર્શ્વપિંડ; અપરભાગ.
૩. પું. બગલ.
૪. પું. બાજુ; પક્ષ.
૫. પું. સમીપનો પ્રદેશ; નજીકનો ભાગ.

પાર્શ્વભૂતઅનાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. તેમાં ગોઠણ ભેગા રાખી જોડી ઉપર ગોઠણભર બેસવું. પછી સહેજ એક પડખા તરફ નમી હથેળીઓ જમીન

ઉપર રેકાવા બંને હાથ વચ્ચેની જમીન ઉપર માથું રેકાવવું. ફરી બીજે પડખે નમી ઉપર પ્રમાણે જમીનને માથું અટકાવવું. આ આસનથી પાંસળીનો નીચલો ભાગ, પેટ અને પીઠના સ્નાયુ તંદુરસ્ત બનતા મનાય છે.

પાર્શ્વૌષ્ઠિ [સં.] પું. પુલેરનો એ નામનો એક મત્સ્ય.

પાર્શ્વયક્ષ [સં.] પું. જૈનીઓના ત્રેવીસમા જૈન તીર્થંકર પાર્શ્વનાથનો સેવક યક્ષ.

પાર્શ્વરુદ્ર [સં.] પું. મહાદેવ.

પાર્શ્વવક્રતા [સં.] સ્ત્રી. કરોડની જમણી બાજુનો વાંક.

પાર્શ્વવર્તી જુઓ પાર્શ્વવર્ત્તી.

પાર્શ્વવર્ત્તી ૧. [સં. પાર્શ્વવર્ત્તિન્] વ. પાસે બેઠેલું માણસ.

પાર્શ્વવર્ત્તીના મુખ સાંભળું લેઈ કહિ.

૨. વિ. નજીક બેઠેલું.

પાર્શ્વવલિતવૃક્ષાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. તેમાં ગાદી ઉપર બંને હાથ ખેડી સીધા રાખી ઊભા રહેવું અને જમણે તથા ડાબે પડખે બની શકે તેટલું વળવું. આથી કમર તથા પાંસળી શુદ્ધ બનતા મનાય છે

પાર્શ્વરાય [સં.] વિ. પડખે સૂનાર.

પાર્શ્વશૂલ [સં.] ન. પડખાનું દર્દ; પડખામાં અસહ્ય આવવાનો રોગ; પાસાણ; 'પહુરસી.' સુશ્રુતમાં લખ્યું છે કે, આ દરદમાં સોય ભોંકવા જેવી પીડા થાય છે અને શ્વાસ મુશ્કેલીથી લેવાય છે. કફ અને વાયુના દોષથી આ દરદ થતું મનાય છે.

પાર્શ્વસંધિમર્મ [સં. પાર્શ્વસંધિમર્મન્] ન. નિતંબમર્મથી સહેજ નીચે તથા કેડના પાછળ ભાગથી સહેજ ઊંચે બાંસી હીરીમાં આવેલું, અર્ધા આંગળનું શિરામર્મ. આ મર્મમાંથી અધિશ્રોણિક સાધારણી ધમની તથા તે નામની શિરા પસાર થાય છે. આ ધમની તથા શિરા પણ બીજી ધમનીઓ તથા શિરાઓ જોડાઈને આ રૂપે બનતી હોવાથી તેનું નામ પાર્શ્વસંધિ પડ્યું હશે.

પાર્શ્વસંપુટ [સં.] ન. સંભોગનું એ નામનું એક આસન. વાત્સ્યાયને આપેલા વર્ણન મુજબ આ આસનમાં સ્ત્રી જમણી બાજુએ અને પુરુષ ડાબે પડખે સૂવે છે. આ બેઠકમાં પુરુષનો જમણો હાથ સ્પર્શ કરવા માટે મોકળો રહે છે.

પાર્શ્વસીમંત [સં.] સ્ત્રી. કપોલપ્રદેશની જોટલે ખોપરીના હાડકાની દરેક બાજુએ આવેલી જોડ અર્ધચંદ્રાકાર સંધાન રેખા. એ બેમાંની દરેક સંધાન રેખા ૭ ૭ હાડકાંઓનું પરસ્પર સંધાન સૂચવે છે. તેમાં ઉપલાં ત્રણ કપોલાસ્થિઓ સાથે અને નીચેનાં ત્રણ જોટલે મંડ, ભ્રકુટ તથા હંખ અસ્થિઓ સાથે જોડાય છે.

પાર્શ્વસીમા [સં. પાર્શ્વસીમન્] સ્ત્રી. પાડોશની હદ; પાસેની હદ.

પાર્શ્વસૂચક [સં.] ન. પ્રાચીન કાળનું એક આભૂષણ.

પાર્શ્વસૂત્રક [સં.] ન. એક જાતનો હારીનો.

પાર્શ્વસ્થ ૧. [સં.] પું. નોકર; દાસ.

૨. પું. સૂત્રધારનો સેવક નટ.

૩. [સં. પાર્શ્વ (પડખું) + સ્થ (બેઠેલું)] વિ. પડખે રહેનાર; સમીપ રહેનાર.

૪. વિ. પાસેનું; સહોદર; સંલગ્ન.

પાર્શ્વાઘાત [સં.] પું. આખા શરીરમાં લકવો થવો તે.

પાર્શ્વાધોગત [સં. પાર્શ્વ (પડખું) + અધસ્ (નીચે) + ગત (ગયેલું)] વિ. જેની બાજુ નીચે ગયેલી હોય એવું.

પાર્શ્વાનુચર [સં. પાર્શ્વ (પાસે) + અનુચર (નોકર)] પું. સેવક; નોકર; ચાકર.

પાર્શ્વાનુવૃત્ત [સં.] ન. ઘોડાની પડખાભેર હિલચાલ.

પાર્શ્વાપત્ય [સં. પાર્શ્વ (પારસનાથ) + અપત્ય (બાળક)] પું. જૈનીઓના ત્રેવીસમા જૈન તીર્થંકર પારસનાથનો શિષ્ય.

રથમા નહંદીય અધ્યયનમાં ગૌતમ અને પાર્શ્વાપત્ય કેશ વચ્ચે નહંદામાં થયેલી ચર્ચા નોંધેલી છે. પુરાતત્ત્વ

પાર્શ્વાપત્યીય [સં.] પું. જૈનીઓના જૈન તીર્થંકર પાર્શ્વનાથના શિષ્ય પ્રશિષ્ય વગેરે અનુયાયી.

પાર્શ્વાપવૃત્ત ૧. [સં.] પું. એક જાતનું વણી ગયેલ એક જાતનો હીરો.

૨. વિ. એક બાજુ વળી ગયેલું.

પાર્શ્વાપાર્શ્વિ ૧. વિ. પાસેપાસેનું; સમીપવર્તી.

૨. અ. બેડાબેડ; પાસે પાસે.

પાર્શ્વાભિમુખ કાવ્ય [સં.] ન. એ નામનું એક સંસ્કૃત કાવ્ય. આ કાવ્ય જૈન આચાર્ય જિનસેને દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષના સમયમાં નવમી સદીમાં લખ્યો છે. આની વિશેષતા એ છે કે, પાર્શ્વનાથના ચરિતની સાથે કોઈ વાર અંતિમ પંક્તિ, કોઈ કેટલ્લે પહેલી પંક્તિ, કોઈ વાર પહેલી ત્રીજી, કોઈ વાર બીજી ત્રીજી, મેઘદૂતમાંથી લીધેલી છે. આ પ્રમાણે તેમણે પોતાના કૃતિ કાવ્યમાં આખા મેઘદૂતનો સમાવેશ કર્યો છે; જોકે ક્રમમાં ફેર નથી પડવા દીધો. આ પુસ્તકથી સમસ્ત મેઘદૂતનો તત્કાલીન પાઠનો નિર્ણય થાય છે.

પાર્શ્વાભિમર્દ [સં.] પું. પડખામાં પીડા થવી તે.

પાર્શ્વાવલંબ [સં.] પું. ટેકો; આધાર.

પાર્શ્વાસન [સં.] ન. (યોગ) પેટનું એ નામનું એક આસન; બાજુબાજુનું. તેમાં પ્રથમ કંડની જેમ કમર ઊંચી રાખી બંને હાથ વચ્ચે અને બંને પગ વચ્ચે એક હાથનું અંતર રાખવું. પછી શરીરને જમીન ઉપર રેકાવ્યા વિના એક તરફથી આખું શરીર નીચું નમાવી આપું બરાબર બીજી બાજુએ ઝુકાવવું. એ જ પ્રમાણે બીજી તરફથી પણ કરવું. આ આસનથી યકૃત તથા પ્લીહાના રોગ નાશ થતા મનાય છે.

પાર્શ્વાસ્થિ ૧. [સં. પાર્શ્વ (પડખું) + અસ્થિ (હાડકું)] ન. ખોપરીની પાછળના ભાગમાં જમણી બાજુએ આવેલું હાડકું.

૨. ન. પાંસળીનું હાડકું.

પાર્શ્વિક ૧. [સં.] પું. અન્યાયથી કમાવાની હિકર કામનાર માણસ; ચોર.

૨. પું. સોબતી; સાથી.

૩. વિ. પડખાભેર સૂનાર.

૪. વિ. પાસેનું; પડખાનું; બાજુનું.

૫. વિ. સમીપ હોનાર કે બનાર; પાસે રહેનાર.

પાર્શ્વિકપ્રક્ષાલની [સં.] સ્ત્રી. એ નામની વકૃતની પાંચ માંહેની એક પ્રબંધની. આ પ્રબંધનીઓ બે છે. તેઓ વકૃતને અલ્પપ્રાણીરા પેશીના ગાઢ સંસર્ગમાં રાખે છે.

પાર્શ્વી ૧. સ્ત્રી. બાજુ.

૨. [સં.] સ્ત્રી. ન. વ. આકાશ અને પૃથ્વી.

પાર્શ્વીય ૧. પું. હાથાકમનો એક પ્રકાર. પ્રકાંડ ઉપર શાખાઓની ગોઠવણ એ શાખાક્રમ. તેના મુખ્ય બે પ્રકાર છે: અભિદમા અથવા પાર્શ્વિ અને દ્વિશાખી.

૨. [સં.] વિ. બાજુ ઉપરનું; બાજુએ આવેલું; બાજુનું.

પાર્શ્વીયશાખાક્રમ પું. મુખ્ય પ્રકાંડ ઉપરની બાજુથી નીકળતી શાખા. તેના બે ભેદ છે: અપરિમિત અને પરિમિત.

પાર્શ્વૈકાદશી [સં] સ્ત્રી. ભાદરવા સુદિ અગિયારસ. આ દિવસે વિષ્ણુ ભગવાન પડખું ફેરવતા મનાય છે.

પાર્થોદ્ભિદ્ય [સં.] કું. કરજો.

પાર્થોદક [સં.] કું. બાળકનું આઠું આવતું તે; બાળકના પહેલાંનો ભાગ પ્રથમ ઋતુસ્નાયુમને બાદ્યો તે; પરિમોદક; સામાન્ય રીતે જન્મ ન થતાં ગર્ભનાં બાળ, ગેદ, કમર, ભુજા વગેરે પ્રથમ બોનિદ્વારને બદે તે રીતે થતો જન્મ.

પાર્થોદકગર્ભ જુઓ પાર્થોદક.

પાર્શ્વોપરસ્થ [સં. પાર્શ્વ (બાજણ) + ઉપ (પાસે) + સ્થા (રહેવું)] વિ. બાજણની પાસેનું પણ તેની નીચેનું; બાજણની પાસે અને નીચે આવેલું.

પાર્ષત ૧. [સં.] કું. (પુરાણ) પૃષત રાજાના પુત્ર દ્રુપદ રાજાનું બીજું નામ.
૨. કું. વિરાટ રાજાનો પુત્ર; પૃષ્ટદ્યુમ્ન.
૩. વિ. પૃષત સંબંધી; વિરાટ રાજા સંબંધી; વિરાટ રાજાનું.
૪. વિ. મૃગ સંબંધી.

પાર્ષતસ્રગ્વિણી કું. (પિંગળ) સંસ્કૃતિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, યગણ, મગણ, ત્રણ નગણ અને યગણ મળી બોંતેર અક્ષર હોય છે.

પાર્ષતસ્રગ્વિણી પદે ભા ન ભ ર ય પર ય પર
ત્રિ ન પર ય મતિ. પદ્યચિન્તા

પાર્ષતી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા.
૨. સ્ત્રી. દ્રૌપદી.

પાર્ષદ ૧. [સં.] કું. અંગત નોકર; પાસે રહેનારો સેવક; હજૂરિયો.
૨. કું. દેવનો સેવક; ચોકિયો.
૩. કું. મંત્રી; પ્રધાન.
૪. કું. વિખ્યાત પુરુષ
૫. કું. સભાસદ.
૬. કું. સ્વામીનારાયણ સંપ્રદાયનો વર્ગ. આ સંપ્રદાયના સાધુઓમાં ત્રણ ભેદ છે: બાળબ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ. બાકીના વર્ગના સાધુઓ બાળબ્રહ્મચારી કહેવાય છે, ક્ષત્રિય અને વૈશ્ય એ સાધુ થઈ શકે છે. એ બંને પ્રકારના સાધુઓને અષ્ટ પ્રકારનું બાળબ્રહ્મચર્ય પાળવું પડે છે અને ધનનો ત્યાગ રાખવો પડે છે. બાળબ્રહ્મચારીઓ ધાતુપાત્રનો, જ્યારે સાધુઓ કાષ્ઠપાત્ર અને તુમડીનો જ ઉપયોગ કરે છે. બાળબ્રહ્મચારી સફેદ ધોતિયું અને બાયવું ઉપરણ પહેરે છે અને બાલ ટોપી રાખે છે. સાધુઓ સર્વાંગે બાયવા રાખે છે. પાર્ષદ એ બાળબ્રહ્મચર્ય પાળે છે પણ બાકીના પ્રકારનું નહિ. કેટલાક આચાર્યની બાજ્ઞાથી સ્ત્રીઓ સાથે બોલી શકે છે, પણ એમને અડી શકતા નથી. અપરિગ્રહ એમણે પાળવાનો હોય છે, પણ ધનનો સ્પર્શ ન કરાય એમ નથી. એટલે એ મંદિરનો આર્થિક બધાર સંભાળી શકે છે. તે બાયવાં નહિ, પણ સ્વેત વસ્ત્રો જ પહેરે છે. પાર્ષદોને બાદન કે બંબરખો પહેરવાની મનાઈ નથી. બધા સ્વામીઓ માથા ઉપર રૂમાલ બાંધે છે. પાર્ષદોનો રૂમાલ પોળો હોય છે અને બીજા બે બાશ્રમવાસીઓનો રૂમાલ બમરો હોય છે. બાકીના સાધુઓ અનોખું પહેરે છે, પાર્ષદો એ બાબતમાં પોતાના પૂર્વાશ્રમના નિયમ પ્રમાણે વર્તે છે.
૭. [સં. પાર્શ્વ] સ્ત્રી. સભા.
૮. વિ. સભાને યોગ્ય.

પાર્ષદર્ષિ ૧. [સં.] કું. ગોત્રપ્રવર્તક એક બાષિ.
૨. વિ. પૃષદશ્વ રાજાનું; પૃષદશ્વ રાજા સંબંધી.
૩. વિ. વાયુનું; વાયુ સંબંધી.

પાર્ષદેશ [સં.] વિ. વાણીના દીપાના બમુક બાગમાં બનાર.

પાર્ષદી સ્ત્રી. (પુરાણ) દ્રૌપદી.

પાર્ષદ્ય [સં.] વિ. સભામાં બેસાડવા યોગ્ય; સભાને યોગ્ય; સભાસદ; પાર્ષદ.

પાર્ષિ [સં.] કું. ગોત્રપ્રવર્તક એક બાષિ.

પાર્ષ્ણિ ૧. [સં.] કું. ગોત્રપ્રવર્તક એક બાષિ.
૨. વિ. ૭ દિવસમાં હોનાર કે બનાર.

પાર્ષ્ણિગ્રાહ [સં.] કું. પગના બાપામાં બાવેલાં સાત કુર્ચાસ્થિમાંના સાતમા કુર્ચાસ્થિની બાજુ ઉપરનો હોકના જેવો બાકાર પડતો ભાગ.

પાર્ષ્ણિ ૧ [સં.] કું. (પુરાણ) ચૌક્તાન રાજાનો સારથિ.
૨. કું. છત્રવાની ધ્રજા.
૩. કું. તપાસ; પૂછપરછ.
૪ કું. બાત.
૫. કું; સ્ત્રી. પીઠ.
૬. કું; સ્ત્રી. સૈન્યનો પાછળનો ભાગ.
૭. સ્ત્રી. ઉન્મત્ત સ્ત્રી
૮. સ્ત્રી. કુંતી.
૯. સ્ત્રી. પગની પાની; પગના બાપાનો પાછલો ભાગ; પગના બાપામાં રહેલાં સાત કુર્ચાસ્થિ માંહેનું જે નામનું છેલ્લું હાડકું બા સૌથી મોટું કુર્ચાસ્થિ છે. પાનીનો મોટો ભાગ બા હાડકાનો બનેલો છે તે એટલું તો મજબૂત છે કે તે બાખા શરીરનો ભાર ખમી શકે છે. બા હાડકાની ઉપલી બાજુ ઉપર બે સંધિસ્થાનોની વચ્ચે એક બાકો છે. કુર્ચાસ્થિર નામના સાતમા કુર્ચાસ્થિની નીચલી બાજુ ઉપરનો બાકો બા હાડકાની ઉપલી બાજુ ઉપરના બાકા સાથે મળી જઈ એક કોનરૂં રચે છે. તેમાં બા સંધિનો સ્નાયુરજ્જુ ઘણાખા સિવાય રહે છે. બા હાડકાનો બાગળો ભાગ ટૂંકો અને ગોળ છે, જ્યારે પાછળો ભાગ લાંબો હોઈ બોળે ગોળ છે અને પાની બનાવવામાં મુખ્ય ભાગ લે છે. પાની અંદરની બાજુ ઉપર હોકના જેવો એક બાગળ પડતો ભાગ છે, જે પાર્ષ્ણિગ્રાહ નામે ઓળખાય છે. તેનાથી સહેજ ઉપર એક ગોળ્યું સંધિસ્થાન બનાવે છે, જે કુર્ચાસ્થિના જોડેના સંધાન માટે છે.
૧૦. સ્ત્રી. સાપની પાછળી બાજુ ઉપરની બે નામની એક પેશી.

પાર્ષ્ણિકૌક્ષેય [સં.] કું. એ નામનો એક વિષરોગ.

પાર્ષ્ણિગ્રહ ૧. [સં.] કું. બનુયાયી.
૨. કું. પછવાડેથી હરણ કરનાર માણસ.

પાર્ષ્ણિગ્રહણ [સં.] ન. દુશ્મનના સૈન્યના પાછલા ભાગ ઉપર હુમલો કરવો તે.

પાર્ષ્ણિગ્રાહ ૧. [સં.] કું. બાર રાજાઓના મંડળ માંહેનો પાછળ રહેનાર રાજા.
૨. કું. વિજય માટે જતા રાજાની પૂંઠ પકડનાર પાછળ પડેલો શત્રુ.
૩. કું. સેનાના પાછલા ભાગ માંહેનો શત્રુ.
૪. કું. સેનાના પૃષ્ઠ ભાગ માંહેનો સરદાર.

પાર્ષ્ણિઘાત [સં.] કું. બાત.

પાર્ષ્ણિત્ર [સં.] ન. સૈન્યનો પાછળનો ભાગ.

પાર્ષ્ણિબાહ ૧. [સં.] કું. બહારનો ઘોડો.
૨. વિ. પાછળ રહી ક્રમ સાધી બાપનાર.

પાર્ષ્ણિસારથિ [સં.] કું. બહારનો ઘોડો બલાવનાર સારથિ.

પાર્ષ્ણી જુઓ પાર્ષ્ણિ.

પાર્ષ્ણ્યસ્થિ ૧. [સં.] વિ. પૂંઠીના નીચેના ભાગવાળું.
૨. વિ. પીઠવાળું.

પાર્સ [બં.] કું. પરિમલ દેવ.

પાર્સનીપ [બં] ન. બાજરની જાતનો એક છોડ. જમીનમાં તેના કંદ બાવ છે. વિલાયતમાં તે ઢોરને બવરાવામ છે, જેથી દૂધ વધે છે. બાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડતો ન હોય બાં બા પાકી શકાય. બાડાની ફળદ્રુપ જમીનને ખૂબ ઊંડી ખેડીને તેમાં બાતર ખૂબ નાખવું. પછી ક્યારા બાંધી તેમાં તેનાં બી વાવવાં. તેના રોપા કરી ફેરવવાથી તેનાં મૂળ ઊંડાઈ બાય, એટલે શાકને લાયક રહેતાં નથી, માટે તેનાં બી પરબારાં વાવવાં. તે બુલાઈ, બોગસ્ટ માસમાં વાવવામાં બાવે છે અને વરસાદ નથી હોતો ત્યારે તેને પાણી પાવું પડે છે.

પાર્સલ [અં.] ન. ટપાલ કે રેલવે મારફત મોકલવાનું પોટકું; પારસલ; બાંધેલી મોસડી.

પાર્સી ૧. [ફા.] ક. પવિત્ર માણસ; જ્ઞાત.

૨. વિ. પવિત્ર

પાર્સીઈ [ફા.] સ્ત્રી. પવિત્રતા; સાધુપણું

પાર્સિક સ્ત્રી. એક જાતની જડમા જેવી ઔષધિ. ખાસ કરીને આ ઔષધિ મજ્જની ઉશ્કેરણી, અજંપો, હર્ષમૂર્છા અને નપુંસકાઈને લીધે જોસથી ચાલતી નાડીમાં અપાય છે. ગુપ્તમાં જડમાને મળતી આવતી આ ઔષધિ આંતરડાંનો વાયુ બહાર કાઢી નાખવા માટે ખાસ વપરાય છે. કરોડરજ્જુનો દુખાવો પેટનો દુખાવો તથા મૂત્રમાર્ગમાં થતી બળતરા તે દૂર કરે છે. તેનાં પાંદડાની બૂકી અરધાથી એક ડ્રામની માત્રામાં અને બીની બૂકી આઠથી દસ ગ્રેનની માત્રામાં અપાય છે

પાર્સ્લી સ્ત્રી. એક જાતની ભાજી. તેમાં જમીનમાંથી નાની ડાંડલી નીકળી તેની ઉપર ઝીણાં પાન છૂટા છૂટા થાય છે. વિલાયતમાં તેનું બહુ વાવેતર થાય છે. આને માટે રેતીવાળી જમીન બેસે છે, તથા દર અઠવાડિયે જમી ગયા પછી પાણી ખૂબ પડવું પડે છે. જો વરસાદ ખૂબ વરસતો હોય, તો પાળા ઉપર નીકો રાખી વરસાદનું પાણી કાઢી નાખવું ચોમાસું ગયા પછી તેનું બી વાવવામાં આવે છે. જાયફળનું ઝાડવું ખાતર આર ઉંચના બરનું હોવું, તથા જમીન ખૂબ ઊંડી ખેડાયેલી હોવું. પછી ક્યારા બાંધી બી છાટી વાવવું અને દર બીજે દિવસે પાણી પાતા રહેવું.

પાલ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) રક્ષણ કરવું. તે ઉપરથી અનેક શબ્દ: પાલક, પાલન, પાલના.

પાલ ૧. પું. અસ્તૂપણું; ઘરેણું.

૨. પુ બળદવરનું મૈથુન.

૩. પું. ગાડાની ચારે તરફ આડાં ઓડી દોરડાંથી બાંધીને કરેલી વાંસળાની ઊંચી આડશ. તેમાં મગફળી, પાલો વગેરે ભરવામાં આવે છે.

૪. પું. ગાડી, પાલખી વગેરેને ઢાંકવાનું કપડું.

૫. પું. (કચ્છી) ગુણીઓ સીવી તેનું બનાવેલું પાથરણું

૬. પું. ગોપાલ; ગોવાળ.

૭. પું. જમીનદાર પાસેથી રક્ષણને માટે લેવાતું નાણું.

૮. પું. તોપ, બદૂક કે તમંચાની નળીનો ઘેરાવો કે ચક્કર.

૯. પું. ચૂંકદાની.

૧૦. પું. દુખ. મલબારી બાજામાં ગોબાર છે.

૧૧. પું. નાના તંબૂની કનાત.

૧૨. પું. નાનો તંબૂ.

૧૩. પું. પાણી ઉપર તરતી દેખાતી ચીકાસ, લીલ વગેરેને લીધે રોગીલો બનેલો પ્રદેશ.

૧૪. પું. પાણી ઉપર તરતો ચીકણો પદાર્થ; કેટલીક જગાના પાણી ઉપર તરતી દેખાતી ચીકાસ; જમીન અને આડાઓમાં થતી લીલ જેવી વનસ્પતિ અને તેના કોહવાવાથી પાણી ઉપર આવતી જારી.

૧. પાલ પડવી–પાકી રહેવી = ઘરમાં ઘણાંખરાં માણસોનું માંદું પડવું.

૨. પાલનાં પાણી = બહાર વર્ષો રહેવી લીલના કોહવાવાથી બગડેલું પાણી. આ પાણી તંદુરસ્તીને બગાડે છે.

૧૫. પું. પાણી શોષવાનો બંબ.

૧૬. [હિં] પું. કૂવા પકવવા માટે કરવામાં આવતો ઘડનો ઢાંચો.

૧૭. પું. બંગાળનો એ નામનો એક બાદશાહી રાજવંશ. તેમણે આઠસોથીએક વર્ષ સુધી બંગાળ અને મગધનું રાજ્ય કર્યું હતું. આ વંશ ગોપાલે સ્થાપ્યો હતો. તેણે ઈ. સ. ૭૩૧ થી ૭૮૫ સુધી રાજ્ય કર્યું હતું. તે વંશનો છેલ્લો રાજા ગોવિંદપાલ હતો. તેણે ઈ. સ. ૧૧૪૦થી ૧૧૬૧ સુધી રાજ્ય કર્યું હતું. એક તામ્રપત્રમાં લખ્યું છે કે, પાલ રાજા મિહિર કે સૂર્યવંશી હતા. આ વંશ અહરવારોની એક શાખા છે એમ પણ કેટલાક માને છે. પાલ વંશના રાજા બૌદ્ધ હતા.

૧૮. પું. રક્ષણ; રક્ષા; પાલન

૧૯. પું. રાજા

૨૦. પું. વાસણને ઘાડી તેની છોઈ બનાવવાનું લોઢાનું એક હથિયાર.

૨૧. પું. શિખરબંધ મંદિરની ઉપલી ડેરીમાં ટેકરાની ઉપરનો ઉપલો ઘર; નિર્ગમ અલતાની ઉપરનો ભાગ. તેમાં ટેકરૂ અથવા પાલવું અને પાટી એ બે ભાગ હોય છે.

૨૨. [સં.] પું. (વહાણનું) સઢ.

૨૩. સ્ત્રી. ઊંચો કિનારો.

૨૪. સ્ત્રી. ભાઠાવાળી જમીન.

૨૫. સ્ત્રી. ભરોસો; વિશ્વાસ.

૨૬. સ્ત્રી. બળવો; કનાત; અંતરપટ.

૨૭. સ્ત્રી. પાલખ; કડિયા વગેરે મજૂરોને ઊંચે કામ કરવા માટે કરેલો વાંસબલ્લીઓનો આધાર.

૨૮. સ્ત્રી. બંગાળીની એ નામની એક અટક.

૨૯. સ્ત્રી. નીની, ભેજવાળી અને લીલોતરી લીલથી ઢંકાઈ રહેલાં પાણીવાળો પ્રદેશ.

૩૦. ન. એ નામની અટકનું માણસ.

૩૧. ન. ચિત્રક વૃક્ષ.

૩૨. વિ. એ નામની અટકનું.

૩૩. વિ. પાલક; પાળનાર; રક્ષણ કરનાર. પાલક જેવા અર્થમાં તે સમાસને અંતે વપરાય છે. જેમકે, ભૂપાલ, નૃપાલ.

પાલક ૧. [સં.] પું. અભિભાવક; અભિરક્ષક; ઘોડાનો રક્ષક; સાઈસ.

૨. પું. ઉછેરીને મોટું કરનાર પુરુષ.

૩. પું. (પુરાણ) હરિવંશમાં બૃહદ્રથની પછી થયેલા પ્રદ્યોત રાજાનો એ નામનો પુત્ર.

૪. પું. (પિંગળ) ત્રિભંગીની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૬૬ લઘુ અને ૪૬ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

૫. પું. કરણ પુત્ર; ઓળે ગેસાડેલ દીકરો; પાળેલ છોકરો.

૬. પું. પર્વત; પર્વંત.

૭. પું. પ્રભુનું એક નામ. તે સમભાવથી સર્વનું પાલન કરે છે.

૮. પું. યજમાન.

૯. પું. રક્ષક; રક્ષણ કરનાર માણસ.

૧૦. પું. રક્ષણ.

૧૧. [સં. પાલઙ્કા; પ્રા. પાલક્કા] સ્ત્રી ચોમાસામાં થતી એક જાતની ભાજી; પાલખ પાલખની ભાજી બનાવવાની રીત: પાલકની કુમળી ચોખ્ખી કરેલી એક શેર ભાજીનો ખેમો કરવો. પછી ચૂલા ઉપર તપેલી મૂકી તેમાં અડધા શેર ઘી અને સમારેલા પાંચશેર કાંદાનો વઘાર થયે ભાજી વઘારી દેવી. એકશેર વાટેલું આદું તેમાં નાખી, તવેથાથી હલાવવું. તેમાં આર કળશી પાણી ભરી રાખવું. પછી તપેલી ઢાંકી ચડવા દેવી. ભાજી મટી જાય અને પાણી બળી જાય ત્યારે તેમાં બે માસા તજ, બે માસા લવિંગ, બે માસા એલચી અને વાટેલો ગરમ મસાલો, મીઠું નાખી હલાવીને નીચે ઉતારવું. એક શેર ખાટાવાળા દહીંમાં એકશેર ચોખાનો રસ, એકશેર વાટેલું લસણ અને એકશેર મીઠું નાખવાં. ચૂલા ઉપર ઠામવાળી તપેલી મૂકી તેમાં અઢીશેર ઘી અને પાંચ લવિંગનો વઘાર કરી તેમાં ઉપરનું દહીં અને ભાજી નાખી કડછીથી હલાવી નીચે ઉતારવું.

૧૨ ન. એક જાતનું વિમાન.

૧૩. ન. એક પ્રકારનું પ્રાણી. તે પરોપજીવી પ્રાણીઓને પોતાની ચેતીમ.થી પોષણ આપે છે.

૧૪. ન. ચિત્રક વૃક્ષ; ચિત્રાનું ઝાડ.

૧૫. વિ. રક્ષક; પાલન કરનાર; રક્ષણ કરનાર; પાળનાર.

પાલકકામ પું. જગાદ; શ્રીકૃષ્ણના એ નામના મોટા ભાઈ.

> રૈવતિરેણ બલભદ્ર બલ, સંકર્ષણ બલરામ;
> નીલાંબર રેવતીરમણ, મુસલી પાલકકામ.
>
> વિજયવલ્લભ

પાલક ભૂરી [હિં.] સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

પાલકડી (પાલકડો) ૧. સ્ત્રી. દત્તક લીધેલી દીકરી.

૨. જુઓ પાલકરી.

પાલકડો (પાલકડો) પું. દીકરા તરીકે દત્તક લીધેલો છોકરો.

પાલકતા સ્ત્રી. રખેવાળ; સંરક્ષણ; વાલીપણું.

પાલક તાત પું. જનક એટલે ઉત્પન્ન કરનાર નહિ પણ પાલક પિતા. જેમકે, શ્રીકૃષ્ણના નંદ પાલક તાત કહ્યા.

પાલકત્વ જુઓ પાલકતા.

પાલક પિતા જુઓ પાલક તાત.

પાલક પુત્ર પું. ખોળે બેસાડેલ દીકરો; દત્તક પુત્ર

પાલક બાપ જુઓ પાલક તાત.

પાલકબુદ્ધિ [સં.] સ્ત્રી. ભરણપોષણ કે રક્ષણ કરવાની ભાવના.

> જન્મ યોનિમાં પાલકબુદ્ધિ વિશેષ રહે છે તેનું દૃષ્ટાંત મનુષ્યજાતિ છે. મોવર્ધનરામ

પાલક મા સ્ત્રી. જન્મ આપનાર નહિ પણ પાલક માતા. યશોદા શ્રીકૃષ્ણનાં પાલક મા હતાં.

પાલકરી સ્ત્રી. ખાટલાના પાયા નીચે મૂકવામાં આવતા લાકડાના ટુકડા; પાલકડી. ખાટલો ઢળતો રાખવાને અને તેનું ઓશીકું ઊંચું રાખવાને આવા બે ટુકડા રાખવાનો રિવાજ ઘણે ઠેકાણે છે.

પાલકાપ્ય ૧. [સં.] પું. એ નામનો એક પાલક ઋષિ. તે ધન્વંતરીનો અવતાર મનાય છે. તેણે હસ્તાયુર્વેદ નામનો ગ્રંથ રચ્યો છે.

૨. ન. હાથી ઘોડા વગેરેનાં લક્ષણ જણાવનાર પાલક મુનિકૃત અશ્વશાસ્ત્ર.

પાલકી ૧. [હિં.] સ્ત્રી. પાલકની ભાજી.

૨. સ્ત્રી. પાલખી; સુખપાલ. એક કે બે માણસ બેસે અને માણસો ઊંચકીને ચાલે એવું વાહન.

> ઉદ્ધવ બહુ ભોજન પ્રમાણિ, પાલકી વિમાને ચડી;
> પંચ કપિ પરમેશ્વર લેઉં, એક મર્યાદિ આવિત.
>
> પુનીચંદ (સંવત ૧૪૭૮

પાલકી ગાડી સ્ત્રી. પાલખીના જેવી બનાવટવાળી ગાડી.

પાલકીનિશીન ૧. પું. પાલખીમાં બેસવા લાયક અમીર માણસ; પાલખીમાં બેસવાનું જેને માન હોય એવો મોટો સરદાર.

૨. વિ. પાલખીમાં ઉપાડવાને યોગ્ય.

૩. વિ. પાલખીમાં બેસનાર.

પાલકોસવાર [હિં.] પું. પાલખીમાં બેસનાર આદમી

પાલક્ય [સં.] પું. ધૂપ.

પાલક્યા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ગાન.

૨. સ્ત્રી. ધૂપ.

પાલખ ૧. સ્ત્રી. કડિયા વગેરે મરીઓને ઊંચે કામ કરવા માટે કરેલો વાંસવળીઓનો આધાર; પાલ; માંચડો.

૨. સ્ત્રી. માંચીની એ નામની એક જાત.

૩. [સં. પાલકમ્; પ્રા. પાલઅ] સ્ત્રી. ગોમાસામાં થતી એક જાતની ભાજીનો છોડ. તે વેંતભર વધે છે. આ વનસ્પતિ હાલ ઠામ માટે વરસ, અદ્રિક અને ગોદિગના ઘણા પ્રદેશમાં વવાય છે. હિંદમાં તો જૂના વખતથી તેનું વાવેતર થાય છે. તેનું બી મેથીની માફક સિગ્રાણામાં કચરા કરી બાતર નાખી હાથ વતી વવાય છે. જમીનમાંથી ઝાંખી નીકળી તે ઉપર તેનાં પાન લંબગોળ કિનારીનાં આંબાવાળાં થાય છે. તે સ્વાદે ખાટાં, ગોળ અને પાતળાં હોય છે. તેનાં પાતરાં વાણી ખાઈ થાય છે. ખટાશમાં પુષ્કળ ઔષધીય ગુણ મનાય છે, પરંતુ દવા કરતાં તે ખાજા તરીકે વધુ વપરાય છે. તેમાં શીતળ, જરા કફકર, સારક, દીપન, પાચન, રક્તશોધક, મળને ઊંચેથી બહાર ધકેલવાનો ગુણ છે. તે પથ્તના રોગ, કમળો, પિત્તપ્રકોપ, અર્શ, પથરી, ઝાડો, મરડો, સંગ્રહણી વગેરે મટાડે છે. તેમાં લોહનું પ્રમાણ વધારે છે. વળી તેની અંદર પુષ્કળ ગીલગમ અને સાજીખાર હોવાથી પચીને ખાનારને તરત બળ આપે છે. હેડકાંના રોગને સુધારે છે. તાજા પાનમાં વીટામીન એ, બી અને સી રહ્યાં હોવાનું મનાય છે. આયર્વેદિયકમાં પાલખને તીખી, મધુર, ખારકર, શીતળ, રૂક્ષ, ભારી, વાતલ, ગ્રાહક, ભેદક, તર્પક, પિત્ત, મુખ, વિષ્ટભકારક તથા સ્વાદુ માનેલી છે અને રક્તપિત્ત, કફ, મદ, શ્વાસ તથા વિષદોષનો નાશ કરનાર કહેલ છે. પાલખનાં બીમાંથી ખરણી જેવું તેલ નીકળે છે તે કૃમિ અને મૂત્રાશયના રોગ ઉપર ફાયદાકારક મનાય છે.

૪. સ્ત્રી. સુખપાલ; એક કે બે માણસ બેસે અને માણસો ઊંચકીને ચાલે એવું વાહન; પાલખી.

૫. વ. એ નામની જાતનું માણસ.

૬. વ. ધરની પૂજામાં દેવને પધરાવવામાં આવતું લાકડાનું ચોકઠું; સિંહાસન.

૭. વિ. એ નામની જાતનું.

પાલખડી (પાલખડો) સ્ત્રી. પાલખી, કવિતામાં વપરાય છે.

પાલખી ૧. [સં. પર્યંક] સ્ત્રી. એક કે બે માણસ બેસે અને માણસો ઊંચકીને ચાલે એવું વાહન; સુખપાલ; નરવાહન; બેના; મિયાનો; ઝિબિકા; ઉપર ઢબાન જેવો ઢાંકો હોય અને આગળ પાછળ ઊંચકનારની બાંધે મૂકવાના બે દાંડા હોય તેવું શ્રીમંતો કે રાજામહારાજાઓને બેસવાનું એક જાતનું વાહન.

૨. સ્ત્રી. એક જાતની દેશી રમત; પાલખીપોઇસા.

૩. સ્ત્રી. જનાનો; સાધુ, બાવા કે રાજાના રાણને બેસાડીને લઈ જવાનું એક સાધન.

> બાલ્ય અવસ્થ, પ્રભુ બીજી,
> રાજ પાલખી બાંધિ બેસાઇ?
>
> અખાકોપનિષદ

૪. સ્ત્રી. સેરિકા; બાકરડી; ઘાસી.

પાલખીનશીન જુઓ પાલકીનિશીન.

પાલખીનિશીન જુઓ પાલકીનિશીન.

પાલખીપોઇસા જુઓ પાલખીપોઇસા.

પાલખીપોઇસા સ્ત્રી. બબ્બે બબ્બે છોકરાના જથ્થા થઈને રમાતી એક મેદાની રમત; આલખીપાલખી; પાલખી. તેમાં બે છોકરા સામસામાં મોં રાખી ઊભે પગે બેસે. પછી જમણા હાથના પંજા પોતાના ડાબા હાથની કોણી ઉપર મૂકે અને ડાબો હાથ લંબાવી સામસામી બેઠેલીઓની જમણા હાથની વાળેલી કોણી આગળથી પકડે. તેથી બંનેનાં બબ્બે બાનાં ઉપર એક છોકરો બાનામાં ઓઢણ પગ લટકતો રાખી વચલા બાના ઉપર બંનેના બળા પકડીને બેસે. આ પ્રમાણે બબ્બે બબ્બની ટોળી થઈ દારમાં ઊભા રહે. પછી દોડી નક્કી કરેલે સ્થળે જે ટોળી અગાઉ જાય તે જીતી બબ્બાય. એકનો જમણો પંજો સામેના છોકરાના ડાબા પંજામાં મેળવીને પણ પાલખી બનાવી રમાય. આ રમતથી હાથના તથા કાંડાના સ્નાયુને કસરત મળે છે.

પાલખીપોશ ૧. વિ. પાલખીમાં બેઠેલ.

૨. વિ. પાલખીમાં બેઠેલ માણસની બાજુ ઊંચકીને લઈ જનારું.

પાલખીશાળા સ્ત્રી. પાલખીઓ રાખવાનું સ્થળ; વાનશાળા.

પાલખું ન. નાનો પાલખો.

પાલખો ૧. પું અટેલીને બેસાન એવો મોટો પાટલો કે બાજઠ.
૨. પું ઝૂલતી પાલખ.
૩. પું. દેવનું સુખાસન; નાનું સિંહાસન.

પાલગલાસ પું. બત્રીમામાં રોગ્ય માટે વપાતો એક જાતનો છોડ. તે સુવાના છોડને કેઈક મળતો આવે છે. તેને ત્રીણાં ગુંજળાંવાળાં અને એકદમ લાલ રંગનાં ફૂલ આવે છે.

પાલઘટ પું. દક્ષિણ હિંદનો એ નામનો એક પ્રાંત; મલબાર.
પૂના, સતારા, બેલગોર, પાલઘટ (મલબાર), તીનવેલી (તામીલનાડુ) વગેરે સ્થળે ત્રીમોની પરિષદો થઈ. પ્રસ્થાન

પાલઙ્ક ૧. પું. દેવ.
૨. [સં. પા (પક્ષ) + લઙ્ક (લપસવું તે)] પું. પક્ષ લપસવો તે; મોટો પક્ષ પડવો તે.
૩. પું. ભૂત.

પાલમ ૧. [સં.] પું. પાણીમાં થતું એક જાતનું ઘાસ; જલતૃણ.
૨. પું. વર્ષાઋતુમાં થતી એક ઔષધ વનસ્પતિ.

પાલર ૧. [સં. પાલન] પું. (હિંદી) ઉછેર પુરુષ.
૨. સ્ત્રી. બલ્લાસ્ત્રદેવી; રૈર.
૩. સ્ત્રી. પદ્માવતીની એક નામની એક જોડ.
૪. વિ. ખાડું.
૫. વિ. પલટેલું; ફેરવેલું; ઊલટું.

પાલરવું [સં. પરિવૃત] સ. ક્રિ. પલટવું; બદલવું; ફેરવવું; ઊલટાવવું; ઉથલાવવું.
હરી વેસ નહ દ્રપ પાલર્યાજી.
સમર ગિરિ ઉતરિયા.
કર્મેણ (સંવત ૧૪૨૬)

પાલલાવ પું. વિરહ ખોવવું કે થવું તે.

પાલવો ૧. પું. (સંગીત) ગાવામાં સ્વરને ઉતારવો અને ચડાવવો તે.
૨. પું. પદ્માવતીનો એક હાવ.
૩. પું. પલટો; બદલો; ઘુમાંટ; ચોયું; પ્રત્યાઘાત; સામો ઊથલો; ફેરફાર.
પાલટો આવો–મારવો = (૧) ઘુમાંટ મારવો. (૨) બદલી નાખવું; બોલતાં બોલાઈ જવાનું અને પછી તેને બદલી નાખવું. (૩) પલટાવું.
૪. પું. ફેરબદલી.
ઠામ પાલટો કરવો = સ્થાન બદલવું.

પાલવું (પાલવું) ન. ખાવાનું પડવું.

પાલવુ ૧. પું. ઢેલોકોનો એ નામનો એક દેવ.
૨. ન. પાલન; પાળવું તે.

પાલવુપોષવુ ન. પાલનપોષણ; પાળવું અને પોષવું તે.

પાલવૃક્ષસરસ ૧. સ્ત્રી. નારોલની એ નામની એક જાટક.
૨. ન. એ નામની જાટકનું માપુસ.
૩. વિ. એ નામની જાટકનું.

પાલવૃહ્વર પું. પાળનાર માણસ; પાલનહાર.

પાલવું [સં. પાલન] ન. ઘોડિયું; બાળકનું પારણું; નાના બાળકને સુવાડવાનો ઝૂલો.

પાલવી સ્ત્રી. પલાંઠી.
પાલવી લગાવવી = બંને ઉપર તરવું; પલાંઠી વાળી બેસીને તરવું.

પાલવૂ [હિં.] વિ. પાળેલું; પોષેલું.

પાલવી [સં. પર્યસ્ત (ફેલાવેલું)] સ્ત્રી. (હિંદી) પદ્માસન; કમલાસન.

પાલવૈદ પું. એક પ્રકારનો રોગ.

પાલન ૧. [સં. પાલ્ (પાળવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન અનુકૂળ આચરણથી કોઈ વસ્તુની રક્ષા; ભંગ ન કરવો તે. જેમકે, આજ્ઞાપાલન; પ્રતિજ્ઞાપાલન.
૨. ન. તાજું નિચોવેલું ગાયનું દૂધ.
૩. ન. પારણું; ઘોડિયું.
૪. ન. પાળવું તે; પાલનપોષણ; ભરણપોષણ; ભોજન, વસ્ત્ર વગેરે દ્વારા શરીરની રક્ષા કરવી તે.
પાલન કરવું = (૧) આધાર આપવો. (૨) પાળવું; પોષવું.
૫. ન. રક્ષણ.

પાલનકર્તા [સં. પાલનકર્તૃ] વિ. પાલન કરનાર.

પાલનગૃહ [સં.] ન. પાળી પોષી ઉછેરવાનું

ઝાડ ઉછેરવા માટે બનાવેલ પાલનગૃહના માટે ચોરસ સારી જમીનવાળી જગ્યા અને ચોરસ ખુલ્લી જગ્યા પસંદ કરવી. વનસ્પતિવિજ્ઞાન

પાલનત્વ [સં.] ન. પાળવું પોષવું તે.

પાલનપુર ન. પ્રહ્લાદપુર. પાલનપુર જમદાવાદના બાદશાહના પાડવ દીવાનના વંશજોનું રાજ્ય છે. તેના રાજા નવાબ કહેવાય છે. મૂળ પ્રહ્લાદદેવે વસાવેલું તેથી પ્રહ્લાદપત્તન કહેવાતું. પછી જગજોરના ચૌહાણોના સરદાર પાલણસિંહે છઠ્ઠી સદીમાં તે પાલણપુર કહેવાય છે.

પાલનપુરા પું. ઉંચાઈના ચોરાશી જન્મનો એ નામનો એક પેટા જન્મ.

પાલનપુરિયા વિ. પીસા શ્રીમાળી વાણિયાના સાત માંહેના એ નામના એક પેટા વિભાગનું. પીસા શ્રીમાળીમાં સાત પેટા વિભાગો છે: અમદાવાદી, કઠોડિયા, પાલણપુરિયા, પટણી, સોરઠિયા, તલાજા અને વરાડિયા.

પાલનપુરી વિ. પાલનપુરનું.

પાલનપોષણ [સં.] ન. પાળવું અને પોષવું તે; ગુજરાન; નિભાવ; ઉછેરવું તે; ભરણપોષણ.

પાલનપ્રથા [સં.] સ્ત્રી. ઉછેરવાની રીત.
પ્રકૃતને અનુસરતી જે લાલપ્રથા, જનનપ્રથા અને પાલનપ્રથા. જોઈએ. ચિત્રમય જગત્

પાલનવા [હિં.] ન. પારણું.

પાલનશક્તિ [સં.] સ્ત્રી. પાળવા પોષવાનું સામર્થ્ય.
જિલ્લામાં પાલનશક્તિ, ગામમાં સૂચિશક્તિ જાણે જોઈ છે. સમરતી ગામવત

પાલનહાર ૧. પું. શોષણ.
૨. પું. પરમેશ્વર.
૩. પું. પાળનાર માણસ.
૪. પું. રક્ષક; રક્ષણ કરનાર માણસ.
૫. વિ. પાળનાર; ઉછેરનાર.
૬. વિ. રક્ષણ કરનાર.

પાલના ૧. સ્ત્રી. પાલન; રક્ષા કરવી તે.
૨. [હિં.] ન. ઝૂલો; હિંડોળો.
૩. ન. પારણું; ઘોડિયું.

પાલનાજ્ઞા [સં.] સ્ત્રી. પળાવવાનું ફરમાનનામું; કરાર પૂરો કરવાનું ફરમાનામું.

પાલનાદમા [સં. પાલનાદમન] પું. પુરુષોત્તમનાં કુળદેવ માંહેનું એક નામ.

પાલનાર જુઓ પાલનહાર.

પાલનાધિકાર [સં. પાલન (પોષણ) + અધિકાર (હક)] પું. પાલીપણાનો હક.

પાલનિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નસોતર.

પાલનીય ૧. [સં. પાલ્ (પાળવું) + અનીય (જોવું)] વિ. આચરવા જોવું.
૨. વિ. પાલન; પાળવાને યોગ્ય; પાળવા જોવું.

પાલપ્રક્ષિજ [સં. પાલપક્ષિન્] પું. કન્યાપક્ષ; કન્યાનું રક્ષણ કરનાર માણસ.

પાલફકોટી સ્ત્રી. એક જાતની નાળિયેરી.

પાલયિતા ૧. [સં. પાલયિત્] વિ. પાલન કરનાર.
૨. વિ. રક્ષણ કરનાર.

પાલર ન. વરસાદનું તાજું પાણી.
પાલર ગેવું = (૧) ક્રમ પાર ઉતારવું. (૨) પોષણ કરવું; પેટ ભરવું. (૩) સ્થિર રહેવું; ટકવું.

પાલલ [સં.] વિ. તલ ખાંડી કરેલું; તલપટ કરેલું; તલના ચોટનું બનેલું.

પાલવ ૧. પું. ઓઢણ; ઓઢવાનું કપડું.
૨. [સં. પલ્લવ] પું. કૂંપળ; ઝાડને આવેલ નવું પાન.
૩. પું. દુપટ્ટો કે પાઘડીનો કસની છેડો.
૪. પું. પહેરેલા સાલ્લાનો લટકતો છેડો; બીના સાલ્લાનો ભાતવાળો છેડો.
પાલવ દાબવો–પાથરવો = બહુ આજીજી કરવી. બીજાને માટે બોલાય છે.
૫ પું. કાંઠ; પલ્લો.
૬. પું. કેરકાર; ઊભરપાયક.
૭. પું. ભરણ
૮. પું. સ્વરણ; આસરો; આધાર; આશ્રય; ટેકો.
પાલવે પડવું = પાલે પડવું; આધારે રહેવું; આસરે જવાનું થવું.

પાલવખોલી વિ. સ્ત્રી. છૂટાછેડાવાળી; નિર્લજ્જ.
બાઢાળોની પાલવખોલી,
તેણે કરી નગમે તેહન. નિષ્કુળાનંદ

પાલવગાંઠવું ન. છેડાછેડી; છેડાગાંઠણ; વરકન્યાના છેડા ગાંઠવાનું વજ્ર.
પાલવગાંઠવું મીઠું,
કાળા કરી ધરી રે. દયારામ

પાલવછેડલો (પાલવછેડ્યો) પું. પાલવનો છેડો.

પાલવડી (પાલવડી) સ્ત્રી, ખરોળી.

પાલવવું (પાલવવું) ન. ઓઢવાનું વજ્ર.
બાવીનાં પાલવડાં જેવી બહ જોરવાં બે
અભિન્ન રહેવાય. સ્વયમ્

પાલવડો (પાલવડો) પું. પાલવ છેડો.
સાળુના રંગનું રાજ,
પાલવડે મેલાવું વનના ભોરવા.
ઇંદિરાબા રાવ

પાલવણિજ જુઓ પાલખણિજ.

પાલવણી સ્ત્રી. એક જાતનું હિંમળ ગીત.
આદિ હિંમળના રીતિ ગ્રંથોમાં ૮૫ પ્રકારના ગીતોનાં લક્ષણ-ઉદાહરણ અને છે. ગંગાડો, પાલવણી, ભાવડી, સાવડો, ઓટીબંધ, સુપનસે, ગ્રહબંધ, ઝોળે સાબોર આદિ ગીતો મુખ્ય છે. લાલા

પાલવવું ૧. સ. ક્રિ. અનુકૂળ આવવું; બરાબર મુજબ થવું.
૨. સ ક્રિ. કૂંપળ ફૂટવી; નવાં નાનાં પાંદડાં ફૂટવાં, પલ્લવવું; પાંગરવું; ફોળવું.
૩. [સં. પારય્; પ્રા. પાલ] સ. ક્રિ. પરવડવું; પોસાવું; ભોજવું; ગોઠવું થવું.
૪. સ. ક્રિ. કોઈના પેટમાં છોકરું હોય તેમાં ફરી આવવી; ફરી જીવનો સંચાર થવો.
૫. [સં. પાલય્] સ. ક્રિ. ઉછેરવું; પોષવું; પાલનપોષણ કરવું; જેમ તેમ કરીને પહોંચવું; નિભાવવું; સભાળવું
૬. સ. ક્રિ. કાપવું; ગમવું; ગોઠવું.

પાલવંશ [સં.] પું. બંગાળનો એક પ્રસિદ્ધ રાજવંશ. જુઓ પાલ ૧૭.

પાલવાસી વિ. પાલ એટલે તંબૂ વગેરેમાં રહેનારાવાળું.

પાલવું સ. રેકારો.

પાલવો સ્ત્રી. સવથી છેટ કૂટ લંબાઈની બીજા રેખની ઊંચાઈવાળી એક જાતની માલવી, તે મધ્ય દરિયામાં રહે છે. તેમાં કાંટા વધારે હોય છે.

પાલસા [હિં.] ન. એક જાતનું દ્રવ્ય.

પાલસેકર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

પાલંકષ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; પાલક.
૨. પું. બાજ પક્ષી.
૩. ન. કાળા, લીલા અને લાલ રંગનું એક રત્ન.
૪. ન. કુકડા ઘાસ.

પાલંકાયન પું (મુનિ) એ નામના એક ઋષિ.

પાલંકી ૧. [સં.] સ્ત્રી એક જાતની વાઘણ.
૨. સ્ત્રી. કુંકુર નામનું ગંધદ્રવ્ય.
૩. સ્ત્રી. બાજ પક્ષી.

પાલંકય જુઓ પાલંક.

પાલંકયા સ્ત્રી. પાલખની બાજી.

પાલા ૧. [હિં] પું. ભાખડો.
૨. પું. અનાજ વગેરેનું મોજ માટીનું વાસણ.
૩. પું. કમરી નામની રેશમમાં જોકરાંઓ બે પક્ષ જુદા કરવા માટે કરેલો માટીનો કમરો.
૪. પું. ચારા માટે વપરાતાં એક જાતના ઝાડનાં પાંદડાં.
૫. પું. પાંચ કલ્પ વાસુદેવોને જોવાની જગ્યા.
૬ પું. પિતા; બાપ.
૭. પું. મુખ્ય સ્થાનક; પીઠ.
૮. પું. બનવાકાર કરવાનો સંયોગ.
૯. સ્ત્રી. ઝાડ કાંટો; ઝરડી.
૧૦. સ્ત્રી. બરફ.
૧૧. સ્ત્રી. મુંબઈ પ્રદેશના દરિયામાંથી મળતી એક જાતની માછલી
૧૨. સ્ત્રી સોની અને જેમલની એ નામની એક અટક.
૧૩. ન. એ નામની અટકનું માણસ
૧૪. વિ. એ નામની અટકનું.
૧૫ અ. ખાતે ગણીને; પરપોટા.

પાલવ પૂંઠે પાણિ પાલવ કરવિયા નક્ષ લાખી,
વક્ષ સાદિ નક્ષ કાલ પલ્લવમા, ઉપરિ ચામર ચારી,
સીતાહરણ

પાલાખાધ ૧. સ્ત્રી. બાજરા; તાણ; તંતી.
૨. સ્ત્રી. રોપણીનો બગાવ; વાવેતર ન થવું તે.

પાલાગણ [સં. પાલગ્ન] ન પગે લાગવું તે; પ્રણામ.

પાલાગન જુઓ પાલાગણ.

પાલાગલ પું. દૂત. બારમા સમયમાં તે એક જંગલવાસી જાતિ હતો. તે શુદ્ર જાતિનો હતો અને તેનો વાસ પોતાના રાતી પાઘડી તથા ચામડાનો લાંબો હતો.

પાલાગલા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શુદ્ર જાતિ. અયમેધમાં આ જાતિની સ્ત્રી પણ ભાગ લેતી.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પાલાગલી સ્ત્રી. રાજની ચોથી રાણી.

પાલાગે જુઓ પાલાગણ.

પાલાપરિષ સ્ત્રી. ચોકસીને આપવામાં આવતો પગાર.

પાલાબાજુ ન. ડાબની સિસમારી.
પાલાબાજુ પાકળી, નિયોગીનાં અંતર જેવી બને.
નહુરામ

પાલાયન ૧. સ્ત્રી. ચાવણહોર સંસ્થાનમાં પેરિમાર સરોવરના કાંઠા ઉપર રહેતા લોકોની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પાલાયિશ [સં.] સ્ત્રી. ગણવું તે.

પાલાર સ્ત્રી. મહિસુર રાજ્યમાં આવેલી એ નામની એક નદી.

પાલાવેલ સ્ત્રી. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ.

પાલાશ ૧. [સં.] પું. પાખરાનો અવયવ.
૨. પું. પાખરાનો વિકાર.
૩. પું. પાખરો; પાખરાનું ઝાડ; પલાશ.
એક હસ્તમાં પાલાશનો દંડ પકડ્યો છે; બીજા હાથમાં માળા, કમંડલુ, ભિક્ષાપાત્ર ને જનોઈ જેટલા રાખ્યાં છે. સુ. સા. પરિષદ
૪. પું. તમાલપત્ર. તેનાં પાન બહુ પહોળાં, લાંબા જેવાં અને જાડાં હોય છે. ઘર ઉપર વરસાદની છાંટ કે ભરણી ન પડે તે માટે તેનો પતરાંની જેમ ઉપયોગ થાય છે. તેથી તે પલાશ કહેવાય છે.
૫. પું. બીજો રંગ.

૬. વિ. પાનખરા સંબંધી; પલાશનું.
૭. વિ. લીલા રંગનું.

પાલાશક જુઓ પાલાશ.

પાલાશખંડ [સં.] પું. મગધ દેશ; બિહાર પ્રાંત.

પાલાશતિલકા સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાંદડાં પાનખરાનાં પાન જેવાં હોય છે. આ વેલના કાંદામાંથી નીકળતો પીળો રસ પારદર્શન માટે ઉપયોગી મનાય છે.

પાલાશપુષ્પ [સં.] ન. પાનખરનું ફૂલ; કેસૂડું.

પાલાશવિધિ [સં.] પું. મરેલાનું શબ ન મળતું હોય તો પાનખરાનાં પાંદડાંનું પૂતળું બનાવી તેની દહનક્રિયા કરવી તે.

પાલાશહરિદ પું. એક જાતનો ક્ષાર; 'પૉટેશિયમ કલોરાઇડ.'

ઉપર જણાવેલા દુષ્કાળ ચૂનાના અને મગરકુષ્ઠિ ક્ષાર સિવાય કિંચિત્ લવણક્ષાર અને પાલાશહરિદ ક્ષાર પણ હોય છે. ગુ. જ્ઞાનકોષ

પાલાશિ [સં.] પું. એ નામનો એક ઋષિ.

પાલાશિની સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

પાલાશી [સં] સ્ત્રી. એક જાતનું ઘાસ.

પાલાસ ૧. પું. (જ્યોતિષ) મંગળ અને ગુરુ વચ્ચેના લઘુ ગ્રહો માંહેનો એ નામનો એક લઘુ ગ્રહ.

૧૮૦૨માં પાલાસ નામે ગ્રહની શોધ ઓલ્બર્સે કરી. જ્યોતિર્વિલાસ

૨. સ્ત્રી. એ નામની એક દેવી. તેણે પોતાના ડાબા હાથમાં ઢાલ પકડેલી છે અને જમણા હાથથી તે વજ્ર ફેંકે છે.

પાલિ ૧. પું. (ખિજડા) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, ગુરુ અને લઘુ મળી પાંચ અક્ષર હોય છે.

સ ગ લે પાલિ. રણછોડકવિ

૨. [સં.] સ્ત્રી. ઓળ; ચિહ્ન.
૩. સ્ત્રી. આવલિ; હાર; પંક્તિ; પંગત; ઓળ.
૪. સ્ત્રી. એક પ્રકારનું જૂનું વજન.
૫. સ્ત્રી. એક જૂનું ચલણી નાણું.
૬. સ્ત્રી. કાનની બુટ્ટી; કર્ણલતાકા; કાનની પાસ.
૭. સ્ત્રી. કિનારો.
૮. સ્ત્રી. કોર; છેડો.
૯. સ્ત્રી. ખૂણો.
૧૦. સ્ત્રી. ખોળો; ગોદ; ઉત્સંગ.
૧૧. સ્ત્રી. ઘેરાવો; પરિધિ.
૧૨. સ્ત્રી. જુઓ લીખ.
૧૩. સ્ત્રી. ટોચ.
૧૪. સ્ત્રી. તપેલી.
૧૫. સ્ત્રી. તરવાર વગેરેની ધાર.
૧૬. સ્ત્રી. થાળી.
૧૭. સ્ત્રી. દાઢીમૂછવાણી સ્ત્રી.
૧૮. સ્ત્રી. દેશ; વતનોર્ઈ.
૧૯. સ્ત્રી. નિતંબ; કૂલો.
૨૦. સ્ત્રી. પહોળું તળાવ.
૨૧. સ્ત્રી પાળ; બંધ; પુલ.

ક્ષમા બળતાં બચ્ચી પાલિ જ કરી. ભાલણ

૨૨. સ્ત્રી. પાળી; છરી.
૨૩. સ્ત્રી. પ્રશંસા; વખાણ; તારીફ.
૨૪. સ્ત્રી સિક્ષ વગેરેને અભ્યાસ દરમિયાન આપવા યોગ્ય પદાર્થ.

૨૫. [પ્રા. પાલિભાસ (ધર્મોપદેશ)] સ્ત્રી. સંસ્કૃતને મળતી એક પ્રાચીન ભાષા તથા લિપિ. તેમાં બૌદ્ધ ગ્રંથો લખાયેલા છે. સિલોન, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ વગેરે દેશોમાં તેનું સંસ્કૃતની જેમ પઠનપાઠન થાય છે. બૌદ્ધ ધર્મની ફાલફાદી વખતે આ ભાષાનો પ્રચાર મગધથી સિલોન દેશ સુધી અને ઉત્તર હિંદથી સિંહલ સુધી થયો હતો. કહેવાય છે કે, બુદ્ધ ભગવાને આ ભાષામાં ઉપદેશ આપ્યો હતો. બૌદ્ધ ધર્મગ્રંથ ત્રિપિટક આ ભાષામાં છે. પાલિનું જૂનું બ્યાકરણ કાત્યાયનનું સુસંધિકલ્પ છે. તેમાં તેણે પાલિને મગધી તથા શૂર ભાષા કહી છે, પણ બધા લોકો પાલિ અને મગધી જુદી જુદી ભાષા માને છે. કેટલાક પાલિ ગ્રંથકારોએ તો લંકાથી કહ્યું છે કે, પાલિ બુદ્ધો, બોધિસત્ત્વો અને દેવતાઓની ભાષા અને મગધી મનુષ્યોની ભાષા છે. એમ માલૂમ પડે છે કે, મગધી શબ્દનો ઉપયોગ મગધની પ્રાકૃત માટે પછીના ઘણા વખત સુધી થતો રહ્યો છે. પાલિ એ પણ જૂના વખતની મગધીનું નામ છે, જેને કાત્યાયન વગેરેએ બ્યાકરણબદ્ધ કરી તેને અમર અને સ્થિર કરી. પાલિ ભાષાની ઉત્પત્તિ માટે અનેક કલ્પનાઓ છે. કેટલાક તેને સંસ્કૃત પલ્લિ એટલે નગર ઉપરથી બનેલ માને છે, કેટલાક કહે છે કે, પલાશ એ મગધનું એક નામ છે, તે ઉપરથી પાલિ શબ્દ બન્યો છે. કેટલાક બ્રહ્મદેશની પડોશી સુધી પહોંચી ભાષા છે. પટણાનું પ્રાચીન નામ પાટલિપુત્ર હતું. તેથી કેટલાકનું અનુમાન એવું છે કે, પાટલિની ભાષા પાલિ કહેવવા લાગી. પણ સૌથી સારું અનુમાન એ જણાય છે કે, પાલિ શબ્દનો પ્રયોગ પંક્તિના અર્થમાં હતો. મગધીનું બુદ્ધના વખતનું રૂપ બૌદ્ધગ્રંથોમાં લિપિબદ્ધ થવાથી તે પાલિ એટલે પંક્તિ રહેવાવા લાગી. હીનયાન શાખામાં પાલિનો પ્રચાર એકસરખો ચાલુ રહ્યો છે, પણ મહાયાન શાખાના બૌદ્ધોએ પોતાના ગ્રંથ સંસ્કૃતમાં કરી લીધા. લોકો સહેલાઈથી સમજી શકે તેટલા માટે બૌદ્ધોએ સંસ્કૃતમાં જ કેટલાક ફેરફારો કરી પાલિ ભાષા ઊભી કરી તેનો પ્રચાર કરવાની તજવીજ કરી હતી. આ ભાષા ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાથી ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકા સુધી અથવા અશોકના વખત સુધી અસ્તિત્વમાં હતી, એમ શિલાલેખો અને કોતરકામો ઉપરથી સાબિત થાય છે. આર્યાવર્તમાં ઈ. સ. પૂર્વે ૬૦૦થી ઈ. સ. ૪૦૦ સુધી પાલિ, ઈ. સ. પૂર્વે ૪૦૦થી અર્થાત્ ચંદ્રગુપ્ત, વિક્રમાદિત્યના વખતથી ઈ. સ. ૧૦૦૦ સુધી પ્રાકૃત અને ત્યાર પછી આજસુધીમાં હાલની બાકી નવી ભાષાઓ હસ્તીમાં આવી. સાધારણ લોકો ઉચ્ચારની ખામીથી અને અનાર્ય પ્રજાના સંસર્ગથી શુદ્ધ ઉચ્ચાર કરી શકતા નહોતા. તેમની બોલેલી ભાષા તે પાલિ ભાષા. તેમાં શુદ્ધ અને અશુદ્ધ બંને પ્રકારના શબ્દો હતા.

બુદ્ધ ધર્મના પ્રચાર અર્થે ઈ. સ. પૂર્વે ૫૪૩માં બિન્બે પાલિ ભાષા દાખલ કરી.
હરગોવિંદ કાંટાવાળા

૨૬. સ્ત્રી. હદ; સીમા.

પાલિક ૧. પું. પર્વત; ભાટલો.
૨. જુઓ પાલકી.

પાલિકા ૧. [સં.] સ્ત્રી. કાનની બુટ્ટી; કાનનો નીચેનો ઢોલ; કાનનું બાવલું.
૨. સ્ત્રી. તરવારની ધાર.
૩. સ્ત્રી. દર્ભ વગેરે કાપવાની પાળી.
૪. સ્ત્રી. રક્ષણ કરનારી સ્ત્રી.

પાલિકોષ્ણ પું. (ગણિત) પરિધકોણ; વર્તુલના પરિઘમાંથી એક કોણ કાપી બાકી રહેલા કોણમાં કોઈ એક બિંદુ લેતાં તે બિંદુને કોણના બે છેડા સાથે જોડનારી બે લીટી વચ્ચે બનતો ખૂણો.

પાલિટાણી પું. એક જાતનો બોડો.

પાલિત ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય.
૨. પું. હોળકુ વંશમાં પેદા થયેલ એ નામનો એક રાજા.
૩. પું. કામોટ વૃક્ષ.
૪. વિ. રક્ષણ કરેલ; પાળેલ; પાળેલું; રક્ષિત.

પાલિતા ૧. [સં.] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.
૨. વિ સ્ત્રી. પોષાયેલી; પાળવામાં આવેલી; પાલનપોષણ કરાયેલી.

પાલિતાણા [પ્રા. પાલિત્તાણ] ન. સૌરાષ્ટ્રનું તે નામનું જૈન તીર્થ; સૌરાષ્ટ્રમાં શત્રુંજયની તળેટીમાં આવેલું એ નામનું કસ્બાનું શહેર; પાદલિપ્તપુર.

પાલું

જૂના ક્રમમાં જૈનમતનો ફેલાવો થયો, ત્યારે આ સ્થળ પાલિ બોલાતા જૈન લેખકો કે સાધુઓનું મુખ્ય સ્થળ હતું. તેથી પાલિસ્થાન અને તેના ઉપરથી પાલિસ્થાણ કે પાલિતાણા થયું મનાય છે. આ શહેર પાસેના શેત્રુંજ્ય પર્વત ઉપર જૈનોનાં મંદિરો હોવાથી તે જૈનોનું તીર્થસ્થાન છે. સૌરાષ્ટ્રમાં શત્રુંજ્ય પર્વત ઉપરના અવશેષો અને પાલિતાણા સ્થાન પ્રાચીન છે. જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર આદીશ્વર ભગવાનનું સ્થાન અહીં છે. પાલિસ્થાન શબ્દ ઉપરથી પાલિતાણા નામ પડ્યું છે. મહાન સંશોધક ગૌરીશંકર ઓઝાએ પાલિ ભાષા અને લિપિના ઉદ્ગમને પાલિતાણાને વર્ષોવ્યું છે. અનુમાન થાય છે કે, મહારાજા અશોકના સમયમાં અહીં ભાષા અને લિપિ માટેનું એક મહાવિદ્યાલય હતું. પાલિતાણા પાસે શત્રુંજ્ય પર્વતનાં તીર્થોનો ઉદ્ધાર વાગ્ભટ અને આમ્રભટ્ટે ઈ. સ. ૧૧૫૧માં કર્યો હતો એમ પ્રબોધચિંતામણિના કર્તા મેરુતુંગાચાર્ય જણાવે છે.

જેના નામથી નામાંકિત કાઠિયાવાડના શત્રુંજ્ય પર્વતની ટોચેથી પાપવિનાશક, સંસ્કૃત પાદલિપ્તસ્થાન અને હાલનું પાલિતાણા, પાલિતાણા વસાવ્યાનો ઐતિહાસિક ઉલ્લેખ છે.

ગુ. સા. પરિષદ

પાલિત ૧. [સં] વ. પોષાયેલ.
૨. વ. પળિયાંપડ્યું.

પાલિપા [સં.] સ્ત્રી. પારિભદ્ર વૃક્ષ.

પાલિની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શક્તિ.
૨. વિ સ્ત્રી. પાલન કરનારી.

પાલિયામેંટ [ફિ.] સ્ત્રી. પ્રજાનિયુક્ત સભા; 'પાર્લમન્ટ.'

પાલિયાં [સં. પક્વાન્ન] ન. ભાંજેલું પાણી. પાંદડાના રોહાણથી તેનો સ્વાદ આવો હતો મનાય છે.

પાલિયું ૧. ન. ખાદગીરીનું પૂતળું.
૨. વિ. ઝાડપાંદાના અને લીલના રોહાણવાળું ખંજનના રોહાણથી પાલિયાં પહોળી અને નહારી દવાની અસર લોકના ઉપર છે.
નર્મદાશંકર
૩. વિ. પાલવાળું; પાણી ઉપર તરતી દેખાતી ચીકાશવાળું.

પાલિશ જુઓ પાલીસ.

પાલિસાય [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પાલિસાયન [સં] પું એ નામનો એક ગોત્રપ્રવર્તક ઋષિ

પાલિસી [અં. પૉલિસિ] સ્ત્રી. (હિંદી) નીતિ; કર્મ સાધવાની રીત.

પાલિસ્થાન જુઓ પાલિતાણા.

પાલિહિર [સં.] પું. એક જાતનો સર્પ.

પાલિંક ૧. [સં.] પું. કંદુરુ નામનું સુગંધી દ્રવ્ય
૨. પું. ધૂપ.

પાલિંદી ૧. [સં.] સ્ત્રી. કાળું નસોતર.
૨. સ્ત્રી. ધોળી ગોખરૂ.
૩. સ્ત્રી. ગારંગનું ઝાડ.
૪. સ્ત્રી. રવામ ઘાસ.

પાલિંધી જુઓ પાલિંદી.

પાલી ૧. [સં. પાલિન્] પું. પ્રભુ રાજાનો એ નામનો પુત્ર.
૨. સ્ત્રી. અનાજ વગેરે ભરીને માપ કરવાનું આર શેર માપ જેવું પાત્ર; પચાલી.
૩. સ્ત્રી. ગોવાળણ.
૪. [સં. પલ્લવ] સ્ત્રી. ઝીણાં પાંદડાં; ઝાડની નાની પાંતરી.
૫. સ્ત્રી. કૂવાની તાંબડી.
૬. સ્ત્રી. (જૈન) પલ્યોપમ પ્રમાણ ગણવિભાગ.
૭. સ્ત્રી. પચાલી; નાનો આલો.
૮. સ્ત્રી. પાણી રોકવાનો બંધ; પાળ.
૯. સ્ત્રી. બાવળનાં ઝીણાં પાન, લિંબો વગેરેનો ભૂકો.

માણસનું પેટ્ટું આવે ત્યારે બાવળની પાલી ખૂબાથી પેટ્ટું ખરી જાય. સિદ્ધાન્તચર્ચિકા

૧૦. સ્ત્રી. મુંબઈનું આર શેરનું માપ.
૧૧. સ્ત્રી. રોટિયાનાં ચંપ્પાં અને લાકડો સંબંધ જોડનાર રોટિયાનું એક અંગ; જેની અંદર સોંસરવી ધરી હોય છે એવું બે ચક્કરની વચમાં રાખેલું જોળ લાકડું; રોટિયાનાં બને ચક્કર વચ્ચેનો બનાકાર ભાગ, તેમાં ધરી રહે છે.
૧૨. સ્ત્રી. વાસણનું હાંડલું.
૧૩. સ્ત્રી. સૌરાષ્ટ્રનું અનાજનું એક માપ.
૧૪. સ્ત્રી. સૌરાષ્ટ્રનું અનાજનું એક માપનું વાસણ.
૧૫. ન. એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન. ત્યાંનું જગપતિનું મંદિર પ્રખ્યાત છે.
૧૬ [સં. પક્ષિ] ન. તેતર, સુરખુરબ વગેરે પક્ષીઓને લડાવવાનું સ્થાન.
૧૭. ન. (જૂ. ગુ.) પ્રાચીન સમયનું લડાઈનું એક હથિયાર.

સમણી સીંજલિ પાલી પટા,
કટારી કાતરી કરહટા. જ્ઞાનપ્રકાશમય

૧૮. [સ. પાલિન્] વિ. રક્ષણ કરનાર; પાલન કરનાર.
૧૯. જુઓ પાલિ.

પાલીની પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૭૪ ગુરુ અને ૨૭ લઘુ મળી ૧૨૮ માત્રા હોય છે.

પાલીચત [સં.] પું. ઘણા વાવવાથી ઊગતું એક જાતનું ઝાડ.

પાલીશોષ [સં.] પું. કાનનો એક રોગ. કાનની બૂટનું સુકાઈ જવું તે.

પાલીસ ૧. સ્ત્રી ;ન. ઓપ; ચમક; ઝળકો.

પાલીસ કરવું = રોગાન વગેરે લગાડી સાફ અને ચળકતું કરવું.

૨. [અં. પૉલિશ] સ્ત્રી ;ન. ઓપ લાવવાની વસ્તુ; જાડ, કલાઈ, વાસણ વગેરે વસ્તુઓ ઉપર ચળકો લાવવા ચોપડાતું દ્રવ્ય.
૩. સ્ત્રી.;ન. ચળકો લાવવાની ક્રિયા.
૪. વિ. બૂબ ચળકતું કરેલું હોય તેવું; ઓપદાર; ચળકો આવેલું; સાફદાર.
૫. વિ. મુલાયમ; લીસું બનાવેલું.

પાલીહવ [સં.] પું. એ નામનો ગોત્રપ્રવર્તક એક ઋષિ.

પાલુ ૧. પું. પગે ચાલનાર સિપાઈ.

એક પોતે એક પાલુ.
આપુણ પોઢરા પોલ. નાકર

૨. પું. પાલવ; છેડો.
૩. સ્ત્રી. મુખર્ષ પાસેના દરિયા કાંઠેથી મળતી એક જાતની માછલી.
૪. વિ. પગે ચાલનારું.

પાલુડો (પાલુડો) પું. પાલવ; છેડો.

પાલુરો પું. ખાળકને બાવળ છોડાવવું તે; બાવળ મુકાવવું તે.

પાલુરો લાગ્યો = બાવળ છોડાવવાથી બાળકનું સુકાઈ જવું અથવા દુબળું થઈ જવું.

પાલું ૧. [સં. પલ્લ (ધાન્યનો કોઠાર)] ન. અપરડાનો કે માટીનો અનાજ ભરવાનો કોઠલો.
૨. [સં. પાત્ર] ન. પવાલું; પ્યાલું.

પેટ જેવું પાલું, તેને કોઈ ના પહાલું = ભૂખ્યા માણસની સ્થિતિ દયાજનક હોય છે.

૩. ન. પાલવ; આકરો

પલાં પઠયાં-પાલે પડવું = સંબંધમાં કે આકરામાં આવવું.

૪. ન. લીંપેલી ટાઢાની ભીંત.
૫. [સં. પા (રક્ષણ કરવું)] ન. વરસાદમાં ભીંત વગેરે ધોવાઈ ન જાય તે માટે મૂકવામાં આવતી સાદડી કે ખપેડો; વરસાદમાં માટીની ભીંત ધોવાઈ ન જાય તે માટે આડું રાખેલું કરાડીનું ટાટું
૬. ન. વાંસની ચીપોનું ટાટું

પાલૂ [હિં.] જિ. પાળેલું; પાલતુ.

પાલૂદો [ફા. પલૂદહ (સ્વચ્છ કરેલું)] પું. મુસલમાનોનો એક જાતનો ખાદ્ય પદાર્થ; ફાલૂદો. તેમાં ઘઉંના મેંદાને ઘેંસની માફક ઘરી ઝારીમાંથી ઝાટી સેવ જેવું બનાવી રાખી મૂકે છે. ઉપયોગમાં લેતી વખતે તેને પાણીમાં પલાળી તેમાં દૂધ, ખાંડ, ગુલાબ, કેસર, બદામ, દ્રાક્ષ વગેરે નાખી પીએ છે. ઠંડકને માટે રોજમાં મુસલમાનો તે પીએ છે.

પાલેગાર ૧. પું. આગેવાન; મુખી.

૨. પું. પાલન કરનાર માણસ.

પાલેજિયા ૧. જી. ચૂંવાળિયા કોળીની એ નામની એક પેટા જાતિ.

૨. બ. એ નામની પેટા જાતિનું માણસ.

૩. જિ. એ નામની પેટા જાતિનું.

પાલેજ [ફા.] જી. તરબૂચનું બેતર.

પાલેખસ પું. એક જાતનો કુલછોડ. તેમાં બારે માસ એક ઉંચ સંભાર્યનાં રાતાં ફૂલ આવે છે.

પાલેરાં ૧. ન.બ.વ. બળી ખોર.

૨ ન.બ.વ. બોરડીનાં કરડાંનો પાથરો; બળાયો; બોરડીના કાંટાવાળી ઝૂટી ડાળીઓનો ઢગલો.

પાલેરું ન. પાંદડું.

પાલેરો પું. બોરડીની કાંટાવાળી ડાળાઓનો ઢગલો; બળાયો.

પાલેવત ન. એક જાતનું ઘાસ.

પાલેસ ૧. જી. (વહાણવટું) ઊંડા જેવો છોડ દેખાય અને આંઠની અંદર ન પડે એવી સરસ વાળેલી ગાંઠ કે મેળવેલા વળ.

૨. જુઓ પાલીસ.

પાલો ૧. પું. અનાજ ભરવાની કોઠી.

અનાજના પાલામાં કડવા લીંબડાનાં પાંદડાં નાખવામાં આવે છે, તે બરાબર છે.
વનસ્પતિશાસ્ત્ર

૨. પું. ગાદી કે ગાદલા ઉપરની અપરડાંની છત્તી; મ.હો.

૩. પું. જથ્થો; ઢગલો

૪. પું. જેને પાંદડાં બાદ એવી વનસ્પતિ.

૫. પું. ઝાકળ.

૬. [સં. પલ્લવ] પું. ઝાડવેલનાં પાંદડાં; તાજાં પાંદડાંવાળાં કૂંપળિયાં; પાતરાં.

૭. પું. ઢોરને ખાવાનાં પાંદડાં.

૮. પું. દ્રાક્ષ વગેરે વેચાણનું નાનું સરખું ખૂંપું.

૯. પું. પગે ચાલનાર આદમી.

૧૦. પું. પાંચ રૂપિયાનાનું એક વજન. સોની લોકો તે વાપરે છે.

૧૧. પું. પ્યાલો; પાણી પીવાનું વાસણ.

૧૨. પું. મંત્ર વડે સાપ ઉતારનાર માણસ.

૧૩ [સં. પ્રાલેય] પું. ઝાકળમાંથી પડતો કરો. જેમ રવિને તેજ ઓપતે.
પાલો તે પાણી વે વહે. અખો

૧૪. પું. સંબંધ; સંસર્ગ; પનારો.
પાલે પડવું = (૧) પનારો પડવો. (૨) પરચવું; સંબંધ બાંધવો. (૩) સપડાવું; ફસાવું.

પાલોનિયા ૧. જી. રજપૂતની એ નામની એક પેટા જાતિ.

૨. બ. એ નામની પેટા જાતિનું માણસ.

૩. જિ. એ નામની પેટા જાતિનું.

પાલોરિયું ન. કાંટાવાળી ડાળી; કાંટાનું ઝૂમખું કે ઝરડું

પાલોરું ૧. ન. કાંટાનું ઝૂમખું કે ઝરડું.

૨. ન. કાંટો; શૂળ

૩. ન. સગર્ભાપણાને લીધે આવતું પાતળું પાવણ.
પાલોરું જામવું = સગર્ભાનું પાવણ પાવવાથી ખાવાનું સુકાઈ જવું.

પાલોરો પું. સગર્ભાપણાને લીધે આવતું પાતળું પાવણ.

પાલોવવું સ. ક્રિ. નવપલ્લવિત કરવું; નવાં પાન આવવાં; ફાલવું; ખીલવું.

પાલોવું [સં. પલ્લવ] સ. ક્રિ. પાલવવું; પલ્લવવું.

પાલોહ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પાલોળો પું. ચર્મરોગી જાતને આવનાર ખાળકને થતો રોગ. તેમાં તે બાળક સુકાવું બળ છે.

પાલ્પિટેશન ન. હાર્ટ; હૃદયકમળ; રક્તાભ; 'પૅલ્પિટેશન.'

પાલ્ય ૧. પું. ત્રીજાના વાલીપણા નીચેનો સમય; સગીર; સગીર ઉમર જાયવા ત્રીજા કોઈ મરણથી રક્ષક નીચે મૂકવામાં આવેલ આસામી.

૨. ન. પાળવાનું તે; ઉછેરવાનું તે.

૩. જિ. પાળી શકાય તેવું; પાળવા જેવું.

૪. જિ. રક્ષિત; આશ્રિત.

પાલ્યક [સં.] જિ. પાલીમાં હોનાર કે બનાર.

પાલ્યિત્ત જી. આકાશગમનની વિદ્યા.

પાલ્વલ ૧. [સં.] પું. ક્ષુદ્ર જલાશયનું પાણી.

૨. જિ. તળાવનું; તળાવ સંબંધી; તળાવમાંથી આવતું.

૩. જિ. તળાવમાં બનાર.

પાલ્વલતીર [સં.] જિ. નાના તળાવને કાંઠે હોનાર કે બનાર.

પાલ્હાઉત ૧. જી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એ નામની એક જાતિ.

૨. બ. એ નામની જાતિનું માણસ.

૩. જિ. એ નામની જાતિનું.

પાવ ૧. [સં. પાદ] પું. [હિંદી] અનુર્યાંશ; ચોથો ભાગ; પા ભાગ.

૨. પું. ચિરોડાની પટ્ટીની નીચે નાખવામાં આવતી કોદાની અડી

૩. પું. પગ; ચરણ.

૪. પું. પાયો; બાંધમાં આઈ ખોદી તેમાં કરેલું ચણતર.

૫ પું પાદર.

૬. પું. બ.બ. કૂવાના પાળાની ચરેડીની ઘરી જેમાં રહે છે તે બંને તરફના ઓકડાના બે કટકા.

૭. [પ્રા.] ન. પાપ.

૮. જિ. ધાર્મિક ક્રિયા વડે પવિત્ર કરેલું; પવિત્ર.

૯. જિ. પા ભાગનું; ચોથા ભાગનું.

૧૦. જિ. વજનમાં પાદોર; શેરના ચોથા ભાગનું.

પાવઈ જી. પાવો; પવાઈ; બાવલો; હીજડો; પવૈયો; બડાઈ.

પાવક ૧. [સં.] પું અગ્નિ; દેવતા; વહ્નિ. તેમાં નાખીને તપાવવાથી ધાતુ ચોખ્ખી થાય છે, માટે તે પાવક કહેવાય છે. મહાભારતના વનપર્વમાં લખ્યું છે કે, સત્તાવીસ પાવક ઋષિ બ્રહ્માના અંશમાંથી ઉત્પન્ન થયા. તેમનાં નામ: અગ્નિરા, દક્ષિણ, ગાર્હપત્ય, આહવનીય, નિર્મંથ્ય, વિદ્યુત, શુચિ, સવર્ત્ત, સૌદિક, બાદર, વિષમ, કવ્ય, હોત્રમાન, વૈશ્વકૃત, દસ્યુમાન, વપદ, શાંત, પુષ્ટ, વિભાવસુ, જ્યોતિષ્માન, ભરત, ભદ્ર, સ્વિષ્ટકૃત, વસુમાન, ક્રતુ, સોમ અને પિતૃમાન. ક્રિયા ભેદે અગ્નિનાં આ જુદાં જુદાં નામ છે.

પાવક વહ્નિ દહન હવ્ય, અવજન ધનંજય નામ;
સિખી ઉષ્ણુંષ વાસુસખ, વીતિહોત્ર પ્રમાણ.
ત્રિકાણસપુકોષ

પાવક પીવો = બળી મરવું. માતાપિતા પ્રત્યે પરણ્યા, તુ બનશન દેનારા, વિષભક્ષણ કે પાવક પીસું, કંઠિ દોરડિ પાસ.–ભાલણ

૨. પું. અરણિનું ઝાડ. તેનાં ઓકડાના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરાય છે.

૩. પું. ઓકડાનો છોડ.

૪. પું. (પુરાણ) ઉત્તાનપાદવંશી વિજિતાશ્વ રાજાના ત્રણ માંહેનો એ નામનો એક પુત્ર.

૫. પું. કબૂતર.

૬. પું. ચિત્રાનું ઝાડ.

૭. પું. ત્રણ સ્વરૂપ સાંકેતિક શબ્દ.

૮. પું. (પિંગળ) દસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રત્તિ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, ભગણ, જગણ અને ગુરુ આવે છે.

પાવકમાં આવો આ ગ જ ગ. રણપિંગળ

૯. પું. પીળો સુરમો.

૧૦. પું. બ્રહ્માના અંગમાંથી ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

૧૧. પું. સિંધવ.

૧૨. પું. યજ્ઞનો અગ્નિ.

૧૩. પું. વરુણ.

૧૪. પું. વાયુદેવ.

૧૫. પું. વીજળીનો અગ્નિ.

૧૬. પું. સદાચાર; સદ્વર્તન.

૧૭. પું. સાધુ.

૧૮. પું. સૂર્ય.

૧૯. પું. સર્વજ્ઞાંતર્યામિ.

૨૦. પું. સોળ માત્રાનો એ નામનો એક છંદ.

૨૧. પું. (પુરાણ) સ્વાહાને અગ્નિથી થયેલા ત્રણ માંહેનો એ નામનો એક દીકરો. વીજળીના ચમકારામાં જે અગ્નિ છે તે આ છે. તે બ્રહ્મચારીઓને પૂજ્ય છે. તેનો પુત્ર સહરક્ષ નામનો અગ્નિ હતો.

૨૨. વિ. પવિત્ર; શુદ્ધ; ચોખ્ખું.

૨૩. વિ. પાવન કરનાર; પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર.

પાવક પ્રતિમા પામવિમિ,
દિલ બિહુલ પ્રદક્ષિણ મન કીજિ.
પ્રબોધચિંતામણી

પાવકકુંડ [સં.] પું. અગ્નિકોનનો ખાતકુંડ.

પાવકગઢ પું. પાવાગઢ.

પાવાગઢનું મૂળ નામ પાવકગઢ એટલે પવિત્ર કરતો ગઢ છે. તારસ

પાવકજ્વાળા [સં. પાવકજ્વાલા] સ્ત્રી. બળતા હોનાનો ભડકો; અગ્નની જ્વાળા.

પાવકદુર્ગ [સં. પાવક (પવિત્ર) + દુર્ગ (કિલ્લો)] પું. પાવાગઢ.

વિ. સં. ૧૫૨૫ના જયસિંહદેવના બળકના લેખમાં આવેલી પાવકદુર્ગ અથવા પાવાગઢના સ્થાનોની નોંધાવણી ઉતારી છે. ગુજરાતનાં તીર્થસ્થાનો

પાવકપુત્ર [સં.] પું. ક્રતિસ્વામી.

પાવકમણિ [સં.] પું. સર્વજ્ઞાંતર્યામિ.

પાવકમંથ [સં.] પું. અરણિનું લાકડું. તેનાં બે ટુકડાં ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે.

પાવકમંથનકાષ્ઠ [સં.] ન. અરણિનું લાકડું; એક લાકડા સાથે બીજું લાકડું ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાનું લાકડું.

પાવકમન્ય [સં. પાવકમન્ય] ન. (પ્રાકૃત) અશુભ કર્મ.

પાવકસુત જુઓ પાવકપુત્ર.

પાવકા [સં.] સ્ત્રી. સરસ્વતી.

પાવકાક્ષ [સં.] પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર.

પાવકાગ્નિ [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પાવકાત્મજ ૧. [સં.] પું. ઇક્ષ્વાકુવંશના દુર્યોધનની કન્યા સુદર્શનાનો એ નામનો એક પુત્ર.

૨. પું. ક્રતિસ્વામી.

પાવકાસ્ત્ર [સં.] ન. અગ્નિઅસ્ત્ર.

પાવકાહ્વા [સં.] સ્ત્રી. એક જાતનું ગ્રહ.

પાવકિ ૧. [સં.] પું. ઇક્ષ્વાકુવંશી દુર્યોધનની કન્યા સુદર્શનાનો પુત્ર સુદર્શન. અનુજ પુત્ર ઇક્ષ્વાકુવંશી સુદર્શનને દુર્યોધન નામનો એક પુત્ર થયો. તે દુર્યોધનને સુદર્શના નામની એક કન્યા હતી. તેનું રૂપ લાવણ્ય ઉપર મોહ પામી પાવક એટલે અગ્નિદેવ રૂપ ભરતી દુર્યોધન પાસે આવ્યા અને તેની પાસે કન્યાની માગણી કરી. દુર્યોધને હા ન પાડી. પાવક દેવતા નિરાશ થઈ ચાલ્યા ગયા. એક વાર રાજાએ યજ્ઞ કર્યો. યજ્ઞમાં અગ્નિ પ્રજ્વલિત ન થયો. રાજા તથા ઋત્વિજોએ અગ્નિની ખૂબ ઉપાસના કરી. પાવકે પ્રગટ થઈ કન્યા માગી. દુર્યોધને કન્યાનો વિવાહ તેની સાથે કરી દીધો. અગ્નિ દેવતા તે કન્યા સાથે મૂર્તિ ધારણ કરી માહિષ્મતી પુરીમાં રહેવા લાગ્યા. પાવકથી સુદર્શનાને જે પુત્ર થયો તેનું નામ સુદર્શન પાવકિ. તે મોટો પરાક્રમી અને જ્ઞાની હતો.

૨. પું. ક્રતિદેવ; ક્રતિસ્વામી; પાવકનો પુત્ર.

પાવકી ૧. [સં.] સ્ત્રી. અગ્નિની બૌ સ્વાહા.

૨. સ્ત્રી. સરસ્વતીનું વૈદિક નામ.

પાવકુલક [સં. પાવકુલક] પું. પાવકુલક છંદ; ચોપાઈ.

પાવકેશ્વર ૧. [સં.] પું. અગ્નિએ સ્થાપેલ શિવલિંગ.

૨. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે જૂનના પ્રારંભે જ્યારે અગ્નિને સર્વ પ્રકારે કરવાનો હોય ત્યારે તેણે અહીં શંકરનું તપ કરીને પોતાનો હોય પ્રકાશ્યો. અહીં તપ કરવાથી અગ્નિને પ્રકાશકનો હોય મટી ગયા છે. વહિપ્રકાશના પ્રભાવથી દરિદ્ર નષ્ટ થઈ જાય છે.

પાવકેષ્ટિષ્ટ ૧. [સં. પાવક (અગ્નિ) + ઇષ્ટિષ્ટ (ખાતર વપરાયું)] ન. રોપણી.

૨. ન. રાખ.

પાવકોદ્ભેદ ન. ચીનમાંથી મળી આવતું એક જાતનું ઝવેરાત. તે પીળા, સોદ, લીલા અને આખી રંગનું હોય છે. તેમાંથી તરવારની મૂઠ વગેરે શોભાની ચીજો બને છે. ખરા પાવકોદ્ભેદને ઘસી દૂધમાં નાખતાં દૂધ લીલાશ પડતું થઈ જાય છે. સાપના ઝેરના ઉતાર તરીકે તે અકસીર મનાય છે.

પાવકોદ્ભેદ જુઓ પાવકોદ્ભેદ.

પાવટ ૧. [સં. પાટ (પાડવું); પ્રા. પાઅ] પું.;સ્ત્રી. તળાવમાં ઢોર પાણી પીવા માટે એક એવો ઢાળ પડતો આરો.

૨. પું.;સ્ત્રી. માર્ગ; રસ્તો.

કોટ પરંપ પાવટ જેવિયા અહો કામિની,
તે આગી સરોવર પાળ જોણા આમિની.
પ્રેમાનંદ

પાવટકું (પાવટકું) જુઓ પાવાકું

પાવટકો (પાવટકો) પું. પાવકો; કૂવાની આસે ખાલુની આકૃતિ.

અવસર કરી વાતું કરે, અવસર કરે આચાર,
પાવટકે પાણી ભરે, સોરઠ કેરી નાર.
રત્નેશ્વરસૂરિ

પાવટવું જ. ક્રિ. ભરવું.

બબ્બ બબ્બ આવળ જોય, પરિયા કાજ ન પાવટે;
વાગે જેહાં જોય, મિસરી સરખો બોલિયો.
કુશો

પાવટકું (પાવટકું) ૧. [સં. પાટ (પત્ર) + સ્થાન (રેઢાલું)] ન. પત્ર મૂકવાનું રેઢાલું; પત્રધિયું.

૨. ન. પત્રનું તળિયું.

૩. ન. પેંગડું; પાવડું.

પાવટકો (પાવટકો) જુઓ પાવકો ૧.

પાવડાં ન. બ. વ. (જ્ઞા.વ.કું) સુવાનાં પત્રધિયાં; નેતુલમાંથી બનાવી કાઢવા વખતે ઢોકી ઊતરવા કરેલ નિસરણીના ઊભા ધોકા.

પાવડી સ્ત્રી. પત્રથી ચલાવવાનો રૈંટ.

પાવડું ૧. ન. પત્રધિયું.

૨. ન. સોનીનું તાર ખેંચવાનું એક ઓજાર.

પાવડો ૧. પું. કૂવા ઉપરના ડોબંધ ચાળામાં મંડાણના સણા રાખવાનો પત્થર કે લાકડું; કૂવા ઉપરના મંડાણના પાવારૂપ બે લાકડાં કે પત્થર માંહેનો એક; નરેડાનો આધાર.

કૂવા કાંકણ પાવડો રે જમત ચામણ ખરણ,
બાબું લાકણ બેટડો રે ઘરનું કાંકણ નારણ.
લોકસાહિત્ય

૨. કું. કૂવાની ચારે બાજુ કરેલી બાંધણ.

૩ કું. ચાળો તાણવાનું સોનીનું લાકડાનું ઓજાર. તેમાં લાકડાની લાંબી પટલીમાં બાજા કરાવેલા હોય છે. તેમાં પોકો ભરાવીને સોનારૂપાના તાર ખેંચાય છે.

પાવડર ૧. કું. ખૂબસૂરતી માટે મોઢા ઉપર લગાડવામાં આવતું ચૂર્ણ; 'પાઉડર.'

૨ કું. ચૂરો; ચૂર્ણ.

પાવડાળ ૧. સ્ત્રી. કસુંબીની એ નામની એક અટક.

૨ ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

પાવડિયું (પાવડિયું) ૧. ન. પગરખું.

૨. ન. લાંબા હાથાનો લાકડાનો પાવડો. તેનાથી ખાળ કે મોરીનો કચરો કઢાય છે. જાજુ વગેરે ઊભરડવાના કામમાં તે આવે છે, તેથી કોઠે કે તબેલામાં તે રાખવામાં આવે છે

પાવડિયો (પાવડિયો) ૧. કું. એ નામનો એક ધાર્મિક સંપ્રદાય કે પંથ.

૨. કું. પાવડો ફાંકે કામ કરનારો મજૂર.

૩ કું. ભનેવી.

૪. કું. ભરવૈયાઓના ટોળામાં ઝાડુ, પાણી વગેરેનું કામ કરનારો માણસ.

પાવડી (પાવડી) ૧. સ્ત્રી. ઓઢી.

૨. સ્ત્રી. ગધેડાને બાંધવાનું બકરાંના વાળનું દોરડું.

૩. સ્ત્રી. જેથી અંધર મુસાફરી લાગ જોવી આકાશયાનની એક રચના; પવનપાવડી.

૪. સ્ત્રી. ઈંડ પીલવાનું કસરતનું એક સાધન.

૫. સ્ત્રી. દાતરડું વગેરે જેની ઉપર રાખી ઘસાય છે તે સાધન.

૬. સ્ત્રી. (પહાણવટું) નબળી ધરી; કંપીલીબાજી જનાર સુથીનો ધરીનો હાથવળો લાગ; 'ગાઉન્ટર.'

૭. સ્ત્રી. નાની ઓઢી.

૮. સ્ત્રી. પગ.

પાવડી કરવી = જાકારે પાછો પગે પૂળ ઉપાડવી.

૯. સ્ત્રી. પટારાના પૈડાની બાજુ બાજુની ઠીબાઓના નીચલા ભાગમાં જડવામાં આવતું ગોળાકારવાળું લાકડું.

૧૦. [સં. પાદુકા; પ્રા. પાઉઅ-પાઉલ] સ્ત્રી. પાદુકા; ચાખડી; પગના તળિયાના આકારના લાકડાના બાટ; જોડાને ઠેકાણે પહેરવાનો એક બાટ; પાવડા.

૧૧. સ્ત્રી. બે લાંબા વાંસ વચ્ચે ચાલવા માટે વાંસની વચ્ચે રાખવામાં આવતું પાટું.

૧૨. સ્ત્રી. ભૂમિતિમાં સીધી લીટી દોરવાનું અંગ્રેજી T ટી અક્ષરના આકારનું સાધન.

૧૩. સ્ત્રી. યોગીઓને ધ્યાનમાં બેસતી વખતે ટેકો દેવાની અંગ્રેજી T ટી અક્ષરના આકારની લાકડાની પોડી.

૧૪. સ્ત્રી. લાંબા હાથાનો લાકડાનો પાવડો; પાવડિયું.

૧૫. સ્ત્રી. લાંબો મોટો પત્થર; પાટ.

૧૬. સ્ત્રી. વણકરનું પગ રાખવાનું લાકડાનું બેઠું ભાગ; પગ વડે ઠાલવાનું સાણસા જેવું સાધન.

પાવડું (પાવડું) ૧. ન. ઠેબડું.

૨. [સં. પદ (પગ)] ન. પગરખું.

૩. ન પાવડાં.

૪. ન. પૈડું.

૫. ન. માર્ગ; રસ્તો.

પાવડો (પાવડો) ૧. કું. આકડો કોયો.

૨. કું. કામ ન મળેલો લાકડાનો પુલ.

૩. કું. કાનનું પાવડાના આકારનું ઘરેણું.

૪. કું. કૂવા ઉપરના એનપ ઘાણમાં ખંડણ રાખવાને વપરાતો પત્થર; ખંડણના ટોકાનો લાકડાનો આધારભૂત કોઠલી જે જમ્બ ખંભાઈનો પત્થર.

૫. કું. ગાડી ઉપર ચાલવાનો બનાવેલો બાટ; ગાડીમાં ચાલવાનું પગરિયું.

૬. કું. ગાડીના ચોકિયાનો ખરપો.

૭. કું. પૈડું; ચોરે ચાલતાં જેમાં પગ રખાય છે તે સાધન; પાવડું.

૮. કું. (વહાણવટું) જે પાંખિયાંવાળા ચોખી એટલે ઘંટર; વહાણ ભિડું રાખવા માટે દરિયામાં નાખવામાં આવતી જે પાંખિયાંવાળી લોઢાની ભીંડી; 'શીટ એંકર.'

૯. કું. માટી, કચરો વગેરે ઊલટવાનું કે ભરવાનું, પહોળા અને ચપટા પાનનું જેવું સાધન.

પાવડો પગાર જેવો = બહુ મોટો પગાર લેનો.

૧૦. કું. હલેસું.

પાવતી ૧. સ્ત્રી. આવક.

૨. સ્ત્રી. કબૂલાત; અંગીકાર; સ્વીકાર.

૩. સ્ત્રી. ચિઠ્ઠી.

૪. સ્ત્રી. રાખવો; પ્રમાણપત્ર.

૫. સ્ત્રી. નફો.

૬. [સં. પ્રાપ્નોતિ; પ્રા. પાવંત, પાવત] સ્ત્રી. પહોંચ; રસીદ.

પાવતી ફાડવી-લખવી = પહોંચ લખી આપવી.

૭. સ્ત્રી. હારજીતી; ઋણમુક્તિપત્ર.

પાવઠાન ૧. [હિં.] ન. ખુરસી ઉપર બેઠેલ માણસને પગ રાખવા માટે મેજ નીચે રાખવામાં આવતું લાકડાનું ઢાળિયું.

૨. ન. ગાડી, બેલ્ટ વગેરેનું લોઢાનું પગથિયું. તેની ઉપર પગ મૂકીને ચઢાય છે.

૩. ન. ગાડીની અંદર પગ રાખવાનું સાધન.

૪. ન. પગ રાખવા માટે બનાવેલ સ્થાન કે વસ્તુ.

પાવદિઠ્ઠિ [સં. પાપદૃષ્ટિ] વિ. (પ્રાકૃત) પાપદૃષ્ટિવાળું; ઊંડખાઉ.

પાવરું વિ. ઘુચ્ચું; કપટી; પ્રપંચી.

પાવન ૧. કું. (પિંગળ) અષ્ટિની જાતનો એક વર્ણમહત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, જગણ, રગણ, જગણ, સગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

૨. કું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૬૦ લઘુ મળી ૬૨ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૩. [સં] કું. પૂષ.

૪. કું. પાવકાગ્નિ; અગ્નિ.

૫. કું. પીળો ભાંગરો.

૬. કું. (પુરાણ) મિત્રવિંદાને કુક્ષીથી થયેલો એ નામનો દીકરો.

૭. કું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વને પવિત્ર કરનાર છે. વળી તેનું નામસ્મરણ પતિતને પણ પાવન કરનારું છે. તે પવનની પેઠે શુદ્ધ કરનાર અને પાવન કરનાર છે. તેથી તે પાવન કહેવાય છે.

૮. કું. વેદવ્યાસ.

૯. કું. શિવ.

૧૦. કું. સિદ્ધ પુરુષ.

૧૧. કું. સિદ્ધસાધ; સિદ્ધારસ.

૧૨. ન. અભ્રાસ.

૧૩. ન. એક જાતનું ઘાસ.

૧૪. ન. એક પ્રકારનું ઘી.

૧૫. ન. ગુગ્ગુલ નામની ઔષધિ.

૧૬. ન. ગાવનું ઝાડ.

૧૭. ન. ચંદન.

૧૮. ન. મિશ્રાનું ઝાડ.

૧૯. ન. તપ.

૨૦. ન. પવિત્રતા; શુદ્ધિ.

૨૧. ન. પાણી
૨૨. ન. પ્રાયશ્ચિત.
૨૩. ન. હસ્તનક્ષત્રનું એ નામનું એક તીર્થ.
૨૪. ન. કલાઈ.
૨૫. ન. શુદ્ધ કરવાનું સાધન.
૨૬. વિ. પવન કે હવા પીને રહેનાર.
૨૭. વિ. પવિત્ર; શુદ્ધ; નિર્મળ; પાપ રહિત; પુનિત.
આચમનથી ઘર પાવન થયું = આચમન માનદાયક હોવું.
૨૮. વિ. પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર.

પાવનકર [સં.] વિ. પવિત્ર કરનાર.
પાવનકર પ્રદેશે ખાદી. અસ્પૃશ્યતા

પાવનકારિણી [સં.] વિ સ્ત્રી. પવિત્ર કરનારી.
મન્વન્તરોને સાંકળતી માતાઓ પૃશ્ની ૭, પવિત્ર ૭, પાવનકારિણી ૭. નંદશંકર

પાવનકારિતા [સં. પાવનકારિન્ (પવિત્ર કરનાર) + તા (પણું)] સ્ત્રી. પવિત્ર કરવાપણું.
સ્વામીનારાયણ સંપ્રદાયનાં પુનર્વિધાનની નિર્મળતા, પવિત્રતા, પાવનકારિતા જોઈ. નંદશંકર

પાવનકારી [સં. પાવનકારિન્] વિ. પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર; પાવન કરનાર.

પાવનતા [સં.] સ્ત્રી. પવિત્રતા; પવિત્રપણું.

પાવનત્વ જુઓ પાવનતા.

પાવનધ્વનિ ૧. [સં.] પું. શંખ.
૨. વિ. પવિત્ર કરનારો શબ્દવાળું.

પાવનનાથ [સં.] પું. પ્રભુ; પરમાત્મા.

પાવનપટ વિ. રોજ કાંઈ ખાવા ન રહ્યું હોય તેવું. જેમકે, આ માણસે તેના બાપની મિલકત પાવનપટ કરી નાખી.

પાવનપાદ [સં.] વિ. પવન કરે જેવાં પગવાંવાળું; જેનાં પગલાં પવિત્ર મનાતાં હોય એવું.

પાવનપુરી [સં.] સ્ત્રી. કાશી.
પાવનપુરીને પશ્ચિમ દીપી છે. ઠાકોર

પાવના ૧. [હિ.] પું. બીજા પાસેથી રૂપિયા વગેરે લેવાનો હક.
૨. પું. બીજા પાસેથી વસૂલ કરવાની રકમ.
૩. પું. સિંધ પાણીમાં મિશ્રણો જોઈ જોઈ.
૪. [સં.] સ્ત્રી. પવિત્ર સ્ત્રી.
કનખલની જેમ અગ્નિથી બળતે તેજવાળા થતી આ પાવના પાવકમાં બળી કોઈ પણ અંગનો દેકારા પાળી નથી. પુરાતન

પાવનાદાર પું. પૂંજપતિ; વેપારી.

પાવનિ [સં.] પું. પવનનો પુત્ર હનુમાન વગેરે.

પાવની ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.
૨. સ્ત્રી. ચાર વેદમાં વપરાયેલું માતાનું એક નામ.
૩. સ્ત્રી. તુલસી.
૪. સ્ત્રી. નર્મદાનાં કાંઠા ઉપર આવેલું એક નામ.
૫. સ્ત્રી. વાસુદેવ ચાહેની એક તેજસ્તત્ત્વ દેવતા.
૬. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી; પહાડોમાં આવેલી હાલની ઇરાવદી નદી.
૭. સ્ત્રી. દ્રાક્ષદીપની એ નામની એક દેવી.
૮. સ્ત્રી. સરસ્વતી નદી.
૯. સ્ત્રી. હરડે.
૧૦. વિ. પવનનું; પવન સંબંધી.
રામ સિવાયને જો આસન નિર્બંધ કર્યા સિવાય અને પાવની યતિને ભેટ્યા સિવાય જ પરપુરપ્રવેશની વિદ્યાને મેળવેલી છે. પુરાતન
૧૧. વિ સ્ત્રી. પવિત્ર; શુદ્ધ; ગોબ્રાહ્મણી.
૧૨. વિ.સ્ત્રી. પવિત્ર કરનારી; પાવન કરનારી; શુદ્ધ કરનારી.
ગયાં જળની પાવની, ગયજ એ દર્ભ અંજલિ. કવિત

પાવમ પું. (પિંગળ) વહિનીપુંડલિની ઇંદની બતનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેના ૧૭ ગુરુ અને ૧૨૪ લઘુ મળી ૧૪૧ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

પાવમહેલ ન. (જરથોસ્તી) અગ્નિમંદિરમાં ખાસ ધાર્મિક ક્રિયા માટે બનાવટી કરેલી જગ્યા.

પાવમહેલ જુઓ પાવમહલ.

પાવમાન ૧. [સં.] ન. ત્રિકાનું ઝાડ.
૨. ન. પવમાન અગ્નિ સંબંધી સૂક્ત.
૩. ન. સામવેદના મહાનિધિ નામના સામમાં આવતું એ નામનું એક પર્વ.
૪. વિ. પવિત્ર કરનાર.

પાવમાની [સં.] સ્ત્રી. પવમાન અગ્નિના અધિકારે પ્રકટ થયા; વેદની એક ઋચા.
એ પવિત્ર અને પાવને ચાર ઋચાના સૂક્તનો, પુનંતીનો, ઇન્દ્રસ્તિમતીનો અને પાવમાની સૂક્તનો જપ કર્યો. સમગ્રની સમગ્રવત

પાવમાન્ય [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
વાસુદાન, વસિષ્ઠ, પ્રમદ, પાવમાન્ય વગેરે ઋષિઓ તુરત પધાર્યા. સમગ્રની સમગ્રવત

પાવમુદ્દર [હિ.] સ્ત્રી. સાદગીવાળા ઘરનો સોનાનો એક સિક્કો. તેનું વજન એક અશરફી કે મોહરના જોખ જેટલું હતું.

પાવર ૧. [સં.] પું. પાસો ફેંકવાની એક વિશિષ્ટ રીત.
૨. પું એ નિર્દેશથી અંકિત પાસાની એક બાજુ.
૩. પું. શક્તિ; જોસ.
ઘણાના પ્રબળ અને પાવરને તેનું છતું શરીર સહન ન કરી શકવાથી તપી ગયું હતું. આત્મ
૪. [અં.] પું. સત્તા; અધિકાર.
૫. સ્ત્રી. વીજળીની ક્રિયાશક્તિનું પ્રમાણ.

પાવરધાઈ ૧. સ્ત્રી. પાવરધા હોવું તે; માહિતી હોવાપણું; પાવરધાપણું.
૨. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય.
૩. સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

પાવરધું ૧. વિ. બનીતું; માહિતગાર; વાકેફગાર.
૨. વિ. શક્ત; સમર્થ; જોરાવર; બળવાન.
૩. [સં. પર્વત] વિ. હોશિયાર; સારી બાબતવાળું; ચાલાક; કુશળ; કાબેલ; નિપુણ.

પાવરફુલ [અં.] વિ. શક્તિશાળી; બળવાન.

પાવરહાઉસ [અં.] ન. વીજળી ઉત્પન્ન કરવાનું કારખાનું; વીજળીનું મથક.

પાવરી [સં. પારી] સ્ત્રી. ડોબી.

પાવરે પું. (વહાણવટું) પાવો.

પાવરો ૧. [સં. પાત્ર] પું. ઘોડાને ચણા ખવરાવવાની કોથળી; તોબરો.
પાવરો ચડાવવો = તોબરો ચડાવવો; રીસવાળું મોઢું કરવું.
૨. પું. ઘોડાનો ખોરાક; ચંદી.

પાવલેઠંઠી સ્ત્રી. કોકમાં પહેરવાનું એક બતનું ઘરેણું; પાવલીહાર.

પાવલેઠંઠલી જુઓ પાવલેઠંઠી.

પાવલાં ૧. ન. બ. વ. ચામડીનો; પાદુકા.
૨. ન. બ. વ. ચારઆનીના સિક્કા રૂપિયાના બીજા ભાગની કીમતના સિક્કા.
૩. ન. બ. વ. પગ.
૪. ન બ.વ. પગે પહેરવાનાં ઠપૂસિયાં; ચપ્પલ જાસડાં; પાતળી ચપ્પલો પાવલીઓ; સંધ્યા.

પાવલિયો ૧. [સં. પાદ] પું. ચરણ; પાય; પગ.
૨. પું. ચાલું વગાડનારો માણસ.

પાવલી ૧. સ્ત્રી. એક બતનું રેશમી ચૂનડું.
૨. [સં. પાદ (ચોથો ભાગ)] સ્ત્રી. રૂપિયાના બીજા ભાગની કીમતનો સિક્કો; પાવલું; ચારઆની.

પાવલીભાર વિ. એક પાવલી જેટલા વજનનું.

પાવલીહાર પું. સોનાની ચાકીને ફરતી પાવલી જેવી સોનાની કૂદરીઓવાળું કોકમાં પહેરવાનું એક ઘરેણું.

પાવલું ૧. ન. ચંપલ; પગે પહેરવાનું ટપુસિયું; હલકું ભાસકું; પાતળી પાવડી.
૨. [સં. પાદુકા; પ્રા. પાઉઆ] ન. ખાખડી; પાદુકા; પગે પહેરવાનું લાકડાનું પગરખું.
૩. [સં. પાદ] ન પગ.
લક્ષ્મી વસે ૨ પાવન લાલ પાવલાં ૨. નરસિંહ
૪. [સં. પાદ (ચોથો ભાગ)] ન. પાવલી; આરબાની; રૂપિયાના ચોથા ભાગની કીમતનો સિક્કો.
૪ કાવડિયાં = ગંડા
૪ ગંડા = દમડી; કાંકિણી
૪ દમડી = પૈસો
૪ પૈસા = આનો; પણ
૪ આના = પાવલું; પાદ
૪ પાવલાં = રૂપિયો; મુદ્રા
પાવલો ૧. પું. (કચ્છી) ચોથો ભાગ.
૨. [સં. પાદ] પું. (જૂ. ગુ.) પગ.
નવસત સબ્દા કે રાવણાર,
કે પાવલે મૂપરી રે લોલ. નરસિંહ
૩. જુઓ પાવલું.
પાવલોપા પું. પગ ઉપર બાળકને જેમ રાખી હીંચકો અવરાવવો તે; બાળકને પગ ઉપર ઝુલાવવું તે; બંને પગ ઊંચાનીચા કરી ઝુલાવવું તે. આ શબ્દ કોઈ મોટી ઉંમરનું માણસ બાળકના બે પગ પોતાના પગ ઉપર ઝુલવી રમાડે છે તે પ્રસંગે વપરાય છે.
પાવવું ૧. [સં. પ્રાપ્; પ્રા. પાવ; અપ. પાવઇ] સ. ક્રિ. પામવું; મેળવવું.
આવઇ નહિ જન પાચે. નર્મદ
૨. સ. ક્રિ. ખાવવું; જેલાવું.
પાવસ ૧. [સં. પ્રાવૃષ્; પ્રા. પાવસ] ન. ચોમાસું; વરસાદના ચાર મહિના; વર્ષાઋતુ
૨૬ પાવસમાં પરદેસ પતિ,
દુખ કેસથી ચિત્ત બને બહો. ઋતુવર્ણન
૨. ન. વરસાદ.
પાવસ માહે મંદ મોરે, બીજળી ચમકારા કરે. પ્રેમાનંદ
બળતો પાવસ જેસવો = સાધુપણાનો ઢોંગ કરવો.
૩. ન. હળના તુંબામાં આગલા ભાગમાં પહોળું અને પાછળા ભાગમાં સાંકડું પોલું રાખું.
પાવસકાળ પું. ચોમાસું; વર્ષાઋતુ.
પૂરણ પરમો પાવસકાળ.
પૂરણ પુહવી પરમો સુભાગ. ઉદયભાન
પાવસાર પું. સાળમાં પાવાં બાંધવાની લાકડી; સાળમાં રાચ અને પાવડીનો સંબંધ સાધતી નીચેના ભાગમાં રાખવામાં આવતી લાકડી.
પાવસિયા ૧. સ્ત્રી. ચોકિયાવાળી લોઢાના કણજીની એ નામની જોડ બટકો.
૨. ન. એ નામની બટકાનું માપસર.
૩. વિ. એ નામની બટકાનું.
પાવસી [સં. પ્રાવૃષ્] વિ. વરસાદ સંબંધી.
પાવળિયો ૧. પું. ખાંણી; ખાડાકુવર પુરવા લાકાર્યમાં મૂક્યા પછી તેની વાહગીરી માટે મિતિ નાખી ઊભો કરેલ પથ્થર; પાળિયો; મનુસ્તંભ.
૨. પું. બાકીનું વધારાનું પુરવઠ; પાનબિયો.
પાવળું ૧. [સં. પણ (પ્રવાહીનું એક બતનું માપ)] ન. બહુ નાની પણી; તેલ, ઘી વગેરે માપવાનું લોઢાનું એક નાનું સાધન.
પાવળે પરણી પાવું = હેરાન કરવું; કનડવું.
૨. વિ. બરાક બેટલું; ઓછું. જેમકે, બાં બારીઓથી બી પીરસાવું બાં પાવળું તેલ પણ બાજર બળતું નથી.
પાવંડા પું. કોઈના સન્માન માટે માર્ગમાં બિછાવવાનું કપડું; પાવંદાજ.
પાવંડી ૧. સ્ત્રી. પાદત્રાણ; પગરખાં.
૨. સ્ત્રી. વેલબુટ્ટા વણવાનું એક ઓજાર. વણવાને સમયે તે વસ્ત્રથી ઢબાવવામાં આવે છે અને તેથી તાણાના બાદલા નીચે ઉપર થાય છે.
પાવંડો ૧. પું. પગલું.
૨. પું. રસ્તો.
પાવંદ ૧. [સં.] સ્ત્રી. બેડી.
૨. વિ. થી બંધાયેલું.
પાવંર ૧. [સં. પામર] વિ. (હિંદી) નીચ; દુષ્ટ; અધમ.
૨. [હિ.] વિ. મૂર્ખ; અક્કલ વિનાનું.
પાવા ૧. [સં. પાદ] પું. (હિંદી) પલંગ, ખુરસી વગેરેનો પાયો.
૨. પું. પાશેરનું વજન; પાશેરનો તોલ.
૩. પું. વાંસળી જેવું મોઢેથી વગાડવાનું એક વાદ્ય
૪. સ્ત્રી. ખૂજલી; ખસ.
૫. સ્ત્રી. સોનીની એ નામની એક બટકો.
૬. ન. એ નામની બટકાનું માપસર.
૭. ન વૈશાલીની પશ્ચિમે અને મલ્લની ઉત્તરે આવેલું એક પ્રાચીન ગામ. ત્યાં બુદ્ધ ભગવાન કેટલોક વખત રહ્યા હતા અને તેમના નિર્વાણ પછી પાવાના લોકોને તેમના શરીરનો કંઈ ભાગ મળ્યો હતો. તે ઉપર તેમણે એક સ્તૂપ બનાવ્યો હતો. આ ગામ અત્યારે પણ તે નામથી ઓળખાય છે અને મોરબ્બપુરથી વાયવ્યમાં બાર માઈલ ઉપર આવેલું છે. કહેવાય છે કે, ત્યાંના એક નામના ક્ષત્રિયરાજે બુદ્ધને સૂવરનું સૂકું માંસ ખવરાવ્યું હતું.
૮. વિ. એ નામની બટકાનું.
પાવાગઢ [સં. પર્વતગઢ] પું. ગુજરાતની પૂર્વ સીમાએ પંચમહાલ જિલ્લામાં આવેલો એ નામનો ડુંગર. તે ગુજરાતના હિમાલય તરીકે પ્રસિદ્ધ છે. આ સ્થાન મહર્ષિ વિશ્વામિત્રની ઉપાસનાનું મુખ્ય સ્થળ છે. લાવતી મહાકાલીની પીઠ તરીકે તે ઓળખાય છે. આ ડુંગર ઉપર મહાકાળી દેવીનું સ્થાન હોવાથી હજારો યાત્રીઓ અહીં આવે છે. ત્યાંનાં હવાપાણી સારાં ગણાતાં હોવાથી યાત્રીઓને આરોગ્યનો પણ લાભ મળે છે. બીજી રીતે પણ આ ડુંગરની બહુ મહત્તા છે. ચિતોડગઢ અને પાવાગઢ એ બે ગઢ રાજકીય દૃષ્ટિથી અત્યંત મહત્વનાં સ્થાન મનાય છે. આ બંને ડુંગર કુદરતી રીતે જ એવા ઉત્પન્ન થયેલા છે કે તે ઉત્તમોત્તમ કિલ્લેબંધીની ગરજ સારે છે.
પાવાગઢના એકલવાયા અડક જેવા ડુંગરને ચોમેરથી પ્રવતના મુસવાડા આવી અડકાય છે. એટલે પ્રવતગઢ એવું નામ પડ્યું છે.
નાનાલાલ
પાવાણી પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રમાણિકા; પ્રવાણિકા; લઘુનારાચ; પ્રમાણી. તેના દરેક ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.
પાવાપુરી સ્ત્રી. જૈન લોકોનું એક પવિત્ર સ્થાન; બિહારમાં આવેલું એ નામનું એક પ્રાચીન શહેર; મહાવીર સ્વામીની નિર્વાણભૂમિ. મહાવીર સ્વામીએ ત્યાં છેવટનું ચાતુર્માસ કરી ત્યાંથી નિર્વાણ પધાર્યા હતા.
મહાવીર સ્વામી દિવાળીને દિવસે પાવાપુરી (બિહારમાં) ૭૨ વર્ષની વયે નિર્વાણ પ્રાપ્ત કરે છે.
ચિત્રમય જગત
પાવારિક ન. નાવંદા પાસેનું એ નામનું એક વન. ત્યાં બુદ્ધ ભગવાન ઘોડો સમય રહ્યા હતા.
પાવાવાણી સ્ત્રી. પાવાગઢમાં રહેનારી દેવી; મહાકાલી.
પાવાહ ન. પૃથ્વીને વીંટળાયેલ વાયુમંડલનાં સાત આહેનુ સૌથી ઉપરનું પડ.
પાવિત [સં.] વિ. પવિત્ર કરેલું; શુદ્ધ કરેલ.
પાવિત્રાયણ [સં.] પું. પવિત્ર નામના ઋષિનો ગોત્રજ.
પાવિત્ર્ય [સં.] ન. પવિત્રતા; શુદ્ધિ.
પાવિત્ર્ય વગર મોક્ષ નથી અને પાવિત્ર્ય વગર શાંતિ મળતી નથી. લહેરાસોનો ગોમિયો
પાવિદાગ્નિનિક ન. એક જાતનું ઝાડ. તેનાં પાન સિવને ચડે છે.
બીલીનાં પાંદડાં, તુલસીનાં પાંદડાં, દુર્વા, અપામાર્ગ, શમી, પાવિદાગ્નિનિક, અગસ્તયનાં પાંદડાં વગેરે પાંદડા સિવને ચડાવવા યોગ્ય છે.
પંચ.સર મુક્તાવલિ

પાવિયા [સં. પવિત્ર] સ્ત્રી. (પ્રાકૃત) પવિત્રતાસૂચવતી સ્ત્રી.

પાવી ૧. કું. પવેરો; દીવડો.

૨. સ્ત્રી. ઋતુ પ્રમાણે રંગ બદલતી એક જાતની મેના. તે સાત પ્રકાર આવળ ગંજાવની હોય છે. પંજાબ સિવાય આખા ભારતવર્ષમાં તે જોવામાં આવે છે. તે ચાર પ્રકાર દીઠાં મૂકે છે.

૩. સ્ત્રી. દમામના ઓટાનો એક ભાગ.

૪. સ્ત્રી. પારસીઓના આતશબહેરામમાં પવિત્ર અગ્નિ રાખવાના ઓરડામાં કરેલો ચાસ.

પાવી કરવી = (૧) ક્રમમાફક ચાસ પાડવા. (૨) ધાર્મિક ક્રિયા કરવી.

૫. સ્ત્રી. (જરથોસ્તી) પારસીઓની ધાર્મિક ક્રિયામાં જમીન ખોદી તલ ઓઢાને કરવામાં આવતું ઝોળ કુંડાળું. જે ભાગમાં ધાર્મિક ક્રિયા કરવી હોય તે ભાગને બીજા ભાગથી જુદો પાડવા માટે તેમ કરવામાં આવે છે.

૬. સ્ત્રી. વાડ કરેલી જગ્યા; ઘેરી લીધેલી જગ્યા.

૭. વિ. પાવન કરનાર; પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર.

પાવીઆઠ કું. પાવૈયાઓને રહેવાનું સ્થાન.

પાવીરવી ૧. [સં.] સ્ત્રી. સિંધ વાણી.

૨. સ્ત્રી. શુદ્ધ કરનારી સ્ત્રી.

પાવું ૧. સ. ક્રિ. જવું; ભળવું; પ્રાપ્ત થવું.

૨. સ. ક્રિ. ભણવું; સમજવું.

૩. સ. ક્રિ. ઝાડને મોટાં કરવાને જમીનમાં પાણી રેડવું; સિંચવું.

૪. સ. ક્રિ. ધાતુ કે હથિયારને તપાવી પાણીમાં બોળવું.

૫. સ. ક્રિ. પકડી પાડવું; પહોંચી જવું.

૬. સ. ક્રિ. પામવું મેળવવું.

૭. [સં. પા (પીવું)] સ. ક્રિ. પીવું તેમ કરવું; પિવડાવવું.

૮. સ ક્રિ. મેળવવું; પામવું.

જે અર્પી નિજ પ્રાણ, જનના પ્રાણ બચાવે;
ધન ભાગ ને સુખ, કેમ ના કીર્તિ પાવે !
નર્મદાશંકર

પાવેકું સ. બાપ બરાબરનું માણસ કે બીજું પ્રાણી.

પાવેસા ૧. સ્ત્રી. જૈન ઓસવાળ જ્ઞાતિની એક નામની એક પેટા જ્ઞાતિ.

૨. સ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પાવેકું સ. પારેવું; કબૂતર.

પાવેલી [હિં.] સ્ત્રી. પાવલી; ચારઆની.

પાવૈ [સં. પોત્રં] સ્ત્રી. સ્ત્રી કે પુરુષ જોડેનાં નહિ જેવું માણસ; દીવડો; નપુંસક; પાવેગો; હાતડો; હીજડો; બંડ; બંડળ.

પાવૈને પાનો ન ચડે = નપુંસકને ઝટ ન ચડે.

પાવૈપુરાણ સ. બાવાઓ વચ્ચેના રાજ્યોનાં પરાક્રમનું વર્ણન કરી બતાવનારો ગ્રંથ.

બાવાના પાવૈપુરાણનો જેવા જાણે છે.
ગરબો

પાવૈયો [સં. પોત્રં] કું. દીવડો; નપુંસક; હાતડો; બંડળ; બંડ; સ્ત્રી કે પુરુષ જોડેનાં નહિ જેવું માણસ. બાયો માણસ પરણીને સ્ત્રીસુખ લોવરી શકતો નથી. એ તે પોતાનું નપુંસકપણું જાહેર ન કરે અને પરણીને સ્ત્રી બાઈનો પણ બાપ બગાડે તો, એના હવે પછીના સાત જન્મ પણ બાયા જ બાપ જેમ મનાય છે. માટે તે જન્મમાંથી છૂટવાને ખેતે પુરુષમાં નથી એમ જાહેર કરી પાવૈયાઓ સાથે જઈ રહે છે અને છાનગર ઓનો પોશાક પહેરે છે.

પાવૈયાને પાનો ન ચડે = નપુંસકને ઝટ ન ચડે.

પાવો ૧. કું. આસનોટ પગેરનું બંભળું.

૨. [સં. પૂ (પવન ફૂંકીને વગાડવું)] કું. એક જાતની વાંસળી; ફૂંકીને વગાડવાનું વાંસની બૂંગળીનું એક વાજું; વેણુ.

પાવો વગાડવો = બંધી જવું. બાજીમાં પાવો વગાડવો એ રીતનું કામ બગાડવું.

૩. કું. પવનાર નામનો કુંજર.

૪. કું. બૂંગળું, સિસોટી વગેરેનો અવાજ.

૫. કું. સિસોટી.

પાવોસા કું. આઈ. રાનીપરજ કોમમાં મોભાદાર છે.

પાવ્ય [સં.] વિ. પવિત્ર કરવા યોગ્ય; શુદ્ધ કરવા જેવું.

પાસ ૧. [સં.] કું. એ નામનું એક અસ્ત્ર. તે વરુણે અર્જુનને આપ્યું હતું.

૨. કું. કર્મ.

૩. કું. કળથી, કળાય વગેરેમાં વાલરામાં આવતું લોખંડનું એક ઓજાર; પાસિયું.

૪. કું. કોઈ પણ સાધનથી વગેરેથી અસર. જેમકે, સ્નેહપાસ, મોહપાસ.

૫ કું. ગુણ; પ્રભાવ.

૬. કું. ગળીઓ મહિનું એક દેવસુપ.

૭. કું. બાજી કે રમત; અંક.

તેમાં ગળીતિનો જેવા પણ પાસ છે ખરો.
નવલરામ પ્રસોર

૮. કું. ચુમ્બક રત્નનો પાસો.

૯. કું. એકેકા હાથના ચોવીસ પ્રકાર બાંહેનો પદરમો અભિનય.

ચોવીસ પ્રકારના જોડેલા હાથ નીચે પ્રમાણે છે: કૂર્મ, વરાહ, ગરુડ, નાગબંધ, પદ્મ, ખટ્વા વગેરે.
શ્રુ. હાતકોશ

૧૦. કું. દોરી; રજ્જુ; દોરડું.

૧૧. કું. પશુપક્ષીઓને ફસાવવાની જાળ કે ફંદો; એક જાતનું શિકારી સાધન

૧૨. કું. પાર્શ્વ; પક્ષ; બાજુ.

૧૩. કું. ફળ; પરિણામ.

૧૪. કું. હાંસો; પાસલો; ચાળો; આંટો. પ્રાચીન કાળમાં પાશનો ઉપયોગ યુદ્ધમાં અનેક રીતે થતો હતો. શત્રુની ઉપર પાશ નાખી તે વડે તેને બાંધી પોતાની તરફ ખેંચવામાં આવતો હતો. અગ્નિપુરાણમાં લખ્યું છે કે, પાશ દસ હાથનો હોવો જોઈએ, ચોળ હોવો જોઈએ. તેની દોરી સૂતર, મુંજ, તાંત, ચામડું વગેરેની હોય. તેમાં ત્રીસ રસીઓ હોવી જોઈએ. વૈદકપાવનીય આયુર્વેદમાં જે પ્રકારના પાશનો ઉલ્લેખ છે તે ગળામાં નાખી મારી નાખવા માટેનો જણાય છે. તેમાં લખ્યું છે કે, પાશ તીક્ષ્ણ હોવાનો અને ત્રિકોણ હોય અને પરિધિ ઉપર સીસાની ગોળીઓ હોય. યુદ્ધ સિવાય અપરાધીઓને દેહાંતદંડ દેવામાં પણ પાશનો ઉપયોગ થતો હતો, જેમ આજે પણ ફાંસી દેવામાં આવે છે. પાશ વડે વધ કરનાર ચાંડાલને પાશી કહેતા, જેના વંશજો આજે ઉત્તર હિંદમાં પાસી કહેવાય છે.

૧૫. કું. (જ્યોતિષ) બધી રાશિ અઠયંત્રકમાં હોય તે વખતનો યોગ.

૧૬. કું. બંધન; ફસાવનારી વસ્તુ. શૈવદર્શનમાં તેના ૭ પદાર્થ કહેલા છે: પતિ, વિદ્યા, અવિદ્યા, વસુ, પાશ અને કારણ. પાશ ચાર જાતના કહેલા છે: મલ, કર્મ, માયા અને રોધશક્તિ. કુમાર્યુપ તંત્રમાં પાશ આઠના બતાવ્યા છે: ઘૃણા, શંકા, ભય, લજ્જા, જુગુપ્સા, શોક અને જાતિ. મતલબ કે તાંત્રિકોએ આ બધાનો ત્યાગ કરવો જોઈએ. માયા અને તેનું કાર્ય જે અનિષ્ટ પ્રકારના પાશ છે, તેનાથી નિષ્પાપ અંત:કરણવાળા જ્ઞાની મુક્ત થાય છે. ઘૃણા, લજ્જા, ભય, શોક, નિંદા, કુલાભિમાન, શીલસ્વભાવ અને જાતિઅભિમાન આ આઠ પ્રકારના પાશ કહેવાય છે. પ્રાણીને બાંધવાની દોરીને પાશ કહે છે. ચોરી કરવા વગેરે દોરીની મદદ માણસને સંસારમાં બાંધવાવાળાં હોવાથી તેવા વગેરેને પાશરૂપ કહ્યાં છે.

૧૭. કું. (ન્યાય) જેણે તરફથી બરોબર રીતે બાંધી લે એની તકરાર; ઊભસંકલ્પ. પાશ એ

નામ આપવામાં તત્પર એવું છે કે, બે જણ અનિષ્ટ વાતમાંથી એકાદ પણ માનવાથી કે ન માનવાથી કોઈ એક અનિષ્ટ વાત માન્યા વિના છૂટકો થતો નથી, એમ જાતના પ્રકારનો નિર્દેશ પાયેલ છે. પાશનો પ્રકાર જ એવો છે કે, તેના ગમે તે અંગનો સ્વીકાર અસ્વીકાર કરતાં જ અન્ય અંગનો અસ્વીકાર સહેજે પ્રાપ્ત થાય છે

સાપેક્ષ નિર્દેશના ઉત્તરાંગને અન્યતરાન્વિતનું રૂપ આપવાથી જે સામાન્યતઃ પાદ કહેવામાં છે, તે વૃત્તમાં છે. ન્યાયસાર

૧૮. પું. માયારૂપી મોહ; મોહજાળ.
૧૯. પું. લાલચ.
૨૦. પું. વરુણનું જે નામનું એક આયુધ.
૨૧. પું. ગરુડ.
૨૨. પું. શિવનાં હાથર માંહેનું એક નામ.
૨૩. પું. સપ્રમાણની કરામત; દલીલની યુક્તિ.
૨૪. પું. સમૂહ; જથ્થો. જેમકે, કેશપાશ.
૨૫. પું. સરકી જાંઠ; ગાળો; ગાળિયો.

યમરાજ પાડા ઉપર બેસીને આવ્યા અને શિવલિંગને ભેટી પડેલા પુજાન સાધુ આદેવને અટકવાની હિંમત ન થઈ. છતાં તેની ઉપર પાશ ફેંક્યો. કલાધર

૨૬. પું. સંત કે સોબતની અસર. જેમકે, નઠારાનો પાશ લાગ્યા વગર રહે નહિ.
૨૭. પું. સંકટ.
૨૮. પું. સૌંદર્ય. જેમકે, કર્યુપાશ જેટલે સુંદર કાન.
૨૯. સ્ત્રી. એ નામની એક નદી. તેમાંથી પાશિક્ય જાતનાં મોતી નીકળવાનું મનાય છે.
૩૦. સ્ત્રી. ભાલુ.
૩૧. વિ. છંટનું; છંટનાર. સમાસમાં અંતે વપરાય છે. જેમકે, ગુલાબપાશ.
૩૨. વિ. સમણ; મંજૂર.
૩૩. [સં. પાર્શ્વ] ન. પાસે; નજીક.

પાશક ૧. [સં.] પું. એક જાતની જુગારની રમત
૨. પું. જુગાર ખેલવાનો પાસો.
૩ પું. પગનું એક જાતનું ઘરેણું.
૪. પું. ફાંસી.
૫. ન. પાસા ફાગવાની કળા.

પાશકપીઠ [સં.] ન. જુગાર રમવાનું સ્થળ.

પાશકેવલી સ્ત્રી. (જ્યોતિષ) પાસા ફેંકી કરવામાં આવતી એક જાતની ગણના. યુનાન, ઈરાન વગેરે પશ્ચિમ તરફના દેશોમાં પુરાણા કાળમાં આનો બહુ પ્રચાર હતો. ત્યાંથી સંભવિત રીતે આ વિદ્યા દક્ષિણ હિંદમાં કેરલ પ્રદેશમાં આવી હશે એમ મનાય છે.

પાશહીન (પાશહીન) [સં.] સ્ત્રી. જુગાર રમવો તે.

પાશદ્યુમ્ન [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા; વસુદેવનો એ નામનો પુત્ર.

પાશધર ૧. [સં.] પું. વરુણ દેવ. તેનું જાણીતું આયુધ છે.
૨. પું. (જ્યોતિષ) શતતારા નક્ષત્ર.
૩. વિ. પાસકો ધારણ કરનાર.

પાશધારી જુઓ પાશધર.

પાશન ૧. [સં.] ન. બગલા; હંસલો.
૨. ન. દોરી; વાઘરી.
૩. ન. બંધન; બાંધવું તે.

પાશપતિ [સં. પાશ (વરુણનું આયુધ) + પતિ (નાથ)] પું. વરુણ; પાશધર.

વરુણ પ્રચેતા પાશપતિ, અપપતિ જલધર ઈશ; યાદઃપતિ તુજ પતિ તમાં, યશત યાચું નિજ શીશ. વિજયવલ્લભકોષ

પાશપાણિ જુઓ પાશધર.

પાશપાશ વિ. કટકા થઈ ગયેલું; ભૂકો બની ગયેલું.

પાશબદ્ધ ૧. [સં. પાશ (ફાંસો) + બદ્ધ (બંધાયેલું)] વિ. જાળમાં સપડાયેલું; પાશમાં ફસાયેલું.
૨. વિ. દોરડાથી બાંધેલું.

પાશબદ્ધબલિ [સં.] પું. પુરુષોત્તમનાં હાથર માંહેનું એક નામ.

પાશબંધ ૧. [સં.] પું. બગલા; હંસો.
૨. પું. માયાનું બંધન.

પાશબંધક [સં.] પું. શિકારી; પક્ષી પકડનાર માણસ.

પાશબંધન [સં] ન. પાસવા વડે બાંધવું તે.

પાશબીજ [સં.] ન. ક્રીં; એક પ્રકારનું બીજ.

પાશભૃત જુઓ પાશધર.

પાશમુદ્રા [સં.] સ્ત્રી. (તાંત્રિક) એક જાતની મુદ્રા. જમણા અને ડાબા હાથની તર્જની જોડી કરી દરેકના ઊંધા ઉપર અંગૂઠો રાખવાથી આ મુદ્રા થાય છે.

પાશરજ્જુ [સં.] સ્ત્રી. ફાંસલો; દોરડું.

પાશલી ૧. સ્ત્રી. કળપી, કાન વગેરેમાં પહેરવાનું સોનાનું એક ઓળિયું; બાલિયું.
૨. સ્ત્રી. ટૂંકી દોરડી અથવા તેનો પકડનો ગાળો.
૩. સ્ત્રી. નાની પાશ.

પાશલો જુનો પાશ.

પાશવ ૧. [સં.] ન. પશુતા; જબરપણું; ઢોરપણું.
૨. ન. પશુનો સમૂહ.
૩. વિ. સમજણ વગરનું, દુષ્ટ જેવાળું, નિંદિત આહારવિહાર તેમજ મૈથુનમાં તત્પર, નિર્દાળુ વૃત્તિવાળું માણસ.
૪. વિ. પશુ જેવું; ઢોર જેવું; પશુ તુલ્ય
૫. વિ. પશુ સંબંધી.
૬. વિ. પશુનું; ઢોરનું.

પાશવજીવન [સં.] ન. પશુ જેવી જિંદગી; પશુ જેવું સ્વેચ્છાનુસારી વર્તન.

વૃદ્ધસ્વાશ્રમ આજકાલ પાશવજીવન જેવો થઈ રહ્યો છે. આપણો ધર્મ

પાશવત ૧. [સં. પાશવત્] પું. વરુણ દેવ.
૨. પું. (જ્યોતિષ) શતતારા નક્ષત્ર.

પાશવતા [સં.] સ્ત્રી. પશુપણું; પૈશુન્ય; જનવરના જેવું વર્તન.

પાશવદશા [સં.] સ્ત્રી. પશુના જેવી સ્થિતિ.

આ સદીમાં કયારેક તો મનુષ્ય પાશવદશા પણ ભોગવી જાય છે. પ્રમોદ

પાશવધર્મ [સં] પું. પશુઓનો ધર્મ.

પાશવપાલન [સં.] ન. પાસ; તૃણ.

પાશવબંધન ૧. [સં.] ન. ઢોરને બાંધવાનું સાધન.
૨. ન. પશુને બાંધે એવું સખત બંધન.

પાશવલીલા [સં.] સ્ત્રી. પશુના જેવું નિરંકુશ વર્તન.

પાશવવિકાર [સં.] પું. પશુના જેવી હલકી વૃત્તિ.

પાશવવૃત્તિ ૧. સ્ત્રી. કામવાસના.
૨ સ્ત્રી. પશુની લાગણી.
૩. સ્ત્રી અભિચાર.

પાશવાન ૧. [સં. પાશવત્] પું વરુણ.
૨. વિ. પાશવાળું; પાશધારી.

પાશવાસન ૧. [સં.] ન. પશુનું બેસવું તે.
૨. ન. કર્મકાંડ ગ્રંથ પ્રસિદ્ધ એક આસન.

પાશવિક [સં.] વિ. પાશવ; પશુ સંબંધી; પશુના જેવું.

પાશવિકતા જુઓ પાશવવૃત્તિ.

પાશવી ૧. [સં.] વિ. પશુ સંબંધી; પશુને લગતું; પશુનું
૨. વિ. પશુના જેવું.
૩. વિ. પશુબળ ઉપર આધાર રાખનાર.

પાશવીજ [સં] ન. ક્રૂરતા; એક પ્રકારનું બીજ.

પાશવીય જુઓ પાશવી.

પાશવી વૃત્તિ જુઓ પાશવવૃત્તિ.

પાશવી સત્તા [સં.] સ્ત્રી. પશુબળ કે યાંત્રિક બળ ઉપર મુખ્ય આધાર રાખતી સત્તા.

પાશવેષ્ટકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.

હઠયોગીઓ પાશવેષ્ટકુંડ એક આસન પ્રમાણમાં ઉ. જગવતી ભાગવત

પાશસ્પર્શ પું. એક જાતનો ઉત્તમ પ્રકારનો ઘોડો.

પાશહસ્ત [સં.] ન. ફાંસી; ફાંસી દઈ મારી નાખવું તે.

પાશહસ્ત ૧. [સં.] પું. વરુણ દેવ.

૨. પું. (જ્યોતિષ) શતતારા નક્ષત્ર શતભિષા નક્ષત્ર.

૩. વિ. પાસકો ધારણ કરનાર.

પાશાંગ [સં. પાસંગ] પું. ગાજવાનાં બંને પાસાં સમતોલ રાખવા માટે એક તરફ રખાતું વજન; ઘડો; સાંબેલ.

પાશાંદ પું. દુષ્ટપણું; અધમતા.

પાશા ૧. પું. ગાળો; ફાંસો; ફાળ.

૨. [ફા. પાદશાહ] પું. તુર્કસ્તાનનો ઊંચા દરજ્જાનો અમલદાર.

૩. પું. તુર્કોના અમીરનો એક ઇલકાબ.

૪. પું. હુકમ; સૂબો; 'ગવર્નર.'

પાશાતાણિયો પું. પાસાતાણિયો; સોનારૂપાના ઘરેણે તાર બનાવનારો કારીગર.

પાશાશિની [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી.

પાશાંકુશા એકાદશી સ્ત્રી. આસો સુદિ અગિયારસ. આ એકાદશીને દિવસે ઉપવાસ કરનાર પાપમુક્ત થઈ હરિલોકને પામે અને આ દિવસે સોના સહિત તલ, ભૂમિ, ગાય, અન્ન, પાણી, બેઠક, વસ્ત્ર અને છત્રીનું દાન કરનાર યમલોક ન પામે એમ મનાય છે.

પાશાંકુશેશ્વરી [સં.] સ્ત્રી એ નામની એક દેવી.

શ્રી સુવર્ણેશ્વરીના પાશાંકુશેશ્વરી આદિ અનંતસો થયા છે. જગવતી ભાગવત

પાશાંત [સં.] પું. વજ્રનો પાસેનો છેડો.

પાશિક ૧. [સં.] પું. પક્ષીઓને જાળમાં ફસાવનાર શિકારી.

૨ વિ. પાશમાં ફસાવનાર.

પાશિત્ર પું. એ નામનો એક દેશ. તેની પાસ નામની નદીમાંથી મોતી નીકળતાં હોવાનું મનાય છે.

પાશિત્યક ન. પાશિત્ર દેશ આદેની પાસ નામની નદીમાંથી નીકળતું એક જાતનું મોતી.

પાશિત ૧. ન. એક જાતનું ઘાસ.

૨. [સં.] વિ. પાશથી બાંધેલું.

પાશિની ૧. [સં] સ્ત્રી. યોગની એક જાતની મુદ્રા; દ્વિપદસ્વસ્તિકાસન; બંને પગ જાંઘની પાછળ લઈ જઈ પગની આંટ દઢ જાળથી બાંધવાથી બની મુદ્રા.

૨. સ્ત્રી. (પુરાણ) શુક્તિમાન પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

પાશિયું ૧. ન. નાનું દોરડું.

૨. ન. પાસ; કરબડી કે સાંપડીમાં મુકાતું ધારવાળું લોખંડનું ફાળ.

૩. ન. સાંપડી; કાપીનો નાનો પાસ.

પાશિરાષ્ટ્ર ૧. [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૨. વિ. એ નામના દેશનો રહેવાસી.

પાશી ૧. [સં. પાશિન્] પું. ગાળો; ફાંસો; ફાળ.

૨. પું. પ્રાણહરની શિક્ષા પામેલ અપરાધીના ગળામાં ફાંસીનો ફંદો નાખનાર ચાંડાલ; પાશ વડે વધ કરનાર ચાંડાલ.

૩. પું. યમરાજ, કહેવાય છે કે તેના હાથમાં ગાળિયો હોય છે.

૪. પું. વરુણ.

૫. પું. (જ્યોતિષ) શતતારા નક્ષત્ર.

૬. પું. શિકારી.

૭. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો.

૮. વિ. પાશ ધારણ કરનાર; પાશવાળું.

પાશીકૃત ૧. [સં.] વિ. જાળમાં ફસાયેલ.

૨. વિ. પાશથી બાંધેલ.

પાશીની કઠી સ્ત્રી. ઠોકમાં ચઢેરવાનું એક જાતનું ચરેણું.

પાશુ પું. પરશુરામ.

પાશુક [સં.] વિ. પશુનું પશુ સંબંધી.

પાશુનંધ ન. એક જાતનું ઝાડ; વરણો.

પાશુપત ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન શૈવ સંપ્રદાય; મહેશ્વરના પાશુપત, કારણિક સિદ્ધાંત, કાપાલિક અને શૈવ એ ચાર ભેદોનો એક વર્ગ; દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એ નામનો એક મત. આગમિક શૈવપક્ષો મુખ્યત્વે કરીને હિંદુસ્તાનમાં છ હતા: ઉત્તરમાં કશ્મીર શૈવપંથ, નેપાલમા પાશુપતપંથ, ગુજરાતનો નકુલીશ અથવા નકુલીશપંથ અને દક્ષિણમાં વીરશૈવ, તામિલ સિદ્ધાંતપંથ અને પાશુપતપથ. પશુપતિ ઉપરથી આ શબ્દ નીકળ્યો છે. પશુ એટલે આણસ અને પતિ એટલે પ્રભુ. આણસને આ લોકના બંધનમાંથી સિવ મુક્ત કરનાર મનાય છે. આ પંથના લોકો શિવને સિવના સ્વરૂપમાં પૂજે છે. શૈવ સંપ્રદાયનું સામાન્ય નામ પાશુપત સંપ્રદાય હતું. પાછળથી તેમાં નકુલીશ સંપ્રદાય ભેળો થયો. તે વિષે કહેવાય છે કે, કારમાં વિષ્ણુએ ભૃગુ મુનિને શાપ દીધો અને ભૃગુએ શિવની આરાધના કરી તેમને પ્રસન્ન કર્યા. આથી તેમની સામે હાથમાં નકુલ એટલે દંડવાળા શિવનો કોપાવતાર થયો. હાથમાં નકુલ હોવાથી તે નકુલીશ, નકુલીસ અથવા નકુલીસ કહેવાયા. જે સ્થાનમાં તેમનો અવતાર થયો તે લાટમાં કારવણ ગામ હતું, તે નકુલીશોનું મુખ્ય સ્થાન બન્યું. નકુલીશની પથ્થરની મૂર્તિઓ રજપૂતાના, ગુજરાત, કાઠિયાવાડ, દક્ષિણ હિંદ, બંગાલ ને ઓરિસામાં મળી આવે છે. આથી આ સંપ્રદાય આખા ભારતવર્ષમાં ફેલાયો હતો એમ મનાય છે. હાલમાં નકુલીસ સંપ્રદાયને માનવાવાળા કોઈ નથી.

૨. પું. એક વૃક્ષ.

૩. પું. શૈવસંપ્રદાયનો અનુયાયી; શિવસંપ્રદાયી; પશુપતિ એટલે શિવનો ઉપાસક.

૪. સ્ત્રી. એક જાતની દીક્ષા.

૫. સ્ત્રી. મોટી નોબતરી.

૬. ન. અગસ્તનું ફૂલ; અગપુષ્પ.

૭. ન. (પુરાણ) અથર્વવેદોપનિષદ.

૮. ન. પશુપતિ એટલે મહાદેવે કહેલ એક તંત્રશાસ્ત્ર.

૯. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

૧૦. ન. શંકરના તેજનું દિવ્ય અસ્ત્ર

૧૧. વિ. પશુપતિ સંબંધી, પશુપતિનું; મહાદેવનું.

પાશુપતદર્શન [સં.] ન. એ નામનું એક દર્શન; નકુલીસ પાશુપતદર્શન આ દર્શનમાં જીવ માત્રની સંજ્ઞા પશુ છે. બધા જીવોના અધીશ્વર પશુપતિ શિવ છે. ભગવાન પશુપતિએ કોઈ કરણ, સાધન કે સહાયતા વગર આ જગત બનાવ્યું તેથી તે સ્વતંત્ર કર્તા છે. લોકોથી જે કાર્ય થાય છે તે બધાના મૂળકર્તા પરમેશ્વર છે, તેથી પશુપતિ બધા કાર્યોના કારણસ્વરૂપ છે. આ દર્શનમાં મુક્તિ બે પ્રકારની કહી છે: એક તો બધાં દુઃખોની અત્યંત નિવૃત્તિ અને બીજી પારમૈશ્વર્ય પ્રાપ્તિ. દાર્શનિકોએ દુઃખની અત્યંત

નિવૃત્તિને જ મોક્ષ કહેલ છે, જ્યારે પાશુપતદર્શન કહે છે કે, કેવળ દુઃખની નિવૃત્તિ જ મુક્તિ નથી, જ્યાંસુધી સાથે પારમૈશ્વર્ય પ્રાપ્તિ પણ ન હોય ત્યાંસુધી કેવળ દુઃખનિવૃત્તિથી શું? પારમૈશ્વર્ય મુક્તિ બે પ્રકારની શક્તિઓની પ્રાપ્તિ છે: ક્રિયાશક્તિ. ક્રિયાશક્તિ વડે બધી વસ્તુઓ અને વિષયોનું જ્ઞાન થાય છે. પછી ભલે તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, દૂરથી પણ દૂર, અવધિતથી પણ અવધિત હોય. આ પ્રમાણે સર્વજ્ઞતા પ્રાપ્ત થતાં ક્રિયાશક્તિ સિદ્ધ થાય છે. જે વડે જેની ઇચ્છા થાય તે તુરત થઈ આવે છે. આ દર્શનમાં પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણ માનેલ છે. ધર્માર્થસાધક વ્યાપારને વિધિ કહે છે. વિધિ બે પ્રકારની છે: વ્રત અને દ્વાર. ભસ્મસ્નાન, ભસ્મશયન, જપ, પ્રદક્ષિણા, ઉપહાર વગેરેને વ્રત કહે છે જેનું નામ લઈ હાહા કરીને હસવું, ગાલ વગાડવા, ગાવું, નાચવું, જપ કરવો વગેરેને ઉપહાર કહે છે. વ્રત બધાની સામે નહિ પણ ગુપ્તસ્થાનમાં કરવું જોઈએ. દ્વારમાં હ્રાયન, સ્પંદન, મંદન, કૃંગારત્વ, અવિતદ્વરત્વ અને અવિતદ્ભાવત્વ આવે છે. સ્તેય ન હોવા છતાં સ્તેયનાં લક્ષણ બતાવવાં તે હ્રાયન, ઝોકાં ખાવાં તે સ્પંદન, ઉન્મત્તની માફક ચાલતા પગ રાખવા તે મંદન, મુદ્રી કીને દેખાને ખરી રીતે કામાર્ત નહિ થઈને કામુકના જેવી ચેષ્ટા કરવી તે કૃંગારત્વ, અવિવેકીઓની માફક લોકનિંદિત કામોની ચેષ્ટાને અવિતદ્વરત્વ, અર્થહીન અને વ્યાહત શબ્દોનું ઉચ્ચારણ અવિતદ્ભાવત્વ કહે છે. ચિત્ત દ્વારા આત્મા અને ઈશ્વરના સંબંધનું યોગ નામ છે.

પાશુપતબ્રહ્મ [સં. પાશુપતબ્રહ્મન્] ન. એકસો આઠ શ્લોકનું એ નામનું એક ઉપનિષદ.

પાશુપતમત જુઓ પાશુપત ૧.

પાશુપતરસ [સં.] પું. (વૈદ્ય) અગ્નિમંદ, અપચો, હૃદયરોગ, અતિસાર, સંગ્રહણી વગેરે દરદ ઉપર અપાતું એ નામનું એક રસૌષધ. તે બનાવવાની રીતઃ એક ભાગ પારો, બે ભાગ ગંધક, ત્રણ ભાગ લોહભસ્મ અને એ બધાની બરાબર વિષ અર્થાત્ મિત્રાના ઉકાળાની ભાવના દેવી. પછી તેમાં કર ભાગ ધતૂરાનાં બીજની ભસ્મ મેળવવી. ઉપરાંત સૂંઠ, પીપર, મરી, ચવિંગ એ ત્રણ ત્રણ ભાગ, જાયત્રી અને જાયફળ અર્ધો અર્ધો ભાગ તથા ચિટ, સૈંધવ, સામુદ્ર, ઊભિદ, સંચળ, સાજી, એરંડ, આંબલીની છાલની ભસ્મ, ચિત્રકીક્ષાર, અપામાર્ગક્ષાર, હરડે, બચ્ચાર, ક્ષિર, છૂટ, સોડાવા એ દરેક અર્ધો ભાગ મેળવી સૌંથના રસની ભાવના આપી મગોઠી જેવી ગોળી કરવી. જુદાં જુદાં અનુપાન સાથે સેવવાથી અગ્નિમંદ, અપચો તથા હૃદયરોગ દૂર થતાં બનાવ છે. તાજભૂતીના રસમાં દેવાથી ઉદરામય, મોચરસ સાથે દેવાથી અતિસાર, મધ સાથે સિંધવ સાથે દેવાથી સંગ્રહણી વગેરે રોગ મટવાનું બનાવ છે.

પાશુપતવ્રત [સં.] ન. શંકરને ઉદ્દેશીને કરવાનું એક વ્રત: ભસ્મસ્નાન, ભસ્મશય્યા, ઉપહાર, જપ અને પ્રદક્ષિણા એ પાંચ અંગવાળું પાશુપતદર્શનમાં કહેલું વ્રત. આરંભાનુસાર મળી આવતા ભોગરૂપ ચારાને ચરતા જીવોને પશુ કહેલા છે. જ્યાંસુધી ભોગૈશ્વર્યનો અંકુર રહ્યો છે, ત્યાંસુધી તે ઇચ્છારૂપ પાશ વડે બાંધીને ભોગરૂપ ચારો નીરનાર તથા પૂર્ણ તૃપ્ત થતાં નિષ્કામ બનેલાને તે પાશ છોડવારૂપ મુક્તિને આપનાર તે જીવરૂપ પશુઓના પતિ એટલે તેમને નિયમનમાં રાખીને પાળનાર મહેશ્વરને પશુપતિ કહેલા છે. એમને ઉદ્દેશીને કરવાનું વ્રત પાશુપતવ્રત કહેવાય છે. આ વ્રતમાં ગુસ્સો અને લોભનો ત્યાગ કરવો જોઈએ, ક્ષમાનો ગુણ ટકાવવો જોઈએ અને દુનિયાની સ્પૃહિતા દર્શાવવા રાખનો છૂટથી ઉપયોગ કરાય છે. અગ્નિરિતિ ભસ્મ, એ મંત્ર વડે ભસ્મ લઈને બીની કરીને સર્વાંગે ચારી પોઠ પ્રેમપૂર્વક લગાડવામાં આવે છે. એ વ્રત કરવાથી સંચિતવાળો નિવૃત્ત થાય છે અને તે પાપોના પરિણામરૂપ દુઃખોનો પણ તેની સાથે જ નાશ થાય છે એમ મનાય છે.

પાશુપતસંપ્રદાય [સં.] પું. એ નામનો શંકરની ઉપાસનાનો પંથ. આ પંથના ઉપાસકો શિવને સૃષ્ટિના કર્તા, ધર્તા અને હર્તા માને છે. આ સંપ્રદાયના ગ્રંથ આગમ નામથી પ્રસિદ્ધ થયા છે. આ પંથના અનુયાયીઓ જુદા જુદા પ્રકારની શિવની મૂર્તિઓ બનાવી પૂજતા. તેઓ શિવની મૂર્તિસૂચક નાના સ્તંભની આકૃતિનું જોગ લિંગ બનાવવા ઉપરનો ભાગ ગોળ અને ચાર તરફ ચાર મુખ બનાવતા. ઉપરનો ભાગ વિશ્વ તથા ઝાડાંનો સૂચક અને ચાર તરફનાં મુખમાંથી પૂર્વનો સૂર્યને, ઉત્તરનો બ્રહ્માને, પશ્ચિમનો વિષ્ણુને અને દક્ષિણનો રુદ્રને સૂચવતો. કેટલીક એવી પણ મૂર્તિઓ મળે છે કે જેની ચારે બાજુએ મુખ નથી પણ ચારે બાજુ દેવતાઓની મૂર્તિઓ હોય છે. શિવની વિશ્વાત્મક ત્રિમૂર્તિ પણ કોઈ સ્થળે મળી આવે છે. તેમને છ હાથ હોય છે, જટાની સાથે ત્રણ માથા અને ત્રણ મુખ હોય છે. આમાંથી એક રહ્યું હોય છે, જે શિવના રુદ્ર નામનું સૂચક છે. તેમના મધ્યના બે હાથોમાંથી એકમાં ત્રિશૂલ તથા બીજામાં માલા અને જમણી તરફના બાકીના બે હાથમાંથી એકમાં સાપ અને બીજામાં અક્ષર અને ડાબી તરફના બે હાથમાંથી એકમાં ડમરું અને બીજામાં હાલ અથવા હાલની આકૃતિનો કોઈ નાનો ગોળ પદાર્થ હોય છે. ત્રિમૂર્તિ વેદી ઉપર દીવાલ સાથે રાખેલી હોય છે અને તેમાં જાતીથી નીચેનો ભાગ હોય છે. ત્રિમૂર્તિની સામે ભૂમિ ઉપર મોટે ભાગે શિવલિંગ હોય છે. શિવના તાંડવનૃત્યની પાષાણ અથવા ધાતુની મૂર્તિઓ પણ કેટલીક જગ્યાઓથી મળી આવે છે. શૈવ સંપ્રદાયનું સામાન્ય નામ પાશુપત સંપ્રદાય હતું. તાર્મિલ દેશમાં પણ શૈવ સંપ્રદાયનો સારો પ્રચાર થયો. આ શૈવ બૌદ્ધ અને જૈનના શત્રુ હતા. તિરુવિલ્લ સમયમાં લખાયેલા તેમના ધાર્મિક સાહિત્યમાં અતિશયોક્તિ સંભવે છે. ઈ.સ.ની સદીમાં શૈવ ધર્મનો પ્રચાર દક્ષિણમાં વધ્યો હોય. પલ્લવ રાજા રાજસિંહે રાજસિંહેશ્વરનું મંદિર બનાવ્યું. તે કદાચ ઈ. સ. ૫૫૦ની આસપાસ બન્યું હોય. એટલું નક્કી છે કે તેમના દાર્શનિક સિદ્ધાંત વિકસિત હતા, કારણ કે રાજસિંહના શૈવ સિદ્ધાંતોમાં નિપુણ થવાનો ઉલ્લેખ શિલાલેખમાં મળી આવે છે. આ સંપ્રદાયવાળા યોગાભ્યાસ અને ભસ્મસ્નાનને જરૂરી માને છે. તેઓ છ પ્રકારની ક્રિયા કરે છે: હાસ્ય, ગાન, નર્તન, હુહુકાર એટલે જળદની માફક અવાજ કરવો, આષ્ટાંગ પ્રણિપાત અને જપક્રિયા. આ ઉપરાંત બીજા અનેક ક્રિયાઓ આ લોકો કરે છે. શૈવ સંપ્રદાયવાળાને વિશ્વાસ હોય છે કે જીવોનાં કર્માનુસારે શિવ ફલ આપે છે. પશુ અથવા જેવાત્મા જીવ નિત્ય અને અણુમાત્ર છે. જ્યારે તે પાશમાંથી એટલે માયાના જોડ રજૂપમાંથી છૂટી જાય છે ત્યારે તે પણ શિવ થઈ જાય છે, પણ પરમશિવની માફક સ્વતંત્ર નથી થતો. કર્મ અને પાશ માયા છે. જપ અને યોગસાધનને તેઓ માને છે.

પાશુપતાસ્ત્ર [સં] ન. એક પ્રકારનું અસ્ત્ર. તે અસ્ત્ર મહાદેવ પાસેથી અર્જુને મેળવ્યું હતું.

પાશુપતાચાર્ય [સં.] પું. પાશુપતનો આચાર્ય; એ નામના શૈવ સંપ્રદાયનો આચાર્ય.

પાશુપતાસ્ત્ર [સં.] ન. પશુપતિ એટલે મહાદેવ જેના દેવ છે એવું અસ્ત્ર: શિવનું શસ્ત્રાસ્ત્ર. અર્જુને ભારે તપ કરી શિવને પ્રસન્ન કરી તે પ્રાપ્ત કર્યું હતું.

પાશુપતી [સં.] સ્ત્રિ. પશુપતિનું; પશુપતિ સંબંધી.

> પુત્રની ઇચ્છાથી ઉપમન્યુને ગુરુ કરીને તેમની પાસેથી પાશુપતી દીક્ષા લઈ પોતે મુક્ત અને દેવી થયા હતા. ભાગવતી ભાગવત

પાશુપાલ્ય [સં.] ન. પશુપાલનવૃત્તિ; વૈશ્યવૃત્તિ; વૈશ્યધર્મ.
પાણીની તંગી મટાડી ખારપટ કૃષિ અને પાશુપાલ્ય ઉદ્યમની અભિવૃદ્ધિ કરી.
કેશવ હર્ષદ

પાશુબંધિક ૧. [સં.] પું. બલિદાનનું પશુ બાંધવાનું સ્થાન.
૨. પું. પશુ.
૩. વિ. યજ્ઞમાં યજ્ઞ કરવાના પશુને બાંધવાનું.

પાશુબંધિકા [સં.] સ્ત્રી. વેદી.

પાશેર ૧. વિ. શેરનો ચોથો ભાગ.
૨. વિ. શેરના ચોથા ભાગ જેટલું; શેરના ચોથા ભાગનું.

પાશેરિયું ૧. ન. જેમાં પાશેર માતું હોય તેવું માપ કે વાસણ.
૨. ન. પાશેરનું વજન.

પાશેરિયો પું. પાશેરનું વજન.

પાશેરી જુઓ પાશેરો.

પાશેરો ૧. પું. જેમાં પાશેર માતું હોય એવું વાસણ.
૨. પું. પાશેરનું માપિયું.
૩. પું. પાશેરનું વજન; શેરના ચોથા ભાગ જેટલા વજનનું કાટલું; દસ રૂપિયાભારનું તોલું.
પાશેરામાં પહેલી પૂણી = (૧) તદ્દન શરૂઆત. (૨) સહેજસાજ; જૂજ.

પાશો ૧. પું. પાસો.
૨. પું. રૂપાનો ઢાળો.

પાશોયા [દ્વા.] પું. તાવની ગરમી ઓછી કરવા ઢવાવાળા પાણીથી પગ ધોવા તે.

પાશ્ચાત જુઓ પાશ્ચાત્ય.

પાશ્ચાત્યાન્ય [સં.] ન. પાછલું પાક; ચિયાળુ પાક.

પાશ્ચાત્ય ૧. [સં.] ન. પાછળનો ભાગ.
૨. વિ પશ્ચિમને લગતું; પશ્ચિમ દેશમાં હોનાર કે થનાર; પશ્ચિમનું; પશ્ચિમમાં આવેલું; પશ્ચિમ તરફનું
પાશ્ચિમાત્ય એ અશુદ્ધ અને પાશ્ચાત્ય એ શુદ્ધ છે. દાક્ષિણાત્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, ઉદીચ્ય અને પ્રાગ્ય શબ્દોમાં ય પ્રત્યય છે. બૃહદ્ વ્યાકરણ
૩. વિ. પશ્ચિમમાં રહેનાર
૪. વિ. પાછળનું; પછીનું.

પાશ્ચાત્ય દેશ [સં.] પું. પૃથ્વીનો પશ્ચિમનો દેશ; વરપ ખંડ

પાશ્ચાત્ય ન્યાય [સં.] પું. પશ્ચિમની પદ્ધતિએ રચાયેલું તર્કશાસ્ત્ર; અંગ્રેજી ન્યાય.
[ઉલ્લેખ (પાશ્ચાત્ય ન્યાય)ના વિષયમાં અને એમના એમ્બિક વિષય પોલ્ડ હિલોસોફી (કર્તવ્ય મીમાંસા)માં તે પહેલે નંબરે આવ્યા.
આનંદશંકર ધ્રુવ

પાશ્ચાત્ય ભૂમિ જુઓ પાશ્ચાત્ય દેશ.

પાશ્ચાત્ય ભૂમિવર્તી [સં. પાશ્ચાત્ય ભૂમિવર્તિન્] વિ. પશ્ચિમના દેશની અંદર રહેનાર.

પાશ્ચાત્ય રીતિ [સં.] સ્ત્રી. પશ્ચિમનો રિવાજ.

પાશ્ચાત્યવાસી [સં. પાશ્ચાત્યવાસિન્] વિ. પશ્ચિમના દેશમાં રહેનાર.

પાશ્ચાત્યાહરસંભવ [સં.] ન. એક જાતનું મીઠું.

પાશ્ચાદનુભવજ્ઞાનવાદ [સં.] પું. પ્રત્યનુભવજ્ઞાન; એક જાતની તર્કરીતી. તેનાથી નિરીક્ષણ અથવા અનુમાન દ્વારા સિદ્ધાંત સાબિત થાય છે.

પાશ્ચાદવલોકન [સં.] ન. પાછળ જોવું તે.
આટલું પાશ્ચાદવલોકન બસ છે. નરસિંહરાવ

પાશ્ચિમાત્ય વિ. પાશ્ચાત્ય. આ રૂપ અશુદ્ધ છે.
પાશ્ચિમાત્ય શબ્દ દાક્ષિણાત્યની પેઠે બનાવ્યો છે, પણ તે અશુદ્ધ છે. પાશ્ચાત્ય શુદ્ધ શબ્દ વાપરવો જોઈએ. કાન્તસહિતસપ્તશતી

પાશ્ચિમાસ્ત્રિય [સં.] ન. માથાની ખોપરીનું નીચે પશ્ચાસ્થિના પાછળના ભાગમાં જોડાયેલું હાડકું.

પાસના [સં.] પું. જોડી.

પાસલ ૧. [સં.] સ્ત્રી. જાળ.
૨. સ્ત્રી. પાસોનો સમૂહ; દોરડાંનો જથ્થો.

પાસવો પું. એક નામનો એક જાતનો જોડ. તેમાં રાતાં ફૂલ આવે છે.

પાસક [સં.] ન. પગમાં પહેરવાનો એક જાતનો દાગીનો.

પાસલિ સ્ત્રી. (જૂ. ગુ.) પાંખડી; તંતુ
બહી કમલિ શ્રી સમણ કરી,
કમલ અઠોત્તર પાસલિ ભરી. સમયસુંદર

પાસલી સ્ત્રી. આજુબાજુ; ચારે તરફ.
તેહનિ કરતુ પ્રણામ,
પાસલી મહલણા કરી. જીવ

પાસંડ ૧. [સં.] પું. એ નામનો એક સંઘ. આવા સંઘોનાં નામ સ્મૃતિમાં પણ આવેલાં છે. નારદસ્મૃતિમાં પણ પાસંડ, નૈગમ, શ્રેણી, પૂગ, વ્રાત અને ગણોનાં નામ છે.
૨. પું. ખોટો આડંબર રાખનાર માણસ; ઢોંગી માણસ.
૩. પું. ઠગ; લુચ્ચો પુરુષ.
૪. પું. ધર્મને નામે ચાલતો ઢોંગ; મિથ્યાદર્શન.
૫. પું. નાસ્તિક પુરુષ.
પાસંડો સર્વે અમુક શાસ્ત્રનું પ્રામાણ્ય ન માને પણ તેટલા ઉપરથી તેઓ ધર્મબાહ્ય કે ધર્મદ્વેષ્ટા નથી બનતા. કાલેલકર
૬. પું. પાખંડ; કપટ.
આવી જ રીતે દિવિર, દીવાર, પાષંડ વગેરે શબ્દો ફારસીમાંથી લેવામાં છે. કૌમુદી
૭. પું. ઢોસેન્ગ.
૮. પું. વેદમાર્ગ છોડી બીજે મત ગ્રહણ કરનાર વ્યક્તિ; વેદ વિરુદ્ધ આચરણ કરનાર માણસ; જૂઠો મત માનનાર; મિથ્યાધર્મી.
૯. પું સંપ્રદાય; મત; પંથ. અશોકના શિલાલેખોમાં આ શબ્દ આ અર્થમાં વપરાયેલ છે. આ અર્થ પ્રાચીન જણાય છે. પછી આ શબ્દનો બરાબર અર્થ થવા લાગ્યો.
૧૦. ન. વ્રત.
૧૧. વિ. પાખંડી; ઢોંગી; નાસ્તિક.

પાસંડક જુઓ પાસંડ.

પાસંડધર્મ [સં.] પું. શાસ્ત્રપ્રામાણ્ય ન સ્વીકારનાર એવા નાસ્તિકોનો ધર્મ.
વર્ણાશ્રમધર્મ સાથે પાસંડધર્મ અને અસુરધર્મ હોવા જ જોઈએ. કાલેલકર

પાસંડવાદ [સં.] પું. ઢોંગ; ધતિંગ.
આજકાલ સુધારાને નામે પાસંડવાદ ચાલે છે. રમણભાઈ

પાસંડી ૧. [સં. પાષણ્ડિન્] પું. આડંબરી કે ઢોંગી પુરુષ.
૨. પું. નાસ્તિક માણસ.
૩. વિ. ખોટો મત ચલાવનાર.
૪. વિ. ઠેતરે એવું; ઢોંગી; ધૂર્ત.
૫. વિ. વેદ વિરુદ્ધ આચરણ કરનાર; વેદોક્ત આચારનો ત્યાગ કરનાર. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, નિષિદ્ધકર્મથી નિર્વાહ કરનાર, હેતુવાદ વડે વેદાદિનું ખંડન કરનાર, વેદ વિરુદ્ધ ધાર્મિક ચિહ્નો ધારણ કરનાર વગેરેને પાસંડી કહેવામાં સ્મૃતિ, પુરાણ વગેરે એકમત છે, પણ પદ્મપુરાણ વગેરેમાં ક્યાંક શૈવને અને ક્યાંક વૈષ્ણવને પણ પાસંડી કહેલ છે. જેમકે, પદ્મપુરાણમાં લખ્યું છે કે, જે કપાલ, ભસ્મ અને અસ્થિ ધારણ કરે, જે શંખ, ચક્ર, ઊર્ધ્વ પુંડ્રાદિ ધારણ ન કરે, જે નારાયણને શિવ અને શંકાની બરાબર સમજે તે બધા પાસંડી છે.

પાસંડોચ્છેદનપટુ [સં.] વિ. પાસંડનો નાશ કરવામાં ચતુર; વેદ વિરુદ્ધ ચાર્વાકાદિ પાખંડી મતવાદીઓનું સમૂળ ખંડન કરવામાં બહુ હોશિયાર.

પાષાણ ૧. પું. પથ્થર.
૨. [સં.] પું. પત્થર; પહાણ; પાણો.
હવમ તો સહ આજરે, ભમે કર્મ પ્રમાણ;
કર્મનિ હીસે જરે, અકર્મનિ પાષાણ.
હોથીસિંહ

૩. પું. રત્નપરીક્ષામાં પદ્મ અને નીલમનો એક જાતનો દોષ.

પાષાણકર્મ [સં. પાષાણ (પત્થર) + કર્મન્ (કામ)] ન. પત્થરકામ; ગોતેર માંહેની એ નામની એક કળા.

પાષાણખનિ [સં. પાષાણ (પત્થર) + ખનિ (ખાણ)] જી. પત્થરની ખાણ.

પાષાણગર્દભ [સં] પું. (વૈદક) એક ક્ષુદ્ર રોગ: દાદ સુજી આવવાનો રોગ

પાષાણભેદ ૧. [સં.] ન. એક જાતની વનસ્પતિ.
૨. ન. પત્થરનું ઘર.

પાષાણગેરુ પું. એક જાતનો ગેરુ. ગેરુ જાતનો બાર છે: સોનાગેરુ, પાષાણગેરુ ને મૃદુગેરુ.

પાષાણગૈરિક [સં.] પું. ગેરુ.

પાષાણઘ્ન [સં.] પું. અકાકનો એક પ્રકાર.

પાષાણચતુર્દશી [સં.] જી. જ્યેષ્ઠ વૃષિક રાશિમાં હોય તે મહિનાની સુદિ ચૌદશ: માગશર સુદિ ચૌદશ. આ તિથિએ ઓગ્યો ગૌરીપૂજન કરીને રાત્રે પાષાણના આકારવાળા ચોમલા લાડુ વગેરેનું ભોજન કરે છે.

પાષાણતેલ ન. અકાકતેલ; શિલાતેલ: 'રૉક ઑઇલ.'

પાષાણદારક [સં. પાષાણ (પત્થર) + દારક (ચીરનાર)] પું. ટાંકણું; પત્થર કોતરવાનું ઓજાર.

પાષાણદારણ [સં.] પું. ટાંકણું.

પાષાણપલ્લું ન. પત્થરનો ટુકડો; જડતા.

પાષાણપાત્ર [સં.] ન. પત્થરનું બરેલ વાસણ

પાષાણપાત્રયુગ [સં. પાષાણ (પત્થર) + પાત્ર (વાસણ) + યુગ (જમાનો)] પું. પૂર્વપાષાણયુગનો એ નામનો ત્રીજો ચેટા વિભાગ. ભારીકીથી બસી મકેલાં પત્થરનાં ઓજારો, હાકકાંની અને શિંગડાંની બનાવટો આ યુગનાં લાકણિક ચિહ્ન છે.

પાષાણભેદ ૧. [સં.] પું. એક જાતની મૂલ ઔષધિ; અશ્મભિદ; ગિરિકર્ણિત; અશ્મભેદ; શિલાજતુ. આ વનસ્પતિ રીંગણી પ્રમાણે જમીન ઉપર પ્રસરે છે, તેને ખોરડી જેવા કાંટા હોય છે. તે ખડક ઉપર ઊગે છે અને તેનાં મૂળ ખડક ફોડી અંદર ઊંડાં જાય છે. તેને ચતાં સફેદ ફૂલમાં લાલ કેસર આવે છે, જે દવામાં વપરાય છે. તેને રીંગણીનાં ફળ જેવા ફળ આવે છે. તેનાં ફુળમાં પાંદડાંનું શાક થાય છે. તેનાં મૂળને કાકરીપાષાણભેદ કહે છે. એ મૂળ કડવું હોય છે. મૂળને પત્થરફોડીજડી પણ કહે છે. તેની બીજી જાતને પદ્મની કહે છે. શિલાવલ્ક નામની તેની ત્રીજી પણ જાત છે. શતપાષાણભેદી નામની તેની ચોથી જાત પણ છે. પાષાણભેદ શીત અને અસ્તિસોધક હોઈ પથરી તથા મૂત્રરોગમાં વપરાય છે. વાત અને અતિસાર મટાડવામાં પણ તે ગુણકારક મનાય છે.

પાષાણભેદ વણી મંજરી,
ગામિ ગામિ અણી મેતરિ. લાવણ

૨. પું. પત્થર ઉપર ભંગાઈ ગયેલો આર.

પાષાણભેદક ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; પાષાણભેદ.
૨. વિ. પત્થર તોડી નાખે એવું.

પાષાણભેદક દમણા (પાષાણભેદ દમણા) જી. પાષાણભેદની બે માંહેની એક જાત; એક જાતનો ખનિજ પદાર્થ; 'કાર્બોનેટ ઑવ આયર્ન ઍન્ડ લાઇમ.' તે મૂત્રલ તરીકે ૧૦થી ૩૦ ગ્રેનની માત્રામાં પ્રમેહ, ઊલટી, મૂત્રરોગ અને પથરી ઉપર અપાય છે.

પાષાણભેદન જુઓ પાષાણભેદક.

પાષાણભેદ લાકડી (પાષાણભેદ લાકડી) જી. પાષાણભેદની બે માંહેની એક જાત; એક પ્રકારની વનસ્પતિનાં મૂળિયાં. તે મૂત્રલ તરીકે ૧૦થી ૩૦ ગ્રેનની માત્રામાં પ્રમેહ, ઊલટી, મૂત્રરોગ અને પથરી ઉપર અપાય છે.

પાષાણભેદાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદક) પાષાણભેદ અને બીજી ઔષધિઓનું બનાવેલું ચૂર્ણ.

પાષાણભેદી ૧. [સં.] જી. અજમાનાં પાન.
૨. જી. એક પ્રકારની વનસ્પતિ; પાષાણભેદ. તેના રસમાં પત્થરને ગાળી નાખવાનો ગુણ હોવાનું કહેવાય છે.
૩. [સં. પાષાણભેદિન્] વિ. પત્થર તોડી નાખે એવું.

પાષાણયુગ [સં.] પું. પત્થરનાં હથિયાર તથા વાસણની વપરાશ જ્યારે શરૂ થઈ તે વખત. પ્રાચીન શોધખોળો ઉપરથી વિદ્વાનોએ મનુષ્યની દશાની સમજાતિ કે બદલા પ્રમાણે પ્રતિહાસને કેટલાક વર્ષના યુગમાં વહેંચી નાખ્યો છે. સૌથી પ્રથમ માણસે પૃથ્વીના વનચર વર્ગમાંથી વસાહત કરી, સમાજ જેવી રચના કરી તે નૂતન પાષાણયુગ આજથી ૨૦ હજાર વર્ષ પહેલાં શરૂ થયો માનવામાં આવે છે. એનું નામ પાષાણયુગ એટલા માટે પડ્યું કે, તોડવા ઘડવા તથા ઘારવા કુટવામાં એ વખતે મનુષ્યને પત્થર સિવાય બીજું સાધન હાથ લાગ્યું ન હતું. ચકમક જેવા કઠણ પત્થરમાંથી ભાલાં, બરછી, કરી વગેરે બનાવી લેતા અને પોતાને હેરાન કરનારાં કે ભયકારક પ્રાણીઓનો નાશ કરવામાં તેનો ઉપયોગ કરતા. એવામાં માણસને તાંબું હાથ લાગ્યું. પછી એ પત્થરની જગાએ વપરાયું અને એટલે પાષાણયુગ પછી આવ્યો તે તામ્રયુગ.

પાષાણરોમ [સં.] પું. (વૈદક) પથરીનો રોગ; અશ્મરી.

પાષાણવિદ્યા [સં.] જી. શિલાવિદ્યા.

પાષાણશિલ્પ [સં.] ન. પત્થરમાં કોતરકામ કરવું તે.

પાષાણસંધિ [સં] પું. પત્થરમાં કોતરેલી કુડા.

પાષાણસિદ્ધિ [સં.] જી. પત્થર બનાવવાની ક્રિયા; ચીજ પદાર્થોની મેળવણી કરી બનાવટી પત્થર કરવો તે.

પાષાણસ્તૈભ ૧. [સં.] પું. પત્થરનો થાંભલો.
૨. પું. પાળિયો.

પાષાણહૃદય ૧. [સં.] ન. પત્થર જેવું કઠણ હૃદય.
૨. વિ. નિષ્ઠુર; કઠોર; નિષ્કરુ; નિર્દય.

પાષાણહૃદયી [સં. પાષાણહૃદયિન્] વિ. પત્થર જેવી જાતીનું; નિષ્ઠુર; નિર્દય; કઠણ હૈયાનું.

પાષાણાંતક [સં.] પું. અશ્મંતક નામનું ઝાડ.

પાષાણાંતરયુગ [સં.] પું. એ નામનો એક યુગ. તે પચીસ હજાર વર્ષનો મનાય છે.

પાષાણી ૧. [સં.] જી. ઘડો કરવાનો નાનો પત્થર.
૨. જી. ભાલું.
૩. જુઓ પાષાણભેદ.

પાષાણીભૂત ૧. [સં.] વિ. નિષ્ઠુર; લાગણીહીન.
૨. વિ. પત્થરની જેમ જડ બની ગયેલું; પત્થરમાં રૂપાંતર થયેલું.

પાષાણીભૂતદ્રવ્ય [સં.] ન. જીવાવશેષ; પહાડના ખડકમાંથી મળેલાં પ્રાણી અગર છોડવાના અવશેષ: 'ફૉસિલ.'

પાષી ૧. [સં.] જી. શક્તિ; સામર્થ્ય.
૨. જી. શિલા; પત્થર.

પાષો પું. ઊભણવાની ક્રિયા.
૫.ષો કરવો = સંકરી નીચે અને પાળા રહે એવી રીતે બનાવ સોંતું.

પાસ ૧. [હિં.] પું. અધિકાર; કબજો.
૨. પું. બાજુનું રહેવું તે.

૭. [સં. પાર્શ્વ; પ્રા. પાસ] પું. કરગો; મોહ; ભાવના.
પાસ રેવો = કોઈ પણ સ્થાના બૂકને બીજા સ્થાના ખોટા પાણીમાં ખોળવી.
૪. [અ.] પું. ગમનાધિકારપત્ર; અમુક સ્થળે જવાનું રજાપત્ર; હિકિત.
૫. પું. ઝાપ વગેરેનો આંકણ.
ઘોસે પાસ ચોરવો–ન મૂકવો = ઘોસે દૂધનો પારખો ન મૂકવો.
૬. પું. પ્રભુ; અસર; પ્રભાવ.
૭. પું. માર્ગ; માર્ગ.
૮. [જ્ઞા.] પું. ચોકી; સંભાળ.
૯. પું. બહુ ઝાઝા જોટલો વખત; પ્રહર.
૧૦. પું. (જૈન) ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું ટૂંકું નામ.
પાસ, પાર્શ્વ એ પણ ત્રેવીસમા જૈન તીર્થંકર પાર્શ્વનાથનું ટૂંકું નામ છે. પુરાતત્ત્વ
૧૧. પું. આનપૂર્વકનો વિચાર.
૧૨. પું. પક્ષપાત.
૧૩. પું. પખું; પાસું.
૧૪. પું. પ્રસાર થવું તે; ભાર નીકળી જવું તે.
પાસ કરવું = (૧) કોઈ અવસ્થા, શ્રેણી, કક્ષા વગેરેની આગળ નીકળી જવું. (૨) પક્ષપાત કરવો. (૩) પરીક્ષામાં સારા નીકળવું. (૪) પાર કરવું; ચઢાવવું.
૧૫. પું. પાસલો; બંધન.
૧૬. પું. હસ્તેકમંદ નીવડવું તે; ઊતરી જવું તે; કળીભૂત થવું તે; સાધ્યતા.
૧૭. [અં.] પું. મંજૂરીની ચિઠ્ઠી; રજાચિઠ્ઠી; પરવાનો.
પાસ કાઢવો = પાસ લખી આપવો.
૧૮. પું. રંગ; સંગ; સોબતની અસર.
પાસ બેસવો–લાગવો = (૧) સંગતની અસર થવી; સોબતની અસર થવી. (૨) રખડેથી રંગ લાગવો.
૧૯. [સં. સ્પર્શ–પરસ્પ–પાસ] પું. સ્પર્શ; અડવું તે.
૨૦. પું. સ્પર્શથી રંગ બેસવો તે.
૨૧. સ્ત્રી. આશ્વાસ; અઢા.
૨૨. સ્ત્રી. અંત; કળજી.
૨૩. [સં. પાર્શ્વ] સ્ત્રી. (પ્રાકૃત) બાજુ.
એક પાસથી અનેક રીતે લોકનું ઔક્ષ્ય થવું અશક્ય છે. સાહિત્યતત્ત્વ
૨૪. ન. નજીકપણું; સામીપ્ય; નિકટતા; સમીપતા.
૨૫. ન. પક્ષ; પ્રાન્ત.
કાનમાંથી પાસ જવું હોય. શિક્ષણપત્રિકા
૨૬. વિ. ઊતરી; સફળ; પસાર; હસ્તેકમંદ કોઈ અવસ્થા, શ્રેણી, કક્ષા વગેરેમાં આગળ આવેલ.
૨૭. વિ. સ્વીકૃત; મંજૂર; પસંદ.
પાસ પડવું = ગમવું; પસંદ આવવું.
૨૮. [સં. પર્યંક (પલ્લંગ)] અ. નજીક; પાસે; સમીપ; નિકટ; આજુબાજુ સોડ.
અતિ પાર્શ્વે અવિદૂર થઈ. વળી સભીપ અવસ્થાસૂચક અવ્યય છે, એ રહે નિરંતર પાસ. પિંગળપ્રકાશ
પાસકેવલી પું. પાસાથી ભવિષ્ય જોવા સંબંધી એ નામનો એક ગ્રંથ.
પાસકેવલી અથવા રમલ બે નામ મળે છે. પુરાતત્ત્વ
પાસખમણ ન. (જૈન) પંદર દિવસના ઉપવાસ કરવાનું વ્રત.
માસે માસે પાસખમણનો લાભ જેણીવિધ લીધ રે. વસતા
પાસગ ૧. [પ્રા.] પું. (જૂ. ગુ.) સર્વજ્ઞ; તીર્થંકર.
૨. [સં. પ્રાપ્ય; પ્રા. પજ્જ] જી. જેનું નિયમ સમયે સેવન કર્યા વિના ન જ ચાલે એવી ટેવ; આદત; હેવા; બંધાણ.

૩. જી. તાણાવાણાને બરીના ગોટની લાકી કે ખેળ પાર્ડ ભરવામાં આવતો આર; સૂતરને પાવાની કાંઠ.

૪. જી સૂતરને ખેળ પાવાનો સંચો.

૫. જી. સૂતરનો તાણો

પાંજરા ૧. જી. કણબીની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પાંજરી ૧. જી. આર દીધેલો તાણો.

૨. જી. કાંઠ પાયેલા સૂતરને વીંટાળી કરેલો વીંટો.

૩. જી ગાડામાં ભરવા માટેનું પૈડા વાસેનું સાધન; પીંજણી.

૪. જી. તાણાવાણાને બરીના ગોટની લાકી ભરી તે.

૫. જી. મરજાદને બેસવા તથા આર કાઢ બનાવેલું રેંટિયાનું બંડલ.

૬. જુઓ પાંજરુ.

પાંજરીગર જુ. પાંજરી બનાવનાર માણસ; રેંટિયા વગેરેને બેસવા આર દેવાનો ધંધો કરનાર જાતિ.

પાંજર ૧. [સં. પંજર] ન. કચેરીમાં સાક્ષીઓને જુબા રહેવાનો કઠેરાવાળો ભાંતરો.

૨. ન. કેદખાનું.

૩ ન. જાતી ભાગળનો પાકાંનો ભાગ.

૪. ન. જંગલી જંગી જનાવરોને રાખવાનું બનાવેલું ઘર.

૫. ન દેહરૂપી પિંજર; બોળિયું; શરીર.

૬. ન. પખીઓને રાખવાનું બનાવેલું ઘર; પિંજર.

૭. [સં. પ્ર + અજિર (આંગણું)] ન. બાહર; બારદર.

૮. ન. પાર્શ્વ; પાસ; સામીપ્ય.

૯. ન. પાંસળી; પાંસળીઓનું પાંજરું.

૧૦. ન. ખાનું; દિશા.

પાંજરાપોળ ૧. જી. બનાવાગમ; બનાવ બાળકો અને અપંગ માણસોને પાળવાનું સ્થાન.

૨. જી. બસકતા અને ઘરડાં ઢોર તથા અપંગ પ્રાણીઓને જ્યાં પાળવા ને સાચવવામાં આવતાં હોય એવું ધર્માદા સ્થાનક બસકતા કે અપંગ પ્રાણીઓને રાખી તેમનું પાલનપોષણ અને દવાદારૂ કરવાનું સ્થાન; બસકતા કે ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદા સ્થાન. પાંજરાપોળના સંબંધમાં ગાંધીજી જણાવે છે કે: પાંજરાપોળ કંઈ રઝળિયાળ ઢોરોને રાખવાનું અને તેમને સુખે મરવા દેવાનું સ્થાન ન હોવું જોઈએ. પાંજરાપોળમાં હું આદર્શ ગાય જગતને જોવાની આશા રાખું. પાંજરાપોળ સવેરોની સખ્યામાં ન હોય, પણ મોટાં ખેતરોમાં હોવી જોઈએ અને તેમાં બળદ પૈસા ખરચવાને બદલે તેમાંથી બળદ પૈસો પેદા કરવો જોઈએ.
પાંજરાપોળમાં મોકલવું = ઘરબદલામાં પીડારૂપ લાગવાથી દૂર કરવું; બીજાની દયા ઉપર છોડવું.

પાંજરાં ન. બ. ઇ. કાંધાપાંજરાં; કરેલાં કાંધા ખૂટે ન થાય તો બાજર સાથે તેનાં ફરી કાંધા કરવાં તે.

પાંજરિયાં ૧. ન. બ. ઇ. પાંજરાં.

૨. ન. બ. વ. બાળબચ્ચાં; છોકાંછોકરાં.

પાંજરિયું ૧. ન. પંજરું; બંદીખાનું.

૨. વિ. અરિયપિંજર સંબંધી; કાચપિંજરને લગતું.

૩. વિ. કામકાની ઊભી દટીવાળું; પાંજરીવાળું.

પાંજરી ૧. જુ. કાચની રસી બાંધવા કૂવાની ઉપરાણે ચાકનાર માણસ.

૨. [પ્રા.] જી. બંગડી.

૩. જી. ગાડાનું વાસનું પાંજરું; કરાંડી ચૂંથીને કરેલી ગાડાની બાડ; ગાડામાં ભરેલી વસ્તુ વેરાઈ જાય નહિ તે માટે તેના બંગડાની બારે તરફ રાખવામાં આવતી પાટિયાની અથવા કામકાની ઊભી દટી. આની દટી ઘણીખરી તુવેરની સાંઠીની કે કપાસની સોટીઓની બનાવાય છે.

૪. જી. પાંજરિયું; ગાડાની નીચે બાનગી સામાન મૂકવાનું બાનું; વસ્તુઓ માટે ઢોરથી ઊંચે દીવાલેલ લાકડાનું પાટિયું.

૫. [સં. પંજર] જી. શરીર; પિંજર.

૬. જી. ગાળામાં વપરાતો લાકડાનો ચૂંથીને બનાવેલો તરાપો.

પાંજરું ૧. ન. કચેરીમાં ગુનેગાર અને સાક્ષીને જુબા રહેવાને કઠેરાવાળો ભાંતરો; કઠેરો; અદાલતમાં ન્યાયાધીશ સામે બચાવ આપવા જુબા રહેવાની પાંજરા જેવી જગ્યા.

૧. પાંજરામાં ઊભું રહેવું = ગુનેગાર કે સાક્ષી તરીકે ન્યાયની અદાલતમાં તપાસમાં ઊભું રહેવું.

૨. પાંજરામાં બોલાવવું = ન્યાયની કચેરીમાં મજકૂરસર તપાસ માટે બોલાવવું.

૨. ન. લી, બાંધ વગેરેને ઢબા મજબૂત એવું ઝીણી જળીવાળું કપાટ કે ઓસલો.

૩. ન. જંગલી જનાવરને રોકી રાખવાનું મોટું જળીદાર ઘર; મોટા સળિયા જડેલો વાડો અથવા ઝાલી; મસ્તાની પશુને રોકી રાખવા બનાવેલું સળિયાનું ઘર; હેડ; કબ્જો.

૪. ન. ટેકાટેકીવાળો ઊભો રહે એવો માળો; ઓખું; કબેલર.

૫. ન. પશુને પૂરી રાખવા બનાવેલા સળિયાના ઘરના જેવો કોઈ પણ બાદ.

૬. [સં. પંજર] ન. પંખીઓ રાખવાનું જળીદાર સળિયાનું ઘર; પંજર; પિંજર.
પાંજરાનો પોપટ = જેમ બોલાવે ને જેમ કરાવે તેમ કરે એવો અધીન જન; પરાધીન માણસ.

૭. ન. પાંજરી.

૮. ન. ગાંસ, લોઢી, લામડા વગેરેનું લાકડાનું ઓખું; લાકપિંજર.

પાંજવું સ. ક્રિ. રેણ કરવું; કલાઈ, પિત્તળ આદિ ધાતુના કુડકાને જોડવા.

પાંજહ જુ. જાહેજા; જહેનનો ઢોરો.

પાંજ ૧. જી. ટેવ; આદત; હેવા; લત; પાંજણી.
પાંજ પાડવી = ટેવ પાડવી; આદત પાડવી; લત પાડવી.

૨. જી. ચેલે પાર કાઈ સાધન તેટલું નહીનું સુધાર્યું હતું તે. નદીના પાણીનું ઘૂંટણ સુધી કે તેનાથી વિશેષ ઓછું થતું તે.

પાંઝે જ. (કચ્છી) આપણો.

પાંઝડહ [સ.] વિ. પદર.

પાંઢ જી. (કચ્છી) ગામડાના પાટિયાના કામગીરી.

પાંઢરીઆર જુ. એક જાતનો પત્થર.

પાંઢિયો જુ. (કચ્છી) કોટવાળ; ગામડામાં રાત્રિ અને પ્રજાનો ચાન્ય કરેલો માણસ. તે બદલ વગેરેનું કામ કરે છે.

પાંટી જી. કાલિયામાં પોલાં કર વગેરે પૂરવાની ક્રિયા.

પાંડું ૧. ન. કૂવામાંથી પાણી કાઢવા માટે બે બાજુ દોરડાનાં કાંઠાં જોડી બનાવેલી ડોયલી.

૨. ન. મરચી તથા રીંગણીના બે બાજની વચ્ચેની માટી લાઈ તે ઝોડની ડાળને કસતી પાળા.

પાંડુ વ. ઘોડાના માથાનું બાજુનું વાળેલું.

પાંડ (પાંડ) ૧. [સં.] પું.;ન. નપુંસક; નામર્દ.
૨. સ્ત્રી. ખેડ્યા પછી જોને પાણી આપવામાં આવ્યું હોય તેવી જમીન.
૩. વિ. નિષ્ફળ.
૪. વિ. સ્ત્રી. જેની યોનિ નાની હોય અથવા સંભોગને યોગ્ય ન હોય તેવી.
૫ [હિં.] વિ. સ્ત્રી. સ્તન બિલકુલ ન હોય અગર તો નાનાં હોય તેવી.

પાંડર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક નાગ.
૨. પું. એક જાતનું પક્ષી.
૩. પું. ઐરાવતના કુળમાં થયેલ એ નામનો એક હાથી.
૪. પું. ધોળો રંગ.
૫. પું. પાનદી
૬. પું. મરવાનો ભોડ.
૭. પું (પુરાણ) મેરુ પર્વતની પશ્ચિમે આવેલ એ નામનો એક પર્વત.
૮. પું. મોગરાનો છોડ.
૯. પું. સફેદ રંગનો કોઈ પદાર્થ.
૧૦. ન. ચેરુ.
૧૧. ન. મોગરાનું ફૂલ.
૧૨. વિ. ધોળું; ધોળા રંગનું.

પાંડરપુષ્પિકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; શ્વેતલતા વૃક્ષ.

પાંડરપુષ્પિકા [સં.] સ્ત્રી. શ્વેતલતા વૃક્ષ.

પાંડરવો પું. એક જાતની વનસ્પતિ.

પાંડરા પું. એક પ્રકારની તોરવી.

પાંડરી ૧. સ્ત્રી. માટ અથવા ખડીવાળી સફેદ જમીન.
૨. સ્ત્રી. સ્ત્રી. પીળચટી; ફિક્કી.

પાંડરું [સં. પાંડુ] વિ. ફિક્કું; ધોળું; સફેદ.

પાંડવ ૧. પું. અઠ્ઠાવનમા વખતનો એ નામનો એક સોનાનો ઘોબૂણહાર સિક્કો. તેની કીમત બાવલાશીના પાંચમા ભાગની હતી. તેની એક બાજુએ કમળ અને બીજી બાજુએ મુકામનું ફૂલ કોતરેલાં હતાં.
૨. [સં] પું અર્જુન વૃક્ષ; સાદડનું ઝાડ.
૩. પું. બાંદીના એક સિક્કાનું નામ.
૪. પું. પાંચ સંખ્યા સૂચવતો શબ્દ.
૫. [સં. પાંડુ (પાંડુ રાજા) + અ (ઉત્પન્ન થયેલ)] પું. પાંડુનો દીકરો; પાંડુ રાજાની બે સ્ત્રીઓ કુંતી અને માદ્રીને થયેલા યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ, એ પાંચ પુત્રમાંનો દરેક. પૂર્વજન્મમાં તેઓ વિશ્વેદેવ, ઋતધામા, વિભુ, સત્યજિત અને તેજસ્વી એ કુલે પાંચ ઉદ્ધ હતા. પાંડવો વેરાટ નગરમાં ગુપ્ત રહ્યા તે વખતે તેઓએ પોતાનાં નામ નીચે મુજબ ધારણ કરેલઃ યુધિષ્ઠિર માટે કંક, ભીમ માટે વલ્લવ, અર્જુન માટે બૃહન્નલા, સહદેવ માટે તંતિપાલ અને નકુળ માટે ગ્રંથિક. પાંડુ રાજા પોતાની સ્ત્રી સાથે સાપને લીધે સંભોગ કરી શકતા નહિ એટલે એની પત્નીએ દેવોને આમંત્રી બે પુત્રો ઉત્પન્ન કરાવ્યા. આ દેવ પિતા અને માનુષી માતાના પુત્રો તે પાંડવો. પાંડવો સત્યયુગ, બળ, ધૈર્ય અને ક્ષમાપ્રભુની મૂર્તિ હતા. તેઓ અર્ધા દેવ મનાય છે. તેમના પ્રપ્ત કુરુના સો પુત્રો કૌરવો દુર્યોધનના પક્ષે હતા. તેમની સાથે લડાઈ થઈ તેમાં કૌરવોનો નાશ થયો અને પાંડવો જીત્યા.
૬. પું. પ્રાચીન કાળમાં પંજાબનો એક પ્રદેશ. તે વિતસ્તા એટલે જેલમ નદીને કાંઠે આવેલ હતો.
૭. વિ. પાંચ.

પાંડવગીતા સ્ત્રી. એ નામની એક ગીતા; અનુગીતા ઓર ભાંડેની એ નામની એક ગીતા.

પાંડવગુફા સ્ત્રી. એ નામેની એક ગુફા. તે સબંધે આર્યાવર્ત નામમાં ઉલ્લેખ છે કેઃ નાસિકથી આશરે બાર કોસ દૂર પ્રવાહ ઉપર પાંડવગુફા છે. કુદરત બહુ ઊંચો નથી. તેમાં નાની મોટી ૨૪ ગુફા છે. દરેક ગુફા કુદરતી પ્રવાહમાં સ્વાભાવિક રીતે બનેલી છે અને તેમાં કોરીને યોગ્ય ફેરફાર કરેલો જણાય છે. આ રચના એટલી બધી સુંદર છે કે તે જોઈને આશ્ચર્યમગ્ન બનાય છે. દરેક ગુફામાં કોઈ કોઈ દેવની મૂર્તિ પત્થરમાંથી કોતરી કાઢેલી છે. આમાની કોઈ ગુફા તો પચાસ પચાસ ફૂટ લાંબીબહોળી પહોળી છે અને તેમાં વળી દસ વીસ ઘરો જેવી ગુફાઓ છે, જે રહેવા લાયક ઘર જેવી છે. પાંડવોનું સભાસ્થાન પણ તેમાં જ છે, તે વિશાળ છે. તેમાં શકુનિ, કોલોકોલક વગેરે નામથી ઓળખાતાની કોરેલી મૂર્તિઓ છે. આ ગુફાઓ જોવા લાયક અને આકર્ષક છે.

પાંડવદ્વીપપ્રાટ પું. એ નામનો એક પ્રાટ. તે પલકમતી અને નર્મદાના સંગમથી એક માઈલ ઉપર આવેલ છે. અહીં માઘસંગમ આવેલ છે. તેને પાંડવદ્વીપપ્રાટ કે પાંડુદ્વીપપ્રાટ પણ કહે છે.

પાંડવનગર [સં.] ન. દિલ્હી.

પાંડવશ્રેષ્ઠ [સં.] પું. યુધિષ્ઠિર.

પાંડવાગ્રીલ [સં.] પું. શ્રીકૃષ્ણ.

પાંડવાયન [સં.] પું શ્રીકૃષ્ણ.

પાંડવી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) પાંડવપુત્ર અને વંશજોની સામાન્ય સંજ્ઞા.
૨. સ્ત્રી. પાંડુ રાજાની પત્ની કુંતી તથા માદ્રી.

પાંડવીય ૧. [સં.] વિ. પાંડવો સંબંધી.
૨. વિ. પાંડવોનું.

પાંડવેય ૧. [સં.] પું. અભિમન્યુનો પુત્ર પરીક્ષિત.
૨. પું. પાંડુપુત્રો; યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુળ એ પાંચ ભાઈઓ પૈકો દરેક.

પાંડા ૧. પું. નોળિયાની જાતને મળતું એક પ્રાણી. તેને વાઘ પણ કહે છે. એનાં રૂંવાં સુંદર અને સફેદ, લાલ જેવાં હોય છે. નેપાળની પાસે હિમાલયમાં તથા બરફવાળા પર્વતોમાં તે વસે છે.
૨. પું. ગાંડપણ.

પાંડાદ્વીપપ્રાટ જુઓ પાંડવદ્વીપપ્રાટ.

પાંડાર [સં.] પું. પાંડુનો પુત્ર.

પાંડિતી ૧. [સં.] સ્ત્રી. વિદ્યા.
૨. સ્ત્રી. સિદ્ધપ્રતિ; 'રક્ષોઽરસિદ્ધ.'

પાંડિત્ય ૧. [સં.] ન. ચતુરાઈ; હોશિયારી; કુશળતા.
૨. ન. જ્ઞાનનો ભોગ.
૩ ન. પંડિતનું કામ.
૪. ન. પંડિતાઈ; પંડિતપણું; વિદ્વત્તા.
૫. ન. વિદ્યા.

પાંડિત્યકર્ષ [સં.] પું. વિદ્યાકર્ષ.

પાંડિત્યદર્શક [સં.] વિ. જ્ઞાનના ભોગવાળું; ડાંભિક.

પાંડિત્યદર્શી ૧. [સં. પાંડિત્ય (પંડિતાઈ) + દર્શિન્ (બતાવનાર)] વિ. જ્ઞાનના ભોગવાળું; ડાંભિક.
૨. વિ. તાર્કિક.

પાંડિત્યદંભ [સં. પાંડિત્ય (પંડિતાઈ) + દંભ (ઢોંગ)] પું. વિદ્યાદંભ; આડંબર; વિદ્વત્તા; જ્ઞાનનો ભોગ.

પાંડિત્યદંભી [સં. પાંડિત્ય (પંડિતાઈ) + દંભિન્ (દંભી)] વિ. વિદ્યાદંભી; વિદ્યા હોવાનો ભોગ કરનાર.

પાંડિત્યપૂર્ણ વિ. સિદ્ધતાપૂર્ણ; વિદ્વાથી ભરેલું.

પાંડિત્યવાદ [સં.] પું. ધર્મિરવાદને બદલે તર્ક અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવા સંબંધી તાર્કિકો અને તત્ત્વજ્ઞાનીઓની માન્યતા; 'રક્ષોઽરસિદ્ધિસમ.'

પાંડિત્યવેતન [સં.] ન. પાંડિત્યને બદલે આપવું કે મળતું વાર્ષિક મહેનતાણું; પંડિતાઈની કદર તરીકે દર વરસે અપાતી કે મળતી રકમ; ગ્રંથવૃત્તિ; સિદ્ધવૃત્તિ.

પાંડી ૧. સ્ત્રી. આળસ
૨. સ્ત્રી. ઓપ; 'ગિલ્ટ.'
૩. સ્ત્રી. ખળકાટ.
૪. સ્ત્રી. તેજ.
૫. સ્ત્રી. ધાતુ; ધીર્ય.
૬. સ્ત્રી. પાણી.
૭. સ્ત્રી. વખત; તક.
૮. સ્ત્રી. વરસાદ.
૯. સ્ત્રી. વાર; વખત.
૧૦. સ્ત્રી. શરમ.
૧૧. સ્ત્રી. સૌંદર્ય.

પાંડીસ [હિં.] સ્ત્રી. તરવાર.

પાંડુ ૧. [સં.] પું. અઢાર્યું મંવંતરનો એક નામનો એક દેવ; પાંચ દેવ; હાલનો તિનેવેલી અને મદુરા પ્રાંતોનો પ્રદેશ. ઉરગપુર એટલે હાલનું નેગાપટ્ટમ અને મદુરા એ તેનાં પાટનગર બન્યાં હતાં.
૨. પું. (પુરાણ) એક ક્ષત્રિય; જનમેજયનો એ નામનો પુત્ર. ધૃતરાષ્ટ્રાદિ એને સાત ભાઈઓ હતા.
૩. પું. એક જાતની ક્ષુપ વનસ્પતિ.
૪. પું. (પુરાણ) એક પ્રાચીન કુરુવંશી રાજા; પાંડવોનો પિતા; પ્રાચીન ભરતનો એ નામનો એક રાજા, જે પાંડવ વંશનો આદિ પુરુષ હતો. મહાભારતમાં લખ્યું છે કે: રાજા વિચિત્રવીર્ય સ્વરોગથી યુવાવસ્થામાં મૃત્યુ પામ્યો અને અંબિકા અને અંબાલિકા નામની તેની બંને સ્ત્રીઓ વિધવા થઈ. આ સમયે વિચિત્રવીર્યની માતા સત્યવતીએ પોતાનો વંશ ચલાવવાના ખ્યેયથી તેના જ્યેષ્ઠ પુત્ર ભીષ્મને અંબિકા અને અંબાલિકાની સાથે નિયોગ કરી સંતાન ઉત્પન્ન કરવાનું કહ્યું. પરંતુ ભીષ્મ તે સમય પહેલાં આજન્મ કુંવારા અને બાલબ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કરી ચૂક્યા હતા, તેથી તેણે માતાનો આદેશ ન માન્યો, પરંતુ કોઈ યોગ્ય બ્રાહ્મણને બોલાવી અને તેને ધન આપી વિચિત્રવીર્યની સ્ત્રીઓને ગર્ભાધાન કરાવવામાં સંમતિ દીધી. તેથી સત્યવતીએ પરાશર ઋષિથી ઉત્પન્ન થયેલા તેના પહેલા પુત્ર વ્યાસનું સ્મરણ કર્યું અને તે વિચિત્રવીર્યનો મોટો ભાઈ હોવાથી આ બંને વિધવાઓથી વંશવૃદ્ધિ માટે સંતાન ઉત્પન્ન કરવા કહ્યું. વ્યાસે પોતાની માતાની આ વાતનો સ્વીકાર કરી કહ્યું કે, પહેલાં બંને વિધવાઓ વ્રતપૂર્વક રહે તો હું તેને મિત્રાવરુણની જેવો પુત્ર પ્રદાન કરીશ. પરંતુ સત્યવતીએ કહ્યું કે, રાજ્યમાં રાજા ન રહેવાથી અનેક પ્રકારના ઉપદ્રવ થાય છે, તેથી તમો આ બંનેને ગર્ભાધારણ કરાવો. તે પ્રમાણે વ્યાસે પહેલાં તો અંબિકાના ગર્ભથી ધૃતરાષ્ટ્રને ઉત્પન્ન કર્યો. ત્યાર બાદ અંબાલિકાનો વારો આવ્યો. જ્યારે અંબાલિકા પણ ઋતુમતી થઈ, ત્યારે વ્યાસ દેવ મધ્યરાત્રે તેની પાસે ગયા. વ્યાસનું ઉગ્ર સ્વરૂપ દેખી અંબાલિકા ડરથી પીળી પડી ગઈ. સમય પૂરો થતાં અંબાલિકાએ પીળા રંગના પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ પાંડુ રાખ્યું. બાલ્યાવસ્થામાં ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર બધાને ભીષ્મે પાળીપોષી અને અભ્યાસ કરાવ્યા હતા. પાંડુનો વિવાહ રાજા કુંતિભોજની કન્યા કુંતી સાથે થયો હતો. પાછળથી ભીષ્મે મદ્ર કન્યા માદ્રીની સાથે તેનો વિવાહ કર્યો હતો. વિવાહના કેટલાક દિવસો પછી પાંડુ સમસ્ત ભૂમંડલના રાજાઓને હરાવી દિગ્વિજયી થયા અને બહુ ધન ભોગવ્યું. આ ધનથી ધૃતરાષ્ટ્રે પાંચ મહાયજ્ઞ કર્યા હતા. આ પ્રત્યેક મહાયજ્ઞમાં એટલું ધન દાનમાં દેવામાં આવ્યું હતું કે તેમાંથી સેકડો મોટા અન્નક્ષેત્ર ચાલે થઈ શકે. કેટલોક સમય રાજ્ય કર્યા બાદ પાંડુ તેની બંને સ્ત્રીઓ સાથે જંગલમાં જઈ રહ્યા અને ત્યાં આમોદ પ્રમોદ અને શિકાર આદિ કરી રહેવા લાગ્યા. ત્યાં દમ નામનો કોઈ ઋષિ પત્નીએ પોતાની બીની સાથે ક્રીડા કરતો હતો. પાંડુએ તેને મૃગ ધારીને તેના ઉપર બાણ ફેંકયું. મરતાં મરતાં તે ઋષિએ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી તેને શાપ આપ્યો કે, તું પણ આમ જ સ્ત્રીસમાગમ કરતાં જ મૃત્યુ પામીશ. આથી પાંડુને ક્લેશ થયો અને સ્ત્રીસમાગમ ન કરવાની કાળજી રાખી, અરણ્યમાં વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી પોતાની બીજી સાથે રહ્યા. કુંતીને દુર્વાસા ઋષિ પાસેથી પુત્રપ્રાપ્તિના મંત્ર મળેલા હતા. તેનાથી તેણે ત્રણ વર્ષમાં ધર્મ, વાયુ અને ઇંદ્રના મંત્ર વારે વારે કરીને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એમ ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા. બાકી રહેલો એક મંત્ર પોતાની શોકય માદ્રીને આપ્યો. તેને અશ્વિનીકુમારથી નકુળ અને સહદેવ એમ બે પુત્ર થયા. એક વખત પાંડુને થયેલા શાપની વિસ્મૃતિ થઈ અને માદ્રીએ મના કર્યા છતાં તેણે બળાત્કારે સંગમ કર્યો, તેથી પાંડુનું મૃત્યુ થયું. કુંતી અને પાંડવો હસ્તિનાપુર ગયા અને ત્યાં ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી વિદુરે તે બધાનો ક્ષેત્રસંસ્કાર કર્યો. આદર્મસિદ્ધિ પ્રવચનમાં લખ્યું છે કે: પાંડવો બાળકો હતા ત્યારે તેમને ધાતુમય લોહાના મુગટ, બખ્તર પહેરાવવામાં આવ્યાં, તેથી કૂણા કાયા ચુસાઈ ગઈ ગયાં, છતાં ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્રોધ પણ દ્વેષ કર્યો નથી. અપૂર્વ સમાધિ પ્રાપ્ત કરીને મોક્ષ ગયા છે.

૫. પું. કૂવો.
૬. પું. કુબેર.
૭. પું. જમણી આંખ
૮. પું. તે નામનો એક નાગ.
૯. પું. તે નામે એક દેશનો રાજા.
૧૦. પું. પીળો રંગ; ફિક્કો રંગ.
૧૧. પું. પીળો ઘાવો.
૧૨. પું. પહોળનું ઝાડ.
૧૩. [હિં.] પું. પરમલ.

૧૪. પું. પાંડુ રોગ. સુશ્રુતમાં જણાવ્યા પ્રમાણે આ રોગ અધિક ઓજસ્રાવ કરવાથી, ખાટા પદાર્થ અને મીઠું ખાવાથી, દારૂ પીવાથી, ઘૂળ ખાવાથી, દિવસના સૂવાથી તથા કુપથ્ય સેવનથી થાય છે. ચામડી ફાટવી, આંખના ડોળાનો સોજો, કાયા અને પેશાબનો રંગ પીળો થઈ જવો એ આ રોગનાં પૂર્વ લક્ષણ છે. વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી અને માટી ખાવાથી એમ પાંચ પ્રકારથી પાંડુ રોગ થાય છે. તેમાં વાયુથી થયેલ હોય તો કબારો અને આકરો થાય; પિત્તથી થયેલ હોય તો દાહ, ફેર અને આકુળતા થાય; કફથી થયેલ હોય તો પરસેવો, ભારી, સોજો અને ગળાનું બરવું થાય; ત્રિદોષથી કાંતિહીન થાય અને માટી ખાવાથી થયેલા પાંડુ રોગમાં આંખો ઉપર સોજો હોય અને બળ, વર્ણ તથા અગ્નિ મંદ થાય. લોહીમાં રક્તક્ષય કેમ થઈ તે પાતળું અને ફિક્કું બનવાથી પણ આ રોગ થાય છે. બહું લોહી જવાથી, જન્મ અને પ્રસવ વેળા બહુ રક્તસ્રાવ થવાથી, બહુ આર્તવ, દુઃખતા હરસ, સંગ્રહણી, શરીરમાંથી બહુ પરુ વહેવાથી, જખ્મોને લાંબો વખત ઘવરાવવાથી, સારો અને પૂરતો ખોરાક નહિ મળવાથી, ક્ષય, અર્બુદ, મૂત્રપિંડના વ્યાધિ, ટાઢિયા તાવ વગેરેની અસરથી, અતિ સ્ત્રીસંગ વગેરે કારણોથી આ રોગ થઈ આવે છે. તેમાં શરીર ફિક્કું પડી જાય છે અને શરીરમાંથી લોહી ઊડી ગયું હોય તેવું લાગે છે. શિરાઓ સ્પષ્ટ દેખાય છે. આંખ, મોઢું, કાયા અને હોઠ પીળાં પડે અને રક્ત રહિત દેખાય છે. નખમાં મુદ્રા રક્તાભ હોતી નથી. હાથ, પગ અને ચહેરા ઉપર સોજા હોય છે અને કેટલીક વાર આખા શરીર ઉપર સોજા અને જલંદરનાં ચિહ્ન દેખાય છે. બેસવા અને ચાલવાથી શ્વાસ વધે છે. શરીર નબળાઈ લાગે છે અને થોડી પણ મહેનત લેતાં શ્વાસ ચડે છે. સ્વભાવ ચીડિયો અને ઉદાસી થઈ જાય છે. જો સિવાય અનાજ ઉપર અરુચિ, વારંવાર ઊલટી થવી, પાચનશક્તિનો અભાવ, ગ્રહણી કબજિયાત વગેરે તેનાં ચિહ્નો છે. લોહ,

પંડુર, ત્રિફળાદિ ક્વાથ, હરડે, સિલાજિત વગેરે લેવાયી તે મટે એમ મનાય છે. આ રોગના દરદીએ હળવો આહાર કરવો, શુદ્ધ સ્વચ્છ હવાવાળા મકાનમાં રહેવું, પુષ્ટિકારક આહાર કરવો, શુદ્ધ ઠંડા જળ વડે સ્નાન કરવું, તાજાતવર્યા ક્વાથો આપી અને લોહભસ્મ, મલ્લસિંદૂર, મકરધ્વજ, લોહાસવ, દ્રાક્ષાસવ વગેરે દવાનું સેવન કરવું.

૧૫. કું. પંડુરોગ; પાંડરી.

૧૬. વિ. કમળાવાળું; પંડુ રોગવાળું.

૧૭. વિ. ધોળું.

૧૮. વિ. પીળા અને ધોળા મિશ્રિત રંગનું.

૧૯. વિ. ફિક્કું; તેજ રહિત; ઝાંખું મલિન રંગનું; નિસ્તેજ.

પાંડુઉં વિ. (જૂ. ગુ.) દુષ્ટ; બરાબ.
ધોળી કરવ પાંડુઆ કર્યે. કાન્હડદેપ્રબંધ

પાંડુક ૧. [સં.] કું. એક જાતના લાલી ઝોયા.

૨. કું. કબૂતરની જાતનું એક પક્ષી.

૩. કું. કમળો.

૪. કું. ધોળો રંગ.

૫. કું. પરવળ.

૬. કું. પાંડુ દેશ.

૭. કું. પાંડુ દેશનો રાજા.

૮. કું. પાંડુ રાજા.

૯. કું. પીળો રંગ; પાંડુ વર્ણ.

૧૦. કું. (જૈન) મેરુ પર્વત ઉપરનાં ચાર મંદિરનું ચોથું વન. આ વનઃ ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક.

પાંડુકર્ણી [સં. પાંડુકર્ણિન્] સ્ત્રી. જાણે હસ્તી એક વૈદકપ્રસિદ્ધ ચિકિત્સાઃ વર્ણચિકિત્સાનું એક અંગ. તેમાં જાણે સાઈ થઈ ગયા પછી તેનો રહેલો કાળો રંગ દવાની મદદથી દૂર કરવામાં આવે છે અને તેની ચામડી શરીરના રંગ જેવો કરી દેવામાં આવે છે. સુશ્રુતનો મત એવો છે કે, જાણે સાઈ થઈ ગયા બાદ દુરસ્તીના કારણે તેના સ્થાન ઉપર કાળા ડાઘ રહી ગયા હોય તો કડવી તુંબડીને બકરીના દૂધમાં નાખી તેમાં સાત દિવસ સુધી રોહિણી મૂળ કોંચાની સાર બાદ તે મૂળને પીસીને ડાઘા ઉપર લગાડવાથી તે દૂર થાય છે.

પાંડુકવન [સં.] ન. (જૈન) મેરુ પર્વત ઉપર આવેલું એ નામનું એક વન.

પાંડુકંદક [સં.] કું. અળાઉ વનસ્પતિ; અપામાર્ગ.

પાંડુકંબલ ૧. [સં.] કું. એક જાતનો સફેદ પથ્થર.

૨. કું. પીળો કામળો.

૩. કું. રાજાના હાથી ઉપર નાખવાનું પીળું આસ્તરણ.

૪. કું. રાજાને બેસવા લાલ.

પાંડુકંબલી ૧. [સં. પાંડુકંબલિન્] કું. કમળાથી દબાયેલ રથ.

૨. કું. રાજાના હાથી ઉપર નાખવાનું પીળું આસ્તરણ.

પાંડુકિશોર [સં.] કું. ભીમ વગેરે પાંડુપુત્ર.

પાંડુકી [સં. પાંડુકિન્] વિ. પાંડુ રોગવાળું; કમળાના રોગવાળું.

પાંડુક્ષમા [સં.] સ્ત્રી. હસ્તિનાપુર.

પાંડુગસ્ત [સં.] વિ. પાંડુરોગ લાગુ પડેલું; પાંડુરોગી.

પાંડુતરુ [સં.] સ્ત્રી. પાવડીનું ઝાડ.

પાંડુતા [સં.] સ્ત્રી. પીળાપણું; ફીકાપણું; પાંડુ રોગનો ભાવ, ધર્મ કે ક્રિયા.

પાંડુતીર્થ [સં.] ન. (પુરાણ) નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: વિચિત્રવીર્યના પુત્ર પાંડુ રાજા મૃગયા કરવા ગયા. ત્યાં મૃગરૂપ ધારણકરી હતા તેને હણી બેઠા. તેણે મરતી વખતે શાપ આપ્યો કે, તારું મરણ આમ જ થશે. પછી પાંડુ રાજા બ્રહ્મહત્યાનો દોષ મટાડવા અહીં તપ કરીને નિર્દોષ બના, અને તેમને સંતાનની પણ પ્રાપ્તિ થઈ. અહીં કૃષ્ણતલા નદી વહે છે.

પાંડુદ્વીપવાસ જુઓ પાંડવદ્વીપવાસ.

પાંડુનંદન [સં.] કું. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે પાંડવમાંનો કોઈ; પાંડુ રાજાનો પુત્ર.

પાંડુનામ ૧. [સં.] કું. ધોળો સર્પ.

૨. કું. ધોળો હાથી.

૩. કું. પુનાગ વૃક્ષ.

પાંડુપત્રી [સં.] સ્ત્રી. રેણુકા નામનું ગંધદ્રવ્ય.

પાંડુપંચાનનરસ [સં.] કું. (વૈદક) ત્રિકટુ, ત્રિફળા, દંતીમૂળ, ચિત્રામૂળ, ભિલામૂળ, ભાંગરો, ભાંગરમૂળ, ઉંદરકાન, વજ, ગોમૂત્ર વગેરેને ગાયના મૂત્રમાં પકવીને બનાવવામાં આવતો એક રસ. તે પાંડુ વગેરે રોગમાં ફાયદાકારક મનાય છે.

પાંડુપુત્ર [સં.] કું. પાંચ પાંડવોમાંનો કોઈ.

પાંડુપુત્રી ૧. [સં.] સ્ત્રી. ભાંગરિયાનું ઝાડ; રેણુકા; રેણુકા નામનું એક ગંધદ્રવ્ય. રેણુકા નામની કન્યા પાંડવોના કુળમાં થઈ છે, માટે તેને પાંડુપુત્રી કહે છે.

૨. સ્ત્રી. મોટીનાં ઝાડ.

પાંડુપૃષ્ઠ ૧. [સં.] વિ. અપોગ્ય; અકર્મણ્ય.

૨. વિ. ધોળી પીઠવાળું. તે બરાબ લક્ષણવાળું ગણાય છે.

પાંડુફલ [સં.] કું. પટોલા; પડોળું; પરવળ.

પાંડુફલા [સં.] સ્ત્રી. ત્રીબદાનો વેલો.

પાંડુફણી સ. સ્ત્રી. ધોળી ફણીનું ઝાડ.

પાંડુભૂમ ૧. [સં.] કું. ધોળા રંગવાળી ભૂમિ.

૨. વિ. ધોળી જમીનવાળું.

પાંડુભૂમિ [સં.] સ્ત્રી. ધોળી માટી; ખડી; ચાક.

પાંડુમુખ [સં. પાંડુ (ફિક્કું) + મુખ (મોઢું)] વિ. ફિક્કા મુખવાળું.

પાંડુમૃત્તિકા ૧. [સં.] સ્ત્રી. ધોળી માટી; ખડી. ચાક.

૨. સ્ત્રી. પીળી માટી; રામરજ.

૩. સ્ત્રી. ફિક્કી માટી કે ભૂમિ.

પાંડુમૃદ [સં. પાંડુમૃત્] સ્ત્રી. ધોળી માટી; ખડી.

પાંડુર ૧. [સં.] કું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. કું. કબૂતર.

૩. કું. કમળાનો રોગ.

૪. કું. ઐરાવત સ્વામીનો એ નામનો એક નાગ.

૫. કું. ચાવણીનું ઝાડ.

૬. કું. ધોળો પાળો મિશ્ર રંગ.

૭ કું. ધોળો રંગ.

૮. કું. પીળી વસ્તુ

૯. કું. ભગવો.

૧૦. કું. રંગ તરીકે વપરાતી પીળી માટી.

૧૧. કું. સફેદ ફુવાર.

૧૨. કું. સફેદ વસ્તુ.

૧૩. ન સફેદ કોઢ. તેમાં શરીર ધોળાં ચાંદાં થઈ જાય છે.

૧૪. વિ. ઝાંખું.

૧૫. વિ. ધોળું; ઉજળું

શુક્લ શુભ્ર પાંડુર વિશદ અર્જુન સિત અવદાત,
ધવલ નવલ ઉજ્જ્વલ ઝટા કરત પટાપટી વાત.
નિઘંટુશેષ

૧૬. વિ. ફિક્કું; પીળું; પીળચટ્ટું.

પાંડુરતા ૧. [સં.] સ્ત્રી. ઝાંખાપણું.

૨. સ્ત્રી. ધોળાશ; ધોળું થવું તે; સફેદી.

૩. સ્ત્રી. ફિક્કાશ; પીળાશ; ધોળા પીળા મિશ્ર રંગનું હોવાપણું.

પાંડુરત્વ જુઓ પાંડુરતા.

પાંડુરદ્રુમ [સં.] પ્ર. પુષ્પ વૃક્ષ. કાળાવાનું ઝાડ. તે બહુ ઓછું થતું નથી, પરંતુ તે પીળા રંગનું વૃક્ષ છે.

પાંડુરપૃષ્ઠ જુઓ પાંડુપૃષ્ઠ.

પાંડુરફલી [સં.] સ્ત્રી. એક જાતની ક્ષુપ વનસ્પતિ.

પાંડુરવાસિની [સં.] વિ.સ્ત્રી. જેમાંથી પાંડુરની વાસ આવે એવી.

પાંડુરંગ ૧. [સં.] પું. એક જાતનું ઘાસ. તે વૈદકમાં તિક્ત અને લઘુ તેમજ કૃમિ, શ્લેષ્મા અને કફનો નાશ કરનાર મનાય છે.
૨. પું. (પુરાણ) વિષ્ણુનો એક અવતાર. મૃગ એ નામ શિવનું હતું. કાલ વિદોબાને પાંડુરંગ કહે છે.

પાંડુરંગું વિ. સફેદ રંગનું; કમળના જેવા રંગવાળું.

પાંડુરા ૧. [સં.] સ્ત્રી. (જૈન) એ નામની એક દેવી કે શક્તિ.
૨. સ્ત્રી. કાકડી.
૩. સ્ત્રી. ધોળી જૂઈ.
૪. સ્ત્રી. પીળી જૂઈ.
૫. સ્ત્રી. માવપર્ણી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. રાની અડદ.

પાંડુરાગ ૧. [સં.] પું. કમળક વ્યાધિ.
૨. પું. ધોળો પીળો રંગ.
૩. પું. ધોળો રંગ.

પાંડુરાજ [સં] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

પાંડુરાષ્ટ્ર [સં.] પું. પાંડુ દેશ.

પાંડુરેમા [સં. પાંડુરિમન્] પું. ધોળાશ; ધોળો રંગ; ફીકાશ.

પાંડુરી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી.
૨. [બ.] સ્ત્રી. ખાર અથવા ખડીવાળી શ્વેત જમીન.

પાંડુરું [સં. પાંડુર] વિ. ધોળું; ફીકું; ફીકાશ પડતું; પાંડુર.

પાંડુરેક્ષુ [સં. પાંડુર (ધોળું) + ઇક્ષુ (શેરડી)] સ્ત્રી. ધોળા શેરડી.

પાંડુરોગ [સં. પાંડુ (સફેદ) + રોગ (દરદ)] પું. એ નામે એક રોગ; રુધિરક્ષીણતા; કમળો. તેમાં ચોકી ફીકું અને સહેજ પીળું પડી જાય છે, શરીર ધોળા પૂણી જેવું બની જાય છે અને ચોકીનું પાણી જાય છે.

પાંડુરોગી ૧. [સં. પાંડુરોગિન્] વિ. પાંડુ રોગવાળું.
૨. વિ. વીર્યહીન; નિસ્તેજ.

પાંડુરોચિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પાંડુલિપિ [સં.] સ્ત્રી. મુસદ્દો; ખરડો.

પાંડુલેખ [સં.] પું. મુસદ્દો; ખરડો.

પાંડુલેખ્ય જુઓ પાંડુલેખ.

પાંડુલોમશ [સં.] વિ. ધોળાં રુવાંટાંવાળું.

પાંડુલોમશા ૧. [સં.] સ્ત્રી. માવપર્ણી નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. રાની અડદ.
૩. વિ.સ્ત્રી. ધોળાં રુવાંટાંવાળી.

પાંડુલોમા ૧. [સં. પાંડુલોમન્] સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ.
૨. સ્ત્રી. માવપર્ણી નામની વનસ્પતિ.
૩ વિ. ધોળાં રુવાંટાંવાળું.

પાંડુવર્ણ ૧. [સં.] પું. ધોળો રંગ.
૨. વિ. ધોળું.

પાંડુવર્ણું [સં. પાંડુ (શ્વેત) + વર્ણ (રંગ)] વિ. શ્વેત રંગનું; પીળચટા રંગનું; ધોળાશ પડતું.

પાંડુવા ૧. સ્ત્રી. ફિક્કા રંગની જમીન.
૨. [સં.] સ્ત્રી. માટી અને રેતી મિશ્રિત જમીન.

પાંડુશર્કરા ૧. [સં.] સ્ત્રી. એ નામનો એક રોગ. તેમાં મૂત્ર સાથે સાકર જેવા કણ નીકળે છે. તેને મીઠો પ્રમેહ કહે છે.
૨. સ્ત્રી. ફિક્કા રંગના પથ્થરના ચાંગડા; પીળાશ પડતા રંગની તાજ.

પાંડુશર્મિલા [સં.] સ્ત્રી. દ્રૌપદી.

પાંડુસોપાક ૧. [સં.] સ્ત્રી. પ્રાચીન કાળની એક વર્ણસંકર જાતિ. મનુના જણાવ્યા પ્રમાણે આ જાતિની ઉત્પત્તિ વૈદેહી માતા અને ચાંડાલ પિતાથી થઈ છે. આ જાતના લોકો વાંસની ચીજો બનાવીને નિર્વાહ કરતા હતા.
૨. પ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પાંડું વિ. શ્વેત; ફિક્કું

પાંડે ૧. [કિ.] પું. રસોઇયો.
૨. પું. વિદ્વાન; પંડિત.
૩. પું. શિક્ષક; શિક્ષાગુરુ.
૪. સ્ત્રી. કનોજિયા બ્રાહ્મણ અને કાયસ્થની એ નામની એક શાખા.
૫. સ્ત્રી. પારસીની અને બ્રાહ્મણની એ નામની એક અટક.
૬. પ. એ નામની અટકનું માણસ.
૭. પ. એ નામની શાખાનું માણસ.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. એ નામની શાખાનું.

પાંડેરવો [સં. પારિજાત] પું. ઝાડોના વર્ગનું, જંગલોમાં અને સડકો ઉપર થતું એક જાતનું ઝાડ; પારિજાત; પાનેરવો. તે ૬૦ ફૂટ ઊંચું જાય છે. તેનું થડ સીધું હોય છે. તેની છાલ પાતળી, પીળાશ પડતી, લીસી ને ચકચકિત હોય છે. નાનાં પાન ઉપર તારાના આકારની રુવાંટી હોય છે. પાન મોટાં થયે રુવાંટી પડે છે. ફૂલ મોટાં ને ચકચકિત રાતા રંગનાં હોય છે. એક જ વૃંતમાંથી ઝાઝાં ચાર ફૂલ નીકળે છે. ફૂલના મજબૂત વૃંત ઉપર પાંચથી ચાર ઈંચ લાંબી, સહેજ વાંકી અને બી આગળ ફૂલેલી અનેક સિંગો આવે છે સિંગમાં ઝીકથી ચાર બિયાં હોય છે. બી લંબગોળ, લીસું અને રતાશ પડતું હોય છે. ફેબ્રુઆરિથી મે માસમાં તેને ફૂલ આવે છે. જુલાઈમાં ફળ પાકે છે. શરદ ઋતુમાં પાન ખરી પડે છે. બાબુ, મોલ્સ્વર્થ, કાનરા, મલબાર, બર્મા, હિંદી મહાસાગરના ટાપુઓ વગેરે સ્થળે તે ઊગે છે. બંગાળમાં પણ તે બધાં ઊગે છે. તે જાંબો આપવા ઉપરાંત જમીન સુધારે છે. ઢોરના વેસા ઝાલવા માટે પણ તે ઉપયોગી છે, કારણ કે તેનું થડ લીસું હોય છે અને સૂર્યના સખત તાપમાંથી વેસાને બચાવે છે. તેની વાડ સારી બને છે, કેમકે તેની ડાળીઓમાં વંકુ આકારના કાંટા હોય છે. આ ઝાડની છાલ રંગવામાં અને ચામડાં કમાવવામાં ઉપયોગી છે. ઝાડના રેસામાંથી દોરડાં બને છે. લાકડું પોચું, હળવું અને બહુદમ ફાટવું ન હોવાથી તેનાં રમકડાં, તરવારનાં મ્યાન વગેરે બને છે. વીંછીના વિષ ઉપર તેની છાલનો રસ બચાવ છે. કૃમિ પિત્ત રોગ અને કર્ણ વ્યાધિનો નાશ કરનાર મનાય છે. ધાતુવિકાર ઉપર પણ તે વપરાય છે. માન્યતા પ્રમાણે ઇંદ્રના બગીચામાં તેને ફૂલ આવે છે. રુક્મિણી અને સત્યભામાનો કલહ તેના ફૂલને માટે પુરાણમાં સુપરિચિત છે. આ ઝાડને એક ડાળીમાં ત્રણ ત્રણ પાન આવે છે. પાન બ્રહ્મા ત્રિમૂર્તિના નિશાનરૂપ છે. વચ્ચેનું પાન વિષ્ણુ, બજાણી તરફનું બહા અને ડાબી બાજુનું શિવ મનાય છે.

પાંડેરીય વિ. ફોરવાળું

પાંડ્ય ૧. [સં.] પું. (પુરાણ) અશ્વત્થામાએ મારેલો એ નામનો પાંડવ પક્ષનો દ્રાવિડનો એક રાજા; ચિત્રાંગદાનો પિતા. એનાં પ્રવીર, ચિત્રવાહન અને મલયધ્વજ એવાં બીજાં નામ હતાં
૨. પું. એ નામના દેશનો રહીશ.
૩. પું. પાંડુ નામના દેશનો રાજા.
૪. પું. ભારતવર્ષનો એ નામનો એક પ્રાચીન દેશ. પાંડવોના સમયમાં આ દેશ ઇંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલી કિષ્કિંધા નગરીની આ બાજુએ હતો. ત્યાં સાગરધ્વજ નામે રાજા હતો.

૫. પું. (પુરાણ) વસ્તિનો પુત્ર.
૬. પું. હિંદુસ્તાનનો એ નામનો એક પ્રદેશ; તૈલંગણ; 'હિંદુસ્તાનનો છેક દક્ષિણનો પ્રદેશ. રામેશ્વર એ આગમાં આવેલું છે.
૭. વિ. પાંડુ દેશમાં રહેનાર.
૮. વિ. પાંડુ દેશમા હોનાર કે થનાર.

પાંડ્યકવાટક ૧. પું. પાંડ્ય દેશમાં આવેલો મલયકોટી નામનો પહાડ. જ્યાંથી મોતી નીકળે છે.
૨. પું. પાંડ્ય દેશમાં થતું મોતી.

પાંડ્યજનપદ [સં.] વ. રામાયણમાં વર્ણવેલું એક સ્થળ. હાલ ત્યાં તિનેવેલી તથા મદુરા જિલ્લા છે. પૂર્વ કિનારે આવેલું નેગાપટ્ટમ તેની રાજધાની હતું. ઇટલોક વખત મદુરા પણ તેની રાજધાની હતું.

પાંડ્યવાટ [સં.] પું. પાંડુ દેશમાં આવેલી મોતીની ખાણ.

પાંઢરવો જુઓ પનરવો.

પાંઢરી ૧. સ્ત્રી. એક જાતની જમીન.
૨. સ્ત્રી. ધોળા રેતની માટી.

પાંઢવડી (પાંઢવડી) સ્ત્રી. ઢળો પાણો. તે ચટણા તથા ખાંડવાના ઉપયોગમાં આવે છે.

પાંઢેરી અ. પત્રથી માણા સુધી.
સૂતો સોડય છે, પાંઢેરી પઠીએ;
બોલાવ્યો ન બોલે, નીંજર કાં થયો નાગડો.
લોકસાહિત્ય

પાંઢો પું. પથરો.

પાંણકંઠો પું. નદીમાં થતો એક જાતનો વેલો. એના પાંદા જોવા કેળ જેવા હોય છે. તેનાં પાનની ભાજી પણ કરે છે. વાય કરનો હોય તો તેના ઉપર પાણકો વાટીને બંધાય છે. ચૂમડું હોડવા તથા વાળા ઉપર પણ તે કામ આવે છે.

પાંણકુંભા અ. કૂવાના કાંઠ જેવું એક જાતનું ઝાડ; દ્રોણપુષ્પી. એને ફક્ત ફૂલ જ આવે છે, ફળ આવતાં નથી. ગ્રહણ ઉપર તેનો ઉપયોગ થાય છે.

પાંત ૧. સ્ત્રી. ખાટલાનો સુતારના પગ તરફનો ભાગ; પાંગત.
૨. સ્ત્રી. કૂંડા કે કોયામાંથી અનાજ કૂટવા બાંધવાને તે ઉપર ફેરવી કાઢવું હોંકવું તે.
૩. [સં. પંક્તિ; પ્રા. પતિ] સ્ત્રી. પગત; હાર; પંક્તિ.
૪. સ્ત્રી. રીતિ.
૫. સ્ત્રી. લીટી.
૬. સ્ત્રી. સિપાઈઓની હાર.
૭. સ્ત્રી. સુરત તરફ કામ કરી રસી વહેરવાવવાની એક વિધા.

પાંતળિયાઈ સ્ત્રી. (કચ્છી) ભોજન વખતે એકને એક પીરસવું અને બીજાને બીજું પીરસવું તે.

પાંતર ૧. પું. જમવાળી જગ્યા.
૨. પું. મેદાન.
૩. સ્ત્રી. અમુક અમુક અંતરે ખાટલામાં ભરેલ ચાર સરાંનો જથ્થો. ખાટલામાં જે દોરી ભરવામાં આવે છે તે ચાર ચાર દોરી જેવી થાય ત્યારે પાંતર થાય છે.

પાંતરવું ૧. સ. ક્રિ. ઋતુ પૂરી થવી; ખોવું થવું; ખોળું પડવું.
૨. સ. ક્રિ. ભૂલી જવું; ખસી જવું.

પાંતરી ૧. સ્ત્રી. ખરજાજરીની પાનકનો ભૂકો કે કમરો; મજમહના પાનનો ભૂકો; પાંદડાંની રજ.
૨. સ્ત્રી. નાનાં નાનકડાં પાંદડાં.
૩. સ્ત્રી. ઝાંખું પાતળું પાંદડું.
૪. વિ. બીસ ને પાંચ; પાંત્રીસ; ૨૫.

પાંતરીસ જુઓ પાંતરીસ.

પાંતરીસ [સં. પંચત્રિંશત્] વિ. ત્રીસને પાંચ; ૩૫.

પાંતરું ન. મુંજ, ભાંડી કે સૂતરની દોરી વતી ભરેલા ખાટલાની ઈસે જે ચાર પાંચ સેરોના સમુદાય પાડેલા હોય છે તેમાંનો દરેક.

પાંતર્યું વિ. ખોવું.
હાંક ભૂમિ રેલાણ, પાંતર્યે મેલે પગરવે.
દિલખુશ

પાંતવચ્ચો પું. પંક્તિભેદ; હારો; પંગતમાં થતો પક્ષપાત.

પાંતળ સ્ત્રી. ખાટલાની સીંદરીનો છેવટનો ભાગ; ખાટલો તંગ કરનાર સીંદરી.

પાંતિ ૧. [સં. પંક્તિ] સ્ત્રી. એકસાથે જમવા બેસનારા લોકોની પંગત; હાર.
સાકિ સાકિ પ્રીસઇ પૂત લોક,
પાંતિઇ નિદ્ય કરિ કલોક.
સાધ્યસમ્મત
૨. સ્ત્રી. પક્ષ.
૩ સ્ત્રી. ભક્તિ.
૪. સ્ત્રી. સમૂહ.

પાંતિયું ૧. ન. પંક્તિને બેસવા માટે નાખવામા આવતું પાથરણું.
૨. ન. ખાસ.

પાંતી ૧. સ્ત્રી. એક વસ્તુની કીમત આપેલી હોય તે ઉપરથી તે જ જાતની અનેક વસ્તુઓની કીમત આપેલી કીમતના એકાદા પદાર્થને લેખી કહેવાની રીત; પરિમાણના વિભાગ પાડીને હિસાબ કરવાની ગણિતની એક રીત. પાંતી બે જાતની છે: સાદી અને મિશ્ર અથવા સંયુક્ત.

પાંતીના હિસાબ = ભાગ પાડીને મજૂરીના હિસાબ.
૨. [સં. પંક્તિ] સ્ત્રી. પક્ષ; બાજુ.
૩. સ્ત્રી. ચટણાં પાડવાં તે; પાંથી; સેંથી
પાંતીએ પાંતીએ તેલ નાખવું = (૧) પ્રત્યેક વાતમાં મેખાં મારવાં. (૨) વિગતથી ઝીણે ઊતરે તેમ સમજાવવું.
૪. સ્ત્રી. પંગત; પંક્તિ; હાર.
૫. સ્ત્રી. ભાગ; વિભાગ; હિસ્સો; 'શેર.'
૬. સ્ત્રી. ભાગીદારી; જેમાં મણ અથવા ભાગ દોષ જેવું કામ કે ધંધો; પંક્તિવાળું.
૭. સ્ત્રી. ભાગે આવતો હિસ્સો; વાંટણીનો વિભાગ; ભાગ; ઢાળો; વાંટો.
૮. સ્ત્રી. રીત; દસ્તૂર; માર્ગ.
૯. સ્ત્રી. લીટી.
૧૦. અ. પાસે; સમીપ.
૧૧. અ. પ્રત્યે.
૧૨. અ. આગળ; વિષે.

પાંતીદાર પું. ભાગીદાર; ભાગિયો; હિસ્સેદાર; સહભાગી.

પાંતીદારી સ્ત્રી. ભાગીદારી; ભાગીદારી.

પાંતીય વિ. પંગત પુરવ્યનું.

પાંતીર ૧. સ્ત્રી. મજૂરીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પાંતે અ. તબીનતાથી.

પાંત્રીશ [સં. પંચત્રિંશત્; પ્રા. પણતીસ] વિ. ત્રીસ ને પાંચ; ૩૫.

પાંત્રીશબ્જની જુઓ પાંત્રીસબ્જની.

પાંત્રીસ જુઓ પાંત્રીશ.

પાંત્રીસબ્જની સ્ત્રી. બારાખડી; બારાક્ષરી.
આ દૃષ્ટિએ દરેક બાબતની બારાખડી ન કહેવી જોઈએ. બારાખિજાન ધરાવનારે તો પ્રત્યેક સ્વરની પાંત્રીસબ્જની કહેવી જોઈએ.
શ્રી. સા. પરિષદ

પાંથ ૧. [સં. પંથ (રસ્તો)] પું. મુસાફર; વટેમાર્ગુ.
૨. સ્ત્રી લીંડી; ખજૂરી વગેરેનું દોરડું ભાંગી વખતોવખત ઉમેરવામાં આવતા રેસા કે રેસલ.
૩. વિ. વિયોગી; વિરહી.

પાંથક ૧. પું રસ્તો; માર્ગ.
૨. વિ. મરનારને અપાતું. દાનના વિધિ માટે વપરાય છે.

પાંથગૃહ [સં.] ન. મુસાફરખાનું; પ્રવાસીગૃહ. 'રેસ્ટ હાઉસ.'

પાંથનિવાસ [સં.] પું. ધર્મશાળા; મુસાફરખાનું; પાંથશાલ.

પાંથશાલા [સં.] સ્ત્રી. ધર્મશાળા; મુસાફરખાનું.

પાંથસમૂહ [સં.] પું. મુસાફરોનું ટોળું.

પાંથિક ૧. પું. પાંથ; વટેમાર્ગુ; મુસાફર.
૨. વિ. મુસાફર સંબંધી.
૩. વિ. મુસાફરનું.
૪. વિ. મુસાફરી કરતું; રાહગીર.

પાંથિય પું. શિવ; શંકર.

પાંથી ૧. [મ.] સ્ત્રી. આગ; હિસ્સો; પાંતી.
૨. [સં. પંક્તિ; પ્રા. પંતી] સ્ત્રી. માણસની વચ્ચે બે તરફ વાળ હોળતાં પડતો પંથ કે માર્ગ; સેંથા.
૧. પાંથી પાડવી = વાળમાં સેંથી પાડવી.
૨. પાંથી પૂરવી = સૌભાગ્યવતી સ્ત્રીએ પાંથીમાં કંકુ કે સિંદૂર ભરવો.

પાંથીગ્રન પું. રોમમાં આવેલું સર્વ કેવનું ગૂમડું.

પાંથીદાર પું. ભાગીદાર; પાંતીદાર.

પાંથુ પું. આરબ.

પાંદ ૧. ન. પાંદડું.
૨ ન. હથિયારની મૂઠ ઉપરનો ચાંદીનો કે સોનાનો અલંકાર.

પાંદડલું (પાંદડલું) ન. પાંદડું; પાંદડા માટે કવિતામાં વપરાતો શબ્દ.

પાંદડિયો (પાંદડિયો) ૧. પું. એ નામની એક ઔષધિ; પ્રસરપર્ણી.
૨. પું. એક જાતનો ખડનો છોડ.
૩. પું. એક જાતનો મોર. તેનાં પાન ગૂમડા ઉપર મૂકવાથી ગૂમડું ફૂટી જાય છે.
૪. પું. એક જાતનો ધૂપ.

પાંદડિયો સમેરવો પું. એક પ્રકારનો છોડવો.

પાંદડી (પાદડી) ૧. સ્ત્રી. એક જાતનો ખડનો છોડ.
૨. સ્ત્રી. ઘોડીના આંચળ.
૩. સ્ત્રી. ચામડી ઉપર પડેલી ભાત કે આંકા; માંકણ, ચાંચડ વગેરે કરડવાથી કે ઘસવાથી ચામડી ઉપર પડતી નિશાની; સોજાનાં વળિયાં.
૪. [સં. પર્ણ (પાન)] સ્ત્રી. અત્તરબત્તરીની પાનકૂચો અથવા કોઈ ભાગનાં પાનનો ભૂકો; પાંદડાંની નાની નાની કટકીઓ; પાનકી.
૫. સ્ત્રી. જેનાં પાન ધૂપમાં વપરાય છે એવો એક છોડ. જેનાં પાન કુમળાં ને નાનાં હોય છે.
૬. સ્ત્રી. ઝીણી ઝીણી પાંદડીવાળું સ્ત્રીઓને કાને પહેરવાનું ઝૂમણું; સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું.
૭. સ્ત્રી તમાકુ રાખવાનો ચામડાનો બટવો.
૮. સ્ત્રી. નાનાં ટૂકાં પાન; નાનાં કુમળાં પાન.
૯. સ્ત્રી. પાંદડા જેવી ભાત.
૧૦. સ્ત્રી. પાંદડાના આકારની નાની નાની કટકી.
૧૧. સ્ત્રી. પાંદડાનું આકારનું કોતરકામ.
૧૨. સ્ત્રી. કૂવની પાંખડી.
૧૩. સ્ત્રી. માણસના કોઠનાં પાંદડાં.
૧૪. સ્ત્રી. ચોસઠ; ચતુઃષષ્ટિ; ચતુઃષષ્ટિકું.
૧૫. સ્ત્રી. સૂકી રાડી; કોરડીના સાંઠા ઉપરનાં સૂકાં પાંદડાં.

પાંદડું [સં. પત્ર] ન. પત્ર; પાન; પાતરું; પર્ણ. પાંદડાંથી કામને રોગા મળે છે એટલું જ નહિ પણ દવાની જરૂરની કેટલીક ક્રિયા તે કરે છે. જુદાં જુદાં ઝાડનાં પાંદડાનો આકાર જુદો જુદો હોય છે. તેમનાં કામ પણ જુદાં જુદાં હોય છે. કેટલાંક ઝાડનાં પાંદડાં જેટલાં નાનાં હોય છે કે, તે સૂક્ષ્મદર્શક યંત્ર વિના નરી આંખથી જણાતાં નથી. વળી તાડ, કેળ વગેરેનાં પાંદડાં જેટલાં મોટાં હોય છે કે તેની લંબાઈ પંદર વીસ હાથની પણ થાય છે. તે પાંદડાંને ખરવાનો કાળ પણ જુદો જુદો હોય છે. કોઈ ઉનાળામાં, કોઈ વરસાદમાં તો કોઈ પાનખર ઋતુમાં ખરે છે. કેટલાંક પાંદડાં કેટલાંક વર્ષ સુધી રહે છે. વનસ્પતિના શરીરમાં પાંદડાં કેટલાંનું કામ કરે છે. પાંદડાના ઉપરના ભાગમાં ચેતોષ્મોનો ભંડાર હોય છે અને બાજના ભાગ પરથી તેનું રક્ષણ થાય છે. પાંદડામાં પણ સૂક્ષ્મ છિદ્રો હોય છે. આ છિદ્રો પાંદડાના અંદરના ભાગ સુધી ખોદેલાં હોય છે. તે દ્વારા શ્વાસોચ્છ્વાસની ક્રિયા થાય છે. પાંદડાં વાતાવરણમાંના અંગારવાયુને ચૂસી લે છે તથા તે પોતાના શરીરમાં પચાવે આગે રાખે છે. ઘણી જાતોનાં પાંદડાં રોપીને નવાં ઝાડ કરી શકાય છે. પાંદડાને જે નસ હોય છે તે પાછલી બાજુ કાંખણી સાથે જોડાયેલી હોય છે. આ નસ આગળ જાય છે તેમ તેમ પાતળી થતી જાય છે. આ નસોની બંને બાજુએ અનેક પાતળી નસો નીકળે છે. આ ઊભી અને આડી નસોથી પાંદડાનું હાડપિંજર બને છે. નસોની આ જાળ નીલા આચ્છાદનથી ઢંકાયેલી હોય છે. બધાંખરાં ઝાડ તથા છોડનાં પાંદડાંનો ઉપલટનો ભાગ અણીદાર હોય છે. કોઈનો સેડવાળો અને કોઈનો ગોળાકાર પણ હોય છે. નવાં આવેલાં પાદડાં લીલાશ પડતાં લાલ હોય છે. આ અવસ્થામાં તેને કૂંપળાં કહે છે. પાંદડાં ઝાડ પૂરતે માટે ઘણું ઉપયોગી અંગ છે. હવામાંથી તેને જે ખોરાક મળે છે તે તે પાંદડાં મારફત મેળવે છે. નિરિંદ્રિય આહારનું સેંદ્રિય દ્રવ્યમાં પરિવર્તન કરવું એ પાંદડાંનું કામ છે. કેટલાંક ઝાડનાં પાંદડાં ઝાડનું કામ પણ કરે છે. તેના વડે છોડવાઓ હવામાં ઊડતા કીડાઓને પકડી તેનું લોહી ચૂસે છે.

૧. કરમ આડે પાંદડું હોવું = ભાગ્ય ફરતા વાર ન લાગવી; એક પાંદડું જેમ ઊડી જાય છે તેમ આપત્તિ વિના જતું રહી ધન વૈભવ પ્રાપ્ત થવાં.
૨. પાંદડું ફરવું = આપત્તિ વિના જતું રહેવું; ભાગ્ય ફરવું; કાળ બદલાવો; સુયોગ આવવો; ભાગ્યોદય થવો; નસીબ ઊઘડવું.
૩. પાંદડું પેસ ન હલવું = કોઈ પણ ના કરી શકવું.
૪. પાદડે પાણી પાવું = (૧) અપરૂપ તરીકે ગણવું. (૨) પાણી પીવા માટે પાંદડાના પ્યાલા સિવાય બીજું કાંઈ ન આપવું. (૩) હેરાન કરવું; દુઃખી કરવું; જુલમ ગુજારવો; બહુ દુઃખ દેવું; રિબાવવું.
૫. બે પાંદડે થવું = પૈસાદાર થવું; સારી સ્થિતિ થવી.

પાંદરી સ્ત્રી. ભીલીના વર્ગની એક જાતની વનસ્પતિ, તે માથેરાન તરફ ઊગે છે. તેનાં પાનમાં સુગંધી તેજાબો પાંદડાં હોય છે. ફળ રસ ભરેલું ને બાર, પંદર કે વધારે આનાંવાળું હોય છે. તેનાં મૂળ કફાતી સ્ત્રીની કમરે બાંધવાથી તુરત પ્રસવ થાય છે.

પાંદરસાંકળ સ્ત્રી. એક જાતની સાંકળ; પાંદડાના આકારની સાંકળ.

પાંદરસૂર ન. ભરબાજરાના છોડનું સૂકું પાંદડું.

પાંદ્રિ સ્ત્રી. ખાક જેવી પોળી માટી.

પાંધ સ્ત્રી. (કચ્છી) દેવતા પાસે નજરતા બતાવવા પાપડીનો છેડો બળામાં નાખવો તે.

પાંધી ૧. પું. (કચ્છી) મુસાફર.
૨. સ્ત્રી. એ નામની સારસ્વત બ્રાહ્મણની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

પાંન ૧. સ્ત્રી. એક જાતની વેલ.
૨. ન. નદીનાળામાં ઊગતું એક જાતનું ઘાસ.
૩. ન. પાંદડું.

પાંનું ૧. ન. એક જાતનો કીમતી પથ્થર.
૨. વિ. પાંચ.

પાંનેત્ર ન. (જૂ. ગુ.) પાનેતર; લગ્ન વખતે કન્યાએ પહેરવાનો સાલ્લો
પહિલું આંબ્યાં આલાં નેત્ર,
પટલું પહિરણ પાંનેત્ર.
લાવણ્યસમય

પાંપ [સં.] વિ. પંપા નામના સરોવર સંબંધી.

પાંપણ [સં. પક્ષ્મન્] સ્ત્રી. પોપચાંની કિનારી ઉપરના વાળ
પાંપણે પાણી = વાતવાતમાં રોવું તે.

પાંપણિયાં ૧. ન. બ. વ. આંસુ.
ભીડ હુંથી અવર સાજન સાંભરે છે;
હવાસમાં અખત પાંપણિયાં પડે છે.
હિજરત
૨. ન. બ. વ. પાંપણ માટે કવિતામાં વપરાતો શબ્દ.

પાંપણિયું ૧. ન. આંસુ.
૨. ન. ઘઉંના ખેતરનો રોઢો. જ્યાં ઘઉં સહેજ આછા ઊગે છે.

પાંપરાં ન. બ. વ. ચાળા.

પાંપરો ૧. પું. (કચ્છી) પંપાળ; તસ્દી.
૨. વિ. પું. નરમ સ્વભાવનો; સહેજમાં રડી ઊઠે એવો.

પાંપલાં ૧. ન. બ. વ. ફાંફાં; સાંસા; દુર્બળ પ્રયત્ન.
પાંપલાં મારવાં = ફાંફાં મારવાં.
૨. વિ. ન. બ. વ. બહુ જ પાતળાં; ઝાળાંવાળિયાં; શરીર ફેબાય એવાં.

પાંપલિયારું વિ. પાંપણું; નમણું; નિર્મળ.
નાગા નીસરણી નાખ,
કાંયે આરે જઈ ઊતરીયે;
પાંપલિયારાની પાંખ,
નર મુખાળો નાગરો. કલ્યો

પાંપલિયું વિ. નમણું.

પાંપણું ૧. પું. કમર માણસ.
૨. પું. પોચા હૃદયનું માણસ.
૩. વિ. નિર્બળ; પોચું; પોપણું.
૪. વિ. બહુ જ ઝરીબ; કોમળ; સહેજમાં ઢીલું થઈ જાય એવું; જોઈએ તેના કરતાં ઓછું કામ કરી શકે એવું; બહુ જ નાજુક પ્રકૃતિ કે સ્વભાવનું; બાપણું; કામર.

પાંપલેટ સ્ત્રી. સંભોગ પ્રકારની ક્રીડાવાળી ફરિયાદી આલ્બી.

પાંપળાં જુઓ પાંપણાં.

પાંપળું જુઓ પાંપણું.

પાંબડી (પાંબડી) સ્ત્રી. પાણળી; ભમણી; પામરી.

પાંબરી સ્ત્રી. પામરી.

પાંભ ૧. સ્ત્રી. ખેસ; દુપટ્ટો.
૨. સ્ત્રી. પામરી; પામડી; ઓઢવાનું વસ્ત્ર.

પાંભડલી (પાંભડલી) સ્ત્રી. પામરી; ઓઢવાનું વસ્ત્ર.

પાંભડી (પાંભડી) ૧. સ્ત્રી. ઉપરણી.
૨. સ્ત્રી. એક જાતનો ફરિયાદી કાપડ.
૩. સ્ત્રી. ઓઢવાનું વસ્ત્ર; પામરી; પામડી.
૪. સ્ત્રી (કચ્છી) કીમતી શેલું.
૫. સ્ત્રી. દુપટ્ટો.
૬. સ્ત્રી પાણળી; ભમણી.
૭. સ્ત્રી. કોયણાંકે ભાઈને ત્યાં બાળક અવતરતાં કોઈ તરફથી બહેન તરફથી અપાતું વસ્ત્રું.

પાંભમ ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાંભર ૧. સ્ત્રી. ખેસ; દુપટ્ટો.
૨. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૩. ૫. એ નામની અટકનું માણસ.
૪. ન. શરીર ઢાંકવાનું વસ્ત્ર.
૫. વિ. એ નામની અટકનું.

પાંભરી જુઓ પાંભડી

પાંભા ૧. સ્ત્રી કણબીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પાંભોલિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

પાંમડી (પાંમડી) [સં. પ્રાવાર] સ્ત્રી. ચૂંદડી

પાંમરી સ્ત્રી. પાંમડી; પાંભરી; ઓઢવાનું વસ્ત્ર.
કોઈ પહેરશે કોઈ પાંમરી,
સાડિ રૂપઈમાની તે ભરી. ઋષભદાસ

પાંયતી સ્ત્રી પાંયત

પાંય પગેં અ. (કચ્છી) પાસે પગે.

પાંયલાં અ મિથ્યા.

પાંયંતા [હિં] પું. આટલાની પાંયત.

પાંરેટી વિ. પાંચ છ મહિનાની વિયાયેલી માદા કે ભેંસ.

પાંવ ૧. પું. કમ કરતી વખતે ડાબના ખાંસા કરેલા બે ઊભાની વચ્ચે મૂકવામાં આવતી પાતળી ચીર.
૨. પું. ચણતરમાં બે પાસાઓ જુદા ન પડે માટે વચ્ચે રખાતો લોહ, લાકડા અગર તાંબાનો કટકો; બંધકડ.
૩. [સં. પાદ; પ્રા. પાવ] પું. (હિંદી) પગ.
૧. કોને પાય આવવું = નરમાશથી અને ખુશામતી કોમ કેમાસ વગર આવવું.
૨. પાંવ ઉઠાવવો = (૧) ચાલવાનો આરંભ કરવો. (૨) ઝડપથી જવું. (૩) પગ ઊંચો લેવો.
૩ પાંવ ઉઠાવવો = કોઈના કામમાં નકામું વચ્ચે પડવું
૪. પાંવ ઊતરવો = પગ ખરી જવો.
૫. પાંવ ઝમમ કરવો = (૧) પ્રથમનું રહેઠાણ રાખવું. (૨) નવો ઠરાવ સ્થીકરવો.
૬. પાંવ કાંપવો–થરથરવો=બીકને લીધે ધ્રૂજવું.
૭. પાંવ કોઈના ખોળામાં નાખવા = પોતાની દલીલથી બીજાને ખાતરી કરાવી આપવી.
૮. પાંવ ઝલાવવો = કબજો માગવું.
૯. પાંવ ચાલી જવો = અસ્થિર થવું.
૧૦. પાંવ ધોઈનો = ઉપચાર ઔષધથી રજ્જાબ કરાવવો.
૧૧. પાંવ જમાવવો = દૃઢતાથી ઊભા રહેવું; સ્થિર બાબતથી ઊભા રહેવું; સ્થિર થવું; પગ ટેરવવો.
૧૨. પાંવ જમીન પર ન ટેરવવો = (૧) આનંદથી ઊછળવું; બહુ પ્રસન્ન હોવું. (૨) ઘમંડ કે ક્રોધથી કૂદવું.
૧૩. પાંવ ટકાવવો = (૧) અટકી જવું; વિરામ કરવો. (૨) પગ જમાવવો.
૧૪. પાંવ તળે મસળવું = દુઃખ દેવું.
૧૫. પાંવ તોડવો = (૧) કોઈને ત્યાં વધુ વાર મળવા જવું. (૨) યાત્રા જવું (૩) નકામા આંટાફેરા કરવા. (૪) બહુ ચાલીને પગ થકવવા. (૫) બહુ પ્રયત્ન કરવો.
૧૬. પાંવ ધરવો = (૧) આશ્રય લેવું (૨) પગ રાખવો; કોઈ સ્થાને જવું. (૩) પ્રવૃત્ત થવું. (૪) શરૂ કરવું.
૧૭ પાંવ ધોઈ ધોઈ પીવું = (૧) પગ ધોઈને પાણી પીવું. (૨) પૂજ્ય તરીકે માનવું (૩) બહુ આદરથી પૂજા કરવી. (૪) બહુ ઉપકાર માનવો. (૫) માન આપવું (૬) સંપૂર્ણ વિશ્વાસ બતાવવો.
૧૮. પાંવ પકડવો = (૧) કોઈને જતાં અટકાવવું. (૨) નરમાશથી આજીજી કરવી. (૩) ભક્તિ અને આદરપૂર્વક પ્રણામ કરવા.
૧૯. પાંવ પડવું = (૧) નરમાશથી આજીજી કરવી. (૨) ભૂતપ્રેતની બાધા પડવી. (૩) સાષ્ટાંગ દંડવત્ કરવા.
૨૦. પાંવ પર પાંવ રાખવો = (૧) આરામથી બેસવું. (૨) આરૂઢ રહેવું; સાવધાન રહેવું. (૩) બીજાની વર્તણૂકની નકલ કરવી. (૪) બીજાને પગલે ચાલવું
૨૧. પાંવ પીટવો = (૧) અધીરાઈથી પગ પછાડવો. (૨) ફાંફાં મારવાં.
૨૨. પાંવ પૂજવા = (૧) ઉપકાર માનવો. (૨) પગની પૂજા કરવી. (૩) બીજાથી દૂર રહેવું (૪) બીજાને માન આપવું.
૨૩. પાંવ ફૂંકી ફૂંકી રાખવું = કોઈ કામ સંભાળપૂર્વક કરવું
૨૪. પાંવ ફેલાવવું = આશ્રય કરવો.
૨૫. પાંવ ફેલાવીને સૂવું=(૧) ચિંતા વગરનું સૂવું. (૨) પૂર્ણ સંતોષ અને સલામતી હોવી.
૨૬. પાંવ રગડવો = (૧) કલેશ કે પીડાથી પગ ઘસાવવો. (૨) બહુ મોકાણ કરવી. (૩) મરણનું દુઃખ થવું. (૪) મૂર્ખપણે અને નકામું રખડવું.
૨૭. પાંવ રહી જવા = (૧) થાકથી પગ ન ચાલવા. (૨) પગનું અશક્ત થવું.

૨૮. પાંવ લાગવું = (૧) પગે લાગવું. (૨) વિનતિ કરવી.
૨૯. પાંવ સાબિત રાખવો = હદ નિશ્ચય કરવો.
૩૦. પાંવ સોવો = પગે ખાલી ચડવી.
૩૧. પાંવથી પાંવ બાંધવો = કોઈના ઉપર ઝીણી નજરે જોવા કરવું; પ્રેમની તારીફ તપાસ રાખ્યા કરવી.
૩૨. પાંવથી પાંવ બીડવો = નષ્ટ થવું.

૪. પું. મેખ; ખીલી; ઢાંકર.

પાંવપરી [હિં.] સ્ત્રી. પગચંપી; થાક ઊતારવા માટે પગ દબાવવાની ક્રિયા.

પાંવલા (પાંવડા) પું. મોટા માણસને બાજઠ માટે પાથરેલ કપડું કે રોતરંજી.

પાંવડી (પાંવડી) સ્ત્રી. ઝાંઝરી.

પાંવડો (પાંવડો) જુઓ પાંવલા.

પાંવર [હિં.] વિ. પાપી; નીચ; અધમ; પતિત; પામર.

પાંવરી ૧ સ્ત્રી. ભોંય; પથરાં.
૨. સ્ત્રી. દોરી.
૩. સ્ત્રી. નિસરણી; સીડી.
૪. સ્ત્રી. પગ રાખવાની જગ્યા.
૫. સ્ત્રી. પાવડી; ઝાંઝરી.
૬. સ્ત્રી. બેડી.

પાંવરોટી [હિં.] સ્ત્રી. પાઉ રોટી; બ્રેડ રોટી.

પાંશરું જુઓ પાંસરું.

પાંશરુંદોર જુઓ પાંસરુંદોર.

પાંશલ્ય અ. પાસે; નજીક.

પાંશવ ૧. [સં.] પું. એક જાતનું વસ્ત્ર; રેશમ નામનું વસ્ત્ર.
૨. વિ. ધૂળવાળું.

પાંશુ ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ગુરુ અને લઘુ મળી પાંચ અક્ષર હોય છે. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. પું. એક જાતનો કપૂર.
૩. [સં.] પું. ધૂળ; ધૂલિ; રજ.
૪. પું. પિતપાપડો.
૫. પું. ગુગળ.
૬. પું. વેળુ; રેતી; વેકૂર.
૭. [સં.] સ્ત્રી. અનાજ વગેરે માપવાનું બાતર.
૮. સ્ત્રી. ભૂસંપત્તિ; સ્થાવર મિલકત.
૯. ન. એક જાતનું વસ્ત્ર.

પાંશુક ૧. [સં.] સ્ત્રી. અટકાવવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. એક જાતની સુગંધી ઔષધિ.
૩. સ્ત્રી. એક સુગંધી છોડ.
૪. સ્ત્રી. કેવડાનો છોડ.

પાંશુકાસીસ [સં.] ન. ફોરાકસી.

પાંશુકૂલી [સં.] સ્ત્રી. રાજમાર્ગ.

પાંશુકૂલ ૧. [સં.] ન. (બૌદ્ધ) ચીંથરાં આદિ સીવીને બનાવેલું ભિક્ષુઓને પહેરવાનું એક વસ્ત્ર.
૨. ન. ધૂળનો ઢગલો.
૩. ન. નામ વગરનો કોઈ દસ્તાવેજ.

પાંશુક્ષાર [સં] ન. ક્ષારલવણ.

પાંશુજવર [સં.] પું. વરસાદનો તાવ.

પાંશુચંદન [સં.] પું. શિવ. તે વિભૂતિ ધારણ કરે છે.

પાંશુચામર ૧. [સં.] પું. તાંબુ.
૨. પું. ધૂળનો ઢગ.
૩. પું. મોંચાથી ઢંકાયેલો ખાંડાનો પ્રદેશ; દૂર્વા જ્યાં ઊગેલી હોય એવો પ્રદેશ.
૪. પું. નાની ટેકરી.
૫. પું. પ્રશસ્તિ; વખાણ; તારીફ.

પાંશુજ [સં.] ન. એક જાતનું લવણ; ખાર બનેના એક પ્રકારનું લવણ. આ મીઠું જમીનમાંથી નીકળે છે અને ધૂળ સાથે મળેલું હોય છે.

પાંશુજક્ષાર [સં.] પું. એક જાતનો ક્ષાર; 'કાર્બોનેટ ઑવ પોટેશિયમ.'

પાંશુજલિષ [સં.] પું. નારાયણ; વિષ્ણુ.

પાંશુપટલ [સં.] પું. ધૂળનો સમૂહ.

પાંશુપત્ર [સં.] ન. વાસ્તુક નામનું શાક.

પાંશુબાષ્પ [સં.] પું. એક જાતના સોમા.

પાંશુભવ [સં.] ન. એક જાતનું લવણ.

પાંશુમજ્જરક પું. પાંસળાનો વચ્ચેનો ભાગ.

પાંશુમર્દન ૧. [સં.] પું. કપાસરૂપ એક જાતનું ઝેતર.
૨. પું. કપાસ.

પાંશુર ૧. [સ.] પું. ઢોંસ; મચ્છર.
૨. પું. લુચ્ચો પુરુષ ધંધાનો માણસ.

પાંશુરાગિણી [સં.] સ્ત્રી. મહાભૈરવ રાગ.

પાંશુરાગિની જુઓ પાંશુરાગિણી.

પાંશુરાષ્ટ્ર [સં.] ન. મહાભારતમાં વર્ણવેલ એ નામનો એક પ્રાચીન દેશ

પાંશુલ ૧. [સ.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. બાટલાનો એક ભાગ
૩. પું. મહાદેવ; શિવ; શંકર.
૪. પું. રેડીયાજ ઇસમ; બળિયારી.
૫. પું. વિષ્ણિર જાતનું પ્રાણી; એક પ્રકારનું બાવું.
૬. પું. શિવનું એક નામ.
૭. વિ. દુષ્ટ પાપી; લંપટ.
૮. વિ. ધૂળિયું; પાંસલા; ધૂળ કે માટીથી ઢંકાયેલું; મલિન; મેલું; ધૂળવાળું.
૯. વિ. નામોશી અપાવે એવું.
૧૦ વિ. અસ્તવ્યસ્ત.
૧૧. વિ. બળિયારી; પરસ્ત્રીગામી; ભ્રષ્ટ; દુરાચારી.

પાંશુલચક્ષુ [સં.] ન. આરો.

પાંશુલા ૧. [સં.] સ્ત્રી. અટકાવવાળી સ્ત્રી; રજસ્વલા.
૨. સ્ત્રી. કુલટા; બળિયારીણી સ્ત્રી; રાંડ; વેશ્યા.
૩. સ્ત્રી. કેતકી.
૪. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

પાંશુલ [સં.] પું. લુચ્ચો કે લંપટ માણસ.

પાંશુવર્ષ [સં.] પું. ધૂળનો વરસાદ.

પાંશુવાષ્પ [સં.] પું. એક જાતના સોમા.

પાંસ ૧. પું. ઉકરડો.
૨. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે આનદ્ધવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૧૪ લઘુ મળી ૭૭ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.
૩. પું. બાતર; રાખ, છાણ, મળમૂત્ર, કાચકા, ક્ષાર, સડેલી ચીજો વગેરેનું બાતર.
પાંસ વઈ જવું = સડી જવું; સડીને બાતર થઈ જવું.
૪. પું. ઢાઢ કાઢેલ મહુડો.
૫. સ્ત્રી. ખેતી ખોદું કરેલ ખેતર.
૬. સ્ત્રી. ખેતરની ઝીણી ધૂળ; માટી.
૭. સ્ત્રી. ઝર; સડી છૂટી ધૂળનું થર. કળિયું કાઢવાથી જમીન ઉપર માટીની પાંસ થઈ જાય છે.
૮. ન. કોઈ ચીજને સોડવવાથી ઊઠેલું અબીર.

પાંસક [સં.] વિ. અપમાન કરનાર.

પાંસક જુઓ પાંસડ.

પાંસઠ [સં. પંચષષ્ટિ; પ્રા. પણ્ણટ્ઠિ–પણ્ણસટ્ઠિ] વિ. પાંસટ; સાઠને પાંચ; ૬૫.

પાંસરી વિ. સ્ત્રી. સીધી.
પૂરે નાર પાંસરી = ચૌદમું રત્ન ગણાવાથી સ્ત્રી યોગ્ય રીતે ચાલે; માર મારવાથી જેમ સુધરે.

પાંસરું ૧. વિ. બનવાજોગ નહિ એવું; ચાંડવા કરે નહિ એવું.
૨. [સં. પ્ર (આગળ) + સ (સરવું)] વિ. એકસરખું, સમાન.

૩. વિ. ટટ્ટાર; ઊભું.
૪. વિ. ઋજુ; ઠાવકું; સદાચારી; સભ્ય; સચ્ચરિત.
૫. વિ. લાયક; બંધબેસતું.
૬. વિ. વાંકા વગરનું; દોષ રહિત; ઠીક; સારું.
૭. વિ. સરલ; વાંક વગરનું; ખાખરું.
૮. વિ. સીધું; સીધી લીટીનું; સવળું.

૧. પાંસરું ઊતરવું-ઊતવું-પડવું = સરખાઈ આવવી; કોઈ કામ સારી રીતે પૂરું થવું તેમ થવું; અનુકૂળ થવું.

૨. પાંસરું કરવું = (૧) સમધારવું; ખૂબ માર મારવો. (૨) સીધું કરવું; અવળે રસ્તે ચાલતું હોય કે સારી રીતે ચાલતું ન હોય તેને મારીપીટીને સારા માર્ગ ઉપર લાવવું; સીધે રસ્તે ચાલે એવી ધાક બેસાડી ઠેકાણે લાવવું.

૯. અ. રીતિસર; કાયદાસર; નિયમપૂર્વક.

પાંસરુંકોર ૧. વિ. આડાઈ વગરનું; સીધુંકોર; ખાખરું.
૨. વિ. ઠરેલું.

પાંસલ અ. પાસે; નજીક.

પાંસલી [સં. પાર્શ્વ] સ્ત્રી. છાતીની ડાબી તથા જમણી બાજુના હાડકાં; પાંસળી.

પાંસવ જુઓ પાસવ.

પાંસવ્ય વિ. પરમાણુઓમાં રહેનાર; જેમાં વપરાયેલું દ્રવ્ય એવા વિશેષણ.

પાંસળ અ. પાસે.

પાંસળી ૧. સ્ત્રી. બાજુ; સમજ.

૨. ન. ગાડાના ઢાંઢા હેઠળનું બાકું હાકવું; ગાડાના ઢાંઢાના પાટિયા નીચે નાખવામાં આવતા જેરના આકાર જેવડા. તે પાંચ અંગર જ હોય છે. તે ઉપરનો અને ઢાંઢાના પાટિયાનો અણીનો ભાગ સુરખો રાખવા માટે નાખવામાં આવે છે.

૩. [સં. પાર્શ્વાસ્થિ; પ્રા. પાસલ્લ] ન. પાર્શ્વદેહ; પાંસળું; છાતીના માળાનાં બંને બાજુનાં હાડકાંમાંનું દરેક. માણસને બંને પડખે બાર બાર પાંસળી હોય છે. તે પાછળ કરોડરજ્જુ સાથે જોડાયેલી હોય છે અને આગળ નીચે ઘઈ છાતી અને પેટ તરફ આવે છે. ઉપલી સાત પાંસળી જોડા આગળ છાતીનાં હાડકાંને જોડાયેલી હોય છે. તેની નીચેની પાંસળીઓ નાની નાની અને છે અને તેઓનો આગળનો ભાગ, પોતાની ઉપરની પાંસળીના નીચલા ભાગને મળેલો હોય છે. હેઠળની બેઉથી બે પાંસળી આગળથી બાજુ છાતીના હાડકા સુધી નથી પહોંચતી, તેમ જ પોતાની ઉપરની પાંસળીને પણ જોડાયેલી નથી હોતી. આ પાંસળીઓની વચમાં જે અંતર હોય છે તેમાં માંસ તથા પેશીઓ રહે છે. આસ પેશી અથવા માંસપેશીઓ સંકોચાવા તથા ફેલાવાથી પાસળીઓ પણ ઊંચી-નીચી થતી દેખાય છે. સાધારણ રીતે પાંસળીઓનો ઉપયોગ હૃદય, ફેફસાં વગેરે શરીરની અંદરના કોમળ અંગોનું રક્ષણ કરવાનો છે. પશુ, પક્ષી તથા કોલાઓની પાંસળીઓની સંખ્યા, બનાવટ, સ્થિતિ વગેરેમાં પણ તફાવત હોય છે. સૌથી વધારે પાંસળા સર્પને હોય છે. તેને કોઈ વખત બે બાજુ અસો અસો પાંસળા હોય છે.

૧. અધ પાંસળી-અધ પાંસળી-સાડીત્રણ પાંસળી = અક્કમ; અરધું ખોડ્યા જેવું; ઠેકાણા વગરનું; વાવડા જેવા ચેટમાં વાત રહે નહિ એવું; નાના પેટનું; અસ્થિર.

૨. પાંસળી અસરી-અસરકી = પેસવા જેવું; મજબૂત ખોખી બનેલું; કામણી અસરાવી.

૩. પાંસળી અસોજ = જાત વગરનું; વિચિત્ર; વાયડા; બેસાડવાળું.

૪. પાંસળી ઠેકાણે ન હોવી = અસોજ હોવું.

પાંસળું ૧. ન. છાતીનું બાજુનું અને પીઠ વચ્ચેનું હાડકું; છાતીનું પ્રત્યેક હાડકું; પાંસળી; છાતીના માળાનાં બંને બાજુનાં હાડકાંમાંનું દરેક.

પાંસળાં ખોખરાં કરવાં-ભાંગવાં = સખત માર મારવો.

૨. ન. હાડકું.

પાંસા ૧. [સં. પાશક] પું. (હિંદી) પાસો; ચોપાટ રમવામાં વપરાતા હાથીદાંતના કે કોઈ હાડકાંના બનાવેલા ચાર બાજુવાળા ટુકડા.

૨. સ્ત્રી. પાંસ.

પાંસાસૂળ ૧. ન. પડખાનું દુઃખ; પાંસળીનો દુખાવો

૨. ન. પાડોશીનું દુઃખ.

૩. ન. કરકસર; કાપકૂપ.

પાંસી [હિ.] સ્ત્રી. પાસ કે પરાણ બાંધવા માટે સૂતરની દોરી વગેરેની બનાવેલી ભાત.

પાંસુ જુઓ પાંશુ ૨-૬.

પાંસુક [સં.] સ્ત્રી. ધૂળ.

પાંસુકા જુઓ પાંશુકા.

પાંસુકાસીસ જુઓ પાંશુકાસીસ.

પાંસુકૂલી જુઓ પાંશુકૂલી.

પાંસુકૂંડ [સં.] પું. એ નામનો નરકકુંડ.

જે મનુષ્ય વ્યભિચારથી બીજાની પત્નીને ભોગવી છે તે મનુષ્ય સો વર્ષ સુધી પાંસુકુંડમાં પડે છે. લાભશંકર ઠાકર

પાંસુકૂલ જુઓ પાંશુકૂલ.

પાંસુકૂલિક [સં.] વિ. ધૂળમાંથી ચીંથરાં આદિ તેનું વસ્ત્ર બનાવી પહેરનાર.

તે સમયે આયુષ્યમાન અંગુલિમાલ આવ્યો હતો. પિંડપાતિક હતો, પાંસુકૂલિક હતો. ત્રિચીવર હતો. રામનારાયણ પાઠક

પાંસુકાર [સં.] પું. ક્ષારલવણ.

પાંસુકુર [સં.] પું. બોકાના પગમાં થતો એક જાતનો રોગ.

પાંસુચત્વર જુઓ પાંશુચત્વર.

પાંસુચંદન [સં.] પું. શિવ.

પાંસુચામર જુઓ પંશુચામર.

પાંસુજ જુઓ પાંશુજ.

પાંસુઘાયક [સં.] પું. ધૂળ સાફ કરનાર માણસ; સફાઈ કે ચોરી વાળનાર માણસ.

પાંસુપત્ર જુઓ પંશુપત્ર.

પાંસુભવ જુઓ પાંશુભવ.

પાંસુભિક્ષા [સં.] સ્ત્રી. માવજીનું વ્રત.

પાંસુભોજ્યકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.

સીતરમો પાંસુભોજ્યકુંડ તપાવેલી ધૂળથી ભરેલો છે. સો મનુષ્યના પ્રમાણમાં છે. ભગવતી જ્ઞાનવત

પાંસુમર્દન જુઓ પાંશુમર્દન.

પાંસુમૂલક પું. એક જાતનો વિષાધર.

પાંસુર ૧. [સં. પાંસુ (રજ)] પું. ધૂળ; રજકર.

૨. પું. લુચ્ચો; લંપટ માણસ.

૩. વિ. રજવાળું.

પાંસુરાગિણી જુઓ પાંશુરાગિણી.

પાંસુરાજ [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; વસુદાન રાજાનો એ નામનો દેશ.

પાંસુરી સ્ત્રી. (વજ) પાસળી.

પાંસુલ જુઓ પાંશુલ.

પાંસુલપુત્ર પું. બાર વર્ષનો પુત્ર; અધિકારી દીકરો.

નિર્ગુણ પુત્રને પાંસુલપુત્ર એટલે અતિ ખેદ કરીએ. ત્રિભોવનદાસ

પાંસુલવણ [સં.] ન. સુરોખાર.

પાંસુલા જુઓ પાંશુલા.

પાંસુલિયા [સં. પાંસુલિકા] સ્ત્રી. પાસળી.

પાંસુવ જુઓ પાંશુવ.

પાંસુવર્ષ જુઓ પંશુવર્ષ.

પાંસુવેષ્ટકુંડ જુઓ પાંશુકુંડ.

પાંસેઠ વિ. પાંસઠ; ૬૫.

પાંસેઠ વિ. પાંસઠ; ૬૫.

પાંસે પું. પાંચમો.

પાંસોદ ન. વાસણ પકવતી વખતે ઢોરે રાખેલ નળ ઉપર રહેલા ડામ.

પાંસોદાં (પાંસોદાં) ન. ૧. બ. વ. પાંસળીઓ.

પાંસો વિ. પાંચસો.

પાંહ (પાંહ) સ્ત્રી. ખેતી.

પાંહટ (પાંહટ) ન. બગસરું.

પાંહર (પાંહર) પું. ગોઠ જાતનો ઊનો.

પાંહરું (પાંહરું) વિ. સીધું; પાંસરું.

પાંહરેહોર (પાંહરહોર) વિ. સીધુંસાદું; આડુંઅવળું નહિ તેવું.

પાંહાણળ (પાંહાણળ) ૧. ન. પથ્થરનું વજ્ર.
૨ ન. પાડોશનું દુઃખ.
૩. ન. વેરઝેર.

પાંહાણળ (પાંહણળ) જુઓ પાંહાણળ.

પાંહાંકવું (પાંહાંવવું) સ. ક્રિ. પોંખવું; પરણવા આવેલા વરને અને પરણીને આવેલ વહુને મંડપ કે ઘરમાં દાખલ કરતી વખતે સાસુએ વધાવી લેવાની ક્રિયા કરવી. આરતી, કુલ, પૂંજરી, મૂસળ, વલોણાનો વાંસ, ગાય અને સળિયો આ વસ્તુઓ પોંખવાની ક્રિયામાં વપરાય છે.
પાંહાંકવા આવે પ્રેમથી,
મદન મહેતાની સુંદર નાર. લગ્નગીત

પાંહિ ૧. અ. કરતાં; થી; પૈ.
લાવ પાંહિ લહ્યા તે લોક.
લાક્યપ્રકાશ

૨. ન. પાસે.
ગોઠ ગોઠ પાંહિઈં રાપણા જોઈ, સાલિભદ્ર હરિ.
કાન્હડદેપ્રબંધ

પિઅ [હિં.] વિ. પિવું; પીવાનું.

પિઅર [હિં.] વિ. પીળું.

પિઅરવા ૧. [હિં.] પું. પતિ; ધણી.
૨. સ્ત્રી. વાસણ બનાવવાની પીળા રંગની માટી.
૩. વિ. ખાટું.

પિઅરાઈ [હિં.] સ્ત્રી. પીળાપણું.

પિઅરિયા [હિં.] પું. પીળા રંગનો બળદ. તે મજબૂત અને ગાડામાં તેજ હોય છે.

પિઅરી ૧. [હિં.] સ્ત્રી. ગાડાની બેઠકો બંધાડને ચઢાવે છે તે પીળા રંગનું કપડું.
૨. સ્ત્રી. વિવાહને સમયે વર કે વહુને પહેરવાનું ઝભ્ભાના રંગે રંગેલું કપડું.
૩. વિ. સ્ત્રી. પીળી.

પિઅ્ય સ્ત્રી. (સંગીત) નારદ મત પ્રમાણે શરીરવીણાના ત્રાગની ગોઠ મૂર્છના.

પિઆજ [હિં.] પું. પ્યાજ; ડુંગળી.

પિઆસ [હિં.] સ્ત્રી. પ્યાસ; તરસ.

પિઆસા [હિં.] વિ. તરસ્યું.

પિઉ ૧. પું. આત્મા.
૨. પું. ઈશ્વર.
૩. [સં. પ્રિય] પું. પતિ; વર; સ્વામી.

પિઉડો (પિઉડો) જુઓ પિઉ.

પિઉ ૧. પું. (પિંગળ) ગોઠ વિષમમાત્રામેળ છંદ. તે એકત્રીસ છંદનો ગોઠ ગોઠ છે. તેમાં ૧૦ ગુરુ અને ૨૪ લઘુ મળી ૫૪ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) ગોઠ સમમાત્રામેળ છંદ. તે સત્તર છંદનો ગોઠ ગોઠ છે. તેમાં ૧૨૪ લઘુ વર્ણ હોય છે. ગુરુ વર્ણ હોતો નથી.
૩. [સં] પું. ગોળા; ગોળાનો નર; ગોડિલ. મીમાંસાના ભાષ્યકાર શબર સ્વામીએ પિક, નામરસ, નેમ વગેરે ગોટલાક શબ્દ ગ્રીક ભાષામાંથી લેવામાં આવ્યાનું જણાવ્યું છે.
૪. સ્ત્રી. ચૂંક; પીડ.
૫. સ્ત્રી. પાન સોપારી કે તંબાકુ ખાઈને તેના રસની પિચકારી મારવી તે; પાનની પિચકારી.
ઘો ઘાને ઘુમ ઘોડું ઘુજ ઉઠ્યો,
લુગો રંગ લાગો તંબોળનો પિક જો.
રઘનાથ

૬. સ્ત્રી. પાન સોપારી તંબાકુનો રસ; પાનનું પૂંઠ.

પિકકંઠ [સં.] પું. કોયલનું મધુર ગળું.

પિકકંઠી [સં.] વિ. સ્ત્રી. કોયલના જેવા કંઠવાળી.
સિંધ સિંધટ સાવરી પિકકંઠી. રઘનાથ

પિકકાની સ્ત્રી. ચૂનકાની; પિકનું ચૂંક લાગવાનું પાતળું પ્રવાહી જેવું લાગવું.

પિકનિક [અં.] સ્ત્રી. ઉજાણી.

પિકપ્રિયા ૧. [સં.] સ્ત્રી. કોયલ પક્ષિણી.
૨. સ્ત્રી. મોટા લાંબુનું ઝાડ.

પિકબંધુ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. પું. કોયલ.

પિકબંધુર જુઓ પિકબંધુ.

પિકબાંધવ જુઓ પિકબંધુ.

પિકબાપિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર તરફનું ગોઠ નામ.

પિકમહોત્સવ જુઓ પિકબંધુ ૧.

પિકરાજ જુઓ પિકબંધુ.

પિકરૂપવતા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર તરફનું ગોઠ નામ.

પિકલ પું. સવાતેરસેર રતલનું ગોઠ માપ.

પિકવયૂ [સં.] સ્ત્રી. કોયલની માદા.

પિકવયણું વિ. કોયલના જેવા કંઠવાળું.
મરમ કહે સુમાલની, પ્રેમે વદે પિકવયણી.
માલવણ

પિકવલ્લભ [સં.] પું આંબાનું ઝાડ; પિકબંધુ.
પિકવલ્લભ સમાંગ સુજસ મલિયાસપ સહકાર;
અંબ રસાલની ડાળીઓ નમી રહી ફલભાર.
પિંગળપ્રકાશ

પિકવલ્લભા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર તરફનું ગોઠ નામ.

પિકાક્ષ ૧. પું. પદ્મપુષ્પ; કોયરાનો ગોઠ; તામરખાના.
૨. [સં.] પું. કપીલો; રોચની. તે પીળા રંગનો હોય છે, માટે તેને પિકાક્ષ કહે છે.
૩. વિ. કોયલ જેવી આંખવાળું.

પિકાક્ષિ [સં.] સ્ત્રી. એ નામની ગોઠ વનસ્પતિ; કુમળી રોચની.

પિકાનંદ ૧. [સં.] પું. વસંત ઋતુ.
૨. પું. વસંત ઋતુનો આનંદ.

પિકાલિકા પું. (પિંગળ) ગોઠ સમમાત્ર વર્ણમેળ છંદ. તેને વિદ્યાવિની છંદ પણ કહે છે. તે જગતી છંદનો ગોઠ ગોઠ છે. તેના દરેક ચરણમાં જગણ, બે જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.
જા જ જ ર ગણ પિકાલિકા વિદિ. રણછોડકવિ

પિકાલી પું. (પિંગળ) ગોઠ સમમાત્ર વર્ણમેળ છંદ. તે ગાથા છંદનો ગોઠ ગોઠ છે. તેમાં રગણ અને નગણ મળી છ અક્ષર હોય છે.
ર ન થી પિકાલી. રણછોડકવિ

પિકાંગ [સં.] પું. મયૂરો; ગાતક.

પિકાંગી [સં.] સ્ત્રી. મયૂરની માદા; ગાતકની માદા.

પિકી [સં.] સ્ત્રી. કોયલની માદા.

પિકુરસ [સં.] પું. મધ.

પિકેક્ષણ ૧. સ્ત્રી. તામરખાના; પદ્મપુષ્પ; કોયરાનો ગોઠ.
૨. [સં.] વિ. કોયલના જેવી આંખવાળું.

પિકેક્ષણા ૧. [સં.] સ્ત્રી. ગોઠ જાતની કોયલ.
૨. સ્ત્રી. કોયલના જેવી આંખવાળી સ્ત્રી.

પિકેટ ૧. પું. ભટકવવું તે.
૨. [અં.] પું. કોઈ ઉપદ્રવ કે ભાંકાંને રોકવા બેસાડવામાં આવેલો પહેરો; કોઈ કામ રોકવા માટેનો પહેરો.

પિકેટર ૧. પું. ભટકનાર માણસ.
૨. [અં.] પું. ચોકી કરનાર માણસ; પહેરો ભરનાર પુરુષ.

પિઠેડિયું ૧. [જુ.] ન. બાજરાનાની ઘિસા બાદબાવવું તે.
૨. ન. પહેરો; ચોકી.
પિઠેરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.
પિઠ્ઠ ૧. [સં.] પું. હાથીનું બચ્ચું; પીઠ વરસનો હાથી.
૨. વિ. બનુભવી.
૩. વિ. ઊંટાળને ઉપર આવેલું.
૪. વિ. ઊંચામાં ઊંચું.
૫. વિ. બી કે તેવામાં તરબૂચું.
૬. વિ. બપળ; બાલાક.
૭. વિ. ઓક્કસ; બાતરીવાળું.
૮. વિ. બાપ મારેલું.
૯. વિ. ન વળે તેવું; સખત; કઠણ.
૧૦. વિ. નિમકહલાલ; વિશ્વાસુ.
૧૧. વિ. નિર્બળ; કસ વિનાનું.
૧૨. વિ. પથ્થરના ટુકડા પાથરી પાકું બાંધેલું.
૧૩. વિ. પૂર્ણ; પૂરું.
૧૪. વિ. બરાબર; ચોક્કસ.
૧૫. વિ. બેળ વગરનું; શુદ્ધ.
૧૬. વિ. બજબૂત; મક્કમ; દૃઢ.
૧૭. વિ. મોટી સફાઈ તેવું; બરોસાપાત્ર.
૧૮. વિ રાંધેલું; પકાવેલું.
૧૯. વિ. લાંબો વખત ચાલે તેવું; ટકાઉ.
૨૦. વિ. સમજુ; બુદ્ધિશાળી.
૨૧. વિ. સતાં બરેબરનું સાચું.
પિઠ્ઠા [સં.] સ્ત્રી. મોતીનું વજન કાઢવાનું એક પરિમાણ.
પિક્ચર [બં.] ન. ચિત્ર; તસવીર.
પિક્ચર ગૅલરિ [બં.] સ્ત્રી. ચિત્રોનો સંગ્રહ રાખવાની જગ્યા.
પિખાડો (પિખાડો) પું. વગોવણી; લોકમાં વાત ચર્ચી તે.
પિખાવવું સ. ક્રિ. પીખવાની ક્રિયા કરાવવી.
પિખાવું બ. ક્રિ. પીખવાની ક્રિયા થવી.
પિગ ૧. [બં.] પું. એક બતનું લોહું.
૨. પું. ડુક્કર.
પિગલાટ સ્ત્રી. ઓગળવું તે.
પિગલાવ જુઓ પિગલાટ.
પિગળાવવું ૧. સ. ક્રિ. નરમ બનાવવું.
૨. સ. ક્રિ. પીગળે તેમ કરવું; ઓગાળવું; કઠણ પદાર્થનો રસ કરવો.
પિત્તનેત્રતા [સં.] સ્ત્રી. એક જાતનો કમળાનો રોગ.

પિત્તપથરી સ્ત્રી. એક જાતનો મૂત્રરોગ; પિત્તકાંકરી. પિત્ત પિત્તાશયમાં રહે છે. પિત્તમાં વિકાર થાય છે ત્યારે ક્ષાર વગેરે પદાર્થ પથરી જેમ બંધાઈ જાય છે. આ કાંકરી પિત્તાશયમાં રહે છે અથવા આંતરડાં વાટે કોથળામાં નીકળી જાય છે. આ રોગ મટાડવા ગરમ પાણીનો શેક કરવો, અળસીની પોલ્ટિસ લગાડવી, ગરમ પાણી ભરી બોટલ ફેરવવી કે ખુલ્લામાં બેસવું.

પિત્તપાપડો (પિત્તપાપડો) પું. પિત્તજ્વરને મટાડનારી એક જાતનું ઘાસ.

પિત્તપાપડો (પિત્તપાપડો) ૧. પું. એક જાતની વનસ્પતિ; અડસલિયો; પિત્તપાપડો; તે બે ત્રણ હાથ સીધો વધે છે. તેના ઉપર ખારીક કાંટા અથવા ફાંસ હોય છે. ચિકાશની આખરે સુકાઈ જાય છે. તેનાં પાંદડાં લાંબાં, સાંકડાં અને છેડે ચોડવાળાં હોય છે. તેની બે જાત છે. એકમાં લાલ અને બીજામાં લીલાં ફૂલ આવે છે. લાલ ફૂલવાળો પિત્તપાપડો વધારે ગુણકારક મનાય છે. વૈદકમાં તેને શીતળ, મલરોધક, વાતને કુપિત કરનાર, દાહકો અને શ્રમ, મદ, પ્રમેહ, તૃષા, પિત્ત, કફ, જ્વર, રક્તવિકાર, અરુચિ, દાહ, ગ્લાનિ તથા રક્તપિત્તનો નાશ કરનાર માનેલ છે. ગાય સુકાય એટલે તેનો રંગ કાળો થાય છે. પિત્તપાપડો રેતાળ જમીનમાં પોતાની મેળે ઊગે છે. તેનાં મૂળ લાંબાં અને નારંગી રંગનાં હોય છે. તે સુતરાઉ લૂગડાને પાકો રંગ આપવાના ઉપયોગમાં આવે છે. તેમાંથી બનતો અને ભૂરો નારંગી રંગ પણ તૈયાર થાય છે. પિત્તપાપડાનાં પંચાંગ જ્વરઘ્ન, સ્વેદક અને મૂત્રલ હોઈ જીર્ણજ્વર, પાંડુ, ઉપદંશ, મંદાગ્નિ, ત્વચારોગ અને પિત્તવિકાર ઉપર ઉકાળાના રૂપમાં અપાય છે.

૨. પું. આખરાના ઝાડની કિંમત; પલાશપાપડો

૩. પું. પિત્તજ્વરને મટાડનારી એક જાતનું ઘાસ.

પિત્તપાંડુ [સં. પિત્ત + પાંડુ (એક જાતનો રોગ)] પું. પિત્તથી થતો એક જાતનો રોગ. તેમાં ઘાસ કરીને રોગીનો ઝાડો, પેશાબ અને આંખ તેમજ સામાન્યપણે આખું શરીર પીળું પડી જાય છે અને તેને દાહ, તરસ અને તાવ રહે છે.

પિત્તપ્રકૃતિ ૧. [સં.] સ્ત્રી. ગરમ મિજાજ; તીખો સ્વભાવ.

૨. સ્ત્રી. વાત અને કફના પ્રમાણમાં પિત્તનું વિશેષ હોવાપણું; પિત્તવાળી પ્રકૃતિ.

૩. વિ. શરીરમાં પિત્તના પ્રાધાન્યવાળું. પિત્તપ્રકૃતિવાળા માણસને ભૂખ તરસ બહુ લાગે છે. તેનો રંગ ગોરો હોય છે. હથેળી, તળિયાં અને મુખ ઉપર રતાશ હોય છે. તેના વાળ પાંકુ રંગના અને ઝીણા ઓછાં હોય છે. તે બહુ ચાલાક, અભિમાની, ભળવાન, પુષ્પચંદન વગેરેના લેપ માટે પ્રીતિ રાખનાર, સદાચારી, પવિત્ર, આશ્રિતો ઉપર દયા રાખનાર, વૈદકી, સાહસી અને બુદ્ધિબળવાળો હોય છે. બળતીની શત્રુઓથી રક્ષા કરે છે. તેની વાક્શક્તિ ઉત્તમ હોય છે. તેને મધુર, શીતલ, કડવા અને તૂરા પદાર્થો ઉપર રુચિ હોય છે. શરીરમાંથી બહુ પરસેવો અને દુર્ગંધ નીકળે છે. વિષ્ટા, ભોજન, જલપાન, ક્રોધ અને ઊંઘ તેને વધારે હોય છે. તે ધર્મનો દ્વેષી, તેની આંખની કીકી પીળી અને તેને પાપકર્મમાં બહુ ઓછા વાળ હોય છે. સ્વપ્નમાં તે ઝરણું વગેરેનાં જલ, ઉલ્કાપાત, વીજળી, સૂર્ય તથા અગ્નિ જુએ અને કલ્પિયારી કરે. તેનું આયુષ્ય મધ્યમ હોય છે. સ્વભાવે તે ગરમ, રીઢ, વાદરાં, બિલાડી વગેરેના જેવો હોય છે.

પિત્તપ્રકોપ [સં. પિત્ત + પ્રકોપ (કોપ)] પું. પિત્તનો વધારો થવો તે.

પિત્તપ્રકોપી [સં. પિત્તપ્રકોપિન્] વિ. પિત્તને વધારનાર. ખાટા, મદ્ય, માંસ અને ગરમ, આદી વગેરે વસ્તુઓ પિત્તપ્રકોપી મનાય છે.

પિત્તપ્રતિશ્યાય [સં.] પું. નાકના શ્લેષ્મલ કલા માંહેના એક પ્રકારનો રોગ; પિત્તપ્રકોપથી થતું સડોમ.

પિત્તભસ્મપારદ [સં.] પું. (વૈદક) પારામાંથી બનતી એક જાતની દવા.

પિત્તભૃંગ ૧. [સં.] પું. પીળો ભાંગરો.
૨. પું. પીળો રંગ.

પિત્તભેષજ [સં.] ન. મસૂરની દાળ.

પિત્તમિશ્રજ જુઓ પિત્તપ્રકૃતિ.

પિત્તર ૧. [સં. પિત્ર] પું. (હિંદી) બાપદાદા; પૂર્વજ; પિતૃ.
૨. ન. (કચ્છી) પિતળ.
૩. વિ. (કચ્છી) બરાબર.

પિત્તરકાલો પું. (કચ્છી) ભેજાનું.

પિત્તરક્ત [સં. પિત્ત + રક્ત (લોહી)] ન. લોહીમાં રક્તકણ વધી જવાથી થતો વિકાર; રક્તપિત્તનો રોગ; 'પ્લેથોરા.'

પિત્તરપખ [સં. પિતૃપક્ષ] પું. પિતૃપક્ષ; બાપપક્ષ.

પિત્તરસ [સં. પિત્ત + રસ (પ્રવાહી)] પું. એક જાતનો અન્નપાચક રસ; પિત્ત. ખોરાક ઓકરીમાંથી આંતરડાંમાં આવે છે ત્યારે આ રસ તેની સાથે ભળે છે.

પિત્તરંજક [સં.] ન. પેશાબમાં રહેલી અમ્લતાનો અંશ.

પિત્તરોહિણી [સં.] સ્ત્રી. (વૈદક) પિત્તદોષથી થતો એક જાતનો રોગ. તેમાં શરીરે બળતરા અને પાક થાય, સાથે તાવ આવે અને માંસાંકુર એકદમ નીકળી આવે. દરદી પાંચ દિવસે મરણ પામે.

પિત્તલ ૧. [સં.] સ્ત્રી. જળપીપળ; કાલપર્ણી.
૨. ન. પિત્તળ ધાતુ.
૩. ન. ભોજપત્ર; ભૂર્જપત્ર.
૪. ન. હરતાલ.
૫. વિ. પિત્તકારી.
૬. વિ. પિત્તપ્રકૃતિવાળું; પુષ્કળ પિત્તવાળું.

પિત્તલતા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જળપીપળ.
૨. સ્ત્રી. પિત્ત કોપવાથી થતો યોનિનો રોગ. તેમાં યોનિમાં બળતરા થાય, તે પછી જ્વર તથા શરીરમાં તાવ રહે.

પિત્તલી [સં. પિત્તલિન્] વિ. પિત્તળનું બનેલું.

પિત્તવર્ગ [સં.] પું. માછલી, ગાય, ઘોડો, ઊંટ અને મોર એ પાંચના પિત્તનો સમૂહ; પાંચ પ્રકારનું પિત્ત. બીજા મત પ્રમાણે સૂવર, બકરું, ભેંસ, માછલી અને મોરનું પિત્ત પણ આ વર્ગમાં મનાય છે.

પિત્તવલ્લભા [સં.] સ્ત્રી. કાળું અતિવિષ.

પિત્તવાયુ [સં. પિત્ત + વાયુ (વાત)] પું. પિત્તમાં વિકાર થવાથી થતો વાયુ; પિત્તના વિકારથી શરીરમાં વાયુની પ્રકૃતિ થઈ જવી તે.

પિત્તવાહિની [સં. પિત્ત + વાહિની (નીક)] સ્ત્રી. પિત્ત પસાર થવાની નસ; પિત્તની નસ.

પિત્તવાળું ૧. વિ. તામસી; ચીડિયું.
૨. વિ. પિત્તાંશી; પિત્ત પ્રકૃતિવાળું.

પિત્તવિકાર [સં. પિત્ત (એક ધાતુ) + વિકાર (દોષ)] પું. (વૈદક) પિત્તનો રોગ; પિત્તનો ઊભરો; પિત્તની વૃદ્ધિ. તેને લીધે દરદીને ખોરાક બરાબર પચતો નથી અને તે સાથે ઊભરો અને ઊલટી થાય છે. તેમાં કડવું તથા લીલા રંગનું પિત્ત પડે છે. આ વિકારના પ્રકાર ૪૦ છે: (૧) ઓષ એટલે નષ્ટ: રહેલા અગ્નિને લીધે દાહ થાય તેવો દાહ થવો, (૨) પ્લોષ એટલે મોઢી બળતરા થવી, (૩) દાહ એટલે બન્ને આંખો બળતાં હોય તેમ લાગવું, (૪) ઉષ્ણ એટલે ચામડી ઉપર ફોલ્લા થવા, (૫) ધૂમક એટલે ધુમરી આવવા, (૬) ભ્રમક એટલે આંટા ધુમરી આવવા, (૭) વિદાહ એટલે આપેલું અન્ન ન પચવું. (૮) અંતર્દાહ એટલે શરીરની અંદર બળતરા થવી, (૯) અંગદાહ એટલે અંગોમાં બળતું હોય તેમ લાગવું, (૧૦) ઉષ્માધિક્ય એટલે બહારની ગરમી વધારે લાગવી, (૧૧) અંગસ્વેદ એટલે શરીરમાં વધારે પરસેવો આવવો, (૧૨) અતિસ્વેદ એટલે બહુ જ વધારે પ્રમાણમાં પરસેવો આવવો, (૧૩) અંગાવદરણ એટલે અંગોમાં ચિરાડા પડવા, (૧૪) લોહિતાક્ષેદ એટલે લોહીનું ઝાલ્વની માફક બનવું થવું, (૧૫) માંસક્લેદ એટલે માંસનું ગળી જવું, (૧૬) ત્વગ્દાહ એટલે ચામડીમાં બળતરા થવી, (૧૭) ત્વગવદરણ એટલે ઉપરની ચામડી ફાટવી, (૧૮) ચર્માવદરણ એટલે ચામડીનાં સાંધે પાક ફાટી જવાં, (૧૯) રક્તક્ષેદ એટલે શરીર ઉપર લોહી ઝૂલ્યા માફક થવું, (૨૦) રક્તવિસ્ફોટ એટલે શરીર ઉપર બળવાથી ઘાવ તેવી ફોલ્લીઓ થવી, (૨૧) રક્તપિત્ત એટલે ઉપર અને નીચેના સોતોમાંથી લોહીનું પડવું, (૨૨) રક્તમંડલ એટલે પાકા ઉદુંબરની માફક લાલ ચાઠાં શરીર ઉપર નીકળવાં, (૨૩) હરિતત્વ એટલે શરીર લાલ રંગનું થઈ જવું, (૨૪) હારિદ્ર એટલે શરીરનો રંગ હળદરના જેવો પીળો પડી જવો, (૨૫) નીલિકા એટલે શરીર ઝાંખરાની થઈ જવું, (૨૬) કક્ષા એટલે કાખમાં ઝાણી ફોલ્લીઓ થવી, (૨૭) કામલા એટલે પાંડુરોગની એક ખાસ અવસ્થા થવી, (૨૮) તિક્તાસ્યતા એટલે મોઢામાં સ્વાદ તીખો લાગવો, (૨૯) લોહિત મંથારત્વ એટલે મુખમાંથી લોહીના જેવી ગંધ આવવી, (૩૦) પૂતિમુખતા એટલે મુખમાંથી દુર્ગંધ આવવી, (૩૧) તૃષ્ણાધિક્ય એટલે વારંવાર તરસ લાગવી, (૩૨) અતૃપ્તિ એટલે હમેશા ભૂખ્યા જ રહીએ છીએ એમ લાગવું, (૩૩) આસ્યપાક એટલે મોઢું આવી જવું, (૩૪) ગલપાક એટલે ગળામાં પાક થવો, (૩૫) અક્ષિપાક એટલે આંખો આવવી, (૩૬) મુદપાક એટલે મલદ્વારમાં પાક થવો, (૩૭) મેઢ્રપાક એટલે શિશ્નેંદ્રિયનું પાકવું, (૩૮) જીવદાન એટલે જીવન રક્તનું નીકળી જવું, (૩૯) તમપ્રવેશ એટલે અંધારા આવવાં, (૪૦) હરિત હારિદ્ર નેત્રવર્ચસ્ત્વ એટલે આંખ અને ચામડાનો રંગ લીલો અથવા પીળો થવો.

પિત્તવિદગ્ધ [સં.] વિ. પિત્તના વ્યાધિથી પીડાતું.

પિત્તવિદગ્ધદૃષ્ટિ [સં.] સ્ત્રી. (વૈદક) પિત્ત વધવાથી બધા પદાર્થો પીળા દેખાય તેવો આંખનો એક રોગ; દૃષ્ટિસ્થાનમાં દૂષિત પિત્ત આવવાથી થતો આંખનો એક રોગ. તેમાં દૃષ્ટિસ્થાન પણ પીળું થઈ જાય છે. આ દોષ આંખના નીચલા પડદામાં રહે છે, તેથી રોગીને સ્નિગ્ધનું દેખાતું નથી. તે માત્ર રાત્રે જોઈ શકે છે. આ રોગ ઉપર રસાંજન, ઘી, મધ, તાજીસપત્ર અને સોનાગેરુને આમળાના ઝાડના રસમાં ખરલ કરી તેનું અંજન કરાય છે.

પિત્તવિદ્રધિ [સં.] પું. (વૈદક) પિત્તવિકારને લીધે થતો કંઠનો એક રોગ. તેમાં ગળામાં સોજો કે ગૂમડું થાય છે.

પિત્તવિસર્પ [સં.] પું. (વૈદક) એક જાતનો વિસર્પ રોગ; રતવાનો એક પ્રકાર.

પિત્તવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. પિત્તનો વધારો થવો તે.
૨. સ્ત્રી. (વૈદક) પિત્તપ્રકોપને લીધે થતો એક જાતનો રોગ. વાતરક્ત અથવા આમવાતથી પીડાતા દરદીઓમાં અથવા આંત્રજ્વર કે ગ્રહણીથી પીડાતા દરદીઓમાં અથવા કૃમિને પરિણામે પણ ક્યારેક આવે છે. દરદીને તાવ, કમજિયત, ઊલટી, સખત દુખાવો માલૂમ પડે છે અને આખો દેખાવ લાલ થઈ જાય છે.

પિત્તવ્યાધિ [સં. પિત્ત + વ્યાધિ (રોગ)] પું. પિત્તદોષથી થતો રોગ.

પિત્તશામક [સં. પિત્ત + શામક (શાંત પાડે તેવું)] વિ. પિત્તપ્રકોપને શાંત પમાડે તેવું.

પિત્તશાંતક જુઓ પિત્તશામક.

પિત્તશૂલ [સં. પિત્ત + શૂલ (પીડા)] ન. (વૈદક) પિત્તપ્રકોપને લીધે થતો એક જાતનો રોગ. તેમાં નાભિની આસપાસ પીડા થાય છે, તરસ લાગે છે, પરસેવો છૂટે છે,

દાહ, ભ્રમ અને હોષ થાય છે. વૈદ્યક મત પ્રમાણે પિત્ત વધારે પાકું થવાથી અથવા પકવી અંતરદામાં જવાથી આ રોગ થાય છે.

પિત્તશ્લેષ્મજ્વર [સં.] પું. (વૈદ્યક) પિત્ત અને કફ બંને વધવાથી આવતો તાવ. મોઢું કડવું થવું, તંદ્રા, મોહ, ખાંસી, અરુચિ, તરસ, ચોટી વાર બગાસાં થવાં અને કાંઈક દાહ થવાની વગેરે આ રોગનાં લક્ષણ છે.

પિત્તશ્લેષ્માહ્વજ્વર [સં.] પું. (વૈદ્યક) એક જાતનો સન્નિપાત જ્વર. તેમાં શરીરમાં બળતરા થાય, પણ બહારથી શરીર ઠંડું જણાય, તરસ બહુ લાગે, બગબગી પાંસળીઓ, છાતી, માથું અને બગામાં વેદના થાય, કફ તથા પિત્ત બહુ મુશ્કેલીથી નીકળે, મળ પાતળો થઈને નીકળે, શ્વાસ ફૂલે અને હેડકો આવે.

પિત્તસર્વસર [સં.] પું. (વૈદ્યક) મોંમાં પાક થવાનો એક જાતનો રોગ; મુખપાક.

પિત્તસંશમન [સં. પિત્ત + સંશમન (શાંત કરવું તે)] ન. કોપેલા પિત્તને શાંત કરનાર ઔષધિઓનો વર્ગ. તેમાં ચંદન, લાલચંદન, વાળો, વિદારી કંદ, શતાવરી, સફેદ કમળ, નીલ કમળ, કાકોલ્યાદિ ગણ, ન્યગ્રોધાદિ ગણ, તૃણપંચમૂલ વગેરે છે.

પિત્તસ્કંધ [સં.] પું. નાનાં નાનાં પ્રાણીઓનાં પિત્ત અને કલેજામાં રહેલું રેત વગરનું એક પાસાદાર તત્ત્વ; 'ટોરિન'.

પિત્તસ્થાન [સં. પિત્ત + સ્થાન (જગ્યા)] ન. નાભિ, રુધિર વગેરે પાંચ જાતનાં પિત્ત રહેવાનાં શરીરમાંનાં પાંચ સ્થાન. તે પાંચ સ્થાન: આમાશય ને પક્વાશય, યકૃત ને પ્લીહા, હૃદય, બે નેત્ર અને ત્વચા છે.

પિત્તસ્નેહ [સં. પિત્ત + સ્નેહ (ચરબી)] પું. (વૈદ્યક) પિત્તના વિકારને લીધે શરીરમાં ઘીવાળા ઊપડી આવવાનો રોગ; 'ચોજ'.

પિત્તસ્રાવ [સં. પિત્ત + સ્રાવ (વહેવું તે)] પું. (વૈદ્યક) આંખમાંથી લીલાં, પીળાં અને ગરમ પાણી વહેવાનો એક રોગ.

પિત્તસ્રોત [સં.] પું. પિત્ત વહન કરનારી નસ. યકૃતના સૂક્ષ્મ કોષો પિત્ત બનાવે છે. દરેક કોષની અંદર અસંખ્ય કોષો છે અને દરેક કોષ પોતાનું કામ કરે છે. આ કોષોની વચ્ચે શિરાધમનીઓની સૂક્ષ્મ શાખાઓની બારીક સૂક્ષ્મ પિત્તસ્રોતો રહેલા છે, જેઓ કોષાંતર્વર્તિ સ્રોતો તરીકે ઓળખાય છે. આ સૂક્ષ્મ સ્રોતોમાં યકૃત કોષોએ બનાવેલું પિત્ત કામમાં આવે છે. એ સ્રોતો એકઠા મળીને મોટા સ્રોતો બનાવે છે, જેઓ કોષોનો વચ્ચે રહેલા હોઈ કોષાંતરાલ પિત્તસ્રોતો તરીકે ઓળખાય છે અને કોષાંતરાલ શિરાઓ તથા ધમનીઓની સાથે સાથે ફેલાયેલા નજરે પડે છે. મોટા કોષાંતરાલ પિત્તસ્રોતો એકઠા થઈને બે મોટા યકૃતપિત્તસ્રોતો બનાવે છે. જેઓ યકૃતની દ્વારસીતામાં જોવામાં દેખાય છે. એક પિત્તસ્રોત જમણા ખિંચામાંથી બનીને બીજો ડાબા ખિંચામાંથી બહાર આવે છે. અને પરસ્પર મળીને યકૃતી પિત્તનલિકા બને છે.

પિત્તહર વિ. [સં. પિત્ત + હર (લઈ જનાર)] પું. વાળો. તે પિત્તનું શમન કરનાર મનાય છે.
૨. વિ. પિત્ત ઓછું કરનારું; પિત્તને દૂર કરનાર.

પિત્તહા વિ. [સં. પિત્તહન્] સ્ત્રી. પિત્તપાપડો નામની વનસ્પતિ.
૨. વિ. પિત્તનાશક; પિત્તનો નાશ કરનાર.

પિત્તળ વિ. [સં. પિત્તલ] ન. તાંબા અને જસતની ભેળસૂંથી બનતી સોના પેઠા રંગની એક મિશ્ર ઉપધાતુ. કોઈ કોઈ વાર તેમાં કલાઈ કે સીસું ભેળવવામાં આવે છે. તેમાં તાંબાનું મિશ્રણ વધારે હોય છે. તેનો ઉપયોગ વાસણ કરીને ચાળી, ચાટલા, ખાસા, ઝાલર, ઘાંટા વગેરે વાસણ બનાવવામાં થાય છે. દેવતાઓની મૂર્તિ, આસન, ઘંટ, અનેક પ્રકારનાં વાદ્ય, યંત્ર, તાળાં, કળ અને ગરીબોને માટે ઘરેણાં તેનાં બનાવવામાં આવે છે. પિત્તળની ચીલ્લે કાંસાની ચીલ્લે કરતાં વિશેષ ટકાઉ હોય છે, કારણ કે તેમાં કાટ લાગતો નથી. પિત્તળ બે પ્રકારનું થાય છે: એક સફેદાઈ ઉપર પીળા રંગનું અને બીજું લાલાશ પડતું પીળા રંગનું. જેમાં કલાઈનો ભાગ વધુ હોઈ તે સફેદ અને સીસાનો ભાગ વધુ હોય તે લાલ હોય છે. જો તેને નિકલનો લેપ કરવામાં આવે તો તે રંગે જર્મન સિલ્વર સમાન થાય છે. તેના ઉપર કલાઈ બહુ સારી થાય છે.
૨. વિ. ગરમ સ્વભાવવાળું; તામસી; આકરી તબિયતનું.
૩. વિ. કઠણ; માલ વગરનું; અસલ કે ખરું નહિ એવું.

પિત્તળકાંદો પું. પિત્તળના વેપારીઓની દુકાનોવાળો શહેરનો ભાગ; ચોરાસી આંદેનું એક ચોટું.

પિત્તળગરાવાડ (પિત્તળગરાવાડ) સ્ત્રી. શહેરના જે ભાગમાં પિત્તળગરોની દુકાનો હોય તે ભાગ; પિત્તળકાંદો.

પિત્તળગરો પું. પિત્તળનો વેપારી.

પિત્તળપત્ર વિ. ન પિત્તળનું પાતળું પતરું; પિત્તળનો વરખ.
૨. ન. પિત્તળનો ઝાકળો, ઓપ કે ચળકાટ.

પિત્તળ સ્વભાવનું વિ. સિ. ઓછું પાત્ર.
૨. સિ. ચીડિયું; સહેજમાં તપી જાય એવું.

પિત્તળહાટ ન. પિત્તળ કે તેનાં વાસણ વેચનારની દુકાન.

પિત્તળિયું વિ. ન. ખોટિયું; વાટકો.
૨. સિ. માલ વગરનું; કીમત વિનાનું; ઓછું.

પિત્તળી વિ. સ્ત્રી. નાની પિત્તળની વાટકી.
૨. સિ. પિત્તળનું; પિત્તળમય.

પિત્તા વિ. [હિં.] પું. પિત્તની પ્રકૃતિ; પિત્તાળ.
૨. પું. મનનો આવેશ; ક્રોધ; ગુસ્સો.
૩. પું. હિંમત; સાહસ.

પિત્તાઈ અજ્વર પું. (કચ્છી) એક જાતનું જ્વર.

પિત્તાતિસાર [સં. પિત્ત + અતિસાર (ઝાડો)] પું. (વૈદ્યક) અતિસારના છ માંહેનો એક પ્રકાર; પિત્તને લીધે થયેલો ઝાડાનો રોગ. તેમાં મળ લાલ, પીળો અથવા લીલો અને ગંધવાળો આવે છે, ગુદા બળી આવે છે, તરસ બહુ લાગે છે અને મૂર્છા તથા દાહ થઈ આવે છે.

પિત્તાપરમાર [સં. પિત્ત + અપસ્માર (ઘેલું)] પું. (વૈદ્યક) એક જાતનો પિત્તપ્રકોપથી થતો રોગ. તેમાં આંખ, મોઢું અને હોઠનો ભાગ રતુમડો કે પીળચટો લાગે છે.

પિત્તાભાવ [સં. પિત્ત + અભાવ (ન હોવું તે)] પું. પિત્તનું ઉત્પન્ન ન થવું તે.

પિત્તાભિષ્યંદ ૧ [સં] પું. (વૈદ્યક) પિત્તને લીધે આંખ ઊઠવાનો રોગ. તેમાં આંખ બળે છે, પીળા રંગની થાય છે અને આંસુ બહુ ઝરે છે.
૨. [સં. પિત્ત + અભિષ્યંદ (વધારો)] પું. પિત્તનો વધારે જમાવ થવાનો રોગ.

પિત્તાશ્મા [સં.] ન. મૂત્રમાં રહેલો અશ્મરસનો ભાગ.

પિત્તારિ વિ. [સં. પિત્ત + અરિ (દુશ્મન)] પું. પિત્તપાપડો. તે પિત્તનું શમન કરનાર મનાય છે.
૨. પું. પીળું ચંદન.
૩. પું. લાખ.

પિત્તાલ્પતા [સં. પિત્ત + અલ્પ (ઓછું) + તા (પણું)] સ્ત્રી. પિત્ત ઓછું હોવું તે.

પિત્તાવરોધ [સં.] પું. પિત્તનું અટકી જવું તે; પિત્તનો અવરોધ; પિત્ત બહાર ન નીકળવું તે.

પિત્તાશનિરસ [સં.] પું. (વૈદ્યક) પિત્ત અથવા ગરમીના તાવ ઉપર અપાતું એ નામનું એક ઔષધ. તે બનાવવા પારદ, ગંધક, ટંકણ, મરી, કચૂરો, ગળો, સાકર, જેલસી, કપૂરકાચલી,

ક્ષારાજલ, રૌપ્યભસ્મ, પ્રવાલપિષ્ટિ અને વરિયાળી દરેક તોલા ૭ અને મોતીપિષ્ટિ તોલા ૧૪ સાથે મેળવી ગળો, કણી દ્રાક્ષ અને અકસલિમાના ઉકાળાની એક ભાવના દઈ ઘૂંટવામાં આવે છે.

પિત્તાશય [સં. પિત્ત + આશય (જગ્યા)] ન. કાળાશું. શરીરમાં પિત્ત રહે છે તે અવયવ; પિત્તની કોથળી; પિત્તકોષ. તે યકૃતની પાછળ અને નીચેથી તરફ હોય છે. તેનો આકાર નાસપાતી જેવો કોષ છે. ખોરાક પચાવવા માટે જેટલું પિત્ત જોઈએ તે કરતાં યકૃતમાં જેટલું પિત્ત વધારે હોય તે પિત્તાશયમાં આવીને એકઠું થાય છે.

પિત્તાશયશોથ [સં. પિત્ત + આશય (સ્થાન) + શોથ (સોજો)] પું. પિત્તાશયનો સોજો. આ રોગનાં કીટાણુ દાંત, ગળાની ગાંઠ અથવા ઉપાંત્રથી લોહી દ્વારા પિત્તાશયમાં પહોંચી સોજો ઉત્પન્ન કરે છે. સોજાને લીધે પિત્તાશયની શ્લૈષ્મિક કલા મરી જાય છે અને ત્યાં સૌત્રિક તંતુ બની જાય છે. તેની દીવાલ મોટી થઈ જાય છે. આવા રોગીને તીવ્રાવસ્થામાં લપેટી રાખવો, આત્રમાં કાટેલા કૃમિનું પાણી અથવા જવનું પાણી દેવું, તથા ક્ષારજાતમાં વિરેચન દેવું લાભદાયક છે. આવા દરદીને માખણ, ઘી, મલાઈ, ઈંડાં, યકૃત અથવા વૃક્ક આદિ વસ્તુઓ બિલકુલ દેવી નહિ. યુરોટ્રોપિન પિત્તાશયને શુદ્ધ કરવા માટે ઉત્તમ ઔષધિ મનાય છે.

પિત્તાશયિક ગ્રંથી સ્ત્રી. પિત્તાશયની નળી.

પિત્તાસ્મરી [સં. પિત્ત + અશ્મરી (પથરી)] સ્ત્રી. પિત્તની પથરી; પિત્તપથરી.

પિત્તાળું ૧. વિ. તામસી; ઉગ્ર સ્વભાવનું.

૨. વિ. પિત્તવાળું; પિત્તાંશી.

પિત્તાંકરસ [સં.] પું. (વૈદક) પિત્ત કાપી કરવા માટે વપરાતી એ નામની એક દવા. તે બનાવવા જાયફળ, જાવંત્રી, જટામાંસી, મુર, તાલીસપત્ર, શુદ્ધ વછનાગ, શુદ્ધ મનઃશિલ, શુદ્ધ સુવર્ણમાક્ષિક, લોહભસ્મ, અભ્રકભસ્મ એ બધી ચીજો સમ ભાગે લેવી અને તે બધાંની બરાબર શુદ્ધ મોતીની ભસ્મ લઈ પાણીથી ખૂબ ઘૂંટી બધાંને રતીની ગોળી કરવી. આ રસથી તપેલું લોઢું કાપું થતું બનાવ છે તથા આપનાની અંદર રહેતી પીળાશ દૂર કરે છે. તેની માત્રા બે રતીભારની છે.

પિત્તાંક [સં.] પું. ઘોડાના અંડકોશમાં થતો એક જાતનો રોગ.

પિત્તાંશી જુઓ પિત્તાળું.

પિત્તિકા [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; એક પ્રકારની વનસ્પતી.

પિત્તિન જુઓ પિત્તકોષ.

પિત્તી ૧ [હિં.] પું. ભાઈ; આપનો ભાઈ.

૨. સ્ત્રી. ગરમીના દિવસોમાં પરસેવો સુકાવાથી ચામડી ઉપર થતી લાલ લાલ ફોલ્લી; ગળાઈ.

૩. સ્ત્રી. પિત્તની અધિકતાથી કે લોહીમાં બહુ અધિક ઉષ્ણતાથી થતો એ નામનો એક રોગ; પિત્તરોગ.

૪. સ્ત્રી. મારવાડીની એ નામની એક બટક.

૫. ન. એ નામની બટકનું ચાબૂક.

૬. વિ. એ નામની બટકનું.

પિત્તું જુઓ પિત્તાશય.

પિત્તો ૧. પું. કલેજામાંનું પિત્તનું સ્થાન; પિત્તાશય; કલેજાને ચોટતો, તેની નીચેની બાજુએ જમણી તરફ નવમી પાંસળીની કિનાર પાસે આવેલો માજર જેવડી નાની થેલી. યકૃતમાં ઉત્પન્ન થયેલું પિત્ત તેમાં એકત્ર થાય છે.

૨. પું (કચ્છી) કોઈ વસ્તુની વચ્ચેનો ભાગ.

૩. [સં. પિત્ત] પું. પિત્ત; શરીર અંદરની પ્રમુખ માંહેની એક ધાતુ.

૪. પું. ગુસ્સો; ગરમ.

૫. પું. સ્વભાવનું આકરાપણું; ગરમ મિજાજ; ક્રોધની તીવ્ર લાગણી; રીસ; કોપ; રોષ.

૧. પિત્તો ઊછળ્યો-ઊભળ્યો-ઘસ્યો-ઝડ્યો-ઠાટ્યો-ઠાયમાથી જ્યો = મિજાજ તપી જવો; ગુસ્સે થઈ જવું.

૨. પિત્તો કાઢ્યો = ભ્રમ કરાવીને કે બીજી રીતે બહુ પીડા આપવી.

૩. પિત્તો મરવો = (૧) ગુસ્સો ન રહેવો (૨) હિંમત હારી જવી; નબળાઈ બતાવવી

૪. પિત્તો મારવો = ક્રોધ દબાવવો; ગુસ્સો ચઢવા છતાં ચિત્ત શાંત રાખવું.

પિત્તોદ્રિક્તજ [સં.] પું. (વૈદક) આંખની પલકનો એક જાતનો રોગ. તેમાં આંખ લાલ થઈ જાય, પલકારામાં બળતરા તથા દુઃખ થાય અને ઊંઘ ન આવે.

પિત્તોદર [સં. પિત્ત + ઉદર (પેટ)] ન. (વૈદક) આઠ મહિના એક પ્રકારનો ઉદરરોગ; પિત્તપ્રકોપથી થયેલો પેટનો રોગ. તેમાં શરીરનો વર્ણ, આંખ, નખ તથા મળમૂત્ર એ બધાં પીળાં થઈ જાય અને ક્રોધ, તરસ, દાહ અને જ્વરનો પ્રકોપ થાય. જ્વર, મૂર્છા, દાહ, તૃષા, મોઢામાં કડવાશ, પેટ ચીરી, પીળા, રાતી રેખાઓથી વ્યાપ્ત, પરસેવાથી ભીંજાયેલું અને અંદર ધૂણી નીકળ્યા જેવું જણાય. આ રોગમાં જલોદર ઉત્પન્ન થાય છે અને ઘણી વખત થાય છે.

પિત્તોન્માદ [સં. પિત્ત + ઉન્માદ (ગાંડપણ)] પું. પિત્તની અધિકતાને લીધે થતું ગાંડપણ.

પિત્તોલ્વણજ્વરાતિપાત [સં.] પું. (વૈદક) એક જાતનો સન્નિપાતજ્વર. તાવ, અતિસાર, ભ્રમ, મૂર્છા, મોં પાકવું, શરીર ઉપર લાલ દાણા નીકળવા અને બહુ બળતરા થવી એ આ રોગનાં લક્ષણ છે.

પિત્ર [સં. પિતૃ] પું. પૂર્વજ; મરણ પામેલ વડીલ; પિતૃ.

ચેતન જાણ સિવાયનું ચિત્ર, દાનવ માનવ પશુ ને પિત્ર. અખો

પિત્રર્પેચક ન. વી, અણોટી, ટંકણખાર, મધ, અને ચૂનાળતો સમૂહ. તેનો ઉપયોગ વિવિધ ધાતુઓને પિત્તળવામાં તથા ધાતુની શુદ્ધિ થઈ છે કે નહિ તેની પરીક્ષા કરવામાં થાય છે.

પિત્રર્થ સ્ત્રી. પિતૃઓ માટેની વસ્તુ-ક્રિયા.

પિત્રવ્ય [સં. પિતૃવ્ય] પું. કાકો; આપનો ભાઈ.

પિત્રસ્રા સ્ત્રી. પિત્તની નાડી.

પિત્રા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ડુંગર માંહેનું એક નામ.

પિત્રાર્ઈ ૧. [સં. પિતૃષ્વ] પું. પિતરાઈ; સાતમી પેઢીએ પણ એક બાપના વંશજ; કાકાનાં છોકરાં.

૨. વિ. પિતા સંબંધી.

પિત્રાગત [સં. પિતૃ (બાપ) + આગત (આવેલું)] વિ. બાપથી મળેલું; બાપીકું; પિતૃપ્રાપ્ત.

પિત્રાજ્ઞા [સં. પિતૃ (પિતા) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. પિતાનો હુકમ કે આદેશ; પિતાની આજ્ઞા.

પિત્રાણ ૧. સ્ત્રી. પિત્રાઈની વહુ.

૨. વિ. સ્ત્રી. પિત્રાઈને લાં જન્મેલી; પિતરણ; પિતાના વંશની.

પિત્રાણ અગ્નિની સ્તુતની તુને કે છે કે કન્યારત્ન. પ્રેમાનંદ

પિત્રાણી જુઓ પિત્રાણ.

પિત્રી [સં. પિતૃ] પું. પિતર; મરણ પામેલ પૂર્વજ બાપદાદા.

પિત્રીશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

પિત્રેશ્વર પું. ઓંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં વચ્ચે આવતું એ નામનું એક તીર્થસ્થાન.

પિત્રોડા (પિત્રોડો) ૧. સ્ત્રી. કણબી અને સુથારની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

પિત્ર્ય ૧. [સં.] પું. બટક.

૨. પું. મોટા ભાઈ.

૩. ન. તર્જની અને અંગૂઠાના મૂળનો ભાગ; પિતૃતીર્થ.

૪. ન. પિતરો સંબંધી કર્મનું શ્રાદ્ધ.
૫. ન. (જ્યોતિષ) મઘા નક્ષત્ર.
૬. ન. અન્ન.
૭. વિ. પિતા સંબંધી.
૮. વિ. પિતાનું.
૯. વિ. પિતાથી આવેલું; બાપદાદાનું.
૧૦. વિ. પિતાને પ્રિય.
૧૧. વિ. શ્રાદ્ધ કરવા જોગ; જેનું શ્રાદ્ધ થઈ શકે એવું.

પિત્રનામ [સં. પિત્ર (પિતાનું) + નામન્ (નામ)] ન. બાપના નામ ઉપરથી બનેલું નામ; બાપ અથવા બીજા પૂર્વજના નામ ઉપરથી તેને મળતું પાડેલું છોકરા કે છોકરીનું નામ. જેમકે, દશરથ ઉપરથી દાશરથી.

પિત્યા ૧. [સ.] સ્ત્રી. અમાવાસ્યા.
૨. સ્ત્રી. પૂર્ણિમા.
૩. સ્ત્રી. (જ્યોતિષ) મઘા નક્ષત્ર.

પિથાગોરસ પું. એ નામનો એક ગ્રીક તત્ત્વવેત્તા.

પિધું સ્ત્રી. (કચ્છી) ફૂઈ.

પિધોરા પું. પૃથુરાજ ચૌહાણ.
અજમેરનો રાજા પિથોરા અથવા પૃથ્વીરાજ ચૌહાણ તેની પુત્રીનું હરણ કરી ગયો હતો.
હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ

પિદડી (પિદ્ડી) જુઓ પિંડો.

પિદર [ફા.] પું. પિતા; બાપ.

પિદરકુશી સ્ત્રી. બાપનું ખૂન; પિતૃવધ; પિતૃહત્યા.

પિદરમિજાજ [ફા.] પું. ઉદ્ધત થીપેલા પુત્રનો બાપ.

પિદરી [ફા.] વિ. બાપદાદાનું; વારસામાં મળેલું.

પિદારા [હિં.] પું. પિળી પક્ષીનો નર; પિદા.

પિદાવવું ૧. સ. ક્રિ. પડાવવું.
૨. સ. ક્રિ. હેરાન કરવું.

પિદા પું. પિળી પક્ષીનો નર.

પિદ્દી ૧. [હિં.] સ્ત્રી. બપૈયાની જાતિનું એક સુંદર નાનું પક્ષી. તેનો અવાજ મધુર હોય છે. તેના ચંચળ સ્વભાવને કારણે તે એક સ્થાન ઉપર સ્થિર બેસતી નથી.
૨. સ્ત્રી. બહુ તુચ્છ અને અપલક્ષ્ય જીવ.

પિદ્ધ [સં.] પું. એક જાતનો મૃગ.

પિધાન ૧. [સં.] ન. આવરણ; ઢાકો.
૨. ન. કમાડ
૩. ન. (જ્યોતિષ) ચંદ્રના બિંબથી સૂર્ય રહિત અન્ય ગ્રહબિંબનું આચ્છાદન થાય તેવો યોગ. આ તફાવત કોઈ પણ બિંદુથી ચંદ્રનું કદ હંમેશા એકસરખું હોતું નથી. કોઈ વાર ૬ ૬ કે ૭ અને કોઈ વાર સવાબાંસ અંશ જેટલું હોય છે. તેથી એક તારાનું પિધાન, ચંદ્ર એક વાર કરવા માંડે, એટલે પછી તે ફરીથી બે વર્ષ સુધી કરે, પછી નથી કરતો. તે પાછું સાડાઅઢાર વરસે કરવા માંડે. જે તારા ક્રાંતિવૃત્ત ઉપર અથવા તેની તદ્દન નજીક હોય, તેનું પિધાન સાડાઅઢાર વર્ષ દરમિયાન બે વાર કરે છે. સત્તાવીસ નક્ષત્રમાંથી કેટલાકની દક્ષિણે જઈને ચંદ્ર નિત્ય ભમે છે, કોઈની ઉત્તરેથી ભમે છે અને આર્દ્રાનાં કૃત્તિકા, રોહણી, પુષ્ય, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શતભિષા, રેવતી એ નક્ષત્રોનું તે કોઈ કોઈ વાર આચ્છાદન કરે છે એટલે કે ચંદ્ર તેમને ઢાંકી દે છે. આ આચ્છાદનને પિધાન કહે છે. જે તારાઓનાં કદ સવાબાંસ અંશથી વધારે હોતાં નથી, તેનું પિધાન ચંદ્ર કરે છે.
૪. ન. ઢાંકણો; શરીર ઉપર ઢાંકવાનું કપડું.
૫. ન. ઢાંકણ; ઢાંકણું.
૬. ન. ઢાંકવું તે; ઢાંકો દેવું તે.
૭. ન. તલવારનું મયાન.
૮. ન. તિરોધાન.
૯. ન. બંધ કરવું તે.

પિધાનક ૧. [સં.] ન. ઢાંકણ; ઢાંકણું.
૨. ન. તલવારનું મયાન; કોષ.
૩. ન. પડ; આવરણ.

પિધાનતા ૧. [સં.] સ્ત્રી. ઢાંકણપણું; ઢાંકવાપણું; ઢાંકવાની ક્રિયા.
૨. સ્ત્રી. બંધ કરવાની ક્રિયા.

પિધાનત્વ જુઓ પિધાનતા.

પિધાનયુતિ [સં.] સ્ત્રી. પૃથ્વી સિવાયના ગ્રહોનું પરસ્પર ઢંકાવું તે.

પિધાનોત્તર [સં. પિધાન (ઢાંકવું તે) + ઉત્તર (પછીનું)] વિ. જ્યારે પિધાન કર્યા પછીનું.

પિધાયક ૧. [સં.] વિ. ઢાંકનાર.
૨. વિ. બંધ કરનાર.

પિધાયકતા ૧. [સં.] સ્ત્રી. ઢાંકનારપણું.
૨. સ્ત્રી. બંધ કરનારપણું.

પિન ૧. [અં.] સ્ત્રી. ટાંકણી.
૨. સ્ત્રી. લોઢા પિત્તળ વગેરેની બહુ નાની ખીલી.
૩. સ્ત્રી. ઓજો વેણી કે સાડલો સંકેલવામાં વાપરે છે તે સાધન.

પિનકી [હિં.] પું. અફીણના નશામાં ઊંઘ્યા કરે એવી વ્યક્તિ.

પિનદ્ધ ૧. [સં.] વિ. જૂડો, આચ્છાદિત.
૨. વિ. પહેરેલું.
૩. વિ. બદ્ધ; બાંધેલું.

પિનપનાવું અ. ક્રિ. રમૂજારો કરવો.

પિનપિનહા ૧. [હિં.] પું. કંઈ વખતે રડ્યા કરે તેવું બાળક.
૨. પું. રોગી કે દુર્બળ બાળક; કમજોર કે બીમાર છોકરું.

પિનરાન ન. (હિંદી) નિવૃત્તિવેતન; પેન્શનનો પગાર; 'પે-સન.'

પિનસ ૧ સ્ત્રી. એક જાતની હોડી.
૨. સ્ત્રી. પાલખી.
૩. સ્ત્રી. પેટી.
૪. [સં.] ન. સ્તનોપરનો ફરતી. આ રોગમાં કોઈ વાતના કોપે કરી આમરસનું નાક મુકાવા જેવું થઈ ફરી ફરી નીકરે છે, વળી બંધ થાય છે. સુગંધ દુર્ગંધનું તેને જ્ઞાન હોતું નથી. ધુમાડા જેવો શ્વાસ નીકળે છે.

પિનહાન ૧. [ફા.] વિ. ગુપ્ત; છાનું.
૨. વિ. સંતાડેલું.

પિનહાની ૧. [ફા.] સ્ત્રી. ગુપ્તતા.
૨. સ્ત્રી. સંતાડવું તે.

પિનાક ૧. પું;ન. એક જાતનું અજરખ; નીલું અજરખ, અગ્નિમાં નાખતાં તેનો અવાજ ધનુષના ટંકાર જેવો થાય છે.
૨. [સં.] પું;ન. પૂજાનો વરસાદ.
૩. પું;ન. મહાદેવનું ત્રિશૂલ.
૪. પું.;ન. શિવના ધનુષના આકારનું એક તારવાળું એક જાતનું રણવાદ્ય.
૫. પું.;ન. શિવનું એ નામનું ધનુષ. સીતાસ્વયંવરમાં આ ધનુષને ઉઠાવી તેનું સજ્જીકરણ કરવાનું હતું. રામચંદ્રે જનકપુરમાં તે તોડ્યું હતું.
પિનાક હોવું = અત્યંત કઠિન હોવું; દુષ્કર કે અસાધ્ય હોવું.
૬. પું;ન. હરકોઈ ધનુષ.

પિનાકધર [સં.] પું. મહાદેવ; શિવ; શંકર. તેના હાથમાં પિનાક ધનુષ રહેલું છે.

પિનાકધારી જુઓ પિનાકધર.

પિનાકધૃક [સં પિનાક + ધૃત્ (ધારણ કરનાર)] પું શિવના હજાર મહિનું એક નામ.

પિનાકપાણિ જુઓ પિનાકપાણિ.

પિનાકપાણિ [સં. પિનાક (શંકરનું ધનુષ) + પાણિ (હાથ)] પું પિનાક નામનું ધનુષ જેના હાથમાં છે તેવા શંકર; શિવ; મહાદેવ.

પિનાકભર્તા [સં પિનાકભર્તૃ] પું. શિવ.

પિનાકભૃત [સં. પિનાકભૃત્] પું. મહાદેવ.

પિનાકમાલી [સં. પિનાકમાલિન્] પું. શંકર.

પિનાકશાલી જુઓ પિનાકપર.

પિનાકહસ્ત જુઓ પિનાકપાણિ.

પિનાકિની [સં.] સ્ત્રી. મહૈસૂર રાજ્યમાં આવેલ એ નામની એક નદી. તેના ઉત્તર પિનાકિની અને દક્ષિણ પિનાકિની એમ બે ભાગ છે.

પિનાકી ૧. [સં. પિનાકિન્] પું. ત્રિશિખર માંધાતા એ નામના એક રાજા. વીરભદ્ર, શંભુ, ગિરિશ, ભર્ગ, એકપાદ, અહિર્બુધ્ન, પિનાકી, ધ્રુવાક્ષી, ત્રિલોચનપતિ, સ્થાણુ અને ભવ એ અગિયાર રુદ્ર છે.

૨. પું. શિવ; મહાદેવ; શંકર.

ત્રિનયન ભંગ ત્રિપુર અરિ ઈશ ઉમાપતિ હોઈ;
જટી પિનાકી ખૂલ્લી રુદ્ર વૃષભધ્વજ સોઈ.
પિંગળપ્રકાશ

૩. સ્ત્રી. એક જાતની સારંગી.

પિનિક [સં. પા (પીવું)] સ્ત્રી. અફીણનો કેફ.

પિનેં અ. (કચ્છી) પોતાની પેઠે.

પિન્ના ૧. પું. છીપમાં રહેનારું એક જાતનું પ્રાણી. તે સૂમખ્ખ સમુદ્ર તથા બીજા સાગરમાં રહે છે.

૨. પું. તેના કાંટા દીપ પછી વપરાતો ખોળ. ગાય વગેરેને તે ખોરાક માટે અપાય છે.

૩. પું. દોરાનો ઢગો.

૪. [હિં.] વિ. સફા રોકું.

પિન્નિસ પું. એક જાતનો સુશોભિત છોડ; પહાડ; પર્વત.

પિન્ની [હિં.] સ્ત્રી. ચોખાનો લોટ અને સાકરમાંથી બનતી એક જાતની મીઠાઈ.

પિન્યાસ [સં.] ન. સ્થિતિ; ઠેકાણું.

પિપર [સં. પિપ્પલી] સ્ત્રી. પીપર; એક તીખી ને ગરમ ઔષધિ.

પિપરમિંટ ૧. [અં.] પું. પીપરનો અર્ક; પીપરનું તેલ; પીપરનું પ્રવાહી અને તીખું સત્ત્વ. તેની વાસ સારી હોવાથી બળી ટીકડીઓ વગેરેને તેનો વાસ આપવામાં આવે છે. તે પિપરમિંટની ટીકડીઓ નામે ઓળખાય છે.

૨. પું. બરફ અને અમેરિકામાં થતો કુદીનાની જાતનો પણ રૂપમાં તેનાથી જુદો એક જાતનો છોડ. તેનાં પાંદડાંમાં એક જાતની વાસ ગંધ તથા ઠંડક હોય છે, જેનો અનુભવ ચામડી તથા જીભ ઉપર પણ તીવ્ર થાય છે. તેનો ઉપયોગ ઔષધમાં થાય છે. પેટનાં દરદ ઉપર તે વાસ કરીને અપાય છે. તેનો છોડ દેખાવમાં ફાંસના છોડને મળતો હોય છે.

૩. સ્ત્રી. એક જાતની અધોમૂલિની વનસ્પતિ. મૂલિનીશાખાની પેઠે અધોમૂલિની પણ પ્રકારના જમીન નીચે રહેલા ભાગમાંથી જ પ્રકારના એક થાય કરીને પરિચિત શાખા જ છે, પરંતુ આમાંથી ઉપરની તરફ સહેજ વાંકી રીતે ફણગો ફૂટે છે અને તે પણ વા સ્વતંત્ર છોડ જ જન્માવે છે. કોઈ વખત તો એ બીજ ઉપર સમાંતર રીતે આવળ થયી તરત જ ઉપર તરફ વધે છે.

૪. સ્ત્રી. ચટણીની બનાવટ કરતી કે ગોળ; પેપરમિંટ.

પિપરમીંટ જુઓ પિપરમિંટ.

પિપરામૂલ [હિં.] ન. પીપળામૂળ; પીપરના છોડની જડ; ગંઠોડા.

પિપરિયાઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં જગદીશ્વર શિવજીનું ભિન્ન ભિન્ન રૂપ ધરેલું અને દીર્ઘકાય વિરાજમાન છે. આટલું વિશાળ શિવલિંગ નર્મદાતીરે અન્યત્ર નથી. અહીંથી ભંગ માર્ગદર્શક દૂર અંજસના માર્ગે જતાં મરાઠાઘાટ આવે છે.

પિપરિયારાજઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

પિપરીમૂળ જુઓ પિપરામૂલ.

પિપલોદઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં સુસારનો સંગમ થાય છે.

પિપાસ [સં. પિપાસા] સ્ત્રી. પ્યાસ; તરસ; તૃષા. જુઓ ચાતક તે પિપાસ સહે. ભારામ

પિપાસક વિ. પીવાની ઇચ્છાવાળું.

પિપાસા ૧. [સં. પા (પીવું)] સ્ત્રી. તરસ લાગવી તે; પીવાની ઇચ્છા; તૃષા; તરસ; લોપ; પાનેચ્છા.

૨. સ્ત્રી. વાસના; લોભ; તૃષ્ણા.

પિપાસાકુલિત [સં. પિપાસા (તરસ) + આકુલિત (વિહ્વળ બનેલું)] વિ. તરસથી પીડાતું; જેને બહુ તરસ લાગી હોય એવું.

પિપાસાપરિષહ [સં. પિપાસા (તૃષા) + પરિષહ (સહન કરવું તે)] પું. (જૈન) ગમે તેવી તૃષાની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુદ્ધ પાણી ન લેતાં સમભાવપૂર્વક એવી વેદના સહન કરવી તે; તૃષાનો પરિષહ.

પિપાસાવાન [સં. પિપાસાવત્] વિ. તરસ્યું; તૃષાવાળું.

પિપાસાસ્થાન [સં. પિપાસા (તરસ) + સ્થાન (જગ્યા)] ન. તાળવું.

પિપાસિત [સં.] વિ. તરસ્યું; તૃષાતુર; તૃષિત.

પિપાસી ૧. [સં. પિપાસિન્] વિ. તરસ્યું; પીવાની ઇચ્છા રાખનાર.

૨. વિ. વાલ્યું; લોભી.

પિપાસુ ૧. [સં.] વિ. તરસ્યું; તૃષાવાળું; પીવાને ઇચ્છતું.

૨. વિ. વાલ્યું; લોભી.

પિપીતક [સં.] પું. (પુરાણ) એ નામનો એક આકાશ. તેણે પિપીતકી દ્વાદશીનું વ્રત પહેલવહેલું કર્યું હતું.

પિપીતકી [સં.] સ્ત્રી. વૈશાખ સુદિ બારસ. ભવિષ્યપુરાણમાં તેને એક વ્રતનો દિવસ કહ્યો છે. પહેલવહેલું આ વ્રત પિપીતક નામના એક આકાશે કર્યું હતું. તેની કથા આ પ્રમાણે છે: પિપીતકને યમદૂત લઈ ગયા. યમલોકમાં તેને બહુ તરસ લાગી અને તે બહુ આકુળ થયો. અંતમાં તેણે યમરાજને બહુ સ્તુતિ કરી, જેથી પ્રસન્ન થઈને તેણે તેને કરીને અર્ઘસોકમાં ઓકારનો અને વૈશાખ સુદિ બારસનું વ્રત બતાવ્યું. આ વ્રતમાં ઠંડા પાણીથી ભરેલો ઘડો આકાશને આપવામાં આવે છે.

પિપીલક ૧. [સં.] પું. કીડો; મોટી કાળી કીડી.

૨. પું. મંકોડો.

પિપીલિકા ૧. સ્ત્રી. કીડા જાતનું એક જંતુ પક્ષી.

૨. [સં.] સ્ત્રી. કીડી.

૩. સ્ત્રી. મંકોડી.

૪. સ્ત્રી. (સંગીત) પાંચ માંહેની એક જાતની ગતિ; મધ્યમ ગતિથી ઊતરી રીતના ગવાતા સ્વરો હોવા તે.

પિપીલિકામધ્ય જુઓ પિપીલિકામધ્ય ચાંદ્રાયણ.

પિપીલિકામધ્ય ચાંદ્રાયણ [સં] ન. એક પ્રકારનું ચાંદ્રાયણ વ્રત. કૃષ્ણ પક્ષથી આ વ્રતનો આરંભ કરાય છે. પહેલે દિવસે ચૌદ માસ ભોજન કરવું અને પછી પ્રતિદિવસ એક એક માસ નિત્ય ઓછો કરતાં જવું. એ પ્રમાણે કૃષ્ણ પક્ષનું પખવાડિયું પૂરું કરવું. તે પછી શુક્લ પક્ષનો આરંભ થતાં પ્રતિદિવસ એક એક માસ વધારતાં વધારતાં પૂર્ણિમા સુધી જમવું અને તે પ્રમાણે તે વ્રતને પૂર્ણ કરવું. એવી રીતે ત્રિકાલ સ્નાનપૂર્વક એક માસ પર્યંત વ્રત કરવાને પિપીલિકામધ્ય નામનું ચાંદ્રાયણ વ્રત કહે છે.

પિપીલિકામાતૃકાદોષ [સં.] પું. બચ્ચાંનો એ નામનો એક રોગ. તે જન્મથી અગિયારમે દિવસે, અગિયારમે મહિને અથવા અગિયારમે વર્ષે થાય છે. તેમાં બાળકને તાવ આવે છે અને તેનો આહાર છૂટી જાય છે.

પિપીલિકામાર્ગ ૧. પું. અનુભવીને ધીરે ધીરે આવું તે.
૨. [સં. પિપીલિકા (કીડી) + માર્ગ (રસ્તો)] પું. ધીરે ધીરે પણ અંતથી અચૂક કાર્ય કરવાની રીત. કીડી બહુ ધીમી ગતિથી આવે છે તે ઉપરથી આ પ્રયોગ થયેલો છે.
૩. પું. મુક્તિના ત્રણ માર્ગોનો એક માર્ગ; નિત્યાદિ કર્મ કરીને અંતઃકરણશુદ્ધિ દ્વારા આત્મજ્ઞાન મેળવવું તે. પિપીલિકા અને વિહંગમ એવા બેમાં બે માર્ગ છે. સમાધિ કરવાની તે એક ધીમી અને સહેલી કૃતિ છે.

પિપીલિકાઽન્ન [સં. પિપીલિકા (કીડી) + અન્ન (ભોજન)] પું. એક જાતનું રાસાયનિક દ્રવ્ય; 'ફોર્મિક ઍસિડ.'

પિપીલિકાવૃત્તિ ૧. [સં. પિપીલિકા (કીડી) + વૃત્તિ (વર્તણ)] સ્ત્રી. ધીરે ધીરે કામ કરવાની રીત; પિપીલિકામાર્ગ.
૨. સ્ત્રી. સંગ્રહ કરવાનું વલણ.

પિપીલિકાસ્ય [સં. પિપીલિકા (કીડી) + અસ્ય (ખાણ)] ન. કીડી ઊભરાઈ ચઢવી કરે તેવું ખાણ.

પિપીલિત ન. ફોર્મિક ઍસિડમાંથી બનાવેલો ક્ષાર; 'ફોર્મેટ.'

પિપીલી ૧. [સં.] સ્ત્રી. કીડી.
૨. સ્ત્રી. મકોડી.

પિપૂડી (પિપૂડી) સ્ત્રી. પીપી; ફૂંકીને વગાડવાની ભૂંગળી; પાવો.
પિપૂડી વગાડવી ☞ (૧) એકની એક વાત કર્યા કરવી અથવા ગાયા કરવી. (૨) ખુશામત દ્વારા સારા પુરુષોને હાથ કે હાથમાં લેવા. (૩) પીપી ફૂંકીને વગાડવી.

પિપ્પક [સં.] ન. એક જાતનું પક્ષી.

પિપ્પકા [સં.] સ્ત્રી. એક જાતની પક્ષિણી.

પિપ્પટ [સં.] સ્ત્રી. એક જાતની ભીંડાર્ફ એક જાતનું પકવાન.

પિપ્પરી [સં.] સ્ત્રી. પીપરનું ઝાડ.

પિપ્પલ ૧. પું. નાનો માણસ; નમ્ર વ્યક્તિ.
૨. પું. નાનો અક્ષો.
૩. [સં.] પું. પીપળો.
૪. પું. બંધન રહિત પક્ષી.
૫. પું મિત્ર નામના આદિત્યને રેવતી નામની સ્ત્રીથી થયેલ એ નામનો દીકરો.
૬. ન. પાણી.
૭. ન. વજ્રનો કુપડો.

પિપ્પલક ૧. પું. અક્ષો.
૨. પું. મતર.
૩. પું. કંઠે કાઢવાનો ચાંદિયો.
૪. પું. પીપળાનાં પાદડાંનું ચાવરણું.
૫. [સં.] ન. સાંબેલાના દોરા.
૬. ન. સ્તનની ડીંટડી; સ્તનનો અગ્ર ભાગ.

પિપ્પલચાંબ ન. ચીન અને જાપાનમાં થતું એક જાતનું ઝાડ.

પિપ્પલાદ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક પ્રસિદ્ધ ઋષિ. અથર્વવેદની એક શાખાના તે પ્રવર્તક હતા. ભારદ્વાજ ઋષિનો પુત્ર સુકેશા. ક્ષિપ્રિનો પુત્ર સત્યકામ, ગર્ગ ગોત્રવાળો સૌર્યાયણી, અશ્વલ મુનિનો પુત્ર કૌશલ્ય, બભ્રુ ગોત્રવાળો વૈદર્ભિ અને કબંધનો પુત્ર કબંધી એ છએ ઋષિઓ અપરબ્રહ્મ એટલે અપરવિદ્યાને જાણીને અપરબ્રહ્મના ઉપાસક થયેલા પરબ્રહ્મને જોવતા પિપ્પલાદ નામના આચાર્ય પાસે પરાવિદ્યા જાણવા માટે ગયા હતા.
૨. સ્ત્રી. અથર્વવેદની નવ શાખાની એ નામની એક શાખા. તે કાશ્મીરમાં પ્રચલિત છે.

પિપ્પલાદ આશ્રમ ૧. [સં. પિપ્પલાદ (એક ઋષિ) + આશ્રમ] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: મિથિલાપુરીમાં રહેવાવાળા યાજ્ઞવલ્ક્ય ઋષિની બહેન આત્રેયિકા હતી. તે તેની પાસે રહેતી હતી. ઋષિની નિયમાનુસાર યાજ્ઞવલ્ક્યના વીર્યથી તેને પુત્ર થયો. તેનું પાલન હરિ દેવે કર્યું. તે પીપળાની નીચે જન્મવાથી પિપ્પલાદ નામ પડ્યું. પ્રભુએ પ્રસન્ન થઈ પોતાના તપનો અંશ બતાવીને હરિ દેવ પાસેથી તેણે પ્રાણીઓને ન સતાવવાની પ્રતિજ્ઞા કરાવી લીધી. પછી આ સ્થાનમાં તથા ગુજરાતમાં સાબરમતીની સમીપ જઈને શિવજીને તપ દ્વારા તેણે પ્રસન્ન કર્યા. નવ ગોત્રેશ્વરમાં તેની પ્રતિમા થાય છે. આ તીર્થમાં યજ્ઞ, દાન અને તપ કરવાથી અનેક પ્રકારનાં પાપ નાશ પામે છે એમ મનાય છે.
૨. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. આ તીર્થનો મહિમા નર્મદા પંચાંગમાં એમ છે કે: પિપ્પલાદ ઋષિ મોટા મહાત્મા હતા. તેમણે અહીં શિવજીનું તપ કર્યું. શિવજીએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પિપ્પલાદે કહ્યું કે, આપ આ તીર્થમાં રહીને અહીં તપ કરનાર ભક્તોની ઇચ્છા પૂરી કર્યા કરો. શંકરજીએ પ્રસન્ન થઈને તથાસ્તુ કહ્યું. આઠમ અને ચૌદશના રોજ સ્નાન, દાન, ભજન, પૂજનનું મોટું ફળ છે.

પિપ્પલાદિ ચૂર્ણ જુઓ પિપ્પલ્યાદિ ચૂર્ણ.

પિપ્પલાયન [સં.] પું. (પુરાણ) નાભિ રાજાના દીકરા ઋષભદેવના સો મોટા પુત્રોમાંથી નવ મોટાભાઈઓ એ નામનો એક પુત્ર; ભરતનો નાનો ભાઈ.

પિપ્પલિ [સં.] સ્ત્રી એક જાતનો છોડ. તે નેપાલ અને આસામથી સિલોન સુધી થાય છે. પૂર્વ બંગાળમાં તેનું વાવેતર કરવામાં આવે છે.

પિપ્પલી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઋક્ષવાન પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.
૨. સ્ત્રી. ગજપીપર.
૩. સ્ત્રી. પીપરનું ઝાડ.
૪. સ્ત્રી. કીડીપીપર; પીપર.

પિપ્પલીકા [સં.] સ્ત્રી. પીપર.

પિપ્પલીખંડ [સં.] પું. (વૈદક) એક પ્રકારનું ઔષધ. તે બનાવવા પીપરનું ચૂર્ણ, ઘી, શતમૂલીનો રસ, ખાંડ અને દૂધ એકીસાથે પકાવી તેમાં એલચી, મોથ, તેજપત્ર, ધાણા, સૂંઠ, વંશલોચન, છાલ, આમળાં વગેરે નાખી ઠંડું થવા દેવું. તે પછી તેમાં ત્રણ પળ મધ નાખવું.

પિપ્પલીઘૃત [સં પિપ્પલી (પીપર) + ઘૃત (ઘી)] ન. વૈદકપ્રસિદ્ધ પીપરનું ઘી.

પિપ્પલીપાક [સં. પિપ્પલી (પીપર) + પાક (મીઠાઈ)] પું. એક જાતનું ઔષધમાં વપરાતું વસાણું. તેમાં મુખ્ય લીંડીપીપર આવે છે. તે આવાથી ઘણાવરણ જઈ તરુણપણું આવવાનું તથા પ્રમેહ, મિદોષ, ક્ષયરોગ મટવાનું મનાય છે.

પિપ્પલીમૂલ [સં.] ન. પીપરીમૂળના ગાંઠોડા; પીપરીમૂળ; એક જાતનાં ઝાડનાં મૂળિયાં; પીપરના છોડનાં મૂળ. શરીરને ગરમી આપી વા તોડવામાં તે ગુણકારક મનાય છે.

પિપ્પલીમૂળ જુઓ પિપ્પલીમૂલ.

પિપ્પલીય ૧. [સં.] પું. મિત્ર નામના આદિત્યને રેવતી નામની સ્ત્રીથી થયેલ એ નામનો પુત્ર.
૨. વિ. પીપરવાળું.

પિપ્પલીશ્રોત્રિ [સં] સ્ત્રી. એ નામે એક નદી.

પિપ્પલુ [સં.] પું એ નામનો એક ઋષિ.

પિપ્પલેશ્વર [સં.] પું. એ નામના એક શંકર. તે પિપ્પલાદ ઋષિએ સ્થાપેલ મનાય છે. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ હમેટીપાટ પાસે છે. નર્મદા પંચાંગમાં તેની કથા એમ આપી છે કે: મિથિલાપુરીમાં રહેનારા

યાજ્ઞવલ્ક્ય ઋષિની બહેન ગાર્ગવિદ્યા હતી. તે તેની પાસે રહેતી હતી. ઈશ્વરી નિયમાનુસાર એક દિવસ યાજ્ઞવલ્ક્ય ઋષિને સ્વપ્નમાં વીર્યપાત થયો, તે લંગોટી તેણે ખીંટી ઉપર રાખી દીધી. કર્મયોગે તેની ગાર્ગવિદ્યા બહેને રજસ્વલા અવસ્થામાં પ્રાતઃસમયે તે લંગોટી પહેરીને સ્નાન કર્યું. આ કર્મ જોઈને યાજ્ઞવલ્ક્યે તેને કહ્યું કે, તને ગર્ભ રહેશે. પરમાત્માની લીલાનો પાર નથી. તું ચિંતા કરીશ નહિ. પૂરા દિવસો થતાં તેને બાળક આવ્યો. તેને નર્મદાકાંઠે આ સ્થાનમાં પીપળાની નીચે રાખી દીધો. શનિ દેવ તેને કરાવવા લાગ્યા. અમુક સમય પછી પોતાના તપોબળથી શનિ દેવનું દમન કરી બાળકોને ન સતાવવાની પ્રતિજ્ઞા તેણે કરાવી લીધી. તે તપોબળથી નવ કોટેશ્વરોમાં અધ્યાત્મ લાગ્યા. આ તીર્થમાં સ્નાન કરી યજ્ઞ, દાન, તપ કરવાથી બધાં પાપ ક્ષય થવાનું મનાય છે. બાળકોને સ્નાન અને શનિનું દર્શન કરાવવાથી શનિ દેવ સતાવતા નથી. શનિશ્ચરી અમાવાસ્યાનું માહાત્મ્ય છે. અહીંથી નવ માર્ગદર્શક દૂર ભોગાવા આવેલ છે.

પિપ્પલેશ્વરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં પિપ્પલાદ ઋષિએ સ્થાપેલ પિપ્પલેશ્વર મહાદેવ છે.

પિપ્પલ્ય જુઓ પિપ્પલ્ય.

પિપ્પલ્યાદિ વાક્ષ [સં.] પું. (વૈદક) પીપર વગેરે બધાં ઔષધોનો સમૂહ. પીપર, પીપરીમૂલ, ચવક, ચિત્રક, સૂંઠ, મરી, એલચી, અજમોદ, ઉદકજ્વ, કાલીપાટ, રેણુકનીજ, છરૂ, ભારંગમૂલ, બકાત, બીજોરીનાં બી, હિંગ, જવખાર, મીઠાં, ચાવઠિંગ, અતિવિષ, ઓરવેલ એટલાં ઔષધોને પિપ્પલ્યાદિ બધા ઔષધો કહે છે.

પિપ્પલ્યાદિ ચૂર્ણ [સં. પિપ્પલી (પીપર) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] ન. (વૈદક) એ નામનું એક ઔષધ. તેમાં મુખ્ય ઔષધિ પીપર, ભૂકતી, ચિત્રક, ચવક્ષાર અને બીજા પાંચ ક્ષાર હોય છે. આ ચૂર્ણ ધાતુપરિવર્તક, ઉત્તેજક, અમ્લનાશક, મૂત્રલ અને પાચકોને ઓગાળનાર મનાય છે. સંધિવા, ઊંચ પ્રમેહ, અજીર્ણ, સંગ્રહણી, ઉન્માદ, મૂત્રકૃચ્છ અને ઋતુનું બંધ થઈ જવું વગેરેમાં વપરાય છે. ૧૫ થી ૩૦ ગ્રેનની માત્રામાં દિવસમાં ત્રણ વખત તે પાણી સાથે અપાય છે.

પિપ્પલ્યાદિ લેહ [સં.] પું. (વૈદક) એ નામનું એક ઔષધ. તેમાં મુખ્ય ઔષધિ પીપર, દ્રાક્ષ, ખેરીમધ, આમળાં વગેરે આવે છે. તે હરકત, કબજ, ધાતુપરિવર્તક, શક્તિવર્ધક અને મૃદુ વિરેચક મનાય છે. ઈસબગોલ સોબ્બે, ઈસબગોલની ભૂકી, દૂધી ખાંડી, બકાત, ગરમાળો, ત્રણેનો વઘારો, કબજિયાત, ઋતુસ્રાવ બંધ થવો અને નબળાઈમાં આ અવલેહ અપાય છે. તે બધી ૧ તોલાની માત્રામાં દૂધ સાથે દિવસમાં ત્રણ વખત અપાય છે.

પિપ્પલ્યાદ્ય [સં.] ન. (વૈદક) પીપરનું તેલ.

પિપ્પિકા [સં.] સ્ત્રી. દાંતનો મેલ; ચોરી.

પિપ્પીક [સં.] ન. એક જાતનું પક્ષી.

પિપ્પુ સ્ત્રી. સપ્તસિંધુ પ્રદેશની આસપાસ વસતી વેદધર્મ વિરોધી એક જાતિ.

પિપ્પુ ૧. [સં.] પું. એ નામનો એક અસુર.
૨. પું. રસોળા.
૩. પું. શરીર ઉપરનો તલ.

પિબ [સં.] વિ. પીનારું; પાન કરનાર.

પિબંતું [સં. પિબતઃ] વિ. પીતું.

પિબ્દન ૧. [સં.] પું. એ નામનો એક અસુર.
૨. વિ. અરધપરધ કામ કરતું.

પિમળાટ [સં. પરિમલ] સ્ત્રી. સુગંધ; સુવાસ; ચોરસ; ખુશબો; મંદ મંદ આવતી આછી સુગંધ.

પિમળાવવું સ.ક્રિ. પીસવે એવું કરાવવું.

પિયુ [હિં.] પું. પતિ; સ્વામી; ઓનો ધણી.

પિયૂક પું. (કચ્છી) પીવું તે.

પિયર ૧. [પ્રા.] પું. પિતા.
૨. [સં. પિતૃગૃહ; પ્રા. પિઅહર; અપ. પિઉહર પિઉઘર] ન. બાપનું માલિકીનું ઘર; મહિયર; મહિયેર; જે સ્થળે બાપે બીજા પુરુષોની લાજ કરવા બોલી રાખવાનું થાય તે સ્થળ.

પિયરપનોતી ૧. સ્ત્રી. જી. પિયરમાં આવેલિઆકુવાળી; જેનું પિયર સમૃદ્ધિવાન અને પ્રભાવાળું હોય તેવી; બહોળા પિયરવાળી; પિયરમાં સુખી સ્થિતિવાળી.
૨. સ્ત્રી. જી. પિયરમાં આનવાળી; પિયરમાં આવેલાંના; પિયરમાં વહાલી.

પિયરવટ જુઓ પિયરવાસું.

પિયરવાસું [સં. પિતૃગૃહ (મહિયર) + વસ (રહેવું)] ન. પિયરમાં રહેવું તે.

પિયરિયું ૧. ન. પિયરનું સગું; મહિયરનું કુટુંબીજન.
૨. વિ. બીજા બાળકના પરનું; પિયર સંબંધી.

પિયરી ૧. [હિં.] સ્ત્રી. એક પ્રકારનો પીળો રંગ. ગાયને આંબાનાં પાન ખવરાવીને તેના મૂત્રમાંથી તે બનાવવામાં આવે છે.
૨. જી. પીળા રંગે રંગેલું ધોતિયું.
૩. જી. પીળાપણું.

પિયરોલા [હિં.] ન. મેનાથી નાનું પીળા રંગનું એક પક્ષી. તેનો અવાજ મધુર હોય છે.

પિયળ [સં. પીત; પ્રા. પીઅલ] જી. કપાસમાં કરેલી કેડ, ચંદન વગેરેની ભાત; પીળક; પત્રલેખા; કપાસમાં કરેલી કેડની ભાત.

પિયા ૧. [હિં.] પું. પતિ; આકા.
૨. [સં. પ્રિયા] સ્ત્રી. વહાલી સ્ત્રી.
૩. વિ. પ્રિય; વહાલું.

પિયાજ [ફા. પિયાઝ] ન. ડુંગળી; કાંદો; કુળ્યાવણી; રાજગરી.

પિયાજી વિ. ડુંગળીના રંગનું; ડુંગળીને મળતું આવતું; આછા ગુલાબી રંગનું.

પિયાઝ જુઓ પિયાજ.

પિયાળી ૧. પું. સીરીઝ ગ્રહની શોધ કરનાર એ નામનો એક જ્યોતિષી.
ઈ.સ. ૧૮૦૧ના જાન્યુઆરીની પહેલી તારીખે પિયાઝી નામે એક જ્યોતિષીને એક ગ્રહનો પત્તો લાગ્યો. તેનું નામ તેણે સીરીઝ જેવું પાડ્યું.
જ્યોતિર્વિલાસ
૨. [ફા.] વિ. ડુંગળીના રંગનું; ડુંગળીને મળતું આવતું; આછા ગુલાબી રંગનું.

પિયાણું [સં. પ્રયાણ] ન. પ્રયાણ; જવું તે; પ્રસ્થાન.
આ વિના આણું પિયાણું શોભ કરે,
આ બહેનું કોણ દી ન કરે!
વિષ્ણુદાસ

પિયાદા જુઓ પ્યાદું.

પિયાદેમહાસિલ પું. બોલચાલ; કોઈ ન કરતો હોય તેવા કોઈદારના ઘર ઉપર બેબુદાર કોઈદારને ખર્ચે મોકલાતો તે માણસ.

પિયાનો [ઇં.] પું. ધાતુના તારને ઠોકરીઓ વાગીને ધીરો અને મધુરો સૂર કાઢે એવી કરામતવાળું એક વાદ્ય; હારમોનિયમને મળતું એક વિદેશી વાદ્યયંત્ર. તે મેજના આકારનું હોય છે. તેની અંદર સ્વર માટે કેટલાક મોટા પાતળા તાર હોય છે, જેનો સંબંધ બહારથી પતરીઓ સાથે હોય છે. પતરીઓ દબાવવાથી સ્વર નીકળે છે.

પિયાબાંસા ૧. [હિં.] પું. કાંટારોળિયો નામની વનસ્પતિ.
૨. પું. મેંદી.

પિયામન [હિં.] પું. એક જાતનું ઝાડ.

પિયારું (પિયારૂં) વિ. વહાલું; પ્યારું.

પિયારુ [સં.] વિ. હિંસક; મારી નાખનારું.

પિયારું ૧. વિ. પારકું; પરાયું.

૨. [સં. પ્રિયવર; અપ. પ્રિયાર] વિ. પ્યારું; વહાલું.

હું અને પિયારા પરણી,
તને અમરી આપીશ પાણી. ઝીણાભાઈ

પિયાલ ૧. સ્ત્રી. પૂરી થાળી.

૨. ન. ગોદ અનાજ માપવાનું પાત્ર.

૩. ન. રાયણનું ફળ.

પિયાલી સ્ત્રી. (કચ્છી) પ્યાલી.

પિયાસે પું. મુસલમાન ફકીરના મરણ પછીની ગોદ ક્રિયા.

પિયાવચ્ચાં (પિયાવચ્ચાં) ન. ૧. ન. ગોદ પ્રકારની મીઠાઈ તે બનાવવા ગોખા સાંધી તેને પત્થર ઉપર પીસી તેમાં ગુલાબનું અત્તર અને મેવો મેળવી વડાંની જેમ બનાવવામાં આવે છે. પછી તેને ઘીમાં તળી ચાસણીમાં નાખવામાં આવે છે.

પિયાવો ૧. પું. કૂવાનું પાણી પાવાનો કર.

૨. [સં. પીત (પાન કરનાર)] પું. ખેતરમાં પાણી વાળનારો માણસ.

૩. પું. પરબ; પાણી પાવાનું સ્થાન.

૪. પું. પાણી પાવાનું અર્ઘ.

પિયાસ ૧. [સં. પિપાસા] સ્ત્રી. તરસ; તૃષા.

૨. સ્ત્રી. તૃષ્ણા; લાલચ; પ્રબળ ઇચ્છા.

પિયાસાલ [હિં] ન. ખડેાની બનતું ગોદ મોટું ઝાડ તે હિંદનાં જંગલોમાં વધુ કરીને બધે સ્થળે થાય છે. તેનાં ફળ અને પાન બહેડાનાં પાન અને ફળ જેવાં હોય છે. તેનું લાકડું મજબૂત હોવાને કારણે મકાન, ઝાડાં, હોડી વગેરે બનાવવામાં વપરાય છે. વૈદકમાં પિયાસાલ કોઢ, વિસર્પ, પ્રમેહ, કૃમિ, કૃ અને રક્તપિત્તને દૂર કરનાર તથા ત્વચા અને કેશને હિતકારક માનવામાં આવેલ છે.

પિયુ ૧. [સં. પ્રિય] પું. ધણી; પતિ; સ્વામી; કંથ

શ્રાવણ પહેલાં પાંચ દિન મેહ ન માંડે આજ;
પિયુ પધારો માવલે, અમે જઈશું મોસાળ. ગરબી

૨. વિ. વહાલું; પ્યારું; પ્રિય.

પિયુજી જુઓ પિયુ ૧.

પિયુડો (પિયુડો) [સં. પ્રિય] પું. પ્રીતમ; ધણી. નાથ; પિયુ.

પિયુદર્શન [સં. પ્રિયદર્શન] ન. પતિને જોવા તે.

પિયુધારણ ન. કોઈ પણ કલ્પના કરવામાં કે સ્નેહમાં બીજાવેલું કૂતું પૂમકું અથવા વસ્તુનો કટકો ચોનિમાં રાખવો તે. ઘણી વખત દુખતી કાનની પોલમાં અથવા અર્શના કે ગુદભંસના દરદીને ગુદાના મુખમાં પણ પિયુધારણ કરવા આપવામાં આવે છે.

પિયુમર્દ પું. હીમડો.

પિયુરાજ જુઓ પિયુ.

પિયૂખ [સં. પીયૂષ] ન. (હિંદી) અમૃત; પીયૂષ.

પિયેર જુઓ પિયર.

પિયેરપનોતી જુઓ પિયરપનોતી.

પિયેરિયું જુઓ પિયરિયું.

પિયો ૧. પું. આંબાનો મોર; ચીપડો.

૨. પું. (કચ્છી) પૈસો.

પિરઓ પું. (કચ્છી) પરબો; ચબૂતરો.

પિરતો જુઓ પિરબો.

પિરથમ [સં. પ્રથમ] વિ. પહેલું; શરૂઆતનું.

પિરથી [સં. પૃથ્વી] સ્ત્રી. (હિંદી) પૃથ્વી; ભૂમિ.

પિરથીનાથ ૧. [સં. પૃથ્વીનાથ] પું. (હિંદી) પરમેશ્વર.

૨. પું. રાજા; અધિપતિ.

પિરથીપાલ જુઓ પિરથીનાથ.

પિરથીરજ જુઓ પિરથીનાથ.

પિરપિયા વિ. (કચ્છી) અતિ ઝીણું.

પિરમિડ ૧. [અં.] પું. ઈજિપ્તની વિદેશી રમત. તેમાં દાને નીચે ત્રિકોણાકારમાં મૂકવામાં આવે છે.

૨. પું. કોઈ આકાર.

૩. પું. કોઈ આકારનો ઊંચો મિનારો; ત્રિકોણ આકાર સમચોરસ તળિયાં અને અણીદાર ટોચવાળું બાંધકામ; પ્રાચીન મિસરી રાજાના મૃતદેહ ઉપર બંધાયેલી મોટી કોઈ આકારની સમાધિ કે કબર. ઇજિપ્તમાં પિરમિડ નામે મિનારા બાંધેલા છે. તેમાં ગોદ મોટો પિરમિડ ત્રીજામા અક્ષરૂપ ઉપર બાંધેલો છે. આ ઇમારતની ઉત્તર તરફની બીતમાં ગોદ તિરકસ છિદ્ર છે અને તે છિદ્ર સદરહુ ઇમારતના પાયા નીચે ઠેઠ મધ્યબિંદુ બંધ સુધી ગયેલું છે. શિતિજ સામે તેનો સોમ બંધ ગ્રવાન્ન તારાનો આટબૂઝો બને છે. આ છિદ્ર ધ્રુવ તારાનો વેધ લેવા મુકાયું હતું એમ અનુમાન છે. આ છિદ્રમાંથી ધ્રુવ તારાનો વેધ લેવા જેવી સ્થિતિ તે સમયે કયે સમયે હતી એવો ગણિત પ્રમાણે હિસાબ કરતાં એમ નીકળે છે કે, ઈ.સ. પૂર્વે ૨૧૬૦ વર્ષને ગુમારે ગણિત નામના તારકપુંજમાંનો પહેલો તારો ધ્રુવબિંદુ નજીક સ્થિતિજથી જેટલી જ ઊંચાઈએ હતો. એ ઉપરથી આ ઇમારત તે વખતે બંધેલી હશે તમ એ અને એવાં બીજાં કેટલાંક પ્રમાણ ઉપરથી ઇજિપ્તના લોકો જ્યોતિષશાસ્ત્રમા ઠીક પ્રવીણ હોવાં જોઈએ એમ અનુમાન કરાય છે. આ પિરમિડના ચૂણા બરાબર પૂર્વ વગેરે આરે દિશાની સામે આવેલા છે. આ બતાવે છે કે, તે સમયના લોકોને દિશાનું બરાબર જ્ઞાન હતું.

પિરસણ ૧. ન. નાતવરાને અંગે પેર મોકલાતું ભાણું.

પિરસણ મોકલવું = નાતવરાને અંગે પેર ભાણું મોકલવું; પિરસણું મોકલવું.

૨. [સં. પરિવેષણ; પ્રા. પરિવેસણ] ન. પીરસવું તે; રાંધેલું જમણ જમવા મૂકવું તે.

૩. ન. પીરસેલું ભાણું.

પિરસણી ૧. સ્ત્રી. પીરસવું તે.

૨. વિ. સ્ત્રી. પીરસનારી.

પિરસણું ૧. ન. નાતવરાને અંગે પેર મોકલાવાતું ભાણું.

૨. ન. પીરસવાનું પાત્ર કે બીજું.

પિરસાવવું સ. ક્રિ. પીરસાવ તેમ કરવું; આપવાનું બીજાવ તેમ કરવું.

પિરાઈ [સં. પર્વત] સ્ત્રી. સાંઢાની બે ખાંડ વચ્ચેનો ભાગ.

પિરાક [સં. પિષ્ટક] પું. (હિંદી) ગોદ જાતનું પકવાન.

પિરાત ન. સવાર; પરોઢિયું.

પિરાન ૧. [સં. પ્રસિદ્ધ] વિ. પ્રખ્યાત; જાણીતું.

૨. વિ. મુખ્ય.

૩. વિ. મોટામાં મોટું.

પિરાપત ૧. [સં. પ્રાપ્તિ] સ્ત્રી. ઉત્પત્તિ; ઊપજ.

૨. સ્ત્રી. કમાણી; લાભ.

૩. સ્ત્રી. બરકત.

પિરામિડ જુઓ પિરમિડ.

પિરાયો પું. ગીત ગાવાની ટેવ વગાડનાર માણસ.

પિરાલુ ન. કેવડાને બળતું આવતું ગોદ જાતનું ઝાડ.

પિરિ ૧. [સં. પ્રકાર] સ્ત્રી. પેર; પ્રકાર; રીત.
વળતી આલ્યા એહ્યી પિરિ બોલી,
સાંભળી આયા વનજ. લાલચ
૨. સ્ત્રી. મધ્ય પ્રાંત નજીક મહાનદીને મળતી એ નામની એક નદી; પૈરિ.
૩. [સં. પર્વન્] સ્ત્રી. સાંઠાની બે ગાંઠ વચ્ચેનો ભાગ; પેરી.

પિરિચ્ચ [હિં.] સ્ત્રી. રમણી.

પિરિયન વિ. (કચ્છી) વહાલું.

પિરિયા ૧. [હિં.] પું. એક જાતનો ભાજરો.
૨. પું. કૂવામાંથી પાણી કાઢવાનો રૅંટ.

પિરીતમ [હિં.] વિ. બહુ વહાલું; પ્રિયતમ.

પિરીતા [હિં.] વિ. પ્રિય; ખાસ; વહાલું.

પિરૈન સ્ત્રી. ખાદ્યમાં રોગ મટાડવાનો ટોળ કરનાર સ્ત્રી.

પિરોજ ન. એક જાતનું આસમાની રંગનું રત્ન; ઇંદ્રનીલ; વૈદૂર્યમણિ; નીલમ.

પિરોજન [હિં.] પું. બાળકના કાન વીંધવાની એક રીત; કાનછેદન.

પિરોજ્ય ૧. [હિં.] ન. એક જાતનું રત્ન; નીલમ.
૨. વિ. આસમાની રંગનું; પિરોજના રંગનું; નીલું.

પિરોજ્ય જુઓ પિરોજ.

પિરોજું જુઓ પિરોજ.

પિરોજો ૧. પું. એક જાતનો મોગો.
૨. [ફા. પિરોજ] પું. પિરોજ; આસમાની રંગનો સુંદર કાચ પારદર્શક પથ્થર; ઇંદ્રનીલ; નીલમણિ; નીલમ.

પિરોટણ સ્ત્રી. પીરની જગ્યા.

પિરોલા [હિં.] ન. એક જાતનું પક્ષી.

પિરોલી સ્ત્રી. (કચ્છી) ઊખાણું.

પિલ્લ ૧. [સં.] સ. ક્રિ. પ્રેરવું; પ્રેરણા કરવી.
૨. સ. ક્રિ. ફેંકવું.
૩. સ. ક્રિ. મોકલવું.

પિલ્લ [અં.] સ્ત્રી. ગોળી; ગુટિકા.

પિલવઈ [સં. પ્લીહા] સ્ત્રી. (હિંદી) બરોળ; પેટને ડાબે પડખે આવેલો અવયવ.

પિલક ૧. [હિં.] ન. પીળા રંગનું એક જાતનું પક્ષી. તે મેનાથી કંઈક નાનું અને તેનો સ્વર મધુર હોય છે. ઊંચા ઝાડ ઉપર તે માળો બનાવે છે અને ત્રણથી ચાર ઈંડાં મૂકે છે.
૨ ન. રંગબેરંગી કાપડ.

પિલપિલા [હિં.] વિ. મુલાયમ; કુમાશદાર; પચપચતું; અંદરથી નરમ.

પિલપિલાવું અ. ક્રિ. નબળું થઈ જવું; નરમ બની જવું.

પિલપિલાહટ [હિં.] સ્ત્રી. કુમાશ; નરમાશ.

પિલપિલુ જુઓ પિલપિલા.

પિલવક્ક ન. એ નામનું એક જાતનું ઝાડ.

પિલવણી સ્ત્રી. પાનખર પછી વનસ્પતિનાં નવાં પાન આવે તે ઋતુ.

પિલવાંસ પું. જમીનનું એક જાતનું-ઘાસ.
૨. અંસવાંસા = પિલવાંસ.

પિલંગ [ય.] પું. બિલ્લો; તેંદુઆ.

પિલાઈ ૧. સ્ત્રી. (કચ્છી) ઠીલાપણું.
૨. સ્ત્રી. પીલવાનું મહેનતાણું.
૩. સ્ત્રી. પીલવું તે.

પિલામણ સ્ત્રી. પીલવાનું મહેનતાણું.

પિલામણી જુઓ પિલામણ.

પિલાવવું સ. ક્રિ. પિલાણ એમ કરાવવું; પીલવાની ક્રિયા કરાવવી.

પિલાવું ૧. [સં. પીડ્] અ. ક્રિ. કચરાવું; દબાવાનું.
૨. અ. ક્રિ. દુઃખ પામવું; રિબાવું.
૩. અ. ક્રિ. પીલવાની ક્રિયા થવી.

પિલાસ ૧. [સં. પિપાસા] સ્ત્રી. તરસ; પ્યાસ.
૨. સ્ત્રી. તૃષ્ણા; લાલચ.

પિલાસા ૧. વિ. તરસ્યું; પ્યાસી.
૨. વિ. તૃષ્ણાવાળું.

પિલાસ્ટર ન. એક જાતનું જંતુ; 'ઈન્ફ્લુએન્ઝા બૅસિલાઈ'. તેના શરીરમાંથી નીકળતો ઝેરી પદાર્થ મનુષ્યના શરીરને ઝાડવાથી હોય્યો થાય છે.

પિલિપ્પની [સં.] સ્ત્રી. ચીકણી જમીન.

પિલિરત ૧. [ફા.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; વેશ્યા.
૨. વિ. અપવિત્ર; અશુદ્ધ; ભ્રષ્ટ.

પિલીઠ [ફા.] વિ. અપવિત્ર; અશુદ્ધ.

પિલીદી સ્ત્રી. ભ્રષ્ટતા; ગંદકી; અશુદ્ધતા.

પિલુ ૧. [સં.] ન. એક જાતનું ઝાડ. તેની ડાળી અને પાંદડાં ઝેરના મારણ તરીકે વપરાય છે. તેનું ફળ રિરેચક, શીતળ અને ઉત્તેજક મનાય છે. તેના ફળની માત્રા અર્ધા ગ્રામની છે.
૨. ન. પીલુનું ફળ; પીલુડું.

પિલુક [સં.] ન. પીલુનું ઝાડ; પીલુડી.

પિલુની [સં.] સ્ત્રી. મૂર્વા નામે વનસ્પતિ; મોરવેલ.

પિલુપર્ણી [સં.] સ્ત્રી. મોરટાલના નામની એક વેલ.

પિલો ૧. પું. એક જાતની વનસ્પતિ તે સિંધ, પંજાબ, દક્ષિણનાં જંગલો વાયવ્ય પ્રાંત, ઉત્તર અને પશ્ચિમ હિંદ અને ઈરાનમાં થાય છે.
૨. પું. ફણગો; અંકુર; ફાંટો.

પિલોડિયું (પિલોડિયુ) ન. પિલો; ફણગો; અંકુર; જુવાર બાજરીનો પીલો

પિલ્લક [ફા.] ન. આંખનું પોપચું.

પિલ્લ ૧. [સં.] પું. આંખનો એક પ્રકારનો રોગ. તેમાં આંખમાં થોડા થોડા ચીપડા રહે છે અને આંખ ચીપડાથી ચપચપી રહે છે.
૨. ન. ચીપડાવાળી બીની આંખ.
૩. વિ. ચીપડાવાળી આંખવાળું; બીની આંખવાળું.

પિલ્લકા [સં.] સ્ત્રી. હાથણી.

પિલ્લા [હિં.] પું. કૂતરાનું બચ્ચું; કુરકુરિયું; બટોળિયું.

પિલ્લાદડી (પિલ્લાદડો) સ્ત્રી. એ નામની એક એદાની રમત; ધરીબીજડો.

પિલ્લું ન. સૂતર અથવા દોરાનું ચૂંબળું; વીંટો; દોરીની મોટી વીંટીને કરેલો દડો કે ગોટો.

પિલ્લૂ [હિં.] પું. પગ વગરનો બોળો જાંબો કીડો; કૃમિ. તે સડેલ ફળ કે જખમ વગેરેમાં જોવામાં આવે છે.

પિલ્લેપરચવનિ સ્ત્રી. અજેસચતુર્થી. તેકુળ લોકો અજેસચતુર્થીને પિલ્લેપરચવનિ કહે છે.

પિલ્સા [અં.] સ્ત્રી. મુંબઈ પાસેના દરિયામાં મળતી એક જાતની માછલી; બોઈ.

પિવડાવવું (પિવડ્રાવવુ) સ. ક્રિ. પાવું; પીએ એમ કરાવવું.

પિવલચાપ સ્ત્રી. એક ફૂલઝાડ; સોનેચાપ; ચ.પક. આકાર અને પાંદડામાં આ ઝાડ આંબાને મળતું છે. તેને ઝાંખા લીલા રંગનાં ફૂલ આવે છે. ખીલ્યા પછી તે સરસ સરસ મીઠી સુવાસ આપે છે. ફૂલની ઋતુ શિયાળો અને ચોમાસું છે.

પિવાડવું (પિવાડ્વું) જુઓ પિવડાવવુ.

પિવાવું અ. ક્રિ. પિવાણ એમ થવું; પી શકાવું.

પિસ્સ ૧. [સં.] સ. ક્રિ. આકાર કરવો.
૨. સ. ક્રિ. કટકા કરવા; જુદું પાડવું
૩. સ. ક્રિ. પ્રસરાવવું; ઢીલું.
૪. સ. ક્રિ. અવસ્થિત કરવું.

પિશંગ ૧. [સં.] કું. પીળો રંગ; પીંગળો રંગ; પવની રજ જેવો રંગ.
૨. વિ. પીળું; પીગ્ર રંગનું; પીંગળું.
૩. વિ. બદામી રંગનું.

પિશંગક ૧. [સં.] કું. પીંગળો રંગ; પવની રજ જેવો રંગ.
૨. કું વિષ્ણુ.
૩. વિ. પીંગળા રંગનું; પીંગળું.

પિશંગતા ૧. [સં.] સ્ત્રી. પીંગળા રંગનું હોવાપણું.
૨. સ્ત્રી. બદામી રંગનું હોવાપણું.

પિશંગત્વ જુઓ પિશંગતા.

પિશંગલા [સં.] સ્ત્રી. પિત્તળ.

પિશંગિત [સં.] વિ. રતાશ પડતા રંગનું.

પિશાચ ૧. [સં.] કું. (પુરાણ) એ નામનો ભારતવર્ષનો એક દેશ. પાંડ, ચેદિ, કુંતલ, સુરેષ્ણ, વાટ, ગાંધાર અને કનોજ એ બધા પિશાચ દેશ મનાય છે.
૨. કું. એક જાતની દુઃખ દેતી ભૂતયોનિ; ભૂતપ્રેત જેવી એક હીન યોનિ.
૩. કું. એક જાતનો પુરુષ. અત્યંત ખાનાર, સ્ત્રીવર્ગમાં અતિ સહવાસ કરવાની લોલુપતાવાળો, એકાંતમાં ગમે તેવા સ્ત્રીસંગની હમેશા ઝંખના કરવાવાળો, અપવિત્ર અને બીજાની પવિત્રતાની પણ નિંદા કરવાવાળો, અને બીજાને તેમ જ બધાને પણ પોતાની બીકતાથી હલકા પેટા કરાવનાર તથા વિકૃત આહારવિહાર આદિમાં રુચિવાળો પુરુષ પિશાચ કહેવાય છે. આવી સ્ત્રીને પણ પિશાચ કહેવામાં આવે છે.
૪. કું. એક પ્રકારનો વિવાહ. તે અધમ ગણાય છે.
૫. કું. દુષ્ટ માણસ; રાક્ષસ; નઠારો કે બધો જ ખરાબ માણસ; દુઃખદાયક માણસ.
૬. કું. પ્રેત; અવગતિનો દેવ. યક્ષ અને રાક્ષસથી પિશાચને હલકા કહેલ છે. તેનું રહેઠાણ ઉજ્જડ ભૂમિ બતાવેલ છે. તેને અપવિત્ર અને ગંદા જણાવેલ છે. પિશાચની આખ્યાયિકા છે કે, કોઈ ગુરુ કોઈ શિષ્યને ઉપદેશ કરતા હતા. તે વખતે પાસે ઊભા રહેલા કોઈ પિશાચને પણ તત્ત્વજ્ઞાન થયું. આ ઉપરથી એવો બોધ મળે છે કે, દરેક માણસે ગુરુ પાસેથી તત્ત્વજ્ઞાન સાંભળવું.
૭. કું. (જૈન) અંતરનિકાય દેવનો એ નામનો એક પ્રકાર. પિશાચના પંદર ભેદ છે: કૂષ્માંડ, પટક, જોષ, આન્હક, કાલ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.

પિશાચક ૧. [સં.] કું. ભૂત; પ્રેત; પિશાચ.
૨. વિ. પિશાચના જેવું.
૩. વિ. પિશાચને દૂર કરવામાં કુશળ.

પિશાચકી [સં. પિશાચકિન્] કું. કુબેર.

પિશાચકુમાર કું. એક જાતના અંતર દેવ.

પિશાચકૂટ [સં.] ન. લાખોટક ઝાડ.

પિશાચગૃહ [સં. પિશાચ + ગૃહ (ઘર)] ન. ભૂતપ્રેતનો વાસો હોય એવું સ્થાન.

પિશાચગ્રસ્ત [સં.] વિ. ભૂત વળગેલું.

પિશાચગ્રહ કું. ભૂતો-ગાંદનો એક રોગ.

પિશાચઘ્ન ૧. [સં. પિશાચ + ઘ્ન (મારનાર)] કું. પીળા સરસવ. પ્રેતના ઉતારમાં તે વપરાય છે.
૨. વિ. પિશાચને દૂર કરનાર; પિશાચનો નાશ કરનાર.

પિશાચચર્યા [સં.] સ્ત્રી. સ્મશાનમાં ફરવું રહેવું તે.

પિશાચણી ૧. સ્ત્રી. ખરાબ વેશવાળી, કુરૂપ અને સર્વ પ્રયત્નમાં નિષ્ફળ બનારી સ્ત્રી.
૨. સ્ત્રી. પિશાચ સ્ત્રી; ભૂતડી; પિશાચની સ્ત્રી.

પિશાચતા [સં.] સ્ત્રી. પિશાચપણું; પિશાચના જેવું અધમ વલણ હોવાં તે.

પિશાચત્વ જુઓ પિશાચતા.

પિશાચદુ [સં.] કું. ભૂતપ્રેત રહેતાં મનાતું હોય એવું ઝાડ; લાખોટક વૃક્ષ.

પિશાચપુરુષ [સં.] કું. પિશાચના જેવા લક્ષણવાળો પુરુષ. ઘણું ભોજન કરનારો, દયા વગરનો, અત્યંત ક્રોધી, ક્રૂર સ્વભાવનો, કુરૂપ, મલિન વેશવાળો, કાચાં ખાટાં ભોજન ખાનારો, કામદા જેવા શબ્દવાળો, તોફાની, અહંકારી, નાના બાળકવાળો પુરુષ પિશાચ કહેવાય છે.

પિશાચપૂજા [સં.] સ્ત્રી. ભૂત, પિશાચ વગેરે દુષ્ટ આત્માને પૂજવું તે.

પિશાચમુક્તેશ્વર [સં.] ન. ઓંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં સ્મશાનમાં આવતું એ નામનું મહાદેવનું એક તીર્થસ્થાન.

પિશાચમુખ [સં. પિશાચ + મુખ (મોં)] વિ. પિશાચના જેવા મોંવાળું.

પિશાચમોચન [સં.] ન. એ નામનું એક તીર્થ.

પિશાચરાજ [સં. પિશાચ + રાજન્ (રાજા)] કું. પિશાચોનો રાજા.

પિશાચલગ્ન [સં. પિશાચ + લગ્ન (વિવાહ)] ન. નિદ્રાવશ અવસ્થામાં કન્યાની ચોરી કરીને કરાતો વિવાહ.

પિશાચવિદ્યા [સં.] સ્ત્રી. ભૂતપ્રેત સંબંધી જેની વિદ્યા.

પિશાચવૃક્ષ [સં.] કું. લાખોટનું ઝાડ.

પિશાચવૃત્તિ [સં. પિશાચ + વૃત્તિ (વલણ)] સ્ત્રી. રાક્ષસવૃત્તિ; પિશાચ જેવું મનનું ઘણું વલણ.

પિશાચવેદ [સં.] કું. અથર્વવેદનો એ નામનો એક પેટા ભાગ.

પિશાચસત્ત્વા [સં.] સ્ત્રી. એક જાતની સ્ત્રી. જેની વર્તણૂક દુષ્ટ, ખોરાક વધારે, કલાક વિષે રુચિ, કજારે પણ સંતોષ વિનાની, શરીર ગરમ, ઠીમણી, કાળી, કપાળે કરચલી પડેલી, મલિન એવી પિશાચસત્ત્વા કહેવાય છે.

પિશાચસભા [સં.] ન. પિશાચોની સભા.

પિશાચિકા ૧. [સં] સ્ત્રી. ગંધમાંસી નામની વનસ્પતિ; નાની જટામાંસી.
૨. જુઓ પિશાચણી; પિશાચ સ્ત્રી.

પિશાચિની [સં.] સ્ત્રી. ડાકણી; પિશાચણી.

પિશાચી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જટામાંસી; ગંધમાંસી.
૨. સ્ત્રી. એક પ્રકારની પ્રાકૃત ભાષા; જંગલી લોકોની ભાષા. એમ કહેવાય છે કે, બૃહત્કથા પિશાચી ભાષામાં લોહીથી લખાઈ હતી.
૩. સ્ત્રી. પિશાચણી; પિશાચસ્ત્રી; ભૂતડી.
૪. વિ. ક્રૂર; ઘાતકી; નિર્દય; રાક્ષસી.

પિશાબ ૧. [ફા.] કું. મૂત્ર; મૂતર.
૧. પિશાબ કરવો = મૂતરવું.
૨. પિશાબ બંધ જવો = (૧) અટકાયતી પેશાબ આવી જવો. (૨) અપમાનિત થવું.
૨. કું. વીર્ય.

પિશાબખાનું ન. મૂતરડી; પેશાબ કરવાનું સ્થળ.

પિશિક [સં.] કું. એ નામનો એક દેશ.

પિશિત ૧ [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. માંસ; બોસ્ત.

પિશિતભુજ [સં પિશિત (માંસ) + ભુજ્ (ખાવું)] વિ. માંસ ખાનાર.

પિશિતા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જટામાંસી. તેનું ઝાડ બહુ જ ઉપયોગી છે. જેટલી માણસ કોમ દેખે તો જાણે કે કોઈ પિશાચણી કે વિકરાળ રાક્ષસી ઊભી હોય, મોટલો ઊભાડો મૂકેલો હોય તેવી દેખાય છે. માટે તેને પિશિતા કહે છે.

પિશિતાશન ૧. [સ] કું. ભૂત; પ્રેત.
૨. [સં પિશિત (માંસ) + અશન (ખાવું તે)] કું. માંસ ખાનારો પુરુષ; રાક્ષસ.
૩. વિ. માંસ ખાનાર.

પિશિતાશી જુઓ પિશિતાશન.

પિશિલી સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

પિશિતોદક [સં.] ન. કેસર.

પિશિની [સં.] સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

પિશી જુઓ પિશિની.

પિશીતક [સં.] પું. નાના ટુકડા કરેલું.

પિશીલ [સં.] ન. માટીનું કરાવેલું; કોડિયું; અપક્વિયું.

પિશુ [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પિશુક પું આંબડ.

પિશુન ૧. [સં.] પું. કાગડો.

૨. પું. (પુરા.ણ) કૌશિક ઋષિના સાત મહેનો એ નામનો એક પુત્ર.

૩. પું ગુપ્ત દૂત; જાસૂસ.

૪. પું. ચુગલખોર માણસ.

૫. પું. તમર.

૬. પું. દુર્જન; દુષ્ટ માણસ.

૭. પું. નારદ.

૮. ન. કેસર.

૯. ન. કે; કપાસ.

૧૦. વિ. ક્રૂર; ઘાતકી; કઠોર.

૧૧. વિ. ચાડિયું; ચુગલીખોર; ટોહી; નિંદા કરવાવાળું; નિંદાખોર.

૧૨. વિ. દર્શક; સૂચક.

૧૩. વિ. નીચ; દુષ્ટ.

૧૪. વિ ક્રુચ્ચું.

પિશુનતા ૧. [સં.] સ્ત્રી. ચાડિયાપણું.

૨. સ્ત્રી. નિર્દયતા; ક્રૂરપણું; કઠોરતા.

૩. સ્ત્રી નીચતા; દુષ્ટપણું.

૪. સ્ત્રી. ક્રુચ્ચાઈ.

૫. સ્ત્રી. સૂચક હોવાપણું.

પિશુનત્વ જુઓ પિશુનતા.

પિશુનપણું જુઓ પિશુનતા.

પિશુનવચન ૧. [સં.] ન. ખોટા; જૂઠું બોલવું તે

૨. ન. ચાડી; નિંદા.

૩. વિ. ચાડિયું.

પિશુનવાક્ય જુઓ પિશુનવચન.

પિશુનવાચી વિ. ચાડીચુગલી કરનાર; ચાડિયું.

પિશુનવાણી જુઓ પિશુનવચન.

પિશુના [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

પિશુનાઈ જુઓ પિશુનતા.

પિશોન્માદ [સં.] પું. એક જાતની વેલડી. તેમાં રોગી હાથ ઊછાળ્યા કરે, બકવા કરે, બહુ ખાય, રોયા કરે અને મંદો રહે.

પિશ્ચિકલ [ફા.] સ્ત્રી. પેટાં, કરવત વગેરેની સીંડી.

પિશ્તો પું. (સંગીત) તિસ્રજાતિ સાત માત્રાનો એક તાલ. તેના કોટકીના બોલ: સમ ૧ તિતકધિન્ ૨ ધાધા છે. આ તાલમાં ગતી વખત કેટલાક ચલતી લય પાછા ઝાપટ તાલમાં આવી મળે છે. ચલતી લેતી વખતે પ્રથમ નીચે લખેલા બોલ લેવા પડે છે: સમ ૧ ધાતી ૨ નાક ધાધિન્. આ તાલમાં ખાલી ઉપર સમ રહે છે એવો પુરાતની નિયમ છે. જો સમ ઉપર તાલનો ઠેકો દઈએ તો તિસ્રજાતિ તીવરાનું રૂપ લય બને છે. માટે ખાલી ઉપર સમ રાખેલો છે.

પિષ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) દળવું; લોટ કરવો. પીસવું. તે ઉપરથી બનેલ શબ્દ: પિષ્ટ; પિષ્ટપેષણ.

પિષ્ટ ૧. [સં. પિષ્ (પીસવું)] પું. આટો; લોટ.

૨. પું. એ નામનો એક ઋષિ.

૩. [હિ.] પું. પાણીમાં પીસેલું અન્ન.

૪. પું. પ્રમેહના વીસ પ્રકારનો એક પ્રકાર. તે કફથી થાય છે.

૫. પું. ભૂકો; ચૂર્ણ.

૬ ન. રજ.

૭. ન. સીસું.

૮. વિ. પીસેલું; કૂટેલું; દળેલું; ભૂકો કરેલું; લોટ કરેલું.

પિષ્ટક ૧. [સં.] પું માલપૂડો; વડું

૨. ન. એક જાતનો અસ્થિબંધ; હાડકાનું જાંબવું તે.

૩. ન. એક જાતનો આંખનો રોગ; ફૂલું.

૪. [સં. પિષ્ (પીસવું)] ન. ચોખાના લોટમાંથી બનાવેલ ખાવાની એક વસ્તુ.

૫. ન. તલનું ચૂર્ણ; ખોળ.

૬. ન. દળેલા ઢાળદર પાણીવાળા કરી બનાવેલી પીઠી.

૭. ન. સીસું.

૮. વિ. લોટમાંથી બનેલું.

પિષ્ટક સંક્રાંતિ સ્ત્રી. તિળુઆ સંક્રાંતિ; પોષ માસમાં આવતો એક તહેવાર. તે દિવસે ગોળ અને ખજૂરના રસમા તલ નાખીને બનાવેલો તિળુઆ નામનો ખાદ્ય પદાર્થ સગાંવહાલાં અથવા ગરીબોને વહેંચવામાં આવે છે.

પિષ્ટપ [સં.] ન. ભુવન; લોક; જગત.

પિષ્ટપચન [સં.] ન. રાંધવાની તવી; કડાઈ.

પિષ્ટપશુ [સં] પું.; ન. યજ્ઞમા હોમ માટે પશુને બદલે પિષ્ટ એટલે લોટના બનાવેલા પશુનું બલિદાન; લોટનું પશુ.

પિષ્ટપાક [સં.] પું લોટ રાંધવો તે.

પિષ્ટપાચક [સં.] વિ. લોટ રાંધનાર.

પિષ્ટપુરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

પિષ્ટપૂર [સં.] પું વડું, ભારી વગેરે પકવાન.

પિષ્ટપેષણ ૧. [સં. પિષ્ટ (પીસેલું) + પેષણ (પીસવું તે)] ન. કહેલું કરી કહેવું તે; એ ને એ વાત કરી કરીને કહેવી તે; નકામી પુનરુક્તિ.

૨. ન. દળેલું દળવું તે; પીસેલાને પીસવું તે.

પિષ્ટપેષણન્યાય [સં.] પું. પુનરુક્તિ નહિ કરવા બાબતનું એક દૃષ્ટાંત. દળેલું ફરીથી દળવું નકામું છે, તેમ કરેલું કામ ફરીથી નકામું કોઈ કરતુ હોય તેને માટે આ દૃષ્ટાંત અપાય છે.

પિષ્ટપ્રમેહ [સં.] પું. એક જાતનો પ્રમેહ રોગ; પિષ્ટમેહ. તેમાં પેશાબની સાથે ચોખાના પાણી જેવો પદાર્થ નીકળે છે.

પિષ્ટમય [સં.] વિ. લોટનું બનેલું.

પિષ્ટમેહ [સં.] પું એક જાતનો પ્રમેહનો રોગ; પિષ્ટપ્રમેહ; 'ઓક્ઝેલ્યુરિઆ'. તેમાં ચોખાના ધોણ જેવો પદાર્થ મૂત્ર સાથે નીકળે છે. પેશાબ કરતી વખતે કંથાડા ઊભાં થાય છે. મૂત્ર સફેદ રંગનું અને વખતોવખત આવે છે.

પિષ્ટમેહી [સં. પિષ્ટમેહિન્] વિ. પિષ્ટપ્રમેહના રોગવાળું.

પિષ્ટયોનિ [સં.] સ્ત્રી. એક જાતનું પકવાન.

પિષ્ટવર્તી [સં. પિષ્ટવર્તિન્] પું. મગ, અડદ વગેરેનો લોટ.

પિષ્ટવૈકૃત [સં.] ન. માલપૂડો, વડું વગેરે.

પિષ્ટસત્ત્વ [સં.] ન. કાંજી; 'સ્ટાર્ચ'.

પિષ્ટસૌરભ [સં.] ન. ચંદન; સુખડ. તેને પીસવાથી સુગંધ નીકળે છે.

પિષ્ટાત [સં.] પું. પટવાસ; અબીલ.

પિષ્ટાન્ન ૧. [સં.] ન. પચે તેવો ખોરાક.

૨. ન. લોટ.

પિષ્ટાલિકા [સં.] સ્ત્રી. ચંદન.

પિષ્ટિ જુઓ પિષ્ટિકા.

પિષ્ટિક ૧. [સં.] ન. ચોખાના લોટનો દ્રવાત્મક પદાર્થ.

૨. ન. લગ્ન પ્રસંગે વરકન્યાને ચોળવામા આવતી પીઠી.

પિષ્ટિકા ૧. [સં.] સ્ત્રી. પાણીમાં પલાળી હોતરાં કાઢીને પથ્થર ઉપર વાટેલી દાલ.
૨. સ્ત્રી. ચારણને ગંધક સાથે કે બીજાં દ્રવ્યો સાથે દૂધ કે બીજાં પ્રવાહી નાખીને ઘૂંટતાં ઘૂંટતાં બનાવેલી બ્રહ્મ જેવી ઔષધિ.
૩. સ્ત્રી. પીડી.

પિષ્ટુ ન. છીંકું; પાંખડું.

પિષ્ટોડી (પિષ્ટોઢી) [સં.] સ્ત્રી. શ્વેતાશ્વિકા.

પિષ્ટોદક [સં.] ન. લોટ મિશ્ર પાણી.

પિસ્ ૧. [સં.] અ. ક્રિ. જવું; ગમન કરવું.
૨. અ. ક્રિ. પ્રકાશવું.
૩. અ. ક્રિ. મજબૂત થવું; બળવાળું થવું.
૪. અ. ક્રિ. વસવું; રહેવું.
૫. સ. ક્રિ. આપવું; દાન કરવું.
૬. સ. ક્રિ. ઇચ્છા કરવી.
૭. સ. ક્રિ. વધ કરવો; મારી નાખવું.

પિસ ૧. સ્ત્રી. તરસ; પ્યાસ.
૨. સ્ત્રી. બાદબું તે; ગંજીફાની રમતમાં પાનાં બાદવાં તે.
૩. [સં.] વિ. પાપથી મુક્ત; પાપ વિનાનું.

પિસનહારી [હિં.] સ્ત્રી. અનાજ દળનારી સ્ત્રી; દળણું દળીને ગુજરાન ચલાવનારી સ્ત્રી.

પિસર [ફા.] પું. છોકરો; દીકરો; પુત્ર.
૧. પિસર ખ્વાંદની = દીકરાને દત્તક લેવો તે.
૨. પિસરે અખ્ખ.ફી = આંગળિયાત દીકરો.
૩. પિસરે ખ્વાંદા-ખ્વાંદે = દત્તક લીધેલો દીકરો; ખોળે બેસાડેલ દીકરો.
૪. પિસરે મુતબન્ના = દત્તક લીધેલો દીકરો.
૫. પિસરે સુલ્બી = સગો દીકરો.

પિસરજાદા [ફા.] પું. દીકરાનો દીકરો; પૌત્ર.

પિસરી [ફા.] સ્ત્રી. બચ્ચપણું; નાનપણ.

પિસવાઈ સ્ત્રી. દળામણ.

પિસવાવવું સ. ક્રિ. દળાવવું.

પિસંગ ૧. [સં.] પું. કમળની રજ જેવો રંગ.
૨. વિ. પીંગળા રંગનું; પીંગળું.

પિસંગી પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર, બીજા ચરણમાં જગણ, રગણ, નગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર તથા ચોથા ચરણમાં બે જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

પિસ્સા પું. મહાદેવજીના તથા માથેરાન ઉપર થતું એક જાતનું ઝાડ. તેનાં પાન લંબગોળ અને મોટાં હોય છે. તેનાં પાંદડાંની ભૂકી પૌષ્ટિક હોઈ દૂધ સાકર સાથે લેવાય છે.

પિસાઈ ૧. [હિં.] સ્ત્રી. અતિશય અધિક શ્રમ.
૨. સ્ત્રી. દળવાની મજૂરી; દળામણ.
૩. સ્ત્રી. પીસવાની ક્રિયા; પીસવાનું કામ કે ધંધો.

પિસાન [હિં.] પું. લોટ; આટો.

પિસાયા [હિં.] વિ. તરસ્યું; તરસ લાગી હોય એવું.

પિસાવવું સ. ક્રિ. પીસવાનું કામ કરાવવું; પીસવાની ક્રિયા કરાવવી; દળાવવું.

પિસાવું અ. ક્રિ. પીસવાની ક્રિયા થવી; દળાવું.

પિસિયા [હિં.] પું. એક પ્રકારના નાના અને મુલાયમ ઘાસ પશુ.

પિસી [હિં.] સ્ત્રી. બહેન.

પિસુજવું સ. ક્રિ. સીવવું; સાંધવું.

પિસોરા [હિં.] પું. દક્ષિણ હિંદમાં જોવામાં આવતું એક જાતનું હરણ. તે એક ફૂટ ઊંચું અને બે ફૂટ લાંબું હોય છે. તેનો ઉપલો ભાગ ભૂરો અને નીચલો ભાગ કાળો હોય છે. સ્વભાવે તે બીકણ છે અને સહેલાઈથી પાળી શકાય છે. ટેકરીની આડમાં તે રહે છે અને દિવસનું તે બહાર મુશ્કેલ નીકળતું નથી.

પિસોની ૧. [હિં.] સ્ત્રી. કઠિન કામ; મુશ્કેલ કાર્ય
૨. સ્ત્રી. પીસવાનું કામ.

પિસ્ટન [અં.] ન. ઠૂંસો.

પિસ્ટનરિંગ [અં.] સ્ત્રી. ઠૂંસાની સાથે જોડાયેલ કડી.

પિસ્ટન રોડ પું. ઠૂંસાની સાથે જોડાયેલ દાંડો; 'પિસ્ટન રૉડ'

પિસ્તર્ક [હિં.] વિ. પિસ્તાના રંગનું; પીળાશ પડતા લીલા રંગનું.

પિસ્તા ૧. [ફા.] પું. એક જાતનું સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફળ; પરતું.
૨. પું. દમાસ્કસ, ઈરાક અને ખુરાસાનથી માંડી અફઘાનિસ્તાન સુધી થતો એક જાતનો છોડ. તેનું ફળના ચોપડા જેવું ફળ ઉત્તમ મેવામાં ગણાય છે. તેની અંદરનો ગર્ભ લીલો હોય છે. તેનાં પાંદડાં પટોળાં જેવાં છે અને એક સીઝનમાં બબ્બે ફળ આવે છે. પાંદડાં ઉપર નસો બહુ ચોખ્ખી દેખાય છે. આ છોડમાંથી રૂની મસ્તકી જેવો એક જાતનો ગુંદ નીકળે છે. પાંદડાં ઉપર એક જાતની ગાંઠો જામે છે, જે ખાસ કરીને રેશમ રંગવાના કામમાં આવે છે. પિસ્તાના બીજમાંથી જે તેલ નીકળે છે તે દવામાં કામ આવે છે. રેશમ ઉપર ફિરમજી રંગ ચઢાવવા માટે પણ તે વપરાય છે.

પિસ્તાક પું. પિસ્તાનો છોડ.

પિસ્તાન [ફા.] સ્ત્રી. સ્તન; માર્યું.

પિસ્તાપાઠ પું. માર મારવો તે; મેથીપાક.

પિસ્તાલ્લ અ. મફત; કાંઈ પણ કીમત આપ્યા વિના.

પિસ્તાલિયું વિ. મફતિયું.

પિસ્તાળ જુઓ પિસ્તાલ.

પિસ્તાળીસ [સં. પંચચત્વારિંશત્; પ્રા. પણ્ણયાલીસ] વિ. ચાળીસને પાંચ; ૪૫.

પિસ્તાળો પું. દુઃખ ભરેલી સ્થિતિ.
હંસ મામાએ જોઈજ્યા ભગવાન ઉપર પિસ્તાળો પાડવાનું કર્યું ત્યારથી આખો શબ્દ હંસના હંસે રંગાઈ ગયો છે. જયેંદ્રરાવ દુરકાળ
પિસ્તાળો પાડવો = (૧) કેડો લેવો; પીછો લેવો. (૨) દુઃખ દેવું; હેરાન કરવું.

પિસ્તું [ફા. પિસ્તા] ન. પરતું; એક જાતનો મેવો.

પિસ્તોલ [પોર્ટુ.] સ્ત્રી. તમંચો; ખીસામાં રહે એવી ઢાલ કરીને એક હાથે ફોડવાની નાની બંદૂક. સોળમા સૈકાની શરૂઆતમાં તે ફોપી ફાડવાનું મનાય છે. આધુનિક બનાવટની પિસ્તોલ રીવોલ્વર કરતાં પણ સારી મનાય છે.

પિસ્તૌલ [હિં.] સ્ત્રી. પિસ્તોલ.

પિસ્સુ [હિં] સ્ત્રી. ચાંચડ; ઢાંસ.

પિહાકું વિ. પારકું.

પિહિત ૧. [સં.] પું. (કાવ્ય) કોઈના મનનો ભાવ જાણી ક્રિયા દ્વારા પોતાનો ભાવ પ્રગટ કરવાનું વર્ણન કરવામાં આવે એવો અર્થાલંકાર; એક અધિકરણમાં રહેતો ગુણ અતિ પ્રબલતાથી પ્રકટ થવા છતાં અસમાન અર્થાંતરને આચ્છાદન કરી લે તેવો અલંકાર. જેમકે, પ્રાતઃકાલે પ્રીતમ જેવા ઘેર પધાર્યા તેવું જ કાંતાએ ત્રિજાનું ભિજાવ્યું
૨. વિ. ઢાંકેલું; ઢબૂરાયેલું; આચ્છાદેલ; ઢંકાયેલું.
૩. વિ. બંધ કરેલું.

પિહિતદોષ [સં.] પું. (જૈન) એક જાતનો આહારદોષ; દેય વસ્તુને સચિત્ત વસ્તુથી ઢાંકો દેવાથી લાગતો દોષ

પિહિરણ [સં. પરિધાન] ન. પોશાક; પહેરવાનાં વસ્ત્ર; પહેરવેશ.

પિલ્લિલું [સં. પ્રથમ] જ. પહેલાં; પ્રથમ.

પિહુવા [હિં.] ન. એક જાતનું પક્ષી.

પિહૂડો (પિહૂડે) પું. પીડવો.

પિહેર [સં. પિતૃગૃહ] ન. પિયેર; વહુના માબાપનું ઘર.

પિહેરપનોતી વિ. સ્ત્રી. પિયરનાં સુખવાળી; પિયેરપનોતી
જ પિહેરપનોતી હોય સુંદરી. ત્રિરમર

પિળાવવું સ. ક્રિ. પીળવાની ક્રિયા કરાવવી; પીળું થાય તેમ કરવું.

પિળાવું જ. ક્રિ. પીળવાની ક્રિયા થવી; પીળું થવું.

પિંગ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. ઉંદર.

૩. પું. ચાતક પક્ષી.

૪. પું. દીવાની જ્યોત જેવો પીળો રંગ.

૫. પું. પાડો.

૬. પું. રાની બકરું.

૭. પું. રૂપું. સોનીની પારસીમાં રૂપાને પિંગ કહે છે

૮. પું. કરતાલ.

૯. સ્ત્રી. પોતાના જોરથી ખૂબ હસવું આવી તે. પિંગ ચડાવવી = બહુ હસવું આવવું.

૧૦. સ્ત્રી. હીંચકાનું દોરડું.

૧૧. ન. (પુરાણ) એ નામનું એક તીર્થસ્થાન.

૧૨. ન. જનવરનું બચ્ચું; નાનું જનવર.

૧૩. વિ. દીવની જ્યોત જેવા રંગવાળું; પીંજળા રંગનું; ઝાંખા પડતા લાલ રંગનું.

પિંગકપિશ [સં.] વિ. પીંજળા અને કાબરચીતરા રંગવાળું.

પિંગકપિશા [સં.] સ્ત્રી. એક જાતનું જંતુ; વંદો; તમરું.

પિંગચક્ષુ ૧. [સં. પિંગચક્ષુસ] પું. એક જાતનું જલચર પ્રાણી; કરચલો.

૨. [સં. પિંગ (પીંજળું) + ચક્ષુસ (આંખ)] વિ. પીંગળી આંખોવાળું.

પિંગજટ [સં.] પું. શિવ; શંકર.

પિંગજટ [સં] પું. મહાદેવ; શિવ.

પિંગટ [સ] વિ. પીળું

પિંગટવર્ણી [સ.] પું. પીંજળો રંગ.

પિંગતીર્થ [સં] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

પિંગપૉંગ [અં.] ન. ટેબલ ઉપર રમાતી ટેનિસ જેવી વિલાયતી રમત. તે સને ૧૯૦૧મા દાખલ કરવામાં આવી મનાય છે. તે ૯ ફૂટ લાંબા અને ૫ ફૂટ પહોળા ટેબલ ઉપર રમાય છે. તેની વચ્ચે નાની જાળી હોય છે, જેથી તેના બે ભાગ પડે છે. તેમાં નાનાં હલકા વજનવાળાં લાકડાનાં રેકેટ અને નાના સેલ્યુલોઇડના દડા વપરાય છે. દરેક રમનાર ઉપરાઉપર પાંચવાર સર્વિસ કરી શકે છે. દડો ફેંકનારના ટેબલ ઉપર બાઉન્સ ખેલ્યા અને પછી સામાવાળાના ટેબલ ઉપર ઊછળતો ખેલાય. દડો પચ્ચીસ અંકથી વધુ લક્ષ્ય નહિ.

પિંગલ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું એ નામનો એક નાગરાજ.

૩. પું એ નામનો એક પર્વત.

૪. પું. એ નામનો એક વૃક્ષ

૫. પું. એ નામનો કુબેરનો એક નિધિ.

૬. પું. એક જાતનું ઘુવડ.

૭. પું. એક જાતનું પ્રાણી; નોળિયું.

૮. પું. એક જાતનું વાનું.

૯. પુ. એક જાતનું સ્થાવર ઝેર.

૧૦. પું એક જાતનો ફેણવાળો સર્પ.

૧૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ચાર ચરણ અને બેથી લઘુ અને ગોરાથી વર્ણની અઠ્ઠાવીશ માત્રા હોય છે.

૧૨. પું. [ગણિત] ગણતરીનું એક

૧૩. પું ટોલિયો; પતંગ.

૧૪. પું. પિંગળ નામના ઋષિ; પિંગલાચાર્ય. તેણે કવિતાનાં તાલ માપ જોઇને છંદશાસ્ત્ર ઉપર આઠ સૂત્રગ્રંથો લખ્યા છે. દરિયા કિનારે એક મગરે તેને મારી નાખ્યા હતા તેમના નામ ઉપરથી છંદશાસ્ત્ર પણ પિંગળ સંજ્ઞાથી ઓળખાય છે.

૧૫. પું. પીંજળો રંગ; કાળો અને પીળો મિશ્રિત વર્ણ.

૧૬. પું. પ્રભવ વગેરે વર્ષમાં એ નામનું એક વર્ષ; સાઠ સંવત્સરોમાં એકાવનમો સંવત્સર; ૬૯મી તીશીનો અગિયારમો સંવત્સર.

૧૭. પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એક ઋષિ. જનમેજયના સર્પસત્રમાં તે એક સદસ્ય હતો.

૧૮. પું (સંગીત ભૈરવ રાગનો એ નામનો એક પુત્ર તે સવારે ગવાય છે.

૧૯. પું મહાદેવ; રુદ્ર; શિવનાં હજાર માંહેનું એક નામ

૨૦. પું (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે રંગે સહેજ પીળો છે.

૨૧. પું. રાસ્ના નામની ઔષધિ.

૨૨ પું. વાનર; કપિ

૨૩. પું. સૂર્યનો એ નામનો એક અનુચર અથવા ગણ.

૨૪. પું. (પુરાણ) હિંદની વાયવ્યે આવેલો એ નામનો એક દેશ.

૨૫. સ્ત્રી. એક જાતની પ્રજા.
વેશ્ય સ્ત્રી શૂદ્ર પુરુષ દ્વારા આયોગવ પ્રજાને જન્મ આપે છે. તેવી આયોગવ સ્ત્રી બ્રાહ્મણનો સંગ કરે તો પિંગલ નામની પ્રજા થાય છે.
સૂતસંહિતા

૨૬. ન. અતિશય વિસ્તાર; લંબાણ; ઢાયલું; ઓળિયું.
પિંગળ કરવું = બાંધું બાંધું વર્ણવી ઢાયલું કરવું; અતિશયોક્તિથી વધારવું; લંબાણ કરવું.

૨૭. ન. ઉશીર; અસ.

૨૮. ન. પિત્તળ નામની ધાતુ.

૨૯. ન. પિંગળશાસ્ત્ર; કવિતાના તાલ માપનું એક શાસ્ત્ર; છંદશાસ્ત્ર; કવિતા બનાવવાની રીતિ સમજાવનાર શાસ્ત્ર. પિંગળ નામના ઋષિએ તેનો મૂળ ગ્રંથ રચેલો, તે ઉપરથી તે પિંગળ કહેવાય છે.

૩૦. ન. હરતાળ.

૩૧. વિ. પીંજળા રંગવાળું; લાલાશ પડતા પીળા રંગનું; કાળા અને પીળા મિશ્રિત વર્ણવાળું.

પિંગલક ૧. [સં.] પું. એ નામે એક વૃક્ષ.

૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

પિંગલકાર [સં.] પું. પિંગળ) કવિતા સંબંધી નિયમ, પ્રાસ વગેરે બનાવનાર પદ્યશાસ્ત્રી; પિંગલ બનાવનાર માણસ.

પિંગલકેશ [સં. પિંગલ (પીંજળું) + કેશ (વાળ)] વિ. પીળા વાળવાળું; જેના વાળ પીંજળા હોય એવું.

પિંગલગીતા [સં.] સ્ત્રી. મહાભારતના શાંતિપર્વમાં આવેલો એ નામનો એક વિભાગ.

પિંગલનાડી (પિંગલનાડ઼ી) જુઓ પિંગલા ૧.

પિંગલનાગક [સં.] ન. ઝિંક.ઓક્સાઇડ.

પિંગલનિધિ [સં.] પું. (જૈન) ચક્રવર્તીનો એક ભંડાર.

પિંગલમત [સં. પિંગલ (છંદશાસ્ત્ર) + મત (વાદ)] પું. પિંગળશાસ્ત્રમાં ઋષિપ્રણીત બે માંહેનો એક મત. આ મત પ્રમાણે પ્રસ્તાર કરવામાં પહેલાં સર્વ ગુરુથી આરંભી સર્વ લઘુ આવતા સુધી ઊતરતા જવાય છે. પિંગલમતમાં અવરોહ ક્રમ છે. આ મતના પ્રસ્તારવિધિમાં સર્વ ગુરુનું રૂપ પહેલું મૂકવામાં આવે છે અને તેમાંથી નવાં બનાવી સર્વ લઘુનું રૂપ આવે ત્યાંસુધી નીચે ઊતરતા જવાના ક્રમે ક્રિયા કરવામાં આવે છે. સંખ્યાક્રમ સર્વ ગુરુના પહેલા રૂપથી શરૂ કરવામાં આવે છે.

પિંગલમતસંખ્યાવિપરીત [સ.] પું. પિંગળના આઠ માંહેનો એક મત. તેમાં સર્વ લઘુનું રૂપ

પિંગસાર

પહેલું ગણવામાં આવે છે અને લાયી રૂપસંખ્યા ગણાય છે. સર્વ લઘુનું રૂપ પહેલું મૂકો સર્વ ગુરુનું રૂપ બનાવવામાં આવે છે.

પિંગલમતસંખ્યાસ્થાનવિપરીત [સં.] પું. પિંગળના આઠ માંહેનો એક મત. તેમા અગસ્ત્યમતસ્થાન વિપરીત પ્રસ્તારવિધિ ઊતરતા ક્રમના ક્રમથી કરવામાં આવે છે અને સંખ્યા પણ સર્વ લઘુના રૂપથી પ્રારંભી ગણવામાં આવે છે.

પિંગલમતસ્થાન વિપરીત [સં.] પું. પિંગળના આઠ માંહેનો એક મત. પિંગળમતના સામાન્ય વિધિથી સ્થાન સબંધમાં તે ઊલટો છે. સામાન્ય પ્રસ્તારવિધિમાં ડાબી બાજુના પહેલા ગુરુ તળે લઘુ ચિહ્ન મુકાય છે, તેમ આમાં ન થતાં જમણી બાજુ તરફના પહેલા ગુરુ તળે લઘુ મૂકવામા આવે છે. ડાબી બાજુનાં ચિહ્ન કાયમ રાખતા જઈ જમણી બાજુનો ખૂટતી માત્રા અથવા વર્ણ ગુરુ લઘુથી અથવા ગુરુ વર્ણ ચિહ્નથી પૂરવામાં આવે છે.

પિંગલલોચન પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૬૨ લઘુ મળી ૭૫ વર્ણની ૮૮ માત્રા હોય છે.

પિંગલલોહ [સં.] ન. એક જાતની ધાતુ; પિત્તળ.

પિંગલશાસ્ત્ર [સં.] ન. છંદશાસ્ત્ર.

પિંગલશાસ્ત્રી જુઓ પિંગલાચાર્ય.

પિંગલા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નાડી; સ્થૂલદેહ શરીરમાની એક મુખ્ય નાડી; હઠયોગમાં માનેલી પ્રધાન ત્રણ માંહેની એક નાડી. તેમાં સૂર્યનો વાસ મનાય છે. તેનું બીજું નામ યમુના છે. ગરડાની કરોડના ભાગમાં જ્ઞાનતંતુના બે નળ છે તે ઇડા અને પિંગલા એ નામથી ઓળખાય છે. ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ મુખ્ય નાડીઓ શરીરમાં છે. ડાબા ભાગમાં ઇડા, મધ્ય ભાગમાં સુષુમ્ણા અને જમણા ભાગમાં પિંગલા છે. આ ત્રણે અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપ મનાય છે. ઇડા નાડીમાં ચંદ્ર અને પિંગલામાં સૂર્યનો નિવાસ માનેલો છે. પિંગલા નાડી શ્રમ કરતી હોય ત્યારે શ્વાસ જમણા નસકોરામાંથી નીકળે છે. અમુક કાર્યો પિંગલા નાડીના કાર્યકાળ વખતે કરવામાં આવે તો તેનું શુભ ફળ માનવામાં આવે છે. જેમકે, કઠણ વિષયોનું પઠનપાઠન, વાહન ઉપર સવારી, દોર બેસવું.

૨. સ્ત્રી. એ નામની એક વેશ્યા. વિદેહનગરમાં તે રહેતી હતી. એક દિવસ એક સુંદર ધનિકને જતો જોઈ તેને જોવેની થઈ, પણ તે ન આવ્યો. આખી રાત તેની ચિંતામાં તે પડી રહી. છેવટે તેને વિચાર આવ્યો કે હું કેવી મૂર્ખ છું કે પાસે કાંત છે, છતાં કાંત માટે મરી રહી છું? આ પ્રમાણે તેને જ્ઞાન થયું કે આશા જ બધા દુઃખનું મૂળ છે. જેણે બધી જાતની આશા છોડી દીધી છે, તે જ સુખી છે. તેણે ભગવાનનાં ચરણમાં ચિત્ત જોડયું અને શાંતિ મેળવી. મહાભારતમાં પણ ભીષ્મે યુધિષ્ઠિરને મોક્ષ ધર્મનો ઉપદેશ કર્યો છે ત્યાં આ પિંગલા વેશ્યાનું ઉદાહરણ આપ્યું છે. સદ્‌ગુણો જાતથી અજાણતાં સારી તેને દુનિયાનાં બંધનોમાંથી મુક્તિ મળી હતી.

૩. સ્ત્રી. એક જાતની ધાતુ; પિત્તળ.

૪. સ્ત્રી. એક જાતની માંસાહારી વનસ્પતિ. તેનાં પાંદડાં પહોળાં, પડવીવાળાં અને તેની સપાટી લીસી તેમ જ તેલિયા હોય છે. તેનાં ઝોકાડો દેખાવમાં જાયુડા, પીળાં કે ધોળાં ફૂલ નમ જગ્યા ઉપર ઊગે છે. પાંદડાં પોતાના વીંટ્યા આવની અંદર ઝીણાં જીવડાં પકડી લે છે અને તેમને હજમ કરી જાય છે.

૫. સ્ત્રી. એક જાતનું ઘુવડ.

૬. સ્ત્રી. એક પ્રકારની જળો.

૭. સ્ત્રી. [illegible] કસ્તિકા.

૮. સ્ત્રી ગાધવદની એ નામની રાણી.

૯. સ્ત્રી. મોચેચન.

૧૦. સ્ત્રી. જ્યોતિષશાસ્ત્રની આઠ માંહેની એક દશા.

૧૧. સ્ત્રી. દક્ષિણ દિગ્વિજયની ઓ; દક્ષિણ દિશાના લોકપાલ યમના ઐરાવત વામનની એ નામની પત્ની.

૧૨. સ્ત્રી. ભર્તૃહરિની એ નામની એક રાણી.

૧૩. સ્ત્રી. મહાદાંકણી.

૧૪. સ્ત્રી. રાજનીતિ.

૧૫. સ્ત્રી. રીતિ.

૧૬. સ્ત્રી. લક્ષ્મી.

૧૭. સ્ત્રી. સીમન્તનું ઝાડ.

૧૮. સ્ત્રી. હાથણી.

૧૯. વિ. સ્ત્રી. ઝાલાવા પડતા પીળા રંગની.

પિંગલાક્ષ ૧. [સં.] પું. (પિંગળ) એક જાતનું પક્ષી.

૨. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમા ૮૮ લઘુ વર્ણની ૮૮ માત્રા હોય છે.

૩ પું. શિવ; શંકર; મહાદેવ.

૪. વિ. માંજરી આંખોવાળું.

પિંગલાક્ષી ૧. [સં.] સ્ત્રી. મક્ષિકોપની અંદર રહેનારી ચોસઠ માંહેની એ નામની એક કલા.

૨. વિ.સ્ત્રી. પીંગળી આંખોવાળી; ક્રોધે પિંગળ આંખવાળી.

પિંગલાગ્ન્ય [સં.] પું. આસઠ માંહેનો એ નામનો એક તેજસ્તત્ત્વ દેવતા.

પિંગલાચાર્ય [સં.] પું. પિંગળ અથવા છંદશાસ્ત્ર રચનાર એ નામનો પંડિત.

પિંગલાયન [સં.] ન. (જ્યોતિષ) અનુરાધા નક્ષત્ર.

પિંગલિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘુવડ પક્ષી.

૨. સ્ત્રી. ભમરી.

૩. સ્ત્રી. આખીની જાતનો એક ઝીંડો. તેના કરડવાથી બળતરા અને સોજો થાય છે.

પિંગલિત [સં.] વિ. પીંગળું કરેલું; પીંગળા વર્ણનું.

પિંગલેશ્વર ૧. [સં.] પું. એ નામના શંકર. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ઓંકારનાથ તીર્થમાં છે.

૨. પું. ઉજ્જયિનીમાં આવેલ એ નામના એક મહાદેવ.

૩. ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: રૌચિક ઋષિએ પોતાની સ્ત્રીનો નાશ થયો દેખી અગ્નિને શાપ આપ્યો કે, તને યજ્ઞમાં ભાગ નહિ મળે પછી તે નર્મદાતીરે તપ કરવા બેઠા. સો વર્ષ તપ કરવાથી શાપમુક્ત થયા. આ અગ્નિદેવોનું પુણ્ય તીર્થ છે. તેને અગ્નિતીર્થ પણ કહે છે.

પિંગલેશ્વરતીર્થ [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલું એ નામનું એક તીર્થ. નર્મદા પ્રભાસમાં લખ્યું છે કે: પ્રાચીન સમયમાં શંકરજીની રતિક્રીડામા દેવકાર્યને માટે કપોત વેશ ધરી ને અગ્નિ પધાર્યા. આ જોઈ ને શિવજીએ પોતાનું વીર્ય તેના મુખ ઉપર છંટકાર્યું. આ કારણે અગ્નિનો વર્ણ પીંગળો થઈ ગયો. તેણે જગતની યાત્રા કરી. કોઈ તીર્થમાં તે શુદ્ધ ન થયા. પછી જ્યારે અહીં આવીને તપ કર્યું, ત્યારે સિદ્ધિ પ્રાપ્ત થઈ. અહીં તીર્થસ્નાનથી બધા રોગ મટી જાય છે. અહીં યજ્ઞ, દાન અને તપનું માહાત્મ્ય છે.

પિંગલેશ્વરી [સ.] સ્ત્રી. એ નામની દેવી. પદ્મોણ્ડીમાં પિંગલેશ્વરી નામની દેવીની પીઠ છે.

પિંગલોહ [સં.] ન. પિત્તળ.

પિંગવાન [સ. પિંગવત્] વિ. પીંગળું.

પિંગસાર [સં.] પું. હરતાળ.

પિંગસ્ફુટિક [સં.] પું. ગોમેદક નામનો મણિ.
પિંગળ જુઓ પિંગલ.
પિંગળ ઋષિ પું. એ નામનો એક ઋષિ. ત્વષ્ટુ પાસેથી કપ અક્ષ પાસેથી ગણેશ ત્વષ્ટુશિલ્પશાસ્ત્રના જ્ઞાતાપુરુષ ઋષિએ ભારદ્વાજ કર્યા અને ભાર જુદા જુદા ઋષિઓને તેનું અધ્યયન કરાવ્યું આ ભાર ઋષિઓએ ભૂલોકના કલ્યાણ માટે શિલ્પશાસ્ત્રો લખેલાં છે. તે ભાર ઋષિઓ પૈકી પિંગળ ઋષિ એક છે અને તેણે શિલ્પકલ્પશાસ્ત્ર લખ્યું છે.
પિંગળક જુઓ પિંગલક.
પિંગળકાર જુઓ પિંગલકાર.
પિંગળકેશ જુઓ પિંગલકેશ.
પિંગળગીતા જુઓ પિંગલગીતા.
પિંગળનાડી (પિંગળનાઢો) જુઓ પિંગલનાડી.
પિંગળનામક જુઓ પિંગલનામક.
પિંગળનિધિ જુઓ પિંગલનિધિ.
પિંગળમત જુઓ પિંગલમત.
પિંગળમતસંખ્યાવિપરીત જુઓ પિંગલમતસંખ્યાવિપરીત.
પિંગળમતસંખ્યાસ્થાનવિપરીત જુઓ પિંગલમતસંખ્યાસ્થાનવિપરીત.
પિંગળમતસ્થાનવિપરીત જુઓ પિંગલમતસ્થાનવિપરીત.
પિંગળલોચન જુઓ પિંગલલોચન.
પિંગળલોહ જુઓ પિંગલલોહ.
પિંગળશાસ્ત્ર જુઓ પિંગલશાસ્ત્ર.
પિંગળશાસ્ત્રી જુઓ પિંગલશાસ્ત્રી.
પિંગળા જુઓ પિંગલા.
પિંગળાક્ષ જુઓ પિંગલાક્ષ.
પિંગળાક્ષી જુઓ પિંગલાક્ષી.
પિંગળાભ્ય જુઓ પિંગલાભ્ય.
પિંગળાચાર્ય જુઓ પિંગલાચાર્ય.
પિંગળા જોરશી પું. માત્ર સારૂં સારૂં કહે એવો જોશી
પિંગળા જોષી જુઓ પિંગળા જોશી.
પિંગળાયન જુઓ પિંગલાયન.
પિંગળિકા જુઓ પિંગલિકા.
પિંગળિત જુઓ પિંગલિત.
પિંગળું [સં. પિંગલ] વિ. કિંકું લાલ; કપિલ; પિંગલ.
પિંગળેશ્વર જુઓ પિંગલેશ્વર.
પિંગળેશ્વરતીર્થ જુઓ પિંગલેશ્વરતીર્થ.
પિંગળેશ્વરી જુઓ પિંગલેશ્વરી.
પિંગા ૧. [સં. પંગુ] પું. બાંડા પગવાળો માણસ.
૨. [હિં.] સ્ત્રી. એક રક્તવાહિની નાડી.
૩. [સં.] સ્ત્રી. ગોનેચન.
૪. સ્ત્રી. દુર્ગા; ચંડિકા.
૫. સ્ત્રી. ધનુષ્યની દોરી.
૬. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.
૭. સ્ત્રી. નળી; નાલિકા.
૮. સ્ત્રી. પંક્તિલોચન.
૯. સ્ત્રી. હગદર.
૧૦. સ્ત્રી. હિંગ.
૧૧. ન. એક પ્રકારનું રત્નવાલ.
૧૨. વિ. કુબડું.
૧૩. વિ. નબળું; અશક્ત.
૧૪. વિ. પાતળું; ઝટ નહિ એવું.
૧૫. વિ વાંકું.
પિંગાક્ષ ૧. [સં.] પું. અગ્નિ.
હે અનલ ! પિંગાક્ષ રે હુતાશન પાવક નામ. પ્રેમાનંદ
૨. પું. એ નામનો એક દૈત્ય.
૩. પું. એ નામનો એક શિકારી.
૪. પું. નાક; મગર.
૫. પું. બિલાડો.
૬. પું. શિવ; હર.
૭. વિ. પીળાં નેત્રવાળું; પીંગળી આંખોવાળું
પિંગાક્ષા જુઓ પિંગાક્ષી.
પિંગાક્ષી ૧. [સં.] સ્ત્રી. પ્રતિક સ્વામીની અનુચર એક માતૃકા.
૨. વિ. સ્ત્રી. પીંગળી આંખોવાળી.
પિંગાણી ૧. [સં. પિંગ (કંપ)] સ્ત્રી. કંપાવટી.
સાસુએ તેજાં ઓર ભોરાણી,
પૂન્યા ગામ ને કરમાં પિંગાણી. પ્રેમાનંદ
૨. સ્ત્રી. ધુપેલની છલકી; ધુપેલ તેલનું કચોળું.
પિંગાશ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ્યું.
૨. પું ગામનો મુખી અથવા ચોધરી; પટેલ જાતિ.
૩. ન. ઉત્તમ સોનું.
પિંગાશા [સં.] સ્ત્રી. ગળી.
પિંગાશી ૧. [સં] સ્ત્રી. એક જાતની ગાળલી.
૨. સ્ત્રી. ગળી.
પિંગાસ્થ ૧ [સં.] પું. એક જાતનું ઝાડ્યું.
૨. વિ. લાલાશ પડતા પીળા મુખવાળું.
પિંગાસ્થા ૧ [સં] સ્ત્રી. એક જાતની ગાળલી.
૨. વિ. સ્ત્રી. લાલાશ પડતા પીળા મુખવાળી.
પિંગિકુલા સ્ત્રી. ખાડી વગા વાણીવાળા પ્રદેશમાં થતી એક જાતની વનસ્પતિ. તેનાં ઝાંડવાં ઉપર મોટા કાંટા હોય છે. તેની કોપરાંમાંથી એક જાતનો ચીકણો રસ નીકળે છે. આ રસમાં ઘણાં નાનાં નાનાં જીવડાં ચોટી જાય છે. એ વનસ્પતિ તેને ખાઈ જાય છે.
પિંગી ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી.
૨. સ્ત્રી. એક જાતનું રત્નવાલ.
૩. સ્ત્રી. બીજોરીનું ઝાડ.
પિંગુલ પું. એક જાતનું પક્ષી.
પિંગૂરા [હિં.] ન. પારલું.
પિંગેક્ષણ જુઓ પિંગાક્ષ.
પિંગેશ [સં.] પું. અગ્નિનું એક નામ.
પિંચિતક્ષણ [સં.] ન. (વૈદક) એક જાતનું ચાંદું; 'ફ્રોન્ટપ્રૉન અલ્સર'. આ ચાંદામાં ચામડીનો નીચેનો ભાગ કાટી જાય છે, પણ ચામડી અક્ષત રહી જાય છે.
પિંડ ૧. [સં. પિણ્ડ] ન. પીંડું.
૨. [સં.] ન. પડ્યું.
પિંજ્ ધા. [સં.] અ. ક્રિ. પ્રકાશવું; દીપવું.
૨. અ ક્રિ, બોલવું.
૩. અ. ક્રિ. વસવું; રહેવું.
૪. અ. ક્રિ. શબ્દ કરવો.
૫. અ. ક્રિ. સમર્થ થવું; બળવાળું હોવું.
૬ સ ક્રિ. આપવું; દેવું; દાન કરવું.
૭. સ ક્રિ, ગ્રહણ કરવું.
૮ સ. ક્રિ. મારી નાખવું; હિંસા કરવી; ઠાર મારવું.
૯. સ. ક્રિ. રંગવું.
૧૦. સ. ક્રિ. સાફ કરવું.
પિંજ ૧. [સં.] ન. ધાન્ય વગેરેનો ઢગલો.
૨. ન. નાશ.
૩. ન. બળ; જોર; સામર્થ્ય.
૪. ન. ભીમસેની કપૂર.
૫. ન. રૂ.
૬. ન. વધ; ઠાર મારવું તે
૭. વિ. આકુળવ્યાકુળ.
પિંજર [સં.] પું ઢરતાલ.
પિંજર [સં.] પું આંખનો મેલ; ચીપડો.
પિંજરક (પિંજરા) [હિં] ન. પાંજરું.
પિંજણ ૧ ન. ગાડાના પૈડાની આરેનો લાકડાનો કટકો; પિંજણી. તેની ઉપર પગ દઈને ગાડામાં ચઢાય છે
૨. ન. ત્રીણી ઘૂઘરીઓવાળું ઝાંઝર.
૩. [સં. પિઞ્જન] ન. પીંજવાનું ઓજાર; પિંજર; તાંત.

૪. ન. બંધાણથી થયાં કે આકાર કર્યા કરવી તે; કંટાળો આવે એવું ટાયલું; બંધાવવું તે; ચૂંથવું કે કેરવું તે; વારંવાર એકની એક વાત કર્યા કરવી તે.

પિંજ્યા પીંજ્યાની = એકની એક વાત વારંવાર કહેવી.

પિંજણિયો ૧. પું. પિંજારને વરસાવવાનો ધોકો.

૨. પું. પીંજનારો માણસ; કે છૂટું પાડનારો માણસ; પીંજારાનું કામ કરનાર પુરુષ.

૩ પું. પીંજવાનું યંત્ર.

૪. પું. પીંજવું તે.

૫. પું. રૂમાનાં પૈસા નીકળી જાય નહિ તે માટે પૈસા સાથે બંધાતું વાકડું; નાયકી આગળ રખાતું કમાનદાર વાકડું.

કોના તળાવા ને કોના પિંજણિયો,
બળદ બાંધ્યા બે મારીજા. પ્રેમાનંદ

પિંજણી ૧. સ્ત્રી. રૂમાંનાં પૈસાંની આડેનો વાકડાનો કટકો; પૈસા પરનું હાંસણ. તેના ઉપર પગ દઈને ગાદામાં ચડાય છે.

૨. સ્ત્રી. પીંજવાની મજુરાઈ કે સારી આવડત.

૩. સ્ત્રી. પીંજવાનું સાધન; પીંજણ.

૪. સ્ત્રી. પીંજવું તે.

પિંજણું ૧. સ્ત્રી. કુસકી; નિંદા.

૨. ન. ચકચાર; બાંધી કર્યા; હાવું.

૩. ન. પીંજવું તે.

પિંજન ૧. [સં.] ન. પીંજવું તે.

૨. ન. પીંજારની તાંત; કે પીંજવાનું યંત્ર.

૩. પું. કે સાદ કરવામાં વપરાતું ધનુષ્ય જેવું એક સાધન.

પિંજર ૧. [સં.] પું. એક જાતનો સર્પ.

૨. પું. પીતરક્તવર્ણું; પીળાશ પડતો રાતો રંગ; લાલ પીળો રંગ.

૩. પું. ભૂરાશ પડતા લાલ રંગનો ઘોડો.

૪. ન. કેરુ.

૫. ન. દેહ; શરીર; હાડપિંજર.

૬. ન. નાગકેસર.

૭. ન. પાંજરું; ખોખું; પક્ષી વગેરેને બંધનમાં રાખવાનું સ્થાન; કોળિયું; પંજર.

સુકાઈને પિંજર થયું = શરીર એટલું બધું નબળું થયું કે હાડકાં દેખાયાં.

૮. ન. રસકદીપમાં વપરાતી કરતી રહેતી બળી.

૯. ન. સોનું.

૧૦. ન હરતાળ.

૧૧. વિ. પીળું; લાલ પીળા રંગનું; ભૂરાશ પડતું પીળું

પિંજરક ૧ [સં.] પું. (પુરાણ) એ નામનો એક નાગ.

૨. પું. હરતાલ; પિંજર.

પિંજરા [સં. પંજર] ન. (હિંદી) પાંજરું.

પિંજરાપોલ [હિં.] સ્ત્રી. પશુશાળા; બિમાર કે ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદારખાનું.

પિંજરી ૧. સ્ત્રી. કાકરી; નનામી.

૨. [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

પિંજરું [સં. પંજર] ન. પાંજરું; પીંજરું.

પિંજરુ ૧. [સં.] ન. અત્યંત આકુળ સૈન્ય.

૨. ન. કર્ણપત્ર; કુસપત્ર.

૩. ન. પાણીમાં થતું નેતર.

૪. ન. હરતાળ.

૫. વિ. પીળા કે ભિન્ન પડેલ ચહેરાવાળું; આકુલ; મજારાયેલું.

પિંજરુક [સં.] વિ. અત્યંત આકુળ ચિત્તવાળું.

પિંજલા [સં.] સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

પિંજલી [સં.] સ્ત્રી. બીલ્વ કર્ણથી વીંટેલ ત્રમત્રમ સહિત કર્ણપત્ર; જે બે કુસથી હવનીય દ્રવ્ય હોમે છે તે. આહુ કે હોમમાં તેનું કામ પડે છે.

પિંજા ૧. [સં.] સ્ત્રી. જટા.

૨. સ્ત્રી. કેળ.

૩. સ્ત્રી. કળદર.

૪. સ્ત્રી. હિંસા; વધ.

પિંજાન [સં] ન. સોનું.

પિંજામણ ૧. ન. ખાલી ત્રમત્રમણ.

૨. ન. ચકચાર; નકામી કર્યા.

૩. ન. પીંજવાની મજૂરી; પીંજામણી.

પિંજામણી સ્ત્રી. પીંજવાની મજૂરી; પીંજામણી.

પિંજામણું જુઓ પિંજામણ.

પિંજાર સ્ત્રી. કે વગેરે પીંજવાનું કામાન જેવું તાંતવાળું ઓજાર; પીંજણ.

પિંજારણ ૧. સ્ત્રી. પીંજવાનું કામ કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. પીંજારાની સ્ત્રી

પિંજારી ૧. સ્ત્રી. એક જાતનું પંખી.

૨. [હિં.] સ્ત્રી. ગ્રામભાણ નામની ઔષધિ.

૩. સ્ત્રી. પીંજારાની સ્ત્રી; પીંજારણ.

૪. સ્ત્રી. કે પીંજવાનું કામ કરનારી સ્ત્રી.

પિંજારો ૧. [સં. પિંજ (૩)] પું. પીંજવાનું કામ કરનારો માણસ; પીંજારો

૨. પું. પીંજારા જાતિનો પુરુષ.

પિંજાલ [સં.] ન. સોનું.

પિંજાહ [સં. પઞ્જ] વિ. પચાસ; ૫૦.

પિંજિકા [સં.] સ્ત્રી. રૂની પૂણી; તૂલનાલિકા.

પિંજિયારા [હિં.] પું. પીંજારો; કે પીંજનાર માણસ.

પિંજિલ જુઓ પિંજિકા.

પિંજૂલ [સં.] પું. દર્ભની વાઢ.

પિંજૂલક [સં.] પું. એ નામનો એક ઋષિ.

પિંજૂષ [સં.] પું. ધનમાંથી નીકળતો મીણ જેવો પદાર્થ; કાનનો મેલ.

પિંજેક્ષ [સં.] પું. આંખનો મેલ; ચીપડો.

પિંજોલા ૧. [સં.] સ્ત્રી. પાંદડાનો અવાજ.

૨. સ્ત્રી. પાંદડાંનો સમૂહ.

પિંઠ [સં.] સ. ક્રિ. (ધાતુ) એકઠું કરવું; એકત્ર કરવું; ઢગલો કરવો; જમા કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: પિંઠ, પિંઠક, પિંઠો, પિંઠી.

પિંઠ ૧. [સં.] પું. અન્ન.

૨. પું. આંખ ઉપર મૂકવાનો દવાનો કકડ.

૩. પું. એક જાતનું કંદ.

૪. પું. (ગણિત) એક સંખ્યાનું નામ. વૃત્તના વિસ્તારનું અર્ધ અને પરિધિનું અર્ધ, એ બંને અર્ધને એકબીજા સાથે ગુણતાં જે અંક આવે તે અંક પિંઠ કહેવાય.

૫. પું. કાખની પાસેનો નીચેનો ભાગ.

૬. પું. ખોરાક; ભોજન; આહાર.

૭. પું. ગોળ લોંદો; પિંડો; ગોળ કણકણ; કોઈ પોચી વસ્તુનો પિંડો; ગોળો

૮. પું. ગામ; કોળિયો.

૯. પું. ઘરનો એક ભાગ.

૧૦. પું. ચીની ગુલાબ.

૧૧. પું. જડાર્ક.

૧૨. પું. જાસૂદનું ફૂલ.

૧૩. પું. ઝાડનું થડ.

૧૪. પું. ઢગ; સમૂહ; જથ્થો.

૧૫. પું. (ગણિત) ત્રિજ્યાનો ચોરીયામો ભાગ.

૧૬. પું. થેલી, કોથળો.

૧૭. પું. દવાની ગોળાઓ બનાવવાને કરેલી ચીજોની મેળવણી; ભૂકી.

૧૮. પું. દેહ; શરીર; ખોળિયું

૧. પિંઠ પડવો = ગુજરી જવું.

૨. પિંઠે તેવું ઘાલવું = સમભાવ રાખવો તે; કેવને તે કેવને; સર્વ સ્થળે સરખું.

૧૯. પું ધાતુ, માટી વગેરેનો ગોળો.

૨૦. પું. ધાતુનો રસ કેવા માટેનું બીબું

૨૧. પું. પરાક્રમ; બળ

૨૨. પું. પિતૃઓ નિમિત્તે ભાત અથવા લોટનો બિલ્વાકાર નાળેલો ગોળો; પિતૃઓને આપવા યોગ્ય અન્નમય ગોળ પદાર્થ. આદ્ધિમાં સર્વ

અથા પછી તે નદીમાં ફેંકી દેવામાં આવે છે અથવા ગાયને અપાય છે પિતા, પિતામહ વગેરેને પિંડદાન દેવાનું પુત્રાદિકોનું પ્રધાન કર્તવ્ય માનવામાં આવેલ છે. પિંડદાન દેવાથી પિતૃઓનો પુનામ નર્કમાંથી ઉદ્ધાર થતો મનાય છે.

૧. પિંડ આપવો-મૂકવો = શ્રાદ્ધ સારવું; મરણ પામેલા પાછળ પિંડ વગેરે વડે શ્રાદ્ધ કરવું.

૨. પિંડ પામવો = મરણ બાદ પોતાની સંતતિ દ્વારા શ્રાદ્ધાદિ ક્રિયામાં પિંડ મળવો.

૩. પિંડ વહેરવો = શ્રાદ્ધક્રિયામાં પિંડના બે ભાગ કરવા.

૪. પિંડ વાળવા = શ્રાદ્ધમાં અર્પણ કરવા જાતના ગોળા બનાવવા.

૫. પિંડ સ્થાપવો = શ્રાદ્ધક્રિયામાં પિંડનું સ્થાપન કરવું.

૨૩. પું. પેડો.

૨૪. ૂ બોલ વનસ્પતિ; હીરાબોળ; રક્તબોળ.

૨૫. ૂ. ભરણપોષણ

૨૬. પું. મદન વૃક્ષ; મીંઢળનું ઝાડ.

૨૭. પું. શિલાજિત.

૨૮. પું. શિલારસ.

૨૯. પું. સંચય; પરિમાણ.

૩૦. પું હાથીનું ગંડસ્થળ; હાથીનું કુંભસ્થળ.

૩૧. ન. જીવિકા.

પિંડ પડવું = પાછળ પડવું; મંડ્યા રહેવું.

૩૨. ન. (સંગીત) તાલમાં રહેલ અંગો અને માત્રાનો જથ્થો; આવૃત્ત; ગાયનમાં તાલ સાથે સંબંધ ધરાવતું એક અંગ. તાલમાં જેટલી માત્રા તથા અંગો આવતાં હોય તેના એકંદર જથ્થાને તાલનું આવૃત્ત કે પિંડ કહે છે. જેમકે, ત્રિતાલ એ ચાર લઘુથી બનેલ છે, એટલે ચાર લઘુ પૂરા થાય ત્યારે તે ત્રિતાલનો પિંડ બંધાયો એમ કહેવાય.

૩૩. ન. પિંડી.

૩૪. ન. પોલાદ.

૩૫. ન. માખણ.

૩૬. ન. લોકું.

૩૭. ન. સૈન્ય.

૩૮. વિ. એકત્ર કરેલું; એકઠું કરેલું; જમાવેલ; ઠલવો કરેલ

૩૯. વિ. ઘન; ઘટ્ટ; ઘાટું.

પિંડક ૧. [સં.] પું. એક જાતનો કેદ; પિંડલુ; પિંડકંદ.

૨. પું. ટેકું

૩ પું. પિંડ; લોંદો; ગોળો.

૪. પું. બોલ વનસ્પતિ; હીરાબોળ.

૫. પું. ગુંદ.

૬. પું. મોદકાદિ ખોરાકનો પિંડો.

૭. પું. શિલાજિત.

૮. પું. શિલારસ.

૯ પું. સમુદાય.

૧૦. પું. સંગ્રહ.

૧૧. પું. હાડકાનો ઊપસતો તથા આગળ પડતો ગોળાકાર ભાગ.

૧૨. પું. હાથીનું ગંડસ્થળ.

પિંડકન્દ [સં.] પું. ગ્રંથિના આકાર જેવી પેશી.

પિંડકર પું. નક્કી કરેલ કર; મુકરર કરેલી મહેસુલજકાત.

પિંડકંદ [સં.] પું. એક જાતનો કંદ; પિંડાલુ.

પિંડકંદક જુઓ પિંડકંદ.

પિંડખર્જૂર ૧. [સં.] પું. એક જાતના ખજૂરનું ઝાડ. તેનું ફળ મીઠું હોય છે.

૨. પું. ખારેક.

પિંડખર્જૂરિકા જુઓ પિંડખર્જૂર.

પિંડખર્જૂરી જુઓ પિંડખર્જૂર.

પિંડગુડ (પિંડગુડ) પું. ભીનાં તથા રવાનો ગોળ; કઠણ ગોળ.

પિંડગોલ [સં.] પું. ગંધરસ.

પિંડગોસ ૧. [સં.] પું. ગંધરસ.

૨. પું. રક્તાબોળ; હીરાબોળ.

પિંડજ ૧. [સં] પું. ઓળવાળું પ્રાણી; પોતાનાં જન્મને ધરાવનાર પ્રાણી.

૨. પું. બધાં અંગ બની રહે ત્યારે ગર્ભમાંથી મનુષ્ય નીકળનાર જીવ.

પિંડજ્ઞાન ૧. [સં.] ન. દેહ સંબંધી સમજ.

૨ ન. પોતા સંબંધી જ્ઞાન; સ્વરૂપનું જ્ઞાન; શરીરવિદ્યા; શારીરિકજ્ઞાન.

પિંડજ્ઞાની [સં. પિંડજ્ઞાનિન્] પું. પિંડનું જ્ઞાન ધરાવનાર માણસ; પોતાના શરીરનાં કર્તવ્યો સમજનાર માણસ; શરીરવિદ્યા જાણનાર પુરુષ.

પિંડતર પું. શ્રાદ્ધ સગાઈ અથવા પછી પૈસા મૂકી ધરની વહુ વગેરે પિતૃને પગે લાગવાની ક્રિયા.

પિંડતગર [સં.] સ્ત્રી.;ન. એક જાતની સુગંધી વનસ્પતિ. તેનો રંગ પીળો હોય છે.

પિંડતંત્ર ન જીવશરીરરૂપી યંત્ર.

ચોવીસ તત્ત્વોના બનેલા આ પિંડતંત્રને તથા વિરાટતંત્રને જે યથાર્થ રીતે ઓળખીને પૂરેપૂરે સમજે છે તે નિર્વેદ પામે છે.

અખાની અક્ષરબત્રીસી

પિંડતા [સં.] સ્ત્રી. એકત્રપણું; પિંડપણું; સમૂહ; જથ્થો.

પિંડતારક [સં.] વિ. દેહને તારનાર; શરીરને મોક્ષ આપનાર.

પિંડતૈલક ૧. [સં.] પું. તુરંતાની એક ગંધદ્રવ્ય.

૨. પું. શિલારસ.

પિંડત્વ જુઓ પિંડતા.

પિંડદ [સં.] પું. શ્રાદ્ધમાં પિંડદાન કરનાર પુત્ર વગેરે વ્યક્તિ.

પિંડદળ ન. બીના જે ભાગમાંથી આખી ઝાડની પિંડ ઉત્પન્ન થાય છે તે ભાગ. પુંકોષ અને સ્ત્રીકોષ એ બને પિંડદળ કહેવાય છે.

પિંડદાન ૧. [સં.] ન. પિતૃઓ નિમિત્તે શ્રાદ્ધાદિક કરી અન્નદાન આપવું તે; શ્રાદ્ધમાં પિંડ અર્પણ કરવો તે; શ્રાદ્ધ કરવું તે.

૨. ન. પિતૃઓને પિંડ અર્પણ કરવાની વિધિ.

પિંડદોષ [સં.] પું. (જૈન) આહાર સંબંધી દોષ. બધા પિંડદોષના ટૂંકામાં બે ભેદ છે: દ્રવ્યગત અને ભાવગત.

પિંડદ્રુપ [સં.] પું. સ્તન; પયોધર.

પિંડધન [સં.] ન. ઊંચા રહેમ; ઊંચા રહેમ.

પિંડન ૧. [સં.] ન. ગોળાકાર કરવું તે; પિંડો બનાવવો તે.

૨. ન. નદી વગેરેનો પુલ કે પાળ; સેતુ.

પિંડનિકર પું. પિંડનો જથ્થો; પિતૃપિંડ; શ્રાદ્ધનું ભોજન.

પિંડનિર્યુક્તિ સ્ત્રી. (જૈન) પિંડ સંબંધી એટલે આહારના મુખ્યદોષ સંબંધી વિવેચનવાળું પુસ્તક.

પિંડનિર્વપણ [સં.] ન. પિંડદાન.

પિંડપદ ૧. [સં.] ન. જ્યોતિષપ્રસિદ્ધ અમુક અંકસંખ્યા.

૨. ન. પિંડનું સ્થાન.

પિંડપાત ૧. [સં.] પું પિંડદાન.

૨. પું. ભિક્ષા; ભિક્ષાદાન.

પિંડપાતિક ૧. [સં.] પું. દાન ઉપર નિર્વાહ ચલાવનાર માણસ.

૨. વિ ભિક્ષા ઉપર ગુજરો કરનાર.

તે સમયે આયુષ્યમાન અંગ્રુલિમાલ આરણ્યક હતો, પિંડપાતિક હતો, પાંસુકૂલિક હતો, ત્રિચીવરક હતો. રામનારાયણ પાઠક

પિંડપાત્ર [સં.] ન. આહારથી ભરેલું વાસણ.

પિંડપાત્રદાન [સં.] ન. આહારથી ભરેલું વાસણ દાનમાં આપવું તે.

પિંડપાદ [સં.] પું ઝાડ

પિંડપાદી [સં.] સ્ત્રી. હાથણી.

પિણ્યાક [સં.] પું. ખલ.

પિંડપાલ [સં.] વિ. પોતાના જ શરીરનું પોષણ કરનાર.

પિંડપાળ જુઓ પિંડપાલ.

પિંડપિંડિકા [સં.] સ્ત્રી. શરીર ઉપર નીકળતી ઝીણી ફોલ્લી.

પિંડપિતૃયજ્ઞ [સં.] પું. અમાવાસ્યાને દિવસે અગ્નિહોત્રીથી પિતૃને ઉદ્દેશીને કરાતું પિંડો આપી કરેલો પિતૃઓનો યજ્ઞ.

પિંડપીડા (પિંડપીડ) [સં.] સ્ત્રી. શરીરની પીડા; શરીરનો રોગ.

પિંડપુષ્પ ૧. [સં.] ન. અશોપલવનું ફૂલ; અશોકના ઝાડનું ફૂલ.
૨. ન. કમળનું ફૂલ.
૩. ન. ચીની સુવાળ.
૪. ન. બકુલનું ફૂલ.
૫. ન. તગરનું ફૂલ.

પિંડપુષ્પક [સં.] ન. એક જાતની ઘાસવાળી; વાસ્તુક શાક.

પિંડપોષું વિ. સ્વાર્થી.

પિંડપોષક [સં.] વિ. પોતાના જ શરીરનું પોષણ કરી બેસી રહેનારું પેટ ભરનારું.

પિંડપોષણ [સં.] ન. જીવનનિર્વાહ; ભરણપોષણ.

પિંડપોષુ વિ. સ્વાર્થી; પોતાનું પેટ ભરવામાં જ સમજે તેવું.

પિંડપ્રકૃતિ [સં.] સ્ત્રી. (જૈન) અવાંતર ભેદવાળી કર્મપ્રકૃતિ; નામકર્મની ગતિ જાતિ આદિ પ્રકૃતિ.

પિંડપ્રદ [સં.] વિ. શ્રાદ્ધમાં પિંડદાન કરનાર.

પિંડપ્રદાન [સં.] ન. પિતૃઓને પિંડ અર્પણ કરવાં તે; પિંડદાન; પિતૃઓ નિમિત્તે શ્રાદ્ધાદિક કરી અન્નદાન આપવું તે.

પિંડફલા [સં.] સ્ત્રી. કડવી તુંબડી.

પિંડબીજક [સં.] ન. કણેરનું ઝાડ.

પિંડબ્રહ્માંડ [સં.] ન. અક્ષિર અને કમેશ વિક્ષર પામતું જગત.

પિંડભાજ [સં. પિંડભાજ્] પું. પૂર્વજ; બાપદાદા.

પિંડભૂતિ [સં.] સ્ત્રી. ભાતવિક્રય; જીવનનિર્વાહ.

પિંડમહ [સં.] પું. પિતૃશ્રાદ્ધનો મહોત્સવ.

પિંડમુસ્તક [સં.] સ્ત્રી. નાગરમોથ.

પિંડમુસ્તા [સં.] સ્ત્રી. નાગરમોથ. તેને પિંડના જેવું ગોળ માથું હોય છે, માટે તેને પિંડમુસ્તા કહે છે.

પિંડમૂલ [સં.] ન. ગાજર.

પિંડમૂલક [સં.] ન. ગાજર.

પિંડયજ્ઞ જુઓ પિંડપિતૃયજ્ઞ.

પિંડયોજનિકા [સં.] સ્ત્રી. ગર્ભના જન્મના પિંડને અનુસરિકા સાથે જોડતો સંયોગીભૂમિ જેવો અવયવ.

પિંડરું ન. બાળકના જન્મ વખતે સ્ત્રોત્રીને થતું દર્દ; પ્રસવવેદના.

પિંડરોગ ૧. [સં.] પું. કમળો.
૨. પું. કોઢ.
૩. પું. પાંડુરોગ; ધોળી કિકું અને સહેજ પીળું પડી જાય તેવો રોગ.
૪. પું. શરીરમાં ઘર કરી ગયેલો રોગ.

પિંડરોગી ૧. [સં. પિંડરોગિન્] વિ. કમળાના રોગવાળું.
૨. વિ. કોઢના રોગવાળું.
૩. વિ. પાંડુરોગવાળું; ધોળી કિકું પડી જાય એવા રોગવાળું.
૪. વિ. માંદલું; સદા રોગી; રોગી શરીરવાળું.

પિંડરોહિણિક [સં.] પું. એક જાતની વનસ્પતિ.

પિંડલ ૧. [સં.] પું. પુલ; સેતુ; પાળ.
૨. પું. વીંટો; ગૂંચળું.
વસ્ત્ર ઉતરી પિંડલ થયું, લેઈ મસ્તક ઉપરિ થયું. ભાલણ
૩. વિ. વાળેલું; સંકેલેલું.

પિંડલગ [પ્રા.] ન. ફૂલની ચાળણી.

પિંડલા ન. ક્રમ બદલવાનું સાધન.

પિંડલી ૧. [સં. પિંડિકા] સ્ત્રી. (હિંદી) પગની પિંડી.
૨. સ્ત્રી. લગ્ન પ્રસંગે વરકન્યાનાં કોઈ તથા મામાને અપાતી સાકર વગેરેની લહાણ.

પિંડલું ન. દોરીનું ગૂંચળું; દોરી, સૂતળીને વીંટાળી બનાવેલી દડી; વીંટીને કરેલો ઢગો; નાનું પિંડું; પિંડલું.

પિંડલેપ ૧. [સં.] પું. પિતૃના પિંડ વાળતાં હાથમાં ચોંટેલો પિંડાંશ.
૨. પું. પિંડદાનમાં પિંડનો એક ખાસ ભાગ. તે વૃદ્ધ પિતામહ વગેરે ત્રણ પૂર્વજોને આપવામાં આવે છે.

પિંડલો ૧. પું. ગોળો; માટીનો ગોળ લોંદો; પિંડો.
૨. પું. બિસ્તરો; બિછાનું; પથારી.
૩. પું. વાસણ ઘડવાનું કુંભારનું એક ઓજાર.
૪. પું. વીંટલો; વીંટીને બનાવેલો ઢગો.

પિંડલોપ [સં.] પું. પિંડ દેનાર વંશજોનો લોપ થઈ નિર્વંશ.

પિંડવર્ધન [સં. પિંડ (દેહ) + વર્ધન (વધવું તે)] ન. આહારની વૃદ્ધિ.

પિંડવાન [સં. પિંડવત્] વિ. પિંડવાળું; ગોળાકારનું પિંડ જેવું.

પિંડવાહી [હિં.] સ્ત્રી. એક પ્રકારનું કપડું.

પિંડવીજ પું. એક જાતનો કૂણવાળો છોડ.

પિંડવેધ [સં.] પું. ઉત્તરક્રિયામાં બારમાને દિવસે પિંડને રૂપાના વાળાથી કપાવી તેના બધા ભાગ કરી બીજા પિંડ સાથે મેળવી દેવા તે.

પિંડશર્કરા [સં.] સ્ત્રી. ખડી સાકર.

પિંડશુંઠ પું. મિનારા; સરી; ટોચ, 'પિરમિડ'.

પિંડસ ૧. [સં.] પું ભિક્ષા વડે નિર્વાહ ચલાવનાર બ્રાહ્મણ; ભિખારી.
૨. વિ. ભીખ માગી જીવનાર.

પિંડસંબંધ ૧. [સં.] પું પિતૃઓને આપવાના પિંડ સાથે કર્તૃત્વ ભોક્તૃત્વનો સંબંધ.
૨. પું. શરીર સાથે જન્યજનકતાનો સંબંધ.

પિંડસેક્તા [સં. પિંડસેક્તૃ] પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

પિંડસ્થધ્યાન [સં.] ન. (જૈન) ધર્મધ્યાનનો એ નામનો એક પ્રકાર. જેમા ધ્યેય એટલે ધ્યાનનું આલંબન પિંડમાં હોય તેવા ધ્યાનને પિંડસ્થધ્યાન કહે છે.

પિંડહરતાલ સ્ત્રી. એક જાતની હરતાલ. તે પિંડ જેવી દલકી હોય છે. તેમાં સત્ત્વ ઓછું હોય છે.

પિંડહરિદ્રા [સં.] સ્ત્રી. ગાંઠવાળી હળદર.

પિંડા ૧. [હિં.] પું. ગોળો; ગોળમટોળ ટુકડો.
૨. પું. શરીર; દેહ.
૩. પું. શ્રાદ્ધમાં પિતૃઓને અપાતો મધ, તલ વગેરેનો ગોળ લોંદો.
૪. પું. ઓઔદી શુક્લેંદ્રિય; શોનિ.
૫. [સં.] સ્ત્રી. એક જાતની કસ્તૂરી.
૬. સ્ત્રી. એક જાતનું ઘાસ.
૭. સ્ત્રી. હિંસામાણી નામની વનસ્પતિ.
૮. સ્ત્રી. પોલાદ.
૯. સ્ત્રી. લોખંડ.
૧૦. સ્ત્રી. વંશપત્રો.
૧૧. સ્ત્રી. હળદર.

પિંડાકાર [સં.] વિ. ગોળ.

પિંડાકારી સ્ત્રી. એક જાતનો ખાસ પદાર્થ.

પિંડારક [સં.] વિ. એક જાતની હરતાલ.

પિંડારત ૧. [સં.] કું. હિંજરસ.
૨. વિ. એકત્ર થયેલ; એકઠું થયેલું; પિંડરૂપ બનેલું.

પિંડારિકારી [સં. પિંડારિકારિન્] વિ. મરેલાની પાછળ પિંડ આપવાના અધિકારવાળું. બધું કરીને તે મરનારનો નજીકનો સગો હોય છે.

પિંડાન્વાહાર્યક [સં.] ન. પિતૃપિંડત્વ ઉપરાંત કરવામાં આવતું એ નામનું એક શ્રાદ્ધ; વર્ષાંત શ્રાદ્ધ.

પિંડાલ [સં.] ન. સિંહાસન.

પિંડાલક [સં.] ન. વરસાદનો કરો.

પિંડાયસ [સં.] ન. તીક્ષ્ણ લોઢું; પોલાદ; ઇસ્પાત; મજબૂત.

પિંડાર ૧. [સં.] કું. એક જાતની ઔષધિ; વિકંકત. તેનાં ફળ દવાના કામમાં આવે છે. તે શીતલ અને પિત્તહર મનાય છે.
૨. કું. એક જાતનો સર્પ.
૩. કું. ગોવાળિયો; ગોવાળ; ભેંસનો રખેવાળ; ભરવાડ; ગોપ.
૪. કું. નિદાવચન; નિંદાનો ઉદ્ગાર.
૫. કું. ભૌદ્ધ સાધુ; ક્ષપણક.
૬. કું. ભિખારી; ભિક્ષુક.
૭. કું. લૂંટારો; પીંઢારો.
૮. ન. એ નામનું એક તીર્થ.
૯. ન. એક જાતનું ગાન.

પિંડારક ૧. [સં.] કું. (પુરાણ) એ નામનો એક નાગ.
૨. કું. એ નામે એક પવિત્ર નદ.
૩. કું. વસુદેવ અને રોહિણીનો એ નામનો એક પુત્ર; બળરામનો નાનો ભાઈ.
૪. ન. મહાભારતમાં જણાવેલું દ્વારકાની પાસે આવેલું એક પ્રાચીન તીર્થ. તેનો ઉલ્લેખ મહાભારત, સ્કંદપુરાણ અને શિવપુરાણમા આપવામાં આવ્યો છે. કહેવાય છે કે, પાંડવો આ તીર્થમાં સ્નાન કરી ગોહત્યામાંથી છૂટ્યા હતા. દ્વારકાની યાત્રા કરવા જનાર પિંડારક પણ જાય છે. પિંડારક નામ પિંડતારક ઉપરથી પડેલું હોવાનો તર્ક છે. પિંડારકમાં મુખ્ય તીર્થ સ્નાનરૂપ એક તળાવ છે. લોકો આ તળાવને મોટે ઘાટ કરીને તળાવમાં પિંડ મૂકે છે. આ પિંડ પાણી ઉપર તરે છે. તે આ તળાવ કે તીર્થનો મહિમા છે. અત્યારના દ્વારકાથી બીજ પચીસ માઈલ દૂર સમુદ્રતીરે આ તીર્થસ્થાન આવેલ છે. પિંડારા નામનું ગામ પાસે જ છે. શ્રી કૃષ્ણના પુત્ર સાંબે જોઈનો વેશ ધારણ કરી પોતાના મંત્રી સારે અતિથિરૂપે આવેલા ગોત્રેશ્વરોનું હાસ્ય પણ આ સ્થળે કરેલું. સાંબને સગર્ભા જોઈનો વેશ પહેરાવી, આ જોને પુત્ર જન્મશે કે પુત્રી, એવો પ્રશ્ન કરતાં તેને મુસળનો નાશ કરનાર મુખ્ય જાદવરશે, એવો શાપ ગોત્રેશ્વરોએ આપ્યો હતો. અત્યારે સમુદ્ર કિનારે જૂનાં મંદિરોના અનેક અવશેષો છે; પરંતુ સમુદ્ર કિનારાથી અંદરના ભાગમાં જે માર્બલ દૂર આગળ તો એક જબરું દેવળ હતું તે હાલ લુપ્ત થયું છે. સમુદ્રનો પ્રવાહ તેટલો જમીન ઉપર ફરી વળ્યો છે. અહીંના વૃદ્ધ અનુભવીઓ કહે છે કે, અમે ઓટ વખતે તે કુંડમાં નાહવા ગયા છીએ. તે કુંડને ફરતાં તાળાનાં પતરાં જડેલાં છે. આ ઉપરથી અનુમાન થઈ શકે છે કે, અસલ દ્વારકાના અવશેષો આ સ્થળે હોવા જોઈએ

પિંડારકક્ષેત્ર જુઓ પિંડારક ૪.

પિંડારા ૧. [હિં.] કું. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. તે વૈદકમાં શીતલ અને કફ નાશક મનાય છે.
૨. સ્ત્રી. દક્ષિણ હિંદની એક જાતિ. તે બધા વખત મુખી મધ્ય પ્રદેશ અને અન્ય સ્થળોમાં લૂંટ કરતી હતી
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

પિંડારિયો ૧. કું. ગોવાળિયો; આહીર; ભરવાડ; ગોપાળ. તુચ્છકારમાં બોલાય છે.
મૂવ્યા પિંડારિયા પેરી વાધાને લીધી વેરી. પ્રેમાનંદ
૨. કું. લૂંટારો; પિંડાર; ચોર; બાઠપાડુ; પીંઢારો.

પિંડારી ૧. સ્ત્રી. દક્ષિણ હિંદની એ નામની એક જાતિ. તે પહેલાં કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે દેશમા રહેતી અને ખેતી કરતી. પાછળથી તે લૂંટફાટ કરવા લાગી અને મુસલમાન થઈ ગઈ. મુસલમાનો અને પિંડારીઓમાં તફાવત એ છે કે, પિંડારીઓ ગાયનું માંસ ખાતા નથી અને દેવતાઓની પૂજા તથા વ્રત ઉપવાસ વગેરે કરે છે. અંગ્રેજ રાજ્યમાં તેઓએ ઉપદ્રવ કર્યો એટલે લોર્ડ હેસ્ટિંગ્સે તેમનું દમન કર્યું.
૨. સ્ત્રી. ધોળા ડોકવાળું એક જાતનું પક્ષી.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

પિંડારો ૧. કું. ગોવાળિયો; ગોપાળ; ભરવાડ; આહીર.
૨. કું. પીંઢારો; લૂંટારો. મધ્ય હિંદમાં આવતા લૂંટારુઓની ટોળીઓ ફરતી અને મુસાફરો તથા યાત્રીઓને ઠગી લૂંટતી. એ લોકોનો મોટો ત્રાસ હતો.

૩. કું. પુત્ર; દીકરો.

પિંડાર્ક [સં.] કું. ચાકચાર્ક; પદ્મમુદ્રાનો અર્ક.

પિંડાલક્તક [સં.] કું. રાતો રંગ.

પિંડાલુ ૧. [સં.] કું. પોળી ભાજી.
૨. કું. સકરકંદ; પોળો કંદ.

પિંડાલુક જુઓ પિંડાલુ.

પિંડાલૂ જુઓ પિંડાલુ.

પિંડાશ ૧. [સં. પિંડ + અશ્ (ખાવું)] વિ. પિંડ ભોજન કરનાર.
૨. વિ. ભિક્ષા માગી જીવનાર.

પિંડાશન જુઓ પિંડાશ.

પિંડાશી જુઓ પિંડાશ.

પિંડાહ્વા ૧. [સં.] સ્ત્રી. એક જાતની હિંગ.
૨. સ્ત્રી. દિકામારી. તે પિંડ કે ગોટા જેવી હોય છે.

પિંડિ ૧. [સં.] સ્ત્રી. અશોક વૃક્ષ.
૨. સ્ત્રી. કદંબ.
૩. સ્ત્રી. ગૂમડું.
૪. સ્ત્રી. ઢીંચણની નીચેનો માંસનો ભરાવવાળો ભાગ.
૫. સ્ત્રી. તુંબડું.
૬. સ્ત્રી. દેવ વગેરેની પીઠિકા; વેદી. તેના ઉપર દેવની મૂર્તિ સ્થાપવામાં આવે છે.
૭. સ્ત્રી. પાટલો.
૮. સ્ત્રી. રથના પૈડાનું મધ્યસ્થાન; રથનાભિ.

પિંડિકા ૧. [સં.] સ્ત્રી. નાનો પિંડ; નાનો ગોળમટોળ કટકો; નાનો લોંદો.
૨. જુઓ પિંડિ.

પિંડિત ૧. [સં.] ન. આંસુ.
૨. ન. ગ્રથિત.
૩. ન. હિંજરસ.
૪. વિ. એકઠું કરેલું; ગૂંથેલું.
૫. વિ. જાડું.
૬. વિ. મિશ્રિત.

પિંડિતક [સં.] ન. એક જાતનું મીઠું.

પિંડિતકલ્ક [સં.] કું. સિંહાજિત.

પિંડિતઘ્ન [સં.] ન. ઊંચક ધન; ઊંચક રકમ.

પિંડિની [સં.] સ્ત્રી. અપરાજિતા નામની વેલ.

પિંડિયું [સં. પિંડ] ન. નરમ વસ્તુને મૂઠી વડે દબાવી વાળેલું મૂઠિયું.

પિંડિરિકા ૧. [સં.] સ્ત્રી. તાંદળજો.
૨. સ્ત્રી. મજીઠ.

પિંડિલ ૧. [સં.] કું. જોડી.
૨. કું. સેતુ; પુલ.

૩. વિ. બબૂતરીઆજ; બબૂતરીમાં કુશળ.
૪. વિ. મોટી પિંડિવાળું.

પિંડી ૧. [સં.] પું. આસોપાલવ.
૨. સ્ત્રી. એક જાતની મજૂરીનું ઝાડ.
૩. સ્ત્રી. એક જાતનો મજૂર; પિંડમજૂર.
૪. સ્ત્રી. ગુચ્છો.
૫. સ્ત્રી. ગોળ લોંદો; ગોળાકાર થેપલી; ગોળ અને જરા ચપટી ગોળી; નાનો ગોળમટોળ કટકો.
૬. સ્ત્રી. ગોળો.
૭. સ્ત્રી. ઘર.
૮. સ્ત્રી. ઘૂંટી અને ઢીંચણના સાંધાની નાની ગોળ હાડકી.
૯. સ્ત્રી. પગનાલિ; પૈડાનો મધ્યભાગ.
૧૦. સ્ત્રી. ઊતરપિંડી; સુશ્રુષાર્થ.
૧૧. [સં. પિંડિકા; પ્રા. પિંડિઆ] સ્ત્રી. ઢીંચણની નીચેનો માંસના ભરાવાવાળો ભાગ; પગના નળાની પાછળનો માંસનો ગોળો.
૧૨. સ્ત્રી. તગરનું ફૂલ; તગર.
૧૩. સ્ત્રી. તત્ત્વજ્ઞાનાર્થે ઉપદેશ.
૧૪. સ્ત્રી. તુંબડીનો વેલો.
૧૫. સ્ત્રી. દોરીનું ગૂંચળું; કડી વગેરેનું નાનું બિલ્લું
૧૬. સ્ત્રી. પિંડ અર્પણ કરવા માટેની વેદી.
૧૭. સ્ત્રી. બાંધેલ લોટનું મૂઠિયું.
૧૮. સ્ત્રી. ઓજનનું જથ્થું તે.
૧૯. સ્ત્રી. વર્તુળાકાર વસ્તુ.
૨૦. સ્ત્રી. શરીરના જખમી ભાગ ઉપર કે ગૂમડા ઉપર કરવામાં આવતી મલમપટ્ટી.
૨૧. સ્ત્રી. શિવની મૂર્તિ તરીકે ઊભો કરેલ નાનો પથ્થર; શિવલિંગ.

પિંડી પગની હોય તે પિંડી તગપિંડી તેહ,
પિંડી શંકરની અને પિંડી ખેરી એહ.
નાકર

૨૨. ન. પિંડ આપનાર માણસ.
૨૩. ન. પિંડવાળું પિતૃશ્રાદ્ધ વગેરે.
૨૪. [સં. પિંડિન્] ન. ભીખ માગી પેટ ભરનાર માણસ.

પિંડીકરણ ૧. [સં.] ન. ઢગલો કરવો તે; એકીકરણ
૨ ન. પિંડો કરવો તે; ગોળ બનાવવું તે.

પિંડીકૃત ૧. [સં.] વિ. એકઠું કરેલું; ઢગલો કરેલ
૨ વિ ગોળ બનાવેલું; પિંડો કરેલું.

પિંડીજંઘ [સં.] પું. તે નામનો એક ઋષિ.

પિંડીતક ૧. [સં.] ન. તગર.
૨ ન. મીંઢળનું ઝાડ.

પિંડીતગર [સં.] ન. તગરનું ઝાડ.

પિંડીનટ ન. મીંઢળ. મીંઢળનું ફળ પિંડ જેવું એટલે ગરજવાળું પોલું હોય છે, માટે તેને પિંડીનટ કહે છે.

પિંડીપુષ્પ [સં.] ન. આસોપાલવ; અશોક વૃક્ષ.

પિંડીબંધન ૧. [સં.] ન. એકઠું થયું તે; ઢગ થવો તે.
૨. ન. ગોળ થયું તે.

પિંડીભૂત ૧. [સં.] વિ. એકઠું થયેલું; ઢગ થયેલું.
૨. વિ. ગોળ થયેલું.

પિંડીર ૧. [સં.] ન. તાંદળજો.
૨. ન. દાડમી.
૩. ન. ફીણ.
૪. વિ. રસ વગરનું.

પિંડીશૂર ૧. [સં.] વિ. બાવામાં જ શૂરવીર; ફક્ત બાઈ બહાદુર.
૨. વિ. ઘરમાં બેઠાં બેઠાં બાઈ કરનાર અને બહાર કાંઈ ન કરી શકે એવું; બાયલું; નમાલું.

પિંડુક ન. એક જાતનું ધાન્ય.

પિંડુ [સં. પિંડ] ન. બિલ્લું; દોરીનું ગૂંચળું; પિંડલું; વીંટો.

પિંડો ૧. [સં. પિણ્ડ] પું. થેપલી; લો.
૨. પું. પિંડ; કણક, બાજરી, મૂગ, દોરા અથવા માટીનો ગોળો; વીંટલો કે વણેલો ગોળો કે ગોટો.
૧. પિંડો કરવો–વાળવો = ગોળો બનાવવો.
૨. પિંડો તારવવો = લાભ લેવો; ફાયદો મેળવવો.
૩. પું. શરીર; દેહ.

પિંડોદક [સં. પિંડ + ઉદક (પાણી)] ન. શ્રાદ્ધ તરીકે અર્પણ કરેલું પાણી.

પિંડોદકક્રિયા [સં.] સ્ત્રી. શ્રાદ્ધક્રિયા; તર્પણ.

પિંડોદ્ધરણ [સં.] ન. પિંડ વગેરેને પિંડદાન કરવું તે.

પિંડોદ્ધારણ [સં.] ન. પિંડ ઉપાડી લેવો તે.

પિંડોદ્ધૃત્યા ૧. [સં.] સ્ત્રી. ઘાસ.
૨ સ્ત્રી. ઘાસ.

પિંડોરણ ન. માટીનું વાસણ.

પિંડોલ સ્ત્રી. રંગ તરીકે વંટાતી પીળી કે ધોળી માટી.

પિંડોલિ ૧. [હિં.] સ્ત્રી. ઊંટ.
૨. [સં.] સ્ત્રી. બાતાં પડ્યું મૂકેલું બળ; ઓઢું બળ.

પિંજ ન. (કચ્છી) ચોતે.

પિંજારો પું. (કચ્છી) ઘરમાં પ્રસૂતિ પ્રસંગ બાદ અમુક સમય સુધી આજારેટ પાળવી તે.

પિંઢરી વિ. માટીની ભીંતોનું; પિંડાંથી બનેલું.

પિંઢોરિયું [સં. પિણ્ડમય; પ્રા. પિંડમર] ન. માટીની ભીંતોનું ઘર.

પિંઢોરી જુઓ પિંઢોરિયું

પિંઢોળિયું જુઓ પિંઢોરિયું.

પિંડાર ૧. પું. ગર્વ; અભિમાન.
૨. [સં.] પું. વિચાર.

પિંડાન [હિં.] ન. બેડો પગાર; નિર્વાહનિર્વેતન; 'પેન્શન'.

પિંડ્ ૧. [સં.] ન. કિ. દીપવું; પ્રકાશવું.
૨. ન. કિ. ભોગવવું.

પિંસી [હિં.] સ્ત્રી. નાકમાં થતું ખરાબ ગૂમડું.

પી ૧. પું. આશક; પ્રેમી.
૨. પું. પતિ; ધણી.
૩. પું. પિપૂડીનો અવાજ.
૪. સ્ત્રી. ચરબી.
૫. સ્ત્રી. બેબાકળા; કંગેતી; રેવડી.
૬. વિ. પ્રિય.
૭. સ. ક્રિ. પાન કરવું; પીવું.
પી જવું = ગળી જવું; ખમી રહેવું; સહન કરવું.
૮. સ. કર્ત. ધિક્કાર બતાવવા વપરાતો ઉદ્ગાર; કુરિવો.
પી કરવી–બોલાવવી = કુરિવો કરવો.

પીઅળ [સં. પીત; પ્રા. પીઅલઈ] સ્ત્રી. (જૂ. ગુ.) પિયળ; આક; ઝીબોના કપાળમાં કેફ, ચંદન વગેરેનો લેપ કે આક.

પીઅળ કહાડીને અક્ષત ચઢોડે,
અંબર આપે તે પહેરે ને ઓઢે. દયારામ

પીઆણું ન. (જૂ. ગુ.) પ્રયાણ; સવારી.

જ્યે પીઆણે મંત્રી ચે ભય,
વેરી ચઢવા સાહમો થાય.
વસ્તુપાળ તેજપાળનો રાસ

પીઆરું વિ. (જૂ. ગુ.) પારકું.

પીઆસ્ટર ૧. પું. અરબસ્તાનનો એક ચલણી સિક્કો.
૨. પું. પ્રુશિયા તથા તુર્કસ્તાનમાં ચાલતાં નાણાંનો એક સિક્કો. તે અઢી આનાની અથવા અઢી પેન્સની કીમતનો હોય છે.
૧૦૦ પીઆસ્ટર = ૧૦ટુ શિલિંગ

પીઉ ૧. વિ. પીનારું. સમાસને અંતે વપરાય છે.
૨. જુઓ પિયુ.

પી. એચ. ડી. [અં.] સ્ત્રી. એ નામની એક પદવી; દર્શનાચાર્ય.

પી એમ. [અં.] દિ અપોર પછીનો વખત જણાવનાર શબ્દ; 'પોસ્ટ મેરિડિયન'નું ટૂંકું રૂપ.

પીએાળજાટ ૧ જી. ઔદીચ્ય જ્ઞાતિની એ નામની એક અટક.

૨ ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

પીક ૧. [હિ.] પુ. પહેલી વારનો રંગ; કપડાને રંગમાં પહેલી વાર બોળવાથી ચડતો રંગ.

૨. [અં.] જી. ટોચ.

૩. જી. થૂક; પિક.

૪. [સં. પક્વ] જી. પાક; નીપજ; બોલ; અનાજ, ફળ, વનસ્પતિ અને બીજી ચીજનું ઉત્પન્ન.

૫. જી. પાનનું થૂંક કે તેની પિચકારી; પાન, તમાકુ વગેરેના અર્વેચનો રસ અને તેની પિચકારી.

૬. વિ. કાયમ

૭. ક્રિ. ફળદ્રુપ; રસાળ.

પીકદાન [હિ.] ન. ચાવેલા પાનનો રસ નાખવાનું વાસણ; થૂંકદાની; પાળું.

પીકદાની જુઓ પીકદાન.

પીકપહાણી [ન.] જી. પાકની તપાસણી; પાક કેટલો ઊતરશે તેની તપાસણી.

પીકલ ૧. [અં.] ન. અથાણું; અથાણું.

૨. ન. એક જાતનો તોલ; મુંબઈના પોણાપાંચ મણનો તોલ.

પીકોલો ન. રસોઈ ક્વાથ તથા ચૂલ માટે વપરાતું એક જાતનું વાસણ.

પીખ જી. ગરજ; સ્વાર્થ.

પીખડી (પીખડી) જી. વાળનો જથ્થો.

પીખવું ૧. સ. ક્રિ. ઉપરની છાલ ઉતારી સાફ કરવું.

૨. સ. ક્રિ. ગભરાવી દેવું.

૩. સ. ક્રિ. છૂટું પાડી અલગ કરવું; વિખેરવું; વિખેરી નાંખવું; વેરી નાંખવું.

૪. સ. ક્રિ. પીછેપીછાં જુદા કરવાં.

૫ [સં. પ્રેક્ષ, પ્રા. પિક્ખ (પ્રેક્ષા કરવી)] સ ક્રિ. ફજેત કરવું; વગોવણી કરવી; નિંદવું.

પીગલિયું ન. ઢાઢડીનો છોડ. આ કાંટાળો છોડ ભીનાશવાળી જગ્યામાં થાય છે અને તેના ઉપર ત્રણ પાંદડીવાળું પીળું ફૂલ આવે છે. તેની કાંબળી તોડવાથી જે પીળા રસનું ટીપું આવે તેને આંખના દુખાવા ઉપર આંખની આજુબાજુએ રતાંધળાપણાના લાકો ચોપડે છે અને તેથી તાત્કાલિક આરામ થતો જણાય છે.

પીનવી જી. એક જાતની વનસ્પતિ; માલકાંગણી.

પીમળ જી. સુવાસ; ખુશબો; પરિમલ.

પીગળવું ૧. [સં. પ્રગલ્] અ. ક્રિ. ઓગળવું; બરફને લીધે ઘન પદાર્થનું રસરૂપ થવું; ઝણી જવું; પ્રવાહી થવું. એકરસ થઈ જવું.

૨. અ ક્રિ. દયાથી દીલું કે નરમ થવું; મનમા દયા આવવી; કરુણા ઉત્પન્ન થવી.

૩. અ. ક્રિ નરમ થવું

પીગાસસ પું પાખવાળો ઘોડો

પુરાણા ઓક લોકોના ચિત્રમાં પાંખવાળા ઘોડા દોરામાં આવે છે. જેને તેઓએ પીગાસસનું નામ આપ્યું છે મોમંડળ પરિક્રમ

પીચ ૧. [ ] ... ઓ ... ધોબ, ... ઓસામણ

૨. જી (...) ...

૩. જી. દાંતાવાળા મોટા ... નો એક આખો દાતો અને તેની બેઉની બાજુ મળી થતું માપ

એક દાતાના સરવા તે બીજા દાતાના સરવ સુધીનુ માપ લેવું એટલે દાંતાની પીચ આવશે. પ્રિમ ઓન્ટલિયર

૪. જ. એક જાતનું ઝાડ. તેનાં ફળ નાનાં બોર જેવાં હોય છે. તે એક જાતનો મેવો છે આ ફળ સ્વાદે મીઠાં અને લાલ થાય છે. આ ઝાડ પંજાબ પ્રાંતમાં બહુ થાય છે. પીચ પાકે છે ત્યારે પીચા પડે છે. તેની છાલનો રંગ કિરમજી રંગની જાંયવાળો લીલો હોય છે. તેનો સ્વાદ ખટમીઠો છે. આ ફળમાં નીચે પ્રમાણ તત્ત્વો રહેલાં છે: (૧) પ્રોટેઇન એટલે પિંડજન્ય ૦૪૨, (૨) ફેટ એટલે ક્ષારજન્ય ૦૬૫, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાનજન્ય ૨૦૫, (૪) કેલોરી ૧૧, (૫) પ્રજીવક અ ૬૪૦૪, (૬) પ્રજીવક બ ૧૧૦૨ (૭) પ્રજીવક ક ૦૨૮ અને (૮) અયર્ન એટલે લોહ ૦૫.

૫. [સં] ન. નીચેનું જડબું; હડપચી

પીચકવું ૧. અ ક્રિ. કરમાઈ વળી જવી; સંકોચાવું.

૨. અ. ક્રિ. ધોબો પડવો.

પીચવું સ. ક્રિ. ક્યારવું; પગ તળે દાબવું.

પીચૂ [હિ.] ન. એક જાતનું ફળ; જરદાલુ.

પીચૂડી (પીચૂડી) જી. (કચ્છી) નાની પીળી કોડી.

પીચોડા જી. એક જાતની માછલી.

પીચોરી ૧. જી. એક પ્રકારની ભાજી.

દુખતા સાંધા ઉપર પીચોરીનાં પાતરાંનો અથવા સાલીટના પાતરાંનો રસ કાઢી તેને જરા ગરમ કરીને લગાડવા. ડો. બરજોજ

૨. જી. (જરથોસ્તી) કેડ ઉપર બાંધવાનો ધોળી ઊનનો પટ્ટો.

૩. જી તરેલામાં ચીપડિયાના રૂપમાં નખાતું લાકડાની ફાડ.

પીપોલા ન. મેવાડ રાજ્યની રાજધાની ઉદેપુર શહેરની પશ્ચિમે આવેલું બે ત્રણ માઈલના ઘેરાવાવાળું એ નામનું એક સરોવર.

પીછ ૧. જી. બંજરાનાં પાનાં બાંટવાં તે.

૨. જી. ચોખાનું પાણી.

૩. જી. કરા; બીક; ધાસ્તી; ગભરાટ.

૪. જી. પાછળ પડવું તે.

૫ જી. કપોડાનો પાછળો ભાગ

૬. [સં. પિચ્છ] ન પીંછું; પિચ્છ; પાંખનાં રૂંવાં. પીંછાં ઊડવાને ઉપયોગી છે, ઘરખમાં તે બિછાનાં તથા ગાદીઓ બનાવવાના કામમાં આવે છે. ચીનમા તેમાંથી પંખા બને પીંછીઓ બને છે.

પીછડ (પીછડ) ૧. જી ભૂલ; ચૂક

૨. જી. લપસી જવાય એવું ઢોળ તે.

પીછડવું (પીછડવું) ૧. અ. ક્રિ. નાસીપાસ થવું.

૨. અ ક્રિ. પાછળ રહી જવું.

પીછડિયો પું. બંજરાનાં પાનાં બાંટનારો માણસ.

પીછડિયો પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

પીછડું પું. પાછલો ભાગ.

પીછવા ૧. પું. પાછલો ભાગ.

૨. પું. કાચીની ભીંત ઉપર ભાંખવામાં આવતો દોરવાનો પટ્ટો.

પીછવું અ. ક્રિ. બંજરાનાં પાનાં બાંટવાં.

પીછી ૧. જી. ચીતરવા કે રંગ પૂરવાનું સાધન.

૨. જી. ચીતરવા કે રંગ પૂરવાની આવડ.

૩. જી. ચીતરવા માટેની એક જાતની બનાવટ.

૪. જી. તલવારની અણી.

૫. [સં. પિચ્છ] જી. પીછાંની, બજૂરી વગેરે રેસાની કે વાળની ઝૂડી; ફલગી; ચામર. તે દેવ, રાજા, ધર્મગુરુ ઉપર આમતેમ હલાવવામાં આવે છે.

૬. જી પૂજાનો ભાગ.

૭. જી. માખી વગેરે ઉડાડવાની અથવા ધૂળ ઝાપટી નાખવાની નાના દંડીકાને છેડે કપડું, તંતુ વગેરે બાંધી બનાવેલી ઝાટકણી; વાળ, પીંછા કે તેવી બીજી વસ્તુની ઝાંખાવાળી બનાવટ; મારજોની; કૂચો, ઝાપટિયું.

પીછીઊંજણી જુઓ પીછીઝાંજણી.

પીછીકાર્ય [સં. પિચ્છ (પીંછું) + કાર્ય (ક્રમ)] ન. ચિત્રક્રમ, કેમકે તે પીંછી વડે કરાય છે.

પીછીલ [સં. પશ્ચાત્] અ. પાછળ; પછવાડે.

પીછું ૧. ન. કમોદની ડૂંડી.
૨. ન. પીંછીની કલમ.

૩. [સં. પિચ્છ-પિચ્છક-પીંછું] ન. સળીના આકારના રૂવાંટીવાળા ઢાળવા જામો ફૂલેડાર્ય પંખ બને છે તેમાંનો એક; પક્ષીના પૂછડામાંનો કૂંચ એક ભાગ; પીંછ. પીંછાંનું કામ પક્ષીઓને ઊડવામાં મદદ કરવાનું છે. તેટલા માટે કુદરતે તેને બની શકે તેટલું હલકું બનાવ્યું છે. તેની એવી ગોઠવણ કરવામાં આવેલ છે કે પક્ષી પોતે ઉડવા સમાણી શકે, છતાં પણ તે ઉડવા કરતાં ભારે છે. શાંત હવામાં તે ધીમે ધીમે જમીન ઉપર પડી જાય છે. પીંછું ગુરુત્વાકર્ષણથી પણ નીચે પડે છે, પણ જો હવા ગતિમાં હોય, એટલે કે પવન વાતો હોય તો પીંછું જમીન ઉપરથી હવામાં ઊંચે ઘસડાશે. એટલે કે પવનનું બળ ગુરુત્વાકર્ષણના બળ કરતાં વધી જાય છે.
૧. પીંછાનું પારેવું કરવું = નજીવી વાતને મોટી કરી આપવી; રજનું ગજ કરવું.
૨. પીંછાં વેરાઈ જવાં = માર્યા જવું.
૩. પીંછાંનો ડામડો = રજનું ગજ; કાંઈ ન હોય અથવા કાંઈ નજીવું હોય તેને મોટું કરી બતાવવું તે. કાગડાએ મોરનાં પીંછાં પાસી મોટો ડોળ ધારણ કર્યો હતો, તે ઉપરથી આ પ્રયોગ થયો છે.
૪. પીંછું ખેંચવું-ફેરવવું-મારવું = કપાટાબંધ સહી કરવી; બેદરકારીથી સહીનું લિસોટું મારવું.
૫. પીંછું વાસવું = હરકત કરવી; વચમાં અડચણ લાવવી; વચ્ચે આડ નાખવી.

પીછે ૧. [હિં.] અ. પછી; અમુક વખત વીત્યા બાદ; થોડા વખત પછી.
૨. અ. પાછળ; મોઢાથી વિરુદ્ધ દિશામાં.
૧. પીછે પાલવું = (૧) અનુકરણ કરવું; નકલ કરવી. (૨) કોઈના અનુયાયી કે અનુગામી થવું.
૨. પીછે પડવું = (૧) દોડવામાં પાછળ રહી જવું. (૨) ધમધવું; ગુસ્સે કરવું; ચીડવવું. (૩) નિશ્ચયપૂર્વક પાછળ પડવું; વાંસે લાગવું. (૪) પાછળ દોડવું.

પીછેહઠ [હિં.] સ્ત્રી. પાછું પગલું ભરવું તે; પાછળ હઠવું કે પડવું તે; હાર.

પીછેહઠવાદી વિ. પાછળ હઠવું જોઈએ એમ માનનાર.

પીછો ૧. પું. ધોળવા માટે ઝાંડીના રેસાનું અથવા વાળનું બનાવેલું સાધન; મોટી પીંછી; કૂચો.
પીછો મારવો = ધોળવું.

૨. [સં. પશ્ચાત્] પું. પછવાડે લાગવું તે; કેડો; પૂઠ પાછળ પડવું તે.
૧. પીછો છોડાવો-મૂકવો = (૧) કેડો મૂકવો; જવા દેવું. (૨) કોઈ વાતનો આગ્રહ બંધ કરવો.
૨. પીછો દેખાડવો = પૂઠ દેખાડવી; હારીને ભાગવું.
૩. પીછો પકડવો-પકડવો-લેવો = (૧) અણબોટ કર્યા કરવી. (૨) પૂઠે લાગ્યા રહેવું; પાછળ પડવું; કેડો લેવો; રંજાડવું; હેરાન કરવું. (૩) સતાવવું.

૩. પું. પૂઠ; પાછળનો ભાગ.

૪ પું. (વહાણવટું) સૌથી ઊંચે રહેલો સઢનો છેડો.

પીછોટી સ્ત્રી. સંમોટી; કમ્મર બાંધવાની લૂગડાની લાંબી સાંકડી પટી.

પીછોડું ન. પાતળું પણ ઓઢીથી ભરપૂર અને દેખાવમાં સુંદર માનુસ.

પીજન ૧. [સં. પિંજન] સ્ત્રી. (હિંદી) પીંજવાનું સાધન; પીંજણ.
૨. ન. હામલું; આથી ચર્મા કરવી તે; લંબાવવું તે.
૩. ન. પીંજવું તે.

પીજવું ૧. સ. ક્રિ. કળી જવું; કોઈ માણસને કે વિચારને સમજી જવો.
૨. સ ક્રિ. બાઈ જવું; ન ગણકારવું; બખાડા કરવા; સાંભળવું ન સાંભળવું બરાબર ઢીલું ન ઢીલું કરવું.
૩. સ. ક્રિ. પીંજવું; રૂના રેસા છૂટા પાડવા.
૪. સ. ક્રિ. સહન કરવું; ગળી જવું.
૫. સ. ક્રિ. સામાના વિષે મનમાંથી ભાવ બંધ રહેવો.

પીજુડી (પીજુડો) સ્ત્રી. મોરાહુ જમીન.

પીઠ ૧. પું. ઝાડે ઝાડે બેજવાળાં સ્થાનોમાં થતો કોહેલી વનસ્પતિનો થર; અનિજ કોયલાનું એક રૂપાંતર; અપક્વ કોલસો. તે સમય જતાં કોલસાના રૂપમાં બદલાઈ જાય છે. કેટલાંક સ્થાનોએ તે બળતણ તરીકે વપરાય છે. તેને બાળતાં કોલ ઉત્પન્ન થાય છે.
૨. સ્ત્રી. ઉપરાઉપરી આઘાત.
૩. સ્ત્રી. ક્રમબદ્ધ; લડી
પીઠ પડે છે બારની, પીઠ પડે બાજિયાંની તેહ; પીઠ પડે વરસાદની, પીઠ પડે ધરાની જેહ. અદ્વૈત

૪. સ્ત્રી. માર; મારવું તે.
૧. પીઠ મારની-દેવી = માર મારવો.
૨. પીઠ પડવી = (૧) ગ્રાહક વધારે આવવાં. (૨) બજિયાં બેસવાં. (૩) પસ્તાળ પડવી; વાણીના પ્રહાર થવા. (૪) માર પડવો. (૫) વરસાદ વરસવો.
૩. પીઠ પાડવી = (૧) ઠપકો દેવો. (૨) મારવું.

પીઠડવું (પીટડવું) અ ક્રિ. પીઠ પાડવી; માથકૂટ કરવી; સખત માર મારવો.

પીઠણ ૧. ન. પીટવાની ક્રિયા; પીટવું તે.
૨. વિ. પીટવા યોગ્ય; માર મારવા જેવું. ગુસ્સો બતાવવા વપરાય છે.

પીઠકુકાળ પું. બરાબ વખત; રોગચાળાનો સમય.

પીઠણી ૧. સ્ત્રી. કૂટવું તે; કૂટણું.
૨. સ્ત્રી. પીટવું તે; માર; ઠોક; પીઠ.
૩. સ્ત્રી. રઝળપાટ; રોકકળ.
નિજે મૃત્યુ કર્યો નિજ પતિ,
ઉઠ સ્ત્રીએ પાડી પીઠણી. પ્રેમાનંદ
પીઠણી પાડવી = જાતી કૂટી રોકકળ કરવી.

પીઠણું ૧. ન. ઢગલો.
૨. ન. ગુજરનારની પછવાડેનું કાજ કૂટણું.

પીઠપીઠ ન. એક જાતનું પક્ષી.

પીઠર સ્ત્રી. સીસું અને કલાઈની એક જાતની મિશ્ર ધાતુ. તેમાંથી લોટા, રકાબી વગેરે બને છે. આ ધાતુમાં ૮૦ ટકા કલાઈ અને ૨૦ ટકા સીસું હોય છે, પણ સારા પીઠરમાં મોટા પ્રમાણમાં કલાઈ અને ઓછા પ્રમાણમાં સીસું હોય છે.

પીઠવવું સ. ક્રિ. મરાવવું; માર અપરાવવો.

પીઠવું ૧. સ. ક્રિ. ખૂબ મારવું; ધીબવું; ઠીપવું.
૨. સ. ક્રિ. ઠોકવું; વગાડવું. જેમકે, ઢાંઢી પીટવી.
૩. સ. ક્રિ. મૂએલાની પાછળ કૂટવું; છાતી કૂટવી.
૧. છાતી પીટવી = દુઃખ કે શોક પ્રકટ કરવાને માટે છાતી ઉપર હાથથી આઘાત કરવો.
૨. ઢાંઢી પીટવી = જાહેર કરવું.
૩. માથું પીટવું = (૧) માથું કૂટવું. (૨) માનસિક મુશ્કેલીમાં હોવું.

૪. સ. ક્રિ. સખત શ્રમ કરવું.

૫. સ. ક્રિ. સજા કરવી; શિક્ષા કરવી.

૬. સ. ક્રિ. હરકોઈ પ્રકારે મેળવી લેવું. જેમકે, સાંજ સુધીમાં પાંચ રૂપિયા પીટી લાવ જો.

પીઠોનિયા ન. એક જાતનું ફૂલ ઝાડ.

પીટવું ૧ [સં. પિટ્ટિત; પ્રા. પિટ્ટિવ] સિ. જીવતાં મૂઆ સમાન; જેને નામે પિટાય તેવું; મૂર્ખ; ઠંટાળામા કે મુરસામાં જકડું, દયનુના અર્થમાં બોલાતો ઉદ્‌ગાર. આ શબ્દથી ભેરાં દુઃખ દેતાંને ગાળો ભાંડે છે.

૨. વિ. વહાલું; લાડકુ. લાડકી માળા તરીકે વપરાય છે.

પીટ્રિયા સ્ત્રી. એક જાતની વેલ. તેને આસમાની કુલનાં તારાના આકારમા ગૂમખાં આવે છે. તેનાં પાન અંડાકૃતિમાં હોય છે.

પીઠ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર.

૨. પુ. એક જાતનો મૃગ.

૩. પું. (પુરાણ) કંસનો એ નામનો એક મંત્રી.

૪. પું. (પુરાણ) કૃષ્ણે મારેલો નરકાસુરનો સેનાપતિ.

૫. પું ઘોડેસવાર.

૬. પું. મિત્રાનું ઝાડ.

૭. પું. પ્રદેશ; પ્રાંત.

૮. [સં. પિષ્ (દળવું)] પું. લોટ.

૯. પું. દાંતના કોઈ અંશનો પુરક.

૧૦. સ્ત્રી. અક્ષરાર્ધ.

૧૧. સ્ત્રી. આધાર; ટેકો; મદદ.

૧૨. સ્ત્રી. એક પ્રકારનું આસન.

૧૩. સ્ત્રી. ફૂલપાનના અંશરૂપ હૃદયરૂપ આધાર.

૧૪. સ્ત્રી. નાનું ટેબલ; 'સ્ટૂલ.'

૧૫. [સં. પૃષ્ઠ] સ્ત્રી. પાછલો ભાગ.

૧૬. સ્ત્રી. પાયો; પાટલો; બાન્ધેડ.

૧૭. સ્ત્રી. (પુરાણ) પાર્વતીના શરીરના તથા તેના આભૂષણના કટકા પડ્યાનું સ્થળ. દક્ષ પ્રજાપતિના યજ્ઞ પછી પાર્વતીનું શરીર હાથમાં લઈ શિવે ફેરવવા માંડ્યું તે સમયે વિષ્ણુએ પોતાનું ચક્ર વે શરીરને મારી તેના કટકે કટકા કરી નાખ્યા. પછી જે જે સ્થળે તેના શરીર તથા આભૂષણના કટકા પડ્યા તે સ્થળ પીઠ કહેવાય છે. જુદાં જુદાં પુરાણો અનુસાર આવા સ્થાન ૫૧, ૫૩, ૭૭ અથવા ૧૦૮ છે. આમાંનાં કેટલાકને મહાપીઠ અને કેટલાકને ઉપપીઠ કહે છે. શિવચરિત્ર નામનો ગ્રંથ જેમાં કુલ ૭૭ પીઠ ગણાવેલ છે, તેમાં ૫૧ને મહાપીઠ અને ૨૬ને ઉપપીઠ કહેલ છે. આ બધાં સ્થાન તાંત્રિક તથા શાક્તધર્મમાં બહુ પવિત્ર અને સિદ્ધિદાયક મનેલ છે. આ સ્થાનોમાં જપ વગેરે કરવાથી જલદી સિદ્ધિ મળવાનું અને દાન, હોમ, સ્નાન વગેરે કરવાથી અક્ષય પુણ્ય મળવું હોવાનું મનાય છે. આ સ્થાનોની ઉત્પત્તિ સંબંધમાં પુરાણોમા એવી કથા છે કે: શિવથી અપમાન થતાં તેમના સસરા દક્ષે તેમનું અપમાન કરવા નિશ્ચય કર્યો. તેણે બૃહસ્પતિ નામનો યજ્ઞ શરૂ કર્યો તેમાં બધા દેવદેવીઓને તેણે આમંત્રણ આપ્યું, પણ શિવને અને પોતાની પુત્રી સતીને આમંત્રણ ન આપ્યુ. સતી વગર આમંત્રણે પિતાના સમારંભમાં જવા તૈયાર થયાં અને શિવે બોલ સુધી પોતાની હઠ રાખી. સતી જ્યારે યજ્ઞસ્થળે પહોંચ્યાં ત્યારે દક્ષે તનો આદર તો ન કર્યો પણ શિવની ખૂબ નિંદા કરી. સતી પોતાના પતિની નિંદા સાંભળી ન શકયાં, તેથી યજ્ઞકુંડમાં કૂદી પડ્યા અને બળી મર્યાં. તેમના સાથે શિવનો જે અનુચર ગયો હતો, તેણે પાછા આવી શિવને આ સમાચાર આપ્યા. તે સાંભળી શિવ ક્રોધાવમાન થયા અને વીરભદ્ર વગેરે અનુચરો સાથે જઈ દક્ષને માર્યો અને તેના યજ્ઞનો નાશ કર્યો સતીના વિયોગથી શિવને એટલું બધું દુઃખ થયુ કે તેના મૃત દેહને ખભા ઉપર રાખીને ચોતરફ નાચતા નાચતા ફરવા લાગ્યા. છેવટમાં વિષ્ણુ ભગવાને આ દશામાંથી તેમનો ઉદ્ધાર કરવાના વિચારથી પોતાના ચક્ર વડે ધીરે ધીરે સતીના આખા શરીરના કટકા કર્યા. જે જે સ્થળે તેમનાં કોઈ અંગ કે આભૂષણના કટકા પડ્યા હોય તે બધામાં એક એક શક્તિ અને ભૈરવ જુદાં જુદાં નામ તથા રૂપ ધરી વાસ કરે છે. જ્યાં કોઈ અંગ પડ્યું તેને મહાપીઠ અને જ્યાં કોઈ અંગનો ભાગ કે કોઈ અલંકાર પડ્યો તેને ઉપપીઠ કહે છે. આ મહાપીઠો, ઉપપીઠો તથા તેમાં વાસ કરનારાં શક્તિ અને ભૈરવનાં નામ તંત્રચૂડામણિ વગેરે તાંત્રિક ગ્રંથોમાં તથા દેવી ભાગવત, કામિકાપુરાણ વગેરે પુરાણોમાં આપેલ છે. કાશીમાં પડ્યાં કુક્કળ પડ્યાં કહેલાં છે. કાશીની શક્તિનું નામ મણિકર્ણી, અન્નપૂર્ણા ને વિશાલાક્ષી અને ભૈરવનું નામ કાલભૈરવ છે.

૧૮. સ્ત્રી. પ્રાણમય કોષમાં એ નામનું એક સ્થાન. પ્રાણમય કોષની આકર્ષણ ને વિકર્ષણ એ બંને શક્તિનો એક કેંદ્રમાં સમન્વય થાય તો એ કેંદ્રમાં પ્રાણનો એક ચક્રાવો થઈ જાય છે અને એ જ આવર્ત કે ચક્રાવો પીઠ કહેવાય છે.

૧૯. [સં. પૃષ્ઠ; પ્રા. પિટ્ઠ] સ્ત્રી. પાલખીની કરોડનો ભાગ; બરડો. વાંસો.

૧. પીઠ આપવી = વાંસો છોલાઈ ને પાકવો.

૨. પીઠ ઉઘાડી પાડવી = અસહાય મૂકવું; કોઈ સહાયકારક ન હોવું; અન્યને પ્રસંગે મદદ કરનાર કોઈ પાછળ ન રહેવું; પીઠબળ ન રહેવું; લાચાર હોવું.

૩. પીઠ ઉઘાડી પાડવી = (૧) અસહાય બનાવી દેવું (૨) કોઈ ઉઘાડી નાખવો; મદાજને ફાડી નાખવો.

૪. પીઠ ઊપડવી = પીઠ આવવી.

૫. પીઠ ખાલી હોવી = કોઈ મદદગાર ન હોવું.

૬. પીઠ ચોરવી = બીજું; પાછુ પડવું; ઠરે ખાવો

૭. પીઠ ઠોકવી-થાબડવી = (૧) ઉત્તેજન આપવું. (૨) પ્રોત્સાહન આપવું; મદદ કરવી; મદદે રહેવું. (૩) વખાણ કરવા; તારીફ કરવી; શાબાશી આપવી

૮. પીઠ ઢાંકવી = શિયાળ ન પડે એમ કરવું; પાછળ સારું દેખાય એમ કરવું; મદદ કરવી.

૯. પીઠ દેખાડવી = પાછા ફરીને નાસવું; નાસી જવું; પાછું પગલું ભરવું. નાસવું.

૧૦. પીઠ દેખાડીને જવું = [illegible] કે મમતા છોડીને જવું.

૧૧. પીઠ દેવી = (૧) આરામ લેવો; કોઈ કામ કરતાં અટકવું. (૨) ભાગી જવું; પીઠ દેખાડવી; નાસી જવું. (૩) મદદ કરવી. (૪) વિમુખ થવું; મો ફેરવી જવું; ધ્યાન ન દેવું.

૧૨. પીઠ ધરવી = (૧) પાછળ મદદ કરવામાં સામેલ રહેવું; મદદ કરવી; જોર આપવું. (૨) માર ખાવા માટે પીઠ રજૂ કરવી.

૧૩. પીઠ પર હાથ ફેરવવો = (૧) આશ્વાસન આપવું; પંપાળવું; ધીરજ આપવી. (૨) ઉત્સાહ આપવો

૧૪. પીઠ પાછળ મૂકવું = (૧) રાખી મૂકવું; ઉપયોગમાં ન લેવું. (૨) મુલતવી રાખવું. (૩) સંતાડવું; ઓળવવું

૧૫. પીઠ પાડવી = સવારીમાં પલોટવું; બેસવા કે ભોજું નરમ બનાવવું.

૧૬. પીઠ પૂરવી = પાછળ રહી મદદ કરવી; સહાયમાં રહેવું.

૧૭. પીઠ ફેરવવી = (૧) અરુચિ કે અનિચ્છા બતાવવી. (૨) ચાલ્યા જવું; ભાગી જવું; પીઠ દેખાડવી. (૩) તજી દેવું; તિરસ્કારથી જોવું; તરછોડવું; મદદ કરવા ના પાડવી; જરૂરને પ્રસંગે છોડીને જતા રહેવું. (૪) ફેરવી નાખવું; ફરી જવું; વચન ભંગ કરવું.

૧૮. પીઠ ભતારવી = ઊંધી પૂછડીએ નાસવું; હાર ખાઈ નાસી જવું; પાછાં પગલાં ભરવાં; નામોશીથી પાછું ફરવું.

૧૯. પીઠ ભાંગવી = કોઈ કામનો અધરામાં અધરો ભાગ પૂરો કરવો; અઘરું કામ કરવા માંડીને તેનું અઘરાપણું તોડી નાખવું. કોઈ છોકરાએ પરીક્ષામાં કરવેલી ચોપડીઓમાંથી કોઈ કઠણ ચોપડીનો અભ્યાસ ઉત્તમ રીતે

કર્યો હોય પછી તે બધાના પ્રમાણમાં થોડો હોય તોપણ તેણે તેના ક્રમની પીઠ લાગી છે એમ કહેવાય છે.

૨૦. પીઠ લગાવવી = કુસ્તીમાં નીચે પાડી દેવું.

૨૧. પીઠ દેખી = (૧) ભાગવાથી ભાગવું. (૨) પાછળ પડવું; પૂંઠ પકડવી. (૩) હેરાન કરવું; દુઃખ દેવું.

૨૨. પીઠનું જોર = મદદગીરી બળ; પાછળ રહેલાનું જોર; પીઠબળ.

૨૩. પીઠનો કાચો ઘોડો = દેખાવમાં સારો પણ સવારી માટે સારો નહિ એવો ઘોડો.

૨૪. પીઠનો સાચો ઘોડો = સારી જાતનો ઘોડો.

૨૫. પીઠે કાળજું હોવું = બહાદુર કે હિંમતવાન હોવું; જાતીવાળું હોવું.

૨૬. પીઠે પેટ ચોંટવું = (૧) બહુ જ સુકાઈ જઈ નબળું થવું; સુકાઠી જઈ જવું. (૨) ભૂખે મરવું.

૨૦. સ્ત્રી. બેઠક; વિશ્રામસ્થાન; ચૌટું.

૨૧. સ્ત્રી. બેઠકભાવ; રૂખ; ભાવતાલ.

૧. પીઠ ઊપડવી = બેઠકભાવ મંડાવો.

૨. પીઠ ટકી રહેવી = બેઠકભાવ ટકી રહેવો.

૨૨. સ્ત્રી. બેસણી; બેઠક; આસન; સ્થાન; જગા; સ્થાનક. જગદ્ગુરુ શંકરાચાર્યે ચાર દિશામાં ચાર મઠ સ્થાપ્યા તેને પીઠ કહે છે. જેમકે, શારદાપીઠ, ગોવર્ધનપીઠ.

૨૩. સ્ત્રી મૂર્તિ જે ઉપર સ્થાપી હોય તે ભાગ; વેદી.

૨૪. સ્ત્રી. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે ગોલાર્ધમાં આવેલ એક તારાસમૂહાય. તેનો આકાર પાઠ જેવો છે.

૨૫. સ્ત્રી. લાકડું, પથ્થર કે ધાતુનું બનાવેલું આસન.

૨૬. સ્ત્રી. વસ્તુ મૂકવાનું તળિયું.

૨૭. સ્ત્રી. વિદ્યાર્થીઓ વગેરેને બેસવાનું દર્ભનું આસન.

૨૮. સ્ત્રી. બેચાણ; બેપત; વકરો; બોણી; ઉપજ.

૨૯. સ્ત્રી. વ્રતધારીઓનું આસન.

૩૦. સ્ત્રી. સિંહાસન; તખ્ત.

૩૧. ન. આસન; બાજોઠ.

૩૨. ન. દેવ, આચાર્યાદિનું સ્થાનક.

પીઠોદય સ્ત્રી. ઊંચી પીઠ.

પીઠક ૧. [સં.] પું. આસન; પાટલો; બાજોઠ.

૨ પું. ઘોડાનું પલાણ.

૩. પું. પીઠ; પ્રભુની પીઠ ઘસવાનો તકિયો.

૪. પું. વાંસે રાખવાનું પાટિયું.

૫. પું. હલેસું.

પીઠકચ્છ પું. હાથીની બંને બાજુએ બાંધવામાં આવતી ઘંટવાળી સાંકળ.

પીઠકેલિ [સં.] પું. કોઈ નાયકનો સહાયક; પીઠમર્દ નાયક. જેમકે, રામનો સુગ્રીવ.

પીઠગ ૧. [સં.] વિ. આસન ઉપર રહેલું.

૨. વિ. ચલું; ચંચું.

પીઠગર્ભ [સં.] પું. મૂર્તિને બેસાડવા માટે પીઠાસનમાં કરાતો ખાડો.

પીઠગાત્ર [સં.] ન. લેખ્ય જાતના બંધારણ અષ્ટદલ કમલનો એક અવયવ.

પીઠચક્ર ૧. [સં.] ન. ચાકું.

૨. ન. પ્રાચીન કાળનો એક જાતનો રથ.

પીઠડ (પીઠક) ૧. પું. નપુંસક.

૨. પું. મૂર્ખ.

૩. પું. હોળી વખતે કરેલું પુરુષનું પૂતળું; વાઘમ.

૪. પું. હોળીના કુબેરમાં વર તરીકેનો માણસ.

પીઠડિયા (પીઠડિયા) ૧. સ્ત્રી. દરજી, સુતાર અને વાંચીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પીઠડો (પીઠડો) પું. બળદનો લોઢ પલ્લીમાં જડભાવી બનાવવામાં આવતું લાકડ.

પીઠણી સ્ત્રી. સ્થાનક.

પીઠદેવતા [સં.] પું. આદિ દેવતા; આધારશક્તિ.

પીઠનાયિકા [સં.] સ્ત્રી. દુર્ગાના ઉત્સવ વખતે દુર્ગાનો પાઠ બજવતી ચૌદ વર્ષની બાલિકા.

પીઠનાયિકાદેવી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કોઈ પીઠસ્થાનની અધિષ્ઠાત્રી દેવી.

૨. સ્ત્રી. દુર્ગા; ભગવતી.

પીઠન્યાસ [સં.] પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રકારનો ન્યાસ. તે બધી તાંત્રિક પૂજામાં આવશ્યક છે.

પીઠપૂજન [સં.] ન. પીઠની પૂજા કરવી તે.

પીઠપૃષ્ઠ [સં.] ન. પ્રાણીની ઉપલી બાજુ.

પીઠફલક [સં.] ન. પાટ; પાટિયું.

પીઠબળ ૧. ન. આત્મબળ.

૨. ન. મુખ્ય મદદ; જાની રીતે ટેકો આપવો તે; આગળ ન પડતાં પાછળ રહી મદદ કરવી તે; પાછળ રહીને જોર દેવું બળ.

પીઠબળ હોવું = પાછળથી બીજા કોઈનું બળ મદદમાં હોવું.

૩. ન. ટેકો.

પીઠભાગ [સં.] પું. પીઠની કરોડનો ભાગ.

પીઠભાવ પું. બેઠકભાવ.

પીઠભૂ ૧. [સં.] સ્ત્રી. કિલ્લાની આસપાસની જમીન; કિલ્લાની સમીપ રહેલ પૃથ્વીનો ભાગ.

૨. સ્ત્રી. પગો.

પીઠભૂમિ જુઓ પીઠભૂ.

પીઠભૂમિકા જુઓ પીઠભૂ.

પીઠમર્દ ૧. પું. ગુસ્સે થયેલી નાયિકાને પ્રસન્ન કરી શકે એવો નાયક; માન મુકાવવાને શક્તિમાન નાયક; વચન ચાતુરી વડે નાયિકાનું માન મુકાવી શકે એવો નાયક.

૨. પું. નાયકને મદદ કરનાર નટ.

પીઠમર્દ ૧. [સં] પું. નાયકનો કોઈ એક સહાયક. જેમકે, રામનો સુગ્રીવ.

૨. પું. રાજાનો હજૂરી.

૩. જુઓ પીઠમર્દ.

પીઠમર્દન [સં.] ન. પીઠ દબાવવી તે; વાંસો બસચો તે; વાંસો ચોળવો તે; અંગનો પાછલો ભાગ દાબવો તે.

પીઠમર્દિકા [સં.] સ્ત્રી. નાયિકાની સખી.

પીઠમંત્ર [સં.] પું. (તાંત્રિક) પૂજનનો એક મંત્ર.

પીઠમાપું ન. વેપારની જણસો તોળવાનું અને માપવાનું ઠામ.

પીઠરંગ પું. વાંસાનો રંગ.

પીઠલું [સં. પિષ્ટ] ન. બળદના ચોટનું લાકડ; બળદના ચોટની એક વાની.

પીઠવણ ૧. પું. એક જાતનો છોડ; નાનો સમેરવો; પથ્થર જમીનમાં થતો એવડા પાનવાળો છોડવો; પ્રશ્નપર્ણી. તેને પીલુડી પોપટી પણ કહે છે. આ છોડ હાથ બે હાથ ઊંચો થાય છે અને તેમાં કાંટો આવે છે. તેનાં બીજ ચણાકતા ભૂખરા રંગનાં થાય છે. તેના દાણા ગાંજાના દાણાને મળતા હોય છે. આ છોડનાં મૂળ દશમૂળ પકીના લઘુ પંચમૂળમાં બળાય છે તે દશમૂલાદિ ક્વાથમાં વપરાય છે. તે પથરીના રોગ ઉપર કામ લાગે છે. તે શોષક, પૌષ્ટિક અને શ્લેષ્મહર મનાય છે અને ઉધરસ, જરાણી, સસણી વગેરે દરદોમાં તેનો ઉપયોગ થાય છે.

૨. સ્ત્રી ચીંભી વર્ગની એ નામની એક વનસ્પતિ

પીઠવા ૧. જી સોની, સુતાર અને લુહારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું મનુષ્ય

૩. વિ. એ નામની અટકનું.

પીઠારી જી. ડંડો; લાઠી. ડાંગ.

પીઠવિવર જુઓ પીઠગર્ભ

પીઠસર્પ [સં.] વિ. લૂલું; લંગડું.

પીઠસર્પી ૧. [સં. પીઠસર્પિન્] વિ. પંગુ; લૂલું; લંગડું

૨. વિ. બેઠાં બેઠાં ઘસડાતા ઘસડાતાં ચાલનાર.

પીઠસ્થાન ૧. [સં.] ન. દેવીના શરીરના કટકા પડ્યા તે સ્થાન. દક્ષયજ્ઞમાં સતીએ દેહત્યાગ કર્યા પછી મહાદેવજી તે મૃત શરીરને ખાંધ ઉપર લઈને પાગલની માફક નાચવા લાગ્યા. ભગવાન વિષ્ણુએ તે શબને ચક્ર દ્વારા કાપી નાખ્યું જ્યાં જ્યાં શરીરના ટુકડા પડ્યા તે તે સ્થાનને પીઠસ્થાન કહે છે આ દેવસ્થળો બંધાયેલ છે. તેવાં પીઠસ્થાન ૫૧ છે. તે નીચે મુજબ: (૧) કિરીટ: અહીં સતીનું બ્રહ્મરંધ્ર પડ્યું હતું. આ વિમલદેવી કોટરી અને ભીમલોચન ભૈરવ છે. (૨) કાંકરા યા કરવીરપુર: અહીં સતીની ત્રણે આંખો છે. દેવી મહિષમર્દિની અને ક્રોધીશ ભૈરવ છે. (૩) જ્વાલામુખી: અહીં સતીની જીભ છે. દેવી અંબિકા અને ભૈરવ ઉન્મત્ત છે. (૪) સુગંધા: અહીં સતીનું નાક છે દેવી સુનંદા તથા ભૈરવ ત્રંબક છે. સુગંધાનું પ્રચલિત નામ સોંધા છે. (૫) જૈરવ પર્વત ઉપર અર્ધાંત દેશ: અહીં સતીનો ઉપરનો હોઠ છે. દેવી અવંતિ અને ભૈરવ લંબકર્ણ છે. (૬) અટ્ટહાસ: અહીં સતીનો નીચલો હોઠ છે. દેવી ફુલ્લરા તથા ભૈરવ વિશ્વેશ છે. (૭) પ્રભાસ: આ ઠેકાણે સતીનું ઉદર છે. દેવી ચંદ્રભાગા અને ભૈરવ વક્રતુંડનું સ્થાન છે. (૮) જનસ્થાન: આ ઠેકાણે સતીની ચિબુક છે. દેવી ભ્રામરી તથા ભૈરવ વિકૃતાક્ષ છે. (૯) ગોદાવરી ઉપર: અહીં દેવીનો ડાબો ગાલ છે. દેવી વિશ્વમાતૃકા તથા દંડપાણિ ભૈરવનું સ્થાન છે. (૧૦) ગંડકી: અહીં દેવીનો જમણો ગાલ છે. દેવી ગંડકી ચંડી તથા ચક્રપાણિ ભૈરવ છે. (૧૧) શુચિતીર્થ: અહીં સતીના ઉપરના દાંત છે. નારાયણી દેવી તથા સંહાર ભૈરવનું મુખ્ય સ્થાન છે. પંચસાગરમાં નીચેના દાંત છે. ત્યાં દેવી વારાહી અને મહારૌદ્ર ભૈરવ છે. (૧૨) કરતોયાતટ: આ ઠેકાણે સતીના ડાબા પગનો ભાગ છે. દેવી અપર્ણા તથા વામન ભૈરવનું સ્થાન છે. આ સ્થળનું વર્તમાન નામ ભવાનીપુર છે. વૈશાખ અઠવાડીયાના શનિ તથા મંગળવારે તેમજ રામનવમી અને દિવાળીના રોજ પણ ત્યાં મેળો ભરાય છે. (૧૩) શ્રીપર્વત: આ સ્થળે સતીના જમણા પડખાનો ભાગ છે. દેવી શ્રીસુંદરી તથા સુમુખ ભૈરવનું સ્થાન છે. (૧૪) કર્નાટ: આ સ્થળે સતીના બને કાન છે. દેવી જયદુર્ગા તથા અભીરુ ભૈરવનું સ્થાન છે. (૧૫) વૃંદાવન: અહીં સતીના કેશ છે. દેવી ઉમા તથા ભૂતેશ ભૈરવ છે. (૧૬) કિરીટ: આ સ્થળે સતીનો કિરીટ છે. દેવી વિમલા તથા સંવર્ત્ત ભૈરવનું સ્થાન છે. (૧૭) વારાણસી: આ ઠેકાણે સતીની ઝર્દન છે. દેવી મહાલક્ષ્મી તથા કાલરાત્રિ ભૈરવનું સ્થાન છે. (૧૮) નલહાટી: આ સ્થળે સતીના પગની નળી છે. દેવી કાલિકા તથા યોગેશ ભૈરવનું સ્થાન છે. (૧૯) કશ્મીર: કશ્મીરમાં સતીનો કંઠ છે. અહીં દેવી મહામાયા તથા ત્રિસંધ્યેશ્વર ભૈરવ છે. (૨૦) રત્નાવલી: અહીં સતીનો જમણો ખભો છે. દેવી કુમારી તથા શિવ ભૈરવનું સ્થાન છે. (૨૧) મિથિલા: આ ઠેકાણે સતીનો ડાબો ખભો છે. દેવી ઉમા તથા મહોદર ભૈરવનું સ્થાન છે. (૨૨) નેપાલ: અહીં સતીનો હાથ છે. દેવી મહામાયા તથા કપાલી ભૈરવનું સ્થાન છે. (૨૩) માનસરોવર: આ સ્થળે સતીના જમણા હાથનો ભાગ છે. દેવી દાક્ષાયિણી તથા અમર ભૈરવનું સ્થાન છે. (૨૪) ઉજ્જૈન: આ સ્થળે સતીની કોણી છે. દેવી મંગલચંડી તથા કપિલાંબર ભૈરવનું સ્થાન છે. (૨૫) મણીદ્વિપ: આ સ્થળે દેવીનો મણિબંધ છે. દેવી ગાયત્રી તથા સર્વાનંદ ભૈરવનું સ્થાન છે. (૨૬) પ્રયાગ: આ ઠેકાણે દેવીના હાથની આંગળીઓ છે. દેવી લલિતા તથા ભવ ભૈરવનું સ્થાન છે. (૨૭) જલંધર: અહીં સતીનો ડાબો આંચળ છે. દેવી જયંતી તથા ભીરુક ભૈરવનું સ્થાન છે. (૨૮) જલંધર: આ ઠેકાણે સતીનું ડાબું સ્તન છે. દેવી ત્રિપુરમાલિની તથા ભીષણ ભૈરવનું સ્થાન છે. (૨૯) રામગિરિ યા ચિત્રકૂટ પર્વત: અહીં સતીનું જમણું સ્તન છે. દેવી શિવાની તથા ભૈરવ ચંડીકનું સ્થાન છે. (૩૦) વૈદ્યનાથ: અહીં સતીનું હૃદય છે. દેવી જયદુર્ગા તથા વૈદ્યનાથ ભૈરવ છે. (૩૧) ઉત્કલવિરજાક્ષેત્ર: આ ઠેકાણે સતીની નાભિ છે. દેવી વિમલા તથા જગન્નાથ ભૈરવનું સ્થાન છે. (૩૨) કાંચી: આ ઠેકાણે સતીનું કાકડું છે. દેવી દેવગર્ભા તથા રુરુ ભૈરવનું સ્થાન છે (૩૩) કાલમાધવ: અહીં સતીનો નિતંબ છે. દેવી કાલી તથા અસિતાંગ ભૈરવનું સ્થાન છે. (૩૪) નર્મદા: આ ઠેકાણે સતીનો જમણો નિતંબ છે. દેવી સોનાક્ષી તથા ભદ્રસેન ભૈરવનું સ્થાન છે. (૩૫) કામરૂપ યા કામાખ્યા: આ ઠેકાણે મહામુદ્રા યોનિપીઠ છે. દેવી કામાખ્યા તથા ઉમાનંદ ભૈરવનું સ્થાન છે. (૩૬) નેપાલ: અહીં સતીના જાનુદ્વય છે. દેવી મહામાયા તથા કપાલી ભૈરવ છે. (૩૭) જયંતી: અહીં સતીની ડાબી જંઘા છે. દેવી જયંતી તથા ક્રમદીશ્વર ભૈરવનું સ્થાન છે. (૩૮) મગધ: અહીં સતીની જમણી જંઘા છે. દેવી ત્રિપુરા તથા ત્રિપુરેશ્વર ભૈરવ છે. (૩૯) ત્રિપુરા: અહીં સતીનો જમણો પગ છે. દેવી ત્રિપુરા તથા ત્રિપુરેશ્વર ભૈરવ છે. (૪૦) યુગાદ્યા: આ સ્થળે જમણા પગનો અંગૂઠો છે. દેવી મહામાયા તથા ક્ષીરખંડક ભૈરવનું સ્થાન છે. (૪૧) કાલીઘાટ: અહીં સતીના જમણા પગની ચાર આંગળીઓ છે. દેવી કાલી તથા નકુલેશ્વર ભૈરવનું સ્થાન છે (૪૨) કુરુક્ષેત્ર: આ સ્થળે જમણા પગની ઘૂંટી છે. સાવિત્રી તથા સ્થાણુ ભૈરવનું સ્થાન છે. (૪૩) વક્રેશ્વર: આ સ્થળે પગના તળિયાનો ભાગ છે. દેવી મહિષમર્દિની તથા વક્રનાથ ભૈરવનું સ્થાન છે. (૪૪) જરસોર: આ સ્થળે સતીના પાર્શ્વિપદ્મ છે. દેવી યશોરેશ્વરી તથા ચંડ ભૈરવનું સ્થાન છે. (૪૫) નંદીપુર: અહીં સતીનો હાર છે. દેવી નંદિની તથા નંદીકેશ્વર ભૈરવનું સ્થાન છે. (૪૬) કાશી: આ ઠેકાણે કુંડલ છે. દેવી વિશાલાક્ષી તથા કાલભૈરવનું સ્થાન છે. (૪૭) કન્યાશ્રમ: આ ઠેકાણે પૃષ્ઠદેશ છે. દેવી શર્વાણી તથા નિમિષ ભૈરવનું સ્થાન છે. (૪૮) લંકા: ઠેકાણે નૂપુર છે. દેવી ઇંદ્રાણી તથા રાક્ષસેશ્વર ભૈરવનું સ્થાન છે. પ્રાચીન કાળમાં ઇંદ્રદેવે સ્ત્રીની ઉપાસના કરી હતી. (૪૯) વિરાટ: આ ઠેકાણે ડાબા પગની આંગળીઓ છે. દેવી અંબિકા તથા અમૃતાક્ષ ભૈરવનું સ્થાન છે (૫૦) વિભાસક: આ ઠેકાણે ડાબા પગની ઘૂંટી છે. દેવી ભીમરૂપા તથા સર્વાનંદ કપાલી ભૈરવનું સ્થાન છે. (૫૧) ત્રિસ્રોતા: આ ઠેકાણે ડાબો પગ છે. દેવી ભ્રામરી તથા અંબર ભૈરવનું સ્થાન છે.

૨. ન. પીડનું ઠેકાણું.

૩. ન. મલ્લવિદ્યામાં જણાવેલ મલ્લના પાંચ માંહેનું એક સ્થાન.

૪. ન. વ્રતધારીઓનું આસન.

પીઠા ૧. [સં.] પું એ નામનું એક પકવાન.

૨. પું. ચોખા અને ગોળનું બનાવેલ એક જાતનું ખાદ્ય.

૩. ન. હિંદી પ્રાંતમાં થતી એ નામની વનસ્પતિ.

પીઠાણી ૧. જી. સાંચીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પીઠાધિકારી [સં. પીઠાધિકારિન્] પું. ધર્મની પીઠનો અધિકારી.

પીઠાધિપતિ [સં] જિ. પીઠનો અધિપતિ.

પીઠાનીક [સં] ન. અશ્વસેના; ઘોડદળ.

પીઠાપુર ન. ઓરિસ્સામાં આવેલ એ નામનું નગર. આ સ્થળે ગયાસુર રાક્ષસના પગ પડ્યા હતા, તેથી તેને ગયાપાદ પણ કહેતા.

પીઠિકા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની પાલખી; બાજઠ; ઈંટોની નાની પાટ.

૨. સ્ત્રી. ઓલાદ પરિવાર; વંશાવળી.

૩. સ્ત્રી. કમર; કેડ; પીઠ; બરડો; વાંસો.

૪. સ્ત્રી. દેવ મૂર્તિનો સ્થાપન આધાર; મૂર્તિ કે બાંધલાની બેઠક કે આધાર; 'પિન્થ.'

૫. સ્ત્રી. ઘોરણ; વર્ગ.

૬. સ્ત્રી. પાયો.

૭ સ્ત્રી. પ્રકરણ; અધ્યાય; અંશ; ખંડ; ગ્રથનો ભાગ.

૮. સ્ત્રી. મજબૂત.

૯. સ્ત્રી. બેઠક; આસન; સ્થાન.

૧૦. સ્ત્રી. ભૂમિકા; પ્રસ્તાવ; પ્રસ્તાવના.

૧૧. સ્ત્રી. માંચડો.

૧૨. સ્ત્રી માચી.

૧૩. સ્ત્રી. કમ; ભજનભાવ.

૧૪. સ્ત્રી. વર્ણન; ઇતિહાસ; હકીકત.

પીઠિયા ૧. સ્ત્રી. આયરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. જિ. એ નામની અટકનું.

ઠિયાળું જિ. પીઠીનો લેપ કર્યો હોય તેનું.

પીઠિયું ન. મણના ચોટલું શાક. આ શબ્દ ઓખા તરફ વપરાય છે.

પીઠી ૧. [સં. પિષ્ટ; પ્રા. પિટ્ઠ] સ્ત્રી. અંગરાગનો એક પ્રકાર; લગ્નપ્રસંગે વરકન્યાને શરીરે ચોળવાનો પીળો સુગંધી પદાર્થ; ચણા કે મગનો લોટ, હળદર અને સુગંધી વસાણાનું ચૂર્ણ. તે કઠોળને પલાળી હોદરાં ઉતારી, દળી, ભૂકો કરી તૈયાર કરવામાં આવે છે. તે ચોળવાથી ચામડી સતેજ પીળી કે મોર દેખાય છે.

૧. પીઠી ચડવી = ચોરેલ પીઠીનો રંગ શરીરને

૨. પીઠી ચોળવી = પીઠીનું શરીર ઉપર મર્દન કરવું.

૨ સ્ત્રી. કચોરી, વડાં વગેરે માટે પીસેલી દાળ.

૩. સ્ત્રી. ગોઠડીની રમતમાં એ નામનો એક દાવ. તેમા કોણી ઉપર મોઢું મૂકી નેને ઉલાળી દેવા વડે કટકો મારવામાં આવે છે. તેને પીઠી, લાંબો અથવા કોણી પણ કહે છે.

પીઠીલખું જિ. પીઠી ભરેલું; પીઠીવાળું.

પીઠું ૧. [સં. પિષ્ટ; પ્રા. પિટ્ઠ] ન. અડદ, ચણા કે ચોળાના લોટનું બીડું.

૨. ન. અડદની વાટેલી દાળનું બીડું.

૩. ન. કલાલની દુકાન; તાડીની દુકાન.

૪. ન. ચોળ બાંધવાની ચોરટી.

પીઠું ઉખેડવું = ચોળની કડાને ઊની કરી તેમાં એરંડિયું, મીઠું તેલ, સાજુ, આકરનું દૂધ નાખી લીલા આગળા વડે ઘસી સાફ કરવી તે.

૫. ન. ચોળ રાંધતા પહેલાં લોટાની કઢામાં ગળ, ખારો, એરંડિયું તેલ વગેરે ઓટી તળિયું સાફ બનાવવાની ક્રિયા.

૬. ન. ચણાના લોટના પાતળા બીરાને વઘારી, મસાલો નાખી બનાવેલી રાબડી; પીઠલું.

૭. ન. પલાળેલો અડદનો લોટ.

૮. ન. પાપડ વણવા માટે મગ કે અડદના લોટમાં મસાલો નાખી બાંધી તૈયાર કરેલો પિંડો.

૯. ન. પીઠ

૧૦. [સં. પીઠ] ન. બજાર; હાટ; દુકાન. ખાસ કરીને લાકડાની અને ઘરની દુકાન માટે વપરાય છે.

> જ્યારે જ્યારે કુલ સાહેબ મુંબાઈ જાય ત્યારે ત્યારે લાયબ્રેરિયનોને ત્યાં પુસ્તકો જોવા અવશ્ય જાય અને કલાક દોઢ કલાક નવાં નવાં પુસ્તકો જોવામાં ગાળે અને સારી સંખ્યામાં ખરીદ પણ કરે. નરસિંહરાવ લાયબ્રેરિયનોની દુકાનને વિનોદમાં જ્ઞાનદરબારનું પીઠું કહેતા.
>
> રસિકલાલ ત્રિવેદી

પીઠ અ. મક્કમ; બેઠું.

પીઠ કરવું = મક્કમ બેસવું.

પીઠેશ્વર [સં.] પું. ભાલણ માંહેના એક દેવતા.

પીઠોપીઠી પું. ઘુતાઘુતી વખતે કરાતું બીભત્સ પૂતળું.

પીઠોતા પું ચોપડીનું પાનું.

પીઠૌષ પું. ભાવન માંહેનો એક જ્વરારિમ દેવતા.

પીડ (પીડ) ૧. [સં.] સ. ક્રિ. ચોળાવવું.

૨. સ. ક્રિ. અનાજ વગેરે ખાંડવું; પીસવું.

૩. સ ક્રિ. આચ્છાદિત કરવું.

૪. સ. ક્રિ. ઉશ્કેરવું.

૫. સ ક્રિ. ગ્રહણ કરવું; ગળી જવું.

૬. સ. ક્રિ. ઘેરો ઘાલવો.

૭ સ ક્રિ. ઇન્કાર ન કરવો; જવું કરવું.

૮. સ. ક્રિ. નાશ કરવો.

૯. સ. ક્રિ. (ધાતુ) પીડવું; પીડા કરવી; ઇજા કરવી; દુઃખ દેવું. તે ઉપરથી બનેલ શબ્દોઃ પીડા, પીડન, પીડિત, પીડક, પીડનાર.

૧૦. સ. ક્રિ. ભંગ કરવો.

૧૧. સ. ક્રિ. મસળવું; ચોળવું; મર્દન કરવું; દાબવું.

૧૨. સ. ક્રિ. સામનો કરવો.

૧૩. સ. ક્રિ. હરાવવું.

પીડ (પીડ) ૧. [સં. પીડા] સ્ત્રી. આપદા; મુસીબતી; સંકટ.

૨. સ્ત્રી. ઉપદ્રવી માણસ.

૩. સ્ત્રી. કાવાદાવ.

૪. સ્ત્રી. ગૂંથેલો કબૂતર બાંધેલો ચોટલો.

૫. સ્ત્રી. ઘડો ટીપતી વખતે અંદર રાખવાનું એક જાતનું સાધન.

૬. સ્ત્રી. ચૂંક; આંકડી; આંતરડાનું દરદ.

પીડ આવવી = ચૂંક આવવી.

૭. સ્ત્રી. દાંતે મૂકવાના રમની ચૂગદી.

૮. સ્ત્રી. પીડા; દુઃખ; વેદના; વ્યથા; ઉપદ્રવ.

૯. સ્ત્રી. પેડા; ગપ; પળોજણ; લાંકુ.

૧૦. સ્ત્રી. પ્રસવવેદના; વેણ; સુવાવડ વખતની વેદના.

૧૧. સ્ત્રી. માથાના વાળ ઉપર બાંધવાનું એક આભૂષણ.

૧૨. સ્ત્રી. રોગ; માંદગી.

૧૩. સ્ત્રી. સહાનુભૂતિ.

> બાપા જેવ વિધુર વ્યથા પીડા આવતી જાણિ;
> પતિ વરસતાં પીડ તે અવ વહી દુઃખ દેનો.
>
> પિંગળશમુકોષ

પીડક (પીડક) ૧. [સં. પીડ્ (પીડવું)] જિ. પીડા કરનારું; પીડનારું; દુઃખદાયી; યંત્રણાદાતા.

૨. જિ. સતાવનારું; અત્યાચારી.

પીડકપક્ષી (પીડકપક્ષી) ન. અમેરિકનું એક જાતનું પક્ષી. તે મક્ષિકામાહકની જાતનું છે. મુખ્ય ફેર એટલો છે કે, આ પક્ષી આખી ઉપરાંત દરેક જાતનાં જીવડાં ખાય છે. આ પક્ષો લડાયક લુરસાવાળું હોય છે. તેઓ એકઠાં થઈ દુશ્મનને હરાવે છે. આ પક્ષીની ઘણી જાત થાય છે. મક્ષિકામાહકના કરતાં આ પક્ષોનો અવાજ જુદો હોય છે. રાજપક્ષી અને પિપીલિકા પક્ષો આ પક્ષોની જાત છે.

પીડતલ (પીડતલ) જિ. પીડા કરનાર.

પીડન (પીડન) ૧. [કિ.] પું આક્રમણ દ્વારા કોઈ દેશને બરબાદ કરવો તે.

૨ પું તિરોભાવ; લોપ.

૩. [સં. પીડ્ (પીડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. જુલમ કરવો તે; સતાવવું તે; સતાવણી.
૪. ન. દાબ; દબાણ; દાબવું તે; પકડવું તે; ચાંપવું તે.
૫. ન. ધાન્ય વગેરે ખાંડવું તે.
૬. ન. નાશ; ઉચ્છેદ
૭. ન. પકડવું તે; ઝાલવું તે.
૮. ન. પગ દાઢના માટે હોલ્લાને દબાવવો તે.
૯. ન. પીડવું તે; દુઃખ દેવું તે.
૧૦. ન. પીડા.
૧૧. ન. મર્દન કરવું તે; ચોળવું તે.
૧૨. ન. સૂર્ય, ચંદ્ર વગેરેનું ગ્રહણ.

પીડનીય (પીડનીય) ૧. [સં.] વું. આર માહેનો એક પ્રકારનો વાયુ.
૨. વું. મંત્રી અને સેના વગરનો રાજા.
૩. વિ. દાબવા જેવું.
૪. વિ. દુઃખ આપવા જેવું.

પીડપ્રસૂતા (પીડપ્રસૂતા) સ્ત્રી. પ્રસૂતિની પીડા.

પીડવન (પીડવન) સ્ત્રી. પીજણી.

પીડવું (પીડવું) ૧. [સં. પીડ્] સ. ક્રિ. કષ્ટ દેવું; પીડા કરવી; દુઃખ દેવું; ત્રિતાડવું; રિબાવવું.
૨. સ ક્રિ. ચાંપવું; દાબવું.
૩. સ. ક્રિ. મરડવું.
૪. સ. ક્રિ. લેવું; પકડવું; ઝાલવું.

પીડહા (પીડહા) વું. બાલેહ.

પીડહી (પીડહી) ૧. સ્ત્રી. નાનું રૂદ્ધા; નાનો બાલેહ.
૨. સ્ત્રી. પેટી; વંશ.

પીડા (પીડા) ૧. [સં. પીડ્ (પીડવું) + આ (તારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આપદા; કલેશ; વ્યથા; દુઃખ.
૨. સ્ત્રી. ઉપદ્રવી માણસ.
૩. સ્ત્રી. ઉપાધિ; બાધિ; પીડા; દુઃખ; વેદના; દર્દ. શારીરિક અથવા માનસિક દુઃખનો અનુભવ.
૧. પીડા કરવી = દુઃખ દેવું.
૨. પીડા પતવી = ભલા દૂર થવી.
૪. સ્ત્રી. એક પ્રકારની રમત. તેમાં આઠ દસ છોકરા વર્તુલાકારમાં મોકળુ વાળીને પાસે પાસે બેસે અને એક છોકરો વચમાં ઊભો રહે. રમત શરૂ કરતાં વચલો છોકરો બેઠેલા કોઈ પણ છોકરાની ઉપર પડવા પ્રયત્ન કરે અને બેઠેલા છોકરાઓ, આ પીડા મારે ન જોઈએ, કહીને તેને પોતાના ઉપર પડવા ન દેતાં બીજાના તરફ ધકેલે વચલો છોકરો ટટ્ટાર રહીને બેઠેલા છોકરાઓ તેને પોતાની ઉપર પડવા ન દે તો તે ગોળ ગોળ ફર્યા જ કરે. જો તે બાકી બધા તો તેને બેસાડી તેની જગ્યા લઈને દે. આ રમત બીજી રીતે નીચે પ્રમાણે રમાય છે: બધા રમનારા એક વર્તુલમાં ઊભા રહે. બધા રમનારાથી સહેલાઈથી ઊંચકી શકાય એવી એક વાંસની કાઠી ટોળીના નાયકે હાથમાં લઈ બધાની જોડે વર્તુલમાં ઊભા રહેવું. શિક્ષક સિસોટી વગાડીને વર્તુલના મધ્ય ભાગે ઊભો રહે. સિસોટી વાગે કે તરત જ જેના હાથમાં કાઠી હોય તે પોતાના નજીકના ઊભેલા છોકરાને કાઠી હાથે એકદમ આપી દે અને પોતે છૂટો થાય. જે છોકરાને કાઠી આપવાવાળો આપે તેણે તે તરત જ લઈ લેવી અને તરત જ પોતાના પછીના છોકરાને આપી દેવી. કરેક છોકરાએ, આ પીડા અમારે ન જોઈએ, એમ કહી તેનાથી જલદી છૂટવું જોઈએ. આ પ્રમાણેની ક્રિયા ચાલતી હોય તે દરમિયાન શિક્ષક સિસોટી વગાડે તે વખતે જેના હાથમાં તે કાઠી હોય તે છોકરો બાદ થઈ જાય. આ રીતે દર વખતે એક એક છોકરો બાદ થઈ જતાં છોકરાઓ વચ્ચેનું અંતર વધતું જાય અને દોડી દોડીને કાઠી બીજાને આપવી પડે. છોકરાઓ બાદ થઈ જતાં છેક છેલ્લા જે છોકરાના હાથમાં કાઠી ન હોય તે ટહલો કહેવાય.
૫. સ્ત્રી. એક સુગંધી ઔષધિ; ધૂપસરલ.
૬. સ્ત્રી. ગ્રાણેન્દ્રિય; નિકા.
૭. સ્ત્રી. કૃપા; મહેરબાની.
૮. સ્ત્રી. ભય, ભૂત વગેરેથી થતું દુઃખ.
૯. સ્ત્રી. ગ્રહણ.
૧૦. સ્ત્રી. દોપતી.
૧૧ સ્ત્રી. દયા; અનુકંપા.
૧૨. સ્ત્રી. દુઃખ દેતું પ્રાણી, વસ્તુ અથવા કર્મ.
૧૩. સ્ત્રી. નક્ષત્ર.
૧૪ સ્ત્રી. નાશ.
૧૫. સ્ત્રી. પંચાત; માથાકૂટ.
૧૬ સ્ત્રી. પીડાનું કારણ; નિમિત્ત.
૧૭. સ્ત્રી. પ્રસૂતિ વખતનો ઓરને પેટનો દુખાવો.
૧૮. સ્ત્રી. માંદગી; રોગ.
૧૯. સ્ત્રી. શિરમાળા; માથાનો ઝાંજરો.
૨૦ સ્ત્રી. સરલ; દેવદારનું વૃક્ષ.
૨૧. સ્ત્રી. સહાનુભૂતિ.

પીડાકર (પીડાકર) ૧. [સં.] વિ. પીડા કરનાર; દુઃખ આપનાર.
૨. વિ. હાનિકારક; ઈજા કરનાર.

પીડાકરણ (પીડાકરણ) [સં.] ન. પીડવું તે; દુઃખ દેવું તે

પીડાકારક (પીડાકારક) [સં] વિ. પીડા કરનાર; દુઃખ ઉપજાવનાર; દુઃખકારક; અહિત કરનાર.

પીડાકારી (પીડાકારી) જુઓ પીડાકારક.

પીડાકાળ (પીડાકાળ) વું. દુઃખનો વખત.

પીડાજાજ (પીડાજાજ) ૧. [સં. પીડાજાજ્] વિ. દુઃખી; પીડિત.
૨. વિ. બસળાતું; ચોળાતું; ખંડાતું.

પીડારીકું (પીડારીકું) વિ. પીડા સહન કરી રીકું થયેલું.

પીડારો (પીડારો) વિ. વું. દુઃખવાળો; દુખિયો.

પીડાવવું (પીડાવવું) ૧. સ. ક્રિ. પીડવાનું કહેવું; ત્રિતાડવાનું જણાવવું.
૨. સ. ક્રિ. પીડાય તેમ કરવું; કષ્ટ દેવડાવવું.

પીડાવાહી (પીડાવહી) [સં. પીડાવહિન્] વિ. દુઃખ સહન કરતું હોય એવું.

પીડાવું (પીડાવું) ૧. અ. ક્રિ. પીડા પામવી; રિબાવું; દુઃખી થવું; દુઃખ પામવું
૨. અ. ક્રિ. પીડા થાય એમ થવું.

પીડાશામક (પીડાશામક) વિ પીડા શાંત કરનારું; દરદ મટાડે એવું.

પીડાસ્થાન (પીડાસ્થાન) [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં અશુભ ગ્રહોનું સ્થાન; કુંડલીમાં બારમા, છઠ્ઠા, દશમા અને અગિયારમા સિવાયનું કોઈ સ્થાન.

પીડાહરણી (પીડાહરણી) વિ. સ્ત્રી. પીડા હરનારી.

પીડિકા [સં.] સ્ત્રી. કપાળનો રોગ.

પીડિત (પીડિત) ૧. [સં.] વું. તંત્રસારોક્ત એક મંત્ર.
૨. વું. બીનું વમન નિમોળતાં નીકળતો પવન; અગ્નિતત્ત્વવાયુ.
૩. વું. ઓળખના જ્ઞાનનો છેદ; કર્ણભેદ.
૪ ન. પીડા; દુઃખ.
૫ વિ. ખાંડેલ; ચોળેલ; મસળેલ.
૬ વિ. ગ્રહણ થયેલ.
૭. વિ. દબાયેલું; કચરાયેલું.
૮. ■. નષ્ટ.
૯. વિ. નિચોવેલું; શેરડીની પેઠે યંત્રમાં પીસેલું.
૧૦ [સં પીડ્ (પીડવું) + ક્ત (એલું)] વિ. પીડાયેલું. દુઃખી; દુઃખ પામેલું; પકડાયેલું.
૧૧. વિ. બંધાયેલું.
૧૨. વિ. રોગી; બીમાર.
૧૩ વિ. વિવાહ કરવામાં અટકેલ.
૧૪ વિ. હેરાન
૧૫ ન દદ; ચાઠ.

પીડિતક (પીડિતક) ન. એક પ્રકારનું આલિંગન.

પીડિતચુંબન (પીડિતચુમ્બન) [સં.] ન. જોના હાથ દબાવી તેના અધરને ચુમ્બન કરવું તે.

પીડિતાર્તવ (પીડિતાર્તવ) [સં.] પું. જોને ઋતુ આવતાં બહુ પીડા થયી તે; દરદ સાથે દસ્તાન જવું તે.

પીડિતાશ્રમ (પીડિતાશ્રમ) [સં.] પું. પીડિતોને આશ્રય આપવા માટેનુ સ્થાન.

પીડી (પીડી) ૧. [સં. પીડિત (પીડાયેલું)] સ્ત્રી. (જૂ. ગુ.) જોટલો.

પારધિ પકડિ પીડી ચડાઇ,
એ તુ માટ પડ્યા સોનારદિ પૂરિત.

લાવણ્યસમય

૨. સ્ત્રી. નજર લાગવાથી ન પીડાય તેટલા માટે માણસના માથા ઉપરથી ફેરવીને નાખી દેવામાં આવતી રાખની મૂઠિયા જેવી જોળી. ધૂંધીપીડી શબ્દમાં આ શબ્દ વપરાય છે.

૩. સ્ત્રી. (કચ્છી) સસ્તા અનાજની દુકાન.

પીડું (પીડું) ન. યોનિઓષ્ઠ.

પીડોળું ન. પોળા ફૂલવાળો એક પ્રકારનો વેલો.

પીઢ ૧. પું. જેના વડે ખોરાકનો ભૂકો કરવામાં આવે છે તે દાંત; દાઢનો દાંત.

૨. [સં. પીઠિકા; પ્રા. પીઢિઆ] સ્ત્રી. જેના ઉપર બેઠાના પાટિયાં જડવામાં આવે છે તે લાકું લાકડું; વળી.

૩. સ્ત્રી. દાંતે મૂકવાની રૂની લૂગડી; પોથી

૪. સ્ત્રી. (જૂ. ગુ.) પીઠ.

૫ વિ. અનુભવથી પકાવેલ; અનુભવી.

૬. વિ. ઠરેલ; ઠરેલ બુદ્ધિવાળું.

૭. [સં. પ્રૌઢ] વિ. પ્રૌઢ વયનું; પાકટ; મોટી ઉમરનું.

૮. વિ. મજબૂત

૯. વિ. મદ્દેલ; વિચારશીલ.

૧૦ વિ. માનનીય; સભ્ય; શિષ્ટ; મોભાદાર.

૧૧. વિ. મુખ્ય; આગેવાન.

પીઢડી (પીઢડો) સ્ત્રી. પાપડીના આધાર માટે નખાતો લાકડાનો ચોરસ લાંબો કટકો.

પીઢડો (પીઢડો) પું. પીઢડીઓને આધાર આપવા માટે નખાતો લાકડાનો કે લોઢાનો કટકો; પીઢડીઓને આધાર આપવા ચોરસને લાગે માળે નખાતુ જાડું લાકડું કે ભાલ.

પીઢર સ્ત્રી. પીઢર; માટીનું ઝીણું.

પીઢલિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનુ મનુષ્ય.

૩ વિ. એ નામની અટકનુ.

પીઢવું અ. ક્રિ. પાકો અનુભવ થવો; પાકી ઉમરના હોવુ.

પીઢા પું. બાજોઠ; ચોકી બાજારનું એક આસન. તે દોઢ બે હાથ લાંબો, એકાદ હાથ પહોળો અને આર બ આગળ ઊંચો હોય છે.

પીઢાઈ સ્ત્રી. પાકટપણું; પીઢ હોવાપણું.

પીઢાબંધ સ્ત્રી. ચોપડીની પ્રસ્તાવના.

પીઢાવું જુઓ પીઢવું.

પીઢિયું ૧. ન. દાઢનો દાંત.

૨. ન. પીઢ; પાટડો; આડો ભારોટિયો.

૩. વ. ચેદુ; અવાળુ

પીઢી ૧. સ્ત્રી. કોઈ માણસ અથવા પ્રાણીની સંતતિનો સમૂહ.

૨. [સં. પીઠિકા] સ્ત્રી. નાનું મેજ.

૩. સ્ત્રી. વંશ; ચેઢી.

૪. સ્ત્રી. વંશપરંપરામાં કોઈ માણસનું ક્રમ પ્રમાણે સ્થાન. ચેઢીનો હિસાબ ઉપર તેમ જ નીચે બંને તરફ ગણાય છે.

પીઢી ન પીઢી-પીઢી દર પીઢી = વંશપરંપરા

પીણ સ્ત્રી. અભિલાષ; ઇચ્છા; ખુશી; આકાંક્ષા; તમન્ના; ગમતા.

પીણી ૧. સ્ત્રી. પી પીવાની ક્રિયા.

૨. સ્ત્રી. રબારી લોકોનું એક જાતનું જમણ. માતાની સ્થાપના કરતાં બૂરો ધૂણે અને તે પછીના દિવસે રબારી લોકો ગોળ્યા ઘીનું જમણ જમે છે તેને પીણી કહે છે.

પીણુ૭ સ્ત્રી. પણછ; તીરની દોરી

પીણું ૧. ન. (સિંધી) દળણું

૨. ન. દોરી સળેટી બનાવેલો ગોળો.

૩. [સં. પાન; પ્રા. પિઅણ] ન. પીવાની વસ્તુ; પેય.

પીત ૧. પું. પદ્મકાષ્ઠ; પીળું ચંદન.

૨. પું પીળો કાટાસણિયો.

૩. [સં.] પું. પીળો મણિ; પોખરાજ.

૪. પું. પીળો રંગ.

૫. પું. પીળો વાળો; પીળી ભસ.

૬. સ્ત્રી. (જૈન) છ માહેની એક લેશ્યા; તેજુ લેસ્યા.

૭. ન. અંકોલનું ઝાડ.

૮. ન. એક જાતની સોમ લતા.

૯. ન કુસુમ

૧૦. ન. કેતકીનાં પાંદડાંના ઊભા તતુનું બનાવેલ સાપડ.

૧૧. [હિં.] ન. ધૂપસરલ.

૧૨. ન. નફેરના પગથી થતો મોલ.

પીત કરવુ = લીલુ વાવવુ.

૧૩. ન. નદી વૃક્ષ.

૧૪. ન. નેતર.

૧૫. ન. પાણી પાઈને ઉછેરેલો મોલ.

૧૬. ન. પિત્ત; શરીરમાં ઉત્પન્ન થતો પીળો, કડવો ને તીખો રસ.

૧૭. ન. પીવું તે; પાન કરવુ તે.

૧૮. ન. પ્રેમ; પ્રીતિ

૧૯. ન. વાડીની જમીન.

૨૦. ન. સિલોરા વૃક્ષ.

૨૧. ન. સોનું.

૨૨. ન. હરતાલ.

૨૩. ન. હરિચંદન.

૨૪. વિ. પીધેલ; પાન કરેલ.

૨૫. વિ. પીનાર; પાન કરનાર.

૨૬. વિ. પંડુ; પીળા રંગનું.

૨૭. વિ. ભોળવું.

૨૮. વિ. ભૂરા રંગનું; કપિલવર્ણું.

પીતઅંબર ૧ [સં. પીત (પીળું) + અંબર (વસ્ત્ર)] ન. પીતાંબર; પીળું કે કોઈ પણ રંગનું રેશમી અજોટિયું.

૨. વિ. પીળા વસ્ત્રવાળું.

પીતક ૧. [સં.] પું. એક જાતના મોખા.

૨. પું. તે નામનો એક અસુર.

૩. પું. નદી વૃક્ષ.

૪. પું. પીત રાગ.

૫ પું સ્યોનાક વૃક્ષ.

૬. પું. હરિદ્રુ વૃક્ષ.

૭. ન. અમર.

૮. ન. અવ્યક્ત રાગિનો સંતાભેદ.

૯. ન. કસુંબો.

૧૦. ન. કેસર.

૧૧. ન. આજર.

૧૨. ન. પતંગ.

૧૩. ન. પદ્મકાષ્ઠ.

૧૪. ન. પદ્માખ; પીળું ચંદન.

૧૫ ન. પિત્તળ.

૧૬ ન. પીતશ્રેરક.

૧૭. ન પીળો રસ

૧૮. ન. મધ.

૧૯. ન. માક્ષિક.

૨૦. ન. રામબાવળ.

૨૧. ન. સોનામુખી.

૨૨. ન. હરતાલ.

૨૩ વિ. પાન કરેલ; પીધેલ.

૨૪. વિ. પીળાયકું; પીળું; પીળા રંગનું.

૨૫ વિ. પીળા રંગે રંગેલું.

૨૬. વિ. હરતાલથી રંગેલું.

પીતકલી [સં.] સ્ત્રી. સોનેરી કેળ; પીળી કેળ.
પીતકુંભ ૧. [સં.] ન. ધાતુકળશ.
૨. ન. સરલ; દેવદારનું ઝાડ.
૩. ન. હરિદ્રુ વૃક્ષ.
પીતકરવીર ન. પીળો કણેર.
પીતકરવીરક [સં.] પું. પીળા કણેર; પીળા ફૂલની કણેર.
પીતકલરવી ન. એક જાતનું અમેરિકન પક્ષી.
પીતકંદ [સં.] ન. ગાજર.
પીતકા ૧. [સં] સ્ત્રી કટસરૈયા; કાંટાસળિયો.
૨. સ્ત્રી. મીઠાં તૂરિયાંનો વેલો.
૩. સ્ત્રી. હળદર.
પીતકાય [સં. પીત (પીળું) + કાય (શરીર)] પું. પાંડુરોગ, તેમાં કોઢની ઊલ્બણને લીધે શરીર પીળું દેખાય છે.
પીતકાયતા [સં.] સ્ત્રી. પાંડુનું કરક; પિત્ત ન.
પીતકારું જ વિ. પીળું પડી જવું; ફીકું પડી જવું.
પીતકાવેર ૧. [સં.] ન. કેસર.
૨. ન. પિત્તળ
પીતકાશ [સં.] ન. પીળું ચંદન; પીળું અગર.
પીતકોલા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; આમંડી લતા; આમવત વલ્લી.
પીતકૌલિકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; સોનામુખીનું ઝાડ.
પીતકુરવક [સં.] પું. પીળો કાંટાસળિયો.
પીતકુરુબક [સં.] પું પીળો કાંટાસળિયો; એક ફૂલઝાડ.
પીતકુષ્ઠ [સં.] પું. પીળા રંગના કોઢનો રોગ.
પીતકૃષ્ણાક્ષ [સં.] ન. પતકાળું; સાકરકોળું.
પીતકુસુમ [સં.] પું. પીળો કાંટાસળિયો.
પીતકૃજિકા ન. એક જાતનું અમેરિકન પક્ષી; પીતકલરવી
પીતકેદાર [સં.] પું. એક પ્રકારનું ધાન્ય.
પીતકોડી સ્ત્રી. ચકલીથી નાનું ને કાળું એક જાતનું પક્ષી
પીતક્ષોરા સ્ત્રી એક પ્રકારની વેલ
પીતખંજન ન. એક જાતનું પક્ષી.
પીતગંધ ૧. [સં.] ન પીળા ચંદનનું ઝાડ.
૨. ન પીળું ચંદન; હરિચંદન.
પીતગંધક [સં.] પું. ગંધક.
પીતગોપા [સં.] સ્ત્રી. પીળાં ફૂલવાળી ગોપાતરી વનસ્પતિ.
પીતચમેલી સ્ત્રી. કનક લતા.
પીતચંદન ૧. [સં.] ન. કેસર.
૨. ન. દારુહળદર.
૩. ન પીળું ચંદન; હરિચંદન. વૈદકમાં તેને શીતલ અને તિક્ત માનેલ છે. તે કોઢ, શ્લેષ્મ, કૃમિ તથા દાહ મટાડનાર તથા રક્તપિત્ત, ખરજ, તૃષા, દાહ અને જ્વરનો નાશ કરનાર કહેવામ છે.
૪. ન. હળદર.
પીતચંપક ૧. [સં.] પું. દીવો.
૨. પું. પીળો ચંપો.
પીતચોપ [સં.] પું. પલાશનું ફૂલ.
પીતજાતિ [સં.] સ્ત્રી. પીળી જાઈ; પીળા જૂઈ.
પીતજીરક [સં.] ન. જીરું.
પીતજ્વર [સં.] પું. પીળો તાવ; 'યેલો ફીવર.' આ તાવ સાથે ઝાળી ઊલટી થાય છે.
પીતતંડુલ ૧. [સં.] પું. એક જાતનું ધાન્ય; કાંગ
૨. પું. સાલ વૃક્ષ.
પીતતંડુલા [સં.] સ્ત્રી. હરિદ્રા વૃક્ષ.
પીતતંડુલિકા [સં.] સ્ત્રી. સાલ વૃક્ષ.
પીતતા [સં] સ્ત્રી. પીળાપણું; પીળાશ.
પીતતુંડ [સં.] ન. જલક પક્ષી
પીતતુંડી [સં.] સ્ત્રી. જલક પક્ષિણી.
પીતતૈલ [સં.] વિ. તેલ પીનાર.
પીતતૈલા [સં.] સ્ત્રી. ગાલાકાંસ્યીનો વેલો; મહાજ્યોતિષ્મતીનો વેલો.
પીતત્વ [સં.] ન પીળાપણું; જર્દી.
પીતદંતતા [સં.] સ્ત્રી. પિત્તથી થતો દાંતનો એક રોગ, તેમાં દાંત પીળા પડી જાય છે.
પીતદારુ ૧. પું. દારિયાનું.
૨. પું. અમલતાસ.
૩. પું. દારુહળદર.
૪. પું. હળદર
૫. [સં] ન. દેવદાર; સરલ વૃક્ષ.
૬. ન. પીળું લાકડું
૭. ન. હરિદ્રુ વૃક્ષ.
પીતદીપ્યા [સં] સ્ત્રી (ભૌદ) એ નામની એક દેવતા.
પીતદુગ્ધા ૧ [સં.] સ્ત્રી. ઊંટકટારો.
૨ સ્ત્રી. એક જાતનો ચોર.
પીતદોષા [સં.] સ્ત્રી. પીળાં ફૂલવાળી ગોપાતરી વનસ્પતિ.
પીતધમેલી સ્ત્રી. કનક લતા.
પીતચંદન ૧. [સં.] ન. કેસર.
૨. ન. દારુહળદર.
૩. ન પીળું ચંદન; હરિચંદન. વૈદકમાં તેને શીતલ અને તિક્ત માનેલ છે. તે કોઢ, શ્લેષ્મ, કૃમિ તથા દાહ મટાડનાર તથા રક્તપિત્ત, ખરજ, તૃષા, દાહ અને જ્વરનો નાશ કરનાર કહેવામ છે.
૪. ન. હળદર.
પીતચંપક ૧. [સં.] પું. દીવો.
૨. પું. પીળો ચંપો.
પીતચોપ [સં.] પું. પલાશનું ફૂલ.
પીતજાતિ [સં.] સ્ત્રી. પીળી જાઈ; પીળા જૂઈ.
પીતજીરક [સં.] ન. જીરું.
પીતજ્વર [સં.] પું. પીળો તાવ; 'યેલો ફીવર.' આ તાવ સાથે ઝાળી ઊલટી થાય છે.
પીતતંડુલ ૧. [સં.] પું. એક જાતનું ધાન્ય; કાંગ
૨. પું. સાલ વૃક્ષ.
પીતતંડુલા [સં.] સ્ત્રી. હરિદ્રા વૃક્ષ.
પીતતંડુલિકા [સં.] સ્ત્રી. સાલ વૃક્ષ.
પીતતા [સં] સ્ત્રી. પીળાપણું; પીળાશ.
પીતતુંડ [સં.] ન. જલક પક્ષી
પીતતુંડી [સં.] સ્ત્રી. જલક પક્ષિણી.
પીતતૈલ [સં.] વિ. તેલ પીનાર.
પીતતૈલા [સં.] સ્ત્રી. ગાલાકાંસ્યીનો વેલો; મહાજ્યોતિષ્મતીનો વેલો.
પીતત્વ [સં.] ન પીળાપણું; જર્દી.
પીતદંતતા [સં.] સ્ત્રી. પિત્તથી થતો દાંતનો એક રોગ, તેમાં દાંત પીળા પડી જાય છે.
પીતદારુ ૧. પું. દારિયાનું.
૨. પું. અમલતાસ.
૩. પું. દારુહળદર.
૪. પું. હળદર
૫. [સં] ન. દેવદાર; સરલ વૃક્ષ.
૬. ન. પીળું લાકડું
૭. ન. હરિદ્રુ વૃક્ષ.
પીતદીપ્યા [સં] સ્ત્રી (ભૌદ) એ નામની એક દેવતા.
પીતદુગ્ધા ૧ [સં.] સ્ત્રી. ઊંટકટારો.
૨ સ્ત્રી. એક જાતનો ચોર.
૩. સ્ત્રી. જેના દુધને લેવાદાર પોતાના બાજ બરાબર પીતો હોય તેવી દેવાદારની બાજ.
૪. સ્ત્રી. દાડી.
૫. સ્ત્રી દુધાળ ગાય.
પીતદૃષ્ટિ [સં.] પું. કમળો.
પીતદ્રુ ૧. [સં.] પું. એક જાતનો દેવદાર; સરલ વૃક્ષ; ધૂપસરલ. તેને વળવાળી અને અંદર અંદર ચૂણાવાળી ડાળીઓ તેમજ બધાં બાજીદાર પાંદડાં હોય છે. તેને બાવતાં મોટાં ફળ બાઝે છાલ છે.
૨. પું. દારુહળદર.
પીતદ્રુમ જુઓ પીતદ્રુ.
પીતધાતુ [સં.] ન. ગોપીચંદન; ગમરજ.
પીતન ૧. [સં.] પું બાજરો.
૨. પું. જંગલી આંબો; આમ્રાતક વૃક્ષ.
૩. ન. કેસર. તે કેદકોનાં ફૂલ જેવું પીળું બાય છે.
૪. ન. દેવદાર; સરલ વૃક્ષ.
૫. ન. ભીંડીનો છોડ.
૬. ન. વડનું ઝાડ.
૭. ન. કરતાલ.
પીતનક જુઓ પીતન.
પીતનાશતા [સં.] સ્ત્રી. પિત્ત રોગ.
પીતનિભ પું એક જાતનો જનાવરી રંગ. તે રેશમ અને ઊન રંગવાના કામમાં આવે છે.
પીતની [સં.] સ્ત્રી. શાલપર્ણી નામની વનસ્પતિ.
પીતનીલ ૧. [સં.] પું. પીળો અને ... રંગ; પીળા અને લીલા રંગની ભેગવણી... બનેલો રંગ.
૨. વિ. પીળા અને ભૂરા રંગવાળું; હરિત રંગનું; લીલા પીળા મિશ્રિત રંગવાળું
પીતપદ્મ [સં.] ન. પીળું કમળ.
પીતપયરી સ્ત્રી. એ નામે એક રોગ; પિત્તાસ્મરી; પિત્તની પથરી.
પીતપરાગ [સં.] પું. કમળની રજ; પદ્મકેસર; કમળનું કેસર.
પીતપર્ણી [સં] સ્ત્રી. પીળાં ફૂલવાળી એક જાતની ઔષધિ.
પીતપાલુકેશા સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે મોટા પાણીમાં મળી આવે છે, તોપણ ખાસ કરીને સમુદ્રમાં અતિશય હોય છે.
પીતપાપ્પિ ૧. [સં.] પું. પીળો હાથ
૨ વિ રોગને લીધે પીળા હાથવા...

પીતપાદ ૧. [સં. પીત (પીળું) + પાદ (પગ)] કું. પીળો પગ.
૨. ન. પીળા પગવાળું એક જાતનું પ્રાણી.

પીતપાદપ ૧. [સં. પીત (પીળું) + પાદપ (ઝાડ)] કું પીળા લોબરનું ઝાડ.
૨. કું. સ્પોનિયા વૃક્ષ.

પીતપાદા ૧. [સં.] સ્ત્રી. મેના પક્ષી.
૨. વિ સ્ત્રી. પીળા પગવાળી.

પીતપાપડો (પીતપાપડો) ૧. કું. એક જાતનું ઝરિયાળું.
૨. [સં. પર્પટ] કું. બાકસસિનોઃ બે બાજુ ઢોચો ઊંચો હતો એક છોડ. તે રેતાળ જમીનમાં આપોઆપ ઊગી નીકળે છે. એ સુકાય છે ત્યારે તેનો રંગ કાળો થઈ જાય છે. એનાં મૂળ બાવળ નારંગી રંગનાં હોય છે અને સુતરાઉ લૂગડાંને સારો પાકો રંગ આપવામાં વપરાય છે. એમાંથી બનાવટી અને ભૂરો નારંગી રંગ થાય છે. તેનું પંચાંગ ઔષધ, જવરઘ્ન, સ્વેદઘ્ન અને મૂત્રલ હોઈ કૃમિજ્વર, પાંડુ, ઉપદંશ, મંદાગ્નિ, ત્વચા રોગ અને પિત્તવિકાર ઉપર ઉકાળાના રૂપમાં અપાય છે. કૃમિજ્વરમાં આનો કવાથ બહુ જ ઉપયોગી છે. લોહી બગડવાથી ફોલ્લ, ખૂજલી, ગૂમડાં, કોઢમાળ, ગળ, બળાઈ થાય તે માટે સુદ્ધાં છોડનું ચૂર્ણ ઉપયોગી છે. પ્લેગ તથા બીજી મહામારીઓથી તે બચાવે છે. યકૃતના વિકાર અને રક્તપિત્તમાં તે બહુ ગુણકારી છે. આંખમાં નાખવાથી આંખ ચોખ્ખી થઈ નજર વધે છે. આંખની અંદર પરવાળાં પડે તે વખતે ખૂંચતા વાળ ખેંચી લઈ તે ઉપર રસનો લેપ કરવાથી ફરી વાળ ઊગતા નથી. બસ, ગૂમડાં, મોઢા ઉપરના ખીલ વગેરે ચામડીનાં દરદ ઉપર તે ઔષધરૂપ છે. તેના પાનનું મૂત્રપાન માથાનો દુખાવો મટાડે છે. આ છોડ દવા તરીકે ગ્રીસ, રોમ, અરબસ્તાન, ઈરાન અને હિંદમાં લાંબા કાળથી પ્રસિદ્ધ છે. ઘરપમાં ચોમાસી સદીથી વપરાય છે.
૩. કું. આખરાનું ફળ. તે કૃમિઘ્ન છે. તેની છાલ ઉતારી અંદરના સફેદ ભાગનું ચૂર્ણ કરી ૧૦થી ૩૦ ગ્રેનની માત્રામાં આપતાં કરમ મરી જાય અને પછી જુલાબ આપતાં તે બહાર પડે.
૪. કું. આખરાનું બી.

પીતપિષ્ટ [સં.] ન. સીસું.

પીતપુષ્પ [સં.] ન. પીળી ધૂંધડી.

પીતપુષ્પ ૧. [સં.] કું. કસ્તિમરનું ઝાડ.
૨. કું ચંપો.
૩. કું. પિત્તપાપડો.
૪. કું. પીળા રંગનાં ફૂલવાળા છોડ.
૫ કું પીળી ડોંગોટી
૬. કું રક્ત નામનો ક્ષુપ.
૭. કું. લાલ કરેણ.
૮. કું. હિંગોટ.
૯. ન. ગલકું
૧૦. ન. તગર.
૧૧. વિ. પીળાં ફૂલવાળું.

પીતપુષ્પક જુઓ પીતપુષ્પ.

પીતપુષ્પકા [સં.] સ્ત્રી. જંગલી ઝાકડી.

પીતપુષ્પા ૧. સ્ત્રી. ઝાકડી; એક જાતની વનસ્પતિ.
૨. [સં.] સ્ત્રી. ઉંદવારસિ.
૩. સ્ત્રી. કડવી મિસોડી.
૪. સ્ત્રી. અપાટનો છોડ.
૫. સ્ત્રી. તુવેરનો છોડ.
૬. સ્ત્રી. પીળાં ફૂલની કચેર.
૭. સ્ત્રી. પીળા ફૂલનો કંટાસળિયો.
૮. સ્ત્રી. પીળા જૂઈ.
૯. સ્ત્રી. સદડેની નામની વનસ્પતિ.

પીતપુષ્પી ૧. [સં.] સ્ત્રી. ઉંદવારસિ.
૨. સ્ત્રી. પત્રપુષ્પી વનસ્પતિ.
૩. સ્ત્રી. પીળા જૂઈ.
૪. સ્ત્રી. મહાકોષાતકી વનસ્પતિ.
૫ સ્ત્રી. કંભપુષ્પી વનસ્પતિ.
૬. સ્ત્રી. સદડેની વનસ્પતિ.

પીતપૂર્ણિત વિ. તામ્રમય તાંબાથી ભરેલું.

પીતપૃષ્ઠ [સં.] સ્ત્રી. પીળા પીઠવાળી કોડી.

પીતપ્રસવ ૧. [સં. પીત (પીળું) + પ્રસવ (ફૂલ)] કું. પીળા કચેર.
૨. કું. હિંગુપત્રી.

પીતફલ ૧. [સં] કું. કમોદ વૃક્ષ.
૨. કું. લાખોટ વૃક્ષ

પીતફલક જુઓ પીતફલ.

પીતફળી વિ. પીળાં ફળવાળું.

પીતફેન ૧. [સં. પીત (પીળું) + ફેન (ફીણ)] કું.; ન. અરીઠાનું ઝાડ.
૨. ન. અરીઠાનું ફળ.

પીતબલા [સં.] કું. બેતરાઉ બલાનો છોડ.

પીતબલિ [સં.] કું. ચંપક.

પીતબાલુકા ૧. [સં.] સ્ત્રી. પીળી રેતી.
૨. સ્ત્રી. હજાદર.

પીતબીજ [સં.] વિ. પીળાં બીજવાળું.

પીતબીજા [સ. પીત (પીળું) + બીજ + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. મેથી.

પીતભદ્રક [હિં.] કું. એક પ્રકારનો બાવળ; રામબાવળ.

પીતભૃંગરાજ [સં.] કું. પીળો ભાંગરો.

પીતમ ૧. કું. આશક; પ્રેમી; પ્રીતમ; પતિ.
૨. [હિં.] વિ. સૌથી વધારે વહાલું; પ્રિયતમ.

પીતમણિ [સં.] કું. પીળો મણિ; પોખરાજ; પુખરાજ મણિ.

પીતમસ્તક [સં.] કું. એક જાતનું પક્ષી; મોટું બાજ પક્ષી.

પીતમાક્ષિક [સં.] ન. સોન.મુખી.

પીતમુકુટ [સં.] કું. એક જાતના પીળા રંગના મગ.

પીતમુંડ ૧. [સં.] કું. એક જાતનું પક્ષી.
૨. કું. એક જાતનું ઢરણ.

પીતમૂત્ર ૧. [સં.] ન. પીત રોગથી થતું પીળું મૂત્ર.
૨. વિ. રોગથી પીળું મૂતરનાર.

પીતમૂત્રતા [સં.] સ્ત્રી. પીળા મૂત્રનો રોગ.

પીતમૂત્રત્વ જુઓ પીતમૂત્રતા.

પીતમૂલક [સં.] ન. ગાજર.

પીતમૂલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રેવંચી.

પીતમૂલી [સં.] સ્ત્રી. રેવંચી નામની ઔષધિ.

પીતમોલ કું. ભાગાયત મોલ; પાણી પાઈને ઉગાડેલ મોલ.

પીતમોલાત સ્ત્રી. કૂવાનું પાણી પાઈ ઉગાડેલ મોલ.

પીતયૂથિકા [સં.] સ્ત્રી. પીળી જૂઈ.

પીતયૂથી [સં.] સ્ત્રી. પીળી જૂઈ.

પીતરક્ત ૧. કું. નિશાચર.
૨. [સં.] કું. પીળો અને લાલ રંગ.
૩. ન. પીળું ચંદન; પદ્માખ.
૪. ન. પોખરાજ; પીળા રંગનો હીરો.
૫. વિ. પીળું અને લાલ.
૬. વિ. રક્ત પીનાર.

પીતરક્તક [સં.] ન પોખરાજ મણિ.

પીતરત્ન [સં.] ન. ગોમેદ; પોખરાજ.

પીતરસ ૧. [સં.] કું. કસેરુ; એક જાતનો ખાવન મૂળ.
૨. કું. હજાદર.

પીતરંભા [સં.] સ્ત્રી. પીળો કેળ; સોનેરી કેળ

પીતરાગ ૧. [સં] કું. પીળો રંગ.

૨. પું. પુષ્પની અંદરનાં કેસર; કેસરતંતુ; પદ્મકેસર.
૩. પું. મીણ.
૪. વિ. પીળા રંગનું; પીળું.

પીતરોહિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાશ્મરી; ગાંભારી.
૨. સ્ત્રી. જંભીરી; કુબેર.
૩. સ્ત્રી. પીળા કુટકો.
૪. સ્ત્રી. સીવણ.

પીતરોળા ૧. સ્ત્રી. સુથારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પીતલ ૧. [સં.] પું. પીળો રંગ.
૨. ન. તાંબા ને જસતની મેળવણીથી બનતી ઝાંખા પીળા રંગની એક મિશ્ર ધાતુ; પિત્તળ.
૩. વિ. પીળા રંગનું; પીળું.

પીતલક [સં.] ન. પિત્તળ.

પીતલપાન ન. તાંબા અને જસતની મેળવણી કરીને સોનેરી પાન જેવી કરવામાં આવતી બનાવટ.

પીતલા વિ. પિત્તળનું.

પીતલી વિ. પિત્તળનું.

પીતલોહ [સં.] ન. પીતળ; પિત્તળ.

પીતવદન [સં. પીત (પીળું) + વદન (મોઢું)] વિ. જેનું મોઢું પીળું થઈ ગયું હોય એવું; પીળા મોઢાવાળું.

પીતવન પું. ગધૈયો ચાર ફૂટ ઊંચો થતો અને લંબગોળ પાનવાળો એક જાતનો છોડ. સર્પદંશ ઉપર તે બધો ઉપયોગી મનાય છે.

પીતવર્ણ ૧. [સં.] પું. કદંબ વૃક્ષ.
૨. પું. હોકેશિયન અથવા પીળા પ્રજનો એક પેટા ભાગ. આ લોકો ઉત્તર ચરમ, ઉત્તર આફ્રિકા અને પૂર્વમાં ઠેઠ હિંદુસ્તાન સુધી મળી આવે છે.
૩. પું. તાડનું ઝાડ.
૪. પું. પીળો કેડકો.
૫. પું. મનઃશિલ.
૬. ન. અમરચંદન.
૭. ન કેસર.
૮. ન પીતકાષ્ઠ
૯. ન પીળું ચંદન.
૧૦. વિ. પીળા રંગનું; પીળું.

પીતવલ્લી [સં.] સ્ત્રી. આકાશવેલ; અમરવેલ.

પીતવસન [સં. પીત (પીળું) + વસન (કપડું)] ન. પીળું વસ્ત્ર.

પીતવસ્ત્ર [સં.] ન. પીળું વસ્ત્ર; પીતાંબર.

પીતવાડો (પીતવાડો) પું. ઉનાળા અને શિયાળામાં જોમાથી પાક મેળવવા તેનું ખેતર; પણી પાવામાં આવતું હોય તેવું ખેતર; શિયાળુ તથા ઉનાળુ વાવેતર થતું હોય એવી ખુલ્લી જગ્યા.

પીતવાન પું. હાથીની બે આંખો વચ્ચેની જગ્યા.

પીતવાલુકા ૧. [સં.] સ્ત્રી. પીળા રેતી.
૨. સ્ત્રી. હળદર.

પીતવાસ ૧. પું. એ નામનો એકત્રીસમો કલ્પ. તેમાં હરિનો તત્પુરુષ અવતાર થયો મનાય છે.
૨. [સં. પીતવાસસ્] પું. શ્રીકૃષ્ણ.
૩. ન. પીળું વસ્ત્ર
૪. વિ. પીળા વસ્ત્રવાળું.

પીતવાસા [સં. પીત (પીળું) + વાસસ (કપડું)] પું. શ્રીકૃષ્ણ.

પીતવિંદુ [હિં.] પું. વિષ્ણુના પગ ઉપરનું એક ચિહ્ન.

પીતવીજા [હિં.] સ્ત્રી. મેથી.

પીતવૃક્ષ ૧. [સં.] પું. પીળો એરન્ડો; સરલ દેવદાર. દેવદારનાં ઝાડ પીળાં રંગનાં થાય છે. તેનાં પાટિયાં પણ પીળાં થાય છે.
૨. પું. પીળો સોંપ વૃક્ષ.

પીતશાલ [સં.] પું. અસન વૃક્ષ; પિયાસાલ.

પીતશાલક જુઓ પીતશાલ.

પીતશાલિ [સં.] પું. પીળા ડાંગર; એક જાતની કમોદ.

પીતસ સ્ત્રી. કાકીજી સાસુ.

પીતસરા પું. કાકોજી સસરો.

પીતસર્પ [સં.] પું. પીળો નાગ.

પીતસાર ૧. [સં.] પું. અંકોઠ વૃક્ષ.
૨. પું. એક જાતનું ઝાડ; બિલો.
૩. પું. ગોમેદ મણિ; પોખરાજ.
૪. પું. તુર્કસ્તાની બીજક.
૫. પું. વિજયસાર.
૬. પું. શિલારસ.
૭. પું. સુખડ; સફેદ ચંદન.
૮. ન. પીળા રંગનું ચંદન; મલયાગુરુ; હરિચંદન. તે મલયગિરિમાં થાય છે.

પીતસારક [સં.] પું. લીબડાનું ઝાડ; લીંબડો.

પીતસારિ [સં] ન. સુરમો.

પીતસારિકા [સં.] સ્ત્રી. કાળો સુરમો.

પીતસાલ પું. અસન ઝાડ; પિયાસાલ વૃક્ષ.

પીતસાલક જુઓ પીતસાલ

પીતસોમ [સં.] પું. જેણે સોમરસ પીધો હોય તે.

પીતસ્કંધ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; પીળા થડવાળું ઝાડ.
૨. પું. કેતુનું એક નામ. તે પીળી કાંતિવાળો મનાય છે.
૩. પું. સુવર; રાની કુકર.

પીતસ્ફટિક [સં.] પું. પીળો હીરો; પોખરાજ મણિ.

પીતસ્ફોટ ૧. [સં.] પું. ખૂજલીનો રોગ.
૨. પું. પીળો ફોલ્લો.

પીતહરિત ૧. [સં.] પું. પીળો અને લીલો રંગ.
૨. વિ. પીળા અને લીલા રંગનું.

પીતળ ન. એક ધાતુ; પિત્તળ; તાંબા અને જસતની મિશ્ર ધાતુ. પાંત્રીસ ટકા જસત અને પાંસઠ ટકા તાંબાની મેળવણીથી પિત્તળ બને છે.

પીતળિયું ૧. ન. પિત્તળનું વાસણ.
૨. વિ. જેમાં પાડો વધારે હોય એવું. કલાકા સોના માટે વપરાય છે.

પીતા ૧. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે દ્વિપદી છંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૬૪ લઘુ મળી ૧૦૦ વર્ણની ૧૧૨ માત્રા હોય છે.
૨. પું. ન. ૧. પતીકો; ગોળ ટપકું.
૩ [હિં.] સ્ત્રી. બત્રીસ.
૪. સ્ત્રી. આકાશવેલ.
૫. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અશ્વગંધ.
૬. સ્ત્રી. કાંગ નામનું ધાન્ય.
૭. સ્ત્રી. ગોરોચન.
૮. સ્ત્રી. જંગલી બિલ્લોડું.
૯. સ્ત્રી. દારુહળદર.
૧૦. સ્ત્રી. દેવદાર.
૧૧. સ્ત્રી. હલપ્રિયંગુ.
૧૨. સ્ત્રી. ભાલકાંકણી.
૧૩. સ્ત્રી. રાળ.
૧૪. સ્ત્રી. શાલિપર્ણી.
૧૫. સ્ત્રી. સીસમ.
૧૬. સ્ત્રી. સ્વર્ણ કદલી; પીળી કેળ.
૧૭. સ્ત્રી. હળદર.

પીતા ગૌરી કંચની રજની પિંગલ નામ;
હરદી ચૂના લાલ રંગ થયા નેત્ર તુજ ચામ.
પિંગળપ્રબોધ

૧૮. વિ જો પીળા રંગની.

પીતાઈ ગાજર ન. (કચ્છી) પીતાળ ગાજર.

પીતાત્મા [સં. પીતાત્મન] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પીતાત્રિ [સં. પીત (પીધેલું) + અત્રિ (ઋષિ)] પું. અગસ્ત્ય ઋષિ. દેવોની પ્રાર્થનાથી અગસ્ત્ય ઋષિ મંત્રજળથી સમુદ્રપાન કરી ગયા હતા, તે પ્રસંગથી તેનું આ નામ પડ્યું છે.

પીતાભ ૧. [સં. પીત (પીળું) + આભા (કાંતિ)] ન. પીળું ચંદન.
૨. વિ. પીળી આભાવાળું; પીળું; પીતવર્ણું.

પીતાશ્વ [સં.] ન. પીળા રંગનું અજરખ.

પીતામ્બરી સ્ત્રી. પીતાંબર.

પીતારુણ ૧. [સં. પીત (પીળું) + અરુણ (લાલ)] પું. પીળાશ પડતો લાલ રંગ.
૨. વિ. પીળા અને લાલ રંગનું; પીળાશ પડતા લાલ રંગનું.

પીતાલુ ન. જરદાલુ.

પીતાશ્મ [સં. પીત (પીળું) + અશ્મન્ (પત્થર)] પું. પુષ્પરાગ મણિ; પોખરાજ.

પીતાષ્ટ [સં.] પું. રાળ.

પીતાષ્ટા [સં.] સ્ત્રી. પીતા.

પીતાંક [સં. પીત (પીળું) + અંક (ચિહ્ન)] પું. પીળો રંગ.

પીતાંગ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; રંગોનાશ વૃક્ષ.
૨. વિ. પીળા અંગવાળું; પીળા શરીરવાળું.

પીતાંગા [સં.] સ્ત્રી. હાડકાંદર.

પીતાંબર ૧. [સં.] પું. નટ; નટવો.
૨. પું. વિષ્ણુ.
૩. પું. શ્રીકૃષ્ણ. તેમને પીળું વસ્ત્ર પ્રિય હતું, તેથી તેમનું આ નામ પડ્યું છે.
૪. [સં. પીત (પીળું) + અમ્બર (વસ્ત્ર)] ન. પીળું કે કોઈ પણ રંગનું રેશમી અજોટિયું; રેશમી ઓઢવાનું અજોટિયું. વિધુ લોકો પૂજાપાઠ, સંસ્કાર, ભોજન વગેરેના સમયે બહુ પ્રાચીન કાળથી પીતાંબર પહેરે છે. આ વસ્ત્રનો ઉપયોગ ભારતમાં બહુ પ્રાચીન કાળથી છે. પહેલાં કલાબૂત પીળા રેશમી પોતિયાને પીતાંબર કહેતા હતા, પરંતુ આજકાલ લાલ, પીળા, લીલા આદિ રંગોના રેશમી પોતિયાને પીતાંબર કહે છે.
૫. ન. પીળું વસ્ત્ર.
૬. વિ. પીળા વસ્ત્રવાળું; પીળું વસ્ત્ર ધારણ કરનાર.

પીતાંબરા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

પીતાંબરી ૧. સ્ત્રી. એક જાતનું હલકું રેશમી કાપડ.
૨. સ્ત્રી. ખાનું પીતાંબર.

પીતિ ૧. પું. જેમ સોનાને ચાવે એવો ઘોડાનો એક રોગ.
૨. [સં.] પું. ઘોડો; અશ્વ.
૩. સ્ત્રી. ગતિ; ગમન.
૪. સ્ત્રી. દારૂહળદર.
૫. સ્ત્રી. પીવું તે; પાન.
૬. સ્ત્રી. પ્રેમ.
૭. સ્ત્રી. રક્ષણ.
૮. સ્ત્રી. હાથીની સૂંઢ.

પીતિકા ૧. [સં.] સ્ત્રી. દારૂહળદર.
૨. સ્ત્રી. સોનેરી જૂઈ; પીળા જૂઈ.
૩. સ્ત્રી. હળદર.

પીતિયા વઈં પું. કૂવાનું પાણી પાઈ જતા બળદ.

પીતી ૧. [સં. પીતિન્] પું. ઘોડો.
૨. [હિં.] સ્ત્રી. પ્રીતિ.

પીતુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. આકાશનો ઘોડો.
૩. પું. ચિત્રાનું ઝાડ.
૪. પું. યૂથપતિ હાથી.
૫. પું. સૂર્ય.

પીતુદારુ ૧. [સં. પીતુ (અગ્નિ) + દારુ (લાકડું)] પું. ઉંબરો.
૨. પું. દેવદાર.

પીતું ૧. ન. રાતળી; પતીકું; પૈતું; શેરડીનો ટુકડો.
૨. ન. ગાજર સમારતાં અંદરથી દંડ આકારનો નીકળતો ભાગ.
૩. ન. અગ્નિનાં મારેનો લાકડાઓનો ગોળ ટુકડો.
૪. ન. લખોટી નાખનારાને ઊભા રહેવાની આકેલી જગ્યા; કૂંડાળું; ગોળ નિશાનીવાળી જગ્યા; જ્યાંથી ઊભા રહીને રમવામ, શિક્ષા, લખોટી મળીમાં ફેંચવામાં આવે તે જગ્યા.

પીતો પું. પૈતો; ટુકડો; રાતળો ટુકડો; રાતળી.

પીતોદક [સં. પીત (પીધેલું) + ઉદક (પાણી) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. જેણે ઉપરનું પાણી પી લીધું હોય એવા. બરજૂતોએ બાપને માટે આ પ્રમાણે કહેવાય છે.

પીતોદરી પું. એક જાતનો રોગ.

પીતોપચાર પું. પીત નામના રોગનો ઉપચાર.

પીતોળા ૧. સ્ત્રી. સુવાદની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતનું માદળિયું.
૩. વિ. એ નામની જાતનું.

પીત્વાસ્થિરદ [સં.] વિ. પાન કરીને કે પીને સ્થિર થયેલ.

પીથ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. આકાશનો ઘોડો.
૩. પું. ચિત્રાનું ઝાડ.
૪. પું. ઘડની વચ્ચેનો સફેદ ભાગ.
૫. પું. પીળું.
૬. પું. રક્ષણ.
૭. પું. સમય; કાળ; વખત.
૮. પું. સૂર્ય.
૯. ન. ઘી.
૧૦. ન. પાણી.

પીથાગોરાસ [અં. પાઇથાગોરાસ] પું. એ નામે એક ગ્રીક જ્યોતિષી. તે ટાલમી અને હિપર્કસ એ બંનેની પહેલાં થઈ ગયો. તેનો મત સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે અને સૂર્ય એ વિશ્વનું મધ્યબિંદુ છે એવો હતો એમ કહેવાય છે. પરંતુ તે વાત તે પ્રસિદ્ધપણે લોકોને કહેતો ન હતો. પીથાગોરાસનું વલણ શાસ્ત્રસિદ્ધ નિયમ કરતાં કલ્પના તરફ વધારે હતું. તેથી જ તેનો જે મત જોવો મળી આવે છે તે ઓટલો ગૂઢ, આધ્યાત્મિક અને સંદિગ્ધ છે કે તેમાંથી સત્વર રહિત તત્વ કાઢવું કઠણ છે. આને લીધે તેનો મત ચોક્કસ રીતે જોવો હતો કે નહિ તે સમજવું સંશય છે.

પીથિ [સં.] પું. ઘોડો.

પીધું ન. લખોટાની રમતમાં રમનારા જે લીટીથી રમવાનું શરૂ કરે છે તે લીટી; પંગત.

પીધ ન. એક જાતનું પક્ષી.

પીધા સ્ત્રી. એક જાતનું પક્ષી; ધોળા પાંખોવાળું કાળું રોબિન પક્ષી.

પીધાની પું. પ્રધાન. ઓખામંડળ તરફ વપરાય છે.

પીધું સ. ક્રિ. પીવું‌નું ભૂતકાળનું રૂપ.

પીધેલ ૧. પું. ઘરડિયો માણસ.
૨. વિ. ગાંડું.
૩. વિ. જેણે કાંઈ પીધું હોય તેવું; પીવું‌નું ભૂતકૃદંતનું રૂપ.
૪. વિ. દારૂના નશાવાળું; છાકટું; સુરાપુષ્ટ; મદ્યાં મદ્યપુષ્ટ.
૫. વિ. પીધેલું; નશો કરેલ.

પીધેલપણું ૧. ન. કેફ; અમલ; નશો.
૨. ન. છાકટાપણું.

પીધેલું જુઓ પીધેલ.

પીન ૧. [સં.] ન. જાડાપણું; મોટાપણું.
૨. ન. લઠ્ઠપણું; પુષ્ટપણું.
૩ ન. દૃઢપણું.
૪. ન. સ્થૂલતા; મોટાપણું.
૫. વિ. ઊંચપણું.
૬. વિ. કઠણ; મજબૂત.
૭. વિ. ઘાટું; બકુ.
૮. વિ. ભારું; ભારતું.
૯. વિ. ભરપૂર; ભરેલું.
૧૦. વિ. મોટું; સ્થૂલ.
૧૧. વિ. લઠ્ઠ; પુષ્ટ.
૧૨. વિ. દૃઢ.
૧૩. વિ. સંપન્ન.

પીનક ૧. [હિં.] સ્ત્રી. અફીણના નશામાં ઊંઘવું તે.
૨. સ્ત્રી. અફીણનો નશો.
૩. સ્ત્રી. ઊંઘનું તે; નીંદર આવવાથી ઝૂમવું તે.
૪. સ્ત્રી. જડતા; મંદતા.

પીનણું ન. ખાજણી.

પીનતા ૧. [સં.] સ્ત્રી. જાડપણું.
૨. સ્ત્રી. માતેલપણું; જાડાપણું.
૩. સ્ત્રી. લઠ્ઠપણું.
૪. સ્ત્રી. દૃઢપણું.
૫. સ્ત્રી. સ્થૂલતા.

પીનત્વ જુઓ પીનતા.

પીનપયોધર [સં. પીન (પુષ્ટ) + પયોધર (સ્તન)] ન. ભરાવું સ્તન.

પીનપયોધરા ૧. [સં.] વિ. સ્ત્રી. ભરાવ સ્તનવાળી.
૨. વિ. સ્ત્રી. રસથી ભરપૂર હોય એવી.

પીનપોશા સ્ત્રી. એક જાતની કેરી.

પીનમ પું. બીલ. બીલ લોકો વાપરે છે.

પીનલ [અં.] વિ. ફોજદારી અગર શિક્ષા સંબંધીનું.

પીનલ કોડ [અં.] પું. ફોજદારી કાયદો; ગુનાનો ભંગ; અપરાધ અને દંડ સંબંધી અવસ્થાઓ કે કાનૂનનો સંગ્રહ; દંડવિધિ.

પીનલ્ટિ [અં.] પું. દંડ.

પીનવક્ષા [સં. પીન (મોટું) + વક્ષસ (છાતી)] વિ. વિશાળ છાતીવાળું.

પીનસ ૧. [સં.] પું. જુકામ; કફોત્પન્નનો રોગ; સખત કફોત્પન્ન. આ રોગમાં વાસની શક્તિ નાશ પામે છે, નાક કફથી ભરેલું રહે છે અને અંદર ગજગતરા થાય છે. જૂની તમાકુ સુંઘવાથી આ રોગ મટવાનું કહેવાય છે.
૨. પું. નાકનું છોડ. આ રોગ વારંવાર કફોત્પન્નમાંથી થઈ આવે છે. અંદર લાકડામાં સડો થવાથી રસી નીકળે છે અને પછી નાક સડીને ખરી પડે છે. નાકમાં મસો હોય તો કપાવી નાખવાથી, પિચકારીથી પણ ધોઈ નાખવાથી, પિચકારીથી દૂરકડી, જસતનાં ફૂલ કે ફોરસાઈડ ઓફ ઝિંક નાખવાથી આ રોગ મટતો જણાય છે.
૩. [હિં.] સ્ત્રી. એક જાતની ભાજણી.
૪. સ્ત્રી. એક જાતની કોડી.
૫. ન. કરડી.

પીનસા [સં.] સ્ત્રી. એક જાતની કાકડી; કાંકડી.

પીનસી [સં. પીનસિન્] વિ. કફોત્પન્નના રોગવાળું; પીનસથી પીડાતું.

પીનસ્કંધ [સં.] પું. પાડો.

પીનસ્તન ૧. [સં.] ન. ભરાવું સ્તન.
૨. વિ. ભરાવ સ્તનવાળું.

પીનસ્તની વિ. સ્ત્રી. ભોગ અને માંસ ભરેલા સ્તનવાળી.

પીના ૧. ન. કીડું.
૨. ન. તેજની પૂરી.
૩. [હિં.] ન. પીવાની ક્રિયા.
૪. ન. પીધું તે.
૫. ન. બીડી પીવી તે.

પીનાઈ સ્ત્રી. (કચ્છી) કઠણપણું.

પીનાક ૧. ન. એક જાતનું વાદ્યિંત્ર.
૨. ન. બાણ; ધનુષ.
૩. ન. મોર.
૪. વિ. સુંદર.

પીનાગ પું. એક જાતનો ધોડો.

પીનાર ૧. પું. પ્રાશન કરનાર માણસ.
૨. વિ. ભરાવું.

પીનીકોન પું. સમુદ્રની છીપોમાંથી મળતો એક જાતનો રેશમ જેવો લાગતો પદાર્થ. તેના તાર કાઢવામાં આવતા અને તેને વણીને તરેહતરેહનાં કપડાં, મોજાં વગેરે બનાવતા.

પીનું વિ. (કચ્છી) સખત; કઠણ.

પીનેટા ન. એક જાતનું ઝાડ માટે વવાતું ઝાડ.

પાનેવેલી ન. એક જાતનું લાંબા તારવાળું હિંદી રૂ. તેમાંથી પહેલા નંબરનું રૂ કાંતી શકાય છે.

પીનોન્ની ૧. [સં.] સ્ત્રી. પુષ્ટ અવયવોવાળી કે અવયવવાળી સ્ત્રી; પુષ્ટ અવયવવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. મોટા આંકણવાળી સ્ત્રી.

પીપ ૧. પું. મોળ નળો; લંબગોળ આકારનો પાટિયાનો પાઢ; પ્રવાહી ભરવાનો લંબગોળ આકારની ઠોલ જેવી લાકડાની કોઠી.
૨. પું. બપૈયો.
૩. [સં. પૂય] સ્ત્રી. ગૂમડાનું પક; રસી.
પીપ પડવું = પક નીકળવું.
૪. સ્ત્રી. ચરબી.
૫. સ્ત્રી. ઢગ.
૬. સ્ત્રી. ઠોલના આકારનું પાણી ભરવાનું વાસણ; લાકડાનું કે ધાતુનું નળાકાર વાસણ.
૭. સ્ત્રી. (કચ્છી) પીપળાનું ફળ; ટેટી.
૮. સ્ત્રી. પ્રમેહની રસી.
૯. સ્ત્રી. ચૂંસણી; નળી.

પીપડવા (પીપાવા) ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક ભટક.
૨. ન. એ નામની ભટકનું માણસ.
૩. વિ. એ નામની ભટકનું.

પીપડી (પીપળી) ૧. સ્ત્રી. (વૈદક) ઉદરનો ઓજરીવાળો ભાગ.
૨. સ્ત્રી. બંને બાજુની પાંસળીઓ વચ્ચે આવેલો પેટનો ભાગ.

પીપળેશ્વર [સં.] ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

પીપળો પું. ઝાડ.

પીપર ૧. સ્ત્રી. એક જાતની આદીઅણી ગાંઠ. એકે સોસો નળીએ આવી ગાંઠ પડે છે.
૨. [સં. પિપ્પલી; પ્રા. પિપ્પરી] સ્ત્રી. એક વનસ્પતિની લિંગ; એક જાતની વનસ્પતિની લિંગ; એક જાતની તીખી અને પાચક ઔષધિ. તેના વેલા જેવા છોડ થાય છે. નાના બાજરિયા જેવી ઝીણી દાણાથી ભરેલી તેની લિંગ હોય છે. તેની નાની અને મોટી એવી બે જાતો છે. નાની સીંદીપીપર અને મોટી બોડાપીપર કહેવાય છે. ઝીણી પીપર વધારે તેજ હોય છે. પીપરની ત્રિકટુમાં ગણતરી થાય છે મૂળ, પત્ર, ફળ ઉપયોગી છે. બંને જાત ઉષ્ણ, દીપક, પાચક અને વાતહર તરીકે ૧૦થી ૪૦ ગ્રેનની માત્રામાં ઔષધ તરીકે અપાય છે. આંચકો, ધનુર, તાવ, ઝાડો, અજીર્ણ, અરુચિ, મરડામિ, હરસ, નબળાઈ, દમ, ખાંસી વગેરે દરદોમાં ચૂરણ, ક્વાથ, ગોળી, આસવ, ચાટણ અને નસ્યના રૂપમાં તેનો ઉપયોગ થાય છે. ખરલ કરવાથી તેનું વીર્ય વધે છે અને જેમ લાળો વખત તેને ખરલ કરવામાં આવે, તેમ તે અધિક ગુણવાળી મનાય છે દૂધમાં આખી પીપર ઉકાળીને તે દૂધ બાળવા દૂધ અને પીપરનું ચૂર્ણ

આપવાથી ખોરાકનું પાચન થઈ શક્તિ આવે છે. પીપર અને મરીનો ભૂકો બેસુધી વખતે નાકમાં સુંઘાડવામાં આવે છે. તેની માત્રા ૧થી ૩ વાલની છે. આ ઔષધિ અગ્નિદીપ્તિકારક, મૂત્રલ અને ઋતુસ્રાવને નિયમમાં લાવનાર છે. લીંડીપીપર સ્ત્રીઓને પ્રસવ બાદ રક્તસ્રાવ બંધ કરવા તથા તાવ ન આવે તેટલા માટે આપવામાં આવે છે. તે ઉત્તેજક, પાચક, કફઘ્ન, આફરો મટાડનાર અને ધાતુપરિવર્ધક છે. મધની સાથે તે આવાથી ચરબી અને અભિવરિયત શ્લેષ્મને કમી કરે છે. દમ, ખાંસી અને તાવ પણ મધની સાથે તે ચાટવાથી મટે છે. તેનાથી પાચન ઇંદ્રિયો અને મગજને શક્તિ મળે છે. દસ વર્ષના જૂના ગોળ સાથે લીંડીપીપર આવાથી ખાંસી, દમ, કફજન્યિત અને કૃમિ રોગની સાથે મરોળનો સોજો મટે છે. પીપરની વેલ ભારત, સિંહલ, મિસિપાયન્સ, બટેવિઆ અને સિંગાપુરમાં થાય છે. હિંદમાં બંગાળ, પશ્ચિમ નેપાળ, આસામ, ખાસિયા પર્વતો અને મદ્રાસ પ્રેસીડન્સીમાં સારા પ્રમાણમાં તેનું વાવેતર કરવામાં આવે છે. તેના ગુણ મરીને મળતા છે, પણ આયુર્વેદમાં લીંડી પીપરને પિત્તકારક ને કફહારક તેમ જ સૂંઠને પિત્તહારક ને કફકારક મનાવી છે. પીપરનું ચૂર્ણ ઘીમાં શેકી જરા સિંધવ નાખી મધ સાથે ચાટવાથી સ્વરભેદ, ખાંસી, સ્વરભંગ મટે ને મળામાં તથા કોઠામાં ભરાયેલ કફ છૂટો પડી બહાર નીકળે. પીપરનો એક વિશિષ્ટ પ્રયોગ નીચે મુજબ છે: વર્ધમાન પિપ્પલી પ્રયોગ: દૂધ કે પાણીમાં વાટીને રોજ પાંચ કે દસ પીપર વધારતા જવી અને ખોરાકમાં ફક્ત દૂધ ભાત જ આપવાં. આમ દસ દિવસ સુધી કરવું. પછી તેથી ઊલટા ક્રમે સંખ્યા ઘટાડતા જવું અને દસ દિવસે મૂળ સંખ્યા ઉપર આવી જવું. જેમ જેમ પીપરની સંખ્યા વધે તેમ તેમ દૂધનું પ્રમાણ વધારતા જવું. આ પ્રયોગ ઠંડીમાં કરવો અને તાપ તડકો સહન કરવો નહિ. વાતરક્ત, વિષમજ્વર, પાંડુરોગ, વધેલી મરોળ, યકૃતના રોગ, પેટનો વાયુ, અરુચિ, મંદાગ્નિ, હૃદયરોગ, ઉધરસ, દમ, સોજા, અર્શ, કૃમિજ્વર, કૃમિ, ગંડમાળ, નબળાઈ અને કૃમિ રોગ આ પ્રયોગથી મટે છે. સૂતિકાજ્વર, આંચકો, કેફરું, ધનુર્વા, હિસ્ટિરિયા, વાંજણ, લકવો, સાજાનું જકડાઈ જવું વગેરે માટે તાજા સોમરસમાં પીપર પલાળી મૂકણ મેળવી આવી. આયોપચારમાં પણ પીપરનો ઉપયોગ થાય છે

ગોલા દૂધના આમળી તિખા તુંડિકા ઘોર,
વેદેહી સ્યામા કહ્યા રોંડી પીપર ચોર.

પિનળસપુકોષ

૩. સ્ત્રી. ખાંડ અને પીપરના અર્કમાંથી બનતી એક જાતની આયાની ટીકડી.

૪. સ્ત્રી. પીપળાની જાતનું ઝાયાવૃક્ષ. જેની પેપડી પક્ષી તથા છોકરાં ખાય છે. તેનાં છાલ અને પાન રેચક મનાય છે. તે પેટના રોગ મટાડે છે.

પીપરડી (પીપરડો) સ્ત્રી. પીપરની જાતની એક વનસ્પતિ.

પીપરપર્ણ [હિં.] પું. કાનમાં પહેરવાનું એક આભૂષણ.

પીપરમીંટ સ્ત્રી. ખાળકોને આવાની એક જાતની ખટમીઠી સ્વાદિષ્ટ ચીજ.

પીપરમીંઢ પું. દવામાં વપરાતો એક જાતનો સુગંધી છોડ. તે કુંવામાં વવાય છે.

પીપરમેંટ ન. અજમાનું સત્ત્વ.

પીપરમેન્ટ ૧. સ્ત્રી. અજમાનાં ફૂલ.

૨. સ્ત્રી. આંડની બનતી આવાની એક જાતની ટીકડી.

પીપરવાડિયા (પીપરવાડિયા) ૧. સ્ત્રી. પીંજરા તથા વાડીની ઝે નામની એક ઝાડ.

૨. ન. ઝે નામની ઝાડનું માપુસ.

૩. વિ. ઝે નામની ઝાડનું.

પીપરામૂલ ન. પીપરીમૂલના મંડોળા.

પીપરિ ૧. [સં.] પું. નાના વાનું ઝાડ.

૨. પું. નાનો આખરો.

પીપરી ૧. સ્ત્રી. ઉદ્દનો ઓકરીવાળો ભાગ.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. જેની પેપડી પક્ષી તથા છોકરાં ખાય છે. છાલ ને પાન રેચક મનાય છે.

૩. સ્ત્રી. (વૈદક) બંને ખાલુની પાંસળીઓ વચ્ચે આવેલો પેટનો ભાગ.

પીપરીમૂળ ન. પિપ્પલીમૂળ; પીપરના જોડનાં મૂળ; મંડોળો.

પીપરો પું. (કચ્છી) પીપળાનું ઝાડ. એ પવિત્ર મનાય છે. તેના પેપડા ભીના ને પૌષ્ટિક હોય છે. દાથી તે બહુ ખાય છે.

પીપલ ૧. [સં. પિપ્પલ] પું. પીપળાનું ઝાડ. તે બહુ પવિત્ર મનાય છે. પર્વતીના શાપથી જેમ શિવને વડ ને લક્ષ્મીને પીપરના રૂપમાં અવતાર લેવો પડ્યો, તેમ વિષ્ણુને પીપળાનું રૂપ ગ્રહણ કરવું પડ્યું. ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે, વૃક્ષોમાં મને પીપળો જાણો. આથી હિંદુઓ બહુ શ્રદ્ધાથી આ ઝાડની પૂજા અને પ્રદક્ષિણા કરે છે અને તેનું લાકડું કાપવા તથા બાળવામાં પાપ સમજે છે. મોટા ઉપનયન વગેરે ખાસ બે ત્રણ પ્રસંગોમાં તેનું લાકડું કામમાં લેવામાં આવે છે. બૌદ્ધ લોકો પણ પીપળાને પવિત્ર માને છે, કેમકે પીપળાના ઝાડ નીચે બુદ્ધને જ્ઞાન થયું હતું. આ ઝાડ હિંદમાં સગળમ બધે જોવામાં આવે છે. તેનાં પાંદડાં ગોળ અને આગળના ભાગમાં ત્રાજવા જેવાં લાંબાં અણીદાર તેમ જ તેની છાલ સફેદ અને ચીકણી હોય છે. તેનાં ફળ વડના ટેટાથી નાનાં અને ચપટાં થાય છે અને તે પાકે ત્યારે મીઠાશ આપે છે. તેની ડાળીઓ ઉપર લાખના કોડા પેદા થાય છે અને તે કોડા પાળવામાં આવે છે. તેની પેપડી છોકરાં ખાય છે અને પાન બકરી, ઊંટ, હાથી વગેરે ખાય છે. તેની છાલના રેસામાંથી એક જાતના લીસા કાગળ પણ બને છે. વૈદક અનુસાર તેનાં પાકાં ફળ શીતળ, અતિસાર લહ્ય તથા રક્તપિત્ત, વિષ, દાહ, શરદી, સોજ, અરુચિ અને બોનિદોષનાશક છે. છાલ સંકોચક છે. મુલાયમ છાલ અને નવાં પાન પુરાણા પ્રમેહનું ઉત્તમ ઔષધ મનાય છે. ફળના ચૂર્ણનું સેવન કરવાથી ક્ષુધાવૃદ્ધિ અને કોષશુદ્ધિ થાય છે. ફળોના બીજની અંદર શીતળ અને ધાતુપરિવર્ધક મનાય છે.

અતિસાર પીપલ મજ્જારાન જોધિદક્ષ અપ્રિયત્વ,
પીપળાનાં ટેલ દાહમો, ગોટે હાય નમિ આય.

પિંગળસપુકોષ

૨. સ્ત્રી. એક પ્રકારની લતા.

૩. સ્ત્રી. પીપર નામે એક ઔષધિ; લીંડીપીપર.

પીપલઆબી [મ.] સ્ત્રી. અજપોપલ.

પીપલપટ્ટી સ્ત્રી. કાનમાં પહેરવાની પીપળાના પાનના આકારની ચુટ્ટી.

પીપલપાણિગ્રાહ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. તેની પાસે સોનાકહર નામનો કુંડ આવેલ છે.

પીપલા ૧. [હિં] પું. તલવારની અણી.

૨. પું. મલાનનો ધાતુનો બનાવેલ ઊંડો.

૩. સ્ત્રી. પીપર; અજપોપર.

૪. [મ.] સ્ત્રી. લીંડીપીપર.

પીપલાણા ન. સ્વામીનારાયણ સંપ્રદાયનું સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું તીર્થધામ. ત્યાં સ્વામીનારાયણનું સહજાનંદ એવું નામ પાડી રામાનંદ સ્વામીએ તેમને પરમહંસની દીક્ષા આપી હતી.

પીપલામૂલ [સં. પિપ્પલીમૂલ] પું. (હિંદી) પીપરીમૂળના મંડોળા; પીપરનું મૂળ; લીંડીપીપરનાં મૂળિયાં. તેને પીપલીમૂળના મંડોળા પણ કહે છે. તેનો ગુણ પીપરને મળતો છે. તે તાવ, અગ્નિમાંદ્ય, અરુચિ, ઉદરરોગ, સંધિવા, અર્શાકર, ધાતુક્ષય,

મસ્તકશૂળ, ગુલ્મ, કૃમિ, શ્વાસ, ક્ષયરોગ, ખાંસી, આમ તથા શૂળ વગેરે વ્યાધિમાં ક્વાથ અને ચૂર્ણના રૂપમાં ઔષધ તરીકે અપાય છે. તે ગરમ, પિત્ત વધારનાર, પાચક, રેચક છે. જેમ ગાંઠ મોટી તેમ તેનો ભાવ વધારે આવે છે.

પીપલામૂળ જુઓ પીપલામૂલ.

પીપલી જુઓ પીપળી.

પીપલ્યાસવ પું. (વૈદ્યક) પીપરમાંથી બનતી એ નામની એક દવા. તેની બનાવટ નીચે મુજબ: પીપર, મરી, અવક, હળદર, ચિત્રક, ઓય, વાવડિંગ, સોપારી, લોધર, પદ્માકમૂળ, આમળાં, પટોળ, વાળો, રતાંજળી, કુષ્ઠ, ત્રિફળ, તગર, જટામાંસી, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર અને વાયંટીનું મૂળ એ બધાં તોલો તોલો લઈ ૧૦૨૪ તોલા પાણીમાં નાખી તેમાં ૬૦૦ તોલા ગોળ ઉમેરવો. પાછળથી તેમાં ૨૦ તોલા ધાવડીનાં ફૂલ અને ૧૨૦ તોલા દ્રાક્ષ નાખી મુખમુદ્રા બંધ કરી એક માસ પર્યંત રાખી મૂકવું. તેની માત્રા ૨ થી ૪ તોલા છે.

પીપળ ૧. [સં. પિપ્પલ] પું. પીપળો; અશ્વત્થ.

> અતદલ પીપળ મજ્જાન, ખોખિરક્ષ અશ્વત્થ;
> પીપળમાં રૈલ દાડમો, જોડે હાથ નમિ માથ.
> પિંગળસમુદ્રોષ

૨. સ્ત્રી. પીપળાની જાતનું એક ઝાડ.

૩. સ્ત્રી. લાંડીપીપર.

પીપળપહો જુઓ પીપલપહો.

પીપળપાન ન. એક જાતનું કરિયાણું.

પીપળામૂળ ન. પીપળીમૂળ.

પીપળિયા ૧. સ્ત્રી. વાઘરિયા, સેલારિયા કણબી, ખારવા, સુતાર, કુંભાર તથા ખાંટની એ નામની એક અટક.

૨. સ્ત્રી. ચુવાળિયા કોળીની એ નામની એક પેટા જાતિ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬ વિ. એ નામની પેટા જાતિનું.

પીપળિયો ગલ પું. એક જાતનો ફૂલછોડ.

પીપળી ૧. સ્ત્રી. એક જાતનું કરિયાણું. તેની નાની અને મોટી એવી બે જાતો છે. નાની લાંડીપીપર અને મોટી ઘોડાપીપર કહેવાય છે.

૨. સ્ત્રી. એક ઝાડ. એની પેપડી પાકો તથા છોકરાં ખાય છે. છાલ ને પાન રેચક મનાય છે.

૩. સ્ત્રી. નાનું પીપળો.

પીપળીમૂળ [સં. પિપ્પલીમૂલ] ન. પીપરના છોડનાં મૂળ ગોળો. તે દવામાં વપરાય છે. ને દીપન, ઉષ્ણ, પાચન, કફઘ્ન, પિત્તકર, વાતહર છે અને ગાંઠ, કૃમિ અને શ્વાસ રોગ ઉપર વપરાય છે

પીપળો [સં. પિપ્પલ] પું. પાકોળાં મોળ પાનનું એક મોટું અને પવિત્ર મનાતું ઝાડ; અશ્વત્થ. આ ઝાડની નીચે બેસીને શ્રાદ્ધાદિક કર્મ કરવામાં આવે છે. તે વિષ્ણુને પ્રિય મનાય છે. બૌદ્ધ ધર્મમાં આ ઝાડને ઘણું પવિત્ર માનેલું છે. પીપળાનું ઝાડ ઘણાં વર્ષ જીવે છે. સિલોનમાં અનિરુદ્ધપુર શહેર નજીક એક પીપળાનું ઝાડ છે, જે ઈ.સ. પૂર્વે ૨૮૮માં વવાયું હતું. એમ કહેવાય છે કે જે ઝાડ નીચે બુદ્ધ ભગવાન બેઠા હતા, તે ઝાડની ડાળીમાંથી આ ઝાડ ઉત્પન્ન થયું છે ત્યારે ઈ.સ. ૧૮૮૭માં વાવાઝોડાથી આ ઝાડનું મુખ્ય થડ પડી ગયું. ત્યારે લંકાના બૌદ્ધ ધર્મગુરુઓએ આ ઝાડના બધા પડી ગયેલ ભાગ એકઠા કરી વિધિ પ્રમાણે દાટયા હતા. વિષ્ણુ ભગવાન દેવોના કલ્યાણ માટે પીપળારૂપે પ્રકટ થયા એમ અથર્વવેદ મુનિનું પિપ્પલાદ મુનિ પ્રત્યે કથન છે. બધા દેવો શંકરનાં દર્શન કરવા ગયા. પ્રથમ તપાસ કરવા માટે અગ્નિ ભિક્ષુકના વેશે ગયેલો, ત્યારે દેવોએ ઉપહાસ કર્યો એમ જાણી પાર્વતીજીએ બધા દેવોને દગ્ધ થઈ જવાનો શાપ આપ્યો. એથી બ્રહ્મા આખરા રૂપે, શંકર વડ રૂપે અને વિષ્ણુ પીપળા રૂપે થયા. તેમ બધા દેવતાઓ પીપળાને વિષે વાસ કરી રહ્યા. દેવાંગનાઓ લતારૂપે અને અપ્સરાઓ મૂળમાં પુષ્પવાળી માલતી વગેરે લતા થઈ આ કથા સનત્કુમાર સંહિતામાં કાર્તિકમાહાત્મ્ય ખંડમાં વર્ણવી છે. વેદના કાળમાં સોમવલ્લીની પૂજા થતી હતી તેમ અત્યારે આ ઝાડમાં બ્રહ્મનો વાસ માની તેને પૂજ્ય મનાય છે. કેટલાક એને દેવતાના વાસનું કહે છે મુખ્યત્વે વિષ્ણુના કૃષ્ણાવતારનો વાસ છે. આ કારણને લીધે હિંદુ તેની પૂજા કરે છે. પાણી, સાકર, દૂધ, સિંદૂર વડે તેને પૂજે છે. તેનો કોઈ પણ ભાગ હિંદુ કાપતા નથી. તેની બાલની રાખ પાણીમાં ઓગાળી, ગાળીને આપવાથી કોગળિયા વગેરે રોગને લીધે થતી ઊલટી બંધ થાય છે. પેપડી વિરેચક અને પાચક છે. મધની સાથે ખાવાથી દમ મટાડે છે. તેની છાલ ધારાં અને પલવાળાં અજીર્ણ તથા સૂજમાં ફાયદો કરે છે કુમળી ડાળખીનો રસ હેડકી, અજીર્ણ અને કોગળિયાનો અકસીર ઇલાજ છે. ખાસ કરીને આ ઝાડની છાલની ભસ્મ ઔષધિ તરીકે અપાય છે. મૂળમાં તે શીતળ, પિત્તહર અને કફઘ્ન છે. બાળકની આંચકી ઉપર પીપળાની વડવાઈ પાણીમાં ઘસીને પાવામાં આવે છે. એની લાખ રંગવામાં તેમ જ બીજા ધંધા ઉપયોગમાં આવે છે. એનું લાકડું યજ્ઞ સમિધમાં વપરાય છે.

૧. પીપળો દીવો કરવો = બહુ દૂર કરવું; સૌ કોઈના જાણવામાં ને જોવામાં આવે એવી રીતે ખુલ્લું મૂકવું

૨ પીપળો પરબ્રહ્મવસ્તુ = ઉમરડાના ઝાડ માંથે કન્યાનાં લગ્ન કરી, કુંવારાપણાનું મહેણું ભાંગવું. જ્યારે યોગ્ય વર ન મળે ત્યારે એકરીને પીપળો પરબ્રહ્મવરી

૩. પીપળેથી પડ્યા ને ઢેઢણું = (૧) ડોળદમામ ઘણો પણ પરિણામમાં કાંઈ ન હોવું તે. (૨) ભારે આડંબર કે જોખમનું કામ કરતાં ધક્કો કે નુકસાન લાગે તો તેમાં આઘો કમ રહે જ નહિ. પીપળા જેવા ઊંચા ઝાડ ઉપરથી પડે એટલે રામ રમી જાય. તે ઉપરથી આમ બોલાય છે.

૪. પીપળો કાગવો = ઉછેદિવું વસ્તુ; નિઃસંતાન જવું; અપુત્ર હોવું; નખોદ જવું.

૫. પીપળો ફાટવો = (૧) એક પછી એક ઘણા માણસનું આવવું કે ઊભરાવું (૨) ઘણા બાળકોનું એકઠા થવું. (૩) હરોળો પડવો.

૬. ભૂતને પીપળો બળવો = જેવા ને તેવું મળવું

૭. ભૂતનો વાસ પીપળે = (૧) જેનું જ્યાં બેસવાનું વધારે થતું હોય ત્યાં તે મળે. (૨) જેવો માણસ તેવો વાસ.

૨. પું. સિરોહી પ્રમારાજાની તરવારનો એક ભાગ. બાકી તરવાર બે ધારવાળી બને છે.

પીપા ૧. [સિં.] પું. પોપ; મોટા ઢોલના આકારનું બાજાનું કે ઢોલનું વાજિંત્ર.

૨. પું. પીરનો.

પીપાડા (પીપાડા) જ. (જૈન) ઓસવાળ વંશનું એ નામનું એક ગોત્ર.

પીપૂષાં જ.વ.વ. સાંસાં; તાણ; ખેંચ.

> ઝલકી ભતી છોળ, નીર મૂલવતાં નિરમળાં,
> હતુ પહેલડો પોર, પડ્યાં પાણીનાં પીપૂષાં.
> દિલગીર

પીપૂષો ૧. પું. તંગીની ધાંધલ; તંગીની ભૂમ; લેવાલી માટે ભૂમાભૂમ થઈ રહેવી તે. બજારની તાણાતાણ કે ધાંધલ; બજારની ધુમરાણ.

૨. પું. મોટો અવાજ; ભૂમ; ચીસ; રાડ.

પીપી ૧. સ્ત્રી. પિપરમીંટ જેવી ગોળી. બાળકોની ભાષામાં બોલાય છે.

૨. સ્ત્રી. પી બોલાય તે; હાજેતી

૩. સ્ત્રી. મોટે કૂકાને વગાડવાનું નાનું ભૂંગળું; પિપૂડી; વાંસળી; સાજર કે મંદિરાની પિપૂડી. કૂકીને વગાડવાની ભૂંગળી; શરણાઈ.

પીપું ન. પીપ.

પીપિર જુઓ પીપર.

પીપાં પું. એ નામનો એક ભક્ત. તેણે ઘણાં ભજનો બનાવ્યાં છે.

પીપાંટી (પીપોડી) ૧. સ્ત્રી. ગોળ વીંટો; ગોળાકૃ.
૨. સ્ત્રી. પીપળી; ફૂંકીને વગાડવાની ભૂંગળી.

પીપાપોળા ૧. સ્ત્રી. સુથારની એ નામની એક ઓટક.
૨. ન એ નામની ઓટકનું માપુસ.
૩. વિ. એ નામની ઓટકનું.

પીપપીપ્ ન. મોટર ગાડીનક વાગતી પેઠે બોલાતો શબ્દ.

પીપ્ય [હિ.] ન. હોલ્લામાંથી નીકળતું પરુ; પીપ.

પીપ્યજ્વર (પીપ્યજ્વા) પું. એક જાતનો રોગ.

પીપ્લ ન. પરુ.

પીમળ [સં. પરિમલ] સ્ત્રી. પરાગ; સુગંધ; પરિમલ; મીઠી વાસ; ખુશબો.

પીમળાવું ૧. અ. ક્રિ. પરિમલ કરવું.
૨. અ. ક્રિ. પીમળ આવવી; વાસ આવવી; સુગંધ મારવી; હોરવું; સુગંધ ફેલાવી; સોડવું; સુવાસ નીકળવી; મહ મંહ સુગંધી આવવી.

પીય પું. પીયુ.

પીયઈ પું. પીયુ; પ્રાણનાથ.

પીયણ પું. (કચ્છી) પીવું તે.

પીયર [સં. પિતૃગૃહ; પ્રા. પિઅહર-પિઅહર-પિયર] ન. બીના માવતરનું ઘર; પિતૃગૃહ.

પીયરપનોતી વિ. સ્ત્રી. પીયરથી ભાગ્યશાળી; પિયરમાં ભાઈભાંડુવાળી.

પીયરિયાં ન. બ. વ. બીના માતૃપક્ષનાં માણસ.

પીયલિ સ્ત્રી. પીપળ; કૂંકની ભાત.

પીયળ સ્ત્રી. પીળ; બીજોના કપાળમાં કૂંકની ભાત; કપાળમાં કરેલી કૂંકની ભર્ચા; પિયળ.
પીયળ તાણવી = કપાળ ઉપર કૂંકની ભાત કરવી.

પીયા ૧. પું. ઢોરની આંખોમાં થતો પીળા રંગનો ચીપડો. બળિયાનો રોગ થયો હોય ત્યારે ઢોરને આંખમાં પીયા થાય છે.
૨. પું પંખી
૩. [સં. પ્રિય] પું. પ્રેમી; પ્રેમ કરનાર વ્યક્તિ.
૪ પું. મિજબાન.

પીયાઉ ૧. પું. કામ.
૨. [સં. પર્યાપ્ત (ઘોડાનો સામાન)] પું. ઘોડેસવારી.
કીધુ કૂચ પીયાલે નવિઇ,
આવ્યાં કટક પાલ્હણે સવિઇ.
કાન્હડદેપ્રબંધ

પીયાનો પું. એક જાતનું વાદ્ય; હાર્પને મળતું પાશ્ચાત્ય વાદ્ય. પરંતુ તેની રચનામાં તફાવત છે. હાર્પની રચના પ્રમાણેના તારોવાળું મોટું પાટિયું લગભગ ત્રિકોણ આકૃતિની ટેબલમાં અંદર સાઈડ ટેબલની આકૃતિમાં રચાયેલું હોય છે અને તે વાદ્યને લગભગ બે ફૂટ ઊંચા પાયા ઉપર જોડવેલું હોય છે. આ વાદ્યની તારોની રચના હાર્પના જેવી જ હોય છે. હાર્પમાં તારોનો અવાજ ઉત્પન્ન કરવાને જવાથી તારો ઉપર આઘાત કરવામાં આવે છે, જ્યારે પીયાનામાં ધ્વનિ ઉત્પન્ન કરવા માટે અંદર તારો સાથે અથડાત થવા માટે રાખેલી હથોડીઓનો બહારથી કળો સાથે સંબંધ હોય છે. આ કળોમાં શુદ્ધ સ્વરો માટે સફેદ ચાવી અને વિકૃત સ્વરો માટે કાળી ચાવી જોડવેલી હોય છે. આ ચાવીઓને બહારથી દબાવવામાં આવે છે એટલે અંદર રહેલી હથોડી તારને અથડાય છે અને એ રીતે તારમાંથી ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ સિવાય પગની બે કળો હોય છે, જેમાંની જમણે પગે દબાતી કળ અવાજના આંદોલનમાં ફેર કરે છે અને ડાબા પગે દબાતી કળ અવાજનો ઘોષ લાંબો વખત સુધી ટકાવી રાખે છે. આ વાદ્ય બધે ભાગે પાશ્ચાત્ય દેશોમાં કોન્સર્ટ, ભોજ વગેરેમાં તેમ જ દેવળોમાં પણ વપરાય છે.

પીયારી [સં. પ્રિયા] સ્ત્રી. વહાલી બી; પ્યારી બી.

પીયારું ૧. વિ. પારકું; પરનું.
૨. વિ. વહાલું; પ્યારું.
લોભિ ભલિ પીયારિ મરઇ.
કાન્હડદેપ્રબંધ

પીયાલ ન પારોલી.

પીયાવું સ. ક્રિ. પિવરાવવું.

પીયાવો ૧. પું. ખેતરમાં પાણી વાનાર માણસ; ખેતરમાં પાણી વાળનારો માણસ.
૨. પું ઢોરને પાણી પીવાને બંધાવેલ ઓરસ, લંબચોરસ કે ગોળ આકારનો બે ત્રણ ફૂટ ઊંડો હોજબંધ આડો; કવાડો.
૩. પું ખરખ.
૪. પું પાણીની પરનાળ.

પીયાસા વિ. તરસ્યું; પ્યાસવાળું.

પીયાળ પું. ઉત્તર સમય; અંતકાળ; અવસાન.

પીયુ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. ઝાડો.
૩. પું. કાળ; વખત; સમય.
પીયુ બાંધવું = દહનું અનુમાન કરવું.
૪. પું. ધુવડ.
૫. પું. ઢેલનો અવાજ.
૬. પું. ચૂક.
૭. પું. ધણી; પતિ; આધિદ; ભર્તાર; ભર્તા.
૮. પું. પપિહા નામના પખીનો અવાજ.
૯. પું. પ્રેમી.
૧૦. પું. સૂર્ય.
૧૧. પું. સોનું.
૧૨. વિ. પ્રતિકૂળ; વિરુદ્ધ.
૧૩. વિ. હિંસા કરનાર; હિંસક

પીયુ પીયુ પું. બપૈયાનો અવાજ.

પીયૂક્ષા [સં.] સ્ત્રી. એક જાતનો આખરો.

પીયૂક્ષાવણ [સં.] ન. એક જાતના આખરાનું વન.

પીયૂખ ન. પીયૂષ; અમૃત; સુધા.

પીયૂષ ૧. પું. (પિઅણ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કવિત છે. તેને સાદ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બીજા રગણ મળી છાસઠ અક્ષર હોય છે.
૨. પું. પ્રભુ; ઈશ્વર.
૩. [સં.] ન. અમૃત; સુધા; દેવોનું એક જાતનું પીણું.
સોમ સુધા પીયૂષ અમૃત અબદરાજ મુરઓત,
અસ્ત રહે રહુ લોક તીહાં કરિ અમી ઉપમોત.
પિંગળપ્રકોષ
૪. ન. તાજી વિયાયેલી ગાયનું સાત દિવસ સુધીનું દૂધ; નવ પ્રસૂતા ગાયનું દૂધ. આવું દૂધ દાહ કરનારું, રક્તને કુપિત કરનારું તથા પિત્ત વધારનાર હોવાથી સાધારણ રીતે લોકો તે પીતા નથી.
૫. ન. દૂધ.

પીયૂષખાણી સ્ત્રી. અમૃતની ખાણ; સુધાનો ભંડાર.

પીયૂષગ્રંથિ સ્ત્રી. મસ્તકપિંડ; ' પિટ્યુઇટરિ ગ્લેન્ડ.'

પીયૂષઝરણી સ્ત્રી. અમૃતરૂપી સરણી.

પીયૂષપાણિ ૧. પું. વૈદ્યનાથી વૈદ્ય
૨ [સં પીયૂષ (અમૃત) + પાણિ (હાથ)] પું. ધન્વંતરિ.

પીયૂષપાન [સં.] ન. અમૃતનું પાન કરવું તે.

પીયૂષભાનુ [સં. પીયૂષ (અમૃત) + ભાનુ (સૂર્ય)] પુ. ચંદ્રમા.

પીયૂષમહા ૧. [સં. પીયૂષમહસ] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. ચંદ્રાલોક નામનો ગ્રંથ રચનાર એ નામનો એક પંડિત.

પીયૂષરશ્મિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું ચંદ્ર.

પીયૂષવર્ષ પું. (પિંગળ) ઓગણીસ માત્રાનો એક માત્રામેળ છંદ; આનંદવર્ધન. તેને અંતે લઘુ અને ગુરુ હોય છે. તેમાં ૧૦ અને ૯ માત્રાએ યતિ તથા ૧, ૮ અને ૧૫ માત્રાએ તાલ આવે છે.

પીયૂષવર્ષ ૧. [સં.] પું. અમૃતધારા.

૨. પું. કપૂર.

૩. પું. ચંદ્રમા.

૪. પું. તે નામનો એક વિદ્વાન.

પીયૂષવર્ષણ ૧. [સં. પીયૂષ (અમૃત) + વર્ષણ (વરસાદ)] ન. અમૃતનો વરસાદ.

૨. ન. મીઠો અવાજ સંભળાવો તે.

પીયૂષવર્ષી [સં. પીયૂષવર્ષિન્] વિ. અમૃત વરસાવનાર.

પીયો ૧. [સં. પીત (પીળું); પ્રા. પીઅ] પું. આંખ આવવાથી પોપચાં ઉપર અને તેના ખૂણામાં બાઝતો ચીકણો પદાર્થ; ગીપડો; આંખનો મેલ.

૨. પું. કોદરા વગેરે ભરડવાને માટે ઘંટીના પડ ઉપર કરાતો રાખનો થર.

૩. પું. ચૂમડાં, ખીલ વગેરેમાંથી ઊકલી વારે નીકળી પડતી કણી.

૪. પું. પેટમાં પાણીનો ભરાવો; જળોદર.

પીર ૧. પું. અમીર; ઉમરાવ.

૨. પું. ગુરુ; ધર્મગુરુ; પરલોકનો માર્ગદર્શક.

૩. [ફા.] પું. ઘરડો માણસ; ડોસો; વૃદ્ધ.

૪. પું. દૈવત્વ પામેલો મુસલમાન સંત; વલી; મુસલમાન જોગિયો; મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ; મરણ પામેલ મુસલમાન સંત.

૧. પીર આવવા = શરીરમા પીરનો પ્રવેશ થવો. તેથી અમમ્ય વાતો જણી શકાય છે, એમ મનાય છે.

૨. પીરની માનતા મુજબ વધારે = નેતા અનુયાયીથી ઓળખાય.

૩. પીરે જવું = પીરની માનતાએ જવું.

૫. પું. પવિત્ર માણસ; સાધુ.

૬. [સં. પિતૃ] પું. પિતા; બાપ.

૭. પું પ્રભુ; પરમાત્મા.

૮ પું મહાત્મા; સિદ્ધ.

૯. પું. મુસલમાનના સાત મહેનો બીજો વાર; સોમવાર.

૧૦. [સં. પ્રકાર] સ્ત્રી. જાત; પ્રકાર.

૧૧. [હિ.] સ્ત્રી. પીડા; દર્દ; દુઃખ; આધિ.

૧૨. સ્ત્રી. પ્રસૂતિની વેદના; પ્રસવપીડા.

૧૩. સ્ત્રી. બીજાની પીડા કે કષ્ટ જોઈને થતું દુઃખ; દયા; કરુણા; હમદર્દી.

૧૪. સ્ત્રી. મીરની જે નામની એક અટક.

૧૫. ન. એ નામની અટકનું માણસ.

૧૬. ન. પિયર; માવિત્ર.

પીરથી પરવારે સારે સાસરે જાય = પોતાના કામમાંથી નવરો ન થાય તે બીજાનું કામ કઈ રીતે કરે ?

૧૭. વિ. એ નામની અટકનું.

૧૮. વિ. પૂર્ત; ચાલાક; ઉસ્તાદ.

૧૯. [ફા.] વિ. વૃદ્ધ; ઘરડું

પીરજાદો ૧. [ફા. પીરઝાદ] પું. પીરનો છોકરો; વલીપુત્ર.

૨. પું. સંત માણસ.

૩. પું. હિંદુ મુસલમાન ભક્તિમાર્ગને ઐક્ય કરવાના હેતુથી બાહદુલ્લા નામના સંતે સ્થાપેલ પંથનો પુરુષ.

પીરજન [ફા.] સ્ત્રી. ઘરડી સ્ત્રી; ડોસી.

પીરઝાદા ૧. [ફા.] પું. કોઈ પીર અથવા ધર્મગુરુનો પુત્ર; પીરનો દીકરો કે ચેલો.

૨. પું. મસીદનો પીર.

૩. સ્ત્રી. એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

પીરઝાલ [ફા.] સ્ત્રી. ઘરડી સ્ત્રી; ડોસી.

પીરઝાલા જુઓ પીરઝાલ.

પીરતન સ્ત્રી. પીરપણું.

પીરમુકાર્ઈ [તા.] પું. એક જાતનો વેલો; લીમા તોરાઈ.

પીરપતારી [મ.] સ્ત્રી. એક જાતનો કીમતી પથ્થર.

પીરપાલ ૧. સ્ત્રી. ધાર્મિક માણસને આપેલી જમીનની બક્ષિસ.

૨. સ્ત્રી. પીરની દરગાહના નિભાવ માટે અપાતી રોકડ અથવા જમીન.

પીરપ્રેરતૂત વિ. વૃદ્ધાવસ્થાથી અશક્ત બનેલ.

પીરભૂચડી (પીરભૂચડો) પું. કીજાનો પીર.

પીરમ પું. ખંભાતના અખાતમાં આવનજાવ સામે આવેલો એ નામનો નાનો બંદર કે બેટ.

પીરમર્દ [ફા.] પું. પુરાણો જોગી; ઘરડો માણસ.

પીરમુરશિદ [ફા.] પું. ગુરુ; મહાત્મા; પૂજનીય અથવા પોતાથી ઘણા મોટા દરજ્જાનો માણસ. મહાત્માઓ સિવાય રાજા, બાદશાહ અને એવા મોટા માણસો માટે પણ આ શબ્દ વપરાય છે.

પીરવાઈ ૧. સ્ત્રી. પિયર તરફનું આવાગમન.

૨. સ્ત્રી. પિયર તરફનો રસ્તો

૩. સ્ત્રી. પિયરનું કુટુંબ.

પીરવાલા ૧. સ્ત્રી મુસલમાનની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પીરશા [પીર (વલી) + શાહ (નબી)] પું. બાબેલાહા હલ્લલ્લાહ મોહમદ રસુલિલ્લાહ એ કલમાનું ટૂંકું રૂપ. કલમાનો અર્થ: લાઇલાહા હલ્લલ્લાહ એટલે ખુદા સિવાય બીજો ખુદા નથી, અને મોહમદ રસુલિલ્લાહ એટલે નબી મોહમદ ખુદાના મોકલેલા ધર્મઉપદેશક છે. તેને કેટલાકો શાહ એટલે ખુદા ધ્રુમાન, ને પીર એટલે પેગંબર અથવા વક્કર કહે છે. તે કેટલાકનો મંત્ર મનાય છે.

પીરસદરુદીન પું ઇસ્માઇલી ધર્મ માનનારાઓને ઘણા પ્રિય એ નામના એક વિદ્વાન પીર. એમણે ધર્મભાવિકોની જમાત જુદી પાડી તેનું ખોજા એવું નામ આપ્યું. તેમના બોધમાં હિંદુ મુસલમાન ઐક્યતા આબાદ કરી છે. સનાતન ધર્મ પ્રમાણે તેઓ દશ અવતારો પૈકી શ્રી કૃષ્ણ સુધી આઠ અવતારોને કબૂલ રાખે છે ને નવમા અવતાર તરીકે હજરત આદમને માન્ય રાખે છે અને દશમા અવતાર અલીને અને તેની પરંપરામાં થતા રહેતા ઇમામોને નકલંક અવતાર પાત્ર તરીકે માને છે. આ પીર સાહેબના સમયમાં જ ખોજા ધર્મની જમાત તથા જમાતખાનું સ્થાપન થયાનું મનાય છે.

પીરસવું [સં. પરિવિષ્] સ. ક્રિ. રાંધેલી રસોઈ જમણમાં મૂકવી; પતરાળી પૂરવી; જમવા મૂકવું; જમવાનું આપવું; જમવાનું મેલવું; રાંધેલું અન્ન જમણમાં મૂકવું; જમનાર પાસે જમવાનું મૂકવું; જમવા માટે જમણમાં મૂકવું

સાકર પીરસવી = મીઠું મીઠું બોલવું.

પીરસા [તા.] પું. (વહાણવટું) ખૂબો; વહાણના વચલા ભાગમાં બહુલથી જરા આગળ પાટી ઉપર ઊભો કરવામાં આવતો મોટો, સીધો, મજબૂત થાંભલો; ' મેઇન માસ્ટ. '

પીરસાવું અ. ક્રિ. પીરસે એમ થવું.

પીરસું ન. પિરસણું; શાક વગેરે પ્રસંગે મીઠાઈ વગેરેની ભેટ.

પીરસૈયો પું. પીરસનાર માણસ.

પીલ ૧. [હિં.] સ્ત્રી. પીળ.
૨. વિ. પીળું.

પીરાઈ ૧. [હિં.] સ્ત્રી. એ નામની એક જાતિ; પીરનાં નામ ગાઈને આજીવિકા મેળવનાર એ નામની એક જાતિ.
૨. સ્ત્રી. પીરપણું.
૩. સ્ત્રી. બડાઈ.
૪. સ્ત્રી. મોટાઈ.
૫. ન. એ નામની જાતિનું માણસ.
૬. વિ. એ નામની જાતિનું.

પીરાણા પું. એક જાતનો પંથ. મતિયા એ પીરાણા પંથનું બીજું નામ છે. તેની ગાદી અમદાવાદમાં છે. ગાદી ઉપર હિંદુને જ બેસાડવામાં આવે છે. કુમસ, ભીમપોર, નવસારી વગેરે સુરત જિલ્લાના કેટલાક ભાગમાં કોળીઓનો મોટો ભાગ આ પંથને માનનારો છે. અમદાવાદ પાસેના ગીરમઠ ગામમાં પીરાણા પથના ગાદી છે. જુઓ પીરાણાપથ.

..રાણાપંથ પું. કાકાપથ; મતિયાપથ; સત્પંથ. આ પંથ ગુજરાતમાં લગભગ પંદરમી સદીથી શરૂ થયેલ છે. તેના સ્થાપનાર પ્રેમામશાહ છે. આ મતમાં મોટો ભાગ પાટીદારોનો છે. આ લોકો હિંદુ રીતરિવાજ પાળે છે. તેઓનાં નામ, આચરણ વગેરે પણ હિંદુઓ જેવાં જ છે, ફક્ત તેમનો ગુરુ મુસલમાન છે. એ ગુરુનો એક પાટીદાર મદદનીશ હોય છે, તેને કાકા કહે છે તેઓ આકાશ અને કાકા બંને પાસે ધર્માનુષ્ઠાન કરાવે છે અને મરણ બાદ કબરમાં દફનાવે છે. તેઓનો ઉપાસ્ય દેવ પણ નકલંક કે નિષ્કલંકી કહેવાય છે. આ પંથની આઠ શાખા છે. મૂળ સ્થાન કચ્છમાં છે. પીરાણાનો ધર્મ પણ સત્પંથના નામથી ઓળખાય છે.

પીરાણાપંથી પું. મતિયા; સત્પંથી. ગુજરાત, કચ્છ અને માનદેશમાં જે લેઉઆ કણબી ફેલાયા, તેઓ મતિયા, સત્પંથી અથવા પીરાણાપંથી કહેવાય છે. આશરે ૫૦૦ વર્ષ પહેલાં સૈયદ પ્રેમામશાહ નામના એક ઇસ્લામી પીરે તેમને શિયા મુસલમાન બનાવ્યાનું કહેવાય છે તેઓ અથર્વવેદને માને છે અને પોતાને સત્પંથી એટલે સત્યના અનુયાયી કહેવડાવે છે. અમદાવાદ, નવસારી અને જુરહાનપુર જાતેની મુસલમાન પીરોની કબરોને તેઓ પૂજે છે. તેઓના રીતરિવાજ અર્ધા હિંદુ અને અર્ધા મુસલમાની છે. તેઓ રોજા રાખે છે અને વજી હોળા, નાગિયેરી પૂનમ, દિવાળી વગેરે હિંદુ તહેવારો પણ પાળે છે.

પીરાણી ૧. સ્ત્રી. એક જાતની કઠિયાવાડી ઘોડી. તેને કાબૂ દેતી વખતે એક બકરાનું રુધિર પાવું જોઈએ, નહિ તો તે માણસને કરડે એમ મનાય છે.
૨. સ્ત્રી. ખોજાની એ નામની એક અટક.
૩. સ્ત્રી. પીર.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. દેવતાઈ.

પીરાણું ૧. ન. પીરની મહત્તા.
૨. ન. પીરને માનવું તે.

પીરાતણ ન. પીરપણું.

પીરાન ૧. [અર.] પું. અઢારેસેવામનો એ નામનો વડો વજીર.
૨. પું. તકિયાના અર્થે માટે આપેલી જમીન.
૩. પું. દાનમાં આપેલી જમીન.
૪. પું. મુસલમાન ફકીરની કબર ઉપર બાંધવા માટે બક્ષેલી જમીન.
૫. [બ.] પું. ન વ. વૃદ્ધ પુરુષો; ઋષિઓ.

પીરાનપીર ૧. [બ. પીરાન (પીરો) + પીર] પું. દેવનો દેવ; મુખ્ય લોકોના મોટા દેવ; મોટા પીર; પીરના પીર. મૂળ શબ્દ પીરેપીરાન છે પણ છટ્ટો વિભક્તિ ઊડી જવાથી શબ્દોનું સ્થળાંતર થઈ પીરાનપીર શબ્દ થયો. એમનું નામ અબ્દુલ કાદિર મોહેયુદ્દીન છે. એમનો રોજો બગદાદમાં છે.
૨. પું. મોટામાં મોટો પીર; અતિ મહાન પુરુષ; મોટો ઉમરાવબાદો.

પીરાના ૧. [બ.] વિ. મોટી ઉમરના જેવું.
૨. વિ. મોટી ઉમરનું વસ્તુ.

પીરાનેપીર જુઓ પીરાનપીર.

પીરાપૂરી સ્ત્રી. એક ઊંચી જાતનો બંગાળી આંબો.

પીરામણ ૧. [બ.] પું. પેરાવો.
૨ સ્ત્રી. ચુનારાની કોર.
૩. ન. આસપાસ.

પીરામૂન જુઓ પીરામણ.

પીરાયા [બ.] પું. પરોણો.

પીરિયડ [અં.] પું. મુદત; વખત.

પીરી ૧. પું. એક જાતનો રંગ.
૨. પું. કબળો.
૩. સ્ત્રી. છબરો.
૪. [બ.] સ્ત્રી. બડપણ; બડપ્પી; વડાવસ્થા; મુરબ્બો.
૫. સ્ત્રી. અમલદાર; અમાનુષિક શક્તિ કે તેનું કાર્ય; કરામત.
૬. સ્ત્રી. ચાલાકી; ધૂર્તતા.
૭. સ્ત્રી. ચેલા મુંડવાનો ધર્મો.
૮. સ્ત્રી. પીરની ધાર્મિક ફરજ.
૯. સ્ત્રી. સત્તા; હકૂમત.
૧૦. સ્ત્રી. સાધુપણું.
૧૧. [હિં.] વિ. સ્ત્રી. પીળી.

પીરી મુરીદી સ્ત્રી. ગુરુચેલાપણું.

પીરૂ ૧. [ફા. પીલમુર્ગ] પું. (હિંદી) એ નામનું એક તુર્કી પક્ષી.
૨. પું. (કચ્છી) બારનું ફળ.

પીર્ઝ ૧. ન. આવતો પરમ દિવસ.
૨. ન. ગયો પરમ દિવસ.
૩. ન. ભોરઈ.

પીરેથ્રમ પું. એક જાતનો છોડ. જાપાનમાં તેમાંથી જંતુનાશક દવા બનાવવામાં આવે છે.

પીરેમુગા ૧ પું. (જરથોસ્તી) અગિયારીનો ઉપરી; અગ્નિપૂજકોનો વડો માણસ.
૨. પું. દારૂ વેચનાર વેપારી.

પીરેરવાં પું. ખંભાતમાં થઈ ગયેલો એ નામનો એક સંત.

મુલ્લાં મહમદઅલી કરીને ખંભાત બંદરમાં એક મહાન પુરુષ થઈ ગયો છે. એ પીરેરવાંના નામથી ત્યાં મશહૂર છે. પુરાતત્ત્વ

પીરો ૧. પું. છોકરાના બાપ તરફથી કન્યાને અપાતો પોશાક.
૨. પું. છોકરો. સુરત તરફ વપરાય છે.

પીરોજ [ફા.] પું. એક જાતનો હીરો; આસમાની રંગનું પારદર્શક રત્ન; ઉદનીલ; વૈદૂર્ય મણિ.

પીરોજા પું. એક પ્રકારનું રત્ન. તે ઘૂવા રંગનું હોય છે. મુસલમાનો તેને ધાર્મિક માન્યતાથી વાપરે છે. તેની નકલના ઘૂવા રંગના કાચના પારા, મોતી, બંગડીઓ વગેરે બને છે.

પીરોજિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું

પીરોજી વિ પીરોજના રંગનું; આસમાની; નીલું.

પીરોજું જુઓ પીરોજી.

પીરોઝો ૧. પું. આછો આસમાની રંગ.
૨ પું. એક જાતનું આસમાની રંગનું રત્ન.
૩. પું. એક જાતનો ઘોડો.

પીરોજ ૧. [ફા.] પું. જીત.
૨. વિ. કનેહમંદ.

પીરોઠા સ્ત્રી. એક જાતની માછલી. ને ઓખા પાસે મળે છે.

પીરોપન વિ. (કચ્છી) પાંદડાં જેવું પીળું.

પીલ્ ૧. [સં.] અ. ક્રિ. મૂર્ખ બનવું.
૨. સ. ક્રિ. બનાવવું.
૩. સ ક્રિ. રોકવું; અટકાવવું.

પીલ ૧. [હિં.] પું. કીડો.
૨. [ફા.] પું. શેતરંજની રમતમાં હાથી નામનું પ્યાદું.
૩. પું. હાથી; ગજ; હસ્તી.

પીલક ૧. [સં.] પું. કોડો; મકોડો; મોટી કાળી કીડી.
૨. ન. કાળી પાંખ અને લાલ ચાંચવાળું એક જાતનું પીળા રંગનું નાનું સુંદર પક્ષી. તલ ઉપર પડતાં ઉપદ્રવી કોટકોનું ભક્ષણ કરનાર હોવાથી તે ખેતીને ફાયદાકારક અને ઉપકારી મનાય છે.
૩. વિ. અટકાવનાર.
૪. વિ. થકાવનાર.
૫. વિ. મૂર્ખ બનનાર.
૬. વિ. રોકનાર.

પીલકવૃંદ ન. એક જાતનું પંખી. દર વર્ષે શ્રાવણ માસમાં કચ્છમીર અને તેની આસપાસના પ્રદેશોમાંથી એ પીલકવૃંદ સૌરાષ્ટ્ર તરફ ઊતરી આવે છે. આ પીલકો આ બાજુ બેએક માસ સુધી રહેકાય કરે છે અને પછી પોતાના વતન બાજુ પાછાં ચાલ્યાં જાય છે. જ્યાં પહોંચ્યા પછી એનાં બચ્ચાંની મોસમ શરૂ થાય છે. પંખીઓના જગતમાં આ સ્થલાંતરની ક્રિયા સંપૂર્ણ રીતે નહિ તો પણ ખરેખર અંશે ખોરાકના પ્રશ્ન ઉપર અવલંબેલી છે. જે પંખીઓને વતનમાં પૂરતો ખોરાક મળી રહે છે, તેઓ આવી રીતે સ્થલાંતર નથી કરતાં. શ્રાવણ માસમાં લીંબડાના પાન ઉપર ચટકતી કપળો પીલકોનો મનગમતો ખોરાક છે.

પીલખાનું [ફા.] ન. હાથીખાનું; હાથી બાંધવાની જગ્યા.

પીલખાં [હિં.] પું. એક પ્રકારનું વૃક્ષ.

પીલચટું વિ. બદામી; સફેદ પીળું.

પીલચવું ૧. અ. ક્રિ. તૈયાર હોવું; તત્પર રહેવું.
૨. સ ક્રિ. લીન થવું; મગ્ન હોવું.
૩. સ. ક્રિ. ચોટવું, વળગવું.

પીલચાફળ ન. રસ્તા ઉપર રોપવા લાયક અને રોળાયમાન એક જાતનું ફૂલઝાડ.

પીલચું ૧. [દે. દેસજ્જ] ન. પીલવું તે.
૨. ન. સણ ને બટકીને નીચલે છેડે બાળને માથે રાખવામાં આવતું ચાંદું લાકડું.

પીલજુકર્મ ન. કપાસ, રોરડી વગેરેની ચૂંટ પીલવાનો ધંધો.
કરણ નલિજ પ્રકરીમા કોઇ,
પીલજુકર્મ કહી જસ કોઇ. લાલજસમ્બ

પીલતન ૧. [ફા. પીલ (હાથી) + તન (શરીર)] વિ. જોરાવર
૨. વિ. હાથીના જેવા શરીરવાળું.

પીલદંડાન ૧. [ફા.] પું. હાથીદાંત; હાથીનો દંતૂશળ
૨. પું. હાથીનો દાંત.

પીલનિશીન [ફા.] પું. હાથીએ બેસનાર માણસ.

પીલપગ [ફા.] પું. પગ ફૂલીને હાથીના જેવો જાડો થઈ જવાનો રોગ; શ્લીપદ; હાથીપગાનો રોગ.

પીલપાઈ [ફા.] પું. એ નામનો ફારસી વાર્તાગ્રંથનો એક વિદ્વાન નાયક.

પીલપાપડો (પીલપાપડો) પું. એક જાતનું કરિયાતું.

પીલપાયા ૧. [ફા.] પું. સ્તંભ; થાંભલો.
૨. પું. ન. વ. હાથીના પગ.
૩. વિ. જબરું.

પીલપાલ [પીલ (હાથી) + પાલ (રક્ષક)] પું. મહાવત.

પીલપાંવ [ફા. પીલપગ] પું. પગ સૂજીને હાથીના જેવો થઈ જવાનો રોગ; શ્લીપદ; હાથીપગાનો રોગ. તેમાં ઘૂંટણ નીચે એક કે બંને પગ સૂજી આવે છે. આ રોગ પુરાણો થવાથી તેમાં ખૂજલી અને પાઈ થાય છે. સોજો પહેલાં પગના પાછલા ભાગથી શરૂ થાય છે અને ધીમે ધીમે આખા પગમાં ફેલાય છે. આરંભમાં જ્વર આવે છે. જે પગ ઉપર આ રોગ થયો હોય તેમાં પહેલાં ગાંઠ થાય છે અને અસહ્ય પીડા થાય છે. બહુ જલદી ઉપાય ન કરવાથી આ રોગ અસાધ્ય બને છે.

પીલપીલ વિ. મૃદુ; કોમળ; પોચું.
મર્દાનગીને અંગ પીલપીલા થવાની અસી પર ઘણાંની નજર દિલને ચોટ્યું કઠિન-કઠોર બનવું પડશે. નવપ્રકાશ

પીલબંડ પું. શેતરંજની રમતમાં એક સંજ્ઞેય. તેમાં હાથી અને બે પ્યાદા એકબીજાને જોર આપે છે.

પીલબાન [ફા.] પું. હાથીનો મહાવત; હાથીનો રખવાળ; પીલપાલ.

પીલબાની [ફા.] સ્ત્રી. હાથીની સંભાળ રાખવાનું કામ.

પીલબાર [ફા.] વિ. હાથી જેટલું વજનદાર.

પીલમુર્ઘ [ફા.] ન કૂકડાની જાતનું એક પક્ષી.

પીલરુ પું. ઘોડાનો એક જાતનો રંગ. એને કુમેદ પણ કહે છે

પીલવણ ન. પોલુડી આરપાર જમીનમાં આ ઝાડ થયાં થાય છે. એનાં પાંદડા જનાં અને લીંબોળીને મળતાં ફોલ છે. તેના બિયાં ઓળ અને ઝુમખામાંથી થાય છે તેનાં મૂળની દાતણમાં ગણના કરવામાં આવે છે

પીલવર [ફા.] વિ. પગે ચાલનાર.

પીલવાન [ફા. પીલબાન] પું. હાથીનો મહાવત; પીલપાલ; પીલબાન.

પીલવાર ૧. [ફા.] વિ. હાથી જેટલું વજનદાર.
૨. વિ. હાથીના જેવું.

પીલવું ૧. ન પોલુડીનું ફળ. તે પાકે ત્યારે વાદળી અને કાટલાંક ઝાડ ઉપર જાંબુડા રંગનાં થાય છે. પાકેલાં પીલવા ખવાય છે તે સહેજ તીખાશવાળાં અને ખટુંબ્બાં હોય છે, પણ ગુણમાં બધાં ગરમ મનાય છે.
૨ સ ક્રિ. પીલા નીકળવા; પાંગરવું.
૩. [સં. પીલ્ (દાબવું)] સ ક્રિ. કચરવું; મસળવું; મસળવું; દબાવવું; નિચોવવું; દબાઈને કે કચરાઈ નિચોવાઈ જાય એમ કરવું
૪. સ. ક્રિ. દાબીને કે કચરીને રસ વગેરે કાઢવો.
૫. સ. ક્રિ. દુઃખ દેવું; કનડવું
અવળી વાણીએ પીલવું ન બહુ દુઃખ દેવું.
૬. સ ક્રિ. લોટવું. કપાસના સંબંધમાં વપરાય છે.

પીલવો ૧. [સં. પીલુ] પું. એક જાતનું વૃક્ષ. એના બીજમાંથી તેલ કાઢી વા ઉપર વાપરે છે. બી અને પાન બંને ઔષધના કામમાં આવે છે.
૨. પું. પીલવાનું યંત્ર; ઘોબ; ઘોલુ

પીલસાટ [ફા.] સ્ત્રી. પીળો રંગ.

પીલસોજ [હિં.] પું. દિવેટ; ચિરાગદાન.

પીલંબરી વિ. પીળા રંગનું.

પીલા ૧. [હિં.] પું. એક પ્રકારનો રંગ. તે હળદર અથવા સોનાના રંગને મળતો આવે છે અને હળદર, કરસિંગાર વગેરેથી બનાવવામાં આવે છે.

૨. પું. ધર્મગુરુ.

૩. પું. પરદો; બાવળની સિંગ; પરદિયો.

૪. પું. બાળક. દ્રાવિડી ભાષાનો શબ્દ છે.

૫. [ફા.] પું. રેશમના કોકાઝો બાંધેલું ગોકકું; કોશેટો.

૬. પું. રેશમનો કોડો.

૭ [ફા. પીલ] પું. શેતરંજની રમતમાં હાથીનું મહોરું.

૮. પું. વ ક. હથણા.

૯. [હિં.] વિ. પીળું; પીતવર્ણું; હળદર, સોનું કે કેસરના રંગનું

૧૦. સ્ત્રી. ધિક્કુ.

૧૧. વિ. રક્તના અભાવસૂચક શ્વેત; નિસ્તેજ; કાંતિહીન.

પીલાકનેર [હિ] પું. પીળાં ફૂલની કણેરનું ઝાડ. લાલ રંગનાં ફૂલવાળી કણેર કરતાં આ ઝાડ ઊંચું થાય છે. વૈદકમાં તેના મૂળ ધોળા કણેર સરખા છે.

પીલાગેરુ પું. સોનાગેરુ.

પીલાધતૂરા [હિં.] પું. ઊંટકટારો; કાકડી.

પીલાની ૧. સ્ત્રી. પારસીની એ નામની એક બટક.

૨. સ. એ નામની બટકનું માપ્રમ.

૩. વિ. એ નામની બટકનું.

પીલાપન [હિં.] ન. જાંડી; પીળાક. તે ખાસ કરીને પાંડુ રોગનું લક્ષણ છે. કોઈ કોઈ વાર આકસ્મિક ભય અથવા મૂર્છાથી તે જાઈ જાય છે.

પીલામ [હિ.] ન. એક જાતનું રેશમી કાપડ; સાટીન.

પીલાર ન બડ

પીલા શેર [હિ.] પું. એક જાતનો વાઘ તે આફ્રિકામા જોવામાં આવે છે. તેનો રંગ કેટલે અંશે પીળો હોય છે.

પીલાં સ્ત્રી. એ નામની એક અધોમૂલિની વનસ્પતિ; ઓઈ.

પીલિયા ૧. [હિ.] પું. કમળો.

૨. સ્ત્રી. એક જાતની તમાકુ. તે વડોદરા ને એવા જિલ્લામાં વવાય છે.

૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના ઝીણા છોડ ઝીણી લૂણીની પેઠે જમીન ઉપર પથરાય છે

૪. સ્ત્રી. છઠ્ઠીને દિવસે સુવાવડી બાઈને ઓઢાડવામાં આવતું પીળું કપડું.

પીલિયાં ન. બ. વ. કેળના મૂળ આગળથી ફૂટી નીકળતા નાના છોડ.

પીલી સ્ત્રી. સોનાની મહોર.

પીલી ચિઠ્ઠી [હિં.] સ્ત્રી. કોલેરી, કમકે તેના ઉપર કેસર વગેરેનાં છાંટણાં નંખાય છે.

પીલી જરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મંજીરો.

પીલી મિટ્ટી [હિં.] સ્ત્રી એક પ્રકારની ચીકણી અને પીળી માટી. તે કપડાં રંગવામાં વપરાય છે.

પીલુ ૧. પું અખોડા; અખરોટનું ઝાડ.

૨. [સં.] પું. એક જાતના તૃણની મંજરી.

૩. પું. એક જાતનું ઝાડ; પીલુડી.

૪. પું. (સંગીત) એક રાગ. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે ચારજ શુદ્ધ, રિષભ તીવ્ર તથા કોમળ બે, ગાંધાર તીવ્ર તથા કોમળ બે, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર કોમળ બે એ પ્રમાણે સાતે સ્વર છે. તે ગાવાનો વખત દિવસનો ત્રીજો પહોર છે. ૫. પું (સંગીત) એક સંપૂર્ણ જાતિ રાગ. તેમાં સાત સ્વરો આવે છે. ગ અને ધ કોમળ, મંદસ્વર ૫, વાદી સ્વર ગ, સંવાદી સ્વર ધ અને ન્યાસ સ્વર સા છે. આરોહમાં કવચિત્ ગ, ધ શુદ્ધ અને અવરોહમાં નિ કોમળ લેવાય છે. મંદ્ર અને મધ્ય સપ્તકમાં જ વિશેષ ગતિ છે. નિ કોમળ પણ કોઈ વખતે લાગે છે. આ રાગ સર્વ સમયે ગવાય છે, કરુણ અને શૃંગાર રસ ઉત્પન્ન કરે છે અને ચંચળ પ્રકૃતિવાળો છે.

૬. પું. કળદર, કોલું કે અરબીનું નાનું જન્યું.

૭. પું કૃમિ; કીડો

૮. પું. ખારા પાણીમાં ઊગતા શેરિયા નામના ઝાડનું ફળ. તે તીખું હોય છે. કૂતરાના વિષ ઉપર, વાંઝી અને સન્નિપાત ઉપર તે ઉપયોગી મનાય છે.

૯. પું. (કચ્છી) બારનું ફળ.

૧૦. પું. તાલકાંડ.

૧૧. [મા.] પું. કીડ.

૧૨. પું. પરમાણુ

૧૩. પું. પીલવો; એક જાતનું ઝાડ. તેનાં પાન ખાવડીનાં પાન જેવાં પણ મોટાં હોય છે. તેમાં તોરણ પ્રમાણે ફળ આવે છે. પાકેલાં ફળનો રંગ લાલ હોય છે. ફળમાંથી તેલ નીકળે છે. તેને ખાંભણ કહે છે. એ તેલ વાયુ ઉપર ફરીરે ચોળાય છે. મોટી જાતનું ઝાડ મુસલમાન લોક પોરોની કબરો પાસે શોભા માટે વાવે છે. એની જગા પણ જ વધુ હોય છે. કૂતરાના વિષ ઉપર પીલુનાં પાંદડાંનો રસ અસર મૂળ ધરી પડાય છે. વૈદકમાં તેનાં ફળને સ્વાદિષ્ટ, ગરમ અને વાયુ, કફ, પિત્ત, ગુલ્મ, પ્રમેહ, મંદાગ્નિ વગેરેનો નાશ કરનાર કહેલ છે. મીઠા પીલુને ઓછા ગરમ અને ત્રિદોષ મટાડનાર માનેલ છે.

૧૪. પું પુષ્પ; ફૂલ.

૧૫. પું. (સંગીત) ભગોલ માંડેનો નવમો થાટ; કોરવાણી થાટ. તેમાં ગાંધાર એટલે ગ અને ધૈવત એટલે ધ એ બે સ્વરો કોમળ આવે છે, બાકીના પાંચ સ્વરો શુદ્ધ આવે છે.

૧૬ પું. બાળ.

૧૭. પું. મેરો.

૧૮. પું. હરેણો; કરતલ.

૧૯. પું. હાડમાનો કટકો.

૨૦. પું. હાથી.

૨૧. સ. પીલુનું ફળ; પીલુકું.

૨૨. વિ. પીળું.

પીલુઆ [હિં.] પું. માછલી પકડવાની બહુ મોટી જાળ.

પીલુક [સં.] પું. એક જાતનો કીડો.

પીલુકૃચ્છ્ર સ. પીલુકાંનો પાક.

પીલુકેદાર [સં.] પું. મુખ્ય બહાર માંડેનો એ નામનો એક કાર.

પીલુજંગલા પું. (સંગીત) એ નામનો એક રાગ.

પીલુડી (પીલુડી) ૧. સ્ત્રી. એ નામનો એક વેલો તેનાં પાંદડાં ત્રિદળ હોઈ તેને ત્રાટા હોય છે. વેલાનો રંગ પ્રથમ રાતો અને પછી ધોળો થાય છે. એ વેલો બહુ કેટલે વાડ ઉપર ચડે છે. પીલુડી રસ વખતે ઉષ્ણ, કડવી, તીખી, રસાયન, દીપ્ત, સ્નિગ્ધ, સ્વર્ય, હલ્ય, ધાતુવર્ધક, નેત્ર, રુચિકર, સારક અને લઘુ છે. તે કફ, વાયુ, અર્શ, સોજો, ત્રિદોષ, કોઢ, કૃમિ, કર્ણકોટ, અતિસાર, ઊલટી, દમ, ઉધરસ, જ્વર, હરોગ અને મોહનો નાશ કરે છે.

૨. સ્ત્રી. એક જાતનો રોગ.

૩ સ્ત્રી. કાકમાચી; પીલુનું ઝાડ. તેને લઘુબોળ અને ગણીદાર પાન આવે છે તેમાં નાનાં પાંચ પાંખડીવાળા સફેદ ફૂલ અને ગોળ ચણા જેવડાં લીલાં પણ પાકે ત્યારે લાલ રંગનાં મૃદુમાંસલ ફળ થાય છે. તેનો રસ સોજા ઉપર ચોપડાય છે. નાની અને મોટી પીલુડી એવી તેની બે જાત છે. નાની પીલુડી સોજાના દરદમાં વપરાય છે. ઝાડ ઓછું ઊંચું

નથી. ઋીમાંથી તેલ કાઢવામાં આવે છે, તેને વરખડિયું કહે છે. ઔરીત લોકો તેને દીવામાં નાખે છે. આને ખારી બોર પણ કહે છે. તેનાં ફળ પંખીઓ તથા નાનાં છોકરાં ખાય છે. ધોળા પીલુડીનો વેલો મોટો વિસ્તારવાળો થાય છે. એનાં પાંદડાં પીપરનાં પાંદડાં જેવાં હોય છે. ફૂલ અંદરથી ધોળા રંગનાં અને બહારથી નીલવર્ણાં હોય છે. એને પાંચ પાંખડીઓ હોય છે. તેનાં પાંદડાંના રસથી ઢોરમાં ઉપર થયેલું લીલા રંગની સાહી પ્રમાણે દેખાય છે. કાનમાં જીવડું ગયું હોય તો કાઢી નાખવા તેનાં પાંદડાંનો રસ કાનમાં નખાય છે. આ વેલીનાં સર્વ અંગ દુખાળ હોય છે. એને બરછી જેવાં ટોકદાર એક દીંટડાને બબ્બે ફળ આવે છે. એને ત્રણ ધારા હોય છે. કામઠીની બાંધ જેવી એ ફળની ટોચ હોય છે. એ વેલ બહુજ કડવી હોવાથી એના સેવનથી અતિશય ઊલટી થઈ પિત્ત નીકળે છે. એ બહુ તીવ્ર વનસ્પતિ છે. એનો ગુદ્ધ મૂળનો ઉપર ચોપડવાથી બહલી બેસી જાય છે.

પીલુડીપોપડો (પીલુઢીપોપઢો) પું. એક જાતનો નાનો છોડ. આ છોડનાં મૂળ કષ્કમૂળ પૈકીના લઘુ પંચમૂળમાં ગણાય છે.

પીલુડું (પીલુડું) ૧. ન. આંસુ.

પીલુડાં પાડવાં = રોવું; આંખમાંથી આંસુ પાડવાં.

૨. ન. પીલુફળ.

પીલુઘાટ પું. (સંગીત) બાર આંકેનો એક ઘાટ. તેમાં પીલુ રાગનો સમાવેશ થાય છે.

પીલુની [સં] સ્ત્રી. મૂર્વા વનસ્પતિ; મોરવેલ.

પીલુપત્ર [સં.] પું. એક જાતની વેલ; મોરટા જાતા.

પીલુપર્ણી ૧. [સં] સ્ત્રી. એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. મોરવેલો.

૩. સ્ત્રી. દીંડોડે.

૪. સ્ત્રી. બિન્નિકા વનસ્પતિ.

૫. સ્ત્રી. મૂર્વા; મોરવેલ નામની વનસ્પતિ.

પીલુબરવો ૧. પું. (સંગીત) કાનડા ઘાટના સંકીર્ણ પ્રકાર માંહેનો એક રાગ. તેમાં ગાંધાર, ધૈવત અને નિષાદ શુદ્ધ તથા કોમળ આવે છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો હોય છે. આ રાગમાં આરોહે ત્રિખલ વર્જ્ય છે. તેનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. આ રાગ સાયંકાળે ગાવાનો પ્રચાર છે. તેમાં પીલુ અને બરવાનું મિશ્રણ છે.

૨. પું. ગાલપર્ણી વનસ્પતિ.

પીલુમૂલ [સં.] ન. પીલુડીના ઝાડનું મૂળિયું.

પીલુમૂલા ૧. [સં.] સ્ત્રી. અશ્વગંધા; આસંધ વનસ્પતિ.

૨. સ્ત્રી. જુવાન ગાય.

૩. સ્ત્રી. રતાવરી.

પીલુમૂલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શતમૂલી.

૨ સ્ત્રી. જુવાન ગાય.

૩. સ્ત્રી. ગાલપર્ણી વનસ્પતિ.

પીલુવાદ [સં.] પું. પરમાણુવાદ.

પીલુવાદી [સં. પીલુવાદિન્] વિ. પરમાણુવાદી.

પીલુસાર [સં.] પું. એ નામનો એક પર્વત.

પીલું ૧. ન. ગુજરાત અને કોંકણમાં સમુદ્રકાંઠે થતું કાંટાળું ઝાડ. એની નાની ને મોટી એવી બે જાત છે. નાનીને ખારી જાળ અને મોટીને મીઠી જાળ કહે છે. એ ઝાડ ઉપર ફળ તોરણ પ્રમાણે થાય છે. પાકેલાં ફળોનો રંગ પ્રવાલ જેવો લાલ હોય છે. એ ફળોનું તેલ કાઢે છે તેને આંબલ કહે છે. તે વાયુ ઉપર શરીર મર્દનક્રિયામાં ઉપયોગી મનાય છે. તેની મીણબત્તીઓ બને છે તેમજ રંગવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

૨. ન. પિલખણનું ફળ

૩ ન. બરણીનું બચ્ચું; નાની કૂકડી.

૪. વિ. (કચ્છી) ઢીલું.

પીલૂ ૧. [વિ.] પું. એ નામનું એક કાંટાવાળું નાનું ઝાડ. દક્ષિણ હિંદમાં તે બહુ થાય છે. તેને નાનાં નાનાં લાલ કે કાળાં ફળ આવે છે, જે વાયુ અને ગુલ્મનો નાશ કરનાર મનાય છે. વૈદ્યક અનુસાર વાયુ અને ગુલ્મનો નાશ કરનાર, પિત્તકર અને ભેદક મનાય છે. તેની લીલી ડાળીનાં દાતણ સારાં થાય છે. પુરાણાનુસાર કૂવાવાળાં વૃક્ષોને જોવાથી અનુષ્ણ તીરોત્રી બને છે.

૨. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે દિવસના ત્રીજે પહોરે ગવાય છે. તેમાં ગાંધાર તથા રિષભ મંદ્રેલા હોય છે. બાકી બધા સ્વર શુદ્ધ હોય છે.

૩. પું. એક જંતુ; ફળ વગેરે સડવાથી તેમાં થતો કીડો.

૪. પું. સિતાર ઉપરનો એ નામનો એક ગાય.

૫. જુઓ પીલુ.

પીલો ૧. [રા.] પું. મોરિયો.

૨. પું. ચૂમડું.

૩. પું. પોપચાની રતાશ.

પીલ્લો ૧. [સં. પલ્લવ (પંલ્લું)] પું. છોડનો અંકુર; કૂણો; ઘાસ કે મૂળમાંથી ફૂટેલો કૂણો; ઝાડ કે છોડનો પ્રથમ જમીન બહાર નીકળતો અવયવ.

૨. પું. તમાકુનું કૂમળું ડાળું.

૩. પું. ઘાસના સાંધામાંથી ફૂટેલું કૂમળું ડાળું.

પીલ્લાડડી (પીલ્લાઢો) સ્ત્રી. એ નામની એક રમત. તે ઢબોર્ડ તરફ રમાય છે.

પીલ્લું ન. દડી; ગોટી; દીડલું; ઢોર વગેરેનું દોકડું; દોરાનો દડો

પીલ્સા સ્ત્રી. એક જાતની માછલી.

પીવ્ [સ] અ. ક્રિ. (ધાતુ) જાડા થવું; સ્થૂલ થવું; મેદ ચઢવો. તે ઉપરથી બનેલ શબ્દો: પીવરી, પીવર.

પીવ ૧. [વિ.] પું. આસક્ત; પ્રેમી.

૨. પુ. નાથ; પતિ; ધણી

૩. સ્ત્રી. પય; પીપ.

૪. વિ. કાચું; દહીં.

૫ વિ. મોટું; સ્થૂલ; પુષ્ટ

૬ વિ. બહાલું.

પીવન ન. પીણું; પાન.

પીવર ૧. [સં.] પું. કાચબો.

૨ પું. જટા.

૩. પું. (પુરાણ) તામસ મન્વંતરના સપ્તર્ષિમંડલનો એ નામનો એક ઋષિ.

૪. વિ. મહાં; ગાઢું; સજ્જડપજ્જડ ભરેલું.

૫. વિ. જાડું; પુષ્ટ; ભરાઉ; માંસલ; સ્થૂલ.

૬. વિ. ભારે; ગુરુ; મોટું.

પીવરગર્ભા સ્ત્રી તુરતમાં જ જન્મ આપે એવી ગર્ભવતી સ્ત્રી.

પીવરસ્તની ૧. [સં.] સ્ત્રી. મોટા આંચળવાળી ગાય.

૨. સ્ત્રી. મોટાં સ્તનવાળી સ્ત્રી.

પીવરા ૧. [સં.] સ્ત્રી. ગાંગમ.

૨. સ્ત્રી શતાવરી.

૩. સ્ત્રી. સ્થૂલ સ્ત્રી; જાડી સ્ત્રી.

પીવરી ૧. [સં.] સ્ત્રી. જુવાન ગાય.

૨. સ્ત્રી. તરુણ સ્ત્રી.

૩. સ્ત્રી. પુષ્ટ સ્ત્રી.

૪. સ્ત્રી. (પુરાણ) અર્હિષદ પિતરની એ નામની એક માનસ કન્યા. એને વાર્હિષી પણ કહેતા. એ શુક્રાચાર્યની સ્ત્રી હતી.

૫. સ્ત્રી. શતમૂલી; શતપર્ણી.

૬. સ્ત્રી. શતાવરી.

૭. સ્ત્રી. ગાલપર્ણી; સમેરવો.

પીવળી સ્ત્રી. (ચિહ્ન) પીળા જમીન. તે ચિહ્નપ્રાપ્ત માટે ખનિજ ગણાય છે.

પીવા ૧. [સં.] સ્ત્રી. પાણી.
૨. સ્ત્રી. પીવું.
૩. [હિં.] વિ. સ્થૂલ; ઓછું; પુષ્ટ.

પીવું ૧. [સં. પિબ્; પ્રા. પિવ] સ. ક્રિ. કોઈ મનોવિકારને અંદર ને અંદર દબાવી દેવો; મનોવિકારને પ્રકટ કર્યા વગર તેનો નાશ કરવો
૨. સ. ક્રિ. કોઈ વાત દબાવી દેવી; કોઈ વાતમાં સંપૂર્ણ મૌન ધારણ કરવું; પૂર્ણ ઉપેક્ષા કરવી
૩. સ. ક્રિ. ચૂસવું; ધાવવું.
૪. સ ક્રિ. ઢાર પીવો; ખૂબ ઠાંસવું; ઠીંચવું.
૫. સ ક્રિ નહિ લેખવવું; ન ગણકારવું; નહિ લક્ષ આપવું; ઘોળીને પીવું; હુકમનો અનાદર કરવો.
૧. ઘોળીને પી જવું = (૧) અપમાન સહન કરવું. (૨) ઓસડ અથવા કોઈનું કહેલું ન લેખવવું કે બેદરકાર રહેવું. (૩) પાન કરવું. (૪) સત્તાની અવગણના કરવી; લક્ષ ન આપવું.
૨. છાશ પીવી = અપોરનું ભોજન લેવું.
૩. દૂધ પીવું = ઉઘરા, ઠોઠરીનું વેવિશાળ કરવું. સાદી કોમમાં બોલાય છે.
૪. પી જવું = (૧) અખાડા કરવા; ન ગણકારવું; ન લેખવવું; ન માંડવું; સાંભળ્યું ન સાંભળ્યું અથવા દીઠું ન દીઠું કરવું. (૨) ગળી જવું. (૩) સહન કરવું.
૬. સ. ક્રિ. પ્રવાહી ગળામાં એટલે અંદરના ભાગમાં ઉતારવું; ગળવું; પાન કરવું; પ્રાશન કરવું; ગટગટાવી જવું.
૭. સ. ક્રિ. મોંમાં ધુમાડો લેવો; દમ લેવો; ધૂમ્રપાન કરવું.
૮. સ. ક્રિ. શોષવું; અંદર લઈ લેવું; પ્રવાહીને પોતામાં સમાવવું કે શોષવું; માવું; સમાવું.
૯. સ. ક્રિ. સહન કરવું; ગમ ખાવી; કોઈ ગાળ આપે કે અપમાન કરે તેવે વખતે ક્રોધ નહિ કરતાં સહન કરવું.

પીશ ૧. સ. એ નામે એક અસુર.
૨. ન. એક જાતનું કાપડ.

પીશવાજ ન એક જાતનું કાપડ.

પીશવાઝ ૧. [ફા.] પું. નામનારીને પહેરવાનું કપડું
૨. પું મહાન પુરુષને મળવાને બહાર જવું તે.
૩. પું ઓનો ઝબ્બો.

પીશાની ૧. [ફા. પેશ (અંદરની બાજુ)] સ્ત્રી. કોયણા; ઓલી.
૨. સ્ત્રી. બાજ કરીને મુસલમાન સ્ત્રીઓ પહેરે છે એવી ઢીલી સુરવાળ.

પીશાવું ૧. સ. ક્રિ. ઘસવું.
૨. સ. ક્રિ. પીસવું.

પીશાશ પું. પેશાબ.

પીશાશનીબ્યાજ સ્ત્રી. (જરથોસ્તી) પેશાબ કરતી વખતે બોલવાની બંદગી.

પીશી સ્ત્રી. બબેલ ઝાડો; બાવળ જેવા કાંટાવાળો ઝાડો.

પીશોરી સ. બાવા બેટમાંનું સારસના જેવું અનેક રંગોથી ભરપૂર પક્ષી. તેને માથે ઝાડના જેવી કલગી હોય છે.

પીષ્પોલી સ્ત્રી. લુચ્ચી રાંડ; પહોંચેલી સ્ત્રી; ચંટી.

પીસ ૧. સ્ત્રી. ગંજીફાની રમતમાં પાનાં વહેંચવાનો વારો; દાવ.
૨. સ. રોતરંજની રમતનું મહોરું.

પીસણ ૧. [સં. પિષ્ (દળવું)] ન. દળવું તે.
૨. ન. લોટ; આટો.

પીસણી ૧. સ્ત્રી. ઘંટી.
૨. સ્ત્રી. પાનાં વહેંચવાનો વારો; દાવ.

પીસણીઠોઠ પું. સાત દાવ કરવાની ગંજીફાની એક રમત.

પીસણું ૧. ન. પિરસણું.
૨. ન. પીસવાની ચીજ.
૩. ન. પીસવું તે.

પીસતાલિયો પું. મહેતિયો માણસ; પૈસા ખરચ્યા વગર જ મહેનતની મજા માણનાર માણસ.

પીસતાલો પું. એક પ્રકારનો તોલ; પિસ્તાલીસ શેરના મણનો તોલ.

પીસતાળીશ સ. ચાળીસ ને પાંચ; પિસ્તાલીસ.

પીસનારી ૧. સ્ત્રી. દળનારી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. દળનારી.

પીસની સ્ત્રી. દળણું.

પીસલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ખાટી ભૂખી.

પીસવું ૧. સ. ક્રિ. કચરવું; ચગદવું; બેરહમ હાથવું; તળાંસવું.
૨. સ. ક્રિ. કૂચો કરવો.
૩. સ ક્રિ. ખાંડવું.
૪. સ. ક્રિ. ચીપવું; ખટવું. ગંજીફાની રમતમાં વપરાય છે.
૫ [સં. પિષ; પ્રા. પિસ] સ. ક્રિ. દળવું.
૬. સ. ક્રિ. દાંત પીસવા; દાંત પીસીને એકબીજા સાથે સંકડાવી દેવું.
દાંત હોઠ પીસવા = ભિન્નભ ભોવો.
૭. સ. ક્રિ. બારે મહેનત કરવી.
બીના પણ પીસવા = સખત મહેનત કરવી.
૮. સ. ક્રિ. વાટવું; ઘસોટવું; ઘૂંટવું; મર્દવું.

પીસવો પું. મોટી પિપૂડી; સિસોટી; પાવો; ફૂંકવાથી સાંભળી આવે એવું માટીનું, ધાતુનું અથવા લાકડાનું વાજું.
પીસવો તાણવો–વગાડવો–વાગવો = (૧) ખૂબ મારવું. (૨) ઘેર બંધ કરી અવાજની ગરબાત કરવી.

પીસણ વિ. દેહાભિમાની.

પીસા ૧. પું. દાવડિયું; પૈસો.
૨. પું. દોલત.
૩. સ. એક જાતનું ઝાડ. પાંડુરોગ, મૂત્રકૃચ્છ્ર, મધુપ્રમેહ વગેરે ઉપર તે ઉપયોગી મનાય છે.

પીસાચાડિયા (પીસાચાડિયા) ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પીસાળ ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પીસી ૧. પું. એક જાતના પક્ષી.
૨. વિ. સ્ત્રી. (હમ્બડી) પીસેલી; ઝીણી.

પીસીના પું. એક જાતના પક્ષી.

પીસીપીસીને ૧. સ. દળીને.
૨. સ. રિબાવીને.

પીસું ૧. સ. બીજો છગ; બીજું પ્રાણી.
૨. વિ. બીજું; બારીક.

પીસુ [હિં.] પું. મચ્છરના જેવો એક પ્રકારનો નાનો કીડો.

પીસે સ. પછે; પછી.

પીસ્ટ સ. લોટ.

પીસ્તક સ. નકામી વાત; નકામી લંબાવેલી વાત.

પીસ્તાલ સ. મહત; મોટી કર્ઝ તે; વગર કીમતે.
૧. પીસ્તાલ કરવું = મહત લેવું.
૨. પીસ્તાલ મારવું = ધૂતી લેવું; મહત લઈ લેવું.
૩. પીસ્તાલ પાડવું = મશ્કરી કરવી; બનાવવું.

પીસ્તાલિયો વિ. પું. મહતિયો; મહત કામ કરનારો.

પીહ [સં.] સ્ત્રી. ચરબી; વસા; મેદ.

પીહર ૧. [સં પિતૃગૃહ; અપ. પિઉહર-પિઅહર; પીહર] ન. પરણ્યા બાયલરનું ઘર; પિયર; એનું પિતૃગૃહ.

પીહરની સગ્ગી = પરણેલી બીના પિતૃગૃહની સુખી સ્થિતિ.

૨. ન. સગાઈ; સંબંધ.

પીહરપનોતી વિ. સ્ત્રી. જેનું પિયર સમૃદ્ધિવાન અને પ્રતાપવાળું હોય એવી; પિયરમાં ભાગ્યશાળી

પીહરિયું ૧. ન પિયરિયું.

૨. વિ. પિયરને લગતું; પિયર સંબંધી.

પીહવો ૧. પું. સિસોટીના અવાજને મળતો ગોસ વગેરેનો અવાજ.

૨. પું. સિસોટીનો અવાજ.

૩. જુઓ પીસવો

પીહુડો (પીહુડો) જુઓ પીસવો.

પીહૂ ૧. [હિં.] પું. ચાતક; પીસ.

૨. ન. પપીહાનો અવાજ.

પીહેર ન. કન્યાનું માતૃગૃહ; પિયર.

પીહો ન. એક જાતનું પક્ષી; મરઘાને મળતી ચાંચોવાળું એક જાતનું પક્ષી.

પીહોર ન. પીહર; પિયર.

પીળ સ્ત્રી. પીપળ; ખાડ; કેસરચંદનનો પીળો લેપ; કપાળ ઉપર કાઢવામાં આવતી કંકુની લાંબી સેર.

પીળ કરવી-કાઢવી = આખા કપાળમાં કંકુ ચોપડવું.

પીળઆંજનિ પું. એક જાતનો ઔષધિ પોધો.

પીળક ૧. સ્ત્રી. પીળાશ; ફિક્કાશ.

૨. વિ. પીળું; ફિક્કું.

પીળચટ વિ. પીળાશ પડતું.

પીળચટા જુઓ પીળચટ.

પીળચટાશ સ્ત્રી. પીળાશ; ફિક્કાશ.

પીળચટી ઓળી સ્ત્રી. એક જાતની જળીન.

પીળચટ્ટું વિ. સફેદ પીળું; ઝાંખું; ફિક્કું; આછું પીળું; પીળાશ પડતું; કપિલ.

પીળપ સ્ત્રી. પીળાશ; પીળાપણું; પીળા રંગની ચમક

પીળરંગું વિ. ચંપકવર્ણું.

પીળવું ૧. સ. ક્રિ. ભરડવું; લેપ કરવો; ચંદુ કરવું

૨. સ ક્રિ. ચોળવું.

૩. સ. ક્રિ. દુઃખ દેવું; હેરાન કરવું.

૪. સ ક્રિ. પીપળ તાપવું.

૫. સ. ક્રિ. પીળા રંગે કે કંકુએ ભરડવું; રંગોળવું.

દાદી પોળની = લગ્નપ્રસંગમાં થયેલી ભૂલને માટે માફી માગવા નેવાઈઓએ સામસામા એકબીજાની દાઢી ભીના કંકુથી રંગવી.

૬. સ. ક્રિ. પીળું કરવું; પીળો રંગ ચઢાવવો.

પીળાચેપણ ન. એક જાતનો ગમદાવાદી કિનખાબ.

પીળાટ ૧. પું. પિત્તાશ્મક; પીલવાની મજૂરી.

૨. પું. પીળાપણું; કંઈક પીળો દેખાતો રંગ; પીળાશ.

પીળાપણ સ્ત્રી. પીળાશ.

પીળાવાકળ [હિં.] પું. પરોઠિયું

પીળાવાંસ પું. એક પ્રકારનું વાંસનું ઝાડ. આ જાતના વાંસ પીળા, સોનેરી અને જાડા થાય છે.

પીળાશ સ્ત્રી. પીળાપણું.

પીળાસાડા ન. એક જાતનો ગમદાવાદી વસ્ત્ર.

પીળિયું ૧. ન. નાગરમાં લગ્નની આખી વિધિ સુધી વર તથા કન્યાને પહેરવાનું પીળા રંગનું કપડું.

૨. ન. પીળી કે કાંઈક કાચી ઈંટ.

૩. ન. ચાબખેતર જ્ઞાતિઓમાં પરણતી કન્યા પાનેતરને બદલે પહેરે છે તે પીળું વસ્ત્ર; લગ્નપ્રસંગે કન્યાને પહેરવાનું હળદરથી રંગેલું પીળું વસ્ત્ર.

૪. વિ. પીળા રંગનું.

પીળિયો ૧. પું. એક ઉપરસ; પીતપ્રભ; કંકુજ; કાકકુષ્ઠ; વર્ણગ; પ્રભાકુષ્ઠ. તે રેચક, ઉષ્ણ અને કૃમિઘ્ન છે. આકરો કે મોટો ચાઠો હોય ત્યારે તે ઉપદોષમાં લેવાય છે.

૨ પું. કમળો.

પીળી ૧. સ્ત્રી. અકારફો; મહોર; મીનો.

૨ સ્ત્રી. એ નામની એક જાતની કેરી. તેનું વજન આશરે ચૌદ તોલા થાય છે. તેની છાલ લીલાપીળી હોય છે

પીળી કલેર સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

પીળી કરજ સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં ફૂલ પીળાં અને પાન પા ઇંચ પહોળા તેમ જ ૩ ઇંચ લાંબાં થાય છે.

પીળી કૂકડવેલ (પીળી કૂકડવેલ) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અરસપર્શા; વિષઘ્ની; જ્વરનાશિની.

પીળી ચાંચડભાંગી (પીળા ચાંચડભાંગી) સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેને કપૂરિયો પણ કહે છે.

પીળી ભાઈ સ્ત્રી. એક પ્રકારની વેલ.

પીળીદમ સ્ત્રી. પીળો કચરો; પીળી રજ.

પીળી તલવણી સ્ત્રી. એક પ્રકારની ઔષધિ. તેને તનમની પણ કહે છે.

પીળી દેવકપાસ સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેને પહોળાં, ૩ થી ૫ આંચાવાળા અને મોટાં પીળા ફૂલો થાય છે. તેનું ફ઼ ઉત્તમ ગણાય છે. તેની જનોઈ થાય છે.

પીળી નેવરી સ્ત્રી. પાણીમાં થતો એક જાતનો છોડ

પીળી બકરકડી (પીળા બકરકડો) પું. ચોમાસામાં થતો એક પ્રકારનો છોડ. તે બેથી ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન પહોળાં, ચીકણ કે બરુના પાન જેવાં ત્રિખૂણિયાં હોય છે. ફૂલ પીળાં અને બરુનાં કાળા રંગનાં હોય છે. ફળનો આકાર બકરકડી જેવો હોવાથી આ નામ આપેલ છે. તેનો બકરકડી ચાહીના ૧૨૬ ઉપર અપાય છે.

પીળી ભીંત સ્ત્રી. મધ્યમ વર્ગની એક જાતની ખાંડ.

પીળી ભોંયરાજ સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેમાં પીળાં ફૂલ થાય છે માટે તેને પીળી ભોંયરાજ કહે છે. એનાં પાનની ચટણી બનાવાય છે.

પીળી લીંબડી (પીળા લીંબડો) સ્ત્રી. એક જાતનું વૃક્ષ

પીળુડી (પીળુડો) વિ. પીળા રંગનું.

પીળું [સં. પીત; પ્રા. પીતલઅમ્; અપ. પીઅલ-પીઅલઉ-પીતકું-પીળું] વિ. ઝળકરિયા રંગનું; સોનાના રંગનું; પીળા રંગનું; પીત

૧. પીળું એટલું સોનું નહિ = બધી વસ્તુ સારી હોતી નથી; બધું આપણી માન્યતા પ્રમાણે હોતું નથી.

૨. પીળે પાને = માંડી વાળવું એમ; ન મળવાની ખાતરી હોય એમ; મફત. લખાણ પઢાણ વિના કે લેખ દસ્તાવેજ વગર આપેલી રકમ પીળે પાને અપાઈ કહેવાય છે. ચોપડામાં અવળચંડે પીળું પાનું નખાય છે અને હિસાબમાં લખાયેલી જે જે રકમ વસૂલ થાય તેવી ન લાગે તે આ પીળે પાને લખાય છે.

૩. લાલ પીળા કરવા = પરણાવવું

પીળુંગરુડ (પીળુંમરુડ) ન. છેલ્લી રેલનું રાષ્ટ્રચિહ્ન.

પીળુંચટ વિ. સાવ પીળું.

પીળુંચંદન ન. કાલીય; પીતાભ; હરિચંદન; હરિપ્રિય; પ્રસસાર.

પીંજણું

પીળુંજરદ વિ. જરદા જેવું પીળું; પીળું ઘાટદાર.

પીળુંદમ્મક વિ. ઘમકદાર પીળું; ખૂબ પીળું.

પીળુંધમ્મક વિ. ઘેરા પીળા રંગનું; અતિશય પીળું; ઘમકદાર પીળું; પીળું દમ્મક

પીળુંપચ વિ. બહુ જ પીળું; સાવ પીળું; ફિક્કું.

પીળુંપચ્ચક જુઓ પીળુપચ્ચ.

પીળુંપચ્ચરક જુઓ પંકુપચ્ચ.

પીળુંરચ્ચક જુઓ પીળુપચ્ચ.

પીળુંરદ્દેચક જુઓ પીળુપચ્ચ.

પીળેરો વિ પું. પીળો.

પીળો કપાસ પું. એક જાતનો છોડ. તેનાં બિયાં આસપાસ રૂ જેવા રેસા હોવાથી તેને પીળો કપાસ કહે છે

પીળો કૂંચનાર ૧. પું એક જાતનો ઔષધોપયોગી છોડ. તેનાં પાન કૂંચનારનાં પાન જેવાં હોય છે અષાડ માસમાં તેને ફૂમળાં પાન આવે છે. લોકો તેનું શાક કરે છે.

૨. પું. ચંપાકાટી.

પીળો કોંડાશેળિયો પું. પીળા કેસરિયા રંગનાં સુકોમળ ફૂલવાળો એક પ્રકારનો છોડ.

પીળો ચંપો પું. એક જાતનો ફૂલછોડ; સુવર્ણચંપક. તેને વાવ્યા પછી આઠ દસ વર્ષે ફૂલો આવવા લાગે છે. એ ફૂલો ઉનાળામાં અને ચોમાસામા એમ વર્ષમાં બે વાર આવે છે તે જોવામાં બધાં સુંદર અને રંગે પીળાં હોય છે. તેની વાસ બહુ ઉગ્ર હોવાથી હવામાં સારે તરફ પ્રસરે છે અને હવા ખરાબ હોય તો તેમાં મળી જઈને હવાને સારી બનાવે છે. જેનું ઝાડ બહુ ઘણીવાળું હોય છે. તેને રાયચંપો તેમ જ કેસરીચંપો પણ કહે છે.

પીળો તાવ પું. ગરમીની ઋતુમાં અમેરિકા તેમ જ વરપ ખંડના કેટલાએક ભાગોમાં આવી આવતો એક પ્રકારનો તાવનો વ્યાધિ; હારિદ્રિક સંનિપાત; શિશિર ઋતુમાં ગ્રીષ્મનું આવાગમન થવાથી થતો એક જાતનો રોગ. તેમાં બીમારનું શરીર પીળું પડી જાય છે. શરૂઆતમાં સન્નિપાત જવરનાં જેવા ચિહ્નો જણાય છે, પણ તેમાં ઓકારી બહુ આવે છે અને દોરીના જેવી કાળી વસ્તુ ઊલટીમાં પડે છે. બીજા કલાક પછી ઓકારી તેમ જ અંગનો પીળાટ અદૃશ્ય થાય છે અને આબરી જાણે સાજે થતો હોય એમ લાગે છે પરંતુ બીજા વખતમાં ઓકારી પાછી થાય છે અને અંગ પાછું પીળું થઈ જાય છે. મોઢામાંથી અને ઝાડા સાથે લોહી પડે છે અને બીમારનું મરણ નીપજે છે.

પીળો દેડકો ૧. પું. લોહી ઊડી ગયું હોય અને શરીર ફિક્કુ જણાતું હોય તેવો માણસ. દેડકો ઘરડો થાય છે ત્યારે પીળો થાય છે.

૨. વિ પું. દેડકા જેવું પીળું; નિસ્તેજ; લોહી બગડી જવાથી કે મંદવાડને લીધે શરીર ફિક્કુ પડી ગયું હોય તેવું.

પીળો દેવદાર પું. એક જાતનું વૃક્ષ.

પીળો ધતૂરો [સં. પીતધતૂર] પું. એક જાતનો છોડ; એખરો. તે હાથ બે હાથ ઊંચો વધે છે. એના સર્વાંગે કાંટા હોય છે. તેનાં બિયાં બંદૂકના દારૂ જેવાં કાળાં હોય છે. બિયાંનું તેલ નીકળે છે. આ છોડ પડતર જમીનમાં થાય છે. એનાં મૂળ દવાના કામમાં આવે છે. વીંછીના વિષ, દાદિયા તાવ, મસા, કૃમિ, પ્રમેહ તથા બસ ઉપર તે વપરાય છે. એને સત્યનાશી પણ કહે છે.

પીળો ધંતૂરો જુઓ પીળો ધતૂરો.

પીળો પાણ્ડુ પું. ઝાકળ બાંધવામાં વપરાતો પોરબંદરી પથ્થર.

પીળો પોટાશ પું. અગ્નિ વિના પથ્થર કે લોઢાના દબાણથી એકદમ સળગી ઊઠે તેવો પદાર્થ.

પીળો બીબરો પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. એમાં પીળાં ફૂલ થાય છે અને બીબરા જેટલે ધોળા તલવણી જેવી વાસ નીકળે છે. આથી એને કચ્છમાં પીળો બીબરો કહે છે. બીબરો શબ્દ સંસ્કૃત બર્બરા ઉપરથી નીકળ્યો હોય એમ જણાય છે.

પીળો ભેરજો પું. સરલ; પીતસાલ; સુરભિદારુક. આ વૃક્ષ સીધું અને ઊંચું વધે છે. એનું થડ બારીક આખું હોય છે. આ ઝાડ નિરંતર લીલું રહે છે. એમાંથી દૂધ નીકળે છે. તેને ભેરજો કહે છે. તે તંતુવાદ્યના તારને ઓપવાને ઉપયોગી છે. આ દૂધ અગ્નિ ઉપર નાખવાથી ધૂપ જેવા વાસ આવે છે.

પીળો ભાંગરો પું. એક પ્રકારનો છોડવો; મરિપ્રિય. તે હાથ દોઢ હાથ ઊંચો થાય છે. તેનાં પાનની પોટીસ ગૂમડાં ઉપર બંધાય છે.

પીં ૧. પું મસ્કરી.

૨ પું રાડ; ગાવાનો અવાજ.

પીંક ૧. ન. એ નામનો એક ફૂલછોડ. તે ૩ થી આઠ ઇંચ ઊંચો થાય છે. તેનાં પાન જરા લાંબાં અણીવાળાં થાય છે.

૨. ન સોનીઓથી ભેખમાં કરાતી ઉતરપિડી.

પીંખ ન. પીંખવું તે.

પીંખણી ન પીંખવું તે; ચૂંથવું.

પીંખવું ૧. સ. નિંદ.

૨ ન. પીંખાવું; ચૂંથવું

પીંખવું ૧. સ. ક્રિ. ગભરાવી દેવું; પજવવું; ચીડવવું; ગુસ્સે કરવું.

પીંખી નાખવું = (૧) તોડી કે ચૂંથીને ખાઈ જવું. (૨) પજવવું; હેરાન કરવું. (૩) મહેણાંટોણાંથી કાયર કરી દેવું.

૨. સ. ક્રિ. ચૂંટી નાખવું.

૩. સ. ક્રિ. તોડવું; તોડી નાખવું.

પીંખી નાખવું = (૧) ફાડી, ચીરી કે ટૂપીને છૂટેછવાયું કરી દેવું. (૨) મહેણાંટોણાંથી કાયર કરી દેવું.

૪. સ. ક્રિ. પીંછેપીંછાં છૂટાં કરવાં; આંચ વડે પાંખાં પીંજ ચૂંટી નાંખવાં.

દસ કાગડા વચ્ચે પોપટ પીંખાય = ઘણા દુશ્મનોમાં નબળાની સલામતી ન હોવી.

૫. સ. ક્રિ. વિખેરી નાખવું.

૬. સ. ક્રિ. વીંખવું; ચૂથવું.

પીંખાઈ ૧. સ્ત્રી. પીંખવાની ક્રિયા.

૨. સ્ત્રી. પીંખામણ; જાતું કરામણ; પીંખવાની મજૂરી.

પીંખાપીંખી સ્ત્રી. કટોકટકા; ચૂંટાચૂંટી; વીંખાવીંખી.

પીંખામણ ન. પીંખવાની મજૂરી; પીંખાઈ.

પીંખાવવું સ. ક્રિ. પીંખવાની ક્રિયા કરાવવી.

પીંખાવું સ. ક્રિ. પીંખવાની ક્રિયા થવી.

પીંગડાં (પીંગડાં) ન. બ. ક. ઘોડા ઉપર બેસી પગ રાખવાના પેગડાં.

પીંગણી સ્ત્રી. ધૂપેલ તેલની બંબજોળાકાર વાટડી.

પીંગલ ન. પારલુ.

અમરા કાનાની ઊજળી, બાજુ જોઈવાનો મેહ;
જે દીનાં રૂતેલ પીંગલે, તે દીનો બાંધેલ નેહ.
મેહલઊજળીનો દુહો

પીંગલસૂર ૧. સ્ત્રી. ઢેઢની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પીંગલું ૧. ન. પત્રચંપો; સેવા.

૨. જુઓ પીંગળું.

પીંગળા જુઓ પિંગલા.

પીંગળું ૧. ન. પારલું.

૨. [સં. પિંગલ] વિ. પીળચટ્ટું.

૩. વિ. ફિક્કું લાલ; કપિલ.

૪ વિ. માંજરું; બદામી રંગનું.

પીંગળો ૧. પું. પીંજણું કોકું; ભારણી રૂંવાટીનો દડિયો.
૨. વિ. પું. પીંજણા રૂંવાટીનો.

પીંગો પું. (કચ્છી) પારણું.

પીંગોડો (પીંગોડો) પું. (કચ્છી) બાળકને સૂવાનું ખોડિયું.

પીંચ ન. એ નામે એક ફળઝાડ.

પીંછ ૧. [સં. પિચ્છ] સ્ત્રી. તરવારની અણી.
૨. સ્ત્રી. હથોડાની અણીદાર બાજુ.
૩. ન. પીછ; પીંછું.
૪. ન. પૂછડું.
૫. ન. બીક; ધાસ્તી.

પીંછલું (પીંછડું) ન. પીંછું.

પીંછું (પીંછડું) ન. પીંછુ.
પીંછાં વેરી નાખવાં = બેબાકળા કરવું; નિંદા કરવા.

પીંછધર વિ. પીંછાં ધારણ કરનાર; પીંછાં પહેરનાર.

પીંછાવ વિ. પીંછાંવાળું.

પીંછાવવું સ. ક્રિ. હથોડાની પીંછીથી ઘડવું.

પીંછાળ જુઓ પીંછાળું.

પીંછાળું [પીંછું + આળું (વાળું)] વિ. પીંછાંવાળું.

પીંછી ૧. [સં. પિન્છિકા; પ્રા. પિચ્છી] સ્ત્રી. કલમ.
૨. સ્ત્રી. મજૂરીની ઝૂડી. કુશાનદાર માપી ઉઠાડવાને તે વાપરે છે.
૩. સ્ત્રી. ચિત્રકામ; ચિત્રકળા; ચિત્ર દોરવાની આવડ.
૪. સ્ત્રી. ઝીણાં રૂંવાંની ઝૂડીની કલમ; ચિત્રકલમ; ચિતારાની કલમ; પીછી.
૫ સ્ત્રી. તરવારની અણી.
૬. સ્ત્રી. નાળુક રૂંવાંદાર પીંછાંની ઝૂડી; ચામર; વાગની ઝૂડી.
૭. સ્ત્રી. પીંછી; વાળ, પીંછાં કે તેવી બીજી વસ્તુની કાથાવાળી બનાવટ. તે બરેણાં ધોવામાં વગેરે કામમાં ઉપયોગમાં લેવાય છે.
૮. સ્ત્રી. મોરના પીંછાંને એકઠા કરી સાવરણી પેઠે બાંધેલ ઝૂડી.
૯. સ્ત્રી. લુહારનો નાની સાદડીએ બાંધેલો કટકો; ઝાપટણી તે માપી, મજૂર ઉઠાડવાના કામમાં આવે છે.
૧૦. સ્ત્રી. વાળનો અથવા વનસ્પતિના રેસાઓનો કે મુંજનો બનાવેલો ઝૂડો; ખોળવાનો કે રંગવાનો કૂચો

પીંછીઉંજણી સ્ત્રી. પીંછીથી કરાતી ઊંજણી.

પીંછું ૧. ન. પક્ષીની પાંખ.
૨. [સં. પિચ્છ] ન. પંખીના ઊડવાના અવયવનું રૂવાંદાર કેસું.
૧. પીંછાં ખોસે કર્ઈ મોર વલાય છે ? = સામર્થ્યવાન વગર મોટાઈ મળતી નથી.
૨. પીંછાંનું પારેવું કરવું = નજીવી વાતને મોટી કરી મૂકવી; નાનીશી વાતનું મોટું પીંજણ કરવું; અતિશયોક્તિથી વધારવું; રાઈનો પાપ કરવો.
૩. પીંછાંનો ભારડો = કંઈ ન હોય અથવા નહિ જેવું હોય તેનું મોટું અને લાંબું કરી મેલવું. ભારડાએ મોરનાં પીંછાં ભારી મોટો ડોળ ધારણ કર્યો હતો, તે ઉપરથી આ પ્રયોગ થયો છે
૪ પીંછું ખેંચવું-ફેરવવું = બેદરકારીથી કે આંખો મીંચી સહી કરવી; બેદરકારીથી હસ્તાક્ષર કરી આપવા.
૫. પીંછું વાગવું = અડચણ આવવી; હરકત નાખવી; રોકાણ કરવું; વચમાં આડ નાખવી.
૬. પીંછું મારવું = સહી કરવી
૩. ન. પૂછડી.

પીંજણ ૧. [સં. પિञ्जन] ન. એક દેશી રમત; તારતો પીંજણમાં એક દાવ. રમતમાં એની સંખ્યા માટે આ શબ્દ વપરાય છે.
૨. ન. પગનું એક ઘરેણું.
૩. [સં. પિञ्] ન. પીંજવાનું સાધન.
૪. ન. પીંજવું તે.
૫. ન. વાતને નકામી લંબાવી કે લંબાવવી તે; લપ; ચોળાને ચીકણું કરવું તે; લંબાણ; ટાઢેલું.
૧. પીંજણ કરવી = નકામી વાતો કે નિંદા કરવી.
૨. પીંજણ માંડવી = નકામી લાંબી વાત કરવી

પીંજણવેરો પું. પીંજરા પાસેથી લેવાતો વેરો.

પીંજણસાદડી (પીંજણશાદડી) સ્ત્રી. પીંજતી વખતે કામમાં આવતું એક સાધન.

પીંજણી ૧. [સં. પિञ्जन] સ્ત્રી. માડાની ધરીની બહારના ભાગ ઉપર લંબાઈવાળું રાખેલું લાકડું; પૈડા ઉપરનું ઢાંકણ. તે સાગ, બાવળ કે લોદાનું બને છે. તેના ઉપર પત્ર દઈને આડા ઉપર ચડાવે છે.
૨. સ્ત્રી. પીંજણ; પીંજવાનું યંત્ર.
૩. સ્ત્રી. પીંજવાની ક્રિયા; પીંજવું તે.

પીંજનાર ૧. પું. પીંજવાનું કામ કરનાર.
૨. પું. રૂ વિસ્તારથી વણનાર

પીંજરાગાડી સ્ત્રી. પીંજરાવાળી ગાડી; જવા આવવાનું એક બારણું હોય તેવી ગાડી.

પીંજરિયો [સં. પીञ्जर] પું. (વહાણવટું) ખૂણા ઉપર રહી તપાસ રાખનાર અધિકારી.

પીંજરું ૧. [સં. પિञ्जर] ન. પિંજર; પાંજરું.
૨. વિ. ભૂરાશી રંગનું; પીંગળું

પીંજવું ૧. સ. ક્રિ. અર્ચવું; એકાંતે એક બાબત વારંવાર કહ્યા કરવી; ઠાપલું કરવું; ચૂથવું; ચૂથણાં પાડવાં.
૨. સ. ક્રિ. ઝાપટીને છૂટું પાડવું; ઢોળવું.
૩. સ. ક્રિ. પીંજણ કરવું; લંબાવવું.
૪. [સં. પિञ्] સ. ક્રિ. રૂના રેસા છૂટા પાડવા; ઝાપટીને પીંજણથી સાફ કરવું; વારંવાર ઉથલાવી ઉથલાવીને છૂટું પાડવું; ઠોદેઠોદો જુદો પાડવો; પૂમડે પૂમડું અને રેસે રેસા દેઈ ઉઠાડીને જુદા કરી નાખવા; રૂના રેસા છૂટા પાડવા; રૂને છૂટું પાડી પીંજણથી સાફ કરવું.

પીંજાઈ ૧. સ્ત્રી. પીંજવાની ક્રિયા.
૨. સ્ત્રી. પીંજવાની મજૂરી.

પીંજામણ ૧. ન પીંજવાની મજૂરી.
૨. ન. પીંજવાની રીત.

પીંજામણી જુઓ પીંજામણ.

પીંજાર સ્ત્રી. પીંજણી; પીંજવાનું યંત્ર.

પીંજારણ ૧. સ્ત્રી. પીંજવાનું કામ કરનારી સ્ત્રી.
૨ સ્ત્રી. પીંજારા જાતની સ્ત્રી.
૩. સ્ત્રી. પીંજારાની વહુ.

પીંજારા ૧. સ્ત્રી એ નામે ગુજરાત કાઠિયાવાડમાં વસતી એક જાત. તેનો ધંધો રૂ પીંજવાનો છે.
૨. સ્ત્રી. મેમણ, બારી, ખાટકીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬ વિ. એ નામની જાતનું.

પીંજારાં ન બ. વ. એક જાતનાં પક્ષી. લેલાં. તે વગડા તેમ જ ખેતીવાડમાં સ્વચ્છંદે મહાલતાં નજરે પડે છે. એમને ઓળખવાં સાવ સહેલાં છે. તે કાબરથી સહેજ મોટાં, ભરાવદાર, મેલા ધૂળિયા કે ફિક્કા ધોળા રંગના શરીરવાળાં, કિકી પીળી ચાંચ અને પીળા પગ તથા ઠેકાણા વિનાની લટકતી લાંબી પૂંછડીવાળાં હોય છે પાંચ સાત પંખી જેવા કરતાં લે લે લે પે પે પે કરતાં જમીન ઉપરની જીવાત વીણતાં કરે

અને કૂદે. એના રંગમાં રજ પણ ભળતો નથી. એમનું અંગ્રેજી નામ સાત બહેનો અને હિંદુસ્તાની સાત ભાઈ પડ્યું છે તે એમની સદૈવ સાથે રહેવાની ટેવને લીધે છે. બધું ટોળું સાથે ફરે, સાથે ચરે, લડવામાં પણ બધાં સાથે જ સામેલ. ઊંઘે પણ એક જ ઝાડમાં. રમતાં રમતાં એકાદ પંખી પાળ પડી જાય કે વૃક્ષાંતરે તિરોહિત બને, તો પણ ચિત્કાર કરીને આકીનાં એની ભાળમાં નીકળી પડે. બોલે પણ બધાં સાથે. ખુશ થાય ત્યારે પણ પૈ પૈ અને ક્રોધના ખિલાફની પાળ પડ્યાં ઠોલ ત્યારે પણ પૈ પૈ. એમના આવા સતતજાયી સ્વભાવને લીધે એ બેબાકર કે બહાદરિયાં કહેવાયાં છે. એમના સ્વરમાં કેવળ કરુતા જ ભરેલી છે. હર્ષ અને ક્રોધ, દુઃખ અને ઉત્સાહ એ બધું માત્ર પૈ પૈના ધીમા કે ઉતાવળા ઉચ્ચારથી જ વ્યક્ત કરે છે. એથી એમનો પાડોશ ખૂબ અપ્રિય થઈ પડે છે. આવાં કર્કશઠોર અવાજવાળાં છતાં એ નિરુપદ્રવી અને ખેતીને ભારે ઉપકારક છે. એમનો આહાર કૃષ્ણવર્ત છે. એની શોધમાં આખો દિવસ જમીન ઉપર ભમતાં પંદરાં ઉમલાની ઉમલાદી હેઠળથી કૃષ્ણવર્ત શોધતાં નજરે પડે છે. ઝાડમાં બેસે, ઝાડમાં ભમે, ઝાડમાં ભરાઈ જાય પણ એમનો આહાર મોટે ભાગે જમીન ઉપરથી મેળવે. જમીન ઉપર ભમવાનાં શોખીન છતાં, એમના માળા તો જમીનથી અદ્ધર ૫ થી ૨૫ ફૂટ ઊંચે વાડ, માડવા, ઝાડ વગેરેમાં બાંધે છે. જૂન જુલાઈમાં ઝાડની ડાલ કે સળીઓનો ઊંધા પેવાલા જેવો માળો બાંધી એમાં આસમાની રંગનાં ત્રણથી ૪ર ઈંડાં મૂકે. કોયલ, ચાતક, બપૈયો એ પરભૃત પંખીઓ છે. કોયલ કાગડી પાસે ઈંડાં સેવરાવે છે, ત્યારે ચાતક અને બપૈયો પીંજરાં પાસે સંતાન ઉછેરાવે છે. એમનાં ઈંડાં પણ રૂપે રંગે પીંજરાંનાં ઈંડાંને એટલાં તો આબાદ મળતાં હોય છે કે ભલભલા નિશારદો પણ બંને વચ્ચેનો ભેદ પારખી શકતા નથી.

પીંજરી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી
૨. સ્ત્રી. પીંજરા જાતિની સ્ત્રી.
૩. સ્ત્રી. પીંજરાની વહુ; પીંજરણ.

પીંજરું ન. એક જાતનું પક્ષી

પીંજારો ૧. પું. પીંજવાનું કામ કરનાર માણસ.
૨. પું. પીંજરા જાતિનો પુરુષ.
૩. પું. વસવાયો

પીંજવવું સ ક્રિ. પીંજવાની ક્રિયા કરાવવી.

પીંજવું ૧. ન. ક્રિ. દુઃખી થવું; ઘવાવું; પિવાવું; કષ્ટ સહન કરવું.
૨. સ. ક્રિ. પીંજવાની ક્રિયા કરવી; પીંજે એમ કરવું.
૩. અ. ક્રિ. વિલોપ પામવો.

પીંઠી સ્ત્રી. પીડા; રમમસંગે વરકન્યાને શરીરે ચોળવાનો સુગંધી પદાર્થ.

પીંડાર ૧. [સં. પિંડાર] પું. આહીર; ભરવાડ; પિંડાર; ગોવાળિયો; ગોવાળ.
૨. પું. ઘાડપાડુ; પીંડારો; લૂંટારો.

પીંડારી ૧. સ્ત્રી. પીંડારાની સ્ત્રી.
૨. સ્ત્રી. ભરવાડણ.
૩. ન. હિમાલયનું એ નામનું એક શિખર.
૪. વિ. પીંડારાનું.

પીંડારી વેરો પું. પીંડારાના નામથી લેવાતો કર.

પીંડારો ૧. [પ્રા. પેંડુ (ગામ કે ભેગ)] પું. આહીર; પિંડાર; ગામ કે ભેગ ઝારનાર ગોવાળિયો; ગોપાલક.
૨. પું. લૂંટારો; પીંઢારો; ઘાડપાડુ.

પીંડાશું ન. (બા. પ્ર.) એક પ્રકારનું કંદ.
પેસ ગબ્બર નિમૂલ ગલા, આલું પીંડાલું નલ્લાં.
લાવણ્યસમય

પીંડાળો પું. પિંડો.

પીંડિકું ૧. ન. ચૂરમું બનાવવા ઘઉંના લોટનું તળવા માટે બનાવવામાં આવેલ મૂડિયું; કચુકમાં પ્રવાહી પદાર્થ નાખી હાથની મૂઠીથી દાબી કરવામાં આવતું મૂડિયું.
૨. ન. વરઘોડિયાંને પોંખવા માટે લોખાનું બનાવેલ મૂડિયું.

પીંઢર પું. માટીની ભીંત.

પીંઢારાશાહી સ્ત્રી. લૂંટી લેવાનો અમલ.

પીંઢારી અંબા સ્ત્રી. હિમાલયમાં આવેલ એ નામની એક નદી.

પીંઢારો પું. દક્ષિણ અને મધ્ય હિંદુસ્તાનની એક પ્રસિદ્ધ લૂંટારુ જાતનો માણસ; પિંડારો; લૂંટારો.

પીંઢિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પીંઢેરી વિ. માટીની ભીંતોવાળું; માટીની ભીંતોનું.

પીંઢો પું. ખાટલી; ઢોંચણ ઉપરનું કડાવાળું લાકડું.

પીંઢોર ન. માટીના લોચા મૂકી બનાવેલી ભીંત.

પીંપણ સ્ત્રી. ગાભણવાના પાંચરે તથા છરી વગેરેના ઘાને પડાતી ઝાટપટી ઝાંઝ.

પીંપર ૧. સ્ત્રી. એ નામની પિપ્પલાદિ વર્ગની એક વનસ્પતિ; કણું. આ વેલો ઘણાં વર્ષ સુધી ટકે છે. તેનાં પાન નાગરવેલનાં પાન જેવાં થાય છે. તેમાં ઓગસ્ટ માસમાં ફૂલ અને જાન્યુઆરિમાં ફળ આવે છે. તે લીલા રંગની ઢોલ છે. સુકાયા પછી કાળી થાય છે. તે દવામાં વપરાય છે. પીંપરમાંથી એક જાતનું તેલ જેવો પદાર્થ નીકળે છે.
૨. [સં. પ્લક્ષ] સ્ત્રી. એક જાતનું મોટું ઝાડ; વડ અને પીપળાની જાતનું એક દુધિયા ઝાડ. વડની માફક તેને પણ વડવાઈઓ ફૂટે છે. પાંચ વર્ષમાં એની ઝાડ જેવાં આવે છે. ગાળાઓ તેનાં ફળ ખાય છે. ઔષધિ તરીકે ઉપયોગી છે તેને પીપળ પણ કહે છે.
૩. સ્ત્રી. લીંડીપીપર. તેની નાની અને મોટી એવી બે જાતો થાય છે. નાની લીંડીપીપર અને મોટી બોદ્દાપીપર કહેવાય છે.
૪. સ્ત્રી. ઢોરની ઢોરીને ગોબા માટે ઘાડવામાં આવતી ખાંડ.

પીંપરણા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

પીંપરીમૂળ ન. એક જાતની વનસ્પતિનાં તીખાં મૂળિયાં; પીપરીમૂળના ગાંઠા.

પીંપલ ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું મનુષ્ય
૩. વિ. એ નામની અટકનું.

પીંપળ ન. પીપર.

પીંપળપતા ન. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

પીંપળપાન ન. પીપળાનું પાન.

પીંપળિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પીંપળિયો ગલ પું. એક જાતનો રાતાં ફૂલવાળો છોડ.

પીંપળી સ્ત્રી. એક જાતનું ઔષધોપયોગી ઝાડ; નાનો પીપળો; પીપળ
ફોગળ ફારસી સુંદર દીસે, અબૂર ખારેકનાં ક્ષેત્ર;
પીંપળા, પીંપળી, વડ ને ગુલ્મર, દાડમડી ને દ્રાક્ષ.
પ્રેમાનંદ

પીંપળીમૂળ ન. એક જાતના ઝાડનું મૂળ; જે ઝાડમાં પીપર થાય છે તે ઝાડનું નાનું ખાંડા જેવું મૂળ. તેને પીપળીમૂળનું ગાંઠોડું પણ કહે છે.

પીંપળો પું. એક ઝાડ; અશ્વત્થ; પીપળો. હિંદુઓમાં તે બહુ પવિત્ર અને વિષ્ણુના વાસવાળું મનાય છે. આ ઝાડ ભારતખંડ સિવાય બીજા દેશમાં થતું નથી. એ ઘણાં વર્ષ સુધી રહે છે. એને બારીક ફળ આવે છે. પીપળાની લાખ બને છે. આ ઝાડ પવિત્ર ગણ્યું હોવાથી તેનું લાકડું યજ્ઞના સમિધમાં વપરાય છે. તેને વડની માફક વડવાઈ જેવા અંકુર ફૂટે છે. એ બાળકની આમડી ઉપર રામબાણ ઇલાજ મનાય છે. ઓળાને લાખ આવા આપવી નહિ, કેમકે એથી ગર્ભ રહેતો નથી. તેની છાલનો કાઢો કરી પાવાથી અફીણનું વિષ ઊતરે છે. રતનરોગ, હેડકી, રક્તાતિસાર અને ક્ષય ઉપર તે કામમાં આવે છે.

૧. પીંપળે દીવો કરવો = જાહેર કરવું; સૌ કોઈ જાણે એમ કરવું.

૨. પીંપળો ઊગવો = નિર્વંશ જવું; ઉચ્છેદિયું થવું.

૩. પીંપળો કાટવો = કોઈ વસ્તુ બીજા કે માણસોનું ખૂબ ઊભરાવું; મોટી સંખ્યા કે જથ્થામાં બહાર આવવું.

પુ ૧. [પ્રા.] સ્ત્રી. શરીર.

૨. અ. હટ ! છટ ! એવો તિરસ્કાર દર્શાવનાર શબ્દ.

પુઆ [સં. પૂપ] પું. (હિંદી) પૂડો; માલપૂડો.

પુઆર [હિ.] પું. પરાળ.

પુન્નાગ ૧. [હિ.] પું. એક ઊંચું જંગલી વૃક્ષ. તેનું લાકડું મજબૂત અને પીળા રંગનું હોય છે અને ઇમારતોના કામમાં વપરાય છે. તે હાજિલિંગ, સિક્કિમ, ભૂતાનના જંગલોમાં થાય છે.

૨. પું. ચોખાના ખેતરમાં ઊગતું ઘાસ.

૩. પું. રેસી કસબ કરવાનું ઓજાર.

૪. પું. પરાળ.

પુઈપોઈ સ્ત્રી. (કચ્છી) પોપટની વેલ.

પુઈલ્હા સ્ત્રી. સાસુ.

પુઉમાવઇ સ્ત્રી. (જૂ. ગુ.) પદ્માવતી.

જે હવઇ પુઉમાવઇ પ્રતક્ષિ;
જિત્તઉ દેવ બોધિ હોઇ રિષ્ય.

લાવણ્યસમય

પુક [સં] વિ પવિત્ર.

પુકરણિય ન. તળાવ.

પુ કરવું ૧. અ. ક્રિ પેશાબ કરવો. બાળકોની ભાષામાં બોલાય છે.

૨. સ. ક્રિ. મરકરી કરવી; હસી કાઢવું; પ્રપુ કરવું.

પુકાર ૧. [હિં.] પું. અરજ; દરખાસ્ત.

૨ પું. અવાજ; ગર્જના.

૩. પું. આમંત્રણ.

૪. પું. કાવેરી નદીના મુખ આગળ ચોલ રાજાનું એ નામનું એક મુખ્ય શહેર.

૫. પું. ગંભીર માત્રણી.

૬. પું. તંબી.

૭. પું. પોતાની તરફ ધ્યાન ખેંચવા માટે ઊંચે સ્વરે કરવામાં આવતું સંબોધન; હાક; કોઈનું નામ લઈને બોલવાની ક્રિયા.

૮. પું. પ્રાર્થના.

૯. પું. ફરિયાદ; નાલિશ.

૧૦. પું. બોલાવવું તે; ભૂમ; બાંટો; શોરબકોર.

૧૧. [પ્રા. પુક્કાર] પું. મદદ કે રક્ષા માટે કરેલો અવાજ; મદદે બોલાવવાની ભૂમ; પોકાર.

સુણ્યા વચન દીનબંધુ તણી,
મૂકી ગયનો ગજને પુકાર;
માપી આકાશ તણું નામ ભણે,
સૌ એકુ પદ્મા વિણ આદિનારી. ગાંપીગીતા

૧૨. પું. માગ; અરજ.

પુકારવું ૧. સ. ક્રિ. ઈશ્વર અથવા દેવને આકીન કરવું.

૨. સ. ક્રિ. કોઈ વસ્તુ મેળવવા માટે આકુળ થઈને વારે વારે તેનું નામ લેવું.

૩. સ. ક્રિ. હાકો અથવા ફરિયાદ કરવી.

૪. સ. ક્રિ. ધ્યાન ખેંચવા કોઈ વાત જોરથી કહેવી; ઘોષણા કરવી.

૫. સ. ક્રિ. નામ ઉચ્ચારવું કરવું; રટવું કરવું; ધૂન લગાવવી; નામકરણ કરવું; સંજ્ઞાદ્વારા નિર્દેશ કરવું.

૬. સ. ક્રિ. નામ લઈને બોલાવવું; હાક મારવી.

૭ સ. ક્રિ. પેદારીને કહેવું; જાહેર કરવું.

૮. સ. ક્રિ. બોલાવવું; બરકવું; પોકાર કરવો; પોકારવું; મોટેથી સંભાળીને ભૂમ પાડવી.

૯ સ. ક્રિ. ભીખ માગવી.

૧૦. સ. ક્રિ. રક્ષા માટે રાડ પાડવી.

પુકારાવવું સ. ક્રિ. પુકાર કરવાનું કહેવું; પુકાર કરાવવો.

પુકારાવું સ. ક્રિ. પુકાર થવો; પુકારી શકાવું; પુકારવાની ક્રિયા થવી.

પુકારીને અ. જાહેર રીતે.

પુકુર [સ. પુષ્કર] ન. તળાવ.

પુકેલી સ્ત્રી. ગાંધર્વ દેશની બાજુની જૂની રાજધાની પુષ્કરાવતીનું પ્રાચીન નામ.

પુક્કસ ૧. [સં.] પું. એક જાતનો વર્ણસંકર; ચાંડાલ. નિષાદ પુરુષ અને શૂદ્ર સ્ત્રી અથવા શૂદ્ર પુરુષ અને ક્ષત્રિય સ્ત્રીથી આ જાતિની ઉત્પત્તિ મનાય છે.

૨. વિ. અધમ; નીચ.

પુક્કસી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વર્ણસંકર સ્ત્રી.

૨. સ્ત્રી. બળી ઔષધિ.

૩. સ્ત્રી. ચંડાલણી.

૪. સ્ત્રી. કૂતરી કણી.

પુક્કષ જુઓ પુક્કસ.

પુક્કષી [સં.] સ્ત્રી. ચંડાલણી.

પુક્કસ જુઓ પુક્કસ.

પુક્કસી ૧. [સં.] સ્ત્રી. ક્રૂરપણું.

૨. સ્ત્રી. ઝેરનો છોડ.

૩. સ્ત્રી. ચંડાલણી.

પુક્ખર પું. પુષ્કરવર દ્વીપ.

પુક્ત વિ. પાકી સમજણવાળું; પીઢ; પ્રૌઢ.

પુખ [હિં.] પું. (જ્યોતિષ) આઠમું નક્ષત્ર; પુષ્ય.

પુખહું (પુખહું) ન. ઘેર પવનની જાહેર.

પુખતો વિ. પું. (કચ્છી) પહોળો.

પુખર [સં. પુષ્કર] પું. (હિંદી) તળાવ.

પુખરાજ ૧. પું. (જ્યોતિષ) એ નામનું એક ચંદ્ર નક્ષત્ર.

૨. પું. એક જાતનું રત્ન. તે ગુરુ નામના ગ્રહનું રત્ન કહેવાય છે. તેનો ઘાટ અને ઝોર હીરાની ઝોર જેવી તેજસ્વી હોતી નથી, તેમ તે હીરા જેવી ચમક કે આભાસ ધરાવતો નથી. પુખરાજ મધે ભાગે પીળો હોય છે, પણ કોઈ કોઈ વખત લગભગ નીલા રંગનો પણ હોય છે. તે એલ્યુમિનિયમનો એક જાતનો ક્ષાર છે. હીરાથી તે ભારે પણ ઓછો કઠણ હોય છે. પુખરાજ અધિકતર ગ્રેનાઇટની ખાણોમાં અને કોઈ કોઈ વખત જ્વાળામુખી પર્વતોની ફરારોમા મળે છે. ઇંગ્લંડ, સ્કોટલંડ, બ્રાઝિલ, મેક્સિકો અને અમેરિકના સંયુક્ત રાજ્યમાં તે મળે છે. એશિયામાં યૂરલ પર્વતમાં તે બહુ નીકળે છે. ભારતવર્ષ અને પૂર્વના દેશોમાં બહુ ચોક્કસ મળે છે બ્રાઝિલના ઘાટા પીળા રંગના પુખરાજ સૌથી સારા મનાય છે. આપણે ત્યાં રત્નની પરીક્ષાના ગ્રંથોમાં પુખરાજના કેટલાયે ભેદ લખેલ છે. જો પુખરાજ કંઈક પીળા સાથે લાલ રંગનું હોય તો તેને કૌરંટ અને જો લાલાશ પડતું સફેદ હોય તો તેને સોમલક કહે છે. જો બિલકુલ લાલ હોય તો પદ્મરાગ અને જો નીલા રંગનું

હોય તો તે ઉંદરીલ કે. આ પ્રકારે પ્રાચીન મંથોમાં પુખરાજને પણ કુરંડ જાતિના પથ્થરોમાં માનેલ છે.

પુખવું જ ક્રિ. પોષવું; પાળવું; પુષ્ટિ આપવી.

પુખાત્રા ન. યાત્રા; જાત્રા.

પુખ્ત ૧. [સં. પુખ્તન (પકવવું)] વિ. અનુભવી; પાકટ; ઠરેલ; ડાહ્યું; સમજુ; પાકી બુદ્ધિનું; કસોટીએ ચડેલું.
પુખ્ત વિચાર = ઠરેલ વિચાર.
૨. વિ. પાકી કે ઠરેલ ઉંમરનું; વયે વધેલું.
પુખ્ત ઉંમરનું = ઠરેલ વિચારનું; ચાલીસ અને તે ઉપરની વયનું.
૩. વિ. પાકું; મજબૂત.
પુખ્ત કરવું = મજબૂત કરવું.
૪. વિ. રંધેલું.
૫. વિ. લાયક; યોગ્ય.
૬. વિ. ઘુટ્યું.
૭. વિ. લીસા પથ્થરનું બાંધેલું.

પુખ્તગી ૧. [સં.] સ્ત્રી. દુનિયાનો અનુભવ.
૨. સ્ત્રી. પકવતા.
૩. સ્ત્રી. પાકટ ઉંમર.
૪. સ્ત્રી. મજબૂતી.
૫. સ્ત્રી. ઘુટ્યાઈ.

પુખ્તપણું જુઓ પુખ્તાઈ.

પુખ્તરી [સં.] સ્ત્રી. રોટલી; બી ઓપડેલી રોટલી. આ રોટલી ઘણી નરમ અને સ્વાદિષ્ટ હોય છે.

પુખ્તવયી વિ. ઉંમર લાયક.

પુખ્તા ૧. [સં.] વિ. પાકું; દૃઢ; મજબૂત.
૨. વિ. પીઢ; પાકટ ઉંમરનું.
૩. વિ. ખાતરીદાર.
૪. વિ. રંધેલું.
૫. વિ. ઘુટ્યું.
૬. વિ. સશક્ત.

પુખ્તાઈ ૧. સ્ત્રી. પકાઈ; હોશિયારી.
૨. સ્ત્રી. પકવતા; રંધેલું હોવું તે.
૩. સ્ત્રી. મોટાઈ; પ્રાકટતા; પ્રૌઢપણું.
૪. સ્ત્રી. ઘુટ્યાઈ.
૫. સ્ત્રી. સશક્તતા.

પુખ્તાકારી [સં.] સ્ત્રી. મજબૂત કારીગીરી.

પુખ્તાભિગ્રાજ [સં.] વિ. અનુભવી; પાકટ વિચારવાળુ.

પુગ ન. શેતૂર.

પુગડી (પુગડી) સ્ત્રી. દાસી.

પુગરવું ૧. સ. ક્રિ. ભોગાવું; વાપરવું.
૨. સ. ક્રિ. પમાવવું; પમાવી પાડવું.

પુગલ ન. પહોંચવાનું સ્થળ.

પુગાડવું (પુગાડવું) ૧. સ. ક્રિ. પહોંચાડવું; પ્રાપ્ત થાય એમ કરવું; પહોંચે તેમ કરવું.
૨. સ. ક્રિ. પૂરું પાડવું.
૩. સ. ક્રિ. સ્વાધીન કરવું.

પુગાવુ ન. પહોંચી વળવાની શક્તિ.

પુગાવું સ. ક્રિ. પહોંચવાનો ભાવ કરવો; પહોંચે એમ થવું.

પુગ્ગલ ૧. [પ્રા.] પું. આત્મા.
૨. પું. વ્યક્તિ.

પુગ્ગલઝત્તિ સ્ત્રી. જૈન ધર્મના સાહિત્યના બાર પિટકમાંના અભિધર્મપિટકનાં નાનાં નાનાં સાત માંહેનું એક પુસ્તક.

પુચ ૧. [સં. પૂય] વિ. અર્ધ વજનનું.
૨. વિ. ગંદું.
૩. વિ. નકામું; કીમત વગરનું.
૪. વિ. નાનું.
૫. વિ. હલકટ.

પુચકર [હિં.] સ્ત્રી. ચુમકાર.

પુચકારવું ૧. સ. ક્રિ. બાળકને જાનું રાખવા ઓઠ સંકોચી વહાલનો અવાજ કરવો.
૨. સ. ક્રિ. શાંત કરવું; પ્રેમ કરવો.

પુચકારા [હિં.] પું. માટીનું પાતળું પડ.
પુચકારા ફેરવવો = દીવાલ પોગવી.

પુચકારી ૧. સ્ત્રી. પીચકારી.
૨. સ્ત્રી. બાળકને શાંત કરવા ઓઠ સંકોચી વહાલનો અવાજ કરવો તે; ખાર બતાવવા માટે ઓઠ વડે કરેલો ચુંબન કરવા જેવો અવાજ; બાળકને શાંત કરવા ઓઠ વચ્ચેથી કરેલો મૃદુ ઉચ્ચાર; ચચકારો.
૩. સ્ત્રી. વહાલ કરવું તે.

પુચપુચ પું. કોઈ પ્રાણીને બોલાવવાનો અથવા શાંત કરવાનો એક જાતનો અવાજ.

પુચલી સ્ત્રી. નાના છોકરાની ઇંદ્રિય.

પુચારા ૧. [હિં] પું. ઉત્સાહ આપવાનું વચન.
૨. પું. કોઈ વસ્તુ ઉપર પાણીનું પોતું ફેરવવાની ક્રિયા.
૩. પું. કોઈને અનુકૂળ કરવા કે મનાવવાને કહેવામાં આવતાં મીઠાં વચન.
૪ પું. ખોટી પ્રશંસા; ચાપલૂસી; ખુશામત.
૫. પું. દીવાલ ઉપર કરાતી માટીની પાતળી આપ.
પુચારા દેવો = દીવાલ ઉપર માટીનું પાતળું પડ મૂકવું; પોગવું.
૬. પું. પાતળો લેપ કરવાનું કામ.
૭. પું. હલકો લેપ.

પુચારો ૧. પું. ચૂનો ઘાંટવાનો પીંજો.
૨. પું. ચૂનો ઘાંટવો તે.
પુચારો દેવો-ફેરવવો = (૧) ભીનું પોતું ફેરવવું. (૨) માખણ તપાવવું. (૩) રંગ મારવો; ચકચકિત બનાવવું. (૪) ઠપકારવું. (૫) હિંમત આપવી; ઉશ્કેરવું.
૩. પું. માટીનું આછું અસ્તર.

પુચી સ્ત્રી. સ્ત્રીની યોનિ.

પુચ્છ ૧. પું. અનુવંશી પદાર્થ; ઉપાત્ત.
૨. પું. ધૂમકેતુનું પૂછડું.
૩ પું. પૂછડાવેરો.
૪. [સં.] પું. સમૂહ; જથ્થો.
૫. પું.;ન. પૂછડી; વાળવાળું પૂછડું; દુમ.
૬. પું.;ન. મોરનું પૂછડું.
૭. ન. કોઈ વસ્તુનો પાછલો ભાગ.
૮. ન. ઉપસર્ગ.

પુચ્છક [સં.] ન. પૂછડી.

પુચ્છકંદક [સં.] પું. વીંછી.

પુચ્છચામર ૧. ન. ચમરી જેવું પૂછડું.
૨. ન. વાળની બનાવેલી ચમરી.

પુચ્છટિ [સં.] સ્ત્રી. ત્રાંજણીઓની ચપટી વગાડવી તે.

પુચ્છટી જુઓ પુચ્છટિ.

પુચ્છડા [સં.] સ્ત્રી. વૃક્ષમજૂકેસ નામની વનસ્પતિ.

પુચ્છપટ ન. સર્પની પૂછડીની નીચેની ચામડીનું પડ.

પુચ્છપૃષ્ઠવંશી સ્ત્રી. ચર્મપુટીની શ્રેણી; આદિ પૃષ્ઠવંશીનો એક વર્ગ. જેમાં સર્પ, ચર્મપુટી વગેરે પ્રાણીઓ આવે છે. પ્રથમ જેને અદ્રુકાય પ્રાણીઓ તરીકે માનવામાં આવતાં હતાં, પણ હમણાં તેને તેમના લાવક જેવા વર્તનને લીધે ઓલ્ડમા જેતરી ગયેલાં એક જ વડીલમાંથી ઉત્પન્ન થયેલાં પૃષ્ઠવંશી તરીકે માનવામાં આવે છે અને તેથી તેનો પુચ્છપૃષ્ઠવંશી એવો નવો પાઠવામાં આવ્યો છે.

પુચ્છપ્રહાર પું. પૂછડાનો માર.

પુચ્છફળ [સં.] પું. બેરનું વૃક્ષ.

પુચ્છભૂત વિ. પાસેનું; નજીકનું; સમીપનું; અંતનું.
હે આનંદમય કોશના પુચ્છભૂત અક્ષરરૂપ ! હું તમને પ્રણામ કરું છું. ભગવતી ભાગવત

પુચ્છર સ્ત્રી. નાની માછલી.

પુચ્છલ [સં.] વિ. પૂછડીવાળું.

પુચ્છલતારા [સં.] પું. પૂછડિયો તારો; ધૂમકેતુ.

પુચ્છલતારો પું. (જ્યોતિષ) ધૂમકેતુ; પૂછડિયો તારો

પુચ્છલાંગ સ્ત્રી. (કચ્છી) ઘોડાના પૂછડા નીચે નાખવામાં આવતો ચામડાનો પટ્ટો.

પુષ્પવિશિષ્ટ જી. એક જાતની વનસ્પતિ. પુષ્પયંત્રિત વનસ્પતિ આસ કરીને ચણીમાં હોય છે. તે એક વેસવાળી તથા જુદા જુદા આકારની હોય છે. મુ. જાલનોસ

પુષ્પસ્થનંતુ [સં.] પું. કોઈરન્જુના એક છેડાના ભાગમાંથી નીકળતું તંતુ; પુંકેસર.

પુષ્પકંડક [સં] પું તક્ષક વંશનો એક નાગ.

પુષ્પા [સં. પુષ્પા] જી. (પ્રાકૃત) પૂજવું તે; પૂજા કરવી તે.

પુંષ્પાગ્ર [સં.] ન. પૂજાનો અગ્ર ભાગ.

પુષ્પાજુંક પું. (પુરાણ) એ નામનો એક નાગ.

પુષ્પાસન [સં.] ન. પૂજાનું આસન.

પુષ્પાસ્થિ [સં.] પુ. કરોડસ્તંભનું ઉપલું હાડકું તેને પૂજડીનું હાડકું કહે છે. તે ચાર ભાગનું બનેલું છે.

પુષ્પિકા [સં.] જી. એક જાતની વનસ્પતિ; માયપર્ણી.

પુષ્પી ૧. [સં. પુષ્પિન્] પું. આકડાનો છોડ.
૨. પું. કૂકડો.
૩. પું. ઢોર ઉપરનો કર.
૪. પું. પૂજારી.
૫. વિ. પીળા જેવી પૂજડીવાળું.
૬. વિ. પુષ્પવાળું; પૂજડીવાળું.

પુષ્પો ૧. જી. પૂજડી.
૨. વિ. પું. પાળ્યા કરનારો.

પુષ્પડિયું (પુષ્પડિયું) ૧. ન. કપાસ પીંજવાના લાકડાના ચરખાની બેસણીની બીજી બાજુએ રાખવામાં આવતું લાકડું.
૨. ન. (જ્યોતિષ) ધૂમકેતુ તારો.
૩. ન વૃદ્ધાવસ્થામાં થયેલ છોકરો.
૪. વિ. પૂજારાના ભાગનું.
૫. વિ. પૂંજડીવાળું.

પુષ્પડિયું ગત (પુષ્પડિયું ગત) ન. પાળ્યું જતાં; પાળ્યાની રમતમાં હાર.

પુષ્પડિયો (પુષ્પડિયો) ૧. પું. કંતાળના સાંધામાં પછવાડેના ભાગમાં નાખવામાં આવતો લોઢાનો ખીલો.
૨. પું. ગાયને દૂધ સારૂ બેસાડવા નાખેલી જડ; લોઢાનો ખીલો.
૩. વિ. પૂજડીવાળો.

પુષ્પડિયો કાચબો (પુષ્પડિયો કાચબો) પું. એક જાતનો કાચબો. તેને બે મોટા ચીપિયાવાળા પંજા હોય છે, તેથી તે બરાબર ખાડી રહે છે. તેને સંયુક્ત આંખ હોય છે. માંની દરેક પડખે સાંધાવાળા પાંચ જોડ પગ હોય છે. પોતાની પૂજડી વડે દરિયામાં આગળ ચાલે છે.

પુષ્પડિયો તારો (પુષ્પડિયો તારો) પું. (જ્યોતિષ) ધૂમકેતુ.

પુષ્પડિયો વેરો (પુષ્પડિયો વેરો) ૧. પું. જેને શીંગડાં ન હોય તેવા પશુનો વેરો.
૨. પું. ઢોર ઉપર વેવાતો કર.

પુષ્પલેલ વિ. પૂજડી ગયેલ; ઢોર નબળું પડવાથી ભેડું ન ખાઈ શકે તેવું નિર્બળ.

પુષ્પલ્લા ૧. [હિં] પું. ખુશામતથી પાછળ લાગ્યો રહેનાર માણસ.
૨. પું. પૂજા જેવી ભોળી વસ્તુ.
૩. પું. પૂજડીના જેવી લાંબી વસ્તુ.
૪. પું. લાંબું પૂજડું.

પુષ્પૈયા ૧. પું. તપાસ કરનાર; શોધક.
૨. પું. પૂજનાર.

પુષ્પાજ્ન. પૂજવું તે.

પુષ્પારૂ ૧. [હિં.] પું. પૂજનાર માણસ; પૂજપરજ કરનાર માણસ.
૨. ન. પૂજવું તે.

પુષ્પારણ જી. પૂજપરજ; પૂજપાજ; તપાસ.

પુષ્પારી જી. માંદાની બબર પૂછવી તે.

પુષ્પાવવું ૧. સ. ક્રિ. પુષ્પારી જવાબ મગાવવો; તપાસ કરાવવી.
૨. સ. ક્રિ. પૂછે એમ કરવું; કોઈની પાસે સવાલ કરાવવો.

પુષ્પાવું ન. ક્રિ. પૂછે એમ થવું.

પુષ્પીવેરો પું. ઢોર ઉપરનો વેરો.

પુષ્પુંભડો પું. (કચ્છી) આમળું.

પુષ્પેટિયું ન. આકાનો પાછલો ભાગ.

પુષ્પવાળ ન. પતિપત્નીની ઉમર વર્ષ ગયા પછી થયેલ છોકરો કે સંતાન; વૃદ્ધાવસ્થામાં થયેલ છોકરો.

પુષ્પાઈ ૧. [હિં.] જી. પૂજવાની ક્રિયા.
૨. જી. પૂજવાની મજૂરી.
૩. જી. પૂછ કરવાની ક્રિયા કે ભાવ.
૪. જી. પૂછ કરવાની મજૂરી.

પુષ્પાડી [હિં.] જી. પૂજનની સામગ્રી રાખવાની થેલી કે પાત્ર.

પુષ્પેરી [હિં.] પું. પૂજારી.

પુષ્પૈયા [હિં.] પું. પૂજા કરનાર; પૂજારી.

પુષ્પૈરા ૧. [હિં.] પું. પૂજના; ચર્ચા.
૨. પું. પૂજાને સમય દેવતાને અર્પિત કરવાની સામગ્રી

પુષ્ટ ૧. પું. મનમાં યુક્તિ કરનાર માણસ.
૨. [સં.] પું. રાંધનાર માણસ.

પુષ્ટ ૧. [સં.] ધા. ક્રિ. દીપવું; પ્રકાશવું.
૨. ધા. ક્રિ. અડકવું; સ્પર્શ કરવો.
૩. ધા. ક્રિ. ચૂર્ણ કરવું.
૪. ધા. ક્રિ. ઓઢવું.
૫. ધા. ક્રિ. બેસવું; બટકવું.
૬. ધા. ક્રિ. સંસર્ગ કરવો.

પુષ્ટ ૧. [સં.] પું. આચ્છાદન; ઢાંકણ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને શ્રીપુષ્ટ કે લઘુ છંદ પણ કહે છે. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, મગણ અને નગણ મળી બાર વર્ણ હોય છે. તેમાં ૮મે અને ૪થે અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.
૩. પું. કાચલું; ટોપી; વજ્ર; બાલ કોષ.
૪. પું. કોઈ ચીજને સંપૂર્ણ પકવવા માટે તળે ઉપર બેઉ બાજુએથી આપવામાં આવતો તાપ; સપુટમાં મૂકેલી વસ્તુને ચારે તરફ કપડાંણ કરી ભઠ્ઠીમાં મૂકી આપેલ આંચ.
૫. પું. કોથળી; થેલી.
૬. પું. બાકોરું; નળી; ગુહા.
૭. પું. પોડાની ખરી; પોડાના પગનો કાબલો.
૮. પું. છંટકાવ.
૯. પું જળપ્રાંગ.
૧૦. પું. મોટી બાજામાં મિશ્રણ; ભાવના.
૧૧. પું. કોથળાના આકારની વસ્તુ; કટોરાના જેવી ચીજ.
૧૨. પું. ઢોલું; ગોળ ઊંડું વાસણ.
૧૩. પું. પટ; પાસ.
પુટ આપવો-દેવો = પાસ આપવો.
૧૪. પું. પડિયા જેવો કોઈ પણ ઘાટ.
૧૫ પું. પડિયો; દડિયો;
૧૬. પું. પાણી કરી નાખે એવો પદાર્થ.
૧૭. પું. બે કોડિયાં એકબીજાની ઉપર મૂકીને બનાવેલું ખેતરું; એકબીજા ઉપર બે કોડિયાં મૂકીને બનાવેલો ઘાટ; ઔષધ પકવવા માટે ઉપર નીચે બે પાત્ર મૂકી કરેલ સંપુટ; બંધ મોઢાનું વાસણ; યંત્ર; કુલડી કે ચકોરામાં ધાતુ કે ઔષધ મૂકી ઉપર ઢાંકણ કે બીજું ચકોરું મૂકી કપડછણ કરી કરેલો ઘાટ.
૧૮. પું. ભઠ્ઠી. તે ઘણી જાતની હોય છે. જેમકે, (૧) મહાપુટ, (૨) મધ્યપુટ, (૩) વારાહપુટ, (૪) કુક્કુટપુટ, (૫) કપોતપુટ, (૬) ગોજાપુટ, (૭) મૃદ્ભાંડપુટ, (૮) વાલુકાપુટ, (૯) ભૂધરપુટ, (૧૦) લાવકપુટ
૧૯. પું. ભાગ.
૨૦. પુ. મોટું પારસલ. જેમાં,

પુટ

૨૧. ન. પરસ્પર સંબંધ.

૨૨. ન. મયાન.

૨૩. વિ. પડિયાના આકારનું. જેમકે, અંજલિપુટ; કર્ણપુટ.

પુટક ૧. [સં.] ન. કમળ.
૨. ન. ભમરૂળ.
૩. ન. નાકનું નસકોરું.
૪. ન. પડિયો.
૫. ન. પુટ.
૬. ન. પ્રવાહી પદાર્થની ભરેલી કોથળી.
૭. વિ વિવર; કાણું.

પુટકંઠ [સં.] પું. વારાહીકંદ; કોલકંદ.

પુટકિની ૧. [સં.] સ્ત્રી. કમળથી ભરેલો દેશ.
૨. સ્ત્રી. કમળનો સમૂહ.
૩. સ્ત્રી. પદ્મિની; કમલિની; કમળનો વેલો.

પુટકી ૧. સ્ત્રી. આકસ્મિક મરણ.
પુટકી પડવી = (૧) અકાળ મોત થવું. (૨) ઈશ્વરી હોનારતમાં આવી જવું.
૨. [હિં.] સ્ત્રી. આકૃતિ; કેવી આપત્તિ; ઈશ્વરી હોનારત.
૩. સ્ત્રી. કમનસીબી.
૪. સ્ત્રી. ધા.
૫. સ્ત્રી. પોટકી; ગાંઠડી.
૬. સ્ત્રી. બેસણું; સોટ.

પુટગ્રીવ ૧. [સં.] પું. ગાગર; તાંબાનો ઘડો.
૨. પું. તાંબાનું પાત્ર; શિરોધ્ર વગેરે વાસણ.
૩. પું. બરણી વગેરે પાત્ર.

પુટપત્રી સ્ત્રી. ગરમ પ્રદેશમાં પર્વત ઉપર ઊગતી એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાં માટીના કૂંડા જેવા આકારનાં હોય છે. તે ઉપરથી તેને પુટપત્રી કહે છે.

પુટપાક ૧. પું. અંતઃકરણમાં બળતો સ્નેહ.
૨. પું. પુટપાક વડે સિદ્ધ કરેલો રસ કે ઔષધ; અમુક રસનો પુટ આપી અગ્નિમાં પકવેલ ઔષધિ. તેની માત્રા ૨ થી ૪ તોલા હોય છે. તેની સાથે મધ અત્તર પીપર લેવામાં આવે છે.
૩. પું. પુટપાક વડે ઔષધિ પકવવી તે; બંધ મોઢાવાળા વાસણમા દવા રાખી ઊંડા આડામાં તેને અગ્નિથી પકવવાની ક્રિયા; પુટમાં મૂકી બહારમાં ઔષધિ કે ધાતુ પકવવી તે. લીલી વનસ્પતિ વાટી ગોળો કરી તેને વડ અથવા આંબાનાં પાન વીંટી દોરાથી બાંધી લેવો. તે ઉપર માટીનો લેપ બે આંગળ જાડો કરવો અને છાણા લગાડી અગ્નિમાં મૂકવો. માટી લાલચોળ થાય એટલે ગોળો બહાર કાઢી માટી દૂર કરી બરાબરમ કરીને બીજા કરેલા બાદીના ટુકડામાં નાખી નિચોવી રસ કાઢવો. આ ક્રિયાને પુટપાક કહે છે.

પુટપુટ પું. ગળામાં થતી ગાંઠ.

પુટપુટિકા [સં.] સ્ત્રી. પ્રથમ વળગેલ અને પછીથી જુદી પડેલ ચરી.

પુટપુટી સ્ત્રી. આંબૂડો અને આંબળાથી બનાવાતી ચપટી.

પુટભેદ ૧. [સં.] પું. એક જાતનું વાદ્ય.
૨. પું. નગર; શહેર.
૩. પું. નદીનું વાંકું વળાંક તે.
૪. પું. પાણીનું વમળ; જળનું વહોમાર ફરવું તે.

પુટભેદન [સં.] ન. નગર; શહેર.

પુટમર્દિ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેને કરહંચા પણ કહે છે. આ ૭૬ માત્રી છંદનો એક ભેદ છે. તેમાં નગણ અને જગણ મળી ૭ અક્ષર હોય છે.

પુટલોષ્ટ સ્ત્રી. અગિયાર માંહેની એ નામની એક જાતની ઈંટ.

પુટસર સ્ત્રી. પાનો નાખવાની ક્રિયા.

પુટાકાર ૧. [સં.] વિ. અંતર્ગોળ; ભગનાકાર.
૨. વિ. પ્રાણીઓના શરીર માંહેની કોથળીના આકાર જેવું.

પુટાહ્વ [સં.] પું. એક જાતનો કંદ; કોલકંદ.

પુટાવલી સ્ત્રી. વીજળીનો વેગ ઉત્પન્ન કરનાર યંત્ર.

પુટાસ [હિં.] પું. પોટાશ.

પુટિકા ૧. [સં.] સ્ત્રી. એલચી.
૨. સ્ત્રી. પડિયો.
૩. સ્ત્રી. સપુટ.

પુટિત ૧. [સં.] પું. અમુક કોઈ મંત્રથી આદિ તથા અંતમાં સંપુટિત કરેલ કોઈ મંત્ર.
૨. ન. હાથનો સપુટ.
૩. વિ. ચીરેલ; ફાડેલ.
૪. વિ. પરોવાયેલ.
૫. વિ. ઘૂંટો કરેલ.

પુટિની [સં.] સ્ત્રી. સતરકેણી નામનું પકવાન.

પુટિયા [હિં.] સ્ત્રી. એક પ્રકારની નાની માછલી.

પુટી ૧. [સં] સ્ત્રી. અંદરનો ભાગ.
૨. સ્ત્રી. એલચી.
૩. સ્ત્રી. નાર્મદા નદીના કાદવમાં રહેનારી એક જાતની માછલી.
૪. સ્ત્રી. પડિયો વગેરે પાનપત્ર
૫. સ્ત્રી. લમોટ.

પુટુ પું. એક જાતનો આળો.

પુટો પું. સર્જ નામનું એક જાતનું મરમ ક્ષારપદ.

પુટોદજ [સં.] ન. પોલું છત્ર.

પુટોદક ૧. [સં.] ન. કાચલાની અંદરનું પાણી; નાળિયેર અથવા તેવી જ જાતના બીજા કોઈ ફળની અંદરના ભાગનું પાણી.
૨. પું. નાળિયેર.

પુટ્ટ ૧. [સં.] ક્રિ. વિ. અનાદર કરવો.
૨. ક્રિ. વિ. ઓછું થવું.

પુટ્ઠા [મ.] પું. રાઠોડ.

પુટ્ઠી ૧. [મ.] પું. કુસ્તીનો એક દાવ.
૨. સ્ત્રી. મચ્છી પકડવાની ટોપલી.

પુટ્ઠો સ્ત્રી. એક જાતની ચાલ.

પુઠું [મા.] સ્ત્રી. પીઠ.

પુઠ્ઠો ૧. [સં. પૃષ્ઠ] પું. કૂલો.
૨. પું. ઘોડાનો સમૂહ.
૩. પું. ઢોર અને ઘાસ કરીને ઘોડાનો થાપો.
૪. પું. પુસ્તકનું પૂઠું.
૫. પું. પૂઠા ઉપરનું મજબૂત ચામડું.

પુઠકરંડા પું. અપેડો; અપામાર્ગ.

પુઠવાર [હિં.] અ. બગલમાં; બાજુમાં.

પુઠવાલ ૧. [હિં.] પું. મહાવાર; પૃષ્ઠરક્ષક.
૨. પું. સહયુદ્ધેચાર; સામેલવાર.
૩. પું. સોબતી.

પુઠા સ્ત્રી. (કચ્છી) પીઠ; વાંસો.

પુઠિયું ન. વેરવાના ઘાઘરાનું ઉપરનું પાટિયું.

પુઠી ૧. સ્ત્રી. નાનું પૂઠું.
૨. અ. પછવાડે; પાછળથી; પછી.

પુઠીરો [સં. પૃષ્ઠ] પું. (વહાણવટું) પાછળથી આવતો અનુકૂળ પવન.

પુઠેવાળ વિ. પાછલી વયમાં જન્મેલું; પૂંઠેવાળ.
પુઠેવાળનું છોકરું = પાછલી વયમાં થયેલું બાળક.

પુઠેસ્થકી અ. પુઠેથકી; પાછળથી.
પુઠેસ્થકી સાલ્યો સાલ્યો, રૈન અહો બાર.
નાભાદાસ

પુઠોતરું વિ. પાછળનું.

પુઠ્ઠવું [સં. પુષ્ટ] અ. ક્રિ. ભલા થવું.

પુઠ્ઠી [સં. પૃષ્ઠ] સ્ત્રી. (હિંદી) પીઠ; પાછલો ભાગ; કમર.

પુઢ (પુઢ) ૧. [સં. પુટ] પું. (પ્રાકૃત) ઔષધ પકવવાનું પાત્ર.
૨. પું. છીપનું સંપુટ.
૩. પું. મઢો.

પુડકાં (પુડકાં) ૧. ન. બોડકો; બોડો.
૨. ન. પડીકું.

પુડા (પુડા) ૧. [સં. પુટ] પું. કુલા; ઢગલા.
૨. પું. ઢોલ મઢવાનું ચામડું.
૩. પું. પડો; પોટકું; બોકું પડીકું.
૪. પું પોરો; પાણીમાં થતી નાની જીવાત.
૫ પું. બ. ક. પુડલા. વસ્તુપુરુષના પૂજન વખતે જમણા હાથ ઉપર રખપાતા સવિતા દેવને આ વસ્તુનું બલિદાન દેવાય છે.

પુડિયા (પુડિયા) ૧. [હિં] જા. ચૂર્ણ.
૨. સ્ત્રી. દવાની ચૂર્ણની પડીકી.
ઝપરકી પુડિયા = અતિ જેરી માણસ; દુષ્ટ માણસ; ખાહતનું પડીકું.
૩. સ્ત્રી. દેવને ધરેલ પ્રાસાદ કે બલિદાન.
પુડિયા ઉપાડવી = દેવને અબીલ સિંદૂર વગેરે ચઢાવવાં.
૪. સ્ત્રી. પડીકું.
૫. સ્ત્રી. પૂના તરફ થતી એ નામની એક ખડતલ જાત.
૬. સ્ત્રી. ભંડાર; ઘર; આધારસ્થાન.

પુડિંગ [અં.] પું. પૅસ્ટ.

પુડી (પુડી) ૧. સ્ત્રી. ચૂડી.
૨. [સં. પુટિકા; પ્રા. પુડિયા] સ્ત્રી. ઢોલ મઢવાનું ચામડું.
૩. સ્ત્રી. પડીકી; પડી.

પુઢવા (પુઢવા) [સં. પૃ] ન. (હિંદી) બોઢું પાર્સલ; પૅકી

પુઢિયા સ્ત્રી. એક જાતની કોરડી.

પુઢે [સં. પુરઃ] અ. આગળ; પ્રથમ; બોભરે.

પુણ્ય [પ્રા.] ન. વળી; પણ.
નળ પુણ્ય વહેલો આવશે, કાબે દુઃખ તજંત.
મેઘરાજ

પુણ્યચવું ૧. વિ. અસલનું; જૂનું.
૨. વિ. બોધું; અપૂર્ણ.
૩. વિ. ફેરવાળ્યું; અસલનું બનાવ્યું; વાંકું; ફેરવીને બોસેલું.

પુણ્યથોહું જુઓ પુણ્યચવું.

પુણ્યનાંબેકર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પુણ્યપ્રતિમા [સં. પુણ્યપ્રતિમા] સ્ત્રી. પવિત્ર મૂર્તિ.

પુણ્યરો વિ. પું. પૂરો.
હુવ પુણ્યરો ઉપકાર વિસરાએ કેમ વીરમા.
કાહિમલાલી સાહિલ

પુણ્યવીરણી સ્ત્રી. અપૂરાપણું; બોતરતાપણું.

પુણ્યાગીરી વિ. સ્ત્રી. મૂળ મહારાષ્ટ્રીય.

પુણ્યાવું અ. ક્રિ. ફુલાવું.

પુણ્યિવું ૧. ન. બ્રા જાત કમ ઢોલ ઝેરી ચીજ.
૨. ન. મોટીથી સહેજ નાની ચૂડી; આખી કરતાં સહેજ નાની ચૂડી.
૩. ન. સહેંજી.
૪. વિ. પોલું; આખામાંથી બોયા જાત જેટલું બોલું; ચાર માહેના ગર્ભ જાત જેટલું.

પુણ્યું વિ. પોલું; આખામાંથી બોયા જાતનું બોલું.

પુણ્ય ૧. [પ્રા.] ન. પુણ્ય.
૨. [સં. પૂર્ણ] વિ. ભરેલું; સંપૂર્ણ
વીસઇ નગર નાગર એક, પચનાગ કવિ પુણ્ય વિવેક.
ભાન્ડઉદેપ્રબંધ

પુણ્ય ૧. [સં.] પું. (જ્યોતિષ) મેષ, કર્ક, તુલા અને મકર રાશિ.
૨. ન. ઉત્તમ કર્મ.
૩. ન. (સિદ્ધ) ઉત્તર તરફ બોરડી તથા પૂર્વ પશ્ચિમમાં અભિદ્વાર્યું ઘર
૪. ન. એક ધાર્મિક ક્રિયા. પત્ની પોતાના પતિનો પ્રેમ જળવી રહે અને પુત્રપ્રાપ્તિ થાય તે માટે તે કરે છે.
૫. ન. દોરને બાંધી પાવાનું વાસણ.
૬. ન. ગ્રહથી થતી ઈશ્વરપ્રાપ્તિ.
૭. ન. ધર્મજ્ઞાન કર્યાથી ઈશ્વરપ્રાપ્તિ થવાની શુભાશા; ધર્મબુદ્ધિ; સવાબ; નેકી.
૮. ન. ધર્મ.
૯. ન. ધર્મનું કામ.
પૈસા વગેરે આપવાની જરૂ ક્રિયાથી પુણ્ય. પાપ કે ધર્મ થતાં નથી. પણ પ્રાણે લીધા જાય તે અશુભ-પાપ-કામ છે. તે લીધા રાગ પટાડી શુભ કામ કરે તો પુણ્ય કહેવાય. સમયસાર
૧૦. ન. પવિત્રતા.
૧૧. ન. મરતી વખતે કરેલું દાન.
૧૨. ન. મંગલ.
૧૩. ન. વસુલાતનો પહેલો દિવસ. આ ખાતાનો મોટો અમલદાર આ દિવસે કચેરીમાં પ્રમુખસ્થાને બેસે છે અને આવતા વર્ષમાં ઉઘરાવવાની વસુલાતની રકમ નક્કી કરે છે.
૧૪. ન. વિષ્ણુનાં હજાર સહિનું એક નામ.
૧૫. ન. (વેદાંત) વેદમાં કહેલી ક્રિયાથી જે જન્મ હોય તે; શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનથી જે જન્મ હોય તે.
૧૬. ન. શુદ્ધપણું.
૧૭. ન. (જૈન) શુભ કર્મનો સંચય.
દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના ભાવ જીવને થાય તે ઝણી વિકારી ભાવ છે. તે ભાવ પુણ્ય છે અને તેના નિમિત્તે જડ પરમાણુઓનો જથ્થો સ્વયં એક ક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપુણ્ય છે. સમયસાર
૧૮. ન. સદ્‌ગુણ.
૧૯. ન. સારું ભારી; ધર્મ; શ્રેય; સુકૃત; શુભ ફળવાળું કર્મ; સત્કર્મ; શુભ અદૃષ્ટ ફળ.
૨૦. ન. સુકૃતનું ફળ; સત્કર્મનું ફળ; સારો પરિપાક; સુફળ.
૧. નાના જેટલું પુણ્ય = લાયે તે સાથે.
૨. પુણ્ય આડે આવવું = કોઈ સુકૃતનું ફળ મળવું; પડતી કે મરણમાંથી કોઈ આબાલ પુણ્યને લઈ બચાવ થવો.
૩. પુણ્ય કરતાં વારે તેને ઘાએ જમને દ્વારે = સારું કર્મ કરતાં અટકાવનારને નઠારું ફળ મળે.
૪. પુણ્ય તણે જગ = સારાનો જય થાય; સારાનો પરિણામે જય છે.
૫. પુણ્ય ખરવારવું = સારાં કર્મનાં ફળ ખૂટી જવાં; પુણ્ય ખૂટી જવું; બગડવા કાળ આવવો; આવી બનવું.
૬. પુણ્યનાં પગિયાં ન હોય = સારા કામમાં ઢીલ નહિ; લાયે તે સાથે.
૭. પુણ્યે પાપ ઢેલાય = સારાથી નઠારાનો ઓડોપણો યે ઘટાડો થાય.
૨૧. ન. સુજશ.
૨૨. ન. સૌંદર્ય.
૨૩. વિ. ઈર્ષણીય
૨૪. વિ. ધર્મ.
૨૫. વિ. પવિત્ર કર્મવાળું; પુણ્યશાળી.
૨૬. વિ. પુણ્ય પ્રાપ્ત થાય એવું.
૨૭. વિ. શુભ અદૃષ્ટ ફળવાળું.
૨૮. વિ. શુભ કર્મવાળું.
૨૯. વિ. શુદ્ધ; પવિત્ર.
૩૦. વિ. પાવન.
૩૧. વિ. સુખદ.
૩૨. વિ. સુગંધવાળું; સુગંધદાર; સુગંધી.
૩૩. વિ. સુંદર.

પુણ્યક ૧. પું. વિષ્ણુ.
૨. [સં.] ન. એ નામનું એક વ્રત. પુત્રવતી સ્ત્રી પોતાના પુત્રના કલ્યાણ માટે તે કરે છે.
૩. ન. જેથી પુણ્ય થાય એવું વ્રત કે અનુષ્ઠાન.

પુણ્યકર્તા [સં. પુણ્યકર્તૃ] પું. સદ્‌ગુણી માણસ.

પુણ્યકર્મ ૧. [સં. પુણ્યકર્મન્] ન. (જૈન) જીવને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવનાર કર્મ.
૨. ન. (વેદાંત) ધર્મનું કામ; ધાર્મિક વૃત્તિનું કામ; પરોપકારનું કામ; પવિત્ર કામ; સત્કર્મ.

૩. વિ. ધર્મનાં કામ કરનાર.

૪. વિ. પવિત્ર; સદ્‌ગુણી.

૫. વિ પવિત્ર કામ કરનાર.

પુણ્યકર્મત્રય [સં.] ન. (વેદાંત) ઉત્કૃષ્ટ પુણ્ય, મધ્યમ પુણ્ય અને સામાન્ય પુણ્ય એવા ત્રણ પ્રકારનાં પુણ્યકર્મનું ફળ. હિરણ્યગર્ભાદિ શરીર એ ઉત્કૃષ્ટ પુણ્યકર્મનું, ઇંદ્રાદિક શરીર મધ્યમ પુણ્યનું અને પક્ષીરાક્ષસાદિક શરીર સામાન્ય પુણ્યનું ફળ છે.

પુણ્યકર્મી વિ પુણ્યકર્મ કરનાર.

પુણ્યકવ્રત [સં.] ન. જીએ કરવાનું એક વ્રત.

પુણ્યકારક [સં.] વિ. પવિત્ર; કલ્યાણકર.

પુણ્યકારી [સં. પુણ્યકારિન્] વિ. પુણ્ય કરનાર.

પુણ્યકાર્ય [સં.] ન. પવિત્ર કામ.

પુણ્યકાલ [સં. પુણ્ય (પવિત્ર) + કાલ (સમય)] પું. ગ્રહણાદિ પર્વમાં પુણ્યદાન કરવાનો સમય; પવિત્ર સમય; પુણ્યનો વખત; દાનપુણ્યનો સમય; પુણ્યજનક કાળ; સૂર્ય વગેરેની સંક્રાંતિ સમયે કરેલ સ્નાન, દાન વગેરેનો ફળજનક કાળ.

પુણ્યકાળો જુઓ પુણ્યકાલ.

પુણ્યકીર્તન ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. ન. પુણ્યનું કથન.

૩. વિ. જેનું કથન, કીર્તન, વર્ણન પુણ્યજનક હોય એવું.

પુણ્યકીર્તિ ૧. [સં.] પું. નળરાજા.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. સ્ત્રી. પવિત્ર કીર્તિ; પુણ્ય ઉત્પન્ન કરનારી કીર્તિ.

૫. વિ. પવિત્ર કીર્તિવાળું.

૬. જુઓ પુણ્યશ્લોક.

પુણ્યકુંજ [સં.] સ્ત્રી. પવિત્ર કુંજ.

પુત્રની પુણ્યકુક્ષે સૌ વે સરખી, પૂર્વનાં ત્રણ સૌ પાપ નથી. ઈંદ્રકુમાર

પુણ્યકૃત [સં. પુણ્ય (સારું કામ) + કૃત્ (કરનાર)] વિ. પુણ્યશાળી; પુણ્ય કરનાર; પુણ્યવાળું

પુણ્યક્ષેત્ર ૧. [સં.] ન. આર્યાવર્ત દેશ.

૨. ન. ધર્મક્ષેત્ર; કુરુક્ષેત્ર. જે હસ્તિનાપુરની આસપાસનું મેદાન છે. હાલનું દિલ્હી શહેર આ મેદાન ઉપર જ છે. કૌરવ પાંડવોના પૂર્વજ કુરુ નામના રાજા આ મેદાનમાં હળ નાંખી કષ્ટથી ખેતી કરતા હતા, તેથી તેને ક્ષેત્ર કિંવા ખેતર એમ કહે છે. પણ આ ક્ષેત્રમાં જે તપ કરતે કિંવા મરતે તેને સ્વર્ગ મળતે એવો લોક કુરુને વર આપ્યો. તે ઉપરથી તેણે તે ક્ષેત્રને ખેડવાનું છોડી દીધું. એવી આરતમાં કથા છે. ઉદના આ વરદાનને લીધે જ આ ક્ષેત્રને પુણ્યક્ષેત્ર અથવા ધર્મક્ષેત્ર કહેવા લાગ્યા.

૩. ન. પવિત્ર સ્થાન; જ્યાં રહેવાથી સત્કર્મનો લાભ થાય એવું સ્થાન; તીર્થ; જ્યાં જવાથી પુણ્ય થાય તેવું સ્થાન; પુણ્યભૂમિ; જે સ્થળનાં દર્શન કર્યાથી પુણ્ય થાય તે સ્થળ.

૪. ન. પુષ્કરક્ષેત્ર.

પુણ્યખંડ [સં.] પું. પવિત્ર દેશ; ભારતવર્ષ.

પુણ્યગંધ ૧. [સં.] પું. ચંપો; ચંપક નામનું ફૂલ.

૨. સ્ત્રી. સુવાસ.

પુત્રીમાં પુણ્યગંધ (સુવાસ) તે હું હું. ગીતારહસ્ય

પુણ્યગંધા [સં.] સ્ત્રી. સોનેરી જૂઈનું ફૂલ.

પુણ્યગ્રંથિ ૧. [સં.] વિ. પવિત્ર ગ્રંથવાળું.

૨. વિ. સુંદર.

પુણ્યગ્રાહ્ય સ્ત્રી. પુણ્યકારક ગણાય; પુણ્ય લાગે તેવી વાણી.

પુણ્યગૃહ ૧. [સં.] ન. જ્ઞાનગૃહ.

૨. ન. મંદિર.

પુણ્યઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો ઘાટ. નર્મદાપંચાંગમાં લખ્યું છે કે આ તીર્થનું મહાત્મ્ય મોટું છે. કથા એમ છે કે: વસિષ્ઠજીએ રામચંદ્રજીને કહ્યું કે, ઉદને ઉદ્વાહ કર્યું, તોપણ તેની વિષયવાસના ન ગઈ. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યાને ઋષિનો વેશ લઈને ઇંદ્રાણી ભ્રષ્ટ કરી. આ જોઈને ઋષિએ બંનેને શાપ દીધો અને પોતે દક્ષિણ દિશામાં નાસિક ત્र्यંબકેશ્વરમાં જઈ વસ્યા. ત્યાં તેના હાથે ઋષિનિર્મિત એક ગાયનો વધ થયો. આ કારણે ગૌતમ ઋષિને બહુ પશ્ચાત્તાપ થયો. પછી તે કૈલાસમાં શંકર પાસે ગયા. તેને બધાં કર્મ કહ્યાં. ત્યારે શંકરે કહ્યું કે, તમે નર્મદાતીરે જઈને બાર મહિના તપ કરો, પાપ અસ્ત થઈ જશે. ગૌતમ આ તીર્થમાં આવ્યા અને શિવજીની આજ્ઞા પ્રમાણે તપ કર્યું. ત્યારે શંકર પ્રસન્ન થયા અને પોતાની જટામાંથી મોટા વાલ કાઢી આપી કહ્યું કે, જ્યાં ધેનુકલા થઈ છે ત્યાં જઈને આ જટા દ્વારા ગંગાજળ છાંટી દેજો. ધેનુ જીવિત થઈને તમારું પાપ અસ્ત થઈ જશે. આ સાંભળીને તેમ જ કર્યું તો પાપ ગુપ્ત થઈ ગઈ. ત્યાં જળ છાંટયું હતું ત્યાંથી ગોદાવરી નિર્માણ થઈ. આ જોઈને ગૌતમ ઋષિએ બધા દેવો અને ઋષિઓને સાથે લઈને ત્र्यંબકેશ્વરની સ્થાપના કરી. નર્મદાતીરે જે ગૌતમેશ્વર છે તે તેમના હાથે સ્થાપન કરેલ છે. અહીં નાસિક ત્र्यંબકનું માહાત્મ્ય છે. બીજી કથા એમ છે કે: વનવાસના સમયે પાંડવોએ નર્મદાના ઉત્તર તટ ઉપર ધર્મેશ્વરની સ્થાપના કરીને ધર્મપુરી વસાવી. તે સમયે અહીં અનેક પ્રકારનાં યજ્ઞ, દાન વગેરે પુણ્યકર્મ કર્યાં હતાં. આ કારણે આનું નામ પુણ્યઘાટ પડી ગયું છે. અહીં આઠ શિવમંદિર જીર્ણોદ્ધારમાં છે. ગૌતમેશ્વરના મંદિરમાં લગાવેલી તખ્તી ઉપરથી જણાય છે કે, વિક્રમ સંવત ૧૭૨૦માં ઉદયભાનુ રાજાના સમયમાં આ મંદિરોનો જીર્ણોદ્ધાર થયેલો છે. આ ઘાટની સામે જ ધર્મપુરી છે. નર્મદાજીના બેટમાં ભીમસેનની ગાદી નામે પથ્થરના બે ટુકડા છે. ત્યાં પરિક્રમાવાસી જઈ શકતા નથી. નર્મદાજીનો પટ બેટનો પહોળો અહીં છે તેટલો બીજે ક્યાંય નથી. આ ઘાટમાં સોમવતી અમાસ અને ગાદરવાની અમાસનું માહાત્મ્ય છે. અહીંથી પશ્ચિમે એક માઈલ લગભગ માનધાર નામનું સ્થાન આવેલ છે.

પુણ્યચરિત્ર [સં.] ન. પવિત્ર ચરિત્ર.

પુણ્યચંપુ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પુણ્યચિત્ત [સં.] ન. પવિત્ર મન.

પુણ્યજન ૧. [સં.] પું. પક્ષી.

૨. પું. યક્ષ.

૩. પું. રાક્ષસ.

પ્રભુ સર્પ અને પુણ્યજન નિકષાસુત હુતાશ; અર્યુર અસુર નિશાચર યાતુધાન કવ્યાદ. પિંગલપ્રકાશ

૪. પું. સજ્જન; ધર્માત્મા.

પુણ્યજની ૧. [સં.] સ્ત્રી. યક્ષ જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. રાક્ષસ જાતિની સ્ત્રી.

પુણ્યજનેશ્વર [સં. પુણ્યજન (યક્ષ) + ઈશ્વર (પતિ)] પું. કુબેર.

પુણ્યજનેશ્વર વૈશ્રવણ ધનદ ગિરીશમિત્ર યક્ષ; ગુહ્યકપતિ ત્र्યંબકસખ રાજરાજ કહેવાય. પિંગલપ્રકાશ

પુણ્યર્જિત ૧. [સં.] પું. ચંદ્રલોક વગેરે લોક; જેની પ્રાપ્તિ પુણ્ય વડે થાય તેવો લોક.

૨. વિ. પુણ્ય વડે જીતેલ.

પુણ્યજીવન [સં.] ન. પવિત્ર જિંદગી.

પુણ્યજ્યોત [સં.] સ્ત્રી. પવિત્ર જ્યોતિ.

હંસોની પુણ્યજ્યોત જેવડી ચાલ, પકડીશે, જનંત ધીરી, જના ! ધીરી; ઉતાવળી થયે ઘડી જરી. નાનાલાલ

પુણ્યતા [સં.] સ્ત્રી. પુણ્યપણું; પવિત્રતા.

પુણ્યતિથિ ૧. [સં.] સ્ત્રી. પવિત્ર દિવસ; શુભ દિવસ; પવિત્ર તિથિ.
૨. સ્ત્રી. મંગલ મુહૂર્ત.
૩. સ્ત્રી. મૃત્યુ તિથિ.
૪. સ્ત્રી. મૃત્યુ તિથિની ઉજવણી.

પુણ્યતીર [સં.] પું. પવિત્ર કાંઠો.

પુણ્યતીર્થ ૧. પું. પવિત્ર મૂર્તિ.
૨. [સં. પુણ્ય (પવિત્ર) + તીર્થ (યાત્રાનું ધામ)] ન. પવિત્ર તીર્થ; પુણ્ય પ્રાપ્ત કરાવનારું યાત્રાનું સ્થળ; પવિત્ર બનાવનું કેસાણું; પુણ્યજનક તીર્થ.

પુણ્યતૃણ [સં.] ન. પોળું મુલ્ય ઘાસ; પોળો દર્ભ.

પુણ્યત્વ જુઓ પુણ્યતા.

પુણ્યદર્શન ૧. [સં.] પું. ઘાસ પક્ષી; નીલકંઠ. વિજયાદશમીને દિવસ તેનાં દર્શનથી લોકો પુણ્ય માને છે.
૨. પું. શિવ.
૩. ન. પવિત્ર સ્થળોનાં દર્શને જવું તે.
૪. વિ. જેનું દર્શન પવિત્ર હોય એવું; પુણ્યકારક દર્શનવાળું; જેના દર્શનથી પુણ્ય થાય એવું.
૫. વિ. સુંદર.

પુણ્યદર્શની [સં.] સ્ત્રી. ઘાસ પક્ષિણી.

પુણ્યદર્શી [સં. પુણ્યદર્શિન્] વિ. પુણ્ય વિષે જેની દૃષ્ટિ હોય એવું.

પુણ્યદશા [સં.] સ્ત્રી. જેમાં પૂર્વનાં પુણ્યને લીધે બધું સારું બને એવી સ્થિતિ.

પુણ્યદાન [સં.] ન. ધર્મદાન.

પુણ્યદાયી વિ. પુણ્યવાળું; પવિત્ર.

પુણ્યદુહ [સં. પુણ્યદુહ્] વિ. પુણ્ય આપનારું.

પુણ્યધામ [સં. પુણ્યધામન્] ન. જ્યાં જવાથી પુણ્યનાં બધાં કામ થઈ ગયાં હોય એવું સ્થળ; તીર્થસ્થળ.

પુણ્યધામી ૧. પું. પરમેશ્વર.
૨. પું. પુણ્યધામમાં રહેનાર માણસ.

પુણ્યનામ ૧. [સં. પુણ્યનામન્] પું. મૂર્તિક સ્વામીનો એ નામનો અનુચર.
૨. વિ. જેનું નામ લીધાથી પુણ્ય થાય એવું.
૩. વિ. જેનું નામ પવિત્ર હોય તેવું.

પુણ્યનિકેતન [સં.] ન. પવિત્ર સ્થાન.

પુણ્યપત્તન ૧ [સં.] ન. પવિત્ર નગર.
૨. ન. પાટણ શહેરનું પ્રાચીન નામ.

પુણ્યપથ પું. ધર્મનો રસ્તો; પુણ્યપંથ.

પુણ્યપદ ૧. [સં. પુણ્ય (પવિત્ર) + પદ (શબ્દ)] ન. (જૈન) જૈન મંત્ર.
૨. [સં. પુણ્ય (પવિત્ર) + પદ (પદવી)] ન. પવિત્ર દરજ્જો.
૩. [સં. પુણ્ય (પવિત્ર) + પદ (પગ)] ન. પવિત્ર પગલું.
૪. ન. પવિત્ર વચન.

પુણ્યપરિપાક [સં.] પું. પુણ્યોદય.

પુણ્યપંખાળું વિ. પુણ્યની પાંખવાળું.
પુણ્યપંખાળા પરિવ્રાજકો બન્ને જગતને ધર્મનાં કહો. સંધમિત્રા

પુણ્યપંથ જુઓ પુણ્યપથ.

પુણ્યપાપ [સં] ન. સારાંનરસાં કર્મ.

પુણ્યપાવડી (પુણ્યપાવલી) ૧. ન. પવિત્ર ચાખડી.
૨. ન. પવિત્ર માર્ગ.
ઘણી વાતો કરી લઈએ છીએ, પણ કોઈએ સ્વતંત્રનો પગ પુણ્યપાવડી ઉપરથી ઉપરથી ગયો છે. સુખદુઃખમાં

પુણ્યપાંગર્યું વિ. પુણ્યથી ખીલેલું કે વધેલું.
ભલે ભલુએ ભોક ભલુદેવને પૂજે; પુણ્યપાંગર્યું પાટલીપુત્ર જેમ સારસ ભલુએ સારસ દેવને પૂજે છે. સંધમિત્રા

પુણ્યપુર [સં.] ન. પૂના.

પુણ્યપુરુષ [સં.] પું. ધર્માત્મા; સદ્‌ગુણી માણસ.

પુણ્યપુંજ [સં.] પું. પુણ્યનો ઢગલો.

પુણ્યપ્રકર્ષ [સં.] પું. પુણ્ય વધવું તે.

પુણ્યપ્રકૃતિ [સં.] સ્ત્રી. (જૈન) શુભ ફળ આપવે એવો કર્મનો ભાવ.

પુણ્યપ્રકોપ [સં.] પું. પવિત્ર કોપ; પ્રશસ્ત કોપ; અઘટિત કર્મ પ્રત્યે પ્રગટી ઊઠેલો કોપ; પાપ કે અન્યાય સામે ધર્મબુદ્ધિને લીધે ઊપજેલો કોપ.

પુણ્યપ્રચારક [સં.] પું. ધર્મપ્રચારક; ધર્મનો ફેલાવો કે પ્રચાર કરનાર માણસ.

પુણ્યપ્રતાપ [સં. પુણ્ય (પવિત્ર) + પ્રતાપ (પ્રભાવ)] પું. પુણ્યનો પ્રભાવ; પુણ્યથાળી હોવાનું પરિણામ.

પુણ્યપ્રદ [સં.] વિ. પુણ્ય આપનારું; પુણ્યકારક.

પુણ્યફલ ૧. [સં.] ન. જ્યાં લક્ષ્મીદેવી વસે છે તે જેવું વન.
૨. ન. પુણ્યરૂપ ફળ.
૩. ન. સારાં કર્મોનું ફળ

પુણ્યફળ જુઓ પુણ્યફલ.

પુણ્યબલ [સં.] ન. પુણ્યનો પ્રતાપ.

પુણ્યબળ જુઓ પુણ્યબલ.

પુણ્યબંધ પું. (જૈન) પુણ્યનો સંચય થવો તે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સેવા, પુજ્ય, ભક્ત, ભક્તિ આદિ શુભ ભાવ છે, જે તેનાથી પુણ્યબંધ થાય છે. સમયસાર

પુણ્યબંધન જુઓ પુણ્યબંધ.

પુણ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. શુદ્ધ બુદ્ધિ; ચોખ્ખી બુદ્ધિ; પવિત્ર બુદ્ધિ.

પુણ્યભરિત [સં.] વિ. પુણ્યથી ભરેલ.

પુણ્યભાજ [સં. પુણ્યભાજ્] વિ. પુણ્યવાળું; પુણ્યવાળી.

પુણ્યભૂ ૧. [સં.] સ્ત્રી. આર્યાવર્ત દેશ; હિંદુઓની પવિત્ર ભૂમિ. તેની ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્યાચલ અને પૂર્વ પશ્ચિમે દરિયો આવેલ છે.
૨. સ્ત્રી. છોકરાની મા.
૩. સ્ત્રી. પવિત્ર ભૂમિ.

પુણ્યભૂમિ ૧. [સં.] સ્ત્રી. આર્યાવર્ત દેશ.
પૂર્વની પુણ્યભૂમિમાં હિંદ ખિલવનાં જનો, સ્વરાજ સાધવાં હોતાં વર્ત્યાં કેમ કવિવર! ગાંધીગીત
૨. સ્ત્રી. પવિત્ર ભૂમિ.
૩. સ્ત્રી. પુત્રવાળી સ્ત્રી.

પુણ્યમાસ ૧. [સં] પું. પવિત્ર મહિનો.
૨. પું પુરુષોત્તમ માસ; અધિક મહિનો.

પુણ્યયશ [સં. પુણ્ય + યશસ્ (કીર્તિ)] પું. પવિત્ર યશ; પવિત્ર કીર્તિ.

પુણ્યયોગ ૧. [સં.] પું. શુભ સમાગમ; પુણ્યકારી મેળાપ.
૨. પું. સદાચરણનું આવતું સારું પરિણામ.

પુણ્યરજ્જુ [સં.] ન. પુણ્યરૂપી દોરી.

પુણ્યરંગી વિ. પુણ્ય વડે રંગાયેલ.
ભવતા નિર્મળા પુણ્યરંગી પ્રભાતતેજની જેમ જગતભરી વરસી રહી છે. નગનાથાલ

પુણ્યરાત્ર [સં.] પું. પવિત્ર રાત્રિ; પુણ્યજનક રાત્રિ

પુણ્યરાત્રિ જુઓ પુણ્યરાત્ર.

પુણ્યરાત્રી જુઓ પુણ્યરાત્ર.

પુણ્યલોક ૧. [સં.] પું. ધર્મિષ્ઠ માણસ.
૨. પું. પુણ્યથી પ્રાપ્ત કરવા યોગ્ય ચંદ્રલોક વગેરે સ્થળ.
૩. પું. સ્વર્ગ; પવિત્ર ધામ.

પુણ્યવરો પું. પુણ્યદાનનું અર્ઘ.

પુણ્યવર્ષ ૧. [સં. પુણ્ય + વર્ષ (જુઓ)] પું. પુણ્યશાળી ઉત્તમ પુરુષ.

> વસો આ અધુરાં ગીત, સ્નેહનાં અક્ષયચંદનાં;
> પુરાણાં નવલાં હોયે, પાલેલાં પુણ્યવર્ષનાં.
> નાનાલાલ

૨. ન. ઉત્તમ પ્રકારનું પુણ્ય.

પુણ્યવંતું જિ. પવિત્ર.

પુણ્યવાન ૧. [સં. પુણ્યવત્] જિ. ધર્માત્મા; પુણ્યદાન કરનારું; ધર્મિષ્ઠ; પુણ્યશીલ; સદ્‌ગુણી.

> મહ પવિત્ર છે આજ સંન્યાસી પણ આજ છે,
> પવિત્ર આણી બીજેરે પાખંડી પુણ્યવાન જે.
> ગાંધીગીતા

૨. જિ. નસીબદાર.

૩. જિ. પવિત્ર.

૪. જિ. સદાચારી.

પુણ્યવાસના [સં.] સ્ત્રી. પવિત્ર ભાવના; સુકૃત કરવાની અભિલાષા; પુણ્ય કામ કરવાની ઇચ્છા.

પુણ્યવિજિત [સં.] જિ. પુણ્યથી જીતેલ.

પુણ્યવિભૂતિ [સં.] સ્ત્રી. પવિત્ર મૂર્તિ.

પુણ્યવૃક્ષ ૧. [સં.] ન. પવિત્ર ઝાડ.

૨. ન. પુણ્યરૂપી ઝાડ.

પુણ્યવ્રત [સં.] જિ. સદાચારી; પવિત્ર આચારવાળું.

પુણ્યશકુન ૧. [સં.] ન. શુભસૂચક શકુન.

૨. જિ. શુભસૂચક.

પુણ્યશાલી ૧. [સં. પુણ્યશાલિન્] જિ. ધર્મદાન કરનારું; સદ્‌વૃત્તિવાળું; પુણ્યવાન; સુકૃતની સામગ્રીથી કોઈને કંઈ આપે કે દુઃખ હરે એવું.

૨. જિ. સારાં કર્મવાળું; પૂર્વજન્મનાં સુકૃતવાળું; સુભાગી; સુખી.

પુણ્યશાળી જુઓ પુણ્યશાલી.

પુણ્યશીલ ૧. [સં.] જિ. પુણ્યશાળી; ઉત્તમ; નેકો; પવિત્ર; નિત્ય પુણ્ય કરનાર; ધર્મવાન; સુધર્મી; પુણ્યવાન.

૨. જિ. સદ્‌ગુણી.

પુણ્યશુદ્ધ [સં.] જિ. પુણ્યથી પાવન થયેલ.

પુણ્યશ્રવણકીર્તન ૧. [સં.] પું. વિષ્ણુનાં ઇશ્વર માહેનું એક નામ. તેમનાં નામોનું શ્રવણ સ્મરણ, કથાકીર્તનનું શ્રવણ સ્મરણ, શ્રવણ, મનન અને નિદિધ્યાસન સર્વેને પુણ્યકર્મરૂપ છે. પુનઃ તેમના. ગુણ માહાત્મ્યની કથાઓનું કથન તથા શ્રવણ તેમ જ તેમના ગુણ માહાત્મ્યની કથાઓનું કથન તથા શ્રવણ તેમ જ તેમના ગુણ માહાત્મ્યને દર્શાવનારાં કીર્તનોનું ગાનતાન એ સર્વ મનુષ્યોને પાવન કરનારાં છે. તેમ જ તેમનું કીર્તન મનને પવિત્ર કરનારું છે. તેમનું શ્રવણવડ અને નામશ્રવણ તેમ જ કીર્તનશ્રવણ કહેનાર અને સાંભળનાર બંનેને પાવન કરનારાં છે. તેથી તે પુણ્યશ્રવણકીર્તન કહેવાય છે.

૨. પું. શિવનાં ઇશ્વર માહેનું એક નામ.

પુણ્યશ્લોક ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. જનક.

૩. પું. જેનું નામ લેવાથી પુણ્ય થાય તેવો માણસ.

૪. પું. નલ રાજા.

૫. પું. પવિત્ર પુરુષ.

૬. પું. પ્રભુ; દૈવી મનુષ્ય.

૭. પું. યુધિષ્ઠિર.

૮. પું. વિષ્ણુ; જનાર્દન.

૯. જિ. જેના નામસ્મરણથી પુણ્ય લાગે એવું; પવિત્ર ચરિત્રવાળું; પવિત્ર; કીર્તિવાળું; જેનું નામ ઉચ્ચારવાથી પણ પુણ્ય હાસિલ થાય એવું; પવિત્ર ચારિત્રવાળું.

પુણ્યશ્લોકા ૧. [સં.] સ્ત્રી. અહલ્યા.

૨. સ્ત્રી. તારા.

૩. સ્ત્રી. દ્રૌપદી.

૪. સ્ત્રી. મંદોદરી.

૫. સ્ત્રી. સીતા.

પુણ્યશ્લોકી [સં. પુણ્યશ્લોક + ઈન્ (વાળું)] જિ. પવિત્ર; પૂજ્ય ગણક.

પુણ્યશ્લોકૈકભાસ્કર [સં.] પું. પુરુષોત્તમનાં ઇશ્વર માહેનું એક નામ.

પુણ્યસલિલ ૧. [સં.] ન. પવિત્ર જળ.

૨. ન. પવિત્ર નદી.

૩. જિ. પવિત્ર જળવાળું.

પુણ્યસલિલા [સં.] જિ. સ્ત્રી. જેનું જળ પવિત્ર મનાય છે તેવી.

પુણ્યસહસ્ર [સં.] ન. જ્યોતિષપ્રસિદ્ધ એક સહસ્ર.

પુણ્યસંગીત ન. પવિત્ર ગાયન.

પુણ્યસુધા [સં.] સ્ત્રી. પવિત્ર અમૃત.

પુણ્યસોહેતું જિ. પુણ્યથી સોહીતું.

> ગારદતીર્થ આવાં પુણ્યસોહેતાં હોય જો સહ
> ત્યા અતરાત્મે અય. સંપમિત્રા

પુણ્યસ્થલ [સં.] ન. પવિત્ર જગા.

પુણ્યસ્થળ જુઓ પુણ્યસ્થલ.

પુણ્યસ્થંભ પું. ગોદાવરી નદીના કાંઠા ઉપર આવેલ એ નામનું એક શહેર. ભાસ્કરાચાર્યનો જન્મ ત્યાં થયો હતો.

પુણ્યસ્થાન ૧. [સં.] ન. જ્યાં પુણ્ય ઉત્પન્ન થાય તેવું સ્થાન.

૨. ન. જ્યોતિષપ્રસિદ્ધ લગ્નાવધિક નવમું સ્થાન. તેમાં ગ્રહ બહુ હોવાથી પુણ્યવાન કે પુણ્યહીન હોવાનો વિચાર થઈ શકે છે.

૩. ન. પવિત્ર સ્થળ; પવિત્ર સ્થાન; તીર્થસ્થાન.

પુણ્યસ્મરણ [સં.] ન. પવિત્ર સ્મરણ.

પુણ્યસ્મૃતિ [સં.] સ્ત્રી. પવિત્ર યાદગીરી.

પુણ્યહારી [સં. પુણ્ય + હ (હરી જવું)] જિ. પુણ્ય હરી જનારું.

પુણ્યહીન [સં.] જિ. પુણ્ય વગરનું; કમનસીબ; દુર્ભાગી; દુઃખી.

પુણ્યા ૧. સ્ત્રી. એ નામની એક દાસીપુત્રી.. તેણે વાદવિવાદમાં એક બ્રાહ્મણને હરાવ્યો. એથી રાજા મરી તેના માલિકે તેને દાસત્વમાંથી મુક્ત કરી હતી.

૨. [સં.] સ્ત્રી. તુલસી.

૩. સ્ત્રી. પુણ્ય કરનારી સ્ત્રી.

૪. સ્ત્રી. પુણ્યજનક સ્ત્રી; પવિત્ર સ્ત્રી.

૫. સ્ત્રી. મગધ દેશની પુનપુના નામની એક નાની નદી.

૬. ન. વસુલાતનો પહેલો દિવસ. તે દિવસે તે ખાતાનો મોટો અમલદાર કચેરીમાં પ્રમુખસ્થાને બેસે છે અને આવતા વર્ષમાં ઊઘરાવવાની વસુલાતની રકમ નક્કી કરે છે.

પુણ્યાઈ ૧. સ્ત્રી. એક ભવમાં કરેલું અને બીજા ભવમાં ભલો મળે એવું પવિત્ર કામ.

૨. [હિં.] સ્ત્રી. પુણ્યનું ફળ; પુણ્યનો પ્રભાવ.

૩. સ્ત્રી. પુનાઈ; પુણ્યની કમાણી; પુણ્યનો સંચય; પુણ્યવાન સ્થિતિ; પુણ્યલક્ષ્મી.

૪. સ્ત્રી. બારસને બદલે બત્રીસ હોય એવું બાપદાદાનું પવિત્ર કામ.

પુણ્યાચાર પું. શુદ્ધ આચાર; પવિત્ર આચાર.

પુણ્યાત્મ જુઓ પુણ્યાત્મા.

પુણ્યાત્મા ૧. [સં. પુણ્યાત્મન્] પું. પરમાર્થી; ઘણો જ પુણ્યવાન, ધર્મવૃત્તિનો અને પવિત્ર માણસ; મહાત્મા; ધર્માત્મા; સારી સુશીલ વૃત્તિનો તેમ જ ધર્મપરાયણ પવિત્ર માણસ; ધર્મિષ્ઠ માણસ.

૨. પું. પવિત્ર મનવાળું માણસ.

૩. પું. પુરુષોત્તમનાં ઇશ્વર માહેનું એક નામ.

૪. જિ. દાની; ઉદાર.

૫. જિ. પવિત્ર મનનું.

૬. જિ. પુણ્યશીલ; પવિત્ર આત્માવાળું; પુણ્યશાળી.

૭. જિ. સદ્‌ગુણી.

પુણ્યાનુબંધી [સં. પુણ્ય + અનુબંધિન્ (બાંધનાર)] વિ. પુણ્ય બંધાવનાર; પુણ્યના અનુબંધવાળું.

પુણ્યાનુબંધીપાપ ન. પુણ્યની સાથે સંબંધ જોડનાર પાપ

પુણ્યાનુબંધીપુણ્ય ન. જન્માંતર માટે પુણ્યયોગ કરી આપનાર પુણ્ય.

પુણ્યાનુભાગ પું. (જૈન) પુણ્ય પ્રકૃતિનો રસ.

પુણ્યાનુભાવ [સં.] પું. ગૌરવ; સુખદ ઔદાર્ય.

પુણ્યાયુ [સં. પુણ્ય (પવિત્ર) + આયુસ્ (આયુષ્ય)] સ્ત્રી. પવિત્ર જીવન.

પુણ્યાશ્રમ [સં.] પું. પવિત્ર આશ્રમ.

પુણ્યાસવ જુઓ પુણ્યાસ્રવ.

પુણ્યાસ્રવ [સં.] પું. (જૈન) શુભ યોગથી બંધાતું પુણ્યકર્મ.

પુણ્યાહ ૧. [સં. પુણ્ય + અહન્ (દિવસ)] ન. દિવસ માંગલિક હો એવું આશીર્વચન.

૨. પું. પવિત્ર દિવસ; પુણ્ય દિવસ; શુભ દિવસ; મંગળ દિવસ; આનંદનો દિવસ; પર્વ.

પુણ્યાહવાચન ૧. ન. આશીર્વાદનો મંત્ર.

૨. [સં. પુણ્ય (પવિત્ર) + અહન્ (દિવસ) + વાચન (કહેવડાવવું તે)] ન. પુણ્યજનક દિવસનું બ્રાહ્મણ દ્વારા વાચનનું એક કર્મ; પુણ્યકાર્યને આરંભે બ્રાહ્મણોને મુખે ત્રણ વાર પુણ્યાહ એમ કહેવરાવવું તે; આજે સુદિવસ કે મંગળ દિવસ છે, એમ કોઈ ધર્મકાર્યની વિધિ કરતા પહેલાં ત્રણ વાર બોલવું તે. દેવ અને બ્રાહ્મણને માટે પુણ્યાહવાચન અને રુદ્રને માટે સ્વસ્તિ શબ્દ વપરાય છે. કોઈ પણ વસ્તુની પૂજા કરતાં પહેલાં આ આશીર્વાદ દેવામાં આવે છે. પુણ્યકાર્યના આરંભે બ્રાહ્મણોને મુખે ત્રણ વાર પુણ્યાહ એમ કહેવડાવવામાં આવે છે. દિવસ પુણ્ય એટલે શુભ કે મંગળ હો, એવી મતલબથી જેના મંત્ર બોલવામાં આવે છે. વિવાહ વગેરે મંગલ કાર્યના આરંભમાં આ ધર્મકૃત્ય કરવામાં આવે છે.

પુણ્યાહ્ન જુઓ પુણ્યાહ.

પુણ્યાળુ ૧. પું. પુણ્યશાળી જન.

૨. વિ. પુણ્યશાળી.

પુણ્યાળું ૧. વિ. ધર્મિષ્ઠ; સદ્‌વૃત્તિવાળું; ધર્મદાન કરનાર.

૨. વિ. પુણ્યશાળી; સારા કર્મવાળું; સુભાગી; સુખી.

પુણ્યાંશ [સં.] પું. પુણ્યનો અંશ; ભલું પુણ્ય.

> દક્ષિણાયનના જે માસમાં મરે તો કર્મયોગી ચંદ્રના તેજમાં એટલે ચંદ્રલોક સુધી જઈને (પુણ્યાંશ પૂરો થતાં) પાછો આવે છે.
>
> ગીતારહસ્ય

પુણ્યૈષ્ણુ [સં.] વિ. પુણ્ય ઇચ્છનાર.

પુણ્યોજ્જ્વલ [સં. પુણ્ય + ઉજ્જ્વલ] વિ. પુણ્ય વડે ઊજળું.

પુણ્યોજ્જ્વળ જુઓ પુણ્યોજ્જ્વલ.

પુણ્યોદક [સં.] ન. પવિત્ર જલ; તીર્થોદક.

પુણ્યોદકા [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

પુણ્યોદય ૧. પું. ચડતી; આગલા ભવનાં સારાં કામનો બદલો.

૨. [સં.] પું. પુણ્યનો ઉદય.

પુણ્યોપાર્જન [સં.] ન. પુણ્ય મેળવવું તે.

પુત [સં. પુત્] પું. એ નામનું એક નરક. તેમાં વાંઝિયાઓને નાખવામાં આવે છે એમ મનાય છે.

પુતદક્ષ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તે સાવર્ણિના આઠમા મન્વંતરના ૬૪મા સૂક્તનો કર્તા મનાય છે.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પુતપુત્રો (પુતપુત્રો) પું. દીકરો.

પુતભેદનમ [સં] ન. પાટણ શહેર.

પુતર પું. દીકરો; પુત્ર; બેટો.

પુતરંજવા પું. એ નામનો એક કુલછોડ; સનેરંજવા. તે બગીચામાં રોપાય છે.

પુતરિકા સ્ત્રી. પૂતળી.

પુતરિયા સ્ત્રી. પૂતળી.

પુતરી સ્ત્રી. પૂતળી.

પુતલા ૧. [હિં.] પું. બહારની આબાદની જગ્યા કે તસ્વીર.

૨. પું. નમાલો માણસ.

૩. પું. પૂતળું.

૪. પું. પ્રતિમા.

પુતલિકા ૧. [સં.] સ્ત્રી. પૂતળી.

૨. સ્ત્રી. મૂર્તિ.

પુતલિયા પું. (બોલ) ચોરાસી આંટાનો એ નામનો એક સિદ્ધ.

પુતલી ૧. સ્ત્રી. આંખનું રતન; આંખની કીકી.

૨. સ્ત્રી. કપડું વણવાની કળ કે મશિન.

૩. સ્ત્રી. ઘોડાની બરડ; ઘોડાનો કાબલો.

૪. [હિં.] સ્ત્રી. ઘોડાની દાપનું મેઢકની માફક નીકળેલું માંસ.

૫. સ્ત્રી. ઢીંગલી.

૬. સ્ત્રી. ઢેડકો.

૭. સ્ત્રી. નાજુક સ્ત્રી; સુકુમાર અને સુંદર સ્ત્રી.

૮. સ્ત્રી. મૂર્તિ; પૂતળું.

પુતલોઘર [પુતલી (કપડું વણવાની કળ) + ઘર (ઘર)] ન. મિલ.

પુતવાઈ ૨. સ્ત્રી. બોળવા માટે આપવા પડતા પૈસા; બોળાઈ.

૨. સ્ત્રી. બોળવું તે.

પુતળ ન. રાખ ન જડવાથી તેનું બનાવેલું પૂતળું.

પુતળા પું. તરવારની મૂઠનો એક ભાગ; સૈફ નામની તરવારની મૂઠનો એક ભાગ. તરવારની મૂઠના બોમરો, કુબ, કેગની, કટારી, પુતળા, પરજ, નખા એવા ભાગ છે.

પુતળિયું ૧. ન. ગિની; પૂતળીની છાપવાળો સિક્કો; પૂતળીની છાપવાળી સોનામહોર; સૌ રૂપિયાની કીમતની અમલી દેશી મહોર.

૨. ન. ઘઉંને બળામાં સાફ કરતાં રહેતો કોતરાંવાળો દાણો.

૩. ન. જેમાં પુતળિયાં પરોવેલાં હોય એવો હાર. દક્ષિણી બૈરાઓ પુતળિયો હાર પહેરે છે.

૪. ન. સોનારૂપાનું પૂતળાની છાપવાળું ગોળ ચકતું.

પુતા સ્ત્રી. પહોંચ; પાવતી.

> અમારા દોકડા ૨૦ વીસ મોકલેખા છે, તે સેરુ પુતા લખજો. મેઘોરજ રાણા

પુતાઈ ૧. [હિં.] સ્ત્રી. બોળવા માટે આપવા પડતા પૈસા; બોળાઈ.

૨. સ્ત્રી. બોળવું તે; બોળવાની ક્રિયા.

પુતારિકા [સં.] સ્ત્રી. નાભિ

પુત્ [સં] ન. એક જાતનું નરક. પુત્ર હતાં આ નરકમાંથી ઉદ્ધાર થતો મનાય છે.

પુત્કારી સ્ત્રી. સરસ્વતી; સરસ્વતીનું બીજું નામ.

પુત્ત [હિં.] પું. પુત્ર.

પુત્તલ [સં.] પું. પૂતળું; બાવલું.

પુત્તલક [સં.] પું. પૂતળું.

પુત્તલવિધાન [સં. પુત્તલ (પૂતળી) + વિધાન (વિધિ)] ન. જે માણસ પરદેશમાં મરણ પામ્યો હોય અથવા જે માણસનું મુખડું હાથ લાગ્યું ન હોય તેનું પૂતળું બનાવીને તેને અગ્નિ દેવો તે; મૃત મનુષ્યના પૂતળાને અગ્નિસંસ્કાર કરવાનો વિધિ.

પુત્તલિકા [સં.] સ્ત્રી. પૂતળી.

પુત્તલી [સં.] સ્ત્રી. પૂતળી.

પુત્તિકા ૧. [સં.] સ્ત્રી. ઊધઈ.

પુત્તિકા જેમ રાફડો બનાવે છે, તેમ કોઈ પણ જીવની હિંસા ન કરી ધીમે ધીમે ધર્મનો સંચય કરવો. સત્યાર્થપ્રકાશ

૨. સ્ત્રી. એક જાતની નાની મધમાખી.

૩. સ્ત્રી. દીપક

પુત્તી ૧. [સં. પુત્રી] સ્ત્રી. (પ્રાકૃત) પુત્રી; કન્યા.

૨. [સં. પોત્તિકા] સ્ત્રી. (પ્રાકૃત) મુદ્રપત્તી; મોમતી.

પુત્તો પું. દીકરો; પુત્ર.

પુત્ર ૧. [સં.] પું. જ્યોતિષપ્રસિદ્ધ લગ્નાવધિક પાંચમું સ્થાન.

૨. પું. તે નામે એક સદ્મ.

૩. [સં. પુત્ (નરક) + ત્ર (બચાવનાર)] પું. બેટો; આત્મજ; તનય; પું નામના નરકમાંથી તારે તે; દીકરો. કેમકે તે પોતાના બાપદાદાને શ્રાદ્ધ ક્રિયા વડે નરકમાંથી બચાવી લે છે. મનુએ બાર પ્રકારના પુત્ર કહ્યા છે: ઔરસ, ક્ષેત્રજ, દત્તક, કૃત્રિમ, ગૂઢોત્પન્ન, અપવિદ્ધ, કાનીન, સહોઢ, ક્રીત, પૌનર્ભવ, સ્વયંદત્ત અને ઔદ. પરણેલી સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયેલ પુત્ર ઔરસ કહેવાય. ઔરસપુત્ર સર્વથી શ્રેષ્ઠ અને મુખ્ય છે. મરી ગયેલ, નપુંસક વગેરેની સ્ત્રી દિયર વગેરેના નિયોગ વડે જે પુત્ર ઉત્પન્ન કરે તે ક્ષેત્રજ કહેવાય. બીજે લીધેલ પુત્ર દત્તક કહેવાય. કોઈ વ્યક્તિને કોઈ માણસ પોતાના પુત્ર તરીકે રાખે તો તે કૃત્રિમ પુત્ર કહેવાય. કોઈ સ્ત્રીને પોતાના સ્વજાતીય કે ઘરના પુરુષથી પુત્ર થાય પણ તે કોનાથી થયો તે નક્કી ન હોય તો તે તેનો ગૂઢોત્પન્ન પુત્ર કહેવાય. કોઈને તેના માતાપિતાએ અથવા બેમાંથી એકે ત્યાગી દીધેલ હોય અને તેને કોઈ લઈને માણસ કર્યો હોય તો તેનો તે અપવિદ્ધ પુત્ર કહેવાય. કોઈ કન્યાએ કુમારી અવસ્થામાં પુત્ર ઉત્પન્ન કર્યો હોય તો તે પુત્ર તે કુમારીના પતિનો કાનીન પુત્ર કહેવાય. ગર્ભવતી કન્યાનો જે પુરુષ સાથે વિવાહ થાય તે પુરુષના ગર્ભથી થયેલો પુત્ર સહોઢ પુત્ર કહેવાય. વેચાતો લીધેલ પુત્ર ક્રીત પુત્ર કહેવાય. પતિથી તજાયેલી અથવા વિધવા અથવા સ્વેચ્છાચારિણી સ્ત્રીને પરપુરુષથી જે પુત્ર થાય તે તે પુરુષનો પૌનર્ભવ પુત્ર કહેવાય. માબાપ વગરનો અથવા માતાપિતાએ તજી દીધેલ પુત્ર કોઈની પાસે પોતાની મેળે આવીને કહે કે હું તમારો પુત્ર થયો તો તે તેનો સ્વયંદત્ત પુત્ર કહેવાય. પરણેલી સ્ત્રી અને બ્રાહ્મણના સમાગમથી થયેલ પુત્ર તે બ્રાહ્મણનો પારશવ અથવા ઔદ પુત્ર કહેવાય. ઋગ્વેદની ઐતરેય ઉપનિષદમાં કહ્યું છે કે, પ્રથમ ગર્ભરૂપે પિતાના શરીરમાં રહેલો અને જન્મ પછી પિતાએ સર્વ પ્રકારે રક્ષણ કરવા યોગ્ય પુત્રરૂપ આત્માને પિતા વડે પુણ્યકર્મ માટે પોતાના પ્રતિનિધિરૂપે નીમવામાં આવે છે અને પિતારૂપ દહ આત્મા મરણ પામે છે

૧. પુત્રના પગ પારણામાંથી વરતાય = પુત્ર કેવો નીવડશે તે તેના બાલ્યપણથી જણી શકાય.

૨. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય = સારાં નરસાં લક્ષણ શરૂઆતથી જ જણાય.

પુત્રક ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.

૨. પું. એ નામે એક જાતનો ઉંદર. તેના કરડવાથી બહુ પીડા થાય તથા સોજો ચડે.

૩. પું. કામરૂપ દેશમાં થતું એક જાતનું ઝાડ. તેની છાલ અને ફળ દારૂની બનાવટમાં વપરાય છે.

૪. પું. દત્તાપુત્ર પુત્ર; બાપડો છોકરો.

૫. પું. પુતારો.

૬ પું. નાનો દીકરો.

૭ પું. પતંગ.

૮ પું. પ્રિય પુત્ર. વહાલમાં બોલાય છે.

૯. પું. બાની લીધેલો પુત્ર.

૧૦. પું. બાળ.

૧૧. પું ઘરગ પશુ. તે સિંહનો શત્રુ મનાય છે

પુત્રકમાર્ગ સ્ત્રી. પુત્રરૂપી કમાર્ગ.

પુત્રકરણ ન. દત્તવિધાન.

પુત્રકલત્ર [સં.] સ્ત્રી. પુત્ર અને સ્ત્રી.

પુત્રકંદા [સં.] સ્ત્રી. એ નામનું એક કંદ; લક્ષ્મણકંદ. તેના સેવનથી ગર્ભદોષ દૂર થતો મનાય છે.

પુત્રકા [સં.] સ્ત્રી. ઔરસ કે સગી છોકરીના સમાન છોકરી.

પુત્રકામ [સં] વિ. પુત્રની ઇચ્છાવાળું.

પુત્રકામેષ્ટિ [સં.] સ્ત્રી. પુત્રની ઇચ્છાથી કરવામાં આવતો એ નામનો એક યજ્ઞ.

પુત્રકામ્યા [સં.] સ્ત્રી. પુત્રની ઇચ્છા.

પુત્રકારક પું. ચંદ્ર.

પુત્રગર્ભ [સં.] પું. ગર્ભમાં પુત્રનું ઊછરવું તે; પુરુષગર્ભ.

પુત્રઘેલું વિ. પુત્રપ્રાપ્તિની નવાઈને લીધે ઘેલછાવાળું; પુત્ર પામ્યા જેવું

પુત્રઘ્ની ૧. [સં.] સ્ત્રી એક જાતનો યોનિરોગ. આ રોગને લીધે ગર્ભ ટકતો નથી અને પડી જાય છે.

૨. સ્ત્રી. પોતાનાં બાળકોને મારી નાખનાર માતા.

પુત્રપ્રીયોનિ [સં.] સ્ત્રી. એ નામનો એક યોનિરોગ. તેમાં ગર્ભ રહે પણ નીકળી જાય છે.

પુત્રજગ્ધી [સં.] સ્ત્રી. પુત્રને ખાઈ જનારી સ્ત્રી; પુત્રઘ્ની.

પુત્રજન ન. હમેશા બીહું રહેતું એક જાતનું ઝાડ; પુત્રજીવ. તેનાં ફળ બાળકોને નીરોગી રાખવા માટે બાધા પહેરાવાય છે.

પુત્રજનની સ્ત્રી. હનુમાન વેલો.

પુત્રજાત [સં.] વિ. જેને પુત્ર જન્મ્યો હોય તેવું.

પુત્રજીવ [સં.] પું. ઉંમરાને મળતું એક જાતનું મોટું અને સુંદર ઝાડ. તેનું લાકડું કઠણ અને મજબૂત હોય છે. ચૈત્ર વૈશાખમાં તે ફળે છે. તેનાં ફળ ઉંમરા જેવાં હોય છે. તેનાં બી સુકાતાં કડાક જેવાં થાય છે. બેટલાક સાધુ તેની માળા પહેરે છે. બીમાંથી નીકળતું તેલ બાળવાના કામમાં આવે છે. તેની છાલ, બી અને પાંદડાં દવાના કામમાં આવે છે. તે વૈદકમાં ભારે, દીર્ઘવર્ધક, મેધાજનક, કફ કરનાર, મળમૂત્રકારક અને શીતળ મનાય છે. તેના ફળમાંથી દારૂ બનાવાય છે, જેની કંઈક અસર થતી મનાય છે.

પુત્રજીવક [સં.] પું. પુત્રજીવ નામનું ઝાડ; જીવાપુતા.

પુત્રતા [સં.] સ્ત્રી. પુત્રપણું.

પુત્રત્વ જુઓ પુત્રતા.

પુત્રદ ૧. વ. (સમાસ) એક જાતનું દિવાળા ઘર; પટ્ટાવાળી મકિયોવાળા, મોટા આગળ બે અસિદો અને ઢાળી તરફ એક અસિદ હોય એવું ઘર.

દર્શણ ઘરની ઢાળી તરફ એક અસિદ આવે જે તે પુત્રદ ઘર કહેવાય. રાજવલ્લભ

૨. [સં.] વિ. પુત્ર આપનારું કે દેનારું; જેના સેવનથી પુત્ર થાય એવું; છોકરો દેનાર.

પુત્રદા ૧. [સં.] સ્ત્રી એક જાતની કાકડી; વંધ્યા કર્કોટકી.

૨. સ્ત્રી. એક જાતનું કંદ; લક્ષ્મણકંદ.

૩. સ્ત્રી. શ્રવંતી નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. પોષ સુદિ એકાદશી. તેનું વ્રત કરવાથી પુત્રપ્રાપ્તિ થાય એમ મનાય છે. ચૌદ મનુઓના એકની જન્મતિથિ હોવાથી તેને મન્વાદિ પુણ્યતિથિ પણ કહેવાય છે.
૫. સ્ત્રી. શ્રાવણ સુદિ એકાદશી. તેનું વ્રત કરવાથી પુત્રપ્રાપ્તિ થવાનું કહેવાય છે.
૬. સ્ત્રી. શ્વેત કંટકારિ.
૭. વિ. સ્ત્રી. પુત્ર આપનારી; દીકરો દેનારી.

પુત્રદા એકાદશી ૧. [સં. પુત્રદા (પુત્ર આપનારી) + એકાદશી (અગિયારસ)] સ્ત્રી. પુત્ર આપનાર અગિયારસ.
૨. સ્ત્રી. પોષ સુદિ અગિયારસ. એકાદશી માહાત્મ્યમાં તેનું માહાત્મ્ય નીચે પ્રમાણે છે: ભદ્રાવતી નગરીમાં સુકેતુમાન નામે રાજા હતો. તેની સ્ત્રીનું નામ શૈવ્યા હતું. સુકેતુમાન અપુત્ર હતો. રાજા, રાણી, પિતૃ વગેરે બધી નિરંતર દુઃખમાં રહેતાં. આ દુઃખથી કંટાળી જઈ રાજાએ આત્મઘાત કરવાનો વિચાર કર્યો. ફરીથી એવો વિચાર કર્યો કે, પોતાની બુદ્ધિથી આત્મહિત કરવું. આ વિચાર પાર પાડવા રાજા ઘોડા ઉપર બેસી ગહન અરણ્યમાં ગયો. ત્યાં તેણે ઋષિઓને જપ કરતા જોયા. ઘોડા ઉપરથી ઊતરી રાજાએ ઋષિઓને વંદન કર્યું અને તેમની સમક્ષ હાથ જોડી ઊભો રહ્યો. આવી સ્થિતિમાં રાજાને નિહાળી બધા ઋષિ બોલ્યા, હે રાજા, અમો તને પ્રસન્ન થયા જાણીએ, તારા મનમાં જે ઇષ્ટ હોય તે અમોને કહે. રાજાએ કહ્યું, હે મહારાજ, આવું ઉગ્ર તપ કરવાવાળા આપ કોણ છો ? સરોવર ઉપર શા માટે આવ્યા છો? મુનિઓ બોલ્યા, અમો વિશ્વદેવ છીએ. અત્યે પુત્રદા નામની એકાદશી છે. આ એકાદશી પુત્રેચ્છુને પુત્ર આપે છે. ઋષિના આશીર્વાદ મેળવી રાજાએ એકાદશીનું વ્રત કર્યું. બારસને દિવસે પારણાં કરી રાજા મેર આવ્યો. તે પછી પુત્રદા એકાદશીના પ્રભાવથી રાજાની સ્ત્રી ગર્ભવતી થઈ. પ્રસૂતિકાળે સારો તેજસ્વી પુત્ર થયો.
૩. સ્ત્રી. શ્રાવણ સુદિ અગિયારસ. આ એકાદશીનું વ્રત કરવાથી પુત્રપ્રાપ્તિ થાય છે, તેથી તેનું નામ પુત્રદા એકાદશી પડ્યું છે. દ્વાપરયુગમાં માહિષ્મતીપુરીનો રાજા મહીજિત રાજ્યનું પાલન કરતો હતો. પણ પૂર્વજન્મનાં કર્મે તે પુત્રહીન હતો. અપુત્રિકને અહીં તથા પરલોકમાં સુખ નથી, એ વિચારે તે ચિંતાતુર રહેતો. વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં તે અતિ દિલગીર થયા જાગ્યો. રાજાનું દુઃખ વિસરવા પ્રજાજન જંગલમાં જઈ લોમશ ઋષિને મળ્યા. ઋષિની આજ્ઞા પ્રજાજને શ્રાવણ સુદિ અગિયારસનું વ્રત કરી ફળ રાજાને અર્પણ કર્યું. એ પુણ્યના પ્રભાવે રાજાને પુત્ર થયો.

પુત્રદાત્રી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.
૨. સ્ત્રી. શ્વેત કંટકારિ.

પુત્રદાયી વિ. સ્ત્રી. પુત્ર આપનારી.

પુત્રદાર [સં.] ન. પુત્ર અને પુત્રવધૂ.

પુત્રધર્મ [સં.] પું. દીકરા તરીકેની ફરજ; પુત્રનો ધર્મ; પુત્ર તરીકેનું કર્તવ્ય.

પુત્રનિધન [સં.] ન. પુત્રનું મૃત્યુ.

પુત્રપાવની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

પુત્રપુત્રી સ્ત્રી. પુત્ર અને પુત્રી.

પુત્રપૌત્ર ન. દીકરા અને દીકરાના દીકરા; પુત્રો અને તેમના પણ પુત્રો; બે પેઢીના વંશજો.

પુત્રપૌત્રમહાભાગ્યવૃદ્ધધર્મપ્રવર્તક [સં.] પું. પુરુષોત્તમનાં કાંઠા પાસેનું એક નામ.

પુત્રપૌત્રીણ [સં.] વિ. એક દીકરાથી ભિન્ન દીકરાને વારસામાં ઊતરેલું; છોકરાનો અને છોકરાના છોકરાનો અનુભવ કરનાર.

પુત્રપ્રતિનિધિ [સં] પું. દત્તક છોકરો.

પુત્રપ્રદ [સં.] વિ. દીકરો આપનાર.

પુત્રપ્રદા [સં.] સ્ત્રી. શ્વેત કંટકારિ વનસ્પતિ.

પુત્રપ્રાપ્તિ [સં.] સ્ત્રી. પુત્ર મળવો કે મેળવવો તે. તેનું મહત્ત્વ મહાભારતના સમયમાં એટલું બધું હતું કે નિયોગદ્વારા પણ પુત્રપ્રાપ્તિ કરવાની છાબોળે છૂટ આપી હતી અને તેનો ઉપયોગ પણ બહોળા પ્રમાણમાં થતો. નિયોગનો અધિકાર સંતાનોત્પત્તિ માટે જ કરવામાં આવતો અને તે પણ એક, બે કે બધ્ધ સંતાન પૂરતો. આવી સંતાનોત્પત્તિ પાછળ કોઈપણ પ્રકારે ભોગવૃત્તિ નહિ.

પુત્રપ્રિય ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. વિ. જેને પુત્ર બહાલો હોય તેવું.

પુત્રપ્રેમ [સં.] પું. પુત્ર તરફનો સ્નેહ.

પુત્રભદ્રા [સં.] સ્ત્રી. મોટી કાકંતી; વૃદ્ધ કાકંતી નામે વેલો.

પુત્રભાવ ૧. [સં.] પું. જ્યોતિષપ્રસિદ્ધ બારમું પાંચમું સ્થાન.
૨. પું. પુત્ર તરીકે વર્તવું તે; પુત્રને છાજે એવું વર્તન.
૩. પું. પુત્ર તરીકેનો બાપ છોકરાના જેવા હેતથી જોવું તે.
૪. પું. પુત્રત્વ પુત્રનો બાપ પુત્રપણું; છોકરાપણું.

પુત્રભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળી માહેનું પાંચમું ભુવન. આ ભુવનમાં પુત્ર, બુદ્ધિ, વિદ્યા, વિવેક, નીતિ, મંત્ર, દેવભક્તિ, હૃદય, ઉદર અને ગર્ભ વિષે જોવામાં આવે છે.

પુત્રમાંસાર્થી વિ. પુત્રના માંસની ઇચ્છાવાળું.

પુત્રલાલસા સ્ત્રી. પુત્રકામના.

પુત્રવ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પુત્રવતી ૧. [સં.] સ્ત્રી. ઓંકારેશ્વરના મંદિરની પ્રદક્ષિણા કરતાં આવતું ડેપીનું એક તીર્થસ્થાન.
૨. વિ.સ્ત્રી. પુત્રવાળી; જેને પુત્ર થયેલો હોય એવી.

પુત્રવત્ [સં.] અ. પુત્રની જેમ.

પુત્રવત્સલ [સં. પુત્ર + વત્સલ (માયાળુ)] વિ. છોકરા પ્રત્યે વાત્સલ્ય ધરાવનાર; છોકરા પ્રત્યે માયા રાખનાર.

પુત્રવત્સલતા [સં. પુત્ર + વત્સલતા (માયાળુપણું)] સ્ત્રી. પુત્રવત્સલ હોવાનો ગુણ; છોકરાં પ્રત્યે માયાળુ વર્તન હોવું તે.

પુત્રવધૂ [સં. પુત્ર + વધૂ (વહુ)] સ્ત્રી. દીકરાની વહુ; પુત્રની પત્ની

પુત્રવૈત [સં. પુત્ર + વત (વાળું)] વિ. પુત્રવાળું.

પુત્રવૈતી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ. તે કોંકણમાં અને પશ્ચિમ ઘાટમાં થાય છે. તેનાં પાન લાંબાં અને સાંકડાં હોય છે. તેનાં બિયાંની માળા કરી ઓઢ્યો પુત્રપ્રાપ્તિ માટે પહેરે છે.
૨. સ્ત્રી. પુત્રવાળી સ્ત્રી; દીકરાની માતા.
૩. વિ.સ્ત્રી. પુત્રવાળી.

પુત્રવાત્સલ્ય [સં. પુત્ર + વાત્સલ્ય (સ્નેહ)] ન. પુત્રવત્સલ હોવાનો ગુણ; પુત્ર પ્રત્યે માયાળુ વર્તન હોવું તે.

પુત્રવાન [સં. પુત્રવત્] વિ. પુત્રવાળું.

પુત્રવાસના સ્ત્રી. પુત્રપ્રાપ્તિની તીવ્ર કામના; પુત્રેષણા.

પુત્રવ્યસન ન. પુત્રનું દુઃખ.
જેમ અને હમણાં પુત્રવ્યસનથી દુઃખ આપ્યું છે તેમ તું પુત્રશોકથી મરીશ. રામકથા

પુત્રશૃંગી [સં.] સ્ત્રી. મરચારિંગી; અજશૃંગી.

પુત્રશ્રેણી ૧. [સં.] સ્ત્રી. ઉંદરકાની વનસ્પતિ.
૨. સ્ત્રી. એ નામે એક છોડ.
૩. સ્ત્રી. શ્રવંતી; રતનજોત.

પુત્રસખ [સં.] પું. બાળપ્રેમી; બાળકો જોડે પ્રિય હોય તે.

પુત્રસપ્તમી [સં.] સ્ત્રી. ભાદ્ર સુદિ સાતમનો દિવસ. તે દિવસ સૂર્યપૂજન કરી ઊજવાય છે.

પુત્રસભ ન. છોકરાંની ઓરડી

પુત્રસપ્તમ પું. (જ્યોતિષ) નીલકંઠ તાજિકમાં કહેલ પચાસ પ્રકાર માહેનો એ નામનો એક સપ્તમ.

બૃહસ્પતિસ્કુટમાંથી ચંદ્રસ્ફુટ બાદ કે અંક જ્યે તેને ચમસ્કુટની સાથે જોડી દેવાથી પુત્રસ્થાન આવે છે. તેના દ્વારા પુત્રલાભ આદિનો વિચાર કરવામાં આવે છે.

પુત્રસૂ [સં.] સ્ત્રી. છોકરો જન્મનારી સ્ત્રી.

પુત્રસ્થાન [સં] ન. જન્મકુંડલીમાંનું પાંચમું ખાનું.

પુત્રહન [સં] પું. (પુરાણ) વસિષ્ઠ. તેના સો પુત્રો મરાયા હતા.

પુત્રહન્તી [સં.] સ્ત્રી જેણે છોકરો મારી નાખ્યો હોય એવી સ્ત્રી.

પુત્રહર [સં.] ન. (શિલ્પ) જોઠ જાતનું ત્રિશાળ ઘર.

જે ત્રિશાળ ઘરના મુખ આગળ જે અતિથો હોય અને તે શાળાનું મુખ પૂર્વ સામે હોય તે પુત્રહર નામનું ઘર કહેવાય છે. રાજવલ્લભ

પુત્રંજીવ ૧ સ્ત્રી. એ નામની આમલકયાદિ વર્ગની ઔષધોપયોગી જોઠ વનસ્પતિ.

૨. [સં.] સ્ત્રી. જીવાપુત્રાઃ પુત્રજીવક.

સ્તબ્ધણા, પુત્રંજીવ, વગેરેના સેવનથી સમર્થા સ્ત્રીને પુત્રો જ ઉત્પન્ન થાય છે એમ આયુર્વેદમાં કહેલું છે. અ. કા. શાસ્ત્રી

પુત્રાચાર્ય [સં.] પું. પુત્ર પાસે ભણનાર પિતા; પુત્ર જેનો વિદ્યાગુરુ હોય તેવો બાપ; દીકરા પાસેથી વેદમંત્ર શીખનાર પિતા.

પુત્રાત્મત્રાદી [સં. પુત્રાત્મવાદિન્] વિ. પુત્ર એ જ આત્મા છે એવું માનનાર.

પુત્રાદિની [સં.] સ્ત્રી. પુત્ર આદિ જણવાની નિદ્રા થતી હોય તેવી સ્ત્રી; પુત્રને આનારી સ્ત્રી.

પુત્રાદી ૧. [સં. પુત્રાદિન્] પું. પુત્રને આદિ જણવાની જેની નિદ્રા થતી હોય તે.

૨. વિ. પુત્રજન્મક; પુત્રને આનાર. ગણમાં આ શબ્દ વપરાય છે.

પુત્રાભાસ ૧. પું. જોઠ જાતનો કુટીચક સંન્યાસી.

૨. [સં. પુત્ર + આભ + અસ્ (આવું)] પું. પુત્રનું આભ આનાર પિતા.

પુત્રાયિત ૧. [સં.] વિ. પુત્ર અને સંતતિ ઉપર આધાર રાખનાર.

૨ વિ. પુત્રને ઇચ્છતું; પુત્ર મેળવવાની વાસનાવાળું

પુત્રાર્થ [સં] ક્રિ. પુત્રને અર્થે; પુત્રપ્રાપ્તિ માટે; પુત્ર મેળવવા માટે.

પુત્રાર્થી [સં. પુત્રાર્થિન્] વિ. પુત્રની ઇચ્છાવાળું.

પુત્રિકા ૧. સ્ત્રી. આંખની કીકી.

૨. [સં.] સ્ત્રી. જોઠ પ્રકારનો કોઠ. જેની આકૃતિ ને બંધ ખરડા જેવી હોય છે. તેનાં બાનું સેવન મર્યોત્પત્તિના અવરોધને દૂર કરતું બનાવ છે.

૩. સ્ત્રી. પુત્રની જગ્યાએ આનેલી કન્યા. જેને પુત્ર ન હોય તે પોતાની દીકરીને જેવી રીતે પુત્રરૂપે ગણવા કરી શકે છે કે વિવાહ વખતે તે જમાઈ સાથે એવો કરાર કરે કે, આ પુત્રીથી જે પુત્ર થાય તે મારો વારસદાર જોટલે કે અને પિંડ દેનાર અને મારી સંપત્તિનો અધિકારી થશે.

૪. સ્ત્રી. (ન્યૂ ગુ.) પુત્રી; છોકરી; દીકરી; આત્મજા

૫. સ્ત્રી. પુતળી; મૂર્તિ.

૬. સ્ત્રી. જીવું ચિત્ર; જીવતી તસવીર.

પુત્રિકાપુત્ર ૧. [સં.] પું. છોકરી જે જ છોકરો.

૨. પું. જેને પુત્ર સમાન માનેલ હોય અને જેને પોતાની સંપત્તિનો અધિકારી કરાવ્યો હોય એવો દીકરીનો દીકરો.

પુત્રિકાપ્રસૂ [સં.] સ્ત્રી. છોકરી જણનારી સ્ત્રી.

પુત્રિકાભર્તા [સં. પુત્રિકાભર્તૃ] પું. જમાઈ.

પુત્રિકાસુત [સં.] પું. છોકરીનો છોકરો.

પુત્રિણી ૧. [સં.] સ્ત્રી. છોકરાવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. ઘરમાના રોગમાં થતી જોઠ જાતની ફોડકી.

૩. વિ. સ્ત્રી. પુત્રવતી; પુત્રવાળી.

પુત્રી ૧. સ્ત્રી. જે જાતનું વૃક્ષ.

૨. [સં.] સ્ત્રી. છોકરી; દીકરી; આત્મજા; બેટી; તનયા; સુતા.

પુત્રી દુહિતા કન્યકા તનયા તનુજ જાંય,
સુતા જે મનુજાતની ચઈ સહચરી સાંય.
પિંગલપ્રકાશ

૩. સ્ત્રી. દુર્ગા.

૪. [સં. પુત્રિન્] વિ. પુત્રવાળું.

પુત્રીકૃત [સં.] વિ. પુત્ર તરીકે માનેલ.

પુત્રીજ [સં.] પું. છોકરીનો છોકરો; દોહિત્ર; પુત્રીનો પુત્ર; આસેજ.

પુત્રીપદ [સં.] ન. પુત્રીની પદવી; પુત્રીનો દરજ્જો.

પુત્રીભર્તા [સં. પુત્રીભર્તૃ] પું. જમાઈ; જમાતૃ.

પુત્રીય ૧. [સં.] વિ. દીકરીનું.

૨. [સં. પુત્ર + ઈય (વાળું)] વિ. પુત્રનું; છોકરાને લગતું; દીકરા સંબંધી; પુત્રને જણનું.

પુત્રીયા ૧. [સં.] સ્ત્રી. પુત્ર નિમિત્તે કરવામાં આવતી જોઠ ઇષ્ટિ.

૨. સ્ત્રી. પુત્રની ઇચ્છા.

પુત્રીરત્ન [સં.] ન. ઉત્તમ પુત્રી

પુત્રીવત્સલ [સં.] વિ. પુત્રી પ્રત્યે સ્નેહભાવ રાખનાર; પુત્રીને ચાહનાર; પુત્રી પ્રત્યે પ્રેમાળ

પુત્રેચ્છા [સં] સ્ત્રી. પુત્ર મેળવવાની ઇચ્છા.

પુત્રેત્સુ વિ. પુત્રની ઇચ્છાવાળું.

પુત્રેષણા ૧. [સં.] પુત્રની ઇચ્છા

લોકસેવામાં જ જન્મ ધરનાર ઇચ્છારે પુત્રેષણાનો ત્યાગ કરવો જોઈએ. ગાંધીજી

૨. સ્ત્રી. મૈથુનેચ્છા; કામ; વંશરક્ષાની પ્રવૃત્તિ.

પુત્રેષ્ટિ ૧. [સં. પુત્ર + ઇષ્ટિ (યજ્ઞ)] સ્ત્રી. પુત્ર નિમિત્તક યજ્ઞ; પુત્રની પ્રાપ્તિ માટે કરવાની ઇષ્ટિ; પુત્રની કામનાથી કરેલો યજ્ઞ; પુત્ર મેળવવાની ઇચ્છાથી કરવામાં આવતો એ નામનો જોઠ યજ્ઞ.

૨. સ્ત્રી. પુત્ર મેળવવાની ઇચ્છા

પુત્રેષ્ટિ વિના કેવળ રાજપૂર્વક સ્ત્રી કરવાનો પણ શાસ્ત્રમાં નિષેધ છે. સુશ્રુતસંહિતા

પુત્રેષ્ટિકર [સં.] સ્ત્રી. પુત્રની ઇચ્છાવાળાએ કરવાનો જોઠ યજ્ઞ.

પુત્રેષ્ટિયજ્ઞ [સં.] પું. જોઠ પ્રકારનો યજ્ઞ; સંતાનપ્રાપ્તિ માટે કરવામાં આવતો યજ્ઞ.

પુત્રૈશ્વર્ય [સં.] ન. આપે પોતાની મિલકતનું પોતાના પુત્રને સોંપી આપેલું આધિપત્ય.

પુત્રૈષણા ૧. [સં. પુત્ર + જ્રેષણા (ઇચ્છના)] સ્ત્રી. પુત્રપ્રાપ્તિની જ્રેષણા કે તીવ્ર ઇચ્છા; પુત્રની કામના; છોકરાની ઇચ્છા.

૨. સ્ત્રી. (વેદાંત) પુત્રવિષયક અભિમાન કે માલના.

૩. સ્ત્રી. વંશરક્ષાની પ્રવૃત્તિ; કામ; મૈથુનેચ્છા; પ્રજાસર્જનની સ્વભાવિક પ્રવૃત્તિ.

પુત્રોત્પત્તિ [સં.] સ્ત્રી. પુત્ર ઉત્પન્ન થવો તે; પુત્રજન્મ.

પુત્રોત્પાદન [સં.] ન. પુત્રોત્પત્તિ; પુત્રની ઉત્પત્તિ કરવી તે.

પુત્રોત્સવ [સં.] પું. પુત્ર જન્મથી થતો હર્ષ; પુત્રજન્મનો આનંદ કે ઉત્સવ

પુત્રૌ પું. દ્વ. વ. છોકરાછોકરી; બેટાબેટી.

પુનકાંદા સ્ત્રી. અપામાર્ગ વનસ્પતિ. તે હિંદમાં નકામી અને નીચી જમીન ઉપર બધે ઉગાડે અને ખાસ કરીને પંજાબમાં થાય છે. આ જોઠ ત્રણથી ચાર ફુટ ઊંચો થાય છે.

પુરુજન ન. સામાન્ય મનુષ્ય.

પુરુજન એટલે સામાન્ય મનુષ્ય, તેના બદલે પુરુજન અને પુરુજન એવા બે ઉદાહરણ છે.

પુદીનો [સં. પોદીના] પું. ફુદીનો નામની વનસ્પતિ; ભંજન. તેનો છોડ એકથી દોઢ વેંત ઊંચો થાય છે. તેનાં પાન બે અંગૂલ લાંબાં અને દોઢ પોણા બે આંગળ પહોળાં થાય છે. પાનમાં સુગંધ હોય છે, તેથી લોકો તેની ચટણી વગેરે બનાવે છે. ફુદીનાની નાની ડાળીઓ વવાય છે, બી નથી વવાતાં. તેનાં ફૂલ સફેદ અને નાનાં નાનાં હોય છે. ફુદીનો કફિકારક, અજીર્ણ મટાડનાર અને ઊલટી અટકાવનાર છે. આ છોડ હિંદની બહારનો છે, કેમકે પ્રાચીન ગ્રંથોમાં તેનું નામ નથી. તે પિપરમિંટની જાતિનો છે. સુગંધીદાર, શાંતિદાયક, ઉત્તેજક, આક્ષેપ નિવારક અને પેટનો દુખાવો મટાડનાર છે. તે ઊલટી, ઝોક અને હેજલિયાના રોગમાં બહુસીર ઇલાજ મનાય છે. તેના તેલમાં પણ ઉપર પ્રમાણે જ ગુણ છે. તેનું તેલ ઊતરો અને વાયુનું જોર કમી કરે છે. તેલ પેટની અંદરની આંકડી મટાડે છે અને ઊતરો આવે એવી ગંધવાળી દવામાં તેની ગંધ ફૂર કરવા માટે વપરાય છે. તેની માત્રા ૩થી ૬ ટીપાં છે. તે હિંદનાં પહાડી પ્રદેશોમાં બહુ જ ઊગે છે.

પુદીનો જુઓ પુદીના.

પુદ્ગલ ૧. [સં.] પું. આત્મા; જીવ.

> ભગવતી સૂત્ર શત૰ ૮ ઉદ્દે૰ ૧૦ અને શ. ૨૦ ઉ. ૮માં પુદ્ગલ શબ્દનો જીવ અર્થ વર્ણવાયેલો દેખાય છે. તત્ત્વાર્થસૂત્ર

૨. પું. કણ; રજકણ; પરમાણુ; અણુ.

૩. પું. ગર્ભ; ફળનો મુખ્ય ખાવાનો મધ્ય ભાગ.

૪. પું. (જૈન) લોકના સર્વ પુદ્ગલો એક જીવ જેટલા વખતમાં લોગવી લે તેટલો કાળ; પુદ્ગલ પરાવર્ત નામનો કાળવિભાગ.

૫. [પ્રા. પુગ્ગલ] પું. (જૈન) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળું મૂર્ત દ્રવ્ય; જગતના રૂપવાન જડ પદાર્થ; મળવું અને વીખરાવું એવા સ્વભાવવાળી વસ્તુ. પરમાણુથી લઈ સ્થૂલ, અતિસ્થૂલ, મહાસ્થૂલ તમામ રૂપી પદાર્થોને પુદ્ગલ સંજ્ઞા આપી છે. પૂર્ અને ગલ એ બે ધાતુના સમોગથી પુદ્ગલ શબ્દ બન્યો છે. પૂરનો અર્થ પૂરવું થવું, પૂરવું અર્થાત્ મળવું અને ગલનો અર્થ ગળવું અથવા ખરી પડવું, જૂદું પડવું એવો થાય છે. પરમાણુના સંશ્લેષ, વિશ્લેષ કરીને મૂર્ત વસ્તુમાં થયા કરે છે. એકલા પરમાણુને પણ બીજા સાથે મળવાનું કે તેનાથી અલગ પડવાનું થવાથી પુદ્ગલ અર્થયુક્ત બની રહે છે. પુદ્ગલ દ્રવ્ય અનંતાનંત છે અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે.

૬. પું. (જોઢ) શરીર; દેહ.

૭. પું. શિવ.

૮. પું. (જૈન) સડી જવું, બગડી જવું, નાશ પામવું એવા સ્વભાવનું દ્રવ્ય; જે વસ્તુ એક તરફથી પોષણ પામે અને બીજી તરફથી ઘસાતી જાય તે.

૯. ન. અજીવ.

૧૦. ન. ગંધ તૃણ.

૧૧. ન. સારો શબ્દ.

૧૨. ન. સ્થૂલ આકૃતિ

૧૩. વિ. સારા આકારનું; કોમળીતું; સુંદર.

૧૪. વિ. સુંદર આકારવાળું; રૂપ વગેરેથી યુક્ત.

પુદ્ગલતત્ત્વ ન. (જૈન) પુદ્ગલરૂપ દ્રવ્ય.

પુદ્ગલત્વ ન. અજીવ સ્વરૂપ; પુદ્ગલપણું.

પુદ્ગલદ્રવ્ય ન. (જૈન) પુદ્ગલરૂપી દ્રવ્ય; જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તેવો પદાર્થ. તેના બે ભેદ છે: પરમાણુ અને સ્કંધ. પુદ્ગલ દ્રવ્ય અનંતાનંત છે અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે.

પુદ્ગલદ્રવ્યજન્ય વિ. પુદ્ગલ દ્રવ્યમાંથી ઉત્પન્ન થયેલું.

પુદ્ગલપદાર્થ ૧. પું. (વેદાંત) ઉપચય અને અપચય થયેલાવાળો પદાર્થ. પૃથ્વી, જળ, તેજ, વાયુ, સ્થાવર શરીર અને જંગમ શરીર એવા પુદ્ગલના છ ભેદ છે.

૨. પું. (જૈન) ભળવા અને ભળવાના સ્વભાવવાળો પદાર્થ.

પુદ્ગલપરાવર્ત [સં. પુદ્ગલપરિવર્ત] પું. (જૈન) સર્વ પુદ્ગલનું પરિવર્તન જેટલા વખતમાં એક જીવ પ્રી લે તેટલો વખત; અનંત કાળચક્ર જેટલો કાળવિભાગ.

પુદ્ગલપરાવર્તન જુઓ પુદ્ગલપરાવર્ત.

પુદ્ગલપરિવર્ત જુઓ પુદ્ગલપરાવર્ત.

પુદ્ગલપિંડ ન. સ્થૂલ શરીર.

> અરે હે જ્ઞાનો ! સાંભળો સંપૂર્ણ અણાથી પણ અલગ પુદ્ગલપિંડમાં બુદ્ધિ કેમ ? પુરાતત્ત્વ

પુદ્ગલપ્રક્ષેપ પું. (જૈન) કાંકરી, ઢેકું વગેરે ફેંકી જોઈને પોતાની નજીક આવવા સૂચના આપવી તે દેશાવકાશિક વ્રતનો એક અતિચાર.

પુદ્ગલરાશિ [સં.] પું. પુદ્ગલનો સમૂહ.

પુદ્ગલવાદ [સં.] પું. પુદ્ગલના સ્વરૂપને લગતી માન્યતા.

પુદ્ગલવિપાકી [સં] સ્ત્રી. (જૈન) પુદ્ગલના યોગથી વિપાક પામનારી કર્મની ત્રીજી પ્રકૃતિ.

પુદ્ગલવિપાકીકર્મ [સં.] ન. (જૈન) જેનું ફળ પુદ્ગલમાં એટલે શરીરમાં થાય તે કર્મ.

પુદ્ગલસાપેક્ષ [સં.] વિ. પુદ્ગલની અપેક્ષાવાળું.

પુદ્ગલસ્કંધ ૧. [સં.] પું. (જૈન) પુદ્ગલના પરમાણુ.

૨. પું. પુદ્ગલોથી બનેલ કોઈ એક પદાર્થ.

પુદ્ગલા સ્ત્રી. અયોનાર નામના દેવની બે માંહેની એક સ્ત્રી.

પુદ્ગલાર્ધ ન. (જૈન) અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ.

પુદ્ગલાવલંબિત [સં.] વિ. પુદ્ગલ ઉપર આધાર રાખનાર.

પુદ્ગલાસ્તિકાય ૧. [સં.] પું. (જૈન) એક પ્રકારનો અજીવ. પુદ્ગલથી દેહાદિ રચના બને છે. અજીવ પાંચ પ્રકારના છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ.

૨. પું. (જૈન) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલ નામના દ્રવ્યનો સમૂહ.

> પુદ્ગલાસ્તિકાય એ સંજ્ઞા પણ ફક્ત જૈન શાસ્ત્રમાં જ પ્રસિદ્ધ છે. બીજા દર્શનમાં એ તત્ત્વને સ્થાને પ્રકૃતિ, પરમાણુ આદિ શબ્દોનો ઉપયોગ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું. સંસારના બધા રૂપી જડ પદાર્થોનો સમૂહ.

પુદ્ગલાંશ [સં.] પું. પુદ્ગલ એટલે અણુનો નાનામાં નાનો ભાગ; પરમાણુ.

પુદ્ગલોપચય [સં.] પું. પુદ્ગલનો સંગ્રહ.

> છઠ્ઠી પર્યાપ્તિ અધિક અધિક પુદ્ગલોપચયથી સક્ષમતર હોય છે. બૃહત્સંગ્રહણી

પુદ્ગળ જુઓ પુદ્ગલ.

પુદ્ગળાનંદી વિ. પૌદ્ગલિક સુખમાં આનંદ લેનાર.

પુન ૧. [સં.] ન. એક ગાઉ સુધીની લંબાઈવાળું કોટવાળું શહેર.

૨. ન. ઘર.

૩. ન. ગામડું.

૪. ન. પડિનો.

૫. ન. પાટલિપુત્ર.

૬. ન. પુણ્ય; પુન્ન; લાભ; ધર્મ.

> પુન કરવું = (૧) અર્પણ કરવું. (૨) દાન દેવું. (૩) સારાં કામ કરવાં.

૭ ન. ફૂલની ખીલેલી પાંખડી.

૮. ન. માળા; મેડો.

૯. ન. શરીર.

૧૦. [સં. પુણ્ય] ન. સારું કામ; સદ્‌ગુણ.

૧૧. અ. ફરીથી.

પુનગ ન. એક જાતનું દેખાવડું ઝાડ.

પુનઘર ન. ખાદ્યચીજો જમાનામાં ધર્મોદા સાખાને બેસવાની કોઠી.

પુનઘાટ જુઓ પુણ્યઘાટ.

પુનચર ન. એક જાતનું મિશ્રણ. તે બનાવવાની રીત: લગભગ મણભર સીસું રહે તેવો ખાડો ખોદી તેમાં છ આંગળ આવળની છાલનો થર ગોઠવી તે ઉપર કોલસા ભરી સીસું પિગળાવવું. પછી કોલસા કાઢી લઈ તે ખાડા ઉપર એક મટોડીની ઢાંકણી બેસાડવી અને તે ચારે તરફથી બંધ કરવી. તમામ સીસું રાખમાં ભળી જતાં તેમાં ચાર માસા ચાંદી મેળવી હોય છે. આ રાખને પાણીમાં ઠંડી પાડે છે. આ મિશ્રણને પુનચર કહે છે.

પુનડૂરકોથકે ન. હિમાલયની દક્ષિણે આવેલ ઉત્તરાંચલ પ્રદેશના પશ્ચિમનો એક દેશ.

પુનપુના સ્ત્રી. બિહાર અંચલ મગધની એ નામની એક નાની નદી. તે ગયા પાસેથી વહે છે અને પવિત્ર મનાય છે. આ નદીને કિનારે લોકો પિંડદાન કરે છે. ગોમાસા સિવાય આ નદીમાં પાણી નથી રહેતું.

પુનમિયા ૧. પું. (જૈન) શ્વેતાંબર જૈનનો એક ભેદ.

શ્વેતાંબરો ધોળાં વસ્ત્ર પહેરે છે તેમાં પુનમિયા ઇત્યાદિ ભેદો પાડ્યા છે. ચરિત્રચંદ્રિકા

૨. પું. ન. ન. જવ જેવા છોડામાં થતા ઘઉં. જેમ ચણા પોપટામાં થાય છે, તેમ આ ઘઉં પોપટા જેવા છોડાનાં ડોટલામાં થાય છે. એને ખાંડતાં ચોખ્ખા ઘઉં બહાર નીકળે છે.

પુનમિયું ૧. વિ. દર પૂનમે ખાત્રાએ જનારું.

૨. વિ. પૂનમથી શરૂ થતું.

૩. વિ. પૂનમનું; પૂનમને લગતું.

૪. વિ. પૂનમે અમુક વ્રત અવશ્ય કરનાર.

૫. વિ. પૂનમે પૂનમે અમુક વ્રત અથવા અમુક દેવનાં દર્શન કરવાનો જેણે નિયમ રાખેલો હોય તેવું.

પુનય સ્ત્રી. પૂર્ણિમા.

પુનયાહ પું. તહેવાર.

પુનરજીવન [સં. પુનર્જીવન] ન. ફરીથી જીવન આવવું તે.

પુનરનવા જુઓ. સાટોડી.

પુનરપિ [સં. પુનર્ (ફરીને) + અપિ (પણ)] અ. ફરીને; બીજી વાર; ફરીને વળી; ફરીથી; પણ; પાછું.

પુનરપિપ્યંજના [સં.] સ્ત્રી. ફરીથી અર્થ કરવો તે.

પુનરભિષેક [સં.] પું. ફરીથી અભિષેક.

પુનરર્ચિતા [સં.] સ્ત્રી. ફરી ચણતર.

પુનરર્ચિત્વ જુઓ પુનરર્ચિતા.

પુનરવલોકન [સં. પુનર્ (ફરીથી) + અવલોકન (જોવું તે)] ન. ફરી જોઈ જવું તે; ફરી વાંચી જવું તે; 'રીવિઝન'.

પુનરવસુ [હિં.] પું. (જ્યોતિષ) એ નામનું સાતમું નક્ષત્ર; પુનર્વસુ.

પુનરવસુ ને શોહિણી, વિશાખા વરસ્યા બાદ;
ઉત્તરાર્ધ જે સંચરે, કરે સુરતિ વિસ્તાદ.
ઘડલીનાં વચનો

પુનરાક્રમણ [સં. પુનર્ (ફરીને) + આક્રમણ (ચડાઈ)] ન. રોગનો બીજો હુમલો. બાજ ફરીને મોતીઝરા, બાજ બુખાર, મરડાનતોડ બુખાર, રોહિણી જ્વર, બસરા રિસર્પ, પાનીઝરા વગેરે વિષમ રોગ વારંવાર બીજો મારે છે. જો ખોરાકની દુર્વ્યવસ્થા અને કોઠબદ્ધતા થાય તો મોતીઝરાનો રોગ ફરીથી શરૂ થાય છે. મરડોનતોડ બુખારનો અંશ જરા પણ રહી ગયો હોય તો આ તાવ ફરી ફરીને આવે છે અને માણસ ચોક્કસ મૃત્યુ પામે છે.

પુનરાગત [સં.] વિ. ફરી આવેલ.

પુનરાગમન ૧. [સં.] ન. ફરીથી આવવું તે; જે જગ્યાએથી નીકળેલું તે જગ્યાએ પાછું જવું તે; બીજી વાર આવવું તે; પાછું ફરીને આવવું તે.

૨. ન. સંસારમાં ફરીથી જન્મવું તે; ફરી જન્મ લેવો તે; પુનર્જન્મ.

પુનરાધાન ૧. [સં.] પું. પુનર્વસુ નક્ષત્રમાં કરવામાં આવતો એક પ્રકારનો પ્રાચીન યજ્ઞ.

૨. ન. ફરી વાર સ્થાપના; શ્રૌત કે સ્માર્ત અગ્નિનું બીજી વાર સ્થાપન. પત્ની મરી જતાં તેના દાહકર્મમાં અગ્નિ આપીને ગૃહસ્થ બીજી વાર પરણી તથા અગ્નિ ગ્રહણ કરી શકે છે.

પુનરાધેય [સં.] ન. એ નામનું એક શ્રૌત કર્મ; ફરી અગ્નિનું આધાન.

પુનરાય અ. ફરીથી.

પુનરાલોચના [સં. પુનર્ (ફરીને) + આલોચના (વિચારવું તે)] સ્ત્રી. ફરીથી વિચારવું તે.

પુનરાવતાર [સં.] પું. પુનર્જન્મ; ફરીથી જન્મવું તે.

પુનરાવર્ત [સં.] પું. ફરી આવવું તે, પુનર્જન્મ

પુનરાવર્તક જ્વર [સં.] પું. એ નામનો એક જાતનો જીવલો મારતો તાવ. આ એક સક્રામક રોગ છે. જેમાં એકદમ તાવ ચડી સાતમે દિવસે ઊતરે છે. આકરાડિયા પછી તાવ ફરીથી ચડે છે. આ પ્રમાણે એનો વેગ ચાલુ રહે છે. આ તાવનું કારણ સ્પાયરો નીમા નામનાં જંતુઓ મનાય છે. એ જૂ દ્વારા ફેલાય છે. ટાઢ આવીને એ તાવ આવે છે અને પહેલે દિવસે ૧૦૪ ડિગ્રી તાવ થાય છે. માથાનો દુખાવો, કેડનો દુખાવો, ઊલટી વગેરે થાય છે શ્વાસ અને નાડીની ગતિ વધી જાય છે. જીભ સૂકી અને મેલી થાય છે. તરસ બહુ જ લાગે છે. પ્લીહા અને યકૃત વધી જાય છે. દરેક આક્રમણ વખતે વધારે વધારે નબળાઈ આવતી જાય છે. કોઈ કોઈ વાર મોત પણ નીપજે છે.

પુનરાવર્તન ૧. [સં પુનર્ (ફરી) + આવર્તન (પાછું ફરવું તે)] ન. એકની એક વાત ફરી કરવી તે.

૨. ન. ગ્રંથને વારંવાર સંભારવો તે; આવૃત્તિ કરવી તે; ફરી વાંચી કે જોઈ જવું તે.

૩. ન. પાછું ફરવું તે; ફરી પાછું આવવું તે; પ્રત્યાવૃત્તિ; પુનર્ઘટના; વારંવાર કરવું તે.

૪. ન. પ્રતિબંધ; પડઘો.

૫. ન. વારંવાર એક જ વસ્તુને ફરી ફરી કરવી તે; ભેવડવું તે.

૬. ન. વારંવાર જન્મ આવવો તે.

૭. ન. સિંહાવલોકન.

પુનરાવર્તનવાદ [સં.] પું. એક દેહી અથવા અવયવી સંબંધમાં ઉત્તરોત્તર વડીલોમાંથી ઉત્પન્ન થતું થયું હોય છે એવા માન્યતા; વ્યક્તિનો કે દેહીનો વિકાસ અથવા જીવનઇતિહાસ તેના સંઘના પ્રાણી કે વનસ્પતિ વ્યક્તિની ઓલાદના ઇતિહાસનું પુનર્ આવર્તન હોય છે, એવો સિદ્ધાંત.

પુનરાવર્તનિયું વિ. ફરી ફરીને થાય એવું.

પુનરાવર્તી ૧. [સં. પુનરાવર્તિન્] વિ. ફરી ફરી જન્મ લેનાર.

૨. વિ. ફરી ફરીને થતું; દર વખતે થતું.

૩. વિ. વારંવાર ફરીથી આવતું; પાછું ફરનારું; ફરી ફરીને આવનારું.

પુનરાવર્તી જ્વર જુઓ પુનરાવર્તક જ્વર.

પુનરાવર્ત્ત ૧. [સં.] પું. ફરી ફરી જોવું તે; યાદ કરવું તે.

૨. પું. વારંવાર પાછા ફરવું તે; ફરી ફરી જન્મ ધારણ કરવો તે.

૩. ન. પ્રતિબિંબ.

પુનરાવર્ત્ત દશાંશ [સં.] પું. (ગણિત) જે દશાંશમાં ફરી ફરીને તે જ અંકો આવે તેવું દશાંશ અપૂર્ણાંક.

પુનરાવર્ત્ત દશાંશ અપૂર્ણાંક પું. (ગણિત) આવર્તદશાંશ અપૂર્ણાંકને દશાંશનું રૂપ આપતાં કેટલીક વાર ભાગાકારનો અંત ન આવતાં જેનો એક અંક ફરી ફરીને આવે તેવું દશાંશ અપૂર્ણાંક. જેમકે, $\frac{૨}{૯}$ = ૦.૨૨૨૨, તેમજ $\frac{૨૨}{૯૯}$ = ૨.૨૨૨૨ અથવા $૨\frac{૨}{૯}$ = ૪.૩૨૪૩૨૪૩૨. આ પ્રમાણે દશાંશમાં તેના તે જ અંક ફરી ફરીને આવે ત્યારે તેને પુનરાવર્ત્ત દશાંશ કહેવાય છે.

પુનરાવર્ત્ત પ્રદેશ [સં.] પું. (ગણિત) પુનરાવર્ત્ત દશાંશ અપૂર્ણાંકમાં ફરી ફરીને એક જ ક્રમે આવનાર આંકડો. આવર્તદશાંશ અપૂર્ણાંકને બને ત્યારે દશાંશનું રૂપ આપવામાં આવે ત્યારે જે અંક ફરી ફરીને આવતા હોય તેમને પુનરાવર્ત્ત પ્રદેશ કહેવામાં આવે છે. પુનરાવર્ત્ત પ્રદેશ ફક્ત એક જ વાર બતાવાય છે અને તે પુનરાવર્ત્ત છે, એવું બતાવવાને માટે પુનરાવર્ત્ત પ્રદેશના પહેલા અને છેલ્લા અંક ઉપર એક એક ચિહ્ન મુકાય છે. જેમકે, $\frac{૨}{૯}$ = ૦.$\dot{૨}$, $\frac{૧૧}{૩}$ = ૩.$\dot{૬}$૩$\dot{૧}$.

પુનરાવલોકન જુઓ પુનરવલોકન.

પુનરાવળી પું. (પિંગળ) એ નામનો એક છંદ.

પુનરાવૃત્ત ૧. [સં.] વિ. બોલેલું; વારંવાર યાદ કરેલું.

૨. વિ. ફરીથી આવેલું; ફરીને પાછું આવેલું.

૩. વિ. ફરીથી કરેલું કે કહેલું.

પુનરાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. એક વાર બોલેલું ફરીથી બોલવું તે; પુનઃપાઠ.

૨. સ્ત્રી. પુનરાવર્તન; બીજી વારનું આવર્તન; ફરીને એની એ જ બાબત બીજી વાર કરવી કે કહેવી તે.

૩. સ્ત્રી. ફરી તપાસ; અનુદૃષ્ટિ.

૪. સ્ત્રી. ફરીથી આવવું તે; ફરીને આવવાપણું; પુનરાગમન; પુનર્જન્મ.

૫. સ્ત્રી બીજી વારની આવૃત્તિ; બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવી તે. પ્રૂફને માટે વપરાય છે.

૬. સ્ત્રી. સંશોધન; પુનર્વિચાર.

પુનરાવૃત્તિરૂપ [સં.] સ્ત્રી. કુંડલિનીની ચાર માંહેની એક ભૂમિકા.

કુંડલિનીની ચાર ભૂમિકા છે: (૧) બહ્મગ્રંથિભેદ, (૨) વસ્તિવસંબોધન, (૩) પુનરાવૃત્તિરૂપ, (૪) સ્વરજ્ઞાનવિજ્ઞાન. સ્ત્રોતસંહિતા

પુનરારિ પું. પુરુષનો દુશ્મન.

પુનરાશ્રય [સં.] પું. ફરીને આશ્રય લેવો તે.

પુનરાહાર [સં.] પું. ફરી જમવું કે બીજી વાર ભોજન કરવું તે.

પુનરીક્ષણ [સં.] ન. પુનરાવૃત્તિ; ફરીથી જોઈ જવું તે; ' રિવિઝન.'

પુનરુક્ત ૧. [સં. પુનર્ (ફરીથી) + ઉક્ત (કહેવાયેલું)] પું. શબ્દનું એક દોષ; જેમાં એક અર્થનો શબ્દ કે ભાવ બે કે વધુ વખત કહેવામાં આવેલો હોય એવો કવિતાનો દોષ.

૨. ન. (વેદાંત) અનુવાદ સિવાય જ એક વાર કહેલા અર્થનું પુનઃ કથન, જેમકે, શબ્દો નિત્યઃ ઇત્યાદિ વાક્યનું કથન પુનરુક્ત કહેવાય છે.

૩. ન. (ન્યાય) ન્યાયનાં બાવીસ માંહેનું એક નામનું એક નિગ્રહસ્થાન.

૪. વિ. અતિરિક્ત; નકામું; વધારે પડતું.

૫. વિ. તેનું તે જ ફરી ફરીને કહેલું; બોલેલું.

પુનરુક્તજન્મા [સં. પુનરુક્તજન્મન્] પું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ દ્વિજાતિ.

પુનરુક્ત નિગ્રહસ્થાન [સં.] ન. ન્યાયના બાવીસ માંહેનું એક નામનું એક નિગ્રહસ્થાન.

અનુવાદના પ્રસંગ સિવાય પણ તે જ શબ્દને અથવા તે જ અર્થને ફરી કહેવામાં પુનરુક્ત નિગ્રહસ્થાન પ્રાપ્ત થાય છે. એક વાર શબ્દ અનિત્ય છે એમ કહી ફરી તેમ જ કહેવું તે શબ્દ પુનરુક્તિ નિગ્રહસ્થાન. પુરાતત્ત્વ

પુનરુક્તાવદાભાસ [સં.] પું. (કાવ્ય) એ નામનો એક શબ્દાલંકાર, જેમાં શબ્દ સાંભળતાં પુનરુક્તિ જેવાય પણ ખરી રીતે તેમ ન હોય.

પુનરુક્તિ ૧. [સં] સ્ત્રી. અતિરિક્તતા; અનાવશ્યકતા.

૨. [સં. પુનર્ + ઉક્તિ (કથન)] સ્ત્રી. એક પ્રકારનો દોષ.

૩. સ્ત્રી. એકની એક બાબત ફરીને કહેવી તે. અનુવાદ; ફરીથી બોલવું તે; ફરીને કહી જવું તે. સાહિત્યમાં તેને એક દોષ માનેલ છે.

પુનરુક્તિતાન ન. (સંગીત) એક વખત નહિ પણ ઘણી વખત એક તાનમાં આલાપ કરતો એક સ્વર.

પુનરુક્તિવદાભાસ જુઓ પુનરુક્તવદાભાસ.

પુનરુક્ત્યાભાસ જુઓ પુનરુક્તવદાભાસ.

પુનરુચ્ચારણ [સં.] ન. ફરી વાર બોલવું તે.

પુનરુજ્જીવન ૧. [સં.] ન. પુનરુત્થાન; ઉદ્ધારોદ્ધાર.

૨. ન. પુનર્જીવન; ફરીથી જીવનમાં ચેતન આવવું તે.

૩. ન. ફરીથી જન્મ; ફરીથી સજીવન થવું તે; પુનર્જન્મ

પુનરુજ્જીવિત [સં.] વિ. ફરીથી સજીવન કરેલું.

પુનરુત્તર [સં.] પું. સામો જવાબ; પ્રત્યુત્તર.

પુનરુત્થાન ૧. [સં.] ન. પુનર્જાગૃતિ; ફરીથી જાગૃતિ આવી તે.

૨. ન. ફરીથી ઉઠાવવું તે; ફેરવી નાખવું તે.

૩. ન. ફરીથી ઊંચકી લેવું તે.

૪. ન. ફરીથી જાહોજલાલી થવું તે; ફરીથી ઊંચું થવું તે; બીજી વખત ચડતા થવું તે.

૫. ન. ફરીથી પગભર થવું તે; પુનરુદય.

૬. ન. ફરીથી સ્થાપવું તે; પુનરુદ્ધાર.

૭. ન. બીજી વખત ઉપર આવવું તે; બીજી વખત તરી આવવું તે

૮. ન. મૂએલાનું ફરીથી જીવતા થવું તે; કયામત

પુનરુત્પત્તિ ૧. [સં.] સ્ત્રી ઉત્પન્ન થયેલાની ફરી ઉત્પત્તિ; પુનર્જન્મ; ફરીથી ઉત્પન્ન થવું તે.

૨. સ્ત્રી. પુનરુદ્ભવ; નવેસર ફરીથી ઉત્પન્ન થવું તે.

૩. સ્ત્રી. પુનર્જીવન શરીરનો કોઈ ભાગ વિકૃત થયા પછી પાછો પોતાની મેળે બરોબર થઈ જવો તે. જેમકે, ચા લાગ્યા બાદ તે રુઝાઈ જઈ તેના ઉપર નવી ચામડી આવી જાય છે. આ પ્રમાણે શરીરની અંદર અને બહારનાં બધાં અંગોમાં આ પ્રકારનું અથવા પુનરુત્પત્તિની ક્રિયા હમેશા ચાલ્યા કરે છે.

૪. સ્ત્રી. પ્રાણી કે વનસ્પતિ જે ક્રિયાથી બચ્ચાં ઉત્પન્ન કરે છે તે. મુખ્યત્વે કરીને એ ક્રિયા મૂળ પિતૃના શરીરના જીવંત પદાર્થનું વિભાજન હોય છે.

પુનરુત્પત્તિરચના સ્ત્રી. ફરીથી ઉત્પન્ન થવાની અવસ્થા.

પુનરુત્પન્ન [સં.] ન. ફરીથી આવિર્ભાવ થયો તે; પુનરુત્પત્તિ.

પુનરુપાદક [સં.] વિ ફરી વાર પેદા કરનાર.

પુનરુપાદક આવરણ ન. રેણુ

પુનરુપાદક કોષ [સં.] પું. પિતૃકોષમાંથી છૂટો પડેલો અને વૃદ્ધિથી નવું અવયવી ઉત્પન્ન કરનાર કોષ; ' રીપ્રોડક્ટિવ સેલ'.

પુનરુત્પાદન [સં.] ન. ફરી વાર પેદા થવું તે; પુનરુત્પત્તિ.

પુનરુત્પાદનતંત્ર [સં.] ન. પુનરુત્પત્તિરચના.

પુનરુત્પાદનવ્યય [સં.] પું. ફરીથી ઉત્પન્ન કરવા જતાં થતો ખર્ચ.

પુનરુત્સૃષ્ટ [સં. પુનર્ (ફરીથી) + ઉત્સૃષ્ટ (તજેલું)] પું. જેને ગાઢા વજેરામાં ખોદી દૂરંગતાને લીધે છોડી દેવામાં આવેલ હોય અને ફરી ખેડીને છોડી દીધેલ હોય તેવું પશુ.

પુનરુદ્ધાર [સં.] પું. પુનરુદ્ધાર; ફરીને ઉદ્ધાર થવો તે.

પુનરુદ્દીપન ૧. [સં.] ન. ફરીથી ઉત્તેજિત કરવું તે.

૨. ન. ફરીથી પ્રકટ કરવું તે.

૩. ન. ફરીથી યાદ કરવું તે; તાજું કરવું તે; ભૂલી ગયેલી સંભારી આપવી તે.

પુનરુદ્ધાર ૧. [સં.] પું. જૂના ઉપર સમારકામ કરી નવું કરવું તે; જીર્ણોદ્ધાર; જીર્ણ થયેલાનું સમરામણ.

૨. પું. નવેસર ઉદ્ધાર; ફરીથી ઉદ્ધાર કરવો તે.

૩. પું. પડી ગયેલા દેખાને સમારી નવું કરવું તે; પુનરુત્થાન.

૪. પું. પુનર્જન્મ; ફરીથી જન્મ; મૂઆ પછી પાછા સજીવ થવું તે; નવજીવન.

૫. પું. બીજી વખત ઉપર આવવું તે; બીજી વખત તરી આવવું તે.

૬. પું. મુક્તિ.

૭. પું. સંસારસમુદ્રમાંથી ફરીથી બહાર કાઢવું તે.

પુનરુદ્ધારક [સં.] વિ. ફરીને ઉદ્ધાર કરનાર.

પુનરુદ્ધારક વિનોદ [સં.] પું. મનોરંજન કરવું તે; 'રિક્રીએશન'.

પુનરુદ્ભવ [સં.] પું. ફરી જન્મ; પુનર્જન્મ.

પુનરુદ્વાહન [સં.] પું. ફરી લગ્ન; પુનર્વિવાહ; પુનર્લગ્ન

પુનરુપગમ [સં.] પું. પાછું કરવું તે.

પુનરુપનયન [સં.] ન. ફરીથી જનોઈ દેવી તે; પુનઃ ઉપનયન સંસ્કાર.

પુનરુપોઢા [સં.] સ્ત્રી. ફરી પરણેલી સ્ત્રી.

પુનરૂઢા [સં.] સ્ત્રી. ફરી પરણેલી સ્ત્રી.

પુનરેવ [સં.] અ. ફરીથી; વળી પાછું; ફરી ફરી; વારંવાર.

પુનરોત્કર્ષ [સં. પુનરુત્કર્ષ] પું. ફરીથી ઉન્નતિ.

પુનરોત્પત્તિ જુઓ પુનરુત્પત્તિ.

પુનર્ ૧. [સં.] અ. એ નામનો એક ઉપસર્ગ; સંસ્કૃત ભાષામાં ભેદ, અધિકાર, પક્ષાંતર અને વિરોધપણું બતાવનાર અવ્યય.

૨. અ. પુનઃ; ફરીથી; વળી પાછું; અપ્રથમ; નવેસર; બીજી વખત.

૩. અ. ફરીનું, ફરી થયું એવા અર્થમાં સમાસમાં પૂર્વપદ તરીકે વપરાય છે.

પુનર્ઘટન [સં.] ન. ફરીને બની જવું તે.

પુનર્ગર્જના ૧. [સં.] સ્ત્રી. ફરીથી ગર્જારવ કરવી તે.

૨. સ્ત્રી. ફરીથી વર્ણન કરવું તે.

પુનર્ગમન [સં.] ન. ફરી જવું તે; પાછું જવું તે.

પુનર્ગ્રહણ [સં.] પું. પુનરુક્તિ.

પુનર્ઘટના ૧. [સં.] સ્ત્રી. પ્રત્યાવૃત્તિ; બીજી વખતનો બનાવ.

૨. સ્ત્રી. ફરી બંધારણ; ફરી રચના; ફરીથી બાંધવું, ગોઠવવું, ઘડવું, અવસ્થા કે રચના કરવી તે; ફરી કરેલી રચના કે ગોઠવણ.

૩. સ્ત્રી. ફરી સુધારણા.

પુનર્ધોષણા [સં.] સ્ત્રી. ફરીથી અવાજ કરવો તે.

પુનર્જનન [સં.] ન. ફરીને ઉત્પન્ન કરવાનું કાર્ય; પુનર્વૃદ્ધિ; પુનરુત્પત્તિ; જન્માંતર; નવજીવન; પુનરુત્પાદન.

પુનર્જન્મ ૧. [સં. પુનર્ (ફરીને) + જન્મન્ (જન્મ)] પું. એક વાર મરી જઈ ફરીને ઉત્પન્ન થવું તે; બીજો અવતાર; નવો જન્મ; ફરીથી જન્મ; વારંવાર જન્મ. મરણકાળે મનુષ્યમાં જે સંકલ્પ કે વાસના હોય છે તે વાસનાથી વાસિત થયેલો તેનો જીવાત્મા પ્રાણ તરફ આવે છે અર્થાત્ મરતી વખતે તેની જેવી મતિ તેવી તેની ગતિ થાય છે. એવી માન્યતા હોવાથી જીવ તે તે સંસ્કારવાળો થઈને શરીરની બહાર નીકળવા તૈયારી કરતા પ્રાણની પાંખે ચડે છે અને પ્રાણની પાંખે ચડેલ આત્મા સહિત તે પ્રાણ ઉદાનથી સંયુક્ત થઈને તે જીવાત્માને તેના સંકલ્પાનુસાર શરીરમાં લઈ જાય છે. તાત્પર્ય કે, આત્મા સહિત તે પ્રાણ ઉદાન વાયુ સાથે તે શરીરમાંથી બહાર નીકળે છે અને પોતાના કર્માનુસાર યથાસંકલ્પિત શરીરમાં તે ગતિ કરી પુનર્જન્મ પામે છે પૂર્વજન્મનાં કરેલાં પાપપુણ્ય અનુસાર કર્મનો ભોક્તા જીવાત્મા પૂર્વજન્મનો દેહ છોડીને વાયુ, જલ અથવા ઔષધ્યાદિ પદાર્થોમાં રાખલ થઈને ફરીથી કરેલાં પાપ અથવા પુણ્યાનુસાર અધમ અથવા ઉત્તમ યોનિમાં જન્મ લઈ દુઃખ સુખ પામે છે. પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પશુપંખી આદિ નીચ યોનિમાં જન્મ લઈ દુઃખભાગી થાય છે.

૨. પું. પરલોક.

૩. પું. પુનરુત્પત્તિની ક્રિયા.

૪. પું. મરણ પછી જીવોને અવતાર લેવો પડે છે તેવી માન્યતા.

૫. પું. મરણાંત મુશ્કેલી કે જાતમાંથી બચેલો અવાજ; સાંઈ ન થાય એવા ખંદવાડમાંથી ફરી ઊઠવું તે; બીજો જન્મ લીધો હોય તેમ મુશ્કેલીમાંથી પાર પડવું તે.

૬. પું. (જૈન) સાત માંહેનો એ નામનો એક અનુદિશ.

૭. વિ. ફરી વાર જન્મવાળું.

પુનર્જન્મજય [સં.] પું. જન્મમરણના ફેરાને જીતવો તે; મોક્ષ.

પુનર્જન્મવું અ. ક્રિ. ફરીથી જન્મ લેવો; પુનર્જન્મ થવો.

પુનર્જન્મેલ વિ. ફરીથી જન્મેલ; પુનર્જન્મ પામેલ.

પુનર્જાગૃતિ [સં.] સ્ત્રી. પુનરુત્થાન; પુનર્જીવન; ફરી વાર જાગૃતિ થવી તે.

પુનર્જીવન ૧. [સં.] ન. નવીનતા; તાજાપણું.

૨. ન. પ્રબોધકાળ; પુનરુજ્જીવન; ' રીનેસન્સ ', એરિયાની કે પૂર્વખંડની કલા અને જીવન બાબતમાં જે કંઈ નવતું રહસ્ય છે, જે મેળવતાં પુરોપ અને આખી દુનિયા **પુનર્જીવન** પામશે, તેની માતૃભૂમિ હિંદ જ છે.

ગણપતરાય ઝાલેર

૩. ન. શરીરનો જેમાં ભાગ ભળતી જાય પાછો જેવો હોય તેવો બની જવો તે; પુનરુત્પત્તિ.

પુનર્જીવિત ૧. [સં.] વિ. ફરીથી જીવન પામેલું તે.

૨. વિ. ફરીથી જીવન પામેલ; પુનર્જન્મ પામેલ.

પુનર્ણવ ૧. [સં.] પું. નખ.

૨. વિ. ફરી ફરી નવું.

પુનર્દર્શન [સં.] ન. ફરી વારનું દર્શન.

પુનર્દાન [સં.] ન. ફરીથી દાન આપવું તે.

પુનર્દૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. ફરી તપાસ.

૨. સ્ત્રી. ફરી સુનાવણી.

પુનર્દેહ [સં.] પું. પુનર્જન્મ.

પુનર્ધાવન [સં.] ન. ફરીથી દોડવું તે; ફરીથી દોડાદોડી.

પુનર્નવ ૧. [સં. પુનર્ (ફરીથી) + નવ (નવું)] પું. નખ; પુનર્ભવ; કરચલ.

૨. પું. હિંદનાં ઉષ્ણજ ખેતરો અને બીની જગ્યામાં ચોમાસા બાદ ઊગતી એક પ્રકારની ઔષધોપયોગી વનસ્પતિ. તે વિરેચક, મૂત્રલ અને પેટનો દુખાવો શાંત કરનાર મનાય છે. તે જલોદર, કોલેરા, મૂત્રાશયના રોગ અને કમળામાં અપાય છે

૩. વિ. ફરીથી નવું થયેલું.

પુનર્નવઅદુરા સ્ત્રી. એ નામનું એક ઔષધ. તેમાં મુખ્ય ઔષધ મંડૂરભસ્મ, પુનર્નવ વગેરે છે. તે ઉત્તેજક અને મૂત્રલ મનાય છે. જલોદર, કંઠમાળ, રજરોધ અને હરિત રોગમાં તેમ જ નપુંસકતા અને નબળાઈમાં પણ તે દેવાય છે. જલોદરમાં જમ્બે ગ્રેનની ગોળી પુનર્નવાદિ ક્વાથમાં અપાય છે. તેની માત્રા ૧થી ૪ ગોળી છે. તે દૂધમાં જમ્યા બાદ ત્રિવસમાં બે વખત લેવાય છે.

પુનર્નવા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શોથઘ્ની; સાટોડી. આ ક્ષુપ જમીન ઉપર વેલાની માફક પથરાયેલ હોય છે. તેનાં પાન પહોળાં, જાડાં અને ચૂડાં તેમ જ ફૂલ ધોળાં કે ગુલાબી પણ નાનાં અને ફળ લંબિમ જેવાં થાય છે. તે ક્યારામાં વવરાય છે. તે હિંદમાં વાડો ઉપર સર્વત્ર થાય છે. તેનાં ફૂલ બહુ નાનાં અને સુંદર હોય છે. સંસ્કૃત સાહિત્યમાં સફેદ ફૂલની અને બીજી લાલ ફૂલની એમ બે જાતની પુનર્નવાનો ઉલ્લેખ છે. ધોળાં ફૂલવાળી જાત સોજો, વાયુ, નજ, કૃમિ, અરુચિ વગેરે મટાડે છે. તે રસાયન, કડવી, સારક, મૂત્રલ, કફઘ્ન, વાતઘ્ન છે. રાતી સાટોડી રક્તપિત્તવિનાશક, માદી, દીપન, વાયુકર, કડવી, પિત્તઘ્ન, વાતઘ્ન, કૃમિઘ્ન, પાચન છે. આધુનિક પાશ્ચાત્ય શોધકોએ તેને કમળો, જલોદર, હરસના કોઈ પણ જાતનો દાહ ઉપાવનાર, તથા દમ, ખાંસી વગેરે મટાડનાર, શ્વાસનલિકાના રોગ મટાડનાર અને સારક જણી છે. તેનાં કુમળાં પાંદડાંનો રસ યકૃતની વૃદ્ધિ ઉપર તથા સર્પ, ઉંદર, વીંછીના ઝેર ઉપર વપરાય છે. તેને મોટી માત્રામાં તે વાતઘ્ન છે. તેનાં મૂળ જુદી જુદી વસ્તુઓ સાથે ભેળવી નેત્રરોગમાં અંજાય છે.

પુનર્નવા મૂત્રાળ પું. (વૈદ્યક) સોજો, પાંડુરોગ તથા પેટનાં દર્દ મટાડનાર એ નામે એક ઔષધ. તે મધ કે પાણી સાથે લેવાય છે

પુનર્નવાદિ ક્વાથ પું. (વૈદ્યક) એ નામે એક ક્વાથ. તેમાં પુનર્નવા, નિર્ગુન્દ્ય, દર્વિ, હલ્દિ, હરિતકી, કટુકિ, સુંઠ, ગળો, ચિત્રક અને પટોલા આવે છે. તે શક્તિવર્ધક, ધાતુપરિવર્તક, વિરેચક, જ્વરનિવારક અને મૂત્રલ મનાય છે. ગાંઠ, સંધિવા, જલોદર, રતાંધળાપણું અને આંખ, કાન તથા ગંતના દુખાવામાં અપાય છે. તેની માત્રા ½ થી ૨ તોલા છે

પુનર્નવાદિ ઘૃત [સં.] ન. (વૈદ્યક) એ નામે એક ઔષધઘૃત. તે સાટોડી, ચિત્રક, દેવદાર, લીંડીપીપર, પીપળીમૂળ, અવક્ષ, ચિત્રક, સુંઠ, જવખાર અને હરડેનો આઠ આઠ તોલાનો કલ્ક કરી દશમૂળના ૧૨૮ તોલા કાઢામાં નાખી ૬૪ તોલા ઘી નાખી તૈયાર કરાય છે. તે સોજા ઉપર અકસીર મનાય છે.

પુનર્નવાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદ્યક) એ નામે એક ઔષધોપયોગી ચૂર્ણ.

પુનર્નવાદિ તૈલ [સં.] ન. એ નામે વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનું તેલ.

પુનર્નવા મંડૂર [સં.] સ્ત્રી. (વૈદ્યક) સાટોડી તથા મંડૂરની પ્રધાનતાવાળું એક ઔષધ.

પુનર્નવાવલેહ [સં.] પું. (વૈદ્યક) સાટોડી તથા બીજી ઔષધિનું ચાટણ. તે સોજો, ગુલ્મ, ઉધરસ, દમ અને અરુચિ ઉપર અપાય છે.

પુનર્નવાષ્ટક [સં.] ન. (વૈદ્યક) કમળા માટે ઉપયોગી એ નામનું એક ઔષધ. તેની બનાવટ: સાટોડીનાં મૂળ, દીપડાની ત્વચા, કડુ, સુંઠ, ગળો, દેવદાર, હરડાં અને પટોળ એ દરેક પા તોલો લઈ કરી કુમિયાભર પાણીમાં નાખી ઉકાળવું. ચોથો ભાગ પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું. તેની માત્રા ૪થી ૮ તોલા છે.

પુનર્નિર્માણ [સં.] ન. ફરીથી કરવું કે રચવું તે; ફરીથી રચના કરવી તે; ફરીથી નિયોજન કરવું તે; પુનર્સર્જન.

પુનર્નિવેશન [સં.] ન. પૂર્વની સ્થિતિમાં આણવું કે મૂકવું તે.

પુનર્પિ અ. ફરીને.

> અજ સુખન જે લોક છે તેને પુનર્પિ અવતાર,
> મને પામ્યો તે પછે નહિ ફરીને બીજી વાર.
>
> પ્રીતમપ્રકાશ

પુનર્વસુ [સં. પુનર્વસુ] ન. (જ્યો) પુનર્વસુ: સાતમું ચંદ્ર નક્ષત્ર.

પુનર્જન્મ ૧. [સં. પુનર્ (ફરીથી) + જન્મ (થવું તે)] પું. નખ.

> કરજ પુનર્જન્મ નખર નખ છે રંભણીની જામ;
> નખની સ્થિતિ ખોટથી, એ નથી નખનું કામ.
>
> પિંગલપ્રકાશ

૨. પું. બીજો અવતાર; પુનર્જન્મ: ફરીને પેદા થવું તે; ફરી ઉત્પત્તિ.

૩. સ્ત્રી. રાતાં ફૂલવાળી સાટોડી.

૪. વિ. ફરી જન્મેલ; વારંવાર જન્મેલ.

૫. વિ. ફરી બનાવ.

૬. વિ. વારંવાર હોનાર; બીજી વાર પેદા બનાર.

પુનર્જન્મી [સં. પુનર્જન્મિન્] વિ. ફરી જન્મેલ.

પુનર્ભૂ ૧. સ્ત્રી. એક વાર સગેલું સગપણ છૂટી તેની જગ્યાએ બીજી વાર સગપણ તેવો પ્રસંગ કે તેનું બીજું સગપણનું સાધન.

> એરિયામાં વાડપત્રની અછતને લીધે પુનર્ભૂ પ્રથાની પદ્ધતિ પ્રચારમાં આવી હતી.
>
> કેશવ હર્ષદ

૨. [સં. પુનર્ (ફરીથી) + ભૂ (થવું)] સ્ત્રી. જેણે પુનર્લગ્ન કર્યું હોય તેવી સ્ત્રી; ફરીને પરણેલી સ્ત્રી; નાતરાની સ્ત્રી; ફરીથી પરણેલી હોય તેવી વિધવા. તેના ત્રણ પ્રકાર છે: (૧) જેનો પહેલા પતિ સાથે માત્ર વિવાહ થયો હોય, સમાગમ થયો ન હોય તેના ફરી વિવાહ કરવામાં આવે તે પહેલી પુનર્ભૂ. (૨) વિધવા બનતાં તેનું ચારિત્ર બગડવાના ડરથી ગુરુજનો તેનો બીજો વિવાહ કરે તે બીજી પુનર્ભૂ. (૩) વિધવા થયા પછી અભિચાર કરનારી સ્ત્રી ફરી વિવાહ કરે તે ત્રીજી પુનર્ભૂ.

૩. વિ. ફરીથી જન્મેલું.

પુનર્મિલન ૧. [સં.] ન. ફરીથી મળવું તે; ફરીથી મેળાપ થવો તે.

૨. ન. સંસર્ગ; સમૃષ્ટિ.

પુનર્મુદ્રણ ૧. [સં.] ન. નવી આવૃત્તિ.

૨. ન. ફરી વાર છાપવું તે; એક વખત છાપેલી વસ્તુનું ફરી છાપકામ.

પુનર્મુદ્રિત [સં. પુનર્ (ફરીથી) + મુદ્રિત (છાપેલ)] વિ. ફરી છાપેલ.

પુનર્મૃત્યુ [સં.] ન. ફરી મરણ.

પુનર્મૈત્રી [સં.] સ્ત્રી. મેળ; મેળાપ.

પુનર્યજ્ઞ [સં.] પું. ફરીથી કરવા યોગ્ય યજ્ઞ.

પુનર્યાત્રા ૧. [સં.] સ્ત્રી. જગન્નાથની ફરી રથયાત્રા.

૨. સ્ત્રી. ફરી આવવું કે જવું તે.

પુનર્યોગ [સં.] પું. ફરીથી મેળાપ થવો તે.

પુનર્યોજન [સં.] ન. ફરીથી જોડાવું તે.

> જન્મ એ પુનર્યોજનની ક્રિયા છે અને મૃત્યુ એ વિયોજનની ક્રિયા છે. વિવેકાનંદ

પુનર્યૌવનપ્રાપ્તિ સ્ત્રી. ફરી યુવાવસ્થા પ્રાપ્ત થવી તે. વૃદ્ધ માણસને ફરીથી યુવાવસ્થા પ્રાપ્ત કરાવવાની કોશિશ અનાદિ કાળથી ચાલી આવે છે. પ્રાચીન કાળમાં સોમ રસપથી બાર વર્ષનો

માણસ સોળ વર્ષનો યુવાન બની શકતો. ચ્યવનપ્રાશ, આમલકી રસાયન, પારદ અને અભ્રકના રસોનું સેવન તથા અશ્વાદિ અનેક કલ્પોથી અમર દિવ્ય શરીરની પ્રાપ્તિ પ્રાચીન ગ્રંથોમા લખેલ છે. એક અમેરિકન ડાકતરે શરીરના અંગોનું વધારે પ્રમાણે મર્દન કરવાથી વૃદ્ધાવસ્થા દુર કરવામાં સફળતા મેળવી હતી. હાલમાં જીવજંતુના શરીરમાંથી અનેક ગ્રંથિઓના રસ વૃદ્ધના શરીરમાં પ્રવેશ કરાવીને અનેક આશ્ચર્યજનક પરિણામ દેખાડાય છે. વાંદરાના અંડકોષની ગ્રંથિઓ વૃદ્ધ મનુષ્યના અંડકોષની જગ્યાએ બદલવાથી વૃદ્ધમાં યુવાનના જેટલી શક્તિ આવે છે. પરંતુ થોડા જ વખતમાં આ કલ્પ કરેલ અંગ શક્તિ વિનાનું થઈ જઈ શરીર એકદમ નબળું પડી જાય.

પુનર્રચના ૧. [સં.] સ્ત્રી. નવેસરથી અવસ્થા; ફરીથી બંધારણ કરવું તે; ફરી રચના; પુનર્ઘટના. ૨. સ્ત્રી. પરીક્ષણ; સંપૂર્ણ નિરીક્ષણ.

પુનર્લગ્ન ૧. [સં.] ન. ફરીથી પરણવું તે. ૨. ન. વિધવાવિવાહ; પુનર્વિવાહ; નાતરું. ધ્રુવ સ્વામીની દેવીએ પોતાના દિયર ચંદ્રધ્રુમ વિક્રમાદિત્ય સાથે પુનર્લગ્ન કર્યાની વાત પ્રતિહાસમાંથી સાહિત્યમાં પણ આવી છે. ફિરવટની પ્રથા હજી પણ કેટલીક કોમોમાં છે. વચલા યુગમાં વૈધવ્ય કાયમની પરિસ્થિતિ ધારણ કરતું જતું હતું અને વિધવાઓનો અંગત નેમ જ સામાન્ય પ્રજા ઉચ્ચ કહેવાતી કોમોમાં ઓઢાવે એવી કુદરતનો સૂત્રક બની ગયો હતો. વિધવાનું લગ્ન હવે કાયદેસર ગણાય છે, છતાં એમાં હજી ભારે સંકોચ અનુભવાય છે.

પુનર્લેખ [સં.] પું. તાળ હલમા; ફરીથી લખાણ.

પુનર્લેખન [સં.] ન. ફરી લખવું તે.

પુનર્વચન [સં.] ન. ફરીને કહી જવું તે.

પુનર્વત્સ [સં.] પું. બાવણ છોડી દીધા છતાં ફરીથી બાવવાનું કામ કરનાર વાછડો.

પુનર્વત્સકાણ્વ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના સાતમા સૂક્તનો કર્તા એક ઋષિ.

પુનર્વર્તન [સં.] ન. ફરીને આવવું તે; પ્રત્યાવૃત્તિ.

પુનર્વસવાટ પું. ફરીથી વસાવવું તે.

પુનર્વસુ ૧. [સં.] પું. આત્રેય સંપ્રદાયના મૂળ પ્રવર્તક. ૨. પું. એ નામનો એક વૈદ્ય. વૈદું પુનર્વસુ, આત્રેય, ધન્વંતરી વગેરેને વારસામાં મળ્યું છે. ૩. પું. પ્રજાપતિ મુનિ. ૪. પું. ધન મેળવવાનો આરંભ. ૫. પું. (જ્યોતિષ) પાંચ તારાના ઝુમખાનું બનેલું અશ્વિનીથી સાતમું નક્ષત્ર; સાતમું ચંદ્ર નક્ષત્ર. કેટલાક લોકો તેમાં તારાની સંખ્યા પાંચ અથવા છ માને છે. તેનો આકાર ધનુષ અથવા ઘર જેવો છે. આ નક્ષત્રમાં જો કે પુરુષનો જન્મ થયો હોય તો તે મનોનિગ્રહવાળો, સુખી, સુરીલ, બુદ્ધિમાન, રોગી, તૃષ્ણ અને ક્રોધના રોગવાળો, ઘોડાથી સંતોષ પામનારો થાય છે. કેટલાકને મતે તેમાં તારા ચાર છે. તેના સ્વામીનું નામ દૈત્ય, પાયાના અક્ષર કે, કો, હ, હી છે. તેના ઉત્તરે તરફના બે તારા દક્ષિણ તરફના બે તારા કરતાં વહેલા ઊગે છે અને સાર પછી મોડા આથમે છે. વેદમાં માત્ર બે જ પુનર્વસુ વર્ણવેલા છે. બે પુનર્વસુની ઉપમા ક્રાત્યાદિમાં પુષ્કળ ઠેકાણે નજરે પડે છે. રામ લક્ષ્મણને કાલિદાસે પુનર્વસુની ઉપમા રઘુવંશમાં આપેલી છે. પુનર્વસુ નક્ષત્ર જ્યારે ચંદ્ર આવે છે ત્યારે તેની કાંતિ કોઈ વાર થોડી અને કોઈ વાર વધારે હોય છે. જ્યારે વધારે હોય છે ત્યારે તે બંને પુનર્વસુની તારક નક્ષત્ર આવે છે. ૬. પું. લોઢબેડ. ૭. પું. વિષ્ણુ. ૮. પું. શિવ. ૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોદ્ભવ સાત્વતપુત્ર અંધકના વંશના અરિદ્યોત રાજાનો એ નામનો પુત્ર. ૧૦. સ્ત્રી. (પુરાણ) ચંદ્રની સત્તાવીસ પૈકી એ નામની એક સ્ત્રી; પ્રાચેતસ દક્ષની એ નામની એક કન્યા; અદિતિ. ૧૧. ન. તૈત્તિરીયનો એ નામનો પુત્ર. ૧૨. ન. દ્રવ્ય; ધન. ૧૩. ન. ભુવન.

પુનર્વહ [સં.] પું. બદ.

પુનર્વાઢ [સં.] પું. ફરીથી વાઢ કરવો તે.

પુનર્વિચાર ૧. [સં.] પું. ફરીથી વિચાર કરવો તે. ૨. પું. વિવાદ.

પુનર્વિચારણા [સં.] સ્ત્રી. ફરી વિચાર કરવો તે.

પુનર્વિચારપ્રાર્થના [સં.] સ્ત્રી. ફરીથી વિચાર કરવાની પ્રાર્થના કે આજીજી; અપીલ.

પુનર્વિધાન ૧. [સં. પુનર્ (ફરીને) + વિધાન (કરવું તે)] ન. નવસર્જન; ફરીને કરાતી રચના; નવી રચના ૨. ન. ફરીથી ઉપાય કરવો તે.

પુનર્વિનિમય [સં.] પું. ફરીથી અદલો કરવો તે.

પુનર્વિભાગીકરણ [સં.] ન. ફરીથી વિભાગ કરવા તે.

પુનર્વિવાહ ૧. [સં.] પું. પુનર્લગ્ન; ફરીથી પરણવું તે. ૨. પું. વિધવાવિવાહ; નાતરું; પતિની શોધ ન લાગવાથી, પતિ મરી ગયેથી, સંન્યાસી થઈ ગયેથી, નપુંસક જણાવાથી કે પતિત થયેથી સ્ત્રીએ બાજી વાર વિવાહ કરવો તે; ફરીથી લગ્ન.

પુનર્વૃદ્ધિ [સં.] સ્ત્રી. પુનરુત્પત્તિ; નવજીવન; પુનરુત્પાદન.

પુનર્સર્જન [સં.] ન. ફરીથી ઉત્પન્ન કરવું તે.

પુનર્સંગઠન ન. પુનર્નિર્માણ; ફરીથી રચવું તે.

પુનર્સંજીવન [સં.] ન. પુનઃપ્રબોધ; ફરીથી આવેલું ચેતન.

પુનર્સંભવ [સં.] પું. ફરીને ઉત્પન્ન થવું તે.

પુનર્સંયોજન ૧. [સં.] ન. ફરીને સંધાવું તે; બીજી વાર જોડાઈ જવું તે. ૨. ન. બરફના બે ટુકડા પાસે રાખી ઠારવાથી એક બની જવાની ક્રિયા.

પુનર્સ્થાપના [સં.] સ્ત્રી. ફરીથી સ્થાપવું તે.

પુનર્વર્તન ન. પ્રત્યાવૃત્તિ; પુનર્ઘટના; ફરીથી થવું તે.

પુનર્વાન ૧. [સં. પુણ્યવાન્] વિ. ઠ.ની; ઉદાર. ૨. વિ. સદ્‌ગુણી; ભલું.

પુનર્વું ૧. અ. ક્રિ. પરિણામ આવવું. ૨. અ. ક્રિ. ફળવું.

પુનશ્ચ [સં.] અ. ફરીથી.

> સંયુક્ત રોનાએ **પુનશ્ચ** સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ્યો. કુમાર
>
> પુનશ્ચ હરિ: ૐ = હતા ત્યાં ને ત્યાં; ફરી ફરીને પાછું મૂળ ઠેકાણે આવવું.

પુનશ્ચંદ્રા [સં.] સ્ત્રી. (પુરાણ) કાશ્યપ વનની દક્ષિણ તરફની એક નદી.

પુનસ્સંયોજન [સં.] ન. ફરીથી બનાવવું તે.

પુનંતી [સં.] સ્ત્રી. એ નામે એક સૂક્ત.

> એ પવિત્ર અને પાપનો નાશ કરનારા સૂક્તનો, **પુનંતી**નો, સ્વસ્તિમતીનો અને પાવમાની સૂક્તનો જપ કરવો. ભાગવતી ભાગવત

પુનઃ ૧. [સં.] અ. ઉપરાંત. ૨. અ. ફરીને; વળી; બીજી વાર; ફરીથી; ફરી વખત. ૩. અ. સમાસમાં પૂર્વપદ તરીકે ફરીનું, ફરી થતું એવા અર્થમાં વપરાતો શબ્દ. ૪. જુઓ પુનર્.

પુનઃકથન [સં.] ન. ફરીથી કહેવું તે; પુનરુક્તિ; પુનરુક્તિ.

પુનઃકરણ [સં.] ન. જીર્ણોદ્ધાર; નવીકરણ.

પુનઃપુરી [હિં.] કું. ઘોડાના પગમાં થતો એ નામનો એક રોગ. તેમાં તેનો કાનનો મોટો ભાગ છે અને તે ખોડાતો ચાલે છે.

પુનઃગ્રહણ [સં.] ન. પાછું લેવું તે.

પુનઃજનીકરણ [સં.] ન. ફરીથી જન્માવવું તે.

પુનઃઝોકીપ્રબંધ કું. (કાવ્ય) એક પ્રકારની ચિત્રકાવ્યની રચના. આ રચનામાં એક ચોરસ હોય છે, તેની અંદર બીજો ચોરસ આડો મૂકેલો હોય છે અને અંદરના ચોરસના બે ત્રીજીથી બારે ઊભા લખેલા હોય છે. આ કાવ્યની શરૂઆત ચોકીની વચમાં જે અક્ષર હોય છે તેથી થાય છે અને બંને ચોરસના ઊભના અક્ષર બે વખત વપરાય છે.

પુનઃજીવન [સં.] ન. સજીવન; પુનર્જીવન.

પુનઃનિર્યાત [સં.] કું. પરદેશથી માલ મંગાવી ફરી વખત બીજા દેશમાં મોકલવો તે.

પુનઃપરીક્ષા [સં.] સ્ત્રી. નવેસરથી ચોકસી; ફરી તપાસ.

પુનઃપરીક્ષાધિકાર [સં.] કું. સંશોધનાધિકાર; તપાસણી અધિકાર.

પુનઃપવનચક્રીપ્રબંધ કું. (કાવ્ય) એક પ્રકારની ચિત્રકાવ્ય રચના. આ રચનામાં પવનચક્રી જેવી આકૃતિ હોય છે. તેને ચાર પાંખડા હોય છે. બારે પાંખડાને જોડવા વચમાં એક અક્ષર હોય છે અને તે અક્ષરમાં એક અક્ષર હોય છે. આ વચલો અક્ષર બારે પાંખડાંની શરૂઆતમાં વપરાય છે. ચોરસ જેવા પાંખડાના બીજા બધા ઊભના અક્ષર બે વખત વપરાય છે.

પુનઃપુનઃ ૧. [સં. પુનઃ (ફરીને) + પુનઃ (ફરીને)] અ. આખે ઠેકાણે; ઘડીઘડી.
૨. અ. ફરીફરીને; વારંવાર; વખતોવખત.

પુનઃપુના [સં.] સ્ત્રી. ગંગાની એ નામની એક નદી.

પુનઃપૃચ્છા [સં.] સ્ત્રી. પુનઃપરીક્ષા; ફરી તપાસ.

પુનઃપ્રતિષ્ઠા [સં.] સ્ત્રી. પુનરુદ્ધાર; ફરી સ્થાપના.
ધર્મગ્લાનિ દૂર કરવા તેને ધર્મની પુનઃપ્રતિષ્ઠા કહેવાય. ગાંધીજી

પુનઃપ્રબોધ ૧. [સં.] કું. ફરીથી જાગૃત કરવું તે.
૨. કું. ફેરફાર કે ક્રાંતિ; પરિવર્તન

પુનઃપ્રબોધકાલ ૧. [સં.] કું. ફરી જાગૃતિનો સમય; પુનરુત્થાન; પુનર્જાગૃતિકાલ.
૨. કું. ફેરફાર કે ક્રાંતિનો નવા પરિવર્તનનો સમય.

પુનઃપ્રબોધકાળ જુઓ પુનઃપ્રબોધકાલ.

પુનઃપ્રવેશ [સં.] કું. ફરીથી દાખલ થવું તે.

પુનઃપ્રાપ્તિ [સં.] સ્ત્રી. ફરીથી મળવું તે.

પુનઃયોગ [સં.] કું. પુનર્મિલન; ફરી મળવું તે.

પુનઃયૌવનદાન [સં.] ન. ફરીને જુવાની આપવી તે.

પુનઃયૌવનપ્રાપ્તિ [સં.] સ્ત્રી. ફરીને જુવાનીની પ્રાપ્તિ.

પુનઃરચના જુઓ પુનર્રચના.

પુનઃરંજિત [સં.] વિ. ફરીવાર રંગેલું.

પુનઃશોધન [સં.] ન. ફરીવાર શોધન કરવું તે.

પુનઃસજીવ [સં] વિ. ફરીથી જીવતું; પુનરુજ્જીવિત.

પુનઃસજીવન [સં.] ન. ફરીને જીવતું થવું તે; પુનરુદ્ધાર.

પુનઃસમાગમ [સં.] કું. ફરી મળવું તે.

પુનઃસર્જન [સં.] ન. ફરી બનાવવું તે.

પુનઃસંગમ [સં.] કું. ફરીથી મળવું તે.

પુનઃસંદીપન [સં.] ન. ફરી વખત પ્રજ્વલિત કરવું તે.

પુનઃસંધાન ૧. [સં.] ન. ફરી મરેલા પવિત્ર અગ્નિને ફરીથી પ્રજ્વલિત કરવો તે.
૨. ન. ફરી મળવું તે.

પુનઃસંયોગ [સં.] કું. ફરી મળવું તે.

પુનઃસંસર્ગ [સં.] કું. ફરી મળવું તે.

પુનઃસંસ્કાર ૧. [સં.] કું. દાહ, અંત્યાદિ આદાથી આહાજ પ્રસંગોને ફરીથી પવિત્ર કરવાને કરાતી ક્રિયા; ફરીથી સંસ્કાર કરવા તે. આ પુનઃસંસ્કારમાં શિરોમુંડન, ગોખલા, દંડ, ભેક્ષ અને અગ્નિસંધની જરૂર નથી હોતી. બળવતું અગ્નિકૃત્ય, મંત્રપૂત તથા મંત્ર બોલેલું જળ બોલામાં પડી જાય તો બાળકને ફરીથી જનોઈ આપવી જોઈએ.
૨ કું. ફરીથી કરવાનો ઉપનયન, વિવાહ વગેરે સંસ્કાર.

પુનઃસૃષ્ટિ [સં.] સ્ત્રી. ફરીથી ઉત્પન્ન કરવું તે.

પુનઃસ્તોમ [સં.] કું. ઉક્થસંસ્થ નામે એક યજ્ઞ.

પુનઃસ્થાપન [સં.] ન. ફરી સ્થાપન કરવું તે; ઉદ્ધાર; જીર્ણોદ્ધાર; મૂળ સ્થિતિમાં મૂકવું તે.

પુનઃસ્થાપના [સં.] સ્ત્રી. પુનઃસ્થાપન; જીર્ણોદ્ધાર; ઉદ્ધાર.

પુનઃસ્ફટિકીકરણ ન. એક પદાર્થને ફરીથી પાસાદાર બનાવવો તે.

પુનઃસ્ખલિત [સં.] વિ. ફરીથી અવાજવાળું; પડઘાવાળું.
એ કોઈ બીજા મૃદુ અવાજથી ગાય અને બાજ એ કોઈ પડઘાના સૂર મળે તો એ સૂરનો ગુંબજમાંથી પડઘો પડી અસંખ્ય વાર પુનઃસ્ખલિત થઈ તેનો એક મનોહર સમૂહસૂર જાગી રહે છે.
ઉશનસ્

પુનઃસ્વાસ્થ્યલાભ [સં.] કું. ફરીથી તંદુરસ્તી પ્રાપ્ત થવી તે.

પુનઃસ્વીકાર [સં.] કું. ફરીથી સ્વીકાર કરવો તે.

પુના ૧. કું. એ નામનું ભારતનું એક શહેર.
૨. સ્ત્રી. એ નામની એક નદી.

પુનાર્ક ૧. સ્ત્રી. કૃપા; મહેર; દયા.
૨. સ્ત્રી. પુણ્ય; પુન્ય.

પુનાગ ન. એક જાતનું ઝાડ. તેનાં ગોળાકાર સુકાયેલાં ફૂલ નાગકેસર કહેવાય છે. તેનાં ફળ મોટાં અને ગોળાકાર થાય છે. તેનાં બીજમાંથી નીકળતું તેલ વા ઉપર લગાડાય છે.

પુનાગવૃક્ષ કું. એક જાતનો છોડ.

પુનાગરી ૧. સ્ત્રી. એક જાતની દોરડી. તે ફણે બોળા અને તેની જાતની બાંધી અને પોચી હોય છે. તેનો પાક ઓછો ઊતરે છે.
૨. ન. એક જાતનું ઝાડ.

પુનાગોટી સ્ત્રી. એ નામની એક જાતની દોરડી.

પુનાની ઠોડી સ્ત્રી. (સંગીત) એ નામની એક જાતની ઠોડી રાગિણી.

પુનારક્ષ કું. (જ્યોતિ) પુણ્યનું સ્થાન.

પુનાલા કું. એ નામનો કિલ્લો.

પુના લેમ્બર ન. એક જાતનું ગાભરું.

પુનાસાગ્રામ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. અહીંથી ચારદીકું પંથ માર્ગિ થાય છે. આ સ્થળ વિશ્રાંતિ યોગ્ય છે. અહીંથી સાત માર્ગિ જંગલના માર્ગે જતાં બાવકલ આવે છે.

પુનિ ૧. વિ. પવિત્ર.
પુન્યીમાં પુનિ ગંધ કહીએ તેજસ્વીમા તેજ.
જીવન સર્વે જાણવું વનસ્પતિનું રસ એજ.
પ્રીતમગીતા
૨. [હિં.] અ. ફરીથી; બીજી વાર; ફરીને, એક વાર આવી ચાલી આખીમેં પુનિ આય.
તુલસી

પુનિત ૧. [સં.] વિ. પવિત્ર; શુદ્ધ; ચોખ્ખું.

૨. વિ. સારું; સુંદર.

પુનિતકર [સં.] વિ. પવિત્ર કરનારું.

પુનિતતા [સં.] સ્ત્રી. પુનિતપણું; પવિત્રપણું.

પુનિતહૃદય [સં.] વિ. પવિત્ર હૃદયવાળું; સંત.

પુનિતાત્મા [સં. પુનિત (પવિત્ર) + આત્મન્ (આત્મા)] વિ. પવિત્ર આત્માવાળું.

પુનિપુનિ [હિં.] અ. ફરીફરીને; વારંવાર.

પુનિમ [મ.] સ્ત્રી. પૂર્ણિમાનો ચંદ્ર.

પુનિયું ૧. ન. ઢાંકેલ કપડાને ચડાવવામાં આવતું નવું કપડું

૨. વિ. પુણ્યશાળી.

પુની ૧. પું. પુણ્યાત્મા; પુણ્ય કરનાર માણસ.

૨. સ્ત્રી. પૂર્ણિમા.

૩. વિ. પુનિત; પવિત્ર.

૪. અ. પુનઃ; ફરીથી.

પુનીત [સં.] વિ. પવિત્ર; પાક.

પુનુલ સ્ત્રી. જનોઈ.

પુનેરઢર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પુનેમ [સં. પૂર્ણિમા] સ્ત્રી. પૂર્ણિમા; સુદિ પખવાડિયાનો પંદરમો દિવસ.

પુનેમપંથી વિ. પુનેમ પાળનારાના પંથનું.

પુનેરી વિ. પૂના સંબંધી; પૂનાનું.

પુન્ન [હિં.] ન. પુણ્ય; સારું કામ; સદ્‌ગુણ.

પુન્નક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) પુષ્ય, હસ્ત, પુનર્વસુ, અભિજીત, પૂર્વાભાદ્રપદ, અનુરાધા, અશ્વિની એ પુરુષજાતિનાં નક્ષત્રો માંહેનું કોઈ.

પુન્નાગ ૧. [સં.] પું. એક જાતનો ફૂલઝોડ. તેનાં ફૂલમાંથી પીળો રંગ તૈયાર થાય છે.

૨. પું. ધોળો હાથી.

૩. પું. શ્રેષ્ઠ પુરુષ.

૪. પું. સુલતાના ચંપો. તેનાં પાન ગોળ ઈંડાકાર અને ચંપાનાં પાનને મળતાં આવે છે. તેને લાલ રંગનાં ફૂલો ગુચ્છાના રૂપમાં આવે છે. ફૂલ ખારે માસ ખીલે છે. ફૂલોમાં કેસર હોય છે, જે નાગકેસર કહેવાય છે. તે દવાના કામમાં આવે છે. તેને ફળ પણ ગુચ્છામાં આવે છે. તેનું લાકડું લાલાશ પડતું બદામી હોય છે. ફાલમાંથી એક જાતનો ગુંદ નીકળે છે. ફળનાં બીજમાંથી તેલ નીકળે છે. દક્ષિણ મલાબારમાં સમુદ્રકિનારે આ ઝાડ બહુ થાય છે. વૈદકમાં પુન્નાગને મધુર, શીતલ, સુગંધી અને પિત્તનાશક માનેલ છે. તેને મરાઠીમાં ઊંડી કહે છે. તેનાં બીમાંથી નીકળતું તેલ ચા ઉપર લગાડાય છે.

૫. પું. સોરંગીનું ઝાડ.

૬. ન. જમીનમાંથી નીકળતી એક પ્રકારની જંબ.

> અમારા મત પ્રમાણે જમીનમાં ૭ પ્રકારની વાસ હોય છે: (૧) પુન્નાગ, (૨) અતિપુષ્પ, (૩) અબ્જ, (૪) માન્ય, (૫) પાટલ અને (૬) પદ્મ.
> (તિલપરાગ)

૭. ન. જળકૂકા.

૮. ન. ધોળું કમળ; કમળ

૯. ન. નાગકેસર

પુન્નાગપત્રિકા [સં] સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાંદડાં ઊંડણ જેવાં અને સુગંધીમય હોય છે. પારો બાંધવા માટે તે વપરાય છે.

પુન્નાટ ૧. [સં.] પું. એક જાતનું વૃક્ષ; ચક્રમર્દ.

૨. પું. કર્ણાટક પાસેનો એ નામનો એક દેશ.

૩. પું. દિગંબર જૈન સંપ્રદાયનો એ નામનો એક સંઘ.

પુન્નાઠ જુઓ પુન્નાટ.

પુન્નામા ૧. [સં. પુન્નામન્] પું. એ નામનું એક નરક. પરસ્ત્રીગમન વગેરે સોગ પ્રકારનાં પાપ કર્યાથી માણસ આ નરકને લાયક થતો કહેવાય છે.

૨. વિ. જેને પુલિંગવાચક નામ હોય તેવું.

પુન્નામી સ્ત્રી. પરિવાર; જ્ઞાતજ્ઞાતિ.

પુન્ન [સં. પુણ્ય] ન. (હિંદી) પુણ્ય.

પુન્યજન પું. એ નામનો અસુર.

પુન્યવંત [સં. પુણ્ય + વત્ (વાળું)] વિ. પુણ્યશાળી; સારાં કર્મવાળું; સુભાગી; સુખી; ધર્મજ્ઞાન કરનારું; સદ્‌વૃત્તિવાળું.

પુન્યવાન [સં. પુણ્યવત્] વિ. સુખસંપન્ન; સુખી; સુભાગી; સદ્‌ભાગી; ભાગ્યશાળી; ભાગ્યવાન; નસીબદાર; સત્કર્મી; શુભકર્મી.

પુન્યશાળી જુઓ પુન્યવાન.

પુન્યસંસર્ગ [સં. પુણ્યસંસર્ગ] પું. પુન્યના યોગે મેળાપ થયો તે.

પુન્યાઈ સ્ત્રી. કૃપા; મહેરબાની.

> ઘણો દૂધ પીઓ, પરમેશ્વરની પુન્યાઈ છે.
> વીરની વાતો

પુન્યોદય [સં. પુણ્યોદય] પું. શુભ કર્મનું ફળવું તે.

પુપલાવવું ૧. સ. ક્રિ. આવવા અશક્તિમાન દોષિને કોળિયાને મોઢામાં આમતેમ ફેરવવો

૨. સ. ક્રિ. ચીકથી ખૂજવું.

પુપલી [હિં.] સ્ત્રી. વાંસની પાતળી પોલી નળી.

પુપુ અ. ઓવો અવાજ.

પુપૂષા [સં.] સ્ત્રી. પવિત્ર કરવાની ઇચ્છા.

પુપ્પુ ૧. [સં.] પું. તાળવામાં થતો એક રોગ.

૨. પું. દાંતનો એક રોગ.

પુપ્ફસ [સં.] પું. પદ્મકોશ; જેમાં કમળકાકડી થાય છે તે કોશ

પુપ્ફ જ. પુષ્પ.

પુપ્ફચૂલિયા ન. (જૈન) એ નામનું એક કાલિક સૂત્ર; અગિયારમું ઉપાંગ સૂત્ર.

પુપ્ફા સ્ત્રી. ફૂર્ત; હોંશ.

પુપ્ફિઆ ન. (જૈન) એ નામનું એક કાલિક સૂત્ર; દશમું ઉપાંગ સૂત્ર.

પુપ્ફુલ ૧. [સં.] પું. ઉદરરોગ; પેટનો એક રોગ.

૨. પું. ઉદરવાયુ; જઠરવાત.

પુપ્ફુસ ૧. [સં.] પું. પદ્મકોશ; જેમાં કમળકાકડી થાય છે તે કોશ.

૨. ન. ફેફસું.

પુપ્રમેહ પું. એક જાતનો પ્રમેહ રોગ; જેમાં પરુ પડે તેવો પ્રમેહ.

પુફી સ્ત્રી. (કચ્છી) કોશ.

પુફીન ન. બરફમાં આટલાંટિકના કિનારા ઉપર જોવામાં આવતું એક જાતનું હરિવાઈ પક્ષી. તે બાર ઇંચ લાંબું હોય છે. તેને ધોળાં અને કાળાં પીંછાં, રાતા પગ અને ચકચકિત રંગબેરંગી ચાંચ હોય છે. તે એક સફેદ ઈંડું મૂકે છે. સિત્રડાંવાળાં અને ફલગીવાળાં પુફીન ઉત્તર પેસિફિકમાં રહે છે

પુફો પું. (કચ્છી) કુવો.

પુફ્ફ [સં. પુષ્પ] ન. (પ્રાકૃત) ફૂલ; પુષ્પ.

પુબ્ભ ૧. પું. નરજાતિ.

૨. પું. મરદ.

પુમા પું. એ નામે અમેરિકનો એક જાતનો સિંહ. તે બહુ જ નાનો હોય છે અને ઝાડ ઉપર ચડી શકે છે.

પુમાઈ સ્ત્રી. એ નામે ઓળ વેલ. તે હિમાલયના ઊંચા પ્રદેશમાં થાય છે. તે દોરીને બનાવવાના કામમાં વપરાય છે.

પુમાડ (પુમાડ) ન. એક જાતની વનસ્પતિ; કુવાડિયો.

પુમાડિયા (પુમાડિયા) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે વીંછીનું ઝેર ઉતારવામાં વપરાય છે. પુમાડિયાનું મૂળિયું ઘસી ડંખ ઉપર ચોપડવાથી તથા ઝેર ચડેલી જગ્યા ઉપર ફેરવા કરવાથી પણ વીંછીના ઝેરમાં ફાયદો થાય છે.

પુમાન ૧. [સં. પુંસ્] પું. નર; નરજાતિ.

૨. પું. પુરાણાનુસાર બ્રહ્માના ત્રીસ પૈકી એકત્રીસમો દિવસ.

૩ પું. પુરુષ; માણસ.

માનુષ અર્થે મનુષ્ય નર, માનવ મનુજ પુમાન,
અન્યવ સહુ જન સામને, હરિ ઈશ્વર ભગવાન.
વિમલવપુશ્લોક

પુમાંસ પું. મનુષ્ય; માણસ; માનવ.

પુમેલા વિ. દત્તક.

પુય પું. એક પ્રકારનો પ્રમેહ.

પુયરક્ત પું. એક પ્રકારનો નાકનો રોગ; નાકમાંથી પરુયુક્ત લોહી વહેવાનો રોગ. મસ્તકમાં વાતાદિ દોષ પોતપોતાના કારણે કુપિત થવાથી અથવા તે કોપાયે કાચદિકોનો અભિઘાત થવાથી નાકમાંથી પરુયુક્ત રક્ત વહે છે.

પુયાળી ન. એક પ્રકારનું ઘાસ.

પુયોદ ન. એ નામનું એક નરક.

પુર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક અસુર.

૨. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે તોમર છંદનો ભેદ છે. તેમાં ૧૧ ગુરુ અને ૨૬ લઘુ મળી કુલ ૩૭ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૩. પું. કિલ્લો; ગઢ.

૪. પું. ચૂનળ.

૫. પું. પાણી ખેંચી કાઢવાની ગામડાની મેયણી; ટોસ; કૂવામાંથી પાણી કાઢવાનો ગામડાનો ટોસ.

૬ પું. રાશિ; ઢગલો.

૭ પું. લોક; ભુવન

૮. સ્ત્રી. (કચ્છી) બોડાની એક જાત.

૯. ન. અમર.

૧૦. ન. કસબો; ગામડાથી મોટું પણ શહેરથી નાનું એવું ગામ; પુરી; નગર; શહેર; પત્તન.

૧૧. ન. કુસુમલતાવૃત્તિ.

૧૨. ન. ઘણાં ગામડાંઓનું વ્યવહારસ્થાન; ઘણી દુકાનો વગેરેથી યુક્ત મુખ્ય ગામ.

૧૩. ન. ઘર; આગાર.

૧૪. ન. ઘરનો ઉપરનો માળ.

૧૫. ન. ગામડું; ગર્ભ.

૧૬. ન. બોલ; બોર; ભળ; પરિમળ.

૧૭. ન. દેહ; શરીર.

૧૮. ન. ધાન્ય વગેરેનો સમૂહ.

૧૯. ન. નક્ષત્ર; રાશિ.

૨૦. ન. નાગરમોથ.

૨૧. ન. પાટનગર.

૨૨. ન. પાટલિપુત્ર નગર.

૨૩. ન. પીળી કીકોટી.

૨૪ ન. પુષ્પ.

૨૫. ન. શહેરની મોટાઈ દર્શાવનાર શહેરના નામને છેડે લગાડાતો શબ્દ.

૨૬. વિ. બોઝિલ તેટલું.

૨૭. [સ.] વિ. પૂરું ભરેલું સમાસમાં પૂર્વપદ તરીકે આવે છે.

૨૮. વિ. પૂર્ણ; પુષ્કળ; ખરું; પૂરેપૂરું.

૨૯. વિ. બોઝિલ.

૩૦. ન. આગળ; અગ્રે.

૩૧. ન. (કચ્છી) ભરપૂર.

પુરઅન ૧. [હિ.] સ્ત્રી. કમળ.

૨. સ્ત્રી. કમળનું ફળ.

પુરકસ [સ. પુર્બાંસ] પું. લડાઈ; ટંટો.

પુરકોઠ પું. નગરનો સીમાડો.

પુરકેતુ [સં.] પું. શિવ.

પુરખ ૧. [સં. પુરુષ] પું. આદમી; પુરુષ; માણસ.

૨. પું. ધણી; વર.

૩. પું. (બાહરવટું) પુરુષ; પહેલો, બીજો તથા ત્રીજો પુરુષ.

પુરખા ૧. [સં. પુરુષ] પું. ઘરનો ઘરડો માણસ; વૃદ્ધ વડીલ.

૨. પું. પિતા.

૩. પું. પૂર્વજ.

પુરખૂન [સ. પુર (ભરેલું) + ખૂન (લોહી)] વિ. મજબૂત; લોહીથી ભરેલું; લોહીથી ભરાવદાર.

પુરગ [સં.] વિ. નગર તરફ જનાર.

પુરગુર [હિં.] ન. બંગાળની ઉત્તરપૂર્વે થતું એક જાતનું ઘાસ. તેનું બારકું ખેતીનો સામાન અને રમકડાં બનાવવામાં વપરાય છે.

પુરગૃહ [સં.] ન. શહેરીઓને ભેગા મળી વિચાર કરવાની જગ્યા; 'ટાઉન હૉલ.'

પુરગૃહરક્ષક [સં.] પું. નગરરક્ષક; 'સિવિક ગાર્ડ.'

પુરગો [સ.] વિ. વાતોડિયું.

પુરગોઈ [સ.] સ્ત્રી. વાતોડિયાપણું.

પુરગોબી [સ.] પું. કુસ્તરનો ભોડ.

પુરઘાતી [સં. પુરઘાતિન્] પું શિવ

પુરચક ૧. [હિં.] સ્ત્રી. બરાબર રિવાજ કે ટેવ.

૨. સ્ત્રી. ટેકો; પ્રોત્સાહન; પ્રેરણા.

૩. સ્ત્રી. તરફદારી; હિમાયત; સમર્થન; પૃષ્ઠપોષણ.

પુરચક લેવી = કોર્ટનો પક્ષ લેવો.

૪. સ્ત્રી. નિશાની; સૂચના

પુરજન ૧. [સં] પું. (પુરુષ) એ નામનો એક રાજા. નારદે પ્રાચીનબર્હિને ઉપદેશ કરતાં આનું ઉદાહરણ આપ્યું હતું.

૨. પું. નાગરિક; શહેરી; શહેરનો માણસ.

પુરજયી [સં. પુરજયિન્] પું. શિવ.

પુરજંઘપેશી સ્ત્રી. જંઘાપુરોગામિની.

પુરજ્ઞ ૧. [હિં.] પું. અવયવ; અંશ; ભાગ.

૨. [સ પુરઞ્જ] પું. કટકો; ટુકડો; ખંડ; કાપેલો કટકો.

૧. પુરજે પુરજા ઉડાડવા-કરવા = કટકે કટકા કરવા; ખંડોખંડ કટકા કરવા.

૨. પુરજે પુરજા થવા = તૂટીતૂટી કટકે કટકા થવા.

૩. પું. પક્ષીનાં ફળાં.

પુરજિત ૧. [સં. પુરજિત્] પું. (પુરાણ) એ નામનો એક અંતરવટી રાજા.

૨. પું. જાંબુવતીથી થયેલો કૃષ્ણનો એ નામનો એક પુત્ર.

૩. [સં. પુર (શરીરરૂપ નગરી) + જિત્ (જીતનાર)] પું. વિષ્ણુ. દેહરૂપી પુરમાં પુરાઈ રહેવાથી દેહમાં દેહાભિમાન કરનાર દૈત્યોને એટલે આસુરી સંપત્તિઓને બહારસ્થિ લક્ષ્યથી જીતનાર ભગવાન વિષ્ણુ છે. વળી દેહનું લાલનપાલન કરવામાં દેહાભ્યાસથી પુનરાવૃત્તિમાં ચૂરાઈ રહેનારા જીવ તે જ છે. પુર જીતનારા તો બીજા છતાં પુરે જીતેલા એવા વિષ્ણુ જ છે, પુનઃ ત્રિપુરાસુરનાં ત્રણ નગરો જીતનારા એટલે દેહાભિમાની જીવનાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ સ્થિતિ રૂપ ત્રણ નગર જીતનારા અર્થાત્ સ્વરૂપે જ્ઞાનજાગ્રત રહેનારા પણ વિષ્ણુ જ છે.

૪. પું શિવ.

પુરજો ૧. [સ. પુરઞ્જ (કટકો)] પું. કટકો, ટુકડો; કુરચો.

૨. પું. કકો.

પુરજોર ૧. વિ. પૂરા જોર કે જોરવાળું.

૨. ક્રિ. વિ. પૂરા જોરપૂર્વક

પુરલોક જુઓ પુરલોક.

પુરલોસ જુઓ પુરલોક.

પુરજ્યોતિ ૧. [સં. પુરજ્યોતિઃ] પું. અગ્નિ.
૨ પુ. ચિત્રાનું ઝાડ.

પુરજ [ફા. પુરઝા] પું. ટુકડો; કટકો.

પુરજરૂર ૧. [ફા.] વિ. અતિ અગત્યનું અથવા જરૂરી.
૨. વિ, ખા.સ
૩. વિ. ફરજિયાત.

પુરજા [ફા] પું કટકો.
૧. પુરજા ઉડાડવા = કટકે કટકા કરવા.
૨. પુરજા ઊડવા-થવા = કટકા થવા.

પુરજે ૧. [ફા. પુરઝા] પું. કટકો.
૨. પું. કોઈ પણ ચીજનો અમુક ભાગ.
૩. પું ખાસ્સો માણસ.

પુરટ [સં.] ન. સોનું; સુવર્ણ.
કંચન અનુપ કાતસ્વર કેમ હિરણ્ય સુવર્ણ,
અષ્ટપદ હાટક પુરટ રાતકુંભ હરિ સ્વર્ણ
વિજયવિજોય

પુરટલતા [સં.] સ્ત્રી. સુવર્ણરેખા.

પુરટિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

પુરણ [સં.] પું. સમુદ્ર

પુરત ૧. સ્ત્રી. કન્યાનાં માબાપ તરફથી લાતના રિવાજ પ્રમાણે જે કંઈ આપવાનું હોય તે; પહેરામણી; રીત; દેણગી
૨. સ્ત્રી. પુરાત.
૩. [સં. પુરાતઃ] અ. આગળ; અગ્રે.

પુરતટી ૧. [સં.] સ્ત્રી. ગામની પાસે હાટ બજાર તેવું સ્થળ.
૨. સ્ત્રી. નાની દુકાન.
૩. સ્ત્રી. નાની બજાર.

પુરતલ ૧. વિ. પૂરનાર; પૂરક.
૨. વિ. સંતોષનાર; ઇચ્છા પૂર્ણ કરનારું.

પુરતઃ ૧. [સં.] અ. આગળ.
૨. અ. પહેલાં.
૩ અ. મોરચે; મોખરે.
૪. અ કાજરીમાં.

પુરતુચાર્નવર ૧. સ્ત્રી. મલબારના નાયરોની એ નામની એક પેટા જાતિ. આ જાતના લોકો રાજાઓના અંગરક્ષક કે સેવક તરીકે કામ કરે છે.
૨. ન એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

પુરતોરણ [સં.] ન. શહેરનો બહારનો દરવાજો.

પુરત્રય [સં.] ન. ત્રિલોક.

પુરત્રાણ [સં.] પું. કોટ; કિલ્લો.

પુરત્વ ન. આગેવાનપણું; અગ્રેસરપણું.

પુરદમન [સં.] પું. શિવ.

પુરદઈ [ફા.] વિ. અતિ ભીખાર.

પુરદર્પચ્છિદ [સં. પુરદર્પચ્છિદ્] પું. શિવ.

પુરદંતિયો પું. પાંચ દાંતામાં પાંચ કોડવાં ઓરણી સાથે રાખી વગાડ તેવું બેડૂતનું ઓજાર; દંતાગ.

પુરદારી [સં. પુરદારિન્] પું. શિવ.

પુરદિલ ૧. વિ. નાખુશ.
૨. વિ. મલિન.

પુરદેવતા [સ.] સ્ત્રી. ગામનું રક્ષણ કરનાર દેવતા; નગરનો અધિષ્ઠાયક દેવ કે દેવી.

પુરનુદ્ [સં. પુરદ્રૂ] પું. શિવ.

પુરદ્વાર [સં.] ન. શહેરમા દાખલ થવાનો દરવાજો; ઓપુર.

પુરદ્વેષી [સં. પુરદ્વેષિન્] પું. શિવ.

પુરધણી પું નગરપતિ.

પુરધાન ૧. પું. પટેલ; દીવાન; પ્રમુખ.
૨. પું. મુખી; શેઠ.
૩. પું. હાકેમ.

પુરધ્વંસી [સં. પુરધ્વંસિન્] પું. શિવ.

પુરન સ્ત્રી. શક્તિ.

પુરનિયા ૧. પું. એ નામનો એક પ્રાંત.
૨. [હિ.] પું. કોસો; વૃદ્ધ માણસ.
૩. પું. મુરબ્બી; વડીલ.

પુરનિહંતા [સં. પુરનિહન્તૃ] પું. શિવ.

પુરની ૧. [હિં.] સ્ત્રી. અંગૂઠામાં પહેરવાનું એક પ્રકારનું ઘરેણું.
૨. સ્ત્રી. બંદૂકની ગજ.

પુરનૂર [ફા.] વિ. તેજસ્વી; પ્રકાશિત.

પુરપટેલ પું. આગેવાની; મુખી.

પુરપત [સં. પુરપતિ] પું. પુરપતિ; રાજા.

પુરપતિ ૧. [સં.] પું. ધણી; શહેરનો માલિક; રાજા; માલિક.
૨. પું. નગરશેઠ; મુખી.

પુરપથ પું. નગરનો રસ્તો

પુરપારખું ન. પૂરેપૂરી પરીક્ષા કરવી તે.

પુરપારખો ૧. પું. નગરની પરીક્ષા કરનાર માણસ; નગરનો પારેખ.
૨. વિ.પું. કાચા કે મૂર્ખાની પરીક્ષા કરી શકે તેવા મૂલ્યવાળો.

પુરપાલ ૧. [સં.] પું. જીવાત્મા; દેહપાલક જીવ.
૨. પું. નગરનો રક્ષક; કોટવાળ.
૩. પું. રાજા

પુરપાળ જુઓ પુરપાલ.

પુરબહાર ૧. વિ. પૂરી શોભાવાળું.
૨. અ. પૂરી શોભા સહિત.

પુરબાસી [હિં] પું. શહેરી.

પુરબિયા ૧. પું બ વ. એક જાતના લોકો; ગોલા; ભૈયા.
૨. પું. બ.વ પૂર્વમાં રહેનાર લોક.
૩. પું. બ.વ. પૂર્વા નક્ષત્રમાં વગાતા તબલ.
૪. સ્ત્રી. એક પ્રકારની તરવારની મૂઠ.
૫. સ્ત્રી. પૂર્વ દિશા તરફથી ઊતરી આવેલા રાજપૂતોની એક શાખા.
૬. વિ. પૂર્વ દેશમાં ઉત્પન્ન થયેલ; પૂર્વ દેશમાં રહેનાર; પૂર્વનું.

પુરબિયા તબલ પું બ.વ. એક જાતના તબલ. આ તબલ પૂર્વા નક્ષત્રમાં વગાડ છે અને માગશરમાં તૈયાર થાય છે.

પુરબિયો ૧. [સં. પૂર્વ (ઊગમણું)] પું. ગોળો; ભૈયો; ઉત્તર હિંદના પૂર્વ ભાગનો વતની.
બાર પુરબિયા ને તેર ચોકા = ખૂબ મતભેદ હોવો તે.
૨. પું. જવાબમાંનું એક રમૂજ આપતું પાત્ર.

પુરબિલા વિ. પૂરબિયા; પૂર્વ દેશનું; પૂર્વ દેશમાં રહેનાર અથવા ઉત્પન્ન થયેલ.

પુરબી ૧. સ્ત્રી. પૂર્વ હિંદુસ્તાનની ભાષા; હિંદુસ્તાની.
૨. સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની એક પુત્રવધૂ.
૩. વિ. પૂર્વનું; પૂર્વ સંબંધી.

પુરબૈયા સ્ત્રી. પૂર્વનો પવન.

પુરભાગરક્ષક [સં.] પું. બાણદાર.

પુરભિદ [સં. પુરભિદ્] પું. શિવ. તેણે અસુરોના ત્રિપુરનો નાશ કર્યો હતો.

પુરભિયા જુઓ પુરબૈયા.

પુરભેદન [સં.] પું. શિવ.

પુરભૈયો પું. પુરબિયો; ઉત્તર હિંદના પૂર્વ ભાગનો વતની.

પુરમજૂક પું. પુરકેદરક્ષ; 'પ્રોવર્ટીબલ.'

પુરમથન [સં.] પું. શિવ.

પુરમાલિની [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

પુરમાર્ગ [સં.] પું. શહેરનો રસ્તો.

પુરય [સં.] પું. તે નામે એક રાજા.

પુરરક્ષ જુઓ પુરરક્ષક.

પુરરક્ષક ૧. [સં.] પું. કોતવાલ જેવો અધિકારી.
૨. પું. શહેરનો રક્ષક.

પુરરક્ષી જુઓ પુરરક્ષક.

પુરલા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

પુરવઠ [હિં.] પું. કૂવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોસ.

પુરવઠો ૧. પું. ખેતીને વાસ્તે પાણીનો બંધારો.
૨. પું. પૂરું પાડવું તે.

પુરવઠો ૧. પું. ઓશકો; ઝરી મૂકેલું અનાજ.
૨. [અ.] પું. જરૂર પૂરી પાડવા માટે જોઈતી જણસો; સંગ્રહ.
૩. પું. ખરો; ખેતીને વાસ્તે પાણીનો બંધારો.
૪. પું. પૂરણી
૫. પું. પૂરું કરવું કે પાડવું તે; પૂરવું તે; પુરવઠો.

પુરવણી ૧. સ્ત્રી. વધારો; ઉમેરણી; પરિશિષ્ટ; સાંધણ; પૂર્તિ; પૂરણી; પહેલાંથી વધારેલો ભાગ.
૨. સ્ત્રી. ઉતરેરણી; ઉત્તેજના; ચડવણી.
૩. સ્ત્રી. સિદ્ધતા.
૪. વિ. અધૂરા કામ પૈકી બાકી રહેલું; પૂરું કરવાનું.

પુરવણી કામ ન. અનુપૂરક કર્મ; ન્યૂનતાપૂરક કામ; 'સપ્લીમેન્ટરિ પ્રોસીડિંગ્સ.'

પુરવત વિ. (વહાણવટું) આગળથી ભરેલ; 'સ્ટોર્ડ.'

પુરવધૂ [સં.] સ્ત્રી. પુરની એટલે નગરની જુવાન સ્ત્રી.

પુરવર [સં.] ન. શ્રેષ્ઠ નગર.

પુરવરી સ્ત્રી. નગરી.

પુરવા ૧. [સં. પુટક] પું. (હિંદી) કુલડી; માટીનો પ્યાલો.
૨. [સં. પુર] પું. (હિંદી) નાનું ગામ; બેડા
૩. [હિં.] પું. પૂર્વ દિશા તરફથી પવન વાય તે વખતે પશુઓને થતો એક રોગ. તેમાં તેઓનું મળું મૂત્ર આવે અને પેટમાં પીડા થાય
૪. પું. પૂર્વ દિશા તરફનો પવન.

પુરવાઈ સ્ત્રી. પૂર્વ તરફનો પવન.

પુરવાડી (પુરવાડો) ૧. સ્ત્રી. નગરની વાડી.
૨. સ્ત્રી. નગરરૂપી વાડી.
એ૦ સૂર્ય મારી ઝાંખી અમારી પુરવાડીઓ. સંધમિત્રા

પુરવાણી [સં. પુર (નગર) + વાણી (બોલી)] સ્ત્રી. લોકભાષા.

પુરવાયા રજપૂત ૧. સ્ત્રી. રજપૂતોની એક નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પુરવાર વિ. પ્રમાણ આપીને સિદ્ધ કરેલું; પુરાવાથી સાબિત થયેલું; સાબિત; સિદ્ધ; નક્કી.
૧. પુરવાર કરવું = સાબિત કરવું.
૨. પુરવાર થવું = સાબિત થવું.

પુરવારી સ્ત્રી. સાબિતી; પુરાવો; પુરવાર કરી આપવું તે; પ્રમાણથી સિદ્ધ કરી આપવું તે; ખરાઈ.

પુરવાલ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

પુરવાવવું સ. ક્રિ. ભરાવવું.

પુરવાસી ૧. [સં. પુરવાસિન્] પું. શહેરી; શહેરમાં રહેનાર માણસ; નગરજન; પુરજન.
૨. વિ. શહેરમાં રહેનારું; શહેરી; શહેરનું.

પુરવિયો જુઓ પુરવિયો.

પુરવી ૧. સ્ત્રી. (સંગીત) સાંજે ગવાતા રાગનો એક ઢાળ; ગાવાની જાતનો એક પ્રકાર.
૨. વિ. પૂર્વ દેશનું; પૂર્વ સંબંધનું.

પુરવીણ [સં. પ્રવીણ] વિ. પ્રવીણ; નિપુણ; પારંગત.

પુરવી તલ પું. એક જાતના તલ; પુરબિયા તલ.

પુરવી દારૂ પું. ન. ક. ઇલાયચી જેવા સુગંધીવાળા એક જાતના દારૂ; એક જાતનો તેજાનો; મોટી ઇલાયચી.

પુરવી ધનાસરી પું. (સંગીત) એ નામનો એક રાગ.

પુરવૈયા પું. પૂર્વ તરફનો પવન.

પુરશાતન ૧. ન. પુરુષત્વ; મરદાઈ.
૨. ન. શૌર્ય.

પુરશારથ ૧. પું. પુરુષપણું.
૨. પું. પુરુષે જન્મ ધરી સાધ્ય કરવા જોગ અર્થ.

પુરશાસન [સં.] ન. મહાદેવ. તેમણે દૈત્યોના ત્રિપુરનો નાશ કર્યો હતો.

પુરસ્કરિણ ૧. [સં. પુરસ્કૃત] વિ. પૂજાયેલ કરેલ; પૂજેલ.
૨. વિ. વિચારેલું.

પુરશ્ચરણ ૧. [સં. પુરઃ (આગળ) + ચર્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આગળ ચાલવું તે; તૈયારી કરવી તે.
૨. ન. આગળથી આચરણ કરવું તે.
૩. ન. કોઈ કાર્યની સિદ્ધિ માટે કોઈ મંત્ર, સ્તોત્ર વગેરે અમુક વખત નિયમપૂર્વક જપવા તે; પ્રયોગ; અમુક મંત્રનો કરાતો જપ; કોઈ કાર્યની સિદ્ધિ માટે પહેલાંથી ઉપાય યોજવો અને તેનું અનુષ્ઠાન કરવું તે; મળેલી મંત્રની સિદ્ધિ માટેનો તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રયોગ. જેટલા અક્ષરનો મંત્ર હોય તેટલા લક્ષ જપ શુદ્ધ રહીને કરવાથી એક પુરશ્ચરણ થાય છે. નિત્ય નિયમપૂર્વક ત્રણ કલાક તેને માટે જ આસન જમાવી બેસવામાં આવે છે. એક પુરશ્ચરણ લગભગ અઠી વર્ષ ચાલે. પ્રત્યેક લાખને છઠ્ઠને માંડામાં ઓછું એક બ્રાહ્મણ ભોજનરૂપ પંચસાધના; અમુક કાર્યની સિદ્ધિને માટે પંચોપચાર મંત્રનો યોગ કરવો તે; મંત્રનું પાંચ પ્રકારે સાંગ આચરણ કરવું તે.
૭. ન. ગેલી વિદ્યા મેળવવાની ક્રિયા.
૮. ન. વિધિ સહિત વાંચવું તે.

પુરશ્ચર્યા જુઓ પુરશ્ચરણ.

પુરશ્ચિત્ર ન. મુખચિત્ર.

પુરશ્છદ ૧. [સં.] પું. કુલ કે ઢાલના જેવું એ નામે એક જાતનું ઘાસ.
૨. પું. સ્તનની ડીંટડી.

પુરસ ૧. પું. ધણી; વર; પતિ.
૨. પું. (વ્યાકરણ) પહેલો, બીજો, ત્રીજો વગેરે પુરુષ.
૩. પું. (જૂ. ગુ.) પુરુષ; નર; માણસ; આદમી.
ક્યાં બધાય ત્રિકાલા પુરસ, માન વહે સર્વત્ર. કનકાવતી
૪. પું. (કચ્છી) હાથ ઊંચા કરેલા માણસ જેટલી ઊંડાઈ; માથોડું.

પુરસગારો પું. પીરસણિયો; પીરસનાર માણસ.

પુરસર [સં. પુરઃસર્] વિ. પહેલાં જનાર; આગેવાન.

પુરસંસ્કાર [સં.] પું. નાશ પામેલા શહેરને ફરી સુધારવું તે.

પુરસા ૧. [હિ.] પું. એક માણસ હાથનાં આંગળાં સીધાં રાખી ઊભો રહે એટલી ઊંચાઈ કે ઊંડાઈ; માથોડું.
૨. [ફા.] પું. અરખરો.
૩. પું. માંડાની ખબર કાઢવા જવું તે.

પુરસારો જી. મહેમાનને પીરસેલ ખોરાકની થાળી.

પુરસાલા [ફા.] વિ. ઘરડું.

પુરસિદા [ફા. પુરીદા] જુઓ પુરશિદા.

પુરસિશ ૧. [ફા. પુરસીદન (પૂછવું)] સ્ત્રી. પૂછપરછ કરવી તે; સવાલજવાબ.
૨. [મ] સ્ત્રી. સાક્ષીને પૂછવામા આવતા સવાલ.

પુરસીસ ૧. સ્ત્રી. રજૂઆતમાં નોંધાયેલ અંગીકરણ; કોર્ટ પુરાવો.
૨. જુઓ પુરસિશ.

પુરસૂદન [સં] પું. શિવ.

પુરસે ૧. [ફા. પુરસા] પું. અરખરો.
૨ પું. માંદાની ખબર કાઢવા જવું તે.

પુરસો પું. (કચ્છી) અકાળે મરણ પામેલ માણસનું પૂતળું. તે પૂજા માટે ઘરમાં બેસાડવામાં આવે છે.

પુરસ્ [સં.] અ. આગળ એવા અર્થનો એક ઉપસર્ગ.

પુરસ્કર ૧. ન. ઇનામ.
૨. ન. મહેનતાણું; બદલો.

પુરસ્કરણ ૧. [સં] ન. આરોપ; ઠપકો.
૨. ન. પુરસ્કાર; આગળ કરવું તે; પ્રાધાન્ય આપવું તે.
૩. ન. પૂજા કરવી તે; સત્કાર કરવો તે.
૪. ન. પૂર્ણ કરવું તે; તૈયાર કરવું તે.
૫. ન. પ્રોક્ષણ; ધ્યાનમાં લેવું તે; સ્વીકારવું તે.
૬. ન. રચ્યું તે.
૭. ન. રજૂઆત; નિરૂપણ.
૮. ન. વચન આપવું તે.
૯. ન. શત્રુને પકડ્યો તે.
૧૦. ન. હલ્લો; ધાડ પાડવી તે.

પુરસ્કરણીય ૧. [સં.] વિ. આગળ કરવા યોગ્ય; તૈયાર કરવા જેવું.
૨. વિ. પૂર્ણ કરવા લાયક.

પુરસ્કર્તવ્ય જુઓ પુરસ્કરણીય.

પુરસ્કર્તા ૧. [સં. પુરસ્ (આગળ) + કર્તૃ (કરનાર)] પું. આગળ કરનાર માણસ, રજૂ કરનાર વ્યક્તિ.
૨. પું. આગેવાન; મુખી
૩. પું. ચલાવનાર માણસ; સંચાલક; પ્રવર્તક.
૪. પું. જીવનદાતા.
૫. પું. પ્રણેતા; રચનાર.
૬. પું. વધારનાર પુરુષ; ઉત્તેજક.

પુરસ્કર્તૃત્વ [સં.] ન. સંચાલકપણું; આગેવાની; મુખીપણું.

પુરસ્કાર ૧. [સં. પુરસ્કૃ (આગળ કરવું)] પું. અજ્ઞાત અવસ્થામાંથી જ્ઞાત અવસ્થામાં લાવી મૂકવું તે.
૨ પું. અતિરિક્ત લાભ; બક્ષિસ; ઇનામ; પારિતોષિક; ઉપહાર.
૩. પું. અભિશાપ.
૪. પું. ઉપહાર; ધાક; અહેસાન.
૫. પું. કંપનિના ભાગીદારોને સાધારણ નફાથી વધારે મળે તે; 'બોનસ'.
૬. પું. ક્ષતિપૂર્તિ; 'ક્લેમ્પે-સેશન'.
૭. પું. ભંટવું તે; પ્રોક્ષણ.
૮ પું. પસંદગી.
૯. પું. પુરસ્કરણ; આગળ કરવું તે; મોખરે મૂકવું તે.
૧૦. પું. પૂજન; આદર; માન; પૂજા.
૧૧. પું. પ્રધાનતા; પ્રાધાન્ય આપવું તે.
૧૨. પું. બહાર આણવું તે; બહાર પાડવું તે.
૧૩. પું. માગણી.
૧૪. પું. વધારો; બઢતી; આબાદી.
૧૫. પું. વિદ્વાન માણસને અપાતું મહેનતાણું.
૧૬. પું. વૃદ્ધિ; ઉન્નતિ.
પુરસ્કાર કરવું = ઉત્તેજન દેવું; વૃદ્ધિ કરવી; ચલાવવું.
૧૭. પું. શત્રુને પકડ્યો તે.
૧૮. પું. સત્કાર; સન્માન; આદર.
૧૯. પું. સેવા; સેવન.
૨૦. પું. સ્વીકાર.

પુરસ્કૃત ૧. [સં.] વિ. અગ્રે કરેલું; આગળ કરેલું.
૨. વિ. ઝટકણ કરેલું.
૩. વિ. અભિશાપેલ.
૪. વિ. આરોપ મૂકેલ.
૫. વિ. ઇનામી.
૬. વિ. ઉપકાર કરેલું; પક્ષ કર્યો હોય એવું.
૭. વિ. જેને બક્ષિસ મળી હોય એવું.
૮. વિ. ઠપકો દીધેલું; ઠપાવેલું.
૯. વિ. ધ્યાનમાં આણેલું; પસંદગી કરેલું.
૧૦. વિ. પૂજેલું; પૂજા કરેલું.
૧૧. વિ. પૂર્ણ કરેલું.
૧૨. વિ. પ્રાધાન્ય અપેલું.
૧૩ વિ પ્રોક્ષણ કરેલું; સિંચેલ; ભીંજેલ.
૧૪. વિ. બહાર લાવેલું; બહાર પાડેલું.
૧૫. વિ. માગેલું.
૧૬. વિ. રચેલું.
૧૭. વિ. વચન આપેલું.
૧૮. વિ. વૃદ્ધિ પામેલું; ઉન્નતિ થયેલું.
૧૯. વિ. શત્રુએ ગ્રહણ કરેલ; પકડેલું.
૨૦. વિ. સત્કારેલું. પૂજન કરેલું; આદર આપેલું.
૨૧. વિ. સિદ્ધ કરેલું.
૨૨. વિ. સેવેલું; સેવન કરેલું.
૨૩. વિ. સ્વીકાર કરેલું; સ્વીકારેલ.
૨૪. વિ. હલ્લો કરેલું.
૨૫ અ. આગળ કરીને.

પુરસ્કૃત ભૂમિ [સં.] સ્ત્રી. બારખલી જમીન; અર્પિત ભૂમિ; ઇનામી જમીન.

પુરસ્કૃતિ ૧. [સં.] સ્ત્રી. આગેવાની; સરદારી.
૨. સ્ત્રી. માન; પૂજા.

પુરસ્તલ અ. અંદરની બાજુ.

પુરસ્તાત્ જુઓ પુરઃ.

પુરસ્ત્રી સ્ત્રી. શહેરની સ્ત્રી.

પુરસ્ત્વ [સં. પુરસ્ (મોખરે) + ત્વ (પણું)] ન. પ્રધાનતા; પ્રધાનપણું; અગ્રેસરપણું.

પુરસ્થાણુ ન. વનસ્પતિનો એક સૂક્ષ્મ ભાગ; 'પ્રોથેલ્સ'.

પુરસ્વામી [સં. પુર (નગર) + સ્વામિન્ (ધણી)] પું. ગામધણી; નગરનો અધિપતિ; રાજા.

પુરસ્સર ૧. [સં. પુરસ્ (આગળ) + સૃ (સરવું)] વિ. આગળ જતું.
૨. અ. પુરઃસર; સાથે; પૂર્વક. સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, વિવેકપુરસ્સર.

પુરહડ્ડર [ફા.] ન. બહુ જ સાવધ.

પુરહૂત [હિ.] પું. વિવાહ આદિ મંગળ કાર્યોમાં પુરોહિત અને વસવાયાને કોઈ કૃત્ય કરવાના પ્રારંભમાં દેવામાં આવતું અનાજ અને દ્રવ્યાદિ; અભિવાણું.

પુરહર [સં.] પું. શંકર; મહાદેવ.

પુરહા ૧. પું. એ નામની એક લતા. તેનાં પાન જોગ અને પાંચ ૭ ઇંચ લાંબાં હોય છે. હિમાલયમાં ૭,૦૦૦ ફૂટની ઊંચાઈએ તે બધી જગાએ થાય છે. કોઈ વાર તેની જડનો ઉપયોગ ઔષધિ તરીકે થાય છે.
૨. [સં. પુરદન] પું. મહાદેવ; શંકર.

પુરહિત પું. પુરોહિત; ગોર.

પુરહૂત પું. ઇંદ્ર.

પુરંજન [સં.] પું. જીવાત્મા; પુર એટલે શરીર, તેને જે ઉત્પન્ન કરે છે તે જીવ; કર્માનુસાર શરીરને પ્રાપ્ત કરાવનાર અજ્ઞાની જીવ; સંસારમાં ભૂલો પડેલો જીવ. ભાગવતમાં વિસ્તૃત રૂપકાખ્યાનના રૂપમાં શરીરરૂપી પુર, તેનાં નવ દ્વાર, ચામડીરૂપી વાડ અને તેમાં પુરંજન નામથી જીવાત્માનો નિવાસ વગેરેનું વર્ણન છે.

તેણે પુરંજન અવકિયા ફરેણ. અખો

પુરંજની [સં.] સ્ત્રી. બુદ્ધિ

પુરંજય ૧ [સં.] પું. (પુરાણ) કલિયુગમાં માગધ વંશના વિશ્વસ્ફૂર્જિ રાજાનું બીજું નામ. આ રાજા પાપબુદ્ધિ હોઈ પરાક્રમી હતો. એની રાજધાની પદ્મવતી હતી. પ્રયાગ મુખીનો ગંગા કાંઠાનો પ્રદેશ એના કબજામાં હતો.

૨. પું. (પુરાણ) કેકય દેશના ચંદ્રવંશી રાજા ગૃંજયનો પુત્ર અને જનમેજયનો પિતા.

૩. પું. તે નામે ઋક્ષેયુવંશી એક રાજા.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી ધ્રુવાશ્વ કુલોત્પન્ન કકુત્સ્થ રાજાનું બીજું નામ; દૈત્યના પુરને જીતનાર એ નામનો રાજા; કકુત્સ્થ. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે: એક વાર દૈત્યોથી હારીને જ્યારે દેવતા વિષ્ણુ પાસે ગયા, ત્યારે તેમણે તેઓને પુરંજય પાસે જવા કહ્યું. ઇન્દ્રાણીને પોતાનો ઘોડો એટલે પુરંજયમાં નાખ્યો. પુરંજયે ઇંદ્રને બળદ બનવાનું કહ્યું. તેના ઉપર બેસી પુરંજયે યુદ્ધ કર્યું અને દૈત્યોને હરાવ્યા. બળદના કકુદ ઓટલે પીઠ ઉપર બેસીને લડવાથી તેનું નામ કકુત્સ્થ પડ્યું.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી વિકુક્ષીનો એ નામનો પુત્ર.

૬. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના સુધનુ રાજાના કુળના જરાસંધના વંશમાં જન્મેલા રિપુંજય રાજાનું બીજું નામ. એને શુનક નામના પ્રધાને મારી નાખ્યો હતો.

૭. વિ. પુરને જીતનાર.

પુરંજર [સં.] પું. ગામ; નગર

પુરંદ [સં.] પું. ઇંદ્ર.

પુરંદર ૧. [સં.] પું. ઇંદ્ર; ચાલુ વૈવસ્વત મન્વંતરમાં સ્વર્ગનો અધિપતિ ઇંદ્ર. એણે પોતાની જયંતી નામની કન્યા શુક્રાચાર્યને દીધી હતી. શુક્રાચાર્યની પાસે મૃતસંજીવની વિદ્યા શીખવા કચને એણે જ મોકલ્યો હતો. વિશ્વરૂપ અને વૃત્રાસુરના વધ આણે જ કર્યા હતા.

જિષ્ણુ પુરંદર વજ્રધર આખંડલ રિપુમાન; સોજે જ્યાં લગ જ્ઞાન સાં જગરો ઇંદ્ર જરાક. પિંગલગુપ્તોપ

૨. પું. એ નામની શૈવ કલ્પની એક તિથિ.

૩ પું. એ નામનો એક નાગ.

૪. પુ. કાળાં મરી.

૫. પું. ચોરું ઘર કરનાર; ઘર, નગર કે પુર તોડનાર.

૬. પું. (જ્યોતિષ) જ્યેષ્ઠા નક્ષત્ર.

૭. પું. નાસ્તિકવાદનો એ નામનો એક અનુયાયી.

૮. પું. (જૈન) પહેલા દેવલોકનો ઇંદ્ર.

૯. પું. પૃથુ રાજાને અર્ચિ નામની સ્ત્રીથી થયેલ એ નામનો પુત્ર. પૃથુનો ઘોડો ઇંદ્ર લઈ જતો હતો તેને હરાવી પુરંદરે તે ઘોડો પાછો આણ્યો, ત્યારથી તેનું નામ વિજિતાશ્વ પડ્યું.

૧૦. પું. મત્સ્યપુરાણમાં જણાવેલ અઢાર માંહેનો એક ગ્રિહ્ય સંહિતાકાર.

૧૧. પું. વાતચક્ર વગેરે દર્દી મટાડવાનો એક પ્રયોગ.

૧૨. પું. વિષ્ણુ. શરીરરૂપી પુરમાં પુરાઈ રહેનારા, દેહાભ્યાસ અને દેહાભ્યાસ કરનારા, મન, બુદ્ધિ અને અહંકાર કરીને સ્થૂળ શરીરમા પુરાઈ રહેનારા, અહંમમ કરીને તેનું પોષણ કરનારા, મૃત્યુકાળે સ્થૂળ શરીરમાં સંતાઈ જનારા, મૃત્યુ પછી અન્ય શરીરને મદદ કરનારા, નવદ્વાર રૂંપી પુરીમાં આસક્તિ કરનારા તેમ જ અવિદ્યા માયા અને વિદ્યા માયારૂપી ઘરમાં પુરાઈ રહેનારા જીવ અને ઈશ્વર પણ વિષ્ણુ જ છે, તેથી તે પુરંદર કહેવાય છે.

૧૩. પું. શિવ.

૧૪. વિ. શત્રુઓને વિદારનાર.

પુરંદરદાસ પું. એક પ્રસિદ્ધ સંગીતજ્ઞાતા. તે પંઢરીનાથ અથવા પંઢારીનાથનો અતુલ ભક્ત હતો.

પુરંદરવટી સ્ત્રી. (વૈદક) એક પ્રકારની ગોળી. એ ઉધરસ અને શ્વાસ ઉપર અપાય છે.

પુરંદરવિતૈષણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંકરા માંહેનું એક નામ.

પુરંદરા [સં.] સ્ત્રી. ગંગા નદી.

પુરંદરી ૧. [સં.] સ્ત્રી. ઇંદ્રાણી; પુરંદરની પત્ની.

૨. સ્ત્રી. પુરંધ્રિ.

પુરંધ્રિ ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેદકર્મપ્રસિદ્ધ ઇષ્ટિકા.

૨. સ્ત્રી. દ્યાવાભૂમિ; આકાશ અને પૃથ્વી.

૩. સ્ત્રી. બહુ બુદ્ધિ.

૪. વિ. બહુ બુદ્ધિવાળું.

પુરંધ્રિ ૧. [સં.] સ્ત્રી. આધિ ઉપરની સ્ત્રી; ઘરમાં કરતીકારવતી સ્ત્રી.

૨. સ્ત્રી. પતિપુત્રવાળી સુખી સ્ત્રી; બહોળા કુટુંબવાળી તથા પતિપુત્રવાળી સ્ત્રી.

૩ સ્ત્રી. સ્ત્રી.

પુરંધ્રી જુઓ પુરંધ્રિ.

પુરઃ ૧. [સં.] અ. આગળ; આગળથી.

૨. અ. પહેલાં.

૩. અ. પૂર્વ કાળમાં

૪. અ. પૂર્વ દિશામાં.

૫. અ. પૂર્વ દેશમાં

પુરઃકપાલ [સં.] પું ઓપરીનું આગલું હાડકું; કપાલનો આગળનો ભાગ; અગ્રકપાલ; 'ફ્રન્ટલ બોન'. આ કપાલાસ્થિ ખોપરીના આગલા ભાગમાં આવેલું છે. તેનો આકાર મોતીની છીપ જેવો છે. તેના મુખ્ય બે ભાગ છે: લલાટ ભાગ અને નેત્રચ્છદિ ભાગ. લલાટ ભાગ ઊભો હોઈ મનુષ્યનો કપાલપ્રદેશ બનાવે છે. તે બધ્ન હલકો મળીને બનેલો છે. તેની વચ્ચે લલાટફલક, બન્નેય દરેક બાજુએ એક એક પાર્શ્વફલક આવેલું છે. લલાટફલકની બહારની બાજુ કાચબાની પીઠ જેવી છે. તેના ઉપર આવેલા બે ગોળાકાર અભ્રકુંભ તરીકે ઓળખાય છે. બુદ્ધિવાળા મનુષ્યોના કપાલમાં આ કુંભો મોટા હોય છે, જ્યારે મંદમતિવાળાઓના નાના હોય છે. તેમની વચ્ચે નાકના મૂળભાગ નજીકનું સ્થાન ભ્રૂમધ્ય અથવા ભ્રૂકૂટ તરીકે ઓળખાય છે. ત્યાં સ્થપની નામનું મર્મ છે એમ પ્રાચીન શરીરવિદો કહે છે. ભ્રૂમધ્યમાંથી ઊંચે જતી એક ઝાંખી લીટી ગૂઢસીમંતિકા તરીકે ઓળખાય છે, તે બાલ્યાવસ્થામાં નજરે પડતા પુરઃકપાલાસ્થિના બે ભાગોનું જોડાણ સૂચવે છે. એક ભમ્મરેથી સહેજ ઊંચે તેમની બાજુ વાંકી વળેલી તોરણના આકારની ઊપસતી રેખાઓ ભ્રૂતોરણિકા તરીકે ઓળખાય છે. તેઓ ભ્રૂમધ્યમાં પરસ્પર મળી જાય છે. દરેક ભ્રૂતોરણિકાને અંદર અને બહાર એમ બે ઊંડા હોય છે તથા તેની વચમાં એક અધિભ્રૂ નામનું ઝીણું છિદ્ર હોય છે. બહારનો ઊંડો અપાંગ પ્રદેશમાં મંડાસ્થિ સાથે જોડાય છે, જ્યારે અંદરનો નાકના મૂલ ભાગ આગળ નાસાસ્થિ જોડે સંધાય છે. અધિભ્રૂ છિદ્રમાંથી તે નામની શિરા, ધમની અને નાડી પસાર થાય છે. ભ્રૂતોરણિકાની પછવાડે પુરઃકપાલના અંદરના ભાગમાં લલાટોદર નામનાં ભોંયરાં આવેલાં છે. તેઓનો સંબંધ નાકની સાથે છે. લલાટફલકની અંદરની બાજુ અંતર્યોગ છે. તેના ઉપર ક્રોડાસ્થિઓ માટેના આડાઓ તથા ધમનીની શાખાઓ માટેની આમ્રઓ મોટી

સંખ્યામાં નજરે પડે છે. એના મધ્ય ભાગમાં એક મોટી શિરાપરિખા આવેલી છે. તે આઈના બંને કિનારાને મસ્તિષ્કમધ્યક, કપાલનો દાત્રિકા નામનો મધ્ય ભાગ સાંકળે છે. લલાટફલકની દરેક બાજુએ એક એક પાર્શ્વફલક આવેલું છે. તેમની બહારની બાજુ સહેજ ઊંડી હોઈ કર્ણષ્કન્દા પેશીને આશ્રય આપે છે. આ ફલકોની ઉપલી સીમામાં આવેલી વાંકી લીટીઓ કર્ણષ્કન્દોત્પત્તિકા તરીકે ઓળખાય છે અને આંથી જ કર્ણષ્કન્દા પેશી ઉત્પન્ન થાય છે. પુરઃકપાલનો નેત્રચ્છદિ ભાગ આડો હોઈ, નેત્રગુહા તથા નાસાગુહાનું છાપરું બનાવવામાં ભાગ લે છે. તે વચ્ચે આવેલા એક મોટા ખાડા વડે જુદાં પડેલાં બે નેત્રચ્છદિફલકોનો બનેલો છે. આ કોમળ ફલકો સહેજ આડાવાળાં તથા ત્રિકોણાકારનાં હોઈ, નેત્રગુહાનો ઉપલો ભાગ તથા છાપરું બનાવે છે. આ ફલકોની આંખ તરફની બાજુ ઉપર, કપારના ભાગમાં એક નાનો આડો કોષ છે, તેમાં અશ્રુગ્રંથિ રહેલી છે. આ બંને નેત્રચ્છદિફલકો વચ્ચેની આર્ક મહાપરિખા તરીકે ઓળખાય છે. આ સાંધી આર્કમાં ભર્ભરાસ્થિનો ચાલની પટલ ભાગ સમાઈ જાય છે. આ આઈની બંને બાજુ ઉપર પુરઃકપાલ અસ્થિની અંદર રહેલાં ભોંયરાં, ભર્ભરાસ્થિની અંદર આવેલાં એવાં જ જાતનાં ભોંયરાં સાથે મળી જાય છે. મહાપરિખાથી સહેજ બાજુ બાજતાં દરેક બાજુ ઉપર એક એક નાનું અસ્થિફલક નજરે પડે છે. તે દરેક નાસાગુહાનું છાપરું બનાવવામાં ભાગ લે છે. તે બંને ફલકો વચ્ચે રહેલો કાંટા જેવો ભાગ અગ્રકંટક તરીકે ઓળખાય છે. આ કંટક બંને નાસાગુહાઓ વચ્ચેની દીવાલ બનાવવામાં ભાગ લે છે અને તે પાછળ ભર્ભરાસ્થિના મધ્યફલક સાથે, જ્યારે આગળ નાસાસ્થિ સાથે સંધાયેલો છે. આ કંટકની બંને બાજુઓ ઉપર લલાટકોટરોનાં દ્વાર ખૂલે છે. આ પ્રમાણે પુરઃકપાલ દરેક બાજુએ સાત સાત હાડકાંઓ સાથે જોડાયેલું છે. મહાપરિખાની દરેક બાજુ ઉપર તે ચાર હાડકાંઓ સાથે જોડાય છે. જેમકે, આગલા અર્ધભાગમાં નાસાસ્થિ, ઊર્ધ્વહનુસ્થિ તથા અશ્રુપીઠાસ્થિ જોડે, જ્યારે પાછલા અર્ધભાગમા ભર્ભરાસ્થિ જોડે સંધાય છે. નેત્રચ્છદિફલકનો પાછલો અને અંદરનો ખૂણો જતૂકાસ્થિની નાની પાંખ જોડે સંધાય છે. તે ફલકની બહારની સીમાનો પાછલો અર્ધભાગ જતૂકાસ્થિની [illegible] સાંધાઓ છે લલાટફલકની પાછલી ધાર પાર્શ્વકપાલ સાથે જોડાયેલી છે.

પુરઃકૂર્મ [સં.] પું. કરોટિપટલની બહારની બાજુ ઉપર આવેલો એક ઉત્સેધ.

પુરઃકૂહ [સં.] પું. જઘનપક્ષની કોરની એટલે જઘનચારાના આગલા ભાગ ઉપર આવેલા બે માંહેનો દરેક ઊપસતો ભાગ.

પુરઃખાત [સં.] પું. પ્રગંડાસ્થિના નીચલા છેડાની અંદરની તેમ જ બહારની ધારાની બાજુએ આવેલા બે માંહેનો દરેક આડો. તેઓ નીચલા જેડાના સંધિફલકમવાળા ભાગની સહેજ ઉપર છે. તેમાંના અંદરની ધારા તરફના ખાડામાં અંતઃપ્રદોષાસ્થિના ઉપલા છેડા ઉપરનું અંસુપ્રવર્ધના, જ્યારે બહારની ધારા તરફના ખાડામાં બહિઃપ્રદોષાસ્થિના માથાની આગલી કિનારી, હાથ ટૂંકો કરવામાં આવે ત્યારે સમાઈ જાય છે.

પુરઃપિંડ [સં.] પું. કરોટિપીઠ ઉપર આવેલા પુરોગમહાખાત નામના ખાડા વડે અલગ પાડેલો મજ્જનો એ નામનો એક પિંડ.

પુરઃસક્થિકા નાડી (પુરઃસક્થિકા નાડી) સ્ત્રી પેટના ભાગમાં રહેલી તે નામની એક નાડી. તે વૃક્ષણવરી નામના ત્રિકોણાકાર ખાલી ભાગમાંથી પસાર થાય છે.

પુરઃસર ૧. [સં. પુરઃ (આગળ) + સ (સરવું)] પું. આગેવાન; અગ્રેસર.
૨. પું ;ન. સાથી; સંગી.
૩. અ. અગ્રગમનનું ભાગણ જવું તે.
૪. વિ. આગળ જનાર; આગળ ચાલનાર.
૫. વિ. મોખરે ચાલનાર.
૬. વિ. સમન્વિત; સહિત.
૭. અ. આદિ લઈ; સાથે; પૂર્વક. સમાસને છેડે આવે છે. જેમકે, હેતુપુરઃસર.
૮. અ. નિયમ પ્રમાણે; રીત મુજબ.

પુરઃસીમંત [સં.] સ્ત્રી. પુરઃકપાલ અને પાર્શ્વકપાલો વચ્ચેનું સંધાન સૂચવતી એ નામની આડી રેખા.

પુરઃસ્થિત [સં.] વિ. સામે ઊભેલું.

પુરા ૧. પું. ઓરડો; ભાગ.
૨. [હિં.] પું. ગામ; મોટું ગામડું; શહેર.
૩. પું. ઢોલની એક બાજુનું ગામડું.
૪. પું. પાણીમાં ઉત્પન્ન થતા પોરા.
૫. પું. તરેર જાતના ગામનો એક ભાગ; ઘરોનો સમૂહ.
૬. [સં] સ્ત્રી. તે નામે સુગંધી દ્રવ્ય. વલકમાં એ કસૈલી, શીતળ, કડ, ખાટ, મૂર્છા અને વિષને દૂર કરનાર મનાય છે.
૭. સ્ત્રી. પૂર્વ દિશા.
૮. વિ. પ્રાચીન; પુરાણું
૯. અ. અતીત કાળમાં; ભવા સમયે; પૂર્વે.
૧૦. અ જે નામનો એક ઉપસર્ગ. જેમકે, પુરાવૃત્ત. તેને પ્રથમ સમાસવાથી વિશેષણ થાય છે. જેમકે, પુરાતન.
૧૧. અ. નિકટમાં; પાસે.
૧૨. અ. પુરાણું; જૂનું.
૧૩. અ. પૂર્વે; પહેલાં; આગળ; અસલને વારે; અગાઉ; પૂર્વે; જૂના કાળમાં.
૧૪. અ. બીકથી.
૧૫. અ. ભાવિમાં; આવી; ભવિષ્યકાળે.
૧૬. અ. સૃષ્ટિના આરંભમાં.

પુરાકથા [સં.] સ્ત્રી. પ્રતિહાસ; જૂની વાત.

પુરાકર્ણમૂલિકા [સં.] સ્ત્રી. એ નામે એક મંથિ. આ મંથિ કાનના મૂળ ભાગમાં તથા તેની સહેજ આગળ આવેલી છે.

પુરાકર્મ [સં. પુરાકર્મન્] ન. (જૈન) સાધુ સાધ્વી આવ્યા પહેલાં તેમને નિમિત્તે ઉપાય, વાસણ સચિત્ત પાણીથી ધોવાં વગેરે આરંભ કરવો તે.

પુરાકલ્પ ૧. [સં.] પું. જૂની સૃષ્ટિ; પૂર્વની સૃષ્ટિ.
૨. પું. જૂનો આચાર.
૩. પું. તે નામે એક અર્થવાદ. તેમાં પ્રાચીન કાળનો પ્રતિહાસ કહીને કોઈ વિધિ કરવાને પ્રેરવામાં આવે છે. જેમકે, જનકની સભામાં યાજ્ઞવલ્ક્ય, ગાર્ગી અને શાકલ્ય આદિએ એકઠાં મળીને પરસ્પર પ્રશ્નોત્તરરૂપે સંવાદ કર્યો હતો.
૪. પું. પૂર્વકલ્પ; પહેલાંનો કલ્પ; પહેલાંનો યુગ.
૫. પું. પ્રાચીન કાળ.
૬. પું. ભૂસ્તરવિદ્યાનો જ્યાં મળેલો જૂનો યુગ.

પુરાકલ્પજીવવિદ્યા [સં.] સ્ત્રી. અગાઉના જીવસ્વરૂપોનું નિરૂપણ કરનાર વિજ્ઞાન.
જે જીવનતાલે વિકાસવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો ન હોય તો એ જૂદ જીવસ્વરૂપોનું નિરૂપણ કરવા જાય તો-પુરાકલ્પજીવવિદ્યાને એ સિદ્ધાંત સોંપી દઈને પગો હોય. પરિભાષિક કોષ

પુરાકલ્પવાદ [સં.] પું (વેદાંત) પુરાણાદિકમાં કહેલી કથામાં પાત્રો સમાન આવું આવવાનું છે એમ કહેવું તે.

પુરાકીર્તિ [સં.] સ્ત્રી. અગાઉની કીર્તિ.

પુરાકૃત ૧. [સં.] ન. પૂર્વજન્મમાં કરેલ પાપ કે પુણ્ય કર્મ.
૨. વિ. પૂર્વે કરેલ; આ જન્મમાં કે પૂર્વ જન્મમાં કરેલ

પુરાકૃમિ પું. મુદ્રામાં ઉત્પન્ન થતા કૃમિ.

પુરાભ્યાત [સં.] વિ. પૂર્વે કહેલું.

પુરાગ [સં.] વિ. પૂર્વે જન્મેલું; પ્રથમ જન્મેલું.

પુરાગૃદ્ધ વિ. પ્રલોભાત થાય તેવું; પ્રતિક્રિયાવાળું; જૂના સમયની સ્થિતિ ઉપર જનારું; 'રીએક્શનરિ'.

પુરાગામી [સં. પુરાગામિન્] વિ. પૂર્વે થઈ ગયેલ.

પુરાણ ૧. [સં.] પું. પ્રાચીન નામનો સિક્કો; અસ્સી કોડીની કીમતનો સિક્કો.

૨. પું. શિવ.

૩. ન. અઢાર; અઢારની સંખ્યા.

૪. ન. કનિષ્ઠ ભ્રાતાનું વાર્ષિક શ્રાદ્ધ અને કજીથી કહ્યાપેલાનું ચતુર્દશી શ્રાદ્ધ.

૫. ન. કલ્પિત કથા; કેવળ કલ્પનાની વાત. પુરાણની અંદર ઐતિહાસિક કરતાં કલ્પિત વાત વધારે આવે છે.

૬. ન. ગપ; બનાવટી વાત.

૭. ન. જૂનો ઇતિહાસ.

૮. ન. જેમાં રાજર્ષિ, બ્રહ્મર્ષિ વગેરેનાં ચરિત્રનાં વર્ણન હોય તે ગ્રંથ.

૯. ન. પ્રાચીન કેવકથા અને મનુષ્યકથા જેમાં આપેલી હોય એવું પુસ્તક. પુરાણોને પાંચમો વેદ કહે છે. પુરાણો બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયાં છે. મહાપુરાણનાં દસ લક્ષણો છે: સામાન્ય સૃષ્ટિ, વિશેષ સૃષ્ટિ, સંરક્ષણ, સૃષ્ટિપોષણ, કર્મની વાસના, મન્વંતરોમાંના આચારધર્મો, પરમેશ્વરી લીલા, સૃષ્ટિસંહાર, મોક્ષ અને ઈશ્વરસ્વરૂપ. પુરાણનાં પાંચ લક્ષણો છે: સર્ગ, પ્રતિસર્ગ એટલે સૃષ્ટિ અને ફરી સૃષ્ટિ, વંશ, મન્વંતર અને વંશાનુચરિત. પુરાણોમાં સૌથી જૂનું વિષ્ણુપુરાણ મનાય છે. તેમાં પુરાણનાં પાંચે લક્ષણો મળે છે. તેમાં સૃષ્ટિની ઉત્પત્તિ તથા યુગ, મન્વંતરો, ભરત વગેરે ખંડ, સૂર્ય વગેરે ગોલ, વેદની શાખાઓ તથા તેના વિભાગો, સૂર્ય ચંદ્ર વંશ વગેરેનું વર્ણન છે. મગધના મૌર્ય રાજાઓ તથા ગુપ્તવંશના રાજાઓ સુધી તેમાં વર્ણન છે. શ્રીકૃષ્ણની લીલાઓનું પણ વર્ણન છે. કેટલાક લોકોનું એવું માનવું છે કે, વાયુપુરાણ એ જ શિવપુરાણ છે, કેમકે આજકાલ શિવપુરાણ નામે જે પુરાણ કે ઉપપુરાણ છે તેના શ્લોકની સંખ્યા ૨૪,૦૦૦ નથી પણ માત્ર ૬,૦૦૦ છે. વાયુપુરાણમાં ચાર પાદ છે, જેમાં સૃષ્ટિની ઉત્પત્તિ, કલ્પો અને મન્વંતરો, વૈદિક ઋષિઓની શાખાઓ, દક્ષ પ્રજાપતિની કન્યાઓથી જુદા જુદા જીવોની ઉત્પત્તિ, સૂર્યવંશી તથા ચંદ્રવંશી રાજાઓની વંશાવળી વગેરે છે. મત્સ્યપુરાણમાં મન્વંતરો અને રાજાની વંશાવળીઓ ઉપરાંત વર્ણાશ્રમ ધર્મનું વિસ્તારથી વર્ણન છે અને અન્યાવતારની પૂરી કથા છે. જેમાં વધ એટલે અસુરોનો સંહાર, માતૃશોક, પિતૃશોક, મૂર્તિ અને મંદિર બનાવવાની વિધિનું વર્ણન ખાસ રીતે છે. શ્રીમદ્ ભાગવતનો પ્રચાર સૌથી વિશેષ છે. કેમકે તેમાં ભક્તિનું માહાત્મ્ય અને શ્રીકૃષ્ણની લીલાઓનું વિસ્તારથી વર્ણન છે. નવમસ્કંધની અંદર તો જીવ બ્રહ્મની એકતા, ભક્તિનું મહત્ત્વ, સૃષ્ટિલીલા, કપિલ દેવનો જન્મ અને પોતાની માતા પ્રત્યે વૈષ્ણવ આચાર્યાનુસાર સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ, મન્વંતર અને ઋષિઓની વંશાવળી, અવતાર, જેમાં ઋષભદેવનો પણ પ્રસંગ છે, ધ્રુવ, વેણ, પૃથુ, પ્રહ્લાદ વગેરેની કથા, સમુદ્રમંથન વગેરે અનેક વિષય છે. પણ સૌથી મોટો દશમસ્કંધ છે, જેમાં કૃષ્ણની લીલાનું વિસ્તારથી વર્ણન છે. આ સ્કંધના આધારે શૃંગાર અને ભક્તિ રસથી ભરપૂર કૃષ્ણચરિત્ર સંબંધી સંસ્કૃત અને બીજી ભાષાઓમાં અનેક ગ્રંથો બન્યા છે. અગિયારમા સ્કંધમાં યાદવોના નાશનું અને બારમામાં કલિયુગના રાજાઓના રાજત્વનું વર્ણન છે. ભાગવતની શૈલીશૈલી બીજા પુરાણોથી જુદી છે. તેની ભાષા પંડિતાઈવાળી અને સાહિત્યના ચમત્કારોથી ભરેલી છે. તેથી તેની રચના કેટલે પાલ્યા વખતની મનાય છે. અગ્નિપુરાણ એક વિલક્ષણ પુરાણ છે. તેમાં રાજવંશવાળાઓ તથા સક્ષિપ્ત કથાઓ ઉપરાંત ધર્મશાસ્ત્ર, રાજનીતિ, રાજધર્મ, પ્રજાધર્મ, આયુર્વેદ, આચારણ, રસ, અલંકાર, ગજવિદ્યા વગેરે અનેક વિષયો છે. તેમાં તંત્રદીક્ષા વિષે પણ મોટું પ્રકરણ છે વિક્રમ સુધીના રાજાઓનું વર્ણન છે તથા અવતારની પણ હકીકત છે. આ પ્રમાણે બીજાં પુરાણોમાં પણ કથાઓ છે. વિષ્ણુપુરાણ સિવાય આજકાલ જે બીજાં પુરાણો મળે છે તે વિષે સંક્ષેપ છે કે, અસલ પુરાણ નહિ મળવાથી તે પાછળથી બનેલાં હશે. કેટલાંક પુરાણો તો મતમતાંતર અને રાગદ્વેષથી ભર્યાં છે. કોઈ પુરાણ અમુક દેવતાનું અને કોઈ પુરાણ બીજા દેવતાનું માહાત્મ્ય સ્થાપે છે. બધાં પુરાણો સાંપ્રદાયિક છે. કેટલાંક પુરાણ થોડાઘણાં પ્રાચીન રૂપમાં મળે છે, પણ તેમાં સાંપ્રદાયિકોએ ઘણી વાતો ઉમેરી દીધી છે. જોકે હાલ જે પુરાણો મળે છે તે મોટે ભાગે પાછળથી બનેલા અથવા ઉમેરેલા વિષયોથી ભરેલાં છે, તોપણ પુરાણ બહુ પ્રાચીન ગ્રંથથી પ્રચલિત હતાં. છાંદોગ્ય ઉપનિષદમાં લખ્યું છે કે, પુરાણ પાંચમો વેદ છે. અત્યંત પ્રાચીન કાળમાં વેદોની સાથે પુરાણ પણ પ્રચલિત હતાં, જે યજ્ઞ વગેરે પ્રસંગોએ કહેવાતાં હતાં. મનુસ્મૃતિમાં લખ્યું છે કે: પિતૃકાર્યોમાં વેદ, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ વગેરે સંભળાવવાં જોઈએ. પુરાણ બનાવ્યાં કોણે, એ સંબંધમાં શિવપુરાણની અંદર રેવામાહાત્મ્યમાં લખ્યું છે કે, અઢારે પુરાણોના વક્તા સત્યવતીસુત વ્યાસ છે. સામાન્ય રીતે ઘોડોમાં આ પ્રમાણે મનાય છે, પણ મત્સ્યપુરાણમાં લખ્યું છે કે: પહેલાં પુરાણ એક હતું અને તેમાંથી અઢાર પુરાણ થયાં છે. બ્રહ્માંડપુરાણમાં લખ્યું છે કે: વેદવ્યાસે એક પુરાણસંહિતા બનાવી હતી. તેનો તે પછીનો પત્તો વિષ્ણુપુરાણમાંથી મળે છે. તેમાં લખ્યું છે કે: વ્યાસને એક લોમહર્ષણ નામનો બ્રાહ્મ જાતિનો શિષ્ય હતો. વ્યાસે પોતાની પુરાણસંહિતા તેના હાથમાં સોંપી. લોમહર્ષણને છ શિષ્યો હતા: સુમતિ, અગ્નિવર્ચા મિત્રયુ, શાંશપાયન, અકૃતવ્રણ અને સાવર્ણી. તેમાંથી છેલ્લા ત્રણે લોમહર્ષણ પાસેથી શીખેલ પુરાણસંહિતાના આધાર ઉપરથી બીજી એક એક સંહિતા બનાવી. વેદવ્યાસે જે રીતે મંત્રોનો સમૂહ કરી તેના સંહિતામાં વિભાગ કર્યા હતા, તે પ્રમાણે પુરાણના નામથી ઓળખાતા વૃત્તોનો સમૂહ કરી પુરાણસંહિતા બનાવી. આવી એક સંહિતા કર્યા પછી લોમહર્ષણના ચેલાઓએ બીજી ત્રણ સંહિતાઓ બનાવી. આ સંહિતાઓના આધારે અઢાર પુરાણ બન્યાં હશે. જે પુરાણો હાલ મળે છે તેમાં વિષ્ણુપુરાણ અને બ્રહ્માંડપુરાણની રચના બીજાં પુરાણોથી પ્રાચીન જણાય છે. વિષ્ણુપુરાણમાં ભવિષ્ય રાજવંશની અંદર ગુપ્તવંશના રાજાઓ સુધીનો ઉલ્લેખ છે. તેથી તે પ્રકરણ ઈ. સ. ના છઠ્ઠા સૈકાથી પહેલાંનું ન હોઈ શકે. જ્યારથી આખળ ખાલી ઠાપુ છે, ત્યારના હિંદુઓ પાસેથી બ્રહ્માંડપુરાણ મળ્યું છે. આ હિંદુઓના પૂર્વજ ઈ. સ. ના પાંચમા સૈકામાં ભારતવર્ષના પૂર્વના દ્વીપોમાં જઈને વસ્યા હતા. આ ખાલીવાળા બ્રહ્માંડપુરાણમાં ભવિષ્ય રાજવંશ પ્રકરણ નથી. તેમાં જનમેજયના પ્રપૌત્ર અધિસીમ કૃષ્ણ સુધીનાં નામ છે. આથી જણાય છે કે, પુરાણોમાં જે ભવિષ્ય રાજવંશ છે, તે પાછળથી ઉમેરાયેલ છે. બ્રહ્માંડપુરાણની જે જૂની પ્રતો મળે છે તેમાં નીચેના અર્થના શ્લોકો છે: તેનો પુત્ર જનમેજય અને સત્યવિક્રમ શતાનીક, પછી શતાનીકના પુત્રને બ્રાહ્મણોએ અભિષિક્ત કર્યો. શતાનીકને અશ્વમેધદત્ત નામનો એક વીર્યવાન પુત્ર ઉત્પન્ન થયો. અશ્વમેધદત્તનો પુત્ર પરપુરંજય ધર્માત્મા અધિસીમ કૃષ્ણ છે. તે જ મહારાજા આજકાલ પૃથ્વીનું શાસન કરે છે. તેમના

સમયમાં બાહ્યસ્રોતે પુષ્કરમાં ત્રણ વર્ષ અને હૃદ્રહતીને કિનારે કુરુક્ષેત્રમાં બે વર્ષ સુધી યજ્ઞ કર્યો હતો. આ ઉપરથી અનુમાન છે કે, તારકાસુરનું બાહ્યાંડપુરાણ અર્વાચીનમાં કૃષ્ણના વખતમાં બન્યું હતું. આ પ્રમાણે વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ વગેરેની પરીક્ષા કરતાં અનુમાન છે કે, આદિ વિષ્ણુપુરાણ પરીક્ષિતના વખતમાં અને આદિ મત્સ્યપુરાણ જનમેજયના પ્રપૌત્ર અધિસીમ કૃષ્ણના સમયમાં બન્યું હતું. એ વાત નક્કી છે કે, હાલ પુરાણો મૂળ રૂપમાં નથી મળતાં. ઘણાં પુરાણો તો અસલ પુરાણો ન મળવાથી ફરીથી નવાં રચાયાં અને કેટલાંકમાં ઘણી વાતો ઉમેરી દેવામાં આવી. બ્રહ્મજ્ઞ બધાં પુરાણ શૈવ, વૈષ્ણવ અને સૌરસંપ્રદાયમાંથી કોઈ ને કોઈ સંપ્રદાયનાં પોષક છે, એમાં પણ શંકા નથી. વિષ્ણુ, રુદ્ર, સૂર્ય વગેરેની ઉપાસના વૈદિક કાળથી ચાલી આવતી હતી, પણ ધીમે ધીમે કેટલાક લોકો બીજા દેવતાને પ્રધાનતા આપવા લાગ્યા. આ પ્રમાણે મહાભારત પછી સંપ્રદાયોનો સૂત્રપાત થયો. પુરાણસંહિતાઓ આ સમયમાં બની. આગળ ચાલતાં આદિ પુરાણ બન્યાં, જેનો થોડોઘણો અંશ આજકાલ મળતા કેટલાંક પુરાણોમાં છે. પુરાણોનો ઉદ્દેશ પુરાણી બાબતોનો સંગ્રહ કરવો, કેટલીક પ્રાચીન અને કેટલીક કલ્પિત કથાઓ વડે ઉપદેશ દેવો, દેવમહિમા તથા તીર્થમહિમા વડે લોકોમાં ધર્મબુદ્ધિ સ્થિર રાખવી એ હતો. આથી બ્યાસે બાર જાતિના એક પુરુષને પોતાની બનાવેલી આદિ પુરાણસંહિતા પ્રચાર કરવા માટે આપી. પુરાણોમાં વૈદિકકાળથી ચાલ્યા આવતા સૃષ્ટિ વગેરે સંબંધી વિચારો, પ્રાચીન રાજાઓ અને ઋષિઓનાં પરંપરાગત વૃત્તાંતો તથા કથા વાર્તાઓ વગેરેના સંગ્રહની સાથે સાથે કલ્પિત કથાઓની વિચિત્રતા તથા રોચક વર્ણનો દ્વારા સાંપ્રદાયિક કે સદાચરણ ઉપદેશ પણ મળે છે. પુરાણો શ્રુતિ સ્મૃતિ જેવા પ્રમાણગ્રંથો નથી. હિંદુઓનું અનુકરણ કરીને જૈનોમાં પણ ઘણાં પુરાણ બનેલાં છે. બૌદ્ધ ગ્રંથોમાં કયાંય પુરાણોનો ઉલ્લેખ નથી, પણ તિબેટ અને નેપાલના બૌદ્ધો નવ પુરાણ માને છે, જેને તેઓ નવધર્મ કહે છે: (૧) પ્રજ્ઞાપારમિતા, (૨) ગંડવ્યૂહ, (૩) સમાધિરાજ, (૪) લંકાવતાર, (૫) તથાગત ગુહ્યક, (૬) સદ્ધર્મ પુંડરીક, (૭) લલિતવિસ્તર એટલે બુદ્ધનું ચરિત્ર. (૮) સુવર્ણપ્રભા અને (૯) દશભૂમીશ્વર. સંસ્કૃત ભાષાના જૂના કોષકાર અમરસિંહ પુરાણ સબંધમાં નીચે પ્રમાણે જણાવ્યું છે: આ કૃતિઓમાં પાંચ વિશિષ્ટતાઓ છે: (૧) વિશ્વની ઉત્પત્તિ, (૨) તેનો નાશ અને પુનરુત્પત્તિ, (૩) દેવો અને ઋષિઓનો વંશ, (૪) મનુના અમલનો સમય મન્વંતર કહેવાયો, (૫) સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓનો ઇતિહાસ. કુલ અઢાર પુરાણ છે અને તેના પણ વિભાગ પડી શકે છે: (૧) સત્ત્વ અથવા શુદ્ધ પ્રકારનાં: વિષ્ણુપુરાણ, નારદીયપુરાણ, ભાગવતપુરાણ, ગરુડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ. (૨) જે પુરાણમાં તમસ એટલે અજ્ઞાનની ભાવના જણાતી હોય તેવાં: મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ, શિવપુરાણ, સ્કંદપુરાણ અને અગ્નિપુરાણ. (૩) જે પુરાણમાં રજસ અથવા વિષયવાસના આવતી હોય તેવાં: બ્રહ્મપુરાણ, બ્રહ્માંડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેયપુરાણ, ભવિષ્યપુરાણ અને વામનપુરાણ. બધાં એટલે અહારે પુરાણમાં કુલ કડીઓ આશરે ૪,૦૦,૦૦૦ છે. સ્કંદપુરાણ સૌથી મોટું છે અને તેમાં ૮૧,૦૦૦ કડીઓ છે. બ્રહ્મપુરાણ અને વામનપુરાણ સૌથી ટૂંકાં કોઈ તેમાં માત્ર ૧૦,૦૦૦ કડી કરતાં છે. આ ઉપરાંત ૧૮ ઉપપુરાણ છે: (૧) સનત્કુમાર, (૨) નરસિંહ, (૩) નારદીય અથવા બૃહન્નારદીય, (૪) શિવ, (૫) દુર્વાસા, (૬) કાપીલ, (૭) માનવ, (૮) ઔશનસ, (૯) વારુણ, (૧૦) કાલિકા, (૧૧) સાંબ, (૧૨) નંદિ, (૧૩) સૌર, (૧૪) પરાશર, (૧૫) આદિત્ય, (૧૬) માહેશ્વર, (૧૭) ભાગવત અને (૧૮) વાસિષ્ઠ. મત્સ્યની અપરાર્કવાળી અનુક્રમણિકા સામે શ્લોક સંખ્યા સાથે નીચે ઉતારી છે:

પુરાણનું નામ	શ્લોક સંખ્યા
(૧) બ્રહ્મપુરાણ	૧૦ હજાર
(૨) પદ્મપુરાણ	૫૫ હજાર
(૩) વિષ્ણુપુરાણ	૨૩ હજાર
(૪) વાયુપુરાણ	૨૪ હજાર
(૫) ભાગવતપુરાણ	૧૮ હજાર
(૬) નારદીયપુરાણ	૨૫ હજાર
(૭) માર્કંડેયપુરાણ	૯ હજાર
(૮) અગ્નિપુરાણ	૧૬ હજાર
(૯) ભવિષ્યપુરાણ	૧૪,૫૦૦
(૧૦) બ્રહ્મવૈવર્ત	૧૮ હજાર
(૧૧) લિંગપુરાણ	૧૧ હજાર
(૧૨) વરાહપુરાણ	૨૪ હજાર
(૧૩) સ્કંદપુરાણ	૮૧ હજાર
(૧૪) વામનપુરાણ	૧૦ હજાર
(૧૫) કૂર્મપુરાણ	૧૭ હજાર
(૧૬) મત્સ્યપુરાણ	૧૩ હજાર
(૧૭) ગરુડપુરાણ	૧૮ હજાર
(૧૮) બ્રહ્માંડપુરાણ	૧૨,૨૦૦

વાયુપુરાણોક્ત અનુક્રમણિકા નીચે પ્રમાણે છે:

પુરાણનું નામ	શ્લોક સંખ્યા
(૧) મત્સ્ય	૧૪ હજાર
(૨) ભવિષ્ય	૧૪ હજાર
(૩) માર્કંડેય	૯ હજાર
(૪) બ્રહ્મવૈવર્ત	૧૮ હજાર
(૫) બ્રહ્માંડ	૧૨,૧૦૦
(૬) ભાગવત	૧૮ હજાર
(૭) બ્રહ્મપુરાણ	૧૦ હજાર
(૮) વામન	૧૦ હજાર
(૯) આદિ	૧૦,૬૦૦
(૧૦) વાયુ	૨૪ હજાર
(૧૧) ગરુડ	૧૯ હજાર
(૧૨) પદ્મ	૫૫ હજાર
(૧૩) કૂર્મ	૧૭ હજાર
(૧૪) વરાહ	૨૪ હજાર
(૧૫) સ્કંદ	૮૧ હજાર

કરેક પુરાણમાં અહારે પુરાણનાં નામ અને તેના શ્લોકોની સંખ્યા છે. નામ અને શ્લોક સંખ્યા બધામાં મળતાં આવે છે. કોઈ કોઈ કેકાણે તફાવત છે. જેમકે, કૂર્મપુરાણમાં અગ્નિને કેકાણે વાયુપુરાણ, માર્કંડેયપુરાણમાં લિંગપુરાણને કેકાણે વૃસિંહપુરાણ, કેવી ભાગવતમાં શિવપુરાણને કેકાણે નારદપુરાણ અને મત્સ્યમાં વાયુપુરાણ છે. ભાગવતના નામથી આજકાલ બે પુરાણ મળે છે: (૧) શ્રીમદ્ભાગવત અને (૨) કેવી ભાગવત. આમાં ખરી રીતે કયું પુરાણ છે તે બાબતમાં તકરાર છે. એ સબબમાં બાસે રચ્યાં છે. પુરાણો સૃષ્ટિના રચાયી ઇતિહાસો મનાય છે.

૧૦. ગ. જોતેર માંહેની એ નામની એક કળા.

૧૧. ન. જાંખી વાર્તા.

૧૨. ન. જાણું અને કેટાળો ઉત્પન્ન કરે એવું ટાયલું: વારંવાર જે ચર્ચા થઈ ગયેલી હોય તેની પીંજણ.

પુરાણ કાઢવું–માંડવું = (૧) આખ્યાન કરવું; સભારવું. (૨) એકની એક વાત ફીકા કરવા.

(૩) કટાળા ભરેલી લાબી વાત શરૂ કરવી.

૧૩. ન. વેદનાં ચાર માંહેનું એક અંગ. વેદનાં ચાર અંગ નીચે પ્રમાણે છે: પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર.

૧૪. વિ. પૂર્વકાળથી હોવા છતાં આ સમયે નવીન જેવું આત્મા માટે વપરાય છે.

૧૫. વિ. પૂર્વે હોનાર કે બનાર.

૧૬. વિ. પ્રાચીન; જૂનું; અગાઉનું

૧૭. વિ. વૃદ્ધિ રહિત.

૧૮. વિ. સનાતન; સૃષ્ટિ કરતાં યે જૂનું.

પુરાણક ન. અલ્પ પુરાણ.

પુરાણકથા [સં.] સ્ત્રી. જૂની વાત.

પુરાણકલા [સં.] સ્ત્રી. ભોતેર બહેની એ નામની એક કલા.

પુરાણકાર [સં.] પું. પુરાણ રચનાર માણસ; પુરાણ બનાવનાર ઋષિ.

પુરાણકાલ ૧. [સં.] પું. જૂનો વખત.
૨. પું. પુરાણ લખ્યાનાં તે સમય.

પુરાણકાલીન [સં.] વિ. પુરાતન કાળનું; પુરાણ સમયનું; પ્રાચીન.

પુરાણકાળ જુઓ પુરાણકાલ.

પુરાણગ ૧. [સં.] પું પરમાત્મા.
૨. પું ગાય
૩. પું. બકરો.
૪. [સં. પુરાણ + ગ (જાવું)] વિ. પુરાણ ભણેનાર; પુરાણશાસ્ત્ર જાનાર; પુરાણની કથા કરનાર; પુરાણી.

પુરાણગોકુલ જ. જ્ઞા.

પુરાણન્ન પું. મેથી; મિસ્સી.
કાશ્યપ સંહિતામાં વિધિત, સુશ્રુત સંહિતામાં પુરાણન્ન, મન સંહિતામાં વસ્ત્રક અને અંગ્રેજીમાં મેથી કહે છે. વિશ્વનાથ

પુરાણતમ [સં.] વિ જૂનામાં જૂનું.

પુરાણત્વ જ. પુરાણપણું.

પુરાણપક્ષ [સં.] પું. જૂનો પક્ષ.

પુરાણપઠન [સં.] જ. પુરાણનું વાચન.

પુરાણપણું જ. પુરાણ હોવાપણું; પુરાણત્વ.

પુરાણપનસ [સં.] પું. જૂનો માલ.

પુરાણપંખી [સં. પુરાણ + પક્ષિન્ (પંખી)] જ. એક જાતનું પક્ષી.

પુરાણપંથી વિ. જૂના મતને અનુસરનાર; પ્રાચીન મતાવલંબી.
આપણા દેશના **પુરાણપંથીઓ** માને છે કે ભૂત બેટર્યું બધું જ સારું છે. વિજયરાય મગનલાલ

પુરાણપુનિત [સં.] વિ. જૂના વખતથી પવિત્ર મનાતું.
આપણી આર્યપ્રજાને ભરાના મેળા કરવાનો ઉત્સવ તે **પુરાણપુનિત** સ્રોત છે. કનૈયાલાલ મુનશી

પુરાણપુરુષ ૧. [સં.] પું. આદિ પુરુષ.
૨. પું. આત્મા; પરમાત્મા.
૩. પું. વિષ્ણુ ભગવાન.
૪. પું. વૃદ્ધ પુરુષ
૫ પું. પિતા.

પુરાણપ્રસિદ્ધ [સં.] વિ. પુરાણમાં પ્રસિદ્ધ.

પુરાણપ્રિય [સં.] વિ. જૂનાને પસંદ કરનાર; જૂના વિચારનું; પુરાતની વાતો જેને પ્રિય હોય એવું.

પુરાણપ્રિયતા ૧. [સં.] સ્ત્રી. પુરાણની વાતો પ્રિય હોવાપણું
૨. સ્ત્રી. પુરાણમાં શ્રદ્ધા; રૂઢિપ્રિયતા.
૩. સ્ત્રી. રૂઢિયુક્તપણું, સ્રોમ્રૂર્વેટિઝમ.'

પુરાણમતવાદી [સં. પુરાણમતવાદિન્] પું. પુરાણપંથી; જુનવાણી; જૂના મતને વળગી રહેનાર માણસ; જૂના વિચારમાં માનનાર વ્યક્તિ; 'ઓર્થોડોક્સ'.
ઓર્થોડોક્સ ને રિફોર્મર બહુ સ. કેળકર એક લેખમાં **પુરાણમતવાદી** ને સુધારામતવાદી વાપરે છે. આમાંનો આદ્ય કરીને પહેલો, જૂના વિચારવાળા આપણા સુધારુસા શબ્દો કરતાં વધુ સંસ્કારયુક્ત છે, સરળ પણ છે; તેને અપનાવવો જોઈએ. વિજયરાય

પુરાણમૂલક [સં.] વિ. જૂનું; પુરાણમાં જેનું મૂળ હોય એવું
એ સાહિત્ય કેવળ **પુરાણમૂલક** છે. શ્રી. સા. પરિષદ

પુરાણવસ્તુ [સં] સ્ત્રી. પ્રાચીન અવશેષ.

પુરાણવસ્તુજ્ઞ ૧. [સં. પુરાણવસ્તુ + જ્ઞા (જાણવું)] પું. પુરાણવસ્તુવેત્તા; પ્રાચીન અવશેષોના રાઝનો અભ્યાસી પુરુષ; પુરાવિદ.
૨. વિ. પ્રાચીન અવશેષો સંબંધી જેણે અભ્યાસ કર્યો હોય એવું.

પુરાણવસ્તુવેત્તા [સં. પુરાણવસ્તુવેત્તૃ] પું. પુરાણવસ્તુમાં નિષ્ણાત માણસ; પુરાણવસ્તુશાસ્ત્રી; પુરાવિદ.

પુરાણવસ્તુશાસ્ત્ર [સં.] જ. પુરાણવસ્તુઓનો અભ્યાસ કરવા સંબંધી વિદ્યા; પ્રાચીનવસ્તુશોધ; જૂના અવશેષોનો અભ્યાસ કરવા વિષેનું શાસ્ત્ર; જૂના વખતની વસ્તુઓ સંબંધી વિદ્યા; 'આર્કિઓલૉજિ'.

પુરાણવસ્તુશાસ્ત્રી [સં. પુરાણવસ્તુશાસ્ત્રિન્] પું પુરાણવસ્તુજ્ઞ; પુરાણવસ્તુ શાસ્ત્રમાં નિષ્ણાત હોય એવો પુરુષ; પુરાવિદ.
સર્વ **પુરાણવસ્તુશાસ્ત્રીઓએ** મોર્યકાળની પહેલાની માનેલી જનસંખ્યા બેઠકને કર્યુંસન સાહેબે મૂળે આસામિયાના અંતરવાળા અને બિર્સ નગરની નકલ તરીકે ગણી છે. અરવિંદ મજમુદાર

પુરાણવસ્તુસંશોધક [સં.] વિ. પ્રાચીન શોધખોળ કરનાર.

પુરાણવસ્તુસંશોધના [સં.] જ પ્રાચીન વસ્તુની શોધખોળ.

પુરાણવસ્તુસંશોધન ખાતું જ. પુરાવિદ ખાતું
આ સિલસિલો બાર વરસ પહેલાં ઉજ્જૈનમાં ખાલીજર સાહેબ **પુરાણવસ્તુસંશોધન** ખાતાના મુખ્યાધિકારી થઈ સાહેબને પ્રાપ્ત થયો હતો. પુરાતત્ત્વ

પુરાણવાદ [સં.] પું. પુરાણમાં માનવાનો સિદ્ધાંત.

પુરાણવાદી [સં. પુરાણવાદિન્] વિ. પુરાણમાં માનનાર.

પુરાણવાર્તા ૧. સ્ત્રી. જોડી કાઢેલી વાર્તા; કલ્પિત કથા; 'ફેબલ'.
૨. [સં.] સ્ત્રી. પુરાણની કથા; 'મિથ'.

પુરાણવિચારવાદી [સં. પુરાણવિચારવાદિન્] વિ. સ્થિતિચુસ્ત; જૂના વિચારનું; રૂઢિચુસ્ત; 'કોન્ઝર્વેટિવ'.

પુરાણવિદ્યા [સં.] સ્ત્રી. અઢાર બહેની એ નામની એક વિદ્યા.

પુરાણવિવેચક [સં.] વિ. પુરાણી બાબતોનો ઊંડો અભ્યાસક.

પુરાણવૈશ્વામિત્ર [સં.] પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૬૦મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પુરાણશાસ્ત્ર [સં.] જ, કંતકથાશાસ્ત્ર; 'માયથોલૉજિ'.

પુરાણસિદ્ધ [સં.] વિ. પુરાણમાં સિદ્ધ થયેલ.

પુરાણસિન્ધિ ૧. [સં. પુરાણ (જૂનું) + અર્ણવ (સમુદ્ર)] પું. જૂનો સમુદ્ર.
૨. પું. પુરાણરૂપી મહાસાગર; પુરાણમહોદધિ.

પુરાણાધ્યેયવર્તક [સં.] પું. પુરુષોત્તમના હજાર માંહેનું એક નામ.

પુરાણાંત ૧. [સં.] પું. પુરાણનો અંત.
૨. પું. યમ; દહનો નાશ કરનાર જમ.

પુરાણાંતર્ગત [સં.] વિ. પુરાણમાં આવેલું.

પુરાણિક ૧. વિ. પુરાણનું; પુરાણને લગતું; પુરાણ સંબંધી.
૨. વિ. પુરાણી; પુરાણ વાંચનાર.

પુરાણિકયુગ પું. પુરાણનો સમય.
મહાભારત અને રામાયણમાંથી રસસંગ્રહ કરી કાવ્યરસનો સ્વાદ કરાવનાર કવિઓ ઈ. સ. ૧૦૦ થી ૧૦૦૦ સુધીમાં અને તે પછી ચોડી ઘણી સંખ્યામાં એ પ્રમાણે અસ્તિત્વમાં આવ્યા. આ યુગનું નામ મિ. રમેશચંદ્ર દત્ત સાહેબે **પુરાણિકયુગ** રાખેલું છે. શ્રી. સા. પરિષદ

પુરાણી ૧. પું. ગૌતમ ઋષિનો દીકરો શતાનંદ.
૨. પું પુરાણ રચનાર વ્યક્તિ.
૩. પું. પુરાણની કથાઓ વાંચી સંભળાવનાર માણસ; આપણા વખતનો ઇતિહાસ અને વ્યવહાર જાણનાર તથા સમજાવનાર પુરુષ; સુતપુરાણી. આગળ જાહોજલાલી નહિ પણ ભાટ લોકો જાહોજલાલીનો ખપ કરતા, તે પછી વહીવંચા પુરાણીનું કામ કરતા. વહીવંચાના ચોપડાઓમાં પુરાણને બંધબેસતી કથાઓ, વ્યવહાર અને વંશાવળ વગેરે લખાતું.

૪. સ્ત્રી. અપેનાર નામના હેવની બે માંહેની એ નામની એક દેવી.
૫. સ્ત્રી. એ નામની એક અટક.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭ વિ. અનુભવી.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. પુરાણ જાણનાર; પુરાણકથા વાંચીને યજમાન બતાવનાર; પુરાણ આદિ શાસ્ત્રમાં નિપુણ. ખાસ કરીને બ્રાહ્મણ માટે વપરાય છે.
૧૦. વિ સ્ત્રી. જૂની; અગાઉની.
૧૧. વિ સ્ત્રી. વખત જવાને લીધે નકામી થઈ ગયેલી; ઘસાઈ ગયેલી.

પુરાણી કથા સ્ત્રી. જૂની વાત.

પુરાણી દુનિયા સ્ત્રી. જૂની દુનિયા. ચરપ, ગ્રેશિઅ, આદિક અને ગ્રેશિયાનીઅ જૂની દુનિયામાં છે.

પુરાણી દેવી ૧. સ્ત્રી. આદ્યશક્તિ.
૨. સ્ત્રી. જૂની દેવી.

પુરાણીપણું ૧. ન. અનુભવીપણું.
૨. ન. જૂનું કે અગાઉનું હોવાપણું.
૩. ન. પુરાણ જાણનારપણું
૪. ન. પુરાણીવેડા.
૫. ન. વખત જવાને લીધે નકામું થઈ ગયેલ હોવાપણું.

પુરાણું ૧. [સં. પુરાણ (જૂનું)] વિ. અગાઉ હોય પણ હવે ન હોય એવું; અતીત; પ્રાચીન; અગાઉનું; આગલું; અસલનું; પહેલાંનું.
૨. વિ. અનુભવી; ઘણા જમાના જોયા હોય એવું; ઘણા અનુભવવાળું; પરિપક્વ.
૩. વિ. જૂની રીતનું; જૂનું; અસલનું; આગલું.
૪. વિ. લાંબા વખતનું હોવાથી સારી દશામાં ન હોય એવું; જીર્ણ; વખત જવાને લીધે નકામું થઈ ગયેલ; ઘસાઈ ગયેલ; સડી ગયેલ; ખૂબ વપરાયેલ.

પુરાણોક્ત [સં.] વિ. પુરાણમાં કહેલું.

પુરાત ૧. [સં. પુરાતન] વિ. પુરાતન; પહેલાંનું; જૂનું.
૨. સ્ત્રી. પુરાંત; સિલક; ખર્ચ જતાં બાકી વધેલ રકમ

પુરાતત્ત્વ [સં. પુરા (પહેલાં) + તત્ત્વ (સાર)] ન. પ્રાચીન કાળ સંબંધી વિદ્યા; પ્રાચીન અવશેષો સંબંધી શાસ્ત્ર; પુરાતનશાસ્ત્ર; સંશોધન; માનવ સમાજના પ્રારંભથી માંડી ઉતરી પેઢી સુધીના ભૂતકાળનું સત્ય દર્શન કરાવનાર શાસ્ત્ર.

પુરાતત્ત્વ ખાતું ન. જૂના વખતની શોધખોળ કે સંશોધન કરવાનું ખાતું; જુનવાણી વસ્તુઓ શોધવા તથા સાચવવાનું ખાતું.

પુરાતત્ત્વજ્ઞ ૧. [સ.] વિ. જૂનાં તત્ત્વોને જાણનાર.
૨. વિ. પુરાતત્ત્વ જાણનાર; શોધખોળમાં નિપુણ; પ્રાચીન તત્ત્વવિદ્યાનો જાણનાર; પ્રાચીન વિદ્યાનો વિદ્વાન.
૩. વિ. સંશોધન કરનાર; શોધખોળ કરનાર.

પુરાતત્ત્વમંદિર [સં.] ન. નવીન શોધખોળ કરવાને માટે બાંધવામાં આવેલું મંદિર.

પુરાતત્ત્વવિદ [સં. પુરાતત્ત્વવિદ્] પું. પ્રાચીન તત્ત્વવિદ્યાનો જાણકાર માણસ; પ્રાચીન વિદ્યાનો વિદ્વાન; પુરાતન કાળને જાણનાર માણસ; જૂના ઇતિહાસથી જાણીતો માણસ.

પુરાતત્ત્વવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાચીન વસ્તુશોધનની વિદ્યા; પુરાતત્ત્વશાસ્ત્ર; પ્રાચીન તત્ત્વજ્ઞાન; પ્રાચીન અવશેષો સંબંધી શાસ્ત્ર; પુરાણવસ્તુશાસ્ત્ર

પુરાતત્ત્વવિશારદ ૧. [સં.] પું. એ નામની એક વિદ્યોપાધિ.
૨. પું. પુરાતત્ત્વશાસ્ત્રમાં નિષ્ણાત માણસ.

પુરાતત્ત્વવેત્તા [સં. પુરાતત્ત્વવેત્તૃ] પું. જૂની શોધખોળ કરનાર માણસ; પુરાણવસ્તુશાસ્ત્રી; પુરાણવસ્તુવિદ; પુરાતત્ત્વ પરત્વે નિષ્ણાત મનુષ્ય; પુરાતત્ત્વ જાણનાર.

પુરાતત્ત્વશાસ્ત્ર [સં.] ન. શોધખોળના વિષયને લગતું શાસ્ત્ર.

પુરાતત્ત્વસંશોધક [સં.] વિ. અસલી જમાનાની પ્રખ્યાત વસ્તુઓ વિશેની માહિતી મેળવનાર.

પુરાતત્ત્વસંશોધન [સં.] ન. જુનવાણી ચીજો માટે શોધખોળ ચલાવવી તે.

પુરાતન ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. શિવના હજાર માંહેનું એક નામ.
૩. ન. જૂની વાત.
૪. [સં. પુરા (પહેલાં) + તન (વિશેષણ બતાવનાર પ્રત્યય)] વિ. અસલનું; પ્રાચીન; જૂનું; પૂર્વેનું; પૂર્વે હોનાર કે બનનાર; અગાઉનું; આગલા વખતનું; પુરાણું; પહેલાંનું; ઘણું જૂનું.
> જે સનાતન સિદ્ધાંત શાશ્વત છે પુરાતન.
> નવા વેશ મહીં તેનો પ્રયોગ કરીએ છીએ.
> ગાંધીગીતા

પુરાતનપુર [સં] ન. ત્રિપુરનગર; જૂનાગઢનું પ્રાચીન નામ આ શહેરને આદિકાળમાં મણિપુરક રત્નવિકાળમાં ચંદ્રકેતુપુર, પછી રૈવતનગર અને કનિષ્કમાં પુરાતનપુર પણ કહેતા હતા.

પુરાતનપુરુષ [સં.] પું. પરમાત્મા.

પુરાતનપ્રેમી [સં. પુરાતન (જૂનું) + પ્રેમન્ (પ્રેમ)] વિ. અનુદાર; રૂઢિચુસ્ત; પરિવર્તનવિરોધી, 'કૉન્ઝર્વેટિવ'.

પુરાતનમતવાદી [સં. પુરાતનમતવાદિન્] પું. અપરિવર્તનવાદી; નવવિદ્વેષી; 'કૉન્ઝર્વેટિવ'.

પુરાતનવસ્તુસંશોધક [સં.] પું. પુરાતત્ત્વવિદ.

પુરાતનશાસ્ત્ર [સં.] ન. પુરાતત્ત્વ; પ્રાચીન વસ્તુવિદ્યા.

પુરાતનિક વિ. જૂનું.

પુરાતની વિ. અસલનું; પ્રાચીન.

પુરાતનીય વિ. જૂનું; અસલનું.

પુરાતલ [સં.] ન સાત માંહેનું એક પાતાળ; તલાતલ.

પુરાતાર સ્ત્રી. (કચ્છી) કાયમ ઊંચા કરેલો માણસ કુસ્તી જેવડું ઊંચું હોય તેમ.

પુરાધિપ ૧. [સં.] પું. જીવાત્મા.
૨. પું. નગરનો સ્વામી.

પુરાધ્યક્ષ ૧. [સં.] પું. જીવાત્મા.
૨. પું. નગરનો સ્વામી.
૩. પું. નગરાધીશ; 'મેજિસ્ટ્રેટ'.

પુરાના ૧. [હિં] વિ. અનુભવી.
૨. વિ. અસલનું; પુરાતન; જૂનું.

પુરાની ૧. વિ. સ્ત્રી. અનુભવી.
૨. વિ. સ્ત્રી. અસલની; પુરાતન; જૂની.
પુરાની ખોપરી = જમાનાનો ખાધેલ; જૂનો જોગી.

પુરાની વાઢિયા પું. (વૈદ્ય) જીર્ણ આમવાત.

પુરાનું ૧. વિ. અગાઉનું.
૨. વિ. અનુભવી; પરિપક્વ.
૩. વિ. જૂની રીતનું; જે અત્યારે ન ચાલે તેવું; જૂનું.
૪. વિ. જેનું ચલન ન હોય એવું.
૫. વિ. પ્રાચીન; પુરાતન; બહુ પૂર્વકાળવ્યાપી.
૬ વિ. વખત જવાને લીધે નકામું થઈ ગયેલ; ઘસાઈ ગયેલ; જીર્ણ

પુરાપાષાણયુગ [સં] પું. પાષાણયુગની પહેલાંનો યુગ.

પુરાપુર અ. જરૂરી કે બિનજરૂરી પૂર્યા કરવું તેમ; વખતોવખત પૂરવું તેમ.

પુરાપુરત્વ વિ. અસલનું.

પુરાયોનિ [સં.] પું. શિવ; મહાદેવ; ત્રિપુરારિ.

પુરારાતિ [સં] પું. શિવ.

પુરારિ [સં. પુર (એક અસુર) + અરિ (શત્રુ)] પું. શિવ; મહાદેવ; ત્રિપુરારિ.

પુરાર્ધવિસ્તર ૧. [સં.] પું. એક જાતનું કઠિયાર.

૨. પું. વડ; શાખાનગર.

પુરાર્ધવિસ્તાર જુઓ પુરાર્ધવિસ્તર.

પુરાર્પિત [સં પુરા (પહેલાં) + અર્પિત (આપેલું)] વિ. પહેલાં આપેલું.

પુરાલય [સં. પુર (નગર) + આલય (ઠેકાણું)] ન. નગરભવન; નગરમંદિર; શહેરનાં લોકોને એકઠાં મળી ચર્ચા કરવાની જગ્યા; 'ટાઉનહૉલ'.

પુરાલી પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. તે સાકરી છંદનો એક ભેદ છે. તેને નગર-લિકા છંદ પણ કહે છે. તેમાં નગણ, તગણ, ભગણ, યગણ અને લઘુ તથા ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.

ન ત ભ યા લા ગયી કવિ ! પુરાલી કહે.

ન્યૂપિંગળ

પુરાવતી [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

પુરાવનમન ન. મકાંસણના શરીર ફાગનું આગલી બાજુ નમી જવાપણું

પુરાણવું ૧. સ. ક્રિ. કેદમાં નખાવવું.

૨. સ. ક્રિ. પુરાણ એમ કરવું; પૂરવાની ક્રિયા કરાવવી; પૂરવાનું કહેવું.

૩. સ. ક્રિ. બંધ કરાવવું; ભરાવવું.

પુરાવસુ [સં.] પું ભીષ્મ.

પુરાવસ્તુ [સં.] સ્ત્રી. જૂની ચીજ.

પુરાવસ્તુશાસ્ત્ર [સં.] ન. પ્રાચીન વિદ્યાશાસ્ત્ર.

પુરાવિદ ૧. [સં. પુરા + વિદ (જાણવું)] પું. પુરાતત્ત્વવેત્તા; પુરાણ વસ્તુશાસ્ત્રો; અસલના વખતની શોધખોળમાં ભાગ લેનાર; પુરાતત્ત્વનો શોધક; પૂર્વનો ઇતિહાસ વગેરે જાણનાર માણસ.

૨. વિ. જૂની વસ્તુનું જ્ઞાન ધરાવનાર; પુરાણ સંબંધી જાણનાર.

૩. વિ ભૂતકાળ જાણનાર; પૂર્વની હકીકત કે ઇતિહાસથી માહિતગાર.

પુરાવિદ્યા [સં] સ્ત્રી. પ્રાચીન વસ્તુવિદ્યા; જૂની વસ્તુઓ સંબંધી વિદ્યા

પુરાવું ૧. અ ક્રિ. અછત કે ખામી જવી.

૨. સ. ક્રિ. અટકાયત થાય તેમ થવું; કેદ થવું; કેદમાં નખાવું.

૩. સ. ક્રિ પૂરવાની ક્રિયા થવી; ભરાવું; મરપું થવું; ખાડા દૂળી સપાટી દેખાવ તેવું થવું.

પુરાવૃત્ત ૧. [સં. પુરા (પહેલાંનું) + વૃત્ત (વર્ણન)] ન. અગાઉનું વૃત્તાંત; ઇતિહાસ.

૨. ન. જૂની વાત.

૩. ન. પૂર્વકાળની બીના.

૪. વિ. જૂનું; અગાઉનું; પુરાણું.

પુરાવૃત્તવિદ [સં. પુરાવૃત્તવિદ] પું. પ્રાચીન ઇતિહાસ જાણનાર વિદ્વાન.

પુરાવેત્તા જુઓ પુરાવૃત્તવિદ.

પુરાવો ૧. પું. દાખલો; બાતરી થાય એવું કથન.

૨. [સં. પૂર્ (ભરવું)] પું. પ્રમાણ; સાબિતી; તકરારને દાખલા દલીલથી ખરી કરી દેખાડવી તે.

૧. અસલ પુરાવો = કોર્ટે તપાસે તે સારૂ હાજર કરેલ મૂળ દસ્તાવેજ.

૨. પુરાવાનો બોજો = ન્યાયપ્રસિદ્ધ મત સ્થાપનની એક રીત. પુરાવાનો બોજો અમુક પક્ષકારના ઉપર નાખવો એનો અર્થ એવો છે કે, જો તે પક્ષકાર પોતાનો મત સ્થાપિત કરે નહિ તો પ્રતિપક્ષીનો મત વગર સ્થાપનાએ સાચો ઠરે. વળી બીજી દૃષ્ટિએ પુરાવાનો બોજો પ્રારંભનો હક્ક પણ જણાવે, કારણ કે પ્રારંભ કરનારને ઉપરે બોલી સભ્યોના મન ઉપર ઉપરની અસર કરવાની તક મળે છે.

૩. પુરાવો આપવો-દેવો-રજૂ કરવો = પુરાવો પેશ કરવો; સાક્ષી આપવી; સાબિતી રજૂ કરવી.

૪. પુરાવો ઊભો કરવો = પુરાવો ન હોય તે ઉપજાવી કાઢવો.

૩. પું. સાક્ષી; ગવાહી; જુબાની.

૧. પુરાવો લેવો = જુબાની લેવી; સાક્ષીની તપાસ કરવી.

૨. મોઢાનો પુરાવો = મૌખિક પુરાવો; મોઢાની જુબાની.

પુરાસર [સં] વિ. આગળ ચાલનાર

પુરાસાહ ૧. [સં.] પું. ઇંદ્ર.

૨. વિ. શત્રુનાં નગરો તોડનાર.

પુરાસિની [સં.] સ્ત્રી. મહાદેવીનો વેશો.

પુરાસુહૃદ [સં. પુર (એક અસુર) + અસુહૃદ (શત્રુ)] પું. શિવ; મહાદેવ.

પુરાંત ૧. સ્ત્રી. પર્યંત; બાકી રહેલ સિલક; વધારો; શેષ.

૨. વિ. બાકી રહેલું; શેષ રહેલું.

પુરાંતક [સં.] પું. શિવ.

પુરાંતકારી [સં. પુરાંતકારિન્] પું. શિવ.

પુરિ ૧. [સં.] પું. દેહ; શરીર.

૨. સ્ત્રી. નગર.

૩. સ્ત્રી. નદી.

૪. સ્ત્રી. રાજા.

૫. સ્ત્રી. શહેર.

૬. સ્ત્રી સંન્યાસીની એક ઉપાધિ.

પુરિજન [સં.] ન. નગરીના લોકો; નાગરિકો.

પુરિત [સં.] વિ. ભરેલું.

પુરિમતાલ ન. (જૈન) એ નામનું એક શહેર. તેની બહાર ઋષભદેવ ભગવાનને કેવલજ્ઞાન થયું હતું.

પુરિયા [હિં.] સ્ત્રી. પદીકું.

પુરિશ [સં.] પું. જીવ.

પુરિશય [સં.] પું. શરીરની અંદર રહેલો આત્મા.

પુરિષ જુઓ પુરીષ.

પુરિષાધાન [સં. પુરીષ (મળ) + આધાન (ધારણ કરવું તે)] ન. મળાશય.

પુરિસ [પ્રા.] પું. પુરુષ.

પુરિસાદાંત વિ. પ્રતાપી.

પુરી ૧. પું. રાજા.

૨. પું વૈષ્ણવમતનો એ નામનો એક વિભાગ; એ નામના સાધુઓનો એક પંથ.

૩. પું. સંન્યાસીની એક ઉપાધિ; એ નામે દશનામી સંન્યાસી.

૪. સ્ત્રી. જગન્નાથપુરી; પુરુષોત્તમધામ.

૫. [સં.] સ્ત્રી. નગરી; શહેર.

૬. સ્ત્રી. નદી.

૭. સ્ત્રી. શરીર; દેહ.

૮. સ્ત્રી. કોરડીની એક જાત. તે સાવ પીળા કે સાવ લીલા રંગની હોય છે અને બરદાનમાં આવે છે.

૯ [ફા.] સ્ત્રી. સંપૂર્ણતા.

આનાપુરી = આનાં પૂરવાં તે.

૧૦. વ. યોગ્ય.

પુરીખ પું. મળ; પુરીષ

અન્ન જન્મ રહે પુરીખ ખાઈ. પ્રેમાનંદ

પુરીખાઈ સ્ત્રી. એક ઓકવિ. તે ઈ. સ. ૧૮૫૦માં થઈ ગયેલ છે.

પુરીબાઈનું સીતામંગળ પ્રસિદ્ધ છે અને તેના કેટલાક ભાગ લગ્નપ્રસંગે ગવાય છે.

શ્રુ. સા. પરિષદ

પુરીભોજ [સં] પું ધતૂરો

પુરીષ ૧. ન. અંધકાર

૨. ન. કચરો; મેલ.

૩. ન. જાણ.
૪. ન. ગ્રહો; વિષ્ણુ; નરક; મળ.
૫. ન. પાપ; પક્ષ.
કોઈ વાત પુરીષ મૂત્રમયનાં ખોટાં બધાં જાણ્યાં. કેતકવિ

૬. ન. પથ્થી.
૭. ન. માટી.
૮. ન. ઘાટ.

પુરીષક્રિયા [સં.] સ્ત્રી. પાયખાને જવું તે.

પુરીષજ [સં.] પું. વિષ્ણુ.

પુરીષસ્થાન [સં.] ન. જ્યાં વિષ્ટા રહે છે તે સ્થાન; મળાશય.

પુરીષમ [સં.] પું. ઘાટ.

પુરીષસ્થાન [સં.] ન. પાયખાનું; સંડાસ.

પુરીષાધાન [સં.] ન. મળાશય

પુરીષિ [સં.] પું. એ નામનો મંત્ર. તે વશિષ્ઠે ઉશિજ પુત્રથી ઉત્પન્ન કર્યો હતો.

પુરીષી ૧. પું. જલસ્વામી
૨. વિ. પાણીવાળું.
૩. [સં. પુરીષિન્] વિ. મળયુક્ત.

પુરીષોત્સર્ગ [સં.] પું. વિષ્ટાનો ત્યાગ કરવો તે; હગવું તે.

પુરીષોદ્ભવ ન. અંત્યપુટ; જમણા વંશપ્રોત્તરિકમાં રહેલો મોટા આંતરડાનો ચાળી જેવા આકારનો ભાગ; ' સીકમ. '

પુરીષ્ય ૧. [સં.] પું. (પુરાણ) વિધાતા નામના આદિત્યને દિશા નામની સ્ત્રીથી થયેલ એ નામના અગ્નિઓ માંહેનો ૬ઠ્ઠો.
૨. વિ. વિષ્ટાના હિતનું; ગોબરને હાનકારક.

પુરુ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના અજમીઢને નલ્વલાને પેટે થયેલો એ નામનો એક પુત્ર. કોઈ કોઈ સ્થળે એનું પુરુષ એવું નામ મળી આવે છે.
૨. પું. ઋગ્વેદમાં દર્શાવેલ આર્ય જાતિના પાંચ માંહેનો એ નામનો એક વિભાગ. ઋગ્વેદમાં આર્ય જાતિ પાંચ વિભાગમાં વહેંચાયેલી દર્શાવેલ છે: (૧) પુરુ, (૨) ત્રિત્સુ, (૩) અનુ, (૪) યદુ અને (૫) તુર્વસુ. પુરુવંશી રાજા પંચાલના ઉત્તર ભાગના શાસક હતા. પાછળથી એ પુરુવંશી તથા ભરતવંશી પણ કહેવાતા.
૩. પું. એ નામનો એક દૈત્ય
૪. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.
૫. પું. (પુરાણ) એ નામનો એક પર્વત; કામ્યક વનની ઉત્તરે પુરુરવાનું જન્મસ્થાન એક પર્વત.
૬. પું. (પુરાણ) એ નામનો ચંદ્રવંશી ક્ષત્રી [illegible]
૭. પું. દેવતો.
૮. પું. (પુરાણ) નહુષના પુત્ર યયાતિ રાજાનો એ નામનો એક પુત્ર. પુરાણોમાં યયાતિને ચંદ્રવંશના મૂળપુરુષોમાં બતાવેલ છે. યયાતિને બે રાણીઓ હતી: એક શુક્રાચાર્યની પુત્રી દેવયાની અને બીજી વૃષપર્વા. દેવયાનીથી યદુ અને તુર્વસુ તથા શર્મિષ્ઠાથી દ્રુહ્ય, અનુ અને પુરુ થયા. આ નામો ઋગ્વેદમાં છે. પુરુ સૌથી મોટો વિજયી અને પરાક્રમી હોવાની વાર્તા પણ ઋગ્વેદમાં છે. મહાભારત અને પુરાણોમાં પુરુ સંબંધમાં બતાવેલ છે કે શુક્રાચાર્યના શાપથી જ્યારે યયાતિ વૃદ્ધ બની ગયો, ત્યારે તેણે પોતાના બધા પુત્રોને બોલાવી પોતાનું ઘડપણ આપવા માંગ્યું, પણ પુરુ સિવાય કોઈ પોતાની જુવાની આપી ઘડપણ લેવા સંમત થયું નહિ પુરુ પાસેથી યૌવન મેળવી યયાતિએ હજારો વરસ સુધી સુખ ભોગવ્યું. અંતમાં પોતાના પુત્ર પુરુને રાજ્ય આપી તે વનમાં ચાલ્યો ગયો. પુરુના વંશમાં દુષ્યંતનો પુત્ર ભરત થયો. ભરત પછી ૩૯મી પેઢીએ કુરુ થયો, જેના નામથી કૌરવવંશ કહેવાયો.
૯. પું. પરાગ; રજ.
૧૦. પું. પંચજનનો એ નામનો એક રાજા; પોરસ. તે ઈ.સ. પૂર્વે ૩૨૭માં સિકંદર સામે લડ્યો હતો.
૧૧. પું. યુધિષ્ઠિરનો સભાસદ એક રાજા
૧૨. પું (પુરાણ) વસુદેવને રાજદેવાને પેટે થયેલા આઠ માંહેનો એ નામનો મોટો પુત્ર.
૧૩. પું. ઘરીગ.
૧૪ સ્ત્રી સરસ્વતીના વામન ભૂજામાં આવેલ એ નામની એક નદી.
૧૫. ન. એ નામનું એક અસુર કુળ.
૧૬. વિ. ઘણું; પુષ્કળ.

પુરુઆત્રેય પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પુરુકુત્સ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન માંધાતા રાજાને બિંદુમતીને પેટે જન્મેલ ત્રણ માંહેનો એ નામનો મોટો પુત્ર. તે મુચુકુંદ અને ધર્મસેન અથવા અંબરીષનો ભાઈ થાય. તે શૂરવીર હતો. તેનું રાજ્ય નર્મદા નદીની આસપાસના પ્રદેશ ઉપર હતું. એક વખતે તેણે નાગોને સતાવ કરી હતી, તેથી તેમણે તેઓની નહેન નર્મદા તેની સાથે પરણાવી હતી. તેણીથી તેને ત્રસદસ્યુ નામનો પુત્ર થયો. નાગો અને નર્મદાના કહેવાથી પુરુકુત્સે રસાતલમાં જઈ ગૌનેય ગંધર્વોનો નાશ કર્યો હતો. ઋગ્વેદમાં ઉદ્દે દસ્યુનગરનો નાશ કરવામાં પુરુકુત્સની મદદ લીધાનું જણાવ્યું છે.

પુરુકુત્સન [સં.] પું. તે નામનો એક દૈત્ય.

પુરુકુત્સવ [સં.] પું. (પુરાણ) ઉદ્રનો એ નામનો એક શત્રુ.

પુરુકુત્સાની [સં.] સ્ત્રી. માંધાતા રાજાના પુત્ર પુરુકુત્સની એ નામની પત્ની.

પુરુકુંદ [સં] વિ. ઘણી કાંતિવાળું.

પુરુજ [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર નીલ રાજાના વંશના સુકાંતિ રાજાનો એ નામનો પુત્ર.

પુરુજાતિ જુઓ પુરુજ.

પુરુજિત ૧. [સં. પુરુજિત્] પું. (પુરાણ) કુંતિભોજ રાજાનો પુત્ર, કુંતીનો ભાઈ અને પાંડવોનો મામો. ભારતના યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. એના રથના ઘોડા ઉદ્રમેધુષ્મના રંગના હતા. યુદ્ધમાં તે અશ્વત્થામાને હાથે મરાયો હતો.
૨. પું. (પુરાણ) કુન્તીને ભોજવતીને પેટે થયેલો એ નામનો એક પુત્ર.
૩. પું. (પુરાણ) વસુદેવના ભાઈ આનકને કંસના કુળે થયેલા બે માંહેનો નાનો પુત્ર.
૪. પું. (પુરાણ) વિદેહવંશી અજ નામક જનકનો પુત્ર. એના પુત્રનું નામ અરિષ્ટનેમિ જનક હતું.
૫. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે પુરુ એટલે યજ્ઞને જીતે છે તેથી તે પુરુજિત કહેવાય છે.
૬. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ માંહેનો એ નામનો મોટો પુત્ર; ભાગવત અનુસાર હરિવંશ વંશના રુચકનો એ નામનો એક પુત્ર.
૭. વિ. પુરુને જીતનાર.

પુરુજુષ ૧. [સં.] પું. તે નામનો એક રાજા.
૨. વિ. અન્યને જીતનાર.

પુરુજ્મા [સં. પુરુજ્મન્] વિ. વિશાળ આત્મવાળું; ઉદાર આત્મવાળું.

પુરુઢ [સં.] ન. સોનું.

પુરુતત્ર [સં.] પું. ઉંદર.

પુરુદંશ [સં.] વિ. ઘણી દયાવાળું.

પુરુદરમ ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. વિ. ઘણા કામવાળું.
૩. વિ. ઘણાનો નાશ કરનાર.

પુરુદંશક [સં.] પું. હંસ.

પુરુદંશા [સં. પુરુદંશસ] પું. ઈંદ્ર.

પુરુદંસા જુઓ પુરુદંશા.

પુરુદ્રુત પું. ઈંદ્ર.

પુરુદ્રુહ ૧. [પુરુદ્રુ] પું ઈંદ્ર.
૨. વિ. ઘણાનો દ્રોહ કરનાર.

પુરુદ્વાન [સં. પુરુદત્ત] પું. (પુરાણ) ભોજકુવંશી મધુપુત્ર એક રાજા.

પુરુધા ૧. પું. એક જાતનો ઘોડો.
૨. અ. અનેક પ્રકારે; ઘણી રીતે.

પુરુનાથ જુઓ પુરુષોત્તમ

પુરુભુજ પું. એક જાતનો પાણીનો કીડો. તે જમીન ઉપર પણ રહે છે. તેના કરડવાથી તેના જેટલા કટકા થાય તેમાંથી બીજા નવા તેવા કીડા પેદા થાય છે

પુરુભૂત [સં.] પું. ઈંદ્ર.

પુરુમ પું. વહાણનો એક ભાગ.

પુરુમિઢ ૧. પું એ નામનો ઋગ્વેદી એક ઋષિ.
૨. પું. એ નામનો સામવેદનો એક ઋષિ.
૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તી રાજાના ત્રણ માંહેનો સૌથી નાનો પુત્ર.

પુરુમિત્ર ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન રાજા. તેનું નામ ઋગ્વેદમાં આવે છે.
૨. પું. એ નામનો એક મહારથી રાજા.
૩. પું. (પુરાણ) દુર્યોધનના પક્ષનો એક ક્ષત્રિય.
૪. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એ નામનો એક પુત્ર.

પુરુમીઢ [સં.] પું. (પુરાણ) તે નામે કુરુવંશી એક રાજા.

પુરુમીધ ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના એકોનેરમા સૂક્તનો કર્તા એક ઋષિ.
૨. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પુરુમેધ ૧. [સં.] પું. ઋગ્વેદનો એક ઋષિ.
૨. પું. સામવેદનો એક ઋષિ.

પુરુરથ ૧. [સં.] પું. બાજઠનો ભેદ.
૨. પું. સૂર્ય.

પુરુરવસ ઐલ પું. ઋગ્વેદના દશમા મંડલના પચાણુંમા સૂક્તની અમુક ઋચાઓ રચનાર એક ઋષિ.

પુરુરવા ૧. [સં.] પું. ઉર્વશીનો પતિ. માનસીમાં રત્નિલાલ મોહનલાલ ત્રિવેદી જણાવે છે કે, કાલિદાસે ઉન્મત્ત પુરુરવાનો પ્રસંગ સીતાના વિયોગથી ઝૂરતા રામચંદ્રજીની ઉન્માદ અવસ્થા ઉપરથી યોજ્યા છે એમ સૂચન કરી વાલ્મીકિની સૃષ્ટિનો સંક્ષિપ્ત વાર્તામાં અમને પરિચય કરાવ્યો અને ભવભૂતિએ માલતીમાધવના નવમા અંકમાં ઉન્મત્ત માધવમાં ઉન્મત્ત પુરુરવાનો પડ્યો પાડ્યો છે તે પણ કેટલીક પંક્તિઓ ઉચ્ચારીને જણાવ્યું.
૨. પું. ઐલ.
૩. પું. પાર્વણ શ્રાદ્ધમાં એ નામનો એક દેવતા.
૪. પું વિશ્વદેવનો એક વર્ગ
૫ પું (પુરાણ) સોમવંશમાં પેદા થયેલો એ નામનો એક પ્રાચીન રાજા; આયુષ્માનનો મહાન્ પુત્ર જે નામનો એક રાજા. બૃહસ્પતિની સ્ત્રી તારા અને ચંદ્રમાથી બુધ ઉત્પન્ન થયો. તે ચંદ્રવંશનો આદિપુરુષ હતો. બુધનો ઇલ્વાકુની બહેન ઇલા સાથે વિવાહ થયો. આ ઇલાથી પુરુરવા ઉત્પન્ન થયો. તે બહુ રૂપવાન, બુદ્ધિમાન અને પરાક્રમી હતો. આ મહાપ્રતાપશાળી મહારાજાએ પોતાના ચંદ્રવંશની મોટી પ્રતિષ્ઠાનપુર એટલે પ્રયાગમાં સ્થાપી. જેનાથી જ ચંદ્રવંશનો વિસ્તાર વધ્યો. આ રાજાએ ઘણા યજ્ઞો તથા દાન કર્યાં છે. તેની કીર્તિ ઇંદ્રસભામાં પણ મચાવી હતી. વળી તેની ગતિ પૃથ્વીમાં તેમ જ સ્વર્ગમાં અકુંઠિત હતી. તેના રાજ્યમાં સર્વ પ્રજા નીતિ અને ધર્મ પ્રમાણે ચાલતી. ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ હોવાથી ઉદારાત્મા હરપળે તેની સહાય લેતો. એના ઉપર ઇંદ્રનો અતિ સ્નેહ હતો. સ્વર્ગની અપ્સરા ઉર્વશીને કેશી નામના દૈત્ય પાસેથી પુરુરવાએ છોડાવી ત્યારથી તેઓ એકબીજાને ચાહવા લાગ્યાં. પોતાની ચાર અપ્સરા સખીઓને લઈ ઉર્વશી તેની પાસે ગઈ હતી અને તે પાછે અપ્સરા સાથે વિહાર કરે છે તેનું વર્ણન ઋગ્વેદના અઢાર મંત્રોમાં છે. આ ચાર સખીનાં નામઃ સુજુર્ણી, શ્રેણી, સુનજપી અને હૃદયચક્ષુ. એક વખતે સ્વર્ગમાં નાટારંભ ચાલતો હતો અને ઉર્વશી નાચ કરતી હતી, તેમાં પુરુરવાનું નામ લેવાઈ જતાં શાપિત થઈને પૃથ્વીમાં આવી. તેથી પુરુરવાએ તેના રૂપથી મોહ પામી તેને પરણવાની માગણી કરી ઉર્વશીએ ત્રણ શરત મૂકી. તે શરતો કબૂલ કરી પુરુરવા તેને પરણ્યો. એક દિવસ ઉર્વશીને શાપમાંથી છોડાવવા માટે ગંધર્વે તેના પલંગ પાસે બાંધેલ બે ભેંટા ચોરી લેવા માંડ્યું. પુરુરવા નગ્ન સ્થિતિમાં તેની પાછળ દોડ્યો. આથી ઉર્વશી શાપમુક્ત થઈ અને સ્વર્ગમાં ચાલી ગઈ. પુરુરવા પંદર દિવસ સુધી વિલાપ કરતો કરતો ફરતો રહ્યો. એક દિવસ તેણે કુરુક્ષેત્રની અંદર પ્લક્ષતીર્થમા હેમવતી પુષ્કરણીને કિનારે ઉર્વશીને જોઈ રાજા તેને દેખીને બહુ વિલાપ કરવા લાગ્યો. ઉર્વશીએ કહ્યું કે મને આપનાથી ગર્ભ રહ્યો છે. હું થોડા વખતમાં આપના પુત્રોને લઈને આપની પાસે આવીશ અને એક રાત રહીશ. સ્વર્ગમાં ઉર્વશીને આયુ, ધૃતાયુ, સત્યાયુ, રય, વિજય અને જય એમ છ પુત્રો થયા. તેઓને લઈને તે રાજા પાસે આવી અને એક રાત રહી. ગંધર્વોએ પુરુરવાને એક અગ્નિપૂર્ણ થાળી આપી. આ અગ્નિથી રાજાએ ઘણા યજ્ઞ કર્યા અને છેવટે ગંધર્વમાં તેને જન્મ મળી અને ઉર્વશી સાથે કાયમને માટે રહ્યો. આ પવિત્ર રાજા રાજ્યરક્ષા કરતાં પુત્રને રાજ્ય સોંપી તપોવનમાં તપશ્ચર્યા કરવા ગયો. ત્યાં ફળ ફૂલ ખાઈ ધ્યાનમાં હરિસ્મરણ કરી પરમપદ પામ્યો. વિષ્ણુનો તે પરમ ભક્ત હતો.

પુરુરાજ પું પૌરવ રાજા.

પુરુવંશી વિ. પુરુના વંશનું

પુરુવિવાહ [સં] પું. બહુ પત્નીત્વ; એક કરતાં વધારે સ્ત્રી પરણવી તે; 'પોલિગામિ'.
સ્ત્રી પુરુષ ઉભયને માટે એક સમ સ્વરૂપ છે, પુરુષવિવાહ સમાન છે. સ્વામિનારાયણ

પુરુશાસન [સં.] પું. શિવનાં કલ્યાણ માંહેનું એક નામ.

પુરુશ્મશ્રુ [સં.] વિ. ઘણી કાંતિવાળું.

પુરુષ ૧. [સં.] પું. આત્માની કીર્તિ.
૨. પું. ઈશ્વર. શરીરરૂપી નગરમાં અંતર્યામી તરીકે તે વસે છે. પુરુષ શબ્દની વ્યુત્પત્તિ જુદા જુદા સંસ્કૃત વિદ્વાનોના મત પ્રમાણે નીચે મુજબ છે: પૂર્ણમનેન સર્વમ્ કૃતિ: પુર્ષા શેતે કૃતિ: પુરિ દેહે સીદતિ કૃતિ: પુરાણિ શરીરાણિ સ્તૃતિ પ્રાપ્નોતિ કૃતિ: અસ્ ધાતુના અક્ષરોને ઊલટાવીને પુરા શબ્દની સાથે જોડી પુરા એટલે પહેલેથી જ આસીત્ છે એવુ પદચ્છેદ માનીને એ પુરુષ શબ્દ સિદ્ધ થયો છે.
તેને સર્વ પુરુષોમાં જોઉં હું તેથી હું વળી,
સમગ્રનું સર્વ પુરુષો આપ આઈ સ્તુતી સમ.
ન.મ.ત્રીગીતા
૩. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ચક્ષુર્મનુને નક્વાથી થયેલા પુત્રોમાંનો એ નામનો મોટો પુત્ર.
૪. પું (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સત્તરેય વર્ણનો છે. તેના પહેલા પાદમાં નગણ, મગણ, રગણ અને લઘુ મળી ૧૦ વર્ણ, બીજા પાદમાં બે તગણ. રગણ અને લઘુ મળી ૧૦ વર્ણ. ત્રીજા પાદમાં નગણ, રગણ, નગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ તથા ચોથા પાદમાં મગણ, યગણ, જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.
૫. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ તે ગાદિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૧૨૮ લઘુ મળી ૧૪૩ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૬. પું. કામગાર
૭. પુ. (જૈન) ત્રિપુરુષ જાતિના અંતર દેવનો એ નામનો એક પ્રકાર ત્રિપુરુષ નામના અંતરના ૬૪ પ્રકાર છે: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવ્યાઘ્ર, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વન્ત.
૮ પું. (પુરાણ) ક્રૌંચ દ્વીપ માહેના એક જાતના લોક. તેઓ જળદેવને પૂજે છે.
૯. પું. ગૂગળ.
૧૦. પું. ઘોડાની ઊભા રહેવાની એક સ્થિતિ. તેમાં તે આગલા બે પગ ઊંચા કરી પાછલા પગોના બળપર ઊભો રહે છે.
૧૧. પું (સિદ્ધ) ચોરાશી અંગળનું માપ.
૧૨. પું. (તાંત્રિક) છત્રીસ માંહેનું એ નામનું બારમું તત્ત્વ.
૧૩. પું. જીવ; ક્ષેત્રજ્ઞ; આત્મા. પૂર્ણ હોવાથી અથવા શરીરરૂપી પુર એટલે શહેરમાં શયન કરનાર હોવાથી જીવનું નામ પુરુષ છે. કર્મેંદ્રિય, જ્ઞાનેંદ્રિય, અંતઃકરણ, પ્રાણ, ભૂત, ગુણ, કર્મ અને અવિદ્યા એ આઠને પુર કહે છે અને એ પુરમાં નિવાસ કરનારને પુરુષ કહે છે. ગીતામાં જેને ક્ષેત્રજ્ઞ અથવા આત્મા કહ્યો છે તે જ આ જોનાર, જાણનાર અથવા ઉપભોગ કરનાર, તેને પુરુષ અથવા જ કહે છે. પંચદશી સારસંગ્રહમાં કહેલું છે કે: વિકાર રહિત, સંગ રહિત, ચેતનસ્વરૂપ જે શરીર, ઇંદ્રિયાદિના અધિષ્ઠાનરૂપ જે આત્મા તે બુદ્ધિથી પારમાર્થિક સબંધ નહિ પામીને બુદ્ધિમાં એકપણાની ભ્રાંતિથી રહેનારો જીવ થાય છે. તેને પુરુષ શબ્દથી કહેલો છે. આ પુરુષ અર્થાત્ આત્મા અવસ્થાના સંબંધથી રહિત છે એવું શબ્દપ્રમાણ સાખ્યદર્શનમાં છે. સાંખ્ય મતે જે કોઈથી ઉત્પન્ન થયેલો ન હોય, તેમ કોઈને ઉત્પન્ન ન કરતો હોય તે આત્મા પુરુષ કહેવાય છે. આનંદશંકર બાપુભાઈ ધ્રુવે જણાવ્યું છે કે: કાલ એ પરમાત્માની શક્તિ છે, એની કલા છે. પરમાત્મા આપણા અંતરમાં પુરુષરૂપે દેખાય છે અને બાહ્ય વિશ્વમા કાલરૂપે પ્રકટ થાય છે. પુરુષ એટલે જ્ઞાન અને કાલ એ એક જ સત્‌રૂપી પરમાત્માનાં બે સ્વરૂપો છે. કાલ એ સત્‌નું અભિવ્યંજન કરે છે અને તેથી પરમાત્મા એ સત્‌નો અભિવ્યંજક કહેવાય છે ઇતિહાસ એ કાલસ્વરૂપ જગવ્યાપારની લીલા છે. કાલની વિશાલતા અને અપરિહાર્યતા એ બેસવાની ભાવનાઓ ઉત્પન્ન કરે છે
૧૪. પુ. જેના સબંધથી પ્રકૃતિ સ્વતઃ જ ગતિ પામે છે તે; પરમ પુરુષ પુરુષના બે ભેદ છે: (૧) જીવ અને (૨) ઈશ્વર. એકોઽહં બહુસ્યામનો સંકલ્પ કરનાર પ્રભુ સંકલ્પ સિદ્ધિ અર્થે પોતાનું વિભાગીકરણ કર્યું. એક વિભાગ પુરુષ, બીજો વિભાગ પ્રકૃતિ. તેમાં પ્રકૃતિને વશ થઈને જે સંસારને પામ્યા કરે છે તે જીવ કહેવાય છે અને જે પ્રકૃતિને વશ રાખી જગતની સૃષ્ટિ વગેરે કરે છે તે ઈશ્વર કહેવાય છે. સાંખ્યદર્શનમાં કહ્યું છે કે: પુરુષ બે પ્રકારના છે: એક તો અનાદિ કર્મના સંબંધને લીધે ભિન્ન ભિન્ન શરીર દ્વારા જીવન ભોગવે છે તેથી જીવ એવી સંજ્ઞા ધારણ કરે છે. જીવાત્મા એક નહિ પણ અસંખ્ય છે. બીજો ઈશ્વર છે ને તે એક છે. ઈશ્વર પ્રકૃતિના સર્વ સરૂપ અને વિરૂપ પરિણામને પોતાના સાંનિધ્યથી સતત ગતિમાન રાખે છે. ઈશ્વર અતીંદ્રિય હોવાથી પ્રત્યક્ષાદિ પ્રમાણો તેમાં અસિદ્ધ છે. સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિ અને પુરુષમાં પુરુષ ઉપાદેય છે અને પ્રકૃતિ હેય છે. પુરુષ સર્વવ્યાપી છે અને પ્રકૃતિને પોતાની શક્તિથી પ્રભાવિત કરે છે. આ સિદ્ધાંત સમજવા ઉપનિષદમાં સૂર્યને ચંદનું દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે, સૂર્ય પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તમામ દિશાઓની તમામ ચીજને જેમ પ્રભાવિત કરે છે, સૌને જેમ પ્રાણદાન કરે છે અને સૌને જેમ વ્યાપી રહે છે તેમ જીવતો આત્મા સમસ્ત પ્રકૃતિને પ્રકાશિત કરે છે. પ્રકૃતિમાં પરિણામપરંપરા પામવાની પ્રાણશક્તિ રહે છે અને સમસ્ત પ્રકૃતિ જ અણુઅણુમાં વ્યાપી રહે છે. ગીતારહસ્યમાં કહ્યું છે કે: પુરુષ અને પ્રકૃતિનો સંયોગ થયો એટલે તેની ટકટકાળ શરૂ થાય છે અને વસંત ઋતુમાં જેમ ઝાડને પલ્લવ ફૂટે છે અને પછી ક્રમે ક્રમે પાન ફૂલ આવે છે, તે પ્રમાણે આ સંયોગ થતાં પ્રકૃતિની મૂળની સામ્યાવસ્થા તૂટે છે અને તેનો ગુણનો વિસ્તાર શરૂ થાય છે એમ સાંખ્યોનું કહેવું છે. કઠોપનિષદમાં કહ્યું છે કે: પ્રકૃતિથી પુરુષ સૂક્ષ્મ છે. કાર્યકારણની પરંપરાની સૂક્ષ્મતાની અવધિ પ્રકૃતિમાં છે, પણ પ્રકૃતિ કરતાં પણ પુરુષ સૂક્ષ્મતર છે. અહીં પુરુષ શબ્દથી પ્રથમ જીવાત્મા અને જીવાત્મા કરતાં પણ અંતરસ્થ પરમાત્માને જાણવો. આથી પુરુષ સૂક્ષ્મતાની અવધિ છે. જગવતી ભાગવતમાં કહ્યું છે કે: આત્માનાં બે રૂપ છે. તેમાં દક્ષિણ અર્ધભાગ તે પુરુષ અને વામ અર્ધભાગ તે પ્રકૃતિ

જગદ્ગુરુ ગીતાએ તેરમો અધ્યાય સમજવતાં પ્રકૃતિ અને પુરુષના સંબંધ વિષે નીચેનો ચતુર્વિધ પ્રકાર કહ્યો: (૧) ચાર્વાકો પુરુષને નિષેધ કરે છે. (૨) તાર્કિકો પુરુષને ગૌણ ગણે છે. (૩) સાંખ્યો પુરુષ અને પ્રકૃતિ બંનેના દ્વંદ્વને સમાન ગણે છે. (૪) વેદાંત પ્રકૃતિને ગૌણ ગણે છે.
રવિશંકર મહારાજ

૧૫. પું. તલનો છોડ.
૧૬. પું (દેહ) શરીર.

ગર્ભોપનિષદની સૌર્યાયણીએ જગવાલ વિષ્ણુસાદને પૂછયું કે, સૂવાને વખતે આ પુરુષ અર્થાત્ શરીરમાં ઇંદ્રિયો અને પ્રાણ એ બેમાંથી કોણ સૂવે છે? જેમાથી કોણ જાગે છે? પ્રશ્નોપનિષદ
૧૭. પું. ધણી; સ્વામી; વર; પતિ.
૧૮. પું. (વેદાંત) ધર્માદિ ચાર પુરુષાર્થને સંપાદન કરવાને જે યોગ્ય હોય તે.
૧૯. પું. નરજાતિનો માણસ; મનુષ્ય; આદમી; જણ; મરદ; માટીડો; જેના શરીરમાં પ્રજા ઉત્પન્ન કરવાનું બીજ હોય તે; નર. પુરુષની ચાર જાત છે: (૧) શશ, (૨) મૃગ, (૩) વૃષ અને (૪) અશ્વ. વળી પુરુષના બીજા પાંચ પ્રકાર કહ્યા છે: (૧) હંસ, (૨) ભદ્ર, (૩) માલવ્ય, (૪) રુચક અને (૫) શશક. તેમનાં લક્ષણ ઉચ્ચારમા અને આયામમાં સરખાં જાણવા. પોતાના આંગળના માપથી હંસનું ૧૦૮ આંગળ, ભદ્રનું ૧૦૬ આંગળ, માલવ્યનું ૧૦૪ આંગળ, રુચકનું ૧૦૦ આંગળ અને શશકનું ૯૬ આંગળ માપ થાય. બાર આંગળની લંબાઈ ને તાલ કહે છે. પગની ઘૂંટી સુધીની ઊંચાઈ તાલનો ચોથો ભાગ એટલે સત્ત્વ આંગળ કહી છે. ઘૂંટીથી ઘૂંટણ સુધીનો ભાગ એટલે જંઘ બે તાલ એટલે ૨૪ આંગળ અને ઘૂંટણ ૪ આંગળ કહેલ છે. જાંઘા જેવડો માપણ એટલે ૨૪ આંગળ. લિંગથી નાભિ એક તાલ એટલે ૧૨ આંગળ, તેટલું જ નાભિથી હૃદય એટલે ૧૨ આંગળ, કપાળના ઉપર આવ્યું તાલના છઠ્ઠા ભાગનું એટલે બે આંગળ કહ્યું છે. વચમાં ક્રિમ સમજવું. આ રીતે લંબાઈ કહેવાય છે. કર એક તાલ એટલે ૧૨ આંગળ કહેવાય છે. બાહુ ૧૭ આંગળ, પ્રબાહુ તેવડો જ, છાતીનો ઘેરાવો ભાગ ૮ આંગળ, આયામથી આ માપ કહ્યું છે. આને અનુસારે બાકીનાઓનું કાઢી શકાય. સર્વે આયામ એટલે લંબાઈ અને પરિણાહ એટલે ઘેરાવામાં સરખા હોય છે.

૧. પુરુષપુર = પુરુષની ઊંચાઈ જેટલું; માથોડું.
૨. પુરુષપ્રયત્ન ને ઈશ્વરકૃપા = પુરુષાર્થ અને ઈશ્વરકૃપા હોય તો સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
૩. પુરુષના નસીબ આડું પાંદડું = ભાગ્ય કોઈ કળી શકતું નથી
૪. પુરુષનું નસીબ પ્રગટે = દેશાંતર કરવાથી કેટલીક વખત ભાગ્યોદય થાય છે.
૫. પુરુષમાં ન રહેતું = નામર્દ થઈ જવું.
૬. પુરુષમાં ન હોવું = પ્રજાનનશક્તિ વિનાના હોવું.

૨૦. પું. (સાંખ્ય) પચ્ચીસ માહેનું પ્રધાન તત્ત્વ.
૨૧. પું (વેદ) પરબ્રહ્મ; પરમાત્મા; ચૈતન્યાત્મક પુરુષ. કઠોપનિષદમાં કહ્યું છે કે: આ આત્મારૂપી

પરમાત્મા હૃદયની અંદર રહે છે. તે અંગુષ્ઠ માત્ર છે. સર્વવ્યાપી છતાં પુરુષને હૃદયમાં રહેલો જોઈને અને હૃદય અંગૂઠા જેવું હોઈને આત્માને અહીં અંગૂઠા જેવડો કહ્યો છે. એ પુરુષ ભૂતભવ્યનો ઈશ્વર છે. અંગૂઠા જેવો છે, છતાં એની સત્તા પિંડબ્રહ્માંડ સમસ્ત સ્થાવર જંગમ જગત ઉપર છે. જે આ રીતે આત્માને ભૂતભવ્ય જગતનો સ્વામી, શાસ્તા, નિયંતા, ઈશ્વર તરીકે જાણે છે, તેનો કોઈ તિરસ્કાર કરતું નથી, કેમકે આત્મદર્શનમાં દ્વૈતનું અવસાન છે એ પુરુષ છે. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે: આ દુનિયામાં જેમ વહેતી નદીઓ સમુદ્રાભિમુખી થઈને સમુદ્રને પ્રાપ્ત કરતાં અને અસ્ત થઈ જાય છે, એટલે કે પોતાનાં ગંગા જમના વગેરે નામને અને વાંકાચૂકા રૂપને ત્યજી દે છે અને સમુદ્રમય થઈ જાય છે, તેમ જ આ પુરુષની આ સોળે કળા જે પુરુષ તરફ વળેલી હોય તો તેને પામે પણ પુરુષને પામીને અર્થાત્ પરમાત્માને પામીને અસ્ત થઈ જાય છે. એટલે કે તેનાં પણ નામ રૂપ ટળી જાય છે. તે વખતે તે ફક્ત પુરુષ એમ જ કહેવાય છે. તાત્પર્ય કે, જે પુરુષ અર્થાત્ જીવના જીવનની તમામ શક્તિઓ પરમાત્મપરાયણ થઈ જાય છે તેના જીવનની સરિતા પણ સાંજે સાળે પરમાત્મરૂપી મહાસાગર અર્થાત્ સચ્ચિદાનંદ મહાસાગરમાં લીન થઈ જાય છે ને તેવો જીવન્મુક્ત પુરુષ વિદેહમુક્ત થાય છે, તેવો આ પુરુષ અજર છે, અમૃત છે.

અંગુષ્ઠ માત્ર પુરુષ રહે છે મધ્ય હૃદયે;
ઈશ છે તે ત્રિકાલોનો તેની પૂજા કરે નહિ.
કઠોપનિષદ

૨૨. પું. પારો.
૨૩. પું. પુનાગ વૃક્ષ.
૨૪. પું. પૂર્વજ.
૨૫. પું. (પુરાણ) બ્રહ્મા.
૨૬. પું. (જ્યોતિષ) મંગળ વગેરે ગ્રહ.
૨૭. પું. માણસની ઊંચાઈ; માથોડું.
૨૮. પું. મિત્ર.
૨૯. પું (જ્યોતિષ) મેષ, મિથુન વગેરે વિષમ રાશિ; પહેલી, ત્રીજી, પાંચમી, સાતમી, નવમી અને અગિયારમી રાશિ.
૩૦. પું. (પુરાણ) રાક્ષસ.
૩૧. પું. વંશમાંનો એકાદો માણસ.
૩૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. માયા અને અવિદ્યામાં ભાન થઈને અભિમાન અને સાકાર દેખાતા પુરુષ પોતે જ છે. પિંડ અને બ્રહ્માંડરૂપ સ્થૂળ દેહોરૂપે દેખાતા, પુરુષ અને પ્રકૃતિના વિવેકમાં પુરુષત્વ રૂપે, અભિમાનમાં નવ દ્વારવાળા પુરમાં એટલે સ્થૂળ શરીરમાં સ્વેચ્છાથી પુરાઈ રહેનારા દર્પણના પ્રતિબિંબની પેઠે માયા અને અવિદ્યામાં નિરાકારના સાકાર પ્રતિબિંબરૂપે એટલે જીવ અને ઈશ્વરરૂપે પિંડબ્રહ્માંડમાં પોતે જ પ્રતીત થાય છે. વળી પ્રકૃતિ અને પુરુષના વિવેકમાં તેમ જ સ્ત્રીપુરુષના વિવેકમાં પોતે જ પુરુષરૂપે છે. વળી પુરુષ એટલે નવ દ્વારવાળી પુરીઓમાં શયન કરી રહેનારા છે. વીર પુરુષ પોતે જ છે, તેમ જ જડ અને ચેતનમાં આત્મારૂપે પોતે જ છે, તથા સ્વેચ્છાથી સમષ્ટિગત અને વ્યષ્ટિગત પુરીમાં જીવરૂપે પુરાઈ રહેનારા પુરુષ પણ પોતે જ છે. ગમે ત્રિગમાં પુરુષસિંહ પણ પોતે જ હોવાથી વીર વિષ્ણુ પુરુષ કહેવાય છે. વળી પુર એટલે શરીર અને તેમાં જે શયન કરે છે તે પુરુષ કહેવાય છે. વળી તે મહાત્મા પૂર્વોક્ત આરોપી યુક્ત નવ દ્વારવાળા પવિત્ર પુરમાં આપ્ત છે, શયન કરે છે.
૩૩. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૩૪. પું. શિવ.
૩૫. પું. (વ્યાકરણ) સર્વનામનો એક પ્રકાર: બોલનાર, સાંભળનાર અને તે સિવાયની વ્યક્તિ એ ત્રણ માંહેની એક. તેથી બોલનારની, સાંભળનારની કે બીજા કોઈની વાત થાય છે તે ઉપર પડે છે.
૩૬. પું. સામવેદનો એક દેવતા.
૩૭. પું. સૂર્ય; સૂર્યનાં બારમાંનું આઠ માંહેનું એક નામ; અધિક માસમાં તપતા સૂર્યનું નામ.
૩૮. પું. સૃષ્ટિ.
૩૯. પું. જોષક.
૪૦. ન. જનું આંબળાનું ઝાડ.
૪૧. ન. તરબાવરડી.
૪૨. ન. મેરુ પર્વત.

પુરુષશ્રેષ્ઠ [સં. પુરુષ + શ્રેષ્ઠ (શ્રેષ્ઠ)] પું. ઉત્તમ પુરુષ; શ્રેષ્ઠ પુરુષ.

પુરુષક ૧. [સં.] ન. પુરુષની માફક પાછળના બે પગે ઊભા રહેવાની મોટાની એક ગતિ.
૨. ન. હાલસાનું ઝાડ; હાલસી.
૩. ન. હાલસીનું ફળ.

પુરુષકાર ૧. [સં.] પું. ઉદ્યોગ; પુરુષાર્થ; પુરુષપ્રયત્ન.
૨. પું. પરાક્રમ.
૩. પું. પુરુષત્વનું અભિમાન.
૪. પું. મરદાઈ
૫. પું. શ્રમ.

પુરુષકારવાદ [સં.] પું. (તર્કનિક) આત્મસ્વતંત્રતાવાદ; પોતાના પુરુષાર્થમાં આધાર રાખવાપણું; "સિમ્પૅરિયનિઝમ".

પુરુષકુંજર [સં.] પું. શ્રેષ્ઠ પુરુષ.
પુરુષકૃત [સં.] વિ. મનુષ્યે બનાવેલું.
પુરુષકેસર [સં.] ન. કમળમાં રહેલું પુરુષતત્ત્વ; પ્રોસર.
પુરુષકેસરી ૧. [સં. પુરુષકેસરિન્] પું. નરસિંહ ભગવાન.
૨. પું. પુરુષોમાં શ્રેષ્ઠ પુરુષ.
પુરુષગતિ [સં.] સ્ત્રી. એ નામનું એક પ્રકારનું સામ.
પુરુષગર્ભ [સં.] પું. પુત્રગર્ભ.
પુરુષગુપ્ત [સં.] પું. પુરુષોમાં હોય તેવો ગુપ્ત; પુરુષને છાજે તેવો ગુપ્ત.
પુરુષગુપ્તી [સં પુરુષગુપ્તિન્] વિ. પુરુષના ગુપ્તવાળું.
પુરુષગ્રહ [સં.] પું. (જ્યોતિષ) મંગળ, સૂર્ય અને બૃહસ્પતિ એમાંનો પ્રત્યેક જ્યોતિ.
પુરુષઘ્ન ૧. [સં. પુરુષ + ઘ્ન (હણનાર)] વિ પુરુષોને હણનાર.
૨. વિ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ.
પુરુષચરિત્ર [સં.] ન. બીને ઉતરવાના પુરુષના કરવાવાવા.
પુરુષચર્યા [સં.] સ્ત્રી. પુરુષે કરવાનાં કામ.
પુરુષચિહ્ન [સં.] ન. પુરુષ તરીકેની નિશાની.
પુરુષચ્છંદ [સં. પુરુષચ્છન્દસ્] પું. બે અક્ષરવાળો છંદ.
પુરુષજનનેંદ્રિય [સં.] સ્ત્રી. પુરુષની ઇંદ્રિય; પુરુષનું લિંગ.
પુરુષજાત [સં. પુરુષ + જાત (સમૂહ)] સ્ત્રી. સર્વ પુરુષો; પુરુષવર્ગ.
પુરુષજાતિ [સં.] સ્ત્રી. નરજાતિ.
પુરુષતત્ત્વ [સં.] ન. વિશ્વોત્પત્તિ કરનાર તત્ત્વ.
પુરુષતા [સં.] સ્ત્રી. પુરુષપણું; પુરુષત્વ; મરદાઈ; બહાદુરી.
પુરુષતાહીન [સં.] વિ. પુરુષતા વગરનું; નપુંસક.
પુરુષત્રય [સં.] ન. ત્રણ પુરુષોનો સમૂહ; હર, અક્ષર અને પુરુષોત્તમ.
પુરુષત્વ ૧. ન. શુભ કર્મથી સંસાર ચલાવવાનું બળ.
૨. [સં.] ન. પુરુષપણું; મરદાઈ, બળ; શૌર્ય
૩. ન. પ્રસિદ્ધિ મેળવવાનું સામર્થ્ય; પરાક્રમ; પુરુષાતન.

પુરુષત્વવાન [સં. પુરુષત્વવત્] વિ. શૌર્યથી ભરપૂર; બહાદુરીવાળું; પરાક્રમી; તેજસ્વી.

પુરુષત્વસૂચક [સં.] વિ. પુરુષપણું બતાવનાર.

પુરુષત્વહીન [સં.] વિ. નપુંસક

પુરુષદઘ્ન [સં.] વિ. ઊંચા કરેલ હાથવાળા પુરુષના માપનું; પુરુષની ઊંચાઈનું; માથોડું.

પુરુષદંતિકા [સં.] સ્ત્રી. મેદાકંદ. જેમ માણસના દાંતમા છારી બરાબર જમ છે અને દાતણ ન કરવાથી મંજ આવે છે, તેવી મંજ મેદાકંદમાં હોય છે અને માણસના દાંતના આકારની તે ગાંઠ ઉપર બેસાડેલા દાંત જેવા કલ્પ હોય છે, માટે તેને પુરુષદંતિકા કહે છે.

પુરુષદૂષસ જુઓ પુરુષદ્ય.

પુરુષદ્વેષિણી ૧. [સં] સ્ત્રી. ખરાબ સ્વભાવની સ્ત્રી; પોતાના પતિને ધિક્કારનાર સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. પુરુષ જાતનો દ્વેષ કરનારી.

પુરુષદ્વેષી [સં. પુરુષદ્વેષિન્] વિ. પુરુષનો દ્વેષ કરનાર; જનદ્વેષી; નરદ્વેષી; મનુષ્યને ધિક્કારનાર.

પુરુષધન [સં.] પું. પુરુષની મિલકત; પુરુષની પોતાની જ માલિકીનું ધન.

પુરુષધર્મ [સં.] પું. પુરુષ માત્રનો ધર્મ.

પુરુષનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) હસ્ત, મૂલ, શ્રવણ, પુનર્વસુ, મૃગશીર્ષ અને પુષ્ય માહેનું પ્રત્યેક નક્ષત્ર.

પુરુષનાથ ૧. [સં. પુરુષ + નાથ (સ્વામિવાચક)] પું. પુરુષનો પાલક; રાજા.
૨. પું. સેનાપતિ.

પુરુષનારાયણ [સં.] પું. મૂળ પુરુષ; બાવા.

પુરુષનેષણા સ્ત્રી. પુરુષનો પોકાર કરવો તે.

પુરુષપશુ [સં.] પું. પુરુષરૂપ પશુ.

પુરુષપાત્ર [સં.] ન. નાટકનું નરપાત્ર.

પુરુષપુર ૧. [સં.] ન. એ નામનું એક પ્રાચીન નગર; હાલનું પેશાવર. તે ગાંધારની રાજધાની હતું.
તક્ષશિલાની પશ્ચિમ તરફ એકદમ સરહદ ઉપર પેશાવર આવેલું છે. આનું મૂળ નામ **પુરુષપુર** હતું. પુરાતત્વ
૨. વિ. માથોડું; પુરુષની ઊંચાઈ જેટલું.

પુરુષપુરાણ [સં.] પું. પુરુષોત્તમ ભગવાન; વિષ્ણુ.

પુરુષપુંગવ [સં.] પું. શ્રેષ્ઠ પુરુષ; શ્રેષ્ઠ માણસ; પુરુષવૃષભ.

પુરુષપુંજ [સં.] પું. પુરુષસરનો જથ્થો.

પુરુષપુંડરીક ૧. [સં.] પું. (જૈન) એ નામના છઠ્ઠા વાસુદેવ.
૨. પું. શ્રેષ્ઠ પુરુષ; શ્રેષ્ઠ માણસ.

પુરુષપૂજા [સં] સ્ત્રી. નરપૂજા; મનુષ્યપૂજા; માણસની પૂજા.

પુરુષપ્રણીત [સં.] વિ. પુરુષે રચેલ; મનુષ્યકૃત; પૌરુષેય.

પુરુષપ્રયત્ન [સં.] પું. પુરુષાર્થ; માણસથી થઈ શકતી મહેનત; માણસની મહેનત.

પુરુષપ્રવર [સં.] વિ. પુરુષમાં શ્રેષ્ઠ.

પુરુષપ્રસર પું. ગોસ્તનપ્રવર્હણ; અર્બુદપ્રવર્હણ.

પુરુષપ્રેક્ષા [સં.] સ્ત્રી. જેમાં પુરુષ જઈ શકે તેવો ખેલ કે તમાશો.

પુરુષફૂલ વ. જોસ્તન ચિ.

પુરુષબિલ વ. ગોસ્તન બિ.

પુરુષબીજ ૧. [સં.] ન. પુરુષમાં રહેલું નર્ભ રાખવાને યોગ્ય તત્ત્વ; વીર્ય; ધાત.
૨. ન. પુકેસર.

પુરુષભૂત [સં.] વિ. પુરુષ જેવું બનેલ.
જે આ **પુરુષભૂત** લક્ષ્મણનો આશ્રિત અનુગ્રહથી હવે સમજને છે. ગીતગોવિંદ

પુરુષભૂતિ [સં.] સ્ત્રી. સાહ્યોની સ્ત્રી; સાહ્યોને ઓરમાન ભાઇ આપવામાં આવતું દ્રવ્ય; સાહ્યોલખ્યું.

પુરુષભોગ [સં.] વિ. જેની પાસે સેના કે બહુ માણસો હોય એવું.

પુરુષમાત્ર [સં.] વિ. માણસની ઊંચાઈનું; પુરુષપ્રમાણ.

પુરુષમેધ [સં.] પું. એ નામનો એક વૈદિક યજ્ઞ; જેમાં પુરુષનો વધ થતો એવો એક યજ્ઞ; જેમાં માણસને હોમવામાં આવતો તેવો એક યજ્ઞ. પ્રાચીન સમયમાં ઓજસ અને વીર્ય મેળવવાને માટે બ્રાહ્મણ કે ક્ષત્રિયથી તે કરવામાં આવતો. તે પાંચ દિવસ સુધી ચાલુ રહેતો. તેમા ભોગ આપવાના બલિને ચાંલ્લો ચાંપીને પછી છોડી દઈ ઉત્તર દિશામાં છૂટા મૂકી દેવામાં આવતા. કોઈ જગ્યાએ એવો ઉલ્લેખ કરવામા આવ્યો છે કે, આ યજ્ઞ કરવાનો અધિકાર માત્ર બ્રાહ્મણ અને ક્ષત્રિયને હતો ચૈત્ર સુદિ ૧૦ થી આ યજ્ઞ શરૂ થતો અને ચાલીસ દિવસ ચાલતો. તેની પહેલાં ૨૭ દીક્ષા, ૧૨ ઉપસત અને ૫ સુત્યા થતી. આ પ્રમાણે ૪૦ દિવસે તે પૂરો થતો, યજ્ઞ પૂરો થતાં યજ્ઞ કરનાર વાનપ્રસ્થ બનવું કરતો. શુક્લ યજુર્વેદ પ્રમાણે જુદી જુદી જાતના ૧૮૪ પુરુષોનો પુરુષમેધની અંદર હોમ કરવો જોઈએ તેવી ઠકોકત લખેલી છે. તેમાં વિચિત્ર દેખાવના, વિચિત્ર મુખવાળા, વિચિત્ર મુખો કરતા ૧૮૪ જીપુરુષોને હોમવાનાં હોય છે. હોમવાની સ્ત્રીઓમાં પુંશ્ચલી, અભિચારિણી, ગણિકાનો પણ સમાવેશ થાય છે. કૃષ્ણ યજુર્વેદના સમય સુધીની કૃતિમાં પુરુષમેધનો કયાંય પણ ઉલ્લેખ નથી. શુક્લ યજુર્વેદમાં તેનો ઉલ્લેખ છે. આ જતાવે છે કે, પુરુષમેધ આર્ય લોકોમાં પ્રચલિત ન હતો, પણ તેઓએ દક્ષિણના અનાર્ય લોકો પાસેથી સ્વીકાર્યો હશે અને ધીમે ધીમે આ અને બીજા યજ્ઞો પ્રત્યે અણગમો થતો ગયો ને તે વેદાંતમાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે.

પુરુષયજ્ઞ [સં.] પું. પરમ પુરુષ પરમાત્માનો આત્મભોગ. અવ્યક્ત નિરંજન નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા પોતાના દૈવાત્મભૂતા શક્તિ વડે સર્વાધિષ્ઠાન, સાકાર, સગુણ આદિ અનેક નામરૂપ જગત ઉપર ઉપકાર કરવા માટે જાણે કે પોતાના ટુકડે ટુકડા કરી નાખ્યા હોય તેમ પોતાના આત્મભોગરૂપી યજ્ઞ વડે આ અનેક કોટિ બ્રહ્માંડમાં પરિચ્છિન્ન થયેલ આ યજ્ઞપુરુષનો આ યજ્ઞભોગ તે પુરુષયજ્ઞ.

પુરુષયોગ [સં.] પું. પરમાત્માનો યોગ.

પુરુષરત્ન [સં.] ન. પુરુષરૂપી રત્ન.

પુરુષરાશિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) મેષ, મિથુન, સિંહ, તુલા, ધનુ અને કુંભ એ પ્રત્યેક રાશિ.

પુરુષરાસવિહારી પું. રાસ રમનારો પુરુષ.

પુરુષર્ષભ ૧. [સં. પુરુષ + ઋષભ (શ્રેષ્ઠ)] પું. અર્જુન.
૨. પું. શ્રેષ્ઠ માણસ; શ્રેષ્ઠ પુરુષ.
૩. વિ.પું. પુરુષોમાં સિંહ જેવો.

પુરુષલક્ષણ [સં.] ન. પુરુષ સંબંધી સામુદ્રિક શાસ્ત્ર; જોતેર બહેની એ નામની એક કળા; પુરુષના લક્ષણ જાણવાની કળા.

પુરુષલક્ષણકલા [સં] સ્ત્રી. જોતેર બહેની એ નામની એક કલા.

પુરુષલક્ષણશાસ્ત્ર [સં.] ન. એ નામનું એક શાસ્ત્ર. જીવોનો સુદ્ધાં સમસ્ત જીવત સૃષ્ટિની નરજાતિ અને નારીજાતિ ઓળખવાની રીતિ દેખાડનારું આ શાસ્ત્ર બધુ ઋષિએ રચેલું છે.

પુરુષલિંગ [સં.] ન. શિશ્ન; પુરુષનું ચિહ્ન.

પુરુષવચન [સં.] ન. પુલ્લિંગ; નરજાતિ.

પુરુષવર [સં.] પું. સામાન્ય પુરુષોથી પર એવો પુરુષ; અસામાન્ય બુદ્ધિશક્તિસંપન્ન પુરુષ; શ્રેષ્ઠ પુરુષ.

પુરુષવર્ગ [સં.] પું. પુરુષ જાતિ.

પુરુષવર્જિત [સં.] વિ. નિર્જન; વસ્તી વગરનું; ઉજ્જડ; પુરુષ રહિત.

પુરુષવર્ષું જુઓ પુરુષવર્ય.

પુરુષવસન [સં. પુરુષ + વસન (કપડું)] વિ. પુરુષનો વેશ પહેરેલ.

પુરુષવંશ [સં.] પું. પુરુષપેઢી; મરદથી ઊતરી આવેલો વંશ.

પુરુષવાચક ૧. [સં.] વિ. (વ્યાકરણ) પહેલો, બીજો અને ત્રીજો પુરુષ બતાવનાર.

૨. વિ. (વ્યાકરણ) સર્વનામના સાત માંહેના એ નામના એક પ્રકારનું. સંસ્કૃત વ્યાકરણમાં એ પુરુષોને અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને પ્રથમ પુરુષ કહે છે. સંસ્કૃતમાં ત્રીજા પુરુષથી રૂપાખ્યાન આપવાનો પ્રચાર છે, તેથી ત્રીજા પુરુષને પ્રથમ પુરુષ કહે છે.

પુરુષવાચી વિ. પુરુષવાચક.

પુરુષવાર [સં.] પું. (જ્યોતિષ) રવિ, મંગળ, ગુરુ અને શનિ એ પ્રત્યેક વાર.

પુરુષવાહ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. મરદ પક્ષી.

પુરુષવિદ્યા [સં.] સ્ત્રી. એક પ્રકારની ઉપાસના.

પુરુષવિશેષ ૧. [સં.] પું. અસાધારણ પુરુષ.

૨. પું. પુરુષોત્તમ; પરમાત્મા.

પુરુષવૃષભ [સં.] પું. ત્રિપુરુષ જાતિના દેવો માંહેના એક દેવ; ત્રિપુરુષ નામના અંતરના દસ માંહેનો એક પ્રકાર. ત્રિપુરુષ નામના અંતરના દસ પ્રકાર: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, ભરત, મેરુપ્રભ અને દક્ષસ્વાન.

પુરુષવેદ ૧. પું. પુંલિંગ.

૨. પું. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી પુરુષને સ્ત્રી સાથે ભોગની ઇચ્છા થાય છે.

પુરુષવેશ પું. મરદનો પોશાક.

પુરુષવેષ જુઓ પુરુષવેશ.

પુરુષવ્યાઘ્ર ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. શ્રેષ્ઠ પુરુષ.

પુરુષવ્રત ૧. [સં.] ન. એ નામનું એક જાતનું સામ.

૨. ન. સ્ત્રીઓને એક જ પતિ હોય એવું વ્રત.

પુરુષશક્તિ ૧. પું. બળ; ' પોટેન્શિયલ '.

૨. [સં.] પું. પુરુષ જેની શક્તિ જેનામાં છે એવા દેવ. પુરુષશક્તિ સાત છે: (૧) પરશિવ કે વિષ્ણુ, (૨) શંભુ, (૩) સદાશિવ કે અર્ધનારીશ્વર, (૪) ઈશ, (૫) રુદ્ર, (૬) વિષ્ણુ અને (૭) બ્રહ્મા.

પુરુષશાર્દૂલ જુઓ પુરુષવ્યાઘ્ર.

પુરુષશીર્ષક [સં.] પું. ચોરનું એક હથિયાર.

પુરુષસમવાય [સં.] પું. પુરુષનો સમૂહ.

પુરુષસર્વનામ [સં. પુરુષ + સર્વનામન્ (સર્વનામ)] ન. (વ્યાકરણ) પુરુષવાચક સર્વનામ: હું, તું, તે, અમે, તમે, તેઓ વગેરે.

પુરુષસંગ [સં.] પું. સંભોગ; ઓનો પતિ સાથેનો સંસારસમાગમ.

પુરુષસંઘ [સં.] પું. માણસનો જથ્થો.

પુરુષસંચાર [સં.] પું. પુરુષની મર્યાદા; પુરુષનું વર્તન.

પુરુષસંજ્ઞા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પુરુષની નિશાની. રવિ, મંગળ, ગુરુ મહોની પુરુષસંજ્ઞા છે.

પુરુષસંધિ [સં.] પું. કોઈ બીજા પુરુષોની સેવા માટે ચતુરી કરવામાં આવતી સંધિ.

પુરુષસિંહ ૧. [સં.] પું. ઉત્તમ પુરુષ.

> પુરુષસિંહ તો આપ આ મહી હાડમાં જણ્યા,
> સમર્થ સકિતાબાઈ ને પ્રેમવંદન આપને.
> આપીગીતા

૨. પું. (જૈન) એ નામના પાંચમા વાસુદેવ.

૩. પું. પુરુષોમાં સિંહ જેવો પરાક્રમી પુરુષ.

પુરુષસૂક્ત [સં.] ન. પરમ પુરુષનું પ્રતિપાદન કરનાર સોળ ઋચાઓનું એક વેદસૂક્ત; ઋગ્વેદનું દશમા મંડળનું એ નામનું સૂક્ત; ઋગ્વેદપ્રસિદ્ધ સોળ ઋચાવાળું એક પ્રખ્યાત સૂક્ત. તે સહસ્રશીર્ષાથી શરૂ થાય છે અને અનેક અવસરોએ તેનો પાઠ થાય છે. તેમાં પરમ પુરુષ પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે. તેમાં સૌથી પહેલી જ વાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે ય જાતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે છે આધુનિક સમયનું હોય એમ મનાય છે. આ સૂક્ત બીજા વેદોમાં પણ જોવામાં આવે છે.

પુરુષસૃષ્ટિ [સં.] સ્ત્રી. પુરુષોની દુનિયા.

પુરુષહીરો પું. સમ પ્રમાણવાળો, તીણી ધારવાળો, તેજસ્વી, મોટો અને જરા પણ ડાઘ વિનાનો હીરો. ઔષધોપચારની બાબતમાં નર અથવા પુરુષહીરો સર્વોત્તમ મનાય છે.

પુરુષહૃદય ૧. [સં.] ન. કઠોર હૃદય.

૨. ન. પુરુષનું હૃદય.

પુરુષાકાર [સં.] વિ. આત્મજ્ઞાનવાદી.

> આવી રીતે કેનોપનિષદ પુરુષાકાર કે આત્મજ્ઞાનવાદી છે. ગાલ્બન

પુરુષાતન ૧. [સં.] ન. બળ; પરાક્રમ; શૌર્ય; હિંમત; શરવીરતા.

૨. ન. મરદાઈ; પુરુષપણું; મનુષ્યત્વ; પ્રજા ઉત્પન્ન કરવાની પુરુષશક્તિ; પુરુષત્વ.

પુરુષાદ ૧. [સં.] પું. એ નામનો એક મધ્ય દેશ; આર્યા, પુનર્વસુ અને પુષ્યના અધિકારમાનો દેવ.

૨. પું. મનુષ્યને ખાનાર રાક્ષસ.

૩. વિ. નરભોજી; મનુષ્યાહારી; નરભક્ષક; ખાઉ.

પુરુષાદક [સં.] પું નરભક્ષી રાક્ષસ.

પુરુષાદાનીય [સં.] વિ. માનનીય; જેનું વચન બધાં માન્ય કરે એવું.

પુરુષાદી [સં] સ્ત્રી. રાક્ષસી.

પુરુષાદ્ય ૧. [સં.] પું. (જૈન) પ્રથમ તીર્થંકર; આદિનાથ.

૨. પું. રાક્ષસ.

૩. પું. વિષ્ણુ.

પુરુષાધમ [સં.] પું. પાપી મનુષ્યોમાં અધમ માણસ; મૂઢ અને અધમ પુરુષ; નીચ માણસ.

પુરુષાધિકાર ૧. [સં.] પું. પુરુષનો અધિકાર.

૨. પું. બહાદુરી ભરેલું કામ.

પુરુષાધીશ [સં.] વિ. પુરુષોમાં શ્રેષ્ઠ; પુરુષોના અધીશ.

પુરુષાનુક્રમ [સં.] પું. પૂર્વજોની ચાલી આવતી પરંપરા.

પુરુષાપાશ્રયા [સં.] સ્ત્રી. પૈસાદાર વસ્તીવાળા ભૂમિ.

પુરુષાયણ [સં.] પું. પ્રાણ વગેરે સોળ કળા; આત્માનો આશ્રય કરી રહેલ પ્રાણ વગેરે.

પુરુષાયિત [સં.] ન. સંભોગનું એક આસન; સંભોગનો એક પ્રકાર. તેમાં સ્ત્રી પુરુષની માફક વર્તન કરે છે. આ પ્રકાર સૌથી વધારે કુદરતી અને ઉત્તમ હોય છે, એવું વર્ણન એક રોમન કવિએ પણ કર્યું છે. આ આસનમાં પુરુષ ચત્તો સૂએ અને પોતાના પગ સહેજ વાંકા વાળે. જરૂર જણાય તો પોતાના કમરની નીચે એક તકિયો રાખે. તે પછી સ્ત્રી પોતાના બંને પગ બહાર રાખીને ઇન્દ્રિયપ્રવેશ થાય એવી રીતે પુરુષના શરીર ઉપર બેસે છે. આ આસનમાં પુરુષ સ્વસ્થ પડી રહે છે અને હિલચાલ કરવાનું કાર્ય સ્ત્રીએ કરવાનું હોય છે. તેથી આ આસનને પુરુષાયિત એવું નામ આપવામાં આવ્યું છે. પુરુષ જ્યારે અંધક્ક થાકેલો હોય છે ત્યારે આ આસનનો ઉપયોગ કરવો ઘટે છે. દેખીતી રીતે સ્ત્રી થાકેલી હોય અથવા ગર્ભવતી હોય ત્યારે આ આસનનો ઉપયોગ કરવો જોઈએ નહિ.

પુરુષાયિતબંધ [સં.] પું. કામશાસ્ત્ર પ્રમાણે એક પ્રકારનો બંધ કે સ્ત્રીસંભોગનો એક પ્રકાર. તેમાં પુરુષ નીચે હોય છે અને સ્ત્રી તેની ઉપર રહી સંભોગ કરે છે. સાહિત્યમાં આને વિપરીત રતિ કહે છે.

પુરુષાયુષ [સં.] ન. પુરુષનો આયુષ્યકાળ; સો વર્ષનો કાળ. મનુષ્યનું પૂર્ણ આયુષ્ય સો વર્ષનું મનાય છે.

પુરુષારથ જુઓ પુરુષાર્થ

પુરુષાર્થ ૧. [સં] પું. ઇષ્ટ વસ્તુ.

૨. પું. ઉદ્યમ; ઉદ્યોગ; પરાક્રમ; મહેનત; પુરુષપ્રયત્ન.

૩. પું. ઉપાય.

૪. પું. (જૈન) ક્રામ અને મોક્ષ.

> ક્રામ અને મોક્ષ એ જ પુરુષાર્થ છે. તે બે સિવાય બીજી કોઈ પણ વસ્તુ પ્રાણીઓને માટે મુખ્ય સાધ્ય નથી. પુરુષાર્થોમાં અર્થ અને ધર્મને મણકામાં આવે છે તે મુખ્ય સાધ્યરૂપે નહિ પણ ક્રામ અને મોક્ષના સાધનરૂપે. અર્થ એ ક્રામનું અને ધર્મ એ મોક્ષનું પ્રધાન સાધન છે.
> તત્ત્વાર્થસૂત્ર

૫. પું. (ન્યાય) છૂટ.

૬. પું. (વેદાંત) ત્રણ પ્રકારનાં દુઃખોની અત્યંત નિવૃત્તિ.

૭. પું. પુરુષાવતારનું પ્રયોજન; પુરુષ વડે સાધ્ય અર્થ; પુરુષના ઉદ્યોગનો વિષય; પુરુષનું લક્ષ્ય.

> પુરુષાર્થ કરવો-દેખાડવો = (૧) જાન હોડ પર મારવો. (૨) યત્ન કરવો.

૮. પું. પુરુષે સાધવાના ચાર મોટા અર્થ; ધર્મ, અર્થ, ક્રામ અને મોક્ષ એ દરેક. સાંખ્ય મત પ્રમાણે ત્રિવિધ દુઃખની અત્યંત નિવૃત્તિ એટલે મોક્ષ એ પરમ પુરુષાર્થ છે. પ્રકૃતિ પુરુષાર્થને માટે એટલે કે પુરુષને દુઃખોથી નિવૃત્ત કરવાને માટે નિરંતર યત્ન કરે છે પણ પુરુષ પ્રકૃતિના ધર્મને પોતાનો ધર્મ સમજી પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. જ્યાંસુધી પુરુષને સ્વરૂપનું જ્ઞાન ન થાય, ત્યાંસુધી પ્રકૃતિ સંબંધ છોડતી નથી. પુરાણો અનુસાર ધર્મ, અર્થ, ક્રામ અને મોક્ષ પુરુષાર્થ છે. ચાર્વાક મત પ્રમાણે ક્રામિનીના સંગથી થતું સુખ એ જ પુરુષાર્થ છે.

૯. પું. (સાંખ્ય) બુદ્ધિ.

૧૦. પું. ભોગ.

૧૧. પું. મનુષ્યે શોધવાની, કરવાની અને મેળવવાની વસ્તુ.

૧૨. પું. માણસને છાજે તેવી બહાદુરી કે ઉદારતા.

૧૩. પું. માણસનો હેતુ; ઇચ્છા પૂરી પાડવી તે; કરજ અદા કરવી તે.

૧૪. પું. મોક્ષ.

૧૫. પું. શક્તિ; સામર્થ્ય; બળ; પરાક્રમ; પુરુષપણું; મરદાઈ.

૧૬. પું. (સાંખ્ય) સુખની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિ.

> હું સુખી થાઉં, દુઃખી ન થાઉં, એવી જે અંતરની ઇચ્છામાં પ્રાર્થના હોવાથી મહર્ષિ કપિલે સુખની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિને પુરુષાર્થ કહ્યો છે.
> સાખ્યદર્શન

૧૭. ન. માણસને છાજે.

પુરુષાર્થતા [સં.] સ્ત્રી. પુરુષાર્થપણું.

પુરુષાર્થપ્રસાધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કલ્પવર માંહેનું એક નામ.

પુરુષાર્થવાદ [સં.] પું. પુરુષાર્થ ઉપર શ્રદ્ધા રાખનારો મત. આ શબ્દ નસીબવાદથી ઊલટો છે.

પુરુષાર્થવાદી [સં. પુરુષાર્થવાદિન્] વિ. પુરુષાર્થ ઉપર શ્રદ્ધા રાખવાના મતનું.

પુરુષાર્થસાધક [સં.] વિ. પુરુષાર્થ કરનાર.

પુરુષાર્થસિદ્ધિ [સં.] સ્ત્રી. પુરુષાર્થ કરીને સિદ્ધિ મેળવવી તે.

પુરુષાર્થી ૧. [સં. પુરુષાર્થિન્] વિ. ઉદ્યોગી.

૨. વિ. પરાક્રમી; પુરુષને શોભે અર્થ સાધી લેવાના બળ ને હોંકવાળું.

૩. વિ. પરિશ્રમી.

૪. વિ. પુરુષાર્થ કરનાર; પુરુષાર્થ સાધનાર.

૫. વિ. બળવાન; સામર્થ્યવાન.

૬. વિ. બહાદુર; વીર; હિંમતવાન.

પુરુષાવતાર [સં.] પું. અવતારના ત્રણ માંહેનો જે નામનો એક ભેદ. ત્રણ ભેદ: પુરુષાવતાર, ગુણાવતાર અને લીલાવતાર.

પુરુષાવયવ [સં.] પું. પુરુષોત્તમનાં કલ્પવર માંહેનું એક નામ.

પુરુષાવસ્થા સ્ત્રી. જે અવસ્થાએ બાળક બાળક મટી પુરુષ કહેવાવાને લાયક થાય તે અવસ્થા.

પુરુષાશિની [સં.] સ્ત્રી. રાક્ષસી.

પુરુષાશી [સં. પુરુષાશિન્] પું. રાક્ષસ.

પુરુષાસન [સં.] ન. અઢારથી ત્રીજાસન માંહેનું જે નામનું એક આસન.

પુરુષાસ્થિમાલી [સં. પુરુષાસ્થિમાલિન્] પું. મહાદેવ.

પુરુષાંતર ૧. [સં.] ન. અન્ય પુરુષ; બીજો પુરુષ.

૨. ન. જેની વચમાં એક પુરુષ જેટલું અંતર.

પુરુષાંતરસંધિ [સં.] સ્ત્રી. જોડણીનો સેનાપતિ જોડણીનું કામ કરે એવી રીતે કરવામાં આવેલી સંધિ.

પુરુષીકરણ [સં.] ન. છબારોપણ; 'પર્સોનિફિકેશન'.

> પ્રકૃતિની શક્તિઓનું પુરુષીકરણ આ રીતે થયું કે બધી વસ્તુ જ દેવીકરણ થાય છે
> બંટરાય પંડ્યા

પુરુષુ જુઓ પુરુષુ.

પુરુષેશ્વરી [સં.] સ્ત્રી. સીતાનાં કલ્પવર માંહેનું એક નામ.

પુરુષોક્તિ [સં.] સ્ત્રી. પુરુષની અટક; 'સરનેમ.'

પુરુષોક્તિક [સં.] વિ. આશ્રય વગરનું; નિરાધાર.

પુરુષોચિત [સં.] વિ. મરદને છાજતું.

પુરુષોત્તમ ૧. [સં.] પું. અધિક માસ; મળ માસ.

૨. પું. (જૈન) અર્હંત દેવ; જિન. ક્ષીણાષ્ટકર્મા, પરમેષ્ઠી, અધીશ્વર, ભગવાન, જગત્પ્રભુ, તીર્થંકર, જિનેશ્વર, સ્યાદ્વાદી, સર્વજ્ઞ, સર્વદર્શી, કેવલી, દેવાધિદેવ, વીતરાગ વગેરે તેમનાં બીજાં નામ છે.

> અર્હંત દેવનાં કલ્પવર નામો છે. જેમાં શંકર, શિવ, બ્રહ્મા, હરિ, જિન, જિનેશ્વર, xxx કેવલી, પુરુષોત્તમ અને વીતરાગ આદિ નામો મુખ્યનિરૂપણ છે.
> વિજયભદ્રસૂરિ

૩. પું. ઈશ્વર.

૪. પું. ઉત્તમ પુરુષ; શ્રેષ્ઠ પુરુષ.

૫. પું. (જૈન) જે નામના ચોથા વાસુદેવ.

૬. પું. (પિંગળ) જે નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે માહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૧૩૨ લઘુ મળી ૧૪૫ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.

૭. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ક્રામઉલ્લાલ છંદનો એક ભેદ છે. તેમાં એક ગુરુ અને ૫૮ લઘુ મળી ૫૯ વર્ણ અને ૬૦ માત્રા હોય છે.

૮. પું. (જૈન) ત્રિપુરુષ નામના અંતરના દસ માંહેનો એક પ્રકાર. ત્રિપુરુષ નામના અંતરના દસ પ્રકાર: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવરણ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વાન.

૯. પું. કૃષ્ણ; કૃષ્ણચંદ્ર.

> પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે.
> શિક્ષાપત્રી

૧૦. પું. ક્ષર અને અક્ષર તેની ઉપર રહેલું પરમાત્માનું સ્વરૂપ.

> ક્ષરથી પર છું હું ને અક્ષરથી ય ઉત્તમ.
> તેથી છું લોક તે વેદે પ્રખ્યાત પુરુષોત્તમ.
> ભગવદ્ગીતા

૧૧. પું. જગન્નાથજી.

૧૨. પું. નારાયણ.

હાંચો હું સારથી ય ઉત્તમ છઉં એ અક્ષરેથી ય હું, પુરુષોત્તમ તેથી હું જગત ને વેદે ય વિખ્યાત હું; જે જ્ઞાનીજન એહ રીત મુજને જાણે પુરુષોત્તમ, તે સર્વજ્ઞ સમગ્ર ભાવ ધરીને હું ભજે ભારત! ગીતાપદ્યામૃત

૧૩ પું. પરમાત્મા; પુરુષ તેનાં કર્મ અને તેની અવસ્થાના લેશ પણ સંબંધ રહિત હોવાથી નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવવાન કેવળ સચ્ચિદાનંદ એકરસરૂપ પરમાત્મા.

૧૪. પું. વિષ્ણુ; વિષ્ણુ ભગવાન; વિષ્ણુનાં બદ્રીનાથ મૉંદેનું એક નામ. પુરુષોમા ઉત્તમ, વ્યક્તિઓના જીવપદ્યમાં ઉત્તમ પુરુષરૂપે ને પ્રકૃતિથી પર એટલે શ્રેષ્ઠ એવા ઉત્તમ પુરુષરૂપે હોવાથી તે પુરુષોત્તમ કહેવાય છે. શ્રીમદ્ ભાગવતમાં તેમનાં બદ્રીનાથ નામ નીચે મુજબ છે: (૧) શ્રીકૃષ્ણ, (૨) સચ્ચિદાનંદ, (૩) નિત્યલીલાવિનોદકૃત, (૪) સર્વાત્મવિનોદી, (૫) લક્ષ્મીપ, (૬) પુરુષોત્તમ, (૭) આદિદેવ, (૮) સર્વેશ્વર, (૯) પ્રજ્ઞાત્મા, (૧૦) માયાપ્રવૃત્ત, (૧૧) ભક્તોદ્ધારપ્રયત્નાત્મા, (૧૨) જગત્કર્તા, (૧૩) જગન્મય, (૧૪) નામલીલાપર, (૧૫) વિષ્ણુ, (૧૬) વ્યાસાત્મા, (૧૭) શુકમોક્ષદ, (૧૮) વ્યાપિવૈકુંઠદાતા, (૧૯) શ્રીમદ્ભાગવતાત્મા, (૨૦) શુકવાગમૃતાબ્ધીંદુ, (૨૧) યોનદ્વાર્ષ્યભીષ્ટદ, (૨૨) ભક્તિપ્રવર્તક, (૨૩) ત્રાતા, (૨૪) વ્યાસચિંતાવિનાશક, (૨૫) સર્વસિદ્ધાંતવાક્યાત્મા, (૨૬) નારદાદ્યભિલેષ્ટદ, (૨૭) અંતરાત્મા, (૨૮) જ્ઞાનપ્રદ, (૨૯) ભક્તિરત્નપ્રદાયક, (૩૦) મુક્તોપસૃપ્ય, (૩૧) પુરુષાત્મા, (૩૨) મુક્તાનાં રતિવર્ધન, (૩૩) ભક્તકર્મૈકનિરત, (૩૪) દ્રૌપદ્યભિનિવારક, (૩૫) ભક્તરક્ષણપ્રતિજ્ઞ, (૩૬) ભક્તરાજ્યપરિપાલક, (૩૭) બદ્રીપદેવ, (૩૮) ધર્માત્મા, (૩૯) ભક્તાનાં પરીક્ષક, (૪૦) આસન્નહિતકર્તા, (૪૧) માયાહિતકર, (૪૨) પ્રભુ, (૪૩) ઉત્તરામાધ્વદાતા, (૪૪) પ્રજ્ઞાઋષિનિવારક, (૪૫) સર્વતઃપાંડવપતિ, (૪૬) પરીક્ષિદ્બુદ્ધિકારજ્ઞ, (૪૭) સર્વવેદેષુ ગૂઢાત્મા, (૪૮) ભક્તૈકહૃદયગમ, (૪૯) કુતીસ્તુત, (૫૦) પ્રસન્નાત્મા, (૫૧) પરમાદ્ભુતકાર્યકૃત, (૫૨) ભીષ્મમુક્તિપ્રદ, (૫૩) સ્વામી, (૫૪) ભક્તામોઘનિવારક, (૫૫) સર્વાવસ્થાસુ સસેવ્ય, (૫૬) સમ, (૫૭) સુખહિતપ્રદ, (૫૮) કૃતકૃત્ય, (૫૯) સર્વસાક્ષી, (૬૦) ભક્તાઓરતિવર્ધન, (૬૧) સર્વસૌભાગ્યનિલય, (૬૨) પરમાર્જવોપપૃક્ત, (૬૩) અનન્યપુરુષસ્વામી, (૬૪) સર્વલક્ષણદાતા, (૬૫) દ્વારકાભાગ્યભાજન, (૬૬) બાંધવસરકારકર્તા, (૬૭) પરીક્ષિજ્જ્ઞાનપોષક, (૬૮) વિદુરપ્રીતિપૂરક, (૬૯) સર્વત્રપૂર્ણગુણક, (૭૦) સર્વભૂષણભૂષિત, (૭૧) પુનરાવૃત્તિવિમુક્તિદ, (૭૨) લીલાબ્ધામોક્ષકર્તા, (૭૩) નિત્યં સન્માર્ગરક્ષક, (૭૪) પ્રજ્ઞાધર્મપ્રવર્તક, (૭૫) પાંડવાનાં મોક્ષદાતા, (૭૬) કૃષ્ણનિમત્તકર્તા, (૭૭) પરીક્ષિદ્ભાગ્યવર્ધન, (૭૮) ધર્મારીનાં પોષક, (૭૯) સત્સમ્માનહેતુ, (૮૦) શ્રીભાગવતકારજ્ઞ, (૮૧) પ્રાકૃતજ્ઞદ્યમાર્ગ, (૮૨) સકલાગમૈકજ્ઞેયત્વ, (૮૩) શુદ્ધભાવૈઃ કીર્તિતજ્ઞ, (૮૪) અનેકમાર્ગકર્તા, (૮૫) આત્મવિદ્યાવૈઃ રમર્તવ્ય, (૮૬) સકલાધાર, (૮૭) નાનાવિધગતિપ્રદ, (૮૮) જ્ઞાનસ્ય જ્ઞાન, (૮૯) સત્ત્વૈકનિલયાત્મજ્ઞ, (૯૦) યોગગમ્ય, (૯૧) સર્વજ્ઞેય, (૯૨) પુરુષ, (૯૩) સુરજ્યિ, (૯૪) જન્માદિસાર્થકકૃતિ, (૯૫) લીલાકર્તા, (૯૬) સતાં પતિ, (૯૭) આદિકર્તા, (૯૮) તત્ત્વકર્તા, (૯૯) સર્વકર્તા, (૧૦૦) વિશારદ, (૧૦૧) નાનાવતારકર્તા, (૧૦૨) જ્ઞાનાવિર્ભાવકારજ્ઞ, (૧૦૩) દત્તલીલાવિનોદી, (૧૦૪) નાનાસૃષ્ટિપ્રવર્તક, (૧૦૫) અનેકરૂપકર્તા, (૧૦૬) સર્વદોષવિવર્જિત, (૧૦૭) વંશાબ્દહેતુ, (૧૦૮) તીર્થાત્મા, (૧૦૯) સર્વતીર્થેકપ્રદ, (૧૧૦) તીર્થપુરૈકનિલય, (૧૧૧) સર્વધર્મપરિપોષક, (૧૧૨) તીર્થકીર્તિ, (૧૧૩) ભક્તગમ્ય, (૧૧૪) ભક્તાનુગ્રહકાર્યકૃત, (૧૧૫) ભક્તતુલ્ય, (૧૧૬) સર્વતુલ્ય, (૧૧૭) સ્વેચ્છાસર્વપ્રવર્તક, (૧૧૮) ગુણાતીત, (૧૧૯) અનવદ્યાત્મા (૧૨૦) સર્વલીલાપ્રવર્તક, (૧૨૧) સાક્ષાત્સર્વજ્ઞભક્તર્તા, (૧૨૨) મહદાદિપ્રવર્તક, (૧૨૩) માયાપ્રવર્તક, (૧૨૪) સાક્ષી, (૧૨૫) માયારતિવિવર્ધન, (૧૨૬) આકાશાત્મા, (૧૨૭) ચતુર્મૂર્તિ, (૧૨૮) ચતુર્ભો, (૧૨૯) ભૂતભાવન, (૧૩૦) રજઃપ્રવર્તક, (૧૩૧) બ્રહ્મા, (૧૩૨) મરિચ્યાદિપિતામહ, (૧૩૩) વેદકર્તા, (૧૩૪) યજ્ઞકર્તા, (૧૩૫) સર્વકર્તા, (૧૩૬) અમિતાત્મક, (૧૩૭) અનેકસૃષ્ટિકર્તા, (૧૩૮) દક્ષયાસૃષ્ટિકારક, (૧૩૯) પશ્વાંગ, (૧૪૦) યજ્ઞવારાહ, (૧૪૧) ભૂધર, (૧૪૨) ભૂમિપાલક, (૧૪૩) સેતુ, (૧૪૪) ત્રિધરજ્ઞ, (૧૪૫) જ્ઞેય, (૧૪૬) હિરણ્યાક્ષાંતક, (૧૪૭) સુર, (૧૪૮) દિતિકશ્યપાગ્નૈકહેતુસૃષ્ટિપ્રવર્તક, (૧૪૯) દૈત્યાગ્રપ્રદાતા, (૧૫૦) વૈકુંઠાધિપતિ, (૧૫૧) મહાન, (૧૫૨) સર્વગર્વપ્રહારી, (૧૫૩) સનકાદ્યભિશાર્યદ, (૧૫૪) સર્વાશ્રમનકર્તા, (૧૫૫) ભક્તતુલ્યાકવપ્રદ, (૧૫૬) કાલયજ્ઞહેતુ, (૧૫૭) સર્વાર્થદાયક, (૧૫૮) ધર. (૧૫૯) ભક્તોન્નતિકર, (૧૬૦) સર્વપ્રકારસુખદ, (૧૬૧) નાનાયુદ્ધપ્રહરજ્ઞ, (૧૬૨) બ્રહ્મશાપવિમોચક, (૧૬૩) પુષ્ટિસર્ગપ્રણેતા, (૧૬૪) ગુણસૃષ્ટિપ્રવર્તક, (૧૬૫) કર્દમેષ્ટપ્રદાતા, (૧૬૬) દેવહૂત્યભિશાર્યદ, (૧૬૭) શુક્લનારાયજ્ઞ, (૧૬૮) સત્યાગ્રહધર્મપ્રવર્તક, (૧૬૯) જ્ઞાનાવતાર, (૧૭૦) શાંતાત્મા, (૧૭૧) કપિલ, (૧૭૨) કાલનાશક, (૧૭૩) ત્રિગુણાધિપતિ, (૧૭૪) સાંખ્યશાસ્ત્રકર્તા, (૧૭૫) વિશારદ, (૧૭૬) સર્વદુઃખહરી, (૧૭૭) પુષ્ટિમોક્ષપ્રવર્તક, (૧૭૮) લૌકિકાનંદદાતા, (૧૭૯) બ્રહ્માનંદપ્રવર્તક, (૧૮૦) ભક્તિસિદ્ધાંતવક્તા, (૧૮૧) આત્મપ્રદ, (૧૮૨) સગુણજ્ઞાનદીપક, (૧૮૩) પૂર્ણકામ, (૧૮૪) યોગાત્મા, (૧૮૫) યોગભાવિત, (૧૮૬) જીવન્મુક્તિપ્રદ, (૧૮૭) શ્રીમાન, (૧૮૮) અન્યલક્ષિતપ્રવર્તક, (૧૮૯) પ્રજ્ઞાસામર્થ્યદાતા, (૧૯૦) પ્રજ્ઞાદોષનિવારક, (૧૯૧) કર્મમાર્ગનિયામક, (૧૯૨) ગર્ભાધમજ્ઞાનદાતા, (૧૯૩) સિદ્ધિહેતુ, (૧૯૪) સર્વમાર્ગનિરાકર્તા, (૧૯૫) સર્વહેતુ, (૧૯૬) ભક્તિમાર્ગોપપોષક, (૧૯૭) સિદ્ધપૂજિત, (૧૯૮) સર્વાશ્રયૈકકારજ્ઞ, (૧૯૯) ચેતનાચેતનપતિ, (૨૦૦) સમુદ્રપરિપૂજિત, (૨૦૧) સાંખ્યશાસ્ત્રસ્તુત, (૨૦૨) સર્વપૂજિત, (૨૦૩) વિસર્જકર્તા, (૨૦૪) સર્વેશ, (૨૦૫) કોટિસૂર્યસમપ્રભ, (૨૦૬) અનંતગુણગંભીર, (૨૦૭) બ્રહ્મપુત્રપૂજિત, (૨૦૮) અનંતસુખદાતા, (૨૦૯) બ્રહ્મકોટિપ્રજાપતિ, (૨૧૦) મુખ્યકોટિસ્વારક્ષહેતુ, (૨૧૧) ચક્રિજન્મ, (૨૧૨) કામધુક્કોટિકામદ, (૨૧૩) સમુદ્રકોટિગંભીર, (૨૧૪) તીર્થકોટિસમ સ્પૃષ્ટ, (૨૧૫) આકૃતિસ્તુત, (૨૧૬) સુમેરુકોટિનિષ્કંપ, (૨૧૭) મન્વાદિપ્રેરક, (૨૧૮) કોટિબ્રહ્માંડવિગ્રહ, (૨૧૯) યજ્ઞનારાયજ્ઞ, (૨૨૦) કોટિયજ્ઞમેધપાપજ્ઞ, (૨૨૧) અભયપ્રદ, (૨૨૨) બાહુકોટિમહાબલ, (૨૨૩) કોટીદુજ્જ્વલદીપ્તી, (૨૨૪) શિવકોટિપ્રસાદકૃત, (૨૨૫) ધર્મ, (૨૨૬) સર્વસદ્ગુણમહાદ્યર્ણવ, (૨૨૭) દર્વેશ, (૨૨૮) સર્વસદ્ગુણકુલાજ્ઞન, (૨૨૯) પર, (૨૩૦) દક્ષિણાપતિ, (૨૩૧) ઋત્વિજ્ય, (૨૩૨) ક્રિયાગ્રહિત, (૨૩૩) પરાયજ્ઞ, (૨૩૪) દત્તાત્રેય, (૨૩૫ યોગપતિ, (૨૩૬) યોગમાર્ગપ્રવર્તક, (૨૩૭) અનસૂયાગર્ભરત્ન, (૨૩૮) વિશ્વાનંદપ્રદ, (૨૩૯) ઋષિચંદ્રવિવર્ધન, (૨૪૦) નાગયજ્ઞ, (૨૪૧) ગુણત્રયવિભાગજ્ઞ, (૨૪૨) ધર્મસેતુ, (૨૪૩) ચતુર્વર્ગવિચારદ, (૨૪૪) સદ્વત્સપ્રયત્નપેટી, (૨૪૫) મૂર્તિપુરુષમયક્રકર, (૨૪૬) તપઃસાર, (૨૪૭) નરપ્રિય, (૨૪૮) કર્મસાક્ષી, (૨૪૯) ભારતપૂજિત, (૨૫૦) અનંતાદ્ભુતમહાત્મ્ય, (૨૫૧) બદરીસ્થાનભૂષ્ણુ, (૨૫૨) જિતકામ, (૨૫૩) જિતક્રોધ, (૨૫૪) જિતસંગ, (૨૫૫) જિતેંદ્રિય, (૨૫૬) ઉર્વશીપ્રભવ, (૨૫૭) સ્વર્ગસુખદાયી, (૨૫૮) સ્મિતપ્રદ, (૨૫૯) અમાની, (૨૬૦) માનદ, (૨૬૧) કલ્પિતા, (૨૬૨) ભગવત્ક્ષત્રબીજોપક, (૨૬૩) બ્રહ્માદિવંદ્ય, (૨૬૪) હંસ, (૨૬૫) મી, (૨૬૬) માયાવૈભવકારજ્ઞ, (૨૬૭) વિવિધાનંતસર્જાત્મા, (૨૬૮) બ્રહ્મસ્વામી, (૨૬૯) વિશ્વપૂરણતત્પર, (૨૭૦) પ્રજાજીવનહેતુ, (૨૭૧) ઇષ્ટબીજક, (૨૭૨) નાનાસિદ્ધાંતગમ્ય, (૨૭૩) સપ્તતંતુ, (૨૭૪) પદ્મગર્ભ, (૨૭૫)

પ્રતિસર્ગસંસ્કૃત-કર્તા, (૨૭૬) નાનાલીલાવિશારદ, (૨૭૭) ધ્રુવપ્રિય, (૨૭૮) ધ્રુવસ્વામી, (૨૭૯) ચિંતિતાર્થિકલ્પક, (૨૮૦) દુર્જ્ઞેયાનંતકુલક, (૨૮૧) કૃપાનિધિ, (૨૮૨) અમિત્રઘ્ન, (૨૮૩) અંશસ્વામી, (૨૮૪) કૃપાસાર, (૨૮૫) વૈન્ય, (૨૮૬) મનોદાતા, (૨૮૭) ભૂમિનિયામક (૨૮૮) ભૂમિદોગ્ધા, (૨૮૯) પ્રજાપ્રાણપાલનૈકપરાયણ, (૨૯૦) જ્ઞાનદાતા, (૨૯૧) સર્વધર્મપ્રદર્શક, (૨૯૨) પુરંજન, (૨૯૩) જગન્મિત્ર, (૨૯૪) વિમર્ગતિપ્રદર્શક, (૨૯૫) પ્રચેતસાં પતિ, (૨૯૬) ચિત્તશુદ્ધિહેતુ, (૨૯૭) સ્મૃતિહેતુજ્ઞાનભાવસામુખ્યપ્રદ, (૨૯૮) જનાર્દન, (૨૯૯) શુભ, (૩૦૦) વિજયી, (૩૦૧) અચ્યુત, (૩૦૨) સ્થિતિક્ષાલાલિત્ય, (૩૦૩) વિઘ્નભદ્ર, (૩૦૪) સ્વસામર્થ્યપ્રદ, (૩૦૫) ભક્તકીર્તિહેતુ, (૩૦૬) અધોક્ષજ, (૩૦૭) પ્રિયભક્તપ્રિયસ્વામી, (૩૦૮) રત્નેશ્વરાવાદવિશારદ, (૩૦૯) સંપત્પ્રદ્ય, (૩૧૦) સ્વપ્રકાશ, (૩૧૧) સર્વસંશયનિવર્જિત, (૩૧૨) ધર્મ્યાણાં સમર્થક, (૩૧૩) સર્વેશ, (૩૧૪) જ્ઞાનમાત્રોપલંભન, (૩૧૫) અચિંત્યશક્તિકર્તા, (૩૧૬) તર્કાગોચરકર્મકૃત, (૩૧૭) શૃંગારરસમર્મજ્ઞ, (૩૧૮) જ્ઞાનોદ્રેકમજ્જાજ્ઞ, (૩૧૯) નાભીષ્ટપૂરક, (૩૨૦) કર્મમર્યાદાદર્શનોત્સુક, (૩૨૧) સદાનંદશરીરવાન, (૩૨૨) મર્યાદાપુરુષોત્તમ, (૩૨૩) કાલસાક્ષી, (૩૨૪) સર્વરૂપેષુ સસ્યાત્મા, (૩૨૫) શશિપ્રભ, (૩૨૬) મેરુદેવીશ્વરાદ્ય, (૩૨૭) ઋષભ, (૩૨૮) જગલક્ષણ, (૩૨૯) જગત્સેતુપક, (૩૩૦) મેઘરૂપી, (૩૩૧) દેવેંદ્રપૂજ્ય, (૩૩૨) જયંતીપતિ, (૩૩૩) અત્યંતપ્રમાણશૈલૌકિક, (૩૩૪) લોકચર્યા પ્રદર્શક, (૩૩૫) શમધ્યાનરતભૂતાત્મા, (૩૩૬) ગુણપ્રસુ, (૩૩૭) વૈષ્ણુરોત્પાદનપર, (૩૩૮) સર્વધર્મોપદેશક, (૩૩૯) પરદ્રવ્યક્રિયાત્યાગોમા, (૩૪૦) શતાનંદ, (૩૪૧) ચતુર્થાશ્રમનિર્ણેતા, (૩૪૨) અદ્ભુતતમ, (૩૪૩) પ્રદર્શિતાન્યધર્મ, (૩૪૪) ભરતસ્વામી, (૩૪૫) અપારકૃત, (૩૪૬) યથાવત્કર્મકર્તા, (૩૪૭) સંમાનિષ્ટપ્રદર્શક, (૩૪૮) યજ્ઞરૂપભૃત, (૩૪૯) આવશ્યકપુનર્જન્મકર્મમાર્ગપ્રદર્શક, (૩૫૦) શાંત, (૩૫૧) સવિષ્ણુ, (૩૫૨) સદ્પરાક્રમ, (૩૫૩) રહૂગણવિમોચક, (૩૫૪) રહૂગણજ્ઞનિદ્ય, (૩૫૫) જ્ઞાવાપ્તીતત્ત્વવક્તા, (૩૫૬) જગત્સ્વામી, (૩૫૭) બહિર્મુખસ્થિતે રત્ત, (૩૫૮) સ્થાનવંશકર્તા, (૩૫૯) સ્થાનવિક્ષોદકૃત, (૩૬૦) પુરુષાવયવ, (૩૬૧) ભૂમિવિશેષનિર્નિરૂપક, (૩૬૨) ગંગારૂપ, (૩૬૩) જંબૂદ્વીપપતિ, (૩૬૪) ગંગામાહાત્મ્યહેતુ, (૩૬૫) મેરુનાભિપદ્મરત્નાશ્રય, (૩૬૬) સર્વજ્ઞાયન, (૩૬૭) નાનાવિભૂતિલીલાઢ્ય, (૩૬૮) વૈકુંઠદ્વૈતવંશુજ્ઞ-ભક્તકૃત, (૩૬૯) અતિગૂઢકૃત, (૩૭૦) સંસોત્પત્તિનિદાનકૃત, (૩૭૧) શિવસ્વામી, (૩૭૨) શિવોપાસ્ય, (૩૭૩) સંપૂર્ણજ્ઞાત્મક, (૩૭૪) ગૂઢ, (૩૭૫) સ્થાનગ્રહાર્થમત્સ્યાદિરૂપ, (૩૭૬) સર્વૈકપૂજિત, (૩૭૭) સર્વપ્રસવકારણ, (૩૭૮) ઉપારવનાનારૂપાત્મા, (૩૭૯) મતિપ્રદ, (૩૮૦) જ્યોતીરૂપ, (૩૮૧) હર્ષમજ્જાજ્ઞાનન, (૩૮૨) વેદશાંતિ, (૩૮૩) ઉજ્જ્વલવેગપ્રેરક, (૩૮૪) હંસ, (૩૮૫) અંતરિક્ષગમન, (૩૮૬) આનંદકર્તા, (૩૮૭) વસુદ, (૩૮૮) પુષ્ય, (૩૮૯) વાક્પતિ, (૩૯૦) ઉજ્જ્વલ, (૩૯૧) કાલાત્મા, (૩૯૨) કાલકલ, (૩૯૩) કાલચ્છેદકૃત, (૩૯૪) ઉત્તમ, (૩૯૫) સ્થિરકુમાર, (૩૯૬) સર્વમૂર્તિ, (૩૯૭) આધિદૈવિકરૂપપ્રેરક, (૩૯૮) સંકર્ષણ, (૩૯૯) અનંતસુખભોગાઢ્ય, (૪૦૦) દૈત્યપતિ, (૪૦૧) સ્થિરૈશ્વર્યજ્ઞાન, (૪૦૨) સર્વાધાર, (૪૦૩) ભૂયદ્વપુ, (૪૦૪) અનંતનરમ્ભેદી, (૪૦૫) સ્મૃતિમાત્રાતિનાશન, (૪૦૬) ધર્મચક્રત્ન, (૪૦૭) સર્વાનુગ્રહકર્તા, (૪૦૮) અપવિમોચક, (૪૦૯) મર્યાદાભિજ્ઞાભકૃત, (૪૧૦) જ્ઞાનહેતુ, (૪૧૧) કાલાતકભયચ્છેદી, (૪૧૨) અધોક્ષજ, (૪૧૩) નામસામર્થ્યરૂપપ્રેરક, (૪૧૪) સન્માર્ગપ્રેરક, (૪૧૫) ઉદ્ધારનર્હમોપ્તાત્મા, (૪૧૬) નામાદિપ્રેરકોત્તમ, (૪૧૭) અક્લિષ્ટવક્તા, (૪૧૮) અજ્ઞમિશ્રમહાદુષ્ટમોચક, (૪૧૯) ધર્તા, (૪૨૦) વિષ્ણુધર્મસ્વરૂપપ્રેરક, (૪૨૧) વૈકુંઠપુરનેતા, (૪૨૨) દાસસંવૃદ્ધિકારક, (૪૨૩) દક્ષપ્રસાદકૃત, (૪૨૪) હંસગુહ્યસ્તુતિવિજ્ઞાપન, (૪૨૫) સ્વયંભિપ્રાયપ્રવક્તા, (૪૨૬) મુક્તજીવપ્રસૂતિકૃત, (૪૨૭) નારદપ્રેરણાત્મા, (૪૨૮) સર્વનારાયણ, (૪૨૯) સુખસાધ્યસ્થિત, (૪૩૦) ગૂઢાર્થસ્થાપન, (૪૩૧) ગૂઢવાક્યાર્થસ્થાપનક્ષમ, (૪૩૨) કવચાત્મા, (૪૩૩) સર્વમોક્ષાનંદપ્રતિષ્ઠિત, (૪૩૪) ઓપ્રસૂ, (૪૩૫) પુષ્ટિપ્રરોહહેતુ, (૪૩૬) દાસૈકજ્ઞાનફલપ્રદ, (૪૩૭) જ્ઞાતિકર્તા, (૪૩૮) સુકૃતિકૃત, (૪૩૯) સર્વકામપ્રદ, (૪૪૦) પુષ્ટિવંશપ્રણેતા, (૪૪૧) વિશ્વરૂપેષ્ટદેવતા, (૪૪૨) પ્રાણનાત્મા, (૪૪૩) ધર્મોપમિતિકારણ, (૪૪૪) વિશ્વરૂપશિરશ્છેદી, (૪૪૫) ત્વાષ્ટ્રધ્વજવિનાશક, (૪૪૬) વૃત્રસ્વામી, (૪૪૭) વૃત્રગમ્ય, (૪૪૮) વૃત્રવધપરાયણ, (૪૪૯) વૃત્રકીર્તિ, (૪૫૦) વૃત્રમોક્ષ, (૪૫૧) સંસારમોચક, (૪૫૨) મધ્યકપ્રાણરક્ષક, (૪૫૩) મંત્રસિદ્ધિ, (૪૫૪) અશ્વમેધહરિર્ભોક્તા, (૪૫૫) સિદ્ધિહેતુ, (૪૫૬) રૈવેંદ્રગીતનાશક, (૪૫૭) શિવ, (૪૫૮) ચિત્રકેતુનોધ્નનાત્પર, (૪૫૯) સુસિદ્ધિફલદાયક, (૪૬૦) મહાદેવતિરસ્કર્તા, (૪૬૧) અદિતિ, (૪૬૨) જ્ઞાત્રને પૂર્વાયનાશક, (૪૬૩) દૈત્યરાજ, (૪૬૪) દેવજ્ઞાલ્લુપ્તિદેવૈમુખ્યજ્ઞાપક, (૪૬૫) મરુત્પતિ, (૪૬૬) અચિંત્યકૃત, (૪૬૭) જ્ઞાતા, (૪૬૮) મરુતાં ભેદક, (૪૬૯) મતાત્મા, (૪૭૦) પુંપ્રસૂતિકૃત, (૪૭૧) કર્મમાત્મા, (૪૭૨) વાસનાત્મા, (૪૭૩) ઋતિલીલાપરાયણ, (૪૭૪) સમદૈત્યસુર, (૪૭૫) સ્વાત્મા, (૪૭૬) વૈષમ્યજ્ઞાનસંશ્રય, (૪૭૭) દેહાદ્યુપાધિરહિત, (૪૭૮) સર્વજ્ઞ, (૪૭૯) સર્વહેતુવિદ્, (૪૮૦) જ્ઞાવાકૃસ્થાપનપર, (૪૮૧) સદસદ્ભાસનાહેતુ, (૪૮૨) સ્વજ્ઞ-માર્ગધિકાર્યકૃત, (૪૮૩) ત્રિસત્ય, (૪૮૪) ભક્તમોચક, (૪૮૫) હિરણ્યકશિપુદ્વંસી, (૪૮૬) પ્રતિષ્ટાત્મા, (૪૮૭) અતિબીભત્સ, (૪૮૮) શાંતિજ્ઞાનાદિહેતુ, (૪૮૯) પ્રહ્લાદોત્પત્તિકારણ, (૪૯૦) દૈત્યમિહાતસકૃપક્તા, (૪૯૧) તપઃસાર, (૪૯૨) ઉદારધી, (૪૯૩) દૈત્યહેતુપ્રકટન, (૪૯૪) ભક્તિચિહ્નપ્રકાશક, (૪૯૫) સદ્દ્વેષહેતુ, (૪૯૬) સદ્દ્વેષવાસનાત્મા, (૪૯૭) નિરંતર, (૪૯૮) નૈષ્ણુર્યસીમા, (૪૯૯) વૃદ્ધિ, (૫૦૦) પ્રહ્લાદવત્સલ, (૫૦૧) સંગ્રહોપેક્ષા, (૫૦૨) મહાનુભાવ. (૫૦૩) સાકાર, (૫૦૪) સર્વાકાર, (૫૦૫) પ્રમાણજ્ઞ, (૫૦૬) રત્નગર્ભપ્રસૂતિ, (૫૦૭) વૃષ્ણિક, (૫૦૮) ભીમવિક્રમ, (૫૦૯) વિકટાસ્ય, (૫૧૦) વજ્રનિર્ભેદ્ય (૫૧૧) નખશસ્ત્ર, (૫૧૨) હિરણ્યકશિપુચ્છેદી, (૫૧૩) ભક્તરક્ષણ, (૫૧૪) ક્રૂરદૈત્યવિનાશક, (૫૧૫) સિંહાસનસ્થ, (૫૧૬) ક્રોધાત્મા, (૫૧૭) બ્રહ્મજીવયવિવર્ધન, (૫૧૮) બ્રહ્માત્યંતભયઘ્ન, (૫૧૯) મોક્ષપ્રદાતા, (૫૨૦) અપૂર્વચિંતારૂપપૂરક, (૫૨૧) સ્તુતિપ્રિય, (૫૨૨) ભક્તોદ્ધારતત્પર, (૫૨૩) પ્રશ્રાંતધી, (૫૨૪) ભક્તાંત્રસ્નેહનોદ્ભૂતક્રોધપુંજ, (૫૨૫) સ્મૃતિમાત્રભયત્રાતા, (૫૨૬) બ્રહ્મબુદ્ધિપ્રદાયક, (૫૨૭) અમૃતપા, (૫૨૮) શ્રિયકીર્તિવિવર્ધન, (૫૨૯) ધર્માત્મા, (૫૩૦) સર્વકર્માત્મા, (૫૩૧) વિશ્વાત્મા, (૫૩૨) જ્ઞાત્રમપ્રભુ, (૫૩૩) સંસારશ્રમસ્ફોટા, (૫૩૪) મન્વંતરવિધાયન, (૫૩૫) સન્માર્ગોપ્તતત્ત્વજ્ઞ, (૫૩૬) સદાચાર, (૫૩૭) જ્ઞાચારાત્મા, (૫૩૮) સ્મૃત્યાશીર્વાશુભહર, (૫૩૯) ભક્તિસ્મરણદ્વૈત્યેકપૂજ્યભક્તિસ્વરૂપદા, (૫૪૦) જગદ્ધસ્મૃતિકારણ, (૫૪૧) શત્ર, (૫૪૨) જ્ઞા-મનુજ્ઞાતા, (૫૪૩) જ્ઞાત્રત્રાજ્ઞ, (૫૪૪) વિષ્ણુ, (૫૪૫) સત્યસેન, (૫૪૬) દુષ્ટઘાતી, (૫૪૭) હરિ, (૫૪૮) જગન્નિમોચક, (૫૪૯) વૈકુંઠ, (૫૫૦) લોકકર્તા, (૫૫૧) અજિત, (૫૫૨) અમૃતપ્રાણ, (૫૫૩) ઉરુક્રમ, (૫૫૪) ભૂમિકર્તા, (૫૫૫) સાર્વભૌમ, (૫૫૬) શ્રિયપ્રિય, (૫૫૭) વિષ્ણુ, (૫૫૮) સર્વદિતૈકાત્મા, (૫૫૯) શ્રિયપ્રિય, (૫૬૦) વિષ્વક્સેન, (૫૬૧) ધર્મસેતુ, (૫૬૨) લોકધૃતિ, (૫૬૩) સુધામાંતરપાલક, (૫૬૪) ઉપજ્ઞતાનોગર્ભત. (૫૬૫) ગૂઢદ્યુમાનુ, (૫૬૬) ક્રિયાપતિ, (૫૬૭) ઋતુદેયપ્રમાણાત્મા, (૫૬૮) જગન્નિર્ણોષક, (૫૬૯) બ્રહ્મીત્રોગૈકનિશ્ચય, (૫૭૦) દેવમંત્રપ્રદાયક, (૫૭૧) દૈત્યજ્ઞામોદક, (૫૭૨) ધર્મ, (૫૭૩) જ્ઞાજ્ઞાદ્યસ્પરકપસંશ્રય,

(૫૭૪) લીલામંદરપારી, (૫૭૫) અવિદ્યાહર્તા, (૫૭૬) દૈત્યવંશકૃતપૂજિત, (૫૭૭) સ્વયંપ્રકૃત, (૫૭૮) સમુદ્રો-મથનાપત્ત, (૫૭૯) આદિકૂર્મ, (૫૮૦) પવિત્રાત્મા, (૫૮૧) મંદરાચલોદ્ધારક, (૫૮૨) ક્ષીરોદ્ધવિધિવાર્તાજ્ઞ, (૫૮૩) ધન્વંતરિ, (૫૮૪) કલ્પાંતાવધિકાર્યકૃત, (૫૮૫) અમૃતનાશન, (૫૮૬) ચતુર્દશમહારત્ન, (૫૮૭) સુધાહરત, (૫૮૮) લક્ષ્મીસૌભાગ્યવર્ધન, (૫૮૯) યજ્ઞભોક્તા, (૫૯૦) આયુર્વેદપ્રણેતા, (૫૯૧) મુહિન્યામોહક, (૫૯૨) દેવદૈત્યાભિલાર્ચિત, (૫૯૩) માયયા વંચના, (૫૯૪) દૈવકાર્યસાધનતત્પર, (૫૯૫) ઔરૂપ્ય, (૫૯૬) દૈત્યાંતઃકરણપ્રિય, (૫૯૭) સ્ત્રિવ્યામોહક, (૫૯૮) પાયિતામૃતદેવાંશ, (૫૯૯) માયી, (૬૦૦) દુષ્કૃતેતુરમૃતિપ્રદ, (૬૦૧) સુમાસ્ત્રિમાસિવધકૃત, (૬૦૨) માહ્યવત્પ્રાણોદ્ધારક, (૬૦૩) સ્વર્ગહેતુ, (૬૦૪) કાલનેમિશિરશ્છેદી, (૬૦૫) મનોચિત, (૬૦૬) દૈત્યપક્ષવિનાશક, (૬૦૭) અલિજીવનકર્તા, (૬૦૮) અનોદૃષ્ટ, (૬૦૯) ઉદ્યમસામર્થ્યદાતા, (૬૧૦) દૈત્યશૌર્યસ્થિતિપ્રિય, (૬૧૧) ભૃગુમંત્રસ્વયંકૃતિજ્ઞ, (૬૧૨) અદિત્યાનંદકર્તા, (૬૧૩) ઉપેંદ્ર, (૬૧૪) હયપાદ્રિતિસંભવ, (૬૧૫) ઉદ્યાવરજ, (૬૧૬) વામનબ્રહ્મરૂપધૃક, (૬૧૭) બ્રહ્માદિસેવિતવપુ, (૬૧૮) યજ્ઞપાવનતત્પર, (૬૧૯) યાંચોપદેશકર્તા, (૬૨૦) સ્થાપિતાશેષસંસ્થિતિ, (૬૨૧) સર્વેશ્વર્તા, (૬૨૨) સત્યાર્થપ્રેરક, (૬૨૩) સર્વવિનાશક, (૬૨૪) ત્રિવિક્રમ, (૬૨૫) ત્રિલોકાત્મા, (૬૨૬) વિશ્વમૂર્તિ, (૬૨૭) પૃથુપ્રજા, (૬૨૮) પાદ્મનાભ્યબ્જ, (૬૨૯) સર્વદૈત્યપક્ષોપમર્દક, (૬૩૦) અબ્ધિસંક્ષય, (૬૩૧) સુતલસ્થાપિતબલિ, (૬૩૨) મહાસીન, (૬૩૩) સ્વર્ગાધિકસુખપ્રદ, (૬૩૪) કર્મસંપ્રતિકર્તા, (૬૩૫) સ્વર્ગસંસ્થાપિતામર, (૬૩૬) ગોપ્તા, (૬૩૭) જ્ઞાતત્રિવિધકર્માત્મા, (૬૩૮) સલત્રતપ્રિય, (૬૩૯) મત્સ્યમૂર્તિધૃતશ્રુતિ, (૬૪૦) સર્વાર્થદ્યાપક, (૬૪૧) શૃંગગ્રહધૃતક્ષોણિ, (૬૪૨) ગુરુ, (૬૪૩) ઈશ્વિસેવકલીલાત્મા, (૬૪૪) સૂર્યવંશપ્રવર્તક, (૬૪૫) સોમવંશોદ્ભવકર, (૬૪૬) મનુપુત્રપ્રતિપ્રદ, (૬૪૭) અંબરીષપ્રિય, (૬૪૮) દુર્વાસોગર્વનાશક, (૬૪૯) સાધુ, (૬૫૦) બ્રહ્મશાપોપસંહર્તા, (૬૫૧) ભક્તકીર્તિવિવર્ધન, (૬૫૨) ઇક્ષ્વાકુવંશજનક, (૬૫૩) સમરાદ્યભિલાર્યદ, (૬૫૪) બ્રહ્મસ્વામી, (૬૫૫) અમીરયમહાયત્ન, (૬૫૬) શિવસ્વામી, (૬૫૭) ગંગાધૌતાંઘ્રિપંકજ, (૬૫૮) અનંતકીર્તિ, (૬૫૯) સગરાત્મજજાહ્નવીપ્રદ, (૬૬૦) રઘુનાથ, (૬૬૧) બ્રહ્મશાપમોક્ષહેતુ, (૬૬૨) રામચંદ્ર, (૬૬૩) રઘુવંશવિવર્ધન, (૬૬૪) રામભદ્ર, (૬૬૫) રઘુપ્રિય, (૬૬૬) પુરુષશ્લોકૈકજ્ઞાનકર, (૬૬૭) પુરુષાત્મા, (૬૬૮) કોશલેંદ્ર, (૬૬૯) પ્રમાણાત્મા, (૬૭૦) સેવ્ય, (૬૭૧) દશરથાત્મજ, (૬૭૨) લક્ષ્મણ, (૬૭૩) ભરત, (૬૭૪) શત્રુઘ્ન, (૬૭૫) બ્રહ્મવિપ્રદ, (૬૭૬) વિશ્વામિત્રપ્રિય, (૬૭૭) દાંત, (૬૭૮) તાડકાવધમોક્ષદ, (૬૭૯) સુબાહુહા, (૬૮૦) યજ્ઞવ્યાઘ્રાભિનિક્ષિપ્તમારીચ, (૬૮૧) સીતાપતિ, (૬૮૨) વૃષધ્વજધનુર્ભંગપ્રાપ્તસીતામહોત્સવ, (૬૮૩) ભૃગુપતિસર્વપર્વતનાશક, (૬૮૪) રામ, (૬૮૫) અયોધ્યારાજ્યમહાભોગયુક્તબ્રહ્મર્ષિવિનોદવાન, (૬૮૬) કૈકેયીવાક્યકર્તા, (૬૮૭) વૈરાગ્યબોધક, (૬૮૮) પિતૃસત્યપરિપાલક, (૬૮૯) ગુહસ્વામી, (૬૯૦) જ્ઞાન-બ્રહ્મસ્વિરૂપજ્ઞાનબોધક, (૬૯૧) બ્રહ્મદ્વાદુઃખહારી, (૬૯૨) સલક્ષ્મણ, (૬૯૩) ચિત્રકૂટપ્રિયસ્થાન, (૬૯૪) દંડકારણ્યપાવન, (૬૯૫) શરભંગસ્તુતીક્ષ્ણાદિપૂજિત, (૬૯૬) અગસ્ત્યજ્ઞાનજ, (૬૯૭) ઋષિસંપ્રાર્થિતકૃતિ, (૬૯૮) વિરાધવધપંડિત, (૬૯૯) ખરદૂષણપાતક, (૭૦૦) ત્રિશતપર્વુ ખાનાસ, (૭૦૧) મારીચઘાતી, (૭૦૨) એકબાણહતાનેકસહસ્રાક્ષરાક્ષસ, (૭૦૩) નિયતસીતાસંભવસોત્સિત, (૭૦૪) શબરીપૂજિત, (૭૦૫) સીતાવિયોગનાટ્ય, (૭૦૬) વાલિઘાતી, (૭૦૭) બ્રહ્મહત્યામપ્રમુખાહૃત, (૭૦૮) બ્રહ્મપુર્વધમોક્ષદ, (૭૦૯) દુંદુભ્યસ્થિમહત્તરણ, (૭૧૦) સપ્તતાલવિભેદન, (૭૧૧) સુગ્રીવરાજ્યદ, (૭૧૨) સાગરશોષણ, (૭૧૩) સેતુબંધનકર્તા, (૭૧૪) વિભીષણકૃતિપ્રદ, (૭૧૫) અયોધ્યાપતિ, (૭૧૬) રાવણદ્રિશિરશ્છેદી, (૭૧૭) દૈત્યાંતકર, (૭૧૮) રાક્ષમાયોપનાશક, (૭૧૯) બ્રહ્મસ્વાત્મસમ્ય, (૭૨૦) સીતાજ્ઞપ્રદાતા, (૭૨૧) સકૃતસ્મરણપદ, (૭૨૨) પુષ્પકાગમનોત્સુક, (૭૨૩) દુષ્ટક્ષત્રવિનાશક, (૭૨૪) બ્રહ્મંતસર્વશોકસુખપ્રદ, (૭૨૫) મથુરાપુરનિર્માતા, (૭૨૬) ત્રૈલોક્યપ્રકટકૃતિ, (૭૨૭) સોમવંશવિવર્ધિતાત્મા, (૭૨૮) યદુવંશવિવર્ધન, (૭૨૯) ક્લેશનાશન, (૭૩૦) કેશવ, (૭૩૧) ધરણ્યવતરત્રણ, (૭૩૨) ભૂમિભારાવતરણ, (૭૩૩) બ્રહ્મશાપાભિલાષાત્મા, (૭૩૪) સર્વબ્રહ્મનિરોધાત્મા, (૭૩૫) પૂર્ણ, (૭૩૬) લીલાનંતનિરોધકૃત, (૭૩૭) સત્ય, (૭૩૮) ભૂમિષ્ટપરમાનંદ, (૭૩૯) દેવકીશુદ્ધિકારણ, (૭૪૦) વસુદેવજ્ઞાનનિશ્ચયમજ્ઞવનિયારક, (૭૪૧) સર્વવૈરાગ્યકારણસ્વલીલાધારણોપક, (૭૪૨) માયાજ્ઞાપનકર્તા, (૭૪૩) શેષસંસ્કારસંભૂતિ, (૭૪૪) બ્રહ્મક્લેશપરિત્રાતા, (૭૪૫) તન્નિવારણતત્પર, (૭૪૬) આવિષ્ટવસુદેવાંશ, (૭૪૭) દેવકીગર્ભસૂત્રજ્ઞ, (૭૪૮) પૂર્ણનૈર્ગુણ્ય, (૭૪૯) કંસાદ્યસુબ્રહ્મપ્રતાપક્ષન, (૭૫૦) બ્રહ્મત્વપતક, (૭૫૧) વિવેકજ્ઞાનદાતા, (૭૫૨) પિતૃમાતૃસ્તુત, (૭૫૩) બ્રહ્માદ્યભિલસંસ્તુત, (૭૫૪) યશોદાનંદન, (૭૫૫) નાનારૂપવિમોહન, (૭૫૬) બ્રહ્મબ્રહ્મપ્રિય, (૭૫૭) બ્રહ્મિબ્રહ્મમાર્ગમા તજ્ઞતા, (૭૫૮) વિદ્વન્મોહપ્રવર્તક, (૭૫૯) મૂલકારણમુખ્યદ્રષ્ટા, (૭૬૦) નવનીતદ્રવાજ્ઞન, (૭૬૧) વસુદેવસુખાભિષ, (૭૬૨) દેવકીનયનામૃત, (૭૬૩) સર્વેશ્વરવમસ્કૃત, (૭૬૪) પૂર્વસર્વવૃત્તાંતબોધક, (૭૬૫) રામાનુજ, (૭૬૬) નંદબ્રાહ્મમૂમોકુલોત્સવ, (૭૬૭) ગોકુલાગતિલીલાપ્તવસુદેવકરસ્થિતિ, (૭૬૮) માયાબ્રહ્મયબ્રકાર, (૭૬૯) જ્ઞાનમોદ્વિતદુષ્ટેશ, (૭૭૦) પ્રપંચાત્મપ્રતિકારજ્ઞ, (૭૭૧) નંદપ્રિય, (૭૭૨) નંદસુત, (૭૭૩) યશોદાયઃ સ્તનંધય, (૭૭૪) પૂતનાસુપ્રબંધપ્રાપ્ત, (૭૭૫) વાસુદેવ, (૭૭૬) મુગ્ધબ્રાહ્મતિસુંદર, (૭૭૭) સુંદરીહૃદયાનંદ, (૭૭૮) ગોપીમંત્રાક્ષિમંત્રિત, (૭૭૯) ગોપાલાર્ધવૈરસકૃત, (૭૮૦) કૃષ્ણ, (૭૮૧) શકટાસુરખંડન, (૭૮૨) નંદવ્રજજનાનંદી, (૭૮૩) નંદબ્રાહ્મમહોદય, (૭૮૪) તૃણાવર્તબ્રયોત્સાહ, (૭૮૫) યશોદાજ્ઞાનવિભ્રમ, (૭૮૬) સર્વજ્ઞમહાબલવાન, (૭૮૭) ગોષ્ટાંગણકૃતિપ્રિય, (૭૮૮) દ્વિજિહ્વીસ્વબ્રાવજ્ઞ, (૭૮૯) વત્સપુચ્છાવલંબન, (૭૯૦) નવનીતપ્રિય, (૭૯૧) ગોપી મોદસંભારનાટ્યજ્ઞ, (૭૯૨) દામોદર, (૭૯૩) ગોપબાલકબ્રાવજ્ઞ, (૭૯૪) બ્રહ્મતત્ત્વજ્ઞ, (૭૯૫) ગોપંવિદ્યાવિશારદ, (૭૯૬) વત્સઘાતી, (૭૯૭) સૂત્રનાબ્રહ્મલક્ષણશીલાસ્યબ્રહ્માદ્યજ્ઞાનદાયક, (૭૯૮) ધરાદ્રોણપ્રીતિકર્તા, (૭૯૯) બ્રાલકેલિ, (૮૦૦) ઋષિબ્રાહ્મવિભેદન, (૮૦૧) અરણ્યભોક્તા, (૮૦૨) યમલાર્જુનભંજન, (૮૦૩) અનંતમૂર્તિ, (૮૦૪) ભૂતદ્રવનમહાશ્રમ, (૮૦૫) સદાપ્રિય, (૮૦૬) વૃંદાવનગતિપ્રિય, (૮૦૭) બ્રહ્માસુરનિપૂદન, (૮૦૮) બ્રાલશીલાપરાયણ, (૮૦૯) પ્રીત્યાનંદજનક, (૮૧૦) અઘાસુરનિપૂદન, (૮૧૧) બ્રાલમોક્ષપ્રદ, (૮૧૨) પુષ્ટ, (૮૧૩) બ્રહ્મમોહપ્રવર્ધન, (૮૧૪) જંગમસ્થાવરકૃતિ, (૮૧૫) બ્રહ્મમોહનકર્તા, (૮૧૬) વૃંદાવનલતાગુલ્મવૃક્ષરૂપનિરૂપક, (૮૧૭) રત્નુલ, (૮૧૮) પૌગંડલીલાવિરતિ, (૮૧૯) નાદબ્રહ્મપ્રકટન, (૮૨૦) આત્મા, (૮૨૧) સર્વાત્મા, (૮૨૨) ગોચારણપરાયણ, (૮૨૩) વયઃપ્રતિકૃતિસ્વન, (૮૨૪) બર્હિનૃત્તાનુકારજ્ઞ, (૮૨૫) ગોપબ્રાનુકૃતિસ્વન, (૮૨૬) સદાચારપ્રતિષ્ઠાતા, (૮૨૭) સખિસ્તુત, (૮૨૮) બ્રહ્મશ્રમનિરાકૃતિ, (૮૨૯) ગોપાલસેવિતપદ, (૮૩૦) તરુમૂલકૃતારોષતત્પશાપી, (૮૩૧) શ્રીલાલિતપદાંબુજ, (૮૩૨) ગોપસંપ્રાર્થિતફલદાનનાર્થિતપેનુક, (૮૩૩) ગ્રાલોપકૃણિમાણિક્યરંજિતશ્રીપદાંબુજ, (૮૩૪) દૃષ્ટિસૃષ્ટિતાશેષગોપગોપિકાપ્રિય, (૮૩૫) લીલાસંપીતદાવાગ્નિ, (૮૩૬) પ્રલંબવધપંડિત, (૮૩૭) દાવાગ્ન્યાવૃતગોપાલદૃષ્ટ્યાચ્છાદનવજ્રિક. (૮૩૮) વર્ષાશરદ્ધિભૂતિજ્ઞ, (૮૩૯) ગોપીકામપ્રબોધક, (૮૪૦) ગોપીરત્નરત્નવાશેષવેણુવાદ્યવિશારદ, (૮૪૧) ગ્રાલાયનીવત-

આજ્ઞસર્વજ્ઞાવાગ્મિતાંગન, (૮૪૨) સત્સંગતિસ્તુતિ-ભાજસ્તુતવૃંદાવનાંઘ્રિપ, (૮૪૩) સોપસુપ્તકંતિ-ર્ભક્તાજ્ઞવિપ્રભામાર્ગપ્રસાદકૃત, (૮૪૪) હેતુપ્રાપ્તેદ્ર-માગસ્વક્ષર્વસોમસ્કબોધક, (૮૪૫) લીલાગોવર્ધનો-દ્ધારપાણિતસ્વભજપ્રિય, (૮૪૬) સૌભરૂપકૃતારોગ્ય-રસભોગમુખાવહ, (૮૪૭) ગોપસ્વભંડલીલાર્થ-ગર્ગવાક્યાર્થબોધક, (૮૪૮) ઇંદ્રધેનુસ્તુતિપ્રાપ્ત-ગોવિંદેદ્રાભિષાનદાન, (૮૪૯) મન્નાદિધર્મસંમક્તનંદ-ક્લેશવિનાશક, (૮૫૦) નંદાદ્રિગોપમાત્રેષ્ટરૈકુંઠ-ગતિદાયક, (૮૫૧) જેષ્ઠુબાદરભગ્નક્ષોભમત્તગોપી-વિમુક્તિદ, (૮૫૨) સર્વભાવપ્રાપ્તગોપીસુખસંવર્ધન-ક્ષમ, (૮૫૩) ગોપીમર્વપ્રણાશાર્થનિરોધાનસુખપ્રદ, (૮૫૪) કૃષ્ણભાવબ્યાપ્તવિપ્રગોપીભાવિતચેતોમૃક, (૮૫૫) રાધાવિશેષસભોગપ્રાપ્તદોષનિવારક, (૮૫૬) પરમપ્રીતિસંગીતસર્વદ્રહ્યુનમહામુખ, (૮૫૭) માનાપનોદનાર્કદ્રગોપીદૃષ્ટિમહોત્સવ, (૮૫૮) ગોપિકાવ્યાપ્તસર્વાંગ, (૮૫૯) કેશીઘાતી, (૮૬૦) ગોપીસંભાષાવિચારદ, (૮૬૧) નારદેષ્ટ, (૮૬૨) રાસોત્સવમહાગોપ્યગોપીસંભોગમાગર, (૮૬૩) બ્રહ્મરુદ્રરતિબ્યાપ્તગોપીદૃષ્ટપ્રજાપૂજિત, (૮૬૪) જ્ઞાનજ્ઞાનપેક્ષકામૈકમુક્તિદારવિવર્ધન, (૮૬૫) સુદર્શનમહાસર્પમસ્તનંદવિમોચક, (૮૬૬) ગીતમોહિતગોપીધૃક્કૃષ્ણબ્યૂવિનાશક, (૮૬૭) મુખુસંગીતસંતુષ્ટિ, (૮૬૮) અરિષ્ટમથન, (૮૬૯) ગોપીસંસારવિસ્મૃતિ, (૮૭૦) દૈત્યબુદ્ધિ-ભ્રામોહકારક, (૮૭૧) બ્યોમાસુરવિનાશક, (૮૭૨) અક્રૂરબ્રહ્મિતસંરાદ્ધપાદરેણુમહાનિધિ, (૮૭૩) સ્વાવગેહશુદ્ધાત્મા, (૮૭૪) ગોપીમાનપ્ર-હારક, (૮૭૫) હ્રદસંદર્શિતાશેષવૈકુંઠાક્રૂરસંસ્તુત, (૮૭૬) મથુરાગમનોત્સાહ (૮૭૭) મથુરાભાગ્ય-ભાજન, (૮૭૮) મથુરાનગરીશોભાદર્શનોત્સુક-માનસ, (૮૭૯) દુષ્ટરંજકઘાતી, (૮૮૦) ચાપકા-ર્મિતવિગ્રહ, (૮૮૧) વસ્ત્રમાલાસુશોભાંગ, (૮૮૨) કુબ્જાક્ષેપનભૂષિત, (૮૮૩) કુબ્જાસુરૂપકર્તા, (૮૮૪) કુબ્જારતિવરપ્રદ, (૮૮૫) મથુરામલ્લ, (૮૮૬) પ્રસાદદ્રપમંતુષ્ટદ્રકોદંડખંડન, (૮૮૭) ચાકલાહતકંસાપ્તબન્ધક્ષકસૈનિક, (૮૮૮) જ્ઞાત-સ્વબન્ધભયબ્યાપ્તમત્યુલક્ષણબુબોધક, (૮૮૯) ઓજસ્વી, (૮૯૦) મહલયુદ્ધવિશારદ, (૮૯૧) સદ્યઃકુવલયાપીડઘાતી, (૮૯૨) ચાણૂરમર્દન, (૮૯૩) લીલાહતમહામલ્લ, (૮૯૪) કંસાંતક, (૮૯૫) શસ્તોશસ્યઘાતક, (૮૯૬) જિતામિત્ર, (૮૯૭) વસુદેવવિમોચક, (૮૯૮) જ્ઞાતતત્ત્વપિતૃ-જ્ઞાનમોહનાપૃતવાક્ષમ, (૮૯૯) ઉગ્રસેનપ્રતિષ્ઠાતા, (૯૦૦) યાદવાધિપિનાયક, (૯૦૧) નંદાદિ-સાંત્વનકર, (૯૦૨) બ્રહ્મચર્યવતે સ્થિત, (૯૦૩) ગુરુગુશ્રૂષણપર, (૯૦૪) વિદ્યાપારમિતેશ્વર, (૯૦૫) સાંદીપનિમૃતાપત્યદાતા, (૯૦૬) કાલાંત-કારિણિત, (૯૦૭) ગોપ્યાશ્વાસનપર, (૯૦૮) યશોદાનંદપોષક, (૯૦૯) સમોહબ્રમરવાક, (૯૧૦) ગોપિકાવિરહબ્રાજ્ઞમનોગતિરતિપ્રદ, (૯૧૧) ગોપિકામોહનાશક, (૯૧૨) કુબ્જારતિપ્રદ, (૯૧૩) અક્રૂરપવિત્રીકૃતબ્રહ્મ, (૯૧૪) વિચારક, (૯૧૫) પૃથાદુઃખપ્રશ્નેતા, (૯૧૬) પાંડવાનાં સુખ-પ્રદ, (૯૧૭) જરાસંધસમાનીતસૈન્યઘાતી, (૯૧૮) ક્ષયબબ્ધપ્તમથુરાબ્રજનદત્તકુશસ્થલિ. (૯૧૯) દ્વાર-કાદ્રભુનનિર્માણવિસ્મયિતસુરાસુર, (૯૨૦) મનુષ્ય-માત્રભોગાર્થભૂમ્યાનીતૈદંવૈભવ, (૯૨૧) યવનબ્યા-પ્તમથુરાનિર્ગમાનંદવિગ્રહ, (૯૨૨) મુચ્યકુદમહા-ભોધવનપ્રાણદર્પહા, (૯૨૩) કુલપ્રદાનસંતુષ્ટિ, (૯૨૪) મુચ્યકુંદસ્તુતાશેષમુક્તકર્મમહોદય, (૯૨૫) જ-ગન્નિરીક્ષક, (૯૨૬) શ્રિયબ્રાજ્ઞમુખાદ્રબ્યા-પ્તજગત્પ્રીતિવિભાવન, (૯૨૭) મિત્રવિંદાપતિ, (૯૨૮) પ્રવર્ષણપ્રાર્થિતામિદાનપુષ્પમહોત્સવ, (૯૨૯) રુક્મિણીરમણ, (૯૩૦) ક્રમપિતા, (૯૩૧) પ્રદ્યુમ્નભાવન, (૯૩૨) સ્યમંતકમણિ-બ્રાજપ્રાપ્તજાંબવતીપતિ, (૯૩૩) સત્યભામા-પ્રાણપતિ, (૯૩૪) ભક્તિદારતિવર્ધન, (૯૩૫) સત્યપતિ, (૯૩૬) વૃષનિષૂદન, (૯૩૭) બ્રહ્મ-વાક્તિબર્તા, (૯૩૮) બ્રહ્મણ્યાવરણપ્રિય, (૯૩૯) ઇંદ્રાદિપ્રાર્થિતવજ્રનરકાસુરસૂદન, (૯૪૦) મુરારિ, (૯૪૧) પીઠહંતા, (૯૪૨) તામ્રાદિપ્રાણહારક, (૯૪૩) ષોડશબ્રીસહસ્રેશ, (૯૪૪) છન્નકુંડલદાન-કૃત, (૯૪૫) પારિજાતાપહરણ, (૯૪૬) દેવેંદ્ર-મદનાશક, (૯૪૭) રુક્મિણ્યિપ્રમસર્વબ્રીબ્રાજ્ઞલોક-રતિપ્રદ, (૯૪૮) રુક્મિણીપરિહાસોક્તિવાક્તિ-રોધાનકારક, (૯૪૯) પુત્રપૌત્રમહાભાગ્યગૃહધર્મ-પ્રવર્તક, (૯૫૦) શંબરાંતકપુત્રપૌત્રવાહકતત્રક્રિયાક, (૯૫૧) ઉષાપહૃતપૌત્રશ્રી, (૯૫૨) બાણબાહુ-નિવારક, (૯૫૩) શીતજ્વરભયબ્યાપ્તજ્વરસંસ્તુત-ષડ્મુખ, (૯૫૪) શંકરપ્રતિબોધા, (૯૫૫) દ્વયુદ્ધવિશારદ, (૯૫૬) નૃગપાપપ્રક્ષેતા, (૯૫૭) બ્રહ્મસ્વમુક્તદોષદક, (૯૫૮) બ્રહ્મબદ્ધાદિતમુક્ત, (૯૫૯) વિષ્ણુભક્તિવિરોધૈકબ્રહ્મારુવિનિગ્રાક, (૯૬૦) મોકુલપ્રીતિદાયક, (૯૬૧) ગોપીસ્નેહૈક-નિલય, (૯૬૨) ગોપીપ્રાણસ્થિતિપ્રદ, (૯૬૩) વાક્યાતિગામિબ્રમુનાબ્રહ્મારુબ્યૈવભવ. (૯૬૪) પૌંડ્રકબ્રાજિતસ્વધર્મ, (૯૬૫) પ્રશસ્તાર્જવતોદન, (૯૬૬) કાશીનિદાહકસ્ત્ર, (૯૬૭) સિદ્ધસ્વમ-પ્રદાયક, (૯૬૮) દ્વિવિદબ્રાણઘાતી, (૯૬૯) કૌરવાબ્ધિસમુત્તુત, (૯૭૦) નારદાન્વિષ્ટસ્વરૂપ, (૯૭૧) સાંબપ્રાકૃષ્ટનગરીસવિબ્રાબ્રિબલનાગર, (૯૭૨) પ્રપન્નાભયદ, (૯૭૩) ભક્તનિક્ષેપનાશક, (૯૭૪) સાંબપ્રાપ્તસ્વ-જ્ઞાનબ્રાજન, (૯૭૫) સદા-ચારૈકનિલય, (૯૭૬) સુધર્માબ્યાસિતાસન, (૯૭૭) જરાસંધાવરુદ્ધનવિંશાપિતનિજબ્રાજ્ય, (૯૭૮) મંત્ર-યુદ્ધવિધાયોક્તપ્રકારૈકપરાવણ, (૯૭૯) રાજસૂ-યાદિમખાકૃત, (૯૮૦) સંપ્ર ખિતસદ્યઃકૃત, (૯૮૧) ઇંદ્રપ્રસ્થપ્રપાણ્યર્થમહત્સંસારસંકૃતિ, (૯૮૨) જરાસંધવધબ્રાજ્ઞમોચિનાશૌષધભૂમિપ, (૯૮૩) સન્માર્ગબોધક, (૯૮૪) યજ્ઞક્ષિતિવાગ્ભૂતપર, (૯૮૫) શિશુપાલહૃતિબ્રાજ્ઞબલાપવિમોચક, (૯૮૬) દુર્બોધનાક્ષિમાનાબ્ધિશોષબ્રાજ્ઞપૂરોદર, (૯૮૭) મહાદેવવરપ્રાપ્તપૂરબ્રાજ્વવિનાશક, (૯૮૮) હંતવક્રત્રયબબ્ધાજ્ઞવિજ્યવાર્ધિનાશક, (૯૮૯) વિદૂરબ્યપ્રાણહર્તા, (૯૯૦) ન્યસ્તશાસ્ત્રાસ્ત્રવિગ્રહ, (૯૯૧) ઉપબર્હમૈત્રિમામસૂતમાતા, (૯૯૨) વર-પ્રદ, (૯૯૩) બ્રહ્મલપ્રાજ્યુદરબ્યુપ.ક્ષિતવિષ્ણુનિદ્રિય, (૯૯૪) સર્વતીર્થાભિષેકાર્થતીર્થયાત્રાવિધારદ, (૯૯૫) જ્ઞાનક્રિયાવિભેદેષ્ટસાધનતત્પર, (૯૯૬) સારબ્રાદ્રિક્રિયાકર્તા, (૯૯૭) ભક્તવશ્યત્વબોધક, (૯૯૮) સુદામદરિદ્રાર્થિબ્રૂબ્રાનંદૈદંવૈભવ, (૯૯૯) રવિમર્દનિમિત્તામ્રકૂક્ષેત્રૈરાવન, (૧૦૦૦) નૃપબોધિસમસ્તબ્રોપાવન.ર્થાબ્ધિબ્રક્રિય, (૧૦૦૧) મર્યાદામાર્ગપ્રતિષ્ઠાતા, (૧૦૦૨) વસુદેવમખક્રિય, (૧૦૦૩) વસુદેવજ્ઞાનદાતા, (૧૦૦૪) દેવઃ પુત્ર-દાયક, (૧૦૦૫) અર્જુનબ્રીપ્રદાતા, (૧૦૦૬) બ્રહ્મણ્યાશ્વરવરપ્રદ, (૧૦૦૭) શ્રુતદેવેષ્ટદાતા, (૧૦૦૮) સર્વબ્રુનિનિરૂપિતા, (૧૦૦૯) મહાદેવા-ર્ચતિશ્રેષ્ઠ, (૧૦૧૦) ભક્તિલક્ષણબુનિર્બુધ, (૧૦૧૧) વૃક્ષમસ્તબ્રિયત્રાતા, (૧૦૧૨) નાનાવાક્યવિચારદ, (૧૦૧૩) નરનર્યનિનાશાર્થતપ્તાત્મબ્રુબ્રાલક, (૧૦૧૪) લોકાલોકપરસ્થાનસ્થિતબ્રાજ્ઞદાયક, (૧૦૧૫) દ્વારકાસ્થમહાભોગનાન.ક્રીરતિવર્ધન, (૧૦૧૬) મનસ્તિરોધાનકૃતબ્રગ્રબ્રીબ્રિતભાવિત, (૧૦૧૭) મુક્તિલીલાવિહરણ (૧૦૧૮) મોક્ષલ-બ્રાજ્યસંહૃતિ, (૧૦૧૯) બ્રાજ્ઞાબ્રવતધર્માદિબોધક, (૧૦૨૦) ભક્તિનતિકૃત, (૧૦૨૧) ઉદ્ધવજ્ઞાનદાતા, (૧૦૨૨) પંચવિંશતિબ્રા ગુરુ, (૧૦૨૩) આચાર-ભક્તિમુક્ત્યાદિવક્તા, (૧૦૨૪) શબ્દોદ્ભવસ્થિતિ, (૧૦૨૫) હંસ, (૧૦૨૬) ધર્મપ્રવક્તા, (૧૦૨૭) સનત્સુદ્યુપદેશકૃત, (૧૦૨૮) ભક્તિબ્રાધનવક્તા, (૧૦૨૯) મોક્ષસિદ્ધિપ્રદાયક, (૧૦૩૦) જ્ઞાનદ્રવિમૂર્તિ-વક્તા, (૧૦૩૧) શુદ્ધધર્મવિબોધક, (૧૦૩૨) માર્ગત્રયવિભેદાત્મા, (૧૦૩૩) નાનાશંકાનિવારક, (૧૦૩૪) જુદ્ધ, (૧૦૩૫) બ્રિદ્યુગીતાપ્રવક્તા, (૧૦૩૬) શુદ્ધસાંખ્યપ્રવર્તક, (૧૦૩૭) મનોયુબુદ્ધ-વિશેષજ્ઞાત્મા, (૧૦૩૮) જ્ઞાપકોક્તપુરુષવા, (૧૦૩૯) કલ્કિ, (૧૦૪૦) પુણ્યવિધિપ્રવક્તા, (૧૦૪૧) સર્વસિદ્ધાંતબોધક, (૧૦૪૨) લઘુસ્વમાર્ગવક્તા, (૧૦૪૩) સ્વસ્વરૂપાનંદગતિબોધક, (૧૦૪૪) ચાદયંતોષસહર્તા, (૧૦૪૫) સર્વોપર્યગતિક્રિય, (૧૦૪૬) ગુપ્તાર્થવક્તા (૧૦૪૭) રુક્મિણલ.પ્રિય, (૧૦૪૮) નાનાજ્ઞાબ્રવિધાયક, (૧૦૪૯)

કાયધર્મવિજ્ઞેદાવૈવર્જ્યનાજ્ઞાનતત્પર, (૧૦૫૦) નષ્ટધર્મમનુષ્યાદિસૃષ્ટ્યુત્પાદનોત્સુક, (૧૦૫૧) જ્ઞાત્રૈકમનિગાતા, (૧૦૫૨) જ્ઞાત્રૈરજ્ઞસંત્રોષ, (૧૦૫૩) નાનાપ્રજ્ઞપ્રબોધક, (૧૦૫૪) જ્ઞાનદ્રષ્ટ, (૧૦૫૫) વિશેષતઃશુક્લાજ્ઞપરીક્ષિજ્જ્ઞાનબોધક, (૧૦૫૬) શુદ્ધેષ્ટમતિરૂપાત્મા, (૧૦૫૭) નાદરૂપ, (૧૦૫૮) પરીક્ષિદ્દેહમોક્ષદ, (૧૦૫૯) વેદરૂપ, (૧૦૬૦) વિભેદન, (૧૦૬૧) વ્યાસ, (૧૦૬૨) શાખાપ્રવક્તા, (૧૦૬૩) પુરાણાર્થપ્રવર્તક, (૧૦૬૪) માર્કંડેયપ્રસન્નાત્મા, (૧૦૬૫) જ્ઞાન, (૧૦૬૬) વટપત્રપુરેશય, (૧૦૬૭) જ્ઞક્તિદાતા, (૧૦૬૮) માયાવ્યાપ્તમહામોહદુઃખજ્ઞાતિપ્રવર્તક, (૧૦૬૯) મહાદેવસ્વરૂપ, (૧૦૭૦) કૃપાનિધિ, (૧૦૭૧) આદિત્યાંતર્ગત, (૧૦૭૨) દ્વાદશાત્મા, (૧૦૭૩) સુપૂજિત, (૧૦૭૪) શ્રીજ્ઞાજ્ઞવલ્કરૂપ, (૧૦૭૫) સર્વાર્થદ્રષ્ટદાયક.

૧૫. પું. જ્ઞત્રુમિત્ર વગેરેથી હમેશા ઉદાસીન રહેનાર નિષ્પાપ પુરુષ.

૧૬. પું. સર્વનું મૂલભૂત તત્ત્વ; પરમાત્મા.

૧૭. ન. મુખ્ય અઢાર માંહેનું એક તીર્થક્ષેત્ર.

૧૮. વિ. પુરુષોમાં ઉત્તમ.

પુરુષોત્તમક્ષેત્ર [સં.] ન. જગન્નાથપુરી; ઓરિસ્સામાં જગન્નાથના મંદિરની આસપાસ આવેલો પુષ્કળ જમીનનો ભાગ.

પુરુષોત્તમગીતા [સં.] સ્ત્રી. એ નામનું એક ધાર્મિક પુસ્તક.

પુરુષોત્તમચરિત્ર [સં.] ન. કવિ દલપતરામકૃત સ્વામીનારાયણ સંપ્રદાયનો હિંદી કાવ્યગ્રંથ. તેમાં સહજાનંદસ્વામીનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

પુરુષોત્તમ જેરી સ્ત્રી. જોડિયાના કૈલાસ ગામમાં આવેલ સ્વામીનારાયણની પ્રસાદીની જેરી.

પુરુષોત્તમદેવ [સં.] પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એ નામે એક પંડિત. તેણે ત્રિકાંડકોષ નામથી અમરકોષનું પરિશિષ્ટ લખ્યું છે.

પુરુષોત્તમપુરી [સં.] સ્ત્રી. એ નામનું એક તીર્થક્ષેત્ર.

પુરુષોત્તમપ્રકાશ [સં.] પું. નિષ્કુલાનંદ સ્વામીકૃત બીજા ગ્રંથ માંહેનો સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો પદ્યાત્મક ગ્રંથ.

પુરુષોત્તમભારતી [સં.] પું. શંકરાચાર્યનો એ નામનો એક શિષ્ય.

પુરુષોત્તમમાસ [સં.] પું. અધિક માસ; મલ માસ; ચાંદ્ર વર્ષના ૩૫૪ દિવસનો ૩૬૫ દિવસના સૌર વરસનો સંબંધ જોડવાને આવતો અધિક માસ; સૌર અને ચાંદ્ર વર્ષોનો મેળ બેસાડવા દર ૩૨ માંહ માસ ૧૬ દિવસ અને ૪ ઘડીએ ઉમેરાતો અધિક માસ. ૬૨૬ માસના અધિપતિ દેવ છે, પણ આ માસના દેવ કોઈ ન હોવાથી ભગવાન પુરુષોત્તમે પોતાનો જ્યોતિ તેનું માહાત્મ્ય વધારવા પોતાનું જ નામ તેને આપ્યું તેથી તે પુરુષોત્તમ માસ કહેવાય છે.

પુરુષોત્તમયોગ [સં.] પું. એ નામનો ગીતાનો પંદરમો અધ્યાય. તેમાં ક્ષરાક્ષરની પેલી તરફના અને ત્રિગુણાતીત એવા પરમેશ્વરનું પુરુષોત્તમ નામથી વર્ણન કરવામાં આવ્યું છે. પુરુષોત્તમ વર્ણન આ અધ્યાયમાં આવવાને લીધે એને પુરુષોત્તમયોગ કહે છે.

પુરુષોત્તમસાગર [સં.] પું. ઉજ્જયિનીની સપ્તસાગર યાત્રામાં આવતું સાત માંહેનું એ નામનું એક યાત્રાધામ.

પુરુષોત્તમ સ્વરૂપ [સં.] ન. પરમેશ્વરનાં સર્વ સ્વરૂપમાં શ્રેષ્ઠ એવું સ્વરૂપ.

> પરમેશ્વરના સર્વ સ્વરૂપમાં કંઈ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેનું રહસ્ય અક્ષરધામમાં વર્ણન કરે છે. શીકારદરસ્ય

પુરુષોત્તમાવિષ્ટ [સં.] વિ. ઈશ્વરમાં મગ્ન થયેલું; ઈશ્વરરૂપ થયેલું.

પુરુષોપકરણ પું. (પુરુષવર્તું) બગાસી.

પુરુષોપસ્થાન [સં.] પું. પોતાને સ્થાને કોઈ બીજી વ્યક્તિ કામ કરવા બદલ કોઈ વસ્તુ તે; અવેજી કોઈ તે.

પુરુષ્ય [સં.] વિ. પુરુષના હિતનું.

પુરુસુ ૧. [સં. સુવર્ણપુરુષ] ન. બહુમૂલ્ય સોનાનું પૂતળું. તેમાંથી કોઈ ભાગ કાપી લઈએ તો તે પાછું આપું થઈ જાય.

૨. વિ. એક માણસ જેટલું; એક પુરુષની ઊંચાઈ જેટલું; પુરુષપુર.

પુરુહન્મન [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૭૦મા સૂક્તનો રચનાર એક ઋષિ.

પુરુહન્મન આંગિરસ પું. સામવેદનો એક ઋષિ.

પુરુહૂત ૧. [સં.] પું. ઇંદ્ર; શક્ર; શચીપતિ; અમરેશ.

> શક્ર શતક્રતુ શચીપતિ સંજ્ઞ પુરુહૂત.
> કૌશિક વાસવ વૃત્રહા મઘવા આખંડિસુત.
> ત્રિભવનકોષ

૨. પું. ઉદુમ્બર.

પુરુહૂતજાળ સ્ત્રી. ઉદુમ્બર.

> મંજરી આરંભમાં સુપુત્ર, વાસસદ્ધ, અત્રિ, ચરક, ઔદુંબરાયન, પુરુહૂતજાળ (ઉદુમ્બર) યોગિનીમઠ, કંદ, બંધ, રસાયનિ અને ૠક એટલા મંત્રકારો કે મંત્રોનું સ્મરણ કર્યું છે. શ્રુ. સા. પરિષદ

પુરુહૂતપ્રિયા [સં.] સ્ત્રી. નર્મદાનાં દેવળ માહેનું એક નામ.

પુરુહૂતઃપુરુહૂત [સં.] પું. શિવનાં દેવળ માહેનું એક નામ.

પુરુહૂતા [સં.] સ્ત્રી. એ નામની દેવી. એનું સ્થાન પુષ્કરારણ્યમાં છે.

પુરુહૂતિ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. સ્ત્રી. દાક્ષાયણી.

પુરુહોત્ર ૧. [સં.] પું. (પુરાણ) અંધ્ર રાજાનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના બ્રહ્મમકુળના કવચરમાં જન્મેલા અનુ.ધાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ આયુ હતું.

પુરુકુત્સ [સં.] પું. માંધાતા રાજાને બિંદુમતી નામની સ્ત્રીથી થયેલ ત્રણ ભાઈનો મોટો દીકરો.

પુરુહૂત [સં.] પું. પૌરવવંશના શ્રેષ્ઠ રાજા કહેવાયેલ મનુનો એ નામનો પુત્ર.

પુરૂરવસ જુઓ પુરૂરવા.

પુરૂરવા ૧. [સં. પુરૂરવસ] પું. (પુરાણ) એ નામે એક રાજા.

૨. પું. ચંદ્રપુત્ર બુધને સૂર્યવંશી ઇલા નામની સ્ત્રીથી થયેલ એ નામનો દીકરો. તેણે પ્રયાગમાં પ્રતિષ્ઠાની પ્રથમ ગાદી સ્થાપી હતી.

પુરૂવસુ [સં.] વિ. પુષ્કળ ધનવાળું.

પુરૂવાસ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક જ્ઞાતિ; પોરવાડ. નગરની પૂર્વ દિશામાં વસતા વાણિયા તે પુરૂવાસ યાને પોરવાડ, ઉત્તરમાં વસનાર તે ઉરવાળ યાને ઓસવાળ, દક્ષિણમાં રહેતા તે પટોળિયા અને પશ્ચિમ દિશામાં વસવાટ કરી રહેનાર વાણિયા શ્રીમાળી કહેવાય છે.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું

પુરે અ. (કચ્છી) માંથી; માથાપર.

પુરેત પું. ઓર; પુરોહિત.

પુરેતુ પું. પુરોહિત.

> સૌરાષ્ટ્ર ભાષામાં પુરેતુ અને ગુજરાતીમાં પુરોહિત કહે છે. પ્રસ્થાન

પુરેન સ્ત્રી. કમળનો છોડ.

પુરેથાયી વિ. પુરોગામી; પહેલાં થઈ ગયેલ; 'પ્રીડિસીસર'.

પુરૈન ૧. ન. ઓર.

૨. ન. પ્રસવ પછીની વેદના.

પુરૈનિયા પુ. એ નામનો એક પ્રાંત.

પુરો કું. પોરો; પાણીમાં જતો ત્રીજો જંતુ.

દૂધમાંથી પુરા કાઢવા = ખૂબ ન હોય તેમાંથી ખૂબ કાઢવાનો પ્રયત્ન કરવો; ઘણી બારીકીથી તપાસ કરવી; ઝેરવાજબી રીતે બારીક તપાસવું.

પુરોગ ૧. [સં.] કું. (આકરજ્ઞ) આગળ જનાર આલય; ઉપસર્જની જેમ શબ્દની પૂર્વે જોડાતો શબ્દ; પ્ર, અભિ વગેરે પૂર્વગ.

૨. વિ. આગળ જનાર; મોખરે ચાલનાર; અગ્રેસર.

૩. વિ. મુખ્ય; પ્રધાન.

પુરોગત [સં.] વિ. આગળ ગયેલ; મોખરે ગયેલ.

પુરોગતિ ૧. [સં.] સ્ત્રી. આગળ જવું તે; મોખરે જવું તે.

૨. વિ. આગળ જનાર; મોખરે જનાર.

પુરોગમ જુઓ પુરોગ.

પુરોગમન જુઓ પુરોગતિ.

પુરોગા મહાખ્યાત કું. કરોટિપીઠ ઉપર આવેલો આડો. આ આડો, પુરઃકપાલાસ્થિનાં નેત્રચ્છદિલ્લો તથા તે બંને વચ્ચે રહેલા, ભર્ભરાસ્થિના ચાલનીપટલ ભાગ વડે બનેલો છે. તેનું તળિયું અડધમચું છે. આ આડાની પાછલી સીમામાં જતૂકાસ્થિની બે નાની પાંખો તથા તે બંને વચ્ચે રહેલો ત્રિકોણકંઠક નજરે પડે છે.

પુરોગામી ૧. [સં. પુરોગામિન્] કું. આગળ જનાર વસ્તુ કે માણસ.

૨. વિ. અગ્રગામી; ભૂતકાળનું; આગળ જનાર; આગળ થયેલું કે જતું.

૩. વિ. પ્રથમનું; પહેલાનું.

૪. જુઓ પુરોગ.

પુરોગ્રીવિકા [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. કોકમાં થઈને નીચે આવી મહાધરા શિરાને તે મળે છે. તેને મન્યાપુરસ્સ્રા પણ કહેવામાં આવે છે. આ નામની અસંખ્ય ગ્રંથિઓ ઉરઃકર્ણમૂલિકા પેશીની આગળ અધિમન્યા નામની શિરાની દરેક બાજુએ તેમજ બંને મન્યાશિરાઓની વચ્ચે અને શ્વાસનલિકાની દરેક બાજુએ રહેલી છે. તેમાં કર્ણમૂલ ક્રપોલ વગેરે ભાગો ઉપરથી આવેલી તેમજ કેટલીએક કોકમાંથી આવેલી રસાયનીઓ પ્રવેશ કરે છે.

પુરોગ્રીવિકારસગ્રંથિ [સં.] સ્ત્રી. એ નામની એક રસગ્રંથિ.

પુરોગ્રીવિકા શિરા જુઓ પુરોગ્રીવિકા.

પુરોચન ૧. [સં.] કું. (પુરાણ) એ નામનો એક શ્લેચ્છ.

૨. કું. દુર્યોધનનો એ નામનો એક મિત્ર. દુર્યોધનના કહેવા ઉપરથી પાંડવોને બાળી મૂકવા માટે વારણાવતમાં તેણે લાક્ષાગૃહ બાંધ્યું હતું. તેમાં તે પોતે જ બળી મૂઓ હતો.

પુરોચ્છવાસ કું. સંકટબારી.

પુરોજન્યા ૧. [સં.] સ્ત્રી. મોટી બહેન.

૨. [સં. પુરોજન્મન્] વિ. આગળ જન્મનાર.

પુરોજન્યા [સં.] સ્ત્રી. આગળ જન્મેલી મોટી બહેન.

પુરોજવ ૧. [સં.] કું. એ નામનું રેવતીનું સ્થાનક.

૨. કું. પુષ્કરદ્વીપના સાત ભાંહેનો એ નામનો એક ખંડ.

૩. કું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર મેધાતિથિના સાત ભાંહેનો એ નામનો પહેલો પુત્ર. એનો દેશ એને જ નામે પ્રસિદ્ધ છે.

૪. કું. (પુરાણ) શાકદ્વીપના સાત ભાંહેનો એ નામનો એક ખંડ. શાકદ્વીપના સાત ખંડો પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વધૃક.

૫. વિ. આગે જનાર.

૬. વિ. જેના અગ્ર ભાગમાં વેગ હોય એવું.

પુરોજવા કું. (પુરાણ) અનિલ નામના વસુનો એ નામનો પુત્ર.

પુરોજંઘિકા સ્ત્રી. શરીર ભાંહેની એ નામની એક નાડી; ઊરુજાનુપૃષ્ઠિકાની ધમનીની જાનુપૃષ્ઠિકા પેશીની નીચલી કિનારી આગળ બે શાખાઓ પડી જતાં તેની આગલી શાખા. તે આગળ વધતાં જંઘાસ્થિ તથા અનુજંઘાસ્થિના ઉપલા છેડાઓની વચ્ચે થઈને તે બંને અસ્થિઓ વચ્ચે આવેલી કલાને ભેદીને જંઘાની આગલી બાજુ ઉપર આવે છે. ત્યાંથી નીચે ઊતરી બંને ઘૂંટીઓ વચ્ચે થઈને પસાર થતાં સુધી આ નામે જ ઓળખાય છે. ત્યાંથી નીચે ઊતરીને પાદપૃષ્ઠ ઉપર જતાં તે પાદપૃષ્ઠિકા તરીકે ઓળખાય છે. જંઘાની આગલી બાજુ ઉપર તથા જંઘાસ્થિની બહારની સીમા ઉપર આ ધમનીનો ત્રીજો ભાગ જંઘાપુરોગા નામની પેશીથી ઢંકાયેલો છે, જ્યારે નીચે ઊતરતાં તેનો નીચલો ચતુર્થાંશ એક તૃતીયાંશ જંઘાસ્થિના નીચેના છેડાની નજીકમાં ફક્ત ચામડી તથા કલા વડે ઢંકાયેલો છે. બંને ઘૂંટીઓ વચ્ચે ગુહ્યસ્વરિતક નામની રજ્જુની નીચે તથા અંગુષ્ઠપ્રસારણી અને અંગુલીપ્રસારણી નામની પગની પેશીઓની કંડરાઓ વચ્ચે આ ધમની લગભગ વડે જાનુજાની સમાન છે. પુરોજંઘિકમંથોરા નામની નાડી તથા બે નાની શિરાઓ આ ધમનીની સાથે રહે છે. આ ધમનીની મુખ્ય ચાર શાખાઓ છે, જ્યારે બીજી નાનીમોટી શાખાઓ ઘણી છે.

પુરોજંઘિકાઉત્તાના સ્ત્રી. એ નામની પાદવિવર્તની દીર્ઘા અને પાદવિવર્તની હ્રસ્વા નામની પેશીઓની પ્રચેટની નાડી.

પુરોજંઘિકાગંભીરા નાડી (પુરોજંઘિકાગંભીરા નાડી) [સં.] સ્ત્રી. જંઘાપુરોગા પેશીની એ નામની પ્રચેટની નાડી.

પુરોજંઘિકા ધમની [સં.] સ્ત્રી. ઊરુજાનુપૃષ્ઠિકા ધમનીની બે ભાંહેની આગલી શાખા.

પુરોજંઘિકા શિરા [સં.] સ્ત્રી. પગ ભાંહેની એ નામની એક શિરા.

પુરોજંઘિકા સાપાર્શ્વણી [સં.] સ્ત્રી. એ નામે એક ધમની.

પુરોજી વિ. આગળ ચર્યા જનાર.

આસ મહાકવિ કાલિદાસની **પુરોજી** હોવાની આશંકાથી ઈ.સ. પૂર્વે બીજા સૈકામાં મોકલાયા છે. પુરાતત્ત્વ

પુરોડા જુઓ પુરોડાશ.

પુરોડાશ ૧. [સં.] કું. ચોખાના લોટનું બનાવેલું યજ્ઞીય હવિ; યજ્ઞને માટે બનાવેલો ચોખાના લોટનો રોટલો.

૨. કું. જવના લોટથી મિશ્ર એક જાતનો રોટલો; જવ વગેરેના લોટની બનાવેલી નાની ટીકડી કે ભાટી. તે કપાલમાં પકાવવામાં આવે છે. આકારમાં તે ગજગોળ અને વચમાં કાંઈક મોટી હોય છે. યજ્ઞોમાં તેના ટુકડા કાપી દેવતાઓને મંત્ર પઢીને તેની આહુતિ આપવામાં આવે છે.

૩. કું. પુરોડાશ બનાવતી વખતે બોલવામાં આવતો મંત્ર.

૪. કું. યજ્ઞદ્રવ્ય; ઘી વગેરે.

૫. કું. યજ્ઞમાં હોમતાં બાકી રહેલું હુતદ્રવ્ય; યજ્ઞનો પ્રસાદ; અગ્નિહોત્રમાં દેવોને અપાયેલા હવિષ્યાન્નની પ્રસાદી; શેષ હવિષ.

૬. કું. યજ્ઞમાં હોમવામાં આવતી વસ્તુ.

૭. કું. શેકેલો લોટ.

૮. કું. સોમરસ.

પુરોડાશિક [સં.] કું. પુરોડાશના વ્યાખ્યાનનો ગ્રંથ.

પુરોડાશીય [સં.] વિ. પુરોડાશને લિતનું.

પુરોડાશ્ય જુઓ પુરોડાશીય.

પુરોતા કું. લગ્ન વખતે વસવાયાને અપાતો લોટ, સાકર, હળદર વગેરેનો સીધો.

પુરોદ [સં.] કું. એકવીસ ભાંહેનું એ નામનું એક નરક.

પુરોદર્શન [સં.] ન. પહેલાંથી થયેલું દર્શન.
ફેનલોન આ પ્રમાણે રસ્તાનું પુરોદર્શન કરાવે છે.
શિક્ષણનો ઇતિહાસ

પુરોદ્ભવ [સં.] વિ. અહેરમાં હોનાર કે બનાર.

પુરોદ્ભવા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મદામેદા

પુરોધ [સં. પુરોધસ્] પું. પુરોહિત; રાજનો ગોર; કુળગોર.

પુરોધા ૧. [સં. પુરોધસ્] પું. પુરોહિત; ઋત્વિજ; રાજગુરુ; ગોર.
૨. પું. મંત્રીમંડળનો એક પ્રધાન. આ પ્રધાન પુરોહિ અથવા પુરોધસને નામે ઓળખાય છે.
૩. પું. શુક્લયજુર્વેદનો એક ઋષિ.
૪. સ્ત્રી. પુરોહિતપણું; ગોરપદું.

પુરોધિકા ૧. [સં.] સ્ત્રી. પ્રિયતમા; ભાર્યા; પ્યારી સ્ત્રી.
૨. સ્ત્રી. માવતાણી સ્ત્રી.

પુરોધ્વાંસ પું. (શિલ્પ) સંરક્ષણકારી; રાજાને સંરક્ષ પડયે શત્રુના હાથમાંથી છોડી જવાની બારી.

પુરોનુવાક્યા ૧. [સં.] સ્ત્રી. એ નામની આહુતિ આપતી વખતે બોલવાની ઋચા.
૨. સ્ત્રી. યજ્ઞની પશુ બાંધેની એક પ્રકારની આહુતિ.

પુરોપવન [સં. પુર (શહેર) + ઉપવન (બગીચો)] ન. શહેરનો બગીચો.

પુરોભાગ ૧. [સં.] પું. અગ્રભાગ; આગળનો ભાગ.
૨. પું. અદેખું માણસ.
૩. પું. પોતાને હમેશ આગળ રાખનાર વ્યક્તિ.
૪. વિ. ગુણનો લાગ કરી માત્ર દોષ બહાર કરનાર.

પુરોભાગિતા ૧. [સં.] સ્ત્રી. અગ્રભાગ.
૨. સ્ત્રી. ગુણનો લાગ કરી માત્ર દોષ જોવાપણું.

પુરોભાગિત્વ જુઓ પુરોભાગિતા.

પુરોભાગી ૧. [સં. પુરોભાગિન્] વિ. ગુણને છોડી કેવળ દોષ બહાર કરનાર; દોષદર્શી; છિદ્રાન્વેષી.
૨. વિ નિઃસારવાદી; વઢઆવી.
૩. વિ. પહેલા ભાગવાળું; અગ્રભાગી; અગ્રભાગવાળું.
૪. જુઓ પુરોભાગ.

પુરોભૂવા [સં.] ન. મહામેદા કંદ. આ કંદ સોમાસામાં પૂરેપૂરો વરસાદ થવાથી હિમાલયના પહાડ ઉપર થાય છે. સોમાસા પછી મળતું નથી માટે તેને પુરોભૂત્ર કહે છે.

પુરોમધ્યાંતરા [સં.] સ્ત્રી. એ નામની શરીરની એક નાડી.

પુરોમારુત [સં.] પું. પૂર્વ દિશામાં ઉત્પન્ન થયેલો વાયુ; પૂર્વનો પવન; પુરોવાત.

પુરોયાયી [સં. પુરોયાયિન્] વિ. પહેલાં જનાર.

પુરોરવા જુઓ પુરૂરવા.

પુરોરુચ [સં. પુરોરુચ્] સ્ત્રી. તે નામે એક ઋચા.

પુરોવચન [સં.] ન. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત.

પુરોવર્તી [સં. પુરોવર્તિન્] વિ. આગળ થયેલું; આગળ બનેલું.

પુરોવંશિકા દક્ષિણા [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. તે પૃથ્વંસની આગળ તેના જમણા પાસા ઉપર આવેલી છે. બધી પુરોવંશિકાઓમાં આ સૌથી લાંબી છે. ઉદરમુહામાં જમણી અનુકટિકશિરાની શાખારૂપે પહેલી કટિકશેરુકા આગળથી શરૂ થઈ ઊંચે ચડે છે. આખરે તે ઉત્તરાહ્વાહિરામાં મળી જાય છે અને તેમાં લોહી ઠાલવે છે.

પુરોવંશિકા વામાધરા [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. તે પૃથ્વંસના ડાબા પાસામાં નજરે પડે છે. ઉદરમુહામાં કટિવંશની આગલી બાજુથી શરૂ થઈને મહાપ્રાચીરા પેશીને ભેદીને તે ઉરોગુહામાં દાખલ થાય છે. ઊંચે ચડી આઠમી પૃષ્ઠકશેરુકાને ઓળંગી જમણી પુરોવંશિકામાં ભળી જાય છે.

પુરોવંશિકા વામોત્તરા [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. તે પૃથ્વંસના ડાબા પાસામાં નજરે પડે છે. તે ચોથી, પાંચમી અને છઠ્ઠી ડાબી બાજુની પર્શુકાનુગ્ર શિરાઓ તથા ડાબી કપોત શિરાઓ મળીને બને છે. તે સાતમી પૃષ્ઠકશેરુકાને ઓળંગી જમણી પુરોવંશિકામાં મળી જાય છે.

પુરોવાત ૧. [સં.] પું. પૂર્વનો વાયુ.
૨. પું. સરનેહ વાયુ.

પુરોવું ૧. સ. ક્રિ. ઉદરમાં; સોંસરવું કાઢવું.
૨. સ. ક્રિ. પરોવવું; ક્રમબદ્ધ કાર્યક્રમમાં નાખવા.
૩. સ. ક્રિ. સંયોજ કરવો.

પુરોહિ જુઓ પુરોહિત.

પુરોહિત ૧. [સં.] પું. બનાદિ કાર્યથી હિતકર્તા.
૨. પું. ગોર; ધર્મકર્માદિ કુલગુરુ; ઉપાધ્યાય; પાઠક; વાસ્તુશાંત્યાદિ કર્મો કરાવનાર ગોર. તે રાજા કે કોઈ યજમાનને ત્યાં આગેવાન બની વાસ્તુદિ શ્રૌતકર્મ, ગૃહ્યકર્મ તથા સંસ્કાર અને શાંતિ વગેરે અનુષ્ઠાન કરતો કરાવતો. વૈદિક કાળમાં પુરોહિતનો મોટો અધિકાર હતો અને તે મંત્રીઓમાં ગણાતો. પહેલાં પુરોહિત યજ્ઞ વગેરે માટે નિમાતા. આજકાલ તે કર્મકાંડ કરાવ્યા ઉપરાંત યજમાન તરફથી દેવપૂજન વગેરે પણ કરે છે. સ્મૃતિઓમાં કોઈની વતી દેવપૂજન કરનાર બ્રાહ્મણનું સ્થાન બહુ નીચું કહ્યું છે. પુરોહિતનું પદ વંશપરંપરાનું હોય છે. જેનાં કુળ અને શીલ અત્યંત ઉચ્ચ પામેલ હોય, જેણે વેદાંગ, વેદ, હૈય, નિમિત્ત અને દંડનીતિનો અભ્યાસ કરેલ હોય, જે દૈવી અને માનુષી આપત્તિઓનો પ્રતિકાર અથર્વથી કરી શકે તેવાને પુરોહિત કહેવામાં આવતા.
૩. પું. બૃહસ્પતિ. તે દેવોના ઋત્વિજ કહેવાય છે.
૪. પું. મંત્રીમંડળનો એ નામનો પ્રધાન. તે ધર્મસંહિતા તેમ જ રાજનીતિમાં નિષ્ણાત હોવો જોઈએ. પ્રાયશ્ચિત્તની શિક્ષા કરવાની હોય તેવા મુકદમાની તપાસ એણે કરવાની હતી. તેમ જ રાજની વતી બ્રાહ્મણ ગુનેગારોનો પ્રતિકાર કરવાનો હતો. અર્થશાસ્ત્ર પ્રમાણે એ વેદ તથા તેનાં અંગ, જ્યોતિષશાસ્ત્ર તેમ જ રાજનીતિ શીખેલો હોવો જોઈએ અને રાષ્ટ્ર ઉપર આવતી આફતો વેળા કરવાના અથર્વવેદ પ્રમાણેના ક્રિયાકાંડથી માહિતગાર હોવો જોઈએ. શુક્રનીતિ કહે છે કે, પુરોહિત નીતિશાસ્ત્ર તથા સૈનિક ભૂકરબળમાં કુશળ હોવો જોઈએ.
૫. પું. મુખ્ય અઢાર માંહેનું એ નામનું એક તીર્થ.
૬. પું. (જૈન) ચાતિકર્મકારી; ચક્રવર્તીના ચૌદ માંહેનું એ નામનું એક રત્ન.
૭. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.
૮. ન. એ નામની અટકનું માણસ.
૯. વિ. આગળ મૂકેલ કે સ્થાપેલ; અગ્રે ધરેલ.
૧૦. વિ. એ નામની અટકનું.

પુરોહિતપદ [સં.] ન. ગોરપદું.

પુરોહિતરત્ન ૧ [સં.] પું. ઉત્તમ પ્રકારનો ગોર. તે શાંતિક, પૌષ્ટિક, કર્મકૃત, મહાપવિત્ર, સંપૂર્ણ ગુણાતીત, ચૌદ વિદ્યામાં પારંગત, પ્રવેશ નિર્ગમનમાં મંગલ કાર્ય કરનાર ગણાતો.
૨. પું. (જૈન) ચક્રવર્તીના ચૌદ માંહેનું ચોથું પંચેંદ્રિય રત્ન. ચક્રવર્તીનો શાંતિકર્મકારી ગોર.

પુરોહિતવૃત્તિ ૧. [સં] સ્ત્રી. ઉપાધ્યાયપદ.
૨. સ્ત્રી. યજમાનવૃત્તિ.

પુરોહિતશાહી સ્ત્રી ગોરવર્ગનું શાસનતંત્ર.

પુરોહિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, રગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે

પુરોહિતાઈ જી. પુરોહિતનું કર્મ.

પુરોહિતાની [હિં.] સ્ત્રી. પુરોહિતની સ્ત્રી.

પુરોહિતિકા [સં.] સ્ત્રી. ઉપપાત્ર પુરોહિતની પત્ની.

પુરોહિતી [સં.] સ્ત્રી. પુરોહિતની પત્ની; પોરાણી.

પુરોઽગ [હિં.] પું. પરોઢ; સાટો; આજનું.

પુર્ખ ૧. [સં. પુરુષ] પું. પુરુષ.
> ધિક્કાર છો તેજ, માર્યો ધર્મ સરખો પુર્ખ. પ્રેમાનંદ

૨. પું. બહા; મહાપુરુષ.
> સહસ્ર એક અમરનાં વર્ષ ૨,
> બ્રહ્માએ ભણ્યા મહા પુર્ખ ૨. અજ્ઞાત

૩. ન. ગ્રહેરા; ગામ; પુર.

૪. વિ. પું. પુરુષના જેવો.

૫. વિ.પું. પૂરેપૂરો.

પુર્ખા પું. પૂર્વજ ઘરનો વૃદ્ધ જન.

પુર્ખી જુઓ પુર્ખ.

પુર્ખ્ય ૧. સ્ત્રી. ઉતરપિંડી; દમો.

૨. સ્ત્રી. બદ્ધ.

પુર્ખ્યી વિ. બદ્ધકાર.

પુર્જી ૧. ન. કાગળની ચિઠ્ઠી; ચબરખી.

૨. [કા.] ન. દુકડો; ભાગ.

પુર્ણ ન. (સિંધ) ઉત્તરમાં ઓરડી હોય અને પૂર્વ તથા દક્ષિણ બે ઓસરીઓ હોય તેવું ઘર.
> નંદ ઘરની ઢાળી ઘરણ અવનર્દ આવે તો તે પુર્ણ નામે ઘર કાય છે. રાજ્યસાલય

પુર્ણી ૧. [ન.] સ્ત્રી. નળી.

૨. સ્ત્રી. સંભળાય મણકો.

પુર્તગાલ [અં. પોર્ટુગલ] પું. (હિંદી) યુરપની નૈઋર્તમાં આવેલો એ નામનો એક દેશ; હિરંગી લોકોનો દેશ.

પુર્તગાલી ૧. વિ. પોર્ટુગાલ સંબંધી.

૨. વિ. પોર્ટુગાલમાં રહેનાર. યુરપમાંથી હિંદમાં પ્રથમ પુર્તગાલી લોકો આવ્યા હતા. પુર્તગાલી વેપારીઓ દ્વારા અકબરના સમયથી જ યુરપી શબ્દ આપણી ભાષામાં દાખલ થવા લાગ્યા.

પુર્તગીજ [અં. પોર્ટુગીઝ] પું. (હિંદી) હિરંગી; પોર્ટુગાલ દેશનો વતની.

પુર્યષ્ટક ૧. [સં.] ન. (વેદાંત) આઠ પુરીઓનો સમૂહ. સૂક્ષ્મ શરીર સાથે અવિદ્યા, કામ અને કર્મ ત્રિગુણ ગણીએ તો તે પુર્યષ્ટક કહેવાય. (૧) પાંચ જ્ઞાનેંદ્રિય, (૨) પાંચ કર્મેંદ્રિય, (૩) ચાર અંતઃકરણ, (૪) ચાર પ્રાણ, (૫) પાંચ સૂક્ષ્મ ભૂત, (૬) અવિદ્યા, (૭) કામ અને (૮) કર્મ એ આઠ પુરીઓ કહેવાય છે.

૨. ન. (યોગ) કુંડલિની શક્તિ.
> એ સર્વોત્તમ કુંડલિની શક્તિ સર્વદા દેહમાં રહે છે અને પુર્યષ્ટક એવા નામે પણ ઓળખાય છે. વિજ્ઞાનસંકલ્પ

પુર્યષ્ટકા જુઓ પુર્યષ્ટક.

પુર્યુઉજણી સ્ત્રી. નદીના પૂરના માનમાં ઊજવાતી ઉજાણી.

પુર્ષ પું. પુરુષ.
> મે કહે નિર્લજ નંદનો નંદન, કહિજ અમનો પુર્ષ. પ્રેમાનંદ

પુર્સી ૧. [ફા.] પું. રોગની સ્થિતિ વિશે કરવામાં આવતી ઝીણવટભરી તપાસ.

૨. પું. દિલાસો.

૩. વિ. પૂછનાર. સમાચારમાં વપરાય છે.

પુર્સાં ૧. વિ. માણસની ઊંચાઈ જેટલું; માથોડું.

૨. જુઓ પુર્સ.

પુર્સાન [ફા.] વિ. પૂછનાર. સમાચારમાં વપરાય છે.
> અહવાલ પુર્સાન = રોગની સ્થિતિ પૂછનાર.

પુર્સિશ ૧. [ફા.] સ્ત્રી. તપાસ; પૂછપરછ.

૨. સ્ત્રી. તબિયતના સમાચાર.

પુલ ૧. પું. અંગૂઠો.

૨. પું. એક જાતનો કીડો.

૩. પું. એક પ્રકારની માટી.

૪. પું. દારૂ પીવાનો પ્યાલો.

૫. [ફા.] પું. નદી, ખાઈ, જલાશય ઓળંગી જવા કોચો રસ્તો; સેતુ; કામનો વાણોને નદી વગેરે ઓળંગી જઈ શકાય તેવો બનાવવામાં આવતો રસ્તો. આગગાડીના પાટા ઉપર અથવા નીચે પણ પુલ બાંધવામાં આવે છે.
> ૧. પુલ કરવો–નાખવો–બાંધવો = (૧) કામનો વાણોને નદી વગેરે ઉપર ઓળંગી જઈ શકાય તેવો રસ્તો બનાવવો. (૨) પુષ્કળ ખરચવું; દમલો કરવો. (૩) પુષ્કળ હોવું. (૪) રસ્તને અટકાવવા બંધ બાંધવો. (૫) હદ બાંધવી.
> ૨. પુલ ટૂટવો-તૂટવો = (૧) ટોળે વળવું. (૨) પુલ તૂટી જવો.
> ૩. પુલ તળે સુસાર = (૧) કરીબ સ્થિતિમાં રહેવું તે. (૨) ઝૂંપડીમાં રહેવું તે.

૬. પું. નાનો કોલ્લો.

૭. પું. મણિનો એ જાતનો દોષ.

૮. [સં.] પું. રોમાંચ; આનંદ આવવા જાથી શરીરનાં રૂવાં ઊભાં થઈ જવાં તે.

૯. પું. શિવનો એ નામનો એક અનુચર.

૧૦. પું. હાથીનો ખોરાક.

૧૧. વિ. ઉન્નત.

૧૨. વિ. પહોળું.

૧૩. વિ. મોટું; વિસ્તીર્ણ; વિપુલ.

પુલક ૧. પું. અત્યંત ચળકાટ મારતી રેખા.

૨. પું. આઠ મંકિનો એક સાત્ત્વિક વિકાર.

૩. [સં.] પું. એ નામનો એક ગંધર્વ.

૪. પું. (કાવ્ય) એ નામનો કાવ્યનો એક અનુભવ.

૫ પું. એક જાતનું જળચર પ્રાણી.

૬. પું. એક જાતનું રત્ન; મહત્તામ. આ રત્ન ભારતમાં કેટલેક સ્થળે મળે છે, પણ રજપૂતસ્થાનમાંથી નીકળતું રત્ન સૌથી સરસ મનાય છે. તે પોગા, લીલા, પીળા, લાલ, કાળા, કાબરચીતરા એમ અનેક રંગનું હોય છે. આ રત્નના જેટલા ભેદ છે તેટલા બીજા કોઈ રત્નના નથી હોતા. દેખાવમાં તે કાંઈક દાણાદાર હોય છે. તેના વડે મઢેક તથા નીલમ કાપી શકાય છે. તેનો અંદરનો ભાગ કાળાશ પડતો હોય છે.

૭. પું. એક જાતનું હલકું ધાન્ય.

૮. પું. એક જાતનો કંદ.

૯. પું. એક જાતનો પત્થર.

૧૦. પું. એક પ્રકારની રાઈ.

૧૧. પું. માસનો પૂગો; માસની ગંજી.

૧૨. પું. દારૂ પીવાનું પાત્ર.

૧૩. પું. મણિનો એક જાતનો દોષ.

૧૪. પું. રોમાંચ; હર્ષ; પ્રેમ વગેરેના ઉદ્રેકથી રોમકૂપોનું પ્રફુલ્લિત થવું તે.

૧૫. પું. શરીરમાં પડતો એક જાતનો કીડો; બાર પગવાળાં પ્રાણીને શરીરની બહાર કે અંદર પીડા કરનારો એક જાતનો કીડો.

૧૬. પું. કરતાલ.

૧૭. પું. હાથીના બચ્ચાનો પિંડ.

૧૮. ન. એક જાતની પહાડી માટી; એ નામે એક જાતનો ગેરુ.

૧૯. ન. રૂવું; રોમ; રુવાડું; રૂંવાડું.

૨૦. વિ. પહોળું.

૨૧. વિ. પુલકિત.

૨૨. વિ. વિપુલ.

પુલકમય વિ. પુલકિત.

પુલકરત્ન [સં.] ન. એક પ્રકારનો મણિ.

પુલકવું [સં. પુલક (યોગ)] અ. ક્રિ. આનંદમાં આવી જવું; ખુશી થવું; આનંદ થવો; પ્રેમ, હર્ષ વગેરેથી પ્રફુલ્લિત થવું; પુલકિત થવું; રોમાંચિત થવું.

પુલકાઈ સ્ત્રી. પુલકિત હોવાનો ભાવ

પુલકાલય [સં.] પું. કુબેર.

પુલકાલિ [સં.] સ્ત્રી. હર્ષથી પ્રફુલ્લ રોમ.

પુલકાવલિ ૧. [સં.] સ્ત્રી. આનંદની વાત સાંભળી રૂંવાડાં ઊભાં થવાં તે; હર્ષથી પ્રફુલ્લિત થયેલ રોમ.

૨. સ્ત્રી. ઉમેદ; ઇચ્છા

પુલકાવલી જુઓ પુલકાવલિ.

પુલકાવળી જુઓ પુલકાવલિ.

પુલકાવું અ ક્રિ. રોમાંચિત થવું; આનંદ થવો.

પુલકાંગ ૧. [સં.] પું વરુણ દેવનો દૈવી ગાણિયો; વરુણપાશ.

૨. ન. એક જાતની દરિયાઈ વનસ્પતિ; કાંટા જેવા વાળ ધરાવનાર એક જાતની વનસ્પતિ.

૩. ન. બીજ વાવનારાં અને પોતાની જાતનો પ્રચાર કરનાર પ્રાણી

પુલકાંચિત પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ, નગણ, યગણ, બે નગણ, ભગણ અને બે ગુરુ મળી ત્રેવીસ વર્ણ હોય છે.

ભાસ પર ન યા પર દ્વિ ન છે ભા પર દ્વિ ય
પુલકાંચિત પાટે. દલપિંગળ

પુલકિત ૧. વિ. આનંદ પામેલું.

૨. [સં. પુલક (રૂવાં) + ઇત (એલ)] વિ. રૂવાં ઊભાં થયાં હોય એવું; રોમાંચિત; પ્રેમ કે હર્ષના વેગને લીધે ઊભાં થયેલાં રૂવાંવાળું; આહ્લાદિત.

૩. વિ સંતોષી.

પુલકી ૧. [સં. પુલકિન્] પું. એ નામનું એક જાતનું કદંબ વૃક્ષ.

૨. ન. એક જાતની વનસ્પતિ.

૩. ન. એક જાતનું દરિયાઈ જંતુ.

૪. વિ પુલકિત; રોમાંચવાળું.

પુલકેશી પું. એ નામનો એક રાજા. તેનો ભાઈ આદિત્યવર્મા હતો. તે કૃષ્ણા અને તુંગભદ્રાના સંગમ પાસેના પ્રાંતનો કારભાર કરતો.

પુલકોદ્ગમ [સં.] પું. રોમાંચ; રૂંવાડાં ઊભાં થવાં તે.

પુલગુઝાર (પુલગુજ્ઝાર) [ફા.] પું. પુલ ઓળંગવા માટે ભરવો પડતો કર.

પુલટસ [અં. પોલ્ટિસ] ન. પોલ્ટીસ.

પુલટિસ [અં. પોલ્ટિસ] સ્ત્રી. (હિંદી) પોલ્ટીસ; ગૂમડું, ફોલ્લો વગેરે પકાવવા માટે તેના ઉપર કરવામાં આવતો અળસી વગેરેનો લેપ.

પુલત્થિપુર ન. સિંહલદ્વીપનું એ નામનું મુખ્ય શહેર.

પુલપિઠ [સં.] ન. બાજઠ કરવાનું ઉચ્ચાસન.

પુલપુલાવવું ૧. સ. ક્રિ. ચાવવા અશક્તિમાન હોઈ ને ડોળિયાને મોઢામાં આમતેમ ફેરવવો.

૨. સ. ક્રિ. બીકથી ધ્રૂજવું.

૩. સ. ક્રિ. ચૂમવું; ચાળા વગર આવું.

૪. સ. ક્રિ. પોચી ચીજને દબાવવી.

પુલબંદી ૧. સ્ત્રી. યુગ્મમૈથુન.

૨. સ્ત્રી. ખસારો અટકાવવા માટે બાંધેલી પાળ.

૩. સ્ત્રી. પુલ અથવા બંધ સમરાવવાના અર્થ માટેનો કર.

૪. સ્ત્રી. પુલ અથવા બંધને સમરાવવો તે.

પુલમન સ્ત્રી. ઊંધવા માટે વપરાતો રેલવેનો ડબ્બો. તેનું આ નામ તેના શોધક પુલમેનના નામ ઉપરથી પડ્યું છે.

પુલસ્થન ૧. સ્ત્રી. અલકાપુરમાં રહેતી એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

પુલસ્યા ૧. સ્ત્રી. દક્ષિણમાં વસતી એ નામની એક અંત્યજ કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

પુલસ્ત્ય પું. એ નામનો એક ઋષિ.

પુલસરાત જુઓ પુલસિરાત.

પુલસિરાત [ફા.] પું. એક જાતનો કલ્પિત પુલ. મુસલમાની ધર્મમાં એવી માન્યતા છે કે, કયામતને દિવસે ધર્મિષ્ઠ લોકો તે પુલ ઉપરથી પસાર થશે અને પાપી લોકો નીચે નરકમાં પડશે. કહેવાય છે કે પાપીઓને માટે આ પુલ વાળ જેવો પાતળો અને પુણ્યાત્માઓ માટે સારી સડક જેવો પહોળો થઈ જાય છે.

પુલસ્તા જુઓ પુલસ્ત્ય.

પુલસ્તિ ૧. [સં.] પું. એ નામે સપ્તર્ષિ માંહેનો એક ઋષિ; પુલસ્ત્ય.

૨. પું. માથા ઉપર વાળ રાખવાની ઋષિઓની એક પદ્ધતિ.

કેટલાક દેવો તથા કેટલાક ઋષિઓ લાંબા વાળ રાખતા હશે અને એની અમુક રીતે માથા ઉપર ગાંઠ બાંધતા હશે. કેટલાક વાળ રાખતા હશે, પણ ગાંઠ નહિ બાંધતા હોય. આ પદ્ધતિને પુલસ્તિ કહે છે. પુરાવસ્તુ

૩. પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.

પુલસ્ત્ય ૧. [સં.] પું. સાવત્રીના ચોથીરા માંહેનો એક ઋષિ.

૨. પું. (પુરાણ) પુલહ ઋષિનું બીજું નામ. તેનો આશ્રમ પુલહાશ્રમ હરિક્ષેત્રમાં છે.

૩. પું. પ્રાચીન સમયનો એ નામનો એક મહાન પુરુષ.

૪. પું. (પુરાણ) બ્રહ્મદેવના દક્ષ માંહેનો એ નામનો એક પુત્ર. તેની ગણતરી સપ્તર્ષિઓમાં અને પ્રજાપતિઓમાં થાય છે. બ્રહ્મદેવે સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કરતાં તેમના શરીરમાંથી લોકોની સૃષ્ટિ ઉત્પન્ન કરવાના કારણરૂપ એવા મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદ એ નામના દશ પુત્રો ઉત્પન્ન થયા. પુલસ્ત્ય બ્રહ્માના કર્ણમાંથી ઉત્પન્ન થયો હતો. કર્દમ પ્રજાપતિની કન્યા હવિર્ભૂવા એની સ્ત્રી હતી. અગસ્ત્ય અને વિશ્રવા તેના બે પુત્ર હતા. મહાદેવના શાપથી સઘળા માનસપુત્રોની સાથે તે મરણ પામ્યો હતો. આજ્યપ નામનો પિતર તેનો પુત્ર થાય. આગામી વૈવસ્વત મન્વંતરના આરંભમાં બ્રહ્મદેવે પૂર્વે મરણ પામેલા બ્રહ્મમાનસપુત્રોને ફરી સજીવન કર્યા હતા, ત્યારે આ પુલસ્ત્ય બ્રહ્મદેવે કરેલા યજ્ઞમાં અગ્નિના પીળચટા વાળમાંથી ઉત્પન્ન થયો હતો. આ મન્વંતરની અઠ્ઠાવીસમી ચોકડીના સત્યયુગમાં તે મેરુ પર્વતની બાજુએ તપ કરતો હતો. ત્યાં ગાંધર્વ કન્યાઓ વારે વારે આવીને ગાયનથી તેના તપમાં વિઘ્ન કરતી, તેથી એણે શાપ આપ્યો હતો કે જે કોઈ કન્યા અહીં આવશે તે ગર્ભિણી થશે, તેથી કોઈ ત્યાં જતું નહિ. આની અગર તૃણબિંદુ નામના રાજાની કન્યા ચોને ન હતી, તેથી તે ત્યાં જતાં ગર્ભિણી થઈ. આ ઉપરથી તૃણબિંદુએ તે કન્યા તેને જ પરણાવી. તેનાથી તેને વિશ્રવા પુત્ર થયો.

૫. પું. (પુરાણ) યુધિષ્ઠિરને તીર્થયાત્રાની કથા કહેનાર એક ઋષિ.

૬. પું. શિવ; મહાદેવ; શંકર.

૭. પું. (જ્યોતિષ) સપ્તર્ષિના સાત માંહેનો ત્રીજો તારો. તે દર ચૈત્ર માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. વસંતસંપાત બેસે તા. ૨૨મી માર્ચને દિવસે મધ્યરાત્રિએ આ તારો ધ્રુવોત્તર યામ્યોત્તર થાય છે.

૮. ન. સાવર્ણ ગોત્રનું એ નામનું એક પ્રવર.

પુલહ ૧. [સં.] પું. સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ. તેના નામ સિવાય વિશેષ કાંઈ જણાતું નથી.

૨. પું. એ નામનો એક ગંધર્વ.

૩. પું. શિવનું એક નામ.

૪. પું. (જ્યોતિષ) સપ્તર્ષિ માંહેનો એ નામનો એક તારો. તે વૈશાખ માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે.

૫. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંનો એ નામનો એક બ્રહ્મમાનસપુત્ર. એ બ્રહ્મદેવની નાભિમાંથી ઉત્પન્ન થયો હતો. ગતિ નામની કર્દમકન્યા એની સ્ત્રી હતી. એને કર્મશ્રેષ્ઠ, વરીયાન અને સહિષ્ણુ એમ ત્રણ પુત્ર હતા. મહાદેવના શાપને લીધે તે મરણ પામ્યો હતો. મરણ પામેલા આ ઋષિને બ્રહ્મદેવે ફરી ઉત્પન્ન કર્યો હતો. બ્રહ્મદેવે પોતે કરેલ યજ્ઞમાં અગ્નિના સાંત્વા કેશમાંથી તે પેદા થયો હતો. અહીં તેને સધ્યા નામની સ્ત્રી અને કર્દમ નામનો પુત્ર હતો.

પુલહાશ્રમ ૧. [સં.] પું. ગંડકી નદીના તીર ઉપર આવેલું એ નામનું એક ક્ષેત્ર.

૨. પું. (પુરાણ) પુલહ નામના ઋષિનો આશ્રમ. તે હરિક્ષેત્રમાં આવેલ છે. ત્યાં શ્રીહરિ ભગવાન હજુ સુધી પણ પોતાના ભક્તોને તેમના ઉપરના પ્રેમથી તેમની ઇચ્છાનુસાર પ્રત્યક્ષ દર્શન આપે છે એમ મનાય છે. ત્યાં મડાકી નદી ઉપર નીચે અને ત્રિકોણાકાર શાલિગ્રામોથી સર્વ આશ્રમોને પવિત્ર કરે છે.

પુલંજલિ સ્ત્રી. (સંગીત) વસંત રાગ સાથે સંબંધ રાખતી એ નામની એક રાગિણી.

રામગિરી દેશાખ તુષારિ,
ગુર્જરિમિરી પુલંજલિ સારિ. જાગ્રદ્યસમય

પુલંદરી સ્ત્રી. પુરંદરી; આપેક્ષ ઉમરની સ્ત્રી.

પુલંદા [હિં.] પું. પોટકું; 'પાર્સલ'.

પુલંદુ ન. વસવું.

પુલા ૧. પું. પૂળો.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૩. વિ. નરમ.

૪. વિ. પોલું.

પુલાક ૧. [સં.] પું. અનાજનાં ફોતરાં; ભૂસો.

૨. પું. અલ્પત્વ; સંક્ષેપ

૩. પું. ઉતાવળ; ત્વરા.

૪. પું. દુષ્ટ રસવાળું દ્રવ્ય.

૫. [સં.] પું (જૈન) પુલાક નિર્ગ્રંથો; નિર્ગ્રંથના ૭ ભેદોનો એક પ્રકાર; એ નામનો જૈન મુનિનો એક પ્રકાર. તેનું ચારિત્ર ભૂસા જેવું નિઃસાર એટલે દોષ સહિત હોય છે.

ઉક્ત પ્રકારનાં સંયમસ્થાનોમાંથી કોઈ જઘન્ય સ્થાનો પુલાક અને કષાય કુશીલનાં હોય છે.
તત્ત્વાર્થસૂત્ર

૬. [સં. પુલાવ] પું. માંસોદન; પુલાવ; માંસ સાથે રાંધેલા ચોખા.

૭. પું. રાંધેલા ચોખા; ભાત.

૮. પું. રાંધેલું અનાજ.

૯. પું. વસવું વગેરે દુર્ગંધી પદાર્થ.

૧૦. પું ઘાસ, ચણા વગેરે નિઃસાર ધાન્ય.

૧૧. પું. ફાસ્ફાસ્ત્ય ધાન્ય; તુચ્છ ધાન્ય.

૧૨. ન. ચોખાનું ખોસામણ.

૧૩. અ. ક્રિપ્ર; જલદી; ઉતાવળથી.

પુલાકનિર્ગ્રંથ પું. (જૈન) નિર્ગ્રંથના પંચ માંહેનો એક પ્રકાર.

મૂલ ગુણ અને ઉત્તર ગુણમાં પરિપૂર્ણતા પ્રાપ્ત ન કર્યા છતાં વીતરાગ પ્રણીત આગમથી કદી પણ ચલિત ન થાય તે પુલાકનિર્ગ્રંથ.
તત્ત્વાર્થસૂત્ર

પુલાકલબ્ધિ સ્ત્રી. (જૈન) વીર્યાંતરાયના ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત થતી એક પ્રકારની શક્તિ.

જંબુસ્વામી મોક્ષે ગયા તે વખતે મન પર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારક શરીરલબ્ધિ, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, જિનકલ્પ, ત્રણ પ્રકારના સંયમ, કેવળજ્ઞાન, મોક્ષે જવું-આ વસ્તુ બંધ થઈ. જૈનપ્રશ્નમકરંદિકા

પુલાકી [સં. પુલાકિન્] પું. વૃક્ષ; ઝાડ.

પુલાયિત [સં.] ન. મોજાની એક ગતિ.

પુલારા [તે.] ન. ભૂકો ફોતરું.

પુલાલિકા [સં.] સ્ત્રી. એક જાતનો ઘેરનો ઉપદ્રવ.

પુલાવ ૧. [ફા.] પું માંસોદન; માંસ સાથે રાંધેલા ચોખા; એક મસાલાદાર વાની; પલાવ.

હવાઈ પુલાવ = હવાઈ મહેલ; તરંગ.

૨. [સં. પુલાક] પું. મીણે ભાત.

૩. પું. ચીરો.

૪. [સં. પલાલ] સ્ત્રી. એક જાતનું ઘાસ; તણખલું; પરાળ.

પુલાવકુરમાં ન. ન. ન. એક જાતનું ખાણું.

એમણે તો આપ હજરની સાથે એક થાળીમાં બેસીને પુલાવકુરમાં ખૂબ ઉડાવ્યા છે.
રાણો પ્રતાપ

પુલાવની ન. ચોખાને ચણાની દાળનો વઘાર આપી બનાવેલું જમણ.

પુલાસું [સં. પલ્ (જવું)] ન. ક્રિ. ભાગવું; નાસવું.

પૂરિ પૂરિ કપિ ભાગ્યો આવે,
જાયે લાગ પુલાયા.
આનંદઘનમહોદધિ

પુલાસો પું. એ નામનો એક ઋષિ.

પુલાંગ પું. એક પ્રકારનું વૃક્ષ. તેનાં ફળ ગોળ હોય છે અને તેમાંથી માવા જેવો પદાર્થ તેમ જ તેલ નીકળે છે.

પુલિક ૧. પું. એક જાતનો નાગ.

૨. ન. એક જાતનું રત્ન.

પુલિકા [સં.] સ્ત્રી. પીંજા રૂની મરવાની ખાટકી; આબોલિયું.

પુલિકેશી પું ચાલુક્ય વંશનો એ નામનો સૌથી પ્રતાપી એક રાજા. તેણે ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં પલ્લવોની રાજધાની વાતાપિપુરી જીતીને દક્ષિણમાં ચાલુક્ય રાજ્યની સ્થાપના કરી હતી. તેણે આખા દક્ષિણ અને મહારાષ્ટ્ર પ્રદેશને પોતાની સત્તામાં લીધાં હતાં. મહાપ્રતાપી હર્ષવર્દ્ધન રાજાએ તેને હાથે હાર ખાધી હતી.

પુલિજ સ્ત્રી. જ્યાં ઉત્પન્ન નહિ રહેવા દેવામાં આવતી અને દરેક વખતે ખેડાતી જમીન.

પુલિત ન. ઘોડાની એક જાતની ગતિ

પુલિદ પું. શિકાર.

પુલિદજી સ્ત્રી. વનદેવી.

પુલિન ૧. [સં.] પું. (પુરાણ) અમૃતનું રક્ષણ કરનાર એક દેવ.

૨. પું. એ નામનો એક વૃક્ષ.

૩. પું. દ્વીપ; બેટ.

૪. પું. નદી વગેરેનો કાંઠો; પાણી ભર્યા પછી ઉત્પન્ન થયેલ કાંઠો; રેતીવાળો કિનારો; ભાઠું.

કૂલ પુલિન ઉપકંઠ વટ તીર રોધ અભ્યાસ,
નજીક નજીક બતા સખી આવીશ હું પતિ પાસ.
પિંગળપ્રકાશ

૫. પું. નદીના પ્રવાહની વચ્ચે તરી આવેલો રેતીનો બેટ; રેતાળ પટ; પાણીની બહાર નીકળેલો નદીની રેલથી બનેલો રેતાળ બેટ.

૬. ન. કાદવ; માટી; કાંપ.

પુલિનભૂમિ [સં. પુલિન (કિનારો) + ભૂમિ (કરમ)] ન. એક જાતનું ચપટું ભૂમિ. તે સમુદ્રમાં અને મીઠા પાણીમાં પત્થરની તથા છીપોની સપાટી ઉપર સામાન્ય રીતે મળી આવે છે.

પુલિનભૂમિ [સં.] સ્ત્રી. ભાઠાની જમીન.

પુલિનમય વિ. માટીવાળું; કાંપવાળું.

પુલિનમયજમીન સ્ત્રી. જલની ક્રિયાથી બંધાયેલી જમીન; પથ્થર વગરની નરમ જમીન.

પુલિનવતી [સં.] સ્ત્રી. નદી.

પુલિનવાલુકા [સં.] સ્ત્રી. ભાઠાની રેતી.

પુલિયા [હિં.] પું. નાનો પુલ; નાળું.

પુલિયું જુઓ પુલિયા.

પુલિરિક [સં.] પું. સર્પ

પુલિશ [સં.] પું. જ્યોતિષનો એ નામનો એક પ્રાચીન આચાર્ય. તેના નામથી પૌલિશ સિદ્ધાંત

પ્રસિદ્ધ છે. અલબરૂનીએ પુલિશ કે પલસને યૂનાની જ્યોતિષ છે. કેટલાક ઇતિહાસવેત્તાઓએ પુલિશને મિસર દેશનો જ્યોતિષ છે. આજકાલ મૂળ પૌલિશ સિદ્ધાંત મળતો નથી. ઉત્પલ અને બ્રહ્મગુપ્તે થોડાં વચન ઉદ્ધૃત કર્યાં છે. આ ઉદ્ધૃત વચનોથી નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી કે પુલિશ કોઈ વિદેશી હતો.

પુલિશસિદ્ધાંત [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક સિદ્ધાંત. તે જ્યોતિષના પ્રાચીન આચાર્ય પુલિશના નામ ઉપરથી થયેલ છે.

પુલિસ [હિં.] પું. અપરાધો રોકના અને અપરાધીઓનો પત્તો લગાવી તેને પકડવા માટે નિયુક્ત સિપાહી કે અમલદાર; ગામ, નગર વગેરેની રક્ષા માટે રાખેલ સિપાહી કે અમલદાર.

પુલિસસૈન [હિં.] પું. પોલિસનો સિપાહી; 'કૉન્સ્ટેબલ.'

પુલિંગ જુઓ પુલિંગ.

પુલિંગ એગ્રીમન્ટ [અં.] ન. એકબીજી રેલવેને નુકસાન ન થાય તેવું કરારનામું.

પુલિંગચક્ષ વિ. પુંગ્રહ; પુન્પેંદ્રિય.

પુલિંદ ૧. પું. એ નામના અનાર્ય દેશનો વતની.

૨. પું. એ નામનું એક હિંદી પ્રાચીન સત્તાક રાજ્ય.

૩. પું. એ નામનો એક અનાર્ય દેશ.

૪. [સં] પું. એક જાતનો ચંડાલ કે ભીલ.

૫. પું. (પુરાણ) કલિયુગમાં શુંગ રાજવંશમાંનો એ નામનો એક રાજા. તેના પુત્રનું નામ ઘોષ હતું.

> નૃપ અરિ વંશના વિંધ્યિનમાં, હરણ પડ્યો પુલિંદ; અદ્‌ભુત અંગ નિહાળીને, સમર ગયા ગામ સ્વચ્છંદ.
> કાવ્યસાર

૬. પું. કાદંબરીના કર્તા બાણ ભટ્ટનો પુત્ર ભૂષણ. તેણે બાણ ભટ્ટની અધૂરી રાખેલી કાદંબરી પૂર્ણ કરી હતી

૭. પું. ચોખા.

૮. પું. જંગલમાં રહેનાર માણસ.

૯. પું. ભીલોનો દેશ.

૧૦. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ. તેમાં જુદેલખંડના પશ્ચિમ ભાગનો અને મારવાર પ્રાંતનો સમાવેશ થતો હતો.

૧૧. પું. દારૂનો ઠાંગાનિકા પ્રદેશ.

૧૨. સ્ત્રી એક પ્રકારની નીચ જાત. સ્મૃતસંહિતામાં કહ્યું છે કે: ક્ષત્રિય કે વૈશ્ય પુરુષ વડે જે પ્રજાને ઉત્પન્ન કરે તેને શાસ્ત્રિક અથવા માનવ કહે છે. એ પ્રજા ચોરીથી ઉત્પન્ન થઈ હોય તો પુલિંદ કહેવાય છે.

૧૩. સ્ત્રી. ભીલ લોકોની એ નામની એક અસભ્ય જાતિ. તે હિંદુસ્તાનમાં મંગાની બીજની પેઠી તરફ વિંધ્યાચલના જંગલવાળા તથા પહાડી પ્રદેશમાં વસતી હતી. આ જાતના લોકો દ્રાવિડકુળના અને શાસ્ત્રિક તથા બીજા લોકોની પડોશમાં વસતા હતા. ઐતરેય બ્રાહ્મણમાં લખ્યું છે કે, વિશ્વામિત્રના જે પુત્રોએ શુનઃશેફને મોટો નહિ માન્યો તે ઋષિના શાપથી પતિત થયા. તેમાંથી પુલિંદ, શબર વગેરે અનેક અનાર્ય જાતિઓની ઉત્પત્તિ થઈ. કેટલાક લોકોનું એવું માનવું છે કે, પુલિંદોનું નિવાસસ્થાન ગુજરાત અને રજપૂતસ્તાન વચ્ચે હતું. પણ ભીષ્મપર્વ ઉપરથી તેઓનો પ્રદેશ સિંધની આસપાસ હોવાનું જણાય છે. વામનપુરાણમાં પુલિંદોની ઉત્પત્તિ સંબંધમાં એવી કથા છે કે, જૂનની હત્યાના પ્રાયશ્ચિત્ત માટે ઉદ્ધ કાલિંજરની પાસે તપસ્યા કરતો હતો અને તેની સાથે તેના સહચર પણ જૂદોકમાં આવ્યા હતા. આ સહચરોની સંતતિથી પુલિંદ થયા જે કાલિંજર અને હિમાદ્રિની વચ્ચે રહેતા હતા.

૧૪. ન. એ નામની જાતિનું માણસ.

૧૫. વિ. અસ્પૃશ્ય.

૧૬. વિ. એ નામની જાતિનું.

૧૭. વિ. જંગલી.

પુલિંદકન્યા ૧. સ્ત્રી. (વહાણવટું) વહાણખેડુની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પુલિંદદેશ ૧. [સં.] પું. (પુરાણ) પૂર્વે ઉદ્ધપ્રદેશની દક્ષિણ દિશામાં આવેલો એ નામનો એક દેશ. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે આ દેશ જીતી લીધો હતો.

૨. પું. અફઘાનિસ્તાન.

પુલિંદનગર [સં.] ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષનું એક પ્રાચીન નગર. પાંડવોના સમયમા ત્યાં સુકુમાર અને સુમિત્ર નામના બે ભાઈઓ રાજ્ય કરતા હતા. આ મુલક યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે ભીમે જીતી લીધો હતો.

પુલિંદરાજ ૧. [સં. પુલિંદ (એક જાતનો ભીલ) + રાજન (રાજા)] પું ભીલનો રાજા.

૨. પું. શ્રેષ્ઠ ભીલ.

પુલિંદા ૧. [હિં.] પું. ગાંઠડો; પોટલો; પોટકું; કામળ કે લૂગડાનું નાનું બંડલ.

૨. સ્ત્રી. તાપીને મળતી એ નામની એક નાની નદી. મહાભારતમાં તેનો ઉલ્લેખ છે.

૩. સ્ત્રી. પાર્થિવતત્ત્વ દેવતાઓની એક દેવતા.

પુલિંદી ૧. [સં.] સ્ત્રી. ચંડાળણી.

૨. સ્ત્રી. પુલિંદ નામના અનાર્ય દેશમાં જન્મેલી સ્ત્રી.

૩. સ્ત્રી. ભીલડી.

પુલિંધ્ર પું. ભીલ.

> અહીં તેનું નામ પુલિન નહિ, પણ સ્વેચ્છવર્ણિત પુલિંધ્ર આપ્યું છે. અમરકાવ્ય

પુલી ૧. સ્ત્રી. ઉત્તર ભારત અને પંજાબથી બંગાળ સુધી જોવામાં આવતી ઢાળા અને ભૂરા રંગની એક પ્રકારની બદકી.

૨. સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ.

૩. સ્ત્રી. બીસીવાળી મરેડી; મરડી.

પુલીન પું. કાંપ.

પુલીપર્ણા સ્ત્રી એક જાતનો છોડ.

પુલીંદા પું. (વજ) મુદ્રામાલ.

પુલુ ન. એક જાતનો છોડ.

પુલુકામ [સં.] વિ. ઘરડી કામનાવાળું.

પુલુમાયી પું. ઉજ્જૈનનો એ નામનો એક રાજા.

પુલેજ ન. દર સાલ ખેડાતી જમીન; અકબરના વખતમાં જમીનના ચાર માંડેનો એ નામનો એક વિભાગ; દર વખતે ખેડાતી હોય અને જેના ઉપર પાક ઊગતો હોય તેવી જમીન.

પુલેઠ સ્ત્રી. નાની મરઘી.

પુલેબૈઠ [હિં.] સ્ત્ર. ન. હાથીને તેના પાછલા બે પગ મુકાવવાનું સૂચવતો શબ્દપ્રયોગ.

પુલેસરાત [ફા.] પું. સ્વર્ગમાં જવાનો પુલ. જુઓ પુલિસરાત.

પુલોચની સ્ત્રી. ઇંદ્રાણી

પુલોમ ૧. [સં. પુલોમન્] પું. આંધ્રવંશનો એ નામનો છેલ્લો રાજા.

૨. પું. એ નામનો એક રાક્ષસ.

૩. પું. શચીનો પિતા એ નામનો એક દૈત્ય, જેને યુદ્ધમાં તેને મારી તેની પુત્રી શચીને તે પરણ્યો હતો.

પુલોમજા [સં.] સ્ત્રી. પુલોમ નામના રાક્ષસની દીકરી; શચી; ઇંદ્રાણી.

પુલોમજિત [સં. પુલોમજિત] પું ઇંદ્ર.

પુલોમદ્વિષ જુઓ પુલોમજિત.

પુલોમન ૧. [સં. પુલોમન્] પું. એ નામનો એક રાક્ષસ; ઇંદ્રનો સસરો.

૨. પું. (પુરાણ) કશ્યપ અને દનુનો એ નામનો પુત્ર. તે હિરણ્યકશિપુ અને વૃત્રાસુરનો અનુયાયી હતો.

પુલોમજિદ્ [સં. પુલોમજિદ્] કું. ઇંદ્ર.

પુલોમહી [સં.] સ્ત્રી. ઇંદ્રાણી.

પુલોમા ૧. [સં. પુલોમન્] કું. એક રાક્ષસ; ઇંદ્રનો સસરો.

૨. સ્ત્રી. (પુરાણ) દૈત્યની સ્ત્રી.

૩. સ્ત્રી. (પુરાણ) ભૃગુની સ્ત્રી અને ચ્યવન ઋષિની માતા. તેનું પુલોમા રાક્ષસે હરણ કર્યું હતું. એને સાત પુત્રો હતા.

૪. સ્ત્રી. (પુરાણ) વૈશ્વાનર દાનવની એ નામની કન્યા; મારીચ દાનવની બે બાંહેની મોટી સ્ત્રી. એના પુત્રનું નામ પૌલોમ હતું.

૫. સ્ત્રી. શુક્રાચાર્યની માતા.

પુલોમારિ [સં.] કું. ઇંદ્ર.

પુલોમી [સં.] સ્ત્રી. રાચી; ઇંદ્રની પત્ની.

તહારે સ્ત્રી છે પુલોમી ને અપ્સરા છે અતિ પણી; તોયે નારે સોભગીએ કથા દમયંતી તણી. ગાલણ

પુલોમીપતિ કું. ઇંદ્ર.

પુલક [સં.] વિ. પ્રફુલ્લ; વિકસ પામેલ; ફૂલેલું.

પુલકસ ૧. કું. એક જાતના લોક; બાંડાલ.

૨. કું. નિષાદ જાતિના પુરુષને ઉગ્ર જાતિની સ્ત્રીથી થયેલ દીકરો.

૩. [સં.] કું. બ્રાહ્મણથી ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર. બ્રાહ્મણથી શૂદ્રમાં ઉત્પન્ન થયેલો તે નિષાદ અને તે નિષાદથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલો તે પુલકસ કહેવાય. સાતસહિતામાં કહ્યું છે કે: ક્ષત્રિય સ્ત્રી સાથે શૂદ્ર પુરુષના સંબંધથી જે પુત્ર ઉત્પન્ન થતો તેને પુલકસ કહેતા.

પુલકસી [સં.] સ્ત્રી. બ્રાહ્મણથી ક્ષત્રિય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર સ્ત્રી.

પુલકુરુ કું. એક પ્રકારની હલકી પ્રજા.

પુલપુલા [હિં.] વિ. નરમ.

પુલપુલાવવું ૧. સ. ક્રિ. બાંધવું.

૨. સ. ક્રિ. ઓઢામાં રોટલો હલાવવો.

પુલપુલાહટ ૧. [હિં.] સ્ત્રી. બીક.

૨. સ્ત્રી. ઓઢામાં રોટલો હલાવવાની ક્રિયા.

પુલક ૧. [સં.] ન. ધન.

૨. વિ. પ્રફુલ્લ; વિકસ્વર.

પુલ્લા [હિં.] કું નાકમાં પહેરવાનું એક ઘરેણું.

પુલિંદમ જુઓ પુલિંગ.

પુલિંદગી જુઓ પુલિંગી.

પુલ્લી જુઓ પુલા.

પુલ્લુ ન. પલ્લું.

પુલ્લો કું. પુલો; પૂળો; એક જાતની ચટણી.

પુલ્વલ ૧. [સં.] કું. એક જાતનો ઘાસ.

૨. વિ. અત્યંત ખાઉધરું.

પુવંડિયા (પુવંઢિયા) જુઓ પુવાડિયા.

પુવા ૧. કું. પૌંઆ; પૌંવા; ડાંગર શેકીને બનાવેલો પદાર્થ.

ખંડારો પુવાની પેર, ઘાજ સિલ્ક વરો પલખાણી. સામળ

૨. કું. માલપૂવા.

પુવાડિયા (પુવાડિયા) જ. એ નામનું એક જાતનું કરિયાણું. તેનાં બી ઢોરના ખોરાક તથા દવા વગેરેમાં ઉપયોગી છે.

પુવાર ૧. કું. પરાળ.

૨. કું. (બીજી) જુવો.

પુવ્વ ૧. [સં. પૂર્વ] કું. (પ્રાકૃત) ગંગા નદીની પૂર્વમાં આવેલ એ નામનો દેશ.

૨. કું. પૂર્વ દિશા.

પુસાપુસા ક્રિ. વાદનવ્યવહારનું સાધન.

પુંશ્ચલ વિ. વ્યભિચારી.

નક્કિ નારવિયો વસ્યુગ્રિચ્યો,
નિરખતાં વઈ પુંશ્ચલ નારીઓ. ઉદ્ધવવિલાસ

પુંશ્ચલી વિ સ્ત્રી. વ્યભિચારિણી; જિનાખોર; વેશ્યા.

પુસ્ત ૧. [ફા.] સ્ત્રી. આધાર; ટેકો.

૨. સ્ત્રી. પીઠ; વાસો.

૧. પુસ્ત દેવી = નાસી જવું.

૨. પુસ્ત પર લાગવું = (૧) રોકો કરવો. (૨) સરનામું કરવું; પગવાડે લાગવું; સહી કરી દેવી.

૩. સ્ત્રી. પેઢી; વંશ.

પુસ્ત ના પુસ્ત-પુસ્ત દર પુસ્ત = વંશપરંપરા; પેઢી દર પેઢી.

૪. સ્ત્રી. મદદનીશ.

પુસ્તક [ફા.] કું. પાતળા પત્રની ચામડાં; બોર્ડ, મખેલ વગેરેના પાતળા પત્રની બાંધણી.

પુસ્તખમ [ફા.] વિ. ખૂંધવાળું.

પુસ્તખાર [ફા.] કું. વાંસો ખંજોળવા માટે લાંબા હાથામાં બેસાડેલો હાથીદાંત વગેરેનો કૃત્રિમ હાથ; વાંસો ખંજોળવાની દાંતની હાથાવાળી વસ્તુ.

પુસ્તતંગ [ફા. પુસ્ત (પીઠ) + તંગ (પટ્ટો)] કું. ઘોડાને પેટે બાંધવાનો પટ્ટો; તંગ.

પ્રત્યેક પુસ્તતંગની કોમત છ દામ જણાય છે. આઇને અકબરી

પુસ્તનામા [ફા.] પુ. વંશાવળી; પેઢીનામું, વંશવૃક્ષ.

પુસ્તપનાહ ૧. [ફા.] કું. આશ્રય.

૨. કું. આશ્રય.

૩. કું. મદદગાર.

પુસ્તપાંચ કું. પગની ઊપલી સપાટી ઉપરનો સોજો.

પુસ્તંબ [ફા.] કું. પાકેલા પત્રથી હાલ મારવી તે.

પુસ્તા ૧. [ફા. પુસ્ત] કું. ચોપડીના પૂઠાનું ચામડું.

૨. કું. ટેકરો.

૩. કું. ટેકો.

૪. કું. હમલો.

૫. કું. પાણી રોકવા બાંધેલો બંધ; બંધ.

૬. કું. (સંગીત) પોણાચાર માત્રાનો એ નામનો એક તાલ. તેમાં ત્રણ આઘાત અને એક ખાલી હોય છે.

૭. કું. સ્તંભ; થાંભલો.

પુસ્તાબંદી ૧. [ફા.] સ્ત્રી. નદીનો ઢાંકો.

૨. સ્ત્રી. પુસ્તાનું કામ; બંધ બાંધવાની ક્રિયા.

પુસ્તારા જુઓ પુસ્તારે.

પુસ્તારે ૧. કું. ટેકો; આશ્રય.

૨. કું. ઢગલો; ઢાંકો.

૩. કું. હમલો; ત્રાપ્યો.

૪. કું. ખારા ખોબો; પોટકું.

પુસ્તી ૧. [ફા.] સ્ત્રી. ચોપડીનું પૂઠું; પુષ્ઠરક્ષા.

૨. સ્ત્રી. ટેકો; આશ્રય.

૩. સ્ત્રી. તરફેણ.

૪. સ્ત્રી. પક્ષ; તરફદારી.

૫. સ્ત્રી. મદદ; સહાયતા; પુષ્ટિ.

પુસ્તી કરવી = મદદ કરવી; ટેકો આપવો

૬. સ્ત્રી. સંભોગેચ્છા.

પુસ્તીબાન ૧. [ફા.] કું. ટેકણ.

૨. કું. મિત્ર; મદદગાર.

પુસ્તીબાની ૧ [ફા.] સ્ત્રી. ટેકો.

૨. સ્ત્રી. મિત્રતા; મદદ.

પુસ્તુ ૧. [ફા.] સ્ત્રી. અફઘાનિસ્તાનની ભાષા.

૨. ન. (સંગીત) એ નામનો એક તાલ.

પુસ્તે ૧. કું. ટેકો; આધાર.

૨. કું. હમલો; ઢાંકો.

પુસ્તૈન [ફા. પુસ્ત] સ્ત્રી. વંશપરંપરા.

પુસ્તૈની [હિં.] વિ. વંશપરંપરાથી ચાલતું આવતું.

પુસ્તો ૧. [ફા. પુસ્તા] કું. ટેકો. આધાર.

૨. કું. હમલો; બંધ.

૩. [સં.] સ્ત્રી. સરહદ પ્રાંતની ભાષા.

પુરમ [ફા. પરમ] જી. જીનઃ રૂવાં.

પુરમીના [ફા. પરમીના] પું. જીનનું કાપડ.

પુરંધ્રપુત પું. દત્તક લીધેલો દીકરો.

પુષ્ ૧. [સં.] સ. ક્રિ. ધારણ કરવું; ધરવું.

૨. સ. ક્રિ (ધાતુ) પોષવું; પાળવું; પાલન કરવું. તેના ઉપરથી બનેલ શબ્દોઃ પુષ્ટિ, પુષ્ટ, પુષ્ટિ, પોષણ

૩. સ. ક્રિ. બતાવવું.

૪. સ. ક્રિ. ભાગલા કરવા.

૫. સ ક્રિ. વિકાસ થવો; ખીલવું

પુષ્પ પું. એ નામનો એક રાજા.

ઇવ પુષ્પસ્ય રાજ્ઞ સર્યાતિ,
જિત્વા તિસ્રઃ સાલ્વ અરાતિ. ભીમ

પુષ્પા જી. કલિહારીનો છોડ; કલિયારી.

પુષિત ૧. [સં. પુષ્ (પોષવું) + ક્ત (એલું)] વિ. પોષણ કરેલું.

૨. વિ. વધેલું; વર્દ્ધિત.

પુષ્ટ [સં.] સ. પુષ્ટિ પોષણ; પાલન કરવું તે.

પુષ્કર ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. પું. એ નામનો એક દિગ્ગજ.

૩. પું. એ નામનો એક પર્વત. તે પુષ્કર નામે દ્વીપમાં આવેલો છે.

૪. પું. એ નામનો એક રાજા; પુષ્કરદ્વીપનો એક રાજા.

૫. પું. એ નામનો એક રોગ.

૬. પું. (પુરાણ) એ નામનો એક વરુણપુત્ર. એ વરુણનો બલાધ્યક્ષ છે. સોમ કન્યા જ્યોત્સ્નાના એની જો થામ.

૭. પું. (જૈન) એ નામના દ્વીપને ફરતો એ નામનો સમુદ્ર.

૮. [સં.] પું. એ નામનો પ્રલયકાળનો એક મેઘ; મેઘનો અધિપતિ; મેઘોનો એ નામનો એક નાયક. જે વર્ષે મેઘનો અધિપતિ એ હોય, તે વર્ષે વરસાદ થતો નથી, ખેતી પણ થતી નથી અને દુકાળ પડે છે.

સંસાર કેરા પ્રલયાંત કાળે, આવર્તક ને પુષ્કર બળાયે.
ઉદ્રજિતગ્રંથ

૯. પું. એક જાતનું વાદ્ય.

વેણુ વીણા ઝાંઝ મંજીરાંની પુષ્કર મૃદંગ અપાર.
પ્રેમાનંદ

૧૦. પું. કાનડીનો વાદકી જેવો ભાગ.

૧૧. પું. (જૈન) ક્ષીરોદધિ સમુદ્રને ફરતો એ નામનો દ્વીપ.

૧૨. પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો એક પુત્ર.

૧૩. પું. હોલનું ચામડું.

૧૪. પું. તરવારનું મ્યાન.

૧૫ પું. તળાવ; જળાશય.

૧૬. પું. નળ રાજાના મોટા ભાઈનું નામ. તેણે જુગટામાં નળને હરાવી તેની પાસેથી નિષધ દેશનું રાજ્ય પડાવી લીધું હતું. નળે ફરીથી જુગટામાં તેની પાસેથી તે રાજ્ય પાછું જીતી લીધું હતું

૧૭. પું. વૃક્ષકળા.

૧૮. પું. પુષ્કરદ્વીપના વરુણનો એ નામનો એક પુત્ર.

૧૯. પુ. જળ.

૨૦. પુ. બીલીનું ઝાડ.

૨૧. પું. મુખ.

૨૨. પું. (જ્યોતિષ) ભાદ્રપદ નક્ષત્રનો એ નામનો એક અશુભ યોગ.

૨૩. સ. માદલ વગેરે વાદ્યોના ઉપર મઢેલ ચામડું.

૨૪. પું. (પુરાણ) રામચંદ્રનો ભત્રીજો અને ભરતનો એ નામનો પુત્ર.

૨૫. પું. વિષ્ણુ

પુષ્કર જલ પુષ્કર જલન પુષ્કર મુંડ મર્યંદ;
પુષ્કર તીરથ પાપહર પુષ્કર તળ ગોવિંદ.
પિંગળસપ્તકોષ

૨૬. પુ. શિવ; શંકર; મહાદેવ.

૨૭. પુ. સર્પ, નાગ.

૨૮. પુ. સાત માંહેનો એ નામનો છેલ્લો દ્વીપ.

પૃથ્વીને વિષે જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક તથા પુષ્કર દ્વીપ એમ સાત દ્વીપો છે અને તેમાં ઉત્તરોત્તર એક દ્વીપ કરતાં બીજો દ્વીપ બેવડો મોટો છે. પુરુષોત્તમગીતા

૨૯. પું. સારસ પક્ષી.

૩૦. પુ. સૂર્ય; આદિત્ય

૩૧ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના કુરુવંશના સુનક્ષત્ર રાજાનો એ નામનો એક પુત્ર. એનું બીજું નામ ચિત્રરાથ હતું. એના પુત્રનું નામ અંતરિક્ષ હતું.

૩૨. પું. (પુરાણ) સોમવંશી કૃષ્ણનો એ નામનો એક પૌત્ર

૩૩. પું. (પુરાણ) સોમવંશી વસુદેવના ભાઈ વૃકનો એ નામનો પુત્ર.

૩૪. જી. (બૃ. મુ.) વણિયારી ચોરાસી માંહેની એ નામની એક નાત.

પંચમ પુષ્કર જંબુસરા, સુદડવાલ તિમંડે ઉરા.
વિમલપ્રબંધ

૩૫. સ. અજમેરથી આશરે પાંચ માઈલ ઉપર આવેલું એ નામનું તળાવ અને તીર્થ. એવું કહેવાય છે કે, બ્રહ્માએ આ સ્થળે યજ્ઞ કર્યો હતો. ત્યાં બ્રહ્માનું મંદિર છે. પદ્મપુરાણમાં લખ્યું છે કે એક વાર બ્રહ્મા બ્રહ્મમાં કમળ લઈ યજ્ઞ કરવાની ઇચ્છાથી આ પ્રદેશમાં આવ્યા. કમળ તેમના હાથમાંથી પડી ગયું. તેનો એવો અવાજ થયો કે બધા દેવતા કંપી ઊઠ્યા. દેવતાઓએ પૂછ્યું ત્યારે બ્રહ્માએ કહ્યું કે, બાળકોનો ઘાતક વજ્રનાભ નામનો અસુર રસાતલમાં તપ કરતો હતો, તે તમારો સંહાર કરવા માટે અહીં આવવા આકાશે હતો. મેં કમળ પછાડી તેને મારી નાખ્યો. તમારી મોટી વિપત્તિ દૂર થઈ. આ પદ્મ પડવાના કારણથી આ સ્થાનનું નામ પુષ્કર થશે અને તે મહાન પુણ્યપ્રદ મહાતીર્થ થશે હાલ પુષ્કર તળાવને કિનારે સુંદર ઘાટ અને રાજાઓનાં બધાં ભુવનો બનેલાં છે. ત્યાં બ્રહ્મા, સાવિત્રી, બદરીનારાયણ અને વરાહનાં મંદિર પ્રસિદ્ધ છે.

૩૬. સ. આકાશ; અંતરીક્ષ; નભ.

અંબર પુષ્કર નભ વિયત અંતરીક્ષ મનવાસ,
વ્યોમ અનંત વિહાય આ સુરમગ ખ અગ્ગ.સ.
પિંગળસપ્તકોષ

૩૭. સ. એ નામની નાતનું માણસ.

૩૮. સ. એક જાતનો ઢોલ.

૩૯. સ. કમળવાળું તળાવ.

૪૦. સ. (જિન) ક્રમિકાગમમાં બતાવેલ મકાનોના બીજા માંહેનો એ નામનો એક વર્ગ.

૪૧. સ. કુષ્ઠ નામે ઔષધિ.

૪૨. સ. ઢોલ, મૃદંગ વગેરે વાદ્યોનું મઢેલું મુખ.

૪૩. સ. તરવારનું કૂળ; પાનુ.

૪૪. સ. નીર; જલ; વારિ; ઉદક; પાણી.

૪૫. સ. નીલ કમળ; કમળ; વાદળી કમળ.

પુંડરીક પુષ્કર કમલ જલજ અબ્જ અંભોજ,
પંકજ સારસ તામરસ કુવલય કંજ સરોજ.
પિંગળસપ્તકોષ

૪૬. સ. પદ્મકેસર.

૪૭. સ. પીંજરું.

૪૮. સ. પુષ્કર મૂળ.

૪૯. સ. ભાગ; વિભાગ; અંશ.

૫૦. સ. મદ; ઉન્માદ.

૫૧. સ. મુખ્ય અઢાર માંહેનું એ નામનું એક તીર્થક્ષેત્ર.

૫૨. સ. યુદ્ધ; લડાઈ.

૫૩. સ. હાથીની સૂંઢનો અગ્ર ભાગ.

૫૪. વિ. એ નામની નાતનું.

૫૫. વિ. સહાય કરનાર.

પુષ્કરકર્ણિકા ૧. [સં.] જી. કમળનો મધ્ય ભાગ.

બાહ્ય બહારથી ગોળ, અંદરથી સમચતુષ્ક અને તળિયે પુષ્કરકર્ણિકા જેવાં હોય છે.
તત્ત્વાર્થસૂત્ર

૨. જી. સ્થળપદ્મિની; જમીન ઉપર થતો કમળનો વેલો.

પુષ્કરગત જ. વાદળું વગાડવાની ક્રિયા.

પુષ્કરચૂડ (પુષ્કરચૂડ) [સં.] પું. એ નામનો દક્ષિણ દિશાનો એક દિગ્ગજ; લોકાલોક પર્વત ઉપરનો એ નામનો એક દિગ્ગજ; બ્રહ્મદેવના ચાર માંહેનો એક હાથી.

તે (લોકાલોક પર્વત)ની ઉપર અખિલ જગતના ગુરુ બ્રહ્મદેવે સર્વ લોની સ્થિતિના આધારભૂત એવા ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર હાથી દિશાઓને વિષે રાખેલા છે.

પુરુષોત્તમગીતા

પુષ્કરજટા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પુષ્કરમૂળ.

પુષ્કરજી જ. અજમેરથી સાત માઈલ દૂર આવેલું એ નામનું એક યાત્રાનું સ્થળ; પુષ્કર. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: અજમેરથી સાત માઈલ પુષ્કરજી છે. ગામમાં જ પુષ્કર સરોવર છે. તેને કાંઠે તથા આજુબાજુ અનેક મંદિરો છે. પુષ્કર સરોવર પાસે બ્રહ્માજીનું મંદિર છે. મંદિરમાં ડાબી બાજુએ ગાયત્રી દેવીની અને જમણી બાજુએ સાવિત્રીની મૂર્તિ છે. હિંદુસ્તાનમાં બ્રહ્માની મૂર્તિવાળું કોઈ પ્રખ્યાત મંદિર ન હોવાથી શ્રી બ્રહ્માજીના આ એક મંદિરનો મહિમા વધારે છે અને પુષ્કરજીની યાત્રાએ ઘણાં માણસો આવે છે. તળાવને ચૌફાટ, બ્રહ્મઘાટ, વટઘાટ, બદરીઘાટ, રામઘાટ, કોટિતીર્થઘાટ આદિ નામના ઘણા ઘાટ છે. આજુબાજુ ઘણાં શિવાલયો અને બદરીનારાયણનું મંદિર, વરાહ ભગવાનનું મંદિર, ગણપતિનું મંદિર, વટા ભગતનું મંદિર વગેરે નીલ ઘણાં મંદિરો છે. આ સિવાય ગામને છેડે શ્રી વૈકુંઠનાથજીનું મંદિર છે. તે બહુ સુંદર છે. તેની ચોતરફ દીવાલોમાં દેવદેવીઓ વગેરેના ઐતિહાસિક ચિત્રો સુંદર રંગથી ચીતર્યાં છે. પુષ્કરજીને ફરતી ડુંગરની હારમાળા છે. ડુંગરનું નામ નાગ ડુંગર કહેવાય છે. ડુંગરની ટોચ ઉપર સાવિત્રીજીનું મંદિર છે. બેસવાને માટે ઓળીઓ પણ બનેલી છે. સાવિત્રીજીની મૂર્તિ અને મંદિર રમણીય છે. બંગાળી લોકોમાં તેની માનતા વધારે છે. આ મંદિરને પગથિયે એક કૂંડ પણ છે.

પુષ્કરણા ૧. સ્ત્રી. (જૈન) ચોરાશી જ્ઞાતિની બ્રાહ્મણની એ નામની એક પેટા જ્ઞાતિ. તેઓ મારવાડ તરફ વસે છે.

૨. જ. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

પુષ્કરણી ૧. સ્ત્રી. દાંડી

૨. સ્ત્રી નર્મદાના ઉત્તર કિનારા ઉપરની એ નામની એક નદી

પુષ્કરણીતીર્થ જ. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: જ્યારે જલભેદ તીર્થનો મહિમા જોવાના હેતુથી શંકરજીએ શૂલ ઉઠાવ્યું, ત્યારે તે શૂલ સૂર્યના ઘોડાઓને લાગ્યું. ઘોડા મૂછ ખાઈ અને સૂર્ય પણ ચોંકી ગયા. તેમના હાથમાંથી કમળનું ફૂલ પડી ગયું. ત્યાં પ્રવાહ ઉત્પન્ન થયો. તે આ પુષ્કરણી છે. અહીં બધા પ્રકારના યોગીઓ આરામ મેળવે છે. અહીં કરેલ પુણ્ય બીજા પ્રાપ્ત કરાવ્યા કરતાં વધારે ફળ આપે છે. સાતમ અને રવિવારનું માહાત્મ્ય છે. બ્રાહ્મણભોજન અને વેદપાઠનું વિશેષ માહાત્મ્ય છે. આ તીર્થમાં સૂર્ય ભગવાન સદૈવ નિવાસ કરે છે. તેનું માહાત્મ્ય કુરુક્ષેત્ર સમાન છે.

પુષ્કરણ્યો પું. પોકરણ્યો; પુષ્કરજીનો બ્રાહ્મણ.

પુષ્કરતીર્થ [સં.] જ. એ નામનું એક પવિત્ર સ્થળ; પુષ્કર.

પુષ્કરદ્વીપ પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંઓથી બનેલા સાત માંહેનો એ નામનો એક દ્વીપ. તે ચોસઠ લાખ યોજન વિસ્તારનો અને તેવડા જ વિસ્તારના સ્વાદિષ્ટ જળના સમુદ્રથી વીંટળાયેલો મનાય છે. આ દ્વીપમાં અગ્નિની શિખા જેવી ઉજ્જ્વળ લાખો પાંખડીઓવાળું એક મોટું કમળ રહેલું છે, જે કમળ ભગવાન બ્રહ્મદેવના આસન તરીકે ગોઠવ્યું છે. આ દ્વીપના મધ્ય ભાગમાં માનસોત્તર નામનો દસ હજાર યોજનની ઊંચાઈ તથા પચાસ હજાર યોજન પહોળાઈવાળો પર્વત આવેલો છે. તેના ઉપર ચારે દિશાઓમાં ઇંદ્રાદિ ચાર લોકપાલોનાં નગર આવેલાં છે. મેરુની આસપાસ ભમતા સૂર્યના રથનું સંવત્સરરૂપ ચક્ર ઉત્તરાયનરૂપે તેના ઉપર ભમ્યા કરે છે. પ્રિયવ્રત રાજાનો વીતિહોત્ર નામનો દીકરો આ દ્વીપનો અધિપતિ હતો. તેણે રમણક તથા ધાતકી નામના પોતાના બે પુત્રોને પોતાના દ્વીપના બે ખંડ કરીને તેઓના અધિપતિ બનાવ્યા હતા.

આ ખંડના મનુષ્યો બ્રહ્મારૂપ ભગવાનનું આરાધન કરે છે. આ દ્વીપમાં કમળના વનખંડો હોવાથી તેનું આ નામ પડ્યું છે.

પુષ્કરનાડી (પુષ્કરનાળી) [સં.] સ્ત્રી. સ્થળપદ્મિની; જમીન ઉપર થતો કમળનો વેલો.

પુષ્કરનાભ [સં.] પું. વિષ્ણુ.

પુષ્કરપર્ણી ૧. [સં.] જ. એક જાતનું ઝાડ.

૨. જ. કમળનું પાંદડું.

૩. જ. જમીની વેદી બનાવવામાં વપરાતી એક જાતની ઈંટ.

પુષ્કરપલાશ [સં] જ કમળનો દાંડો

જેમ પુષ્કરપલાશ જળની સાથે સંશ્લેષ પામતું નથી, તેમ આ પ્રકારે બ્રહ્મતત્ત્વ જણાવનાર પાપનો સ્પર્શ થતો નથી. અધ્યાત્મરામ

પુષ્કરપ્રાદુર્ભાવ [સં.] પું. કમળાકારે ભગવાનનું પ્રકટ થવું તે.

પુષ્કરપ્રિય [સં. પુષ્કર (કમળ) + પ્રિય (વહાલું)] પું. મધુમક્ષિકા; મધમાખ.

પુષ્કરફલ [સં.] જ. કમળનું ફળ; કમળકાકડી.

પુષ્કરબીજ [સં.] જ. કમળનું બી; કમળકાકડી.

પુષ્કરમાલિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઇંદ્રની સભા.

૨. સ્ત્રી. (પુરાણ) સલ્લ નામના ઊંચ્છવૃત્તિ કરનારની એ નામની સ્ત્રી.

પુષ્કરમાલી ૧. [સં. પુષ્કરમ.લિન્] પું. હિમાલયની એક કન્યાનો પતિ.

૨. વિ. કમળની માળાવાળું.

પુષ્કરમૂલ ૧. [સં.] જ. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ; કુષ્ઠ ઔષધિ; કમળનું મૂળ. તે કશ્મીર પ્રાંતમાં સરોવરમાં થતું હોય કહેવાય છે. હાલ વૈદો તેને બદલે કોઠ વાપરે છે. પુષ્કરમૂળ એ કોષ્ઠનો એક ભેદ છે. એને પોખરમૂળ પણ કહે છે. પુષ્કરમૂળનો ઉપયોગ હૃદરોગ, શ્વાસ, કાસ અને હેડકી ઉપર થાય છે. ચક્રદત્ત અને શારંગધરમાં આ વનસ્પતિને સુગંધીવાળી અને જળજૂતિ આપનાર કહેલ છે. એક પુસ્તકમાં લખ્યું છે કે, ઈ. સ. પૂર્વે ૨૪૩માં સિરિયાના સેલ્યુકસે પુષ્કરમૂળનો હોમ કર્યો હતો. ભારતની પુષ્કરમૂળ સર્વથી ઉત્તમોત્તમ અને પ્રશંસાને યોગ્ય ગણાય છે. એ સફેદ રંગનું અને હલકું હોય છે. જે ઝાડમાંથી એ ઉત્પન્ન થાય છે, તે થડ વગરનું અને પોલા પાંદડાંનું થાય છે. રજપૂતસ્થાનમાં અફીણ ઉત્પન્ન થવા લાગ્યું તેની પહેલા પુષ્કરમૂળને તમાકુની માફક પીતા. એનો મુખ્ય ઉપયોગ મુખરોગો છે. દાંતનાં દરદો ઉપર એનું ચૂર્ણ વપરાય છે. તે કડવું અને તીખું હોય છે તેમ જ વાયુ, જ્વર અને કફનાશક મનાય છે. ગરમ માલની તાંસડીમાં રાખવાથી તેમાં જીવ પડતા નથી. ચીનમાં તેનો ધૂપ દેવોની આગળ કરે છે.

૨. જ. એરંડાનું મૂળ.

૩. જ. કમળનું મૂળ.

પુષ્કરમૂલક જુઓ પુષ્કરમૂળ.

પુષ્કરમૂળ જુઓ પુષ્કરમૂલ.

પુષ્કરમેઘ [સં.] પું. વાદળનો એક પ્રકાર.

પુષ્કરલોચન [સં] જ. કમળનેત્ર.

પુષ્કરવન ૧. [સં.] ન. પુષ્કર નામનું તીર્થ.
૨. ન. પુષ્કર નામનું વન.

પુષ્કરવર ૧ પું. (જૈન) એ નામનો ત્રીજો દ્વીપ.
૨. પુ. એ નામનો એક સમુદ્ર.

પુષ્કરવર દ્વીપ [સં.] પું. (જૈન) કાલોદધિ સમુદ્ર અને પુષ્કરવર સમુદ્રની વચ્ચે આવેલો એ નામનો દ્વીપ.

પુષ્કરવર સમુદ્ર [સં.] પું. (જૈન) પુષ્કરવર દ્વીપને ફરતો આવેલો એ નામનો સમુદ્ર.

પુષ્કરવાલ ૧. જ્ઞા. (જૈન) ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

પુષ્કરવાળ જુઓ પુષ્કરવાલ.

પુષ્કરશાયિકા [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી. તે સમુદ્રમાં રહે છે.

પુષ્કરશોફા [સં.] સ્ત્રી. પુષ્કરમૂળ નામની ઔષધિ.

પુષ્કરસદ ૧. [સં. પુષ્કરસદ] પું. ગોત્રપ્રવર્તક એક ઋષિ.
૨. વિ. કમળમાં વસનાર.

પુષ્કરસંવર્તક પું. (જૈન) એ નામનો મહામેઘ. ઉત્સર્પિણી કાળમાં બીજો બારો બેસતાં આ વરસાદ વરસે છે.

પુષ્કરસાગર ૧. [સં.] પું. કુષ્ઠ નામે ઔષધિ; પુષ્કરમૂલ નામની વનસ્પતિ.
૨. ન. ઉજ્જયિનીમાં સપ્તસાગર યાત્રામાં આવતું એ નામનું એક યાત્રાસ્થાન.

પુષ્કરસાદ [સં.] પું. કમળને આનારું એક પક્ષી.

પુષ્કરસારિકા સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ.

પુષ્કરસારી [સં.] સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલી એ નામની એક લિપિ.

પુષ્કરસ્થપતિ [સં.] પું. મહાદેવ; શંકર; શિવ.

પુષ્કરસ્રજ ૧. [સં. પુષ્કરસ્રજ્] પું. અશ્વિનીકુમાર.
૨. વિ. કમળની માળા ધારણ કરનાર.

પુષ્કરા ૧. [સં.] સ્ત્રી. પુષ્કરમૂલ નામની ઔષધિ.
૨. સ્ત્રી. (સંગીત) મંદ્રસ્થાનીય ષાડીવ માંહેની આઠમી શ્રુતિ.
૩. સ્ત્રી. સારસ પક્ષી.

પુષ્કરાક્ષ ૧. [સં. પુષ્કર (કમળ) + અક્ષિન્ (આંખ)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. લીલાવતારોમાં વિષ્ણુ કમળના જેવાં શોભિત સુંદર નેત્રોવાળા, સર્વની ઉપર કૃપાદૃષ્ટિ રાખનારા, હૃદયકમળમાં મનરૂપી નેત્રથી પોતે પોતાને જોનારા યોગી અને હૃદયકમળમાં તેમનું ચિંતન કરતા છે તેથી અવશ્ય પોતે ચિત્સ્વરૂપથી પ્રકાશિત થાય છે, તેથી તે પુષ્કરાક્ષ કહેવાય છે.
૨. વિ. કમળ જેવી આંખોવાળું.

પુષ્કરાખ્ય ૧. [સં.] પું. કુષ્ઠ નામે ઔષધિ.
૨. પું. સારસ પક્ષી.

પુષ્કરારણ્ય [સં.] ન. (પુરાણ) વાદખાન દેશની પાસે આવેલું એ નામનું વન.

પુષ્કરારૂઢિ ૧. [સં.] પું. (પુરાણ) ગર્ગનો પુત્ર પુરવંશી રાજા.
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોદ્ભવ રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુ રાજાના વંશના ભરતકુળમાં થયેલા દુરિતક્ષય રાજાના વંશ માંહેનો નાનો પુત્ર. તપ વડે કરીને એ બ્રાહ્મણ થયો હતો

પુષ્કરાર્દ્ધ [સં.] પું. (જૈન) પુષ્કરદ્વીપનો અર્ધ ભાગ; આઠમો દ્વીપ માંહેનો બેઠલો અર્ધ દ્વીપ; અર્ધ પુષ્કરદ્વીપ. તેમાં મનુષ્યલોકની મર્યાદા કરનાર માનુષોત્તર પર્વત આવેલો છે.
જબૂદ્વીપમાં બે સૂ. ચંદ્ર લવણ સમુદ્રમાં ચાર ચાર, ધાતકીખંડમાં બાર બાર, કાલોદધિમાં બેંતાલીસ બેંતાલીસ અને પુષ્કરાર્ધમાં બહોંતેર બહોંતેર સૂર્ય તથા ચંદ્ર છે. તત્ત્વાર્થસૂત્ર

પુષ્કરાર્દ્ધદ્વીપ પું. (જૈન) અર્ધ પુષ્કરદ્વીપ. જુઓ પુષ્કરાર્દ્ધ.

પુષ્કરાવતી ૧. સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. એ નામે એક દેવી. તેનું સ્થાન પ્રભાસપાટણમાં છે.
પ્રભાસમાં પુષ્કરાવતી નામની દેવીની પીઠ છે. ભાગવતી ભાગવત
૩. સ્ત્રી. પેશાવર; પુરુષપુર.
રામાયણમાં ભરતે દેશનું નામ આપે છે અને તેની રાજધાની પુષ્કરાવતી જણાવી છે. પુરાતત્ત્વ
૪. સ્ત્રી. સૂર્યવંશના પુષ્કર રાજાની એ નામની નગરી.

પુષ્કરાવર્ત [સં.] પું. તે નામનો મેઘનો એક અધિપતિ.

પુષ્કરાવર્તક ૧. [સં.] પું. એ નામનો મેઘનો એક અધિપતિ.
૨. પું. પ્રલય કે કલ્પને અંતે વરસતો મેઘ.

પુષ્કરાવર્તમહામેઘ પું. એ નામનો એક મેઘ. તે મુસળધારાએ સાત દિવસ સુધી અખંડ વરસે અને તેની શીતલતાથી પૃથ્વી ઉપર સર્વત્ર આગોને શાંતિ થઈ જાય.

પુષ્કરિકા [સં.] સ્ત્રી. (વૈદક) તે નામે એક રોગ. તેમાં સ્ત્રિના આગલા ભાગ ઉપર ફોડકીઓ થઈ આવે છે.

પુષ્કરિણી ૧. [સં.] સ્ત્રી (પુરાણ) ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાની એ નામની સ્ત્રી.
૨. સ્ત્રી. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ધ્રુવ નામના રાજાની એ નામની રાણી
૩. સ્ત્રી. ઋચીકની માતાનું નામ.
૪. સ્ત્રી. કમલિની; કમળની વેલ.
૫. સ્ત્રી. કમળનો સમૂહ.
૬. સ્ત્રી ચાક્ષુષ મનુની પત્ની અને ભૂમન્યુની ભાર્યા.
૭. સ્ત્રી. તળાવડી; કમળ ઊગતાં હોય તેવું નાનું તળાવ; કમળવાળી વાવ; જેમાં કમળ થતાં હોય તેવું વર્તુળાકાર જળાશય; નાનું જળાશય; જે મનુષ્યના માપનું એક ચાર ખૂણાવાળું તળાવ.
૮. સ્ત્રી. વૈશાલીનું એ નામનું એક તળાવ. તે મહારાજકુલ પણ કહેવાય છે.
લિચ્છવિ સંપ્રદાયને રાજા કહેવામાં આવતા અને જ્યારે તેમને અભિષેક કરવામાં આવતો ત્યારે પુષ્કરિણી બેટણી વૈશાલીના એક તળાવનું પાણી તેમના ઉપર સિંચન કરવામાં આવતું. તે તળાવને મહારાજકુલ કહેતા. પુરાતત્ત્વ
૯. સ્ત્રી. રથળકમળ.
૧૦. સ્ત્રી. હાથણી.

પુષ્કરી ૧. [સં. પુષ્કરિન્] પું. હાથી; હસ્તી.
૨. વિ. કમળવાળું.

પુષ્કરેક્ષણા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
પ્રભાસમાં પુષ્કરેક્ષણા નામની દેવીની પીઠ છે. ભાગવતી ભાગવત

પુષ્કરેક્ષિણી જુઓ પુષ્કરેક્ષણા.

પુષ્કલ ૧. [સં.] પું. (પુરાણ) ધ્રુવવાકુ કુળના સાંસ્કૃત રાજાનું બીજું નામ.
૨. પું. એ નામનો એક અસુર.
૩. પું. એ નામનો એક શુદ્ધ.
૪. પું. એ નામે એક જાતની વીણા.
૫. પું. એક જાતનો ઢોલ.
૬. પું. દશરથના પુત્ર ભરતનો એ નામનો એક પુત્ર; પુષ્કર.
૭. પું. મેરુ પર્વત.
૮. પું. વસુનો એ નામે એક પુત્ર.
૯. પું. શિવ; શંકર; મહાદેવ.
૧૦. ન. સોસ મુઠી બરાબરનું માપ.
૧૧. ન. ભિક્ષા માટે આપવા યોગ્ય અન્નનું એક પ્રમાણ; ચાર આશની ભિક્ષા.
૧૨. વિ. પરિપૂર્ણ.
૧૩. વિ. પવિત્ર.

૧૪ વિ. બહુ; ઘણું; પુષ્કળ.
૧૫. વિ. શ્રેષ્ઠ.

પુષ્કલ અગ્નિ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પુષ્કલક [સં.] પું. એક ગંધપ્રધાન દ્રવ્ય; કસ્તૂરી મૃગ.

પુષ્કલાવત ૧. [સં.] પું. ઉત્તરમાં આવેલ એક દેશ.
૨. ન. (પુરાણ) પુષ્કરાવતી નગરીનું બીજું નામ.

પુષ્કલાવતી [સં.] સ્ત્રી. પુષ્કરાવતી; પુરુષપુર; પેશાવર; ગાંધાર દેશની પ્રાચીન રાજધાની. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે: ભરતના પુત્ર પુષ્કલે આ નગરી વસાવી હતી. સિકંદરની સ્વારી વખતે આ નગરી હતી, કેમકે એરિયન વગેરે યૂનાની લેખકોએ પેકુકેલે, પ્યુકોલેતિસ વગેરે નામોથી આ નગરીનો ઉલ્લેખ કર્યો છે. એરિયને લખ્યું છે કે: આ નગરી બહુ મોટી અને સિંધુથી થોડે દૂર હતી. ઈસ્વી સનના સાતમા સૈકામાં આવેલા ચીની મુસાફર હ્યુએનસાંગે પણ આ શહેરમાં હિંદુ દેવમંદિરો તથા બૌદ્ધ સ્તૂપો હોવાનું જણાવ્યું છે. પેશાવરથી નવ માઈલ ઉત્તરે સ્વાત અને કાબુલ નદીનો સંગમ થાય છે ત્યાં હસ્તનગર નામનું ગામ છે. તે પ્રાચીન પુષ્કલાવતી હોવાનું મનાય છે.

પુષ્કસ [સં.] પું. એક જાતનો સંકર.

પુષ્કળ ૧. [સં. પુષ્ (પોષણ કરવું)] ન. મેરુ પર્વત.
૨. વિ. અપાર.
૩. વિ. ઉત્તમ.
૪. [સં. પુષ્કલ] વિ. બહુ; બહુ જ; અતિશય; ખૂબ; જોઈએ તેથી વધારે.

પુષ્કળતા જુઓ પુષ્કળપણું.

પુષ્કળપણું ૧. ન. અતિશયતા; બહુ હોવાપણું.
૨. ન. પૂરતું હોવું તે; પૂર્ણતા.
૩. ન. સમૃદ્ધિ.

પુષ્કળશ્રી સ્ત્રી. બજી.
જિલ્ટન તરફથી શ્વેતપત્રિકા પ્રસિદ્ધ થઈ છે તે ઉપરથી પુષ્કળશ્રી કલ્પના થઈ શકવા જેવી છે.
ચિત્રમય જગત

પુષ્કાર ન. (જ્યોતિષ) એ નામનું ત્રીજું વાદ્યમંડળ.

પુષ્કાંક પું. કામદેવ.

પુષ્ટ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેઓ સર્વસંપન્ન, સર્વત્ર વ્યાપક, સર્વશક્તિમાન અને સર્વરૂપ અખંડ છે, છતાં પ્રત્યેક વસ્તુમાં તેવા ને તેવા અખંડ, એક અને પરિપૂર્ણપણે રહેનાર છે. વળી દેશકાલ વસ્તુપરિચ્છેદથી રહિત અદ્વૈત પણ પોતે જ હોવાથી વિષ્ણુ પુષ્ટ કહેવાય છે.
૨. સ્ત્રી. પાંચ માંહેના એક પ્રકારનો કંઠમાંથી ઉત્પન્ન થતો નાદ.
૩. [સં. પૃષ્ઠ] સ્ત્રી. (હિંદી) પીઠ; પાછળનો ભાગ; કમર.
૪. સ્ત્રી. ભક્તિની નવ માંહેની એક રીત; અનન્ય ભક્તિ.
૫. સ્ત્રી. મદદ; ટેકો.
૬. [સં. પુષ્ (પોષવું)] ન. પુષ્ટિ; પોષણ.
૭. વિ. આશ્રિત.
હું તો તમારો છું પુષ્ટ.
પ્રભુ ઉપર રાખજો કૃપાદૃષ્ટ. પ્રેમાનંદ
૮. વિ. આપેલપીધેલ.
૯. વિ. ભર્યું; શરીરે ભરેલું; માંસલરમણીથી ભરેલું; પીગું; વહ.
૧૦. વિ. ખુશ્કાદાર.
૧૧. વિ. તાજું; તેયાર.
૧૨. વિ. દૃઢ; મજબૂત
૧૩. વિ. દોષું.
૧૪. વિ. પોષણ કરનાર.
૧૫. વિ. પોષાયેલું; પાળેલું; પોષેલું.
૧૬. વિ. બળ વધારનાર; બલિષ્ઠ; મજબૂત કરે તેવું; બળ આપે એવું.
૧૭. વિ. રસકસથી ભરેલ.

પુષ્ટઈ [હિં.] સ્ત્રી. પુષ્ટિની ક્રિયા.

પુષ્ટતર [સં.] વિ. વધારે પુષ્ટ.
કવિત્વ તે ઓછોવત્તા અંશે, ઉચ્ચતર, પુષ્ટતર, પ્રસન્નતર દર્શન તરફ દોરનાર.
જગન્નાથ પ્રસાદ

પુષ્ટતા ૧. સ્ત્રી. આપેલપીધેલ હોવું તે.
૨. [સં.] સ્ત્રી. બલાઢ્ય; બલાઢ્યપણું.
૩. સ્ત્રી. તાજું કે તેયાર હોવું તે.
૪. સ્ત્રી. દૃઢતા.
૫. સ્ત્રી. દોગાઈ.
૬. સ્ત્રી પુષ્ટપણું; આબિતતા.
૭. સ્ત્રી. પોષાયેલું હોવું તે.
૮. સ્ત્રી. બળ; શક્તિ.
૯. સ્ત્રી. મજબૂતી.
૧૦. સ્ત્રી. રસકસથી ભરપૂર હોવું તે.

પુષ્ટભંગ પું. મકાનની પાળથી મકાનમાં પ્રવેશ થઈ શકે તેવી ગોઠવણ.

પુષ્ટા સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીસ માંહેની સોળમી શ્રુતિ.

પુષ્ટાવવું સ. ક્રિ. ભગવાન અર્થે અર્પણ કરવું.

પુષ્ટાંગ ૧. [સં.] ન. પુષ્ટ શરીર; પુષ્ટ અંગ.
૨. વિ. પુષ્ટ શરીરવાળું.

પુષ્ટાંગા [સં.] વિ.સ્ત્રી. બહા શરીરવાળી સ્ત્રી; હૃષ્ટપુષ્ટ સ્ત્રી

પુષ્ટિ ૧. [સં.] સ્ત્રી. અસ્વગંધા; આસોંદ નામે વનસ્પતિ; આસોંદરો.
૨. સ્ત્રી. આધાર; અવલંબન.
૩. સ્ત્રી. આબાદાની; આબાદી.
૪. સ્ત્રી. ઉછેરવું તે.
૫. સ્ત્રી. ઉત્તેજના; મદદ.
૬. સ્ત્રી. ઉપકાર.
૭. સ્ત્રી. ઉછેરણી.
૮. સ્ત્રી. એક યોગિની.
૯. સ્ત્રી. કૃષ્ણની કૃપા.
૧૦. સ્ત્રી. ખિલવણી; વિકાસ.
પુષ્ટિ થવી = વિકાસ થવો.
૧૧. સ્ત્રી. ચંદ્રની સોળ માંહેની એ નામની એક કળા. અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા એમ ચંદ્રની સોળ કળા છે.
૧૨. સ્ત્રી. જીવનો એક પ્રકાર.
૧૩. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
ખુશ્કો નર બહુ તક જ પીએ,
ભલે ઘર ભરીને પુષ્ટિ પામીએ. અખો
પુષ્ટિ મળવી = (૧) ઠેકો મળવો; સમર્થન મળવું. (૨) સંતોષ થવો.
૧૪. સ્ત્રી. (પુરાણ) દક્ષની દસ માંહેની એક કન્યા.
૧૫. સ્ત્રી. દેવી; મહેશની સ્ત્રી. તેનું સ્થાન કાશ્મીરમાં છે.
૧૬. સ્ત્રી. દૈવી સંપત્તિ.
૧૭. સ્ત્રી. (પુરાણ) ધર્મની એ નામની એક પત્ની.
૧૮. [સં. પુષ્ (પોષવું)] સ્ત્રી. પોષવું તે; પોષણ.
૧૯. સ્ત્રી. બળ; જોર; તાકાત.
૨૦. સ્ત્રી. ભગવાનની કૃપા. જ્યાં સાધન તથા પ્રયત્ન સિવાય કેવળ અનુગ્રહથી જીવને ફળપ્રાપ્તિ કરવામાં આવે છે તે પુષ્ટિની રીત છે. તે માર્ગમાં રહેલો જીવ માત્ર ઈશ્વરના અનુગ્રહથી કે ભક્તિથી તરી શકે છે, વૈદિક સાધનોથી નહિ.
૨૧. સ્ત્રી. ભગવાનની બાર માંહેની એ નામની એક શક્તિ. શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં ભગવાનની બાર શક્તિઓનાં નામ આપ્યાં છે: ધા, કાંતિ, પુષ્ટિ, ત્રિરા, કાંતિ, તુષ્ટિ, ઉમા, ઊર્જા, ત્રિકા, અપરા, શક્તિ અને માયા.
૨૨. સ્ત્રી. ભરાવો; વધારો; શરીર વળવું તે.
૨૩. સ્ત્રી. મજબૂતી; દૃઢતા.
૨૪. [વિ.] સ્ત્રી. મગળા, વિજ્યા આદિ આઠ માંહેનો એક પ્રકાર; ગારપાર્ઈ.
૨૫. સ્ત્રી. વિષયવાસના.

૨૬. સ્ત્રી. વૃદ્ધિ.
૨૭. સ્ત્રી. સમર્થન; ટેકો.
પુષ્ટિ આપવી-કરવી-દેવી = ટેકો આપવો.
૨૮. સ્ત્રી. સદ્ધામતા.
૨૯. સ્ત્રી. સાબિતી; પુરતો; પુરાવો
૩૦. સ્ત્રી. સોળ આહેની એક માતૃમા.
૩૧. સ્ત્રી. (પુરાણ) સ્વાયમ્ભુવ મન્વંતરમાંના ધર્મ ઋષિની તેર માંહેની એ નામની એક સ્ત્રી.
૩૨. ન મંદિર.

પુષ્ટિકર ૧. [સં.] પું. કૌવત કે શક્તિ આપે તેવો ખોરાક.
૨. ન. એક જાતનું રત્ન.
૩. વિ. કૌવત આપનાર; પૌષ્ટિક; બળવર્ધક; પુષ્ટિ આપનાર; તાકાત દેનાર; શક્તિવર્ધક.

પુષ્ટિકરણ ૧. [સં.] ન. ટેકો; સમર્થન.
૨. ન. પુરાવો; સાબિતી.

પુષ્ટિકરી [સં] સ્ત્રી. ગંગા.

પુષ્ટિકર્મ [સં. પુષ્ટિકર્મન્] ન. કુટુંબની સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતો ધાર્મિક વિધિ.

પુષ્ટિકા [સં.] સ્ત્રી. બળની છીપ.

પુષ્ટિકારક ૧. [સં.] વિ. પુષ્ટિ કરે એવું; પૌષ્ટિક; કૌવતકારક; બળ આપનાર; બળવર્ધક; પુષ્ટિ આપનારું.
૨. વિ. વીર્યવર્ધક; ધાતુપુષ્ટ.

પુષ્ટિકાંત [સં.] પું. ગણેશ; ગણપતિ.

પુષ્ટિકૃત ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જગ્રામમાં રિષભ અને પંચમ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

પુષ્ટિકૃદાર્ષ્ણ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

પુષ્ટિજનક [સં.] વિ. પુષ્ટિકારક; પરિપોષક.

પુષ્ટિદ ૧. [સં.] ન. (શિલ્પ) એક પ્રકારનું દ્વિશાળ ઘર. જે દ્વિશાળ ઘરનું મુખ દક્ષિણમાં હોય, મુખ આગળ બે અલિંદ અને તે બે અલિંદ આગળ એક મંડપ આવે તેમજ તે ઘરની જમણી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ, અને વચ્ચે ચોકાર આવે તે પુષ્ટિદ નામે ઘર કહેવાય છે.
૨. વિ. પોષણકારક; પુષ્ટિકારક; પોષનાર.

પુષ્ટિદર્શક ૧. [સં.] વિ. ઉત્તેજક; ઉત્તેજન બનાવનાર.
૨. વિ. પોષણ બતાવનારું.
૩. વિ. સમર્થનદર્શક.

પુષ્ટિદા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તે વંશસ્થ અને ઇંદ્રવંશાના મળવાથી બને છે. તેનાં ૧, ૨, ૪ ચરણ ઇંદ્રવંશાનાં અને ત્રીજું ચરણ વંશસ્થનું હોય છે. તેના દરેક ચરણમાં નાર નાર અક્ષર આવે છે.
૨. [સં.] સ્ત્રી. આસંધ વનસ્પતિ; વૃદ્ધિ નામની વનસ્પતિ; વૃદ્ધિકંદ નામનું કંદ. આ કંદ ખાવાથી ધાતુ મજબૂત બને છે માટે તે કંદને પુષ્ટિદા કહે છે. તેને આસોંદરો, આસોંદ, બોડાઆસોંદ કે અશ્વગંધા પણ કહે છે.
૩. વિ.સ્ત્રી પુષ્ટિ આપનારી.

પુષ્ટિદાયક [સં.] વિ. પૌષ્ટિક; પુષ્ટિ આપનાર.

પુષ્ટિદ્રવ્ય [સં.] ન. પુષ્ટિ આપનાર દ્રવ્ય.

પુષ્ટિનિધિ [સં.] સ્ત્રી. પુષ્ટિના પ્રકારોનો; બધો વિકાસ.

પુષ્ટિપતિ ૧. [સં.] પું. એક પ્રકારનો અગ્નિ.
૨. સ્ત્રી. સરસ્વતી.

પુષ્ટિપત્ર ૧. [સં.] પું;ન. કાગળ ઉપર લખતાં નીચે મુકાતું ભારું પડું.
૨. પું;ન. પુસ્તકનું પડું.
૩. ન. ટોપિસ્તું.

પુષ્ટિપત્રક જુઓ પુષ્ટિપત્ર.

પુષ્ટિપથેશ પું. પુષ્ટિપંથના ભગવાન.
પતિતપાવન અધમોદ્ધારણ પુષ્ટિપથેશા.
દયારામ

પુષ્ટિપર્ણી [સં. પૃશ્નિપર્ણી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પુષ્ટિપંથ પું. એ નામનો એક ધર્મમાર્ગ; વૈષ્ણવ સંપ્રદાય; પુષ્ટિમાર્ગ; વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ.

પુષ્ટિપુષ્ટિ [સં.] પું. વલ્લભાચાર્યના સંપ્રદાયનો એક માર્ગ.

પુષ્ટિપુષ્ટિભક્તિ [સં.] સ્ત્રી. વલ્લભાચાર્યના મત પ્રમાણે શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો એક માર્ગ. તેમાં પ્રભુના ભક્ત, જેઓ ઉપર ઈશ્વરની કૃપા હોય, તેઓ વિશેષ યત્નથી પ્રભુનું જ્ઞાન સંપાદન કરે છે.

પુષ્ટિપ્રદા સ્ત્રી. વનસ્પતિની જેરીનું એક મુખ્ય સ્વરૂપ. પાતળી દીવાલવાળા, સરખા આસવાળા, બનાકાર અથવા અનુબોધુકાર, પ્રાણ્વરસથી તરબતર કોષોની તે આ પુષ્ટિપ્રદા બનેલી હોય છે. નસો સિવાયનું બાકીનું બીજું બધું દ્રવ્ય, ફળનો માવો, બીનો મર વગેરેમાં એ માલૂમ પડે છે.

પુષ્ટિપ્રવાહ [સં.] પું. વલ્લભાચાર્યના સંપ્રદાયનો એક માર્ગ.

પુષ્ટિપ્રવાહમર્યાદા [સં.] સ્ત્રી. વલ્લભાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

પુષ્ટિભક્તિ [સં.] સ્ત્રી. વૈષ્ણવ સંપ્રદાય મુજબની ભક્તિ.
ભગવાનના સ્વરૂપ સિવાય બીજી ફળની અપેક્ષા ન રાખતાં ભગવત્સ્વરૂપરૂપી ફળનું આકાંક્ષાપણું એ પુષ્ટિભક્તિ. પુષ્ટિમાર્ગોપદેશિકા

પુષ્ટિમતિ [સં.] પું. અગ્નિનો એક ભેદ.

પુષ્ટિમર્યાદા [સં] સ્ત્રી. વલ્લભાચાર્યના સંપ્રદાયનો એ નામનો એક માર્ગ.

પુષ્ટિમાર્ગ ૧. [સં.] પું. કૃપામાર્ગ; અનુગ્રહનો માર્ગ.
૨. પું વૈષ્ણવ સંપ્રદાય; નિર્ગુણ ભક્તિમાર્ગ; વલ્લભાચાર્યે ઉપદેશેલો ઈશ્વર પ્રતિ શુદ્ધ પ્રેમભક્તિ સાધવાનો માર્ગ; તન, મન, ધન, અચળ શ્રદ્ધા અને ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય છે એવો વલ્લભે સ્થાપેલો મત. વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ. વિષ્ણુધર્મના પ્રણાલિકામાં બધા માર્ગ હોવાને લીધે વલ્લભાચાર્યનો માર્ગ પુષ્ટિમાર્ગને નામે ઓળખાયો છે. એમાં પુષ્ટિનો અર્થ પોષણ નહિ પણ કૃષ્ણ પરમાત્માની કૃપા એવો કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગ એટલે નિર્ગુણ ભક્તિમાર્ગ. અગ્નિનો જેમ તણખો તેમ જીવ એ ઈશ્વરનો અંશ છે, માયાત્મક જગત મિથ્યા નથી પણ માયા એ એક પરમેશ્વરની ઇચ્છાથી ઈશ્વરથી છૂટી પડેલી શક્તિ છે અને માયાપરતંત્ર થયેલા જીવને મોક્ષપ્રાપ્તિને માટે જોઈતું જ્ઞાન ઈશ્વરાનુગ્રહ વિના થવું અશક્ય છે એમ આ સંપ્રદાય માને છે અને તે રીતે શાંકર સંપ્રદાયથી આ સંપ્રદાય જુદો પડે છે. પરમેશ્વરના આ અનુગ્રહને પુષ્ટિ, પોષણ એવું નામ આપેલું છે, તેથી આ સંપ્રદાયને પુષ્ટિમાર્ગ એ નામથી ઓળખવામાં આવે છે.

પુષ્ટિમાર્ગી વિ. ઈશ્વરની કૃપાથી ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે એવા મતને લગતું.

પુષ્ટિમાર્ગીય જુઓ પુષ્ટિમાર્ગી.

પુષ્ટિવર્ધન ૧. [સં.] પું. કૂકડો.
૨. પું. વાજીકર પુષ્ટિ ઐશ્વર્યના વધારનાર; વેદમાં વપરાયેલું જૂનું એક નામ.
૩. વિ. પુષ્ટિ વધારનાર; તાકાત આપનાર.

પુષ્ટિસંપ્રદાય જુઓ પુષ્ટિમાર્ગ.

પુષ્ટિસૃષ્ટિ [સં.] સ્ત્રી. પુષ્ટિમાર્ગીય જનતા.

પુષ્ટીકરણ [સં.] ન. પુષ્ટ કરવું તે.

પુષ્ટું [સં. પુષ્ટ] વિ. પોષાયેલું; ઠોંસું; ભરાવું.

પુષ્ઠિ સ્ત્રી. એ નામની એક દેવી; સોળ માંહેની એક માતૃમા.

પુષ્પ [સં.] સ. ક્રિ. (ધાતુ) વિકસવું; ખીલવું; પ્રફુલ્લ થવું; ફૂલ આવવાં. તે ઉપરથી બનેલ શબ્દ: પુષ્પ, પુષ્પક, પુષ્પકાલ, પુષ્પજ.

પુષ્પ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એ નામનો એક ગ્રહ.

૨. પું. આસોપાલવ.

૩. પું. કુબેરનો રથ.

૪. પું. (પુરાણ) શાલ્મલી દ્વીપમાંનો એ નામનો એક પર્વત.

૫. પું. વિકસવું તે; ખીલવું તે; પ્રફુલ્લ થવું તે.

૬. સ્ત્રી. ઓપ્ટી આર્તવ; સ્ત્રીનું રજ; ફળની ઉત્પત્તિ પહેલાં થતો વિકાસ.

પુષ્પ આવવી = સ્ત્રીને ઋતુ આવવો.

૭. ન. ઉંદરનું એ નામનું વિમાન.

૮. ન. (વૈદક) એક જાતનો નેત્રરોગ. તેમાં આંખમાં ફૂલું પડે છે.

૯. ન. એક જાતનો સુરમો.

૧૦. ન. કુબેરનું વિમાન; પુષ્પક.

૧૧. [હિં.] ન. ઘોડાનું એક લક્ષણ; ચિત્તી. જે રંગનો ઘોડો હોય તેનાથી જુદા રંગની ચિત્તીને પુષ્પ કહે છે. કાનપટ્ટી, લલાટ, શિર, કંધ, છાતી, નાભિ અને કંઠમાં આ ચિહ્ન હોય તો શુભ અને હોઠ, કાનની જડ, મુખ અને કુલ્લા ઉપર હોય તો અશુભ મનાય છે.

૧૨. ન. ધર્મ પુરુષાર્થમાં કહેલી અત્રીસ માંહેની એ નામની એક કલા.

૧૩. ન. નાટકમાં પ્રેમ કે અનુરાગ ઉત્પન્ન કરનારી વિશેષ રૂપમાં કહેવામાં આવતી વાત.

૧૪. ન. પુષ્પકરસ નામની ઔષધિ.

૧૫. ન. પુસ્તકની પરંપરાનો એકધારો ક્રમ.

૧૬. ન. ફળ.

૧૭. ન. ફૂલ; કુસુમ.

સુમનસ કુસુમ પ્રસૂન અને પુષ્પ ફૂલપિત્ત નામ,
ફૂલ રહો કરમાં વહી નિજ છબી રમણી ગામ.
પિંગલપ્રકોષ

પુષ્પ આવવાં = (૧) આશા બંધાવી. ઝાડને પુષ્પ આવે છે ત્યારે જ તે ઉપર ફળ થવાની અવસ્થા બંધાય છે, તે ઉપરથી આ પ્રયોગ થયો છે. (૨) સફળ થવાની ઉમેદને પુષ્ટિ મળવી; કામકાજમાં નીવડવું.

૧૮. ન. બીજના અંકુરનું ફૂટવું તે; રજોદ્ભવ; ફળની ઉત્પત્તિ પહેલાં થતો વિકાસ; ખીલવું તે; પ્રફુલ્લ થવું તે.

૧૯. પું. બીજવાળા છોડનો મોટો અલિંગશ્રેષ્ઠાકાર; અણખોલેલું બીજ. તેમાં બીજક નામનો રેશીનો મધ્યસ્થ રચિ હોય છે. એ બીજકમાં ગર્ભની ત્રોબળી નામનો એક જ મોટો અલિંગકોષ હોય છે. પુષ્પનું કામ બહુખરું જેવું હોય છે અને તેને છેડે એક કાણું હોય છે. તે એક રીતે આખા ગર્ભ જેવા જ છે. ફલન વખતે પરાગનળી બહુખરું આ કાણામાંથી પસાર થાય છે.

૨૦ ન. માન આપવાની અથવા પૂજા કરવાની અઢાર માંહેની એક રીત.

૨૧. ન. માંસ. વામમાર્ગી માંસ માટે આ શબ્દ વાપરે છે

૨૨. ન. (સંગીત) લઘુ અક્ષર.

૨૩. ન. લલિતવિસ્તરમાં બતાવ્યા પ્રમાણે ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

૨૪. ન. લવિંગ.

૨૫. ન. વિકાસ.

૨૬. ન. વિષની બનોના ૭ માંહેનો એક રસ. વિષની બનોના નીચે પ્રમાણે ૭ રસ છે: (૧) પુષ્પ, (૨) ગંધ, (૩) ઓ, (૪) ક્ષાર, (૫) વજ્ર અને (૬) અલંકાર.

૨૭. ન. જીની ગુલ્મેદ્રિયમાં બનાવી રજ નીકળે છે તે અવયવ.

પુષ્પક ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.

૨. ન. (પુરાણ) એ નામે રાવણનું વિમાન. તપ કરીને વૈશ્રવણે એટલે કુબેરે એ મેળવ્યું. રાવણે એની પાસેથી બળાત્કારે લઈ લીધું. રાવણના વધ પછી તે રામની પાસે આવ્યું હતું. એમાં બેસીને રામ, લક્ષ્મણ અને સીતા અયોધ્યા આવ્યાં હતાં.

વિમાન પુષ્પક મહીં પછી સર્વ બેઠાં,
ઊડ્યું વિમાણ નભમાર્ગ જવા અયોધ્યા;
પંથે સ્થળો પ્રિય પતિ સતીને બતાવે,
જે યુદ્ધભૂમિ મહીં સાગર ઓળ બાંધે.
જે રામસેતુ કપિરક્ષાથી આંહીં બાંધ્યો,
આંહીંથી ક્રોધ હનુમંતથી શાંત સાધ્યો;
આ રામ વાલિ હણી સુગ્રીવનું અપાવ્યું,
આ કુંજ ગાઢ્યમુક સુગ્રીવને મળ્યો હું.
પંપા સરોવર વિયોગથી બેઠ જાતો,
આહીં જટાયુ અસુરેશ વધી પવાતો;
આ ઋષ્યમૂકી નદીતીર સુબેથી રે'તા,
કાલિંદી આ વિવિધ આશ્રમ પુણ્ય ગંગા.
જે જે જણાય પુરી સુંદર આપણી આ,
વંદું નમું ફરી ફરી પ્રભુમું અયોધ્યા!
રામાયણસાર

૩. પું. એક જાતનો ઝેર વગરનો સર્પ.

૪. પું. કુબેરનો રથ.

૫. પું. પિત્તળની જરમ.

૬. પું. મકેલ બનાવવામાં ચોસઠ ચાંલ્લાનો એક જાતનો ચંદ્રક.

૭. પું. રાતનું કમળ.

૮. પું. લોઢાની જરમ; લોહજરમ.

૯. ન. અંગારા રાખવાની માટીની ચૂલ; સગડી; માટીની અંગીઠી.

૧૦. ન. આઠ ભાગવાળો એક પ્રકારનો બાંભલો.

૧૧. ન. આંખમાં પડતું ફૂલું; આંખ ઉપરના પડ્યા; આંખનો એક રોગ.

૧૨. ન. કપાળનું એક જાતનું પુષ્પાકાર આભૂષણ.

૧૩. ન. પિત્તળ.

૧૪. ન. પિત્તળનું ફૂલ.

૧૫. ન. ફૂલ; નાનું ફૂલ.

૧૬. ન. રસાંજન.

૧૭. ન. વાસણનું તળિયું.

૧૮. ન. હીરાકસી.

પુષ્પકરવદ્વીપ [સં.] પું. એ નામનો એક દ્વીપ.

પુષ્પકરંડ [સં.] ન. ફૂલદાની; ફૂલ રાખવાનો કરંડિયો.

પુષ્પકરંડક ૧. [સં.] પું. અવંતી કે ઉજ્જૈનનો એક પ્રાચીન બગીચો. તે મહાકાળના મંદિર પાસે હતો.

૨. પું. ઉજ્જૈન અથવા તેની આસપાસની ઝાડી. તે મહાદેવને પ્રિય હતી.

૩. ન. ફૂલની ટોપલી; ફૂલ રાખવાનો કરંડિયો.

પુષ્પકરંડિકા [સં.] સ્ત્રી. ઉજ્જયિની નગરી.

પુષ્પકરંડિની [સં.] સ્ત્રી. ઉજ્જૈન; ઉજ્જયિની નગરી.

પુષ્પકલિકા [સં.] સ્ત્રી. ફૂલની કળી.

પુષ્પકાલ ૧. [સં.] પું. વસંત ઋતુનો સમય.

૨. પું. ઝીનો રજોદર્શનનો કાળ; ઋતુકાળ.

પુષ્પકાસીસ [સં.] ન. કાળા રંગની હીરાકસી.

પુષ્પકાસીસ ૧. [સં.] પું. લોઢાનો લીલો ક્ષાર.

૨. સ્ત્રી. હીરાકસી.

પુષ્પકંદ [સં.] પું. કમદેવ.

પુષ્પકીટ ૧. [સં. પુષ્પ (ફૂલ) + કીટ (જંતુ)] પું. ફૂલનો કીડો; ફૂલને અસર કરતું કોઈ પણ જંતુ.

૨. પું. ભમરો.

પુષ્પકુંજ [સં.] સ્ત્રી. ફૂલકુંજ.

પુષ્પકૂર્ચ [સં.] ન. ફૂલોનો ક્વાથ પીને મહિના સુધી રહેવાનું એક વ્રત.

પુષ્પકેતન [સં. પુષ્પ (ફૂલ) + કેતન (નિવાસસ્થાન)] પું. કામદેવ; અનંગ; પુષ્પકેતુ; પુષ્પચાપ.

પુષ્પકેતુ ૧. [સં.] પું. (જ્યોતિષ) અશ્વિનીથી માંડીનો એ નામનો એક ગ્રહ.
૨. પું અનંગ; કામદેવ; પુષ્પબાણ; પુષ્પકેતન.
૩. ન. પિત્તળની ઝરમ.
૪. ન. ફૂલમાંથી બનાવેલ એક અંજન; એક જાતનો સુરમો.

પુષ્પકોમલ [સં.] ન. ફૂલ જેવું કોમળ.

પુષ્પકોષ [સં.] પું. પુષ્પવેષ્ટન.

પુષ્પગવેધુકા [સં.] સ્ત્રી. નાગવલ્લી.

પુષ્પગંડિકા ૧. [સં.] સ્ત્રી. ગુહ્યમૈથુન.
૨. સ્ત્રી. પુરુષ સમાન ચેષ્ટા કરતી સ્ત્રીઓનું સર્વ વાદ્ય સહ સંગીત; સાસંગનો એક પ્રકાર.

પુષ્પગંધ [સં.] સ્ત્રી. ફૂલની સુગંધ.

પુષ્પગંધા ૧. [સં.] સ્ત્રી. અપ્સરા.
૨. સ્ત્રી. જૂઈ; મુચિકા.

પુષ્પગિરિ ૧. [સં. પુષ્પ (ફૂલ) + ગિરિ (પર્વત)] પું. ફૂલનો પર્વત કે ઢગ.
૨. પું. વરુણ દેવનું પ્રિય નિવાસસ્થાન.

પુષ્પગુચ્છ [સં.] પું. ફૂલનો ગજરો; ફૂલની ગોટી; ફૂલનો તોરો.

પુષ્પગૂંથન ન. ફૂલ ગૂંથવાં તે; ફૂલનું ગૂંથણ.

પુષ્પગ્રથન [સં.] ન. બોસક માંહેનું એક પ્રકારનું વિજ્ઞાન.

પુષ્પગ્રથિત [સં.] વિ. ફૂલની ગૂંથણીવાળું.

પુષ્પગ્રહ [સં.] પું. અત્તર માંહેનો એક પુષ્પભેદ.

પુષ્પઘાતક ૧. [સં.] પું. વાંસ.
૨. વિ. ફૂલનો નાશ કરનાર.

પુષ્પચક્ષ [સં.] પું. ફૂલનો ઢગ.

પુષ્પચંગેરી સ્ત્રી. ગૂંથેલાં પુષ્પોથી ભરેલી ભગડી.

પુષ્પચાપ [સં. પુષ્પ (ફૂલ) + ચાપ (ધનુષ)] પું. અનંગ; કામદેવ; પુષ્પકેતુ; પુષ્પકેતન; પુષ્પધન્વા.

પુષ્પચામર ૧. [સં.] પું. એક જાતનો છોડ.
૨. પું. કેવડો.
૩. પું. મુલહાવદીનાં જેવાં પાંદડાંવાળું એક જાતનું ઝાડ; દૌના.
૪. પું. નેતરનું ઝાડ.
૫. પું. મીંઢળનું ઝાડ.
૬. પું. મોટાં ફૂલવાળું એક સુગંધી ઝાડ.

પુષ્પચાલ પું. કામદેવ.

પુષ્પચૂલિકા ન. (જૈન) એ નામનું એક કાલિક સૂત્ર; અગિયારમું ઉપાંગસૂત્ર.

પુષ્પજ ૧ [સં.] ન. ફૂલનો રસ કે મધ.
૨. વિ. ફૂલમાંથી ઉત્પન્ન થયેલ.

પુષ્પજા [સં.] સ્ત્રી. (પુરાણ) મલય પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

પુષ્પતા ૧. સ્ત્રી. પુષ્પનો ધર્મ કે ગુણ.
દેવબાલે ! પુષ્પોમાં યે પુષ્પતા પૂરો જો,
જેમનાં યે વાસીબરી જો. જગાલ્યંત
૨. સ્ત્રી. ફોરમ.

પુષ્પદ [સં.] પું. ઝાડ.

પુષ્પદલ [સં.] ન. પાંખડી; પાંદડી.

પુષ્પદંડ [સં.] પું. ફૂલને ધારણ કરનારી દાંડી.

પુષ્પદંત ૧. [સં.] પું. એ નામનો એક જાતનો હાથી. તે મોટા વેગવાળો તથા ટૂંકા પૂંછડાવાળો હોય છે અને તેને નિરંતર વીર્ય અને મદ ઝરતાં હોય છે. અનૂપ દેશમાં તેનું જોર હોય.
૨. પું. એ નામનો એક નાગ.
૩. પું. એ નામનો એક વિદ્યાધર.
૪. પું. એ નામનો ગંધર્વ. તેણે મહિમ્નસ્તોત્ર રચ્યાનું કહેવાય છે. આ ગંધર્વના સંબંધમાં કહેવાય છે કે, એક વાર તે શિવનિર્માલ્ય ઓળી ગયો હતો. આથી શિવે શાપ આપીને તેની આકાશગમન કરવાની શક્તિ રોકી દીધી હતી. પાછળથી મહિમ્નસ્તોત્ર બનાવી તેનો પાઠ કરવાથી આકાશગમનની શક્તિ પાછી મળી હતી.
૫. પું. એ નામનો વિષ્ણુનો અનુચર.
૬. પું. એ નામે એક દેવ.
૭. પું. એક પ્રકારનું નગરદ્વાર.
૮. પું. ક્રાંતિક સ્વામીનો એ નામનો એક અનુચર.
૯. પું. નગરના દ્વારનો અધિપતિ; નગરનો દરવાન.
૧૦. પું. નેમનાથ ભગવાનો હાથી.
૧૧. પું. પુષ્પધન્વાનો એક અભિધ.
૧૨. પું. (જૈન) વર્તમાન ચોવીસીના એ નામના નવમા તીર્થંકર.
૧૩. પું. વામન કોલુનો દિગ્ગજ; વામન કોલુના લોકપાળ વાયુનો ઐરાવત.
૧૪. પું. વાસ્તુપુરુષના કોઠાઓમાં સ્થપાતા દેવો માંહેનો એ નામનો એક દેવ.
નૈઋંત કોણે ચિતરેલી લક્ષ્મી ચમિમ દિશાના અધ્યક્ષ સાત કોઠાઓમાં બલિ, સુગ્રીવ, પુષ્પદંત, વરુણ, અસુર, શોષ અને પાપયક્ષા એ સાતની સ્થાપના કરી. રાજવલ્લભ
૧૫. પું. શિવનો એક અનુચર. એક વખત તેણે શિવ અને પાર્વતીની આનંદી વાતચીત સાંભળી અને બીજાને કહી, તેથી તેને શિક્ષા માટે માનુષરૂપે અવતરવું પડ્યું. આ અવતારમાં તે કાત્યાયન નામનો પ્રખ્યાત વ્યાકરણકર્તા થયો.

પુષ્પદંતક [સં.] પું. એ નામનો એક ગંધર્વ.

પુષ્પદંતેશ્વર [સં.] પું. ઉજ્જયિનીમાં આવેલ ચોરાશી માંહેનું એક શિવલિંગ.

પુષ્પદંષ્ટ્ર [સં.] પું. એ નામનો એક નાગ.

પુષ્પદામ ૧. [સં. પુષ્પદામન્] ન. (પિંગળ) ચોગણીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેને કુસુમદામ છંદ પણ કહે છે. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, તગણ, નગણ, સગણ, બે રગણ અને ગુરુ મળી ચોગણીશ અક્ષરો હોય છે. તેના પાંચમા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. ન. ફૂલની માળા.

પુષ્પદ્રવ [સં.] પું. ફૂલનો રસ કે મધ.

પુષ્પધ [સં] પું. બ્રાહ્મ બ્રાહ્મણની સવર્ણા સ્ત્રીથી ઉત્પન્ન થયેલ સંતતિ; એક જાતના જાતિભ્રષ્ટિકૃત વિપ્રની સંતતિ.

પુષ્પધનુષ [સં. પુષ્પધનુસ્] પું. કામદેવ.

પુષ્પધન્વા ૧. [સં. પુષ્પધન્વન્] પું. અનંગ; કામદેવ; સ્મર; મદન; મન્મથ; કુસુમાયુધ; આત્મભૂ; મનોજ; પ્રદ્યુમ્ન; મનોભૂ. તે દૃષ્ટિબાણ તરીકે ફૂલનો ઉપયોગ કરે છે, માટે તેને પુષ્પધન્વા કહે છે.
૨. પું. એ નામનું એક કામોદ્દીપક અને શક્તિવર્ધક રસૌષધ. તે રસસિંદૂર, સીસું, લોહ, અભરખ અને બંનમાં ચતુરો, ભાંગ, જેઠીમધ અને સેમરમૂળ મેળવી પાનના રસની તેને ભાવના આપવાથી બને છે.

પુષ્પધવલ [સં.] વિ. ફૂલ જેવું ધોળું.

પુષ્પધારણ [સં.] પું. વિષ્ણુ.

પુષ્પધારિણી ૧. [સં.] સ્ત્રી. પુષ્પોને ધારણ કરનાર દાસી.
૨. વિ સ્ત્રી. ફૂલને ધારણ કરનારી.

પુષ્પધારી [સં. પુષ્પધારિન્] વિ. ફૂલવાળું; ફૂલ ધારણ કરનાર.

પુષ્પધ્વજ [સં.] પું. કામદેવ.

પુષ્પનિકર [સં.] પું. ફૂલનો સમૂહ.

પુષ્પનિક્ષ [સં.] પું. ભમરો.

પુષ્પનિક્ષી [સં.] સ્ત્રી. ભમરી.

પુષ્પનિચય [સં.] પું. ફૂલનો સમૂહ.

પુષ્પનિર્યાસ ૧. [સં.] પું. મકરંદ; ફૂલનો રસ.
૨. પું. મધ

પુષ્પનેત્ર [સં.] ન. ફૂલનું બનાવેલું નેત્ર.

પુષ્પપત્ર ૧. [સં.] ન. નવું પાંદડું.
૨. ન. ફૂલ અને પાન.
૩. ન. ફૂલની પાંદડી.

પુષ્પપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

પુષ્પપત્ની [સં. પુષ્પપત્નિન્] પું. આમદેવ.

પુષ્પપથ [સં.] પું. સ્ત્રીઓના રજને નીકળવાનું દ્વાર; યોનિ.

પુષ્પપરાગ જુઓ પુષ્પરજ.

પુષ્પપાત [સં.] ન. ફૂલનું પડવું તે.

પુષ્પપાત્ર [સં.] ન. ફૂલદાની.

પુષ્પપાંડુ [સં.] પું. એક જાતનો સૂર્ય.

પુષ્પપિંડ ૧. [સં.] પું. અશોકનું ઝાડ.
૨. પું. આસોપાલવનું ઝાડ.

પુષ્પપુટ ૧. [સં.] પું. ભેગેલા હાથના ખોબાને આકારે બાંધેલો એ નામનો એક જાતનો અભિનય.
૨. ન. ફૂલની પાંખડીનો આધાર. તે વાદળાના આકારનો હોય છે.

પુષ્પપુર ૧. [સં.] પું. ભેગેલા હાથના ખોબાને આકારે બાંધેલો એ નામે એક જાતનો અભિનય.
૨. ન. આઠ પાંખડીવાળા ફૂલના આકારનું શહેર; આઠ પાંખડીવાળા કમળના આકારનું નગર.
જે અષ્ટદલ નગર હોય (આઠ પાંખડીવાળા કમળ જેવી આકૃતિ જેનું હોય) તે નગરનું નામ પુષ્પપુર કહેવાય છે. રાજનઘંટ
૩. ન. પાટલિપુત્ર; હાલનું પટના શહેર; કુસુમપુર.

પુષ્પપુંજ [સં. પુષ્પ (ફૂલ) + પુંજ (ઢગલો)] પું. ફૂલનો ઢગલો.

પુષ્પપ્રકર [સં.] ન. સત્તર બાંધેનો એક જાતનો પુષ્પભેદ.

પુષ્પપ્રદ [સં.] વિ. ફૂલવાળું; ફૂલ આપતું.

પુષ્પપ્રિયક [સં.] પું. બિજોરાનું ઝાડ.

પુષ્પફલ ૧. [સં.] પું. એક જાતનું ફળ; બૂરે બોળું.
૨. ન. અર્જુન વૃક્ષ.
૩. ન. બોરનું ઝાડ.

પુષ્પબાણ ૧. [સં.] પું. કામદેવ; સ્મર; મદન.
૨. ન. ફૂલનું બાણ.

પુષ્પબાણાભિકોષ [સં. પુષ્પ (ફૂલ) + બાણ (બહારનું) + કોષ] પું. પુષ્પનો બહારનો કોષ; ફૂલનું ઢીલું અથવા ઢીંચકું; ફૂલનો પહેલો વિભાગ. તેને ફૂલની ટોપી કહે છે. તે બહુધા લીલા રંગનો અને ફૂલનાં બીજાં અંગો કરતાં સૌથી બહારને તળિયે આવેલો હોય છે.

પુષ્પભદ્ર ૧. [સં.] પું. બાજઠ બાંધવાનો એક જાતનો મંડપ.
૨. પું. (પુરાણ) સ્વર્ગમાં આવેલું દેવોનું એ નામનું એક વન.

પુષ્પભદ્રક [સં.] ન. સ્વર્ગવનઃ સ્વર્ગનો બગીચો; દેવતાઓનું એક ઉપવનઃ દેવોનો એ નામનો એક બગીચો. ત્યાં કર્દમ ઋષિએ દેવહૂતિ સાથે વિહાર કર્યો હતો.

પુષ્પભદ્રા ૧. [સં.] સ્ત્રી. જયપુરીના રસ્તામાં વામનપુરની બાજોળમાં વહેતી એ નામની એક નદી.

તેંયે આવ્યું વામપુર જેહ રે,
ત્યાં બહોળો છે પ્રાણીનો તેહ રે;
તિહાં પુષ્પભદ્રા નદી વહ રે,
એક અતિ વિસ્તાર છે વહ રે.
નિષ્કુળાનંદ

૨. સ્ત્રી. મલયગિરિની પશ્ચિમે આવેલી એ નામની એક નદી.
૩. સ્ત્રી. (પુરાણ) હિમાલયની ઉત્તરે આવેલી એ નામની એક નદી. તે માર્કંડેય ઋષિનું જન્મ અને તપસ્થાન મનાય છે.

પુષ્પભવ [સં] ન. પુષ્પનો રસ.

પુષ્પભિંડી સ્ત્રી. એ નામે ઘોડાની એક ધીમી ચાલ. તેમાં ડાબ અને માથું ઢાલ રહે છે. આ ગતિમાં ઘોડો સપાટાર રીતે ચાલે છે.

પુષ્પભૂતિ ૧. [સં.] પું. શ્રીનોજ અથવા કાશ્યપનો એ નામનો એક હિંદુ રાજા. તે ઈ. સ.ના સાતમા સૈકામાં રાજ કરતો હતો.
૨. પું. હર્ષવર્દ્ધન રાજાનો એ નામે એક પૂર્વપુરુષ. તે શૈવ હતો.

પુષ્પભૂષિત [સં.] વિ. ફૂલ વડે શણગારેલ.

પુષ્પમતી [સં.] વિ.સ્ત્રી. પુષ્પવાળી; ફૂલવાળી.
પુષ્પવતી ફલવત ફૂલેમાં,
તે ચાતી ચાતી આનંદતી. નાનાલાલ

પુષ્પમય ૧. [સં.] વિ. બધું ફૂલવાળું; ફૂલમય.
૨. વિ. પુષ્પ સંબંધી.

પુષ્પમંજરિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; ઉતરડ; દીર્ઘવૃંતા; ઉદીવરા. આ વેલ ધોળા રંગનાં ફૂલની મંજરીને લીધે પુષ્પમંજરિકા કહેવાય છે.
૨. સ્ત્રી. શ્યામ કમલિની; શ્યામ કમળ.

પુષ્પમંજરી ૧. સ્ત્રી. વીરમંજરી; વૃતમંજરી.
૨. [સં. પુષ્પ (ફૂલ) + મંજરી (ફૂલનું ઝૂમખું)] સ્ત્રી. ફૂલોનાં ઝૂમખાં જેમાં તે; ફૂલોની મંજરી.

પુષ્પમંડપ [સં.] પું ફૂલોનો મંડપ; ફૂલનો માંડવો.

પુષ્પમંતપ ન. રામ સપ્તાહની એક ક્રિયા.

પુષ્પમાલ જુઓ પુષ્પમાલા.

પુષ્પમાલા ૧. સ્ત્રી. ગ્રંથમાળા; ગ્રંથાવલી.
૨. સ્ત્રી. (જૈન) જપ્પન બહેની એ નામની એક વિદુષીસાધ્વિ.
૩. [સં.] સ્ત્રી. ફૂલોની માળા; ફૂલહાર.

પુષ્પમાસ ૧. [સં.] પું. ચૈત્ર મહિનો.
૨. પું. વસંત ઋતુ.
૩. પું. વસંત ઋતુના બે માસ.

પુષ્પમાળ જુઓ પુષ્પમાલા.

પુષ્પમાળા જુઓ પુષ્પમાલા.

પુષ્પમિત્ર ૧. [સં.] પું (પુરાણ) કલિયુગમાં બાલિક રાજાની પછી થયેલો એ નામનો રાજા. એના પુત્રનું નામ દુર્મિત્ર હતું.
૨. પું. પહેલો શુંગ રાજા. પાટલિપુત્ર તેનું મુખ્ય શહેર હતું. પતંજલિ તેના સમયમાં થયો હોવ એમ મનાય છે.

પુષ્પમુકુલ ૧. [સં.] પું. ફૂલની પાંખડીઓનો સમુદાય; પટલ.
૨. પું. ફૂલની પાંખડીની બીજી લાર, સામાન્ય રીતે તે પાંખડી રંગવાળી હોઈ જંતુઓને લલચાવવાનું કામ કરે છે.

પુષ્પમુદ્રા [સં.] સ્ત્રી. જ્ઞાનમુદ્રા; દેવીમુદ્રા. તે અંગૂઠો અને તર્જની મળીને થાય છે.

પુષ્પમૃત્યુ [સં.] પું. એક પ્રકારનો નરસંહાર; દેવતાઓ મોટો નરસંહાર.

પુષ્પરક્ત [સં.] પું. સૂર્યમણિ નામનો ફૂલછોડ.

પુષ્પરચના ૧. [સં.] સ્ત્રી. પુષ્પની રચના; ફૂલની રચના.
૨. સ્ત્રી. પુષ્પબૂહઃ પુષ્પાધાનઃ પુષ્પવિન્યાસ.

પુષ્પરજ [સં. પુષ્પ (ફૂલ) + રજસ્ (પુંગ)] સ્ત્રી. ફૂલમાંની રજ; પુષ્પપરાગઃ પુષ્પરેણુ.

પુષ્પરથ ૧. [સં.] પું. (પુરાણ) દાશરથિ રામને જોવાનો એક પ્રસિદ્ધ રથ.
૨. પું. ફૂલનો બનાવેલ રથ.
૩. પું. માંગલિક રથઃ માંગલિક પ્રસંગનો રથઃ યુદ્ધ સિવાય બીજે ઠેકાણે જવાનો રથ.

પુષ્પરસ [સં.] પું. ફૂલનો રસઃ ફૂલનું મધઃ મકરંદ.
સારંગ મધુ ને પુષ્પરસ, કુસુમસાર મકરંદ;
રસના જાનહારને સહુથી આનંદ.
ચિત્રભાનુપ્રેમ

પુષ્પરસાઢ્ય [સં.] ન. મધ.

પુષ્પરાગ ૧. [સં.] પું. પોખરાજ.
૨. પું. ફૂલનો રંગ.

પુષ્પરાજ જુઓ પુષ્પરાગ.

પુષ્પરાજ્ય [સં.] ન. ફૂલોની સૃષ્ટિ.

પુષ્પરાશિ [સં.] પું. ફૂલનો ઢગલો.

પુષ્પરેણુ ૧ [સં.] પું. પરાગ; પુષ્પરજ; ફૂલના પરાગકેસરના ઉપલા ભાગમાં ધૂળના જેવી ભૂકીવાળો પદાર્થ.
૨. ન. પુરુષબીજ.

પુષ્પરોચન ૧. [સં.] પું. એ નામે એક જાતનો છોડ.
૨. પું. નાગકેસર.

પુષ્પલતા [સં.] સ્ત્રી. ફૂલની વેલી.

પુષ્પલાવન પું. ઉત્તર દિશાનો એ નામનો એક દેશ.

પુષ્પલાવિની [સં.] સ્ત્રી. માલણ.

પુષ્પલિપિ [સં.] સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક લિપિ.

પુષ્પલિહ [સં. પુષ્પલિહ (ચૂસનું)] પું. ભમરો.

પુષ્પલોચન [સં.] પું. શિવ.

પુષ્પવટી [સં.] સ્ત્રી. ફૂલવાડી; એક જાતની વાની.

પુષ્પવતી ૧. [સં.] સ્ત્રી. ઋતુવાળી સ્ત્રી; રજસ્વલા સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામનું એક તીર્થ. તેનો ઉલ્લેખ મહાભારતમાં છે.
૩. સ્ત્રી. ભારતવર્ષની એ નામની એક નદી.
૪. વિ.સ્ત્રી. ઋતુમતી; રજસ્વલા.
૫. વિ.સ્ત્રી. ફૂલવાળી; ફૂલેલી.

પુષ્પવત્ [સં.] ન. ફૂલની પેઠે.
દસ જોજન ચોહોળો ઊંચો ત્રીસ,
તે પુષ્પવત્ લીધો કવિ રીસ. પ્રેમાનંદ

પુષ્પવર્ગ [સં.] પું. સુશ્રુતસંહિતામાં કહેલ અમુક અમુક ફૂલનો સમૂહ.

પુષ્પવર્ષ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો શાલ્મલી દ્વીપનો એક પર્વત; એ નામે એક વર્ષ પર્વત.
૨. પું. ફૂલનો વરસાદ.

પુષ્પવર્ષણ જુઓ પુષ્પવર્ષ.

પુષ્પવસ્તા સ્ત્રી. પલાશી.

પુષ્પવંતું વિ. ફૂલવાળું.

પુષ્પવાટિકા [સં.] સ્ત્રી. ફૂલવાડી; ફૂલબાગ.

પુષ્પવાટી જુઓ પુષ્પવાટિકા.

પુષ્પવાહ ૧. [સં.] પું. એ નામે એક દૈત્ય.
૨. પું. કામદેવ.
૩. પું. કુશદ્વીપનો એ નામે એક રાજા.
૪. ન. ફૂલોનું વાહન.

પુષ્પવાન ૧. પું. હોવલી પર્વત; વંજનનો એક પર્વત.
૨. [સં. પુષ્પવત્] પું. (પુરાણ) સોમવંશી પૂરુકુલોદ્ભવ ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથના વંશના સલક્ષિત રાજાનો પુત્ર. એના પુત્રનું નામ જહ્નુ હતું.

પુષ્પવાલુક સ્ત્રી. એક પ્રકારની ઈરાકસી. તે પીળા રંગની હોય છે.

પુષ્પવાહન [સં.] પું. (પુરાણ) એ નામે એક રાજા. એની સ્ત્રીનું નામ લીલાવતી હતું. તેને સાત પુત્ર હતા.

પુષ્પવાહિની [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

પુષ્પવિચિત્રા [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને મણિમાલા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં તગણ, યગણ, તગણ અને યગણ એમ બાર અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

પુષ્પવિન્યાસ [સં.] ન. પુષ્પાધાન; ફૂલ ખીલવાં તે.

પુષ્પવૃક્ષ [સં.] ન. ફૂલઝાડ.

પુષ્પવૃષ્ટિ [સં.] સ્ત્રી. ફૂલોનો વરસાદ; ઉત્સાહી ફૂલને વેરવાં તે; ફૂલ વરસાવવાં તે; ફૂલથી વધાવવું તે; ફૂલનો વધાવો.

પુષ્પવેષ્ટન [સં.] ન. પુષ્પકોપ.

પુષ્પવ્યૂહ જુઓ પુષ્પવિન્યાસ.

પુષ્પશકટિકા [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, બે તગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
પુષ્પશકટિકામાં છે જ સ ત ત ગા ગે.
રત્નપિંગળ

પુષ્પશાકટી [સં.] સ્ત્રી. બાલાત્રિપાણ્ડી; દેવતાઈ વાણી.

પુષ્પશાકલી [સં.] પું. એ નામે એક જાતનો ઝેર વગરનો સાપ.

પુષ્પશયન [સં.] સ્ત્રી. ફૂલની પથારી.

પુષ્પશય્યા [સં. પુષ્પ (ફૂલ) + શય્યા (પથારી)] સ્ત્રી. ફૂલોની પથારી; પુષ્પો પાથરીને શય્યા તરીકે જેનો ઉપયોગ કરવામાં આવે છે તે.

પુષ્પશર [સં. પુષ્પ (ફૂલ) + શર (બાણ)] પું. કામદેવ.

પુષ્પશરાસન [સં.] પું. કામદેવ.

પુષ્પશાક [સં.] ન. શાક તરીકે વપરાતાં ફૂલ. જેમકે, અગથિયો, રાસના, સરગવો, બીમડો. તેનાં ફૂલ શાક તરીકે વપરાય છે.

પુષ્પશૂન્ય ૧. [સં.] પું. ઊજરાનું ઝાડ; ગૂલર.
૨. વિ. ફૂલ વગરનું.

પુષ્પશૂન્યા [સં.] સ્ત્રી. જેને ઋતુધર્મ નથી આવેલો તેવી સ્ત્રી.

પુષ્પશોભા [સં.] સ્ત્રી. ફૂલની શોભા.

પુષ્પશ્રી [સં.] સ્ત્રી. ફૂલની શોભા.

પુષ્પસમય [સં. પુષ્પ (ફૂલ) + સમય (વખત)] પું. જ્યારે ફૂલ બહુ થાય છે તે સમય; વસંત ઋતુ.

પુષ્પસંતાન [સં.] ન. ફૂલનો ઢગલો; ફૂલ જેવાં બાળબચ્ચાં.

પુષ્પસાગર પું. નાકર યુગનો એ નામનો એક કવિ. તે સંવત ૧૬૭૬માં થઈ ગયો છે. તેણે નવપ્રકાશ લખેલ છે.

પુષ્પસાધારણ [સં.] પું વસંત ઋતુ.

પુષ્પસાર ૧. [સં.] પું. તુલસી.
૨. પું. ફૂલનું અત્તર.
૩. પું. મધ; ફૂલનો રસ.

પુષ્પસારા [સં.] સ્ત્રી. તુળસી.

પુષ્પસિતા સ્ત્રી. ધોળી સાકર.

પુષ્પસૂક્ષ્મ [સં.] ન. ન., ઊજરો વગેરેનાં ફૂલ.

પુષ્પસૂત્ર [સં.] ન. સામવેદનો એ નામનો એક સૂત્રગ્રંથ. તે ગોભિલે રચેલો કહેવાય છે.

પુષ્પસૂનું વિ. ફૂલ વિનાનું.

પુષ્પસ્વેદ [સં.] પું. મધ; પુષ્પનો રસ; મકરંદ.

પુષ્પહરીતકી સ્ત્રી. કરંજની બનાવટની આંખની દવા.

પુષ્પહાર ૧. [સં. પુષ્પ (ફૂલ) + હાર (માળા)] પું. કુસુમમાલા; પુષ્પમાળા; ફૂલોનો હાર; ફૂલહાર.
૨. પું. ધર્મ પુરુષાર્થમાં કહેલી ભત્રીસ માંહેની એ નામની એક કળા.

પુષ્પહાસ ૧. [સં.] પું. ફૂલનું ઊપડવું તે.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પુષ્પ એટલે ફૂલ અને હાસ એટલે હસવું. લીલાવતારમાં હાસ્ય કરતી વેળા શ્વેત પુષ્પ જેવા શ્વેત દાંત દેખાતા હોવાથી પુષ્પહાસ કરનારા હોવાથી અને ભક્તિ જીવોને હાસ્ય કરાવનારા તથા ખીલેલા પુષ્પ જેવું હસનાર હોવાથી વિષ્ણુ પુષ્પહાસ કહેવાય છે.

પુષ્પહાસા [સં.] સ્ત્રી. રજસ્વલા સ્ત્રી.

પુષ્પહીન ૧. [સં.] પું. ફૂલ વગરનું ઝાડ; ગૂલરનું ઝાડ.

૨. વિ. ફૂલ વગરનું.

પુષ્પહીના ૧. [સં.] સ્ત્રી. ઉજરાનું ઝાડ.
૨. સ્ત્રી. રજોદર્શન વિનાની સ્ત્રી; જેને રજ આવવું બંધ થયું હોય તેવી સ્ત્રી.
૩. સ્ત્રી. વાંઝણી; વંધ્યા.
૪. વિ.સ્ત્રી. ફૂલ વગરની.

પુષ્પા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; કામલતા; મુમેના.
૨. સ્ત્રી. કર્ણની અંગ દેશમાં આવેલી રાજધાની; ચંપાપુરી; હાલનું ભાગલપુર.

પુષ્પાકર ૧. [સં.] પું. ચૈત્ર માસ.
૨. પું. વસંત ઋતુ.

પુષ્પાકૃતિ ૧. [સં.] સ્ત્રી. પુષ્પ જેવી આકૃતિ; ફૂલના જેવી રચના.
૨. સ્ત્રી. પુષ્પરચના.

પુષ્પાક્ષત [સં. પુષ્પ (ફૂલ) + અક્ષત (ચોખા)] પું. બ. ક. ફૂલ અને ચોખા.
આલો પુષ્પાક્ષતે વધાવીએ. સંપત્તિ

પુષ્પાગમ જુઓ પુષ્પાકર.

પુષ્પાચંપા સ્ત્રી. (પુરાણ) એ નામનું એક નગર.

પુષ્પાજીવા આચાર્ય ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

પુષ્પાજીવ [સં.] પું. માળી.

પુષ્પાજીવિની [સં.] સ્ત્રી. માળણ.

પુષ્પાજીવી ૧. [સં. પુષ્પાજીવિન્] પું. માળી.
૨. સ્ત્રી. માળણ.

પુષ્પાદિગ્રહન ન. શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એ નામની એક કળા.

પુષ્પાદ્ય [સં.] ન. ગુલાબ અને બીજા ફૂલમાંથી કાઢેલ અર્ક. તે નપુંસકત્વ તથા કૃમિ મટાડનાર મનાય છે.

પુષ્પાધાન જુઓ પુષ્પવિન્યાસ.

પુષ્પાધાર [સં] પું. ફૂલને ધારણ કરનારી પાંખડી કે ડાંડલી.

પુષ્પાનન ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.
૨. પું. (પુરાણ) એ નામનો એક વસુ.
૩. પું. એક જાતનો ઘાસ.

પુષ્પાન્વેષિ [સં.] પું. (પુરાણ) એ નામના એક સપ્તર્ષિ.

પુષ્પાભિકર્ષ [સં.] ન. ઘોડાની વાંકીચૂંકી ચાલ.

પુષ્પાભિષેક [સં.] પું. આખે ફૂલ ચઢાવ્યાં તે.

પુષ્પાભ્યંતરકોષ ૧. [સં.] પું. એ નામે ફૂલનો બીજો વિભાગ. તે વધું કરીને ફૂલની બીજી ટોપીની અંદર હોય છે. તે બીજું કંઈ જ નહિ પણ ફૂલની પાંખડીઓ છે અને તે વધું કરીને રંગીન હોય છે.
૨. પું. ફૂલનો જુદા જુદા રંગવાળો ભાગ.

પુષ્પાયુધ [સં. પુષ્પ (ફૂલ) + આયુધ (હથિયાર)] પું. કામદેવ: કુસુમાયુધ.

પુષ્પાયુધત્વ [સં.] ન. કામદેવના બાણનો ગુણ.
પુષ્પાયુધત્વ તુજને, શીતકરત્વ જ સખી વહું જોઉં. સાકુંતલ

પુષ્પાયુધિ [સં.] પું. સમર.

પુષ્પારોહણ [સં.] ન. સત્તર માંહેનો એ નામનો એક પુષ્પભેદ.

પુષ્પાર્હ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદના વંશના ધ્રુવનો પૌત્ર અને સ્વર્લોથી વત્સરાને થયેલા ૭ માંહેનો મોટો પુત્ર. એને પ્રભા નામની સ્ત્રી હતી. એનાથી એને પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં એમ ત્રણ પુત્રો થયા હતા. દોષા નામની બીજી સ્ત્રીથી પ્રદોષ, નિશીથ અને વ્યુષ્ટ એમ બીજા ત્રણ પુત્રો થયા હતા.
૨. પું. એ નામનો એક રાજા.

પુષ્પાવકીર્ણ વિ. ફૂલના આકારના જેવું.

પુષ્પાવચય [સં.] પું. ફૂલો ચૂંટવાં કરવાની ક્રિયા.

પુષ્પાવચાયી [સં. પુષ્પાવચાયિન્] પું. માળી.

પુષ્પાવતી ૧. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.
૨. સ્ત્રી. રજસ્વલા સ્ત્રી.

પુષ્પાવરણ [સં. પુષ્પ (ફૂલ) + આવરણ (કાંચળ)] ન. ફૂલનું બાહ્યાવરણ.
જ્યારે બાહ્યાવરણ અને અંતરાવરણ બંને જાતનો રંગ અને દેખાવ એકસરખો હોય છે ત્યારે તેને પુષ્પાવરણ કહે છે. વનસ્પતિશાસ્ત્ર

પુષ્પાવલિ [સં.] સ્ત્રી. પુષ્પોની હારમાળા.

પુષ્પાવલી જુઓ પુષ્પાવલિ.

પુષ્પાવહ વિ. ફૂલ આપતું.

પુષ્પાશય ન. જેના ઉપર ફૂલની પાંખડી રહે છે તે ભાગ; વજ.

પુષ્પાસન [સં. પુષ્પ + આસન] ન. જેના ઉપર ફૂલની પાંખડી, નરકેસર વગેરે રહે તેવો ફૂલનો ભાગ; વજ.

પુષ્પાસવ ૧. [સં.] પું. ફૂલમાંથી બનાવેલો દારૂ; મદ્ય.
૨. પું. મધ.

પુષ્પાસી [સં.] પું. કામદેવ.

પુષ્પાસ્તરણ ૧. [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની આઠમી કળા; ફૂલની શય્યા બનાવવાની કળા.
કળા આઠમી પુષ્પાસ્તરણ,
તે તે છે રહી જનમનહરણ. હરિલીલામૃત
૨. ન. ફૂલ પાથરવાની રીત; મંદિરની શોભાવૃદ્ધિને માટે ફૂલો પાથરવાની પદ્ધતિ.

પુષ્પાસ્ત્ર [સં.] પું. કામદેવ; મદન.

પુષ્પાંક [સં.] પું. આંબાનું ઝાડ.

પુષ્પાંજન ૧. [સં.] ન. આંખમાં આંજવાની ફૂલમાંથી બનતી એ નામની દવા.
૨. [હિં.] ન. કાંસાંજન; એક જાતનો સુરમો; પિત્તળના કાટ સાથે અમુક ઔષધિઓ વાટીને બનાવવામાં આવતું એક અંજન. તે સફેદ અને સ્નિગ્ધ તથા ઠંડું હોવાથી બધી જાતના નેત્રરોગ ઉપર ક્રમ કરતું મનાય છે.

પુષ્પાંજલિ ૧. [સં. પુષ્પ (ફૂલ) + અંજલિ (ખોબો)] સ્ત્રી. ખોબો ભરીને ફૂલ.
૨. સ્ત્રી. ખોબો ભરીને ફૂલ લઈ કરવા અને માનથી સામા માણસની સામે ઊછાળી નાખવાં તે; ફૂલ અર્પણ કરવાં તે; ફૂલનો અર્ઘ્ય આપવો તે; પુષ્પે વધાવવું તે. અંજલિ ભરીને ફૂલ કોઈ દેવતા અથવા પૂજ્ય પુરુષને ચઢાવવામાં આવે છે.
૩. સ્ત્રી. માર; માર મારવો કે ચાપડવું તે.
પુષ્પાંજલિ આપવી-દેવી = (૧) ઠોકવું; મારવું; પીટવું. (૨) ફૂલમાં કોઈ દેવને પુષ્પ આદિ ચઢાવવાં.

પુષ્પાંજલિવ્રત [સં.] ન. એ નામનું એક વ્રત. તે ભાદરવા સુદિ પાંચમથી નોમ સુધી કરાય છે. તેમાં પાંચ જોડ સ્વયાર્ઈ પૂજા થાય છે અને પાંચ ઉપવાસ કરાય છે.

પુષ્પાંજલી જુઓ પુષ્પાંજલિ.

પુષ્પાંજળિ જુઓ પુષ્પાંજલિ.

પુષ્પાંજળિવ્રત જુઓ પુષ્પાંજલિવ્રત.

પુષ્પાંડક [સં.] પું એક જાતના ચોખા.

પુષ્પાંબુજ [સં. પુષ્પ (ફૂલ) + અંબુજ (કમળ)] પું. ફૂલનો રસ; મકરંદ.

પુષ્પાંભસ [સં. પુષ્પાંભસ્] પું. એ નામે એક તીર્થ.

પુષ્પિકા ૧. [સં.] સ્ત્રી. અધ્યાયના અંતનું વાક્ય; કહેલ પ્રસંગની સમાપ્તિ બતાવનારું વાક્ય. આ વાક્ય કૃતિઓથી મધ્યે ભાગે કર થતું હોય છે.

૨. સ્ત્રી. (જૈન) એ નામનું એક પ્રકીર્ણકસૂત્ર; દશમું ઉપાંગસૂત્ર.
૩. સ્ત્રી. દાંતનો મેલ; દાંતની ખેરી.
૪. સ્ત્રી. લિંગનો મેલ.

પુષ્પિણી ૧. [સં.] સ્ત્રી. ઋતુમતી સ્ત્રી; રજસ્વલા સ્ત્રી; ફરતાનવાળી સ્ત્રી.
૨. વિ.સ્ત્રી. પુષ્પથી યુક્ત એટલે કે ફળ આપનારી; સફળ.

પુષ્પિત ૧. [સં.] પું. એ નામનો એક શુદ્ધ.
૨. ન. કુશદ્વીપનો એ નામનો એક પર્વત.
૩. વિ. પુષ્પરૂપ.
૪. વિ. ફૂલવાળું; ફૂલેલું; ફૂલથી છવાયેલું; ફૂલ ફૂલી રહ્યાં હોય એવું; ખીલેલું; ફૂલથી ઢંકાઈ ગયેલું.

પુષ્પિતક [સં.] પું. (પુરાણ) એ નામનો એક ભારતવર્ષીય પર્વત.

પુષ્પિતપ્રાંત પું. ખીજવાહિનીનો સૂરજમુખીના ફૂલ જેવો પાંખડીદાર છેડો. ફળવાહિનીના પહેલા છેડા ઉપર કમળનાં ફૂલ જેવી ઝાલર હોય છે તેને પુષ્પિતપ્રાંત કહે છે.

પુષ્પિતવાણી [સં.] સ્ત્રી. મીઠી વાણી.
પુષ્પિતવાણી તે મેવા.સ.
મુખ સરખું પણ મહા અભાસ.
મુ. સા. પરિષદ

પુષ્પિતા ૧. [સં.] સ્ત્રી. રજસ્વલા સ્ત્રી; અભડાયેલી સ્ત્રી; દૂર બેઠેલી સ્ત્રી.
૨. વિ.સ્ત્રી. પુષ્પરૂપ હોય એવી.
૩. વિ.સ્ત્રી. ફૂલથી છવાયેલી.

પુષ્પિતાગ્ર જુઓ પુષ્પિતાગ્રા.

પુષ્પિતાગ્રા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. એના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ, રગણ અને યગણ મળી બાર અક્ષર તથા બીજા અને ચોથા ચરણમાં નગણ, બે જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે છે.
ન ન ર ય પદ એની પુષ્પિતાગ્રા;
ન જ જ ર ગા ચલે તમે સમે સો.
સુપિંગળ
૨. સ્ત્રી. (સંગીત) એ નામનો એક ભાતનો રાગ.
૩. સ્ત્રી. ટીશીઓ ઉપર ફૂલવાળો વેલો.
૪. વિ.સ્ત્રી. ઓરેલી; મોર આળાં હોય તેવી.
ચિર વિરણી આમ્રરાજિ સામ્રા,
છતરો કમમ લેઈ પુષ્પિતાગ્રા.
ગીતગોવિંદ

પુષ્પી [સં. પુષ્પ (ફૂલ) + ઇન્ (વાળું)] ફૂલોવાળું; પ્રફુલ્લ; જેમાં ફૂલ ખીલ્યાં હોય એવું.

પુષ્પેષુ [સં. પુષ્પ (ફૂલ) + ઇષુ (બાણ)] પું. ફૂલ જેનાં બાણ છે તે કામદેવ.

પુષ્પેંદ્રિય [સં.] ન. પુંકેસરક.

પુષ્પોત્કટા [સં.] સ્ત્રી. (પુરાણ) સુમાલી રાક્ષસની કેતુમતી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ ચાર માંહેની એ નામની એક કન્યા. તે વિશ્રવા ઋષિની સ્ત્રી અને રાવણ અને કુંભકર્ણની માતા હતી.

પુષ્પોત્કરા જુઓ પુષ્પોત્કટા.

પુષ્પોત્તરા સ્ત્રી. એક ભાતની મીઠાઈ.

પુષ્પોત્પત્તિ [સં.] સ્ત્રી. ફૂલ આવવાં તે.

પુષ્પોત્પાદક [સં.] વિ. પુષ્પ ઉત્પન્ન કરનારું.

પુષ્પોત્પાદન [સં.] ન. મોર આવવો તે; પુષ્પોત્પત્તિ.

પુષ્પોદક [સં.] ન. પુષ્પરસથી મિશ્રિત જળ.

પુષ્પોદકા [સં.] સ્ત્રી. (પુરાણ) યમલોકના માર્ગમાં આવેલી એ નામની એક નદી.

પુષ્પોદય જુઓ પુષ્પોદ્ગમ

પુષ્પોદ્ગમ ન. ફૂલવું આવવું તે.

પુષ્પોદ્ભવ જુઓ પુષ્પોદ્ગમ.

પુષ્પોદ્યાન [સં. પુષ્પ (ફૂલ) + ઉદ્યાન (બાગ)] ન. ફૂલોનો બગીચો; ફૂલવાડી; પુષ્પવાટિકા.

પુષ્ય ૧. [સં.] પું. કલિયુગ.
૨. પું. પોષ મહિનો.
૩. પું.(પુરાણ) સૂર્યવંશી ધ્રુવસંધિ કુલોત્પન્ન કુશવંશનો હિરણ્યનાભ.
૪. સ્ત્રી. (પુરાણ) સોમની સત્તાવીસ માંહેની એ નામની એક સ્ત્રી.
૫. ન. (જ્યોતિષ) એ નામનું આઠમું ચાંદ નક્ષત્ર. તેમાં ત્રણ તારા છે. તેનો આકાર બે ગોડિયાંના સંપુટ જેવો કે બાણ જેવો હોય છે. તેનો અધિષ્ઠાતા વર્ષ છે. તેના સ્વામીનું નામ ગુરુ છે. ચરણના અક્ષરો હુ, હે, હો, ડ છે. તેના નામ ઉપરથી પોષ માસનું નામ પડેલું છે. પોષ માસમાં આ નક્ષત્ર સંધ્યાકાળે ઊગે છે ને પરોઢિયામાં અસ્ત થાય છે. તેના ત્રણ તારાઓ તારાઓનો એક નાનો સો ત્રિકોણ થાય છે. તેનો શિરાકોણ પશ્ચિમમાં છે. વસ્તુતઃ ત્યાં ત્રીજા ત્રીજા બે ત્રણ તારા છે. સામાન્ય નજરે જોતાં એ ત્રણે ય મળી અર્ધને એક તારો હોય એમ દેખાય છે. રામાયણ મહાભારતમાં પુષ્યનું માહાત્મ્ય મોટું વર્ણવ્યું છે. ઘણાં કર્મો કરવામાં તેને શુભ મુહૂર્ત માનેલ છે. કેટલાક ગ્રંથોમાં પુષ્ય નક્ષત્રનો એક જ તારો કહ્યો છે. આ નક્ષત્રમાં જન્મ થયો હોય તે શાંત ચિત્તવાળો, ભાગ્યશાળી, પંડિત, ધનવાન અને ધર્માત્મા થાય એમ મનાય છે. આ વરસાદનું નક્ષત્ર છે. સૂર્ય પુષ્ય નક્ષત્રમાં આવે ત્યારે વરસાદ આવે એમ મનાય છે.
૬. [સં. પુષ્ (પોષવું કરવું)] ન. પુષ્ટિ; પોષણ.
૭. ન. ફૂલ અથવા સાર વસ્તુ.

પુષ્યક પું. એક ભાતનો કનિષ્ઠ ઘોડો.

પુષ્ય નક્ષત્ર જુઓ પુષ્ય.

પુષ્યનાગચૂર્ણ ન. (વૈદક) એ નામનું એક ઔષધ. તેમાં જંબુઅસ્થિ, અશ્વત્થિ, અશ્મભેદ, કુનજટા, ત્રિલવણેસિદ્ધ, ધાતકિપુષ્પ વગેરે આવે છે. આ ચૂર્ણ ધાતુપરિવર્તક, શક્તિવર્ધક, કબજિયત કરનાર અને મૂત્રલ છે. શ્વેત પ્રદર, અતિ ઋતુસ્રાવ અને સ્ત્રીઓનાં દરદો માટે તે અકસીર ગણાય છે. તે ૨૦થી ૬૦ ગ્રેનની માત્રામાં ચોખાના પાણીમાં દિવસમાં બે વખત આપવામાં આવે છે.

પુષ્યનેત્રા [સં.] સ્ત્રી. આદિથી અંત સુધી પુષ્ય નક્ષત્ર રહે તેવી રાત્રિ.

પુષ્યમાનવ ૧. પું. ભવિષ્યના મંગલ પાઠક.
૨. પું. વખાણ કરનાર ભાટ, ચારણ વગેરે.

પુષ્યમિત્ર ૧ [સં.] પું. મૌર્યવંશ પછી મગધમાં શુંગ વંશનું રાજ્ય સ્થાપનાર એ નામનો પ્રતાપી રાજા. અશોકની કેટલીક પેઢીએ થયેલા છેલ્લા મૌર્ય રાજા બૃહદ્રથને સદાર્પિમાં મારી પુષ્યમિત્ર મગધની ગાદી ઉપર બેઠો. પોતાના પુત્ર અગ્નિમિત્રને તેણે વિદિશાનું રાજ્ય આપ્યું હતું. પુષ્યમિત્ર હિંદુ ધર્મનો ચુસ્ત અનુયાયી હતો. તેથી બૌદ્ધ ધર્મની પ્રધાનતાથી ચિંતાયેલી પ્રજા તેના ગાદીએ આવવાથી બહુ રાજી થઈ. વૈદિક ધર્મનો અને પોતાનો પ્રતાપ જાહેર કરવા માટે તેણે પાટલિપુત્રમાં એક મહો ભારે અશ્વમેધ યજ્ઞ કર્યો. ભાષ્યકાર પતંજલિ પણ આ યજ્ઞમાં આવેલ એમ લોકોની માન્યતા છે. ઈ.સ.થી લગભગ બસો વર્ષ પૂર્વે પુષ્યમિત્ર થયો હતો.
૨. પું. રજપૂતસ્થાનમાં પ્રજાસત્તાક ખોરણ મુજબ રાજ્ય સ્થાપનાર એ નામની વ્યક્તિ.
૩. ન. પ્રાચીન હિંદનું એ નામનું રાજ્ય; એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

પુષ્યરથ ૧. [સં.] પું. યાત્રા માટેનો રથ.
૨. પું. તહેવાર જેવા માંગલિક દિવસે વપરાતો રથ; રાજારજવાડાં, તાજપોશી વગેરે શુભ પ્રસંગો ઉપર વપરાતો સુશોભિત રથ
૩. પું. યુદ્ધ સિવાય બીજે ઠેકાણે જવાનો રથ; ફીટરથ.

પુષ્પલક ૨. [સં.] પું. કસ્તૂરી મૃગ.

૨. પું. સપત્નુક; ત્રિગંતર સાધુ.

૩. પું. ખૂંટો; કીલ; ખીલો.

પુષ્પલકી [સં.] સ્ત્રી. કસ્તૂરી મૃગલી.

પુષ્યસ્નાન [સં.] ન. પોષ માસમાં ચંદ્રમા પુષ્ય નક્ષત્રમાં હોય તે વખતે નિરોગતા માટે કરવામાં આવતું સ્નાન. આ સ્નાન રાજાઓ માટે છે. બૃહત્સંહિતામાં લખ્યું છે કે ઉદ્યાન, દેવમંદિર, નદીકિનારો વગેરે કોઈ રમણીય અને સ્વચ્છ સ્થાને મંડપ બનાવવો અને તેમાં રાજાઓએ પુરોહિત અને જ્યોતિષો સહિત પૂજન માટે જવું. પિતૃઓ અને દેવતાઓનું વિધિપૂર્વક પૂજન કરીને રાજાએ પુષ્યસ્નાન કરવું. જે ઠેકાણેથી રાજાએ સ્નાન કરવાનું હોય તેમાં અનેક પ્રકારનાં રત્ન અને મંગળ દ્રવ્ય પહેલેથી નાખી રાખવાં. પશ્ચિમ તરફની વેદી ઉપર વાઘ કે સિંહનું ચામડું બિછાવી તે ઉપર સોનાનો, ચાંદીનો, તાંબાનો કે મૂજરના લાકડાનો પાટલો રાખવો. તે ઉપર રાજા સ્નાન કરે.

પુષ્યા ૧. [સં.] સ્ત્રી. મધ્યપુરીક ઠેકાણાના ભાગલપુર પાસે આવેલી અંગ દેશમાંની કર્ણની રાજધાની.

૨. સ્ત્રી. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.

પુષ્યાનુગ [સં.] ન. (વૈદક) એક જાતનું ચૂર્ણ. તે પ્રદર, પ્રમેહ, રક્તપિત્ત, જીનવા તથા અતિસાર ઉપર અપાય છે.

પુષ્યાભિષેક જુઓ પુષ્યસ્નાન.

પુષ્યાયન ન. પુનર્વસુ નક્ષત્રનું એ નામનું ગોત્ર.

પુષ્યાર્ક ૧. [સં.] પું. (જ્યોતિષ) કર્ક સંક્રાંતિમાં સૂર્ય પુષ્ય નક્ષત્રમાં હોય તે વખતનો યોગ; પુષ્ય નક્ષત્ર ભોગવનાર સૂર્ય. આવો યોગ ઘણે ભાગે શ્રાવણમાં દસ દિવસ ચોમાસ રહે છે.

૨. પું. રવિવારને દિવસે આવતું પુષ્ય નક્ષત્ર.

પુસ ૧. પું. એ નામનો બોધિસત્ત્વ.

તેમાં પુસ (બોધિસત્ત્વ) સુમતિ અને સ્થવિરમતિ આચાર્યોએ નિવાસ કર્યો હતો. પુરાતત્ત્વ

૨. [હિં.] પું. નિસાડીને પ્યારથી બોલાવવાનો શબ્દ.

પુસકીન ન. ખુશી થવું તે; આનંદ થવો તે.

પુસા સ્ત્રી. એક જાતની જમીન.

પુસાઘઉં પું. એક પ્રકારના ઘઉં.

જમુદનમાં પુસા ઘઉં ઉપર ધ્યાન અપાય છે. ગામડાજન

પુસાવવું પું. ન. ન. (કચ્છી) વતમાં આવા માટે બોલાવેલા મત.

પુસાહાઈબ્રીડ પું. સિગારેટ માટે પસંદ કરવામાં આવેલ એક જાતની તમાકુ.

પુસ્કરીસારી સ્ત્રી. લલિતવિસ્તરમાં દર્શાવેલ એ નામની એક લિપિ.

પુસ્ત ૧. પું. ચુનો; જમાનો.

૨. [હિં.] પું. પુસ્તક; પોથી.

૩. પું. પૂતળી; ઢીંગલી.

૪. પું. બનાવટ; કારીગીરી.

૫. [સં.] ન. માટી, લાકડું, વસ્ત્ર, ચામડું, લોઢું કે રત્ન વગેરેથી કરેલી કોઈ વસ્તુ; સામાન.

પુસ્તક ૧. [સં.] ન. કાગળ કે બીજી ચીજનાં પાનાની બાંધેલી ચોપડી; પોથી; ગ્રંથ; વહી; ક્રિતાબ. લાયબ્રેરીનાં અનેક સૂચિપત્રો બ્યાનમાં લઈ એક મધ્યસ્થે અટકળ કરેલ છે કે, દુનિયામાં છાપવાની કળા હજ કઈ હારથી અત્યાર સુધીમાં ૧,૬૫,૦૦,૦૦૦ પુસ્તકો બહાર પડ્યાં છે. જો દરેક પુસ્તકની સરેરાશ ૩,૦૦૦ નકલ છપાણી હોય તો અત્યાર સુધીમાં આશરે ૫૦,૦૦,૦૦,૦૮,૦૦૦ પુસ્તકો છપાયાં છે. ૧,૬૫,૦૦,૦૦૦ પુસ્તકોમાંથી ૪૪,૦૦,૦૦૦ પુસ્તકો વીસમી સદીમાં છપાયાં છે. આ પુસ્તકોમાંથી ૨૦,૦૦૦ પુસ્તકો ઉપયોગી છે.

૧. પુસ્તક આલવું = (૧) પાકપુસ્તક તરીકે મંજૂર કોઈ ઉપયોગમાં લેવાવું. (૨) પુસ્તક અભ્યાસમાં કે વપરાશમાં હોવું.

૨. પુસ્તક બનાવવું-લખવું = પુસ્તક રચવું.

૩. પુસ્તક બાંધવું = છૂટાં પાનાને ભેગાં સીવી પુસ્તક બનાવવું.

૨. ન. ઘોડાની કમર; ઘોડાની પેઠ. કમરના ભાગને પુસ્તક કહે છે. તેને ઠાંકું, ઢીંકું અથવા પેઠ પણ કહે છે. ઘોડા ઉપર સામાન નાખ્યા પછી પાછલો ભાગ ઉપાડો રહે છે તે પૂછ્યા સુધીના ભાગને પુસ્તક કહે છે.

૩. ન. પૂછ્યું.

૪. ન. સ્થાયી નિવાસ.

પુસ્તકજ્ઞાન [સં. પુસ્તક (ચોપડી) + જ્ઞાન (કરજ)] ન. ચોપડામાંનું કરજ; દિસાબી લેણું.

પુસ્તકકર્મ ૧. [સં.] ન. એક પ્રકારનું કર્મ.

૨. ન. ક્રમ પુરુષકર્મમાં કહેલાં ચોસઠ કાર્યોની એ નામની એક કળા.

૩. ન. ઢીંગલી બનાવવાનું કામ.

૪. ન. પુસ્તક ઉતારવાની કળા; લહિયાની કળા.

૫. ન. પૂતળાં બનાવવાની કળા.

૬. વિ. ગ્રંથ લખવાનું કામ કરનાર.

પુસ્તકખાનું જુઓ પુસ્તકાલય.

પુસ્તકગત [સં.] વિ. પુસ્તકમાં દાખલ થયેલ.

પુસ્તકગ્રહ [સં.] વિ. પુસ્તકને ગ્રહણ કરનાર; પુસ્તક હાથમાં લઈ વાંચનાર.

પુસ્તકધારી [સં. પુસ્તક + ધારિન્ (ધારણ કરનાર)] વિ. પુસ્તક લીધેલ.

પુસ્તકપરીક્ષા [સં.] સ્ત્રી. પુસ્તકોની પરીક્ષા; પુસ્તકોનું વિવેચન અને ટીકા.

પુસ્તકપંચક [સં.] ન. પુસ્તકના પાંચ પ્રકારનો સમૂહ. મંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટફલક તથા સપાટિ એ પુસ્તકપંચક કહેવાય છે.

પુસ્તકપંડિત [સં.] પું. ચોપડી વાંચી વિદ્વાન થયેલ પુરુષ; અનુભવ વગરનો વિદ્વાન; ફક્ત ચોપડીઓ વાંચી જ્ઞાન મેળવેલું હોય તે માણસ; 'બૂકવર્મ.'

પુસ્તકપાઠ ૧. [સં.] પું. પુસ્તકનો પાઠ કરવો તે.

૨. પું. પોપટિયું જ્ઞાન; સમજ્યા વગરનું જ્ઞાન.

પુસ્તકપાઠી ૧. [સં. પુસ્તકપાઠિન્] વિ. પુસ્તકનો પાઠ કરનાર

૨. વિ. પોપટિયા જ્ઞાનવાળું; સમજ્યા વગરના જ્ઞાનવાળું.

પુસ્તકપાણિ (સં. પુસ્તક (ચોપડી) + પાણિ (હાથ)] પું. જેના હાથમાં ગ્રંથ છે તે; બ્રહ્મા. વર આપવા દિવ્યમણિપુને, આવ્યા પુસ્તકપાણિજી. પ્રેમાનંદ

પુસ્તકપાંડિત્ય ૧. [સં.] ન. અનુભવહીન વિદ્યા.

૨. ન. ચોપડી વાંચીને મેળવેલું જ્ઞાન.

પુસ્તકપ્રકાશક [સં.] પું. ગ્રંથ પ્રસિદ્ધ કરનાર વ્યક્તિ.

પુસ્તકપ્રકાશન [સં.] ન. ગ્રંથની પ્રસિદ્ધિ.

પુસ્તકપ્રેમ [સં. પુસ્તક + પ્રેમન્ (સ્નેહ)] વિ. પુસ્તક ઉપરનો પ્રેમ.

પુસ્તકબદ્ધ [સં.] વિ. પુસ્તકના આકારમાં બાંધેલ.

આ ઇતરનો મોટો ગ્રંથ પુસ્તકબદ્ધ થયેલ છે. વાલજીભાઈ દેસાઈ

પુસ્તકભંડાર ૧. પું. પુસ્તકાલય; વાંચવાનાં પુસ્તકોનો સમૂહ; વાચનાલય.

૨. પું. વેચવાનાં પુસ્તકોનો ભંડાર; 'દીપો'.

પુસ્તકમાળા સ્ત્રી. ગ્રંથાવલિ.

પુસ્તકમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

પુસ્તકરક્ષા [સં.] સ્ત્રી. ચોપડીઓ સાચવવી તે.

પુસ્તકરૂપ [સં.] વિ. પુસ્તકાકાર.

પુસ્તકર્મ ૧. [સં. પુસ્તકર્મન્] ન. ચિત્ર દોરવાનું કામ.
૨. વિ. લખવા વગેરેનું કામ કરનાર.

પુસ્તકલેખન [સં.] ન. પુસ્તક લખવું તે.

પુસ્તકવત્તા સ્ત્રી. પુસ્તકપરાયણતા; ચોપડીમાંથી પોપટિયું જ્ઞાન મેળવવાની વૃત્તિ.
આપણી શિક્ષણસંસ્થાઓમાં જે અત્યંત પુસ્તકવત્તા દૃષ્ટિગોચર થાય છે, તેને સ્થાને સાક્ષાત્ અવલોકન તથા પ્રયોગોનો પ્રવેશ કરાવવો જોઈએ. ગુ. સા. પરિષદ

પુસ્તકવાચન [સં.] ન. ચોપડી વાંચવી તે.

પુસ્તકવિક્રેતા [સં. પુસ્તક (ચોપડી) + વિક્રેતૃ (વેચનાર)] પું. પુસ્તક વેચનાર.

પુસ્તકશાલા [સં. પુસ્તક (ચોપડી) + શાલા (સ્થાન)] સ્ત્રી. જ્યાં જુદી જુદી જાતનાં પુસ્તકોનો સંગ્રહ હોય તે સ્થાન; પુસ્તકાલય; કિતાબખાનું; ચોપડીઓનો ભંડાર; ગ્રંથભંડાર; ગ્રંથાલય; પુસ્તકો રાખવાનું સ્થાન.

પુસ્તકશાળા જુઓ પુસ્તકશાલા.

પુસ્તકશોધન [સં.] ન. પુસ્તકોનું સંશોધન કરવું તે.

પુસ્તકસમિતિ [સં.] સ્ત્રી. પાઠ્યપુસ્તકો તથા નવાં પ્રકાશનો યોજનારી તેમજ પુસ્તકોનું પરીક્ષણ કરનારી વિદ્યાપીઠની સમિતિ.

પુસ્તકસંગ્રહ [સં.] પું. પુસ્તકનો જથ્થો.

પુસ્તકસ્થ [સં.] વિ. નોંધાઈ ગયેલું; પુસ્તકમાં જળવાઈ રહેલું.

પુસ્તકાકાર [સં.] વિ. પુસ્તકના રૂપનું; પુસ્તકના આકારનું.

પુસ્તકાકારે અ. પુસ્તકના સ્વરૂપમાં; પુસ્તકરૂપે.

પુસ્તકાધ્યક્ષ [સં. પુસ્તક (ચોપડી) + અધ્યક્ષ (ઉપરી)] પું. પુસ્તકાલયનો ઉપરી; પુસ્તકશાળા ઉપર દેખરેખ રાખનાર; 'લાયબ્રેરિયન.'

પુસ્તકારૂઢ ૧. [સં.] વિ. પુસ્તકમાં દાખલ થયેલું.
૨. વિ. પુસ્તકમાં લીન.

પુસ્તકાલય [સં. પુસ્તક (ચોપડી) + આલય (સ્થાન)] ન. પુસ્તકશાળા; કિતાબખાનું; કિતાબઘર; જ્યાં પુસ્તકનો સંગ્રહ રાખ્યો હોય તે સ્થળ; વાચનાલય; 'લાયબ્રેરિ.'

પુસ્તકાલયખાતું ન. પુસ્તકાલયો ચલાવવું તે ખાતું.

પુસ્તકાલયપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણસંસ્થાઓની એ નામની એક પદ્ધતિ. શિક્ષક ફક્ત ગ્રંથપાલનું જ કામ કરે ને પુસ્તકોની તપાસણી રાખે, જ્યાં જ્યાં પુસ્તકો ને એ વિષય વિદ્યાર્થીઓ વધુ પસંદ કરે છે, તેની નોંધ રાખે. પુસ્તકાલય અને શિક્ષણપદ્ધતિ એને લગતાં જુદા જુદા વિષયનાં પુસ્તકો શ્રેણિબદ્ધ રાખવાં જોઈએ. બાળપોથીથી માંડીને સાત ચોપડી સુધીનાં સાહિત્યનાં, ઇતિહાસનાં, ભૂગોળનાં, ચરિત્રનાં, વિજ્ઞાનનાં અને એવા વિષયો વાંચનારના જ્ઞાનમાં ક્રમે ક્રમે વૃદ્ધિ કરતાં જાય એવાં પુસ્તકો હોવાં જોઈએ.

પુસ્તકાલયાધ્યક્ષ [સં. પુસ્તકાલય (પુસ્તકશાળા) + અધ્યક્ષ (ઉપરી)] પું. પુસ્તકાલયનો ઉપરી; 'લાયબ્રેરિયન.'

પુસ્તકાવલિ [સં.] સ્ત્રી. પુસ્તકમાળા.

પુસ્તકાવલી જુઓ પુસ્તકાવલિ.

પુસ્તકિયું ૧. વિ. પુસ્તકમાં જ રાખેલું પણ જીવનમાં નહિ ઉતારેલું; પોપટિયું; જોખમુપટ્ટી ભરેલું; વાંચેલું પણ જીરવેલું નહિ તેવું.
૨. વિ પુસ્તકોમાંનું; ચોપડીનું જ; ગુરુ મારફતે કે અનુભવથી નહિ, પણ પુસ્તકથી મળેલું; પુસ્તકમાંથી વાંચીને મેળવેલું.

પુસ્તકિયું જ્ઞાન જુઓ માત્ર પુસ્તક વાંચીને મેળવેલું જ્ઞાન; અધૂરું જ્ઞાન. પુસ્તકિયા જ્ઞાનથી વિદ્યાર્થી કેળવાયેલો ન કહી શકાય.

પુસ્તકી ૧. પું. પુસ્તકાલયનો ઉપરી; 'લાયબ્રેરિયન.'
લાઇબ્રેરિયન, પુસ્તકી કે ગ્રંથપાલ આમાંનો કોઈ પણ શબ્દ અર્થવાહી ને સચોટ છે. કૌમુદી
૨. [સં.] સ્ત્રી. પોથી; પુસ્તક; ચોપડી.
૩. વિ. પુસ્તકનું; પુસ્તકને લગતું.

પુસ્તકીય ૧. વિ. પુસ્તકનું; પુસ્તક સંબંધી.
૨. વિ. પુસ્તકોમાંથી મેળવેલ.

પુસ્તકર વિ. ચોપડીપર.

પુસ્તપના સ્ત્રી. કુળ; મદદ.

પુસ્તશિંબી [હિં.] સ્ત્રી. એક પ્રકારની સેમ.

પુસ્તિકા ૧. [સં.] સ્ત્રી. નાનું પુસ્તક.
૨. સ્ત્રી. પુસ્તકોની પોટલી.

પુસ્તી ૧. સ્ત્રી. મજબૂતી કાપલીઓનો કચરો; કાપલીઓ.
૨ [સં. પુસ્ત (છાપું પાન)] સ્ત્રી. નિરુપયોગી પોથી કે પોથીના કાગળ; પસ્તી.
૩. સ્ત્રી. પુષ્ટિ
૪. [જ્ઞા. પુસ્તી] સ્ત્રી. ભીંતના પાયાની મજબૂતીનું ચૂનાકામ; ભીંતની કમરની મજબૂતીનું બાંધકામ; ઘરના પાયા વગેરે બાંધણ મજબૂતી માટે કરેલું ચણતર કે પાકસ્તર.

૫. [જ્ઞા. પુસ્તી (મદદ)] સ્ત્રી. સહાય; મજબૂતી માટે કામ કરવું તે.

પુસ્તુ ૧. પું. હિંદની સરહદ ઉપર રહેતા એ નામના લોક.
૨. સ્ત્રી. ઉત્તર સિંધ અને અફઘાનિસ્તાનના લોકોની ભાષા.

પુસ્તૈન સ્ત્રી. બે પેઢી.

પુસ્તો ૧. [જ્ઞા. પુસ્તહ્] પું. આધારકામ; ટેકો; પુષ્ટિ.
૨. પું. ગોટ; ઢિલ્લો.
૩. પું. ખડ
૪. [જ્ઞા. પુસ્તહ] પું. ભરનાળાની બાજુનું પાણીનો પક્કો ઢાળે એવું ચૂનાગચ્ચીનું બાંધકામ કે બખ્તર; ટેકો; પાણીને અટકાવવા બાંધેલી ભીંત; પાજને મજબૂતી આપવાનું બાંધકામ; હાથણી.
૫. પું. ટેકરો.
૬. પું. પાળ; કિનારો.
૭. પું. બોધ; પુલ.

પુસ્ર ૧. સ્ત્રી. એ નામની એક રાનીપરજ જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું

પુસ્રકુસ [સં.] પું. કેસર.

પુહકર (પુહ્કર) [હિં.] ન. પુષ્કર.

પુહકરમૂલ (પુહ્કરમૂલ) [હિં.] ન. પુષ્કરમૂળ.

પુહપ્પા (પુહપ્પા) [હિં.] પું. પગલું.

પુહપ (પુહપ) [હિં.] ન. પુષ્પ; ફૂલ.

પુહર પું. (જૂ. ગુ.) પહોર.
વારી જેવી ઉલ્ટ રહી સોલ પુહર ઉપરાં નહીં. લાયચસમય

પુહરો પું. (જૂ. ગુ.) પહેરો; ચોકી.
રાતિ ઉંમુરી પુહરો પાડ્ય,
આવ અહસ દીવી પરજાય. લાયચસમય

પુહલપ્પણિ વિ. (જૂ. ગુ.) પહોળું.
કોસ બંબ પુહલપ્પણિ આય;
ઉંચુઉ કોસ ઉચ્ચ તે લાય. લાયચસમય

પુહવી સ્ત્રી. (જૂ. ગુ.) પૃથ્વી.
પુરવ પ્રસમો પાવસ કાળ,
પુરવ પુહવી પરમો સુકાળ. લાયચલ

પુહવીસ પું. (જૂ. ગુ.) પૃથ્વીશ; રાજા.
હુઉ જોલ્યો સુણોને પુહવીસ. મેપરાજ

પુહુતું ૧. વિ. (જૂ. ગુ.) પૂરું.
દેસ પાલે ને રક્ષા કરે,
જોલ્યું હું તે પુહુતું કરે. નાચ
૨. વિ. સુપરત; પહોંચતું.

પુહુપ [સં. પુષ્પ] ન. (હિંદી) ફૂલ; પુષ્પ.

પુહુપમંજરી [સં. પુષ્પમંજરી] સ્ત્રી. પુષ્પમંજરી.
રંગભૂમિમાં પ્રથમ નૃત્યકાર જેવી પુંપડ ઉઘાડી હાથમાં પુષ્પ લઈ દેવની વંદના કરે છે અને ચારપછી રંગભૂમિમાં જે પુષ્પો ફેંકે છે તેને પુષ્પમંજરી કે પુહુપમંજરી કહે છે. સંગીતદામોદર

પુહુમી (પુહુમી) [સં. પૃથ્વી; પ્રા. પુહુવી] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.
જેસી જને પેરણી પુહુમી, જની નિશિ કાળી જેસ; જગત પ્રકાશકતા તદપિ, રવિમાં હાનિ ન લેશ. કાન્યશાસ્ત્ર

પુહુરેણુ (પુહુરેણુ) [સં. પુષ્પરેણુ] સ્ત્રી. (હિંદી) પરાગ.

પુહુરેનુ (પુહુરેનુ) [સં. પુષ્પરેણુ] સ્ત્રી.(હિંદી) પરાગ.

પુહુલું વિ. (જૂ. સુ.) પહોળું; વિશાળ.
હિત, કપોલ ને ગ્રીવું પુષ્ટ,
ત્રણ પુહુલાં નર પામે સુખ. ઋષભદાસ

પુહુવી [પ્રા.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

પું ૧. પું. ઉંદર.
૨. પું. એક દેવતા.
૩. ન. એક પ્રકારનો અવાજ.
પું કરવું = પુંઉં એવો અવાજ કરવો; તુચ્છકારમાં બે ઓઠ ફાડી પુંઉં એવો અવાજ થાય તેમ પવન ફૂંકવો; હીસ કરવી; ફુરિયો કરવો.
૪. ન. પુંલિંગનું કૂંકું રૂપ; નર જાતિ. આ રૂપ કોષ વગેરે ગ્રંથોમાં વપરાય છે.

પુંઆઢ (પુંઆઢ) પું. એક જાતની વનસ્પતિ; કુવાઢિયો.

પુંકેસર [સં.] ન. ફૂલની મુખ્ય ચાર ભાતેની એક ઇંદ્રિય; ફૂલની અંદરનો નરજીવવાળો રેસો; નરકેસર તંતુ; નરતંતુ; ફૂલનો જે ફૂલોત્પત્તિકોષ ઉત્પન્ન કરે છે તે અવયવ. તેમાં દાંડી અને પરાગકોષ એ બે અવયવ સમાયેલા છે. તે ફૂલનો ત્રીજો વિભાગ છે. તે ઘણું કરીને પાંખડીઓની અંદર આવેલો હોય છે. એવા ફૂલમાંના રેસાઓમાં પુરુષબીજ હોય છે. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે સ્ત્રી પુરુષ બીજના સંયોગ વગર ફલોત્પત્તિ થતી નથી. કેટલાંક ઝાડ પુંકેસરનાં ને કેટલાંક સ્ત્રીકેસરનાં જુદાં જુદાં હોય છે. કેટલાકમાં બેઉ એક જ કેસરે હોય છે. પુંકેસરવાળા ફૂલમાંથી મધમાખ પુંકેસરની પરાગનો કણ તેના શરીરે લગાડી સ્ત્રીકેસરવાળા ફૂલ ઉપર જાય છે. ત્યાં સ્ત્રીકેસર ઉપરનો ચીકણો પદાર્થ મધમાખીના શરીર ઉપર આવેલા પુંકેસરની રજને પકડી લે છે અને તેથી ફલોત્પત્તિ થાય છે.

પુંકેસર [સં.] પું. પુરુષને પ્રિય દૂધ.

પુંખ ૧. [હિં.] પું. એક પ્રકારનું ધાન્ય પક્ષી.
૨. પું. પશુ.
૩. પું. ખાંખ; ઝાપરાનો બે કરાઓની બહાર ઝૂલતો રહેતો ભાગ; ઘરના બંને કરા ઉપરના ઝાપરાનો લગભગનો ભાગ; ઘરની પાંખ.
પાદશાહના પુંખ કપાય પણ રાંડીરાંડનાં નેવ ન કપાય = કોઈનો હક કુળાચારે કપાય નહિ.
૪. પું. પાંખ; પાંક.
૫. પું. મંગલાચાર.
૬. [સં.] પું.; ન. બાણની પછવ સાથે જોડાયેલ ભાગ; બાણનો છેડો; બાણનું પૂંખડું; તીરની પછવ ઉપરની બેસણીનો પીંછાં લગાડેલો ભાગ; બાણનું મૂળ.
૭. સ્ત્રી. ટેકો; આશ્રય.
૮. સ્ત્રી. ઘરીની એક બાજુ.
૯. ન. પીંછું; પિચ્છ.
૧૦. વિ. પુષ્કળ; ઘણું.

પુંખતીર્થ [સં.] ન. રામે જઈ કરેલ એ નામનું એક તીર્થ.

પુંખપત્ર ન. વૃત્તાનુબંધ; પાંદડાને લાગેલો પાંદડાના જેવો નાનો અનુબંધ; ' સ્ટિપ્યૂલ '.

પુંખાર પું. પુંખ.
ઝૂલત બખાણ અને બાણોના પુંખારોની સાથે શોભાયમાન દેખાય છે. કાન્યશાસ્ત્ર

પુંખાળું વિ. પાંખવાળું.

પુંખિત ૧. પું. હાથ લગાવવાના બાર માંહેનો બીજો પ્રકાર
પુંખિત એટલે હાથ અગ્ર, બાજુમાં કાંઈ વાગેલાં વિના પહોળાં કરવાં. ગુ. જ્ઞાનકોષ
૨. [સં.] વિ. પક્ષવાળું. બાણ માટે વપરાય છે.

પુંખિયાં ન. બ. ક. (વહાણવટું) કુખિયા; વાંકિયા; વહાણ પરખે જડવામાં આવતા લાકડાના ત્રાંકડાકાર ટુકડા.

પુંખી સ્ત્રી. કપાસ વેચતો કરી તેની અટકળ કરવા માટે બજારુ હલકામાંથી જુદો પાડેલો થોડો કપાસ.

પુંખેણી સ્ત્રી. પૂંખણું.
પુંખેણીની કરી છે રીત,
નારી મળીને ગાયે ગીત. રામળ

પુંગ ૧. [સં.] પું. ઢગલો; રાશિ; ઢગ; ઓક; સમૂહ.
૨. ન. સોપારી.

પુંગપુંગ ક્રિ. વિ. ઢોલનો એવો અવાજ.
ઝાઝ ગાજે ઝાંઝર નાદમાં રે,
પુંગપુંગ બાજે છે મૃદંગ. નરબાનણી

પુંગલ ૧. [સં.] પું. આત્મા.
૨. પું. જીવ.

પુંગવ ૧. પું. એક જાતનું કેદ. ઝાપબાઝ; ઝાપબાઝનું કેદ. તે સોપારી જેવડું થાય છે, માટે તેને પુંગવ કહે છે
૨. [સં.] પું. ગાયનો નર; બોધો; બળદ; સાંઢડો; આખલો; બૈલ; વૃષ. શબ્દને છેડે આવતાં ઉત્તમ, શ્રેષ્ઠ, આગેવાન, મોટો, શિરોમણિ, મુખ્ય જેવા અર્થ બતાવે છે. જેમકે, મુનિપુંગવ, નરપુંગવ.
૩. પું. વૃષભ નામે એક ઔષધિ.

પુંગવકેતુ [સં.] પું. મહાદેવ; શિવ; વૃષભધ્વજ.

પુંગવેલ ૧. સ્ત્રી. એ નામની એક જાતની વેલ. તે ચોમાસામાં બહુ ઊગે છે. તેની ડાખળો પોલી હોય છે. તેનાં પાન લાંબાં ને ફૂલ દીસાં જાયફળી કે ગુલાબની કેળનાં હોય છે. તે સવારે ઊઘડી સાંજે બંધ થઈ જાય છે. ફળ ગોળાઈ લેતાં અણીવાળાં હોય છે. તે દવામાં વપરાય છે.
૨. સ્ત્રી. નાગરવેલની ભાજી.

પુંગા ન. ભાપકું.

પુંગી ૧. [સં.] પું. ગેડો.
૨. પું. ભૌહ સાધુ. આ દેશમાં જેમ બાલબ્રહ્મચારી દીકરો અમુક ઉમરનો થાય એટલે જનોઈ લઈને દ્વિજ બને છે, તેમ બાલદેહનો ભૌહ બાળક સંસ્કાર લઈ પ્રથમ પુંગી એટલે સંસ્કારી થાય છે.
૩. સ્ત્રી. એક પ્રકારનું સુષિર વાદ્ય; મોરલી.
પુંગી કેરા રાગથી અભિભૂત પામે મોહ. માવકાન્ત
૪. સ્ત્રી. જેને સાત કે આઠ પતિ થયા હોય તેવી સ્ત્રી.
જ્યારે સ્ત્રીને સાત કે આઠમો પતિ થાય ત્યારે તે પુંગી કહેવાય છે. ભાગવતી ભાગવત
૫. વિ. સંસ્કાર પામેલું.

પુંગીધર પું. સર્પ; નાગ.

પુંગીફલ [સં. પુંગીફલ] ન. સોપારી; ફોફળ.

પુંગીફળ જુઓ પુગીફલ.

પુંગૃહ ન. એ નામે એક જાતની વનસ્પતિ; પુષ્પેંદ્રિય; પુંલિંગચ્છદ.

પુંચ્છ ૧. ન. રજોદરજ.
૨. ન. લૂછવું તે.

પુંછડ પું. સજાઈ ને પૂજા સાથે સાંઢણી લેવાનાં દોરડાં.

પુંછાર [હિં.] પું. મોર.

પુંછલા ૧. [હિં.] પું. અનુયાયી; નોકર.
૨. પું. બુદ્ધામતિનો આશ્રય.
૩. પું. પૂજાની બાકી બોડેલી વસ્તુ.

૪. પું. સાથ ન છોડનાર માણસ; નરાબર પાછળ લાગ્યો રહેનાર માણસ.

૫. વિ. પું. જોની પાછળ પાછળ ફરનાર. પુરુષ માટે વપરાય છે.

પુંછાવવું અ. ક્રિ. ગાય કે ભેંસ દોહવા ન દેતી હોય તો તેની ઇંદ્રિયમાં ફૂંકવું નાલવું. તેથી તે છાનીમાની ઊભી રહે ને દોહવા દે.

પુંજ ૧. [સં.] પું. અમુક પ્રકારના ભેગા થયેલા સચેતન અણુઓનો જથ્થો.

૨. પું. ટોળું; મંજ; રાશિ, સમુદાય; જથ્થો; સમૂહ. એક કવિની કલ્પના છે કે પ્રકાશના પુંજ જેવા તારલાઓમાં અને ફૂલોથી લસી ઊઠતા ખેતરોમાં મને ઈશ્વરનાં દર્શન થાય છે.

પુંજકો પું. સચેતન પરમાણુઓનો ઝૂમખો.

પુંજણિયું ન. (કચ્છી) એક પ્રકારનું ઘાસ. તેને ભીંડણિયું ઘાસ પણ કહે છે.

પુંજમ પું. એકસો વીસ વારનું કર્ણાટકમાં વપરાતું એક માપ.

પુંજમૂળ ન. એ નામનું એક વનસ્પતિનું મૂળ; રેસાવાળું મૂળિયું.

પુંજાણી ૧. સ્ત્રી. વાણિયા, મેઉચા કણબી અને મેમણની એ નામની એક અટક.

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પુંજાત્ન વ. સાવક દશામાં.

પુંજાત્ન એટલે સાવક દશામાં અને મુક્ત એટલે સિદ્ધ દશામાં. તેમાં અહિં સિદ્ધ દશા વિવક્ષિત હાને છે. પુરાતત્ત્વ

પુંજાતુક [સં.] પું. એક જાતનું ઝાડ.

પુંજિ [સં.] પું. ટોળું; સમૂહ.

પુંજિક [સં.] પું. ભમેલો બરફ.

પુંજિકસ્થલી સ્ત્રી. એ નામની એક અપ્સરા; અંજના. તે વૈશાખ મહિનામાં સૂર્યની સાથે રહેતી મનાય છે.

કરવા એના તપનો નાશ, પુંજિકસ્થલી ચોકલી. પ્રેમાનંદ

પુંજિકાસ્તના [સં.] સ્ત્રી. તે નામે એક અપ્સરા.

પુંજિકાસ્થલા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા. શાપ પામવાથી તે અંજનારૂપ થઈ હતી.

પુંજિષ્ઠ [સં.] પું. પક્ષીના સમૂહને મારનાર; વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.

પુંજેરી પું. (વહાણવટું) પીંજરીઓ; ખૂબ ઉપર રહી તપાસ કરનાર વ્યક્તિ; ' મારટહેમેન'.

પુંઠિ સ્ત્રી. (જૂ. ગુ.) પીઠ.

ઉદા પુંઠિ ને જંઘા ને લિંગ. હીરવિજય

પુંડ ૧. [સં. પુંડ્ર] પું. તિલક; ચંદન, કેસર વગેરેનું મસ્તક ઉપર કરેલું ચિહ્ન.

૨. [મ.] પું. લૂંટારો.

બખર લખનારા લોકો આવા લોકોને પુંડ (લૂંટારા) કહે છે. મરાઠી રિસાયત

૩. [હિં.] સ્ત્રી. દક્ષિણ હિંદની એ નામની એક જાતિ. તે અગાઉ રેલમના કીડા ઉકેરવાનું કામ કરતી.

૪. વ. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

પુંડપાલ [મ.] પું. લૂંટારાનો સરદાર.

પુંડરાજ જુઓ પુષ્પરાજ.

પુંડરી [સં. પુંડરિન્] પું. એક પ્રકારનો છોડ. તેનાં પાન શાલપર્ણીનાં પાન જેવાં હોય છે. તેમાં એક પ્રકારની સુગંધ આવે છે. તેનો રસ આંખમાં આંજવાથી આંખનો રોગ દૂર થતો મનાય છે. વૈદકમાં તે વીર્યવર્ધક, શીતળ અને નેત્રોને હિતકારી માનવામાં આવેલ છે.

પુંડરીક ૧. [સં.] પું. અગ્નિ; આગ.

૨. પું. અગ્નિકોણનો દિગ્ગજ.

૩. પું. એ નામનો એક સમર્થ વિદ્વાન. તે બિંદુસાર રાજાના વખતમાં થઈ ગયેલ છે. સને ૧૭૨૪માં વિદ્યારત્નાકર નામે જૈન પંડિત સાથે બીજા નદીને તીરે બોહદર ક્ષેત્રમાં તેને ભારે વિવાદ થયો હતો. તેમાં પોતે હારતાં જૈન ધર્મ સ્વીકારી અહિંસા ધર્મ પ્રભાવે આચરણ કરતો એવું જૈનશાસ્ત્રમાં લખ્યું છે.

૪. પું. (જૈન) એ નામે એક ગણધર.

૫. પું. એ નામે એક જાતની રોટડી.

૬. પું. એ નામે એક જાતનું ઝાડ પક્ષી.

૭. પું. એ નામે એક જાતનો સુગંધી છોડ.

૮. પું. એ નામે એક જાતનો હાથી; સફેદ રંગનો હાથી. જેમાં શરીરવાળો, ખરાબ લક્ષણવાળો, મદ કરતો હોય તેવો, નિરંતર ક્રોધમાં જ રહેતો સર્વભક્ષી, અલ્પયુક્ત, તીક્ષ્ણ દાંતવાળો હાથી પુંડરીક કુળનો કહેવાય છે.

૯. પું. એ નામે એક દિક્પાલ.

૧૦. પું. એક જાતના ડાંગી ઘોડા.

૧૧. પું. એક જાતનો આંબો.

૧૨. પું. એક જાતનો કોઢનો રોગ; સફેદ કોઢ. પુંડરીક કુષ્ઠ લગાર પીળો, કોર ઉપર રાતો અને સાંધિ ઊંચો હોય છે.

૧૩. પું. એક જાતનો વડ.

૧૪. પું. કમંડલ.

૧૫. પું. ઝાંઝરી કાનો ઉપનામક.

૧૬. પું. કૌંચ દ્વીપનો એ નામે એક પર્વત.

૧૭. પું. જરાસંધ રાજાનો એ નામનો સરદાર.

૧૮. પું. તે નામે એક કોષકાર.

૧૯. પું. દમનક વૃક્ષ.

૨૦. પું. ધોળા રંગનો સાપ.

૨૧. પું. ધોળો રંગ.

૨૨. પું. (પુરાણ) પાતાળનો એ નામનો એક નાગ.

૨૩. પું. પૂર્વ દિશાના રક્ષક અગ્નિનો ઐરાવત.

૨૪. પું. રઘુવંશનો એ નામનો એક રાજા.

૨૫. પું. રાજસ સર્પ; ઝેર વિનાનો સાપ.

૨૬. પું. રેશમનો કીડો.

૨૭. પું. લાલ ઇંદરનો એક ભાગ.

૨૮. પું. વાઘ; સિંહ.

કહીશ હરિ કેસરી, પુંડરીક હર્યક્ષ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પલસદ્ય.
પિંગળસમુદ્રોષ

૨૯. પું. સાકર.

૩૦. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળમાં થયેલા કુશાવ્યમાં જન્મેલ નિષધ રાજાનો પૌત્ર અને નલ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ક્ષેમધન્વા હતું.

૩૧. પું. હાથીનો તાવ.

૩૨. સ્ત્રી. કુંદુભિ દેશમાં આવેલી એ નામની એક નદી.

૩૩. ન. આકાશ.

૩૪. ન. (પુરાણ) એ નામનું એક તીર્થસ્થાન.

૩૫. ન. (જૈન) એ નામનું એક નરક.

૩૬. ન. ઔષધ; દવા.

૩૭. ન. ધોળું કમળ. સફેદ કમળને પુંડરીક, લાલ કમળને રક્તકમળ અથવા કોકનાદ, આસમાની કમળને ઇંદીવર અને બીજા કમળને નીલોત્પલ કહે છે.

પુંડરીક પુષ્કર કમલ જલજ અબ્જ અંભોજ,
પંકજ સારસ તામરસ કુવલય કંજ સરોજ.
પિંગળસમુદ્રોષ

૩૮. ન. તિલક.

૩૯. ન. ધોળું છત્ર.

૪૦. ન. પીછાંની પાંખોવાળું પક્ષી.

૪૧. ન. બાણ; તીર.

૪૨. ન. (સંગીત) ગાવનું એક તાન; ષડ્જગ્રામમાં ષડ્જ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું તાન.

૪૩. વિ. ધોળા રંગનું.

પુંડરીક કોક પું. એ નામે એક જાતનો કોક. જુઓ પુંડરીક ૧૨.

પુંડરીક તીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

પુંડરીક પર્વત [સં.] પું. શેત્રુન્જ પર્વત.

પુંડરીકપ્લવ [સં.] પું. સુશ્રુતમાં જણાવેલું એ નામ એક જાતનું પક્ષી.

પુંડરીકમુખા [સં.] સ્ત્રી. સુશ્રુતે જણાવેલી ઝેરી નદિ એવા છ માંહેની એક જાતની જળો.

પુંડરીકવિદ્રધિ પું. અકબરના સમયમાં થઈ ગયેલ એ નામનો એક અમલદાર

પુંડરીકવિશાલાક્ષી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

પુંડરીકસ્થાન [સં.] ન. હજાર.
આ અજાપુરમાં જે હજાર પુંડરીકસ્થાન છે તેની અંદર હજાર આકારો છે. અજાપુરાખ્યા

પુંડરીકા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. (જૈન) છપ્પન માંહેની એ નામની એક દિક્કુમારિકા.

પુંડરીકાક્ષ ૧. [સં.] પું. એક જાતની ક્ષુપ વનસ્પતિ

૨. [સં. પુંડરીક (કમળ) + અક્ષિ (આંખ)] પું. પરમાત્મા; પ્રભુનું એક નામ.

૩. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. શ્રી વિષ્ણુ સોલા અવતારોમાં કમળ જેવાં અણિયાળાં નેત્રોવાળા અને મોહજનક હોવાથી તે પુંડરીકાક્ષ કહેવાય છે. જ્યારે નવસો નવાણું કમળો ચળ્યાં અને એક ખૂટ્યું ત્યારે જે ત્યાંથી ઊઠે તો આસનભંગનો દોષ થાય, આથી પુંડરીકાક્ષ ભગવાન વિષ્ણુએ પોતાની આંખરૂપી નેત્રકમળ અર્પણ કર્યું.

૪. સ્ત્રી. રેશમના કીડા ઉછેરનાર એ નામે એક જાતિ.

૫. ન. એ નામની જાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતિનું.

૭. વિ. ધોળા કમળ જેવાં નેત્રવાળું.

પુંડરીકાવદાન પું. બૌદ્ધ ધર્મનાં અવદાનો માંહેના એક અવદાનનું પ્રાચીન નામ.

પુંડરીકી [સં.] સ્ત્રી. વાવણ.

પુંડરીય પું. એક જાતનું ઝાડ; પાંડેરવો.

પુંડરીયક ૧. પું. એક જાતનું ફૂલ.

૨ [સં.] ન. સ્થળકમળ.

પુંડ્રવર્ધન ન. એ નામનું એક રાજ્ય.
સમતત, ઉત્કલ, કૌંગોદમંડળ, પુંડ્રવર્ધન વગેરે રાજ્યો તેને તાબે થયાં. કેશવ હર્ષદ

પુંડ્ર વિ. (ભીલી) ખૂંડું

પુંડરી પું. પાંડેરવો.

પુંડ્રા વિ.સ્ત્રી. એક પ્રકારની કેરડી.

પુંડ્ર ૧. [સં.] પું. અઢાર માંહેનો એ નામનો એક દેશ.

૨. પું. અગ્નિમુક્તનો વેલો.

૩. પું. અત્રિ ગોત્રોત્પન્ન એક ચંદ્રવંશી રાજપુત્ર.

૪. પું. (પુરાણ) અંગ દેશની પાળ આવેલો ભારતવર્ષનો એ નામનો એક દેશ. પાંડવોના સમયમાં ત્યાં પૌંડ્રક વાસુદેવ નામે રાજા હતો. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે અંગ, વંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ એ દેશોનાં નામ બલિના પાંચ પુત્રોનાં નામ ઉપરથી પડેલાં છે.

૫. પું. એ નામના દેશનો વતની.

૬. પું. એ નામે લોક.

૭. પું. એક જાતની શેરડી.

૮. પું. ત્રિકટ વૃક્ષ.

૯. પું. તિલક વૃક્ષ

૧૦. પું. ધોળું કમળ.

૧૧. પું. નાના આખરનું ઝાડ.

૧૨. પું. નાના વડનું ઝાડ.

૧૩. પું. (પુરાણ) બલિના પુત્ર એક દેશનું નામ, તેના નામ ઉપરથી દેશનું નામ પડ્યું છે.

૧૪. પું. માધવી લતા.

૧૫. પું. (પુરાણ) સુતપુને પેટે વસુદેવને થયેલા બે માંહેનો મોટો પુત્ર.

૧૬. પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન બલી રાજાના છ માંહેનો એ નામનો એક પુત્ર. એની માનું નામ સુદેષ્ણા હતું.

૧૭. પું. (પુરાણ) સોમવંશી એ નામનો એક રાજા.

૧૮. પું.;ન. તિલક; ટીલું. ત્રિપુડ્ર: ચંદન, કેસર વગેરેની રેખાઓ વડે કપાળ ઉપર કાઢેલ તિલક.

૧૯. સ્ત્રી. એ નામની એક પ્રાચીન જાતિ. તેનું વર્ણન ઐતરેય બ્રાહ્મણમાં આ પ્રમાણે છે: વિશ્વામિત્રના પચાસ પુત્રો મધુચ્છંદાથી મોટા અને પચાસ નાના હતા. વિશ્વામિત્રે જ્યારે શુનઃશેફનો અભિષેક કર્યો, ત્યારે જ્યેષ્ઠ પુત્ર અસંતુષ્ટ થયો. આથી વિશ્વામિત્રે તેને શાપ આપ્યો કે તારા પુત્ર અંતેવાસી થશે. આંધ્ર, પુંડ્ર, શબર, મૂતિબ વગેરે તેના પુત્રોના વંશજ થયા, જેની મ્લેચ્છ દસ્યુમાં થઈ. મહાભારતમાં એક ઠેકાણે યવન, કિરાત, આંધ્ર, ચીન, શબર વગેરે દસ્યુ જાતિઓ સાથે પૌંડ્રકોનું પણ નામ છે. પણ બીજે ઠેકાણે પૌંડ્રકો અને સપુંડ્રકો વચ્ચે ભેદ બતાવ્યો છે. પૌંડ્રકો અને પુંડ્રોને તો અંગ, વંગ, યવન વગેરે સાથે શસ્ત્રધારી ક્ષત્રિય કહ્યા છે, જેમણે યુધિષ્ઠિર માટે ભદ્ર ધન ભેટનું કર્યું હતું. યુધિષ્ઠિરના દ્વાર પાસે તેમને રોકવા ન હતા, પણ અંગ, કલિંગ, મગધ, તામ્રલિપ્ત વગેરેની સાથે સપુંડ્રકોને દ્વાર પાસ રોકવાનું જણાવ્યું છે, જેથી શૂદ્રપણાને પ્રાપ્ત થયલ ક્ષત્રિય જણાય છે. મનુસ્મૃતિમાં જે પૌંડ્રકોનો ઉલ્લેખ છે તે પણ સંસ્કારભ્રષ્ટ ક્ષત્રિય હતા, જે મ્લેચ્છ થઈ ગયા હતા. આથી પૌંડ્ર અથવા પુંડ્ર એ સુપુંડ્રોથી જુદા અને ક્ષત્રિય કરે છે. આદિપર્વમાં બલિના પાંચ પુત્રોમાં જે પુંડ્રનું નામ છે તેના આ પુત્રો વંગજ હોવાનું જણાય છે. તેઓ ગંગાની ખીણની પેલી તરફ દક્ષિણે વસતા હતા.

૨૦. ન. એ નામની જાતિનું માણસ.

૨૧. ન. ઘોડાના શરીર ઉપર રહેલ એક પ્રકારનું ચિહ્ન.

૨૨. વિ. એ નામની જાતિનું.

પુંડ્રક ૧. [સં.] પું. એક જાતની શેરડી.

૨. પું. કસ્તૂરી.

૩. પું. તિલક વૃક્ષ.

૪. પું. માધવી લતા; મધુમાધવી; એક જાતનો ગોસર.

૫. પું. ઓગરાની વેલ.
અતિદંતસ્ય અતિમુક્ત વળી પુંડ્રક વાસંતી જાઃ આ માધવી વર વાસ સમ વન વાસંતી જા. વિજળકવિ

૬. પું. સંપ્રદાયનું ચિહ્ન; ધાર્મિક પંથનું વિશેષ નિશાન; તિલક; ટીલું. શંખ, ચક્ર, ગદા, પદ્મ, મકર, અંકુશ, ધનુષ જે એવા ચિહ્નને પુંડ્રક કહે છે.

૭. ન. કપાસના રેસાના ભેદને લીધે ઘોડાના શરીર ઉપર થતું એક જાતનું ચિહ્ન.

પુંડ્રકા [સં.] સ્ત્રી. ધોળી જૂઈ.

પુંડ્રકેક્ષિ [સં.] પું. હાથી.

પુંડ્રદ્રવ્ય ન. કેસર ચંદન.
અને તે અમે કરવો પુંડ્રદ્રવ્યથી આંદલો,
કે કરવો તે કુંકમે રાધા લક્ષ્મી પ્રસાદના.
શિક્ષાપત્રી

પુંડ્રવર્ધન [સં.] ન. પુંડ્ર દેશની પ્રાચીન રાજધાની. આ નગર કેટલોક વખત સુધી હિંદુઓ તથા બૌદ્ધોનું તીર્થ હતું. સ્કંદપુરાણમાં અહીં ભંડાર નામની શિવમૂર્તિ હોવાનું લખ્યું છે. દેવી ભાગવતમાં સતીના દેહનો અંશ પડવાથી અહીં એક પીઠ બનાવ્યું છે. ચીની મુસાફર હ્યુએન-સાંગે આ નગરને એક સમૃદ્ધ નગર જણાવ્યું છે. આ શહેર કયાં હતું તે વિષે મતભેદ છે. કોઈ તેને રંગપુરની પાસે જણાવે છે અને કોઈ પટણાને પ્રાચીન પુંડ્રવર્ધનના જણાવે માને છે. વળી કેટલાકનું કહેવું એવું છે કે, આ નગર ગંગાના કિનારા ઉપર હોવું જોઈએ. આથી મામદહથી ઈશાન તરફ બે ગાઉ ફિરોઝાબાદ ગામ છે તે પ્રાચીન પુંડ્રવર્ધન હોવાનું જણાય છે.

પુંડ્રા પું. એ નામનો એક દેશ.

પુંણી સ્ત્રી. પીંજેલા રૂનું નળાકાર બંને તરફ સહેજ અણીવાળું પોચું કે.

પુંનાર પું. મહાવત; હાથીનો રખેવાળ.

પુંતીર્થ [સં.] ન. એ નામનું સરોવર.

> પરમ પવિત્ર પુંતીર્થ નામના સરોવરની પાસે એ વિષ્ણુરૂપ બ્રાહ્મણ મને લઈ ગયા.
>
> ભગવતી ભાગવત

પુંદલ [હિં.] પું. ઝાઝાજના મસ્તૂલનો પાછલો ભાગ.

પુંધ્વજ [સં.] પું. ઉંદર.

પુંનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) પુષ્ય, હસ્ત, પુનર્વસુ, અભિજિત, પૂર્વાભાદ્રપદ, અનુરાધા અને અશ્વિની નક્ષત્ર.

પુંનાગ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ નાગકેસરનું ઝાડ. તે રતવા ઉપર ઉપયોગી ગણાય છે.

૨. પું. જળપ્રાણી.

૩ પું. ખોળો હાથી.

૪. પું. પુરુષમાં શ્રેષ્ઠ.

૫. પું. મોટો હાથી.

૬. પું. નારંગીનું ઝાડ.

પુંપુષ્પ [સં.] ન. નરપુષ્પ.

પુંપૂર્વજ પું. કુળપુરુષ; વડીલ; પૂર્વજ; પિતા.

પુંબા [કા.] પું. કે.

પુંબાઈ [કા.] સ્ત્રી. રૂનું બનેલું; સુતરાઉ.

પુંભી સ્ત્રી. કૂવા તોસતી ગણતરી માટે ચૂકવ મુકાતું જતું કે.

પુંભીજ [સં.] ન. વીર્ય.

પુંભીજોત્પાદક [સં.] વિ. વીર્યજનક.

પુંભીદોષો પું. એક જાતની કરમાની બેતરી.

પુંભડિયો (પુંભડિયો) પું. ઝાડીઓનો કચરો. રૂનું પૂંમડું ભીંજવીને કરવામાં આવે છે, તેથી તેને પુંભડિયો કહેવામાં આવે છે.

પુંભાવ ૧. [સં.] પું. પુરુષનો ગુણ.

૨. પું. મદ; અહંકાર; ભરો.

પુંમંત્ર [સં.] પું. જેને સ્વાહા કે નમઃ ન હોય એવો મંત્ર.

પુંયોગ [સં.] પું. પુરુષનો સંબંધ.

પુંરાશિ [સં.] પું. (જ્યોતિષ) વિષમ રાશિ; મેષ, મિથુન, સિંહ વગેરે એકી નંબરની રાશિ.

પુંલિંગ ૧. [સં.] પું. પુરુષ જાતિવાચક શબ્દ.

૨. [સં. પુમ્સ + લિંગ (જાતિ)] ન. (વ્યાકરણ) નરજાતિ.

૩. ન. પુરુષનું ચિહ્ન કે લિંગ.

૪. વિ. નરજાતિનું; પુરુષજાતિનું.

૫. વિ. પુત્ર ઉત્પન્ન કરનાર

૬. વિ. પુરુષ વેશધારી

પુંલિંગવાચક [સં.] વિ. નરજાતિનું

પુંલિંગ જુઓ પુંલિંગ.

પુંલિંગવાચક જુઓ પુંલિંગવાચક.

પુંવચન [સં.] ન. પુંલિંગ શબ્દનું ઉચ્ચારણ.

પુંવત્સ [સં.] પું. પુરુષરૂપ વાછરો.

પુંવત્સા [સં] સ્ત્રી. પુરુષરૂપ વત્સવાળી ગાય.

પુંવર [સં.] પું. એ નામે એક જાતનો છોડ.

પુંવા પું. પૌંઆ; પૌંવા; ડાંગરને પલાળી, શેકી તથા ખાંડીને બનાવેલા ચપટા દાણા.

પુંવાડ (પુંવાડ) સ્ત્રી. એ નામે દવામાં વપરાતી એક જાતની વનસ્પતિ

પુંવાડિયો (પુંવાડિયો) પું. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ.

પુંવાનું ન. કિ. અમૂલ્યનું; અકૂતબ્યાકુળ થવું.

પુંવૃષ [સં.] પું ભ્રમર.

પુંવેદ [સં.] પું. પુરુષવેદ. તેના ઉદયથી સ્ત્રીની અભિલાષા થાય.

પુંશેડિયો (પુંશેડિયો) પું સો વરસનો દીકરો.

પુંશ્ચલ [સં.] પું. અભિચારી પુરુષ.

પુંશ્ચલી ૧. [સં. પુંસ્ (પુરુષ) + ચલી (ચાલનારી)] સ્ત્રી. કશો પણ નિયમ નહિ રાખતાં બહુ જ અભિચાર કરનાર સ્ત્રી; કુલટા; છિનાળ; વેશ્યા; અનાચાર કરનારી સ્ત્રી; વેઠેલ સ્ત્રી.

> દાસી દારી સંજિકા ભક્તા પુંશ્ચલી હોઈ,
> રૂપા છપ્પા કામુકી પુન્ન યોષિતા સોઈ
>
> ત્રિકાંડશેષકોષ

૨. સ્ત્રી. જેને ચાર પતિ થયા હોય તેવી સ્ત્રી. જ્યારે ચોથો પતિ થાય ત્યારે પુંશ્ચલી કહેવાય.

> ભગવતી ભાગવત

૩. વિ.સ્ત્રી છિનાળ; વેઠેલ.

પુંશ્ચલીતનય [સં.] પું. વેશ્યાનો છોકરો.

પુંશ્ચલીપુત્ર [સં.] પું. કુલટા કે વેશ્યાનો પુત્ર.

પુંસ્ ૧. [સં.] સ. ક્રિ. દુઃખ દેવું.

૨. સ. ક્રિ. ભર્દન કરવું; પીડવું.

૩. સ. ક્રિ. શિક્ષા કરવી.

પુંસ ૧. [સં.] પું. પુરુષ; નર.

૨. પું. પુંલિંગ; નરજાતિ.

પુંસલક્ષણ [સં.] પું. પુરુષનાં લક્ષણ.

પુંસલક્ષણત્વ [સં.] ન. પુરુષનાં લક્ષણ હોવાપણું.

પુંસવન ૧. [સં.] ન. અથરણી; સોળ મહિનો એ નામે એક સંસ્કાર; પુત્ર પ્રસવે એવા હેતુથી ગર્ભવતી સ્ત્રી ઉપર થતો સોળ મહિનો બીજો સંસ્કાર; ગર્ભ રક્ષા પછી બીજે કે ત્રીજે મહિને કરવાનો એક વિધિ. હિંદુઓના સોળ મહિનો આ બીજો સંસ્કાર ગર્ભાધાનથી એક આસની અંદર કરાય છે. પુત્રપ્રજા ઉત્પન્ન કરવા માટે ગર્ભાધાનથી ચોથે મહિને આ સંસ્કાર કરવામાં આવે એમ પણ મનાય છે. આ સંસ્કારથી ગર્ભ પુરુષ અંગો ધારણ કરી પુત્રરૂપે થઈને અવતરે છે. તેનો વિધિ: પુષ્ય નક્ષત્રમાં સુવર્ણનું, ચાંદીનું અથવા કાંસાકોરનું પુરુષાકાર પૂતળું બનાવીને અગ્નિમાં તપાવી લાલચોળ કર્યા પછી ચાર પલ દૂધમાં તે પૂતળાને બુઝાવવું. તે દૂધ પીવાથી ગર્ભમાં પુંસવન સંસ્કાર થઈ ગર્ભથી પુત્ર અવતરે છે. દૂધ વાળ્યાવાળી નીરોગી ગાયનું લેવું જોઈએ. કેટલેક સ્થળે નીચે પ્રમાણે આ સંસ્કાર કરાય છે: કોઈ શુભ દિવસ અને શુભ મુહૂર્તે અગ્નિની સ્થાપના કરી સ્ત્રી અને પુરુષ કુશના આસન ઉપર બેસે. પતિ જમીને સ્ત્રીના જમણા ખભાને સ્પર્શ કરે. પછી જમણા હાથથી સ્ત્રીની નાભિને સ્પર્શ કરતાં અમુક મંત્ર બોલે. પછી બીજે દિવસ કે તે જ દિવસે કોઈ વડના ઝાડની ઈશાન તરફની બે ફણગાવાળી ડાળી જાય કે અડદ આપીને સાત વાર મંત્ર ભણીને ખરીદે અને મંત્ર ભણતાં ભણતાં પીસે લાવે. વડની ડાળીને સ્વચ્છ છીપર ઉપર ઝાકળના પાણીથી પીસી તે રમને પશ્ચિમ તરફ મોઢું રાખી બેઠેલી સ્ત્રીના જમણા નસકોરામાં તેનો પતિ તેની પાછળ ઊભા રહીને નાખે. આ રીતે પણ આ સંસ્કાર કરાય છે. ગર્ભ ફરકવા લાગે તે પહેલાં આ સંસ્કાર થયો જોઈએ. બીજી રીતો એમ છે કે: સફેદ કાંડલીનો અંબોડો, છડવા, ઋષભક અને સફેદ કૂલની કટસરૈયા એ ચાર દ્રવ્યોમાંથી એક અથવા બે અથવા ત્રણ અથવા ચાર લઈને પુષ્ય નક્ષત્રમાં જળમાં વાટીને ગર્ભવતી સ્ત્રી પહેલે મહિને પીએ તો ગર્ભથી યોગ્ય પુત્ર ઉત્પન્ન થાય. અથવા સફેદ કૂલની કટેલીનાં મૂળ ગાયના દૂધમાં વાટીને જમણા નાકના છિદ્રથી ગર્ભવતી સ્ત્રી પહેલે કે બીજે મહિને પીએ તો ગર્ભથી પુત્ર ઉત્પન્ન થાય. જો કાળા નસકોરાથી પીએ તો કન્યા ઉત્પન્ન થાય અથવા લક્ષ્મણાના મૂળને દૂધમાં વાટીને જમણા નસકોરાથી પીએ તો પુત્ર ઉત્પન્ન થાય. એ જ રીતે વડની કુંપળો ગાયના દૂધમાં વાટી નસકોરાથી કે મુખથી પીએ તો પુત્ર ઉત્પન્ન થાય. જીવનીય જથ્થની ઔષધિઓને દૂધમાં નાખીને

પીરો વગેરે આભ્યંતર ઉપયોગ અને ઉદ્વર્તન સ્નાન વગેરે બાહ્યોપયોગ અખિલ પ્રલાવના પ્રકારથી હિતકર મનાયેલ છે.

૨. ન. દૂધ.

૩. ન. પંચમાસી.

૪. ન. (પુરાણ) વૈષ્ણવોનું એ નામે એક વ્રત. પોતાને સારો પુત્ર થવા દિતિએ આ વ્રત કર્યું હતું. માગશર સુદિ પડવાથી તે કાર્તિક વદિ અમાવાસ્યા સુધી તે કરાય છે.

૫. વિ. પુત્રોત્પાદક.

પુંસવનવિધિ [સં.] પું. એ નામનો એક સંસ્કાર.

પુંસ્કામા [સં.] સ્ત્રી. પુરુષની ઇચ્છા કરતી સ્ત્રી.

પુંસ્કોકિલ [સં.] પું. નરકોયલ.

પુંસ્તા [સં.] સ્ત્રી. પુરુષપણું; વીર્ય; પરાક્રમ.

પુંસ્ત્વ ૧. [સં.] ન. નપુંસકપણું.

૨. ન. પુરુષધર્મ; મરદાઈ; પુરુષત્વ; પુરુષાતન; પુરુષપણું.

૩. ન. પુરુષની ઓસડવાસની શક્તિ.

૪. ન. શુક્ર; વીર્ય.

પુંસ્ત્વવિઘાત [સં.] પું. મૂતરવું; એક જાતનું સુગંધી ઘાસ.

પુંસ્ત્વોપઘાતી [સં. પુંસ્ત્વ (વીર્ય) + ઉપઘાતિન્ (નાશ કરનાર)] વિ. શુક્રનો હ્રાસ કરી મનુષ્યને પુરુષાતન હીન કરે તેવું દ્રવ્ય. જેમકે, ક્ષાર, અતિ અમ્લ, અતિ ઉષ્ણ, અતિ લવણ દ્રવ્ય.

પૂ ૧. [સં. અપૂપ] પું. માલપૂડો; મીઠો પૂડલો.

૨. ન. પડ.

૩. ન. પેશાબ. બાળભાષામાં વપરાય છે.

પૂ કરવું ≡ (૧) પેશાબ કરવો. બાળકની ચોકીમાં તેમ બોલાય છે. (૨) ફુરિયો કરવો.

૪. વિ. (બા. પ્રા.) પર; પારકું.

૫. વિ. પૂજનારાયેનું ટૂંકું રૂપ.

૬. ન. ફુરિયો; હોં; ઠોળીનો તિરસ્કારાર્થક ઉદ્ગાર.

૭. [સં.] ક્ર. ક્રિ. (ધાતુ) શુદ્ધ કરવું; સ્વચ્છ કરવું; પવિત્ર કરવું; સાફ કરવું. તે ઉપરથી અનેક શબ્દ: પવન, પવિત્ર, પાવક, પાવન, પૂત.

પૂઆ [સં. અપૂપ] પું. (હિંદી) માલપૂડો; મીઠો પૂડલો; લોટને ગોળ કે સાકરના રસમાં ગોળી ઘીમાં તળેલ એક પ્રકારની પૂરી. સ્વાદ માટે તેમાં મેવાનો ભૂકો પણ નાખવામાં આવે છે.

પૂકાર પું. તિરસ્કારનો ધ્વનિ; તિરસ્કારમાં બે હોઠ ભીડી વચમાંથી જરા પવન કાઢવો તે. હકાર્ઈ બતાવવામાં વપરાય છે.

પૂકારવું સ. ક્રિ. પોકારવું; જોરથી કહેવું.

પૂક્ષણી સ્ત્રી. ગુપ્તેન્દ્રિય; જિનાંગ સ્ત્રી.

પૂખ પું. (જ્યોતિષ) આઠમું ચાંદ નક્ષત્ર.

પૂગ ૧. [સં.] પું. એ નામે એક સંઘ; જેમાં અનેક જાતિના લોકો ઉદ્યોગ કે લાભ માટે મળે એવું મંડળ. કોઈ એક સ્થાન ઉપર વસનાર ભિન્ન ભિન્ન જાતિના લોકોની સભા, એવા અર્થમાં ગાત્રવર્ધકે આ શબ્દ લીધો છે.

૨. પું. એક પ્રકારની કટેરી.

૩. પું છંદ.

૪. પું કફનું ગાઢ.

૫. પું. ભાવ.

૬. પું. શ્રીફળનું વૃક્ષ.

૭. પું. સમૂહ; ઢગલો.

૮. પું. સોપારીનું ઝાડ

૯. ન. સોપારીનું ફળ.

પૂગકૃત ૧. [સં.] વિ. ઢગલો કરેલ; સ્તૂપના આકારમાં સ્થાપિત.

૨. વિ. સંગૃહીત.

પૂગતું વિ. પહોંચતું; પૂરું; જોઈએ એટલું; પૂરતું.

પૂગપર્ણ પું. ભાંગરામાં વપરાતો એક જાતનો ભાગ.

પૂગપાક પું. (વૈદક) નાગકેસર, નાગરમોથ, સૂંઠ, ચંદન, મરી, લીંડીપીપર, વંશલોચન વગેરે ઔષધિ નાખીને બનાવેલો પાક. એ ખાવાથી પ્રમેહ, કૃમિજ્વર, રક્તભાવ મટવાનું કહેવાય છે.

પૂગપાત્ર [સં.] પું. પિકદાન; પિકદાની; થૂંકવાનું પાત્ર; પાળું.

પૂગપીઠ [સં.] પું. પિકદાન.

પૂગપુષ્પિકા [સં.] સ્ત્રી. વિવાહ પ્રસંગે વિવાહ સંબંધ સ્થિર થતાં ફૂલ સહિત અપાતાં પાનબીડાં; પાનફૂલ.

પૂગફલ [સં.] ન. સોપારી.

પૂગફલી [સં.] સ્ત્રી. સોપારીનું ઝાડ.

પૂગફળ જુઓ પૂગફલ.

પૂગફણી જુઓ પૂગફલી.

પૂગબંડારી પું. એ નામે એક ધંધાદારી વર્ગનો માણસ.

પૂગવું ૧. અ. ક્રિ. આવી પહોંચવું; જોઈતું થવું.

૧. દીઠા કેવ ને પૂગી ખતા = શીઘ્રાતિશીઘ્રતા; ત્વરિત ફલ મળવું તે.

૨. પૂગી જવું = (૧) અમુક સ્થળે પહોંચી જવું. (૨) એક પક્ષવાળાએ બીજા પક્ષને હરાવવો.

૨. અ. ક્રિ. ચાલવું; નજીકું; ટકવું.

૩. અ. ક્રિ. પૂરતું થઈ રહેવું.

૪. અ. ક્રિ. મળવું.

૫. અ. ક્રિ. રમતમાં સંતાવું.

૬. સ. ક્રિ. ફળવું; પહોંચવું.

પૂગસમવાય પું. વેપાર ધંધા તથા બનાવટ ઉપર દેખરેખ રાખનાર સભા.

પૂગા સ્ત્રી. વણિક સહકારી સમાજ.

પૂગી ૧. [સં. પૂગિન્] પું. સોપારીનું ઝાડ.

૨. [સં. પૂગ] સ્ત્રી. સોપારી.

પૂગીફલ ૧. [સં.] પું. છંદ.

૨. પું. કફનું ઝાડ.

૩. પું. ભાવ.

૪. ન. પૂગ; સોપારી.

પૂગીફળ જુઓ પૂગીફલ.

પૂચ [કા.] વિ. બીકણ.

પૂચગો વિ. ભૂંડું બોલનાર.

પૂચબાર વિ. ભૂંડું બોલનાર.

પૂચી [અ.] ન. એક જાતનું જંતુ.

પૂછ ૧. સ્ત્રી. આદર; આતર મરદાસ્ત.

૨. સ્ત્રી. ખોજ; ચાહ; જરૂરત.

૩. સ્ત્રી. તપાસ; પરીક્ષા.

૪. સ્ત્રી. નિમંત્રણ; બોલાવવું તે.

૫. સ્ત્રી. પૂછપરછ.

૬. સ્ત્રી. પૂછવાનો ભાવ; જિજ્ઞાસા.

૭. સ્ત્રી. માન.

૮. સ્ત્રી. સવાલ.

૯. [સં. પુચ્છ] ન. પૂછડું.

૧૦. [સં. પ્રચ્છ] સ. ક્રિ. સવાલ કરવો; પૂછવું.

પૂછક [સં. પૃચ્છક] વિ. પૂછનારું.

પૂછગાછ ૧. [હિં.] સ્ત્રી. અવાજદારી.

૨. સ્ત્રી. પરીક્ષા; બારીક તપાસ.

પૂછગાછ સ્ત્રી. માહિતી સારૂ પૂછવું કરવું તે; તપાસ; પૂછપરછ.

પૂછડું (પૂછ્ડું) ૧. ન. પત્ની; વહુ. બોલચાલમાં વપરાય છે.

૨. જ. પૂછડું.

પૂછડી (પૂછ્ડી) ૧. સ્ત્રી. કોઈ વસ્તુનો પૂંછનો ભાગ.

૨. સ્ત્રી. નાનું પૂછડું; પૂંછડી.

૧. કૂતરાની પૂછડી = પોતાની કેવ ન મૂકે તેવું.

૨. પૂછડી લઈ ને નાસવું = ઉતાવળે ભાગવું; બીકણ બની નાસી જવું; બધું મૂકી બનતી ઉતાવળે નાસવું; આમુંપાછું જોવા વિના નિર્ણય બળ્યા તરફ દોડવું.

૩. જી. પૂઠે પૂઠે ચાલનાર માણસ; અનુયાયી.

પૂછડું (પૂછ્ડું) ૧. ન. તડફીફ.

૨. ન. નામની પાછળ લગાડાતો ઇલકાબ કે પદવી.

૧. પૂછડાં વળવાં = નામને છેડે ઇલકાબો કે ઉપાધિઓનું લંબાણ થવું; ઇલકાબો મળવા. લાંબા ખિતાબને માટે મરકરીમાં કે કેટાળામાં વપરાય છે.

૨. પૂછડું મળવું = ઇલકાબ મળવો. કટાક્ષમાં બોલાય છે.

૩. પૂછડું મેળવવું = લાયકાત બદલ ઇલકાબ મેળવવો.

૩. ન. પતંગને છેડે બાંધવામાં આવતો લૂગડાનો લીરો.

૪. ન. પાછળ વળગતું આતતું માણસ; લાર્યું.

પૂછડું પકડવું = પાછળ અથવા છેડે પડવું.

૫. [સં. પુચ્છ] ન. પૂંઠના ભાગમાંથી નીકળતો દોરડા જેવો રુવાંટીવાળો લાંબો અવયવ; પુચ્છ; લાંગૂલ.

૧. પૂછડામાં પેસવું = (૧) કહેવાતા કોઈ શ્રીમંત કે મોટા સત્તાધારી માણસનો આશ્રય લેવો. આ સંબંધે એક કથા છે કે: મહાવનમાં કોઈ મોટો મરેલો હાથી પડ્યો હતો કે જેનો મોટાનો ભાગ જંગલમાં કટાઈ ગયો હતો. સાં એક સિયાળ ફરતું ફરતું જઈ ચઢ્યું. તાજુ પડેલું કલેવર જોઈ સિયાળ મલકાઈને મન સાથે કહેવા લાગ્યું કે, અહો ! આજ મારા નસીબે જોર કર્યું કે, લાંબી મુદત આસે એવડો મોટો આ ભક્ષ મારે હાથ લાગ્યો. આજ તો ધન્ય ઘડી અને ધન્ય દહાડો. વાહ રે વાહ ! આવા ઉત્તમ પ્રાણીના હું શા વિચાર કરું ? એમ પોતાના મનસૂબામાં મરકાવ બની રાજી થાતું થાતું પેલા મૂએલા હાથીના પૂછડાના ભાગેથી ધીરે ધીરે કોતરતું કોતરતું ઠેઠ તેના ઉદરભાગમાં જઈ પહોંચ્યું. જેમ જેમ આગળ વધી અંદરના ભાગમાં જતું ગયું, તેમ તેમ પાછળ હાથીના પૂછડા ભાગળનો બાકી ભાગ સુકાઈ જવાથી સિકાતો ગયો. એટલે વાયુનો સંચાર બંધ પડવાથી પેલું સિયાળ તો હાથીના પેટમાં ગૂંગળાવા લાગ્યું. બહાર નીકળી નહિ શકવાથી મનમાં પસ્તાવા લાગ્યું કે, હાય ! હાય ! મારા કર્મ ફોડ્યા કે હું અંદર પેઠું ! મારે શિકારનાનું મારા મરણની ખાટીરૂપ થઈ પડ્યું. પછી તેણે પોતાની લુચ્ચાઈ મોજવા માંડી. હાથીના ખોખામાં પડ્યું પડ્યું તે અનેક તરેહના સાદ કરવા લાગ્યું. તે સાંભળીને લાં રસ્તે જતા વટેમાર્ગુ બધા તાલુક્ય થયા કે આ મરેલા હાથીમાં કોણ બોલે છે ! પછી પૂછતાં તે સોકોને જવાબ મળ્યો કે હું વનદેવ છું. આ હાથીના મડદામાંથી જો મને કાઢો તો મારે તમને એક બબ્બો જ અગત્યની વાત કહેવાની છે. આવું સાંભળી મુસાફરો બોલ્યામાં પડ્યા અને બહાર કાઢવાની યુક્તિ સોચવા લાગ્યા. આખરે મુકાદમોથી હરતીનું મુકું ચીરતાં જ પેલા અકળાઈ રહેલા સિયાળે માહેથી કૂદકો મારી બહાર નીકળી જાલમા ઘાટ્યું. લોકોએ પાછળ દોડી પૂછવા માંડ્યું કે ભાઈ ! તું શી વાત કહેવાનો હતો ? પેલા સિયાળે દોડતાં દોડતાં જવાબ આપ્યો કે, મોટાના પૂછડામાં પેસશો નહિ. (૨) ખુશામત કરી વળગતા જવું; તાબેદારી ઉઠાવવી.

૨. પૂછડાં ભાગળાં = (૧) અણઘાયકતનું કામ કરવું. (૨) બગડવું કે ઢોર ઢાંકવાં.

૩. પૂછડું ઓકવું ભાડી દોવું = જનાવર જેવું મૂર્ખ હોવું; પૂછડા સિવાયનો પશુ દોવો. મૂર્ખ અને રીતભાત વિનાના માણસને માટે બોલચામાં વપરાય છે.

૪. પૂછડું પકડવું = (૧) કેડે પડવું. (૨) હઠ પકડવી.

૫. પૂછડું પલાડવું = (૧) મુસ્લમાના બબાળા કરવા. (૨) ધમકાવવું; મુરસો થવું.

૬. પૂછડું ફાટવું = (૧) બીક લાગવી; ઠર ઊપજવો; ધાસ્તી લાગવી; ધાસ્તીનું માર્યું ભભરાવું. (૨) ભભરામણથી અદેરો કોકો પડવો કે ફરી જવો.

૭. પૂછડું બળવું = માઠું લાગવું; રીસ ચઢવી; સહેજ કારણથી ઉત્પન્ન થયેલો ને બહાર ન દેખાતો એવો મુરસો આવવો; નાખુશ થવું; ખેલ્લાથી અકળાવું; ઝલાવું.

૮. પૂછડે કડિયાળી કરવી = પાછળથી ખૂબ દબાવુ થાય તેમ કરવું.

૯. પૂછડે તણાવું = (૧) કોઈના વિચારને અનુસરવું થવું. (૨) કોઈની પાછળ પાછળ ખેંચાવું.

૧૦. પૂછડે પડવું = પૂછડી જવું; તાબેદાર મુખ્યારીને લઈ પડવું.

૫. ન. પૂંઠે પૂંઠે ચાલનાર અનુયાયી.

૬. ન. અણ; ઝાડો.

પૂછડું છૂટી જવું = (૧) ઝાડો થવો; વારે વારે ઝરણ જવું. (૨) ધાસ્તીથી ભભરાવું; ઠરી જવું.

૭. ન. મળદ્વાર.

૮. ન. લટકતો છેડો.

પૂછડો (પૂછ્ડો) તું દોરાને પાણ કરવાનું સાધન.

પૂછ્યું ન. પૂછવું તે; પુછાણ.

પૂછણેગાછણે અ. પૂછપરછ કરવાને ઠેકાણે; પૂછવા કરવામાં.

પૂછતાછ ૧. જી. આમંત્રણ; બોલાવવું તે.

૨. [સં. પ્રશ્ન (પૂછવું)] જી. કોઈ બાબતની પ્રશ્નોથી પ્રશ્ન કરવાની ક્રિયા; કોઈ વાતનો પત્તો મેળવવા માટે પૂછવું કે પ્રશ્ન કરવો તે; પૂછપરછ

૩. જી. તપાસ; પરીક્ષા.

૪. જી. માન.

૫. જી. સવાલ.

પૂછતાછી જુઓ પૂછતાછ.

પૂછપરછ જી. પૂછગાછ.

પૂછપાછ ૧. જી. આમંત્રણ; બોલાવવું તે.

૨. [સં. પ્રશ્ન (પૂછવું)] જી. કોઈ બાબતની પ્રશ્નોથી પ્રશ્ન કરવાની ક્રિયા; કોઈ વાતનો પત્તો મેળવવા માટે વારે વારે પૂછવું કે પ્રશ્ન કરવો તે.

પૂછપાછ કરવી = (૧) કીમત કરવી. (૨) તબિયતના બબર કાઢવા. (૩) બોલાવવું. (૪) મદદ કરવી; નિભાવવું. (૫) સલાહ લેવી. (૬) સવાલ કરવો.

૩. જી. ચર્ચા; વિચારણા.

૪ જી. ચોકસી; તજવીજ.

૫. જી. તપાસણી; તલાશ.

૬. જી. પૂછગાછ; પૂચ્છા.

પૂછપિચ્છાર [અ.] જી. તપાસ; શોધ.

પૂછપુછારણ ન. પૂછપરછ; પૂછગાછ; માહિતી બાતર પૂછવું કરવું તે.

પૂછરી ૧. [હિં.] જી. પાછળનો ભાગ.

૨. જી. પૂછડી.

પૂછલ વિ. પૂછડી બનેલું; તાબાત વગરનું.

પૂછલવું અ. ક્રિ. ઠોરનું છેક તાબાત વગરનું બની જવું; ઊંડી ન ઝકે તેવું નિર્બળ બની જવું; ચેતનહીન થવું.

પૂછવું ૧. સ. ક્રિ. આદર કરવો; ગુણ કે મહત્ત્વ બતાવું

૨. [સં. પૃચ્છ; પ્રા. પુચ્છ] સ. ક્રિ. કોઈ જાણવા માટે પ્રશ્ન કરવો; સવાલ કરવો.

૧. પૂછતાં નર પંડિત = બીજાની સલાહ લેવાથી નિપુણતા વધે.

૨. પૂછતાં પૂછતાં લંકા જવાય = અજાણ્યો માણસ પણ પૂછતાં પૂછતાં ધારેલે સ્થળે પહોંચી શકે.

૩. પૂછવું સોને, ને કરવું પોતાનું = બધાની સલાહ લઈ પોતાનું ધાર્યું કરવું.

૪. પૂછ્યા સિવાય પાણી પણ ન પીવું = પાણી પીવું હોય તોપણ સલાહ લેવી; આપબુદ્ધિથી ન વર્તતાં કોઈને પૂછ્યા સિવાય કોઈ કામ ન આરંભવું.

૫. પૂછવાનું ઠેકાણું = સલાહ લેવા લાયક માણસ.

૧. હું ખોટું બોલતો હોઉં તો મને પરમેશ્વર પૂછે = પરમેશ્વરથી ડરીને સત્યનું આચરણ કરવું.

૩. સ ક્રિ. કીમત કરવી.

૪. સ. ક્રિ. કોઈ વ્યક્તિના પ્રતિ સત્કાર માટે સામાન્ય ભાવ પ્રકટ કરવો; કોઈનું કુશળ, સ્વાસ્થ્ય આદિ પૂછવું.

૫. સ. ક્રિ. જવાબ માગવો; કહેવું; બોલાવવું.

૬. સ. ક્રિ. તબિયતના ખબર કાઢવા.

૭. સ. ક્રિ. પડકારવું; રોકવું.

૮. સ ક્રિ. મદદ કરવાની ઇચ્છાથી તપાસ કરવી કે ખબર લેવી; પૂછીને બરોબર તપાસ કરવી.

૯. સ. ક્રિ. મદદ કરવી; નિભાવવું.

૧૦. સ. ક્રિ. લેખામાં લેવું.

૧૧. સ. ક્રિ. સલાહ લેવી.

૧૨. સ. ક્રિ. હકીકત કહાવવી.

પૂછપુંગાછવું સ. ક્રિ. પૂછવું કરવું; પૂછીને બરોબર તપાસ કરવી.

પૂછપારાળ્યા વગર = કોઈની સલાહ લીધા વગર; કોઈને કહ્યા વિના.

પૂછા [સં. પ્રશ્ન; પ્રા. પુચ્છા] સ્ત્રી. પૂછવું તે; તપાસ.

પૂછાપૂછ ૧. સ્ત્રી. તપાસ; તજવીજ; શોધાશોધ.

૨. સ્ત્રી. બહુ જણને પૂછવું તે; વારંવાર કે અનેક જણને પૂછવું તે.

પૂછાપૂછી જુઓ પૂછપૂછ.

પૂછારણ [હિ.] સ્ત્રી. પૂછપરછ.

પૂછી જો. બાજરીની પૂછડી.

પૂછીપાછી અ. બરાબર હકીકત મેળવીને.

પૂછીવેરો પું. ઢોર ઉપર લેવાતો વેરો.

પૂછેદિયું ન. માઠાના ઉદ્યા આગળ ગોઠવવામાં આવતું આડું લાકડું.

પૂછ્યાળ ૧. પું. પતિપત્નીની મોટી ઉમરનાં થયા પછી થયેલ સંતાન.

૨. વિ પૂંઠેવાળ.

પૂજ [સં.] સ. ક્રિ. (ધાતુ) પૂજવું. તે ઉપરથી થયેલ શબ્દોઃ પૂજન, પૂજા, પૂજ્ય, પૂજનીય, પૂજક, પૂજનિક, પૂજારી, પૂજારણ.

પૂજ ૧. [સં. પૂજ; અપ. પુજ્જ] પું. જૈન સાધુ.

૨. પું. દેવતા.

૩. સ્ત્રી. અનુસ્વાર; બિંદુ.

૪. સ્ત્રી. ઉત્તર હિંદના બંતરી વગેરેમાં વિવાહ, જનોઈ વગેરે શુભ કર્મોની પહેલાં થતું ગણેશપૂજન.

૫. સ્ત્રી. નવરાત્રિના દિવસોમાં રમાતી ગોળોની માતાના માટે તેમ્બોના ઘૂઘા પૂજતાં માતાના માનનું જોવડવું આપ તે.

૬. સ્ત્રી. ત્રિશમચિહ્ન ટાંપ જેવું બિંદુ.

૭. ન. ખીંટું; ઘુન્ન.

૮. [હિં.] વિ. પૂજ્ય; પૂજવા જોગ.

પૂજક ૧. [સં. પૂજ્ (પૂજવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું. પૂજા કરનારો માણસ; પૂજારી ભક્ત.

૨. વિ. પૂજા કરનાર; પૂજારી.

પૂજન ૧. [સં. પૂજ્ (પૂજવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉપાસના; આરાધના; પૂજવાની ક્રિયા.

૨. ન. તર્પણ.

૩. ન. પૂજા; સેવા; ચાકરી; બરદાસ; અર્ચન; પૂજવું તે; ઈશ્વર કે કોઈ દેવતા પ્રતિ શ્રદ્ધા, સન્માન, વિનય અને સમર્પણ પ્રકટ કરનારું કાર્ય; દેવતાની સેવા કે વંદના.

પૂજન કરવું = (૧) નમ્રતાપૂર્વક અર્ચવું; ગુમાવવું. (૨) પૂજા કરવી.

૪. ન. અર્પણ.

૫. ન. મારવું તે; સંહારવું તે.

૬. ન. સન્માન; સત્કાર.

પૂજનથાળ પું. પૂજાની સામગ્રીવાળો થાળ.

પૂજનસામગ્ર પું. પૂજા કરવા માટે જોઈતી વસ્તુ; પૂજાની સામગ્રી.

પૂજનિક વિ. પૂજનનો પાત્ર; પૂજવા જોગ.

પૂજનિકા વિ. સ્ત્રી. પૂજન કરનારી; પૂજારણ.

પૂજની ૧. સ્ત્રી. (પુરાણ) જોડ મળતી પંખણી તેને બહાદત્ત જોડે સંવાદ થયો હતો. તેની કથા મહાભારતના શાંતિપર્વમાં છે.

૨. સ્ત્રી. સાકુનિ પક્ષીની માદા.

૩. [સં. પૂજનીય] વિ. પૂજ્ય; પૂજનીય.

પૂજનીય ૧. [સં.] વિ. આદર આપવા જોગ; સન્માન કરવા જોગ; પૂજ્ય.

૨. વિ. ભરો ભક્ત.

૩. વિ. પૂજા કરવા જોગ; પૂજવા જેવું; માન્ય.

પૂજનીયતા [સં.] સ્ત્રી. પૂજનીય હોવાપણું.

પૂજવાર્ય વિ. નમાલું.

પૂજયિતા [સં. પૂજયિતૃ] પું. પૂજક; પૂજા કરનાર માણસ; પૂજારી.

પૂજવું ૧. [સં. પૂજ્] સ. ક્રિ. કોઈ દેવદેવીને પ્રસન્ન કરવા માટે વિધિ પ્રમાણે કોઈ અનુષ્ઠાન કે કર્મ કરવું; ઈશ્વર કે કોઈ દેવદેવી પ્રત્યે શ્રદ્ધા, માન, વિનય અને સમર્પણનો ભાવ પ્રકટ કરનારું કાર્ય કરવું; અર્ચન કરવું; આરાધના કરવી; પૂજા કરવી; દેવોની મૂર્તિઓને નવરાવી, ચંદન પુષ્પ ચડાવી ધૂપદીપ વગેરે કરી, સ્તુતિપાઠ ભણવા.

૨. સ. ક્રિ. ઠોકવું; મારવું.

૩. સ. ક્રિ. નમ્રતાપૂર્વક અર્પવું; ગુમાવવું.

૪. સ ક્રિ. પગે લાગવું; માથું નમાવવું; મોટા તરીકે માનવું; સન્માન કરવું; માનપૂર્વક સેવાચાકરી ઉઠાવવી કે કરવી.

૫. સ. ક્રિ. ભક્તિ કે શ્રદ્ધા સહિત કોઈની સેવા કરવી; આદરસત્કાર કરવો; સેવવું; ભજવું.

૬. સ. ક્રિ. રટવું; જપવું; આરાધવું.

પૂજા ૧. [સં] સ્ત્રી. આદરસત્કાર.

૨. સ્ત્રી. ઈશ્વર કે કોઈ દેવી દેવતા પ્રતિ શ્રદ્ધા, સન્માન, વિનય અને સમર્પણનો ભાવ પ્રકટ કરનારું કાર્ય.

૩. સ્ત્રી. કોઈને રાજી કરવા કાંઈ આપવું તે; લાંચ; રિશ્વત.

૪. સ્ત્રી. તર્પણ.

૫. સ્ત્રી. દંડ; તિરસ્કાર; પ્રહાર.

૬. સ્ત્રી પૂજનઃ પૂજવું તે; દેવાદિકને પ્રસન્ન કરવા તેમને ચંદન પુષ્પ વગેરે ચડાવી આરાધવા તે; આરાધના; અર્ચના; સેવા. સંસારની લગભગ બધી આસ્તિક અને ધાર્મિક જાતિઓમાં કોઈ નહિ ને કોઈ પ્રકારની પૂજા હોય છે. હિંદુઓ સ્નાન અને સંધ્યાવંદન વગેરે કરી બહુ પવિત્રતાથી પૂજા કરે છે. તેના પંચોપચાર, દશોપચાર અને ષોડશોપચાર એવા ત્રણ ભેદ છે. ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય વડે કરાતી પૂજા પંચોપચાર કહેવાય છે. તે પાંચ ઉપરાંત પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, મધુપર્ક અને આચમન હોય તે દશોપચાર કહેવાય છે અને આ બધા ઉપરાંત આસન, સ્વાગત, સ્નાન, વસન, આભરણ અને વંદન હોય તે ષોડશોપચાર કહેવાય છે. આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવિત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પ્રદક્ષિણા, નમસ્કાર અને પુષ્પાંજલી એમ બધા પૂજનના સોળ ઉપચાર કહેવાય છે. તાંત્રિક લોકો ૧૮, ૩૬ અને ૬૪ ઉપચારોથી પણ પૂજા કરે છે. પૂજનના વળી સાત્ત્વિક, રાજસિક અને તામસિક એવા ત્રણ ભેદ છે. નિષ્કામ ભાવે આડંબર વિના અને શુદ્ધ ભક્તિથી કરવામાં આવતી પૂજા સાત્ત્વિક, સકામ ભાવે આડંબર સહિત કરવામાં આવતી પૂજા રાજસિક

અને વિધિ, ઉપચાર તથા ભક્તિ વિના માત્ર લોકોને દેખાડવા માટે કરવામાં આવતી પૂજા તામસિક કહેવાય છે. વળી નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એવા પણ પૂજાના ત્રણ પ્રકાર છે. શિવ, ગણેશ, રામ, કૃષ્ણ વગેરેની રોજ કરવામાં આવતી પૂજા નિત્ય કહેવાય છે. પુત્રજન્મ વગેરે ખાસ પ્રસંગે ખાસ કારણથી કરવામાં આવતી પૂજા નૈમિત્તિક કહેવાય છે અને કોઈ ઇચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવતી પૂજા કામ્ય કહેવાય છે. તમામ દેહને દેવરૂપ સમજી, તેની અંદર રહેલા આત્માને પોતાનું સ્વરૂપ સમજી, સર્વને અભયદાન આપવું એ જ ઈશ્વરપૂજન છે. એના વડે જન્મમરણ ટળે છે.

જગતની પૂજામાં ના મોહ મને જરા ય છે,
પ્રવૃત્તિ નથી મારી કો પૂજા અર્ચે જ વિધિની.
ગાંધીગીતા

૧. જાણના દેવને ખાસડાંની પૂજા = મોટો મનાતો પણ જે તે નાલાયક હોય તો તેને શિક્ષા જ ઘટે.

૨. પૂજા કરવી = (૧) નકામું અર્પવું; ગુમાવવું. (૨) પૂજન કરવું; ઉપાસના કે આરાધના કરવી. (૩) મારવું; માર મારવો; ધમકાવી કાઢવું; કુટીપાક આપવો; ધમકાવી મારવું. (૪) સન્માન કરવું; સેવા કરવી.

૩. પૂજા લેવી = (૧) આતિથ્ય સ્વીકારવું; પૂજા કે સત્કાર સ્વીકારવો. (૨) દેવપૂજનનું વ્રત સ્વીકારવું. (૩) પૂજા કરવાનું માથે લેવું.

૪. પૂજા વાળવી = બધા દિવસ બાકી પૂજા આવતી હોય તેની સમાપ્તિ કરવી; પૂજા કરવાના વ્રતની પૂર્ણાહુતિ કરવી.

૭. સ્ત્રી. પૂજનની સાધનસામગ્રી.

૮. સ્ત્રી. માર.

૯. સ્ત્રી. (જ્યોતિષ) રેવતીથી પૂર્વ ક્રાન્તમાં આવેલાં ૭ મહિનું ૬ઠું નક્ષત્ર. જો તેમાં સ્ત્રીપુરુષ બનેનો જન્મ થયો હોય તો તેમને અત્યંત પ્રીતિભાવ રહે અને તેઓ બધા વખત સુધી સુખ ભોગવે એમ મનાય છે.

૧૦. સ્ત્રી. સાત મહિની એક પ્રકારની ક્રિયાશક્તિ. ક્રિયાશક્તિ સાત છે: (૧) ઇષ્ટ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ, (૫) પૂજા, (૬) તપ અને (૭) દાન.

પૂજાઅર્ચા સ્ત્રી. પૂજાપાઠ; નિત્યકર્મ; સેવાપૂજા.

પૂજાગર પું. ઈશ્વરની કે સમાજહિતની પૂજા કરનાર માણસ.

પૂજાથાલ પું. પૂજા કરવા માટે રાખેલ થાળ.

પૂજાતિશય [સં.] પું. અતિ સત્કાર; અતિ માન.

પૂજાધાર [સં.] પું. દેવોના પૂજનના આધારરૂપ વસ્તુ. જેમ કે, પાણી, બિલ્વપત્ર, શંખ, પ્રતિમા.

પૂજાપત્રી [સં. પૂજા (સેવા) + પત્ર (પાંદડું)] સ્ત્રી. પૂજનનાં સાધન.

કારીવિધનાથ જતાં ગલીઓમાં દુકાનો અને રસ્તામાં પૂજાનો સામાન, મીઠા બરે વસ્તુઓ અને ફૂલહાર વગેરે પૂજાપત્રીનાં સાધનો થાર વિનાનાં વેચાય છે અને આ ગલીઓ તેથી ભરેલી લાગે છે.
આર્યાવર્તમાતા

પૂજાપાઠ [સં.] પું. પૂજાઅર્ચા; નિત્યકર્મ

પૂજાપાત્રી ૧. સ્ત્રી. પૂજા; સેવા.

૨. [સં. પૂજા + પાત્ર (વાસણ)] સ્ત્રી. પૂજનનાં સાધન; પૂજનને વખતે વપરાતી ચીજોનો સમૂહ; પૂજાપો.

૩. સ્ત્રી. માર. કટાક્ષમાં બોલાય છે.

૪. સ્ત્રી. સેવા, સંભાવન, દેવસ્તુતિ, પાઠ વગેરે નિત્યકર્મ.

પૂજાપો [સં. પૂજ્ (પૂજવું)] પું. દેવને ચઢાવવાનાં પૂજનાં દ્રવ્ય; પૂજાની સામગ્રી; પૂજાનો સામાન.

પૂજાપ્રકાર [સં.] પું. પૂજાના પ્રકાર. મંત્રજા, યૂત્કાર, ગ્રન્થ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા, શયન એ પુષ્ટિમાર્ગીય પૂજાના પ્રકારો છે.

પૂજાભાજન [સં.] ન. પૂજાનું પાત્ર.

પૂજાભેદ [સં.] પું. પૂજાના પ્રકાર. પૂજાના સત્તર પ્રકાર: વિલેપન, વસ્ત્રયુગ્મ, વારપૂજા, પુષ્પારોહણ, માલ્યારોહણ, વર્ણારોહણ, ચૂર્ણારોહણ, ચન્દનારોહણ, આભરણારોહણ, પુષ્પગ્રહ, પુષ્પપ્રકર, અષ્ટમંગલકરણ, ધૂપોત્ક્ષેપ, ગીત, નૃત્ય, વાદ્યિત્ર, ભેદપૂજા.

પૂજારણ [સં. પૂજ્ (પૂજવું)] સ્ત્રી. પૂજા કરનારી સ્ત્રી.

પૂજારાધી જુઓ પૂજારાધ્ય.

પૂજારાધ્ય [સં. પૂજા (પૂજવા યોગ્ય) + આરાધ્ય (આરાધવા યોગ્ય)] વિ. પૂજા અને સ્તુતિ કરવા જેવું; માન આપવા લાયક; પૂજ્ય અને આરાધ્ય; પૂજાર્હ; આરાધન જેવું.

પૂજારિણી સ્ત્રી. પૂજા કરનારી સ્ત્રી.

પૂજારી ૧. પું. દેવ વગેરેનો ભક્ત.

૨. [સં. પૂજ્ (પૂજવું)] પું. પૂજા કરનાર પુરુષ દેવોની સેવા કરનારો માણસ; પૂજક; દેવાલયનું કામ કરનાર માણસ.

જ્યાં ત્યારે આપું રજપદ હજે હજે,
પૂજારી સ્વતનો નમ રજપદે દ્યાય છે.
ગાંધીગીતા

પૂજારૂ ક. (જૂ. ગુ.) પૂજારી.

પ્રાતઃકાલમાં પૂજારૂ પ્રગટયું, કુસુમ ચંદન કરી પાવીત્ર.
નાકર

પૂજારો પું. પૂજા કરનારો માણસ.

પૂજાર્હ [સં. પૂજા + અર્હ્ (યોગ્ય હોવું)] વિ. પૂજવા યોગ્ય; પૂજ્ય; માન આપવા લાયક; માન્ય.

પૂજાવવું સ. ક્રિ. પૂજન કરાવવું; પૂજે એમ કરાવવું.

પૂજાવિધિપ્રવક્તા [સં. પૂજાવિધિપ્રવક્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

પૂજાવું ૧. અ. ક્રિ. પૂજે એમ થવું.

૨. અ. ક્રિ. સત્કાર પામવો.

પૂજાવેતન ન. સન્માન વેતન; પુરસ્કાર; પારિતોષિક.

પૂજાસક્તિ [સં.] સ્ત્રી. ભક્તિની અતિશય માઠી એક અવસ્થા.

પૂજાસામગ્રી [સં.] સ્ત્રી. પૂજામાં જરૂર પડતી ચીજો; પૂજનો સામાન.

પૂજિત [સં] વિ. પૂજાયેલું; પૂજેલું; આરાધિત; અર્ચિત.

પૂજિતવ્ય [સં] વિ. પૂજા કરવા જોગ; પૂજનીય.

પૂજિલ ૧. [સં] પું. દેવ.

૨. વિ. પૂજવા યોગ્ય; પૂજ્ય.

પૂજી સ્ત્રી. મિલકત.

પૂજ્ય ૧. [સં. પૂજ્ + ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] પું. જમાઈ.

૨. પું. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું એક અંગ; ગુરુઅંગ; વક્ર; દીર્ઘ; દ્વિમાત્રિક; નમ્ર; ગુરુ; યુગલ; કલા; ૩ વક્રો; શિરોવૃત્તાવક્રો; આઠ માત્રાનું અંગ; આઠ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

૩. પું. ભત્રીજો.

૪. પું. મીંડું; નાશ પામવું તે.

૫. પું. વડીલ; મોટું; માન્ય.

૬. પું. સસરો; શ્વશુર.

૭. વિ. પૂજવા યોગ્ય; પૂજનીય; આદરણીય; પૂજાર્હ; આદર યોગ્ય; માનનીય.

પૂજ્યગુરુ [સં.] પું. સોપન માંહેનો એ નામનો એક વાયુતત્ત્વ દેવ.

પૂજ્યતા [સં.] સ્ત્રી. પૂજ્યત્વનો ભાવ; પૂજનીયતા; પૂજ્યયોગ્યપણું.

પૂજ્યત્વ જુઓ પૂજ્યતા.

પૂજ્યપણું જુઓ પૂજ્યતા.

પૂજ્યપાદ ૧. [સં.] પું. એક દિગંબર આચાર્યનામધારક. તેનું અસલ નામ દેવનંદી હતું. એ વિક્રમના પાંચમા છઠ્ઠા સૈકામાં થયેલા છે. એમણે વ્યાકરણ આદિ અનેક વિષયો ઉપર ગ્રંથો લખ્યા છે.

૨. વિ. પમ પૂજવા યોગ્ય; અત્યંત પૂજ્ય; પરમારાધ્ય.

પૂજ્યપાદનાથ [સં.] પું. નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

પૂજ્યપાદસ્વામી [સં. પૂજ્યપાદસ્વામિન્] પું. દેવનંદી નામના એક જૈન દિગંબરાચાર્યનું બીજું નામ.

પૂજ્યપ્રવર [સં. પૂજ્ય (પૂજવા જેવું) + પ્રવર (શ્રેષ્ઠ)] વિ. બહુ પૂજવા યોગ્ય.

પૂજ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. માનની બુદ્ધિ.

પૂજ્યભાવ [સં.] પું. માનની લાગણી.

પૂજ્યભૂતિ સ્ત્રી. પૂજ્ય ભાવના.

પૂજ્યમાન ૧. પું. સફેદ કરું.

૨. [સં.] વિ. પૂજાતું; માન અપાતું.

૩. વિ. પૂજવા; પૂજા કરવા લાયક.

પૂજ્યા સ્ત્રી. પૂજા; પૂજનાં સેવા.

પૂજ્યારાધે [સં. પૂજ્ય (પૂજવા યોગ્ય) + આરાધ્ય (સેવા કરવા યોગ્ય)] વિ. પૂજ્ય અને આરાધ્ય; વડીલ; પૂજવા અને સેવા કરવા યોગ્ય; પૂજનીય. પત્રની ભાષામાં વડીલને ઉદ્દેશી વપરાય છે.

પૂજ્યારાધ્ય [સં.] વિ. આરાધવા કે સેવવા લાયક; માન આપવા યોગ્ય; પૂજ્યારાધે.

પૂઠ [હા.] પું. ઘોડ. ઘાસ કરીને ઘોડાને માટે વપરાય છે.

પૂઠમાસ [હા.] પું. ઘોડાના ઘોડ અને મનની આસપાસ મજબૂતીથી બંધાતું દોરડું. તેનાથી સવારને ઘોડાને કાબૂમાં રાખવો સહેલો પડે છે.

પૂઠા જુઓ પૂઠમાસ.

પૂઠી [હા.] સ્ત્રી. ઘોડાના સાજનો એક ભાગ.

પૂઠક ન. અધિપંથારિયું.

પૂઠકી સ્ત્રી. ગુદા.

પૂઠરી [હિં.] સ્ત્રી. શેરડીના રસની બાંડ થાય તે પહેલાંની અવસ્થા.

પૂઠાબીજ ન. ઉત્સા; લસિકા; જાનવરની રસી.

પૂઠ ૧. [હિં.] પું. કૂલો.

૨. સ્ત્રી. ઉત્તેજના; ઉશ્કેરણી.

૩. સ્ત્રી. ટેકો; પીઠો.

૪. સ્ત્રી. ટેપક.

૫. સ્ત્રી. ગેરહાજરી; પરોક્ષ.

૬. સ્ત્રી. છંટવું તે; છાંટ.

૭. સ્ત્રી. થાપો.

૮. સ્ત્રી. વાંસે લાગવું તે.

૯. [સં. પૃષ્ઠ; પ્રા. પુટ્ઠ] સ્ત્રી. શરીરનો પાછલો ભાગ; પીઠ; પૂંઠ; વાંસો.

૧. પૂઠ ફરવી-ફેરવવી = (૧) અવજ્ઞા કરવી; ન સ્વીકારવું. (૨) દમો રમનો. (૩) નાસીપાસ થવું. (૪) પીઠ બતાવવી; હારીને નાસી જવું.

૨. પૂઠ જોવી = (૧) કોઈની ગેરહાજરીમાં બરાબ જોવું; પાછળ નિંદા કરવી. (૨) છૂપી રીતે કોઈની ચાલચલગ જોવી; છૂપી રીતે તપાસ કરવી.

૩. પૂઠ ઠેકાવું = (૧) અપજશ ઠેકાવું. (૨) પરાજય પામવો.

૪. પૂઠ તો બાદશાહની રે છે = (૧) કુતરાના બચ્ચા તરફ બંદૂક તો બાન આપતો નથી. (૨) પાછળથી રાજાને પણ ગાળો અપાય.

૫. પૂઠ દેખાડવી-બતાવવી = સામા ન થતાં નાસી જવું; હારી નાસી જવું.

૬. પૂઠ પાછળ = પરોક્ષ; અમા પછી; ગેરહાજરીમાં.

૭. પૂઠ પાછળ થા કરવો-પૂઠનો થા કરવો = (૧) ઉચિતો પાછળથી હુમલો કરવો. (૨) વિશ્વાસઘાત કરવો.

૮. પૂઠ પાછળ બોલવું = (૧) પરોક્ષ કહેવું. (૨) પાછળ ખૂટું બોલવું.

૯. પૂઠ પૂરવી = (૧) ઉત્તેજન આપવું; જોરથી ઉપર કરવું; પછવાડે ઊભા રહી મદદ કરવી. (૨) સૂર પૂરવા.

૧૦. પૂઠ ફેરવીને બેસવું = હરીને બેસવું કે જેથી જોનારાને પૂઠ દેખાય.

૧૧. પૂઠ વાળવી = (૧) આરામ લેવો. (૨) પાછા ફરવું.

૧૨. પૂઠ વાળીને ન જોવું = (૧) આડું આવ્યા વિના કામમાં મચ્યા રહેવું. (૨) પૂર્ણ વિશ્વાસ હોવો; શંકા ન હોવી; વહેમ ન હોવો.

૧૩. પૂઠનો આવ તેવું = બીકણ; ભાગવું.

૧૦. સ્ત્રી. આવ.

પૂઠપૂર પું. (કચ્છી) પીઠાગળ.

પૂઠરખું ૧. ન. ઠોસ હાંકનારને પૂંઠના ભાગ ઉપર બાંધવાનો ચામડાનો કટકો; પૂંઠિયું.

૨. ન. કાંઠિયું ખોતિયું.

૩. ન. પોતિયાની વચમાં આરેલું લાંબું ઓઢું થીંગડું.

૪. વિ. ઐકનિષ્ઠ; શક્તિમાન.

પૂઠળ ૧. ન. ગેરહાજરીમાં.

૨. ન. પાછળ.

પૂઠળ પડવું = (૧) અંતથી અનુસરવું. (૨) પાછળ પડવું; વાંસે લાગવું.

પૂઠા ૧. [હિં.] પું. ચોપડીનું બહું કવર.

૨. પું. પુસ્તકનું પૂંઠું.

૩. પું. પૂંઠાનો બાકી દામળો.

પૂઠાં સ્ત્રી. ઘોડા સહિત દાળ.

પૂઠિ [હિં.] સ્ત્રી. પીઠ.

પૂઠિયા સ્ત્રી. (કચ્છી) પાછળ.

પૂઠિયું ૧. ન જીનને ઘોડી કરી વેચવા માટે વળ દઈ કરેલો મોટીલો.

૨. ન. કુંભારના ચાકડાનો ફરતો ભાગ.

૩. ન. ગાડાનો આરો.

૪. ન. નિતમ્બ; કેડનું હાંડું; થાપો; બેસવાનો થાપો.

૫. ન. પાછળનો ભાગ; પૂંઠ.

૧. પૂઠિયાં કટવાં-વછૂટી જવાં વેરાવાં = (૧) મજબૂરીમાંથી બહેરો દીકરો થવો. (૨) બીક લાગવી; ભય ઊપજવો; ધારતીનું ભાર્યું મજબૂરાતું. (૩) હિમત હારવી; નાહિમત થવું.

૨. પૂઠિયાં ભગાવાં-ભંભાવાં-રંભાવાં = સખ્ત માર પડવો.

૬. ન. પાછોટિયું.

૭. ન પેડાનો ઘેર જે કટકાઓનો બને છે તેમાંનો દરેક; પેડાનો સાંધાનો ભાગ જેમાં આરા ભરાવામાં આવે છે તે; પેડાનું પાટલું.

૮. ન. બંને બાજુ પૂરાવાળું, કાગળો વગેરે રાખવાનું સાધન. 'પોર્ટફોલિયો.'

૯. ન. મૂળનું બંધારણ કે તેની મજબૂતી. શરીર માટે વપરાય છે.

૧૦. ન. હળમાં હાલ તથા તુંગા જોડનારનો બહારનો બીજો.

પૂઠી ૧. સ્ત્રી. એ નામે એક રમતનો દાવ.

પૂઠી મારાનો દાવ = મલ્લવિદ્યામાં કરાતા દાવનો એક પ્રકાર. બને પહેલવાન સામસામા લડતા હોય ત્યારે બહુ વાકી જઈ નીચે આવી ગયેલા પહેલવાનને બેઠેલો જોઈ બીજો તેના બંને આગળ હાથ મૂકી, બીજા હાથથી તેનો પગ ઊંચો કરી, પોતાનો પગ તેની કમર પછવાડે રાખી તેને ગુલાંટ ખવરાવી ચીત કરે છે.

૨. સ્ત્રી. પેટી.

૩. સ્ત્રી. નાનું પૂંઠું.

૪. ન. પછવાડે; પછી.

પૂઠીરા વિ. પાછળનું.

પૂઠું ૧. ન. કઠોળ ઉપરનું ઝોકું; ઝોતરું; ફોતરું.

પૂઠાં વીણવાં = છોડાં મટી નાખવાં; ઝાટકી મટવું.

૨. સ. ચોપડીનું ઢાંકણ; પૂંઠું.

૩. સ. ખાંડનો ચાપો.

૪. સ. બે પ્રકારનો સંધીને બનાવેલું કાગળના રક્ષણનું સાધન; પુસ્તકના રક્ષણ સારૂ ઉપરતળે મૂકવાનાં પાટિયાંમાનું કોરું; ચોપડીની બંને બાજુએ હોય છે તે ગાભડું, કપડું અથવા બીજો કાગળ; 'કાર્ડબોર્ડ.'

૫. સ. મૂળનું બંધારણ કે તેની મજબૂતી. શરીર માટે વપરાય છે.

પૂઠું બંધાવું-બાઝવું = શરીરની મજબૂતી થવી.

૬. ન સરેરાશ.

૭. વિ. પ્રત્યેક; દરેક.

પૂઠે અ. પછવાડે; પાછળ; પરોક્ષે.

૧. પૂઠે પડવું-લાગવું = (૧) કેડો લેવો. (૨) અંતથી કામ કરવું. (૩) ખોટણી કર્યા કરવી (૪) દુઃખ દેવાની કે અરાજ કરવાની તજવીજ કરવી. (૫) સંતાપવું; ચીડવવું; પજવવું.

૨. પૂઠે પૂઠે ચાલવું-જવું = (૧) અનુસરવું. (૨) કોઈની હિલચાલ જોવા પાછળ પાછળ જવું.

૩. પૂઠેથી = પાછળથી.

પૂઠેવાળ વિ. પાછલી અવસ્થામાં જન્મેલું

પૂઠેવાળનું છોકરું = સૌથી નાનું છોકરું; ઘેલું છોકરું; ઉતરાવસ્થામાં થયેલું બાળક.

પૂઢ (પૂઢ) કું. (રૂઢી) મેદાન.

પૂઢપૂઢ (પૂઢપૂઢ) કું. (રૂઢી) અણસણાટ; એક પ્રકારનો અવાજ.

પૂઢલો ૧. કું. મખપૂડો.

૨. [સં. પૂપ; પ્રા. પૂવ્વલ] કું. લોઢ કે ઢાળના ખીરાની તળેલી પોળી; પૂડો; ઠોળના ખીરાનો બાલપૂડો. તે ઘઉં, ચણા કે ચાંગરના લોટમાં પાણી, મીઠું તથા મસાલો મેળવી, ખૂબ ઘૂંટી, ઓકારસ કરી, લોઢીમાં નાખી, તેલ કે ઘી રેડી પકવવામાં આવે છે.

પૂડા (પૂડા) [હિં.] કું. ઘ. ક. પૂડાઃ પૂડલો.

પૂડિયું (પૂડિયું) ન. પડીકું.

પૂડી (પૂડી) ૧. સ્ત્રી. તળવા કે પકંમ ઉપર મરેલું ગોળ ગાભડું.

૨. સ્ત્રી. પડીકું.

પૂડો (પૂડો) ૧. કું. ઉંધિયું કે કોપરું કે ઢાળના તથા ચોખાના ખીરમાં નાખી રોટલી આકાર બનાવાતી તળેલી વાની; એક બનની સેટી.

૨. કું. કપડાંવાળું મોજાનું ઘર; મચમાખીએ તેનાં ઈંડાં મૂકવા અને મધ ભરવાને બનાવેલું ખાનીદાર મીણનું ઘર; મધપૂડો.

૩. [સં. પૂપ; પ્રા. પૂવ્વલ] કું. ચણા, ઘઉં, અડદ વગેરેના લોટ કે દાણના ખીરાની તેલ અથવા ઘીમાં તળીને બનાવેલી પોળી.

૪. કું. ભભરાની કસરને લીધે તળે પાણી રહીને બાઝેલો દહીંનો થર.

૫. કું. ખૂણી; ખૂણો; પડો; પૂળો; ઘાસ, પાન વગેરેના ભારાની ખૂણી.

૬. કું (રૂઢી) બંડલ.

પૂડાવવું સ. ક્રિ. (જુ. પ્ર.) પોંદાડવું.

નરસિંહના સ્વામીને આજે પૂડાવ્યાજી.

મેં વિદ્યમન

પૂડું [સં પ્રૌઢ] વિ. પ્રૌઢ; ઠસાવર; ઓઢું.

પૂજવું ૧. [સં. પૂ; પ્રા. પુજ્જ (સાથ કરવું)] સ. ક્રિ. પ્રચાર કરવું; નકામું; આડી રીતે ફળવું; દુઃખ દેવું; પજવવું.

૨. સ ક્રિ. નકામું ફળ આવવું; અયોગ્ય પરિણામ આવવો; ખોટું ફળ મળવું; પરિણામે પીડા કે દુઃખરૂપ થઈ આવવું.

૩. સ ક્રિ. ફળવું; ફાલવું.

કર્મના ફોગ તે આવી પૂજ્યા.

નરસિંહ

૪ સ ક્રિ ભૂખ્યું થવું; ક્ષુધાતુર થવું

પેટ પાપા પૂજ્યા લાગશે, ક્યાં જઈને અન્ન ખાઈશું.

ન્યાય વસ્તન

૫. સ. ક્રિ. કાંતવું.

૬. સ. ક્રિ. પાકવું; પરિણમવું.

૭. સ ક્રિ. વગોવવું; નિંદા કરવી; અપકીર્તિ ફેલાવવી.

૮. સ. ક્રિ. સંતોષ પામવો; પરિપૂર્ણ થવું.

પૂર્ણિમા સ્ત્રી. દેવના અનના સાત મહિનો એક પ્રકાર.

પૂર્ણિયામણ ન. પૂણી કરવાનું અજું.

પૂર્ણિયું ૧. ન. ઘાસ કે સાર બાંધવાનું દોરડું; ગાંગિયું.

૨ ન. પોનિયું.

પૂણી સ્ત્રી. સળીએ વણીને કરેલો રૂનો ગાતળો લાંબો પિંડ; કાંતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો લાંબો ગોળ આકાર; પીંજેલા રૂનો ઘોળો અને પોચો લાંબો ગાળો.

૧. ઊંટના ઊંટ તણાઈ જાય તે પૂણીનો ભાર પુરાય = ભાગે ડૂબ્યા તે કરતાં બોલ્યા; ઘણું ઊંડી જાય તેનું કાંઈ નહિ, પણ થોડું નુકસાન થાય તેમાં વધારે ઊહાપોહ કરવો.

૨. પાણીમાં પૂણી = સહજાત.

૩. પૂણી જેવું = નિસ્તેજ; ઉદ્યમ; અધિરરહિત.

૪. પૂણી વાળવી = પૂણી કરવી.

૫. પૂણીનો વાયુ = રજનું ગજ.

પૂણીપાટલી સ્ત્રી. પીંજતી વખતે ઉપલોમમાં આવતું એક સાધન.

પૂણીફરયો કું. પૂણી અને રૂ વેચનારો વેપારી.

પૂણું વિ. પોલું.

પૂત્ક ૧. [સં.] કું. પત્થર.

૨. સ્ત્રી. પૂર્ણિમા.

પૂત્કેરી સ્ત્રી. (રૂઢી) પરેલો ઓળો.

પૂત ૧. કું. કોઈ પણ પ્રાણીનું બચ્ચું.

૨. [સં. પુત્ર; પ્રા. પુત્ત] કું એકનો; પુત્ર.

૧ પૂતો ફળવા = (૧) આબાદી થવી. (૨) ખૂબ છોકરાં થવાં.

૨. જેણે નહિ પૂત, બોર્ડ જેની અસમ = દીકરો જેવા જતા બાપને ઓળો; લાભ જેવા જતાં ઊલટું નુકસાન થવું.

૩. [હિં.] કું. જળ સ્થ.

૪. કું. તલનો છોડ.

૫ [સં.] કું. ખોળો ઉર્ફે; સહેજ કુણ.

૬. કું. પલાશ; ખાખરાનું ઝાડ.

૭. કું. વિકેતક વૃક્ષ.

૮. કું ક્રમ

૯. સ્ત્રી. કોની ગુહ્યેંદ્રિય.

૧૦. ન. કોતરાં કાઢી દસકો કરેલ ધાન્ય.

૧૧. ન. મલ.

૧૨. [સં. પૂ (પવિત્ર કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. શુદ્ધ; પવિત્ર; પાવન; પવિત્ર કરાયેલું.

૧૩. વિ. સડેલ; મંધાતું.

પૂતકારી ૧. સ્ત્રી. નામલોક.

૨. સ્ત્રી. સરસ્વતી.

પૂતકન્યા [સં.] સ્ત્રી. એ નામે એક વૈદિક ઋષિની સ્ત્રી.

પૂતકતાયી [સં.] સ્ત્રી. ઉદ્રાણી; સતી.

પૂતકતુ [સં.] કું. ઉંદર; દેવનો રાજા.

પૂતગંધ [સં.] કું. એક બનતી કાળી તુલસી.

પૂતગંધપૂરા કું. વાંદરાનું બચ્ચું.

પૂતડા (પૂતડા) [હિં.] કું. અણમૂગડિયો મોટું ખજાનું બચાવવા માટે નીચે પાથરવામાં આવતું નાનું ખિસકાનું.

પૂતડાથી અખીર = જન્મથી અખીર.

પૂતતરુ [સં.] ન. ખોળો ઉર્ફે; સહેજ કુણ.

પૂતદક્ષ [સં.] કું. એ નામનો એક ઋષિ. તેણે ગાગ્નેયના આકમા અગ્નિનું ૬૪મું પ્રકાર રચ્યું છે.

પૂતદારુ [સં] ન. પલાશ; ખાખરાનું ઝાડ.

પૂતરું ૧. [સં.] ન. ખાખરાનું ઝાડ.
૨. ન. બેરનું ઝાડ.
૩. ન. દેવદાર
૪. ન. કપાસનું ઝાડ.

પૂતધાન્ય [સં.] ન. તલ.

પૂતન ૧. [સં.] પું. વૈતાલ.
૨. ન. (વૈદ્યક) શુદ્ધામાં થતો એક જાતનો રોગ.
૩. ન. પાણીની જીવાત; પાણીનું જંતુ.

પૂતના ૧. [હિં.] પું. એ નામે એક યોગી.
૨. પું જમ; યમરાજ.
૩. [સં.] સ્ત્રી. એ નામની એક રાક્ષિણી. તે પોતાના જુવાન પુત્ર ઉપર આસક્ત થઈ હતી
૪. સ્ત્રી એક જાતની ઢરડે; પીળા ઢરડે.
અબલા પયપા અન્યથા અમૃતા ચેતની હોઈ,
કાયરતા ને પૂતનાદિ સિવા જેવસી સોઈ,
હરીનદી હેને કરી હરે ઉરનો રોગ.
તેમજ ગિરવરધારની આત સકળ સંયોગ.
પિત્રજ્ઞાનપ્રકોષ
૫. સ્ત્રી (વૈદ્યક) એક જાતનો બાલગ્રહ રોગ. તેમાં બચ્ચાને દિવસ કે રાત સારી રીતે ઊંઘ આવતી નથી, પાતળા અને મેલા રંગના ઝાડા થયા કરે છે, તરસ બહુ લાગે છે, શરીરમાંથી ગંધ છૂટે છે અને કૃશ થતાં રહે છે.
૬. સ્ત્રી. (પુરાણ) કંસની અનુચર એક રાક્ષસી; કંસે બાળક કૃષ્ણને મારવા મોકલેલી રાક્ષસી; બકાસુરની બહેન; કૃષ્ણની વેરણ એક વિદ્યાધરી. કંસની આજ્ઞાથી એ ગોકુળમાં છોકરાંઓને મારી નાખતી. સુંદર સ્વરૂપવતી સ્ત્રીનું રૂપ ધારણ કરીને કૃષ્ણને ખવરાવવા લાગી. એ પોતાના સ્તનની ડીંટડીઓને વિષ ચોપડીને આવી હતી. કૃષ્ણને એની ખબર હોવાથી એમણે વિષ ચૂસી લીધું એટલું જ નહિ પણ એના પ્રાણ પણ ચોરી લીધા અને એ મરણ પામી.
૭. સ્ત્રી કાર્તિકેયની એ નામની એક માતૃકા.
૮. સ્ત્રી. ગંધમાસી; સુગંધી જટામાંસી.
૯. સ્ત્રી. ગાડરી. ઘેટી.
૧૦. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

પૂતનાકૃષ્ણ [સં.] પું. કૃષ્ણ.

પૂતનાનિષૂદન [સં. પૂતના + નિષૂદ (મારવું)] પું. કૃષ્ણ.

પૂતનામી [સં. પૂત (પવિત્ર) + નામી (નામવાળું)] વિ. પવિત્ર નામવાળું; પુણ્યશ્લોક.

પૂતનારાતિ [સં. પૂતના + રાતિ (શત્રુ)] પું. કૃષ્ણ.

પૂતનારિ [સં. પૂતના + અરિ (દુશ્મન)] પું. કૃષ્ણ; પૂતનાને મારનાર; વાસુદેવ.

પૂતનારિપુ [સં. પૂતના + રિપુ (શત્રુ)] પું. કૃષ્ણ.

પૂતનારાતુ [સં.] પું. કૃષ્ણ.

પૂતનાસુપયઃપાતા [સં. પૂતનાસુપયઃપાતૃ] પું. પુરુષોત્તમનાં કાનનાં અલંકારનું એક નામ.

પૂતનાસૂદન [સં. પૂતના + સૂદન (હિંસા)] પું. કૃષ્ણ; પૂતનાને મારનાર; વાસુદેવ.

પૂતનાહ્વ (પૂતનાહ્વ) સ્ત્રી. નાની ઢરડે.

પૂતનાંતક [સં. પૂતના + અંતક (નાશ (કરનાર)] પું. કૃષ્ણ.

પૂતનિક ન. વાસણ વગેરેનું તળિયું.

પૂતનિકા સ્ત્રી. પૂતના નામે બાલગ્રહ અથવા બાલરોગ.

પૂતનીકરણ [સં.] ન. કોથી જનું તે; ગંધાઈ ઊઠવું તે.

પૂતપાપ [સં. પૂત (પવિત્ર કરેલું) + પાપ] વિ. પાપથી મુક્ત થયેલું.

પૂતફેણ [સં.] પું. કપૂર.

પૂતભૃત [સં. પૂતભૃત્] પું. સોમરસ રાખવાનું પ્રાચીનકાળનું એક વાસણ; યજ્ઞ સમયે સોમ રાખવાનો લાકડાનો કળશો.

પૂતમતિ ૧. [સં.] પું. શિવ.
૨. વિ. પવિત્ર બુદ્ધિવાળું; શુદ્ધચિત્ત; પવિત્ર અંતઃકરણવાળું.

પૂતમૂર્તિ [સં.] પું. શિવનાં કાનનાં અલંકારનું એક નામ.

પૂતયજ્ઞ [સં.] વિ. કોતરાં કાઢી નાખેલ જવનું અળું.

પૂતર [સં. પુત્ર] પું. પુત્ર; દીકરો.

પૂતરો પું. (કચ્છી) પૂતળું.

પૂતલા પું. પૂતળું.

પૂતલી ૧. સ્ત્રી. આંખનું રતન.
૨. સ્ત્રી. ઘોડાની ખરી.
૩. સ્ત્રી. ઢેકો.
૪. સ્ત્રી. મૂર્તિ; પૂતળું.

પૂતળ ન. પૂતળું.

પૂતળવિધાન ન. જેનું મરણ પરદેશમાં થયું હોય અથવા શબ મળ્યું ન હોય કે બહુ થયું હોય ત્યારે મરનારની સદ્ગતિ માટે બાકીના લોટનું પૂતળું કરી વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવો તે.

પૂતળા સ્ત્રી. તરવારની મૂઠનો એક ભાગ.

પૂતળિયું ન. પૂતળાની બાબતનો જૂના વખતનો એક સિક્કો

પૂતળી ૧. સ્ત્રી. આંખની કીકી; આંખમાંનો કાળો ભાગ.
૧. ઊંધી પૂતળીનું = ચૂંચવી, નીચી અને તીરછી આંખ કરી જોતું હોય એવું.
૨. પૂતળી ફરી જવી = મરતી વખતે આંખ ફરી જવી.
૩. પૂતળીનો તારો = આંખના કોળા જેટલું વહાલું; બહુ જ વહાલું.
૨. સ્ત્રી. કાપડ વણવાનું મશિન.
૩. સ્ત્રી. કૂવા કે કોસનો એક ભાગ.
૪. સ્ત્રી. કૂંડી જેમ.
૫. સ્ત્રી. ખૂબસૂરત સ્ત્રી
૬. સ્ત્રી. ઘર ઉપરનું મજબૂત જાતનું ઢાંકણ.
૭. સ્ત્રી. ઘોડાના પગના તળાનો પોચો ભાગ.
૮. સ્ત્રી. ઢીંગલી.
પૂતળી આંખથી = કોઈની નિંદા કરતાં ફરવું; કોઈની અપકીર્તિ ફેલાવવી; બદનામી કરવી.
૯. [સં. પુત્તલા] સ્ત્રી ધાતુ, પથ્થર, માટી કે લાકડાની બનાવેલી કોઈની આકૃતિ; કોઈની મૂર્તિ; માટી, ધાતુ વગેરેનો બનાવેલો કોઈનો ઘાટ.
૧૦. સ્ત્રી. નાચનારી સ્ત્રી; નર્તકી.
૧૧. સ્ત્રી. સોનાનો એક સિક્કો; ગીની; મહોર; મનુષ્યાકૃતિ છાપવાળો સિક્કો.

પૂતળીતારો પું. આંખની કીકી; તારક.

પૂતળું ૧. [સં પુત્તલક] ન. માટી, ધાતુ, પથ્થર અથવા લાકડા વગેરેની બનાવટ, બનાવરની આકૃતિ; પ્રતિમા; પ્રાણીની પ્રતિકૃતિ; પ્રાણીના જેવા ઘાટની માટી, લાકડું, કપડાં વગેરેની રમકડારૂપ બનાવટ; મૂર્તિ; આકૃતિ; ઢીંગલું; ડબ્બી; બાવલું.
૧. અક્કલનું પૂતળું = હોશિયાર.
૨. આરુનું પૂતળું = આબાદનું શરીર.
૩. પાણીનું પૂતળું = (૧) બરાબર માણસ.
(૨) મિનકણ માણસ.
૪. પૂતળા જેવું = જડ જેવું; બોદું.
૫. પૂતળું બાંધવું = નિંદા કરતાં ફરવું; અપકીર્તિ ફેલાવવી. બાટ લોકોને કોઈ પાસેથી કાંઈ ન મળે ત્યારે વાંસ ઉપર તેનું પૂતળું બાંધી ફરે છે અને તેની અપકીર્તિ કરે છે.
૬. મીણનું પૂતળું = બીકણ માણસ.
૭. રૂનાનું પૂતળું = લુચ્ચું માણસ.
૮. લોઢાનું પૂતળું = જબરો ઢાગીનો; કોઈ કામનું નહિ તેવું માણસ.
૨. ન. લાકડાના પગરનો કોઠાર.
૩. વિ. બાહ્યસમજણ; જડ; બોટ; પોતાની સમજથી કોઈ કરી શકે નહિ એવું; પરાધીન
૪. વિ. નામનું; દેખાડવાનું હોય એવું.

પૂતા ૧. [સં.] સ્ત્રી. દુર્ગા.
૨. સ્ત્રી દુર્વા; ધ્રોબડ.
૩. વિ સ્ત્રી. પવિત્ર; શુદ્ધ.

પૂતાત્મા ૧. [સં. પૂતાત્મન્] પું. પવિત્ર માણસ
૨. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પોતે નામસ્મરણ માત્રથી પતિતોને પાવન કરનારા અને અધમ જીવોનો ઉદ્ધાર કરનારા હોવાથી તે પૂતાત્મા કહેવાય છે.
૩. પું સાધુ.
૪. વિ. પવિત્ર આત્માવાળું; શુદ્ધ અંતઃકરણવાળું.

પૂતારો પું. (કચ્છી) પંખો.

પૂતાં પું પુત્ર.

પૂતિ ૧. [સં] સ્ત્રી. એક જાતની નિષ્પાડી; ગંધમાર્જર.
૨. સ્ત્રી. કેશ.
૩. સ્ત્રી. દુર્ગંધ; અદબો; સડો.
૪. સ્ત્રી. પરુ; રસી.
૫. સ્ત્રી. ઓળી યોનિ.
૬. ન. પવિત્રતા.
૭. ન. રોહિષ તૃણ.
૮. વિ. દુર્ગંધવાળું.

પૂતિક ૧ [સં.] પું. એક જાતનું કરંજ વૃક્ષ. એનાં મૂળ દવામાં વપરાય છે.
૨. પું દુર્ગંધી; દુર્ગંધ.
૩. ન. કાંકચ.
૪. ન. વિષ્ટા.
૫. વિ. અપવિત્ર; અશુદ્ધ.
૬. વિ. દુર્ગંધવાળું; સડેલું.

પૂતિકન્યા [સં.] સ્ત્રી. કુંવારો.

પૂતિકરંજ સ્ત્રી. એક જાતની કરંજ. જુઓ પૂતિક ૧.

પૂતિકરંજાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદ્ય) વધરાવણ માટે ઉપયોગી એ નામનું ચૂર્ણ. કાકચના બીજ તથા કાળાં મરી સમ ભાગે લઈ ચૂર્ણ બનાવાય છે.

પૂતિકર્ણ [સં. પૂતિ + કર્ણ (કાન)] પું. (વૈદ્ય) કાનની અંદર ફોડકી થઈ તેમાંથી દુર્ગંધી તથા પરુ નીકળવાનો રોગ.

પૂતિકર્ણક જુઓ પૂતિકર્ણ.

પૂતિકંદક [સં.] પું. સીંગોડું.

પૂતિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.
૨. સ્ત્રી. એક પ્રકારની કૃમિ.
૩. સ્ત્રી. પોર્ષ; ઉપોદકા; પોચીની વેલ.
૪. સ્ત્રી. નિષ્પાડી.
૫. સ્ત્રી મદ્ય બનાવનાર એક જાતની માખી.
૬. સ્ત્રી. રસવિકાર; રસનું બગડવાપણું.
૭. સ્ત્રી. રસી; પરુ.

પૂતિકાક્ષુપ [સં.] પું. એક જાતની છીંપ; શુક્તક.

પૂતિકાષ્ઠ [સં.] ન. એક જાતનું દેવદાર; સરલ વૃક્ષ.

પૂતિકાષ્ઠક જુઓ પૂતિકાષ્ઠ.

પૂતિકીટ ૧. [સં.] પું. એક જાતનો કીડો.
૨. પું મદ્ય બનાવનાર એક જાતની માખી.

પૂતિકૂર્મિ [સં. પૂતિ (બદબો) + કૂર્મિ (કીડો)] ન. ખાતરમાંનો કીડો.

પૂતિકેશર ૧. [સં.] પું. એક જાતનો નિષ્પાવ.
૨. ન. નાગકેસર.

પૂતિકેશ્વર [સં.] પું. એ નામના એક મહાદેવ. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલું છે.

પૂતિકેશ્વરતીર્થ [સં.] ન. તે નામે એક તીર્થસ્થાન; નર્મદાના દક્ષિણ તટ ઉપર એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: રામ રાવણના વધને સમયે જંબુમાલીના શરીરમાં સર્વપ્રકાર થવાથી અનેક જંતુ પડી ગયાં અને બહુ જ દુઃખી થયા. તે સમયે રામચંદ્રજીએ સુપ્રેષ્ઠ મુનિ નીચની સાથે તેને રેવાતીર ઉપર મોકલ્યા. ત્યાં જઈ તપ કરીને બ્યાધિમુક્ત થયા. આ કારણે શિવનું નામ પૂતિકેશ્વર કહેવાયું. અહીં બધા પ્રકારના રોગ મટતા હોવાનું મનાય છે.

પૂતિગંધ ૧. [સં.] પું. ઉનોરિયાનું ઝાડ.
૨ પું. ગંધક.
૩. પું દુર્ગંધ.
૪. સ્ત્રી. કેરી લવા.
૫. ન. કપૂર.
૬. ન. કલઈ.
૭. વિ અરાબ ગંધવાળું.

પૂતિગંધત્વ ન. અરાબ ગંધવાળું હોવાપણું.

પૂતિગંધમય [સં. પૂતિ (ગંદું) + ગંધ + મય (વાળું)] વિ. ગંધાતું; દુર્ગંધવાળું.

પૂતિગંધા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભાવની.

પૂતિગંધિ [સં.] વિ. દુર્ગંધવાળું

પૂતિગંધિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.
૨. જુઓ પૂતિગંધા.

પૂતિગંધી જુઓ પૂતિગંધિ.

પૂતિઘાસ [સં.] ન. મૂળની જાતનું એક ઘાસ.

પૂતિજર્જરવિદ્યા [સં.] સ્ત્રી. રસી, પરુ, પાય વગેરે સબંધી વિદ્યા.

પૂતિજંતુ સ્ત્રી. કોહી ગયેલી ચીજમાંથી નીકળતી ઝેરી હવા.

પૂતિજ્વર ૧. [સં. પૂતિ (દુર્ગંધ) + જ્વર (તાવ)] પું. એક જાતનો તાવ; ટાઢિયો તાવ; ' મેલેરિઅ.'
૨. પું પરસુકત રક્તવિકાર. આ રોગમાં શરીર ઉપર ઠેકાણે ઠેકાણે ફોડકીઓ થઈ આવે છે.

પૂતિતૈલા [સં.] સ્ત્રી ખાલકાંકણી.

પૂતિત્વલતા [સં] સ્ત્રી. તેજપત્તા.

પૂતિદોષ [સં.] પું. (જૈન) સાધુને માટે ખોરાક બનાવતાં ગૃહસ્થથી થતો એક પ્રકારનો દોષ.

પૂતિનસ્ય [સં.] પું. (વૈદ્યક) એ નામે એક રોગ. તેમાં નાક અથવા શ્વાસ અને મોઢામાંથી દુર્ગંધ નીકળે છે. ગળામાં તથા તાલુમૂળમાં દોષનો સંચય થવાથી વાયુ દુર્ગંધવાળો થાય છે એમ સુશ્રુતે જણાવ્યું છે.

પૂતિનાશક [સં પૂતિ (દુર્ગંધ) + નાશક (નાશ કરનાર)] વિ. જંતુનાશક.

પૂતિનાસિક ૧. [સં] પું પૂતિનસ્ય રોગવાળો માણસ; નાકમાંથી અથવા શ્વાસમાં દુર્ગંધ નીકળતી હોય એવો માણસ.
૨. વિ દુર્ગંધીવાળું.

પૂતિપર્ણ [સં.] ન. દુર્ગંધી કરંજ વૃક્ષ.

પૂતિપર્ણક [સં.] ન. દુર્ગંધી કરંજ વૃક્ષ.

પૂતિપુષ્પ [સં.] ન. ઉંચુડીનું ઝાડ.

પૂતિપુષ્પિકા [સં] સ્ત્રી. બિલેરાનું ઝાડ.

પૂતિપૂપ ન. દુર્ગંધવાળું રબ્બેદર્શન.

પૂતિપ્રર્પ પું. એક જાતનો કીડો.

પૂતિફલ [સં.] પું. એક જાતની વનસ્પતિ; આમળી.

પૂતિફલા ૧. [સં.] સ્ત્રી. આમળી નામે વનસ્પતિ.
૨. સ્ત્રી. સોમરાજિ નામે વનસ્પતિ.

પૂતિફલી જુઓ પૂતિફલા.

પૂતિભર્જરી [સં.] સ્ત્રી. એક જાતની તુલસી.

પૂતિભાષ્પ [સં.] સ્ત્રી. કોહી ગયેલી ચીજમાંથી નીકળતી ઝેરી હવા.

પૂતિભક્ષી [સં. પૂતિ (સડેલું) + ભક્ષિન્ (ખાનાર)] વિ. સડી ગયેલી અથવા કોહી ગયેલી ચીજ ઉપર નભનાર.

પૂતિભાવ [સં.] પું. સડી જવાનો ભાવ; દુર્ગંધયુક્ત થઈ જવું તે.

ચેતનથી જો અધિષ્ઠિત ન હોય તો પૂતિભાવ થઈ જવાથી પ્રકૃતિની સિદ્ધિ થઈ શકે નહિ. તાત્પર્ય કે જો પ્રકૃતિ ચેતનથી અધિષ્ઠિત ન હોય તો તેના કાર્યરૂપ જગતની સિદ્ધિ થઈ શકે નહિ. જેમ મૃત શરીરમાં જીવાત્મારૂપ ચેતનનું અધિષ્ઠાન ન હોવાથી તે સડી જઈ નાશ પામે છે. તેમ જગતમાં પણ જો ચેતનનું અધિષ્ઠાન ન હોય તો જગતનો પણ નાશ થઈ જાય. માટે જગતમાં ચેતનનું અધિષ્ઠાન છે. સાખ્યદર્શન

પૂતિકૃમિ [સં.] પું. એક જાતનો દુર્ગંધી કીડો.

પૂતિમક્ષિકા [સં.] સ્ત્રી એક જાતની માખી.

પૂતિમજ્જા ૧. [સં.] સ્ત્રી. અજમોદા વનસ્પતિ.
૨. સ્ત્રી. ઉંગુદીનું ઝાડ.
૩. સ્ત્રી. સીંગોડું.

પૂતિમયૂરિકા ૧. [સં.] સ્ત્રી. અજમોદા વનસ્પતિ.
૨. સ્ત્રી. અર્બરી.
૩. સ્ત્રી. વનતુલસી.

પૂતિમારુત ૧. [સં.] પું. દુર્ગંધી પવન.
૨. પું. નાના મોરનું ઝાડ.
૩. પું. બીલીનું ઝાડ.

પૂતિમાષ [સં.] પું. એ નામે મંત્રપ્રવર્તક એક ઋષિ.

પૂતિમાસ [સં.] પું. (પુરાણ) અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

પૂતિમાંસ [સં.] ન. દુર્ગંધી માંસ.

પૂતિમુખતા [સં.] સ્ત્રી. મુખમાંથી દુર્ગંધ આવવી તે.

પૂતિમૂષિકા [સં.] સ્ત્રી. છછુંદર.

પૂતિમૃત્તિક [સં.] ન. એકવીસ માંહેનું એ નામનું એક નરક.

પૂતિમેઢ [સં.] પું. એક જાતનું દુર્ગંધી ઘેરનું ઝાડ.

પૂતિયોનિ [સં.] પું. એ નામે એક જાતનો યોનિરોગ.

પૂતિરક્ત [સં.] ન. નાકમાંથી દુર્ગંધીવાળું લોહી નીકળવાનો રોગ.

પૂતિરજ્જુ [સં.] સ્ત્રી. એ નામે એક લતા.

પૂતિરુહા [સં.] સ્ત્રી એક પ્રકારનું ઝાડ. સડી ગયેલ વનસ્પતિ ઉપર અથવા સડેલ મડદા ઉપર થતું કૃમ જેવું ઝાડ.

પૂતિલ પું. મચ્છરના વર્ગની એક જાત.

પૂતિવક્ત્ર [સં.] વિ. દુર્ગંધી મુખવાળું.

પૂતિવક્ત્રા [સં.] સ્ત્રી. મુખનું દુર્ગંધીપણું.

પૂતિવર્ચરી [સં.] સ્ત્રી. વનતુલસી; જંગલી તુલસી.

પૂતિવરતુ જુ. ખાલ; ઊતરી ગયેલી ચામડી; કાંચળી.

પૂતિવાત ૧ પું. ટાઢિયો તાવ; 'મેલેરિયા.'
૨. [સં.] પું. દુર્ગંધી વાયુ.
૩ પું. બીલીનું ઝાડ.

પૂતિવાયુ જુઓ પૂતિવાત.

પૂતિવૃક્ષ [સં.] પું. સ્વોનાક વૃક્ષ.

પૂતિશ્રવ [સં.] વ. જેનાથી પરુ વહેતું હોય એવું ગૂમડું.

પૂતિશાક [સં.] વ. અમરવેલો.

પૂતિશારિવા ૧. [સં.] સ્ત્રી. તે નામે એક જાતની જંતુ.
૨. સ્ત્રી. વનબિલાડી.

પૂતિશ્વાસ [સં.] પું. દુર્ગંધીયુક્ત શ્વાસ.

પૂતિસુંજય ૧. [સં.] પું. એ નામે એક પ્રાચીન દેશ.
૨. બ. એ નામે દેશનો નિવાસી.

પૂતી ૧. [હિ.] સ્ત્રી. ગાંઠ.
૨. સ્ત્રી. વાંસનું ટુકડું.

પૂતીક ૧. [સં.] પું. ગંધમાર્જાર; એક જાતનો બિલાડો.
૨. પું. દુર્ગંધવાળું કરંજ; પૂતિકરંજ વૃક્ષ.
૩. પું. સોમને બદલે વપરાતો છોડ.
૪. વ. કાંજી.

પૂતીકરક્ત [સં.] વ. પૂતીકરક્ત; હોળી જવું તે; ગંધાઈ જવું તે.

પૂતીકરંજ [સં.] પું. તે નામે એક કરંજ.

પૂતીકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

પૂતીનાસ પું. નાકના મોભારા માંહેનો એક રોગ. તેમાં નાક અને મોઢા વાટે દુર્ગંધયુક્ત શ્લેષ્મ બહાર નીકળે છે.

પૂતીજરન [સં.] વ. સડો.

પૂત્કાર [સં.] પું. પોકાર; ચીસ.

પૂત્કારી ૧. [સં.] સ્ત્રી. ભોંયરાની; પાતાળમાં આવેલી નાગોની એ નામની નગરી.
૨. સ્ત્રી. સરસ્વતી દેવીનું એક નામ.

પૂત્કૃતિ [સં.] સ્ત્રી. પોકાર; ચીસ.

પૂત્યંડ ૧. [સં.] પું એક જાતનો દુર્ગંધી કીડો; ગંધકીટ.
૨. પું. કસ્તૂરીમૃગની જાતિનો એક મૃગ.

પૂત્રિત [સં.] વિ. ફૂલ્યા કરેલું.

પૂથિકા [સં.] સ્ત્રી. પૂતિઝ ઝાડ.

પૂદ [ફા.] પું. તાજો.

પૂદના પું. ઉત્તર ભારતમાં જોવામાં આવતું એ નામનું પક્ષી. તેનો રંગ ભૂરો હોય છે, પરંતુ ઋતુભેદ પ્રમાણે તેનો રંગ બદલાય છે. તેની શરીરની લંબાઈ સાત ઇંચ હોય છે. તે જમીન ઉપર માળો કરે છે અને ઘાસનો માળો બનાવી રહે છે.

પૂદરી કીડી (પૂદરી કીડી) સ્ત્રી. એક જાતની કીડી. તેના શરીરમાંથી એક પ્રકારની વાસ નીકળે છે અને જે વસ્તુ ઉપર એ ચડે તેમાં તે વાસ પેસી જાય છે.

પૂન ૧. પું. કલપૂત નામનું વૃક્ષ તેનું લાકડું પ્રમારત બનાવવાના કામમાં આવે છે.
૨. [ય.] પું. તરવારની મૂઠની કે કરવાની લાકડીની ખોળ.
૩. પું. ધાતુની ઠોપી.
૪. પું. ભારતના પશ્ચિમ કિનારા ઉપર થતું એક પ્રકારનું જંગલી બદામનું વૃક્ષ. તેનાં ફૂલ અને પાન દવાના કામમાં આવે છે અને ફળમાંથી તેલ કાઢવામાં આવે છે.
૫. વ. અનુસ્વાર.
૬. વ. પુષ્પ.
૭. વ. ઊનવા ભીંડું.
૮. [સં.] વિ વિનાશ પામેલ; ખોવાઈ ગયેલ.

પૂનમ ૧. [સં. પૂર્ણિમા] સ્ત્રી. જે દિવસે ચંદ્ર પૂર્ણ જાય છે તે તિથિ; પૂર્ણ ચંદ્ર જેમાં તે દહાડો; રાકા; પૂર્ણિમા; શુક્લ પક્ષનો છેલ્લો દિવસ.
૨. સ્ત્રી. ધાર્મિક મુખ.

પૂનમિયા જુઓ પું વ. ન. જય જેવાં ઝોલાંવાળા એક જાતના ઘઉં.

પૂનરસલાઈ [હિ.] સ્ત્રી. પૂણી બનાવવાનો સળિયો.

પૂના ૧. પું. એ નામે મહારાષ્ટ્રનું એક પ્રસિદ્ધ નગર. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: પૂના નાના નાના કુંગરોના ટેકરા વચ્ચે વસેલું મોટું શહેર છે. તે મૂળા નદીને કાંઠે છે અને આંથી થોડેક છેટે મૂઠા નદી હોઈ આ શહેર મૂળા મૂઠા નદીને કાંઠે આવેલું કહેવાય છે શહેરમાં સંખ્યાબંધ હાઇસ્કૂલો, ગેતવાડી કોલેજ આર્ટ્સ કોલેજ અને એન્જિનીયરિંગ કોલેજ વગેરે જુદા જુદા વિદ્યાઓની ૭ સાત કોલેજો. કર્વેની સ્ત્રીઓ માટેની યુનિવર્સિટિ વગેરે પણ જોવાં વિદ્યાલયો હોવાથી આ શહેર કોલેજો સબબથી હિંદનું ઍક્સિફર્ડ કહેવાય છે. શહેરની બહાર રે માર્કેટ, પેશ્વાઓના જૂના મહેલ અને કિલ્લો, બોટેનિકલ ગાર્ડન, બંધગાર્ડન જોવા જેવાં છે આ સિવાય જૂનાં પુરાણાં સ્થળ, જેવાં કે પાંડવગુફા રાણીનો બાગ, તથા પર્વતીટિલ પણ જોવા જેવાં છે. પર્વતીટિલ ઉપર

શંકરનું તથા દેવી વગેરેનાં મંદિર છે. શિવાજી મહારાજનું આવલું પ્રભાથી આલની નાની મિલિટરિ સ્કૂલના કંપાઉન્ડમાં છે. આ આવલું એક ઊંચા રૉન્ડ ઉપર છે, જેમાં એક ઘોડા ઉપર સવારી કરેલ શિવાજી મહારાજ સામે આલ્યા આવતા હોય એવું દેખાય છે. આની બેઠકમાં મયાન અને જમણા હાથમાં ખુલ્લી તલવારની કર્સનીય છે.

૨. પું. પુષ્ય નક્ષત્ર.

પૂનાક [સં.] પું. ખોળ.

પૂના સેક્ટર [અં.] ન. એક જાતનું ગામડું. પ્રથમ તે પૂનામાં બનતું.

પૂની [હિં.] સ્ત્રી. પૂણી.

પૂનેમ જુઓ પુનમ.

પૂનો [સં. પૂર્ણિમા] સ્ત્રી. (હિંદી) પૂનમ.

પૂન્યમ [સં. પૂર્ણિમા] સ્ત્રી. પૂનેમ.

પૂન્યો સ્ત્રી. બીજનો દિવસ.

પૂપ ૧. [સં.] પું. માલપૂઆ; પૂડો; માલપૂડો.

૨. [સં. પૂય, મા. પૂય] ન. પીપ; પરુ; બગડી જઈ ધોળું થઈ ગયેલું લોહી.

પૂપસ્તંભ ૧. ન. વજ્રસ્તંભ.

૨. ન. આમડું.

પૂપર [મા.] પું. માલપૂઆ; પૂડો.

પૂપલા [સં.] સ્ત્રી. પ્રાચીન કાળનું એ નામે એક જાતનું મીઠું પકવાન; એક જાતની તળેલી મીઠી પૂરી; પોળી.

પૂપલિકા જુઓ પૂપલા.

પૂપલી ૧. [સં.] સ્ત્રી. તળેલી મીઠી પૂરી; પૂપલા; પોળી.

૨. સ્ત્રી. નાના છોકરાની ઇન્દ્રિય; વઘેલી; બપૂલી.

૩. સ્ત્રી. પોલી નળી.

૪. સ્ત્રી. બચ્ચાંઓને રમવાનું લાકડાનું બહુ નાનું રમકડું.

૫. સ્ત્રી. વાંસ આદિમાંથી બનેલી નાની નળી.

પૂપશાલા [સં.] સ્ત્રી. માલપૂડા વગેરે પકવાન બનાવવાની કે રાખવાની જગ્યા.

પૂપાલિક [સં.] પું. રોટલી; પોળી.

પૂપાલિકા [સં.] સ્ત્રી. પૂરી; પોળી.

પૂપાલી ૧. સ્ત્રી. અર્ધી શેકી કે તળેલી રોટલી બનાવેલ પૂરી.

૨. [સં.] સ્ત્રી. માલપૂઆ; પૂપલા.

પૂપાષ્ટકા [સં] સ્ત્રી. માગશર કે પોષ વદિ આઠમ. તે દિવસે માલપૂડા વડે શ્રાદ્ધ કરવામાં આવે છે.

પૂપિક [સં.] પું. પૂપ, પૂરી વગેરે પકવાન.

પૂપિકા જુઓ પૂપલા.

પૂપ્ર ન. ફૂલ; પુષ્પ.

પૂપ્રાપ્ત સ્ત્રી. ઓખા પાસે બનતી એક જાતની માછલી.

પૂમ ૧. [સં. પુમ્બા (૨)] સ્ત્રી. કાચા ઉપરનો સુંવાળો અંકુર; કાચ ઉપરની રુવાંટી

૨. સ્ત્રી કોમળ તંતુ; બારીક રૂંવાટું.

૩. [સં. પુમ્બા] સ્ત્રી. ૩ પીંજતાં ઊડતી ઝીણી રજ કે રુવાંટી.

પૂમડી (પૂમડે) ૧. સ્ત્રી. કોકને વળગી રહેલું ૩.

૨. સ્ત્રી. નાનું પૂમડું.

પૂમડું (પૂમડું) ૧. ન. કાનના છિદ્રમાં નાખવામાં આવતો રૂનો નાનો ગોટો.

૨. ન. રૂનો; લટો; ઢગો.

૩. ન. પાણી, ઓસડ કે અત્તરમાં ભીંજવેલો ૧ કે રૂનાનો ગાભો; નાનું પોતું.

૪. ન. ફૂલ.

૫. ન. બે આંગળા વચ્ચે આવે તેટલા રૂની જોગ.

૬. ન. ભીંજવેલું ૩.

૭. ન. રૂની વાટ; દેવતાની આરતી પૂજનમાં દીપને સ્થાને જલાવે રૂના વસ્ત્રાળાના આગની કરવામાં આવતી ટૂંકસી વાટ.

૮. ન. રૂનો બહુ નાનો પિંડ; પૂમનો અપડીમાં રહે એટલો જથ્થો; અપડીએ પકાવ કે અપડીમાં રહે એટલો રૂનો નાનો ગાભો; રૂનો હજારો જેટલો જોગો રૂનું પોતું.

૧. પૂમડા જેવું = નાનું ને સુકોમલ.

૨. પૂમડે પાણી મૂકવું = બધું દુઃખ દેવું; હેરાન કરવું; ત્રાસ આપવો.

૯. ન. વચ્ચેથી ચોડો ઊભો ભાગ વણીને બનાવેલી પૂમડાની વાટ.

૧૦. વિ. જલાડ; હજાર; પાણી કે અત્તરમાં ભીંજવેલા રૂના ગોગા જેટલું.

ઇજ્જતાં પૂમડું પાણી નહિ ને મૂએ મસાણમાં આવ = આબરૂ ઇજ્જતનો લોભ લાંબુથી તેની કાંઈ સારસંભાળ ન લેવી અને મરે પછી તેને માટે હાજરણી બતાવવી.

પૂમતું ન. કૂમતું; ખોટું.

પૂય [સં] ન. વિકૃત લોહી; પરુ; ચામ; પીપ; ગૂમડું વગેરેમાંથી નીકળેલ લોહીવિકાર કે પરુ.

પૂયકર [સં] પું. (પુરાણ) એ નામે એક પ્રેતયોનિ. તેમાં અધર્મિષ્ટ મરેલા વૈશ્યો મરીને જાય છે. આ પ્રેતનો ખોરાક પરુ કહેવાય છે.

પૂયકૂટ [સં.] પું (પુરાણ) એ નામે એક નરક.

પૂયજ વિ. પૂયવર્ધક; પીનસય.

પૂયજનક ૧. [સં] ન પરુ ઉત્પન્ન કરનાર જંતુ.

૨. વિ. પરુ ઉત્પન્ન કરનારું.

પૂયજનન [સં.] ન. પરુનું ઉત્પન્ન થવું તે.

પૂયદુષ્ટિ સ્ત્રી. પૂયદોષ.

પૂયદોષ પું. પરુ નીકળવાથી થતો દોષ.

પૂયન [સં.] પું. પરુ; પૂય.

પૂયનારક [સં.] પું લીંબડો.

પૂયપ્રમેહ [સં.] પું. (વૈદક) એ નામે એક જાતનો રોગ. તેમાં પરુ જેવું મૂત્ર નીકળે છે અથવા મૂત્રમાંથી પરુ જેવી દુર્ગંધ નીકળે છે.

પૂયભવન [સં પૂય (પરુ) + ભવન (થવું તે)] ન. ગાત્રવિધિ.

પૂયમાર્ગ [સં.] પું. પરુ વહેવાનો માર્ગ.

પૂયમેહ પું. (વૈદક) એક પ્રકારનો મૂત્રાશયનો વ્યાધિ. આ વ્યાધિમાં વૃષણ ઉપર સોજો આવે અને મણ પણ થાય. વખત જતાં તે ગ્રંથ ગર્ભ બને. એ સ્થિતિમાં વીર્યસ્રોતો દબાઈ જઈ બંધ થઈ જતા હોવાથી પુરુષ નપુંસક બની જાય છે.

પૂયરક્ત ૧. [સં.] પું (વૈદક) એક જાતનો નાકનો રોગ. તેમાં રક્તપિત્તની અધિકતાને લીધે અથવા માથા ઉપર ઘા થવાથી નાકમાંથી પરુવાળું લોહી નીકળે છે.

૨. ન. પરુ સાથે લોહી.

પૂયવર્ધક [સં.] વિ. પૂયજ; પીનસય.

પૂયવાહ [સં.] પું. એ નામે એક નરક.

પૂયવિકાર [સં.] પું. પરુવિકાર.

પૂયવીર્ય વિ. પ્રમેહના રોગવાળું.

પૂયશોણિત [સં] ન. ઘસાટના ઘામાં ચોટ લાગવાથી અથવા દોષનો પ્રકોપ થવાથી નાકમાંથી નીકળતું પરુમિશ્રિત લોહી.

પૂયસ્રાવ [સં.] પું (વૈદક) આંખનો સાંધો પાકીને તેમાંથી પરુ નીકળવાનો રોગ.

પૂયા ૧. [સં.] પું. દોષવું તે.

૨. પું. ખોડાની એક જાત.

૩. પું. પરુ.

પૂયારિ [સં.] પું લીંબડાનું ઝાડ.

પૂયાલસ ૧. [સં.] પું (વૈદક) આંખનો એ નામે એક રોગ. તેમાં કીડીના સાધામાં સોજો થવાને લીધે તે જગા પાકી આવે અને તેમાંથી દુર્ગંધવાળું પરુ નીકળે

૨. પું. સાંધામાં થતો એક જાતનો રોગ.

પૂયાલસક [સં.] પું (વૈદક) એ નામે એક રોગ. તેમાં કીડીના સંચારમાં સોજો આવે છે, તે પાકે છે અને નાકમાંથી દુર્ગંધવાળું પરુ નીકળે છે.

પૂયોત્પત્તિ [સં.] સ્ત્રી. પરુ ઉત્પન્ન થવું તે.

પૂયોત્પાદન [સં.] ન. પરુ ઉત્પન્ન થવું તે.

પૂયોદ [સં.] ન. તે નામે એક નરક; પંદરમો નરકકુંડ; રક્ત, પરુની ભરેલ એક નરક. જે મદ્યપ થઈને અને એવા નીચ સ્ત્રીઓનો સંગ કરે એને આ નરકમાં યાતના ભોગવવી પડે એમ મનાય છે.

પૂર્ ૧. [સં.] સ. ક્રિ. આનંદ પમાડવું; ખુશી કરવું.

૨. સ. ક્રિ. ઉમેરવું; મેળવવું.

૩. સ. ક્રિ. ગોંધી રાખવું; અટકાયતમાં રાખવું.

૪. સ ક્રિ. પાણી નાખી ભરી દેવું.

૫. સ. ક્રિ. પૂરું પાડવું.

૬. સ ક્રિ. પૂરો આકાર કાઢવો; ચીતરવું

૭. સ. ક્રિ. પૂર્ણ કરવું.

૮. સ. ક્રિ. પ્રસન્ન કરવું.

૯ સ. ક્રિ. (ધાતુ) ભરવું; પૂરવું. તે ઉપરથી થયેલ શબ્દ: સંપૂર્ણ; પૂર્ણ; પૂર્ણાહુતિ; પૂરક; પૂર.

પૂર ૧. [સં.] પું. ચૂમકું વગેરે સાફ કરવું તે; પ્રમુર્જન.

૨. પું. દીકરો; પુત્ર.

૩. પું. (પુરાણ) ક્રુરુ નામના વસુ અને ધરણીનો એ નામનો પુત્ર.

૪. પું. પાણીનો ઉછાળો; પાણીનું જોર; વેગ; નવા પાણીનું નદીનાળામાં એકસંધ આવવું તે; નદીમાં પાણી વધી વિસ્તાર પામે તે; રેલ.

૫. પું. પૂરો; માલપૂરો.

૬. પું. પ્રવાહ.

૭. પું. પ્રાણાયામમાં પૂરકની ક્રિયા.

૮. [કિં] પું. અગ્નિ.

૯. વ. એક જાતનું અત્તર; દાહજ્વર; દાહપૂર.

૧૦. ન. નગર.

૧૧. ન. પકવાન્નમાં ભરવામાં આવતો મસાલો અથવા બીજો પદાર્થ.

૧૨. ન. પૂરણપોળી વગેરેનું પૂરણ.

૧૩. ન. પૂળો; પૂલક.

૧૪. ન. પ્રવાહ.

૧૫. ન. હલકા ઉપજના બરાબર ત્રણ ભાગ. તેમાં એક ભાગ જમીનદાર અને બે ભાગ ખેડનાર લે છે.

૧૬. ન. ઓટાઈ; કર.

૧૭. ન. શરીર; દેહ.

આ અગ્નિબાર આઈ છે. પૂર અજન્મ અજરાનું, પ્રસન્ન તે કરી સોચે ન આવે વિમુક્ત તે સદા.
કૈવલ્યોપનિષદ

૧૮. વિ. જોઈએ તેટલું કે કંઈક વધારે.

૧૯. વિ. ભરેલું; તર; ઠાંકોઠાક; સંપૂર્ણ; પૂરેપૂરું; પૂરું; પૂર્ણ.

૧. કીડીને કોળિયે પૂર = અલ્પમાં વસ્તુ.

૨. કૂવો પૂરવો = કૂવામાં પડી મરી જવું

૩. પૂર પહેલાં પાર બાંધવા = આફત આવતા પહેલાં જ તેનો ઇલાજ સોધી રાખવો.

૨૦. અ. જોઈએ તેટલું.

૨૧. અ. નામને અંતે જોડવું, ના આપે, સુધી, પર્યંત જેવા અર્થમાં આવતો અવ્યય. જેમકે, વાંસપૂર.

પૂરક ૧. [સં. પૂર્ (ભરવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું. (ગણિત) આપેલી રકમમાં જે અંક ઉમેરવાથી બમણો આવેલો સરવાળો આવી રહે તે અંક; પૂરક આવ્યો કે રકમ, જેમકે, ૪માં ૮ ઉમેરવાથી ૧૨ થાય છે. તેમાં ૮ પૂરક છે.

૨. પું. નવ મહિનો એક જાતનો પ્રાણવાયુ

૩. પું. દૂધનો ઉભરો.

૪. પું. પોતાના મૃતક સમયમાં આપવાનો પ્રેતનો દેહપૂરક પિંડ; હિંદુઓમાં જેમ મરનારની પાછળ તેના મરણદિવસથી દસ દિવસ સુધી હમેશા અપાતો પિંડ. કહેવાય છે કે, શરીર બળ્યા બાદ પછી આ પિંડથી મરનારના શરીરની પૂર્તિ થાય છે અને તેથી તેને પૂરક કહે છે. પહેલા પિંડથી આયું, બીજાથી આંખો, નાક અને કાન, ત્રીજાથી ગળું, ખોબાની છાતી એમ જુદા જુદા પિંડથી જુદા જુદા ભાગ બનતા હોવાનું મનાય છે.

૫. પું. પ્રાણનું શરીરમાં પેસવું તે.

૬. પું. પ્રાણાયામ કરતી વખતે ચડાવવાનો શ્વાસ.

૭. પું. બિલ્લેરી સીંદુનું ઝાડ

૮. પું. શ્વાસ અંદરથી ખેંચવાની ક્રિયા; પ્રાણાયામ વેળા બહારના પ્રાણવાયુને નાકથી આકર્ષી શરીરમાં દાખલ કરવાની ક્રિયા; જમણું નસકોરું બંધ કરી ડાબા નસકોરા વડે શ્વાસને અંદર ખેંચવો તે; પ્રાણાયામમાં શ્વાસ અંદર ખેંચવાની ક્રિયા.

૯. વિ. પૂરું કરનાર; પૂરનાર; પૂર્ણ કરનાર; ભરનાર.

પુરુષ પ્રકૃતિ છે એ શક્તિ મહાન વિશ્વમાં,
પૂરક એકબીજાને કોણ કોમ સ્વતન્ત્રમાં.
ગાંધીગીતા

૧૦. વિ. પૂરું કરનાર.

૧૧. વિ. પ્રસન્ન કરનાર.

પૂરકકોષ્ઠ [સં.] પું. (ગણિત) જે બે ચૂણાનો સરવાળો બે ગટચૂણ બરાબર થાય તે બે મહિનો દરેક ચૂણો; 'સપ્લીમેંટરિ એંગલ'.

પૂરકખૂણ જુઓ પૂરકકોષ્ઠ.

પૂરકતા [સં.] સ્ત્રી. ખૂટતું પૂરું કરવું તે.

પૂરક ધન [સં] ન. બળતરની રકમ.

પૂરક નિર્વાચન [સં.] ન. ચેરા ચૂંટણી.

પૂરક પ્રાણાયામ [સં] પું. ડાબી નાસિકાથી શ્વાસ બારા જેટલા વખત સુધી પ્રાણવાયુને ખેંચવો તે.

પૂરક ફેસલ પું. વધારાનો ફાલ.

પૂરક બલ [સં.] ન. એકબીજાની પૂર્તિ કરનારું બળ.

પૂરક ભાષા જુઓ પૂરકકોષ્ઠ.

પૂરક ભૂલ સ્ત્રી. એકબીજાની પૂર્તિ કરનારી ભૂલ.

પૂરક યોગપદ્ધતિ [સં.] સ્ત્રી. (ગણિત) ગણિતની એક પદ્ધતિ; મોટી રકમમાંથી નાની રકમ બાદ કરવાને બદલે નાનીમાં કેટલા ઉમેરીએ તો મોટી સંખ્યા આવે એવી રીતે બનાવવાની રીત.

પૂરક લાગત સ્ત્રી. વધારાની લાગત

પૂરક વાયુ [સં.] પું. પૂર્તિ કરનાર વાયુ.

પૂરકાઙ્ક [સં.] પું. બિલ્લેરનું ઝાડ

પૂરણ ૧. [સં.] પું. (પુરાણ) એ નામે એક ઋષિ.

૨. પું. (ચારણી) નાગ્રપિંગળ બાંધેલો એક વર્ણમેળ છંદ.

૩. પું. પુરુષ.

૪. પું. લીમડાનું ઝાડ.

૫. પું. સમુદ્ર.

૬ પું. સેતુ; પુલ.

૭. ન. મનમાં તેલ ભરવાની ક્રિયા.

૮. ન. બલાસ કરવાની ક્રિયા; સમાપ્ત કરવું તે.

૯. ન. બાકી વગેરેમાં પૂરવાનું કે ભરવાનું મટોડું વગેરે; પૂરણી.

૧૦. ન. ઘણી રોટલીમાં ભરવાનો દાળ ને મોળનો બનાવેલો માવો; વેઢમીમાં ભરવાને બનાવેલી ઘણી જાતકાદાળ; વેઢમી, પારી કે ઘણા રોટલીનાં બે પડ વચ્ચે ભરવાનો મસાલાદાર બનાવેલો માવો; મગ કે તુવેરની દાળને બાંધ કે મોળ બેળી દઈ બનાવેલો માવો.

૧૧. વ. (ગણિત) ગુણાકાર; અંકગુણન.

૧૨. ન. પૂરક પિંડ; મરનારની પાછળ દસમે દિવસે અપાતો પિંડ

૧૩. ન. પૂરવો.

૧૪. ન. પૂરવાની કે ભરવાની વસ્તુ; પૂરેલી વસ્તુ. જેમકે, પોળાનું પૂરણ, જમીનનું પૂરણ.

૧૫. ન. પૂરવું તે; ભરવું તે.

૧૬. ન. પૂરું કરવાની ક્રિયા; પરિપૂર્ણ કરવું તે; પૂર્ણ કરવું તે.
૧૭. ન. પૂર્તિ.
૧૮. ન. વાત પ્રસંગને લીધે થતો એક રોગ કે વ્યાધિ.
૧૯. ન. વિષ્ણુતૈલ.
૨૦. ન. વૃષ્ટિ વરસાદ.
૨૧. ન. સંખ્યાપૂરક.
૨૨. વિ. તમામ.
૨૩. વિ. પૂરનાર; ભરનાર; પૂર્ણ કરનાર.
૨૪. [સં. પૂર્ણ] વિ. પૂરું; પૂર્ણ; ભરેલું; પૂરેપૂરું, સંપૂર્ણ
૨૫. વિ. પૂર્ણ ભરેલું; ભરપૂર; ઠાંઠોઠાંઠ.
૨૬. વિ. પ્રવીણ; હોંશિયાર; નિપુણ
૨૭. વિ. પ્રસન્ન કરનાર.
૨૮. વિ. સર્વવ્યાપક; સર્વવ્યાપી.

અલ અત્યર્થ સમર્થ અલ અલ પૂરણનું નામ,
અલ આત્મસુ અલસ લટ્ટ અજ અમોહન રામ.
પિંગલપ્રકોષ

પૂરણકામ જુઓ પૂર્ણકામ.

પૂરણકારયપ પું. અર્ધમાગધ પંથનો એ નામનો નાયક.

પૂરણપાળ પું. સપાદલક્ષ નામના દેશનો રાજા અર્ણોરાજ. તે આ નામથી પ્રસિદ્ધ હતો. ગાઝનવી તેની રાજધાની હતી.

પૂરણપોળી સ્ત્રી. ચણા કે તુવેરની દાળવાળું ખાંડ કે ગોળના મિશ્રણથી પૂરણ કરી, તેને રોટલીની પેઠે વણી, લોઢી ઉપર શેકી, ઘી સાથે ખાવાની એક વાની; ચળો ભાખો ભરીને તૈયાર કરેલી એ પડવાળી રોટલી; પૂરણ ભરીને બનાવેલાં પોળા કે રોટલી; મણી રોટલી; વેઢમી

પૂરણમાસી જુઓ પૂનમ.

પૂરણહા વિ સ્ત્રી. પૂરવાવાળી.

પૂરણિકા સ્ત્રી. પૂર્તિ; પરિશિષ્ટ.

પૂરણી ૧ [સં. પૂર્ (ઉમેરવું)] સ્ત્રી. ઉશ્કેરણી. ચડાવો; ઉત્તેજના; ચડવણી.
૨. સ્ત્રી. કોર્ટ બાબતમાં વધારાનું કથન.
૩. સ્ત્રી જમીનમાં બાકાનો પૂરવાનું કામ; બાકો ભરવો તે.
૪. સ્ત્રી ટીપ ક્રિયા લખાણમાં ઉમેરો.
૫. [સં] સ્ત્રી. દુર્ગા.
૬. સ્ત્રી પૂરવણી; પૂરવું તે.

છે એક જ દરજ્જાના સ્ત્રી અને પુરુષે સહુ,
એક જ નથી જોડા છે એકબીજાની પૂરણી
ગાંધીગીતા

૭. સ્ત્રી પૂરવાની કે બાકા વગેરેમાં ભરવાની વસ્તુ; ઈંટ, રોડાં, માટી, રેતી વગેરે.

પૂરણી પૂરવી = બાકી બાકા પૂરવો; સપાટી સરખી કરવી; ઊંચાણ કરવું.

૮. સ્ત્રી. પૂરવું તે; પૂરી દેવું તે.
૯. સ્ત્રી. પૂરું કરવું તે.
૧૦. સ્ત્રી. પૂર્ણ કરનારી સંખ્યા.
૧૧. સ્ત્રી વધારાનું કથન; પૂર્તિ.
૧૨. સ્ત્રી. વધારો; ઉમેરણ; અધૂરું હોય તે પૂરું કરવું અથવા હોય તેમાં નવું વધારવું તે; ઝપસી.
૧૩. સ્ત્રી. રાતમલી વસ્ત્ર; રૌમળો.
૧૪. સ્ત્રી સેતુબંધ; 'એબ્એન્કમન્ટ'.

પૂરણીય [સં.] વિ. પૂરું કરવા જેવું; ભરવા જેવું.

પૂરત ૧. સ્ત્રી. ઘટતું પૂર્ણ કરવું તે.
૨. સ્ત્રી ઘડી; પડ.
૩. સ્ત્રી. પક્ષું; પહેરામણી; કન્યાને તેના પિતા તરફથી અપાતી રીત; કન્યાને લગ્ન વખતે આપેલ કરિયાવર જે જાહેરમાં બતાવવામાં આવે છે તે; કન્યાનાં માબાપ તરફથી પહેરામણી કે નાતના રિવાજ પ્રમાણે જે કંઈ આપવાનું હોય તે; દેવતી.
૪. સ્ત્રી. પહેરામણીનો અધૂરો અવેજ પૂરો કરનારી રકમ; વરકન્યાનાં માબાપે સાટા પ્રમાણે આપવા ઠરાવ્યું હોય તે પૂરું કરી આપવું તે.
૫. સ્ત્રી. પુરાંત; સિલક.
૬. સ્ત્રી. શેષ; બાકી.

પૂરતલ વિ. પૂરનાર.

પૂરતા સ્ત્રી. અપેક્ષિત હોવું તે; પૂરતું પ્રમાણ.

પૂરતી ૧. સ્ત્રી. પુરવણી.
૨. વિ.સ્ત્રી. બસપતી; ભોપતી.
૩. વિ સ્ત્રી. પુષ્કળ.

પૂરતું ૧. વિ. જોઈએ તેટલું; ઉપયોગ જેટલું.

કોટી પૂરતી એ સૌ મે કરે અન્દરી ખંતથી,
ગ્રંથ નીચ તણો જેહ ટળ્યા અવેજ તે બદ.
ગાંધીગીતા

૨. વિ. પૂર્ણ; સંપૂર્ણ.

પૂરદર્દ વિ. જેની અંદર પોતાનું બધું દર્દ આવી જાય એવું; કરુણ.

પૂરન ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ગાહિની કુંડલિની છંદનો એક ભેદ છે તેમાં ૧૮ ગુરુ અને ૧૨૨ લઘુ મળી ૧૪૦ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.
૨. પું. એક સુગંધી ઘાસ.
૩. પું. ગુણાકાર.
૪. પું. પૂરું કરવાની ક્રિયા.
૫. વિ. પૂરું કરતું.
૬. વિ. પૂર્ણ.

પૂરનપૂરી [હિં.] સ્ત્રી. એ નામે એક જાતની મીઠી પોળી; પૂરણપોળી.

પૂરનમાસી સ્ત્રી. પૂર્ણમાસી; પૂર્ણિમા.

પૂરનમાસીના ચાર = (૧) ખૂબસૂરત ચહેરો, (૨) ચાંદ્રમાસનો ચૌદમો દિવસ. (૩) પૂર્ણિમા.

પૂરનહાર વિ. પૂરનાર.

પૂરપાટ ૧. વિ ઘણું જ ઉતાવળું.
૨. ક્રિ. અત્યંત વેગથી; પૂરા વેગથી; સપાટાબંધ; રેલના પાણીના વેગ પ્રમાણે; નાળતોબા; ઉતાવળે; સપાટાબંધ; પૂરવેગમાં; ત્વરાથી; અત્યંત ગતિથી.

પૂરપાટ દોડ્યું = ઘણી શી તેટલી ઝડપથી દોડવું.

૩. ન. અજંપ; અકળામણ વગર; એકધારું.

પૂરબ ૧. [હિં.] પું. ગંગા નદીની પૂર્વમાં આવેલો મુલક.
૨. પું. પૂર્વ દિશા.
૩. વિ. અગાઉનું.
૪. વિ પૂર્વનું.

પૂરબણી સ્ત્રી. પૂરબિયાની સ્ત્રી.

પૂરબલ ૧. [હિં.] પું. પૂર્વજન્મ.
૨. પું પ્રાચીન સમય.

પૂરબહાર વિ. પૂર ખીલી રહેલ.

પૂરબિયુ પું. પૂનમનો ચંદ્ર.

પૂરબિયા ૧. [હિં.] પું (સંગીત) બિહાર પ્રાંતમાં અને બિહારી ભાષામાં ગવાતો એ નામે એક જાતનો ઠાવરો રાગ
૨. પું બ.વ. એક જાતના તલ. તે ફક્ત રાતા હોય છે. પૂર્વા નક્ષત્રમાં તે વવાય છે તેથી તે પૂરબિયા કહેવાય છે.

પૂરબી ૧. પું પુરબિયો.
૨. પું. (સંગીત) બિહાર પ્રાંતમાં અને બિહારી ભાષામાં ગવાતો એ નામે એક જાતનો ઠાવરો રાગ.
૩. સ્ત્રી. એક જાતની તમાકુ.
૪. સ્ત્રી. પૂર્વની બોલી
૫. સ્ત્રી (સંગીત) વિદ્રોળ રાગની આઠ ભાંડેની એક પુત્રવધૂ તેની જાતિ સંપૂર્ણ છે. એટલે ષડજ શુદ્ધ, રિષભ કોમળ, ગંધાર, તીવ્ર, મધ્યમ તીવ્ર અને કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર ગંધાર અથવા તીવ્ર મધ્યમ છે. વાદી સ્વર રિષભ છે. પંચમ ન્યાસ સ્વર છે. ધૈવત સંવાદી સ્વર છે. તે ગાવાનો વખત સાંજનો છે. તે ગૌડ, દેવગિરિ અને ગોરીથી મિશ્ર છે.
૬. વિ. પૂર્વ તરફનું; પૂર્વને લગતું.

પૂરિત

પૂરબી બાજ પું. (સંગીત) સિતારના વગ્ર બોલોને લઘુ ગુરુ પ્લુત, દ્રુત, અનદ્રુત ઇત્યાદિ પ્રમાણમા બાલ્યાબાલ્યા ત્વરાથી અમુક તાલના નિયમમા લાવવાથી થતો બાજ. તેને મુલાયમરુપ આપવા ફિરોજખાની બાજ પણ કહે છે. આ બાજમાં ચપદુત રાખવી પડે છે, તેથી હાથની તૈયારી ઘોર તોજ તે વગી શકે છે. તેના બોલ દા દરા દરા રા દા દરા દા રા દા દારા દરા દરા દરા દરા દા ઇત્યાદિ.

પૂરબી શ્યામ પું. (સંગીત) બાર માંહેની એક જાતિનો શ્યામ રાગ.

પૂરમપૂર વિ. ભરપૂર; ભરચક.

પૂરર્યંતી સ્ત્રી. હિંદુ જ્યોતિષ પ્રમાણ શુક્લ પક્ષની સોળમી રાત્રિ.

પૂરયિતવ્ય [સં.] વિ. પૂરવા જેવું.

પૂરયિતા ૧ [સં પૂરયિતૃ] પું. વિષ્ણુ.
૨. પું શિવનાં હજાર માહેનું એક નામ.
૩. વિ. પૂર્ણ કરનાર; પૂરક; ભરનાર.
૪. વિ. પ્રસન્ન કરનાર.

પૂરવ સ્ત્રી. (વહાણવટું) પૂર્વ દિશા.

પૂરવછાડુ પું. દોહરો.

પૂરવછાયો પું પહેલાની કડીની અમા વર્ણ આગળ ચલાવેલી કવિતા.

પૂરવટો ૧. પું. પુરાવો.
૨. પું પૂર્તિ; પૂરું પાડવું તે.

પૂરવડો (પૂરવડો) પું. જથ્થો.

પૂરવવું ૧. સ. ક્રિ. ઉપભોગને યોગ્ય થવું.
૨. સ. ક્રિ મોંમાવું; અટકાયતમાં રખાવું.
૩. સ. ક્રિ. પરવડવું; આફક આવવું.
૪. સ ક્રિ પૂરું પડાવું.
૫. સ ક્રિ ભરાવું; ભરી કઢાવું.
૬. સ. ક્રિ. પર્યાપ્ત થવું.
૭. સ ક્રિ કામળેલું થઈ પડવું.
૮. સ ક્રિ. કોઈ પૂરે એમ કરવું; કોઈની પાસે પુરાવવું
૯. સ. ક્રિ. ગમવું.
૧૦. સ. ક્રિ. પુરવણી કરવી.
૧૧. સ ક્રિ ટેકો આપવો.
૧૨. સ. ક્રિ. પૂરું પડાવું; પૂરું થવું.
૧૩. સ. ક્રિ. પૂર્ણ કરવું.
૧૪. સ. ક્રિ. ભરવું; પૂરવું.

પૂરવા પું. નાનું ગામડું.

પૂરવિયો પું. ઉત્તર હિંદના પૂર્વ ભાગનો વતની; પુનબિયો.

પૂરવી સ્ત્રી. (સંગીત) એ નામે એક રાગિણી.

પૂરવી ઇલાયચી સ્ત્રી. એક જાતની એલચી.

પૂરવું ૧. સ. ક્રિ. આપવું; રજૂ કરવું.
સાથ પૂરવો = સાથ આપવો; સાથી થવું; સાથ દેવો.
૨. સ. ક્રિ. ઉમેરવું; રોપવું.
૩. સ. ક્રિ. ઉમેરવું; વધારવું.
૪. સ ક્રિ. ઊણપ પૂરી કરવી.
૫. સ. ક્રિ. કૂવે ચડીને ભરવું.
૬. સ. ક્રિ. કેદ કરવું; બોંધવું; અટકાયતમાં રાખવું; બંધ કરવું.
૭. સ. ક્રિ. ચણવું.
૮. સ ક્રિ. ઢાંકવું.
૯. સ. ક્રિ. ઢાલવું; માટીથી ઢાંકી દેવું; ઊંડુ પાલવું.
૧૦. સ ક્રિ. પાર પામેલ થવું; પહોંચવું; પૂરું પડવું.
૧૧. સ ક્રિ. પાલન કરવું; અનુસરવુ.
૧૨. સ. ક્રિ. પીરસવું.
૧૩. સ. ક્રિ. પૂરું કરવું; ઉત્તેજન આપવું; ઉશ્કેરવું.
૧૪ સ. ક્રિ. પૂરું પાડવુ.
૧૫. સ. ક્રિ. ફેલાવવું
૧૬. સ. ક્રિ. ભરવું; ખોસવું. જેમકે, અન્ન પૂરવું.
૧. અવાજ-સૂર પૂરવો = (૧) અવાજમાં અવાજ ઉમેરવો. (૨) સાથ આપવો. (૩) હામાં હા મેળવવી.
૨. આશા પૂરવી–મનોરથ પૂરવા = ઇચ્છા બર લાવવી.
૩. કોટડીમાં પૂરવું = કેદ કરવું.
૪. ટાપસી પૂરવી = કોઈ હકીકતને ટેકો આપવો.
૫. તેલ પૂરવું = (૧) ગાડા, મોટર આદિમાં તેલ ઊંજવું (૨) બત્તીમાં તેલ નાખવું.
૬. પૂરત પૂરવી = દીકરીને કરિયાવર આપવો.
૭. રંગ પૂરવો = (૧) ચિત્રમાં રંગ ભરવો. (૨) ચાતચિત્તને ચમકદાર બનાવવી.
૮. સાણો–સાહેડી પૂરવી = ખુશાની આપવી.
૧૭. સ. ક્રિ. ભરી આપવું; બદલે આપવું.
૧૮. સ. ક્રિ. ભરી કાઢવું.
૧૯. સ. ક્રિ. રંગ કે રંગિત ચૂર્ણ વગેરેથી ચિત્ર કે આકાર કરવો.
૨૦. સ. ક્રિ. વગાડવું; ભજવવુ; પવન ભરી વગાડવુ.
પાંચજન્ય હૃષીકેશ, દેવદત્ત ધનંજય;
પૌણ્ડ્રમ્ભીમકર્મોદર, ઘોષ સુઘોષ પૂર્યો વળી.
કવિશ્રીદા
૨૧. સ. ક્રિ. વધવું.
૨૨. સ. ક્રિ. શણગારવું; રંગોળી કરવી.
૨૩. સ. ક્રિ. સહાય કરવું; પાર પાડવું.
૨૪. સ. ક્રિ. ભાલવવું; મેળવવું. જેમકે, ખોદેલું પૂરવું.

પૂરવેશ ૧. પું. બણી ઝાપ.
૨. અ. પૂરપાટ; પૂરઝડપે.

પૂરેપર ૧. વિ. અનુભવી; ઘરકું.
૨. વિ. આખું.
૩. વિ. પૂરતું; જોઈએ તેટલું.
૪. વિ. બરાબર.
૫. વિ. ભરેલું.
૬. વિ. ખુશ્યું.
૭. વિ. સંતુષ્ટ થયેલ.
૮. વિ. સંપૂર્ણ.
૯. વિ. સાચું; ઠક.

પૂરા ૧. [હિં.] વિ. આખું.
૨. વિ. ચતુર.
૩. વિ. તુષ્ટ; પૂર્ણ.
૪. વિ. ઠક.
૫. વિ. પાકું.
૬. વિ પૂરતું.
૭. વિ. પૂર્ણ.
૮. વિ. બરાબર.
૯. વિ. ભરેલું; ભરપૂર; ચવિચ્છ.
૧૦. વિ. ઘટ.
૧૧. વિ. સમગ્ર; સમસ્ત; સકળ.
૧૨. વિ. સંપન્ન; પૂર્ણ; સંપાદિત.
૧૩. અ. પૂરેપૂરું.

પૂરા કેના [હિં.] પું. (ગણિત) કાટખૂણો.

પૂરાણ સ. માટી વગેરે નાખીને પૂરવું તે.

પૂરા દહાડા (પૂરા દહાડા) પું. ન. બ. બીને પ્રસૂતિ આવવાનો વખત.

પૂરા દી જુઓ પૂરા દહાડા.

પૂરાપન ૧. ન. ઘેડો.
૨. ન. પાકવું તે.
૩. ન. પૂરતું હોવાપણું.
૪. ન. પૂરાપણું.
૫. ન. સંપૂર્ણતા.

પૂરાભ્યસ [સં.] પું. અંજલીનું કાર્ય.

પૂરિક [સં.] પું. પૂરણપોળી; પૂરો.

પૂરિકા ૧ [સં.] સ્ત્રી. કચોળી.
૨. સ્ત્રી. પોળી; પૂરી.

પૂરિત ૧. ન. જડેલું રત્ન.
૨ [સં.] વિ. ભરેલ.

૩. વિ. પૂર્ણ કરેલ.
૪. [સં. પૃ (ભરવું)] વિ. ભરેલું; પૂર.
૫. વિ. માથે પાઘરેલું; આચ્છાદિત કરેલ.
૬. વિ. સમગ્ર; પૂર્ણ; અખંડ.
૭. વિ. સંતુષ્ટ.
૮. વિ. સંપૂર્ણ કરેલ.

પૂરિતતંબ પું. હિરિટના એક ભાગનું નામ.

પૂરિમા સ્ત્રી. (સંગીત) આંધાર ગ્રામની સાત મહિની એ નામની ત્રીજી મૂર્છના.

પૂરિયા [હિ.] પું. (સંગીત) એ નામનો એક રાગ. જૂના વખતમાં તે ગમનગમ કહેવાતો. મારવા થાટના સંપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં રિષભ મધ્યમ વિકૃત છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી નિષાદ છે. તે સાયંકાળે ગાવાનો પ્રચાર છે. આ રાગના પૂરિયા દિનકી અને પૂરિયા ધનકી એવા બે ભેદ છે. પૂરિયા દિનકી દિવસે ગવાય છે અને પૂરિયા ધનકી રાત્રિના બીજા પહોરે ગવાય છે. પૂરિયા ધનકો રાગમાં હિંડાલ અને સોહિની રાગનો ભાસ થાય છે. કોઈના મત પ્રમાણે તે ભૈરવ રાગનો પુત્ર છે. કોઈના મત પ્રમાણે તે સુંદર રાગ કહેવાય છે.

પૂરિયા કલ્યાણ પું. (સંગીત) બાર મહિની એક જાતિનો કલ્યાણ રાગ; સંપૂર્ણ જાતિનો એ નામે એક સુંદર રાગ. તે રાત્રે પહેલે પહોરે ગવાય છે.

પૂરિયા ધનાશ્રી પું. (સંગીત) એ નામનો એક રાગ. પૂર્વી થાટના સંપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં રિષભ મધ્યમ અને ધૈવત વિકૃત છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષડ્જ છે. આ રાગ સાયંકાળે ગવાય છે. તેમા કેટલેક સ્થળે પૂર્વી રાગનો ભાસ થાય છે.

પૂરિયા ધનાસરી જુઓ પૂરિયા ધનાશ્રી.

પૂરી ૧. [સં પૂપિકા; પ્રા પૂअलिआ] સ્ત્રી. તળેલી વાની; ઘઉં વગેરેની તળેલી રોટલી; ભાખરી કે તેના જેવા તળેલી ગોળ બનાવટ; પૂરિકા; માખણ કે ઘીમાં તળેલી એક જાતની તાજી વાની; ઘઉં, ચણા વગેરેની વી કે તેલમાં તળેલી નાની રોટલી. કેરીના રસની, ઘઉંના લોટની, બટાટાની, મેંદાની, રાજગરાની, સિંગોડાના લોટની એમ ઘણી જાતની પૂરી થાય છે.
૨. [સં.] સ્ત્રી. નગરી; શહેર
૩. સ્ત્રી. મૃદંગ, તબલાં, ઢોલ આદિના મોં ઉપર મઢેલ ગોળ ચામડું.
૪. ન. ઉંચો.
૫. ન. પાકું તે.
૬. ન. સંપૂર્ણતા.
૭. ન. પૂરણ; રોટલીમાં ભરવાની બળી દાળ.
૮. [સં. પુરિન્] વિ. પૂર્ણ કરનાર; ભરનાર; સંપૂર્ણ કરનાર.

પૂરીપકોડી (પૂરીપકોડ઼ી) જુઓ પુરી ૧.

પૂરુ ૧. [સં.] પું. (પુરાણ) અર્જુનના સારથિનું નામ.
૨. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.
૩. પું. મનુષ્ય
૪. પું. વૈરાજ મનુનો એ નામનો એક પુત્ર.
૫. પું. (પુરાણ) સોમવંશી પુરુરવાના પુત્ર આયુના પુત્ર નહુષના પુત્ર યયાતિથી શર્મિષ્ઠાને થયેલ ત્રણ ભાઈઓનો સૌથી નાનો પુત્ર. એણે પિતાનું ઘડપણ લઈને બદલે કષ્ટ ભોગવ્યું હતું. આથી પિતાએ એને રાજ્યાધિકારી કર્યો હતો.
૬. પું. (પુરાણ) સોમવંશી વિજયપુત્રોત્પન્ન જહ્નુ રાજાનો એ નામનો પુત્ર. એને અજ અથવા અજમીઢ એ નામાંતરવાળો બલાકાશ્વ નામે પુત્ર હતો.
૭. સ્ત્રી. ઋગ્વેદના સમયના ચંદ્રવંશી રાજાઓની એ નામની એક જાત.
૮. ન. એ નામની જાતનું માણસ.
૯. વિ. એ નામની જાતનું.

પૂરુઆત્રેય પું. ઋગ્વેદના પાંચમા મંડલના ૧૬ તથા ૧૭મા સૂક્તનો રચનાર ઋષિ.

પૂરુજિત [સં. પુરુજિત્] પું. વિષ્ણુ.

પૂરુષ ૧. [સં.] પું. આત્મા.
૨. પું. પુરુષ; નર; નરક.
સત્યાગ્રહ પૂરે કરે મુક્તિ અપાવનાર છે,
તેથી સત્યાગ્રહીઓ તો ઘણું ઊંચું પૂરુષ.
બાંધીગીતા
૩. પું. (વ્યાકરણ) બોલનાર, સાંભળનાર કે તે સિવાયની વ્યક્તિ એ ત્રણ જાતિની કરેક.
૪. જુઓ પુરુષ

પૂરું ૧. ન. ભીંડું; શાક.
૨. વિ. ઊણું, ખંડિત, ઓછું કે અધૂરું નહિ એવું; પૂર્ણ.
૩. વિ. હાજર; પ્રવીણ; કુશળ.
૪. વિ. ખોટનું.
૫. વિ. જોઈએ તેટલું; જેટલાની જરૂર હોય તેટલું.
૬. વિ. તુષ્ટ.
૭. વિ. પાકું; દૃઢ; મજબૂત.
૮. વિ. પૂર્ણ; આખું; તમામ; સઘળું.
૧. દિવસ પૂરા કરવા = (૧) કોઈ દુઃ સુખીનો વખત કાઢવો. (૨) વખત વિતાડવો.
૨. પૂરું ઊતરવું = (૧) માન સહિત બહાર આવવું; સાચું ઠરવું. (૨) સફળ થવું.
૩. પૂરું કરવું = (૧) અધૂરું હોય તે પૂર્ણ કરવું. (૨) અંત લાવવો. (૩) નિભાવવું; જેટલું હોય તેટલામાં ચલાવવું. (૪) ઉપવાસ કરવું; મુલતવી કરવું. (૫) મારી નાખવું. (૬) વચન બરાબર પાલન કરવું; વચન પાર પાડવું. (૭) સમાપ્ત કરવું
૪. પૂરું થવું = (૧) મુલતવી પૂરતી કમાણી હોવી; ઉપવાસ થવું. (૨) મૃત્યુ પામવું; માર્યા જવું; મરી જવું. (૩) સમાપ્ત થવું.
૫. પૂરું પડવું = (૧) પહોંચી વળવું; આવતું હોવું; પહોંચવું થવું; પૂરતું થવું; જોઈએ તેટલું મળવું; જોઈતું મળવું. (૨) પૂર્ણ થવું; ઓછું ન થવું. (૩) બસ થવું. (૪) સમાધાન થવું; સંતોષ આપી શકવો. (૫) સરખું ઊતરવું; પાર આવવું.
૬. પૂરું પાડવું = (૧) અધૂરું હોય તે પૂરું કે પાર પાડવું. (૨) જોઈએ તે પહોંચતું કરવું કે આપવું; જરૂરિયાત સંતોષવી; જોઈતું આપવું. (૩) પાળવું; અજવવું. વચન માટે બોલાય છે.
૭. પૂરું પૂજવું = (૧) સર્વ પ્રકારનાં સુખ આપવાં. (૨) સંપૂર્ણ પોડશોપચાર કરી પૂજવું.
૯. વિ. ભરેલું; ભરપૂર; પૂર્ણ
૧૦. વિ. વધું; મોટું; અધિક.
ઇંદ્રિયોને કહી જિયા, ઇંદ્રિયોથી પૂરું મન;
મનથી તો પર બુદ્ધિ, બુદ્ધિથી પર તે જ તે.
કવિગીતા
૧૧. વિ. સમગ્ર; સંપૂર્ણ; અશેષ; બધું; છેલ્લે આખો હોય તેવું.

પૂરુંપાપરું વિ. પૂરું અને પાધરું; પૂરેપૂરું; સવિશેષીયું; બરાબર; સંપૂર્ણ.

પૂરેપૂરું ૧. વિ. ચોક્કસ.
૨. વિ. પૂરતું.
સ્વરાજ એટલે તો કે ગામ પેદા કરે બધાં,
જરૂરિયાત પોતાનાં બને બધો પૂરેપૂરાં.
બાંધીગીતા
૩. વિ. બધી બિનતમાં પૂરું; સંપૂર્ણ; આખું; તમામ.
૪. વિ. બરાબર.

પૂરો ૧. પું પાણીમાં થતો એક જંતુ.
૨. વિ પું. છટે તેવો; પૂરો પડે તેવો.
૩. વિ. પું. ભરેલો.

પૂર્ણ ૧. [સં.] પું. અપેક્ષારહિત મનુષ્ય.
૨. પું. એ નામનો એક ગંધર્વ.
૩. પું. (પુરાણ) એ નામનો એક નાગ.
૪. પું. (જૈન) દીપકુમાર દેવોના બે ઇંદ્રોનો એ નામનો એક ઉંદ્ર.
૫. પું. પક્ષીઓનો એક પ્રકારનો સ્વર.
૬. પું. મૈત્રાયણીનો એ નામનો એક પુત્ર.
૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૮. પું. શિવ.
૯. સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય ષાડવ માંહેની એક શ્રુતિ.
૧૦. ન. એ નામનું એક ગોત્ર.
૧૧. ન. (સ્થિર) એક જાતનું ઘર; ઢાળી બાજુ અપસરકવાળું ઘર.
૧૨. ન. જેમાં સાતે સ્વર આવે તેવું ગાયન.
૧૩. ન. ધન, પુત્રાદિની અક્ષોભાર્દ.
સુપર્ણ, મુક્તાદિ મણિ, ધનપુષ્ટિ, શરીરપુષ્ટિ, આપદ્ધતા, નૈરુપમ્ય, પૂર્ણ (ધન પુત્રાદિની ઓહોબાઈ), પૂર્ણતર (હાથી ઘોડાની ઓહોબાઈ), કુત્સિત ધાન્ય, ક્ષયહીન ધાન્ય, અન્ન અને સુધા એ સર્વમળી સિદ્ધ થાઓ ! કવી
૧૪. ન. પાણી.
૧૫. ન. ભગવાનનો એક પ્રકારનો અવતાર. આર્યપ્રદેશમાં ૭ પ્રકારના અવતાર થાય છે. ૭ પ્રકાર: અંશ, કલા, વિભૂતિ, આવેશ, પૂર્ણ અને પરિપૂર્ણ.
૧૬. ન. મીંડું; શૂન્ય.
૧૭. ન. (સંગીત) સ્વરની સમળી કળાયુક્ત ગાવું તે; ગાયનનો એક ગુણ.
૧૮. વિ. અસીમ; અમર્યાદ.
૧૯. વિ. આપ્તકામ; પરિતૃપ્ત.
૨૦. વિ. ઇચ્છા પૂરી પડી અર્થ હોય એવું; ઇચ્છારહિત; કોઈ જાતની ઇચ્છા કે અપેક્ષા ન હોય એવું.
૨૧. વિ. પૂરેલું; પૂર્ણ કરેલું; પૂરેપૂરું.
૨૨. વિ. પ્રવીણ.
૨૩. વિ. સકળ; ઊણું, ખંડિત, ઓછું કે અધૂરું નહિ એવું; પૂરું; સંપૂર્ણ; સમગ્ર; ભરપૂર; આખું; તમામ; સમસ્ત.
દર્શન સત્યનું પૂર્ણ આ હેલે સંભવિત ના,
કલ્પના માત્ર તેની તો કરી શકાય છે અહીં.
બાંધીજીતા
પૂર્ણ કળાએ = પૂર્ણ આબાદીએ.
૨૪. વિ. સમાપ્ત.
૨૫. વિ. સર્વવ્યાપક; સઘળું ભરેલું.
૨૬. વિ. સિદ્ધ; સફળ.

પૂર્ણાતીત પું. (સંગીત) સમ અતીતની એક માત્રા બાદ આવતું તાલનું એક સ્થાન. આ સ્થાન કોઈ કોઈ વાર સમનું કામ આપે છે.

પૂર્ણક ૧. [સં.] પું. એ નામે એક દેવયોનિ.
૨. પું. કૂકડો.
૩. પું. સોનેરી કલગીવાળું એક પક્ષી; ચાષ પક્ષી.
૪. વિ. પૂર્ણ; પૂર્ણું; સમગ્ર.

પૂર્ણકક્ષુક [સં.] પું. ભરાવદાર આંધવાળો બળદ; તરુણ અવસ્થામાં આવેલ બળદ.

પૂર્ણકવચ ન. સર્વાંગ રક્ષણ.

પૂર્ણકામ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૩. વિ. જેની કામના પૂર્ણ થઈ હોય એવું.
૪. વિ. નિષ્કામ; કામનારહિત.
૫. વિ. સંતોષ પામેલ.

પૂર્ણકામના [સં.] સ્ત્રી. અતિ તૃપ્તિ; ધરાઈ જવું તે; સંતોષ

પૂર્ણકાયા ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું એક અંગ; કાકપક્ષ અંગ; ચતુર્મુખ; પક્ષ; ચતુર્માત્રા; સોળ માત્રાનું અંગ; સોળ માત્રાને અંતરે તાલ આવે તે અંગ.

પૂર્ણકારપય [સં.] પું. (નૌદ) એ નામે એક ધર્મપ્રવર્તક પુરુષ. તેને ગૌતમ બુદ્ધે હરાવ્યો હતો. તે કોઈ જાતનું કપડાં પહેરતો વગર નાગો ફર્યા કરતો. તેનો ઉપદેશ એ હતો કે, જગત અનંત પણ છે અને સાંત પણ છે; અક્ષય પણ છે અને ક્ષયવાળું પણ છે; અસીમ પણ છે અને સસીમ પણ છે. ચિત્ત અને દેહ ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. પરલોકનું અસ્તિત્વ અને અનસ્તિત્વ બંને છે, પણ ફરી જન્મ નથી. આ જન્મમાં જ જીવનો ધ્વંસ કે મૃત્યુ છે. શરીર પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતનું બનેલું છે. મરણ પછી તે પદાર્થો ક્રમવાર તે ચીજોમાં ભળી જાય છે. બુદ્ધના હરાવવાથી તેને એટલું બધું દુઃખ થયું કે ગળે રેતીથી ભરેલો મડો બાંધી તે દુખી મૂઓ. શ્રાવસ્તી અને જેત વનમાં બુદ્ધની સાથે તેની પણ મૂર્તિ છે.

પૂર્ણકુક્ષ [સં.] પું. એક જાતનું પંખી.

પૂર્ણકુંભ ૧. [સં.] પું. એ નામનો એક હલબ.
૨. પું. જળ વગેરેથી ભરેલ મડો.
૩. પું. રાજાના અભિષેક વખતે વપરાતા પવિત્ર જળથી ભરેલું વાસણ.

પૂર્ણકુટ [સં.] પું. એક પ્રકારનું પક્ષી.

પૂર્ણકોષ્ઠ [સં.] પું. (ગણિત) એક પ્રકારનો ખૂણો. કોઈ પણ સીધી લીટીને તેના એક છેડામાં સ્થિર રાખી બીજા છેડાને ઘડિયાળના કાંટાની ગતિથી ઊલટી દિશામાં ભમણ કરાવતાં જ્યારે આખું ચ ભમણ પૂરું થાય ત્યારે તે લીટી મૂળ સ્થિતિમાં જ આવી જાય છે. આને પૂર્ણકોણ પણ કહે છે.

પૂર્ણકોશા [સં.] સ્ત્રી. એ નામની એક લતા. તે દવાના ક્રમમાં આવે છે.

પૂર્ણકોષા ૧. [સં.] સ્ત્રી. પોળી; કચોળી.
૨. સ્ત્રી. પ્રાચીન કાળમાં જવના લોટનું બનતું એ નામનું એક જાતનું પકવાન.

પૂર્ણકોષ્ટસંજ્ઞા [સં.] સ્ત્રી. નાગરમોથ.

પૂર્ણકોષ્ઠા [સં.] સ્ત્રી. નાગરમોથ.

પૂર્ણગર્ભા ૧. [સં.] સ્ત્રી. પોતા વખતમાં પ્રસવ થવાનો હોય એવી ઓ.
૨. સ્ત્રી. પૂરણપોળી.

પૂર્ણગિરિમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) જાવીશ માંહેની એ નામની એક મુદ્રા; મહાબંધમુદ્રા. ડાબા પગની પાની યોનિસ્થાનમાં લગાડીને જમણો પગ ડાબા પગના સાથળ ઉપર રાખવો અને તે જમણા પગના ઢીંચણ ઉપર જમણા હાથનો પંજો સારી રીતે ભરાવી દૃષ્ટિ ભ્રૂકુટીમાં રાખી, પછી ડાબા હાથની આંગળીઓથી જમણું નાસાપુટ દબાવી, ડાબા નાસાપુટથી પૂરક કરી પવનને શરીરમાં પૂરવો અને દાઢી છાતીસરસી રાખી, જાલંધરબંધ કરી, યથાશક્તિ કુંભક કરવો. તે વેળા હાથનો પંજો પણ જમણા પગના ઢીંચણ ઉપર સારી રીતે ભરાવી દેવો. કુંભકકાળે યોનિસ્થાન દબાવી, મૂલ બંધ કરી, મનનો મધ્યનાડી એટલે સુષુમણામાં પ્રવેશ કરાવવો. યથાશક્તિ કુંભક કરીને પછી ડાબો હાથ ઊપાડી તેના અંગૂઠાથી ડાબું નાસાપુટ દબાવી જમણા નાસાપુટથી ધીમે ધીમે રીતે રેચક કરી તે વાયુને બહાર કાઢવો. કુંભકમાં પ્રાણાયામના મંત્રનો માનસ જપ કરવો અથવા ઇષ્ટની મૂર્તિ મનમાં ધરવી.

પૂર્ણઘન વિ. સર્વવ્યાપક.

પૂર્ણ ઘૂંઘટ પું. નૃત્યમાં ગતિ ભરવાના સોળ માંહેનો એક પ્રકાર. ઘૂંઘટના પૂર્ણ ઘૂંઘટ અને અર્ધ ઘૂંઘટ એવા બે પ્રકાર છે. દુપટ્ટાના છેડાથી મોં ઢંકાઈ જાય ત્યાં સુધી ઘૂંઘટ તાણી ચેરવાનારના છેડાને બે હાથે ઊપાડી ચક્ર લેતા જવું. પ્રથમ જમણી બાજુ ચક્ર લઈ પછી ડાબી તરફ લેવું. અર્ધ ઘૂંઘટમાં મોંનું અરધું ઢાંકવું. જમણા હાથે માથાની સોડ દબાવી, ડાબે હાથે બાજુની સોડને ચીબ દઈ આંગળીઓથી પકડી સુંદર અભિનય સહિત નૃત્ય કરવું.

પૂર્ણ ચતુષ્કોણ [સં.] પું. (ગણિત) એક પ્રકારનો ચતુષ્કોણ; જેની સામસામેની બાજુઓ વખારવાથી એકબીજાને મળે તેવો ચતુષ્કોણ.

પૂર્ણચંદ્ર [સં.] પું. સોળે કળાએ પ્રકાશતો પૂનમનો ચંદ્ર; ચંદ્રનું આખું બિંબ દેખાતું હોય તે; આખો ચાંદો; સંપૂર્ણ ચંદ્ર.

પૂર્ણચંદ્રોદય [સં.] જી. (વૈદક) એ નામનું એક ઔષધ.

પૂર્ણચંદ્રોદયરસ [સં.] પું. (વૈદક) એ નામની એક દવા. તેની બનાવટ: સોનાનો ચોખો વરખ ૪ તોલા, શુદ્ધ પારો ૩૨ તોલા અને શુદ્ધ ગંધક ૬૪ તોલા લઈ તેમની કજળી કરવી. આ કજળીને રાતા કાપુસના રસમાં અને કુંવારના રસમાં બબ્બે કરવી અને સૂકવવી. પછી બગનશીશીમાં આ કજળી નાખવી. શીશીના બળા સુધી કપડમાટી કરી વાલુકાયંત્રમાં તે શીશી મૂકી તાપ આપવો. શીશી આઠું આવ્યું ધૂપ મારવું. સાડાસાતમાં તાપ ધીમો આપી પછી વધારતા જવું. ઓછામાં ઓછા ત્રણ પ્રહર સુધી તાપ આપવાની જરૂર છે. થોડી વાર પછી ધૂપ કાઢી લેવું. આથી એક શીશીને બીજે બબ્બે તે ચંદ્રોદય કહેવાય છે. પછી તે શીશીમાંથી ચંદ્રોદય કાઢી એક તોલા ચંદ્રોદયે બરાબર કપૂર, જાયપત્રી, મરી, લવિંગ, સૂંઠ અને પીપર દરેક બાર બાર તોલા અને કસ્તૂરી દસ્ત બે વાલ ભેળવી તેની બબ્બે વાલની ગોળી કરવી. આ ગોળી નાગરવેલના પાનમાં લેવાય છે. કમરનો દુખાવો, પેશાબની કળતર, વીર્યનું મૂત્રમાર્ગની અંદર કરવું, તેમજ નપુંસકપણાથી થતાં ચિહ્નની અંદર આ દવા કામદાકાર મનાય છે. આ દવાની માત્રા એકથી બે રતી છે. આ દવાનો ઉપયોગ કરતી વખતે ઘી, દૂધ વગેરે પૌષ્ટિક ખોરાક લેવો તથા તેલ, મરચું અને બટાકાથી દૂર રહેવું.

પૂર્ણચૂતકોદય (પૂર્ણચૂતકોદય) [સં. પૂર્ણ (પૂરું) + ચૂતક (નિતંબ) + ઉદય (જન્મ)] પું. પ્રસવ વખતે ગર્ભાશયના બહિર્મુખ ઉપર ગર્ભના નિતંબ અને પગનો ભાગ આવે તે રીતે થતો જન્મ.

પૂર્ણચોકું વિ. ઓછું; અપૂર્ણ; વાંકું.

પૂર્ણછાયા જી. પૂરેપૂરો છાંયો.

પૂર્ણજ્યા [સં. પૂર્ણ + જ્યા (ધનુષની દોરી)] જી. વર્તુલના અમુક ભાગના સામસામા બે છેડાને જોડનારી સીધી લીટી: જીવા; જ્યા; ચાપકર્ણ.

પૂર્ણજ્ઞાન ૧. ન. ઊંડી પદોંચ; અંદરની બરી માહિતી.

૨. ન. પૂરું જ્ઞાન: અધકચરું નહિ તેવું જ્ઞાન.

પૂર્ણતઃ [સં.] અ. પૂર્ણપણે

પૂર્ણતર [સં.] ન. હાથીબોડાની બહોળાઈ.

પૂર્ણતર (હાથીબોડાની બહોળાઈ), કુત્સિત ધાન્ય, કુલહીન ધાન્ય, અન્ન અને સુધા એ સર્વે વહાથી સિદ્ધ થાઓ ! ઠક્કુર

પૂર્ણતા ૧. [સં. પૂર્ણ + તા (પ્રત્ય)] જી. પૂર્ણ હોવું તે: પૂરાપણું; સંપૂર્ણતા.

૨. જી. પૂર્તિ; ઉમેરણ; વધારો.

૩. જી. સમાપ્તિ.

પૂર્ણતેજોમય [સં.] પું. પુરુષોત્તમનાં કલ્પેલ માંહેનું એક નામ.

પૂર્ણત્રિકોણાસન [સં.] ન. (યોગ) પ્રાણાયામનાં બોરાશી માંહેનું એ નામનું એક આસન.

પૂર્ણત્વ જુઓ પૂર્ણતા.

પૂર્ણદર્વી ૧. [સં.] પું. એ નામની એક વૈદિક ક્રિયા.

૨. પું. પૂર્ણિમા; પૂનમ.

પૂર્ણદ્વીપ [સં.] પું. એ નામનો એક દ્વીપ.

પૂર્ણદ્વીપક [સં] પું એક જાતનો સુગંધી પદાર્થ. તે પૂર્ણદ્વીપ નામના દ્વીપમાં ઉત્પન્ન થાય છે તેમાંથી આવ્યો અને કમળ જેવી સુવાસ નીકળે છે

પૂર્ણનિર્દેશ [સં.] પું. સર્વગ્રાહી નિર્દેશ; નીનિનિર્દેશ; સર્વરૂપીય વાચ્ય.

પૂર્ણપણું જુઓ પૂર્ણતા.

પૂર્ણપણે અ. પૂરેપૂરી રીતે: સંપૂર્ણપણે; પૂર્ણ અંશે.

પૂર્ણ પદ્માસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. પદ્માસનમાં બેસીને જમણા હાથને પીઠ પાછળથી લાવીને જમણા પગનાં અંગૂઠાને પકડવો અને ડાબો હાથ પીઠ પાછળથી લાવીને ડાબા પગના અંગૂઠાને પકડવો. કદાચ પેટ મોટું હોવાને લીધે અંગૂઠા ન પકડાય તો બંને હાથના પંજા ભેળવીને પકડી રાખવા. હાર પછી શ્વાસ ફેફસામાં સાધારણ ભરીને માથું જમીનને અડાડવું. શ્વાસ રોકી શકાય ત્યાંસુધી માથું જમીનને અડાડી રાખવું અને માથું અધર સ્થિતિમાં મૂક્યા પછી ધીમે ધીમે નાને નસકોરાં વાટે શ્વાસ બહાર કાઢી નાખવો. આવી રીતે એક વખત કરવામાં આવે ત્યારે એક પૂર્ણ પદ્માસન સંપૂર્ણ થયું કહેવાય.

પૂર્ણ પરાવર્તન [સં.] ન. પૂર્ણ પ્રતિબિંબ.

પૂર્ણપરિવર્તક [સં.] પું. જીવનમાં અનેક વાર રૂપ આદિ બદલાવનાર જીવ. જેમકે, પતંગિયું.

પૂર્ણપર્વેંદુ [સં.] પું. પૂર્ણિમા; પૂનમ.

પૂર્ણપાત્ર ૧. [સં.] ન. ચોખા ભરેલું પાત્ર; જાનને વારતે ૨૫૬ મૂઠી ચોખા ભરેલું એક પાત્ર.

૨. ન. પુત્રજન્મ વગેરે ઉત્સવને વખતે વધામણામાં વસ્ત્રાલંકારથી ભરપૂર કરી આપવામાં આવતું પાત્ર.

૩. ન. પૂરું ભરેલું પ્યાલું કે વાસણ.

૪. ન. માંગલિક પ્રસંગે નોકરને આપેલી બક્ષિસ.

પૂર્ણપાદત્રિકોણાસન [સં.] ન. એ નામે એક યોગાસન. વામપાદત્રિકોણાસન તથા દક્ષિણપાદત્રિકોણાસન સાથે કરીને બેસવું તે પૂર્ણપાદત્રિકોણાસન કહેવાય છે.

પૂર્ણપાદાસન [સં.] ન. એ નામે એક યોગાસન. પૂર્ણપાદાસન એ અર્ધપાદાસનનો અવાંતર ભેદ છે. એ આસન બંને પગે ઊભા રહેવાથી થાય છે. યોગસાધનમાં પ્રાણાયામ માંહેનાં બોરાશી માંહેનું આ એક આસન મનાય છે.

પૂર્ણપુરુષ [સં.] પું. પરમાત્મા.

પૂર્ણપુરુષોત્તમ ૧. [સં.] પું. પૂર્ણ પુરુષ; શ્રીકૃષ્ણ; નારાયણ.

૨. પું. વૈષ્ણવ મહારાજોનું સંબોધન.

પૂર્ણપોલી જુઓ પૂર્ણપોળી.

પૂર્ણપોળી જી. એક જાતની રોટલી; પૂરણપોળી.

પૂર્ણપ્રજ્ઞ ૧. [સં.] પું. પૂર્ણપ્રજ્ઞદર્શનના કર્તા મધ્વાચાર્ય. તે વૈષ્ણવ મતના આચાર્ય માંહેના એક છે હનુમાન અને ભીમ પછી તે વાયુનો ત્રીજો અવતાર મનાય છે. તેનું બીજું નામ આનંદતીર્થ પણ છે.

૨. વિ. સંપૂર્ણ બુદ્ધિવાળું; પૂર્ણ જ્ઞાની; ઘણી બુદ્ધિવાળું.

પૂર્ણપ્રજ્ઞદર્શન [સં.] ન. પૂર્ણપ્રજ્ઞ અથવા મધ્વાચાર્યે ચલાવેલ એ નામે સંપ્રદાય. આ દર્શનનો આધાર વેદાંતસૂત્ર તથા તે ઉપર રામાનુજકૃત ભાષ્ય છે. તેના ઘણા સિદ્ધાંત રામાનુજદર્શનને મળતા છે. તેઓ વચ્ચેનો મુખ્ય તફાવત ઈશ્વર અને જીવના ભેદાભેદ સંબંધમાં છે. રામાનુજદર્શનના ભેદ, અભેદ અને ભેદાભેદ સિદ્ધાંતને આ દર્શન સ્વીકારતું નથી. આ દર્શન પ્રમાણે જીવ અને ઈશ્વરમાં કોઈ જાતનો સૂક્ષ્મ કે સ્થૂલ અભેદ નથી, પણ સ્પષ્ટ ભેદ છે. તેનો સત્યભેદ શરીરાત્મભાવનો નહિ પણ સેવ્યસેવક ભાવનો છે. અંતર્યામી હોવાના કારણથી જીવ ઈશ્વરનું શરીર નથી, પણ તેનું સેવક અને અધીન છે. ઈશ્વર સ્વતંત્ર તત્ત્વ અને જીવ અસ્વતંત્ર તત્ત્વ તથા ઈશ્વરાયત્ત છે. આ દર્શનમાં પદાર્થના ત્રણ ભેદ છે: ચિત અથવા જીવ, અચિત અથવા જડ

અને ઈશ્વર. ચિત જીવપદવાચ્ય, ભોક્તા, અસંકુચિત, અપરિચ્છિન્ન, નિર્મલ જ્ઞાનસ્વરૂપ, નિત્ય, અનાદિ અને અવિદ્યાથી ઢંકાયેલ છે. ઈશ્વરનું આરાધન અને તેની પ્રાપ્તિ તેનો સ્વભાવ છે. આકારમાં તે વાળની નોકના સોમા ભાગની બરાબર છે. અચિત પદાર્થ દ્રવ્યપદવાચ્ય, ભોગ્ય, અચેતનસ્વરૂપ અને વિકારશીલ છે. વળી ભોગ્ય, ભોગોપકરણ અને ભોગાયતન યા ભોગાકાર રૂપથી તેના ત્રણ ભેદ છે. ઈશ્વર, હરિપદવાચ્ય, સર્વના નિયામક, જગતના કર્તા, ઉપાદાન, સર્વાંતર્યામી, અપરિચ્છિન્ન અને જ્ઞાન, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ, તેજ આદિ ગુણોથી સંપન્ન છે. આ દર્શન પ્રમાણે આ નિખિલ જગત અનંત સનુદ્રસાયી ભગવાન વિષ્ણુથી ઉત્પન્ન થયેલ છે. ચિત અને અચિત સંપૂર્ણ પદાર્થ તેમના શરીરરૂપ છે. પુરુષોત્તમ, વાસુદેવ, વગેરે તેમની સંજ્ઞાઓ છે. ઉપાસકોને યથોચિત ફલ દેવાને માટે લીલાવશ તેઓ પાંચ પ્રકારની મૂર્તિઓ ધારણ કરે છે. પ્રથમ અર્ચા અર્થાત્ પ્રતિમાદિ, દ્વિતીય વિભવ અર્થાત્ રામાદિ અવતાર, તૃતીય વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર સંજ્ઞાવાંત વ્યૂહ, ચતુર્થ સૂક્ષ્મ અને સંપૂર્ણ વાસુદેવ નામક પરબ્રહ્મ, પંચમ અંતર્યામી સકળ જીવોના નિયંતા. ઉપાસક ક્રમથી પૂર્વ મૂર્તિની ઉપાસના દ્વારા પાપક્ષય કરીને પરમૂર્તિની ઉપાસનાનો અધિકારી થાય છે. અભિગમન, ઉપાદાન, ઇજ્યા, સ્વાધ્યાય અને યોગ નામથી ભગવાનની ઉપાસનાના પણ પાંચ પ્રકાર છે. દેવમંદિરનું માર્જન, અનુલેપન આદિ અભિગમન છે. ગંધપુષ્પાદિ પૂજાના ઉપકરણોના આયોજન, ઉપાદાન, પૂજા, ઇજ્યા, અર્થાનુસંધાન સહિત મંત્રજપ, સ્તોત્રપાઠ, નામકીર્તન અને તત્ત્વપ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ, સ્વાધ્યાય અને દેવતાનું અનુસંધાન યોગ છે. આ ઉપાસના દ્વારા જ્ઞાનલાભ થતાં ભગવાન ઉપાસકને નિત્યપદ આપે છે. આ પદ પ્રાપ્ત થતાં ભગવાનના યથાર્થ રૂપનું જ્ઞાન થાય છે અને ફરી જન્મ લેવો પડતો નથી. પૂર્ણપ્રજ્ઞના મત પ્રમાણે ભગવાન વિષ્ણુની સેવા ત્રણ પ્રકારે થાય છે: અંકન, નામકરણ અને ભજન. ગરમ લોહાથી કાયમ દર્શ શરીર ઉપર શંખ, ચક્ર વગેરેનાં ચિહ્ન કરવાં તે અંકન; પુત્ર પૌત્ર વગેરેનાં કેશવ, નારાયણ વગેરે નામ રાખવાં તે નામકરણ; ભજનના કાયિક, વાચિક અને માનસિક એવા ત્રણ ભેદ છે. કાયિકના દાન, પરિત્રાણ અને પરિરક્ષણ; વાચિકના સત્ય, હિત, પ્રિય અને સ્વાધ્યાય તથા માનસિકના દયા, સ્પૃહા અને શ્રદ્ધા એવા પેટા ભેદ છે.

પૂર્ણપ્રજ્ઞસંપ્રદાય [સં.] પું. મધ્વાચાર્યે ચલાવેલો દ્વૈતવાદને અનુસરતો એક સંપ્રદાય.

પૂર્ણપ્રજ્ઞા [સં.] પું. કારવાર જિલ્લામાં પાપનાશિની નદીને કિનારે વેદ ઉપર ટીકા લખનાર મધ્વાચાર્યે સ્થાપેલ એ નામનો એક મઠ: ઉડિપ.

પૂર્ણપ્રસાર [સં.] પું. કોઈ પણ ભાગતનો સંપૂર્ણ ફેલાવો.

પૂર્ણબાહુ પું. (ગિરિપ) એક પ્રકારનું ઘર.
જે વસ્તુ મુખ પૂર્વમાં હોય તેમાં પ્રવેશ કરી વાસ્તુઘરમાં પણ સન્મુખે પ્રવેશ કરવામાં આવે તો તેનું પૂર્ણબાહુ નામ છે. રાજવલ્લભ

પૂર્ણબીજ [સં.] પું. બિલોરું.

પૂર્ણબ્રહ્મ [સં. પૂર્ણબ્રહ્મન્] ન. પરબ્રહ્મ; જેમાં માયાનું નામ ન હોય એવું પરમાત્માનું નિર્વિકાર નિરંજન સ્વરૂપ: ઈશ્વર.

પૂર્ણબ્રહ્મસ્વરૂપિણી [સં.] વિ. સ્ત્રી. પૂરેપૂરા બ્રહ્મ સ્વરૂપવાળી.

પૂર્ણભદ્ર ૧. [સં.] પું. (જૈન) ધન્ય સમુદ્રના અધિપતિ દેવતાનું નામ

૨. પું. એ નામે એક બહ: વૈશ્રવણના સાત માંહેનો એક અમાત્ય. એને વજ્ર અથવા હરિકેશ નામે પુત્ર હતો.

૩. પું. એક નાગનું નામ.

૪. પું (જૈન) વાણવ્યંતર જાતિના યક્ષ દેવતાનો ઇંદ્ર.

પૂર્ણભદ્રા [સં.] સ્ત્રી. પૂનમ.

પૂર્ણમહાકાલ પું. (સંગીત) એક અતિઅતિ વીસ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫, ૭, ૯, ૧૭ માત્રા ઉપર છે તેના ફોટટીના બોલ: ૧ ૨ ૩ ૪ ૫ ધાડ્રિટ ધુમક્રિટ ધાડ્રિટ ધુમક્રિટ ધાડ્રિટ ધુમક્રિટ ૬ ધાડ્રિટ, તરક્રિટ, ધરક્રિટ ધુમક્રિટ.

પૂર્ણમંડલ ૧. [સં.] પું. પૂર્ણ ખિલવાળો પૂનમનો ચંદ્ર.

૨. પું. રાજ્યનાં સાતે અંગ જેનાં સારી સ્થિતિમાં હતાં એવો રાજા ચંદ્રમા.

પૂર્ણમંડળી જુઓ પૂર્ણમંડલ.

પૂર્ણમાત્રા [સં.] સ્ત્રી. ઔદીસાથે આપી શકાય તેટલું ઔષધનું પૂરેપૂરું માપ કે વજન.

પૂર્ણમાસ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ અને તેનું કુળ.

૨. પું. (પુરાણ) કુશ્યપનો અદિતીને પેટે થયેલો એક પુત્ર.

૩. પું. ધાતા નામના આદિત્યને અનુમતિ નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક પુત્ર.

૪. પું. પૂનમને દિવસે આપેલ માસિક બલિ.

૫. પું. પૂનમને દિવસે કરવાનો યજ્ઞ.

૬. સ્ત્રી. પૂનમ; પૂર્ણિમા.

પૂર્ણમાસયાગ [સં. પૂર્ણમાસ (પૂનમ) + યાગ (યજ્ઞ)] પું. પૂર્ણિમાને દિવસે કરવામાં આવતો કર્મયાગ. શુક્લ યજુર્વેદના પહેલા અધ્યાયમાં આ યાગના મંત્રો આપેલા છે.

પૂર્ણમાસા ન. અગસ્ત્ય ગોત્રનો એક ભેદ.

પૂર્ણમાસી [સં.] સ્ત્રી. પૂનમ; પૂર્ણિમા.

પૂર્ણમુખ [સં.] પું. (પુરાણ) એ નામે એક નાગ. તેને જન્મેજયના સર્પસત્રમાં બાળી નાખવામાં આવ્યો હતો.

પૂર્ણમૈત્રાયનીપુત્ર [સં.] પું. શુદ્ધ ભગવાનનો એ નામે એક અનુચર. તે પશ્ચિમ દિશામાં સુરપાલ નામના સ્થાને રહેતો હતો. સૂત્રનો અભ્યાસ કરનાર બૌદ્ધ તેની ઉપાસના કરતા હતા.

પૂર્ણયોગ [સં] પું. એક પ્રકારનું બાહુયુદ્ધ. ભીમ અને જરાસંધને આવું યુદ્ધ થયું હતું.

પૂર્ણવર્ગ [સં.] પું. (ગણિત) જે સંખ્યાનું વર્ગમૂળ કાઢતાં છેવટે કાંઈ પણ શેષ આદી ન વધે તેવી સંખ્યા.

પૂર્ણવર્મા [સં. પૂર્ણવર્મન્] પું. મગધનો એ નામે એક બૌદ્ધ રાજા. અશોકના વંશનો તે છેલ્લો રાજા હતો. બૌદ્ધરાજ સદાકે બોધિસમાના બોધિવૃક્ષનો જે નાશ કર્યો હતો તે તેણે ફરી સજીવન કર્યું હતું.

પૂર્ણવાસી જુઓ પૂર્ણમાસી.

પૂર્ણવિરતિ ૧. [સં.] સ્ત્રી. પાપથી સર્વથા નિવૃત્તિ.

૨. સ્ત્રી. વિરામ ચિહ્ન.

પૂર્ણવિરામ ૧. [સં.] ન. (વ્યાકરણ) લખાણમાં વાક્ય પૂરું થયાનું સ્થાન બતાવનાર ચિહ્ન: સંપૂર્ણ વિરામ લેવાનું સ્થાન બતાવનાર (.) આવું ચિહ્ન. નાગરી, બંગાળી વગેરે ભાષામાં ઊભી લીટી (।) વપરાય છે. જૂના પારસી લેખોમાં આને માટે બે ત્રાંસા (//) એક નાનો ને એક મોટો કાઢતા. વાક્ય પૂરું થાય ત્યાં જ પૂર્ણવિરામ આવે છે. પાનાં કે પ્રકરણોમાં મથાળાને છેડે પૂર્ણવિરામનું ટપકું કરવાનો અમાઉનો પ્રચાર હાલમાં જતો રહ્યો છે. ૧, ૨, ૩ જેવા આંકડાથી કે અ, બ, ક, ડ, ઈ, જેવા અક્ષરથી નિયમો દર્શાવ્યા હોય તો તે આંકડાઓને અને અક્ષરોને

નિયમના ક્રમાનુથી જુદા પાડવા તેની પછી મીંડું મૂકવામાં આવે છે. સંક્ષિપ્ત સૂચક શબ્દ પછી પૂર્ણવિરામનું ટપકું મુકાય છે.

૨. ન સંપૂર્ણ થવું તે.

૩. વિ સંપૂર્ણ વિરામ લેવાનું સ્થાન દર્શાવનારું.

પૂર્ણવિષમ [સં.] પું. (સંગીત) કોઈ કોઈ વાર સમનું ઠામ કરવું તાલમાં એક સ્થાન.

પૂર્ણવૈનાશિક [સં] પું. સર્વશૂન્યવાદી એક બૌદ્ધ

પૂર્ણશૈલ [સં.] પું. એ નામે એક પર્વત.

પૂર્ણશ્રી [સં.] વિ. પૈસાદાર.

પૂર્ણસત્ત ન. સર્વ કાળમાં બાધ ન પામે તેવું સત્ય.

પૂર્ણસત્તાધારીસરકાર ૧. સ્ત્રી. સર્વ સત્તાધારી શાસન

૨. સ્ત્રી. સ્વેચ્છાચારી રાજ્યશાસન.

પૂર્ણસમય પું. એ નામનો એક સંપ્રદાય. આ કાળવાદી મતનો સંપ્રદાય શંકરાચાર્યના વખતમાં થયો હતો. સ્વામી સાથે કરતાં પોતાનો મત સાંભળવા બહુ આગ્રહ કર્યો ત્યારે શંકરાચાર્યે તેના હાથમાં રહેલ યંત્રનાં લક્ષણ માગ્યાં. તેને બોલતો અટકાવી શંકરાચાર્યે કહ્યું કે, તું કાળ નિત્ય કહે છે, પણ શ્રુતિ તો તેને અનિત્ય કહે છે. એવું સાંભળતાં તે બધોમાનો નાસી ગયો.

પૂર્ણ સ્વરાજ ન. પૂરેપૂરું સ્વરાજ. આ સબંધે ગાંધીજી કહે છેઃ મારી કલ્પનાનું પૂર્ણ સ્વરાજ એટલે રામરાજ, પૃથ્વી ઉપર ઈશ્વરનું રાજ્ય. સ્વર્ગમાં એ કેવું હશે તે હું જાણતો નથી; એ દૂરની સ્થિતિ જાણવા ઇચ્છતો પણ નથી. વર્તમાન સ્થિતિ જો રહે એવી હોય તો ભવિષ્યની તેથી જુદી હોય એમ માનવાને કારણ નથી. પૂર્ણ સ્વરાજ એટલે રાજકીય, આર્થિક અને નૈતિક સ્વતંત્રતા. રાજકીય સ્વતંત્રતાનો અર્થ બ્રિટિશ સૈન્યના પ્રભુત્વમાંથી દેશની બની રીતે મુક્તિ. આર્થિક સ્વતંત્રતા એટલે બ્રિટિશ અને હિંદી મૂડીદારો અને તેમની મૂડીના વર્ચસ્વમાંથી સંપૂર્ણ મુક્તિ. એનો અર્થ એ થયો કે, ગરીબમાં ગરીબ માણસ પણ તવંગર માણસની સાથે સમાનતા ભોગવે. મૂડીદારો પોતાની આવડત અને મૂડીમાં ગરીબમાં ગરીબને હિસ્સો આપે ત્યારે જ આ મુક્તિ સિદ્ધ થાય. નૈતિક સ્વતંત્રતાનો અર્થ હું કહ્યા બોલ્યા સૈન્યો અને રક્ષણની જરૂરિયાતોમાંથી મુક્તિ એવો કરું છું. મારા ખ્યાલના રામરાજ્યમાં બ્રિટિશ સૈન્ય તો હું, રાષ્ટ્રીય સૈન્યને પણ સ્થાન નથી. રાષ્ટ્રીય સૈન્યની સત્તા નીચે રહેલો દેશ, નૈતિક દૃષ્ટિએ સ્વતંત્ર છે એમ ન કહ્યાય, કેમકે તેમાં નબળામાં નબળો ગણાતો માણસ ઊંચામાં ઊંચી નૈતિક સ્થિતિએ ચડી ન શકે.

પૂર્ણ સ્વરાજ્ય જુઓ પૂર્ણ સ્વરાજ.

પૂર્ણસ્વરૂપ [સં.] વિ. સંપૂર્ણ.

પૂર્ણ હોમ [સં.] પું. પૂર્ણ આહુતિ.

પૂર્ણા ૧. [સં] પું. (પિંગળ) એક આર્યા માત્રામેળ છંદ. તેને ચૂર્ણા છંદ પણ કહે છે. આ છંદ આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૨૧ લઘુ મળી ૩૯ વર્ણની ૫૭ માત્રા હોય છે

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે

પૂર્ણા તજ ગા ઘડી. રત્નમિશ્રણ

૩. સ્ત્રી. આઠ આંકની એક પ્રકારની સંજ્ઞા.

૪. સ્ત્રી. ચંદ્રની સોળ આંકની એ નામની એક કળા

૫. સ્ત્રી દક્ષિણ દિશની એ નામની એક નદી

૬ સ્ત્રી. પાંચમ, દશમ, પૂનમ અને અમાસની તિથિ.

૭. સ્ત્રી. બાવીસ મંદિની એક શરીરકૃતિ.

૮. સ્ત્રી. (જૈન) વ્રતના ઉદ્યાપન પૂર્ણાહુતિની અમ મહિષો.

૯. સ્ત્રી. (સિદ્ધ) રત્નકારના મત પ્રમાણે જમીનના બાર આંકેનો એક પ્રકાર. આ જાતની જમીનમાં પીપર, વડ, ઉંબરો, અર્જુન, જાંબુડ, આમળા, અશોક વગેરે વનસ્પતિ થાય છે અને ડુંગરના શિખર ઉપરથી કે જાનુઓથી ચોકું પાણી આવે છતા તે પોષણ કરનારી હોય છે

૧૦ સ્ત્રી. (જ્યોતિષ) શુક્લ પક્ષની ચૌદમી રાત્રિ

પૂર્ણાઘાત પું (સંગીત) તાલમાં બતાવાત ઉપરાત એક માત્રા પછી આવતું સ્થાન. તે કોઈ કોઈ વાર સમનું કામ પણ આપે છે.

પૂર્ણા તિથિ [સં.] સ્ત્રી. પાંચમ, દશમ, પૂનમ અને અમાસ એ ચાર તિથિ.

પૂર્ણાત્મા [સં. પૂર્ણાત્મન્] પું. પુરુષોત્તમનાં કળાર માંહેનું એક નામ.

પૂર્ણાનંદ ૧. [સં.] ન. ઉત્સવને દિવસે વસ્ત્રાલંકાર વગેરે લૂંટાવી દેવાં તે.

૨. ન. ચંદ્રવિશ્વ.

૩. ન. નોબતનો શબ્દ.

પૂર્ણાનંદ ૧. [સં.] પું. એ નામનો સાધક; એ નામે મંત્રપ્રકરણકાર એક વિદ્વાન.

૨. પું. પરમેશ્વર.

૩. પું. સંપૂર્ણ આનંદમય હોવું તે.

પૂર્ણાનંદનાથચાસર [સં.] પું તંત્રરાજના પર્યાયમાં વપરાતા નવ મહેનો એક દિવસ.

પૂર્ણાનુમાન [સં.] ન. અનુમતિ; ન્યાય.

પૂર્ણાનેત્ર ન. આંખો પૂરી ઉઘાડીને જોવું તે.

પૂર્ણાભિષિક્ત [સં.] વિ. (તાંત્રિક) પૂર્ણાભિષેક પામેલ.

પૂર્ણાભિષેક [સં.] પું. તંત્રરાજમાં સિદ્ધ કૌલમાર્ગીનો એક અભિષેક; મહાભિષેક; વામમાર્ગીઓનો એક તાંત્રિક સંસ્કાર. નવા સાધકને ગુરુ દ્વારા દીક્ષિત થતી વખતે આ સંસ્કાર કરવામાં આવે છે અને કેટલેક દિવસે તે પૂરો થાય છે. આમાં અનેક ક્રિયાઓ ઉપરાંત ગુરુ પોતાના શિષ્યોને દીક્ષા દઈ વામમાર્ગની ક્રિયાઓ અને સંસ્કારો માટે અધિકારી બનાવે છે.

પૂર્ણામૃતા [સં.] સ્ત્રી. ચંદ્રની સોળ આંકેની એ નામની એક કળા.

પૂર્ણાયુ ૧. [સં. પૂર્ણાયુસ] પું. (પુરાણ) પ્રાધાપુત્ર દેવગંધર્વ માંહેનો એ નામનો એક ગંધર્વ.

૨. ન. પૂરું આયુષ્ય.

૩. ન. સો વર્ષનું આયુષ્ય.

૪. વિ. પૂરા આયુષ્યવાળું; સો વર્ષ જીવનાર.

પૂર્ણાવતાર ૧. [સં.] પું. કોઈ દેવતાનો સંપૂર્ણ કળા સહિતનો અવતાર; અંશાવતાર નહિ એવો અવતાર.

૨ પું. વિષ્ણુનો અંશાવતાર નહિ એવો અવતાર. બ્રહ્મવૈવર્તપુરાણ અનુસાર કૃસિંહ, રામ અને શ્રીકૃષ્ણ આવા અવતાર મનાય છે.

પૂર્ણાવભાસી [સં. પૂર્ણાવભાસિન્] વિ. પૂરું ન હોય છતાં પૂરું દેખાય એવું.

પૂર્ણાવસ્થા [સં.] સ્ત્રી. સંપૂર્ણતા.

પૂર્ણાશા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી.

પૂર્ણાહુતિ ૧. [સં.] સ્ત્રી. કોઈ પણ કાર્યની સમાપ્તિની ક્રિયા; કાર્યની સમાપ્તિ.

૨. [પૂર્ણ (સંપૂર્ણ) + આહુતિ (બલિ)] સ્ત્રી. યજ્ઞની સમાપ્તિએ આપવામાં આવતી આહુતિ; યજ્ઞ કે હોમનું કર્મ જે દિવસે અને સમયે પૂર્ણ થવાનું હોય તે દિવસે જે મોટું બલિદાન આપવાનું તે.

૩. સ્ત્રી. હોમાદિકની સમાપ્તિ.

પૂર્ણાંક [સં પૂર્ણ (પૂરું) + અંક (આંકડો)] કું. પૂરો કે આખો આંકડો; જેના લાગ પડેલા ન હોય એવો આંકડો; પૂરો અંક. જેમકે, ૧, ૨, ૩.

પૂર્ણાંકગણિત [સં.] ન. પૂર્ણ આંકડાનું ગણિત.

પૂર્ણાંકતા [સં.] સ્ત્રી. પૂર્ણાંકપણું.

પૂર્ણાંગ ૧. [સં. પૂર્ણ (પૂરું) + અંગ] વ. આખું અંગ,
૨. ન. પૂર્ણાંક. માન દર્શાવનારા આંકડા પૈકી દર્શાંક લાગ ધનાત્મક આવે એવી રીતે માન લખેલું હોય ત્યારે તે માન દર્શાવનારા આંકડા પૈકી જે પૂર્ણાંક લાગ હોય તેને પૂર્ણાંગ કહે છે

પૂર્ણાંગદ [સં.] કું. (પુરાણ) એક નામનો એક સર્પ

પૂર્ણાંજલિ [સં.] સ્ત્રિ. અંજલિભર; અંજલિમાં સમાય તેટલું.

પૂર્ણાંતર વ. (સંગીત) બે સાંકેતિક સ્વરો વચ્ચેનું એક અંતર. કેટલાક મતને મતે પૂર્ણાંતર અને અપૂર્ણાંતર એવા બે અંતર માને છે. જે સ્વરોની વચ્ચે ૯ અને ૧૦નું અંતર છે તે પૂર્ણાંતર અને ૧૫ને અપૂર્ણાંતર કહે છે.

પૂર્ણાંશ [સં.] કું. પૂરેપૂરો ભાગ; પૂરેપૂરો અંશ.

પૂર્ણિ ૧. [સં.] સ્ત્રી. પૂનમ; પૂર્ણમાસી.
૨. સ્ત્રી. પૂર્તિ; વધારો.

પૂર્ણિકા [સં.] સ્ત્રી. એક પ્રકારનું પક્ષી; નાસ્કિની પક્ષી.

પૂર્ણિમા ૧. [સં.] સ્ત્રી. પૂનમ; શુક્લ પક્ષની પૂર્ણચંદ્રવાળી તિથિ.
૨. સ્ત્રી. મરીચિની એ નામની એક કન્યા; મરીચિ ઋષિને કલા નામની બીજી પત્નીથી થયેલ દીકરી.

પૂર્ણિમાગિરિ [સં.] કું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પૂર્ણિમાસ કું. પૂર્ણિમાએ પૂરો થયેલ માસ.

પૂર્ણિમાંત [સં.] સ્ત્રિ. જેમાં અંતે પૂર્ણિમા હોય એવું.

પૂર્ણી ૧. સ્ત્રી. જમીનમાં ખાડાઓ પૂરવાનું કામ.
૨. સ્ત્રી. દીપ અથવા યજ્ઞકુંડમાં ઉમેરો; મોટી આહુતમાં વધારાનું હવન.
૩. સ્ત્રી. પુરવણી; પૂર્તિ.
૪. સ્ત્રી. વાસણ.

પૂર્ણેંદિર [સં.] કું. એ નામે એક પર્વત તત્ત્વ હોવાનું.

પૂર્ણેંદિરી [સં.] સ્ત્રી. એ નામે એક પર્વત તત્ત્વ દેવી.

પૂર્ણેંદુ [સં.] કું. પૂર્ણિમાનો ચંદ્ર; પૂર્ણચંદ્ર.

પૂર્ણોદક [સં.] કું. (પુરાણ) એ નામનો એક પૂર્વદેશીય પર્વત.

પૂર્ણોદસંગ [સં.] કું. આંતરસંગનો એ નામનો એક રાગ.

પૂર્ણોદય [સં.] કું. પૂરી આબાદીનો સમય.

પૂર્ણોપમા [સં.] સ્ત્રી. એ નામે એક ઉપમા અલંકાર; ઉપમાના ચારે અંગ ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ અને ઉપમાવાચક શબ્દ જેમાં હોય તે અલંકાર. જેમકે, પદ્મના જેવી છે લાલ, મુગ્ધા ! તારી દૃષ્ટિ નીલી. જેમાં આ ચાર માંહેનું કોઈક અંગ ન હોય તે લુપ્તોપમા કહેવાય છે.

પૂર્તિ ૧. [સં.] ન. ખોદવાનું અથવા બાંધવાનું કામ; કૂવા, મંદિર, ધર્મશાળા, સડક વગેરે બંધાવવાનું કામ; સાર્વજનિક ઉપયોગને માટે તળાવ વગેરે બંધાવવું તે.
૨. ન કરેલા માંહેનો એક વર્ગ.
૩. ન. પાલન.
૪. ન પૂર્ણતા.
૫ ન સમય.
૬. ન સાત મહિની એક પ્રકારની ક્રિયાશક્તિ. ક્રિયાશક્તિ સાત છે: (૧) ઇષ્ટ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ, (૫) પુષ્પ, (૬) તપ અને (૭) દાન.
૭. વિ. ઢાંકેલું.
૮. વિ. પાલેલ.
૯ વિ. પૂર્ણ કરેલું.
૧૦ વિ. ભરેલું; પૂરિત.

પૂર્તકર્મ ૧. [સં. પૂર્તકર્મન્] ન. કૂવા વગેરે બાંધવારૂપ કર્મ.
૨. ન. સાધનભક્તિમા. સાધકના જીવનમાં સંન્યાસ છે. સાધકનો જેણે ત્યાગ કર્યો છે તે ખરેખર પણ સંન્યાસી જ છે. આથી ઉપનિષદમાં ઋષિ કહે છે કે: જિતાત્મા ઇંદ્રિયોપરાંત, સાધકના મર્મને જાણનારા વિદ્વાન સંન્યાસી અપરિગ્રહવૃત્તી વર્ષાને અરણ્યમાં રહે છે, તેમ જે ખરેખર જિતેંદ્રિય વર્ષાને વિદ્વત્તા પ્રાપ્ત કરી અપરિગ્રહી વર્ષાને પોતાના ઘરમાં જ રહ્યો રહ્યો પોતાના મનમનને જોઈ જે કર્મો પોતાને હાથે આવે તેને જો તે કર્તાબુદ્ધિથી કરવા જોઈને કરે અને અમરાનની સેવા કરે તો તેને પણ ઇષ્ટનો ઉત્તમ મર્મ સમજ્યા છે, અર્થાત્ સંન્યાસીને જે ફળ મળે છે તે જ તેને પણ પ્રાપ્ત થાય છે. આથી વિવેકી પુરુષે અરણ્યની જરૂરત નથી જોવાની, સાધનસંપત્તિની સમૃદ્ધિની જરૂરત જોવાની છે; કેમકે ઈષ્ટપ્રાપ્તિ સાધનમાત્રમાં છે, બાહ્ય ચિહ્નોમાં નથી.

પૂર્તતા ૧. [સં. પૂર્ત (પૂર્ણ કરેલ) + તા (પણું)] સ્ત્રી. પૂર્તિ; પૂર્ણપણું; સંપૂર્ણતા.
૨. સ્ત્રી. વધારો; પુરવણી.

પૂર્તવિભાગ [સં.] કું. નહેર, પુલ, સડક, મકાન વગેરે બાંધવાનું કામ કરનાર સરકારી વિભાગ.

પૂર્તિ ૧. [સં] સ્ત્રી. અપૂરું પૂરું કરવાનું કામ; પૂર્ણ કરવું તે.
૨. સ્ત્રી. આરંભ કરેલ કાર્યની સમાપ્તિ.
૩. સ્ત્રી. ગુણવું તે
૪. સ્ત્રી. પુરવણી; ઉમેરણ; વધારો.
૫. સ્ત્રી. પૂરવું તે.
૬. સ્ત્રી. પૂરાપણું; પૂર્ણતા.
૭. સ્ત્રી. ભરતુ તે.
૮. સ્ત્રી. વાસ, કૂવા વગેરે પૂરવાનું કામ.
૯. સ્ત્રી. સાધન કરવાપણું.
૧૦. સ્ત્રી. સમાપ્તિ.
૧૧. સ્ત્રી. સંતોષ.

પૂર્તિકારક [સં.] વિ. પૂર્તિ કરનાર.

પૂર્તિખત [સં.] ન. જાતરની રકમ.

પૂર્તિરૂપ ૧. [સં.] સ્ત્રિ. ન્યૂનતાપૂરક.
૨. સ્ત્રિ. સાન્નિતીયણું.

પૂર્તી ૧. [સં. પૂર્તિન્] કું. ઋષિ.
૨. વિ. જેણે પૂર્ણ કરેલ હોય તેવું.
૩. વિ. જેણે વાસ, કૂવા વગેરે બંધાવ્યાં હોય તેવું.
૪. વિ. તૃપ્તિ દેનાર.
૫. વિ. પૂરિત; ભરેલું.
૬. વિ. પૂર્ણ કરનાર.
૭. વિ. પૂર્ણ કરનાર; ભરનાર.

પૂર્ત્ત જુઓ પૂર્ત.

પૂર્ત્તિ જુઓ પૂર્તિ.

પૂર્ત્તિકારક જુઓ પૂર્તિકારક.

પૂર્ત્તિખત જુઓ પૂર્તિખત.

પૂર્ત્તિરૂપ જુઓ પૂર્તિરૂપ.

પૂર્ત્તી જુઓ પૂર્તી.

પૂર્દ્વાર [સં.] ન. શહેરનો દરવાજો.

પૂર્ભક્ષિકા [હિં.] સ્ત્રી. પ્રાતઃકાળમાં કરવામાં આવતું ભોજન; જલપાન.

પૂર્વા કું. (સંગીત) પૂર્વોને બનતો એક રાગ. તેમાં પંચમ વર્જ્ય અને બંને ધૈવતનો પ્રયોગ થાય છે.

પૂર્વાર્ધ [સં. પૂર્વાર્ધ] કું. આખાનો અગ્રો ભાગ.

પૂર્ણિયા પું. આનપુરથી બિહાર સુધીના એટલે ગંગા નદીની પૂર્વ તરફના પ્રદેશનો રહેવાસી.

પૂર્ણી ૧. સ્ત્રી. સાંજ પહેલાં વસતી એ નામની એક રાગણી.

૨. વિ. પૂર્વ દિશાનું.

પૂર્ણીય ૧. પું. ગંગાજીની પૂર્વ તરફના લોકો.

૨. સ્ત્રી. ગંગાજીની પૂર્વ તરફની ભાષા.

૩. વિ. પૂર્વ તરફનું.

પૂર્ણિમ [સં.] ન. નજરનો નાશ.

પૂર્ણી ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. ન. એ નામે એક તૃણ ધાન્ય.

૩. ન. શેતૂરનું ઝાડ.

૪. વિ. પાળવા લાયક.

૫. વિ. પૂરું કરવા જેવું.

પૂર્ણપ્રદેશ [સં.] પું. આખાત પ્રદેશ; પરવાનાવાળો પ્રદેશ.

પૂર્ણભાસ્યા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) શુક્લ પક્ષની બારમી રાત્રિ.

પૂર્યા ૧. પું. (સંગીત) ગત્રીસ માંહેનો અઢારમો ઘાટ. તેમાં રિષભ કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના પાંચ સ્વર શુદ્ધ આવે છે.

૨. પું. (સંગીત) બત્રીસ માંહેનો ત્રેવીસમો ઘાટ. તેમાં રિષભ અને ધૈવત કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના ચાર સ્વર શુદ્ધ આવે છે.

પૂર્યાકા પું. અઠ્ઠાવીસ માંહેનું એ નામનું એક નરક.

પૂર્યાધનાશ્રી પું. (સંગીત) પૂર્યા ઘાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તેનું આરોહઅવરોહ સ્વરૂપ નિરિVગમ'પ, ધVપ, ધVનિ સું સું નિધV પમ'ગ, મ'રિVગ, રિVસ છે. તેનો વાદી મંત્રણી સ્વર પ અને ગાવાનો સમય દિવસનો ત્રીજો પ્રહર છે.

પૂર્યાધનાસરી જુઓ પૂર્યાધનાશ્રી.

પૂર્વ ૧. [સં.] સ. ક્રિ. નિમંત્રણ કરવું.

૨. સ. ક્રિ. ભરવું.

૩. સ. ક્રિ. રહેવું; વસવું; નિવાસ કરવો.

પૂર્વ ૧. [સં.] પું. (જૈન) ચોરાશી લાખ પૂર્વાંગ અથવા સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષનો એક કાળવિભાગ; ૭૦,૫૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષનો કાળવિભાગ; ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણવાથી આવે તેટલાં વર્ષ.

૨. પું. પૂર્વજ.

૩. પું. (સંગીત) બે શ્રુતિ ઉપર પાછો હોવો સ્વર.

બે સ્વર પોતાની બે શ્રુતિ ઉપર પાછો હટી ગયા હોય તે સ્વર પૂર્વ કહેવાય છે.

મુ. સા. પરિષદ

૪. પું. બકરાનું એક નામ. અમરકોષમાં તેના આ પ્રમાણે પર્યાય આપ્યા છે: આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, સ્વયંભૂ, ચતુરાનન, ધાતા, અબ્જયોનિ, કૃદ્વિધ, વિરંચિ, કમલાસન, બ્રહ્મા, પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃજ્, વિધિ, નાભિજન્મા; અજ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, રજોમૂર્તિ, સત્યક.

૫. સ્ત્રી. ઉગમણી દિશા; સૂર્યોદયની બાજુ; સૂર્યના ઊગવાની દિશા.

૬. સ્ત્રી. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

૭. ન. (જૈન) અંગ પૂર્વેના ચૌદ લુપ્ત પ્રાચીન માંહેનો દરેક ગ્રંથ.

૮. વિ. અસલનું; પ્રાચીન; આગલું; આગળનું; પહેલાંનું

૯. વિ. (સંગીત) કોમળના કરતાં પણ વધારે કોમળ; અતિ કોમળ. સ્વરને માટે વપરાય છે.

૧૦. વિ. પૂર્વ દિશાનું; પૂર્વ તરફનું; ઉગમણું.

૧૧. વિ. પ્રથમ; આદ્ય.

૧૨. અ. પહેલાં; પેશ્તર.

પૂર્વઆર્ચિક પું. સામવેદનો પૂર્વ ભાગ.

પૂર્વઆશ્રમ પું. બ્રહ્મચર્યાશ્રમ.

પૂર્વઇતિહાસ પું. આગલી હકીકત.

પૂર્વક ૧. [સં.] પું. બાપદાદા; પૂર્વજ.

૨. વિ. પૂર્વ દિશાનું.

૩. વિ. પૂર્વનું; પહેલાંનું.

૪. અ. સમાસને અંતે સહિત, થી, કર એવો અર્થ બતાવનાર અવ્યય. જેમકે, માનપૂર્વક, શુદ્ધિપૂર્વક, ન્યાયપૂર્વક.

પૂર્વકપાલ ૧. [સં.] પું. મગજનો આગલો ભાગ જેમાં સમાયેલ છે તે હાડકું.

૨. પું. સૂર્યોદયના સ્થાનથી અસ્તવર્તિક સુધીનો ૧૬ ભોગ; મધ્યાહ્ન વૃત્તથી બતા આકાશના બે માંહેનો પૂર્વ તરફનો ભાગ.

પૂર્વકપાલયંત્ર ન. જયપુરના ભારતીય જ્યોતિષ યંત્રાલય માંહેનું એ નામનું એક યંત્ર. સમ્રાટયંત્ર અને ચક્રયંત્રની નીચે પૂર્વ તરફ આ યંત્ર છે. તે ફક્ત ગોળ ક્ષેત્ર બતાવવા માટે બનાવેલું છે.

પૂર્વકમણ ન. ગર્ભાધાનના ક્રમણની એક જાતની સ્થિતિ.

પૂર્વકર્મ ૧. [સં. પૂર્વકર્મન્] ન. પૂર્વજન્મનું કર્મ.

૨. ન. પ્રથમ કર્મ.

૩. ન. રોગોત્પત્તિની પહેલાં કરવાનું કામ.

પૂર્વકર્મવાદ [સં.] પું. પૂર્વકર્મના સિદ્ધાંતમાં માનવું તે.

પૂર્વકલ્પના [સં.] સ્ત્રી. અગાઉથી કરેલું અનુમાન; ભવિષ્યવાણી.

પૂર્વકલ્પિત વિધિ [સં.] સ્ત્રી. પૂર્વયોજિત વિધિ; આગોતરાસંચય; દ્રવ્યસંચય.

પૂર્વકલ્યાણ પું. (સંગીત) મારવા ઘાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તે દિવસના ઉગ્યા પહોરે ગવાય છે.

પૂર્વકાય [સં.] પું. શરીરમાં નાભિથી ઉપરનો ભાગ; શરીરનો આગળનો ભાગ.

પૂર્વકાર્ય [સં.] ન. પહેલાં કરવાનું કામ; પૂર્વોપચાર.

પૂર્વકાલ [સં.] પું. પૂર્વનો કાળ; પ્રથમનો સમય.

પૂર્વકાલિક ૧. [સં.] વિ. પૂર્વકાળનું; પ્રાચીન; પૂર્વકાળ સંબંધી.

૨. વિ. પૂર્વકાળમાં જન્મેલું.

૩. વિ. પૂર્વકાળમાં હોનાર કે બનાર.

૪ વિ પૂર્વના કાળમાં સાધ્ય; અગાઉના સમયમાં સાધ્ય.

૫ વિ. મધ્યકાળ પૂર્વેનું

૬. વિ. વર્તમાન કાળ પૂર્વેનું.

પૂર્વકાલીન જુઓ પૂર્વકાલિક.

પૂર્વકાંઠ [સં. પૂર્વ (આગલું) + કાંઠ (ભાગ)] પું. વેદનો પૂર્વ ભાગ.

પૂર્વકિરાત [સં.] પું (પુરાણ) પૂર્વ તરફ ઉદ્ય પર્વત પાસે આવેલો કિરાત દેશ; ઉદયાચલની પૂર્વનો દેશ. પાંડવોના સમયમાં અહીં સાત કિરાત રાજાઓ રાજ કરતા હતા.

પૂર્વકૃત ૧. [સં. પૂર્વકૃત] પું. પૂર્વ દિશાનો અધિપતિ ઇંદ્ર.

૨. પું. પૂર્વ દિશાનો કર્તા સૂર્ય.

૩. [સં.] વિ. પરભવમાં કરેલું; અગાઉ કરેલું.

પૂર્વકૃત્ય [સં.] ન. પહેલાં કરેલું કામ.

પૂર્વકોટિ ૧. [સં.] સ્ત્રી. એક કરોડ પૂર્વ જેટલો સમય. એક પૂર્વનાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ થાય એવાં એક કરોડ પૂર્વની સ્થિતિને એક પૂર્વકોટિ કહે છે.

૨. સ્ત્રી. વિવાદ વિષયમાં પ્રથમ પ્રહણ કરેલ વિષય; પૂર્વપક્ષ.

પૂર્વકોસલ [સં.] પું. (પુરાણ) ઉદયાચલની પૂર્વમાં આવેલો કોસલ દેશ. એ દેશના ઉત્તરાન કોસલ અને આગ્નેય કોસલ એવા બે ભેદ છે.

પૂર્વક્રીડા (પૂર્વક્રીડા) સ્ત્રી. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે નવ બાંહેની એક વાડ. પોતે ગૃહસ્થાવાસમાં રમે તેવા જાતના કૂંજારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહિ. સ્મૃતિ કરવાથી બ્રહ્મચર્યભંગ થાય છે.

પૂર્વગ ૧. [સં. પૂર્વ + ગમ્ (જવું)] પું. શબ્દની પ્રકૃતિ કરતાં સત્તાવાચક, મુખ્યવાચક કે ક્રિયાવાચક અર્થની પૂર્વે આવનારો પણ સ્વતંત્ર શબ્દ તરીકે નહિ વપરાતો અવ્યય; શબ્દની આગળ આવનાર ઉપસર્ગ જેવો શબ્દ. પૂર્વગ નીચે પ્રમાણે છે: પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, (નસ્ કે તિર્, દુસ્ કે દુર્, વિ, આ, અધિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ, અપિ, અ કે અન્ તિરસ્, આવિસ્, અલમ્, અમા, અંતર, બહિર્, પ્રતિ કે પ્રતિઃ, દુ કે દ, દ્રમ્, ત્રિન, ચિરમ્, દ્વિ, ત્રિ, નાના, પ્રભાત્, પુરસ્, પુરા, પુષ્કૃ, પ્રાતર્, સાયમ્, સ, સહ, સમ્, સ્વયમ્, અધઃ, પ્રાદુર્, સ્વર્, પુનર્, નક્તમ્, સ્વસ્તિ, મિથ્યા, નમસ્, સનેઃ, સાક્ષાત્, વૃથા, ન, અસ્તમ્.

૨. વિ પૂર્વમાં હોનાર; પૂર્વગામી.

૩. વિ. પૂર્વે જનાર; આગળ જનાર; પુરોગ.

પૂર્વગમત્વ [સં.] ન. અગ્રગણ્યપણું; અગ્રતા.

પૂર્વગમન ૧. [સં.] ન. આગળ જવું તે; પહેલાં જવું તે.

૨. ન. પુરઃસરણ; મોખરત્વ.

પૂર્વગંગા ૧. સ્ત્રી. ગોદાવરી નદી.

૨. [સં.] સ્ત્રી. નર્મદા નદી. બ્રાહ્મણ તેને ગંગા નદી કહેતા.

પૂર્વગા ૧. [સં.] સ્ત્રી. ગોદાવરી નદી.

૨. વિ.સ્ત્રી આગળ જનારી.

પૂર્વગામિત્વ [સં.] ન. અગ્રતા; અગ્રગણ્યપણું.

પૂર્વગામી ૧. [સં. પૂર્વગામિન્] વિ. આગળ કે પહેલાં જનાર.

૨. વિ. પહેલાં થઈ ગયેલું; પુરોગામી.

૩. વિ. પૂર્વ તરફ થઈ જનાર.

૪. વિ. પૂર્વ દિશા તરફ જતું.

પૂર્વગીરવીદાર પું. અગાઉનો ગીરોદાર.

પૂર્વગીરોદાર પું. અગાઉનો ગીરોદાર.

પૂર્વગુરુ [સં.] પું. પ્રાચીન ગુરુ.

પૂર્વગોલાર્ધ [સં.] પું. પૃથ્વીનો પૂર્વ તરફનો અર્ધગોળ.

પૂર્વગોળાર્ધ જુઓ પૂર્વગોલાર્ધ.

પૂર્વગ્રીક (પૂર્વગ્રીક) [સં.] પું. ગ્રીસનું પ્રાચીન નામ.

પૂર્વગ્રહ [સં.] પું. આગ્રહથી બાંધેલો ખોટો મત; પક્ષપાતવાળી મતિ; પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય.

પૂર્વઘાટ પું. દક્ષિણ ભારતના પૂર્વ કિનારે આવેલ પર્વતની હાર. તે ઓલાસોરથી કન્યાકુમારી સુધી ગયેલ છે. તેની ઊંચાઈ સરેરાશ ૧,૫૦૦ ફૂટ છે.

પૂર્વચર વિ પહેલાં હોનાર.

પૂર્વચર્યા [સં.] સ્ત્રી. પહેલાંની કામગીરી.

પૂર્વચિત્ત ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) આગ્નિધ્ર રાજાની ઓ; સ્વાયંભુવ મન્વંતરમાંની એક અપ્સરા.

૨. સ્ત્રી. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંની પ્રધાની અપ્સરારૂપ એ નામની એક કન્યા પ્રતિવર્ષ પોષ માસના સૂર્યના સમાગમે તે સંચાર કરે છે.

પૂર્વચિહ્ન [સં.] ન. (વૈદક) દરદ થતા પહેલાં થતાં ચિહ્ન; રોગનું સૂચક ચિહ્ન.

પૂર્વચેષ્ટા [સં.] સ્ત્રી. અગાઉની વર્તણૂક.

પૂર્વજઘો ૧. પું. (પિંગળ) એ નામનો એક પ્રાચીન છંદ.

૨. પું. શબ્દને અંતે આવતું વલણ; ઝેબલો.

પૂર્વજ ૧. [સં.] પું. ચંદ્રલોકમાં રહેનાર દિવ્ય પિતૃગણ.

૨. [સં. પૂર્વ (અગાઉનું) + જ (જન્મેલું)] પું. પૂર્વપુરુષ; બાપદાદા; વડવો; પિતૃ.

> આપણા પૂર્વજો આપણા કરતાં પણ આપણી સંસ્કૃતિરૂપી અમૂલ્ય ઇમારત બાંધીને મૂકતા ગયા છે. અલબત્ત, એ ઇમારતને તાજું ચણી ગયા છે પરંતુ કુંચી સારે હાથે થઈ ગયા નથી, પણ પારેવા ચોખલાટામાં મૂકી ગયા છે. એ કુંચી ચોમી લાખ માં ખેસાડી, તાજું ચણી આપણે અમલ ઉપાડવાનું છે. એના અડેઅડ નિહાળવાના છે અને એમાં રહેલો અમૂલ્ય અનુભવ એમાં ફરી ફરીને સોધવાનો છે.
>
> આનંદશંકર ધ્રુવ

૩. પું. મોટો ભાઈ.

૪. પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.

૫. વિ. પૂર્વે ઉત્પન્ન થયેલ; પૂર્વના સમયમાં ઉત્પન્ન થયેલ; પહેલાં જન્મેલું; મોટું; અગ્રજ.

પૂર્વજત્વ [સં.] ન. વડીલપણું.

પૂર્વજન ૧. [સં.] પું. પુરાણ સમયના લોક; અગાઉના વખતના પુરુષ.

૨. પું. બાપદાદા; પૂર્વજ.

પૂર્વજનન [સં.] સ્ત્રી. પૂર્વસૃષ્ટિ.

પૂર્વજન્મ [સં. પૂર્વજન્મન્] પું. વર્તમાન જન્મની પહેલાંનો જન્મ; આગલો અવતાર.

પૂર્વજન્મા [સં. પૂર્વજન્મન્] પું. મોટો ભાઈ; અગ્રજ.

પૂર્વજન્માર્જિત [સં.] વિ. આગલા જન્મમાં મેળવેલું.

પૂર્વજા [સં.] સ્ત્રી. મોટી બહેન.

પૂર્વજાતિ [સં.] સ્ત્રી. પૂર્વજન્મ; પાછલો જન્મ.

પૂર્વજાનુબંધાસન [સં.] પું. (યોગ) એ નામે એક યોગાસન. પોતાનું મુખ ને હોઠ સારી રીતે આગળ નમાવીને બેસવું તે.

પૂર્વજિન ૧. [સં.] પું. થઈ ગયેલા જિન અથવા બુદ્ધ.

૨. પું. મંજુઘોષ વગેરે પ્રાચીન તીર્થંકરો માહેના દરેક.

૩. પું. મંજુશ્રીનું એક નામ.

પૂર્વજિમું ન. પૂર્વજોના પરિતોષ માટે થતી ક્રિયા અને બ્રાહ્મણભોજન; પૂર્વજોની તૃપ્તિ માટે કરાતા મરણમાં કરાતી ક્રિયા; બારમેાત્તર વર્ષના લોકો તરફથી કરાતા મહિનામાં વહાલાઓ નિમિત્તે કરાતું બ્રહ્મભોજન.

પૂર્વજીવ પું. હલકામાં હલકી જાતનું પ્રાણી.

પૂર્વજીવક વિ. હલકામાં હલકી જાતના પ્રાણીને લગતું.

પૂર્વજીવન ૧. [સં.] ન. પહેલી જિંદગી.

૨. ન. પૂર્વાવસ્થાનું જીવનચરિત; જીવનપરચરા.

પૂર્વજ્ઞાન ૧. [સં.] ન. મિતિસ્મા.

૨. ન. પહેલાંનું જ્ઞાન; પહેલાં મેળવેલું જ્ઞાન; પહેલેથી જાણેલું જ્ઞાન.

૩. ન. પૂર્વજન્મનું જ્ઞાન; પૂર્વજન્મમાં મેળવેલું જ્ઞાન, જે આ જન્મમાં પણ મેળવેલું હોય.

પૂર્વજ્ઞાની ૧. [સં. પૂર્વજ્ઞાનિન્] વિ. પહેલાં થઈ ગયેલ જ્ઞાનવંત; પૂર્વે થઈ ગયેલ જ્ઞાની.

૨. વિ. પૂર્વકાળનો જ્ઞાતા.

૩. વિ. પ્રથમથી જાણનાર; અગમચેતી.

પૂર્વતન [સં.] વિ. પૂર્વે હોનાર કે બનાર; પૂર્વનું; અગાઉનું.

પૂર્વતર [સં. પૂર્વ (પહેલાં) + તર (વિશેષનાવાચક પ્રત્યય)] વિ. વધારે આગળનું; વધારે પ્રાચીન; વધારે જૂનું.

પૂર્વતર્કાસન [સં] ન. એ નામે એક આસન. બને હાથના પંજા કપાળને અડાડીને તેની કોણી ભોંય ઉપર રાખી મુખ આગી રેહને નમાવીને બેસવું તેને પૂર્વતર્કાસન કહેવાય છે.

પૂર્વતલ ન. ઓઢણીનું આગળનું તળિયું.

પૂર્વતાપ [સં] પું. આગળથી શોચ થયો તે.
અમારાને પશ્ચાત્તાપ થાય છે તેને બદલે પૂર્વતાપ થાય એ અશુદ્ધિનું લક્ષણ છે. ગાંધીજી

પૂર્વતારુણ્ય [સં.] ન. તરુણ અવસ્થા પહેલાંનો વખત; કિશોરાવસ્થા. પૂર્વતારુણ્યનો સમય આઠથી બાર વર્ષ સુધીનો ગણાય છે.

પૂર્વતાલીમ સ્ત્રી. અગાઉથી આપી રાખેલું શિક્ષણ.

પૂર્વતૈયારી સ્ત્રી. પ્રથમ કરેલી કે કરવાની તૈયારી; પહેલાંથી તૈયાર થતું તે.

પૂર્વત્રિભાંતર [સં. પૂર્વ + ત્રિભ (ત્રણરાશિ) + અંતર] ન. સૂર્યની પૂર્વે અર્ક હોય તે વખતે થતું ત્રિભાંતર એટલે ત્રણ રાશિ જેટલું અંતર.

પૂર્વત્વ [સં.] ન (વેદાંત) ક્રિયાથી જન્ય સંયોગનું પ્રતિયોગીપણું; સંયોગ થતા પહેલાંની સ્થિતિ

પૂર્વથા [સં.] અ. અગાઉ પ્રમાણે; પૂર્વ પ્રમાણે

પૂર્વદક્ષિણ ૧. [સં.] પું. અગ્નિ ખૂણો; પૂર્વ અને દક્ષિણ વચ્ચેની દિશા.
૨. પું અગ્નિકોણમાં આવેલ દેશ.
૩. વિ. પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનું; અગ્નિ ખૂણાનું

પૂર્વદક્ષિણા [સં.] સ્ત્રી. અગ્નિ ખૂણો; પૂર્વ અને દક્ષિણ વચ્ચેની દિશા.

પૂર્વદત્ત ૧. [સં.] વિ. આગળ આપેલું.
૨. વિ. પૂર્વજન્મમાં આપેલું કે મેળવેલું.

પૂર્વદર્શન [સં.] ન. દાખલો; પૂર્વપ્રમાણ; પૂર્વદૃષ્ટાંત.

પૂર્વદશાર્હ [સં.] પું. (પુરાણ) વિરહ દેશની પૂર્વ તરફનો દેશ. પાંડવોના વખતમાં ત્યાં સુધર્મા નામે રાજા હતો.

પૂર્વદંડ [સં.] પું. પૂર્વશિક્ષા; મુના બાબત અગાઉ થયેલ શિક્ષા.

પૂર્વદિક ૧. [સં. પૂર્વદિક્] સ્ત્રી. પૂર્વ તરફનો પ્રદેશ.
૨. સ્ત્રી. પૂર્વ દિશા.

પૂર્વદિક્‌પતિ ૧. [સં. પૂર્વ (પૂર્વનું) + દિક્ (દિશા) + પતિ (સ્વામી)] પું. ઇંદ્ર.
૨. પું. (જ્યોતિષ) મેષ, સિંહ અને ધન એ ત્રણ રાશિ.

પૂર્વદિગીશ જુઓ પૂર્વદિક્‌પતિ.

પૂર્વદિગ્ભાગ [સં.] ન. અમુક ગ્રહે સૂર્ય વગેરે અહોનું પૂર્વમાં હોનાર ભ્રમણ.

પૂર્વદિગ્વલન [સં.] ન. (જ્યોતિષ) મેષ, સિંહ અને ધન એ ત્રણ રાશિ.

પૂર્વદિશા [સં. પૂર્વદિશ્] સ્ત્રી. પૂર્વ દિશા.

પૂર્વ દિશા ૧. [સં.] સ્ત્રી. જે દિશા તરફ સૂર્ય ઊગે છે તે દિશા; ઉગમણી દિશા.
૨. સ્ત્રી. દેવ અને પુણ્ય કરનારનો મુખ્ય દેશ.
૩. સ્ત્રી. સ્થાપિત હકીકત.
૪. વિ. ઊગતા સૂર્યના જેવું ફળદાતા; જોઈએ તેવું ઉત્તમ.

પૂર્વદિષ્ટ ૧. [સં.] ન. પૂર્વ જન્મનાં કર્મોનાં પરિણામે ભોગવવું પડતું સુખ કે દુઃખ.
૨. વિ. પૂર્વના જ્યોતાનુસારે થયેલ.
૩. વિ પૂર્વે કરેલ.

પૂર્વદૃષ્ટ [સં.] વિ. પહેલાં જોયેલું.

પૂર્વદૃષ્ટાંત [સં.] ન. પૂર્વદર્શના; પૂર્વપ્રમાણ.

પૂર્વદેવ ૧. [સં.] પું અસુર; દૈત્ય. તે પહેલાં સુર હતા, પણ પાછળથી તેમનાં દુષ્ટ કર્મને લીધે ભ્રષ્ટ થયા હતા. અમરકોષમાં તેનાં આ પ્રમાણે નામ છે અસુર, દૈત્ય, દૈતેય, દનુજ, ઇંદારિ, દાનવ, શુક્રશિષ્ય, દિતિસુત, સુરદ્વિષ
૨. પું. નર અને નારાયણ.
૩ પું. જૈન દેવ.

પૂર્વદેવતા [સં.] પું અનાદિ કાળથી દેવભાવવાળા પિતૃઓ.

પૂર્વદેશ [સં.] પું. પૂર્વમાં આવેલ દેશ.

પૂર્વદેશી વિ. પૂર્વ દેશમાં રહેનાર.

પૂર્વદેશીય [સં.] વિ. પ્રાચ્ય; પૌર્વાત્ય; ઐશિક્ય વગેરે પૂર્વ તરફના દેશનું.

પૂર્વદેહ [સં.] પું આગલા જન્મનું શરીર; આગલો ભવ; પૂર્વજન્મ.

પૂર્વદોષદર્શન [સં.] ન. પૂર્વશિક્ષા; મુના બાબત અગાઉ થયેલ શિક્ષા.

પૂર્વદ્વાર ૧. [સં.] ન. પૂર્વ તરફનું બારણું.
૨. ન. મુખ.
૩. ન. સરિયામ રસ્તા ઉપર પડતું આગલું બારણું.

પૂર્વદ્વારિક [સં.] ન. પૂર્વ દિશામાં રહી ચંદ્ર સાથે જોગ જોડનાર કલ્યાણકારી નક્ષત્ર.

પૂર્વધર વિ. (જૈન) પૂર્વજ્ઞાનધારી; પૂર્વનું જ્ઞાન ધરાવનાર.

પૂર્વધરણીધર પું. અગાઉનો ગીરોદાર.

પૂર્વધારણા [સં.] સ્ત્રી. અગમચેતી.

પૂર્વધારી વિ. (જૈન) પૂર્વનું જ્ઞાન ધરાવનાર.

પૂર્વનદી [સં.] સ્ત્રી. પૂર્વ દિશામાં આવેલ નદી.

પૂર્વનિગ્રહ [સં.] પું. પૂર્વશિક્ષા; મુના બાબત આગાઉની શિક્ષા.

પૂર્વનિપાત ૧. [સં.] પું. પૂર્વપ્રહ; પહેલ; ગ્રહ.
વૃત્તિની પ્રબળતા જે કરે છે તે એટલું જ કે અમુક પ્રકારના વિચારો, આવું વૃત્તિપ્રાબલ્ય ન હોય તો મનમાં આવી પ્રથમ પ્રકારના વિચાર કરવાં પણ અશિષ્ટ થઈ પડત, તેમને વિદૂર રાખે છે. આવી મનઃસ્થિતિને પક્ષપાત અથવા તત્પ્રબલ્યસૂચક અથવા પૂર્વનિપાત જેવું નામ આપવામાં આવે છે. મણિલાલ નભુભાઈ
૨. પું. (વ્યાકરણ) સમાસમાં શબ્દનું અનિયમિત રીતે આગળ આવવું તે.

પૂર્વનિરૂપણ [સં.] ન. ભાગ્ય; કિસ્મત.

પૂર્વનિવાસ પું. પૂર્વજન્મ.

પૂર્વનિષાદ [સં.] પું. (પુરાણ) ભર્જ નામનો દેશ.

પૂર્વન્યાય [સં.], પું. કહે વાદીને ઠરાવી બૂચો હું એવું પ્રતિવાદીનું કહેવું તે; નિશ્ચિતવાદ; સંચિત મામલો.

પૂર્વપક્ષ ૧. [સં.] પું. અઢાર પ્રકારના વિવાદરૂપ બચાવ.
૨. પું. ઉત્તર આપવા માટે વાદીએ પ્રથમ સામા પ્રતિવાદી વસ્તુની રજૂઆત કરવી તે; દલીલનો પહેલો ભાગ; અદાલતમાં વાદીએ રજૂ કરેલ વાત.
૩. પું. કૃષ્ણ પક્ષ; અંધારિયું.
૪. પું. ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન.
૫. પું. પ્રતિજ્ઞા; બડાશ.
૬. પું. ફરિયાદ.
૭. પું. (વેદાંત) જ્ઞાનના વિષય સંબંધી સંશયને દૂર કરવા માટેના પ્રશ્ન.
૮. પું. શુક્લ પક્ષ; પડેલું પખવાડિયું; અજવાળિયું.
૯ પું (ગણિત) સમીકરણમાં બરાબરની નિશાનીની બાબી બાજુ તરફની પદી.
૧૦. પું. (વેદાંત) સિદ્ધાંતથી ઊલટા તર્કનો ઉપન્યાસ કરવો તે; સિદ્ધાંત વિરુદ્ધ ઉપન્યાસ કરવો તે; સિદ્ધાંત વિરુદ્ધ કોટિ.

પૂર્વપક્ષપાદ ૧. [સં.] પું. ચાર પાદવાળા અઢારો માંહેનો પ્રથમ પાદ.
૨. વિ. કોઈ પ્રકારનો દાવો દાખલ કરનાર.

પૂર્વપક્ષી ૧. [સં. પૂર્વપક્ષિન્] પું. પૂર્વપક્ષ રજૂ કરનાર વ્યક્તિ.
૨. વિ. સામા પક્ષવાળું; પૂર્વપક્ષ રજૂ કરનાર.

પૂર્વપદ ૧. [સં.] ન. (ગણિત) અયમર; ગુણોત્તરનાં બે માંહેનું પહેલું પદ. જેમકે, ૩ : ૫ એ ગુણોત્તરમાં ૩ એ પૂર્વપદ છે.
૨. ન પૂર્વમાં રહેલ વિભક્તિવાળુ પદ.
૩. ન પૂર્વમાં રહેલ સ્થાન; પ્રથમનું સ્થાન.
૪. ન. વચન; સૂત્ર.
૫. ન. સમાસ કે વાક્યનું પ્રથમ અંગ.

પૂર્વપદાન ન. અગાઉનો સંબંધ.

પૂર્વપદિક [સં.] વિ. પૂર્વપદને અનુસાર કે અનુસરનાર.

પૂર્વપરંપરાગત [સં.] વિ. પરંપરાથી આવ્યું આવેલું.

પૂર્વપર્વત [સં] પું. ઉદયાચલ પર્વત; જેની પાછળથી સૂર્ય ઊગતો મનાય છે તે કલ્પિત પર્વત.

પૂર્વપશ્ચિમ વિ. પૂર્વથી પશ્ચિમ સુધીનું; પૂર્વથી પશ્ચિમ સુધી સળંગ.

પૂર્વપહાડી (પૂર્વપહાડી) સ્ત્રી. બંગાળ, આસામ અને સંયુક્ત પ્રાંતમાં બોલાતી એક ભાષા.

પૂર્વપંક્તિ સ્ત્રી. પહેલાંની લીટી; આગળની લીટી.

પૂર્વપંજાબી સ્ત્રી. અક્ષરોમાંથી ઉત્પન્ન થયેલ એ નામની ભાષા.

પૂર્વપાદ [સં.] પું. શ્લોકનું પહેલું ચરણ.

પૂર્વપાંચાલ પું. (પુરાણ) ભારતીય યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

પૂર્વપાલી ૧. [સં. પૂર્વપાલિન્] પું. પૂર્વ દિશાનો સ્વામી ઇંદ્ર.
૨. પું. પૂર્વના દેશનો એક રાજા.

પૂર્વપાષાણયુગ [સં.] પું. માનવોન્નતિનો જાણવામાં આવેલો સૌથી પહેલો યુગ. મુખ્યત્વે કરીને અણઘડ પથ્થરનાં ઓજારો આ યુગમાં વપરાતાં. આ યુગ પાંચ લાખ વર્ષનો હતો એમ કેટલાક લોકો અનુમાને છે.

પૂર્વપાશ્ચાત્ય પું. (પુરાણ) કુરુક્ષેત્રની પછી આવેલો પૂર્વ તરફનો દેશ.

પૂર્વપિતામહ [સં] પું. પ્રપિતામહ; પિતાના પિતાનો પિતા; પરદાદો.

પૂર્વપિંડાનુપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. અવરોહિત પૂર્વપિંડનુકરણ.

પૂર્વપીઠિકા ૧. [સં.] સ્ત્રી. આધાર ક્રમાગ્રંથની અમુક અવતરણિકા.
૨ સ્ત્રી. પહેલાંનો પ્રતિહાસ; આગળનો પ્રતિહાસ.
૩. સ્ત્રી. ભૂમિકા; ઉપોદ્ઘાત.

પૂર્વપુરુષ ૧. [સં.] પું. પિતા, પિતામહ અને પ્રપિતામહ એ ત્રણ પુરુષ.
૨. પું. પૂર્વના અંગિરા વગેરે ઋષિનો મહિનો દરજ્જો

પૂર્વપુરુષ જુઓ પૂર્વપુરુષ.

પૂર્વપેય [સં.] વિ. પીવામાં સૌથી પહેલું.

પૂર્વપ્રતિજ્ઞા સ્ત્રી. નમૂનો; આદર્શ; મૂળ પ્રતિજ્ઞા; પૂર્વાદર્શ.

પૂર્વપ્રમાણ [સં] ન. પૂર્વદર્શનનું દાખલો; પૂર્વદૃષ્ટાંત.

પૂર્વપ્રયોગ ૧. પું. પૂર્વપ્રયોગનો પ્રયત્ન.
૨ પું. પૂર્વજન્મ કર્મ છૂટી ગયા પછી પણ જોયા આવેલો જોગ કે આવેશ.
૩. પું. પૂર્વાભ્યાસ; અભ્યાસપ્રયોગ; 'રીહર્સલ.'

પૂર્વફલ્ગુની [સં.] સ્ત્રી. (જ્યોતિષ) અગિયારમું ચાંદ નક્ષત્ર. તેનો આકાર ઝાંખ જેવો છે અને તેમાં બે તારા છે.

પૂર્વફલ્ગુનીભવ [સં.] પું. ભૃગુપતિ.

પૂર્વફાલ્ગુન જુઓ પૂર્વફલ્ગુની.

પૂર્વફાલ્ગુની જુઓ પૂર્વફલ્ગુની.

પૂર્વબર્બર પું. (પુરાણ) પૂર્વના દેશની પૂર્વ તરફ આવેલો બર્બર દેશ.

પૂર્વબંધકગૃહીતા [સં.] પું. અગાઉનો ગીરોદાર.

પૂર્વબંધકધર [સં] પું. અગાઉનો ગીરોદાર.

પૂર્વભદ્રપદા જુઓ પૂર્વાભાદ્રપદા.

પૂર્વભવ [સં.] પું. આગલો અવતાર; પૂર્વનો જન્મ.

પૂર્વભાગ [સં.] પું આગલો ભાગ; આગળનો ભાગ; બોખરાનો ભાગ.

પૂર્વભાદ્રપદા [સં.] ન. (જ્યોતિષ) પચીસમું ચાંદ નક્ષત્ર.

પૂર્વભાવ [સં] પું. ન્યાયપ્રસિદ્ધ પૂર્વવર્તિત્વ; કારણત્વ; પૂર્વનો ભાવ કે અસ્તિત્વ.

પૂર્વભાવિ ૧. [સં.] ન. કારણ.
૨. [સં. પૂર્વભાવિન્] વિ. પહેલાં થયેલું; પૂર્વે હોનાર; પ્રથમ વર્તનાર.

પૂર્વભુક્તિ [સં.] સ્ત્રી. પૂર્વાસ્વાદ; આદિ ભોગ; પૂર્વનો ભોગવટો; પહેલાંનો ઉપભોગ; પ્રથમ ભોજન.

પૂર્વભૂત [સં.] વિ. પ્રથમનું; ભૂતકાળનું; પહેલાં થઈ ગયેલું; આગલું

પૂર્વભૂમિ ૧. [સં.] સ્ત્રી. આગળની જમીન.
૨. સ્ત્રી. આગળની ભૂમિકા; પ્રસ્તાવ.

પૂર્વભૂમિકા ૧. [સં.] સ્ત્રી આગળનો પ્રતિહાસ.
૨. સ્ત્રી આધાર ક્રમાગ્રંથની અમુક અવતરણિકા.
૩ સ્ત્રી. ભૂમિકા; ઉપોદ્ઘાત.

પૂર્વભક્ષિકા સ્ત્રી. એક જાતનો સદ્ગનો રોગ.

પૂર્વમત્સ્ય [સં.] પું. (પુરાણ) સુપાર્શ્વ દેશની પૂર્વે આવેલો એ નામનો દેશ. જ્યાં પાંડવોના વખતમાં વિરાટ રાજા રાજ્ય કરતો હતો.

પૂર્વમસ્તિષ્ક [સં.] ન. આગલું મગજ.

પૂર્વમંબિકા [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠા માહનું એક નામ.

પૂર્વમાહિતી [સં.] સ્ત્રી. પહેલાંની હકીકત.

પૂર્વમિતિ [સં.] સ્ત્રી. આગલી તારીખ.

પૂર્વમિત્રપદ [સં.] ન. (પુરાણ) ભારતવર્ષનું એક તીર્થ.

પૂર્વમીમાંસા [સં.] સ્ત્રી ;ન. કર્મકાંડનું શાસ્ત્ર; છ માંહેનું એક દર્શનશાસ્ત્ર; જૈમિનિ મુનિએ રચેલું કર્મકાંડપ્રધાન દર્શન. તેમાં કર્મકાંડ સંબંધી ઘણી વાતોનો નિર્ણય કરેલો છે. પૂર્વમીમાંસા એ ઉત્તરમીમાંસાનું પૂર્વાંગ અને નિકટવર્તી દર્શન કહેવાય છે ખરું, પણ તેનું કારણ એ નથી કે તે ઉત્તરમીમાંસાના પ્રમેયો સ્વીકારતું હોય. તે પ્રમેયના વિષયમાં વૈશેષિક અને ન્યાયદર્શનને જ મુખ્યપણે અનુસરે છે. પૂર્વમીમાંસા કર્મકાંડવિષયક વૈદિક શ્રુતિઓની અવસ્થા અને ઉપપત્તિ કરતું હોવાથી તે જ્ઞાનપ્રધાન ઉત્તરમીમાંસાનો માર્ગ સરલ કરે છે. તે જ કારણથી તે તેનું પૂર્વાંગ યા નિકટવર્તી દર્શન કહેવાય છે. પ્રમેયની માન્યતામાં તો પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા વચ્ચે આકાશપાતાળનું અંતર છે. પૂર્વમીમાંસા આત્માનું અનેકત્વ સ્વીકારે છે, પરમાણુ વગેરે જડ દ્રવ્યોને સ્વતંત્ર માને છે, મોક્ષમાં નૈયાયિકોની પેઠે બુદ્ધિ વગેરે ગુણનો નાશ અને આનંદનો અભાવ માને છે

પૂર્વમીમાંસાદર્શન જુઓ પૂર્વમીમાંસા

પૂર્વમુખ [સં.] વિ. પૂર્વ બાજુ મુખવાળું.

પૂર્વમુદ્રાપત્ર [સં.] ન. છપતાં પહેલાં મૂળને સુધારવા માટે આપેલો પ્રમાણ; છાપાખરડો, 'પ્રૂફ'.

પૂર્વમૃગશીર્ષ [સં.] પું. લોકમાન્ય ટિળકે બનાવેલો એ નામે એક ગ્રંથ.

પૂર્વયોજના [સં.] સ્ત્રી. વ્યવસ્થા; ગોઠવણ.

પૂર્વયોજિતનિધિ ૧. [સં.] સ્ત્રી. દ્રવ્યસંચય.
૨. સ્ત્રી. સરક્ષક નિધિ.

પૂર્વરક્ષિતસંચય [સં.] પું. બચતમાંથી અમુક રકમ અપી કરવામાં આવતો અર્થસંચય; 'પ્રોવિડંટ ફંડ'. નિવૃત્તિ સમયે તે આપવામાં આવે છે.

પૂર્વરંગ [સં] પું (નાટ્ય) મંગલાચરણ; નાટક વગેરે પ્રયોગ કરતા પહેલાં સભાને ખુશ કરવા અને વિઘ્નાદિની શાંતિ થવા માટે સૂત્રધાર વગેરેથી કરાતું કરવાતનું ગાયન; નાંદીપાઠ; નાટકની શરૂઆતમા વિઘ્નોની શાંતિ માટે નહોએ કરેલ સંગીત, સ્તુતિ વગેરે.

પૂર્વરાગ ૧ [સં.] પું. પ્રથમાનુરાગ; પૂર્વાનુરાગ; નાયકનાયિકાનો સંયોગ થવા પહેલાં પ્રેમના પ્રારંભથી તેમની થતી એક અવસ્થા. કેટલાક કહે છે કે, પૂર્વરાગ માત્ર નાયિકાઓને જ થાય છે. નાયકને જોઈને અથવા કોઈને મોઢેથી તેના રૂપ, ગુણ વગેરેની પ્રશંસા સાંભળીને નાયિકાના મનમાં જે પ્રેમ ઉત્પન્ન થાય છે તેને પૂર્વરાગ કહે છે. તેમાં નાયકને મેળવવાની અભિલાષા, તેના સંબંધી ચિંતા, તેનું સ્મરણ સખીઓ સાથે તેની ચર્ચા, તેને મળવાનો ઉદ્વેગ, પ્રલાપ, ઉન્મત્તતા, રોગ, મૂર્છા અને મરણ એ દસ અવસ્થા થાય છે અર્થાત્ નાયકનાયિકા ન મળ્યાં હોય ત્યાંસુધી પૂર્વરાગ કહેવાય છે. મળ્યા પછી તે પ્રેમ કે પ્રીતિ કહેવાય છે.

૨. પું. (સંગીત) રાગના બે મોટા ભેદ પૈકી સંપૂર્ણ અને ષાડવ રાગોના ભાર વિભાગથી મધ્યરાત્રિના બાર વાગ્યા સુધીમાં જે રાગો ગાવાનો પ્રચાર છે તે બધા રાગો પૂર્વરાગના ગણાય છે.

પૂર્વરાજપૂતાની સ્ત્રી. એ નામની એક ભાષા.

પૂર્વરાત્ર [સં] સ્ત્રી. પહેલી રાત; આગલી રાત; રાત્રિનો પૂર્વભાગ; સંધ્યાથી મધ્યરાત સુધીનો વખત.

પૂર્વરૂપ ૧ [સં.] ન. આદિ રૂપ; કોઈ બનાવ બનતાં પહેલાં તે પ્રકટ થવાનાં અગાઉથી થતાં ચિહ્ન; આગમસૂચક લક્ષણ.

૨. ન. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. કોઈ વસ્તુ પોતાનો લાભ કરેલો ગુણ પાછો અર્પણ કરે તે સૂચવતો અલંકાર; કરી પોતાના ગુણની પ્રાપ્તિ સૂચવતો અલંકાર.

> રૌપ્ય રત્નાવલી જ ઉદાહરણ છે. તે હાર કરવાથી હરણની પ્રતિષ્ઠા વધી ગઈ હતી, તે રામચંદ્રજીના ગળાના સંબંધથી પાછો ઉજ્જ્વલ થવાથી પૂર્વરૂપને પ્રાપ્ત થયો. આવું વર્ણન હોવાથી પૂર્વરૂપ અલંકાર છે કાવ્યપ્રકાશ

૩. ન. અવધિ પહેલાં થતાં લક્ષણ.

૪. ન. શકુન; ચિહ્ન.

પૂર્વરેખાંગવૃત્ત [સં.] ન. સમ રેખાંકવૃત્તની પૂર્વનું રેખાંકવૃત્ત.

પૂર્વલક્ષણ [સં] ન. પ્રથમનું લક્ષણ; પહેલું ચિહ્ન.

પૂર્વલમ્બાંત ન. ઉત્તરક્ષુદ્રાંત; ભૌમક્ષુદ્રાંત.

પૂર્વલેખ [સં.] પું. અરજો.

પૂર્વવત્ [સં] અ. પહેલાંની માફક; અગાઉની પેઠે; પૂર્વની પેઠે; પ્રથમની સમાન.

પૂર્વવત્ અનુમાન ન. (વેદાંત) જ્યાં કારણરૂપે લિંગ વડે કાર્યરૂપ સાધ્યની અનુમિતિ થાય તે અનુમાન, જેમ મેઘની ઘટાવિશેષ વડે વરસાદનું અનુમાન થાય છે, તેમાં વર્ષા તે કાર્ય છે અને મેઘોની ઘટા વિશેષ કારણ છે. કેટલાક પ્રમાકારો પૂર્વ શબ્દનો અર્થ અન્વયવ્યાપ્તિ કરે છે. તેથી અન્વયવ્યાપ્તિવાળું જે કેવલાન્વયિ અનુમાન તેને પૂર્વવત્ કહે છે.

> (૧) પૂર્વવત્, (૨) શેષવત્ અને (૩) સામાન્યતોદૃષ્ટ એ ત્રણ પ્રકારનું અનુમાન છે. કારણરૂપ હેતુથી કાર્યનું અનુમાન કરવું તે પૂર્વવત્ કહેવાય. જેમકે, આકાશમાં વાદળાનો ઘટાટોપ જોઈ વૃષ્ટિનું અનુમાન કરવું તે પૂર્વવત્ અનુમાન કહેવાય. સાંખ્યદર્શન

પૂર્વવય [સં. પૂર્વવયસ્] સ્ત્રી. જિંદગીનો પહેલો ભાગ; પ્રથમની વય; બાલ્યાવસ્થા.

પૂર્વવર્તિત્વ ન. પૂર્વે હોવાપણું.

પૂર્વવર્તી ૧. [સં. પૂર્વવર્તિન્] વ. અન્યવ્યાપ્તિવિશિષ્ટકારણ.

૨. વિ. અગાઉનું; પહેલાંનું; પહેલાં બની ચૂકેલું.

૩. વિ. પૂર્વનું; પૂર્વે હોનાર કે બનાર.

પૂર્વવાદ [સં.] પું. પૂર્વપક્ષવાદ કે અવધારમાં રાજા વગેરેની પાસે પ્રથમ જઈ બોલવું તે; હાજો; વાદીનું આક્ષેપપૂર્વક બોલવું તે; નાલિશ.

પૂર્વવાદી ૧. [સં. પૂર્વવાદિન્] વિ. અગાઉથી પ્રતિજ્ઞા કરનાર.

૨. વિ. પૂર્વપક્ષવાદી; અવધારમાં રાજા વગેરેની પાસે પ્રથમ જઈ બોલનાર; વાદી; હાજો ભરનાર; ફરિયાદી.

પૂર્વવાર્ષિક ૧. [સં] વિ. વર્ષના પહેલા ભાગમાં હોનાર કે બનાર.

૨. વિ. વર્ષા ઋતુના પૂર્વભાગમાં હોનાર કે બનાર.

પૂર્વવાહ [સં. પૂર્વવાહ્] વિ. પૂર્વ તરફમાં રહેનાર.

પૂર્વવિચાર [સં.] પું. અગાઉના વખતનો વિચાર.

પૂર્વવિજ્ઞાન [સં.] ન. સાંખ્યદર્શનપ્રસિદ્ધ એક

> જેમ કોઈ મતમાં જન્મમાં પુત્ર ન હોવા છતાં માતાપિતા જાતકર્માદિ સંસ્કાર કરે છે અને તેનું ફળ જાતિ પુત્રને મળે છે; તેમ સાંખ્ય મતમાં પણ જ્ઞાનવિજ્ઞાનનો પૂર્વોપદેશ કાંઈ કાળો પણ સંભવ ન હોવા છતાં પૂર્વવિજ્ઞાન ઉત્તરવિજ્ઞાનનું ફળ ઉત્પન્ન કરી શકશે અને ઉપકારોપકારક ભાવ પણ બની શકશે. સાંખ્યદર્શન

પૂર્વવિદ ૧. [સં. પૂર્વવિદ્] પું (જૈન) પૂર્વના જાણનાર મોક્ષમાં જનાર; ચૌદપૂર્વી; ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ.

૨. વિ પુરાણી વાતો જાણનાર; ઇતિહાસ વગેરે જાણનાર; પૂર્વને જાણનાર; પ્રથમનું જાણનાર.

પૂર્વવિદેહ ૧. [સં] પું જંબુદ્વીપના મધ્યક્ષેત્ર મહાવિદેહનો પૂર્વાર્ધ; મેરુથી પૂર્વ તરફનો વિભાગ.

૨. પું. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ જાતની એક લિપિ.

પૂર્વવિદેહલિપિ [સં] સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ જાતની એક લિપિ.

પૂર્વવિદ્યાની સ્ત્રી. અગમચેતી.

પૂર્વવૃત્ત ૧. [સં.] ન. ઇતિહાસ.

૨. ન પહેલાંની વર્તણૂક; અગાઉનું વર્તન.

૩. ન પહેલાંનો બનેલો બનાવ; આગળનો ઇતિહાસ.

પૂર્વવૃત્તાંત [સં.] ન. આગળનું વૃત્તાંત; પૂર્વવૃત્તાંત.

પૂર્વવૃત્તિત્વ [સં.] ન (વેદાંત) કાર્યના પ્રાગ્ભાવના અધિકરણમાં રહેનારપણું.

પૂર્વશઠ [સં.] પું. (પુરાણ) અપર વિદેહની પૂર્વ તરફનો દેશ.

પૂર્વશરત સ્ત્રી. કોઈ પણ થતા કે કરતા પહેલાંની આવશ્યકતા; પહેલેથી હોવી જોઈતી કરતી; 'પ્રીરેક્વિઝિટ.'

પૂર્વશૈલ [સં.] પું. ઉદયાચલ પર્વત; પૂર્વ તરફનો પર્વત.

પૂર્વશ્રુત ન. (જૈન) પૂર્વજ્ઞાનનું શ્રુત.

પૂર્વસમુદ્ર [સં.] પું. પૂર્વમાં આવેલ સમુદ્ર.

પૂર્વસર [સં] વિ. પૂર્વ સન્મુખ જઈને જનાર.

પૂર્વસર્વવૃત્તાંતબોધક [સં.] પું. પુરુષોત્તમનાં કાનાં માહેનું એક નામ.

પૂર્વસંકેત પું. અગમચેતી.

પૂર્વસંધ્યા [સં.] સ્ત્રી. પ્રાતઃકાળ.

પૂર્વસંયમ [સં.] પું. (જૈન) સરાગસંયમ; વીતરાગસંયમની પૂર્વાવસ્થા.

પૂર્વસંસ્કાર [સં.] પું. આગળનો સંસ્કાર.

પૂર્વસંસ્કૃતયુગ [સં.] પું. સંસ્કૃત સાહિત્યમાં જે નામનો એક યુગ.

> વેદનો પૂર્વકાળ, મધ્યકાળ અને ઉત્તરકાળ ઐતિહાસો સુધી ચાલેલા છે, ત્યારબાદ, અમુક ઐતિહાસો સુધી પૂર્વસંસ્કૃતયુગ અને ઉત્તરસંસ્કૃતયુગ એમ ચાલેલ છે. આપસ્તંબ કલ્પાધ્યાય

પૂર્વસંસ્તુતિ [સં.] સ્ત્રી. (જૈન) સાધુને આહારપાણી લેતાં લાગતું એક પ્રકારનું પાપ; ઉત્પાદનદોષની જોડ બાંધેલી એક ભાત; અગાઉથી વખાણ કરી ભિક્ષા લેવાથી લાગતો દોષ

પૂર્વસંસ્તુતિદોષ જુઓ પૂર્વસંસ્તુતિ.

પૂર્વસાગર [સં] પું. પૂર્વમાં આવેલ સમુદ્ર.

પૂર્વસાર [સં] વિ. પૂર્વ દેશ તરફ જનાર; પૂર્વ તરફ જનાર.

પૂર્વસાહસદંડ [સં.] પું. ચંદ્રગુપ્તના વખતમાં થતો એક જાતનો દંડ. તેમાં ૪૮થી ૬૬ પણ સુધીનો દંડ થતો.

પૂર્વસાંપ્રતયુગ [સં.] પું. એ નામે એક યુગ. તે તૃતીય યુગનો એક ભાગ છે. આ યુગનાં જે બંધારણો ત્રણયુગમાં આવ્યાં છે, તે મોટે ભાગે ભૌમિક મૂળવાળાં છે. તે સમયનું જીવન હાલના સમયને મળતું આવતું હતું.

પૂર્વસિદ્ધ [સં.] વિ. પહેલાં સિદ્ધ થયેલું.

પૂર્વસીમા સ્ત્રી. આગળનો વખત; આગળનો ભાગ

પૂર્વસુષ્મ પું (પુરાણ) એ નામનો એક દેવ. પાંડવોના વખતમાં તે પૂર્વહિરાતની પૂર્વે આવેલ હતો

પૂર્વસૂચન [સં.] ન. પ્રથમની સૂચના.

પૂર્વસૂત્ર [સં.] ન. આગલું સૂત્ર.

પૂર્વસૂરિ [સં] પું. પૂર્વાચાર્ય; પ્રાચીન આચાર્ય.

પૂર્વસ્થિતિ [સં.] સ્ત્રી. અગાઉની સ્થિતિ.

પૂર્વસ્વામી [સં. પૂર્વસ્વામિન્] પું. અગાઉનો ધણી

પૂર્વહક જુઓ પૂર્વહક્ક.

પૂર્વહક્ક પું અગ્રહક્ક; અગ્રતા.

પૂર્વહિંદી સ્ત્રી. અયોધ્યા અને તેના દક્ષિણ પ્રદેશની ભાષા; મધ્ય પ્રાંત અને મધ્ય હિંદ તરફ વપરાતી ભાષા.

પૂર્વા ૧. [સં.] સ્ત્રી. ઉત્તમણી દિશા; પૂર્વ દિશા.

૨. સ્ત્રી નાનું આમલું.

૩. સ્ત્રી પૂર્વ તરફનો પવન.

૪. સ્ત્રી (જ્યોતિષ) પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા અને પૂર્વા ભાદ્રપદા નક્ષત્ર.

૫. સ્ત્રી (પુરાણ) સોમની સત્તાવીસ બાંહેની એ નામની એક બી.

પૂર્વાકલ્યાણ પું. (સંગીત) એક સંપૂર્ણ જાતિ રાગ.

પૂર્વાકાશ [સં. પૂર્વ + આકાશ] ન. પૂર્વ તરફનું આકાશ

પૂર્વાગમ [સં. પૂર્વ + આગમ (શાસ્ત્ર)] ન શાસ્ત્ર.

પૂર્વાચરિત [સં.] વિ. પૂર્વે આચરેલ; પ્રથમ કરેલ.

પૂર્વાચલ [સં.] પું એ નામનો એક કલ્પિત પર્વત; મેરુ; ઉદયગિરિ.

પૂર્વાચાર [સં.] પું. પૂર્વનો આચાર; જૂની પ્રણાલી

પૂર્વાચાર્ય [સં.] પું. પહેલાં થઈ ગયેલ આચાર્ય.

પૂર્વાનિધિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨ પું. એ નામે એક મૈત્રપ્રવર્તક ઋષિ.

પૂર્વાભિ વિ. પૂર્વનું.

પૂર્વામૂર્તિ [સં.] પું. સાક્ષાત્સ્વરૂપ; મૂળસ્વરૂપ; આબેહૂબ મૂર્તિ; એકજ પ્રકારની વસ્તુ; પૂર્વપ્રતિમા.

પૂર્વાર્ધ વિ પૂર્વ તરફ મુખવાળું. મકાનને માટે વપરાય છે.

શિલ્પશાસ્ત્રોમાં પૂર્વાદ્ય અને ઉત્તરાદ્ય એ ઉત્તમ પ્રકારના વાસ્તુમાં છે. બૃહદ્વિધાન

પૂર્વાદ્રિ [સં.] પું. ઉદયાચલ પર્વત; પૂર્વાચલ

પૂર્વાધ્યાનશ્રુતિ [સં.] પું. અગાઉનો ગ્રંથોદ્ધાર.

પૂર્વાધિકાર [સં.] પું. અગ્રહક્ક; અગ્રભાવિકાર.

પૂર્વાધિકારી [સં. પૂર્વાધિકારિન્] વિ. આગ્ર અધિકારી; પૂર્વનો અધિકારી; નોકરી ઉપરથી નિવૃત્ત થયેલો અધિકારી

પૂર્વાનિલ [સં.] પું. પૂર્વનો વાયુ.

પૂર્વાનુપૂર્વી ૧. [સં. પૂર્વ + અનુપૂર્વિન્] સ્ત્રી અનુક્રમ; પરિપાટી

૨. વિ. ક્રમાગતનું; પ્રથમનું; પૂર્વાનુગામી.

પૂર્વાનુભૂત [સં.] વિ. પ્રથમનો જોયું.

પૂર્વાનુમાન [સં.] ન. ભવિષ્ય ભાખવું તે; અગાઉથી અનુમાન કરવું તે.

પૂર્વાનુયોગ [સં.] પું. બાંગ મહિનો એક પ્રકારનો દૃષ્ટિવાદ.

પૂર્વાનુરાગ [સં.] પું. કોઈના ગુણ સાંભળીને અથવા તેનું ચિત્ર કે રૂપ દેખીને ઊપજતો પ્રેમ; અનુરાગ અથવા પ્રેમનો આરંભ.

પૂર્વાપર ૧. [સં. પૂર્વ + અપર (પાછળનું)] પું પૂર્વ અને પશ્ચિમ.

૨. પું. સમંધ.

૩. વિ. આગળ પાછળ અને વસ્તુઓ વચ્ચ બરાબર જમાવટ રહેતી હોય તેવું: યથાનુક્રમ; આગળપાછળના સંબંધસર; આમલુંપાછલું; આગળપાછળનું; આગલું ને બીજું; પહેલું ને છેલ્લું.

૪. વિ. પૂર્વ કે પશ્ચિમ દેશનું

૫. અ. આગળપાછળ.

૬. અ. ઓડીતર બરોબર અનુક્રમમાં રહેતું હોય તેમ; ક્રમાનુસાર.

પૂર્વાપરમધ્યાહ્ન [સં.] ન બપોરનો.

પૂર્વાપરસંબંધ [સં.] પું. આગળપાછળનો સંબંધ

પૂર્વાપરાધસ્થાપન ૧. [સં] ન. અગાઉની શિક્ષા; પૂર્વશિક્ષા

૨. ન. ગુના બાબત અગાઉ સાબિતી

પૂર્વાપરીભાવ [સં] પું આ પહેલું અને આ પછી એમ માનવું તે; પૂર્વોત્તરક્રમની માન્યતા.

પૂર્વાપર્ય ૧. [સં] ન પૂર્વપશ્ચિમપણું.

૨. ન. પૂર્વાપરનો ભાવ; આગળપાછળપણું;

પૂર્વા ફાલ્ગુણી જુઓ પૂર્વાફાલ્ગુની.

પૂર્વા ફાલ્ગુની [સં] સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વા ફાલ્ગુણી; અગિયારમું ચંદ્ર નક્ષત્ર. તેમાં બે તારા છે અને તેનો આકાર ચાર જેવો છે.

પૂર્વા ભાદ્રપદ જુઓ પૂર્વાભાદ્રપદા.

પૂર્વા ભાદ્રપદા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પચીસમું ચંદ્ર નક્ષત્ર. તેનો આકાર પંલંગ જેવો છે અને તેમાં તારાની સંખ્યા બે છે.

પૂર્વાભાવ [સં. પૂર્વ (અગાઉ) + અભાવ (ન હોવાપણું)] ન. અગાઉ ન હોવાપણું.

પૂર્વાભિનય [સં.] પું. અભ્યાસપ્રયોગ; પૂર્વપ્રયોગ; 'રીહર્સલ'

પૂર્વાભિમુખ [સં પૂર્વ + અભિમુખ] વિ. પૂર્વ તરફના મોઢાનું. જેનું દ્વાર પૂર્વ તરફ હોય એવું.

પૂર્વાભિરામ [સં] સ્ત્રી મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી.

પૂર્વાભિષેક [સ] પું. એ નામનો એક જાતનો મંત્ર

પૂર્વાભ્યાસ ૧ [સં] પું. આગળનો અનુભવ.

૨ પું. પૂર્વપ્રયોગ; અભ્યાસપ્રયોગ; 'રીહર્સલ.'

પૂર્વામ્નાય ન (શક્તિ) એ નામનું એક ચક્ર.

પૂર્વારામ [સં] પું એક જાતનો બૌદ્ધસંઘ અથવા મઠ.

પૂર્વાચિંકા [સં.] સ્ત્રી. સામવેદનો પહેલો ભાગ. તેમાં કુલ ૬૫૪ ઋચા છે.

પૂર્વાર્ણવ [સં.] પું. પ્રશાંત મહાસાગર; પાર્શ્વિક મહાસાગર

પૂર્વાર્દ્ધ જુઓ પૂર્વાર્ધ

પૂર્વાર્ધ ૧ [સં. પૂર્વ + અર્ધ] પું. દિવસના પહેલા બે પહોર

૨. પું. પુરાતનનો પહેલો ભાગ.

૩. પું (સંગીત) સ્વરોના ત્રણ સપ્તક માંહેનો પંચમ સુધીનો પહેલો ભાગ.

૪. પું;ન. આગલું અરધું તે; પહેલું અરધું તે; પૂર્વ દિશા તરફનું અડધિયું તે; પહેલો અર્ધ ભાગ. આગલો અરધો ભાગ.

સ્વરાજ્ય એ પૂર્વાર્ધ છે તિલક ગીતા ઓ, ઉત્તરાર્ધ સ્વરાજ્ય છે જન્મસિદ્ધ ધર્મ હક. ગાંધીગીતા

૫. ન (જૈન) દિવસના પહેલા બે પહોર સુધી આહારનાં પચ્ચખાણ કરવાં તે.

૬. વિ પ્રથમનું અર્ધ; પહેલું અર્ધું.

પૂર્વાલાપ [સં. પૂર્વ + આલાપ] પું. ઉપોદ્ઘાત; પ્રસ્તાવના; પૂર્વકથન.

પૂર્વાવતાર ૧. [સં.] પું. પ્રથમનો અવતાર.

૨. પું. રોગ, સંતાપ વગેરેનો પ્રથમ પ્રવેશ.

પૂર્વાવલોકન [સં.] ન. અગમચેતી; આગળબુદ્ધિ; આગળથી અવલોકન કરી રાખવું તે; દીર્ઘદૃષ્ટિ.

પૂર્વાવસ્થક [સં.] વિ. આરંભનું; શરૂઆતનું.

પૂર્વાવસ્થા ૧. [સં. પૂર્વ + અવસ્થા] સ્ત્રી. આગલી અવસ્થા; પૂર્વસ્થિતિ; આગલો ભાગ પહેલાનો આશ્રમ.

૨. સ્ત્રી આગલો વખત.

૩. સ્ત્રી. બાલ્યનું પહેલાનું જીવન.

પૂર્વાવસ્થાપ્રાપણ ન. ઉદ્ધાર; છુટકારો; મૂળ સ્થિતિમાં મૂકવું તે

પૂર્વાવેદક [સં] પું પ્રથમ જણાવનાર ચાડી વગેરે.

પૂર્વાશંકિત વિ. ઓચિંતું.

પૂર્વાશ્રમ ૧ [સં પૂર્વ + આશ્રમ] પું. આગલો કે પહેલાંનો આશ્રમ; પહેલાંની અવસ્થાની સ્થિતિ; આગલો વખત.

૨. પું ગૃહસ્થાશ્રમ.

૩. પું સન્યાસ પહેલાંનું જીવન.

પૂર્વાષાઢા [સં] સ્ત્રી (જ્યોતિષ) અશ્વિનીથી વીસમું નક્ષત્ર. આ નક્ષત્રમાં ચાર તારા છે તેનો આકાર સૂપ જેવો અને તેનો અધિષ્ઠાતા જલ મનાય છે.

પૂર્વાસન [સં] ન. યોગનું એ નામે એક આસન; મૂલાસન.

પૂર્વાસ્થિ [સં.] ન. લલાટ અથવા કપાળનું હાડકું. તે મગજના તળિયાના આગલા ભાગ નીચે આવેલું છે

પૂર્વાસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. (રોગ) દરદીની પરીક્ષા કરતી વખતે રોગના નિદાનને અંગે જાણવાની દરદીની દરદ થયા અગાઉની હાલત; રોગનો પૂર્વ ઇતિહાસ.

૨ સ્ત્રી. પૂર્વ ઇતિહાસ.

પૂર્વાહ્ણ જુઓ પૂર્વાહ્ન.

પૂર્વાહ્ણિક [સં.] વિ. દિવસના પૂર્વ ભાગમાં કરવામાં આવતા કર્મ સંબંધી.

પૂર્વાહ્ન [સં. પૂર્વ (પહેલાંનું) + અહન (દિવસ)] પું. દિવસનો પહેલો ભાગ; સવાર; દિવસના પહેલા બે પ્રહર.

પૂર્વાહ્ણક ૧. [સં.] પું. પૂર્વાહ્ન; દિવસનો પહેલો અર્ધો ભાગ.

૨. વિ દિવસના પહેલા અર્ધ ભાગ સંબંધી.

પૂર્વાહ્ણિક [સં. પૂર્વ (પહેલાંનું) + આહ્નિક (દિવસને લગતું)] ન દિવસના પહેલા અર્ધ ભાગમાં કરવાનું કામ. જેમકે, સ્નાન સંધ્યા, પૂજા.

પૂર્વાંગ ૧. પું;ન. (જૈન) ચોરાશી લાખ વર્ષનો કાળવિભાગ.

૨. પું;ન. પ્રતિપદા; પખવાડિયાનો પહેલો દિવસ.

૩. [સં. પૂર્વ + અંગ] ન. આગળનો ભાગ; પ્રથમ અંગ કે ભાગ.

પૂર્વાંગચારી પું. (સંગીત) એક પ્રકારનો રાગ.

પૂર્વિક [સં.] વિ. પૂર્વનું; પહેલાનું.

પૂર્વિકા [સં.] સ્ત્રી. નર્મદાના હલ્દર માંહેનું એક નામ.

પૂર્વિયો પું. વિંધ્યાચલની સામેનો પુરુષનો.

પૂર્વી ૧. પું (સંગીત) એક પ્રકારનો હાલતો રાગ. તે સિતાર પ્રાંતમાં ગવાય છે અને તેની જાતિ ઔડુવ હોય છે.

૨. પું પૂર્વના પ્રદેશમાં થતા એક જાતના ચોખા

૩. પું (સંગીત) પૂર્વી ઘાટનો સપૂર્ણ સંકીર્ણ પ્રકારનો એક રાગ. તેમાં રિષભ, મધ્યમ અને ધૈવત વિકૃત છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. આ રાગમાં પૂરિયા ધનાશ્રી અને ગોતશ્રી રાગોનો ભાસ થાય છે. આ રાગ ગાવાથી શ્રમ અને સકોચવાળા ચિત્તને આશ્વાસન મળે છે અને મિત્રની શુદ્ધિ સધાય છે.

૪. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. કેટલાકના મત પ્રમાણે આ શ્રી રાગની રાગિણી છે અને કેટલાક લોકો તેને ભૈરવી અને ગૌરી અથવા ઇન્દ્રિરિ, ગૌડ ને ગૌરી સાથે મળી અનેકી સંકર રાગિણી માને છે. તેનો ગાવાનો સમય દિવસમાં ૨૫ દંડથી ૨૮ દંડ સુધી બતાવવામાં આવે છે.

૫ સ્ત્રી (જૈન) અનુપૂર્વી નામની નામકર્મની એક પ્રકૃતિ. તે જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં સીધી રીતે લઈ જાય છે.

૬. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તેમાં સાતે સ્વર આવે છે. રિષભ અને ધૈવત કોમળ, મધ્યમ તીવ્ર, અન્ય સ્વર સા, વાદી સ્વર ગાંધાર, સંવાદી સ્વર ધ અને ન્યાસ સ્વર ગ હોય છે. ભૂપસૂરતી માટે ઘણી વખત ગ શુદ્ધ લેવાય છે. અવરોહમાં પંચમ ઓછો લેવાય છે. આ રાગ ગાવાનો વખત દિવસનો ત્રીજો પહોર છે. તે શૃંગાર રસ ઉત્પન્ન કરે છે અને મધ્યમ પ્રકૃતિવાળાને અનુકૂળ છે.

૭. વિ પૂર્વ દિશા સાથે સંબંધ રાખનારું; પૂર્વનું.

૮. વિ. (જૈન) પૂર્વનું જ્ઞાન ધરાવનાર.

૯ [સં. પૂર્વિન્] વિ. પૂર્વે ક્રિયા કરનાર; પ્રથમ ક્રિયા કરનાર.

પૂર્વીઘાટ જુઓ પૂર્વઘાટ.

પૂર્વીઘાટ પું (સંગીત) સાત માંહેનો એક ઘાટ આ ઘાટમાં ટંકીકા, લલિત, પંચમ, પૂરિયા, ધનાશ્રી, ગોતશ્રી, શ્રી, દીપક, પૂર્વી, પરજ અને વર્મન રાગનો સમાવેશ થાય છે.

પૂર્વીદાણા ૧. પું. બ. વ. એ નામની એક ઔષધિ

૨ પું બ વ. એક જાતનું વસાણું; મોટી એલચી અથવા તેના દાણા. આ દાણા એલચીને ઠેકાણે વપરાય છે

પૂર્વીદુહો પું. (પિંગળ) એક અર્ધસમમાત્રામેળ છંદ. તેના વિષમ પદમાં ૧૧ અને સમ પદમાં ૧૩ માત્રા હોય છે તેમાં પહેલા અને ત્રીજા પદનો પ્રાસ મળતો હોય છે. તેને મોરઠા છંદ પણ કહે છે.

પૂર્વીપ્રદેશ પું. વરપ ખંડની પૂર્વ તરફનો દેશ.

પૂર્વીય ૧. પું. ગંગાજીની પૂર્વ તરફના લોકો.

૨ [સં] વિ પૂર્વ તરફનું.

પૂર્વે ૧. અ આગળ; અગાઉ; અસલના વખતમાં; પહેલાં; ભૂતકાળે

પ્રબ્ધ પીઠાતીતી જ્યારે પૂર્વે હસ્તી'તી વપ, માનતી હતી તે એમ પાપે દુ:ખી થવાય છે. ગાર્ગ્ય ગીતા

૨. અ. અગાઉ કહ્યું તેમ.

૩. અ. જે ભાનુએ સૂર્ય ઊગે છે તે દિશાએ.

પૂર્વેષુઃ ૧. [સં.] કું. પ્રાતઃકાળ.
૨. કું માગશર, પોષ, માહ અને ફાગણની અંધારી સાતમે કરાતું શ્રાદ્ધ.

પૂર્વેંદુ કું. (પિંગળ) એક સમમાત્ર વર્ણમેળ છંદ. તે ચકોરી છંદનો એક ભેદ છે. તેને અનિંદુ મુનિંદુ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ, તગણ, રગણ અને બે ગુરુ મળી બાર અક્ષર હોય છે.

પૂર્વેંદ્ર [સં.] કું. (પુરાણ) પૂર્વકલ્પ માંહેના પાંચ મન્વંતરો દરેક ઇંદ્ર. તેઓ પાંડવરૂપે જન્મ્યા હતા એમ મનાય છે.

પૂર્વોક્ત [સં. પૂર્વ (પ્રથમનું) + ઉક્ત (કહેલું)] વિ. પહેલાં કહેલું; અગાઉ કહેલું; પહેલાં કહેવાયેલું; ઉપર કહ્યા મુજબનું.

પૂર્વોત્તર ૧. [સં. પૂર્વ + ઉત્તર] કું. ઈશાન ખૂણો; પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચેનો ખૂણો.
૨. વિ આગલુંપાછલું; પૂર્વાપર.
૩. વિ પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચેનું; પૂર્વ અને ઉત્તર તરફનું; ઈશાન તરફનું.
૪. વિ. પૂર્વથી ઉત્તર સુધીનું.

પૂર્વોત્તરફલ્ગુની સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વફલ્ગુની તથા ઉત્તર ફલ્ગુની નક્ષત્ર.

પૂર્વોત્તરા [સં] સ્ત્રી, પૂર્વ અને ઉત્તરની વચ્ચેની દિશા; ઈશાનખૂણો; ઈશાન ખૂણો.

પૂર્વોત્પત્તિવિદ્યા [સં.] સ્ત્રી. પૂર્વની ઉત્પત્તિવિષયક માહિતી પૂરી પાડતું શાસ્ત્ર.

પૂર્વોદિત ૧. [સં.] વિ. પૂર્વે ઉલ્લેખ કરેલ.
૨. વિ. પ્રથમ કહેલું; અગાઉ કહેલ.

પૂર્વોદધિજ કું. વહાણમાં વપરાતી જાતનો ભોંય.

પૂર્વોદ્ભિજ્જવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાચીન ઉદ્ભિજ્જવિદ્યા.

પૂર્વોદ્ભિજ્જવેત્તા [સં. પૂર્વોદ્ભિજ્જવેત્તૃ] કું. પ્રાચીન ઉદ્ભિજ્જવિદ્યા જાણનાર માણસ.

પૂર્વોપચાર ૧. [સં] કું. પૂર્વકર્મ; પહેલાં કરવાનું કામ.
૨. કું. પ્રથમ કરવામાં આવતો ઉપાય કે ઉપચાર.

પૂર્વોપાત્તનિધિ [સં પૂર્વ (પહેલાંનું) + ઉપાત્ત (મેળવેલું) + નિધિ (ભંડાર)] સ્ત્રી. પૂર્વોપાર્જિત નિધિ; આજીવિકાનિધિ; દ્રવ્યસંચય

પૂર્વોપાય ૧. [સં] કું. અગાઉથી કોઈકારી રાખીને કરેલો ઉપાય.
૨ કું પૂર્વોપચાર; પૂર્વકર્મ; પહેલાં કરવાનું કામ.
૩. કું. સાવચેતી; સાવધાનતા.

પૂર્વોપાર્જન ૧. [સં. પૂર્વ (પહેલાનું) + ઉપાર્જન (મેળવવું તે)] ન. પહેલાની કમાણી; પૂર્વની કરેલી કમાણી
૨. ન. પૂર્વજન્મના સંસ્કાર વગેરે

પૂર્વોપાર્જિત [સં. પૂર્વ + ઉપાર્જિત] વિ પૂર્વે કે પૂર્વજન્મમાં કમાયેલું.

પૂર્વ્યા સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; પૂર્વી જેવી પણ ગોડ્ય કરતાં ઓછા પ્રકારના રાત્રિને ત્રીજે પ્રહોરે ગવાતી રાગિણી.

પૂલ્ [સં.] સ. ક્રિ. ભેળું કરવું; એકત્ર કરવું.

પૂલક ૧. [સં.] કું. ઘાસનો પૂળો.
૨. કું દેહરાદૂનનાં જંગલોમાં થતું એક જાતનું ઝાડ; પૂલા.

પૂલબંધાર કું. પૂલ બાંધવો તે.

પૂલા ૧. [હિં.] કું. ઘાસનો પૂળો.
૨. [સં. પૂલક] કું. દેહરાદૂનનાં જંગલોમાં થતું એક પ્રકારનું નાનું વૃક્ષ. વસંત ઋતુમાં તેનાં બધાં પાન ખરી જાય છે. તેની છાલના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે. તેનાં પાનનો ઉપયોગ ઔષધિ તરીકે થાય છે અને જાનવરો ખાઈ શકે થાય છે.

પૂલાક [સં.] કું. તુચ્છ ધાન્ય.

પૂલાઉ [ફા] કું. પોલાઉ.

પૂલાસ [સં.] વિ. ઘાસની ગંજીને ચૂંદી પાડનાર કે દૂર કરનાર.

પૂલિકા [સં.] સ્ત્રી. પૂરી; પોચી.

પૂલિનમય જમીન સ્ત્રી. જાતની ચિકાશવાળી બાંધેલી જમીન; પત્થર વગરની નરમ જમીન.

પૂલિયા ૧. [ગ.] સ્ત્રી. મુસલમાનની એ નામની એક જાતિ. આ જાતિ મહમ્મદ તરફ રહે છે.
૨ ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પૂલિયો કું ખાવાને થતું એક જાતનું દરદ. બાવળા બાળકની માતાને અજ્ઞાની બનાવી કે તેવાં બીજાં કારણોથી બાળકને આ દરદ થાય છે. તેથી મોઢામાં વેદના થાય, દૂધ કે પાણી મુશ્કેલીએ ગળે ઊતરે. મોઢામાં, જીભ ઉપર, તાળવા ઉપર અને ઘણી વાર ગળા સુધી સફેદ રંગનાં ચાઠાં પડે. તેથી બાળક મહમાય, બાંધો, ઝાડો વગેરે થાય અને મોઢામાંથી લાળ પડ્યા કરે.

પૂલી ૧. [હિં.] સ્ત્રી. ઘાસ કે ઘાસનો બનાવ પરાળનો નાનો પૂળો.
૨. સ્ત્રી. ગામડાંના અમલદારોને અને નોકરોને આપવામાં આવતો અનાજનો થોડો જથ્થો.

પૂલીચી ૧. [હિં.] સ્ત્રી. મલબાર પ્રદેશની એ નામની એક હલકી જાત. આ તેમાંને ઘર બાંધવાની મના છે અને ઝાડ ઉપર એક જાતના માળા બાંધી રહે છે. તેમાંને જ્યારે બહુ ભૂખ લાગે ત્યારે તેઓ મુસાફરોને દયા ઉત્પન્ન કરવા રાડ નાખે છે. ઉદાર લોકો ઝાડ આગળ તેમને માટે ચોખા અને બીજો ખોરાક મૂકી ઝાડપરથી ચાલ્યા જાય છે અને તે માણસ તેના ઉપકાર કરનાર માણસને મળ્યા વગર તે ખોરાક લઈ લે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

પૂલ્લા કું. વ. ન. માલપૂડા.

પૂવા કું વ. ન. માલપૂડા.

પૂષ ૧. કું. (જ્યોતિષ) આઠમું ચાંદ નક્ષત્ર.
૨. કું. રેવતરનું ઝાડ.

પૂષ્ [સં.] સ. ક્રિ. પોષણ કરવું; વૃદ્ધિ કરવી.

પૂષ ૧. [સં.] કું. એ નામનું ઝાડ; બહાદાર વૃક્ષ; સહદેવનું વૃક્ષ.
૨. કું. પોષ માસ.

પૂષક ૧. [સં.] કું. સહદેવનું વૃક્ષ.
૨. ન. સહદેવનું ફળ.

પૂષણ [સં.] કું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર.

પૂષણ ૧. [સં. પૂષન્] કું. એ નામે એક વૈદિક દેવતા. તેની ભાવના ભિન્નભિન્ન રૂપોમાં જોવામાં આવે છે. કોઈ વખત સૂર્યના રૂપમાં, કોઈ વખત પશુઓના પોષકના રૂપમાં, ધનરક્ષકના રૂપમાં અને કોઈ વખત સોમના રૂપમાં જોવામાં આવે છે.
૨. કું. સૂર્યનું એક નામ; બાર માંહેનો એક આદિત્ય.
૩. [સં.] વિ. પૃથ્વીનું; પૃથ્વી સંબંધી.

પૂષણ્વતી [સં.] સ્ત્રી. એ નામની કાર્તિક સ્વામીની એક અનુચર માતૃકા.

પૂષદંતહર [સં.] કું. દક્ષના યજ્ઞ વખતે સૂર્યના દાંત તોડી નાખનાર શિવના અંશથી ઉત્પન્ન થયેલ વીરભદ્ર.

પૂષન ૧. [સં. પૂષન્] કું. સૂર્ય. જ્યારે પ્રજાપતિએ પ્રાણીઓ બનાવ્યાં ત્યારે પૂષને તેમને પોષણ આપ્યું. પૂષન પ્રાણીઓનું રક્ષણ કરનાર તથા વૃદ્ધિ કરનાર મનાય છે. ગોવાળ તરીકે તેના હાથમાં બળદને હાંકવાનું

રાક્ષ છે. તેનું વાહન બકરાંઓથી જોડાય છે. નિરુક્તમાં જણાવ્યા પ્રમાણે તે સૂર્ય છે અને ઉદનો ભાઈ મનાય છે. ભાર આદિત્ય માંહેનો તે એક છે. તે દાંત વિનાનો છે. તેને અર્પણ કરવા માટે કચરી વસ્તુ વપરાય છે. તેથી તેને કરંભાદ કહે છે. તેના દાંત તૂટી જવા સંબંધી જુદી જુદી વાતનો ઉલ્લેખ થયો છે: તૈત્તિરીય સંહિતા પ્રમાણે રુદ્રને અમુક યજ્ઞમાંથી બાદ કરવાથી, રુદ્રે તેના તરફ ફેંકેલ દાંત પાછી નાખ્યાનું મનાય છે.

૨. પું. આકાશનો છેડ.

૩. સ્ત્રી. પૃથ્વી.

પૂષજા [સં.] ન. (જ્યોતિષ) રેવતી નક્ષત્ર.

પૂષભાસ્પદ [સં.] સ્ત્રી. ઉદની નગરી.

પૂષભાસા [સં.] સ્ત્રી. અમરાવતી; ઉદની નગરી.

પૂષમિત્ર [સં.] પું. ગોત્રિજનું એક નામ.

પૂષા ૧. [સં. પૂષન્] પું. આકાશનો છેડ.

૨. પું એ નામનો એક આદિત્ય સૂર્ય.

૩. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૧૨૦ લઘુ મળી ૧૩૨ વર્ણની ૧૪૬ માત્રા હોય છે.

૪. પું ગ્રામત્રીના ચોવીસ માંહેના એક દેવ.

૫. પું (પુરાણ) દક્ષ પ્રજાપતિના યજ્ઞનો એક ઋત્વિજ. આ પૂષા તે સ્વાયંભુવ મન્વંતરમાંનો કોઈ એક ઋષિ મનાય છે. એને ભંડીઆએ આંખીને એના દાંત પાડી નાખ્યા હતા. પછી પિષ્ટભુક એટલે યજમાનના હાથ વડે તું આનારો અર્પણ એવું શિવે વરદાન આપ્યું હતું.

૬. પું (જ્યોતિષ) રેવતી નક્ષત્ર.

૭. પું વાસ્તુપુરુષના દક્ષિણ દિશાના મધ્યના કોઠામાં સ્થપાતો દેવ.

૮. સ્ત્રી. ચંદ્રની સોળ માંહેની એક કળા. ચંદ્રની સોળ કળા: અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા.

૯. [સં.] સ્ત્રી. જમણા કાનની એ નામની એક નાડી મુખ્ય નાડીઓ ચૌદ છે. તેમાં પણ ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય છે અને કુહૂ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, વારુણા, યશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની તથા અલંબુષા એ ગૌણ છે.

૧૦. સ્ત્રી. પૃથ્વી.

૧૧. સ્ત્રી. પોષણ કરવું તે.

૧૨. સ્ત્રી. સાંગલી નામનું ઝાડ; કલિહારીનું વૃક્ષ

૧૩. વિ. સર્વપોષક.

પૂષાત્મજ [સં.] પું. મેઘ; વાદળ.

પૂષાસુહૃદ [સં. પૂષાસુહૃત્] પું. શિવ.

પૂસ [હિં.] પું હેમંત ઋતુનો બીજો ચાંદ માસ; પોષ માસ.તેની પૂનમે પુષ્ય નક્ષત્ર હોય છે.

પૂસગવસ જી. ઊંડી તપાસ.

પૂસલ વિ. નબળું; ગરીબ.

પૂસલેલ વિ. મળી ગયેલ; અશક્ત: નબળું.

પૂળાચોર પું. એ નામે એક દેશી રમત. તેમાં દરેક રમનાર પાસે ઘાસની એક પૂળી હોય. તે નીચે પ્રમાણે રમાય છે: દસ ફૂટ ત્રિજ્યાનું એક વર્તુલ કાઢવું. મધ્ય આગે દોઢ ફૂટ લાંબો એક ખૂંટો રોકવો. તેને એક દસ ફૂટ લાંબી દોરી બાંધવી. પ્રથમ ચોર કોણ આવે તે નક્કી કરાવે. બધા પૂળાઓ તે ખૂંટા પાસે મૂકે. ચોર ખૂંટાની ચોતરફ ફર્યા કરે. બાકીના લાગ જોઈ તે પૂળાઓ ઉપાડી જવા આવે. ચોર તેને પકડવા પ્રયત્ન કરે તેણે ચોરીનો ઊંડો કોઈ વખત પણ ઓછી દેવો ન જોઈએ. ચોર જો કોઈને પકડે તો તે ચોર મટી જાય અને જે પકડાયો હોય તેના ઉપર દાવ આવે. ખૂંટાથી ૫૦ ફૂટ સુધીની હદ મુકરર કરવી. ચોર તે હદ સુધી દોડતો જાય. તેને બીજા પૂળાઓ વતી મારે. તે ખૂંટા પાસે આવે એટલે તેનો દાવ પૂરો થાય.

પૂળાઝૂડ ૧. સ્ત્રી અમુક મુદત માટેનું કબજાવાળું ગીરવી ખત; ઓપાઝૂડ; કરારેથી મુદત પછી મિલકત વધારે પૈસા આપ્યા સિવાય મૂળ ધણીને પાછી મળે તેવું ખત.

૨. સ્ત્રી. પૈસા વસૂલ થયે છૂટવું તે; ધીરેલ રકમ તથા ખાનખરચ વગેરેના બદલામાં બોજા મુદત સુધી જમીનનો તમામ રીતે કબજો સોંપી તેની તમામ ઊપજ આવાનો ઓખટો આપી એ રીતે ધીરાયેલી રકમ અદા થવી તે.

પૂળિયું ન. ઘાસની ઝૂડી; નાનો પૂળો.

પૂળી સ્ત્રી. ઘાસની ઝૂડી.

પૂળો ૧. પું. ખાસ. મુસલ્લામાં વપરાય છે.

૨. [સં. પુલક] પું. ઘાસ કે કડબનું મોટું પૂળિયું; ઘાસનો ઝૂડો; ભારો. બંડખોરોપણ વખતે ખાડવા ઉપર કડબની પૂળી નાખવાનો રિવાજ મૂળથી જ ચાલ્યો આવે છે. ખાડી આપણા દેશનો મુખ્ય ધંધો કૃષિકારનો હોવાથી ઘરગથ્થુ ધંધામાં ઉપાર્જન થયેલી સામગ્રીનો સાટામાટા પ્રસંગે છૂટથી ઉપયોગ કરતો. આમ હોવાથી બંડખોર દાંડ્યુ તરીકે પૂળાનો વપરાશ કઈ થઈ ગયો હોય એ બનવાજોગ છે.

૧. ઝાઝે પૂળે ઝાઝી આગ = ઝાઝી જંજાળ દુઃખદાયક.

૨. પૂળો ઊઠવા = (૧) જન્મ કરવું. (૨) નામ દેવાનું બંધ થવું. (૩) નિરવંશ થવું. (૪) પત્તી રહેવું (૫) બગડી જવું; નકામું નીપજવું. (૬) ઘાસી જવું. (૭) સળગી જવું; નાશ પામવું.

૩. પૂળો મૂકવો = (૧) અગ્નિસંસ્કાર કરવો. (૨) દૃષ્ટિમાંથી દૂર જવા કહેવું. (૩) દેવતા મૂકવો. (૪) નિરવંશ કરવું. (૫) પત્તી ફેરવવું. (૬) વિસારી મૂકવું; યાદ ન કરવું. (૭) સળગાવવું; સળગાવી મૂકવું; નાશ કરવો.

૪. પૂળો વાળવો = મોટી વાતો કરવી; ખોટીસાચી વાતથી ગોળવવું.

પૂં ૧. પું. પાદવાનો અવાજ.

૨. ન. એ નામે એક નરક.

પૂંઅરો પું. (કચ્છી) ચોરું.

પૂંખ ૧ પું. છાપરાનો બે બાજુ બહાર પડતો ભાગ; પાંખ.

૨. પું પાંખ: પુંખ

પૂંખડું (પૂંખડું) ૧. ન. ધાતુના પતરાની બખ્ખી નાની પતરી.

૨. ન. પવનનું ઝપેટિયું; તરંગ; ઝેરખું.

૩. ન. પાંખડું; નાની ઢાળ; કુંપળિયું.

૪. વિ. જરાક; ઓછું.

પૂંખણું [સં. પુખ] ન. તીરનો પીંછાંવાળો છેડો.

પૂંખવું ૧. સ. ક્રિ. ખેતરમા અનાજના કણ વાવવા માટે વેરવા; આવણથી દાણાની આસપાસ ધાર પાડવી; વાવવું

૨. સ ક્રિ. પોંખણાં વડે વરકન્યાને વધાવવાં; વર તોરણ આવે ત્યારે ચોખા છાંટવા વગેરે ક્રિયા કરવી

૩. સ. ક્રિ. માનભેર વધાવી આવકાર આપવો.

૪. સ. ક્રિ. અંતમાં જોરદાર જવાબ આપવો.

પૂંખાવવું સ ક્રિ. પૂંખવાની ક્રિયા કરાવવી; પૂંખે એમ કરવું.

પૂંખાવું સ. ક્રિ. પૂંખે એમ થવું; પૂંખવાની ક્રિયા થવી.

પૂંગડું (પૂંગડું) ન. પૂંગીફળ; સોપારી.

પૂંગરા [ન.] પું. છોકરો.

પૂંગળ વિ. મોટું.

પૂંગળવેલ સ્ત્રી. એ નામે એક જાતની વેલ; વૃષપત્રિકા. તેના પાંદડાં ગૂમડા ઉપર દવા તરીકે અકસીર મનાય છે

પૂંગી ૧ સ્ત્રી ભાટકરની એક જાતની મોરલી.

૨. સ્ત્રી. વાસણી; પાવો.

પૂંગીફળ [સ. પૂગીફલ] સ્ત્રી. સોપારી.

પૂંજવું

પૂંછ ૧. સ્ત્રી. અનુયાયી.

૨. સ્ત્રી. ઉંડો.

૩. સ્ત્રી. નકલ કરવી તે.

૪. સ્ત્રી. પૂંછડી

પૂંચડો પું. માથા ઉપર લાકડાનો ઠોકો જડેલું તીર.

પૂંચી સ્ત્રી. પોંચી; કાંડાનું મરોડવું.

આંધે ભાતુબંધ બેરખા પૂંચી,
મનડું મોહ્યું ઉ જેને ઓટે. નરસિંહ

પૂંછ ૧. સ્ત્રી. કોઈ પદાર્થનો પાછલો ભાગ.

૨. સ્ત્રી. કોઈની સાથે ને સાથે ફરનાર વ્યક્તિ.

૩. ન. પૂંછડું; લાગૂલ; દુમ; મનુષ્ય સિવાય પ્રાણીઓના શરીરનો ગુદામાર્ગ ઉપર પીઠના હાડકાના સાંધામાં અથવા તો તેમાંથી નીકળી નીચે તરફ જમીન ફર સુધી જતો ભાગ. જુદા જુદા જીવોની પૂંછ જુદા જુદા આકારની હોય છે, પણ બધાંની પૂંછ તેના ગુદામાર્ગની ઉપરથી શરૂ થાય છે. પેટે ચાલનારા જીવોની પૂંછ કરોડના હાડકાની સીધામાં પાતળી થતી થતી આખર આણી જાય છે. માછલીની પૂંછ તેના પેટનો નીચલો પાતળો ભાગ છે. મધ્યે આગે માછલીની પૂંછને છેડે પાંખ હોય છે. આ જાત શરૂઆતમાં પાતળો અને છેવટમા ફેલાયેલો હોય છે. ઘોડાની પૂંછ તેના મધ્ય ભાગનો અને પાછળનો અણીદાર ભાગ છે. ઘરરાખનારાં જનવરોમાં કેટલાંકની પૂંછ તેના આખાના શરીરની બરાબર અથવા તેથી વધારે લાંબી હોય છે. તે વર્ગના લગભગ બધા જીવોની પૂંછ ઉપર વાળ હોતા નથી, રહ્યાં હોય છે. કોઈ કોઈની પૂંછના અંતમાં વાળનો ઝેક ગુચ્છો હોય છે. ઘોડાની પૂંછ ઉપર સર્વત્ર મોટા મોટા વાળ હોય છે.

પૂંછ પકડીને ચાલવું = (૧) કોઈની મદદથી કોઈ કામ કરવું; કોઈનો આશરો લેવો. (૨) પાછળ પાછળ ચાલવું; કોઈ બાબતમાં કોઈને પગલે ચાલવું.

પૂંછચલી સ્ત્રી. માછલી

છીપ સ્વાતના બુંદ કારન, નિજ વદન વિકસી રહી,
અવર જલ લે સંચરે તો પૂંછચલી કહીએ સહી.
નિષ્કુળાનંદ

પૂંછટાળ ૧. પું. ભાગદ કે ઘોડા પૂંછડાને છેડે હોતા કાળા વાળ.

૨. સ્ત્રી. ઘોડાની એક ગેબ; ઘોડાએ ચાલતાં ચાલતાં પૂંછડું એક બાજુ તારવી કાઢવું તે.

૩. વિ. ખુશામત કરનાર.

૪. વિ સ્ત્રી. ઢીંઢા ઉપર પૂંછડું રાખતી હોય તેવી. ઘોડા માટે વપરાય છે.

પૂંછડ (પૂંછ્ડ) ૧. ન. પૂછડાંવાળું પ્રાણી.

માહ્ય પૂછ્ડ ને કુતણ, ક્યે બત કલ્પ.
શારદા

૨. ન. પૂંછડું; પૂંછ.

પૂંછડનું (પૂંછ્ડનું) વિ. પાછળનું; વાંસેનું; છેલ્લું.

પૂંછડું (પૂંછ્ડું) ન. પૂંછડું. કવિતામાં વપરાય છે.

પૂંછડાવેરો (પૂંછડ઼વેરો) પું. ઢોર ઉપર લેવાતો કર.

પૂંછડિયા (પૂંછડિયા) પું. બ. વ. સંધાડાના આગ્રા ગાડાના બાયાથી બહાર પડતા ભાગ.

પૂંછડિયું (પૂંછડિયું) ૧. ન. રોરદીના સાંઢાનો આગળો તરફનો સ્વાદ વગરનો મોળો ભાગ.

૨. વિ. અટકચાળું; ચાંદવું; ચાંદરા જેવું.

૩. વિ. ઢરેથી ચાતળું.

૪. વિ. પૂંછડીવાળું.

પૂંછડિયો (પૂંછડિયો) પું. હળ અને ઢંતાળના સાંબલાંમાં પાછલા ભાગમાં નખાતી ઓઢાની ખીલી.

પૂંછડી (પૂંછ્ડી) [સં. પુચ્છ] સ્ત્રી. નાનું પૂછડું; પૂછડી; પુચ્છ.

૧. કુતરાની પૂછડી જોરમાં વાળી રાખે તોય ઓરી ને ઓરી-વાંકી ને વાંકી = જે જેનો સ્વભાવ કે સ્વરૂપ બંધાઈ ગયાં તે કોઈ ઉપાયે ફરે નહિ; પ્રકૃતિ બદલાતી નથી.

૨. પૂંછડી પટપટાવવી = (૧) નમી પડવું; વશ થવું. (૨) પૂછડી હલાવવી.

પૂંછડું (પૂછ્ડું) ૧. ન. અપદ્વાર; પુંડદ્વાર; ગુદા.

૨. ન. કલકાળ; પક્ષી. તિરસ્કારમાં બોલાય છે.

૩. [સં. પુચ્છ] ન. ઊડનારાં, તરનારાં, ચાર પગે કે પેટે ચાલનારાં પ્રાણીઓની પૂંઠનો અવયવ; પુચ્છ; પૂંછ; પૂછડું; પૂછડી.

૪. ન. ખુશામતિયું માણસ.

૫. ન. ઢોર; પશુ. જેમકે, મારે ત્યાં બે પૂંછડાં છે.

૬. ન. પાછળ વળગ્યું ને વળગ્યું રહે એવું અણગમતું માણસ; લપ્પી માણસ.

૭ ન. પાછળનો ભાગ; છેડો; અંત.

૮. ન. પાપ. તિરસ્કારમાં બોલાય છે.

૯. ન. વળગણ.

પૂંછડો (પૂંછ્ડો) પું વસ્તુસરનું પાછળના ભાગમાં ઉપયોગી એક સાધન.

પૂંછણી ૧. સ્ત્રી. (જૈન) પૂંજણી.

૨. સ્ત્રી. સાવરણી.

પૂંછતી ૧. પું. કમરો.

૨. પું. પીંજો; વસ્તુઓ સાફ કરવાનું જેવા જાતનું સાધન.

પૂંછપવેરા પું. વધુ દૂધ મેળવવા માટે ગાય કે ભેંસની યોનિમાં પૂંછડું નાખવાનો દુષ્ટ ક્રિયા. ગાય તથા ભેંસ પાસેથી વિશેષ દૂધ મેળવવાને માટે કુઝા, પૂંછપ્રવેશ, દાદા વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

પૂંછલતારા [હિં.] પું. ધૂમકેતુ; પૂંછડિયો તારો.

પૂંછલવું ૧. અ. ક્રિ. ગાય, ભેંસ વગેરે ઢોરોનું દૂધ આપતાં બંધ થઈ જવું; ઢોરનું વસૂકી જવું.

૨. અ. ક્રિ. નબળાઈ ને લીધે ઢોરનું બેસી જવું. દુષ્કાળમાં ખાવા ન મળવાથી ઢોર કમતાકાત થઈ જતાં પોતાની મેળે ઊભું થઈ શકતું નથી, પણ કોઈ માણસ ઉપાડે ત્યારે માંડ માંડ ઊભું થઈ શકે છે. દુષ્કાળમાં અસંખ્ય ઢોરો પૂંછલી જાય છે.

૧. મોંદરો પૂંછલવો = બધી પરિસ્થિતિ બગડવી.

૨. પૂંછલી જવું = અશક્ત થવું; ઉઠાય બેસાય નહિ એમ થવું.

પૂંછલેલ વિ. બળેલું; બાળીને બેસી પડેલું. ખાસ કરીને બળદ માટે વપરાય છે.

પૂંછવરતી વિ. પું. પૂંછડા ઉપર બે ભમરી હોય એવો. ઘોડા માટે વપરાય છે.

પૂંછવું ૧. સ. ક્રિ. લોવું; લૂછવું.

૨. સ. ક્રિ. સાફ કરવું; ઘસીને સાફ કરવું.

પૂંછાળ વિ. પૂંછડીવાળું.

પૂંછીવરો પું. ઢોર ઉપર લેવામાં આવતો વેરો.

પૂંછેવાળ વિ. પાછળનું; પછી જન્મેલું

પૂંજ ૧ ન.; સ્ત્રી. અનુસ્વાર.

૨. ન ; સ્ત્રી. મીંડું, શૂન્ય.

પૂંજ વળવું = મીંડું વળવું; નાશ પામવું; રદ થવું.

પૂંજણી ૧ [સં. પ્રોંછની] સ્ત્રી. ઊનની અથવા સતરની મુલાયમ સાવરણી.

૨. સ્ત્રી. સાવરણી.

પૂંજવું ૧. [સં પુંજ્; પ્રા. પુંજ] સ સ. ક્રિ. ઓઘું કરવું; ઓગું કરવું; વીણવું. જેમકે, ઘાણ પૂંજવું.

૨. સ સ. ક્રિ. જીવજંતુના રક્ષણ માટે પૂંજણે વાળવો; સંતાણીને વાળવું; નાની જીવાતો મરી જાય નહિ તેમ સમાલીને ઝાડુ કાઢવું; સાવચેતી રાખી સાફ કરવું

પૂંજિયો પું વેપારી.
હલ્ક પૂંજિનો = (૧) દીવાળિયો. (૨) નાનો વેપારી

પૂંજી ૧. [સં. પુંજિ] સ્ત્રી. ધન; પૈસો; દોલત; ગુજરાન ચલાવવા માટે જોઈએ તે કરતાં વધારાનું ધન કે સામગ્રી. મતા. કોઈ માણસ અગર સરખાની સ્થાવર, જંગમ મિલકતની ઓકાત જે કીમત થાય તે તેની પૂંજી અગર માલમતા કહેવાય છે તેને અરકચામત કે ઇરસામત પણ કહે છે આમાંથી જે તરત વટાવી શકાય તેવું ધન કોષ અને હાથ ઉપર જે સિલક હોય તેને હાજર ધન કે રોકડ કહેવાય.
૨. સ. એ નામનું એક હિંદી વાદ્ય.

પૂંજીકરણ ન. સંપત્તિકરણ; પૈસો ઓકઠો કરવો તે.

પૂંજીખાતું ન. મૂડી સંબંધી ખાતું.

પૂંજીપતિ પું. ધનવાન; લક્ષ્મીપતિ.

પૂંજીભાગ પું ખાલમિલકતની ફાળવણી.

પૂંજીવાદ પું. મૂડીવાદ.

પૂંજું ન. હાંસરનું પરાળ.

પૂંઠે ૧. પું. આતરની ઢગલી.
પૂંઠા પાડવા = ખેતરમાં પાથરવા માટે આતરની ઢગલી કરવી.
૨. પું ઘરમાંથી વાળીને કાઢેલી રજ કે ભીલે કચરો; વાસીદું.

પૂંઠ ૧. [સં. પૃષ્ઠ; પ્રા. પુટ્ઠ] સ્ત્રી. કેડો; પીઠે.
૨. સ્ત્રી ઢોરનો પાછળનો ભાગ; ગુદા; ગાપો; મળદ્વાર.
૩. સ્ત્રી. પાછલી બાજુ; પીઠ; વાંસો.
૪. સ્ત્રી. પૂંઠ; શરીરનો પાછળનો ભાગ.
૧. પૂંઠ ફરવી-ફેરવવી = (૧) અવળા કરવી; ન સ્વીકારવું (૨) આડું કરી જવું; રીસાવું. (૩) જોનાર તરફ પૂંઠ ફેરવવી. (૪) પીઠ બતાવવી; હારીને નાસી જવું.
૨. પૂંઠ જોવી = (૧) છૂપી રીતે તપાસ રાખવી (૨) પાછળ નિંદા કરવી.
૩. પૂંઠ ઠેકાવું = અવળું ઠેકાણું; અશુભપક્ષ.
૪. પૂંઠ તો પાદશાહની છે = પાછળ ગમે તે બૂંકું બોલો શકે.
૫. પૂંઠ દેખાડવી-બતાવવી = હારી નાસી જવું; સામા ન થતાં કરથી ભાગી જવું.
૬. પૂંઠ દેવી = પાછું હઠવું.
૭. પૂંઠ પકડવી = કેડો લેવો; પાછળ ને પાછળ લાગવું
૮. પૂંઠ પાછળ = ગેરહાજરીમાં; ગયા પછી; પરોક્ષ
૯. પૂંઠ પાછળ ઘા કરવો-પૂંઠનો ઘા કરવો = (૧) ભોગિનો પાછળથી હુમલો કરવો. (૨) વિશ્વાસઘાત કરવો.
૧૦. પૂંઠ પૂરવી = (૧) ઉત્તેજન આપવું. (૨) પાછળ મદદમાં રહેવું.
૧૧. પૂંઠ વાજવી = (૧) ભારામ લેવો. (૨) પાછળ જવું.
૧૨. પૂંઠ વાળીને ન જોવું = (૧) ઘાક આવા ચોળ્યા વિના ક્રમમાં મચ્યા રહેવું. (૨) પૂરો વિશ્વાસ રાખવો.

પૂંઠડી (પૂંઢડી) સ્ત્રી. પીઠ; વાસો.

પૂંઠણ ન. પાછળ.
આગળ નહ પૂંઠણ પ્રેમદા. પ્રેમાનંદ

પૂંઠપિચકારી સ્ત્રી. પૂંઠમાં મારવાની પિચકારી; 'ડુશ'.

પૂંઠરખું ૧. ન. ઢાંકિયું ધોતિયું.
૨. ન. ધોતિયાની બન્નમાં મારેલું વાળું મોટું થીગડું.
૩. ન. પૂંઠના કપડાને બગાડો ન લાગે તે માટે કમર નીચે લટકતો રહે એમ બાંધવાનો આમલાનો કે આપડાનો કટકો; પૂંઘિયું; ઢોર હાંકનારને પૂંઠના ભાગ ઉપર બાંધવાનો આમલાનો કટકો.
૪. વિ. ભક્તિમાનઃ પાછળ નામ સાથે જોવું.
૫. વિ. વફાદાર; સ્વજનની ગેરહાજરીમાં ઉપરાણું લેનાર.

પૂંઠસરાકી સ્ત્રી. ચેનું વણવામાં ઉપયોગી વણકરનું એક ઓજાર.

પૂંઠળ ન. પાછળ; પછવાડે; ગેરહાજરીમાં.

પૂંઠિયું ૧. ન. ભાગળ વગેરે રાખવાનું ભુંગળાનાં તોસદાન.
૨. ન. જેના બળ ઉપર ઊભું રહેવાય તે સાંધાનો અવયવ.
૩. ન. જેમાં પૈડાના આરા ભરવામાં આવે છે તે પૈડાના ઘેરનો ભાગ; પૈડાનો ઘેર જે લાકડાના કટકાઓનો બને છે તેમાંનો દરેક કટકો.
૪. ન. જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાન દેવાની જગાએ વ્યાખ્યાતાની પીઠ પાછળ મૂકેલું નકુમૂલ્ય વસ્ત્ર
૫. ન. ગાપો.
૬. ન. નાની ઉમરના છોકરા કે છોકરીએ પહેરવાનું કેડિયું.
૭. ન. પાછલો ભાગ; પૂંઠ
૧. પૂંઠિયાં કાટવાં-વાળી જવાં-ચેરાવાં = કરતાં લાગવું; બીકનું; બીક લાગવી; જોરથી ઊભું ન રહેવાવું
૨. પૂંઠિયાં ભરાવાં-ભંગાવાં-રેબાવાં = સખત માર પડવો.
૮. ન. પાછોટિયું.
૯. ન. કાટેલ કપડાને ચઢાવેલું નવું કપડું.
૧૦. ન. વાવટીઢ ચેટાની લેવામાં આવતી ઊન.

પૂંઠી ૧ સ્ત્રી. ઊનની પોટલી કે થેલી.
૨. ન. નાનું તોસદાન.
૩. ન. પૂંઠિયું; જેમાં પૈડાના આરા બસાવ છે તે પૈડાના ઘેરાવાનો ભાગ. પૂંઠી ઉપર પાટો આવે છે.
૪. વિ સ્ત્રી. પછીની.

પૂંઠું ૧. ન. અતલસ.
૨. ન. એક જાતનું સોપારીના ઝાડ ઉપર થતું પાંદડું. તે વડે જમીન ઘસી ઘસીને ઓપાય છે. કારવાર તરફ તેને પોચલી કહે છે
૩. ન. કોળાનું ઉપરનું છોડું; છોતરું; ફોતરું.
પૂંઠાં વીણવાં = છોડાં કાઢી નાખવાં; ઝાટકી કાઢવાં.
૪. ન. ચોપડીની મજબૂતી વધારવાને તેના ઉપર ચઢાવવામાં આવેલું પડ; ચોપડીનું ઢાંકણ.
૫. ન. છોડાવાળો દાળનો દાણો.
૬. ન. જાડું પાટિયું.
૭. ન. ઢોરનું ચામડું.
૮. ન. ગાપો.
૯. ન. શરીરની મજબૂતી સાધનારું તત્ત્વ; મૂળનું બંધારણ કે તેની મજબૂતી.
પૂંઠું બંધાવું-બાંધવું = શરીરની મજબૂતી થવી; કરીર જામવું.

પૂંઠે અ. પાછળ; પછવાડે; વાંસે; કેડે.
પૂંઠે પડવું-લાગવું = (૧) કામ કાઢી લેવાને લાગ્યા જ લાગ્યા રહેવું. (૨) અંતથી કામ કરવું. (૩) જંપે પડવું; ખોદણી ખોદા કરવી; છિદ્ર શોધ્યા કરવું. (૪) ચીઢવવું; ચિતાડવું; પજવવું. (૫) દુઃખ દેવું; સતાવવું. (૬) પીછો લેવો; કેડો લેવો; બાપતો રાખ્યા કરવો; છૂપી તલાસ રાખવી; પાછળ પાછળ ફરવું.

પૂંઠેવાળ વિ પાછલી વયમાં જન્મેલું; વૃદ્ધાવસ્થામાં થયેલું. સંતાન માટે બોલાય છે.
પૂંઠેવાળનું = નાનામાં નાનું; ઉત્તરાવસ્થામાં થયેલું.

પૂંતાર પું. આવત.
અદિમાલ્ય અમચ્ય રિણુત્રામો. ચાલ્યા પૂંતાર પોકાર. કાન્હડદેપ્રબંધ

પૂંઘિયું ૧. ન. ઢાંકિયું ધોતિયું; નાનું ધોતિયું; બે સાંધાનું પંચિયું.
૨. [સં. ભુમ; પ્રા. ભુંપ] ન. પૂંઠના ભાગ ઉપર બાંધવાનો ચામડાનો કટકો; ઢોર હાંકનાર પૂંઠના ભાગ ઉપર બાંધે છે તે ચામડાનો કટકો; પૂંઠરખું.

૩. ન. વચમાંથી કાપેલ પોતિયાને આકરે ચારેક હાથનો કટકો વીંટ્યારૂપે દેતો તે; પોતિયાની વચમા મારેલું લાંબું મોટું વીંટણું.

પૂંપરું ૧. ન. છોકરું.
૨. ન. ખજૂરની પેશી.

પૂંપરો પું. દીકરો; પુત્ર; છોકરો.
શું કરીએ સાત સાત છોકરીના પપરા ઉપરાઉપરી થયા, તોપણ પ્રભુએ દયા એક પૂંપરાની આપ્યા કરાવી નથી. દલ્પતરામ સૂર્યરામ

પૂંબડી (પૂંબડો) ૧. સ્ત્રી. ખેતરમાં છોડને વળગી રહેલ કપાસ.
૨. સ્ત્રી. ખેતરમાં તૈયાર થયેલા અનાજની ડગલી.

પૂંબડું (પૂબડું) ૧. ન. નાનુક કે નાનું ગાભલું.
પૂંબડા જેવું = નાનું ને સુકોમળ.
૨. ન. પૂમડું; રૂનો નાનો ગાભો.

પૂંભડા (પૂભડા) પું. બ. વ. (રૂચ્છી) અપોલિયાં.

પૂંભડી (પૂંબડી) ૧. સ્ત્રી. (રૂચ્છી) કાલાં રોલાઈ ગયા બાદ એમાં રહી ગયેલ કપાસના ડોડા
૨. સ્ત્રી. છોડને વળગી રહેલું રૂ.
૩. સ્ત્રી. નાનું પૂમડું.

પૂંભડું (પૂંબડું) ૧. ન. કૂલ.
૨. ન. રૂનો બહુ નાનો પિંડ.
૧. પૂંભડા જેવડું = નાનું ને સુકોમળ.
૨. પૂંભડાં પીંજવાં = કરકસર કરવી.
૩. પૂંભડે પાણી પાવું = (૧) બહુ હેરાન કરવું; ત્રાસ આપવો (૨) વશ કરવું; તાબે કરવું.
૩. ન. વચ્ચેથી મોટો ભિલો ભાગ વણીને બનાવેલી પૂમડાની વાટ.

પૂંભડો (પૂંબડો) ૧. પું. (રૂચ્છી) કપાસનું પોતું.
૨. પું. (રૂચ્છી) અપોલિયું; ત્રિફાહીનું અપચ્યું.

પૂંવળ ન. ધડની ડૂંટી વિનાની સળી.

પૂંવો પું. પવનો.

પૂંસલવું અ. ક્રિ. શક્તિ વગરના થઈને પડવું; નિર્બળ થવું.

પૂંસલાઈ [હિં.] સ્ત્રી. રૂની પૂણી બનાવવાની સળી.

પૂંસવન જુઓ પુંસવન.

પૂ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) કરવું; પૂરું કરવું; પૂર્ણ કરવું. તેના ઉપરથી બનેલ શબ્દ: પૂરણ, પૂર્તિ, પૂર્ણ, પૂર્ણિમા, પૂર્ણાંક.
૨. અ. ક્રિ. વ્યાપાર કરવો; ક્રમમાં ગૂંથાવું.
૩. સ. ક્રિ. પુષ્ટ કરવું; પ્રસન્ન કરવું.
૪. સ. ક્રિ. રક્ષણ કરવું; પાલન કરવું.

પૂક્કા ૧. [સં.] સ્ત્રી. અસવરગ નામનું એક ઔષધ. તેનો ઉપયોગ ઔષધમાં થાય છે.
૨. સ્ત્રી. એક જાતનું શાક.

પૂક્ષ [સં. પૂક્ષરા] પું. અન્ન; અનાજ.

પૂચ્ ૧. [સં.] સ. ક્રિ. અડવું; અડકવું; સ્પર્શ કરવો.
૨. સ. ક્રિ. (ધાતુ) ઢાંકવું; ઓળવું; વસવું. તે ઉપરથી બનેલ શબ્દ: પૃક્ત, પૃક્તા.
૩. સ. ક્રિ. સંબંધમાં આવવું.
૪. સ. ક્રિ. સંયમન કરવું; વશ કરવું.

પૂચ્છક ૧. [સં. પ્રચ્છ (પૂછવું) + અક (કર્તાવાચક પ્રત્યય)] પું. પૂછનાર માણસ.
૨. વિ. જિજ્ઞાસુ; જાણવા આતુર.
૩. વિ. પૂછનાર; પ્રશ્ન કરનાર.
૪. વિ. શોધક; તપાસ કરનાર.

પૂચ્છકબુદ્ધિ [સં. પૂચ્છક (જિજ્ઞાસુ) + બુદ્ધિ] સ્ત્રી. પ્રશ્ન કરીને જાણવાની ઇચ્છા; જિજ્ઞાસા.

પૂચ્છન [સં.] ન. પૂછવું તે; પ્રશ્ન કરવો તે.

પૂચ્છના ૧. [સં.] સ્ત્રી. જિજ્ઞાસા કરવી તે; પૂછવું તે.
૨. સ્ત્રી. (જૈન) ધર્મધ્યાનનું એક આલંબન.
૩ સ્ત્રી. પ્રશ્ન પૂછી સમાધાન કરવું તે.

પૂચ્છા ૧. [સં.] સ્ત્રી. કોઈ પણ જાણવા માટે કોઈને કહેવાની પ્રેરણા; જિજ્ઞાસા; જાણવાની ઇચ્છા.
૨. સ્ત્રી. ખબર; સમાચાર.
૩. સ્ત્રી. તપાસ; પ્રશ્ન; પૃચ્છાપ.
૪. સ્ત્રી. નાટકના છત્રીસ અર્થોનું એક લક્ષણ.
૫. [સં. પ્રચ્છ્ (પૂછવું)] સ્ત્રી. પ્રાર્થના; અરજ; માગણી.

પૂચ્છાપત્ર [સં.] ન. પ્રશ્નપત્ર; સવાલપત્ર.

પૂચ્છ્ય [સં.] વિ. પૂછવા યોગ્ય.

પૂતના ૧. [સં.] સ્ત્રી. મનુષ્ય.
૨. સ્ત્રી. સગ્રામ; યુદ્ધ.
૩. સ્ત્રી. સેના; ફોજ.
૪. સ્ત્રી. સેનાનો એક વિભાગ; ૨૪૩ હાથી, ૨૪૩ રથ, ૭૨૯ ઘોડા અને ૧૨૧૫ પાયદળ જેટલું લશ્કર.

પૂતનાની ૧. [સં.] પું. પૂતના નામની સેનાનો અમલદાર.
૨. પું. સેનાપતિ.

પૂતનાપતિ જુઓ પૂતનાની.

પૂતનાસાહ ૧. [સં. પૂતનાસાહ્] પું. ઇંદ્ર.
૨. વિ. સંગ્રામમાં શત્રુને હરાવનાર.

પૂતન્યા [સં.] સ્ત્રી. સેના; ફોજ.

પૃચ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) ફેંકવું; દૂર કરવું. તે ઉપરથી બનેલ શબ્દો: પૃચ્ય, પૃચ્યત્વ.

પૃથકેશ્વર [સં.] પું. ઉજ્જયિનીમાં આવેલ એ નામનું એક શિવાનું સ્થાન.

પૃથક્ ૧. સ્ત્રી. એથી માંડીને નવ સુધીની સંખ્યા.
૨. વિ. અનેક.
૩. વિ. જુદું; અલગ; ભિન્ન.
૪ વિ. મોટું; વિસ્તારવાળું.
૫. વિ. સામાન્ય.
૬. અ. એ નામનો એક ઉપસર્ગ.
૭. [સં.] અ. જાતજાતનું
૮. અ. જુદે સ્થાને; અલગ; છૂટું હોય એમ; જુદું પાડીને; પ્રત્યેક; ભિન્ન.
૯. અ. સિવાય.

પૃથક્કર [સં. પૃથક્ (અલગ) + કર (કરનાર)] પું. કરજી.

પૃથક્કરણ ૧. [સં] ન. જુદું જુદું કરી નાખવું તે; ઘટક તત્ત્વો જુદાં પાડવાં તે.
૨. ન. ભૂમિતિમાં જે હલ સાબિત કરવાનું હોય અથવા જે રચના કરવાની હોય તે સહેલ સિદ્ધ થયું છે અથવા તે રચના થઈ શકે છે એમ પ્રથમ ધારી લેવું તે. પછી તે સિદ્ધ થવા માટે કઈ બાબત સિદ્ધ થવી જોઈએ તે નક્કી કરવી. વળી તે નક્કી કરેલ બાબતની સિદ્ધિને માટે શું સિદ્ધ કરવું જોઈએ તે વિચારવું એમ ક્રમે ક્રમે વિચારતાં મૂળ આપેલી બાબત સુધી પહોંચી જવું તેને પૃથક્કરણ કહે છે.
૩. ન. વાક્યના ભાગ કરવા તે; 'એનેલિસિસ'.

પૃથક્કરણનો હેત્વાભાસ પું. ભાગમલક્ષણદોષ; અમુક સત્ય સમુદાયને લાગુ પડે છે માટે તે વ્યક્તિને પણ લાગુ પડવું જોઈએ એવું ખોટું અનુમાન; ' ફેલસિ ઓવ ડિવિઝન '.

પૃથક્કરણપદ્ધતિ [સં.] સ્ત્રી. વિશ્લેષણાત્મકની એ નામની પદ્ધતિ; ' એનેલિટિકલ મેથડ '. વસ્તુ અથવા વિષયને આખો બતાવી કે શીખવી ત્યાર પછી તેનાં અંગો ઉપાંગોના પૃથક્કરણ વડે અર્થાત્ તે છૂટાં છૂટાં બતાવી તે વિષયનું જ્ઞાન કરાવવું તે પૃથક્કરણ પદ્ધતિ કહેવાય છે.

પૃથક્કરણ રીત ૧. સ્ત્રી. અજાણી બાબત કહી તેમાં સમજણ પાડવાની રીત.
૨. સ્ત્રી. જુદું પાડી બતાવવાની રીત.

પૃથક્કરણવિદ્યા [સં.] સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એક વિદ્યા.

પૃથક્કાર૧ [સં. પૃથક્ (જુદું) + કાર૧ (કરનાર)] વિ. છૂટું પાડનાર; વિભાજક.

પૃથક્કૃત [સં] વિ. જુદું પાડેલું.

પૃથક્કૃતિ [સં.] સ્ત્રી. પૃથક્કરણ; છૂટું છૂટું કરીને જોવું તે; વિવરણ.

પૃથક્ક્રિયા ૧. [સં.] સ્ત્રી. તત્ત્વો, શબ્દો વગેરે જુદા પાડવાનું કામ; અલગ કરવાનું કાર્ય; પૃથક્ કરવાની રીત.

૨. સ્ત્રી. પૃથક્કરણ.

પૃથક્ક્ષેત્ર ૧. [સં.] પું. એક જ પિતા પણ જુદી માતાથી ઉત્પન્ન થયેલ સંતાન.

૨. વિ. એક જાતના પુરુષથી અનેક જાતની સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલ.

પૃથક્ચાર પું અભિચાર.

પૃથક્તા ૧. [સં.] સ્ત્રી. જુદાઈ; ભિન્નતા.

૨. સ્ત્રી. વિશાળતા.

પૃથક્ત્વ ૧. [સં.] ન. (વેદાંત) અમુક વસ્તુ પૃથક્ છે ભિન્ન છે એવા વ્યવહારનું અસાધારણ કારણ.

૨. ન. (જ્યોત) બોતેર મહિનો એક ગુણ.

૩. ન. જુદાઈ, ભિન્નતા; ભેદ; છૂટાપણું.

૪. ન. બહુપણું.

૫. ન. (જૈન) બેથી નવની સંખ્યા બતાવનાર શબ્દ.

પૃથક્ત્વગુણ [સં] પું. (વેદાંત) વેદાંતપ્રસિદ્ધ એક ગુણ તે એકપૃથક્ત્વ, દ્વિપૃથક્ત્વ, ત્રિપૃથક્ત્વ ઇત્યાદિ ભેદથી અનેક પ્રકારનો છે. એ ગુણ પૃથ્વી આદિક નવેક દ્રવ્યોમાં રહે છે. તેમાં એક પૃથક્ત્વ નિત્ય દ્રવ્યોમાં નિત્ય હોય છે અને અનિત્ય દ્રવ્યમાં અનિત્ય હોય છે. દ્વિપૃથક્ત્વ વગેરે સર્વત્ર અનિત્ય હોય છે.

પૃથક્ત્વચ્છદા [સં.] સ્ત્રી. એક જાત; મૂર્વા વનસ્પતિ; મોરવેલ.

પૃથક્ત્વવિતર્ક [સં.] ન. (જૈન) શુક્લધ્યાનના ચાર માંહેનો એક ભેદ; એક દ્રવ્યમાંથી ઉત્પત્તિ, વિનાશ અને નિત્યપણાનો પૃથક્ પૃથક્ વિચાર કરવો તે

પૃથક્પર્ણી [સં.] સ્ત્રી. પીઠવણ નામે વનસ્પતિ; ઉંદરકની વનસ્પતિ.

પૃથક્પિઠ [સં.] પું. માત્ર અલતર્પણના અધિકારી પિતૃદેવ.

પૃથક્પૃથક્ [સં.] અ. છૂટુંછવાયું હોય એમ; જુદી જુદી જગ્યાએ; ભિન્ન ભિન્ન; અલગ; જુદું; નિરાળું..

પૃથક્પ્રાચન [સં. પૃથગ્ભાવન] ન. વર્ગમાં એકેક છોકરાને પાઠ બંધાવ્યો તે.

પૃથક્પ્રતિક્ષક્ [સં] ન. એક બાળકને તેની યોગ્યતા વિચારી કેળવણી આપવી તે; એકેક વિદ્યાર્થીને છૂટો છૂટો અભ્યાસ કરાવવો તે. આ શબ્દ સમૂહશિક્ષણથી ઊલટો છે.

પૃથક્સેચન ન. બાજ વિષ તરીકે નકી કરવું તે; 'સ્પેસ્ક્લિકેશન'.

પૃથગાત્મતા ૧. [સં.] સ્ત્રી. જુદાઈ.

૨. સ્ત્રી. તફાવત.

૩. સ્ત્રી. ભેદ; અંતર.

૪. સ્ત્રી. વિરક્તિ; વૈરાગ્ય.

૫. સ્ત્રી. વિશેષ.

પૃથગાત્મત્વ જુઓ પૃથગાત્મતા.

પૃથગ્ગુણ ૧. [સં.] પું. જુદો ગુણ.

૨. વિ. જુદા જુદા ગુણવાળું.

પૃથગ્જન ૧. [સં.] પું. અજાણ માણસ.

૨ પું ઉત્તર સામાન્ય માણસ; સાધારણ લોક.

૩. પું. નીચ માણસ; પામર માણસ; હલકો માણસ.

૪. પું. પાપી માણસ.

૫. પું. બાળક.

૬. પું. મૂર્ખ માણસ.

પૃથગ્ન્યાસ [સં.] પું. અવરોધ.

પૃથગ્બીજ [સં.] પું. ભિન્નાપું.

પૃથગ્બુદ્ધિ [સં.] સ્ત્રી., પોતપોતાના મતની સમજ.

પૃથગ્ભજન [સં.] ન. પૃથક્કરણ, છૂટું પડવું તે.

પૃથગ્ભાવ [સં.] પું. અલગ ભાવ; ભિન્નતા.

પૃથગ્ભાવી ૧. [સં. પૃથગ્ભાવિન્] વિ. છૂટું પાડી શકાય એવું.

૨. જે સ્વચ્છ થઈ શકે તેવું.

પૃથગ્ભેદવાદ [સં.] પું. (વેદાંત) અલગતા કે ભિન્નતાનો ભાવ.

પૃથગ્વિચાર [સં.] પું. કોઈ વસ્તુના ભાગોનો જુદો જુદો વિચાર.

પૃથગ્વિધ [સં.] વિ. જુદા જુદા પ્રકારવાળું; ભિન્ન ભિન્ન પ્રકારનું; તરેહવારનું.

પૃથગ્બીજ [સં.] પું. ભિન્નાપાનું ઝાડ.

પૃથગ્વેણી પું. (સંગીત) અઠ્ઠાવન મહિનો એક વર્ણવિકાર. તેમાં એક સાથે અનુ અનુ સ્વરો જુદી જુદી જગ્યાએ અનુ વાર આવૃત્તિ કરવામાં આવે છે. જેમકે, સસસ રિરિરિ ગગમ | રિરિરિ ગગમ મમમ | ગગમ મમમ પપપ | મમમ પપપ મધધ | પપપ મધધ નિનિનિ | મધધ નિનિનિ સસસ |

પૃથવી [સં.] સ્ત્રી. પૃથ્વી.

પૃથા ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. [સં.] સ્ત્રી. કુંતીભોજની કન્યા; પાંડુની પત્ની; પાંડવોની માતા કુંતીનું બીજું નામ. આ કન્યા શૂરસેન રાજા પાસેથી કુંતીભોજે દત્તક લીધી હતી.

૩. સ્ત્રી. રિવાજ; રીત; રવૈયો; ધારો; નિયમ; સંપ્રદાય; રૂઢિ.

પૃથાજ ૧. [સં.] પું. અર્જુન જેવા; સાહસનું કામ.

૨. પું. કુંતીનો પુત્ર; યુધિષ્ઠિર, ભીમ, અર્જુન એ દરેક.

પૃથાજનન ન. નવેસર મર્જ રજા વગર ઉત્પત્તિ થવી તે.

પૃથાતનય [સં.] પું. અર્જુન, ભીમ, યુધિષ્ઠિર માંહેનો દરેક.

પૃથાદુઃખપ્રક્ષેતા [સં. પૃથાદુઃખપ્રક્ષેતૃ] પું. પુરુષોત્તમના હજાર માંહેનું એક નામ.

પૃથાપતિ [સં.] પું. પાંડુ રાજા.

પૃથાર્ચ પું. (પુરાણ) એ નામે એક રાજર્ષિ.

પૃથાસૂનુ [સં. પૃથા (કુંતી) + સૂનુ (પુત્ર)] પું કુંતીનો દીકરો; અર્જુન, ભીમ, યુધિષ્ઠિર પૈકી દરેક.

પૃથાસૂનુજ [સં.] પું. અભિમન્યુ.

પૃથિન ન. એ નામે એક ઔષધિ.

પૃથિવી ૧. [સં.] પું. (વેદાંત) ગંધગુણનું સમાનાધિકરણ તથા દ્રવ્યત્વ જાતિનું સાક્ષાત્ વ્યાપ્ય જેની જે જાતિ છે તે જાતિવાળું દ્રવ્ય.

૨. પું. (વેદાંત) ગંધ સહિત બીજ ગુણવાળા હોવાપણું.

૩. પું. (વેદાંત) જે દ્રવ્ય સમવાય સંબંધે કરીને પૃથિવીત્વ જાતિવાળું હોય તે દ્રવ્ય.

૪. પું. પરમેશ્વર. તેણે પોતાના વિશ્વનો વિસ્તાર કર્યો છે.

૫. સ્ત્રી. અંતરિક્ષમાં રહેલી છે તે. વેદાદિમાં આ શબ્દ આવે છે

૬. ન. જમીન.

૭. ન. પંચમહાભૂતોમાંનું એ નામનું એક મૂળતત્ત્વ.

૮. ન. (જ્યોતિષ) પૃથ્વી ગ્રહ. પૃથ્વી સૂર્યથી ત્રીજો ગ્રહ છે. એનો આકાર ચોળ હોઈ વચ્ચેથી ફૂલેલો છે. તેનું ક્ષેત્રફળ ૧૯,૬૫,૫૦,૦૦૦ ચોરસ માઈલ છે. આમાં ૫,૫૫,૦૦,૦૦૦ ચો. મા. જમીન અને બાકીનું પાણી છે. પૃથ્વી ઉપર વસ્તી એક અબજ કોટિની છે. પૃથ્વી સૂર્યની આસપાસ લંબ વર્તુલાકારમાં ફરે છે. આ ફક્ષનું એક કેંદ્ર સૂર્ય છે. પૃથુ રાજાએ એનું દોહન કરીને બધી સમૃદ્ધિ કાઢી હતી. એ રાજાએ જ પૃથ્વી ઉપર ગામ, નગર પ્રજાવસતિની રચના કરી હતી. પૃથ્વીમાં રેડિયમ છે. તેથી તે કદી બંદ જેવી થશે નહિ.

૯. ન. ભોંય; જમીન.

પૃથિવીદંપ [સં. પૃથિવી (પૃથ્વી) + દંપ (પ્રજવું તે)] પું. ભૂકંપ; ધરતીકંપ.

પૃથિવીગીતા [સં.] સ્ત્રી. વિષ્ણુપુરાણમાં ચોવીસ અધ્યાયમાં કહેવાયેલી પૃથ્વીની કથા.

પૃથિવીક્ષિત [સં. પૃથિવીક્ષિત્] પું. રાજા.

પૃથિવીજય [સં.] પું. એ નામે એક દાનવ.

પૃથિવીતલ [સં. પૃથિવી (પૃથ્વી) + તલ (તળાયું)] ન. પૃથ્વીની સપાટી.

પૃથિવીતીર્થ [સં.] ન. મહાભારતમાં કહ્યાવેલું એક પ્રાચીન તીર્થ.

પૃથિવીનાથ [સં. પૃથિવી (પૃથ્વી) + નાથ (ધણી)] પું. રાજા.

પૃથિવીપતિ ૧. પું. ઋષભ નામે એક ઔષધિ.

૨. પું યમ.

૩. [સં. પૃથિવી (પૃથ્વી) + પતિ (ધણી)] પું. રાજા.

પૃથિવીપાલ [સં. પૃથિવી (પૃથ્વી) + પાલ (પાળનાર)] પું. રાજા.

પૃથિવીપાલક જુઓ પૃથિવીપાલ.

પૃથિવીભવ ૧. [સં. પૃથિવી (પૃથ્વી) + ભવ (ઉત્પન્ન થયું તે)] પું. સુરોખાર, કેમકે તે પૃથ્વીમાંથી નીપજે છે.

૨. વિ. પૃથ્વી ઉપર હોનાર કે બનાર.

પૃથિવીભુજ [સં. પૃથ્વીભુજ્] પું. રાજા.

પૃથિવીરુહ [સં. પૃથિવી (પૃથ્વી) + રુહ (ઊગેલું)] પું. ઝાડ; વૃક્ષ. તે પૃથ્વીમાંથી ઊગે છે.

પૃથિવીલોક [સં.] પું. દુનિયા; જગત.

પૃથિવીવલ્લભ જુઓ પૃથ્વીપાલ.

પૃથિવીશ [સં. પૃથિવી (પૃથ્વી) + ઈશ (ધણી)] પું. રાજા.

પૃથિવીશક જુઓ પૃથિવીશ.

પૃથિવીશત્રુ [સં.] પું. રાજા.

પૃથિવીશુક જુઓ પૃથિવીશ.

પૃથિવીંજય ૧. [સં.] પું. એ નામે એક દાનવ.

૨. [સં. પૃથિવીમ્ (પૃથ્વીને) + જય (જીત)] વિ. પૃથ્વીને જીતનાર.

પૃથિવીંદ્ર [સં.] પું. રાજા.

પૃથી ૧. [સં.] પું. વેનના પુત્ર રાજર્ષિ પૃથુનું એક નામ.

૨. [સં. પૃથ્વી] સ્ત્રી. (હિંદી) પૃથ્વી.

પૃથીનાથ [સં. પૃથિવી (પૃથ્વી) + નાથ (ધણી)] પું. રાજા; હાકેમ.

પૃથુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. (પુરાણ) અજમીઢ વંશના વૈરપુત્રનો એ નામનો પુત્ર.

૩. પું. (પુરાણ) આઠ આંઠેનો એ નામનો એક વસુ

૪ પું. ઇક્ષ્વાકુ વંશનો એ નામનો પાંચમો રાજા. તે ત્રિશંકુનો પિતા હતો.

૫. પું. એ નામે એક વિષદેવ.

૬. પું. (પુરાણ) એક દાનવનું નામ.

૭. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૧ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૮. પું. એક હાથનું માપ.

૯. પું. (પુરાણ) કાકુત્સ્થ અનેનસનો પુત્ર એક રાજા.

૧૦. પું. (પુરાણ) કોષ્ટુવરણી ચિત્રનો પુત્ર એક રાજા.

૧૧. પું. ચિત્રક વૃક્ષ.

૧૨. પું. (પુરાણ) ચોથા મન્વંતરના એક સપ્તર્ષિનું નામ

૧૩. પું. (પુરાણ) તામસ મન્વંતરનો એ નામનો એક ઋષિ.

૧૪. પું (પુરાણ) દ્વાપરયુગમાં થયેલો સૂર્યવંશનો પાંચમો રાજા; અંગનો પૌત્ર અને વેનનો પુત્ર. તેના નામ ઉપરથી પૃથ્વીનું નામ પડ્યું છે. વિષ્ણુપુરાણમા કહ્યાવ્યું છે કે, જ્યારે વેન રાજાએ પૂજા તથા યજ્ઞની બનાઈ કરી ત્યારે ઋષિઓએ તેને મારી નાખ્યો. તેને કોઈ સંતાન ન હતું. જ્યારે રાજા વગર અંધેર તથા લૂંટફાટ ચાલી રહ્યાં, ત્યારે તેઓએ મરી ગયેલા રાજાનો જમણો હાથ મથ્યો અને તેમાંથી અગ્નિના જેવો દેદીપ્યમાન પૃથુ રાજા ઉત્પન્ન થયો. તેને તરત જ રાજા બનેર કરવામાં આવ્યો. તેની પ્રજા જે દુકાળથી પીડાતી હતી તેણે બાવા હાયક થઇ, કેમ કે જે પૃથ્વીએ તેમને આપવાં બંધ કર્યાં હતાં તે માટે વિનતિ કરી. રાજાએ ગુસ્સે થઈને પૃથ્વીને તે માટે ફરજ પાડવા પોતાનું ધનુષ્ય ઉપાડયું પૃથ્વી ગાયનું રૂપ લઈ નાઠી અને રાજા પાછળ પડ્યો. આખરે તે શરણે આવી, પોતાને બચાવવા આજણી કરી અને પોને દૂધ દૂઠું પાડવાને શક્તિમાન થાય તે માટે જો પોતાને વાછરું આપવામાં આવે તો જરૂરિયાતવાળાં કળ, છોડ વગેરે આપવાનું વચન આપ્યું. તે ઉપરથી પૃથુએ સ્વાયંભુવ મનુને વાછરો બનાવ્યો, પૃથ્વીને દોઢી દૂધ પોતાના જ હાથમાં કીધું તેમાથી પોતાની પ્રજાના નિભાવ માટે બધી જાતના અનાજ, શાકભાજી, ફળ વગેરે ઉત્પન્ન થયા. પૃથુના આ કામકાજનું અનુકરણ કરી પંદર ઋષભોએ ભૂદેવપનિને વાછરો બનાવી વેદમય પવિત્ર દૂધ દોયું. તે પછી દૈત્યો, દાનવો, ગંધર્વો, અપ્સરાઓ, પિતરો, સિદ્ધો, વિદ્યાધરો, એયરો, કિન્નરો, માયાવીઓ, યક્ષો, રાક્ષસો, ભૂતો અને પિશાચો વગેરેએ પોતપોતાની અરજ પ્રમાણે સુરા, આસવ, સુંદરતા, મધુરતા, કવ્ય, અણિમા વગેરે સિદ્ધિ, એયરી વિદ્યા, અંતર્ધાન વિદ્યા, માયા, ઈચ્છ વજરના સર્પ, વીંછી વગેરે અનેક પદાર્થ દોહ્યા. તે ઉપરાંત પૃથુએ સંતુષ્ટ થઈ પૃથ્વીને દુહિતા તરીકે સ્વીકારી અને બધા પર્વત વગેરે તોડી પૃથ્વીને સપાટ કરી, જેથી વરસાદનું પાણી એક ઠેકાણે રોકાઈ ન જાય. તે પછી તે ઉપર અનેક ગામ, નગર વસાવ્યાં. પૃથુએ ૯૯ યજ્ઞ કર્યા હતા. સોમો યજ્ઞ કરતી વખતે ઇંદ્ર તેનો યજ્ઞનો ઘોડો લઈને ભાગ્યો હતો. પૃથુ તેની પાછળ પડ્યો. ઇંદ્રે અનેક જાતનાં રૂપ ધારણ કર્યાં, જેથી સૌન, ભૌદ્ધ, કાપાલિક વગેરે મતોની ઉત્પત્તિ થઈ. પૃથુએ ઇંદ્ર પાસેથી પોતાનો ઘોડો છોડાવી તેનું નામ વિજિતાશ્વ રાખ્યું. પૃથુ આ વખતે ઇંદ્રને ખરમ કરી દેવા ચાહતો હતો, પણ બ્રહ્માએ આવીને બે વચ્ચે સંધિ કરાવી. આ યજ્ઞ કર્યા પછી પૃથુએ સનત્કુમાર પાસેથી જ્ઞાન મેળવ્યું અને તે પછી પોતાની રાણી સાથે જઈ તે તપશ્ચર્યા કરવા વનમા ચાલ્યો ગયો. ત્યાં તેણે યોગ દ્વારા પોતાના આ ભૌમ શરીરનો અંત આણ્યો.

૧૫. પું. (પુરાણ) રામની સેનામાંનો એક પ્રસિદ્ધ વાનર.

૧૬. પું. વિષ્ણુનાં બત્રીસ આંઠેનું એક નામ. પ્રપંચરૂપ વિસ્તૃત હોવાના કારણે તે પૃથુ કહેવાય છે.

૧૭. પું. શિવ; શંકર.
૧૮. પું. (પુરાણ) સોમવંશી યદુકુળના સાત્વત રાજાના વૃષ્ણિ નામના પુત્રના વંશમાં વૃષ્ણિપુત્ર ચિત્રરથ રાજાનો મોટો દીકરો. ભાઈઓમાં તે મોટો પરાક્રમી અને કીર્તિમાન હતો.
૧૯. સ્ત્રી. અદીક્ષુ.
૨૦. સ્ત્રી. એક જાતની કડવી ઔષધિ.
૨૧. સ્ત્રી. કાળીઝરી.
૨૨. સ્ત્રી. હિંગુપત્રી વનસ્પતિ.
૨૩. ન. અદીક્ષુ.
૨૪. વિ. અધિક; અમર્યાદિત; અસંખ્ય.
૨૫. વિ. કુશળ; ચતુર; પ્રવીણ.
૨૬. વિ. દીર્ઘ; પહોળું; વિસ્તીર્ણ; સ્થૂળ; વિશાળ.
૨૭. વિ. મોટું; મહાન.

પૃથુઓષ્ઠ [સં. પૃથુ (મોટું) + ઓષ્ઠ (હોઠ)] પું. અહારની ત્વચાની બહારનો બનેલો મોતિની બાજુનો હોઠ.

પૃથુક ૧. [સં.] પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરનો એ નામે એક દેવગણ.
૨. પું. ચેતરો.
૩. પું. નાનું બાળક; છોકરો.
૪. પું. પીંજા.
૫. પું. હિંગુપત્રી વનસ્પતિ.

પૃથુકંધરા [સં. પૃથુ (વિશાળ) + કન્ધરા (ડોક)] વિ. સ્ત્રી. વિશાળ ડોકવાળી.

પૃથુકા ૧. સ્ત્રી. કાળીઝરી.
૨. સ્ત્રી. ડાંગ.
૩. [સં.] સ્ત્રી. બાળકી.
૪. સ્ત્રી. હિંગુપત્રી વનસ્પતિ.

પૃથુકીર્ય ૧. [સં.] સ્ત્રી. કુંતીની નાની બહેન; વસુદેવની બહેન.
૨. વિ. બાળકના હિતનું; બચ્ચાંને ઉપયોગી.

પૃથુકીર્તિ ૧. [સં.] સ્ત્રી. કુંતીની નાની બહેન; વસુદેવની બહેન.
૨. [સં. પૃથુ (વિશાળ) + કીર્તિ (યશ)] વિ. અધિક કીર્તિવાળું.

પૃથુકૃષ્ણા સ્ત્રી. કાળીઝરી.

પૃથુકોલ [સં.] મોટું ભોર.

પૃથુગ [સં.] પું. ચાક્ષુષ મન્વંતરના દેવતાઓનો એક ભેદ.

પૃથુગંધા [સં.] સ્ત્રી. કપૂરકચરી.

પૃથુગ્રીવ ૧. [સં.] પું. (પુરાણ) ખર રાક્ષસનો એ નામનો એક પ્રધાન. તેનું બીજું નામ પૃથુસ્કામ હતું.
૨. [સં. પૃથુ (મોટું) + ગ્રીવા (ડોક)] વિ. મોટી ડોકવાળું.

પૃથુચ્છદ ૧. [સં.] પું. એક જાતનો વર્ષો.
૨. પું. હાથીકંદ.
૩. વિ. મોટાં પાંદડાંવાળું.

પૃથુજઘન [સં.] વિ. વિશાળ નિતંબવાળું.

પૃથુતા ૧. સ્ત્રી. પૃથુ હોવાપણું.
૨. [સં. પૃથુ (વિશાળ) + તા (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. વિશાળતા; વિસ્તાર; ફેલાવો.

પૃથુતીર્થ [સં.] ન. (પુરાણ) સરસ્વતી નદીના તટ ઉપર આવેલું એ નામનું તીર્થ.

પૃથુત્વ જુઓ પૃથુતા.

પૃથુદર્ભ [સં.] પું. (પુરાણ) ઉશીનર શિબિના પુત્ર વૃહદ્ગર્ભનું બીજું નામ.

પૃથુપત્ર ૧. ન. રાતું લસણ.
૨. ન. હાથીકંદ.
૩. [સં. પૃથુ (મોટું) + પત્ર (પાંદડું)] વિ. મોટાં પાંદડાંવાળું.

પૃથુપત્રક જુઓ પૃથુપત્ર.

પૃથુપલાશિકા ૧. [સં.] સ્ત્રી. કપૂરકચરી.
કપૂરકચરીનાં મૂળની ગાંઠમાંથી નાની નાની કટકીઓ કરેલી હોય છે. તેને પૃથુપલાશિકા કહે છે.
૨. સ્ત્રી. કડી; કચૂરો; વનસ્પતિ.

પૃથુપાણિ [સં. પૃથુ (વિશાળ) + પાણિ (હાથ)] પું. આજાનબાહુ; જેના હાથ બહુ લાંબા અથવા ઘૂંટણ સુધીના હોય તેવો માણસ.

પૃથુભૈરવ [સં.] પું. (ભૌદ્ધ) એ નામનો એક દેવતા.

પૃથુયશા [સં. પૃથુ (વિશાળ) + યશસ્ (કીર્તિ)] વિ. વિખ્યાત; પ્રખ્યાત; પ્રસિદ્ધ.

પૃથુરથ્ય [સં.] ન. એક પ્રકારનું સામ અથવા સ્તવન.

પૃથુરશ્મિ [સં.] પું. ચક્રવિરોધી એક જાતના લોકો. વૈદિક સાહિત્યમાં તેમનો ઉલ્લેખ વૃત્તિઓ તરીકે કરવામાં આવ્યો છે.

પૃથુરાજ પું. અજમેર અને દિલ્હીનો ચૌહાણ વંશનો એક શૂરવીર રાજા.

પૃથુરાજા [સં. પૃથુરાજન્] પું. (પુરાણ) અંગનો પૌત્ર અને વેન રાજાનો એ નામનો પુત્ર; પૃથુ. તે વિષ્ણુનો નવમો અંશાવતાર મનાય છે. તેઓ મહાન દેશસુધારક અને પ્રજાપાલનમાં કુશળ હોવાથી લોકોને પ્રિય બના હતા. લોકોને પોતાની સાથે ગામ વસાવી રહેવાનું શીખવતાં ઉદારતા સાથે તેમણે રાજપદ્ધતિ સમજાવી હતી, ઉત્તમ ભાષણો આપી લોકોને અધર્મમાંથી બચાવી ધર્મ રસ્તે વાળ્યા હતા અને નીતિધર્મ સમજાવ્યો હતો. તેણે પોતાના પિતા વેનને નરકમાં જતા બચાવ્યા અને ગૌરૂપી પૃથ્વીને દોહી વનસ્પતિ આદિને દુધરૂપે કાઢયાં. આ અવતાર પૃથ્વી સુધારવા અને ધર્મવૃદ્ધિ કરવા સત્યયુગમાં થયો હતો. તેમને અર્ચિ નામની સ્ત્રી હતી. તે પણ લક્ષ્મીજીનો અવતાર મનાય છે. જ્યારે પૃથુનો રાજ્યાભિષેક થયો, ત્યારે કુબેરે રત્નજડિત સિંહાસન, શિવે દશચંદ્ર અને પાર્વતીએ શાંતચંદ્ર એવા બે મુગટ, અગ્નિએ અજરવ ધનુષ્ય, વરુણે અમૃતમય છત્ર એમ સર્વ દેવોએ અકેકી ભેટ મોકલી હતી. તેના જમણા હાથમાં ચક્રનું અને પગમાં કમળનું એવાં અંશાવતારી પુરુષનાં શુભ ચિહ્ન હતાં. તેમણે પૃથ્વી સપાટ કરાવી. વળી નગરો કેમ બાંધવાં તથા આરોગ્યતા શી રીતે સાચવવી તે પ્રજાને સમજાવ્યા. તેમણે સમુદ્રપર્યટન કરી સાત દ્વીપો તાબે કરી બીજી જમીન વગેરેની શોધ કરેલી કહેવાય છે. તેમણે બ્રહ્માવર્ત દેશમાં સરસ્વતી નદીને કાંઠે સો અશ્વમેધ યજ્ઞ કરવા સંકલ્પ કર્યો. નવાણું યજ્ઞ પૂરા થયા. સોમો યજ્ઞ ચાલતો હતો, ત્યારે ઇંદ્ર યજ્ઞનો ઘોડો હરી ગયો. પૃથુના દીકરા પુરંદરે તેને હરાવી ઘોડો પાછો મેળવ્યો. ત્યારથી તે વિજિતાશ્વ કહેવાયો. યજ્ઞની દીક્ષા વખતે દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ તથા પ્રજાજનોની સભા સમક્ષ રાજાએ ધાર્મિક ભાષણ કર્યું હતું. તે સમયે આવેલા સનત્કુમારે પૃથુરાજાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. તેથી રાજા કૃતાર્થ થઈ સઘળાં કર્મ નિરાસક્તપણે કરવા લાગ્યા. પ્રજાને રાજી કરતા પૃથુરાજા રાજા એવા નામને અરેખર યોગ્ય થયા હતા. તેમને અર્ચિ નામની રાણીથી વિજિતાશ્વ, ધૂમ્રકેશ, હર્યક્ષ, દ્રવિણ અને વૃક એ નામે પાંચ પુત્રો થયા. પોતાના શરીરને વૃદ્ધ થયેલું જોઈ વિજિતાશ્વને રાજ્ય સોંપી પોતે સ્ત્રી સહિત તપોવનમાં ગયા. ત્યાં વાનપ્રસ્થ રહી દૃઢ નિયમો પાળી પોતાના જીવાત્માને પરબ્રહ્મમાં જોડી બ્રહ્મરૂપ થઈ કૈવલ્ય મોક્ષને પામ્યા.

પૃથુરુક્મ [સં.] પું. ક્રોષ્ટુ વંશના રુક્મકવચનો એ નામનો પુત્ર.

પૃથુરોમ ૧. [સં. પૃથુરોમન્] ન. માછલું.
૨. ન. (જ્યોતિષ) મીન રાશિ.
૩. [સં. પૃથુ (મોટું) + રોમન્ (વાળ)] વિ. મોટાં રુવાંટાવાળું.

પૃથુરોમા જુઓ પૃથુરોમ.

પૃથુલ ૧. વિ. અધિક; વધારે.
૨. વિ. ભારે; મોટું.

૩. [સં.] વિ. વિશાળ; સ્થૂળ; પહોળું; વિસ્તીર્ણ; લાંબું.

પૃથુલ પ્રાંશુ પત્યાદિ પૃથુ આગત બૃહ વિસ્તાર; દીર્ઘ ઘાસ બરતી સદા મું કાસ્થ કે બાલ! પિંગળગ્રંથોપ

પૃથુલા [સં.] સ્ત્રી. દિંગપત્રો વનસ્પતિ.

પૃથુલાક્ષ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન પુરુવંશના ચતુરંત રાજાનો એ નામનો પુત્ર. તેને બૃહદ્રથ, બૃહત્કર્મા, બૃહદ્ભાનુ અને બૃહ એમ ચાર પુત્ર હતા.

૨ [સં. પૃથુ (મોટું) + અક્ષ (આંખ)] વિ. મોટા નેત્રવાળું.

પૃથુલાશ્વ [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

પૃથુલોમા ૧. [સં.] સ્ત્રી. માખી.

૨. સ્ત્રી. (જ્યોતિષ) મીન રાશિ.

પૃથુવક્ત્ર [સં. પૃથુ (મોટું) + વક્ત્ર (મોઢું)] વિ. મોટા મોઢાવાળું.

પૃથુવર્ત્મા ૧. [સં.] સ્ત્રી. ક્રાંતિ સ્વામીની અનુચર એક માતૃકા.

૨. વિ. સ્ત્રી. મોટા મોઢાવાળી.

પૃથુવૈન્ય ૧. [સં.] પું. ઋગ્વેદના ૬૪મા મંડળના ૧૪૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. જુઓ પૃથુ ૧૪.

પૃથુશાસિતા [સં. પૃથુ (એ નામનો રાજા) + શાસિત (રાજા કરેલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પૃથુ રાજાએ શાસન કરેલી પૃથ્વી.

પૃથુશિરા [સં.] સ્ત્રી. મોટી જળો.

પૃથુશિંબ [સં.] પું. એક જાતનું સોનાક્ષ વૃક્ષ.

પૃથુશૃંગક [સં.] પું. ઘેટો; મેષ.

પૃથુશૈખર [સં. પૃથુ (વિશાળ) + શૈખર (શિખર)] પું. પર્વત; પહાડ.

પૃથુશ્યામ [સં.] પું. (પુરાણ) પૃથુશ્રીવ રાક્ષસનું બીજું નામ.

પૃથુશ્રવ જુઓ પૃથુશ્રવા ૬.

પૃથુશ્રવા ૧. [સં. પૃથુશ્રવસ્] પું. ક્રાંતિ સ્વામીનો એ નામનો એક અનુચર.

૨. પું. (પુરાણ) નવમા મનુનો એ નામે એક પુત્ર.

૩. પું. પુરુષોત્તમનાં સુંદર માંહેનું એક નામ.

૪. પું. ક્રાંતિદેવ રાજાનો એ નામનો પુત્ર.

૫. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના મહાભોજ રાજાનો એ નામનો એક પુત્ર. તેના પુત્રનું નામ ધર્મ હતું.

૬. [સં. પૃથુ (વિશાળ) + શ્રુ (સાંભળવું)] વિ. મોટા જ્ઞાનવાળું.

પૃથુશ્રી [સં. પૃથુ (વિશાળ) + શ્રી (લક્ષ્મી)] વિ. બહુજ સમૃદ્ધ; પૈસાપાત્ર; સંપત્તિવાન; ધનિક.

પૃથુષેણ ૧. [સં.] પું. અનુવંશી સુચિર રાજાનો એ નામનો પુત્ર.

૨. પું. (પુરાણ) વિષ્ણુ રાજાને રતી નામની સ્ત્રીથી થયેલો એ નામનો દીકરો. તેની સ્ત્રીનું નામ આકૂતિ અને પુત્રનું નામ નક્ત હતું.

પૃથુસેન ૧. [સં.] પું. (પુરાણ) કર્ણનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન અજમીઢપુત્ર બૃહદ્ધના વંશના બાર રાજાનો એ માંહેનો મોટો પુત્ર.

પૃથુસ્કંધ [સં.] પું. ખૂંધ; કુબ્બર.

પૃથુસ્કંધી [સં.] સ્ત્રી. ખૂંધવાળી કુબ્બરી.

પૃથૂદક [સં.] ન. સરસ્વતીના દક્ષિણ કિનારા ઉપરનું એ નામે એક પ્રસિદ્ધ તીર્થસ્થાન. તે દિલ્હીની દક્ષિણે સાત માઈલ ઉપર આવેલું છે. અહીં બ્રહ્માની માટીની પિંડલક્ષની ક્રિયા થાય છે. ત્યાં પૃથુરાજાનો મહેલ તથા વસ્તીવાળા છે. પૃથુરાજાએ તેના પિતાની અંત્યેષ્ટિ ક્રિયા અહીં કરી હતી અને બાર દિવસ સુધી અભ્યાગતોને પાણી પાયું હતું. તેથી આ નામ પડ્યું મનાય છે. હાલ તેને પોતોઆ કહે છે.

પૃથૂદર ૧. [સં. પૃથુ (મોટું) + ઉદર (પેટ)] પું. ઘેટો; મેષ.

૨. પું. બકરો.

૩. વિ. મોટા પેટવાળું.

પૃથૂદરા ૧. [સં.] સ્ત્રી. ઘેટી.

૨. સ્ત્રી. બકરી.

૩. વિ.સ્ત્રી. મોટા પેટવાળી.

પૃથૂદરી જુઓ પૃથૂદરા.

પૃથ્વસ્થિ [સં. પૃથુ (મોટું) + અસ્થિ (હાડકું)] ન. કાંડાનાં હાડકાં માંહેનું એક પહોળું હાડકું.

પૃથ્વી ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. સાક્ષરવર્ય જગન્નંતરાય ઠાકોરે તેનો ઉપયોગ કરેલો છે. તેમાં જગણ, સગણ, જગણ, સગણ, યગણ, લઘુ અને ગુરુ મળી સત્તર વર્ણ હોય છે. તેમાં આઠમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. જેમકે, પગ્યે ચરમ પાયમાં જરૂર ઈશ્વર રહેતો, કુસંગ વિપરક્ષમાં ફળ અનેક જેવાં થતો.

૨. પું. પૃથુરાજા. જુઓ પૃથુ ૧૪.

૩. પું. સર્પનાં એકસો આઠ માંહેનું એક નામ.

૪. સ્ત્રી. અંકુર

૫. સ્ત્રી. એકની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.

૬. સ્ત્રી. કાણીજીરી; કલોંજી.

૭. સ્ત્રી. ગેતર.

૮. સ્ત્રી. (જૈન) ઉત્પન માંહેની એ નામની એક દિક્કુમારિકા.

૯. સ્ત્રી. જમીન; ભોંય; ભૂમિ; ધરતી; પૃથ્વી ઉપરનો ભાગ.

૧૦. [સં. પૃથુ (વિશાળ)] સ્ત્રી. જેના ઉપર આપણે વસીએ છીએ તે જમીનનો એક મોટો ગોળો કે ગોલ; પૃથિવી; મહી. તેના પર્યાય શબ્દો: વિપુલા, ધાત્રી, કુંભિની, ભૂતધાત્રી, રત્નગર્ભા, જગતી, સાગરાંબરા, ધરા, વસુમતી, વસુધા, વિશ્વંભરા, રસા, અનંતા, ભૂ, ઉર્વા, ક્ષિતિ, ભૂમિ, અચલા, સ્થિરા, ધરિત્રી, ધરણી, ક્ષોણિ, જગ્યા, ક્ષમાપી, સર્વંસહા, ક્ષમા, ક્ષમા, ઉર્વી, વસુમતી, મોત્રા, કુ, અવની અને મેદિની. બાર માત્રાનો એક તાલ, બે તાલનો એક જાર, પોણાબે જારનો એક ક્રિયુ, ચાર જારનું એક ચતુષ્ય અથવા એક દંડ, બે હજાર ધનુષ્યનો એક ક્રોશ, બે ક્રોશની એક ગવ્યૂતિ, બે ગવ્યૂતિનો એક યોજન અને એવા સો કરોડ યોજનની આખી પૃથ્વી થાય છે. પૃથ્વીનું ઉપલું ઘનીભૂત પડ ૫૦ માઈલ જાડું છે. આપણી પૃથ્વીથી સૂર્યનું છેટું ૯૨,૯૦,૦૦,૦૦૦ માઈલ છે, જ્યારે નજીકમાં નજીક તારાનું ૨૫,૫૦,૦૦ કરોડ માઈલ છેટું છે. પૃથ્વીનો મધ્ય વ્યાસ ૭,૯૧૮ માઈલ છે. તેની ઘનતા પાણીથી ૫·૬૬ પટ છે. તેનો અક્ષ પ્રદક્ષિણાકાળ ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૪ સેકંડ છે. તેનો સૂર્ય પ્રદક્ષિણાકાળ ૩૬૫·૨૬ દિવસ છે. સૂર્યથી તેનું મધ્ય અંતર ૨૨૩ લાખ માઈલ છે. તેની ઉક્ષાકેંદ્રચ્યુતિ ·૦૧૬૮ છે. પૃથ્વી પોતાની ૬૨રોજની ગતિમાં ૬૨ સેકંડે ૧૫,૦૦૦ ફૂટના વેગથી આગળ વધે છે. પૃથ્વી પહેલાં સૂર્યના જેવો જ એક ઉષ્ણ ગોળો હતી, પણ તેની ઉષ્ણતા ક્રમે ઘટતાં ઘટતાં મૂળ દ્રવ્યમાંથી કેટલું દ્રવ્ય પાતળું અને કેટલું ઘટ્ટ બનતું ગયું અને પૃથ્વી ઉપર હવા અને પાણી નિર્માણ થયાં. પછી તે ત્રણેના સંયોગથી સર્વ સજીવ અને નિર્જીવ સૃષ્ટિ થઈ. પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણ છે. પૃથ્વીનો સૂર્ય આસપાસ ફરવાનો માર્ગ ધૂળ અને પથ્થરવાળો છે. આ માર્ગમાં પૃથ્વી અનેક ભરતા તારા અને પથ્થર સાથે અથડાય છે. ૧૯૦૮માં સાઈબીરિયામાં એવું બન્યું કે, એક વિશાળ પ્રચંડનો જથ્થો ભ્રમણના માર્ગે પૃથ્વી સાથે અથડાયો. અથડાવાથી ઉત્પન થયેલ ગરમ હવાએ

તે ભાગનાં ચોતરફનાં ઝાડપાન બાળી નાખ્યાં. આગ્નેયનાં રબ્બમાં હજારો વર્ષ પડેલાં એક નાનો પુછડિયો તારો પડ્યો હતો, તેથી એક માઈલ લાંબો અને ૫૭૦ ફૂટ ઊંડો ખાડો થયો હતો. બીજા કોઈ ગ્રહ કે ઉપગ્રહ ઉપરથી પૃથ્વી જોવામાં આવે તો તે આસમાની રંગની, વાદળાંથી ઢંકાયેલી લાગે. આ આસમાની રંગ હજારને લઈને દેખાય છે. પૃથ્વીના ગર્ભમાં લોખંડ અને નિકલ છે, તેની ઉપર મજબૂત ખડકનું પડ છે અને તે ઉપર હળવા ખડકનું પડ છે. પૃથ્વીની સપાટીનો પોણો ભાગ પાણીથી ઢકાયેલ છે. પૃથ્વી તેની ધરીની આસપાસ ફરે છે, તેથી આપણને રાત અને દિવસ, ભરતી અને ઓટ અને કેટલાક નિયમિત પવનો પૃથ્વી ઉપર મળે છે પૃથ્વી તેની ધરી ઉપર સીધી રહેતી નથી, પણ સહેજ એક બાજુ તરફ નમેલ છે, જેથી અમુક સમયે પૃથ્વીનો ઉત્તર ભાગ સૂર્ય તરફ નમેલો હોય છે અને અમુક સમયે પૃથ્વીનો દક્ષિણ ભાગ નમેલો હોય છે. જે ભાગ સૂર્ય તરફ નમેલો હોય ત્યાં ઉનાળો અને બીજા અર્ધ ભાગમાં શિયાળો હોય છે. એક વરસમાં પૃથ્વી ૩૬૫ વાર તેની ધરી ઉપર ફરે છે. પૃથ્વી સૂર્યનો ભાગ છે અને ચંદ્ર પૃથ્વીનો ભાગ છે. પૃથ્વી ઉપર પાંચ મહાદ્વીપ અને પાંચ મહાસમુદ્ર છે. દરેક મહાદ્વીપની અંદર અનેક દેશ અને અનેક નાના દ્વીપ વગેરે છે. સમુદ્રોમાં બે મોટા અને અનેક નાના નાના દ્વીપ તથા દ્વીપપુંજ પણ છે. આધુનિક વિજ્ઞાન અનુસાર આખા સૌર જગતનું ઉપાદાન પ્રથમ સૂક્ષ્મ જ્વલંત નિહારિકાના રૂપમાં હતું. નિહારિકામંડળ અત્યંત વેગથી ફરવાથી તેનો બોજો ભાગ છૂટો પડી અભ્યસ્થ દ્રવ્યની આસપાસ ફરવા લાગ્યો. આ પ્રમાણે છૂટો થયેલ અંશ પૃથ્વી, મંગળ, શુક્ર વગેરે ગ્રહ છે, જે સૂર્યની આસપાસ ફરે છે. જ્વલંત વાયુરૂપ પદાર્થ ઠંડો થતાં જ્વલંત પ્રવાહીના રૂપમાં આવ્યો અને જેમ જેમ તે ઠરતો ગયો તેમ તેમ તેના ઉપર પોપડી બાઝતી ગઈ ઉપનિષદો પ્રમાણે પરમાત્મામાંથી પહેલાં આકાશની ઉત્પત્તિ થઈ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જલ અને જલમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. મનુના જણાવવા પ્રમાણે મહત્તત્ત્વ, અહંકારતત્ત્વ અને પંચ તન્માત્રાઓમાંથી આ જગતની ઉત્પત્તિ થઈ છે. પુરાણોમાં પૃથ્વીની ઉત્પત્તિ સંબંધી ઘણી કથાઓ છે. એક કથામાં કહ્યું છે કે, મધુકૈટભના મેદમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ, તેથી તે મેદિની કહેવાઈ બીજી એક કથામાં કહ્યું છે કે, ઘણા દિવસો સુધી પાણીમાં રહેવાના શ્રમથી જ્યારે વિરાટ પુરુષના રોમકૂપોમાં મેલ જરાઈ ગયો, ત્યારે તે મેલમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. પુરાણોમાં પૃથ્વીને શેષનાગની ફણા ઉપર અથવા કાચબાની પીઠ ઉપર આવેલી કહી છે પૃથ્વી એ સૂર્યમાળામાંનો ત્રીજો ગ્રહ છે. તેને ચંદ્ર ઉપગ્રહ છે અને તેની સાથે તે બીજા ગ્રહોની માફક સૂર્યની આસપાસ ફરે છે. પૃથ્વી સહેજ ચપટી ગોળ છે. તેનો આકાર નારંગીના જેવો ગોળ છે અને બંને ધ્રુવ આગળ તે જરા દબાયેલી છે. પૃથ્વી ઉપર ચોણાએ કરોડ ચોરસ માઈલ કોરી જમીન છે અને બાકીના ત્રણ ભાગમાં પાણી અથવા સમુદ્ર છે. હાલના શોધકો અને ભૂસ્તરીયાઓ કહે છે કે, પૃથ્વી નવ કરોડ વર્ષ ઉપર અસ્તિત્વમાં આવી હતી. પૃથ્વીના અંદરના ભાગમાં અત્યંત ગરમી છે. શરૂઆતમાં પૃથ્વી વરાળમય હતી એમ પણ કેટલાક કહે છે. પૌરાણિક મતે પૃથ્વી જળમાંથી ઉત્પન્ન થઈ હતી અને જળમાંને વરાહ રૂપ ધરી એક દૈત્યને મારી તારી હતી. પૃથુ રાજાના નામ ઉપરથી પૃથ્વી નામ પડેલું પણ મનાય છે. પૃથ્વી ઉપર પ્રાથમિક જીવનની શરૂઆત આઠ કરોડ વર્ષ પહેલાં થઈ મનાય છે. પૃથ્વી તેની ધરી ઉપર ફરે છે તે શ્રી આર્યભટ્ટે ઈ.સ. પૂર્વે પાંચમા સૈકામાં જોયું હતું. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના ખરા કારણની સમજૂતી પણ તેણે આપી હતી

વિશુદ્ધ વસ્તુ હોમાયે યજ્ઞ વિશુદ્ધ થાય છે,
પૃથ્વી યજ્ઞ વિના તો ના એક પળ નભી શકે.
ગાંધીગીતા

૧. પૃથ્વી પર પગ ન મૂકે એવું = અતિશય અભિમાની.

૨. પૃથ્વી પલટો ખાવો = પરિસ્થિતિ તદ્દન બદલી જવી.

૩. પૃથ્વી રસાતલ જવી = ભારે અપકર્મ સંભવવું.

૪. પૃથ્વી રસાતલમાં જાય એવું = અત્યંત ખૂટ્યું; ન સહેવાય એવું; મહાપાપરૂપ ગણાય એવું.

૫. પૃથ્વી સારી છે કે સીને આલવા દે છે = પૃથ્વી બહુ ક્ષમાવાળી છે

૬. પૃથ્વીનો છેડો = આખો આંક, હદ, બહુ થયું, બસ કરો એવા અર્થમાં વિશેષ વપરાય છે.

૭. પૃથ્વીનો છેડો આવવો = હદ થવી; બસ થવો.

૧૧. સ્ત્રી. જેની ઉપર સ્થિતિ કરાય એવો પદાર્થ.

૧૨. સ્ત્રી. (ન્યાય) નવ માંહેનું એક દ્રવ્ય. દ્રવ્ય નવ છે: પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન. તેના અધિપતિ શિવ મનાય છે.

૧૩. સ્ત્રી. પંચભૂતો અથવા તત્ત્વોમાંનું એ નામે એક. તેનો મુખ્ય મુણ ગંધ છે અને ગૌણ રૂપમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચારે ગુણો છે.

૧૪. સ્ત્રી. માટી.

૧૫. સ્ત્રી. મોટી એલચી

૧૬. સ્ત્રી. બહુ સ્ત્રી.

૧૭. સ્ત્રી. સાટોડી વનસ્પતિ.

૧૮. સ્ત્રી. સુંડ.

૧૯. સ્ત્રી. ત્રિપુપત્રી નામની વનસ્પતિ.

પૃથ્વીકા ૧. [સં.] સ્ત્રી. કાળીજીરી.

૨ સ્ત્રી. નાની એલચી.

૩. સ્ત્રી. મોટી એલચી.

૪ સ્ત્રી. સૂર્યમૂલનું ઝાડ.

૫. સ્ત્રી. ત્રિપુપત્રી વનસ્પતિ.

પૃથ્વીકાય [સં.] પું (જૈન) જીવનો એક ભેદ; સ્થાવરનો એક પ્રકાર; પૃથ્વીના જીવોનું શરીર; સચિત્ત પૃથ્વી.

સંસારી જીવોના સ્થાવર અને ત્રસ એવા બે વિભાગ બતાવ્યા છે. તેમાં નવ નિકાય જાતિઓ છે. જેમકે, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, તેજસ્કાય અને વાયુકાય એ પાંચ તથા દ્વીંદ્રિય,ઇ ત્યાદિ. તત્ત્વાર્થસૂત્ર

પૃથ્વીકાલ પું (જૈન) એક જીવ પૃથ્વીમાં નિરંતરપણે જેટલો વખત રહે તેટલો કાળ; અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી જેટલો વખત.

પૃથ્વીખાત [સં.] પું. ખાડો.

પૃથ્વીગર્ભ [સં.] પું. ગણેરા; અગ્નિમંથ.

પૃથ્વીગૃહ [સં. પૃથ્વી + ગૃહ (ઘર)] ન. ભોંયરું

પૃથ્વીચંદ્રચરિત્ર ન. એ નામનું એક પ્રાચીન પુસ્તક.

પૃથ્વીચારી [સં. પૃથ્વી + ચારિન્ (ફરનાર)] વિ. પૃથ્વી ઉપર ફરનાર; દુનિયામાં વિચરનાર.

પૃથ્વીજ ૧. [સં.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

૨. ન. વૃક્ષ; ઝાડ. તે પૃથ્વીમાંથી ઊગે છે.

૩. ન. સુરોખાર.

૪ [સં. પૃથ્વી + જ (ઉત્પન્ન થનાર)] વિ. પૃથ્વીમાં થયેલ; જમીન ઉપર ઉત્પન્ન થનાર.

પૃથ્વીજય પું. (શિલ્પ) પ્રાસાદ એટલે મંદિરના પચીસ ભાંહેનો એક પ્રકાર.

પૃથ્વીજ્ઞાન [સં. પૃથ્વી (દુનિયા) + જ્ઞાન (સમજ)] ન. દુનિયા વિશે માહિતી ધરાવવી તે.

પૃથ્વીતત્ત્વ [સં.] ન. શરીરમાં રહેલાં પાંચ માદેનું એક તત્ત્વ. તેનો પીળો રંગ છે, સંયુક્તતા ગુણ છે, ચતુષ્કોણ આકૃતિ છે અને સંચયરૂપ ઇંદ્રિય વ્યાપાર છે.

પૃથ્વીતનય [સં.] પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં આઠ ગુરુ અને ચોતેર લઘુ મળી બેંસી વર્ણ અને અઠ્યાસી માત્રા હોય છે.

પૃથ્વીતલ ૧. [સં. પૃથ્વી (જમીન) + તલ (તળિયું)] ન. જમીનની સપાટી; ધરતલ.

૨. ન. સંસાર; દુનિયા.

પૃથ્વીતેલ ૧. [સં. પૃથ્વી (જમીન) + તેલ (તેલ)] ન. પાસનેલ; પથ્થરતેલ; ખડકતેલ.

૨. ન. શિલારસ; શિલાજિત.

પૃથ્વીદંડપાલ [સં.] પું. ફોજદાર.

પૃથ્વીદંડપાલતા [સં.] સ્ત્રી. ફોજદારી.

પૃથ્વીદાન [સં. પૃથ્વી (જમીન) + દાન (દેવું તે)] ન. જમીન ધર્માદામાં આપવી તે; પૃથ્વીનું દાન.

પૃથ્વીદેવ [સં. પૃથ્વી (ભૂમિ) + દેવ (દેવતા)] પું. ભૂદેવ; બ્રાહ્મણ.

પૃથ્વીદ્રવ્ય [સં. પૃથ્વી + દ્રવ્ય (વસ્તુ)] ન. નવ માંહેનું એ નામનું એક દ્રવ્ય. તેના બે પ્રકાર છે: નિત્ય પૃથ્વી અને અનિત્ય પૃથ્વી. તેમાં પરમાણુરૂપ પૃથ્વી નિત્ય છે અને દ્વયણુકાદિ કાર્યરૂપ પૃથ્વી અનિત્ય છે. અનિત્ય પૃથ્વી ત્રણ પ્રકારની છે: શરીરરૂપ પૃથ્વી, ઇંદ્રિયરૂપ પૃથ્વી અને વિષયરૂપ પૃથ્વી. તેમાં શરીરરૂપ પૃથ્વી અયવા પાર્થિવ શરીર યોનિજ શરીર અને અયોનિજ શરીર એમ બે પ્રકારનું છે. તેમાં શુક્રશોણિતના મેળાપથી બનેલું શરીર યોનિજ કહેવાય છે. યોનિજ શરીર પણ જરાયુજ અને અંડજ એમ બે પ્રકારનું છે. તેમાં મનુષ્યાદિક શરીર જરાયુજ કહેવાય છે અને પક્ષી, સર્પાદિક શરીર અંડજ કહેવાય છે. જે શરીર યોનિજથી ભિન્ન હોય તે અયોનિજ કહેવાય છે. તે ત્રણ પ્રકારનું છે: ઉદ્ભિજ્જ, સ્વેદજ અને અદૃષ્ટવિશેષજન્ય. તેમાં વૃક્ષાદિક ઉદ્ભિજ્જ કહેવાય છે અને મનુ આદિકનાં શરીર અદૃષ્ટવિશેષજન્ય કહેવાય છે.

પૃથ્વીધર ૧. [સં.] પું. પર્વત; પહાડ.

૨. [સં. પૃથ્વી (જગત) + ધર (ધારણ કરનાર)] પું. ભૂધર; શેષનાગ. પૃથ્વી તેની ફણા ઉપર રહેલી મનાય છે.

પૃથ્વીધારણા [સં.] સ્ત્રી. (યોગ) હઠયોગ પ્રમાણે પાંચ માંહેની એ નામની એક ધારણા. પૃથ્વીધારણાનો અભ્યાસ દૃઢ થતાં જલ, પવનાદિ સ્તંભન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય.

પૃથ્વીનાથ [સં. પૃથ્વી (ભૂમિ) + નાથ (ધણી)] પું. રાજા; નૃપતિ; ભૂપતિ; પૃથ્વીનો ધણી.

પૃથ્વીપતિ ૧. પું. ઋષભ; બળદ; આખલો. તે પૃથ્વીને ખોદે છે અને જગતનું પાલન કરે છે તથા આખી પૃથ્વીને પોતે એક કરીને છત્રાકાર આપે છે. માટે તેને પૃથ્વીપતિ કહે છે.

૨. [સં. પૃથ્વી (ભૂમિ) + પતિ (ધણી)] પું. પૃથ્વીનાથ; રાજા; ભૂપાળ.

૩. પું. સૂર્યનું એક નામ.

પૃથ્વીપત્ર [સં. પૃથ્વી (ભૂમિ) + પત્ર (કામળ)] ન. પૃથ્વીરૂપી કામળ.

પૃથ્વીપરકમ્મા [સં. પૃથ્વી + પરિ (આસપાસ) + કમ્ (જવું)] સ્ત્રી. દુનિયાની પ્રદક્ષિણા.

પૃથ્વીપર્યટન [સં. પૃથ્વી (દુનિયા) + પર્યટન (મુસાફરી)] ન. દુનિયાની મુસાફરી.

પૃથ્વીપાલ જુઓ પૃથ્વીનાથ.

પૃથ્વીપાળ જુઓ પૃથ્વીનાથ.

પૃથ્વીપિંડ [સં.] પું. ભૂમિ; જમીનનો પિંડ.

પૃથ્વીપુત્ર [સં.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

પૃથ્વીભર પું. (પિંગળ) એ નામે એક છંદ.

પૃથ્વીયાન [સં. પૃથ્વી (જગત) + યાન (જવું તે)] ન. ભૂમિ ઉપર મુસાફરી કરવી તે. દેશાપરદેશ જઈ આવવા માટે ભારતમાં શુમારે પાંચ હજાર વર્ષ પૂર્વે પૃથ્વીયાન, જલયાન, અગ્નિયાન, વાયુયાન, આકાશયાન અર્થાત્ આગબોટો, વિમાનો વગેરે જેવાં સાધનો હતાં.

પૃથ્વીરાજ પું. દિલ્હીની ગાદી ઉપર થયેલ ચૌહાણ વંશનો એ નામનો ક્ષત્રિય રાજા. તે શબ્દવેધી બાણાવળી હતો.

પૃથ્વીરાજરાસો પું. પૃથ્વીરાજ ચૌહાણનાં પરાક્રમનાં વખાણ કરતું એ નામનું પુસ્તક.

પૃથ્વીવર્ણન [સં. પૃથ્વી (ભૂમિ) + વર્ણન] ન. ભૂતલવર્ણન; ભૂગોળ સંબંધી હકીકત.

પૃથ્વીવલ્લભ ૧. [સં. પૃથ્વી (ભૂમિ) + વલ્લભ (પ્રભુ)] પું. રાજા; નૃપતિ.

૨. ન. એ નામની કનૈયાલાલ મુનશીકૃત એક નવલકથા.

પૃથ્વીવાસી [સં. પૃથ્વી (ભૂમિ) + વાસિન્ (રહેનાર)] વિ. પૃથ્વી ઉપર રહેનાર.

પૃથ્વીશ [સં.] પું. રાજા.

પૃથ્વીશિલા [સં. પૃથ્વી + શિલા (પથ્થર)] સ્ત્રી. શિલારૂપે લાંબો પહોળો પૃથ્વીનો પ્રદેશ.

પૃથ્વીશિલાપટ્ટક [સં.] પું. (જૈન) પૃથ્વીની શિલારૂપ પાટ.

પૃથ્વીસારતૈલ જુઓ પૃથ્વીતેલ.

પૃદાકુ ૧. [સં.] પું. ઝાડ.

૨. પું. વાઘ.

૩. પું. વીંછી.

૪. પું. સર્પ.

૫. પું. હાથી.

પૃદાકુસાનુ ૧. [સં.] પું. ઉંદર.

૨. પું. ચિત્તો.

૩. પું. વૃક્ષ; ઝાડ.

૪. પું. હાથી.

પૃશ્નિ ૧. [સં.] પું. એ નામે એક પ્રાચીન ઋષિ.

૨. પું. ઠીંગણો માણસ; વામન.

૩. પું. ધાન્ય; અનાજ.

૪. પું. સુધાજિત રાજાનો એ નામનો એક પુત્ર.

૫. પું. વેદ.

૬. સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ.

૭. સ્ત્રી. કપાંવાળી ગાય; કાબરચીતરી ગાય.

૮. સ્ત્રી. તારાયુક્ત નભોમંડળ.

૯. સ્ત્રી. (પુરાણ) બાર આદિત્યોમાંના સવિતા નામના આદિત્યની સ્ત્રી; સૂર્યની એ નામની એક પત્ની.

૧૦. સ્ત્રી. રંગબેરંગી જમીન.

૧૧. સ્ત્રી. (પુરાણ) શ્રીકૃષ્ણની જન્માંતરની માતા; સ્વાયંભુવ મન્વંતરના સુતપ નામના પ્રજાપતિની સ્ત્રી. તે કૃષ્ણની માતા દેવકી તરીકે જન્મી હતી.

૧૨. ન. અમૃત.

૧૩. ન. તેજનું કિરણ; રશ્મિ.

૧૪. ન. દૂધ.

૧૫. ન. પાણી; જળ.

૧૬. ન. ભેજ; વાદળું.

૧૭. વિ. અતિ અલ્પ.

૧૮. વિ. કાબરચીતરું.

૧૯. વિ. નબળું; અશક્ત; દુર્બળ.

૨૦. વિ. વામન; ઠીંગણું; નીચું.

૨૧. વિ. સફેદ રંગનું.

૨૨. વિ. સાધારણ; અમૂલી.

પૃશ્નિઅજ [સં.] પું. ઋગ્વેદના નવમા મંડળના છપ્પનમા સૂક્તના એકવીસથી ચાલીસમી ઋચાનો કર્તા એક ઋષિ.

પૃશ્નિકા [સં.] સ્ત્રી. જલકુલી; કુબિઝક નામે વનસ્પતિ.

પૃશ્નિગર્ભ ૧. [સં.] પું. નારાયણ; વિષ્ણુ.
૨. પું. શ્રીકૃષ્ણ.

પૃશ્નિધર [સં.] પું. કૃષ્ણ.

પૃશ્નિપર્ણિકા [સં.] સ્ત્રી. એ નામનો એક વેલો; પીઠવણ વનસ્પતિ. તેનાં ફૂલની સુંદર ચમરી બને છે.

પૃશ્નિપર્ણી જુઓ પૃશ્નિપર્ણિકા.

પૃશ્નિબદ્ધ [સં.] પું. નારાયણનો એક અંશ; શ્રીકૃષ્ણ.

પૃશ્નિશૃંગ ૧. [સં] પું. અગ્નિ.
૨. પું. વિષ્ણુ; નારાયણ.
૩. પું. શ્રીકૃષ્ણ.

પૃશ્નિસત્ર [સં.] પું. પ્રાચીન સમયમાં કરાતો એક પ્રકારનો યજ્ઞ.

પૃશ્ની [સં.] સ્ત્રી. કુબિઝક નામની વનસ્પતિ; જલકુલી.

પૃષ્ ૧. [સં.] સ. ક્રિ. આપવું.
૨. સ. ક્રિ. ઈર્ષ્યા કરવી.
૩. સ. ક્રિ. દુઃખ દેવું.
૪. સ. ક્રિ. પ્રોક્ષણ કરવું; છાંટવું.

પૃષદ [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મનુના દસ માંહેનો એ નામનો એક દીકરો.

પૃષત ૧. [સં.] પું. એક જાતનો સાપ.
૨. પું. દ્રુપદ રાજાના પિતાનું નામ.
૩. પું. ધોળાં ટપકાંવાળો એક જાતનો મૃગ; વાયુવાહન મૃગ.
૪. પું. બિંદુ; ટીપું; બિંદુ.
૫. પું. ભરદ્વાજનો એ નામનો પુત્ર.
૬. પું. રોહિત નામની માછલી.

પૃષતા [સં.] સ્ત્રી. (પુરાણ) દ્રુપદ રાજાની સ્ત્રીનું નામ.

પૃષતાશ્વ [સં.] પું. વાયુ; હવા.

પૃષતાંપતિ [સં.] પું. વાયુ.

પૃષતી [સં.] સ્ત્રી. ધોળાં ટપકાંવાળી એક જાતની મૃગલી.

પૃષદશ્વ ૧. [સં.] પું. એ નામે એક રાજર્ષિ.
૨. પું. વાયુ; હવા.
૩. પું. વિરૂપાક્ષના પુત્રનું નામ.
૪. પું. (પુરાણ) સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્ર નભગના વસુમા અંબરીષના પુત્ર વિરૂપ રાજાનો પુત્ર. અંગિરા ઋષિની સેવા કરતાં તેને જ્ઞાનયુક્ત પ્રાપ્ત થયું હતું.

પૃષદંશ [સં.] પું. વાયુ.

પૃષદાજ્ય [સં.] ન. દહીંના ટીપાવાળું ઘી; દહીં જાંટેલું ઘી; દહીંના મિશ્રણવાળું ઘી.

પૃષદ્રથ ૧. [સં.] પું. (પુરાણ) ભારતીય યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. તેને યુદ્ધમાં અશ્વત્થામાએ માર્યો હતો.
૨. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામે એક પુત્ર. તે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં ગાયોનું રક્ષણ કરવાનું કામ કરતો. એક દિવસ અંધારી રાતે વાઘો બાંધી હતી ત્યાં વાઘે પ્રવેશ કર્યો. તેથી વાઘો ભરાવા પાડવા લાગી. તે જઈને દોડ્યો અને વાઘને બદલે ગાયને મારી નાખી. આથી તે ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થયો. તે અરણ્યમાં ફરતો હતો ત્યાં દાવાનળમાં બળી મૂઓ.

પૃષદ્ધ્રુ [સં.] પું. યુધિષ્ઠિરના પક્ષમાં રહેલો એ નામનો એક રાજા.

પૃષદ્ધૃતિ પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નિસ્તુષ્પ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, બે રગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.
જાવે પૃષદ્ધૃતિમાંહ્ય ત ર સ જ ગા.
વસુવિનય

પૃષદ્વરા [સં.] સ્ત્રી. મેનકાની એ નામની એક દીકરી.

પૃષદ્વસુ [સં.] પું. વાયુનો ઘોડો.

પૃષધ્રકવ્યૃદ્ધ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડળના પંદરમા સૂક્તનો કર્તા એક ઋષિ.

પૃષધ્રાપા [સં.] સ્ત્રી. ઇંદ્રની નગરી; અમરાવતી.

પૃષાતક [સં.] ન. દહીંવાળું ઘી.

પૃષોદર ૧. [સં.] પું. વાયુ; હવા.
૨. વિ. અતિશય નાના પેટવાળું; સ્વલ્પોદર.
૩. [સં. પૃષત (બિંદુનું ટીપું) + ઉદર (પેટ)] વિ. જેના પેટ ઉપર કૂંડાળું કે ટપકું હોય તેવું.

પૃષોદરાદિ [સં.] પું. વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ. કેટલાક નિયમવિરુદ્ધ સમાસને સંસ્કૃતમાં આ વર્ગમાં મૂકવા છે. એ વર્ગનો આદિ સમાસ પૃષોદર હોવાથી એ પૃષોદરાદિ કહેવાય છે. એમાં કેટલાક પદમાં ટિનો લોપ થયો હોય છે અને કેટલાકમાં વર્ણમાં ઘણો વિકાર થયો હોય છે. જેમકે, પૃષોદર; મનીષા; વલાહક.

પૃષોદરાદિસમાસ [સં.] પું. (વ્યાકરણ) નિયમવિરુદ્ધ સમાસનો એક વર્ગ. જેમકે, અશ્વત્થામા.

પૃષોધ્યાન [સં.] ન. નાનો બગીચો.

પૃષ્ટ ૧. [સં. પ્રશ્ન (પૂછવું)] વિ. પૂછેલું; પ્રશ્ન કરેલું; વિચારેલું.
૨. વિ. સિંચેલું, છાંટેલું.

પૃષ્ટક [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મનુના નવ માંહેનો એ નામનો એક પુત્ર.

પૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. તેજકિરણ.
૨. સ્ત્રી. પાછલો ભાગ.
૩. સ્ત્રી. પૂછવાની ક્રિયા કે ભાવ; પ્રશ્ન; પૂછવું તે.
૪. સ્ત્રી. સિંચવું તે; છાંટવું તે; પ્રોક્ષણ.
૫. સ્ત્રી. સ્પર્શ.
૬. વિ. પાસેનું; પાસે રહેલ.

પૃષ્ઠ ૧. [સં.] ન. એક જાતનું સ્તોત્ર.
૨. ન. પુસ્તકનું પાનું; પ્રમનું પાન.
૩. ન. વસ્તુનો ઉપરનો ભાગ; ઉપલી સપાટી; તલ.
૪. ન. શરીરનો પાછળનો ભાગ; વાંસો; પીઠ; બરડો.
૫. વિ. જડ પદાર્થના ઉપલા ભાગ કે સપાટી સંબંધી.
૬. વિ. પાછલું; પછવાડેનું.

પૃષ્ઠક [સં.] પું. પાછળનો ભાગ; પીઠ તરફનો ભાગ; પીઠ; વાંસો.

પૃષ્ઠકરોરુકા [સં.] સ્ત્રી. કરોડનો મણકો.

પૃષ્ઠકંડક [સં.] ન. કરોડમણકાની પીઠ ઉપર આવેલું કાંટા જેવું પ્રવર્દનક તેને ચેરતીઓ તેમ જ સ્તનપુઓ લાગેલ હોય છે.

પૃષ્ઠગા ૧. [સં. પૃષ્ઠ (પાછળનું) + ગા (જનારી)] સ્ત્રી. પ્રમાણ વખતે પછવાડે ઊડતી દેવચકલી.
૨. વિ સ્ત્રી પાછળ જનારી.

પૃષ્ઠગોપ [સં. પૃષ્ઠ (પીઠ) + ગુપ્ (રક્ષણ કરવું)] પું. સેનાના પાછળના ભાગનું રક્ષણ કરનાર ઘોડો.

પૃષ્ઠગ્રહ [સં.] પું. ઘોડાની પીઠનું સડી જવું તે, ઘોડાનો એ નામનો એક રોગ.

પૃષ્ઠગ્રંથિ [સં.] વિ. કૂબડું; ખૂંધું; ગાંઠિયું.

પૃષ્ઠચક્ષુ ૧. [સં. પૃષ્ઠચક્ષુસ્] પું. કરચલો; કેકડો. તેના પીઠના ભાગમાં આંખો હોય છે.
૨. પું. રીંછ.

પૃષ્ઠજ્યા [સં.] સ્ત્રી. કોઠાના ભાગમાં રહેલી એ નામની એક પેશી. બરડાના ઉપલા અર્ધા ભાગને ઢાંકનારી આ પેશી પહોળી, મોટી, ત્રણકોણાકાર અને ત્રિકોણાકાર છે. બંને બાજુ આ ત્રિકોણાકાર પેશીઓ મધ્યરેખામાં પરસ્પર મળી જઈ, બાજુ તથા કોઠાનો પાછળનો ભાગ તેમજ પીઠના ઉપલા ભાગનું એક ખોખું ઢાંકણું રચે છે. આ પેશી પશ્ચિકપક્ષની ઉત્તરતોરણિકા ઉપરથી, ગ્રીવાધર નામના સ્નાયુરજ્જુ ઉપરથી, સાતમી ગ્રીવાકશેરુકાના તથા સમણી પૃષ્ઠકશેરુકાઓના પૃષ્ઠકંટકો ઉપરથી ઉત્પન્ન થઈ, આસપાસ ફેલાઈ, અક્ષાસ્થિના બહારના અર્ધા ભાગની પાછળની ધારામાં તથા અંસફલકના પ્રાચીરકની પાછળની ધારામાં તેમજ અંસકૂટની અંદરની ધારામાં લાગેલી છે. એક બાજુની આ પેશી અંસફલક તથા બાહુને પૃષ્ઠવંશ તરફ ખેંચે છે, જ્યારે બંને બાજુની પેશીઓ સંકોચાઈ જઈ, બંને ખભાઓ તથા બાહુને પાછળી બાજુ તરફ ખેંચે છે.

પૃષ્ઠજ [સં. પૃષ્ઠ (પાછળનું) + જ (જન્મેલું)] વિ. પાછળ થયેલ; વાંસે થયેલ.

પૃષ્ઠજાત જુઓ પૃષ્ઠજ.

પૃષ્ઠદ્વિપ્રણ [સં. પૃષ્ઠ (પાછું) + દ્વિપ્રણી (ટીકા)] ન. ટીપ; ગ્રન્થદ્વિપ્રણી: ગ્રન્થની નીચે આપેલી સમજ; પાદટીકા.

પૃષ્ઠતનાવ કું. સપાટીનો વિસ્તાર.

પૃષ્ઠતન્યતા જુઓ પૃષ્ઠતનાવ.

પૃષ્ઠતલ [સં.] ન. સપાટી; તળિયું.

પૃષ્ઠતલપન [સં.] ન. પીઠ ઉપર સૂવું તે; ચત્તા સૂવું તે.

પૃષ્ઠદંડ [સં. પૃષ્ઠ (પીઠ) + દંડ (લાકડી)] કું. બરડાની કરોડના પાયારૂપ કોમલાસ્થિવાળી પટ્ટી: 'નોટો કૉર્ડ.'

પૃષ્ઠદંડિકાશિરાસમૂહ [સં.] સ્ત્રી. કર્ણમૂલપિંડની બહારની બાજુ ઉપર લાગેલી જ આંહેની એક જેવી.

પૃષ્ઠદંડી [સં. પૃષ્ઠદણ્ડિન્] વિ. પૃષ્ઠદંડ ધરાવનાર; જેને પૃષ્ઠદંડ હોય એવું.

પૃષ્ઠદૃષ્ટિ [સં.] કું. રીઢ.

પૃષ્ઠદેશ [સં.] કું. વાંસો; પીઠ; બરડો.

પૃષ્ઠપર્ણી [સં.] સ્ત્રી. એક જાતની લતા; પિઠવન નામની વનસ્પતિ.

પૃષ્ઠપોષક ૧. [સં. પૃષ્ઠ (પીઠ) + પોષક (પોષણ કરનાર)] વિ. પીઠ ઠોકનાર.
૨. વિ. મદદગાર; સહાયક.

પૃષ્ઠપ્રચ્છદ [સં. પૃષ્ઠ (સપાટી) + પ્રચ્છદ] કું. સપાટી ઉપરના પાણીના પ્રવાહનો વેગ.

પૃષ્ઠપ્રસારણ જુઓ પૃષ્ઠક્ષય.

પૃષ્ઠફલક [સં. પૃષ્ઠફલક] ન. આકૃતિની સપાટીનું ક્ષેત્રફળ; કોઈ પિંડના ઉપરના ભાગનું ક્ષેત્રફળ.

પૃષ્ઠફલા જુઓ પૃષ્ઠફલક.

પૃષ્ઠબદ્ધહસ્તત [સં. પૃષ્ઠ (પીઠ) + બદ્ધ (બાંધેલું) + હસ્ત (હાથ)] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં બાંધેલા હાથ પગવાટે કમર ઉપર રાખી સીધા ઊભા રહ્યા પછી એની રીતે નમતા જવું કે કપાળ ગોઠણને અડે. પગ બાંધેલા રાખવા. આ આસનથી પેટ, કમર અને પીઠ વિકાર રહિત બનતાં મનાય છે.

પૃષ્ઠભંગ [સં. પૃષ્ઠ (પાછળનો ભાગ) + ભંગ (ભાંગવું તે)] કું. શત્રુની સેનાના પાછળા ભાગ ઉપર આવી કરી તેનો નાશ કરવામાં આવે એવી યુદ્ધની રીત.

પૃષ્ઠભંગપ્રવેશ [સં.] કું. (સિવ) ઘરની પછીત કરીને ઘરમાં પ્રવેશ કરવો તે; પ્રવેશનો એક પ્રકાર; વિનાહકારક પ્રવેશ.

> ઘરની પછીત કરી ઘરમાં પ્રવેશ થાય તેનું નામ પૃષ્ઠભંગપ્રવેશ કહેવાય. એ પૃષ્ઠભંગપ્રવેશ વિનાશ કરનાર છે. રાજબલિ

પૃષ્ઠભાગ ૧. [સં.] કું. આકૃતિની સપાટીનો ભાગ.
૨. [સં. પૃષ્ઠ (પાછળી બાજુ) + ભાગ] કું. પાછળો ભાગ.
૩. કું. વાંસો; પીઠ.

પૃષ્ઠમર્મ ૧. [સં. પૃષ્ઠમર્મન્] ન. પીઠ ઉપરનાં ચોદ આંહેનું એક મર્મસ્થાન. તે જખ્માવે કાંઈ વાગવાથી માણસ મરી જાય અથવા તેનું કોઈ અંગ ખોટું પડી જાય. આ બધાં સ્થાન ગરદનથી આપા સુધી મેરુદંડની બંને બાજુ લેખમાં આવેલ છે અને તે બધાંનાં જુદાં જુદાં નામ છે.
૨. ન. પીઠનું હાડકું.

પૃષ્ઠમાંસ [સં.] ન. પીઠનું માંસ.

પૃષ્ઠમાંસાદ ૧. વિ. અડિયું; બરોબર કોઈનું ખૂંડું બોલનાર.
૨. [સં. પૃષ્ઠ (પીઠ) + માંસ + અદ (ખાવું)] વિ. પીઠનું માંસ ખાનાર.

પૃષ્ઠમાંસાદન ૧. ન. ચાડી; ચૂગલી. બરોબર કોઈનું ખૂંડું બોલવું તે.
૨. [સં. પૃષ્ઠ (પીઠ) + માંસ + અદન (ખાવું તે)] ન. પીઠનું માંસ ખાવું તે.

પૃષ્ઠયાન [સં. પૃષ્ઠ (પીઠ) + યાન (જવું તે)] ન. પીઠ ઉપર ચડી બેસવું તે; પીઠ ઉપર સવાર થવું તે; પીઠેથી ચાલવું તે.

પૃષ્ઠરક્ષિત [સં.] ન. નર્મદા કિનારા ઉપરનું એ નામનું એક તીર્થ.

પૃષ્ઠરજ્જુ [સં.] ન. મરી; તીખાં.

પૃષ્ઠવલિતજાનુકાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન.

પૃષ્ઠવંશ [સં.] કું. બરડાની કરોડ; પીઠનું હાડકું; કરોડરજ્જુ.

પૃષ્ઠવંશધરા [સં.] સ્ત્રી. જઘનપક્ષના ત્રિકસ્થાસક નામના ભાગની પાછળ આવેલી એ નામની પેશી.

પૃષ્ઠવંશપાર્શ્વિકા [સં.] સ્ત્રી. શરીરની એક જાતની રસગ્રંથિ. આ ગ્રંથિઓ પૃષ્ઠવંશની દરેક બાજુએ પાંસળીઓનાં મુંઠોની વચ્ચે રહેલી છે. દરેક બાજુએ દસથી બાર ગાંઠો આવેલી છે. તે બરડા ઉપરની રસાવનીઓ, જ્યાં આવેલી પેશીઓ વગેરેને ભેટીને તેઓમાં દાખલ થાય છે. તેમનામાંથી પાછી નીકળેલી રસાવનીઓ જઈ કોઈ રસગ્રંથિ અથવા રસકુલ્યાઓમાં દાખલ થાય છે.

પૃષ્ઠવંશરજ્જુ [સં.] સ્ત્રી. કરોડરજ્જુ.

પૃષ્ઠવંશી ૧. [સં. પૃષ્ઠવંશિન્] વિ. પૃષ્ઠવંશ ધરાવનારું પ્રાણી: 'વર્ટિબ્રેટ.' જે પ્રાણીઓની પીઠે કરોડ અથવા વિભાગવાળો મજ્જારજ્જુ હોય છે તે તથા જે આદિસ્વરૂપમાં આખી જિંદગી પર્યંત કરોડનું પ્રતિનિધિ હોય છે તે સર્વ પ્રાણીઓ પૃષ્ઠવંશી કહેવાય છે. આ જગતમાં માણસ સહિત બધાં સ્તનધર, પક્ષી, ઉરગ, દ્વિધર્મી, મત્સ્ય વગેરે કુળ સમાયેલા છે. તેને પ્રથમ એક સ્વતંત્ર જણ તરીકે માનવામાં આવતો હતો, પણ હમણાં તેને આદિપૃષ્ઠવંશના ઉપજણ તરીકે માનવામાં આવે છે.
૨. વિ. બરડાની કરોડવાળું; બરડાની કરોડ જેને હોય એવું; પૃષ્ઠવંશવાળું.

પૃષ્ઠવંશીયશિરા [સં.] સ્ત્રી. બરડાની કરોડના ભાગમાં આવેલી રક્તવાહિની. પૃષ્ઠવંશીયશિરાઓ અસંખ્ય છે. તેમની ગોઠવણી પણ વિચિત્ર છે. તેઓ કરોડકાઓની એટલે મણકાઓની અંદર, બહાર તેમજ આસપાસ વીંટળાયેલી છે. અસંખ્ય ભાગોમાં વહે તે પરસ્પર ગૂંથાયેલી છે. તેમના ચાર ભાગ છે: બાહ્યકરોટકા શિરાગ્રંથ, આભ્યંતરકરોટકા શિરાગ્રંથ, કરોટપિંડાંતરીય શિરાઓ અને કરોટ્યન્તરાંતરીય શિરાઓ.

પૃષ્ઠવાસ્તુ [સં.] ન. એક મકાન ઉપર બનાવેલું મકાન અથવા બીજે માળે બનાવેલું મકાન.

પૃષ્ઠવાહ ૧. [સં. પૃષ્ઠવાહ્] વિ. પીઠ ઉપર વહેનાર.

૨. વિ. પીઠના ભાગનો વહેનાર.

પૃષ્ઠવાહી ૧. [સં.] પું. પીઠ ઉપર ભાર ઊંચકનાર પશુ.

૨. પું. સવારી કરવા લાયક ઘોડો.

પૃષ્ઠવેદના [સં. પૃષ્ઠ (પીઠ) + વેદના (પીડા)] સ્ત્રી. પેટનું દર્દ; વાંસાની પીડા.

પૃષ્ઠવેષ ૧. પું. તિરાસ ઊંચાઈ.

૨. [સં. પૃષ્ઠ (પાછળનું) + વેષ (વીંધવું તે)] પું. ધનુર્વિદ્યાનો એક પ્રયોગ; પાછળ મૂકેલા નિશાનને વીંધવું તે.

પૃષ્ઠશક્તિ [સં.] સ્ત્રી. આંતરિક નહિ પરંતુ ઉપર ઉપરનું બળ.

પૃષ્ઠશાય [સં. પૃષ્ઠ (પીઠ) + શાયિન્ (સૂનાર)] વિ. પીઠ ઉપર સૂનાર; આખો સૂનાર.

પૃષ્ઠશૂલ [સં.] ન. વાંસામાં અસહ્ય આવવાનો રોગ.

પૃષ્ઠશૃંગ [સં.] પું. બંગલી બકરો.

પૃષ્ઠશૃંગી ૧. [સં. પૃષ્ઠશૃઙ્ગિન્] પું. પાડો.

૨. પું. ભીમસેનનું એક નામ.

૩. પું. મેંઢો.

૪. પું. હીજડો; નપુંસક.

૫. [સં.] સ્ત્રી. બંગલી બકરી.

પૃષ્ઠસામર્થ્ય જુઓ પૃષ્ઠબલિત.

પૃષ્ઠાનુગ [સં. પૃષ્ઠ (પીઠ) + અનુ (પાછળ) + ગ (જનાર] વિ. પાછળ આવનાર; વાંસે જનાર.

પૃષ્ઠાસન [સં. પૃષ્ઠ (પીઠ) + આસન (બેઠક)] ન. પેટનું એક જાતનું આસન. તેમાં પીઠભર સૂઈ, પગ વાળી, બોચણ જાતીને આડવા અને હાથથી બંને પગને બાંધવા. પછી આગળ પાછળ કરવા જાતાં જાતાં બેઠા જેવું થઈ જવું અને ફરી પીઠભર થવું. આ આસનથી કમર નિર્દોષ થાય છે, પીઠ અને પેટનું ચરબી, નસનો સોજો વગેરે મટે છે, તથા વધેલું પેટ સાધારણ થતું મનાય છે.

પૃષ્ઠાસ્થિ [સં. પૃષ્ઠ (પીઠ) + અસ્થિ (હાડકું)] ન. કરોડનું હાડકું; કરોડકા.

પૃષ્ઠાંક [સં. પૃષ્ઠ (પાનું) + અંક (સંખ્યા)] પું. પાનાની સંખ્યા; પાનાનો આંક.

પૃષ્પપર્ણી [સં.] સ્ત્રી. પિઠવણ નામે વનસ્પતિ.

પૃષ્ઠેમુખ [સં.] પું. પ્રતિષ્ઠ સ્થાનીનો એક નામનો એક અનુગ્રહ.

પૃષ્ઠોદય [સં.] પું. (જ્યોતિષ) પૃથ્વ આવર્ષા ઊંચવાળી કોઈ રાશિ; મેષ, વૃષભ, કર્ક, ધન, મકર અને મીન એ ૭ રાશિનો સમૂહ. તે પાછળથી બાજુથી ઊગે છે એમ મનાય છે.

પૃષ્ઠ્ય ૧. [સં.] પું. જેની પીઠ ઉપર બોજો આખવામાં આવે તેવો ઘોડો; પીઠ ઉપર ભાર ઉપાડનાર ઘોડો.

૨. પું. સામ યજ્ઞનો એક પ્રકાર.

પું. ન. સ્તોત્રસમૂહ.

૪. વિ. પાછળ હોનાર; વાંસે હોય એવું.

૫. વિ. પીઠ ભાર વહેનાર.

૬. વિ. પૃષ્ઠ સંબંધી; પીઠનું.

પૃષ્ઠ્યજજ્ઞ [સં.] પું. રથંતર વગેરે ૭ સ્તોત્રસમૂહથી થતા કરનાર મધ્યમ.

પૃષ્ઠ્યસ્તોમ [સં.] પું. યજ્ઞનો પવમાનિક નામનો એક પ્રથમ વિભાગ; પહેલું.

પૃષ્ઠ્યષડહ [સં.] પું. યજ્ઞનો પાંચ દિવસનો એક પ્રથમ વિભાગ.

પૃષ્ઠિ ૧. [સં.] સ્ત્રી. તેજનું કિરણ.

૨. સ્ત્રી. પત્ની બેઠી.

૩. સ્ત્રી. પીઠ.

૪. વિ. જુદા જુદા રંગવાળું; રંગબેરંગી.

પૃષ્ઠિપર્ણી [સં.] સ્ત્રી. એક જાતની લતા; પિઠવન.

પૃસ્નિક એસ્નિક પું. એક પ્રકારનો તેજાબ. તે બહુ જ ભયાનક વિષ છે. એને તેની બાટલીનો ડાટો ઉઘાડીને કોઈ સૂંઘી લે તો તે એટલો બધી મરી જાય કે એટલું બધીથી હૃદયમાં ખોળી મારવાથી મનુષ્યનું મરતુ થાય.

પૃંજ્ [સં.] ન. ક્રિ. સહવાસમાં આવવું; પરિચયમાં આવવું.

પૃ ૧. [સં.] સ. ક્રિ. ઉછેરવું; મોટું કરવું; પોષવું.

૨. સ. ક્રિ. પવન કરવો.

૩. સ. ક્રિ. (ધાતુ) પૂર્ણ કરવું; પૂર્ણ કરવું. તે ઉપરથી વગેરે શબ્દો: પૂરણ, પૂર્તિ, પૂર્ણ, પૂર્ણિમા, પૂર્ણાંક.

૪. સ. ક્રિ. સંતોષ આપવો; ખુશ કરવું.

પે ૧. પું. (કચ્છી) બાપ; પિતા.

૨. [અં.] પું. પેતન; પગાર; મહેનતાણું.

૩. ન. પગ દૂધ; ધાવણ.

૪. ન. ઉપર.

પે. [સં. પ્રતિ; પ્રા. પ્પઇ] સ. પ્રત્યયો; સરખામણીમાં; ના કરતાં. જેમકે, ગરજ સાધર પે ગણી.

પેઆજ [જ્ઞા. પિયાઝ] ન. પ્યાજ; રાજગરી; કુંગળી.

પેઆસ સ્ત્રી. તરસ; પ્યાસ.

જહાંગીરને પેઆસ લાગી હતી. પ્રાણલાલ

પેઉજી પું. પણી; પ્રીતમ; પતિ; વિષ્ણુ.

હું પીંજણ હું ઘર આંગણે,
પેઉજી પીંજણ પરદેસ. લોકગીત

પેઊર ૧. સ્ત્રી. એક વખતે આંગળીઓથી પીંજી શકાય એટલું રૂ.

૨. સ્ત્રી. બેઠવામાં વપરાતી બળતની લોઢી.

પેઓડી (પેઓડ઼ી) સ્ત્રી. પીળી માટી.

પે ઓર્ડર [અં. પે ઓર્ડર] પું. પૈસા આપવાનો હુકમ

પેઢ ૧. [અં. પૅક] પું. જથ્થો; ઢગ; સમૂહ.

૨. [સં. પટ્ટ] વિ. ઊતરાય નહિ એવું; મહેનત; હોશિયાર પણું

૩. સ. ક્રિ. બાંધવું; સીવવું.

પેકલરી સ્ત્રી. દક્ષિણ અમેરિકાનું ભૂંડને મળતું એક પ્રાણી. તેને પૂછડીની જગ્યાએ બાંસની માત્ર એક ગાંઠ હોય છે. પીઠના નીચલા ભાગમાં એક ડાઘું હોય છે. તેમાંથી બરાબ વાસવાળો રસ નીકળે છે.

પેઠાન [જ્ઞા. પૈઠાન] ન. તીરનું ફળ; ભાથાનું ફળું.

પેડિંગ ૧. [અં. પૅડિંગ] ન. બંધાઈ; બાંધવાનું મહેનતાણું.

૨. ન. બાંધી તૈયાર કરવું તે.

પેકેજ [અંગ્રેજી] ન. બાંધી તૈયાર કરેલો ઢાગીનો.

પેકેટ [અં. પૅકટ] ન. પરબીડિયું; કાગળની કોથળી.

પેક્ટિન [અં.] ન. ફરવાળી વનસ્પતિમાંથી બળી આવતું એક જાતનું તત્વ.

પે કલાર્ક [અં. પે (પગાર) + ક્લાર્ક (કારકુન)] પું. પગાર ચૂકવનાર કારકુન.

પેખક [સં. પ્રેક્ષક] વિ. (હિંદી) જોનાર; અવલોકન કરનાર.

પેખણ ૧. ન. જાહેર દૃશ્ય; તમાશો; જોવાનું; દેખાવ; જોયું.

૨. [સં. પ્રેક્ષણ; પ્રા. પેક્ખણ] ન. જોવું તે; જોવાનું તે.

૩. ન. દૃષ્ટિ; નજર.

૪. ન. જોમ; રીત; રીતે.

આ કુમળા આખલા જોવા છોકરા દહાડો ના લાગે અને રાત ના લાગે. ટેકાની પેખણ રાખે. નર્મદાશંકર પંડ્યા

પેખણું જુઓ પેખણ.

પેખનો ૧. પું. મોટો દેખાવ.
૨. પુ. રમકડું.
૩. પું. ઓની યુક્તિપ્રયુક્તિ.

પેખવું [સં. પ્રેક્ષ્ (જોવું)] સ. ક્રિ. જોવું; અવલોકન કરવું; નિહાળવું.

પેખંદું વિ. જોનારું; અવલોકન કરનારું.
જે નિશા સર્વ જીવોની, તેમાં સંયમી જાગતો;
જેમાં સૌ જીવ જાગે, તે પેખંદા મુનિની નિશા.
કવિતા

પેખાગા પું. બંડ; ચિતના.

પેખાગાખોર વિ. ચિતનાખોર; ચિતૂરી; બંડ કરવાના સ્વભાવવાળું.

પેખાવું સ. ક્રિ. દેખાવું; નજરે પડવું; પેખવાની ક્રિયા થવી.

પેખીને અ. જાણી જોઈને; વિચારપૂર્વક.

પેગે અ. સિવાય; વિના.
અવર નહિ દેખું રે, બીજે કોઈ પ્રભુ પેગે.
મીરાં

પેગ [અં.] પું. વિલાયતી ખાલી.

પેગડ સ્ત્રી. નકામી અર્થ વિનાની વાત.

પેગડું (પેનડું) ન. રકાબ.

પેગંબર [ફા. પયગામ (સંદેશો) + બર (લઈ જનાર)] પું. ઈશ્વરનો સંદેશો લઈ આવનાર દેવદૂત; અવતારી પુરુષ; પયગંબર; નબી; લોકોને ઈશ્વરનું જ્ઞાન આપનાર મોટો ઉપદેશક; મોટો ધર્માચાર્ય; પ્રભુપ્રેરિત જ્ઞાનવાન પુરુષ. તે ઈશ્વરની આજ્ઞાનો લોકોને બોધ કરે છે. ઈસુ ખ્રિસ્ત એ ક્રિશ્ચિનના, મહમદ મુસલમાનના ને જરથુસ્ત્ર એ પારસીના પેગંબર કહેવાય છે.
મહાન આ દેશ તણા મહાત્મા
પેગંબરે તે ઋષિ વત્સદર્શી;
તે છે અહિંસાની જ્વંત મૂર્તિ,
શાંતિપ્રિયે તું હૃદયે વિરાજ.
બાંધીગીતા

પેગંબરી ૧. વિ. ઈશ્વરનો સંદેશો આપે એવું.
૨. વિ. પેગંબરને લગતું એવું.

પેગંબરી નવસાગર પું. એક જાતનું ધરિયાણું.

પેગામ ૧. [ફા. પયગામ] પું. ઈશ્વરી સંદેશો.
૨. પું. પયગામ; સંદેશો; કહેણ; ખબર.
તમારો પેગામ સપ્રત છે. ભગતસાર

પેગામચી [ફા. પયગામ (સંદેશો)] પું. સંદેશો લાવનાર કે લઈ જનાર માણસ; સંદેશવાહક માણસ; દૂત; ખેપિયો.

પેગામી જુઓ પેગામચી.

પેગીયાલ સ્ત્રી. ચોખાં ખાતાં ખાતાં ચાવવું તે.

પેગુયવની સ્ત્રી. એક પ્રકારની લિપિ.

પેગોડા [અં.] ન. બહારી લોકોનું મંદિર; બૌદ્ધનું મંદિર.

પેગોદસવ પું. ખૂબ લાંબી પીને જાનવર કરવાનો પ્રસંગ.

પેચ ૧. પું. એકમાં એક ભરાવું તે
૨. [ફા.] પું. આંબલો; આંટો; વળ.
૧. પેચ ખૂબવો = વળ ચડાવવો.
૨. પેચ મારી જવા = આંટો બરાબર જવો.
૩. પેચ ચોડવા = આંટી મારી નાખવી.
૪. પેચ ઢીલો થવો = (૧) કામગી બરાબર ન થવી. (૨) ઢાંકણું કે રકૂનો આંટો સફાઈ ન રહેવો.
૫. પેચ ફેરવવો = આંટો ઢીલો કે સખત કરવો.
૩. પું. કરામત; કળા; કસબ; તદબીર; પ્રપંચ; છળ; ધૂર્તતા; છૂપી યુક્તિ.
૧. પેચ ઉઠાવવો = નુકસાન થવું.
૨. પેચ કરવો–ખેલવો–નાખવો–રચવો–રમવો–લડાવવો–લેવો = (૧) કટકું માંડવું; કપટ કરવું; યુક્તિ લગાવવી; છળ રમવો. (૨) પતંગની દોરીઓ વચ્ચે આંટા નાખવા; પતંગની દોરીઓનો કટાવ કરવો. (૩) મલ્લકુસ્તીમાં પકડ લેવી.
૩. પેચ આવો = મૂંઝાવું; મુશ્કેલીમાં આવવું.
૪. પેચ ચાલવો = યુક્તિથી કામ સાધવું.
૫. પેચ દેવો = (૧) છેતરવું. (૨) વળ દેવો; આમળો દેવો; આંટો ચઢાવવો; ખીલી બિડાવવી.
૬. પેચ પડવો = અઘરું બનવું; મુશ્કેલ બનવું.
૭. પેચ બાંધવો = કુસ્તી કરવી.
૮. પેચ હાથમાં હોવો = કોઈના વિચાર જાણવાની શક્તિ હોવી; પ્રવૃત્તિ વગેરે જાણવાનું બળ હોવું.
૯. પેચમાં આવવું = કાબૂમાં રહેવું.
૪. પું. કળ; યંત્ર.
૫. પું. કાનમાં પહેરવાનું સિરપેચના જેવું એક જાતનું ઘરેણું.
૬. પું. કુસ્તીમાં સામાવાળાને પછાડવાની યુક્તિ.
૭. પું. લુચ્ચો પક્ષી.
૮. પું. ડર; કાળજું; કાળો.
૯. પું. લાવ; તાલ; મોજ પ્રસંગ.
૧૦. પું. પતંગની દોરીનો કટાવ.
પેચ લૂટવા = પતંગોની દોરીઓમાં પડેલી આંટી નીકળી જવી.
૧૧. પું. પેટનો મરોડ.
૧૨. પું. ઘંટો; બળ; મુશ્કેલી; ભટકું; સંકડામણ; સાંકડ; ચપેટ; ભીડો; પકડ.
અતિ પેચાગની વળ વડે,
પગ્યા નહિ માપાને પેચ. નિષ્કુલાનંદ
૧૩. પું. ફેર; આંટા પડાવાય એવી ખીલી; વળવાળી ખીલી; રકૂ.
૧૪. પું. અખેડો; કજિયો
૧૫. પું. સિરપેચ; ફેંટો કે પાઘડીમાં ભરાવી જેવું ખોસાતું ઘરેણું; તોરો.

પેચક ૧. [સં.] પું. ઘુવડ કાંકનાર માંસપિંડ.
૨. પુ. જેના ઉપર દોરો વીંટવામાં આવે તે સાધન.
૩. પું. દોરાનો દડો.
૪. પું. પલંગ; ખાટલો.
૫. પું. મેમ; વાદળું.
૬. પું. હાથીની પૂછડીનો મૂળ ભાગ.
૭. સ્ત્રી. જૂ.
૮. ન. ઘુવડ.
૯. વિ. નબળું; કમજોર; અશક્ત.

પેચકત્તજ સ્ત્રી. એક જાતનું હથિયાર. તે બહાદુરના રાજ્યકાળમાં ચાર સદી સુધી ચાલ્યું આવ્યું હતું તે વજનમાં ભારે, પહોળા અને વાંકી એવી એક ધારવાળી જાતની તરવાર છે. તેની મૂઠ સોનાની અને ઉપર હીરા, માણેક અને પન્ના બેસાડેલ છે.

પેચકલી સ્ત્રી. ચોરણીમાં કલી અને ઝોળાની વચ્ચેનો ભાગ.

પેચકલ્યાણી પું. (સંગીત) બત્રીસ માંહેનો સત્તરમો રાગ.

પેચકશ ૧. [ફા.] પું. ચૂક કાઢવાનો સળ.
૨. પું. સળ કાઢવાનું કે બેસાડવાનું ઓજાર.

પેચકિની [સં.] સ્ત્રી. હાથણી.

પેચકી [સં. પેચકિન્] પું. હાથી.

પેચગઢ અ. પેચની પેઠે ચોગાઠારમાં ફરતું પૈડું. માંત્રિક લાભ મેળવવાની આ એક યોજના છે. તે બાસ કરીને કપટ ઓળી કરવા માટે વપરાય છે. પેચગઢને એક વાર ફેરવવાથી મોટું ચક્ર માત્ર એક લાતો બસે છે.

પેચગાય [સં. પંચગવ્ય] ન. ગાયમાંથી નીપજતી પાંચ ચીજ; ગાયનું ઘી, દૂધ, દહીં, મૂત્ર અને છાણ.

પેચતાબ ૧. પું. ગાંઠ.
૨. [ફિ.] પું. પ્રકટ ન થઈ શકે તેવો ગુસ્સો કે રોષ; મનમાં ને મનમાં રહી જાય અને બહાર ન દેખાય એવો ગુસ્સો.
૩. પું. મૂંઝવણ; ચિંતા.
૪. પું. વળ દેવો તે.

પેચદરપેચ ૧. વિ. મૂંઝવણ ભરેલું; ગોટાળિયું.
૨. વિ. વળ ઉપર વળ હોય એવું.

પેઠારુ ૧. પું. એક પ્રકારનું ભરતકામ.
૨. [સં.] વિ. આંટાવાળું; આકૃતિદાર આંટા કે ભોળાવાળું; વક્ર જેવું; ફેરવાળું; પેચવાળું; જેમાં કોઈ કલા સાચવેલી હોય એવું.
૩. વિ. કઠણ; મુશ્કિલ; અઘરું.
૪. વિ. ગૂંચવાઈ ગયેલું.
૫. વિ. યુક્તિબાજ; હાથ ખેતી જાણે એવું; પ્રપંચી; પેચી; ખટપટિયું.
૬. વિ. વાંકુચૂકું; સપાટાર.
૭. વિ. રાઠ ભરેલું; જેનો અર્થ સ્પષ્ટ ન હોય એવું; ભોયમ.

પેઠપાચ પું. સંકટ; મુશ્કેલી.

પેઠપાટલી ૧. સ્ત્રી. ચૂનાની મક્કીમાં આંટા બરાબર પૂરા ફરેલ છે તેની ખાતરી કરવા રાખવામાં આવનો પેચવાળો મશિનો તથા તેની પાટલી. તેનો એક કેડો પેચવાળા ખીલામાં નાખવામાં આવે છે અને બીજા છેડાને ફલાવાની સાથે એક બીજા સળિયાથી ભેગા કરવામાં આવે છે, એટલે કલાબો, બાકડાનો દાંડો તથા મક્કીના પત્થરના ઢર એક મક્કરે પેચવાળા ખીલામાં પેચપાટલી એક આંટો ઊતરે છે.
૨. સ્ત્રી. પેચ પાડવાનું લોઢાનું ઓજાર.

પેચવચ્ચ સ્ત્રી. એક જાતની રમત.
સાહી અને કલમના ખોતરાં સાથે કાગળની પીઠ પર એક પેચવચ્ચ બાજી બેસનારા કાગિલ ઉપરાંત આલે મૂકીસર નથી. કુ. કા. પરિષદ

પેચવાન ૧. [સં.] પું. મોટો હુક્કો.
૨. પું મુક્કાની સાંબી ગૂંચળીવાળી નળી.
૩. વિ વળવાળું; જેને વળ હોય એવું.

પેચવાળું જુઓ પેચદાર.

પેચવેલ સ્ત્રી. એક જાતની વેલ. તેને લાલ કેસના ઝીણાં ફૂલ આવે છે.

પેચસી અ. મૂંઝવણ ભરેલી રીતે; મુશ્કેલીથી.

પેચા [હિં.] ન. એક જાતનું નિશાચર પક્ષી; ઘુવડ.

પેચાન જુઓ પેચાળું.

પેચાળું વિ. પેચવાળું; આંટાવાળું.

પેચિકા [સં.] સ્ત્રી. ઘુવડ પક્ષીની માદા.

પેચિયું ન. પેચ ખોલવા તથા બેસાડવાનું સાધન.

પેચિલ [સં.] પું. કાથી.

પેચિલી [સં.] સ્ત્રી. કાચલી.

પેચિશ ૧. [ફા.] સ્ત્રી. પેચ.
૨. સ્ત્રી. દુઃખ; પીડા.
૩. સ્ત્રી. પકડ; પકડવાની શક્તિ.
૪. સ્ત્રી. મરડાનો રોગ.

પેચી ૧. સ્ત્રી. ઘુવડની માદા.
૨. [ફા.] વિ. સવપેચ જાણનાર; યુક્તિબાજ; ખટપટિયું; ધુર્ત્ત; કાવાદાવાવાળું; પ્રપંચી; ઊંતરપિંડીવાળું.

પેચીદગી ૧. સ્ત્રી. ગૂંચવણ; ઝોટાળો.
૨. [ફા.] સ્ત્રી. વળવાળું હોવું તે.

પેચીદા ૧. [હિં.] વિ. આડીઘૂંટીવાળું.
૨. [ફા.] વિ. પેચદાર; વળવાળું.
૩. વિ. મુશ્કિલ; કઠિન.

પેચીદા લય સ્ત્રી. (સંગીત) એક પ્રકારનો લય; લયના મુખ્ય ૭ માર્ગનો એક ભેદ. આદ્ય લયથી પણ આડી હોય તે કુમાદ લય અને એ બંને મળીને વિરાડ લય થાય છે. આ વિરાડ લયથી પણ જે વિશેષ આડી હોય તેને પેચીદા લય કહે છે.

પેચીલું ૧. વિ. પેચવાળું; જેમાં પેચ હોય એવું.
૨. વિ. મુશ્કિલ; ગૂંચવણભરેલું.
૩. વિ. યુક્તિબાજ; પ્રપંચી; ધુર્ત્ત.

પેચુ [સં.] ન. એક જાતનું શાક.

પેચુલી જુઓ પેચુ.

પેચેપેચ ૧. અ. ઢરેક પેચે; ઢરેક પેચને વખતે.
૨. અ. યુક્તિબાજીથી; કપટથી.

પેઠો ૧. પું. ધૂતો; ઠોઠો.
પેઠા નીકળવા = ફોક નીકળી જવા; ફૂંકાઈ જવું.
૨. પું. જખમ.
શીતળા ઠંડાઈની વખતે મેસના જેવી ચાલુ પેઠા ઢરેક ફુલ ઉપર ચગડતા. આરોગ્યવિદ્યા

પેઠોટી સ્ત્રી. આંબોડી; ટૂંકીની નીચેની રગોની ગાંઠ; પિંચોટી.

પેઠ્યો પું. (કચ્છી) ચીપડો; આંખોમાંથી નીકળતો મોળો રસી જેવો ભભાદ.

પેજ ૧. [અં.] પું. અનુચર; સેવક.
૨. પું. (કચ્છી) ખીચડી રંધાઈ રહ્યા પહેલાં તેના ઉપરથી ઉતારી લીધેલું પાણી.
૩. પું. મુશ્કેલી.
૪. [સં. પેજસ્ પ્રા. પેજ્જ] સ્ત્રી. ખૂબ પાણીમાં મોટા ચોખા ઉકાળી તેમાં ગોળી વગેરેનો આટો નાખી બનાવેલ ભાત; ચોખાની મંજીઠ ચોખાની રાબ; રાબડી.
૫. સ્ત્રી. પ્રભાત; સવાર અને કપડને પાણમાં આવતી મંજીઠ.
૬. ન. પાનું; પૃષ્ઠ.
૭. ન. જાતનું ઓસામણ.

પેજજાનું ન. કપડાં અને પ્રભાત કરવામાં આવે છે તે પાણી

પેજપૂરું [અં.] ન. પાનાં ગોઠવીને કરેલ પ્રૂફ.

પેજલાઇન [અં.] સ્ત્રી. ગ્રંથના પાનાને મથાળે આવતી પાનાનો આંક, વિષય કે પ્રકરણનું નામ, ગ્રંથનામ બતાવતી લીટી.

પેજાત ન. એક જાતનું ઝાડ. તેનાથી સર્પ દૂર રહે એમ મનાય છે.

પેજાર [ફા. પૈજાર] સ્ત્રી જૂની; આસડું; ખોજડી; પગરખું; પૈજાર; જોડો.

પેજારી ૧. સ્ત્રી. ઘરમાં ઓવતાંગિયે પાળ્યા આવેલો જાપરાવાળો આગ કે ચોક.
૨. સ્ત્રી. જાડું; ગરખો.

પેજારું [ફા. પૈજાર] ન. જૂતી; આસડું; પૈજાર; ખોજડી.

પેજુ ૧. ન. નિશાન.
૨. ન. વિશ્વાસ; ભરોસો.
૩. ન. રોગીને પાણી પાવું તે.

પેઢવાન સ્ત્રી. નાટની વાણી; નખ.

પેઢ ૧. [સં.] પું. પ્રવસ્તા; વિસ્તાર કરેલો ભાગ.
૨. ન. અંદરનો ભાગ.
૩. ન. એકસંપીલું કુટુંબ, ગોત્ર કે ઘર.
૪. ન. ઓકરી; અકર; અભ્યાસ; કેક ઉપરનો જેમાં આપેલું પડ્યે છે તે ભાગ; અભ્યાસ. બહુજ હલકી કોટિના જીવોમાં ગળાની નીચેનો ભાગભાગ અથવા આગ પેટનું જ કામ કરે છે. કેટલાક જીવો એવા પણ છે કે જેમાં કોઈ જાતની પાચનક્રિયા હોતી નથી અને તેથી તેને પેઢ પણ નથી હોતું. ઊંચી કોટિના જીવોના શરીરમાં ભાગભાગ મધ્ય ભાગમાં કોષણીના આકારનું એક આસ અંગ હોય છે, જેમાં પાચનરસ ભરે છે અને ભોજનનું પાચન થાય છે. માણસ અને ઢોર વગેરેમાં આ અંગ પાંસળીઓની નીચે અને જનનેંદ્રિયની કાંઠિ ઉપર સુધી હોય છે. પક્ષી વગેરે કેટલાક જીવોમાં એકને બદલે બે પેઢ હોય છે.
૧. ઊંકું પેટ = પેઢ ન કળાય એવું; બધી બાબત પેટમાં રાખે એવું.
૨. જે છે તે પેટની સગાઈ છે = બાંધુથી આવાનું બને બાંધુની સગાઈ
૩. ઠંડે પેટે = વગર સંતાપે; નિશ્ચિતપણે.
૪. દુખે પેટ ને કૂટે આયું = બારી વાત ગુપ્ત રાખવી અને બીજી વાત કરવી; ગુપ્ત વિચાર; ભેદ; મર્મ.
૫. દુઃખે પેટ ભરવું = મુશ્કેલીથી આજીવિકા મેળવવી.
૬. ને પેટે થવું = જન્મ લેવો.
૭. પાપે પેટ ભરવું = ખોટાં કામ કર્યાં કરવાં.

૮. પેટ અવતાર લેવા જેવું-પેટે અવતાર લઈએ એવું = પવિત્ર; બહુ જ ભલું; સારા સ્વભાવનું.

૯. પેટ આપવું-ખોલવું-દેવું = પેટની વાત કહેવી; મર્મ કે ભેદ કહી બતાવવો; રહસ્ય જણાવી દેવું; અરે હેતુ કે મુદ્દો જણાવવો.

૧૦. પેટ આવવું = (૧) ગર્ભ થવો; કસ્ત ઊતરવો. (૨) જન્મવું.

૧૧. પેટ ઉઘાડીને જોવું = પરમાત્મા પેટની વાત જાણવી

૧૨. પેટ ઉપર છરી મૂકવી-પગ મૂકવો-પાટુ મારવું = (૧) આજીવિકા તોડવી; ચાલતા ગુજરાનમાં અટકાવ કરવો કે હરકત નાખવી; આજીવિકાને નુકસાન પહોંચાડવું. (૨) છળ જેવામાં નાખવો. (૩) દુઃખી કરવું.

૧૩. પેટ ઉપર પગ દેવો-મૂકવો= કોઈની રોજી તોડવી; કોઈની નોકરી કે ધંધો લઈ લેવો.

૧૪. પેટ ઉપર પાટુ મારવી = રોટલો બંધ કરવો; રોજી તોડવી; આજીવિકા તોડવી.

૧૫. પેટ ઉપર પોટલું બાંધવું = (૧) કોઈએ તેના કરતાં વધારે માણસો કરી પૈર લઈ જવું (૨) હદ કરતાં વધારે ખાવું.

૧૬. પેટ ઊંચું આવવું = (૧) ગુમ્બા પરિપૂર્ણ કરવી. (૨) ખરાબ તેહલું આપી ને સંતોષ પામવું; પેટ ભરાવું; પેટ તૃપ્ત થવું. (૩) ગર્ભ રહેવો. (૪) કૃતકૃત્ય થવું; ન્યાલ થવું; ઘણો થવો; કૃતકામિ થવી. (૫) સંતોષ પામવું.

૧૭. પેટ કપવું = (૧) પેટમાં ચકમકાટ થવો. (૨) ભૂખે મરવું.

૧૮. પેટ ખોલવું = દિલની વાત કહેવી.

૧૯. પેટ ખોલીને વાત કરવી = ખુલ્લે મને વાત કરવી. કોઈ પણ નહિ છુપાવતાં જેમ કહેવાનું હોય તેમ કહેવું.

૬૦. પેટ ચમકવું = ખાડીને લીધે પેટમાં ચમકાટ ખરાજ થવો

૨૧. પેટ ચળે ખાવું = અકરાંતિયા થઈ ખાવું; આપેલું બધા સુધી ખાને ખાંસુધી ખાવું.

૨૨. પેટ ચરાવે-ચરવે મૂકવું = આબરૂની પે દરકાર ન રાખવી; ભૂખમરા વેઠવો; બાનાને માટે રાખેલું હોય તે પે વગી નાખવું; પેટનું પે પોષવું ન કરવું; પેટની દરકાર ન રાખતાં ભૂખ્યા રહેવું.

૨૩. પેટ ચાલવું = (૧) અજીર્ણનો વિકાર થવો; વધુથી પેટ ફુલાવું; પેટમાં ગાર થવો; પેટમાં વધુનો ખરાબી થવો. (૨) છુપી વાત છુપી નહિ રાખી કહેવી; છુપી વાત છુપવી નહિ કહેવાથી કહી નાખવા અકળામણ થવી; નહિ છુપવાવું.

૨૪. પેટ ચાવવું = વારંવાર ખુલાસા થવા.

૨૫. પેટ ચોટી જવું-બેસવું = ખૂબ ભૂખ લાગવી.

૨૬. પેટ ચોરવું = વાત છુપી રાખવી.

૨૭. પેટ ચોળી પીડા જેવી કરવી = હાથે કરીને પીડા વહોરવી.

૨૮. પેટ ચોળીને શૂળ ઉપજાવવું = બાકે દુઃખ ઉત્પન્ન કરવું; હાથે કરીને દુઃખ જેવું કરવું

૨૯. પેટ છૂટવું-છૂટી જવું = (૧) મલરાઈ જવું. (૨) ઝાડા થઈ જવા; વધારે ઝાડા થવા.

૩૦. પેટ જુદાં થવાં = ભેદ પડવો; વિચાર જુદા થવા; મિત્રતા તૂટવી; અપ્રીતિ થવી; અણબનાવ થવો; છળ જુદા થવા.

૩૧. પેટ ઠારું કરવું = (૧) ખાવું; જમવું; ખૂબ શાંત કરવી. (૨) નિરાંત થવી. (૩) બીજાની માલમિલકત છુપી રીતે છીનવી લેવી; બરાબરી મિલકત હજમ કરી જવી.

૩૨. પેટ ઠારું-ઠંડું થવું-કરવું = સંતોષ મળવો; નિરાંત વળી; સુખી થવું.

૩૩. પેટ ઢાંકવું = ખરાબને છુપાવવાં.

૩૪. પેટ તગતું = હદથી વધારે ખવાવું.

૩૫. પેટ તાણીને મરવું = ખૂબથી પેટ પામવું; ભૂખમરાથી મરવું.

૩૬. પેટ થડું નીકળવું = (૧) પેટ વધીને બહાર દેખાવું. (૨) પેટું નીકળવું. (૩) સગર્ભાવસ્થામાં પેટ બહાર આવવું; છોકરા રહ્યા છે એમ દેખાવું.

૩૭. પેટ દાબીને રહેવું = સહન કરવું; ખમી રહેવું; ખામોશ ધરવી.

૩૮. પેટ દુખવું-પેટમાં દુખવું = (૧) ઊતાવળ કરવી. (૨) કરી વાતની વિશ્વાસઘાત કે ખાટી કોરી. (૩) કોઈ કામ કરવાની અનાકાની કરવી. (૪) દ્વેષ થવો; ઈર્ષા આવવી. (૫) નજીક, પાસે, બહુ લાંબું નથી એમ દર્શાવવું. જેમકે, રવિવાર આ આવ્યો, કયાં પેટમાં દુખે છે! (૬) મનમાં સંતાપ થવો; ચિંતા થવી. (૭) લાંબા મેળવવા પ્રપંચવું.

૩૯. પેટ દેખાડવું = (૧) ગર્ભ હોય ન હોવાની પરીક્ષા કરાવવી. (૨) પેટના રોગનું નિદાન કરાવવું (૩) ભૂખ્યા હોવાનો સંકેત કરવો.

૪૦. પેટ દેવું = મનની વાત કહેવી.

૪૧. પેટ નાખવું = પોતા ઉપર ના કરવો; મરવું.

૪૨. પેટ પકડીને હસવું = ખૂબ હસવું.

૪૩. પેટ પડવું = (૧) કસુવાવડ થવી; ગર્ભપાત થવો (૨) જન્મવું; અવતરવું.

૪૪. પેટ પથરો-ખાડા પડવો = (૧) દીકરી જન્મવી. (૨) સંતાન અવાન કે બરાબરીન પાકવું.

૪૫. પેટ પાકવું = (૧) અંતરનું માણસ ફૂટવું; પોતાનો માણસ બનવો. (૨) જન્મ ધરવો. (૩) વિરોધ હસવાથી પેટમાં દુખવા આવવું. (૪) સંતાન કે પ્રજા બરાબ થવી.

૪૬. પેટ પાટણ-પેટલાદ જવું = (૧) બહુ ભૂખ લાગવી; ખાવાની અત્યંત રુચિ થવી. (૨) ભૂખને લીધે અકળાઈ જવું.

૪૭. પેટ પાણી થવું = ખૂબ રેચ લાગવો; વધા દસ્ત થવા.

૪૮. પેટ પાણી ન પચવા દેવું = (૧) અકળાવું કર્યા કરવું. (૨) જંપવા ન દેવું. (૩) સતાવવું; હેરાન કરવું.

૪૯. પેટ પીઠ એક થવાં = (૧) બહુ ભૂખ્યા હોવું. (૨) બહુ જ કૃશ થઈ જવું.

૫૦. પેટ પૂરવું = (૧) ભોઈએ તેટલું. (૨) પેટ ખરાબ કરવું.

૫૧. પેટ પોચણી વળી જવું = પેટ મોટી જવું; અતિશય ભૂખ લાગવી.

૫૨. પેટ પોષવું = (૧) પોતાની ભોકાની ખૂબ જાળવી. (૨) પોતાનું ભોકાનું જ કરવું; સ્વાર્થ સાધવો.

૫૩. પેટ ફાટવું = (૧) ઘરનું કે અંતરનું માણસ ફૂટી જવું. (૨) પેટ તગતું.

૫૪. પેટ ફાટે ત્યાં પાટો ક્યાં દેવો? = પોતાનાં માણસો ફૂટેલાં હોય ત્યાં શું પ્રપંચ રહે?

૫૫. પેટ ફુલવું = (૧) કોઈ વાત જાણવા અથવા કહેવાને માટે અથવા પદાર્થ મેળવવા માટે આકુળ થવું; કોઈ વાત માટે બહુ ઉત્સુક થવું. (૨) અજંદર થવો. (૩) પેટમાં વધુનો પ્રકોપ થવો. (૪) બહુ હસવાથી પેટમાં હવા ભરાઈ જવી./ (૫) સગર્ભા થવું; ફાલી જવું; ગર્ભ રહેવો.

૫૬. પેટ ફોડવું = (૧) છુપી વાત કહી દેવી; રહસ્ય બતાવી દેવું. (૨) ધંધો નષ્ટ કરવો.

૫૭. પેટ બળવું = (૧) અત્યંત ભૂખ લાગવી. (૨) અકળાઈ જવી; ઈર્ષા થવી; સામાનું સુખ જોઈને પોતાને તેવું સુખ નથી એમ ધારી બાહ્યંડા આવવી કે ચિંતા કરવી. (૩) અંતર બળવું અથવા દાઝવું; કોઈ માટે લાગણી હોવી; દિલસોજી રાખવી. (૪) ચિંતા થવી.

૫૮. પેટ બાંધેલું = (૧) અંતરે દાઝેલું; મનથી જેને સંતાપ થયેલો હોય એવું; જેની અંતરથી દાઝેલી હોય એવું. (૨) ભૂખ્યું.

૫૯. પેટ બાળવું = ખાવાપીવામાં ખૂબ કરકસર કરવી; પેટ પૂરતું ન ખાવું; પૂરું ન

આવું; અડધા ભૂખ્યા રહેવું; પૂરેપૂરૂં ખાઈ પેટને સંતોષ ન આપવો; ભૂખે મરવું.

૧૦. પેટ ભરવુ-ભરીને આવું = (૧) ખૂબ ધરાઈને આવું. (૨) શરીરના નિર્વાહ જેટલું પેદા કરવું; આજીવિકા મેળવવી. (૩) સંતોષાવું.

૧૧. પેટ ભરાવું = તૃપ્તિ થવી; ધરાવું.

૧૨. પેટ માગવું = ભોકવાંઈયાં થવાં; સંસાર માંડવો; સંસાર બેડવો શરૂ કરવો.

૧૩. પેટ મોટું રાખવું = દિલ ઉદાર રાખવું.

૧૪. પેટ રહેવુ-રાખવુ = સગર્ભા થવું; ગર્ભ રહેવો.

૧૫. પેટ લેવું = છાની વાત જાણી લેવી.

૧૬. પેટ વધવું = (૧) ગર્ભ રહેવો. (૨) જાડા બનવું; સ્થૂલ થવું.

૧૭. પેટ વાંસા સાથે ચોટવું = ખૂબ ભૂખ્યા થવું.

૧૮. પેટ સરખું પોષું = એકલપેટું; પોતાનો જ સ્વાર્થ જુએ એવું.

૧૯. પેટથી થવું = સગર્ભા થવું.

૭૦. પેટનાં પાંખાં = ઉદરનિર્વાહની ઉપાધિઓ.

૭૧. પેટની આગ = (૧) અંતરની ચિંતા; કાળજાની દાહ. (૨) ભૂખ; ક્ષુધાગ્નિ.

૭૨. પેટની પતરાણ થવી = ભૂખથી પેટ બેસી જવું.

૭૩. પેટની પીડા = (૧) ભરણપોષણનું દુઃખ કે કકળાટ. (૨) ભૂખનું દુઃખ.

૭૪. પેટની પૂજા = (૧) પેટ ભરવું કે ક્ષુધા શાંત કરવી તે. (૨) જાંગ.

૭૫. પેટની પૂજા કરવી = (૧) આવું; જમવું; બાઈપાને પેટ સંતોષવું. (૨) જાંગ આપવી.

૭૬. પેટની બરાળ = અંતરનો ઉકળાટ.

૭૭. પેટની વાત = (૧) બાનગી વાત; ગુપ્ત ભેદ; છાની હકીકત. (૨) મનનો ક્રોધ.

૭૮. પેટની વાત પેટમાં રહી જવી = બારેસી પૂજ્યા બાર નહિ પડવાથી મનના ક્રોધ મનમાં રહી જવા.

૭૯. પેટની વેઠ = આજીવિકા માટેની પ્રવૃત્તિ.

૮૦ પેટની સગાઈ = (૧) પેટ ભરવા પૂરતો સંબંધ. (૨) માતાપિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ; માબાપ અને બાળક વચ્ચેની સગાઈ

૮૧. પેટનું કાચું = છાની વાત ન સાચવી શકે એવું; અપ્રમાણિક.

૮૨. પેટનું ખોટું = ઉપરથી સાચું, પણ અંદરથી જૂઠું.

૮૩. પેટનું ખોકરું = પોતાનું બાળક.

૮ પેટનું પાણી ન [illegible] = કરી અસર ન થવી.

૮૫. પેટનું બળ્યું = (૧) દુભાયું હોય એવું. (૨) ભૂખ્યું.

૮૬. પેટનું મેલું = (૧) બરાબ આકરવાનું; અહેબુ. (૨) દમાખોર; કપટી.

૮૭. પેટનું હલકું = ક્ષુદ્ર પ્રકૃતિનું.

૮૮. પેટને આતર = નિર્વાહ ચલાવવા માટે.

૮૯. પેટને ડુચ્ચા દેવું = ભૂખે મરવું.

૯૦. પેટને આકું આપવું = (૧) આવું. (૨) જીવન ટકાવી રાખવા પૂરતું આવું; શરીરના નિર્વાહ સારૂ કાંઈ પણ ખાવું; પેટ ખાવાનું માગે માટે જેમ તેમ કરીને જેવું તેવું પણ આપવું.

૯૧. પેટનો કૂતરો = કેવળ પેટને માટે જ મરનાર માણસ; માત્ર ભોજનની લાલચથી જ કામ કરનાર પુરુષ.

૯૨. પેટનો ખાડો પૂરવો = (૧) ગુજરાન ચલાવવું. (૨) ભૂખ સંતોષવી. કું ભૂખે મરતાં કરોડોના પેટના ખાડા પૂરવા માટે પૈસા માગું છું –ગાંધીજી

૯૩. પેટનો પડદો-ભેદ = મનની વાત; છાનો કે ગુપ્ત વિચાર; ભેદ; મર્મ.

૯૪. પેટનો પેસો = પંડનો વિસ્તાર; સંતાન.

૯૫. પેટમાં આગ ઊઠી-લાગવી = (૧) અંતર અદેખાઈથી બળવું. (૨) ભૂખ્યા થવું; અતિશય ભૂખ લાગવી. (૩) વેર લેવાનો જુસ્સો આવવો. (૪) સંતાપ થવો.

૯૬. પેટમાં આગ ઊઠી ! = ભારો અવતાર

૯૭. પેટમાં આમળો = (૧) ટેક. (૨) બળ, આંટી, હીનો, વેર લઈ કોઈનું નુકસાન કરવાના વિચારમાં મૂંઝાયા કરવું તે.

૯૮. પેટમાં ઉતારવું = (૧) કોઈના અંતઃકરણની વાત જાણવી; ધ્યાનમાં લેવું. (૨) બળી જવું; બાઈ જવું. (૩) પારકું દબાવી કરવું. (૪) મનમાં દબાવવું. (૫) સહન કરવું; ખમવું. (૬) સાંભળવા ન ઇચ્છનારને પોતાના મત માન્ય કરવા ચારેવાર કહેવું.

૯૯. પેટમાં કરમ બોલવા-કૂદ્યાં બોલવાં-કૂવા પડવા = ખૂબ ભૂખ લાગવી.

૧૦૦. પેટમાં કરમિયા ખરડવા = (૧) ખૂબ ભૂખ લાગવી. (૨) પેટમાં કરમિયા બોલે ને લેખામાં ન લેવાય તેવું

૧૦૧. પેટમાં કરમિયાં-છબરાં બોલવાં = બહુ ભૂખ લાગવી.

૧૦૨. પેટમાં કાતી-છરી-પાણી = અંતરમાં વેર; છૂપું તરકટ.

૧૦૩. પેટમાં કૂવો = ભૂખને લીધે પેટ બેસી જવું તે; અતિશય ભૂખ.

૧૦૪. પેટમાં કોઈ સીખી નીકળ્યું નથી = જન્મથી કોઈને આવડત હોતી નથી.

૧૦૫. પેટમાં ક્રોધ બોલવો = ભૂખને લીધે પેટમાં વાયુનો અવાજ થવો.

૧૦૬. પેટમાં ખાડા પડવા = ભૂખ લાગવી.

૧૦૭. પેટમાં ખૂંચવું = (૧) મનમાં કંઈક ગૂંચ હોવી. (૨) સાંચની ઇચ્છા હોવી.

૧૦૮. પેટમાં ગલૂડિયાં-બિલાડાં આળોટવાં-બોલવાં = ભૂખ લાગવી.

૧૦૯. પેટમાં ઘૂસવું-પેસવું = (૧) ખુશામત કરી સામાના મનની જવું; મળી જવું. (૨) વિચારની એકતા સાંધવી. (૩) વિશ્વાસ મેળવવો; કોઈના મનની વાત જાણવી; કોઈના મનનો ભેદ મેળવો.

૧૧૦. પેટમાં ટાંટિયા હોવા = જવાબ ન જવાબ પણ અંદરથી પહોંચેલું હોવું.

૧૧૧. પેટમાં તેલ રેડાવું = (૧) અદેખાઈ થવી; સામાનું સારૂં જોવાથી દિલમાં દિલગીર થવું. (૨) ચિંતા કે બળતરા થવી. (૩) ખુશામતથી અકળાવું. (૪) ઉપાસકો પડવો; બીકથી ચોકી ઊઠવું; કાળ પડવો; ચિંતારૂપી વેતાળ થવો.

૧૧૨. પેટમાં દાઢી હોવી = અવસ્થામાં પણ બહુ બુદ્ધિમાન હોવું

૧૧૩. પેટમાં દાંત હોવા = અંતરમાં વેર હોવું.

૧૧૪. પેટમાં પાઠ પડવો = બહુ ભૂખ લાગવી.

૧૧૫ પેટમાં ધ્રાસકો પડવો–કાળ પડવો–ચોરટો પડવો = ધારતીથી ચોકી ઊઠવું.

૧૧૬. પેટમાં ન બળે પણ પાણી ને નામ મેરા દરિયાવખાન = કારીગરિ બળ હોય નહિ ને નામ જોયું હોય તો મોટું.

૧૧૭. પેટમાં ન સમાવું = ન માંડવું; પરવા ન કરવી.

૧૧૮. પેટમાં નાખવું = આવું.

૧૧૯. પેટમાં પગ હોવા = ઉપરથી દેખાય નહિ પણ ઘુસ્યું હોવું; ભીંતુ અને ઊંધાં કાવતરાં કરનાર હોવું; અત્યંત કપટી હોવું.

૧૨૦. પેટમાં પાણી ન હાલવું = કાંઈ પરિશ્રમ ન પડવો; જરા પણ મહેનત કે તકલીફ ન થવી.

૧૨૧. પેટમાં પાણી મારવી = પોતાને હાથે પોતાનું બગાડવું

૧૨૨. પેટમાં પૂળો ઊઠવો = પેટમાં બાઈ લાગવી; બળતરા થવી

૧૨૩. પેટમાં પેસવું = (૧) મનની વાત જાણી લેવી. (૨) વિશ્વાસ ઉપજાવવો.

૧૨૪. પેટમાં પેસી અંતરસ આવું = વિશ્વાસ મેળવીને દગો કરવો.

૧૨૫. પેટમાં પેસી નીકળવું = મન જાણવું; વિચાર સમજી લેવા; ભેદ કે મર્મ જાણવો; અંતરની વાત જાણવી

૧૨૬. પેટમાં પેસી વાત કઢાવવી = કોઈનો વિશ્વાસ મેળવી વાત કહેવાને પ્રેરાવવું.
૧૨૭. પેટમાં જળ પડવું = બહુ હસવાથી પેટમાં દુખવા આવવું.
૧૨૮. પેટમાં બળવું = (૧) અંદરખાને દુઃખવું. (૨) બાઝણી હોવી.
૧૨૯. પેટમાં બળાની સગાઈ = અંતરની કે માટી સગાઈ.
૧૩૦. પેટમાં ભાર વાગવા-પેટમાં ખિલાડાં આળોટવાં-ખોસવાં = કકડીને ભૂખ લાગવી.
૧૩૧. પેટમાં બરાઈ ને બેસવું = બાનગી વાતચીતથી વાકેફ હોવું. (૨) ઘરસુ જેવું.
૧૩૨. પેટમાં રાખવું-સમાવવું = (૧) કોઈ વાત પોતાના મનમાં રાખવી; ભેદ ખુલ્લો ન કરવો; ગુપ્ત રાખવું; ઉઘાડું ન પડે એમ કરવું. (૨) સમજવું; ગળે ઉતારવું; સામો ઉત્તર ન દેવો; જે કહે તે સાંભળ્યા કરવું. (૩) સહન કરવું; ખમી ખાવું.
૧૩૩. પેટમાં રાખેલી વાત = ગુપ્ત મર્મ.
૧૩૪. પેટમાં રોગ હોવો = દિલમાં ખાર કે બૂરી બાતણી હોવી; મનમાં કપટ હોવું.
૧૩૫. પેટમાં સમાઈ જવું = ભેદ પ્રગટ ન કરવો; વાતને ગળી જવી.
૧૩૬. પેટમાં હાથ ઘાલ્યા જેવા થવા = ભૂખ લાગવાથી પેટ બેસી જવું.
૧૩૭. પેટમાં હોવું = ગુપ્ત રૂપમાં વાસે હોવું.
૧૩૮. પેટમાંથી ઓકી કાઢવું = જે તે જાણી લેવું; ન કહેવાનું પણ કહી દેવું; વિચાર કર્યા વિના મનમાં જે હોય તે કહી દેવું.
૧૩૯. પેટમાંથી પત્ર કઢવા = કોઈ સારા માણસનું બરાબ કરવું; કુમાર્ગે ચડવું.
૧૪૦. પેટે આવવું = જન્મવું.
૧૪૧. પેટે ચટકા ભરવા = સાપની જેમ ગાલવાની ફરજ પાડવી; બેઠ બાતનો ખુબજ ગુજારવો.
૧૪૨. પેટે ચાલવું = સર્પની માફક ચાલવું.
૧૪૩. પેટે પડવું = જન્મવું.
૧૪૪. પેટે પડ્યાં, બંટલે કહેવાનું નથી = ગુજરાનની ચિંતા હોવાથી કોઈ બોલી શકાય તેમ નથી.
૧૪૫. પેટે પથરો-પાણો પડવો = (૧) બરાબ કે પરાક્રમહીન જોકરાં થવાં. (૨) ઓકારી જન્મવી.
૧૪૬. પેટે પહોળું = જેને વધારે બાળકો હોય એવું.
૧૪૭. પેટે પાટા બાંધવા = (૧) ઓછું બાવું પણ બાબરે સાબવરી. (૨) ભૂખ્યા રહેવું; ભૂખમરો વેઠવો.
૧૪૮. પેટે પાટા બાંધીને = ભૂખ્યા રહીને; ઓછું બાઈને પણ.
૧૪૯. પેટે પાટા મારી ચલાવવું = માંડમાંડ ગુજરાન ચલાવવું.
૧૫૦. પેટે પાન છૂટવાં = બાળકને જોઈને મને અતિશય વહાલ આવવું.
૧૫૧. બે પેટ કરવાં = કજ ઉપરાંત જમવું.
૧૫૨. બે હાથે પેટ ખતાવવું = ખૂબ લાગી છે એમ બતાવવું.
૧૫૩. મોટું પેટ = મહાનુભાવપણું.
૧૫૪. મોટું પેટ કરવું-રાખવું = ઉદાર દિલ રાખવું; દોષ માફ કરવા.
૧૫૫. શું પેટ ઉપર પોટલું બાંધતો ? = (૧) જ્યારે તમે સંપૂર્ણ બાવું છે, ત્યારે તમો મોટો બાગ ચોક્કસ બાકીનો રાખશો. (૨) બાબામાં છે તે બધું બાઈ શકશો ? (૩) બાબામાં જે વાનીઓ છે તેનું તમે શું કરવા બાગો છો ? વધુ બાનારને કહેવામાં આવે છે.
૧૫૬. સમકર પેટ = ઉદાર મનોવૃત્તિ
૧૫૭. સાંકડા પેટનું = (૧) બાબરચું; જેના પેટમાં કંઈ સમાય નહિ એવું. (૨) કંજૂસ; બખીલ.

૫. ન. બાહલો; ઢાચરો.
૬. ન. કાંચળી કે ચોળીનો સ્તનને ઢાંકતો બાગ.
૭. ન. કોઈ ચીજ કે પાત્ર વગેરેનો બાગળ વધેલો પોકળ બાગ; બોબાદા પાટની અંદરનું પોલાણ; પેટું; કોઈ પોલી વસ્તુનો વચ્ચેનો કે અંતરનો બાગ.

૮. ન. ગુજરાન; બાજીવિકા; રોજી
બાપું કટુંબ જ્યાં કાંતી પૌષ્ટ બાલે જ મુદ્દલ,
ત્યાં કાંતબાર ચિંતા ના પેટની રાખવી પટ.
બાંધીગીતા

૯. ન. ગુજ્જક; શક્તિ.
૧૦. ન. છાતી અને પેડુ વચ્ચેનો બાગ; ઉદર; જઠર વગેરે બાગો રહેલા છે તે બખી બબોલ; કોઠો.
૧૧. ન. જબ્બો; સમૂહ
૧૨. ન. કાચો; સ્તર.
૧૩. ન. પેટની નીચેનો જેમાં ગર્ભ રહી મોટો બાય છે તે બીજો બવબવ; ગર્ભાશય; ગર્ભસ્થાન.
૧૪. ન. પેટી.
૧૫. ન. બંદૂક બથવા તોપનો ગોળા કે ગોળો ભરવાનો બાગ.
૧૬. ન. બાળક; દીકરો કે દીકરી.
૧૭. ન. મન; બંતઃકરણ; હેતુ; બંતર. જેમકે, પેટની વાત.
૧૮. ન. પોતાનું સંતાન; પોતાનો બાબો વેલો કે વંશ.
૧૯. ન. રત્નનું પાર્શ્વ; બાજુ.
૨૦. ન. કમેલું; ગર્ભ.
૨૧. વિ. ગોબું કરનાર.

પેટક ૧ [સં.] પું. જમાવ; સમૂહ; ઢગલો.
૨. પું. પુસ્તક વગેરેને રાખવા માટે વાંસ, નેતર વગેરેની બનાવેલી પેટી; પટારો; મંજૂષ.
પેટકણ પું. કાપીને પેટે બાંધવાનું દોરડું.
પેટકૂદણિયું વિ. જે બાબું પૂબું કીબબુની ઉપર જ પૂરું થઈ જતું હોય એવું.
૨. વિ. સ્વાર્થી; પોતાનું જ હિત જોનારું.
પેટખાઈ સ્ત્રી. ઓરાકો; નોકરોના ઓરાકનું બર્ચો; બાબાબર્ચો.
પેટગુજારો પું. ઘરખરચ; ગુજરાન.
પેટઘસણી સ્ત્રી. પેટ ઘસીને બાપવું તે.
પેટચટલી સ્ત્રી. બહુ ભાવતા ખવાનો રોગ.
પેટચૂંક સ્ત્રી. પેટની બંદર પીડ બાવવી તે; વાદ.
પેટચોંટી [કિ.] સ્ત્રી. ગર્ભ હોવા છતાં ગર્ભનાં લક્ષણ ન દેખાઈ બાવે એવી સ્ત્રી.
પેટછૂટું વિ. ખુલ્લા દિલથી જે હોય તે કહી નાખે એવું; કાંઈ પણ છુપાવ્યા વિના વાત કરનારું.
પેટડિયું (પેટડિયું) વિ. પોતાનું જ પેટ ભરનારું; સ્વાર્થી.
પેટડો (પેટડો) પું. પેટ. તિરસ્કારમાં વપરાય છે.
પેટતરોડો (પેટતરોડો) પું. ગોબો, ખપેટાના પેટમાં બબડાનો મોટો બડી તેનાં પેટમાં દુખવાથી બાકું પડી જઈ બરીર પબાડે એવો એક બાતનો રોગ.
પેટતિલા સ્ત્રી. પોષ વદિ બગિબારસ.
પેટતોડ (પેટતોડ) પું. ઢોરનો બાહરાનો રોગ.
પેટતોડો (પેટતોડો) જુબો પેટતરોડો.
પેટનું વિ. પોતાનું; પોતાથી ઉત્પન્ન થયેલું.
પેટપાણી ન. પીવા જેટલું પાણી
પેટપાળું વિ. પેટ ભરી બમ કરનારું; પેટવહિવું.
પેટપીડ (પેટપીડ) સ્ત્રી. પેટમાં થતું દુઃખ; પેટનો દુખાવો; ચૂંક બાવવી તે.
પેટપૂજા ૧. સ્ત્રી. પેટ ભરવું તે; પેટમાં ખોરાક નાખવાની ક્રિબા.
૨. સ્ત્રી. ભોજન.
પેટપૂર વિ. પેટ પૂરું ભરાય તેટલું; પૂરતું.
પેટપૂરણ-જુબો પેટપૂર.
પેટપૂરતું જુબો પેટપૂર.
પેટપોસુ વિ. બતિ બાનાર; બકરાંતિયું.
પેટપોંચન ન. જેનું પેટલું બાળક.
પેટબળતરા સ્ત્રી. ઢેપાહોળા; ચિંતા; ફિકર.
પેટભરું વિ. પેટમાં બળતરા હોય એવું; બંદરથી બાળાયેલું કે દાઝેલું.

પેટભરિયો ૧. વિ. પું. ભોભો.
૨. વિ. પું. જેનું અંતર ઠારયું કે ઠુમાયું હોય એવો.
૩. વિ. પું. પેટમાં જ કેમ ન મરી ગયો અથવા પેટ બાળનારો કેવોક નીપજ્યો? એવી માની છોકરાને અપાતી ગાળ.

પેટમેસાયું ન. વારંવાર ઝાડો થવો તે; ઝાડો; અપામણ.

પેટભર જુઓ પેટપૂર.

પેટભરાકે જુઓ પેટભરુ.

પેટભરાવેડા (પેટભરાવેડ) પું. બ. વ. નર્યું સ્વાર્થીપણું; માત્ર પોતાના જ સ્વાર્થની કે પોતાનું જ પેટ ભરવાની દરકાર રાખવી તે.

પેટભરું ૧. વિ. ઓકલપેટું; આપસ્વાર્થી.
૨. વિ. આઉભરા; અકરાંતિયું; લાકુમદ.
૩. વિ. પેટ ભરી જાણનારું; પેટ ભરવાની જ મતલબવાળું; જેને માત્ર પોતાના જ પેટની દરકાર હોય તેવું.
૪. વિ. પેટિયું; પેટપૂર અન્ન જેવા નોકરી કરનારું.

પેટમેલું ૧. વિ. કપટી; પ્રપંચી.
૨. વિ. નબળા મનનું; હેયાહળું.

પેટર વિ. (કચ્છી) મોટા પેટવાળું.

પેટરિયા [હિ.] સ્ત્રી. નાની પેટી; પટારી.

પેટર્ન ૧. [અં.] પું. નમૂનો; આકૃતિ; 'ડીઝાઇન.'
૨. પું. ઢરમો; બીબાનું ચોકઠું.
અરબાથી બાદ વધે છે અને ઠંડી સોલેરાસ છે માટે બીક અને પિત્તનું પ્રોડક્શન કરતી વખતે તેમનો પેટર્ન મોટો બનાવવો જોઈએ.
એન્સાઇક્લિપેડિયા બ્રિટાનિકા

પેટલ ૧. ન. ઉત્તર મહાસાગરમાં રહેનારું એક જાતનું પક્ષી.
૨. [હિ.] વિ. મોટા પેટવાળું.

પેટલી સ્ત્રી. પેટલી; ભીંતને લગતી બંધેલી નીચી ઓટલી.

પેટવડિયું (પેટવડિયુ) વિ. પેટપૂર અન્ન જેવા કામ કરનારું.

પેટવરાજિયું જુઓ પેટભરું.

પેટવરો પું. ખોરાકીભર્યું; ખાવાપીવામાં લાલો બગ.
પેટવરામાંથી પુણ્યવેરો = (૧) ધર્માદાની કરજાત હમેશાં પોતે કરવી. (૨) પોતાનું ખાવાનું હોય તે સાથે બીજું ધર્માદા કે પુણ્યનું પણ કાઢવું. લેમ કરતાં કંઈ બચાવું નથી.

પેટવસૂરો પું. ભરેખાઉ; ઉંબો.

પેટવવું ૧. સ. ક્રિ. અગ્નિ લગાડવો.
૨. સ. ક્રિ. સળગાવવું; લગાડવું; ચેતવવું; બહારો બાદ બેમ સળગાવવું; અગ્નિ લગાડવો.

પેટવાળી સ્ત્રી. સગર્ભા સ્ત્રી.

પેટવું ૧. અ. ક્રિ. ઝાડો થવો; બગાડામાં બળવું.
૨. અ. ક્રિ. સળગવું.

પેટવેદના સ્ત્રી. પેટપીડા; પેટનો દુખાવો.

પેટંટ ૧. [અં.] ન. કોઈ નવી શોધ કરનારને તેની શોધની ચીજ બનાવવાનો, વાપરવાનો, વેચવાનો તથા બીજાને તેમ કરવાની સત્તા આપવાનો આમ હક આપતી સરકારી સનદ.
૨. વિ. ઉઘાડું; ખુલ્લું.
૩. વિ. જેને માટે આમ સનદ મળી હોય તેવું; પરવાનાવાળું; સરકારી સનદ પરવાનું.

પેટા ૧. [હિં.] પું. નકશીમાં; સંપૂર્ણ વિવરણ.
૨. પું. નદીના પ્રવાહનો માર્ગ; નદીના વહેનનો માર્ગ.
૩. પું. નદીનો પટ.
૪. પું. પશુનું આંતરડું
૫. પું. પોચું હોવું તે; દીવાપણું.
૬. પું. વધતો ભાગ; કોઈ પદાર્થનો મધ્ય ભાગ.
૭. પું. સીમા; હદ.
૮. સ્ત્રી. કોળની અંદર બાઝતાં બી જેવું કે ન ગણે તેવું અનાજ.
૯. [સં.] સ્ત્રી. કોજાને લાકર બાંધેલી એક જાતની મીઠાઈ.
૧૦. સ્ત્રી. મોટી ટોપલી.
૧૧. સ્ત્રી. મોટી પેટી, મોટો પટારો.

પેટાક જુઓ પેટક.

પેટા કલમ સ્ત્રી. મુખ્ય કલમના પેટાની કલમ.

પેટા ખાતાદાર પું. નામવાળા ખાતેદારના પેટામાં બીજા માણસનું નામ હોય તે વ્યક્તિ.

પેટાખાતું ૧. ન. પેટાનું બગાળું.
૨. ન. પેટામાં બાવેલું ખાતું; મોટા ખાતાના વિભાગરૂપ નાનું ખાતું.

પેટાખાનું ન. મુખ્ય ખાનાના પેટામાં બાવેલું ખાનું.

પેટા ખોતિયો પું. ખોતિયા પાસેથી જમીન રાખનાર માણસ.

પેટાગ્નિ [હિં.] સ્ત્રી. બૂખ; પેટની બગ્નિ.

પેટા ગીરો પું. ગીરોધર પાસેથી ગીરો રાખવું તે.

પેટાઘાટો પું. પૂરતું ખાવાનું ન મળે તે; પૂરતું પેટ ન ભરાય તે.

પેટાજાત સ્ત્રી. મોટી જાતિનો એક હાંટો; પેટા જાતિ.

પેટાજાતિ જુઓ પેટા જાત.

પેટાજ્ઞાતિ સ્ત્રી. મુખ્ય જ્ઞાતિનો એક ભાગ.

પેટાટુકડી (પેટાટુકડી) સ્ત્રી. મોટી ટુકડીના હાથ નીચેની નાની ટુકડી.

પેટાતારક ન. તુક્કાની બદલ કાંકરિ આપવું તે.

પેટાપંપો પું. પેટપૂરતું કમાવાને શક્તિવાન બનાવે એવો મુખ્ય ધંધા સાથે કરાતો બીજો ધંધો.

પેટાબંધર પું. સર્વે નંબરના જુદા પાડેલા ભાગનો જેમાં બાપણી વડે ક્ષેત્રફળ, હક, નિશાની તથા આકાર ગામને દફતરે જુદા બતાવવામાં આવ્યાં હોય તે જરીપ બંધ.

પેટાનાટક ન. મુખ્ય નાટક બાંહેનું બાંતરનાટક.

પેટાનાત જુઓ પેટાજ્ઞાતિ.

પેટાનિયમ પું. મુખ્યના ભાગ તરીકે બાવતો ગૌણ નિયમ; ઉપનિયમ; 'બાઈ લૉ.'

પેટાપંચાયત સ્ત્રી. બાંતરપંચાયત; પંચાયતનો એક વિભાગ.

પેટાપંથ પું. સંપ્રદાયનો હાંટો.

પેટાપેદાશ સ્ત્રી. બાડપેદાશ; અમુક માલની ઉત્પત્તિ કરતી વખતે જે વસ્તુઓ તેની સાથોસાથ ઉત્પન્ન થઈ જાય તે. જેમકે, તેલની ઉત્પત્તિમાં ખોળ પેટા પેદાશ છે.

પેટાપ્રકૃતિ સ્ત્રી. એક ધંધા સાથે ભળતી બીજી કામગીરી.

પેટાબાબત ૧. સ્ત્રી. ગૌણ બાબત.
૨. સ્ત્રી. પેટામાં બબાયેલી બાબત.

પેટાભાગ પું. પેટાનો ભાગ; શાખા; ભાગનો ભાગ.

પેટાભાગદાર જુઓ પેટાભાગિયો.

પેટાભાગિયો પું. ભાગીદારનો ભાગીદાર; મોટા ભાગિયાના તાબાનો નાનો ભાગિયો; મોટા ભાગીદારનો હિસ્સેદાર.

પેટાભાગીદાર જુઓ પેટાભાગિયો.

પેટાભાષા સ્ત્રી. મુખ્ય ભાષાથી ઊતરતી ગૌણ ભાષા.

પેટામહાલ પું. પેટા તાલુકો; નિમ્ન તહસીલ; હિસ્સા મહાલ.

પેટામંડલ ન. મુખ્ય સમિતિના હાથ નીચે કામ કરનાર ગૌણ સમિતિ.

પેટામંડળ જુઓ પેટામંડલ.

પેટાર [હિં.] પું. પટારો; મોટી પેટી.

પેટારકમ સ્ત્રી. પેટામાં બાવેલી રકમ; ગૌણ રકમ.

પેટારા [હિં.] કું. પટારો.

પેટારી ૧. સ્ત્રી. અસ્વિલા; મુદ્રિકા; કંસ્કો; એક જાતનો ચોમાસુ છોડ. તે વધુ ચાર હાથ ઊંચો વધે છે. તેનાં પાન લાંબાં, ચોડી રોઢ પડતી પહોળાઈવાળાં અને ચીકોળાઈ જેવી અણીઓવાળાં હોય છે. આ છોડ ઉપર પાંદડાંનાં ઠીકાં પાસે ફળ આવે છે. તે નાની સોપારી જેવડાં થાય છે. આ ફળ લીલાં હોય ત્યારે ચીમળાં હોય છે. ફળનાં બિયાં બજારૂ પ્રમાણે લીલાં હોય ત્યારે મીઠાં લાગે છે. આ બિયાંનો પણ બજારૂ પ્રમાણે ઉપયોગ થાય છે. સર્પદંશ, ગર્ભપાત, મૂત્રરોગ, ઝાડર, ઝેલ, ક્ષ વગેરે રોગ ઉપર તે ફાયદાકારક મનાય છે.

૨. સ્ત્રી. નાનો પટારો; પેટી.

પેટારો કું. પટારો; મોટી પેટી.

પેટાર્થી [હિં.] કું. પેટાર્થી; પેટભરૂ.

પેટાર્થું [હિં.] કું. પેટાર્થી; પેટભરૂ.

પેટાવવું સ. ક્રિ. સળગાવવું; પ્રજ્વલાવવું; સળગાવવું; ચેતાવવું; પ્રદીપ્ત કરવું.

પેટાવાઠય ન. ઉપવાક્ય; વાક્યના અંગભૂત તરીકે આવેલું વાક્ય.

પેટાવિભાગ કું. ભાગનો ભાગ.

પેટાલું જુઓ પેટલું.

પેટાસભા સ્ત્રી. પેટાસમિતિ; ઉપસમિતિ; શાખા સભા.

પેટાસમિતિ સ્ત્રી. ગૌણ સમિતિ; મોટી સમિતિએ નીમેલી નાની સમિતિ; પેટાસભા; શાખા સભા; શાખા સમિતિ; ઉપસમિતિ.

પેટાળ ૧. ન. અંદરનો ભાગ; પેટ.

૨. ન. પર્વતની તળેટી.

પેટાળિયું ન મોટાના પેટ ઉપર નાખવાનો સામાન.

પેટાળું વિ. મોટા પેટવાળું.

પેટાંફોડ (પેટાફોડ) ન. કાપવું બાજ; મોટી રકમમાં નાની રકમ સમાવીને મળતું બાજ. કાપી બાજ માટે વપરાય છે.

પેટિકા ૧. [સં.] સ્ત્રી. પિટારી નામનું વૃક્ષ; એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. પેટી; નાનો પટારો.

પેટિયાળુ સ્ત્રી. પેટિયું ઘડીને મજૂરી કરનાર સ્ત્રી.

પેટિયું ૧. ન. અનાજ ભરી રાખવા કોઠરના પરાળની બનાવેલી કોથળી.

૨. ન. પેટનું અન્ન.

૩. ન. રોજના બજાર પેટે અપાતું પેટપૂર કરવું અનાજ; સીધું; રોજનું આવતું અનાજ.

૪. ન. રોજના બજાર પેટે અપાતું પેટપૂર રોકડ પૈસા; પગાર; રોજ; રોજી.

૫. ન. રોજના બજાર પેટે આપવામાં આવતું પેટપૂર રાંધેલું અનાજ; બજાર પેટે આપેલું પેટપૂર અન્ન.

૧. પેટિયું આપવું = રોજના બજાર પેટે પેટ પૂરતું આપવું; આવા પૂરતું અન્ન કે રોજ આપવો

૨. પેટિયું કાઢવું-રળી કાઢવું = આજીવિકા મુશ્કેલીથી મેળવવી; મુજરાત જેવું કમાવું.

૬. ક્રિ. પેટને માટે મજૂરી કરનારૂં; માત્ર ખોરાક પૂરતાજ દરથી કામ કરનારૂં; પેટપૂર અન્ન બદલ નોકરી કરનારૂં.

પેટિયો ૧. કું. (કમ્બી) પેટ પૂરતો ખોરાક.

૨. કું. પેટિયું ઘડીને મજૂરી કરનાર પુરુષ.

પેટ્રિગ્રા [અં.] ન. ચિત્ર; ચિત્રકામ.

પેટી ૧. સ્ત્રી. અમુક અન્નનો પેટીમાં માવ નેટલો અન્નનો.

૨. સ્ત્રી. એક જાતનું વાજિંત્ર; 'હાર્મોનિયમ.'

૩. સ્ત્રી. ચૂનો આપવાનું પીપ જેવડું માપ.

૪. સ્ત્રી. છાતી અને પેડુના વચ્ચેનું સ્થાન.

પેટી કમાવવી = સંભોગ કરવો.

૫. સ્ત્રી. છાતી ઢંકાય અને ચપટ જેવું આવે એવું બાંય વગરનું બદન; છાતીને પેટીના જેવું રક્ષણ આપે એવો એક જાતનો કબજો.

૬. [સં.] સ્ત્રી. ધાતુ કે લાકડાનો ઉપાડવાને લાયક અને અંદર સરસામાન મુકાય એવો બાટ; મજબૂત; કોઈ મૂલ્યવાન માટે કરાતી એક બનાવટ.

પેટી જેવું = બારે ભાલુથી બંધ કે સુરક્ષિત.

૭. સ્ત્રી. પક્ષીને ઊડતાં શીખવતી વખતે બાંધવામાં આવતી દોરી; ફુલફુલને હાથ ઉપર બેસાડવા માટે તેની કમર ઉપર બાંધવામાં આવતી દોરી.

૮. સ્ત્રી પટો; કમરબંદ.

૯. સ્ત્રી. ફટાકડાની ઘૂમની ચોમેર ગોળ ગોપેટી બનાવવામાં આવતો આકાર.

૧૦. સ્ત્રી. ઓજોના ક્રમમાંનો સળ નીચેની લાંબી પટી; બંબઈના પેટનો બોબલાની નીચેનો ભાગ.

૧૧. સ્ત્રી. હજામની સિસમલ; હજામની બધો વગેરે રાખવાની પેટી; હજામનું તેનાં સાધનો રાખવાનું સાધન.

૧૨. સ્ત્રી. હાથે પહેરવાનું પુરુષનું એક જાતનું ઘરેણું.

પેટીબજર ન. પેટી જેવી બજર માટેની સવડનો બનાવટ; 'ક્રેમોડ.'

પેટીવાજું ન. એક જાતનું હાથે વગાડવાનું વિલાયતી વાજું; 'હાર્મોનિયમ.'

પેઠુ ન. હલાલ કરેલ જનાવરની ઓઝરી.

પેડું ૧. ન. કોઈ પણ ચીજનો વચ્ચેથી પોલો કે કુંડની પેઠે ઊપસેલો ભાગ

પેડું નીકળવું = પેટ કે તેના જેવો વચ્ચેથી ઊપસેલા જેવો ભાગ નીકળવો

૨. ન. જમા રકમો અંદરથી દબાતી લખી હોય તે ઠેકાણું.

૧. પેટામાં લખવું = પેટા વિભાગ કે પેટા ખાનામાં લખવું.

૨. પેડું પૂરવું = હિસાબમાં કરેલો પેટા વિભાગ રકમમાથી બંધ કરવો.

૩. પેડું પડવું = હિસાબમાં પેટા વિભાગ કરવો.

૩. ન. ખાનનો વચલો ભાગ.

૪. ન. પરિમંડળમાંનું એક અંગ કે ભાગ; ઘટક; અવયવ; મોટી ચીજની અંદર ઘડાતો ભાગ કે અંદા; એક મોટાની અંદર જે નાનાં નાનાં આવી જાય તે દરેક.

૫. ન. પેટી. તિરસ્કારમાં બોલાય છે.

૬ ન. મોટી રકમની વિગતમાં જે નાની રકમો હોય તેમાંની દરેક.

૭. ન. સમાસના પૂર્વપદ તરીકે ગૌણ, અંદર સમાતું એવા અર્થમાં વપરાતો શબ્દ.

૮. ન. સાડું; બદલો.

પેડુ [હિં] વિ. બહુ ખાનાર; અક્ષરાતિયું; ભૂખડું; ખાઉધરૂં.

પેડું (પેડું) વિ. સ્વાર્થી; મતલબી; પોતાનું દિલ જોનારૂં.

પેટ્ટ ૧. ન. ખાતે; હિસાબે.

૨. ન. વતી; બદલે; સારૂ, બદલામાં; અવેજમાં; પેટામાં.

૩. ન. સંબંધે; બાબતમાં

પેટંટ ૧. [અં.] ન. સનદ. કોઈ આવિષ્કારકથી આવિષ્કારના સંબંધમાં સરકાર દ્વારા રજિસ્ટર કરી તેની સહાયતાથી આ આવિષ્કારક તેના આવિષ્કારનો આર્થિક લાભ ઉઠાવી શકે છે. બીજા કોઈને તેની નકલ કરી આર્થિક લાભ લેવાનો અધિકાર નથી. નવા પ્રકારનાં યંત્રો, યુક્તિઓ કે ઔષધિઓ આદિના સંબંધમાં આ રજિસ્ટ્રેશન થાય છે. આ રજિસ્ટરથી તે આવિષ્કાર ઉપર માત્ર એક આવિષ્કારકનો જ અધિકાર રહે છે.

૨. વિ. દફ્તરે નોંધાયેલું; રજિસ્ટર થયેલું; પેટન્ટ.

પેટો પું. (કચ્છી) અંદરનું રહસ્ય.

પેટોડિયો (પેટોડિપો) પું. (કચ્છી) પેટ માટે રહેલો પુરુષ; પેટવડિયો.

પેટ્રન ૧. [અં.] પું. એક માનવાચક હોદ્દો.

૨. પું. સંઘ કે સંસ્થામાં અમુક સારી મદદ આપનાર સભ્ય,સંઘ.

૩. પું. સંરક્ષક; પૃષ્ઠપોષક; સરપરસ્ત; મુરબ્બી; આશ્રયદાતા.

પેટ્રલ [અં.] ન. એક જાતનું દરિયાઈ પક્ષી. તે ઉત્તર મહાસાગરમાં વધુ જોવામાં છે. સમુદ્રનાં મોજાં સાથે તે આમ તેમ ગબ્બત કરે છે. તેના શરીરમાં એટલું બધું તેલ હોય છે કે કેટલાક આદમના લોકો તેના શરીરમાં માત્ર દિવેટ ખાલી તેનું કોડિયું બનાવે છે.

પેટ્રાર્કશાઈ પું. કાવ્યનો એક પ્રકાર. સોનેટના મુખ્ય બે પ્રકાર છે: પેટ્રાર્કશાઈ અને શેક્સપિયરશાઈ. આ પ્રકાર તેમની રચનાને અંગે છે. બંનેની રચના ભિન્ન છે. પેટ્રાર્કશાઈમાં અષ્ટક અને ષટ્ક એવા બે ભાગ પાડવામાં આવે છે. આઠ પંક્તિ પછી વિચારમાં કે ભાવમાં પલ્ટો આવે છે અને બાકીની ૬ પંક્તિમાં વિકાસ પામી આખા કાવ્યને એક વિચારમાં સાંકળે છે.

પેટ્રિશિયન પું. રોમમાં પ્રજાના બે મોટામાં વર્ગ. રાજા અને રાજકારણમાં સંબંધ છે તે: રોમમાં પ્રજાસત્તાકની શરૂઆતમાં આંતરિક વ્યવસ્થા માટે મહાન મુરબ્બીઓ ઊભી થયેલી હતી. રોમમાં પ્રજાના બે વર્ગ હતા: એક વર્ગમાં સંપૂર્ણ રીતે નાગરિક સ્વાતંત્ર્ય ભોગવતા પ્રજાજનો હતા, જેને પેટ્રિશિયન્સ કહેવામાં આવતા, બીજા વર્ગમાં નાગરિકતાના અધૂરા હક્કો ભોગવતા પ્રજાજનો હતા, જેને પ્લેબીઅન્સ કહેવામાં આવતા.

પેટ્રોમેક્સ [અં. પેટ્રોમેક્સ] સ્ત્રી. પેટ્રોલથી સળગાવેલી, કેરોસીન તેલથી બળતી બત્તી

પેટ્રોલ ૧ સ્ત્રી. પહેરો; રક્ષણ માટે સિપાઈઓનું ટહેલવું તે.

૨. સ્ત્રી. પહેરો ભરનારી ટુકડી.

૩. [અં.] ન. મોટરમાં વપરાતું એક બનીજ તેલ. અમેરિકામાં તેને ગેસોલિન અને ફ્રાન્સમાં એસેન્સ કહે છે. તે રંગે મેરા લીલાથી કાળા રંગનું હોય છે. પેટ્રોલ બાષ્પમાંથી નીકળતાં બખ્બર વગેરેમાંથી છૂટું પાડવામાં આવે છે. કૂડ ઓઇલમાંથી પેટ્રોલ બળવા મોટર સિમરિટ કાઢવામાં આવે છે. તે ઉપરાંત તેમાંથી પેરફિન, મીણ, બાળવાના ઉપયોગમાં લેવાતાં તેલ અને ગ્રીસ કાઢવામાં આવે છે. કોલસામાંથી તેલ બનાવવાની પ્રવૃત્તિ હમણાં ચાલુ છે. જર્મનિ વગેરે દેશો તેમાંથી પેટ્રોલ તો બનાવે છે જ. તેમાંથી નીકળતાં પ્રવાહિક એસિડ બેકેલાઈટ વગેરે બનાવટ ઉપયોગમાં આવે છે. બેકેલાઈટમાંથી બધા પ્રકારનાં વાસણો બનાવવામાં આવે છે. અમેરિકાએ તો બેકેલાઈટનું વિમાન પણ બનાવ્યું છે.

પેટ્રોલાઈન [અં.] ન. એક જાતનું બનિજ તેલ.

પેટ્રોલિયમ [અં.] ન. વાસલેટ; વાસલેન; કેરોસીન; જમીનની અંદરના બહકોમાંથી મળતું એક જાતનું બનિજ તેલ.

પેઠ ૧. સ્ત્રી. બજાર.

૨. સ્ત્રી. કૂંડી ખોદાઈ બનાવી બીજી વાર બાંધેલી કૂંડી.

૩. [સં. પીઠિકા] ન. બાંધકામ; રીતે; ચેઠ; પ્રમાણે; જેમ.

પેઠણ ૧. ન. એ નામનું ગામ.

૨. ન. પેઠણ; કરાર; બોલી; સાટું.

૩. વિ. પેઠણ ગામનું.

૪. [સં. પીઠિકા] ન. બાંધકામ; રીતે; જેમ.

પેઠમ ન. ની પેઠે; બાંધકામ; જેમ; રીતે; જેવું; પ્રમાણે; સમ.

પેડા [હિં.] સ્ત્રી. ખોળું કોળું. તેનું વજન ૧૦થી ૧૨ શેર હોય છે. પાક તથા શાક બનાવવા માટે તે ઉપયોગમાં લેવાય છે. તેનાં બી જંતુમ હોવાથી આંતરડાંના કૃમિ માટે અપાય છે. ફળ ધાતુપરિવર્તક છે. ફળનો રસ સુજન રોગ, મંદવાયુ, મૂત્રી વગેરેમાં અપાય છે.

પેઠું ૧. ન. એક જાતની વનસ્પતિ.

૨. ન. એ નામની વનસ્પતિનું ફળ. તેનો મુરબ્બો તથા પાક થાય છે.

૩. [સં. પ્રવિષ્ટ; પ્રા. પવિટ્ઠ] વિ. પેઠેલું; પેસવાનું ભૂતકૃદંત.

પેઠે ન. બાંધકામ; જેમ; રીતે; મુજબ; પેઠે; પ્રમાણે; સરખું હોય તેમ; સમ; જોડે.

પેડ (પેડ) ૧. [હિં.] પું. ઝાડિયારણ; ભૂતકારણ.

૨. પું. (કચ્છી) જોડિયો સાપ.

૩. સ્ત્રી. ભચું; સમૂહ; મંડળી.

૪. સ્ત્રી. ઝાડ; વૃક્ષ.

પેડ લગાવણી = ઝાડ રોપવું.

૫. સ્ત્રી. લાંબી સાર વિનાની વાત; પરચ; ગપ.

૬. [અં. પેઇડ] વિ. ચૂકવી દીધેલું; ભરપાઈ થયેલું.

૭. વિ. જેનું ભરપાઈ, કર વગેરે ચૂકવાઈ ગયેલ હોય એવું.

પેડક [અં. પેડક] ન. ખોડાનો વાડો.

પેડકારી સ્ત્રી. એક જાતનું ખૂંખાર માંસાદ પ્રાણી. તે દક્ષિણ અમેરિકામાં રહે છે. પૂછડીને ઠેકાણે તેને ચાર માંસની ગાંઠ હોય છે. સાપને અને શિકારી કૂતરાઓને તે મારી શકે છે.

પેડકો પું. (વહાણવટું) ભળતો.

પેડલ ૧. [અં. પેડલ] ન. સાઇકલ ફેરવવા માટેનું આધાર; સાઇકલનો એક ભાગ. તેને પગના જોરથી ફેરવવામાં આવે છે.

૨. ન. ઢસેલું; ચાટલો.

પેડલબોટ [અં. પેડલ બોટ] સ્ત્રી. હલેસાં વડે હંકારવાની બોટી.

પેડલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે પાક બનાવવા માટે ઉગાડવામાં આવે છે. તે હલકી જાતની જમીનમાં ઊગે છે.

પેડવું (પેડવું) સ. ક્રિ. પીસવું; નિચોવવું; ઢાબવું.

પેડા (પેડા) ૨. પું. ૧.૪ માવા અને ખાંડથી બનતી એક જાતની મીઠાઈ.

૨. પું. ૧.૪ લોટના લોંદા.

૩. સ્ત્રી. ખમીર; લોદી.

૪. સ્ત્રી (કેન) મિશ્રણનો એક પ્રકારનો અભિપ્રાય; પેટીને આકારે આરે દિશામાં આરે ખૂણે મોજરી કરવાની સાધુની પારણા.

૫. [સં.] સ્ત્રી. મોટી પેટી.

પેડાર ન. એક પ્રકારનું ઝાડ.

પેડાડું ન. બકરીની ખાંડ.

પેડાં ન.બ.વ. લોખાં; દહીં જમાવવાનાં માટીનાં વાસણ.

પેડી (પેડી) ૧. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૨. [હિં.] સ્ત્રી. એક વખત કાપેલો મળીનો ભાગ.

૩. સ્ત્રી. ઝાડનું થડ.

૪. સ્ત્રી. પહેલાં બેમાં તૈયારી વાવવામાં આવી હોય અને પછી બન્ને કે ઘણી વાવવામાં આવે તેવું ખેતર.

૫. પું (કચ્છી) પીર વગેરેની માનતાનું ભોજન.

૬. સ્ત્રી. ઢળાઉ ઝાડ માટે ખેડૂતો જમીનદારને આપે તે કર.

૭. સ્ત્રી. શરીરનો ઉપલો ભાગ; ધડ.

પેડુ ૧. ન. મર્માંગ્રય.

૨. ન. ટૂંટીની નીચેનો પેટનો ભાગ; નાભિ અને મૂત્રેંદ્રિય વચ્ચેનો ભાગ.

૧. પેડુ ફાટવું = (૧) બહારો ચડવો. (૨) પેટમાં વહાવું; ચૂંક આવવી.

૨. પેડુની આંચ = ઓની વિષયવાસના.

પેડું (પેડું) ૧. ન. એક જાતનું ઘાસ. તે જમીન ઉપર ચૂમડાની જેમ પથરાયેલ હોય છે. તેમાંથી નાની સળી નીકળી ઉપર ત્રણ પાંખડાંવાળી ચમરી નીકળે છે.

૨. ન. ગુહ્યેંદ્રિયની ઉપરનો ને પેટની નીચેનો ભાગ; કૂદી નીચેનો પેટનો ભાગ.

૩. [સં. પેટક; પ્રા. પેડઅ] ન. ટોપલું; સમૂહ.

૪. ન. દૂધ કે દહીં ભરવાનું માટીનું વાસણ.

૫. ન. ભાવૈયાનું ટોપલું.

પેડો (પેડો) ૧. પું. એક જાતનું વહાણ.

૨. પું. પિંડો; લોંદો.

૩. પું. માવાની બનાવેલી એક જાતની મીઠાઈ.

૪. [સં. પિઠર; પ્રા. પિઢર] પું. રાંધવા માટે વપરાતું મોટું વાસણ.

પેઢ ન. કુંભારનું ચાકડું.

પેઢલી ૧. સ્ત્રી. ઘરનો ઊંચો ભોંયતળિયાનો ભાગ; મકાનમાં સામાન રાખવા માટે બહેને આગે પછીતને અડીને કરવામાં આવતો નાનો ઓટો.

૨. સ્ત્રી. છાજલી; 'શેલ્ફ'.

૩. ન. પેઢું; અવાળુ.

પેઢલું ૧. ન. પેઢું; દાંતનું મૂળ; અવાળુ.

૨. વિ. જિ. ઢળવું.

પેઢાન જુઓ પેઢાલ.

પેઢાં ન. બ. વ. દાંત આવતા પહેલાં અને દાંત પડી ગયા પછી રહેલો ઘોડાની નાળના આકારનો માંસની કિનારવાળો મોંમાંનો હાલવા ચલવવાનો અવયવ; દાઢો અને દાંતના મૂળ આગળની માંસની પેશીઓ.

પેઢી ૧. સ્ત્રી. વંશપરંપરાનું પગથિયું; વંશાન્વય; પુરુષપરંપરા; કુટુંબપરંપરા; વંશ; એક પછી એક વંશનો ચઢતો અનુક્રમ.

૧. પેઢી ઊપડી જવી-તૂટવી = (૧) નિર્વંશ જવું. (૨) ચેટાએ દેવાળું કાઢવું.

૨. પેઢી ઉપર જવું = દત્તક લેવાવું.

૨. સ્ત્રી. વેપારીની કોઠી.

૩. [સં. પીઠ; પ્રા. પીઢ] સ્ત્રી. શરાફની દુકાન.

૪. સ્ત્રી. સીડીનું પગથિયું.

પેઢીઆગત ૧. વિ. પેઢીઉતાર આવેલું; પેઢીથી ઊતરી આવેલું; આનુવંશિક; પેઢી દર પેઢી ચાલ્યું આવતું હોય તેવું.

૨. ન. પેઢીની પેઢી સુધી; અનેક પેઢી સુધી; પેઢી દર પેઢી.

પેઢીઉતાર જુઓ પેઢીઆગત.

પેઢીગત જુઓ પેઢીઆગત.

પેઢીજાત જુઓ પેઢીઆગત.

પેઢીજૂનું વિ. ઘણા વર્ષનું; પેઢી દર પેઢીથી ઊતરી આવેલું.

પેઢી દર પેઢી ન. દરેક પેઢીએ; પેઢીઉતાર; વંશપરંપરા; એક પેઢીથી બીજી પેઢી સુધી.

પેઢીધર જુઓ પેઢીઆગત.

પેઢીનામું ન. વંશાનુક્રમનો લેખ; વંશપત્ર; વંશાવળી; વંશવૃક્ષ; વંશચરિત્ર.

પેઢીપંચક ૧. વ. પેઢીનો નાશ કરનાર માણસ.

૨. ન. વંશનિકંદન; પેઢી નાશ પામવી તે.

પેઢીવંચો પું. આરોહ; ઓઢીવંચો.

પેઢીવાલા ૧. સ્ત્રી. હલમની એ નામની એક જાત.

૨. વ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પેઢું ન. દૂંટીની નીચેનો પેટનો ભાગ; પેડુ.

પેઢૂ [હિ.] પું. મલીદામાં; પેઢું.

પેઢું [સં. પીઠક; પ્રા. પીઢઅ] ન. દાંતનાં મૂળ હાંકતો ભાગ; અવાળુ.

પેઢો [સં. પ્રવિષ્ટ] પું. ઓટો; પગથાર; ઓટલો.

પેણ ૧. પું. (કચ્છી) પાણ.

૨. સ્ત્રી. ન. પગરખાંની.

૩. ન. એક જાતનું પક્ષી. તેને લાંબી લાંબી અને પહોળી પાંખ હોય છે. તે દરિયાકિનારે, નદીકાંઠે તથા સરોવર પાસે રહે છે. નર તથા માદા બંને દેખાવ અને કદમાં સરખાં હોય છે. તેનાં પીંછાં ચમકતા જાંબા સફેદ, માથાનાં અને ગળાનાં પીંછાં ટૂંકાં અને વાંકડિયાં, માથે નાની કલગી અને ગળાની નીચે જૂરી વાળ હોય છે. હિંદુસ્તાન, સિલોન, બલોચિસ્તાન અને પૂર્વના દેશોમાં જ્યાં જ્યાં પુષ્કળ પાણી હોય છે, ત્યાં આ પક્ષી જોવામાં આવે છે. પેણ એ જળચર પક્ષી છે અને જ્યાં જ્યાં માછલીઓ પકડવા પાણીનો જથ્થો હોય, ત્યાં ત્યાં તે રહે છે. કેટલીક વખત એકલું અને કેટલીક વખત ટોળામાં આ પક્ષી જોવામાં આવે છે. જમીન ઉપર તે ભાગ્યે જ જોવામાં આવે છે, કારણ કે તે બહુ કઢંગી રીતે ચાલે છે, પણ પાણીમાં સુંદર રીતે તરે છે. તેનો ખોરાક માછલી છે, પણ માછલીને તે ફૂલકી મારીને નથી પકડતું, મરણ કે ફૂલકી મારી જ નથી શકતું. પણ તેનાં નીચલાં જડબાંથી તે સપરક્ષ મારે છે. આ નીચલા જડબા નીચે ઉપલ્યાની સ્થિતિસ્થાપક કોથળી હોય છે કે જે ચાદરની જાળનું કામ સારે છે. જ્યારે ટોળામાં હોય ત્યારે આ પક્ષીઓ પાણીમાં હારબંધ જેમાં રહે છે, પાણી ઉપર પાંખો ફફડાવીને માછલીઓને છીછરા પાણીમાં ધકેલે છે અને પછી પકડી લે છે. ચોંચ વાંકી રાખીને આ પક્ષી સુંદર રીતે ઝીલે છે. હસની માફક તે કેટલીક વખત પગે ઊંચે પણ સફર કરે છે. એક વખતે તેની માદા ત્રણ ઈંડાં મૂકે છે. તેની લાંબી લાંબ નીચે કોથળી જેવું કંઈક લટકતું હોય છે, જેમાં તે પક્ષી પોતાના ભવિષ્યના ખોરાક માટે માછલીઓ સંઘરી રાખે છે. તેને બહુ જ મોટી પાંખો અને ઝળપટ હોય છે.

પેણકોરો પું. (કચ્છી) પાણકોરું.

પેણી સ્ત્રી. પૂરી, ભજિયાં વગેરે તળવાનું તાસોચ જેવું લોઢા, પિત્તળ કે તાંબાનું વાસણ; કડાઈ, કટાહ; તાવડી; લોઢિયું; કડાયું; તવા.

પેણો પું. મોટી પેણી; તાવડો; કટાહ.

પેતપરપુ ન. (જૉદ) ખુદક નિકાયના પંદર ગ્રંથોનો એક વિભાગ. તેમાં ભરહુપુરાણની જેમ સ્વર્ગ, નરક અને પ્રેત સંબંધી હકીકત આપેલી છે.

પેતર પું. ભરોસો; વિશ્વાસ.

પેતિયા ન. (જૈન) રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્તસૂરિજીએ સંવત ૧૧૬૭માં સ્થાપેલું ઓસવાળ વંશનું એ નામનું એક ગોત્ર.

પેતી સ્ત્રી. (કચ્છી) પેટી.

પેતો [સં. પ્ર (આગળ) + ઈ (જવું)] પું. મરેલા માણસનો અસદ્‌ગતિ પામેલ આત્મા. તે એક વર્ષ સુધી આ દુનિયામાં ફર્યા કરે છે તેમ મનાય છે.

પેત્ત ૧. [સં.] ન. અમૃત.

૨. ન. ઘી.

પેથડરાસ (પેથડરાસ) પું. જૂના ગુજરાતી સાહિત્યનું એ નામનું એક પુસ્તક.

પેથરો પું. પૌત્ર; દીકરાનો દીકરો.

પેથા ન. સફેદ કોળું.

પેથાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબી અને કડિયાની એ નામની એક જાત.

૨. વ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પેથો પું. નામ નહિ જણાવેલો માણસ; અનિશ્ચિત વ્યક્તિ.

૧. પેથો કરવો = ઘૂંસું ગર્ભ જવું.

૨. પેથો મારવો = હાથ મારવો; લંટ ચલાવવી.

પેનોલાઈ જુઓ પેનો.

પેઢ ૧. સ્ત્રી. ક્રમ કરતી મનુષ્યની કાર્ય કરવાની શક્તિને વેગ કરી નાખવી તે; ફૂલ; થાકી નાખવું તે; કમજોર થઈ જવ એવી મહેનત લેવી અથવા બેવરાવવી તે; કમ્પરણાનુ.

૨. સ્ત્રી. ગેરવ્યવસ્થા.

૩. સ્ત્રી. પગની શક્તિ; શરીરબળ.

૪. [સં. પર્ધ] સ્ત્રી. વાસંવાર; પાઠ.

પેઢર ૧. પું. એક પ્રકારનું જાડુ મોટું જંગલી વૃક્ષ. તેનાં પાન દર વરસે ખરી જાય છે. તેનું લાકડું અંદર સફેદ અને મજબૂત હોય છે. તેનાં મેજ, ખુરસી, અલમારી અને હોડી બનાવવામાં આવે છે, તેમ જ ઇમારતના કામમાં પણ તે વપરાય છે. તેનાં પાન અને ફૂલ ઔષધિ તરીકે વપરાય છે. તે મદ્રાસ અને બંગાળમાં વિશેષ થાય છે.

૨. [સં. પિદર] પું. બાપ; પિતા.

અમે બાળકો, તમારો પેઢર કોણ છે ? નૂરમોહમ્મ

પેઢરપે જ. ઢળવે ઢળવે; ધીમે ધીમે.

પેઢરી [સં. પિદરી] વિ. પિતા સંબંધી; બાપીકું.

પેઢરૂબઝાર સ્ત્રી. બજારના અને ઊંટના પેટમાંથી નીકળતી ચુમારે ઈંડાના કદ જેવડી, રંગે કાળી લીલી, એક ઉપર એક જોવાં પડવાળી મોરોબન જેવી કાંકરી. તે કહની બાધિમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે, તેમ જ અજીર્ણ અને કોઝળિયામાં પણ વપરાય છે. ધાતુવર્ધક તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.

પેઢરૂબઝાર નામની કાંકરી બકરાના પેટમાંથી નીકળે છે. ત્રિલોચન શાહ

પેઢલ જુઓ પેઢળ

પેઢળ ૧. ન. પગે ચાલનારું દળ કે લશ્કર; પાયદળ.

૨. વિ. પગપાળું; પગે ચાલનારું.

૩. જ. પગે ચાલીને.

પેઢા ૧. વિ. કમાયેલું; મેળવેલું; પ્રાપ્ત કરેલું.

૨. વિ. નવું આવેલું; માલૂમ પડેલું કે જોયેલું.

૩. વિ. નવું બનેલું; ઊપજેલું; ઉદ્‌ભવેલું; જન્મેલું; ઉત્પન્ન.

સ્ત્રીઓ કાયમ આવી જ રહ્યા કેરાની સર્વદા,
સ્ત્રીઓએ વીર પુરુષો પેદા કર્યા સ્વદેશમાં.
બાપુજીગીતા

૧. પેદા કરવું = (૧) ઉત્પન્ન કરવું; નવું ઉપજાવવું; જન્માવવું. (૨) કમાવું; રળવું; લાભ મેળવવો; ઉપાર્જન કરવું. (૩) હાજર કરવું; રજૂ કરવું.

૨. પેદા થવું = (૧) જન્મવું. (૨) મેળવવું.

૪. વિ. બનાવેલું; તૈયાર કરેલું.

પેદાગર વિ. કમાઉ; કમાઈ કરી શકે એવું; રળતું.

પેદાગરું જુઓ પેદાગર.

પેદાવશ ૧. સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ.

૨. સ્ત્રી. કમાઈ; આવક.

૩. સ્ત્રી. પાક; ઉત્પન્ન.

૪. [સં. પૈદાયિ] સ્ત્રી. પેદા બનેલું કે કરેલું તે, ઉપજ; પેદાશ.

૫. સ્ત્રી. લાભ; નફો; આવેલું તે.

પેદાવાર જુઓ પેદાવશ.

પેદાવારી જુઓ પેદાવશ.

પેદાશ જુઓ પેદાવશ.

પેદાશકર પું. જમીનપત જમવા કમાઈ ઉપરનો કર.

પેદુ [સં.] પું. એક નાગ એક રાજા.

પેદુ જ. પ્યાદું; ચેસરમતમાં પગા કે સિપાઈનું મોરું.

પેદુલબજાર જુઓ પેદરૂબઝાર.

પેધવું ૧. અ. ક્રિ. કોઈ ને જ પ્રકારે એ રીતે આદોશ બની જવું

૨. અ. ક્રિ. જોર કરવું; જોરમાં આવવું; ઘાટવું; વારવું; અભિમાની થવું.

૩. અ ક્રિ. ટેવાવું; આદત પડવી; ટેવ પડવી; પગવું.

૪. અ. ક્રિ. પરિચિત થઈ જવું; લાગ મળવાથી ફાવવું; સહેલું કે સુગમ પડી જવું.

પેધાડવું (પેધાવવું) સ. ક્રિ. પેધે તેમ કરાવવું.

પેધું ૧. ન. કોઈ કામ કે લાભ લઈ જવાની આદત; પેધવું તે; વારંવાર લાભ લઈ જવાનું સહેલું પડી જવું કે સુગમ લાગી રહેવું તે; ટેવ; લગ્નો.

પેધું પડવું = (૧) લાભ લેવાની કે સહેલથી કામ કાઢી લેવાની ટેવ પડવી. (૨) વારંવાર લાભ લેવા આવવા થવું.

૨. વિ. પેધેલું; પેધું.

૩. વિ. સરળ; સહેલું.

પેન ૧. સ્ત્રી. અંદર સાહી ભરી રખાય એવી એક જાતની કલમ કે લેખણ; 'ફાઉન્ટિન પેન.'

૨. સ્ત્રી. ઘોડાને પગે બાંધવાની ઝાંઝરી; ઘોડાને પાછલે પગે બાંધવાની દોરી.

૩. સ્ત્રી. કાટની ઉજાણી. ઘોડાં બાવુસો મળે ને કાટની ઉજાણી કરે તેને પેન દીધી કહેવાય છે.

૪. [અં.] સ્ત્રી. પથ્થરપાટી ઉપર લખવાની પથ્થરની સળી; પથ્થરપેન; પતરણું.

૫. જ. એક જાતનું ઝાડ. તેનું લાકડું મજબૂત હોય છે.

૬. જ. એક જાતનું લાલ રંગનું લાકડું.

૭. જ. દરદ; દુખાવો; પીડા; બાધિ.

પેનકિલર [અં.] વિ. દરદને મારી નાખનાર; દરદનો નાશ કરનાર.

પેનક્રીઆસ [અં.] જ. પાચક રસ ઉત્પન્ન કરનારી ગ્રંથિ. આ રસથી અરબીનાઓ ખોરાક આંતરડામાં પાચન થાય છે.

પેનગંગા સ્ત્રી. એ નામની મહારાષ્ટ્રની એક નદી. પેનગંગા, વાઈનગંગા અને વર્ધા મળીને પ્રાણહીતા નદી બને છે અને તે ગોદાવરીને મળે છે.

પેનગ્વિન [અં.] જ. એક જાતનું પક્ષી. તે ઠંડા પ્રદેશમાં જોવામાં આવે છે. તે ઊંચે ઊડી શકતું નથી, પણ તે પાંખોનો ઉપયોગ હલેસાની માફક કરે છે. તે પોતાનાં બચ્ચાંને ઘવરાવવા તથા ઊંઘવા માટે જ જમીન ઉપર આવે છે. દરિયામાં તે ઘણું છે. તેના પગ શરીરના પાછલા ભાગમાં વધારે છે, તેથી તે ઊભું હોય તોપણ તે બેઠેલું જણાય છે.

પેનલ [અં.] સ્ત્રી. તકતી.

ઉપર નીચેની પેનલોમાં નાની પટ્ટીઓ વચ્ચે ચિત્રકામ આલેખવામાં આ શૈલીમાં બહુધા ઉપયોગમાં લેવાય છે. કૌમુદી

પેનલ્ટિ [અં.] સ્ત્રી. દંડ.

પેનલ્ટિએરિઅ [અં.] પું. ફૂટબોલની રમતમાં ગોલ બાઇનને ફાટબૂણે દોરેલ અઢાર વાર લાંબી બે લીટીઓ વચ્ચેની હદ.

પેનલ્ટિ કોર્નર [અં. પેનલ્ટિ કોર્નર] પું. હોકીની રમતમાં પોતાની બાજુ ઉપર પોતાના જ હાથથી દડો હદ બહાર કરી નાખવો તે.

પેનલ્ટિકૂલિ [અં.] પું. હોકીની રમતમાં એમાંથી એક પક્ષે કરેલ ભૂલ બદલ જે બચ્ચાએ ભૂલ થઈ હોય તે જ બચ્ચાએ રમત શરૂ કરતાં કરવામાં આવતી ક્રિયા ફરીથી કરવી તે.

પેનલ્ટિમાર્ક [અં.] પું. ફૂટબોલની રમતમાં ભૂલ માટેની નિશાની.

પેનસિલ ૧. સ્ત્રી. કલમ; પીછી.

૨. [અં. પેન્સલ] સ્ત્રી. સીસાપેન; કાગળ ઉપર લખવાની સીસાની પ્લમ્બેગો નામના પદાર્થની સળીની કલમ; પેન્સિલ. આ શબ્દ મૂળ તો નાનુંક પીંછીને માટે વાપરવામાં આવતો અને એ જ નામ તથા અર્થમાં હલકારો લાલ પણ વાપરી રહ્યા છે. ૧૬મા સૈકામાં કાગળની કલમો બનાવવામાં આવતી અને તેની અંદર સીસાની ધાતુની પેનસિલો મૂકવામાં આવતી. સને ૧૭૯૫ની સાલમા પેરિસમાં કોન્ટે નામના માણસે ગ્રેફાઈટ અને

મટોડીનું મિશ્રણ કરી લાકડાની કલમો બનાવી. આ પદ્ધતી ૧૭૬૧ની સાલમાં ન્યુરેમ્બર્ગમાં ફ્રેન્ચ ફ્રેક્ટરિની સ્થાપના થઈ હતી. હાલની પેનસિલોની બનાવટમાં ગ્રેફાઇટ તથા મટોડી સાથે મીણ મેળવવામાં આવે છે. શરૂઆતમાં ગ્રેફાઇટ નામની ધાતુનો જથ્થો કેમરલેન્ડમાં આવેલા બોરોડેઇલમાંથી મળતો હતો. પણ ૧૮૬૯ની સાલ પછી જ્યારે તે જથ્થો ખૂટી ગયો ત્યારથી તે સાઇબીરીઆ, ભાવેરીઆ અને યુનાઇટેડ સ્ટેટ્સમાંથી આવે છે. લાકડાની પેનસિલ બનાવવાની કલમો કે જે સીડર નામના લાકડામાંથી બનાવવામાં આવે છે તે હવોરીડાથી મગાવવામાં આવે છે. કોપિંગ પેનસિલોમાં ઓનીલાઇન પદાર્થો હોય છે અને બીજી રંગીન પેનસિલોમાં મીણ, ચોકનાઓનાં તત્ત્વો યોગ્ય રીતે મેળવવામાં આવે છે.

પેનસિલ પકવી-છોલવી-નું અણિયું કાઢવું = પેનસિલનો લાકડાનો ભાગ કાળ પડતો છોલી લખવાનું કુર્ણણિયું બહાર કાઢવું

પેનસી જી. એક જાતનો તરેહવાર ફૂલવાળો છોડ.

પેની ૧. [અં.] જી ઇંગ્લંડમાં ચાલતો એક નાનો તાંબાનો સિક્કો; તાંબાનો અંગ્રેજી આણો સિક્કો; શિલિંગથી બારમા ભાગની કીમતનો સિક્કો. હિંદમાં તેની કીમત લગભગ ત્રણ પૈસા જેટલી થાય છે.

૨. જી. (વહાણવટું) પાણીનો ચાલ્યો જેવો થોડોક ભાગ કરી રાખવામાં આવતું દોરું.

૩. જી. પાની; પૂંઠીની નીચેનો પાછળો માંસલ અવયવ.

પેની પગની ઘરી સુકાણી,
તેને મોક્ષ મુનિ સર્વે જાણી. પ્રેમાનંદ

૧. પાછી પેની કરવી = (૧) નાસી જવું. (૨) હિંમત હારવી; નાહિંમત થવું.

૨. પેની ઊંચી કરવી = પગ ઊંચો કરવો.

૪. જી. ઓટાની તળી; કુંડાઈ.

પેનીઢંક વિ. પગની પેની ઢંકાય એવડું; ઘૂંટણીનું.

પાય ઘૂંટણીનાં જ આણા કાપડના પેનીઢંક મોજાંનો ખોટલો છૂટી ગયો. મેઘાણી

પેનીવેઇટ [અં.] કું. એ નામે એક અંગ્રેજી વજન; પેનીના સિક્કા જેટલું વજન. તે લગભગ ૧૦ રતી જેટલું થાય છે.

પેનીસીલીન ન. એ નામની એક પ્રસિદ્ધ દવા. તે અનેક રોગ ઉપર અકસીર મનાય છે.

પેનુઅ ન. (જરથોસ્તી) મોઢા ઉપર બાંધવાનો ધોળા સૂતરનો કકડો.

પેન્જી ન. એક જાતનું ફૂલઝાડ.

પેન્ટ [અં.] ન. પાટવૂન.

પેન્ટેન ન. સીવવાના સંચામાં દોરો ઢીલો અથવા મજબૂત કરવાનું સાધન.

પેન્ડોલ કું. મંડપ.

ગાતાવસ સમિલ્લના પેન્ડોલમાં તેનું આમંત્રેલી વિસ્તરેલું ટીખળી કલન ચેલું. કુમાર

પેન્તેકોસ્ત ન. ઇસ્ટરના પછી પચાસમા દિવસે ખ્રિસ્તીઓમાંથી પાળવામાં આવતું પવિત્રાત્માનું પર્વ. તે દિવસે પવિત્રાત્મા ઈશુના પ્રેષિતો ઉપર અગ્નિની જ્વાલારૂપે ઊતર્યો હતો, જેથી તેઓએ ખ્રિસ્તી ધર્મમાં દીક્ષા લઈને ઈશુનું શિષ્યત્વ પ્રાપ્ત કર્યું અને પછી લોકો તે શિષ્યત્વ સ્વીકારી ઈશુના શિષ્યો બના.

પેન્શન [અં.] ન. નિવૃત્તિવેતન; જોડો પગાર; કોઈ માણસ અથવા તેના પરિવારને તેની પાછળી નોકરીની કદરમાં આપવામાં આવતી માસિક અથવા વાર્ષિક રકમ. જે હોદ્દેદારે કોઈ નિશ્ચિત સમય સુધી કોઈ એક રાજકીય વિભાગમાં કામ કર્યું હોય, જેને દુર્ઘટનામાં, નોકરીમાંથી છૂટા થવાથી કોઈ વૃત્તિ દેવામાં આવે છે અને તે વૃત્તિ પગારના અમુક ભાગ જેટલી હોય છે. વિભાગના કર્મચારીઓને તેમના મરી ગયા બાદ તેના પરિવારને અથવા કોઈ સ્વજનને છૂટી જોવાથી તે રાજકુળના લોકો અને તેના વંશજોને પણ અમુક પ્રકારની વૃત્તિ દેવામાં આવે છે. આ પ્રકારની વૃત્તિઓને પેન્શન કહેવામાં આવે છે.

પેન્શન લેવું-પર ઊતરવું-પર જવું = જોડો પગાર જોવો.

પેન્શનર [અં.] કું. પેન્શન મેળવનાર અર્થાત્ નિવૃત્તિવેતન લેનાર પુરુષ.

પેન્શનિયો લુચ્ચો પેન્શનર.

પેન્શનેબલ [અં.] વિ. પેન્શનને લાયક; નિવૃત્તિવેતન મેળવવા યોગ્ય.

પેન્સ [અં.] કું. ન. વ. ઇંગ્લંડના પેનીના સિક્કા.

પેન્સિલ [અં.] જી. સીસાપેન; પેનસિલ.

પેપચીલાવેલ (પેપચીલાવેલ) કું. ન. વ. કોઈ પણ વાતમાં બહુ પૂછપરછ કરવી કે નિરીક્ષણ કરવું તે; ચીકણાપણું.

પેપચીલું વિ. લપકી; ચીકણું; તેલ કે દ્રવમાંથી પોરા કાઢવાવાળું; કંજાસીલું; અવિચારુ; નકામી બહુ પૂછપરછ કરનારું.

પેપચું લુચ્ચો પેપચીલું.

પેપટોન [અં.] ન. શરીર માંહેનું એક પોષણકારક તત્ત્વ. જઠરમાં જઠરરસની રાસાયણી પાચનક્રિયા ચાલતાં નાઇટ્રોજનવાળા ખોરાકનું રૂપાંતર થઈ આ તત્ત્વ બને છે. તે શરીરને પોષણકારક થઈ પડતું મનાય છે.

પેપડિયા (પેપડિયા) ૧. જી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

પેપડી (પેપડી) જી. પીપર અથવા પીપળાના ઝાડનું ઝીણું ફળ. આ ફળ ઝાડમાં ઘોળ છે ત્યારે નાનાં ઝોકરાં આવ છે. તેનું ઝાડ તથા અથાણું થાય છે. પીપરનાં ફળ પાકે ત્યારે પેપા કહેવાય છે.

પડી પેપડીનો આધાર = કોઈના ઉપર આધાર રાખનાર; આળસુ.

પેપડીખાં (પેપડીખાં) ૧. વિ. પેપડી ખાનાર.

૨. વિ. નિમકહરામ; કૃતઘ્ન.

પેપડું (પેપડું) વિ. સ્ફૂર્તિ વગરનું; ઢીલું; પોચું; પેપું

પેપડો (પેપડો) કું. મુસળમોરની સ્ત્રિ.

પેપર ૧. [અં.] કું. કાગળ.

૨. કું. લેખ; નિબંધ.

૩. કું. સરકારી કાગળ: 'પ્રેસિડેન્સિ નોંધ.'

૪. કું.;ન પરીક્ષાનો પ્રશ્નપત્ર.

૧. પેપર કાઢવું = પ્રશ્નપત્ર તૈયાર કરવો.

૨. પેપર ફૂટ્યો = પ્રશ્નપત્ર અગાઉથી જણાઈ જવો.

૫. ન. છાપું; વર્તમાનપત્ર; સમાચારપત્ર; અખબાર.

૬. ન. દસ્તાવેજ, સનદ કે કોઈ લેખ લખેલ હોય એવો કાગળ.

પેપરકરન્સિ [અં.] જી. કાગળની નોટોનું ચલણ

પેપરટિકિટ [અં પેપર ટિકિટ] જી. કાગળ ઉપર લખી આપેલી મુલ્યપત્રિકા.

પેપરમેક [અં.] જી. કાગળની મોચણી.

પેપરમની [અં] ન. નાણા તરીકે ચલણમાં વપરાતી કાગળની નોટ.

પેપરમિંટ ૧. [અં.] જી. ઉગ્ર વાસવાળી એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. મીઠાઈમાં પણ તેનો ઉપયોગ થાય છે. ફળ ઉપર તે મૂકતાં મોઢામાં તીખાશ અને ઠંડકની લાગણી ઉત્પન્ન કરે છે. આખેઆખી તે ગળી જઈએ તો પેટમાં ગરમી થાય છે. તે ભૂખ વધારનાર અને પેટમાં આવતી ચૂંક દૂર કરનાર મનાય છે. તેના પાનનો ઉકાળો વાયુનો ગોળો, ગ્રહણી, ઊલટી અને નપુંસકત્વ મટાડનાર મનાય છે.

૨. સ્ત્રી. આંડની બનાવેલી આગની સ્વદેશિ રીતડી.

૩. ન. એ નામની વનસ્પતિમાંથી બનાવાતું તેલ. તે ૬૫ વજનનું કે પીગાસ પકતા લીલા કેમનું હોય છે. હવામાં રાખતાં તે ઘૂટે અને બગડે છે.

પેપરવેઇ [અં.] ન. કાગળ દબાવવાનું વજનદાર કાગળ દબાવવા માટેની વજનદાર વસ્તુ.

પેપરીફૂરી ન. એ નામનું એક ઝાડ. અરટીકિસી વર્ગનું આ ઝાડ છે. કેલુજરિમાં કટગિ વાળી નવાં ઝાડ કરાય છે. ખૂનમાં તેને સાલ કૂલ આવે છે. તે ૪૦ ફૂટ ઊંચું વધે છે. તે અંકોર જેવું જાડી વધનારું, સાધારણ ઊંચું બનાવું સુંદર ઝાડ છે ઉત્તર બર્માનાં જંગલોમાં આ ઝાડ ઊગે છે. તેની છાલના કાગળ થાય છે.

પેપલી [સં. અપૂપ] સ્ત્રી. ઘોકડું વણેલી ચોખાની પાપડી

પેટ વળ્યા ઉ કરમતી, કીનળુ બાંધે પેપલી.
અસિમન્યુ આખ્યાન

પેપલું વિ. ઢીલું; સ્ફૂર્તિ વિનાનું; નિર્બળ.

પેપસિન [અં.] ન. જઠરરસની અંદર આવેલું એક તત્ત્વ. તે ખોરાકને પિગળાવવામાં મોટો ભાગ ભજવે છે.

પેપાયરસ પું પપાયરી નામના ઝોડની છાલનો બનાવેલો કાગળ.

પેપારશી ૧. સ્ત્રી. ઇરજની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું બાજુસ.

૩. વિ. એ નામની બટકનું.

પેપીયમાન [સં.] વિ. વારંવાર પીવાનું.

પેપું ૧. વિ. અસહનશીલ; જરા વારમાં નંખાઈ જાય તેવું; થોડી પણ તકલીફ ન ઉઠાવી શકે તેવું; બરતલ નકિ તેવું.

૨. વિ. પેપા જેવું નરમ; નમાલું; સ્ફૂર્તિ વગરનું; ઢીલું; પોચું.

પેપો ૧. પું. આંખનો ચીપડો.

૨. પું. વેલ તથા પીપળાનું ફળ.

પેખંદુ વિ. જોતું; નજર કરતું.

પેમ [સં. પ્રેમન્] પું. પ્રેમ; સ્નેહ.

પેમક સ્ત્રી. સોનેરી જમવા રૂપેરી લેસ.

પેમગડઘાટ (પેમગટઘાટ) પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં આડાનો સંગમ થાય છે.

પેમચા [કિ.] પું. એક પ્રકારનું રેશમી કાપડ.

પેમલી સ્ત્રી. પ્રેમી સ્ત્રી; માશુક.

અભયણી તો એ છે કે આ વાતમાં પેમલા પેમલીની વાતો નથી. કૌમુદી

પેમલું ૧. વિ. આનંદમાં આવી ગયેલું; હરખાયેલું.

૨. વિ. પોમલું; પોપલું.

પેમલો પું પ્રેમી પુરુષ; આશક.

પેમા સ્ત્રી. ચાંદપુત્રા, ગંજા, ધ્રારાવડી તથા મુંબઈની બજારોમાં જોવામાં આવતી એક પ્રકારની માછલી. તેની લંબાઈ આઠ ઉંચની હોય છે.

પેમાઐશ ૧. [ફા. પૈમાયશ] સ્ત્રી. જમીનની માપણી.

૨. સ્ત્રી. માપ; પ્રમાણ.

પેમાન [ફા. પૈમાન] ન. વાયદો; મુદત ઉપર કરવાનું કામ.

પેમેંટ [અં.] ન. પૈસા ચૂકવવા તે.

પેમ્ફલેટ [અં.] ન. સૂચિપત્ર જેવાનિયું.

પેય ૧. [સં.] ન. દ્રાક્ષ; રાબડી.

૨. ન. દૂધ.

૩. ન. પાણી. જળ.

૪. ન. પી શકાય એવું બાલ.

૫. ન. પીવાનો પદાર્થ; પીણું; રસ, જેવી કોઈ પીવા જોગ વસ્તુ

૬. [સં. પા (પીવું)] વિ. પીવા યોગ્ય; પીવાનું; પીવા જેવું.

પેયણી સ્ત્રી. ઓરણી; ઓરવાનું સાધન; ચાવવું.

પેયલું જુઓ પેરલું.

પેયા ૧. [સં.] સ્ત્રી. નદી.

૨. સ્ત્રી. ઉકાળો; દ્રાક્ષ; ક્વાથ.

૩. સ્ત્રી. એક જાતનું ઘાસ.

૪. સ્ત્રી. ઓસામણ.

૫. સ્ત્રી. ચોખાની બનાવેલી એક જાતની લાપશી. તે કેટલાકના મત પ્રમાણે અગિયારમણા, કેટલાકના મત પ્રમાણે ચોદમણા અને કેટલાકના મત પ્રમાણે પદરમણા પાણીમાં પકાવી બનાવાય છે. તે સ્વેદજન્ય, અગ્નિજન્ય અને ક્ષુધા, તરસ, દુર્બળતા વગેરે મટાડનાર મનાય છે.

૬. સ્ત્રી. પીવાની રાબ.

પેયાપેય [સં. પેય + અપેય] વિ. પીવા જેવું અને ન પીવા જેવું.

પેરી સ્ત્રી. નાની ડોબળી.

પેરુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. સમુદ્ર.

૩. પું. સૂર્ય.

પેયૂષ ૧. [સં.] ન. અમૃત

૨. ન. તાજી વિયાયેલી ગાયનું પહેલા સાત દિવસનું દૂધ. તે સ્વાદમાં સારું હોતું નથી તેમ જ હાનિકારક મનાય છે.

૩. ન. તાજું ઘી.

પેરેરુ ન. જમરૂખનું ઝાડ; જમરૂખી.

પેર ૧. પું. પગ; ચરણ.

પેર વગરનો = પગ વગરનો; પગ ઉપાડવો; કરવા તત્પર થવું; કામે જવું.

૨. સ્ત્રી. ખબર; સમાચાર.

૩. સ્ત્રી. બાજુ; બાંધ.

૪. સ્ત્રી. હદ; મર્યાદ; રેખ.

૫. સ્ત્રી. તજવીજ; જોડવણ; યુક્તિ; તદબીર.

ભલા વિના થશે કીચલડી,
બાજુની કરને પેર કે. દાસ્ત

૬. [સં. પ્રકાર] સ્ત્રી. પ્રકાર; રીત.

૭. સ્ત્રી. પ્રહર; એક જાતનો ઓરોગ.

૮. સ્ત્રી. પ્રેમ; સ્નેહ.

૯. સ્ત્રી. વાવણી.

૧૦. [સં. પર્વન્] સ્ત્રી. સાંઢાની બે ગાંઠ વચ્ચેનો ભાગ; પેરાઈ; કાતળી.

૧૧. સ્ત્રી. સ્થિતિ; હાલત; દશા.

૧૨. સ્ત્રી. હદ.

૧૩. ન. જમરૂખ; જમફળ.

૧૪. ન. માર્ગ; રીતે; જેમ.

પેરચો પું. વહાણનો લાકડાનો કાંઠો.

પેરજ [સં.] ન. એક જાતનો મણિ; એક જાતનો હીરો.

પેરણ ૧. [ફા. પયરાહન] ન. જોથી પહેરવાનું સાદું ઝૂલતું ટૂંકી કાની જેવું વસ્ત્ર; અમીસ; પહેરણ; શરીરે પહેરવાનું ખૂલતું સાદું કપડું; સદરો; ઝભ્ભો.

૨. ન. પહેરવું તે.

પેરણી સ્ત્રી. એક જાતનું ઘરેણું.

પેરણું ૧. ન. કમ્મરેથી પહેરવાનું વસ્ત્ર; જેનાથી કમ્મર અને પગ ઢંકાય તે વસ્ત્ર.

૨. ન. પહેરવાનું લૂગડું.

પેરણામાં પેસી નીકળવું = અંતર જાણવું; ભીતરનો ભેદ જાણવો.

૩. ન. લંગોટ.

પેરપા ન. માટીનું મોટું વાસણ.

પેરપેર ૧. વિ. ગાબડે; વિદ્રૂપ; બેબાકળું.

જાણે મોહિની નાખી ત્યારે રામા થઈ પેરપેર.
કાવ્યસંગ્રહ

૨. ક્રિ. વિવિધતાપૂર્વક; જુદી જુદી રીતે.

પેરણ ૧. કું. પગ; પેર.
૨. સ્ત્રી. પેરવી; ગોઠવણ; યુક્તિ.
એહ જણી પેરણ મેલીઇ અલે.
સૌને અનાલે અણ ૧. નરસિંહ
૩. સ્ત્રી. સ્થિતિ; હાલત.

પેરણી [હિં.] સ્ત્રી. તાંત વૂણવાનો એક ભેદ. તેમાં અભિનય ઓછો અને અંગવિક્ષેપ અધિક હોય છે.

પેરવાઈ સ્ત્રી. પેરવી; તદબીર; યુક્તિ.

પેરવાવાડ (પેરવાવાડ) સ્ત્રી. શહેરમાં જ્યાં પેરવા એટલે મેવાવાળાઓની દુકાનો હોય તે હતો; મોરાસી બાંધેનું એક ચોકું.

પેરવી ૧. [જ્ઞા. પૈરવી] સ્ત્રી. તજવીજ; ગોઠવણ; યુક્તિ; સોઈ; તૈયારી.
૧. પેરવી કરવી = ગોઠવણ કરવી.
૨. પેરવીમાં રહેવું = ગોઠવણ થાય એમ કરતા રહેવું; તૈયારીમાં રહેવું.
૨. સ્ત્રી. તલાવડી; જલાશય; પ્રપંચ.
૩. સ્ત્રી. દરજીનો; પખાલિયું.

પેરવું ૧. સ. ક્રિ. કષ્ટ દેવું; સતાવવું.
૨. સ. ક્રિ. રસ કાઢવો.
૩. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.
બીજાં પીતાંબર પેરીયાં, કાને કુંડલ ઝલિઝલ સાર. પ્રેમાનંદ
૪. સ. ક્રિ. પ્રેરણા કરવી; અમુક કાર્ય કરવાને મતિ આપવી.
૫. સ. ક્રિ. ભોંકવું; ભેળવું.
૬. સ. ક્રિ. વાવવું; ઊગી નીકળવા માટે જમીનમાં અનાજના દાણા ભંડવા.

પેરવેશ ૧. સ. પહેરવાની છટા; પહેરવાની કળ કે રીત.
૨. સ. પહેરવેશ; પોશાક.

પેરવો [પ્રા. પેરઆ] પું. મેવાવાળો; મેસે, કુલ, ફળ વગેરે વેચનારો માણસ.

પેરશૂટ [અં.] સ. વિમાનમાંથી નીચે ઊતરવામાં વપરાતું છત્રી જેવું એક સાધન.

પેરશૂટિયો પું. પેરશૂટની મદદથી વાયુયાનમાંથી ઊતરનાર સૈનિક.

પેરા ૧. [હિં.] પું. દીવાલ, ઘર ઇત્યાદિ ચોગરદમ હોય એવી એક પ્રકારની પીળા રંગની માટી.
૨. પું. ચબરાક; સમજદાર.
૩. [અં.] પું. ફકરો; ફેદિઓ.
૪. [સં.] સ્ત્રી. એક જાતનું વાદ્ય.

પેરાઈ ૧. [સં. પર્વન્] સ્ત્રી. પેરી; ડાંગળી; શેરડી, વાંસ વગેરેના સાંઠાનો બે ગાંઠ વચ્ચેનો ભાગ.
૨. સ્ત્રી. વાવણી.

પેરામણી સ્ત્રી. પહેરામણી.

પેરાલ્યા સ. એક જાતનું કૃત્ય. તે મદુ વિરેચક છે. કાચું ફળ તથા મૂળની છાલનો ઉકાળો અતિસારમાં અપાય છે. તે મોરળિયામાં ઊલટી અને ઝાડા બંધ કરવા માટે અપાય છે. બીજનો ચૂર્ણ ગૂમડા ઉપર બાંધવાથી રૂઝ આવે છે.

પેરાવવું સ. ક્રિ. પહેરાવવું.

પેરાહન [જ્ઞા.] સ. પહેરણ; એક જાતનું અંગરખું.
તે પેખાઈયું એક સુરવાલ, એક પેરાહન અને એક ટોપિયો રાખતો હતો. નૂરે એલમ

પેરાહેરા પું. સિલોનના કૅંડી ગામમાં ઊજવાતો બૌદ્ધ ધર્મનો એક ઉત્સવ. આ શહેર અગાઉ સિલોનની રાજધાનીનું શહેર હતું. તેનું કુદરતી સૌંદર્ય પણ આકર્ષક છે. આ ગામમાં આવી કરીને બાજુ ખેંચે તેવું એક મંદિર છે. આ મંદિરનું નામ દલાદા મલિગાવા છે. તેમાં બુદ્ધ ભગવાનનો દાંત છે. તેના ઉત્સવમાં અંધો આકર્ષક ગણાતું સરઘસ નીકળે છે. આ સરઘસમાં બૌદ્ધ સાધુઓ, નાગનારાઓ અને સાર પછી સોનેરી લીલા પતાકોથી સજાવટવાળો હાથી આવે છે. આ હાથી ઉપર બોગા ઝાડીવાળો અને બોળાં કપડાં પહેરેલ એક કૅંડીનો સરદાર બેસે છે. સરઘસ પ્રારંભનો ચિક્કિત સરદારે જે પહો આપેલ છે, તે પહો આ સરદાર પોતાના હાથમાં રાખે છે. તેની પાછળ બીજો હાથી હોય છે. પહેલાની પાછળ આ હાથી સજાવટવાળો હોય છે. ટૂંકમાં એટલો કે પહેલો હાથી રંગમાં અને બીજો રાતા રંગમાં અલંકૃત હોય છે. સાર પછી બધા હાથીઓ આવે છે. તે પછી નાગનારા, વાજિંત્રો અને ઊંટો જેવું જાનવરોવાળા હાથીઓ આવે છે. જેવું માંહેનો વચ્ચેનો કેવળનો હાથી હોય છે. આ હાથીની આજુબાજુ માણસો ચોખા ઝરે છે. આ હાથી બધી સારી રીતે અલંકૃત કરેલ હોય છે. તેના ઉપર એક સુંદર અંબાડી હોય છે. તે અંબાડીમાં રત્નજડિત સુવર્ણમંજુષા અને તેમાં બુદ્ધ ભગવાનનો દાંત હોવાનું મનાય છે. આ દાંત ઉપલા જબડાનો રાખી છે. ૧૬૦૦ વર્ષ પહેલાં બુદ્ધની ચિતામાંથી તે અહીં લાવવામાં આવેલ. દર વર્ષે તેના માનમાં આ સરઘસ કાઢવામાં આવે છે.

પેરાં ૧. સ. બે ગાંઠ વચ્ચેનો શેરડીનો ટુકડો; પેરાઈ; કાતળી.
૨. સ. શેરડીનો ચાતરેલો સાંઠો. તે ગોસુમાં ક્રમાકાર કરનારને આપવામાં આવે છે.

પેરાંધી સ. (કચ્છી) બાટલાના પગ તરફના ભાગ તરફ.

પેરિકલીસ યુગ પું. એ નામનો એક ગ્રીક યુગ. ઈ. સ. પૂ. ૪૬૪થી ૪૨૯નો પેરિકલીસ યુગ એથેન્સના ઇતિહાસમાં સુવર્ણયુગ કહેવાય છે. આ સમયમાં ઉત્તમ કોટીના નાટ્યકારો, તત્ત્વચિંતકો, સંગીતકારો, સાહિત્યકારો, ગણિતશાસ્ત્રીઓ, ઔષધવેત્તાઓ અને યુત્પત્તિઓ તથા સજ્જનારી પુરુષો પાકી ગયા. પ્રજાતંત્રવાદનો પક્ષ ઘણો વિકસ્યો. રાજ્યને લગતું કામકાજ કરવા આવતા પ્રજાજનોને શક્તિ અને સમયનો ભોગ આપવા બદલ આર્થિક વળતર આપવાનો સિદ્ધાંત અમલમાં આવ્યો. રાજકારણમાં માત્ર પૈસાદાર અને કામકાજ વગરના માણસોને બદલે ગરીબ વર્ગના માણસો પણ રસ લેવા લાગ્યા. કોર્ટમાં હાજરી આપવા બદલ, ન્યાયકચેરીમાં કામકાજ કરવા બદલ તથા બીજું રાજકીય કામ કરવા બદલ આકર્ષણ નક્કી કરવામાં આવ્યું હતું. ટૂંકમાં આ સમયે એથેન્સ જગતસંસ્કૃતિના મોખરે હતું, તેનો પ્રજાતંત્રવાદ સંપૂર્ણતઃ ખીલ્યો અને પ્રજામાં સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃભાવના દૃઢાઈ.

પેરિયપુરાણ સ. તામિલ શૈવોનું એક જાતનું ધાર્મિક સાહિત્ય. આ મહાપુરાણમાં તામિલ પ્રદેશનો શિવભક્તોની મુખ્ય ૧૩ અને બીજી ૬૩ કથાઓનો સંગ્રહ છે. એ પુરાણોનો સંગ્રાહક શેક્કિલાર ઈ. સ.ના અગિયારમા સૈકામાં થઈ ગયો. આવડા અને સોલંકીઓના કાળમાં તે કથાઓ મૂર્ત સ્વરૂપ પામી. તેમાં સંતોના પૂર્વજ વંશ, સમય આદિની કલ્પિત આપેલી છે. તેમાં સાહિત્યિક કથા શિવસ્તોત્રોની છે. દક્ષિણ હિંદમાં તેની કથા પ્રચલિત છે અને તે આખ્યાનરૂપે ભજવવામાં આવે છે.

પેરિયું ૧. સ. પુરુષની ગુહ્યેંદ્રિય; પેળ; વૃષણ.
૨. સ. વાવણી.
૩. [સં. પર્વન્] સ. શેરડી, જુવાર, વાંસ વગેરેના સાંઠાની બે ગાંઠ વચ્ચેનો ભાગ.

પેરિશ [અં. પૅરિશ] સ. પાદરીને માટે ધર્મ આપવાનો નક્કી કરેલો વાડો.

પેરિસેબ્લ [અં.] વિ. નાશ પામી જાય એવું.

પેરિસમીન [અં.] સ. એક જાતનું ઝેર. તેનો રંગ લીલો હોય છે. તેની અસર બીજા ઝેર કરતાં ઘણી વધારે થાય છે. તે બે ચોખા પ્રમાણમાં વપરાય તો છોકરાને નુકસાન કરતું નથી. ૮ થી ૧૦ ગ્રેઇન પેરિસમીન, બદામ કણીચૂનો અને ૧૦૦ ગ્રેઇન પાણી, એ પ્રમાણમાં મિશ્રણ કરી છોડ ઉપર છાંટવાથી છોડને નુકસાન કરનારા કીટકો નાશ પામે છે.

પેરિસ્કોપ [અં.] વ. દૂરબીનવાળી બંદૂકથી દુશ્મનની સપાટી ઉપરની કોઈ પણ ચીજ બરોબર જોઈ શકવાનું યંત્ર. તેને દૂરબીનવાળી આંખ કહેવામાં આવે છે.

પેરી ૧. [સં. પર્વન્] સ્ત્રી. પેર; સાતળ; સાંઢણી બે ગાંઠ વચ્ચેનો ભાગ.
૨. સ્ત્રી. સમમાં વર કે વહુને પહેરાવવું પીળા કપડાં રંગેલું એક પ્રકારનું વસ્ત્ર.

પેરીઅર ૧. સ્ત્રી. પેરાઈ; વાવણી.
૨. વ. એક જાતનું ગાદ.

પેરીઓનિયમ [અં.] વ. ઉદરરસપડ; પેટ અને પેડુમાં રહેલા મહાપડદા અવયવોને લપેટાઈને રહેવું બંધનમાં રાખવું તેમજ પેટના હાંડલાની મોજેર આચ્છાદન કરતું એક રસપડ.

પેરીનકોલન ૧. સ્ત્રી. મલબાર તરફના સુથારોની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પેરુ ૧. [સં.] પું. અગ્નિ; આગ.
૨. પું. આકાશનો છોડ.
૩. પું. ચિત્રક વૃક્ષ.
૪. પું. પૂર્તિ કરનાર માણસ.
૫. પું. મેરુ પર્વત.
૬. પું. રક્ષા કરનાર અગ્નિ.
૭. પું. સાગર; સમુદ્ર.
૮. પું. સૂર્ય.
૯. વ. બ્રહ્મદંડ; પેર.
૧૦. [અં.] વ. દક્ષિણ અમેરિકાનો એક દેશ.

પેરુઆપક્ષ વ. એક જાતનું ગાદ. તેનો ભૂકો જંતુનાશક તરીકે વપરાય છે.

પેરુલેખન [સં.] વ. ધાતની અણીથી અથવા બનાવેલી કોઈ વસ્તુની અણીથી લાકડા ઉપર આકૃતિ પાડવાની કલા; 'પાઝરોગ્રફિ'.

પેરુલેખ્ય જુઓ પેરુલેખન.

પેરું ૧. વ. પેરિયું; વાવણી.
૨ [સં. પર્વન્] વ. સાંઢની બે ગાંઠ વચ્ચેનો ભાગ.

પેરૂમારમ વ. એક જાતનું ગાદ; હેમમાર; ઊંડ. પગાં પાંદડાં અને ફાળાંબોવાળું આ ગાદ સૌંદર્યથી દક્ષિણે બહુ ભિને છે. તેમાંથી નીકળતો બદામી રસ ગાંદરૂપ કહેવાય છે અને તે મરડો અને ચારદી મટાડનાર મનાય છે.

પેરૂષા ૧. સ્ત્રી. (જૈન) મોરાથી માંડેલી એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩ વિ. એ નામની જાતિનું.

પેરે અ. પેઠે; રીતે; ગાદક; પ્રમાણે; પ્રકારે; જેમ.

પેરેગીર જુઓ પહેરેગીર.

પેરેગ્રાફ ૧. [અં.] પું. ફકરો; કંડિકા.
૨. પું. ગદ્યનો પરિચ્છેદ.

પેરેટુપ્સ [અં.] વ.વ.ઘ. વિમાની જહાજો દ્વારા ઊતરતું લશ્કર; છત્રોળ.

પેરેપેર ૧. વ. વખતોવખત; વારંવાર.
૨. અ. વિવિધ રીતે; અનેક પ્રકારે; કરેક રીતે.

પેરેફ્રિન [અં. પેરફિન] વ. એક જાતનો રંગ, સ્વાદ અને વાસ વિનાનો અપારદર્શક મીણજાળો ઘન મિશ્રણ પદાર્થ; એક જાતના પથ્થર, લાકડું વગેરેમાંથી મળી આવતાં મીણ જેવો પદાર્થ. તે મીણબત્તીમાં તેમજ લુબ્રાન્ત તરીકે વપરાય છે.

પેરેબોલા [અં. પેરબોલ] સ્ત્રી. (ગણિત) પરવલય; અનુકૃત.

પેરેમ્બ્યુલેટર [અં.] વ. એક જાતનું વાહન; બાળગાડી.

પેરેલલ [અં.] વિ. સમાંતર.

પેરેલલ બાર્સ [અં.] પું. વ. વ. સમાંતર દંડવ; કસરત કરવાને બેની કરેલ લાકડાંર જેવી બોડી.

પેરેલિસિસ [અં.] પું. લકવો; પક્ષાઘાત; એક જાતનો રોગ.

પેરેસોલ [અં.] સ્ત્રી. બોબોને રાખવાની નાનુક છત્રી.

> સુવદન બબડીને ખાલી થયો તો પણ્યારે બહુ હસતે મોઢે હાથમાં પેરેસોલ લઈને આવી ઊભી હતી. પીનમ

પેરો ૧. પું કલમ.
૨. પું. પરિચ્છેદ; ભાગ.
૩. પું. પહેરો; ચોકો.
૪. પું. ફકરો; કંડિકા; લેખખંડ; 'પેરેગ્રાફ'

પેરોજ વ. એક જાતનો મણિ કે હીરો; પીરોજ.

પેરોપેર અ. વિવિધ રીતે; અનેક પ્રકારે.

> દઈ માન બબરાવાં પેર, પૂજા કીધી પેરોપેર.

પેરોલ [અં.] વ. પોતે નાસી જવાનો પ્રયાસ નહિ કરે, નક્કી કરેલે વખતે જાયવા તેવા સંજોગોમાં પોતે હાજર થશે અને અદાલતદ્વારા થયા પહેલા પોતાને પકડનારની સામે પોતે હથિયાર નહિ ઉપાડે એવું બુકરેરીનું વચન. તેનો ભંગ કરતાં મૃત્યુની સજા થાય છે.

પેલ ૧. [સં.] વ. વિ. કેપવું; ધ્રૂજવું.
૨. વ. કિ. જવું; ખસવું.

પેલ ૧. [સં.] પું. અંડ; વૃષણ; પુરુષચિહ્ન; અંડકોષ; પેગ.
૨. પું. કેપ; ધ્રૂજ.
૩. પું. પક્ષો.
૪. સ્ત્રી. ગમનાં અંતિ.
૫. સ્ત્રી. પહેલ; શરૂઆત; મંડાણ; પ્રારંભ.
૬. સ્ત્રી. પુષ્કળતા; બહુપણું.
૭. વ. ટેકો; આધાર.
૮. [પ્રા. પેલુ] વ. પીંજેલા પોચા રૂની પેપડી; વળીને કરેલો પોચો રૂનો લોચો; પોલવું.
૯. વ. બાંસની ચપોલી.
૧૦. વ. વાંક; દોષ.
૧૧. વ. ઢેર.નગરિ; સતામણી.

પેલક [સં.] પું. વૃષણ; પેગ; ગોળા.

પેલકદાહ [સં.] પું. વૃષણમાં થતી બળતરા.

પેલક (પેલઙ) [હિ.] પું. વૃષણ; અંડ.

પેલડા (પેલડા) જુઓ પેલડ.

પેલડું (પેલડું) વિ. પહેલું; શરૂઆતનું.

પેલડ જુઓ પેલડ.

પેલપાલ પું પક્ષ મારવા તે.

પેલયા પું. બિયોડામાં રોકડી ઓરનાર માણસ.

પેલવ ૧. [સં] વિ. સુકુમાર; નાજુક; કુમળું; મુલાયમ, કોમળ.
૨. વિ. સુંદર.

પેલવાન ૧. પું હાથીનો મહાવત.

> પેલવાનને હુકમ કર્યો છે રાયે,
> ચોરી નાખ મહાલયને આંખી હાથીને પાસે,
> નિષ્કુલાનંદ

૨. જુઓ પહેલવાન.

પેલવું ૧. [પ્રા. પેલુ] વ. પીંજેલા પોચા રૂની પેપડી; પોલવું.
૨. સ ક્રિ. અવટા કરવી.
૩. સ. ક્રિ. આકર્ષણ કરવા માટે સામે જોવું; આમણ વધારવું
૪. સ ક્રિ. મુદ્રામૈથુન કરવું.
૫. સ. ક્રિ. જબરદસ્તી કરવી; બળપ્રયોગ કરવો.
૬. સ. ક્રિ. લાગ કરવો; દાંવ
૭. સ. ક્રિ ધોલવું.

પેલવેતરું વિ. પહેલી વખત વિયાયેલું; પહેલવેતરું.

પેલસે અ. દૂર; છેટે; અંતરે.

પેલા ૧. [હિ.] પું. આપદામ; કસૂર; ઠોલ.
૨. પું. આક્રમણ. હલ્લો.
૩. પું. તકરાર; ઝપાટો.
૪. પું. વૃષણ; અંડ.

પેલાસ [અં.] કું. (જ્યોતિષ) મંગળ અને ગુરુની વચ્ચેનો એ નામનો ગ્રહ. તે સૂર્યથી ૨૮૬ કરોડ માઇલ દૂર મનાય છે. ૪ વર્ષ, ૮ માસમાં તે સૂર્યની આસપાસ ફરી રહે છે. આકારમાં તે બધાથી નાનો છે અને ૧૮૦૨માં ડોક્ટર ઓલબર્સે પહેલવહેલો તેને જોયો હતો.

પેલા અ. પહેલાં; પૂર્વે.

પેલિ [સં.] વિ. ગમન કરનાર; જનાર.

પેલિકન [અં.] ન. એક પ્રકારનું મોટું બાજનાં બાનાંને મળતિયાં પક્ષી. તેની ચાંચ લાંબી અને છેડેથી વળેલા હોય છે. મોટા વખત માટે માણસાં ભરી રાખવા માટે તેને નીચલે જડબેથી લટકતી એક કોથળી હોય છે.

પેલિની [સં] સ્ત્રી. એક જાતનું ઘાસ.

પેલિયા [સં. પેલા] કું ન. ન. અંડકણ; અંડ; વૃષણ.

પેલી ૧. [સં. પેલિન્] કું. ઘોડો.
૨. કું. પુરુષ; નર.
૩. સ્ત્રી. સ્ત્રીની યુવેન્દ્રિય; યોનિ.

પેલી કોર જુઓ પેલી બાજુ.

પેલી બાજુ અ. તે તરફ; સામેની બાજુએ; ત્યાં; બીજી તરફ; પેલી બેર.

પેલી તરફે જુઓ પેલી બાજુ.

પેલી બેર જુઓ પેલી બાજુ.

પેલુ સ્ત્રી. કેળી પૂણી.

પેલુકરણ ન. પૂણી બનાવવાનું એક સાધન; રૂણી વગેરે.

પેલું ૧. સ. આગલું; પૂર્વનું.
૨. સ. આજ, કાલ અને પરમ દિવસ પછીનું; આવતા પરમ દિવસ પછીનું અથવા ગયા પરમ દિવસ પહેલાંનું
૩. સ. પછીનું; આગામી.
૪. સ. દેખાતું; અમુક; દૂર આંગળીથી બતાવેલું; એકાદું બતાવવામાં આવ્યા બતાવી તે સિવે બોલવામાં પ્રથમ આવે છે તે; દર્શક સર્વનામ.
૫. સ. સામેનું; આંગળીથી બતાવેલું; બોલ્યું.
૬. વિ. આવતા પરમ દિવસ પછીનું કે ગયા પરમ દિવસ પહેલાંનું.
પેલા અવતારમાં–પેલે જન્મ = (૧) આવતે અવતાર. (૨) કદી નહિ.
૭. વિ. આંગળીથી બતાવેલું.

પેલુ ૧. [હિં.] કું. ઉપપતિ; જાર.
૨. કું. ગુદા મારનાર માણસ.
૩. કું. પતિ; ભાર્યાનો; પણી.
૪. કું. મલ્લ; કુસ્તીબાજ.

પેલે કહારે (પેલે લારે) અ. ગયે અવસ્ત આવતે ચોથે દિવસે. સોમવારે બોલાતાં મુખ્યત્વે પહેલો લાગો ગુરુવાર. પાળ્યો ગયે તો શુક્રવાર પેલો લાગો ગણાય.

પેલે પાર જ. સામે કાંઠે.

પેલે ભવ ૧. અ. આવતે જન્મે.
૨. અ. બીજા જન્મમાં.

પેલેસ [અં. પેલેસ] કું. મહેલ.

પેલેસ્ટાઇન કું. યહૂદીઓનો એ નામનો દેશ.

પેલોરી સ્ત્રી. એક જાતનો ઘોડ. તે ઘણો સુંદર હોય છતાં દિવસના ત્રીજામાં ભાગ્યે જ ઓળે છે. તેને મોટાં દેખાવડાં બંગલડિયાં ખૂબ આવે છે.

પેલોંડી ૧. સ્ત્રી. પહેલી વખત ગર્ભ રહેલી સ્ત્રી.
૨. વિ.સ્ત્રી. પહેલી વખત ગર્ભ રહ્યો હોય તેવી.

પેલ્વોફેરેક્સ ન. રસ્તા માટે ઉપયોગી એક જાતનું ઘાસ. તે ઘણું જ ઝડપથી વધે છે. તેનો દેખાવ ગોળાવસાન હોય છે. તે સિલોન અને મલાયનું વતની છે. તેને વર્ષમાં બે વખત ફૂલ આવે છે. ફૂલ રંગે પીળાં અને બહુજ આકર્ષક હોય છે. ઘાસ પ્રદેશમાં તે ઘણું સારું થાય છે.

પેલ્લી સ્ત્રી. ઓટલી; નાનો ઓટલો.

પેલ્લો કું. ઓટલો; ઓટો.

પેલ્હડ (પેલ્હડ) [હિં.] કું. બંધ; વૃષણ.

પેવ [સં] સ. ક્રિ. સેવવું; સેવા કરવી.

પેવડી (પેવડો) સ્ત્રી. પીળા રંગ; પીળા રંગની ભૂકી; રામરજ.

પેવરા કું. પ્રવેશ; દાખલ થવું તે.

પેવસ [સં. પેયૂષ] કું. તાજી વિયાયેલી ગાય કે ઢોરનું દૂધ. તે રંગે કાંઈક પીળું હોય છે. તે ઔષધિકારક હોવાથી પીવા લાયક મનાતું નથી.

પેવસી જુઓ પેવસ.

પેવસ્ત [સં. પેયૂષ] સ્ત્રી. વિયાયાં પહેલા દિવસ ગાય કે ઢોરનું દૂધ; તાજી વિયાયેલી ગાયનું દૂધ.

પેવંદ ૧. [ફા. પૈવંદ] એકું થવું તે; જોડાણ.
૨. કું. વધારો; ઉમેરો.
૩. [હિં.] કું. સાંધો; થીગડું.

પેવંદી [હિં.] વિ. સંધેલું.

પેશ ૧. [પ્રા. પેસો] કું. પંથો; ઉલ્લેખ.
૨. કું. ગ્રંથની ભાષામાં એ નામે ઓળખાતું વધુ સ્વર
૩. કું. વૈદિક કાળમાં સોનાના આકારનું એક વસ્ત્ર. તે નાચવાને સમયે પહેરવામાં આવતું અને તેમાં સોનેરી ભાત કરવામાં આવતું.
૪. ન. તેજ; પ્રકાશ.
૫. [સં. પેશસ] ન. રૂપ.
૬. ન. સાધુકાર.
૭. ન. સોનું.
૮. વિ. પાર પહેલું; પર આવેલું; કુશળ; સફળ.
૯. વિ. મુખ્ય; પ્રતિષ્ઠિત; મોભાદાર; વજનદાર.
૧૦. વિ. રજૂ કરેલું.
૧. પેશ આવવું = (૧) આગળ આવવું. (૨) બનવું. (૩) વર્તવું.
૨. પેશ કરવું = (૧) આગળ લાવવું. (૨) આગ્રહ કરવો. (૩) ભેટ કરવી. (૪) વાંધો લેવો. (૫) હાજર કરવું; રજૂ કરવું.
૩. પેશ જવું = જોર ચાલવું.
૪. પેશ જવું = (૧) અધિકાર કે જોર ચાલવું. (૨) પાર પડવું; પર આવવું; સફળ થવું.
૫. પેશ થવું = રજૂ થવું.
૬. પેશ પહોંચવું = પાર ઊતરવું; સફળ થવું. પંથ માટે વપરાય છે.
૭. પેશ પહોંચાડવું = (૧) અતિશય હેરાન કરવું. (૨) ઠેઠ પહોંચાડવું. (૩) પાર ઊતારવું. (૪) સિફારસ આપવી; જ્ઞાન કરાવવું; ઠેકાણે આણવું.
૧૧. વિ. વજનદાર.
૧૨. [ફા.] અ. આગળ; ઉપરી અધિકારી તરફ.
૧૩. અ. આગળ; સામે.

પેશકામ સ્ત્રી. કાબેલ થવું તે.

પેશકામ [ફા.] કું. નમાજીઓને એકી સાથે હારબંધ ઊભા રાખી પોતે મોખરે રહી નમાઝ પઢાવનાર પુરુષ.

પેશકામી [ફા.] સ્ત્રી. પેશકામનું કર્તવ્ય.

પેશકદમી (પેશકદમી) ૧. [ફા.] સ્ત્રી. અગાઉ બોકસેલો ખેપિયો; અગાઉથી ખબર આપનાર માણસ.
૨. સ્ત્રી. આગળ જવું તે; સામે લેવા જવું તે.
૩. સ્ત્રી. અગ્રેસૂચ.
૪. સ્ત્રી. ચઢાઈ.
૫. સ્ત્રી. બીજાની જમીનનો બેરકાયદે ઉપભોગ કરવો તે.

પેશકબ્જ (પેશકબ્જ) [ફા.] સ્ત્રી. કટારી; ખંજર.

પેશકર કું. બીજાની તરફથી નિમાયેલો અવસ્થાપક; પ્રતિનિધિ.

પેશકરી ૧. [ફા.] સ્ત્રી. દલાલની કચેરી.
૨. સ્ત્રી. દલાલનો ધંધો.
૩. સ્ત્રી. પ્રતિનિધિત્વ.

પેશકશ ૧. [ફા. પેશકશ] પું. આગળથી બંડણી વસૂલ કરી લેનારો માણસ.
૨. પું. બંડણી; નજરાણું; ભેટ; સોગાત.
૩. પું. મહેસૂલ; બંડણી વગેરે આગળથી નક્કી કરી લેવાતો કર.
પેશકશાત જુઓ પેશકશી.
પેશકશી ૧. [ફા. પેશકશી] સ્ત્રી. આગળની કરવાનું મહેસૂલ; અગાઉથી નક્કી કરવામાં આવેલી બંડણી કે સાંઘ.
૨. સ્ત્રી. બંડણી કે સાંઘ નક્કી કરનારી કચેરી.
૩. સ્ત્રી. બંડણી વગેરે કરાવવાનું કામ.
૪. સ્ત્રી. નજરાણું; બંડણી.
પેશકાર ૧. પું. કારભારી; મંત્રી; 'સેક્રેટરિ.'
૨. પું. નજર આગળ ક્રમ કરનાર માણસ.
૩. [ફા. પેશ્કાર] પું. મહેસૂલ કરાવનારો અમલદાર.
૪. પું. શિરસ્તેદાર; મહદનીશ.
૫. પું. હજૂરિયો; અવાસ.
પેશકારી ૧. [ફા. પેશ્કારી] સ્ત્રી. બાકી; દલાલી.
૨. સ્ત્રી. પેશકારનું કામ.
૩. સ્ત્રી. પેશકારનું પદ.
પેશકો પું. પરણવા આવતા વરને સાસુ સસરા તરફથી પ્રથમ કરવામાં આવતો સત્કાર.
પેશખેમા ૧. [ફા. પેશ્ખેમા] પું. આગળ આગળ ચાલનાર ફોજનો આગલો હિસ્સો; મુકામ કર્યા પહેલાં મોકલાતો ફોજનો સામાન; અગાઉથી તૈયારી કરી રાખવા માટે મોકલાતો સેનાનો તંબૂ વગેરે સામાન.
૨. પું. કોઈ બાત કે બદનાનું પૂર્વ લક્ષણ.
પેશગા ૧. [ફા. પેશ્ગા] સ્ત્રી. આંગણા કે તખ્ત ઉપર બાજરેલું પાથરણું.
૨. સ્ત્રી. આંગણું.
૩. અ. ક્રિ. સામે.
પેશગાર જુઓ પેશકાર.
પેશગી [ફા. પેશ્ગી] સ્ત્રી. કામ થવા કે કરવા માટે અગાઉથી અપાતું વધારાનું; કોઈ પણ આવતું કામ કરવા માટે આગળથી ધીરવું તે; અગાઉથી અપાતો પગાર કે ધન; બાનું; સલી.
પેશગીદાર પું. પેશગી આપેલી હોય તેવો માણસ.
પેશગીદ્રવ્ય જુઓ પેશગી.
પેશગોર્ઈ [ફા.] સ્ત્રી. આગાહી; ભવિષ્યવાણી.
પેશતર [ફા.] અ. પહેલાં; અગાઉ.
પેશતાખ [ફા. પેશ્તાક] સ્ત્રી. ઇમારતના દરવાજા ઉપર તથા મકાનના ગોરા ઉપર બનાવવામાં આવતી એક જાતની મેહરાબ.
પેશદસ્ત ૧. [ફા.] વિ. ચડિયાતું; શ્રેષ્ઠ.
૨. લુચ્ચો પેશકાર.
પેશદસ્તી ૧. [ફા.] સ્ત્રી. આગળ વધીને કરેલું અનુચિત કામ; બજરદસ્તી.
૨. સ્ત્રી. આગળ થવું તે; ચડિયાતાપણું.
૩. સ્ત્રી. આગાહી; ભવિષ્યનું સૂચન.
પેશનકેલાવર [અં.] પું. એક જાતનો રોગવાળાં પાનનો છોડ. તેનાં પાન પોપૈયાનાં પાન જેવાં હોય છે. તેને આસમાની કે પીળાં ફૂલ આવે છે.
પેશનમાઝ [ફા.] પું. નમાઝ પઢાવનાર માણસ; ઇમામ.
પેશનિહાદ [ફા.] પું. રિવાજ; ધારો.
પેશની સ્ત્રી. મસાલો વાટવાની છીપરી.
પેશબ્દ ૧. [અ.] પું. મોટું માણસ.
૨. વિ. ધીરા સ્વભાવનું; આમોસવાળું.
પેશબંદ [ફા.] પું. ઘોડાની જાતી ઉપર બાંધવાનો પટો. તે છાતીને પાછળ જતાં અટકાવે છે.
પેશબંદિશ જુઓ પેશબંદી.
પેશબંદી ૧. સ્ત્રી. અગાઉથી વિચારી કરેલા યુક્તિ; દીર્ઘદૃષ્ટિ; દૂરંદેશી; અગમચેતી.
૨. [ફા.] સ્ત્રી. કોઈ બાબતનો આગળથી બચાવ આવી જવો તે; પૂર્વધારણા.
૩. સ્ત્રી. છત; કપટ.
પેશબીન [ફા.] વિ. આગું; સમજુ; જાણું.
પેશબીની [ફા.] સ્ત્રી. દૂરંદેશપણું; સમજ.
પેશમાર્ઈ સ્ત્રી. સુવાણપ; કુમાશ.
પેશમાન [ફા. પશ્માન] વિ. પસ્તાવો થયો હોય તેવું
પેશમાની [ફા. પશ્માની] સ્ત્રી. પસ્તાવો.
પેશરફ્ત [ફા.] વિ. સફળ; પ્રગતિવંત.
પેશરવ ૧. [ફા.] પું. આગળ ચાલતું લશ્કર.
૨. પું. ઘોડેસવો.
૩. વિ આગળથી જનાર.
૪. વિ. આગળથી સૂચન કે આગાહી કરનાર.
પેશરવી [ફા.] સ્ત્રી. પૂર્વમનસૂબો; આગળ જવું તે; અગ્રપદ.
પેશરસ [ફા.] વિ. ગમતું બહારનું; કમોસમનું.
પેશલ ૧. પું (પિંગ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપનો ભેદ છે. તેમાં તગણ, મગણ અને ને લઘુ મળી આઠ વર્ણ આવે છે.
૨. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કર્મ, મન, વાણી અને શરીર સુંદર હોવાથી ભગવાન પેશલ કહેવાય છે.
૩. વ. સૌંદર્ય; ભોલા.
૪. વિ. કોમળ; નાજુક; કુમળું.
૫. વિ. ધૂર્ત; લુચ્ચું; ધુતારું.
૬. વિ. પ્રવીણ; ચતુર; દક્ષ.
૭. વિ. સુંદર; મનોહર.
પેશલતા ૧. [સં.] સ્ત્રી. ધૂર્તતા; લુચ્ચાઈ.
૨. સ્ત્રી. પ્રવીણતા; ચતુરાઈ; દક્ષતા.
૩. સ્ત્રી. સુકુમારપણું; નાજુકપણું.
૪. સ્ત્રી. સુંદરતા; ખૂબસૂરતી; સૌંદર્ય.
પેશવા ૧. [ફા. પેશ (આગળ) + વા (ચાલનાર)] પું. આગેવાન; પેશ્વા; સરદાર; નેતા. પેશવા મરાઠીમાંથી આવેલો શબ્દ છે.
૨. પું. મરાઠી સામ્રાજ્યના પ્રધાન મંત્રીની ઉપાધિ. સતારાના રાજાના પટપ્રધાનો પુનામાં સત્તાવાળા બન્યા હતા. મુસલમાન રાજકાળમાં દક્ષિણના મુસલમાની રાજ્યોના પ્રધાન મંત્રીને પેશવા કહેતા, પણ શિવાજીથી તે શબ્દ પ્રસિદ્ધ થયો ન હતો. તે પછી શિવાજીનો પ્રધાન મંત્રી પેશવા કહેવાયો. શિવાજીએ આગળ ચાલતાં આ શબ્દ કાઢી નાખ્યો હતો, તોપણ કેટલાક વખત પછી પાછો તે થઈ ગયો અને ધીરે ધીરે તે પ્રધાન મંત્રીનો પર્યાય થયો. શિવાજીના વંશની પડતી આઈ, ત્યારે પેશવા મરાઠી સામ્રાજ્યના અધીશ્વર બન્યા.
૩. પું. મુખ્ય પ્રધાન; રાજાની સત્તાવાળો વઝીર; પટપ્રધાન.
૪. પું. સતારાના મરાઠા રાજાઓનું વંશપરંપરાગત પ્રધાનપદું ધરાવનાર બ્રાહ્મણ.
પેશવાઈ ૧. સ્ત્રી. કોઈ માનનીય પુરુષનું આગમન થતાં તેનું સ્વાગત કરવા ઘોડે દૂર સામે જવું તે.
૨. સ્ત્રી. કારભાર; રાજવૈભવ; અમીરી.
૩. સ્ત્રી. ઠસ્સેદારી; નેતાગીરી.
૪. સ્ત્રી. પેશવાઓના જેવો અમલ કે કારભાર ચલાવવો તે; પેશવાઓની રાજ્ય ચલાવવાની કળા.
૫. સ્ત્રી. પેશવાઓનું સામ્રાજ્ય.
૬. [ફા. પેશ્વાઈ] સ્ત્રી. પેશવાઓનો રાજ્યકાળ કે અમલ; પેશવાની કારકિર્દીનો સમય. પેશવાઓનું પ્રધાનપદું; પેશવાની રાજ્યસત્તા; પેશવાઓનો ઠોર.
૭. સ્ત્રી પ્રભાવ; સત્તા.
૮. સ્ત્રી. પેશવાનું પદ; પેશવાનું કામ.
૯. સ્ત્રી. મહેમાનને આવકાર આપવો તે; મહેમાનનું સ્વાગત કરવું તે.
પેશવાઈ કરવી = (૧) આવકાર આપવો. (૨) ઠોર ચલાવવો.
૧૦. વિ. પેશવાને લગતું.

પેશવાગીરી જી. પેશવા તરીકેનું કામ.

પેશવાજ [ફા.] કું.; જી. બેસવા કે નર્તકીને નાચતી વખતે પહેરવાનો ઘાઘરો; બીબીઓનો એક પોશાક જામો. તેનો પોશાક પણો હોય છે અને તેમાં કસબ ભરેલો હોય છે.

પેશવાઝ જુઓ પેશવાજ.

પેશવાઢ જુઓ પેશવાજ.

પેશાદેસ [ફા.] કું. પૂર્વવિચાર; દૂરદૃષ્ટિ; અગમચેતી.

પેશોદેશી જુઓ પેશદેસ.

પેશસ ૧. ન. ક્લેષ.
૨. [સં. પેશસ્] ન. રૂપ; રૂપાંતર.
૩. ન. સોનું.

પેશસ્કાર [સં.] કું. પોતે પકડેલા કીડાને સ્વરૂપે કરનાર એક જાતનો કીડો.

પેશાક ન. નાચતી વખતે પહેરવાનું જરીનું એક વસ્ત્ર.

પેશા ૧. [સિં.] કું. પેશ; આકૃતિ.
૨. [ફા.] કું. ધંધો.
૩. કું. ઋદ્ધિ; રીવાજ.
૪. કું. વ્યવસાય; ઉદ્યમ.
૫. કું. હક્ક.

પેશાની ૧. [ફા.] સ્ત્રી. કપાળ; લલાટ; ભાલ.
૨. સ્ત્રી. કોઈ પદાર્થનો ઉપલો કે આગલો ભાગ.
૩. સ્ત્રી. ચહેરો; દેખાવ.
તે નાયકના ખાવિંદની જબરજસ્ત પેશાની જોઈને તે પણ સ્તબ્ધ થઈ ગયો. પીનાકિન
૪. સ્ત્રી. નસીબ; તકદીર; કિસ્મત; ભાવિ.
૫. સ્ત્રી. નાકની અણી.
૬. સ્ત્રી. મથાળું; 'હેડિંગ.'

પેશાબ ૧. [ફા. પેશ (અગાઉ) + આબ (પાણી)] કું. પિશાબ; મૂતર; લઘુશંકા; લઘરી.
૧. પેશાબ કરવો = (૧) અત્યંત તુચ્છ સમજવું. (૨) મૂતરવું.
૨. પેશાબ ઊતરવો = પેશાબ કરતાં કરતાં વચ્ચે અટકાવી રાખવો.
૩. પેશાબ થઈ જવો = કરી જવું.
૪. પેશાબ થવો = મૂતર આવવું; મૂતરાવું.
૫. પેશાબ નીકળી પડવો = બહુ લાંબા પગલું; ગોટલું બીજું કે પેશાબ છૂટી જવો.
૬. પેશાબે દીવા બળવા = અત્યંત પ્રતાપી હોવું; અત્યંત પ્રભાવશાળી હોવું.
૨. કું. વીર્ય, ધાતુ.
૩. કું. સંતાન; ઓલાદ.

પેશાબખાનું ન. મુતરડી; પેશાબ કરવાની જગ્યા.

પેશામહ [ફા.] સ્ત્રી. પ્રગતિ; ઉન્નતિ; ચડતી.

પેશાવર ૧. [ફા.] કું. ઉત્તમ પ્રાણુસ; કારીગર.
૨. કું. દુકાનદાર.
૩. વિ. કોઈ જાતનો ધંધો કરનાર; વેપારી.
૪. [સં. પુરુષપુર] ન. પાકિસ્તાન સરહદ પ્રાંતનું એ નામનું શહેર.

પેશાવરી ૧. સ્ત્રી. પાઘડીની એ નામની એક ભાત.
૨. ન. એ નામની ભાતનું પાઘડું.
૩. વિ. એ નામની ભાતનું.

પેશિ ૧. [સં.] સ્ત્રી. આકૃતિ; દેખાવ.
૨. સ્ત્રી. એક જાતનું વાદ્ય.
૩. સ્ત્રી. છીણી.
૪. સ્ત્રી. ગર્ભ ઉપર વીંટાયેલી જોર.
૫. સ્ત્રી. જટામાંસી.
૬. સ્ત્રી. તરવારનું મ્યાન.
૭. સ્ત્રી. તે નામે એક નદી.
૮. સ્ત્રી. તે નામે એક પિશાચી.
૯. સ્ત્રી. માંસનો લોચો.
૧૦. સ્ત્રી. વજ્ર.
૧૧ સ્ત્રી. સારી પોચી કળી.

પેશિકા ૧. સ્ત્રી. ખંડ; ટુકડો.
૨. [સં.] સ્ત્રી. કળની ભાત.
૩. સ્ત્રી. કેરડી વગેરેની સાતળી.

પેશી ૧. સ્ત્રી. આકૃતિ; દેખાવ.
૨. [ફા.] સ્ત્રી. આગળ કેસ મોકલવો તે; મુકદ્દમાની સુનાવણી; મુકદ્દમાની રજૂઆત.
૩. સ્ત્રી. આગળથી આપેલી રકમ.
૪. સ્ત્રી. છીણી.
૫. સ્ત્રી. એ નામની એક નદી.
૬. સ્ત્રી. એક જાતનું વાદ્ય; પ્રાચીન મૃદંગનો એક પ્રકારનો ઢોલ.
૭. સ્ત્રી. કપાસની અંદર કપાસનો છૂટો દેખાતો ભાગ.
૮. સ્ત્રી. કોઈ ચીજની આસપાસ વીંટાયેલું મુલાયમ પાતળું ચીકણું પડ કે આચ્છાદન.
૯. સ્ત્રી. ગર્ભની ત્રીજી અઠવાડિયાની સ્થિતિ; પાણીના પરપોટામાંથી મોટલાની માફક માંસપિંડરૂપે ગર્ભનો બંધાતો આકાર.
૧૦. સ્ત્રી. ગર્ભને વીંટાયેલી નાળુક ચામડી; ગર્ભ ઉપર વીંટાયેલી જોર.
૧૧. સ્ત્રી. જટામાંસી.
૧૨. સ્ત્રી. તરવારનું મ્યાન.
૧૩. સ્ત્રી. પિશાચી; રાક્ષસી.
૧૪. સ્ત્રી. પોટલી; ચૂસણિ; લોચો.
૧૫. સ્ત્રી. ફળના ગરનો પિંડ; એક ફળિયા ઉપર ચોટેલો ખજૂર, કૃષ્ણ વગેરેનો ગર.
૧૬. સ્ત્રી. ઢોલનું પીનો; એક આખામાંનો છૂટો લાંબો અને ગોળ રેસાવાળો ભાગ.
૧૭. સ્ત્રી. માંસનો લોચો; શરીરમાંની માંસ વગેરેની ગાંઠ; માંસપિંડ; 'ટિસ્યુ.' આધુનિક શારીરવિજ્ઞાન પ્રમાણે શરીરની અંદર માંસતંતુના બધા નાના મોટા સમૂહ છે, જે તાંતણા વડે એકબીજા સાથે જોડાયેલા રહે છે. આ તાંતણા અલેડવાથી તે માંસના કટકા છૂટા છૂટા કરી શકાય છે. આ પ્રમાણે કાપ્યા કર્યા પછર જે માંસના ટુકડા છૂટા થાય છે તેને માંસપેશી કહે છે. પેશીઓમાં વિશેષતા એ છે કે, તે સંકોચાય છે તથા ફેલાય છે. આ પેશીઓ અનેક આકાર તથા પ્રકારની હોય છે. કોઈ નાની, કોઈ મોટી, કોઈ પાતળી, કોઈ જાડી, કોઈ લાંબી, કોઈ પહોળી હોય છે. આ માંસપેશીઓને તેની જગ્યાએથી અલેડી શકાતી નથી, કેમકે તે કાયમ સાથે કોઈ નહિ ને કોઈ રેસાવે જોડાયેલી હોય છે. આ પેશીઓની મદદથી શરીરનાં અંગ હાલે ચાલે છે. અંગોનું સંકોચાવું, ફેલાવું, ચાલવું, મૂળ સ્થિતિએ આવવું વગેરે આ માંસપેશીઓથી થાય છે. કેટલીક પેશીઓ એવી છે કે ધારણ કરતાં જ તે હલાવી ચલાવી શકાય છે અને કેટલીક એવા છે કે જે ધારણ કરવા છતાં પણ પોતાની જગ્યાએથી ખસતી નથી. શરીરની બધી પેશીઓનો સંબંધ મસ્તિષ્ક તથા તેની નીચેનાં મજ્જાતંતુ સૂત્રો સાથે હોય છે. શરીરમાં કુલ પેશીઓની સંખ્યા પાંચસોને આશરે છે.
૧૮. સ્ત્રી. વજ્ર.
૧૯. સ્ત્રી. સારી પોચી કળી; ચરબી; માંસ.

પેશીઆક્ષેપ કું. એક જાતનો રોગ. તેમાં કેટલીક પેશીઓમાં જોરથી તાણ આવે છે. આનું કારણ સ્નાયુ અથવા નાડીમંડળની વિકૃતિ છે. આમાં હાથ અને પાછળની પેશીઓ ખેંચાય છે અને કોણી અને પાછું મરડાઈ જાય છે. કોઈ કોઈ વખતે આની અસર શરીરના મધ્યભાગ ઉપર પણ થાય છે, ચહેરો પણ બદલી જાય છે. બાળકને આ બાધિ સુકતાન રોગથી લાગુ પડે છે. આ રોગ થવાનું મુખ્ય કારણ લોહીમાં અદ્રિક ઓક્સું હોવાનું છે. સૂર્યનો પ્રકાશ, પ્રકાશનાં કિરણ, કોડલિવર ઓઇલ વગેરેનો ઉપયોગ આને માટે લાભકારક મનાય છે. કેલ્શિયમ ક્લોરાઇડનું સેવન પણ ફાયદો કરે છે. ક્લોરલ હાયડ્રેટ જેવી દવાનો પણ આ રોગ મટાડવામાં મદદરૂપ થઈ પડે છે.

પેશીકોષ [સં.] પું. પેશીનો કોષ; અંડકોષ; વૃષણ; પેળ.

પેશીકોષ જુઓ પેશીકોશ.

પેશીજલ [સં.] સ્ત્રી. વનસ્પતિનો એક સૂક્ષ્મ અવયવ. તે ઘણું કરીને ઔજસ દ્રવ્યનો મિશ્રિત રસ ચૂસી જવાનું કામ કરે છે.

પેશીદ પું. પૌષ્ટિક પદાર્થ; પ્રાણરસ; પેશીનું રસાયણિક દ્રવ્ય.

પેશીન વિ. જૂનું; પ્રાચીન.

પેશીનગોર્ઈ [ફા.] સ્ત્રી. ભવિષ્યવાણી; ભવિષ્ય કહેવું તે.

મારા સિપાહીઓ તારી પેશીનગોર્ઈના અક્ષરમાં આવી ગયા હોત તો આજે તો આ બાળક બાકી રહ્યો નહિ. નારાયણ વિઠલજી

પેશીપટ ન. પેશીની આજુબાજુનું બાકી પડ.

પેશીરજ્જુ પું. સ્નેહ રંજનો પેશીને ઢાકવામાં સાથે જોડનાર તંતુ.

પેશીરસ પું. પેશીમાં રહેલું પ્રવાહી દ્રવ્ય.

પેશીવાડિયા (પેશીવાડિમા) ૧. સ્ત્રી. કપડાં અને સુતારની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું બાબસ.

૩. વિ. એ નામની બટકનું.

પેશીવિજ્ઞાન ન. શરીરસંસ્થાન વિદ્યાનની એક શાખા; 'હિસ્ટોલોજિ'.

પેશીવૃત્તિ સ્ત્રી. નાના આંતરડાની દીવાલનાં ચાર બાઉનું એક પડ. તે સ્વતંત્ર માંસપેશીઓ વડે બનેલું છે. તેમાં બહારની બાજુ ઉપર ઊભા માંસતંતુઓ, બ્યારે અંદરની બાજુ તરફ આંતરડાની આસપાસ વીંટળાયેલા આડા તંતુઓ રહેલા છે.

પેશીવેદના સ્ત્રી. પેશીઓમાં થતો દુખાવો.

પેશીશૂલ જુઓ પેશીવેદના.

પેશીસંજ્ઞા સ્ત્રી માંસપેશીઓના સંકોચ અથવા વિકારથી મગજમાં થતી અસર.

પેશેવર સ્ત્રી. વેશ્યા; કુલટા સ્ત્રી.

પેશેવરી સ્ત્રી. વેશ્યાવૃત્તિ; છિનાળું.

પેસો [ફા. પેશહ] પું. પેશ; કસબ; ધંધો; ઉદ્યોગ; કામ; હુનર

નામરનો પેસો કલમ, કહળી ને બરછી એમાં પ્રવીણ હઈ તે પહેલે નબરે આવતા હતા. ગુ. સા. પરિષદ

પેશોર [ફા.] પું. પેશાવર; વાયવ્ય સરહદ પ્રાંતનું એ નામનું મુખ્ય શહેર

પેશોરી ૧. [ફા.] સ્ત્રી. પેશાવરમાં બનાવાતા એક બનના જોડા.

૨. વિ. પેશાવરનું; પેશાવર સબંધી.

પેસ્તર ૧. [ફા.] વિ. પેસ્તરનું; આગળનું; આવનું; હવે પછી આવવાનું.

૨. ન. પહેલાંનું બગાડું; પૂર્વે.

બ્યારે, બલાયે, તે કલાક કૈસની પણ પેસ્તર આવ્યો. નારાયણ વિઠલજી

પેસ્ત ન. એક બતનું રસબાસ.

બે બબાંક પેસ્ત, કડબ, ચોવિસ્યા (બાજરા જીંડિયાનું બનેલું), ઘઉં (કાંડા) બલાદિ બધાબોનો ઉલ્લેખ બાવે છે. પુરાતત્ત્વ

પેસ્થંતરાલ સ્ત્રી. માંસપેશી કલાની અંદર જોવી પહોળી અને પાતળી શાખા. તે માંસપેશીઓની અંદર ઊતરે છે.

પેસ્પર [સં.] વિ. પીસનાર; દળનાર; ચૂર્ણ કરનાર.

પેસ્યા જુઓ પેસવા.

પેસ્યાઈ જુઓ પેસવાઈ.

પેષ્ ૧. [સં.] સ. ક્રિ. નિયમ કરવો; કરાવવું.

૨. સ. ક્રિ. સેવવું.

પેષ પું. બળ; આમળો; આકુંચન.

પેષક [સં.] પું. દળનાર; વાટનાર.

પેષણ ૧. [સં.] પું. બધ પાસવાળો ચોર.

૨. ન. એક બતનું બાક.

૩. ન દળવાનું કે પીસવાનું સાધન. ઘંટી; ઉપરવટણો.

૪. ન દળવું તે.

૫. ન. પીસવું તે; બરલમાં ઔષધ વગેરેનું ચૂર્ણ કરવું તે.

૬. ન. સળિયું.

પેષણકારિકા સ્ત્રી. ચંદન વગેરે ઘસનાર ઢાસી.

પેષણશિલા ૧. [સં.] સ્ત્રી. ઘંટી.

૨. સ્ત્રી. છીપર.

પેષણિ જુઓ પેષણી.

પેષણી ૧. [સં.] સ્ત્રી. (શિલ્પ) બકાર મુખ્ય બાકૃતિનું એક કરણ.

૨. સ્ત્રી. બરલ; જેના ઉપર કોઈ ચીજ પીસવામાં આવે તે પત્થર.

૩. સ્ત્રી. ઘંટી; દળવાનું વગેરેનું સાધન.

૪. સ્ત્રી. સરણ; ધાર કાઢવાનો પત્થર.

પેષલ જુઓ પેશલ.

પેષાક [સં] પું. ઘસલો વગેરે વાટવાની છીપર.

પેષિ [સં.] પું. વજ્ર.

પેષિકા સ્ત્રી. દળનારી સ્ત્રી; પીસનારી બાઈ.

પેષી [વિ.] સ્ત્રી. [પેષાગિની; પિશાચ સ્ત્રી.

પેષ્ટંક [સં.] ન. માંસનો ગોળો.

પેસ્ સ. ક્રિ. ગમન કરવું; જવું.

પેસ પું. સિંધમાં થતું એક બતનું પશુ.

પેસકદ [ફા.] પું. પાછો, પેટો કે બહારનો વૃષણ.

પેસનીકળ ૧. સ્ત્રી. બતિ પરિચય; ઘરબટ; સહવાસ; ગાઢ મિત્રતા.

૨. સ્ત્રી. કારબાર.

૩. સ્ત્રી. ખોટો દેખાવ.

૪. સ્ત્રી. ચકમેલ.

૫. સ્ત્રી. પેસવું અને નીકળવું તે; વારંવાર અંદર જવું ને બહાર બાવવું તે; બાવળ; અવરજવર.

પેસરી સ્ત્રી. ગર્ભ રહેતો બટકાવવા બીજાના મુખ બાગમાં ચઢેરવાની રબ્બરની કોથળી.

પેસલ જુઓ પેશલ

પેસવું [સં. પ્રવિશ્; પ્રા. પાઇસ] સ. ક્રિ. અંદર જવું; દાખલ થવું; ઘૂસવું; પ્રવેશ કરવો; વગર કહ્યે જાજરાઈથી અંદર જવું કે ઘૂસવું.

જ્યાં સૂર્ય નીચતાની ના ગગીરે ગંધ દીસતી,
ત્યાં વર્ષાઋતુવાદિમાં તે પેસી બઈ છે બહુ.
બોધીગીતા

પેસંતું વિ. દાખલ થતું; ઘૂસતું. કવિતામાં વપરાય છે.

પેસા [હિ.] પું. પૈસો; બધ પાઈની કીમતનો એક સિક્કો.

પેસાઠવું (પેસાઠવું) [સં. પ્રવિશ્ (દાખલ) થવું)] સ. ક્રિ. દાખલ કરવું; ખોસવું; ઠાસેલી બાબતું; ધુસાડવું; બગલી બાબતું.

પેસાર ૧. [સં. પ્રવિશ્; પ્રા. પઇસર] પું. દાખલ થવું તે; પેસવું તે; પેસવાપણું; પ્રવેશ.

૨. પું. પરિચય; સહવાસ; ગાઢ સંબંધ.

૩. પું. વહાણનો એક ભાગ.

પેસારવું સ. ક્રિ. દાખલ કરવું; ઊંડે ઉતારવું; પેસાડવું.

પેસારો જુઓ પેસાર.

પેસાવાડિયા (પેસાવાડિમા) ૧. સ્ત્રી. કપડા કબ્બીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું બાબસ.

૩. વિ. એ નામની બટકનું.

પેસાવું બ ક્રિ. દાખલ થવું; અંદર જવાવું.

પેસિફિક [બં. પૅસિફિક] પું. પૃથ્વી ઉપરનો સૌથી મોટો અને ઊંડો એ નામનો મહાસાગર; પ્રશાંત મહાસાગર. તે એશિબ્રા અને અમેરિકની વચ્ચે આવેલો છે.

પેસીફ્લોરા પું. એક બતનો ફૂલનો વેલો.

પેસુક [સં.] વિ વધવાના સ્વભાવવાળું; વધનાર.

પેસેા પું. ૬૬૬ આના કે ૬૬૬ પૈસા-ની કીમતનો સ્પેનમાં ચાલતો નાણાંનો સિક્કો.

પેસેન્જર ૧. [અં.] સ્ત્રી. ઉતારૂઓ લાવતી લઈ જતી રેલગાડી. તે સામાન્ય રીતે દરેક સ્ટેશને ઊભી રહે છે.

૨. ન. ઉતારૂ; મુસાફર; પ્રવાસી.

પેસો પું. બાતમીદાર; જાસૂસ.

પેસ્કો પું. જાન આવતાં વરરાજા ઉતારામાં જાય ત્યાં તેની સાસુથી કરાતો ચાંદલો.

પેસ્તર જુઓ પેસ્તર.

પે સ્લિપ [અં.] સ્ત્રી. બાતમાં રકમ જમા કરાવવાનું ફાંટિયું.

પેસ્વર ૧. [સં.] વિ. જવાના સ્વભાવવાળું; જનાર.

૨. વિ. વિનાશક.

પેહરાવ [દ્વા.] પું. પોશાક.

પેહલવી [દ્વા.] સ્ત્રી. પારસી લોકોની અસલ ભાષા. પારસી લોકો પોતાનો દેશ છોડી સંજાણ આવ્યા, ત્યારે ત્યાના રાજાની આજ્ઞાનુસાર પોતાની પેહલવી અને પાજંદ ભાષાનો ત્યાગ કરીને ગુજરાતીને પોતાની માતૃભાષા તરીકે સ્વીકારી.

ભાંડારકર

પેહલૂ [દ્વા. પહલૂ] સ્ત્રી. બાજુ.

પેહિતા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

પેહેરવું જુઓ પહેરવું.

પેહેરો પું. ચોકી; પહેરો.

પેહેલ ૧. પું. પાસો.

૨. સ્ત્રી. પહેલ; આરંભ; શરૂઆત.

પેહેલવી સ્ત્રી. ઈરાનની જૂની ગ્રંથ ભાષા.

પેહો ૧. પું. અનાજની સાથે નહિ ખાવા લાયક ભળી ગયેલો દાણો; અનાજના મુખ્યથી વિરુદ્ધ મુખવાળો દાણ.

૨. પું. બીજા દાણા જેને મળ છે એવો એક જાતનો વેલો.

૩. પું. શેરડીના પેરાઈના બે ઊભાના ભાંડા કાપી નાખ્યા પછી રહેતો ભાગ.

પેળ [સં. પેલ] પું. વણ; પેરિયું; ભાંડવો.

પેળવો જુઓ પેગ.

પેળિયો જુઓ પેગ.

પૈં ૧. પું. રોવાથી, વાસું ફૂંકવાથી વગેરે ક્રિયાથી નીકળતો પૈં પૈં કરતો અવાજ.

૨. અ. ઉપર.

૩. [સં. પ્રતિ; પ્રા. પઇ] અ. ના કરતાં; થી; સરખામણીમાં; મુકાબલે.

કાઇ પૈં પાપણ કદૂપ છે. પ્રેમાનંદ

પૈંઆ ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. સ્ત્રી. હિંડોળા જમીન ખૂતાનું ખૂતતી વખતે એક બાજુથી બીજી બાજુ જવું તે.

પૈંત મારવી = ખૂતતી વખતે એવું જોર કરવું કે ઠીંચકાનો વેગ વધી જવો

પૈંગડ સ્ત્રી. લંગાણ; અનિશ્ચયોક્તિ.

પૈંગડું (પૈંગડું) ન. ઘોડેસવારનો લટકતો પગ જેમાં રહે છે તે કડું; રકાબ; ઘોડાના કાનનો પાયો.

પૈંગામાં પગ ઘાલવો = (૧) મોટા માણસની સાથે ચાલવું. (૨) હરીફાઈ કરવી; બરાબરીમાં ઊતરવું. રસની બાબતમાં ગુજરાતી કવિ પ્રેમાનંદના પૈંગડામાં પગ ઘાલે એમ કોઈ નથી.—નવલરામ

પૈંગોલો પું. કૂવાર વાસણ ઘડતાં બહાર ઠપકો હોઈ તેની સામે અંદર રાખવાનું ઓજાર.

પૈંચું વિ. બાલવામાં નબળું; આર્ધકાંચળું; અસ્પષ્ટ; ઘંગળું; સફાઈ વગર કરી ન શકે એવું.

પૈંઠક પું. લાલ આંખ અને સફેદ આંબાવાળું એક જાતનું પક્ષી.

પૈંઠા જુઓ પૈઠ.

પૈંચપૈંચે અ. અનુમાનું; અધરઅધર.

પૈંજની સ્ત્રી. કલતર અને ગાળાને પગે બંધાતી ઘંટડી.

પૈંજર ૧. સ્ત્રી. પેજર; પંજરું; બાસકું

૨. સ્ત્રી. ચોજડી.

પૈંજરું ન. પેજર; પંજરું

પૈંજૂણ [સં.] પું. કાનનો ભેજ.

પૈંઠ પું. મુકિતા; તદબીર.

પૈંટર [અં.] પું. ચિત્રકાર.

પૈંટિંગ [અં.] સ્ત્રી. ચિત્રકામ.

પૈંઠ ૧. સ્ત્રી. ખરીદી કરવાનો દિવસ.

૨. સ્ત્રી. પેઠ; પોળ.

પુત્રે સુખવાર પૈંઠમાં તેમનો ગોઠવાયાં. પ્રસન્ન કે ત્યાં તેમને જોઈ જોવાયું ન હતું. પીનાકિન

૩. [સં પ્રતિજ્ઞા] સ્ત્રી. કૂંડી ગેરવલ્લે જવાથી બીજી વાર કપી આપવામાં આવતી તેની વકલ; કૂંડીની વકલ.

૪. ન. ઘાટ; કુદાન.

પૈંઠ ૧. સ્ત્રી. ઊંચી જમીન.

૨. સ્ત્રી. પગથિયું.

૩. [હિં.] સ્ત્રી. પીળા ભાંબવાળું એક જાતનું સારસ પક્ષી

પૈંડકુલી સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન ગળતીનાં પાન જેવાં હોય છે. ડાંડલીની બાજુ કરચ રેખાની દેખાય છે, પણ અંદર રાતી હોય છે. તેને રાતા રંગનો રસ આવે છે. તેની લાખ થાય છે. તેનાં પાંદડાં ઉકરી ઉપર તથા ઓરબાનું મટાડવા ચોપડાય છે.

પૈંડાર ૧. પું. ગોવાળિયો; ભરવાડ.

૨. પું. ભિખારી; ભિખારી.

પૈંડુકી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું પકવાન.

૨. સ્ત્રી. પંડુક પક્ષી.

૩. સ્ત્રી. કુંડળી.

પૈંડો ૧. પું. માટી મૂકવું તે ઓરતરણી.

૨. [સં. પિંડ; પ્રા. પેંડ] પું. ચાક ઉપરનો માટીનો લોંદો; પિંડ.

૩. પું. ચાક.

૪. પું. પિંડ; પરાળ; ઢાંગર માટી સીંચા પછીનો છોડ.

૫. પું. માર્ગ; રેહો; રસ્તો.

૬. પું. માવો અને ખાંડનો બનાવેલો ગોળ આકારનો મીઠો પદાર્થ; દૂધના માવાની બનાવેલી એક મળી વાની.

૭. પું. મુક્કીનો માર; ઠોંસો.

પૈંડો આપવો = (૧) ઠોંસો મારવો. (૨) બરતરફ કરવું.

૮. પું. રીતભાત; રિવાજ.

૯. પું. હવેલીમાં શ્રીકૃષ્ણની પૂજામાં રાયન વખતે વપરાતો એક શબ્દ.

પૈંડ્યુલમ [અં.] ન. ઘડિયાળનું લોલક.

પૈંદૂર ન. દક્ષિણમાં થતું એક જાતનું ઝાડ. તેને જેઠ, અષાઢ માસમાં જબરખ જેવાં ફળ આવે છે. તેનો રંગ લીલો હોય છે. તેનું ઝાડ થાય છે. તેનાં પાન લાંબાં અને સાંકડાં હોય છે.

પૈંણો પું. તાવડો; કડાયું; કડાઈ.

પૈંત ૧. સ્ત્રી. કોઠીની ધૂંસની રમતમાં અમુક કોઠી જમીન ઉપર ફેંકતાં પહેલાં અડી પડે તે કોઠી.

૨. સ્ત્રી. સાતનો સંકેત.

૩. વિ. પહેલું. રમત રમવા પાકતી વખતે ભાગવા પહેલો દાવ લેનાર માટે બોલાય છે.

પૈંતરો ૧. પું. કુસ્તી વગેરેની શરૂઆતમાં આમના પગને જરા વાળીને અને પાછલા પગને ટટ્ટાર રાખીને ઊભા રહેવું તે; પવિત્રા; કુસ્તીમાં સામસામા મલ્લો પ્રથમ કરે છે તે દેખાવ; કુસ્તી કરતા પહેલાં સામસામા પડે પગ લંબાવી, કોણી આગળથી હાથ ઊંચો વાળી તેના ઉપર બીજે હાથે અવાજ કરવો તે.

૨. પું. યુક્તિ; પ્રપંચ.

પૈંતરો કરવો-રચવો = યુક્તિ કે પ્રપંચ ગોઠવવા.

૩. પું. વાંસું પગલું.

પૈતાન ૧. જ. ઢંઢાસ; ખોટી ખાઈ.
૨. જ. પાખંડ; ઢોંગ; માણ; કપટ; ઠોંગ.

પૈતિચાર જિ. પહેલો દાવ લેનાર. ખાસ કરીને દાણ, કોડી, પાસા વગેરે માટે વપરાય છે.

પૈથી સ્ત્રી. સેંથી; માથાના વાળ ઓળીને જુદા પાડતાં વચ્ચે રહેતો સેર જેવો ભાગ; ઓળા વાળની લટ.
પથાજે પથાજે તેલ નાખ્યું = વારે વારે શિખામણ દેવી.

પૈંઠર જુઓ પેઠ.

પૈંઠા [હિં.] સ્ત્રી. હરકોઈ ચીજનું તળિયું; વસ્તુનો નીચલો ભાગ.

પૈંઠી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું કદ.
૨. સ્ત્રી. ખાજર, મૂળા વગેરેનું મૂળિયું.
૩. સ્ત્રી. ગુદા.
૪. સ્ત્રી. તોપ કે બંદૂકની કોઠી.
૫. સ્ત્રી. હરકોઈ વસ્તુનું તળિયું.

પૈંઠ પું. લોટાના પગવાહાનો કટકો.

પૈંખવું ૧. જ. ક્રિ. આવળ કરવી.
૨. જ. ક્રિ. પેખવું; આદત પાડવી; ટેવાવું; એક વાર જાણ બહારથી બીજી વાર તેની દરકાર રાખવી.
પેખો આવે પરોણો, ને લપડ આવે ઢોર = પહેલી ટેવ કેમેય કરી દૂળતી નથી.
૩. જ. ક્રિ. ખાસ બળવાથી કાવવું.

પૈંખાવવું જ. ક્રિ. આવળ કરે તેમ કરવું.

પૈંસુ ૧. જ પેસું; આદત; ટેવ; ખો; લત.
૨. જિ. પેપેલું.

પૈંપી સ્ત્રી. પતરાજી; મગરૂરી; અભિમાન.

પૈંફલેટ [અં.] જ. ચોપાનિયું; વિજ્ઞપ્તિ; પત્રિકા.

પૈંશી જ. એક જાતનું કૂલઝાડ. તેનો છોડ બધી બાજુ ઊંચા ઊંચા ભાગ છે. તેમાં સળી નીકળ્યા ઉપર કૂદડી જેવાં જાતજાતનાં ફૂલ આવે છે. તેનાં પાંદડાં ગોળ હોય છે.

પૈંસ સ્ત્રી. બેસ.

પૈ ૧. પું. પગ; ઝોડી.
૨. સ્ત્રી. ગાડાનું પૈડું.
૩. સ્ત્રી. (કચ્છી) પાસનું મોટું મેદાન.
૪. [સં. પાદ] સ્ત્રી. (વહાણવટું) સરખીરી બોળ પાટલો.
૫. સ્ત્રી. ઠોપ; વાંક.
૬. સ્ત્રી. પાઈ; આનાના ભારમા ભાગ જેટલી કીમતનો એક નાનો ચલણી તાંબાનો સિક્કો; આનાનો બારમો ભાગ.
૭. સ્ત્રી. ઓગિયાં હોલવા ખીચાંનો પુરસો કે કંસારા જેવડાં થઈ ગયેલાં બીચાંનો જથ્થો.
૮. જ. અવસ્થા; ઉંમર.
૯. જ. થી; વડે; દ્વારા.
૧૦. જ. પછી; બાદ.
૧૧. જ. પણ; પરંતુ.
૧૨. જ. પાસે; નજીક.
૧૩. જ. પ્રતિ; તરફ.

પૈક ૧. પું. રાત્રે રક્ષણ કરવા માટે રાખેલ ચોકીદાર; રખોપિયો.
૨. [સં.] પું. સંદેશો લાવનાર માણસ; ખેપિયો.

પૈકણ (પૈકણ) ૧. સ્ત્રી. કેદીઓના પગની લોઢાની બેડી.
૨. સ્ત્રી. ઘૂંટી ઉપર પહેરાતી વરેખા જેવી કડી.

પૈકડી (પૈકડી) જુઓ પૈકણ.

પૈકર ૧. [સં.] પું. ચહેરો.
૨. પું. છબી.
૩. પું. દેખાવ; દેખાવું તે.
૪. પું. માલ વેચવા માટે ફરનાર માણસ; ફેરિયો; ચોકી પૂંજનો વેપારી.
૫. પું. વેપારી; આડતિયો.
૬. [હિં.] જિ. કપાસમાંથી બી જોકવું કરનાર.

પૈકાન ૧. [સં.] સ્ત્રી. ચોકી ભરનારાનું દક્ષિણારૂપ ઇનામ.
૨. [સં.] સ્ત્રી. તીરનો મધ્યભાગનો ભાગ.

પૈકાર જુઓ પૈકર.

પૈકારસી જ. એક જાતનું ઝાડ; બરમાળો.

પૈકી ૧. [હિં.] પું. ભેજ કે તબાલામાં ફરી ફરીને લોકોને હુકમ પાનાર માણસ.
૨. જ. માંનું; માંથી. અંદરનું; અંદેહું.

પૈખાના [ફા.] જ. જાજરૂ.

પૈખાલ [ફા.] પું. પણોઓની હજામ; બરડ.

પૈગંબર [ફા. પૈગંબર] પું. પૈગંબર; ખુદાનો સંદેશો લાવનાર પુરુષ; ધર્મપ્રવર્તક માણસ.

પૈગંબરી ૧. [ફા.] સ્ત્રી. પૈગંબર હોવાપણું.
૨. સ્ત્રી. પૈગંબરનું પદ; પૈગંબરનું કામ.
૩. જિ. પૈગંબર સંબંધી.

પૈગામ ૧ [ફા] પું. કહેણ; સંદેશો.
૨. પું. વિવાહ સંબંધી વાત.

પૈગામી સ્ત્રી. ચાટગીત; પ્રભોધરી.

પૈગોડા [હિં.] પું. બૌદ્ધ મંદિર.

પૈગંબર જુઓ પૈગંબર.

પૈગંબરી જુઓ પૈગંબરી.

પૈગામ જુઓ પૈગામ.

પૈચાર [ફા.] સ્ત્રી. બાજી; બાબો.

પૈચારો સ્ત્રી. લુચ્ચી કપટી બો.

પૈજ ૧. [હિં.] સ્ત્રી. ટેક; પ્રતિજ્ઞા.
૨. સ્ત્રી. દુશ્મનાવટ.
૩. સ્ત્રી. વચનનું સત્ય.
૪. સ્ત્રી. હોડ; હઠ; રીસ.

પૈજનિયાં જ. જ. ઇ. ઝાંઝર.

પૈજવન પું. (પુરાણ) એ નામનો એક ઇક્ષ્વાકુ. તેણે પોતાને સ્વાહાકાર, વષટ્કાર વગેરે વેદમંત્રોનો અધિકાર ન હોવાથી ઔદાત્ત વિધાન વડે કર્મ કરીને બ્રાહ્મણોને દક્ષિણા આપી હતી.

પૈજા ૧. સ્ત્રી. લોઢાણાની એ નામની એક જાત.
૨. જ. એ નામની જાતનું માણસ.
૩. જિ. એ નામની જાતનું.

પૈજામા [હિં.] પું. પાયજામો.

પૈજાર [ફા. પૈઝાર] પું. ખેડો; બગરખું.

પૈઝ ૧. સ્ત્રી. દુશ્મનાવટ.
૨. સ્ત્રી. વચન; શબ્દ

પૈઝાર [ફા.] સ્ત્રી. ખેડો.
પૈઝાર સે = હું પરવા કરતો નથી.

પૈઝારખોર [ફા.] જિ. નીચ; હલકું; અધમ.

પૈઠ ૧. [હિં.] સ્ત્રી. પ્રતિ; જવું તે.
૨. સ્ત્રી. નદી; પોળ; શેરી.
૩. સ્ત્રી. દાખલ થવું તે; પ્રવેશ.

પૈઠક ૧. સ્ત્રી. પહેરામણી
૨. સ્ત્રી. બોલી; પરાણ; સાકું; કરાર.
૩. જ. મહારાષ્ટ્ર પ્રદેશમાં આવેલું એ નામનું એક નગર.

પૈઠર ૧. [સં.] જ. તપેલીમાં રંધિલું ભસિ.
૨. જિ. તપેલી વગેરે વાસણમાં પકાવેલું.

પૈઠવું ૧. જ. ક્રિ. દાખલ થવું; પેસવું.
૨. જ. ક્રિ. પરાણે આવવું.
૩. જ. ક્રિ. પરાણુ; કરાર કરવો; સાકું કરવું; ઠરાવવું.
૪. જ. ક્રિ. બાકી લેવાનું નક્કી કરવું; લાવ કબૂલ કરવો.

પૈઠારી ૧. [હિં.] સ્ત્રી. પ્રતિ; જવું તે.
૨. સ્ત્રી. પ્રવેશ; દાખલ થવું તે.

પૈઠિક [સં.] પું. એ નામે એક અસુર.

પૈઠિનસિ [સં.] પું. એ નામે ગોત્રપ્રવર્તક એક ઋષિ.

પૈડું જ. કરાર; પૈણ; સાકું.
એવું હોય તેવું પૈડું પળાશે,
આવી ન હોય રાજ તમારી રીત.

પૈનાલા

પૈડો પું. મૂળ ઉપર લાકડું ખોસીને કરેલું ખોદું; મૂળ ઉપર ઊભું ઘસેલાં લાકડાંનો ભાર.

પૈડ (પૈડ) ૧. પું. કોરને અપાતો લાકડી બતનો ટુકાર.

૨. સ્ત્રી. નવાબી પુરબાર કે બતચીત; ઘાપ; ગાળાગોળ; પંચાત: પરચ.

પૈડા (પૈડ્ય) ૧. [હિં.] પું. જોના ઉપર બાંધીને બળદ કૂવામાંથી પાણી ખેંચે છે તે બાવ; પૈબું.

૨. ન. પૈડું.

પૈડાવેરો (પૈડાવેરો) પું. ગાડા ઉપરનો કે કૂવાના ક્ષેત્ર ઉપર લેવાતો વેરો; પૈડા ઉપર લેવાનો કર.

પૈડાસિંચાણ (પૈડાસિંચણ) ન. લાકની ક્ષેત્ર સિંચા. તેમાં વરસ-બાના રસ કે ગાડીના પૈડાનું પૂજન થાય છે.

પૈડિ (પૈડિ) પું. (પિંગલ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં અઠ્ઠાવીસ માત્રા હોય છે. ૧, ૫, ૬, ૧૨, ૧૬, ૨૦, ૨૪, ૨૭ માત્રાએ તાલ આવે છે.

પૈડી (પૈડી) ૧. સ્ત્રી. કૂવાનું બાળું.

૨. સ્ત્રી. કૂવાનું પૈબું.

૩. સ્ત્રી. નિસરણી; સીડી.

પૈડું (પૈડું) ૧. ન. ક્રમની ગતિ.

પૈડું ચાલવું-ફરવું = (૧) ક્રમ ચાલવું; પ્રવૃત્ત થવું. (૨) ક્રમ ચાલુ થવું કે સિદ્ધ થવું. (૩) નભવું; પાર પડવું. (૪) મહેનતમાં પાર પડવું; સફળ થવું. (૫) ફાવવું; ગોઠેલું પડવું.

૨. ન. કુંભારનો ચાક.

૩. ન. કૂવાના મંડાણ ઉપરનું વચમાં બીજીવાળું લાકડાનું સાધન. તેમાં વરત રહે છે.

૪. ન. બાળકો નામની એક દેશી રમત.

૫. ન. નાનો સર્પ; સાપોલિયું.

તારા વગર તો માઈ પૈડું એ ફરે નહિ = તમારી મદદ વગર જરા પણ ચાલશે નહિ.

૬. [સં. પદ] ન. મધ્યબિંદુ કે નાભિમાંથી પરિધ સુધી બાર પાંખી બનાવેલી ભોળ આકૃતિ; ચક્ર; ચાક. જે ગાડીની ભાલુમાં બરીમાં ભેરવેલું હોય છે અને જ્યારે ગાડી ચાલે છે ત્યારે તે ફરે છે.

૧. પૈડું ફેરવવું = પૈડું ચલાવી રમવું. આ રમત એકલાં રમી શકાય એવી છે. એક સોબડી સળિયા કે પાટીને પૈડાની પેઠે વર્તુળાકાર વાળીને તેનું પૈડું બનાવવું અને બીજો લાંબો સળિયો મોઢેથી જરા વાંકો વાગેલો તેમાં ભાલવો. તેની મદદથી જ તે પૈડું ધોસીને તેની પાછળ દોડતા જવું. તેમાં બાળકોને બહુ મજા આવે છે. આ પૈડું ફેરવવાની ચોટી રેખ પડ્યા પછી ઠીક ફાવે છે. આ એકથી દોડવાનો સારો અભ્યાસ થાય છે, મતિ વધે છે તથા શ્વાસ વધારે રોકી શકાય છે.

૨. પૈડું સિવવું = પરબીને અંતી વચ્ચેથી પરસ્પરના રસ કે ગાડીના પૈડાનું પૂજન કરવું.

૭. ન. યંત્રનો પૈડા ના આકારનો અવયવ.

પૈડો (પૈડો) પું. બાવળની સિંગ; બાવળનો બતરો; પરડો.

પૈડોતડું (પડોતડું) વિ. બાતનો કોઠો ન મૂકે તેવું

પૈણવું ન. ગોદિવું; એક બતનું બાટીનું વાસણ.

પૈતરા ૧. [હિં.] પું. મૂળ ઉપર ખોદેલું પગનું નિશાન.

૨. પું. પેંતરો; તલવાર ચલાવવામાં બળવા કુસ્તા કરવામાં ઘૂમતાં ઘૂમતાં પગ રાખવાની રીત.

પૈતરી સ્ત્રી. ઊંટવીંટણું.

પૈતલા [હિં.] વિ. ઠીબડું.

પૈતામહ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક પૂમકેતુ. તે એક વાર દેખાયા પછી ફરીથી ૧૦૦ વર્ષે દેખાય છે.

૨. વિ. પિતામહ સંબંધી; દાદાનું; દાદા સંબંધી.

૩. વિ. વારસાનું.

પૈતામહક ૧. [સં.] વિ. પિતામહને લગતું; પિતામહ એટલે દાદા સંબંધી.

૨. વિ. બીજા પિતામહને લગતું; બીજા પિતામહ સંબંધી.

પૈતામહતીર્થ ન. ઉજ્જનમાં આવેલ એ નામનું એક તીર્થ.

પૈતામહિક [સં.] વિ. દાદા પાસેથી મળેલું.

પૈતીદાન ન. પદાના; પારસી ધર્મગુરુની મુકપટ્ટી.

પૈતુ ન. મરી કે બદીમાં પંજવાને માટે મુકરર કરવામાં આવતી રકમ; પું.

પૈતું ૧. ન. બાળકોની રમતમાં વાપરવામાં આવતો લોઢાનો કે માટીનો ગોળાકાર ટકડો.

૨. ન. ઢાક કે ફળનો પાતળો ટકડો; બતણ; ગોકળું; પીતું; ગોળ ચકતું.

પૈતૃક ૧. [સં.] પું. મનુએ સ્વીકારેલ સાત બાંકેના એક પ્રકારનો રસ.

૨. વિ પિતૃને લગતું; બાપીકું. વારસામાં મળેલું; પરંપરિક; કુલક્રમાગત; પરંપરાગત; પેઢીઉતાર.

પૈતૃકભૂમિ [સં.] સ્ત્રી. બાપદાદાઓનું સ્થાન.

પૈતૃકસંપત્તિ [સં.] સ્ત્રી. વારસામાં મળેલી મિલકત.

પૈતૃકસ્થાન. જુઓ પૈતૃકભૂમિ.

પૈતૃપ્યસેપ [સં] પું. સોર્ણનો પુત્ર.

પૈત્ત [સં.] વિ. શરીરમાંની પિત્ત બાતુથી આવેલું; પિત્ત બાતુનું; પિત્તજ; પિત્તથી ઉત્પન્ન થયેલું.

પૈત્તિક જુઓ પૈત.

પૈત્ર ૧. [સં.] ન. તર્જની અને અંગુઠાની વચ્ચેનો બાગ; પિતૃતીર્થ.

૨. ન. પિતૃ સંબંધી દિવસ.

૩. ન. પિતૃ સંબંધી શ્રાદ્ધ વગેરે.

પૈત્રાહોરાત્ર [સં.] પું. પિતૃદેવોનો એક અહોરાત્રિ; મનુષ્યનો એક મહિનો.

પૈત્રિક વિ. વંશપરંપરાનું; વારસામાં આવેલું.

પૈત્રિક પદ્ધતિ [સં.] સ્ત્રી. પિતા પછી પુત્ર સત્તા ઉપર આવે એવી પદ્ધતિ

પૈત્ર્ય [સં.] વિ. પિતૃ સંબંધી; પિતા સંબંધી; બાપદાદાનું.

પૈદલ ૧. [હિં.] પું. પાયદળ લશ્કર.

૨. પું. પાયદળ લશ્કરનો સિપાઈ; પદાતિ.

૩. પું. ચોતરંજની રમતમાં નીચા દરજ્જાનું મહોરું. તે સીધું ચાલે છે અને બાકું મારે છે.

૪. વિ. પગે બાલનારું; પગપાળું.

૫ ક્રિ. વિ. પગથી.

પૈદા ૧. [હિં.] સ્ત્રી. બામદાની; અર્થાગમ.

૨. [ઇ.] વિ. પેદા; ઉત્પન્ન; જન્મેલ

૩. વિ. પ્રગટ; ઉપસ્થિત.

૪. વિ. મેળવેલું; પ્રાપ્ત; અર્જિત

પૈદાઇશ ૧. [ફા] સ્ત્રી. જન્મ; ઉત્પત્તિ.

૨. સ્ત્રી. નફો; ફાયદો.

૩. સ્ત્રી. પાક; ઊપજ.

પૈદાઇશી ૧. [ફા.] વિ. સ્વાભાવિક; પ્રાકૃતિક.

૨. વિ. જન્મથી હોય એવું; પુરાણું; બસલી.

પૈદાચારી જુઓ પૈદાઇશ.

પૈદાશી જુઓ પૈદાઇશી.

પૈન ૧. [હિં.] પું. બદર; પાણી જવાનો રસ્તો.

૨. પું. પવન; વાયુ.

પૈના ૧. હિં.] પું. ધાતુ ગાળવાનો બસાલો.

૨. પું. બળદને હાંકવાની બાકડી; બંકુશ.

૩. વિ. તીક્ષ્ણ; તેજ; બારવાળું.

પૈનાક [સં.] વિ. મહાદેવના પિનાક ધનુષ સંબંધી.

પૈનાગ પું. બંતનો બાગ.

પૈનાલા ન. નળિયું.

પૈપ્પલ [સં.] વિ. પીપળાનું; પીપળા સંબંધી.
પૈપ્પલાદિ [સં.] પું. પિપ્પલાદ ઋષિનો પુત્ર.
પૈપ્પલાદ પું. ઉજ્જયંતની મહામહિમ યાત્રામાં આવતા એ નામના એક દેવ.
પૈમા ૧. [સં.] પું. માપનાર વ્યક્તિ.
૨. વિ. માપનારું.
પૈમાઈ [સં.] સ્ત્રી. માપવું તે; માપણી.
પૈમાઈશ જુઓ પૈમાઈ.
પૈમાઈશ કૅપાસ [સં.] પું. ત્રિકોણમિતિ અનુસાર માપણી.
પૈમાઈશ કુનંદા [સં.] પું. માપણી કરનાર અમલદાર; મોજણીદાર.
પૈમાઈશ બંદોબસ્ત [સં.] પું. માંડણી કરવી તે.
પૈમાઈશ આલ [સં.] પું. મહેસૂલી માપણી.
પૈમાન [સં.] પું. કરાર; સંધિ.
પૈમાના ૧. [હિં.] પું. પોરસ.
૨. [સં.] ન. માપવાનું સાધન; માનદંડ.
પૈમાલ [હિં.] વિ. પાયમાલ.
પૈયજન [સં.] પું. પિતૃવ્ય રાજાનો પુત્ર.
પૈયા ૧. [હિં.] પું. ખોખલા દાણા; સત્ત્વ વગરના દાણા.
૨. પું. પૂર્વ બંગાળ, આસામ અને બરમામાં થતો એક પ્રકારનો વાંસ. તેમાં મોટાં ફળ આવે છે અને તે ખવાય છે.
૩. પું. પૈડું; ચક્ર.
૪. પું. ત્રિજ્યાન.
૫. સ્ત્રી. ચોખાને સોળગણા પાણીમાં ખૂબ રાંધી, પીવા જેવી બનાવેલી નરમ રાબ.
પૈયાન ન. પ્રયાણ; ઊપડવું તે.
પૈયામ [સં. પયામ] પું. સંદેશો.
પૈયાલ [હિં. પ્યાલ] સ્ત્રી. વાસ; પરાળ.
પૈયાળ જ. પાતાળ.
પૈયાં [હિં.] ન. પગ; ચરણ.
પૈયાંગણ ન. યજ્ઞનો અગ્નિ જ્યાં સ્થાપવામાં આવતો હોય તે સ્થાન.
પૈયું ૧. ન. હોસ ભોંયમાં માટે જળદ જે જમીન ઉપર આવળ કરે છે તે જગ્યા; ઓળાણ.
૨. ન. માણીના જળદને ફરવાની જગ્યા.
૩. ન. ઊંડું; અંતર.
પૈયો પું. (કચ્છી) પૈયું; હોસ ભોંયમાં જળદને આસવાનો રસ્તો.
પૈર ૧. પું. કમળ.
૨. પું. ઘાણીમાં જળદનો ગોળો.
૩. પું. ભોમભડારી.
૪. પું. દુશ્મન.
૫. [હિં.] પું. પગ; ચરણ.
૬. પું. પાપ.
૭. પું. પ્રકટ રોમ.
૮. પું. બાજુ; અંત.
૯. પું. વસ્ત્રમાં પડવું તે.
૧૦. ન. ખળા ઓઢેનો દાણા સહિતનાં ડૂંડાંનો ઢગલો; ખળું; પાકનો ઢગલો.
૧૧. ન. પૂજા વગેરેમાં ચોખા વગેરે ધરવું તે; ધરણું; ધરણું.
પૈરઉદ્દીન [હિં.] પું. કુરતીનો એ નામનો એક દાવ.
પૈરકાણ પું. રસ્તાનો.
પૈરખઆબખાટ (પૈરખઆબખાટ) પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.
પૈરઘાડી [હિં.] સ્ત્રી. બેઠાં બેઠાં પગે ફેલાવીને ઘસાવવાની હલકી માટી. જેમકે, બાઈસિક્લ.
પૈરજ ૧. [સં.] પું. અનુયાયી; નોકર; ચાકર.
૨. પું. ભક્ત.
પૈરવી ૧. [સં.] સ્ત્રી. અનુગમન; અનુસરણ.
૨. સ્ત્રી. આદરાપાલન.
૩. સ્ત્રી. કોઈ બાબતમાં અનુકૂળ પ્રમાણ; કોર્ટમાં પ્રયત્ન.
૪. સ્ત્રી. તપાસ.
૫. સ્ત્રી. પાળવું પડવું તે.
૬. સ્ત્રી. સંમત થવું તે.
પૈરવીકાર [હિં.] પું. પૈરવી કરનાર માણસ.
પૈરા ૧. પું. હોસ હાંકતી વખતે જળદ જે હોલાવ ઊતરે છે તે જગ્યા; પૈયું.
૨. [હિં.] પું. ત્રિપદી; ટૂંકી નોંધ.
૩. પું. ફકરો; કોઈ લેખ વાત પૂરી થતી હોય તેટલો કોઈ લેખનો ભાગ; 'પેરગ્રાફ'.
૪. સ્ત્રી. એક જાતનું નકામિનારે થતું ઘાસ. તેની સાદડીઓ ગૂંથાય છે.
૫. સ્ત્રી. એક પ્રકારની દક્ષિણી કપાસ. તેનો છોડ બહુ દિવસ સુધી રહે છે. તેની કાંબળી લાંબ રેસાની હોય છે. તેનું રૂ બહુ સારું હોતું નથી.
૬. સ્ત્રી. પગે પહેરવાનું એક પ્રકારનું કડું.
પૈરાઈ ૧. [હિં.] સ્ત્રી. તરતા શીખવાની પ્રક્રિયા.
૨. સ્ત્રી. તરવાની કળા.
૩. સ્ત્રી. તરવાની ક્રિયા; તરવું તે.
પૈરાક [હિં.] પું. તરનાર; તરૂ.
પૈરાકી જુઓ પૈરાઈ.
પૈરામાઈ જુઓ પૈરા ૩.
પૈરાજ [સં. પૈઝર] સ્ત્રી. પગરખાં; જોડા.
પૈરાબ [હિં.] પું. તરીને પાર જઈ શકાય એટલું ઊંડું પાણી.
પૈરામન ૧. પું. બખીસ; પહેરણ.
૨. પું. મેળાપ; સંબંધ.
૩. [સં.] પું. લાંબો ઝભ્ભો.
૪. પું. સગો; સંબંધી માણસ.
પૈરિ સ્ત્રી. બબ્બ પ્રાંત નજીક મહા નદીને મળતી એ નામની એક નદી.
પૈરિનિયમ [અં.] ન. સ્ત્રીવની; યોનિદ્વાર અને મલદ્વારની વચ્ચેનો ભાગ.
પૈરી ૧. [હિં.] સ્ત્રી. અનાજના સૂકા ડોડવા ઉપર જળદ ચલાવી કે ડંડા મારી દાણા કાઢવાની ક્રિયા.
૨. સ્ત્રી. ખાંડ્યા અથવા દળ્યા પછી નીકળતું અનાજ; ખોખા વગેરે.
૩. સ્ત્રી. મેદાંના થાળ કાપવાનું કામ.
૪. સ્ત્રી. નિસરણી.
૫. સ્ત્રી. પગે પહેરવાનું કૂલ કે સાંસાનું બનાવવામાં આવતું એક જાતનું ઘરેણું.
પૈલ ૧. [સં.] પું. (પુરાણ) ઋગ્વેદને પ્રસિદ્ધિમાં આણનાર એ નામનો એક ઋષિ.
૨. પું. પીલાનો પુત્ર એક ઋષિ.
૩. પું. સ્વાયંભુવ મન્વંતરમાંના સ્વયંભૂ નામના વ્યાસનો સંપૂર્ણ ઋગ્વેદ ભણનારો એક શિષ્ય. તે વસુ ઋષિનો પુત્ર હતો. પાંડવોના રાજસૂય યજ્ઞમાં તે હોતા નામનો ઋત્વિજ થયો હતો.
પૈલગર્ગ [સં.] પું. એ નામે એક ઋષિ.
પૈલગી [હિં.] સ્ત્રી. પ્રણામ; અભિવંદન.
પૈલન જ. પહેલું જન્મેલું બાળક.
પૈલા ૧. [હિં.] પું. દૂધ દહીં ઢાંકવાનું નાંદના આકારનું માટીનું વાસણ.
૨. સ્ત્રી. ચાર શેર અનાજ વગેરે માપવાનું એક વાસણ.
પૈલી ૧. [હિં.] સ્ત્રી. અનાજ, તેલ વગેરે રાખવાનું માટીનું ઢાંકણું વાસણ.
૨. સ્ત્રી. અનાજ, તેલ વગેરે માપવાનું એક વાસણ.
પૈલેય જુઓ પૈલ.
પૈવસ્ત ૧. સ્ત્રી. સંબંધ; મિત્રતા.
૨. [સં.] વિ. જોડેલું; છૂટું નહિ એવું.
૩. વિ. દૃઢ.
પૈવસ્તગી ૧. સ્ત્રી. દૃઢતા; મજબૂતી.
૨. [સં.] સ્ત્રી. સ્નેહ; મેળ; સંબંધ.
પૈવસ્તા ૧. જ. ગયા વર્ષ પહેલાંનું વર્ષ.

૨. [ફા.] વિ. બેઠાડેલું.
૩. જ. કમેરો; નિસ.

પૈવસ્તી સ્ત્રી. પહોંચ; દાખલ કર્યાની નોંધ; દાખલો.

પૈસંઢ ૧. [હિં.] પું. ઇષ્ટ મિત્ર; સંબંધી.
૨. સ્ત્રી. બાઝરી કલમ કર્યા તે તે જાતના બીજા ઝાડ સાથે બાંધવી તે.
૩. સ્ત્રી. થીગડું; સાંધો.
૪. સ્ત્રી. વધારો; ઉમેરો.

પૈસંદી ૧. [હિં.] વિ. કલમી; કલમ વડે બનાવેલ.
૨. વિ. થીગડું મારેલ; સાંધેલું.
૩. વિ. વર્ણસંકર.

પૈસંદી ભૂમ [હિં.] સ્ત્રી. જેનાં ગૂંદળાં જાણ ઉપર આવેલાં હોય એવી ભૂમ.

પૈસલ્ય ૧. [સં.] ન. કોમળતા.
૨. ન. વિનમ્રતા; સૌજન્ય.
૩. ન. સુંદરપણું.

પૈશાચ ૧. [સં.] પું. આઠ બાંધવાં એક પ્રકારનાં લગ્ન. તેમાં સૂતેલી કન્યાનું હરણ કરી, મદ્યપાનથી વિહ્વળ બનેલી કે ઉન્મત્ત કન્યા સાથે લગ્ન કરવામાં આવે છે.
૨. પું. પિશાચ; દૈત્ય.
૩. પું. હથિયાર ઉપર ઝપટનાર કોઈ અદૃશ્ય સંઘ; આયુધજીવી એક સંઘનું નામ; એક લડાયક ટોળ.
૪. ન. હારિત સ્મૃતિમાં કહેલ એક નિંદ્ય દાન.
૫. વિ. પિશાચ કેરું.
૬. વિ. પિશાચ સંબંધી.
૭. ન. પિશાચે કરેલું; પિશાચનું; રાક્ષસી.

પૈશાચકલ્પ [સં.] સ્ત્રી. સુશ્રુતમાં જણાવેલો શરીરનો એક ભેદ. એનું આવાની કમિ, તીખો સ્વભાવ, ઓછોવત્તાપણું અને નિસ્તેજપણું એ આ શરીરનાં લક્ષણ મનાય છે.

પૈશાચવિવાહ [સં] પું. સૂતેલી કન્યાનું હરણ કરીને અથવા મદોન્મત્ત કન્યાને ફોસલાવીને છળથી કરેલો વિવાહ.

પૈશાચિક ૧. [સં.] વિ. ઘોર અને નિકૃષ્ટ.
૨. વિ. ભૂત સંબંધી; પિશાચ સંબંધી; રાક્ષસી; પિશાચનું; પૈશાચી.

પૈશાચિકી સ્ત્રી. એ નામની એક ભાષા.
જૈનોના આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુની સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચિકી, ચૂલપૈશાચિકી, અપભ્રંશ અને સમસંસ્કૃત એમ જુદી જુદી ભાષાઓમા સ્તુતિ કરી છે.
ગુ. સા. પરિષદ

પૈશાચી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક જૂની પ્રાકૃત ભાષા. બૃહત્કથા આ ભાષામાં પ્રથમ લોકોથી લખાઈ હતી. તેના ઉપરથી કથાસરિત્સાગર જોવા છે. માગધી, શૌરસેની, પૈશાચી અને અપભ્રંશ વગેરે જૂની ભાષાઓ છે.
૨. સ્ત્રી. રાત્રિ.
૩. સ્ત્રી. વિવાહાદિ ઉત્સાહના પ્રસંગમાં સગાંવહાલાંને પ્રસન્ન કરવા માટે આપવામાં આવતાં લૂગડાં.
૪. વિ. રાક્ષસી.

પૈશુન ૧. [સં.] ન. ચાડીચૂગલી કરવાપણું.
૨ ન. પિશુનતા; દુષ્ટતા; નીચતા; હલકાઈ.
૩. વિ. ચાડિયું; ચાડખોર કરનાર.
૪. વિ. ખૂંચું બોલનાર.

પૈશુન્ય ૧. [સં.] ન. ચાડિયાપણું; ચાડીચૂગલી; પિશુનતા; બીજા માણસની ગેરહાજરીમાં તેનાં દૂષણ બોલવાં કે પારકાના દોષની ચાડી ખાવી તે.
૨. ન. નીચતા; હલકાઈ; દુષ્ટતા.

પૈષ્ટ [સં.] વિ. પિષ્ટ એટલે લોટનું; લોટ સંબંધી.

પૈષ્ટિક ૧. [સં.] ન. જવ, ચોખા વગેરેને સોડવીને બનાવેલું મદ્ય.
૨. ન. લોટનો સમૂહ.
૩. વિ. લોટનું બનાવેલું.

પૈષ્ટી [સં. પિષ્ (પીસવું)] સ્ત્રી. લોટમાંથી બનતો એક જાતનો ઘારૂ; જવ, ચોખા વગેરે બાફને સોડવીને બનાવેલો એક જાતનો ઘારૂ.

પૈસ ન. સિંધ દેશમાં પેસ જાતના સૂક્ષ્મ ચામડીવાળા પશુના ચામડાની બનાવટનું વસ્ત્ર.

પૈસા ૧. [પ્રા. પાઅ (ચોથો ભાગ) + અંસ (ભાગ)] પું. તાંબાનો એક સિક્કો; આનાનો ચોથો ભાગ.
૨. પું. ન. બ. વ. ધન; દોલત; પૈસાટકા.

પૈસાકોડી (પૈસાકોડી) સ્ત્રી. એક જાતની કોડી. તે કરડે ત્યારે શરીર ઉપર પૈસા જેવડું ઢીમું થાય છે.

પૈસાખાઉ વિ. પૈસા ખાનાર; રિશ્વતખોર.

પૈસાદાર વિ. ધનવાન; માતબર; શ્રીમંત.
પૈસાદારનો દીકરો ઘૂંપરે રમે = પૈસા વડે બધું થઈ શકે છે.

પૈસાપરસ્ત વિ. પૈસા જ સર્વસ્વ છે એમ માનનાર; પૈસાની પૂજા કરનાર.

પૈસાપાત્રલ વિ. ધનપેલું; પૈસાથી ઉન્મત્ત બનેલું.

પૈસાપાત્ર જુઓ પૈસાદાર.

પૈસાર ૧. [હિં.] પું. દાખલ થવું તે; પ્રવેશ.
૨. પું. પ્રવેશદ્વાર.

પૈસુકાયન [સં.] પું. એ નામે એક ઋષિ.

પૈસુની સ્ત્રી. મહાકિની અથવા પયસ્વિની નદીનું એક નામ.

પૈસો ૧. પું. આનાના ચોથા ભાગ જેટલી કીમતનો તાંબાનો સિક્કો; પઈ; ઢોકિયું; ૧૬ આનો અથવા ૧૦૦ પાઈ. સુરતમાં નવાસના વખતથી રૂપિયાના ૮૦ પૈસા ચલણ છે, તે ઉપરથી ૧૬ આનાને સવા પૈસો કે સવાહો કહે છે.
૨. પું. સમૃદ્ધિ; ધન; દોલત; લક્ષ્મી. હરિજનબંધુમાં લખ્યું છે કે: ગણવાનો સૌથી સારો રસ્તો ગણાવવું એ જ છે. દાન આપવાથી જમલું જાય છે એ બહુ જાણીતી કહેવત છે. પૈસાની બાબતમાં લોકોની માન્યતા એથી ઊલટી છે. પરંતુ એ ભૂલભરેલી છે. પૈસો પણ આપવાથી વધે છે ને સંઘરી રાખવાથી ઘટે છે. કુરાનમાં એક ઠેકાણે કહ્યું છે કે, પૈસો આબ્યથી નહિ, દાનથી વધે છે. આપણી પાસે પૈસો આવે કે તરત બીજાની પાસે મોકલી દેવો જોઈએ. કૂટબોલની રમતમાં આપેલા તરત આવેલો દડો આપણે આપણી પાસે જ રાખી મૂકીએ તો રમત આગળ નહિ ચાલે, અટકી જશે. હું દડો બીજાના તરફ મોકલું, બીજો વળી ત્રીજાની તરફ દેકે, એવી રીતે દડાને દેતા રહેવાથી જ કૂટબોલની રમત બરાબર ચાલે છે. પૈસો ને દાન બીજાને આપતા રહો. એથી બંનેમાં વધારો થતો રહેશે. પૈસા સંબંધી મુક્તિનો માર્ગ એ નામના પુસ્તકમાં લખ્યું છે કે પુણ્ય, પાપ તથા ધર્મ એ કોઈ પૈસાથી થતાં નથી. પૈસા જડ વસ્તુ છે, તેનાથી આત્માનો ધર્મ તો થાય નહિ જ, પરંતુ પૈસાથી પુણ્ય થતું નથી તેમ જ પૈસાથી પાપ પણ થતું નથી. પૈસા આવવા કે જવા તે બધી જડની ક્રિયા છે, તેનો કર્તા જડ છે, આત્મા તેનો કર્તા નથી અને આત્માને તે જડની ક્રિયાનું ફળ નથી.

૧. પાંચ પૈસો હોવો = સંપત્તિ હોવી.

૨. પૈસા ઉપાડવા-ઉડાવવા = (૧) ચોરી કે દગાથી બીજાના પૈસા લઈ લેવા. (૨) લખલૂટ ખર્ચ કરવું; ઉડાઉપણે પૈસા ખર્ચવા.

૩. પૈસા ઊડાવી જવા = પૈસા ખાઈ જવા કે ઓળવવા.

૪. પૈસા ઊપજવા = કીમત જેટલાં કે તેથી વધુ નાણાં મેળવવાં.

૫. પૈસા કમાવા = ધન મેળવવું.

૬. પૈસા કૂદવા = ખૂબ કે વધારે પડતા પૈસા હોવા.

૭. પૈસા અર્પવા = કીમત તરીકે નાણાં આપવાં કે તેમનું રોકાણ કરવું.
૮ પૈસા આવા લેવા = (૧) લગ્નમાં દીકરી આપ્યા બદલ પૈસા લેવા. (૨) લાંચ લેવી. (૩) વિશ્વાસઘાત કરી પારકાના પૈસા ઓળવવા.
૯. પૈસા ખોટા કરવા = લેણું કુબાવવું; માગતા પૈસા નહિ આપવા.
૧૦. પૈસા ખોટા થવા = પૈસા ડૂલવા; પૈસા ગુમાવવા; ધીરેલું નાણું ન મળવું કે ડૂલ થવું.
૧૧. પૈસા ખોલ = (૧) પૈસા ઉડાવવા. (૨) ચેપારધંધામાં ખોટ આવવી.
૧૨. પૈસા ઘસાવા = બીજાઓ વડે પૈસા અવાર્ઇ જવા; ધીરેલા પૈસા પાછા ન મળવા.
૧૩. પૈસા ચાંપવા = લાંચ આપવી.
૧૪. પૈસા જોડવા = સામાની ચીજને નુકસાન થતાં તેની કીમત કે નુકસાની તરીકે નાણાં આપવાં
૧૫. પૈસા ડૂબવા = લેણું ખોટું થવું.
૧૬. પૈસા તોડી પાડવા = સદ્ગેરાઇથી પૈસા કમાવા.
૧૭. પૈસા નાખવા = ભવિષ્યમાં લાભની આશાએ ધંધા કે ઉદ્યોગમાં નાણાંનું રોકાણ કરવું.
૧૮. પૈસા પાડવા = (૧) પૈસા કમાવા. (૨) પૈસાના સિક્કા બનાવવા.
૧૯. પૈસા પાણીમાં જવા = અર્થ અર્થ થવો.
૨૦. પૈસા પાણીમાં નાખવા = કાંઈ પણ ફાયદો ન થાય એવા કામમાં પૈસા ખરચવા.
૨૧. પૈસા ભગાડવા = પૈસાનું નકામું ખર્ચ કરવું.
૨૨. પૈસા ભરવા = અર્થ ભરતાં પૈસા સિલક રહેવા.
૨૩ પૈસા ભરવા = (૧) કરે કે ફાળાની રકમ ચૂકવવી (૨) પૈસા જોડવા. (૩) દાગીની વાટીમાં પોતાના તરફથી રકમ ઉમેરવી.
૨૪ પૈસા મારવા = પૈસા ખાઈ જવા કે ઓળવવા.
પૌરકાર્ય [સં.] ન. લોકબજવાર.

પૌરકુત્સ [સં.] ન. એ નામનું એક તીર્થ.

પૌરકુત્સી [સં.] સ્ત્રી. ઋષિ રાજની માતા.

પૌરકૃત્ય ન. નગરનું રક્ષણ કરવાની કળા.

પૌરજન ૧. [સં.] પું. નાગરિક; નગરવાસી; શહેરી; શહેરનું માણસ.
૨. પું. સભ્ય કે વિવેકી માણસ.

પૌરજનત્વ ન. શહેરીપણું; નગરસ્થતા.

પૌરજાનપદ ૧. [સં.] પું. બ. વ. નગરવાસીઓ અને ગ્રામ્યજનો; રાષ્ટ્રસંઘ.
૨. વિ. શહેર તથા ગ્રામને લગતું.

પૌરજ્ઞ ૧. [સં.] પું એ નામનો એક ઋષિ.
૨. વિ. પૂર્ણ કરનાર; પૂરનાર.

પૌરધર્મ [સં.] પું નાગરિકશાસ્ત્ર; પૌરશાસ્ત્ર; પ્રજાતંત્ર શિક્ષણ; 'સિવિક્સ'

પૌરપત્ય ન. નગરનું અધિપતિપણું; અગ્રેસરપણું.

પૌરવ ૧. [સં.] પું. (પુરાણ) અજમીઢ રાજાએ મારેલો પાંડવ પક્ષનો એક રાજા.
૨. પું. ઈશાન તરફના દેશનો રાજા.
૩. પું. ઈશાન તરફના દેશનો વતની.
૪. પું. મહાભારતમાં જણાવેલ ઈશાન તરફનો એક દેશ.
૫. પું. પાંડવોએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. તેને દમન નામે પુત્ર હતો.
૬. પું. પુરુ રાજાનો પુત્ર; પુરુના સંતતિ.
૭. વિ. પુરુ રાજાનું; પુરુ રાજા સંબંધી.
૮. વિ. પુરુના વંશનું.

પૌરવિષયકર્મા [સં. પૌર (શહેર) + વિષયકર્મન્] પું. શહેરસુધરાઈખાતાનો ખાંધકામ અધિકારી; 'મ્યુનિસિપલ એન્જિનીઅર'.

પૌરવી ૧. [સં.] સ્ત્રી. (સંગીત) ગ્રામ્યગ્રામની સાત મૂર્છનાની એ નામની એક મૂર્છના. તેના સ્વર: ધ, નિ, સ, રે, ગ, મ, પ, પ, ધ, નિ, સ, રે, ગ, મ, પ, ધ, નિ, સ, રે. મંદરસાની કોમલ ધૈવતથી આરોહણ કરી મધ્યસ્થાની કોમલ ધૈવત સુધી જવાથી અને અવરોહણ કરી ષાડ્જ મૂળ સ્થાન ઉપર આવવાથી આ મૂર્છના બને છે.
૨. સ્ત્રી. યુધિષ્ઠિરની એ નામની એક સ્ત્રી.
૩. સ્ત્રી. વસુદેવની એ નામની એક સ્ત્રી.

પૌરવીય [સં.] વિ. પૌરવ રાજા ઉપર ભક્તિવાળું.

પૌરવૃદ્ધ [સં.] પું. મુખ્ય નગરજનો; મહાજનો.

પૌરશાસ્ત્ર ન. પૌરધર્મ; 'સિવિક્સ.'

પૌરશ્ચરણિક [સં.] વિ. પુરશ્ચરણનું પ્રતિપાદન કરનાર.

પૌરસખ્ય [સં.] ન. એક ગામ કે નગરમાં રહેવાથી પરસ્પર થતી મિત્રતા; શહેરી માણસની મિત્રતા.

પૌરસરિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે ભગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

પૌરસ્ત્ય ૧. [સં.] વિ. આગળ હોનાર કે થનાર; પ્રથમનું.

૨. વિ. પૂર્વ દિશાનું; પૂર્વ તરફનું; પૂર્વનું.

પૌરસ્ત્રી ૧. [સં.] સ્ત્રી. અંતઃપુરમાં રહેનારી સ્ત્રી.

૨. સ્ત્રી. શહેરી સ્ત્રી.

પૌરંજની [સં.] સ્ત્રી. (પુરાણ) પુરંજન રાજાની કન્યા.

પૌરંદરનાથ પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

પૌરંદર ૧. [સં.] ન. (જ્યોતિષ) અભિજા નક્ષત્ર.

૨. વિ. ઇંદ્રનું; ઇંદ્ર સંબંધી; પુરંદરને લગતું.

પૌરા [હિં.] પું. પગલું; પાદચિહ્ન

પૌરાણ ૧. [સં.] પું. ચિત્રનાં હજાર બહિનું એક નામ.

૨. વિ. પુરાણ સંબંધી; પુરાણનું.

૩. વિ. પુરાણમાં કહેલું; પુરાણોક્ત.

૪. વિ. પુરાણી; જાસલનું; જૂનું.

પૌરાણવિદ્યા [સં.] સ્ત્રી. પુરાણનું જ્ઞાન.

પૌરાણિક ૧. પું. (પિંગળ) અઢાર માત્રાનો એક માત્રાવૃત્તિ છંદ. તેની પ્રસ્તારભેદથી ૪૧૮૭ વૃત્તિ થાય છે.

૨. [સં.] પું. પુરાણ વાંચનાર કે જાણનાર પુરુષ. પુરાણી; પુરાણનો અભ્યાસી.

૩. પું. પુરાણને માનનાર ભક્તિ.

૪. પું પુરાણમાં પારંગત બ્રાહ્મણ.

૫. વિ. પુરાણને લગતું; પુરાણનું.

૬. વિ. પુરાણમાં કહેલું કે બોલેલું.

૭. વિ. પ્રાચીન કાળનું.

પૌરાણિક આખ્યાયિકા [સં. પૌરાણિક (પુરાણનું) + આખ્યાયિકા (કથા)] સ્ત્રી. પુરાણની કથા.

પૌરાણિક ધર્મ [સં. પૌરાણિક + ધર્મન્ (કાર્ય)] ન. પુરાણમાં બતાવેલ કાર્ય.

> ન.વ. ઉપોપદ્ય વગેરે પ્રકરણોમાં પુરાણોમાં વિસ્તારથી પ્રતિપાદન કરેલાં હોવાથી પૌરાણિક ધર્મો કહેવાય છે. — ગોવારદરણ

પૌરાણિક વાર્તા જુઓ પૌરાણિક આખ્યાયિકા.

પૌરાતન ૧. ન. જૂનાગઢનું પ્રાચીન નામ.

૨. ન. જૂની વસ્તુ.

પૌરાધિકાર [સં.] પું. શહેરી તરીકેનો હક.

પૌરાધિકારિત્વ [સં.] ન. શહેરી તરીકેના હક ભોગવવાપણું.

પૌરાધિકારી [સં. પૌરાધિકારિન્] પું. શહેરી તરીકેનો હક ધરાવનાર માણસ.

પૌરાધ્યક્ષ [સં.] પું. શહેરીઓમાં અગ્રણી પુરુષ; 'મેયર'.

પૌરાંગના [સં.] સ્ત્રી. શહેરમાં રહેનારી રીતભાતવાળી વિવેકી સ્ત્રી; નગરની સ્ત્રી.

પૌરિ જુઓ પૌરી.

પૌરિક [સં.] પું. દક્ષિણમાં આવેલ એ નામનો એક દેશ.

પૌરિયા [હિં.] પું. દ્વારપાળ; દરવાન.

પૌરી ૧. [સં.] સ્ત્રી. અંતઃપુરના કે રાજદરબારના નોકરોની ભાષા.

૨. [સં. પ્રતોલી] સ્ત્રી. (હિંદી) દરવાજો; ડેલી; ડોહી.

૩. સ્ત્રી. નિસરણી; સીડી.

૪. સ્ત્રી. પાવડી.

પૌરુકુત્સ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું પુરુકુત્સના ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

૩. પું. (પુરાણ) પુરુકુત્સનો પુત્ર; ત્રસદસ્યુ.

પૌરુકુત્સિ [સં.] પું. પુરુકુત્સનો પુત્ર; ત્રસદસ્યુ.

પૌરુક્ત્રિ [સં.] સ્ત્રી. પુનર્વચન; પુનરુક્તિ; ફરીથી બોલવું તે.

પૌરુગદ્ગુ [સં.] પું. એ નામનું એક જાતનું સામગાન.

પૌરુગહ્વ [સં.] પું. એ નામનું એક જાતનું સામગાન.

પૌરુગીહ [સં.] પું. એ નામનું એક જાતનું સામગાન.

પૌરુરિશ્ટિ [સં.] પું. એ નામનો એક પ્રાચીન આચાર્ય.

પૌરુષ ૧. પું. અદ્ભુત કદ પુરુષ.

૨. પું. ઝાકર.

૩. પું પુરુષ મર્દ.

૪. ન. એક માપસ ઉપાડી શકે તેટલો બોજો.

૫. ન. ઉદ્યોગ; ઉદ્યમ; પુરુષાર્થ.

૬. ન. માનવોનો સમૂહ; પ્રજાનો સમુદાય.

૭. ન. પરાક્રમ; શક્તિ; સાહસ.

૮. ન. પુરુષના પગથી ઊંચા કરેલા હાથના અગ્રભાગ સુધીનું માપ; બે હાથ ઊંચા કરેલી માણસની લંબાઈ બરોબર એક માપ; ૧૦૮ અંગુલ. યજ્ઞની વેદી માપવા માટે આ માપ વપરાય છે.

૯. ન. પુરુષનું કર્મ; પુરુષાર્થ.

૧૦. ન. પુરુષનું લિંગ.

૧૧. ન. પુરુષપણું; પુરુષત્વ.

૧૨. ન. પુરુષાતન; મરદાઈ.

૧૩. ન. વીર્ય; શક્તિ; સામર્થ્ય; બળ.

૧૪. ન. સૂર્યમંડળ.

૧૫. વિ. પુરુષ સંબંધી; પુરુષનું.

૧૬. વિ. માણસનું બનેલું.

પૌરુષગ્રંથિ [સં.] સ્ત્રી. મનુષ્યના શરીરમાં રહેલી એક ગ્રંથિ; 'પ્રોસ્ટેટ ગ્લેન્ડ', તે અસ્થિદ્વાર તથા મૂત્રપ્રસેકના દ્વારભાગના ભાગને વીંટળાઈને રહેલી છે. તે અખરોટની માફક, લગભગ ગોળ આકારની હોઈ બસ્તિમુખમાં ગુદાનલિકાની બાજુએ રહેલી છે. આ ગ્રંથિની બહારની બાજુ રેષામય કોષ વડે ઢંકાયેલી છે. તેની અંદર મોટે ભાગે સ્વતંત્ર માંસપેશીઓના તંતુઓ તથા રેષામય પદાર્થોએ અરસપરસ ગૂંથાઈને રચેલી જાળીઓને લીધે તેનો દેખાવ મધપૂડા જેવો દેખાય છે. મધપૂડાનાં બાનાંની અંદર જેમ મધ રહે, તેમ આ જાળીઓમાં ગ્રંથિનિર્માપક વસ્તુ રહેલ છે. આ ગ્રંથિના સૂક્ષ્મ કોષોએ તૈયાર કરેલો પાતળો ચીકણો પદાર્થ દ્રવ, ખાર કે વાહ સૂક્ષ્મ સ્રોતો મારફત, મૂત્રપ્રસેકના તળિયામાં ઠલવાય છે. વૃદ્ધાવસ્થામાં આ ગ્રંથિમાં રેષામુસ્ત્રોનું પ્રમાણ વધતાં તે મોટી થાય છે અને મૂત્રમાર્ગને સંકોચે છે. સખત રાસ્તી અથવા મૂત્રની વિકૃતિઓને લીધે આ ગ્રંથિમાં સોજો આવે છે. દરદીને પેશાબ ભારે લાગે છે, ગુદાદ્વાર તથા વૃષણની વચ્ચેના ભાગમાં દબાવતાં વધારે દુખાવો થાય છે. ઉપસ્થના ઉપર પણ દુખાવો થાય છે. દરદીને વારંવાર પેશાબ કરવા જવું પડે અને તેમાં ઘણે કષ્ટ પડે છે. ઝાડો કરતાં પણ તેને દુખાવો થાય છે. પરિણામે આ ગ્રંથિમાં પરુ થઈને ભૂમડું થાય છે, જે ગુદનલિકામાં અથવા મૂત્રાધાર પ્રદેશમાં ફૂટે છે. પ્રાચીનોએ વર્ણવેલા બસ્તિમુખની આ અંતર્વિવૃદ્ધિ છે. તેમાં પેશાબ સાથે વીર્ય જેવો ચીકણો ધોળો પદાર્થ બહાર આવે છે. આ ગ્રંથિમા ક્ષારો જમીને

પછી પણ થાય છે. કોઈ વાર આ ગ્રંથિની વૃદ્ધિ થાય છે. પચાસ વરસની ઉમર પહેલાં ભાગ્યે જ માલૂમ પડતી આ વૃદ્ધિમાં આ ગ્રંથિ મોટી થાય છે. તેનું વજન દસગણું વધી જઈ ભયંકર અર્બુદ થાય છે. તે મૂત્રી જેવડી ગાંઠ જણ છે અને પેશાબ રોકે છે. બસ્તિમાં તેમ જ મૂત્રપિંડોમાં પણ તે સોજો લાવે છે. વૃદ્ધ પુરુષોમાં પેશાબની અટકાયત કરનારું સૌથી મુખ્ય કારણ આ છે.

પૌરુષગ્રંથિક [સં.] વિ. પૌરુષગ્રંથિ સંબંધી; પૌરુષગ્રંથિનું.

પૌરુષતા [સં.] સ્ત્રી. મરદાઈ; પુરુષપણું.

પૌરુષત્વ જુઓ પૌરુષતા.

પૌરુષભાવ [સં.] પું. પુરુષપણું; પુરુષત્વ; પુરુષાતન.

પૌરુષરેતસ [સં. પૌરુષરેતસ] ન. વીર્ય.

પૌરુષાદ [સં.] વિ. રાક્ષસને યોગ્ય હોય એવું.

પૌરુષિક [સં.] વિ. પુરુષનું પૂજન કરનાર.

પૌરુષી ૧. પું;ન. (જૈન) પોરસી સંબંધી પચ્ચખાણ; પોરસી ચોવિહાર; એક પ્રકારના ચોવિહારનાં પચ્ચખાણ.

૨. સ્ત્રી. પહોર; દિવસ અથવા રાત્રિનો ચોથો ભાગ.

૩. સ્ત્રી. પુરુષની જાત.

૪. [સં.] સ્ત્રી. બી.

૫. વિ. પુરુષપ્રમાણ; પુરુષપરિમિત.

૬. વિ. પુરુષ પ્રમાણે હાંકું.

પૌરુષીમંડલ [સં.] ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર; ઉત્કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

પૌરુષીય મૂત્રનલિકા [સં.] સ્ત્રી. મૂત્રનલિકાનો ઉપરનો ત્રીજો ભાગ. બસ્તિના મૂલ આગળ રહેલી પૌરુષગ્રંથિમાંથી પસાર થઈને મૂત્રાશયના મુખને અને વીર્ય વહન કરનાર નાડીઓને તે મળે છે. લગભગ સવા ઇંચ જેટલી તેની લંબાઈ છે. આ નલિકાની અંદર પેશાબની ધારા થતાં તેને ઘર્ષ જનાર અને ક્ષોભ થતા વીર્યનો રસ્તો મોકળો કરનાર સૂક્ષ્મ નાડીઓની બારીક રચના ગોઠવાયેલી છે.

પૌરુષેય ૧. પું. (પુરાણ) જેઠ મહિનાના સૂર્યના સમાગમમાં આવતો રાક્ષસ.

૨. [સં.] પું. પુરુષનો વંશ.

૩. પું. પુરુષનો વિકાર.

૪. પું. પુરુષનો સમૂહ; જનસમૂહ.

૫. પું. રોજનું કામ કરનાર મજૂર.

૬. પું.ન. પુરુષનું કામ.

૭. વિ. આધ્યાત્મિક.

૮. વિ. પુરુષ સંબંધી; પુરુષનું.

૯. વિ. પુરુષનું જેમાં કર્તૃત્વ હોય એવું; પુરુષે કરેલું; પુરુષનું; પુરુષે રચેલું.

૧૦. વિ. પુરુષને જાણવું; પોરખ.

પૌરુષેય ઉપનિષદ [સં. પૌરુષેય + ઉપનિષત્] જુઓ ;ન. એ નામનું એક ઉપનિષદ. તેમાં શિવગીતા, રામગીતા, ગુરુગીતા, વર્ણગીતા, ઉત્તરગીતા, અવધૂતગીતા, વેદગીતા, વેદાંતગીતા, ભગવદ્ગીતા, બ્રાહ્મગીતા, હંસગીતા, પંડવગીતા, ગણેશગીતા, યમગીતા, કૈવલ્યગીતા, અષ્ટાવક્રગીતા વગેરેનો સમાવેશ થાય છે.

પૌરુષેયત્વ ૧. [સં.] ન. (વેદાંત) આનુપૂર્વીની રચના કરવી તે; પહેલાંની રચનાપદ્ધતિની અપેક્ષા રાખ્યા વગર પુરુષચિત્તની બુદ્ધિથી જોડવી પડેલી આનુપૂર્વી.

૨ ન. સજ્ઞાનીય ઉચ્ચારણની અપેક્ષા રાખ્યા વિના ઉચ્ચારણનો વિષય હોવાપણું.

પૌરુષ્ય ૧. [સં.] ન. મર્દાઈ; મર્દાનગી; પુરુષપણું.

૨. ન. સાહસ.

પૌરુહૂત ૧. [સં.] ન. (જ્યોતિષ) જ્યેષ્ઠા નક્ષત્ર.

૨. ન. પુરુહૂત અથવા ઇંદ્રનું અરણ્ય વગ.

૩. વિ. ઇંદ્ર સંબંધી.

પૌરેય ૧. [સં.] ન. નગરની નજીકનું સ્થાન, ગામ વગેરે.

૨. વિ. નગરની સમીપનું.

પૌરોગવ [સં.] પું. રાજદરબારનો પાકશાલાધ્યક્ષ; રસોડાનો વડો.

પૌરોડાશ [સં.] પું. પુરોડાશ; યજ્ઞમાં હોમવાનો એક પ્રકારનો રોટલો.

પૌરોડાશિક [સં.] પું. પુરોડાશના હોમ સમયે મંત્ર ભણનાર ઋત્વિજ.

પૌરોહાર્ય [સં.] ન. પુરોહાપણું.

પૌરોધસ [સં.] ન. પુરોહિતપણું; ગોરપદું; ગોરનું કામ.

પૌરોભાગ્ય [સં.] ન. બજાર ભાવવાની સરસાઈ; પુરોભાગપણું; મજાર.

પૌરોહિત [સં.] વિ. પુરોહિત કે ગોરના ધર્મનું.

પૌરોહિત્ય [સં.] ન. પુરોહિતપણું; ગોરપદું; પુરોહિતનું કામ.

પૌર્ણકર્ષ [સં.] ન. એક જાતનું વૈદિક કર્મ.

પૌર્ણપર્ક [સં.] ન. એક પ્રકારનું વૈદિક કૃત્ય.

પૌર્ણમાસ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. પૂર્ણિમાને દિવસે અગ્નિહોત્રીઓથી કરાતો યજ્ઞ; પૂનમના દિવસે કરવા યોગ્ય એક યાગ.

૩. ન. પારાશર ગોત્રનું એ નામનું એક પ્રવર.

૪. ન પૂનમનો દિવસ.

૫. વિ. પૂનમને લગતું.

પૌર્ણમાસિક [સં.] વિ. પૂનમને દિવસે હોનાર કે થનાર.

પૌર્ણમાસી ૧. પું. એ નામનો એક યજ્ઞ.

૨. સ્ત્રી. પૂર્ણિમા; પૂનમ.

૩. ન. (સંગીત) ઓડવનું એક તાલ; ષડ્જ ગ્રામમાં નિષાદ અને ગાંધાર વર્જ્યથી ઉત્પન્ન થતું એક તાન.

પૌર્ણમાસ્ય ૧. [સં.] ન. પૂનમને દિવસે થનાર યજ્ઞ.

૨. વિ. પૂનમને દિવસે હોનાર.

પૌર્ણમી [સં.] સ્ત્રી. પૂનમ; પૂર્ણિમા.

પૌર્ણિક [સં.] પું. યોગી; સંન્યાસી.

પૌર્ણિમા [સં.] સ્ત્રી. પૂનમ; પૂર્ણિમા.

પૌર્ણિમાસિક [સં.] વિ. પૂનમને દિવસે હોનાર કે થનાર.

પૌર્ણિમાંત [સં.] વિ. પૂનમને દિવસે પૂરું થાય એવું.

પૌર્ત્તિ ૧. [સં.] ન. કૂવો.

૨. ન. તળાવ.

૩. ન. ધર્મશાળા.

૪. ન. મંદિર; દેરાસર.

૫ ન. રસ્તો.

પૌર્વ ૧. [સં.] વિ. પૂર્વનું; પૂર્વ સંબંધી; પૌરસ્ત્ય.

૨. વિ. ભૂતકાળ સંબંધી; પૂર્વકાળનું; પ્રાચીન સમયનું.

પૌર્વદેહિક [સં.] વિ. પૂર્વજન્મ સંબંધી; પૂર્વજન્મના શરીર સંબંધી

પૌર્વપદિક [સં.] વિ. સમાસ વગેરેમાં પૂર્વ પદનું અનુસરણ કરનાર.

પૌર્વાતિથ [સં.] પું. એ નામનો એક ઋષિ.

પૌર્વાત્ય વિ. પૂર્વનું; પૂર્વ તરફનું

પૌર્વાપર્ય ૧. [સં.] ન. અનુક્રમમાં પૂર્વાપર હોવાપણું; ક્રમ; આગળપાછળપણું, આગળપાછળનો સંબંધ.

૨. વિ. આગળપાછળનું.

પૌર્વાપૌરુષિક [સં.] વિ. વંશપરંપરાગત.

પૌર્વાર્ધ [સં.] વિ. શહેર, ગામ વગેરેના પૂર્વ ભાગમાં હોનાર

પૌર્વાહ્ણિક [સં.] વિ. દિવસના પૂર્વ ભાગ સંબંધી; દિવસના પૂર્વ ભાગમાં હોનાર કે થનાર.

પૌર્વિક ૧. [સં.] વિ. આગલું.

૨. વિ. પુરાતન; જૂનું.

૩. વિ. પૂર્વકાળે હોનાર કે થનાર.

પૌર્વી [સં.] વિ. પૂર્વ દેશમાં રહેનાર; પૂર્વવાસી.

પૌલ ૧. સ્ત્રી. દરવાજો; દ્વાર.

૨. સ્ત્રી. શીખ ધર્મમાં દાખલ કરતી વેળાની ક્રિયા.

પૌલહાયિની [સં.] પું. (પુરાણ) અંગિરા કુળમા થયેલો એ નામનો ઋષિ.

પૌલમૌલિ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

પૌલસ્તી [સં.] સ્ત્રી. રાવણની બહેન શૂર્પણખા.

પૌલસ્ત્ય ૧. [સં.] પું. કુબેર.

૨. પું. કુંભકર્ણ.

૩. પું. ચંદ્ર.

૪. પું. પુલસ્ત્યનો પુત્ર અથવા તેના વંશનો પુરુષ.

૫. પું. રાવણ.

૬. પું. વિભીષણ.

૭. વિ. પુલસ્ત્ય ઋષિનું.

પૌલસ્ત્યવધ ૧. [સં.] પું. રાવણનો વધ જેમાં જણાવેલ છે તે પુસ્તક; રામાયણ.

કુશી અને હવે પાઠય અને ગેય બેઠકે વદન અને ગાયન કરી પૌલસ્ત્યવધ બેઠકી રામાયણનું ગાયન કર્યું. પુરાતત્ત્વ

૨. પું. રાવણનું મરાવું તે.

પૌલસ્ત્યા સ્ત્રી. શૂર્પણખા; પૌલસ્તી.

પૌલસ્ત્યી [સં.] સ્ત્રી. રાવણની બહેન શૂર્પણખા.

પૌલહ [સં.] પું. (પુરાણ) પુલહ ઋષિનો વંશજ.

પૌલિ ૧. [સં.] પું. ચોખા શેકેલા જવ, સરસવ વગેરે.

૨. પું. પૂરી.

૩. પું. રોટલી.

૪. પું. લગાર બળેલું રાંધવા આરંભેલું રંધાયું.

પૌલિયા [હિં.] પું. દરવાજા ચોકીદાર.

પૌલિશસિદ્ધાંત પું. (જ્યોતિષ) પૌલિશે જોષી કાઢેલ ગ્રહગમન સંબંધનો સિદ્ધાંત.

પૌલિંદ પું. ચહાણ લૂંટનારો માણસ; ચાંચિયો.

પૌલી ૧. [હિં.] સ્ત્રી. ઊભા રહીએ ત્યારે જમીનને અડતો પગનો ભાગ.

૨. [સં. गोपुर] સ્ત્રી. દરવાજો; દ્વાર.

૩. સ્ત્રી. ધૂળ કે ભીની માટીમાં પડતું પગનું નિશાન; ચરણ.

૪. [સં.] સ્ત્રી. પૂરી; પોળી.

પૌલુષિ ૧. [સં.] પું. પુલુષ વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

૨. પું. સત્યવત નામનો ઋષિ. તે પુલુષ ઋષિના વંશમાં ઉત્પન્ન થયો હતો.

પૌલોમ ૧. [સં.] પું. ઇંદ્ર.

૨. પું. (પુરાણ) પુલોમા ઋષિનો પુત્ર. તે હિરણ્યપુરમાં રહેતો હતો. જેને અર્જુને માર્યો હતો.

૩. સ્ત્રી. દૈત્યોની એ નામની એક જાતિ.

૪. ન. દક્ષિણ સમુદ્ર પાસે આવેલું મહાભારતના વખતનું તીર્થક્ષેત્ર.

૫. પું. પુલોમાના વંશનુ.

૬. વિ. પુલોમાના વંશજને લગતું.

પૌલોમતીર્થ જુઓ પૌલોમ ૪.

પૌલોમી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઉદ્દાલ્ગી; ગાર્ગી; ઇંદ્ર નામના જાતિની એ નામની એક સ્ત્રી અને પુલોમાની દીકરી.

૨. સ્ત્રી. ભૃગુ ઋષિની પત્નીનું નામ.

પૌલોમીશ [સં.] પું. ઇંદ્ર.

પૌલ્કસ ૧. [હિં.] પું. પુલ્કસ જાતિનો મનુષ્ય.

૨. વિ. પુલ્કસ નામની સંકર જાતિ સંબંધી.

પૌવ ૧. સ્ત્રી. લોઢાપાની એ નામની એક જાટકા.

૨. ન. એ નામની જાટકનું માપસ.

૩. વિ. એ નામની જાટકનું.

પૌવા ૧. [હિં] પું. પારોઠ; પારોઠનું વજન.

૨. પું. પારોઠ દૂધ કે પાણી સમાય તેવું વાસણ.

૩. પું. પૌંચા; કાંસરને પલાળી શેકી ખાંડીને બનાવેલા ચપટા ચોખા. તે આસો સુદિ પૂનમને દિવસે દૂધમાં પલાળી ખાવાનો મહિમા છે.

પૌષ ૧. [સં.] પું. પુષ્ય નક્ષત્રવાળું પખવાડિયું.

૨. પું. બાર મહિનો એ નામનો એક મહિનો; પોષ.

૩. ન. ઉત્સવ.

૪. ન. તપાર્ય.

૫. વિ. પોષક; પુષ્ટિકારક.

પૌષજિતિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પૌષધ [સં. उपवसथ] ન. પોષધ; શ્રાવક કરવાનું એક વ્રત; પોષો.

પૌષધક્રિયા સ્ત્રી. (જૈન) ઉપવાસ કરી આખી અહોરાત્ર આત્મચિંતન કરવું તે.

પૌષધવ્રત ન. (જૈન) શ્રાવકોનું એ નામનું અગિયારમું વ્રત; પૌષધક્રિયા.

પૌષધવ્રતી વિ. (જૈન) પૌષધવ્રતવાળું.

પૌષધશાલા ૧. ઉપાશ્રય; અપાસરો.

૨. સ્ત્રી. પોષધશાળા; જૈન ગૃહસ્થોને ધાર્મિક ક્રિયા કરવાનું સ્થળ;

પૌષધશાળા જુઓ પૌષધશાલા.

પૌષધિક વિ. પૌષધ કરનાર.

પૌષ્ણ પું. (જ્યો. શા.) અશ્વિનાં બાર માહેનું એ નામનું અગિયારમું વ્રત; બાર માહેનું એક શિક્ષાવ્રત.

સામાયિક, દેસાવકાસિક, પૌષધ, અતિથિ સંવિભાગ એ ચારિ સિક્ષાવ્રત. પ્રાચીન સ્તવસંગ્રહ

પૌષધોપવાસ પું. ઉપવાસ કરીને પોષધ નામની કરવાની જૈન ધાર્મિક ક્રિયા; શ્રાવકોનું અગિયારમું વ્રત; બાર માહેનું એક શિક્ષાવ્રત.

પૌષલક્ષ્મી સ્ત્રી. જંબુદ્વીપની અંદર આવેલી પારિજાત નામની વાડીના અધિપતિની સ્ત્રી.

પૌષી [સં.] સ્ત્રી. પોષ મહિનાની પૂનમ.

પૌષ્કર ૧. [સં.] પું. જેમાં વિષ્ણુનો કમળાપે પ્રાદુર્ભાવ થયો હતો તે પાદ્મકલ્પ.

૨. ન. એરંડાનું મૂળ

૩. ન. પદ્મની જડ; પુષ્કરમૂળ.

૪. ન. રક્તકમળ.

૫. વિ. સ્વામ કમળનું; સ્વામ કમળ સંબંધી.

૬. વિ. પુષ્કર તીર્થનું; પુષ્કર તીર્થ સબંધી.

૭. વિ. પુષ્કર દ્વીપનું.

પૌષ્કરક ૧. [હિં.] પું. (પુરાણ) હરિવંશ પ્રમાણે વિષ્ણુનો એક અવતાર.

૨. જુઓ પૌષ્કર.

પૌષ્કરમૂલ [સં.] ન. પુષ્કરમૂળ નામનું એક સુગંધી દ્રવ્ય.

પૌષ્કરસાદિ ૧. [સં.] પું. એ નામનો એક વૈયાકરણ ઋષિ. તેના મતનો ઉલ્લેખ મહાભાષ્યમાં છે.

૨. પું. પુષ્કરસદ નામના ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

પૌષ્કરિણી [સં.] સ્ત્રી. નાનું તળાવ; પુષ્કરિણી.

પૌષ્કલ ૧. ન. એક જાતનું અનાજ.

૨. [સં.] ન. એ નામે એક સામ.

૩. વિ. પુષ્કળ; ઘણું.

પૌષ્કલ્ય ૧. [સં.] ન. પુષ્કળતા; બહુપણું

૨. ન. સંપૂર્ણતા.

પૌષ્ટિક ૧. [સં. પુષ્ (પોષણ કરવું)] ન. પુષ્ટિસાધન કોઈ કર્મ; ધન, અન્ન વગેરેની વૃદ્ધિ થાય એવું કર્મ.
૨. ન. મુંડન વખતે માથા ઉપર નાખવામાં આવતું કપડું.
૩. વિ. પુષ્ટિકારક; પુષ્ટિ આપનાર; શરીરને પુષ્ટ બનાવે એવું; બળવર્ધક; તાકત લાવનાર; કૌવત આપનારું.
૪. વિ. રસણ કરનારું.

પૌષ્ટી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) પુરુની એ નામે એક ભાર્યા.
૨. સ્ત્રી. પુષ્ટરાજની એ નામની એક સ્ત્રી.

પૌષ્ણ ૧. [સં.] પું. પૂષા; સૂર્ય.
દક્ષિણ દિશાના આઠ ભાગોમાં યમ, અગ્નિ અને પૌષ્ણ એ ત્રણ દેવતાઓના વિભાગોમાં દ્વાર મૂકવું નહિ. રામાયણ
૨. ન. પૂષા જેનો દેવ હોય તે હવિષ વગેરે.
૩. ન. (જ્યોતિષ) રેવતી નક્ષત્ર.
૪. વિ. પૂષા દેવનું; પુષ્ણ દેવ સંબંધી.

પૌષ્ણભ [સં.] ન. (જ્યોતિષ) રેવતી નક્ષત્ર.

પૌષ્પ ૧. [સં.] ન. પરાગ; ફૂલની રજ.
૨. ન. ફૂલોમાંથી નીકળેલું મદ્ય.
૩. વિ. પુષ્પ સંબંધી; ફૂલનું.
૪. વિ. ફૂલથી બનેલું.
૫. વિ. ફૂલથી સાધ્ય.

પૌષ્પક ૧. [સં.] ન. કાસીસ; લીલાકસી.
૨. ન. પિત્તળની ભસ્મ. તે આંજણ તરીકે વપરાય છે.
૩. ન. ફૂલમાંથી બનતું અંજન; કુસુમાંજન.

પૌષ્પિક જુઓ પૌષ્પક.

પૌષ્પી ૧. [સં.] સ્ત્રી. પાટલિપુત્ર શહેર; પટના.
૨. સ્ત્રી. ફૂલમાંથી બનેલો દારૂ; એક જાતનું મદ્ય.

પૌષ્ય ૧. [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી પુષ્ય રાજાના પુત્ર ધ્રુવસંધિનું બીજું નામ. તેની ઓએ ઉતંક ઋષિને ગુરુદક્ષિણામાં પોતાના કાનનાં દિવ્ય કુંડળો આપ્યાં હતાં.
૨. ન. મહાભારતના આનુશાસનિક પર્વનું એક પેટા પર્વ.
૩. વિ. પુષ્ય નક્ષત્રનું; પુષ્ય નક્ષત્ર સંબંધી.

પૌષ્યાયન પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પૌસર [હિં.] પું. પાણીનું પરબ.

પૌસરા જુઓ પૌસર.

પૌસલા ૧. [સં. પયઃશાલા] સ્ત્રી. (હિંદી) જ્યાં પાણી પિવડાવવામાં આવતું હોય તે સ્થાન; પાણીનું પરબ.
૨. સ્ત્રી. તરસ્યાને પાણી પાવાનો પ્રબંધ.

પૌહારી [સં. પયસ્ (દૂધ) + આહાર (ખોરાક) + ધન (વાળું)] પું. દૂધ પીને રહેનાર માણસ.

પૌંઆ [સં. પૃથુક] પું. બ. વ. શેકેલી ડાંગરને ખાંડીને કાઢેલ ચપટા દાણા.
પૌંઆ ખાંડવા = (૧) નુકસાનમાં આવી પડવું. (૨) માર પડવાથી કચ્ચર થવી.

પૌંગી સ્ત્રી. બંસરી; બંસી; એક જાતનું વાદ્ય.

પૌંચ સ્ત્રી. આવી પહોંચવું તે.

પૌંચો ૧. [સં. પ્રકોષ્ટ] પું. મોંકું; પૌંચો.
૨. પું. સાડાપાંચના આકડાનો ચિહ્નો.

પૌંજિષ્ઠ [સં.] સ્ત્રી. એક પ્રકારની અંત્યજ જાતિ.

પૌંજિષ્ઠી [સં.] સ્ત્રી. એ નામની અંત્યજ જાતિની સ્ત્રી.

પૌંડ [અં.] પું. અંગ્રેજ નાણાંનો સોનાનો સિક્કો; વીસ શિલિંગની કીમતનો સોનાનો સિક્કો.

પૌંડરીક ૧. [સં.] પું. એ નામનો એક જાતનો કોડ. તેમાં કમળના પાનના રંગ જેવો વર્ણ અને કાંતિ હોય છે.
૨. પું. એ નામનો એક યજ્ઞ.
૩. પું. પોળું કમળ; રક્તકમળ; પુંડરીક.
૪. વિ. પોળા કમળનું બનાવેલું.

પૌંડરોદ્ર પું. એક પ્રકારનો યજ્ઞ. પાંડવોના વનવાસ પછી દુર્યોધને આ યજ્ઞ કર્યો હતો.

પૌંઢવી [સં.] ૧. ન. દંતવાણી આંખમાં આંજવામાં આવતું એક ઔષધ.
૨. ન. પૌંઢવો નામની વનસ્પતિ.
૩. ન. રક્તકમળ; એક જાતનો વેલો.

પૌંઢા [સં. પૌંડ્ર] સ્ત્રી. (હિંદી) એક પ્રકારની નાની અને મોટી જાતની શેરડી. તેની ગલ કાળી હોય છે, પરંતુ તેમાં રસ વધારે હોય છે. આ શેરડી ચૂસવાના હેતુમાં અધિકતર આવે છે. લોકો તેના રસમાંથી ગોળ, ખાંડ વગેરે બનાવતા નથી. તે બે પ્રકારની હોય છે: સફેદ અને કાળી. તે શીતળ અને પૌષ્ટિક મનાય છે. કહેવાય છે કે આ શેરડી, પહેલવહેલી ચીનમાંથી આ દેશમાં આવી

પૌંડ્ર ૧. [સં.] પું. એક જાતની શેરડી.
૨. પું. પુંડ્ર દેશનો રાજા.
૩. પું. પુંડ્ર દેશનો વતની.
૪. પું. નંગાળનો એ નામનો એક પ્રદેશ.
૫. પું. બિહારના એક ભાગ પુંડ્રના વસુદેવનો એ નામનો પુત્ર. તે મોટો વાસુદેવ કહેવાતો.
૬. પું. ભીમસેનનો શંખ. તેનો અવાજ બહુ મોટો હતો.
૭. પું. કિમાના લોપથી સંસ્કારભ્રષ્ટ થઈ ક્ષત્રિયપણાને પામેલ એ નામની એક ક્ષત્રિય જાતિ.
૮. ન. એ નામની જાતિનું માણસ.
૯. ન. એ નામનું એક શહેર.
૧૦. ન. વૈષ્ણવનું ઊભું ટીલું.
૧૧. વિ. એ નામની જાતિનું.
૧૨. વિ. પુંડ્ર દેશનું.

પૌંડ્રક ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. પું. એક જાતની શેરડી. તે ઝાંખી પરાગના રંગની થાય છે.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુરાંગ. તેના દરેક ચરણમાં બે નગણ અને સતર રગણ મળી સત્તાવન અક્ષર હોય છે.
૪. પું. કાળું અને મુલાયમ, રત્નની સપાટી જેવું સુવાળું સુતરાઉ કાપડ. તે પાંચ હાથમાં બનતું.
૫. પું. ખાંડ ઉકાળવાનો ધંધો કરનાર માણસ.
૬. પું. (પુરાણ) પૌંડ્ર દેશનો એ નામનો એક રાજા. તે જરાસંધનો સંબંધી હતો. તેના બાપનું નામ વસુદેવ હતું અને તે પોતાને વાસુદેવ કહેવરાવતો. રાજસૂય યજ્ઞ વખતે ભીમસેને તેને હરાવ્યો હતો શ્રીકૃષ્ણના જેવો તે પોતાનો દેખાવ રાખતો હતો. નારદ પાસેથી શ્રીકૃષ્ણનો મહિમા સાંભળી તે બહુ ગુસ્સે થયો અને કહેવા લાગ્યો કે, મારા સિવાય બીજો વાસુદેવ કે હોય? એકલવ્ય વગેરે વીરોને હરાવીને તેણે દ્વારકા ઉપર ચઢાઈ કરી પણ તે કૃષ્ણને હાથે માર્યો ગયો.
૭. પું. ભીમસેનનો એ નામનો શંખ.
૮. પું. એ નામની એક પતિત જાતિ; પૌંડ્ર જાતિ.
૯. ન. એ નામની જાતિનું માણસ.
૧૦. ન. એ નામનું એક શહેર
૧૧. ન. વૈષ્ણવનું ઊભું ટીલું.
૧૨. વિ. એ નામની જાતિનું.

પૌંડ્રકત્યાજિતરપર્ધા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર બાંહેનું એક નામ.

પૌંડ્રક વાસુદેવ પું (પુરાણ) શ્રીકૃષ્ણનો પ્રતિપક્ષી એક રાજા. પુંડ્ર દેશનો રાજા. તેનું નામ વાસુદેવ હતું. પાંડવોના સમયમાં કૃષ્ણ પોતે વાસુદેવ નામથી સર્વ દેશોમાં પ્રસિદ્ધ હતા. પોતાની પણ એવી જ પ્રસિદ્ધિ થાય એમ ધારીને આ રાજા કૃષ્ણ જેવાં જ બધા ચિહ્ન ધારણ કરતો અને પછી કૃષ્ણ ઉપર બહુ દ્વેષ રાખતો. તેણે દૂત દ્વારા કૃષ્ણને સંદેશો મોકલ્યો કે તું મારાં ખોટાં ચિહ્ન ધારણ કરે છે તે કાઢી નાખી મારે શરણે આવ. આથી બધા યાદવોને ગુસ્સો આવ્યો અને કૃષ્ણે તેની સામે જઈ યુદ્ધ કરી તેને હરાવી મારી નાખ્યો.

પૌંડ્રમાત્સ્યક [સં.] કું. એ નામનો એક રાજા.

પૌંડ્રવત્સ [સં.] કું. વેદની એ નામની એક શાખા.

પૌંડ્રવર્ધન ૧. [સં] કું. પુંડ્રવર્ધન નગર.
૨. કું. બિહાર.

પૌંડ્રિક ૧. કું. એ નામનો ચોત્રપ્રવર્તક એક ઋષિ.
૨. કું. એક જાતની શેરડી.
૩. કું. એક જાતનું પક્ષી.
૪. કું. પુંડ્ર નામનો દેશ.

પૌંવા જુઓ પૌંઆ.

પૌંવાર ૧. સ્ત્રી. બીસ લોયેની એ નામની એક ખટક.
૨. ન. એ નામની ખટકનું માપસ.
૩. વિ. એ નામની ખટકનું.

પૌંશ્ચલીય [સં.] વિ. વેશ્યા સંબંધી.

પૌંશ્ચલ્ય [સં.] કું. અભિસારિણીનો ઝોકારો.

પૌંશ્ચલ્ય [સં.] ન. અભિસારીપણું; સ્ત્રીપુરુષનો માંહોમાંહેનો નીતિવિરુદ્ધ વ્યવહાર.

પૌંસાયન [સં.] કું. એ નામનો એક રાજા.

પૌંસ્ન ૧. [સં.] ન. પુરુષપણું.
૨. વિ પૌંસ્નયુક્ત.
૩. વિ. મનુષ્યને લગતું.

પૌંસ્ય ૧. [સં.] ન. બળ; પૌરુષ; મરદાનગી.
૨. ન. પુરુ.

પૌંસ્યાનિ [સં.] સ્ત્રી. પૌરુષ; પુરુષાર્થ.

પ્ત કું. તાડપત્રીય પુસ્તકનાં પાનાંની બજુતરી માટે કરેલા દરક બંને માંહેનો ૪; આર દરક મુખક સમ્યા.

પ્તા ૧. [સં.] સ્ત્રી. જટા.
૨. જુઓ પ્ત.

પ્યાઉ [હિં.] કું. પરબ; પરબડા પાણી પાવાની જગ્યા.

પ્યાજ ૧. [ફા. પિયાજ] સ્ત્રી.;ન. ડાંગો; કુંજણી; રાજગરી; કુલ્ફાવણી; પિયાજ. આ કંદ ગોળ મોટા આકારનું તેમજ અંદરથી ઉપરથી નીચે સુધી કાલજ જાલ હોય છે. તેનો ઉપયોગ શાકમાં, મસાલામાં તથા દવામાં થાય છે. તેની ગંધ બહુ ઉગ્ર અને અપ્રિય હોય છે. તે ખાનારના મોંમાંથી અને કોઈ કોઈ વખત શરીર તથા પરસેવામાંથી દુર્ગંધ નીકળે છે. આથી હિંદુઓમાં તે ખાવાનો ઘણો નિષેધ છે. તે સાત્ત્વિક વસ્તુ ગણી વખત રહી શકે છે. વૈદકમાં તેને વીર્યવર્ધક, પાચક, પિત્ત ને રક્તવર્ધક, બળકારક, મેધાજનક, આંખ માટે હિતકારી રસાયણ અને કૃમિઘ્ન, ગુલ્મ, અરુચિ, ખાંસી, સોજો, આમદોષ, કોઢ, અગ્નિમાંદ્ય, કૃમિ, વાયુ અને શ્વાસ વગેરે મટાડનાર માનેલ છે. તેમાંથી એક જાતનું તેલ નીકળે છે, તે ઉત્તેજક અને ચેતનાજનક મનાય છે. પ્યાજને કચરવાથી નીકળતો રસ વીંછીના ડંખ ઉપર ઘસે છે અને મૂર્છા વખતે સુંઘાડવાથી ચેતના આવે તેમ મનાય છે.
૨. ન. એક જાતનું ઝીણું પોતનું રેશમી કપડું.

પ્યાઝ ૧. કું. ઘઉંની સાથે ઉત્પન્ન થતા ઘાસ રંગના એક પ્રકારના દાણા.
૨. વિ. ખટકાળું; તોહાની; પાજી.
૩. વિ. સહેજ સહેજમાં ઊતરી પડે એવું; મિજાજી ને હલકા સ્વભાવનું.
૪. વિ. હલકા મુલાકી રંગનું; ફુંજણીના રંગનું; આછું મુલાકી.

પ્યાઝગી ૧. સ્ત્રી. પાજીપણું ચેતન.
૨. [ફા.] સ્ત્રી. પાજીપણું.

પ્યાદળ ૧. [સં. પાદાત] ન. પાળા સિપાઈની ટુકડી; પાયદળ; પગપાળાનું લશ્કર.
૨. ન. પ્યાદું; શતરંજની રમતમાં હલકા દરજ્જાનું મહોરું.

પ્યાદા ૧. [જ્ઞા. પ્યાદલ] કું. દૂતનું હલકારો; ખેપિયો.
૨. કું. પદાતિ; પાયદળ સિપાઈ.
૩. કું. શતરંજની રમતનું એક મહોરું.

પ્યાદીમહાત [જ્ઞા. પિયાદલ + અ. માત] સ્ત્રી. શતરંજની રમતમાં પાયદલ મહોરાથી રાજાને અંતરી લેવો તે; પ્યાદાથી રાજાને શેહ ઝોંકાવી તે; શતરંજમાં બાદશાહનું પ્યાદાથી મહાત થવું તે.

પ્યાદીમાત જુઓ પ્યાદીમહાત.

પ્યાદું ૧. [જ્ઞા. પ્યાદલ] ન. પાયદળ; પગે ચાલીને લડનારો સૈનિક; પેદળ સિપાઈ.
૨. [જ્ઞા. પિયાદલ] ન. શતરંજમાં પેદળ સિપાઈનું મહોરું; શતરંજની રમતમાં સોળ સોયા નાનાં મહોરાંમાંનું એક.
૩. વિ. પગપાળું; પગે ચાલનારું.

પ્યાદેગીરી [જ્ઞા.] સ્ત્રી. પ્યાદગી; પાયદળપણું.

પ્યાદેમહાત સિ. શતરંજમાં પ્યાદે કરાવેલું.

પ્યાદેમાત જુઓ પ્યાદેમહાત.

પ્યાદો જુઓ પ્યાદું.

પ્યાયમાના સ્ત્રી. દિવ્ય જ્યોતિષ મુજબ શુક્લ પક્ષની સાતમી રાત્રિ.

પ્યાયસ્થૂણ [સં.] સ્ત્રી. એ નામનો એક ઋષિ.

પ્યાર ૧. કું. એક જાતનું ઝાડ. તેનાં બીને ચિરૌંજી કહે છે.
૨. [સં. પ્રી (પ્રેમ બતાવવો)] કું. પ્રેમ; વહાલ; સ્નેહ; પ્રીતિ; વહાલ.
૩. કું. પ્રેમ સૂચવનાર સ્પર્શ, ચુંબન વગેરે.

પ્યારપત્રિકા સ્ત્રી. પ્રેમ ભરેલી પત્રિકા; વહાલ ભરેલો કાગળ.

પ્યારા બાપુ ન. એ નામનું એક ગુજરાતી માસિક. એમાં ગાંધીજીનાં વિવિધ સ્મરણો, પત્રો વગેરેનું પ્રકાશન થાય છે.

પ્યારી ૧. [સં પ્રિયા; અપ. પિઆરી] સ્ત્રી. વહાલી સ્ત્રી; પ્રિયા; માશૂક; જેના ઉપર પ્યાર હોય તે સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. વહાલી.

પ્યારીજી સ્ત્રી વૈષ્ણવના મહારાજની પત્ની

પ્યારું ૧. વિ. ગમતું
૨. [સં. પ્રિય] વિ. વહાલું; પ્રિય; જેના ઉપર પ્યાર હોય તેનું.
૩. વિ. રિનગ્ધ; ચીકણું.

પ્યારો ૧. કું. ઈશ્વર.
ભલું જે પ્યારે પ્યારાએ,
અતિ પ્યારે બણી હોય. ભાલણકર
૨. [સં. પ્રિય] કું. વહાલો પુરુષ; પ્રીતમ.

પ્યાલ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ફળ.
૨. સ્ત્રી. સૂકું માસ.

પ્યાલા ૧. [જ્ઞા. પિયાલ] કું. કટોરો; પ્યાલું; જામ; વાટકો.
૧. પ્યાલો દેવો = દારૂ પાવો.
૨. પ્યાલો પીવો–લેવો = દારૂ પીવો.
૩. પ્યાલો ભરાવો = આયુષ્ય પૂર્ણ થવું.
૨. કું. ગર્ભાશય.
૩. કું. તોપ કે બંદૂકમાં રંજક રાખવાનું સાધન.
૪. કું. ભિક્ષાપાત્ર.
૫. કું. વણકરનું માટીનું એક વાસણ.

પ્યાલાબાજી સ્ત્રી. ખૂબ દારૂ પીને મજા કરવી તે.

પ્યાલી [જ્ઞા. પિયાલા] સ્ત્રી. નાનો પ્યાલો; પવાલી; કટોરી; નાનું પવાલું.
પ્યાલી ઝડાવી–ચડાવવી–પીવી–લેવી = દારૂ પીવો.

પ્યાલીઉત્સવ કું. દારૂની પ્યાલી પીવાનો ઉત્સવ.

પ્યાલીપાર્ટિ સ્ત્રી. દારૂ પીવાનો ઉત્સવ.

પ્યાલું ન. પવાલું; કટોરો; કમોળું; ધાતુનું અથવા કાચનું પાણી, દૂધ વગેરે પીવાનું વાસણ.

પ્યાલો [જ્ઞા. પિયાલા] કું. મોટું પવાલું; કટોરો; પાલો; ધાતુનું અથવા કાચનું પાણી, દૂધ વગેરે પીવાનું વાસણ.

૧. પ્યાલો પીવો = (૧) ગોઠવા શિષ્ય થવું. (૨) સંગતિમાં ભેગાવું; મતમાં મળી જવું. (૩) હિંદુએ મુસલમાન થવું. મુસલમાન બાદશાહો હિંદુઓને જ્યારે ધર્મભ્રષ્ટ કરી પોતાની પંક્તિમાં લેતા ત્યારે પોતાનો પ્યાલો પાતા એમ કહેવાય છે.

૨. પ્યાલો ફાટવો = બહુ જ ખુશી થવું; હદ ઉપરાંત રાજી થવું.

૩. પ્યાલો ભરાઈ રહેવો = (૧) ભરપૂર થવું. (૨) મોત આવવું.

૪. હમ પ્યાલા = સાથે ખાનારપીનાર મિત્ર.

પ્યાસ ૧. સ્ત્રી. કોઈ પદાર્થ વગેરે મેળવવાની પ્રબળ ઇચ્છા; પ્રબળ કામના; તૃષ્ણા.

૨. [સં. પિપાસા] સ્ત્રી. (હિંદી) તરસ; પાણી પીવાની ઇચ્છા; તૃષા; શરીરમાંથી પ્રવાહી પદાર્થ ઓછો થતાં મળી સુકાવાનો થતો અનુભવ. શરીરનાં બધાં અંગોમાં ભીંજાયેલું પાણી હોય છે જ, જેથી બધાં અંગોને પુષ્ટિ મળે છે. આ પાણી શરીરના કામમાં આવવાથી ઘટી જાય, ત્યારે આખા શરીરમાં એક જાતની સૂકરતી અજાય અને મળ તથા મોં સુકાવા લાગે, આ વખતે પાણી પીવાની ઇચ્છા થાય, તેને પ્યાસ કહે છે. છવોને ભૂખ કરતાં પ્યાસ વધારે દુઃખદાયી છે, કારણ કે પાણીની આવશ્યકતા શરીરના પ્રત્યેક અવયવને પડે છે. ભોજન વિના માણસ અધિક દિવસ જીવી શકે, પરંતુ પાણી વિના બહુ જ થોડા સમયમાં તેનું જીવન સમાપ્ત થાય છે. જે પ્યાસને અંગે મરે છે તે મરતા પહેલાં પાગલ બની જાય છે.

૧. પ્યાસ બુઝાવવી = તરસ છિપાવવી.

૨. પ્યાસ મરવી = પાણી પીધા વગર તરસ ઓછી થઈ જવી.

૩. પ્યાસ મારવી = તરસ સહન કરવી.

૪. પ્યાસ લાગવી = તરસ લાગવી; તરસ્યા થવું; પાણી પીવાની ઇચ્છા થવી.

પ્યાસા [હિં.] વિ. તરસ્યું; તૃષિત.

પ્યાસી ૧. સ્ત્રી. કોઈ જાતની આકાંક્ષા.

૨. વિ. આતુર.

૩. [સં. પિપાસિત] વિ. તરસ્યું.

પ્યાસું [સં. પિપાસિત] વિ. તરસ્યું; પાણી પીવાની ઇચ્છાવાળું.

પ્યુનિટિવ [અં.] વિ. શિક્ષારૂપ; સજા માટે સજા તરીકેનું.

પ્યુનિટિવ પોલીસ [અં.] સ્ત્રી. નગર કે ગામમાં રહેનારનાં દુષ્ટ આચરણ, નિત્ય ઉપદ્રવ વગેરે કારણે નક્કી કરેલ મુદત માટે પોલીસદળ. આ દળનું જાણ કર્મ જેના તે ગામ કે શહેરે ભોગવવાનું હોય છે.

પ્યુપિલ ટીચર [અં.] કું. બરાબર વખત ભણે અને બરાબર વખત ભણાવે તેવો શિક્ષક.

પ્યુમા [અં.] ન. ઉત્તર અમેરિકાનું એક હિંસક જાનવર પ્રાણી.

પ્યુમિસ કું. કપડું ઘસીને પોતામાં મદદ કરે એવો એક જાતનો પત્થર.

પ્યુરિટન ૧. [અં.] કું. શુદ્ધ ખ્રિસ્તી. રાણી એલિઝાબેથના વખતમાં ઇંગ્લંડમાં પ્રોટેસ્ટંટ ધર્મમાં પણ બે ફાટા પડ્યા હતા. તે પ્યુરિટન અને એપિસકોપેલીઅનના નામથી ઓળખાતા હતા.

૨. વિ. બીજાઓની વસ્તુઓનો લાભ કરી આપું ધાર્મિક છળન ગાળનારું.

પ્યુરિટી ૧. [અં.] સ્ત્રી. પવિત્રતા.

૨. સ્ત્રી. સ્વચ્છતા.

પ્યૂન [અં.] કું. સિપાહી; ચપરાસી.

પ્યો [હિં. પિય] કું. પતિ; સ્વામી; આર્યિ.

પ્યોર ૧. [હિં.] કું. પતિ; સ્વામી; પ્રિયતમ.

૨. [અં.] વિ. ચોખ્ખું; સ્વચ્છ.

પ્યોસર [સં. પિતૃષ્વસ] કું. બાપ વિનાની ભાનું કુળ.

પ્યોસાર [સં. પિતૃશ્વાશ] કું. (હિંદી) પિયર; બીજા પિતાનું ઘર.

પ્ર [સં.] ઉ. આગળ, મોખરે, બહું, બહાર, મોટું જેવો અર્થદર્શક એક સંસ્કૃત ઉપસર્ગ. જેમકે, પ્રખ્યાત, પ્રદર્શન, પ્રફુલ્લિત, પ્રબળ, પ્રદેશ, પ્રયત્ન, પ્રારંભ, પ્રવૃત્તિ, પ્રદીપ્ત. વિશેષ્યની આગળ જોડાતાં થાવું અને વધારે એવો અર્થ તે બતાવે છે અને નામની આગળ આવતાં અધિકપણું, આરંભ, પ્રાગટ્ય, ઉત્કર્ષ, ખ્યાતિ, ગતિ, મોટાઈ, સર્વ તરફથી હોવું, અવયવ, ઉત્પત્તિ, ગેરહાજરીપણું વગેરે અર્થ બતાવે છે. વળી ચુસ્તાઈ, ભિન્નતા, સ્વચ્છતા, સંન્યાસ, અતિશયતા, સંપૂર્ણતા અને સંતોષ જેવા અર્થો પણ તે બતાવે છે. ૫ વિશેષણોમાં પણ છે. જેમકે, પ્રોપિતભર્તૃકા એટલે જેનો સ્વામી પ્રવાસમાં હોય એવી નાયિકા.

પ્ર. ઉ. સ્ત્રી. પ્રતિ ઉપનું ટૂંકું રૂપ. આ રૂપ આપણી વગેરેમાં પ્રાય વપરાય છે.

પ્રકટ ૧ [સં.] વિ. સિવનાં હજાર માંહેનું એક નામ.

૨. વિ. ઉત્પન્ન; આવિર્ભૂત.

૩. વિ. જાહેર.

૪. વિ. દેહધારી; અવતારી.

૫. વિ. પ્રત્યક્ષ.

૬. વિ. પ્રસિદ્ધ; પ્રકાશિત. પુસ્તક માટે જોવાય છે.

૭. વિ. સ્પષ્ટ; ખુલ્લું; ઉઘાડું; પ્રગટ.

૮. અ. મોટેથી; ખુલ્લી રીતે; જાહેર રીતે.

પ્રકટતા ૧. [સં.] સ્ત્રી. અવતાર લેવાપણું.

૨. સ્ત્રી. ઉત્પન્ન થવું તે.

૩. સ્ત્રી. જાહેર થવાપણું; પ્રસિદ્ધ થવું તે.

૪. સ્ત્રી. પ્રત્યક્ષ હોવું તે.

૫. સ્ત્રી. સ્પષ્ટ હોવાપણું.

પ્રકટ દિવસ કું. જન્મની તિથિ.

પ્રકટન ૧. [સં.] ન. પ્રકટ હોવાની ક્રિયા.

૨. ન. પ્રકાશન; પ્રકટ કરવાનું કાર્ય.

૩. ન. સ્પષ્ટ કરવું તે; ખુલ્લું કરવું તે.

પ્રકટપ્રીતિવર્ધન [સં.] કું. સિવ.

પ્રકટવું ૧. અ. ક્રિ. ઉત્પન્ન થવું.

૨. અ. ક્રિ. જાહેર થવું.

પ્રકટિત ૧. [સં.] વિ. ખુલ્લું કરેલું; સ્પષ્ટ.

૨. વિ. પ્રકટ થયેલ; પ્રકાશિતતા; જાહેર; પ્રસિદ્ધ.

૩. વિ. પ્રદર્શિત કરેલું.

પ્રકટિતારાધ [સં.] કું. જાહેર કરેલો ઘરાણો.

પ્રકટીકરણ ૧. [સં.] ન. અનુભવ; ઉચ્ચારણ; ' એક્સપ્રેશન '.

૨. ન. ટૂંક સમયમાં થવાના બનાવ. તે ઈશુ ખ્રિસ્તે દૂત દ્વારા પોતાના સેવક યોહાનને બતાવ્યા હતા.

૩. ન. પ્રકટ કરવું તે; ગૂઢ રહેલું સ્પષ્ટ કરવું તે; પ્રકાશન; જાહેરાત.

૪. ન. વિકાસ; ઊર્ધ્વગમન; ' ઇવોલ્યૂશન'.

પ્રકટીકૃત [સં.] વિ. જાહેર કરેલું; પ્રકટિત; સ્પષ્ટ કરેલું; ખુલ્લું કરેલું.

પ્રકટીભવન [સં.] ન. ઉદય; પ્રાદુર્ભાવ; દર્શન; હાજરી; સ્પષ્ટ થવું તે; ખુલ્લા થવું તે.

પ્રકટીભૂત ખુલ્લો પ્રકટિત.

પ્રકથન [સં.] ન. જાહેર કરવું તે.

પ્રકર ૧. [સં.] કું. અતિક્ષેપ.

૨. કું. અધિકાર.

૩. કું. અપહરણ; લઈ જવું તે.

૪. કું. ઉપયોગ.

૫. કું. ભીંસેલું દ્રવ્ય.

૬. કું. ખૂબ કામ કરનાર માણસ.

૭. પું. કલહ; સંઘર્ષ.
અસુરમ ખૂબ કબૂલ મજ, પ્રકટ નિકટ નિર્ભય; પૂર પૂત પટલ બમ, કંપિત નિત્ય કર્દમ.
વિનયચન્દ્રસૂરિ
૮. પું. પૂર્ણસુદ્ધિ; માન.
૯. પું. પૂર્ણનું મૂખપણું; મૂર્ખનો મત્સરો.
૧૦. પું. ફોસલાવવું તે; પટાવવું તે.
૧૧. પું. મદદ; સહાય.
૧૨. પું. વૃષ્ટિ; વરસાદ.
૧૩. ન. અમરનું બાકું; અમરબંધન.
૧૪. વિ. અતિશય કરનાર.
૧૫. વિ. રૂડું કરનાર.

પ્રકરણ ૧. [સં.] ન. (વેદાંત) અંગપ્રતિપાદક વાક્યની અપેક્ષાવાળું પ્રધાન વાક્ય.
૨. ન. ઉત્પન્ન કરવું તે; અસ્તિત્વમાં લાવવું તે; રચવું તે.
૩. ન. કોઈ કરવાનું ખાસ વિધાન કરતું વચન; જેમાં કોઈ કાર્ય અવશ્ય કરવાનું હોય એવું વચન.
૪. ન. કોઈ પણ બાબત ઉપર અધિકારીઓને સંપૂર્ણ પત્રવ્યવહાર; તુમારશાહ કામકાજ; મામલો.
૫. ન. ગ્રંથનો વિભાગ; ગ્રંથના જુદા જુદા વિષયોમાંનો એકાદ વિષયનો ભાગ; પુસ્તકના વિષયોનો અમુક ભાગ કે ખંડ; અધ્યાય; પરિચ્છેદ; ભાગ કે ખંડ; સર્ગ.
૬. ન. (જ્યો) દરેક કામની અંદર રૂપકના દસ મહિનો એક એટલે દરેક કામના ૨૭ મહિનો એક એટ. કામશાસ્ત્રમાં રૂપકના દસ પ્રકાર છે: નાટક, પ્રકરણ, ભાણ, વ્યાયોગ, સમવકાર, ડિમ, ઇહામૃગ, અંક, વીથિ અને પ્રહસન. સાહિત્યદર્પણમાં જણાવ્યા પ્રમાણે તેમાં સામાજિક અને પ્રેમ સંબંધી કલ્પિત વાતોનો હોવી જોઈએ અને તેમાં મુખ્યપણે શૃંગાર રસ હોવો જોઈએ. જે પ્રકરણની નાયિકા વેશ્યા હોય તે શુદ્ધ અને જેની નાયિકા કુલવધૂ હોય તે સંકીર્ણ પ્રકરણ કહેવાય છે. નાટકની માફક તેનો નાયક બહુ ઉચ્ચ કોટિનો પુરુષ નથી હોતો અને તેનું આખ્યાન કોઈ પ્રસિદ્ધ ઐતિહાસિક કે પૌરાણિક વાત હોતું નથી.
પ્રકરણ ઉકેલવું–ઉપાડવું–કાઢવું–માંડવું = વાત માંડવી; બળાબળથી અને વિનતીથી અમુક વાત કબૂલાવવી.
૭ ન. પ્રસ્તાવ; પ્રસ્તાવના; ઉપોદ્ઘાત.
૮. ન. બનાવ; પ્રસંગ.
૯. ન. (કાવ્ય) કાવ્યના જોડ નાટક વગેરે દસ કાવ્ય; કવિકલ્પિત વસ્તુવાળું દસ અંકનું નાટક. માલતી માધવ, મૃચ્છકટિક વગેરે આ પ્રકારનાં નાટક છે
૧૦. ન. ચાન્દ્રાયણના પાંચ મહિનો એક નિયમ.
૧૧. ન. વિષય; બાબત; વાતનો પ્રસંગ.
અહેવ, હવે બાકીનું પ્રકરણ ચલાવો.
ગોવર્ધનરામ
૧૨. ન. દૃષ્ટાંત; કોઈ વિષય સમજવા અથવા સમજાવવાને તે ઉપર કરાતો વાદવિવાદ.
૧૩. ન. ગરબાતા; મંડાણ; પગરણ.
૧૪. ન. (વેદાંત) જ્ઞાનના સિદ્ધાંતગ્રંથ સિવાયના વિષયને પ્રતિપાદન કરનારો ગ્રંથ.
૧૫. ન. સહજાનંદ સ્વામીએ સાધુ, પાળા માટે ઘડી કાઢેલા નિયમ. આવાં ચૌદ પ્રકરણ છે.

પ્રકરણગ્રંથ [સં.] વિ. પ્રકરણોની રચનાવાળું
નાના બાળકને ઇતિહાસ પ્રકરણગ્રંથરૂપે નહિ પણ વાર્તારૂપે આપવો જોઈએ.
આનંદશંકર ધ્રુવ

પ્રકરણસમ [સં.] પું (ન્યાય) ગૌતમે કહેલ ન્યાયના પાંચ મહિનો એક હેત્વાભાસ: ન્યાયની કોઈપણ બાંહેની એક બાજુ બીજા પક્ષનું ઉત્થાપન કરી સામે કુતર્ક આપવું તે.

પ્રકરણિકા [સં.] સ્ત્રી. એક પ્રકારનું ઊતરતી જાતનું નાટક; કલ્પનારી કાઢેલી વસ્તુ ઉપરથી બોલેલું નાટક; ઉપનાટક.

પ્રકરણી જુઓ પ્રકરણિકા.

પ્રકરિકા જુઓ પ્રાકરી.

પ્રકરી ૧. સ્ત્રી. એ નામે એક જાતનું ગાન.
૨. [સં.] સ્ત્રી. કોઈ બહુઈ ક્રમ માટે પસંદ કરાયેલ યોગ્ય સ્થળ.
૩. સ્ત્રી. ખુલ્લી જમીનનો પ્રદેશ.
૪. સ્ત્રી. ચોકાની ભૂમિ; ચોકની જમીન; જ્યાં ચાર રસ્તા મળે તે ચોક.
૫. સ્ત્રી. નાટકમાં પ્રયોજનસિદ્ધિનું પાંચ મહિનું એક સાધન. તેમાં કોઈ એક ઐતિહાસી ચરિત્રનું વર્ણન હોય છે.
૬. સ્ત્રી. (કાવ્ય) નાટકમાંની નાની ઉપકથા; નાટકનું એક અંગ; નાટ્યશાસ્ત્રની પારિભાષિક વસ્તુનો એક ભેદ: હવે પછી શું બનવાનું છે તે દર્શાવી આખ્યા સારું નાટકમાં દાખલ કરવામાં આવતો વધારાનો પ્રસંગ: વિષ્કંભક.
નાટ્યશાસ્ત્રમાં જે પારિભાષિક વસ્તુ જેમાં જાણીએ અર્થ કરીને ફરી જોવામાં ન આવે તેને પ્રકરી કહે છે.
ધ્રુવ
૭. સ્ત્રી. નાટકની વસ્તુના પ્રાસંગિક વિભાગના બે મહિનો એક જેવા ભાગ. જુઓ પ્રાસંગિક.
વસ્તુ બે પ્રકારનું છે: પતાકા અને પ્રકરી. દૃષ્ટાંતથી —મોટી કથા તે પતાકા અને અવાંતરકથા—નાની તે પ્રકરી.
કાવ્યસાહિત્યસંગ્રહ
૮. સ્ત્રી. રંગભૂમિનો વેશ.

પ્રકર્તા [સં. પ્રકર્તૃ] વિ. અત્યંત કરનાર.

પ્રકર્મમાસ પું. નોકરીનો મહિનો; ત્રીસ અહોરાત્ર જેટલો કાળ.

પ્રકર્ષ [સં.] પું. નાશ; હિંસા; વધ; ખૂન.

પ્રકર્ષ ૧. [સં.] પું. અત્યંત ચઢવું કે ચઢવું તે.
૨. પું. ઉત્કર્ષ; ઉત્તમતા; શ્રેષ્ઠતા; ઉત્તમપણું; ચડતી.
સ. આનંદશંકરનું કહેવું ખરું છે કે રસવિચારમાં આનંદની સ્મૃતિ કરી તેને સ્થાને વાસ્તવિકતાનો પ્રકર્ષ લાવવાનો આપણો પ્રયાસ નથી, પણ આનંદનું દર્શન વિશેષહિત ન થાય માટે આપણો પ્રયાસ છે.
રમણલાલ
૩. પું. (પિંગળ) એ નામનો એકવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; એક પ્રકારનો વર્ણવૃત્ત છંદ.
૪. પું. વધારો; વૃદ્ધિ; રેલાવા; પ્રગતિ; અધિકતા; અત્યંતતા.
આપણા ભારતે દસ પ્રકારનો ધર્મ આપ્યો અહિંસા, સત્ય આદિ મનુષ્યો અને સ્નાન, આહારની શુદ્ધિ આદિ ઉત્તર મુનિઓના પ્રકર્ષથી મુક્ત હોય ત્યારે ઘટિત બને છે, અન્યથા નહિ.
ગાંધીસૂત્ર
૫. પું. ગતિ; ગમ.
આનંદનો પરમ પ્રકર્ષ અનુભવાય જો અવિરતું સ્વરૂપ છે.
મણિલાલ નભુભાઈ
૬. પું. શ્રેણી.

પ્રકર્ષક ૧. [સં.] પું. કામદેવ.
૨. વિ. ઉત્કર્ષ કરનાર.

પ્રકર્ષક ૧. [સં.] ન. અત્યંત ખેંચવું તે; આકર્ષણ.
૨. ન. અધિકતા.
૩. ન. ઉત્કર્ષ.
૪. ન. ચોડવું તે.
૫. ન. મુખ્યાતિરેક.
૬. ન. બાજ પેઠા કરવું તે.

પ્રકર્ષણીય [સં.] વિ. ઉત્કર્ષ કરવા જેવું

પ્રકર્ષિત ૧. [સં.] વિ. અત્યંત ખેંચેલું.
૨. વિ. ખેંચેલું.
૩. વિ. બાજથી પેઠા થયેલું.

પ્રકર્ષી ૧. [સં. પ્રકર્ષિન્] વિ. અત્યંત ખેંચાણવાળું.
૨. વિ. ઉત્કર્ષવાળું.

પ્રકલા [સં.] સ્ત્રી. કલાનો આઠમો ભાગ.

પ્રકલ્પ ૧. પું. (જ્યોતિષ) અષાઢી મહિનો એ નામનો એક ગ્રહ.
૨. પું. (જૈન) ઉત્તમ આચરણ; સદાચાર.
૩. પું. આવરણ; ઓઢવું.
૪. ન. ઉજ્જયિની શહેરનું એક નામ.

૫. ન. (જૈન) સાધુનો આચાર બતાવનાર શાસ્ત્ર.

પ્રકલ્પસંધ પું. (જૈન) નિશીથસૂત્ર.

પ્રકલ્પના ૧. સ્ત્રી. નક્કી કરવું તે; ઠરાવવું તે.

૨. [સં.] સ્ત્રી. વહેંચી આપવું તે.

પ્રકલ્પા સ્ત્રી. ઉજ્જૈન શહેરનું એક નામ.

પ્રકલ્પિત ૧. ન. (જૈન) પૂર્વોપાર્જિત દ્રવ્ય.

૨. [સં.] વિ. કલ્પેલું.

૩. વિ. કહેલું; ઠીધેલું.

૪. વિ. તૈયાર કરેલું; યોજેલું; રચેલું; બનાવેલું.

૫. વિ. નક્કી કરેલું; ઠરાવેલું.

પ્રકલ્પિતા [સં.] સ્ત્રી. એક જાતનું ઉપાલું.

પ્રકંધક પું. એક ઉત્તમ જાતનો મોગો.

પ્રકંપ ૧. [સં.] પું. અત્યંત કંપ; થરથરાટ; કંપારો; ધ્રુજારો; થરથરવું તે; હાલવું તે.

વસુંધરાના પોતે જ પ્રકંપના ચકારાતા છે.
કેશવ હર્ષદ

૨. પું. ચંચળતા.

પ્રકંપન ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.

૨. પું. વાયુ; હવા.

૩. ન. એ નામનું એક નરક.

૪. ન. હાલવું તે; ધ્રુજવું તે; કંપવું તે.

૫. વિ. ખૂબ કંપતું; અતિ વેગથી કંપનાર.

૬. વિ. હલાવનાર; કંપ ઉત્પન્ન કરનાર; ધ્રુજાવનાર.

પ્રકંપનકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.

જે માણસ આલસુ કે બેદરી રીતના કુતર્ક કરીને આલસુને પુષ્ટિ કરે, તે માણસ આલસુનાં કર્યાં ફળ્યાં વગર મુવો પ્રકંપનકુંડમાં વસે છે.
સ્વામી આત્મજ્ઞાન

પ્રકંપમાન [સં.] વિ. ધ્રુજતું; કંપતું; હાલતું.

પ્રકંપવું અ. ક્રિ. ધ્રુજવું; થરથરવું.

પ્રકંપિત ૧. પું. બરદાન હલાવવાના ચાર માંહેનો એક પ્રકાર.

પ્રકંપિત બોલવે કપોતની માફક આગળ પાછળ બરદાન ફેરવવી.
કુ. ઠાકોર

૨. [સં.] વિ. કંપેલ; હાલેલ; ધ્રુજેલ.

પ્રકંપી [સં. પ્રકંપિન] વિ. અત્યંત કંપનાર.

પ્રકંમા સ્ત્રી. પ્રદક્ષિણા; આસપાસ ફરવું તે.

પ્રકામ ૧. [સં. પ્રાકામ્ય] પું. આઠ માંહેની એક સિદ્ધિ; ઇચ્છેલી વસ્તુ મળે એવી શક્તિ,

અણિમા મહિમા ગરિમતા લઘિમા પ્રાપ્તિ પ્રકામ;
વશીકરણ જે ઇશિતા આઠ સિદ્ધિનાં નામ.
પિંગળશાસ્ત્રપ્રવેશ

૨. [સં.] પું. એક પ્રકારના દૈત્ય.

૩. પું. નામના; ઇચ્છા; પ્રબળ અભિલાષ.

૪. વિ. અત્યંત; બહુ; ઘણું; અતિશય.

૫. વિ. અત્યંત કામી; અત્યંત વિષયવાસનાવાળું.

૬. વિ. કામનારાળું; મનગમતું; વખોપ્સિત; વંછેટ; ઇચ્છા પ્રમાણેનું.

૭. ન. વંછેટ; ઇચ્છા પ્રમાણ.

પ્રકામી વિ. આતુર; બહુ કામના રાખનાર; ઇતેચ્છર.

પ્રકામોજ [સં.] પું. એક જાતના દેવ.

પ્રકામ્યોદ [સં.] પું. એ નામે એક વૈદિક દેવતા.

પ્રકાર ૧. [સં. પ્રકાર] પું. ભેદ; કિસ્મો.

અટ અટ મંદિર પોલ પ્રકાર;
વાવી વાવ સરોવર સાર. વાગડ

૨. [સં.] પું. જાત; વર્ગ; ભેદ.

૩. પું. દોલત; ધન.

૪. પું. નમૂનાનો બાદ; ફરમો.

૫. પું. નિરાળાપણું.

૬. પું. બનાવટ.

૭. પું. ભાગ; પ્રકરણ.

૮. પું. ભાગલા; ઠકીકત.

૯. પું. બોગસતા; લાવલાટ.

૧૦. પું. રસ્તો; માર્ગ.

૧૧. પું. રીત; તરેહ; વિધિ.

૧૨. પું. વર્તુળ કાઢવાનું જે પાંખવાળું સાધન; ગોળાકાર કરવાનું સાધન; 'કંપસ.'

૧૩ પું. વિશિષ્ટ જ્ઞાન.

૧૪. પું. વિશિષ્ટ જ્ઞાનમાં વિશેષરૂપે ભાસતો પદાર્થ; વિશેષ્ય.

૧૫. પું. સાદૃશ્ય; બરાબરી; સમાનતા.

૧૬. પું. સ્વભાવ.

પ્રકારક વિ. પ્રાપ્તિ કરી અત્યંત શુદ્ધિ મેળવનાર

પ્રકારતા ૧. [સં.] સ્ત્રી. ભેદપણું; વિશેષતાનો એક ભેદ.

૨. સ્ત્રી. વિષયતા; વિશેષ્યત્વ નામની એક પ્રકારની વિલક્ષણ વિષયતા.

૩. સ્ત્રી. સાદૃશ્ય; સરખાપણું.

પ્રકારત્વ જુઓ પ્રકારતા.

પ્રકારભેદ [સં.] પું. જુદે પ્રકાર; પ્રકારનો તફાવત.

આવી રીતે આકારમાં ફેરફાર થવાથી નાના પ્રકારના પ્રકારભેદ ઉત્પન્ન થાય છે.
વનસ્પતિશરીરજ્ઞાન

પ્રકારવાચક [સં.] વિ. પ્રકાર બતાવનાર.

પ્રકારાંતર ૧. [સં.] પું. જુદી રીત.

૨. પું. બીજો પ્રકાર.

પ્રકાલન ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક નાગ.

૨. વિ. હિંસા કરનાર; હાર મારનાર.

પ્રકાશ ૧. [સં. પ્ર (વિશેષ) + કાશ્ (પ્રકાશવું)] પું. અજવાળું; પ્રભા; ઉજાસ; રોશની; દીપ્તિ; તેજ; જ્યોતિ; આલોક. વૈશાનિકોના મત પ્રમાણે જેમ ગરમી એ ગતિશક્તિનું એક રૂપ છે, તેમ પ્રકાશ પણ તેનું એક રૂપ છે. પ્રકાશ કોઈ દ્રવ્ય નથી. પ્રકાશથી કોઈ ચીજનો તોલ વધતો નથી. પ્રકાશ એ એક તરંગના જેવી ગતિ છે તે કોઈ પ્રકાશવાળા પદાર્થ દ્વારા ઈથર અથવા આકાશ દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે અને ચોતરફ ફેલાય છે. જેમ પાણીમાં પથ્થર ફેંકવાથી તેમાં ક્ષોભ અને તરંગો ચોતરફ ફેલાય છે, તેની માફક પ્રકાશવાળા પદાર્થ દ્વારા ઈથર અથવા આકાશ દ્રવ્યમાં જે ક્ષોભ ઉત્પન્ન થાય છે તે પ્રકાશના તરંગોના રૂપમાં આવે છે. આ આકાશ દ્રવ્ય સર્વવ્યાપક પદાર્થ છે અને વસ્તુઓના પરમાણુઓ અને અણુઓમાં પણ ઠાંસી ઠાંસીને ભરેલ છે આ આકાશ દ્રવ્ય પ્રકાશનું વાહક છે. પ્રકાશની ગતિ ઝપના જહાર છે. એક સેકંડમાં તે ૧૮૬,૦૦૦ ગાઉ અથવા ૧,૮૬,૦૦૦ માઈલ આવે છે. પ્રકાશનાં કિરણ નીચે છે તે જોકે બધાં એક જ ગતિથી આવે છે, પણ તરંગોની લંબાઈને કારણે તેમાં ભેદ પડે છે. તરંગો જુદી જુદી લંબાઈના હોય છે. તેથી કોઈ એક પ્રકારના તરંગોનાં બનેલાં કિરણો બીજા પ્રકારના તરંગોનાં બનેલાં કિરણોથી ભિન્ન હોય છે. આ ભેદ રંગોના ભેદનું કારણ છે. જે તરંગની લંબાઈ ·૦૦૦૦૧૬ ઇંચ હોય છે તે વેંજણી રંગ આપે છે, જેની લંબાઈ ·૦૦૦૦૨૪ ઇંચ હોય છે તે લાલ રંગ આપે છે. આ પ્રમાણે અનંત ભેદો છે, જેમાંથી અમુક જ બહુરિદ્રિય પારખી શકે છે

પ્રકાશ પાડવો = (૧) અજવાળું પાડવું; દેખાવ જેમ કરવું. (૨) જાની કે અજાણ્યા વિગતો પૂરી પાડીને સમજાવ જેમ કરવું.

૨. પું. (પિંગળ) અતિશર્કરી છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, એ રગણ અને વગણ મળી પંદર અક્ષર હોય છે.

૩. પું. (સંગીત) એ નામનો એક અલંકાર; અહારને વર્ણાલંકાર માંહેનો સડતાલીસમો વર્ણાલંકાર. તેમાં સ્વરપ્રયોગ કરી સ્વરો એક તાલમાં અપાય છે. જેમ,

પ્રકારાદ્ય

સ સ રિ રિ ગ ગ મ ગ રિ ગ રિ સ |
રિ રિ ગ ગ મ મ પ મ ગ ગ ગ રિ |
ગ ગ મ મ પ પ પ પ મ પ મ ગ |
ગ ગ મ મ પ પ પ પ પ પ મ ગ |
મ મ પ પ પ પ નિ પ પ પ પ મ |
પ પ પ પ નિ નિ સ નિ પ નિ પ પ ||

આને પ્રસાદ પણ કહે છે.

૪. પું. કીર્તિ વગેરેનો ફેલાવો.

૫. પું. કોઈ ગ્રંથનો વિભાગ.

૬. પું. ક્રોધ; ગુસ્સો.

૭. પું. ખુલ્લી જગ્યા.

૮. પું. ઘોડાની પીઠ ઉપરની ચમક.

૯. પું. ચળકાટ; ઝબક.

૧૦. પુ. જ્ઞાન.

પછી આચાર્યે બહુને સૂર્ય સાધુ જેવા કહ્યું, કારણ કે એ સર્વ પ્રકારનો-જ્ઞાનનો દેવ છે.
હિંદુધર્મની બાળપોથી

૧૧. પું. તડકો; તાપ; આતપ; ધૂપ.

૧૨. પુ. (પુરાણ) તમ ઋષિનો એ નામનો પુત્ર. તેનો પુત્ર વાગીંદ્ર હતો.

૧૩. પું. દેખાવ; ઝળકો.

૧૪. પું. પુષ્પનો વિકાસ; ફૂલનું ખીલવું તે.

૧૫. પું. પ્રકટ થવું તે; દેખાવમાં આવવું તે.

૧૬. પું. પ્રસિદ્ધિ; જાહેરાત.

પ્રકાશમાં મૂકવું-લાવવું = જાહેરમાં આણવું; જાણીતું કરવું.

૧૭. પું. પ્રાગટ્ય; પ્રકટ કરવું તે.

૧૮. પું. વિકાસ; ખિલવણી; વિસ્તાર.

૧૯. પું. વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર.

૨૦. પું. સોનાનો અરીસો

૨૧. પું. સ્પષ્ટ થવું તે; સાફ સમજવામાં આવવું તે.

૨૨. પું. કાસી; ઠઠામસ્કરી.

૨૩. ન. કાંસું.

૨૪. વિ. અતિ પ્રસિદ્ધ; વિશ્વમાં વિખ્યાત.

૨૫. વિ. ખુલ્લું; સ્પષ્ટ; દેખીતું.

પ્રકાશ કરવું = (૧) ખુલ્લું કરવું; જાહેરમાં મૂકવું; જાહેર પાડવું; ઉઘાડું કરી નાખવું; જાહેર કરવું. (૨) બતાવવું; કહેવું.

૨૬. વિ. ચમકવાળું; પ્રકાશિત.

૨૭. વિ. જેવું; સરખું. તુલ્ય; સમાન.

૨૮. વિ. પહોળું.

મોમાં સોચન મુખિ નિશ્વાસ.
થણી થણી કરી ચાલ પ્રકાશ. જાલણ

૨૯. વિ. વિકાસવાળું; ખિલવણીવાળું.

૩૦. વિ. સમજવા આવે એવું.

૩૧ વિ. સ્વચ્છ.

૩૨. અ જાહેરમાં; ખુલ્લી રીતે; બાહ્ય; બાયુસો સાભળે તેમ; તાણીને.

પ્રકાશક ૧. [સં.] પું. ચોપડીઓ છપાવી જાહેર પાડનાર કે જાહેરમાં મૂકનાર વ્યક્તિ; પ્રસિદ્ધકર્તા.

૨. પું. નાટકમાં વસ્તુના બે વિભાગ પૈકી મુખ્ય વિભાગના પાંચ બાંહેધો એક પેટા વિભાગ.

૩. પું. મહાદેવનું એક નામ.

૪. પું. (પુરાણ) રૈવત મનુનો એ નામનો એક દીકરો.

૫. પું. વિસ્તારથી સમજાવનાર માણસ.

૬. પું. શોધક; શોધ કરનાર માણસ.

૭. પું. સત્ત્વ ગુણ.

૮. પું. (સંગીત) સિતાર જાતવાદ્યમાં ઉપયોગી સાત બાંહેનો એક આરોહી અલંકાર. તેને પ્રસાદ પણ કહે છે. તેના સ્વરો:

સ સ રિ રિ ગ ગ મં ગ રિ ગ રિ સ |
રિ રિ ગ ગ મં મં પ મં ગ મં ગ રિ |
ગ ગ મં મં પ પ પ પ મં પ મં ગ |
મં મં પ પ પ પ નિ પ પ પ પ મં |
પ પ પ પ નિ નિ સ નિ પ નિ પ પ |
પ પ નિ નિ સ સ રિ સ નિ સ નિ પ |
નિ નિ સ સ રિ રિ ગ રિ સ રિ સ નિ |
સ સ રિ રિ ગ ગ મં ગ રિ ગ રિ સ |

૯. પું. સૂર્ય.

૧૦. ન. કાંસું.

૧૧. વિ. ખુલ્લું કરનારું; જાહેર પાડનાર; પ્રકટ કરનાર; પ્રસિદ્ધ કરનાર.

૧૨. [સં પ્રકાશ્ (પ્રકાશવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] વિ. પ્રકાશ કરનાર; અજવાળું કરે એવું; ઉજાસ કરનાર.

૧૩. વિ. પ્રબોધક; ઉપદેશક.

૧૪. વિ. વિખ્યાત; પ્રસિદ્ધ.

૧૫ વિ. વ્યાખ્યા વગેરેથી સ્પષ્ટ કરનાર; ઉઘાડું કરનાર.

પ્રકાશકજ્ઞાતા [સં. પ્રકાશકજ્ઞાતૃ] પું. કૂકડો. મરઘો.

પ્રકાશકક્ષ પું. પ્રકાશનો ઓરડો.

પ્રકાશકતા ૧. [સં.] સ્ત્રી. ઉજાળાપણું; ચમકારપણું.

૨. સ્ત્રી. તેજસ્વિતા; પ્રકાશ કરવાની શક્તિ.

પ્રકાશક મંદિર જુઓ પ્રકાશનમંદિર.

પ્રકાશક શક્તિ [સં.] સ્ત્રી. પ્રકાશ કરવાની શક્તિ.

પ્રકાશકાર જુઓ પ્રકાશક.

પ્રકાશકિરણ [સં.] ન. તેજનું કિરણ.

પ્રકાશકેંદ્ર ૧. [સં.] ન. જેના ઉપર પ્રકાશ પાડવો હોય તે પાત્ર; 'ફોકસ'.

૨. ન. પ્રકાશ જ્યાં બહુ જ જલદ જણનો હોય તે જગ્યા.

પ્રકાશક્ષેપક [સં.] પું. પ્રકાશ ફેંકનારું સાધન.

પ્રકાશક્ષિચિકિત્સા [સં.] સ્ત્રી સૂર્યકિરણચિકિત્સા; સૂર્યનાં કિરણ દ્વારા થતી રોગની સારવાર. સૂર્ય ઓછો પ્રકાશ આપે છે, એટલું જ નહિ પણ તે પોતાનાં કિરણની સાથે પ્રાણી અને વનસ્પતિને નવજીવન પ્રાપ્ત કરાવે એવાં તત્ત્વો વરસાવે છે. પ્રાચીન ઋષિમુનિઓ સૂર્યપ્રકાશનું મહત્ત્વ સારી રીતે સમજતા. વેદોમાં સૂર્યની પૂજાની રીત છે. મિસર, ઈરાન, યૂનાન અને રોમમાં સૂર્યપૂજા પ્રચલિત હતી. ઈ. સ. પૂર્વે ૪૦૦ વર્ષ પહેલાં ચિકિત્સાના મૂલપુરુષ હિપોક્રેટસે રોગના ઇલાજ કે.સમાં સૂર્યચિકિત્સા આવી કરી હતી. પ્રાચીન યૂનાની અને રોમન લોકોએ પર્વત ઉપર સૂર્ય ચિકિત્સાલય બનાવ્યાં હતાં. હાલના જમાનામાં સુપ્રખ્યાત ડેનિશ ડોક્ટર નાયલ્સ ફિન્સેને ઈ. સ. ૧૮૯૩માં સૂર્યપ્રકાશનું મહત્ત્વ સમજાવ્યું અને ૧૮૯૫માં એક ક્ષયના રોગીને તેનાથી આરામ કર્યો. તે પછી વિજ્ઞાનીઓએ તેમાં ઘણો સુધારો કર્યો. ઈ. સ. ૧૯૦૩માં ડોક્ટર રોલિયર સ્વિટઝર્લંડના આલ્પસ પર્વત ઉપર લેસીન નામની જગ્યામાં સૂર્યપ્રકાશચિકિત્સાની શરૂઆત કરી ઈ. સ. ૧૯૩૭માં ડોન્સ અને બ્લંટ નામના વિજ્ઞાનીઓએ એમ સમજાવ્યું કે, સૂર્યપ્રકાશમા જીવાણુનાશક તત્ત્વ છે. તે પછી તેર વર્ષે રોબર્ટ કોચે સૂર્યપ્રકાશનો ક્ષયના જંતુઓ ઉપર અખતરો કર્યો અને એમ સાબિત કર્યું કે, સૂર્યપ્રકાશમાં દસ મિનિટથી વધારે એ જંતુઓ જીવી શકતા નથી. ક્ષય, ચામડીરોગ, પક્ષવાયનો રોગ, બસ્તિપ્રદેશની બીમારી, બિસપિડા, સ્નાયુપ્રદાહ, કટિસ્નાયુશૂલ, સધિવાત, ચર્મરોગ, દંતરોગ, દબપૂય વગેરે ઉપર પ્રકાશચિકિત્સા લાભદાયક મનાય છે.

પ્રકાશજનક [સં.] વિ. પ્રકાશોત્પાદક; પ્રકાશ ઉત્પન્ન કરનારું.

પ્રકાશજન્ય [સં.] વિ. પ્રકાશથી ઉત્પન્ન થતું.

પ્રકાશતરંગ [સં.] પું તેજનું મોજું.

હેમના પ્રકાશતરંગો રજકણ રજકણ ઉપર અચકાઈ અનિયમિત પરાવર્તન પામે છે
કે મુનશી

પ્રકાશતા ૧. [સં.] સ્ત્રી. અજવાળું હોવું તે.

૨. સ્ત્રી. તેજ; કાંતિ.

૩. સ્ત્રી. પ્રકટપણું; ખુલ્લાપણું.

૪. સ્ત્રી. પ્રકાશનો ભાવ અથવા ધર્મ.

૫. સ્ત્રી. પ્રસિદ્ધપણું.

પ્રકાશત્વ જુઓ પ્રકાશતા.

પ્રકાશક [સં.] વિ. દીપિકર; પ્રકાશ આપનાર.

પ્રકાશકર્તા જુઓ પ્રકાશક.

પ્રકાશદીપ [સં. પ્રકાશ + દીપ (દીવો)] પું. તેજસ્વી દીવો.

પ્રકાશદ્વાર [સં.] ન. પ્રકાશ આવવાનો રસ્તો

પ્રકાશધારા [સં.] સ્ત્રી. તેજનો પ્રવાહ.

પ્રકાશધૃષ્ટ [સં.] પું. (સમા) ધૃષ્ટ નામકના બે ભાંડેનો એક ભેદ; પ્રકટપણે ધૃષ્ટતા કરનાર, ઓઢા સોમંઢ આનાર, નાયિકાની સાથે ને સાથે ફરનાર, બધાંની કૃત્રિમાં સંકોચ વગર દખલ મરકરી કરનાર નાયક.

પ્રકાશન ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે અજ્ઞાન અથવા અંધકારનો નાશ કરીને સ્વયં જ્યોતિરૂપે પ્રકાશી રહેનાર હોવાથી તેમ જ સ્વપ્રકાશ અને પરપ્રકાશી પણ તે જ હોવાથી, વળી અતીંદ્રિયપદનો લક્ષ્ય કરાવનાર પણ તે હોવાથી વિષ્ણુ પ્રકાશન કહેવાય છે.

૨. પું. (જૈન) સાધુ વહોરવા પધારે ત્યારે દીવાનો પ્રકાશ કરવો અથવા ઘંડપનો ઉદ્યોત કરવો વગેરેથી લાગતો દોષ.

૩. ન. અંતઃસ્ફુરણ; સ્વમંદર્શન; આત્મદર્શન.

૪. ન. જાહેર કરવું તે; પ્રસિદ્ધ કરવું તે; પ્રગટ કરવું તે.

૫. ન. જાહેર થવું તે; બહાર પડવું તે.

૬. ન. જાહેરાત; જાહેરખબર; જાહેરનામું; પ્રસિદ્ધિપત્ર; વિજ્ઞાપન.

૭. ન. પારખી કાઢવું તે.

૮. ન. પ્રકાશ; અજવાળું; રોશની.

૯. ન. પ્રકાશવું તે.

૧૦. ન. પ્રકાશિત કરવું તે.

૧૧. ન. પ્રસિદ્ધ થયેલું પુસ્તક; પ્રસિદ્ધ કરેલો ગ્રંથ.

૧૨. ન. બોધ; ઉપલબ્ધિ; 'દિવ્યધ્વનિ.'

૧૩. વિ. પ્રકાશ કરનાર; ચમકીલું.

પ્રકાશનકાર્ય [સં.] ન. પુસ્તકપ્રસિદ્ધિ તથા જાહેરખબરનું કામ.

પ્રકાશનખાતું ન. પુસ્તકપ્રસિદ્ધિ અને જાહેરાતનું કામ કરનાર ખાતું.

પ્રકાશનપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. પુસ્તકોની પ્રસિદ્ધિ તથા જાહેરાતનું કામકાજ.

પ્રકાશનમંત્રી પું. પ્રકાશનનું કામ કરનાર અધિકારી.

પ્રકાશનમંદિર [સં.] ન. પુસ્તકો પ્રસિદ્ધ કરનાર સંસ્થા.

પ્રકાશનમાપક [સં.] ન. પ્રકાશ આપનારું સાધન; પ્રકાશમાપક.

પ્રકાશનવિભાગ જુઓ પ્રકાશનખાતું.

પ્રકાશનશક્તિ [સં.] સ્ત્રી. જ્ઞાન; બોધ.

પ્રકાશનસમિતિ [સં.] સ્ત્રી. પુસ્તકો પ્રકાશવાનું કાર્ય કરનારું મંડળ.

પ્રકાશનારી [સં.] સ્ત્રી. વેશ્યા.

પ્રકાશનીય [સં.] વિ. પ્રકટ કરવા યોગ્ય.

પ્રકાશપક્ષ પું. પ્રકાશનો પક્ષો.

શ્રી કૃષ્ણના ઉપદેશથી અર્જુનનો મોહ ઊડી ગયો તથા અંધકારથી ઘેરાયેલા તેના કર્તવ્યમાર્ગ ઉપર અલૌકિક પ્રકાશપક્ષ પડ્યો શ્રુ. સા. પરિષદ

પ્રકાશપત્ર [સં.] ન. જાહેરાત; પ્રસિદ્ધિ.

પ્રકાશપરિક્ષેપક [સં.] ન. પ્રકાશ ચોતરફ વીખરાવો તે.

પ્રકાશપૂર્ણ [સં.] વિ. પ્રકાશથી ભરેલું.

પ્રકાશપૃથક્કરણ [સં.] ન. પ્રકાશનું વિશ્લેષણ.

પ્રકાશપ્રકાશિની [સં.] વિ. સ્ત્રી. પ્રકાશને પ્રકાશવંતો કરે એવી તેજસ્વી.

આનંદમૂર્તિ! પ્રકાશપ્રકાશિની! અમૃતપૂર્ણા ઓ સંવિદ્મારી! નાનાલાલ

પ્રકાશબ્રહ્મ [સં. પ્રકાશબ્રહ્મન્] ન. પ્રકાશમય પરમાત્મા.

આ રીતે આનંદબ્રહ્મ, પ્રેમબ્રહ્મ, પ્રકાશબ્રહ્મ, શાંતબ્રહ્મ, નિર્ગુણબ્રહ્મ, સાક્ષીબ્રહ્મ વગેરે અતે થયેલા છે અને દરેકને સાક્ષાત્કાર થયેલાની વાતો સાંભળવામાં આવે છે. ઇવનસોધન

પ્રકાશમય [સં.] વિ. પ્રકાશવાળું.

પ્રકાશમયતા [સં.] સ્ત્રી. દીપ્તિ; પ્રકાશિતપણું.

પ્રકાશમંડલ [સં.] ન. પ્રભામંડલ; તેજોમંડલ; તેજનું કૂંડાળું.

પ્રકાશમંડલીય [સં.] વિ. સૂર્યના પ્રકાશમાંથી બહાર નીકળતું; સૂર્યકેંદ્રક.

પ્રકાશમાન ૧. [સં.] વિ. પ્રકાશવાળું; તેજસ્વી; ચકચકિત; તેજોમય; પ્રકાશતું.

૨. વિ. પ્રસિદ્ધ; મશહૂર.

૩. વિ. ચોળતું; દીપતું.

પ્રકાશમાનત્વ ૧. [સં.] ન. તેજસ્વીપણું.

૨. ન. (તર્કશાસ્ત્રમાં) પોતાની સત્તામાં એટલે અસ્તિત્વમાં પોતાની સત્તા છે કે નહિ એવી જાતના સંશયાદિનું નહિ જણાવાપણું.

૩. ન. મશહૂરપણું.

૪. ન. શોભિતાપણું.

પ્રકાશમાપક [સં.] ન. તેજનું માપ કાઢવાનું યંત્ર.

પ્રકાશમાયા [સં.] સ્ત્રી. દૃષ્ટિવિભ્રમ; પ્રકાશને લીધે નજરમાં થતી ભ્રાંતિ.

પ્રકાશમાર્ગ [સં.] પું. અજવાળાનો માર્ગ; રોશનીનો રસ્તો.

પ્રકાશયુગ [સં.] પું. જાગૃતિ અને સુધારાનો યુગ.

અત્યારે જગતે છે એવું કે, પશ્ચિમમાં તેજસ્વી પ્રકાશયુગ આવે છે ત્યારે પૂર્વમાં ઘોર અંધકારયુગ આવે છે. પુરાતત્ત્વ

પ્રકાશરશ્મિ [સં.] ન. પ્રકાશનું કિરણ; તેજનો ઝગમગાટ.

પ્રકાશરેખા ૧. [સં.] સ્ત્રી. ચંદ્રના અજવાળાના ભાગ અને અંધારાના ભાગની વચ્ચેની લીટી.

એ જ્યોતિની અર્ધીની સપાટી–પૃથ્વી પરની તેની પ્રકાશરેખા ઊડી જાય છે. શ્રુ. સા. પરિષદ

૨. સ્ત્રી. પ્રકાશનું કિરણ.

પ્રકાશલેખ [સં.] પું. પ્રકાશ વડે દેખાતું સ્વરૂપ; જ્યોતિ; 'ફોટો'.

વદ સાતમના ચંદ્રનો એક પ્રકાશલેખ પાસેના ચિત્રમાં છે. જ્યોતિર્વિલાસ

પ્રકાશલેખન [સં.] ન. સૂર્યના અજવાળાની મદદથી ચિત્ર પાડવાનો હુનર; કિરણલેખ્યકલા; 'ફોટોગ્રફિ'.

પ્રકાશલોક [સં.] પું. સ્વર્ગ.

પ્રકાશવર્તન [સં.] ન. પ્રતિબિંબ; પડછાયો.

પ્રકાશવર્ષ [સં.] ન. એક સેકંડમાં દોડવામાં આવતે ૧,૮૬,૬૦૦ માઈલની ગતિએ જતું પ્રકાશનું કિરણ એક વર્ષમાં કાપે તે અંતર. પ્રકાશ એક સેકંડમાં ૧,૮૬,૬૦૦ માઈલ જેટલે દૂર જાય છે. આ ગતિ મુજબ સૂર્યમાંથી આપણી પૃથ્વી ઉપર પ્રકાશને આવી પહોંચતાં લગભગ ૮ મિનિટ લાગે છે. આ પ્રમાણે તારાઓના અંતરની બહુતરી માઈલોથી બહુધા તેને બદલે પ્રકાશવર્ષથી જ કરવામાં આવે છે. પ્રકાશવર્ષનો અર્થ વખતમાં નહિ પણ અંતરમાં જણાવેલો છે. એક પ્રકાશવર્ષ જેટલે ૫૮,૮૪,૧૧,૭૬,૦૦,૦૦૦ માઈલ. તારાઓનું અંતર દર્શાવવામાં પ્રકાશવર્ષનો એકમ તરીકે ઉપયોગ થાય છે. જેમકે, ધ્રુવનો તારો પૃથ્વીથી ૪૫ પ્રકાશવર્ષ, કેપેલિયા ૭૧ પ્રકાશવર્ષ અને વેગા ૨૩ પ્રકાશવર્ષ દૂર છે.

પ્રકાશવાન જુઓ પ્રકાશમાન.

પ્રકાશવિકિરણ [સં.] ન. પ્રકાશનું વેરવિખેર થઈ જવું તે; અજવાળાનું તેના જુદા જુદા રંગનાં કિરણોમાં વીખરાઈ જુદા પડવું તે.

પ્રકાશવિક્રિય [સં.] ન. જાહેર લીલામ.

પ્રકાશવિચ્છેદન [સં.] ન. પ્રકાશનું પૃથક્કરણ.

પ્રકાશવિજ્ઞાન [સં.] ન. પ્રકાશ સંબંધી વિજ્ઞાન પ્રકાશનું વિજ્ઞાનશાસ્ત્ર.

પ્રકાશવિદ્યા [સં.] સ્ત્રી. દર્શનવિદ્યા; દૃષ્ટિવિદ્યા; દૃષ્ટિશાસ્ત્ર.

પ્રકાશવિદ્યુત [સં. પ્રકાશવિદ્યુત્] સ્ત્રી. જાની પાડવામાં વપરાતી વીજળી.

પ્રકાશવિયોગ [સં.] પું. વિયોગના બે મહિનો એક ભેદ; જ્યા ઉપર પ્રકટ થઈ જાય તેવો વિયોગ.

પ્રકાશવિરુદ્ધ [સં.] પું. (શબ્દ) એક પ્રકારનો અર્થદોષ; વિરુદ્ધ અર્થનો પ્રકાશ થવારૂપી દોષ.

પ્રકાશવિષયક [સં.] વિ. દર્શનશાસ્ત્ર સંબંધી.

પ્રકાશવિસર્જક [સં.] વિ. પ્રકાશ દેતું; કિરણવાળું.

પ્રકાશવું ૧. [સં. પ્ર + ભાસ્] અ. ક્રિ. ઉજેવું આપવો; તેજ મારવું; ચકચકવું; ચળકવું; દીપવું; ઝળકવું; ઝળહી દેખાવી; તેજ જણાવું.

સૂર્યે તેજ રહેલ જે જગત આ
આખું પ્રકાશી રહ્યું.
જે ચંદ્રે વળી તેજ જે અગ્નિમાં
તે જાણ તું મળકર.
ગીતાપંચામૃત

૨. અ. ક્રિ. ખુલ્લા દેખાવું; બહાર આવવું; જાહેરમાં આવવું.

૩. અ. ક્રિ. ચૈતન્યવાળું હોવું.

૪. અ. ક્રિ. તપવું.

૫. અ. ક્રિ. નામ કાઢવું; પ્રસિદ્ધ કે પ્રખ્યાત થવું; આગળ પડવું.

૬. અ. ક્રિ. બળવું; ઝગઝગવું.

૭. અ. ક્રિ. રાજવું; ભભકા અથવા ખૂબસૂરતીમાં અતિશય તેજસ્વી હોવું; શોભવું.

૮. સ. ક્રિ. પ્રસિદ્ધ કરવું.

પ્રકાશવ્યાપાર [સં.] પું. અજવાળાનાં કિરણો નીકળવા તે.

પ્રકાશશક્તિ [સં.] સ્ત્રી. તેજનું બળ.

પ્રકાશશૂન્ય [સં.] વિ. પ્રકાશ વિનાનું.

પ્રકાશશોષણ [સં.] ન. પ્રકાશનું ચુસાઈ જવું તે.

પ્રકાશસમવેષ્ટન [સં.] ન. દિક્પ્રધાનતા; પ્રકાશનું એકત્રિત કરવું તે; પ્રકાશમાં કિરણોને એકદિગ્વર્તી કરવાં તે.

પ્રકાશસંકેત [સં.] પું. પ્રકાશ દ્વારા આપવામાં આવતી નિશાની.

પ્રકાશસંકેતયંત્ર [સં.] ન. સૂર્યસંતાપકયંત્ર; સૂર્યમાપ, સૂર્યતેજસંતાપયંત્ર.

પ્રકાશસંયોગ [સં.] પું. સંયોગના બે ભાંહેનો એક ભેદ; જ્યા ઉપર પ્રકટ થઈ જાય એવો સંયોગ

પ્રકાશસ્તંભ [સં.] પું. દીવાદાંડી.

પ્રકાશસાર્વત્ર પું. આંખો સુજી જવાથી માણસને પ્રકાશ અસહ્ય થવાની સ્થિતિ.

પ્રકાશસ્વભાવ [સં.] વિ. પ્રકાશ આપનાર; પ્રકાશ ઉત્પન્ન કરનાર.

સાત્ત્વિક ક્રિયા પ્રકાશસ્વભાવ છે અને તામસિક ક્રિયા ઘોર અંધકારમય છે. રત્નમંજૂષા

પ્રકાશાત્મા ૧. [સં. પ્રકાશાત્મન્] પું. આકાશનો છોડ.

૨. પું. આત્માનું પ્રગટ થવું તે.

૩. પું. વિષ્ણુનું હજાર માંહેનું એક નામ. સર્વ વ્યક્તિના આત્માને પ્રકાશ કરનારા, નિજ જ્ઞાન દ્વારા સર્વને જ્ઞાન કરનારા અથવા જ્ઞાન જણાવનારા, એક સૂર્યની પેઠે સર્વ વ્યક્તિઓમાં પ્રકાશી રહેલા, વળી તે જ સર્વમાં જ્ઞાનરૂપે પ્રગટ મૂર્તિમાન જણાતા હોવાથી વિષ્ણુ પ્રકાશાત્મા કહેવાય છે.

૪. પું. શિવ.

૫. પું. સૂર્ય

૬. વિ. અકલ સ્વભાવવાળું.

પ્રકાશાનંદનાથચાસર [સં.] પું. તંત્રશાસ્ત્રના પંચમમાં વપરાતા નવ માંહેનો એ નામનો પહેલો દિવસ.

પ્રકાશાપરશોષણ [સં.] ન. પ્રકાશ ચૂસી લેવો તે.

પ્રકાશાભાવ [સં.] પું. અંધપા; આંધળાપણું; તેજહીનતા.

પ્રકાશાભેદ [સં.] વિ. સોંસરું જોઈ ન શકાય એવું; અપારદર્શક.

પ્રકાશાભેદ્ય જુઓ પ્રકાશાભેદ.

પ્રકાશાવરણ [સં.] ન. પ્રકાશનું મંડળ; તેજોમંડળ; ' ફોટોસ્ફીઅર '.

પ્રકાશિત ૧. [સં.] ન. પ્રકાશ.

૨. વિ. ઉઘાડું; ખુલ્લું; સ્પષ્ટ દેખીતું.

૩. વિ. છપાવી પ્રસિદ્ધ કરેલું.

૪. વિ. જાહેર કરેલું; પ્રસિદ્ધ કરેલું; પ્રકટ કરેલું.

૫. વિ. તેજદાર; ચળકતું; પ્રકાશવાળું; તેજસ્વી; તેજોમય; ઓપતું; દીપતું.

૬. વિ. દર્શિત; જણાવેલું.

પ્રકાશિતા ૧. [સં.] સ્ત્રી. પ્રકાશવાળું હોવું તે.

૨. સ્ત્રી. પ્રસિદ્ધિ; જાહેરાત.

પ્રકાશિત્વ જુઓ પ્રકાશિતા.

પ્રકાશી ૧. સ્ત્રી. ચંદ્રના અજવાળાના લાભ અને અંધારાના લાભની વચ્ચેની છીટી; પ્રકાશરેખા.

૨. વિ. પ્રકટ કરનારું; ખુલ્લું કરનારું.

૩. વિ. પ્રકાશ કરનાર; પ્રકાશનાર.

૪. [સં. પ્રકાશિન્] વિ. પ્રકાશવાળું.

૫. વિ. સ્પષ્ટ કરનાર.

૬. અ. મોટા અવાજથી; મોટેથી.

હો સખે પ્રકાશી બાલતા તેહ,
લાયી ચિત્ત પામ્યો હું તેહ. પ્રેમાનંદ

પ્રકાશેતર [સં.] વિ. અદશ્ય; દેખાય નહિ એવું.

પ્રકાશોત્પાદક વિ. પ્રકાશજનક; પ્રકાશ ઉત્પન્ન કરી શકે એવું.

પ્રકાશોપચાર [સં. પ્રકાશ્ય (સૂર્યનું કિરણ) + ઉપચાર (સારવાર)] પું. સૂર્યના પ્રકાશ વડે દરદ મટાડવાની ક્રિયા; આતપસ્નાન; સૂર્યસ્નાન.

પ્રકાશ્ય ૧. [સં.] વિ. પ્રગટ કરવા યોગ્ય; જાહેર કરવા જેવું; ખુલ્લું કરવા લાયક.

૨. અ. પ્રકટપણે; જાહેર રીતે.

પ્રકાશ્યતા [સં.] સ્ત્રી. સ્પષ્ટપણું; ખુલ્લાપણું; પ્રસિદ્ધિ.

પ્રકાશ્યત્વ જુઓ પ્રકાશ્યતા.

પ્રકાંડ ૧. [સં.] પું. ઝાડ વૃક્ષ.

૨. પું. થાળ; થામ્બા. વનસ્પતિશાસ્ત્રમાં પ્રકાંડોનું રૂપાંતર જુદા જુદા રીતે જણાવેલ છે: (૧) અધોભૂમિજ. તેમાં અધોવિરોહી પ્રોથિત, કંદ, રહીતકંદ, જટાટા, કાદો, સપ્રતકંદ, સરણ વગેરેનો સમાસ થાય છે. (૨) અર્ધવાયવીય. તેમાં ભૂમિપ્રરોહ, ગાજેરી, મૂલિનીશાખા, મારકંદ, અજકર્ણી, અધોમૂલિની, ગુલદાવદી વગેરેનો સમાસ થાય છે. (૩) વાયવીય. તેમાં તંતુ, દ્રાક્ષ, ઉદકકંદ, કાંડપત્ર, કાષ્ઠલો થોર, શતાવરીપત્ર, શતાવરી, કંદક, કનખડી વગેરેનો સમાસ થાય છે. પ્રકાંડનાં કાર્યો: (૧) વહન: મૂળમાંથી જળ અને દ્રવિત ક્ષારોને પાન સુધી પહોંચાડવા અને પાનમા તૈયાર થયેલા આહારને છોડના બીજા ભાગો સુધી લઈ જવા, આમ કરીને જે અવયવો અલસમહનું કાર્ય કરે છે સાંસુધી. (૨) આધાર: પ્રકાંડ ઉપર જ આખો છોડ ટકી રહે છે. (૩) પાન, ફૂલ ને ફળ ધારણ કરવાં. (૪) સંચય કરવો. (૫) આધાર ઉત્પન્ન કરવો. આ મુખ્ય કાર્યો ઉપરાંત રૂપાંતરિત પ્રકાંડોનાં વિવિધ કાર્યો પણ છે. રૂપાંતરિત થયેલ પ્રકાંડોનાં મુખ્ય કાર્યો નીચે મુજબ જણ છે. (૧) દીર્ઘજીવિત્વ એટલે વર્ષો સુધી બરાબ ઋતુઓનો સામનો કરી ટકવું તે. (૨) વાનસ્પતિક સંતાનોત્પત્તિ. પ્રકાંડ, શાખાઓ, પત્રો તથા મૂળ આ વનસ્પતિનાં વાનસ્પતિક સંતાનો જણાય છે,

જ્યારે કૂલ એ પુનરુત્પાદક અવયવો ગણાય છે. (૩) વિશિષ્ટ ડાળો. પ્રકાંડની સ્થિતિ, એની ઊંચાઈ કે નીચાઈ, તેમની આયુષ્યમર્યાદા અને તેમના જીવનનો વિકાસ; આ બધાથી એની આસિયતનો ખ્યાલ આવી શકે છે.

૩. પું. થડ.

૪. પું. હાથનો ઉપલો ભાગ.

૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; વખણાયેલ; પ્રશસ્ત.

૬. વિ. પ્રખર; મહાન; મોટું.

૭. વિ. મોટા વિસ્તારવાળું; વિસ્તીર્ણ.

પ્રકાંડક જી. એક જાતની મોતીની માળા. તેમાં વચ્ચેનું મોતી સૌથી મોટું અને પછી ઊતરતા ક્રમમાં નાનાં એવાં મોતી આવેલાં હોય છે. એકાનાં બંને મોતી સૌથી નાનાં હોય છે.

પ્રકાંડતંતુ પું. શાખાનો ત્રીજો તાંતણો; તાર; તંતુ. આરોહી લતાઓમાં તંતુઓ ખરી રીતે ઉપર ચડવા માટે જ નિર્મિત થયેલા હોય છે. આ આરોહ દોરા જેવા તંતુ પર્ણહીન, મૂળ વગ્ર થઈને રહેલી શાખાઓ જ છે અને આ થકી જ બીજાં ઝાડ કે ઝાડનું અવલંબન કરી મથુ ઊંચવા પોતાનું અસ્તિત્વ ટકાવે છે.

પ્રકાંડદ્રુ [સં.] પું વૃક્ષ; ઝાડ.

પ્રકાંડાસ્થિ [સં.] ન. ઉપલા હાથનું હાડકું; પ્રગંડાસ્થિ.

પ્રકાંડોપરિપરોપજીવી વિ. ઝાડની શાખા ઉપર પોષણ મેળવનારું.

પ્રકિરણ [સં.] ન. પ્રસરવું તે; ફેલાવું તે.

પ્રકીર્ણ ૧. [સં.] ન. એક જાતનું વસ્ત્ર; દુર્ગંધવાળું કપડું.

૨. ન. ચામર; ચમ્મર.

૩. ન તરેહતરેહની કવિતા.

૪. ન. પ્રકરણ; અધ્યાય.

૫. ન. મિશ્ર કરવું તે.

૬. ન. વીખેરવું તે; વેરવું તે.

૭. ન. વિસ્તાર; ફેલાવ.

૮. વિ. ઉત્કૃષ્ટ; ઉદ્ધત; સ્વચ્છંદી.

૯. વિ. ખુલ્લું કરેલું.

૧૦. વિ. પરચૂરણ; નાના પ્રકારનું; જુદી જુદી જાતનું.

૧૧. વિ. પાતળ; ગાંઠ.

૧૨. વિ. મિશ્રિત; ભેળભેળ કરેલું.

૧૩. વિ. વિસ્તૃત; વિસ્તારેલું; વિસ્તાર પામેલું; ફેલાયેલું.

૧૪. વિ. વેરેલ; વીખરેલ; છૂટું છવાયું; વીખરાયેલું; વેરાયેલું.

પ્રકીર્ણક ૧. [સં.] કું. અધ્યાય; પ્રકરણ.

૨. પું. (જૈન) એક પ્રકારના દેવ. જે દેવ નગરવાસી અને દેશવાસી જેવા છે તે પ્રકીર્ણક કહેવાય છે.

૩. પું. ઘોડો.

૪. ન. અનુક્રમ વિનાનો અનેક પદાર્થનો સંગ્રહ.

૫. ન. અનેક વિષયોનો સંગ્રહ.

૬. ન. ગ્રંથનો કે કવિતાનો વિસ્તાર.

૭. ન. ચામર; ચમ્મર; ચમરી.

૮. ન. (જૈન) છૂટક રાજા; પદાતિ.

૯. ન. (જૈન) પ્રાયશ્ચિત્તના ગ્રંથોમાં ઉલ્લેખ ન હોય એવું પાપ.

૧૦. ન. મિશ્ર કરવું તે.

૧૧. ન. વીખેરવું કે વેરવું તે.

૧૨. ન. વિસ્તાર; ફેલાવ; પ્રકીર્ણ.

૧૩. ન. શાસ્ત્રાધાર વિના રાજા, ન્યાયાધીશ વગેરેએ પોતાના જ મતથી ફરિયાદ, દાવા વગેરેનો નિકાલ કરવો તે.

પ્રકીર્ણક દેવ પું. (જૈન) દેવોના નગરમાં રહેવાવાળા વેપારી જેવા દેવ.

પ્રકીર્ણકી [સં.] સ્ત્રી. ઘોડી.

પ્રકીર્ણકેશી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

પ્રકીર્ણવાદી [સં. પ્રકીર્ણવાદિન્] વિ. અસંબદ્ધ બોલનાર.

પ્રકીર્ણોત્તર [સં.] સ્ત્રી. ઘોડાની એક પ્રકારની ધીમી ચાલ. તેમાં ઘોડો પોતાનાં પ્રાન અને આયું ટટ્ટાર રાખે છે.

પ્રકીર્તન ૧. [સં.] ન. ઘોષણા; જાહેરાત; જાહેર કરવું તે.

૨. ન. જોરથી કીર્તન કરવું તે.

૩. ન. વખાણ; પ્રશંસા; સ્તુતિ.

પ્રકીર્તિ ૧. [સં.] સ્ત્રી. ખ્યાતિ; પ્રસિદ્ધિ; કીર્તિ; વખાણ; નામના.

૨. સ્ત્રી. ઘોષણા; જાહેર કરવું તે; કથન.

૩ સ્ત્રી. નામનો ઉચ્ચાર.

પ્રકીર્તિત ૧. [સં.] વિ. ઓળખાતું.

૨. વિ. કથિત; કહેલું; ગાયેલું; વખાણેલું.

૩. વિ. જગપ્રસિદ્ધ; પ્રખ્યાત.

૪. વિ. જાહેર કરેલું.

૫. વિ. વર્ણવેલું.

૬. વિ. સ્પષ્ટ કરીને કહેલ.

પ્રકીર્તન જુઓ પ્રકીર્તન.

પ્રકીર્ય જી. દુર્ગંધવાળું એક જાતનું કપડું.

પ્રકુપિત ૧. [સં.] વિ. બહુ કોપેલું; અત્યંત ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

૨. વિ. પ્રકોપ બહુ વધી ગયો હોય એવું. જેમકે, પ્રકુપિત વાયુ.

પ્રકુલ [સં.] ન. સુંદર શરીર; શ્રેષ્ઠ શરીર; વખાણેલો દેહ.

પ્રકુલ્લાંડી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

પ્રકુંચ ૧. [સં.] ન. આઠ તોલા અથવા એક પલનું માપ.

૨. ન. ચાર રૂપિયાભાર; એક પલ બરોબર વજન.

૨ અર્ધપલનો ૧ પલ (ચાર રૂપિયાભાર). તેને મુષ્ટિ, આમ, આર્ધિકા, પ્રકુંચ, પોડશી અને નિષ્ક પણ કહે છે. શોભનિતાભિધિ

પ્રકુંજ [સં.] ન. એક પલનું માપ.

પ્રકૃત ૧. [સં.] કું. એ નામનો એક ઋષિ.

૨. પું. આલુ વિષય; જે વાત ચાલતી હોય તે; વર્ણનો વિષય; વર્ણ્ય પદાર્થ.

૩. પું. (કાવ્ય) શ્લેષ અલંકારનો એ નામનો એક ભેદ.

૪. ન. સામ્ય; સરખાપણું.

હે નરેંદ્ર! તારી સાથે વિક્રમાદિત્ય રાજાનું કંઈ પ્રકૃત જણાતું નથી. પુરાવત્ત

૫. વિ. અવિકૃત; વિકાર નહિ પામેલું.

૬. વિ. અસલી; મૂળ; મૂળભૂત; મૂળ સ્થિતિનું; મૌલિક.

૭. વિ. આરંભેલું; શરૂ કરેલું.

૮. વિ. ઉત્પન્ન કરેલું.

૯. વિ. કરેલું.

૧૦. વિ. જેની વાત ચાલુ હોય એવું; વર્તમાન; ચાલુ; પ્રસ્તુત.

૧૧. વિ. નીમેલું; અધિકૃત.

૧૨. વિ. પ્રકરણપ્રાપ્ત; પ્રાસંગિક.

૧૩. વિ. ભાખેલું.

૧૪. વિ. મળેલું; પ્રાપ્ત.

૧૫. વિ. યથાર્થ; વાસ્તવિક.

૧૬. વિ. સાધારણ.

૧૭. વિ. સિદ્ધ કરેલું; પૂર્ણ કરેલું.

૧૮. વિ. સ્વભાવવાળું; પ્રકૃતિવાળું.

પ્રકૃતતા ૧. [સં.] સ્ત્રી. પ્રકૃત હોવાનો ભાવ.

૨. સ્ત્રી. યથાર્થપણું; વાસ્તવિકતા.

પ્રકૃતત્વ જુઓ પ્રકૃતતા.

પ્રકૃતમૃત્યુ [સં.] ન. અરે મરણ.

પ્રકૃત વૃત્તાંત [સં.] ન. સાચી ઘટના.

પ્રકૃતસ્થ [સં.] વિ. યથાર્થ; વાસ્તવિક; પ્રકૃતિ અનુસારનું.

પ્રકૃતાનેકવિધ [સં.] કું. (કાવ્ય) શ્લેષાલંકારનો એક ભેદ. જેમકે, નવાંભસ.

આમાં નવકારના એટલે એની પાસે નવ પ્રમાણ છે તેવો અનુષ્ટુપ. અથવા જેની પાસે નવો પ્રમાણો છે તે અનુષ્ટુપ. એવા બે અર્થ થાય છે.

પ્રકૃતિ ૧. પું. (પિંગ) બોતેર વર્ણનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. પ્રસ્તાર ભેદથી તેના ૨૦,૯૭,૧૫૨ પ્રકાર થઈ શકે છે. સુન્દરા, પ્રતિમા વગેરે આ જાતના છંદ છે.

૨. પું. (પિંગ) ગાહિનીકુંડલિની છંદની ૪૬ ગુરુ અને ૬૬ લઘુ મળી ૧૧૨ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.

૩. સ્ત્રી. આકાશ વગેરે પંચમહાભૂત.

૪. સ્ત્રી. આદિકારણ.

૫. સ્ત્રી. આરોગ્ય; તન્દુરસ્તી.

૬. સ્ત્રી. ઓકટીયની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

૭. સ્ત્રી. કારણ.

૮. સ્ત્રી. (જૈન) કર્મબંધના આઠ ભાંડેનો એક પ્રકાર.

> જીવ દ્વારા ગ્રહણ થઈ તેના પ્રદેશોમાં સંશ્લેષ પામેલા કર્મપુદ્ગલોમાં પણ આઠ અંશોનું નિર્માણ થાય છે, તે અંશો તે જ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ. તત્ત્વાર્થસૂત્ર

૯. સ્ત્રી. કુદરત.

૧૦. સ્ત્રી. જગત; વિશ્વ.

> પ્રકૃતિ, પુરુષ અને પરમેશ્વર આ ત્રણને અધ્યાત્મશાસ્ત્રમાં અનુક્રમે જગત, જીવ અને પરમાત્મા કહે છે. ગીતાપંચામૃત

૧૧. સ્ત્રી. (વેદાંત) જગતના મૂળ કારણરૂપ અજ્ઞાન.

> પ્રકૃતિ એટલે અજ્ઞાન, તેમાં સૂક્ષ્મરૂપે સ્થિત છે તે પ્રકૃતિસ્થ. ઇન્દ્રિયો અને મન, એ સર્વેને ગ્રહીને જીવાત્મા જગત ભોગનો ઉદ્યમ કરવાર્થે કર્મને ગ્રહીને ફરીને બીજા શરીરમાં પેસે છે. ગીતાપંચામૃત

૧૨. સ્ત્રી. જગતનું ઉપાદાન કારણ; જગતનું મૂળ બીજ; પુરુષથી ભિન્ન એવું જગતનું મૂળ ઉપાદાન.

૧૩. સ્ત્રી. જીવ.

૧૪. સ્ત્રી. જીવજંતુ.

૧૫. સ્ત્રી. જીવનશક્તિ; પ્રાણબળ.

૧૬. સ્ત્રી. નીતિ; પરંપરા; વિધિ; માર્ગ.

૧૭. સ્ત્રી. પદાર્થનો સ્વાભાવિક ગુણ.

> પૂર્વે કરેલા ધર્મ કે અધર્મને સંસ્કાર કે વર્તમાન જન્મમાં અભિવ્યક્ત થયો હોય એટલે વિકાસ પામ્યો હોય તેને પ્રકૃતિ કે સ્વભાવ પણ કહે છે. સિદ્ધાંતસંગ્રહ

૧૮. સ્ત્રી. પંચ ભૂત, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકૃતિ.

૧૯. સ્ત્રી. પુરુષચિહ્ન; લિંગ.

૨૦. સ્ત્રી. પોતાથી ભિન્ન તત્ત્વનું આરંભકપણું; બીજા તત્ત્વનું ઉપાદાનપણું; બીજા તત્ત્વની જનક મૂળ પ્રકૃતિ.

૨૧. સ્ત્રી. પ્રકૃતિના અંશરૂપ પાંચ કેવીઓરૂપ શક્તિ.

૨૨. સ્ત્રી. પ્રગ્વ લોક; રૈવત.

૨૩. સ્ત્રી. (વ્યાકરણ) પ્રત્યય લગાડતા પહેલાંનું નામ અને ધાતુનું મૂળ રૂપ; જેને રૂપાખ્યાનના પ્રત્યય લાગે તે શબ્દ; પ્રત્યય જેનું નિમિત્ત હોય તેવો કોઈ શબ્દ.

૨૪. સ્ત્રી. પ્રધાન, અવ્યક્ત, માયા; અનાદિ માયા; આધારશક્તિ. તે અવ્યક્ત અને સૂક્ષ્મ છે, સત્ત્વરજસ્તમોગુણી છે. ઈશ્વરની અંદર જે કર્તાપણું છે તે પ્રકૃતિના સંયોગથી છે. જગત રચવામાં ઈશ્વરને પ્રત્યક્ષ કરવો પડતો નથી. જેમ લોહચુમ્બક લોઢાની પાસે આવતાં જ લોઢામાં ગતિ ઉત્પન્ન કરે છે, તેમ ઈશ્વર પ્રકૃતિ પાસે રહેવાથી જ ગતિ ઉત્પન્ન કરી રહે છે.

૨૫. સ્ત્રી. પ્રધાન ગુણ; ધર્મ.

> ભગવદ્ગીતા પ્રમાણે પ્રકૃતિ જેવાનો વ્યવહાર ચલાવવાને સ્વતંત્ર ન હોઈને તે સદા પરમેશ્વરની સત્તા મુજબ ચાલે છે એમ કહેલું છે. ગીતારહસ્ય

૨૬. સ્ત્રી. બહિદ્વીપની અંદર આવેલી સોસઠ ભાંડેની એ નામની એક જાત.

૨૭. સ્ત્રી. મંત્રીમંડળ; પ્રધાનમંડળ.

૨૮. સ્ત્રી. માં; આવડી; માતા.

૨૯. સ્ત્રી. (વેદાંત) મીમાંસકોને મતે યજ્ઞમાં કરવાનો વિધિ. વિધિ વડે પ્રતિપાદિત સકલ કર્તિકર્તવ્યતાવાળા હોવાપણું તે પ્રકૃતિપણું. અર્થાત્ તે યાગપ્રકૃતિ પણ કહેવાય છે.

૩૦. સ્ત્રી. મૂત્રવિકાર; મુતર.

૩૧. સ્ત્રી. મૂર્ત, અમૂર્ત, સાકાર, નિરાકાર બધું તે. આ જે પ્રત્યક્ષ સૂર્ય છે તે આત્મસ્વરૂપ છે અને આ જે અંદર છે તે રવિ છે. જે કોઈ આ સ્થાવર, સૂક્ષ્મ, સ્થૂલ માલૂમ પડે છે, આ જે કોઈ આકારવાળું અને આકાર વિનાનું જણાય છે તે બધું રવિ છે. રવિ શબ્દનો અર્થ પ્રકૃતિ થાય છે. તાત્પર્ય કે, જે કોઈ મૂર્તિ અને અમૂર્તિ છે તે બધું પ્રકૃતિ છે. તાત્પર્ય કે, જે આકારવાળા પદાર્થો છે અને જે કોઈ નિરાકાર પદાર્થો છે તે બધા જ પ્રકૃતિનાં જ પરિણામો છે. વિચારદૃષ્ટિએ કોઈ નિરાકાર જેવી ચીજ નથી, કેમકે વિચારની પણ મૂર્તિ હોય છે.

૩૨. સ્ત્રી. યોનિ; ઉત્પત્તિસ્થાન.

૩૩. સ્ત્રી. રાજ્યોને વિચારવા યોગ્ય મૂળ હેતુ કે કારણ.

૩૪. સ્ત્રી. રાજ્યનાં સાત ભાંડેનું એક અંગ; અમાત્યવર્ગ. ગુરુ, પ્રધાન, દેશના લોકો, કિલ્લો, ધનસંગ્રહ, લશ્કર અને સહાયક મિત્ર આ સાત રાજ્યની પ્રકૃતિઓ કહેવાય છે.

૩૫. સ્ત્રી. રાજ્યબંધારણ.

> બ્રોન્ટેરસ બેબ્સફૂઈ સુધારા બાદ હિંદુસ્તાનની પ્રકૃતિ (કોન્સ્ટીટ્યૂશન) નક્કી કરવાની અનેક ગોલ્બાઓ દેશ આજ સુધી થઈ હતી. જયેશકર

૩૬. સ્ત્રી. વંશ.

૩૭. સ્ત્રી. સ્વભાવ; તાસીર.

૩૮. સ્ત્રી. શરીરનો બાંધો; શરીરનું મૂળ બંધારણ; શરીર કે મનનું બંધારણ.

૩૯. સ્ત્રી. શિલ્પી.

૪૦. [સં. પ્ર (સત્ત્વગુણ) + કૃ (રજોગુણ) + તિ (તમોગુણ)] સ્ત્રી. સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણની સામ્યાવસ્થા. ભોગાર્થી અને અજ્ઞાની જીવાત્માને ભોગ અને જ્ઞાન થાય એ હેતુથી પ્રકૃતિમાં વિક્ષોભ થયો. વિક્ષુબ્ધ પ્રકૃતિમાંથી એક પદાર્થ જન્મ્યો, તેનું નામ મહત. મહતમાંથી અહંકાર, અહંકારમાંથી પાંચ તન્માત્ર અને અગિયાર ઇંદ્રિયો, પાંચ તન્માત્રમાંથી પાંચ મહાભૂતોઃ પૃથ્વી, પાણી, વાયુ, તેજ અને આકાશ ઉત્પન્ન થયાં. એ પ્રમાણે જોવીશ જડ અને પરમાત્મા પુરુષ ચેતન છે. પ્રકૃતિ વ્યાપારિણી છે અને પુરુષ નિર્વિકારી છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા, સર્વશક્તિસંપન્ના અને સૃષ્ટિકાર્યમાં પ્રધાન છે. પ્રકૃતિ બે પ્રકારની છેઃ એક આવરણશક્તિ અને બીજી વિક્ષેપશક્તિ. રજોગુણ અને સત્ત્વગુણથી નહિ દબાયેલો તમોગુણ તે આવરણશક્તિ અને તમોગુણ તથા સત્ત્વગુણથી નહિ દબાયેલો રજોગુણ તે વિક્ષેપશક્તિ. તેમાંની આવરણશક્તિ એ જ જીવને ઉપાધિરૂપ અવિદ્યા છે અને વિક્ષેપશક્તિ એ જ પરમેશ્વરની માયા કહેવાય છે. તમોગુણ જેમાં પ્રધાન છે, એવી પ્રકૃતિમાંથી ઈશ્વરના સંકલ્પ વડે આકાશાદિ પાંચ મહાભૂતો ક્રમપૂર્વક ઉત્પન્ન કહેવાય છે. સાંખ્યમાં પુરુષ અને પ્રકૃતિ સિવાય બીજી કોઈ વસ્તુ માનેલી નથી. જગત એ પ્રકૃતિનો જ વિકાર છે, એટલે કે અનેક રૂપોમાં તેનું પ્રવર્તન છે. પ્રકૃતિની વિકૃતિ અથવા પરિણામ એ જ જગત છે. જે પ્રમાણે એકરૂપતા અથવા નિર્વિશેષતાથી પરિણામ દ્વારા અનેકરૂપતા તરફ સર્ગોન્મુખ ગતિ થાય છે. તે પ્રકારે ફરી અનેકરૂપતાથી ધીમે ધીમે એ એકરૂપતા તરફ ગતિ થાય છે, જેને સામ્યાવસ્થા, પ્રલયાવસ્થા અથવા સ્વરૂપાવસ્થા કહે છે. પ્રથમ પ્રકારની ગતિપરંપરાને

વિરૂપપરિણામ અને ભીન્ન પ્રકારની ગતિપરંપરાને સ્વરૂપપરિણામ કહે છે. સ્વરૂપાવસ્થામાં પ્રકૃતિ અવ્યક્ત રહે છે, તે વ્યક્ત થતાં જગત કહેવાય છે. પ્રકૃતિના પરિણામનો ક્રમ નીચે પ્રમાણે છે: પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ એટલે બુદ્ધિ, મહત્તત્ત્વથી અહંકાર, અહંકારથી પંચતન્માત્ર એટલે શબ્દ તન્માત્ર, રસ તન્માત્ર વગેરે, પંચતન્માત્રથી અગિયાર ઇંદ્રિય એટલે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય અને મન અને તેમાંથી ફરી પંચમહાભૂત. આ પ્રમાણે આ ચોવીસ તત્ત્વો કે જેનાથી સંસાર બન્યો છે તે પ્રકૃતિનું જ પરિણામ છે આ ક્રમ વિરૂપ પરિણામનો છે. સ્વરૂપ પરિણામનો ક્રમ તેથી ઊલટો છે, એટલે કે તેમાં પંચ મહાભૂત અગિયાર ઇંદ્રિયના રૂપમાં, ઇંદ્રિય તન્માત્રના રૂપમાં, તન્માત્ર અહંકારના રૂપમાં, આ ક્રમે આખું જગત ફરી નષ્ટ થઈને પોતાના મૂળ પ્રકૃતિરૂપમાં આવી જાય છે.

૪૧. સ્ત્રી. સેના.

૪૨. સ્ત્રી. સ્ત્રી.

૪૩. સ્ત્રી. સ્વભાવ; તાસીર; મિજાજ; પૂર્વના સંસ્કારને આધીન સ્વભાવ; જન્મસ્વભાવ; જાતિસ્વભાવ.

૪૪. સ્ત્રી. સ્વરૂપાવસ્થા; અસલ હાલત; કુદરતી બંધારણ.

પ્રકૃતિકર્મ [સં. પ્રકૃતિકર્મન્] ન. (જૈન) પ્રકૃતિરૂપે બંધાયેલ કર્મ.

પ્રકૃતિકારણવાદ [સં.] પું. જડવાદ; જડ દ્રવ્યમાંથી વિશ્વની ઉત્પત્તિની ક્રિયા થાય છે એવો મત; વિશ્વપૂજનવાદ.

પ્રકૃતિકાવ્ય [સં.] ન. કુદરતને ઉદ્દેશી લખાયેલી કવિતા.

પ્રકૃતિકૃપણ [સં.] વિ. સ્વાભાવિક રીતે જ ધીમું; મંદ; સમજવાને અસમર્થ.

પ્રકૃતિકોપ ૧. [સં.] પું. કુદરત રૂઠી તે. ૨. પું. પ્રજાનો કોપ; પ્રજા બળવો કરી તે.

પ્રકૃતિક્ષોભ [સં.] પું. માંહોમાંહેની લડાઈ; આંતરવ્યવસ્થા; આંતરવિદ્રોહ; ' સિવિલ વૉર '.

પ્રકૃતિગુણ [સં.] પું. પ્રકૃતિના ત્રણ માંહેનો એક ગુણ.

> ઘડાયા છે, વિવિધ ત્રિગુણી ! આકારો સર્જિયે રે, વેરણનાં યે પ્રકૃતિગુણથી કર્મ સૂર્દ્ધ ત્યાં રે. ગીતપંચામૃત

પ્રકૃતિચિકિત્સા [સં.] સ્ત્રી. કુદરતના નિયમો પ્રમાણે વર્તીને રોગ દૂર કરવો તે.

> પ્રકૃતિચિકિત્સા પરિષદના આશ્રયો એક પ્રકાશે આપીશ પાસે આવ્યા. નવજીવન

પ્રકૃતિજ [સં.] વિ. સ્વભાવથી ઉત્પન્ન થયેલું; સ્વાભાવિક; સહજ; સાહજિક.

પ્રકૃતિજન્ય [સં.] વિ. સ્વભાવજન્ય; સ્વાભાવિક; સહજ; કુદરતી; સાધારણ.

પ્રકૃતિજન્ય પસંદગી સ્ત્રી. નૈસર્ગિક વરણી; 'નેચરલ સીલેક્શન'.

પ્રકૃતિતત્ત્વ [સં.] ન. શક્તિ; માયા. જગતમાં પ્રકૃતિતત્ત્વ એ આદિ અનાદિ છે. એને શક્તિતત્ત્વ પણ કહેવામાં આવે છે. આર્ય પ્રજા આ પ્રકૃતિતત્ત્વને મહામાયા, જગદંબા, મહાલક્ષ્મી વગેરે નામથી સંબોધે છે.

પ્રકૃતિતરલ ૧. [સં.] વિ. ક્ષણભંગુર; ચોદી વારમાં નાશ પામે એવું.

૨. વિ. સ્વભાવથી જ ચંચળ.

પ્રકૃતિતુષ્ટિ [સં.] સ્ત્રી. એક પ્રકારનો સંતોષ; પ્રકૃતિ જ મુક્તિનું હેતુભૂત વિવેકજ્ઞાન આપશે એમ ધારી આત્મચિંતનમાં સંતોષ માનવો તે.

પ્રકૃતિદત્ત [સં.] વિ. કુદરતે આપેલું; કુદરતી રીતે નિર્મિત થયેલું.

પ્રકૃતિદર્શનાલેખન [સં. પ્રકૃતિ (કુદરત) + દર્શન (દેખાવ) + આલેખન (ચીતરવું તે)] ન. દૃશ્યચિત્ર; દૃશ્યભૂમિચિત્ર; સૃષ્ટિચિત્ર.

પ્રકૃતિદેવી [સં.] સ્ત્રી. કુદરતરૂપી દેવી

પ્રકૃતિદ્રવ્ય [સં.] ન. કોઈ વસ્તુ જેની બનેલી હોય તે પદાર્થ.

> સૂર્યનું પ્રકૃતિદ્રવ્ય પૃથ્વીના પ્રકૃતિદ્રવ્ય જેટલું જડ નથી; સુમારે બારમાનું વિરલ જેટલે દરજ્જે છે. જ્યોતિર્વિલાસ

પ્રકૃતિધર્મ ૧. [સં.] પું. બંધારણ.

> તેમેચોળનું પ્રકૃતિધર્મ (બંધારણ) પણ તેમણે શોધ્યું. જ્યોતિર્વિલાસ

૨. પું. સાંખ્યમતપ્રસિદ્ધ સ્વભાવધર્મ.

> અહંકાર એ જેવા પ્રકારનો પ્રકૃતિધર્મ છે કે તે સાવ ભૂલી જઈ શકતો નથી. જીવનસોપાન

પ્રકૃતિધર્મી [સં. પ્રકૃતિધર્મિન્] વિ. કુદરતના કાયદા પ્રમાણે ચાલતું; નૈસર્ગિક.

પ્રકૃતિપર [સં.] વિ. દૈવી; અપ્રાકૃતિક; અલૌકિક; 'સુપરનેચરલ'.

પ્રકૃતિપરાયણતા [સં.] સ્ત્રી. પ્રકૃતિભક્ત.

પ્રકૃતિપાઠ પું. કુદરત તરફથી અપાતો બોધ.

પ્રકૃતિપુરુષ ૧. [સં.] પું. આદ્યશક્તિ અને પરમાત્મા. પ્રકૃતિ અને પુરુષની સમજ આપવા ઉપનિષદમાં ચંદ્ર અને સૂર્યનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પ્રકૃતિને ચંદ્રમા અને પુરુષને સૂર્ય કહે છે. આ રૂપકમાં સુંદર રહસ્ય છે. સ્થૂળ જગતમાં સૂર્યના જે ગુણધર્મો છે તેવા જ ગુણધર્મો આધ્યાત્મિક પ્રકરણમાં આત્માના છે અને સ્થૂળ જગતમાં ચંદ્રના જે ગુણધર્મો જોવામાં આવે છે તેવા જ ગુણધર્મો આધ્યાત્મિક પ્રકરણમાં પ્રકૃતિના છે. સૂર્ય સ્વયંપ્રકાશ અને પરપ્રકાશક છે, સૂર્ય બહાર જગતનું જીવન છે, અને તે ઉપરાંત સૂર્ય ક્રમમય છે. ચંદ્ર અમૃતમય છે, રમણીય છે. પ્રકૃતિ સ્વપ્રકાશશૂન્ય છે. પ્રકાશના પ્રકારો ક્રમમય છે, અમૃત જેવી મીઠી લાગે છે અને જીવનમાત્રને માટે જે રમણીય છે, કેમકે જીવનમાત્રને જે ભોગ પૂરો પાડે છે. સૂર્યમાં ક્રાંતશક્તિ છે. આત્મામાં પણ સમસ્ત પાપપુણ્યસંસ્કારોને બાળવાનું સામર્થ્ય છે. ચંદ્રમાં તો જડતા, શીતળતા છે, પ્રકૃતિમાં પણ જડતા, જીવનની પ્રગતિને શીતળ અર્થાત્ સ્થિતિ બનાવી દેવાની શક્તિ છે. આવા અનેક ધ્વનિઓથી આ રૂપક રમણીય છે. સૂર્યાધારે જેમ ચંદ્ર છે તેમ પુરુષાધારે પ્રકૃતિ છે. આત્મા પ્રકૃતિથી ભિન્ન છે એ જ વાત આધ્યાત્મિક પ્રકરણમાં મહત્ત્વની છે.

૨. પું. કારભારી; રાજ્યનો પ્રધાન.

પ્રકૃતિપુરુષવાદ [સં.] પું. સાંખ્યમત; જગતમાં પુરુષ અને પ્રકૃતિ સિવાય ત્રીજો કોઈ પદાર્થ નથી એવો મત.

પ્રકૃતિપૂજન [સં.] ન. કુદરતની પૂજા કરવી તે.

પ્રકૃતિપૂજા જુઓ પ્રકૃતિપૂજન.

પ્રકૃતિપૂર્તિ સ્ત્રી. જુદી અવસ્થાને ઉત્પન્ન કરનારી શક્તિ.

> જુદી અવસ્થાને ઉત્પન્ન કરનારી શક્તિને પ્રકૃતિપૂર્તિ કહે છે. સિદ્ધાંતદર્શન

પ્રકૃતિપ્રચ્છાદન [સં.] ન. સ્વભાવ ઢાંકવો તે.

પ્રકૃતિપ્રાપકતા સ્ત્રી. સ્થિતિસ્થાપકપણું.

પ્રકૃતિપ્રેક્ષણ [સં.] ન. કુદરતનું નિરીક્ષણ કરવું તે.

પ્રકૃતિપ્રેમી [સં. પ્રકૃતિપ્રેમિન્] વિ. કુદરતને ચાહનારું.

પ્રકૃતિપ્રેરણા [સં.] સ્ત્રી. અંતરમાંથી ઉદ્ભવતી લાગણી.

પ્રકૃતિબંધ ૧. [સં.] પું. (જૈન) કર્મનો પ્રકૃતિ એટલે સ્વભાવરૂપે રહેતો બંધ.

૨. પું. (જૈન) મોહાદિ જનક તથા જ્ઞાનાદિ ઘાતક તત્ તત્ સ્વભાવવાળા કાર્મણ પુદ્ગલ સ્કંધોનો આત્મા સાથે સંબંધ થવો તે. પ્રકૃતિબંધના આઠ ભેદ છે: જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય. પ્રત્યેક પ્રકૃતિના ભિન્ન ભિન્ન ઉપાદાન શક્તિયુક્ત અનેક ભેદરૂપ કાર્મણ સ્કંધનો આત્માથી સંબંધ થવાને પ્રકૃતિબંધ કહે છે અને તે જ સ્કંધોમાં કષાયાનુસારિતા

તારતમ્યને અનુભાગબંધ કહે છે. જેની રીતે ભિન્ન ભિન્ન ઉપાદાન શક્તિયુક્ત નાના પ્રકારનાં ભોજનોને મનુષ્ય હસ્ત દ્વારા ન્યૂનવિશેષપૂર્વક ગ્રહણ કરે છે અને વિશેષ ન્યૂનતાના અભાવમાં ઉદરપૂર્ણ કરવાને માટે સામાન્ય ભોજનનું ગ્રહણ કરે છે, તેવી જ રીતે આ જીવવિશેષ કષાયના અભાવમાં યોગમાત્રથી સાતાવેદનીયરૂપ કર્મને ગ્રહણ કરે છે, પરંતુ તે યોગ જો કોઈ કષાયવિશેષથી અનુરંજિત હોય તો અન્યાન્ય પ્રકૃતિઓનો પણ બંધ કરે છે. પ્રકૃતિબંધના કારણ-વની અપેક્ષાથી આસ્રવના પાંચ ભેદ છે: મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

પ્રકૃતિબાહ્ય [સં.] વિ. અદ્‌ભુત; સ્વાભાવિક નિયમ બહારનું.

પ્રકૃતિભાવ ૧. [સં.] પું. પ્રકૃતિપણું.
૨. પું. બે પદ મળતાં કાંઈ ફેરફાર ન થાય એવો સંધિનો નિયમ.
૩. પું. સ્વભાવ.
૪. વિ. સ્વાભાવિક.

પ્રકૃતિભેદ [સં.] પું. સ્વભાવમાં તફાવત; જુદા પ્રકારનો સ્વભાવ.

પ્રકૃતિમંડલ ૧. ન. એક જોડીથી બંધાયેલા મિત્રોનું મંડળ.
૨. [સં.] ન. પ્રજાસમુદાય.
એને વધની શિક્ષા ફરમાવીએ તો પ્રકૃતિમંડલ બળબળી ઊઠે. કેશવ હર્ષદ
૩. ન. રાજ્યનાં સ્વામી, અમાત્ય, સુહૃદ, કોષ, રાષ્ટ્ર, દુર્ગ અને બલ એ સાત અંગોનો સમૂહ: રાજા, પ્રધાન, પ્રજા વગેરે રાજ્યનાં રાજ્યના અંગરૂપ સ્વામી, અમાત્ય વગેરે.

પ્રકૃતિમંડળ જુઓ પ્રકૃતિમંડલ.

પ્રકૃતિમાનપત્ર પું. મોટા માણસની તંદુરસ્તીના સંબંધમાં જાહેર સમાચાર; 'બુલેટિન'.

પ્રકૃતિરમ્ય [સં.] વિ. સ્વભાવને આનંદ પમાડે તેવું; પ્રકૃતિને આનંદદાયક.

પ્રકૃતિલય ૧. [સં.] પું. (યોગ) ચિત્તની તે પ્રકૃતિની સમાધિમાં કૃતાર્થપણું માનીને તેનાથી પર શુદ્ધ ચેતનરૂપ પુરુષને ન જોનાર યોગી.
૨. પું. પ્રકૃતિમાં લય થવો તે; વિશ્વનું વિસર્જન; વિશ્વનો પ્રલય.

પ્રકૃતિવર્ણન ૧. [સં.] ન. પ્રકૃતનું વર્ણન.
૨. ન. પૃથ્વીવર્ણન; ભૂતલવર્ણન.

પ્રકૃતિવશ [સં.] વિ. સ્વભાવને અધીન.

પ્રકૃતિવશાત્ [સં.] અ. સ્વભાવ પ્રમાણે.

પ્રકૃતિવશિત્વ [સં.] ન. પ્રકૃતિના અધિકારમાં લાવવાની અથવા રાખવાની શક્તિ.

પ્રકૃતિવાદ ૧. [સં.] પું. અદ્વૈતવાદ; 'મોનિઝમ'.
૨. પું. (વેદાંત) પ્રકૃતિ એ જગતનું કારણ છે એવો સાંખ્યનો વાદ; સૃષ્ટિના ક્રમ ઉપરથી ઈશ્વરનું જ્ઞાન થઈ શકે છે એવો મત.
સાંખ્યના પ્રકૃતિવાદને કૌશીતકિ બ્રાહ્મણો ટેકો છે એમ જે તમે કહો છો તે ખોટું કરે છે.
અણુભાષ્ય

પ્રકૃતિવાંઝુ [સં.] વિ. પ્રજાક્રમ; પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળું.

પ્રકૃતિવિકૃતિ [સં.] સ્ત્રી. પ્રકૃતિમાં થતો ફેરફાર. સાંખ્યમતે મહત્તત્ત્વ, અહંકાર અને શબ્દાદિ પાંચ તન્માત્રાઓ એ સાત પ્રકૃતિવિકૃતિ છે, કેમકે તે અનુક્રમે પોતાની પછીનાનાં કારણ હોવાથી પ્રકૃતિરૂપ છે અને પોતાની પૂર્વતાનાં કાર્ય હોવાથી વિકૃતિરૂપ છે.

પ્રકૃતિવિકૃતિભાવ [સં.] પું. પદાર્થ અને તેની બનેલી વસ્તુનો સંબંધ. જેમકે, સોનાનું સાંકળું.

પ્રકૃતિવિજ્ઞાન જુઓ પ્રકૃતિવિદ્યા.

પ્રકૃતિવિજ્ઞાની [સં. પ્રકૃતિ + વિજ્ઞાનિન્] પું. પ્રકૃતિ સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

પ્રકૃતિવિદ્યા ૧. [સં.] સ્ત્રી. પ્રકૃતિ સંબંધી જ્ઞાન આપનારું શાસ્ત્ર.
પ્રકૃતિવિદ્યાની શોધખોળમાં હમેશને માટે ગ્રહણશીલોની પદ્ધતિ એક આદર્શરૂપ છે. વિજ્ઞાનપ્રવેશિકા
૨. સ્ત્રી. પદાર્થવિજ્ઞાન.
૩. સ્ત્રી. સ્થાવરજંગમશાસ્ત્ર; જડાજડશાસ્ત્ર.

પ્રકૃતિવિન્યાસ [સં.] પું. (સ્થાપ) પ્રકૃતિના રૂપમાં ગોઠવવું તે.
અન્ય આકૃતિના વિન્યાસોને પ્રકારકૃતિ અથવા પ્રકૃતિના વિન્યાસમાં ઉતારવા તેને પ્રકૃતિવિન્યાસ એવું નામ આપવામાં આવે છે. મણિલાલ નભુભાઈ

પ્રકૃતિવિપર્યય [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો પ્રબંધ દોષ. રાજનું હજૂરી જેવું અને બીજાનું ચરાડી જેવું વર્ણન થાય તો આ દોષ બને છે.
પ્રકૃતિ (સ્વભાવ આકાંક્ષા ભાવ)નું અન્ય રીતે વર્ણન કરવામાં આવે ત્યાં પ્રકૃતિવિપર્યય દોષ થાય છે. કાવ્યશાસ્ત્ર

પ્રકૃતિવિવેચક [સં.] વિ. પ્રકૃતિ સંબંધી.

પ્રકૃતિવિવેચકશાસ્ત્ર [સં.] ન. પ્રાકૃતિકશાસ્ત્ર; પ્રકૃતિ સંબંધી શાસ્ત્ર.

પ્રકૃતિવિશેષતા [સં.] સ્ત્રી. વિલક્ષણ સ્વભાવ; વ્યક્તિત્વ; ટેકસ્વભાવ.

પ્રકૃતિવૃત્તાંત ૧. [સં.] ન. મૂળ સ્વભાવ દર્શાવનાર વર્ણન કે હેવાલ.
૨. ન. સૃષ્ટિવૃત્તાંત; 'નેચરલ હિસ્ટરિ'.

પ્રકૃતિવેત્તા [સં. પ્રકૃતિવેત્તૃ] પું. કુદરતનું જ્ઞાન ધરાવનાર માણસ.

પ્રકૃતિવૈજ્ઞાન જુઓ પ્રકૃતિવિદ્યા.

પ્રકૃતિવ્યવસ્થા [સં.] સ્ત્રી. કુદરતની કરકસરભરી ગોઠવણ.

પ્રકૃતિશક્તિ [સં.] સ્ત્રી. કુદરતનું નિયમબળ: અધિભૂત શક્તિ.
અધિભૂત શક્તિને અર્વાચીન વિજ્ઞાનમાં પ્રકૃતિસંજ્ઞિત અથવા કુદરતનું નિયમબળ કહેવામાં આવે છે. શ્રુતસંપ્રદાય

પ્રકૃતિશાયી [સં. પ્રકૃતિશાયિન્] વિ. કુદરત અથવા જગતમાં સૂતેલું; કુદરત અથવા જગત દ્વારા પ્રત્યક્ષ થતું
વિશ્વોદ્ધ. ચિત્રનું પ્રકૃતિશાયી નારાયણ. બળવંતરાય ઠાકોર

પ્રકૃતિશાસ્ત્ર [સં.] ન. જીવ, પશુ, વનસ્પતિ, ભૂગોળ વગેરે પ્રકૃતિના આખાતો સંબંધનું શાસ્ત્ર.
મુનિનંસિટિની ઉચ્ચ કેળવણી પામેલા તથા અન્ય ઉત્તમ વિદ્વાનો પાસે ગુજરાતી સાહિત્ય જેમાં ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રકૃતિશાસ્ત્ર વગેરે સમાઈ જાય છે તે સંબંધી બાકી હિંદુસ્તાનને ઉપયોગી એવા ગ્રંથો તૈયાર કરાવવા. ગુ. સા. પરિષદ

પ્રકૃતિશાસ્ત્રી ૧. [સં. પ્રકૃતિશાસ્ત્રિન્] પું. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રી: ભૌતિકશાસ્ત્રી.
૨. પું. સૃષ્ટિ; કુદરત અથવા જગત સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.
૩. વિ. સ્વભાવવાદનો મત ધરાવનાર.

પ્રકૃતિસંક્રમ [સં.] પું. કર્મની પ્રકૃતિમાં થતો ફેરફાર.
પ્રકૃતિસંક્રમની પેઠે બંધકાલીન રસ અને સ્થિતિમાં પણ પાછળથી અધ્યવસાયને બળે ફેરફાર થાય છે. તત્ત્વાર્થસૂત્ર

પ્રકૃતિસંભવ [સં.] પું. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયું તે.
પ્રકૃતિ એટલે સત્ત્વ, રજ અને તમની સામ્યાવસ્થા, એ જ સગુણબ્રહ્મની માયા, તેનાથી પરસ્પર અંગાંગીભાવ થકે એટલે વિષમતા થકે પરિણામ પામે છે તેથી થયો પ્રકૃતિસંભવ છે એમ કહેવાય છે. ગીતાપંચામૃત

પ્રકૃતિસિદ્ધ ૧. [સં.] વિ. કુદરતી; નૈસર્ગિક.
૨. વિ. તૈયાર.
૩. વિ. સ્વભાવસિદ્ધ, જન્મથી મળેલું; સ્વાભાવિક
દેવનપર્યંત અનન્ય કર્મયોગને વરેલા છે તેઓ જ પ્રકૃતિસિદ્ધ ગણે છે. કાલેલકર

પ્રકૃતિસિદ્ધતા [સં.] સ્ત્રી. સ્વાભાવિકપણું; અનુભવતત્ત્વ.

પ્રકૃતિસુભગ [સં.] વિ. સ્વભાવથી સુંદર; મનપસંદ

પ્રકૃતિસૂચક [સં.] વિ. સ્વભાવ બતાવે એવું; સ્વભાવદર્શક. જેમકે, પક્ષિની જીનું લાંબા વાળ પ્રકૃતિસૂચક ચિહ્ન બનાવું.

પ્રકૃતિસૌંદર્ય [સં.] ન. કુદરતી શોભા.

પ્રકૃતિસ્થ ૧. [સં.] વિ. કુદરતી; નૈસર્ગિક; બનાવટી નહિ એવું.
૨. વિ. ચોખ્ખું; ભેગ મિશ્રાનું; જેમાં કોઈનો સેળભેળ નહિ એવું.
૩. વિ. નીરોગી; રોગ વગરનું.
૪. [સં. પ્રકૃતિ (અજ્ઞાન) + સ્થ (સ્થિત હોવું)] વિ. પ્રકૃતિમાં એટલે અજ્ઞાનમાં સૂક્ષ્મરૂપે રહેલું.
૫. વિ. સ્વભાવમાં જ રહેલું; મૂળ સ્થિતિમાં રહેલ; સ્વાભાવિક; સ્વભાવસિદ્ધ.
૬. વિ. સ્વસ્થ; સુધીવાળું; સાવધ.

પ્રકૃતિસ્થ સૂર્ય [સં.] પું. ઉત્તરાયણ ઉલ્લંઘન કરીને આવેલ સૂર્ય.

પ્રકૃતિસ્થિત જુઓ પ્રકૃતિસ્થ.

પ્રકૃત્યજ્ઞર્ણ [સં.] ન. એક પ્રકારનું અજીર્ણ; સાધારણ અથવા સ્વાભાવિક અજીર્ણ.

પ્રકૃત્યાધીશ [સં.] પું. પરમાત્મા.

પ્રકૃષ્ટ ૧. [સં.] વિ. અતિશય; બહુ.
૨. વિ. ઉત્કર્ષવાળું; ઉન્નતિવાળું.
૩. વિ. ઉત્કૃષ્ટ; ઉત્તમ; ઉમદા; શ્રેષ્ઠ.
૪. વિ. તાણેલું; ખેંચેલું.
૫. વિ. દૂરનું
૬. વિ. પ્રબળ; મજબૂત.
ઉક્ત મંદતર સ્પર્શજ્ઞાનથી આરંભી ઉત્તરોત્તર પ્રકૃષ્ટ સ્પર્શજ્ઞાન પ્રદાનવાળા અનુક્રમોમાં સ્થાનોના ક્રમો આપણા શરીરમાં જોવામાં આવે છે.
ઇન્દ્રિયરહસ્ય
૭. વિ. મુખ્ય; પ્રધાન; ખાસ.
૮. વિ. મોટું.

પ્રકૃષ્ટતા ૧. [સં.] સ્ત્રી. અતિશયપણું.
જે સુખ અને ધૃતિ ઉપરઉપરના દેવોમાં અધિક હોવાનું કારણ ઉત્તરોત્તર શ્રેષ્ઠસ્વભાવજન્ય શુભ પુદ્ગલ પરિણામની પ્રકૃષ્ટતા જ છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. સ્ત્રી. ઉત્કર્ષવાળું હોવાપણું.
૩. સ્ત્રી. ઉત્તમતા; ઉત્કૃષ્ટતા; શ્રેષ્ઠતા.
૪. સ્ત્રી. ખેંચેલું કે તાણેલું હોય એવી સ્થિતિ.
૫. સ્ત્રી. દૂરનું હોવું તે.
૬. સ્ત્રી. પ્રબળતા; મજબૂતી.
૭. સ્ત્રી. મુખ્ય હોવું તે.
૮. સ્ત્રી. મોટું હોવાપણું.

પ્રકૃષ્ટત્વ જુઓ પ્રકૃષ્ટતા.

પ્રકૃષ્ટારિ [સં.] પું. શિવનું ધનુષ્ય માહેનું એક નામ.

પ્રકૃષ્ય ૧. [સં.] વિ. ખેંચવા જેવું.
૨. વિ. ખેંચવા યોગ્ય.

પ્રકેત ૧. [સં.] પું. જ્ઞાન.
૨. પું. પ્રતિભા.
૩. પું. બુદ્ધિ.
૪. ન. અત્યંત સુખનું સાધન.
૫. વિ. અત્યંત જણાવનાર.
૬. વિ. જાણનાર.

પ્રકોચ ૧. [સં.] પું. અત્યંત પડવું તે; સારી રીતે પડવું તે.
૨. પું. સડો; પૂતિ.
૩. પું. સડવું તે.

પ્રકોપ ૧. [સં.] પું. (વૈદ્ય) ઉભળો; વાત, પિત્ત ને કફનો અત્યંત ભભાકો. તેથી રોગ ઉત્પન્ન થાય છે.
૨. પું. ક્ષોભ; ખળભળાટ.
૩. પું. ગુસ્સો; અત્યંત કોપવું તે; ખૂબ ઉત્તરાજ થવું તે; અતિ ક્રોધ.
૪. પું. ચંચળતા; ચપળતા.
૫. પું. પ્રબળતા; જોર; વધારે પ્રમાણમાં હોવું તે.
૬. પું. બહુ જ ખોટ.
૭. પું. ભાવો.
૮. પું. રોગની પ્રબળતા; બીમારી વધી તે.
૯. પું. કુમળો.

પ્રકોપક [સં.] પું. કોઈ ભૂમિ કે ધનનું ધર્માત્માના હાથથી અધર્મીના હાથમાં જવું તે.

પ્રકોપન ૧. [સં.] પું. ક્રોધનો ગુસ્સો વધારવો તે; ઉત્તેજિત કરવું તે; ખીજવવું તે.
૨. ન. ક્ષોભ; ભ્રમતા.
૩. ન. ગુસ્સો કરવો તે.
૪. ન. ચપળતા.
૫. ન. વાત, પિત્ત વગેરેનો કોપ.
૬. વિ. ક્રોધ કરનાર; ક્રોધી.

પ્રકોપિત [સં.] વિ ખિજાયેલું; ગુસ્સે કરાયેલું; ગુસ્સાવાળું; બહુ જ કોપાયેલું.

પ્રકોપિતા [સં. પ્રકોપિન્] વિ. બહુ કોપ કરનાર.

પ્રકોષ્ઠ ૧. [સં.] પું. કોણીની નીચેનો કાંડા સુધીનો ભાગ; કોણીથી પોંચા સુધીનો ભાગ.
૨. પું. ઘરના બારણાના ચોગઠાનો ભાગ.
૩. પું. ઘરની અંદરનો ભાગ.
૪. પું. ચોતરફ મજાનવાળું મોટું આંગણું; ચોક.
૫. પું. મોટા દરવાજાની બાજુની કોટડી.

પ્રકોષ્ઠજ [સં.] પું. અશુદ્ધ મંથકનો તેજાબ.

પ્રકોષ્ઠાવરીય [સં.] પું. એ નામનો એક સ્નાયુ. તેના બે પ્રકાર છે: (૧) પ્રકોષ્ઠાવરીય આગલો: આ સ્નાયુમય પટ્ટો બને પ્રકોષ્ઠાસ્થિઓના નીચલા છેડાઓની આગલી બાજુ ઉપર આડો રહેલો છે. તે હાથના સાંધાથી સહેજ ઊંચે આવેલો છે. તે અંગુલીસંકોચની વગેરે પેશીઓની કંડરાઓને આધાર આપે છે. આ પટ્ટો ગામડીની નીચે જ છે. (૨) પ્રકોષ્ઠાવરીય પાછલો: આ સ્નાયુમય પટ્ટો પ્રકોષ્ઠાસ્થિઓના છેડાની પાછલી બાજુ તરફ રહેલો છે. તેની શાખાઓ વર્તુલક તથા ઉપલક નામના કૂર્ચાઓની પીઠને પણ લાગેલી છે. તે પ્રસારણી પેશીઓની કંડરાઓને આધાર આપે છે. આ પટ્ટો પણ ગામડીની નીચે જ છે.

પ્રકોષ્ઠાસ્થિ [સં.] પું. હાથના નીચલા ભાગનું હાડકું.

પ્રકોષ્ઠાંતરીય સંધિ [સં.] પું. હાથના નીચલા ભાગનાં હાડકાંનો સાંધો. બંને પ્રકોષ્ઠાસ્થિ હાડકાં પરસ્પર ગાઢ રીતે જોડાયેલાં છે. ઉપર, નીચે તથા મધ્ય ભાગમાં તેઓને જોડનારા સ્નાયુઓ જુદા જુદા હોવાથી તેમ જ તેમનાં સંધાનોમાં પણ ફરક હોવાથી તે ત્રણે ભાગ જુદી રીતે વર્ણવેલા છે. ઊર્ધ્વસંઘાત અથવા પ્રકોષ્ઠાસ્થિઓના ઉપલા છેડાઓ વચ્ચેનો સંધિ ચક્રાકાર છે. તે બહિઃપ્રકોષ્ઠાસ્થિના ચક્રનેમિઘાત નામના ખાડામાં ફરે છે. આ ખાડાના આગલા તેમ જ પાછલા કિનારાને મુંડવેષ્ટનિક નામનો સ્નાયુ લાગેલો છે. આ સ્નાયુ વડે બહિઃપ્રકોષ્ઠાસ્થિનું માથું તે ખાડામાં દબાઈ રહે છે, ફરતું રહે છે. તે સ્નાયુ આ માથાને વીંટળાઈને રહેલો છે. આ સંધિની અંદરની શ્લેષ્મધર કલા, કર્પૂરસંધિની અંદરની શ્લેષ્મધર કલા સાથે સળંગ રહે છે. મધ્યસંઘાત અથવા પ્રકોષ્ઠાસ્થિઓનાં મધ્યનલકો વચ્ચેનો સંધિ મુક્ત પ્રકારનો છે. પાસે પાસે રહેલા બંને નલકો એકબીજાને અડોલા નથી, પરંતુ તે બને વચ્ચે પ્રસરેલી પ્રકોષ્ઠાંતરાલ નામની કલા તથા પ્રકોષ્ઠાવિરોધન નામના સ્નાયુ વડે જોડાયેલા છે. અધઃસંધાન અથવા પ્રકોષ્ઠાસ્થિઓના નીચલા છેડાઓ વચ્ચેનો સંધિ ચક્રાકાર છે તેમાં અંતઃપ્રકોષ્ઠાસ્થિના મણિમુંડ બહિઃપ્રકોષ્ઠાસ્થિના નીચલા છેડાની બાજુ ઉપરના ઊંડા સંધિલક્ષમમાં જોડાય છે. આ સંધિની આસપાસ વીંટળાયેલો સ્નાયુકોષ તથા બંને સંધિ ભાગોની વચ્ચે રહેલું ત્રિકોણાકાર તરણાસ્થિ બને છેડાઓને મજબૂતી સાથે પકડી રાખે છે. આ સંધિની અંદરનો ભાગ શ્લેષ્મધર કલાથી બનાવેલો છે ત્રિકોણાકાર તરણાસ્થિ, આ સંધિ ઉપરાંત, મણિબંધ સંધિમા

બધુ ભાગ લે છે. હાથની બંને પ્રકોષ્ઠાસ્થિઓ, તેમ જ પગની બંને જંઘાસ્થિઓને જુદા જુદા આધારો મિત્રોની પેઠે હળામળીને કરવાના હોવાથી કુદરતે તેમને છૂટાં ન પાડ્યા રેવા આવાં પરસ્પર સંધાનો આપ્યાં છે.

પ્રકોષ્ઠિકા નાડી (પ્રકોષ્ઠિકા નાડી) સ્ત્રી. બાહ્યી નાડી; બહિર્બાહુક નાડી; 'રેડિયલ નર્વ'.

પ્રકોષ્ઠ્યા [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

પ્રક્ષ્ણર ૧. [સં.] પું. કૂતરો.
૨. પું. ખચ્ચર.
૩. ન. ઘોડાનું ખખ્ખર.
૪. વિ. અત્યંત તીક્ષ્ણ.

પ્રક્રમ ૧. [સં. પ્ર + ક્રમ્ (પગલાં ભરવાં)]
પું. અતિક્રમ; ઉલ્લંઘન.
૨. પું. અવસર; પ્રસંગ.
૩. પું. આરંભ કરવું તે.
૪. પું. ઉપર ચઢવું તે.
૫. પું. ક્રમ; અવસ્થા.
૬. પું. પૂજા અભ્યર્થ કરવું તે; રેશો આંટો કરવો તે.
૭. પું. ગમન; ગતિ; જવું કે કરવું તે.
૮. પું. પગલા જેટલી લંબાઈનું એક પ્રાચીન માપ.
૯. પું. પગલું.
૧૦. પું. પ્રથમારંભ; શરૂઆત; ઉપક્રમ; આરંભ કરવો તે.
૧૧. પું. પ્રસ્તુત વિષય.
૧૨. પું. કુરસદ; નવરાશનો વખત.

પ્રક્રમણ જુઓ પ્રક્રમ.

પ્રક્રમભંગ [સં.] પું. સાહિત્યમાંનો એક જાતનો દોષ; શરૂ કરેલા ક્રમને ન જાળવવો તે.
વિશાખદત્તસ્યને બદલે વિશાખદેવસ્ય લખવાથી ઊલટો પ્રક્રમભંગ થાય છે. હેરાલ્ડ હર્બર્ટ

પ્રક્રમા [સં. પરિ (આસપાસ) + ક્રમ્ (જવું)] સ્ત્રી. પ્રદક્ષિણા; આસપાસ ફરવું તે.

પ્રક્રથ [સં.] પું. આકૃ.

પ્રક્રાંત ૧. [સં.] વિ. આરંભેલું.
૨. વિ. ગયેલું.
૩. વિ. કરાવેલું.
૪. વિ. પ્રકરણથી પ્રાપ્ત થયેલું.

પ્રક્રિયા ૧. [સં.] સ્ત્રી. અધિકાર.
૨. સ્ત્રી. કરવું તે; બનાવવું તે.
૩. સ્ત્રી. ક્રિયા; અનુષ્ઠાન; કામ; કર્મ.
૪. સ્ત્રી. આવ; આમરણ.
૫. સ્ત્રી. પદ્ધતિ; કાર્યપ્રણાલી; કોઈ કાર્ય કરવાની રીતિ; રીત.
૬. સ્ત્રી. પૂર્વપક્ષ એટલે પ્રતિપક્ષની પ્રવૃત્તિ.
૭. સ્ત્રી. પ્રકરણ; ખંડ.
૮. સ્ત્રી. બ્રહ્મ, આત્મા, જીવ, માયા વગેરેને બોધગમ્ય માટેનો ઉપાય.
૯. સ્ત્રી. બોટાઈ; ચોરવ.
૧૦. સ્ત્રી. રાજા વગેરે પાસેથી મળેલો ખિતાબ; ઇલ્કાબ.
૧૧. સ્ત્રી. રાજા વગેરેને ચામર છત્ર ધારણ કરવાનો અધિકાર; રાજાઓનું ચામર, છત્ર વગેરેનું ધારણ કરવું તે.
૧૨. સ્ત્રી. રીત; રૂઢિ; વિધિ
૧૩. સ્ત્રી. અવસ્થા; બોકરણી.
૧૪. સ્ત્રી. (વ્યાકરણ) શબ્દ જોડવા કે બનાવવાની રીત; શબ્દપ્રયોગની સાધન અવસ્થા.
સ્ત્રી. સ્ત્રી. કૃદંતી નૌકા ચલાવવાની બિલકુલ ચાલ નથી કીધી. કવિ શ્રીધરને પ્રાસંગિક એક દાખલો આપ્યો છે, પરંતુ તેની પ્રક્રિયા તપાસી નથી.
પ્રસ્થાન

પ્રક્રિયાગ્રંથ [સં.] પું. સ્વમતનું સ્થાપન કરનાર ગ્રંથ. જેમ કે, પંચદશી, સિદ્ધાંતસાર, અપરોક્ષાનુભૂતિ, વાક્યવૃત્તિ, વાક્યસુધા, જીવન્મુક્તિ, વિવેકચૂડામણિ, આત્મબોધ, તત્ત્વબોધ.

પ્રક્રિયાચિલ્લી સ્ત્રી. કરેલ ક્રિયાની નિશાની.

પ્રક્રિયાચિહ્ન [સં.] ન. વટા, ઓળા, ગુણના, ભાગના, બાત બગડ્યા જાણની નિશાની.

પ્રક્રિયાભેદ [સં.] પું. પ્રણાલી બગડ્યા રીતનો તફાવત.

પ્રક્રીડ (પ્રક્રોડ) [સં.] પું. રમતગમત.

પ્રક્રીડિત (પ્રક્રોડિત) [સં.] વિ. ક્રીડા કરેલ.

પ્રક્લેદ [સં.] પું. ભીનાશ; ભીનાપણું; આર્દ્રતા.

પ્રક્લેદન ૧. [સં.] ન. ભીનું કરવું તે.
૨. વિ. ભીનું કરનાર.

પ્રક્વણ જુઓ પ્રક્વાણ.

પ્રક્વાણ [સં.] પું. વીણા, સારંગી વગેરેનો અવાજ.

પ્રક્ષ વિ. પૂજનાર; પ્રભક્તાં.

પ્રક્ષક ૧. સ્ત્રી. આસ્વાદની એક નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માપણ.
૩. વિ. એ નામની જાતિનું.

પ્રક્ષય [સં.] પું. ક્ષય; નાશ; બરબાદી.

પ્રક્ષયણ [સં.] ન. નાશ કરવું તે; બરબાદ કરવું તે.

પ્રક્ષર [સં.] પું. ઘોડાની ચાખર.

પ્રક્ષરણ [સં.] ન. વહેવું તે; ઝરવું તે.

પ્રક્ષાલ ૧. [સં.] ન. પખાળવું તે; ધોવું તે.
૨. ન. પવિત્ર કરનાર પ્રાયશ્ચિત્ત.
૩. વિ. શોધક; સાફ કરનાર; ધોનાર.

પ્રક્ષાલક ૧. [સં.] ન. પવિત્ર કરનાર પ્રાયશ્ચિત્ત.
૨. વિ. શોધક; સાફ કરનાર; ધોનાર.

પ્રક્ષાલન ૧. [સં.] ન. ધોવું તે; પખાળવું તે; ધોવન.
પ્રબળ મહત્ પ્રક્ષાલન ઉપદેશરૂપી વારિ
બાલબોધ
૨. ન. શુદ્ધ કરવું તે; પવિત્ર કરવું તે; સાફ કરવું તે.
૩. ન. હઠયોગમાં ધૌતિનો એક પ્રકાર. કોઈ તળાવ કે નદીમાં ઘૂંટી સુધી પાણીમાં ઊભે તેટલા ઊંડા જળમાં જઈ શક્તિનાડી એટલે ત્રિવલીને બહાર કાઢી બન્નેમુખી મળ દૂર ન થાય ત્યાંસુધી બહુ જ ધોવી. શુદ્ધ થયા પછી વળી પેટને અંદર પાણીમાં રાખવું. આ પ્રક્ષાલનની વિધિ પણ કઠિન છે.

પ્રક્ષાલવું સ. ક્રિ. પખાળવું; ધોવું.

પ્રક્ષાલિત ૧. [સં.] વિ. પખાળેલું; ધોયેલું; સાફ કરેલું.
૨. વિ. પવિત્ર કરેલું.

પ્રક્ષાલ્ય ૧. [સં.] વિ. ધોવા યોગ્ય; સાફ કરવા જેવું.
૨. વિ. પવિત્ર કરવા લાયક.

પ્રક્ષિપ્ત ૧ [સં.] ન. નવો બનાવી દાખલ કરી દીધેલો ભાગ.
સમગ્ર ગ્રંથ બાબામાં, વાક્યરચનામાં, અર્થાંતર પ્રબંધોની ગોઠવણમાં બધી રીતે શિથિલ રચનાવાળો છે. અને તેથી હોવાથી કદાચ એમાં પ્રક્ષિપ્તો પુષ્કળ દાખલ થઈ ગયાં છે.
પ્રબોધચિંતામણિ
૨. વિ. પાછળથી ઉમેરેલું; પાછળથી દાખલ કરાયેલું; મિશ્ર કરેલું; મૂળમાં ભેળું નાખેલું.
આ શ્લોકને પ્રક્ષિપ્ત સમજી શાંકરભાષ્ય પ્રમાણે આ તેરમા અધ્યાયનો આરંભ કરેલો છે
ગીતારહસ્ય
૩. વિ. ફેંકેલું; નાખેલું.

પ્રક્ષિપ્તપણું ન. પાછળથી ઉમેરી દીધેલ હોવાપણું.
એમ કરી તેઓએ યથાર્થ પાઠને પ્રક્ષિપ્તપણાની ભ્રાંતિથી ફેંકી દીધો. તત્ત્વાર્થસૂત્ર

પ્રક્ષીણ ૧. [સં.] ન. ક્રોધનો જન્મ વિનાશ થયો હોય તે સ્થળ.
૨ વિ. ક્ષીણ.
૩. વિ. નાશ પામેલું; અત્યંત ઘસાયેલું.

પ્રક્ષુબ્ધ [સં.] વિ. બહુ આકુળવ્યાકુળ.

પ્રક્ષુભિત [સં.] વિ. ક્ષોભ પામેલું; વ્યાકુળ બનેલું.

પ્રક્ષેપ ૧. [સં.] પું. અર્પણ કરેલ પદાર્થ, ભેટ વગેરે.

૨. પું. અર્પવું તે; સોંપવું તે.

૩. પું. (ગણિત) ત્રૈ૦ સીધી લીટીના બંને છેડામાંથી બીજી સીધી લીટીના ઉપર દોરેલા લંબના પાદ વચ્ચે અંતર્ગત થયેલો બીજી લીટીનો ભાગ. ભાસ્કરાચાર્ય આને આભાસ કહે છે.

૪. પું. (વૈદક) ઔષધ વગેરેમાં ઉમેરવામાં આવતો પદાર્થ; રસ, આસવ વગેરે પ્રથમ દવામાં પાછળથી નાખવામાં આવતું દ્રવ્ય. જેવાં કે, મધ, સાકર, ગોળ, ક્ષાર, છારી, લવણ, ઘી, તેલ. આસવ કે અરિષ્ટમાં દવામા ભાગનો પ્રક્ષેપ નાખવાનું શાર્ઙ્ગધરમાં કહેલ છે.

૫. પું. કોઈ વેપારી સમાજ અથવા સંસ્થામાં કરેલ સભાસદે આપેલું મૂળ ધન; ભાગીદારોએ અલગ અલગ આપેલી પૂંજી.

૬. પું. કોળિયો.

૭. પું. ઘા૫ણ.

૮. પું. પાછળથી ઉમેરવું તે; બધામાં ભેળું ભાળવું તે.

૯. પું. પુસ્તકમાં પાછળથી ઉમેરેલો ભાગ.

પહેલાં અહીં અપવાની કથા ન હતી તેથી પુસ્તકોમાં પ્રક્ષેપ થવાનો પણ સંભવ હતો એ વાત ખરી. પુરાતત્ત્વ

૧૦. પું. ફેંકવું તે; નાખવું તે.

૧૧. પું. બહાર નીકળતો ભાગ; આલેખનમાં કાંગરો; ઠેકો; શૃંગ; 'પ્રોજેક્શન'.

પ્રક્ષેપક ૧. [સં.] પું. કોઈ વાક્યના કોઈ અંગનો અર્થ વધારે ખુલ્લો સમજાય તેને માટે ટીકારૂપે આપેલો શબ્દ; ઉપન્યાસ.

૨. પું. પ્રક્ષેપ કરનાર પુરુષ.

૩. વિ. દૂરવેધી, દૂર ફેંકી શકે એવું.

પ્રક્ષેપણ ૧. [સં] ન. ઉમેરવું તે.

૨. ન. ઉમેરવું તે; પ્રક્ષેપ.

૩. ન નિશ્ચિત કરવું તે.

૪. ન ફેંકવું તે.

૫. ન. વહાણ વગેરેનું ચલાવવું તે.

પ્રક્ષેપણીય [સ.] વિ. ફેંકી શકાય એવું.

પ્રક્ષેપણીયતા [સં.] સ્ત્રી ફેંકી શકાય એવી સ્થિતિ.

પ્રક્ષેપતા [સં.] સ્ત્રી. ઊલટી; વમન; ઓકારી.

પ્રક્ષેપવિધિ [સં.] સ્ત્રી ગણિતવિસ્તરમાં જણાવેલી ચોસઠ માંહેની એ નામની એક વિધિ.

પ્રક્ષેપાહાર [સં.] પું. કોળિયારૂપે અલ્પ મરાતો આહાર.

પ્રક્ષોભ જુઓ પ્રક્ષોભણ.

પ્રક્ષોભક [સં.] વિ. ક્ષોભ કરાવનાર; ઉપદ્રવ ઉત્પન્ન કરનાર.

તે જગાની જમાબંદારી, જે માણસે કે માણસોએ કોહાટમાં પ્રક્ષોભક ચોપાનિયું પ્રસિદ્ધ કર્યું તેના ઉપર જ સર્વથા છે. ગાંધીજી

પ્રક્ષોભણ ૧. [સં.] ન. કોપાવમાન થવું તે.

૨. ન. ખળભળાટ; ઉપદ્રવ; સંક્ષોભ; વિક્ષોભ.

પ્રક્ષ્વેડન ૧. [સં.] પું. નારાચ બાણ; લોખંડી બાણ.

૨. ન. ગર્જારવ; ગર્જના; ઘોંઘાટ.

પ્રક્ષ્વેડના [સં.] સ્ત્રી. નારાચ બાણ.

પ્રખત [સં. પ્રખત્] પું. હરણ; મૃગ.

જેણે હસિહ વાવમૃગ પ્રખત, હરિ કૂરમ ને આદિ; મુખચિહ્ન જેનાં દત્ત કરી, થા માટે અનુવાદી. વિનયવપુકોષ

પ્રખદા [સં. પરિ (આસપાસ) + સદ્ (બેસવું); પ્રા પરિસા] સ્ત્રી. (જૈન) સભા; મંડળી; પરિષદ.

પ્રખર ૧. [સં.] પું. ઘુવડ.

૨. પું. ખચ્ચર.

૩. પું.;સ્ત્રી. ઘોડાનું બચ્ચું.

૪. વિ. અતિ કઠોર; બહુ કઠોર.

૫. [સં. પ્ર (બહુ) + ખર (કરમ)] વિ. અત્યંત કરમ; અતિ ઉષ્ણ.

વસંતના પ્રખર દિવસો તે જ્યેષ્ઠ અને અષાઢ દિવસો. તહેવારનો ઇતિહાસ

૬. વિ. આકરું; ઘણું તીવ્ર; ઉગ્ર; પ્રચંડ; અત્યંત તીક્ષ્ણ; સખત.

૭. વિ. ઘણું; બહુ; વધારે; વિશેષ; મહાન; અતિ.

પછી મહાવિદ્યાલયો માટે ખરે વિદ્વાન અને પ્રખર બુદ્ધિશાળી શિક્ષકોને રાખવામાં આવે. પ્રકાશભાગ

૮. વિ. ધારવાળું.

પ્રખરકર [સં. પ્રખર (બહુ કરમ) + કર (કિરણ)] ન. અત્યંત કરમ કિરણ.

હજુ સ્નેહનો સવિતા
પ્રખરકર પાથરે વન આંગણે. કાન્તવિરહિણી

પ્રખરતા [સં.] સ્ત્રી. પ્રખર હોવાપણું.

પ્રખલ [સં.] વિ. અતિ દુષ્ટ; અધમ.

પ્રખ્ય ૧. [સં. પ્રખ્યસ્] પું. ગૃહરપતિ.

૨. [સં.] વિ. સદૃશ; સમાનકક્ષ સરખું.

૩. વિ. સ્પષ્ટ

પ્રખ્યા ૧. [સં.] સ્ત્રી ઉપમા.

૨. સ્ત્રી. કાંતિ; તેજ.

૩. સ્ત્રી. વિખ્યાતિ; પ્રસિદ્ધિ.

૪. સ્ત્રી. સમતા; બરોબરી.

પ્રખ્યાત ૧. પું. મિલકતની ખરીદીમાં અપ્ર હક્ક.

૨. [સં. પ્ર (વધારે) + ખ્યાત (વખણાયેલું)] વિ. વિખ્યાત; નામાંકિત; પ્રસિદ્ધ; વધારે જાણીતું; પંકાયેલું; વખણાયેલું.

હમિલકાર તેના વિરોધને માટે પ્રખ્યાત છે. કાલેલકર

પ્રખ્યાતખાંડ [સં.] ન. શાળ વગેરેને અપાતું અમુક કોઈ વસ્તુનું દાણ; કરકોઈ વસ્તુના વેચાણ થયા પહેલાં તે ખાનાર શાળ વગેરેને અપાતું કાંઈક દાણ.

પ્રખ્યાતિ ૧. [સં.] સ્ત્રી. ખ્યાતિ.

૨. સ્ત્રી. કીર્તિ; સ્તુતિ.

૩. સ્ત્રી. પ્રસિદ્ધિ; વિખ્યાતિ; નામના; નામાંકિતપણું.

પ્રખ્યાન ૧. [સં.] ન. નાટચશાસ્ત્રમાં જણાવેલું નાટકોનું ત્રણ ભાદેના એક પ્રકારનું વસ્તુ. પ્રખ્યાન, ઉત્પાદ્ય અને મિશ્ર એમ ત્રણ પ્રકારનું વસ્તુ માનેલું છે.

૨. ન. પ્રસિદ્ધ કરવું તે; જાહેરાત

૩. ન. પ્રસિદ્ધિ; ખ્યાતિપણું.

પ્રખ્યાપક [સં.] પું. પ્રસિદ્ધ કરનાર માણસ.

પ્રખ્યાપન ૧. [સં] ન. જણાવવું તે.

૨. ન. પ્રસિદ્ધ કરવું તે; જાહેર કરવું તે; ઉદ્ઘોષણા.

પ્રગ સ્ત્રી. પરોઢિયું; પ્રભાત; પ્રાગ્ય

પ્રગટ ૧. [સં. પ્રકટ] વિ. ખુલ્લું; જાહેર; ઉઘાડું; સ્પષ્ટ.

૨. વિ. પ્રત્યક્ષ; નજરે દેખાતું; સાક્ષાત; હયાત; દેખીતું.

પ્રગટ કરવું = (૧) ઉત્પન્ન કરવું. (૨) પ્રસિદ્ધ કરવું; જાહેર પાડવું; જાહેર કરવું.

૩. વિ. પ્રસિદ્ધ; પ્રકાશિત. પુસ્તક માટે વપરાય છે.

૪. અ. ખુલ્લી રીતે; જાહેર રીતે

પ્રગટતા ૧. [સં. પ્રકટતા] સ્ત્રી. જાહેર હોવું તે; સ્પષ્ટતા.

૨. સ્ત્રી. દેખાવ તેવું હોવાપણું; પ્રત્યક્ષ હોવું તે.

પ્રગટવું ૧. અ. ક્રિ. જાહેર થવું; ખુલ્લું પડવું.

૨. અ. ક્રિ પ્રગટ થવું; જન્મવું; નીપજવું; ઉત્પન્ન થવું; નીકળી આવવું.

૩. અ ક્રિ, સળગવું; પ્રકાશ આપવું થવું.

૪. સ. ક્રિ. પ્રચલિત કરવું; ચલાવવું

૫. સ. ક્રિ. પ્રસિદ્ધ કરવું; પ્રકાશમાં લાવવું.

૬. સ. ક્રિ. સળગાવવું; ચેતાવવું.

૭. સ. ક્રિ. સળગેલું કે પ્રકાશ આપતું થવું.

પ્રગટાવવું ૧. સ. ક્રિ. પ્રગટવાની ક્રિયા કરાવવી; ઉપજાવવું; ઉત્પન્ન કરવું.

૨. સ. ક્રિ. પ્રસિદ્ધ કરવું; જાહેર કરવું; પ્રકટ કરવું.

૩. સ. ક્રિ. સળગાવવું; ચેતાવવું; પેટાવવું; સંધાકવું

પ્રગટીકરણ ૧. [સં. પ્રકટીકરણ] ન. ખુલ્લું કે પ્રગટ થવું તે.

૨. ન. જાહેર થવું તે.

૩. ન. વિસ્તાર; વિવરણ.

પ્રગણું ન. પરગણું; અવસ્થા રાખવા માટે પાડેલો દેશના નાના વિભાગ મહિનો કરેક વિભાગ; તાલુકો; જિલ્લાનો નાનો ભાગ.

> વાંભાપત્રે લેખે લખી,
> પાસક પ્રગણાનો કીધો મુખી. રામણ

પ્રગત ૧. [સં.] વિ. ગયેલું.

૨. વિ. ખાલું પડેલું; નિરાળું; ભિન્ન.

૩. વિ. મુશ્કેલીથી આગળ વધેલું; પ્રગતિ પામેલું.

પ્રગતબાહુ [સં.] વિ. જેના ઢીંચણ પરસ્પર જોડાયેલા કે જેવા ન રહેતા હોય તેવું; જેના ઘૂંટણમાં મોટું અંતર હોય તેવું.

પ્રગતિ ૧. [સં. પ્ર (આગળ) + ગતિ (જવું તે)] સ્ત્રી. આગળ વધવું તે; ઉન્નતિ; ઉત્કર્ષ; વિકાસ; અભિવૃદ્ધિ. આ શબ્દ મરાઠી ઉપરથી ગુજરાતી સાહિત્યમાં વપરાવા માંડ્યો છે.

> પ્રગતિ શબ્દ હાલમાં નવીન ઘડાયેલો જોવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યમાં તેનો પ્રયોગ મારા જોવામાં આવ્યો નથી. પરંતુ જેણે ધર્યો છે તેને શાબાશી ઘટે છે. 'પ્રોગ્રેસ'ને ઉપસર્ગ ને ધાતુમાં અરોબર એ શબ્દ મળતો છે. કાવ્યસાહિત્યસમીક્ષા

૨. સ્ત્રી. વધારો; વૃદ્ધિ.

૩. સ્ત્રી. પેઢી; શ્રેણી.

પ્રગતિકર [સં.] વિ. પ્રગતિ કરનારું; પ્રગતિકર.

પ્રગતિકામી [સં. પ્રગતિકામિન્] વિ. આગળ વધવાની ઇચ્છાવાળું.

પ્રગતિકારક [સં.] વિ. પ્રગતિ કરાવનારું.

પ્રગતિપત્રક [સં.] ન. કોણ કેટલે અંશે આગળ વધેલું છે તે બતાવનારી નોંધ.

> વિદ્યાર્થી રોજરોજ કેટલું કામ કરે છે તેની નોંધ વાર્ષિક પરીક્ષામાં પોતાનાં સ્કોલી તેને બદલે એક ખાસ પ્રગતિપત્રક તૈયાર કરી તેમાં ગુણાંક (માર્ક) દોરીને કાર્યમાપન કરવા લાગ્યું. મૌક્તિકી

પ્રગતિપંથ પું. પ્રગતિ થાય એવો રસ્તો.

> આપણા પ્રગતિપંથે મુશ્કેલી એક મોટી છે, કાંકરા જેમ દૂર થયા છે વિઘ્નો તેમ આપણે. ગાંધીગાળા

પ્રગતિપ્રિય [સં.] વિ. ઉન્નતિ ચાહનાર; ઉત્કર્ષ જોને પસંદ હોય એવું.

પ્રગતિભાષક [સં.] વિ. ઉન્નતિ બતાવનારું; આગળ વધવામાં અભ્યસ્વરૂપ.

પ્રગતિમાન [સં. પ્રગતિમત્] વિ. પ્રગતિ કરનાર; પ્રગતિવાળું.

પ્રગતિમાપન [સં.] ન. કોણ કેટલું આગળ વધેલું છે તેનો ક્યાસ કાઢવો તે.

પ્રગતિરોધક જુઓ પ્રગતિબાધક.

પ્રગતિવાદ [સં.] પું. પરિણામવાદ; વિકાસવાદ; જગતમાં જપે પ્રગતિ થાય છે એવી માન્યતા; 'ઇવોલ્યૂશન'.

પ્રગતિવાદી ૧. [સં પ્રગતિવાદિન્] પું. પ્રગતિવાદમાં માનનાર પુરુષ.

૨. વિ. પ્રગતિવાદમાં માનનાર; વિકાસના મતવાળું; ઉદારપક્ષી; પ્રાગતિક; 'લિબરલ'.

પ્રગતિવિગતિ [સં.] સ્ત્રી. આગળ વધવું અને પછાત પડવું તે.

> હિંદુસ્તાનમાં ક્રમાનુક્રમે વર્ણેલ વસ્તાહારની પ્રગતિવિગતિનો ઐતિહાસિક નજરે એકસામટો વિચાર કર્યાનું પણ કામો હોય તો તે મારી જાણમાં નથી. મુક્તાબ શાહ

પ્રગતિવિરોધી [સં. પ્રગતિવિરોધિન્] વિ. સ્થિતિસુસ્ત; વિકાસવાદમાં નહિ માનનારું; રૂઢિરક્ષક; 'કૉન્ઝર્વેટિવ'.

> ઉપર વર્ણવેલ ફેરફારોથી જ સંતોષ માનનાર અને વધુ ફેરફારોની સામે ઊભા રહેતા સૌથી રાષ્ટ્રીય કૉંગ્રેસીમાં પ્રગતિવિરોધી (કૉન્ઝર્વેટિવ) પક્ષનું કામ કરે છે. કાલેલકર

પ્રગતિશીલ [સં.] વિ. પ્રગતિ કરતું; આગળ વધનાર; ઉન્નતિને માર્ગે ક્રમે ક્રમે ચડતું જતું.

પ્રગતિસૂચક [સં.] વિ. પ્રગતિ બતાવનારું.

પ્રગતિસ્તબ્ધતા [સં.] સ્ત્રી. અમુક સંજોગોને લઈ પ્રગતિ જોર કરી જાય તે સ્થિતિ.

પ્રગમ જુઓ પ્રગમન.

પ્રગમન ૧. [સં. પ્ર (આગળ) + ગમ્ (જવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આગળ વધવું તે; ઉન્નતિ; પ્રગતિ.

૨. ન. કોઈ સારો ઉત્તર દીધો હોય એવું બોલવું.

૩. ન. જવું તે; ગતિ કરવી તે; ચાલવા માંડવું તે.

૪. ન. ચઢાઈ; ચડાઈ.

૫. ન. પ્રેમનું પહેલું પગલું.

૬. ન. વધારો.

૭. ન. વાદવિવાદ; ચર્ચા.

પ્રગમનશીલ [સં.] વિ. સ્થાયી નહિ તેવું; વધતું ઘટતું જોવું; જેમાં નવા નવા ફેરફાર થયા કરે એવું; સુધરતું જતું.

> પરંતુ સંગીત જેવું પ્રગમનશીલ શાસ્ત્ર કંઈ અમુક નિયમોને તાબે રહી કેટખાનામાં પડી રહી રહો તેવું નથી જ. નરસિંહ મુંદરજી

પ્રગમવું ૧. અ ક્રિ. ગોઠવું; ગમવું; રુચવું.

૨. અ. ક્રિ. પ્રગતિ કરવી; આગળ વધવું.

૩. અ. ક્રિ. પ્રજ્વળવું; બળવું.

૪. સ. ક્રિ. પ્રસરવું; ફાપવું; ફેલાવું.

પ્રગમાવવું ૧. સ ક્રિ. આગળ વધે એમ કરાવવું.

૨. સ. ક્રિ. પ્રજ્વળાવવું; બળાવવું.

૩. સ. ક્રિ. ફેલાવવું.

૪. સ. ક્રિ. રુચે એમ કરવું; ગમાડવું.

પ્રગર્જન [સં.] ન. ગર્જના કરવી તે.

પ્રગર્ત [સં.] પું. મોટો આડો; મોટી આડ.

પ્રગલિત ૧. [સં.] વિ. ઢીલું.

૨. વિ. શરીરે ગળી ગયેલું; દુર્બળ.

પ્રગલ્ભ ૧. [સં.] પું. જ્ઞાતકર્મના હવનનો અગ્નિ.

૨. પું. વક્તા; બોલનાર માણસ.

૩. વિ. અભિમાની, ગર્વિષ્ઠ.

૪. વિ. આગ્રહવાળું; આગ્રહી.

૫. વિ. ઉદ્ધાંડું; ઉદ્ધત.

૬. વિ. ઉત્સાહી; સાહસી; હિંમતવાન; શૂર; બાતીવાળું.

૭. વિ. ઉમરે પહોંચેલું; પુખ્ત.

૮. વિ. તીખા સ્વભાવનું.

૯. વિ. નિર્લજ્જ; ધૃષ્ટ.

૧૦. વિ. નીડર; નિર્ભય.

૧૧. વિ. પ્રતિભાવાળું; પ્રતિભાસંપન્ન; બુદ્ધિવાળું.

૧૨. વિ. પ્રધાન; મુખ્ય.

૧૩. વિ. પ્રૌઢ; ગંભીર; ધીર.

૧૪. વિ. બડાઈખોર; બકવાદી.

૧૫. વિ. ભાહોશ; હોશિયાર; ચતુર; ચાલાક.

૧૬ વિ. વાર ન લગાડતાં પૈસા વગેરે એકદમ આપનાર.

૧૭ વિ. વિચાર ન કરતાં ક્રમ જલદી કરનાર.

૧૮. વિ. શક્તિવાન; સામર્થ્યવાળું.

૧૯. વિ. ગરમાગ્ય વગર બોલે એવું; બકાબોલું; બકેતું.

૨૦. વિ. હાજરજવાબી; હાજરજવાની.

પ્રગલ્ભતા ૧. [સં.] સ્ત્રી. અભિમાન; ગર્વ.
૨. સ્ત્રી. આગ્રહ; નિગ્રહ.
૩. સ્ત્રી. ઉછાંછળાઈ; ઉદ્ધતાઈ; ઉદ્ધતપણું.
૪. સ્ત્રી. ઉત્સાહીપણું; સાહસ; શૌર્ય; પરાક્રમ.
૫. સ્ત્રી. તીખો સ્વભાવ હોવો તે.
૬. સ્ત્રી. નિર્લંપતા; નીડરતા; ધીટપણું.
૭. સ્ત્રી. નિર્લજ્જતા; ધૃષ્ટતા; બેશરમી.
૮. સ્ત્રી. પુખ્તતા.
૯. સ્ત્રી. પ્રતિભાસાળીપણું; સુદ્દિની ઝંઝલતા.
૧૦. સ્ત્રી. પ્રધાનતા; મુખ્યપણું.
૧૧. સ્ત્રી. પ્રૌઢતા; ગંભીર્ય; ધૈર્ય.
૧૨. સ્ત્રી. પ્રૌઢા; એક પ્રકારની નાયિકા.
૧૩. સ્ત્રી. બડાઈખોરપણું.
૧૪. સ્ત્રી. વાચાળપણું; મિશ્રાવલાપણું; બકેતાઈ; બકવાદ.
૧૫. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય; જોર.
૧૬. સ્ત્રી. સંકલ્પ; વિચાર.
૧૭. સ્ત્રી. હાજરજવાબીપણું.
૧૮. સ્ત્રી. હોશિયારી; ચાતુર્ય; ચાલાકી.

પ્રગલ્ભત્વ જુઓ પ્રગલ્ભતા.

પ્રગલ્ભવચના [સં.] સ્ત્રી. (કાવ્ય) મધ્યા નાયિકાનો એ નામનો એક ભેદ; વાતમાં ને વાતમાં પોતાનું દુઃખ અને ક્રોધ પ્રગટ કરી પોતાના પતિને ઠપકો આપે એવી નાયિકા. જે મધ્યા રીસ કરી પતિને પ્રગલ્ભ વચનથી અટકાવે તેને પ્રગલ્ભવચના કહે છે.

પ્રગલ્ભા ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) બકેતી નાયિકા; નીડર, બોલકણી ને ઉત્સાહી નાયિકા; પ્રૌઢા.

પિતા મારે મુજને કહ્યું,
પ્રગલ્ભા પાસે જા.જ. ગામ્ભ

૨. સ્ત્રી. નર્મદાનાં કલ્પાર માંહેનું એક નામ.
૩. સ્ત્રી. પુખ્ત ઉંમરની સ્ત્રી.
૪ વિ સ્ત્રી. પ્રગલ્ભ હોય એવી.

પ્રગળ વિ. ચોખ્ખું, સ્વચ્છ.

પ્રગંડ ૧. પું. કિલ્લાના બુરજમાં બેસી ચોતરફ શત્રુઓનું ધ્યાન રાખનાર માણસ.
૨. પું. કિલ્લાની દીવાલ.
૩. [સં.] પું. બગલથી કોણી સુધીનો હાથનો ઉપલો ભાગ; કોણી ઉપરનો બગલ સુધીનો ભાગ; ઉપલો હાથ; પ્રકાંડ.
૪. પું. બાસણ; કૂત.
૫. પું. સુંદર ગાલ.

પ્રગંડાસ્થિ [સં. પ્રગંડ (બગલથી કોણી સુધીનો હાથનો ભાગ) + અસ્થિ (હાડકું)] ન. હાથના ઉપલા ભાગનું હાડકું. પ્રકાંડાસ્થિ; ભૂજાસ્થિ; બાહુનલક; 'હ્યુમરસ'. તેમાં હાથનાં હાડકાંઓમાંનું સૌથી મોટું અને લાંબું નલકાસ્થિ રહેલું છે તે પ્રગંડાસ્થિ તરીકે ઓળખાય છે. તેના બે છેડા તથા મધ્યનલક મળી કુલ ત્રણ ભાગ છે. ઉપલા છેડા ઉપર એક ભુંડ અથવા માથું તથા બે ઉત્સેધો આવેલા છે. તેમાંનું માથું અર્ધવર્તુલાકાર હોઈ તેનું બોં અંદરની અને ઉપલી બાજુ તથા સહેજ પાછલી બાજુ તરફ વળેલું છે. તે અંસકપાલ નામના હાડકા ઉપર આવેલા સંધિલક્ષમવાળા બાકામાં છૂટથી ફરે છે. આ બાકામાં રહેલો ચીકણો પ્રવાહી પદાર્થ બંને વચ્ચેનું ઘર્ષણ અટકાવે છે. માથાની આસપાસ અંસસંધિનો રનાયુકોષ લાગેલો છે. આ માથાથી સહેજ નીચે બહારની તેમજ આગલી બાજુ ઉપર અનુક્રમે બે ઉત્સેધો છે, જેઓ અનુક્રમે મહાપિંડક તથા લઘુપિંડક તરીકે ઓળખાય છે. એમાંના મહાપિંડકની ઉપલી બાજુ તથા પીઠ ઉપર અનુક્રમે અંસપૃષ્ઠિકા ઉત્તરા, અંસપૃષ્ઠિકા અધરા તથા અંસાપરિક્ષ ક્રાંતી નામની પેશીઓ લાગેલી છે. લઘુપિંડક ઉપર ફક્ત એક અંસાંતરિક્ષ નામની પેશી લાગેલી છે. બંને ઉત્સેધોની વચ્ચે આવેલી બાઈમાંથી દ્વિશિરસ્ક નામની પેશીની કેકરા પસાર થાય છે. આ બાઈના બહારના કિનારા ઉપર અરિક્ષ ઉરઃપ્રચ્છદા પેશી, જ્યારે અંદરને કિનારે કટિપાર્શ્વપ્રચ્છદા નામની પેશી લાગેલી છે. પ્રગંડાસ્થિનો મધ્યનલક ઉપલા ભાગમાં લાકડી જેવો ગોળ છે, જ્યારે નીચેના ભાગમાં તે ત્રિકોણાકાર અને નીચેના છેડા સુધીમાં સહેજ ચપટો બની જાય છે. તેને ત્રણ ધારા તથા ત્રણ બાજુ છે. નલકના મધ્યભાગની બહારની બાજુ ઉપરના બે ઊપસેલા ભાગને અંસપિંડિકા નામની પેશી લાગેલી છે. જેનાથી સહેજ નીચે પરંતુ પાછલી બાજુ ઉપર એક સહેજ ઊંડો તથા ત્રાંસો ચીલો આવેલો છે. તેમાં થઈને એક ધમની તથા એક નાડી સાપની આકૃતિ આ હાડકાને વીંટળાઈને પસાર થાય છે. પાછલી બાજુ ઉપરના આ ચીલાના બંને કિનારા ઉપરથી ત્રિશિરસ્ક નામની પેશી ઉત્પન્ન થાય છે. નલકના મધ્યભાગમાં અંદરની બાજુ ઉપર કાક્ષોશિકા નામની પેશી લાગેલી છે. મધ્યનલકના નીચલા અર્ધ ભાગની આગલી બાજુ ઉપરથી કૂર્પરદ્વાગ્રિકા નામની પેશી ઉદ્ભવે છે. મધ્યનલક નીચેના ભાગમાં ચપટો થઈ જતો હોવાથી તેને ત્રણ બે ધારા હોય છે, બહારની અને અંદરની. આ બંને ધારા નીચલા છેડા સુધી જઈ બહારના તેમજ અંદરના અર્બુદો સાથે મળી જાય છે. બહારની ધારામાંથી અનુક્રમે કરોત્તાનની દીર્ઘા તથા મણિબંધાપકર્ષણી દીર્ઘા નામની પેશીઓ ઉદ્ભવે છે. નીચલા છેડા ઉપર નીચેના ભાગ બાજુ જોવા જેવા છે: (૧) બે અર્બુદો, (૨) કંદલી, (૩) કમરક, (૪) કૂર્પરખાત, (૫) બે પુરઃખાત. બાહ્યાર્બુદઃ આ ઉત્સેધ નીચલા છેડાની બહારની બાજુ ઉપર આવેલો છે. કોણીના સાંધાનો બહારનો રનાયુરજ્જુ તેને લાગેલો છે. હાથને લાંબો કરનારી કેટલીક પેશીઓનું સામાન્ય મૂલ, તથા કરોત્તાનની હ્રસ્વા પેશી એને લાગેલી છે. અર્બુદની પીઠ ઉપરથી કૂર્પરપૃષ્ઠિક નામની પેશી ઉત્પન્ન થાય છે. આંતરાર્બુદઃ આ અર્બુદ નીચલા છેડાની અંદરની બાજુની ટોચ ઉપર આવેલો છે. તે લગભગ ત્રિકોણાકારનો હોઈ બાહ્યાર્બુદ કરતાં સહેજ મોટો અને આગળ પહતો છે. કોણીના સાંધાનો અંદરની બાજુ ઉપરનો રનાયુરજ્જુ તેને લાગેલો છે. હાથને ટૂંકો કરનારી કેટલીએક પેશીઓનું સામાન્ય મૂળ તથા કરવિવર્તની દીર્ઘા નામની પેશી તેને લાગેલી છે. કંદલીઃ બાહ્યાર્બુદની આગળ આવેલો સંધિલક્ષમવાળો ગોળ ભાગ કંદલી કહેવાય છે. કોણીના સાંધામાં અક્ષિઃપ્રકોષ્ઠાસ્થિનું બાહ્યવાળું માથું આ ગોળ ભાગની બરોબર સંબંધમાં આવે છે. કમરકઃ આ ભાગ કાકડા અથવા ગરગડી જેવો છે. તેના ઉપર આવેલું સંધિલક્ષમ, અંતઃપ્રકોષ્ઠાસ્થિના ઉપલા છેડા ઉપર આવેલાં બે પ્રવર્હનકોની સાથેના સંધાન માટે છે. કૂર્પરખાતઃ નીચલા છેડાની પાછલી બાજુ ઉપર આ ખાડો આવેલો છે. જ્યારે આપણે હાથ લાંબો કરીએ છીએ ત્યાં અંતઃપ્રકોષ્ઠાસ્થિના કૂર્પરકૂટનો અણીદાર ભાગ તેમાં સમાઈ જાય છે. બે પુરઃખાતોઃ નીચલા છેડાની અંદરની તેમજ બહારની ધારાની આગળ આવેલા આ બે ખાડાઓ નીચલા છેડાના સંધિલક્ષમવાળા ભાગની સહેજ ઉપર છે. તેમાંના અંદરની ધારા તરફના ખાડામાં અંતઃપ્રકોષ્ઠાસ્થિના ઉપલા છેડા ઉપરનું અંચુપ્રવર્હનક, જ્યારે બહારની ધારા તરફના ખાડામાં અક્ષિઃપ્રકોષ્ઠાસ્થિના માથાની આગલી કિનારી જ્યારે હાથ ટૂંકો કરવામાં આવે ત્યારે સમાઈ જાય છે.

પ્રગંડી ૧. [સં.] સ્ત્રી. કિલ્લાની ભીંત.
૨. સ્ત્રી. કિલ્લો; ગામ વગેરેની ચારે તરફનો કોટ.
૩. સ્ત્રી. નગર અથવા કિલ્લાથી થોડે દૂર મેદાનમાં બાંધેલો નાનો બુરજ. દૂરથી આવતા શત્રુનો બાળ કાઢવા માટે આવા બુરજ ઉપર માણસ બેસારવામાં આવતો.

રાજા જે કિલ્લામાં રહેતો હોય તે કિલ્લાની ચારે દિશાએ પ્રગંડી કરવી. રાજવલ્લભ

૪. સ્ત્રી. શરાબીઓના પડાવનું સ્થાન; છાવણી

પ્રગંડીય [સં.] વિ હાથના ઉપલા ભાગને લગતું; પ્રગંડમાં આવેલ

પ્રગડીય પેટી [સં.] સ્ત્રી. હાથના ઉપલા ભાગમાં આવેલી પેશી. તે ત્રણ છે: (૧) દ્વિશિરસ્કા બાહ્યી, (૨) કૂર્પરદ્વારિકા અને (૩) ત્રિશિરસ્કા.

પ્રગંધ ૧. [સં.] પું. પિતપાપડો.

૨. વિ. ઉત્તમ ગંધવાળું.

૩. [સં. પ્ર (વિશેષ) + ગંધ] વિ. જેની ગંધ બહુ હોય એવું; ઉગ્ર ગંધવાળું.

પ્રગાઢ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ભારદ્વાજ, વસિષ્ઠ અને પ્રગાઢ નામના ઋષિ તૃપ્ત થાય. ભાગવતી ભાગવત

૨. ન. તપ.

૩. ન. દુઃખ; કષ્ટ.

૪. વિ. અત્યંત ઘાટું; બહુ જ ગાઢ.

મેવાડની ભૂમિ એક પ્રકારની પ્રગાઢ શાંતિનો અનુભવ કરી રહી છે. મેવાડપતન

૫. વિ. કઠોર; તીવ્ર.

૬. વિ. વિશિષ્ટ; કઠણ; અઘરું; મુશ્કેલ.

૭. વિ. ખૂબ ઊંડું.

૮. વિ. ઘણું; અતિશય.

જેઓ પોતાની પ્રગાઢ વિદ્વત્તાને જેની અલ્પ માનીને સમજે છે, જેની એક આંખે તો દિઠી સાહિત્યમાં નથી. કૌમુદી

૯. વિ. દક્ષ; અભ્યસ્ત.

પ્રગાતા [સં. પ્રગાતૃ] પું. ઉત્તમ ગાનાર પુરુષ; ઉત્સાહ ગવૈયો

પ્રગાથ ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના પહેલા સૂક્તની ત્રારમી ઋચા બનાવનાર એ નામનો એક ઋષિ.

૨. પું. એ નામનો એક વૈદિક છંદ; વેદમાં જ્યા બે ઋચાઓને ગણ કરવામાં આવે છે તે.

૩. ન. ઉપરનો એ નામનો એક ભાગ.

૪. ન. એ નામનું એક સૂક્ત.

પ્રગાથા [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પ્રગાથિ [સં.] પું. ઘોરનો એ નામનો પુત્ર. જેને તેના કહ્યા કરવે દત્તક લીધો હતો.

પ્રગાઢ વિ. ઘણું ઊંડું.

એવો બીજો કોઈ લેખક હજી થયો નથી કે × × × જે એની પ્રગાઢ વિવેચકશક્તિનું દર્શન કરાવી શક્યો હોય. ભગવદ્દાર.

પ્રગામિતા [સં.] સ્ત્રી. આગળ વધવાનો સ્વભાવ; ઉત્કર્ષતા.

પૂર્વે જે પ્રગામિતા તેમનામાં જોવામાં આવતી, તેને બદલે ગણિયા બળદની બેઠેલ સ્થિતિ તેમને વિરોધ કરે છે. મુ સા. પરિષદ

પ્રગામી ૧. [સં. પ્રગામિન્] વિ. આગળ વધનાર.

૨. વિ. સારી રીતે જનાર.

પ્રગાયી ૧. [સં. પ્રગાયિન્] પું. ગાનાર માણસ; ઉત્તમ ગવૈયો.

૨. વિ. ઉત્તમ ગાનાર; સારી રીતે ગાનાર.

પ્રગીત ૧. [સં.] ન. ગાયન; ગીત.

૨. ન. ગાયન બોલી બતાવવું તે.

૩. ન. બોલવામાં થતા બદાર માંહેનો એક પ્રકારનો દોષ; ગાવા જેવો લહેકાતો ઉચ્ચાર થવો તે.

૪. વિ. ઉત્તમ રીતે ગવેલું.

પ્રગીતિ [સં.] પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ૧૨ ને ૧૮ માત્રા અને બીજા દલમાં ૧૨ ને ૧૭ માત્રા મળી કુલ ૫૯ માત્રા હોય છે.

પ્રગુણ ૧. પું. (પિંગળ) સુપ્રતિષ્ઠા છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચતુર્વંશા; ધનપંક્તિ. તેના દરેક ચરણમાં સત્તર અને બે ગુરુ મળી બાવ અક્ષર હોય છે.

પ્રભુએ રચ્યા ના. ન્હાનાલાલ

૨. [સં.] વિ. અત્યંત ગુણવાન.

૩. વિ. અનુકૂળ; યોગ્ય; લાયક.

૪. વિ. ઉત્તમ; ભેગા; ભેગા મળવાળું.

૫. વિ. દક્ષ; અભ્યસ્ત.

૬. વિ. પ્રામાણિક; સીધું; સરળ.

૭. વિ. સજ્જ; તૈયાર.

૮. વિ. હોશિયાર; દક્ષ; ચતુર; ચાલાક.

પ્રગુણિત ૧. [સં.] વિ. ભેગું કરેલું.

૨. વિ. તૈયાર કરેલ; બરાબર ગોઠવેલું.

૩. વિ. વધતું જતું; વર્ધમાન; વધેલું.

એક બે એક ત્રિકુએ બા ફરી ફરીને પાકતા પ્રગુણિત બસર થાય. બળવંતરાય ઠાકોર

૪. વિ. સીધું કરેલ; સરલ કરેલું.

પ્રગુણી ૧. [સં. પ્રગુણિન્] વિ. અત્યંત ગુણવાન.

૨. વિ. ઘણું; અધિક.

૩. વિ. પ્રામાણિક; સરલ બનવાળું.

પ્રગુરુ [સં.] પું ગુરુનો ગુરુ.

જ્યારે કોઈ વિદ્યા-શાસ્ત્રનો ઇતિહાસ જાણવાનો હોય છે, ત્યારે તે શાસ્ત્રના રચનાર સારે વિદ્યાનો સંબંધ ધરાવનાર ગુરુ, પ્રગુરુ તથા શિષ્ય, પ્રશિષ્ય આદિ ગુરુશિષ્યપરંપરાવાળી પરંપરાનો વિચાર આવે છે. મુખલાલ

પ્રગૃહીત ૧. [સં.] વિ. કબૂલેલું; માન્ય કરેલું; સ્વીકારેલું.

૨. વિ. મંજૂર કરેલું.

૩. વિ. સંધિના નિયમોનો વિચાર કર્યા વગર ઉચ્ચારેલું.

૪. વિ. સારી રીતે ગ્રહણ કરેલું.

પ્રગૃહ્ય ૧. [સં.] ન. વાક્ય.

૨. ન. (વ્યાકરણ) સંધિ રહિત પદ; સ્વરસંધિ ન કરવા લાયક પદ.

૩. ન. સ્મૃતિ.

૪. વિ. ગ્રહણ કરવા લાયક; માન્ય રાખવા જેવું.

૫. વિ. ગ્રહણ કરવા યોગ્ય; સ્વીકારવા લાયક.

૬. વિ. સંધિના નિયમોનું ધ્યાન રાખ્યા વગર ઉચ્ચાર કરવા લાયક.

પ્રગેશય [સં. પ્રગ (પરોઢિયું) + શય (સૂનાર)] વિ. પ્રાતઃકાળમાં સૂઈ જનાર.

પ્રગોપન ૧. [સં.] ન. છુપાવવું તે.

૨. ન. રક્ષણ.

૩. ન. રાખવું તે.

પ્રજ્ઞા [સં. પ્રજ્ઞા] સ્ત્રી. બુદ્ધિ.

જ્ઞાનના વાઘે ચણી, પ્રજ્ઞાનો પરિહાર. કેલાસ

પ્રજ્ઞાવાન [સં. પ્રજ્ઞાવત્] વિ. ડાહ્યું; બુદ્ધિવાળું.

પ્રજ્ઞયન ૧. [સં.] ન. અત્યંત ગૂંથવું તે.

૨. ન. સારી રીતે ગૂંથવું તે; સારી ગૂંથણી.

પ્રગ્રહ ૧. [સં.] પું. અનુગ્રહ; કૃપા; દયા.

૨. પું. આદરસત્કાર.

૩. પું. ઇંદ્રિયદમન; ઇંદ્રિયનિગ્રહ; સંયમ.

૪. પું. ઉદ્ધતપણું.

૫. પું. ઉપગ્રહ.

૬. પું. (જૈન) ઉપાધિ; ઉપકરણ.

૭. પું. કરેલનું કામ.

૮. પું. ગ્રિરણ.

૯. પું. કુસ્તી.

૧૦. પું. મરમાળો.

૧૧. પું. ગ્રિરકતારી; પકડવું તે.

૧૨. પું. ગ્રહણ કરવાનો ભાવ; ધારણ કરવું તે.

૧૩. પું ઘોડા વગેરે બાંધવાની દોરી; રસી.

૧૪. પું. ઘોડા વગેરેની લગામ.

આત્માને રથી જાણો ને, શરીરને વળી રથ; સારથિ બુદ્ધિને જાણો, પ્રગ્રહ મનજ છે. કઠોપનિષદ

૧૫. પું. ચાબુક.

૧૬. પું. બાજવાની દોરી કે સાંકળ.

૧૭. પું. દોરડી; રાસ.

૧૮. પું. નિયમન.

૧૯. પું. નેતા, માર્ગદર્શક; નાયક; મુખી.

૨૦. પું. કામદો.

૨૧. પું. બદલો; ઇનામ.
૨૨. પું. ભંડીજન; ભાટ.
૨૩. પું. ભંડીવાન; કેદી.
૨૪. પું. ભાકુ; ભુજા.
૨૫. પું. લડવાનો એ નામે એક પ્રકાર.
૨૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિશેષપણે પદ્મ રાખનાર એટલે કે ભાવગ્રાહી તે છે, ભાવને લઈ ને ભક્તોએ અર્પણ કરેલાં પત્રપુષ્પને ગ્રહણ કરનાર પણ તે છે અને તેનું ફળ આપનારા તે જ છે. વળી સૂર્યનારાયણ પણ તે જ છે તથા વિષયરૂપી વનમાં દોડનાર ઇંદ્રિયરૂપી દુર્દમ ઘોડાઓને રસીની જેમ પોતાની કૃપાથી બાંધી લેનાર તે છે. તેથી વિષ્ણુ પ્રગ્રહ કહેવાય છે.
૨૭. પું. સુવર્ણકેશ વૃક્ષ.
૨૮. પું. સૂર્ય કે અંદગ્રહણનો આરંભ.
૨૯. પું. સોનું; સુવર્ણ.
૩૦. પું. હાથો.
૩૧. ન. એક જાતનું માપ.

પ્રગ્રહણ ૧. [સં.] ન. ગ્રહણ કરવું તે; લેવું તે.
૨. ન. જબરીથી હરણ કરવું તે.
૩. ન. ત્રાજવાની દોરી.
૪. ન. પકડવું તે.
૫. ન. માન્ય કરવું તે; સ્વીકાર.
૬. ન. લગામ.
૭. ન. સૂર્ય વગેરેના ગ્રહણનો આરંભ.

પ્રગ્રાહ ૧. [સં.] પું. ગ્રહણ કરવું તે; પકડવું તે.
૨. પું. બોડા વગેરેની લગામ.
૩. પું. ત્રાજવાની દોરી કે સાંકળ.

પ્રગ્લાન ૧. [સં.] ન. થાક; પરિશ્રમ.
૨. ન. દીનતા.
૩. ન. દુઃખ; ખેદ; ચિંતા.

પ્રઘટ પું. નાગપિંગળ માંહેનો વર્ણમેળવાળો એક છંદ.

પ્રઘટક [સં.] પું. સિદ્ધાંત.

પ્રઘટા [સં.] સ્ત્રી. શાસ્ત્રનો મૂળભૂત પ્રાથમિક સિદ્ધાંત.

પ્રઘટાવિદ [સં. પ્રઘટાવિદ્] પું. શાસ્ત્રો જાણવાનો આડંબર ધરાવનાર માણસ.

પ્રઘટી ૧. સ્ત્રી દેખાવાપણું.
૨. સ્ત્રી. સોનારૂપાનો દાણિયો પાડવાનો ફરમો.

પ્રઘટ્ટક ૧. [સં.] પું. એક અર્થનું પ્રતિપાદન કરવા માટેનો ગ્રંથનો અમુક વિભાગ.
૨. પું. સિદ્ધાંત.
૩. વિ. પ્રકટ કરનાર.

પ્રઘણ ૧. [સં.] પું. ઘસિટ; ઘોટવો.
૨. પું. ઘરનો ઉંબરો.
૩. પું. તાંબાનો ઘડો.
૪. પું. લોટાનો મજબૂત મુદ્દગર.

પ્રઘન જુઓ પ્રઘણ

પ્રઘસ ૧. [સં. પ્રઘસ્વ] વિ. ઊંડું; પ્રગલ્ભ.
પ્રેમ પ્રઘસ રસ પીવાને રે,
સન્મુખ સદ્‌ગુરુ આર્યા. નરસિંહ
૨. વિ. ઘણું; અત્યંત.

પ્રઘસ ૧. [સં.] પું. ખૂબ ખાવું તે; અતિ ભોજન કરવું તે.
૨. પું. દૈત્ય; રાક્ષસ; અસુર.
૩. પું. (પુરાણ) રાવણના પક્ષનો એ નામનો મુખ્ય સેનાનાયક. તેને હનુમાને માર્યો હતો.
૪. વિ. ભક્ષક; ખાનાર.

પ્રઘસા ૧ [સં] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એ નામની એક માતૃકા.
૨. સ્ત્રી. (પુરાણ) સીતાના સંરક્ષણ માટે અશોક વનમાં રાખેલી એ નામની રાક્ષસી.

પ્રઘણ ૧. વિ. ખુલ્લું; નિર્વિઘ્ન.
૨. વિ. પ્રફુલ્લિત થયેલું; પ્રસન્ન; ઉદાર.
૩. વિ. પરિપક્વ; પૂર્ણ; નિયમબદ્ધ.

પ્રઘાણ જુઓ પ્રઘણ.

પ્રઘાત ૧. [સં.] પું. ઘાત કરવો તે; મારવું તે; હણવું તે.
૨. પું. ચીલો; અવાઈ ને પડેલો માર્ગ.
૩. પું. પાણી વહેવાનો નળ.
૪. પું. યુદ્ધ; લડાઈ.
૫. પું. રીત; રિવાજ.
ઉમાસ્વાતિના પૂર્વવર્તી કોઈ આચાર્યોએ સંસ્કૃત ભાષામાં લખવાની શક્તિ કેળવી ન હોત અને તે ભાષામાં લખવાનો પ્રઘાત શરૂ કર્યો ન હોત તો ઉમાસ્વાતિ આટલી સરળ અને પ્રસન્ન સંસ્કૃત શૈલીમાં પ્રાકૃત પરિભાષામાં રહેલ સંપ્રદાયિક વિચારોને આટલી સ્ફુટતાપૂર્વક ગૂંથી શક્યા હોત કે નહિ એ એક સવાલ જ છે.
સુખલાલજી

પ્રઘાસ ૧. [સં] પું. ચાર માસ ચાલતો એ નામનો એક યાગ.
૨. પું (પુરાણ) રાવણના પક્ષનો એ નામનો એક રાક્ષસ
૩. પું. સારી રીતે ખાવા યોગ્ય હવિ વગેરે.

પ્રઘુષ્ટ [સં.] પું. અતિથિ પરોણો.

પ્રઘૂર્ણ ૧. [સં.] પું. અતિથિ; પરોણો; મહેમાન.
૨. વિ. આમંત્રણ કરનાર કે બોલનાર.
૩. વિ. ગોળાકારે ફરનાર.

પ્રઘોર [સં.] વિ. અતિ ઘોર; બહુ મુશ્કેલ.

પ્રઘોષ ૧. [સં.] પું. અત્યંત ઘોષવું તે.
૨. પું. અસ્પષ્ટ શબ્દ કે અવાજ.
૩. પું. જાહેર કરવું તે.
૪. પું. (પુરાણ) લક્ષ્મણાને કૃષ્ણથી થયેલો એ નામનો પુત્ર.

પ્રઘોષક [સં.] પું. અસ્પષ્ટ શબ્દ કે અવાજ.

પ્રચક્ર [સં.] ન. પોતાના મંડળમાંથી પરમંડળ તરફ ચાલેલું સૈન્ય.

પ્રચક્ષા [સં. પ્રચક્ષસ્] પું. બૃહસ્પતિ; દેવગુરુ.

પ્રચક્ષુ [સં. પ્રચક્ષુસ્] પું. બૃહસ્પતિ.

પ્રચય ૧. [સં.] પું. (ગણિત) બીજગણિતમાં એ નામનો એક જાતનો સંયોગ.
૨. પું. (વેદાંત) મહત્ત્વ પરિમાણુવાળા અવયવોનો પરસ્પર શિથિલ સંયોગ. જેમ બે રૂના પોળાનો સંયોગ એ પ્રચય છે. પ્રચયવાળા બે રૂના પોળાથી રૂનો એક મોટો જથ્થો થાય છે, એવા પરિણામોત્કર્ષમાં શિથિલ નામે સંયોગરૂપ પ્રચય એ સમવાયિકારણ છે.
૩. પું. લાકડી વગેરેથી ઝાડના અમુકભાગમાં રહેલા દૂધ વીણવાં કે લેવાં તે.
૪. પું. રાશિ; સમૂહ; ઉપચય; ઢગલો; જથ્થો.
ધર્મ આદિ પાંચ અજીવ તત્ત્વોને અસ્તિકાય કહેવાનો અભિપ્રાય એ છે કે, તે તત્ત્વ માત્ર એક પ્રદેશરૂપ અથવા એક અવયવરૂપ નથી, કિંતુ પ્રચય એટલે કે સમૂહરૂપ છે.
તત્ત્વાર્થસૂત્ર
૫. પું. વૃદ્ધિ; વધારો; ઉમેરો.
૬. પું. વેદપાઠની વિધિમાં એ નામનો એક જાતનો સ્વર. તેના ઉચ્ચારણના વિધાન પ્રમાણે પાઠ કરનારને પોતાનો હક્ક નાશ પાસે લઈ જવાની જરૂર પડે છે.

પ્રચર ૧. [સં.] પું. માર્ગ; રસ્તો.
૨. પું. રૂઢિ; રીત; રિવાજ.

પ્રચરણ ૧. [સં] ન. ચાલવું તે; જવું તે.
૨. ન. પ્રચાર હોવો તે.
૩. ન. વાપરવું તે; ઉપયોગ કરવો તે.

પ્રચરણી [સં.] સ્ત્રી લાકડાનો ચમચો.

પ્રચરવું [સં. પ્રચર્] અ. ક્રિ. પ્રચાર પામવું.

પ્રચરિત ૧. [સં.] વિ. ચાલેલું; ગયેલું
૨. વિ. પ્રચાર પામેલું. પ્રચલિત; વપરાતું; સામાન્ય; ચાલુ.
હા જ તો એ વાક્યને ગદ્યથી જોડવાને પરિણામે હાસ્તો એમ વાતચીતની ભાષા રૂપ થઈ ગયેલું છે. હાસ્તો એ બહુ પ્રચરિત છે
કુમુદમાળા

પ્રચરિતતા ૧. [સં.] સ્ત્રી. જુઓ તે.
૨. સ્ત્રી. પ્રચરિત હોવાપણું.
દા.ત. જો તે બારે હાસ્તે એ જ પ્રચરિત છે, તો તે પ્રાકૃત ઉચ્ચારની તેટલી જ પ્રચરિતતાની કોઈક કલ્પના કરે છે. કુમુમમાળા

પ્રચલ ૧. પું. મોર.
૨. [સં.] વિ. ચપળ; ચંચળ.
૩. વિ. ધ્રૂજતું; હાલતું.
૪. વિ. પ્રચલિત; રૂઢ.

પ્રચલન ૧. [સં.] ન. ચાલવું તે; જવું તે.
૨. ન. ચાલુ હોવું તે; પ્રચલિત હોવું તે.
૩. ન. નાસી જવું તે; પીછે હઠ.
૪. ન. પ્રચાર.

પ્રચલવું ૧. અ. ક્રિ. ચાલવું; જવું.
૨. અ. ક્રિ. ફરી જવું; વિચાર બદલી જવો.

પ્રચલા [સં.] સ્ત્રી. (જૈન) દર્શનાવરણીય કર્મનો એક પ્રકાર; એ નામે એક પાપકર્મ. તેના ઉદયથી બેઠાં બેઠાં નિદ્રા આવે છે.
ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનનાં ચાર આવરણો તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ એ પાંચ વેદનીય એમ નવ દર્શનાવરણીય છે. કલ્પસૂત્ર

પ્રચલાક ૧. [સં.] પું. ચાલુનો આઘાત કે પ્રહાર.
૨. પું. મોરનું પીછું.
૩. પું. સર્પ.

પ્રચલાહિની [સં.] સ્ત્રી. મોર પક્ષિણી; ઢેલ.

પ્રચલાકી ૧. [સં. પ્રચલાકિન્] પું. મોર.
૨. સ્ત્રી. સર્પિણી; સાપેણ.

પ્રચલાપ્રચલા [સં.] સ્ત્રી. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ. તેને લીધે ખાટલાની પાટી ચાલતાં ચાલતાં નિદ્રા આવે છે.

પ્રચલાયિત ૧. [સં.] ન. નિદ્રા વગેરેથી ઝોકાં ખાવાં તે.
૨. વિ. નિદ્રા વગેરેથી ઝોકાં ખાધેલું; નિદ્રાથી ડોલેલું

પ્રચલાવેદનીય [સં.] ન. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી બેઠાં બેઠાં, ઊભા ઊભાં, કે ચાલતાં પણ નિદ્રા આવે છે.

પ્રચલિત ૧. [સં.] વિ. ઢંકેલું; હલનચલનવાળું; ચાલેલું; ચલાયમાન થયેલું
સત્યશીલતા, વાણી અને આચરણની એકતા, નિયમાનુસાર વર્તન, સ્વાર્થને માટે કે અન્ય કારણે નિયમમાંથી પ્રચલિત ન થવું. દયા, ઉદારતા ઇત્યાદિ નીતિના મૂલ્યો છે. લિલ્લુભાઈ

૨. વિ. પ્રથા તરીકે સ્વીકારેલું.
૩. વિ. મનેલું.
૪. વિ. ચાલતું આવેલું; ચાલુ; વિદ્યમાન; વર્તમાન; જારી.
૫. વિ. ચાલુ કરેલું.
૬. વિ. બહાર્યું; પ્રખ્યાત; જાહેર.
૭. વિ. પ્રવર્તેલું; પ્રચાર પામેલું; ફેલાયેલું.
પ્રચલિત વૈદાન્તિક શબ્દોને સંસ્કૃત કરવા એ તો આવા મોટાભાગનું કામ છે. કાંતિલાલ
૮. વિ. લોકપ્રિય; લોકસંપ્રદાનનું.

પ્રચલણવું જુઓ પ્રચલવું.

પ્રચંડ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.
૨. પું. પોળા કરેલનું ઝાડ.
૩. પું. (પુરાણ) વિષ્ણુના બાર અવિનો એ નામનો એક પાર્ષદ.
૪. પું. શિવનો એ નામનો એક અનુ.
૫. વિ. અતિશય; બહું પ્રખર.
૬. વિ. અસહ્ય; સહન ન થઈ શકે એવું.
૭. [સં. પ્ર (વિશેષ) + ચંડ (ગરમ)] વિ. આકરું; જલદ; તીખું; ઉગ્ર.
૮. વિ. ઉગ્ર; દુર્ધર્ષ; બહું તીવ્ર; બહુ ગુસ્સે થયેલું.
૯. વિ. કઠોર; કઠણ.
૧૦. વિ. ભયંકર.
૧૧. વિ. ખરાબ અંતવાળું; દુરંત.
૧૨. વિ. બહું પ્રતાપી.
૧૩. વિ. પુષ્ટ; બળવાન; જોરાવર.
૧૪. વિ. બહુ જ ગરમ.
૧૫. વિ. બળતું; સળગતું.
૧૬. વિ. ઓછું અને બાજરાનું મલાવે એવું મોટું; લાંબેર.

પ્રચંડકાય [સં.] વિ. મોટા શરીરવાળું; બળવાન આકારવાળું.

પ્રચંડકાર્ય [સં.] ન. મહાન કાર્ય; બહું જ સાહસિક કાર્ય.

પ્રચંડકોષ્ઠ [સં.] વિ. મોટા પેટવાળું.

પ્રચંડતા [સં.] સ્ત્રી. પ્રચંડ હોવું તે; પ્રચંડપણું.

પ્રચંડત્વ જુઓ પ્રચંડતા.

પ્રચંડનર પું. ઊંચો પુરુષ; મહાવર બાદશી.
પર્વત સરખો પ્રચંડનર, કૂદીને ઊપડી ફાલ. ગાગલ

પ્રચંડપંડવ ન. રાજશેખરે લખેલું એ નામનું એક દ્વિઅંકી નાટક. તેમાં દ્રૌપદીના ચીરહરણ સંબંધી બનાવ વર્ણવેલ છે.

પ્રચંડમૂર્તિ ૧. [સં.] પું. વરુણ દેવ.
૨. સ્ત્રી. ઉગ્રમૂર્તિ; ઉગ્રસ્વરૂપ.
૩. વિ. ભયંકર શરીરવાળું; ઉગ્ર સ્વરૂપવાળું.

પ્રચંડવલ્લી [સં.] સ્ત્રી. બહુ લાંબી, મોટી, બહુપર્વાવાળી વેલ. તે મોટાં જંગલોમાં ઘણી જોવામાં આવે છે.

પ્રચંડવાત [સં] પું. વાવાઝોડું.

પ્રચંડા ૧. [સં.] સ્ત્રી. દુર્ગા; ચંડી.
ભાગવતમાં પ્રચંડા નામની દેવીની પીઠ છે. ભાગવતી ભાગવત
૨. સ્ત્રી. દુર્ગાની એ નામની એક સખી.
૩. સ્ત્રી. પોળા કુલવાળો છોડ.

પ્રચંડાંગી [સં. પ્રચંડાંગિન્] વિ. પ્રચંડ અંગવાળું.

પ્રચંડિકા [સં.] સ્ત્રી. દુર્ગા દેવીનું એક રૂપ.

પ્રચાય ૧. પું. હાથથી ચૂંટી બીજ એકઠી કરવી તે.
૨. જુઓ પ્રચય ૧-૫.

પ્રચાયક ૧. [સં.] વિ. એકઠું કરનાર; સંચય કરનાર.
૨. વિ. ભેગો કરનાર.

પ્રચારવિદ્યા [સં.] સ્ત્રી. અનુક્રમે કુલ વગેરે વીણવાં કે એકઠાં કરવાં તે.

પ્રચાર ૧. [સં.] પું. ગતિ; ગમન; આગળ ચાલવું તે.
૨. પું. ગાયને ચરવાનું સ્થાન.
૩. પું. બોડાનો આંખનો એ નામનો એક રોગ. તેમાં આંખની આસપાસનું માંસ વધીને દૃષ્ટિને રોકે છે.
૪. પું. ચાલ; વહીવટ; રૂઢિ; રીત; રિવાજ.
પુસ્તક હાથમાં લીધું, પ્રથમ પત્ર જોયું, અંતપત્ર જોયું, નામાં આમતેમ ઉથલાવ્યું અને અમુક અભિપ્રાય તે પુસ્તકના વિષય સંબંધે બાંધી કરીને લખું પૂરું એ જ પ્રચાર પડ્યો છે. અંબાલાલ નથુભાઈ
૫. પું. પ્રવાસ; રખડવું તે.
૬. પું. પ્રવૃત્તિ; પ્રવર્તન.
૭. પું. પ્રવેશ; દાખલ થતું તે
૮. પું. ફેલાવો; પ્રસાર; વિસ્તાર.
ઉત્તમ પ્રચાર તે પુસ્તકપ્રચાર નથી. પણ જે આચાર જીવનમાં પાયરો જોઈએ એમ આપણે પોતે માનીએ બીજો તેનું સૂક્ષ્મપણે પાલન આપણે પોતે કરીએ. આ ઉત્તમમાં ઉત્તમ પ્રચાર છે. ગાંધીજી

૯. પું. માર્ગ; રસ્તો.
૧૦. પું. રમતગમતનું સ્થળ; ક્રીડાંગણ.
૧૧. પું. વ્યવહાર; વ્યવહાર; ઉપયોગ.
૧૨. પું. વર્તણૂક.
૧૩. પું. ફરફર; આવજા.

પ્રચારક ૧. [સં.] પું. પ્રચાર કરનાર માણસ; પ્રચાલક; વ્યવસ્થાપક.
૨. વિ. ફેલાવનાર; પ્રકાશક.

પ્રચારક કાર્ય જુઓ પ્રચારકાર્ય.

પ્રચારકામ જુઓ પ્રચારકાર્ય.

પ્રચારકામી વિ. પ્રચારણ કરનાર.
બીજો તો ખ્રિસ્તિધર્મપ્રચાર પ્રચારકામી (પ્રોપેગેન્ડિસ્ટ) જેવા છે. વિજયરાય

પ્રચારકાર્ય [સં.] ન. પ્રચાર કરવાનું કામ; પ્રચારક કાર્ય; 'પ્રોપેગેન્ડા'.

પ્રચારક્ષેત્ર [સં.] ન. જ્યાંથી અમુક વસ્તુનું પ્રચારકાર્ય ચાલુ રહ્યું હોય તે પ્રદેશ.

પ્રચારઘેલું વિ. પ્રચાર પાછળ ગાંડું; ફેલાવો કરવામાં ભાન ભૂલેલું

પ્રચારણા સ્ત્રી. પ્રચારકાર્ય; પ્રચાર કરવો તે; 'પ્રોપેગેન્ડા'.

પ્રચારપત્રિકા [સં.] સ્ત્રી. પ્રચારકાર્ય કરતો કાગળ.
ચૌદમી આવૃત્તિની પોતાની વડાપ્રધાન તૈયારીઓને લગતી ચિત્રવિચિત્ર, ખોટ્ટી, લોભામણી પ્રચારપત્રિકાઓ એમણે સૌને વહાણી છે. કૌમુદી

પ્રચારપરાયણ [સં.] વિ. પ્રચારકાર્યમાં રોકાયેલું.
હિંદુ ધર્મ પ્રચારપરાયણ નથી. કાલેલકર

પ્રચારપ્રદેશ [સં.] પું. જ્યાંથી અમુક વસ્તુનું પ્રચારકાર્ય ચાલુ રહ્યું હોય તેવો દેશનો ભાગ.

પ્રચારપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. ફેલાવો કરવાનું કામ; પ્રચાર કરવાનું કાર્ય.

પ્રચારવિભાગ [સં.] પું. પ્રકાશન વિભાગ; જાહેરાત આપવા અગર આપનાર વિભાગ; ' પબ્લિસિટિ ડિપા. '

પ્રચારવું ૧. સ. ક્રિ. છાંટવું; સિંચવું; રેડવું; રસે રસે વ્યાપી જાય એમ નાખવું.
૨. સ. ક્રિ. ફેલાવવું; પ્રસારવું; વ્યાપી જાય એમ કરવું.
૩. સ. ક્રિ. યાદ આવે તેમ કરવું; ચટકો આવે તેમ પરોક્ષે કહેવું; ટોકવું; કહેવું.
૪. સ. ક્રિ. સામાનો હેતુ જાણવા માટે આડકતરી રીતે કે ટહોરમાં કહેવું; ઉશ્કેરો કરવો; ટોણાટપારે જણાવવું; ટાપો મારવો.

પ્રચારસમિતિ [સં.] સ્ત્રી. પ્રચાર કરવાનું મંડળ.

પ્રચારસાહિત્ય [સં.] ન. ફેલાવો કરવા સંબંધી [illegible]

પ્રચારસમૃદ્ધિ [સં.] સ્ત્રી. જાહેર સમૃદ્ધિ.

પ્રચારિકા [સં.] સ્ત્રી. પ્રચાર કરનારી સ્ત્રી.

પ્રચારિણી [સં.] વિ.સ્ત્રી. પ્રચાર કરનારી.

પ્રચારિત ૧. [સં.] વિ. ખુલ્લું કરેલું; પ્રકાશેલું.
૨. વિ. ભમેલું.
૩. વિ. ચલાવેલું; પ્રચાર કરેલું; ફેલાવેલું.
૪. વિ. પ્રસરેલું.

પ્રચારે ૧. વિ. પ્રચાર કરનાર.
પુણ્ય લોકોનો આચાર્ય અને પ્રચારે છે. પુરાતત્ત્વ
૨. વિ. પ્રચાર કરવા જેવું; પ્રચારને યોગ્ય.

પ્રચાલ ૧. [સં.] પું. ચાલવાનું એક કટક એટલે કૂચ.
૨. પું. પીણા; તોરણો; સિતારા.

પ્રચાલક ૧. [સં.] વિ. ચલાવનાર; પ્રચારક.
૨. પું. વ્યવસ્થાપક.
૩. વિ. શરૂ કરનાર; આરંભક.

પ્રચાલન ૧. [સં.] ન. ચલાવવું તે; હલાવવું તે.
૨. ન. ચાલવું તે; હલવું તે.

પ્રચાલિકા [સં.] સ્ત્રી. સંસ્થા ચલાવનારી સ્ત્રી.

પ્રચાલિત [સં.] વિ. ચલાવેલું.

પ્રચિત ૧. પું. (પિંગળ) એક સમમાત્રિક છંદ. તેમાં ૬ગણ અને ૪ માત્રા હોય છે. પહેલાં પ્રથમ ઉપર અને પછી પંચમ ઉપર તાલ હોય છે.
૨. પું. (પિંગળ) ૬૬ છંદનો એ નામનો એક ભેદ.
૩. [સં.] વિ. પીધેલું; એકઠું કરેલું; જમા કરેલું.

પ્રચિતક ૧. [સં] પું. (પિંગળ) વર્ણવૃત્તોનો જાતનો એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સિદ્ધવિચાર. તેના દરેક ચરણમાં બે નગણ અને સાત યગણ મળી ૨૩ અક્ષર આવે છે.
પ્રચિતક ચરણે બે ન છે બે ય છે સાત ધ્રુવ રચો એ પ્રકારે પ્રવીણે. રણજિતરામ
૨. વિ. પ્રચય સ્વરવાળું.

પ્રચિન્વાન [સં. પ્રચિન્વત્] પું. (પુરાણ) સોમવંશી પુરુ રાજાના પુત્ર જનમેજયનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ પ્રવીર હતું.

પ્રચીનક [સં.] ન. સુવર્ણની વાળો; ઝાલ.

પ્રચીર [સં.] પું. તે નામે એક રાજા.

પ્રચુર ૧. [સં.] પું. ચોર.
૨. વિ. બહુ; પુષ્કળ; બહુ વધારે; ખૂબ.
૩. વિ. મોટું; વિસ્તારવાળું.

પ્રચુરતા [સં.] સ્ત્રી. પુષ્કળપણું; ઘણાપણું.

પ્રચુરત્વ જુઓ પ્રચુરતા.

પ્રચુરપુરુષ ૧. [સં.] પું. ચોર.
૨. વિ. ઘણા પુરુષવાળું.

પ્રચુરમેદ પું. એક પ્રકારનો આજાર. વસાની ગ્રંથિઓ પ્રચુર માત્રામાં સ્નિગ્ધ પદાર્થ ભરાર કરે છે આ રોગ નથી પણ શરીરરક્ષણ માટેની પ્રતિક્રિયા છે

પ્રચુરીકરણ [સં] ન. પુષ્કળ કરવું તે; ઘણારૂપ કરવું તે.

પ્રચુરીકૃત ૧. [સં.] વિ. જેમાં વધારો કરવામાં આવેલ હોય તેવું.
૨. વિ. બહુ કરેલું; પુષ્કળ કરેલું.

પ્રચુંક પું. એક આપ. એ શુક્તિનો એક પ્રચુંક કહેવાય છે.

પ્રચુંબક વિ. ચોટીમથી ચોટચુંબકની શક્તિવાળું.

પ્રચૂર્ણ વિ. પરચૂરણ.

પ્રચેતન ગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્ય) એ નામની એક જાતની ગોળી. ત્રિકટુ, ત્રિફળા, હિંગ, સિંધવ, કઠ, ચોરાવજ, કરંજનાં બીજ અને સિરસ એનું ચૂર્ણ કરી તેને બકરીના મૂત્રમાં ખરલ કરી ગોળીઓ કરી છાંયડામાં સુકવવી. એનું અંજન કરવાથી અપસ્માર, ઉન્માદ, સ્મૃતિભંશ, મૂર્છા, ભૂતદોષ, ગ્રહોત્તરિયો તાવ, વિષમજ્વર, રતાંધળાપણું, શિરોરોગ અને સન્નિપાતનો નાશ થતો હોવાનું મનાય છે.

પ્રચેતસ ૧. [સં. પ્રચેતસ્] પું. અનુવંશી એક રાજા.
૨. પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૬૪મા સૂક્તનો રચનાર ઋષિ.
૩. પું. એ નામનો એક પ્રજાપતિ.
૪. પું. એ નામનો એક મુનિ.
૫. પું. વરુણ દેવ.
૬. પું. બ વ. (પુરાણ) ઉત્તાનપાદ વંશના પ્રાચીન બર્હિષ રાજાને શતદ્રુ અથવા સુવર્ણા નામની ભાર્યાની કૂખે થયેલા દસ માહેનો દરેક પુત્ર. તપ કરીને તેણે રુદ્રને પ્રસન્ન કર્યા હતા. પૃથ્વીને જ્યાં વૃક્ષો વડે ભરપૂર જોઈ તે પોતાના તેજાગ્નિ વડે વૃક્ષોને બાળવા લાગ્યા ત્યારે ચંદ્રક ઋષિને પ્રમ્લોચા નામની અપ્સરાથી થયેલી મારીષા નામની કન્યા વૃક્ષોનું પાલન કરતી હતી. એ કારણથી મારીષાનું વાર્ક્ષી એવું નામ પડ્યું હતું. એ

મરીષાને એને પરણ્યાની શાંત કર્યો. એ વાર્તાને પેટ એને ચંદ્રવતી નામે કન્યા અને દક્ષ નામે પુત્ર થયો હતો. એ પ્રાચેતસ દક્ષ એ નામે પ્રસિદ્ધ હતો.
૯. વિ. ઉત્કૃષ્ટ જ્ઞાનવાળું.
૮. વિ. ઉત્તમ હૃદયવાળું.
૯. વિ. ઉદાર મનવાળું.
૧૦. વિ. ડાહ્યું.
૧૧. વિ. સુખી.
૧૨. વિ. હર્ષ પામેલા મનવાળું.

પ્રચેતસી ૧. [સં.] સ્ત્રી. કાચબી.
૨. સ્ત્રી. પ્રચેતાની પુત્રી.

પ્રચેતા ૧. પું. એ નામે એક પ્રાચીન સંત.
૨. [સં. પ્રચેતસ] પું. વરુણનું એક નામ.
૩. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૪. પું. સંપત્તિ.
૫. [સં. પ્રચેત] પું. સારથિ.
૬. પું. (પુરાણ) સોમવંશી દુષ્યુમ્નોત્પન્ન દુર્મના રાજાનો એ નામનો પુત્ર. એને પ્રાચેતસ નામે સો પુત્ર હતા.
૭. વિ. વીણનાર; એકઠું કરનાર.

પ્રચૈલ [સં.] ન. પીળું ચંદન; પીળું કાષ્ઠ.

પ્રચૈલક ૧. [સં.] પું. ઘોડો.
૨. વિ. ઉત્તમ ગતિવાળું; સૌમ્ય રીતે ચાલનાર; ધણું ચાલનાર.

પ્રચૈલકા [સં.] વિ. સ્ત્રી. ઉત્તમ ગતિવાળી; સૌમ્ય રીતે ચાલનારી.

પ્રચૈલડી [સં.] સ્ત્રી. ઘોડી.

પ્રચૈષ્ટ ન. હલનચલન.

પ્રચોદ [સં.] પું. પ્રેરણા; ઉત્તેજના; પ્રચોદન.

પ્રચોદક ૧. [સં.] વિ. પ્રેરણા કરનાર; ઉત્તેજિત કરનાર.
૨. વિ. બોકલનાર.
૩. વિ. હાંકનાર.

પ્રચોદન ૧. [સં.] ન. આજ્ઞા; હુકમ.
૨. ન. કહેવું તે.
૩ ન. નિયમ; કાયદાકાનૂન.
૪. ન. પ્રેરણા; ઉત્તેજના.
૫ ન. બોકલવું તે.
૬ ન. વિધિ.
૭ ન. હાકવું તે.

પ્રચોદની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ધમાસો.
૨. સ્ત્રી. જોંધરીમણી.

પ્રચોદિકા [સં.] સ્ત્રી. દુઃસહ રાજાની નિયોજિતા નામની કન્યામાં ઉત્પન્ન થયેલ કન્યા.

પ્રચોદિત ૧. વિ. આજ્ઞા કરેલ.
૨. વિ. કહેલું.
૩. વિ. નિયમવાળું.
૪. વિ. પ્રેરણા કરાયેલું.
૫. વિ. બોકલેલું.
૬. વિ. વિધિવાળું.
૭. વિ. હાંકેલું.

પ્રચોદિની [સં.] સ્ત્રી. જોંધરીમણી; કટેરી.

પ્રચ્છ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) પૂછવું; પ્રશ્ન કરવો. તે ઉપરથી બનેલ શબ્દ: પ્રશ્ન, પ્રશ્નોત્તર, પૃષ્ટ, પૃચ્છવું, પૃચ્છક.
૨. સ. ક્રિ. શોધવું; ખોળ કરવી; ખાળ કાઢવી.

પ્રચ્છક [સં.] વિ. પૂછનાર; પ્રશ્ન કરનાર.

પ્રચ્છત્તા ૧. [સં.] સ્ત્રી. તપાસવું તે.
૨. સ્ત્રી. પ્રશ્ન; પૂછપરછ.

પ્રચ્છત્ત સ્ત્રી. ખોદાઈ ગયેલી ખામડી.

પ્રચ્છત્તા સ્ત્રી. પૂછપૂછ; પડપૂછ.

પ્રચ્છદ ૧. [સં.] પું. ખોખાડ; આચ્છાદન; વસ્ત્ર.
૨. પું. ઓઢણ; ઓઢવું તે.
૩. પું. કામળો.
૪. પું. ઢાંકણ.
૫. [સં. પ્રચ્છદ] ન. અન્ન; અનાજ.

પ્રચ્છદપટ ૧. [સં.] ન. ઓઢવાનું વસ્ત્ર; શરીર ઢાંકવાનું કપડું.
૨. ન. પાથરણું; પછેડી; ચાદર; પિછોડી.

પ્રચ્છના ૧. [સં. પ્રચ્છ (પૂછવું)] સ્ત્રી. આમંત્રણ.
૨. સ્ત્રી. તપાસ; પૂછપરછ.
૩. સ્ત્રી. સમાચાર; ખબર.
૪. સ્ત્રી. સ્વાધ્યાયના પંચ અંદરનો એક ભેદ; કોઈ દૂર કરવા કે વિરોધ બાતરી કરવા પૃચ્છા કરવી તે.

પ્રચ્છન્ન ૧. [સં.] ન. ગુપ્ત દ્વારવાળું અંદરનું ભોંયરું; ગુપ્ત રીતે બહાર નીકળવું કરવાની સાંકડી બારી.
૨. વિ. અપ્રગટ; અપ્રસિદ્ધ; ગુપ્ત; બાનગી.
૩. વિ. ગુપ્ત; ઢાંકેલું; પોતાને કે સામાને સમજવામાં ન આવે એવું; અસ્પષ્ટ; ઉપનિષદી.
૪. વિ. ગૂઢ.
૫. વિ. ઢાંકેલું; આચ્છાદિત; ઢાંકેલું; નહિ ખુલ્લું; ઢંકાયેલું.
૬. વિ. બનાવટી; ખોટું.
૭. વિ. લપેટાયેલું.

પ્રચ્છન્ન કથા [સં.] સ્ત્રી. છાની વાત.

પ્રચ્છન્નપતિ [સં.] પું. જાર; ઉપપતિ.

પ્રચ્છન્ન બૌદ્ધ [સં.] પું. શંકરાચાર્ય. તેમણે જ્ઞાનકાંડનો અને અહિંસાના સિદ્ધાંતોનો આશરો લીધો, વેદનો પ્રચાર કર્યો અને સંન્યાસમાર્ગને બ્રાહ્મણ પરતી પ્રધાનતા આપી. બહના અસ્તિત્વનો સ્વીકાર કરવા છતાં તેમણે કેવી દેવતાઓની પૂજાનો વિરોધ પણ ન કર્યો. જેઓ બૌદ્ધોના વિજ્ઞાનવાદથી વિશેષ ભેદ ન પરાવતા તેવા અને બૌદ્ધો પણ તેવા માયાવાદ અને અદ્વૈતવાદથી તેમના તરફ આકર્ષાયા. આથી જ તે પ્રચ્છન્ન બૌદ્ધ કહેવાય છે. તાંત્રિકો પણ વેદવાદીઓને પ્રચ્છન્ન બૌદ્ધ અથવા મિથ્યા માયાવાદી કહી ઉપહાસ કરે છે.

પ્રચ્છર્દન ૧. [સં.] ન. કોઠાના વાયુને મોઢા દ્વારા બહાર કાઢવો તે; રેચન; ઉદરસ્થ વાયુને નાસિકાના છિદ્રો દ્વારા પ્રયત્નપૂર્વક બહાર કાઢવાની ક્રિયા.
૨. ન. ઓકવું તે.
૩. ન. ઓકવું તે.
૪. ન. વમન; ઊલટી.

પ્રચ્છર્દિકા ૧. [સં.] સ્ત્રી. ઊલટી; વમન; ઊલટીનો રોગ.
૨. સ્ત્રી. ઊલટી કરવાની દવા.

પ્રચ્છર્દિકા ૧. [સં.] સ્ત્રી. ઊલટી; વમન.
૨. વિ.સ્ત્રી. ઊલટી કરાવે તેવી.

પ્રચ્છર્દ પું. પડળો.

પ્રચ્છાદક ૧. [સં.] પું. પછેડી; બદન ઉપર ઓઢવાનું વસ્ત્ર.
૨. પું. પતિએ છોડી દીધેલ સ્ત્રીનું ગુપ્ત ભાષાવાળું કરુણ ગીત.
૩. વિ. ઢાંકનાર; છાઈ દેનાર.

પ્રચ્છાદન ૧. [સં.] ન. આચ્છાદન; ઢાંકવું તે; છાઈ દેવું તે; ઉપલું ઢાંકણ.
૨. ન. આંખનો પલકારો.
૩. ન. ઉત્તરીય વસ્ત્ર; ઉપરણું; શરીર ઉપર પહેરવાનું વસ્ત્ર.
૪. ન. ગોપના; ઢાંકી રાખવું તે; છુપાવવું તે.
૫ ન. ચાદર; પ્રચ્છદપટ; પિછોડી.
૬. ન. છુપાવવાનો ભાવ
૭. ન. ઢાંકવાનો ભાવ.

પ્રચ્છાદની સ્ત્રી. પછેડી.

પ્રચ્છાદાન ન. સુધારવું તે; સુધારો કરવો તે.

પ્રચ્છાદિત [સ.] વિ. પ્રચ્છાદન કરેલું; પ્રચ્છન્ન; ઢાંકેલું; છુપાવેલું; છાઈ દીધેલ.

પ્રચ્છાન ૧. [સં.] ન. અત્યંત ઊંડના; સારી રીતે ઢાંકવું તે.
૨. ન. શસ્ત્રક્રિયા; સુશ્રુત પ્રમાણે જખમ ચીરવાનો એ નામે એક પ્રકાર; 'ઓપરેશન'.

પ્રચ્છાય ૧. [સં.] પું. ગાઢ છાયો.
૨ વિ. છાયવાળું.

પ્રચ્છાયક [સં.] વિ. ઢાંકનાર; સંતાડનાર.

પ્રચ્છાયા ૧. સ્ત્રી. પડછાયો.
૨. સ્ત્રી. પૂર્ણ છાયા.
૩. સ્ત્રી. સૂર્યના પ્રકાશનો ઝાંખો ભાગ.

પ્રચ્છાલન જુઓ પ્રક્ષાલન.

પ્રચ્છેદક ન. હારયષ્ટિના દશ ભાંડેનો એક પ્રકાર; પ્રિયતમને અન્ય નાયિકામાં આસક્ત થયેલ જાણીને પ્રેમવિચ્છેદના અનુતાપથી તપ્તહૃદયા નાયિકાનું વીણાની સાથે ગાવું તે.

પ્રચ્છેદન [સં.] ન. છેદવાની કે કાપવાની ક્રિયા.

પ્રચ્છૌસ પું. ઉતાવળે શ્વાસ લેવો તે.

પ્રચ્યવન ૧. [સં.] ન. ખરવું તે; ઝરવું તે; ટપકવું તે.
૨. ન. ઝરણું
૩. ન. વહેવું તે.

પ્રચ્યુત ૧. [સં.] વિ. ખરેલ; ઝરેલ; ટપકેલ.
૨. વિ. ચ્યવિત; ચલાયમાન.
૩. વિ. દૂર કરાયેલ; નસાડી મૂકવામાં આવેલ.
૪. વિ. પડેલું; ભ્રષ્ટ થયેલું; પોતાના સ્થાનથી ખસેલું.

પ્રચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. ખરવું તે; ઝરવું તે; ટપકવું તે.
૨. સ્ત્રી. આમી.
૩. સ્ત્રી. પતન.
૪. સ્ત્રી. સ્ખલન; ભૂલ.
૫. સ્ત્રી. સ્થાનથી ચ્યવિત થવું તે.
૬. સ્ત્રી. હ્રાસ; પડતી.

પ્રછવું સ. ક્રિ. જાણવું.

પ્રજ ૧. [સં.] પું. પતિ; સ્વામી; ધણી.
૨. સ્ત્રી. પ્રજા; રૈયત.
૩. સ્ત્રી. પ્રાણી; જંતુ.
૪. સ્ત્રી. સમૂહ.

પ્રજન ૧. [સં.] પું. ઉત્પન્ન થવું તે; જન્મ પામવો તે; જન્મ.
૨. પું. ગર્ભવંત કરવું તે; ગર્ભાધાન કરવું તે.
૩. પું. જનક; જન્મ દેનાર તે.
૪. પું. પશુઓનું ગર્ભધારણ કરવા માટેનું મૈથુન.
૫. પું. પશુઓનો ગર્ભધારણનો સમય.
૬ પું. લિંગ; પુરુષેંદ્રિય.
૭. પું. સંતાન ઉત્પન્ન કરવાનું કામ.
૮. પું. સુવાવડ; બાળંતર.
૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના કુરુ રાજાના પાંચ પુત્રોમાંનો એ નામનો નાનો પુત્ર.
૧૦. વિ. ઉત્પત્તિ કરનાર; ઉત્પન્ન કરનાર; પેદા કરનાર.

પ્રજનક ૧. [સં.] પું. પૂર્વજ.
૨. વિ. ઉત્પન્ન કરનાર.

પ્રજનન ૧. [સં.] ન. ઉત્પત્તિસ્થાન.
૨. ન. ગર્ભાધાન કરવું તે.
૩. ન. જન્મ.
૪. ન. જન્મ આપવો તે; પ્રસવ થવો તે.
૫. ન. જન્મ દેનાર; પિતા.
૬. ન. ધાત્રીકર્મ.
૭. ન. પુરુષની જનનેંદ્રિય.
૮. ન. યોનિ.
૯. ન. વીર્ય.
૧૦. ન. સંતતિ.
૧૧. ન. સંતાન ઉત્પન્ન કરવાનું કામ.

પ્રજનનક્રિયા [સં.] સ્ત્રી. ગર્ભાધાનનો સંસ્કાર.

પ્રજનનયંત્ર [સં.] ન. વીર્ય તેમજ આર્તવને પેદા કરનાર, ગર્ભને ધારણ કરી તેને યોગ્ય સમયે બહાર ધકેલનાર અવયવોનો સમૂહ. પુરુષમાં પ્રજનનયંત્રના અવયવો: બે વૃષણ, બે વૃષણો, બે શુક્રવાહિનીઓ, બે શુક્રપ્રપિંડાઓ, પૌરુષગ્રંથિ અને બે શિશ્નમૂલિક ગ્રંથિઓ. સ્ત્રીમાં પ્રજનનયંત્રના અવયવો: બે યોનિ, બે બીજકોષો, ગર્ભાશય, બે બીજવાહિનીઓ, બે યોનિદ્વારિક ગ્રંથિઓ. પ્રજનનયંત્રોમાં ગર્ભની ઉત્પત્તિ કરવા માટે મુખ્ય સાધનરૂપ બે ગ્રંથિઓ છે. પુરુષમાં આ ગ્રંથિઓ પેડુના ભાગની ચામડીમાં રહેલી કોથળી વૃષણ નામે ઓળખાય છે. તેમણે બનાવેલા વીર્યને વહી જનારી નળીઓ શુક્રવાહિનીઓ તરીકે ઓળખાય છે. ગર્ભાધાન માટે પુરુષમાં લિંગ છે. સ્ત્રીઓમાં ગર્ભની ઉત્પત્તિ કરવા માટે મુખ્ય સાધનરૂપ જે બે ગ્રંથિઓ છે, તેઓ પેડુની અંદર, ગર્ભાશયની બાજુઓ ઉપર રહેલી કોથળી બીજકોષ નામે ઓળખાય છે. તેમણે બનાવેલા બીજોને વહી જનારી નળીઓ બીજવાહિનીઓ તરીકે ઓળખાય છે, જેઓ ગર્ભાશયની બાજુને લાગેલી છે. બીજકોષો ઇંડા આકારે દેખાતા અષ્ટકણના પદ્મ પ્રકારભૂત છે. ગર્ભાધાન માટે સ્ત્રીઓમાં યોનિ ઉપયોગી છે. ગર્ભાધાન બાદ ગર્ભ ગર્ભાશયમાં ઊછરે છે.

પ્રજનનશક્તિ [સં.] સ્ત્રી. પોતાના જ જેવા બીજા કોઈ ઉત્પન્ન કરવાની કોષની શક્તિ.

પ્રજનનશાસ્ત્ર [સં.] ન. પ્રજોત્પત્તિશાસ્ત્ર; 'યુજેનિક્સ'.

પ્રજનનેચ્છા [સં.] સ્ત્રી. જાતીની ઇચ્છા; સંતાનપ્રાપ્તિની ઇચ્છા.

પ્રજનનેંદ્રિય [સં.] સ્ત્રી. યુજેંદ્રિય; સંતાન ઉત્પન્ન કરવાની ઇંદ્રિય.

પ્રજનિકા [સં.] સ્ત્રી. માતા; મા.

પ્રજનિતા [સં. પ્રજનિતૃ] પું. વડીલ; પૂર્વજ.

પ્રજનિત્રી સ્ત્રી. પૂર્વજ.

પ્રજય [સં.] પું. અત્યંત જય; મોટી જીત.

પ્રજર વિ. કોયલ જેવા મધુર અવાજવાળું.

પ્રજરાજ ૧. પું. બધે પરજના કાઠીનો શિરોમણિ.
૨. સ્ત્રી. કાઠીની બધે પરજની એ નામની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

પ્રજલ્પ ૧. [સં.] પું. બક; નકામી વાત.
૨. પું. પોતાના પ્રિયને પ્રસન્ન કરવા માટે કહેવામાં આવતી વાત; કોઈ પ્રકારની ઉત્તમ કથા.
૩. પું પ્રકૃષ્ટ ભાષણ.
૪ પું. બાળકનું બોલવું તે.
૫. પું. બોલ; ભાષણ.
૬. પું. વાતચીત કરવી તે.
૭. પું. (જૈન) શ્રોતાયુક્ત બકવાદ.
૮. પું.; ન. બકવું તે, બહુ બોલવું તે.

પ્રજલ્પકારક [સં.] ન. બાળક બોલતાં શીખે ત્યારે કરાતો સંસ્કાર.

પ્રજલ્પન ૧. [સં.] ન. બકવું તે; બહુ બોલવું તે.
૨. ન. વાતચીત.

પ્રજવ [સં.] પું. મબો વેગ.

પ્રજવન વિ. અતિશય વેગવાળું; ઉતાવળું.

પ્રજ્વાળવું ૧. [સં. પ્રજ્વલ્] સ. ક્રિ. ચેતાવવું; બાળવું; સળગાવવું; પ્રજ્વલિત કરવું.
૨. સ. ક્રિ. દીપાવવું.

પ્રજ્વી [સં. પ્રજ્વિન્] વિ. બહુ વેગવાળું.

પ્રજ્વલિત ૧. [સં.] પું. ગાર્હપત્ય નામનો અગ્નિ.
૨. પું. પુરાણ.

પ્રજ્વાળવું ૧. [સં. પ્ર + જ્વલ્ (બળવું); પ્રા. પજ્જલ–પજ્જલ] સ. ક્રિ. પ્રકાશવું.
૨. અ ક્રિ. બળવું; સળગવું; તેલબત્તી વગેરેથી બળવું.

પ્રજંઘ ૧. [સં.] પું. (પુરાણ) અંજદે મારેલો રાવણના પક્ષનો એક રાક્ષસ.
૨. પું. (પુરાણ) રામના પક્ષનો એક વાનર. તેણે અંગદ સાથે પ્રહસ્ત વગેરે રાક્ષસોને માર્યા હતા.

પ્રજંત જ. પર્યંત; સુધી; લગી.

પ્રજા ૧. [સં.] સ્ત્રી. એક દેશમાં રહેતા, એક રાજ્યની સત્તા માનતા, સરખા હક્ક ભોગવતા, એક ધર્મ પાળતા ને ઘણું કરીને એક ભાષા બોલતા લોક. રાજ્ય અને રાજકારણમાં કરસાંત શુક્ર સધે છે કે: રાજ્યનો આત્મા પ્રજા છે. માત્ર પ્રદેશથી રાજ્ય નક્કી થતું નથી. પ્રજા રાજ્યનું ઘડતર કરે છે. પ્રજાનું છૂટાછવાયાપણું, ગીચોગીચપણું, તંદુરસ્તી, બુદ્ધિમત્તા વગેરે ઉપરથી રાજ્યનો સ્વભાવ નક્કી થાય છે. રાજ્ય વગર પ્રજા ન હોઈ શકે અને પ્રજા વિનાનું રાજ્ય ન હોઈ શકે. પ્રજા એ જ રાજ્ય છે. રાજ્યમાં રહેતો હોય પરંતુ રાજ્યસંસ્થાનો સભ્ય ન હોય તે પરદેશી અગર બહારનો રહેવાસી ગણાય છે. પરદેશીઓને રાજ્યના વતની કે સભ્ય થવા માટે જુદાં જુદા રાજ્યોએ જુદા જુદા નિયમો અને કાનૂનો કરેલા હોય છે.

અસંખ્ય વિઘ્નનાં રાજ્યો. અસંખ્ય વિઘ્નની પ્રજા; ભિન્ન રાજ્યો પ્રજા વ્યક્તિ, જો જે વિઘ્ન અખંડિત. ગાંધીગીતા

૨. સ્ત્રી. જગત.

૩. સ્ત્રી. જનતા; લોકસમૂહ; લોક; જનસમૂહ.

૪. સ્ત્રી. પ્રકૃતિ; જન્ય; માણસ.

૫. સ્ત્રી. પ્રાણીમાત્ર.

૬. સ્ત્રી. ભાવ; વિચાર.

૭. સ્ત્રી. માનવવંશશાસ્ત્રની રીતે એકસરખો લોકસમૂહ.

૮. સ્ત્રી. રાજ્યના રહેવાસી લોક; રૈયત; રાજ્યના ધારાને માન આપનારા લોક; એક રાજ્યના તાબામાં આવતા એક રાજ્યની અંદર રહેતો જનસમૂહ; એક સંસ્કૃતિ અને ઐક્યભાવવાળો લોકસમૂહ; એક રાષ્ટ્રની જનતા.

૯. સ્ત્રી. રાજ્યની આઠ અંગેની એક પ્રકૃતિ.

૧૦. [સં. પ્રજન્ (જન્મવું)] સ્ત્રી. લોકો. આપણા કથાનકોમાં પ્રાચીન કાળથી કેટલીક અમાનુષી પ્રજા કે વ્યક્તિઓનાં નામ વારંવાર આવ્યા કરે છે. દૃષ્ટાંત તરીકે: (૧) અપ્સરા, (૨) અસુર, (૩) ઋક્ષ, (૪) દૈત્ય, (૫) દાનવ, (૬) દસ્યુ, (૭) નાગ, (૮) ગાંધર્વ, (૯) ગુહ્યક, (૧૦) કિન્નર, (૧૧) કુંભાંડ, (૧૨) કુષ્માંડ, (૧૩) નાગ, (૧૪) વિદ્યાધ્ર, (૧૫) રાક્ષસ, (૧૬) સિદ્ધ, (૧૭) વૈતાળ, (૧૮) વિદ્યાધર, (૧૯) યક્ષ, (૨૦) યાતુધાન વગેરે. અસુર, દૈત્ય, દાનવ મુખ્યત્વે દેવોના દુશ્મન તરીકે આર્યોના પણ દુશ્મન હતા. ગાંધર્વ, અપ્સરા, નાગ, કિન્નર, યક્ષ, ગુહ્યક એ વ્યક્તિઓ દેવોના સાથમાં રહી દેવોની સેવા કરી માનવોની ઘણુંખરું મૈત્રી સાધનાર ગણાય છે. સિદ્ધ અને વિદ્યાધર સ્વતંત્ર માનવેતર જાત તરીકે માનવકલ્યાણ ચાહતી વ્યક્તિઓ લાગે છે. જ્યારે નાગ કદી માનવવિરોધી અને કદી માનવમિત્ર તરીકે દેખાય છે. આર્યો અને નાગના લગ્નસંબંધ જાણીતા છે. અર્જુન અને ઉલુપીનો પ્રસંગ મહાભારતે વર્ણવ્યો છે. રાક્ષસ, પિશાચ, વેતાળ, ભૂત, દસ્યુ, કુષ્માંડ, યાતુધાન જેવા નામધારી ઘણું ઘણુંખરું માનવવિરોધી સમૂહો તરીકે ઓળખાયાં છે. એ સર્વમાં માનવી કરતાં કૈંક વધારે દિવ્ય કે મેલી શક્તિ હોય એમ પણ કલ્પના છે.

૧૧. સ્ત્રી. વસવાયા લોક. ભારતવર્ષનાં ગામડાંમાં તે લોકો પગાર વગર જ શ્રમ કરે છે. એવા લોકોને કોઈ વખત કોઈ ઉત્સવ ઉપર અથવા લગ્નપ્રસંગે કંઈક ભેટ આપવામાં આવે છે. વાળંદ, ભાટ, નટ, સુથાર, કુંભાર, ચમાર, ધોબી વગેરેની મજૂરી આ પ્રજામાં આવે છે.

૧૨. સ્ત્રી. શરીર.

૧૩. સ્ત્રી. સંતતિ; પરિવાર; સંતાન; બોલાદ; છોકરાંછૈયાં.

૧. પ્રજા થવી = સંતાન થવું.

૨. પ્રજા હોવી = સંતતિ હોવી.

૩. જ્યાં રાજા તથા પ્રજા = જેવા આચારવિચારનો રાજા હોય તેવા આચારવિચારવાળી તેની રૈયત હોય; બાપ તેવા બેટા.

૧૪. સ્ત્રી. સંતાનવાળી સ્ત્રી.

પ્રજાકર ૧. પું. તલવાર.

૨. પું. બકરો.

૩. વિ. પ્રજા ઉત્પન્ન કરનાર.

પ્રજાકામ [સં.] વિ. સંતાનની ઇચ્છાવાળું.

પ્રજાપતિ પ્રજાકામ અર્થાત્ પ્રજાની ઇચ્છાવાળા થયા તેણે તપ તપ્યું તે પુરુષપ્રકૃતિનું યુગલ ઉત્પન્ન્યું. પ્રશ્નોપનિષદ

પ્રજાકાર ૧. [સં.] પું. બકરો; પ્રજાપતિ.

૨. વિ પ્રજા ઉત્પન્ન કરનાર.

પ્રજાકીય વિ. પ્રજાને લગતું; પ્રજાનું.

પ્રજાની પ્રકૃતિ ખૂબ, એ બલવાની હોય છે; કરીએતો પ્રજાકીય કાર્યમાં ચોજ્યા પણ. ગાંધીગીતા

પ્રજાક્ષોભ [સં.] પું. પ્રજાનો બળવાખોર.

પ્રજાગર ૧. [સં.] પું. ઉજાગરો; જાગરણ; જાગવું તે.

૨. પું. ઊંઘ નહિ આવવાનો રોગ.

૩. પું. પ્રાણુ.

૪. પું. વિષ્ણુ. પ્રાણીમાત્રને સુષુપ્તિમાંથી જગાડનાર, સર્વત્રણ જાગ્રત અવસ્થામાં રહેનાર અને સર્વજ્ઞ ચેતન રહેનાર હોવાથી વિષ્ણુને પ્રજાગર કહે છે.

૫. વિ. ઊંઘ; ઊંઘ રહિત.

પ્રજાગરણ [સં.] જ. જાગરણ; ઉજાગરો; જાગવું તે.

પ્રજાગરા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

પ્રજાગીત [સં.] જ. રાષ્ટ્રગીત.

પ્રજાજન [સં.] પું ;જ. પ્રજાનાં માણસો; રૈયત વર્ગનાં માણસો; લોકસમુદાય; જનસમૂહ.

પ્રજાજનક ૧. [સં.] પું. બકરો.

૨. વિ. પ્રજા ઉત્પન્ન કરનાર.

પ્રજાજીવન [સં.] જ. પ્રજાનું જીવતર; લોકની રહેણીકરણી; સમગ્ર પ્રજાનું જીવન.

પ્રજાત ૧. પું. જે નામની એક જાતનો મોટો.

૨. [સં.] વિ. જન્મેલું; ઉત્પન્ન થયેલું; જન્મ પામેલું; ઉત્તમ રીતે પેદા થયેલ.

પ્રજાતંતુ ૧. [સં.] જ. જીવબીજ.

૨. જ. વંશ; કુલ.

૩. જ. સંતાન; છોકરું.

પ્રજાતંત્ર [સં.] જ. પ્રજાસત્તાક રાજ્યતંત્ર; બહુતંત્ર; 'રિપબ્લિક'. આ જાતની શાસનવ્યવસ્થામાં કોઈ રાજા ન હોય, પરંતુ રાજ્યવહીવટ માટે કોઈ એક વ્યક્તિને ચૂંટી કાઢવામાં આવે. એવી અવસ્થામાં તે ચૂંટાયેલ વ્યક્તિને સામાન્ય રીતે રાજાના જેવા જ અધિકાર હોય છે અને તે પ્રજાની ચૂંટેલી કોઈ સભા કે સમિતિની સહાયતાથી અમુક નિશ્ચિત સમય સુધી શાસનનો બધો પ્રબંધ કરે.

પ્રજાતંત્રરાજ્ય [સં.] જ. રાજા વગરનું રાજ્ય; પ્રજામતથી ચાલતું રાજ્ય.

પ્રજાતંત્રવાદ [સં.] પું. એક રાજકીય વાદ; પ્રજાના વહીવટવાળા રાજ્યનો સિદ્ધાંત.

પ્રજાતંત્રશિક્ષણ [સં.] જ. પૌરધર્મ; પૌરશાસ્ત્ર.

પ્રજાતા ૧. [સં.] સ્ત્રી. જેને એકથી વધારે સુવાવડ થઈ હોય તેવી સ્ત્રી.

૨. સ્ત્રી. સુવાવડી સ્ત્રી; પ્રસૂતા; જેણે તાજેતરમાં જણેલું હોય એવી સ્ત્રી.

પ્રજાતિ ૧. [સં.] પું. (પુરાણ) પ્રાંશુ રાજાનો એ નામનો પુત્ર.

૨. સ્ત્રી. પ્રજોત્પત્તિની ક્રિયા.

૩. જ. જન્મ; ઉત્પત્તિ

૪. જ. પ્રજાની ઉત્પત્તિનું કારણ.

પ્રજાતી [સં.] સ્ત્રી. એક જાતની મોટી.

પ્રજાતીર્થ [સં.] ન. પુત્રજન્મ વખતે પુરુષ કરવાનો વખત.

પ્રજાત્વ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક ઉપયોગ.
૨. ન. એક પ્રજા હોવાનો ભાવ.
૩. ન. દેશજનતા.

પ્રજાદ [સં.] વિ. પ્રજા આપનાર; છોકરા દેનાર.

પ્રજાદા [સં.] સ્ત્રી. ગર્ભધારણી; ગર્ભદા નામની વનસ્પતિ. તેથી વાઝિયાપણું દૂર થતું મનાય છે.

પ્રજાદાન ૧. [સં.] ન. પ્રજાનું દાન.
૨. ન. પ્રજાનું લેવું તે.
૩. ન. રૂપું; ચાંદી.

પ્રજાદ્રોહી [સં. પ્રજાદ્રોહિન્] વિ. પ્રજાનો દ્રોહ કરનાર; પ્રજાનું બૂરું કરનાર.

પ્રજાદ્વાર ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. સંતાન ઉત્પન્ન કરવાનું સાધન અથવા ઉપાય.
૩. પું. સૂર્ય

પ્રજાધન ૧. [સં.] ન. પ્રજાનું દ્રવ્ય.
૨. ન. પ્રજારૂપી ધન.

પ્રજાધર્મ ૧. [સં.] પું. પ્રજાનો ધર્મ; સંતતિનો ધર્મ.
૨. પું. રાજભક્તિ; વફાદારી; સ્વામીભક્તિ; રાજનિષ્ઠા.
૩. પું. વૈષ્ણવની દ્વારજ.

પ્રજાધિપત્યવાદી [સં. પ્રજાધિપત્યવાદિન્] પું. પ્રજાના અધિપતિપણામાં માનનાર આયુસ.

પ્રજાધીન [સં. પ્રજા + અધીન (તાબે)] વિ. પ્રજાને આધીન; લોકમતને આધીન.

પ્રજાધીનરાજ્યતંત્ર [સં.] ન. જેનું તંત્ર પ્રજાને તાબે હોય તેવું રાજ્ય.

પ્રજાધ્યક્ષ ૧. [સં.] પું. પ્રજાનો મુખી.
૨. પું. પ્રજાપતિ.
૩. પું. સૂર્ય.

પ્રજાનાથ ૧. [સં.] પું. દક્ષ.
૨. પું. બ્રહ્મા.
૩. પું. મનુ.
૪. પું. રાજા; નૃપ.

પ્રજાનિયત વિ. પ્રજાને બધી રીતે જવાબદાર હોય એવું

પ્રજાપ [સં. પ્રજા (વૈશ્ય) + પ (પાળનાર)] પું. રાજા; નૃપ.

પ્રજાપક્ષ [સં.] પું. રાજાનો પક્ષ.

પ્રજાપક્ષી [સં. પ્રજાપક્ષિન્] વિ. પ્રજાના પક્ષનું.

પ્રજાપટ્ટ [સં.] પું. પ્રજારૂપી વસ્ત્ર.

પ્રજાપત ૧. [સં. પ્રજાપતિ] પું. કુંભાર.
૨. પું. દેવોનો સુતાર; વિશ્વકર્મા.
૩. પું. બ્રહ્મા.
૪. પું. રાજા.

પ્રજાપતિ ૧. [સં.] પું. ભાગ્ર.
૨. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક યોગ.
૩. પું. અથર્વવેદનો એક ઋષિ.
૪. પું. બ્રહ્મચારીનો એક.
૫. પું. બ્રાહ્મ માંહેના એક પ્રકારનો વિવાહ.
૬. પું. એક જાતનો ઠીકરો.
૭. પું. (જ્યોતિષ) બ્રહ્મહત્યાની પ્રજાને આવેલો એક નારીક તારો.
૮. પું. એક પ્રકારનો યજ્ઞ.
૯. પું. જ્યોતિષીઓના મુહૂર્તનું નામ.
૧૦. પું. કુંભાર.
૧૧. પું. કૃત્તિકા નક્ષત્રનો સ્વામી દેવતા.
૧૨. પું. સપ્તર્ષિના ચોવીસ માંહેનો એક દેવતા.
૧૩. પું. ઘરનો માલિક; વડીલ.
૧૪. પું. વિષ્ણુનું નામ.
૧૫. પું. જૈનોના આદિ તીર્થંકર ઋષભદેવ. તેમને આદીશ્વર, બ્રહ્મા, પ્રજાપતિ, જગતસ્વામી ઇત્યાદિ અનેક નામોવડે ઓળખવામાં આવે છે.
૧૭. પું. દક્ષ પ્રજાપતિ.
૧૮. પું. દક્ષ દેવી પુરુષોને બ્રહ્મહાનું એક ઉપનામ. તેઓને બ્રહ્માએ પહેલાં ઉત્પન્ન કર્યા હતા એમ મનાય છે.
૧૯. પું. દેવોનો સુતાર; વિશ્વકર્મા; ત્વષ્ટા.
૨૦ પું. પરમેશ્વર.
૨૧. પું. પિતા.
૨૨. પું. પ્રજાને ઉત્પન્ન કરી પાળનાર આયુસ.
૨૩ પું [redacted]
૨૪. પું. ભમરો.
૨૫. પું. મનુ
૨૬. પું. યજ્ઞ.
૨૭. પું. રાજા નૃપ.
૨૮. પું. રોહિણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા.
૨૯ પું. વિષ્ણુ.
૩૦. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.
૩૧. પું. સાઠ માંહેનો એ નામનો એક સંવત્સર.
૩૨. પું. સામવેદનો એક ઋષિ.
૩૩. પું. સૂર્ય.
૩૪. પું. (જ્યોતિષ) સપ્તમાનનો એક ગ્રહ; ' યુરેનસ '. તેની કક્ષા વિષુવવૃત્તાકાશ ૧૦૦ અંશ ૨૦ કળા છે. તેના પૃષ્ઠભાગનું ગાર્હસ્થ્ય પૃથ્વીનું ૬ છે. કક્ષામાં સેકંડે વેગ ૪·૨ માઈલ છે. તેનો આકાર ગોટલે બનાવ્યો પૃથ્વીનું ૬૪ પટ છે. તેનું દ્રવ્ય પૃથ્વીનું ૧૪ પટ છે. સૂર્યબિંબ પ્રકાશ ઉષ્ણતા પૃથ્વીની ૬૦૦ છે. તેનો મધ્યભાસ ૩૧,૭૦૦ માઈલ છે. તેની ઘનતા પાણીથી ૧·૨૮ પટ છે અને પૃથ્વીથી ·૨૩ છે. તેનો અક્ષ પ્રદક્ષિણા કાળ જણાયો નથી. તેનો નક્ષ પ્રદક્ષિણાકાળ ૮૪ વર્ષ, ૭ દિવસ છે. સૂર્યથી તેનું મધ્યમ અંતર ૧૭,૩૧૦ લાખ માઈલ અને પૃથ્વીથી તેનું અંતર ૧૦,૪૧૬ લાખ માઈલ છે. તેની કક્ષા કેન્દ્ર ગતિ ·૦૪૧૪ છે અને વિક્ષેપ ૪૬ કળા છે.

૩૫. પું. સૃષ્ટિની ઉત્પત્તિનો અધિષ્ઠાતા દેવ; સૃષ્ટિકર્તા. વેદો અને ઉપનિષદોથી માંડીને પુરાણ સુધીમાં પ્રજાપતિના સંબંધમાં અનેક જાતની કથાઓ આવી આવેલી છે. વૈદિક કાળમાં પ્રજાપતિ એક વૈદિક દેવતા હતા અને તે બ્રહ્માના પુત્ર તથા સૃષ્ટિકર્તા માનવામાં આવતા હતા. તૈત્તિરીય બ્રાહ્મણમાં લખ્યું છે કે: બ્રહ્માના પુત્ર પ્રજાપતિ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માંડ્યે વર્ષ ભિન્ન ભિન્ન શરીરોમાં બંધાઈ ગયા હતા અને દેવતાઓએ એક અશ્વમેધ યજ્ઞ કરી તેમને શરીરથી મુક્ત કર્યા હતા. ઐતરેય બ્રાહ્મણમાં લખ્યું છે કે: પ્રજાપતિએ પોતાની ઉષા નામની પુત્રી સાથે સમાગમ કર્યો હતો, જેથી મૃગ નક્ષત્રની ઉત્પત્તિ થઈ હતી અને તે પોતે અને ઉષા બંને મળી રોહિણી નામના નક્ષત્રના રૂપમાં બદલાઈ ગયાં હતાં. છાંદોગ્ય ઉપનિષદમાં લખ્યું છે કે: ઇંદ્રે પ્રજાપતિ પાસેથી સૂક્ષ્મ આત્મજ્ઞાન અને વૈરોચને સ્થૂળ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પુરુષમેધ યજ્ઞમાં પ્રજાપતિ આગળ પુરુષનું બલિદાન આપવામાં આવે છે. પુરાણોમાં બ્રહ્માના પુત્ર અનેક પ્રજાપતિઓનો ઉલ્લેખ છે. કેટલેક ઠેકાણે દક્ષ પ્રજાપતિ કહેલા છે: (૧) મરીચિ, (૨) અત્રિ, (૩) અંગિરા, (૪) પુલસ્ત્ય, (૫) પુલહ, (૬) ક્રતુ, (૭) પ્રચેતા, (૮) વસિષ્ઠ, (૯) ભૃગુ અને (૧૦) નારદ. કેટલેક ઠેકાણે ૨૧ પ્રજાપતિ જણાવેલ છે: (૧) બ્રહ્મા, (૨) મરીચિ, (૩) મનુ. (૪) દક્ષ, (૫) ભૃગુ, (૬) ધર્મરાજ, (૭) યમરાજ, (૮) મરીચિ, (૯) અંગિરા, (૧૦) અત્રિ, (૧૧) પુલસ્ત્ય, (૧૨) પુલહ, (૧૩) ક્રતુ, (૧૪) વસિષ્ઠ, (૧૫) પરમેષ્ઠી, (૧૬) વિવસ્વાન, (૧૭) સોમ, (૧૮) કર્દમ, (૧૯) ક્રોધ, (૨૦) કર્દાકૂ અને (૨૧) ક્રોત. અમરકોષમાં પ્રજાપતિના નીચે મુજબ પર્યાયો આપ્યા છે: બ્રહ્મા, આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, હિરણ્ય, લોકેશ, સ્વયંભૂ, ચતુરાનન, ધાતા, જન્મયોનિ, કુબ્જિ, વિરંચિ, કમલાસન, સ્રષ્ટા,

વેધા, વિધાતા, વિશ્વસૃજ, વિધિ, નાભિજન્મ, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, રજોમૂર્તિ, સાત્ત્વિક.

ટિપ્પણ્યો-પ્રજાપતિનું સૂક્ત સમજવાનું પ્રજાપતિ, એ કહેવલી કહે છે તેમ, પ્રકૃતિ અને નીતિ અથવા દેવો અને અસુરો એ બંનેનો અંતરમાં સમાવેશ કરતી અને બંનેથી અધિકતર વિશ્વવ્યાપક શક્તિ એમ ધ્રુવ સાહેબે પ્રસ્તાવ કર્યો છે. રતિલાલ મોહનલાલ

પ્રજાપતિપરમેષ્ઠી [સં. પ્રજાપતિપરમેષ્ઠિન્] પું. ઋગ્વેદના દશમા મંડલનું ૧૨૯મું સૂક્ત રચનાર એક ઋષિ.

પ્રજાપતિવાચ્ય [સં.] પું. ઋગ્વેદના નવમા મંડલનું ૮૪મું સૂક્ત રચનાર એક ઋષિ.

પ્રજાપતિવ્રત ન. પ્રજા ઉત્પન્ન કરવાનું વ્રત.

જે બ્રાહ્મણો પ્રજાપતિવ્રત અર્થાત્ પ્રજા ઉત્પન્ન કરવાનું વ્રત શાસ્ત્રીય નિયમ પાળે છે, તેઓ જ પુત્રપુત્રીરૂપે મિથુન અર્થાત્ યુગલ પ્રજાને ઉપલબ્ધી રાકે છે. તાત્પર્ય કે, વિધિપૂર્વકનો સ્ત્રીસંયોગ સુસંતતિને ઉપલબ્ધ કરવામાં સમર્થ થાય. પ્રશ્નોપનિષદ

પ્રજાપતિસત્ર [સં.] પું. બાર વર્ષ સુધી ચાલતો પ્રાચીન સમયનો એક યજ્ઞ.

પ્રજાપતિહૃદય [સં.] ન. તે નામે સામવેદનો એક વિભાગ.

પ્રજાપતી જી. ગૌતમ બુદ્ધને પાળનારી ગૌતમીનું નામ.

પ્રજાપત્ય ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ નક્ષત્રોનો એ નામનો એક યોગ.

૨. પું. આઠ નક્ષત્રોના એ નામના એક પ્રકારનો વિવાહ.

૩. પું. રાત્રિદિવસના ત્રીસ મુહૂર્તોનું એ નામનું એક મુહૂર્ત.

પ્રજાપત્યહસ્ત પું. (શિલ્પ) પચીસ આંગળનું માપ.

પ્રજાપાલ ૧. [સં.] પું. પ્રજાનું પાલન કરનાર રાજા; નૃપ.

૨. પું વિષ્ણુ.

પ્રજાપાલક [સં.] પું. રાજા.

પ્રજાપાલન ૧. [સં.] પું. પ્રજાનું પાલન કરવું તે; પ્રજાની રક્ષા કરવી અને સંભાળ રાખવી તે.

૨. પું. પ્રજાને સુખી અને સંતોષી રાખી તેનું રક્ષણ કરવાનું રાજાનું ક.મ.

પ્રજાપાલ્ય ૧. [સં.] ન. પ્રજાના પાલનરૂપ રાજાનું કર્મ.

૨. ન. રાજપણું.

પ્રજાપાળક જુઓ પ્રજાપાલક.

પ્રજાપીડક (પ્રજાપીડક) [સં.] વિ. પ્રજા ઉપર જુલમ ગુજારનાર.

પ્રજાપીડન (પ્રજાપીડન) [સં.] ન. પ્રજાને પીડવી તે; પ્રજાને દુઃખ દેવું તે.

પ્રજાપ્રભુત્વ [સં.] ન. સ્વરાજ્ય; પ્રજાધીન રાજ્યતંત્ર.

પ્રજાપ્રભુત્વપક્ષ [સં.] પું. પ્રજાસત્તાક રાજ્યની તરફેણ કરનાર પક્ષ.

પ્રજાપ્રભુત્વપક્ષાવલંબી [સં. પ્રજા + પ્રભુત્વ (માલિકી) + પક્ષ + અવલંબિન્ (આલંબન કરનાર)] પું. પ્રજાસત્તાક રાજ્યની બંડણીનો માણસ.

પ્રજાપ્રભુત્વવાદ [સં.] પું. પ્રજાસત્તાક રાજ્યમાં માનવું તે.

પ્રજાપ્રભુત્વવાદી [સં. પ્રજાપ્રભુત્વવાદિન્] પું. પ્રજાસત્તાક રાજ્ય પસંદ કરનાર માણસ.

પ્રજાપ્રિય [સં.] વિ. પ્રજાને વહાલું હોય એવું; લોકપ્રિય.

પ્રજાપ્રેમી [સં. પ્રજાપ્રેમિન્] વિ. પ્રજા ઉપર જેને પ્રેમ હોય એવું.

પ્રજાબીજ [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

પ્રજાભવ પું. વિષ્ણુ. સર્વ પ્રજાને ઉત્પન્ન કરનારા અને પ્રજારૂપે ઉત્પન્ન થનારા પણ હોવાથી વિષ્ણુ પ્રજાભવ કહેવાય છે.

પ્રજાભાવ [સં.] પું. રાષ્ટ્રીયતા; પ્રજાસ્મિતા.

પ્રજાભાષા [સં.] જી. રાષ્ટ્રભાષા.

પ્રજાભિમાન [સં.] ન. રાષ્ટ્રવાદ; રાષ્ટ્રીયવાદ.

પ્રજામત પું. લોકમત; રૈયતનો મત.

પ્રજામતવાદ પું. પ્રજામત સંબંધનો સિદ્ધાંત.

પ્રજામતવાદી [સં. પ્રજામતવાદિન્] વિ. પ્રજામતમાં માનનાર.

પ્રજામતિ પું. એ નામે એક સંવત્સર; બ્રહ્માની વીશીનો પાંચમો સંવત્સર.

પ્રજામંડલ [સં.] ન. વસ્તીમાંથી ચૂંટાયેલાઓનું મંડળ.

પ્રજામંડળ જુઓ પ્રજામંડલ.

પ્રજામાન્ય [સં.] વિ. પ્રજાનું માનીતું; પ્રજામાં માન પામેલું.

પ્રજાયિત્નુ [સં.] જી. ઘણાં છોકરાંની મા; બહોળા વિસ્તારવાળી સ્ત્રી.

પ્રજાવિની [સં.] જી. મા.

પ્રજારંજન [સં.] ન. પ્રજાને ખુશ કરવી તે.

પ્રજારાજ્ય [સં.] ન. જેમાં એક વ્યક્તિની નહિ પણ આખી પ્રજાની સત્તા હોય એવું રાજ્ય; લોકશાહી રાજ્ય.

પ્રજાલક્ષ્મી ૧. જી. પ્રજારૂપી લક્ષ્મી.

૨. [સં.] જી. પ્રજાધર્મનો પૈસો.

પ્રજાલક્ષ્ય વિ. પ્રજાપણનાર; પાળનાર; દુઃખ દેનાર.

પ્રજાલોક ન. પ્રજાસત્તાક રાજ્ય.

પ્રજાવતી ૧. [સં.] જી. છોકરાવાળી સ્ત્રી; સંતાનવાળી સ્ત્રી; ઘણાં છોકરાંની મા.

૨. જી. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન; લિંગ.

૩. જી (પુરાણ) પ્રિયવ્રત રાજાની સ્ત્રીનું નામ.

૪. જી. ભાભી; મોટાભાઈની સ્ત્રી; જોજાર્ય.

૫. જી. સગર્ભા; ગર્ભવતી સ્ત્રી.

૬. વિ. સ્ત્રી. છોકરાંવાળી.

પ્રજાવંત વિ. પ્રજાવાળું.

પ્રજાવાદ [સં.] પું. રાજ્યનું તંત્ર પ્રજાના હાથમાં હોવું જોઈએ એવો સિદ્ધાંત.

પ્રજાવાદી ૧. [સં. પ્રજાવાદિન્] વિ. પ્રજાની સત્તામાં માનનાર; રાજ્યનું તંત્ર પ્રજાના હાથમાં જ હોવું જોઈએ એવું માનનાર.

૨. વિ. પ્રજાહકનું રક્ષણ કરનાર.

પ્રજાવાન ૧. [સં. પ્રજાવત્] પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૮૩મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. વિ. પ્રજાવાળું.

પ્રજાવિગ્રહ [સં.] પું. દેહવિગ્રહ; આત્મવિગ્રહ; આંતરયુદ્ધ; આન્તરસ્થ યુદ્ધ; અંદરોઅંદરની લડાઈ; યાદવાસ્થળી.

પ્રજાવિધાયક [સં.] વિ. પ્રજા ઘડનાર.

પ્રજાવૃદ્ધિ ૧. [સં.] જી. પ્રજાની વૃદ્ધિ; પ્રજાની આબાદી.

૨. જી. રૈયતનો વધારો.

૩. જી. સંતાનોમાં વધારો; સંતતિમાં વધારો.

પ્રજાવ્યક્તિત્વ [સં.] ન. પ્રજા તરીકેનું ભિન્નત્વ; પ્રજા તરીકેનાં ખાસ લક્ષણ.

પ્રજાશાસક [સં.] વિ. લોકશાસક.

પ્રજાશાસન [સં.] ન. પ્રજાતંત્ર; પ્રજાસત્તાક રાજ્ય.

પ્રજાશાહી ૧. જી. પ્રજાશાસન; લોકશાસન, પ્રજાતંત્ર; ડેમોક્રસિ.

૨. વિ. લોકશાહી સંબંધી.

પ્રજાશાહીવાદ પું. પ્રજાતંત્રવાદ.

પ્રજાશાહીવાદી વિ. પ્રજાશાહીમાં માનનાર

પ્રજાશોષણ વિ. પ્રજાને શોષવું તે; પ્રજાને ચૂસવી તે.

પ્રજાસત્તાક ૧. વિ. પ્રજાની સત્તાનું હોય એવું; જેમાં પ્રજાનો બહુમત એ જ સત્તા ગણાય એવું; પ્રજાના વહીવટવાળું; પ્રજાની સત્તાથી ચાલતું. રાજ્ય અને રાજકારણમાં હરકોઈ શુભ્ર થયે છે કે: રાજસત્તાક, ઉમરાવસત્તાક અને પ્રજાસત્તાક રાજ્યો રાજ્યનાં સ્વાભાવિક સ્વરૂપ છે અને તેના વિકૃત સ્વરૂપમાં આપખુદ ખુલમી રાજ્ય, મુઠીભર ઉમરાવોનું રાજ્ય અને ધનવાન માણસોનું રાજ્ય છે.

૧. પ્રજાસત્તાક ભારતનું હિંદનું પ્રતીક = સ્વતંત્ર હિંદનું રાજચિહ્ન. ભારતની બંધારણસભાએ ભારતના જે પ્રતીક રાજચિહ્નનો સ્વીકાર કર્યો છે, તે ભારતની સંસ્કૃતિનું પણ પ્રતીક છે. આ રાજચિહ્નનું શિખર એક ચોરસ શિલા ઉપર ઊભેલા ત્રણ સિંહોનું બનેલું છે. ચોરસ શિલા ઉપર વચમાં ધર્મચક્ર, ડાબી બાજુએ બોધો અને જમણી બાજુએ એક આખલા અથવા વૃષભની આકૃતિઓ ઉપસાવવામાં આવેલી છે. ડાબી ને જમણી બાજુ ઉપર છેક ધર્મચક્રોની કિનારી દેખાય છે. શિખરની નીચે સત્યમેવ જયતે। નો મુદ્રાલેખ ઉમેરવામાં આવ્યો છે. આ મુદ્રાલેખ ભારતના પ્રાચીન ધર્મગ્રંથ મુંડકોપનિષદમાંથી લેવામાં આવ્યો છે. મહાત્મા ગાંધીજીના મુખ્ય સિદ્ધાંતનો ભાવ આ મુદ્રાલેખમાંથી નીકળે છે. તે સર્વ ધર્મના લોકોને સ્વીકાર્ય છે. સમ્રાટ અશોક સાથે સંબંધ ધરાવતો સારનાથનો આ સિંહસ્તંભ ઈ. સ. પૂર્વે બીજા શતકનો છે. જેમાંથી ભગવાન બુદ્ધે આખા જગતને ઉદ્દેશીને પ્રેમ અને અહિંસાનો પહેલો ઉપદેશ કર્યો હતો, તે સ્થળના સ્મારક તરીકે આ સ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો. પંડિત નેહરુના મત પ્રમાણે એ એક એવો આંતરરાષ્ટ્રીય યુગ હતો કે જ્યારે ભારતના પ્રતિનિધિઓ ગાંધીવાદ કે સામ્રાજ્યવાદના નહિ, પરંતુ શાંતિ, સંસ્કૃતિ અને શુભેચ્છાના સંદેશવાહકો તરીકે બીજા દેશોમાં ગયા હતા. સારનાથના સિંહસ્તંભની ભારતના પ્રતીક તરીકે પસંદગી કરીને ભારતના વિશ્વબંધુત્વ ને વિશ્વશાંતિના આદર્શો મૂર્ત કરવામાં આવ્યા છે. તેમ જ એ ભારતના પ્રાચીન વારસા, સહિષ્ણુતાની ભાવના ને મહાત્મા ગાંધીજીના ઉપદેશને જગતી રાખવાના ભારતના નિશ્ચય સાથે સુસંગત છે. પ્રતીકની ચોરસ શિલા ઉપરનું ધર્મચક્ર ધર્મ અથવા કાયદાના ચક્રનું પ્રતીક છે. જેની ભાવના એ છે કે, ધર્મ અથવા કાયદો રાજાઓનો પણ રાજા છે ને તેને રાજાએ પણ આધીન રહેવું પડે છે. આ ધર્મચક્ર ભારતના રાષ્ટ્રધ્વજ ઉપર પણ અંકિત કરવામાં આવ્યું છે.

૨. પ્રજાસત્તાક ભારતનો ધ્વજ = ભારતની સ્વતંત્રતા સૂચક ધ્વજ. એ ધ્વજની પાછળ મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળની સ્વતંત્રતા માટેની અહિંસક લડતની તેજસ્વી કથા ગૂંથાયેલી છે. મહાત્મા ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૧માં અસહકારની ચળવળ શરૂ કરી, ત્યારથી રેંટિયાની આકૃતિવાળો સ્વતંત્રતાના પ્રતીક સમો ત્રિરંગી ધ્વજ ફરકાવવામાં આવતો હતો. આ ધ્વજ ઉપર કેસરી, સફેદ ને લીલો એમ ત્રણ રંગો હતા. હિંદની રાષ્ટ્રીય મહાસભાએ ઈ. સ. ૧૯૩૧માં ધ્વજના રંગોમાં ફેરફાર કરી આ રંગોને કેસરી, સફેદ અને લીલો એમ ક્રમ આપ્યો હતો. તેના સફેદ પટ્ટા ઉપર આસમાની રંગના રેંટિયાની આકૃતિ રાખી હતી. આ ધ્વજ ઈ. સ. ૧૯૩૩માં મહાસભાએ રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકાર્યો હતો. આ ધ્વજનો જ્યારે રાજના ધ્વજ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો ત્યારે રેંટિયાનું સ્થાન લેવી ઘેરા રંગના અશોકચક્રે અથવા ધર્મચક્રે લીધું છે. સારનાથના સિંહની જેવું નીચેનું આ ધર્મચક્ર રેંટિયાને મળતું આવે છે, કલાત્મક છે ને તે ભારતની પ્રાચીન સંસ્કૃતિનું પ્રતીક પણ છે. આ ધર્મચક્ર સદા ફરતું જ રહે છે. જે ફરતું હોય તે જીવંત અને સ્થિરતા એટલે મૃત્યુ એવી ભાવનાનું એ સૂચક છે. બંધારણસભામાં ૨૨મી જુલાઈ, ૧૯૪૭ને દિને ભારતના આ ત્રિરંગી ધ્વજનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. બંધારણસભાની ૧૯૪૭ના ઑગસ્ટની ૧૪મી તારીખે મધરાતે મળેલી ઐતિહાસિક સભામાં આ ધ્વજ ભારતની અબલાઓએ રાષ્ટ્રને અર્પણ કર્યો હતો. પ્રજાસત્તાક ભારતના આ રાષ્ટ્રધ્વજ અંગે પંડિત જવાહરલાલ નેહરુએ જણાવ્યું હતું કે: આ ધ્વજ કોઈ શહેનશાહતનો ધ્વજ નથી, તેમ એ ગાંધીવાદનો પણ ધ્વજ નથી, પરંતુ એ સ્વતંત્રતાનો ધ્વજ છે. એ આપણા સ્વાતંત્ર્યનો ધ્વજ છે એટલું જ નહિ, પણ જે જે લોકો એનું દર્શન કરે તેમની સ્વતંત્રતાનું પણ એ પ્રતીક છે.

૨. વિ. પ્રજાસત્તાક રાજ્ય પસંદ કરે તેવું; પ્રજાસત્તાક રાજ્યની માંગણીનું.

પ્રજાસત્તાકરાજ્ય ન. પ્રજાની સત્તા ચાલતી હોય તેવું રાજ્ય; લોકશાસનવાળું રાજ્ય; જ્યાં વંશપરંપરાના એક રાજાની અથવા કોઈ પણ એક સમર્થ પુરુષની સત્તા નથી મનાતી પણ દેશના સર્વ લોક પોતાના એકત્ર વિચારથી ધારા બાંધી, એ ધારાની જ સત્તાને માનનાર રાજ્ય.

પ્રજાસત્તાત્મક [સં.] વિ. પ્રજાસત્તાક.

પ્રજાસત્તાવાદ [સં.] પું. પ્રજાની સત્તામાં માનવું તે.

પ્રજાસત્તાવાદી [સં. પ્રજાસત્તાવાદિન્] વિ. પ્રજાની સત્તામાં માનનાર.

પ્રજાસમષ્ટિ [સં.] સ્ત્રી. સર્વ પ્રજા.

પ્રજાસમષ્ટિરૂપરાજતંત્ર ન. પ્રજાસત્તાકના જેવું રાજ્યતંત્ર; 'સોવિએટ'.

પ્રજાસમુદાય [સં.] પું. પ્રજાનો સમૂહ; પ્રજાવર્ગ; પ્રજાસંઘ.

પ્રજાસર્ગ [સં.] ન. પ્રજનન; સંતાનોત્પાદન; જીવનું પોતાના જેવા બીજા જીવને પેદા કરવું તે.

પ્રજાસંઘ ૧. [સં.] પું. એકમત થયેલી પ્રજાનો સમુદાય.

૨. પું. પ્રજાઓનો સમુદાય.

પ્રજાસંપત્તિ ૧. [સં.] સ્ત્રી. પ્રજાનું નાણું; રૈયતનો પૈસો.

૨. સ્ત્રી. પ્રજારૂપી નાણું.

પ્રજાસંયમન ૧. [સં.] પું. ખુલમી માણસ.

૨. પું. યમ.

૩. વિ. પ્રજાને વશ રાખનાર.

પ્રજાસંહારક [સં.] વિ. પ્રજાનો નાશ કરનાર.

પ્રજાસેવક [સં.] પું. પ્રજાની સેવા કરનાર.

પ્રજાસેવી [સં. પ્રજાસેવિન્] વિ. પ્રજાની સેવા કરનાર.

પ્રજાસ્થાપન [સં.] વિ. ગર્ભાશયના પ્રક્ષેપપાત દ્વારને દૂર કરી પ્રજા જન્મે તેવું કરનાર દ્રવ્ય. જેમકે, દુર્વા, ચંદન, ઉંબરો.

પ્રજાસ્મિતા [સં.] સ્ત્રી. પ્રજા તરીકેનું આત્મભાન; પ્રજા તરીકેનું અભિમાન કે ગૌરવ.

પ્રજાસ્મિતાવાદ [સં.] પું. રાષ્ટ્રવાદ; સ્વદેશવાદ; પ્રજાસ્મિતવાદ; 'નેશનલિઝમ'.

પ્રજાસ્મિતાવાદી [સં. પ્રજાસ્મિતાવાદિન્] વિ. રાષ્ટ્રવાદી; સ્વદેશવાદી.

પ્રજાસ્મિતવાદ જુઓ પ્રજાસ્મિતાવાદ.

પ્રજાસ્વરાજ્ય ન. પ્રજાસત્તાક રાજ્ય.
જ્યાંના એ ચારમાં આવે જ્યાંઓ બીજા બે ઘણી, છતાં પ્રજાસ્વરાજે તો તે જ દરેક ગ્રામમા. ગાંધીગીતા

પ્રજાસ્વાતંત્ર્ય [સં.] ન. પ્રજાની સ્વતંત્રતા.

પ્રજાહઠ પું. પ્રજાનો આગ્રહ.

પ્રજાહિત ૧. [સં.] ન. પ્રાણી: જીવ.
૨. ન. લોકહિત; લોકોનું ભલું.
૩. ન. સંતાનોનું હિત; બાળબચ્ચાંનું ભલું.
૪. વિ. રૈયતના ફાયદાનું; રૈયતના હિતનું.
૫. વિ. સંતાનના ફાયદાનું.

પ્રજાહિતદક્ષ [સં.] વિ. પ્રજાનું હિત સાચવવામાં તત્પર.

પ્રજાહિતાર્થે [સં.] અ. પ્રજાહિતને માટે.

પ્રજાહિતૈષી [સં. પ્રજા + હિતૈષિન્ (હિત ઇચ્છનાર)] વિ. પ્રજાનું ભલું ઇચ્છનાર.

પ્રજાળવું ૧. [સં. પ્ર + જ્વલ્ (જાણવું)] સ. ક્રિ. સળગાવવું; બાળવું; પ્રજ્વાળવું.
૨. સ. ક્રિ. સંકટ દેવું; દુઃખ આપવું.

પ્રજાંતક [સં.] પું. યમ.

પ્રજાંતર ન. પ્રજાનું અંતર.

પ્રજિન [સં.] પું. વાયુ.

પ્રજીવક [સં.] ન. પોષણ આપનાર તત્ત્વ: 'વિટામિન'.
આ દૃષ્ટિએ જોતાં ખોરાકમાંનાં પ્રજીવકોની માફક આ ત્રણે તત્ત્વોનો સંગ્રહ કરવાની જરૂર છે. હરિપ્રસાદ વ્યાસ

પ્રજીવક દ્રવ્ય [સં.] ન. ખોરાકમાંનું પ્રાણદાયી તત્ત્વ: 'વિટામિન'.

પ્રજીવન ૧. [સં.] પું. આકર્ષવિદ્યા; ચુંબકત્વ; રોજી.
૨. ન. ઉપજીવિકા.

પ્રજેચ્છુ [સં. પ્રજા + ઇચ્છુ (ઇચ્છનારું)] વિ. સંતાનની ઇચ્છાવાળું.

પ્રજેશ ૧. [સં. પ્રજા + ઈશ (ધણી)] પું. પ્રજાપતિ દેવ; બ્રહ્મા.
૨. પું. રાજા; નૃપ.

પ્રજેશ્વર [સં.] પું. રાજા.

પ્રજોગ પું. પ્રયોગ.

પ્રજોત્કર્ષ [સં. પ્રજા + ઉત્કર્ષ (ચડતી)] પું. પ્રજાની ઉન્નતિ.

પ્રજોત્પત્તિ [સં. પ્રજા + ઉત્પત્તિ (પેદા કરવું તે)] સ્ત્રી. સંતતિ પેદા કરવી તે; ગૃહસ્થાશ્રમનો ઉપભોગ.
પ્રકૃતિ માત્ર જેની તો સત્ય દર્શન અર્થ છે.
પ્રજોત્પત્તિ વ્યર્થ કાર્ય સંસારે ન સક્ત તે.
ગાંધીગીતા

પ્રજોત્પાદક [સં. પ્રજા + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] વિ. સંતાન ઉપજાવે એવું.

પ્રજોત્પાદન [સં. પ્રજા + ઉત્પાદન (પેદા કરવું તે)] ન. પ્રજા ઉત્પન્ન કરવી તે.

પ્રજ્ઞોન્નતિવાદ [સં. પ્રજ્ઞા + ઉન્નતિ (ચડતી) + વાદ (સિદ્ધાંત)] પું. પ્રજ્ઞાની ઉન્નતિમાં માનવું તે; 'ઇન્ટલેક્ચ્યુઅલિઝમ'.

પ્રજ્ઞોપયોગી [સં. પ્રજ્ઞા + ઉપયોગિન્] વિ. પ્રજ્ઞાને ઉપયોગી.

પ્રજ્ઞ ૧. [સં. પ્ર (વિશેષ) + જ્ઞા (જાણવું)] પું. ઊંડું જ્ઞાન ધરાવનાર માણસ; જ્ઞાની; વિદ્વાન.
૨. પુ. ડાહ્યો માણસ.
૩. વિ. જ્ઞાની; વિદ્વાન; જાણકાર.
૪. વિ. બુદ્ધિમાન; અક્કલવાળું; બુદ્ધિશાળી.
૫. વિ. ડાહ્યું; ડાહ્યું; સમજુ.

પ્રજ્ઞતા ૧. [સં.] સ્ત્રી. વિદ્વત્તા; પંડિતાઈ; જ્ઞાની હોવાપણું.
૨. સ્ત્રી. ડાહ્યપણ.

પ્રજ્ઞપાંપક ૧. [સં.] વિ. બુદ્ધિપૂર્વક પોષણ કરનાર.
૨. વિ. બુદ્ધિમાનને પોષણ આપનાર.

પ્રજ્ઞપ્ત [સં.] વિ. કહેલ; ફરમાવેલ.

પ્રજ્ઞપ્તિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન.
૨. સ્ત્રી. જ્ઞાન આપવું તે; સંદેશ પ્રાપ્ત પુરુષને મધુર શબ્દથી જણાવવું તે.
૩. સ્ત્રી. તે નામે એક દેવી.
૪. સ્ત્રી. પ્રરૂપણા; ઉપદેશ.
૫. સ્ત્રી. બુદ્ધિ.
૬. સ્ત્રી. સંજ્ઞા.
૭. સ્ત્રી. સંમતિ.
૮. સ્ત્રી. સિદ્ધાંત.
૯. સ્ત્રી. સૂચના.

પ્રજ્ઞપ્તી [સં.] સ્ત્રી. (જૈન) એ નામે એક વિદ્યાદેવી.

પ્રજ્ઞા ૧. સ્ત્રી. એકાગ્રતા.
૨. સ્ત્રી. ત્રિકાલિક જ્ઞાન.
૩. [સં. પ્ર (વિશેષ) + જ્ઞા (જાણવું)] સ્ત્રી. બુદ્ધિ; અક્કલ; જ્ઞાન.
સુખને ના અભિનંદે, ના દ્વેષે જે અશુભને,
જે સર્વત્ર સ્નેહશૂન્ય, તેની પ્રજ્ઞા જ સુસ્થિર.
કવિ ગીતા
૪. સ્ત્રી. બુદ્ધિદાણી સ્ત્રી.
૫. સ્ત્રી. ભાદરવાની સુદિ અગિયારસ.
૬. સ્ત્રી. માણસની દશ અવસ્થાની પાંચમી દશા; ૪૧થી ૫૦ વર્ષ સુધીની માણસની સમજણવાળી અવસ્થા.
૭. સ્ત્રી. સમજશક્તિ; ડહાપણ.
૮. સ્ત્રી. સરસ્વતી.
૯. સ્ત્રી. સંવેદન.

પ્રજ્ઞાકાય [સં.] પું. (જૈન) મંજુઘોષ આચાર્યનું એક નામ.

પ્રજ્ઞાકૂટ [સં.] પું. (જૈન) એ નામે એક ઔષધિસત્ત્વ.

પ્રજ્ઞાચક્ષુ ૧. [સં. પ્રજ્ઞાચક્ષુસ] પું. ધૃતરાષ્ટ્ર રાજા.
૨. ન. બુદ્ધિરૂપી નેત્ર; જ્ઞાનરૂપ નેત્ર.
૩. વિ. અંધ; આંધળું; જેની અંતર્દૃષ્ટિ ઉઘડેલી હોય એવું; આંખો ન છતાં જેને બધું જ્ઞાન હોય એવું. અંધમાં બોલાય છે, બુદ્ધિ તેને આંખ મનાય છે.
૪. વિ. જ્ઞાની.
૫. વિ. ડાહ્યું.

પ્રજ્ઞાત ૧. [સં.] વિ. જાણેલ; જણાવેલ.
૨. વિ. ડાહ્યું.
૩. વિ. વિખ્યાત; પ્રખ્યાત; જાણીતું.
૪. વિ. સ્પષ્ટ.

પ્રજ્ઞાદાયક વિ. બુદ્ધિ આપનારું.

પ્રજ્ઞાન ૧. [સં.] ન. ચિહ્ન; નિશાન.
૨. ન. ચૈતન્ય.
૩. ન. જ્ઞાન; પ્રકૃષ્ટ જ્ઞાન.
૪ ન. ડહાપણ.
૫. ન. પદાર્થનું સ્વરૂપ સારી રીતે જાણવું તે.
૬. ન. બુદ્ધિ.
૭ ન. (જૈન) શ્રાવક; આશ્રમ.
૮. ન. સમજ.
૯. ન. સદસદ્ વિવેક.
૧૦. ન. (જૈન) સમ્યક્ જ્ઞાન.
૧૧. વિ. ડાહ્યું; ડાહ્યું; સમજુ.
૧૨. વિ. વિદ્વાન; પંડિત.

પ્રજ્ઞાનઘન [સં.] વિ. ભૂત સ્વપ્નનું જ્ઞાન જેમાં ઘનીભૂત થઈ ગયું હોય એવી અવસ્થાવાળું.

પ્રજ્ઞાનબ્રહ્મ ન. જ્ઞાન એ જ પરમાત્મા. ઋગ્વેદના ઐતરેય ઉપનિષદમાં આ મહાવાક્ય આવેલું છે.

પ્રજ્ઞાનશાસ્ત્ર [સં.] ન. માનસશાસ્ત્ર; આત્મતત્ત્વવિદ્યા; અધ્યાત્મવિદ્યા.

પ્રજ્ઞાપક ૧. [સં.] વિ. ગુરુ; પ્રશ્નનો ખુલાસો કરનાર આચાર્ય.
૨. વિ. પ્રતિપાદક.
૩. વિ. પ્રશ્નનો ખુલાસો કરનાર.

પ્રજ્ઞાપન [સં.] ન. જણાવવું તે.

પ્રજ્ઞાપનપત્ર પું. પ્રાચીન કાળમાં રાજા તરફથી પાલિકો તથા ઋત્વિજોને બોલાવવા માટે મોકલવામાં આવતો પત્ર.

પ્રજ્ઞાપના ૧. સ્ત્રી. અરજ; વિનંતિ.
૨. સ્ત્રી. (જૈન) એ નામનું એક ઉપાંગસૂત્ર.
૩. સ્ત્રી. પ્રરૂપણા; નિરૂપણ.
૪. સ્ત્રી. શિષ્યવર્ગને ઉપદેશ દેવો તે.

પ્રજ્ઞાપયિતા [સં. પ્રજ્ઞાપયિત્] વિ. પ્રરૂપણા કરનાર.

પ્રજ્ઞાપરાધ ૧. [સં. પ્રજ્ઞા (બુદ્ધિ) + અપરાધ (દોષ)] પું. જાણીને કરેલી ભૂલ.
૨. પું. બુદ્ધિની ભૂલ; સમજફેર.

પ્રજ્ઞાપરાધી [સં. પ્રજ્ઞા (બુદ્ધિ) + અપરાધિન્ (દોષી)] વિ. જાણીને ભૂલ કરનાર.

પ્રજ્ઞાપરીષહ પું. (જૈન) ચમત્કારી બુદ્ધિ હોય તો તેનો ગર્વ ન કરવો અને ન હોય તો ખેદ ધારણ ન કરવો તે.

પ્રજ્ઞાપારમિતા [સં.] સ્ત્રી. બૌદ્ધ ગ્રંથો અનુસાર દશ મહિની એક પારમિતા કે મુક્તોની પરાકાષ્ઠા. ગૌતમ બુદ્ધે પોતાના અઠંદ જન્મમાં તે મેળવી હતી.

પ્રજ્ઞાપિત [સં.] વિ. જણાવેલું; સમજાવેલું.

પ્રજ્ઞાપૂર્વક [સં.] અ. બુદ્ધિપૂર્વક.

પ્રજ્ઞાપ્રકાર [સં.] પું. જ્ઞાનરૂપી કિલ્લો.

પ્રજ્ઞાપ્રબ્ય ૧. [સં.] વિ. વિદ્વાન; પંડિત; બુદ્ધિમાન.
૨. વિ. જ્ઞાનુપણાવાળું; ડાહ્યું.

પ્રજ્ઞામાંદ્ય [સં.] ન. બુદ્ધિની જડતા.

પ્રજ્ઞામૂલ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, નગણ, યગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
પ્રજ્ઞામૂલે રમ ખ ભ ન ય ગા જાણી.
ઋષિપિંગળ

પ્રજ્ઞાલ ૧. [સં.] વિ. બુદ્ધિવાળું; પંડિત.
૨. વિ. જાણું; ડાહ્યું; સમજુ.

પ્રજ્ઞાવંત જુઓ પ્રજ્ઞાલ.

પ્રજ્ઞાવાદ [સં.] પું. વિદ્વાનોનાં વચન; સ્થાપેલ ભરેલી વાતો; ડાહી ડાહી વાતો.

પ્રજ્ઞાવાદી [સં. પ્રજ્ઞાવાદિન્] વિ. બુદ્ધિવાદી.

પ્રજ્ઞાવાન ૧. [સં. પ્રજ્ઞાવત્] વિ. બુદ્ધિવાળું; ચતુર.
૨. વિ. સમજુ; ડાહ્યું.

પ્રજ્ઞાવૃદ્ધ [સં.] વિ. બુદ્ધિમાન; વિકસિત બુદ્ધિવાળું.

પ્રજ્ઞાશીલ વિ. બુદ્ધિશાળી.

પ્રજ્ઞાસંપન્ન [સં.] વિ. બુદ્ધિવાળું.

પ્રજ્ઞાહીન [સં.] વિ. બુદ્ધિ વગરનું; મૂર્ખ; કમઅક્કલ.

પ્રજ્ઞિલ જુઓ પ્રજ્ઞાલ.

પ્રજ્ઞી [સં. પ્રજ્ઞિન્] વિ. બુદ્ધિવાળું; બુદ્ધિમાન; પંડિત.

પ્રજ્ઞુ [સં.] વિ. છૂટા દાંતવાળું; જેના બે દાંતમાં બેઉ જડબાં વચ્ચે જગ્યા રહેતી હોય તેવું.

પ્રજ્વલક [સં.] પું. લલાટમાં કરવામાં આવતું તિલક.

પ્રજ્વલન ૧. [સં.] ન. સળગવું તે; પ્રજ્વલિત કરવું તે; બાળવું તે; પ્રજ્વળવું તે.
૨. ન. દાહ; દહન.
૩. ન. પકવવું તે; પાક.
૪. ન. પીંજવા સોંપવા તે.
૫. ન. બળવાની ક્રિયા; બળવું તે.

પ્રજ્વલનબિંદુ [સં.] ન. જે બિંદુએ ગોર્ય પદાર્થ તેલ વાયુરૂપ બની સળગી ઊઠે તે બિંદુ.

પ્રજ્વલનશીલ [સં.] વિ. દહનશીલ.

પ્રજ્વલમાન [સં. પ્રજ્વલમત્] વિ. પ્રજ્વળતું; પ્રકાશમાન; સળગતું; બળતું.

પ્રજ્વલિત ૧. [સં.] વિ. અગ્નિ ઉપર પોષેલ.
૨. વિ. અભ્યસ્ત કરેલું.
૩. વિ. તેજસ્વી; ઝળકતું; દેદીપ્યમાન.
૪. વિ. બહુ રજપટ; બહુ સાર.
૫. વિ. બળબળતું; ઝાઝલક સળગેલું; લાગી ગયેલું; સળગેલું.
૬. વિ. બળી ગયેલ; પ્રદીપ્ત; પ્રજ્વળતું.

પ્રજ્વળવું અ. ક્રિ. બળવું; પ્રજ્વળવું; સળગવું.

પ્રજ્વા ૧. [સં.] પું. જે નામનો એક ગોત્રર્ષિ.
૨. પું. તાવનો દાહ; તાવની ગરમી.

પ્રજ્વાર ૧. [સં.] પું. જે નામે એક ગોત્રર્ષિ.
૨. પું. એક જાતનો ભયાન તાવ, તેના દેવ વિષ્ણુ મનાય છે. જો તાવ આવતાં માણસ મરે જ એવી માન્યતા છે.
૩. પું. તાવની ગરમી; તાવનો દાહ.

પ્રજ્વાલિત [સં.] વિ. સળગાવેલું; બાળેલું; પ્રદીપ્ત.

પ્રજ્વાળવું ૧. સ. ક્રિ. દીપાવવું.
૨. [સં. પ્રજ્વલ્] સ. ક્રિ. બાળવું; પ્રજ્વળવું; સળગાવવું.

પ્રઝટિકા પું. (પિંગળ) સોળ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૩, ૬, ૧૧, ૧૪ માત્રાએ તાલ આવે છે. તેને પંઝટિકા પણ કહે છે.

પ્રટક્ષ ન. નખારું.

પ્રટોક્સસ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે જંતુની માફક કરડેરે છે.

પ્રડીન ૧. [સં.] ન. આગળ ઊડવું તે.
૨. ન. એક પ્રકારની પક્ષીની ગતિ; ઊડવાની એક રીત.
૩. ન. દરેક દિશામાં ઊડવું તે.

પ્રણ ૧. [સં. પ્રતિજ્ઞા; પ્રા. પઇણ્ણા] ન. પણ; હોડ; પ્રતિજ્ઞા; દઢ નિશ્ચય; કોઈ કામ કરવા માટે કરેલો અટલ નિશ્ચય.
૨. [સં.] વિ. પ્રાચીન; પુરાણું; જૂનું.

પ્રણખ [સં.] પું. નખનો અગ્ર ભાગ

પ્રણત ૧. [સં.] પું. પ્રણામ કરનાર માણસ.
૨. પું. ભક્ત; ઉપાસક.
૩. પું. સેવક; દાસ.
૪. વિ. પ્રણામ કરતું.
૫. વિ. બહુ નમેલું.
૬. વિ. વાંકું વળેલું; પગે પડેલું.
૭. વિ. વિનયી; નમ્ર; દીન; વિનયવાળું

પ્રણતજન [સં.] પું.;ન. શરણાગત માણસ.

પ્રણતપાલ ૧. [સં.] પું. દીનરક્ષક પ્રભુ; દીન, દાસ કે ભક્તજનનું પાલન કરનાર પરમાત્મા; પ્રભુ.
૨. વિ. પ્રણતજન એટલે ભક્તજનને પાળનાર કે રક્ષણ કરનાર. પ્રભુ માટે વપરાય છે.

પ્રણતપાલક જુઓ પ્રણતપાલ.

પ્રણતપાળ જુઓ પ્રણતપાલ.

પ્રણતપાળક જુઓ પ્રણતપાલ.

પ્રણતમાન ૧. [સં. પ્રણતવત્] વિ. નમસ્કાર કરતું; નમન કરતું.
૨. વિ. નમ્ર; નમતું..

પ્રણતશિરરક્ષક [સં.] વિ. નીચું માથું રાખનાર; નમાવેલા મસ્તકવાળું

પ્રણતાર્તિભંજન [સં. પ્રણત (નમેલું) + આર્તિ (દુઃખ) + ભંજન (ભાંગનાર)] પું. શરણે આવેલાનું દુઃખ નાશ કરનાર. ઈશ્વર માટે જોવાય છે.

પ્રણતિ ૧. [સં.] સ્ત્રી. નમ્રતા.
૨. સ્ત્રી. પ્રણામ; પ્રણિપાત; નમસ્કાર; નમન.
૩. સ્ત્રી. વિનતિ.

પ્રણતિભંગ [સં. પ્રણતિ (નમવું તે) + ભંગ (નાશ)] પું. કાલાવાલાને નહિ ગણકારવાં તે; આજીજીને ધ્યાનમાં ન લેવી તે.

પ્રણદન ૧. [સં.] પું. અનુરાગ કે સ્નેહથી કરેલો અવાજ.
૨. પું. કાનનો એક રોગ.
૩. પું. ગર્જના; મોટેથી કરેલ શબ્દ.
૪. પું. વાગવું તે; ગાજવું તે.

પ્રમુદિત [સં.] વિ. બોરિયો શબ્દ કરેલ; માનેલ; વાગેલ.

પ્રમુમન [સં.] ન. ભૂખવું તે; પ્રણામ કરવા તે; પ્રણમવું તે; નમસ્કાર કરવા તે; નમન.

પ્રમુમવું [સં. પ્ર + નમ્ (નમવું)] સ. ક્રિ. પ્રણામ કરવા; પગે લાગવું; નમવું; નમસ્કાર કરવા.

પ્રમુમિત [સં. પ્ર + નમ્ (નમવું) + ક્ત (એલું)] વિ. પ્રણામ કરેલું; નમેલું.

પ્રમુમ્ય [સં. પ્ર (શ્રેષ્ઠ) + નમ્ય (નમવા જોગ)] વિ. પ્રણામ કરવા જોગ; વંદનીય.

પ્રમુય ૧. [સં. પ્ર + નૃ (લઈ જવું)] પું. આમંત્રણ.

૨. પું. ઓળખાણ; પરિચય.

૩. પું. ઉપાય સમાધાન.

૪. પું. નમ્રતા.

૫. પું. નિર્વાણ; મોક્ષ.

૬. પું. નેતા; આગેવાન.

૭. પું. પ્રસવ.

૮. પું. પ્રાર્થના; માગવું તે; વિનતિ; પ્રીતિયુક્ત પ્રાર્થના.

૯. પું. પ્રેમ; સ્નેહ; પ્રીતિ. સ્ત્રીપુરુષના પ્રેમ માટે બોલાય છે.

> રાહેર હારદ સ્નેહ હેત પ્રમુય રામ અનુરાગ;
> પ્રેમ પ્રીતની રીતને પ્રમુત તે ભક્તરાજ.
> ચિન્મયપ્રમુમેય

૧૦. પું. કરજિજાત પરોપકારાર્થે આપવામાં આવતો કર.

૧૧. પું. મહેરબાની; કૃપા.

૧૨. પું. માન; પૂજનભાવ.

૧૩. પું. મિત્રતા.

૧૪ પું. વિશ્વાસ; ભરોસો.

૧૫. પું. મહા.

પ્રમુયઋતુ સ્ત્રી. પ્રમુદની ઋતુ.

પ્રમુયકલહ [સં.] પું. સ્નેહમાં પેલિવિક્ષ; પ્રિયતમ પ્રિયાની તકરાર; પ્રેમીની તકરાર.

પ્રમુયકોપ પું. પ્રેમની રીસ; પ્રેમમાં થયેલો કોપ.

પ્રમુયગળી સ્ત્રી. પ્રેમની ગળી.

પ્રમુયદ્યુતિ [સં.] સ્ત્રી. પ્રમુદનું તેજ પ્રેમનું તેજ.

પ્રમુયન ૧. [સં.] ન. જે નામે ઓળ અગ્નિસંસ્કાર; હોમ વગેરે વખતે અગ્નિનો જે નામે ઓળ સરકાર.

૨. ન. માર્ગ બતાવવો તે.

૩. ન. રમતાં બનાવવું તે; કરવું તે.

૪. ન. લખવું તે; અંકરચના કરવી તે.

૫. ન. વધભૂમિ તરફ લઈ જવું તે.

૬. ન. વહેંચણી કરવી તે.

૭ ન. સારી રીતે લઈ જવું તે; સારી રીતે દોરવું તે.

પ્રમુયનકર્મ [સં. પ્રમુયન (ઓળ અગ્નિસંસ્કાર) + કર્મન્ (કર્મ)] ન. ઘરમાં અગ્નિ સ્થાપવાની ક્રિયા.

પ્રમુયનીય ૧. [સં.] પું. સંસ્કાર કરવા યોગ્ય અગ્નિ.

૨. વિ. અગ્નિના સંસ્કાર સંબંધી.

૩. વિ. સારી રીતે લઈ જવા યોગ્ય કે દોરવા યોગ્ય.

પ્રમુયપૂર ન. પ્રેમનો પ્રવાહ.

પ્રમુયપ્રકર્ષ [સં.] પું. પ્રેમની અતિશયતા; ઉત્કટ અનુરાગ.

પ્રમુયપ્રમુમ [સં.] પું. પ્રણય બતાવતાં કરવામાં આવતો પ્રણામ.

પ્રમુયપ્રતિમા [સં.] સ્ત્રી. પ્રેમમૂર્તિ.

પ્રમુયબંધ ૧. [સં.] પું. વિશ્વાસઘાત.

૨. પું. સ્નેહમાં દગો દેવો તે.

પ્રમુયમાન ન. પ્રણયનો ભંગ થતાં પ્રેમાત્ર કપતાની થતી અવસ્થા.

પ્રમુયમાનાલંકાર [સં.] પું. વિપ્રલંભ શૃંગારનો જે નામનો ઓળ પ્રકાર.

પ્રમુયમુગ્ધ [સં.] વિ. પ્રેમમાં વરકાવ થયેલ.

પ્રમુયમૂર્તિ [સં.] સ્ત્રી. પ્રેમપાત્ર; આલંબન.

પ્રમુયવચન [સં.] ન. પ્રેમયુક્ત વચન; સ્નેહ નીતરતી વાણી.

પ્રમુયવત્સલ [સં.] વિ. પ્રેમ અને માયાવાળું.

પ્રમુયવિહ્વતિ [સં.] સ્ત્રી. નામર; નાઃ નિષેધ.

પ્રમુયવ્યથા [સં.] સ્ત્રી. પ્રણયથી થતું દુઃખ.

પ્રમુયશૂર [સં.] વિ. પ્રેમવીર.

પ્રમુયાર્દ્ર [સં.] વિ. પ્રેમથેલું; સ્નેહળીતું.

પ્રમુયાલાપ [સં.] પું. પ્રેમવાર્તા.

પ્રમુયાંજલિ [સં.] પું. પ્રેમપૂર્વક હાથ જોડવા તે; પ્રણામ.

પ્રમુવિની ૧. [સં.] સ્ત્રી. પત્ની; સ્ત્રી; ભાર્યા; મિત્રા.

૨ સ્ત્રી. પ્રેમ કરનારી કે પ્રેમનું પાત્ર બનેલી સ્ત્રી; પ્રેમાળ સ્ત્રી; વલ્લભા.

> હોય સ્વિત્ત વલ્લભા જિયા પ્રેમસી હોય.
> તુજ સમ પ્રમુવિની કાજને ભાગ્ય બનેગી કોય.
> ચિન્મયપ્રમુમેય

પ્રમુયી ૧. [સં. પ્રમુયિન્] પું. પતિ; ધણી; વહાલો સ્વામી; પ્રિય વર.

૨. પું. પ્રણયવાળો પુરુષ.

૩. પું. ભક્ત.

૪. પું. મિત્ર.

૫. વિ. પ્રેમવાળું; સ્નેહવાળું.

૬. વિ. પ્રેમી; માયાળુ; પ્રેમ કરનાર.

૭. વિ. સ્નેહાળ; પ્રીતિવાળું; વહાલું; પ્રેમી; પ્રેમ કરનાર કે પ્રેમનું પાત્ર થયેલ

પ્રમુયેશ્વર [સં. પ્રમુય (પ્રેમ) + ઈશ્વર (પ્રભુ)] પું. પ્રેમના પ્રભુ.

પ્રમુયોત્સવ [સં. પ્રમુય + ઉત્સવ (આનંદ)] પું. પ્રેમના આનંદનો મેળાવડો.

પ્રમુયોદય [સં. પ્રમુય + ઉદય (પ્રગટ થવું તે)] પું. પ્રેમનું પ્રાગટ્ય; પ્રેમ ઉદ્ભવવો તે.

પ્રમુયોન્મુખ [સં. પ્રમુય + ઉન્મુખ (તત્પર)] વિ. પ્રેમ પ્રગટ કરવા તત્પર થયેલ; પ્રેમથી ઉન્મત્ત થયેલ

પ્રમુવ ૧. [સં.] પું. ઓમ્કાર મંત્ર; બ્રહ્મવીજ.

૨. પું. ઓમ્કાર શબ્દ; બ્રહ્માની ઉત્પત્તિ, સ્થિતિ, લય એ ત્રણ શક્તિનું જ્ઞાન પમાડનારો સંકેત શબ્દ.

૩. પું. ત્રિદેવ; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

૪. પું. (પિંગળ) દશ અક્ષરનો જે૦ અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, નગણ, ભગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે. તેને હીરાંગી પણ કહે છે.

૫. પું. પરમેશ્વર.

૬. પું. યજ્ઞમાને પ્રથમ કહી આપવા યોગ્ય સામ.

૭. પું. વિષ્ણુ. તે ઓંકારસ્વરૂપ, સર્વ પ્રાણીઓના હૃદયસ્થાનમાં જ્ઞાનરૂપ થઈને રહેનારા, ઓંકારના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી નમ પડી રહે તેવા, ઓંકાર જે જ જેમનું સ્વરૂપ છે એવા અને ઓંકારપણે જ સર્વમાં રહેવા હોવાથી વિષ્ણુ પ્રણવ કહેવાય છે.

૮. પું. શિવનાં હજાર માંહેનું જે૦ નામ.

૯ પું. (પિંગળ) સંસ્કૃતિ વર્ણનો જે નામનો જે૦ વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં રગણ, નગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ વર્ણ, બીજા પાદમાં બે તગણ અને રગણ મળી ૯ વર્ણ, ત્રીજા પાદમાં નગણ, રગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ વર્ણ અને ચોથા પાદમાં સગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે.

૧૦ ન. જે નામનું જે૦ રત્નવાલ.

પ્રણવક ૧. [સં.] પું. ઓમ્કાર શબ્દ.
૨. પું. પરમેશ્વર.

પ્રણવમંત્ર [સં.] પું. ઓમ્કાર.

પ્રણવાત્મક [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પ્રણવોપનિષદ [સં. પ્રણવ + ઉપનિષત્] સ્ત્રી.;ન. ઓમનું નિરૂપણ કરનાર ઉપનિષદ.

પ્રણવોપાસના [સં. પ્રણવ + ઉપાસના (ભક્તિ)] સ્ત્રી. ૐકાર મંત્રની ઉપાસના. જીવને શિવની પ્રાપ્તિના ઉપાય માટે પ્રણવોપાસના એ મુખ્ય સાધન મનાય છે. ધર્મશાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે પ્રણવોપાસના એટલે પરમાત્માના પવિત્રતમ અને મધુરતમ નામની જપોપાસના. પરમાત્માના નામસ્મરણનો મહિમા અદ્‌ભુત છે. પરમાત્મા વિશ્વકર્તા, વિશ્વભર્તા અને વિશ્વહર્તા છે, વિશ્વરૂપ છે, તે તે પ્રાણીમાં તે તે રૂપે વર્તી રહ્યા છે, પોતાની અખિલ મહામાયા દ્વારા આ સૃષ્ટિની લીલાનું સંચાલન કરી રહ્યા છે, એમ જેને સ્વાભાવિકપણે સમજાય તેનું હૃદય સર્વદા પરમાત્માને પરમ પ્રેમથી પોકારતું થઈ જાય છે. પરમ કૃપાળુ પરમાત્મા તેવા પોકાર કરનારના હૃદયમાં તરત હાજર થાય છે. પરબ્રહ્મ તથા અપરબ્રહ્મ બંનેની પ્રાપ્તિનું સાધન પ્રણવોપાસના અર્થાત્ ઓમ્કારનો જપ છે. તેથી વિદ્વાન ઉપાસક આ જ આધારથી પરબ્રહ્મ તથા અપરબ્રહ્મમાંથી એકને પ્રાપ્ત કરે છે. નિષ્કામ ભાવે પ્રણવોપાસના કરવામાં આવે તો પરબ્રહ્મની પ્રાપ્તિ થાય અને સકામ ભાવે પ્રણવોપાસના કરવામાં આવે તો અપરબ્રહ્મની પ્રાપ્તિ થાય.

પ્રણસ ૧. [સં.] વિ. નમેલા નાકવાળું; નકટું.
૨. વિ. મોટા નાકવાળું

પ્રણાડી (પ્રણાળી) [સં.] સ્ત્રી. દ્વાર; બારણું.

પ્રણાદ ૧. [સં.] પું. અનુરાગ કે સ્નેહથી કરેલો સીત્કાર; આનંદને વખતે મોઢામાંથી સહેજે નીકળી જતો અવાજ.
૨. પું. કર્ણનાદ નામનો કાનનો એક રોગ. તેમાં કાનમાં તરેહતરેહના અવાજ સંભળાય છે
૩. પું. ગર્જના; ઘુઘવાટ.
૪. પું. ભ્રમ જોરથી ઉત્પન્ન થતો શબ્દ.
૫. પું. મદદ માટેનો પોકાર.
૬. પું. કલકલાટ.

પ્રણાદવું સ ક્રિ. કરેલું

પ્રણામ ૧. [સં.] પું. અષ્ટાંગ કે પંચાંગ પ્રણામ; હાથ જોડીને નીચા નમીને પગે લાગવું તે; નમસ્કાર; નમન; પ્રણિપાત.
પ્રણામ કરવા = નમસ્કાર કરવા; નમન કરવું.
૨. પું. જેવી સલામ.
૩. પું. જીવનની જેવી સલામ.

પ્રણામવું સ. ક્રિ. પ્રણામ કરવા; નમવું.

પ્રણામાંજલિ [સં.] સ્ત્રી. હસ્તસંપુટ મસ્તક ઉપર ધરીને કરાતા પ્રણામ.

પ્રણામી ૧. [સં. પ્રણામિન્] પું. જે નામનો એક ધર્મપંથ; મીજમા પંથ.
૨. વિ. એ નામના ધાર્મિક પંથનું માણસ.
૩. વિ. નમનાર; પ્રણામ કરનાર.

પ્રણાયક ૧. [સં.] પું. નેતા; માર્ગ દેખાડનાર.
૨. પું એક નામક.
૩. પું. સેનાપતિ.

પ્રણાલ ૧. [સં.] સ્ત્રી. પરનાળ; ખાળ; નીક; પાણી નીકળવાનો માર્ગ; ધોરિયો.
૨. સ્ત્રી. રીતરિવાજ; રૂઢિ; પદ્ધતિ; પ્રણાલી.

પ્રણાલિકા ૧. [સં.] સ્ત્રી. કુલાચાર.
૨ સ્ત્રી. ખાડી.
૩ સ્ત્રી. નહેર.
૪. સ્ત્રી. પરંપરા; રૂઢિ; રીત; પદ્ધતિ; સંપ્રદાય.
૫. સ્ત્રી. પ્રણાલી; પાણીને વહી જવાની નીક; પરનાળ; પરનાળિયા.
૬. સ્ત્રી. પ્રવાહ.
૭. સ્ત્રી. બંદૂકની નાળ.

પ્રણાલિકાભંગ [સં.] પું. રીતરિવાજનો ભંગ; ચાલતો આવેલો રિવાજ તોડવો તે; રિવાજ કાઢી નાખવો તે

પ્રણાલી ૧. સ્ત્રી. પ્રણાલ.
૨. [સં.] સ્ત્રી. ખાળ; પાણી વહેવાનો માર્ગ; નહેર.
૩. સ્ત્રી. ગટર; નીક.
૪. સ્ત્રી. નાનો; સુરિર.
૫. સ્ત્રી. જળના બે મોટા જાનોને જોડનારો નાનો જળમાર્ગ.
૬. સ્ત્રી. દ્વાર.
૭ સ્ત્રી. નાળચું.
૮ સ્ત્રી પથ; રસ્તો
૯. સ્ત્રી. પરંપરા.
૧૦. સ્ત્રી. ચૂંગળુ, ધુમાડિયું.
૧૧ સ્ત્રી. રીત; રૂઢિ; પદ્ધતિ; પ્રથા; પરિપાટી.
૧૨. સ્ત્રી. કરીર જેવડી ઊંચી ઝાડી.

પ્રણાશ ૧. [સં.] પું. અત્યંત નાશ; મહાન વિનાશ; સર્વનાશ; પૂરી બરબાદી.
૨. પું. નુકસાન.
૩. પું. જાવું તે.
૪. પું. મોત; નાશ; બરબાદી.

પ્રણાશક [સં.] વિ. નાશ કરનાર.

પ્રણાશન ૧. [સં.] ન. નાશ કરવાની ક્રિયા કે ભાવ.
૨. ન. નાશ પમાડવો તે; હાનિ; નુકસાન.
૩. વિ. નાશ પમાડનાર; નુકસાન કરનાર.

પ્રણાશી ૧. [સં. પ્રણાશિન્] વિ. નાશ કરનાર; નાશ પમાડનાર.
૨. વિ. નુકસાન કરનાર.

પ્રણિઘાત ૧. [સં.] પું. નાશ; વધ; માર મારવો તે.
૨. પું. હિંસા; હત્યા.

પ્રણિઘાતન જુઓ પ્રણિઘાત.

પ્રણિત ૧. [સં.] ન. ક્ષીરમીર,
૨. ન. ખમધમાટ કરેલી સ્વાદિષ્ટ કઢી.
૩. ન. મસાલો.
૪. વિ. રચિત.
૫. વિ. ભોંધાયેલ; ઊપરેલાયેલ.

પ્રણિતા [સં.] સ્ત્રી. નદી.

પ્રણિધાન ૧. [સં.] ન. અભિનિવેશ.
૨. ન. અભિલાષા; કામના.
૩. ન અર્પણ; પરમ ગુરુ પરમાત્માને સર્વ પ્રાણ, ઇંદ્રિયો, આત્મા આદિ પ્રિય પદાર્થનું સમર્પણ કરવું તે.
૪. ન. અવધાન; મનને બીજા વિષયોમાંથી દૂર કરી એકાગ્ર કરવું તે; ચિત્તની એકાગ્રતા.
૫. ન. આગ્રહ
૬. ન. ઊંડું ચિંતન.
૭. ન. કર્મોત્પલભાગ; કર્મનાં ફળનો ભાગ.
૮. ન. યત્નો પ્રયત્ન.
૯ ન. પ્રયોગ; યોજવું તે; લગાડવું તે.
૧૦. ન. પ્રવેશ.
૧૧. ન. (જૈન) પ્રાર્થના.
૧૨. ન. ભક્તિ; ઉપાસના; અત્યંત ભક્તિ.
૧૩. ન. ભક્તિપૂર્વક વર્તન; માનભરેલું આચરણ.
૧૪. ન. ભાવી જન્મ સંબંધી કોઈ જાતની પ્રાર્થના.
૧૫. ન. (યોગ) સમાધિ; ધ્યાન.

પ્રણિધિ ૧. પું. (પુરાણ) એ નામે એક અગ્નિ.
૨. [સં.] પું. અનુચર; સેવક.
૩. પું. અવધાન; ધ્યાન આપવું તે; મનની એકાગ્રતા.
૪. પું. (પુરાણ) કશ્યપ વંશના ભૃહદ્યનો એ નામનો પુત્ર
૫. પું. છૂપો દૂત; ચર; જાસૂસ; ગુપ્ત દૂત; છૂપી પોલીસ.

૬. પું. જમણનો મોકલવા તે; જમણી યોજના.
૭. પું. પ્રાર્થના.
૮. પું. માગવા કરવી તે; માગણી.
૯. પું. સૂક્ષ્મ અવલોકન; જમણી.
૧૦. પું. [જો. માયા; કપટ; છળ.

પ્રણિનાદ [સં.] પું. ગર્જના; મોટો શબ્દ; ગંભીર અવાજ; મેઘ જેવો શબ્દ.

પ્રણિપત ૧. [સં.] ન. કાલાવાલા; આજીજી; વિવેકપૂર્વકનો આગ્રહ.
૨. ન. નમન કરવું તે; નમસ્કાર.

પ્રણિપતન [સં.] ન. નમસ્કાર; નમન.

પ્રણિપતિ ૧. જી. નમન.
૨. જી. વિનવણી; આજીજી; કાલાવાલા.

પ્રણિપતિત [સં.] વિ. પ્રણામ કરેલ; નમેલ.

પ્રણિપાત ૧. [સં. પ્ર (વિશેષ) + નિપાત (નીચે પડવું તે)] ન. અત્યંત મહા અને ભક્તિપૂર્વક નીચા નમીને પગે લાગવું તે; વંદના; પ્રણામ; પંચાગ નમન; બે ઢીંચણ, બે હાથ અને મસ્તક નમાવી ભૂમિનો સ્પર્શ કરવો તે; નમસ્કાર.

> ઉગ્ર નિષ્ઠા અને ભક્તિ અમલ કલ્યાર જો,
> એક પ્રયત્ન વિભૂતિ પ્રણિપાતો પુનઃ પુનઃ
> ગાંધીગીતા

૨. પું. કાલાવાલા કરવા તે; આજીજી કરવી તે.

પ્રણિપાતી ૧ [સં. પ્રણિપાતિન્] વિ. આજીજી કરનાર; કાલાવાલા કરનાર.
૨. વિ. નમનાર; પ્રણામ કરનાર.

પ્રણિહિત ૧. [સં.] વિ. નિર્ણીત; નિશ્ચિત.
૨. વિ. પ્રાપ્ત કરેલ; મેળવેલ.
૩. વિ. માન્ય કરેલ; કબૂલેલ.
૪. વિ. મિશ્રિત; ભળેલું.
૫. વિ. મૂકેલ; સ્થાપેલ; સ્થાપિત.
૬. વિ. સમાધાન કરેલ; સમાહિત.
૭. વિ. સમાધિયુક્ત; ધ્યાનસ્થ.
૮. વિ. સારી રીતે વ્યવસ્થિત કરેલ; ગોઠવેલ.
૯. વિ. સાવધાન.
૧૦. વિ. સોંપેલું.

પ્રણી ૧. [સં. પ્રણિન્] પું. ઈશ્વર.
૨. વિ. કરનાર.
૩. વિ. દક્ષ નિષ્ણ.

પ્રણીત ૧. [સં.] વિ. મંત્ર વડે સંસ્કાર કરેલું પાણી.
૨. પું. યજ્ઞમાં મંત્ર વડે સંસ્કારયુક્ત કરેલ અગ્નિ.
૩. પું. રાંધીને રૂપમાં તથા રસમાં ફેરફાર કરેલો કોઈ પદાર્થ; સારી રીતે પકાવેલું ભોજન.
૪. પું. સંસ્કાર પામેલો છે અગ્નિ જેનો એવો યજ્ઞ.
૫. જો. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે નવ માંહેની એક વાડ. દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. જેથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે. માટે બ્રહ્મચારીએ તેનો ત્યાગ કરવો.
૬. વિ. અભિનિવેશિત.
૭. વિ. અર્પણ કરેલ.
૮. વિ. આણેલું.
૯. વિ. ઉદ્યાવેલું; ક્ષિપ્ત.
૧૦. વિ. કરેલું; બનાવેલું; રચેલું.
૧૧. વિ. ક્રમોદ્દીપક.
૧૨. વિ. દોરેલ; લઈ ગયેલ.
૧૩. વિ. નાખેલ; ફેંકેલ.
૧૪. વિ. નિર્માણ કરેલ.
૧૫. વિ. પહોંચાડેલ.
૧૬. વિ. પ્રવેશ કરેલ.
૧૭. વિ. ફેંસલ કરેલું.
૧૮. વિ. મંત્ર વડે સંસ્કાર કરેલું.
૧૯. વિ. મૂકેલ; સ્થાપેલ; કરેલ.
૨૦. વિ. શીખવેલ.
૨૧. વિ. સરસ; રસદાર.
૨૨. વિ. સિદ્ધ કરેલ.
૨૩. વિ. સુધારેલું; સંશોધિત.
૨૪. વિ. સુંદર; મનોહર; મનોજ્ઞ.

પ્રણીતરસ પું. સરસ ભોજન.

પ્રણીતા ૧. [સં.] જી. જે નામે એક યજ્ઞપાત્ર યજ્ઞ માટે મંત્રો પઢતાં પઢતાં કાઢેલું અને મંત્રોચ્ચાર સહિત આણીને રાખેલ પાણીનું વાસણ.
૨. જી. મંત્રથી સંસ્કારયુક્ત કરેલ અગ્નિ.
૩. જી. યજ્ઞકાર્ય માટે વેદના મંત્રો બોલતાં હવામાંથી કાઢેલું અને મંત્રોચ્ચારણ સહિત આણીને રાખેલું પાણી.

પ્રણીતાપાત્ર [સં.] ન. યજ્ઞવિધિમાં વપરાતું એક પાત્ર.

પ્રણીય ૧. [સં.] પું. કોઈ ચીજનો સંસ્કાર કરવા માટેનો વૈદિક મંત્ર.
૨. વિ. મંત્ર વડે જેનો સંસ્કાર કરેલ હોય તેવું.

પ્રણેતા ૧. [સં. પ્રણેતૃ] પું. આગેવાન; મુખી; નાયક; નેતા.
૨. પું. લેખક; ગ્રંથકર્તા; ગ્રંથકાર; ગ્રંથ રચનાર માણસ.
૩. પું. ઝાસક; બનાવનાર; બંધારણકર્તા.
૪. પું. શિક્ષક; ગુરુ.
૫. વિ. રચનાર; બનાવનાર; કર્તા.
૬. વિ. લઈ જનાર; દોરનાર.

પ્રણેય ૧. [સં] વિ. આધીન; વશ; સ્વાધીન.
૨. વિ. પહોંચાડવા લાયક.
૩. વિ. પ્રાપ્ત કરવા જેવું; મેળવવા લાયક.
૪. વિ. રચવા માટે યોગ્ય.
૫. વિ. લઈ જવા જેવું; દોરવા યોગ્ય.
૬. વિ. લૌકિક સંસ્કાર કરેલું; જેનો લૌકિક સસ્કાર થયો હોય એવું.

પ્રણોદ ૧. [સં.] પું. આજ્ઞા; પ્રેરણા; હુકમ.
૨. પું. તાડન.
૩. પું. હાંકવું તે.

પ્રણોદક વિ. અતિપ્રેરક.

પ્રણોદન ૧. [સં.] ન. આજ્ઞા; હુકમ; પ્રેરણા.
૨. ન. ગતિ; આગળ ધકેલવું તે; વેગ; ધક્કો.
૩. ન. ગોવધમાં કાર્ય કરતાં એક જાતનું બળ.
૪. ન. પ્રવાહી પદાર્થો એકબીજાની પાસે આવતાં તેમનામાં મિશ્રિત થઈ જવાનું અથવા તો સરખી રીતે ફેલાઈ જવાનું જે વલણ દેખાય છે તેને લગતી ક્રિયા; દ્રવ્ય પદાર્થ એકબીજાની સન્નિધમાં આવતાં એકબીજામાં ભળી જવાનું વલણ ધરાવે છે તે.

પ્રત ૧. જી. પ્રેમની નકલ.
૨. જી. નમૂનો.
૩. જી. પ્રકાર; જાતિ; ભેદ; જાત; ગુણ.
પ્રત વાર = પ્રત પ્રમાણે.
૪. જી. ફરદ; પુસ્તક કે ચિત્રની છાપેલી નકલ.
૫. જી. મૂળ સભ્યાંશ.
૬. જી. વર્ગ; જથ્થો.
૭ અ. જુમલે.
૮. અ. પાકું.
પ્રત કરવું = પાકું બોકલવું.

પ્રતઆના પું. લાગ આના; ભૂમિવર્ગીકરણ; ભૂમિબોગ્યતાઆંકન.

પ્રતક વિ. કપટી; ઠગનાર.

પ્રતચ્છ [હિ.] વિ. પ્રત્યક્ષ.

પ્રતતિ ૧. [સં.] જી. વિસ્તાર; ફેલાવો.
૨. જી. વેલો; વેલ.

પ્રતતી [સં.] જી. વેલો; વેલ.

પ્રતન ૧. [સં.] વિ. જૂનો પદાર્થ; પુરાણી ચીજ.
૨. વિ. પુરાતની; પુરાણું; જૂનું.

પ્રતનુ ૧. [સં.] વિ. અતિ અલ્પ; બહુ ઓછું.
૨. વિ. ક્ષીણ; દુર્બળ.
૩. વિ. બહુ બારીક; અતિ સૂક્ષ્મ.
૪. વિ. નાજુક.
૫. વિ. પાતળું.
૬. વિ. બહુ નાનું.

પ્રતનુક જુઓ પ્રતનુ.

પ્રતપન ૧. [સં.] પું. (પુરાણ) નભે મારેલો રાવણના પક્ષનો એક રાક્ષસ.
૨. ન. ઉતાપ; ગરમી.
૩. ન. તપાવવાની ક્રિયા; તપાવવું તે.

પ્રતપવું ૧. અ. ક્રિ. કીર્તિ પ્રસરવી; પ્રતાપ પામવો.
અબલા વિપ્ર દીઇ આસીસ;
કાન્હડ પ્રતપે કોડિ વરીસ. કાન્હડદેપ્રબંધ
૨. [સં. પ્રતપ્] અ. ક્રિ. ખૂબ તપવું.

પ્રતપ્ત ૧. [સં.] વિ. બાવું તપેલું; બહુ તપેલું.
૨. વિ. પીડિત; દુઃખી કરાયેલ.

પ્રતપ્તા [સં. પ્રતપ્તૃ] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પ્રતબંદી સ્ત્રી. હદ મુકરર કરવી તે; વર્ગીકરણ.

પ્રતબંધી જુઓ પ્રતબંદી.

પ્રતમક [સં.] પું. એક પ્રકારનો શ્વાસરોગ.

પ્રતમા [સં. પ્રતિમા] સ્ત્રી. મૂર્તિ.

પ્રતર ૧. [સં.] પું. (જૈન) આકાશ પ્રદેશની લાંબી અને પહોળી પંક્તિ.
૨. પું. એક પ્રકારનો હાડકાંનો સાંધો.
૩. પું. થર; પડ.
૪. પું. ખાળ; પાટડો; નીચલી અને ઉપલી ભોંય વચ્ચેનો તલ.
૫. પું. રૂડી રીતે તરવું તે.
૬. પું. (જૈન) શ્રેણીને શ્રેણીનો ગુણાકાર.
૭. પું. સારી રીતે તરવાનું સાધન; તરવાનો આધાર.

પ્રતરક પું. સોનારૂપાને જતરડામાં ઍચી બનાવેલ ઝીણો તાર.

પ્રતરણ ૧. [સં.] પું. મંત્ર, જપ આદિ વડે પાપભયી પ્રકર્ષથી તરવા હેતુરૂપ વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. ન. તરવું તે; તરી જવું તે.
૩. વિ. તારવાવાળું.

પ્રતરતપ [સં. પ્રતરતપસ્] ન. (જૈન) એક જાતનું તપ. તેમાં પ્રતરમાંની શ્રેણી પ્રમાણે ઉપવાસ કરવામાં આવે છે.

પ્રતરભેદ પું. કોર્ન વસ્તુને ભેદતાં તેના ચિરાડતાં પડ.

પ્રતરવર્તી [સં. પ્રતરવર્તિન્] વિ. પ્રતરની અંદર રહેનાર; પ્રતરવાસી.

પ્રતરવૃત્ત [સં.] પું. દડા કે નારંગી જેવો ગોળ આકાર.

પ્રતરસાંધ [સં.] સ્ત્રી. વેલની પેઠે પ્રસરેલ સાંધો.

પ્રતરિ પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ અને નગણ મળી છ અક્ષર હોય છે.
રી ન થી પ્રતરિ. રણપિંગળ

પ્રતર્ક ૧. [સં.] પું. અટકળ; ધારણા.
૨. પું. મોટો તર્ક; મહાન તર્ક; વાદવિવાદ.

પ્રતર્કણ જુઓ પ્રતર્ક.

પ્રતર્દન ૧. [સં.] પું. ઉદનો એ નામે એક શિષ્ય.
૨. પું. એ નામનો એક પ્રાચીન ઋષિ.
૩. પું. (પુરાણ) કાશીપુરીના રાજા સુદેવના સૌદેવ અથવા દિવોદાસ નામના પુત્રને ભારદ્વાજ ઋષિના પ્રસાદથી થયેલો પુત્ર. તેને ઇંદ્રે ઉપદેશ આપ્યો હતો. એ ભારદ્વાજ ઋષિને લાં જણીજણીને નિપુત્ર થયો હતો ને વીતદવ્યને માગીને પોતાના પિતાનું રાજ્ય પાછું લીધું. આ પ્રતર્દન એવો દાનશૂર હતો કે એણે એક વખત એક બ્રાહ્મણને પોતાના બે પુત્રનું દાન કર્યું હતું. તે રાજા રામચંદ્રજીના વખતમાં થયો હોવાનું મનાય છે. તેનો વિવાહ મદાલસા સાથે થયો હતો. એણે સઘળી પૃથ્વી જીતી અને રાજાઓને તાબે કર્યા પછી સુરલોક જીતવા ગયો. ઇંદ્ર તેની સામે સુરસેના મોકલે ત્યારે એણે પ્રતર્દને બધી સેનાને મૂર્છા પમાડી. આથી ઇંદ્રે સંતોષ પામીને માગવાનું કહ્યું. તે સાંભળતાં જ તેણે નમ્ર થઈને કહ્યું કે, હે દેવરાજ, હું સ્વર્ગેગુણવર્ણો દેવલોક જીતવા આવ્યો અને તમારી સાથે યુદ્ધ કર્યું એ મારો મોટો અપરાધ છે, છતાં તેને બદલે મને વરપ્રદાન કરવાનું કહ્યું. દેવો સત્ત્વગુણી છે તે યથાર્થ છે. પૃથ્વી ઉપર સારું શું છે તે મને ખબર નથી, માટે જે સારામાં સારું હોય તે મને આપો. ઇંદ્રને પ્રશ્ન થયો કે સારામાં સારું તે બ્રહ્મવિદ્યા, પણ આને તે કેમ અપાય ? ના આપું તો મારું વચન નિષ્ફળ જાય અને તું જ વિચાર કરીને આપ એમ મુમુક્ષુની પેઠે એણે કહ્યું છે. છેવટે બ્રહ્મવિદ્યા તેને આપી.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે પ્રલયકાળમાં પ્રાણીઓની તર્દના એટલે હિંસા કરે છે તેથી તેને પ્રતર્દન કહે છે. વળી આણુક જેમના હાથમાં છે અને જેમણે અર્જુનનું સારથિપણું કરેલું એવા કૃષ્ણ પણ વિષ્ણુ જ છે, તેમ જ આણુકની પેઠે સર્વેને વશ કરનારા પણ વિષ્ણુ જ છે, તેથી તે પ્રતર્દન કહેવાય છે.
૫. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના દિવોદાસ નામના રાજાનો પુત્ર. એ મોટો પરાક્રમી હતો. એના પરાક્રમ વડે એણે સુબાહુ, શત્રુજિત, કૃતધ્વજ, કૃતવાક્ય જેવાં ઘર નિરુદ્યો સંપાદન કર્યાં હતાં. એને અલર્કાદિ કેટલાક પુત્રો હતા.
૬. ન. મારવું તે; માર મારવો તે; તાડન.
૭. વિ. શત્રુને મારનાર.
૮. વિ. મારનાર; માર મારનાર; તાડન કરનાર.

પ્રતર્દિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સ્વરૂપ; સરૂપ. તે ઉષ્ણિક છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.
પ્રતર્દિ જ ર લા થી. રણપિંગળ

પ્રતર્પણ ન. શાંતિને માટે અર્ઘદાન.

પ્રતલ ૧. [સં.] પું. એ નામનું એક પાતાળ; સાતમું પાતાળ.
૨. પું. થપ્પડ; તમાચો.
૩. પું. પહોળી કરેલ આંગળીઓવાળો હાથ; હથેલી

પ્રતવારી સ્ત્રી. વર્ગીકરણ; જાત પ્રમાણે વર્ગ પાડવા તે; તારવણી; જાતવારી.

પ્રતવાર્તા સ્ત્રી. પરચૂરણ વાત; હાલતુ વાત; બીજી ત્રીજી વાત.

પ્રતહક પું. બીજી વખત ચાપવાનો હક્ક; ફરી ચાપવાનો અધિકાર; 'કોપિ રાઇટ'.

પ્રતાડન (પ્રતાડ્ન) ન. આણુથી મારવું તે.

પ્રતાન ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. રેસો; વેલનો તંતુ; ઝીણો તંતુ.
૩. પું. વારંવાર મૂર્છા આવે એવો એક જાતનો રોગ.
૪. પું. વિસ્તાર; ફેલાવ.
૫. [સં. પ્રતન્ (ફેલાવું)] પું. વેલ; લતા.
૬. ન. અંકુર; કણમો; ફૂંપળ.
૭. વિ. પણ વજરનું; પાંદડાં વિનાનું.
૮. વિ. રેસાવાળું; રેસાદાર; તંતુઓવાળું.
૯. વિ. વિસ્તારવાળું.

પ્રતાનવાન ૧. પું. એક જાતનો સોમ.
૨. [સં. પ્રતાનવત્] વિ. તંતુવાળું.
૩. વિ. ફેલાવવાળું; વિસ્તારવાળું.

પ્રતાનિકા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉપલસરી.

પ્રતાનિની [સં.] સ્ત્રી. ફેલાયેલી લતા; વિસ્તીર્ણ વેલો.

પ્રતાની જુઓ પ્રતાનવાન ૨, ૩.

પ્રતાપ ૧. પું. અંતિમ નિવેદન.
૨. [સં.] પું. આકાશનો છોડ.
૩. પું. આબાદી.
૪. પું. ઊંચી પદવી કે સત્તાનું તેજ; પ્રભાવ; પ્રભુત્વ
૫. પું. ક્રોધ અને દયથી ઉત્પન્ન થયેલ રાજાનું તેજ.

૬. પું. ગરમી; તાપ.
૭. પું. ગુણ; અસર.
૮. પું. (પુરાણ) જયદ્રથનો એ નામનો એક મિત્ર રાજા.
૯. પું. તાપ.
૧૦. પું. દૈવત; પરાક્રમ; શૌર્ય; તેજ; કાંતિ.
૧૧. પું. પૌરુષ; મરદાનગી; વીરતા.
૧૨. પું. પ્રભાવ; તેજ; કાંતિ; ઝળક.
૧૩. પું. મહેરબાની; કૃપા.
૧૪. પું. મેવાડનો પ્રખ્યાત રાણો પ્રતાપસિંહ.
૧૫. પું. મોટાઈ; યશ; કીર્તિ.
૧૬. પુ. મોટાપણું; ગંભીર્ય; પ્રૌઢતા.
૧૭. પું. મોટી પદવી; કરજ્યે; મરતબો.
૧૮. પું. યુવરાજનું છત્ર.
૧૯. પું. (પુરાણ) રામચંદ્રનો એ નામે એક મિત્ર.
૨૦. પું. ફરમાન.
૨૧. પું. જાજવગ; વગવસીલો.
૨૨. પું. વિશેષ તાપ; ગ્રીષ્મનો ભયંકર તાપ; ગરમી.
૨૩. પું. વૈભવ; ઐશ્વર્ય; ગૌરવ.
૨૪. પું. શક્તિ; સામર્થ્ય.
૨૫. પું. હિંમત.

પ્રતાપતપન પું. પ્રતાપનું તેજ.

પ્રતાપન ૧. [સં.] પું. આજ્ઞાનો ભંગ.
૨. પું. એ નામે એક નરક; કુંભીપાક નરક.
૩. પું. વિષ્ણુ. તે દુષ્ટ જનોને પરિતાપ આપનારા, દૈત્ય, રાક્ષસો, નાસ્તિક, અધર્મી અને અન્યાયીઓને શાસન કરનારા અને સર્વ વ્યક્તિઓને મૃત્યુરૂપ શાસન કરનારા છે, તેથી તે પ્રતાપન કહેવાય છે.
૪. ન. તપાવવું તે; ગરમ કરવું તે.
૫. ન. દુઃખ પામવું તે.
૬. ન. સંતાપવું તે; પીડવું તે; કષ્ટ આપવું તે; સિતમ; જુલમ.
૭. વિ. તપાવનાર; પીડનાર; દુઃખ દેનાર; તાપક.

પ્રતાપપુરી સ્ત્રી. એક ઊંચી જાતનો નંગાળો આંબો.

પ્રતાપમાર્તંડરસ પું (વૈદક) એ નામે એક ઔષધ. વછનાગ એક ભાગ, હિંગળો બે ભાગ, મેપળો ત્રણ ભાગ અને ટંકણખાર ચાર ભાગ લઈ કુંવારના રસમાં તેને બરલ કરી, રતી પ્રમાણે તેની ગોળી કરવામાં આવે છે. આ ઔષધ નવ પ્રકારના તાવનો નાશ કરનાર મનાય છે.

પ્રતાપમાલશ્રી સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલશ્રી રાગિણીની ચાર ભાર્યાની એક જાતિ; પ્રતાપ અને માલશ્રી રાગિણીનું મિશ્રણ.

પ્રતાપલંકેશ્વરરસ પું. (વૈદક) એક જાતનું રસાયણ. આ રસાયણનું સેવન કરવાથી પ્રમૂતિવાત, વાતરોગ, શ્લેષ્મરોગ, હરસનો રોગ, વાતજ્વર વગેરે નાશ પામવાનું મનાય છે. તે ગૂમડાં, ગળો અને ત્રિદોષમાં અપાય છે.

પ્રતાપવરાળી પું. (સંગીત) એ નામે એક રાગ. અમાજ થાટમાંથી તે ઉત્પન્ન થાય છે. રાત્રિના બીજા પ્રહરે તે ગવાય છે.

પ્રતાપવર્ધન [સં.] ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. આ જાતના ઘરને ફરતી, અગ્નિ અને પશ્ચિમ એ બંને દિશામાં બબ્બે ઓસરી, ઘરના મુખ આગળ ત્રણ ઓસરી અને મુખ આગળના ત્રણ ઓસરી આગળ એક મંડપ હોય અને ઘરનું મુખ ઉત્તર દિશામાં હોય છે.

પ્રતાપવાન ૧. [સં. પ્રતાપવત્] પું. એ નામે કાર્તિકસ્વામીનો એક અનુચર.
૨. પું. વિષ્ણુનું એક નામ.
૩. પું. શિવનું એક નામ.
૪. પું. સૂર્યનું એક નામ.
૫. વિ. અસરકારક; ગુણકારક.
૬. વિ. તેજોમય; ચમકતું.
૭. વિ. પ્રતાપવાળું; પ્રતાપી; ભવ્ય.
૮. વિ. બહુ પ્રખ્યાત.
૯. વિ. કૃપાળી
૧૦. વિ. વિશિષ્ટ; ઉત્તમ; ઉત્કૃષ્ટ.
૧૧. વિ. શક્તિમાન; બળવાન; પરાક્રમી.

પ્રતાપશાળી વિ. પ્રતાપવાળું.

પ્રતાપશેખર પું (સંગીત) સંગીતનો એક તાલ. તે દ્વિજ સંકીર્ણ જાતિનો છે. તેમાં ૧૭ માત્રા હોય છે.

પ્રતાપસ ૧. [સં.] પું. બોળા આકડાનો છોડ.
૨. પું. મોટો તાપસ.

પ્રતાપાગ્નિ ૧. [સં. પ્રતાપ + અગ્નિ] પું. પ્રતાપરૂપી અગ્નિ.
૨. પું. બળ; સત્તાની જવાળા; પ્રતાપનું તેજ.

પ્રતાપિક વિ. પ્રતાપવાન; પ્રતાપી; પ્રતાપવંતું.
એક નામમાં જાહલ્યા સાત,
તેને પુત્ર પ્રતાપિક પાત્ર. રામબળ

પ્રતાપિતા સ્ત્રી. ગરમી.
ગ્રીષ્મની પ્રતાપિતા ! ને આમ્રકુંજ સોહિયા,
મધુરની કલાપિતા ! ને અનિલની મધુરિમા,
એ વેરાની પ્રાપ્તિમા. કલિત

પ્રતાપી ૧. [સં. પ્રતાપિન્] પું. (પુરાણ) રામચંદ્રનો એ નામે એક મિત્ર.
૨. વિ. અસરકારક; રામબાણ; જલદ.
૩. વિ. ઉત્તમ; ઉત્કૃષ્ટ.
૪. વિ. ઉત્સાહી.
૫. વિ. કીર્તિવાળું.
૬. વિ. પ્રભુદાયક; ગુણોત્પાદક.
૭. વિ. દેદીપ્યમાન; તેજોમય.
૮. વિ. પરાક્રમી; પ્રતાપવાળું; શોભે પડે તેવું.
૯. વિ. પ્રજ્વલિત.
૧૦. વિ. ભવ્ય.
૧૧. વિ. યશસ્વી.
૧૨. વિ. કૃપાળી
૧૩. વિ. શક્તિમાન.
૧૪. વિ. સતાવનાર; દુઃખ દેનાર; દાહકર્તા
૧૫. વિ. સમર્થ; બળવાન.

પ્રતાપોદ્ભવે [સં. પ્રતાપ + ઉદ્ભવ (વૃદ્ધિ)] પું. પ્રતાપની વૃદ્ધિ; મહત્તાનો ફેલાવો.

પ્રતામ્ર [સં.] વિ. અત્યંત લાલ.

પ્રતારક ૧. [સં.] પું. ચોર; ઠગ.
૨. વિ. ધાતકી.
૩ વિ ઠગારું; ઠગ; ઠેતરનાર.
૪. વિ. ધુતારું; પાખંડી.

પ્રતારણ જુઓ પ્રતારણા.

પ્રતારણા [સં.] સ્ત્રી. વંચના; ઠેતરપિંડી; ઠગાઈ; કપટ; ધુતારાઈ; ઠગવું તે; ધૂર્તપણું.

પ્રતારવું સ. ક્રિ. ઠેતરવું.

પ્રતારિણી [સં.] સ્ત્રી. ઠગવાની વિદ્યા કે ઠગા.

પ્રતારિત ૧. [સં.] વિ. ઠગેલ; ઠેતરેલ.
૨. વિ. ઠરેલ ઠીબેલું; ઠમાયેલું; ઠગાયેલું

પ્રતાવિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
સ ન રા લ ગ વડી પ્રતાવિતા. રણછોડ

પ્રતાસિંહ પું. (ચારણી) પ્રતાપસિંહ; મેવાડના મહારાણા પ્રતાપસિંહનું નામ.

પ્રતિ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન સુહોત્રના પુત્ર કુશનો એ નામનો પુત્ર.
૨. સ્ત્રી. એક જાતની કેટલીએક વસ્તુમાં જુદી જુદી એક એક વસ્તુ.
૩. સ્ત્રી. (શિલ્પ) એક જાતનું કોતરકામ.
૪. સ્ત્રી. મંથની નકલ.
૫. સ્ત્રી. જાત; ભેદ; પ્રકાર; કોટિ; વર્ગ.
૬. સ્ત્રી. નકલ.
૭. સ્ત્રી. જહાદેવના વિષયનો ૨,૧૬,૦૦૦મો ભાગ.

૮. સ્ત્રી. મુદ્રા સંખ્યાનું; પ્રત.
૯. વિ. દરેક; દરેક. જેમકે, પ્રત્યેક.
૧૦. અ. તરફ; પ્રત્યે; બાબતે.
૧૧. અ. દ્વિતીયા વિભક્તિના પ્રત્યયરૂપે ને, ના અર્થમાં વપરાતો ઉપસર્ગ.
૧૨. અ. પરત્વે; સંબંધે.
૧૩. અ. પાછું; ફરીને.
૧૪. અ. વિરુદ્ધ, વિપરીત, અભિ, નિઅ, સામે, બદલામાં, દરેક, દરેક, સમાન, સદૃશ અર્થ બતાવનારો ઉપસર્ગ. જેમકે, પ્રતિકૂલ, પ્રતિહાર, પ્રત્યક્ષ, પ્રત્યુપકાર, પ્રત્યેક, પ્રતિસૃષ્ટ, પ્રતિકૃતિ.

પ્રતિઅસ્ત્ર ન. સામું ફેંકવાનું અસ્ત્ર; પ્રત્યસ્ત્ર.

પ્રતિઉત્તર પું. પ્રત્યુત્તર.

પ્રતિક ૧. સ્ત્રી. (સિક્કા) એક જાતનું કોતરકામ.
૨. વિ. કાર્ષાપણ નામના સોનાના સિક્કાથી ખરીદ કરેલું.
૩. વિ. પા કૃષિબાયી ખરીદ કરેલું.

પ્રતિકથા [સં.] સ્ત્રી. ઉત્તર વિરુદ્ધ કથા.

પ્રતિકર ૧. [સં.] પું. બદલો.
૨. પું. વિક્ષેપ.
૩. પું. વિસ્તીર્ણપણું.

પ્રતિકરણ ન. પ્રતિકાર.

પ્રતિકર્કશ [સં.] વિ. એકસરખું કૂર.

પ્રતિકર્તા ૧. [સં. પ્રતિકર્તૃ] પું. શત્રુ.
૨. વિ. ઉપાય કરનારું; ઇલાજ કરનાર.
૩. વિ. બદલો આપનાર.
૪. વિ. સામે અપકાર કરનાર.

પ્રતિકર્મ ૧. [સં. પ્રતિકર્મન્] ન. ઇલાજ; ઉપાય.
૨. ન. એક કાર્ય થતાં તે ઉપરથી બનાવું બીજું કાર્ય.
૩. ન. કૃત્રિમ અલંકાર; રાણુગાર; વસ્ત્ર, અલંકાર વગેરેથી સણગારવું તે.
૪. ન. કોઈ પણ ઢબાન વસ્તુમાં બીજી ગુણવું સ્થાપન.
૫. ન. પ્રતિકાર; બદલો.
૬. ન. વેશ.
૭. ન. શરીરને સમારવું તે; અંગકર્મ; શરીર ઉપર ચંદન, કસ્તૂરી વગેરે ખુશબોદાર પદાર્થ લગાડવા તે.
૮. ન. સામુ કાર્ય; એક કાર્યની સામે કરવામાં આવતું બીજું કાર્ય.
૯. અ. દરેક કર્મમાં; કાર્યે કાર્યે.

પ્રતિકર્ષ ૧. [સં.] પુ. ખેંચાણ; આકર્ષણ.
૨. પું. સંખ્યા માટે પૂર્વના પદનું અવયવ.

પ્રતિકર્ષક [સં.] વ. પાછો હાસેલો કે ધક્કો મારવો તે.

પ્રતિકલ્પ ૧. [સં.] પું. જેને બાણુકના પ્રકાર પણ કોઈ તેવો થોડો.
૨. વિ. બાણુકના પ્રકારને નહિ જાણકાર.
૩. વિ. વાર્તા લઈ જનાર.
૪. વિ. સહાયક.

પ્રતિકંટક [સં.] વિ. પ્રતિસ્પર્ધી.

પ્રતિકામ ૧. ન. સામું કામ.
૨. [સં.] અ. પ્રત્યેક ઇચ્છાએ; પ્રત્યેક અભિલાષે.

પ્રતિકામિની [સં.] સ્ત્રી. સપત્ની; શોક.

પ્રતિકામી પું. દૂત; સંદેશો પહોંચાડનાર માણસ.

પ્રતિકાય ૧. [સં.] પું. પૂતળું.
૨. પું. પ્રતિમા; છબી; પ્રતિરૂપક.
૩. પું. બાણનું બદન; બાણ મારવા કરેલું નિશાન.
૪. પું. લક્ષ્ય.
૫. ન. પશ્ચિમાભિમુખ ઘરમાં પૂર્વ સામે પ્રવેશ કર્યા પછી પાછળ પશ્ચિમે વાસ્તુઘરમાં પ્રવેશ કરવો તે.

પ્રતિકાર ૧. [સં.] પું. બદલો; પ્રતિરોધ; નકાર; વિઘ્ન.
૨. પું. ઇલાજ; સામો ઉપાય; ઉપચાર; ચિકિત્સા.
૩. પું. એક પદની સેવાને બીજો પણ બદલો વાળે તેવો કરાર.
૪. પું. કરેલા નુકસાનનો બદલો વાળવો તે.
૫ પું. જવાબ.
૬. પું. દૂર કરવું તે.
૭. પું. ના કહેવી તે; અનાદર.
૮. પું. પાપું આપવું તે.
૯. પું. પૂર્વકર્મનો બદલો.
૧૦. પું. પ્રતિઅર્થ.
૧૧. પું. બદલો.
૧૨. પું. મદદ.
૧૩. પું. વિરોધ; સામનો.
૧૪. પું. વેર લેવું તે.
૧૫. પું. શુભ કર્મના બદલામાં કંઈક આપવું કે કરવું તે.
૧૬. પું. ક્રોધ.

પ્રતિકારક ૧. [સં.] વિ. કામ પ્રમાણે ફળ મળે એવું.
૨. વિ. પ્રતિકાર કરનારું.

પ્રતિકારી ૧. [સં. પ્રતિકારિન્] વિ. ઇલાજ કરનાર; રોગની ચિકિત્સા કરનાર.
૨. વિ. કામ પ્રમાણે ફળ મળે એવું.
૩. વિ. વેરનો બદલો લેનાર.

પ્રતિકાર્ય ૧. ન. પ્રતિકર્મ; બદલો લેવો તે.
૨. ન. વેર લેવું તે.
૩. ન. શુભ કાર્યનો બદલો.
૪. વિ. ઉપચાર કરવા યોગ્ય.
૫. વિ. પ્રતિકાર કરવા જેવું.
૬. વિ. બદલો વાળવા જેવું.

પ્રતિકાવ્ય [સં.] ન. ઉપહાસ કરવા કરાતી મૂળ કાવ્યની પ્રતિકૃતિ; પરિહાસમય અનુકરણ કાવ્ય; 'પેરડિ'.

પ્રતિકાશ ૧. [સં.] પું. તુલ્યતા; સમાનતા.
૨. ન. પરાવર્તન; પાછું ફેંકાવું તે.
૩. વિ. જેવું; સરખું; તુલ્ય.

પ્રતિકિતવ [સં.] પું. જુગારી સામે બેસતો જુગારી.

પ્રતિકુંચિત [સં.] વિ. વાંકું વળેલું; સંકોચ પામેલું.

પ્રતિકૂપ [સં.] પું. આર્દ્ર.

પ્રતિકૂલ ૧. પું. પ્રતિપક્ષી; વિરોધી.
૨. [સં. પ્રતિ (ઊલટું) + કૂલ (કિનારો)] ન. વિપરીત આચરણ.
૩. વિ. અનુકૂળ નહિ તેવું; ઊલટું; વિરુદ્ધ; સામું; વિપરીત; ઊલટું પડે તેવું; વિષમ; વિરુદ્ધ પક્ષનો આશ્રય કરનાર.
૪. વિ. નહિ ગમતું; અણગમતું; નહિ ગ્રાહ્ય આવતું.
૫. વિ. વિકારક; અશુભ.

પ્રતિકૂલતા ૧. [સં.] સ્ત્રી. અણગમો; નારાજગી; વિરુદ્ધતા.
૨. સ્ત્રી. અશુભ હોવાપણું.
૩. વિ. ઊલટાપણું.
૪. સ્ત્રી. પડતી; આપત્કાળ.
૫. સ્ત્રી. પ્રતિકૂલ આચરણ; વિરોધ; વિપરીતપણું; વિરુદ્ધપણું.
૬. વિ. વિરુદ્ધ પક્ષનું અવલંબન કરવાપણું.

પ્રતિકૂલત્વ જુઓ પ્રતિકૂલતા.

પ્રતિકૂલદૈવ [સં.] ન. વિરુદ્ધ દૈવ; નબળું નસીબ; પ્રતિકૂલ પ્રારબ્ધ.

પ્રતિકૂલવર્ણ પું. વાક્યદોષનો એક ભેદ.

પ્રતિકૂલા [સં.] સ્ત્રી. શોક; સપત્ની.

પ્રતિકૂળ જુઓ પ્રતિકૂલ.

પ્રતિકૂળતા જુઓ પ્રતિકૂલતા.

પ્રતિકૂળદૈવ જુઓ પ્રતિકૂલદૈવ.

પ્રતિકૂળવર્ણ જુઓ પ્રતિકૂલવર્ણ.

પ્રતિકૂળા જુઓ પ્રતિકૂલા.

પ્રતિકૃત ૧. ન. ધ્વનિ.
૨. ન. વિરોધ.
૩. [સં.] વિ. જેનો પ્રતિકાર કર્યો હોય એવું; જેને માટે ઉપચાર કર્યો હોય એવું.
૪. વિ. પાછું આપેલું.
૫. વિ. રોગની ચિકિત્સા કરેલ.
૬. વિ. વેરનો બદલો લીધેલ.
૭. વિ. સામો ઉપાય કરેલ.

પ્રતિકૃતક્રિયા સ્ત્રી. પરાવૃત્ત વ્યાપાર; પરાવર્તન.

પ્રતિકૃતિ ૧. [સં.] સ્ત્રી. અનુકરણ; અનુવાદ.
૨. સ્ત્રી. ઊથલો; પ્રત્યાઘાત.
૩. સ્ત્રી. છબી; તસવીર; ચિત્ર.
૪. સ્ત્રી. નકલ.
૫. સ્ત્રી. પડઘો; પ્રતિશબ્દ; પ્રતિધ્વનિ.
૬. સ્ત્રી. પુત્ર.
૭. સ્ત્રી. પ્રતિનિધિ.
૮. સ્ત્રી. પ્રતિબિંબ; છાયા.
૯. સ્ત્રી. પ્રતિમા; પ્રતિમૂર્તિ; છબાયેલ ચિત્ર.
૧૦. સ્ત્રી. બદલો; પ્રતિકાર.
૧૧. સ્ત્રી. વેર.
૧૨. સ્ત્રી. સાદૃશ્ય; સમાનતા.

પ્રતિકૃષ્ટ ૧. [સં.] વિ. નિંદવા જેવું.
૨. વિ. બે વાર ખેડેલું.

પ્રતિકોષ્ઠ [સં.] પું. (બહિત) સામો ખૂણો; 'ઓપોઝિટ એંગલ'.

પ્રતિકોપ ૧. [સં.] પું. રોગનો પ્રકોપ.
૨. પું. સામે કરેલ કોપ; વિપક્ષ તરફ રોષ.

પ્રતિક્રમ ૧. પું. અવળો ક્રમ.
૨. પું. શરીરની વિભૂષા આદિ ક્રિયા.

પ્રતિક્રમણ ૧. ન. (જૈન) ઓકરારા; કબૂલાત.
૨. [સ. પ્રતિ (પાછું) + ક્રમણ (જવું તે)] ન. (જૈન) થયેલાં પાપની માફીની પ્રાર્થના; પાપની આલોચના; દોષનિવારણ. આ શબ્દનો વ્યુત્પત્યર્થ સ્મરણ કરી જવું, ફરીથી જોઈ જવું એમ થાય છે. તે ઉપરથી પ્રતિક્રમણ કરવા બેસવા અગાઉ દિવસે કે રાત્રિના જે જે દોષ થયા હોય તે એક પછી એક જોઈ જવા અને તેનો પશ્ચાત્તાપ કરવો કે દોષનું સ્મરણ કરી જવું તગેરે અર્થ થાય છે. પ્રતિક્રમણ કરવાથી આત્માની મલીનતા દૂર થતી હોવાથી મુનિઓ અને શ્રાવિકા શ્રાવકો દિવસ અને રાત્રિના સંધ્યાકાળે પોતાથી થયેલા દોષનો પશ્ચાત્તાપ કે ક્ષમાપન કરે છે. એનું નામ પ્રતિક્રમણ ઉપરાંત આવશ્યક પણ છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય. પ્રતિક્રમણ અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક કહેવાય છે. સાંજકાળે જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તેનું નામ દૈવસિક પ્રતિક્રમણ, એટલે દિવસ સંબંધી પાપનો પશ્ચાત્તાપ. રાત્રિના પાછલા ભાગમાં જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તે રાઈ પ્રતિક્રમણ કહેવાય છે. દૈવસિક અને રાઈ એ પ્રાકૃત ભાષાના શબ્દો છે. પખવાડિયે કરવાનું પ્રતિક્રમણ તે પખ્ખી પ્રતિક્રમણ. ચાર માસે કરવામાં આવતું તે ચોમાસી પ્રતિક્રમણ અને સંવત્સરે કરવાનું તે સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવાય છે.
૩. ન. પાછું ફરવું તે.
૪. ન. (જૈન) પ્રમાદને વશ થવાથી શુભ યોગ મૂકી અશુભ યોગ ઉપર ચાલ્યા જઈ પાછા શુભ યોગ ઉપર આવું તે; વિભાવથી પાછા ફરવું તે; સ્વરૂપમાં સાવધાન રહેવું તે.
૫. ન. સામું જવું તે.

પ્રતિક્રમણકલ્પ [સં.] પું. (જૈન) પ્રતિક્રમણનો વિધિ.

પ્રતિક્રિયા ૧. [સં.] સ્ત્રી. ઉપાય; ઇલાજ.
૨. સ્ત્રી. ઊથલો.
૩. સ્ત્રી. ઊલટો આકાર; સામ ઉપાય.
૪. સ્ત્રી. બદલ.
૫. સ્ત્રી. રક્ષણ.
૬. સ્ત્રી. રોગની ચિકિત્સા.
૭. સ્ત્રી. વિરોધી ક્રિયા; એક કાર્યની સામે બીજું કાર્ય થવું તે; સામું જોર; પ્રત્યાઘાત; વિરોધી ગતિ; 'રીએક્શન'.
૮. સ્ત્રી. વેર વગેરેનો બદલો; પ્રતીકાર.
૯. સ્ત્રી. શુભ બદલો.
૧૦. સ્ત્રી. સમારકામ; સંસ્કાર.

પ્રતિક્રિયાસ્થાન ન. સીમા; સયોગસ્થાન.

પ્રતિક્રોધ ૧. [સં.] પું. કોઈની સામે કરાતો ગુસ્સો.
૨ પું. ક્રોધની સામે કરાતો રોષ.

પ્રતિક્રોશ [સં.] પું. વેચાણ વખતે કીમત પોકારનાર માણસ.

પ્રતિક્ષણ [સં.] અ. દરેક ક્ષણે; પળે પળે; વારંવાર; દરેક ક્ષણે; વખતોવખત; ક્ષણે ક્ષણે.
પ્રતિક્ષણ કરી હિંસા નિવારું હું શરીરને,
ને આત્મની રક્ષાર્થે પણ હિંસા કરી શકું.
ગાંધીગીતા

પ્રતિક્ષત્ર [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામે એક ઋષિ

પ્રતિક્ષપ્ત [સ.] પું. રક્ષક; રક્ષા કરનાર માણસ.

પ્રતિક્ષિપ્ત ૧ [સં] ન. દવા; ઔષધિ.
૨. વિ. અનાદર કરેલ; તિરસ્કૃત; તિરસ્કાર કરેલ.
૩. વિ. જેના ઉપર ખોટો આરોપ મૂકવામાં આવેલ હોય તેવું.
૪. વિ. તૂટી ગયેલ.
૫. વિ. ફેંકેલ
૬. વિ. ફેંકેલું.
૭. વિ. બાંધેલ.
૮. વિ. મોકલેલું; બીજાને મોકલેલ.
૯. વિ. રોકેલું; વારેલું; અટકાવેલું.

પ્રતિક્ષુત [સં.] ન. છીંક.

પ્રતિક્ષેત્ર [સં.] ન. પ્રત્યેક શરીર.

પ્રતિક્ષેત્રમાન ન. બેતરવાર આપણી.

પ્રતિક્ષેપ ૧. [સં.] પું. અપમાન; તિરસ્કાર.
૨. પું. અસ્વીકાર.
૩. પું. ખંડન; રદિયો; પ્રત્યાખ્યાન.
૪. પું. ઝપટો.
૫. પું. રોકવું તે.
૬. પું. સામે ફેંકવું તે; દૂર કરવું તે.

પ્રતિક્ષેપક વિ. પ્રતિસારક; પ્રતિસારી.

પ્રતિક્ષેપણ જુઓ પ્રતિક્ષેપ.

પ્રતિક્ષેપી [સં. પ્રતિક્ષેપિન્] વિ. પ્રતિધ્વનિ થવું; માઠ રહેવું; સામો પડઘો પાડવું.

પ્રતિખુર [સં.] પું. એક પ્રકારનો મૂઢ માર્ગ.

પ્રતિખ્યાત [સં.] વિ. બહુ પ્રસિદ્ધ; પ્રખ્યાત.

પ્રતિખ્યાતિ [સં.] સ્ત્રી. વિખ્યાતિ; પ્રસિદ્ધિ, બહુ પ્રસિદ્ધિ.

પ્રતિગણિકા સ્ત્રી. એક ગણિકાની હરીફાઈ કરનાર બીજી ગણિકા.

પ્રતિગત ૧. [સં.] ન. પક્ષીની એક જાતની ગતિ; ચોળાકારમાં ઊડવું અથવા આગળપાછળ ઊડવું તે.
૨. ન. ફરીને જવું તે.
૩. ન. સામું જવું તે.
૪. વિ. પાછું ગયેલું.
૫. વિ. સામે ગયેલ.

પ્રતિગતિ [સં.] સ્ત્રી. પ્રતિક્રમણ; સામી ગતિ; સામું જવું તે.

પ્રતિગમન ૧. [સં. પ્રતિ (તરફ) + ગમન (જવું તે)] ન. તરફ જવું તે; સામું જવું તે.
૨. ન. પાછું ફરવું તે; પાછા વળવું તે.

પ્રતિગર [સં] પું. વૈદિક મંત્રનું એક ઉચ્ચારણ.

પ્રતિગરિતા [સં.] પું. યજ્ઞ કરનાર એક ઋત્વિજ.

પ્રતિગર્જન [સં.] ન. પડઘો.

પ્રતિગર્જના [સં.] સ્ત્રી. પડઘો; સામે ગર્જના; એક ગર્જના સરખી થતી બીજી ગર્જના.

પ્રતિમાચી ૧. સ્ત્રિ. અવળું.
૨. [સં. પ્રતિ (પાછળ) + માર્ગિન્ (જનાર)] વિ. પાછળ હઠનાર; પાછળ ગતિ કરનાર.
૩. વિ. સામી કે પાછળી ગતિ કરનારું.

પ્રતિગિરિ ૧. [સં] પું. ક્ષુદ્ર પર્વત; નાનો પર્વત; પહાડી.
૨. વિ. પર્વત સમાન.
૩. અ. દરેક પર્વતે; પર્વતે પર્વતે.

પ્રતિગૃહ્યમાન [સં.] ન. ધરવાર આખણી.

પ્રતિગૃહીત ૧. વિ. દાખલ કરેલું; જેનો પ્રતિગ્રહ કર્યો હોય તેવું.
૨. [સં.] વિ. ગ્રહણ કરેલું; સ્વીકારેલું.
૩. વિ. પરણેલું.

પ્રતિગૃહીતા ૧. [સં.] સ્ત્રી. પરણેતી.
૨. વિ. દાન લેનાર કે સ્વીકારનાર.

પ્રતિગૃહ્ય ૧. [સં.] વિ. ગ્રહણ કરવા જેવું.
૨. વિ. પ્રતિગ્રહ કરવા લાયક.
૩. વિ. સ્વીકારવા યોગ્ય.
૪. અ. પ્રતિગ્રહ કરીને; સ્વીકારીને.

પ્રતિગ્રહ ૧. [સં.] પું. ગોટાળો; ગૂંચવણ.
૨. પું. ગ્રહણ.
૩. પું. ચંદ્રની નજીક આવેલો સૂર્ય.
૪. પું. જવાબ આપવો તે.
૫. પું. દાન લેવું તે; બક્ષિસ ગ્રહણ કરવી તે; દાનનો સ્વીકાર; વિધિપૂર્વક આપવામાં આવતું દાન બ્રાહ્મણોએ લેવું તે.
૬. પું. પકડવું તે.
૭. પું. પાણિગ્રહણ; વિવાહ.
૮. પું. ભિક્ષાની; ધૂંસવાનું પાત્ર.
૯. પું. બક્ષિસ કે દાન સ્વીકારવાનો હક.
૧૦. પું. મહેરબાની; કૃપા.
૧૧. પું વિરોધ કરવો તે.
૧૨. પું. સૈન્યની પીઠ.
૧૩. પું. સ્વાગત.
૧૪. પું. સ્વીકાર; અંગીકાર.

પ્રતિગ્રહણ ૧. [સં.] ન. દાન લેવું તે; વિધિપૂર્વક કરેલું દાન લેવું તે.
૨. ન. ભિક્ષાની; ધૂંસવાનું પાત્ર.
૩. ન. લગ્ન; વિવાહ.
૪. ન. સ્વીકાર કરવો તે.

પ્રતિગ્રહી ૧. [સં. પ્રતિગ્રહિન્] વિ. દાન લેનાર.
૨. વિ. સામેથી ગ્રહણ કરનાર; સ્વીકારનાર.

પ્રતિગ્રહીતા ૧. [સં. પ્રતિગ્રહીતૃ] પું. વર; પરણનાર.
૨. વિ. દાન લેનાર.
૩. વિ સામેથી ગ્રહણ કરનાર; સ્વીકારનાર.

પ્રતિગ્રાહ ૧. [સં.] પું. ગ્રહણ કરવું તે; લેવું તે.
૨. [સં.] પું. ધૂંસવાનું પાત્ર; ભિક્ષાની.
૩. વિ. દાન લેનાર.

પ્રતિગ્રાહક ૧. પું. બ્રાહ્મણ માંહેનો જોષ કર્મનો.
૨. વિ. ગ્રહણ કરનાર.
૩. [સં.] વિ. દાન લેનાર; પ્રતિગ્રહ લેનાર.
૪. વિ. પૈસા લેનાર; પૈસા વસૂલ કરનાર.

પ્રતિગ્રાહી [સં. પ્રતિગ્રાહિન્] વિ. દાન લેનાર.

પ્રતિગ્રાહ્ય ૧. [સં.] વિ. ગ્રહણ કરવા જેવું; લેવા જોગ.
૨. વિ. દાન લેવા યોગ્ય; પ્રતિગ્રહ કરવા લાયક.

પ્રતિઘાત ૧. [સં.] પું. અથડાવું તે; સામું પડવું તે; સામો આઘાત કે ધક્કો; 'રીએક્શન'.
૨. પું. આઘાત લાગવાથી આપોઆપ ઉત્પન્ન થતો આઘાત.
૩. પું. નિરાકરણ.
૪. પું. નિરોધ; અટકાવવું તે; રુકાવટ; પ્રતિબંધ; અટકાયત; બાધા.
૫. પું. પડઘો; પ્રતિધ્વનિ; પડઘો.
૬. પું. પ્રત્યાઘાત; સામું મારવું તે.
૭. પું. પ્રત્યુપાત; હલ્લા.
૮. પું. મારવું તે; ફેંકવું તે; સામેથી પ્રહાર કરવો તે.
૯. પું. મારી નાખવું તે.
૧૦. પું. વિનાશ.

પ્રતિઘાતક [સં.] વિ. પ્રતિઘાત કરનાર.

પ્રતિઘાતકારક [સં.] વિ. પ્રતિઘાત કરનારું.

પ્રતિઘાતન જુઓ પ્રતિઘાત.

પ્રતિઘાતી ૧. [સં. પ્રતિઘાતિન્] પું. શત્રુ; દુશ્મન.
૨. વિ. અટકાવનાર.
૩. વિ. ટક્કર મારનાર.
૪. વિ. મારનાર; ફોડનાર.
૫. વિ. મુકાબલો કરનાર; વિરોધ કરનાર; પ્રતિદ્વંદ્વી.
૬. વિ. સામે જતું; બળવાખોર.

પ્રતિઘોર ૧. પું. અવાજ; ઘોંઘાટ.
૨. પું. સામો અવાજ; પડઘો; પ્રતિશબ્દ; પ્રતિધ્વનિ; પ્રતિઘોષ; પડઘો.

પ્રતિઘોષ જુઓ પ્રતિઘોર.

પ્રતિઘોષવું અ. ક્રિ. પડઘો પડવો.

પ્રતિઘોષિત [સં.] વિ. પ્રતિઘોષવાળું.

પ્રતિઘ્ન [સં.] ન. અંગ; શરીર.

પ્રતિચક્રવાત [સં.] પું. વંટોળિયાથી ઊંધી રીતે વાતો પવન.

પ્રતિચક્ષણ ૧. [સં.] ન. જાહેર કરવું તે; જોવા માટે ખુલ્લું મૂકવું તે.
૨. ન. જોવું તે.

પ્રતિચક્ષ્ય [સં.] વિ. અત્યંત જોવા જેવું; સારી રીતે જોવા લાયક.

પ્રતિચર [સં.] પું. નોકર; ચાકર.

પ્રતિચરક ૧. [સં.] પું. બાસણ ઘર પુરુષ.
૨. પું. સેવા કરનાર માણસ.

પ્રતિચરણ ૧. [સં.] ન. (જૈન) આલોચના કરવી તે.
૨. ન. પ્રતિક્રમણ.
૩. ન. સત્કાર્યમાં પ્રવૃત્તિ.
૪. ન. સેવા; શુશ્રૂષા.

પ્રતિચરણા જુઓ પ્રતિચરણ.

પ્રતિચંદ્ર ૧. [સં.] પું. કૃત્રિમ ચંદ્ર.
૨. પું. સામસામે બે ચંદ્ર દેખાવા તે. જે ઉત્પાત આદિનું કારણ મનાય છે.

પ્રતિચાર ૧. [સં.] પું. અંગચેષ્ટા.
૨. પું. મોહવશ; અવસ્થા.
૩. પું. ગ્રહ આદિની ગતિનું પરિણામ.
૪. પું. રોગીની સેવાચાકરીનું કાર્ય.
૫. પું. સેવા.

પ્રતિચારક [સં.] પું. ચાકર; દાસ.

પ્રતિચારિકા [સં.] સ્ત્રી. ચાકરડી; દાસી.

પ્રતિચિત્ર [સં.] ન. છબી; તસવીર; 'ફોટોગ્રાફ'.

પ્રતિચિંતન ૧. [સં.] ન. ઊલટો વિચાર કરવો તે.
૨. ન ફરીથી વિચાર કરવો તે; પુનર્વિચાર.
૩. ન. વારંવાર ચિંતવવું તે

પ્રતિચોદના [સં.] સ્ત્રી. ઉપદેશ; પ્રેરણા.

પ્રતિચ્છંદ ૧. [સં.] પું. ચિત્ર.
૨. પું. પડછાયારૂપ આકૃતિ; પ્રતિબિંબ.
૩. પું. મૂર્તિ.

પ્રતિચ્છાયા ૧. [સં.] સ્ત્રી. ચિત્ર; પ્રતિમા; માટી, પથ્થર વગેરેની બનાવેલી મૂર્તિ.
૨. સ્ત્રી. પ્રતિબિંબ, પડછાયો; પ્રતિરૂપ.
૩. સ્ત્રી. બહાર બોલેલું ઊપજી આવેલું ઉત્તરવાક્ય.
૪. સ્ત્રી. સમાનતા; સાદૃશ્ય

પ્રતિચ્છેદ ૧. [સં.] પું કરવત; અડચણ.
૨ પું સામનો; અવરોધ

પ્રતિજ્ઞ ૧. ન. (જૈન) એક પ્રકારનું ભૂત. ભૂતોના નવ પ્રકાર: સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, રતિક, મહારતિક, મહાવેગ, પ્રતિજ્ઞ અને આકાશગ.
૨. વિ. આજ્ઞાંકિત; હરેક.
૩. વિ મુગ્ધ.

પ્રતિજ્ઞાયા જુઓ પ્રતિજ્ઞા.

પ્રતિજન ૧. [સં.] પું. શત્રુ.
૨. ન. દરેક માણસ.
૩. અ. માણસે માણસે.

પ્રતિજન્ય ૧. [સં.] ન. શત્રુસૈન્ય; શત્રુબળ.
૨. વિ. વિરુદ્ધ; દુશ્મનાવટ ધરાવતું.
૩. વિ. શત્રુના દેશમાં હોનાર કે બનાર.

પ્રતિજલ્પ ૧. [સં.] પું. એક પ્રકારનું દૃઢવાક્ય.
૨. પું. જવાબ.
૩. પું. સંમતિ; સલાહ.

પ્રતિજલ્પક ૧. [સં.] પું. એક જાતનો દૂત.
૨. જુઓ પ્રતિજલ્પ.

પ્રતિજલ્પરોગ [સં.] પું. જલ્પાનુકરણ નામે રોગ.

પ્રતિજ્યા [સં.] સ્ત્રી. ધનુષનો આવશ્યક ભાગ.

પ્રતિજાગર ૧. [સં.] પું. જાગતા રહેવું તે; સાવધ રહેવું તે; ચોકસરી; ખબરદારી; બધાની દેખરેખ રાખવી એવો નિયોગ.
૨. પું. રક્ષા.

પ્રતિજાગરણા જુઓ પ્રતિજાગર.

પ્રતિજાત વિ. પોતાના જેવી જ જાતિ.

પ્રતિજિહ્વા [સં.] સ્ત્રી. ગળાનો ભાગ; તાળવાના મૂળભાગમાં રહેલ એક માંસપિંડ; પડજીભ.

પ્રતિજિહ્વિકા જુઓ પ્રતિજિહ્વા.

પ્રતિજીવન [સં.] ન. સજીવન થવું તે; ફરીથી જીવ આવવો તે; નવો જન્મ.

પ્રતિજ્ઞવીગુણ પું. (જૈન) વસ્તુનો અજ્ઞાનરૂપ ધર્મ. જેમકે, નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ.

પ્રતિજ્ઞ વિ. પ્રતિજ્ઞા કરેલ.

પ્રતિજ્ઞા ૧. સ્ત્રી. અંગીકાર; સ્વીકાર.
૨. સ્ત્રી. આગ્રહ.
૩. સ્ત્રી. એકરાર; કબૂલાત.
૪. સ્ત્રી. (ગણિત) કોઈ પણ સિદ્ધાંત કે પ્રમેયના પક્ષ અને સાધ્ય બંનેનું સંપ્રાહક પ્રાથમિક કથન; સિદ્ધ કરવાની વાતનું કથન.
૫. સ્ત્રી. જે વાદ ઉપરથી અનુમાન થાય તે; પૂર્વપક્ષ.
૬. સ્ત્રી. દાવો; અભિયોગ.
૭. સ્ત્રી. પક્ષ; નિયમ; વચન; સંકલ્પ; રેખ; દૃઢ નિયમ; વ્રત; બાધા; માનતાનો નિયમ.

> જે તેની જે પ્રતિજ્ઞાનાં વજ્ર જેટ અહત્વનાં, ખૂબ જે ખરે એ તે બંને અસહકારનાં
> ગાંધીગીત

પ્રતિજ્ઞા કરવી-લેવી = નિયમ લેવો; શપથ લેવા. નિશ્ચય કરવો.
૮. સ્ત્રી. અહમર્થ.
૯. સ્ત્રી. (ન્યાય) વાક્યનાં પાંચ અંકોનું પહેલું અવયવ. તેમાં સાધ્યનો પક્ષ ઉપર નિર્દેશ કરવામાં આવે છે.
૧૦. સ્ત્રી. શ્રદ્ધા.
૧૧. સ્ત્રી. સાબિત કરવાનો પ્રમેય; સિદ્ધાંત.
૧૨. સ્ત્રી. સોગંદ; શપથ; સમ; કસમ.

પ્રતિજ્ઞાકર્તા [સં. પ્રતિજ્ઞા + કર્તૃ (કરનાર)] વિ. વચન આપનાર; વચનદાતા.

પ્રતિજ્ઞાત ૧. [સં.] વિ. કબૂલેલું; સ્વીકારેલું.
૨. વિ. કરી આપ્યું કે આપી દીધું હોય તેવું; સાધ્ય.
૩. વિ. પ્રતિજ્ઞા કરેલ.
૪. વિ. વચન આપેલું.

પ્રતિજ્ઞાતવ્ય [સં.] વિ. પ્રતિજ્ઞા કરવા જેવું.

પ્રતિજ્ઞાત્યાગ [સં.] પું. પ્રતિજ્ઞાભંગ.

પ્રતિજ્ઞાદુર્બલ [સં.] વિ. કરાર પાળવાને અશક્ત.

પ્રતિજ્ઞાન ૧. [સં.] ન. વિજ્ઞપ્તિ; બોળખ.
૨. જુઓ પ્રતિજ્ઞા.

પ્રતિજ્ઞાનંતર [સં.] ન. એક પ્રતિજ્ઞા કર્યા બીજી પ્રતિજ્ઞા લેવી તે.

પ્રતિજ્ઞાનિષ્ઠ [સં.] વિ. બોલ્યું પાળનાર; પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન કરનાર.

પ્રતિજ્ઞાપક ૧. [સં. પ્રતિ (તરફ) + જ્ઞાપક (જણાવનારું)] વિ. જાહેર કરે તેવું.
૨. વિ. સૂચક; નિવેદક.

પ્રતિજ્ઞાપત્ર [સં.] પું;ન. કરારનામું; દસ્તાવેજ; સોગંદનામું; પ્રતિજ્ઞાનો લેખ; એકરારનામા.

પ્રતિજ્ઞાપત્રક જુઓ પ્રતિજ્ઞાપત્ર.

પ્રતિજ્ઞાપાલક [સં.] વિ. પ્રતિજ્ઞા પ્રમાણે વર્તનાર; લીધેલું વ્રત પાળનાર.

પ્રતિજ્ઞાબદ્ધ [સં.] વિ. કરારથી બંધાયેલ; પ્રતિજ્ઞાથી બંધાયેલું

પ્રતિજ્ઞાભંગ [સં.] પું. પ્રતિજ્ઞાનો ભાગ.

> અહમ્મારકના યુદ્ધમાં પ્રતિજ્ઞાભંગ કરી સહો હતામી શ્રીકૃષ્ણ બીષ્મ સામે હોવા એ કુંઅકુંઅન્યાકુંઅ સમર્થ: એવું સર્વશક્તિમાન સ્વરૂપ કે બીજું કોઈ!
> રતિલાલ મોહનલાલ

પ્રતિજ્ઞાભંગી [સં. પ્રતિજ્ઞા (નિયમ) + ભંગિન્ (ભાંગનાર)] વિ. પ્રતિજ્ઞાનો ભંગ કરનાર.

પ્રતિજ્ઞાભ્યુપગમ [સં.] પું. સાધ્યાભ્યુપગમ; આત્મસ્વીકાર.

પ્રતિજ્ઞાલેખ [સં.] પું. સોગનનામું; પ્રતિજ્ઞાપત્ર.

પ્રતિજ્ઞાવાક્ય ૧. [સં.] ન. (વેદાંત) અનુમાન પ્રકરણમાં એટલે પક્ષમાં સાધ્ય એટલે સિદ્ધ કરવાનું વાક્ય; શ્રોતા પુરુષને સાધ્યવિશિષ્ટ પક્ષના બોધનું જનક વચન. જેમકે, પર્વત અગ્નિવાળો છે, એ પ્રતિજ્ઞાવાક્ય કહેવાય. આ વચન અગ્નિરૂપ સાધ્ય વડે વિશિષ્ટ જે પર્વતરૂપી પક્ષ છે, તે પક્ષના બોધનું જનક છે. માટે એ વાક્ય પ્રતિજ્ઞાવાક્ય કહેવાય છે.
૨. ન. (વેદાંત) જે પ્રમેય પોતે કરવા ધારતો હોય તે પ્રકારના જ્ઞાનને અનુકૂળ આચાર. જેમકે, ગોઠે બોલી બતાવવું, હાથમાં જળ લેવું.
૩. ન. (વેદાંત) હવે પછીના કાળના પોતાના કર્તવ્યનો નિર્દેશ.

પ્રતિજ્ઞાવિભક્તિ સ્ત્રી. ન્યાય વાક્યના દસ અંકોનો એક અવયવ.

પ્રતિજ્ઞાવિરોધ ૧. [સં.] પું. કરેલી પ્રતિજ્ઞાની વિરુદ્ધ કાર્ય કરવું તે.
૨. પું. (વેદાંત) પોતે કહેલા સાધ્યથી વિરુદ્ધ હેતુનું કથન. જેમકે, રૂપાદિથી ભિન્નપણા વડે પ્રતીત નહિ થતું હોવાથી દ્રવ્ય ગુણથી ભિન્ન છે. અહીં ગુણભિન્નત્વરૂપ સાધ્યથી રૂપાદિથી ભિન્નપણા વડે અપ્રતીતિરૂપ હેતુ વિરુદ્ધ છે, અર્થાત્ એ હેતુ ઉક્ત સાધ્યની અગ્નિવાળો નથી. એવા સાધ્ય વિરુદ્ધ હેતુના કથનને પ્રતિજ્ઞાવિરોધ કહે છે.
૩. પું. પ્રતિજ્ઞા અને હેતુનો વિરોધ.

પ્રતિજ્ઞાવિરોધનિગ્રહસ્થાન [સં.] ન. ગૌતમસૂત્રોક્ત એક નિગ્રહસ્થાન; પ્રતિજ્ઞા અને હેતુના પરસ્પર વિરોધવાળું કથન કરવાથી થતી પરાજયની પ્રાપ્તિ.

પ્રતિજ્ઞાવિવાહિત [સં.] વિ. જેનું સગપણ કરવામાં આવેલ હોય એવું.

પ્રતિજ્ઞાવિશુદ્ધિ [સં.] સ્ત્રી. ન્યાય વાક્યના દસ અંકોનો એક અવયવ.

પ્રતિજ્ઞાસંન્યાસ ૧. [સં.] પું. (ન્યાય) એ નામનું એક નિગ્રહસ્થાન; ગૌતમસૂત્રોક્ત એક નિગ્રહસ્થાન.
૨. પું. (વેદાંત) પક્ષપ્રતિષેધ; વાદીએ કહેલા અર્થમાં પ્રતિવાદીએ દૂષણ આપ્યાથી વાદી તે અર્થનો અપલાપ કરે એટલે પોતે એમ કહ્યું

નથી, એમ કરી જેસે તે. ઇંદ્રિયજન્ય જ્ઞાનનો વિષય હોવાથી શબ્દ અનિત્ય છે. આવું અનુમાન કરીને વાદીએ શબ્દનું અનિત્યત્વ સિદ્ધ કર્યું. પછી પ્રતિવાદીએ કહ્યું કે જાતિ ઇંદ્રિયગ્રાહ્ય છે પણ અનિત્ય નથી, તે પ્રમાણે શબ્દનું પણ સમજવું. અર્થાત્ તે જાતિરૂપ સામાન્યમાં અનિત્યત્વરૂપ સાધ્ય ન છતાં પણ ઐંદ્રિયકત્વ રહેલું છે અને અનુમાનને દૂષિત કર્યું છે. તે જોઈ પ્રથમ વાદી શબ્દ અનિત્ય છે એમ કોણે કહ્યું છે? એમ પોતાના બોલેલાનો અપલાપ કરે, તો તે પ્રતિજ્ઞાસંન્યાસ કહેવાય. ઐંદ્રિયત્વ હેતુથી શબ્દમાં અનિત્યત્વ સિદ્ધ કરનાર વાદીને પ્રતિવાદી પ્રથમની જેમ નિત્ય સામાન્ય દ્વારા વ્યભિચારનું દૂષણ આપે ત્યારે વાદી તે દૂષણ દૂર કરવાને બદલે એમ કહે છે જે કોણ શબ્દને અનિત્ય કહે છે? આ રીતે કહેવામાં પોતાની પ્રથમની પ્રતિજ્ઞાનો પરિત્યાગ થતો હોવાથી પરાજય પામે છે, માટે તે પ્રતિજ્ઞાસંન્યાસ નિગ્રહસ્થાન છે.

૩. પું. પ્રતિજ્ઞાનો ત્યાગ.

પ્રતિજ્ઞાસામ્ય [સં.] ન. બે અથવા વધારે સિદ્ધાંત વચ્ચે બરોબરી; સાખ્યૈક્ય.

પ્રતિજ્ઞાહાનિ ૧. [સં.] સ્ત્રી. પોતે કહેલાનો પોતે પરિત્યાગ કરવો તે; પ્રતિજ્ઞા કે કરારનો ભંગ.

૨. સ્ત્રી. (વેદાંત) પ્રતિજ્ઞાનો ત્યાગ; ગૌતમસૂત્રોક્ત એક નિગ્રહસ્થાન; પૂર્વ પ્રતિજ્ઞા કરેલ અર્થનો પરિત્યાગ. જેમકે, પ્રયત્ન ગુણત્વ હોવાથી શબ્દ અનિત્ય છે, એવા અનુમાન વડે શબ્દમાં વાદી અનિત્યત્વ સિદ્ધ કરે. પ્રતિવાદી કહે કે ઘટત્વ ઇંદ્રિયનો વિષય છે છતાં તે નિત્ય છે. આ ઉપરથી વાદી એમ કહે કે, ભલે શબ્દ ઘટની માફક નિત્ય હો, એ રીતે શબ્દના નિત્યત્વને અંગીકાર કરીને શબ્દના અનિત્યત્વની પ્રતિજ્ઞાનો તે ત્યાગ કરી દે છે. એનું નામ પ્રતિજ્ઞાહાનિ નામે નિગ્રહસ્થાન છે.

પ્રતિજ્ઞાહાનિનિગ્રહસ્થાન [સં.] ન. (ન્યાય) એ નામનું એક નિગ્રહસ્થાન; ઘટને દૃષ્ટાંત અને ઐંદ્રિયકત્વને હેતુ રાખી શબ્દને અનિત્ય સિદ્ધ કરવાની વાદીએ પ્રતિજ્ઞા કરી હોય પણ ઐંદ્રિયકત્વ હેતુ તો સામાન્ય નિત્યમાં છે એમ સમજી નિત્યત્વ સ્વીકારી અનિત્યત્વની પ્રતિજ્ઞા ભંગ કરી તે.

પ્રતિજ્ઞાંતર ૧. [સં.] ન. (ન્યાય) ગૌતમસૂત્રોક્ત એક નિગ્રહસ્થાન; વાદીએ કરેલા દૂષણનો ઉદ્ધાર કરવા પોતાની પ્રતિજ્ઞા બદલવી તે.

૨. ન. (વેદાંત) પ્રતિવાદીએ કહેલા દોષનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી તે કાઢી નાખવાની ઇચ્છા વડે પૂર્વે નહિ કહેલા વિશેષણ વડે વિશિષ્ટ કરીને પ્રતિજ્ઞા કરેલા અર્થનું કથન. પૃથ્વી વગેરે ગુણ વડે જન્ય છે, કાર્યરૂપ હોવાથી. આ અનુમાન વડે વાદીએ પૃથ્વી આદિકમાં ઈશ્વરના જ્ઞાન, ઇચ્છાદિ ગુણો વડે જન્યત્વ સિદ્ધ કર્યું. પ્રતિવાદીએ પૃથ્વી આદિકમાં અદૃષ્ટરૂપ ગુણજન્યત્વને લઈને સિદ્ધ સાધન દોષ કથન કર્યો. તે દોષનો ઉદ્ધાર કરવા માટે વાદીએ ગુણનું સવિષયત્વ એવું વિશેષણ ઉમેર્યું, તેથી જેમ જ્ઞાનાદિકોમાં સવિષયત્વ હોય છે, તેમ ધર્માધર્મરૂપ અદૃષ્ટ વિષે સવિષયત્વ હોતું નથી. માટે ગુણ પદનું સવિષયત્વ વિશેષણ કહેવાથી સિદ્ધ સાધન દોષની નિવૃત્તિ થઈ જાય છે, પરંતુ ગુણનું એ સવિષયત્વ વિશેષણ પ્રથમ કહ્યું નહોતું તેથી એ પ્રતિજ્ઞાંતર નામે નિગ્રહસ્થાન થયું.

૩. ન. બીજી પ્રતિજ્ઞા.

પ્રતિજ્ઞાંતરનિગ્રહસ્થાન [સં.] ન. (ન્યાય) અનિત્યત્વ સિદ્ધ કરવાની પ્રતિજ્ઞાથી ભિન્ન જેવી શબ્દને અસર્વગત સિદ્ધ કરવાની પ્રતિજ્ઞાની પ્રાપ્તિ અને તેથી થતો પરાજય.

પ્રતિજ્ઞેય ૧. [સં.] પું. ભાટ; ભાંડોજન.

૨. વિ. પ્રતિજ્ઞા કરવા જોગ; પ્રતિજ્ઞા કરવાને સમર્થ હોય એવું.

૩. વિ. સ્તુતિ કરનાર; પ્રશંસા કરનાર.

પ્રતિતત્ત્વસિદ્ધાંત [સં.] પું. દરેક તત્ત્વમાંથી સિદ્ધાંત ગ્રહણ તે.

પ્રતિતર ૧. [સં.] પું. તરવાનું સાધન.

૨. પું. નાવિક.

૩. પું. નૌકાને ચલાવવાનું સાધન.

પ્રતિતંત્ર ૧. [સં.] પું. (ન્યાય) ન્યાયના ચાર અંઢેનો એક સિદ્ધાંત; ગૌતમસૂત્રોક્ત એક સિદ્ધાંત; સ્વતંત્રસિદ્ધ અને પરતંત્રસિદ્ધ એવો સિદ્ધાંત.

૨. પું. (વેદાંત) પોતાના મતથી વિરુદ્ધ મતનું શાસ્ત્ર; પોતાના શાસ્ત્રના સિદ્ધાંતથી જેના સિદ્ધાંત પ્રતિકૂળ હોય એવું શાસ્ત્ર.

૩. પું. સ્વશાસ્ત્રપ્રસિદ્ધ અર્થ.

૪. અ. શાસ્ત્રે શાસ્ત્રે; પ્રત્યેક શાસ્ત્રમાં.

પ્રતિતંત્રસિદ્ધાંત ૧. [સં.] પું. કેટલાક શાસ્ત્રમાં હોય અને કેટલાકમાં ન હોય એવો સિદ્ધાંત.

૨. પું. (વેદાંત) વાદી અને પ્રતિવાદી એ બેમાંથી માત્ર એક જણે જ માન્ય રાખેલ સિદ્ધાંત. જે સિદ્ધાંત પોતાના સમાન શાસ્ત્રોમાં સિદ્ધ હોય અને બીજા શાસ્ત્રોમાં અસિદ્ધ હોય તે સિદ્ધાંત પ્રતિતંત્રસિદ્ધાંત કહેવાય છે. જેમકે, મીમાંસકો શબ્દને નિત્ય માને છે અને નૈયાયિકો અનિત્ય માને છે. અથવા નૈયાયિકને મતે મન ઇંદ્રિય છે અને તેના સમાન શાસ્ત્ર વૈશેષિકમાં પણ મન ઇંદ્રિય છે. પણ તેના પ્રતિતંત્રમાં મન ઇંદ્રિય નથી. આ પ્રતિતંત્રસિદ્ધાંત છે.

પ્રતિતાલ [સં.] પું. (સંગીત) આઠ માત્રાનો એક તાલ. તેમાં કાંતાર, સમરાજ્ય, વૈદુષ અને વાંચ્છિત એ ચારે ય તાલનો સમાવેશ થાય છે. તેમાં પહેલી, ત્રીજી અને સાતમી માત્રા ઉપર તાલી અને બાંકમી માત્રા ઉપર ખાલી આવે છે.

પ્રતિતાલી [સં.] સ્ત્રી. તાળું ઉઘાડવાની કૂંચી; ચાવી.

પ્રતિતૂણી [સં.] સ્ત્રી. (વૈદક) એ નામે એક જાતનો વાત રોગ. તેમાં ગુદા અથવા મૂત્રાશયથી પીડા થઈ ઠેઠ મુખ સુધી પહોંચે છે.

પ્રતિતૂની જુઓ પ્રતિતૂણી.

પ્રતિદત્ત ૧. [સં.] વિ. પાછું આપેલું.

૨. વિ. બદલામાં આપેલું.

પ્રતિદધાન ૧. [સં.] ન. વેદમાં વપરાયેલું રહસ્ય એક નામ.

૨. વિ. મનુષ્યમાં ભાવ સાંધનાર.

પ્રતિદર્શન [સં.] ન. સામેથી જોવું તે; સામે જોવું તે; દર્શન.

પ્રતિદંડ ૧ [સં.] પું. મુખ્ય દંડની સમાન ભીને દંડ.

૨. વિ. આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર.

પ્રતિદાન ૧. [સં.] ન. કોઇએ મૂકેલું દ્રવ્ય પાછું સોંપવું તે; થાપણ આપવી તે.

૨. ન. પાછું મોકલવું તે; પ્રત્ન આપવું તે; લીધેલી ચીજ પાછી આપવી તે.

૩. ન. પ્રતિકૃળ; બદલો; વિનિમય; એક ચીજ લઈ બીજી ચીજ આપવી તે.

૪. ન. મૂલ્ય; અવેજ; દામ.

૫. ન. સામું દાન; વૃત્તિ, આવ કે ઉચિત વસ્તુના બદલા તરીકે તેવી જ રીતનું વર્તન રાખવું તે; સામેથી દાન.

પ્રતિદાનકાર્મિક પું. થાપણ સોંપનાર કારકુન.

પ્રતિદારણ ૧. [સં.] ન. ચીરવું તે; ફાડવું તે; ભેદન.

૨. ન. યુદ્ધ.

પ્રતિદાવો પું. ઊલટો દાવો; સામો દાવો.

પ્રતિદિન [સં.] અ. નિત્ય; દરરોજ; હમેશ.

પ્રતિદિવન ૧. [સં. પ્રતિદિવન્] પું. આકાશનો છેડો.

૨. પું. દિવસ.

૩. પું. સૂર્ય.

પ્રતિદિવસ જુઓ પ્રતિદિન.

પ્રતિદિશ [સં.] અ. પ્રત્યેક દિશામાં; દિશાએ દિશાએ.

પ્રતિદિશા જુઓ પ્રતિદિશ.

પ્રતિદીવન જુઓ પ્રતિદિવન.

પ્રતિદુષ્કૃતસામ [સં.] સ્ત્રી. (-માન) નાશની ચોવીસ મ.હેની એ નામની એક જાતિ.

પ્રતિદેય ૧. [સં.] ન. ધરેલું પાછું તે.
૨. વિ. આપવા લેવા; સામે આપવા જેવું.

પ્રતિદેશ [સં.] અ. દરેક દેશમાં; પ્રત્યેક દેશમાં.

પ્રતિકુંભ અ. ઝાડવાર; ઝડદીઠ.

પ્રતિદ્રોહ [સં.] પું. અદાવત; પ્રતિક્રિયા; વેર વાળવું તે.

પ્રતિદ્વંદ્વ ૧. પું. શત્રુ.
૨. [સં.] ન. તુલ્ય યુદ્ધ; સમોવડિયાનું યુદ્ધ.

પ્રતિદ્વંદ્વિતા [સં.] સ્ત્રી. બરાબરિયા સામેનો વિરોધ.

પ્રતિદ્વંદ્વી ૧. [સં. પ્રતિદ્વન્દ્વિન્] પું. શત્રુ; પ્રતિપક્ષી; હરીફ; પ્રતિવાદી; સામાવાળો.
૨. વિ. તુલ્ય યુદ્ધવાળું; જેની સામે દ્વંદ્વયુદ્ધ કરાય તેવું.

પ્રતિદ્વાર ૧. [સં.] ન. અવાંતર દ્વાર; મોટા દરવાજા પાસેનો બીજો નાનો દરવાજા.
૨. અ. બેર બેર; પ્રત્યેક દ્વારે; બારણે બારણે.

પ્રતિધ્રુવ પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેને પરિઘર્ભ છંદ પણ કહે છે. આ છંદ કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૭૦ લઘુ અને ૧૭ ગુરુ મળી ૮૭ અક્ષર અને ૯૬ માત્રા આવે છે.

પ્રતિધ્રાવન [સં.] ન. હુમલો કરવો તે; તરાપ; સામે ધોધવું તે; ધસારો કરવો તે; ધૂંધે પડવું તે.

પ્રતિધિ [સં.] પું. સંધ્યા સમયે ભણવાનું એ નામે એક જાતનું વૈદિક સ્તોત્ર.

પ્રતિધ્વનક યંત્ર ન. પડઘો પાડનારું યંત્ર.

પ્રતિધ્વનિ ૧. [સં. પ્રતિ (સામું) + ધ્વનિ (અવાજ)] પું. પડઘો; સામો અવાજ; સામો શબ્દ; પ્રતિનાદ; પડછંદો. વાયુમાં ક્ષોભ થવાથી તરંગ ઊઠે છે, જેથી શબ્દની ઉત્પત્તિ થાય છે ત્યારે આ તરંગના માર્ગમાં કોઈ દીવાલ કે ટેકરી જેવો કોઈ રોકનાર પદાર્થ આવે છે, ત્યારે તે તરંગ તેની સામે અથડાઈને પાછો ફરે છે અને તે અવાજ તેની ઉત્પત્તિસ્થાને પાછો આવે છે. જો તે રોકનાર સ્થાન શબ્દની ઉત્પત્તિના સ્થાનની બરાબર સામે હોય તો પડઘો અવાજના ઉત્પત્તિસ્થાને બરાબર સંભળાય છે, પણ જો તે આડોપાડો હોય તો પડઘો જેવો તેવો સંભળાય છે. જો ચારપાંચ પડઘો અવાજ કરવામાં આવે તો માત્ર છેવટનો શબ્દ સાફ સંભળાય છે. સાધારણ રીતે પડઘો ઉત્પન્ન થવાને સેકંડના નવમા ભાગ જેટલો વખત લાગે છે. આથી તેથી ઓછા વખતમાં અવાજ કરવામાં આવે તો પડઘો સાફ નહિ સંભળાય. અવાજની ગતિ દર સેકંડે લગભગ ૧૧૨૫ ફુટ હોય છે. આથી જ્યાં અવાજ પેદા કરનાર પદાર્થ અવાજ ઉત્પન્ન થવાના સ્થાનથી ૧૧૨૫ × $\frac{1}{2}$ એટલે લગભગ ૬૨ ફુટથી ઓછે દૂર હોય ત્યાં પડઘો નહિ સંભળાય. જો અવાજ એકદમ અને જોરથી કરવામાં આવ્યો હોય તેનો પડઘો સૌથી વધારે સ્પષ્ટ સંભળાય છે. કોઈ વાર એક અવાજના ઘણા પડઘા સંભળાય છે.
૨. પું. મનના વિચાર કે ભાવ વગેરે જણાવવા તે.
૩. પું. શબ્દથી ભાસ હોવું તે.

પ્રતિધ્વનિત [સં.] વિ. પ્રતિધ્વનિ પામેલું; પડઘો પડેલું; પ્રતિશબ્દ પામેલું.

પ્રતિધ્વનિમાપક [સં.] વિ. પડઘો માપનાર.

પ્રતિધ્વનિમિતિ [સં.] સ્ત્રી. પડઘો માપવો તે.

પ્રતિધ્વનિશાસ્ત્ર [સં.] ન. પડઘા સંબંધી શાસ્ત્ર.

પ્રતિધ્વસ્ત [સં.] વિ. નિરાશ; બહેરો પડી ગયેલ.

પ્રતિધ્વાન [સં.] પું પડઘો; પડછંદો, પ્રતિધ્વનિ.

પ્રતિનક્ષત્ર સ્ત્રી. ઉતારો.

પ્રતિનપ્તા [સં. પ્રતિનપ્તૃ] પું. પ્રપૌત્ર; પુત્રના પુત્રના પુત્ર.

પ્રતિનમસ્કાર [સં.] પું. સામેથી નમસ્કાર કરવો તે.

પ્રતિનવ [સં.] વિ. નવું; નૂતન; તિલ નવીન

પ્રતિનંદન ૧. [સં.] ન. આભારદર્શન.
૨. ન. આશીર્વાદ વગેરેથી સામે સંભાવના કરવી તે; સામેથી કંઈ બતાવવું તે; આશીર્વાદ દેતા દેતા કરવામાં આવતું અભિનંદન.

પ્રતિનાડી (પ્રતિનાડો) [સં.] સ્ત્રી. નાની નાડી. ઉપનાડી.

પ્રતિનાદ [સં.] પું. પ્રતિશબ્દ; પડઘો; પ્રતિધ્વનિ; પડછંદો.

પ્રતિનાદિત ૧. [સં.] વિ. જેનો પ્રતિશબ્દ થયો હોય એવું; જેનો પડઘો પડેલ હોય એવું.
૨. વિ. પડઘો પાડનારું; પ્રતિશબ્દ કરનારું.

પ્રતિનાદી જુઓ પ્રતિનાદિત.

પ્રતિનામ ૧. ન. સર્વનામ.
૨. ન. દરેકનું નામ લઈને.

પ્રતિનાયક ૧. [સં.] પું. નાયકનો એક ભેદ.
૨. પું મુખ્ય નાયકનો સાથી.
૩. પું. વીર રસ વગેરેમાં પ્રતિકૂલ નાયક; નાટક કે વાર્તામાં નાયકનો પ્રતિપક્ષી કે સામાવાળિયો. જેમકે, રામની સામે રાવણ.

પ્રતિનાયિકા [સં.] સ્ત્રી. મુખ્ય નાયિકાની સખી; મુખ્ય નાયિકાની સાથે હોય એવી સ્ત્રી.

પ્રતિનારાયણ [સં.] પું. (જૈન) પ્રતિવાસુદેવ; વાસુદેવનો પ્રતિપક્ષી.

પ્રતિનાહ ૧. [સં] પું. બાવડો; ખભા.
૨. સ્ત્રી. નાકનો એક જાતનો રોગ. તેમાં શ્વાસ લેવાના માર્ગને ફૂંધે છે અને નાકના સ્વરની ગતિ સરળ રહેતી નથી.

પ્રતિનિધાન ૧. [સં.] ન. અધિકાર.
૨. ન. અવેજમાં બીજાને બદલે કે કોઈને મોકલવું તે; બદલી; પ્રતિનિવેશન.
૩. ન. વસિયતનામામાં જણાવેલો અમુક માણસ ન હોય તો તે બારસો બીજાને મેળવાને માટે કરેલી નિમણૂક.

પ્રતિનિધાનપત્ર [સં.] પું. અધિકારપત્ર; મુખ્તારપત્ર.

પ્રતિનિધિ ૧. [સં.] પું. એકને સ્થાને તે બદલ બીજો હાજર કરાય તે; અવેજી.

તેથી ખેડૂત સુતાર લુહાર ઓચા સાળથી,
ઝલાદિ આતનિધિઓ દ્વારા બંડળે કરો
આધીની.

૨. [સં. પ્રતિ (સામું) + નિ (નીચે) + ધા (ધારણ કરવું)] પું કોઈ ને બદલે કોઈ એ આવવું તે; મુખત્યાર; વકીલ; એલચી; મુતીમ; અડતિયો; આરતિયો. ને બદલે, તા તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ; જવાબદાર માણસ.
૩. પું. જમીનો; પ્રતિમા; પ્રતિમૂર્તિ.
૪. પું. જમીનનો ધણી.
૫. પું. બદલામાં વાપરી શકે તેવો પદાર્થ. એક વસ્તુ મળી ન શકતી હોય ત્યારે તેને બદલે તેના જેવા ગુણવાળી બીજી વસ્તુ વાપરવી તે
૬ પુ. રાજનીતિ પ્રમાણે રાજાના મુખ્ય આઠ માણસોનો એક કારભારી.
૭. પું. સામાન્ય મંત્રી; સલાહકાર.
૮. વિ પ્રતિરૂપ; સદશ; સમાન; તુલ્યરૂપ
૯. વિ. વર્તીનું; બદલે હોય તેવું. તરફનું; બદલાનું.

પ્રતિનિધિકરણ ન. બદલો આપવો તે.

પ્રતિનિધિત્વ ન. પ્રતિનિધિપણું.

પ્રતિનિધિપત્ર ન. પ્રતિનિધિ તરીકે આપેલું પત્ર.

પ્રતિનિધિપ્રદાન ન. પ્રતિનિધિ તરીકે આપવું તે.

પ્રતિનિધિભાવ પું. પ્રતિનિધિપણું.

પ્રતિનિધિમંડળ ન. પ્રતિનિધિ તરીકે મોકલેલું મંડળ.

પ્રતિનિધિયોગ પું. પ્રતિનિધિ તરીકે કામ કરવું તે.

પ્રતિનિધિવિધિ પું. પ્રતિનિધિ તરીકે કામ કરવાની રીત.

પ્રતિનિધિસભા સ્ત્રી. પ્રતિનિધિઓની સભા.

પ્રતિનિધિસંસ્થા સ્ત્રી. પ્રતિનિધિઓની સંસ્થા.

પ્રતિનિધિસ્થાન ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનું સ્થાન.

પ્રતિનિધિસ્વામ્ય ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક.

પ્રતિનિધિસ્વામ્યપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપતું પત્ર.

પ્રતિનિધિસ્વામ્યવિધિ પું. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્ર.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકા સ્ત્રી. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્ર ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રિકાપત્રક ન. પ્રતિનિધિ તરીકે કામ કરવાનો હક આપવાની રીત બતાવતું પત્રક.

**પ્રતિનિધિસ્વામ્યવિધિપત્રિકા

પ્રતિનિધિ અધિકારી પું. પ્રતિનિધિ તરીકે મોકલાયેલો અધિકારી.

પ્રતિનિધિત્વ ૧. ન. નિવેદન.
૨. ન. પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર.
૩. ન. પ્રતિનિધિ હોવાની ક્રિયા કે ભાવ.
૪. ન. પ્રતિનિધિ હોવાનો હક્ક.
૫. [સં. પ્રતિનિધિ + ત્વ (પ્રત્યય)] ન. પ્રતિનિધિનો અધિકાર; પ્રતિનિધિપદ.
૬. ન. મુખત્યારપણું.

પ્રતિનિધિપત્ર [સં.] ન. મુખત્યારનામું.

પ્રતિનિધિભૂત [સં.] વિ. પ્રતિનિધિ બનેલું.

પ્રતિનિધિલેખ [સં.] પું. મુખત્યારનામું.

પ્રતિનિધિસભા ૧. [સં.] સ્ત્રી. અંગ્રેજની સભા.
૨. સ્ત્રી. લોકસભા; 'પાર્લમન્ટ'.

પ્રતિનિધિસંસ્થા [સં.] સ્ત્રી. લોકોના પ્રતિનિધિઓની બનેલી સંસ્થા.

પ્રતિનિનદ જુઓ પ્રતિધ્વનિ.

પ્રતિનિપાત [સં.] પું. નીચે પડવું તે.

પ્રતિનિમ ૧. પું. હેતુ વિશેષ; વાદીના ઉપન્યાસ તુલ્ય ઉપન્યાસ કરી પ્રતિવાદી ઉત્તર આપે તે.
૨. વિ. તુલ્ય; સદૃશ.

પ્રતિનિયમ ૧. [સં.] પું. એક એક પ્રત્યે નિયમ; અવસ્થા.
૨. પું. સામાન્ય નિયમ.

પ્રતિનિરાશાવાદ [સં. પ્રતિ (ઊલટું) + નિરાશાવાદ] પું. જગત બૂરું નથી એવો વાદ.

પ્રતિનિર્દેશ [સં.] પું. સામસામું કુશળનામું; પ્રજ્ઞાપ્તિ; નિશાનપત્ર; 'ફ્રૉમ ડિક્રી'.

પ્રતિનિર્દેશ્ય [સં.] વિ. પ્રથમ દર્શાવેલ પદાર્થનો ફરી અન્ય મુખ્ય સ્થાપનાર્થે નિર્દેશ વિષયનું.

પ્રતિનિર્માણશક્તિ [સં.] સ્ત્રી. સર્જન કરવાની શક્તિ.

પ્રતિનિવર્તન ૧. [સં.] ન. નિવારણ; ઇષ્ટ વસ્તુથી નિવૃત્તિ.
૨. ન. પાછા ફરવું તે.

પ્રતિનિવારણ [સં.] ન. નિવારણ કરવું તે.

પ્રતિનિવાસન [સં.] પું. બૌદ્ધ ભિક્ષુઓને પહેરવાનું એક જાતનું વસ્ત્ર.

પ્રતિનિવિષ્ટ ૧. [સં.] વિ. દ્વેષયુક્ત.
૨. વિ. સમજવું સમજે નહિ એવું; હઠીલું; મૂર્ખ

પ્રતિનિવૃત્ત ૧. [સં] વિ. નિવારેલ.
૨. વિ. પાછું ફરેલ.

પ્રતિનિવેશ [સં.] પું. અત્યંત દ્વેષ.

પ્રતિનિવેશન પું. અવેજ; ગહાણ; પ્રતિનિધાન.

પ્રતિનિવેશનીય [સં.] વિ. ફરીથી કબજો કરાવી લઈ શકાય એવું

પ્રતિનિશ [સં.] અ. દરરોજ રાત્રે; પ્રત્યેક રાત્રિએ; દર રાત્રે.

પ્રતિનોદ [સં.] પું. વિક્ષેપ; આકર્ષણથી ઊલટો ભાવ.

પ્રતિનૌકા સ્ત્રી. સામે આવતી હોડી

પ્રતિન્યા [પ્રા.] સ્ત્રી. પ્રતિજ્ઞા; બાધા; પણ; આખડી.
આજ પ્રતિન્યા લીધી. કાન્હડદેપ્રબંધ

પ્રતિપ [સં.] પું. શાંતનુ રાજાના પિતાનું નામ.

પ્રતિપક્ષ ૧. [સં.] પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેને ઠણીરણ કે અરિ છંદ પણ કહે છે. તે દ્રવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૨ લઘુ અને ૧૨ ગુરુ મળી ૮૪ અક્ષર અને ૬૧ માત્રા આવે છે.
૨. પું. પ્રતિવાદી; સામસામળિયો.
૩. પું. શત્રુ; દુશ્મન.
૪. પું. સમાનતા; સાદૃશ્ય.
૫. પું. સામો પક્ષ; વિપક્ષ; વિરુદ્ધ પક્ષ; સામી બાજુ.
૬. વિ. શત્રુ સમાન; શત્રુ સદૃશ.
૭. ન. દર પખવાડીએ; પખે પખે.

પ્રતિપક્ષકાર જુઓ પ્રતિપક્ષી.

પ્રતિપક્ષતા [સં.] સ્ત્રી. વિરુદ્ધપણું; વિરોધીપણું; વિરોધ.

પ્રતિપક્ષસાધન ન. વિરુદ્ધ સાબિત કરવું તે.

પ્રતિપક્ષિત [સં.] પું. (ન્યાય) એ નામે એક હેત્વાભાસ.

પ્રતિપક્ષી ૧. [સં. પ્રતિ (વિરુદ્ધ) + પક્ષિન (પક્ષનું)] પું. દુશ્મન; વેરી; શત્રુ; અરિ.
તે પછી પ્રતિપક્ષીને ખતમ કરવું રાજ, સદુપયોગ છે તેનો વિપરીત કદી નહિ.
બાબાગીતા
૨. પું. પ્રતિપક્ષનો માણસ; સામાવાળિયો; હરીફ; વિરોધી; પક્ષકાર.
૩. પું. પ્રતિવાદી.
૪. વિ. સામા થનારું; સામે ઊભનાર; વાંધો લેનાર; હરીફ.

પ્રતિપક્ષીય વિ. વિરોધી.

પ્રતિપત્ત ૧. [સં.] પું. દરજ્જો.
૨. પું. સન્માન.
૩. સ્ત્રી. પખવાડિયાનો પહેલો દિવસ; પડવો; પ્રતિપદા.

આદીના અર્થાર્થોમાં જુદા જુદા આસ્તી પ્રતિપત્તથી આરબી સપ્તમી પર્યંત તિથિઓના કલ્પોનો વિષય છે. પુરાણનિબંધન

પ્રતિપતન ૧. [સં.] ન. પ્રતિગમન.
૨. ન. પાછી ફાડવું તે.

પ્રતિપત્તિ ૧. [સં.] સ્ત્રી. અનુમાન.
૨. સ્ત્રી. અમર; સંસ્કાર
૩ સ્ત્રી. આડે રસ્તે દોરવું તે.
૪. સ્ત્રી. આશય; ઉદ્દેશ.
૫. સ્ત્રી ઉપચાર.
૬. સ્ત્રી. ઉપાર્જન.
૭. સ્ત્રી. કબૂલાત; સંમતિ; માન્ય કરવું તે.
૮. સ્ત્રી. કરણી; કાર્યનું રવરૂપ આપવું તે.
૯. સ્ત્રી. કર્તવ્યપણાનું જ્ઞાન; સિદ્ધિ; સમ્યક્ જ્ઞાન.
૧૦. સ્ત્રી કર્તાપણું.
૧૧. સ્ત્રી. ક્રમ.
૧૨. સ્ત્રી. ખબર; સમાચાર; માહિતી.
૧૩. સ્ત્રી. ગૌરવ; મોટપ.
૧૪. સ્ત્રી જ્ઞાન.
૧૫. સ્ત્રી દાન; બક્ષિસ કરવું તે; આપવું તે.
૧૬. સ્ત્રી. દેવતા, મૂર્તિ વગેરે ઉપર થી ઉતારવું તે.
૧૭. સ્ત્રી. નિર્ણય.
૧૮. સ્ત્રી. પરિણામ.
૧૯ સ્ત્રી. પ્રકાર; ભેદ.
૨૦. સ્ત્રી, પ્રતિપાદના; નિરૂપણ.
૨૧. સ્ત્રી. પ્રતીતિ; પુરવારી; કાબિલી.
૨૨. સ્ત્રી પ્રભાવ; દાબ; ધાક; પ્રતિષ્ઠા.
અનુચિત પ્રતિપત્તિ = બેરવાકબી દાબ; અયોગ્ય પ્રભાવ.
૨૩. સ્ત્રી. પ્રયોગ.
૨૪. સ્ત્રી. પ્રવૃત્તિ; ક્રિયા.
૨૫. સ્ત્રી. પ્રાગલ્ભ્ય; પ્રગલ્ભ હોવાપણું.
૨૬. સ્ત્રી. પ્રાપ્તિ; લાભ.
૨૭. સ્ત્રી. ફલાવવું તે.
૨૮. સ્ત્રી. બુદ્ધિ.
૨૯. સ્ત્રી. મનામણ મનાવવું તે; મનમાં વાત ઊતરવી તે; નિશ્ચય; ખાતરી.
૩૦. સ્ત્રી. મરજી.
૩૧. સ્ત્રી માન; સત્કાર; આદરસત્કાર; પ્રણામ વગેરે વિનયવિધિ.
૩૨. સ્ત્રી. મીમાંસક મતે ફળજનક કર્મનું એક અંગ.
૩૩. સ્ત્રી. મોટી પદવી; મોટો હોદ્દો.
૩૪. સ્ત્રી. યુક્તિ.
૩૫. સ્ત્રી. યોજના
૩૬. સ્ત્રી. શાખ; કીર્તિ, આબરૂ.
૩૭. સ્ત્રી. શાંતિ.
૩૮. સ્ત્રી. શું કરવું છે તેનું જ્ઞાન.
૩૯. સ્ત્રી. સજ્જનતાની ખાતરી.

૪૦. સ્ત્રી. સમજ; જાણકાર.
૪૧. સ્ત્રી. સેવા; ભક્તિ.
૪૨. સ્ત્રી. સ્થાન માત્ર.
૪૩. સ્ત્રી. સ્થાપન.
૪૪. સ્ત્રી. સ્વીકાર; અંગીકાર.

પ્રતિપત્તિક [સં.] પું. (જૈન) સમકીતથી પડીને બીજી વાર સમકીત પામનાર જીવ.

પ્રતિપત્તિકર્મ [સં.] ન. આઠ વગેરેમાં સૌથી અંતે કરવામાં આવતું કામ.

પ્રતિપત્તિદક્ષ [સં.] વિ. કાર્યકુશળ; વ્યવહારકુશળ.

પ્રતિપત્તિપટહ [સં.] પું. ઢોલ નગારું.

પ્રતિપત્તિપરાઙ્મુખ ૧. [સં.] વિ. કદાગ્રહી; હઠીલું.
૨. વિ. ગૌરવ રહિત.
૩. વિ. વક્ર ન થાય તેવું.

પ્રતિપત્તિમાન ૧. [સં. પ્રતિપત્તિમત્] વિ. ગૌરવવાળું; માનવાળું.
૨. વિ. મોટા હોદ્દાવાળું.
૩. વિ. સત્કારવાળું.

પ્રતિપત્તુર્ય [સં.] ન. નોબત.

પ્રતિપત્રક [સં.] ન. પત્રકનું સામું અડધિયું.

પ્રતિપત્રફલ્લા [સં.] સ્ત્રી. નાનાં કારેલાંનો વેલો.

પ્રતિપત્રિકા [સં.] સ્ત્રી. કુપત્ર; ખોટપત્ર.

પ્રતિપથ ૧. [સં.] પું. ઊલટો માર્ગ; વિપરીત માર્ગ.
૨. પું. પ્રતિકૂલતા.
૩. અ. પ્રત્યેક માર્ગે; રસ્તે રસ્તે.

પ્રતિપદ ૧. [સં. પ્રતિપદ્] સ્ત્રી. અગ્નિની જન્મભૂમિ.
૨. સ્ત્રી. આરંભ.
૩. સ્ત્રી. ઉપક્રમ.
૪. સ્ત્રી. જ્ઞાન.
૫. સ્ત્રી. નોબત.
૬. સ્ત્રી. પખવાડિયાનો પહેલો દિવસ; પડવો; એકમ તિથિ.
૭. સ્ત્રી. પ્રાચીન કાળનો એક જાતનો મોટો ઢોલ.
૮. સ્ત્રી. ભવિષ્યવર્તમાન સ્તોત્રની પ્રથમ સ્તુતિ.
૯. સ્ત્રી. બુદ્ધિ; સમજ.
૧૦. સ્ત્રી. માર્ગ; રસ્તો.
૧૧. સ્ત્રી. પગનાં આઠ માંહેનું એક ઊપાંગ.
૧૨. સ્ત્રી. શ્રેણી; પંક્તિ.
૧૩. ન. દરેક પગલું.
૧૪. અ કમલે કમલે, પગલે પગલે; દરેક પગલે.
૧૫ અ. ધીમે ધીમે.

પ્રતિપદ ૧. સ્ત્રી. ચૈત્રી વર્ષનો પહેલો દિવસ; ચંદ્રમણ વર્ષનો પ્રથમ દિવસ.
૨. [સં.] સ્ત્રી. એકમ તિથિ; પખવાડિયાનો પહેલો દિવસ; પડવો. ચંદ્ર સૂર્યની નજદીક આવી જાય ત્યારે જ આગલ પૂર્વ તરફ જવા માટે કે પ્રતિપદા તિથિનો આરંભ થાય. બંને વચ્ચે બાર અંશ અંતર પડે એટલે પ્રતિપદા તિથિ પૂરી થાય.

પ્રતિપદોત્કર્ષ [સં.] પું. ઉત્તરોત્તર ઉત્કર્ષ; ઉત્તરોત્તર વૃદ્ધિ.

પ્રતિપદ્વ્રત [સં.] ન. આરોગ્ય જળવાય માટે ચૈત્ર માસમાં કરવામાં આવતું વ્રત.

પ્રતિપન્ન ૧. [સં.] વિ. અમુક.
૨. વિ. કબૂલ કરેલ; સ્વીકારેલ; સ્વીકૃત.
૩. વિ. જાણેલ.
૪. વિ. પાસે આવેલ.
૫. વિ. પ્રચંડ.
૬. વિ. પ્રાપ્ત થયેલું; મળેલું.
૭. વિ. ભરપૂર.
૮. વિ. યુક્ત; સહિત.
૯. વિ. વિદ્વાન; ભણેલું.
૧૦. વિ. શરણાગત; આશ્રિત.
૧૧. વિ. સ્વ-માન કે પ્રતિજ્ઞા પામેલું.
૧૨. વિ. સાબિત કરેલ; નિશ્ચિત.

પ્રતિપન્નક [સં.] પું. (જૈન) જોતાપન, સકૃદાગામી, અનાગામી અને અર્હંત્ એ ચાર પદ.

પ્રતિપર્ણ ૧. સ્ત્રી. દરેક પર્ણ.
૨. અ. પર્ણે પર્ણે.

પ્રતિપાક પું. બદલો.

પ્રતિપાત [સં.] પું. નાશ; ધ્વંસ.

પ્રતિપાતી ૧. [સં.] વ. (જૈન) અવધિજ્ઞાનનો એક ભેદ; આપોઆપ જતું રહે એવું અવધિજ્ઞાન.
૨. વિ. પડવાના સ્વભાવવાળું.
૩. વિ. ક્ષોભપ્રક્ષેપ જેટલું ઉત્પન્ન થયા બાદ પ્રમાદાદિકથી એકદમ જાતું પાડે તેવું.

પ્રતિપાત્ર [સં.] અ. પ્રત્યેક પાત્રે; પાત્રે પાત્રે.

પ્રતિપાદ પું. પડવાનો; પગ નીચે મૂકવાનો લાકડાનો ઠક્કો.

પ્રતિપાદક ૧. [સં.] વિ. મુખ્ય, અર્થ વગેરે ઉત્પન્ન કરનાર.
૨. વિ. નિર્વાહ કરનાર.
૩. વિ. પુરાવામાં ઉપયોગી; પ્રમાણવાળું.
૪. વિ. બોધક; બોધ આપનાર; સમજાવનાર.
૫. વિ. સહાઈ કરતું.
૬. વિ. સિદ્ધ કરનાર; પ્રતિપાદન કરનારું.
૭. વિ. ઢંઢોળી દોષનું નિરાકરણ કરનાર.

પ્રતિપાદન ૧. ન. ઉત્પત્તિ.
૨. [સં. પ્રતિપદ્ (કબૂલ કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. કોઈ વાત પ્રમાણપૂર્વક કહેવી તે.
પ્રતિપાદન કરવું = (૧) જણાવવું. (૨) નિભાવવું; પોષવું; પાળવું. (૩) સ્થાપન કરવું.
૩. ન. ગ્રહણ કરવું તે.
૪. ન. (વેદાંત) જ્ઞાન થવાને અનુકૂળ એવો શબ્દપ્રયોગ; જ્ઞાન થાય એવા શબ્દોમાં કથન કરવું તે.
૫. ન. દાન આપવું તે.
૬. ન. પુરસ્કાર; બક્ષિસ.
૭. ન. પ્રતિપત્તિ.
૮. ન. (વેદાંત) પ્રતિપાદ્ય વસ્તુની પ્રથમ પ્રતિજ્ઞા કરીને પછી તેને સિદ્ધ કરવાના હેતુ બતાવવા તે; પોતાના કહેવાને બીજા મુદ્દાઓથી ખરું ઠરાવવું કે સાબિત કરવું તે.
૯. ન. પ્રમાણ.
૧૦. ન. ફરમાન.
૧૧. ન. બોધ; ઉપદેશ.
૧૨. ન. વિવેચન.
૧૩. ન. સિદ્ધ કરવું તે; ખંડનમંડન ઉપરથી નક્કી કરવું તે; સાબિત કરવું તે; પ્રમાણ આપી પુરવાર કરવું તે; બાતરી કરી આપવી તે.
૧૪. ન. સ્થાપના; સમર્થન. સમજાવવું તે.
૧૫. ન. સ્વીકાર.
૧૬. ન. કરજોર્ડ વિષયના પક્ષના દોષનું નિરાકરણ કરી સ્થાપન કરવું તે.

પ્રતિપાદનપદ્ધતિ [સં.] સ્ત્રી. સાબિત કરવાની રીત.

પ્રતિપાદનશૈલી [સં.] સ્ત્રી. સાબિત કરવાની રીત; સિદ્ધ કરવાની પદ્ધતિ.

પ્રતિપાદનીય ૧. [સં.] વિ. સાબિત કે સિદ્ધ થઈ શકે એવું.
૨. વિ. સ્થાપનીય; ઠસે તેવું; ગળી શકે તેવું.

પ્રતિપાદિત ૧. [સં.] વિ. અપાયેલું; ભેટ કરેલ; દીધેલ; આપેલ.
૨. વિ. જેનું પ્રતિપાદન કરેલું હોય એવું; સિદ્ધ કરેલ.
૩. વિ. નિવેદન થયેલું; જાહેર કરાયેલ.
૪. વિ. પ્રણીત.
૫. વિ. વિચારિત.
૬. વિ. સમજાવાયેલ; સારી રીતે કહેલું અથવા સમજાવેલું.

પ્રતિપાદિની [સં] વિ સ્ત્રી. સ્થાપન કરનારી; સિદ્ધ કરનારી; પ્રતિપાદન કરનારી.

પ્રતિપાદુક જુઓ પ્રતિપાદક.

પ્રતિપાલ ૧. વિ. આગળ કરેલ.
૨. [સં.] વિ. દેવા જેવું.
૩. વિ. પ્રતિપાદન કરવા યોગ્ય; જેનું પ્રતિપાદન કરવાનું હોય તેવું; સિદ્ધ કરવા જેવું.
૪. વિ. સમજાવવા યોગ્ય.
૫ વિ. સાબિત થઈ શકે તેવું.

પ્રતિપાપ [સં.] ન. પાપ સામે પાપ કરવું તે.

પ્રતિપાલ ૧. [સં.] પું. ઉછેર; બાલન; પાલન.
જે નરની કિ હરિ પ્રતિપાલ,
દુખ તેહનું પીડ વિશાલ. કાન્હડદેપ્રબંધ
૨. પું. ઝડીદાર.
૩. [સં. પ્રતિ + પાલ્ (પાળવું)] પું. પ્રતિપાલક; પાળનાર; પોષણ કરનાર માણસ.
૪. પું. રક્ષક; વાલી.
૫. સ્ત્રી. સંભાળ; રક્ષણ.

પ્રતિપાલક ૧. [સં.] પું. ભરણપોષણ કરનાર માણસ; આશ્રય આપનાર માણસ.
૨. પું. રક્ષક.
૩. પું. રાજા.
૪. વિ. પાલક; પોષક.
૫. વિ. રક્ષણ કરનાર.

પ્રતિપાલણ ૧. ન. પાલણપોષણ.
૨. ન. રક્ષણ; ટેકો.

પ્રતિપાલન ૧. [સં. પ્રતિ + પાલ્ (પાળવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉછેરવું તે; પરિપાલન; પાળવું તે; પાલણપોષણ.
૨. ન. ઉલ્લંઘન નહિ કરવું તે.
૩. ન. નિર્વાહ.
૪. ન. રક્ષણ.
૫. ન. રાહ જોવી તે.

પ્રતિપાલના ૧. [સં.] સ્ત્રી. પાલન કરવું તે; ભરણપોષણ.
૨. સ્ત્રી. રક્ષણ.

પ્રતિપાલનીય ૧. [સં.] વિ. પાળવા યોગ્ય.
૨. વિ. રક્ષણ કરવા લાયક.
૩. વિ. રાહ જોવા જેવું.

પ્રતિપાલિકા [સં.] સ્ત્રી. પાળનારી સ્ત્રી; ઉછેરનારી સ્ત્રી.

પ્રતિપાલિત ૧. [સં.] વિ. પાલન કરેલું; પળેલ.
૨. વિ. રક્ષણ કરેલ.
૩. વિ. રાહ જોયેલ.

પ્રતિપાલ્ય ૧. [સં.] વિ. પાલન કરવા જેવું.
૨. વિ. રક્ષણ કરવા જેવું.
૩. વિ. રક્ષણ; રક્ષિત; આશ્રિત.

પ્રતિપાળ જુઓ પ્રતિપાલ.

પ્રતિપાળક જુઓ પ્રતિપાલક.

પ્રતિપાળકા સ્ત્રી. રક્ષા.
વારા સકલની કરૌ પ્રતિપાળકા,
ગુરુ માને રે હરગોવિંદદાસ. હરગોવિંદ

પ્રતિપાળણ ન. રક્ષણ; પ્રતિપાલન.
સબું વિસરે નહિ હેત તમારું છ,
તમે પ્રતિપાળણ મું મહું તમારું છ.
દયારામ

પ્રતિપાળન જુઓ પ્રતિપાલન.

પ્રતિપાળવું ૧. સ. ક્રિ. પાળવું; રક્ષણ કરવું.
૨. સ. ક્રિ. પોષવું અને ઉછેરવું.
૩. સ. ક્રિ. ભરણપોષણ કરવું.
૪. સ. ક્રિ. ભંગ ન કરવો; માનવું. વચન, આજ્ઞા, મત, રુખ, અક્કોલે વગેરે માટે જોવામાં છે.

પ્રતિપીડન (પ્રતિપીળન) ૧. [સં.] ન. ખૂબ પીડવું તે.
૨. ન. વેર; બદલો.

પ્રતિપુરુષ ૧. [સં.] પું. પ્રતિનિધિ; વકીલ; મુખત્યાર; બદલાનો માણસ.
૨. પું. પ્રતિમા.
૩. પું. પ્રાચીન કાળમાં ઘરમાં ઘૂસતા પહેલાં ચોર લોકો તરફથી ઘરમાં ફેંકવામાં આવતું પૂતળું. આ પૂતળું ફેંકતાં ઘરના લોકો સોરબકોર ન કરે તો ચોર લોકો ઘરમાં ઘૂસતા.
૪. પું. મિત્ર.
૫. પું. સમાન પુરુષ.
૬. પું. સહકારી; સાથે કામ કરનાર માણસ.
૭. ન. પુરુષે પુરુષે; દરેક પુરુષે.

પ્રતિપૂજક ૧. [સં.] વિ. અભિવાદન કરનાર; પ્રતિપૂજન કરનાર.
૨. વિ. પૂજનાર; પૂજા કરનાર.
૩. વિ. માન આપનાર.

પ્રતિપૂજન ૧. ન. અભિવાદન; સાહજ સલામત.
૨. [સં.] ન. પૂજવું તે; પૂજા.
૩. ન. સામસામા પ્રણામ કરવા તે.
૪. ન. સામે પૂજા કરવી તે; કોઈએ પૂજા કરી હોય ત્યારે સામે તેની પૂજા કરવી તે.

પ્રતિપૂજા જુઓ પ્રતિપૂજન.

પ્રતિપૂજિત ૧. [સં.] વિ. પૂજા કરેલ; સામે પૂજેલ.
૨. વિ. સન્માનિત.
૩. વિ. સામા પ્રણામ કરેલ.

પ્રતિપૂજ્ય ૧. [સં.] વિ. સામે પૂજવા યોગ્ય; અભિનંદન કરવા જેવા.
૨. ન. સામે પૂજનને.

પ્રતિપૂરણ [સં.] ન. અંદર દાખલ કરવું તે; 'ઇન્જેક્શન'.
૨. ન. ભરી દેવું તે.

પ્રતિપૂરુષ જુઓ પ્રતિપુરુષ.

પ્રતિપૂર્ણ [સં.] વિ. સંપૂર્ણ; પૂરેપૂરું.

પ્રતિપૂર્વ [સં.] પું. (પુરાણ) રામીનો પુત્ર.

પ્રતિપૃચ્છના [સં.] સ્ત્રી. બીજાના કાર્ય માટે ફરીથી ગુરુને પૂછવું તે.

પ્રતિપૃચ્છા ૧. [સં.] સ્ત્રી. ઊલટ તપાસ.
૨. સ્ત્રી. (જૈન) સંદિગ્ધનું પૂછવું તે; ગુરુ વગેરે પાસેથી ખુલાસો મેળવવા પ્રશ્ન કરવો તે.
૩. સ્ત્રી. ખબર પૂછવા તે.

પ્રતિપોષક [સં.] વિ. મદદ કરનાર.

પ્રતિપ્રકૃતિક [સં.] વિ. સૃષ્ટિના સાધારણ ક્રમથી જુદું.

પ્રતિપ્રણામ [સં.] પું. સામા પ્રણામ.

પ્રતિપ્રતિ સ્ત્રી. ઉચિત આચરણ.

પ્રતિપ્રતિજ્ઞા [સં.] સ્ત્રી. પ્રતિનિષેધ; પક્ષવિપક્ષ સમન્વય; વિરોધ સંવિધાન.

પ્રતિપ્રત્યક્ષ પું. બન્દાદસ્ત; સંસ્કાર 'મેન્ટલ ઇમેજ.'

પ્રતિપ્રદાન ૧. [સં.] ન. પ્રત્યર્પણ; સામે આપવું તે; સામું દાન.
૨. ન. વિવાહમાં આપવું તે.

પ્રતિપ્રજ્ઞ [સં.] પું. (પુરાણ) ઋષિવંશનો એ નામનો એક ઋષિ.

પ્રતિપ્રજ્ઞ આત્રેય [સં.] પું. ઋગ્વેદના પાંચમા મંડલના ૪૬મા સૂક્તનો કર્તા એ નામે એક ઋષિ.

પ્રતિપ્રજ્ઞા ૧. [સં.] સ્ત્રી. પ્રતિબિંબ.
૨. સ્ત્રી. સામું અજવાળું.

પ્રતિપ્રણામ ૧. [સં.] ન. પીઠ બતાવવી તે; પાછું ફરવું તે.
૨. ન. સામે પ્રણામ કરવું તે; સામે જવું તે.

પ્રતિપ્રવાહ [સં. પ્રતિ (ઊલટું) + પ્રવાહ (વહેણ)] પું. સામો પ્રવાહ; સામું વહેણ.

પ્રતિપ્રશ્ન ૧. [સં.] પું. જવાબ.
૨. [સં. પ્રતિ (સામું) + પ્રશ્ન (સવાલ)] પું. સામો પ્રશ્ન; સામેથી કરેલો સવાલ; પ્રશ્ન સામે કરેલો પ્રશ્ન.

પ્રતિપ્રસવ ૧. [સં.] પું. અપવાદનો અપવાદ.
૨. પું. ઉત્પત્તિની ક્રિયાથી ઊલટી ક્રિયાની ક્રિયા. જોખમ, કોકડું કરવું તે પ્રસવ અને ઊકલવું તે પ્રતિપ્રસવ.

૩. પું. (કાવ્ય) એ નામે એક અલંકાર; નિષેધ કરેલું પુનર્વિધાન; નિષેધેલાની પુનઃ પ્રાપ્તિની સંભાવના; એક કાર્યનો સામાન્યપણે નિષેધ કર્યો હોય તો તે કાર્યનો ફરીથી વિશેષ વિધિ કરવો તે. પ્રત્યાપત્તિ અર્થાત્ ફરી આવી પડવું એ પ્રતિપ્રસવ અલંકાર છે.

૪. પું. ફરીથી પેદા થવું તે.

૫. [સં.] પું. બીજે અવસરે મનાઈ હોય એવી કોઈ અવસરે કોઈ કામની સ્વચ્છંદતા; કોઈ ઠેકાણે કોઈ બાબતની મનાઈ હોય તેનો બીજે ઠેકાણે વિધાન; કોઈ વાતનો એક જગાએ નિષેધ અને બીજે સ્થાને તેની આજ્ઞા. જેમકે, રવિવાર, શુક્રવાર અને બારસે કોઈ શ્રાદ્ધમાં તર્પણ કરવાનો નિષેધ છે, પણ અમન, વિષુવસંક્રાંતિ કે ગ્રહણને સમયે, અથવા તીર્થસ્થાનમાં રવિવાર, શુક્રવાર, બારસે પણ તલથી શ્રાદ્ધ કરવાની આજ્ઞા છે.

૬. અ. ઉત્પત્તિએ ઉત્પત્તિએ; પ્રત્યેક જન્મે.

પ્રતિપ્રસંગ [સં.] અ. દરેક વખતે.

પ્રતિપ્રસ્તોતા [સં. પ્રતિપ્રસ્તોતૃ] પું. યજ્ઞ કરાવનાર એક બ્રાહ્મણ.

પ્રતિપ્રસ્થાતા [સં. પ્રતિપ્રસ્થાતૃ] પું. સોમયાગનો એક ઋત્વિજ; સોળ માંહેનો એક ઋત્વિજ; યજ્ઞમાં અધ્વર્યુને મદદ કરનાર ઋત્વિજ.

પ્રતિપ્રસ્થાન ૧. [સં.] પું. એક જાતના દેવ. સૌમાદિ મહો, જગનું સૌષણ કરનાર સૂર્યનાં કિરણો તથા તેનો અધિષ્ઠાતા દેવ, ઉપાંશુ, અંતર્યામ ઐંદ્રવાયવ, મૈત્રાવરુણ, આશ્વિન (અશ્વિની સંબંધી), પ્રતિપ્રસ્થાન, શુક્ર અને મંથી એ સર્વ મળીને સિદ્ધ થાય છે! કવી

૨. પું. વિરુદ્ધ પક્ષનો આશ્રય; દુશ્મનના પક્ષમાં જોડાવું તે.

૩. ન. પ્રતિકૂલ સ્થાન.

૪. વિ. પ્રતિકૂલ સ્થાનવાળું

૫. વિ. વિરુદ્ધ પક્ષના આશ્રયવાળું.

પ્રતિપ્રહાર [સં.] પું. સામો પ્રહાર; પ્રતિઘાત.

પ્રતિપ્રાર્થના [સં.] સ્ત્રી. ઊલટ દાવો; સામો દાવો; સામું લેણું બતાવવું તે; સામું માગણું.

પ્રતિપ્રાણ આત્રેય પું. ઋગ્વેદના પાંચમા મંડળના ૪૯મા સૂક્તનો કર્તા એ નામે એક ઋષિ.

પ્રતિપ્રિય ૧. [સં.] પું. અત્રિવંશનો એ નામનો એક ઋષિ.

૨. ન. ગમતું કરી બદલો વાળવો તે; કરે બદલો; પ્રત્યુપકાર; સામું પ્રિય.

પ્રતિપ્લક્ષ ૧. [સં.] ન. જેણે જે કર્મ કર્યું હોય તે બદલ તેની સામે યોગ્ય ઇનામ.

૨. ન. પરિપ્લવ.

૩ ન. પર્યાય; તુલ્યાર્થ.

૪. ન. પ્રતિકાર.

૫. ન. પ્રતિક્રિયા; સામો બદલો; પ્રતિનિધિ.

૬. ન. બદલો; સાટું; કૃતિપૂરણ; પ્રત્યુપકાર; પ્રતિદાન.

૭. ન. મૂલ્ય દામ; કી; લવાજમ; મહેનતાણું; મૂલ.

૮. અ. પ્રત્યેક કને; કળે કળે.

પ્રતિપ્લેષક [સં.] પું. ફિરણ પાછાં પાડવાને દીવા પાછળ મૂકેલી તખ્તી; પ્રતિબિંબ કરે તેવું દર્પણ; પરાવર્તક; 'રિફલેક્ટર'.

પ્રતિપ્લેષદાયક [સં.] વિ. કામ પ્રમાણે ફળ મળે એવું.

પ્રતિપ્લવન ૧. [સં.] ન. જેણે જે કર્મ કર્યું હોય તે બદલ તેની સામે યોગ્ય ઇનામ; પ્રતિક્રિયા; સામેથી બદલો.

૨. ન. પ્રતિબિંબ પાડવું તે; પ્રતિબિંબ.

પ્રતિપ્લવનવ્યાપાર [સં.] પું. સામું આપવાનો આપાર; પ્રતિબિંબ પાડવાનો વ્યાપાર; ઉદ્દભવેલા કાર્યનું પ્રતિબિંબ પાડવાનું કર્મ.

પ્રતિપ્લવપ્રદ [સં.] વિ. કામ પ્રમાણે ફળ મળે એવું.

પ્રતિપ્લવા [સં.] સ્ત્રી. ભાવરી નામે વનસ્પતિ.

પ્રતિપ્લવિત ૧. [સં.] વિ. પ્રતિકાર કરેલ.

૨. વિ. પ્રતિબિંબિત; પ્રતિબિંબ પડેલ; પ્રતિબિંબ થયેલ.

પ્રતિપ્લવિત કિરણ [સં.] ન. પરાવર્ત્ત કિરણ.

પ્રતિપ્લુત જુઓ પ્રતિપ્લવ.

પ્રતિપ્લુતદાયક જુઓ પ્રતિપ્લવદાયક.

પ્રતિપ્લુતપ્રદ જુઓ પ્રતિપ્લવપ્રદ.

પ્રતિપ્લુતા જુઓ પ્રતિપ્લવા.

પ્રતિપુલ્લક [સં.] વિ. પ્રફુલ્લ; ખીલેલું.

પ્રતિબદ્ધ ૧. [સં.] વિ. (ગણિત) એકીવખતે ઉપસ્થિત થતું અને અમુક ધર્મનો ઉપન્યાસ કરતી વખતે એકબીજાને બદલે મૂકી શકાય તેવું; 'કોન્જુગેટ'. જેમકે, કોઈ પણ વર્તુલમાં એક જ્યા દોરવાથી એકીવખતે બે ચાપ થાય છે. તે જ્યાનો ચાપ કયો ? એના જવાબમાં જેમાંથી ગમે તે ચાપ કહી શકાય. માટે તે ચાપ પરસ્પર પ્રતિબદ્ધ કહેવાય.

૨. વિ. દઢ; મજબૂત.

૩. વિ. નિયંત્રિત.

૪. વિ. પૂરું પાડેલું; સપ્લાય.

૫. વિ. પોતાનું કરી રાખેલું.

૬. વિ. પ્રતિબંધવાળું.

૭. વિ. પ્રતિરોધિત; રુકાવટવાળું.

૮. વિ. બંધાયેલું; બાંધેલું; બદ્ધ.

૯. વિ. વ્યાપક.

૧૦. વિ. સમીપમાં રહેલું

૧૧. વિ. સંપૂર્ણ સંબંધ પામેલ.

૧૨. વિ. સંબંધ કરાવનાર; સંબદ્ધ.

૧૩ વિ. હરકતવાળું; નડતરવાળું; જેને હરકત કરી હોય એવું.

પ્રતિબદ્ધકોણ [સં] પું. (ગણિત) જેના બે ખૂણેથી બનેલ બે બાહુનો દરેક ખૂણો. તે બંને મળીને હમેશા ૧૬૦ અંશ અથવા બાર કાટખૂણાની બરાબર થાય છે.

પ્રતિબદ્ધ બાજુ [સં.] ન. (ગણિત) વર્તુળમાં જે બે બાજુની જ્યા એક જ હોય અને જેનો સરવાળો આખા-પરિધની બરાબર હોય તે બે બાહુનો દરેક બાજુ.

પ્રતિબદ્ધ ભૂસંપત્તિ [સં.] સ્ત્રી. સંકુચિત હકકવાળી જાગીર.

પ્રતિબદ્ધ વેપાર પું. જકાતના અંકુશ વડે રહાયેલો વેપાર; પોતાના દેશના વેપાર માટે બીજા દેશની વસ્તુઓ ઉપર સખત કર નાખી તે વસ્તુનો અવરોધ કરવો તે.

> આમ પ્રોટેકશન અને ફ્રી ટ્રેડ યાને પ્રતિબદ્ધ અને અપ્રતિબદ્ધ વેપારની આર્થિક નીતિઓનો ઝઘડો શરૂ થયો. આનંદશંકર ધ્રુવ

પ્રતિબધ્ય [સં.] વિ. પ્રતિબંધને યોગ્ય.

પ્રતિબલ ૧. [સં.] પું. શત્રુ.

૨. ન. શત્રુની સેના.

૩. ન. શત્રુસેનાના ભિન્ન ભિન્ન અંગોનો સામનો કરવાની શક્તિ કે સામાન. કૌટિલ્યે લખ્યું છે કે, હસ્તિસેનાનો સામનો કરવા માટે હસ્તિમંત્ર, શકટગર્ભ, કુંજ, પ્રાસ, શસ્ત્ર વગેરેથી યુક્ત થયેલી સેના યોગ્ય છે અને જે સેનામાં પાષાણ, લાઠીઓ, કવચ, કમઠણી વગેરે પુષ્કળ હોય તે રથસેનાનો સામનો કરવા માટે યોગ્ય છે.

૪. ન. સામર્થ્ય; શક્તિ.

૫. વિ. સમર્થ; શક્ત

૬. વિ. સમાન બળવાળું.

પ્રતિબલા ૧. [સં.] સ્ત્રી. ડાંગનું ઝાડ.

૨ સ્ત્રી. તે નામે એક વનસ્પતિ.

પ્રતિબંદી [સં.] સ્ત્રી (વેદાંત) વાદી, પ્રતિવાદી બનેલ પક્ષમાં સંશયસમાધાનની તુલના.

પ્રતિબંધ ૧. [સં.] પું. અવરોધ; વાંધો; હરકત; આક્ષેપ; પ્રલવાય; નિષેધ; બાધવું તે; મના; બંધી; અટકાયત; રોકાણ; રુકાવટ; મનાઈ; નડતર; પ્રતિરોધ.
૨. પું. આસક્તિ.
૩. પું. (જૈન) એક ઔપાધિક કર્મભાવ; ચારિત્રમોહ
૪. પું. (શિલ્પ) એક જાતનું ક્ષેત્રફળ.
૫ પું. કાર્યને અનુકૂળ એવા કોઈક ધર્મને અટકાવનાર પદાર્થ. અગ્નિમાં દાહરૂપ કાર્યને અનુકૂળ જે શક્તિરૂપી કોઈક ધર્મ છે, તેને રોકનાર મણિમંત્ર, ઔષધ વગેરે છે તેને પ્રતિબંધ કહે છે.
૬. પું. નાઉમેદી.
૭. પું. બંદોબસ્ત; પ્રબંધ.
૮. પું. વિઘ્ન; અડચણ; આડ.
૯ પું. વેષ્ટન.
૧૦. પું. વ્યાપ્તિ
૧૧. પું. સંપૂર્ણ સંબંધ.
૧૨. પું. સ્નેહ; પ્રીતિ.
૧૩. પું. દાસ; આમલ.
૧૪. વિ. રોકનાર; પ્રતિરોધક.

પ્રતિબંધક ૧. [સં.] પું. ગાડાની ગાખા.
૨. પું. મુશ્કેલી; અંતરાય.
૩. પું. નિષેધ કરનાર માણસ.
૪. પું. વૃક્ષ; ઝાડ.
૫. ન. (જૈન) ચાર ઘનઘાતી કર્મ; જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય એ ચાર કર્મ.
૬. વિ. અંદર આવવા ન દેનાર; નિષેધક; નિવારક.
૭ વિ. પ્રતિબંધકારક; પ્રતિબંધ કરનાર; બંધનકર્તા; રોકનાર; રોકાણ કરનાર; અટકાવ કરનાર.
૮. વિ. મનાઈ કરનાર; અટકાયત કરનાર; પ્રતિરોધ કરનાર; અડચણકર્તા.
૯. વિ. વિઘ્ન કરનાર.
૧૦. વિ. વિરુદ્ધ; બાધક; પ્રતિકૂળ.

પ્રતિબંધક કર પું. કોઈ પણ આયાત અથવા નિકાસ ઉપર વસ્તુનો લગભગ અટકાવ થાય તેવો નાખવામાં આવતો કર.

પ્રતિબંધક કર્મ જુઓ પ્રતિબંધક ૫.

પ્રતિબંધક કાળ [સં.] ન. આધારકાળ; ટેકો.

પ્રતિબંધકતા ૧. [સં.] સ્ત્રી. અડચણ; રોકત.
૨ સ્ત્રી. વિઘ્ન; બાધા.

પ્રતિબંધકત્વ [સં.] ન. (વેદાંત) પૂરતું કારણ છતા કાર્યની અનુત્પત્તિનું હેતુપણું. જેમ અગ્નિ દાહનું કારણ મણિમંત્રાદિકોનો અભાવ છે, માટે તે અભાવના પ્રતિયોગી મણિમંત્રાદિક દાહના પ્રતિબંધક થાય છે.

પ્રતિબંધક નિયમ [સં.] પું. અટકાવ કરતો ધારો.

પ્રતિબંધકારી જુઓ પ્રતિબંધક.

પ્રતિબંધન જુઓ પ્રતિબંધ.

પ્રતિબંધનીતિ [સં.] સ્ત્રી. અટકાવ; અટકાયતની નીતિ.

પ્રતિબંધન્યાય [સં.] પું. અટકાયતનો કાયદો.

પ્રતિબંધવાન [સં. પ્રતિબંધવત્] વિ. પ્રતિબંધવાળું.

પ્રતિબંધિકા [સં.] સ્ત્રી. સ્ત્રી. અટકાવનારી; મનાઈ કરનારી; રોકનારી.

પ્રતિબંધિતા ૧. [સં.] સ્ત્રી. અટકાવ.
૨. સ્ત્રી. પ્રતિરોધ.
૩. સ્ત્રી. પ્રતિબંધવાળાપણું.

પ્રતિબંધિત્વ જુઓ પ્રતિબંધિતા.

પ્રતિબંધી ૧. [સં.] સ્ત્રી. મૂળ વાતને રોકે તેવી વાત.
૨. સ્ત્રી. શ્રેણીવિભાગ; વર્ગીકરણ.
૩. જુઓ પ્રતિબંધક.

પ્રતિબંધુ [સં.] પું. બંધુ તુલ્ય જે હોય તે.

પ્રતિબાધ પું. બાધ; મુશ્કેલી; અડચણ.

પ્રતિબાધક ૧. [સં. પ્રતિ + બાધક (બાધ કરનાર)] વિ. અટકાવનાર; હરકત કરનાર; અડચણકર્તા; રોકનાર.
૨. વિ. પીડા દેનાર; કષ્ટ આપનાર.
૩. વિ. પ્રતિરોધ કરનાર.

પ્રતિબાધા [સં.] સ્ત્રી. રજની હરકત; ઊલટ તકરાર.

પ્રતિબાધી ૧. [સં. પ્રતિબાધિન્] પું. દુશ્મન.
૨. વિ. અડચણરૂપ.

પ્રતિબાહુ ૧. [સં.] પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો પ્રપૌત્ર. એનો પુત્ર સુબાહુ હતો.
૨. પું. બાહુનો આગલો ભાગ.
૩. પું. સોમવંશી યદુકુ વાદવના તેર બાંધેનો એ નામનો સૌથી નાનો પુત્ર; અક્રૂરનો એ નામનો ભાઈ.

પ્રતિબિંબ ૧. [સં.] ન. ચળકતી સપાટીમાં પડતી પ્રતિચ્છાયા; પડછાયો. જ્યારે સપાટી ઉપર પ્રકાશનાં કિરણો પડીને તે નવા રસ્તા ઉપર ફરીથી પાછાં ફેંકાય છે અથવા તેનું પ્રતિબિંબ પડે છે ત્યારે તેની બદલતી સ્થિતિને દર્શનશાસ્ત્રમાં પ્રતિબિંબ કહે છે. સપાટીના સ્વભાવ પ્રમાણે પ્રતિબિંબના અંશ જુદા જુદા હોય છે.
૨. ન. છબી; તસ્વીર; ચિત્ર.
૩. ન. છાયાકૃતિ; પાણીમાં અથવા કાચમાં કે ચોપ ઉપર પડેલું સામું આખેરૂખ ચિત્રદૃશ્ય એ પડછાયા રાજ્યોનું બિંબ ને પ્રતિબિંબ છે, વેદમાં જે કહે તેને સહસ્રશીર્ષ પુરુષ.
ગાંધીગીતા
૪. ન. અરીસો.
૫. ન. દર્પણ; અરીસો.
પ્રતિબિંબ આદર્શ અને મુકુર મુકુરમાં જોવા; નેત્ર આંહિ પ્રતિ ગઈ ને નીરખી નાખી દેત.
વિમળાસ્વયંવર
૬. ન. પડછાયો; ઓળો.
૭. [સં પ્રતિ (ઊલટું) + બિંબ (આકાર)]
ન. પ્રતિકૃતિ; ઊલટો આકાર.
૮. ન. પ્રતિનિધિ.
૯. ન. પ્રતિમા; મૂર્તિ.
૧૦. ન પ્રત્યાવર્ત.

પ્રતિબિંબક ૧. [સં.] ૧. ન. પરાવર્તક; દર્પણ.
૨. વિ. પડછાયાની માફક પાછળ પાછળ ચાલનાર; અનુયાયી.

પ્રતિબિંબકોષ [સં.] પું. (ચક્ષિત) પતનશોધ; ' એસિડ ઑવ રીફ્લેક્શન'.

પ્રતિબિંબત્વ [સં.] ન. (વેદાંત) બિંબભૂત વસ્તુને અધીન હોઈ ને તેના જેવું હોવાપણું.

પ્રતિબિંબવાદ [સં.] પું. જીવને ઈશ્વરના પ્રતિબિંબરૂપે સિદ્ધ કરવાનો વાદ; જીવ વસ્તુતઃ ઈશ્વરનું પ્રતિબિંબ માત્ર છે એવો સિદ્ધાંત.

પ્રતિબિંબવું ૧. સ ક્રિ. અનુભવ કરવું.
૨. સ ક્રિ. પ્રતિબિંબ ઝીલવું.

પ્રતિબિંબિત ૧. [સં] વિ. ઝગકતું; કોઈક અસ્પષ્ટ રૂપમાં વ્યક્ત; આભાસવાળું.
૨. વિ. પડછાયો પડવાને કારણે દેખાતું.
૩. વિ. ભાસમાન; દેખાતું; કલ્પનામાં આવતું.
૪. વિ. સામી બાજુએ આખેરૂખ છાયારૂપે પડેલું એવું; સામું દેખાઈ આવે તેવું; સામે પ્રતિચ્છાયારૂપે જણાતું; પરાવર્તન પામતું; એક ચીજનું બીજે બીજું રૂપ જ ન હોય એમ દેખાઈ રહેલું; પ્રતિબિંબવાળું; નકલે નકલ; જેવું ને તેવું; તાદૃશ; પ્રતિરૂપી; જેનું પ્રતિબિંબ પડેલું હોય તેવું.
ઉપનિષદ ગીતાદિ વેદ ધર્મપદો બધા.
અવસ્થા અંધ કૃશાન કર્મો સૌ પ્રતિબિંબિત.
ગાંધીગીતા

પ્રતિબિંબિત કાર્ય [સં.] ન. પ્રતિક્ષિપ્તક્રિયા; 'રીફ્લેક્સ ઍક્શન'.

પ્રતિબીજ [સં.] વિ. જેનું બીજ નાશ પામેલું હોય એવું; ઉત્પન્ન કરવાની શક્તિ નાશ પામી હોય એવું.

પ્રતિબુદ્ધ ૧. [સં.] પું. જ્ઞાની પુરુષ.
૨. વિ. ઉન્નત; ઉન્નતિ થઈ હોય એવું; ઓટાઈવાળું.
૩. વિ. બોલેલું.
૪. વિ. જગાડેલ.
૫. વિ. જાગૃત થયેલ; ઊંઘમાંથી ઊઠેલ.
૬. વિ. જાગેલું; જાગેલ.
૭. વિ. જાણેલ; સમજેલ; જ્ઞાત.
૮. વિ. ગ્રહ્યું.
૯. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ.
૧૦. વિ. બેભાન સ્થિતિમાંથી ભાનમાં આવેલ.

પ્રતિબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. દુશ્મનાવટની વૃત્તિ.
૨. સ્ત્રી. વિપરીત બુદ્ધિ; ઊલટી સમજ.

પ્રતિબોધ ૧. [સં. પ્રતિ + બુધ્ (જાણવું તે)]
પું. ઉક્તિ; કથન.
૨. પું. ખુલાસો.
૩. પું. ગુરુનો ઉપદેશ.
૪. પું. જાગૃતાવસ્થા; સાવધાન; શિખવણી; બોધ; ઉપદેશ.
૫. પું. જાગૃતિ; જાગરણ; જાગવું તે.
૬. પું. જ્ઞાન; શિખામણ; સારી રીતે સમજાવવું તે; બોધ થાય એમ કરવું તે; સમજણ; જ્ઞાન આપવું તે; સૂઝ પાડવી તે.
૭. પું. જ્ઞાન થવું તે.
૮. પું. જ્ઞાનોપદેશ; બોધ.
૯. પું. ધીરજ.
૧૦. પું. બુદ્ધિ.
૧૧. પું. સ્મરણ; યાદ આપવું તે.

પ્રતિબોધક ૧. [સં.] વિ. જગાડનાર.
૨. વિ. જ્ઞાન ઉત્પન્ન કરાવનાર.
૩. વિ. તિરસ્કાર કરનાર.
૪. વિ. પ્રતિબોધ કરાવનાર.
૫. વિ. શિક્ષા દેનાર.

પ્રતિબોધન ૧. [સં. પ્રતિ + બુધ્ (જાણવું)]
ન. ઉક્તિ; કથન.
૨. ન. ઉપદેશકર્તા.
૩. ન. ખુલાસો.
૪. ન. ગુરુનો ઉપદેશ.
૫. ન. જાગૃતાવસ્થા; સાવધાન; ઉપદેશ.
૬. ન. જાગૃતિ; જાગરણ; જાગવું તે.
૭. ન. જ્ઞાન; શિખામણ; સારી રીતે સમજાવવું તે; બોધ થાય એમ કરવું તે; સમજણ.
૮. ન જ્ઞાન ઉત્પન્ન કરાવવું તે; જગાડવું તે.
૯ ન. જ્ઞાનોપદેશ; બોધ.
૧૦. ન. ધીરજ.
૧૧. ન. સ્મરણ; યાદ આપવું તે.
૧૨. વિ. જાગૃત કરનાર; ઉપદેશ કરનાર.

પ્રતિબોધના ૧. [સં.] સ્ત્રી. જાગૃતિ.
૨. સ્ત્રી. બોધ; સમજ.

પ્રતિબોધવાન ૧. [સં. પ્રતિબોધવત્] વિ. જાગતું.
૨. વિ. જાણતું; બોધવાળું; જ્ઞાની.

પ્રતિબોધવું ૧. સ. ક્રિ. જાગૃત કરવું; જ્ઞાન આપવું; સૂઝ પાડવી.
૨. સ. ક્રિ. શિખામણ આપવી; ઉપદેશ આપવો
૩. સ. ક્રિ. સામાને બોધ થાય એમ કરવું; સમજાવવું.

પ્રતિબોધિકા [સં.] સ્ત્રી. જગાડનારી દાસી.

પ્રતિબોધિત ૧. [સં.] વિ. જાગૃત; પ્રતિબોધ પામેલું; શીખેલું; જગાડેલ.
૨. વિ. બોધ પમાડેલ; જ્ઞાની.
૩. વિ. જણાવેલું; શીખવેલું; સમજાવેલ; ઉપદેશ આપવામાં આવેલ.

પ્રતિબોધિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં બે સગણ, બે જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે. તેમાં પાંચમા અને આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે. તેને મંજુભાષિણી છંદ પણ કહે છે.

પ્રતિબોધી જુઓ પ્રતિબોધવાન.

પ્રતિભટ ૧. [સં.] પું. જેની સાથે યુદ્ધ કરવામાં આવતું હોય તે; યુદ્ધ કરનાર માણસ.
૨. પું. શત્રુ; દુશ્મન.
૩. પું. શત્રુ યોદ્ધો; પ્રતિપક્ષ યોદ્ધો; સમાન શક્તિવાળો યોદ્ધો.

પ્રતિભટતા સ્ત્રી. શત્રુતા; વેર; દુશ્મની.

પ્રતિભણિત [સં.] વિ. પ્રત્યુત્તર દીધેલું.

પ્રતિભય ૧. [સં.] પું. ભય; બીક; ડર.
૨. પું. ભયહેતુ.
૩. વિ. ભયંકર; ભયાનક.

પ્રતિભા ૧. [સં.] સ્ત્રી. અસાધારણ બુદ્ધિબળ. તેની અભિવ્યક્તિ મોટે ભાગે સાહિત્ય, કળા, વિજ્ઞાન વગેરેમાં થાય છે.
૨. સ્ત્રી. આભાસ.
૩. સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અલંકાર.
સંસ્કાર માત્રની કલ્પના એ પ્રતિભા અલંકાર.
કાવ્યદર્પણ
૪. સ્ત્રી. કલ્પના, સર્જન અને બોધબોધના ક્ષેત્રમાં નવું નવું તેજ બતાવનારી અસાધારણ બુદ્ધિશક્તિ.
૫. સ્ત્રી. કાંતિ; દીપ્તિ; તેજ.
૬. સ્ત્રી. દેખાવ.
૭. સ્ત્રી. નવા નવા ઉન્મેષથી કે સ્ફુરણથી હમેશ પ્રકાશ આપે તેવી પ્રજ્ઞા; પ્રતિપ્રજ્ઞા.
૮. સ્ત્રી. નવું સર્જવાની શક્તિ; 'ઇનિયસ.'
૯. સ્ત્રી. પ્રતિમા; પ્રતિબિંબ.
૧૦. સ્ત્રી. પ્રત્યુત્પન્ન બુદ્ધિ; પ્રતિ ક્ષણે નવું નવું ભાસ્કર પ્રકટ કરતી બુદ્ધિ.
૧૧. સ્ત્રી. પ્રભાવ.
૧૨. સ્ત્રી. બુદ્ધિ; સમજણ; અક્કલ; સૂઝ.
૧૩. સ્ત્રી. ભવ્યતા.
૧૪. સ્ત્રી. માનસિક શક્તિની ઝળક કે છટા.
૧૫. સ્ત્રી. (અલં) શબ્દ, અર્થ, ગુણ અને અલંકારનું જે વડે પ્રતિભાન થાય તે.
૧૬. સ્ત્રી. સાક્ષાત્ ઉપલબ્ધિ; આંતરપ્રેરણા; અંતઃસ્ફૂર્તિ.

પ્રતિભાકૂટ [સં.] પું. (બૌદ્ધ) એ નામે એક બોધિસત્ત્વ.

પ્રતિભાગ ૧. [સં.] પું. સામો હિસ્સો; ભાગ; ફાળો; પાંતી; યોગ્ય ભાગ; પેટા ભાગ; આવક કે ઊપજનો અંશ.
૨. અ. દરેક ભાગે; ભાગ પ્રમાણે.

પ્રતિભાચક્ષુ [સં. પ્રતિભા + ચક્ષુસ્ (આંખ)]
ન. પ્રતિભારૂપ નેત્ર.

પ્રતિભાજન્ય [સં.] વિ. પ્રતિભાવાળું.
અહીં આપણે પ્રાસાદિક લોકોત્તર આદિ શબ્દો વાપરીએ તે બધા પ્રતિભાજન્ય કૃતિઓનાં વિશેષણો તરીકે વાપરીએ છીએ.
બળવંતરાય ઠાકોર

પ્રતિભાજ્ઞ પું. બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

પ્રતિભાત ૧. [સં.] પું. જ્ઞાન થતાં ભાસતો ઇતરોપરિ પદાર્થ.
૨. વિ. તેજસ્વી; કાંતિવાળું.

પ્રતિભાદર્શન ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, તગણ, નગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.
પ્રતિભાદર્શનમાં જે સ જ ત ન બી ગા.
રણછોડભટ્ટ
૨. [સં.] ન. પ્રતિભાનું દર્શન; આભાસ; 'વિઝન'.
આ અસાધારણ બુદ્ધિવાળા કાવ્યનું સ્વયંપ્રદર્શન કરીએ, તેમાં પ્રકટ થતું ગંભીર દર્શન કવિના પ્રતિભાદર્શનની સાક્ષી પૂરે છે.
નરસિંહરાવ

પ્રતિભાદીપ [સં.] પું. શક્તિરૂપી દીવો.

પ્રતિભાદૃષ્ટિ [સં.] સ્ત્રી. કલ્પનાદ્વારા કલ્પનાપ્રભાવ; તર્કશક્તિ.

પ્રતિભાન ૧. [સં.] ન. ઝાકઝમાળ; સમજણશક્તિ.
૨. ન. કાંતિ; પ્રતિભા.
૩. ન. તાત્કાલિકબુદ્ધિ; સમયસૂચકતા; એકદમ જ્ઞાન થઈ જવું તે; તરતબુદ્ધિ.
૪. ન. પ્રભા; ચમક.
૫. ન. જ્ઞાન; સૂઝ.
રાજા, અર્થ, ગુણ અને અલંકારનું જે વડે પ્રતિભાન થાય તે પ્રતિભા. કાવ્યપ્રકાશ
૬. ન. વિચારનું તેજસ્વીપણું.
૭. ન. ચતુરપણું.
૮. ન. સાહસબુદ્ધિ.
૯. ન. સ્પષ્ટીકરણ; સ્પષ્ટ થવું તે.

પ્રતિભાનંદનાથવાસર [સં.] પું. તંત્રશાસ્ત્રના પંચાંગમાં જણાવેલ નવ મહિનો બે નામનો એક દિવસ.

પ્રતિભાનુ [સં.] પું. (પુરાણ) સત્યભામાને કૃષ્ણથી થયેલ એ નામનો એક પુત્ર.

પ્રતિભાનુ આત્રેય [સં.] પું. ઋગ્વેદના પાંચમા મંડળના ૪૮મા સૂક્તનો કર્તા એ નામે એક ઋષિ.

પ્રતિભાનુમતિ પું. (સંગીત) એક શ્રુતિજાતિ અગિયાર માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન અનુક્રમે ૧, ૫, ૭, ૯ માત્રાઓ ઉપર છે. તેના ઠેકડાના બોલ: સમ—ધીં ધી તિના ૨ ધુમકિટ ૩ ધાધા ૪ તર કિટ તા. તોડી સમ—ધા ૧ તર કિટ તક કિટ તક ધા ૨ ધા ૩ તર કિટ તક કિટ તક ધા ૪ ધા તર કિટ તક કિટ તક ધા ૧ સમ.

પ્રતિભાન્વિત ૧. [સં.] વિ. ઝડપથી સૂઝવાળું; પ્રતિભાશાળી.
૨. વિ. ચમત્કારક; સુંદર પ્રતિભાવાળું; કાંતિવાળું.

પ્રતિભામુખ જુઓ પ્રતિભાન્વિત.

પ્રતિભાયુક્ત જુઓ પ્રતિભાન્વિત.

પ્રતિભાવ ૧. [સં.] પું. પ્રતિકૂલ ભાવ.
૨ પું. સરખું ચારિત્ર કે સ્વભાવ; સમભાવ; તુલ્યભાવ.

પ્રતિભાવતી [સં. પ્રતિભા (બુદ્ધિ) + વતી (વાળી)] વિ. સ્ત્રી. કલ્પનાશક્તિવાળી.

પ્રતિભાવંત વિ. પ્રભાવવાળો.

પ્રતિભાવાદ પું. પ્રતિભામાં માનવું તે.

પ્રતિભાવાન ૧. [સં. પ્રતિભાવત્] પું. અગ્નિ.
૨. પું. આકાશનો છોડ.
૩. પું. કપૂર.
૪. પું. ચંદ્ર.
૫. પું. ચિત્રાનું ઝાડ.
૬. પું. સૂર્ય.
૭. વિ. ચમકદાર.
૮. વિ. પ્રતિભાશાળી; તેજોમય; તેજસ્વી.

પ્રતિભાવ્ય [સં.] પું. મુકરર્સો; જામીન.

પ્રતિભાશક્તિ ૧. [સં.] સ્ત્રી. કલ્પનાપ્રભાવ; કલ્પનાશક્તિ.
૨. સ્ત્રી. બુદ્ધિનું તેજ.
૩. સ્ત્રી. હાજરજવાબીપણું અને સ્ફુરણશક્તિ.

પ્રતિભાશાલી ૧. [સં. પ્રતિભાશાલિન્] વિ. કાંતિવાન; તેજસ્વી; તેજવંત; પ્રકાશવંત.
૨. વિ. પ્રતિભાવાળું.
પ્રતિભાશાલી મગજશક્તિ અત્યંત નાજુક ચીજ છે અને સહાનુભૂતિના વાતાવરણમાં જ તેની ફુરસદી વિકાસ થતી આવે છે. જગન્નાથ ઠાકોર
૩ વિ. બુદ્ધિપ્રભાવયુક્ત બુદ્ધિસામર્થ્યવાળું; અક્કલવાન.
૪. વિ. પ્રકાર, ભાર, વજન કે દાબ પડે તેવું; જેને જોતાંવેંત જ અસર થાય તેવું.
૫. વિ. સામું પ્રતિબિંબ પડે તેવું.

પ્રતિભાશાળી જુઓ પ્રતિભાશાલી.

પ્રતિભાષા ૧. [સં.] સ્ત્રી. ઉત્તર; જવાબ.
૨. સ્ત્રી. પ્રત્યુત્તર; સામો જવાબ.
૩. સ્ત્રી. વાદીનું કથન.

પ્રતિભાસ ૧. [સં.] પું. તેજ; પ્રકાશ; ચમક.
૨. પું. દેખાવ; આકૃતિ.
૩. પું. પ્રતિબિંબ; પ્રતિચ્છાયા; જ્ઞાન કે દૃશ્યનો સામો આભાસ થવો તે; આંતરદૃશ્ય.
૪. પું. ભાવના; પ્રલય; વિચાર; માન્યતા; ભાસવું.
૫. પું. ભ્રમ.
૬. પું. મનોભાવ; ખ્યાલ; માન્યતા; ભાવ.
૭. પું. સામે કોઈ જણાવું તે; એકદમ કોઈ દૃશ્ય કે જ્ઞાનનું ઉદ્‌ઘાટન થવું તે; દેખાવું તે; જણાવું તે; સમજવું તે; અમુકના સરખું જ્ઞાન થવું તે; આભાસ; મન ઉપર એકદમ અસર થવી તે.
૮. વિ. પ્રકાશમાન; તેજસ્વી.

પ્રતિભાસપ્રેરિત [સં.] વિ. પ્રતિભાસથી પ્રેરાયેલું; વિચારસંસ્કારથી ઉત્પન્ન થતું.

પ્રતિભાસપ્રેરિત કર્મ [સં.] ન. વિચારસંસ્કારજન્ય કર્મ.

પ્રતિભાસવું અ. ક્રિ. દેખાવું.
સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસવું છે, તે ચોક્કસપણે થાય છે. વસ્તુવિજ્ઞાનસાર

પ્રતિભાસસામાન્ય [સં.] પું. વિચારો મુક્ત કરવા તે; 'ફ્રીડમ ઓવ આઇડીયાઝ'.

પ્રતિભાસંપન્ન ૧. [સં.] વિ. પ્રતિભાવાળું; પ્રતિભિત; પ્રતિભાશાળી; બોદ્ધાવાળું; પ્રતાપી.
૨. વિ. મહાન આત્મબળવાળું.
વ્યુત્પન્ન અને બુદ્ધિશાળી અને પ્રતિભાસંપન્ન ગણાય એવા માણસોમાં હોય તે શક્તિઓ કવચિત્ બુદ્ધી બનતી જ અને બીજી કોઈ વિરલ શક્તિ, ત્રીજું જ નેત્ર—એ જ પ્રજ્ઞા શબ્દનો સાચો અર્થ છે. જગન્નાથરાય પંડિત

પ્રતિભાસાત્મક [સં.] વિ. જેનો આભાસ થાય તેવું.

પ્રતિભાસિક [સં.] વિ. ઉત્સ્વપ્ન; કાલ્પનિક; પ્રતિબિંબરૂપે ભાસેલું.
જે જે લોક મનમાં પ્રતિભાસિક થાય તે બધાય છે. પ્રજ્ઞારામ

પ્રતિભાસિત [સં.] વિ. ભાસ્યું.

પ્રતિભાસૃષ્ટિ [સં.] સ્ત્રી. પ્રતિભા વડે ઉપજાવી કાઢેલી મનોમય સૃષ્ટિ.

પ્રતિભાહાનિ ૧. [સં.] સ્ત્રી. કાંતિનો નાશ.
૨. સ્ત્રી. જ્ઞાનનો નાશ.
૩. સ્ત્રી. બુદ્ધિનો નાશ.

પ્રતિભિન્ન ૧. [સં.] વિ. કાણું પાડેલું; વીંધ પાડેલું.
૨. વિ. ચૂકું પાડેલું; ઉઘેલ; ભિન્ન.
૩. વિ. વિભાગ કરેલું; અલગ કરેલું.

પ્રતિભુજ પું. (ગણિત) ચતુષ્કોણમાં સામસામેની બાજુ.

પ્રતિભૂ ૧. [સં.] પું. જામીન; કોર્ટ પણ કામની જોખમદારીની કબૂલાત આપનાર; હાજરજામીન.
૨. પું. પ્રતિનિધિ; મુખત્યાર.
૩. પું. સાક્ષી.

પ્રતિભૂપત્ર [સં.] ન. જામીનખત; જમાનતનામું.

પ્રતિભૂરાજી [સં.] વિ. જામીન લેવા લાયક નહિ એવું.

પ્રતિભૂમિ સ્ત્રી. એકબીજાની સામસામે આવેલો પ્રદેશ; સામેનો પ્રદેશ; 'એન્ટિપોડીઝ'.

પ્રતિભેદ ૧. [સં.] પું. અંતર; ફરક.
૨ પું. આવિષ્કાર.

પ્રતિભેદન ૧. [સં.] ન. અંદર નાખવું તે.
૨. ન. નેત્ર વગેરેનું ઊભેડી નાખવું, ભેદવું, ચીરવું કે કાપવું તે.
૩. ન. ભાગ પાડવા તે; વિભાગ કરવા તે.
૪. ન. ભેદ ઉત્પન્ન કરવો તે.

પ્રતિભોગ પું. ઉપભોગ.

પ્રતિભ્રમણ [સં.] ન. ઊલટું ભ્રમણ.

પ્રતિમ ૧. ન. (ચિત્પ) એક જાતનું ક્ષેત્રફળ.

૨. ન. યોગીને યોગમાં આવતાં પાંચ મહિનું એક જાતનું વિઘ્ન.

૩. વિ. સરખું; સમાન; જેવું; તુલ્ય; સદૃશ. સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, મેઘપ્રતિમ.

પ્રતિમતા [સં.] સ્ત્રી. બરોબરી; તુલ્યપણું.

પ્રતિમત્વ ૧. [સં.] ન. પ્રતિબિંબિતપણું.

૨. ન. બરોબરી; સરખાપણું.

પ્રતિમત્સ્ય [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

પ્રતિમધ્યમ પું. (સંગીત) તીવ્ર મધ્યમ; તીવ્રતર મ સ્વર.

કર્ણાટકમાં જેને પ્રતિમધ્યમ કહે છે અને આપણામાં જેને ફક્ત તીવ્ર મધ્યમ કહે છે તે ઉત્પન્ન થયો. સ્વ. સા. પરિષદ

પ્રતિમના વિ. માયાળુ; પ્રેમી.

પ્રતિમર્શ [સં.] ન. નસ્યના પાંચ માંહેનો એક ભેદ; નાકમાં દવા ઉપરાંત ટીપાં નાખવાં તે; નાકમાં સ્નેહનાં ટીપાં નાખવાં તે. બાલક જન્મે ત્યારથી જ તે નાખવાં જોઈએ. નાક ઊંચવાથી સ્નેહ મોંમાં આવે તેટલી માત્રામાં પ્રતિમર્શ આપવું જોઈએ. પ્રતિમર્શ મોટે ભાગે સવારે ઊઠીને, નાહીને, દિવસના નિદ્રા લીધા પછી અને તે ઉપરાંત સંધ્યાસમયે કરાય છે. તેમાં ઔષધિઓ નાખી પકાવેલું ઘી નસકોરામાં ચઢાવવામાં આવે છે, જેથી નાકનો મેલ નીકળી જાય છે, દાંત મજબૂત થાય છે, મોંદાની દુર્ગંધ દૂર થાય છે, આંખનું તેજ વધે છે અને શરીર હલકું થાય છે. જુદા જુદા સમયના પ્રતિમર્શનું જુદું જુદું પરિણામ બતાવ્યું છે. પથારીમાંથી ઊઠીને લેવાથી રાત્રે એકઠો થયેલો નાકનો મેલ દૂર થાય છે. દાતણ કરીને લેવાથી દાંત મજબૂત થાય અને મહેરો સુંદર થાય. ભજન કરતી વખતે લેવાથી સ્નેહને લીધે ધુમાડો, ધૂળ વગેરે નાકમાં ચોંટી રહી શ્વાસનળીમાં ન પહોંચે. વ્યાયામ, મૈથુન વગેરેના થાક પછી લેવાથી થાક દૂર થાય. ઝાડો પેશાબ કર્યા પછી લેવાથી દૃષ્ટિનું ગૌરવ ઘટાડે. અંજન વગેરે પછી લેવાથી દૃષ્ટિ સુધારે. જમ્યા પહેલાં લેવાથી સ્રોતોની શુદ્ધિ કરી લાઘવ લાવે. ઊલટી કર્યા પછી લેવાથી સ્રોતોમાં ચોંટી ગયેલો કફ દૂર કરી ભાવાની રુચિ કરે. દિવસે ઊંધી ઊઠીને લેવાથી આકોની ઊંઘ અને આંખનો મેલ દૂર કરી ચિત્તને ઉત્સાહ કરે. સાંજે લેવાથી રાત્રે સારી ઊંઘ આવે.

પ્રતિમર્ષ જુઓ પ્રતિમર્શ.

પ્રતિમલ્લ [સં.] પું. સામો યોદ્ધો; શત્રુયોદ્ધો; પ્રતિપક્ષી મલ્લ.

પ્રતિમંઠ પું. (સંગીત) એક પ્રકારનો તાલ.

ચર્ચરી કે પ્રતિમંઠ તાલથી ગીતો રાગમાં પણ ગાઈ શકાયો. ગીતગોવિંદ

પ્રતિમંઠ પું. (સંગીત) એક જાતમાપ્તિ દસ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન: ૧, ૫, ૯ માત્રા ઉપર છે. તેના ક્રોઢડીના બોલ: સમ ધા ધિકટ તાધા ધિકટ તાધિધિ.

પ્રતિમંડલ ૧. [સં.] ન. પરિવેષ; પરિધિ; સૂર્ય વગેરેની આસપાસ થતું તેજનું કુંડાળું.

૨. ન. પ્રત્યેક મંડળ; મંડળે મંડળ.

પ્રતિમા ૧. [સં.] પું. સજ્જનહાર.

૨. સ્ત્રી. (કાવ્ય) ઉપમા; એ નામનો એક અલંકાર. તેમાં કોઈ મુખ્ય પદાર્થ કે વ્યક્તિની ગેરહાજરીમાં તેના જેવા બીજા કોઈ પદાર્થ કે વ્યક્તિની સ્થાપનાનું વર્ણન હોય છે.

૩. સ્ત્રી. (જૈન) એક પ્રકારનો અભિગ્રહ. શ્રાવકની ૧૧ અને સાધુની ૧૨ પ્રતિમા છે.

૪. સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં સાત સમણ મળી ૨૧ વર્ણ હોય છે.

૫. સ્ત્રી. કલા.

૬. સ્ત્રી. (જૈન) કાઉસગ્ગ.

૭. સ્ત્રી. કાંતિ; તેજ.

૮. સ્ત્રી. કોઈ વાસ્તવિક અથવા કલ્પિત આકૃતિ અનુસાર બનાવેલ મૂર્તિ, ચિત્ર વગેરે; અનુકૃતિ; છબી; ફોટો; નકલ.

૯. સ્ત્રી. ચૈત્ય.

૧૦. સ્ત્રી. છાયા; પ્રતિબિંબ; પ્રતિરૂપ.

૧૧. સ્ત્રી. દેખાવ; ઘાટ; સ્વરૂપ; વાઢ.

૧૨. સ્ત્રી. નિશાની.

૧૩ સ્ત્રી. માટી, ધાતુ, પથ્થર વગેરેની બનાવેલી દેવની મૂર્તિ; દેવમૂર્તિ; કાષ્ઠ, પાષાણાદિકનું પૂતળું; મૂર્તિ. તેની સ્થાપના કે પ્રતિષ્ઠા કરી પૂજા કરવામાં આવે છે. વીતરાગની મૂર્તિ હથિયાર, વજ્ર, માળા, અલંકાર અને પરિગ્રહ એ પાંચ દોષ રહિત હોય છે. તે નગ્ન, સુંદર, શાંત, ગંભીર અને પવિત્ર વીતરાગનો જ ખ્યાલ આપે એવી હોય છે.

મંદિર ઋતમ્ય મુજ કોઈએ સ્થાપ્યાં નહિ,
જગની મૂર્તિપૂજા એ પ્રભુનું અપમાન છે.
ગાંધીગીતા

૧૪. સ્ત્રી. સમજણ.

૧૫. સ્ત્રી. સમાનતા; સાદૃશ્ય; સરખું હોવાપણું.

૧૬. સ્ત્રી. હાથીના દાંત ઉપર ધાતુનું બંધન.

૧૭. સ્ત્રી. હાથીના બે દાંત વચ્ચેનો ભાગ.

પ્રતિમાકરણ ૧. [સં.] ન. માટી, મીણ, ધાતુ, લાકડું, પથ્થર વગેરેમાંથી વિવિધ પ્રકારની મૂર્તિ બનાવવી તે.

૨. ન. ચિત્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

પ્રતિમાક્ષરા પું (પિંગળ) એ નામનો એક છંદ.

પ્રતિમાગૃહ [સં.] ન. મંદિર; દેરું; દેવળ.

પ્રતિમાચિત્ર [સં.] પું. છબી; 'પોર્ટ્રેટ'.

પ્રતિમાદર્શક [સં.] ન. જેમાંથી છબી કે ફોટો જોઈ શકાય એવું યંત્ર.

પ્રતિમાદર્શન [સં. પ્રતિમા (મૂર્તિ) + દર્શન (જોવું તે)] ન. મૂર્તિનાં દર્શન કરવાં તે.

પ્રતિમાદાન [સં.] ન. મૂર્તિ આપવી તે.

પ્રતિમાધારી ૧. [સં. પ્રતિમા + ધારિન્ (ધારણ કરનાર)] પું. (જૈન) અભિગ્રહધારી સાધુ.

૨. વિ. અભિગ્રહધારી; અમુક જાતના નિયમ ધારણ કરનાર.

પ્રતિમાન ૧ [સં.] પું. અસલ પ્રમાણ.

૨. પું. દૃષ્ટાંત; ઉદાહરણ.

૩. પું. નમૂનો; પ્રતિરૂપ.

૪. પું. પ્રતિનિધિ.

૫. પું. પ્રતિબિંબ.

૬. પું. લક્ષણ; ચોરણ; આકાર.

૭ પું. સમાનતા; બરાબરી; સાદૃશ્ય; સરખું હોવાપણું.

૮. પું. હાથીના ગંડસ્થળ નીચેનો ભાગ.

૯. ન. છબી; ફોટો; નકલ.

૧૦. ન. પૈસા વગેરેથી વસ્તુની કીમત કરવી તે.

૧૧. ન. (ગણિત) પ્રતિઘાતમાપક; 'ઓન્ડિલોગેરિધમ.' જ્યારે એક સંખ્યા બીજી સંખ્યાનું માન હોય ત્યારે તે બીજી સંખ્યાને પહેલી સંખ્યાનું પ્રતિમાન કહે છે. જેમકે, $3^4 = 81$. એમાં ૪ એ ૮૧ નું માન છે અને ૮૧ એ ૪ નું પ્રતિમાન છે.

૧૨. ન. પ્રતિમા; દેવ વગેરેની મૂર્તિ.

૧૩. ન. સુવર્ણ વગેરે તોળવાનું રતી, માસા વગેરે માપ.

૧૪. ન. હાથીના બે દાંત વચ્ચેનું સ્થાન; હાથીના કુંભસ્થળ વચ્ચેનો ભાગ.

૧૫. વિ. સમભાગી.

પ્રતિમા નાટક [સં.] ન. સંસ્કૃત સાહિત્યના મહત્ત્વમાં અને પ્રતિષ્ઠામાં વધારો કરનાર તેર માંહેનું મહાકવિ ભાસનું લખેલું એ નામનું એક નાટક.

પ્રતિમાપૂજક [સં.] વિ. મૂર્તિને પૂજનાર. ૬૯મપદમાં મહાત્મા ગાંધીજી લખે છે કે: મંદિર, મસ્જિદ કે દેવળ ત્રણમાં કંઈ કહ્યો ભેદ કરતો નથી. મનુષ્યમાત્ર એક નહિ તો બીજે રૂપે પ્રતિમાપૂજક છે અને પ્રત્યેક જણ ભલે જુદે જુદે ભાવે અને જુદી જુદી રીતે પણ પોતાની પ્રતિમા દ્વારા પરમેશ્વરને જ પૂજે છે.

પ્રતિમાપૂજન [સં.] ન. મૂર્તિપૂજા.

પ્રતિમારુત [સં. પ્રતિ (ઊલટું) + મારુત (પવન)] પું. પ્રતિકૂળ પવન.

પ્રતિમાર્ગક [સં.] પું. આકાશચારી એક નગર; એ નામનું એક હવાઈ રેલી શહેર.

પ્રતિમાર્ગણ [સં.] ન. સામી માગણી; ઊલટ દાવો.

પ્રતિમાલા [સં.] સ્ત્રી. અંતાક્ષરી પ્રયોગ; અંતકડી રમવી તે. સ્મરણશક્તિ વધારવાને માટે આ કળા ઘણી ઉપયોગી ગણાય છે.

પ્રતિમાલાકળા સ્ત્રી. ચોસઠ પૈકીની એક કળા; કોઈ કંઈ પૂછે, તેનો તત્કાળ નિર્વિઘ્ને ઉત્તર દેવાની કળા. વિદ્યાર્થીઓ પરસ્પર અંતાક્ષરી બોલે છે એટલે કે જેવા શબ્દથી આરંભીને કંઈ પણ વાક્ય કે કવિતા બોલે છે, તે પણ આ કળાનો વિભાગ ગણાય છે. આ કળા જાણનાર પુરુષ બહુ વાદવાસ્ત શક્તિવાળો થાય છે.

પ્રતિમાલેખન [સં.] ન. પ્રતિમા બોર્ડને કરેલું આલેખન: 'મોડેલ ડ્રોઇંગ'.

પ્રતિમાવાદ [સં.] પું. વાસ્તવવાદ.

પ્રતિમાવિદ્યા [સં.] સ્ત્રી. (શિલ્પ) મૂર્તિ બનાવવાની વિદ્યા. શિલ્પશાસ્ત્રમાં પ્રતિમાવિદ્યાનાં નીચે પ્રમાણે પુસ્તકો છે: રૂપમંડન, રૂપાર્ણવ, મંથર્વવિદ્યા, રૂપાવતાર, રૂપવિદ્યા, દ્વારદીપિકા, મૂર્તિજ્ઞાન, ધ્યાનપદ્ધતિ, પ્રતિમાલક્ષણ.

પ્રતિમાવિધાન [સં.] ન. માટી, ધાતુ વગેરે સાધનથી ઇષ્ટ આકૃતિ બનાવી તે; મૂર્તિ બનાવવાની વિદ્યા કે ક્રિયા; પ્રતિમા બનાવવી તે.

પ્રતિમાવેધ [સં] પું. બંદૂકનો એક જાતનો પ્રયોગ; આગમાં પ્રતિમા બોર્ડને પીઠ પાછળનો લક્ષ્યવેધ કરવો તે.

પ્રતિમાશાસ્ત્ર [સં.] ન. પ્રતિમા બનાવવાનું શાસ્ત્ર.

પ્રતિમાસ [સં. પ્રતિ (દરેક) + માસ (મહિનો)] ક્રિ. વિ. દરેક મહિને; મહિને મહિને; દર માસે.

પ્રતિમાસ્થ વિ. [સં.] પું. મહાભારતમાં જણાવેલ એ નામના પ્રાચીન દેશનો રહેવાસી.

૨. પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

પ્રતિમિત્ર વિ. [સં.] પું. તે નામે એક રાજા.

૨. પું. શત્રુ

૩. ન. મિત્રે મિત્રે.

પ્રતિમુક્ત વિ. [સં.] વિ. પહેરેલ; ધારણ કરેલ.

૨. વિ. ફેંકાયેલ; મા કરાયેલ.

૩. વિ. બાંધેલું.

૪ વિ. મૂકેલ; છોડેલ; ત્યાગ કરેલું.

પ્રતિમુખ વિ. [સં.] પું. કોઈ ચીજનો પાછળનો ભાગ.

૨. પું નાટકમાંની એક પ્રકારની સંધિ: નાટકના વસ્તુની પાંચ મોટી એક સંધિ.

૩. અ. પ્રત્યેક મુખે; મુખે મુખે.

૪. અ. મોઢા આગળ; સન્મુખ.

પ્રતિમુખસંધિ [સં.] સ્ત્રી. નાટકના વસ્તુની પાંચ પૈકી એક સંધિ. તેમાં વિલાસ, પરિસર્પ, પરિહાસ, વિરોધ, પર્યુપાસન, પુષ્પ, વજ્ર, ઉપન્યાસ, વર્ણસંહાર વગેરેનું વર્ણન હોય છે.

પ્રતિમુખાગત [સં.] વિ. સન્મુખ આવેલ; સામે આવેલ.

પ્રતિમુહૂર્ત [સં.] ન. મુહૂર્તનો પોટા ભાગ.

પ્રતિમૂર્ત વિ પ્રતિબિંબિત કરતું; નકલ કરતું.

> તે પહેલાંની સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા આજની મૂળ વ્યવસ્થા પ્રતિમૂર્ત હતી.
>
> મુ. સા. પરિષદ

પ્રતિમૂર્તિ [સં.] સ્ત્રી. આબેહૂબ નકલ; પ્રતિમા; છબી; દેવ વગેરેની મૂર્તિ.

૨. સ્ત્રી. ઓળો; પડછાયો.

૩. સ્ત્રી. સમાન મૂર્તિ; સદશ પ્રતિમા; કોઈની આકૃતિ દેખીને બનાવેલી મૂર્તિ, ચિત્ર વગેરે.

પ્રતિમૂષિકા [સં.] સ્ત્રી. એક જાતનો ઉંદર.

પ્રતિમૃતિ [સં] સ્ત્રી. (પુરાણ) યુધિષ્ઠિરને બાસે શીખવેલી એક વિદ્યા. યુધિષ્ઠિરે અર્જુનને એ વિદ્યા શીખવી હતી.

પ્રતિમોક્ષ [સં.] પું. મોક્ષ; મુક્તિ; મોક્ષની પ્રાપ્તિ; બંધનથી મુક્તિ.

પ્રતિમોક્ષણ [સં.] ન. મોક્ષની પ્રાપ્તિ.

પ્રતિમોચક [સં.] વિ. છોડાવનાર; મુક્ત કરાવનાર.

પ્રતિમોજન જુઓ પ્રતિમોક્ષ.

પ્રતિયત્ન ૧. પું. અનુકૂળ થવું તે.

૨ પું. ઇચ્છા; વાંછના.

૩. પું. ઉપમહ.

૪. પું. કેદ પકડવું તે.

૫. પું. કેદી.

૬. પું. પ્રલય કરવું તે.

૭. પું. પૂર્ણ કરવું તે.

૮. પું. પ્રયત્ન; યત્ન; પ્રયાસ.

૯. પું ભોગ.

૧૦. પુ. રચના; રચવું તે.

૧૧. પું. લાયક ચાલચલગત.

૧૨. પું. લાલચ; લાભની ઇચ્છા.

૧૩ પું. સંસ્કાર; હવાત એવી કોઈ વસ્તુમાં બીજા કોઈ ગુણના સ્થાપનરૂપ સંસ્કાર.

૧૪. પુ. સામેથી પ્રલય કરવું તે.

૧૫ વિ. કાર્યાસક્ત; ઉદ્યમી

૧૬. વિ. બોજ ખમનાર.

૧૭. [સં. પ્રતિ (સામું) + યત્ન (મહેનત)] વિ. સામેથી પ્રયત્ન કરનાર.

પ્રતિયક્ષ પું. બોગો આકડો.

પ્રતિયાત [સં.] વિ. પાછું આવેલ.

પ્રતિયાતન [સં.] ન. પ્રતિક્રિયા કરવી તે.

પ્રતિયાતના ૧. સ્ત્રી. અસલ પ્રતિમા, છબી, તસવીર વગેરેને મળતું આવતું તે.

૨. [સં.] સ્ત્રી. દુઃખ યાતના.

૩. સ્ત્રી. પ્રતિમા; તસવીર; મૂર્તિ.

પ્રતિયાન ૧. [સં.] પું. પ્રસ્થાન; વાંજા.

૨. પું પ્રલય કરવું તે; કેદ પકડવું તે.

૩. પું. રચના; રચવું તે.

૪. પું. હવાત એવી કોઈ વસ્તુમાં બીજા કોઈ ગુણના સ્થાપનરૂપ સંસ્કાર.

૫. ન. પાછું આવવું તે.

પ્રતિયાયી [સં પ્રતિયાયિન્] વિ. ભવિષ્યમાં જનાર.

પ્રતિયુક્તિ ૧. [સં.] સ્ત્રી. પેચ; દાવતરું; એક યુક્તિને તોડી પાડવા સામે કરેલી યુક્તિ.

૨. સ્ત્રી. સામી સૂરંગ ખોદવી તે.

પ્રતિયુદ્ધ ૧. [સં.] ન. બરોબરિયાનું યુદ્ધ.

૨. ન. યુદ્ધ સામેનું યુદ્ધ.

પ્રતિયોગ ૧. [સં. પ્રતિ (સામું) + યોગ (જોડવું તે)] પું. ઉપાય.

૨. પું. કોઈ પણ વસ્તુનો તેને મળતો ભાગ; નકલ.

પ્રતિરૂપક વ્યવહાર

૩ પું કોઈ પદાર્થનું પરિણામ નષ્ટ કરે તે; મારક.
૪. પું. ખળો; અટકાવ; આડ; નડતર; અંતરાય; અવરોધ. વિઘ્ન
૫ પુ. કરીયો કરાતો ઉદ્યોગ
૬ પું વિરુદ્ધ સબંધ; વિરોધી પદાર્થોનો સંયોગ; વિરુદ્ધ સયોગ
૭. પું. વિરોધ; દુશ્મનાવટ; શત્રુતા.
૮. પું. સહકાર.
૯. પું સામા થવું તે; પ્રતિરોધ.

પ્રતિયોગિતા ૧. [સં] સ્ત્રી. અરસપરસ સહકાર.
૨. સ્ત્રી. વિરોધીપણું; વિરુદ્ધ સંબંધવાળાપણું.
૩ સ્ત્રી શત્રુતા; વિરોધ.
૪. સ્ત્રી. સાપેક્ષ અસ્તિત્વ.
૫. સ્ત્રી. સામે થવું તે; પ્રતિકૂળપણું.
૬. સ્ત્રી હરીફાઈ.

પ્રતિયોગિતામૂલક આંગ જી. હરીફાઈ મુક્ત આગણી

પ્રતિયોગિતાવચ્છેદક [સં.] પું. (વેદાંત) ન્યાયપ્રસિદ્ધ એક ધર્મ; જે રૂપે જોઈએ ધર્મ કરીને જેના અભાવ આદિકમાં પ્રતિયોગિતાનો બોધ થાય છે તે ધર્મ. ઘટાભાવમાં ઘટની મહત્વરૂપે પ્રતિયોગિતા છે, માટે ત્યાં ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક છે.

પ્રતિયોગિત્વ જુઓ પ્રતિયોગિતા.

પ્રતિયોગી ૧. [સં. પ્રતિયોગિન્] પું. અવેજી; બદલે મોજાયેલ માણસ.
૨. પું. અમુક દ્રવ્યથી વિરુદ્ધ ગુણ કરનારું બીજું દ્રવ્ય; અનુબંધી. જેનો અભાવ કલ્પવાનો હોય તે પદાર્થ તે અભાવનું પ્રતિયોગી છે. જે વસ્તુનો અભાવ, સબંધ કે સાદશ્ય કહ્યું હોય તે વસ્તુ અભાવની, સબંધની કે સાદશ્યની પ્રતિયોગી કહેવાય. જેમકે, મિત્રના અભાવનો પ્રતિયોગી મિત્ર છે. રાત્રિ અને દિવસનો અન્યોન્યાભાવ છે, માટે રાત્રિનો પ્રતિયોગી દિવસ અને દિવસનો પ્રતિયોગી રાત્રિ. એ જ રીતે શત્રુ ને મિત્ર, રાજા ને દ્વેષ વગેરેમાં પણ સમજવું. વળી પ્રાગભાવ અને ધ્વંસાભાવમાં પણ જેનો પ્રાગભાવ કે ધ્વંસાભાવ કહ્યો હોય તે, તે અભાવનો પ્રતિયોગી કહેવાય.
૩. પું. પરાવલંબી.
૪ પુ જાનીદાર; જાગિરી.
૫. પુ મનોવડિયો, મનોબડિયો.
૬. પુ. મદદગાર, મદદનાર.
૭ પું મદદી; જોડિયો.
૮ પુ સામાવાળિયો, શત્રુ; દુશ્મન.
૯ પું હરીફ

૧૦. વિ. ઊલટાવેલું; ઝોકબીજનો ગુણાકાર કરવાથી એક આવે એવા સંબંધવાળું. ગણિતમાં રાશિને માટે વપરાય છે. જેમકે, a અને $\frac{1}{a}$ ઝોકબીજનાં પ્રતિયોગી છે.
૧૧. વિ. (ગણિત) પૂરક; 'કોમ્પ્લીમેન્ટરિ.'
૧૨. વિ. વિરુદ્ધ સબંધવાળું; વિરુદ્ધ પક્ષવાળુ.
૧૩. વિ. સમાન કરજનાનું.

પ્રતિયોગી અન્વાદરાં પું. પ્રતિઅનસ.

પ્રતિયોગી સહકાર પું. ઊલટો સહકાર; વિરોધઅર્થી સહકાર.
પક્ષનું નામ પ્રતિયોગી સહકાર છે ત્યાં એની નીતિ સહકારની જ છે એ નવાઈ જેવું છે.
પ્રસ્થાન

પ્રતિયોગી સંખ્યા સ્ત્રી. (ગણિત) ઝોકબીજથી ઊલટી સંખ્યા. જે બે સંખ્યાનો ગુણાકાર કરવાથી ૧ આવે તે બે સંખ્યા ઝોકબીજની પ્રતિયોગી સંખ્યા કહેવાય.

પ્રતિયોદ્ધા ૧. [સં. પ્રતિયોદ્ધૃ] પું. શત્રુ; વિરોધી.
૨. પું. શત્રુ યોદ્ધો.
૩. વિ. સામે યુદ્ધ કરનાર.

પ્રતિર [સં.] વિ. દૃઢ; લાંબા કાળ સુધી સ્થિતિવાળું.

પ્રતિરક્ષ પું સામો લડનાર; શત્રુ.
કૌરવોની સેનાના ધર્મથી વિનાશને અર્જુનના પ્રતિરક્ષ થવું પડયું હતું. સરસ્વતીચંદ્ર

પ્રતિરક્ષણ [સં.] ન. રક્ષા; રક્ષણ કરવું તે; સંરક્ષણ.

પ્રતિરક્ષા જુઓ પ્રતિરક્ષણ

પ્રતિરથ ૧. પું. (વિકટ) ઉપરથ; મંદિરના મંડપમાં જાળીની બહારનો વધારાનો ખૂણો.
૨. પું. તે નામે જનમેજયવંશનો એક રાજા.
૩. પું. અરજીરિયો.
૪. પું. (પુરાણ) યદુવંશના વજ્રાયરનો એ નામે પુત્ર.
૫. પું. યોદ્ધો; સૈનિક.
૬. પું. રથની સામે રથ.
૭. વિ.પું. પ્રતિકૂલ રથવાળો; શત્રુ યોદ્ધો.
૮. અ. રથે રથે; પ્રત્યેક રથે.

પ્રતિરથ આત્રેય [સં.] પું. ઋગ્વેદના પાંચમા મંડલના ૪૩ મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પ્રતિરથ્ય અ. પોતે પોતે; સેરીએ સેરીએ

પ્રતિરવ ૧. [સં.] પું. તકરાર
૨. પું. પડઘો; પ્રતિશબ્દ; પડઘો; સામો અવાજ; સામો શબ્દ; પ્રતિકૂલ શબ્દ.
૩. પું. પ્રાણ.

પ્રતિરવ ૧. [સં.] પું. ક્રમનો કે ક્રોધનો આવેશ.
૨. પું. લાભ; મેળવવું તે; પ્રાપ્તિ.

પ્રતિરાગી વિ. પ્રતિબિંબ પાડતું.

પ્રતિરાત્ર [સં. પ્રતિ + રાત્રિ (રાત)] અ. દરેક રાતે; પ્રત્યેક રાત્રિએ; રાતે રાતે; દરરોજ રાત્રે.

પ્રતિરુદ્ધ ૧. [સં.] વિ. અટકાવ પામેલું; અટકેલું
૨ વિ. ઘેરી લીધેલ; વીંટી લીધેલ.

પ્રતિરૂપ ૧. [સં.] પું. એ નામે એક દાનવ.
૨. પું. દાનવનો એક પ્રકાર.
૩. પું. પ્રતિનિધિ.
૪. પું. પ્રતિમા; મૂર્તિ; પ્રતિબિંબ; છબી; સામું દેખાવું તે; તુલ્ય રૂપ.
૫. ન. આલેહૂબ નકલ; પ્રતિકૃતિ.
૬. ન. ચિત્ર; તસવીર.
૭ ન. જૂના વખતથી ચાલતી આવતી રીત; એક પદ્ધતિ.
૮. ન. નકલ; બીજો ઉતારો.
૯. ન. નમૂનો; આદર્શ.
૧૦. ન. પ્રકાર; જાત.
૧૧. ન. પ્રતિબિંબ પડે તેવી સ્વચ્છ વસ્તુ.
૧૨. ન. (જૈન) ભૂત જાતના વ્યંતર દેવોના બે માંહેનો એ નામનો એક ઇંદ્ર.
૧૩. ન. ભૂતના નવ માંહેનો એક પ્રકાર; એક પ્રકારનું ભૂત. ભૂતોના નવ પ્રકાર આ પ્રમાણે છે: સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતિચ્છન્ન અને આકાશગ.
૧૪. ન. મળતો આકાર.
૧૫. ન. સરખાપણું; સમત્વ; બાનગી.
૧૬. વિ. જોઈએ તેવું; યોગ્ય; ઉચિત.
૧૭. વિ. તુલ્ય રૂપવાળું; સમાન રૂપવાળું; સરખા રૂપવાળું.
૧૮. વિ. પ્રત્યેક પદાર્થના આકાર જેવું.
વાયુ પ્રવેશી જુદાને જ એક
રૂપે રૂપે તે પ્રતિરૂપ થાય;
તેવી રીતે સર્વભૂતાંતરાત્મા
રૂપે રૂપે જે પ્રતિરૂપ થાય. કઠોપનિષદ
૧૯. વિ. માતા અને પિતા બંનેના કુળને લાયક.
૨૦. વિ. સુંદર દેખાવવાળું; જોનારને ક્ષણે ક્ષણે નવું લાગે તેવું.

પ્રતિરૂપક ૧. [સં.] ન. પ્રતિબિંબ; પ્રતિમા.
૨. વિ. આદર્શભૂત.
૩. વિ. નમૂના જેવું.

પ્રતિરૂપક વ્યવહાર પું (જૈન) શ્રાવકના બીજા અણુવ્રતનો એક અતિચાર; અસલને બદલે બનાવટી વસ્તુ ચલાવવી તે; વસ્તુ ફેરફેર કરી આપવી તે; સારી વસ્તુ દેખાડી નરસી વસ્તુ આપવી તે.

પ્રતિરૂપચર્યા [સં] સ્ત્રી. બોગ પ્રકારનું જીવન.

પ્રતિરૂપજ્ઞાન [સં.] ન. ઉપપાદન; ભાવના; 'રેપ્રીઝેન્ટેશન'.

પ્રતિરૂપતા [સં.] સ્ત્રી. મન, વચન ને કાયાની એકતા.

પ્રતિરૂપા [સં.] સ્ત્રી. (પુરાણ) અગ્નિધ્રપુત્ર કિંપુરુષની એ નામની સ્ત્રી. તે એક સાવર્ણિની પુત્રી હતી.

પ્રતિરૂપી વિ. નકલી; અનુકારી.

પ્રતિરૂપૈંદ્ર પું. ભૂતનિકાય દેવના ઉત્તર દિશાના ઇંદ્રનું નામ.

પ્રતિરૂહ ન. દરેક રૂંવે; દરેક રૂંવાડે.
મોડી રાતિ વહી પ્રતિરૂહે થાય ઘડી ચમારે.
ચંદ્રિકાકાવ્ય

પ્રતિરેખા [સં.] સ્ત્રી. ઊલટી રેખા.

પ્રતિરોચન [સં.] ન. અંધકોરો અથવા આંતરકાનું સ્થાન બદલવાથી તેની અંદર રહેલા પદાર્થોને કાઢી નાખવા તે.

પ્રતિરોજ અ. દરરોજ; પ્રત્યેક દિવસે.

પ્રતિરોધ ૧. [સં.] પું. આક્ષેપ; પ્રતિબંધ.
૨. પું. ઊભું રાખવું તે; અટકાવ; રોકાણ; અટકાયત; નિરોધ; પ્રતિબંધ; 'રેસ્ટ્રિક્ટન્સ.'
૩. પું ચોરી; હડપચેપ; કાયી ચોરવું તે.
૪. પું. તિરસ્કાર.
૫. પું. નિવારણ; અટકાવ.
૬. પું. ન્યાયપ્રસિદ્ધ સત્પ્રતિપક્ષ દોષ; દુષ્ટ હેતુ.
૭. પું. નિદ્રા.
૮. પું. પ્રતિબિંબ.
૯. પું ભક્ષાત્કાર.
૧૦. પું. વાંધો; તકરાર; અડચણ; વિરોધ.
૧૧. પું. શત્રુ.
૧૨. પું. સૈન્યનો ઘેરો.
૧૩. વિ. અટકાવ કરનાર.

પ્રતિરોધક ૧. [સં.] પું. ચોર; લૂંટારો.
૨. પું શત્રુ.
૩. વિ અટકાવનાર; રોકનાર; પ્રતિરોધ કરનાર.
૪. વિ. ચોરનાર.
૫. વિ તિરસ્કાર કરનાર.
૬. વિ. બળાત્કારે ચોરી કરનાર.
૭. વિ વાંધો ઉઠાવનાર.
૮. વિ. સૈન્યથી ઘેરો ઘાલનાર.

પ્રતિરોધક રસી સ્ત્રી. એક જાતની રસી; રોગ અટકાવનારી રસી.

પ્રતિરોધક શક્તિ [સં.] સ્ત્રી. દરદને અટકાવનારી શરીરની સ્વાભાવિક શક્તિ.

પ્રતિરોધન [સં.] ન. અટકાવવું તે; રોકવું તે; અટકાયત; રોકાણ; હરકત કરવી તે.

પ્રતિરોધનિરોધ [સં.] પું. પ્રત્યાઘાત; રોધન; અવરોધ; 'રીસ્ટ્રિક્ટન્સ.'

પ્રતિરોધિત [સં.] વિ. રોકેલું; અટકાવેલું.

પ્રતિરોધી જુઓ પ્રતિરોધક.

પ્રતિલઘુગુણક [સં.] ન. (ગણિત) લઘુગુણકથી ઊલટી સંખ્યા; 'એન્ટિલૉગેરિધમ'.

પ્રતિલહરી સ્ત્રી. પાછી ફરતી લહેર; ઓટ.
કાંઠા સુધી લહરીઓ અને પ્રતિલહરી આવે. તેમ પ્રો. ઠાકોરના અમદાવાદના આગમનથી અહીંના સાહિત્યકુંડમાં થયું. પ્રસ્થાન

પ્રતિલંભ ૧. [સં] પું. કુરીતિ; ખરાબ ચાલ.
૨. પું. દોષ; કલંક.
૩. પું. નિંદા; દુર્વચન; ગાળ; કુવાક્ય.
૪. સ્ત્રી. પ્રાપ્તિ; લાભ; મેળવવું તે.

પ્રતિલંભી ૧. [સં પ્રતિલમ્ભિન્] વિ. દોષારોપણ કરેલ.
૨. વિ. મેળવનાર; પ્રાપ્ત કરનાર.
૩. વિ. સંપાદન કરેલ.

પ્રતિલાભ ૧. [સં.] પું. લાભ; પ્રાપ્તિ.
૨. પું. (સંગીત) શાલક રાગનો એક ભેદ.
૩. ન. ઇમેજ.

પ્રતિલાભિત વિ. આહારપાણી આપેલ; સાધુ મુનિને આહારાદિ આપેલ.

પ્રતિલિપિ ૧. [સં. પ્રતિ (સરખું) + લિપિ] સ્ત્રી. પ્રતિરૂપ; લેખની નકલ.
૨. સ્ત્રી. બીજી નકલ; 'ડુપ્લિકેટ'.

પ્રતિલેખ ૧. [સં.] પું. નકલ; ઉતારો.
૨. પું. સામું લખાણ; જવાબમાં લખેલ કાર્યને નષ્ટ કરનાર કે ફેરવી નાખનાર લખાણ; પ્રત્યુત્તર.

પ્રતિલેખક [સં.] વિ. નિરીક્ષક; જોનાર.

પ્રતિલેખક યંત્ર [સં.] ન. એક પ્રકારનું છાપવાનું યંત્ર; 'સાઇક્લોસ્ટાઇલ મશિન'.

પ્રતિલેખન જુઓ પ્રતિલેખના.

પ્રતિલેખના [સં.] સ્ત્રી. (જૈન) પડિલેહણ; બારીકાઈથી તપાસવું તે.

પ્રતિલેખા જુઓ પ્રતિલેખના.

પ્રતિલેખિત [સં.] વિ. (જૈન) પડિલેહણ કરેલ; બારીકાઈથી તપાસેલ.

પ્રતિલોમ ૧. પું. નીચ માણસ; હલકો માણસ.
૨. પું. પરસ્પરાભિમુખ પાદલોક; જોગાનુજોગની સામસામેની બાજુએ રહેનાર માણસ. નક્ષત્રોના પણ એકબીજાની સામે હોય છે.
૩. પું. વિપરીત અનુલોમાર્ધ.
ચંદ્રકાંતને મૂળી ચંદ્ર પ્રતિલોમ દેશમાં સંતાઈ જાય તોપણ ચંદ્ર કંઈ કંઈ ક્રિયા દ્વારા જણાઈ જાય છે. સરસ્વતીચંદ્ર
૪. વિ. ઊલટા વર્ણની સ્ત્રી સાથેનું. વિવાહ માટે વપરાય છે.
૫. વિ. ઊતરતું; હલકું; કનિષ્ઠ; વિલોમ; ઊતરતી પંક્તિનું; ઊલટા ક્રમનું; અવળું; વિરુદ્ધ; પ્રતિકૂળ.
૬. વિ. નિયમ વિરુદ્ધ; ધોરણ વિરુદ્ધ.
૭. વિ. નીચેથી ઉપર જવેલું હોય એવું.
૮. વિ. પાપી.
૯. વિ. પ્રતિકૂલ; વિપરીત; વિરુદ્ધ; ઊલટું.
૧૦. વિ. બીજા પાસાનું; ઊલટી બાજુનું; ડાબું; ઊંધું.
૧૧. ન. ઊંચી તરફ.
૧૨. અ. નાખુશીથી; પરાણે.

પ્રતિલોમગતાગત [સં.] પું. (કાવ્ય) ગતાગતનો એક ભેદ.

પ્રતિલોમજ ૧. [સં.] પું. નીચ વર્ણના પુરુષ અને ઊંચ વર્ણની કન્યાથી ઉત્પન્ન થયેલું સંતાન. જેમકે, સૂતઃ ક્ષત્રિય બાપ અને બ્રાહ્મણી માતાથી થયેલ; વૈદેહિકઃ વૈશ્ય બાપ અને બ્રાહ્મણી માતાથી થયેલ; ચાંડાલઃ શૂદ્ર બાપ અને બ્રાહ્મણી માતાથી થયેલ; માગધઃ વૈશ્ય બાપ અને ક્ષત્રિયા માતાથી થયેલ; ક્ષત્તાઃ શૂદ્ર બાપ અને ક્ષત્રિયા માતાથી થયેલ; આયોગવઃ શૂદ્ર બાપ અને વૈશ્યા માતાથી થયેલ.
૨. પું. વર્ણસંકર; જુદી જુદી જાતનાં માબાપનું બાળક.
૩. વિ. ક્ષત્રિય બાપ અને બ્રાહ્મણ મા અથવા શૂદ્ર બાપ અને વૈશ્ય માથી ઉત્પન્ન થયેલું; ઉત્તમ વર્ણની સ્ત્રીમાં અધમ વર્ણથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર.

પ્રતિલોમજા [સં.] સ્ત્રી ઉત્તમ વર્ણની સ્ત્રીમાં અધમ વર્ણથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર કન્યા.

પ્રતિલોમજાત જુઓ પ્રતિલોમજ.

પ્રતિલોમજાતા જુઓ પ્રતિલોમજા.

પ્રતિલોમ જાતિ [સં.] સ્ત્રી. ઊતરતી વર્ણ; હલકી જાત.

પ્રતિલોમ દેશ [સં.] પું. ઊલટી દિશામાં રહેલો પ્રદેશ.
ચંદ્રકાંતને મૂળી ચંદ્ર પ્રતિલોમદેશમાં સંતાઈ જાય તોપણ કંઈ કંઈ ક્રિયા દ્વારા ચંદ્ર જણાઈ જાય છે. સરસ્વતીચંદ્ર

પ્રતિલોમ રસપાક [સં.] પું. અનુલોમ રસપાકથી વિરુદ્ધ વિનારાક રસપાક; અધોગામી રસપાક; પ્રતીપગામી રૂપાંતર; પ્રતિરસપાક. જેમાં શક્તિ છૂટી પાડવાની સાથે પ્રાબુરસનું સાદામાં સાદા પદાર્થમાં વિઘટન થાય છે, એટલે કે રસપાક મુખ્યત્વે કરીને વિનારાક હોય છે. અનુલોમ રસપાક અને પ્રતિલોમ રસપાક બંને સાથે સાથે હોય છે. એક મરે છે ને બીજો જાગે છે.

પ્રતિલોમ વિવાહ [સં.] પું. જેમાં પુરુષ નીચ વર્ણનો અને સ્ત્રી ઊંચા વર્ણની હોય તેવો વિવાહ. જેમકે, ક્ષત્રિયના બાહારથી સાથે, વૈશ્યના ક્ષત્રિયાણી અથવા બાહારણી સાથે.

પ્રતિલોમ્ય વિ. ઊલટું; ઊંધું.

પ્રતિવક પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

પ્રતિવચન ૧. [સં. પ્રતિવચ્ (જવાબ આપવો) + અન (પણું)] પું. પ્રતિધ્વનિ; પડઘો.

૨. ન. ઉત્તર; જવાબ.

૩. ન ગોઠ્યું કે ઊંધું આવતું ઉપવાક્ય.

૪. ન. પ્રત્યુત્તર; સામો જવાબ; વાદીના જવાબ ઉપર પ્રતિવાદીનો જવાબ.

૫. ન. ખોબ.

૬. ન. વિરુદ્ધ વાક્ય.

૭. ન. સામું બોલવું તે; સામે વચન.

પ્રતિવમન [સં.] ન. પરાવર્તન; પરાવર્તન પામવું તે; પાછું વાળવું તે.

આયના મહેલ ઉપર સૂર્યનાં કિરણ પડવાં તેનું પ્રતિવમન દીપ્ત થતું. કનૈયાલાલ મુનશી

પ્રતિવર [સં] પું. પડઘો.

પ્રતિવર થકી શબ્દ રચૂડ થકી બહાર આવે.
ઉત્તરરામચરિત

પ્રતિવર્તન [સં.] ન. પાછું આવવું તે; પરાવર્તન.

પ્રતિવર્મન પું. (સંગીત) એક ખંડગતિ સત્તર માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૧૦, ૧૪ માત્રા ઉપર છે. કોટડીના બોલઃ

૧ ૨ ૩
ધા ધીં ધિન્તા કિટતા ધીં ધિન્તા તા ધીં
૪
ધિન્તા તા તીં તીન્તા.

પ્રતિવર્ષ [સં. પ્રતિ (દરેક) + વર્ષ] અ. દર વર્ષે; વર્ષે વર્ષે; વર્ષાવર્ષ; પ્રત્યેક વર્ષે.

પ્રતિવલિત [સં. પ્રતિ (સામું) + વલિત (વળેલું)] વિ. બહાર અથવા અંદર વળેલું.

પ્રતિવસથ [સ] પું. ગામડું; ગ્રામ.

પ્રતિવસ્તુ ૧. [સં.] ન. તુલ્યરૂપ વસ્તુ; સમાનરૂપ વસ્તુ.

૨. ન. દરેક વસ્તુ.

પ્રતિવસ્તૂપમા [સં.] સ્ત્રી. (અલં) તે નામે એક અર્થાલંકાર. તેમા ઉપમેય અને ઉપમાનના સાધારણ ધર્મનું વર્ણન જુદાં જુદાં વાક્યોમાં કરવામાં આવે છે. જ્યાં એક સમાન ધર્મની ઉભય વાક્યમાં ઉભય વાર સ્થિતિ એ પ્રતિવસ્તૂપમા અલંકાર છે.

પ્રતિવહન ૧. [સં. પ્રતિ (ઊલટું) + વહન (વહેવું તે)] ન. ખોટ.

૨. ન. પાછું હોરવું કે લઈ જવું તે.

૩. ન. હરી વળવું તે.

પ્રતિવંશશાખા અ. પરંપરા; શાખાનુસાર.

પ્રતિવાક્ય ૧. [સં.] ન. પ્રત્યુત્તર; ઉત્તર; જવાબ.

૨. ન. સામે વચન; વિરુદ્ધ વાક્ય.

પ્રતિવાચ [સં.] સ્ત્રી. જવાબ.

પ્રતિવાજન ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

પ્રતિવાણી [સં.] સ્ત્રી. પ્રત્યુત્તર.

પ્રતિવાત ૧. [સં.] પું. જ્યાંથી વાયુ આવતો હોય તે પ્રદેશ.

૨. પું. જેલનું ઝાડ.

૩. પું. વિરુદ્ધ વાયુ; સામો પવન.

૪. અ. પવનની સામે.

પ્રતિવાદ ૧. [સં.] પું. (મીમાં) ખંડન; રદિયો.

૨. પું. જવાબ; ઉત્તર.

સાત જન્મો સુધી જેના કુળને પ્રતિવાદ ન કરવાની રાજાએ જાહેરાત કરી છે. સુભાષિત

૩. પું. જવાબ.

૪. પું. (વેદાંત) વાદીએ કહેલા ન્યાયવાક્યની વિરુદ્ધ ન્યાયવાક્યનો પ્રયોગ; વિવાદ.

૫ પું. વિરુદ્ધ વાદ; સામો વાદ.

૬. પું. વિરોધ; ખંડન

૭. પું. સામું બોલવું તે.

૮. પું. સામો દાવો; ઊલટો દાવો.

પ્રતિવાદક ૧. [સં.] પું. પ્રતિવાદ કરનાર.

દરેક વખતે ફરિયાદ (પ્રજાની) સાંભળી શકે એટલા માટે અમારો પ્રતિવાદક મુકરર કર્યો, કે તેઓ તેને ફરિયાદ પહોંચાડી શકે.
ચરિત્રચંદ્રિકા

૨. પું. વિરોધક; વિરોધ કરનાર.

૩. પું. હરીફ.

પ્રતિવાદિની સ્ત્રી. વળતો જવાબ દેનારી સ્ત્રી; દાવાનો જવાબ દેનારી સ્ત્રી; પ્રતિવાદી સ્ત્રી.

પ્રતિવાદશૈલી [સં.] સ્ત્રી. વિરોધશૈલી.

નિર્યુક્તિકારની અને ટીકાકારની પ્રતિવાદ કરવાની શૈલીથી મૂલકારની પ્રતિવાદશૈલી કાંઈ જુદી જણાય છે. પુરાવૃત્ત

પ્રતિવાદિતા ૧. [સં.] સ્ત્રી. પ્રતિવાદીનો ધર્મ.

૨. સ્ત્રી. પ્રતિવાદીપણું.

પ્રતિવાદિની [સં.] સ્ત્રી. પ્રતિવાદી સ્ત્રી; પ્રતિવાદક્ષ.

પ્રતિવાદી ૧. [સં. પ્રતિ. (સામું) + વાદિન્ (વાદ કરનાર)] પું. કોઈ વાતમાં તર્ક કરનાર વ્યક્તિ.

૨. પું. (ન્યાય) ખંડન કરનાર માણસ. જે પ્રારંભ કરે તે વાદી અને તેનો વિરોધ કરે તે પ્રતિવાદી કહેવાય.

૩. પું. (ન્યાય) વાદીએ કહેલા ન્યાયવાક્યની વિરુદ્ધ ન્યાયવાક્યનો પ્રયોગ કરનાર માણસ.

૪. પું. વાદીની વાતનો ઉત્તર આપનાર માણસ; પ્રતિપક્ષી; સામાવાળિયો; વાદીની સામે જવાબ આપનાર વ્યક્તિ; દાવામાં બચાવપક્ષનો માણસ; વાદી સામો ઉત્તર આપનાર પુરુષ. પ્રતિવાદી ત્રણ પ્રકારના છે: (૧) પર, (૨) પ્રત્યવર, (૩) સમ.

૫. વિ. વિરુદ્ધ વાદ કરનાર; સામો વાદ કરનાર; સામે બોલનાર.

પ્રતિવાપ ૧. પું. કણ; ડોકો.

૨. પું. કવાથ વગેરેમાં નાખવામાં આવતું ઔષધિનું ચૂર્ણ.

૩. પું. ચૂર્ણ; ભૂકો.

૪. પું. ધાતુની ભસ્મ કરવાની ક્રિયા.

પ્રતિવાય ૧. [સં. પ્રત્યવાય] પું. અટકાયત; હરકત; બાધ; વાધો; આડખલ; નડતર; પ્રત્યવાય; વિઘ્ન.

સુદામો કહે વિઘ્નને નથી આગતાં પ્રતિવાય.
સુદામાચરિત્ર

૨. પું. પાપ; દોષ.

પ્રતિવારણ ૧. [સં.] પું. એ નામે એક દૈત્ય.

૨. ન. નિવારણ; સામેથી વારવું તે; અટકાવવું તે; રોકવું તે.

૩. વિ. નિવારણ કરનાર; અટકાવનાર; રોકનાર.

પ્રતિવાર્તા ૧. [સં.] સ્ત્રી. જવાબમાં જણાવેલી હકીકત; સામેથી મળેલી બીના કે વાત; પ્રત્યુત્તરરૂપ વૃત્તાંત.

૨. સ્ત્રી. સમાચાર; ખબર.

પ્રતિવાર્ષિક [સં.] વિ. વાર્ષિક; વર્ષોવર્ષનું; વર્ષોવર્ષ ફરીફરીને આવતું; દર વરસનું; સાંવત્સરિક

પ્રતિવાસ ૧. પું. પડોશ; પાસે રહેવું તે; નજીકમાં હોવું તે; સમીપતા; સામીપ્ય.
૨. સ્ત્રી. સુગંધી; સુવાસ; ખુશબો.
૩. વિ. ગંધ ઉરાડનાર.

પ્રતિવાસર [સં.] અ. પ્રતિદિન; દરરોજ; હમેશ; રોજ.

પ્રતિવાસિતા [સં.] સ્ત્રી પડોશમાં રહેલાપણું.

પ્રતિવાસિની [સં.] સ્ત્રી. પડોશણ; પડોશની સ્ત્રી.

પ્રતિવાસી ૧. [સં. પ્રતિવાસિન્] પું. પડોશી; પડોશનો પુરુષ.
૨. વિ પાસે રહેનાર; પડોશી.

પ્રતિવાસુદેવ [સં.] પું. (જૈન) વિષ્ણુ અથવા વાસુદેવનો શત્રુ. તે વાસુદેવને હાથે મરી નરકે જાય. અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં નવ વાસુદેવ અને નવ પ્રતિવાસુદેવ થાય. આવું અવસર્પિણી કાળમાં થયેલ નવ પ્રતિવાસુદેવનાં નામ: (૧) અશ્વગ્રીવ, (૨) તારક, (૩) મોદક, (૪) મધુ, (૫) નિશુંભ, (૬) બલિ, (૭) પ્રહ્લાદ, (૮) રાવણ અને (૯) જરાસંધ.

પ્રતિવાહ ૧. [સં.] પું. (પુરાણ) અક્રૂરનો એ નામનો એક ભાઈ.
૨. પું. (પુરાણ) અહલ્યાનો પુત્ર એક યાદવ.

પ્રતિવાહુ ૧. [સં.] પું. (પુરાણ) અક્રૂરના નાના ભાઈનું નામ.
૨. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.

પ્રતિવિકલ્પ [સં.] સ્ત્રી. વિપક્ષ.

પ્રતિવિદ્યા [સં.] સ્ત્રી. વિદ્યાની સામે વિદ્યા; મારણ, મોહન વગેરેની સામે તેવી વિદ્યા બતાવવી તે.

પ્રતિવિધાન ૧. [સં.] ન. ઇલાજ; ઉપાય; પ્રતિકાર.
૨. ન. ઉપાય લેવો તે; ઉપાય કરવો તે.
૩. ન. એકને બદલે બીજું કામ કરવું તે.
૪. ન. ઠાઠમાઠ.
૫. ન. બદલામાં આવી પડે તેવા વિધિ.
૬. ન. બદલો લેવો તે.
૭. ન. વ્યવસ્થા; રચના.

પ્રતિવિધિ [સં.] પું. પ્રતીકાર; ઇલાજ.

પ્રતિવિનીતા પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં નગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર વર્ણ અને બીજા તથા ચોથા પાદમાં સગણ, જગણ, રગણ, નગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.

વિપ્ર વિશે ના ર ન ર ના ર ગા પ્રમોદ;
સમર્થ સા ગા ર ના ન ગે પ્રતિવિનીતા.
ન્યુપિંગલ

પ્રતિવિપક્ષ [સં.] સ્ત્રી. વિપક્ષનો સાદમો ભાગ.

પ્રતિવિભાગ [સં.] પું. વિભાગનો પણ વિભાગ; પેટા ભાગ.

પ્રતિવિરોધ ૧. પું. ચોરી.
૨. પું. તિરસ્કાર.
૩ પું. બાધ; અટકાવ; વિઘ્ન.

પ્રતિવિવાદી [સં. પ્રતિવિવાદિન્] પું. સામાવાળો.

પ્રતિવિશા સ્ત્રી. એક જાતનો છોડ.

પ્રતિવિશિષ્ટ [સં.] વિ. અત્યુત્તમ; સર્વશ્રેષ્ઠ.

પ્રતિવિષ [સં.] ન. વિષનાશક કે ઉતારકારક ઔષધિ

પ્રતિવિષા [સં.] સ્ત્રી. અતિવિષા; અતિવિષની કળી

પ્રતિવિષ્ણુ ૧. [સં.] પું. (જૈન) પ્રતિવાસુદેવ.
૨. પું. વિષ્ણુના પ્રતિદ્વંદ્વી રાજા મુચુકુંદનું એક નામ.
૩. ન. દરેક વિષ્ણુ પ્રત્યે.

પ્રતિવિષ્ણુક ૧. [સં.] પું. મુચુકુંદ રાજા.
૨. ન. મુચુકુંદ નામના ફૂલનો છોડ.

પ્રતિવિહિત [સં.] વિ. પ્રતિવિધાન કરેલ.

પ્રતિવિંધ્ય ૧. [સં.] પું. એ નામે એક ક્ષત્રિય.
૨. પું. (પુરાણ) દ્રૌપદીને યુધિષ્ઠિરથી થયેલો એ નામનો પુત્ર. એ જન્મકાળે શત્રુપ્રહરણ વિષયે વિંધ્ય પર્વત જેવો અચળ દેખાવાથી તેનું આ નામ પડ્યું. આખે શરીરે સફેદ અને માત્ર કંઠ આગળ કાળા હોય એવા ઘોડા એ ખેડાવતો. મહાભારતના યુદ્ધને અંતે અઢારમે દિવસે અશ્વત્થામાએ તેને માર્યો હતો.
૩. પું. શાકદ્વીપનો એ નામનો એક રાજા. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં રહેલ હતો. તેને હરાવી અર્જુને તેનો દેશ લીધો હતો.

પ્રતિવૃક્ષ [સં.] ન. હાડીદા; ચકચાર.

પ્રતિવૃક્ષશુલ્ક [સં.] ન. હાકચાર લેવાતો કર; ચકીદા લેવાતો કર.

પ્રતિવૃત્ત ન. (જ્યોતિષ) ગ્રહોનું પ્રતિવર્તુલ.
સૂર્યચંદ્રાદિ સર્વ ગ્રહોની અસમાન ગતિ અને પાંચ ગ્રહોની વક્ર ગતિની ઉપપત્તિ કરવા માટે પ્રતિવૃત્તો અને તિર્યંગ્વૃત્તો ગ્રહગણિત ગ્રંથમાં કલ્પવામાં આવે છે. જ્યોતિર્વિલાસ

પ્રતિવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. (સંગીત) શ્રુતની માત્રા.
શ્રુતિની અંદર રહની જે માત્રા હોય તેને પ્રતિવૃત્તિ કહે છે. પુરાતત્ત્વ
૨. સ્ત્રી. સાદરભાવ.

પ્રતિવેદક પું. બાતમીદાર; ચાર; બાનગી તપાસ રાખી ખબર દેનાર.
નિર્ણય કરવાની બાબતમાં કોઈ દોષ ન થાય તેટલા માટે તેણે પ્રતિવેદકો (બાતમીદારો)ને હુકમ કરેલો હતો. અશોકચરિત

પ્રતિવેશ ૧. [સં.] પું. એ નામનો એક આચાર્ય.
૨. પું. પડોશ.
૩. પું. પડોશનું કે ઘરની સામેનું મકાન.
૪. પું. પડોશી.

પ્રતિવેશવાસી [સં. પ્રતિવેશવાસિન્] વિ. પડોશી.

પ્રતિવેશિસ્થલ [સં.] ન. પડોશકક્ષ.

પ્રતિવેશિની [સં.] સ્ત્રી. પડોશણ.

પ્રતિવેશી [સં. પ્રતિવેશિન્] પું. પડોશી.

પ્રતિવેશીસીમા સ્ત્રી. પાર્શ્વસીમા; પાસેની હદ.

પ્રતિવેશ્મ ૧. [સં. પ્રતિવેશ્મન્] ન. પડોશીનું ઘર
૨. વિ. ઘેર ઘેર; દરેક ઘેર.

પ્રતિવ્યક્તિ [સં.] અ. માથાદીઠ; દરેક માણસે.

પ્રતિવ્યક્તિકર [સં.] પું. માથાદીઠ કર.

પ્રતિવ્યૂહ ૧. [સં.] પું. ટોળું.
૨. પું. સૈન્યની બીજી ગોઠવણી; શત્રુની સામે લશ્કર ગોઠવવાની કળા

પ્રતિવ્યોમ પું. (પુરાણ) સૂર્યવંશના ધ્રુવસંધુ કુલોત્પન્ન કુશાગ્રવમાં થયેલા બૃહદ્રથ રાજાનો એ નામનો પુત્ર. એને ભાનુ નામે પુત્ર હતો.

પ્રતિશત [સં.] અ. દર સેંકડે; પ્રતિ સેંકડે.

પ્રતિશતક [સં.] અ. દર સોદીઠ; દર સેંકડે.

પ્રતિશત્રુ [સં.] પું. પ્રતિપક્ષી; દુશ્મન.

પ્રતિશબ્દ ૧. [સં.] પું. બીજો શબ્દ; સામો ઉચ્ચાર.
૨. પું. પડઘો; પડઘ; પ્રતિધ્વનિ; પ્રતિધ્વનિ.

પ્રતિશબ્દક [સં.] પું. પડઘો.

પ્રતિશબ્દરૂપ [સં.] ન. પડઘારૂપ.

પ્રતિશમ ૧. [સં.] પું. નાશ.
૨. પું. મુક્તિ.
૩ પું. શાંતિ.

પ્રતિશયન ૧. [સં.] ન. મુચ્છિત મેળવવા માટે દેવ વગેરે પાસે સ્નાન, ભોજન વગેરેના ત્યાગપૂર્વક સૂઈ રહેવું તે.

૨. ન. શુભ વા અશુભ ઇચ્છિત અર્થનું સ્વપ્ન દ્વારા જ્ઞાન થાય એવા હેતુથી દેવાલય વગેરેમા સૂવું તે.

પ્રતિશયિત [સં.] વિ. સૂઈ રહેલ.

પ્રતિશય્યિકા (સં.] સ્ત્રી. પ્રતિનિધિ; સુવાની પથારીના જેવો સંકોચ કરવાને માટે જ ખાસ રાખવામાં આવતી પથારી.

પ્રતિશરીર ૧. પું. પ્રતિનિધિ.

અમો અલપખાનને અલ્લાઉદ્દીનનો પ્રતિશરીર એટલે પ્રતિનિધિ જણાવવામાં આવ્યો છે. પુરાતત્ત્વ

૨. [સં] ન. શરીરે શરીરે.

પ્રતિશંકનીય [સં.] વિ. શંકા આવવા જેવું.

પ્રતિશંકા ૧. [સ.] સ્ત્રી. કાયમની બીક; સતત શંકા.

૨. સ્ત્રી. શંકા; વહેમ; સંશય.

પ્રતિશાખા [સ.] સ્ત્રી. પેટા શાખા; પેટા વિભાગ.

પ્રત્યેકમાંથી બ્યૂંતેર બ્યૂંતેર હજાર પ્રતિશાખાઓ નીકળે છે. પુરાતત્ત્વ

પ્રતિશાપ [સં] પું. શાપની સામે આપેલો શાપ.

પ્રતિશાસન ૧. [સં.] ન. નોકરચાકરને હુકમ કરવો તે.

૨. ન. વિરુદ્ધ હુકમ; વિરુદ્ધ આજ્ઞા.

પ્રતિશાસ્તિ [સં.] સ્ત્રી. ચાકરનોકરને હુકમ કરવો તે.

પ્રતિશાળ [સં. પ્રતિશાલ] સ્ત્રી. પરસાળ; ઘરની ઓસરી.

ઘરની જમીનના પાંચ ભાગો કરી તેમાંથી બે ભાગની ભમરાળા (ભમ્મરો) કરવી અને બાકીના ત્રણ ભાગની જમીનમાંથી દોઢ દોઢ ભાગની બે પરો બે તરફ થાય તેની **પ્રતિશાળ** અથવા પરસાળ કરવી. રાજ્યતંત્ર

પ્રતિશિષ્ટ ૧. [સં.] વિ. ખંડન કરેલ.

૨. વિ. તિરસ્કાર કરેલ.

૩. વિ. પ્રતિજ્ઞિત.

૪. વિ. મોકલેલ; પ્રેષિત.

પ્રતિશિષ્ય [સં] પું. શિષ્યનો શિષ્ય.

પ્રતિશૂન્ય વિ. ખાલી.

પ્રતિશૂર પું. સામાવાળિયો.

પ્રતિશ્રોત [સં] પું. ખરો જેવો તે; વેર વાળવું તે.

પ્રતિશ્રોતન જુઓ પ્રતિશ્રોત.

પ્રતિશ્યા [સં.] સ્ત્રી. પીનસ રોગ; શ્લેષ્મ.

પ્રતિશ્યાય ૧. [સં.] પું. ઝાકળ.

૨. પું. નાકના રોગોના ચોત્રીસ માહેનો એક પ્રકાર. એના વાત, પિત્ત, કફ, સન્નિપાત અને રક્તજ એમ પાંચ પ્રકાર છે.

૩. પું. પીનસ રોગ; શ્લેષ્મમ; લુખામ; શરદી.

પ્રતિશ્યાય જ્વર [સં. પ્રતિશ્યાય (શરદી) + જ્વર (તાવ)] પું. જેમાં શરદીનું તથા ઉધરસનું જોર હોય છે તે તાવ; 'ઇન્ફ્લુએન્ઝા'.

પ્રતિશ્રમ [સં.] પું. પરિશ્રમ; મહેનત.

પ્રતિશ્રય ૧. [સં.] પું. આશ્રય.

૨. પું. આશ્રય.

૩. પું. નિવાસ; ઘર.

૪. પું. મઠ.

૫. પું. પરશાળ; પરસાર.

૬. પું. સભા.

૭. પું. સ્થાન.

પ્રતિશ્રયણ [સં.] ન. સ્વીકૃતિ; મંજૂરી.

પ્રતિશ્રવ ૧. [સં.] પું. પડઘો; પડછંદો; પ્રતિધ્વનિ; પ્રતિશબ્દ.

૨. પું. વેદમાં વપરાયેલું ઋનું એક નામ.

૩. પું. સ્વીકાર; કબૂલ કરવું તે.

પ્રતિશ્રવણ ૧. [સં.] ન. (વેદાંત) આ હું આપીશ, એમ આપવાની પ્રતિજ્ઞા કરવી તે.

૨. ન. મંજૂરી; સ્વીકૃતિ; સ્વીકાર.

૩. ન. સાંભળવું તે.

૪. વિ. કાનને અનુસરેલ; કાને પહોંચેલ.

પ્રતિશ્રવા ૧. [સં. પ્રતિશ્રવસ] પું. ગોત્રપ્રવર એક ઋષિ.

૨. પું. (પુરાણ) પરિક્ષિતના પુત્ર ભીમસેન અને સુકુમારીનો એ નામનો પુત્ર.

પ્રતિશ્રાવણી સ્ત્રી. પણીએ કરેલ દેણા સંબંધી કંઈ અખર ન હોય તેવી ખો.

પ્રતિશ્રુત ૧. [સં.] પું. (પુરાણ) ક્ષાંતિદેવનો દત્તે થયેલો વસુદેવનો એ નામનો પુત્ર.

૨. ન. પ્રતિજ્ઞા.

૩. ન. પ્રતિધ્વનિ; પડઘો.

૪. ન. સ્વીકાર.

૫. વિ. મંજૂર કરેલ; સ્વીકારેલ.

૬. વિ. સાંભળેલ.

પ્રતિશ્રુતિ ૧. [સં.] પું. વસુદેવનો એ નામનો એક પુત્ર.

૨. સ્ત્રી. અનુમતિ; મંજૂરી.

૩. સ્ત્રી. પ્રતિધ્વનિ; પડઘો

૪. સ્ત્રી. વચન; પ્રતિજ્ઞા

૫. સ્ત્રી. સાંભળવું તે; શ્રવણ.

૬. વિ. સ્વીકાર; અંગીકાર.

પ્રતિશ્રુતકા [સં.] પું. એ નામે એક દેવતા.

પ્રતિશ્રોતા ૧. [સં. પ્રતિશ્રોતૃ] વિ. અનુમતિ દેનાર; મંજૂર કરનાર.

૨. વિ. સાંભળનાર.

પ્રતિશ્લોક [સં.] પું દરેક દરેક શ્લોક.

પ્રતિષિદ્ધ ૧. [સં] વિ. અઘટિત; ગેરવાજબી.

૨. વિ. મનાઈ કરેલ; નિષેધેલ; નિષિદ્ધ; અટકાવેલ; રોકેલ.

પ્રતિષિદ્ધસેવન [સં.] ન. મનાઈ કરેલી વસ્તુ વગેરેનું સેવન કરવું તે.

પ્રતિષિદ્ધસેવી [સં. પ્રતિષિદ્ધસેવિન્] વિ. મનાઈ કરેલી વસ્તુ વગેરેનું સેવન કરનાર.

પ્રતિષિધ્યમાન વિ. અટકાવવામાં આવતું.

એટલો પ્રતિષેધ જ પુરુષાર્થ હોય છે ત્યાં જ્યારે પ્રતિષિધ્યમાન અર્થ અનર્થનો હેતુ હોય છે. પૂર્વમીમાંસા

પ્રતિષેક ૧. [સં.] પું. નખની નીચેનો ભાગ.

૨. પું. નાકની અંદરનું આવરણ.

પ્રતિષેધ ૧. પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર. તેમાં કોઈ પ્રસિદ્ધ નિષેધ અથવા તદ્ભાવતનો બીજી રીતે ઉલ્લેખ હોય છે કે જેથી તેનો કંઈક ભાસ અર્થ નીકળે છે.

૨. પું. ખંડન.

પ્રતિષેધ ૧. પું. ઊલટું વચન; સામા થવું તે; પ્રતિરોધ; નામંજૂરી.

૨ પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર.

પ્રસિદ્ધ નિષેધનો અનુવાદ એ પ્રતિષેધ અલંકાર છે. કાવ્યાદર્શ

૩. [સં. પ્રતિ + સિધ્ (પાર પાડવું)] પું. ખંડન.

૪. પું. દુષણ કહેવું તે.

૫. પું. (ન્યાય) ન્યાયવાક્યોના દશ માંહેનો એક અવયવ.

૬. પું. પ્રતિબંધ; વિઘ્ન; અંતરાય.

૭. પું. મનાઈ; રોકવું તે; અટકાવ; નિષેધ; રોકાણ; નકાર; મના.

પ્રતિષેધક [સં.] વિ. અટકાવનાર; નિષેધ કરનાર; મનાઈ કરનાર; રોકનાર.

તે બાર વર્ષનો થાય ત્યાંસુધી અક્રિય અને પ્રતિષેધક રહે છે. કાન્ત

પ્રતિષેધન જુઓ પ્રતિષેધ.

પ્રતિષેધાલંકાર [સં.] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર. તેમાં પ્રસિદ્ધ નિષેધનું અનુવાદન કરવામાં આવે છે. જેમકે, એ તો વેદ ભણવાના છે, એ લાડુ ખાવાના ન હોય.

પ્રતિષેધોપમા [સં.] સ્ત્રી. (અલં) તે નામે એક અર્થાલંકાર.

પ્રતિષેધ્ય જુઓ પ્રતિષેધ્ય.

પ્રતિષેવણ [સં.] સ્ત્રી. (જૈન) દોષનું સેવન; સંયમમાં દોષ લગાડવો તે.

પ્રતિષ્ક [સં.] પું. કૃત; બ્યાસ.

પ્રતિષ્કસ જુઓ પ્રતિષ્ક.

પ્રતિષ્ટબ્ધ [સં.] વિ. અટકાવેલ; રોકેલ; સ્તબ્ધ કરી દીધેલ; થંભાવેલ.

પ્રતિષ્ટંભ ૧. [સં.] પું. અટકાવ.

૨. પું. વિઘ્ન.

પ્રતિષ્ઠા સ્ત્રી. એ નામે ચાર માંહેના તપવનનો એક ભાગ.

વાણી, પૃથ્વી, અર્થ, ઋદ્ધિ એ ચાર પ્રતિષ્ઠા છે. ભાગવત

પ્રતિષ્ઠાપક વિ. અવસ્થા કરનાર; અવસ્થાપક.

પ્રતિષ્ટુતિ [સં.] સ્ત્રી. સામે સ્તુતિ; પ્રતિપક્ષીને સ્તુતિ.

પ્રતિષ્ઠ ૧. [સં.] પું. (જૈન) સાતમા તીર્થંકર સુપાર્શ્વના પિતાનું નામ.

૨. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; વિખ્યાત; મશહૂર.

૩. વિ. પ્રતિજ્ઞાવાળું; આબરૂદાર.

૪. વિ. સ્થિરતાથી ઊભેલ.

પ્રતિષ્ઠા ૧. [સં.] પું. અધિકારપ્રાપ્તિ.

૨. પું. (પિંગળ) ચાર વર્ણનો એ નામનો એક છંદ. તેના પ્રસ્તારભેદથી સોળ સમવૃત્તો થઈ શકે છે.

૩. પું. પાયો; મંડાણ.

૪. સ્ત્રી. આદર; સત્કાર.

૫. [સં. પ્રતિ + સ્થા (ઊભા રહેવું)] સ્ત્રી. આધાર; આશ્રય.

૬. સ્ત્રી. આબરૂ; કીર્તિ; યશ; માન; ખ્યાતિ.

૭. સ્ત્રી. એક જાતનો રાગ. તેમાં ચાર પડવાળી ચાર સીટીની એક કહી હોય છે.

૮. સ્ત્રી. ગૌરવ; ભારબોજ મહત્ત્વ.

૯. સ્ત્રી. દીકરીનો કરિયાવર; દીકરીને હિસ્સો આપવો તે.

૧૦. સ્ત્રી. દેવાલય વગેરેમાં દેવ વગેરેનું સ્થાપન; સ્થાપના; મૂર્તિ પધરાવવાની ક્રિયા; વિધિપૂર્વક મૂર્તિ ઉપર કરવામાં આવતો એક સંસ્કાર; દેવત્વ મૂકવું તે; મૂર્તિની વિધિપૂર્વક સ્થાપના; કાર્યસિદ્ધિ.

પ્રતિષ્ઠા કરવી = વિધિપૂર્વક મૂર્તિ ઉપર શાસ્ત્રોક્ત સંસ્કાર કરી તેમાં દેવાતન પૂરી મંદિરમાં સ્થાપના કરવી.

૧૧. સ્ત્રી. પૃથ્વી.

૧૨. સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ; નામના.

૧૩. સ્ત્રી. ભાવન માંહેની એક અવરિશ્ર દેવતા.

૧૪. સ્ત્રી. ભાસા માંહેની એક તેજસ્તત્ત્વ દેવતા.

૧૫. સ્ત્રી. પંદિરની અધિષ્ઠાત્રી.

૧૬. સ્ત્રી. માન; મર્યાદા; ઇજ્જત; 'ઓનર્સ'.

ગણિતમાં તેણે પ્રતિષ્ઠા મેળવી હતી. પરિભાષિકકોશ

૧૭. સ્ત્રી. વાસ્તુવિદ્યા સમાપ્તિ સમયે કરવાનું એક કર્મ.

૧૮. સ્ત્રી. વરનો મોટો ભાઈ વહુને જે ભેટ આપે તે.

૧૯. સ્ત્રી. વાસસ્થાન.

૨૦. સ્ત્રી. વ્રતની ઉજવણી; વ્રત કે યજ્ઞની સમાપ્તિ.

૨૧. સ્ત્રી. શરીર.

૨૨. સ્ત્રી. શાંતિ; આરામ.

૨૩. સ્ત્રી. (જૈન) સંસારપરિભ્રમણથી નિવૃત્તિરૂપ સ્થિતિ.

૨૪. સ્ત્રી. સ્થાન; આશ્રય; જગ્યા.

૨૫. સ્ત્રી. સ્થિરતા; સ્થિતિ; મજબૂતી; પ્રથમ મંડાણ.

૨૬. સ્ત્રી. હ્રસ્વ.

૨૭. સ્ત્રી. હોદો; મોભો; પદવી; ઇલ્કાબ; સ્થાન; હાલત.

પ્રતિષ્ઠા છંદ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ચાર વર્ણ હોય છે.

પ્રતિષ્ઠાતા [સં. પ્રતિષ્ઠાતૃ] પું. સંસ્થાપક; સ્થાપન કરનાર માણસ.

પ્રતિષ્ઠાદાયક [સં.] વિ. પ્રતિષ્ઠા અપાવે એવું.

પ્રતિષ્ઠાન ૧. [સં.] ન. અશ્મક નામના એક પ્રાચીન દેશની રાજધાની.

૨. ન. આબરૂ; કીર્તિ; પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.

૩. ન. એક જાતનો સંસ્કાર.

૪. ન. જગ્યા; સ્થાન; ઠેકાણું; સ્થળ.

૫. ન. જડ; મૂલ.

૬. ન. ઢાસડી; ભૂસડી.

૭. ન. માણ; કરણ.

૮. ન. દક્ષિણમાં શાલિવાહનનું મુખ્ય શહેર.

૯. ન. દેવમૂર્તિની સ્થાપના.

૧૦. ન. પદવી; મોભો; ઇલ્કાબ.

૧૧. ન. પાયો; મૂળ.

૧૨. ન. પ્રયાગ પાસેનું એક શહેર. ગંગા અને યમુનાના સંગમની પૂર્વ બાજુએ તે આવેલું હતું.

૧૩. ન. મહાભારતના સમયનું હસ્તિનાપુર પાસે આવેલું એક નગર; વર્ધમાનપુર; પ્રતિષ્ઠાનપુર; હાલનું ઝિયુર. ત્યાં રાજા ઉત્તાનપાદના કહેવાતા દિકરાઓ ધ્રુવ મોજૂદ છે.

૧૪. ન. વ્રત વગેરેની ઉજવણી; વ્રત વગેરેની સમાપ્તિએ કરવા યોગ્ય કર્મ.

૧૫. ન. સ્થાપન; સ્થાપિત કરવાની ક્રિયા.

૧૬. ન. સ્થિતિ; અવસ્થાન.

પ્રતિષ્ઠાનપુર ૧. [સં.] ન. ગંગા જમનાના સંગમ ઉપર હાલના ઝૂસી નામના સ્થાનની આસપાસમાં આવેલું પ્રાચીન કાળનું એ નામનું એક નગર. ચંદ્રવંશી રાજા પુરૂરવાની રાજધાની અહીં હતી. અહીં સમુદ્રગુપ્તે અને કર્ણગુપ્તે એક કિલ્લો બનાવ્યો હતો, જેનાં હજુ ખંડેર જોવામાં આવે છે.

૨. ન. ગોદાવરીને કિનારે આવેલું મહારાષ્ટ્રનું એક જૂનું શહેર. તે શાલિવાહન રાજાની રાજધાની હતી.

૩. ન. પૈઠણ નગરી.

૪. ન. (પુરાણ) હસ્તિનાપુર નજીક આવેલી પ્રજાપુત્ર પુરૂરવા રાજાની નગરી. એનું બીજું નામ વર્ધમાનપુર હતું.

પ્રતિષ્ઠાપક ૧. [સં.] પું. પ્રતિષ્ઠા કરનાર માણસ.

૨. પું. પ્રવર્તક; પ્રયોજક.

૩ પું. (ભૌતિ) સહનિર્દેશકબુજ; 'કો-ઓર્ડિનેટ્સ'

૪. વિ. અવસ્થા કરનાર; અવસ્થાપક.

પ્રતિષ્ઠાપત્ર ૧. [સં.] પું. પ્રતિષ્ઠા માટે આપવામાં આવતો પત્ર; સન્માનપત્ર.

૨. પું. બક્ષીસનામું; ઇનામનો કાગળ.

૩. પું. સનદ; પરવાનો

પ્રતિષ્ઠાપદવી [સં.] સ્ત્રી. પદવી; ખિતાબ; ઉપાધિ; 'ડીગ્રી'.

તેણે યુનિવર્સીટી (વિશ્વવિદ્યાલય)ની ડીગ્રી (પ્રતિષ્ઠાપદવી) પ્રાપ્ત કરી નથી. કમળાસંદ્ય

પ્રતિષ્ઠાપન ૧. [સં.] ન. દેવતા વગેરેની મૂર્તિ સ્થાપિત કરવાનું કામ.

૨. ન. સંસ્થાપના; પાયો; વિશેષ બાબત ઉપરથી સામાન્ય બાબત સ્થાપના કરવી તે.

૩. ન. સ્થાપન કરવું તે; પ્રતિષ્ઠા કરવી તે.

પ્રતિષ્ઠાપના ૧. સ્ત્રી. પ્રતિપક્ષ.

એક અનુમાન સાથે બીજું વિરોધી અનુમાન તે પ્રતિષ્ઠાપના જેને નૈયાયિકો પ્રતિપક્ષ કહે છે. પુરાવસ્તુ

૨. સ્ત્રી. વાદમાર્ગના જ્ઞાન માટે બનાવટી ખોટીતી યુક્તાભાસ પૈકીનો એક વસ્તુ.

પ્રતિષ્ઠાપિત [સં.] વિ. સ્થાપન કરેલ; પ્રતિષ્ઠા કરેલ.

પ્રતિષ્ઠામહોત્સવ [સં.] પું. મંદિરમાં મૂર્તિ પધરાવવાનો ઉત્સવ.

પ્રતિષ્ઠામુદ્રા [સં] સ્ત્રી. રીતિમુદ્રા; ચાંદ; પદક.

પ્રતિષ્ઠાલેખ [સં] પું સંમતિપત્ર; પદવી કે અધિકાર દેનારું પત્ર; સનદ; ડિપ્લોમા'.

એડિનબરોની યુનિવર્સીટીમા શિક્ષકની યોગ્યતાના ડિપ્લોમા (પ્રતિષ્ઠાલેખ) માટે નીચે પ્રમાણે નિયમો છે. કમળાશંકર

પ્રતિષ્ઠાવંત વિ. પ્રતિષ્ઠિત.

ના કરવું અપમાન મોટેરાનું, ગુરુનું ય, લોક પ્રતિષ્ઠાવંતા કે વિદ્વાન કે રાજમારીનુ. શિક્ષાપત્રી

પ્રતિષ્ઠાવાન [સં. પ્રતિષ્ઠાવત્] વિ. પ્રતિષ્ઠાદાર; આબરૂદાર.

પ્રતિષ્ઠાસંપન્ન [સં.] વિ. આબરૂદાર; પ્રતિષ્ઠાવાળું; યશસ્વી.

પ્રતિષ્ઠાસુ ૧. [સં.] વિ. પ્રતિષ્ઠાને ઇચ્છનાર. ૨. વિ. રહેવા ઇચ્છનાર કે સ્થિતિ કરવા ઇચ્છનાર.

પ્રતિષ્ઠાહાનિ [સં.] સ્ત્રી. આબરૂને ધક્કો.

પ્રતિષ્ઠાહારી [સં. પ્રતિષ્ઠા (આબરૂ) + હારિન્ (હરનાર)] વિ. આબરૂને નુકસાન કરનારું.

પ્રતિષ્ઠાહીન [સં.] વિ. આબરૂ વિનાનું; બેઆબરૂ.

પ્રતિષ્ઠિત ૧. પું. (જૈન) આઠમા અર્હતનું ગોત્રોત્તર નામ

૨. [સં. પ્રતિષ્ઠા (મોટાઈ) + ઇત (એલું)] પું. વિષ્ણુનાં કળાર માંહેનું એક નામ. પોતે સર્વમાં પ્રતિષ્ઠા એટલે મોટાઈ પામેલા હોવાથી અને પોતાની પ્રતિષ્ઠામાં સ્થિતિ કરનારા હોવાથી વિષ્ણુ પ્રતિષ્ઠિત કહેવાય છે.

૩. પું. શિવનાં કળાર માંહેનું એક નામ.

૪. વિ. પ્રભાવાન; આબરૂદાર.

૫. [સં. પ્ર (વિશેષ) + સ્થા (સ્થાનમાં હોવું) + ક્ત (એલું)] વિ. જામેલું; સ્થિર.

૬. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ; વિખ્યાત; જાણીતું.

૭. વિ. પ્રતિષ્ઠા પામેલ.

૮. વિ. ભક્ષેલુ.

૯. વિ. માનવંત; આબરૂદાર; પ્રભાવવાળું; ગૌરવાન્વિત; યશસ્વી; પ્રતિષ્ઠાવાળું; કીર્તિવાળું.

૧૦. [સં. પ્રતિષ્ઠા (ભેળવવું) + ક્ત (એલું)] વિ. ભેળવેલું.

૧૧. વિ. રહેલું.

૧૨. વિ. વિચારિત; ધરવેલ.

૧૩. વિ અવસ્થિત.

૧૪. વિ. સ્થાપેલું.

૧૫. વિ. દૃઢતામા કાયમ.

પ્રતિષ્ઠિતા સ્ત્રી. પ્રતિષ્ઠિતપણું.

ન્યાયશાસ્ત્રને લગત સાહિત્યમાં પ્રતિષ્ઠિતાર્થ વિદ્વાનોમાં ઘણી તેની ચર્ચા થાય છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

પ્રતિષ્ઠિતાધિકાર [સં.] પું. સ્થાપિત હક.

પ્રતિષ્ઠિતિ ૧ [સં.] સ્ત્રી. સ્થાપિત કરવાનું કામ; પ્રતિષ્ઠાન.

૨ સ્ત્રી. સ્થાપિત કરવાનો ભાવ.

પ્રતિષ્ઠિત્વ ન. વાસ; રહેઠાણ.

પ્રતિષ્ઠોત્સવ [સં.] પું. પ્રતિષ્ઠા સ્થાપન રવાનો ઉત્સવ.

પ્રતિષ્ઠોન્માદ [સં.] પું. ગૌરવોન્માદ.

પ્રતિસક્ત ૧. [સં] વિ. આસક્ત.

૨. વિ. ચોંટી રહેલું.

પ્રતિસમક્ષ અ. દરેક બાબતમાંયે.

ઈડિયન ઓપિનિયનમાં હું પ્રતિસમક્ષ આવો આત્મા રેડતો. ગાંધીજી

પ્રતિસમ [સં.] વિ. સમાન કે સરખું નહિ તેવું; વિસદૃશ.

પ્રતિસમય [સં.] અ. દરેક વખતે; સદા.

પ્રતિસમાધાન ૧. [સં.] ન. ઉપાય; રોગથી આરામ કરવો તે.

૨. ન. નવીકરણ; જીર્ણોદ્ધાર.

૩. ન. બરાબર ગોઠવવું તે.

પ્રતિસર ૧. [સં.] પું. એ નામનો જાદુનો મંત્ર.

૨. પું. કંકણ નામનું ઘરેણું.

૩. પું. નોકર; ચાકર; સેવક.

૪. પું. પ્રાતઃકાળ; સવાર.

૫. પું. ભૂષણ; અલંકાર.

૬. પું. બાળા.

૭. પું રાખડી; રક્ષાબંધનસૂત્ર.

૮. પું. વિવાહમાં પહેરવાનું કંકણ વગ્ન વખતે હાથની આસપાસ પહેરવાની દોરી.

૯. પું. ચક્રબુદ્ધિ; ગડમૂઝ સાફ કરવાં તે.

૧૦. પું. સંરક્ષક; સંભાળ રાખનાર માણસ.

૧૧. પું. સૈન્યનો પાછળનો ભાગ.

૧૨. પું. કલ્પસૂત્ર; હાથે બાંધવાનું સૂત્ર.

પ્રતિસરા [સં.] સ્ત્રી. રક્ષાબંધનસૂત્ર; રાખડી.

પ્રતિસર્ગ ૧. [સં.] પું. પરિચ્છેદ.

૨. પું પુરાણનો એક ભાગ. તેમાં દુનિયાનો નાશ અને ફરી ઉત્પત્તિ વર્ણવેલ છે.

૩. પું. પ્રલય.

૪. પું. મૂળ એક તત્ત્વ ઉત્પન્ન થયા બાદ તેમાંથી વિસ્તારને પામતી સૃષ્ટિ.

૫. પું. (પુરાણ) ૩૮, વિરાટ, મનુ, વસુ, મરીચિ વગેરે બ્રહ્માના માનસ પુત્રોએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિ: બ્રહ્મદેવની સૃષ્ટિ સરખી મરીચિ વગેરે પ્રજાપતિઓની સૃષ્ટિ.

૬. અ. પ્રત્યેક સૃષ્ટિએ.

૭. અ. પ્રલયે પ્રલયે.

૮. અ. સર્ગે સર્ગે; દરેક સર્ગે.

પ્રતિસર્ય ૧ [સં.] પું. વિવાહ વખતે હાથે બાંધવાનું કંકણ.

૨. પું વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

પ્રતિસર્ષ [સં.] પું સ્વપ્નભેદ.

પ્રતિસવ્ય ૧. [સં] વિ ઊલટા ક્રમનું.

૨. વિ. પ્રતિકૂલ; વિરુદ્ધ આચરણવાળું; વિરોધી.

પ્રતિસહકાર [સં] પું. સહકાર ન આપવો તે.

પ્રતિસહકારવાદી [સં. પ્રતિસહકારવાદિન્] પું. સહકાર ન આપવાના મતવાળો માણસ.

અસહકાર પક્ષમાં ફાટફૂટ થઈ સહકાર પક્ષ ઊભો થયો અને સ્વરાજ પક્ષમાંથી પ્રતિસહકારવાદીઓ ઊભા થયા. પ્રસ્થાન

પ્રતિસહકારી વિ. સહકારથી વિરુદ્ધ; સહકાર ન આપવાના મતવાળું.

પ્રતિસહકારી પક્ષને તો એના જવાબની પરવા નથી. પ્રસ્થાન

પ્રતિસંખ્યા ૧. [સં.] સ્ત્રી. ગણવું તે; ગણતરી કરવી તે; સંખ્યા કરવી તે.

૨. સ્ત્રી. ચેતના; જાગ્રત સ્થિતિ.

૩. સ્ત્રી. સાંખ્ય વગેરેમાં સિદ્ધ જ્ઞાન.

પ્રતિસંખ્યાત પું. સાંખ્યશાસ્ત્રમાં કહેલો પચીસ તત્ત્વ સંબંધી જ્ઞાનભેદ.

પ્રતિસંખ્યાનિરોધ [સં] પું. વૈનાશિક બૌદ્ધ દાર્શનિકો અનુસાર બુદ્ધિપૂર્વક ભાવપદાર્થનો નાશ. આ વસ્તુનો હું નાશ કરીશ, એવી જે વસ્તુને પ્રતિકૂલ બુદ્ધિ છે તેને પ્રતિસંખ્યા કહે છે. એવી પ્રતિસંખ્યાપૂર્વક જે તે વસ્તુનો નાશ તે પ્રતિસંખ્યાનિરોધ કહેવાય છે. જેમકે, ઘટનો હું નાશ કરું એવી બુદ્ધિપૂર્વક લાકડી ઉગામીને ઘટનો કરેલો નાશ.

પ્રતિસંઘર્ષ પું. અનુવાદ; અનુગર્જન; પ્રત્યાઘાત.

પ્રતિસંચર ૧. [સં.] પું. એક પ્રકારનો પ્રલય; સૃષ્ટિનો પ્રકૃતિમાં લય થવો તે.

૨. પું. સંચાર.

પ્રતિસંદિશ [સં.] પું. સામો સંદેશ.

પ્રતિસંધાન ૧. [સં] ન. અનુચિંતન; અભાવની પ્રતીતિને લેનારો વિચાર.

૨. ન. અનુસંધાન.

૩. ન. અન્વેષણ.

૪. ન. આત્મનિગ્રહ.

૫. ન. (વેદાંત) જ્ઞાન.
૬. ન. નાશ પામેલા દ્રવ્યને પાછું પ્રાપ્ત કરવાનો વ્યાપાર.
૭. ન. બે યુગ વચ્ચેનો સંક્રાંતિ કાળ.
૮. ન. શોધવું તે; ખોળવું તે.
૯. ન. સંયમ; આત્મનિગ્રહ.

પ્રતિસંધાનિક [સં.] પું. રાજાઓ વગેરેની સ્તુતિ કરનાર માણસ.

પ્રતિસંધિ ૧. [સં.] પું. અનુચિંતન.
૨. પું. અનુસંધાન.
૩. પું. ગર્ભાશયમાં પ્રવેશ.
૪. પું. બે યુગ વચ્ચેનો સંક્રાંતિ કાળ.
૫ પું. વિયોગ.
૬. પું શોધવું તે; ખોળવું તે.
૭ અ. સાથે સાંધે; દરેક સાથે.

પ્રતિસંપ્રસારણ [સં.] ન. (વ્યાકરણ) સંપ્રસારણથી ઊલટું તે.

પ્રતિસંબંધી [સં. પ્રતિ (ઊલટું) + સંબંધિન્ (સંબંધવાળું)] વિ. વિરુદ્ધ

પ્રતિસંબોધમાર્ગ [સં.] ન. (જૈન) જૈન અર્હંતોની દિવ્ય દૃષ્ટિ વિષે લખાયેલું પુસ્તક.

પ્રતિસંલીન વિ. (જૈન) ઇંદ્રિયાદિકનો નિગ્રહ કરનાર.

પ્રતિસંલીનતા [સં.] સ્ત્રી. (જૈન) ઇંદ્રિયોના વિષયો અને કષાયોનો લય કરવો તે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ છ બાહ્ય તપ છે. રાજચંદ્ર

પ્રતિસંવર્ત [સં.] પું. અનુનાદ; પ્રત્યાઘાત.

પ્રતિસંસ્કરણ [સં.] ન. ફરીથી સુધારેલી આવૃત્તિ
ઇદમ્ પ્રિ ન પ્રતિસંસ્કરણ સમકાલીન આનીએ તો ઈ. સ. પહેલા શતકમા ચરક થયા કરે.
પુરાતત્ત્વ

પ્રતિસંસ્કર્તા [સં. પ્રતિસંસ્કર્તૃ] પું. સુધારનાર વ્યક્તિ
સુશ્રુતના પ્રખ્યાત ટીકાકાર ડલ્હણ કહે છે કે સુશ્રુતના પ્રતિસંસ્કર્તા નાગાર્જુન છે.
મુ. સા. પરિષદ

પ્રતિસંસ્કાર [સં.] પું. કોઈ પણ બાબત કે વસ્તુને સુધારી સારી કરવી તે; સુધારોવધારો કરવો તે.

પ્રતિસંસ્કૃત [સં.] વિ. સુધારેલું.
દૃઢ બલે પ્રતિસંસ્કૃત વર્તમાન ચરકસંહિતા ઈ. સ. ચોથા શતકમા તૈયાર થઈ હોવી જોઈએ.
મુ. સા. પરિષદ

પ્રતિસંહરણ ૧. [સં.] ન. વિનાશ.
૨. ન. સંકેલી લેવું તે; પાછું ખેંચી લેવું તે.

પ્રતિસંહાર ૧. પું. અંતર્ભાવ; સમાવેશ.
૨. [સં.] પું. પાછા ખેંચી લેવાની કે અટકાવી દેવાની ક્રિયા.
પ્રતિસંહાર સાથે સર્વે દિવ્યાસ્ત્ર દીધાં,
પૂજ્યે તેણે દિન. પ્રેમાનંદ
૩. પું. પાછું ખેંચી લેવું તે.

પ્રતિસામ્ય [સં.] ન. સમતોલપણું; સમતોલન.

પ્રતિસારક ૧. [સં.] વિ. ઊલટી તરફ ખેંચનાર; પ્રતિઘાતક; પ્રત્યાકર્ષક.
૨. વિ. પાછું હઠાવનારું; પ્રતિસારી; પ્રતિક્ષેપક; પાછું હઠાવવાને સમર્થ.

પ્રતિસારણ ૧. ન. ગરમ ઘી કે તેલ વડે કોઈ જગ્યા ચાળવાની ક્રિયા. ગળૂંડ વગેરે રોગોમાં તે કરાય છે.
૨. ન. જ્યારે પદાર્થ કે બૂકો આંગળીઓથી દાંત ઉપર ને પેઢાંની ઉપર લગાડવામાં આવે છે ત્યારે તેને પ્રતિસારણ કહે છે. આર્યભૈષજ
૩. ન. દાંતે ઘસવાનું દંતમંજન.
૪. ન. પાછું હઠવું તે.
૫. ન. વસ્ત્ર ઉપર લેપ વગેરે લગાડવાનું જે સાધન.
૬ ન. વસ્ત્રના છેડાના ભાગ ઉપર મલમ વગેરે લગાડવો તે.
૭. [સં.] ન. અસેડવું તે; ઢાંકી કાઢવું તે; દૂર કરવું તે.
૮. વિ દૂર કરનાર; અસેડનાર.

પ્રતિસારણીય ક્ષાર [સં.] પું. લેપ વગેરેમાં ઉપયોગી વસ્તુ.

પ્રતિસારા [સં.] સ્ત્રી. બૌદ્ધ તાંત્રિકોના મત પ્રમાણે જે પ્રકારની શક્તિ. તેનો મંત્ર ધારણ કરવાથી બધાં વિઘ્ન દૂર થતાં હોવાનું તેઓ માને છે.

પ્રતિસારિત [સં.] વિ. દૂર કરેલ; અસેડેલ.

પ્રતિસારી ૧. [સં. પ્રતિસારિન્] વિ. નીચે જનાર.
૨. વિ. પાછું હઠાવવાને સમર્થ.
૩. વિ. પ્રતિક્ષેપક; પ્રતિસારક; પાછું હઠાવનાર.
૪. વિ. વિરુદ્ધ જનાર; અવળું ચાલનાર.

પ્રતિસિદ્ધાંત [સં.] પું. (ગણિત) સિદ્ધાંતથી ઊલટો સિદ્ધાંત; વિરુદ્ધ સિદ્ધાંત; 'કોન્ટ્રર્સ થિયરમ'. જો સિદ્ધાંતના પક્ષ અને નિગમનની પરસ્પર ફેરબદલી કરવાથી જેટલે કે નિગમનને પક્ષ અને પક્ષને નિગમન કરવાથી જે નવો સિદ્ધાંત બને તેને પ્રથમ સિદ્ધાંતનો પ્રતિસિદ્ધાંત કહે છે.

પ્રતિસીરા ૧. પું. (પિંગળ) જે૰ સમવૃત્ત વર્ણમેળ છંદ; ભગ; ભજ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.
ઓ બે આ ગે પ્રતિસીરા. રઘુપિંગળ
૨. [સં.] સ્ત્રી. પડદો.

પ્રતિસૂર્ય ૧. [સં.] પું. ઇંદ્રધનુષ.
૨. પું ક્ર.ચંડો; ઝાકીઝો; ગિરગિટ.
૩. પું. કિરણોના વક્રીભવન અને પરાવર્તનને પરિણામે થતો એક ચમત્કાર; જાણે બીજો સૂર્ય પ્રકટ્યો હોય એવો આકાશમાં થતો એક ઉત્પાત.
૪. પું. સૂર્યનું મંડલ.
૫. પું. સૂર્યપ્રતિબિંબ; સૂર્યની સામે બીજો સૂર્ય દેખાય તે.

પ્રતિસૂર્યક જુઓ પ્રતિસૂર્ય.

પ્રતિસૃષ્ટ ૧. [સં.] વિ. અનાદર કરેલું; તિરસ્કૃત.
૨. વિ ખંડન કરેલ.
૩. વિ. પ્રતિજ્ઞા પામેલ.
૪ વિ. પ્રેરેલ.
૫. વિ. અટકાવેલ.
૬. વિ. મોકલેલું; પ્રેરિત.
૭. વિ. વિખ્યાત.

પ્રતિસૃષ્ટિ [સં.] સ્ત્રી. સામે બીજી સૃષ્ટિ.
પરમેશ્વરે સર્જેલાઓએ કરેલી પ્રતિસૃષ્ટિ.
હિંદુસ્તાનના દેવો

પ્રતિસેના [સં.] સ્ત્રી. શત્રુની સેના.

પ્રતિસેવના [સં.] સ્ત્રી. વિરાધના
સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત અને સ્થાનકના ભેદ વડે એ નિર્ગ્રંથો વિચારવા યોગ્ય છે. તત્ત્વાર્થ

પ્રતિસેવનાકુશીલ પું. (જૈન) કુશીલ નિર્ગ્રંથના બે માહેનો એક ભેદ.
જેનો ઇંદ્રિયોને વશવર્તી હોવાથી કોઈ પ્રકારની ઉત્તરગુણોની વિરાધના કરવાપૂર્વક પ્રવર્તે તે પ્રતિસેવનાકુશીલ. તત્ત્વાર્થસૂત્ર

પ્રતિસોમા [સં.] સ્ત્રી. મહિષવલ્લી નામનો વેલો.

પ્રતિસ્કંધ ૧. [સં.] પું. (પુરાણ) કાર્તિક સ્વામીનો જે નામનો એક અનુચર.
૨. પું. નિયમસમિતિનું એક અંગ.
૩. અ. આધે આધે; દરેક આધે.

પ્રતિસ્ત્રી સ્ત્રી. પરસ્ત્રી; પરાઈ ઓરત.

પ્રતિસ્થ વિ. હાંસિયા ઉપરનું; હાંસિયા સંબંધી.

પ્રતિસ્થાતા વિ. પ્રતિજ્ઞા કરનાર.

પ્રતિસ્થાપક વિ. પ્રતિજ્ઞા કરનાર.

પ્રતિસ્થાપન [સં.] ન. ફરીથી સ્થાપવું તે.

પ્રતિસ્થાપનનિયમ [સં.] પું. ફરીથી સ્થાપવાનો નિયમ.

પ્રતિસ્થાપનસિદ્ધાંત જુઓ પ્રતિસ્થાપનનિયમ.

પ્રતિસ્થાપના [સં.] સ્ત્રી. ફરીથી સ્થાપવું તે.

પ્રતિસ્થાપના. જિન સા. વ્યવસાય, વાક્યદોષ, વાક્યપરાંસ, ઉપાલંભ, પરિહાર, અભ્યનુજ્ઞા વગેરે ૧૮માંહે ચરણોક્ત નૈયાયિક પદાર્થોનો ન્યાયસૂત્રમાં ઉલ્લેખ જ નથી. તત્ત્વાર્થસૂત્ર

પ્રતિસ્પર્ધા ૧. [સં.] સ્ત્રી. એકબીજાસિદ્ધાઈ; એક પુરુષ જે વસ્તુ મેળવવાને યત્ન કરતો હોય તે જ વસ્તુ મેળવવાને તે જ સમયે બીજા કોઈયા કરતાં પ્રયાસ.

૨. [સં. પ્રતિ (સામું) + સ્પર્ધૂ (હરીફાઈ કરવી)] સ્ત્રી. અદેખાચદેખી; હરીફાઈ; સરસાઈસરસી; સામે સ્પર્ધા; યોગ્ય સ્પર્ધા.

૩. જુઓ ઝઘડો

૪ જુઓ વિરોધ, વેર.

પ્રતિસ્પર્ધી ૧. [સં.] પું. હરીફ; હરીફાઈ કરનાર માણસ.

૨. [સં. પ્રતિ (સામું) + સ્પર્ધા (હરીફાઈ) + ઇન્ (વાળું)] વિ. વિરોધી

૩. વિ. સામાવાળિયો; શત્રુ; દુશ્મન; વાદીલો; વર્ષાળુ; પ્રતિવાદી; સરસાઈ કરનાર.

પ્રતિસ્મરણ જ. પ્રતિનિધિત્વ.

પ્રતિસ્મૃતિ [સં.] સ્ત્રી. એ નામની એક વિદ્યા.

વેદવ્યાસજીએ યુધિષ્ઠિર રાજાને પ્રતિસ્મૃતિ વિદ્યાનો મંત્ર આપેલ છે.

ઉપદેશમીમાંસા

પ્રતિસ્મૃતિવિદ્યા [સં.] સ્ત્રી. એક જાતની વિદ્યા. આપે યુધિષ્ઠિરને આ વિદ્યા આપી હતી.

પ્રતિસ્રાવ [સં] પું નાકમાંથી પીગળી કે સફેદ રંગનો કફ નીકળવાનો રોગ.

પ્રતિસ્વર ૧. [સં.] પું. અવાજ સાંભળ્યું.

૨. પું. અનુનાદ; પ્રતિનાદ; નાદપૂર્તિ.

૩. પું. પ્રતિશબ્દ; પડઘો.

૪. પું. જેની દ્વારા અગ્નિપ્રજ્વલનનું સાધન.

પ્રતિસ્વરોદ્ગાહન [સં] જ. અવાજનું પુનરાવર્તન કરવાની વિદ્યા.

પ્રતિહત ૧. [સં.] જ. નિવારણ.

૨. જ. રદ કરવું તે

૩. વિ. પ્રતિબંધ પામેલું.

૪. વિ. દુઃખી થયેલું.

૫. વિ. ક્ષય પામેલ.

૬. વિ. નાશ પામેલ.

૭ વિ. નિરાશ થયેલું.

૮. વિ. પડેલું.

૯. વિ. પાછું મારેલું.

૧૦. વિ. પ્રતિઘાત કે પ્રતિબંધ પામેલું.

૧૧. વિ. રોકેલું.

૧૨. વિ. ખાતલ કરેલ; દૂર કરેલ.

૧૩. વિ. નાપેલું; જેનો મનોભંગ થયો હોય તેવું.

૧૪ વિ. રોકેલ.

૧૫. વિ. સામે અથડાયેલ.

૧૬. વિ. સ્ખલન પમાડેલ.

૧૭. વિ. સ્ખલન પામેલ.

૧૮. વિ. હઠાવેલું; ખસેડેલું.

૧૯. વિ. હરાવેલું; હારેલું.

૨૦. વિ. શત્રુ વડે પાછું હઠાવાયેલું. કૌટિલ્યે પ્રતિહત સેનાને હતાગ્રત્વ સેના કરતાં સારી માનેલ છે, કારણ કે છિન્નભિન્ન બાજને ફરીથી ભેગી કરીને તેને યુદ્ધને યોગ્ય કરી શકાય છે.

પ્રતિહતમતિ ૧. [સં] વિ. દ્વેષબુદ્ધિવાળું.

૨. વિ. નાશ પામેલ બુદ્ધિવાળું; જેની બહુ મતિ મારી ગઈ હોય તેવું.

પ્રતિહતિ ૧. [સં.] સ્ત્રી. દ્વેષ; ગુસ્સો; રોષ.

૨. સ્ત્રી. ટક્કર.

૩. સ્ત્રી. નિરાશા.

૪. સ્ત્રી. રોકવાની ચેષ્ટા.

૫. સ્ત્રી. સામો આઘાત; સામો પ્રહાર; પ્રતિઘાત.

પ્રતિહનન ૧. જ. નિષેધ; અટકાવવું તે.

૨. [સં.] જ. પ્રતિઘાત; પાછું હઠાવવું તે.

૩. જ. સામે માર મારવો કે પ્રહાર કરવો તે.

પ્રતિહરણ ૧. [સં.] જ. વિનાશ; બરબાદી.

૨. જ. સામેથી હરવું તે; સામેથી લઈ લેવું તે; ફરી લેવું તે.

પ્રતિહર્તા ૧. [સં. પ્રતિહર્તૃ] પું. (પુરાણ) ઋષભદેવના વંશના ભરતાન્વયમાં થયેલ પ્રતીહ રાજાનો સુપ્રસિદ્ધ ચૌદ થયેલ બહુ માંહેનો મોટો પુત્ર. એ યજ્ઞકર્મમાં બહુ નિપુણ હતો.

૨. પું. એક પ્રકારનો ઋત્વિજ; સોળ માંહેનો બારમો ઋત્વિજ; યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ.

૩. વિ. વિનાશ કરનાર.

૪. વિ. સામેથી હરનાર; લેનાર; ફરી લેનાર.

પ્રતિહર્ષણ [સં.] જ. યોગ્ય સંતોષ ઉપજાવવો તે; સરખો હર્ષ.

પ્રતિહસ્ત ૧. [સં.] પું. પ્રતિનિધિ; મુખત્યાર.

૨. વિ. ભરેલું; પરિપૂર્ણ.

પ્રતિહસ્તક [સં.] પું. પ્રતિનિધિ; મુખત્યાર.

પ્રતિહસ્તપત્ર [સં.] પું. પ્રતિનિધિપત્ર; મુખત્યારપત્ર.

પ્રતિહંતા ૧. [સં. પ્રતિહંતૃ] વિ. મારનાર.

૨. વિ. રોકનાર.

પ્રતિહાત જુઓ પ્રતિઘાત.

પ્રતિહાર ૧. પું. એ નામે એક જાતની સંધિ.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઋષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં પાંચ રગણ, ગુરુ અને લઘુ મળી ૧૭ વર્ણ હોય છે.

૩. [સં.] પું. ભોરિયો; ભાટનગર; ભાયાકાર.

૪. પું. ચોકીદાર; દ્વારપાળ; દરવાન.

૫. પું. ભાટ.

૬. [સં. પ્રતિ + હૃ (લઈ જવું)] પું. દ્વાર; ડેલી; દરવાજો; ખડકી.

૭. પું. પોલિસો; ચોકીદાર; ડેલીનો ઉપરનો સિપાઈ.

૮. પું. રાજની પાસે રહેનાર અને તેને બધી જાતના સમાચાર વગેરે સંભળાવનાર પ્રાચીન કાળનો એક અમલદાર.

૯. પું. સામગાનનો એક ભાગ; ઉદ્ગાતાએ ગાવા યોગ્ય સામગેયનો એક વિભાગ.

૧૦. પું. સામેથી હરી લેવું તે.

૧૧. સ્ત્રી. છત્રીસ કુળ માંહેની રજપૂતોની એ નામની એક ઓળખ.

૧૨. જ. એ નામની ઓળખનું માણસ.

૧૩. વિ. એ નામે ઓળખાતું.

પ્રતિહારક ૧. [સં.] પું. પ્રતિહાર નામના સામ વિભાગનું ગાન કરનાર માણસ.

૨. પું. સંદેશો અથવા આમંત્રણ આપવા જનાર રાજાધિકારી. શુક્રનીતિમાં કહેલું છે કે, જે માણસ અજ્ઞ રાજા ગણાવવામાં કુશળ હોય, દૃઢ અંગોવાળો હોય, આળસુ ન હોય અને જે નમ્ર થઈને બીજાઓને બોલાવી શકે, તે આ પદને યોગ્ય છે.

૩. વિ. એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચાડનાર.

૪. જુઓ પ્રતિહાર.

પ્રતિહારણ ૧. [સં. પ્રતિહારિણી] સ્ત્રી. પ્રતિહારની સ્ત્રી.

૨. સ્ત્રી. પ્રતિહારનું કામ કરનારી સ્ત્રી; દોટાએ બેસનારી સ્ત્રી.

૩. [સં.] જ. દ્વાર; દરવાજો.

૪. જ. દ્વાર વગેરેમાં પ્રવેશ કરવાની રજા; પરવાનગી.

૫. વિ.સ્ત્રી. અટકાવનારી.

પ્રતિહારતર [સં.] પું. (પુરાણ) જરૂરના અવસરે નિષ્ફળ કરવા માટે વપરાતું એક જાતનું અસ્ત્ર.

પ્રતિહારત્વ [સં.] ન. દરવાનપણું; દ્વારપાલનું કામ કે પદ.

પ્રતિહારિકા [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી; બાનડી.
સંસ્કૃત નાટકમાં યવનીઓ પ્રતિહારિકાઓ હતી ચંદ્રશેખર

પ્રતિહારિણી ૧. [સં. પ્રતિહારિણી] સ્ત્રી. ડોઢીએ બેસનારી સ્ત્રી; પ્રતિહારનું કામ કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. પરવાનગી; રજા.

૩. સ્ત્રી. પ્રતિહારની સ્ત્રી.

૪. વિ. સ્ત્રી. અટકાવનારી.

પ્રતિહારિણી શિરા [સં.] સ્ત્રી. એ નામની એક વાયુની શિરા. આ મોટી શિરા ભરોળ, અન્નાશય, પિત્તકોષ વગેરેનું અશુદ્ધ લોહી ખેંચી લાવે છે. ઓઝરી તેમજ આંતરડાંમાંથી પાછું ફરતું અશુદ્ધ લોહી તેની સાથે ચુસાયેલા અનાજના આગ્નેય રસ સાથે મળી ગયેલું હોય છે. આ અન્નમિશ્રિત લોહીને યકૃતની અંદર યોગ્ય રાસાયણિક ફેરફારો કરીને શુદ્ધ કર્યા વગર આ શિરા તેને અંદરના મહાશિરામાં દાખલ થવા દેતી નથી, માટે તેનું નામ પ્રતિહારિણી એટલે અટકાવનારી પડ્યું છે. આ શિરા લગભગ ચાર આંગળ લાંબી છે. તે બીજી કટિકશેરુકાની આગળથી શરૂ થઈને ત્રાંસી રીતે ઊંચે જઈને યકૃત તરફ જાય છે. તે ઉત્તરત્રિકી અને પ્લેવિકી શિરાઓ જોડાઈને બને છે

પ્રતિહારી ૧. [સં. પ્રતિહારિન્] પું. સંદેશો લઈ જનાર આદમી; સંદેસવાહક.

૨. સ્ત્રી. અંતઃપુરની ઓનોદર.

૩ સ્ત્રી. ઓ દરવાન; દ્વારરક્ષિકા; સ્ત્રી દ્વારપાળ

પ્રતિહારું ન. પ્રતિહારનું કામ.

પ્રતિહારેશ્વર [સં.] પું. ઉજ્જયિનીમાં આવેલ મુખ્ય ૮૪ મહાદેવ પૈકીનું એક શિવલિંગ; એ નામના એક મહાદેવ.

પ્રતિહાસ ૧. [સં.] પું. એ નામનો એક ઓડ; કરેણનો ઓડ.

૨. પું. ધોળા કરેણ.

૩. પું સામે હસવું તે.
કોયી લો દેવીને મુક્તા એ હસતી હલ્લાસે રે,
તેને ચૂમિ સખી નિરખંતી રહી પ્રતિહાસે રે.
નરસિંહરાવ

૪ વિ. સામે હસનાર.

પ્રતિહિંસા ૧. [સં.] સ્ત્રી' ખૂન સામે ખૂન; હિંસા સામે હિંસા; હિંસાના બદલો લેવા તે.
અપ્રતિકાર આદર્શ હો રાજાઓ અહિંસક.
હિંસા ને પ્રતિહિંસાની ઘટમાળ વિદારતુ.
માખીગીતા

૨. [સં. પ્રતિ (સામું) + હિંસા (ખૂનામરકી)] સ્ત્રી. વેર ચૂકવવું તે; બદલો લેવો તે.

પ્રતિહૃદય [સં.] ન. હૃદયનું પ્રતિબિંબ.
પંડિત કવિના હૃદયનું પ્રતિહૃદય ગીતગોવિંદ છે.
ગીતગોવિંદ

પ્રતિહ્યા સ્ત્રી. ખનુબની દોરી; બના; પ્રત્યંચા.

પ્રતીક ૧. [સં.] પું. અંગ.

૨. પું. કોઈ નામ કે પદ વગેરેના આદિ કે અંતનો કોઈ શબ્દ લખી અથવા બોલી તેનું પૂરું નામ કે પદ બતાવવું તે.

૩. પું. પ્રમનો એક દેવ.

૪. પું. મરુના પુત્રનું નામ.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી નૃગમુખોત્પન્ન વસુરાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ઓઘવાન હતું.

૬. ન. અમુક ભાવના; અમુક અર્થ કે અમુક બોધનાનું મૂર્તસ્વરૂપ; અમુક વસ્તુથી ભિન્ન હોઈને તેના અર્થનું જે બોધક હોય તે; પ્રતિરૂપ.
કપોતો જનતાની આ ઉજ્જ્વળતા પ્રતીક છે,
સહજ દયિથી ભર્યો પ્રેમ ક્ષમતણા ઘરે.
માખીગીતા

૭. ન. અવયવ; અંગ.

૮. ન. આકૃતિ; મૂર્તિસ્વરૂપ; રૂપ; આકારચિહ્ન

૯. ન. ચિહ્ન; નિશાન.

૧૦ ન. નમૂનો; 'મોડેલ'.

૧૧. ન. પરવળ

૧૨ ન. પ્રતિબિંબ.

૧૩ ન. મૂર્તિ; પ્રતિમા; ઉપાસ્ય સંકેત; ઉપલક્ષણ.

૧૪. ન. મોઢું; મુખ.

૧૫. ન. વિભાગ.

૧૬. ન. સરખાપણું.

૧૭ વિ. આપણી તરફ વળેલું.
પ્રતીક એટલે આપણી તરફ વળેલું એવો તેનો પ્રાયઃ છે અને કોઈ વસ્તુની કે બાબતે અથવા કે વાત પ્રથમ આપણી દૃષ્ટિએ પડે તે તે દ્વારા આપણને વસ્તુનું જ્ઞાન થાય તે બાબતે અથવા તે વાતને પ્રતીક એમ કહે છે. ગીતારહસ્ય

૧૮. વિ. (વેદાંત) પ્રતિકૂળ; વિરુદ્ધ; નીચેથી ઉપરની તરફ વળેલું; વિલોમ; અવળું; ઊલટું

૧૯. વિ. સાયક.

૨૦. ન. અવયવરૂપ.

પ્રતીકરણ ન. વેર વાળવું તે; બદલો લેવો તે.

પ્રતીકવાળું વિ. નિશાનીવાળું; લક્ષણવાળું; ચિહ્નવાળું.

પ્રતીકસમ વિ. પ્રતિમા જેવું.

પ્રતીકાર ૧ [સં.] પું. ઇલાજ; ઉપાય; ચિકિત્સા; પ્રતિકાર.

૨. પું બદલો.

૩ પું વિરોધ; સામનો.

૪. પું. વેર.

પ્રતીકારક વિ. સામો ઉપાય કે ઇલાજ લેનાર; પ્રતીકાર કરનાર.

પ્રતીકારસંધિ [સં.] સ્ત્રી. ઉપકારના બદલામાં ઉપકાર કરવાની શરતે કરીને થતી સંધિ. રામ અને સુગ્રીવ વચ્ચે આવી સંધિ થઈ હતી.

પ્રતીકારિણી [સં.] વિ. સ્ત્રી. પ્રતિકાર કરવાવાળી.

પ્રતીકાર્ય [સં.] વિ. નિષ્ફળ કરવા જેવું.

પ્રતીકાશ [સં.] પું. ઉપમા.

પ્રતીકાશ્વ [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી બૃહદશ્વ કુલોત્પન્ન કુવલાશ્વના ભાનુમાન અથવા કૃશાશ્વ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુપ્રતીક હતું.

પ્રતીકોપાસના [સં.] ન. (વેદાંત) આદિત્ય વગેરે જડના પ્રતીકમાં એ જડ જ છે એવી દૃષ્ટિ કરીને ઉપાસના કરવી તે. પ્રતીકોપાસનાના ચાર પ્રકાર છે: (૧) સંપદુપાસના, (૨) આગ્નેપોપાસના, (૩) સર્વાપાસના અને (૪) અધ્યાસોપાસના.

પ્રતીક્ષક ૧. [સં] પું. ઉમેદવાર; અપેક્ષક.

૨. પું. પૂજા કરનાર માણસ; પૂજક.

૩ વિ. આશા રાખનાર.

૪ વિ. પ્રતીક્ષા કરનાર; રાહ જોનાર; વાટ જોનાર.

૫. વિ. વિચારનાર; લક્ષમાં લેનાર.

૬. વિ. સામું જોનાર.

પ્રતીક્ષણ ૧. [સં] ન. આશા રાખણી તે

૨. ન. કૃપાદૃષ્ટિ; મહેરબાનીની નજર.

૩. ન. ધ્યાન રાખવું તે.

૪. ન. પ્રતીક્ષા કરવી તે.

પ્રતીક્ષણીય ૧. [સં.] વિ. રાહ જોવા યોગ્ય.

૨. વિ. વિચારવા યોગ્ય; લક્ષમાં લેવા જેવું.

પ્રતીક્ષા ૧. [સં. પ્રતિ + ઈક્ષ્ (જોવું)] સ્ત્રી. આશા; અપેક્ષા; ઉમેદ.

૨. સ્ત્રી. ધ્યાન.

૩. સ્ત્રી. નિરીક્ષણ

૪. સ્ત્રી. પૂજા.

૫. સ્ત્રી. પ્રતિપાલના; ભરણપોષણ.

૬ સ્ત્રી. મળવાની ઇચ્છા
જે અલ્પબુદ્ધિ ગૃહસ્થના ઘરમાં જ્ઞાનરૂપ અતિથિ નિરાહાર રહે છે, તેના આશા, પ્રતીક્ષા (મળવાની ઇચ્છા), સંચિત પુણ્ય, સુકૃત, ઇષ્ટાપૂર્ત, પુત્ર, પશુ વગેરે નાશ પામે છે. કઠોપનિષદ

૭. સ્ત્રી. લક્ષમાં લેવું તે; વિચારવું તે.
૮. સ્ત્રી. વાટ કે રાહ જોવી તે.

પ્રતીક્ષિત ૧. વિ. ગણતરીમાં લીધેલ.
૨. [સં.] વિ. રાહ જોયેલ.
૩. વિ. વિચારેલ; લક્ષમાં લીધેલ.

પ્રતીક્ષી ૧ [સં. પ્રતીક્ષિન્] વિ. આશા રાખતું.
૨. વિ. રાહ જોનાર.
૩. વિ. વિચારનાર; લક્ષમાં લેનાર.

પ્રતીક્ષ્ય ૧. [સં] વિ. પૂજ્ય; પ્રતિષ્ઠા યોગ્ય.
૨. વિ. વાટ જોવાયેલું.
૩. અ. રાહ જોઈને.
૪. અ. લક્ષમાં લઈને; વિચારીને.

પ્રતીઘાત ૧. [સં.] પું. અથડાવું તે.
૨. પું. નિષેધ; અટકાવવું તે; રોકવું તે.
૩. પું. પ્રતિઘાત; સામેથી પ્રહાર.

પ્રતીચી [સં.] સ્ત્રી. આથમણી દિશા; પશ્ચિમ દિશા.

પ્રતીચીન ૧. [સં.] વિ. આથમતું; પશ્ચિમનું.
૨. વિ. જ્ઞાનવાદી; અંતર્વાહક.
૩. વિ. પરાઙ્મુખ; જેણે મુખ ફેરવી લીધું હોય એવું.
૪ વિ. પશ્ચિમ દિશામાં હોનાર કે થનાર.

પ્રતીચીનવાત [સં.] પું. પશ્ચિમનો વાયુ.

પ્રતીચીશ [સં.] પું. પશ્ચિમ દિશાનો સ્વામી; વરુણ દેવ.

પ્રતીચ્છક ૧. [સં] પું. (જૈન) પોતાના ગુરુની આજ્ઞા લઈ સૂત્રના અર્થ ગ્રહણ કરવાને આચાર્ય સાથે રહેનાર સાધુ; જ્ઞાન લેવાનો અભિલાષી સાધુ.
૨. [સં.] વિ. ગ્રાહક; ગ્રહણ કરનાર; ઘરાક.

પ્રતીચ્ય ૧. [સં.] વિ. અંતર્હિત થયેલ; અંતર્ધાન પામેલ.
૨. વિ. પશ્ચિમમાં થયેલું; પશ્ચિમનું.

પ્રતીચ્યા [સં.] સ્ત્રી. પુલસ્ત્યની માતાનું નામ.

પ્રતીજ જુઓ પ્રતીત.

પ્રતીત ૧. [સં.] પું. એ નામે એક વિશ્વદેવ.
૨. સ્ત્રી. ખાતરી.
૩. સ્ત્રી. ચોક્કસ જ્ઞાન.
૪. સ્ત્રી. દેખાતું તે; ભાસ; દેખાવ.
પ્રતીત થવું = (૧) દેખાવું; ભ્રમ થવો. (૨) સ્પષ્ટ થવું; સમજાવું.
૫ [સં. પ્રતીતિ] સ્ત્રી. શ્રદ્ધા; વિશ્વાસ; માન્યતા; પ્રતીજ; ભરોસો.
મિથ્યાદૃષ્ટિઓને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીત નથી એટલે તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર જાય છે.
વસ્તુવિજ્ઞાનસાર

પ્રતીત પડવી = વિશ્વાસ કે ખાતરી થવી અથવા હોવી
૬. સ્ત્રી. સમજ; જ્ઞાન.
૭. વિ. અનુભવગોચર.
૮. વિ. આંખોની સમક્ષ ધરાયેલું.
૯ વિ. જાણીતું; જાણેલું; વિખ્યાત.
૧૦. વિ. જેનાથી મગજ ઉપર તીક્ષ્ણ અથવા ચોક્કસ જ્ઞાપ જેવું તેવું.
૧૧. વિ. પુરવાર થયેલું; સાબિત.
૧૨. વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ.
૧૩ વિ. પ્રસન્ન; ખુશ.
૧૪. વિ વિદ્વાન; પંડિત.
૧૫. વિ. વિશ્વાસ કરેલ.
૧૬. વિ. સ્પષ્ટ જણાયેલું.
૧૭. વિ. હર્ષ પામેલ.
૧૮. અ. જાણે; જાણે કેમ; જાને જેમ.

પ્રતીતતા [સં.] સ્ત્રી. સાબિતી.

પ્રતીતસિદ્ધ [સં.] વિ. સાબિત થયેલ.

પ્રતીતિ ૧. સ્ત્રી. અટકળ.
૨. સ્ત્રી. આદર.
૩. સ્ત્રી. આનંદ; પ્રસન્નતા.
૪. સ્ત્રી. ખાતરી; અનુભવ.
૫. સ્ત્રી. ગતિ; દોડવું.
૬. સ્ત્રી. ચેતના; જ્ઞાન; જ્ઞાનિ.
૭. સ્ત્રી. જ્ઞાપ; સંસ્કાર.
૮. [સં. પ્રતિ + ઇ (જવું) + તિ (ભાવ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. સમજ; જ્ઞાન.
૯. સ્ત્રી. દૃઢ નિશ્ચય.
૧૦. સ્ત્રી. નક્કીપણું; દૃઢતા.
૧૧. સ્ત્રી. પતીજ; વિશ્વાસ; સારી રીતે સત્ય સમજવું તે; શ્રદ્ધા; ભરોસો.
૧૨. સ્ત્રી. પ્રજ્ઞા.
૧૩ સ્ત્રી. પ્રખ્યાતિ; ખ્યાતિ; પ્રસિદ્ધિ.
૧૪. સ્ત્રી. ભાસવું તે; દેખાવું તે; ભાસ; દેખાવ. તેના ચાર પ્રકાર: (૧) સમ્યક્ પ્રતીતિ. જેમકે, આ જ રામ છે. (૨) મિથ્યા પ્રતીતિ. જેમકે, આ રામ નથી. (૩) સાદૃશ્ય પ્રતીતિ. જેમકે, આ રામ જેવો છે. (૪) સંશય પ્રતીતિ. આ રામ છે કે નથી.
૧૫. સ્ત્રી. લક્ષણ; ઘટના.
૧૬. સ્ત્રી. હર્ષ.

પ્રતીતિકર [સં.] વિ. પ્રતીતિ કરાવી આપે એવું; પ્રતીતિજનક; ખાતરી આપક.

પ્રતીતિજનક જુઓ પ્રતીતિકર.

પ્રતીતિવંત વિ. પ્રતીતિવાળું; ખાતરીવાળું.

પ્રતીતિસિદ્ધ [સં.] વિ. ખાતરીથી સિદ્ધ.

પ્રતીત્ય વિ. વિશ્વાસ ઉત્પન્ન કરે એવું.
જગચક્રના પ્રતીત્યસમુત્પાદ વડે વિશ્વ કૃત્રિમપુરુષ ઉ. જગત સૃષ્ટિક દેખાવોની માફક ઉ.
અનુભાષ્ય

પ્રતીત્યસમુત્પાદ ૧. [સં.] પું. (બૌદ્ધ) અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ, ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન, ભવ, જાતિ અને દુઃખ એ બાર બાંહેનો દરેક પદાર્થ. તેને ઉત્તરોત્તર સંબંધ છે. અવિદ્યાથી સંસ્કાર, સંસ્કારથી વિજ્ઞાન, વિજ્ઞાનથી નામરૂપ, એ ક્રમ પ્રમાણે ઉત્પન્ન થાય છે. આ પરંપરા જન્મમરણ અને દુઃખના કારણ મનાય છે. બુદ્ધત્વ પ્રાપ્ત કરવાને સમયે બુદ્ધે આ બધી બાબતોનો બોધ કર્યો હતો.
૨. પું. (બૌદ્ધ) કાર્યકારણપરંપરા
૩. પું. વિકાસનો એક પ્રકાર.

પ્રતીદર્શની સ્ત્રી. વિરુદ્ધ આચરણવાળી સ્ત્રી.
સ્ત્રીનો કાર્ય હલકી એટલું જ નહિ પણ બધારે લુચ્ચી હોવાના અભિપ્રાયથી સ્ત્રીચરિત્રના અવલોકનમાંથી ઉદ્ભવેલ પ્રતીદર્શની શબ્દથી કવિ છે. નાગરિક

પ્રતીનાહ ૧. [સં.] પું. વાવટો; ધ્વજ.
૨. પું. શ્વાસરોધન.
૩. પું. કઠિનતા; જડતા; અટકાયતા; રોધ.

પ્રતીપ ૧. [સં.] પું. આશા વિરુદ્ધ ફળ; પ્રતિકૂળ ઘટના.
૨. પું. (અલં) એ નામે એક અર્થાલંકાર. તેમાં ઉપમેયથી ઉપમાન હીન એટલે ઊતરતું હોય તેવી ઉપમાને પ્રતીપ કહે છે. તેમાં બિલ્કુલ ઉપમા અપાય છે, અર્થાત્ જે કે જેની ઉપમા મુખને અપાય છે તે મુખ આગળ ચંદ્રમા કાંઈજ નથી એવી ચડાવીને ઉપમા આપવી તે પ્રતીપ. ઉપમાનને ઉપમેય સમાન જણાવી તેનો તિરસ્કાર કરવામાં આવે તે પણ પ્રતીપ કહેવાય છે. પ્રતિલોમ એટલે પ્રતિકૂળતા જ્યાં હોય ત્યાં પ્રતીપ અલંકાર બને છે. ઉપમાનરૂપ ઉપમેયના આશ્રયથી ઉપમેયનો અનાદર તે દ્વિતીય પ્રકારનો પ્રતીપ છે.
૩. પું. જેણે માર્ગમાં મોં ફેરવ્યું હોય તે.
૪. પું. પુરુવંશનો એક રાજા.
એવો વિચાર કરીને પુરુના વંશમાં થયેલા પ્રતીપ રાજાને પોતાનો પિતા કરવો ધાર્યો.
જગવતી જાગવત
૫. પું. (પુરાણ) સોમવંશી કુરુપુત્ર જહ્નુના વંશના દિલીપ રાજાનો એ નામનો પુત્ર. એ વૃદ્ધ થયો છતાં એને સંતતિ ન હતી, તેથી ગંગાતીરે જઈને એણે તપ આદર્યું. ગંગા પ્રસન્ન થઈને એના જમણા ખોળા ઉપર બેઠાં.

તેની પાસે વરદાન માગ્યું કે તું મારી પુત્રવધૂ થા. ગંગા વચન આપી અંતર્ધાન થયાં. એ પોતાના દેશમાં પાછો આવ્યો. કેટલાક વખત પછી તેને ત્રેવાપિ, શંતનુ અને બાલ્હિક એમ ત્રણ પુત્રો થયા. શંતનુ ઉપર તેને બહુ પ્રીતિ હતી. તેણે એને કહી મૂક્યું હતું કે તું જ્યારે વનમાં જાય અને કોઈ સ્ત્રી તારી પાસે આવે તો તારે એને પરણવું. એને ના કહેવી નહિ. પછી થોડા વખતમાં તેનું મરણ થયું. પછી શંતનુને ગંગા પ્રાપ્ત થયાં હતાં અને તે ગંગાજીને પરણ્યો.

૬. વિ. ઊલટું; વિરુદ્ધ; પ્રતિકૂળ; આડુંઅવળું.

૭. વિ. જાઓ.

પ્રતીપક ૧. [સં.] કું. (પુરાણ) વિદેહ વંશી મરુ રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર કૃતિરથ.

૨. કું. (પુરાણ) કર્દમ રાજાના પુત્ર બહુનો એ નામનો પુત્ર.

૩. જુઓ પ્રતીપ.

પ્રતીપકી [સં. પ્રતીપકિન્] વિ. વિરોધવાળું; શત્રુવાળું.

પ્રતીપગત [સં.] સ્ત્રી. પ્રગટ્ટ ગતિ; વિપરીત ગતિ; પ્રતિગતિ; પાછું જવું તે; પરાવર્તન.

પ્રતીપગમન [સં.] ન. પાછું જવું તે; પરાવર્તન; પ્રતિગતિ; વિપરીત ગતિ; ઊલટી દિશાએ જવું તે.

પ્રતીપગામી [સં. પ્રતીપગામિન્] વિ. ઊલટું જનાર; ઊલટું; વિપરીત.

પ્રતીપદર્શિની ૧. [સં. પ્રતીપ (વિરુદ્ધ) + દર્શિની (જોનારી)] સ્ત્રી. નવવધૂ; નવી પરણેલી સ્ત્રી.

૨. સ્ત્રી. ભાર્યા; સ્ત્રી; બોર્ડને મોઢું ફેરવનારી સ્ત્રી.

પ્રતીપદર્શી [સં. પ્રતીપદર્શિન્] વિ. અવળું જોનાર; વિરુદ્ધ જોનાર.

પ્રતીપવચન ૧. [સં.] ન. આડું બોલવું તે; વિરુદ્ધ વચન; પ્રતિકૂલ બોલવું તે.

૨. ન. યોગ્ય ઉત્તર ન દેતાં બીજું બોલવું તે.

૩. વિ. વિરુદ્ધ બોલનાર; આડું બોલનાર.

પ્રતીપવલ્લી કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ, ભગણ, રગણ, નગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

પ્રતીપાવર્તાવર્ત્ત [સ.] કું. પ્રતિવંટોળ; પ્રત્યભિમુખી ફરી જનાર વંટોળિયો.

પ્રતીપસિદ્ધાંત [સં.] કું. (અલંકાર) જે સિદ્ધાંતમાં એકનો પક્ષભાગ બીજાનો સાખભાગ હોય અને એકનો સાખભાગ બીજાનો પક્ષભાગ હોય એવો સિદ્ધાંત. આમ હોય ત્યારે તે બંને સિદ્ધાંતો એકબીજાના પ્રતીપ કે વ્યત્યાસ સિદ્ધાંતો કહેવાય છે.

પ્રતીપાર્શ્વ [સં.] કું. એ નામે એક રાજા.

પ્રતીપાલંકાર [સં.] કું. (કાવ્ય) એક પ્રકારનો કાવ્યનો અલંકાર; પ્રતીપ

પ્રતીપોક્તિ [સં.] સ્ત્રી. ખંડના; કોઈના કહેવાથી વિરુદ્ધ કહેવું તે.

પ્રતીમાન [સં.] ન. એક જાતનું માપ.

પ્રતીયમાન ૧. [સં.] કું. અર્થના બે મોટામાં એક ભેદ. અર્થના વાચ્ય અને પ્રતીયમાન એવા બે ભેદ કહેવામાં આવ્યા છે. અભિધેયાર્થ, અને વાચ્યપ્રાય હોવાથી લક્ષ્યાર્થ એ બંને વાચ્ય છે અને પ્રતીયમાન વ્યંગ્યાર્થ છે.

૨. કું જેનો અનુભવ આવેલો હોય તે.

૩. વિ. પ્રતીત થયું; જણાયું; અનુભવાયું; ખાતરીવાળું; વિશ્વાસપાત્ર.

૪. વિ. બરોબર મૂલ્ય જેવું; વિશ્વાસપાત્ર.

૫. વિ. વ્યંગ્ય દ્વારા પ્રકટ થયું.

પ્રતીયમાન ઉપમા સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારનો અલંકાર.

પ્રતીયમાનાર્થ કું. (કાવ્ય) વ્યંજનાથી જણાતો અર્થ. તેને વ્યંગ્યાર્થ, ધ્વન્યર્થ, આક્ષેપાર્થ, લક્ષ્યાર્થ અને પ્રતીયમાનાર્થ ઇત્યાદિ કહે છે.

પ્રતીર ૧. [સં.] કું. (પુરાણ) ક્રૌસ્ય મનુનો એ નામનો એક પુત્ર.

૨. ન. કિનારો; તીર; કાંઠો.

પ્રતીર્ણ ૧. [સં.] વિ. જન્મથી પાળેલું.

૨. વિ. પાર પહોંચેલું

પ્રતીવાપ ૧. [સં.] કું. એક વસ્તુ બીજામાં નાખવો તે; ઉકાળા દરમિયાન અને પછી દવામાં કાર્યક નાખવું તે; એક ચીજમાં તેનું રૂપ બદલી નાખવા બીજી વસ્તુ નાખવી તે.

૨. કું. ગાળેલા સોના વગેરેનું અવચૂર્ણન.

૩. કું. ધાતુની ભસ્મ કરવી તે.

૪. કું. ફેંકવાની ક્રિયા.

૫. કું. મહામારી; મરકી વગેરે દૈવી આપત્તિ.

પ્રતીવેશ [સં.] કું. પાડોશ.

પ્રતીવેશી [સં. પ્રતીવેશિન્] કું. પાડોશી.

પ્રતીવેશ્ય [સં.] ન. (પુરાણ) એ નામનો એક પ્રાચીન દેશ.

પ્રતીહ ૧. [સં.] કું. (પુરાણ) ધરમેણી રાજાને સુવર્ચલા નામની રાણીથી થયેલો એ નામનો દીકરો. તે આત્મજ્ઞાની હતો ને તેને જાતજાતનો સાક્ષાત્કાર થયો હતો. આ રાજાને પણ સુવર્ચલા નામની સ્ત્રીથી પ્રતિહર્તા, પ્રસ્તોતા, ને ઉદ્ગાતા નામના ત્રણ દીકરા થયા હતા.

૨. કું. જાતવશી એક ક્ષત્રિય.

પ્રતીહાર ૧. [સં.] કું. ચોકીદાર.

૨. કું. ચોબદાર; ગઢીદાર.

૩. કું. દ્વારપાળ; પોળિયો; દરવાન.

૪. કું. પડિહાર રજપૂત.

૫. કું. પહેલાં હું તમારે કામ કરું છું, પછી તમે મારે કામ કરજો, એવું કહીને કરવામાં આવતી સંધિ

૬. કું. સામેથી કરી લેવું તે.

૭. ન. ઉદ્ગાતાએ ગાવા જેવો સામવેદનો એક વિભાગ.

પ્રતીહારતા [સં.] સ્ત્રી. દ્વારપાલપણું; દ્વારપાલનું કામ.

પ્રતીહારિણી [સં.] સ્ત્રી. દ્વારપાળ સ્ત્રી.

પ્રતીહારી ૧. [સં. પ્રતીહારિન્] કું. દ્વારપાળ.

૨. [સં.] સ્ત્રી. દ્વારપાલિકા; અંત:પુરની સ્ત્રી નોકર; દાસી; સ્ત્રી દરવાન.

પ્રતીહાર્ય ન. પ્રતિહારનું કામ.

પ્રતીહાસ [સં.] કું. કરેણનું ઝાડ.

પ્રતીંધક [સં.] કું (પુરાણ) વિદેહ વંશના મરુ નામના જનકનો એ નામનો પુત્ર.

પ્રતુદ કું. ચાંચ વતી ટોચીને ખાનાર કોઈ પણ પક્ષી.

પ્રતુદ પક્ષી ન. ટોચીને ખાનાર પક્ષી; કાબર, કોલો, પારેવું વગેરે.

પ્રતુષ્ટક [સં] વિ. સંતોષ આપનાર.

પ્રતૂણી [સં.] સ્ત્રી. (વૈદક) પેટમાં દુખવાનો રોગ; રસાકુની દુર્બળતાથી થતો એ નામનો એક રોગ. તેમાં ગુદાથી પીડા ઉત્પન્ન થઈ આંતરડાં સુધી જાય છે.

પ્રતૃદ [સ.] કું ઋગ્વેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

પ્રતૂની સ્ત્રી. ઓજરી અને મૂત્રાશયમાંના રસકણ મુદ્દામાંથી આંતરડામાં થતું દર્દ.

પ્રતૂની વાયુ કું. મૂત્રાશયમાંથી આંતરડામાં દર્દ કરતો વાયુ.

પ્રતૂર્ણ [સં.] વિ. ઉતાવળિયું; વેગવાળું.

પ્રતૂર્ત ૧. [સ.] ન. અત્યંત વેગ; ઘણો વેગ.

૨. વિ. અત્યંત વેગવાળું, ઘણા વેગવાળું.

પ્રતૂલિકા [સં. પ્ર (ઘણું) + તૂલ (રૂ) + ઇક (વાળું) + ટાપ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. બધું રૂવાળી એક પ્રકારની સળી.

પ્રતૃપ્ત ૧. [સં.] વિ. અત્યંત તૃપ્ત; સંતુષ્ટ.
૨. વિ. તૃપ્તિ આપનાર; શાંત કરનાર.

પ્રતે અ. પ્રત્યે.

પ્રતોદ ૧. [સં.] પું. એ નામનું એક જાતનું શસ્ત્રસાધન.
૨. પું. કોરડો; ચાબખો; ચાબુક; પરોણો.

પ્રતોદિ ૧. સ્ત્રી. કોષની સાંબી, કોરડાના અથવા ચાબુકના જેવી વૃદ્ધિ. તે વધુથી ગતિમાન અને આદિ જીવ વગેરે પ્રાણીઓની ગતિનું સાધન હોય છે.
૨. સ્ત્રી. પ્રાણીઓના શરીર ઉપર ઊગતો એક પ્રકારની વાળ જેવી રચના.

પ્રતોદી ન એક જાતનું ભારીક દરિયાઈ પ્રાણી; 'હલેગેસમ'.

પ્રતોલિક વિ. શેરીઓવાળું; પોળોવાળું.

પ્રતોલિકા ૧. [સં.] સ્ત્રી. નહેર.
૨. સ્ત્રી. શહેરમાં વચ્ચે વચ્ચે જતો મુખ્ય રસ્તો; રાજમાર્ગ
રથ્યા પર્ન પ્રતોલિકા અને બીથિકા હોય;
આવેલી સમ ચાલતા બળ અહે નહિ હોય.
વિમળાપ્રબોધ

પ્રતોલી ૧. [સં.] સ્ત્રી. ગલી; શેરી; પોળ.
૨. સ્ત્રી. નગર તરફનો દુર્ગનો દરવાજો.
૩. સ્ત્રી. હોલ્લા વગેરે ઉપર પટી બાંધવાની એક રીત.
૪. સ્ત્રી. હોલ્લા વગેરે ઉપર બાંધેલી પટી.
૫. સ્ત્રી. બજારનો માર્ગ; શાહરસ્તો; ગામની વચમા વચ્ચે જતો રસ્તો; શહેરની અંદરનો માર્ગ; રાજમાર્ગ.

પ્રતોષ ૧. [સં.] પું. એ નામનો એક તુષિત દેવ.
૨. પું. (પુરાણ) દક્ષિણાને પત્ર ભગવાનથી થયેલા બાર આદેનો એ નામનો એક દીકરો.
૩. પું. સંતોષ; તુષ્ટિ.
૪. પું. (પુરાણ) સ્વાયંભુવ મનુનો એ નામે એક પુત્ર.
૫. વિ. સંતોષવાળું.

પ્રત્ત ૧. [સં] વિ. અર્પણ કરેલું.
૨. વિ. આપેલ; દીધેલ.
૩. વિ. હાથમાં આપેલું.

પ્રત્ન [સં.] વિ. પુરાણ; પ્રાચીન; અસલનું; જૂનું.

પ્રત્નતત્ત્વ [સં.] ન. પુરાતત્ત્વ; પ્રાચીન તત્ત્વ; પ્રાચીન કાળની વાતો વિષે વિવેચન કરનારી વિદ્યા.

પ્રત્ય જ પ્રત્યે
ચિત્તે પૂજ્યું શ્રીગુરુ પ્રત્યક્ષ. રત્નાકર

પ્રત્યક્ષ ૧. [સં. પ્રત્યક્ષ] વિ. અમૂર્ત; નિર્વિશેષ; સચ્ચિદા.
૨. વિ. પછીનું.
૩. વિ. પશ્ચિમનું.
૪. વિ. સરખું
૫ અ. ઊલટી દિશામાં.
૬. અ. પશ્ચિમ તરફ.

પ્રત્યક્ ૧ [સં.] ન. જીવતત્ત્વ.
૨. વિ. અંતર્મુખ; અંદર વળેલું.
૩. વિ. અંતર્વર્તી; આંતર.
૪ વિ. આત્મિક.
૫. વિ. પશ્ચિમનું.
૬. વિ. પાછું ફરેલું; વિમુખ થયેલું.
૭. અ. અંદરખાનેથી
૮. અ. પશ્ચિમ દિશામાં; પશ્ચિમે.
૯. અ. પાછળ; પગદી.
૧૦ ■. પૂર્વે; પહેલાં.
૧૧. અ. વિરુદ્ધ; સામે.

પ્રત્યક્પર્ણી સ્ત્રી. મોટો નેપાળો.

પ્રત્યક્ચેતન ૧. [સં.] પું. જીવાત્મા; જીવ.
૨. પું. (યોગ) જેની ચિત્તવૃત્તિ તદ્દન નિર્મળ થઈ ગઈ હોય, જેને આત્મજ્ઞાન થઈ ચૂક્યું હોય અને જે પ્રણવ આદિનો જપ કરીને પોતાના સ્વરૂપને પહોંચવા સમર્થ થયો હોય એવો પુરુષ.
૩. પું. સર્વત્ર પરમાત્માથી અભિન્ન જીવ.
૪. પું. સામ્બમતસિદ્ધ પુરુષ; સર્વત્ર અંતરાત્મા; પરમાત્મા.
૫. પું. સ્વાનુભવ.
તંતુસ્થાનો સાથે અથવા પ્રત્યક્ચેતનના સ્થાન સાથે જેને સંબંધ હોય એવા કોઈ અવયવના વ્યાપારને અનુબંધે સુખ અથવા આનંદ સમજાય છે. મણિલાલ નભુભાઈ

પ્રત્યક્તત્ત્વ [સં.] ન. દરેક જુદું જુદું પણ એકસરખું તત્ત્વ; દરેકમાં રહેલું એકસરખું અખંડરસ તત્ત્વ; બ્રહ્મ
પ્રત્યક્તત્ત્વ વિવેકનો, પ્રીતે કરી વિચાર;
તે સાધ્યત સુખ તત્ત્વને, પ્રીતે ઉરમાં ધાર.
પંચદશી

પ્રત્યક્તત્ત્વવિવેક [સં.] પું. દરેક તત્ત્વ વિષે વિચાર કરવો તે.
આ પ્રકરણમાં અન્નમયાદિ પાંચકોશોથી અંતરાત્માનું પૃથક્પણું જણાવેલું હોવાથી આ પ્રકરણને તત્ત્વવિવેક અથવા પ્રત્યક્તત્ત્વવિવેક કહેવામાં આવે છે. પંચદશી

પ્રત્યક્તાદાત્મ્ય [સં.] ન. પ્રત્યક્તત્ત્વનું મળતાપણું.
પ્રત્યક્તાદાત્મ્ય જાણી એ પ્રકારના વિકલ્પાદિ અનાત્મતત્ત્વમાં તે જ હું છું એ રીતે નિશ્ચિંતે ધારણા કરી અને અનુસંધાન કરવું. સુતસંહિતા

પ્રત્યક્પર્ણી ૧. [સં.] સ્ત્રી. અપેડો.
૨. સ્ત્રી. દંતીવૃક્ષ; ઉંદરકણી વનસ્પતિ.

પ્રત્યક્પુષ્પી જુઓ પ્રત્યક્પર્ણી.

પ્રત્યક્પ્રરચના [સં.] સ્ત્રી. કીટકની પાંચ માહેનો એક જાતની રચના. કીટક મુખ વાટે જે ખોરાક લે છે તે પ્રથમ અન્નનળીમાં જમા છે અને તેમાંથી અન્નમાર્ગે આઈ પેટમાં જઈને છે. આવી રીતે પેટમાં ગયેલો ખોરાક રાસાયણિક ફેરફારને લીધે બદલાઈ લોહીને બદલે કાયલ ઉત્પન્ન થાય છે અને આ કાયલ પ્રવાહીના રૂપમાં આખા શરીરમાં પોષણ આપે છે.

પ્રત્યક્શ્રેણી [સં.] સ્ત્રી. એક જાતનો છોડ; ઉંદરકાની; દંતી.

પ્રત્યક્ષ ૧. [સં.] પું. (અન્ય) એ નામનો એક અર્થાલંકાર.
૨. ન. (વેદાંત) અનુપલબ્ધિ, અર્થાપત્તિ, શબ્દ, અનુમાન, ઉપમાન એ પ્રમાણોથી થયેલા પ્રમિતિ એટલે જ્ઞાનથી ભિન્ન એવા પ્રમિતિ.
૩. ન. આઠ પ્રકારનું એક પ્રમાણ.
૪. [સં. પ્રતિ (સન્મુખતા) + અક્ષ (નેત્ર)] ન. આંખથી થયેલું જ્ઞાન; કોઈ પણ વ્યવધાન વિના થયેલું જ્ઞાન. અમુક ઇંદ્રિયનો પદાર્થની સાથે સંબંધ થતાં જે જ્ઞાન થાય છે તે અવ્યવહિત હોવાથી પ્રત્યક્ષ કહેવાય છે. નૈયાયિકો ભિન્ન ભિન્ન જ્ઞાનેંદ્રિયોને લક્ષમાં રાખીને પ્રત્યક્ષના અનેક ભેદ કરે છે. તેમ જ યોગી અને અયોગી પુરુષોની સ્થિતિને લક્ષમાં રાખીને એ જ પ્રત્યક્ષના સવિકલ્પ અને નિર્વિકલ્પ એવા ભેદ કરે છે.
૫. ન. ઇંદ્રિયો દ્વારા થતા જ્ઞાનનું સાધન એટલે પ્રમાણ.
૬. ન. ઇંદ્રિયો દ્વારા સાક્ષાત્ થતું જ્ઞાન.
૭ ન. ઉપલબ્ધિ; સંવેદન.
૮. ન. ચાર પ્રકારના પ્રમાણમાં એ નામે એક પ્રમાણ. તે સૌથી શ્રેષ્ઠ મનાય છે
૯. ન. વિદ્યાભ્યાસનો પદાર્થની સાથે સંબંધ થવાથી થતું જ્ઞાન; ઇંદ્રિયો અને તેના વિષયોના સંબંધથી ઉત્પન્ન થતું જ્ઞાન. ચક્ષુ આદિ ઇંદ્રિયોનો ઘટાદિક અર્થોની સાથે જે સંયોગાદિરૂપ સંબંધ છે, તેનું નામ ઇંદ્રિયાર્થ સન્નિકર્ષ છે. એ ઇંદ્રિય અને અર્થના સન્નિકર્ષ વડે જન્ય જે જ્ઞાન તેનું નામ પ્રત્યક્ષ છે. જેમ ઘટરૂપ અર્થની સાથે ચક્ષુ ઇંદ્રિયનો સંયોગ થયા પછી આ ઘટ એવું જ્ઞાન થાય છે, માટે આ ઘટ એ જ્ઞાન પ્રત્યક્ષ

કહેવાય છે. ગૌતમે ન્યાયસૂત્રમાં કહ્યું છે કે, ઇંદ્રિય દ્વારા કોઈ પદાર્થનું જે જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષ છે. આ જ્ઞાનમાં પદાર્થ અને ઇંદ્રિયનો પ્રત્યક્ષ સંબંધ હોવો જોઈએ. પ્રત્યક્ષજ્ઞાન કોઈનો કહેલા શબ્દો વડે નથી થતું, તેથી તેને અવ્યપદેશ્ય કહે છે. કેટલાક નૈયાયિકો જ્ઞાનના આ કારણને જ પ્રમાણ માને છે. તેના મત પ્રમાણે પ્રત્યક્ષપ્રમાણ ઇંદ્રિય છે. ઇંદ્રિયથી ઉત્પન્ન થતું જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે. પણ અવ્યપદેશ્ય શબ્દથી સૂત્રકારનો અભિપ્રાય સ્પષ્ટ છે કે, વસ્તુનું જે નિર્વિકલ્પ જ્ઞાન છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે. નવીન ગ્રંથકાર બંને મતને મેળવી કહે છે કે, પ્રત્યક્ષજ્ઞાનનાં કારણ અર્થાત્ પ્રત્યક્ષપ્રમાણ ત્રણ છે: (૧) ઇંદ્રિય, (૨) ઇંદ્રિયનો સંબંધ, (૩) ઇંદ્રિયના સંબંધથી ઊપજતું જ્ઞાન. પ્રત્યક્ષજ્ઞાનના ૭ પ્રકાર છે: (૧) ચાક્ષુષ પ્રત્યક્ષ, જે કોઈ ચીજ નજર આગળ આવવાથી થાય છે. (૨) શ્રાવણ પ્રત્યક્ષ, એટલે જ્ઞાન વડે સાંભળીને થતું જ્ઞાન. (૩) સ્પર્શન પ્રત્યક્ષ. (૪) રાસનપ્રત્યક્ષ એટલે ચાખવાથી થતું જ્ઞાન. (૫) ઘ્રાણજ પ્રત્યક્ષ એટલે સૂંઘવાથી થતું જ્ઞાન. (૬) માનસ પ્રત્યક્ષ એટલે સુખ, દુઃખ, દયા વગેરેનો અનુભવ.

૧૦. ન. છ માંહેના એક પ્રકારનું પ્રમાણ.

૧૧. ન. ન્યાયનાં ત્રણ પૈકીનું એક પ્રમાણ.

૧૨. ન. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ચુમાળીસ બાબતોની એક વસ્તુ.

૧૩. વિ. ઇંદ્રિયમાત્ર; ઇંદ્રિયોથી થાય સમજાતું; ઇંદ્રિયજન્ય.

ઇંદ્રિયજન્ય જ્ઞાનને પ્રત્યક્ષ અને લિંગ, હેતુ તથા શબ્દાદિજન્ય જ્ઞાનને પરોક્ષ કહેલું છે.

તત્ત્વાર્થસૂત્ર

૧૪ વિ. ખરેખર; પ્રકૃત; યથાર્થ.

૧૫. વિ. ચાક્ષુષ; દૃશ્ય; ચક્ષુર્ગોચર.

પ્રત્યક્ષ થવું = (૧) અનુભવાવું. (૨) ઉદ્ભવવું; (૩) નજરે પડવું; દૃષ્ટિગોચર થવું; સમજવું.

૧૬. વિ. નજર સામેનું; સન્મુખ; પ્રગટ.

૧૭. વિ. પદાર્થને સ્પષ્ટ જાણે એવું.

૧૮. વિ. મૂર્ત; વાસ્તવિક; વાસ્તવ.

૧૯ વિ. સિદ્ધાંતથી સિદ્ધ ન થઈ શકે તેવું.

૨૦. વિ. સીધી રીતનું.

તેણે પોતાના હુકમની નકલ તથા તે હુકમ કરવાનાં કારણો પોતે જે મેજિસ્ટ્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે મેજિસ્ટ્રેટને સાથી મોકલવા.

ફોજદારી કાયદો

૨૧. વિ. સુદ્દઢ; નિશ્ચિત.

૨૨. વિ. સ્પષ્ટ; ખુલ્લું.

પ્રત્યક્ષ થવું = (૧) ખુલ્લું થવું; આંખે દેખાવું. (૨) સ્પષ્ટ પ્રતીતિ થવી.

૨૩. જ આંખની સામે; મોઢા આગળ; નજર આગળ; હાજરીમાં; પ્રગટ.

૨૪. જ. હાજર.

તમો સાધુ નવીનચંદ્રે પ્રત્યક્ષ રહેવું.

સરસ્વતીચંદ્ર

પ્રત્યક્ષ અર્પક્ષ વ. પ્રત્યક્ષજ્ઞાન; સાક્ષાત્ જ્ઞાન.

પ્રત્યક્ષ આકાન [સં પ્રત્યક્ષ + આકાન (સ્વીકાર)] ન. પ્રત્યક્ષપ્રતિમહ; પ્રત્યક્ષસ્વીકાર.

પ્રત્યક્ષ ઉપપત્તિ [સં પ્રત્યક્ષ + ઉપપત્તિ (સિદ્ધિ)] સ્ત્રી સીધી રીતની સાબિતી; સાબિત કરવાની સીધી રીત.

પ્રત્યક્ષકર પું. સીધી રીતે લેવાતો કર.

પ્રત્યક્ષકામ ન. નજરોનજર થતું કામ.

પ્રત્યક્ષખર્ચ ન. પ્રાથમિક ખર્ચ.

પ્રત્યક્ષગ્રહણ [સં.] ન પ્રત્યક્ષપ્રતિમહ; પ્રત્યક્ષસ્વીકાર; પ્રત્યક્ષ આકાન.

પ્રત્યક્ષજ્ઞાન [સં] ન. ઇંદ્રિય અને અર્થના સંબંધથી ઉત્પન્ન થતું જ્ઞાન. પ્રત્યક્ષજ્ઞાનમાં ઇંદ્રિય અને અર્થ એ બંનેની વિદ્યમાનતાની આવશ્યકતા છે, તેથી પ્રત્યક્ષજ્ઞાન અર્થ અને ઇંદ્રિય એ બેઉનું ફળ કહેવાય છે. પ્રત્યક્ષજ્ઞાન એ સર્વ જ્ઞાનનું મૂળ છે. પ્રત્યક્ષજ્ઞાનના સામાન્ય રીતે નીચે પ્રમાણે વિભાગો પાડી શકાય: (૧) અહંતાનું જ્ઞાન, (૨) સુખ અને દુઃખનું જ્ઞાન, (૩) (ક) ભય, ક્રોધ, ઈર્ષ્યા, રાગ, દ્વેષ, હર્ષ, શોક, અભિમાન, લોભ, કાર્પણ્ય, (ખ) કૌતુક, કજાનો આનંદ, (ગ) સમભાવ, દયા, ક્ષમા, પ્રેમ, (ઘ) શ્રદ્ધા, ભક્તિ, (ઙ) શરીર ઠીક હોવું, અમુકમો થવો, ઊંઘ, ભૂખ, તરસ, ગૂંગળાટ, અમુક ભાગમાં ખટકો કે સણકો એવું કોઈ અને (૫) ઇંદ્રિયોથી થતું જ્ઞાન.

પ્રત્યક્ષતા ૧. [સં. પ્રત્યક્ષ + તા (પણું)] સ્ત્રી. તાદૃશતા; પ્રત્યક્ષપણું; પ્રત્યક્ષ હોવું તે; હાજરાહજૂર હોવું તે.

૨. સ્ત્રી. પ્રત્યક્ષપ્રમાણ.

૩. સ્ત્રી. સ્પષ્ટીકરણ; આવિર્ભાવ.

પ્રત્યક્ષત્વ જુઓ પ્રત્યક્ષતા.

પ્રત્યક્ષદર્શન ૧. [સં.] ન. નજરોનજર જોવું તે.

૨. વિ. નજરે જોનાર; સાક્ષી; સાક્ષાત્ જોનાર.

પ્રત્યક્ષદર્શી ૧. [સં. પ્રત્યક્ષદર્શિન્] પું. નજરોનજર જોનાર માણસ; સાક્ષી; પ્રત્યક્ષ જોનાર પુરુષ.

૨. વિ. નજરે જોયેલ એવું.

પ્રત્યક્ષદાન [સં.] ન. પ્રત્યક્ષ અર્પણ; સાક્ષાત્ દાન.

પ્રત્યક્ષનિર્વાચન [સં.] ન. સીધી રીતે થતી ચૂંટણી.

પ્રત્યક્ષપણું જ. નજરોનજર.

પ્રત્યક્ષપદાર્થવાચક [સં.] ન. (વ્યાકરણ) દર્શક સર્વનામનો એક પ્રકાર. જેમકે, આ, એ, પેલું

પ્રત્યક્ષપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; 'ડાયરેક્ટ મેથડ'. કોઈ પણ ક્રિયા કરવી અને તેની સાથે ક્રિયાવાચક શબ્દ બોલવો કે વાક્ય આપવું અગર પડાવું કે ગુણ બતાવી કે ભાવ બતાવી કરી ને પડાવું, ગુણ કે ભાવના શબ્દબોધ સાથે અર્થબોધ કરાવવો તેનું નામ પ્રત્યક્ષપદ્ધતિ. આનો પહેલો વિચારક અને બોજક ફ્રાન્સનો ગાપાગ્રાઝો ગુદિન ગણાય છે. સામાન્ય રીતે પ્રત્યક્ષપદ્ધતિ પરભાષા જલદીથી શીખવા માટે વપરાય છે. બીજી રીતે કહી શકાય કે શીખનારને પરભાષાના જીવંત વાતાવરણમાં મૂકવાનો પ્રયત્ન એટલે પ્રત્યક્ષપદ્ધતિ. પરભાષા શીખવ્યા ઉપરાંત, કોઈ પણ વસ્તુ સીધી રીતે જણાવીને તેનું જ્ઞાન વિદ્યાર્થીને કરાવવું તેનું નામ પણ પ્રત્યક્ષપદ્ધતિ છે.

પ્રત્યક્ષપરાયણ [સં.] વિ. નજરે જોયેલું જ માનનાર.

પ્રત્યક્ષપાઠ [સં.] પું. સામે રહેલા પદાર્થ ઉપરથી મળતો બોધ.

પ્રત્યક્ષ પુરાવો પું. નજરે જોયેલો પુરાવો.

પ્રત્યક્ષપૂજા [સં.] સ્ત્રી. પૂજાની સામગ્રી વડે ને પૂજા વગેરે કરવી તે.

પ્રત્યક્ષપ્રતિમહ [સં.] પું. પ્રત્યક્ષગ્રહણ; પ્રત્યક્ષસ્વીકાર.

પ્રત્યક્ષપ્રભા [સં.] સ્ત્રી. દર્શન; ઉપલબ્ધિ; વેદના; સંવેદન વ્યાપાર. જ્ઞાનવિષયક સાક્ષાત્ અનુભૂતિ બે પદાર્થો વચ્ચે રહેતો એક પ્રકારનો સંબંધ છે. આત્મા એક પદાર્થ માનસિક વ્યાપારરૂપ એટલે પ્રત્યક્ષ દર્શનાત્મક વ્યાપારરૂપ અથવા મનનાત્મક વ્યાપારરૂપ અથવા પ્રત્યયવિષયક વ્યાપારરૂપ હોય છે અને બીજો વિષયરૂપ હોય છે, જેની પ્રત્યક્ષપ્રભા થાય છે અથવા જે વિચારમાં પ્રતીત થાય છે. વિષય ચૈતન્યથી અભિન્ન જે પ્રમાણ ચૈતન્ય તે પ્રત્યક્ષપ્રભા, અથવા અજ્ઞાયિત અને પરોક્ષ જેવા અર્થને વિષય કરનારું જે જ્ઞાન તે પ્રત્યક્ષપ્રભા કહેવાય અને જેનું કારણ જ્ઞાન નથી એવું જે જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય. જેમકે, આ ઘટ, ઇત્યાદિક પ્રત્યક્ષજ્ઞાનમાં ચક્ષુ આદિક ઇંદ્રિયો જ કારણ હોય છે, કોઈ જ્ઞાન કારણ હોતું નથી. માટે પ્રત્યક્ષનું આ લક્ષણ સમજવું છે. 'ઈશ્વરનું પ્રત્યક્ષજ્ઞાન નિત્ય

પ્રત્યક્ષસંજ્ઞા

કહેવાય છે અને જીવનું અનિત્ય કહેવાય છે. જીવનું અનિત્ય પ્રત્યક્ષજ્ઞાન (૧) ઘ્રાણજ, (૨) રાસન, (૩) ચાક્ષુષ, (૪) સ્પાર્શન, (૫) શ્રોત્ર અને (૬) માનસ એવા ભેદથી ૭ પ્રકારનું છે. ઘ્રાણ ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષજ્ઞાનને ઘ્રાણજ, રસન ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષજ્ઞાનને રાસન, ચક્ષુ ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષને ચાક્ષુષ, શ્રોત્ર ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષને શ્રોત્ર કે શ્રાવણ અને મન ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષને માનસ કહે છે. એ ૭ પ્રકારના પ્રત્યક્ષના નિર્વિકલ્પ અને સવિકલ્પક તથા લૌકિક અને અલૌકિક એવા ભેદ છે.

પ્રત્યક્ષપ્રમાણ ૧. [સં.] ન. ઇંદ્રિયોથી સ્પષ્ટ જણાતું અને અનુભવાતું હોય એવું જ્ઞાન; દેખીની સાબિતી; ખુલ્લું પ્રમાણ; સિદ્ધાંત; સિદ્ધ વાક્ય; સર્વમાન્ય વચન.

૨. [સં. પ્રત્યક્ષ + પ્રમાણ (સાચું જ્ઞાન)] ન. (જૈન) પદાર્થને સ્પષ્ટ જાણે એવું પ્રમાણ. તેના બે ભેદ: સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પારમાર્થિક પ્રત્યક્ષ

૩. ન. (વેદાંત) પ્રત્યક્ષપ્રમાનું કરણ. પ્રત્યક્ષ પ્રમાણ બે પ્રકારનું છે: (૧) બાહ્ય પ્રત્યક્ષપ્રમાણ અને (૨) આંતર પ્રત્યક્ષપ્રમાણ. બાહ્ય પ્રત્યક્ષપ્રમાણ (૧) ઘ્રાણ, (૨) રસન, (૩) ચક્ષુ, (૪) ત્વક, (૫) શ્રોત્ર એવા ભેદથી પાંચ પ્રકારનું છે અને મનરૂપ ઇંદ્રિય આંતર પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે. એ બાહ્ય અને આંતર બંને મળીને ઇંદ્રિય પ્રત્યક્ષપ્રમાણ ૬ પ્રકારનું છે. એ ઇંદ્રિયરૂપ પ્રત્યક્ષપ્રમાણ દ્રવ્યગ્રાહક અને દ્રવ્યઅગ્રાહક એવા ભેદથી બે પ્રકારનું છે. તેમાં ચક્ષુ, ત્વક, મન એ ત્રણ ઇંદ્રિય તો દ્રવ્યનાં ગ્રાહક હોય છે અને ઘ્રાણ, રસન, શ્રોત્ર એ ત્રણ ઇંદ્રિય દ્રવ્યનાં અગ્રાહક હોય છે.

પ્રત્યક્ષપ્રમાણવાદ પું. પ્રત્યક્ષપ્રમાણને જ માનવાનો સિદ્ધાંત.

પ્રત્યક્ષપ્રમાણવાદી ૧. [સં. પ્રત્યક્ષપ્રમાણવાદિન્] વિ. પ્રત્યક્ષપ્રમાણવાદને માનનાર.

૨. વિ. સ્વતંત્ર વિચાર કરનાર.

પ્રત્યક્ષફલ [સં.] વિ. જેનું પરિણામ સ્પષ્ટ રીતે અનુભવી શકાય તેવું.

પ્રત્યક્ષફલદ [સં.] વિ. પ્રત્યક્ષ ફળ આપનારું.

પ્રત્યક્ષબાધ પું. આત્મસાક્ષાત્કારથી અજ્ઞાનની નિવૃત્તિ.

પ્રત્યક્ષબાધિત પું. (જૈન) જેના સાધ્યમાં પ્રત્યક્ષથી બાધા આવે એવો બાધિતવિષય હેત્વાભાસ. જેમકે, અગ્નિ ઠંડી છે, કેમકે એ દ્રવ્ય છે.

પ્રત્યક્ષભાસી વિ. પ્રત્યક્ષ ભાસનાર.

પ્રત્યક્ષભૂત [સં.] વિ. પ્રત્યક્ષ થયેલ; ખુલ્લું થયેલ.

પ્રત્યક્ષભોગ ૧. [સં.] પું. ભોગ્ય વસ્તુનો તેના માલિકની સમક્ષ ઉપભોગ કરવો તે.

૨. પું. શારીરિક કજિયો; જાતિ કજિયો.

પ્રત્યક્ષભ્રમ [સં.] પું. વિભ્રમ; વિપર્યયજ્ઞાન.

પ્રત્યક્ષમાંગ સ્ત્રી. સીધી માગણી.

પ્રત્યક્ષમૂલક [સં.] વિ. અનુભવમૂલક; પ્રથમ દર્શનીય; અનુભવસિદ્ધ.

પ્રત્યક્ષયોગ્યતા ૧. [સં] સ્ત્રી. પ્રત્યક્ષ થવાની યોગ્યતા.

૨. સ્ત્રી. વેદના; જ્ઞાનગ્રહણતા

> અપરેન્દ્રિયની આવી સંસ્કૃતતા સાથે સ્વરસંચયમાંના સ્વાયુની પ્રત્યક્ષયોગ્યતા પણ ઉત્તમ પ્રકારની હોવી જોઈએ છે. મણિલાલ નભુભાઈ

પ્રત્યક્ષરે અ. અક્ષરે અક્ષરે.

પ્રત્યક્ષલવણ [સં.] ન. ભોજનમાં ઉપર લેવા માટે આપવામાં આવતું મીઠું ગ્રાહક પસંદ પડે તેવું મીઠું આપવાનો નિષેધ છે.

પ્રત્યક્ષલિંગ [સં.] ન. પ્રત્યક્ષચિહ્ન.

> શ્રુતિવાક્ય એ પ્રત્યક્ષલિંગ છે, કેમકે એને પ્રમાણ ઠરાવવાને બીજાની અપેક્ષા નથી માટે એ સ્વતઃ પ્રમાણ છે. સિદ્ધાંતદર્શન

પ્રત્યક્ષવત્ ૧. વિ. નજરે જોઈ શકાય તેવું.

૨. અ. પ્રત્યક્ષ પ્રમાણે.

પ્રત્યક્ષવાદ ૧. [સં.] પું. પ્રત્યક્ષ પ્રમાણને જ સત્ય માનનારો વાદ: 'પોઝિટિવિઝમ'.

૨. પું. બાહ્યવસ્તુવિજ્ઞાનવાદ.

૩. પું. વસ્તુવાદ: અહંપિંડવાદ.

પ્રત્યક્ષવાદી ૧. [સં. પ્રત્યક્ષવાદિન્] પું. ઇંદ્રિયજન્ય જ્ઞાન સિવાય કશું નહિ માનનાર બાહ્યધર્મી.

૨ પું. આર્વાક: પ્રત્યક્ષપ્રમાણ સિવાય કોઈ પ્રમાણને નહિ માનનાર ચાર્વાક; ઇંદ્રિયથી જ્ઞાત જ્ઞાનને જ સત્ય માનનાર ચાર્વાક; 'પોઝિટિવિસ્ટ'.

૩. વિ. બુદ્ધિપ્રમાણવાદી; તાર્કિક.

૪ વિ. વાસ્તવિકતાવાદી; પ્રત્યક્ષ કે નજરોનજરની સાબિતી ઉપરથી બંધાયેલા સિદ્ધાંતોને માનનાર.

પ્રત્યક્ષવ્યાપાર [સં.] પું. સંવેદનવ્યાપાર; 'પરસીવિંગ'.

પ્રત્યક્ષશિક્ષણ [સં.] ન. ક્રાર્યનિક શિક્ષણ

પ્રત્યક્ષસિદ્ધ ૧. [સં.] વિ. ઇંદ્રિયજન્ય જ્ઞાન વડે સિદ્ધ

૨ વિ. સ્વત-સિદ્ધ; સ્વયંસિદ્ધ.

પ્રત્યક્ષસિદ્ધિ ૧. [સં] સ્ત્રી. ક્રાર્યારંભે સિદ્ધિ; તરત નજરે પડે તેવી સિદ્ધિ; તરત દેખાય એવું ફળ

૨. સ્ત્રી. પ્રત્યક્ષ પરિણામ; દેખીતું પરિણામ; દેખીતો લાભ.

પ્રત્યક્ષસ્વીકાર [સં.] પું. પ્રત્યક્ષપ્રતિગ્રહ; પ્રત્યક્ષગ્રહણ.

પ્રત્યક્ષાત્મક દર્શન [સં.] ન. પ્રત્યક્ષવાદ; વાસ્તવિકતાવાદ.

પ્રત્યક્ષાનુભવી [સં. પ્રત્યક્ષ + અનુભવિન્ (અનુભવનાર)] વિ. જેણે પ્રત્યક્ષ અનુભવ મેળવેલો હોય એવું.

પ્રત્યક્ષાભાસ [સં.] વિ. પ્રતિભાસિક; કાલ્પનિક.

પ્રત્યક્ષાવગમ [સં.] પું. પ્રત્યક્ષ જ્ઞાન.

પ્રત્યક્ષાવગમ્ય [સં.] વિ. પ્રત્યક્ષ જાણવા જેવું.

> રાજવિદ્યા અને રાજગુહ્ય એટલે પ્રત્યક્ષાવગમ્ય ધર્મયુક્ત માર્ગ કહ્યો છે પણ. ગીતારહસ્ય

પ્રત્યક્ષાંશ પું. અતિકર; ઉપર જમતા; ઔદ્યિક પદાર્થ; 'ફીનોમિનન'.

> છંદરચનામાં જેમ ભાષાના છંદો અને તેમની અમુક્તિ કાવ્યલાક્ષણિકોમાંથી કવિ તેની કેળવણી–તેના જમાના–તેની પરંપરાને અનુરૂપ અમુક રચનાઓને પસંદ કરે છે અને બીજાને છોડે છે તેમ કવિતાના વિષયને માટે પણ કેળવણી–જમાના–પરંપરાને અનુરૂપ અમુક પ્રત્યક્ષાંશ જ તેને ગમી જાય છે. બળવંતરાય ઠાકોર

પ્રત્યક્ષિ અ. (જૂ. ગુ.) નજર આગળ.

પ્રત્યક્ષી ૧. [સં. પ્રત્યક્ષિન્] વિ. પ્રત્યક્ષ કરનાર.

૨. વિ. સાક્ષાત્ જોનાર.

પ્રત્યક્ષીકરણ ૧. [સં.] ન. અનુભવપ્રાપ્તિ.

૨. ન. આખ આગળ રહી સાક્ષીરૂપે જોવું તે; પ્રત્યક્ષ કરવું તે.

૩. ન. આખ આગળ લાવી નજરે કરવું તે; ઇંદ્રિય વડે જ્ઞાન કરાવી દેવું તે; પ્રત્યક્ષ કરવું કે કરાવવું તે.

૪. ન. સિદ્ધિ; સાક્ષાત્કાર.

પ્રત્યક્ષીકૃત [સં.] વિ. જાહેર કરેલું; પ્રત્યક્ષ કરેલ.

પ્રત્યક્ષીભવન [સં.] ન. પ્રત્યક્ષ થવું તે.

પ્રત્યક્ષીભૂત [સં.] વિ. પ્રત્યક્ષ થયેલ; ઇંદ્રિયો વડે જ્ઞાન થયેલું હોય એવું.

પ્રત્યક્ષૈકવાદ [સં.] પું. અનુભવૈકવાદ.

પ્રત્યક્ષોત્પાદક [સં.] વિ. સીધી રીતે અથવા પ્રત્યક્ષ રીતે ફલદાયી

પ્રત્યક્ષોત્પાદકક્રમ [સં.] પું. જે મહેનત કરવાથી સીધી રીતે કંઈ પેદા થાય તેવી મજૂરી.

પ્રત્યક્સંજ્ઞા [સં] સ્ત્રી (જૈન) ભેદભાવવાળી આંતર સંવેદન રૂપ સંજ્ઞા. તે બે પ્રકારની છે: ભેદભાવવાળી આંતર સંવેદન રૂપ, ભેદભાવવાળી

પણ શબ્દના આલંબનથી પ્રગટ થનારી સંવેદન રૂપ. પહેલાનું નામ પ્રત્યક્ષસંજ્ઞા, બીજાનું નામ અભિવચન સંજ્ઞા છે.

પ્રત્યક્ષસ્રોત [સં. પ્રત્યક્ષસ્રોતસ્] સ્ત્રી. નર્મદા નદી.

પ્રત્યક્ષસ્રોતા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામે ભારતવર્ષીય નદી.

પ્રત્યગ્રંધા [સં.] સ્ત્રી. એક જાતનો છોડ.

પ્રત્યગ્રંશ [સં.] પું. પ્રત્યેકમાં રહેલો કલ્પિત અંશ; સામાન્ય અંશ.

અદ્વૈતના બે અંશ છે: અદ્વૈતાંશ અને પ્રત્યગ્રંશ. પંચદશી

પ્રત્યગાત્મજીવન [સં.] ન. પ્રત્યેક જીવ પોતાની ઇચ્છાનુસાર ભજનપૂજન, સંકલ્પ આદિ કાર્યો કરવા અને શક્તિમાન હોવાનો સિદ્ધાંત.

પ્રત્યગાત્મભાવ [સં.] પું. પરમાત્મભાવ; બ્રહ્મચૈતન્યભાવ.

પ્રત્યગાત્મસ્વરૂપ [સં. પ્રત્યગાત્મન્ + સ્વરૂપ] પું. પરમેશ્વર; પરમાત્મા; બ્રહ્મચૈતન્ય.

પોતાના સંકલ્પો શાંત થતાં સઘળી વાસનાઓ વળગવું જેમાં કાંઈ જ્ઞાનાજ્ઞાન આકાર રહે નહિ એવું પ્રત્યગાત્મસ્વરૂપ અવરોધ રહે તે પરાવસ્થા કહેવાય છે. ત્રિકાલદર્શકકર્ણપ્રિય

પ્રત્યગાત્મા ૧. [સં. પ્રત્યગાત્મન્] પું. જીવાત્મા; જીવ.

૨. પું. દરેક આત્મા; જીવમાત્ર.

૩. પું. પરમાત્મા; પરમેશ્વર; બ્રહ્મચૈતન્ય; વ્યાપક બ્રહ્મ.

પ્રત્યગાશા [સં.] સ્ત્રી. પશ્ચિમ દિશા.

પ્રત્યગાશાપતિ [સં.] પું. વરુણ દેવ.

પ્રત્યગ્ ૧. [સં. પ્રત્યક્] ન. જીવતત્ત્વ.

૨. વિ. અંતર્મુખ; અંદર વળેલું.

૩ વિ. અંતર્વર્તી; આંતર.

૪. વિ. આદિમ.

૫. વિ. પશ્ચિમનું.

૬. વિ. પાછું ફરેલું; વિમુખ થયેલું.

૭. અ. અંદરખાનેથી

૮. અ. પશ્ચિમ દિશામાં; પશ્ચિમે.

૯. અ. પૂર્વે; પહેલાં.

૧૦. અ. પ્રત્યક્ષ; પાછળ; પછાડી.

૧૧. અ. વિરુદ્ધ; સામે.

પ્રત્યગ્દર્શન [સં.] ન. અંતર્મુખ ચક્ષુ વડે જોવાની ક્રિયા.

પ્રત્યગ્દર્શી [સં પ્રત્યગ્દર્શિન્] વિ. અંતર્મુખ દૃષ્ટિ કે ચક્ષુવાળું.

પ્રત્યગ્દૃષ્ટિ ૧. [સં.] પું. પ્રત્યગાત્મામાં જોની ચિત્તવૃત્તિ છે એવો મતિ.

અધ્યગ્દૃષ્ટિમાં આવ્યા પછી અંતરની ગુહ્ય વસ્તુ પણ અણી રહે છે. ત્રિકાલદર્શકકર્ણપ્રિય

૨. [સં. પ્રત્યક્ (અંદરનું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. અંદરથી ઊઠતી સહજ જ્ઞાન; સહજબુદ્ધિ.

૩ સ્ત્રી. વિશ્વની અંતરરચના જોવાની દૃષ્ટિ.

પ્રત્યગ્રૂપિણ [સં.] વિ. પ્રત્યેકમાં એક રૂપ. બ્રહ્મ પ્રત્યગ્રૂપિણ છે. પંચદશી

પ્રત્યગ્ર ૧. [સં.] પું. (પુરાણ) ઉપરિચર વસુનો જે નામનો એક પુત્ર.

૨. પું. મૃદ્ગલ રાજાનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળોત્પન્ન વસુ રાજા.

૪. વિ. આગળ થયેલું.

૫ વિ. તાજું; હાલનું; નવું.

૬. વિ. યુવાન.

૭. વિ. સાદું; સ્વચ્છ; શોધેલું; શુદ્ધ.

પ્રત્યગ્રતા [સં] સ્ત્રી. નવીનપણું; નૂતનતા.

પ્રત્યગ્રત્વ [સં.] ન. નવીનપણું.

પ્રત્યગ્રથ [સં.] પું. અક્ષરોનું માંહેનો એક ક્રમ; અક્ષિગ્રથ નામે એક ક્રમ; દક્ષિણ પંચાલ.

પ્રત્યગ્રરથ ૧. [સં. પ્રત્યગ્રરથ] ન. યુવાવસ્થા.

૨. વિ. નવી વયનું; યુવાન.

પ્રત્યગ્રહ [સં] પું. (પુરાણ) સોમવંશી પુરુકુળોત્પન્ન વસુ રાજા; ચેદિ દેશનો એક રાજા.

પ્રત્યઘાત પું. પાછો ઘા.

પ્રત્યઞ્જા સ્ત્રી. વચન; ટેક; નિયમ; નેમ; વ્રત.

પ્રત્યદ્ધરા પું. ભ્રમર; ભમરો.

પ્રત્યનંતર [સં.] વિ. પાસેનું; નજદીકનું; પછીનું.

પ્રત્યનીક ૧. [સં.] પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. પ્રતિપક્ષી પ્રતિ તિરસ્કાર કરવાને અશક્તતાથી પ્રતિપક્ષીની સ્તુતિને માટે જે પ્રતિપક્ષીના સંબંધીની તિરસ્કારક્રિયા જોને પ્રત્યનીક કહે છે. તેમાં પ્રતિપક્ષનો અપકાર કરવાને અસમર્થ હોવાથી તેના પક્ષવાળા ઉપર વેર લેવામાં આવે છે.

૨. પું નિંદક.

૩. પું. પ્રતિવાદી.

૪. પું. રોકનું તે; અટકાવ; અવરોધ.

૫. પું. વિઘ્ન.

૬. પું. શત્રુ; વિરોધી; પ્રતિસ્પર્ધી.

૭. [સં. પ્રતિ (વિરુદ્ધ) + અનીક (સેના)] ન. પ્રતિપક્ષીની સેના.

૮. વિ. ઊલટું.

પ્રત્યનીકરસ [સં.] પું. રસ વિહીન કાવ્યના પાંચ માહેનો એક ભેદ.

પ્રત્યનુમાન [સં.] ન. વિરુદ્ધ અનુમાન; બીજાના અનુમાનનું ખંડન કરવા માટે કરવામાં આવતું અનુમાન.

પ્રત્યનુયોગ [સં] પું. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ચુમાળીસ બાબતો માંહેની એક વસ્તુ.

પ્રત્યપકાર ૧. [સં.] પું. અપકારની સામે કરવામાં આવતો અપકાર

૨. પું. પ્રત્યપહરણ; શત્રુએ જે કાંઈ લીધું હોય તેના બદલામાં શત્રુનું કાંઈ પડી જાવવું તે.

પ્રત્યપસર્ગ [સં.] પું. (સાંખ્ય) મહત્તત્ત્વ અથવા બુદ્ધિથી ઉત્પન્ન સૃષ્ટિ.

પ્રત્યપહરણ [સં.] ન. શત્રુએ જે કાંઈ લીધું હોય તેના બદલામાં શત્રુનું કાંઈ પડી જાવવું તે.

પ્રત્યપહાર જુઓ પ્રત્યપહરણ.

પ્રત્યભિજ્ઞા ૧. [સં.] સ્ત્રી. અનુભવ અને સ્મૃતિ બંનેરૂપ મિશ્ર જ્ઞાન.

૨. સ્ત્રી. અમુક વસ્તુને પ્રથમ જોયા પછી તેને તે જ રૂપે ઓળખવી તે; એક પ્રકારનું પ્રત્યક્ષ જ્ઞાન.

૩. સ્ત્રી. ઈશ્વર અને જીવાત્માને એક જ માનવા એવું અભેદ જ્ઞાન.

૪. સ્ત્રી. ઓળખ; પિછાણ.

૫. સ્ત્રી. (વેદાંત) સંસ્કાર અને ઇંદ્રિય સન્નિકર્ષ બંનેથી થયેલું જ્ઞાન. સ્મૃતિની પેઠે આ જ્ઞાન પણ ભાવનાજન્ય સંસ્કારથી જન્ય છે. સ્મૃતિ જ્ઞાન તો કેવળ ભાવના નામે સંસ્કાર માત્રથી જન્ય છે, ચક્ષુ આદિક ઇંદ્રિયોથી જન્ય નથી. પણ પ્રત્યભિજ્ઞા જ્ઞાન તો સંસ્કારની સાથે ચક્ષુ આદિક ઇંદ્રિયોથી જન્ય છે, એટલો સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞામાં તફાવત છે.

૬. સ્ત્રી. સ્મરણશક્તિની મદદથી ઊપજતું જ્ઞાન; સદ્ય વસ્તુને દેખીને પહેલાં દેખેલી વસ્તુનું સ્મરણ થઈ આવવું તે. આજે જોયેલી વસ્તુને જ્યારે બે દિવસ પછી જોઈએ કીએ ત્યારે આપણે કહીએ કીએ કે, આ તે જ વસ્તુ છે કે જે મેં બે દિવસ પહેલાં જોઈ હતી. એવું જે જ્ઞાન થાય છે તેને પ્રત્યભિજ્ઞા કહે છે. જો વસ્તુઓ ક્ષણિક હોય તો પ્રત્યભિજ્ઞા થઈ શકે નહિ. સ્થિર વસ્તુમાં જ પ્રત્યભિજ્ઞા થઈ શકે છે. પ્રત્યભિજ્ઞારૂપ હેતુથી ક્ષણિકવાદનું ખંડન થાય છે અને સ્થિરતાવાદની સિદ્ધિ થાય છે.

પ્રત્યભિજ્ઞાત [સં.] વિ. ઓળખાયેલું.

પ્રત્યભિજ્ઞાત્મક [સં.] વિ પ્રત્યભિજ્ઞાવાળું.

પ્રત્યભિજ્ઞાદર્શન [સ.] ન. માહેશ્વર સંપ્રદાયનું એક દર્શન. તેમાં કેવળ મહેશ્વરને આખા જગતનું કારણ માનેલ છે અને કહેલ છે કે જેમ ઋષિ વગેરે ઔસર્ગિક વિના માનસપુત્ર ઉત્પન્ન કરે છે તે પ્રમાણે મહાદેવ કેવળ જડ જગતની કોઈ વસ્તુની સહાયતા વગર કેવળ પોતાની ઇચ્છાથી જગત નિર્માણ કરે છે. જેમ જાદુગરી જાતજાતનાં રૂપ ધારણ કરે છે, તેમ મહેશ્વર પણ સ્થાવર જંગમ આદિનાં રૂપ ધારણ કરે છે અને આ પ્રમાણે આખું જગત ઈશ્વરાત્મક છે. મહેશ્વર જ્ઞાતા અને જ્ઞાનસ્વરૂપ છે. આ દર્શન પ્રમાણે મુક્તિ મેળવવા માટે પૂજાપાઠ તથા જપ તપ વગેરેની કાંઈ આવશ્યકતા નથી. માત્ર ઈશ્વર અને જીવાત્મા એક છે એવી માત્ર પ્રત્યભિજ્ઞા એટલે આવા જ્ઞાનની જરૂર છે. આવી પ્રત્યભિજ્ઞા થતા મુક્તિ મળવાનું માનવામાં આવેલ છે.

પ્રત્યભિજ્ઞાન ૧. [સં.] ન. આત્મબોધ; નિજબોધ, અંતર્બોધ.

૨. ન. એક પ્રકારનું પ્રત્યક્ષ જ્ઞાન; પ્રત્યભિજ્ઞા; અમુક વસ્તુને પ્રથમ જોયા પછી તેને તે જ રૂપે ઓળખવી તે; સ્મૃતિની મદદથી થતું જ્ઞાન. સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે, આ તે જ પુરુષ છે કે જેને કાલે જોયો હતો. પ્રત્યભિજ્ઞાનના એકતા પ્રત્યભિજ્ઞાન, સાદૃશ્ય પ્રત્યભિજ્ઞાન આદિ અનેક ભેદ છે.

૩. ન. ઓળખવું તે; સંજ્ઞા.

૪. ન. ઓળખાણની નિશાની; અભિજ્ઞાન.

૫. ન. પિછાણ; ઓળખ.

૬. ન પૂર્વમાં અનુભવેલી અને વર્તમાનમાં અનુભવાતી વસ્તુની એકતાનું અનુસંધાન. જો બધી વસ્તુઓ ક્ષણિક માત્ર હોય તો પ્રત્યેક ક્ષણમાં નવી નવી વસ્તુ ઉત્પન્ન થતી તથા નષ્ટ થવાને લીધે તેમ જ એનો કોઈ સ્થાયી આધાર ન હોવાને લીધે એ ક્ષણિક પરિણામપરંપરામાં સમગ્રતાવિષયનો અનુભવ કયારે પણ ન થાય, અર્થાત્ પહેલાં કોઈ વાર જોયેલ વસ્તુને ફરીથી જોતા જે આ તે જ વસ્તુ છે એવું પ્રત્યભિજ્ઞાન થાય છે તે કોઈ પણ રીતે ન થાય.

પ્રત્યભિનંદન [સં.] ન. અભિનંદનની વસ્તુ કે વાતથી સામેથી રાજી થવું તે કે તે બતાવવા કાંઈ આપવું તે.

પ્રત્યભિયોગ ૧. [સં.] પું. ઊલટ દાવો; સામો દાવો

૨. પું. પ્રતિવાદીની વિરુદ્ધ ફરિયાદ; વાદી વિરુદ્ધ માંડેલો દાવો.

પ્રત્યાભિયોગી [સં. પ્રત્યભિયોગિન્] વિ. સામો દોષ મઢવે એવું.

પ્રત્યભિવાદ ૧. [સં.] પું. વંદન કરનારને સામેથી આશીર્વાદ વગેરે કહેવો તે.

૨. પું. શિષ્યે નમસ્કાર કર્યા પછી ગુરુએ અપાતા આશીર્વાદ.

પ્રત્યભિવાદન જુઓ પ્રત્યભિવાદ.

પ્રત્યમિત્ર ૧. [સં.] પું. દુશ્મનનું દુશ્મન; શત્રુ.

૨. પું. પડોશનો દુશ્મન; સીમાડાનો પ્રતિપક્ષી.

૩. પું. પ્રથમ મિત્ર થઈ પછી થયેલ દુશ્મન.

પ્રત્યય ૧. [સં.] પું. અનુબંધ.

૨. પું. અનુભવજન્ય જ્ઞાન; અનુભવજ્ઞાન; અસર. આપણા તેમ જ પાશ્ચાત્ય વિદ્વાનોનો એક અભિપ્રાય છે કે, અમૂર્ત દ્રવ્યના સંસ્કારોથી થતા પ્રત્યય સ્વપ્નાંરૂપે રહે છે.

૩ પું. અર્થબોધ

૪. પું. આચાર; વર્તન; વ્યવસ્થિતપણું.

૫. પું. આવશ્યકતા; જરૂર

૬. પું. (જૈન) આસ્રવ; કર્મબંધનું કારણ

૭. પું. ઉપલબ્ધિ; વેદના; દર્શન.

૮. પું. કારણ; હેતુ; સબબ; નિમિત્ત

૯. પું. કીર્તિ; ખ્યાતિ; પ્રસિદ્ધિ.

૧૦. પું. (વેદાંત) કોઈ શબ્દના અર્થ સાથે સંબંધ પામીને જે પોતાનો ખાસ અર્થ જણાવે, પણ તેમ કરવામાં તે મૂળ શબ્દની અપેક્ષા રાખે અને તે મૂળ શબ્દ પૂરા થયા પછી તેની સાથે જોડવાનું જેનું વિધાન કરાયું હોય તે પ્રત્યય. ગુજરાતીમાં નકામા વિભક્તિના પ્રત્યયો એક ઉપર એક વાપરવાનો બધે પ્રચાર છે. જેમકે, દહાડાથી, ઝાડેથી, છોકરામાં, છોકરાનામાં.

૧૧. પું. અભાવ; વિચાર; ભાવના.

૧૨. પું. (જૈન) ચિત્તનો વિષય સાથેનો સંબંધ.

૧૩. પું. ચિહ્ન; લક્ષણ.

૧૪. પું. છંદનો એક ભેદ તથા તેની સંખ્યા જાણવાની રીત. છંદશાસ્ત્રમાં ૯ પ્રકાર છે: (૧) પ્રસ્તાર, (૨) સૂચી, (૩) પતાકા, (૪) ઉદ્દિષ્ટ, (૫) નષ્ટ, (૬) મેરુ, (૭) ખંડમેરુ, (૮) પતાકા અને (૯) મર્કટી.

૧૫. પું. જિદ.

૧૬. પું. જ્ઞાન; સંવેદના; સમજ.

૧૭. પું. ખ્યાલ ધરવું તે.

૧૮. પું. નિર્ણય; ખાતરી; નિશ્ચય; પ્રમાણપૂર્વક નિશ્ચય.

૧૯. [સં. પ્રતિ (તરફ) + અય (જનાર)] પું. (વ્યાકરણ) પ્રકૃતિને છેડે આવીને તેના અર્થમાં ફેરફાર પાડનાર એક અથવા વધારે અક્ષર; રૂપે કે સાધિત શબ્દો બનાવવા શબ્દને અંતે લગાડવામાં આવતા અક્ષર; અંત્યાક્ષર; નામ અને ક્રિયાપદને અંતે આવી તેના અર્થમાં ફેરફાર કરે તે અક્ષર અથવા અક્ષરો. પ્રત્યય બે જાતના છે: કૃત્ અને તદ્ધિતઃ (૧) તદ્ધિત પ્રત્યયઃ—અ, ઇ, ઐય, ય, ઇમ, મ, તા, ઈક, અક, ઈય, ત્વ, ઇન, મય, ઐષ, ત્ય, ઇમન્, તર, તમ, ઈયસ, ઇષ્ઠ, મત્, વત્, ઇન્, ઇન, વિન્, આલુ, વલ, લ, વ, મુ, ઇલ, ર, ન, ઉર, ર, મ, આલ, આટ, આમિન્, ક, ઈમસ, કલ્પ, પ્રાગ્, ઇત, માત્ર, ષેય, ક, તસ્, દા, ત, થા, ધા, શ', અદ્ય, તીય, તમ, તય, કાલ, કઠ, લક, તન, આર્હ, આસ—ક, પચ્—પાક્, ય, મ, આલુ—આક્, પો, વટ, આટ, આઢો, ઓટી, મન્ત, વન્ત, ગાળો—વાળો, કું. લો—લી—લું, ચા, નાક, ગી, તી, ગીન, કાર, મંડ, વર, વાર, ચી. (૨) કૃત્ પ્રત્યયઃ—ત્વ, અક, અન, ઇન્, અ, તિ, આના, અની, યા, આ, ન, ત્ર, માન, અત્, ત, તવ્ય, ૨, ઇ, અનીય, ક્ત, ઇષ્ણુ, આલુ, વર, ઉ, ઉર, ઇર, ઇલ, મ, અનિ, ઇસ, મિ, અણ્, અણી, આક્, અત, તી, આર્હ, આવ, આનટ, આટ, આણુ, આપ, આમણ્, ઉક, અક, તર, આળ, નાર, કાર, આઉ, આળ.

૨૦. પું. પ્રતિજ્ઞા; સોગંદ; શપથ.

૨૧. પું. પ્રમાણ; સાબિતી.

૨૨. પું. શુદ્ધિ.

૨૩. પું. બોધ

૨૪. પું. વસ્તુ.

૨૫ પું. વિશ્વાસ; ભરોસો; પ્રતીતિ; ખાતરી.

૨૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ; વિષ્ણુ. બાલની માફક અમાલા હોવા છતાં પણ ભાવિક ભક્તજનોને પ્રત્યક્ષ થનારા અને દર્શન દેનારા છે, ધાતુના શબ્દોને પ્રત્યય લગાડવાથી જેમ અર્થનો સાક્ષાત્કાર થાય છે, તેવા પ્રત્યયરૂપે તે છે અર્થાત્ ભક્તિ દ્વારા માત્ર થાય એવા છે, તેથી વિષ્ણુ પ્રત્યય કહેવાય છે.

૨૭ પું. વૃત્તિ; ભાવ; મનોભાવ.

૨૮. પું. વ્યાખ્યા.

૨૯. પું. શિવના હજાર માંહેનું એક નામ.

૩૦. પું. સહાયક; મદદગાર.

૩૧. પું. સંમતિ.

૩૨. પું. સ્વાદ.

૩૩. વિ. અધીન; નમ્ર.

૩૪ વિ. સ્વાદિષ્ટ; સ્વાદુ; સ્વાદેન્દ્રિયને પ્રિય.

૩૫. વિ. સ્વાધીન.

પ્રત્યયકારણ [સં.] ન. માનવાનું કારણ.

પ્રત્યયકારિણી [સં.] સ્ત્રી. ખાતરી કરાવનારી મહોર, સિક્કો કે મુદ્રા.

પ્રત્યયકારી ૧. [સં. પ્રત્યયકારિન્] વિ. પ્રબોધક; સંસ્કારક.
૨. વિ. વિશ્વાસકારક.

પ્રત્યયન ન. અવધારણ.

પ્રત્યયપત્ર ૧. [સં.] પું. નિશાની; આંતરપત્ર; 'ઍડ્રિસ્લિટ'.
૨. પું. બલામણનો કાગળ.

પ્રત્યયમુક્ત [સં.] વિ. પ્રતિજ્ઞામુક્ત; વચન ઉપરથી છૂટા રહેવા દીધેલું.

પ્રત્યયરહિતા ૧. [સં.] સ્ત્રી. ચાર ભાંતની એક પ્રકારની ભાષા. આ પ્રકારની ભાષામાં પૂર્વજ કે પ્રત્યય નથી, તેમ જ જુદા જુદા પદચ્છેદ માટે જુદાં જુદાં પદ નથી. એકનું એક પદ જ સ્થાન પ્રમાણે નામ, વિશેષણ, ક્રિયાપદ વગેરે બને છે. ધાતુઓ જ કોઈ પણ ફેરફાર વિના પદ તરીકે વપરાય છે. બધા શબ્દો એકસ્વરી છે. શબ્દને પ્રત્યય લાગતા નથી અને તેનાં વાક્ય બને છે ત્યારે એક જ શબ્દ વાક્યમાં સ્થળ પ્રમાણે નામ, ક્રિયાપદ કે વિશેષણ તરીકે વપરાય છે. આ કારણથી એ પ્રકારની ભાષા પ્રત્યયરહિતા, એકસ્વરી કે ક્રમાનુસારિણી કહેવાય છે. ચીની ભાષા એવી છે.
૨. વિ. સ્ત્રી. જેમાં પ્રત્યય કે પૂર્વજ ન હોય એવી. ભાષા માટે વપરાય છે.
૩. વિ સ્ત્રી. વિશ્વાસ વિનાની.

પ્રત્યયલુપ્તા ૧. [સં.] સ્ત્રી. ચાર ભાંતની એક પ્રકારની ભાષા. ભાષાના ચોથા વિકાસક્રમમાં નિપાતો પ્રત્યયો તરીકે ઓળખાતા પણ નથી. આથી શબ્દ પ્રથમ ક્રમમાં હોય છે તેમ પ્રત્યયરહિત દેખાય છે અને પ્રત્યયની ગરજ સારવા નવીન, સાહાય્યકારક શબ્દ વાપરવા પડે છે. આ સ્થિતિને પ્રત્યયલુપ્તા કે વિભાગાત્મિકા કહી શકાય. અંગ્રેજી અને ફ્રેંચ ભાષા એવી છે.
૨. વિ. સ્ત્રી. જેનો પ્રત્યય કે વિભક્તિ લોપ પામ્યો હોય એવી.
૩. વિ સ્ત્રી. જેમાં પ્રત્યય લોપ પામ્યો હોય એવી. ભાષા માટે વપરાય છે.

પ્રત્યયવિદ્યા [સં.] સ્ત્રી. તર્કશાસ્ત્ર; ભાવનારાસ્ત્ર.

પ્રત્યયસત્તાવાદ પું. ભૂતતત્ત્વવિચારમાં માનવામાં.

પ્રત્યયસત્ત્વવાદ પું. સદ્દસ્તવાદ.

પ્રત્યયસર્ગ [સં.] પું. (સાંખ્ય) મહત્તત્ત્વ અથવા બુદ્ધિથી ઉત્પન્ન સૃષ્ટિ.

પ્રત્યયસહચારવાદ પું. ભાવસાહચર્યવાદ.

પ્રત્યયસાધિત [સં.] વિ. (વ્યાકરણ) પ્રત્યયોથી સધાતું. શબ્દ માટે વપરાય છે.

પ્રત્યયાત્મક [સં.] વિ. પ્રત્યયવાળું.
સંસ્કૃત જેવી પ્રત્યયાત્મક ભાષાઓમાં પદોની રચના વિશે કંઈ વિશેષ હોત નથી.
પૃષ્ઠ ભાષાવિજ્ઞાન

પ્રત્યયાત્મિકા ૧. [સં.] સ્ત્રી. ચાર ભાંતની એક પ્રકારની ભાષા. આ પ્રકારમાં ધાતુને પ્રત્યય લાગી શબ્દ બને છે, તેમ જ ધાતુઓની પૂર્વે ઉપસર્ગ આવે છે. ભાષાના આ વિકાસક્રમમાં જોડેલાં અવયવ જુદાં પડી શકતાં નથી, પરંતુ શબ્દના અંતરૂપ થઈ પ્રત્યયોની ગરજ સારે છે. આ કારણથી આવી ભાષાઓ પ્રત્યયાત્મિકા કહેવાય છે. આ વર્ગમાં ઇન્ડો–યુરોપિયન ભાષા એટલે સંસ્કૃત, ગ્રીક, લેટિન, જર્મન વગેરે અને સેમેટિક ભાષા એટલે હિબ્રૂ, અરબી વગેરે આવે છે. બધા ભાષાશાસ્ત્રીઓએ પ્રત્યયરહિતા, સમાસાત્મિકા અને પ્રત્યયાત્મિકા એ ત્રણ ઉપર દર્શાવેલી ભાષાની સ્થિતિ ભાષાના ક્રમિક વિકાસથી થઈ છે એમ માને છે. પ્રત્યયાત્મિકા સ્થિતિમાં પૂર્વની બે સ્થિતિના ચિહ્ન જોવામાં આવે છે તેમાં એકસ્વરી સ્થિતિમાં જોવામાં આવતા શબ્દસમૂહ તથા સામાસિક સ્થિતિમાં જોવામાં આવતા સમાસ માલૂમ પડે છે. બધા ઉપસર્ગ અને પ્રત્યય આરંભમાં સ્વતંત્ર શબ્દો હતા, તે સામાસિક સ્થિતિમાં શબ્દની સાથે જોડાયા અને ઉપરે પ્રત્યયાત્મિકા સ્થિતિમાં પૂર્વજ અને પ્રત્યયરૂપ થયા. જેમકે, દેવ સરખો જે પ્રત્યયરહિતા સ્થિતિ, દેવસદૃશ જે સમાસાત્મિકા સ્થિતિ અને દિવ્ય જે પ્રત્યયાત્મિકા સ્થિતિ.
૨. વિ. સ્ત્રી. જેમાં પ્રત્યય હોય એવી. ભાષા માટે વપરાય છે.
૩. વિ. સ્ત્રી. પ્રત્યય કે વિશ્વાસવાળી
૪. વિ સ્ત્રી. સયોગમય.

પ્રત્યયાય [સં.] પું. શિવજીનું એક નામ.

પ્રત્યવિક્રો ક્રિયા સ્ત્રી. (જૈન) નવાં કર્મો બનાવવાથી લાગતું પાપ.

પ્રત્યયિત ૧. [સં.] વિ. જ્ઞાત.
૨. વિ. જ્ઞાનવી.
૩. વિ. પ્રામાણિક.
૪. વિ. વિશ્વાસ પામેલ.
૫. વિ. સામે મોકલ
૬. વિ. હિતેચ્છુ.

પ્રત્યયી ૧. [સં. પ્રત્યયિન્] વિ. ખાતરીવાળું; નિશ્ચયવાળું.
૨. વિ. શ્રદ્ધાળું; વિશ્વાસ રાખતું.

પ્રત્યયોપમા [સં.] સ્ત્રી. (અલં) એક પ્રકારની ઉપમા.

પ્રત્યરા [સં.] સ્ત્રી પૈડાંના આરાઓને મજબૂત રાખવા માટેનો ખીલો

પ્રત્યરિ [સં.] પું. શત્રુ

પ્રત્યર્થ ૧. [સં.] પું. ઉત્તર; જવાબ.
૨. પું. એક પ્રકારનો પ્રતિશબ્દ.
૩. પું. વૈર; શત્રુતા.
૪. પું સ્વીકારવું નહિ તે; અંગીકાર ન કરવો તે.
૫. વિ. ઉપયોગી.

પ્રત્યર્થિક [સં.] વિ. પ્રતિપક્ષી; દુશ્મન.

પ્રત્યર્થી ૧. [સં. પ્રત્યર્થિન્] પું. પ્રતિવાદી.
૨. પું. શત્રુ; દુશ્મન.

પ્રત્યર્પક અધિકારી પું. પ્રત્યર્પણનું કામ કરનાર અમલદાર; 'એક્સ્ટ્રાડિશન ઑફિસર'.

પ્રત્યર્પણ ૧. [સં.] ન. ઉપાદરણ; 'એક્સ્ટ્રાડિશન'.
૨. ન. નિવેદન; જણાવવું તે.
૩. ન. પ્રતિદાન; લીધેલું ધન પાછું આપવું તે; મળેલું ધન ગણીને દઈ દેવું તે; દાનમાં મળેલું ધનનું પાછું દાન કરવું તે.
૪. ન. પ્રતિપાદન; પાછું આપવું તે; પાછું આપવાની ક્રિયા.

પ્રત્યર્પિત [સં.] વિ. પાછું સોંપેલ.

પ્રત્યવમર્શ ૧. [સં.] પું. ઊંડું ચિંતન.
૨. પું. પત્તો મેળવવો તે.
૩. પું. મસલત.
૪. પું. સલાહ.
૫. પું. સહેવું તે; સહન કરવું તે.
૬. પું. સારાનરસાનો વિચાર.

પ્રત્યવમર્શન જુઓ પ્રત્યવમર્શ.

પ્રત્યવર ૧. ન. અધમ કાર્ય.
૨. [સં.] વિ. અતિ અધમ; નીચ; હલકું.
૩. વિ મુશ્કેલીથી ઊગે એવું.

પ્રત્યવરપ્રતિવાદી [સં. પ્રત્યવર (હલકું) + પ્રતિવાદિન્] પું. પોતાથી કનિષ્ઠ પ્રતિવાદી.

પ્રત્યવરોહ ૧. [સં.] પું. ઊતરવું તે; અવરોહણ.
૨. પું. વૈદિક કાળનો એ નામે એક મૃત્યુ ઉત્સવ. તે માગશર માસમાં કરતો.
૩. પું. સીડી.

પ્રત્યવરોહણ ૧. [સં] ન. ઊતરવું તે.
૨. ન. તપાવેલ સમિધોનો અગ્નિમાં હોમ કરવો તે.

પ્રત્યવરોહી [સં. પ્રતિ (પાછળ) + અવરોહિન્ (જનાર)] વિ. પાછાહઠનીં; પાછળને ભાગ પડતું; 'રેટ્રોસ્પેક્ટિવ'.

પ્રત્યવસાન ૧. [સં.] ન. ભોજન; જમવું તે. ૨. વિ. ઓછામાં ઓછા દહિએ પહનાર.

પ્રત્યવસ્કંદન ૧. [સં.] કું. ચાર માંહેના એક પ્રકારનો ઉત્તર; વ્યવહારમાં એક પ્રકારનો ઉત્તર; કરેલી ફરિયાદ સાચી છે પણ અમુક કારણને લીધે તે રદ છે એવો ઉત્તર; વાદીના કથનનું ખંડન કરવા પ્રતિવાદીએ આપેલ ઉત્તર.
૨. ન. વેર.

પ્રત્યવસ્થા [સં.] સ્ત્રી. પ્રતિપક્ષરૂપે ઊભા રહેવું તે.

પ્રત્યવસ્થાતા ૧. [સં. પ્રત્યવસ્થાતૃ] કું. શત્રુ.
૨. વિ. પ્રતિપક્ષરૂપે ઊભો રહેનાર.

પ્રત્યવસ્થાન ૧. [સં.] ન. ખંડન.
૨. ન. જોતી તે સ્થિતિ.
૩. ન. પ્રતિપક્ષરૂપે ઊભા રહેવું તે.
૪. ન. શકાનું સમાધાન કરવું તે.
૫. ન. સ્મરણભ્રષ્ટ થવું કે કરવું તે.
૬. ન. સ્થપન.

પ્રત્યવસ્થાયિતા [સં. પ્રત્યવસ્થાયિતૃ] સ્ત્રી. સ્થિતિસ્થાપકતા; સંકોચવિકાસશક્તિ.

પ્રત્યવહાર ૧. [સં.] કું. યુદ્ધ માટે તૈયાર થયેલા સૈન્યોને યુદ્ધથી અટકાવવાં તે.
૨. કું. સંહાર.

પ્રત્યવાય ૧. [સં.] કું. અકર્યોન.
૨ કું ઊલટી ચર્તણૂક; વિરુદ્ધ આચરણ.
૩. કું ગુનો; આક્ષેપ.
૪. કું. જુમ્મેદારી; જવાબદારી; જોખમ.
૫. કું જે નથી તેનું નહિ ઉત્પન્ન થવું અને જે છે તેનું ન રહી જવું તે.
૬. કું ત્રિદોષાન.
૭. કું નિવારણ, અટકાવ; અડચણ; બાધો; કરકત, પ્રતિબન્ધ, બાધ; વિઘ્નતા.
૮. કું પાપ, દોષ, ક્ષતિ.
૯. કું ખરે પરિવર્તન.
૧૦ કું. વિઘ્ન, અંતરાય; નકતર.
૧૧ કું ગ્રન્થોમાં બતાવેલ નિત્યકર્મ ન કરવાથી થતું પાપ.
૧૨. કું. હાનિ; ગેરલાભ.
૧૩. ન. જૈન દાનાદિક કર્મોનાં અંગોના ન્યૂનાધિકતારૂપ વૈગુણ્યને લીધે કરેલું જે તે કર્મનું વૈગુણ્ય

પ્રત્યવાયજનકતા [સં.] સ્ત્રી. પાપજનકતા.

અધિષ્ઠાન રેત રહિત ન હોવથી તેને પ્રત્યવાય અનવકાશ (પાપજનકતા) થી રહે છે.
પૂર્વમીમાંસાપ્રવેશિકા

પ્રત્યવાસા [સં.] સ્ત્રી. અદસ્ય થવું તે.

પ્રત્યવેક્ષક [સં.] કું. મુલાકાત લેનાર અમલદાર.

પ્રત્યવેક્ષણ ૧. [સં.] ન. નજરાનર જોવું તે; આગળપાછળનો વિચાર કરવો તે; આટલું કર્યું છે અને આટલું નથી કર્યું એમ લક્ષમાં લેવું તે; પૂર્વાપર જોઈ લેવું તે.
પ્રત્યવેક્ષણ કર્યા વિના જ કોઈ વસ્તુને કબાંધ પણ મૂકી દેવી એ અપ્રત્યવેક્ષિત નિક્ષેપ છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. ન. સંભાળ રાખવી તે.

પ્રત્યવેક્ષા જુઓ પ્રત્યવેક્ષણ.

પ્રત્યશ્મા [સં. પ્રત્યશ્મન્] કું. રાતી ભડી; ગેરુ.

પ્રત્યષ્ઠીલા [સં.] સ્ત્રી. (વૈદક) એક પ્રકારનો વાયુ રોગ; પેડુ ઉપર બંધાતી એક મોટી ગાંઠ. સુશ્રુત કહે છે કે, તેમાં નાભિની નીચે પેડુમાં એક ગાંઠ થઈ આવે છે અને તેમાં પીડા થાય છે. જો ગાંઠમાં પીડા ન થાય તો તેને વાતષ્ઠીલા કહે છે. ગાંઠ મળમૂત્રનાં દ્વાર રોકી દે છે, તેથી રોગીને ઝાડો પેશાબ ઊતરતાં નથી.

પ્રત્યસ્ત ૧. [સં.] વિ. લગેલું; જોડેલ.
૨. વિ. સામે ફેંકેલ.

પ્રત્યહન્ [સં.] ન. પ્રતિદિન; રોજેરોજ; દરરોજ.

પ્રત્યહ્નમ્ [સં.] અ. દરરોજ; હમેશા.

પ્રત્યહ્નઃ [સં. પ્રતિ (દરેક) + અહન્ (દિવસ)] અ. હમેશા; દરરોજ.

પ્રત્યહ્ના જુઓ પ્રત્યહ્નઃ.

પ્રત્યંકુર કું. કુમળો અંકુર.
ફૂલની અંદરથી જે બીજ નીકળે છે તે પરિપક્વ થયેલું હોય છે. તેની અંદર જર્ભ કે પ્રત્યંકુર હોય છે.
વનસ્પતિશાસ્ત્ર

પ્રત્યંગ ૧. [સં.] કું. અવયવનું અવયવ; શરીરનું ગૌણ અંગ; કપાળ, કાન, નેત્ર, નખ વગેરે શરીરનાં ઉપાંગ.
અંગ અને પ્રત્યંગના ભાગથી જેમ પાંચ પુરુષો જણાય છે.
પુરાતત્ત્વ
૨. કું. ત્વગેન્દ્રિય.
૩ કું. (સંગીત) તાલનું એક અંગ; આલી નિઃશબ્દ ક્રિયા. તેના ચાર પ્રકાર છે: આઘાત, નિષ્પ્રમ, વિક્ષેપ અને પ્રવેશક.
૪. ન. દરેક અંગ.
૫. અ. શરીર ઉપર કે શરીરના દરેક ભાગ ઉપર; અંગે અંગે; પ્રત્યેક અંગે.

પ્રત્યંગમુખ [સં.] વિ. પશ્ચિમ તરફ મોઢાવાળું.

પ્રત્યંગિરસ [સં. પ્રત્યંગિરસ્] કું. અથર્વવેદનો તે નામે એક ઋષિ.

પ્રત્યંગિરા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક કુળદેવી.
સાગ્નેય આત્મજની કુલદેવી પ્રત્યંગિરા તે જોમપુરમાં સ્તંભપુર કે સાચોર ગામે છે.
ગુજરાત સર્વસંગ્રહ
૨. સ્ત્રી. તાંત્રિકોની એ નામની એક દેવી.
૩- [સં. પ્રત્યંગિરસ્] કું. (પુરાણ) ચાક્ષુષ મન્વન્તરના અંગિરસનો પુત્ર એક ઋષિ.
૪. સ્ત્રી. સિરસનું ઝાડ.

પ્રત્યંચા સ્ત્રી. ધનુષ્યની દોરી; પણછ; કામઠાની દોરી; જ્યા.
જ્યા (પણછ અથવા પ્રત્યંચા) અને બાણ બે જેનો સહવાસ કરી તે સહવાસનો અર્થ ભાગ કરવો.
રાજવલ્લભ

પ્રત્યંજન [સં.] ન. ચોક્ખ અંજન; આંજણ.

પ્રત્યંત ૧. [સં.] કું. એ નામે એક પ્લેચ્છ દેશ.
૨ વિ. અત્યંત નીચ; અંતજ.
૩. વિ. અનંત.
૪. વિ. નજીકનું; પાસેનું; સમીપનું.
૫. વિ. સન્નિકૃષ્ટ.
૬. વિ. સંલગ્ન.
૭. વિ. હદ ઉપર આવેલું.

પ્રત્યંતગિરિ [સં.] કું. મોટા પર્વતની પાસેનો પર્વત; પ્રત્યંતપર્વત.

પ્રત્યંતજ્ઞ જુઓ વૈકલિપક.

પ્રત્યંતપર્વત [સં.] કું. મોટા પર્વતની પાસેનો કુંજર; પ્રત્યંતગિરિ.

પ્રત્યંતર ૧. [સં.] કું. આસપાસનો સંબંધ.
૨. વિ. ક્રમમાં પછીનું.
૩. વિ. પાસેનું; સમીપનું.

પ્રત્યંતવાસી [સં. પ્રત્યંતવાસિન્] વિ. પ્લેચ્છ દેશમાં રહેનાર.

પ્રત્યંમુખ [સં. પ્રત્યઙ્મુખ] વિ. પશ્ચિમ તરફ મુખવાળું.

પ્રત્યંમુખતા [સં. પ્રત્યઙ્મુખતા] સ્ત્રી. પશ્ચિમ તરફ મુખ રાખવાપણું.

પ્રત્યાકર્ષક [સં.] વિ. સામું ખેંચાણ કરનાર.

પ્રત્યાકર્ષણ [સં.] ન. સામું ખેંચાણ; સામેની બાજુનું ખેંચાણ.
આકર્ષણ પ્રત્યાકર્ષણ ગુરુત્વાકર્ષણ વગેરે નિયમો દ્વારા દેહનું જગત બંધાયેલું છે.
પ્રકાશ

પ્રત્યાકાર [સં.] પું. તરવારનું મ્યાન.

પ્રત્યાખ્યાત ૧. [સં.] વિ. અસ્વીકૃત. અંગીકાર નહિ કરેલ; સ્વીકારેલું નહિ તેવું.
૨. વિ. તિરસ્કાર કરેલ.
૩. વિ. નિગ્રહરણ કરેલ.
૪. વિ. (જૈન) પચ્ચખાણ કરેલ; ત્યાગ કરેલ.

પ્રત્યાખ્યાતસેવના [સં.] સ્ત્રી. (જૈન) ત્યાગ કરેલી વસ્તુનું સેવન કરવું કે ખાવી તે.

પ્રત્યાખ્યાન ૧. [સં.] ન. અસ્વીકાર; ઇન્કાર; પરિત્યાગ.
પ્રત્યાખ્યાન કરવું = પાછું ઠેલવું; કબૂલ ન કરવું.
૨. ન. (જૈન) આવશ્યક પૈકી છઠ્ઠું આવશ્યક.
૩. ન. ઉપેક્ષા.
૪. ન. (જૈન) કોઈ પણ વસ્તુનો નિયમપૂર્વક ત્યાગ; અમુક વસ્તુ લાંબી ચિત્ત ન કરવું તે; બંધી; અગ્રહ; પાપના ત્યાગની પ્રતિજ્ઞા; પચ્ચખાણ; ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ પ્રત્યાખ્યાન ન હોય તો પાપનાં દ્વાર ખુલ્લાં હોવાથી કર્મ પ્રવેશ કરે છે.
૫. ન. ખંડન.
૬. ન. કપડો; ઢોર; બહેલું.
૭. ન. તિરસ્કાર.
૮. ન. દૂર કરવું તે; રદ કરવું તે.
૯. ન. નિગ્રહરણ; નિરાકૃતિ.
૧૦. ન. નિષેધ; ના પાડવી તે.
૧૧. ન. (જૈન) પચ્ચખાણ સંબંધી કહીકતવાળો નવમો પૂર્વ.
૧૨. ન. જોતુષીનો ત્યાગ.
૧૩. ન. (જૈન) શ્રાવકનું છઠ્ઠું વ્રત.
૧૪. ન. સંકલ્પ; નિયમ.
૧૫. ન. સામું બોલવું કરવું તે.

પ્રત્યાખ્યાનપ્રવાદ [સં.] પું. (જૈન) પ્રત્યાખ્યાનના અધિકારવાળો બીજો મહિનો નવમો પૂર્વ.

પ્રત્યાખ્યાનાવરણ [સં.] પું. (જૈન) જેની અસર બબારેમાં બબારે બાર મહિના સુધી રહે અને જે સર્વવિરતિપણું પ્રાપ્ત થવા દે નહિ તે બાતનો કષાય; બાર મહિના ત્રીજા પ્રકારનો કષાય; આત્માના સકલ ચારિત્રને બાધે તે બાતનો કષાય.
ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રત્યેક અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનપણે ચાર ચાર પ્રકારના હોઈ એ સોળ કષાય ચારિત્ર મોહનીયના છે. તત્વાર્થસૂત્ર

પ્રત્યાખ્યાનાવરણીય [સં.] વિ. (જૈન) દેશવિરતિ નહિ રોકતાં સર્વ વિરતિને રોકનારું.

પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ [સં.] પું. (જૈન) જે ક્રોધનો વિપાક દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે તે બાતનો ક્રોધ.

પ્રત્યાખ્યાનાવરણીય માન [સં.] ન. (જૈન) જે સર્વ દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે તે બાતનું માન.

પ્રત્યાખ્યાનાવરણીય માયા [સં.] સ્ત્રી. (જૈન) જે કપટ દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે તે બાતનું કપટ.

પ્રત્યાખ્યાનાવરણીય લોભ [સં.] પું. (જૈન) જે લોભ દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે તેવો લોભ.

પ્રત્યાખ્યાની ૧. [સં.] સ્ત્રી. નિષેધ કરનારી ભાષા.
૨. વિ. ત્યાગી; પચ્ચખાણ કરનાર.

પ્રત્યાખ્યાપન ૧. ન. અભાવ.
૨. [સં] ન. ઇન્કાર; કહેલું પાછું ખેંચવું તે.
૩. ન. પાપના ત્યાગની પ્રતિજ્ઞા.
૪. ન. (જૈન) શ્રાવકોનું છઠ્ઠું વ્રત.

પ્રત્યાખ્યાયી [સં પ્રત્યાખ્યાયિન્] વિ. ત્યાગી; પચ્ચખાણ કરનાર.

પ્રત્યાખ્યેય ૧. [સં.] વિ ખંડન કરવા યોગ્ય.
૨. વિ. તિરસ્કાર કરવા યોગ્ય; રદ કરવા જેવું.
૩. વિ. ના કહેવા યોગ્ય.

પ્રત્યાગત ૧. [સં.] પું. જોઈ પ્રકારનો પેતરો.
૨ પું. કુસ્તીનો જોઈ દાવ.
૩. વિ. પાછું આવેલ; ફરી આવેલ; પુનરાગત.
૪. વિ. સામે આવેલ.

પ્રત્યાગતાસુ [સં.] વિ. ફરીથી જીવતો બનેલ.

પ્રત્યાગતિ ૧. [સં.] સ્ત્રી. પાછા આવવું તે; ફરી આવવું તે.
૨. સ્ત્રી. (જૈન) સાધુએ ભિક્ષા લેવા જતાં જોઈ ઘરનાં ઘરોથી ભિક્ષા લઈ બળતાં સામે ને ઘરનાં ઘરોની ભિક્ષા લેવી તે.
૩. સ્ત્રી. સામે આવવું તે.

પ્રત્યાગમ ૧. [સં. પ્રતિ + આગમ (આવવું તે)] પું. પ્રતિગમન; પાછું ફરવું તે; પાછા આવવું તે.
૨. પું. (વ્યાકરણ) પ્રત્યય; પશ્ચાચ્ચિહ્ન.
૩. પું. સામે આવવું તે.

પ્રત્યાગમન ૧. [સં. પ્રતિ + આગમન (આવવું તે)] ન પાછું ફરવું તે; પાછા આવવું તે.
૨. ન. બીજી વાર આવવું તે.
૩. પું. સામે આવવું તે.

પ્રત્યાગાર ૧. [સં.] ન. પ્રથમનું નિવાસસ્થળ.
૨. ન ઘેર ઘેર; પ્રત્યેક ઘેર.

પ્રત્યાઘાત ૧. [સં.] પું. ટક્કર.
૨. પું. પડઘો; પડછંદો; પ્રતિધ્વનિ.
૩. પું. પાછો ઠેલો; વળતું જોર; સામો ધક્કો કે આઘાત; ધક્કો મારતાંની સાથે જ સામો લાગતો આંચકો; સામુ જોર; 'રીએક્શન.'
૪. પું. સામો જવાબ; પ્રત્યુત્તર.

પ્રત્યાઘાતબુદ્ધિ [સં.] સ્ત્રી. સામે ટક્કર ઝીલવાનો વિચાર.

પ્રત્યાઘાતી ૧. [સં. પ્રત્યાઘાતિન્] વિ. પરાવર્તિત; પગવર્તી.
૨. વિ. પ્રત્યાઘાત કરનાર; સામું બનાવું.

પ્રત્યાજ્ઞા [સં.] સ્ત્રી. સામસામું હુકમનામું.

પ્રત્યાત્મા [સં પ્રતિ (દરેક) + આત્મન્ (આત્મા)] પું. દરેક આત્મા; દરેક વ્યક્તિ.

પ્રત્યાદર્શ [સં.] પું. છબી; ફોટો; પ્રતિમા.

પ્રત્યાદાન [સં. પ્રતિ (પાછું) + આદાન (લેવું તે)] ન. પાછું લેવું તે.

પ્રત્યાદિત્ય જુઓ પ્રતિસૂર્ય.

પ્રત્યાદિષ્ટ ૧. [સં.] વિ. આજ્ઞાસવાણી વગેરેથી સૂચવેલું.
૨. વિ આજ્ઞા કરેલ.
૩. વિ. ખંડન કરેલ.
૪ વિ. છતેલ.
૫. વિ દૂર કરેલ; તિરસ્કારેલ.
૬ વિ નિરસ્ત; કાઢી મૂકેલું.
૭ વિ નિરાકરણ કરેલ.
૮. વિ. પૂર્વે સાવધ કરેલું.
૯. વિ. સૂચવેલ; જણાવેલ.

પ્રત્યાદેય [સં] પું. પાછે વાળવો પડે તેવો લાભ. કોટિલ્યે આને ખરાબ કહ્યો છે, ફક્ત અમુક ખાસ સ્થિતિમાં તેને સારો બતાવેલો છે.

પ્રત્યાદેશ ૧. (સં.] પું. ઊલટ હુકમ; આગળનો હુકમ પાછો ફેરવવાનો હુકમ; મનાઈ હુકમ.
૨. પું (અલં) જે નામે જોઈ અલંકાર, કોઈ નિમિત્તથી સ્થિતિની અથવા સ્થાપિતની અથવા નિયતની નિવૃત્તિ અને પ્રવૃત્તિ એ પ્રત્યાદેશ અલંકાર છે
૩. પું. ખંડન
૪ પુ જાહેરાત; જાહેરનામું.
૫. પું. કપડો
૬. પું. તિરસ્કાર.
૭ પુ. દૂર કરવું તે
૮. પુ. કેદી આજ્ઞા. ઉંચેરી ફરમાન; આજ્ઞાવણી.

૯. પું. નાપસંદ કરવું તે; રદ કરવું તે.
૧૦. પું. નિરાકરણ.
૧૧. પું. પ્રતિસ્પર્ધા.
૧૨. પું. સાવધ કરવું તે.
૧૩. પું. સૂચના; જણાવવું તે.
૧૪. પું. ઠરાવવું તે.
૧૫. પું. ઠરીઠ.
૧૬. પું. હુકમ; આજ્ઞા.

પ્રત્યાધાન ૧. [સં.] ન. દ્વિતીય આધાન.
૨. ન. મસ્તક.
૩. ન. સંતાનોત્પત્તિ અટકાવવી તે.

પ્રત્યાધ્માન [સં.] પું. (વૈદક) એ નામે એક જાતનો વાયુરોગ. તેમાં પેટ ફૂલે અને નાભિ ઉપર કંઈક પીડા થાય.

પ્રત્યાનયન ૧. [સં. પ્રતિ (પાછું) + આનયન (લાવવું તે)] પું. આઘાત, ચોટ અથવા અસ્થિભંગને લીધે અણી ગયેલ હાડકાને તેની જગ્યાએ બેસાડવું તે.
૨. ન. પાછું આણવું તે; ફરી આણવું તે; પુનઃ સ્થાપના.
૩. ન. પાછું આવવું તે.
૪. ન. મૂળ સ્થિતિમાં પાછું લાવવું તે.
૫. ન. સામેથી આણવું તે.

પ્રત્યાનાહ પું. (વૈદક) આફરાનો એક પ્રકાર.

પ્રત્યાનીત ૧. [સં.] વિ. પાછું આણેલ; ફરી આણેલ.
૨. વિ. સામે આણેલ.

પ્રત્યાપત્તિ ૧. [સં.] સ્ત્રી. પાછા આવવું તે; ફરી આવવું તે.
૨. સ્ત્રી. વૈરાગ્ય.

પ્રત્યાપરાહ્ણ [સં] પું. મધ્યાહ્ન પછીનો સમય; બીજો પહોર.

પ્રત્યાપીડ (પ્રતાપીડ) પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ણનો છે. તેના પહેલા પાદમાં ૨ ગુરુ અને ૬ લઘુ મળી ૮ વર્ણ, બીજા પાદમાં ૨ ગુરુ અને ૧૦ લઘુ મળી ૧૨ વર્ણ, ત્રીજા પાદમાં ૨ ગુરુ અને ૧૪ લઘુ મળી ૧૬ વર્ણ અને ચોથા પાદમાં ૨ ગુરુ અને ૧૮ લઘુ મળી ૨૦ વર્ણ આવે છે.

પ્રત્યાભ્યાસ [સં.] પું. નિગમન; પ્રત્યુચ્ચારણ.

પ્રત્યામ્નાય ૧. [સં.] પું. (વેદાંત) પ્રતિજ્ઞા ફરી ફરી બતાવવી તે.
૨. પું. (વેદાંત) પ્રતિનિધિ તરીકે જે પદાર્થનું વિધાન કર્યું હોય તે પદાર્થ.
૩. પું. પ્રતિનિધિપણાએ કરવા યોગ્ય પ્રાયશ્ચિત્ત વગેરે કર્મ.
૪. પું. વિરુદ્ધ નિર્દેશ.
૫. પું. (ન્યાય) સપૂર્ણ અવયવોથી યુક્ત વાક્યોમાંનું ચોથું પદ.
૬. વિ. પ્રતિનિધિરૂપે કરાતું.

પ્રત્યાય ૧. [સં.] પું. ઝર; વેરો.
૨. પું. મહેસૂલ.

પ્રત્યાયક ૧. [સં.] વિ. જણાવનાર; સમજાવનાર; બોધ આપનાર.
૨. વિ. બોધક.
૩. વિ. વિશ્વાસકારક.

પ્રત્યાયન ૧. [સં.] ન. કબ્જો પાછો લાવવો તે; પરણવું તે.
૨. ન. ખાતરી કરી આપવી તે; વિશ્વાસ પમાડવો તે.
૩. ન. બોધ આપવો તે; સમજાવવું તે.

પ્રત્યારંભ [સં.] પું. આરંભની પાછળ આરંભ.

પ્રત્યારંભક પું પ્રતિવાદી

> વાદી (પ્રારંભ), પ્રતિવાદી (પ્રત્યારંભક) વાદી બે પ્રકારના હોય છે. પુરાતત્ત્વ

પ્રત્યારોપ ૧. [સં. પ્રતિ (સામું) + આરોપ] પું. વિવાદ; પ્રતિવાદ.
૨. પું. સામું તહોમત; સામું આળ; સામો આરોપ.

પ્રત્યારોપણ ૧. [સં.] ન. પ્રત્યારોપ કરવો તે.
૨. ન. સામેનામાં આરોપવું તે.

પ્રત્યાલિંગન [સં.] ન. સામેથી ભેટવું તે.

પ્રત્યાલીઢ ૧. [સં.] ન. ધનુર્ધારીઓની યુદ્ધવેળાની બેસવાની એક રીત; વીરાસન.
૨. વિ. ચારેલ; સ્વાહ લીધેલ.

પ્રત્યાલેખ [સં.] ન. નકશો; ચાટ; આકૃતિ.

પ્રત્યાલોચના [સં.] સ્ત્રી. સામી ટીપ.

પ્રત્યાવર્તકધારા સ્ત્રી. પરાવર્તક પ્રવાહ; 'ઓલ્ટર્નેટિંગ કરંટ'.

પ્રત્યાવર્તી [સં. પ્રત્યાવર્તિન્] વિ. વારંવાર ફરીથી આવતું; આવર્તક.

પ્રત્યાવર્તન ૧. [સં.] ન. પાછા ફરવું તે; ફરી આવવું તે; પાછું આવવું તે.
૨. ન. પ્રતિનિવારણ.
૩. ન. પ્રત્યાવર્તણ; 'રીટ્રેક્શન'.
૪. ન. સામેથી અટકાવવું તે.

પ્રત્યાવલોક [સં] પું ગતાવલોકન; સિંહાવલોકન; પશ્ચાદ્દર્શન; ભૂતાવલોકન. યોગના બે માર્ગો પતંજલિએ સ્વીકારેલા જણાય છે. તેમાં પહેલું સ્થાન એમણે અભ્યાસવૈરાગ્યોને આપેલું છે; અરણ્ય, એ યોગની સાધીન પદ્ધતિ છે. પ્રક્ષિપ્તજ્ઞાનયોગનું બે અંતે ફળ એક જ આવે, બન્ને વચ્ચે એક ભેદ રહે. અભ્યાસયોગી પોતે શું સાધે છે, શું મેળવે છે અને ક્યાં છે એ જાણે છે. એ જે કરે છે તે જ્ઞાનપૂર્વક કરે છે. પ્રક્ષિપ્તજ્ઞાન યોગીને સાધનકાળે એવી સ્પષ્ટ ભાળ નથી હોતી. છેવટ સુધી પહોંચ્યા પછી પાછળથી જાણે એ પ્રત્યાવલોક જોયો લે.

પ્રત્યાવલોકન જુઓ પ્રત્યાલોક.

પ્રત્યાવૃત્ત [સં.] વિ. પાછું ફરેલ; ફરી આવેલ; સામે અટકાવેલ.

પ્રત્યાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. ફરીને આવવું તે; પાછા ફરવું તે.
૨. સ્ત્રી. ફરીને બનવું તે પુનર્ઘટના.

પ્રત્યાશા ૧. સ્ત્રી. અગાઉથી ધારી લેવું તે; અપેક્ષિતન.
૨. સ્ત્રી. આશા; હોંસ; ઉમેદ.
૩. સ્ત્રી. નાટકમાં વસ્તુવિકાસ માટે નિર્દેશ પાત્ર માટેનું એક પ્રમાણ.
૪. [સં. પ્રતિ (સામું) + આશા] સ્ત્રી. સામે આશા રાખવી તે; પ્રત્યક્ષ; વિશ્વાસ; ભરોસો; ભાર્ગસો; સામી વાંછા.

પ્રત્યાશી ૧. [સં પ્રત્યાશિન્] વિ. આશાવાળું.
૨. [સં. પ્રતિ (ફરીથી) + આશિન્ (આનાર)] વિ. બીજી વાર આનાર.
૩ વિ. સામે આશા રાખનાર; સામી વાંછા કરનાર.

પ્રત્યાશ્રય [સં.] પું. આશ્રય લેવાનું સ્થાન.

પ્રત્યાશ્રાવણ [સં.] ન. બબ્બે પ્રત્યે અમુક કોઈ મંત્રનું અમોઘ સંભળાવવું તે.

પ્રત્યાસન ૧. [સં.] પું. યોગનાં આઠ માંહેનું એક અંગ.
૨. ન. સાંત્વન માટે આશ્વાસન આપવું તે; દિલાસો.

પ્રત્યાસક્તિ સ્ત્રી. સંબંધ.

પ્રત્યાસત્તિ ૧. [સં.] સ્ત્રી. (ન્યાય) અલૌકિક પ્રત્યક્ષજનક સંબંધ.
૨. સ્ત્રી. ઉપમા; સરખામણી.
૩. સ્ત્રી. નજીકપણું; નિકટપણું; સમીપપણું.
૪. સ્ત્રી. સંબંધમાત્ર.

પ્રત્યાસન્ન ૧. [સં. પ્રતિ + આસન્ન (જોડું)] વિ. નજીકનું; પાસેનું; દૂરનું; સમીપનું.
૨. વિ. પાસે આવેલું; નિકટ પહોંચેલું.
૩. વિ. સંગત; સંબંધ પામેલ.

પ્રત્યાહૃત ૧. સ્ત્રી. (સંગીત) સિતાર ઉપર જુદા પરદા ઉપર એક મજરાબનો આઘાત કરી ચૌદમા અથવા તેથી વધારે ઓછા પરદા સુધી આંગળી એકદમ લઈ જવી તે; ઘસીટ; ગમકનો એક ભેદ.

૨. વિ. છિન્નભિન્ન.
૩. વિ. પાછું હઠેલું.
૪. [સં. પ્રતિ + આહત (મારેલું)] વિ. સામે મારેલ; હઠાવેલ; હરાવેલ.

પ્રત્યાહરણ ૧. [સં.] ન. ઇંદ્રિયો તથા મનને વિષયથી હઠાવવી તે.
૨. ન. હરી લેવું તે.
૩. ન. હરીથી હરણ કરવું તે.
૪. ન. સામેથી મેળવું તે; પાછું ખેંચવું તે.

પ્રત્યાહરણીય [સં.] વિ. પ્રત્યાહરણ કરવા જેવું.

પ્રત્યાહાર ૧. પું. ખરું વિચારણા.
૨. [સં.] પું. ઉપાદાન.
૩. પું. કોઈ પણ બે અક્ષરોનું જોડાણ, કે જેથી કોઈ પણ વર્ગનો એક અક્ષર અને; સંક્ષેપ શબ્દ; પારિભાષિક સંજ્ઞા; સંક્ષિપ્તમાં ઘણા અક્ષર લખવાની કળા; આકરણ પ્રમાણે સૂત્રના પહેલા અને છેલ્લા અક્ષરના મેળાપથી બનેલી અમુક સંજ્ઞા.
૪. પું. પાછું ખેંચી લેવું તે; પાછું લેવું તે.
૫. પું. પીછે હઠ.
૬. પું. પ્રપંચાકાર ભાવનાનો નિરોધ કરી આત્મભાવના કરવી તે.
૭. પું. પ્રલય.
૮. પું. હરીથી લેવું તે.
૯. પું. હરીથી હરણ કરવું તે.
૧૦. પું. મનોવૃત્તિનું એકત્રીકરણ.
૧૧. પું. (યોગ) યોગનાં આઠ આંહેનું પાંચમું અંગ; ઇંદ્રિયોનું પોતપોતાના વિષયોથી નિવારણ; વિષયમાત્રમાંથી ઇંદ્રિયોને પાછી હઠાવી એક જગ્યાએ સ્થિર કરવી તે. ઇંદ્રિયો દ્વારા તેના વિષયોનો અનુભવ કરીને પછી ઇંદ્રિયોને વિષયથી જુદી પાડવી તે પ્રત્યાહાર છે.
૧૨. પું. વિષયોમાં રમનાર ઇંદ્રિયોને વિવેક વડે રોકવી તે; સંયમ; ઇંદ્રિયનિગ્રહ; ચિત્ત વગેરે ઇંદ્રિયોને વિષયમાંથી આવૃત્ત કરી સ્વરૂપમાં રાખવી તે. વિષયમાત્રથી ઇંદ્રિયને પાછી હઠાવી ચિત્તમાં જ સમાવી દેવી તે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ એ ચાર સિદ્ધ કરીને કેવળ પ્રત્યાહારપરાયણ અધિકારી પુરુષ શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેંદ્રિયોને પોતાના શબ્દાદિક વિષયોથી નિવૃત્ત કરીને સંયમરૂપ અગ્નિ વિષે હોમ કરે છે. ઇંદ્રિયોને વિષય કરી વારે, સ્થિર અંતઃકરણમાં મારે; પ્રત્યાહાર તો તે કહેવાય, એથી ઇંદ્રિને વશ ન થાય.
હરિલીલામૃત

૧૩. પું. હઠયોગની એક ક્રિયા.
હઠયોગવડે કમળકર્ણિકાસ્થિત ચંદ્રબિંબથી જે અમૃતસ્રાવ થાય છે તેને નાભિકમલસ્થિત સૂર્ય ગ્રાસ કરી લે છે. જો તે બાધાને વિપરીતક્રમથી પ્રદ્ધા કરીને સૂર્યમાં ન પડવાં પોતાના મુખમાં પાછે એ પ્રત્યાહાર કહેવાય છે. ત્રિકાલદર્શાદર્શ

પ્રત્યાહૃત ૧. [સં.] વિ. પાછું ખેંચેલ; હરી લીધેલ.
૨. વિ. રોકેલું.
૩. વિ. સામે લીધેલ.

પ્રત્યુક્ત ૧. [સં.] વિ. ઉત્તર આપેલ; સામે કહેલ.
૨. વિ. ખંડન કરેલ.
૩. વિ. નિરાકરણ કરેલ.

પ્રત્યુક્તિ ૧. [સં.] સ્ત્રી. જવાબ; ઉત્તર.
૨. સ્ત્રી. સામું બોલવું તે; સામે કહેવું તે.

પ્રત્યુચ્ચાર [સં.] પું. પુનરુક્તિ; હરી ઉચ્ચાર કરવો તે.

પ્રત્યુજ્જીવન [સં.] ન. પુનર્જીવન; હરી જીવવું તે; સજીવન થવું તે; મરણ પછી હરી જીવ આવ્યો તે.

પ્રત્યુજ્જીવિત [સં.] વિ. હરી જીવેલ; સજીવન થયેલ.

પ્રત્યુત ૧. [સં.] અ. ક્રિયા; બીજી રીતે.
૨. અ. નીકર; નહિ તો.
૩. અ. વિપરીત રીતે; ઊલટી રીતે.

પ્રત્યુત્તર ૧. પું. બાનગી બચાવ; આત્મરક્ષણ.
૨. પું. બોતેર આંહેની એક કળા.
૩. [સં. પ્રતિ (ઊલટું) + ઉત્તર (જવાબ)] પું. સામો વળતો જવાબ આપવો તે, જવાબનો જવાબ; ઉત્તરનો સામો ઉત્તર; ઉત્તર; જવાબ.
સૂણે ન બોલે પ્રભુ જેની વાણી,
છતાંય તૃપ્તિ વળી શાંતિ માણે,
પ્રત્યુત્તરે ઈચ્છિત સાવ હે છે,
નાથે પ્રભુ જેમ નજાણતો એ. બાબીનીતા

પ્રત્યુત્થાન ૧. [સં. પ્રતિ (સામું) + ઉત્થાન (ઊભા થવું તે)] ન. કોઈ આવે ત્યારે તેના માનમાં આસન ઉપરથી ઊભા થવું તે.
૨. ન. કોઈ કાર્ય માટે તૈયારી કરવી તે.
૩. ન. મહેમાનને માન આપવા ઊઠીને સામા જવું તે; મળવા સારૂ ઊઠીને સામા જવું તે.
૪. ન. સામા થવું તે; હલ્લો કરવો તે.

પ્રત્યુત્થિત ૧. [સં.] વિ. કોઈ આવે ત્યારે તેના માન માટે આસન ઉપરથી સામે ઊભું થયેલ.
૨. વિ. કોઈ કાર્ય માટે તૈયારી કરી હોય એવું.
૩. વિ. માન આપવા સામું ગયેલ; મળવા માટે સામે ગયેલ.
૪. વિ. સામું થયેલ; હલ્લો કરેલ.

પ્રત્યુત્પન્ન ૧. [સં.] પું. ગુણાકાર.
૨. વિ. ઉત્પન્ન.
૩. વિ. ઉદ્યમવાળું.
૪. વિ. ગુણેલ; ગુણાકાર કરેલ; ગુણેલું.
૫. વિ. તરત ઉત્પન્ન થયેલું; તાત્કાલિક; હાજરજવાબી; સવાલ થતાંની સાથે તેનો જવાબ જેના મનમાં ઉત્પન્ન થાય એવું; યોગ્ય સમયે તરત જ ઉત્પન્ન થયેલું.
૬. વિ. હરી ઉત્પન્ન થયેલું; ઉત્પન્ન કરેલું.
૭. વિ. વર્તમાન કાળનું; ચાલતા સમયનું.

પ્રત્યુત્પન્નકર્મિત [સં.] સ્ત્રી. એક પ્રકારનું ભરતિયું.

પ્રત્યુત્પન્નમતિ ૧. [સં.] સ્ત્રી. સમયે સ્ફુરે તેવી બુદ્ધિ; પ્રસંગ પડે ત્યારે યોગ્ય કાર્ય કરવાનું દેખાડનારી બુદ્ધિ; તરતબુદ્ધિ.
૨. વિ. તર્કબાજ; તાર્કિક શક્તિવાળું.
૩. વિ. તુરત ઉપાય સોધી કાઢે એવી બુદ્ધિવાળું; તરતબુદ્ધિવાળું; હાજરજવાબી; તત્કાળ જે યોગ્ય બુદ્ધિવાળું.
૪. વિ. પ્રતિભાવાળું.

પ્રત્યુત્પન્નમતિત્વ ૧. [સં.] ન. ક્ષણસૂઝતા.
૨. ન. હાજરજવાબીપણું.

પ્રત્યુદાહરણ [સં.] ન. પ્રતિકૂલ ઉદાહરણ; વિરુદ્ધ દાખલો; ઊલટું દૃષ્ટાંત.

પ્રત્યુદ્ગમન [સં.] ન. કોઈ આવે ત્યારે તેના માન માટે આસન ઉપરથી સામા ઊભા થવું તે; અભ્યુત્થાન; કોઈને મળવા માટે આગળ જવું તે.

પ્રત્યુદ્ગમનીય ૧. [સં.] ન. વટ કે ભોજન વખતે પ્રાચીન કાળમાં પહેરવાનું એક જાતનું કપડું.
૨ વિ. પૂજનીય; આસન ઉપરથી ઊઠી સત્કાર કરવા લાયક; પૂજ્ય.
૩. વિ. સામે જઈને કે પાસે રાખવા જોગ.

પ્રત્યુદ્ગાર [સં.] પું. (વૈદક) એ નામે એક જાતનો વાયુરોગ.

પ્રત્યુદ્ધરણ ૧. [સં.] ન. ભૂલેલું હરી મળવું તે.
૨. ન. હરીથી ઉદ્ધાર કરવો તે.
૩. ન. સામે ઉદ્ધાર કરવો તે.

પ્રત્યુદ્વાહ [સં.] પું. સામસામી કન્યા આપી વિવાહ કરવો તે.

પ્રત્યુન્નમન ૧. [સં.] ન. નીચે નમવું તે.
૨. ન. હરીથી ઊંચું કરવું તે.

પ્રત્યુપકાર ૧. [સં.] પું. અરસપરસ મદદ કરવી તે
૨ પું. ઉપકારના બદલામાં કરેલો ઉપકાર; ઉપકારની સામે ઉપકાર કરવો તે; સામો ઉપકાર; સામાવાળાનો ઉપકાર; ઉપકારના બદલામાં સામો ઉપકાર; દયાનો બદલો.

પ્રત્યુપકારી [સં. પ્રત્યુપકારિન્] વિ. સામે ઉપકાર કરનાર; ઉપકારનો બદલો વાળનાર; ઉપકારના બદલામાં ઉપકાર કરનાર.

પ્રત્યુપકૃત [સં.] વિ. સામે ઉપકાર કરેલ.

પ્રત્યુપક્રિયા [સં.] સ્ત્રી. સામે ઉપકાર કરવો તે.

પ્રત્યુપચાર [સં.] પું. પ્રતિકૂળ ઉપચાર.

પ્રત્યુપદેશ ૧. [સં.] પું. સામો ઉપદેશ; પ્રતિનિર્દેશ.
૨. સ્ત્રી. તરતબુદ્ધિ.

પ્રત્યુપમાન [સં.] ન. ઉપમાને ઉપમા આપવી તે.

પ્રત્યુપહાર [સં.] પું. બદલો ઉપકાર કે ભેટ; સામી ભેટ.

પ્રત્યુપાય [સં.] પું. પ્રતિક્રિયા સામે કરેલ ઉપાય.

પ્રત્યુષ્ટક [સં.] પું. અગાઉ.

પ્રત્યુષ્ટક [સં.] પું. પુષ્પના જેવું કોઈ પક્ષી.

પ્રત્યુષ [સં.] પું. પ્રભાત; પ્રાતઃકાળ; પરોઢ.

પ્રત્યૂષ ૧. [સં.] પું. આકાશનો છેડો.
૨. પું. ઉષાનો પહેલો અંશ; પ્રભાત; પરોઢિયું; અજવાળું; પરોઢ; સવાર.
૩. પું. (પુરાણ) એ નામે એક વસુ; પ્રભાતાનો એ નામનો પુત્ર.
૪. પું. દેવિલ ઋષિના પિતાનું નામ.
૫. પું. સૂર્ય.

પ્રત્યૂષકાલ [સં.] પું. અરુણોદયનો સમય કે પ્રારંભ.

પ્રત્યૂષકાળ જુઓ પ્રત્યૂષકાલ.

પ્રત્યૂષાક્ષ ૧. પું. આકાશનો છેડો.
૨. પું. સૂર્ય.

પ્રત્યૂહ ૧. [સં.] પું. (અલં) એ નામનો એક અલંકાર. નિમિત્તાંતરથી પ્રાપ્ત વસ્તુનો પ્રતિબંધ એટલે રોકવું એ પ્રત્યૂહ અલંકાર કહેવાય છે.
૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૩. પું. વાંસવાનો સૌથી નીચેનો ભાગ.
૪. ન. કરાત; નકાર; અસ્વીકાર; અટકાયત; પ્રતિબંધ.

પ્રત્યે ૧. અ. પ્રતિ; તરફ; બાબત; સારુ.
અહિંસા એટલે જગત સૌ પ્રત્યે પૂર્ણ પ્રેમ છે, અહિંસા એટલે એવી કોઈ કે અપૂરવતાનિવારણ- ગાંધીજીતા
૨. અ. સંબંધમાં.

પ્રત્યેક ૧. સ્ત્રી. (જૈન) એક શરીરમાં એક જીવવાળી વનસ્પતિ.
૨. વિ. દરેક; સમૂહ કે જાતોમાંથી દરેક અલગ અલગ.
૩. [સં પ્રતિ (દરેક) + એક] અ. એકએક; દરેક; દરેક.

પ્રત્યેકત્વ [સં.] ન. પ્રત્યેકનો ભાવ કે ધર્મ.

પ્રત્યેકનામ ન. (જૈન) નામકર્મની બેતાલીસ પાંદડીનો એક પ્રકૃતિ. તેના ઉદયથી દરેક જીવને ભિન્નભિન્ન શરીરની પ્રાપ્તિ થાય છે.

પ્રત્યેકનામકર્મ ન. (જૈન) જે કર્મના ઉદયથી એક શરીરનો એક સ્વામી હોય તેવું કર્મ.

પ્રત્યેકબુદ્ધ ૧. [સં.] પું. જે નામે એક જીવ.
૨. પું. (જૈન) કોઈ એક નિમિત્તને જોઈ બોધ પામનાર વ્યક્તિ; બાહ્ય વસ્તુને દેખી બોધ પામી મોક્ષે જનાર મહાપુરુષ; ગુરુમુખેથી ઉપદેશ સાંભળ્યા વિના સ્વસ્મૃતિથી વૈરાગ્ય પામનાર વ્યક્તિ.

પ્રત્યેકબુદ્ધબોધિ [સં.] સ્ત્રી. બોધિના ત્રણ પાંદડાનો એક પ્રકાર. પ્રત્યેકબુદ્ધ એટલે ગુરુ પાસે ઉપદેશ લીધા વિના સ્વસ્મૃતિથી બુદ્ધ થાય છે તે, પણ તેનામાં બીજા લોકોને તારવાનું સામર્થ્ય નથી હોતું. તે અરણ્ય વગેરે કોઈ પણ એકાંત સ્થળમાં એકલો રહી વિમુક્તિ સુખ અનુભવે છે. તેવા બોધિને પ્રત્યેકબુદ્ધબોધિ કહે છે.

પ્રત્યેકબુદ્ધયાન [સં.] ન. બંધયાનના નવ પાંદડાનો એક પેટા સંપ્રદાય.

પ્રત્યેકબોધિ પું. (જૈન) કોઈ વસ્તુને દેખી વૈરાગ્ય પામનાર વ્યક્તિ.

પ્રત્યેકબોધિત પું. (જૈન) કોઈ બાહ્ય નિમિત્તથી વૈરાગ્ય અને જ્ઞાન પામનાર વ્યક્તિ.

પ્રત્યેકવનસ્પતિ સ્ત્રી. (જૈન) એક શરીરનો એક જ સ્વામી હોય તેવી વનસ્પતિ. તેના સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક એવા બે ભેદ છે.

પ્રત્યેકશઃ [સં.] અ. અલગઅલગ; જુદાજુદા.

પ્રત્યેષ ૧. વિ. દેખી શકાય તેવું.
૨. અ. સામે રૂબરૂ; હાજરીમાં.

પ્રથ્ ૧. [સં.] અ. ક્રિ. (ભ્વા) દેખાવું; ઉદય થવો; ખુલ્લું થવું; જાહેરમાં આવવું. તે ઉપરથી બનેલ શબ્દ: પ્રથા, પ્રથિત, પ્રથુ.
૨. અ. ક્રિ. ફેલાવો થવો.
૩. અ. ક્રિ. વિખ્યાત થવું.
૪. અ. ક્રિ. વૃદ્ધિ થવી.
૫. સ. ક્રિ. પ્રસિદ્ધ કરવું.

પ્રથ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

પ્રથન ૧. [સં.] પું. એ નામે એક જાતનો ગુલ્મ.
૨. પું. વિસ્તાર.
૩. ન. નાટ્યના આઠ માંહેનું એક સૂત્ર.
૪. ન. પ્રસિદ્ધ કરવું તે; ફેલાવવું તે; જાહેર કરવું તે; પ્રકાશમાં આવવાની ક્રિયા કે ભાવ.

પ્રથમ ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. પું. (સંગીત) સામમાં જણાવેલ સાત માંહેનો એક સ્વર. ઋગ્વેદમાં જણાવેલા ષડ્જ, ઋષભ, ગાંધારાદિ સાત સ્વરો જેને સામમાં કૃષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય કહેવામાં આવ્યા છે.
૩. વિ. પહેલું; અગ્રવર્તી; આદિનું; બહુતરીમાં સૌથી પહેલા સ્થાનવાળું.
પ્રથમ માસે અક્ષિક્ષ = શરૂઆતમાં જ વિપરીત કે અયોગ્ય થવું તે.
૪. વિ. પ્રધાન; મુખ્ય.
૫. વિ. સૌથી સારું; સર્વશ્રેષ્ઠ.
૬. અ. તરત જ.
૭. અ. પહેલેથી; અગાઉથી.
૮. અ. શરૂઆતમાં; આરંભમાં.

પ્રથમકારક [સં.] પું. (વ્યાકરણ) કર્તા.

પ્રથમકુસુમ [સં.] ન. સહેજ ખીલતું અગસ્તનું ફૂલ.

પ્રથમકોષ્ઠ ૧. પું. પેટનો ઉપલો પહોળો ભાગ.
૨. પું. પેટ; ઉદર.

પ્રથમગર્ભ ૧. પું. બચ્ચરણી.
૨. [સં.] વિ. જેને પહેલી વખત ગર્ભ રહેલ હોય તેવું.

પ્રથમજ ૧. [સં.] વિ. પહેલાં ઉત્પન્ન થયેલ; પહેલાં જન્મેલ.
૨. વિ. મોટું; જ્યેષ્ઠ.
૩. પું. બેટ.
૪. વિ. સૌથી પહેલાં વર્ષમાં ઉત્પન્ન થયેલ.
૫. અ. પહેલેથી; શરૂઆતમાં જ.

પ્રથમજનિત [સં.] વિ. પહેલાં જન્મેલ.

પ્રથમજાત [સં.] વિ. પહેલાં ઉત્પન્ન થયેલ; પ્રથમજ.

પ્રથમદત્ત [સં.] પું. પૂર્વદત્ત.

પ્રથમજીવસુત્ર [સં.] પું. આદિ જીવસુત્ર.

પ્રથમજ્યાર્ધ [સં.] પું. (ગણિત) રાશિની કલાનો અર્ધાંશ.

પ્રથમતઃ [સં.] અ. મૂળમાં; સૌથી પહેલાં; શરૂઆતમાં; પહેલેથી; પ્રથમથી.

પ્રથમતા ૧. [સં.] સ્ત્રી. પહેલાપણું; આદિપણું.

૨. સ્ત્રી. પ્રધાનપણું; મુખ્યપણું.

પ્રથમત્વ જુઓ પ્રથમતા.

પ્રથમદર્શન [સં. પ્રથમ + દર્શન (જોવું તે)] ન. પહેલી વાર દર્શન થયું તે; પહેલી વારનું દર્શન; પ્રથમ દૃષ્ટિએ પડ્યું તે.

પ્રથમ દર્શને = પહેલી વાર નજર પડતાં; પહેલવહેલું દર્શન થવાને પ્રસંગે; ઉપરઉપરથી જોતાં; ઊડતી નજર નાખતાં.

પ્રથમદર્શની વિ. પહેલી દૃષ્ટિથી અટકળ બાંધેલ.

પ્રથમદર્શનીય ૧. વિ. ન્યાયની અદાલતમાં રજૂ કરવાનું.

૨. વિ. પહેલવહેલું.

૩. [સં. પ્રથમ + દર્શન + ઈય (પાછું)] વિ. પ્રથમ દર્શનનું.

પ્રથમદર્શનીયાપ્તિ [સં.] સ્ત્રી. અપૂર્ણ અનુભવ ઉપરથી આપેલ સિદ્ધાંત પછી કાઢવો તે; પહેલી દૃષ્ટિથી અટકળ બાંધવી તે.

પ્રથમનાડી (પ્રથમનાડ઼ી) સ્ત્રી. (જ્યોતિષ) અશ્વિની, આર્દ્રા, પુનર્વસુ, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, જ્યેષ્ઠા, મૂળ, ઉત્તરાષાઢા, પૂર્વભાદ્રપદ એ દરેક નક્ષત્ર.

પ્રથમપદ ૧. [સં.] ન. આમરણાન્ત.

૨. ન. પક્ષપદ; આપ્ત.

પ્રથમપદિયા ૧. સ્ત્રી. ગઝલની એ નામની એક બહર.

૨. ન. એ નામની બહરનું ગાણસ.

૩. વિ. એ નામની બહરનું.

પ્રથમપદી [સં.] સ્ત્રી. (ગણિત) દરેક પદ પ્રથમ જાતમાં જ હોય અથવા જેનું એક પદ પ્રથમજાત હોય અને બાકીનાંમાંનું કોઈ પણ પદ એકથી વધારે જાતનું ન હોય તેવી પદી.

પ્રથમપરિસ્થાપના સ્ત્રી. અગાઉની સ્થિતિ.

પ્રથમપાપ [સં.] ન. પહેલાં અનુભવે કરેલ પાપ; મૂળનું પાપ.

પ્રથમપુરુષ ૧. [સં.] પું. અગ્રગામી; અગ્રેસર.

૨. પું. (વ્યાકરણ) ઉત્તમ પુરુષ. હું, અમે એ સર્વનામ ઉત્તમ પુરુષ કહેવાય છે.

૩. [સં. પ્રથમ (પહેલું) + પુરુષ] પું. પહેલો પુરુષ.

પ્રથમપ્રાણીસુત્ર [સં. પ્રથમ (પહેલું) + પ્રાણિન્ (પ્રાણી) + સુત્ર] પું. નવજીવનસુત્ર.

પ્રથમ રજોદર્શન અ. ક્રિ. પહેલી વાર અટકાવ દેખાવો તે.

પ્રથમવયસ્વિની [સં.] સ્ત્રી. પહેલી વયવાળી સ્ત્રી; નાનકડી અવસ્થામાં રહેલી સ્ત્રી; તરુણી.

પ્રથમવિત્તા [સં.] સ્ત્રી. પહેલી પરણેલ સ્ત્રી.

પ્રથમશરદ [સં. પ્રથમશરદ] પું. માગશર મહિનો.

પ્રથમશોધિત વિ. મૌલિક; મૂળ; 'ઓરિજિનલ'.

પ્રથમસમીકરણ [સં.] ન. (ગણિત) એક જ અજ્ઞાત રાશિ હોય અને તે અજ્ઞાત રાશિ પ્રથમ જાતનો જ હોય તેવું સમીકરણ.

પ્રથમસાહસ ૧. [સં.] પું. બત્રીસ પ્રકારનો સાહસ દંડ; સાધારણ અપરાધ માટે પ્રાચીન કાળમાં થતો એક જાતનો દંડ.

૨. પું. પહેલો કે હલકી જાતનો દંડ.

પ્રથમસ્વરિત [સં.] પું. વેદમાં ઉચ્ચારણ કરવા વખતે સૌથી પહેલો કે નીચો સ્વર.

પ્રથમસ્થાન ન. આશ્રમ.

પ્રથમસ્વર [સં.] પું. એક જાતનું સામગાન.

પ્રથમા ૧. [સં.] સ્ત્રી. (વ્યાકરણ) પહેલી વિભક્તિ.

૨. સ્ત્રી. (તાંત્રિક) મદિરા; દારૂ.

૩. વિ.સ્ત્રી. પહેલી.

પ્રથમા અનુમોચિકા સ્ત્રી. ત્રિમુકમંડિકાની એ નામની એક પ્રત્યેષ્ટની નાડી.

પ્રથમાક્ષર [સં.] પું. પહેલો અક્ષર.

પ્રથમાક્ષરબંધ [સં.] પું. આદ્યાક્ષરબંધ કવિતા; જે કવિતાની દરેક લીટીનો પહેલો પહેલો અક્ષર અનુક્રમે લેતાં કોઈ માણસ, શહેર વગેરેનું નામ બને તેવી કવિતા.

પ્રથમાધિપ [સં.] પું. શંભુ.

પ્રથમાધ્યક્ષ [સં.] પું. મુખ્ય આચાર્ય.

પ્રથમાભાસ [સં.] પું. પહેલો આભાસ; પ્રથમ દૃષ્ટિએ જણાતો આભાસ.

પ્રથમારંભ [સં.] પું. શરૂઆત; આરંભ.

પ્રથમાર્ધ [સં. પ્રથમ (પહેલું) + અર્ધ (અર્ધું)] પું. પહેલો અર્ધ ભાગ; શરૂઆતનો અર્ધો ભાગ; પૂર્વાર્ધ.

પ્રથમાલિકા સ્ત્રી. પ્રથમ ભોજન.

પ્રથમાવતાર [સં.] પું. નવો જન્મ.

પ્રથમાવરણ [સં.] પું. પ્રથમ આસ્તર.

પ્રથમાવસ્થા ૧. [સં.] સ્ત્રી. પહેલી અવસ્થા.

૨. સ્ત્રી. પ્રાચીન વખત.

પ્રથમાવૃત્તિ [સં.] સ્ત્રી. પહેલી આવૃત્તિ.

પ્રથમાશ્રમ [સં.] પું. આર માંહેનો પહેલો આશ્રમ; બ્રહ્મચર્યાશ્રમ.

પ્રથમાસન [સં.] ન. મૂલાસન; બ્રહ્મચર્ય આપવાની મુદ્રા.

પ્રથમાંગુલિ [સં.] સ્ત્રી. અંગૂઠો.

પ્રથમાંતાર્થપ્રધાનવાદી પું. નૈયાયિક. વૈયાકરણો ક્રિયાને પ્રધાન માને છે, ત્યારે નૈયાયિકો કર્તાને કે પ્રથમાના શબ્દને પ્રધાન માની ક્રિયાને તેનું વિશેષણ માને છે. આ કારણથી તેઓ પ્રથમાંતાર્થપ્રધાનવાદી કહેવાય છે.

પ્રથમાંતાર્થવિશેષ્યવાદી પું. નૈયાયિક. નૈયાયિકો વાક્યમાં પ્રથમાંત પદને વિશેષ્ય માને છે અને ક્રિયાપદને તેનું વિશેષણ માને છે. જેમકે, દેવદત્ત ચોખા રાંધે છે એનો ચોખા જેનું કર્મ છે એવી રાંધવાની ક્રિયા વિશિષ્ટ દેવદત્ત એવો અર્થ નૈયાયિકો કરે છે, માટે તેઓ પ્રથમાંતાર્થ વિશેષ્યવાદી કહેવાય છે.

પ્રથમી [સં. પૃથ્વી] સ્ત્રી. પૃથ્વી; ધરતી.

આદમે કાનદ અનતર્યા તે પ્રથમીના ઓધાર.
દયિમાળા ૧૫૪

પ્રથમોધ્યાય [સં.] પું. પહેલો અધ્યાય.

પ્રથમોપચાર [સં.] પું. આકસ્મિક કે એવું કાંઈ થાય ત્યારે તરત લેવાનો ઇલાજ; 'ફર્સ્ટ એઇડ.'

પ્રથમોપદેશ [સં.] પું. પહેલો ઉપદેશ.

પ્રથમોપશમસમ્યક્ત્વ ન. (જૈન) અનાદિ મિથ્યાદૃષ્ટિનો પાંચ અને સાદિ મિથ્યાદૃષ્ટિનો સાત પ્રકૃતિઓના ઉપશમથી થતું સમ્યક્ત્વ.

પ્રથવાદિની સ્ત્રી. એક જાતની વેલ; માલતી.

પ્રથવાસિષ્ઠ [સં.] પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૮૧મા સૂક્તની પહેલી ઋચાનો કર્તા એક ઋષિ.

પ્રથવાંદરોગ પું. ઘોડાને થતો એક રોગ.

પ્રથવી સ્ત્રી. (બૃ. સ્ત્રી.) પૃથ્વી.

કૂર્મ વહે પ્રથવી ધરી,
રાજા મેરુ મહી અવિરોધ. નાકર

પ્રથા ૧. સ્ત્રી. આદત; ટેવ.

૨. [સં.] સ્ત્રી. કીર્તિ; આબરૂ; ખ્યાતિ; વિખ્યાતિ; પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.

પ્રકાર:

૩. સ્ત્રી. ઢબ; રીત; પ્રકાર; વહીવટ.

૪. સ્ત્રી. રીત, રિવાજ; ચાલ; પ્રણાલી; પ્રણાલિકા. પ્રથા પડવી = રીત કે રિવાજ ચાલુ થવો.

૫. સ્ત્રી. લોકમાં જાણીતી પ્રસિદ્ધ રૂઢિ; માર્ગ; ધારો; પદ્ધતિ.

૬. સ્ત્રી. લોકોનો અભિપ્રાય.

પ્રથાનુસાર [સં.] અ. રિવાજ પ્રમાણે.

પ્રથાર [સં. પ્રસ્તાર] પુ. પરચાર.

પ્રથિત ૧. [સં.] પું. વિષ્ણુનાં કેશર ઓહેનું એક નામ.

૨. પું. (પુરાણ) સ્વરોચિષ મનુનો એ નામનો એક પુત્ર.

૩. વિ. રૂઢિ પડી ગયેલ; ચાલુ.

૪. [સં પ્રથ્ (પ્રસિદ્ધ કરવું)] વિ. વિખ્યાત; પ્રખ્યાત; જાણીતું; પ્રસિદ્ધ; મશહૂર; જાહેર.

૫. વિ. વિસ્તરેલું; ફેલાયેલું.

પ્રથિતા પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભુજતી છંદનો એક ભેદ છે. તેને બીજા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

પ્રથિતિ [સં.] સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રભા; પ્રસિદ્ધિ.

પ્રથિમા ૧. [સં. પ્રથિમન્] સ્ત્રી. પહોળાઈ.

૨. સ્ત્રી. મોટાઈ.

૩. સ્ત્રી. સ્થૂલત્વ.

૪. વિ. અતિશય સ્થૂલ.

૫. વિ. અત્યંત મોટું.

૬. વિ. ઘણું જ ભારે.

પ્રથિમિની [સં.] સ્ત્રી. સ્થૂળ શરીરવાળી સ્ત્રી.

પ્રથિવી સ્ત્રી. પૃથ્વી.

પ્રથી [હિં.] સ્ત્રી. પૃથ્વી.

પ્રથીનાથ [સં. પૃથ્વીનાથ] પું. રાજા; પૃથ્વીનો ધણી; પૃથ્વીનાથ.

પ્રથુ ૧. પું. પૃથુ.

૨. [સં.] પું. વિષ્ણુ.

૩. પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એક વિષમવૃત્ત અર્ધસમ છંદ. તેના પહેલા પાદમાં જગણ, મગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર, બીજા પાદમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર, ત્રીજા પાદમાં રગણ, તગણ, ભગણ અને લઘુ મળી દસ અક્ષર અને ચોથા પાદમાં બે તગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે

૪. વિ પહોળું. વિસ્તારવાળું.

પ્રથુક [સં.] પું. ચાવલ; ભરચું.

પ્રથુલ ૧. [સં. પ્ર + સ્થૂલ (મોટું)] વિ. કદાવર; હૃષ્ટપુષ્ટ.

૨. વિ. વિશાળ; પહોળું; વિસ્તૃત.

પ્રથૂળ જુઓ પ્રથુલ.

પ્રદ [સં. પ્ર + દા (આપવું)] વિ. આપનાર; દેનાર; દાતા; આપવાવાળું. સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, શાંતિપ્રદ, આનંદપ્રદ.

પ્રદક્ષણા જુઓ પ્રદક્ષિણા.

પ્રદક્ષિણ ૧. [સં.] ન. દેવપૂજન વગેરે સમયે દેવમૂર્તિ વગેરેને જમણા હાથ તરફ રાખી ભક્તિપૂર્વક તેની ચોતરફ ફરવું તે; પરિક્રમા.

૨. વિ. જમણી તરફનું.

૩. વિ. મંગળ; શુભ કામનું.

૪. વિ. સમર્થ; જોગ્ય જાણનીય.

પ્રદક્ષિણા ૧. [સં. પ્ર (આગળ) + દક્ષિણ (જમણું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. આસપાસ ફરી વળવું તે; પરિક્રમા; ફેરા ફરવા તે; હાથ અંદર રાખીને આસપાસ ફરવું તે; કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખી તેની આસપાસ ફરવું તે.

પ્રદક્ષિણા ફરવી-ફરવી = પરિક્રમા કરવી; આસપાસ ફરવું.

૨. સ્ત્રી. જેને માન આપવું હોય તે વસ્તુની આસપાસ ફરવું તે. તેમાં જમણો હાથ તે વસ્તુ તરફ જ રખાય છે.

૩. સ્ત્રી. ધર્મપુરુષાર્થમાં કહેલી અગીસ માંહેની એક ક્રિયા.

૪. સ્ત્રી. પાંચ અંગવાળા પાશુપત વ્રતનું એક અંગ.

પ્રદક્ષિણાકાલ [સં.] પું. આસપાસ ફરતાં લાગતો વખત.

પ્રદક્ષિણાવર્તપ્રવહ [સં.] પું. એ નામનું એક જ્યોતિશ્ચક્ર. નક્ષત્રો સન્મુખ પોતાની ગતિ કરીને સૂર્ય મેરુ પર્વતને પોતાની જમણી બાજુ કરે છે. તોપણ વાયુથી ભમતા પ્રદક્ષિણાવર્તપ્રવહ નામના જ્યોતિશ્ચક્રને લીધે સૂર્ય, મેરુ પર્વતને પોતાની જમણી બાજુ જ કરે છે.

પ્રદક્ષિણીકરણ [સં.] ન. પ્રદક્ષિણા કરવી તે.

પ્રદક્ષિણીકૃત [સં.] વિ. પ્રદક્ષિણા કરેલ.

પ્રદત્ત ૧. [સં.] પું. એ નામે એક ગંધર્વ.

૨. વિ. આપેલું; દઈ દીધેલું; અર્પિત.

પ્રદમાન ન. ઊંચે લાવનાર તીક્ષ્ણ પદાર્થ.

પ્રદર ૧. [સં.] પું. (વૈદ્ય) એક જાતનો યોનિરોગ; જેની જનનેંદ્રિયમાંથી રક્ત કે ધાતુ પડવાનો રોગ; વાંઝાનું દરદ. આ રોગમાં જેને કમરની વેદના તથા હાથે પગે કળતર થાય, ભમર ફરે, બેચેની રહે, શરીર દિનપ્રતિદિન સુકાતું જાય. ધોળાં પાણી પડતાં હોય તો તે શ્વેત પ્રદર કહેવાય અને લાલ પાણી પડતાં હોય તો તે રક્તપ્રદર કહેવાય. આ રોગ મદ્યપાન, ગર્ભપાત, અધિક મૈથુન, શોક, ઉપવાસ વગેરે કારણથી થાય છે. તેનો ઉપચાર: ફટકડી ૨૦ ગ્રેન એક ઔંસ પાણીમાં પિચકારી મારવી. સ્ફટકાર ઓલ બેડ ૧ ડ્રામ, અહીફેણ ૧ ડ્રામ, બાવળીના ભૂકાની સાથે ગોળી બનાવીને સવાર સાંજ આપવી. ૬૦૦ પાણીમાં ઊભા રહેવું. પ્રદરપોટલીનો ઉપયોગ કરવો.

૨. પું. ચીરો.

૩. પું. પત્થર.

૪. પું. પાલવ; ખોળો; પહેરવાના વસ્ત્રનો છેડો; પદર.

૫. પું. ફાડવાનું સાધન.

૬. પું. ફાડવું કે ચીરવું તે; તોડવું તે; વિદારણ.

૭. પું. બાણ; તીર.

૮. પું. બાંધવું તે બંધ.

પ્રદરરિપુરસ [સં.] પું. (વૈદ્ય) મધ કે દૂધ સાથે લેવાતું પ્રદરરોગ મટાડનારું એક જાતનું ઔષધ. તેની માત્રા બે રતી છે.

પ્રદરારિરસ પું. (વૈદ્ય) પ્રદરરોગ ઉપર વપરાતું એ નામનું ઔષધ.

પ્રદરારિલોહ [સં.] પું. (વૈદ્ય) પ્રદર મટાડનાર લોહભસ્મ. તેની બનાવટ નીચે મુજબ: કલાઈ ચારસો તોલા લઈ તેની અંદર ૪૦૯૬ તોલા પાણી નાખવું. ઊકળતાં જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે તે પાણીને ગળી લેવું. ફરી તાપ ઉપર મૂકી તેમાં મોચરસ, મજીઠ, ત્રણીપાટ, બીલાં, મોથ, અતિવિષની કળી, અજમ ભસ્મ ને લોહ ભસ્મ એ દરેક ચીજ આઠ આઠ તોલા નાખવી. બાકું બધે ઊતારી લેવું.

પ્રદરાંતક લોહ [સ] ન. (વૈદ્ય) પ્રદર, કમરનો દુખાવો, માથાનો દુખાવો તથા કળતર મટાડનાર એક ઔષધ. તે સવારસાંજ બે રતીભારની માત્રામાં મધ કે દૂધ સાથે લેવાય છે.

પ્રદર્શક ૧. [સં.] પું. ગુરુ; શિક્ષક.

૨. પું. પેખનાર.

૩. વિ. દર્શન કરનાર.

૪. વિ. દર્શાવે તેનું; બતાવનાર; દેખાડનાર; સૂચક; દ્યોતક; ગ્રાપક.

૫. વિ. આખ્યાન કરનાર; સમજાવનાર.

પ્રદર્શન ૧. [સં. પ્ર + દૃશ્ (જોવું) + અન (પ્રત્યય)] ન. દેખાડવા મૂકેલું હોય તેવું; દરેક; સારી સારી ચીજોનો સંગ્રહ બતાવવો તે.
૨. ન. નિરૂપણ; દેખાડવું તે; બતાવવું તે.
૩. ન. સમજાવવું તે.
૪. ન. સૌ કોઈ જુએ એમ ખુલ્લું મૂકવું તે.
૫. ન. હુન્નર, વિદ્યા, કળા વગેરેનાં દરેકને જાહેરમાં જોવા મૂકવાની પ્રાસંગિક યોજના; જુદી જુદી કારીગરીનો દેખાવ; ખેલ; તમાશો; દરબ.

પ્રદર્શનક્ષેત્ર [સં.] ન. ખેતીની નવી પદ્ધતિઓ, ઓજારો આદિ દેખાડવાના ઉદ્દેશથી રાખેલું ખેતર.

પ્રદર્શનખાતું ન. પ્રદર્શન ગોઠવવા તથા સંભાળવા માટેનું ખાતું.

પ્રદર્શનગૃહ [સં.] ન. જે સ્થાનમાં પ્રદર્શન ગોઠવવામાં આવેલ હોય તે સ્થાન.

પ્રદર્શનનિમિત્ત ન. જવાબનું એક અંગ.

પ્રદર્શનપત્ર [સં.] પું. જાહેરનામું.

પ્રદર્શનપદ્ધતિ સ્ત્રી. પ્રદર્શન ગોઠવવાની રીત.

પ્રદર્શનભાવ પું. મયૂરવૃત્તિ; પ્રદર્શનવૃત્તિ.

પ્રદર્શનવૃત્તિ સ્ત્રી. મયૂરવૃત્તિ; પ્રદર્શનભાવ.

પ્રદર્શનસમય પું. જવાબનું એક અંગ.

પ્રદર્શનસમિતિ [સં.] સ્ત્રી. પ્રદર્શન સંબંધી કામકાજ કરનાર મંડળ.

પ્રદર્શની [સં.] સ્ત્રી. પ્રદર્શન.

પ્રદર્શિત ૧. [સં.] વિ. દેખાડેલું; દર્શન કરાવેલું; દાખવેલું; બતાવેલું; કોઈ બાબતની સાબિતી કરવાને રજૂ કરેલું.
૨. વિ. પ્રસિદ્ધ કરેલું; જાહેર કરેલું.
૩. વિ. સમજાવેલું.
૪. વિ. સૌ કોઈ જુએ એમ ખુલ્લું મૂકેલું.

પ્રદર્શિત વસ્તુ ૧. [સં.] સ્ત્રી. પ્રદર્શનમાં મુકાયેલ ચીજ.
૨ સ્ત્રી. મુદ્રામાલ.

પ્રદર્શિતાન્યધર્મ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

પ્રદર્શિની [સં.] સ્ત્રી. તર્જની આંગળી; અંગૂઠા પાસેની આંગળી.

પ્રદર્શી [સં. પ્રદર્શિન્] વિ. દર્શક; જોનાર.

પ્રદલ [સં.] પું. બાણ; તીર.

પ્રદલિત [સં.] વિ. નાશ કરેલું; ચૂર્ણ કરેલું.

પ્રદવ ૧. [સં.] પું. અત્યંત તાપ.
૨. વિ. અત્યંત દુઃખ દેનાર.
૩. વિ. બાળું જ તપાવનાર.

પ્રદહ્ય પું. દાવાગ્નિ; દાવાનળ.

પ્રદા ૧. [સં.] સ્ત્રી. આપવું તે; દેવું તે.
૨. સ્ત્રી. બાળું જ દાન; ઓઢું દાન.

પ્રદાતા ૧. [સં. પ્રદાતૃ] પું. આપનાર માણસ દાતા.
૨. પું. ઉદ.
૩. પું. મોટો દાતા; બહુ દાન દેનાર માણસ.
૪. પું. વિશ્વદેવોમાંના એક દેવતાનું નામ.
૫. વિ. દેનાર; આપનાર.

પ્રદાન ૧. [સં.] ન. અત્યંત આપવું તે; મોટું દાન; દાન.
૨. ન. અંકુરો.
૩. [સં. પ્ર + દા (દેવું) + અન (પ્રત્યય)] ન. દાન આપવું તે; બદલાની ઇચ્છા વગર સામાના લાભ કે ઉપકાર માટે આપવું તે.
૪. ન. દેવાની ક્રિયા.
૫. ન. બક્ષિસ.
૬. ન. વિવાહ.
૭. ન. વિવાહમાં આપવું તે.
૮. ન. સોંપવું તે.

પ્રદાનશૂર [સં.] પું. એ નામે એક બોધિસત્ત્વ; બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

પ્રદાય ૧. [સં. પ્ર + દા (આપવું) + ય (નામ બનાવનાર પ્રત્યય)] ન. આપવું તે.
૨. ન. બક્ષિસ.

પ્રદાયક [સં.] વિ. આપવાવાળું; આપનાર, સમાસને છેડે વપરાય છે. જેમકે, બુદ્ધિપ્રદાયક.

પ્રદાયી ૧. [સં. પ્રદાયિન્] પું. દેનાર કે આપનાર માણસ.
૨. વિ. દેનાર.

પ્રદાવ [સં.] પું. દાવાગ્નિ; જંગલની આગ.

પ્રદાહ ૧. પું. ઉતેજના.
૨. [સં.] પું. તાવ વગેરે કોઈ કારણથી શરીરમાં થતી બળતરા. કોઈ ઝેરી જનાવરના કરડવાથી અથવા અધિક ગરમીને લીધે પણ પ્રદાહ થાય છે. કોઈ વખત આખા શરીરમાં અને કોઈ વખત શરીરના કોઈ અવયવમાં પ્રદાહ થાય છે. તાવ વગેરેથી થયેલ પ્રદાહ આખા શરીરમાં અને ક્ષય વગેરેથી થતો પ્રદાહ પહેલાં કોઈ જોડા સ્થાન ઉપર થાય છે.
૩. પું. મૂજ બળવું તે.
૪. પું. સોજો; અંતર્દાહ.

પ્રદાહકવ્યાધિ [સં.] પું. ઉપદંશ; ગરમી.

પ્રદાહજનક [સં.] વિ. ઉદ્દીપક; બળતરા કરનાર.

પ્રદાહિક વિ. ઉદ્દીપક.

પ્રદાહિક જ્વર પું. સોજના કારણથી આવતો તાવ.

પ્રદાંતા [સં.] સ્ત્રી. અથર્વવેદની નવ બાંહેની એક શાખા.

પ્રદિક [સં.] સ્ત્રી. કંપાસની બરણી.

પ્રદિગ્ધ ૧. [સં.] ન. ઘીમાં તળેલું બકાલાં નાખેલું માંસ.
૨. વિ. ચોપડેલ; ખરડાયેલું; ખરડેલ; લીંપેલ.
૩. વિ. તેલ કે ઘી વડે ચીકણું કરેલ.

પ્રદિપ્ત પું. એક જાતનો અગ્નિ.

પ્રદિવ પું. મૃત્યુલોક.

પ્રદિશા ૧. [સં. પ્રદિશ્] પું. બે દિશા વચ્ચનો ખૂણો.
૨. પું. વેત; બાપતુ એક પ્રમાણ.

પ્રદિશ્યા ૧. [સં.] સ્ત્રી. ખૂણો; વિદિશા; બે મુખ્ય દિશા વચ્ચેનો ખૂણો.
૨. સ્ત્રી. દિશા; દિગ્ભાગ.

પ્રદિષ્ટ ૧. [સં. પ્ર (વિશેષ) + દિષ્ટ (દેખાડેલું)] વિ. દેખાડેલું; બતાવેલું.
૨. વિ. નિશ્ચિત કરેલું.
૩. વિ. હુકમ કરાયેલું; આજ્ઞા કરાયેલું.

પ્રદિષ્ટાભય ૧. [સં.] વિ. જેને રાજા તરફથી રક્ષણનું વચન મળેલું હોય તેવું.
૨. વિ. રાજા દ્વારા સુરક્ષિત.

પ્રદીપ ૧. પું. કંદુલનો દીવો કે ઝૂમ્મર.
૨. પું. (સંગીત) ત્રીજે પહોરે ગવાતો સંપૂર્ણ જાતિનો એક રાગ. કેટલાક તેને દીપક રાગનો એક પુત્ર માને છે.
૩. [સં.] પું. દીવો; બત્તી; દીપ; દીવડો.
દીપ, પ્રદીપ, કજ્જલધ્વજ, સ્નેહપ્રિય, ગૃહમણિ, દશાર્ચ, દશાનન. હેમકોષ
૪. પું. પ્રકાશ આપે એવી વસ્તુ.
૫. પું. રોશની; પ્રકાશ.

પ્રદીપક ૧. [સં.] પું. એ નામે એક જાતનું ભયંકર સ્થાવર વિષ. તેના સંસર્ગમાત્રથી મનુષ્ય મરી જાય. આ ઝેર સમુદ્રકિનારે થતા એક જાતના ઝોડનું મૂળિયું છે. તેનાં પાન ખજૂરીનાં પાન જેવાં હોય છે. તેને પ્રદીપન પણ કહે છે.
૨ પું. મોટો દીવો; મશાલ.
૩. પું (પુરાણ) વિદેહવંશના મરુ નામના જનકનો એ નામનો પુત્ર. એને કૃતિરથ નામે પુત્ર હતો.
૪. વિ. ઉત્તેજિત કરનારું.
૫. વિ. પ્રકાશિત કરનાર; પ્રકાશમાં લાવનાર.
૬. વિ. સળગાવનારું; બાળનાર.

પ્રદીપકાર [સં.] વિ. ઉત્તેજિત કરનાર.

પ્રદીપકી પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેનું આરોહઅવરોહ સ્વરૂપ: નિ<સ, ગ<મ, પતિ <સો સે નિ<ધ ૫ મ ગ<રિ સ ના. તેના વાદી સંવાદી સ્વર સ અને ૫. તે ગાવાનો સમય દિવસનો ત્રીજો પ્રહર છે.

પ્રદીપન ૧. [સં.] ન. ઉત્તેજિત કરવું તે.
૨. ન. એક પ્રકારનું સ્થાવર ઝેર.
૩. ન. જ્વલન; સળગવું તે; બળવું તે.
૪. ન. દીપાવવું તે; પ્રકટ કરવું તે; પ્રકાશ કરવો તે.
૫. વિ. ચેતવનાર; રુચિ કરાવનાર; વધારનાર.
૬. વિ. પ્રકાશ કરનાર; પ્રકાશનાર.
૭ વિ. પ્રદીપ્ત કરનાર; દીપાવનાર; તેજ કરનાર.

પ્રદીપન્યાય [સં] પું. એ નામે એક ન્યાય. જેમ તેલ, વાટ અને અગ્નિ એ ત્રણ જુદી જુદી વસ્તુ મળવાથી દીવો થાય છે, તેમ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગોઠવીઓથી જુદા ગુણોના સહયોગથી દેહધારણનો વ્યાપાર થાય છે. તેને માટે સાંખ્યમતવાળા આ ન્યાય આપે છે.

પ્રદીપિકા ૧. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. કોઈ કોઈના મત મુજબ તે દીપક રાગની સ્ત્રી છે.
૨. [સં] સ્ત્રી. દીવી; મશાલ.
૩. સ્ત્રી. પ્રકાશ; તેજ.

પ્રદીપ્ત ૧. [સં.] વિ. ઉત્તેજિત; પ્રદીપન પામેલું; ઉત્સાહિત.
૨. વિ. ખરાબ.
૩ વિ. ચમકદાર; ચમકીલું; ઉજ્જવળ.
૪. [સં. પ્ર (વિશેષ) + દીપ્ત (તેજસ્વી)] વિ. તેજ; જાજ્વલ્યમાન.
૫ વિ. પ્રકાશેલ; દીપેલું.
૬. વિ. બળીને ઝળાઝળાટ થઈ રહેલું; પ્રકાશિત; ઝગમગાટ ભભકા કરતું હોય એવું; દેદીપ્યમાન.
૭. વિ. સળગેલું.

પ્રદીપ્તતા [સં.] સ્ત્રી. પ્રદીપ્તપણું; પ્રદીપ્ત હોવું તે.

પ્રદીપ્તા [સં.] સ્ત્રી. અગ્નિની એ નામની એક કલાવાળી જ્વાળ.

પ્રદીપ્તિ [સં.] સ્ત્રી. પ્રકાશ; તેજ; કાંતિ; ચમક; ઝળહળાટ.

પ્રદુર્ગ [સં.] પું. મહા કિલ્લો; કોટ.

પ્રદુષ્ટ ૧. વિ. અપ્રસન્ન.
૨. વિ. બગડેલું દૂષિત; ખરાબ.
૩. વિ. દોષયુક્ત.

પ્રદૂષક [સં.] વિ. નષ્ટ કરનાર.

પ્રદૂષણ [સં.] ન. નષ્ટ કરવું તે.

પ્રદેય ૧. [સં.] પું. ભેટ; નજર.
૨. વિ. દેવા ગ્રહણ કરવા યોગ્ય. કન્યા માટે વપરાય છે.
૩. વિ. દેવા યોગ્ય; આપવા જેવું; દાન કરવા જેવું.

પ્રદેશ ૧. પું. અંગ; અવયવ.
૨. [સં.] પું. અંગૂઠો અને તર્જની પહોળાં કર્યાં હોય એટલું માપ; નાની વેંત.
૩. પું. (જૈન) આકાશના જેટલા ભાગને એક પુદ્ગલ પરમાણુ રોકે તેટલો ભાગ.
૪. પું. એ નામે એક તંત્રયુક્તિ.
૫. પું. એક માત્ર દેશ.
૬. પું. (જૈન) કર્મબંધના ચાર ભાંગાનો એક પ્રકાર.
૭. પું. દેશ; મુલક; ભૂમિ.
૮. પું. દેશના જે ભાગનું પાણી નદીમાં જતું હોય તે બધો ભાગ.
૯. પું. પ્રાંત; ભૂખંડ; કોઈ દેશનો મોટો ભાગ; વિશાળ ભૂભાગ; દેશના બીજા ભાગો કરતાં જેની ભાષા, આબોહવા, શાસનપદ્ધતિ, રીતિરિવાજ વગેરે જુદાં હોય એવા દેશનો મોટો ભાગ.
૧૦. પું. ભીંત; દીવાલ.
૧૧. પું. (ન્યાય) માત્રા; રાશિ; 'ક્વૉન્ટિટિ'. નિર્દેશ સર્વદેશી કે એકદેશી હોય છે; તેનો નિર્ણય કરવામાં જે ધોરણ ભાગ લાગે તેને પ્રદેશ એવું નામ આપવામાં આવે છે.
મણિલાલ નભુભાઈ
૧૨. પું. (જૈન) વસ્તુનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ; જેનાથી વિશેષ સૂક્ષ્મ વિભાગની કલ્પના ન થઈ શકે તેવો સૂક્ષ્મ વિભાગ; આદર્શ ભાગ.
૧૩. પું. વિદેશ; પરદેશ.
૧૪. પું. વિષય.
૧૫. પું. વિસ્તીર્ણ જગ્યા; સ્થાન; સ્થળ; મુકામ.
૧૬. પું. સંજ્ઞા; નામ.
૧૭. પું. હદ; સીમા; આંતરો; સ્થળસીમા.

પ્રદેશક [સં.] વિ. સારી રીતે દેખાડનાર; પ્રકૃષ્ટ ઉપદેશ કરનાર.

પ્રદેશકર્મ [સં. પ્રદેશકર્મન્] ન. કર્મપ્રદેશનો આત્મપ્રદેશ સાથે ક્ષીરનીરવત્ સંબંધ થવો તે.

પ્રદેશકારી [સં. પ્રદેશકારિન્] પું. યોગીઓનો એ નામનો એક સંપ્રદાય.

પ્રદેશદર્શન [સં.] ન. (જૈન) નક્કર પ્રદેશરૂપે આત્માની સ્થિતિ; સિદ્ધજીવોનું સંસ્થાન.

પ્રદેશદ્રવ્યગુણ [સં.] પું. (જૈન) જેના નિમિત્તથી દ્રવ્યનો કોઈ પણ આકાર અવશ્ય હોય તે શક્તિ.

પ્રદેશન ૧. [સં.] ન. ઉપદેશ; શિક્ષાગ્રહ.
૨. ન. રાજા વગેરેને ધરવામાં આવતી ભેટ; નજર.

પ્રદેશની જુઓ પ્રદેશિની.

પ્રદેશબંધ ૧. [સં.] પું. (જૈન) આત્મપ્રદેશની સાથે બંધ થવાવાળાં કર્મોની સંખ્યાનો નિર્ણય.
૨. પું. (જૈન) પ્રદેશરૂપે કર્મનો બંધ; આત્મા સાથે કર્મપ્રદેશનું જોડાવું તે.

પ્રદેશવત્ત્વ ૧. [સં.] ન. (જૈન) એ નામનો એક પારિણામિક ભાવ.
અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, પ્રદેશવત્ત્વ, અસંખ્યાત પ્રદેશત્વ, અમૂર્તત્વ, અગુરુલઘુ આદિ અનેક પારિણામિક ભાવો છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. ન. પ્રદેશવાળું હોવાપણું.

પ્રદેશવર્ણન [સં.] ન. સ્થળવિદ્યા; સ્થાનનિર્દેશ.

પ્રદેશવાર વિ. પ્રાંતીય; 'રીજનલ.'

પ્રદેશવિવરણ [સં.] ન. સ્થળવિદ્યા; સ્થાનનિર્દેશ; સ્થાનવર્ણન.

પ્રદેશસંક્રમ [સં.] પું. (જૈન) કર્મપ્રદેશનું સંક્રમણ; કર્મ દલિયાને બિજા સ્વભાવવાળા દલિયામાં નાખવા તે.

પ્રદેશસંચારી વિ. જુદા જુદા પ્રદેશની ભાવનાનો અભ્યાસી.

પ્રદેશસ્થ [સં.] વિ. પ્રદેશમાં રહેનાર.

પ્રદેશાગ્ર [સં.] ન. (જૈન) કર્મોના કણનું પરિણામ.

પ્રદેશિક વિ. (જૈન) પ્રદેશવાળું; પ્રદેશના સમૂહથી બનેલ.

પ્રદેશિત [સં.] વિ. બતાવેલ; દર્શાવેલ.

પ્રદેશિની [સં.] સ્ત્રી. તર્જની આંગળી; અંગૂઠા પાસેની આંગળી; આગણી આંગળી.

પ્રદેશી ૧. પું. (જૈન) અર્ધોરુમ દેશનો એ નામનો રાજા. તેને કેશી સ્વામીએ પ્રતિબોધ પમાડ્યો હતો.
૨. પું. પારકા દેશનો રહેવાસી.
૩. વિ. પારકા દેશ સંબંધી.
૪. [સં.] વિ. પ્રદેશ સંબંધી; પ્રદેશનું.

પ્રદેશોદય [સં.] પું. થોડો ઉદય; સહેજ ઉદય.

પ્રદેષ્ટા ૧. પું. અઢાર માંહેનું એક મુખ્ય તીર્થ. ૨. [સં. પ્રદેષ્ટૃ] પું. પ્રદેશ વિશેષના કરની વસૂલાતનો પ્રબંધ કરનાર તથા ચોર, ડાકુ વગેરેને દંડીને શાંતિ સ્થાપનાર અધિકારી. આનું કાર્ય અત્યારના સમાહર્તાના કાર્યને મળતું હોય છે.

પ્રદેહ [સં.] પું. આલેપન, પ્રલેપ, ચૂમડાં વગેરે ઉપર લગાડવાનો લેપ.

પ્રદોષ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદવંશના પુષ્પાર્ણને દોષા નામની સ્ત્રીને પેટે થયેલા ત્રણ માંહેનો મોટો પુત્ર.

૨. પું. ઉપવાસ; વ્રત.

૩. પું. ગુનો; પાપ; મોટો દોષ; ભારે અપરાધ.

૪. પું. દ્વેષ; ખાર.

૫. પું. પ્રાતઃકાળ અને સાયંકાળ.

૬. પું. પ્રાયશ્ચિત નિવારણ કરવું તે.

૭. પું. સંધ્યા સમયે થતું અંધારું.

૮. પું. સંધ્યાકાળ; સૂર્ય આથમવાનો સમય; રાત્રિના આરંભનો પ્રથમ ભાગ; સમી સાંજ. કેટલાક લોકો રાત્રિના પહેલા પહોરને પણ પ્રદોષ કહે છે. આ સંબંધે રાજવલ્લભમાં લખ્યું છે કે: પ્રદોષ વખતે ઓટલે સૂર્ય અસ્ત થયા પછી પ્રભાત વખતે કોઈ કેડાણે મનુષ્ય કોઈ ખોવતો હોય તે સાંભળી ઉદ્યમવાન પુરુષે જે કાર્ય કરવા ધાર્યું હોય તે કાર્યમાં બોલવાનો અર્થ મેળવવો. સારી વાત બોલતો હોય તો સારાપણાને અને બૂરું બોલતો હોય તો વિઘ્નનો આરોપ રાખવો અર્થાત્ કાર્ય કરી અથવા નહિ થાય એવો પોતાના મનને પ્રતીતિ થાય તેવો અર્થ મેળવવો.

૯. પું. સોમવારે સાંજે જમવાનું મહાદેવ કે શંકરનું એક વ્રત. આ વ્રત તેરસને દિવસે આસ પાળવામાં આવે છે. તે દિવસે આખો દિવસ ઉપવાસ કરી સંધ્યા વખતે શિવનું પૂજન કર્યા પછી ભોજન કરાય છે. આ વ્રત બધું કરીને પુત્રની ઇચ્છાથી થાય છે.

પ્રદોષ કરવો = (૧) તેરસે એક વાર સાંજે જ જમવું. (૨) દોષનું વ્રત કરવું.

૧૦. વિ. દુષ્ટ; પાજી.

પ્રદોષક [સં.] વિ. રાત્રિના પ્રથમ ભાગમાં હોનાર.

પ્રદોષકાલ ૧. [સં.] પું. રાત્રિની પહેલી બાર ઘડીનો વખત.

૨. પું. સાયંકાળ પછીનો વખત; સાંજનો વખત.

પ્રદોષકાળ જુઓ પ્રદોષકાલ.

પ્રદોષવ્રત ૧. [સં.] પું. તેરસે સાંજે એક વાર જમવાનું વ્રત. તેમાં આખો દિવસ ઉપવાસ કરી સંધ્યા વખતે શિવનું પૂજન કર્યા પછી ભોજન કરાય છે. આ વ્રત બધું કરીને પુત્રની ઇચ્છાથી થાય છે

૨. પું. સોમવારે સાંજે એક વાર જમવાનું શંકરનું વ્રત.

પ્રદ્યુ ૧. [સં.] અ. આકાશ વિષે; આકાશ સંબંધી.

૨. અ. પરલોક સંબંધી.

પ્રદ્યુમ્ન ૧. પું. એ નામનો મેઘ.

૨. [સં.] પું. કામદેવ; મદન; મન્મથ; મારા મીનકેતન; કંદર્પ; કુસુમાયુધ; પુષ્પધન્વા; મનોજ.

૩. પું. (પુરાણ) અસુર્મનુને નક્ષત્રેષ્ટી કુળે થયેલ અગિયાર માંહેનો એ નામનો એક પુત્ર. એને સુદ્યુમ્ન નામે પુત્ર હતો.

૪. પું. બહુ મોટો વીર માણસ; મહાગુણવાન પુરુષ.

૫. પું. મન.

૬. પું. મનુનો એક પુત્ર.

૭. પું. વિષ્ણુનાં હળધર માંહેનું એક નામ.

૮. પું. વૈષ્ણવ આશ્રમમાં કહેલ ચતુર્વ્યૂહાત્મક વિષ્ણુનો એક અંશ. આકીના ત્રણ અંશનાં નામ: વાસુદેવ, સંકર્ષણ અને અનિરુદ્ધ.

૯. પું. (પુરાણ) શ્રીકૃષ્ણના મોટા પુત્રનું નામ; અનિરુદ્ધનો પિતા; કૃષ્ણને રુક્મિણીને પેટે થયેલો પ્રથમ પુત્ર. એ મહારથી હતો. શિવના ત્રીજા નયનની જ્વાળાથી ભસ્મીભૂત થયેલા મદને આ બીજો અવતાર લીધો હતો. તે શંબરાસુરના વધ માટે નિર્માણ થયો હતો. રતિએ શંબરાસુરની પાસે દાસી તરીકે જન્મ લીધો હતો. મદનનો અવતાર દ્વારકામાં થયો છે એ ખબર શંબરાસુરને પડતાં તે બાળકને ઉપાડી ગયો અને તેને દરિયામાં ફેંકી દીધો. તેને એક માછલી ગળી ગઈ. તે માછલીને એક મચ્છીમારે જાળમાં પકડી અને શંબરાસુરને ભેટ કરી. રસોડામાં માયાવતીએ ચીરતાં એમાંથી દિવ્ય બાળક નીકળ્યું. એને માયાવતીએ પ્રેમથી પાળવું શરૂ કર્યું. તેવામાં નારદે આવીને માયાવતીને એ બાળક મદન છે એમ વાત કહી. પ્રદ્યુમ્ને મોટો થતાં શંબરાસુરને માર્યો અને પ્રદ્યુમ્નના વપને અનુકૂળ સ્વરૂપ ધારણ કરી માયાવતી એને લઈને દ્વારકા જવા ઊપડી. આ વર્તમાન નારદે કૃષ્ણ અને રુક્મિણીને જણાવ્યા તેથી તેમને આનંદ થયો. પ્રદ્યુમ્ને પોતાના મામા રુક્મની કન્યા રુક્મવતીને તેના સ્વયંવરમાંથી હરણ કરી આણી. એ એની બીજી સ્ત્રી હતી. એને પેટે એને અનિરુદ્ધ નામે પુત્ર થયો. એ ધનુર્વિદ્યા અર્જુન પાસે શીખ્યો હતો. મહાભારતનું યુદ્ધ પૂરું થતાં એને રાજ્ય મળ્યું હતું. આગળ જતાં પ્રભાસક્ષેત્રમાં સર્વ યાદવો મરણ પામ્યા તેમાં એ પણ મરી ગયો અને રતિ સહવર્તમાન દેવલોકમાં ગયો.

પ્રદ્યુમ્નપિતા [સં. પ્રદ્યુમ્ન + પિતૃ (બાપ)] પું. શ્રીકૃષ્ણ.

> શી ત્રેસારે સુવ્રત બજનાવાસી પ્રદ્યુમ્નપિતા, યોગજ્ઞાને ઉપનિષદની પાર્થને પાઈ ગીતા.
> વિહારી

પ્રદ્યુમ્નભાવન [સં.] પું. પુરુષોત્તમનાં હળધર માંહેનું એક નામ.

પ્રદ્યુમ્નવ્યૂહ [સં.] ન. નારાયણનું એક સ્વરૂપ.

પ્રદ્યો [સં.] વિ. બહુ દિવસવાળું; બહુ દિવસવાળું.

પ્રદ્યોત ૧. [સં. પ્રદ્યુત્ (પ્રકાશિત કરવું)] પું. ઉદ્યોત; પ્રકાશ; તેજ; પ્રભા.

૨. પું. એ નામનો ઉજ્જયિનીની ગાદીએ થયેલ એક રાજા. એની કન્યા વત્સ રાજાને આપી હતી. વત્સની પુત્રી હરી ઉદયને આંદી પ્રદ્યોત હરી, એ રાજાની કનકની હતી લાડની ગાદી આવી; આવી પુત્રો નલગિરિ મદે યંત્ર ઉપેક્ષી હાથી. મહેમાનોને પુરાણ જન જ્યાં રીઝવે એ કથાથી. મેઘદૂત

૩. પું. એ નામે એક યક્ષ.

૪. પું. કિરણ; રશ્મિ.

૫. પું. ચમકારો; ઝગઝાટ; દીપ્તિ; કાંતિ.

૬. પું. (પુરાણ) રિપુંજય રાજાને મારનાર, શુનક પ્રધાનનો એ નામનો પુત્ર. સોમવરાના રાજાને કુશલારીને એ રાજા થયો હતો.

પ્રદ્યોતકર [સં.] પું. ઉદ્યોત કરનાર.

પ્રદ્યોતન ૧. [સં.] પું. આકાશનો એક.

૨. પું. પ્રકાશ; દીપ્તિ.

૩. પું. (પુરાણ) પ્રદ્યોતવંશના પાંચ માંહેનો દરેક રાજા. એમણે એકસો અડતાળીસ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું.

૪. પું. સૂર્ય.

૫. વિ. પ્રકાશમાન; પ્રકાશતું

પ્રદ્યોતિત [સં.] વિ. ઉદ્યોતિત કરેલ; પ્રગટ કરેલ.

પ્રદ્રવ પું. પલાયન; નાસી જવું તે.

પ્રદ્રાવ્યક ૧. [સં.] વિ. અતિ દરિદ્રી.

૨. વિ. બરાબ ગતિને પામેલ; અંત અવસ્થા પામેલ.

પ્રદ્વાર [સં.] પું. દ્વારની આસપાસનો અથવા આગળનો ભાગ; દરવાજાનો આગલો ભાગ.

પ્રદ્વેષ ૧. [સં.] પું. બહુ દ્વેષ; બહુ વેર.

૨. પું. ઘૃણા

૩. પું. વેર; દુશ્મની; શત્રુતા.

પ્રદ્વેષી [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક યુવાન અને સુંદર બાળવિધવા; દીર્ઘતમા ઋષિની સ્ત્રી અને ગૌતમાદિની માતા. દીર્ઘતમા ઋષિ અંધ હતા માટે એ પુનર્વિવાહ કરનાર હતી, પરંતુ દીર્ઘતમસે એને શાપ દેવાથી પુનર્વિવાહ નહોતો કર્યો. તે પોતાની અંગમહેનત વડે તેમનું ભરણપોષણ કરતી હતી. અતિ કામી પતિઓથી પત્નીઓ પણ કંટાળે છે. આ બોડવાળા, ભરણપોષણ કરવા અસમર્થ ને માત્ર સોલુપતાભરી વાસનાને જ તૃપ્ત કરવામાં રત એવા ભોગમાં ઋષિથી પ્રદ્વેષી ખૂબ કંટાળી ગઈ. તે એટલે સુધી કે તેને દીર્ઘતમાનું મોં પણ અશુભમય થઈ ગયું. ધીમે ધીમે તેના પ્રત્યેનો છૂપો અણગમો અને ભેદરકારપણું સ્પષ્ટ સમક્ષ થવાનો એવી રીતે પ્રદ્વેષી પ્રગટ કરવા માંડી. એક દિવસે ઋષિએ પ્રદ્વેષીને પૂછ્યું: તું મારો આટલો બધો તિરસ્કાર કેમ કરે છે? પ્રદ્વેષીએ કહ્યું, તમે તો વૃદ્ધ છો, એટલે જ્યો જ છો કે પતિ ભર્તા. શા માટે કહેવાય છે? પોતાની પત્નીનું અને કુટુંબનું ભરણપોષણ કરે એટલા માટે તેને ભર્તા નામ આપ્યું છે. વળી પતિ શબ્દના અર્થની પણ તમને ખબર છે જ, સ્ત્રીને આશ્રય આપે, સ્ત્રીનું રક્ષણ કરે એટલા માટે જ પતિ કહેવાય છે. મને તો તમે નથી આશ્રય આપી શકતા કે નથી મારું ભરણપોષણ કરી શકતા. હું તમારી સાથે સંબંધમાં આવી ગઈ ત્યારથી તમારા જેવા નિષ્ક્રિય અને અંધ પુરુષનું પોષણ હું કર્યે જ જાઉં છું અને તમારાં બાળકોનો નિર્વાહ પણ કરું છું. હવે તમારું પોષણ કરવાની માગમાં શક્તિ રહી નથી. ઋષિ દીર્ઘતમા પત્નીની આ વાત સાંભળી ગુસ્સે થયા અને પ્રદ્વેષીને તેમ જ પોતાના પુત્રોને કહ્યું કે, મને કોઈ ક્ષત્રિયના ઘરમાં લઈ જાઓ એટલે તમને બેયને તેટલી લક્ષ્મી હું અપાવું. પ્રદ્વેષીને એટલો કંટાળો આવ્યો હતો કે તેણે જવાબ આપ્યો: બ્રહ્મર્ષિ! માફ કરો, તમારી આપેલી સમૃદ્ધિ પણ મને દુઃખદાયક નીવડવાની છે. મારે એ ન જોઈએ. હે બ્રાહ્મણશ્રેષ્ઠ! આજસુધી મેં તમને પાળ્યા, હવે મારાથી તમારું પોષણ થાય એમ છે જ નહિ. હવે તમે જાવે તે કરો. મારા સ્થાનમાં તમે નહિ! આ ઉપરથી દીર્ઘતમા ઋષિએ કહ્યું: આજથી જ આ દુનિયામાં હું નવા ધર્મમાર્ગ સ્થાપન કરું છું. આ ક્ષણથી જ્યારે સ્ત્રી પરપુરુષનો સંગ કરશે તો તેને ઘોર પાપમાં નીચે પડવું પડશે. ઉપરાંત અવિચ્છિન્ન સ્ત્રી પણ જો કોઈ પુરુષનો સંગ કરશે તો તેને પણ ઘોર પાપ લાગશે અને એ એવું પાતક ગણાશે કે એને એક પણ વસ્ત્રમાં સ્થાન નહિ મળે! આવી વસ્ત્રવિહીન પતિ રહિત સ્ત્રીઓની પાસે ધનસંપત્તિ ભેગી થશે તોપણ એમાંથી આગળ જઈ કોઈ સુખ મળશે અને તેમાં પણ જો કોઈ સુખ માનશે તો એ સુખ સાથે ભારે અપકીર્તિ અને કલંક તેમને કપાળે ચોટશે. પ્રદ્વેષી આ સાંભળીને સ્વાભાવિક રીતે જ ખૂબ ગુસ્સે થઈ. તેણે પોતાના ગૌતમ અને બીજા પુત્રોને આજ્ઞા કરી કે, દીર્ઘતમાને ગંગામાં પધરાવી દો. માતાની આજ્ઞા માની હલ્લ કરવા રાખી પુત્રોએ દીર્ઘતમાને એક તરાપા સાથે બાંધી વહેતો મૂકી દીધો.

પ્રધન ૧. [સં.] ન. મુખ્ય ધન; મુખ્ય વસ્તુ.
૨. ન. યુદ્ધ; લડાઈ; જંગ.
૩. વિ પુષ્કળ ધનવાળું.

પ્રધમન ૧. [સં.] ન. એક જાતની સુંઘણી.
૨. ન. ધમવું તે; ફૂંકવું તે.
૩. ન. (વૈદક) નાક વાટે કોઈ દવા કે ચૂર્ણ વગેરે જોરથી સુંઘીને ઉપર ચઢાવવાની ક્રિયા. તે નસ્યનો એક પ્રકાર બહુવ્રીહિ છે.

પ્રધર્ષણ ૧. [સં.] ન. અપમાન; અનાદર.
૨. ન. આક્રમણ.
૩. ન. બળાત્કાર.

પ્રધર્ષિત ૧. [સં.] વિ. ગર્વવાળું; અભિમાની.
૨. વિ. જેના ઉપર આક્રમણ કરવામાં આવ્યું હોય એવું.
૩. વિ. તિરસ્કારાયેલું; અનાદર કરાયેલું.
૪. વિ. બળાત્કાર કરાયેલ.
૫. વિ. બેઅદબ; નિર્લજ્જ.
૬. વિ. હરાવેલું; પરાભવ પમાડેલ.

પ્રધસ પું. રાવણનો એ નામનો એક સેનાપતિ.

પ્રધા ૧. [સં.] સ્ત્રી. દક્ષ પ્રજાપતિની એ નામની એક કન્યા; કશ્યપની પત્નીનું નામ.
૨. સ્ત્રી. નિધાન; મૂકવું તે; રાખવું તે.

પ્રધાન ૧. [સં.] પું. અગ્રણી; પ્રમુખ.
૨. પું. ઈશ્વર; પરમાત્મા.
૩. પું. એ નામે એક રાજર્ષિ.
૪ પું. જે પદાર્થ સાક્ષાત્ ફલના સાધન રૂપે શ્રુતિમાં કહેલો હોય તે પદાર્થ.
૫ પું. દિલ્હીના પઠાણ બાદશાહનો હિંદુ કારભારી કે એલચી.
૬. પું. નેતા; સરદાર; સેનાપતિ; સેનાધ્યક્ષ.
૭. પું. બુદ્ધિ; સમજ; બુદ્ધિતત્ત્વ.
૮. પું. મંત્રી; દીવાન; વજીર; મુખ્ય કારભારી.
૯. પું. રાજાના મુખ્ય આઠ માણેનો એક કારભારી
૧૦. પું. (સાંખ્ય) સર્વ પદાર્થોનું ઉત્પત્તિકારક બીજ; મૂળ તત્ત્વ; પ્રકૃતિ; સત્ત્વ રજ અને તમોગુણવાળી પ્રકૃતિ. સાંખ્યવાદીઓ બ્રહ્મને જગતનો કર્તા કહેતા નથી પણ પ્રકૃતિ અથવા પ્રધાનને જ જગતનો કર્તા માને છે
૧૧. પું. સંસારનું ઉપાદાન કારણ; પ્રકૃતિ.
૧૨. પું. (સંગીત) હનુમત પ્રમાણે હિંડોલ રાગના આઠ પુત્ર માણેનો એક રાગ. આ રાગ પ્રસિદ્ધ નથી.
૧૩. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૧૪. સ્ત્રી. બીજ ઓકોની એ નામની અટક.
૧૫. સ્ત્રી. માયાનું એક સ્વરૂપ. તેમાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણની સામ્યાવસ્થા છે.
૧૬. ન. એ નામની અટકનું માણસ.
૧૭. વિ. ઉત્તમ; ચડિયાતું; ઊંચા દરજ્જાનું; શ્રેષ્ઠ.
૧૮. વિ. એ નામની અટકનું.
૧૯. વિ. મુખ્ય; ખાસ; વધું; મોટું; પહેલું.
૨૦. વિ. મૂળભૂત; આધારભૂત.
૨૧. વિ. વખાણેલું.
૨૨. વિ. સત્તા ભોગવતું.

પ્રધાન અક્ષ સ્ત્રી. મુખ્ય ધરી.

પ્રધાન અધિકરણ ન. એક પ્રકારનું અધિકરણ. તલમાં તેલ, દહીંમાં ઘી, આમાં તલ અને દહીં પ્રધાન અધિકરણ છે.

પ્રધાનક [સં.] પું. (સાંખ્ય) બુદ્ધિતત્ત્વ.

પ્રધાનકર્મ [સં. પ્રધાનકર્મન્] ન. સુશ્રુત અનુસાર ત્રણ માણેના એક પ્રકારનું કર્મ. તે રોગની ઉત્પત્તિ વખે કરવામાં આવે છે.

પ્રધાન કેંદ્ર [સં] ન. મુખ્ય કેંદ્ર.

પ્રધાન ખંડ પું. દીવાનખાનું.

પ્રધાન ગ્રહ [સં.] પું. (જ્યોતિષ) મુખ્ય ગ્રહ; 'પ્રાયમરિ પ્લેનેટ'.

પ્રધાનતમ ૧. [સં.] વિ. મુખ્યમાં મુખ્ય; પહેલામાં પહેલું.
૨. વિ. સર્વોપરી; સૌથી ઉત્તમ.

પ્રધાનતયા [સં.] અ. મુખ્યત્વે કરીને.

પ્રધાન તંત્રધારક [સં.] પું. મુખ્ય તંત્રી; મુખ્ય સંપાદક.

પ્રધાનતઃ [સં.] અ. ખાસ; મુખ્યત્વે કરીને.

પ્રધાનતા ૧. સ્ત્રી. ઉપરીપણું.
૨. [સં.] સ્ત્રી. પ્રધાનપણું; મુખ્યપણું; શ્રેષ્ઠપણું.

પ્રધાન તાર ૧. પું. પ્રધાન રજ્જુ; પ્રધાન રેખા.
૨. પું. મૂલધાતુ.

પ્રધાનતાલ પું. (સંગીત) એક ચતસ્ર જાતિ, સોળ માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૩, ૫ માત્રા
સમ ૧ ૨
ઉપર છે. કોટડીના બોલ: ધીં ધીં ધા ગિ તટ
૩ ૭
કિત્તા ધાગિતટ ધાગિતટ કેત્તા તાગિતટ તાગિતટ.

પ્રધાનત્વ [સં.] ન્ની. પ્રધાનપણું; પ્રાધાન્ય.

પ્રધાન દેવતા પું. (શાક્ત) પરબ્રહ્મ; પરાશક્તિ.
મૂલ પરાદેવતા એટલે શક્તિતત્ત્વનું સ્વરૂપ ચિન્મય અને આનંદમય સ્વભાવનું છે અને તે મધ્ય આનંદમય ચૈતન્યમાંથી ત્રણ રેખાઓ પ્રકટ થાય છે. મધ્ય કેંદ્રને પરબ્રહ્મ કહે છે અથવા પ્રધાન દેવતા કહે છે. શાક્ત સંપ્રદાય

પ્રધાન ધમની [સં.] સ્ત્રી. મુખ્ય નસ.

પ્રધાન ધર્મ [સં.] પું. મુખ્ય ધર્મ; મુખ્ય ફરજ; મુખ્ય કામ.

પ્રધાન ધાતુ [સં.] સ્ત્રી. શરીર માંહેની મુખ્ય ધાતુ, વીર્ય; શુક્ર.

પ્રધાન ધારક [સં.] પું. મુખ્ય ભાતેદાર; મુખ્ય ભૂમિધારક.

પ્રધાનપુરુષ [સં. પ્રધાનપુરૂ] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પ્રધાનનાભિ સ્ત્રી. સમાંતર ત્રિરંગોનું કેંદ્ર.

પ્રધાન પક્ષ [સં.] પું. મુખ્ય પક્ષ; બહુમતી પક્ષ.
પ્રધાનપક્ષની હાર હવે સિદ્ધ થતા જેની જેની દૃષ્ટિએ પડી. સરસ્વતીચંદ્ર

પ્રધાનપણું ૧. ન. કારભારીપણું; દીવાનગીરી; વજીરાત; કારભારી.
૨. ન. મુખ્યપણું; અગ્રપણું.

પ્રધાનપણે અ. મુખ્યપણે; ખાસ કરીને; મુખ્યત્વે.

પ્રધાન પદ ૧. ન. અગ્રપણું.
૨. ન. કારભારીનું પદ; દીવાનગીરી; દીવાનપણું; વજીરાઈ; પ્રધાનનો હોદો.
૩. ન. મુખ્ય પદ; મોટું પદ; મુખ્ય સ્થાન; મુખ્ય પદવી.
૪. ન. (વ્યાકરણ) મુખ્ય શબ્દ. ચાર પદમાં નામ અને આખ્યાત એ મુખ્ય છે અને નિપાત અને ઉપસર્ગ એ ગૌણ છે. નામ અને આખ્યાત એ બેમાં આખ્યાત એ પ્રધાન પદ છે, કેમકે એ પદ વગર વાક્ય બનતું નથી.

પ્રધાનપદ ન. પ્રધાનપણું; કારભારીપણું; વજીરાત.

પ્રધાન પાપ [સં.] ન. મુખ્ય પાપ. ખ્રિસ્તી ધર્મમાં ગર્વ, લોભ, કામ, ક્રોધ, અમિતાહાર, અદેખાઈ અને આળસ એમ સાત પ્રધાન પાપ મનાય છે.

પ્રધાન પુત્ર [સં.] પું. પ્રધાનનો પુત્ર કે પ્રધાનનો દીકરો.

પ્રધાન પુરુષ ૧. [સં.] પું. ઉત્તમ પુરુષ.
૨. પું. (સાંખ્ય) પ્રકૃતિ અને આત્મા; પ્રધાન અને પુરુષ.
૩. પું. સરદાર.

પ્રધાન પુરુષેશ્વર [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રધાન એટલે પ્રકૃતિ કે માયા તથા પુરુષ એટલે જીવ, એ બંનેના સ્વામી હોવાથી વિષ્ણુ પ્રધાનપુરુષેશ્વર કહેવાય છે.

પ્રધાન પ્રકૃતિ ૧. [સં.] સ્ત્રી. અપરા પ્રકૃતિ.
મૂલ પ્રકૃતિ અને મૂલ પુરુષને પરાપ્રકૃતિપુરુષ કહેલાં છે અને પ્રધાન પુરુષ અને પ્રધાન પ્રકૃતિને અપરાપ્રકૃતિપુરુષ કહેલાં છે. પુરુષોત્તમગીતા
૨. સ્ત્રી. જગતનું આદિકારણ.

પ્રધાન પ્રભુ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

પ્રધાન પ્રવૃત્તિ [સં.] સ્ત્રી. મુખ્ય કામ.

પ્રધાન બલ [સં.] ન. મુખ્ય બળ.

પ્રધાન બેંક સ્ત્રી. કેંદ્રવર્તી બેંક.

પ્રધાન ભાગ [સં.] પું. બહોળો ભાગ; મુખ્યાંશ.

પ્રધાન મજ્જાતંત્ર ન. મજ્જાતંત્રના જે ભાગમાં જ્ઞાન વિષયક પ્રોત્સાહન જમા છે અને જેમાંથી ગતિમાન પ્રોત્સાહન બહાર નીકળે છે તે ભાગ. પૃષ્ઠવંશીમાં તે મજ્જાકરજ્જુ અને મગજ એ બે રૂપે હોય છે.

પ્રધાનમંડલ [સં.] ન. રાજતંત્ર ચલાવવા માટે નીમેલા પ્રધાનોનો સમૂહ; 'કેબિનેટ'. ભારતનું મધ્યસ્થ પ્રધાનમંડલ: ભારતના રાષ્ટ્રપ્રમુખને તેના કાર્યમાં મદદ કરવા માટે એક પ્રધાનમંડલ નીમવામાં આવેલ છે. પ્રધાનો રાષ્ટ્રપ્રમુખને જે સલાહ આપે તે ગુપ્ત રહે અને કોઈ પણ અદાલત તે સંબંધી પ્રશ્ન ચલાવી શકે નહિ. રાષ્ટ્રપ્રમુખ પ્રથમ વડા પ્રધાનની નિમણૂક કરે છે. પછી વડા પ્રધાનની સલાહ અનુસાર તે બીજા પ્રધાનોની નિમણૂક કરે છે. રાષ્ટ્રપ્રમુખની મરજી હોય ત્યાંસુધી તેઓ સત્તા ઉપર રહી શકે છે. આખું ય પ્રધાનમંડલ લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર રહે છે. એટલે કે એક પ્રધાન ઉપર જો ધારાસભા અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે તો આખું પ્રધાનમંડલ સામટું રાજીનામું આપે છે. હોદો સ્વીકારતાં પહેલાં રાષ્ટ્રપ્રમુખ દરેક પ્રધાન પાસે સોગન લેવડાવે છે. પ્રધાન કોઈ પણ એક સભાનો સભ્ય હોવો જોઈએ. જો કોઈ પણ પ્રધાન હોદો સ્વીકાર્યા પછી છ માસમાં ત્રમે ને સભાનો સભ્યપદ ન બને તો તેને પોતાના હોદાનું રાજીનામું આપવું પડે છે. પ્રધાનોના પગારો, ભાડાંભથ્થાં વગેરે પાર્લમેન્ટ વખતોવખત નક્કી કરે છે. ભારતનું પ્રાંતીય પ્રધાનમંડલ: પ્રાંતિક રાજ્યવહીવટમાં ગવર્નરને મદદ કરવા માટે એક પ્રધાનમંડલ નીમવામાં આવે છે. ગવર્નર પ્રાંતના વડા પ્રધાનની નિમણૂક કરે છે અને બીજા પ્રધાનોની નિમણૂક ગવર્નર વડા પ્રધાનની સલાહ પ્રમાણે કરે છે. આ પ્રધાનો ગવર્નરની ઇચ્છા હોય ત્યાંસુધી સત્તા ઉપર રહી શકે છે. ગવર્નર ધારે ત્યારે તેમને હોદા ઉપરથી દૂર કરી શકે છે. આ પ્રધાનમંડલ સંયુક્ત રીતે લેજીસ્લેટિવ એસેમ્બ્લી એટલે લોકસભાને જવાબદાર ગણાય છે. એટલે કોઈ પણ એક પ્રધાન ઉપર લેજીસ્લેટિવ એસેમ્બ્લી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે તો પ્રધાનમંડલના બધા સભ્યોને સામટું રાજીનામું આપવું પડે છે. હોદો સ્વીકારતાં પહેલાં દરેક પ્રધાનને ગવર્નર સોગન લેવરાવે છે. પ્રધાનમંડલની બાબતો બાનગી રાખવાના દરેક પ્રધાનને સોગન લેવા પડે છે. આવી રીતે નિમાયેલ પ્રધાન જો ધારાસભાનો સભ્ય નહિ હોય તો છ માસમાં તેને કોઈ પણ ધારાસભાના સભ્ય થઈ જવું પડે, નહિ તો પ્રધાનપદેથી રાજીનામું આપવું પડે. વડા પ્રધાનને અને બીજા પ્રધાનોને કામદારથી નક્કી થયેલા પગારો અને ભાડાંભથ્થાં મળે છે. બંધારણના બ વિભાગનાં રાજ્યોનું એટલે જુદાં જુદાં એકમોનું પ્રધાનમંડલ: બંધારણ બ વિભાગનાં રાજ્યોના વડાઓ, જેઓને રાજપ્રમુખ કહેવામાં આવે છે, તેમને સહાય અને સલાહ આપવા માટે એક પ્રધાનમંડલ રહે છે. રાજ્યોનાં પ્રધાનમંડળો અને ધારાગૃહો બંધારણથી રીતે અમલમાં આવે ત્યાંસુધીના વચગાળાના સમય દરમિયાન રાજપ્રમુખ પ્રધાનમંડલના સભ્યોની નિમણૂક કરે. આ માંહેનાં ઘણાં રાજ્યોમાં જવાબદાર કહી શકાય એવી સરકાર ન હતી, તેથી પ્રતિનિધિત્વ ધરાવતી સરકાર અસ્તિત્વમાં આવતાં સમય લાગે. આથી બંધારણમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, આપતાં છ વર્ષ સુધી અથવા પાર્લમેન્ટ નક્કી કરે તેટલા સમય સુધી આવાં રાજ્યોની સરકાર ભારત સરકારના સામાન્ય અંકુશ હેઠળ કામ કરશે. આ સરકારોએ પ્રમુખની વખતોવખતની સૂચનાઓ અમલમાં મૂકવી પડશે અને તેમ નહિ કરે તો બંધારણનો ભંગ કર્યો ગણાશે. વચગાળાનું મધ્યસ્થ પ્રધાનમંડલ: ભારતનું નવું બંધારણ

અમલમાં આવ્યા પહેલાં ભારતનું પ્રધાનમંડલ નીચે જણાવેલાં ખાતાંઓનું બનેલું હતું: (૧) પરદેશ ખાતું, (૨) ગૃહ ખાતું, (૩) વાહનવ્યવહાર ખાતું, (૪) સંરક્ષણ ખાતું, (૫) વ્યાપાર ખાતું, (૬) નાણાં ખાતું, (૭) રેલવે ખાતું, (૮) આરોગ્ય ખાતું, (૯) ખેતીવાડી ખાતું, (૧૦) સદેશ વ્યવહાર ખાતું, (૧૧) ખોરાક અને પુરવઠા ખાતું, (૧૨) હુનર ઉદ્યોગ ખાતું, (૧૩) રિયાસતોનું ખાતું, (૧૪) ધારા ખાતું, (૧૫) જાહેર બાંધકામ, બાણો, વીજળી તજેરેને લગતું ખાતું, (૧૬) મજૂર ખાતું, (૧૭) રાહત અને પુનર્વસવાટ ખાતું, (૧૮) માહિતી અને ઑડ કાસ્ટિંગ ખાતું. આ ખાતાંઓના પ્રધાનો પોતપોતાનાં ખાતાંઓનો વહીવટ ચલાવે છે. અમલની બાબતોમાં તેઓ બધા ભેગા મળી એકસરખી નીતિ ઘડે છે. તેઓ પોતાના ખાતા અંગે સયુક્ત રીતે પાર્લમેન્ટને જવાબદાર બનાય છે. વચગાળાનું પ્રાંતનું પ્રધાનમંડલ: ગવર્નરને સલાહ અને સહાય આપવા માટે પ્રધાનમંડલ રચવામાં આવ્યું છે. વચગાળાના પ્રધાનમંડલમાં નીચે મુજબનાં ખાતાંઓનો સમાવેશ થતો હતો: (૧) કેળવણી ખાતું, (૨) ગૃહ પ્રધાન, (૩) આરોગ્ય ખાતું, (૪) બાબકારી અને પુનર્વસવાટ ખાતું, (૫) નાણાં ખાતું, (૬) કાયદો અને બાત્રિક પુરવઠા ખાતું, (૭) સ્થાનિક સ્વરાજ્ય ખાતું, (૮) ખેતીવાડી અને જંગલ ખાતું, (૯) જાહેર બાંધકામ ખાતું, (૧૦) ઉદ્યોગ અને મચ્છીમારી ખાતું, (૧૧) મજૂર ખાતું. મહાત્મા ગાંધીજી જણાવે છે કે: રેલવે ખાતું એક મુસ્લિમના હાથમાં છે, એટલે હિંદુઓને ન્યાય નહિ મળે, એમ માનવાની કોઈ ભૂલ ન કરે. કેન્દ્રીય અને પ્રાદેશિક સરકારોમાં હિંદુ, મુસલમાન કે અન્ય જાતીય, એવા ભેદ છે જ નહિ, હોવા ન જોઈએ. બધા હિંદી છે, ધર્મ એ વ્યક્તિગત વાત છે. વળી પ્રધાનમંડલના સભ્યોએ એક સારી પ્રથા પાડી છે. રોજ સાંજે કામ પૂરું થયા પછી તેઓ મળે છે, અને દરેક પ્રધાને જે કામ કર્યું હોય તેના ઉપર પરામર્શ કરે છે. આમ જે કાર્ય થાય છે, તે સાંઘિક છે. તેમાં બધા સાથે અને સ્વતંત્ર રીતે પણ બીજાના કાર્ય માટે જવાબદાર છે. અમુક કામ પોતાના ખાતામાં નથી આવતું, માટે તે પોતાનું નથી, એમ કોઈ ન કહી શકે. હરિજન બંધુમાં આપણે જણાવે છે કે: પ્રધાનો અને પ્રાંતિક ધારાસભાના સભ્યો પ્રજાના સાચા સેવક હોવા જોઈએ, બુબી કે શેઠ નહિ. જો તેઓ પગારનું સરકારી ધોરણ સ્વીકારે તો તેઓ ખુશ. અમુક પગાર બસાને બણી શકે છે, માટે તે બધાએ લેવો જ જોઈએ એમ નથી. પગારનું ધોરણ મર્યાદા બાંધવા પૂરતું જ છે. કોઈ શ્રીમંત માણસ પૂરો પગાર બસવા તો તેનો અંશમાત્ર પણ લે તો તે હાસ્યપદ બનાય. જે પગાર પગારે સેવા નથી આપી શકતા તેને માટે પગાર છે. દુનિયાની ગરીબમાં ગરીબ પ્રજાના તેઓ પ્રતિનિધિ છે. ગરીબોના પૈસામાંથી તેમનો પગાર નીકળે છે. આ મુખ્ય વસ્તુ બાનમાં રાખીને તેઓએ જીવવાનું છે ને રાજતંત્ર ચલાવવાનું છે. પ્રધાનો અને બપરાસી વચ્ચેના બંતર સંબંધમાં હરિજન બંધુમાં આપણે જણાવે છે કે: એ વાત તો તદ્દન બસાર છે કે, પ્રધાનોને ૫૦૦ કેમ અને બપરાસી કે માસ્તરને પંદર કેમ ? પણ પ્રશ્ન જિલો કરવાથી જ તેનો ઉકેલ નથી આવતો. આ પ્રકારના બંતરની પ્રથા સનાતન લાગે છે. હાથીને મણ કેમ અને કીડીને કણ કેમ ? આ સવાલમાં જ એનો જવાબ પણ રહેલો છે. જેવી જેની હાજત તેવું તેને ઈશ્વર આપે છે. મનુષ્યની હાજત હાથીની અને કીડીની હાજતના જેમ સ્પષ્ટ થઈ શકે તો સંતર નહિ જેટલે. અનુભવ આપણને એટલું જ શીખવે છે કે જેમ બધી કીડીઓની કે બધા હાથીઓની હાજત સરખી હોતી નથી તેમ બધાં માણસોની હાજત પણ સરખી હોતી નથી. જુદા જુદા લોકોની અને જુદી જુદી કોમોની હાજતો પણ જુદી જુદી હોય છે. તેથી આજે જે બંતર છે તે ઓછામાં ઓછું કરવા સારૂ શાંતિથી બાંદોલન કરીએ, લોકમત કેળવીએ અને એક બાદર્શ સામે રાખી તે તરફ દૃષ્ટિ કરીએ. જબરજસ્તીથી અથવા તો સત્યાગ્રહને નામે દુરાગ્રહ કરીને પરિવર્તન નથી કરી શકાતાં. પ્રધાનો પણ લોકોમાંથી જ આવે છે. પ્રધાન થતાં પહેલાં તેમની હાજત બપરાસી જેવી ન હોતી. ફેર એટલું ખરો કે, બપરાસી પ્રધાનપદ માટે લાયક થાય અને છતાં બપરાસી જેટલી હાજત રાખે. પ્રધાનો બાટલું સમજી લે કે કોઈ બાપેલી મર્યાદા જેટલો પૂરો પગાર લેવા બંધાયેલો નથી.

પ્રધાનમંડળ જુઓ પ્રધાનમંડલ.

પ્રધાન મંત્ર [સં.] પું. મુખ્ય મંત્ર.
ૐકાર એ બીજમંત્ર છે ને ગાયત્રી પ્રધાન મંત્ર છે. સદ્યકુસુમ

પ્રધાનમંત્રી ૧. [સં. પ્રધાન (મુખ્ય) + મન્ત્રિન્] પું. મુખ્ય દીવાન; મુખ્ય વજીર.
૨. પું. મુખ્ય મંત્રી; વડો કારભારી; વડો પ્રધાન.

પ્રધાન મુદ્રા સ્ત્રી. પ્રધાનપણાનો લેખ.

પ્રધાન યામ્યોત્તરવૃત્ત [સં.] ન. પૃથ્વીના ગોળા ઉપર ચાર થતું પહેલું રેખાંશવૃત્ત.

પ્રધાન રજ્જુ ૧. [સં.] ન. પ્રધાન તાર; પ્રધાન રેખા.
૨. ન. મૂલવાહક.

પ્રધાન રાશિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) મુખ્ય રાશિ; મેષ, તુલા, કર્ક ને મકર, એમાંની દરેક રાશિ.

પ્રધાન રેખા જુઓ પ્રધાન રજ્જુ.

પ્રધાન રેખા જુઓ પ્રધાન રજ્જુ.

પ્રધાનવટું ૧. ન. પ્રધાનનો હોદો; વજીરાઈ; કારભારીપણું; દીવાનગીરી.
૨. ન. પ્રધાનપણું; મંત્રીત્વ.

પ્રધાનવિચાર [સં.] પું. બાબવિચાર.

પ્રધાન વિધવા સ્ત્રી. વડીલ વિધવા; 'સીનિયર વિડો'.

પ્રધાનવિવર્ત [સં.] ન. પ્રધાન બદલવો તે.
પ્રધાનવિવર્તના કરતાં રાજવિવર્તમાં અનેકગણા હાનિ અને કષ્ટ છે. સરસ્વતીચંદ્ર

પ્રધાન વૃત્તિ [સં.] સ્ત્રી. મુખ્ય ધંધો.

પ્રધાનશ્રેષ્ઠ [સં.] પું. પ્રધાનમાં મોટો; સૌથી મોટો પ્રધાન.

પ્રધાનસમિતિ [સં.] સ્ત્રી. પ્રધાનમંડળ; 'કેબિનેટ'.

પ્રધાન સરકાર સ્ત્રી. સર્વોપરી સરકાર.

પ્રધાન સૂત્ર [સં.] ન. મુખ્ય નિયમ.
બાલાબાબ જાતિનું પ્રધાન સૂત્ર નથી, સ્નાનવિધિ એ પ્રધાનસૂત્ર છે. પ્રસ્થાન

પ્રધાન સેનાપતિ [સં.] પું. મુખ્ય સેનાપતિ.

પ્રધાન સ્થાન [સં.] ન. મુખ્ય સ્થાન; બગડ.

પ્રધાન સ્વર પું. (સંગીત) વાદી સ્વર; 'કી નોટ'.

પ્રધાનાત્મા [સં. પ્રધાન + બાત્મન્] પું. વિષ્ણુનાં હજાર બાંહેનું એક નામ.

પ્રધાનાધિષ્ઠાતા [સં. પ્રધાન (મુખ્ય) + બધિષ્ઠાતૃ (સત્તા ધરાવનાર)] પું. મુખ્ય સત્તા ધરાવનાર માણસ; 'ચેન્સેલર'.

પ્રધાની ૧. સ્ત્રી. પ્રધાનનું કામ.
૨. સ્ત્રી. પ્રધાનનું પદ.
૩. વિ. સર્વોત્તમ.

પ્રધાનોત્તમ ૧. [સં.] વિ. દીવાનોમાં ઉત્તમ.
૨. વિ. પ્રખ્યાત.
૩. વિ. બહાદુર; રણગંજીર.

પ્રધાવક [સં.] પું. દોડ કરનાર માણસ; 'રનર'.

પ્રધાવન ૧. [સં.] પું. વાયુ; હવા.
૨. ન. ઉતાવળ ચાલ; દોડ; દોડવું તે; દોડાદોડી કરવી તે.
૩. ન. ધોઈને સાફ કરવું તે; સ્વચ્છ કરવું તે.
૪. ન. હામવરાળ; આમતેમ ફાંફાં મારવાં તે.

પ્રધાવિતિક ન. નાસી જવા માટે કિલ્લામાં રાખેલો છૂપો માર્ગ.

પ્રધિ ૧. [સં.] પું ચક્રનો પરિધિ.
૨. પું. રથનાભિ; પૈડાની ધુરા.

પ્રધિમંડલ ૧. [સં.] ન. ચક્રનો ઘેરાવ.
૨. ન. રથનાભિનો ઘેરાવ.

પ્રધી ૧. [સં] સ્ત્રી. ઉત્કૃષ્ટ બુદ્ધિ.
૨. વિ. ઉત્કૃષ્ટ બુદ્ધિવાળું.

પ્રધૂપિત ૧. [સં.] વિ. ધૂપ કરેલું; ધૂપ્યું કરેલું; તપાવેલું.
૨. વિ. ધૂપથી સુવાસિત કરેલું.
૩. વિ. સંતાપિત.

પ્રધ્યાન [સં.] ન. ઉત્કૃષ્ટ ધ્યાન; ખૂબ વિચાર કરવો તે; ધ્યાન ધરવું તે.

પ્રધ્વસ્ત ૧. [સં.] પું. (તાંત્રિક) એક પ્રકારનો મંત્ર.
૨. વિ. ખોવાયેલ.
૩. વિ. ગયેલ; વીતેલ.
૪. વિ. નાશ પામેલ.

પ્રધ્વંસ ૧. [સં.] પું. (સાંખ્ય) અતીતાવસ્થા. સાંખ્ય મતવાળા કોઈ વસ્તુનો નાશ થતો નથી એમ માને છે. તેથી તેઓ કોઈ પદાર્થની અતીત અવસ્થાને પ્રધ્વંસ કહે છે.
૨. પું. નાશ; વિનાશ; પ્રલય; ઉચ્છેદ.

પ્રધ્વંસક [સં.] વિ. નાશ કરનારું; પ્રધ્વંસ કરનાર; વિનાશક.

પ્રધ્વંસાભાવ ૧. પું. (જૈન) આગામી પર્યાયમાં વર્તમાન પર્યાયનો અભાવ.
૨. પું. નાશ પામવાનો ગુણ.
૩. પું. (ન્યાય) પાંચ માંહેનો એક અભાવ; કોઈ વસ્તુ ઉત્પન્ન થઈ તેનો નાશ થતાં ઉત્પન્ન થતો અભાવ; વસ્તુનો ધ્વંસ થવાથી થતો અભાવ. અભાવ પાંચ છે: પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ, તાદાત્મ્યાભાવ અને અન્યોન્યાભાવ.

પ્રધ્વંસિની [સં.] વિ. સ્ત્રી. નાશ કરનારી.

પ્રધ્વંસી ૧ [સં. પ્રધ્વંસિન્] વિ. નાશ કરનાર.
૨. વિ. નાશવાળું; નાશવંત.

પ્રધ્વા [સં. પ્ર + ધ્વન્ (અવાજ કરવો)] વિ. જોરથી ફૂંકનાર.

પ્રનત [સં. પ્રણત] વિ. (હિંદી) પ્રણત; નમી પડેલ; શરણે આવેલ.

પ્રનતનિભાવન વિ. શરણે આવેલાને નિભાવી લેનાર.
દયાલ દમનિધિ પ્રનતનિભાવન. દયારામ

પ્રનતિ [સં. પ્ર + નતિ (નમન)] સ્ત્રી. નમસ્કાર; વંદના; પ્રણામ; પ્રણતિ.
વંદન પ્રણત પ્રનતિ નતિ અભિવંદન પ્રણામ.
સખી નમી આગળ ગઈ કુંવરી રાણા કામ. વિમળાપ્રબોધ

પ્રનપ્તા [સં. પ્ર + નપ્તૃ (પૌત્ર)] પું. પ્રપૌત્ર; પુત્રનો પૌત્ર.

પ્રનમન [હિં.] ન. પ્રણમન.

પ્રનય [સં. પ્રણય] પું. (હિંદી) પ્રણય; સ્નેહ.

પ્રનર્તન [સં.] ન. નાચવું તે; નાચ.

પ્રનર્દક [સં.] વિ. અત્યંત શબ્દ કરનાર; મોટી ગર્જના કરનાર.

પ્રનવ [સં. પ્રણવ] પું. (હિંદી) પ્રણવ.

પ્રનષ્ટ ૧. [સં. પ્ર (વિશેષ) + નષ્ટ (નાશ પામેલ)] વિ. ખોવાઈ ગયેલ.
૨. વિ. નાશ પામેલ.
૩. વિ. નાસી ગયેલ.

પ્રનષ્ટવિનષ્ટ [સં.] વિ. બેભાન; વિનય વિનાનું.

પ્રનાદ પું. જેમાં કાનમાં અણગમતો અવાજ થવા કરે એવો કાનનો એક રોગ.

પ્રનામ [હિં.] પું. પ્રણામ; નમસ્કાર.

પ્રનામી ૧. [હિં.] સ્ત્રી. ગુરુ, બ્રાહ્મણ, જોસ્વામી વગેરેને પ્રણામ કરતી વખતે શિષ્ય કે ભક્ત તરફથી આપવામાં આવતી રકમ.
૨. વિ. પ્રણામ કરનાર.

પ્રનાયક ૧. [સં.] વિ. જેને ઉત્તમ નેતા હોય એવું; શ્રેષ્ઠ નેતાવાળું.
૨. વિ. પ્રણય કરનાર.
૩ વિ. રૂડી રીતે દોરનાર.

પ્રનાલ ન. પરનાળું.
ઉપર કહ્યાં તે ગ્રાસદ્વાર અને પાપ પ્રનાલને સર્વ પ્રકારે રોકવાં તે સંવરભાવ. રાજચંદ્ર

પ્રનાલિકા [સં. પ્રણાલિકા] સ્ત્રી. પોરવું; પ્રબોધ; રીતરિવાજ; પ્રણાલિકા; પદ્ધતિ; રૂઢિ; ક્રમ.

પ્રનાલી જુઓ પ્રનાલિકા.

પ્રનાશ પું. નાશ; વિનાશ.

પ્રનાશન [હિં.] ન. નાશ; વિનાશ.

પ્રનાશી [હિં.] વિ. નાશ કરતું; વિનાશકારક.

પ્રનાસન [હિં.] ન. નાશ; વિનાશ.

પ્રનાળ સ્ત્રી. પરનાળ.
પહેલાંની માફક જ વહેતા પાણીની ખાળ, પ્રનાળ આદિ સહિત એવું એ ઘર રાયકોએ આપ્યું અને શાહકોએ લીધું પુરાતત્ત્વ

પ્રનિઘાતન [સં.] ન. વધ; હિંસા.

પ્રનિપાત [હિં.] પું. પ્રણિપાત.

પ્રનેશ પું. પ્રજાપતિ.

પ્રનેશકુમારી સ્ત્રી. પાર્વતી; દક્ષ પ્રજાપતિની દીકરી; શિવા.

પ્રપક્ષ [સં.] પું. પક્ષનો અમુકભાગ.

પ્રપતન ૧. [સં.] ન. અધઃપાત; અધઃપતન; પડતી.
૨. ન. (પુરાણ) પ્રયાગમાંનું એ નામનું એક તીર્થ.
૩. ન. મરણ.
૪. ન. વિનાશ.

પ્રપતાત્મા [સં. પ્રપતાત્મન્] પું. શિવનું એક નામ.

પ્રપતિત [સં.] વિ. પડેલું.

પ્રપત્તિ ૧. [સં.] પું. એ નામનો એક સિદ્ધાંત. તે સિદ્ધાંતને ઈ. સ. ૧૦૦ સુમારે સતમોપે પ્રચલિત કર્યો હતો. આ મત પ્રમાણે ઈશ્વરને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવામાં આવે છે.
૨. સ્ત્રી. અનન્ય ભક્તિ; અનન્ય શરણાગત થવાની ભાવના.
૩. સ્ત્રી. પશ્ચાત્તાપ; અનુશોચન.
૪. સ્ત્રી. શરણ લેવું તે; પ્રણિધાન.

પ્રપત્તિયોગ [સં.] પું. ઈશ્વરપ્રણિધાન દ્વારા સધાતો યોગ.
ભાગવતનાં મેં અનેક પારાયણો કર્યાં છે અને ભગવદ્ગીતા કરતાં પણ એ ભક્તિનો-નિરતિશય પ્રેમનો ગ્રંથ મને વધારે ગમે છે. એ પારાયણની સંખ્યા પણ મેં ઠપાંક નોંધી છે. પ્રપત્તિયોગ એ જ પરમ યોગ છે. આનંદશંકર ધ્રુવ

પ્રપથ ૧. [સં.] પું. મોટો માર્ગ; શ્રેષ્ઠ માર્ગ.
૨. વિ. મોટા માર્ગવાળું; શ્રેષ્ઠ માર્ગવાળું
૩. વિ. શિથિલ; થાકેલું પાકેલું.

પ્રપથ્ય ૧. [સં.] વિ. અત્યંત હિતકારક.
૨. વિ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ.

પ્રપથ્યા [સં.] સ્ત્રી. હરડે.

પ્રપદ [સં. પ્ર (આગળ) + પદ (પગ)] પું. પગનો આગલો ભાગ; કૂણો

પ્રપદક ન. પદ; પોચડો

પ્રપદીન [સં.] વિ. પગના અગ્ર ભાગ સુધી પહોંચનાર; પગના અગ્ર ભાગે વ્યાપક.

પ્રપન્ન ૧. [સં.] વિ. આવેલું.
૨. વિ. આશ્રય કરવાવાળું; શરણાગત; પ્રપત્તિવાળું. શરણે આવેલ; આશ્રિત.
૩ વિ. કબૂલ કરનાર.
૪ [સં. પ્ર + પદ્ (જવું)] વિ. જઈ પહોંચેલું; પહોંચેલું.
૫. [સં. પ્ર + પદ્ (ચતુ)] વિ. ઢાંકેલ થયેલું.
૬. વિ. પ્રાપ્ત થયેલ; મેળવેલ.
૭. વિ. સહિત; સાથે.
૮. વિ. સયુક્ત; વળગેલું.

પ્રપન્નપારીય પું. (પિંગળ) જે નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, યગણ, તગણ, રગણ અને બે ગુરુ મળી બોદ વર્ણ હોય છે.

આ માત્રા આવે પ્રપન્નપારીયે.
ઋષિગણ

પ્રપન્નમાર્ગ [સં.] પું. શરણમાર્ગ; ઈશ્વરને શરણે જવાનો રસ્તો.

પ્રપલાડ [સં.] પું. ચક્રમર્દ; કુવાડિયાનો છોડ. તે ઢોરના રોગનો નાશ કરનાર મનાય છે.

પ્રપન્નાત્મા [સં. પ્રપન્નાત્મન્] વિ. ભક્ત; પ્રપન્ન આત્માવાળું; ખુદાપરસ્ત.

પ્રપર્ણી ૧. [સં.] ન. પડેલું પાંદડું.
૨. વિ. જેનાં પાંદડાં પડેલાં હોય એવું.

પ્રપલાયન [સં.] પું. નાસી જવું તે.

પ્રપલાયિત ૧. [સં.] વિ. જલદી નાસી ગયેલું.
૨. વિ. હારેલું.

પ્રપલાયી [સં. પ્રપલાયિન્] વિ. નાસી જનાર.

પ્રપંચ ૧. પું. અસલ વૃત્તિમાં નૈપુણ્યની પરસ્પર પ્રશંસા.
૨. [સં.] પું. ઊંધાપણું; વિપર્યાસ; વિપરીતપણું; વિરુદ્ધતા.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રપંચચામર. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી એગણીસ અક્ષરો હોય છે.
૪. પું કાવતરું; છૂપા સ્વાર્થવાળી કોઈ બાબત; ફસાવટ; કાવાદાવા; છૂપી બાબત.
૫ પું. ક્લેશ; કજિયો; ઝંખેડો.
૬. પું. જાળપટ; જાળબેદ; પ્રતારણ; દગો; ઊંતરપિંડી; કુટિલતા.

પ્રપંચ રચવો-રમવો = (૧) જાળપટવાળી યુક્તિ કરવી; તરકીબ કરવી; આડું ગોઠવવું. (૨) દગો કરવો; જાળપટ કરવું.

૭. પું. ઢોંગ; આડંબર.
૮. પું. દુનિયાની જંજાળ; સાંસારિક માયા; ઉપાધિ; ભ્રમ; સંસારની ખટપટ.
૯. પું. દોડધામ; કપાકૂટ; માયાકૂટ; ઝાંઝવાં.
૧૦. પું. પંચ તત્ત્વોનો ઉત્તરોત્તર અનેક ભેદોમાં વિસ્તાર; માયાનો વિસ્તાર; સંસાર; સૃષ્ટિ; ભવજ્જાલ.
૧૧. પું. ભૂલ.
૧૨. પું. ભેદ.
૧૩. પું. (વેદાંત) માયા, દ્વૈતત્વ, જડત્વ, પરિચ્છિન્નત્વ અને ચૈતન્યથી ભિન્નપણું એ પ્રપંચનું સામાન્ય લક્ષણ છે.
૧૪. પું. પહોંચટ; હારબાર.
૧૫. પું. વિસ્તાર; ફેલાવ; એકમાંથી ઉત્તરોત્તર અનેક થવાનો ક્રમ.
૧૬. પું. વેદ.

આ પ્રપંચને (વેદને) તમે અક્ષરના જ અનુક્રમણથી કહો છો. અજ્ઞાત

પ્રપંચકુશળ વિ. કપટાદિ કરવામાં હોશિયાર.

પ્રપંચચામર જુઓ પ્રપંચ ૩.

પ્રપંચજાળ સ્ત્રી. પ્રપંચની જાળ; ખટપટ.

પ્રપંચટોળી સ્ત્રી. કપટાદિ કરનાર લોકોનો સમૂહ.

પ્રપંચદાહિની [સં.] સ્ત્રી. આસક્ત માંહેની એક તેજસ્તત્ત્વ દેવતા.

પ્રપંચપટુ [સં.] વિ. કપટાદિમાં હોશિયાર.

પ્રપંચબાજી સ્ત્રી. ખટપટ; પ્રપંચરૂ.

પ્રપંચલહરી [સં.] સ્ત્રી. જે નામનું એક શાસ્ત્ર. તે ઋષિ વસિષ્ઠે લખેલું છે. તેમાં રચનાત્મક જગત પરમાણુઓની શક્તિથી વિશ્વ બનેલું છે કે એક સત્તાશક્તિથી ઉત્પન્ન થયેલું છે તે અગત્યનો સવાલ ઉત્તમ રીતે ચર્ચી નિર્ણય બાંધવામાં આવ્યો છે

પ્રપંચવાદ [સં.] પું. જડવાદ; સ્થૂલવાદ; 'મટીરિયલિઝમ'.

પ્રપંચવું સ. ક્રિ. વર્ણવવું; વર્ણન કરવું.

પ્રપંચાતીત [સં. પ્રપંચ (માયા) + અતીત (ઓળંગી ગયેલ)] વિ. પ્રપંચ રહિત.

પ્રપંચિત ૧. [સં] વિ. છેતરાયેલું.
૨. વિ. ઠગેલું; છેતરેલું; ફસાવટમાં નાખેલું.
૩. વિ. પ્રપંચવાળું; પ્રપંચથી ભરપૂર.
૪. વિ. ભૂલ કરેલું.
૫. વિ. વિસ્તારથી સમજાવેલું.
૬. વિ. સંપાદિત.

પ્રપંચી ૧. [સં પ્રપઞ્ચિન્] વિ. કપટી; પ્રપંચથી ભરેલું; ઊતરાંબોર; દગલબાજ; ઠોંગી. ૨. ધૂર્ત; ધુતરું; આડંબર દેખાવનાર; મનમાં કાંઈ હોય અને બહારથી કાંઈ જુદું જ દેખાડતું હોય એવું.
૨. વિ. ગૃહસ્થ; સંસારી; સંસારની મોહજાળમાં પડેલું.
૩. વિ. કપટાબોર; કજિયાબોર.
૪. વિ. પ્રપંચ રચનાર.
૫. વિ. સાર વિનાનું; અસાર.

પ્રપંચીપણું ન. બંધાઈ; પકડાઈ; ધુતરાઈ.

પ્રપા ૧. સ્ત્રી. પરબ બેસાડવાનું એક જાતનું વ્રત. તે ચૈત્ર સુદિ એકમથી બાર માસ સુધી પળાય છે.
૨. [સં.] સ્ત્રી. પાણી સર્વ રીતે પહોંચતું કરવાનું સ્થાન; કૂવો; ટાંકી.
૩. સ્ત્રી. પરબ.
૪. સ્ત્રી. વટેમાર્ગુને રસ્તે જતાં પાણી પાવાની જગા; પરબ.

પ્રપાઠ પું. પેટા ભાગ; પાઠ.

એના ચાર પાઠ અથવા અધ્યાય છે અને તે અધ્યાયના ચાર ચાર પ્રપાઠ અથવા પાઠ છે.
સિદ્ધાંતકૌમુદી

પ્રપાઠક ૧. [સં.] પું. વેદના અધ્યાયોનો અમુક અંશ; વેદનું પ્રકરણ; ગ્રંથનો ભાગ; વેદ ભણનારાઓને ભણવા કરવા આપેલ વિભાગ; નાનો અધ્યાય; પ્રકરણ.

એક અદ્વિતીય સદ્રૂપ બ્રહ્મ આ જગતનું કારણ છે એમ શ્રી છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે.
પંચદશીસારસંગ્રહ

૨. પું. શ્રૌત ગ્રંથોનો એક અંશ.
૩. વિ. ઉત્કૃષ્ટ કરનાર.
૪. વિ. વેદના અધ્યાયનો પાઠ કરનાર.

પ્રપાણિ [સં.] પું. હથેલી; હાથનો નીચલો ભાગ.

પ્રપાત ૧. [સં. પ્ર + પત્ (પડવું)] પું. ઊડવાનો એક પ્રકાર.
૨. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ચાર યગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
૩. પું. કાંઠો; કાંઠા ઉપરના સીધા ઢળાવ ખડક.
૪. પું. ઢોલ વાગે ને પડી જવાય એવું સ્થાન.
૫. પું. ડૂબકી; ભૂસકો; કૂદી કે ઊછળીને ઊંચેથી નીચે પડવું તે; વિલીન થવા પડવું તે.

૬. પું. ધોધ; ઝરણું; પાણીનો દરેડો.
૭. પું. પડી જવું તે; પતન; સ્થિતિ કે પાયરી ઉપરથી ઊતરી જવું તે; અધિકારભ્રષ્ટ થવું તે; પદભ્રંશ.
૮. પું. પર્વત કે ટેકરીનો ઊભો કિનારો, જ્યાંથી કોઈ વસ્તુ પડે તો કાંઈ તેને રોકી શકે નહિ એવો પર્વતનો નિરાધાર ટેકરો; પર્વતની ફાટ; પર્વતની ફરાડ; નિરવલંબ.

પ્રપાતન [સં.] ન. ઊછાળીને ફેંકવું કે પાડવું તે.

પ્રપાતલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, જગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
આ સ જ જ જ ગ થી રચો પ્રપાતલિકા. રત્નપિંગળ

પ્રપાતાવતાર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
પ્રપાતાવતારે જા જા રા લ ગી. રત્નપિંગળ

પ્રપાથ [સં.] પું. રસ્તો; માર્ગ.

પ્રપાદ [સં.] ન. પગની પેનીનું હાડકું.

પ્રપાદાન ન. પાણીનું દાન કરવું તે.
ચૈત્ર માસથી આઠ મહિના સુધી પ્રાણીમાત્રને પાણીની પરબ કરાવી તે આશ્રયે જલદાન કરવું તેને પ્રપાદાન કહે છે.
આર્યોના લહેવારોની ઐતિહાસ

પ્રપાદાસ્થિ [સં.] ન. પગની પેનીનું હાડકું.

પ્રપાદિક [સં.] પું. મોર.

પ્રપાન [સં.] ન. પાણીનું પરબ.

પ્રપાનક [સં.] ન. સાકર, બદામ, મરી વગેરે નાખેલ એક જાતનું પીણું.

પ્રપાનારાય [સં.] ન. પાણીથી ઉભરાતું તળાવ.

પ્રપાનીય [સં.] વિ. પીવા યોગ્ય પાન કરવા જેવું.

પ્રપામઠ પું. પરબવાળી જગ્યા; પરબડી.

પ્રપામઠી જી. પાણી પાવાની પરબડી.

પ્રપાલી [સં. પ્રપાલિન્] પું. જળદેવનું એક નામ.

પ્રપાવન [સં.] ન. હોડ કરવાનો ભાગ; કામારણ.

પ્રપિતા [સં. પ્ર (ઉત્પત્તિ) + પિતા] પું. દાદો; વડવો; બાપનો બાપ.

પ્રપિતામહ ૧. [સં. પ્ર (ઉત્પત્તિ) + પિતામહ] પું. પરદાદો; વડદાદો; દાદાનો બાપ; બાપના બાપનો બાપ; પિતામહનો પિતા; બાપનો દાદો.
૨. પું. પરબ્રહ્મ.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે પિતાઓના પિતરોના પિતા કહેવાય છે.

પ્રપિતામહી [સં.] જી. દાદાની મા; વડદાદી; બાપના બાપની મા; બાપની દાદી.

પ્રપિતૃવ્ય [સં.] પું. પરદાદાનો ભાઈ.

પ્રપિત્સુ ૧. [સં.] વિ. પડવાને ઇચ્છનાર.
૨. વિ. મેળવવાની ઇચ્છા કરવાવાળું.

પ્રપીડક (પ્રપીડ) [સં.] વિ. બહુ કષ્ટ દેનાર.

પ્રપીડન (પ્રપીડન) ૧. [સં.] ન. બહુ કષ્ટ દેવું તે.
૨. ન. પારક ઔષધ.

પ્રપીડિત (પ્રપીડિત) [સં.] વિ. બહુ જ પીડાયેલ; પીડાતું; દુઃખી થતું; દુઃખ ભોગવતું.

પ્રપીડિત અવસ્થા (પ્રપીડિત અવસ્થા) [સં. પ્રપીડિત (બહુ દુઃખી) + અવસ્થા (સ્થિતિ)] જી. (જ્યોતિષ) જન્મની નવ ગ્રહોની એક અવસ્થા.
રવિથી અસ્તગ્રહ વિકલગ્રહ, જે ગ્રહને બાધગ્રહ જુએ તે પ્રપીડિત અવસ્થા. જ્યોતિષસાર

પ્રપુત્ર [સં.] પું. દીકરાનો દીકરો; પૌત્ર.

પ્રપુન્ના [સં.] જી. એક પ્રકારનું ઘાસ; ધમાસો.

પ્રપુન્નાટ જુઓ પ્રપુન્ના.

પ્રપુષ્પણ [સં.] ન. ફુલાઈ જવું તે; ફૂલ થઈ જવું તે.

પ્રપુંજ [સં.] પું. મોટો સમૂહ.

પ્રપૂરક [સં.] વિ. અત્યંત પૂર્ણ કરનાર; સારી રીતે ભરનાર.

પ્રપૂરણ ૧. [સં.] ન. પૂરવું કરવું તે; ભરવું તે.
૨. ન. બાણ મારવા માટે ધનુષ્યની દોરી ખેંચવી તે.

પ્રપૂરિકા [સં.] જી. એક પ્રકારની કંટાળી વનસ્પતિ; જોરિંગડી.

પ્રપૂર્ણ [સં.] વિ. સંપૂર્ણ; ભરેપૂર; પૂર્ણ; કાંઠા સુધી ભરેલું.

પ્રપૂર્વેશ ૧. [સં. પ્ર (વિશેષ) + પૂર્વ (પહેલાં) + ઈ (જનાર)] પું. પરમેશ્વર; સૃષ્ટિની રચના કરનાર તે.
૨. પું. પરમેશ્વરરૂપે ધ્યાન કરવા યોગ્ય બે અશ્વિનીકુમાર.

પ્રપોડો (પ્રપોડો) જ. ભેયડો; કૂટ પ્રશ્ન.
ત્રિકાળદર્શી પુરુષોમાં એવા એવા પ્રપોડા છે કે સામાન્ય હવિચારનો પા ભાગે નહિ. મનસુખરાય મજમુદાર

પ્રપૌંડ પું. એ નામની એક વનસ્પતિ. તે સોમને બદલે વપરાય છે.

પ્રપૌત્ર [સં.] પું. પુત્રના પુત્રનો પુત્ર; દીકરાના દીકરાનો દીકરો; પૌત્રનો પુત્ર.

પ્રપૌત્રિક ૧. [સં.] પું. પ્રપૌત્ર.
૨. પું. વંશપરંપરા
૩. પું. શિષ્યનો શિષ્ય.

પ્રપૌત્રી ૧. [સં.] જી. દીકરાના દીકરાની દીકરી; પૌત્રની પુત્રી.
૨. જી. દીકરીની દીકરીની દીકરી.

પ્રપૌંડરીક ૧. [સં.] પું. પૌંડ્રવો; પૌંડરીક; એ નામે એક છોડ. તેનો ઔષધ તેમ જ સુગંધી તરીકે પણ ઉપયોગ થાય છે.
૨. ન. સફેદ કમળ.

પ્રપૌંડરીકાદ્ય [સં.] ન. એ નામનું વૈદ્યપ્રસિદ્ધ એક ઔષધરૂપ તેલ.

પ્રપ્યાન [સં.] વિ. સ્થૂલ; જાડું.

પ્રપ્રાણવાયુ [સં.] પું. હરી ગયેલો પ્રાણવાયુ.

પ્રપ્રાણ્વિલ પું. જેમાં પ્રાણવાયુનું પ્રમાણ પ્રાણ્વિલ કરતાં ભભકતું હોય તે પદાર્થ.
એ બધાં વાયુ લોહાના પ્રપ્રાણ્વિલથી ઘેરે પણે ઓછો રંગિત અનેલાં હોય છે. ભૂસ્તરવિદ્યા

પ્રફર્વ [સં.] વિ. બેઠ ગતિવાળું.

પ્રફર્વી [સં.] જી. બેઠ નિતંબવાળી સ્ત્રી.

પ્રફુલ્લ ૧. [સં. પ્র + ફુલ્ (ખીલવું)] વિ. ખીલેલું; ફૂલેલું; વિકસેલું; ઊઘડેલું.
૨. વિ. પ્રકાશતું.
૩. વિ. પ્રસન્ન; આનંદ પામેલું; ખુશાલ; આનંદમાં હોય એવું; હસતું.
૪. વિ. ફૂલ આવ્યાં હોય એવું; કુસુમિત

પ્રફુલ્લકદલી [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
પ્રફુલ્લકદલી જ સ જ ગા ગા. રત્નપિંગળ

પ્રફુલ્લચંદ્ર [સં.] પું. પૂર્ણિમાનો ચંદ્ર; અખંડિત ચંદ્ર.

પ્રફુલ્લચિત્ત [સં.] ન. આનંદ ભરેલું મન; ખુશમિજાજ.

પ્રફુલ્લતા [સં.] જી. આનંદની લાગણી; આનંદિતપણું.

પ્રફુલ્લન ૧. [સં.] ન. ખિલાવટ; પ્રફુલ્લવું તે.
૨. ન. પ્રકાશન; બહાર આવવું તે; જાહેર થવું તે.
દિશ દિશમાં દીપ્યાં લહ્યાં દુઃખ પાપ દુષ્કાલનાં
પ્રફુલ્લન. નાનાલાલ
૩. ન. ફેલાવો; પ્રસાર.

પ્રફુલ્લનેત્ર [સં.] વિ. વિકસેલ આંખોવાળું.

પ્રફુલ્લવદન ૧. [સં.] ન. આનંદી ચહેરો; ઉત્સાહભર્યા ચહેરો.
૨. વિ. આનંદી ચહેરાવાળું.

પ્રફુલ્લવું ૧. [સં.] અ. ક્રિ. ખીલવું.
૨. અ. ક્રિ. પ્રફુલ્લ થવું.

પ્રફુલ્લા ૧. [સં. પ્રફુલ્લ (ખીલેલું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. (હિંદી) કમલિની; કમળ.
૨. સ્ત્રી. કુમુદિની.

પ્રફુલ્લાવવું સ. ક્રિ. પ્રફુલ્લ થાય તેમ કરવું.

પ્રફુલ્લિત ૧. [સં.] વિ. ખીલેલું; કુસુમિત; ખીલેલાં ફૂલવાળું.
૨. વિ. પ્રફુલ્લ; આનંદી; આનંદ પામેલું.

પ્રબદ્ધ ૧. [સં.] વિ. બાંધેલું.
૨. વિ. રોકાયેલું; અટકાવાયેલું.

પ્રબલ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો વિષ્ણુ ભગવાનનો એક મુખ્ય પાર્ષદ.
૨. પું. ધન; 'મોઝિટિવ'.
૩. પું. જાતકર્મ સંસ્કારમાં રખાયેલ અગ્નિ.
૪. પું. (પુરાણ) બહ્મણ્વાની કૂખે કૃષ્ણથી થયેલો એ નામનો પુત્ર.
૫. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોશના આઠ પુત્રો પૈકીનો એ નામનો એક રાગ. આ રાગ અપ્રસિદ્ધ છે.
૬. સ્ત્રી. ચોવીસ માંહેની એ નામની એક મુદ્રા.
૭. ન. પ્રબલતા; કૂપળ.
૮. વ. ઘેર બળ; ઘણું બળ; ભારે બલ.
૯. વ. સંજ્ઞા લાગવગ.
૧૦. વિ. અત્યંત; ઘણું જ.
૧૧. વિ. ઉગ્ર; આકરું; કરડું; સખત; જબ્બર; સજ્જડ.
૧૨. વિ. કસદાર.
૧૩. વિ. જલદ; સહજમાં ગરમ થઈ બળ જાય તેવું.
૧૪. વિ. નીરોગી.
૧૫. વિ. ભગવાન; પ્રચંડ; શક્તિમાન.
૧૬. વિ. ભારે; મહાન; ઘોર.
૧૭. વિ. સ્નાયુ સંબંધી.

પ્રબલતર [સં.] વિ. વધારે શક્તિમાન.

પ્રબલતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત બળવાનપણું; જોર; બળ; શક્તિ; પરાક્રમ; પ્રતાપ.
૨. સ્ત્રી. ઉપરીપણું.

પ્રબલરેખ ૧. સ્ત્રી. પ્રબળરેખા.
૨. વિ. કાયમ ટકે એવું; શાશ્વત; ચિરસ્થાયી.
રહો પ્રબલરેખ એ ચરમ આર્યની ભાવના,
ગુહા હૃદયમાં હજ પ્રતિસ્થે વરી ગુંજતી.
કૌમુદી

પ્રબલવર્ણ [સં.] પું. (વ્યાકરણ) એક પ્રકારનો વર્ણ. દરેક વર્ગના પહેલા ચાર વ્યંજન પ્રબલવર્ણ છે. બાકીના એટલે અનુનાસિક, અંતઃસ્થ અને ઉષ્મ એ નિર્બલવર્ણ છે.

પ્રબલસંયોગ [સં.] પું. એક પ્રકારનો વર્ણ.

પ્રબલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વેલ. તે પ્રસારિણી નામથી પણ ઓળખાય છે.
૨. સ્ત્રી. જોરાવર સ્ત્રી.
૩. વિ. સ્ત્રી. પ્રચંડ હોય એવી; બહુ બળવાળી; જોરાવર.

પ્રબળ જુઓ પ્રબલ.

પ્રબળતા જુઓ પ્રબલતા.

પ્રબળપણે અ. જોરથી; મજબૂતીથી; ઘણા જુસ્સાથી.

પ્રબળા જુઓ પ્રબલા.

પ્રબંધ ૧. [સં. પ્ર + બંધ્ (બાંધવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું. બાંધકામ; બાંધણિત કર્મ; ચણતર; ચણવું તે; ચણવાપણું.
૨. પું. બંદોબસ્ત; રોકટ.
૩. પું. બંદીખાનું; કેદ; બંદિવાળાને અનુસરતી કવિતા.
૪. પું. ઇતિહાસ અને દંતકથાથી મિશ્રિત લેખ; નિબંધ; મહાનિબંધ; ગ્રંથ; લેખ; પુસ્તક; પુસ્તકનું લેખવું વંચાણું; કાવ્ય નાટકાદિ કોઈ પણ રચના. જેમકે, ભોજપ્રબંધ.
૫. પું. ઉપાય; આયોજન.
૬. પું. (પિંગલ) એ નામે એક છંદ.
૭. પું. એક પ્રકારની કાવ્યરચના; કટાવ; કડિબંધ. તેની બે જાત છે: (૧) શબ્દચમત્કૃતિ, જેને સામાન્ય રીતે પ્રબંધ કહેવાય છે અને (૨) અર્થચિત્ર, જેમાં અર્થાલંકાર હોય છે.
૮. પું. (સંગીત) એક પ્રકારનું ગીત.
સ્વર, તેનક, પાટ, બિરુદ, બિરુદ અને પદ એ છ પ્રબંધનાં અંગો છે. ચાલ્દવાદન
૯. પું. (જૈન) ચાર પ્રકારની વિકથાની પ્રવૃત્તિ.
૧૦. પું. ચિત્રપ્રબન્ધ, જેમકે, ચક્રબન્ધ; સમુદ્રબન્ધ.
૧૧. પું. બાંધો; કાયદો; ક્રમનુ; રિવાજ; રીત.
૧૨. પું. બનાવટ; ગ્રંથરચના. કોઈ પણ વિષય વિષે આપણે આપણા વિચાર બરાબર અને સંપૂર્ણ રીતે દર્શાવવા હોય તો આપણે તે વિષયના જુદા જુદા ચોટા વિભાગ પાડી, દરેકને લગતા વિચાર યોગ્ય રીતે ગોઠવીએ છીએ. આવી લાંબી શબ્દરચનાને પ્રબંધ કહે છે. પ્રબંધના ત્રણ પ્રકાર છે: ગદ્ય, પદ્ય ને મિશ્ર. જે શબ્દરચના રાગ કે છંદ વડે બાંધેલી હોય તે પદ્ય, બાંધેલી ન હોય તે ગદ્ય અને જેમાં ગદ્ય ને પદ્ય બંને હોય તે મિશ્ર કહેવાય છે.
૧૩. પું. બંધ; બાંધ; દોર વગેરેનો તાણી કસીને બાંધેલો આંટો.
૧૪. પું. (સંગીત) માલવ રાગ અને રૂપક તાલ મિશ્રિત એક રાગ. આ રાગ ગાવાબજાવવામાં આદિતાળ કિંવા ત્રિતાળ ઠીક પડે છે.
૧૫. પું. મુક્તિ; મોક્ષ.
૧૬. પું. યોજના; બંદોબસ્ત; વ્યવસ્થા; ગોઠવણ.
૧૭. પું. વહીવટ; કારભાર.
૧૮. પું. સંદર્ભ.
૧૯. વિ. પંડિત; જાણેલું.

પ્રબંધક ૧. પું. વ્યવસ્થા કરનાર માણસ; વ્યવસ્થાપક; પરિચાલક; 'મેનેજર'.
૨. પું. શાસનકર્તા; 'એડમિનિસ્ટ્રેટર'.

પ્રબંધકર્તા જુઓ પ્રબંધક ૨.

પ્રબંધકલ્પના [સં.] સ્ત્રી. મોટી લાંબી અને ઘણે ભાગે ખોટી કથા કે વાર્તા; સત્ય અને કલ્પના મિશ્રિત પ્રબંધ.

પ્રબંધક વર્ગ પું. કાર્યકારિણી સભા.

પ્રબંધકાર ૧. [સં.] પું. ગ્રંથ વગેરેની રચના કરનાર; ઇતિહાસકાર.
મૂલરાજ પછી સિંહાસન ઉપર બીજા બીજા ઘણા બેઠા, પણ તે સાલ નબળો હોવાથી પ્રબંધકારો વંશાવળી આપતી વખતે મૂલરાજ પછી બીજાનું નામ ન લેતા વાઘેલા રાજાઓનું જ નામ આપે છે. પુરાતત્ત્વ
૨. પું. પ્રબંધ કરનાર માણસ.

પ્રબંધકારિણી [સં.] વિ.સ્ત્રી. કાર્યકારિણી; 'એક્ઝીક્યુટિવ'.

પ્રબંધકારિણી પરિષદ [સં. પ્રબંધકારિણી (પ્રબંધ કરનારી) + પરિષદ (સભા)] સ્ત્રી. કાર્યનિર્વાહક સભા.

પ્રબંધકારિણી સભા [સં.] સ્ત્રી. કારોબારી સભા; 'એક્ઝીક્યુટિવ કાઉન્સિલ'.

પ્રબંધદોષ [સં.] ન. (કાવ્ય) કાવ્યદોષનો એક પ્રકાર. તેના અંકપ્રપંચ, અપાંગ ઉદ્ભટ, અંગવિસ્તાર, પ્રકૃતિવિપર્યય ઉદ્ભટ એવા ભેદ છે.

પ્રબંધન ૧. [સં] ન. બંધાઈ જવું તે; બંધન.
૨. ન. બાંધવું તે; રચવું તે; ગૂંથવું તે; રચના.
૩. ન. વ્યવસ્થા કરવી તે; જોડવું.

પ્રબંધપત્ર [સં.] પું. વહીવટનો દાખલો.

પ્રબંધપ્રકારશ્લ [સં.] ન. (સ્વર) ધ્વનિકાવ્યનો એક ભેદ.

પ્રબંધવ્યય [સં.] પું. વ્યવસ્થાખર્ચ.

પ્રબંધસમિતિ ૧. [સં.] સ્ત્રી. કાર્યવાહક મંડળી; વ્યવસ્થા કરનારી સમિતિ; ' મેનેજિંગ કમિટી '.
૨. સ્ત્રી. લેખો તપાસનાર સમિતિ.

પ્રબંધ સંચાલક પું. પ્રમુખ કાર્યવાહક; ' મેનેજિંગ ડાયરેક્ટર '.

પ્રબંધાત્મક [સં.] વિ. પ્રબંધવાળું.
સંસ્કૃતમાં પ્રબંધાત્મક કવિતા રચનાર કવિ જયદેવ છે. ગીતગોવિંદ

પ્રબંધાત્મકતા [સં.] સ્ત્રી. પ્રબંધવાળું હોવાપણું.

પ્રબંધાધિકાર [સં.] પું. વ્યવસ્થા કરવાનો અધિકાર.

પ્રબંધાધિકારપત્ર [સં.] પું. વ્યવસ્થા કરવાના અધિકારવાળો કાગળ; શાસનાધિકારપત્ર.

પ્રબંધુ [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પ્રબાલ ૧. [સં.] ન. નવપલ્લવ; નવું પાંદડું; નવી શાખા; વૃક્ષનો નવો અંકુર.
૨. ન. પરવાળું; એક જાતનું રત્ન; પ્રવાલ.
૩. ન. ખીજનો દાંડો; વાંસનો દાંડો.

પ્રબાલક ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક કિન્નર.
૨. પું. એ નામનો એક વૃક્ષ.

પ્રબાલકંદલ ૧. [સં.] ન. રાતા ચંદનનું ઝાડ.
૨. ન. લાલ ચંદન.

પ્રબાલવાન [સં. પ્રવાલવત્] વિ. નવા અંકુરવાળું.

પ્રબાલિક [સં.] પું. એક જાતનું ઝાડ.

પ્રબાસ પું. મુસાફરી; પ્રવાસ.

પ્રબાસી પું. મુસાફરી કરનાર માણસ, બરદેશી.

પ્રબાહ પું. પ્રવાહ.

પ્રબાહુ [સં.] પું. બાહુનું મૂળ; હાથનો બાવડાં સાથે પોંચો.

પ્રબાહુક ૧. [સં.] ન. ઊંચે.
૨. ન. સમકાળ; સરખા કાળે.

પ્રબિલિયક પું. એક પ્રકારનો ઘોડ.

પ્રબુદ્ધ ૧. વિ. જાગૃતાર.
૨. [હિ.] વિ. પ્રવીણ; જાહોશ; ડાહ્યું; ચતુર.
૩. વિ. સુંદર.

પ્રબુદ્ધ ૧. [સં.] પું. (પુરાણ) ઋષભદેવના સો માંહેના બાકીને જાગૃતાર નવ માંહેનો એ નામનો એક પુત્ર.
૨. પું. નવ માંહેનો એ નામનો એક યોગેશ્વર.
૩. વિ. અમુક બાબત જેમ જાણવી જોઈએ તેમ જેના જાણવામાં આવેલી હોય એવું; બરી વસ્તુ જેને સમજાયેલી હોય એવું; જેનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં હોય એવું; બરી વસ્તુથી જાણકાર.
૪. વિ. ખીલેલું; વિકસિત.
૫. વિ. જાગ્રત; જાગેલું.
૬. વિ. બોધ પામેલ; વિદ્વાન; પંડિત; જ્ઞાની; સમજુ; ડાહ્યું.
૭. વિ. ઊગેલામાં આવેલ.

પ્રબોધ ૧. [સં. પ્રબુધ્ (વિસ્તારથી બોધ આપવો) + ઘ (નામ બનાવનાર પ્રત્યય)] પું. ઉપદેશ; વિસ્તારથી બોધ આપવો તે; શિક્ષા. સિખામણ; નસિયત.
૨. પું. ખીલવું તે; વિકાસ.
૩. પું. ચેતવણી; સાવચેતી; સંભાળ.
૪. પું. જાગૃતિ; હોશિયારી; જાગવું તે.
૫. પું. દિલાસો; આશ્વાસન; સાંત્વના.
૬. પું. બોધ; સમજણ; જ્ઞાન; બરોબરી સમજ; યથાર્થ જ્ઞાન; પૂર્ણ બોધ.
૭. પું. મહાપુરુષની એક અવસ્થા.
૮. પું. સમજ; મહાપણ.

પ્રબોધઉત્સવ ૧. પું. અષાઢ સુદિ અગિયારસને દિવસે મધ્યાહ્ને કરવામાં આવતો એક ઉત્સવ.
૨. પું. કાર્તિક માસમાં સુદિ દશમથી પૂર્ણિમા સુધી ઊજવવામાં આવતો એક ઉત્સવ.

પ્રબોધક ૧. [સં. પ્ર + બુધ્ (જાણવું) + અક (નાર)] પું. આશ્વાસન આપનાર માણસ; દિલાસો આપે તે.
૨. પું. બોધ આપે તે; શિક્ષક; શીખવનાર; ઉપદેશ કરનાર; ઉપદેશક; જ્ઞાનદાતા.
૩. પું. રાજાને પ્રભાતમાં જગાડવાની ફરજ જેને સોંપવામાં આવી હોય તે ચારણ કે ભાટ.
૪. વિ. ચેતવનાર.
૫. વિ. જગાડનાર.
૬. વિ. પ્રબોધ કરનાર.

પ્રબોધકાલ ૧. [સં.] પું. જાગૃતિનો સમય.
૨. પું. સવાર; જાગવાનો સમય.

પ્રબોધકાળ જુઓ પ્રબોધકાલ.

પ્રબોધચંદ્રોદય [સં.] પું. કૃષ્ણમિશ્રે લખેલ એ નામનું એક નાટક. આ વિલસણી ભરેલ નાટક બારમી સદીમાં લખાયું હોય એમ મનાય છે.

પ્રબોધન ૧. [સં. પ્રબુધ્ (જાગૃત કરવું) + અન (પણું)] ન. ઉદ્દીપન; ઉત્તેજના; જાગૃત કરવું તે.
૨. ન. ચેતવણી; સંભાળ; તાકીદ; સૂચના.
૩. ન. જગાડવું તે; નિદ્રામાંથી ઉઠાડવું તે.
૪. ન. જાગરણ.
૫. ન. જ્ઞાન દેવું તે.
૬. ન. દીપવવું તે.
૭. ન. પ્રથમની સુગંધ ઓછી થતાં ફરી સુગંધ લાવવા માટે કોઈ વ્યાપાર કરવો તે.
૮. ન. પ્રવચન; ઉપદેશ; આખ્યાન; શીખવવું તે.
૯. ન. યથાર્થ જ્ઞાન.
૧૦. ન. વિકસિત કરવાનું કાર્ય.
૧૧. ન. સાંત્વના; સાંત્વન કરવાનું કામ.

પ્રબોધના જુઓ પ્રબોધન.

પ્રબોધનાર વિ. પ્રબોધ કરનાર; પ્રબોધક.

પ્રબોધની ૧. [સં.] સ્ત્રી. કાર્તિક સુદિ અગિયારસ; દેવઊઠી એકાદશી; દેવદિવાળી. તે દિવસે વિષ્ણુ ભગવાન સૂઈને ઊઠે છે એવી માન્યતા છે.
૨. સ્ત્રી. જગાડો; ધમકો.

પ્રબોધકુલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, રગણ, નગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

પ્રબોધવું ૧. [સં. પ્રબુધ્] સ. ક્રિ. અજ્ઞાનમાંથી જગાડવું; જ્ઞાન આપવું; વિસ્તારથી બોધ આપવો; જાગૃતિ આપવી.
૨. સ. ક્રિ. આશ્વાસન આપવું; દિલાસો દેવો.
૩. સ. ક્રિ. ઊંઘમાંથી ઉઠાડવું.
૪. સ. ક્રિ. બોલાવવું; હાંક મારવી.

પ્રબોધિત ૧. [સં.] વિ. ઉપદેશેલ; બતાવેલું; શીખવેલું; બોધ પમાડેલ; સમજાવેલ.
૨. વિ. ખીલવેલ.
૩. વિ. જાગૃત; પ્રતિબોધિત; જ્ઞાન પામેલ.
૪. વિ. પ્રભુપ્રેરિત.

પ્રબોધિતા [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને મંજુભાષિણી તથા સુનંદિની છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

પ્રબોધિની ૧. [સં.] સ્ત્રી. દેવઊઠી એકાદશી; દેવદિવાળી; કારતક સુદિ એકાદશી.
૨. સ્ત્રી. ધમાસો.
૩. વિ. સ્ત્રી. જાગ્રત કરનારી.

પ્રબોધિની એકાદશી સ્ત્રી. કાર્તિક સુદિ અગિયારસ; વિષ્ણુ ભગવાન શેષશય્યા ઉપરથી જાગે છે તે એકાદશી. તેને ગામડાના લોકો દેવઊઠી અગિયારસ કહે છે. આ એકાદશીનું વ્રત સકળ પાપનો નાશ કરી પુણ્યની વૃદ્ધિ કરનારું મનાય છે, તેથી તેનું નામ પ્રબોધિની એકાદશી પડ્યું છે. એકાદશી માહાત્મ્યમાં લખ્યું છે કે, આ એકાદશીનો ઉપવાસ કરવાથી સહસ્રાવધિ અને શતાવધિ વાજપેય યજ્ઞનું ફળ મળે છે. એકટાણું કરવાથી એક જન્મનું પાપ નાશ પામે છે દુર્લભ, અપ્રાપ્ય અને અપ્રાપ્ત ત્રૈલોક્યમાં નથી એવું ફળ આ પ્રબોધિની એકાદશી આપે છે. હજારો પૂર્વજન્મનાં જે પાપ છે તે સર્વે પ્રબોધિનીની રાત્રે જાગરણ કરવાથી નાશ પામે છે. આ એકાદશીને દિવસે યથાવિધિ થોડું પુણ્ય કર્યું હોય તોપણ મેરુ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. આ એકાદશી ભગવાનને અતિ પ્રિય તથા સકળ ધર્મનો સાર આપનારી છે. આ એકાદશીના દિવસે પાછલી પાંચ ઘડી રાતે ઊઠી દંતધાવનપૂર્વક સ્નાન કરવું, ફૂલ, ફળ, કપૂર, કેસર વગેરે ઉપચારોથી ભગવાનનું પૂજન કરવું, ઉપવાસ સમર્પણ કરવો તથા રાત્રે ભગવાનની પાસે જાગરણ કરવું.

પ્રબોધિત વિ. ઉપદેશ અપાયેલ.

પ્રબોધોળી સ્ત્રી. આસુવો; એક મોટી જાતની વાલોળ.

પ્રભ ૧. [સં. પ્રભુ] પું. (જૂ. ગુ.) પતિ; ધણી; પ્રભુ.
૨. [સં.] પું. (પુરાણ). રામની સેનાનો એ નામનો એક વાનર.
૩. વિ. કાંતિવાળું; તેજસ્વી; પ્રભાવાળું.

પ્રભક્ષિત વિ. કહેલું.

પ્રભદ્ર ૧. [સં.] પું. બીજાનું કાચું નીમ.
૨. ન. (સ્થાપ) ઉત્તરમાં ફળદ્રૂપ ભાગમાં બે પીઢાં અને ચાર સ્તંભોવાળી ઓરડી અને પૂર્વમાં બે પરસાળ હોય તેવું ઘર.

પ્રભદ્રક ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેને પ્રભદ્રિકા કે સુપ્રેક્ષક છંદ પણ કહે છે. તેમાં નગણ, જગણ, જગણ, જગણ અને રગણ મળી પંદર વર્ણ હોય છે. આઠમે અક્ષરે યતિ આવે છે.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેને ભદ્રક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે. તેમાં દશમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૩. પું. (સ્થાપ) કેટલાક અલંકાર કે ચાર શ્લોકનું કાવ્ય.
૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.
૫. પું. વીંઝણાનું ઝાડ.

પ્રભદ્રા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; પ્રસારિણી લતા
૨. સ્ત્રી. (પુરાણ) કર્દમના પુત્ર ક્રતુની એ નામની સ્ત્રી. એનું બીજું નામ ભદ્રાવતી હતું.

પ્રભદ્રિકા [સં.] પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેને પ્રભદ્રક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ અને રગણ મળી પંદર અક્ષર હોય છે. તેના આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

પ્રભવ ૧. પું. આઠ માંહેનું તે નામનું એક વર્ષ.
૨. [સં. પ્ર (વિશેષ) + ભૂ (થવું)] પું. ઉત્પત્તિ; જન્મ.
૩. પું. ઉત્પત્તિસ્થાન; જન્મ કે ઉત્પત્તિનું મૂળ; ઉદ્ભવ; ઉદય.
૪. પું. એ નામનો એક મુનિ.
૫. પું. જગતની ઉત્પત્તિ.
૬. પું. જન્મ થવાનું કારણ; જન્મહેતુ; ઉત્પત્તિહેતુ; ઉત્પત્તિકારણ.
૭. પું. તેજ.
૮. પું. નદીનું મૂળ.
૯. પું. પરાક્રમ.
૧૦. પું. પરાભવ; પરાજય.
૧૧. પું. (પુરાણ) સાઠ માંહેનો એ નામનો એક ભાર્ગવ દેવ.
૧૨. પું. બીજે પ્રકારે અથવા બીજેથી સિદ્ધ થયેલી વસ્તુનું પ્રથમ પ્રાપ્તિસ્થાન.
૧૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સમસ્ત મહાભૂત રૂપી રીતથી વિષ્ણુથી ઉત્પન્ન થાય છે એટલે તે પ્રભવ કહેવાય છે. અથવા એમનો જન્મ પ્રકૃષ્ટ એટલે દિવ્ય છે એટલે તે પ્રભવ કહેવાય છે.
૧૪ પું. કર્દમ, ભગ.
૧૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૬. પું. સાઠ માંહેનો એ નામનો એક સંવત્સર; બૃહસ્પતિની વીસીના પહેલા સંવત્સરનું નામ; બાર્હસ્પત્ય સંવત્સરનાં સાઠ માંહેનું પહેલું વર્ષ. આ સંવત્સરમાં વરસાદ વધારે થાય અને લોકો સુખી અને નીરોગી રહે એમ મનાય છે.
૧૭. પું. સૃષ્ટિ; સંસાર.
૧૮. વિ. જન્મેલું; ઉદ્ભવેલું. સમાસને અંતે વપરાય છે. જેમકે, સૂર્યપ્રભવ.
૧૯. વિ. બળવાળું.

પ્રભવન ૧. [સં.] ન. અધિષ્ઠાન.
૨. ન. ઉત્પન્ન થવું તે; જન્મવું તે; ઉત્પત્તિ; મૂળ.
૩. ન. સમર્થ થવું તે.
૪. ન. હોવું તે; થવું તે.

પ્રભવવું ૧. [સં. પ્ર + ભૂ (થવું)] અ. ક્રિ. ઉત્પન્ન થવું; પેદા થવું; જન્મ પામવું.
વ્યક્તિ દિવસ ઊગતાં પ્રભવતી સર્વે ય અવ્યક્તથી; પામે છે લય ત્યાં જ રાત્રિ પડતાં સર્વે અવ્યક્તો મળી.
ગીતાર્થસામૃત
૨. સ. ક્રિ. સતાવવું; દુભવવું.
૩. સ. ક્રિ. સમજાવવું; સમજ પાડવી.

પ્રભવસ્થાન [સં.] ન. મૂળ; જન્મસ્થાન; ઉત્પન્ન થવાનું ઠેકાણું.

પ્રભવાદિ [સં.] પું. પ્રભવ વગેરે સાઠ સંવત્સર.

પ્રભવિતા ૧. [સં. પ્રભવિતૃ] વિ. થનાર; હોનાર.
૨. વિ. પરાક્રમી; સમર્થ.
૩. વિ. સત્તા ચલાવનાર.

પ્રભવિષ્ણુ ૧. [સં.] પું. શેષ નાગ.
૨. પું. પ્રભુ.
૩. પું. વિષ્ણુ.
૪. વિ. ઉત્પન્ન થનાર કે હોનાર.
૫. વિ. પરાક્રમી; સમર્થ.
૬. વિ. પ્રભાવશીલ.

પ્રભવિષ્ણુતા ૧. [સં.] સ્ત્રી. ઉત્પન્ન થનારપણું.
૨. સ્ત્રી. જોરાવરપણું; પરાક્રમીપણું.
૩. સ્ત્રી. થનારપણું; હોનારપણું; ભાવી.
૪. સ્ત્રી. પ્રભાવશીલપણું.

પ્રભંકર [સં.] પું. (જ્યોતિષ) અશ્વિનીથી માંડેનો એ નામનો એક ભ.

પ્રભંગ ૧. [સં.] પું. નાશ; વિનાશ.
૨. [સં.] પું. ભંગાણ; ભાંગી પડવું તે.

પ્રભંગુર વિ. ક્ષણભંગુર; ક્ષણમાં નાશ પામે એવું.

પ્રભંજન ૧. [સં.] પું. પવન; વાયુ.
૨. પું. (પુરાણ) મણિપુરીનો એ નામનો એક રાજા. એને રુદ્રનું એવું વરદાન હતું કે, તારા વંશમાં એક જ સંતતિ થઈને તારો વંશ ચાલ્યા કરશે. આવી રીતે ચિત્રવાહન સુધી ચાલ્યા કર્યું. પણ ચિત્રવાહનને પુત્રને બદલે ચિત્રાંગદા નામની એક માત્ર પુત્રી થઈ. તે અર્જુનને આપી અને તેને બભ્રુવાહન નામે જે પુત્ર થયો તે ચિત્રવાહને પોતે રાખ્યો અને એને પોતાનું રાજ્ય આપ્યું.
૩. પું. વંટોળિયો; વાયુ; મોટો વાયરો.
૪. પું. (જૈન) વાયુકુમાર દેવોના બે ભાંહેનો એક ઇંદ્ર.
૫. પું. શંકર.
૬. ન. ભાંગફોડ; ભાંગવું તે; નાશ.
વાયુએ પોતાની પ્રભંજન શક્તિનું અનુસંધાન કરી સામસામા વાદળાં સામે પૂરા વેગથી ધસારો કર્યો પણ તેને ફાડી કરી શક્યો નહિ.
કેનોપનિષદ

પ્રભંજનઘાટક [સં.] પું. (છંદ) એક જાતનો રથ.

પ્રભંજનસુત [સં.] પું. વાયુપુત્ર હનુમાન.

પ્રભંજનેંદ્ર [સં.] પું. (જૈન) પવનકુમાર નિકાયના ઉત્તર વિભાગનો એ નામનો ઇંદ્ર.

પ્રભા ૧. પું. આકાશનો એક.
૨. પું. (પુરાણ) આઠમા મન્વંતરનો એક દેવગણ.
૩. પું. (પિંગળ) એ નામનો બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મંદાક્રિની; ગૌરી. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે રગણ મળી બાર અક્ષરો હોય છે. સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
૪. પું. કપૂર.
૫. પું. કુશદ્વીપમાં આવેલ એ નામનો એક ખંડ.
૬. પું. ચિત્રાનું ઝાડ.
૭. પું. સમુદ્ર.
૮. સ્ત્રી. (પુરાણ) ઉત્તાનપાદવંશના પુષ્પાર્ણની બે ભાંહેની એ નામની પહેલી સ્ત્રી.
૯. સ્ત્રી. એ નામની એક દેવી.
૧૦. સ્ત્રી. (પુરાણ) એ નામની વૃંદાવનની એક ગોપી.
૧૧. સ્ત્રી. એ નામે એક અપ્સરા.
૧૨. સ્ત્રી. કુબેરની નગરી.
૧૩. સ્ત્રી. દુર્ગા દેવી.
૧૪. સ્ત્રી. (પુરાણ) ધ્રુવના પૌત્ર પુષ્પાર્ણની એ નામની એક રાણી.
૧૫. સ્ત્રી. (પુરાણ) નહુષ રાજાની માતાનું નામ.
૧૬. સ્ત્રી. નામ; આબરૂ; પ્રતિષ્ઠા; વિખ્યાતિ.
૧૭. સ્ત્રી. પ્રકાશ.
૧૮. [સં. પ્ર (વિશેષ) + ભા (પ્રકાશવું)] સ્ત્રી. પ્રકાશ; તેજ; દ્યુતિ; અજવાળું; કાંતિ; ઓજ.
૧૯. સ્ત્રી. અષાડની આઠ મહિની એક કળા.
૨૦. સ્ત્રી. (જૈન) ચોગની સાતમી દૃષ્ટિનું નામ.
૨૧. સ્ત્રી. (પુરાણ) રાહુની કન્યા અને વિવસ્વાન આદિત્યની એ નામની એક સ્ત્રી. એ સંજ્ઞાની શોક્ય હતી. એને પોતાને કોઈ સંતતિ ન હતી.
૨૨. સ્ત્રી. લખલખાટ; રેખ; રેખ; ઝલેહ; ઝળાહ.
૨૩. સ્ત્રી. વડાઈ; મોટાઈ; પ્રભુતા.
૨૪. સ્ત્રી. (પુરાણ) સહદૃષ્ટિના આઠ મહિનો એક વિભાગ. આ દૃષ્ટિમાં બોધ ને વીર્યનું બળ સૂર્યની પ્રભા જેવું હોય છે.
૨૫. સ્ત્રી. સંભાળ; સારસણી.
૨૬. સ્ત્રી. (પુરાણ) સૂર્યની એ નામની એક સ્ત્રી; અશ્વિનીકુમારની માતા ને ત્વષ્ટાની દીકરી.
૨૭. સ્ત્રી. સૂર્યનું બિંબ; કિરણ.
૨૮. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશના સત્તર રાજાની સુમતિ નામની મોટી સ્ત્રીનું બીજું નામ.
૨૯. સ્ત્રી. રૂપકા; ગરજ; તમા.
૩૦. સ્ત્રી. (પુરાણ) સ્વર્ભાનુની એક કન્યા.

પ્રભાઉ પું. (જૂ. ગુ.) પ્રભાવ.

પ્રભાકર ૧. [સં] પું. અગ્નિ.
૨. પું. (પુરાણ) અત્રિના વંશનો એક મુનિ.
૩. પું. આકાશનો એક.
૪. પું. (પુરાણ) આઠમા મન્વંતરના એક દેવગણનો એ નામે એક દેવતા.
૫. પું. એ નામે એક નામ.
૬. પું. એ નામે એક મીમાંસક.
૭. પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૬૧ લઘુ મળી ૮૧ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.
૮. પું. કપૂર.
૯. પું. કુશદ્વીપનો એ નામે એક પર્વત.
૧૦. પું. ચંદ્ર.
૧૧. પું. ચિત્રાનું ઝાડ.
૧૨. પું. પક્ષિવર્ય આદિક.
૧૩. પું. શિવનું એક નામ.
૧૪. પું. સમુદ્ર.
૧૫. પું. સૂર્ય; સૂરજ; દિવાકર.
૧૬. વિ. અજવાળું કરનાર; ઝગઝગાટ કરનાર.
૧૭. વિ. તેજ આપનાર; પ્રકાશ કરનાર.

પ્રભાકરવર્ધન [સં.] ન. એ નામનો સ્થાણ્વેશ્વરનો એક રાજા. તે વિક્રમ સંવત ૬૦૦ પહેલાં રાજ્ય કરતો હતો. તેને હર્ષવર્ધન નામે પ્રતાપી પુત્ર હતો. તેની રાજધાની પ્રભાપુષ્પમાં હતી અને તેનો સભાકવિ બાણ જ હતો. તે સૂર્યનો ઉપાસક હતો.

પ્રભાકરી [સં.] સ્ત્રી. (બૌદ્ધ) બોધિસત્ત્વોની ત્રીજી અવસ્થા. તે પ્રમુદિતા અને વિમલા પછી આવે છે.

પ્રભાકલ્પ પું. સૃષ્ટિનો બારકો.

પ્રભાકારા સ્ત્રી. નર્મદાનાં કાંઠાં ભાંડેનું એક નામ

પ્રભાકિરીટમંડલ [સં.] ન. સૂર્યની આસપાસનું મુગટ જેવું એક આવરણ; પ્રભામંડળ; સૂર્યની આસપાસ સર્વત્ર આવેલું તેજોમય મંડળ. આ મંડળમાં કોઈ કોઈ વાર બે ભાગ દેખાય છે: એક અંદરનો અને બીજો બહારનો. અંદરનો ભાગ વિશેષ તેજસ્વી હોય છે. પ્રભામંડળ કેટલીક વાર તદ્દન કાંઠું તો કેટલીક વાર તે ચોડીક ઝાંખું પડોળું દેખાય છે અને કેટલીક વાર તે ભિન્ન ભિન્ન જાતના બહાર પ્રસરેલું હોય છે.

પ્રભાકિરીટમંડળ જુઓ પ્રભાકિરીટમંડલ.

પ્રભાકીટ [સં. પ્રભા + કીટ (કીડો)] પું. આગિયો; પતંગિયું; આગિયો કીડો; ખદ્યોત; ચલક; તમોમણિ; ચળકાટ મારતું પાંખવાળું એક જંતુ.

પ્રભાગ ૧. [સં.] પું. આકાશનો પણ ભાગ; વિભાગનો વિભાગ. જેમકે, કૂકે ના કૂકે.
૨. પું. વિભાગ.

પ્રભાગણતિ અપૂર્ણાંક પું. (ગણિત) જેમાં અપૂર્ણાંકના અપૂર્ણાંક હોય તેવી સંખ્યા; મિશ્ર અપૂર્ણાંક. જેમકે, ½ ના ½

પ્રભામંડલ [સં.] ન. પ્રકાશમંડલ; ચક્રમાલા; તેજોમંડલ; કિરણમાલા.

પ્રભામયમકી સ્ત્રી. એક પ્રકારનું દાદખાતું. તેમાં કરતાં ચિત્રો હોય છે ને તે જુદા જુદા રંગોને લીધે શોભાયમાન લાગે છે.

પ્રભાજ [સં.] વિ. ભાગ પાડનાર; ભાંગનાર; ફોડનાર.

પ્રભાજલ [સં.] ન. તેજરૂપી જલ.

પ્રભાત ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ; સવારનું ઝાંઝરું વગાડવા માટે ત્યારથી આઠ વાગતા સુધી તે ગવાય છે. ભૈરવ, ભૈરવી, ત્રિભાસ, ત્રિવાવર વગેરે પ્રભાત રાગમાં ગણાય છે
૨. [સં.] પું. (પુરાણ) એ નામનો એક વસુ.

૩. પું. સૂર્ય અને પ્રભાથી ઉત્પન્ન થયેલો મનાતો એ નામે એક દેવતા.

૪ ન. પ્રાતઃકાળ; ઊષા; મળસકું; પરોઢ; સવાર; સૂર્યોદય થતા પહેલાં અજવાળું થવા માંડે છે ત્યારથી સૂર્યોદય થતાં સુધીનો કાળ; સવારનો વખત.

૫. વિ. પ્રભાવાળું; કાંતિવાળું.

પ્રભાતક [સં.] ન. પ્રાતઃકાળ; સવારનો પહોર.

પ્રભાતકાલ [સં.] પું. સૂર્યોદયની સમીપનો વખત

પ્રભાતકાળ જુઓ પ્રભાતકાલ.

પ્રભાતનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) શુક્રનો તારો.

પ્રભાતપ્રાર્થના [સં.] સ્ત્રી. સવારના સમયે કરવામાં આવતી પ્રાર્થના.

પ્રભાતફેરી ૧. સ્ત્રી. પ્રભાતમાં નગરકીર્તન કરનારી મંડળી.

૨. સ્ત્રી. પ્રભાતનું નગરકીર્તન.

૩. સ્ત્રી. સવારમાં ગામને હરતો ભાંડો મારવા જવું તે; સ્વદેશી ગીતો ગાતાં ગાતાં ગામમાં જવું તે; સ્વયંસેવકો પ્રભાતમાં રાષ્ટ્રીય ગીતો ગાતાં ગાતાં જુદા જુદા રસ્તાઓમાં ફરવા નીકળે તે.

પ્રભાતરવિ [સં.] પું. પ્રભાતનો સૂર્ય.

પ્રભાતસંગીત [સં.] ન. સવારના સમયે ગવાતું સંગીત.

પ્રભાતસ્તુતિ [સં.] સ્ત્રી. સવારના સમયે કરવામાં આવતી પ્રાર્થના.

પ્રભાતા [સં.] સ્ત્રી. (પુરાણ) પ્રત્યૂષ અને પ્રભાસની માતાનું નામ.

પ્રભાતિ પું. (સંગીત) સવારના વખતે ગવાતો એ નામનો એક રાગ.

પ્રભાતિયું ૧. ન. પ્રભાતમાં ગાવાને અનુકૂળ રાગ.

૨. ન. પ્રભાતે ગાવાના રાગનું સ્તુતિપદ્ય; સવારમાં ગાવાનું પદ; પ્રભાતના વખતે ગવાતું ધર્મચિરસ્તુતિવાળું કાવ્ય.

> નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં અને મીરાંબાઈનાં પદો દરેક જણ જનસમાજમાં જાણે ગોઠે છે, તેનું કારણ તે કવિઓની ખરી લાગણી, ભક્તિ અને ભક્તિની અનન્યતા માની રાખ્યા.
>
> ગુ. સા. પરિષદ

પ્રભાતી ૧. [સં.] સ્ત્રી. દાતણ; દંતધાવન.

૨. સ્ત્રી. (પુરાણ) પ્રત્યૂષ અને પ્રભાસ નામના વસુઓની માતાનું નામ.

૩ સ્ત્રી. સવારે ગાવાનું એ નામે એક જાતનું ગીત, સવારમાં ગવાનું ગાયન; પ્રભાતિયું.

પ્રભાતીર [સં.] પું. (પુરાણ) એ નામનો એક નાગ.

પ્રભાતીર્થ [સં.] ન. નર્મદાનાં ઉત્તર તટ ઉપર આવેલ ભૃગુક્ષેત્ર માંહેનું એક તીર્થ. નર્મદાપંચાંગમાં લખ્યું છે કે: ભૃગુજીની પ્રાર્થનાથી બધા ઋષિઓએ મળીને સૂર્યની પ્રભાની અહીં સ્થાપના કરી. પછી પ્રભાએ તપ કરીને સિદ્ધિ મેળવી. અહીં નેત્રરોગ વગેરે બધા રોગ મટી જાય છે. માગશર માસની ચૌદશનું મોટું માહાત્મ્ય છે. સંપર્યન્તતીર્થમાં પણ એક પ્રભાતીર્થ નામનું તીર્થ આવેલ છે. પુરાતન કાળમાં સૂર્ય ભગવાનની બીજી પ્રભાએ અહીં તપ કરીને સદૈવ સૂર્યની સાથે રહેવાની શક્તિ મેળવી હતી. અહીં કન્યાદાન કરવાનું મોટું માહાત્મ્ય છે.

પ્રભાતીવ્રતાભાપક [સં. પ્રભા (તેજ) + તીવ્રતા (તીવ્રપણું) + આપક (આપનાર)] ન. તેજ માપવાનું યંત્ર; 'ફ્લુસિમિટર'.

પ્રભાદ ન. એ નામે એક તરુ; સુવંશ; વનસ્પતિનો જે ખાધી શકે તેવો વિભાગ.

પ્રભાન [સં.] ન. દીપ્તિ; તેજ; કાંતિ.

પ્રભાનાથ ૧. [સં.] પું. સૂર્ય.

૨. ન. એક જાતનું રત્ન.

પ્રભાનુ પું. (પુરાણ) સત્યભામાની કૂખે કૃષ્ણથી થયેલ એ નામનો એક પુત્ર.

પ્રભાનુરાગ પું. તડકાને લીધે મળતા ઉત્તેજનને લઈને જે વાણીથી પ્રત્યુત્તર આપવાનું કેટલાક વખતાં અંગોનું વલણ.

પ્રભાન્ધતા સ્ત્રી. અપારદર્શકતા.

> અપારદર્શકતા, પ્રભાન્ધતા અને પટલાંધો એ બધી પટલાંધો ઉલ્લેખકારે બહુ સારી રીતે સમજાવી છે. સુશ્રુતસંહિતા

પ્રભાપાલ [સં.] પું. એ નામે એક બોધિસત્ત્વ.

પ્રભાપુંજ [સં. પ્રભા (તેજ) + પુંજ (ટગલો)] પું. તેજનો સમૂહ.

પ્રભાભર વિ. તેજસ્વી.

પ્રભામય [સં.] વિ. તેજોમય.

પ્રભામયી [સં.] વિ. સ્ત્રી. તેજવાળી.

પ્રભામંડલ [સં.] ન. (જ્યોતિષ) તેજોમંડળ; પ્રકાશનું મંડળ; તેજનું ટૂંપાળું; 'કોરોના'. આકાશ સુર્યમંડલને વખતે પ્રભામંડલ કોઈ કોઈ વાર નરી આંખે પણ દેખાય છે. જિનની નજીકનો ભાગ બહુ તેજસ્વી હોય છે. તે સહેજસાજ ખુલ્લો લાલ હોય છે. તેની બહાર આછો પીળો અગર મોતીના તેજ જેવો રંગ દેખાય છે. પ્રભામંડળ એ સૂર્યનું વાતાવરણ નથી, એ નિર્વિવાદ સિદ્ધ થયું છે. તે પ્રભામંડળ તદ્દન વિરલતાવાળું છે. સૂર્યની અતિ ઉષ્ણતાને લીધે વરાળરૂપે થયેલા દ્રવ્ય પરમાણુનું તે બનેલું છે. તે પરમાણુઓ પરસ્પર જોડાયેલાં નથી. તેમાંનાં કેટલાંક સ્વયં પ્રકાશ છે અને કેટલાંક સૂર્યના પ્રકાશથી પ્રકાશે છે. આ પરમાણુ સૂર્યપૃષ્ઠથી એટલા ઊંચા કેવી રીતે રહે છે એ પ્રશ્ન છે. એ વિષે ત્રણ અનુમાન છે: પહેલું એ કે, આ પરમાણુ તેજોગોળમાંથી ઝપાટાબંધ બહાર પડે છે અને ઊંચે જઈ પાછાં ગોળ ઉપર પડે છે. બીજું અનુમાન એવું છે કે, સૂર્યમાંથી બહાર પડેલાં પરમાણુ વિદ્યુત્શક્તિને જોરે થોડીવારથી વાર ઊંચે રહે છે. ત્રીજું એ કે, સૂર્ય આસપાસ ફરનાર અતિસૂક્ષ્મ ઉલ્કાઓના સમુદાયોનું આ પ્રભામંડલ બનેલું છે. મંડલનો શુમારે અર્ધો ભાગ સાધારણ તેજસ્વી દેખાય છે તેનું બહારનું તેજ ઝાંખું થવા માંડે છે અને છેવટે તે તદ્દન ઝીણું દેખાય છે. આ રંગ સર્વદા એકસરખા નથી હોતા. આ તરફના વેધ ઉપરથી એમ દેખાયું છે કે, પ્રભામંડળ તદ્દન ગોળ હોય છે એવો નિયમ નથી. કોઈ કોઈ વાર તેનો આકાર અનિયમિત હોય છે. કોઈ વાર બારે બાજુએ તેના ખૂણા બંધાયેલા હોય છે.

પ્રભામંડળ જુઓ પ્રભામંડલ.

પ્રભાયુક્ત [સં. પ્રભા (તેજ) + યુક્ત (જોડાયેલું)] વિ. તેજોમય; તેજવાળું.

પ્રભારક [સં.] પું. (પુરાણ) એ નામે એક નાગ.

પ્રભારાત્રિકા સ્ત્રી. સ્ત્રી. અહાર માંહેની એ નામની એક લિપિ.

પ્રભારૂપા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનું એક નામ.

પ્રભાવ ૧. પું. અંતઃકરણને કોઈ જાદુ પ્રવૃત્ત કરવાનો ગુણ.

૨. [સં.] પું. આઠ માંહેનો એક વસુ; પ્રભાસ.

૩. [સં. પ્ર + ભૂ (હોવું)] પું. ઉદય; ઉદ્ભવ; પ્રાદુર્ભાવ; ઉત્પત્તિ.

૪. પું. ઔષધિમાં રહેલી વિશિષ્ટ ક્રિયાવાન શક્તિ; ઔષધિની નૈસર્ગિક પ્રકૃતિ.

૫. પું. પ્રભુ; અસર.

૬. પું. ચાહે તે કરી કે કરાવી શકે એટલો અધિકાર કે માન.

૭ પું. પદવીનો હોદ્દો; ઠકરાતની હક.

૮. પું. પરાક્રમ.

૯. પું. પ્રતાપ; તેજ.

૧૦. પું. (પુરાણ) પ્રભાના પેટે થયેલો સૂર્યનો એ નામનો એક પુત્ર.

૧૧ પું. મહિમા; માહાત્મ્ય.
૧૨. પું. રાજાઓનું કોષ તથા દંડનું તેજ.
૧૩. પું. રુઆબ; દમામ.
પ્રભાવ પડવો = રુઆબ પડવો; તેજની અસર સામા ઉપર થવી.
૧૪. પું. વગ; વજન.
૧૫. પું. શક્તિ; બળ; સામર્થ્ય; વૈભવ; પ્રભુતા.
૧૬. પું. (પુરાણ) સુગ્રીવનો એ નામનો એક મંત્રી.
૧૭. પું. સ્વભાવ.
૧૮. પું. (પુરાણ) સ્વરોચિષ મનુનો એ નામનો એક પુત્ર.
૧૯. ન. (વિશેષ) એક જાતનું ઘર; જેની પૂર્વે દ્વાર અને ઉત્તરે ષટ્કારુ એટલે બે પીઠ્યાં અને ચાર સ્તંભવાળી ઓરડી હોય તેવું ઘર.
પ્રભુ નામના ઘરના અપવર્ગમાં પદ્મરાગ આવે તો પ્રભાવ નામે ઘર થાય. રાજવલ્લભ
પ્રભાવક ૧. [સં. પ્રભાવ (તાપ) + ક (કરનાર)] વિ. ઉત્તેજક.
૨. વિ. દીપાવનાર; શોભાવનાર; પ્રભાવવાળું.
૩. વિ. બીજા ઉપર પ્રભાવ પાડનાર.
પ્રભાવકતા [સં. પ્રભાવ (પ્રતાપ) + ક (કરનાર) + તા (પણું)] સ્ત્રી. બીજાના ઉપર અસર કરવાનો ગુણ; અસરકારીપણું.
પ્રભાવજ ૧. [સં.] પું. ઋષિ, દેવતા, વૃક્ષ વગેરેના શાપથી અથવા ગ્રહના હેરફેરથી થતો એ નામે એક રોગ.
૨. પું. કોપ અને દંડના રૂપમાં વ્યક્ત થતી એક પ્રકારની રાજશક્તિ.
૩ ન. બળના નવા સૈન્યબળથી ઉત્પન્ન થનાર રાજાઓનું તેજ.
૪. વિ. પ્રભાવથી ઉત્પન્ન થયેલ.
પ્રભાવતી ૧. પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; રુચિરા. તેના દરેક ચરણમાં જગણ, ભગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આમાં ચોથા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
૨ [સં.] સ્ત્રી. (પુરાણ) અંગેશ્વર ચિત્રરથની રાણીનું નામ.
૩. સ્ત્રી. એ નામની એક તપ કરનારી સ્ત્રી.
૪. સ્ત્રી. (સંગીત) એ નામે એક રાગ.
૫. સ્ત્રી. કાર્તિકેય સ્વામીની અનુચર એક માતૃકા.
૬. સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માહેની એક શક્તિ.
૭. સ્ત્રી. (પુરાણ) દેવશર્માની પત્ની; રુચિની મોટી બહેન.
૮. સ્ત્રી. (પુરાણ) પ્રદ્યુમ્નની એ નામની સ્ત્રી.
૯. સ્ત્રી. મલ્લિ નામના ઓગણીસમા અર્હંતની માતા.
૧૦. સ્ત્રી. (પુરાણ) ભરત રાજાની પત્ની.
૧૧. સ્ત્રી. (પુરાણ) યૌવનાશ્વ રાજાની સ્ત્રીનું નામ.
૧૨. સ્ત્રી. (પુરાણ) જ્યૂનાદ અસુરની તે નામની એક કન્યા.
૧૩. સ્ત્રી. વિદર્ભ રાજાની એ નામની એક પુત્રી.
૧૪. સ્ત્રી. શિવના એક અનુની પત્નીનું નામ.
૧૫. સ્ત્રી. (પુરાણ) સૂર્યની પત્નીનું નામ.
૧૬. સ્ત્રી. (પુરાણ) સ્વયંપ્રભાનું બીજું નામ.
૧૭. સ્ત્રી. (પુરાણ) હંસધ્વજના પુત્ર સુધન્વાની એ નામની સ્ત્રી.
૧૮. વિ.સ્ત્રી. કાંતિવાળી; તેજવાળી; પ્રભાવાળી.
પ્રભાવત્ત્વ [સં.] ન. અલૌ સામર્થ્ય.
પ્રભાવદર્શી [સં. પ્રભાવદર્શિન્] વિ. તેજ પાડે એવું.
પ્રભાવના ૧. [સં.] સ્ત્રી. ઉદ્ભાવના; પ્રાગટ્ય.
૨. સ્ત્રી. ધર્મપ્રચાર.
૩. સ્ત્રી. પ્રભાવ બતાવવો તે; મોટાઈ જાહેર કરવી તે.
મોક્ષમાર્ગની પ્રભાવના અને પ્રવચન વાત્સલ્ય એ તીર્થંકર નામકર્મના બંધ હેતુ છે. તત્ત્વાર્થસૂત્ર
૪. સ્ત્રી. (જૈન) વહાણી; પતાકા વગેરેની વહેંચણી.
૫. સ્ત્રી. (જૈન) શાસન ઉન્નતિનું પ્રવર્તન કરવું તે.
પ્રભાવર્ષક [સં.] વિ. તેજ વધારનાર.
પ્રભાવવાન ૧. [સં. પ્રભાવવત્] વિ. અધિકારવાળું; સત્તાવાળું.
૨. વિ. પ્રભાવવાળું; તેજવાળું; કાંતિવાન.
પ્રભાવવાહી [સં. પ્રભાવવાહિન્] વિ. પ્રભાવ પાડનાર; અસર કે છાપ પાડી શકે એવું.
પ્રભાવશાલી ૧. વિ. અસરકારક.
૨. [સં. પ્રભાવશાલિન્] વિ. પ્રભાવવાળું; કાંતિવાન.
૩. વિ. શક્તિશાળી.
પ્રભાવશાળી જુઓ પ્રભાવશાલી.
પ્રભાવશીલ [સં.] વિ. પ્રભાવવાળું.
પ્રભાવશીલતા [સં.] સ્ત્રી. પ્રભાવવાળું હોવાપણું.
પ્રભાવશૂન્ય [સં.] વિ. પ્રભાવ વગરનું.
પ્રભાવંતું વિ. પ્રભાવવાળું.
પ્રભાવાન [સં. પ્રભા (તેજ) + વત્ (વાળું)] વિ. તેજસ્વી; તેજોમય; પ્રભાવિત.
પ્રભાવાર્થે [સં.] અ. સામર્થ્યને માટે.
પ્રભાવિક ૧. [સં.] વિ. પ્રભાવવાળું.
૨. વિ. શક્તિશાળી.
પ્રભાવિત ૧. [સં.] વિ. પ્રભાવની અસરમાં આવેલું.
૨. વિ પ્રભાવવાળું.
૩. વિ બળવાન.
પ્રભાવી [સં. પ્રભાવ + ઇન્ (વાળું)] વિ. પ્રભાવશાળી.
પ્રભાવોત્પાદક [સં.] વિ. પ્રભાવ ઉત્પન્ન કરે તેવું; પ્રભાવ પાડનારું.
પ્રભાવોત્પાદક અંગ સ્ત્રી. નકારી ન શકાય તેવી માગણી.
પ્રભાષ ૧. [સં.] પું. આઠ માંહેનો એ નામનો એક વસુ.
૨. વિ. ખૂબ બોલનાર; ભાષણ કરનાર; રૂડું બોલનાર.
પ્રભાષણ [સં.] ન. સમજૂતી; અર્થ; પ્રબોધ કરાવવો તે.
પ્રભાષિત [સં.] વિ. ઉક્ત; કહેલ.
પ્રભાસ ૧. [સં.] પું. (જ્યોતિષ) આકાશમાંનો પહેલા વર્ગનો એ નામનો એક તારો. આ તારો અભિજિત્પક્ષમાં છે.
આર્દ્રાથી પૂર્વે પ્રભાસ (અભિજિત્પક્ષ) નો પહેલા વર્ગનો તારો છે, તે દસ પ્રકારવર્ષ જેટલે અંતરે છે. આકારાદર્શન
૨. પું. આઠમા મન્વંતરનો એક દેવગણ.
૩. પું. એ નામનો એક ઋષિ.
૪. પું. (જૈન) એ નામના એક ગણધર.
૫. પું. (પુરાણ) એ નામના એક વસુ. તેની સ્ત્રીનું નામ બામિરસી અને પુત્રનું નામ વિશ્વકર્મા હતું.
૬. પું. એ નામનો કુમારનો એક અનુચર.
૭ ન. (પુરાણ) કાઠિયાવાડમાં આવેલું એ નામનું એક પ્રાચીનતીર્થ; સોમતીર્થ; સોમનાથપાટણ; દેવપટ્ટન. અર્જુન તીર્થયાત્રા કરતો કરતો મણિપુરથી ગોકર્ણ ગયો હતો. ત્યાંથી અહીં આવ્યો હતો. અહીં તેને કૃષ્ણ મળ્યા. પછી કેટલોક કાળ રૈવતક પર્વત ઉપર રહ્યા. પછી સુભદ્રાનું હરણ કરીને તે ઉપપ્લવ્ય ગયો હતો. ઈ. સ. ૯૦૦થી તેનો ઉલ્લેખ નજરે પડે છે. ભરૂચ, આફ્રિકા, મેસોપોટેમિઆ અને ચીન જતાં વહાણો અહીં લાંગરતાં. કૃષ્ણ શિકારીથી અહીં માર્યા ગયા હતા. બધા જૂના સમયમાં તે માત્ર બંદર ગણાતું, પણ શિવની સ્થાપના પછી આ શહેરની ખ્યાતિ પુષ્કળ વધી. સોલંકી

શ્રાવકોને યાત્રાળુઓની વાર્ષિક પંચોતેર લાખ રૂપિયા આવક થતી હતી. વલભીવંશના રાજાઓને આ રાહેરની અડગ શ્રદ્ધા હતી. ધીમે ધીમે સોમનાથ મંદિરની સમૃદ્ધિ ખૂબ જ વધી ગઈ. મહમદ વીસ લાખ દિનાર જેટલી દોલત લૂંટી ગયો હતો ધાર્મિક પ્રખ્યાતિ ઉપરાંત આ રાહેરનો વેપાર ઘણો હતો. આવર્તમાં માત્રામાં ઉલ્લેખ છે કે: વેરાવળથી પ્રભાસપાટણ આશરે ચાર માઈલ દૂર છે. હિરણ, સરસ્વતી અને કપિલા નદીનાં નીર જેઓ ગામ છે તેને ત્રિવેણી મહામાગરસંગમ કહે છે. અહીં સ્નાન કરી હજારો યાત્રાળુઓ પુણ્ય લાભ છે. અંદર અદ્ભુત કારીગીરીનું સૂર્યમંદિર અને ત્રિવેણીનું મંદિર છે. બોડ જેવે અલકૂડ આવે છે, તેમ જ આદિત્યેશ્વર તથા ઈશ્વરનાં મંદિરો છે. આગળ જતાં દ્વારકાના શારદામઠમાંથી છૂટો પડેલો શારદામઠ અને સિદ્ધેશ્વર, મંગેશ્વર મહાદેવનાં તથા માર્કંડેય ઋષિનાં મંદિરો આવે છે. ત્યાંથી કેટલેક છેટે શ્રીકૃષ્ણના દેહોત્સર્ગનું સ્થળ ભાલકાતીર્થ નામનું આવે છે. વળી કેટલાક એમ પણ માને છે કે ત્યાંથી આશરે માઈલ છેટે હિરણને કાંઠે પીપળાના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણે દેહોત્સર્ગ કર્યો હતો. અહીં બીજી કેટલીક ઠાકર વગેરેની જગાઓ ને કુંડો આવે છે. ત્યાંથી પાછા ફરી પ્રભાસપાટણમાં પહોંચતાં જગવિખ્યાત શ્રી સોમનાથ મહાદેવનું મંદિર આવે છે. હજારો વર્ષથી વિવિધ ધર્મ સંપ્રદાયની વેદધર્મી હિંદુપ્રજાનું આ ધાર્મિક પવિત્ર તીર્થસ્થાન છે. સને ૧૯૪૮માં જૂનાગઢ ઉપર સૌરાષ્ટ્રે વિજય મેળવ્યા પછી સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે પોતાની જીવનયાત્રામાં પહેલવહેલાં પ્રભાસમાં પ્રવેશ કર્યો. સ્થાપત્ય શિલ્પકળાકોરાતના અદ્ભુત નમૂનારૂપ બસ્સો પાંચ વર્ષનાં ગોમાસાં વિતાવેલું શ્રી સોમનાથનું ભસ્માવશિષ્ટ મંદિર જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા. ખરી ઈ. સ. ૧૦૨૪થી ઈ. સ. ૧૭૦૨ની સાલ સુધીના આ સ્થાનના અબંધર વિનાશક ઇતિહાસથી એમનું અંતઃકરણ દ્રવિત થયું અને એ ભગ્ન મંદિરનું પાદમક્ષાલન કરતા સમુદ્રમાં ઊતરી એક કરોડ રૂપિયાને ખર્ચે ફરી મંદિર બાંધી દેવને પધરાવવાની પ્રતિજ્ઞા કરી, જે પ્રતિજ્ઞા સંવત ૨૦૦૬ના વૈશાખ સુદિ પાંચમે સિદ્ધ થઈ. પ્રભાસપાટણને સોમનાથપાટણ, દેવપટ્ટણ, શિવપટ્ટણ, સોમપુર એવાં નામથી પણ ઓળખે છે. જૂના સમયમાં માધવપુરથી તે અણસિયાવાડ સુધીના દક્ષિણના નાયેર પ્રદેશનું એ મુખ્ય શહેર હતું. આ પ્રદેશ ખારી વસ્તીવાળો હોવાથી અણસના વખતથી સારો ખેડાયેલો છે. પરદેશી લોકો વહાણને રસ્તે વેપાર માટે વારંવાર આવતા જતા તેથી તે દેશપરદેશના વેપારનું મુખ્ય મથક હતું. તે ઘણું આબાદ અને ધનાઢ્ય હતું. હિંદુસ્તાનમાં તે ટાણાનું એ અજોડ મંદિર હતું અને પૃથ્વીનું મુખ તેમ જ જગતનું શણગાર ગણાતું.

૮: ઘ. પ્રકાશ: તેજ: સૌંદર્ય: પ્રભાવ: દીપ્તિ: જ્યોતિ.

૯ વિ. અતિશય પ્રકાશમાન; અત્યંત તેજસ્વી; ઘણી કાંતિવાળું; પૂર્ણ પ્રભાવવાળું.

પ્રભાસક્ષેત્ર [સં.] ન. ઉત્તરમાં આદર નદી, પશ્ચિમમાં માધવપુર, પૂર્વમાં તુલસીશ્યામ અને દક્ષિણમાં સમુદ્રથી ઘેરાયેલો દક્ષિણ કાઠિયાવાડમાં આવેલ નાનો પ્રદેશ. પ્રભાસક્ષેત્રનું બીજું નામ ભાસ્કરક્ષેત્ર છે. પુરાણોમાં એક એવી કથા છે કે, સૂર્ય પ્રભાસમાં પોતાની પૂરી કળાથી પ્રકાશતો હતો. તે પ્રકાશ એવો અસહ્ય હતો કે સૂર્યની સ્ત્રી સંજ્ઞા પણ તેની પાસે જઈ શકતી નહિ. તેથી સૂર્યે પોતાની સોળ કળામાંથી બાર કળા પ્રભાસક્ષેત્રના બાર સૂર્યમંદિરોને આપી દીધી અને પોતે ચાર રાખી.

પ્રભાસખંડ જુઓ પ્રભાસક્ષેત્ર.

પ્રભાસત [સં.] પું. પરમેશ્વર; સૂર્ય.

પ્રભાસતીર્થ જુઓ પ્રભાસ ૭.

પ્રભાસદેવ [સં.] પું. પ્રભાસતીર્થનો અધિપતિ દેવ.

પ્રભાસપાટણ ન. સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું એક તીર્થ; પ્રભાસ. પ્રભાસનું જૂનું સોમનાથનું મંદિર પોતાની જર્જરાવસ્થામાં પણ પૂર્વપુણ્યની પોતાની જવલંત જ્વાલીનો પ્રકાશ આપી રહ્યું છે. આ મંદિર શ્રી સોમનાથનું નથી એવો પણ પણ કેટલાક પુરાતત્ત્વવિવેચકોનો છે, કારણ કે મહમદ ગઝનવીએ ઈ.સ. ૧૦૨૪માં આ દેવળનો નાશ કર્યો ત્યારે તેના પહેલાં કોઈ લેખો અમે જાકઝમાળ કારીગીરીવાળા સોમનાથના મંદિરનો નાશ કર્યો છે, વગેરે લખ્યું છે. પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. ગઝનવીના આક્રમણ વખતે કોઈ સભામંડપમાં મહાદેવજીના પ્રતીકને પધરાવીને મોરચા આગળ દેખાવ કર્યો હોય કે જેથી અસલ શિવલિંગને ગુપ્ત રાખી શકાય, તેવું અનુમાન પણ થઈ શકે છે. અથવા પૂર્વકાળમાં ઉત્સવો માટે સભાના સુંદર મંડપો કરવામાં આવતા હતા. તેવા મંડપોનો વિનાશ થયો હોય તેને વિદેશી જનારો કોઈ મંદિર માની બેસે તે વાસ્તવિક લાગે છે. ગમે તેમ હોય પરંતુ અત્યારે જૂનું શ્રી સોમનાથનું મંદિર છે તે જ સ્થળે શ્રી સોમનાથજીની મૂર્તિનું પૂજન થતું હતું. આ મંદિરના સ્થાપત્યનું અવલોકન સૂક્ષ્મ દૃષ્ટિથી કરતાં ઘણું જ જૂનું લાગે છે. તેમાં શિલ્પકળાની કારીગીરી સમગ્ર ભારતવર્ષમાં અજોડ છે. મુખ્ય દ્વારની આસપાસની વેલબુટ્ટાની જે ભૂંસણી છે તે અત્યારના કોઈ પણ મંદિરમાં જોવામાં આવતી નથી એક વિશેષતા તો એ છે કે, આ મંદિરને ફરતી પરિધિમાં ગજબંધની શૃંખલા અદ્ભુત રીતે જોવામાં આવે છે. આ પ્રકારની ગજબંધ શૃંખલા ઘટોરાની કૈલાસ નામની ગુફામાં વિદ્યમાન છે. ઘટોરાનું સ્થાપત્ય અને સોમનાથ મંદિરનું સ્થાપત્ય ભિન્ન છે, પરંતુ ગજબંધ જે મુદ્દે સ્થાપત્ય પહેલાંની કળા તરીકે મનાય છે, તે પ્રાચીન શિલ્પ સોમનાથ મંદિરમાં છે. આ મંદિરનો ઘેરાવો ચાર ફર્લાંગ હશે એમ અનુમાન થાય છે. પ્રભાસમાં આ મંદિર સિવાય પ્રાચીન મંદિર ત્રિવેણીતીરે સૂર્ય ભગવાનનું છે. તેનું સ્થાપત્ય પણ લગભગ બે કલ્પ વર્ષનું દેખાય છે. છેલ્લાં ૨૦ વર્ષથી મંદિરમાં સુધારો કરવાથી પુરાતત્ત્વને લગતી સામગ્રી વિકૃત થઈ ગઈ છે. આ સિવાય પ્રભાસમાં પ્રાચીન જળકુંડો અનેક છે, જેની આસપાસ અનેક પ્રાચીન અવશેષો મળે છે. ત્રિવેણીતીરે ડાબી બાજુની પાસે એક કુંડમાં મહારાજા અને મહારાણીની બંને સાથે મૂર્તિઓ એક મહાપાષાણમાં છે. મહારાજાએ પ્રાચીન ભગ ધારણ કરેલું છે. તે છત્ર બરાબર ગુજરાત પાટણમાં પંચાસરી પાર્શ્વનાથજીના મંદિરમાં વનરાજ ચાવડાની મૂર્તિ ઉપર રાજચિહ્ન તરીકે જે છત્ર ધારણ કરાયેલું છે તેના જેવું જ છે. આ મૂર્તિ મૂળરાજ સોલંકીની હોઈ શકે, કારણ કે સોલંકી વંશના સ્થાપક મહારાજા મૂળરાજ શ્રી સોમેશ્વર ભગવાનના પૂર્ણ ભક્ત હતા. પ્રભાસથી અગ્નિકોણમાં ચાર માઈલ છેટે પ્રાચીન વરાહમંદિર છે. જે ગામમાં આ મંદિર છે તેને કોદાર કહેવામાં આવે છે. વરાહમંદિરની જે બાંધણી છે તે કોઈ અપૂર્વ જ છે. અનેક મહાશિલાઓથી એક મંડપ તૈયાર કર્યો છે અને તે મંડપની પશ્ચિમ દિશામાં વરાહમૂર્તિ પધરાવવામાં આવી છે. જ્યારે ગઝનવીએ મંદિરોનો નાશ કર્યો ત્યારે આ મંદિરનો પણ નાશ કર્યો હોય એમ લાગે છે, કારણ કે આ મૂર્તિનાં બે ચરણ શ્વેતપાષાણનાં છે, જે પાસે જ દેખાય છે. ત્યાર પછી સ્થાપિત કરેલી મૂર્તિ બિલકુલ શ્યામ છે, એટલે આગળ જે મૂર્તિ હશે તે શ્વેતવારાહની હશે એમ અનુમાન થાય છે. પ્રભાસપાટણમાં ચાર યોજન વિસ્તારવાળા ક્ષેત્રમાં નીચેનાં અને બીજાં સેંકડો તીર્થસ્થાનો છે: ભીમેશ્વર, અગ્નિતીર્થ, પ્રાચી, સરસ્વતીતીર્થ, ભીમેશ્વર, આદિત્યેશ્વર, અંગારકેશ્વર, બુધેશ્વર, બૃહસ્પતીશ્વર, શુક્રેશ્વર, શનીશ્વર, ત્રિમલેશ્વર, વરારોહેશ્વર, ઉત્તરેશ્વર, વેણાનેશ્વર, ગૌતમેશ્વર, ચક્રતીર્થ,

પાંડવેશ્વર, નીલરુદ્ર, કપાલીશ્વર, વૃષભેશ્વર, અંબરેશ્વર, અઘોરેશ્વર, યોગેશ્વર, સાંબેશ્વર, રામેશ્વર, ભીમદેવેશ્વર, રાવણેશ્વર, ચામુંડેશ્વર, પાશુપતેશ્વર, ધુવેશ્વર, સિદ્ધલક્ષ્મી પીઠ, મહાકાલી પીઠ, સોમેશ્વર, હિરણ્યેશ્વર, અનંગેશ્વર, અનંતેશ્વર. સોમનાથની પ્રાચીન અઢોજઅઢળી વિષે ભગવત્સિંહજી વાચનમાળા ત્રીજી ચોપડીમાં લખ્યું છે કે: આ પ્રસિદ્ધ શહેરનાં સોમનાથ પાટણ, પ્રભાસ પાટણ, દેવ પાટણ, શિવ પટ્ટણ એવાં એવાં ઘણાં નામો છે. માધવપુરથી તે ભાલરિયાવાડ સુધીના નાથેર પ્રદેશનું એ મુખ્ય શહેર હતું. આ પ્રદેશ છેક અસલના વખતથી સારો ખેડાણ થયેલો અને ગાઢી વસ્તીવાળો છે. પરદેશી લોકો વહાણમાં ત્યાં વેપાર વગેરે માટે વારંવાર જતા. તેથી કાંઠાના લોકોને ઘણું ઘણું જોવા જાણવાનું પણ મળતું. એ શહેર દેશપરદેશના વેપારનું મુખ્ય મથક હતું. તેથી તે ઘણું આબાદ અને મનોહર હતું. એ બંદરની ખરોબરી કરી શકે એવી હિંદુસ્તાનમાં તે વખતે બીજી કોઈ જગા નહોતી. તેથી જ તે શહેર અસલના વખતમાં પૃથ્વીનું મુખ અને જગતનો શણગાર ગણાતું હતું. આ શહેરમાં મહાદેવનું એક ઘણું જ પ્રખ્યાત મંદિર હતું. તેથી પણ તે શહેર બહુ જ પ્રસિદ્ધ થઈ ગયું છે. તે મંદિર ચંદ્રે પોતાનો ક્ષય રોગ મટાડ્યો તેથી બંધાવ્યું કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે, એ મંદિર સોમરાજે પ્રથમ સોનાનું બંધાવ્યું, રાવણે રૂપાનું બંધાવ્યું, કૃષ્ણે લાકડાનું બંધાવ્યું, ભીમદેવે પથ્થરનું બંધાવ્યું, કુમારપાળે મરમરામત કરીને સુશોભિત કર્યું, અહલ્યાબાઈએ નવું બંધાવ્યું. તે અસલી ભવ્ય મંદિર તો કોતરકામવાળા રત્નજડિત ૫૬ સ્તંભો ઉપર ચણવામાં આવ્યું હતું. બાંધણે બાંધણે કારીગીરીનો પાર નહોતો. કોરાણેકોરનું તો પૂછવું જ શું ? ખૂબી તો એ હતી કે બાંધણે બાંધણે હિંદુસ્તાનના જુદા જુદા રાજ્યોનાં નામો અને પ્રતિકાસો હતાં. મંદિરના બંદરના ભાગમાં શિવનું એક મોટું સ્વયંભૂ લિંગ હતું. દરરોજ એક હજાર આદમીઓ તો તે શિવલિંગની પૂજા કરતા. પૂજા માટે ગંગાજીથી હમેશાં ગંગાજળના લોટા આવતા અને છેક કરમોરથી પુષ્પોના કાંડિયા આવતા. પૂજા વખતે ૫૫૦ જેટલા તો નટો નૃત્ય કરતા. સોનાની સાંકળે રત્નજડિત દીવીઓમાં ઘીના દીવા અખંડ બળતા. દરવાજા સોનાજડિત સુખડના હતા. ઠેકાણે ઠેકાણે સોનાના અને રત્નોના મોટા ભંડારો ભરેલા હતા. હિંદુસ્તાનના દરેક દરેક વિભાગમાંથી હજારો હિંદુઓ આ સોમનાથ મંદિરની યાત્રાએ આવતા અને પોતપોતાની શક્તિ મુજબ કાંઈ ને કાંઈ ધરી એ ભંડારમાં વૃદ્ધિ કરતા. કેટલાક શબ્દોની ઉપયોગી ગિનત ઉમેરતાં થયું છે તેમ જ આ વખતે પણ કેવી સંકેત અનુસાર મશિન ઉપર જતાં ભારતના પ્રતીકરૂપ સોમનાથના પ્રતિષ્ઠાપનવિધિની નીચેની હકીકત ત્યાં જઈને નજરે જોયેલ પ્રેપના અગ્રેસર કાર્યકર્તાઓએ ઉમેરેલ છે. વેદ, પુરાણ અને મહાભારતના યુગમાં આ સોમનાથ મંદિરે અને પ્રભાસપાટણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ચારે યુગમાં સોમનાથનાં ભિન્ન ભિન્ન નામ વિદ્યમાન હતાં: સત્યયુગમાં હિરણ્યેશ્વર, ત્રેતામાં શ્રાવણિકેશ્વર, દ્વાપરમાં જલેશ્વર અને કલિયુગમાં સોમેશ્વર કે સોમનાથ. સોમનાથની મૂળ ઉત્પત્તિ અને મહિમા સ્કંદપુરાણમાંથી મળે છે. સૌરાષ્ટ્ર ભૂમિ તે કાળમાં પ્રભાસક્ષેત્ર નામથી પ્રસિદ્ધ હતી. સ્કંદપુરાણમાં ભગવાન વેદવ્યાસે આ પુણ્યક્ષેત્રનો મહિમા ગાયો છે. તે તીર્થની ચતુઃસીમા સ્કંદપુરાણ પ્રમાણે આજે પણ બોલાય છે: પૂર્વે તમાલક એટલે ઊના પાણીના કુંડ છે એવું તુલસીશ્યામ, પશ્ચિમે મધુપુરી અથવા મધુવન કે માધવપુર, ઉત્તરે ભદ્રા અથવા ભાદર નદી અને દક્ષિણે સરિતાપતિ અથવા અગણી સમુદ્ર આવેલો છે. હિંદનાં દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું સોરઠી સોમનાથ ઉત્તમોત્તમ છે. માટે જ આદ્ય શંકરાચાર્યે દ્વાદશ જ્યોતિર્લિંગમાં સૌરાષ્ટ્રે સોમનાથ લખી પ્રથમ સ્થાન આપેલ છે. યત્ર પ્રાચી સરસ્વતી, યત્ર સોમેશ્વરો દેવઃ, એનો વેદમંત્ર ઋગ્વેદમાંથી પણ મળી આવે છે. વજુર્વેદના ૩૪મા અધ્યાય પ્રમાણે અહીં પાંચ નદીઓ સરસ્વતી છે. સૌરાષ્ટ્રની સાગરકોતિ અતિ પુરાણી કોઈ સમયમ પ્રાગૈતિહાસિક કાળ સુધી પહોંચે છે. વેદમાં ઐતરેય બ્રાહ્મણ ગ્રંથની છેલ્લી પંચિકામાં તેનો ઉલ્લેખ મળી આવે છે. મહાભારતકારે વર્ણવેલ ત્રિમિતીર્થ તે આ સોમનાથ આસપાસ છે. વરાહમિહિરે બૃહત્સંહિતાના કૂર્મવિભાગમાં સૌરાષ્ટ્રના નૈર્ઋત્ત વિભાગમાં પ્રભાસમુખ વર્ણવેલું છે તે પણ અહીં જ છે. આપણા સાહિત્યકારોએ જ્યાં સોમનાથ, પાટણની પ્રભુતા, સોમનાથની સખાતે, સોરઠી સોમનાથ, સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનો, સોમનાથનું શિવલિંગ, ગિરનારને ખોળે, સોમનાથ વગેરેના સર્જનથી સોમનાથનું લોકહૃદયમાં કેવું ગૌરવવંતુ સ્થાન હતું તે દર્શાવી તેની લોકકથાઓ અને દંતકથાઓ દ્વારા પશ્ચાત્તાપનાં આંસુ સાર્યાં છે. જ્યાં સોમનાથના ઉચ્ચારણમાં કોઈ એવું બાકી રહેલું હતું કે હિંદના એક ખૂણાથી બીજા છેડા સુધી, પછી તે કાશ્મીરથી કન્યાકુમારી હોય કે દ્વારકાથી કલકત્તા હોય, પણ સમસ્ત ભારતખંડમાં તેને માટે જનહૃદયમાં સરહદોશીની તમન્ના પ્રગટી રહેતી. સોરઠી સોમનાથના નિરુદે સોરઠ ઊજળો હતો. હિંદભરમાં સોરઠી ભૂમિ અનન્ય હતી. ભગવાન સોમનાથના નામે તેનો દિગ્વલયમાં ડંકો વાગતો સોમનાથ અખિલ હિંદનું મહાતીર્થ બની ગયું હતું. ચૌલાદેવીના લેખક વધાર્યે નોંધે છે કે: સોમનાથની ચરણરેણુમાં સોરઠપતિ, ચેદીશ્વર, કાન્યકુબ્જ, ગાઢવરીનાથ, લંકેશ્વર, અર્બુદપતિ, ગુર્જરેશ્વર અને અવંતીનાથનાં મૂલ્યવાન આભૂષણો રગદોટાતા, ત્યાં જન્મ લેવો તે એક મહાન પુણ્યનો ઉદય ગણાતો. ત્યાં શૂરવીરો, સુંદરીઓ, બ્રાહ્મણો, વાણિકો, રોહો, નાસ્તિકો, નરેંદ્રો, મહાકપટીઓ, મહાપાતકીઓ અને મહાનાલકીઓ કે આતતાયીઓ પોતાનું છેલ્લું આશ્વાસન લેવા આવતા. આવી દીપ્તિ ચોખડામા ભગવાન સોમનાથની ફેલાયેલી હતી. અખિલ હિંદના દેવાધિદેવ કે રાષ્ટ્રદેવ એક માત્ર સોમનાથ હતા. સૌથી પ્રથમ ઈ. સ. ૧૦૨૪માં મહમદ ગઝનવીએ સોમનાથનું મંદિર તોડ્યું હતું. આ બનાવ પછી પણ ૧૨૨૭, ૧૩૧૮, ૧૩૯૫, ૧૫૧૧ અને ૧૫૨૦માં એમ કુલ પાંચ વખત આ મંદિર ઉપર હુમલા થયા હતા. પરંતુ દરેક વખતે હિંદુઓએ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. ઇતિહાસપ્રસિદ્ધ મરાઠા રાણી અહલ્યાબાઈએ ઈ સ. ૧૭૮૩માં મંદિરને પુનઃ સ્થાપિત કરવા પ્રયાસ કર્યો, પણ તેનું સમારકામ થઈ શકે એમ ન હતું, એટલે અહલ્યાબાઈએ પડોશમાં બીજું મંદિર બંધાવ્યું. આ છું મંદિર થયું આજે બધાનું મંદિર સોમનાથનું જાતનું મંદિર છે, પરંતુ તેણે લોકોની કલ્પનાને એટલી જ, કહો કે ઘણી વધારે મુગ્ધ કરી છે. યુગપલટો થયો. હિંદ સ્વતંત્ર થયું. જૂનાગઢમાંથી નવાબોએ વિદાય લીધી. સને ૧૯૪૭ના નવેમ્બરની ૧૩મી તારીખે હિંદના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથની મુલાકાત લીધી. પ્રાચીન આર્યસંસ્કૃતિના મૌરવરૂપ સોમનાથની જાજરમાન અવદશા જોઈને સરદારનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે તે જ વખતે તેના ઉદ્ધારની પ્રતિજ્ઞા લીધી. તેમની પ્રતિજ્ઞાનો પડઘો હિંદભરની પ્રજામાં પડ્યો. સોમનાથનું મંદિર ફરીથી બાંધવાનું કાર્ય હિંદ સરકાર તથા મુબઈ તેમ જ સૌરાષ્ટ્ર સરકારના નિષ્ણાતોને સુપરત કરવામાં આવ્યું. તેઓએ નક્કી કર્યું કે, જૂનું મંદિર તોડી પાડીને નવું ચણવું, તેનો ઘાટ વગેરે જૂના મંદિર જેવા જ

રાખવા સંશોધન ખાતાએ મંદિરનું ખોદકામ શરૂ કર્યું. પુરાતત્ત્વ ખાતાના આ કાર્યને હિંદી સરકારે તમામ જાતની સહાયતા કરી, જેને પરિણામે જૂના મંદિરના ભોંયતળિયામાંથી સૈકાજૂના ઘરના ઘર યુગયુગના સ્મારક તરીકે હાથ લાગ્યા અને ઇતિહાસની ખૂટતી કડીઓની સંકલના મળી આવી. હાલના મંદિરની પીઠ નીચેથી વીસ પચીસ ફૂટ ઊંડેથી સ્થાપના પીઠોના ઘરના ઘર નીકળી આવ્યા છે, એટલું જ નહિ પણ શિવના આયુની નીચેની ભદ્રશિલાઓ પણ એક જ કેંદ્ર ઉપર ઉત્તરોત્તર મુકાયેલી મોજૂદ છે અને તેની સાથે જળાધારીમાં થતા અભિષેકનું પાણી બહાર લઈ જનારી ખાળ એ જ શિલાઓની સપાટી ઉપર મંદિરની જમીનમાં થઈ બહાર જતી દરેક ઘરમાંથી નીકળતી દૃષ્ટિએ પડે છે. હાલ ઊભેલા ખડિયેરમાં આસુરક્ષ સભામંડપના સ્તંભો, પીઠ ઉપરના ઘરો અને પ્રદક્ષિણા માર્ગની ભીંતો ઉપરની શિલ્પ પ્રતિમાઓ અચૂકપણે સિદ્ધપુરના રુદ્રમહાલયની કક્ષાની છે. પણ ફેરફારપમાં ભિન્નત્વ છે. તેથી એમ લાગે છે કે, સોલંકી યુગના જીર્ણ મંદિરના તૂટેલા ભાગો સુધારી કોઈએ સ્થાપના કરી હશે વળી હાલની સપાટીની નીચે ૧૦ ફૂટ જેટલે ઊંડેથી કાળા આરસની કરસબંધી મળી આવેલ છે. તે ઉપરથી કુમારપાળના સમયમાં બંધાયેલા જીર્ણ મંદિરના અવશેષો સ્પષ્ટ હાથ લાગે છે. સોમનાથના જૂના અવશેષો ખસેડી કાર્ય તેને સંમકરસ્થાનમાં જાળવી કાર્ય તે કાર્યાર્થે મૂળના પંચમા મંદિરના પાયા ઉપર નવા મંદિરની નવરચના અને નવનિર્માણનું કાર્ય શરૂ થયું. સોમનાથના નવા મંદિરનો પાયો ૧૯૫૯ના મે આસની ૮મી તારીખે નંખાવવામાં આવ્યો. આમ અત્યારે અસ્તાર્ય રહેલ મંદિરની રચના શિલ્પસ્થાપત્યશાસ્ત્રના નિયમને અનુરૂપ છે અને તે મહામેરુકૈલાસપ્રાસાદ તરીકે ઓળખાશે. મંદિરનું મકાણ પુરાણા બાંધકામ ઉપર જ થયું છે. મંદિરનાં પડથાર, પાયા અને ઓસરી તો પ્રાચીન જ કાયમ રખાયાં છે. મંદિરના પાયા ઉપર આવેલ આમને આમપટ્ટી કહેવાય છે. એની ઉપર મંદિરની ચારે કોર ફરતી રજવર નામથી ઓળખાતી પથ્થરની પટ્ટી આવશે. તેમાં હાથીઓની અનેક પ્રકારની વિવિધ પ્રતિમાઓ કંડારેલી હશે. તેના ઉપર આવશે અશ્વધર. તેની બે ઉપરના ઘરમાં માનવજીવનમાં જડેલી તસ્વીરોને શિલ્પસ્થાપત્યની કળાને શોભે તેવું મૂર્તસ્વરૂપ આપવામાં આવશે. જીવનનાં અનેક ક્ષેત્રોમાં માનવીની વિવિધ દિશાઓને આવરી લેતી આ પ્રતિમાઓ જીવનના આદર્શભૂત ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ઉલ્લેખ કરે છે. નરઘરની ઉપર આવશે દેવઘર. તેમાં રામાયણ, મહાભારત આદિ પુરાણોના પ્રસંગોનો સમાવેશ કરતાં શિલ્પકામો દ્વારા પુરાણોનાં પાનને આકાર આપવામાં આવશે. સોમનાથના નવરચિત મંદિરની આસપાસના સમુદ્રકિનારાના સારા યે વિસ્તારમાં વિવિધ સંસ્થાઓની રચના કરીને ધર્મ, સંસ્કાર અને જ્ઞાનનાં કેંદ્રો ઊભાં કરવાનો પ્રબંધ કરેલ છે. સોમનાથના નૂતન મંદિરથી પુરાણા સૂર્યમંદિર સુધીનો આખો યે વિસ્તાર એક સર્વાંગ માર્ગથી સાંકળી દઈને એ માર્ગની એક બાજુએ ધાર્મિક અને સાંસ્કારિક સંસ્થાઓ તેમ જ કલાભુવનોની રચના જોવામાં આવશે. માર્ગની સામેની બાજુએ સમુદ્રના કિનારે યાત્રીઓનાં વિશ્રામસ્થાનો, બાળકો માટેના રમતમેદાનો અને બગીચાઓ બનાવવાની યોજના છે. ભારતના અને વિશ્વના યાત્રીઓ, પ્રવાસીઓ અને અભ્યાસીઓ ભારતીય સંસ્કૃતિના કેંદ્રરૂપ આ સ્થાન ઉપર ભારતની પ્રાચીન સંસ્કૃતિનો અપાર મેળવી શકશે. સોમનાથ મંદિરને કેંદ્રમાં રાખીને તેની આસપાસ સંસ્કૃતિસર્જક એવી અનેકવિધ પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવામાં આવશે અને સોમનાથનું સ્થાન એક સંસ્કારકેંદ્ર બની રહેશે. સોમનાથના ધામનું આ શિલ્પ પ્રભાની સંસ્કૃતિ, કળા અને ગૌરવનું પ્રતીક છે, પરંતુ એટલું જ બસ નથી. એ ધર્મસ્થાનરૂપી કેંદ્રની આસપાસ આપણી પુરાણી પ્રણાલિકાને અનુરૂપ અનેક સાંસ્કૃતિક સંસ્થાઓની ગૂંથણી થશે. સંવત ૨૦૦૬ના વૈશાખ સુદિ ૫ને શુક્રવાર તા. ૧૧ મે ૧૯૫૧ની સવારે ૯–૪૭ કલાકે ભારતપ્રમુખ ડૉ. રાજેંદ્રપ્રસાદે પુનરુદ્ધાર પામેલા નવા મંદિરમાં જ્યોતિર્લિંગની સ્થાપના ગંભીર અને પવિત્ર વાતાવરણ હેઠળ કરી. લિંગની પાછળ સુવર્ણ જળારસી સાડીથી વિભૂષિત થયેલી શ્વેત પાર્વતીજીની પ્રતિમા બિરાજે છે. દેવીપ્રતિમા ઉપર સુવર્ણમાળા અને લલાટે સિંદૂર શોભી રહ્યાં છે. આ લિંગપ્રતિષ્ઠા માટે વૈદિક વિધિવિધાન અને અનુષ્ઠાન અનુસાર જુદા જુદા ખંડની મૃત્તિકા, સાત સાગરનાં પવિત્ર જળ, હિંદની પવિત્ર નદીઓનાં તીર્થોદક અહીં લાવવામાં આવ્યાં અને સિદ્ધજ્યોતિર્લિંગની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. રજપૂતાનાના મકરાણા આરસમાંથી બનાવેલા જ્યોતિર્લિંગને જળાધારીની મધ્યમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. લિંગ સાડાસાત ફૂટ ઊંચું છે, પરંતુ બહારનો ભાગ તો માત્ર ૨ ફૂટ, ૧૧ ઇંચ છે. અંદર રહેલો ભાગ મધ્યમાં અષ્ટકોણ અને નીચે ગોરસ છે. એકસો આઠ સ્થળોનાં નીરથી જળાધારા પામેલ જ્યોતિર્લિંગની સન્મુખ પુષ્પો, અક્ષત, નાળિયેર, મીઠાઈ તેમ જ રૌપ્ય પાત્રોનાં અર્ઘ્ય સોળી રહ્યાં. ભારતપ્રમુખ ડૉ. રાજેંદ્રપ્રસાદના વચનાનુસાર આ રાજમાર્ગમાં જ સમગ્ર દેશનું કલ્યાણ રહેલું છે. આ પવિત્ર અને ઐતિહાસિક પ્રસંગે આપણે એ વાત સમજી લેવી જરૂરી બને છે કે, ઈશ્વરનું કે સત્યનું કિરણ પામવા માટે સર્વ માણસોએ એક જ ધર્મ પાળવાની કોઈ જરૂરિયાત નથી. સોમનાથ મંદિરનું વારંવાર ખંડન કરાયું તે છતાં ફરી ફરીને તેનો પુનરુદ્ધાર થયો છે. જે રીતે ભગવાન વિષ્ણુના કમલ ઉપર સર્જનકર્તા બ્રહ્માનો વાસ છે, તે જ રીતે માનવહૃદયમાં સર્જનાત્મક વૃત્તિનો હમેશા વાસ રહેલો છે. આ સર્જનશક્તિ સર્વ પ્રકારનાં રાજ્યો, સૈન્યો તેમ જ વિશ્વભરના શહેનશાહો કરતાં ય વધુ સમર્થ હોય છે. સોમનાથનું આ મંદિર જગત સમક્ષ ઊભો બળવાને કહે છે કે, જેને માટે કોઈકદિલમાં અગાધ વિશ્વાસ ને પ્રેમ ભરેલાં છે, તેને નેસ્તનાબૂદ કરનારી કોઈ શક્તિ આ વિશ્વમાં હસ્તિ ધરાવતી નથી. જે રીતે આપણી પુરાણી માન્યતાના પ્રતીકરૂપ આ મંદિરનો આપણે પુનરુદ્ધાર કર્યો છે, એ જ રીતે આપણા દેશવાસીઓના જીવનમાં નવી સમૃદ્ધિનાં આપણે સિંચન કરીશું. આ મંદિરના પુનરુદ્ધારથી સરદારશ્રીનું સ્વપ્ન અંશતઃ સાકાર બને છે, જો સંપૂર્ણ રીતે પરિપૂર્ણ તો ત્યારે જ થશે કે જ્યારે દેશના જીવનનો પણ આપણે પુનરુદ્ધાર કરીશું. સોમનાથના ગર્ભગૃહને અંતિમ રૂપ અપાઈ રહ્યા પ્રમાણે વિસ્તાર પોણોઓગણીસ ચોરસફૂટ જેટલો છે. શિવલિંગની જળાધારીના અગ્રભાગ ઉપર સર્પ કોતરવામાં આવ્યો છે. ગર્ભગૃહની બહારની દીવાલો, ઘુંમટ વગેરે ભાંગેલાની ભાંગેલામાંથી આણવામાં આવેલા સફેદ પથ્થરથી ચણવામાં આવ્યાં છે. પરંતુ ગર્ભગૃહની અંદરની દીવાલો જયપુરના સફેદ અને ભૂખરા આરસની બનાવેલી છે. ગર્ભગૃહનો અષ્ટકોણી પાયો ૭૨×૫૨ ફૂટ જેટલો છે અને તેનો ૭ ફૂટ, ૬ ઇંચ જેટલો ભાગ જમીનની બહાર છે. અર્ધકોણાકાર ઘુંમટ સાથે ગર્ભગૃહની ઊંચાઈ ૨૮ ફૂટ જેટલી થવા જાય છે. ગર્ભગૃહની અંદરની દીવાલમાં મૂર્તિઓ માટે પાંચ ગોખ રાખવામાં આવ્યા છે. આમાંનો એક કિંમતભર્યા મુખારવિંદવાળી પાર્વતીજીની મૂર્તિથી શોભિત થયો છે. આ મૂર્તિ શ્વેત આરસમાંથી કોતરવામાં આવી છે. શિવલિંગ આગળનો નંદી ૭ ફૂટ ઊંચો, સાડાચાર ફૂટ લાંબો અને બબ્બે ફૂટ પહોળો છે. તે શ્વેત આરસમાંથી કોતરવામાં આવ્યો છે. નંદીની આગળ કચ્છપની કાળા આરસમાંથી કોતરેલી મૂર્તિ છે. સોમનાથમાં દક્ષિણ સમુદ્ર

તરફથી દીવાલમાં એક આરસપહાણની શિલા બેસાડી છે. આ શિલા દક્ષિણ ધ્રુવ તરફ નિર્દેશ કરે છે. એ નિર્દેશ એ સમુદ્ર ઉપરનું સોમનાથનું અધિપત્ય સૂચવે છે. શિલાના નીચેના ભાગમાં એક તરફ સૂર્યનું પ્રતીક કોતરવામાં આવ્યું છે અને બીજી બાજુ પાંચમના ચંદ્રનું પ્રતીક છે. પાંચમનો ચંદ્ર એ સૂચવે છે કે, એ દિવસે આદિ શંકરાચાર્યનો જન્મ થયો હતો અને સોમનાથના જીર્ણોદ્ધાર માટે એ પવિત્ર દિવસ એટલા માટે પસંદ કરવામાં આવ્યો છે. શિલામાં પણ સૌરાષ્ટ્રનો નકશો તથા તેના દક્ષિણપશ્ચિમ કાંઠે સોમનાથ મંદિરનું પ્રતીક દર્શાવવામાં આવેલ છે. મંદિર તરફ જતાં જમણી બાજુ સરદારબાગ બાંધવામાં આવ્યો છે. સમુદ્રનાં મોજાંથી મંદિરને સુરક્ષિત રાખવા એક ભવ્ય દીવાલ બાંધવામાં આવી છે. આ દીવાલની મંદિરના પાછળના ભાગમાં એક માર્ગદર્શી સંપાર્શ્વ થશે. મંદિરનું શિખર લગભગ દોઢસો ફૂટ ઊંચું અને મંદિરનો નીચેનો ભાગ સંપાર્શ્વમાં બસો ફૂટ અને પહોળાઈમાં દોઢસો ફૂટ જેટલો થશે. એ મંદિરના ઉપરના ભાગમાં ૯ ફૂટ ઊંચો અને ૬ ફૂટના ગોળાકારનો કળશ મૂકવામાં આવશે. આ મંદિરના ઉપરનો શિખરનો ભાગ સોનાથી મઢવામાં આવશે. આ મંદિરનું તેના ભૂતકાળને લક્ષમાં રાખીને શિલ્પવિધાન કરવામાં આવ્યું છે. સોમનાથના નૂતન મંદિરની કલાત્મક રચના સૌરાષ્ટ્રના એક સોમપુરા શિલ્પીએ કલ્પેલી છે. સોમનાથ મંદિરના અર્ચન માટે વસોજ ખાતે આવેલ ૧૧૦ એકરમાં પથરાયેલો નાળિયેરીનો બાગ સૌરાષ્ટ્ર સરકારે આપ્યો છે. આ વિસ્તારમાં ૨૮૧ એકર જેટલી ખેતી લાયક જમીન પણ રહેલી છે. વેરાવળમાં આવેલ રાજેંદ્ર ભવન નામનો રાજમહેલ તથા પાટણના રસ્તા ઉપર આવેલ એક બીજો બંગલો સંસ્કૃત યુનિવર્સિટિ માટે અપાયો છે. આ પ્રતિષ્ઠાપન મહોત્સવ પ્રસંગે અખિલ ભારતીય સંસ્કૃત પરિષદ ભરવામાં આવી હતી. સંસ્કૃત પરિષદનું ઉદ્‌ઘાટન કૉંગ્રેસ પ્રમુખ શ્રી ટંડનજીએ કર્યું. આ પરિષદમાં થયેલા મહત્ત્વના નિર્ણયો અનુસાર સંસ્કૃત એ હિંદની સંસ્કૃતિ અને પ્રેરણાની ભાષા છે; તે દુનિયાની મહાન ભાષાઓમાંની એક છે; હિંદની કલાવિષયક ને ધાર્મિક મહત્તાની મૂળ સમજણની ચાવીરૂપ છે અને સંસ્કૃત તથા તેની સાથે સંબંધ ધરાવતી અન્ય ભાષાઓ અને ખાસ કરીને પાલી તથા પ્રાકૃત મારફત જગત તે ભાષાઓમાંના આંતરસ્થ ભાવનું જીવન ઓળખી શકે તેમ છે. ટંડનજીના કથનાનુસાર સોમનાથના પુનરુદ્ધારની સાથોસાથ આપણી પુરાણી સંસ્કૃતિનો પણ પુનરુદ્ધાર થવો જોઈએ. સંસ્કૃત ભાષા એ આર્ય સંસ્કૃતિનું મૂળ છે અને દેશને ઓતપ્રોત કરવાનું બળ તે ધરાવે છે. સંસ્કૃત એ માત્ર હિંદની ભાષાઓની માતા જ નહિ, પરંતુ સૈદ્ધાંતિક પુરાણનું ઊગમસ્થાન બની રહી છે. સંસ્કૃત એ હિંદની સંસ્કૃતિની ભાષા છે, વિશ્વની મોટામાં મોટી શાસ્ત્રીય ભાષા છે. એ વગેરે જોતા સંસ્કૃતનો વિકાસ કરવો એ જરૂરી છે. આથી સોમનાથના નવસર્જનની સાથોસાથ સંસ્કૃત વિદ્યાપીઠની સ્થાપના પણ કરવામાં આવી. ઇજિપ્ત, ગ્રીસ, ચીન, કોરિઆ અને જપાન સુધી તેની પ્રેરણા પહોંચી છે. ભગવાન શ્રીકૃષ્ણના દેહોત્સર્જનને સ્થાને તેમના સ્મારકનો શિલારોપણવિધિ સૌરાષ્ટ્રના રાજપ્રમુખને હાથે કરવામાં આવ્યો. આ પવિત્ર સ્થાન સોમનાથ મંદિરથી સવાત્રણ માઈલ દૂર આવેલ છે. ભાલકાતીર્થ કે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ ઉપર એક શિકારીએ હરણ માનીને તીર છોડ્યું અને તેમણે અમરત્વને પામ્યા, ત્યાં અઢાર સ્તંભો ઉપર શ્રીમદ્ ભગવદ્‌ગીતાના અઢાર અધ્યાયો કોતરેલા હશે. આપણો ધર્મ મૂળભૂત અને વિશ્વવ્યાપી છે અને તે મનુષ્યસ્વભાવ, દેખાદેખીપણું અને પરિસ્થિતિને અંગે અવસ્થપણે થતી ભિન્નતાને સ્વીકારે છે. ઉપરાંત ઋષિમુનિઓએ ક્રિયા અને વિધિની તથા મૂર્તિની આવશ્યકતા જોઈ. આથી બદરીનાથ અને દ્વારકાથી સોમનાથ અને પુરી સુધી અને દક્ષિણમાં મદુરા, ચિદમ્બરમ્, અનંતશયનમ્, સુચિંદ્રમ્ અને કન્યાકુમારી સુધી કેવાયેલાં મંદિરો ઊભાં થયાં. મહાભારતનો કરીબદ્ધ ઇતિહાસ તપાસીએ તો શ્રીકૃષ્ણે મથુરામાં કંસનો વધ કર્યો એટલે તેનો સસરો જરાસંધ કાલયવનની કુમક લઈને ઉગ્રસેન ઉપર ચઢી આવ્યો. તેથી શ્રીકૃષ્ણે યાદવોને કુરુ, પાંચાલ, પાંચાલ, સુરસેન, યમુના, પ્રહ્લાવર્ત, મત્સ્યદેશ, સારસ્વત, મરુ, ધન્વ, સૌવીર અને આભીર દેશમાં થઈને આનર્ત એટલે સૌરાષ્ટ્રમાં મોકલ્યા. શ્રીકૃષ્ણનું વતુકુળ કુશસ્થલી, હાલ જેને દ્વારામતી કહેવામાં આવે છે અને જે આનર્તની રાજધાની હતું ત્યાં રહ્યું. ક્રમમાં વર્ણવ્યા પ્રમાણે યાદવો પ્રભાસની યાત્રાએ આવતાં સુરાપાન કરી યાદવાસ્થળીનો ભોગ બન્યા અને ભાલકાતીર્થ અથવા દેહોત્સર્જનમાં સોમનાથથી ત્રણ માઈલ દૂર શ્રીકૃષ્ણે દેહવિસર્જન કર્યું. આ પછી સૌરાષ્ટ્રમાં અનાર્ય સંસ્કૃતિ આપક બનેલી જોમ મોઢે ચઢે અને ઠરપાના સંશોધક સર જોન માર્શલ અને વેરૂલ નોંધે છે. પણ શ્રી અનંતપ્રસાદ જોનરજી પોતાના અસુરક્ષ ધ્રુવ ઉદ્ગિજ નામક ગ્રંથમાં સિંધુમુખ એટલે સૌરાષ્ટ્રના પૂર્વ કિનારામાં અસુરો નામક એક આખું પ્રકરણ વિસ્તારપૂર્વક આપે છે. તેના સમર્થનમાં પાર્જીટર જોની નોંધ કરે છે કે, સિંધુમુખ આસપાસ નીચ્ય અને અધમ્ય દેશોમાં વસતા અસુરોનો પરાભવ કરી આર્યોએ સૌરાષ્ટ્રમાં નવી સંસ્કૃતિની જ્યોત પ્રગટાવી. જે કાળના એટલે બોદ્ધ જો ઉપરાંત સમકાલીન અવશેષો સાવના ટીંબીના ખોદકામમાંથી નીકળી આવતાં તેને પ્રભાસમાં સમાવવામાં આવેલ છે. આ અસુરોની સત્તા કુશ, આનર્ત ને પંચદ્રવિડ ઉપર પથરાયેલી હતી. તે તેમણે વિસ્તારીને સિંધુ, વિપાશા અને સરસ્વતીના મુખ સુધી ફેલાવી હતી. આ આદિવાસીઓ મહાર્ણવ એટલે અરબી સમુદ્રને કિનારે થઈને યુફ્રેટિસ અને ટૈગ્રિસ દ્વારા ઇજિપ્ત સીરિઆ, એસિરિઆ અને ફિનિસ્ય સુધી પહોંચતા. આ દસ્યુમા પણ દૈત્ય, દાનવ, નાગ અને દસ્યુ એવા પેટા પ્રકાર હતા. તેઓ લડાયક હતા, એટલું જ નહિ પણ શિલ્પ, સ્થાપત્ય અને જહાજુવટામાં અદ્‌ભુત સિદ્ધિ ધરાવતા હતા. દ્વારકાથી અહળા લક્ષ્મી આ દેશમાં લાવીને કિનારે ઠાલવતા. તેનાથી લોભાઈને પરદેશીઓએ તેમ જ આર્યોએ તેના ઉપર આક્રમણ કર્યું અને તેને અહીંથી હાંકી મૂકવા. આ લોકો આજે પણ આદિવાસી તરીકે ઓળખાય છે. આર્યોના આગમન પછી વિદ્યા, કલા અને સાહિત્યમાં સુવર્ણયુગ પ્રવેશે છે.

પ્રભાસંપન્ન [સં.] વિ. તેજવાળું; ઝળાહાટવાળું.

પ્રભાસા ૧. સ્ત્રી. અહિંસા.

૨. સ્ત્રી. દયા.

પ્રભાસિતા પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે અઠ્ઠાવીસ વર્ણનો છંદ છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર, તથા બીજા અને ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

પ્રભાસુધા [સં.] સ્ત્રી. તેજરૂપી અમૃત; અમૃત જેવું તેજ.

પ્રભાસેશ્વર [સં.] પું. એ નામના એક શિવ. તેનું સ્થાન નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ પ્રભાતીર્થમા છે.

પ્રભાસ્વર [સં.] વિ. તેજસ્વી; કાંતિમય; પ્રકાશિત.

પ્રભાહ [સં.] પું. ચમકારો; ઝબકારો

પ્રભાંજન પું. ઝોબાંજના; સહજનનું ઝાડ.

પ્રલિપ્ત ૧. કું. મદ કરતો હાથી.
૨. [સં.] વિ. અત્યંત લેપેલું; ચીકણું.
૩. વિ. નિરાળું; ભિન્ન.
૪. વિ. મદ કરતું.
૫. વિ. સારી રીતે ઊંચકેલું.

પ્રલીત [સં.] વિ. બહુ બીધેલું; ભય પામેલું.

પ્રભુ ૧. [સં. પ્ર (શ્રેષ્ઠ) + ભૂ (હોવું)] કું. અનુગ્રહ કે નિગ્રહ કરવામાં સમર્થ માણસ; અધિપતિ; નાયક; સરદાર.

ગુજરાતી આર્યકુળની સંસ્કૃતિની પુત્રી, બ્રહ્મી ઉદાર આર્યાઓની સખી! તેને કોણ કદી અધમ કહે! પ્રભુ એને આશીર્વાદ દેજો. યુગના અંત સુધી એની વાણીમાં સદ્‌વિદ્યા, સદ્‌જ્ઞાન, સદ્ધર્મનો સુબોધ હોજો! અને પ્રભુ કર્તા, ભર્તા, મોક્ષક એનું વખાણ સદા સુખને. બાબીજ્ઞાનકોષ

૨. કું. આઠમા મન્વંતરનો એક દેવગણ.

૩. કું. ઈશ્વર; પરમેશ્વર; જગતનો નાથ; ભગવાન. પ્રભુની ઓળખ સંબંધે ક્રિશ્ચિયન બંધુમાં મહાત્માજી જણાવે છે, કે માણસે ઈશ્વરને મેળવવા માટે જાતને અથવા અહંકારને રવેચ્છાએ, સ્વપ્રયત્નથી ભૂંસી નાખતાં શીખવાનું છે. રોટલાની પ્રાપ્તિ અળગા રહેવાની અહંકારની વૃત્તિને નાબૂદ કરે છે. તેમાં સૌનો ગરીબમાં ગરીબનો સમાવેશ થાય છે. તેથી આપણે સૌ નમ્ર બનીએ ને આપણાં દિલમાં રહેલા અહંકારને અથવા ગુમાનને ખંખેરી કાઢીએ. રોટલો સ્વરાજની ચાવી છે. પણ સ્વરાજને અર્થે કાંતતો છતો માણસ સૂક્ષ્મ અહંકારને વશ ન થાય, કાંતતાં કાંતતાં દિલમાં ગુમાન રહેતું હશે, તો કાંતવાથી આત્માનું સ્વરાજ નહિ મળે, ઈશ્વરની પ્રાપ્તિ નહિ થાય. અહંકારને દૂર કરો એટલે તમારી એકેએક હિલચાલમાં, તમારા બધા વર્તનમાં તમારું નિરહંકારિત્વ દેખાવા માંડશે. તમારા નાનામાં નાના કામમાં તેનું પ્રતિબિંબ પડશે. જીવન પ્રત્યેની આખી દૃષ્ટિ ફરવાઈ જશે, પછી આપણે જે કાંઈ કરીશું, તે આપણી આ નાનકડી, સંકુચિત જાત માટે નહિ હોય, સૌને માટે હશે. ઈશ્વરને મેળવવાને કોઈએ બહાર જવાનું નથી, તે આપણા દિલમાં જ વસે છે; પણ આપણા દિલમાં જ જોવાજોવા જોઈએ, તો દિલમાં રહેલો આપણો ઈશ્વર પલટાઈ જાય છે. અહીં આપણો વિશેષણ વૈ બનીનેઈને વાપર્યું છે. કેમકે, ઈશ્વર રાજાનો રાજા, સૌથી જોયો, સર્વ સમર્થ છે, છતાં જેણે પોતાની જાતને કુદરત બનાવી છે અને જે હૃદયની સંપૂર્ણ નમ્રતાથી તેને શરણે જાય છે, તેને એક બોલે તેની પાસે આવીને તે ઊભો રહે છે. તેથી આપણે સૌ અભિમાન છોડીને ગુમાન કાઢી નાખીએ, અહંકારનો ત્યાગ કરીએ, ને આપણા હૃદયના સિંહાસન ઉપર વિરાજતા પ્રભુને ઓળખીએ.

વંદું તને સત્ય! સ્વયંપ્રકાશ,
સાક્ષાત તું જે પ્રભુનું સ્વરૂપ;
નમું તને સત્ય! સ્વયંસ્વરૂપ,
અનુસરીને નિજ મોક્ષ સાધું. ગાંધીગીતા

૧. પ્રભુ આંખ ઉઘાડી નહિ જોતો હોય ? = ઈશ્વરની દરેક ઉપર સમદૃષ્ટિ હોય છે.

૨. પ્રભુ કરે તે ભલું—સારાને માટે = ઈશ્વરેચ્છાને અધીન રહેવું. જ્યારે કોઈ પણ બાબત અઘરી અને ત્રાસ આપવાવાળી લાગે ત્યારે આ વાક્ય આશ્વાસન માટે વપરાય છે.

૩. પ્રભુ ગરીબનો બેલી છે = પ્રભુ હંમેશા દુઃખી લોકોની મદદે હોય છે.

૪. પ્રભુ જેની લાજ રાખે તેની રહે = સર્વનું ક્ષેમકુશળ પ્રભુના હાથમાં છે.

૫. પ્રભુ પાસે માગ્યા સો કરે = દરેક વાત ઈશ્વરને આધીન છે, તે કશું પણ ધારે તે કરવા સમર્થ છે.

૬. પ્રભુ ભૂખ્યાં ઉઠાડે પણ ભૂખ્યાં સુવાડે નહિ = જગતના ભરણપોષણની ચિંતા ઈશ્વરને હોય છે.

૭. પ્રભુ રાખે તેને કોણ ચાખે ? = જેની પ્રભુ રક્ષા કરે છે તેને કોઈ ઈજા કરી શકતું નથી.

૮. પ્રભુના દરબારમાં સૌ સરખાં = પ્રભુને ત્યાં ઊંચનીચનો ભેદ નથી.

૯. પ્રભુનું માણસ = નિષ્પાપ, નિખાલસ, ભોળું માણસ.

૧૦. પ્રભુને ઘેર ન્યાય કર્યાં છે ? = જ્યારે માણસ ઉપર વિપત્તિ આવે ત્યારે ઈશ્વર અન્યાયી લાગે છે.

૪. કું. (પિંગ.) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે માહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં અગિયાર ગુરુ અને એકસો છત્રીસ લઘુ મળી એકસો સુડતાલીસ વર્ણની એકસો અઠ્ઠાવન માત્રા આવે છે.

૫. કું. કૃષ્ણ.

૬. કું. (પુરાણ) ચૌદ માંહેનો એક ઉદ્ર.

૭. કું. ધણી; સ્વામી.

૮. કું. પારો; પારદ.

૯. કું. પ્રીતમ; આશક.

૧૦. કું. (પુરાણ) ચાર માંહેનો એ નામનો એક સાધ્ય દેવ.

૧૧. કું. (પુરાણ) અદિતિદેવની સંતાનમાંનો એ નામનો એક ઋષિ.

૧૨. કું. ભક્તોનો આત્મા.

૧૩. કું. (પુરાણ) બ્રહ્મ નામના છઠ્ઠા આદિત્ય અને સિદ્ધિનો એ નામનો એક પુત્ર.

૧૪. કું. માલિક; શેઠ.

૧૫. કું. મુંબઈ પ્રાંતના બ્રાહ્મણની ઉપાધિ.

૧૬. કું. રાજા; નૃપ; ભૂપતિ.

૧૭ કું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. બધી ક્રિયાઓમાં એના સામર્થ્યની અધિકતા હોવાથી, સર્વ ઐશ્વર્ય, સર્વ માહાત્મ્ય, સર્વ શક્તિ અને સર્વ પ્રભુતાવાળા હોવાથી તેને પ્રભુ કહે છે.

૧૮. કું. એક માણસને સંબોધવામાં વપરાતો શબ્દ.

૧૯. સ્ત્રી. દક્ષિણીની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨૦. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૨૧. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

૨૨. વિ. કાર્ય કરવાની શક્તિવાળું.

૨૩. વિ. કૃપા કે શિક્ષા કરવામાં સમર્થ; નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ.

૨૪ વિ. સમર્થ; શક્તિમાન.

પ્રભુઇચ્છા સ્ત્રી. ઈશ્વરની મરજી.

પ્રભુકૃતિ [સં.] સ્ત્રી. ઈશ્વરની બનાવટ.

પ્રભુગામી [સં. પ્રભુ + ગામિન્ (જનાર)] વિ. સદાચારી; ધર્મપરાયણ; પ્રભુપરાયણ.

પ્રભુગૃહ [સં.] ન. ઈશ્વરનું ધામ.

પ્રભુજી [સં. પ્રભુ] કું. ઈશ્વર; પરમેશ્વર; પ્રભુ.

હિંદ સ્વાતંત્ર્યના પ્રશ્નો ઉકેલવામાં મહાન બન્યાં,
એ અજ્ઞાત પ્રભુજીની પ્રાર્થના કરવી પડે.
ગાંધીગીતા

પ્રભુતા ૧. [સં. પ્રભુ + તા (પણું)] સ્ત્રી. ઈશ્વરતા; પ્રભુપણું; પરમેશ્વરપણું.

૨. સ્ત્રી. ઐશ્વર્ય; ઝાકોઝમાલી; સાહેબી; વૈભવ.

૩. સ્ત્રી. કાબૂ.

૪. સ્ત્રી. માલિકી; માલિકપણું; ધણીપણું; શેઠાઈ.

૫. સ્ત્રી. મોટાઈ; મોટી સત્તા; વડાઈ; ગૌરવ; ગોભા; વિભૂતિ; મહિમા.

૬. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય.

૭. સ્ત્રી. સત્તા; રાજ; ઠોર; જોહુકમી; અમલ.

૮. સ્ત્રી. હકૂમત; શાસનાધિકાર.

પ્રભુતાઈ જુઓ પ્રભુતા.

પ્રભુત્વ જુઓ પ્રભુતા.

પ્રભુત્વાક્ષેપ [સં.] કું. (અલં) એ નામનો એક અર્થાલંકાર.

પ્રભુદત્ત [સં.] વિ. ઈશ્વરદત્ત; કુદરતી વારસામાં મળેલું; પ્રકૃતિજન્ય.

પ્રભુદીક્ષિત [સં.] વિ. પ્રભુએ જેને દીક્ષા આપી હોય એવું.

સ્વયં પુરુષ નહિ પહોંચતાં હોય, કે મુજ આત્મન્ પ્રભુદીક્ષિત હશે, તમની સ્વદ્વારે સ્વયં પ્રભુનાથ
સમર્પાવાનાં કૂલ વીણવા ઉપર પર્વતોમાં ગયા.
નાનાલાલ

પ્રભુદેવ ૧ પું. એ નામનો એક રસસિદ્ધ.
૨. પું. હાવિદ્યાનો એ નામનો એક મહાન યોગી.

પ્રભુદેવનાથ પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ

પ્રભુદ્વેષ [સં.] પું. પ્રભુ પ્રત્યે તિરસ્કાર.

પ્રભુધામ [સં. પ્રભુ + ધામન્ (ધામ)] ન. મંદિર; પ્રભુનું ઘર; પ્રભુને રહેવાનું સ્થાન.

પ્રભુનામસ્મરણ [સં.] ન. ઈશ્વરનું નામ યાદ કરવું તે.

પ્રભુની ઝાંખી સ્ત્રી. પ્રભુનાં દર્શન.
ક્યારે સુતર સહેલે સીધું નીકળવા માંડશે ત્યારે પ્રભુની ઝાંખી હૃદયમાં થશે ને પ્રભુ સૂતરના તાર ઉપર નાચતો જોવામાં આવશે. ગાંધીજ્ઞાનકોષ

પ્રભુનૂર ન. દિવ્ય તેજ; દૈવતાંશી તેજ.
મનુષ્યનાં પ્રભુનૂર શું ઊતરી ગયાં ? એ બધા વર્ષસના પુંજ કયાંઈ ગયા ? નાનાલાલ

પ્રભુનો ચોર પું. ઈશ્વરનો ગુનેગાર.
જે પ્રભુપ્રાર્થના વિના, સેવા ઇત્યાદિ વિના દહાડો વાળે તે પ્રભુનો ચોર બને. ગાંધીજ્ઞાનકોષ

પ્રભુપદપંકજ [સં.] ન. પ્રભુના ચરણરૂપી કમળ.

પ્રભુપદપ્રાપ્તિ ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરનું પદ મળવું તે.
૨. સ્ત્રી. પ્રભુનો મેળાપ.

પ્રભુપરાગવંતું વિ. ઈશ્વરની રજવાળું; ઈશ્વરી તત્ત્વવાળું; ઈશ્વરી અંશવાળું.
પ્રભુપરાગવંતું આ વિશ્વનું ઉપવન હોવું જોઈએ એવડું સંતોનું તીર્થ. નાનાલાલ

પ્રભુપરાયણ [સં.] વિ. ધર્મી; ભક્તિમાન; પ્રભુમય.

પ્રભુપરાયણતા [સં.] સ્ત્રી. પ્રભુમાં આસક્તિ; પ્રભુપરાયણ હોવું તે.

પ્રભુપંથ [સં.] પું. પરમાત્માનો માર્ગ; પ્રભુપદ પામવાનો રસ્તો.

પ્રભુપ્રતાપ ૧. [સં.] પું. પ્રભુનો પ્રભાવ; પ્રભુનું તેજ; પ્રભુનું ગૌરવ.
૨. પું. આગ વાનાં હોવાં તે; કુશળતા; બહોળપ.

પ્રભુપ્રતીતિ [સં.] સ્ત્રી. પ્રભુની ખાતરી; પ્રભુનો વિશ્વાસ.

પ્રભુપ્રસાદ ૧. [સં.] પું. ઈશ્વરકૃપા; પ્રભુની મહેરબાની.
૨. પું. દેવને ધરાવેલી ખાવાની વસ્તુ.

પ્રભુપ્રાર્થના [સં.] સ્ત્રી. ઈશ્વરસ્તુતિ; સ્તવના; ખુદાની બંદગી.

પ્રભુપ્રીતિ ન. ઈશ્વરાર્પણ બુદ્ધિથી.

પ્રભુપ્રીત્યર્થે અ. પ્રભુની પ્રીતિ અર્થે; ઈશ્વરાર્પણ બુદ્ધિથી.

પ્રભુપ્રેમ [સં. પ્રભુ + પ્રેમન્ (સ્નેહ)] પું. પ્રભુ તરફ પ્રેમ; પ્રભુપ્રીતિ; પ્રભુનો પ્રેમ.
વિવાહબીજ આસક્તિ અનાસક્તિરૂપે ફળે, આત્મમાં આત્મ લલીન પ્રભુપ્રેમની ઝાંખી એ. ગાંધીગીતા

પ્રભુપ્રેરિત [સં.] ૧. વિ. ઈશ્વરની પ્રેરણાથી બનેલું.
૨ વિ. પ્રભુએ પ્રેરેલું.
પ્રભુપ્રેરિત વિચારો સિદ્ધાંતો લિપિ ને ભાષા, ભાખ્યા મૌલિક ને બહ પ્રયોગો સત્યના જ તે. ગાંધીગીતા

પ્રભુભક્ત ૧. [સં.] પું. ઈશ્વરને ભજનાર માણસ.
૨. પું. કુશવાન ઉત્તમ ઘોડો.
૩. પું. સ્વામીભક્ત; શેઠ ઉપર પ્રેમ રાખનાર નોકર કે સેવક; ધણીનો વિશ્વાસપાત્ર નોકર.
૪. વિ. ઈશ્વરને ભજનાર.
૫. વિ. નિમકહલાલ; સ્વામીની સાચી સેવા કરનારું; ધણીનો વિશ્વાસપાત્ર.

પ્રભુભજન [સં.] ન. પ્રભુનું ભજન; ઈશ્વરસ્તવન; હરિસ્મરણ.

પ્રભુભાવ [સં.] પું. પ્રભુ પ્રત્યેનો સ્નેહ, ભાવ કે લાગણી

પ્રભુભૂમિ ૧. [સં.] સ્ત્રી. પ્રભુની ભૂમિ.
૨. સ્ત્રી. સ્વર્ગ.

પ્રભુભોજન ૧. [સં.] ન. ઈશ્વરપ્રીત્યર્થે કરાવેલું ભોજન; ગરીબોને જમાડવાં તે.
૨. ન. પવિત્ર સહભોજિતા; ધણિના સ્મરણાર્થે બે ખભેર રોટલી તથા દ્રાક્ષરસનો વિધિ.

પ્રભુમય [સં.] વિ. પ્રભુથી પરિપૂર્ણ; પ્રભુમાં ઓતપ્રોત; પ્રભુની ભક્તિથી તરબોળ.
બ્રહ્મને તે અહં બ્રહ્મ તે તું એ આત્મજ્ઞા છે, વેદોનાં એ આલાપનો ગણે સર્વ પ્રભુમય. ગાંધીગીતા

પ્રભુમયતા [સં-] સ્ત્રી. પ્રભુમાં તન્મય હોવું તે; પ્રભુમાં ઓતપ્રોત હોવાપણું.

પ્રભુમાર્ગ જુઓ પ્રભુપંથ.

પ્રભુરસ [સં.] પું. ભક્તિરસ.

પ્રભુલીલા [સં.] સ્ત્રી. પ્રભુનો અદ્ભુત ખેલ.

પ્રભુવૃત્ત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉક્રુતિ છંદનો એક ભેદ છે. તેના ત્રણ નગણ, પાંચ જગણ, લઘુ અને ગુરુ મળી બત્રીસ વર્ણ હોય છે. તેમાં ત્રણમા, ચૌદમા અને બાવીસમા વર્ણ ઉપર યતિ આવે છે.

પ્રભુવ્રત [સં] ન. પ્રભુપરાયણ થવાનો નિશ્ચય.

પ્રભુશક્તિ ૧. સ્ત્રી. આજ્ઞા અને સરકારનું બળ.
૨. [સં.] સ્ત્રી. રાજાઓની ત્રણ મહેની એક શક્તિ; રાજાના સ્વામિત્વરૂપ શક્તિ.

પ્રભુશરણ ૧. [સં.] ન. પરમેશ્વરને તાબે થવું તે; ઈશ્વરને આધારે જવું તે
૨. ન. મરણ.

પ્રભુસંમિત [સં.] વિ. પ્રભુ તુલ્ય.

પ્રભુસામીપ્ય [સં.] ન. પ્રભુનું સાંનિધ્ય.

પ્રભુસિદ્ધિ [સં.] સ્ત્રી. પ્રભુશક્તિથી સિદ્ધ થાય તેવું કાર્ય.

પ્રભૂત ૧. [સં.] પું. પંચભૂત; તત્ત્વ.
૨. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. તે સર્વગુણસંપન્ન, પ્રભુતાવાળા, પ્રભુતામાંથી ઉત્પન્ન થયેલ, તેમ જ જ્ઞાન અને ઐશ્વર્ય વગેરે ગુણોથી સંપન્ન હોવાથી પ્રભૂત કહેવાય છે.
૩. વિ. ઉત્પન્ન થયેલું; ઉદ્ભવેલું
૪. વિ. ઊભરાતું; ઊભું.
૫. વિ. પુષ્કળ; ઘણું; અતિશય.
૬. વિ. સારી રીતે થયેલું.

પ્રભૂતક [સં.] વિ. પુષ્કળ બળવાળું.

પ્રભૂતતા [સં] સ્ત્રી. પ્રભૂત હોવાપણું.

પ્રભૂતપ્રજ્ઞ [સં.] વિ. પુષ્કળ બુદ્ધિવાળું; ખૂબ ડાહ્યું.

પ્રભૂતિ ૧. [સં] સ્ત્રી ઉત્પત્તિ.
૨. સ્ત્રી. પુષ્કળપણું; અધિકતા; અત્યંત હોવું તે.
૩. સ્ત્રી. રૂડી રીતે હોવું તે; સારી રીતે હોવું તે.
૪. સ્ત્રી. શક્તિ.

પ્રભૂવરી [સં.] સ્ત્રી. સામર્થ્યવાળી સ્ત્રી.

પ્રભૂવસુ ૧. [સં.] પું. ઋગ્વેદના નવમા મંડળના ૪૫ અને ૪૬મા સૂક્તનો રચનાર આંગિરસ ઋષિ.
૨. પું સામવેદનો એક ઋષિ.

પ્રભૂષ [સં] પું. (પુરાણ) આઠ મહેનો એક નામનો એક વસુ.

પ્રભૂષ્ણુ ૧. [સં] વિ. ભોસવર.
૨. વિ. પ્રભાવવાળું.
૩. વિ. બળવાન.
૪. વિ. સમર્થ.

પ્રભૃતિ ૧. [સં.] પું (પરાગ) એ નામનો એક યાદવ.
૨. સ્ત્રી. રીત.
૩ સ્ત્રી. શરૂઆત; માંડણ.
૪. અ. આદિ વગેરે; તે સમયથી આરંભીને.
૫. અ. વગેરે; ઇત્યાદિ; અને તેનાં જેવાં બીજાં.

પ્રભૃષ [સં.] વિ. સારી રીતે ભરણપોષણ કરનાર.

પ્રભેદ ૧. [સં.] પું. અલગ પાડવું તે; જુદું કરવું તે; ભેદ કરવો તે; ભિન્ન કરવું તે; ચીરવું તે; ફાડવું તે.

૨. પું. જાત.

૩. પું. કોડીને નીકળવું તે; સ્ફોટન.

૪. પું. ભિન્નતા; જુદાઈ; તફાવત.

૫. પું. રાસાયણિક વિશ્લેષણ.

૬. પું. વિશેષ ભેદ; પ્રકાર; ચેટા ભેદ.

૭ પું (વેદાંત) સામાન્ય ધર્મનું વ્યાપ્ય હોઈને અવાંતર ધર્મનું વિશિષ્ટ હોવું તે. જેમકે, જલ એ સામાન્ય ધર્મ દ્રવ્યત્વનું વ્યાપ્ય હોઈને અવાંતર ધર્મ જલત્વ છે તેથી વિશિષ્ટ છે માટે જલ એ પ્રભેદ છે.

૮. પું. ફાયીના મહસ્થળમાંથી મદ ઝરવો તે.

પ્રભેદન જુઓ પ્રભેદ.

પ્રભેશ્વર [સં.] પું. એ નામનું એક તીર્થ.

પ્રભ્રષ્ટ ૧. [સં.] વિ. પતિત થયેલ.

૨. વિ. ભાંગેલ; તૂટેલું.

૩. વિ. ભ્રષ્ટ; ભંસાવળું; પડી ગયેલ.

પ્રભ્રષ્ટક [સં.] પું. માથાથી ઝટકતી પુષ્પની માળા.

પ્રભ્રંશ [સં.] પું. પડવું તે; પતન.

પ્રમૂંશયુ [સં.] પું. એક જાતનો નાકનો રોગ; મળેખમનો રોગ.

પ્રભ્વાસક્ત [સં. પ્રભુ + આસક્ત (અનુરક્ત)] વિ. ભક્તિવાળું; ઈશ્વરનિષ્ઠ; પવિત્ર; ધર્મિષ્ઠ.

પ્રભ્વાસક્તિ [સં. પ્રભુ + આસક્તિ (અનુરક્તિ)] સ્ત્રી. ઈશ્વરભક્તિ; ઈશ્વરનિષ્ઠતા; ભગવદ્ભક્તિ; ધર્મિષ્ઠપણું.

પ્રમગંડ [સં.] પું. આબરૂદારનો ધંધો કરનારનો પુત્ર.

પ્રમથ ૧. [સં.] વિ. ચકચાવ થયેલું.

૨. વિ. કૂખી થયેલ.

૩. વિ. તપાયેલું.

પ્રમથકળા સ્ત્રી. પ્રેમ કરવાની ચાતુરી.

પ્રમણવું સ ક્રિ. જોવું; જાણવું.

નિશાળમા પૂલીનો મોળો જોતા હતા તેવો જ દૂબળુ મોળો પ્રસ્તાં પ્રમણ્યો અને એને પકડવાની દાઢી આવે છે તેવી જ પણ પત્થરની દાંડી ઉત્તર અને દક્ષિણ ધ્રુવને પકડી રહેલી જોઈ.

સુવર્ણમાળા

પ્રમતક [સં.] પું. (પુરાણ) જરત્કારુના સર્પસત્રમા બરેલો એ નામનો એક સભાસદ.

પ્રમતિ ૧. [સં.] પું. (પુરાણ) ગૃત્સમદ ઋષિના વંશના વાર્ત્રાદ્નિનો એ નામનો પુત્ર. એને ઘૃતાચી અપ્સરાથી રુરુ નામે પુત્ર થયો હતો.

૨. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરના છેલ્લા કલિયુગમાં થયેલો વિષ્ણુનો એક અવતાર.

૩. પું. (પુરાણ) અવન ઋષિનો સુકન્યાથી થયેલ એ નામનો પુત્ર.

૪. પું. નૃગનો એ નામનો એક પુત્ર.

૫. પું. પશ્ચિમ દિશાના રાજા સુનયનો પુરોહિત; કશ્યપવંશનો એક ઋષિ.

૬. પું. વત્સપ્રીતિનો એ નામનો એક પુત્ર.

૭. પું. (પુરાણ) વિભીષણના ચાર અમાત્ય માંહેનો એ નામનો એક રાક્ષસ.

૮. પું. (પુરાણ) સૂર્યવંશના વિષ્ટકૃલોત્પન્ન પ્રાપ્તુ રાજાનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ખનિત્ર હતું.

૯. સ્ત્રી. પૃથ્વી; ધરતી.

૧૦. વિ. એક બુદ્ધિવાળું; ઉત્તમ બુદ્ધિવાળું.

પ્રમત્ત ૧. [સં.] વિ. ઉન્મત્ત; છકી ગયેલું; મસ્ત.

૨. વિ. કર્તવ્યમાં અકર્તવ્યની બુદ્ધિથી અને અકર્તવ્યમાં કર્તવ્યની બુદ્ધિથી કર્મમાં સાવધાન નહિ એવું; પ્રમાદયુક્ત; પ્રમાદી.

૩. વિ. ઘેલું; ગાંડું; પાગલ.

૪. વિ. બકરું; કેફમાં હોય એવું; નશાવાળું; કેફમાં હોય તેવું.

૫. વિ. જેની બુદ્ધિ ઠેકાણે ન હોય એવું; ગાફેલ; કાળજી વગરનું; બેનવધાની.

૬. વિ. સભ્ય વગેરે કર્મ નહિ કરનાર.

પ્રમત્તકારી વિ. મદ ઉત્પન્ન કરે તેવું.

પ્રમત્તગીત [સં.] ન. ઉન્મત્તે ગાયેલું ગીત.

પ્રમત્તતા ૧. [સં.] સ્ત્રી. ઘેલછા; ગાંડાઈ.

૨. સ્ત્રી. ધન, અધિકાર વગેરેની તુંડાઈ; મગરૂરી; છકા; મસ્તપણું.

૩. સ્ત્રી. પ્રમાદીપણું; બેદરકારી; નબરોળપણું; બેદિકરાઈ; નિષ્કાળજી; ગફલત; અસાવધતા.

૪. સ્ત્રી. બેકામપણું.

૫. સ્ત્રી. બેજાનપણું.

પ્રમત્તદશા ૧. [સં. પ્રમત્ત (પ્રમાદયુક્ત) + દશા (સ્થિતિ)] સ્ત્રી. ઉન્મત્ત દશા; ગાંડપણ.

૨. સ્ત્રી. (જૈન) પ્રમાદયુક્ત દશા.

આહારકલબ્ધિનો પ્રયોગ તો પ્રમત્તદશામાં હોય છે, પરંતુ એનાથી શરીર બનાવી લીધા પછી શુદ્ધ અધ્યવસાયનો સંભવ હોવાથી અપ્રમત્તભાવ પેદા થાય છે. તત્ત્વાર્થસૂત્ર

પ્રમત્તબંધુ [સં.] પું. પ્રમાદીનો સાથી.

તે મારને જાણવાને કહું કે હે પ્રમત્તબંધુ પાપી માર, તું શા માટે આવ્યો છે તે હું જાણું છું.

સુત્તનિપાત

પ્રમત્તયોગ ૧. પું. અશુભ વૃત્તિ, અશુભ આચાર અને અશુભ વિચાર.

૨. [સં] પું. (જૈન) પ્રમાદ ભરેલો મન, વચન અને કાયાનો યોગ; પ્રમાદયુક્ત માનસિક, વાચિક અને કાયિક યોગ.

૩. પું. રાગદ્વેષવાળી તેમ જ અસાવધાન પ્રવૃત્તિ. જે પ્રાણવધ પ્રમત્તયોગથી થાય, તે હિંસા.

તત્ત્વાર્થસૂત્ર

પ્રમત્તવિરત વિ. (જૈન) છઠ્ઠા ગુણસ્થાનવાળું.

પ્રમત્તવિરતગુણસ્થાન [સં.] ન. (જૈન) મોહ માંહેનું એ નામનું છઠ્ઠું ગુણસ્થાન. સંજ્વલન અને નોકષાયના તીવ્ર ઉદયથી પ્રમાદ સહિત ભાવવાળો મુનિ આ ગુણસ્થાને હોય છે.

પ્રમત્તસંજ્વલિતગુણસ્થાન [સં.] ન. (જૈન) મોહ માંહેનું એ નામે છઠ્ઠું ગુણસ્થાન. આત્મજ્ઞાન છતાં પ્રમાદપૂર્વક વર્તનાર સાધુ આ ગુણસ્થાને કહેવાય છે.

પ્રમત્તસંયત ૧. ન. (જૈન) છઠ્ઠું ગુણસ્થાન.

તે આર્તધ્યાન અવિરત, દેશસંયત અને પ્રમત્તસંયત એ ગુણસ્થાનોમાં જ સંભવે છે.

તત્ત્વાર્થસૂત્ર

૨. ન. પ્રમાદી સાધુ હોવાપણું.

પ્રમથ ૧. [સં.] પું. ધોધો.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામે એક પુત્ર.

૩. પું. (પુરાણ) નિશાચર જાતિનો એક રુદ્રગણ.

૪. પું. મથન કે પીડિત કરનાર માણસ.

૫. પું. શિવના એક પ્રકારના ગણ અથવા પાર્ષદ; શિવના અનુચર. તેની સંખ્યા છત્રીસ કરોડની કહેવામાં આવી છે. કાલિકાપુરાણમાં આ સંબંધે લખ્યું છે કે, પ્રમથોમાના અમુક તો ભોગવિમુખ, યોગી અને ત્યાગી છે અને અમુક કામાસક્ત, ભોગપરાયણ અને શિવની ક્રીડામાં સહાયક છે. પ્રથમગણ મોટા માનવી કહેવાય છે.

પ્રમથગણ [સં.] પું. (પુરાણ) રુદ્રના અને રુદ્રના ગણ.

પ્રમથન ૧. [સં.] ન. પીડવું તે; ક્લેશ પમાડવાપણું

૨. ન. મથવું તે; મથી નાખવું તે; વલોવવું તે.

૩. ન. વધ; નાશ.

પ્રમથનાથ [સં.] પું. મહાદેવ; શિવ.

પ્રમથેનાથક જુઓ પ્રમથનાથ.

પ્રમથપતિ [સં. પ્રમથ (શિવનો પાર્ષદ) + પતિ (નાથ)] પું. શિવ; મહાદેવ.

પ્રમથવું ૧. સ. ક્રિ. પીડવું; દુઃખ દેવું.

૨. સ. ક્રિ. મારી નાખવું; નાશ કરવો.

૩. સ. ક્રિ. વલોવવું.

પ્રમથા ૧. [સં.] પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે ગાહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં પાંસઠ ગુરુ અને અઠ્ઠાવીશ લઘુ મળી ત્રાણું વર્ણની એકસો અઠ્ઠાવન માત્રા હોય છે.

૨. સ્ત્રી. પીડા.

૩. સ્ત્રી. હરડે.

પ્રમથાધિપ [સં. પ્રમથ (મહાદેવનો પાર્ષદ) + અધિપ (અધિપતિ)] પું. મહાદેવ; શિવ.

પ્રમથાલય ૧. [સં.] ન. એ નામનું એક નરક.

૨. ન. દુઃખ કે યંત્રણાનું સ્થાન; નરક.

પ્રમથિત ૧. [સં.] ન. પાણી નહિ નાખેલી છાશ; દહીંનું ખોળવું.

૨. વિ. ખૂબ મથેલું; વલોવેલું.

૩. વિ. દુઃખ દીધેલું.

૪. વિ. વધ કરેલું.

૫. વિ. હણાવેલું.

પ્રમથેશ જુઓ પ્રમથનાથ.

પ્રમદ ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય.

૨. પું. એક જાતનું ધાન.

૩. પું. મસ્તી; ઉન્માદ.

૪. પું. (પુરાણ) વસિષ્ઠનો એ નામનો પુત્ર. એ ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિઓમાંનો એક હતો.

૫. પું. હર્ષ; આનંદ; ખુશી.

૬. ન. મદૂરાનું ફળ.

૭. વિ. ગાંડું; પાગલ; પ્રમત્ત; ઉન્મત્ત.

૮. વિ. ત્રિલિંગી.

૯. વિ. દારૂ પીને મત્ત થયેલ.

૧૦. વિ. પ્રમાદવાળું; પ્રમાદી; ગાફેલ; કાળજી વિનાનું.

૧૧. વિ. બેદરકાર.

પ્રમદક [સં.] પું. પરલોકને નહિ માનનાર માણસ; નાસ્તિક.

પ્રમદકાનન [સં.] ન. સજ્જની સ્ત્રીને બેસવાનો ખાસ; રાજાઓના જનાનખાનાનો બગીચો; રણવાસનો બાગ.

પ્રમદવન ૧. [સં.] ન. ઉદ્યનો બાગ.

૨. ન. મદ ઉત્પન્ન કરનાર વાડી.

પ્રમદવન તહીં એ અપ્સરાઓ જ સાથ,
નમન સહ મને આ બોલવે પ્રભુનાથ.

ભંવ

૩. ન. રણવાસનો બાગ; અંતઃપુર પાસેનો બગીચો; સ્ત્રીઓને હરવાફરવાનો બાનગી બાગ.

પ્રમદા ૧. પું. (પિંગળ) અગિયાર અક્ષરના ચરણવાળું એક વર્ણવૃત્ત.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ, સગણ, ભગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે. તેમાં ચોથા, આઠમા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેને કુરરીવૃતા પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, મગણ, જગણ, લઘુ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૪. સ્ત્રી. (જ્યોતિષ) કન્યા રાશિ.

૫. [સં. પ્ર (પ્રકૃષ્ટ) + મદા (મદવાળી)] સ્ત્રી. મદવાળી સુંદર સ્ત્રી; ઉત્તમ સ્ત્રી; નવજુવાન તરુણ સુંદર સ્ત્રી; ગર્વવાળી સુંદરી; માનિની; મતવાલી ખૂબસૂરત સ્ત્રી.

શામળ કહે રાણી પદ્મા પ્રત,
પ્રમદા બુદ્ધિ પ્રમાણે. શામળ

૬. સ્ત્રી. માલકાંકણી નામની ઔષધિ; પ્રિયંગુ.

પ્રમદાગીતિ સ્ત્રી. (પિંગળ) એક પ્રથૂર્ણગીતિ માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ૧૨ અને ૧૭ મળી ૨૯ માત્રા અને બીજા દલમાં ૧૨ અને ૧૮ મળી ૩૦ માત્રા આવે છે. બીજા નિયમ ગીતિ મુજબ હોય છે.

પ્રમદાવન જુઓ પ્રમદવન.

પ્રમદાંતક ભૈરવરસ [સં.] પું. (વૈદક) હિસ્ટીરિયા રોગ ઉપર ઉપયોગી મનાતો એ નામનો એક રસ.

પ્રમર્દિની [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

પ્રમદ્વરા [સં.] ૧. સ્ત્રી. મેનકા અપ્સરા.

૨. સ્ત્રી. (પુરાણ) વિશ્વાવસુ ગંધર્વને મેનકા પેટે થયેલી એ નામની કન્યા. રુરુ ઋષિ નામના ઋષિએ એનું પાલન કરીને પછી એ નામના ઋષિને પરણાવી હતી.

પ્રમન્યુ ૧. [સં.] પું. અતિ શોક.

૨. વિ. દુઃખી.

૩. વિ. બહુ ગુસ્સે થયેલું.

પ્રમય ૧. [સં.] પું. વધ; મારી નાખવું તે.

૨. વિ. પ્રમેય; પ્રમાણ કાઢવા યોગ્ય.

પ્રમયુ વિ. વધ કરનાર; મારી નાખનાર.

પ્રમર્દ [સં.] પું. મર્દન.

પ્રમર્દન ૧. [સં.] પું એ નામનો એક દૈત્ય.

૨. પું. વિષ્ણુ.

૩. ન. ખૂબ કચરવું તે; સારી રીતે મર્દન કરવું તે.

૪. ન. દમન કરવું તે; નષ્ટ કરવું તે.

૫. ન. પરાજય કરવો તે.

૬. વિ. અત્યંત મર્દન કરનાર.

પ્રમર્દી [સં. પ્રમર્દિન્] વિ. મર્દન કરનાર.

પ્રમલિન [સં.] વિ બહુ મેલું.

પ્રમંગલ ન. ખેતર ખેડવાનો દિવસ.

અધિવસ્તુમાં પ્રતિવર્ષ પ્રમંગલ (ખેતર ખેડવાના દિવસ)નો ઉત્સવ થતો હતો. રાણી સિદ્ધાર્થને ગર્ભ મોટી મામબૂમથી ખેતરમાં ગયાં. ત્યાં એક લંબુના વૃક્ષ નીચે સિદ્ધાર્થ બાલસ્વ વર્જી ગયા.

બુદ્ધચરિત

પ્રમંથ ૧. પું. એ નામનો એક ઋષિ કંતકના નાયક.

૨. [સં.] પું. (પુરાણ) પ્રિયવ્રતના વંશમાં થયેલો એ નામનો એક રાજા.

પ્રમંથુ પું. (પુરાણ) ઋષભદેવ વંશના વીરવ્રત રાજાને ભોજા નામની સ્ત્રીથી થયેલ બે માંહેનો એ નામનો નાનો દીકરો.

પ્રમંદની [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

પ્રમા ૧. [સં.] સ્ત્રી. અવિસંવાદી અનુભવ; અબાધિત અનુભવ.

૨. સ્ત્રી. (સાંખ્ય) ઇંદ્રિય અને અર્થ એ બેનું જાણવા એટલે હેતુનું કે જ્ઞાનનું જે ફળ છે તે નહિ જાણેલી વસ્તુનું નિશ્ચયાત્મક જ્ઞાન. તે પ્રમાનું જે સાધક છે તે ત્રણ પ્રકારનું પ્રમાણ છે. પ્રમા એટલે યથાર્થ જ્ઞાન. તે ત્રણ પ્રકારનું છે: પ્રત્યક્ષજ્ઞાન, અનુમાનજ્ઞાન અને શબ્દજ્ઞાન.

૩. સ્ત્રી. (વેદાંત) ચૈતન્ય વડે પ્રકાશિત અંતઃકરણની વૃત્તિ અથવા વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય. પ્રમા બે પ્રકારની છે: (૧) જીવાત્મા પ્રમા અને (૨) પરમેશ્વરાત્મા પ્રમા.

૪. સ્ત્રી. (વેદાંત) તત્ત્વબોધ વખતના પુરુષોએ કરવા યોગ્ય બ્રહ્મવિચારનો હેતુ.

૫. સ્ત્રી. (વેદાંત) તર્ક રહિત અનુભવ.

૬. સ્ત્રી. પ્રમિતિ; પ્રમાણ; સાબિતી; પુરાવો.

૭. સ્ત્રી. આપ.

૮. સ્ત્રી. (ન્યાય) યથાર્થ જ્ઞાન; અર્થ જ્ઞાન; ભ્રાંતિ રહિત જ્ઞાન; યથાર્થ અનુભવ; વસ્તુનું જેવું હોય તેવું તાત્ત્વિક જ્ઞાન; પ્રમાણથી ઉત્પન્ન થયેલું જ્ઞાન.

૬. સ્ત્રી. સંવેદના; સંવિત્તિ; જ્ઞાન.

૧૦. સ્ત્રી. (વેદાંત) સંશય, વિપર્યય, વિકલ્પ, સ્મૃતિરૂપ ચિત્તની વૃત્તિથી ભિન્ન ચિત્તવૃત્તિ.

૧૧. સ્ત્રી. (વેદાંત) સ્મૃતિથી ભિન્ન અબાધિત પદાર્થવિષયક જ્ઞાન.

પ્રમાણ ૧. પું. નામપિંગળ મહિનો ત્રણ નામનો એક માત્રામેળ છંદ.

૨. પું. મહાભારતમાં જણાવેલો તીર્થમાં આવેલો એક પ્રાચીન વડ. ત્યાં પાંડવો ગયા હતા.

૩. [સં.] પું વિષ્ણુ. તે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ આદિ સર્વ પ્રમાણોના પ્રમાણરૂપ સ્વાનુભવપ્રમાણ છે. પ્રમાણો તેમનો નિશ્ચય કરાવનારાં સાધનો છે. વળી તે પ્રમાણમાં પણ ન આવે એવા અભાવ છે, તોપણ ભક્તજનો તેમને નામ અને રૂપ આપીને મહાભક્તિથી તેનું માપ અથવા વ્યક્તિખડું કરે છે. ભક્તમાળામાં તેમણે જ પ્રમાણમાં આપીને ભક્તજનોને અસંખ્ય પરચા આપ્યા છે. સર્વ વ્યક્તિઓમાં પોતપોતાને જણવારૂપ સ્વાનુભવ એવી ૬૪ પ્રમાણની મૂર્તિ તે જ છે. વળી પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ પ્રમાણો દ્વારા સિદ્ધ કરાયેલા પણ તે જ છે. પુનઃ અવ્યક્ત હોવા છતાં વ્યક્તિભાવમાં હરીરૂપી પ્રમાણ કે માપમાં આવનાર પણ તે છે અથવા નિશ્ચયાત્મક પ્રમાણ પણ તે જ છે.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. ન. અનુભવગમન.

૬. ન. (જૈન) અનેક ધર્મ દ્વારા વસ્તુનો અનેક રૂપથી કરવામાં આવતો નિશ્ચય. નય અને પ્રમાણ બંને જ્ઞાન જ છે. પરંતુ એમાં તફાવત એ છે કે, નય વસ્તુના એક અંશનો અને પ્રમાણ અનેક અંશનો બોધ કરે છે, અર્થાત્ વસ્તુમાં અનેક ધર્મ હોય છે તેનો બોધ કરે છે. અનેક ધર્મ દ્વારા વસ્તુનો અનેક રૂપથી નિશ્ચય કરવામાં આવે ત્યારે તે પ્રમાણ કહેવાય છે.

૭. ન. અંશ; સ્થિતિ; કોટિ.

૮. ન. આદર્શ.

૯. ન. આધાર.

> ન બજપુરે કદી હોય પૂંઓ,
> કુલીનને દાન ન બદ્ધ ઊગ;
> બજારે ફરે વાક્યરૂપી જ બાજુ,
> જણાય છે બ્રહ્મિકુલ પ્રમાણ. સુબોધિત

પ્રમાણ લેવું = આધાર તરીકે સ્વીકારવું.

૧૦. ન. એ નામે એક અલંકાર. એમાં આઠ પ્રમાણમાંથી કોઈ એકનું કથન હોય છે. જગન્નાથ બધા અલંકારવાળાઓએ માત્ર અનુમાન અલંકારને માનેલ છે, પ્રત્યક્ષ વગેરે બીજાં પ્રમાણોને અલંકાર માનેલ નથી. માત્ર કોઈ આ પ્રમાણ અનુસાર પ્રમાણાલંકાર માનેલ છે.

૧૧. ન. કારણ; હેતુ.

૧૨. ન. ખાતરી; ભરોસો; વિશ્વાસ; નક્કી કે ખાતરીથી કહેલું કે જણાવેલું તે.

૧. છબ્બા એ પ્રમાણ = જીવન સુખી હોવું.

૨. પ્રત્યક્ષ પ્રમાણ = નજરે જોયેલી વાત.

૩. પ્રમાણ કબૂલ = માન્ય રાખવું.

૪. લેખિત પ્રમાણ = દસ્તાવેજી પુરાવો.

૧૩. ન. (ગણિત) ગુણોત્તર; જ્યારે બે ગુણોત્તર બરાબર હોય ત્યારે તે બરાબરપણાને પ્રમાણ કહે છે. જેમકે, ૬ : ૮:: ૯ : ૧૨. આ ચાર પદો વચ્ચે પ્રમાણ છે અને તે બંને ગુણોત્તરનું પ્રમાણ બતાવવા માટે :: આવું ચાર ટપકાંનું ચિહ્ન મુકાય છે. પ્રમાણની આદિ અને અંતની સંખ્યાનો ગુણાકાર એ મધ્યની સંખ્યાના ગુણાકારની બરોબર થાય છે. જેમકે, ૬ × ૧૨ = ૮ × ૯.

૧૪. ન. જથ્થો.

૧૫. ન. જમીનગીરી; હામી.

૧૬. ન. જૈન સાધુએ સાચવવાની આહારની મર્યાદા.

૧૭. ન. દલીલ.

૧૮. ન. દાખલો; ઉદાહરણ; પાઠ; દૃષ્ટાંત.

૧૯. ન. ન્યાયશાસ્ત્ર.

૨૦. ન. પરિમાણ; માપ.

૨૧. ન. પરીક્ષા; કસોટી.

૨૨. ન. પ્રતિમાન; પોરણ.

૨૩. ન. પ્રમાણપત્ર; આદેશપત્ર; બરાબરીનો દાખલો.

૨૪. ન. પ્રમિતિકરણ; ચક્ષુ વગેરે.

૨૫. ન. પ્રામાણિક વાત કે વસ્તુ; માનવાની વાત.

૨૬. ન. માન; આદર.

૨૭. ન. માનવા લાયક ગ્રંથ.

૨૮. ન. માનવા લાયક ગ્રંથકર્તા.

૨૯. ન. મૂળ ધન.

૩૦. ન. (ન્યાય) મોક્ષપ્રાપ્તિ માટે જણવાજોગ સોળ માંહેનો એ નામનો એક પદાર્થ

૩૧. ન. યથાર્થ જ્ઞાન; પ્રમાણરૂપ જ્ઞાન. પ્રમાણ એ ન્યાયનો મુખ્ય વિષય છે. ગૌતમે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એમ ચાર પ્રકારનાં પ્રમાણ માન્યાં છે: ઇંદ્રિયો વડે જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ. લિંગ એટલે લક્ષણ અને લિંગી એ બંનેના પ્રત્યક્ષ જ્ઞાનથી ઉત્પન્ન થતું જ્ઞાન તે અનુમાન. કોઈ જાણેલી વસ્તુના સમાનપણાથી બીજી વસ્તુનું થતું જ્ઞાન જે પ્રમાણથી થાય તે ઉપમાન કહેવાય છે. આપ્ત કે વિશ્વાસપાત્ર માણસની વાતને શબ્દપ્રમાણ કહે છે. વળી પ્રત્યક્ષ પ્રમાણ બાહ્ય અને આંતર એમ બે પ્રકારનું છે. બાહ્ય પ્રત્યક્ષ ઘ્રાણ, રસના, ચક્ષુ, ત્વક્ અને શ્રોત્ર એવા ભેદથી પાંચ પ્રકારનું છે. મનને આંતર પ્રત્યક્ષ કહે છે. અનુમાન પ્રમાણ પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એવા ભેદથી ત્રણ પ્રકારનું છે. એ ત્રણે પ્રકારનાં અનુમાન સ્વાર્થ અને પરાર્થ એવા ભેદથી બે પ્રકારના છે. ઉપમાન પ્રમાણ પણ સાદૃશ્યવિશિષ્ટ વિધાન, વૈધર્મ્યવિશિષ્ટ વિધાન, અસાધારણ ધર્મવિશિષ્ટ વિધાન એમ ત્રણ પ્રકારનું છે. શબ્દ પ્રમાણ દૃષ્ટાર્થક અને અદૃષ્ટાર્થક એમ બે પ્રકારનું છે. મીમાંસકો, વેદાંતીઓ અને પૌરાણિકો આ ચાર ઉપરાંત બીજાં ચાર પ્રમાણ વધુ માને છે: ઐતિહ્ય, અર્થાપત્તિ, સંભવ અને અભાવ. પરંપરાથી ચાલી આવતી વાત જે પ્રમાણથી મનાય છે તેને ઐતિહ્ય પ્રમાણ કહે છે. જે વાત વિના કોઈ દેખેલી કે સાંભળેલી વાતના અર્થમાં આપત્તિ આવે તેને અર્થાપત્તિ પ્રમાણ કહે છે. વ્યાપકની અંદર વ્યાપ્ય, અંગીની અંદર અંગ હોવાનું જે પ્રમાણ વડે સિદ્ધ થાય છે તેને સંભવ પ્રમાણ કહે છે. કોઈ વસ્તુનું નહિ હોવું જેથી સિદ્ધ થાય છે તેને અભાવ પ્રમાણ કહે છે. નૈયાયિકો આ ચારને જુદાં પ્રમાણ નથી માનતા, પોતાનાં ચાર પ્રમાણોની અંદર તેને માને છે. એ૮ંદર પ્રમાણ નવ છે: પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, સંભવ, ઐતિહ્ય અને ચેષ્ટા. ભિન્ન ભિન્ન દર્શનવાળાઓના પ્રમાણની સંખ્યા નીચે મુજબ છે: ચાર્વાક અથવા નાસ્તિક એક પ્રત્યક્ષપ્રમાણને જ માને છે. બુદ્ધ અને કણાદને અનુસરનારા પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણને માને છે. સાંખ્ય અને યોગવાળા પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ અથવા આગમ આ ત્રણ પ્રમાણને માને છે. ન્યાયવાળા પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ અને ઉપમાન આ ચાર પ્રમાણને માને છે. પ્રાભાકર અથવા પૂર્વમીમાંસાનો એકદેશી પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન અને અર્થાપત્તિ આ પાંચ પ્રમાણને માને છે. કુમારિલ ભટ્ટ અને વેદાંતીઓ પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ આ છ પ્રમાણને માને છે. પૌરાણિકો ઉપરનાં છ પ્રમાણો ઉપરાંત સંભવ અને ઐતિહ્ય એ બે પ્રમાણોને વધારી આઠ પ્રમાણોને માને છે. તાંત્રિકો ઉપર જણાવેલા

આઠ પ્રમાણો ઉપરાંત ચેષ્ટા નામનું એક પ્રમાણ વધારી નવ પ્રમાણોને માને છે. રામાનુજ અને પૂર્ણપ્રજ્ઞો પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણને માને છે. ધર્મશાસ્ત્રમાં કેટલાક વહેવાર કે અભિયોગનો નિર્ણય કરવામાં ચાર પ્રમાણ માનેલાં છે: (૧) લિખિત કે દસ્તાવેજ, (૨) ભુક્તિ એટલે મિલકત, (૩) સાક્ષ્ય અને (૪) દિવ્ય. પહેલા ત્રણ પ્રકારનાં પ્રમાણને માનુષ કહે છે. પ્રમાણ કોઈ આઠ, કોઈ છ, કોઈ ચાર, કોઈ ત્રણ, કોઈ બે અને કોઈ એક પ્રમાણ માને છે. તેઓમાં મહર્ષિ કપિલ ત્રણ પ્રમાણવાદી છે. તે કહે છે કે ત્રણ પ્રમાણો માનવાથી જ સર્વ પ્રમાણની સિદ્ધિ થઈ શકે છે, માટે વધારે પ્રમાણો માનવાની આવશ્યકતા નથી અને એ ત્રણ પ્રમાણો પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે: ઉપમાન, અર્થાપત્તિ, ઐતિહ્ય, સંભવ અને અનુપલબ્ધિ એ પાંચ પ્રમાણોનો ઉક્ત ત્રણ પ્રમાણોમાં જ સમાવેશ થાય છે. ઉપમાન, અર્થાપત્તિ અને સંભવ એ ત્રણ પ્રમાણોનો અનુમાનમાં, ઐતિહ્યનો શબ્દ પ્રમાણમાં અને અનુપલબ્ધિનો પ્રત્યક્ષમાં સમાવેશ થઈ જાય છે, માટે એ પાંચ પ્રમાણો પૃથક્ માનવાની કશી જરૂર નથી.

૩૨. ન. યથાર્થ જ્ઞાનનું સાધન; સત્ય જાણવાનું સાધન; જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ; સાચા અનુભવ કે જ્ઞાનનું દ્વારરૂપ.

૩૩. ન. યોગશાસ્ત્રમાં જણાવેલી ચિત્તની પાંચ માંહેની એક વૃત્તિ. પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એમ ચિત્તની પાંચ વૃત્તિ છે.

૩૪. ન. લક્ષણ; નિશાન.

૩૫. ન. (સંગીત) નૃત્યગીત અને વાદ્યની એકતાનતારૂપ સામ્ય.

આ શ્લોકમાં પાઠ્ય, ગેય, પ્રમાણ, ભતિ (સમ), તંત્રી, લય એટલા પારિભાષિક શબ્દો છે. પુરાવૃત્ત

૩૬. ન. વરાડ; કાળો.

૩૭. ન. વિસ્તાર; આયતન.

૩૮. ન. વૃત્તિ; બુદ્ધિવૃત્તિ.

૩૯. ન. શાસ્ત્ર.

૪૦. ન. શ્રદ્ધા; માન્યતા; નિશ્ચય; પ્રતીતિ.

૪૧. ન. સત્તા; સત્તાયુક્ત સિદ્ધાંત.

૪૨. ન. સત્યતા; સાચાપણું

૪૩. ન. સંસારભ્રમરૂપ વિક્ષેપના નવ માંહેનો એક પ્રકાર.

૪૪. [સં. પ્ર (વિશેષ) + માન (માપ)] ન. (જૈન) સાચું જ્ઞાન; સમ્યક્જ્ઞાન. પ્રમાણ બે પ્રકારે છે: પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રમાણ જ્ઞાન પાંચ પ્રકારનું છે: મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન અને કેવળ જ્ઞાન.

૪૫. ન. સાબિતી; પુરાવો.

૧. પ્રમાણ આપવું = પુરાવો કે સાબિતી આપવી.

૨. પ્રમાણ કરી આપવું = સાબિત કરી આપવું.

૩. પ્રમાણ માગવું = પુરાવો કે સાબિતીની માગણી કરવી.

૪. પ્રમાણ લેવું = (૧) પુરાવા તરીકે લેવું. (૨) પુરાવો દાખલ કરવો.

૪૬. ન. સોગંદ ઉપરનો પુરાવો; મોઢાનો અથવા લેખિત પુરાવો.

૪૭. ન. સ્થાપના; નિર્ણય; સિદ્ધિ.

૪૮. ન. હદ; માન.

૪૯. વિ. માન્ય કરવા યોગ્ય; સ્વીકારવા જેવું; સત્ય; ખરું; પ્રમાણભૂત; સત્તાવાળું; ભરોસાપાત્ર.

૫૦. વિ. માપનાર; પ્રમાણ કરનાર.

૫૧. વિ. મોટાઈ વગેરેમાં બરાબર; પરિમાણમાં સરખું.

૫૨. વિ. સત્ય બોલનાર

૫૩. અ. નકી

૫૪. અ. સુધી; પર્યંત.

પ્રમાણક વિ. પ્રામાણિક; એકવચની.

પ્રમાણકાર પું. જ્ઞાનકાર.

પ્રમાણકાળ પું. એક જાતનો સમય. હિંદુસ્તાનમાં ઘણીખરી જગ્યાએ હાલમાં સ્ટેન્ડર્ડ ટાઇમ વપરાય છે. રેલવે, તાર અને ટપાલ ખાતાં પણ આ જ સમય વાપરે છે. આ સમયનું બીજું નામ ઇન્ડિયન સ્ટેન્ડર્ડ ટાઇમ એટલે હિંદુસ્તાનનો પ્રમાણકાળ છે.

પ્રમાણકુશલ ૧. [સં.] પું. નૈયાયિક; તાર્કિક. પ્રમાણ એ ન્યાયશાસ્ત્રનો મુખ્ય વિષય છે.

૨. વિ. સારો તર્ક કરનાર.

પ્રમાણકુશળી જુઓ પ્રમાણકુશલ.

પ્રમાણકોટિ ૧. [સં.] સ્ત્રી. પ્રમાણરૂપ માનવાની વાતોનો સમૂહ.

૨. ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન ઊંડું સરોવર. ત્યાં દુર્યોધન વગેરેના હાથે ભીમસેનનો ઘાત થયો હતો.

પ્રમાણગત વિ. તાર્કિક.

કોઈ બીજા નૈતિક અથવા પ્રમાણગત આવશ્યકતાને લઈને અવિશ્વમાં વિશ્વની સાધના રૂપે એક તત્ત્વને સ્થાપે છે. પ્રસ્થાન

પ્રમાણગત આવશ્યકતા સ્ત્રી. તાર્કિક જરૂરિયાત.

પ્રમાણગત વિપરીતભાવના [સં.] સ્ત્રી. (વેદાંત) ચિત્તની એ નામની એક વૃત્તિ; બહુ પદાર્થો જેવી નિરર્થ વસ્તુ છે જેથી તે કોઈ પણ પ્રમાણથી જાણી શકાય એવું છે, તો શ્રુતિ એનું પ્રતિપાદન શા માટે કરે? સિદ્ધ વસ્તુનું પ્રતિપાદન કરવામાં કાંઈ ફળ નથી, માટે ન જ કરે, એવા પ્રકારની ચિત્તની વૃત્તિ.

પ્રમાણગ્રહણયુક્ત [સં.] વિ. આધાર રાખવા જેવું.

પ્રમાણગ્રંથ [સં.] પું. પ્રમાણભૂત ગ્રંથ; ઐતિહ્ય ગ્રંથ; પ્રમાણરૂપ મનાતો ગ્રંથ; આધારવાળો ગ્રંથ.

સાહિત્યની ઉન્નતિ અર્થે મહાન યોજનાઓમાં કોષો અને સંદર્ભગ્રંથો, ટીકાઓ અને વિવેચનો, પાઠ્યપુસ્તકો અને પ્રમાણગ્રંથો, પરિષદો અને સમિતિઓ કેટલું ય કામ કરે છે. કાકેલકર

પ્રમાણગ્રાહ્ય [સં.] વિ. પ્રમાણથી ગ્રહણ કરવા જેવું.

પ્રમાણચક્ર [સં.] ન. પ્રમાણનું ચક્ર; પ્રમાણની અખૂટ પરંપરા.

પ્રમાણચક્ષુ [સં. પ્રમાણ + ચક્ષુસ્ (આંખ)] ન. પ્રમાણરૂપી ચક્ષુ. સાચા પ્રમાણને નયનની ઉપમા અપાય છે.

પ્રમાણચતુષ્ટય [સં.] ન. ચાર પ્રમાણનો સમૂહ.

પ્રમાણચૈતન્ય [સં.] ન. (વેદાંત) અંતઃકરણની વૃત્તિ વડે સાબિત થતું અવચ્છિન્ન ચૈતન્ય.

પ્રમાણજ્ઞ ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. વિ. પ્રમાણ જાણનાર.

પ્રમાણતા ૧. [સં.] સ્ત્રી. પ્રમાણપણું.

૨. સ્ત્રી. પ્રમાણભૂત હોવાપણું.

૩. સ્ત્રી. સુઘટિતતા; સમરૂપતા; સમપ્રમાણતા; આકારસૌષ્ઠવ.

૪. સ્ત્રી. સુસંગતતા.

પ્રમાણદાતા ૧. [સં. પ્રમાણ + દાતૃ (આપનાર)] પું. સાબદો આપનાર વ્યક્તિ.

૨. પું. પ્રમાણપત્ર આપનાર માણસ

૩. પું. સાક્ષી; જાહેદ.

પ્રમાણદોષ [સં.] પું. (જૈન) આહારના માપનું ઉલ્લંઘન કરીને ભોજન કરવાથી સાધુને લાગતો દોષ.

પ્રમાણનિરપેક્ષ [સં.] વિ. પ્રમાણની જરૂર ન પડે તેવું; સ્વયંપ્રમાણ.

અહં પ્રમાણનિરપેક્ષ, સ્વયંપ્રકાશ, અનિર્વચ્ય વસ્તુ છે. આનંદશંકર ધ્રુવ

પ્રમાણનિર્ણય [સં.] પ્ર. પ્રમાણસિદ્ધિ.

પ્રમાણપટી સ્ત્રી. માનદંડ; પ્રમાણપટ્ટ; માપન.

પ્રમાણપટ્ટ [સં.] વિ. પ્રમાણકુશળ.

પ્રતિવાદી ગણાતા જૈન અને વૈદિક સાહિત્યમાં પણ તેઓ પ્રમાણપટ્ટ તરીકે જોવાયા છે. પુરાતત્ત્વ

પ્રમાણપણું ન. આધારભૂત હોવું તે.

પ્રમાણપત્ર ૧. [સં.] ન. આજ્ઞાપત્ર; ઉપાધિપત્ર.

૨. ન. બાતરીપત્ર; પકડી, ચોક્કસ વગેરેનું બાતરીપત્રક; બરાપત્રાનો ગુચ્છો; 'સર્ટિફિકેટ.' વિદ્યાર્થીના અભ્યાસ ને વર્તન વિશે માબાપને પ્રમાણપત્ર મોકલાતાં. ચાંપીજી

૩. ન. ગુણમાનપત્ર; ગુણપત્ર.

૪. ન. ચબરી; ચિઠ્ઠી.

૫. ન. વસિયતનામાની સાક્ષિની ખરાવતું પત્ર.

૬. ન. સારાપત્રાની છાપ.

પ્રમાણપત્રી સાખ સ્ત્રી. લેખિત સાહેદી.

પ્રમાણપદ ૧. [સં.] ન. (ગણિત) પ્રમાણપદક ચાર બાંહેનું દરેક પદ. તેમાની પહેલી સંખ્યાને પહેલું પ્રમાણપદ, બીજીને બીજું, ત્રીજીને ત્રીજું અને ચોથીને ચોથું પ્રમાણપદ કહે છે. જેમકે, ૨ : ૪ :: ૮ : ૧૨.

૨. ન. મુદ્રામાલા; પ્રમાણમાલ.

પ્રમાણપદાર્થ [સં.] પું. (વેદાંત) આધારભૂત વસ્તુ.

પ્રમાણપદ્ધતિ [સં.] સ્ત્રી. ખરા જ્ઞાનનો માર્ગ. ન્યાયદર્શનના સૂત્રકાર ગૌતમ પ્રમાણપદ્ધતિના જ્ઞાનને મોક્ષનું દ્વાર માનીને જ તેના નિરૂપણમાં ઊતરે છે. મુનશી

પ્રમાણપુરઃસર [સં. પ્રમાણ (આધાર) + પુરઃસર (પૂર્વક)] અ. આધાર સાથે; આધારપૂર્વક

પ્રમાણપુરુષ ૧. [સં.] પું. અધિકારીજન; અધિકારી.

૨. પું. પ્રમાણ રાખવા લાયક માણસ; વિશ્વાસપાત્ર માણસ.

૩. પું પ્રામાણિક પુરુષ; તટસ્થ માણસ; જેનો નિર્ણય માનવાને બંને પક્ષ તૈયાર હોય એવો માણસ.

૪. પું. મધ્યસ્થ પુરુષ; વચ્ચે પડનાર પુરુષ; પંચ, લવાદ.

૫. પું. શબ્દપ્રમાણ.

૬. પું. શાસ્ત્રપ્રમાણ.

પ્રમાણપ્રવીણ [સં.] વિ. નૈયાયિક; તાર્કિક.

પ્રમાણબદ્ધ ૧. [સં] વિ. પ્રમાણોથી સાબિત.

૨. વિ. માપ, મેળ કે ધોરણ પ્રમાણેનું; પ્રમાણસર.

પ્રમાણબાધિતાર્થક [સં.] પું. (ન્યાય) જે નામે એક તર્ક.

પ્રમાણબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. પ્રમાણ કે હદનો વિચાર.

૨. સ્ત્રી. પ્રમાણની સમજશક્તિ; મુલવણની સમજ.

પ્રમાણભાગ ૧. પું. નક્કી કરેલા ભાગની બહુતરી કરવી તે

૨. પું. માત્રા; પરિમિતિ; પરિમાણ; જથ્થો.

પ્રમાણભાર [સં.] પું. સાબિત કરવાનો બોજો; પુરાવાની જવાબદારી.

પ્રમાણભૂત ૧. [સં. પ્રમાણ + ભૂત (થયેલું)] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. વિ. આધારભૂત; જેનું પ્રમાણ લઈ શકાય તેવું; જેનો આધાર લઈ શકાય એવું.

૩. વિ. કબૂલ રાખેલું

૪. વિ. પ્રમાણરૂપ; ચોક્કસ બાતરીવાળું; આધારવાળું; માન્ય રાખવું પડે એવું.

૫. વિ. વિશ્વાસપાત્ર.

પ્રમાણભૂતસાર પું. શુદ્ધ કરેલ ઘી.

પ્રમાણમય વિ. પ્રમાણવાળું; પ્રમાણસર.

પ્રમાણમર્યાદા સ્ત્રી. હદની મર્યાદા.

આ ઐતિહાસિક પદ્ધતિ પ્રમાણમર્યાદાની બહાર નથી. આનંદશંકર ધ્રુવ

પ્રમાણમાલ પું. મુદ્રામાલ.

પ્રમાણમીમાંસા [સં.] સ્ત્રી. એ નામનો એક તત્ત્વગ્રંથ.

પ્રમાણયુદ્ધ [સં.] ન. સાબિતી માટેનું યુદ્ધ.

આ પ્રમાણયુદ્ધ બાજીઓ અને બાજીઓ વચ્ચે મચી રહ્યું હતું કેશવ હર્ષદ

પ્રમાણરૂપ જુઓ પ્રમાણભૂત.

પ્રમાણલેખ [સં.] પું. આધારભૂત રસીદ; 'વાઉચર'.

પ્રમાણલોપ [સં.] પું. પુરાવો ઊડવો તે.

પ્રમાણવટ [સં.] પું. (પુરાણ) એ નામનો એક વડ. તેની જટામાં દુર્યોધને આપેલ ઝેરથી બીમને મૂર્છા આવી હતી.

પ્રમાણવાક્ય [સં] ન. આધારભૂત વાક્ય; સાચ વાક્ય.

પ્રમાણવાચક ૧. [સં.] પું. (વ્યાકરણ) પ્રમાણ સૂચવનાર ચતુર્થી વિભક્તિનો એક ઉપયોગ. જેમકે, ચાર જેમ આઠને છે, તેમ આઠ સોળને છે.

૨. વિ. પ્રમાણ સૂચવનારું.

પ્રમાણવાદ [સં.] પું. પુરાવો આપનાર મત કે સિદ્ધાંત; જ્ઞાનપ્રક્રિયા. તત્ત્વદર્શનની બે મુખ્ય શાખાઓ છે: (૧) પ્રમાણવાદ અથવા જ્ઞાનપ્રક્રિયા અને (૨) પ્રમેયવાદ અથવા જ્ઞેયપ્રક્રિયા.

પ્રમાણવાદી [સં. પ્રમાણવદિન્] વિ. પ્રમાણવાદમાં માનનારું.

પ્રમાણવાન [સં. પ્રમાણવત્] વિ. પ્રમાણવાળું. પ્રમાણપદક ચાર પદોમાંના દરેકને પ્રમાણવાન કહે છે. જુઓ પ્રમાણપદ.

પ્રમાણવિદ્યા ૧. [સં.] સ્ત્રી. પ્રમાણશાસ્ત્ર; પ્રમાણ સંબંધી શાસ્ત્ર; પ્રમાણનો સિદ્ધાંત.

૨. સ્ત્રી. વિવેકબુદ્ધિ વાપરીને સ્થિતિનું પૃથક્કરણ કરીને કામ કરવાની કળા.

પ્રમાણવું ૧. સ. ક્રિ. કહેલી રીતે વર્તવું.

૨. સ. ક્રિ. કબૂલ રાખવું; માનવું; આધાર રાખવો; પ્રમાણભૂત માનવું.

૩. સ. ક્રિ. જાણવું; લેખવું.

૪. સ. ક્રિ. જાણવું.

૫. સ. ક્રિ. પુરવાર કરવું; સિદ્ધ કરવું.

૬. સ. ક્રિ. માપવું.

પ્રમાણવૃત્તિ [સં.] સ્ત્રી. ઇંદ્રિય દ્વારા ચિત્તનો બાહ્ય વસ્તુ સાથે સંબંધ થયા પછી તે વસ્તુના આકારવાળી નિશ્ચયાત્મક જ્ઞાનરૂપ વૃત્તિ.

પ્રમાણશક્તિ [સં.] સ્ત્રી. કોઈ વસ્તુની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કે તેનો ઢગલો જોઈ તેનું માપ વગેરે આંખથી કહી આપવાની શક્તિ.

પ્રમાણશાસ્ત્ર ૧. [સં.] ન. અનુમાન કરવાનું શાસ્ત્ર; તર્કશાસ્ત્ર.

૨. ન. એ નામનું એક પુસ્તક. તે રામાનારયણ પાઠકે બહાર પાડેલું છે.

૩. ન. ન્યાયશાસ્ત્ર; બુદ્ધિવ્યાપારના નિયમો પ્રતિપાદન કરનારું શાસ્ત્ર.

૪. ન. (ન્યાય) યથાર્થ જ્ઞાનના કરણ એટલે સાધનનું શાસ્ત્ર; પ્રમાના કરણનું શાસ્ત્ર.

૫. ન. વસ્તુજ્ઞાનની સત્યાસત્યતાનું પ્રમાણ જણાવતું શાસ્ત્ર

પ્રમાણશાસ્ત્રી [સં. પ્રમાણશાસ્ત્રિન્] પું. પ્રમાણશાસ્ત્ર જાણનાર માણસ.

પ્રમાણશીલ વિ. પ્રમાણસરનું.

ઈ. સ. પૂર્વના ચૌદ અને ચૌદા સૈકામાં ચક્રવર્તી રાજા અશોકના શાસનમાં બંધાયેલા ભારતના જાજ સ્તૂપો તેમ જ કારલાનું (ઈ. સ. પૂર્વે ૨૬૩-૨૨૬) વિરાટ અને મનોહર ચૈત્ય મંદિર, (ઈ. સ. પૂર્વે ૧૦૦-૭૦૦) હિંદની તે સમયની **પ્રમાણશીલ**, કુશળ અને સમીન કળાનો નમૂનો દેખાડી રહે છે.

પુરુષોત્તમ વિશ્રામ માવજી

પ્રમાણશુદ્ધ [સં.] વિ. પદ્ધતિશુદ્ધ; સંપૂર્ણ રીતે પ્રમાણ સહિતનું

પ્રમાણશ્રેઢી [સં.] સ્ત્રી. ગુણોત્તરશ્રેઢી; 'જ્યોમેટ્રિકલ પ્રોગ્રેશન'.

પ્રમાણસમુચ્ચય [સં.] પું. દલીલનો જથ્થો.

પ્રમાણસર ૧. વિ. આપ પ્રમાણે હોય એટલું; ધોરણમરનું

૨. અ. પ્રમાણમાં; પ્રમાણ જાળવીને.

૩ અ. માપસર; માપમાં; માપ જાળવીને; ધોરણસર.

પ્રમાણસંવત્સર [સં.] પું. (જૈન) નક્ષત્રસંવત્સર, ચંદ્રસંવત્સર, ઋતુસંવત્સર, આદિત્યસંવત્સર અને અભિવર્ધિતસંવત્સર એ પાંચ સંવત્સરનો સમુદાય.

પ્રમાણસિદ્ધ [સં.] વિ. પ્રમાણ અથવા આધારથી સાબિત થઈ શકે તેવું.

પ્રમાણસૌષ્ઠવ [સં.] ન. બાંધીલું હોવું તે.

પ્રમાણાતિરિક્ત [સં. પ્રમાણ (મર્યાદા) + અતિરિક્ત (ભિન્ન)] વિ. મર્યાદામાંથી જાદું.

પ્રમાણાનીત [સં.] વિ. સ્વીકારેલા પ્રમાણથી ઉપર ગયેલું; પ્રમાણને ઉલ્લંઘી ગયેલું.

પ્રમાણાનુસાર ૧. [સં.] અ. પ્રમાણે, પ્રમાણસર.

૨. અ. વધારે; ઢાળે પડતી રીતે.

પ્રમાણાપ્રમાણ [સં.] પું. (વેદાંત) અનવસ્થાના ત્રણ માઠેનો એ નામનો એક દોષ.

પ્રમાણાભાસ ૧. [સં.] પું. (ન્યાય) એ નામનો એક દોષ

૨. પું. પ્રમાણનો અભાવ; પુરાવો નહિ હોવાપણું; સાબિતી ન હોવી તે.

પ્રમાણાભાસ [સં.] પું. અસમ્યગ્જ્ઞાન; મિથ્યાજ્ઞાન; શાસ્ત્રથી વિરુદ્ધ અનુમાન. ન્યાયશાસ્ત્રમાં જ્ઞાનનો વિષય યથાર્થ હોય તે જ સમ્યગ્જ્ઞાન પ્રમાણ અને જેનો વિષય અયથાર્થ હોય તે જ અસમ્યગ્જ્ઞાન પ્રમાણાભાસ કહે છે.

પ્રમાણાંગુલ [સં.] ન. (જૈન) એક જાતનું માપ. આઠ યવમધ્ય જવના મધ્ય ભાગની જાડાઈ જેટલી જાણી શકાય તે ઉત્સેધાંગુલ તેનાથી ૪૦૦ ગણું લાંબું અને એટલું જ પહોળું તે એક પ્રમાણાંગુલ થાય છે.

પ્રમાણિક ૧. પું. સભાનો પ્રમુખ.

૨. પું. હલકી જાતિઓમાં જ્ઞાતિનો સરદાર. બંગાળમાં પ્રચલિત છે

૩. વિ. આબરૂદાર; લાયક; ઇમાની; ઇમાનદાર.

૪. વિ. પરિમાણના ભેદવાળું.

૫. વિ. પુષ્ટ.

૬. વિ. પ્રમાણથી સિદ્ધ થયેલું; પ્રમાણસિદ્ધ.

૭. વિ. વિશ્વાસુ; એકવચની; જાદ્ય.

૮. વિ. સત્યશીલ; ન્યાય પ્રમાણેનું; ન્યાયી.

૯. વિ. સરળ; નિષ્કપટ; નિષ્પ્રપંચ; અમુંઝણ; દળહીન.

૧૦. વિ. સાચું; નીતિવાળું; પ્રામાણિક.

૧૧. વિ. સાદું; નિખાલસ; દાનતદારીવાળું; બદલા-સાટા વગરનું.

૧૨. વિ. સાત્ત્વિક; સત્ત્વશીલ.

પ્રમાણિકતા જુઓ **પ્રમાણિકપણું**.

પ્રમાણિકપણું ૧ ન. ઈમાનદારી; આબરૂદારી.

૨. ન. નેકી; સરળતા; આદર્શિક; સદ્‌વૃત્તિ; ખરાપણું; શુદ્ધિભાવ.

૩. ન. સદાચાર; વ્યવહારમાં નીતિપણું.

૪. ન. સુનીતિપણું; સાચવટ; શુદ્ધ વ્યવહાર.

પ્રમાણિકા ૧. પું (સંગીત) અનુષ્ટુપ રાગનો એક ભેદ.

૨. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને પ્રમાણી, પાવાણી, અર્ધનારાચ, સામાણી, પ્રવાણિકા, નગસ્વરૂપિણી, લઘુનારાચ પણ કહે છે. તેમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. આમાં ચોથા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૩. પું. નામપિંગળ મહિનો માત્રામેળવાળો એક ચારણી છંદ.

૪. સ્ત્રી. પ્રામાણિક સ્ત્રી.

પ્રમાણિત ૧. [સં.] ન. પ્રમાણ વડે સિદ્ધ; સાબિત; નિશ્ચિત; અલ કરેલું.

૨. વિ. ઢાબલાવાળું.

પ્રમાણિત આદી સ્ત્રી. ચરબીમાંથી પ્રમાણ મણેલ આદી. હરિજન બંધુમાં મહત્ત્વાકાંક્ષા તપે છે કે: તે આદી પ્રમાણિત છે જે પૂરી કીમત આપીને ખરીદવામાં આવી હોય, જે રીતસર મજૂરી ચૂકવી હાથથી વણાવવામાં આવી હોય અને જે આદીની કીમત નફો કરવાની દૃષ્ટિથી નહિ, લોકહિતની દૃષ્ટિથી રાખવામાં આવી હોય. સ્વાવલંબી જીવન જીવતા આપેલા સતરમાંથી વણાવેલી સિવાયની બીજી આદી આ જ જાતની બજારમાંથી લેવી જોઈએ. એવી આદીને માટે કોઈક પ્રકારનું પ્રમાણ જનતાની જાણ માટે જરૂરનું છે. એવું પ્રમાણ આપનારી એક જ સંસ્થા હોય. આજે તે ચરખાસંઘ છે. તેથી ચરખાસંઘ જેને પ્રમાણ આપે તે જ પ્રમાણિત આદી ગણાય.

પ્રમાણિતપ્રતિલિપિ [સં.] સ્ત્રી. ખાતરી આપેલ નકલ.

પ્રમાણિતહસ્તાક્ષર [સં.] પું ન. ન. ખાતરીબદ્ધ કુદીના માલિકની સહી.

પ્રમાણી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને પ્રમાણિકા કે નગસ્વરૂપિણી છંદ પણ કહે છે. જુઓ પ્રમાણિકા ૨.

૨. વિ. ખરું; સત્યાચારનું

૩. વિ. માની શકાય તેવું.

પ્રમાણીકરણ ૧. [સં.] ન. પ્રમાણ; પ્રમાણપત્ર; ખરાપણાનો દાખલો.

૨. ન. સાબિતી તરીકે સ્વીકારવું તે.

પ્રમાણીકૃત ૧. [સં.] વિ. કબજે રાખેલ; માન્ય કરેલ.

૨. વિ. પ્રમાણ છે, એવું જેના વિષે સિદ્ધ કર્યું હોય તેવું; પ્રમાણરૂપે સ્વીકારાયેલું.

૩. વિ. મુકરર કરેલું; સમસ્વરૂપ.

પ્રમાણે ૧. અ. આ રીતે; આમ; અનુસાર.

૧. આ પ્રમાણે = (૧) આમ. (૨) તેથી.

૨. એ પ્રમાણે = તે બાબતમાં.

૩. કહ્યા પ્રમાણે કરવું = આજ્ઞા પાળવી.

૨. અ. ચોકે; ચોકકસ; માફક; રીતે; સરખી રીતે.

જે જે વેશ પુરુષ કંઈ કરતા, બીજા ય તે તે કરે, ને લોકો સહુ તે જ તે અનુસરે, જે તે પ્રમાણે ભજે.

ગીતા પંચામૃત

પ્રમાણોત્તર [સં. પ્રમાણ + ઉત્તર (પર થયેલું)] વિ. પ્રમાણ લાગુ ન પડે તેવું.

પ્રમાણોપેત ૧. [સં. પ્રમાણ + ઉપેત (પ્રાપ્ત થયેલું)] વિ. માપસરનું; માપની હદમાં રહેલું હોય એવું.

૨. વિ. સ્વલ્પ; થોડું.

પ્રમાતા ૧. [સં. પ્રમાતૃ] પું. જ્ઞાનનો કર્તા; જ્ઞાનનો દ્રષ્ટા કે સાક્ષી; આત્મા; ચેતન પુરુષ; વિષયથી અલગ વિષયી.

૨. પું. પ્રમા જ્ઞાન મેળવનાર વ્યક્તિ; પ્રમાણો વડે પ્રમેયનું જ્ઞાન મેળવનાર માણસ.

૩. પું. પ્રમાણો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરનાર માણસ.

૪. પું. લૌકિક વૈદિક વ્યવહારોમાં અજ્ઞાત હોય.
૫. સ્ત્રી. નવ માંહેના એક પ્રકારનો સંસારભ્રમરૂપ વિક્ષેપ.
૬. સ્ત્રી. માની મા; નાની.
૭. વિ. અનુભવજ્ઞાન ઉત્પન્ન કરનાર.
૮. વિ. ખરી વસ્તુસ્થિતિ જાણનાર.
૯. વિ. (વેદાંત) પ્રમા જ્ઞાન પેદા કરનાર.
૧૦. વિ. પ્રમાણ વડે પ્રમેયને જાણનાર.
આત્માનું જ્ઞાન થવામાં તે વિષય (જ્ઞેય) અને ચિદાભાસ એક જ હોવાથી પ્રમાતા વગેરે ત્રિપુટીનો ભાસ થતો નથી. સિદ્ધાંતલેશ
૧૧. વિ. (વેદાંત) પ્રમાણો વડે અર્થને સાબિત કરનાર.

પ્રમાતામહ [સં.] પું. માનો દાદો; માના બાપનો બાપ.

પ્રમાતામહી [સં.] સ્ત્રી. માની દાદી; માતાના પિતાની માતા.

પ્રમાતૃ [સં.] વિ. પ્રમાજ્ઞાન કરનાર; અનુભવજ્ઞાન કરનાર.

પ્રમાતૃચૈતન્ય [સં.] ન. (વેદાંત) અંતઃકરણરૂપ વિશેષણવાળું ચૈતન્ય.

પ્રમાત્ર [સં.] પું. નિર્દિષ્ટ સંખ્યા.

પ્રમાત્વ ન. (વેદાંત) યથાર્થ જ્ઞાન.

પ્રમાથ ૧. [સં.] પું. (પુરાણ) દ્રવણનો એક રાક્ષસ અમાત્ય. તેને રામે માર્યો હતો.
૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.
૩. પું. પીડવું તે; દુઃખ દેવું તે.
૪. પું. બળાત્કાર; કોઈ સ્ત્રી સાથે તેની સંમતિ વિરુદ્ધ સંભોગ કરવો તે.
૫. પું. બળાત્કારે હરી લેવું તે; ઝૂંટવી લેવું તે; બળપૂર્વક હરણ.
૬. પું. મથન; મથવું તે.
૭. પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર.
૮. પું. વધ; મારી નાખવું તે; નાશ કરવો તે.
૯. પું. શિવનો એ નામે એક ગણ.
૧૦. પું. રુદ્રનો એ નામે એક અનુચર.
૧૧. પું. હરીફને પછાડી તેની ઉપર ચડી બેસવું તે.

પ્રમાથિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, બે જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

પ્રમાથિપદાર્થ [સં.] પું. ચરબી, મરચાં વગેરે તીક્ષ્ણ પદાર્થ.

પ્રમાથી ૧. [સં. પ્રમાથિન્] પું. એ નામે એક રાક્ષસ. તે ખરનો સાથી હતો.
૨. પું. (પુરાણ) દ્રવણનો એક રાક્ષસ અમાત્ય. એને રામે માર્યો હતો.
૩. પું. (પુરાણ) બલાશ્વ રાક્ષસીને વિશ્રવા ઋષિથી થયેલો એ નામનો પુત્ર; દ્રવણનો એ નામનો ભાઈ. તેને નીલે માર્યો હતો.
૪. પું. બૃહસ્પતિના ઔદ્ય નામના ત્રીજા પુત્રનો બીજો સંવત્સર.
૫. પું. મુખ, આંખ, કાન વગેરે શરીરનાં છિદ્રોમાં થઈને દેહની અંદર પ્રવેશ કરીને કફ, વાતાદિ દોષોને દૂર કરનાર પદાર્થ. જેમકે, હીંગ, મરી, ધોડાવજ.
૬. પું. (પુરાણ) રામચંદ્રની સેનામાંનો એ નામે એક વાનર.
૭. પું. સાઠ માંહેનો તેરમો સંવત્સર.
૮. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. તેને ભીમે માર્યો હતો.
૯. વિ. ભ્રમ પમાડવાવાળું; આંતરશંકી અમુક મતિથી વિરુદ્ધ ભ્રમ કરનારું.
૧૦. વિ. બળવાળી દેનાર.
૧૧. વિ. પીડનાર; દુઃખ દેનાર.
૧૨. વિ. બળાત્કારે હરી લેનાર; ઝૂંટવી લેનાર.
૧૩. વિ. મથનાર; મથી નાખનાર
૧૪. વિ. મનને ક્ષુબ્ધ કરવાવાળું.
૧૫. વિ. મારી નાખનાર.

પ્રમાદ ૧. [સં.] પું. (વેદાંત) અકર્તવ્ય વિષયમાં તે કર્તવ્ય છે એવી બુદ્ધિથી પ્રવૃત્તિ કરવી તે.
૨. પું. અવિવેક.
૩. પું. (જૈન) અસત્પ્રવર્તન; ધાર્મિક ક્રિયામાં અપ્રવૃત્તિ અને અધાર્મિક ક્રિયામાં પ્રવૃત્તિ. પ્રમાદ પાંચ છે: મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.
૪. પું. અસાવધપણું.
૫. પું. અંતઃકરણની દુર્બળતા.
૬. પું. (જૈન) આત્મવિસ્મરણ; આદરભંગના; ચારિત્ર પાળવામાં અનુત્સાહ; સંક્લેશ અને નોકષાયના તીવ્ર ઉદયથી નિરતિચાર ચારિત્ર પાળવામાં અનુત્સાહ તથા સ્વરૂપની અસાવધાનતા.
૭. પું. આળસાઈ; આળસ; બેદરકારી, બેપરવાઈ; કાળજી નહિ રાખવી તે.
૮. પું. (વેદાંત) કર્તવ્ય વિષયમાં તે અકર્તવ્ય છે, એવી બુદ્ધિ વડે તે કર્તવ્યથી નિવૃત્ત થવું તે.
૯. પું. કુશળ કાર્યોમાં આદર ન રાખવો તે.
૧૦. [સં. પ્રમદ (મૂળ ખોટો)] પું. ગફલત; ભૂલ; ચૂક; ભ્રમ; ઉપેક્ષા; કર્તવ્ય આકર્તવ્યનું જ્ઞાન નહિ તે.
૧૧. પું. તમોગુણનું લક્ષણ. મોહ તેનો ભાઈ થાય. આ બે જેના મળી ચિત્તને નિદ્રા અને આળસ લાવે છે.
૧૨. પું. (વેદાંત) પ્રયત્ન વડે કર્તવ્ય કાર્યમાં તે કાર્યની વિસ્મૃતિ થવી તે.
૧૩. પું. બગરી; ઉદ્ધતાઈ; આકરો મિજાજ.
૧૪. પું. યોગના સાધનોનું ચિંતન ન કરવું તે.
૧૫. પું. (યોગ) સમાધિનાં સાધનોની ભાવના ન કરવી અથવા તેને ઠીક ન સમજવી તે. તે નવ પ્રકારના અંતરાયમાં ગણ્યો છે. તેથી સાધકને ચિત્તવિક્ષેપ થાય છે.

પ્રમાદજનિત [સં.] વિ. આળસથી થયેલ.

પ્રમાદપટ્ટ [સં.] વિ. આળસુ.

પ્રમાદમહિરા [સં.] સ્ત્રી. આલસ્યરૂપી દારૂ.

પ્રમાદયુક્ત [સં.] વિ. પ્રમત્ત; પ્રમાદવાળું.

પ્રમાદાચરણ [સં. પ્રમાદ + આચરણ (આચાર)] પું. કર્તવ્યભ્રષ્ટતા.

પ્રમાદાચરિત [સં. પ્રમાદ + આચરિત (કરેલ)] પું. પ્રમાદ કરવો તે.

પ્રમાદાચારી [સં. પ્રમાદ + આચારિન્ (આચારવાળું)] વિ. કર્તવ્યભ્રષ્ટ.

પ્રમાદાપ્રમાદ [સં. પ્રમાદ + અપ્રમાદ] ન. (જૈન) એ નામનું એક ઔત્પાતિક સૂત્ર.

પ્રમાદિક [સં.] વિ. પ્રમાદવાળું; ભૂલચૂક કરનાર; પ્રમાદશીલ.

પ્રમાદિકા ૧. [સં.] સ્ત્રી. અવિચારવાળી અને સભાળ વિનાની સ્ત્રી.
૨. સ્ત્રી. દૂષિત થયેલી કન્યા; કન્યાત્વ નાશ પામ્યું હોય એવી છોકરી; જેને કોઈએ દૂષિત કરી હોય એવી કન્યા.

પ્રમાદિની [સં.] સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની એ નામની એક સહચરી.

પ્રમાદી ૧. પું. પામર માણસ.
૨. [સં. પ્રમાદિન્] પું. બૃહસ્પતિના શશાસ્ત્રિદૈવત નામના દ્વાદશ પુત્રનો બીજો સંવત્સર. તેમાં લોકો આળસુ રહે, ક્રાંતિ થાય અને લાલ કુલનાં ઝાડોનાં બીજ નાશ પામે એમ મનાય છે.
૩. પું. સાઠ માંહેનો સત્તાવીસમો સંવત્સર; જ્યોતિષમાં સુડતાલીસમો સંવત્સર; કલ્પની વાણીનો સાતમો સંવત્સર
૪. વિ. આળસુ; બેદી; બેદરકાર; નિરુત્સાહી; અસાવધ; કાળજી વગરનું.

૫. વિ. કર્તવ્યભ્રષ્ટ; બેદરકાર.
૬. વિ. પામર.
૭. વિ. પ્રમાદવાળું; મગરૂર; અભિમાની.

પ્રમાદ [સં.] ન. પ્રમાદપણું.

પ્રમાપક ૧. [સં.] પું. પ્રમાણકર્તા; નિયામક; નિયંતા.
૨. વિ. પ્રમાણ કે સાબિતી પૂરી પાડનાર.
૩. વિ. માપનાર; તપાસનાર.

પ્રમાપણ જુઓ પ્રમાપન.

પ્રમાપન ૧. [સં.] ન. માપવું તે.
૨. ન. મારવું તે; મારી નાખવું તે; મારણ; નાશ.

પ્રમાર્જક ૧. [સં. પ્રમૃજ્ (સાફ કરવું)] વિ. સાફ કરનાર.
૨. વિ. હટાવનાર; દૂર કરનાર.

પ્રમાર્જન ૧. [સં.] ન. ઝાડુ મારવું તે.
૨. ન. દૂર કરવું તે.
૩. ન. ધોવું તે; સાફ કરવું તે; લૂછવું તે.
૪. ન. (જૈન) પૂંજવું તે.
૫. ન. પ્રાયશ્ચિત.
૬. ન. વાળવું, ચૂસવું કે માંજીને સાફ કરવું તે.

પ્રમાર્જની [સં.] સ્ત્રી. સાવરણી; ઝાડુ.

પ્રમાર્જિત [સં.] વિ. સાફ કરેલ.

પ્રમાલિકા પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; સૌરભસંચિત. તે સંદીર્ણ વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, જગણ, રગણ અને વગણ મળી બાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અઠ્ઠાવીસ અક્ષર હોય છે.

પ્રમાશી [સં.] પું. અઘાની વીશીનો તેરમો સંવત્સર.

પ્રમાશાસ્ત્ર [સં.] ન. (ન્યાય) જ્ઞાનસ્વરૂપ વિદ્યા; જ્ઞાનશાસ્ત્ર; જ્ઞાનપ્રામાણ્યશાસ્ત્ર; 'એપિસ્ટેમોલૉજિ.'
પ્રમાશાસ્ત્રને આપણે સામાન્ય રીતે ફિલસૂફીના નામથી ઓળખીએ છીએ. તેમાં જ્ઞાનનું બંધારણ શું છે અને જ્ઞાનના વિષયો શા હોઈ શકે તેની ચર્ચા હોય છે. સમાલોચક પારેખ

પ્રમિત ૧. [સં.] વિ. જાણેલું; જ્ઞાત; અવગત.
૨. વિ. થોડું; અલ્પ.
૩. વિ. ના માપનું; જોટલું. સમાસને અંતે વપરાય છે.
૪. વિ. નિશ્ચિત.
૫. વિ. પ્રમા નક્કી કરેલ; પ્રમા ધારેલ.
૬. વિ. પ્રમાણિત; અવધારિત.
૭. વિ. પ્રમાણો દ્વારા જેનું પ્રમા નામનું જ્ઞાન થયું હોય તેવું.
૮. વિ. માપેલું; માપેલ; પરિમિત.
૯. વિ. સાબિત; પ્રમાણ વડે સિદ્ધ; સંમાનિત, માની લીધેલું.

પ્રમિતતા [સં.] સ્ત્રી. પ્રમિતપણું; મિતાચાર; 'ટેમ્પરન્સ.'

પ્રમિતત્વ ન. સંગીત.
કલાથી આપણામાં પ્રમિતત્વ કે સંગીત વસે છે. પુરાતત્ત્વ

પ્રમિતપદ્ધતિ [સં.] સ્ત્રી. અનુમાનાપ્રમાળા.

પ્રમિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ અને બે સગણ મળી બાર વર્ણ આવે છે.
પ્રમિતા તો રચો સ ર સા સ ખરી. રણછોડ પિંગળ

પ્રમિતાક્ષરા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ અને બે સગણ મળી બાર વર્ણ હોય છે. પાંચમા અક્ષર પછી યતિ કે વિરામો આવે છે.
સંસ્કૃતમાં અને ગુજરાતીમાં પ્રમિતાક્ષરા છંદથી પ્રભની ત્રિપા ક્રમદલ છંદ બારણે અંતે ગુરુના વધારાથી નીપજ્યો છે. ગુ. સા. પરિષદ
૨. વિ. થોડા અક્ષરવાળી.

પ્રમિતિ ૧. [સં] સ્ત્રી. આપેલી વસ્તુનું માપ; આટલું છે એ જ્ઞાન.
૨. સ્ત્રી. માપ, જોવું વગેરેથી માપવું તે; માપવાની ક્રિયા.
૩. સ્ત્રી. જ્ઞાનની ક્રિયા.
૪. સ્ત્રી. પ્રમાણ; માપ.
૫. સ્ત્રી. પ્રમાણ વડે મળેલું યથાર્થ જ્ઞાન; અર્થ જ્ઞાન; પ્રમા.
૬. સ્ત્રી. રસ્સા વગેરે.

પ્રમિલા જુઓ પ્રમીલા ૧.

પ્રમીઢ ૧. [સં.] પું. મેષ.
૨. પું. વધ માટે કબજે પશુ.
૩. વિ. મારું; હણ.
૪. વિ. મૂતરેલ; મૂત્ર વડે નીકળેલું.

પ્રમીત ૧. [સં.] પું. વધને માટે મારેલ પશુ.
૨. વિ. મૃત; મરી ગયેલું.
૩. વિ. વધને માટે મારેલું.

પ્રમીતિ ૧. [સં.] સ્ત્રી. મરણ.
૨. સ્ત્રી. વધ.

પ્રમીલા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની સ્ત્રી. તે અર્જુનની સાથે લડતાં પરાજિત થઈને તેની પત્ની બની હતી.
૨. સ્ત્રી. ગ્લાનિ.
૩. સ્ત્રી. તંદ્રા; ઘેન.
૪. સ્ત્રી. થાક; શિથિલતા.
૫. સ્ત્રી. બંધ કરવું તે; હોંકવું તે.

પ્રમુક્ત [સં.] વિ. છૂટેલ; પાછો મુક્ત થયેલ.
સંગ આસક્તિથી પ્રમુક્ત, આત્મજ્ઞ અને કાન્તિ ચિત્તનો જે હોય એવાને ધીર પુરુષો મુનિ કહે છે. પુરાતત્ત્વ

પ્રમુખ ૧. [સં.] પું. અગ્રેસર; આગેવાન; મુખ્ય; વડો.
જ્યાં પ્રમુખ જવાહિર આતશરાજ દહિના, ત્યાં સરદાર સોના પે ચીર વલ્લભભાઈ ત્યાં. ઝાંપીગીત
૨. પું. (જ્યોતિષ) અમૃતાસી ઘાંઢેનો ભોગવપવાસમો ભદ
૩. પું. આરંભ; આદિ.
૪. પું. (સ્થાપ) એક જાતનું ઘર. તેમાં પૂર્વ તથા દક્ષિણે અલિંદ અને અંદર બે પીઠાં અને ચાર સ્તંભ હોય છે.
નંદ ઘરમાં એક પટ્ટશાલ નાખીએ તો તે પ્રમુખ ઘર થાય. રાજવલ્લભ
૫. પું. હાથી માણસ.
૬. પું. પુન્નાગ વૃક્ષ; એક જાતનો સંપો.
૭. પું. મુખી; અધ્યક્ષ; સભાપતિ; સરનશીન.
પ્રમુખ બનવું = અધ્યક્ષ થવું.
૮. પું. રંગશાળા ક્રમમાં આવતું એક ઝાડ.
૯. પું. સમૂહ.
૧૦. ન. પ્રધાનપણું;
૧૧. વિ. પ્રતિષ્ઠિત; આબરૂદાર; માન્ય.
૧૨. વિ. પ્રથમ; પહેલું
૧૩. વિ. મુખ્ય; અગ્રેસર.
૧૪. વિ. શ્રેષ્ઠ.
૧૫. વિ. સન્મુખ મોઢાવાળું.
૧૬. અ. તત્કાળ; તે સમયે.
૧૭. અ. સામે; સન્મુખ.

પ્રમુખતઃ [સં.] અ. મુખ્યત્વે કરીને; ખાસ કરીને.

પ્રમુખતા ૧. [સં.] સ્ત્રી. ઉપરીપણું.
૨. સ્ત્રી. પહેલાપણું.
૩. સ્ત્રી. પ્રમુખપણું; મુખ્યપણું; શ્રેષ્ઠપણું; સર્વોત્કૃષ્ટતા.
૪. સ્ત્રી. પ્રાધાન્ય; ઉચિતત્વ.
૫. સ્ત્રી. માન્યપણું.

પ્રમુખત્વ જુઓ પ્રમુખતા.

પ્રમુખપણું જુઓ પ્રમુખતા.

પ્રમુખપદ [સં.] ન. પ્રમુખની પદવી કે સ્થાન; પ્રમુખપણું; આગેવાન તરીકે જગ્યા લેવી તે; વડપણ; અધ્યક્ષનું સ્થાન.

પ્રમુખર [સં.] વિ. વાચાળ; બહુ બોલનાર.

પ્રમુખરસ [સં.] પું. મુખ્ય રસ.

આમળ ઉપર કેટલાક અલંકાર શાસ્ત્રોએ અને 'રાત' આ પણ એક પ્રમુખરસ કહ્યો.
કૌમુદી

પ્રમુખરી [સં.] વિ. વાચાળ; બહુ બોલનાર.

પ્રમુખવંશ [સં.] પું. ઉત્તમ વંશ.

પ્રમુખસ્થાન [સં.] ન. પ્રમુખપદ; પ્રમુખની ખુરશી; પ્રમુખની જગ્યા.

પ્રમુખા [સં.] વિ. સ્ત્રી. શ્રેષ્ઠ સ્થાન ધરાવનારી.

પ્રમુખાસન [સં.] ન. પ્રમુખની જગ્યા; પ્રમુખનું સ્થાન.

પ્રમુખે અ. સામે.

પ્રમુગ્ધ [સં.] પું. આંચળવાળા પ્રાણીનો એક વર્ગ; 'પ્રાણમેદ.'

પ્રમુચ ૧. પું. પ્રમુચિ નામે ઋષિ.

૨. [સં.] વિ. ઠગી રીતે જોડનાર; ઠગી રીતે મૂકનાર.

પ્રમુચિ [સં.] પું. (પુરાણ) દાનવર્ષિ રામને અયોધ્યામાં મળવા આવેલ એ નામનો એક ઋષિ.

પ્રમુચુ [સં.] પું. એ નામે એક ઋષિ.

પ્રમુદ ૧. [સં.] પું. આનંદ; હર્ષ.

૨. પું. એ નામનો એક હેત.

૩. વિ. આનંદિત; હર્ષ પામેલ; ખુશી થયેલું.

પ્રમુદિત [સં.] વિ. આનંદી; પ્રસન્ન; હર્ષ પામેલું; ખૂબ રાજી થયેલું; મુદિત.

પ્રમુદિતમદના સ્ત્રી. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે રગણ મળી બાર અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે.

પ્રમુદિતવદના ૧. [સં.] સ્ત્રી. આનંદ થયો હોય તેવા મોઢાવાળી સ્ત્રી; હર્ષ પામેલું મુખ જેનું હોય એવી સ્ત્રી.

૨. સ્ત્રી (પિંગળ) બાર અક્ષરનો એક વર્ણમેળ છંદ. તેને મંદાકિની પણ કહે છે.

પ્રમૂઢ ૧. [સં.] વિ. બાવરું.

૨. વિ. મૂર્ખ; અજ્ઞાની.

૩ વિ મોહ પામેલ; મૂંઝાયેલ.

પ્રમૂઢસંજ્ઞ જુઓ પ્રમૂઢ.

પ્રમૂર્ણિત [સં.] વિ. આચ્છાદિત; ઢાંકેલ.

પ્રમૃગ [સં.] વિ. બહુ મૃગલાંવાળું

પ્રમૃજ્યસંયમ [સં.] પું. (જૈન) સાત મહિના એક પ્રકારનો સંયમ.

પાંચ સ્થાવર અને ત્રાસ એ નવના વિષયમાં નવસંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્‌સંયમ, મનઃસંયમ, અને ઉપકરણસંયમ એમ પૂરા સત્તર છે.
તત્ત્વાર્થસૂત્ર

પ્રમૃજ્ય વિ. હિંસકોનો સંહાર કરનાર.

પ્રમૃત ૧. [સં.] ન. ખેતી; કૃષિકર્મ; એક ફળ જોઈ આજીવિકા કરનારનું કામ. ફળ ઝાડવામાં માટીમાં રહેનારા ઘણા જીવો મરી જાય છે તેથી તેને મૃત કહે છે.

૨. ન. ખેતીવાડી કરી આજીવિક ચલાવવી તે.

પ્રમૃદ્વા [સં.] પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.

પ્રમૃષ્ટ ૧. [સં.] વિ. નિરસ્ત; કાઢી મૂકેલું.

૨. વિ. સાફ કરેલ; શુદ્ધ કરેલ.

પ્રમેદસ્વી [સં. પ્રમેદસ્વિન્] વિ. ઘણા મેદવાળું; જાડું.

પ્રમેદિત [સં.] વિ. બી, તેલ વગેરેથી ચીકણું.

પ્રમેય ૧. [સં.] ન. (ન્યાય) ચારમાંથી કોઈ પણ પ્રમાણ વડે સમજી શકાય તે.

૨. ન. જેના યથાર્થ જ્ઞાનથી મોક્ષ મળે તે; પરમાત્મા; પરબ્રહ્મ.

૩. ન. પરિચ્છેદ.

૪. ન. પ્રભુકૃપા.

કેવળ પ્રમેય બળે કરી તારવા જેવી અશેષ.
દયારામ

૫. ન. પ્રમાણો વડે જાણવા યોગ્ય વસ્તુ; પ્રમાણ વડે જ્ઞાન થઈ શકે તેવી જાણવા; પ્રમાણ દ્વારા જેનું જ્ઞાન કરવાનું હોય તે; પ્રમા અથવા યથાર્થજ્ઞાનનો વિષય.

૬. ન. નીતા; વસ્તુ; ખરી હકીકત.

દરેક વૈજ્ઞાનિક અન્વેષણમાં પ્રમેયનું સંશોધન, તેમનું વર્ગીકરણ, તેમાંથી નિયમશોધન અને નિયમસિદ્ધિ એમ ચાર કોટી સ્પષ્ટ હોય છે.
પારિભાષિક કોષ

૭. ન. મહાપ્રશ્ન; કૂટ પ્રશ્ન.

એક જ શાસ્ત્રના દળદાર ગ્રંથોનો અભ્યાસ કરી નિષ્ણાત બનનાર વિદ્વાન અને કે અનેક શાસ્ત્રોના સંબંધનું જ્ઞાન રાખી તત્ત્વચિંતન કરનાર વિચારકમાં મોટો ભેદ એ છે કે, તત્ત્વચિંતક અન્ય શાસ્ત્રના પ્રમેયો ઉપર ઝાઝો પ્રકાશ નાખે છે અને જ્ઞાનજિજ્ઞાસુ જિજ્ઞાસોને વધારી બતાવે છે, ત્યારે એક શાસ્ત્રનિષ્ણાત વિદ્વાનના પાયા અને કોટડીઓ તે તે ગ્રંથની મુદ્રાઓમાં નિવાસ કરવા યોગ્ય ઉપયોગી કામ કરે છે.
પારિભાષિક કોષ

૮. ન. (ન્યાય) મોક્ષપ્રાપ્તિ માટે જાણવા જોગ બાર મહિનો દરેક પદાર્થ. બાર પદાર્થ: (૧) આત્મા, (૨) શરીર, (૩) ઇન્દ્રિય, (૪) અર્થ, (૫) બુદ્ધિ, (૬) મન, (૭) પ્રવૃત્તિ, (૮) પ્રેત્યભાવ, (૯) દોષ, (૧૦) ફલ, (૧૧) દુઃખ અને (૧૨) અપવર્ગ. આ બારેય પ્રમેયની વિગત નીચે પ્રમાણે: (૧) આત્માપ્રમેય, તે જીવાત્મા અને ઈશ્વરાત્મા એમ બે પ્રકારનો છે. જીવાત્મા નાના જથ્થે અનેક છે અને ઈશ્વરાત્મા એક છે. બંને નિત્ય અને વિભુ છે. (૨) શરીરપ્રમેય, તે (૧) જરાયુજ, (૨) અંડજ, (૩) સ્વેદજ અને (૪) ઉદ્ભિજ્જ એમ ચાર પ્રકારનો છે. (૩) ઇન્દ્રિયપ્રમેય, તે (૧) ઘ્રાણ, (૨) રસન, (૩) ચક્ષુ, (૪) ત્વક, (૫) શ્રોત્ર અને (૬) મન એમ છ પ્રકારનો છે. (૪) અર્થપ્રમેય, તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન એમ અગિયાર પ્રકારનો છે, અથવા દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એવા છ પ્રકારનો છે. (૫) બુદ્ધિપ્રમેય, તે નિત્ય અને અનિત્ય એવા બે પ્રકારનો છે. તેમાં ઈશ્વરાત્માની બુદ્ધિ નિત્ય, એક અને પ્રત્યક્ષ છે, તથા જીવાત્માની બુદ્ધિ અનિત્ય છે. અનિત્યબુદ્ધિ, તે અનુભવ અને સ્મૃતિ એમ બે પ્રકારની છે. એ બંને પ્રકારની બુદ્ધિ વળી યથાર્થ અને અયથાર્થ એવા ભેદથી બે પ્રકારની છે. યથાર્થ અનુભવ, તે પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ એમ ચાર પ્રકારનો છે. અયથાર્થ અનુભવ સંશય, વિપર્યય, અને તર્ક એમ ત્રણ પ્રકારનો છે. (૬) મનપ્રમેય, તે નાનું, નિત્ય તથા અણુ છે. (૭) પ્રવૃત્તિપ્રમેય, તે વાગારંભ, બુદ્ધ્યારંભ અને શરીરારંભ એમ ત્રણ પ્રકારનો છે. (૮) પ્રેત્યભાવપ્રમેય: મરણ પછી જન્મ થવો તે પ્રેત્યભાવ. (૯) દોષપ્રમેય, તે રાગ, દ્વેષ અને મોહ એમ ત્રણ પ્રકારનો છે. રાગદોષ, તે કામ, મત્સર, સ્પૃહા, તૃષ્ણા, લોભ, માયા અને દંભ એમ સાત પ્રકારનો છે. દ્વેષદોષ, તે ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, દ્રોહ, અમર્ષ અને અભિમાન એમ છ પ્રકારનો છે. મોહદોષ, તે વિપર્યય, સંશય, તર્ક, માન, પ્રમાદ, ભય અને શોક એમ સાત પ્રકારનો છે. (૧૦) ફલપ્રમેય, તે મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારનો છે. (૧૧) દુઃખપ્રમેય: હું દુઃખી છું એવી પ્રતીતિનો વિષય તે. (૧૨) અપવર્ગપ્રમેય: શરીર વગેરે એકવીસ પ્રકારનાં દુઃખની નિવૃત્તિ તે.

૯. ન. વિવાદ ચલાવીને નક્કી કરવાનો પ્રશ્ન કે વિચાર; મુકદ્દમા, દાવા કે નિર્ણયને માટે ઊભો કરેલો સવાલ કે મુદ્દો.

૧૦. ન. વિષયભૂત પદાર્થ; પ્રમાજ્ઞાનવિષયવાળો પદાર્થ.

૧૧. ન. સંસારજ્ઞાનરૂપ નવ માંહેના એ નામના એક પ્રકારનો વિક્ષેપ.

૧૨. ન. (ગણિત) સિદ્ધ કરવાની વસ્તુ; સિદ્ધાંત; માપ્ય પ્રતિજ્ઞા; 'થિયરમ'. ભૂમિતિમાં સિદ્ધાંતના બે પ્રકાર છે: હેત્વ ને પ્રમેય.

૧૩. વિ. અનુમાન કરવા લાયક.

૧૪. વિ. પ્રમાણનો વિષય થઈ શકે તેવું; જાણી શકાય તેવું; જ્ઞાન થઈ શકે તેવું.

૧૫. વિ. પ્રમાણો રજૂ કરીને પુરવાર કરવા લાયક; સિદ્ધ કરવા યોગ્ય; સિદ્ધ કરી શકાય તેવું; નિશ્ચય કરવા લાયક; પ્રતિપાદન કરવા જેવું; ખરું કરવા યોગ્ય; અવધાર્ય.

૧૬. વિ. માપણી કરી શકાય તેવું; માપી શકાય તેવું; માપવા કે પ્રમાણ કાઢવા યોગ્ય.

પ્રમેયગત [સં.] વિ. પ્રમેયમાં રહેલું.

પ્રમેયગત અસંભાવના સ્ત્રી. (વેદાંત) એ નામની એક પ્રકારની ચિત્તવૃત્તિ; બ્રહ્મ સત્યરૂપ, ચિત્‌રૂપ અને આનંદરૂપ છે, માટે તે અસત્, જડ અને દુઃખરૂપ પ્રપંચથી વિલક્ષણ હોવાથી પ્રપંચનું કારણ ન જ થઈ શકે એવા પ્રકારની ચિત્તવૃત્તિ.

પ્રમેયગત વિપરીત ભાવના [સં.] સ્ત્રી. (વેદાંત) એ નામની એક પ્રકારની ચિત્તવૃત્તિ. યોગ્ય યોગ્યની જોડે સંબંધ રાખે છે એવો ન્યાય હોવાથી જડ ગુણવાળા પ્રપંચનું ઉપાદાન જડ ગુણવાળી માયા જ છે, બ્રહ્મ ઉપાદાન નથી, એવી નિશ્ચયાત્મક ચિત્તની વૃત્તિ તે પ્રમેયગત વિપરીત ભાવના કહેવાય છે.

પ્રમેયચૈતન્ય [સં.] ન. (વેદાંત) વિષયનું પ્રકાશન અને વિષયનું અધિષ્ઠાનભૂત ચૈતન્ય.

પ્રમેયતા જુઓ પ્રમેયત્વ.

પ્રમેયત્વ ૧. [સં.] ન. અનુમાન કરવા લાયક હોવાપણું.

૨. ન. (વેદાંત) પ્રમાજ્ઞાનની વિષયતા; પ્રમાજન્ય જ્ઞાનનો વિષય હોવાપણું.

૩. ન. માપવા કે પ્રમાણ કાઢવા યોગ્યપણું.

૪. ન. સિદ્ધ કરવા યોગ્ય હોવાપણું.

પ્રમેયપદાર્થ જુઓ પ્રમેય ૮.

પ્રમેયવાદ પું. સત્તાવાદ.

પ્રમેયસિદ્ધ [સં.] પું. (ગણિત) દરેક સિદ્ધાંતની ગાણિતિક સિદ્ધતા આપ્યા પછી સિદ્ધાંત સિદ્ધ થયો એમ સૂચવતો શબ્દ.

પ્રમેયસિદ્ધાંત [સં.] પું. (ગણિત) સિદ્ધાંતમાં જે કાંઈ સિદ્ધ કરવાનું હોય તે.

પ્રમેહ ૧. પું. આગળ ઘસવું તે; આપવું તે.

૨. પું. ગરમાળો. ગરમાળાનો મોર આવ્યાથી એમ લેવી જાતના પ્રમેહનાં રોગ મટતા બતાવ્યા છે, માટે તેને પ્રમેહ કહે છે.

૩. [સં. પ્રમિહ્ (ભીનું કરવું)] પું. (વૈદક) પરમિયો; પુરુષને મુત્રદ્વારથી ઝરતો લોહીપરુનો પીડાકારી ચેપી રોગ; મૂત્ર વાટે શુક્ર તથા શરીરની બીજી ધાતુ વહેવાનો રોગ. પ્રમેહ અને બાંદી જનનેંદ્રિયનાં દરદ છે. પ્રમેહમાં પેશાબના માર્ગમાં સોજો આવે તથા પરુ વહે. સુશ્રુત પ્રમાણે દિવસના સૂવાથી, શ્રમ ન કરવાથી, સ્નિગ્ધ તથા મીઠી વસ્તુઓ બહુ ખાવાથી આ રોગ થાય છે. આ રોગમાં હાથપગમાં બળતરા થાય, શરીર ભારે લાગે, પેશાબ ધોળો આવે, બગાસ રહે અને તરસ લાગે. તાળવું, હોંઠ, જીભ વગેરેમાં મેલ જામવો એ પ્રમેહનાં પૂર્વલક્ષણ છે. વૈદકમાં વીસ જાતના પ્રમેહ કહ્યા છે તેમાંથી ઊદકમેહ, ઇક્ષુમેહ, સોદકમેહ, સુરામેહ, પિષ્ટમેહ, શુક્રમેહ, સિકતમેહ, શીતમેહ, શનૈમેહ અને લાલમેહ કફથી; ક્ષારમેહ, નીલમેહ, કાલમેહ, હરિદ્રામેહ, માંજિષ્ઠમેહ અને રક્તમેહ પિત્તથી અને વસામેહ, મજ્જામેહ, ક્ષૌદ્રમેહ અને હસ્તિમેહ વાતથી થાય છે. બધી જાતના પ્રમેહની ચિકિત્સા નહિ કરવાથી મધુમેહ થઈ જાય છે, જેમાં મીઠું મધ જેવું ગાઢું મૂત્ર નીકળે છે. એક ડૉક્ટરે નિગ્રેટ બેસવું, નિદ્રા, દધિભક્ષણ, ગામમાંના અને પાણીમાંના જીવના આંસના રસ અને દૂધ, નવું અન્ન, નવોદક એટલે વરસાદના પાણીનું સેવન, ભોળ વગેરે પદાર્થ અને કફકારક પદાર્થ એ પ્રમેહને માટે કારણભૂત છે. પ્રમેહમાં મૂત્ર બાષ્પ ઠોળાયેલા જેવું હોય. મૂત્રના ક્લેદથી પ્રમેહના વીસ ભેદ કલ્પેલા છે. વ્યવહારમાં પેશાબને વખતે જે પ્રમેહમાં અતિશય આગ થાય છે તેને તપ્તમિયો પ્રમેહ કહે છે. પેશાબને વખતે આગ થતી નથી તેને ઠંડો પ્રમેહ કહે છે. પ્રમેહ સાદો અને ગંભીર એમ બે પ્રકારનો છે. આ રોગ ભોગથી જ થાય છે અને તેમાં સ્ત્રી અને પુરુષ ઉભયને ઇંદ્રિયમાં બળતરા થઈ અસહ્ય વેદના સહન કરવી પડે છે. સાદા પ્રમેહમાં પેશાબ ભળે અને રસી વહે. ગંભીર પ્રમેહમાં ચેપ લાગ્યા પછી જેથી પાંચ દિવસમાં પેશાબમાં આગ બળે, રસી વહેવા માંડે, ઇંદ્રિયના આગલા ભાગની ચામડી લાલ થઈ જાય અને તે ઘણાતાં પ્રથમ સફેદ અને પછી પીળા કે ઝાંખા લીલા રસી વહે, જેમેની વળે, ઠોઈક વાર તાવ આવે અને દરદીને રાતે પ્રબળ કામવાસના ઉત્પન્ન થઈ ને બહુ દુઃખ થાય. યોગ્ય ઉપાય આ રોગ મટાડવામાં ન આવે તો પ્રમેહપીડક શક્તિ નાશ પામે. પેશાબના આરંભે તંતુ કિંવા જોળી પડે છે અને તે સળીથી ઊંચકીએ તો હાથ બે હાથ લંબાઈનો તાર આવે છે, તેને તંતુમેહ, તારમેહ કિંવા લાલમેહ કહે છે. જે પ્રમેહમાં ધાત પડે છે તેને ધાતુપ્રમેહ કહે છે. જેમાં પરુ પડે છે તેને પુયપ્રમેહ કહે છે. કંઈક તૂરો અને મધુર જેવો જે પ્રમેહ પેશાબ આવે પડે છે તેને મધુમેહ કહે છે. મધુમેહી પુરુષ જે ઠેકાણે પેશાબ કરે છે તે ઠેકાણે ધાત જમે છે. પ્રમેહનો રોગ પુરુષોને જ થાય છે. સ્ત્રીઓને પ્રતિ માસે રજઃપ્રવૃત્તિ થાય છે, જેથી શરીર સંબંધી સર્વ દોષો શુદ્ધ થાય છે એટલે સ્ત્રીઓને પ્રમેહ થતો નથી. અસાધ્ય લક્ષણ: માતાપિતાની પરંપરાથી પ્રમેહ થયેલ દોષ તે અસાધ્ય પ્રમેહ છે; તેમ જ સર્વ પ્રકારના પ્રમેહ વિરોપ સમય સુધી ચિકિત્સા વિના રહે તો મધુપ્રમેહના રૂપમાં આવી જઈ અસાધ્ય બને છે. જનનેંદ્રિયના દુર્વાણી દુષ્ટ સ્ત્રીઓના તેમ જ રજસ્વલા સ્ત્રીઓના સમાગમથી પ્રમેહ અથવા સુજાક થાય છે તે ઉપર કહેલા પ્રમેહથી જુદી જાત છે. સુજાકમાં પેશાબરસ્તે પરુ નીકળે છે ને ચેપી દોષ છે; તેમ જ મૂત્રેંદ્રિયમાં સોજો તથા દાહ થાય છે. પેશાબની નળીનું મોં લાલ થઈ જાય છે. વારંવાર બળી બળતરા સાથે થોડો થોડો પેશાબ થાય છે. સખ્ત વ્યાધિમાં શરીરમાં તાવ પણ આવી જાય છે. આ રોગ મટી ગયા પછી પણ વારંવાર ઊથળે છે. આ રોગમાં કેટલાકને બદ થાય છે તેમ જ દરેક સાંધા સૂજી જાય છે. સુજાક ઉપર ઉપચાર: જૂના રોગ માટે ચંદ્રપ્રભાવટી સર્વોત્તમ ઇલાજ મનાય છે. તીક્ષ્ણ નવા રોગમાં પ્રથમ ઉદ્રિયજુલાબ લેવો, ગરમ પાણીથી ડૂચ કરવો, કમરબૂડ ગરમ પાણીમાં બેસવું. વંશલોચન, ગિલોય, કુમી મસ્તકી, ધણેરા, રાળ, અજમોદાસ, ઇલાયચી તથા હળદર એ બધી વસ્તુ સમભાગે લઈ બારીક ચૂર્ણ કરી એરંડના તેલમાં ઘૂંટી વટાણા જેવડી ગોળી બનાવવી તે પ્રમેહાંતકવટી કહેવાય છે. બબ્બે ગોળી દિવસમાં ત્રણ વખત લેવાથી પેશાબમાં બળતરા થવી, રસી વગેરે પીડા માત્ર એક દિવસમા શાંત થઈ જાય. જૂના રોગમાં ચંદ્રપુરી પ્રવાલ તોલા બે તથા ચાંદીનો વરખ તોલો એક મેળવી અરસ કરવી. માત્રા કથી ૬ રતી. બલાર્થ અથવા તરની સાથે દિવસમાં બે વખત લેવાથી પ્રમેહ, સુજાક, સ્વપ્નદોષ, પ્રદર, નબળાઈ વગેરે દૂર થાય છે આવળની કાચી સુકાયેલી ફળી, વજ્રકપાલ તથા સાકરનું દરેક એકેક તોલો લેવા અને કમળાકાકડીનાં બીજની ગિરી, બલાયચી

તથા ઇંદ્રજવ દરેક અર્ધા તોલો લેવા અને કુલાવેથી કટકડી ૪ માસા લેવી. એ સર્વને બારીક ખાંડી ચૂર્ણ કરવું. આ ચૂર્ણ સાત માસા દિવસમાં બે સમય દૂધની સસ્ત એટલે દૂધ પાણી મેળવેલાં હોય તેની સાથે લેવાથી ત્રણ દિવસની અંદર મૂત્રકૃચ્છ્ર નષ્ટ થાય. મુરદારશિંગ, કટકડી, રસાંજન. સુરમો તથા કાચો દરેક દશ દશ તોલા, મોરચૂથૂ તથા રસકપૂર સવા સવા તોલો ખાંડી મેળવ્યા પછી અદી શેર પાણી મેળવી શીશી ભરવી. આ પાણી બે તોલો ૧૦ તોલા પાણીમાં મેળવી દિવસમાં ત્રણ વખત પિચકારી મારવાથી નવો તથા જૂનો પ્રમેહ દશ પંદર દિવસમાં મટી જાય. જૂના રોગમાં ગોખરુ, ગૂગળ અથવા ગોખરુનો અવલેહ સેવન કરવો.

૪. પું. સિંચન કરવું તે.

પ્રમેહકુઠારરસ [સં.] પું. (વૈદ્ય) પ્રમેહ ઉપર વપરાતો એ નામનો એક રસ.

પ્રમેહકુલાંતકવટી [સં.] સ્ત્રી. (વૈદ્ય) પ્રમેહ રોગ ઉપર વપરાતી એ નામની એક દવાની ગોળી.

પ્રમેહઘ્ની [સં.] સ્ત્રી. (વૈદ્ય) એ નામની એક ઔષધિ; નાગબલા; અતિબલા.

પ્રમેહપિટકા સ્ત્રી. (વૈદ્ય) પરમિયાના રોગની ફોલ્લી. તે સર્વ સંધિને ઠેકાણે થાય છે. તૃષ્ણા, શ્વાસ, મસિનો સંકોચ, પ્રમેહ, કેડની, મદ, વિસર્પ, મર્મસંરોધ એ પિટકાના ઉપદ્રવો સમજવા. તેના ઉપર ઉંબરાના દૂધનો લેપ કરવો, બાવચો વાટી લેપ કરવો, વ્રણ ઉપરની ચિકિત્સા કરવી. પ્રમેહપિટકા દશ પ્રકારની થાય છે. જે મનુષ્યની ઓઝરી હોયવાળી હોય તેને પ્રમેહ વિના પણ આ રોગ થાય છે. ગુદા, હૃદય, શિર, કંઠ તથા પીડાનાં મર્મસ્થાનોમાં ઉત્પન્ન થયેલી અતિ વેદનાવાળી પ્રમેહપિટકા મહામિથ્યાને થાય તો અસાધ્ય સમજવી. પ્રમેહ સબંધી પિટકા થઈ હોય તો પ્રથમ લોહી કઢાવવું. જો પાકી ગઈ હોય તો શસ્ત્રથી ચિરાવવી. ત્યાર પછી બકરાના મૂત્ર અથવા કોઈ ક્વાથથી ધોઈ ઉમરડાનું દૂધ અથવા બાવચાનાં બીજ વાટી લેપ કરવો, તથા ઉપલસરી, મુનક્કા, નસોતર, મીંડીબાવળ, કડુ, હરડે, અરડૂસાની છાલ, લીમડાની છાલ, હળદર, દારુહળદર તથા ગોખરુનાં બીજ સમભાગે લઈ કાઢો કરી પિવરાવવો. ત્રાજોવ ઔષધ ચારિવાદિ લોહ, ચારિવાદ્યાસવ, મકરધ્વજ રસ વગેરે આપવા છે.

પ્રમેહરસાયન [સં.] ન. (વૈદ્ય) એ નામની એક ઔષધિની ગોળી. કલઈ, સીસું, જસદ, લોઢું, કાંતલોહ, પારો, તાંબું, પોલાદ, હીંગળો, ગંધક, ટંકણખાર અને ત્રાપરિયો એને લીંબુના પુટની ભાવના દેવી. પછી તેમાં કપૂર, કેસર, તજ, તમાલપત્ર, નાગકેસર, સૂંઠ, જાયફળ, જાવંત્રી નાખી લીંબડાની અંતરછાલના રસમાં ખરલ કરવું. પછી ગોળી કરવી. આ ગોળી પૌષ્ટિક મનાય છે.

પ્રમેહી [સં. પ્રમેહિન્] વિ. પ્રમેહના રોગવાળું.

પ્રમોક્ષ ૧. [સં.] પું. છુટકારો; મુક્તિ; મોક્ષ.

૨. પું. જવાબ; ઉત્તરપક્ષ.

૩. પું. ત્યાગ.

પ્રમોચ [સં.] પું. (પુરાણ) એ નામનો એક મુનિ.

પ્રમોચન ૧. [સં.] પું. અથર્વવેદનો એ નામે એક ઋષિ.

૨. ન. ખૂન કરવું કરવું તે.

૩. ન. સારી રીતે મોચન એટલે છોડાવવું તે; સારી રીતે મૂકવું કે છોડવું તે; પરિત્યાગ.

૪. વિ. મૂકનાર; છોડનાર.

પ્રમોચની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક જાતની વેલ.

૨. સ્ત્રી. એક જાતની બકરી.

પ્રમોથી પું. મહાદેવનો અનુચર; ગણ.

પ્રમોદ ૧. [સં. પ્ર (ઉત્કૃષ્ટ રીતે) + મુદ (આનંદ પામવો)] પું. આનંદ; હર્ષ; ઉમંગ; સુખ; ઇષ્ટ વસ્તુના યોગથી થતો આનંદ.

૨. પું. એ નામનો એક નાગ.

૩. પું. એ નામનો એક નાદ.

૪. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; પુષ્પિતાગ્રા. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

૫. પું. એ નામનો કાર્તિક સ્વામીનો એક અનુચર.

૬. પું. ગણેશના બે ભાઈઓનો એ નામનો એક દૂત.

૭. પું. તીવ્ર સુગંધ.

૮. પું. તે નામની મુખ્ય સિદ્ધિ.

૯. પું. (જૈન) પોતાથી વધારે ગુણવાન પ્રત્યે આદર કરવો અને તેની જોઈ ખુશ થવું તે.

૧૦. પું. પ્રફુલ્લિત મન.

૧૧. પું. બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ માંહેનું ત્રીજું વર્ષ; પ્રભવથી ત્રીજો સંવત્સર; બૃહસ્પતિના પહેલા યુગના ત્રીજા વર્ષનું નામ. તેને શુભ માનવામાં આવે છે.

૧૨. પું. (પુરાણ) બ્રહ્મદેવના કંઠમાંથી થયેલો એક માનસપુત્ર. એનું બીજું નામ હર્ષ હતું.

૧૩. પું. મહોત્સવ.

૧૪. પું. સુખ

૧૫. પું. (પુરાણ) સૂર્યવંશી કુંદ્વાશ્વપુત્રોત્પન્ન દૃઢાશ્વ રાજાનો એ નામનો પુત્ર. એને હર્યશ્વ નામનો પુત્ર હતો.

૧૬. વિ. હરખવાળું; હર્ષયુક્ત.

પ્રમોદક ૧. પું. એ નામે એક જાતના ચોખા.

૨. [સં.] વિ. આનંદ આપનાર.

પ્રમોદકારી વિ. આનંદ ઉપજાવે તેવું.

પ્રમોદતિલકા [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, બે જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

ઘણે પ્રમોદતિલકા ત ય ન ન ગ.

ઋષિપિંગળ

પ્રમોદન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પોતાના આત્મારૂપ અમૃતરસનું આસ્વાદન કરીને નિત્ય પ્રમુદિત રહે છે તેથી અથવા પોતાના ધ્યાન માત્રથી ધ્યાનીઓને પ્રમુદિત કરે છે તેથી તે પ્રમોદન કહેવાય છે.

૩. ન. હર્ષ પામવો તે; આનંદ પામવો તે.

૪. વિ. હર્ષકારક; આનંદકારક.

પ્રમોદપદ [સં.] પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, બે જગણ, ભગણ અને નગણ મળી પંદર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં બે નગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

પ્રમોદપરિપૂર્ણતા [સ.] પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં બે નગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી સોળ અક્ષર તેમ જ બીજા અને ચોથા ચરણમાં નગણ, બે જગણ, ભગણ અને યગણ મળી પંદર અક્ષર હોય છે.

પ્રમોદપ્રતિમા [સં] સ્ત્રી. આનંદની પ્રતિમા; આનંદની મૂર્તિ.

પ્રમોદભર વિ. આનંદથી ભરેલું.

પ્રમોદભાવના ૧. [સં.] સ્ત્રી. (જૈન) ગુણ માત્રને વિષે હૃદયની કોઈ પણ જાતના ભેદ વિનાની પ્રસન્નતા; ગુણોનો પક્ષપાત; બીજાના ગુણો જોઈને પ્રસન્ન થવાની વૃત્તિ.
૨. સ્ત્રી. પોતાથી ઊંચા દરજ્જાના જીવો પ્રત્યેનો પ્રેમ.

પ્રમોદવું ૧. સ. ક્રિ. ખુશી કરવું; આનંદ આપવો.
૨. સ. ક્રિ. લલચાવવું; ફોસલાવવું; લોભાવવું.
૩. સ. ક્રિ. લાંચ આપવી.

પ્રમોદા [સં.] સ્ત્રી. આઠ સિદ્ધિની એ નામે એક પ્રકારની સિદ્ધિ. આધિદૈવિક દુઃખો નષ્ટ થતાં આ સિદ્ધિ મળતી મનાય છે.

પ્રમોદાવું ૧. અ. ક્રિ. ખુશી થવું; રાજી થવું.
૨. અ. ક્રિ. લલચાવાવું.
૩. અ ક્રિ. લાંચ આપવામાં આવવી.

પ્રમોદાશ્રુ [સં. પ્રમોદ (આનંદ) + અશ્રુ (આંસુ)] ન. આનંદનાં આસુ; હર્ષાશ્રુ.

પ્રમોદિત ૧. [સં.] પું. કુબેર.
૨. વિ. આનંદ આપનારું.
૩. વિ. આનંદ પામેલ; હર્ષ પામેલ; આનંદિત; હર્ષિત.
૪. વિ. તેજવાળું; ચીકણું.
૫. વિ. સુખી.

પ્રમોદિની [સં.] સ્ત્રી. જિંદીની વૃક્ષ.

પ્રમોદી ૧. [સં. પ્રમોદિન્] સ્ત્રી. ભપોરના નાસ્તાની એક વાની; ભપોરનો નાસ્તો.
૨. વિ. આનંદી; ખુશમિજાજ; હર્ષયુક્ત; રાજી; સંતોષી; હર્ષવાળું.
૩. વિ. સુખી; આનંદ પામેલું.
૪. વિ. હર્ષજનક; આનંદ આપનારું.

પ્રમોશન ૧. [અં.] ન. પગારમાં બઢતી કે વધારો
૨. ન. પાયરીનો વધારો.
૩. ન. શાળામાં ઊપલા વર્ગમાં ચડાવવું તે. પ્રાયઃ નાપાસ થનાર માટે વપરાય છે.
૧. પ્રમોશન આપવું = (૧) નાપાસ થનાર વિદ્યાર્થીને ઊપલા ધોરણમાં ચડાવવો. (૨) પગાર વધારવો. (૩) પાયરી ચડાવવી.
૨. પ્રમોશન મળવું = (૧) નાપાસ થનાર વિદ્યાર્થીને ઊપલા ધોરણમાં ચડવાનો લાભ થવો. (૨) પગારમાં વધારો થવો. (૩) પાયરીમાં આગળ વધવું.

પ્રમોહ ૧. [સં. પ્ર + મુહ્ (ભાંડા થવું)] પું. ભ્રમણા; મૂંઝવણ.
૨. પું. મૂર્છા.
૩. પું. મોહ; ભ્રમ.

પ્રમોહન ૧. [સં.] ન. એ નામે એક અસ્ત્ર. તેના પ્રયોગથી દુશ્મનના લશ્કરને મૂર્છા આવે છે.
૨. ન. મોહ ઉપજાવનાર સાધન; મોહનું સાધન.
૩. ન. મોહિત કરવું તે.
૪. વિ. મૂર્છા પમાડનાર.
૫. વિ. મોહજનક; મોહ ઉપજાવનાર

પ્રમોહી [સં. પ્રમોહિન્] વિ. મોહજનક.

પ્રમ્લાન [સં.] વિ. ગ્લાનિ પામેલ; કરમાયેલ.

પ્રમ્લોચંતી [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા.

પ્રમ્લોચા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કંડુ ઋષિના તપમાં ભંગ પડાવવા ઇંદ્રે મોકલેલી એ નામની એક અપ્સરા. પ્રમ્લોચા કંડુ સાથે ઘણા સૈકા સુધી રહી, જે ઋષિને માત્ર એક દિવસ જેવા લાગ્યા. જ્યારે તે આ ભ્રમમાંથી જાગ્યો ત્યારે તેણે અપ્સરાને પોતાની પાસેથી દૂર કરી. તેણીને જે બાળકનો જન્મ થ્યો તે પરસેવાનાં ટીપારૂપે બહાર આવ્યો. આ ટીપાં ઝાડનાં પાંદડા ઉપર પડ્યાં. તેમાંથી માનિષા નામની સુંદર અપ્સરા ઉત્પન્ન થઈ.
૨. સ્ત્રી (પુરાણ) ચાક્ષુ મન્વંતર પૂર્વેની એ નામની એક અપ્સરા.
૩. સ્ત્રી. (પુરાણ) ચાક્ષુ મન્વંતરની એ નામની એક અપ્સરા. એ દર વર્ષે ફાલ્ગુન માસના સૂર્યના સમાગમમાં આવે છે.

પ્રયજ્યુ [સં.] વિ. અપવૃ.

પ્રયત ૧. [સં] વિ. આપેલ; દીધેલ.
૨. વિ. કબજે રાખેલું.
૩. વિ. તપથી પવિત્ર થયેલ.
૪. વિ. નમ્ર; દીન.
૫. વિ. નિયમશીલ.
૬. વિ. પ્રયત્નવાન; પ્રયત્નવાળું; ઉત્સાહી; પ્રયત્નશીલ.
૭. વિ. શુદ્ધ; પવિત્ર.
૮. વિ. સંયમી; સંયત; જિતેંદ્રિય; ઇંદ્રિયો ઉપર જય મેળવવાવાળું.

પ્રયતાત્મા [સં. પ્રયત (તપથી પવિત્ર થયેલ) + આત્મન્ (આત્મા)] વિ. સંયમી; જિતેંદ્રિય; સંયત આત્માવાળું.

પ્રયતિ ૧. [સં.] સ્ત્રી. ભેટ; નજરાણું.
૨. સ્ત્રી. સંયમ.

પ્રયત્ન ૧. [સં. પ્ર (વિશેષ) + યત્ન (કોશિશ)] પું. (ન્યાય) આત્માના છ માંહેનો એક ગુણ; પ્રાણીઓની ક્રિયા; જીવોનો વ્યાપાર. નૈયાયિકોના મત પ્રમાણે પ્રયત્ન ત્રણ પ્રકારનો છે: પ્રવૃત્તિ, નિવૃત્તિ અને જીવનયોનિ. પ્રવૃત્તિનો વ્યાપાર તે પ્રવૃત્તિ. શાસ્ત્રનો વ્યાપાર તે નિવૃત્તિ. આ બંને રાગદ્વેષને લીધે થાય છે. જીવપ્રયત્ન વગેરે વ્યાપાર જે પ્રજ્ઞા, દ્વેષપૂર્વક નથી થતું તે જીવનયોનિ પ્રયત્ન કહેવાય છે.
૨. પું. આદર; મહેનત
૩. પું. પ્રજ્ઞા.
૪. પું. ઉપયોગ; ઉપચાર.
૫ પું. કોઈ કામ પાર પાડવાને માટે કરેલ રીતે મહેનત લઈ ઉદ્યોગ કરવો તે; મોટી તજવીજ; અંતથી કાર્ય કરવાની મહેનત; પરિશ્રમ.

> પ્રભુ પ્રયત્નથી મેં તે સિદ્ધાંતો જીવને ગ્રહ્યા,
> હૃદયે અર્પવાની છે અભિલાષા અને બહુ.
> ગાંધીગીતા

૬. પું ક્રિયા.
૭. પું ચિંતા
૮. પું. ન્યાયમત પ્રમાણે ચોવીશ ગુણોનો એક ગુણ. ચોવીશ ગુણઃ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.
૯. પું પ્રયાસ; યત્ન; કોશિશ.
પ્રયત્ન કરવો = કોશિશ કરવી; સફળતા લાવવા મહેનત ઉઠાવવી.
૧૦. પું. પંદર પરાદિ તથા પ્રયત્નાંત મહેનો એક ગુણ.
૧૧. પું. (આકરણ) ભાર; વર્ણોચ્ચારણ; વર્ણોના ઉચ્ચારણમાં થતી ક્રિયા; વર્ણના ઉચ્ચારણનો પ્રયાસ. શબ્દમાં આવેલા અક્ષરોમાંથી કોઈના ઉપર સ્વાભાવિક રીતે ભાર પડે છે ને બીજા ભાર વગરના હોય છે. આ ભારને પ્રયત્ન નામ આપેલું છે. ઉચ્ચારણનો પ્રયત્ન બે પ્રકારનો છે: આભ્યંતર અને બા.ય. ધ્વનિ ઉત્પન્ન થયા પહેલાં વાગિંદ્રિયની ક્રિયાને આભ્યંતર અને ધ્વનિના અંતની ક્રિયાને બાહ્ય પ્રયત્ન કહે છે. આભ્યંતર પ્રયત્ન પ્રમાણે વર્ણોના ચાર ભેદ છે: (૧) વિવૃત, જેના ઉચ્ચારણમાં વાગિંદ્રિય ખુલ્લી રહે છે. જેમકે, સ્વર. (૨) સ્પૃષ્ટ, જેના ઉચ્ચારણમાં વાગિંદ્રિયનું દ્વાર બંધ રહે છે. જેમકે, ક થી મ સુધીના પચીસ વ્યંજન. (૩) ઈષત્ વિવૃત, જેના ઉચ્ચારણમાં વાગિંદ્રિય કંઈક ખુલ્લી રહે છે. જેમકે, ય, ર, લ, વ. (૪) ઈષત્ સ્પૃષ્ટ. જેમકે, શ, ષ, સ, હ. નાદ પ્રયત્ન અનુસાર બે ભેદ છે અઘોષ અને ઘોષ. અઘોષ વર્ણોના ઉચ્ચારણમાં કેવળ શ્વાસનો ઉપયોગ થાય છે, કોઈ નાદ નથી થતો જેમકે, ક, ખ, ચ, છ, ટ, ઠ, ત, થ, પ, ફ, શ, ષ અને સ. ઘોષ વર્ણોના ઉચ્ચારણમાં કેવળ નાદનો

ઉપયોગ થાય છે. જેમકે, ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ અને બધા સ્વર.

૧૨. પું. વલણ.

૧૩. પું. (વેદાંત) જે પ્રયત્નરૂપ કૃતિવાળો છું, એ પ્રકારના અનુભવના વિષય વિષે વર્તનારી તથા ગુણત્વ જાતિની આસ જેવી પ્રયત્નત્વ જાતિવાળો ગુણ. પ્રયત્નનું બીજું નામ કૃતિ છે.

પ્રયત્નકૃત [સં.] વિ. અતિશ્રમસિદ્ધ; મહેનતથી કરેલું.

પ્રયત્નગુણ પું. કૃતિરૂપ ગુણ. તે બે પ્રકારનો છે: નિત્ય પ્રયત્ન અને અનિત્ય પ્રયત્ન. એ ગુણ કેવળ આત્મામાં જ રહે છે. ઈશ્વરમાં તે પ્રયત્ન નિત્ય અને એક હોય છે. જીવાત્મામાં તે પ્રયત્ન અનિત્ય હોય છે તથા પ્રવૃત્તિ, નિવૃત્તિ તથા જીવનયોનિ એમ ત્રણ પ્રકારનો હોય છે.

પ્રયત્નચ્યુત [સં. પ્રયત્ન + च्युत (પડેલું)] વિ. પ્રયત્નથી ડગેલું.

પ્રયત્નતત્ત્વ [સં.] ન. (વ્યાકરણ) સ્વરભેદનું તત્ત્વ; 'ઍકસન્ટ ઍસિમન્ડ.'

ઋગ્વેદની ભાષામાં જેવું **પ્રયત્નતત્ત્વ** છે તે અત્યારની ભાષામાં નથી. નાગરિક

પ્રયત્નત્વ [સં.] ન. પ્રયત્નપણું; પ્રયત્નનો ગુણ.

પ્રયત્નનિરપેક્ષ [સં.] વિ. પ્રયત્ન વગર બનતું; પ્રયત્નની અપેક્ષા નહિ રાખનારું; વગર પ્રયત્ને બનતું

પીજળી, મેઘ, ઉદ્ભિજ્જ આદિનો **પ્રયત્નનિરપેક્ષ** પૌદ્ગલિક સંશ્લેષ વૈસ્રસિકબંધ છે. તત્ત્વાર્થસૂત્ર

પ્રયત્નબંધ પું. (કાવ્ય) પાંચ માંહેના એક પ્રકારનો પદ્યબંધ; શબ્દોના ઉચ્ચારણ ઉપરથી કરાતી પદ્યરચના. શબ્દોનો ઉચ્ચાર થતી વખતે તેમાંના કેટલાક અક્ષરો ઉપર સ્વાભાવિક જોર, આઘાત કે પ્રયત્ન થાય છે તે ઉપર લક્ષ રાખી, તેની રચનામાં સંવાદ જાળવી રાખી જે રચના કરવામાં આવે તેને પ્રયત્નબંધ પદ્ય કહ્યું કહેવાય. જેમકે, ચાર મળે ચોટલા ત્યાં ભાંગે ઓટલા, આમાં ચાર શબ્દના ચા અક્ષર ઉપર, ચોટલાના ચો અને ઓટલાના ઓ અક્ષરો ઉપર જે કુદરતી આઘાત એટલે પ્રયત્ન આવી પડે છે તે ઉપર ખ્યાલ આપવાથી આ વાત સમજી શકાશે. પરમૂલ્યિનાં લોકગીતો, કહેવતો, કહાણી, ઊખાણાં વગેરેમાં આ જાતની પદ્યરચના જોવામાં આવે છે. એમાં માત્ર પ્રયત્નનો સંવાદ જાળવી રાખવો એ જ મુખ્ય તત્ત્વ છે. તમામ અંગ્રેજી કવિતાઓ આ વર્ગમાં આવી જાય છે.

પ્રયત્નભેદ વિ. પ્રયત્નવાળું.

પ્રયત્નવંત વિ. ખંતીલું; પ્રયત્નવાળું.

પ્રયત્નવાદ પું. શબ્દોના ઉચ્ચારણમાં જોર દેવાનો સિદ્ધાંત; 'ઍકસન્ટ થીઅરિ'.

પ્રયત્નવાન [સં. પ્રયત્નવત્] વિ. પ્રયત્નમાં લાગેલું; પ્રયત્ન કરનારું; ખંતીલું.

જે મુસ્લિ વીર્યહીન સો વર્ષ જીવે તે કરતાં દઢ વીર્યમાં **પ્રયત્નવાનનું** એક દિવસ જીવ્યું શ્રેય છે. મરમપદ

પ્રયત્નશાલી [સં. પ્રયત્નશાલિન્] વિ. ઉદ્યોગી.

પ્રયત્નશાળી જુઓ પ્રયત્નશાલી.

પ્રયત્નશીલ [સં.] વિ. પ્રયત્ન કરનાર; પ્રયત્નમાં મચ્યું રહેનાર; સખત શ્રમ કરવાની ટેવવાળું; પ્રયાસ કરવાની ટેવવાળું.

પ્રયત્નશીલતા [સં.] સ્ત્રી. પ્રયત્ન કરવાનો ગુણ; પ્રયત્ન કરવાની શક્તિ.

પ્રયત્નશૈથિલ્ય ૧. [સં.] ન. પ્રયત્ન કરવામાં શિથિલપણું.

૨. ન. (યોગ) સાધારણ લોકોની આસન વાળીને બેસવાની રીત; શિથિલ ઓટલે દૂર કરીને યોગમાં કહેલી રીતિઓ પ્રમાણે આસન ઉપર જપ કરવો તે.

પ્રયત્નસાધ્ય [સં.] વિ. મહેનતથી સાધી શકાય એવું; સહેલાઈથી ન મળે એવું.

પ્રયત્નસાપેક્ષ [સં.] વિ. પ્રયત્નની અપેક્ષાવાળું.

જીવ અને શરીરનો સંબંધ તથા બાકી અને બાકીનો સંબંધ **પ્રયત્નસાપેક્ષ** હોવાથી પ્રયોગિક બંધ છે. તત્ત્વાર્થસૂત્ર

પ્રયત્નસિદ્ધ [સં.] વિ. પ્રયત્ન વડે મળી શકે એવું.

પ્રયત્ની ૧. સ્ત્રી. આમલી.

૨. સ્ત્રી. પ્રયત્નવાળું; મહેનતુ.

પ્રયમ્સા [સં.] સ્ત્રી. સીતાને ભમાવવા માટે રાવણે નીમેલી એ નામની એક રાક્ષસી.

પ્રયાગ ૧. [સં.] પું. ઉદ.

૨. પું. યોગ.

૩. પું. શ્રેષ્ઠ યજ્ઞ.

૪. [સં. પ્ર (વિશેષે કરીને) + याग (યજ્ઞ)] ન. (પુરાણ) એ નામનું અહાર આવેલું એક મુખ્ય તીર્થક્ષેત્ર; મહાભારતના સમયનું પ્રાચીન ક્ષેત્ર; હાલનું અલ્લાહાબાદ. ત્યાં ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ થાય છે. ત્રિવેણીમાધવ, સોમેશ્વર, ભારદ્વાજેશ્વર, વાસુકીશ્વર, અક્ષયવેશ્વર, કોટિ, પ્રયાગ, વેણીમાધવ, ભાગીરથી, સરસ્વતી અને યમુના વગેરે મુખ્ય તીર્થો છે. અહીં સઘળા યાત્રાળુઓએ હોર કરાવવું એવી પ્રથા છે. આ તીર્થોને તીર્થરાજ કહે છે. જળરામ યાત્રા વખતે અહીં આવ્યા હતા. વેણી નામની નાની નદીનો સંગમ પણ અહીં થાય છે. ત્રણ નદીના સંગમ ઉપરથી તેને ત્રિવેણી કહે છે. સરસ્વતી નદીને કિનારે પ્રાચીન કાળમાં યજ્ઞ વગેરે બહુ થતા હતા, તેમ આગળ જતાં ગંગા જમનાના સંગમ ઉપર પણ થતા હતા. આથી તે જગ્યાનું નામ પ્રયાગ પડ્યું. આ તીર્થ ઘણા પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. લાંબા પાણી વડે પ્રાચીન રાજાઓનો અભિષેક થતો હતો. પ્રયાગ ઘણો વખત કોશલ રાજ્યમાં રહ્યું હતું. અશોક વગેરે બૌદ્ધ રાજાઓના વખતમાં અહીં ઘણા બૌદ્ધ મઠ અને વિહાર હતા. અશોકનો સ્તંભ હજુ કિલ્લાની અંદર છે, જેમાં સમુદ્રગુપ્તની પ્રશસ્તિ કોતરેલી છે. હ્યુએન્ત્સાંગ નામનો ચીની મુસાફર ઈ. સ. ૪૧૪માં આવ્યો હતો ત્યારે પ્રયાગ કોશલ રાજ્યમાં હોવાનું જણાવે છે. પ્રયાગનો અક્ષયવટ બહુ પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. ચીની મુસાફર હ્યુએનસાંગ ઈ. સ.ના સાતમા સૈકામાં આવ્યો હતો. તેણે અક્ષયવટ જોયો હતો. આજે પણ લાખો યાત્રાળુઓ આવીને આ વડનાં દર્શન કરે છે. તે વડ સૃષ્ટિની આદિથી હોવાનું મનાય છે. મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, પ્રયાગ એ પ્રજાપતિનું ક્ષેત્ર છે, જ્યાં ગંગા અને જમના વહે છે. સાક્ષ વૃક્ષ વીરો ગંગાની અને ખુદ સૂર્ય જમનાની રક્ષા કરે છે. અહીં જે વડ છે તેની રક્ષા શૂલપાણિ કરે છે. પાંચ કુંડ છે, જેમાં થઈને ગંગા વહે છે. માઘ માસમાં અહીં બધાં તીર્થ આવીને વસે છે, તેથી આ માસમાં આ તીર્થમાં વાસ કરવાનું બહુ ફળ મનાય છે. જે દિવસે ભરણી, કૃત્તિકા કે રોહિણી દિનિયું નક્ષત્ર હોય ને જે માસમાં મેષનો રવિ હોય ત્યારે તેમાં સ્નાન કરવાનો મહિમા ખાસ છે.

૪. વિ. કદરૂપું.

૫. વિ. ક્રોધ પમાડવાળું.

પ્રયાગમય [સં.] પું. ઉદ.

પ્રયાગરાજ જુઓ પ્રયાગ ૪.

પ્રયાગસ્નાન ન. ત્રિવેણીસ્નાન.

પ્રયાગેશ્વર [સં.] પું. ઉજ્જયિનીમાં આવેલ એ નામના એક મહાદેવ.

પ્રયાજ [સં.] પું. એ નામનો દર્શપૌર્ણમાસ વગેરેના અંગરૂપ એક યાગ.

પ્રયાણ ૧. [સં.] ન. કૂચ કરવી તે; મૈય્યનું ચાલવું તે.

૨. ન. ચડાઈ; યુદ્ધયાત્રા; સવારી.
૩. [સં. પ્ર (વિશેષ) + યાન (જવું તે)] ન. જવું તે; પ્રસ્થાન; ગમન; પરદેશગમન.

ભલે તેનું શરીર પકડવું નેત્રોમાં અશક્ય,
ખેંચો વારિવસન જ્યસતાં તીરકપાયી નીલું;
સંભાળો તું કરીરા રહી રીતે ઝાઈ, ત્યાથી પ્રયાણ,
કો, સ્ત્રી ખુલ્લે જ્યન તજ્યા સ્થાન ચાખી સમર્થ.
મેઘદૂત

૪. ન. મરણ; મૃત્યુ.
૫. ન. મુસાફરી; પ્રવાસ.
૬. ન. શરૂઆત; આરંભ; ઊપડવું તે.

પ્રયાણક જુઓ પ્રયાણ.

પ્રયાણકાલ ૧. [સં. પ્રયાણ (જવું તે) + કાલ (સમય)] પું. જવાનો સમય; યાત્રાનો સમય.
૨. પું. મૃત્યુનો વખત; મરણકાળ; આ લોકમાંથી રવાના થવાનો વખત.
૩. પું. સૈન્યની કૂચનો વખત.

પ્રયાણકાળી જુઓ પ્રયાણકાલ.

પ્રયાણનાંદી [સં] સ્ત્રી. પ્રયાણ સમયની આશીર્વાદયુક્ત સ્તુતિ.

પ્રયાણપટહ [સં. પ્રયાણ (સૈન્યની કૂચ) + પટહ (નગારું)] પું. કૂચનું નગારું.

પ્રયાણપુરી [સં.] સ્ત્રી. નર્મદા નદીને કિનારે આવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

પ્રયાણભંગ [સં.] પું. વિશ્રામ; મુકામ; પડાવ.

પ્રયાત ૧. [સં.] પું. ઊંચો દેશ.
૨. પું. સૌમિક.
૩. ન. કૂચ કરવી તે.
૪. ન. જવું તે.
૫. વિ. ગયેલું; મૃત.
૬. વિ. દૂર ગયેલું.
૭. વિ. પ્રવાસથી પાછું આવેલું.
૮. વિ. પ્રસ્થાન કરેલું.
૯. વિ. મરેલું.

પ્રયાસ ૧. [સં.] પું. કીમતની અધિકતા આંકવી તે.
૨. પું. દુષ્પ્રાપ્યતા.
૩. પું. દેશ કે વખતની સંજ્ઞા.
૪. પું. પૂજા; કદર.
૫. પું. મોંઘાદાટને લીધે ધાન્ય વગેરે ઉપર માણસોને ઉત્પન્ન થતો અત્યંત આદર; મોંઘાદાની વખતમાં વધારે પૈસા આપી આવશ્યક પદાર્થની ખરીદી કરવી તે.
૬. પું. સંયમ.

પ્રયાર્જન ન. પુણ્ય

પ્રયાસ ૧. [સં.] પું. ક્લેશ; અવિદ્યા વગેરે પાંચ મોહનો એક ક્લેશ.
૨. પું. પાત.
૩. પું. પ્રયત્ન; ઉદ્યોગ; ચેષ્ટિત.
૪. [સં. પ્ર + વસ્ (શ્રમ લેવો)] પું. શ્રમ; યત્ન; મહેનત; પરિશ્રમ.

પ્રયાસલભ્ય [સં.] વિ. પ્રયાસથી મેળવેલું.

પ્રયુક્ત ૧. [સં.] ન. પ્રયોગ; યોજના; હેતુ; કારણ.
૨. વિ. અજમાવેલું.
૩. વિ. ક્રમમાં તલ્લીન.
૪. [સં. પ્ર (વિશેષ) + યુક્ત (જોડેલું)] વિ. જોડેલું; પૂરેપૂરું જોડાયેલું; અત્યંત સંયોગવાળું; ગાઢ.
૫. વિ. પરંપરાથી કરવા યોગ્ય.
૬. વિ. ઓકલેલ.
૭. વિ. યોજાયેલું; નક્કી કરાયેલું; પ્રયોજિત; યોજેલ; પ્રેરણા કરેલ; પ્રેરિત.
૮. વિ. વાપરેલ.
૯. વિ. વિદ્યા, અવિદ્યા, ધન, દારિદ્ર્ય વગેરેથી સંપન્ન.
૧૦. વિ. સારી રીતે વપરાયેલું; જેનો પ્રયોગ થયો હોય એવું; ઉપયોગમાં લીધેલું; અમલ કરેલું.

પ્રયુક્તતા [સં.] સ્ત્રી. પ્રયોગ; યોજના; હેતુ; કારણ.

પ્રયુક્તિ ૧. [સં.] સ્ત્રી. અમુક શબ્દોનું એક જાતનું ઉચ્ચારણ.
૨. સ્ત્રી. ઉપયોગ; અમલદારી.
૩. સ્ત્રી. કરામત; બનાવટ.
૪. સ્ત્રી. ચંચળતા; ચાપલ્ય.
૫. સ્ત્રી. નિમિત્ત; પ્રયોજનક.
૬. સ્ત્રી. પ્રગટ વાત.
૭. સ્ત્રી. પ્રયોજના; હેતુ; કારણ.
૮. સ્ત્રી. પ્રેરણા; પ્રેરવું તે.
૯. સ્ત્રી. મોકલવું તે.
૧૦. સ્ત્રી. યોજના; રચના.
૧૧. [સં. પ્ર + યુજ્ (જોડવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. વિશેષ યુક્તિ વાપરવી તે; દાવપેચથી કામ કરવું તે; પ્રયોગ; પ્રયોજના; પેચ; વિશિષ્ટ યુક્તિ; ચાલાકીવાળી ચતુરાઈ; તદબીર; ત્રીજી યુક્તિ.

વિશ્રમ આદિ અનેક અનુભવથી પ્રતીત થતું નાયકનું ઔત્સુક્ય છળ આદિ પ્રયુક્તિથી પ્રેક્ષણ પામી સંભોગશૃંગારને ખીલવે છે.
અમરકોશ

૧૨. સ્ત્રી. હેતુ; કારણ.
૧૩. સ્ત્રી. સારી રીતે મિશ્ર કરેલ; યોજેલ; મેળાપ કરેલ.

પ્રયુત ૧. [સં.] પું. (જૈન) ચોરાશી લાખ પ્રયુતાંગ જેટલો એક કાળવિભાગ.
૨. પું. દસ લાખની સંખ્યા.
૩. પું. (પુરાણ) મૂર્તિના દેવયંયર્ષ પુત્રોમાનો એ નામનો એક પુત્ર.
૪. વિ. અસ્પષ્ટ.
૫. વિ. દસ લાખ; ૧૦,૦૦,૦૦૦.
૬. વિ. મેળાપ કરેલ
૭. વિ. યુક્ત થયેલું.
૮. વિ. સહિત; સમેત.
૯. વિ સંબંધ કરેલ
૧૦. વિ. સારી રીતે મિશ્ર કરેલ

પ્રયુતાંગ [સં.] પું. (જૈન) ચોરાશી લાખ અયુતનો એક કાળવિભાગ.

પ્રયુતિ ૧. [સં.] સ્ત્રી. અત્યંત યોગ.
૨. સ્ત્રી. પ્રયોગ.
૩. સ્ત્રી. સારી યોજના.
૪. સ્ત્રી. સારો સંબંધ.

પ્રયુતેશ્વર [સં.] પું. એ નામે એક પુરાણ પ્રસિદ્ધ મહાદેવ.

પ્રયત્સુ ૧. [સં.] પું. ઉંદરનું એક નામ.
૨. પું. તપસ્વી; સંન્યાસી.
૩. પું. મેંઢો.
૪. પું. વાયુ.
૫. પું. ચોર; લાંચિયો; મોહો.
૬. વિ. યુદ્ધ કરવા ઇચ્છનાર.

પ્રયુદાકર પું. કુહાડિયો.

પ્રયોક્ત્ર ન. નાટકની છત્રીસ માંહેનું એક લક્ષણ.

પ્રયોક્તવ્ય ૧. [સં.] વિ. ઉપયોગ કરવા જેવું.
૨. વિ. પ્રયોગ કરવા યોગ્ય; વાપરવા લાયક.
૩. વિ. પ્રેરણા કરવા જેવું.
૪. વિ. યોજવા લાયક

પ્રયોક્તા ૧. [સં. પ્રયોક્તૃ] પું. સૂત્રધાર.
૨. વિ. દેવામાં ધન વગેરેની વ્યવસ્થા કરનાર; દેવું આપનાર.
૩ વિ. પૈસા વ્યાજે આપનાર.
૪. વિ. પ્રયોગ કરનાર.
૫. વિ. પ્રયોજક; યોજનાર; જોડનાર.
૬. વિ. પ્રવૃત્તિ કરનાર.
૭. વિ. પ્રેરણા કરનાર.
૮. વિ. મોકલનાર.

પ્રયોગ ૧. [સં. પ્ર + યુજ્ (પ્રયોગ કરવો) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું. અમલદારી; પ્રક્રિયા; અજમાયશ; અનુભવ; કોઈ ઊંડી કાંઈ યુક્તિ કે મેળવણી કરી જોવી તે.

આ મારા સૌ સિદ્ધાંતોને. પ્રયોગો સહુએ કરવા. ત્રિપાઠા ઉ કસાઠા ઉ અનુભવની એરણે. ગાંધીગીતા

૨. પું. અનુમાનના પંચ અવયવોનું ઉચ્ચારણ.

૩. પું. ઉત્પત્તિ.

૪. પું. ઉપચાર; રોગીના દોષો તથા દેશ, કાળ વગેરેનો વિચાર કરીને ઔષધ આપવું તે.

૫. પુ. ઉપકરણ; સાધન.

૬. પું. ઔષધ, મંત્ર, રસ પ્રસાદિની યોજના; મારણ, મારણ વગેરે તાંત્રિક ઉપચાર; ક્રિયાનું વિધાન. તાંત્રિક ઉપચાર અથવા સાધન બાર કહેવાય છે: મારણ, મોહન, ઉચ્ચાટન, કીલન, વિદ્વેષણ, શમનશાન, સ્તંભન, વશીકરણ, આકર્ષણ, અદ્રિમોચન, કામપૂરણ અને વાક્‌પ્રસારણ.

૭. પું. કરજે દીધેલું નાણું.

૮. પું. (વ્યાકરણ) કર્તા અને કર્મનો ક્રિયા સાથે સંબંધ દર્શાવનારી રચના; ક્રિયાનાશના અન્વયે ક્રિયાપદની યોજના. જેમકે, કર્તરિ પ્રયોગ, કર્મણિ પ્રયોગ.

૯. પું. કાયદો; નિયમ; ધારો; કાનૂન.

૧૦. પું. કોઈ કામ આરંભતા પહેલાં તેના પરિણામ કે ફળ સંબંધી જે કંઈ નિશ્ચય કરવો તે; સંકલ્પ.

૧૧. પું. કોઈ પણ ક્રિયાની યોજના.

૧૨. પું. ક્રિયા; કામ.

૧૩. પું. ખેલ બજવી બતાવવો તે; અભિનય; નાટક ભજવવું તે.

૧૪. પું. ધોધો.

૧૫. પું. ચમત્કાર.

૧૬. પું. ચેષ્ટા.

૧૭ પું તપાસ; પરીક્ષા.

૧૮. પું. દૃષ્ટાંત; નિદર્શન; ઉદાહરણ.

૧૯ પું. નાયકનાયિકાનો મેળાપ.

૨૦. પું. પરિણામ.

૨૧. પુ. પ્રત્યક્ષ અનુભવ; બુદ્ધિજન્ય અનુભવ.

૨૨. પુ. બાજુ છોડવાપણું.

૨૩. પું. (જૈન) મન, વચન અને કાયાના યોગ વડે પુદ્ગલનું ગ્રહણ કરવું તે.

૨૪. પું. મહાવરો.

૨૫ પું. મુકરર કરવું તે.

૨૬. પું. વ્રતાદિ કર્મોનું અનુષ્ઠાન જણાવનાર વિધિ કે પદ્ધતિ; સાધન; અનુષ્ઠાન; કોઈનિહિને માટે અમુક રીતે મંત્રાનુષ્ઠાનપૂર્વક અમુક ક્રિયા કરવી તે; વશીકરણ વગેરેનો ઉપાય; કામણ કર્મ.

૨૭. પુ યુક્તિ; તજવીજ; યોજના.

૨૮. પુ. વપરાશ, ઉપયોગ; વાપરવું તે; વાપર.

૨૯. પું. વાદવિવાદ કરવો તે.

૩૦. પું. શરમ વગેરે છોડવું તે.

૩૧. પું રસ્તે વાપરવું તે.

૩૨. પું. સામ, દંડ વગેરે ઉપાયોનું અવલંબન.

૩૩ પું. સામવેદનો એક ઋષિ.

૩૪. પું. હિલચાલ; વ્યાપાર; પ્રવૃત્તિ.

૩૫. પું. હેતુ; કારણ.

પ્રયોગકર્તા [સં. પ્રયોગકર્તૃ] પું. પ્રયોગ કરનાર; પ્રયોગકાર.

પ્રયોગકાર જુઓ પ્રયોગકર્તા.

પ્રયોગક્રિયા ૧. સ્ત્રી. (જૈન) પ્રયત્ન આદિની એક ક્રિયા; શરીર આદિ દ્વારા જવા આવવા આદિ સકારણ પ્રવૃત્તિ કરવી તે.

૨. [સં.] સ્ત્રી. બનાવવાની રીત; પ્રયોગની રીતિ.

૩. સ્ત્રી. (જૈન) વચન અરૂપે હાલવાચાલવાની ક્રિયા.

પ્રયોગક્ષેત્ર [સં.] ન. અખતરા કરવાની જગ્યા; અજમાયેલ કરવાનું ક્ષેત્ર.

પ્રયોગખોર વિ. પ્રયોગવાળું; પ્રયોગથી ભરપૂર.

પ્રયોગગત [સં.] વિ. વ્યવહારુ; પ્રયોગથી સિદ્ધ થાય એવું; પ્રયોગાત્મક.

પ્રયોગગૃહ [સં.] ન. અજમાયેલ કરવાનું સ્થળ.

પ્રયોગજ વિ. (જૈન) આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થયેલ.

જે શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે તે પ્રયોગજ અને જે કોઈના પ્રયત્ન સિવાય જ ઉત્પન્ન થાય છે તે વૈસ્રસિક. તત્ત્વાર્થસૂત્ર

પ્રયોગજ શબ્દ પું. (જૈન) આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થતો શબ્દ. તેના ૭ પ્રકાર છે: ભાષા, તત, વિતત, ઘન, સુષિર અને સંઘર્ષ.

પ્રયોગજ્ઞાન ૧. [સં.] ન. પ્રયોગ કરવા જેટલું જ્ઞાન; સાધારણ જ્ઞાન.

૨. ન. પ્રયોગ કરવાનું જ્ઞાન.

પ્રયોગત્વ [સં.] ન. વાપરુ વાપરવાપણું; પ્રયુક્તતા; પ્રાસંગિકતા.

પ્રયોગદશા [સં.] સ્ત્રી. અજમાયશની સ્થિતિ.

પ્રયોગનિપુણ [સં.] વિ. પ્રયોગ કરવામાં હોશિયાર.

પ્રયોગપદ્ધતિ [સં.] સ્ત્રી. અખતરો કરી સિદ્ધ કરી બતાવની પદ્ધતિ.

પ્રયોગપ્રાપ્ત [સં.] વિ. પ્રયોગથી મેળવેલું.

પ્રયોગપ્રિય [સં.] વિ. નવીન અખતરા પસંદ કરે તેવું.

પ્રયોગબંધ ૧. પું. (જૈન) જીવના વ્યાપારથી થતો કર્મબંધ.

૨. પું. નાટકના રૂપમાં લખાણ.

વળી અમુક છંદના ઉપક્ષેપના પ્રારંભ પછીથી પ્રતિકાસ ને અવસ્કંદિકે કેવા ક્રમમાં પ્રયોગબંધો લખ્યા તેની પણ કલ્પના થઈ શકે છે.

મુ. સા. પરિષદ

પ્રયોગભાર્ગવ ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૧૦૨મા સૂક્તનો કર્તા એક ઋષિ

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

પ્રયોગમતિ [સં.] સ્ત્રી. (જૈન) વાદવિવાદ પ્રસંગે મનિનો તર્કરૂપે ઉપયોગ કરવો તે.

પ્રયોગમરણ [સં.] ન. (જૈન) નિષ્ણાંત કરી મરવું તે.

પ્રયોગમંદિર [સં.] ન. પ્રયોગશાળા; 'લેબોરેટરિ'.

પ્રયોગમાલા [સં.] સ્ત્રી. અખતરાઓની હાર.

પ્રયોગમાળા જુઓ પ્રયોગમાલા.

પ્રયોગરીતિ [સં.] સ્ત્રી. પ્રયોગક્રિયા; બનાવવાની રીત.

પ્રયોગવાદી પું. પ્રયોગ કરનાર.

પ્રયોગવિદ ૧. પું. નાટ્યપ્રયોગ જાણનાર માણસ.

૨. [સં. પ્રયોગવિદ્] પું. પ્રયોગ જાણનાર વ્યક્તિ.

૩. પું. યોજનાપૂર્વક મોઢવણ કરી જાણનાર; 'ડેમોન્સ્ટ્રેટર'.

પ્રયોગવિધિ ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અંગરૂપ કર્મનો ક્રમબોધક વિધિ; અપૂર્વવિધિનો એક પ્રકાર.

૨. સ્ત્રી. નિર્માણવિધિ; પ્રયોગક્રિયા.

૩. [સં.] સ્ત્રી. પ્રયોગ જણાવનાર વિધિ.

પ્રયોગવિધિલેખ પું. અહેવાલ; વર્ણન; 'રીપોર્ટ'.

પ્રયોગવીર પું. સાહસિક પુરુષ.

પ્રયોગશાલા ૧. [સં.] સ્ત્રી. વૈજ્ઞાનિક પ્રયોગ કરવાનું સ્થાન; 'લેબોરેટરિ'.

૨. સ્ત્રી. હુન્નર શીખવાની શાળા કે કારખાનું. હરિજન બંધુમાં ગાંધીજી કહે છે કે: જિંદગીને કેટલાક પ્રયોગશાલા કહે છે. અનેક અનુભવોનો સમન્વય કરી એમાંથી જાણવાનું જાણી અર્થને આગળ વધીએ. પણ એમ કરતાં સહેલાતા ન મળે, તો બે કોઈને દોષ ન દઈએ, આપણે પોતે પણ ન ઓઢીએ. નિયમ ખોટો છે એમ કહેવાનું કદ સાહસ ન કરીએ. પણ બુદ્ધિપૂર્વક એમ લાગે કે એ નિયમ ખોટો છે, તો ખરો શું છે તે બતાવવાની શક્તિ મેળવીને તેનો પ્રચાર કરીએ.

પ્રયોગશાસ્ત્રી [સં. પ્રયોગ + શાસ્ત્રિન્] પું. અખતરા કરવામાં નિપુણ વ્યક્તિ.

પ્રયોગશાળા જુઓ પ્રયોગશાલા.

પ્રયોગસંગ્રહ ૧. પું. ઔષધિઓનો ભંડાર.

૨. ન. દવા સંબંધી સૂચના અને વિગત દર્શાવતું પુસ્તક; 'ફાર્મકોપિયા'.

પ્રયોગસાધન ૧. [સં.] ન. પ્રયોગ કરવાનું સાધન; 'એપરેટસ'
૨. ન. સામગ્રી, તૈયારી.

પ્રયોગસિદ્ધ ૧. [સં.] વિ. અનુભવયુક્ત; 'પ્રેક્ટિકલ'.
૨. વિ. અનુભવસિદ્ધ; પ્રયોગથી સિદ્ધ કરેલું; પ્રયોગ વડે સાબિત કરેલું; અખતરાથી સાબિત થયેલ.

પ્રયોગસિદ્ધશાસ્ત્ર [સં.] ન. પ્રયોગ કરવાથી માલૂમ પડ્યા અથવા સિદ્ધ કર્યું હોય તે શાસ્ત્ર.

પ્રયોગસિદ્ધિ [સં.] સ્ત્રી. પ્રયોગનું પ્રદર્શન અને તેની સમજણ; 'ડેમોન્સ્ટ્રેશન'.

પ્રયોગાતિશય [સં.] પું. નાટકમાં એક પ્રકારની પ્રસ્તાવના. તેમાં પ્રયોગ કરતાં આપોઆપ બીજા પ્રકારનો પ્રયોગ કૌશલ્યથી દેખાડવામાં આવે અને તે પ્રયોગનો આશ્રય લઈને પાત્ર પ્રવેશ કરે.

પ્રયોગાત્મક ૧. [સં.] વિ. પ્રયોગ કરવાથી થતું હોય એવું.
૨. વિ. પ્રયોગમત; પ્રયોગથી સિદ્ધ થાય એવું.

પ્રયોગાત્મક કૃષિશાલા [સં.] સ્ત્રી. વનસ્પતિને લગતા જુદા જુદા અખતરા કરવા માટે રાખવામાં આવેલ બાગ બગીચા; 'એક્સપેરિમેન્ટલ ફાર્મ'

પ્રયોગાત્મક શાસ્ત્ર [સં.] ન. પ્રયોગસિદ્ધ વિજ્ઞાન; જેનો આધાર પ્રયોગો ઉપર હોય તેવી વિદ્યાનની એક શાખા; 'એક્સપેરિમેન્ટલ સાયન્સ'.

પ્રયોગાલય [સં.] ન. પ્રયોગ કરવાનું સ્થળ.

પ્રયોગાવસ્થા [સં. પ્રયોગ + અવસ્થા] સ્ત્રી. અખતરાની સ્થિતિ.

પ્રયોગિકા સ્ત્રી. વિહારિકા; રસાત્મક નિબંધ; ઢબની શૈલીનો નિબંધ; નિબંધિકા.

પ્રયોગી ૧. [સં. પ્રયોગિન્] વિ. પ્રયોગ કરનાર.
૨. વિ. પ્રયોગનિપુણ.
૩. વિ. વાપરનાર; ઉપયોગમાં લાવનાર.
૪. વિ. હેતુવાળું.

પ્રયોગીક્ષેત્ર ન. પ્રયોગ માટેનું ક્ષેત્ર; અખતરાઓનું સ્થળ.

પ્રયોગોપાય ૧. [સં. પ્રયોગ + ઉપાય] પું. પ્રયોગ કરવાની કળા.
૨. પું. પ્રયોગનો ઉપાય.

પ્રયોગ્ય [સં.] પું. ઘોડો.

પ્રયોજક ૧ [સં.] પું. ઉત્તેજણી કરનાર માણસ.
૨. પું. કામદારોને કામદા બાંધનાર કંપની
૩ પું. કાર્યરૂપમાં કરીને બતાવનાર; પ્રદર્શન કરનાર. નાટક માટે વપરાય છે.
૪. પું. (વ્યાકરણ) કોઈ ક્રિયા બીજે કરવાને બદલે બીજાની પાસે કરાવે ત્યારે વપરાતું ધાતુનું રૂપ; જેનો મુખ્ય કર્તા બીજાની પ્રેરણાથી પોતાપણું મૂકીને બીજે મુખ્ય કર્તા થાય તે ધાતુ.
સાધિત ધાતુમાં પ્રેરણાનો અર્થ છે માટે એ પ્રેરક-પ્રયોજક ધાતુ કહેવાય છે.
પૂર્વકૃ. વ્યાકરણ
૫. પું. આલક; પ્રવર્તક.
૬. પું. જેની હાજરીમાં કોઈ બે વચ્ચે પૈસા જમા કરવામાં આવે, અથવા જે પોતાની હાજરીમાં કોઈ વડે કોઈને ત્યાં પૈસા જમા કરાવે તે માણસ.
૭. પું. નિયંતા; નિયામક; વ્યવસ્થા રાખનાર.
૮. પું. પ્રતિનિધિ નીમનાર.
૯ પું લેખક.
૧૦. વિ. કામે લગાડનાર.
૧૧. વિ. પ્રયોગ કરનાર; અનુષ્ઠાન કરનાર.
૧૨. વિ. પ્રયોગસિદ્ધ; વાસ્તવિક; વ્યાવહારિક.
૧૩ વિ. પ્રેરક; પ્રેરણા કરનાર.
૧૪. વિ. મુખ્ય.
૧૫. વિ. યોજનાર; યોજના કરનાર; ગોઠવાત કરવાનું દેખાડનાર.
૧૬. વિ. વ્યવસ્થા રાખનાર; નિયંતા.

પ્રયોજકતા જુઓ પ્રયોજકત્વ.

પ્રયોજકત્વ ૧. ન. જે અર્થની સિદ્ધિ અન્યથી સિદ્ધ કારણો વડે ન થતી હોવાથી તે અર્થની પૂર્વે અવ્યવહિતપણે હોવાપણું.
૨. ન. પ્રયોજકપણું.
૩. ન. સાક્ષાત્ અથવા પરંપરા વડે કાર્યનું જનકપણું.
૪. ન. સેવકો વગેરેને ક્રમમાં યોજવાપણું.

પ્રયોજન ૧. [સં.] ન. અનુમાનનાં દસ અવયવ માંહેનો એક અવયવ.
૨. ન. આવશ્યકતા; જરૂરિયાત.
૩. ન. ઇરાદો; વિચાર.
૪. [સં. પ્ર + યુજ્ (જોડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)]. ન. ઉદ્દેશ; અભિપ્રાય; મતલબ આશય. ન્યાયમાં સોળ પદાર્થ માનેલ છે, તેમાં પ્રયોજન ચોથો પદાર્થ છે. જે ઉદ્દેશથી પ્રવૃત્તિ કરવામાં આવે તેનું નામ પ્રયોજન છે. તત્ત્વદૃષ્ટિએ જોતાં આત્યંતિક દુઃખની નિવૃત્તિ એ જ સંસારમાં મુખ્ય પ્રયોજન છે. બાકી બધાં ગૌણ પ્રયોજન છે.
૫. ન. ઉપયુક્તતા; અર્થ; જરૂર.
૬. ન. ઉપયોગ; બજવાર.
૭. ન. કારણ; સબબ; ઉદ્દેશ; હેતુ; નિમિત્ત.
૮. ન. કાર્ય; કામ.
૯. ન. ચાર માંહેના એક પ્રકારનો અનુબંધ. જે અર્થની પ્રાપ્તિના ઉદ્દેશથી મનુષ્ય તેનાં સાધનોમાં પ્રવૃત્ત થાય છે, તે પ્રયોજન કહેવાય છે. જેમકે, વેદાંત ગ્રંથનું પ્રયોજન પરમાનંદની પ્રાપ્તિ વગેરે છે. મુખ્ય અને ગૌણ ભેદથી પ્રયોજન બે પ્રકારનું છે: (૧) મુખ્ય પ્રયોજન. ઉત્તર વસ્તુવિષયક ઇચ્છાને અધીન નહિ એવી ઇચ્છાનો જે વિષય હોય તે મુખ્ય પ્રયોજન કહેવાય છે. જેમ સુખ તથા દુઃખના અભાવની લોકોને જે ઇચ્છા હોય છે, તે ઇચ્છા બીજી કોઈ વસ્તુની ઇચ્છાને અધીન નથી હોતી, કેમકે તે બંને ઇચ્છાઓ વિષે લોકોની ઇચ્છા પોતાની મેળે જ થાય છે, માટે સુખ તથા દુઃખાભાવ એ બંને મુખ્ય પ્રયોજન કહેવાય છે. જેમકે, મોક્ષ એ તત્ત્વજ્ઞાનવિષયક શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન છે. (૨) ગૌણ પ્રયોજન. મુખ્ય પ્રયોજનવિષયક ઇચ્છાને અધીન ઇચ્છાનો જે વિષય હોય તે ગૌણ પ્રયોજન કહેવાય છે. જેમ મુખ્ય પ્રયોજન જે સુખ તથા દુઃખાભાવ છે, તેનાં સાધનોમાં જે લોકોની ઇચ્છા થાય છે, તે ઇચ્છા સ્વતઃ થતી નથી, પણ સુખ તથા દુઃખાભાવની ઇચ્છાને લીધે જ તે ઇચ્છા થાય છે, માટે તે સાધનોની ઇચ્છાના વિષયને ગૌણ પ્રયોજન કહે છે, જેમકે, મોક્ષના સાધનરૂપ તત્ત્વજ્ઞાન છે, માટે તત્ત્વજ્ઞાન એ મોક્ષશાસ્ત્રનું ગૌણ પ્રયોજન છે.
૧૦. ન. (ન્યાય) જેને માટે મનુષ્યની કોઈ પણ વિષય તરફ પ્રવૃત્તિ થાય તે. પ્રયોજન બે પ્રકારનાં છે: દૃષ્ટ અને અદૃષ્ટ.
૧૧. ન. (જૈન) ત્રિકાળી દ્રવ્ય સાથે વર્તમાન અવસ્થાની સંધિ કરવી તે.
૧૨. ન. પહેલી વાર ઇચ્છાના જ્ઞાન બાંધવવા અને ભાળમોળવા ઉતરાવવાની ક્રિયા.
૧૩. ન. પ્રસંગ.
૧૪. ન. (કાવ્ય) લક્ષણાનું એક બીજ. મુખ્યાર્થબાધા, મુખ્યાર્થયોગ અને પ્રયોજન એ લક્ષણનાં ત્રણ બીજ કહેવાય છે.
૧૫. ન. વાક્યાર્થના પાંચ માંહેનો એક નિયમ.
૧૬. ન. વાક્યાર્થના જ્ઞાન માટે જાણવી જોઈતી ચુંમાલીસ માંહેની એક વસ્તુ.

પ્રયોજનક પું. મતલબ; હેતુ; કારણ; નિમિત્ત.

પ્રયોજનભૂત [સં.] વિ. પ્રયોજનરૂપ થયેલું.

પ્રયોજનભેદ [સં.] પું. પ્રયોજનમાં તફાવત.

પ્રયોજનવતી [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની લક્ષણા. પ્રયોજનવતી લક્ષણાના બે ભેદ છે: (૧) શુદ્ધા અને (૨) ગૌણી. તેનું લક્ષણ એ છે કે, તેમાં મુખ્ય અર્થનો બાધ કરી ધ્વનિ પ્રકટ થાય છે.

પ્રયોજનવતી લક્ષણા [સં.] સ્ત્રી. (કાવ્ય) પ્રયોજન વડે વાક્યાર્થથી જુદો અર્થ પ્રકટ કરે તેવી

પ્રલપાવવું

લક્ષણા. લક્ષણા બે પ્રકારની છે: પ્રયોજનવતી અને રૂઢિ. ઘણી તરવારો મેદાનમાં આવી ગઈ. એ વાક્યમાં પ્રયોજન વડે તરવારનો અર્થ તરવારધર સિપાહી લેવો પડે છે, તેથી તે પ્રયોજનવતી લક્ષણા છે. પણ ઘેટાંક લક્ષણાર્થ રૂઢ થઈ ગયા છે, જેમકે, કાર્યમાં કુશલ. કુશલનો શબ્દાર્થ કુશ એકઠું કરનાર થાય છે, પણ આ શબ્દ નિપુણના અર્થમાં રૂઢ થયો છે. આ જાતનો અર્થ રૂઢિ લક્ષણા વડે પ્રાપ્ત થાય છે.

પ્રયોજનવાદ [સં.] પું. ઉદ્દેશવાદ; હેતુવાદ.

પ્રયોજનવાન ૧. [સં. પ્રયોજનવત્] વિ. પ્રયોજન રાખનાર; મતલબિયું.
૨. વિ. હેતુવાળું.

પ્રયોજના ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરથી યોજના કરવી તે.
૨. સ્ત્રી. પ્રયોગ.

પ્રયોજની વિ. જોડનું.

પ્રયોજયિતા [સં. પ્રયોજયિત્] વિ. પ્રવૃત્તિ કરાવનાર.

પ્રયોજવું ૧. સ. ક્રિ. યોજવું.
૨. સ. ક્રિ. યોજના કરવી.
૩. સ. ક્રિ. વાપરવું; પ્રયોજિત કરવું.

પ્રયોજાયેલું ૧. વિ અગાઉથી ઘડાયેલું.
૨. વિ. યોજાયેલું.
૩. વિ. વપરાયેલું.

પ્રયોજાવું ૧. અ. ક્રિ. યોજાવું.
૨. અ. ક્રિ. વપરાવું.

પ્રયોજિકા વિ. સ્ત્રી. ઉપસ્થિત કરવામાં આવેલી.

પ્રયોજિત ૧. [સં.] વિ. ક્રમમાં ગોઠવેલું; પ્રયોજનમાં આણેલું.
૨. વિ. પ્રયોજનવાળું; સહેતુક.
૩. વિ. યોજેલું; જોડવેલું; પછી કરેલું.
૪. વિ. વપરાયેલું.

પ્રયોજિત સંગીત [સં.] ન. યોજેલું કે પ્રયોગમાં આણેલું સંગીત; 'એપ્લાઇડ મ્યુઝિક'.
આ વ્યાપારની દૃષ્ટિએ જોતાં સંગીત કાવ્યના ઉપર જે પ્રભાવ પ્રયોજિત સંગીતનો પ્રવર્તે છે, તેવો જ પ્રભાવ કલ્પિત નાટક ઉપર નહીં અભિનય કલાનો પ્રવર્તે છે. નરસિંહરાવ

પ્રયોજ્ય ૧. પું. (વ્યાકરણ) એક જાતનો કર્તા.
૨. [સં. પ્ર + યુજ્ (જોડવું)] પું. નોકર; મુલાઝમ; સેવક.
૩. ન. મૂળ ધન; મૂડી; મુદ્દલ દ્રવ્ય.
૪. વિ. અમલમાં મૂકી શકાય તેવું; વ્યવહારમાં મૂકી શકાય એવું; આચરવા યોગ્ય; કર્તવ્ય.
૫. વિ. કામમાં લેવા જેવું; કામે લગાડવા લાયક.
૬. વિ. પ્રેરણા કરવાને યોગ્ય.
૭. વિ. જોડવાનું.
૮. વિ. મુખ્ય.
૯. વિ. યોજવા લાયક; જોડવા યોગ્ય.
૧૦. વિ. વપરાતું.

પ્રયોજ્યતા [સં.] સ્ત્રી. કાર્ય પડવાપણું; પ્રયોજ્યત્વ.

પ્રયોજ્યત્વ ૧. [સં.] ન. (વેદાંત) એક પ્રકારનો સ્વરૂપસંબંધ; સાક્ષાત્ કે પરંપરાથી જન્ય હોવાપણું.
૨. જુઓ પ્રયોજ્યતા.

પ્રરક્ષક [સં. પ્ર (વિશેષ) + રક્ષક (બચાવનાર)] વિ. સંરક્ષક; સ્થિતિરક્ષક; પ્રાચીનપંથી; સંકુચિત મનવાળું; 'કૉન્સર્વેટિવ'.
તેમ કરવામાં અંતરાયભૂત વસ્તુ પ્રરક્ષક વસ્તુ તરીકે ઓળખાય છે. ગાંધીલાલ મેઘાણી

પ્રરક્ષણ [સં. પ્ર (વિશેષ) + રક્ષણ (રક્ષવું તે)] ન. સારી રીતનું રક્ષણ; અત્યંત રક્ષા કરવી તે; રક્ષણ.

પ્રરુજ ૧. [સં.] પું. એ નામે એક રાક્ષસ.
૨. પું. રેવન્ત સરકારનો એ નામનો એક સરદાર.
૩. વિ. રોગ કરનાર.

પ્રરૂઢિત [સં. પ્ર (વિશેષ) + રૂઢિત (રૂઢ થયું)] વિ. અતિશય રૂઢ થયું.

પ્રરૂઢ ૧. [સં.] ન. ઉદર; પેટ.
૨. ન. પ્રરોહ; અંકુર.
૩. વિ. ઊંધાયેલા મૂળવાળું; જેનાં મૂળ ઊંધાઈ ગયેલાં હોય તેવું.
૪. વિ. વધી ગયેલું.
૫. વિ. સારી રીતે ઊગેલ, ઊભેલ કે ઉત્પન્ન થયેલું.
૬. વિ. સારી રીતે બોધ પામેલ; જાગેલ; પ્રબુદ્ધ.

પ્રરૂપક [સં.] પું. જૈનધર્મ. તે દીક્ષિત થઈ નીલપટ પહેરે છે.

પ્રરૂપણ [સં.] ન. (જૈન) આજ્ઞાપના; પ્રરૂપણા કરવી તે.

પ્રરૂપણા [સં.] સ્ત્રી. પ્રતિપાદન; સમજાવટ; ઉપદેશ કરવો તે; પ્રરૂપવું તે.
પ્રવચન કરવાની શક્તિ ન હોવાથી શાસ્ત્રોક્ત આજ્ઞાની વિપરીત પ્રરૂપણા કરવી તે આજ્ઞાવ્યાપાદિકી અથવા જ્ઞાનની ક્રિયા છે. તત્ત્વાર્થસૂત્ર

પ્રરૂપવું સ. ક્રિ. ઉપદેશવું; સમજાવવું.

પ્રરૂપિત [સં.] વિ. પ્રરૂપેલ; ઉપદેશેલ.

પ્રરૂપેલ વિ. પ્રતિપાદિત; બતાવેલ; ઉપદેશેલ.

પ્રરોચન ૧. [સં.] ન. ઉશ્કેરણી; ઉદ્દીપન; ઉત્તેજિત કરવું તે
૨. ન. મોહિત કરવું તે.
૩. ન. રુચિ ઉત્પન્ન કરાવવી તે; રુચિસંપાદન; રુચિ ઉત્પન્ન કરવાની ક્રિયા.

પ્રરોચના ૧. સ્ત્રી. ઉત્તેજના.
૨. [સં.] સ્ત્રી. નાટકમાં આગળ આવનાર બાબતની રુચિ ઉત્પન્ન થાય તેવી રીતનું વર્ણન; નાટકના અંગવિમર્ષનું એક અંગ; નાટક શરૂ થતાં પ્રસ્તાવનામાં સૂત્રધાર, નટ, નટી વગેરેએ નાટક અને નાટકકારની પ્રશંસામાં કહેવું કે જેથી પ્રેક્ષકોને રુચિ ઉત્પન્ન થાય. પ્રસ્તાવનાના બે પ્રકાર છે: (૧) પ્રરોચના અને (૨) આમુખ. જે પૂર્વ રંગ પછી નાટકનો અભિનય કરાય.
નાટકમાં સભાસદોની પ્રશંસા કરી તેમની વૃત્તિને નાટક તરફ ખેંચવી તેને પ્રરોચના નામે અંગ કહે છે. પ્રેમાનંદ
૩. સ્ત્રી. રુચિસંપાદન; રુચિ ઉત્પન્ન કરવાની ક્રિયા.

પ્રરોદન [સં. પ્ર + રુદ્ (રડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અતિ વિલાપ.

પ્રરોહ ૧. [સં. પ્ર + રુહ્ (ઊગવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું. ઊગવું તે; વધવું તે; ઉત્પત્તિ.
૨. પું. ચઢવું તે; ચડાવ; આરોહ.
૩. પું. નવી વૃક્ષ.
૪. પું. પુત્ર.
૫. પું. ચેલા થવું તે.
૬. પું. કણસો; અંકુર; ફોડ.
૭. પું. ફૂટી નીકળેલી ડાળખી; ડાળી.

પ્રરોહક ૧. [સં.] ન. આરોહ; ચડાવ.
૨. ન. ઉત્પત્તિ.
૩. ન. ઊગવું તે.

પ્રરોહભૂમિ [સં.] સ્ત્રી. ઘાસ, ઝાડ ઊગે એવી જમીન.

પ્રરોહશાખી [સં. પ્રરોહ (ઉત્પત્તિ + શાખા (ડાળી) + ઇન્ (વાળું)] ન. જેની કલમ વાવવાથી પણ ઊગી નીકળે તેવું ઝાડ.

પ્રરોહી પું. વેલિયો પીપળો.

પ્રલપન ૧. [સં.] ન. કહેવું તે; કથન; બોલવું તે; સંભાષણ.
૨. ન. પ્રલાપ; બકવાદ; અનર્થક વાક્ય.
૩. ન. વિલાપ.

પ્રલપવું સ. ક્રિ. ગાંડાની પેઠે પ્રલાપ કરવો.

પ્રલપાવવું સ. ક્રિ. કંઈના કરાવવી.

પ્રલપિત ૧. [સં.] વ. અર્થ વગરનું બકવું તે; બકવાટ; લવારો.
૨. વિ. પ્રલાપ કરેલ; બોલેલ; બહુ જ બોલેલ.

પ્રલબ્ધ ૧. [સં. પ્ર (વિશેષ) + લભ્ (મેળવવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. અત્યંત મેળવેલ; સારી રીતે પામેલ.
૨. વિ. ઠગેલ; ઊતરેલ.

પ્રલય ૧. [સં.] પું. અનુભવના આઠ મહિનો એક ભેદ. નાટકમાં વપરાય છે.
૨. પું. આઠ મહિનો એક ભાવ; હલનની સ્થિતિ જણાવનાર માનસિક વિકારોમાંનો એક ભાવ.
૩. [સં. પ્ર (વિશેષ) + લય (નાશ)] પું. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણમાંની ત્રીજી અવસ્થા; વિનાશ; નાશ. કર્મપુરાણ પ્રમાણે પ્રલય ચાર પ્રકારનો છે: નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત અને આત્યંતિક. લોકમાં જે જાણુ ક્ષય થયા કરે છે, તે નિત્ય પ્રલય. કલ્પને અંતે ત્રણ લોકનો જે ક્ષય થાય તે નૈમિત્તિક કે બ્રાહ્મપ્રલય. જ્યારે પ્રકૃતિ મહદાદિ સુધી વિલીન થાય ત્યારે પ્રાકૃતિક પ્રલય થાય. જ્ઞાનની પૂર્ણાવસ્થા થતાં બ્રહ્મ અથવા ચિત્તમાં લીન થઈ જવાનું નામ આત્યંતિક પ્રલય છે. વિષ્ણુપુરાણમાં નિત્ય પ્રલયનો ઉલ્લેખ નથી. બ્રાહ્મ અને પ્રાકૃત પ્રલયોનું વર્ણન પુરાણોમાં એકસરખું છે. અનાવૃષ્ટિ વડે ચરાચરનો નાશ, બાર સૂર્યના પ્રચંડ તાપથી જીવનું શોષણ અને બધાનું ભસ્મ થઈ જવું, પછી ચારે બાજુ ઘોર વૃષ્ટિ થતી અને બધું જળમય થઈ જવું, કેવળ પ્રજાપતિનું કે વિષ્ણુનું રહેવું એમ વર્ણવેલું છે. એક હજાર ચતુર્યુગનો બ્રહ્માનો એક દિવસ અને તેટલા જ પ્રમાણની એક રાત થાય છે. આ રાતમાં જે પ્રલય થાય છે, તેને બ્રાહ્મ પ્રલય કહે છે. પ્રાકૃતિક પ્રલયમાં પહેલાં પાણી એ પૃથ્વીના બંધ ગુણનો નાશ કરે છે, પછી જળના રસ ગુણનો અગ્નિ નાશ કરે છે. પછી વાયુ તેજનો નાશ કરે છે. ત્યાર પછી વાયુ જેનો ગુણ સ્પર્શનો છે તેનો આકાશ નાશ કરે છે. કેવળ આકાશ રહે છે જેનો ગુણ શબ્દનો છે. તે પછી આ શબ્દ પણ અહંકારતત્ત્વમાં અને અહંકારતત્ત્વ મહત્તત્ત્વમાં અને ઉપરાંત મહત્તત્ત્વ પણ પ્રકૃતિમાં લીન થાય છે. નૈમાયિક બે પ્રકારના પ્રલય માને છે: ખંડપ્રલય અને મહાપ્રલય. પણ નવા ન્યાયવાળાઓ મહાપ્રલયને નથી માનતા. સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિ અને પ્રલય બંને પ્રકૃતિનું પરિણામ છે. પ્રકૃતિનું પરિણામ બે પ્રકારનું છે: સ્વરૂપ પરિણામ અને વિરૂપ પરિણામ. પ્રકૃતિના ઉત્તરોત્તર વિકાર વડે જે વિરૂપ પરિણામ થાય તેથી સૃષ્ટિ થાય અને સૃષ્ટિનું ફરી ઊલટું પરિણામ પ્રકૃતિના સ્વરૂપ તરફ થવા લાગે તેને પ્રલય કહે છે. જ્યારે સત્ત્વ સત્ત્વમાં, રજસ રજસમાં, તમસ તમસમાં મળી જાય ત્યારે પ્રલય થાય. સ્વરૂપ પરિણામ જ્યારે થવા લાગે ત્યારે પહેલાં મહાભૂત પંચ તન્માત્રમાં વિલીન થાય, પછી પંચતન્માત્ર અને અગિયાર ઇંદ્રિયો અહંકારતત્ત્વમાં, અહંકાર મહત્તત્ત્વમાં અને અંતે મહત્તત્ત્વ પ્રકૃતિમાં લીન થાય. તે વખતે માત્ર એક પ્રકૃતિ રહે. આ પ્રમાણે સંસાર પોતાના મૂળ કારણ પ્રકૃતિમાં લય પામે છે. સૃષ્ટિનો પ્રલય થવા સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે, કેવળ મોક્ષરૂપે સર્વ જીવોની સ્થિતિ થાય કે કેવળ આ દુનિયાનો નાશ થાય તેવું બનવું અને પ્રમાણરૂપ લાગતું નથી. આવા કે આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાંતર પામી હીણ થાય તો કોઈ વર્ધમાન થાય, તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે. તે ઉપરથી અને બહુ જ ઊંડા વિચારમાં ગયા પછી એમ સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવા જોગ છે. સૃષ્ટિ એટલે આ જ પૃથ્વી એવો અર્થ નથી.
૪. પું. એ નામે એક પ્રકારનો સાત્ત્વિક ભાવ. તેમાં કોઈ બાબતમાં તન્મય થવાથી આજની સ્મૃતિનો લોપ થાય છે.
૫. પું. કલ્પને અંતે બ્રહ્મનો રાત્ર. કલ્પ એટલે બ્રહ્માનો એક દિવસ અર્થાત્ ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વરસ.
૬. પું. ચાલી જવું તે; સમેટાઈ જવું તે.
૭. પું. છત્રીસ માહેનું એક દ્વાપુષ.
૮. પું. (જૈન) તમામ ભાવરૂપ અર્થનો નાશ. પ્રલય પાંચ પ્રકારનો છે. (૧) નિત્ય, (૨) નૈમિત્તિક, (૩) દૈનિક, (૪) મહાપ્રલય અને (૫) આત્યંતિક પ્રલય. બીજી રીતે (૧) સુષુપ્તિ, (૨) મૂર્છા, (૩) મૃતિ, (૪) પુનઃ શરીરપ્રાપ્તિ અને (૫) દૈનંદિન જેવા પણ પાંચ પ્રકાર છે.
૯. પું. (પુરાણ) પૃથ્વી ઉપર થતો જળબંબાકાર; પૃથ્વી ઉપર પાણી ફરી વળવું તે; સૃષ્ટિનો નાશ થવો તે.
૧૦. પું. બ્રહ્માની રાત્રિ. સત, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચતુર્યુગનાં કુલ ૪૩,૨૦,૦૦૦ વરસો થાય છે. એવા ૧૦૦૦ ચતુર્યુગ તે બ્રહ્માનો એક દિવસ અને બીજા ૧૦૦૦ ચતુર્યુગની એક રાત્રિ. તેમાં દિવસ તે સૃષ્ટિની સંજ્ઞા અને રાત્રિ તે પ્રલયની સંજ્ઞા છે.
૧૧. પું. મૂર્છા; બેહોશી.
૧૨. પું. મૃત્યુ.
૧૩. પું. મોટી આફત; કાળો કેર વર્તાઈ જવો તે; મોટું દુઃખ.
૧૪. પું. વસ્તુનો તિરોભાવ.
> બારી રીતે તો સૃષ્ટિ એટલે તો વસ્તુનો આવિર્ભાવ અને પ્રલય એટલે તેનો તિરોભાવ છે.
> અણુબ્રહ્મ
૧૫. પું. શરીરચેષ્ટાનો રોધ. મુખ નમાવવું, મસ્તક ઢળાવવું, શરીર હલાવવું, વસ્તુઓ લેવી તથા મૂકવી, મુખે બોલવું, આંખો વાંકીચૂંકી કરવી ઇત્યાદિક શરીરચેષ્ટા કૃત્રિમ તેને પ્રલય કહે છે. સ્તંભમાં તો શરીરચેષ્ટા છે, પણ કેવળ ગતિનો રોધ થાય છે, માટે સ્તંભ અને પ્રલયમાં ભેદ જાણો છે. સ્તંભમાં ચેતન રહે છે અને પ્રલયમાં તો ચેતનનો તિરોભાવ થાય છે. 'જેને મૂર્ચ્છા કહે છે તે જ પ્રલય જાણવો. રોષ, દુઃખ, આઘાત, ક્લેશ, મોહ ઇત્યાદિક વિકારથી મૂર્ચ્છા એટલે પ્રલય થાય છે.
૧૬. પું. સંહારકાળ; જે કાળમાં પંચમહાભૂત વગેરે નાશ પામે છે તે કાળ.

પ્રલયકજ્જ [સં. પ્રલય (વિનાશ) + કજ્જ (અતિ સૂક્ષ્મ ભાગ)] પું. અણુબોળો; અણુબોળ; 'ઍટમ બૉમ્બ'.

પ્રલયકર [સં.] વિ. સંહાર કે નાશ કરે એવું.
> ઈશ્વરની સંભવકર અને પ્રલયકર એ બે શક્તિની ભાવનામાંથી વૈષ્ણવ ધર્મ અને શૈવ ધર્મ પ્રકટ થયા. પુરાતત્ત્વ

પ્રલયકાર ૧. પું. અત્યંત વિનાશ.
૨. [સં. પ્રલય + કાર (કરનાર)] વિ. નાશ કરનાર; સમસાણ સમાધનાર; સત્યાનાશ કાઢનાર.

પ્રલયકારિણી [સં.] વિ. સ્ત્રી. પ્રલય કરનારી.

પ્રલયકારી [સં. પ્રલયકારિન્] વિ. નાશ કરનાર.

પ્રલયકાલ ૧. [સં.] પું. પ્રલયનો સમય; પ્રલયથી નષ્ટ થવાનો વખત; જગતના નાશનો કાળ.
૨. પું. મોટી આફતનો કાળ.

પ્રલયકાળ જુઓ પ્રલયકાલ.

પ્રલયજ્વલસાક્ષ જ. તોફાનનો ઝપાટો.

પ્રલયટેકો ૧. પું. નાનો બૉમ્બ.
૨. પું. સ્ફોટક વસ્તુનો ટુકડો.

પ્રલયતણખો પું. વિનાશક ચિનગારી.

પ્રલયપિનાક [સં.] જ. પ્રલય કરનારું ભયંકર ધનુષ.

પ્રલયપૂર [સં.] જ. વિનાશક જળપ્લાવ; પાણીનું પ્રલયકારક મોટું પૂર.

પ્રલયપ્રતિમા [સં] સ્ત્રી. ભયાનક મૂર્તિ; ઉગ્ર સ્વરૂપ.

પ્રલયમૂર્છા [સં. પ્રલય (વિનાશ) + મૂર્છા (બેભાન અવસ્થા)] સ્ત્રી. ગાઢ નિદ્રા; સુષુપ્તિ. હિંદુ ધર્મનો આત્મા પ્રલયમૂર્છામાંથી જેવી પાછો જાગતસમાધિનાં સિંહાસને તરફ દૃષ્ટિ કરે છે.
અનંતરાય ઠાકોર

પ્રલયમેઘ [સં.] પું. (પુરાણ) પ્રલયકાળનો વરસાદ; જગતનો નાશ કરનાર મેઘ.

પ્રલયરાત્રિ [સં. પ્રલય (વિનાશ) + રાત્રિ (પાણી)] ન. પ્રલયકાળે આવતી રાત.

પ્રલયરાત્રિ [સં.] ન. પ્રલયને લગતી સમજણ આપનારું શાસ્ત્ર.

પ્રલયસ્થાન [સં. પ્રલય (વિનાશ) + સ્થાન (ઠેકાણું)] ન. સંહારલીલાનું સ્થળ.

પ્રલયંકર [સં.] વિ. સર્વનો નાશ કરનાર; પ્રલય કરનાર.

પ્રલયંકારી [સં. પ્રલય (વિનાશ) + કારિન્ (કરાવનાર)] પું. શંકર; મહેશ.

પ્રલયાગ્નિ ૧. [સં.] પું. પ્રલયનો અગ્નિ; નાશનો અગ્નિ; આખા જગતનો સામટો નાશ થતી વેળાનો અગ્નિ.
૨. પું. અર્યંકર આગ.

પ્રલયાનલ જુઓ પ્રલયાગ્નિ.

પ્રલયાવસ્થા [સં. પ્રલય + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. પ્રલય વખતની સ્થિતિ.

પ્રલયાંત [સં. પ્રલય (વિનાશ) + અંત (છેડો)] પું. પ્રલયથી થતો નાશ.

પ્રલયાંતકાલ [સં. પ્રલય (વિનાશ) + અંત (છેડો) + કાલ (સમય)] પું. વિનાશનો સમય.

પ્રલયાંતકાળ જુઓ પ્રલયાંતકાલ.

પ્રલયોદક [સં. પ્રલય + ઉદક (પાણી)] ન. પ્રલયકાળના સમુદ્રનું પાણી; વડવાનલ અગ્નિ જેને બરબી લે અને ખાણી મૂકે તેવા સમુદ્રનું પાણી.

પ્રલવિત્ર [સં.] ન. હોડકું.

પ્રલંબન [સં.] ન. ઓળંગવું તે.

પ્રલંબ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્યાસી માહેનો એ નામનો એક યોગ.
૨. પું. અવલંબ; આલંબ.
૩. પું. (પુરાણ) એ નામનો એક દાનવ, એ કૃષ્ણ અને બળરામનો નાશ કરવા કંસનો મોકલ્યો વૃંદાવનમાં આવ્યો હતો. ગોવાળનો વેષ ધારણ કરીને, બીજા ગોવાળિયાઓમાં ભળી જઈ રમતમાં સામેલ થઈ ગયો. રમતમાં હરાવ આવો થયો કે જે હારે તે જીતનારને ખંધે બેસાડી ફેરવે. તેમાં પ્રલંબ હાર્યો, તેથી તે એકાએક બળરામને ખભે બેસાડીને નાઠો. પરંતુ બળદેવનો ભાર વધી પડવાથી અસુર થાકયો અને અસુરે પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું. એનું કપટ કળી જવાથી બળરામ તથા તેની વચ્ચે યુદ્ધ થયું. જેમાં પ્રલંબનો તત્કાળ નાશ કરવામાં આવ્યો.
૪. પું. એક જાતનું ઘરેણું; એક જાતનો હાર; ઝૂમખું.
૫. પું. ઓળંભો.
૬. પું. કસુંબો.
૭. પું. કામમાં શિથિલતા; નકામો વિલંબ કરવો તે.
૮. પું. નાભિ.
૯ પું. કાણી; કાખા.
૧૦. પું. (પુરાણ) કશ્યપપુત્ર એક દાનવ. તે કંસનો સાસરા હતો.
૧૧. પું. પયોધર; સ્તન.
૧૨. પું. મંડલિકનો મંત્રી.
૧૩. પું. રામાયણમાં વર્ણવેલો એક દેશ; માલિની નદીની દક્ષિણે આવેલો દેશ; હાલના મદાવર અથવા મંડોરનું પ્રાચીન નામ; મુંડાવર અથવા મુદોર. તે પશ્ચિમ રોહિલખંડમાં નિજનોરથી આઠ માઈલ ઉત્તરે છે
૧૪. પું. લટકતું તે; ઝૂલતું તે.
૧૫. પું. લૂંબા લટકતાં ફૂલોનો ઝૂમખો.
૧૬. પું. (જૈન) વજ્ર જાંઘ રાખી પડિલેહણા કરવી તે.
૧૭. પું. વેલાનો અંકુર; લતાનો અંકુર.
૧૮. પું. સીસું.
૧૯. સ્ત્રી. ગોવીસ માહેની એ નામની માત્રાની એક મુદ્રા.
૨૦. ન. એ નામનું આઠમું મુહૂર્ત.
૨૧. ન. ફળ.
૨૨. વિ. આગળ પડતું; આગળ નીકળી આવેલું; કોઈ ભાગ વધેલું.
૨૩. વિ. ટાંગેલું.
૨૪. વિ. લટકતું; નીચે લબડતું.
૨૫. વિ. લાંબું; દીર્ઘ; સારી રીતે લંબાયેલું.
૨૬. વિ. સુરત; કામમાં ઢીલું; ધીમું.

પ્રલંબક ૧. પું. વનસ્પતિનો ફળના જેવો એક વિભાગ.
૨. ન. (જ્યોતિષ) એ નામનો એક યોગ.
૩. [સં.] ન. એક જાતનું ઘાસ.
૪. ન. સીસકટ; દિનના પત્રાનું કામ કરનાર; 'પ્લંબર'.

પ્રલંબઘ્ન [સં. પ્રલંબ (એક દાનવ) + હન્ (હણનું)] પું. બળભદ્ર; બળરામ; બળદેવ.

બળદેવજીએ પ્રલંબ નામના અસુરનો નાશ કર્યો હતો, તેથી તે પ્રલંબઘ્ન કહેવાય છે.
મહીબન્ધ લાલાં અને યમુના જેવી ભાઈ;
તે હલધરપ વીરને હજી દેતા ઓઢાઈ.
પિંગલશુક્લોપ

પ્રલંબતા [સં.] સ્ત્રી. બહાર નીકળેલ હોવાપણું.

પ્રલંબદેશ [સં.] પું. ભારતવર્ષનો એ નામનો એક દેશ.

પ્રલંબન ૧. [સં.] ન. અવલંબન; આધાર.
૨. ન. નિર્ભર; 'પ્રોટક્શન'.
૩. ન. લાંબું લટકતું રાખવું તે; આગળ પડતું કરવું તે.

પ્રલંબશીલ [સં.] વિ. બહુ લાંબું.

પ્રલંબસૂત્ર [સં.] ન. એક જાતનું ઘરેણું; ઝૂમણું.

પ્રલંબસૂર [સં.] વિ. દીર્ઘ સરવાળું; લંબાયેલા સૂરવાળું.

પ્રલંબાકૃતિ ૧. સ્ત્રી. પ્રક્ષેપ; પ્રલાલેખ; 'પ્રોજેક્શન'.
૨. [સં. પ્રલંબ (લટકતું હોવું તે) + આકૃતિ (આકાર)] સ્ત્રી. બહાર ઊપસેલો ભાગ.

પ્રલંબાયન [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પ્રલંબાવું અ. ક્રિ. બહુ લંબાવું.

પ્રલંબાસુર જુઓ પ્રલંબ ૩.

પ્રલંબાંડ [સં. પ્રલંબ (લટકતું હોવું તે) + અંડ (વૃષણ)] વિ. લાંબા વૃષણવાળું.

પ્રલંબિત ૧. [સં.] વિ. બહુ નીચે લટકતું; લટકાવેલું.
૨. વિ. લાંબું.

પ્રલંબી ૧. [સં. પ્રલંબિન્] વિ. અવલંબન કરનાર; આધાર લેનાર.
૨. વિ. દૂર સુધી લટકતું; લાંબું.

પ્રલંભ ૧. [સં.] પું. કપટ; છળ; ઠગાઈ; ઊતરવું તે; ઊતરામણ.
૨. પું. બહુ લાભ; સારો લાભ.
૩. પું. સ્નો.
૪. પું. (પુરાણ) પ્રલંબાસુર રાક્ષસ.
૫. પું. સંપાદન; મેળવવું તે.

પ્રલંભન જુઓ પ્રલંભ. ૧–૩, ૫.

પ્રલાઢ સ્ત્રી. એક જાતની સફેદ ક્ષાર ધાતુ; 'પોટેશિયમ'.

પ્રલાપ ૧. [સં.] પું. આવેશમાં મોટેથી અસંબદ્ધ બોલવું તે.

૨. પું. (કામ) પ્રેમનિષ્પન્ન આસક્તિનો એક પ્રકાર.
૩. પું. બકવાટ; મિથ્યાવાદ; બકવાદ; અર્થ વગરનું; નિરર્થક બોલવું તે; લવારો.
૪. પું. બોલવું; બોલવું તે.
૫. પું. મોટેથી ગમે તેમ રોવું તે; શોક, મોહ અને દુઃખ વગેરેને લીધે મોટેથી બોલીને રડવું તે; વિલાપ; જ્વરભ્રમ અથવા તાવને લીધે ઘરડીનું બ્રમિત થવું અને બકવાદ કરવું તે; શોક, મદ, નિદ્રા, સન્નિપાત વગેરેથી કરાતું વિહ્વળ બોલવું.
૬. પું. વાયુ રોગના એકથી આઠેનો એક પ્રકાર; લવારાનો રોગ; સન્નિપાત.

પ્રલાપક ૧. [સં.] પું. એ નામે એક જાતનો સન્નિપાત. તેમાં રોગી જેમ તેમ બકે છે. તેના શરીરમાં પીડા તથા કંપ થાય છે અને તેનું ચિત્ત ઠેકાણે રહેતું નથી.
૨. પું. ચૌદ દિવસની મુદતવાળો અસાધ્ય ગણાતો ત્રિદોષજ્વર. શરીર ધ્રૂજવું, બકવાટ, સખત તાવ, બાયાનો દુખાવો, મોટી મોટી વાતો કરવી, સ્વચ્છતા ઉપર વધારે પડતી કાળજી રાખવી, બીજાની ચિંતા કર્યા કરવી, બેસુધી, ઠંગધડા વગરનો બકવાટ એ તેનાં લક્ષણો બતાવ્યાં છે.
૩. વિ. બકાવનાર; ઠેકાવનાર.
૪. વિ. બકવાદ કરનાર.

પ્રલાપજ્વર [સં.] પું. બાસ્તીથી આવતો તાવ.

પ્રલાપદશા ૧. [સં.] સ્ત્રી. ગાંડપણ.
૨. સ્ત્રી. બોલ્યા કરે તેવી દશા.
૩. સ્ત્રી. મિત્ર વિયોગે પક્ષીની વાણી.

પ્રલાપી [સં. પ્રલાપિન્] વિ. નિરર્થક બોલનાર; પ્રલાપક.

પ્રલીન ૧. [સં.] વિ. અતિ લીન.
૨. [સં. પ્ર (વિશેષ) + લીન (એકરસ થયેલ)] વિ. અદશ્ય.
૩. વિ. ગુપ્ત.
૪. વિ. ચેષ્ટાશૂન્ય; જડ જેવું.
૫. વિ. નષ્ટ; પ્રલય પામેલું.
૬. વિ. જોયું; અંતર્હિત
૭. વિ. સમાયેલું; તિરોહિત.
૮. વિ. સંસક્ત.

પ્રલીનતા ૧. [સં.] સ્ત્રી. ચેષ્ટાનાશ; જડત્વ; ઇંદ્રિયોનો વ્યાપારાભાવ; સુષુપ્તિ.
૨. સ્ત્રી. તિરોહિતપણું.
૩. સ્ત્રી. પ્રલય; નાશ.
૪. સ્ત્રી. સબળતા.

પ્રલે પું. પ્રલય; નાશ.

પ્રલેકાર ૧. પું. બબંકર વિનાશ.
૨. વિ. સત્યનાશ કરનાર.

પ્રલેકારી વિ. (જુ. રૂ) વિ. નાશ કરનાર; પ્રલયકારી.

પ્રલેકાળ પું. પ્રલયકાળ.

પ્રલેપ ૧. [સં.] પું. કંટેવાળો.
૨. પું. પોટીસ; વજ્રી.
૩. પું. લેપ કરીપવું તે; ચોપડવું તે; ચડવું તે; લેપ બગડવો તે; વિલેપન.

પ્રલેપક ૧. [સં.] પું. (વૈદ્ય) એક જાતનો ઉગ્ર તાવ. આ તાવ વાતકફથી ઉત્પન્ન થાય છે. તેમાં પરસેવાથી શરીર ભીનું રહે છે અને તાવ થોડો થોડો રહે છે. તેમાં મુખ લાલચોળ બની રહી જાય તથા મુખાકૃતિ કૂવી બની જાય છે.
૨. પું. લેપ કરનાર માણસ; ચોપડનાર માણસ; પ્રલેપ કરનાર માણસ.

પ્રલેપકજ્વર જુઓ પ્રલેપક ૧.

પ્રલેપકવિષમજ્વર [સં.] પું. (વૈદ્ય) પંચમ કફસ્થાનના સંધિમાં રહેલા દોષથી ઉત્પન્ન થતો વાતકફજન્ય જેકજ્વર. આ તાવ ખરી રીતે વિષમ નહિ હોવા છતાં તે કફસ્થાનમાં રહેલા દોષથી આવે છે માટે તેને સુશ્રુતાચાર્યે વિષમજ્વરમાં ગણ્યો છે. તેમાં વાતકફ પ્રધાન હોવાથી તેને વાતશ્લેષ્મકજ્વર પણ કહે છે. આ તાવમાં અંગો પસીનાથી લીંપાઈ જાય, શરીર ભારે લાગે, મધુ જ્વર રહ્યા કરે, આમડી રસ થઈ જાય, અંગ સ્તબ્ધ થઈ જાય અને કંઈ ભાન ન હોય. આ તાવને ત્રિદોષજન્ય પણ માની શકાય. આ તાવમાં શરીર ઉપર સોજો હોય તો એ બબંકર ગણાય છે.

પ્રલેપન ૧. [સં.] પું. બકવું કરવો તે; લેપ કરવો તે; લેપ કરવાની ક્રિયા.
૨. ન. રોટલીને વણતી વખતે બંને બાજુ ચોપડવામાં આવતો કોરો લોટ; આટામણ.

પ્રલેહ ૧. [સં.] પું. ચાટવું; ચાટણું; ચાટવા યોગ્ય પદાર્થ.
૨. પું. (હિંદી) બાંસના નાના બંડ કરી ઘીમાં તળીને બનાવાની એક વાની; કોરમ.

પ્રલેહન [સં.] ન. ચાટવું તે.

પ્રલોકન [સં.] ન. જોવું તે.

પ્રલોકી [સં. પ્રલોકિન્] વિ. જોનાર; અવલોકન કરનાર.

પ્રલોઠન ન. જમીન ઉપર બગડાવવું તે.

પ્રલોડન ૧. [સં.] ન. મોળાકાર કરવું તે.
૨. ન. સમુદ્રની પેઠે હલકલોલક થવું તે.

પ્રલોપ [સં.] પું. બત્યંત લોપ; ઊંડો નાશ.

પ્રલોપન [સં.] ન. લોપ કરવો તે; ઊંડો નાશ પમાડવું તે; પ્રલોપ.

પ્રલોભ ૧. [સં. પ્ર + લુભ્ (લોભ કરવો) + બ (નામ બનાવનાર પ્રત્યય)] પું. બતિશય લોભ; પ્રલોભન; ઘણો લોભ.
૨. પું. ઇચ્છા; આસક્તિ.
૩. પું. લોભાવવું તે; લોભ; લાલચ બતાવી તે.

પ્રલોભક [સં.] વિ. બારે લોભાવનાર; લાલચ દેનાર.

પ્રલોભન ૧. [સં.] પ્ર + લુભ્ (લોભ કરવો) + બન (નામ બનાવનાર પ્રત્યય)] ન. બતિશય લોભ.
૨. ન. બાકર્ષણ; મોહ.
૩. ન. લાલચ; બારે લાલચ; લોભ.
૪. વિ. લાલચવાળું; લોભાવનાર.

પ્રલોભનન્યાય પું. લલચાવવાની એક રીત.

પ્રલોભિત [સં.] વિ. લલચાવેલું; મુગ્ધ; મોહિત.

પ્રલોભી ૧. [સં. પ્રલોભ + ઇન્ (વાળું)] પું. પ્રલોભ કરનાર માણસ; લાલચમાં ફસાનાર બકિત.
૨. વિ. પ્રલોભ કરનાર; બતિ લોભી; લુબ્ધ; બહુ લોભ કરનાર.

પ્રલોમન્ય [સં.] પું. સ્વચ્છ કેશ.

પ્રલોલા સ્ત્રી. એક જાતની માછલી.

પ્રલોલુપ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. (પુરાણ) ગરુડના વંશનો કુતીયુગ એક ઋષિ.
૩. વિ. બત્યંત લોલુપ.

પ્રલ્લે પું. પ્રલય.
બ્યમ પ્રલ્લે રુમે હોષે મહાગદ્ય.
સમ સંગમે હોપ્યા રામબંદ્ય. પ્રેમાનંદ
૧. પ્રલ્લે જવું = નાશ પામવું. કોડી સંચરે ને તેવર બાય, બાપીનું ધન પ્રલ્લે જાય.-લોકોક્તિ
૨. પ્રલ્લે થઈ જવું = બળીને ભારમ થઈ જવું; સત્યાનાશ જવું; ભરમીભૂત થવું.

પ્રલ્લેકાર ૧ પું. નાશ; તદ્દન બધમાશ થઈ જવું તે; બબંકર વિનાશ; ગજબ.
૨. વિ. નાશ કરે તેવું.

પ્રવક [સં.] વિ. સારી ગતિવાળું. ઘણું ગતિમાન

પ્રવક્તા ૧. [સં. પ્રવક્તૃ] પું. પ્રવચન કરનાર; વક્તા; બાબતકર્તા; સારી રીતે બોલનાર કે કહેનાર પુરુષ.

પ્રવર

૨. પું. વેદ વગેરેના અર્થનો ઉપદેશ કરનાર; મહાન વક્તા; વસ્તુતત્ત્વધ્યાનપૂર્વક વેદ વગેરે વાચનાર માણસ.

૩. વિ. કહેનાર.

અથર્વવેદના દ્રષ્ટા અને પ્રવક્તા અર્થાત્ કહેનાર ઋષિઓનું સત્યચરિત્ર જાણ હે પ્રાણ! તું જ છો.
પ્રશ્નોપનિષદ

પ્રવગ [સં] પું. પક્ષી.

પ્રવગી [સં.] સ્ત્રી. પક્ષિણી.

પ્રવચન ૧. ન. આગમ; જૈનો સર્વજ્ઞ વચન.

૨. ન. આગમજ્ઞાન.

૩. ન. ઉત્તમ વચન; સારું વાક્ય.

૪. ન. બારેમાસું.

૫. ન. જૈનસંઘ.

૬. ન. પ્રલોભન; ઉપદેશ; સારી રીતે સમજાવીને કહેવું તે; અર્થ ખોલીને બતાવવો તે.

૭. ન. ભણવું ભણાવવું તે; ગુરુનું શિક્ષણ લેવું આપવું તે.

આ અધ્યાયમાં પ્રવચન અર્થાત્ ભણવા ભણાવવાથી કે બુદ્ધિ કે બહું સાંભળવાથી મળે જોવો નથી. જેને નિમિત્તે એ આત્મા પ્રાપ્ત કરે છે તેને તે મળે છે, અર્થાત્ પ્રભુની કૃપા હોય તેનો આગળ તે પોતાનું નિજસ્વરૂપ પ્રકટી દે છે.
મુંડકોપનિષદ

૮. ન. વખાણ.

૯. ન. વેદાંગ.

૧૦. [સં. પ્ર + વચ્ (બોલવું કરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આખ્યાન; ભાષણ; વિવેચન; ગ્રંથાદિ વાંચી તેને આગળ પાછળના વિષયો સાથે વિસ્તારીને સ્પષ્ટ કરીને કહેવી તે; વેદાદિ શાસ્ત્ર સારી રીતે વાંચવું, જોવું કે અર્થાનુસંધાનપૂર્વક કહેવું તે. હરિજન બંધુમાં ગાંધીજી કહે છે કે, મારા પ્રવચનદ્વારા મારી સામે સાક્ષાત્ હાજર રહેતા શ્રોતા સમુદાયના હૃદય સુધી પહોંચવાની મારી મુરાદ હોય છે. રેડિયો તો તેથી મારી નજરમાં નોંધું છે. તેનો વિચાર પણ હું એ મુખ્ય આશયને ધ્યાનમાં રાખીને જ કરું છું. વધારે મોટા પ્રવચનોની વાણીઓ ઉતારવાનું સાધન હોય છે કે નથી તે હું જાણતો નથી, પરંતુ એટલું એ વાર્તાઓને હું જાણતો કે કેવળ મારો અવાજ સાંભળવાનો શોખ પૂરો કરવાને ખાતર મને બોલવાની હામ કે આદત નથી.

પ્રવચનકાર ૧. [સં. પ્રવચન (આખ્યાન) + કાર (કરનાર)] પું. આખ્યાતા; પ્રવચનકર્તા; ભાષણકર્તા; પ્રવચન કરનાર માણસ; વિવેચક; આખ્યાન આપનાર માણસ.

૨. વિ. ઉપદેશ આપનાર.

પ્રવચનદેવી [સં.] સ્ત્રી. (જૈન) સરસ્વતીદેવી; શ્રુતદેવી.

પ્રવચનન્યાય [સં.] પું. સામા માણસની અજ્ઞાનતાનો લાભ લઈ પોતાનું કહેવું સાબિત કરવાની એક રીત.

પ્રવચનપટુ [સં.] વિ. ભાષણ કરવામાં અથવા શીખવામાં ચતુર.

પ્રવચનપાઠ પું. આખ્યાનસાર; ચોપડો.

પ્રવચનપીઠ સ્ત્રી. આખ્યાન કરવાનું સ્થાન.

પ્રવચનમાતા સ્ત્રી. (જૈન) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. તે આઠને જૈન સિદ્ધાંતમાં પ્રવચન માતા કહેલ છે. જેમ માતા બાળકનું રક્ષણ કરે, તેમ આ આઠ ગુણ ચારિત્રની રક્ષા કરે છે.

પ્રવચનવત્સલ જુઓ પ્રવચનવાત્સલ્ય.

પ્રવચનવાત્સલ્ય ૧. [સં.] ન. (જૈન) ધર્મ અને ધર્માત્મામાં અથવા દેવ, શાસ્ત્ર અને ગુરુમાં સાચી મહોબ્બત અને ભક્તિ કરવાં તે; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર સંઘનું વાત્સલ્ય કરવું તે.

૨. ન. (જૈન) સાધર્મિક ઉપર નિષ્કામ સ્નેહ રાખવો તે.

વાછરડા ઉપર ગાય રાખે છે તેમ સાધર્મિક ઉપર નિષ્કામ સ્નેહ રાખવો તે પ્રવચનવાત્સલ્ય.
તત્ત્વાર્થસૂત્ર

પ્રવચનવિદ્યા [સં.] સ્ત્રી. સુભાષિત ભાષણ કરવાની વિદ્યા.

પ્રવચનશૈલી [સં.] સ્ત્રી. આખ્યાન કરવાની ઢબ.

પ્રવચનસાર ૧. [સં.] પું. સિદ્ધાંતનો સાર; આગમરહસ્ય; સિદ્ધાંતનાં વચન.

૨. ન. (જૈન) એ નામનો એક જૈન ગ્રંથ.

પ્રવચના [સં.] સ્ત્રી. કથા.

પ્રવચનીય [સં.] વિ. અર્થાનુસંધાનપૂર્વક કહેવા યોગ્ય; સમજાવીને કહેવા જેવું.

પ્રવટ ૧. [સં.] પું. પટ; ગોધૂમ.

૨. પું. જવ.

પ્રવણ ૧ પું. આહુતિ.

૨. [સં.] પું. ઉદર; પેટ.

૩. પું. કાષ્ઠ.

૪. પું. ચોડું; ચોક.

૫. પું. નીચાણવાળું સ્થાન; ઢાળ; ઉતાર.

૬. પું. પહાડનો કિનારો.

૭. વિ. અનુકૂળ.

૮. વિ. અભિમુખ; ઉન્મુખ.

૯. વિ. અહંકાર વિનાનું.

૧૦. વિ. આધીન; વશવર્તી.

૧૧. વિ. આસક્ત; સ્નિગ્ધ; સ્નેહાળ; રત.

૧૨. વિ. ઉદાર; સખાવતી.

૧૩. વિ. કમજોર; નિર્બળ.

૧૪. વિ. ક્ષીણ.

૧૫. વિ. ઢાળવાળું.

૧૬. વિ. તૈયાર.

૧૭. વિ. નમેલું; ઢળતું.

૧૮. વિ. નમ્ર; વિનીત.

૧૯. વિ. નિપુણ.

૨૦. વિ. નિષ્કપટી.

૨૧. વિ. પ્રમુખ; વિશેષ.

૨૨. વિ. ખુશ.

૨૩. વિ. ઢાંકું; આવૃત.

૨૪. વિ. દીન.

૨૫. વિ. વળગેલ; ચોંટેલું.

૨૬. વિ. વાંકું.

૨૭. વિ. વેરવાળું.

પ્રવણતા [સં.] સ્ત્રી. પ્રવણ હોવાનો ભાવ.

પ્રવણતામાપક [સં.] ન. નમન કેટલું છે તે માપવાનું યંત્ર; ઢાળમાપક યંત્ર; 'ઇન્ક્લાઇનોમિટર'.

પ્રવણીકૃત [સં.] વિ. ઉન્મુખ અથવા અનુકૂળ કરવામાં આવેલ.

પ્રવતુલા ન. પાણી, દૂધ વગેરેની ઘનતા માપવાનું યંત્ર; 'હાઇડ્રોમિટર'.

પ્રવત્ત વિ. ભરપૂર; પૂરજોસમાં ચાલતું.

પ્રવત્સ્યત્પતિકા [સં.] સ્ત્રી. જેનો પતિ વિદેશ જવાનો હોય તેવી નાયિકા કે સ્ત્રી.

પ્રવત્સ્યત્પતિનાયકા સ્ત્રી. પોતાનો પતિ પરદેશ જવાનો છે એમ ધારી બેઠ પામનારી સ્ત્રી.

પ્રવત્સ્યત્પ્રેયસી જુઓ પ્રવત્સ્યત્પતિકા.

પ્રવત્સ્યદ્ભર્તૃકા જુઓ પ્રવત્સ્યત્પતિકા.

પ્રવત્સ્યપતિકા જુઓ પ્રવત્સ્યત્પતિકા.

પ્રવદતા પું. વાદી; તત્ત્વનિરૂપણને અર્થે વિચાર કરનાર માણસ.

પ્રવદન [સં.] ન. બોલવું.

પ્રવદવું [સં. પ્રવદ] સ. ક્રિ. વદવું; બોલવું.

પ્રવય [સં. પ્ર (વિશેષ) + વયસ્ (ઉમર)] વિ. વૃદ્ધ.

પ્રવર ૧. [સં.] પું. આચ્છાદન વસ્ત્ર; ઓઢાડ.

૨. પું. આગળીનો વેઢો.

અનંતસત્ત્વ! સાંભળો, થયો કૌટિક શબ્દ રૂપ,
પ્રવર જેટલું સ્વરૂપ જોઈ, ઠરખ્યો મનમાં ભૂપ.
ભાલણ

૩. પું. (પુરાણ) એ નામે એક મુનિ.

૪. પું. ગોત્રની અંદર મુખ્ય મુખ્ય પ્રવર્તક ઋષિ.

જેમદગ્નિ, જમદગ્નિ ગોત્રના પ્રવર્તક જમદગ્નિ, ઔર્વ અને વસિષ્ઠ; ગર્ગ ગોત્રના ગાર્ગ્ય, કૌરુક્ષ અને માઠર્ય.

૫. [સં. પ્ર (વિશેષ) + વર (વરદાન)] પું. વર.

૬. પું. સંતતિ; સંતાન.

૭. સ્ત્રી. જનોઈની ચાલુ સાલમાં પહેરેલો આંટો.

૮. ન. અગરચંદન; અગરુ.

૯. ન. ગોત્ર અથવા કુટુંબની આંતરિક શાખા પ્રશાખા. ગૌતમ ગોત્રનાં ગૌતમ, ઔતથ્ય અને આંગિરસ ત્રણ પ્રવર છે. ભારદ્વાજ ગોત્રનાં ભારદ્વાજ, બૃહસ્પતિ ને આંગિરસ એ ત્રણ પ્રવર છે. ગોત્ર ઉપનિષદકાળ જેટલાં જૂનાં છે અને પ્રવર ત્યાર પછી દાખલ થયાં છે. ઉપનિષદમાં શિષ્ય અને ગુરુનાં નામ ઉપરાંત ગોત્રનાં નામ, જેવા કે ગૌતમ, વૈયાઘ્રપદ્ય વગેરે જોવામાં આવે છે. પ્રવરનો સંબંધ યજ્ઞ સાથે છે. યજ્ઞમાં યજમાનનું જે ગોત્ર હોય તે જ ગોત્રના ઋત્વિજ વગેરે પસંદ કરવામાં આવતા, જેથી યજ્ઞની વિધિ એકસરખી રહે. આ પસંદ કરવાની ક્રિયાને પ્રવરણ કહેવામાં આવતી અને તેમાંથી પ્રવર શબ્દ જન્મ્યો છે. પ્રવર ઋષિ હમેશા વૈદિક ઋષિ એટલે કોઈ પણ વેદનો ઋષિ હોવો જોઈએ. ગોત્ર ઋષિ હમેશા વૈદિક હોતો નથી. આથી પ્રવર ઋષિ કુલ ૪૯ છે, ત્યારે ગોત્ર ઋષિ અસંખ્ય છે. વળી સામાન્ય રીતે પ્રવરમાં ત્રણ કે પાંચ ઋષિઓ હોય છે, ચાર કોઈ દિવસ હોતા નથી. યજ્ઞ કરતી વખતે યજમાન અને ઋત્વિજ કયા કયા ગોત્ર ને પ્રવરના છે તે બોલવાનું. આથી પોતે કયા ઋષિના વંશમાંથી ઊતરી આવેલા છે તે જાણી શકાય. જુદા જુદા વેદ માટે ગોત્ર જુદાં જુદાં નથી. ઋગ્વેદી, યજુર્વેદી વગેરે બધા બ્રાહ્મણોનું પ્રવર સામાન્ય હોય છે. બ્રાહ્મણ અને ક્ષત્રિયો વચ્ચાતમાં સામાન્ય ઋષિઓમાંથી અવતરેલા હોવાથી બ્રાહ્મણ અને ક્ષત્રિયોનું પ્રવર પણ સામાન્ય હોય છે. બાકીના ક્ષત્રિયોનું પ્રવર તેના પુરોહિતના પ્રવર પ્રમાણે માનવામાં આવે છે. શરૂઆતમાં પ્રવર યજ્ઞ કરનાર ઋત્વિજોની પસંદગી કરવા માટે જોવામાં આવતું પણ પાછળથી તે લગ્નની બાબતમાં જોવામાં આવ્યું અને એક જ ગોત્ર કે પ્રવરમાં લગ્ન નિષેધ મનાવા લાગ્યાં.

૧૦. ન. ગોત્રમાં થયેલ શ્રેષ્ઠ પુરુષ.

૧૧. વિ. આગેવાન; મુખી.

૧૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; મુખ્ય.

પ્રવરગિરિ [સં.] પું. મરાઠ દેશના એક પર્વતનું પ્રાચીન નામ.

પ્રવરજનિ સ્ત્રી. પ્રાણી કે વનસ્પતિ જીવનનો ક્રમિક વિકાસ; 'ફાયલોજેનિ.'

પ્રવરણ ૧. [સં.] પું. દેવતાઓનું આવાહન.

૨ પું. (જોષ) વર્ષા ઋતુના અંતમાં આવતો એ નામનો એક ઉત્સવ.

૩. ન. યજ્ઞ માટે ઋત્વિજ વગેરેને પસંદ કરવાનો વિધિ.

પ્રવરનલલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેને પ્રવરલલિત છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, નગણ, સગણ, રગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

પ્રવરલલિત જુઓ પ્રવરનલલિતા.

પ્રવરલલિતા જુઓ પ્રવરનલલિતા.

પ્રવરવાહન [સં.] પું. અશ્વિનીકુમાર.

પ્રવરા ૧. [સં.] સ્ત્રી. અમુક; અમુકનું બાઈનું.

૨. સ્ત્રી. એ નામની એક ઔષધિ.

૩. સ્ત્રી. એ નામની એક નદી. તે ગોદાવરીને મળે છે.

૪. સ્ત્રી. બાજરાનું ઝાડ.

૫. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી. તેનું નામ ખોખરા પણ છે.

૬. સ્ત્રી. (જૈન) વાસુપૂજ્ય પ્રભુની શાસનદેવીનું નામ.

પ્રવરાવસ્થા સ્ત્રી. વૃદ્ધાવસ્થા.

પ્રવરી વિ. સ્ત્રી. શ્રેષ્ઠ; બધી ઉત્તમ.

પ્રવર્ગ ૧. [સં.] પું. એક પ્રકારનો હોમનો અગ્નિ.

૨. પું. વિષ્ણુ.

પ્રવર્ગ્ય ૧. [સં.] પું. એ નામે એક પ્રકારનો યજ્ઞ.

૨ પું. મહાવીર.

૩. ન. જ્યોતિષ્ટોમ વગેરે હોમમાં કરવામાં આવતો પ્રાથમિક વિધિ.

પ્રવર્ગ્યાગ્નિ [સં.] પું. પ્રવર્ગ્ય નામના યજ્ઞ માંહેનો અગ્નિ.

પ્રવર્ગ્યોદ્વાસન [સં.] ન. પ્રવર્ગ્ય યજ્ઞનો ઉદ્વાસન સંસ્કાર.

પ્રવર્જિત [સં.] પું. જેને રાજા તરફથી કરવાકરવાની મનાઈ કરી હોય તેવો પુરુષ.

પ્રવર્જ્યા સ્ત્રી. પ્રવ્રજ્યા; દીક્ષા.

પ્રવર્તી ૧. [સં.] પું. ઉત્તેજના; ઉશ્કેરણી; જોતવું તે.

૨. પું. એ નામે એક જાતનો મેષ.

૩. પું. કાર્યનો આરંભ; આગે જાણવું તે.

૪. પું. ગોળ આકારનું એ નામે એક પ્રાચીન આભૂષણ.

૫. પું. વર્તનઃ વર્તવું તે.

પ્રવર્તક ૧. પું. આચાર્ય.

૨. [સં.] પું. ઉત્તેજન આપનારો માણસ.

૩. પું. (ભ્રમ) એ નામનો અક્ષરવન માંહેનો એક વર્ણોચ્ચારક.

૪. પું. (ન્યાય) કોઈ વિષય ઇષ્ટનું સાધન અને કૃતિથી સાધ્ય થાય એવો છે એવું જ્ઞાન.

૫. પું. (સંગીત) દીર્ઘ સ્વરથી આરંભાય એવો એક રાગ.

૬. પું. નાટકમાં પ્રસ્તાવનાનો એક ભેદ. તેમાં સૂત્રધાર વર્તમાન સમયનું વર્ણન કરે છે અને તેના સંબંધને લીધે પાત્રોનો પ્રવેશ થાય છે.

૭. પું. પંચઃ મધ્યસ્થ પુરુષ.

૮. પું. પ્રચારક.

૯. પું. પ્રવર્તાવનાર માણસ.

૧૦. પું. વાજીકરણના ત્રણ માંહેનો એક પ્રકાર. કોચાનાં બીજ, અડદ વગેરે પ્રવર્તકના ચેટામાં આવે છે. આ દ્રવ્યોના સેવનથી બળ આવે છે, સંકલ્પ દ્વારા ઉત્તેજના થયે છે અને શુક્રનું વિરેચન જલદી થાય છે.

૧૧. પું. સંચાલક; કોઈ કામ ચલાવનાર માણસ.

૧૨. પું. સંસ્થાપક પુરુષ.

૧૩. પું. હેતુ.

૧૪. વિ. અપવાદક; ઉપપાદક; આગળ વાર્તા જનાર.

૧૫. વિ. આરંભ કરનાર.

૧૬. વિ. ઉત્પાદક.

૧૭. વિ. ઉશ્કેરનાર; ઉત્તેજન આપનાર.

૧૮. વિ. ગતિ આપનાર.

૧૯. વિ. ચલાવનાર; ચાલક.

૨૦. વિ. ન્યાય આપનાર; પંચ.

૨૧. વિ. પ્રવૃત્તિજનક.

૨૨. વિ. પ્રેરક; પ્રેરણા કરનાર; પ્રવૃત્ત કરનાર; કામમાં જોડનાર; પ્રવૃત્તિ કરાવનાર; પ્રયોજક; પ્રયોક્તા; પ્રવૃત્તિમાં મૂકનાર; પ્રવૃત્તિ કરાવનાર.

૨૩. વિ. શાસક; સંચાલક.

૨૪. વિ. શુક્રનું વિરેચન કરનાર.

૨૫. વિ. સ્થાપક; વ્યવસ્થાપક; સંસ્થાપક.

પ્રવર્તકાચાર્ય [સં.] પું. ધર્મ, આચાર ઇત્યાદિને લોકોમાં પ્રવર્તાવનાર આચાર્ય.

પ્રવર્તન ૧. [સં.] ન. ઉત્તેજન આપવું તે.

૨. ન. ઉત્પ્રેરણાઃ અનુઘટન ક્રિયા; જેમાં એક વસ્તુ કોઈ પણ રાસાયણિક સંયોગની ગતિ વધારે પરંતુ પોતે પોતાના જ મૂળ સ્વરૂપમાં રહે એવી ક્રિયા.

૩. ન. ચાલચલગતઃ રીતભાત; વર્તન.

૪. ન. ચોકસી.

૫. ન. પોતાનું સ્વરૂપ વિસારી માણસનું બીજા સ્વરૂપમાં પ્રવૃત્ત થવું તે.

૬. ન. પ્રચાર; પ્રસાર; ફેલાવો.
૭. ન. પ્રવૃત્તિ; કામ કરવું તે; વ્યવસાય; વ્યાપાર; ઉદ્યમ; કાર્યસંચાલન.
૮. ન. ફેરફાર.
૯. ન. બરોસો; વકીન.
૧૦. ન. મન ફેરવવું તે.
૧૧. ન. વધારો; અભિવૃદ્ધિ.
૧૨. ન. શરૂઆત; આરંભ; કાર્યની શરૂઆત.
૧૩. ન. સમજૂતી; સમજાવવું તે; વિનવણી; 'પ્રસુંએશન.' પ્રવર્તન અને નિવર્તન વચ્ચેનો ભેદ ઘોર્ડહ વાર અને ખાસ કરીને જનસમૂહના સંચલનમાં એટલો સૂક્ષ્મ હોય છે કે સત્તાગ્રહી પોતા ઉપર પડેલું કષ્ટ સહન કરે તોપણ એની માગણીનો સ્વીકાર કરવા સત્તાધારીના અભિપ્રાય કે નિર્ણયમાં શુદ્ધિપૂર્વક પરિવર્તન થવાથી નથી થતો.
૧૪. ન. સ્થાપવું તે.

પ્રવર્તનબલ [સં.] ન. ઊર્જાળો; ઉત્તાલિકા; ઊર્મિ; પ્રેરણા; આવેગ.

પ્રવર્તનબળ જુઓ પ્રવર્તનબલ.

પ્રવર્તનશક્તિ [સં.] સ્ત્રી. ગતિજન્યબળ.

પ્રવર્તના ૧. [સં.] સ્ત્રી. ભક્તા.
૨. સ્ત્રી. કામમાં જોડવું કે લગાડવું તે.
૩. સ્ત્રી. પ્રવર્તવું તે.
૪. સ્ત્રી. પ્રવૃત્ત થવું તે.
૫. સ્ત્રી. (વેદાંત) પ્રવૃત્તિને અનુકૂળ વ્યાપાર; પ્રેરણા; પ્રવૃત્ત કરવાની ક્રિયા.
૬. સ્ત્રી. સત્કારપૂર્વક અમુક કાર્ય કરવાની વિનંતિ. પ્રવર્તનાના ચાર પ્રકાર છે: ઉત્કૃષ્ટે કરેલી નિકૃષ્ટની પ્રવર્તના આજ્ઞા અથવા પ્રેષણા કહેવાય. નિકૃષ્ટે સત્કારપૂર્વક કરેલી ઉત્કૃષ્ટની પ્રવર્તના તે અધ્યેષણા, યાંચા કે યાચના કહેવાય. સરખે સરખાએ કરેલી પ્રવર્તના તે અનુજ્ઞા કે અનુમતિ કહેવાય.

પ્રવર્તમાન ૧. [સં.] વિ. ઉત્તેજિત; ઉદ્યત.
૨. વિ. ચાલુ; ચાલતું; અમલમાં હોય એવું; ચાલેલું.
૩ વિ. પ્રવર્તતું; ફેલાતું; લોકમાં ફેલાયેલું; ચાલેલું કે પ્રસરેલું.
૪. વિ. પ્રોત્સિત.

પ્રવર્ત રોગ પું. ઘોડાનો એ નામનો એક જાતનો રોગ.

પ્રવર્તવાન વિ. ફેલાયેલું; પ્રસરેલું.

પ્રવર્તવું ૧. અ. ક્રિ. અમલમાં આવવું; વર્તવું; ચાલવું.
૨. અ. ક્રિ. પ્રસરવું; ફેલાવું; લોકમાં ચાલુ થવું.
૩. અ. ક્રિ. મજા રહેવું.
૪. સ. ક્રિ. શરૂ કરવું.

પ્રવર્તાવનાર વિ. ફેલાવનાર.

પ્રવર્તાવવું ૧. સ. ક્રિ. અમલમાં મૂકવું; ગતિમાં મૂકવું; લોકમાં ફેલાવ તેમ કરવું; પ્રસારવું; ચલાવવું.
૨. સ. ક્રિ. જાહેર કરવું; પ્રસિદ્ધ કરવું.
૩. સ. ક્રિ. ફેલાવવું.
૪. સ. ક્રિ. વળાવવું.

પ્રવર્તિત ૧. [સં.] વિ. ઉત્તેજન આપેલ; પ્રેરિત.
૨. વિ. ઉત્પન્ન.
૩. વિ ચલાવેલું.
૪. વિ. ચાલુ; વર્તમાન; જારી.
૫. વિ. પ્રવર્તનક્રિયાથી ઉત્પન્ન થયેલ.
૬. વિ. પ્રવર્તેલ; કામે લાગેલ.
૭. વિ. શરૂ કરેલું; આરબ્ધ.

પ્રવર્તિની ૧. સ્ત્રી. (જૈન) સાધ્વીઓને સંયમમાં પ્રવર્તાવનાર સાધ્વી.
૨. વિ. સ્ત્રી. ધર્મમાં પ્રવર્તાવનારી.

પ્રવર્તી ૧. પું. (જૈન) સાધુઓને સંયમ પ્રવૃત્તિમાં જોડનાર સાધુ.
૨. સ્ત્રી. ધંધો.
૩. સ્ત્રી. ફેલાવવું તે.
૪. [સં. પ્રવર્તિન્] વિ. પ્રવર્તનાર; કામે લાગનાર.

પ્રવર્ત્ત જુઓ પ્રવર્ત.

પ્રવર્ત્તક જુઓ પ્રવર્તક.

પ્રવર્ત્તકાચાર્ય જુઓ પ્રવર્તકાચાર્ય

પ્રવર્ત્તન જુઓ પ્રવર્તન.

પ્રવર્ત્તનબલ જુઓ પ્રવર્તનબલ.

પ્રવર્ત્તનબળ જુઓ પ્રવર્તનબળ.

પ્રવર્ત્તનશક્તિ જુઓ પ્રવર્તનશક્તિ.

પ્રવર્ત્તના જુઓ પ્રવર્તના.

પ્રવર્ત્તમાન જુઓ પ્રવર્તમાન.

પ્રવર્ત્ત રોગ જુઓ પ્રવર્ત રોગ.

પ્રવર્ત્તિત જુઓ પ્રવર્તિત.

પ્રવર્ત્ય વિ. જેનું પ્રવર્તન થાય એવું.

પ્રવર્દ્ધન જુઓ પ્રવર્ધન.

પ્રવર્દ્ધનક જુઓ પ્રવર્ધનક.

પ્રવર્દ્ધનશક્તિ જુઓ પ્રવર્ધનશક્તિ.

પ્રવર્દ્ધમાન જુઓ પ્રવર્ધમાન.

પ્રવર્ધકશીરસા [લિ.] પું. જે વડે ચીજો પોતાના ભરા રૂપથી અનેક ગણી દેખાય તેવો કાચ; વિવર્ધન કાચ; 'મૅગ્નિફાઇંગ ગ્લાસ'.

પ્રવર્ધન ૧. [સં.] ન. અભિવૃદ્ધિ; વધારો.
૨. ન. પ્રક્રિયા.
૩. ન. પ્રજનોત્પાદન.
૪. ન. વધવું તે; મોટા થવું તે; વૃદ્ધિ પામવું તે.
૫. ન. વધારવું તે; વૃદ્ધિ પમાડવું તે.

પ્રવર્ધનક [સં.] ન. અહાર નીકળતું હાડકું.

પ્રવર્ધનશક્તિ [સં.] સ્ત્રી. વિવર્ધનશક્તિ, વધવાની શક્તિ.

પ્રવર્ધમાન ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્રીસું વર્ગનો છે. તેને વર્ધમાન છંદ પણ કહે છે. તેના પહેલા ચરણમાં ભગણ, સગણ, જગણ, ભગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર, બીજા ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષર, ત્રીજા ચરણમાં બે નગણ, સગણ, બે નગણ અને સગણ એમ અઢાર અક્ષર અને ચોથા ચરણમાં ત્રણ નગણ, જગણ અને વગણ એમ પંદર અક્ષર હોય છે.
૨. વિ. વધતું જતું.

> પ્રવર્ધમાન ગાઢ અંધકારનું વર્ણન અભિસારની અનુકૂળતા બતાવવાના હેતુથી છે.
>
> કેશવ હર્ષદ

પ્રવર્ષ [સં.] વિ. અતિવૃષ્ટિ કરનાર.

પ્રવર્ષણ ૧. [સં.] પું. (પુરાણ) એ નામે એક પર્વત. આ પર્વત આનર્ત દેશમાં દ્વારકા પાસે હોવો જોઈએ. જરાસંધના ભયથી કૃષ્ણ અને બલરામ એક વખત એના ઉપર સંતાઈ રહ્યા હતા, એનો નાશ કરવાના પ્રયત્નથી જરાસંધે આ પર્વતને આગ લગાડી હતી. એના ગર્ભ પડ્યા અને જ્વાળા એના ઉપરથી કૂદી પડીને દ્વારકામાં ગયા હતા.
૨. પું. (પુરાણ) વિંધ્યપ્રદેશનો એ નામનો એક પર્વત. તેના ઉપર રામ અને લક્ષ્મણે નિવાસ કર્યો હતો.
૩. ન. વરસાદ; વર્ષા.
૪. ન. પ્રવર્ષવું તે; અતિવૃષ્ટિ.

પ્રવર્ષ દેશ [સં.] પું. નીચાણમાં આવેલો પ્રદેશ.

પ્રવર્ષવું અ. ક્રિ. જોરથી વરસવું.

પ્રવર્હ ૧. [સં.] વિ. પ્રથમ.
૨. વિ. મુખ્ય.
૩. વિ. શ્રેષ્ઠ.
૪ વિ. વહેતું; ઝર્યા જતું.

પ્રવલાકી ૧. [સં.] પું. મોર.
૨. પું. સર્પ.
૩. વિ. રંગબેરંગી વિવિધ ભેખલાવાળું.

પ્રવસથ [સં.] ૧. પું. પ્રવાસ.
૨. પું. પ્રસ્થાન.

પ્રવસન ૧. [સં.] ન. પ્રવાસે જવું તે.
૨. ન. વિદેશમાં જવું કે રહેવું તે; પરદેશ જવું તે.
૩. ન. સારી રીતે વસવું તે.

પ્રવસુ [સં.] પું (પુરાણ) સોમવંશી નરપતિ ગજના ધૂસિલ નામના દીકરાને રચંતરી નામની સ્ત્રીથી થયેલ પાંચ માંહેનો એ નામનો એક દીકરો.

પ્રવસ્ત [સં.] વ. ઓળઘોળ; આદર.

પ્રવહ ૧. પું. અગ્નિની સાત માંહેની એક જ્વાળા.
૨. [સં.] પું. એ નામનો સાત માંહેનો એક વાયુ. તેનાથી જ્યોતિશ્ચક્ર ફરે છે. તે આવહ વાયુની ઉપર અને મેઘ તથા સૂર્યની વચ્ચે રહે છે. નક્ષત્રોની સામેની ગતિથી સૂર્ય જોકે મેરુને ડાબી કોર રાખતો જાય છે, તોપણ પ્રવહ નામના વાયુને લીધે ફરતા જ્યોતિશ્ચક્રની ગતિથી મેરુ પર્વત સૂર્યની જમણી કોર રહે છે.
૩. પું. ખૂબ વહેવું તે.
૪. પું. ઘર, શહેર વગેરેની બહાર જવું તે.
૫. પું. નાળા વારે પાણી જાય તેવો કૂંડ.
૬ વિ. ઢસડનાર; ઘૂસનાર.
૭. વિ. વહેનાર.

પ્રવહણ ૧. [સં.] પું (પુરાણ) ઉત્તમ મન્વંતરમાના સાત માંહેનો એક ઋષિ.
૨. ન. કન્યાનો વિવાહ કરવો તે.
૩. ન. ગાડી વગેરે વાહન.
૪. ન. પાલખી; આસપાસ વસ્ત્રથી ઢાંકેલું કોને બેસવાનું વાહન; સ્ત્રીઓનો માથે પડદાવાળો રથ; મનુષ્યથી ઉપાડવા લાયક વાહન; ડોળી.
૫. ન. પોષકમાર્ગનલિકા; 'ઍનેલ.'
૬. ન. માર્ગ; પથ.
૭. ન. બર્ફ જવું તે.
૮. ન. વહાણ; જહાજ; નાવ.
૯. ન. સિમરામ જેવી ધોડાગાડી.
૧૦. ન. હવા અથવા પાણી મારફતે ગરમી લાર્ફ જવી તે.

પ્રવહન ૧. [સં.] ન. વહેવું તે.
૨. ન. વિકાર; વિકૃતિ.

પ્રવહનશીલ વિ. વહેવાના સ્વભાવવાળું.

પ્રવહ્લિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જુહતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ, જગણ મળી નવ વર્ણ હોય છે.
ગો જ ર થકી પ્રવહ્લિકા. રણપિંગળ
૨ સ્ત્રી. એક પ્રકારની કથા.

પ્રવંચક [સં.] પું. ઠગાઈ કરનાર; પ્રતારક; ઠગારો; ધૂર્ત; મોટો ઠગ.

પ્રવંચન જુઓ પ્રવંચના.

પ્રવંચના [સં.] સ્ત્રી. ઠગાઈ; લુચ્ચાઈ; ઠગ; કપટ; છેતરપિંડી.

પ્રવંચિત [સં.] વિ. ઠગાયેલું; છેતરાયેલ.

પ્રવા [સં.] પું. અનાજ.

પ્રવાક ૧. પું. બોલ્યા કરનાર માણસ.
૨. [સં. પ્રવાચ્] વિ. બહુ બોલનાર.
૩. વિ. યુક્તિમાં હોશિયાર.
૪. વિ. શેખી કરનાર.

પ્રવાચક ૧. [સં.] પું. કામનું વ્યાખ્યાન કરનાર; અધ્યાપક.
૨. પું. સારો વક્તા.
૩. વિ. યુક્તિવાળું વાક્ય બોલનાર.

પ્રવાચન [સં.] ન. સારી રીતે કહેવું તે; યુક્તિયુક્ત બોલવું તે.

પ્રવાચના [સં.] સ્ત્રી. પઠન; અધ્યયન.

પ્રવાચ્ય ૧. [સં.] વિ. નિંદવા યોગ્ય; નિંદનીય.
૨. વિ. સારી રીતે કહેવા યોગ્ય.

પ્રવાજ ૧. પું. બહુ નીચી જમીન.
૨. પું. સંન્યાસ.

પ્રવાજિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને પ્રમાણિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

પ્રવાણી [સં] સ્ત્રી. વણકરનું વણવાનું એક સાધન; સૂતર વીંટવાની ભોઈ.

પ્રવાત ૧. [સં.] પું. ઉત્તમ પવન.
૨. પું. મધ્યો પવન; તીક્ષ્ણ પવન; પવનનો ઝપાટો.
૩. પું. ઢાળ; ઉતાર.
૪. પું. રહ્યો વા જ્યાં હોય છે એવો દેશ; ખૂબ પવનવાળું સ્થાન.
૫. વિ. ઉત્તમ પવનવાળું.
૬. વિ. મધ્યા પવનવાળું.
૭. વિ. પવન રહિત.
૮. વિ. હવાથી ભોલતું.

પ્રવાતસાર [સં.] પું. ગુહ્ય.

પ્રવાતા ૧. [સં. પ્રવાત] પું. આપ્ત.
૨. વિ. શ્રેષ્ઠ મતિવાળું.
૩. વિ. સારી રીતે જાનાર.

પ્રવાદ ૧. [સં.] પું. કહેણી; કહેવત.
૨. પું. ખોટી અદનામી; અપવાદ.
૩. પું. ગપ્પ; મિથ.
૪. પું. જનશ્રુતિ; પ્રસિદ્ધ લોકવાદ.
૫. પું. પરંપરાગત વાક્ય; પરંપરાથી આવેલું વાક્ય.
૬. પું. ગુરુમંત્ર.
૭. પું. મત; દર્શન.
૮. પું. મોટો વાદ; પરસ્પર કથા કહેવી તે; પરસ્પર કહેવું તે; વાતચીત.
૯. પું. લોકોમાં ચાલેલી વાત.
૧૦. [સં. પ્ર + વદ (બોલવું)] પું. વાદવિવાદ.
૧૧. પું. વાલ વગાડવું તે; બજાવણી.

પ્રવાદપદા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ, ભગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.
સ જ ભા ગ છે પ્રવાદપદા. રણપિંગળ

પ્રવાદિત [સં.] વિ. વગાડેલું; બજાવેલું.

પ્રવાદી ૧. [સં. પ્રવાદિન્] વિ. પરસ્પર કથા કહેનાર.
૨. વિ. બોલનાર.
૩. વિ. મોટો વાદ કરનાર; વાદવિવાદ કરનાર.
૪. વિ. લોકવાદ કહેનાર.

પ્રવાદુક ૧ પું. પરધર્મી.
૨. પું. પ્રતિવાદી.

પ્રવાન [સં.] ન. ભાભાનવિ ગોત્રનું એ નામનું એક પ્રવર.

પ્રવાયન ન. એ નામનું એક ગોત્ર.

પ્રવાર ૧. [સં.] પું. ઓઢાડ; આચ્છાદન વસ્ત્ર.
૨. પું. ચાદર; દુપટ્ટો; ઉત્તરીય વસ્ત્ર.
૩. પું. પ્રવર.

પ્રવારણ ૧. પું. વર્ષા ઋતુ વીતતાં થતો બોહોનો એક ઉત્સવ.
૨. [સં.] ન. કામચલાઉ; ફળની અપેક્ષા.એ આપેલું દાન; ઉત્તમ વસ્તુનું દાન; બહાદાન.
૩. ન. ચાકવા જેવું
૪. ન. વારવું તે; અટકાવવું તે; નિષેધ.

પ્રવારણા સ્ત્રી. પરિક્રમા; પ્રદક્ષિણા.
બોમાસા પછી ભિક્ષુણીએ બને સંઘોની (ભિક્ષુ તેમ જ ભિક્ષુણી સંઘ) પ્રવારણા કરવી જોઈએ. પુરાતત્ત્વ

પ્રવારન પું. મના કરવી તે.

પ્રવાલ ૧. [સં.] પું. નવો અંકુર; કૂંપળ; પાંદડાની ટીશી; કોમળ પાંદડું.
૨. પું. પુત્ર.
૩. પું. વાંસનો ઢાંકો.
૪. ન. એક જાતનાં જંતુ. તેઓ ઝાડ વેલાની પેઠે સ્થિતિ, ગતિ વિનાનાં હોય છે.
૫. ન. એક જાતનું રત્ન; પરવાળું. પ્રવાલ બે જાતનાં થાય છે. એક શુદ્ધ ઝોળાકાર, જેના માળા વગેરે દાગીના કરવામાં આવે છે. બીજી જાતના પ્રવાલની ડાંડલી રાતા રંગની તથા ગંઠડીના કટકા જેવી બેલાકિનારીવાળી હોય છે. પ્રવાલને નિકૃષ્ણાના ક્વાથમાં સારી પેઠે ઉકાળવાથી શુદ્ધ થાય છે. શુદ્ધ પ્રવાલને અને તેની ડાંડલીને ગોમૂત્રની અંદર ખરલ કરી ગજપુટ દેવાથી

તેની ભસ્મ થાય છે. પ્રવાલમાંથી વસંતકુસુમાકર અને પ્રવાલ ભસ્મ બને છે. તે પૌષ્ટિક, રોચક, અને વૃષ્ય મનાય છે. પ્રવાલનો મુખ્ય ગોતીને મળતો છે જૂનું મૂત્રરોગ ઉપર અને ઝાડાના દરદની અંદર તેનો મુખ્ય ઉપયોગ થાય છે. સુખ અને જૂનું સસણીમાં તે ફાયદો કરે છે. તેથી શરીરમાં પુષ્ટિ વધે છે, કૌવત આવે છે અને શરીરની કમકોવતી દૂર થાય છે. પ્રવાલભસ્મની માત્રા બેક વાલ છે.

૬. ન. વિદ્રુમ; એક જાતનું ઝાડ.

૭. ન. સમુદ્રમાં એક જાતનાં જીવડાંઓ બનાવેલું ઘર.

૮. વિ. નીચાણવાળું.

પ્રવાલક [સં.] પું. (પુરાણ) એ નામનો એક પક્ષ.

પ્રવાલદ્વીપ [સં.] પું. પરવાળાનો બેટ; પ્રવાળદ્વીપ.

પ્રવાલપંચામૃત [સં.] ન. (વૈદ્યક) એક પ્રકારની ભસ્મ. પરવાળાં, મોતી, શંખ, છીપ અને કોડી સરખે ભાગે લઈ, તેનું ચૂર્ણ કરી, તેમાં આકડાનું દૂધ નાખી, માટલામાં રાખી, માટલું બંધ કરી તેને સાધારણ પુટ આપવાથી આ ભસ્મ થાય છે તાવ, ભરોળ, ઊધરસ, શ્વાસ, વાતરોગ, અજીર્ણ, ઝાડો, પ્રમેહ, મૂત્રરોગ અને પથરી ઉપર તે અપાય છે.

પ્રવાલફેલ ન. રતાંજળી. તેનાં ફળ પ્રવાલ જેવાં રાતાં થાય છે, માટે તેને પ્રવાલફલ કહે છે.

પ્રવાલફળ જુઓ પ્રવાલફલ.

પ્રવાલભસ્મ [સં.] ન. (વૈદ્યક) પ્રવાલ વગેરેથી બનતી એ નામની ભસ્મ. પ્રવાલને ત્રિફળાના ક્વાથમાં સારી પેઠે ઉકાળવાથી શુદ્ધ થાય છે. શુદ્ધ પ્રવાલને ગોમૂત્રની અંદર ભરમ કરી બજપુટ દેવાથી તેની ભસ્મ બને છે. અજીર્ણ, મંદાગ્નિ, ગુલ્મ, આંસી તથા જાતીની નબળાઈ ઉપર તે વપરાય છે. મધ, ઘી કે દૂધ સાથે તે સવારસાંજ બેથી ત્રણ રતી લેવાય છે.

પ્રવાલવાલુકા [સં.] સ્ત્રી. પરવાળાંની રેતી.

પ્રવાલાંતિક પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ તે અસંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા ચરણમાં નગણ, ત્રણ તગણ અને ગુરુ મળી તેર અક્ષર, બીજા ચરણમાં ભગણ, જગણ, બે તગણ અને ગુરુ મળી તેર અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, ત્રણ તગણ અને ગુરુ મળી તેર અક્ષર અને ચોથા ચરણમાં ચાર તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

પ્રવાલી ૧. સ્ત્રિ. ગુલતની કેસનું.

૨. સ્ત્રિ. પ્રવાલ જેવું.

૩. વિ. પ્રવાલનું.

પ્રવાસ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો અઠ્ઠાવીસ નક્ષત્રોનો એક યોગ. તેનાથી કાર્તિ પ્રાપ્ત થવાનું મનાય છે.

૨. પું. પરદેશ વગેરે વિશે જવું તે; ઘરથી દૂર રહેવું તે.

૩. પું. પંથ કરવો તે; અધ્વન્; અમન્; સહેલગાહ; પ્રવાસ કરવો તે; દેશાટન; સફર. પ્રવાસ એ રાજાનું ખાસ અંગ ગણાય છે. ચર્ચિત, ધર્મેતિહાસ, વનસ્પતિશાસ્ત્ર, વેપાર વગેરે વિષયોના શિક્ષણમાં પ્રવાસ ખૂબ જ મદદગાર થઈ પડે છે. આવા પ્રવાસોને કારણે શિક્ષણ વાસ્તવદર્શી થાય છે અને જોખમદારી ઓછી થાય છે. જે પ્રજો શીખવવાના કે જાણવાના છે તેનો પ્રવાસથી સીધો પરિચય થાય છે. હરિજનબંધુમાં ઉલ્લેખ કર્યો છે કે: પ્રવાસ તો સાચો પત્રનો જ છે. ગામમાં જેવી મુસાફરી કરવી એ ઘડામાં વલોવવા જેવું છે. તેમાં જેમવાનો હક્ક તો માખણ લઈ ગયેલા કોયળાઓનો છે. જે પત્રવાળાને માતુશ્રાદ્ધ ખેંચી જાય એ ન છોડે. જૂના વખતમાં છપતા ચાર માણસોથી ઊંચકાઈને લોકો મુસાફરી કરતા, એ કોના જેવું છે એ કહેવાની જરૂર નથી. મોટરની મુસાફરી ખરેખર ઘડાના કૂતરા જેવી છે અને રેલવેમાં જવું એ તો જરા પણ રુચિકર નથી. વખત બચાવવા બેસવું પડે છે પણ તે પારસલના જેવું લાગે છે. વિમાનની મુસાફરી વિષે શ્રી કુમારપ્પા કહે છે કે: બે ત્રણ વાર પ્રવાસ કરીએ એટલે આપણને નવાપણાનો રસ રહે છે, પણ પછી કંટાળો આવવા લાગે છે. પગપાળા મુસાફરીનો આનંદ અનેરો છે. તેમાં ચાલતાં ચાલતાં રસ્તાનાં ઝાડ સાથે નિરાંતે દોસ્તી કરી શકીએ છીએ; તેમને પૂછી શકીએ છીએ કે, તમારાં ફૂલ લઈ? એમ ઝાડો અને ફૂલો સાથે વાતો કરતા ચાલ્યા જઈએ તેના જેવી બીજી મજા કઈ? આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: એક એક તીર્થક્ષેત્ર પ્રિય પ્રભુનું પુનિત નિવાસસ્થાન છે, એક એક પ્રાસંગિક મેળા વગેરેનું તીર્થસ્થાન મનુષ્યના વિરાટ સ્વરૂપની મૂર્તિ છે; જૂનો સંસ્મરણીય પથ્થર, ઝાડ, બીજ, નદ, નદી, કુંડ કે સરોવર સર્વ આપણા ચિરસ્મરણીય જૂના જ્વલંત ધર્મેતિહાસના કીર્તિસ્તંભો છે; એ પણ પ્રવાસથી જ જણાય છે. ચિદ પુરુષાર્થનું, પ્રેમનું, શૌર્યનું, પ્રેમશૌર્યનું, રસિકતાનું, કલાનું, સ્થાપત્યનું, જ્ઞાનનું, સાહિત્યસંસ્કૃતિનું જ્યોતિર્મંડળ હતું અને થઈ શકે એમ છે, એ પ્રમાણ વિના કોણ જાણી શકે? અનુભવી શકે?

૪. પું. માર્ગ; રસ્તો.

૫. પું. રાહદારી.

૬. પું. વિદેશ.

પ્રવાસ અવસ્થા સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર જાતની એક અવસ્થા.

પ્રવાસકથા [સં.] સ્ત્રી. પ્રવાસવર્ણન.

પ્રવાસક્ષેત્ર [સં.] ન. ફરવાનું ક્ષેત્ર; ફરવાની હદ.

પ્રવાસજન્ય [સં.] વિ. પ્રવાસથી ઉત્પન્ન થયેલું.

પ્રવાસન ૧. [સં.] ન. દેશનિકાલ કરવું તે; શહેરમાંથી હાંકી કાઢવું તે.

૨. ન. પરદેશમાં વાસ કરવો તે; વિદેશમાં રહેવું તે.

૩. ન. વધ; મારી નાખવું તે; નાશ.

પ્રવાસપત્ર [સં.] પું. મુસાફરીનો કાગળ.

પ્રવાસપત્રી સ્ત્રી. પ્રવાસના વર્ણનની પત્રિકા.

પ્રવાસપ્રિય [સં.] વિ. જેને મુસાફરી પ્રિય હોય એવું.

પ્રવાસમંડલ [સં.] ન. પ્રવાસે નીકળેલો સંઘ; મુસાફરીમાં નીકળેલું મંડળ.

પ્રવાસમંડળ જુઓ પ્રવાસમંડલ.

પ્રવાસયાત્રા [સં.] સ્ત્રી. પરદેશમાં ફરવાની ક્રિયા.

પ્રવાસવર્ણન [સં.] ન. મુસાફરીનો હેવાલ; પ્રવાસકથા.

પ્રવાસવિપ્રલંભ [સં.] પું. પ્રવાસમાં જવાથી થતો વિયોગ.

પ્રવાસવૃત્ત [સં.] પું. મુસાફરીનું વૃત્તાંત.

પ્રવાસાસેધ [સં.] પું. હરકોઈ જગ્યાએથી બહાર જવાની મનાઈ; આસેધના બાર મહિનો એક પ્રકાર.

પ્રવાસિત ૧. [સં.] વિ. દેશનિકાલ કરેલ; શહેરમાંથી બહાર કાઢેલ; પરદેશ વસાવેલ.

૨. વિ. પરદેશ ગયેલું

૩. વિ. પ્રવાસ કરાવેલું.

૪. વિ. મારી નાખેલું; હણેલ.

પ્રવાસિની [સં.] વિ. સ્ત્રી. પરદેશ ગયેલી; પ્રવાસે નીકળેલી.

પ્રવાસી ૧. પું. એક જાતનું ઊભડા પ્રાણી. જૂની અને નવી બંને દુનિયામાં તે વસે છે.

૨ પું. જેલખાનાં રહેનાર માણસ.

૩ [સં. પ્રવાસિન્] પું. મુસાફર; પાન્થ; વટેમાર્ગુ.

૪. વિ. બીજા વાસમાં રહેલું; પરદેશમાં વસનાર.

પ્રવાસીગૃહ [સં. પ્રવાસિન્ (મુસાફર) + ગૃહ (ઘર)] ન. ધર્મશાળા; મુસાફરખાનું.

પ્રવાસ્ય ૧. [સં.] વિ. રેચનિકાલ કરવા લાયક.
૨. વિ. પરદેશ વસાવવા યોગ્ય.
૩. વિ. શહેરની બહાર મોકલવા લાયક.

પ્રવાહ ૧. [સં.] પું. ઉત્તમ ઘોડો.
૨ પું. કામનું જારી રહેવું તે.
૩. પું. કાલ દેશ વડે વિચ્છેદનો અભાવ.
૪. પું. ક્રમ; ચાલતો ક્રમ.
૫. પું. ગતિ.
૬. પું. ગામનાં ઢોરાં, સાધુ, ફકીર વગેરે શેરડીને અખાડે આવે ત્યારે તેને શેરડીના સાંઠા આપવાની ક્રિયા; વાઢ કરતો હોય ત્યારે શેરડીનું અપાતું દાન.
૭. પું. ઝરો; પાણી વગેરેનો પ્રવાહ; જલસ્રોત; વહેતું પાણી.
ગંગાનો પ્રવાહ = પવિત્રતાનો સમૂહ.
૮. પું. પવન, પાણી, વાણી વગેરેનું વહેવું તે; વહેણ; રેલો; ઝળહો; ધારા.
૯ પું. (જ્યોતિષ) પૃથ્વીને વીંટળાયેલ હવાના સાત માંહેનું બીજું પડ.
૧૦. પું પ્રવૃત્તિ.
૧૧. પું. બાણ, સૈન્ય વગેરેનો વજ્ર આંચકે ધસારો.
૧૨. પું માર્ગ; પથ
૧૩ પું. વલ્લભાચાર્યના સંપ્રદાયનો એક માર્ગ.
૧૪. પું વ્યવહાર; ચાલતું કામ.
૧૫ પું. સંતતિ; પરંપરા.
૧૬ પું સાદું વાહન.
૧૭. પું. સાંસારિક ક્રમકાજ અને વ્યવહારનો નિરંતર ચાલુ ક્રમ; હમેશ ચાલતો વહેવાર.
૧૮. પું. હરકોઈ વિષયમાં મનની મમતા કે આસક્તિ.

પ્રવાહક ૧ [સં.] પું. દૂત; ખેપિયો.
૨. પું. રાક્ષસ.
૩. વિ. અત્યંત વહેનાર; સારી રીતે વહેનાર.
૪. વિ. ગરમી કે વીજળી જેમાંથી પસાર થઈ શકે એવું

પ્રવાહક ગુણ [સં.] પું. ગરમી કે વીજળી પસાર કરી શકવાનો ગુણ.

પ્રવાહણ ૧. [સં.] પું. (પુરાણ) એ નામે એક ઋષિ.
૨. ન. ગુદામાં થતો એ નામનો એક રોગ.
૩. ન. વહેવડાવવું તે.
૪ વિ. વહેવડાવનાર.

પ્રવાહણજૈબલિ પું. એ નામનો પંચાલ દેશનો એક પ્રાચીન રાજા.

પ્રવાહનિરોધ [સં.] પું. કોઈ પાત્ર કે નળીમાં રહેલા પદાર્થને એક તરફ વહેવા દેનાર પણ બીજી તરફ જતાં અટકાવનાર પડદો.

પ્રવાહપતિત ૧. [સં.] વિ. આણ વહેણમાં પડેલું; પ્રવાહમાં પડેલું.
૨. વિ. જેની આણ પરંપરા તૂટી હોય એવું.

પ્રવાહપુષ્ટિભક્તિ [સં.] સ્ત્રી. વલ્લભાચાર્યના મત પ્રમાણે શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો એક માર્ગ. આમાં સંસારી માણસો પણ સહકર્મો કરી ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

પ્રવાહબદ્ધ [સં.] વિ. પ્રવાહયુક્ત; પ્રવાહ તૂટ્યા વગરનું.

પ્રવાહભંગ [સં.] ન. પ્રવાહ તૂટી જવો તે.

પ્રવાહમાપક [સં.] વિ. પ્રવાહનું પ્રમાણ જણાવનાર.

પ્રવાહરોધક [સં. પ્રવાહ (રેલો) + રોધક (અટકાવનાર)] વિ. વિદ્યુત નિયામક.

પ્રવાહહીન [સં.] વિ. પ્રવાહ વિનાનું.

પ્રવાહિક [સં.] પું. રાક્ષસ.

પ્રવાહિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, ત્રણ તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.
પ્રવાહિકા ચાર જ ત્રણ ત્રણ ત્રણ ગા થઈ.
રણછોડ પિંગળ
૨. [સં.] પું. (વૈદક) સંગ્રહણીનો રોગ; અતિસાર અથવા સંગ્રહણી રોગનો એક ભેદ.
૩. વિ. સ્ત્રી. વહાવનારી.

પ્રવાહિણી ૧. [સં.] સ્ત્રી. પ્રવાહવાળો પ્રદેશ.
૨. સ્ત્રી. ભંડાર અથવા મુદ્રા આદિની પહેલી નાળી. તે મણને નીચે ખસેડે છે.

પ્રવાહિત [સં.] વિ. વહેતા પ્રવાહરૂપ; ગતિમાન.

પ્રવાહિતા ૧. [સં.] સ્ત્રી. અર્થાનુસારી વલણ
૨. સ્ત્રી. પ્રવાહી હોવાનો ગુણ; દ્રવતા.

પ્રવાહિની [સં.] સ્ત્રી. નદી.

પ્રવાહી ૧. સ્ત્રી. વેળુ; રેતી.
૨. [સં. પ્રવાહિન્] ન. રેલો આવે તેવી વસ્તુ; જેનો પ્રવાહ આવે તેવો પદાર્થ; રસ.
૩. વિ. પ્રવાહે વહે એવું; રેલો આવે તેવું; પ્રવાહવાળું.
૪ વિ. વહેવડાવનાર.

પ્રવાહી તોડક પું (પિંગળ) એ નામનો એક છંદ.

પ્રવાહીપણું ન. પ્રવાહી હોવું તે.

પ્રવાહીપદ્ય ન. પ્રાસ રક્ષિત વૃત્તરચના; પ્રાસયુક્ત પદ્ય; નિરનુપ્રાસ કવિતા; ' બ્લેંક વર્સ'.

પ્રવાહીપ્રત્યાઘાત [સં. પ્રવાહિન્ (પ્રવાહનું) + પ્રતિ (સામું) + આઘાત (ધક્કો)] પું. જળોદરનાં દરદમાં, પેટમાં પાણી હોવાથી પેટની એક બાજુ હાથ મૂકી બીજી બાજુ આંગળીનો ટકોરો મારતાં હાથને અંદરના પાણીનો લાગતો ધક્કો.

પ્રવાહોત્થ [સં. પ્રવાહ (રેલો) + ઉત્ (ઊગવું) + સ્થા (ઊભવું)] વિ. પ્રવાહમાંથી પ્રગટનું; પ્રવાહને લગતું.

પ્રવાહોત્થા [સં.] સ્ત્રી. રેતી.

પ્રવાહ્ય ૧. [સં.] વિ. વહન કરવા લાયક.
૨. વિ. વેદમાં વપરાયેલું રહનું એક વિશેષણ.

પ્રવાળ જુઓ પ્રવાલ.

પ્રવાળદ્વીપ જુઓ પ્રવાલદ્વીપ.

પ્રવાળપંચામૃત જુઓ પ્રવાલપંચામૃત.

પ્રવાળફલક જુઓ પ્રવાલફલક.

પ્રવાળફળ જુઓ પ્રવાલફલ.

પ્રવાળભસ્મ જુઓ પ્રવાલભસ્મ.

પ્રવાળવાલુકા જુઓ પ્રવાલવાલુકા.

પ્રવાળાં ન. બ. વ. પરવાળાં; એક જાતનાં લાલ રંગના રત્ન.

પ્રવાળી ૧. સ્ત્રી. એક જાતની ચોળી.
૨. સ્ત્રી. પરવાળાંની કાંચળી.
૩. સ્ત્રી. પરવાળાંની માળા.
૪. વિ. પરવાળાનું; પ્રવાળનું બનેલું.
૫. વિ. પ્રવાલ જેવું; પરવાળા જેવું.
૬. વિ. પરવાળા રંગનું; રાતું; રતાશ પડતું; ગુલાબી રંગનું.

પ્રવિખ્યાતિ [સં.] સ્ત્રી. પ્રખ્યાતિ; મોટી પ્રસિદ્ધિ; અતિ પ્રસિદ્ધ થવું તે.

પ્રવિચક્ષણ [સં.] વિ. પ્રવીણ; હોશિયાર.

પ્રવિતત ૧. [સં.] વિ. અતિ વિસ્તારેલું.
૨. વિ. બહુ ફેલાવેલું.

પ્રવિદારણ ૧. [સં.] ન. ફાડવું તે; પૂરેપૂરું ચીરવું તે.
૨. ન. યુદ્ધ; લડાઈ.
૩. વિ. ફાડનાર; ચીરનાર.

પ્રવિધ્વસ્ત [સં.] વિ. નષ્ટ થયેલ.

પ્રવિભક્ત ૧. [સં. પ્ર (ઉપ) + વિભક્ત (જુદું કરેલું)] વિ. જુદું થયેલું.
૨. વિ. વહેંચાયેલું; ભાગ પાડેલું.

પ્રવિભક્તિ [સં.] સ્ત્રી. પૃથક્કરણ.

પ્રવિભાગ ૧. [સં.] પું. ભાગ; અંશ; હિસ્સો.
૨. પું. વહેંચણી. જુદું થવું કે કરવું તે.

પ્રવિર [સં.] ન. એ નામે એક જાતનું અંજન; પીત કાજ.

પ્રવિરલ ૧. [સં.] વિ. છૂટુંછવાયું.
૨. વિ. વિરલ.

પ્રવિલ સ્ત્રી. પીડા.

પ્રવિલય [સં.] પું. સંપૂર્ણ રીતે ઓગળી જવું તે.

પ્રવિલીન [સં.] વિ. લીન થયેલું.

પ્રવિલુપ્ત [સં.] વિ. જેનો અત્યંત લોપ થયેલો હોય તેવું.

પ્રવિવર ૧. [સં.] પું. પોલું અંદન.
૨. વિ. બહુ ઝાણવાળું.
૩. વિ. મોટા છિદ્રવાળું.

પ્રવિવાહ [સં.] પું. અત્યંત વાદ; મોટો વિવાદ.

પ્રવિવિક્ત ૧. [સં.] વિ. છૂટા; છૂટુંછવાયું.
૨. વિ. જુદું.

પ્રવિવિક્ષુ [સં.] વિ. પ્રવેશ કરવાની ઇચ્છાવાળું.

પ્રવિશિષ્ટ [સં.] વિ. વિશેષતાવાળું.

પ્રવિશ્લેષ ૧. [સં.] પું. અંતર.
૨. પું. આડબાડી.
૩. પું. વિયોગ.
૪. વિ. વિયોગવાળું; વિયોગી; વિધુર.

પ્રવિષણ્ણ [સં.] વિ. હિંમત રહિત.

પ્રવિષા [સં.] સ્ત્રી. અતિવિષની જાતી.

પ્રવિષ્ટ ૧. [સં. પ્ર + વિશ્ (પેસવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. દાખલ થયેલું; પેઠેલું; ઘૂસેલું.
૨. વિ. ભળી ગયું.
૩. વિ. સમાયેલું; અંતર્ભૂત.

પ્રવિસ્તર ૧. પું. ઘરવખરી; પરિગ્રહ.
૨. પું. વિસ્તાર.

પ્રવિસ્તીર્ણ [સં.] વિ. ફેલાયેલું; વિસ્તાર પામેલું.

પ્રવીચાર પું. (જૈન) સુખોપભોગ.

પ્રવીણ ૧. [સં.] પું. (પુરાણ) ચૌદ મનુનો એ નામનો એક પુત્ર.
૨. વિ. આવડતવાળું; કોઈ કામ બહુ સારી રીતે કરી જાણે એવું; આવિતગાર.
૩. વિ. નિપુણ; કુશળ; હોશિયાર; કામેલ; ચતુર; ડાહ્યું; સુવિજ્ઞાન.

કૃતી કુશળ કોવિદ નિપુણ સુજન પ્રવીણ નિષ્ણાત;
મહ વિદગ્ધ નાગર ચતુર જાણે રસની વાત.
ત્રિભુવનદાસ પોપટ

૪. વિ. વીણનો જાણકાર; સારી રીતે જાનાર, જાણનાર અથવા જોનાર. આ શબ્દનો મૂળ અર્થ વીણા વગાડવામાં પ્રવીણ એવો થાય છે. કમે કમે આ વિશેષ અર્થ જતો રહી કરકોઈ કામમાં કુશળ એવો સામાન્ય અર્થ રહ્યો છે.
૫. વિ. સુંદર.

પ્રવીણતા ૧. [સં.] સ્ત્રી. કુશળતા; કામેલિયત; હોશિયારી; નૈપુણ્ય; ડહાપણ; ચતુરાઈ; વિદગ્ધતા; પ્રવીણપણું.
૨. સ્ત્રી. સારી આવિતી; આવિતગારી.

પ્રવીણત્વ જુઓ પ્રવીણતા.

પ્રવીણપણું જુઓ પ્રવીણતા.

પ્રવીણશોપટ વિ. નિષ્ણાત.

પ્રવીણસાગર પું. રાજકોટના રાજવી કવિ મેરામણજીએ રચેલું ચોરાસી પ્રકરણવાળું એક કાવ્ય. આ લોકપ્રિય કાવ્ય પ્રેમતત્ત્વથી ભરેલું છે, તોપણ અશ્વવિદ્યા, જ્યોતિષવિદ્યા, વૈદકવિદ્યા, ચોરવિદ્યા, સંન્યાસધર્મ વગેરે અલગ અલગ ઉપયોગી બાબતોનો તેમાં સમાવેશ કર્યો છે.

પ્રવીણી સ્ત્રી. સ્ત્રી. ચતુરા; નિપુણ હોય એવી.

શૂર્પનખા વહી સોહણી મૂરખા,
પૂરી વળી પદમાંથી પ્રવીણી. દલપતરામ

પ્રવીન વિ. પ્રવીણ.

પ્રવીર ૧. [સં. પ્ર (વિશેષ) + વીર] પું. (પુરાણ) ઉપદાનવી ઓના પેટે પેદા થયેલો અસુર રાજાનો એ નામનો પુત્ર.
૨. પું. (પુરાણ) નીલધ્વજ રાજાનો એ નામનો પુત્ર. પાંડવ રાજા, મણિધ્વજ અને ચિત્રવાહન એવાં એનાં નામાંતર છે.
૩. પું. પરંપરામાં પેદા થયેલો તે નામનો એક રાજા.
૪. પું. (પુરાણ) પૌરવી નામની સ્ત્રીને પેટે પેદા થયેલો પુરુનો એ નામનો પુત્ર.
૫. પું. (પુરાણ) ભૌત્ય મનુનો એ નામનો એક પુત્ર.
૬. પું. મહાપુરુષ; પદવી અથવા વિદ્યા વગેરેથી ઉત્તમ મનુષ્ય; મહાનુભાવ પુરુષ.
૭. પું. (પુરાણ) માહિષ્મતીના રાજા નીલધ્વજનો જ્વાલાથી ઉત્પન્ન થયેલો પુત્ર. જૈમિનિ ભારતમાં તેની કથા નીચે પ્રમાણે છે: જ્યારે યુધિષ્ઠિરનો અશ્વમેધનો ઘોડો માહિષ્મતીમાં પહોંચ્યો, ત્યારે રાજકુમાર પ્રવીર બધી સ્ત્રીઓ સાથે એક ઉપવનમાં ક્રીડા કરતો હતો. પોતાની માનીતી મદનમંજરીના કહેવાથી રાજકુમારે ઘોડાને પકડી લીધો. આથી ભયંકર યુદ્ધ થયું, જેમાં નીલધ્વજ હારવા લાગ્યો. સૂર્ય નીલધ્વજનો જમાઈ હતો અને તેને ત્યાં રહેતો હતો. સૂર્યના સમજાવવાથી નીલધ્વજે ઘોડો અર્જુનને પાછો આપવા ઇચ્છયું. પણ જ્વાલા તેને ધિક્કારવા લાગી અને યુદ્ધ કરવા તેને પ્રેરણા કરી. યુદ્ધમાં પ્રવીર તથા બધા રાજવંશી સોગો માર્યા ગયા. તે પછી નીલધ્વજે ઘોડો પાછો આપ્યો. આથી જ્વાલા ગુસ્સે થઈ પોતાના ભાઈ પાસે આવી અને તેને અર્જુન સામે યુદ્ધ કરવા પ્રેરવા લાગી. જ્યારે ભાઈએ પણ તેને પોતાને હાથી કાઢી મૂકો, ત્યારે તે નૌકામાં બેસી ગંગા ઓળંગવા લાગી. ગંગાને તેણે બધો જ વિદ્વકાર આપ્યો કે તે તારા સાત પુત્રોને ડુબાડી દીધા અને તારા આઠમા પુત્ર ભીષ્મને અર્જુને શિખંડીને તેની સામે કરી મારી નાખ્યો. આથી ગંગાએ ગુસ્સે થઈ શાપ આપ્યો કે, ૭ માસમાં અર્જુનનું માથું કપાઈને પડી જશે. આ સાંભળીને જ્વાલા પ્રસન્ન થઈ આકાશમાં કૂદી પડી અને અર્જુનના વધની ઇચ્છાથી તીક્ષ્ણ બાણ બની બભ્રુવાહનના તૂણીરમાં જઈ બિરાજી. આ કથા મહાભારતમાં નથી.
૮. પું. શૂરવીર પુરુષ; ભારે લડવૈયો; યોદ્ધો; સુભટ.
૯. પું. સરદાર; અગ્રેસર; નાયક.
૧૦. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના પુત્રના પુત્રના પ્રચિન્વાન રાજાનો એ નામનો પુત્ર. અનસ્યુ રાજા એનો પુત્ર હતો.
૧૧. પું. (પુરાણ) હરિશ્ચંદ્ર રાજાને વેચાતો લેનાર મશીનો એ નામનો ચાંડાલ. એનું વીરબાહુ એવું નામ પ્રસિદ્ધ હતું.
૧૨. પું. (પુરાણ) હર્યશ્વ રાજાનો તે નામનો એક પુત્ર.
૧૩ વિ. નિપુણ; હોશિયાર; કુશળ.
૧૪. વિ. પરાક્રમી; બહાદુર; શૂરવીર.
૧૫. વિ. શ્રેષ્ઠ; ઉત્તમોત્તમ.

પ્રવીરતા ૧. [સં.] સ્ત્રી. ડહાપણ; નિપુણતા.
૨. સ્ત્રી. નેતૃત્વ.
૩. સ્ત્રી. પરાક્રમ.
૪. સ્ત્રી. શૂરવીરપણું; શૌર્ય.
૫. સ્ત્રી. શ્રેષ્ઠતા.

પ્રવીરબાહુ [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.

પ્રવૃત્ત ૧. [સં. પ્ર + વૃત્ત (હોવું)] ન. પ્રવૃત્તિ; પ્રવૃત્તિલક્ષણ ધર્મ.
૨. વિ. ઉત્પન્ન.
૩. વિ. સૃષ્ટિક.
૪. વિ. ચાલુ; ચાલતું; વર્તમાન; વ્યવહાર કે કામમાં ચાલુ થયેલું; આરંભાયેલ.
૫. વિ. તૈયાર; તત્પર.
૬. વિ. દુનિયાદારીનું.
૭. વિ. નક્કી કરેલું.
૮. વિ. પ્રવૃત્તિમાં મચેલું; કામ વગેરેમાં ગૂંથાયેલું કે રોકાયેલું.

પ્રવૃત્તક ૧. [સં.] પું. (સંગીત) અઠ્ઠાવન માંહેનો ત્રેપનમો વર્ણાલંકાર.
૨. પું. (સંગીત) સંચારી માંહેનો એ નામનો એક આરોહી અલંકાર.
૩. પું. (પિંગળ) સાડ માત્રાનો એક વૈતાલીય માત્રામેળ છંદ. તેના પહેલા અને બીજા પાદમા ઉદીચ્ય વૃત્તિ પ્રમાણે માત્રા આવે પણ બીજી અને ત્રીજી માત્રા બેગી આવે. બીજા અને ચોથા પાદમાં પ્રાચ્ય વૃત્તિ પ્રમાણે માત્રા આવે પણ ચોથી અને પાંચમી માત્રા બેગી આવે. બીજા નિયમો વૈતાલીય મુજબ હોય.

સમે બાર પાંચ તો અંતે,
બીજી ત્રીજી તે વિષમે જાણે;
અમા અવર આદીના ખરે,
નિયમ તે જ પ્રવૃત્તકે કરે. રણછોડકવિ

પ્રવૃત્તકર્મ ૧. [સં. પ્રવૃત્ત (આરંભેલું) + કર્મન્ (કામ)] ન. આરંભેલું કામ.
૨. ન. કામ્યકર્મ.
૩. ન. જ્ઞાન રહિત કર્મ.

પ્રવૃત્તકાવરોહ પું. (સંગીત) સંચારી માંહેનો એક અવરોહી અલંકાર.

પ્રવૃત્તચક્ર [સં.] પું. અસ્ખલિત આજ્ઞાવાળો રાજા.

પ્રવૃત્તચક્રતા ૧. [સં.] સ્ત્રી. પ્રવૃત્તચક્રપણું.
૨. સ્ત્રી. સ્વતંત્ર રાજ્ય; રાષ્ટ્ર વગેરેમાં અસ્ખલિત આજ્ઞાવાળું રાજ્ય.

પ્રવૃત્તનિરુદ્ધ [સં.] વિ. રહી રહીને આંતરે આંતરે આવતું; 'ઇન્ટરમિટંટ'
ઘડિયાળનું ભોલક એક બાજુએ ચડી ચૂક્યું છે, પણ પાછું વળવાની શક્યતા થઈ નથી એ સ્થિતિની અધવચ વિદ્યુત્પ્રવાહો ક્ષણાર્ધાંક સંખ્યાપરત્વે બંધ થતા હોય અથવા જેમથી સૂર્યનાં કિરણો કે પાણીનો કુવાથે પ્રવૃત્તનિરુદ્ધ બંધ થતા હોય, ત્યારે એ સ્થિતિ વચ્ચેના સંયોગની પણ ઉપમા આપી શકાય. ઇન્દ્રવદન દોશી

પ્રવૃત્તહોમ [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ.

પ્રવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. અવંતિ વગેરે દેશ; ઉજ્જૈન કે બીજી કોઈ પવિત્ર જગ્યા.
૨. સ્ત્રી. આરંભ; ઉત્પત્તિ.
૩. સ્ત્રી. આવિર્ભાવ; પ્રકટીભવન.
૪. સ્ત્રી. (વેદાંત) ઉત્કટ પુણ્યરૂપ રાગ વડે જન્ય ગુણ.
૫. સ્ત્રી. ઉદ્યોગ; ધંધો; બહોળું કામ; વ્યવસાય; પ્રપંચાદિ વગેરે સંસારની મોહમાયાની જાળમાં આમતેમ સુખ શોધતાં અથડાતા ફરવું તે; લોકવ્યવહાર સાધવાની વૃત્તિ.
૬. સ્ત્રી. (ન્યાય) જે નામનું એક પ્રમેય. પ્રમેય બાર છે: આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ અને અપવર્ગ.
૭. સ્ત્રી. કામરૂપ; કાર્યક્રિયા.
૮. સ્ત્રી. પ્રવૃત્તિની સામુ કરી રહ્યાની તેવી સ્થિતિ કે મર્યાદા.
૯. સ્ત્રી. ખબર; સમાચાર; સંદેશો; વાર્તા; વૃત્તાંત.
૧૦. સ્ત્રી. ખંત.
૧૧. સ્ત્રી. (અપ્રિય) ચુગલ; ચુગલનાર; ચુગલખોર.
૧૨. સ્ત્રી. જીવનને ટકાવવા અને શોભાવવા માટે કરાતો યત્ન; વ્યાપાર; વ્યવસાય.

સત્ય આરાધના અર્થે હસ્તી પ્રવૃત્તિ આખરી,
વહેમો ભાસે એને ચાસોચ્છ્વાસે ય આપણે.
મોહનીગીતા

૧૩. સ્ત્રી. ધર્મમાં પ્રવૃત્તિ; ધર્મમાર્ગ; શાસ્ત્રવિહિત વિષયમાં પ્રવૃત્તિ.
૧૪. સ્ત્રી. નિવૃત્તિથી ઊલટો વ્યવસાય; આત્માની બહિર્મુખ વૃત્તિ.

વૃત્તિ અંતર્મુખ એટલે આત્માની તરફ હોય ત્યારે તે નિવૃત્તિ કહેવાય છે અને બહારની તરફ હોય ત્યારે પ્રવૃત્તિ કહેવાય છે. સિદ્ધાંતદર્શન

૧૫. સ્ત્રી. પાણી વગેરેનો ક્રમબદ્ધ પ્રવાહ; વહેવું તે.
૧૬. સ્ત્રી. (વેદાંત) પોતપોતાના વિષયમાં ઇંદ્રિયો વગેરેનો સંચાર.
૧૭. સ્ત્રી. પ્રભાવશીલતા.
૧૮. સ્ત્રી. પ્રયત્ન.
૧૯. સ્ત્રી. (ન્યાય) મન, વચન અને કાયાનો વ્યાપાર.
૨૦. સ્ત્રી. મતાદિ વ્યાપાર.
૨૧. સ્ત્રી. રજોગુણનો ધર્મ.
૨૨. સ્ત્રી. વલણ
૨૩ સ્ત્રી. (ન્યાય) વાણી, બુદ્ધિ અને શરીરના કાર્યનો આરંભ. તેના ત્રણ પ્રકાર છે: (૧) વાગારંભ, (૨) શરીરારંભ અને (૩) બુદ્ધયારંભ મનુષ્યનો વચનનું ઉચ્ચારણ કરવામાં અનુકૂળ યત્ન તે વાગારંભ. શરીરની ચેષ્ટાને અનુકૂળ યત્ન તે શરીરારંભ અને તે બંને પ્રયત્નથી ભિન્ન યત્ન તે બુદ્ધયારંભ કહેવાય છે. એ બુદ્ધયારંભ નામે પ્રયત્ન આત્માદિને અનુકૂળ હોય છે. રાગદ્વેષ સારાં નરસાં કામમાં પ્રવૃત્ત કરાવે છે.
૨૪. સ્ત્રી. વિધિવાક્ય.
૨૫. સ્ત્રી. (વેદાંત) શબ્દોની અર્થનો બોધ કરવારૂપ શક્તિ; શબ્દોની અર્થબોધક એક શક્તિ.
૨૬. સ્ત્રી. સંન્યાસ ન લેતાં મરણ પર્યંત ચાતુર્વર્ણ્ય વિહિત નિષ્કામ કર્મ કરતાં રહેવું તે.
૨૭. સ્ત્રી. સાંસારિક વિષયોમાં મગ્ન રહેવું તે.
૨૮. સ્ત્રી. હાથીનો મદ; હાથીના ગંડસ્થલમાંથી ઝરતું પાણી.
૨૯. સ્ત્રી. હિલચાલ; મહેનત; કામકાજ.

પ્રવૃત્તિકારણ [સં.] ન. ઉત્તેજના; ઉદ્દીપન; પ્રવૃત્તિનિમિત્ત.

પ્રવૃત્તિક્ષેત્ર [સં.] ન. કાર્યક્ષેત્ર.

પ્રવૃત્તિગાન [સં. પ્રવૃત્તિ + ગાન (ગીત)] ન. પ્રવૃત્તિ સૂચવતું ગીત; પ્રવૃત્તિ સૂચિત ગાયન.

પંખી કુળો બધુ શું પ્રાણી પ્રાણસાધન,
છેક પ્રભાતનું ભવ્ય પ્રવૃત્તિગાન.
નાનાલાલ

પ્રવૃત્તિજ્ઞ ૧. [સં.] પું. એક પ્રકારનો દૂત; બાતમીદાર.
૨. વિ. પ્રવૃત્તિને જાણનાર.
૩. વિ. વૃત્તાંત કે ખબર જાણનાર.

પ્રવૃત્તિદર્શક [સં.] વિ. પ્રવૃત્તિ બતાવનાર; કામ દેખાડનાર.

પ્રવૃત્તિદર્શન [સં.] ન. પ્રવૃત્તિ દેખાડવી તે.

પ્રવૃત્તિધર્મ ૧. [સં.] પું. પ્રવૃત્તિમાર્ગ; ઈશ્વરપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરીને મોક્ષ પામવાનો માર્ગ.

યજ્ઞ, દાન વગેરેને પ્રવૃત્તિધર્મ કહે છે. ધર્મ બે પ્રકારનો છે: પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ. પ્રવૃત્તિધર્મ અત્રિ, વસિષ્ઠ આદિએ પૂર્વે આચર્યો હતો. જો પ્રવૃત્તિધર્મ પણ પરમેશ્વરને આધીન થઈને એટલે તેની આજ્ઞાથી તેને જ અર્થે હું આ કર્મ કરું છું એમ સમજીને આચરવામાં આવે તો તેથી પણ ચિત્તની શુદ્ધિ થાય છે અને એવી રીતે તે ધર્મ મોક્ષનો હેતુ થાય છે. સિદ્ધાંતદર્શન

૨. પું. સાંસારિક પ્રવૃત્તિનો માર્ગ

પ્રવૃત્તિનિમિત્ત ૧. [સં.] ન. (વેદાંત) પદની સાર્થકતાનું અવચ્છેદક. જેમકે, ઘટત્વ એ ઘટ પદની સાર્થકતાનું અવચ્છેદક હોવાથી પ્રવૃત્તિનિમિત્ત કહેવાય છે
૨ ન. પ્રવૃત્તિકારણ; ઉત્તેજના; ઉદ્દીપન.
૩. ન. વ્યવહારરૂપ કારણ

અમુક અમુક પ્રકારની આકૃતિ. જાતિ એ જ નામ.

ઘોડો આદિ દ્વ શબ્દોના અવયવાર્થ નિમિત્ત છે, તેથી તે તે આકૃતિ કે જાતિ જેવા શબ્દોનું વ્યુત્પત્તિનિમિત્ત નહિ પણ પ્રવૃત્તિનિમિત્ત કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

૪. ન. શબ્દોની બોધના શક્તિનું નિમિત્ત; શાબ્દતાવચ્છેદક.

પ્રવૃત્તિપરાયણ [સં.] વિ. પ્રવૃત્તિમગ્ન; પ્રવૃત્તિમય વલણવાળું.

પ્રવૃત્તિમય [સં.] વિ. પ્રવૃત્તિવાળું; પ્રવૃત્તિથી ભરેલું.

પ્રવૃત્તિમયતા [સં.] સ્ત્રી. પ્રવૃત્તિમય હોવાપણું.

પ્રવૃત્તિમાન ૧. [સં. પ્રવૃત્તિ + મત્ (વાળું)] વિ. ઉદ્યત.

૨. વિ. પ્રવૃત્તિવાળું; ઉદ્યોગી.

પ્રવૃત્તિમાર્ગ ૧. [સં] પું. ઈશ્વરપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરીને મોક્ષ પામવાનો માર્ગ.

૨. પું. પિતૃયાનનો એક માર્ગ.

૩. પું. પ્રપંચવાળા વ્યવહારનો માર્ગ; સાંસારિક પ્રવૃત્તિનો માર્ગ; ગૃહસ્થાશ્રમીઓનો પંથ.

૪. પું. સુખવાદ; આશાવાદ.

પ્રવૃત્તિમાર્ગી વિ. પ્રવૃત્તિમાર્ગવાળું.

પ્રવૃત્તિયુગ [સં.] પું. કામકાજનો જમાનો; પુરુષાર્થયુગ.

પ્રવૃત્તિલક્ષણધર્મ [સં.] પું. ઈશ્વરપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરવાના લક્ષણવાળો ધર્મ.

પ્રવૃત્તિલીલા [સં.] સ્ત્રી. પ્રવૃત્તિરૂપ લીલા.

પ્રવૃત્તિલેખ [સં.] પું. સૂચના કરતો હુકમ; માર્ગદર્શક આજ્ઞા.

પ્રવૃત્તિવિજ્ઞાન [સં.] ન. (બૌદ્ધ) બાહ્ય પદાર્થોથી મળેલું જ્ઞાન.

પ્રવૃત્તિવ્યાપૃત [સં.] વિ. કાર્ય કરવામાં લાગેલું.

પ્રવૃત્તિસ્વાતંત્ર્ય ૧. [સં.] ન. પ્રવૃત્તિમાં સ્વતંત્રપણું હોવું તે.

૨. ન. સ્વતંત્ર કૃતિશક્તિ; વાસનાસ્વાતંત્ર્ય; સ્વભાવ.

પ્રવૃત્તિહીન [સં.] વિ. પ્રવૃત્તિ વગરનું.

પ્રવૃત્ત્યનિશ્ચિતતા [સં. પ્રવૃત્તિ + અનિશ્ચિતતા (અયોક્ષપણું)] સ્ત્રી. કોઈ પણ કામ, ઠરાવ કે પ્રવૃત્તિનું અયોક્ષપણું.

પ્રવૃત્ત્યાત્મક [સં.] વિ. પ્રવૃત્તિવાળું.

પ્રવૃદ્ધ ૧. [સં.] પું. (પુરાણ) અયોધ્યાના રઘુ રાજાનો એ નામે એક પુત્ર. તે ગુરુના શાપથી બાર વર્ષ સુધી રાક્ષસ થઈ રહ્યો હતો.

૨. પું. તરવારના ખત્રીસ ખાંડિયો પૈકી એક હાથ. તેને પ્રસૃત પણ કહે છે. તેમાં તરવારની અણીથી શત્રુનું શરીર ચાક કરવામાં આવે છે.

૩. વિ. અત્યંત વૃદ્ધ.

૪. વિ. પુખ્ત; પ્રૌઢ.

૫. વિ. વધેલું; મોટું થયેલું; ખૂબ વૃદ્ધિ પામેલ.

૬. વિ. વિસ્તૃત; ખૂબ ફેલાયેલું.

પ્રવૃદ્ધહોણ [સં.] ન. (ગણિત) બૃહદ્‌હોણ; ૧૮૦થી વધારે અંશવાળો ખૂણો; પહોળો ખૂણો.

પ્રવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ઉપજ; ઉત્પત્ત; ઉત્પાદન; ફળ.

૨. સ્ત્રી. વધી ચાલતી; ચઢતી દશા; ચાલતી કળા.

૩. સ્ત્રી. વધારો; વૃદ્ધિ; ઉભેરો.

૪ સ્ત્રી. સંવૃદ્ધિ; પ્રગતિ; વિકાસ.

પ્રવૃષ્ટ [સં.] વિ. વરસેલું.

પ્રવેક ૧. [સં.] વિ. ઉત્તમ.

૨. વિ. મુખ્ય; પ્રધાન.

પ્રવેક્ષ્યત્ પું. આગળથી બતાવવું તે.

પ્રવેક્ષ્યિત વિ. આગળથી બતાવેલું.

પ્રવેગ [સં.] પું. અતિ વેગ.

પ્રવેગવિરોધન ૧. [સં.] ન. અવરોધ.

૨. ન. પર્વત.

પ્રવેદ [સં.] પું. જળ.

પ્રવેણ [સં.] પું. એક જાતનો બખ્તર.

પ્રવેણિપુસ્તક ન. પરંપરાગત ચાલ્યા આવ્યું. તેમાં જેવું આવું જોઈએ તેનો આવો ઢંઢ થઈ ગયો હોય છે.

પ્રવેણી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ગંગા નદીની દક્ષિણે ઋષ્યશૃંગના આશ્રમ પાસે વહેતી એ નામની નદી.

૨. સ્ત્રી. પતિની ગેરહાજરીમાં બીજો રાખે છે તેવા વાળેલા અને નહિ રાબુગારેલા વાળ.

૩. સ્ત્રી. પાણી વગેરેનો પ્રવાહ.

૪. સ્ત્રી. વેણી.

૫. સ્ત્રી. હાથીની કોખ ઉપર નાખવાની ઝૂલ.

પ્રવેતા [સં. પ્રવેતૃ] પું. રથવાન; સારથિ.

પ્રવેદ પું. પરસેવો.

પ્રવેપ [સં.] ન. અત્યંત ધ્રૂજવું કે હાલવું તે; કાંપવું તે.

પ્રવેપન જુઓ પ્રવેપ.

પ્રવેલ [સં.] પું. પીળા રંગ.

પ્રવેશ ૧. [સં. પ્ર + વિશ્ (દાખલ થવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું. અંદર જવું તે; પેસવું તે દાખલ થવું તે; ઘૂસવું તે. ત્રિવિધ ભિન્ન ભિન્ન જાતના પ્રવેશ હોય છે: ઉત્સંગ, પ્રજ્યંગ, અપસદ્ય અને સદ્ય. ઘરના સન્મુખે પ્રવેશ થાય તેનું નામ ઉત્સંગ નામનો પહેલો પ્રવેશ કહેવાય. તે શ્રેષ્ઠ પ્રવેશ છે. બીજો ઘરની પછીત કરી ઘરમાં પ્રવેશ થાય તેનું નામ પ્રજ્યંગ પ્રવેશ કહેવાય. એ પ્રજ્યંગ પ્રવેશ વિનાશ કરનાર મનાય છે. પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણી તરફ નમી વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે ત્રીજો અપસદ્ય પ્રવેશ કહેવાય. પ્રથમના દ્વારમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ નમી વાસ્તુઘરમાં પ્રવેશ કરવામાં આવે તે ચોથો સદ્યપ્રવેશ કહેવાય. સદ્ય અને અપસદ્ય એ બે પ્રવેશ સર્વે ઘરો વિષે વર્જ્ય ઠીક છે.

૨. [હિં.] પું. આગમન.

૩. પું. આરંભ; શરૂઆત; મંડાણ; પ્રારંભ.
સત્ય અને અહિંસાની પ્રભામાં જે પ્રવેશ છે, સત્યાગ્રહ ઝઝૂમે છે તેના પ્રબળપણ જ. ગાંધીગીતા

૪. પું. કોઈ સ્થાનની અંદર દાખલ થવું તે; પેસવું તે.

૫. પું. ગતિ; પહોંચ.

૬. પું. નાટક વગેરેનો એકાદ વિભાગ કે ભાગ; વસ્તુનિર્દેશક એકાદ નાનો વાદવિવાદ; નાટકમાં એક પછી એક જુદા જુદા ભાગ બજવી બતાવનારો પાત્રોનું રંગભૂમિ ઉપર આવવું તે; પ્રવેશક, વિષ્કંભક વગેરે નાટકના અંકના ભાગમાંનો એક પેટા વિભાગ.

૭. પું. પૂર્ણ જ્ઞાન; અંદરની ભારે મહિતી.

૮. પું. અંગરૂપ પ્રકાર.

૯. પું. ભૂમિ; સ્થળ.

૧૦. પું. વેશ; ભેખ; તમાશો; દેખાવ; દંભ.

પ્રવેશક ૧. [સં.] પું. ઉપોદ્‌ઘાત; ઉદ્‌ઘાટન; આરંભક; ગ્રંથમાં પ્રવેશ કરતા પહેલાં સૂચનારૂપ પ્રકરણ; ઉદ્‌ઘાતકર્ષક પ્રકરણ.

૨. પું. (સંગીત) નિઃશબ્દ ક્રિયાના ચાર અંકોનો એક પ્રકાર; હાથને ઊંચેથી નીચે ઝલાવતાં વચમાં જ અટકાવી આલી આપવી તે.

૩. પું. સામાન્ય પાત્રોની પાસે આવતા અંકની વસ્તુ દર્શાવવાને માટે પહેલા અને ઊતરી નહિ જેવા અંકોની આગળ મૂકવામાં આવતો વાર્તાલાપ; વિષ્કંભક; નાંદી; શું થઈ ગયું અને શું બનવાનું છે તેનું સૂચન કરવાવાળો અંકના આરંભનો પ્રવેશ; નાટકના આરંભે તેના ઉદ્દેશ અર્થે બતાવવું; નાટકમાં બનાં વચ્ચે બની ગયેલી પણ રંગભૂમિ ઉપર ન આવેલી વાત કોઈ પાત્ર વાર્તાલાપ દ્વારા જણાવી દે છે તે સ્થળ; નાટકપ્રસિદ્ધ અભિસંધિપ્રકાર એક મુખાંગ.

૪. વિ. કોઈ ગ્રંથ, વિષય કે સંસ્થામાં પ્રવેશ કરનાર.

૫. વિ. દાખલ થનાર; પ્રવેશ કરનાર; મધ્યે જનાર.

૬. વિ. પ્રવેશ કરાવનારું.

પ્રવેશદ્વોમ [સં.] પું. વિષ્વંભક.

પ્રવેશદ્વાર [સં.] વિ. પ્રવેશ કરાવનાર.

પ્રવેશક્ષમતા [સં.] સ્ત્રી. ભેદતા.

પ્રવેશત્રયી [સં.] સ્ત્રી. નાટકના ત્રણ પ્રવેશનો સંમેલ.

પ્રવેશદ્વાર ૧. [સં.] ન. દાખલ થવાનો રસ્તો; દાખલ થવાનું બારણું કે દરવાજો. ગૃહવિધાનમાં જણાવ્યું છે કે: પ્રવેશદ્વારના થાંભલા મજબૂત અને આકર્ષક હોવા જોઈએ. દ્વાર ઉપરથી ગૃહધારીનું તેમ જ તે તે સમાજનું માનસ પારખી શકાય એમ તેના નિષ્ણાતો કહે છે. પહોળો પ્રવેશ એ અતિથ્યભાવનાનું પ્રતીક છે. કિંતુ તેના બળ, સુમેળ, સંયુક્ત અને રક્ષાપક્ષપૂર્ણ પ્રવેશપ્રતોલી માટે જગતભરમાં અનેક છે, તેમ તેના ટીકાકારો પણ છે.
૨. ન. યોનિદ્વાર; ભગદ્વાર.
૩ ન. સિંહદ્વાર; મુખ્ય દરવાજો; દરવાજો.

પ્રવેશન ૧. [સં.] ન. પેસવું તે; પ્રવેશ કરવો તે; દાખલ થવું તે; નિવેશન.
૨. ન. પેસાડવું તે.
૩. ન. પ્રધાન દ્વાર; ઘરનું મુખ્ય દ્વાર.
૪. ન. સિંહદ્વાર; દાખલ થવાનો દરવાજો.

પ્રવેશનક્ષમતા [સં.] સ્ત્રી. પ્રવેશનશીલતા; કણોમાં આરપાર ઊતરવાપણું.

પ્રવેશનશીલ વિ. પ્રવેશ કરવાના ગુણવાળું.

પ્રવેશનશીલતા જુઓ પ્રવેશનક્ષમતા.

પ્રવેશનીય ૧. [સં.] વિ. અંદર જવા લાયક; પેસવા યોગ્ય.
૨. વિ. પેસાડવા જેવું.

પ્રવેશપત્ર [સં.] ન. દાખલ થવા માટેનું પ્રમાણપત્ર; પ્રવેશ કરવાની પરવાનગીનો દાખલો.

પ્રવેશપરીક્ષા [સં.] સ્ત્રી. દાખલ થવા માટે આપવામાં આવતી કે લેવાતી પરીક્ષા.

પ્રવેશપંથ ૧. પું. દાખલ થવાનો રસ્તો.
૨. પું. યોનિમાર્ગ.

પ્રવેશપોથી ૧. સ્ત્રી. નોંધ કરવાની ચોપડી.
૨. સ્ત્રી. માર્ગોપદેશિકા; 'પ્રાઇમર.'

પ્રવેશમંડપ [સં.] પું. દાખલ થવાનો મંડપ.

પ્રવેશવિધિ [સં.] સ્ત્રી. દાખલ થવાની ક્રિયા.

પ્રવેશવું ૧ [સં. પ્રવિશ્] અ. ક્રિ. પ્રવેશ કરવો; દાખલ થવું; પેસવું.
૨. અ. ક્રિ. સભાસદ થવું.

પ્રવેશશીલ [સં.] વિ. દાખલ થઈ શકે તેવું.

પ્રવેશશીલતા [સં.] સ્ત્રી. દાખલ થઈ શકાય એવી સ્થિતિ.

પ્રવેશશુલ્ક [સં.] ન. દાખલ કરતી વખતે લેવાનું નાણું; દાખલ કરવા માટે લેવાતી રકમ.

પ્રવેશસામર્થ્ય [સં.] ન. દાખલ થવાની શક્તિ.

પ્રવેશસાહ વિ. સમજવું પડે એવું; સહેલાઈથી સમજી શકાય એવું.

પ્રવેશાધિકાર [સં. પ્રવેશ (દાખલ થવું તે) + અધિકાર (હક)] પું. દાખલ થવાનો હક.

પ્રવેશાવવું સ. ક્રિ. દાખલ થાય તેમ કરાવવું.

પ્રવેશિકા ૧. [સં.] સ્ત્રી. કોઈ પણ વિષયમાં પ્રવેશ કરાવનારી ચોપડી; માર્ગદર્શિકા.
૨. સ્ત્રી. જેથી પ્રવેશ મળે એટલે દાખલ થઈ શકાય એવો પત્ર કે ચિઠ્ઠી.
૩. સ્ત્રી. દાખલગીરી; પ્રવેશ માટે લેવાતું ધન.

પ્રવેશિત [સં.] વિ. પ્રવેશ કરાવેલું; પેસારેલું; અંદર દાખલ કરેલું.

પ્રવેશિતાંગી સ્ત્રી. જેના અંગમાં દેવતાનો પ્રવેશ હોય તેવી સ્ત્રી.

પ્રવેશોત્સવ [સં.] પું. વિજય મેળવી નગરમાં દાખલ થતી વખતે કરવામાં આવતો ઉત્સવ.

પ્રવેશ્ય ૧. [સં.] પું. આયાતઃ દેશમાં આવતો માલ.
૨. વિ. પેસવા યોગ્ય; અંદર જવા લાયક.

પ્રવેશ્યતા જુઓ પ્રવેશ્યશીલતા.

પ્રવેશ્યશુલ્ક [સં.] ન. આયાતકર; દેશમાં આવતા માલ ઉપર લેવાતો કર.

પ્રવેષ્ટ ૧. [સં.] પું. બાહુ; ભુજા; હાથ.
૨. પું. હાથીના દાંતનો મેલ.
૩. પું. હાથીની પીઠ.

પ્રવેષ્ટક [સં.] પું. બાજુનો હાથ.

પ્રવેષ્ટવ્ય [સં.] વિ. પેસવા યોગ્ય; અંદર દાખલ થવા લાયક.

પ્રવેષ્ટા [સં. પ્રવેષ્ટૃ] વિ. પ્રવેશ કરનાર.

પ્રવ્યક્ત [સં. પ્র (વધારે) + વ્યક્ત (દેખાય તેવું)] વિ. રજૂ; ચોખ્ખું.

પ્રવ્યથન [સં.] ન. વ્યથા કરવી તે.

પ્રવ્યથા [સં. પ્র (વિશેષ) + વ્યથા (દુઃખ)] સ્ત્રી. અતિ દુઃખ; વધારે પીડા.

પ્રવ્યથિત [સં. પ્র (વિશેષ) + વ્યથિત (પીડા પામેલું)] વિ. બહુ દુઃખ પામેલું.

પ્રવ્યથિતાંતરાત્મા [સં. પ્રવ્યથિતાંતરાત્મન્] પું. દુઃખ પામેલો આત્મા.

પ્રવ્યાપ [સં.] પું. ભોરવી કે ઠેરવી ભાણું જ્યાં પડવું હોય તે સ્થાન.

પ્રવ્રજન [સં.] ન. સંન્યાસ.

પ્રવ્રજિત ૧. [સં. પ્રવ્રજ્ (દુનિયાના સંબંધનો ત્યાગ કરવો) + ક્ત (જોડું)] પું. ચોથા આશ્રમમાં એટલે સંન્યાસાશ્રમમાં પ્રવેશેલ માણસ; સંન્યાસી.
૨. પું. ભિક્ષુક; ભિખારી; વૈરાગી.
૩. ન. સન્યાસીનું જીવન.
૪. વિ. ત્યાગી; જેણે ચોથા એટલે સંન્યાસ આશ્રમનો આશ્રય લીધો હોય તેવું; પ્રવ્રજ્યા લીધેલું; દીક્ષિત.

પ્રવ્રજિતા ૧. [સં.] સ્ત્રી. એ નામે એક શુદ્ધ ભિક્ષુકી.
૨. સ્ત્રી. જટામાંસી; ગોરખમુંડી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. સાખી સ્ત્રી.

પ્રવ્રજ્યા ૧. [સં.] સ્ત્રી. દીક્ષા; સંન્યસ્તદીક્ષા; અનુષ્ઠાનનો ચોથો આશ્રમ; સંન્યાસાશ્રમ.
પ્રવ્રજ્યા લેવી = સંન્યાસી થવું.
૨. સ્ત્રી. દેશત્યાગ; દેશ છોડી જવા જવું તે.
૩. સ્ત્રી. પ્રવાસ; ભ્રમણ કરવું તે.
૪. સ્ત્રી. સંન્યાસ.

પ્રવ્રજ્યાયોગ [સં.] પું. (જ્યોતિષ) જન્મમાં ચોથે, છઠ્ઠે અને બારમે શુક્રની સાથે ચંદ્ર હોય તેવો યોગ.

પ્રવ્રજ્યાવસિત [સં.] પું. સંન્યાસ ગ્રહણ કરીને તેમાંથી ભ્રષ્ટ થયેલ માણસ; સંન્યાસના કર્મમાં ચૂકેલ વ્યક્તિ. શાસ્ત્રો જેવી છે કે, આવી વ્યક્તિએ પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ, પણ પ્રાયશ્ચિત્ત લીધા પછી પણ તેની સાથે ખાનપાનના વહેવાર ન રાખવો જોઈએ.

પ્રવ્રજ્યાવસ્થા [સં.] સ્ત્રી. ત્યાગી અવસ્થા.

પ્રવ્રજ્યાવ્રત [સં.] ન. નેપાલી બૌદ્ધોનો જનોઈ આપવાને મળતો એક સંસ્કાર.

પ્રવ્રાજ ૧. [સં.] પું. સંન્યાસ.
૨. સ્ત્રી. બહુ નીચી જમીન.

પ્રવ્રાજક ૧. [સં.] પું. પ્રવ્રજિત; સંન્યાસી; સાધુ.
૨. પું. સંન્યાસ દીક્ષા આપનાર ગુરુ.

પ્રવ્રાજન ૧. [સં.] ન. દેશનિકાલ કરવું તે.
૨. ન. સંન્યાસ આપવો તે.

પ્રવ્રાજિકા [સં.] સ્ત્રી. સંન્યાસિની સાધ્વી.

પ્રવ્રાજિત [સં] વિ. દેશનિકાલ થયેલું.

પ્રશક્ત [સં.] વિ. પરાક્રમી; બહુ સામર્થ્યવાળું.

પ્રશઠ ૧. [સં.] વિ. અતિ લુચ્ચું.
૨. વિ. ભોરવારીથી મેળવેલું.

પ્રશમ ૧. [સં.] પું. ઉપશમ; શાંતિ; સમતા; નિવૃત્તિ; સુખદુઃખાદિ દ્વંદ્વમાં મન પરમ શાંત રહેવું તે.

૨. પું. નાશ; ધ્વંસ.

૩. પું. રતિદેવનો એ નામનો એક પુત્ર.

૪. પું. (જૈન) સમ્યક્ત્વનાં પાંચ માંહેનું એક લિંગ; સમાદિ દોષનો વિલય.

સમ્યગ્દર્શનની પિછાન કરાવે એવાં પાંચ લિંગ માનવામાં આવે છે. જેવાં કે, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય.

તત્ત્વાર્થસૂત્ર

પ્રશમન ૧. [સં.] પું. (પુરાણ) સત્રાજિતના ભાઈનું નામ.

૨. ન. અસ્ત્રપ્રહાર; હથિયારથી ઘા કરવો તે.

૩. ન. દૂર પાડવું તે; શાંત કરવું તે; ઢાંકું પાડવું તે; રમાવવું તે.

૪. ન. પાટાપિંડી કરવી તે.

૫. ન. પ્રતિપાદન; સમર્થન; ટેકો આપવો તે.

૬. ન. મારી નાખવું તે; વધ; નાશ.

૭. ન. વશ કરવું તે.

૮. ન. શાંતિ; સ્થિરતા.

૯. ન. સંરક્ષણ; બચાવવું તે.

૧૦. ન. સ્થિર કરવું તે.

પ્રશમપ્રિય [સં.] વિ. જેને શાંતિ ગમતી હોય એવું.

પ્રશમરતિ સ્ત્રી. વૈરાગ્ય ઉપર પ્રીતિ.

પ્રશમવૃત્તિ [સં.] સ્ત્રી. શાંત સ્વભાવ.

તેઓની સહજ પ્રશમવૃત્તિ અને સૂક્ષ્મ દૃષ્ટિએ તેઓને વસ્તુસ્થિતિનું ભાન પણ કરાવ્યું હોય તેમ પણ લાગે છે. પુરાતત્ત્વ

પ્રશમિત ૧. વિ. જેનું પ્રાયશ્ચિત્ત કરેલું હોય એવું.

૨. [સં.] વિ. શાંત કરેલું; રમાવેલું.

૩. વિ. શાંત થયેલું.

પ્રશમી [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામે એક અપ્સરા.

પ્રશર [સં.] પું. સફેદ ખાબોચિયું કરવું.

પ્રશસ્ત ૧. [સં.] ન. ક્ષેમ; શુભ; કલ્યાણ.

૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; ઊંચું.

૩. વિ. ઉદાર દિલનું; સખી; સંકોચ પાસે નહિ તેવું.

૪. વિ. વખણાયેલું; પ્રશંસા પામેલું; કીર્તિવંત.

સૌમ્ય વાત વદ મુગ્ધ અને સુબ્ધ અપીચ્ય પ્રશસ્ત, સુંદર નાકિસોદ પર વદું વિશ્વ સમસ્ત.
પિંગલપુકોષ

૫. વિ. વખાણવા લાયક; સ્તુતિપાત્ર.

૬. વિ. વિશાળ; વિસ્તીર્ણ; મોકળું.

૭. વિ. વિહિત; જેને માટે શાસ્ત્રમાં આજ્ઞા હોય તેવું.

પ્રશસ્તતા [સં.] સ્ત્રી. પ્રશસ્ત હોવું તે.

પ્રશસ્તનિગ્રહ [સં.] પું. બુદ્ધિ અને અહંપૂર્વક મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવાં અને સન્માર્ગે પ્રવર્તાવવાં તે.

પ્રશસ્તપાદ [સં.] પું. એ નામે એક પ્રાચીન આચાર્ય. તેણે વૈશેષિક દર્શન ઉપર પદાર્થધર્મસંગ્રહ નામનો ગ્રંથ રચ્યો છે. કેટલાક તેને વૈશેષિકનું ભાષ્ય માને છે.

પ્રશસ્તવિહાયોગતિ [સં.] સ્ત્રી. (જૈન) પુણ્યરૂપ અઘાતી બેતાલીસ માંહેની એ નામની એક પ્રકૃતિ. તેને લીધે શુભ ચાલવાની ગતિ પમાય છે.

પ્રશસ્તા [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

પ્રશસ્તાદ્રિ ૧. પું. એ નામે એક દેશ. બૃહત્સંહિતામાં બતાવ્યા પ્રમાણે આ દેશ જ્યેષ્ઠા, પૂર્વાષાઢ અને શતભિષના અધિકારમાં છે.

૨. [સં.] પું. એ નામનો મધ્ય દેશમાં આવેલો એક પર્વત.

પ્રશસ્તિ ૧. [સં.] સ્ત્રી. કોઈને પત્ર લખતી વખતે પત્રની શરૂઆતમાં લખાતું પ્રશંસાસૂચક વાક્ય.

૨. સ્ત્રી. પ્રશંસા; વાહવાહ; સ્તુતિ; વખાણ.

૩. સ્ત્રી. પ્રશંસાનો લેખ; વખાણેલું; રાજા અથવા મોટા પરોપકારી માણસની સુકૃતિ કે પુણ્યકૃતિનાં વર્ણનવાળું લખાણ.

૪. સ્ત્રી. પ્રાચીન પુસ્તકોની શરૂઆતની તથા અંતની કેટલીક કવિતાની પંક્તિઓ. તેમાંથી પુસ્તકના કર્તા, વિષય, વખત વગેરેની માહિતી મળે છે.

૫. સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમપણું.

પ્રશસ્તિગાન [સં.] ન. વખોગાન; વખાણની કવિતા.

પ્રશસ્તિગ્રંથ [સં.] પું. વખોગાથા; વખાણ કરતું પુસ્તક.

પ્રશસ્ય ૧. [સં.] ન. વખાણ; તારીફ; સ્તુતિ.

૨. વિ. વખાણવા લાયક; સ્તુત્ય; પ્રશંસા કરવા યોગ્ય.

૩. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

પ્રશસ્યતા ૧. [સં.] સ્ત્રી. વખાણવા લાયક સ્થિતિ.

૨. સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમતા.

પ્રશંસ જુઓ પ્રશસ્ય.

પ્રશંસક ૧. [સં.] પું. વખાણ કરનાર માણસ.

૨. વિ. ખુશામતિયું.

૩. વિ. વખાણ કરનાર; સ્તુતિ કરનાર; વખાણનાર.

પ્રશંસન ૧. [સં.] ન. ગુણકીર્તન; ગુણોનું વર્ણન કરતાં સ્તુતિ કરવી તે; તારીફ; વખાણ; પ્રશંસા કરવી તે.

૨. ન. ધન્યવાદ; સાધુવાદ.

પ્રશંસનપત્ર ૧. [સં.] પુ. પ્રમાણપત્ર; 'સર્ટિફિકેટ'.

૨. પું. વખાણ સારૂ ભલામણ કરતો કાગળ.

પ્રશંસનીય ૧. [સં.] વિ. ઉત્તમ; સારું; શ્રેષ્ઠ.

૨. વિ. વખાણવા લાયક; વખાણ કરવા જેવું.

પ્રશંસવું [સં. પ્રશંસ] સ. ક્રિ. વખાણવું; સ્તુતિ કરવી.

પ્રશંસા ૧. [સં.] સ્ત્રી. વખાણ; સ્તુતિ; વહ વાહ કે કીર્તિ કરવી તે.

૨. સ્ત્રી. વખાણવા લાયક શોભા; ભભકો.

૩. સ્ત્રી. (જૈન) સાચા કે ખોટા ગુણોને પ્રગટ કરવાની વૃત્તિ.

પ્રશંસાપત્ર જુઓ પ્રશંસનપત્ર.

પ્રશંસાપાત્ર [સં.] વિ. વખાણવા લાયક; પ્રશંસનીય; સ્તુત્ય.

પ્રશંસાવહ [સં.] વિ. કીર્તિવહ; વખાણ કરાવે તેવું

પ્રશંસાવું સ. ક્રિ. વખણાવું.

પ્રશંસિત ૧. [સં.] વિ. પ્રશંસા કરેલું; વખાણેલું.

૨. વિ. પ્રસિદ્ધ; વિખ્યાત.

પ્રશંસિતવ્ય [સં.] વિ. પ્રશંસા કરવા યોગ્ય; વખાણવા લાયક.

પ્રશંસી [સં. પ્રશંસિન્] વિ. વખાણ કરનાર; પ્રશંસક.

પ્રશંસોદ્ગાર [સં. પ્રશંસા (વખાણ) + ઉદ્ગાર (વચન)] પું. વખાણનો શબ્દ.

પ્રશંસોપમા [સં. પ્રશંસા (વખાણ) + ઉપમા] સ્ત્રી. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. તેમાં ઉપમેયની અધિક પ્રશંસા કરીને ઉપમાનની પ્રશંસા પ્રદર્શિત કરવામાં આવે છે.

પ્રશંસ્ય [સં.] વિ. વખાણ કરવા લાયક; પ્રશસ્ય.

પ્રશાખ [સં.] વિ. ઘણીબોથી ભરપૂર; ડાળાદાર.

પ્રશાખદંતી [સં. પ્રશાખદન્તિન્] વિ. શાખાની જેમ જેમાં દાંત ફૂટ્યા હોય એવું.

પ્રશાખધાતુ [સં.] સ્ત્રી. જેના ઉપર લીલાં ઝાડ અથવા રેવાળ જેવી નિશાની હોય તેવો પથ્થર કે અનિજ ધાતુ.

પ્રશાખન [સં.] ન. ફાંટા નીકળવા તે; શાખા ફૂટવી તે.

પ્રશાખા [સં.] સ્ત્રી. નાની ડાળી; શાખાની પણ શાખા; ઉપશાખા.

પ્રશાખિક [સં.] વિ. નાની શાખાવાળું; નાની ડાળ હોય તેવું.

પ્રશાખિકા જુઓ પ્રશાખા.

પ્રશાખી [સં. પ્રશાખિન્] વિ. પ્રશાખાવાળું; જેમાં નાની નાની ડાંળીઓ હોય એવું.

પ્રશાતિકા ન. એક પ્રકારનું પાત્ર; ઉદિ.

પ્રશામ [સં.] પું. શાંતિ.

પ્રશામક ૧. [સં.] વિ. દુઃખ મટાડનારું.
૨. વિ. શાંતિ સ્થાપનારું.

પ્રશાલ સ્ત્રી. ઓસરી; પરસાળ.

પ્રશાસક ૧. [સં.] પું. અમલદાર; અધિકારી.
૨. પું. ઉપદેશ આપનાર માણસ.
૩. પું. રાજા.
૪. વિ. અમલ ભજવનારું; શાસન કરનાર.

પ્રશાસન ૧. [સં.] ન. ઉપદેશ; કર્તવ્ય સંબંધી શિક્ષા.
૨. ન. જ્ઞાપના; પ્રસિદ્ધ કરવું તે.
૩. ન. રાજ્ય.
૪. ન. રાજ્ય કરવું તે; નિયમન કરવું તે; શાસન કરવું તે.

પ્રશાસિત ૧. [સં.] વિ. જેના વિષે નિયમ કરાવેલા હોય તેવું; નિયંત્રિત; સારી રીતે શાસન કરેલું.
૨. વિ. જેને શિક્ષા કરી હોય તેવું.
૩. વિ. શિક્ષિત; કેળવાયેલું.

પ્રશાસિતા [સં. પ્રશાસિતૃ] વિ. શાસનકર્તા; શાસક.

પ્રશાસ્તા ૧. [સં પ્રશાસ્તૃ] પું. ઋત્વિજ; જોતાનો સહકારી. તેને મૈત્રાવરુણ પણ કહે છે.
૨. પું. ઋષિતનો અભ્યાપક.
૩. પું. દ્વારપાલ. ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં પ્રશાસ્તા નામનો એક હોદ્દો હતો. તેને આપણે દ્વારપાલ કહી શકીએ. તેને જે જે વાતની નોંધ રાખવાની હતી તેમાં દેશસંધ, જાતિસંધ એ સર્વે સંસ્થાઓના નિયમ, રીતરિવાજ વગેરેની નોંધ પણ રાખવાની હતી.
૪. પું. પ્રધાન; મંત્રી.
૫. પું. મિત્ર.
૬. પું. શાસનકર્તા; રાજા.
૭. વિ. ધર્મશાસ્ત્ર ભણનાર; પાઠ કરનાર.

પ્રશાસ્તૃદોષ [સં.] પું. દસ માંહેનો એ નામનો એક દોષ; મર્યાદા સાચવનાર અધ્યક્ષ કોઈ પણ કારણથી ચાડી ઉપર દ્વેષ કરી કે તેના વિષયમાં બેદરકાર રહી પ્રતિવાદીને જય આપે અથવા તેને સ્મૃતિની તક આપે તે.

પ્રશાસ્ય ૧. [સં.] પું. એ નામે એક યાત્ર.
૨. ન. પ્રશાસ્તાનું કાર્ય.
૩. ન. પ્રશાસ્તાને સોમપાન કરવાનું પાત્ર.

પ્રશાસ્ત્રી [સં. પ્રશાસ્ત્રિન્] પું. ન્યાયાધીશ.

પ્રશાળ જુઓ પ્રશાલ.

પ્રશાંત ૧. [સં.] પું. એશિયા અને અમેરિકા વચ્ચેનો એ નામનો મહાસાગર; ' પેસિફિક '.
૨. વિ. નીરવ; મૌન.
૩. [સં. પ્ર (વિશેષ) + શાંત] વિ. બહુ જ શાંતિ પામેલું; ખૂબ શાંત; ટાઢું; ઠંડું.

પ્રશાંતચિત્ત ૧. [સં.] ન. સ્થિર મન.
૨. વિ. સ્થિર મનવાળું.

પ્રશાંતચેષ્ટ [સં.] વિ. અત્યંત શાંત ચેષ્ટાવાળું; જેનું બધું હલેલી ચેષ્ટાવાળું.

પ્રશાંતબુદ્ધિ ૧. [સં.] પું. શિવ.
૨. વિ. શાંત બુદ્ધિવાળું.

પ્રશાંત મહાસાગર [સં.] પું. એશિયા અને અમેરિકા વચ્ચે આવેલો એ નામનો મહાસાગર; ' પેસિફિક '.

પ્રશાંતરમણીય [સં.] વિ. શાંતિ અને સૌંદર્યવાળું; શાંત અને સુંદર.

પ્રશાંતાત્મ [સં. પ્રશાંત + આત્મન્ (આત્મા)] વિ. પ્રસન્ન ચિત્તવાળું.

પ્રશાંતાત્મા ૧. [સં. પ્રશાંતાત્મન્] પું. શિવ. તે હમેશા શાંત સ્વરૂપે રહેતા મનાય છે.
૨. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૩. વિ. અત્યંત શાંત આત્માવાળું.
૪. વિ. મનની શાંતિવાળું.

પ્રશાંતિ [સં.] સ્ત્રી ઘણી જ શાંતિ; સ્થિરતા.

પ્રશિઅ પું. જર્મનિનો એ નામનો એક વિભાગ.

પ્રશિથિલ [સં.] વિ. બહુ જ ઢીલું.

પ્રશિષ્ય [સં.] પું. ચેલાનો ચેલો; શિષ્યનો શિષ્ય; પરંપરાગત શિષ્ય.

પ્રશ્નશ્રુક [સં.] પું. (પુરાણ) મરુ દેવનો એ નામનો એક રાજા.

પ્રશૂર ૧. [સં. પ્ર (વધારે) + શૂર (બહાદુર)] પું. ખૂબ જ બહાદુર અને હિંમતવાન માણસ.
૨. વિ. બહુ બહાદુર અને હિંમતવાન.

પ્રશૃંગ [સં.] પું. બધા બધા તંતુના સાંધાવાળો નાના જંતુના ભાથાનો પાછલો ભાગ.

પ્રશોચન [સં.] ન. (વૈદક) બધુ વગેરેને બાળી દેવાની ક્રિયા.

પ્રશોષણ ૧. [સં] પું. એ નામનો એક રાક્ષસ. તે બાળરોગ દેવતાનો મનાય છે.
૨. ન. સૂકવવું તે.

પ્રશ્ચોતન [સં.] ન. પ્રોક્ષણ; સિંચન; છાંટવું તે.

પ્રશ્ન ૧. [સં.] પું. અથર્વવેદનું એક ઉપનિષદ; એકસો આઠ માંહેનું એક ઉપનિષદ ઉપનિષદની પરિભાષામાં અતિપ્રશ્ન શબ્દનું રહસ્ય જાણી લેવા જેવું છે. અતિપ્રશ્ન શબ્દ બે અર્થમાં વપરાય છે: કૂટતમ અર્થાત્ અતિગહન પ્રશ્નના અર્થમાં એ એનો પહેલો અર્થ છે. આ ઉપરાંત જે વાત પ્રશ્નથી એટલે વાણીની વાતચીતથી સમજાય જેવી નથી પણ માત્ર જાતઅનુભવે જ સમજાય, એવી વાતને પ્રશ્ન દ્વારા સમજવા માટે પ્રશ્ન પૂછવો એ અર્થમાં વપરાય છે. આ ઉપનિષદમાં ૭ પ્રશ્ન છે અને દરેક પ્રશ્નના સાતથી સોળ સુધી મંત્ર છે. બધા મળી કુલ ૬૭ મંત્ર છે. તેમાં પ્રજાપતિએ કરેલી સૃષ્ટિની ઉત્પત્તિનો વિષય અલંકારો દ્વારા બતાવ્યો છે અને અદ્વૈતમતનું નિરૂપણ કર્યું છે. પ્રથમ પ્રશ્ન કાત્યાયનકક્ષે કર્યો છે કે આ પ્રજા કયાંથી ઉત્પન્ન થઈ? તેનો ઉત્તર વિસ્તારથી આપેલો છે. બીજો પ્રશ્ન ભાર્ગવ વૈદર્ભિનો છે કે, કયા દેવતા પ્રજાનું પાલન કરે છે અને કોણ પોતાનું બળ દેખાડે છે? તેના ઉત્તરમાં પ્રાણ નામના દેવતા મોટા બતાવેલ છે, કેમકે તેના બળથી બધી ઇંદ્રિયો પોતપોતાનું કાર્ય કરે છે. ત્રીજો પ્રશ્ન અશ્વલાયનકૃત કરે છે કે, પ્રાણ કેવી રીતે મોટો છે અને બાહ્ય તથા અંતરાત્મા સાથે તેનો કેવા પ્રકારનો સંબંધ છે. ચોથો પ્રશ્ન સૈર્યાયણી ગાર્ગ્યે કર્યો છે કે, પુરુષમાં કોણ સૂએ છે, કોણ જાગે છે, કોણ સ્વપ્ન દેખે છે અને કોણ સુખ ભોગવે છે? તેના ઉત્તરમાં પુરુષની ત્રણ અવસ્થા દેખાડી આત્મા સિદ્ધ કર્યો છે. પાંચમો પ્રશ્ન શૈબ સત્યકામાએ ઓંકારના અર્થ અને ઉપાસના સંબંધમાં કર્યો છે. છઠ્ઠો પ્રશ્ન સૌર્યા ભારદ્વાજનો છે કે સોળ કળાવાળો પુરુષ કોણ છે?
૨ પું. એક જાતની મંત્રવિદ્યા; દર્ભેષ્ટિ આદિમાં દેવતાનું આહ્વાન

૩. પું. કહેવા માટે પ્રેરણા.

૪. પું. જિજ્ઞાસા; જાણવાની ઇચ્છા; ન જાણેલા અર્થના જ્ઞાન માટે ઇચ્છાથી બોલવામાં આવતું વાક્ય.

૫. પું. (વેદાંત) બીજાએ ઉત્તર આપ્યા પછી તેમાં કાંઈ આવી કાઢીને ઉઠાવવામાં આવતો આક્ષેપ.

૬. પું. ભવિષ્ય સંબંધી વાત જાણવાને જોશીને પૂછેલું તે.

૭. પું. સંશય; શંકા; સંદેહ.

પ્રશ્ન ઊઠવો = સવાલ થવો; શંકા જાગવી.

૮. પું.;ન. પૂછવું તે; પૃચ્છા; સવાલ.

૧. કોઈ પ્રશ્ન ન રહેવો = કોઈ કહેવાપણું ન રહેવું; કોઈ પૂછવાપણું ન રહેવું.

૨. પ્રશ્ન જોવો = પૂછેલ સવાલ માટે મહ જોવા.

૯. પું.;ન. બાબત; જાણવા વિચારવાની કે મર્યાદાની વસ્તુ; વિષય; મુદ્દો; 'પ્રૉબ્લેમ'.

પ્રશ્ન મૂકવો = (૧) કોયડો રજૂ કરવો. (૨) ચર્ચા માટે વિષયની દરખાસ્ત કરવી. (૩) ભવિષ્યની વાત જાણવા જોશીને સવાલ પૂછવો.

પ્રશ્નકાર [સં.] પું. પ્રશ્ન પૂછનાર વ્યક્તિ.

પ્રશ્નચિહ્ન ૧. [સં.] ન. પ્રશ્ન માટેનો મુદ્દો; ચર્ચવાનો વિષય.

૨. ન. પ્રશ્નાર્થવાચક પૂંછ વગે મૂકવામાં આવતું ચિહ્ન; ? આવું ચિહ્ન.

પ્રશ્નતૂતી [સં.] સ્ત્રી. ઉખાણું.

પ્રશ્નપત્ર [સં.] પું.; ન. પ્રશ્નનું લખાણ; સવાલપત્રક; પરીક્ષા લેવાને લક્ષમાં રાખીને પૂછેલો પ્રશ્ન.

પ્રશ્નપરંપરા [સં.] સ્ત્રી. ઉપરાઉપરી પ્રશ્ન પૂછવા તે; પ્રશ્નાવલી.

પ્રશ્નપરીક્ષા [સં.] સ્ત્રી. સવાલ પૂછી કોઈ વાત જાણવી તે.

પ્રશ્નપર્ણી [સં.] સ્ત્રી. પિઠવણ નામની વનસ્પતિ. તેની શિંગમાં ઝીણા દાણા મળતા બી હોય છે. તેનાં મૂળ દશમૂળ અથવા લઘુપંચમૂલમાં મણાય છે.

પ્રશ્નપ્રેરણા [સં.] સ્ત્રી. સવાલ પૂછવાની ઇચ્છા.

પ્રશ્નબાહુલ્ય [સં.] ન. (ન્યાય) જે પ્રશ્ન પૂછી લઈ એક પ્રકારનું જ્ઞાન કરવું તે; એક પ્રશ્નમાં બે પ્રશ્ન પૂછી લેવાની યુક્તિ. તમે દારૂ પીવાનું કયારે છોડી દીધું? અમુક માણસ દારૂ પીતો છે એમ સાબિત ન થયું હોય છતાં આપણે પ્રશ્ન પૂછીએ તો પ્રશ્નબાહુલ્ય દોષ જ ગણાય, પ્રશ્ન કે તમે દારૂ પીતા હતા? અને પીતા હતા તે કયારે છોડી દીધો? એવા બે પ્રશ્નને બદલે આમાં એક જ પ્રશ્ન પુછાય છે. આમાં જવાબ હકારમાં આવે અથવા નકારમાં આવે તોપણ તે પહેલાં દારૂ પીતો હતો એટલું તાત્પર્ય તો જરૂર નીકળે અને એ તો મૂળ પ્રશ્ન જ છે.

પ્રશ્નમાલા [સં.] સ્ત્રી. પ્રશ્નાવલી; સવાલોનો સમૂહ; ઉપરાઉપરી પૂછેલા સવાલ.

પ્રશ્નમાળા જુઓ પ્રશ્નમાલા.

પ્રશ્નવર ૧. સ્ત્રી. એ નામની નાગરની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પ્રશ્નવાચક [સં.] વિ. પ્રશ્નાર્થવાળું; પ્રશ્નસૂચક.

પ્રશ્નવિપાક [સં.] પું. સવાલનું પરિણામ; જવાબ.

પ્રશ્નવિરામ [સં.] ન. (વ્યાકરણ) લખાણમાં આવતું ? આવું પ્રશ્નસૂચક વિરામચિહ્ન.

પ્રશ્નવિવાક ૧. [સં.] પું. પંચ; પાંચ માણસોનું મંડળ.

૨. પું. શુક્લ યજુર્વેદ સંહિતામાં જણાવ્યા પ્રમાણે વિદ્વાનોનો એક પ્રકાર: કરેલા પ્રશ્નનો ઉત્તર આપનાર જોષી. તેઓ આવી પડનારા સંબંધી પ્રશ્નોના જવાબ આપે છે.

પ્રશ્નવ્યાકરણ ૧. [સં.] ન. (જૈન) એ નામનું એક અંગસૂત્ર.

૨. ન. પ્રશ્નનો ઉત્તર કહેનો તે.

પ્રશ્નસુખ [સં.] ન. પૂછેલા સવાલનો સંતોષકારક જવાબ મળતાં થતું સુખ.

પ્રશ્નસૂત્ર [સં.] ન. (જૈન) એ નામનું એક સૂત્ર; અગિયાર માંહેનું એ નામનું એક અંગસૂત્ર.

પ્રશ્નાત્મક ૧. [સં.] વિ. જિજ્ઞાસુ; જાણવાની ઇચ્છાવાળું.

બાળકની દૃષ્ટિ પ્રશ્નાત્મક છે.
મોન્ટેસોરી પદ્ધતિ

૨. વિ. પ્રશ્નવાળું.

પ્રશ્નાનુસાર [સં.] અ. પ્રશ્ન પ્રમાણે; સવાલ પૂછ્યા મુજબ

પ્રશ્નાપ્રશ્ન [સં. પ્રશ્ન + અપ્રશ્ન] પું. પૂછનારને તેમ જ નહિ પૂછનારને મંત્રવિદ્યાના બળથી શુભાશુભ કહેવું તે.

પ્રશ્નાભિધ [સં. પ્રશ્ન (સવાલ) + અભિધ (અક્ષર)] પું. પ્રશ્નાક્ષરપંરપરા.

પ્રશ્નાર્થ ૧. [સં.] પું. વાક્યની પ્રશ્નસૂચક એટલે પ્રશ્નનો અર્થ નીકળે એવી રચના.

૨. પું. સમસ્યા પૂછવાની અને તેનો ઉત્તર આપવાની એક રમત.

૩. પું. (વ્યાકરણ) સર્વનામના સાત માંહેનો એ નામનો એક પ્રકાર.

૪. વિ. પ્રશ્નવાળા અર્થનું; પ્રશ્ન સંબંધી; પ્રશ્ન તરીકે પુછાયેલું.

૫. વિ. (વ્યાકરણ) પ્રશ્નસૂચક; પ્રશ્નવાચક.

પ્રશ્નાર્થક [સં.] વિ. પ્રશ્નાર્થ; પ્રશ્નસૂચક; પ્રશ્નાત્મક; પ્રશ્ન કે સવાલનું.

પ્રશ્નાર્થકસર્વનામ જુઓ પ્રશ્નાર્થસર્વનામ.

પ્રશ્નાર્થચિહ્ન [સં.] ન. (વ્યાકરણ) પ્રશ્નવાળા વાક્યને અંતે વપરાતું ? આવું ચિહ્ન.

પ્રશ્નાર્થસર્વનામ [સં.] ન. (વ્યાકરણ) સવાલને માટે વપરાતું સર્વનામ. કયું, શું, કોણ વગેરે પ્રશ્નાર્થ સર્વનામ છે.

પ્રશ્નાવલિ [સં.] સ્ત્રી. પ્રશ્નની પરંપરા; સવાલનો સમુદાય; પ્રશ્નમાળા; પ્રશ્નોની હાર.

પ્રશ્નાવલી જુઓ પ્રશ્નાવલિ.

પ્રશ્નાવળિ જુઓ પ્રશ્નાવલિ.

પ્રશ્નાવળી જુઓ પ્રશ્નાવલિ.

પ્રશ્નાસ્પદ [સં. પ્રશ્ન + આસ્પદ (સ્થાન)] વિ. પ્રશ્નાર્થપદ; સવાલ ઉપસ્થિત થાય તેવું.

પ્રશ્નિ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. સ્ત્રી. જમ્બુકુંજી નામે વનસ્પતિ.

પ્રશ્ની [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કુંજીપાઠા.

પ્રશ્નોતરી સ્ત્રી. જન્મલગ્નને બતાવે પ્રશ્નના મુહૂર્ત ઉપરથી ગણતરી કરી કરેલી જન્મોતરી.

પ્રશ્નોત્તર ૧. [સં.] પું. (કાવ્ય) એ નામે એક કાવ્યાલંકાર; સવાલજવાબરૂપે કોઈ બાબતનું વિવેચન તેમાં પ્રશ્ન તથા ઉત્તર બંને હોય છે.

૨. પું. ૧ ૧. સવાલો ને જવાબો.

૩. વિ. સવાલજવાબના રૂપમાં લખાયેલું.

પ્રશ્નોત્તરપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણવ્યવસ્થાની એ નામની એક પદ્ધતિ. શિક્ષકો માટે તે અઘરી છે, કેમકે તેમાં શિક્ષકને મનુષ્યસ્વભાવનું અને બાળમાનસનું સારામા સારું જ્ઞાન જોઈએ. આ પદ્ધતિમાં બાળકને પ્રશ્નો પૂછી જ્ઞાનને માર્ગે વાળવાનું હોય છે. તેથી શિક્ષકોમાં પ્રશ્નો પૂછવાની અને પ્રશ્નોના ઉત્તર લેવાની કળાનું સુંદર જ્ઞાન જોઈએ. આ પદ્ધતિમાં શિક્ષક કોઈ પણ વિષયનું સીધું અને ચોખ્ખું નિરૂપણ કરવાને બદલે પ્રશ્નોની પરંપરા વડે વિદ્યાર્થીઓને

વિષયાભિમુખ કરે છે અને પછી આ પ્રશ્નોત્તરથી જ આખા વિષયને વિદ્યાર્થી સમક્ષ ખડો કરી દે છે. આ પદ્ધતિથી આગળ કરીને પ્રાથમિક શાળામાં અને બહુ તો માધ્યમિક શાળામાં ગરબાતનાં ધોરણોમાં સહજતા મેળવી શકાય છે.

પ્રશ્નોત્તરસભા [સં.] સ્ત્રી. જ્યાં પ્રશ્નો પુછાય અને તેના જવાબ મળે તેવી સભા.

પ્રશ્નોત્તરી ૧. સ્ત્રી. નાગર અને બ્રાહ્મણોની એ નામની એક જાત.

૨. સ્ત્રી. પ્રશ્ન અને ઉત્તરની જેમાં પરંપરા હોય તે; પ્રશ્ન અને તેનો ઉત્તર એવું કથાનક; સવાલજવાબવાળી રચના; સવાલજવાબરૂપે થતું વિવેચન.

૩. સ્ત્રી. પ્રશ્ન ઉપરથી ભવિષ્યની કહીકત સંબંધી ચોપડી.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

પ્રશ્નોપનિષદ [સં. પ્રશ્ન + ઉપનિષદ] પું.; સ્ત્રી.; ન. અથર્વવેદની પિપ્પલાદ શાખાનું એ નામનું એક ઉપનિષદ; પ્રશ્ન. પ્રશ્નમાળા ઉપરથી આ પ્રશ્નોપનિષદ કહેવાય છે. સુકેશા, સત્યકામ, સૌર્યાયણી, કૌશલ્ય, ભાર્ગવ ને કબંધી એ ૬ બ્રહ્મપરાયણ બ્રહ્મર્ષિઓ ભગવાન પિપ્પલાદ મુનિ પાસે ગયા અને જે પ્રશ્ન પૂછ્યા એમના ઉત્તરોનું આ ઉપનિષદ બનેલું છે.

પ્રશ્નોરા ૧. સ્ત્રી. નાગરની જ અને બ્રાહ્મણોની મોરારકી મંડેલની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

પ્રશ્નોત્રિ [સં.] સ્ત્રી. સવાલ પૂછવાનો ઉમળકો કે ખપ્પો.

પ્રશ્રમશ્રુ [સં.] વિ. મોટી દાઢી મૂછવાળું.

પ્રશ્રય [સં.] ન. ચિપિલપણું.

પ્રશ્રમ [સં.] પું. વિશેષ મહેનત; બેદ.

પ્રશ્રય ૧. [સં.] પું. આધાર; આશ્રયસ્થાન.

પું. પ્યાર; સ્નેહ; પ્રણય; પ્રીતિ.

૩. પું. વિનય; વિવેક; નમ્રતા; શિષ્ટતા; શિષ્ટાચાર.

૪. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં ધર્મ ઋષિને ધ્રી નામની સ્ત્રીને પેટે થયેલો એ નામનો પુત્ર.

પ્રશ્રયોપિત ૧. [સં] વિ. પ્રેમવાળું; સ્નેહ ભરેલું.

૨. વિ. વિનયી; વિનયવાળું.

પ્રશ્રવણ ૧. [સં.] પું. રામાયણમાં આવેલો એ નામનો એક પર્વત.

૨. ન. પાણીનો ધોધ; પ્રપાત.

પ્રશ્રિત ૧. [સં.] પું. શાંતિદેવનો એ નામનો એક પુત્ર.

૨. વિ. વિનયી; નમ્ર; સભ્ય.

પ્રશ્રુત ૧. [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસેનજિત કુલોત્પન્ન કુશાગ્રવંશમાં થયેલા મરુ રાજાનો એ નામનો પુત્ર; પ્રસુશ્રુત. સંધિ નામનો રાજા તેનો પુત્ર હતો.

૨. વિ. ઘણું સાંભળેલું.

પ્રશ્રુતિ સ્ત્રી. આઠ કુંડિયાળાં જેટલું વજન. તે દવા જોખવામાં વપરાય છે.

પ્રશ્લેષિ ૧. સ્ત્રી. (જૈન) ઉપવર્ગ; છીપ, છાંચી, ગોચી, ગાજ, દરછ, ભુઠાર, ભિસાન, સરાણિયા અને નાવી એ નવ જાતનો કારીગર વર્ગ.

૨. સ્ત્રી. પંક્તિમાંથી નીકળેલ પંક્તિ.

પ્રશ્લથ [સં.] વિ. અત્યંત શિથિલ; ઘણું જ ઢીલું.

પ્રશ્વાસ [સં.] પું. શ્વાસ લેવો તે; શ્વાસના બહુને બહાર કાઢવાની ક્રિયા; ઉંડા.

પ્રશ્વાસરોધન [સં.] ન. પ્રાણાયામ.

પ્રષ્ટ ૧. [સં.] વિ. મુખ્ય.

૨. વિ. સામેનું.

પ્રષ્ટવ્ય ૧. વિ. જવાબદાર; જોખમદાર; જુમ્મેદાર.

૨. [સં.] વિ. પૂછવા લાયક; પ્રશ્ન કરવા યોગ્ય; પૂછવા જેવું.

પ્રષ્ટા [સં. પ્રષ્ટૃ] વિ. પૂછનાર; પ્રશ્નકર્તા.

પ્રષ્ટિ [સં.] પું. એક જાતનો પક્ષ.

પ્રષ્ઠ ૧. [સં.] વિ. આગળ જનાર; દોરનાર.

૨. વિ. શ્રેષ્ઠ.

પ્રષ્ઠૌહી [સં.] સ્ત્રી. ગંડક નામની ઔષધિ.

પ્રષ્ઠૌહી [સં.] સ્ત્રી. પહેલી વાર સાબણી થયેલી ગાય.

પ્રસક્ત ૧. [સં.] વિ. અનુરક્ત; આસક્ત; ખૂબ ઢળેલું; ઢળીલું.

૨. વિ. નિત્ય; સ્થાયી; અવિનાશી.

૩. વિ. પ્રસંગના વિષયનું; પ્રસ્તુત; મુદ્દાને લગતું.

૪. વિ. ભેળવેલું.

૫. વિ. સામેલું; વળગેલું.

૬. વિ. વહાલું; પ્રિય.

૭. વિ. આપેલું.

૮. અ. ચાલુ; સતત.

પ્રસક્તિ ૧. [સં.] સ્ત્રી. અનુમિતિ.

૨. સ્ત્રી. આપત્તિ.

૩. સ્ત્રી. આસક્તિ; લગની; હેડો; રઢ; અસંગ; ઉંડા; ગાઢ પ્રીતિસંબંધ; વળગણ; કરકોર્ડ કાર્ય, વિષય વગેરેમાં મન અટવા ઉદ્વિગ્ન ચૂંથાવું તે.

૪. સ્ત્રી. ઉત્સાહ.

૫. સ્ત્રી. પ્રસંગ; સંપર્ક; સંબંધ.

૬. સ્ત્રી. પ્રાપ્તિ; મેળવવું તે.

૭. સ્ત્રી. વસવું.

૮. સ્ત્રી. વ્યાપ્તિ; ફેલાવો.

પ્રસક્ષી [સં. પ્રસક્ષિન્] વિ. અત્યંત સહન કરવાના સ્વભાવવાળું.

પ્રસજ્ય [સં.] વિ. સંભાળ્ય; બની શકે એવું; શક્ય.

પ્રસજ્યપ્રતિષેધ [સં.] પું. (વેદાંત) ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ એક જાતનો પ્રતિષેધ; નિષેધની પ્રધાનતા હોય એવો એક જાતનો નિષેધ; સંસર્ગાભાવ; ક્રિયાની સાથે કહેલા નકાર વડે પ્રતિપાદિત થયેલો અત્યંતાભાવ. જેમકે, મદ્ય ન પીવું, એમાં મનુષ્યોને મદ્યપાન રાગતઃ પ્રાપ્ત છે એ મદ્યપાનની પ્રસક્તિ છે. તેનો પ્રતિષેધ પીવું ક્રિયાની સાથે નકાર મૂકીને કર્યો છે. માટે એ પ્રસજ્યપ્રતિષેધ છે.

પ્રસત્તિ ૧. [સં.] સ્ત્રી. નિર્મળતા; સ્વચ્છતા; સફાઈ.

૨. સ્ત્રી. પ્રસન્નતા; ખુશી.

પ્રસત્વા ૧. [સં. પ્રસત્વન્] પું. ધર્મ.

૨. પું. પ્રજાપતિ.

પ્રસન્ન ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ૨ગણ, નગણ અને બે ૨ગણ મળી કુલ બાર વર્ણ હોય છે.

૨. [સં.] પું. મહાદેવ; શંકર.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રસેનજિત કુલોત્પન્ન કૃતાશ્વ રાજાનો એ નામનો પુત્ર. તેનું બીજું નામ સ્થેનજિત હતું. તેના પુત્રનું નામ યુવનાશ્વ હતું.

૪. ન. એક જાતનો મદ્ય.

૫. ન. કૃપા કરવી તે.

૬. વિ. અનુકૂળ; પસંદ; ગમતું.

૭. વિ. કૃપાળુ; ભલું; ભોળું.

૮. વિ. ખુશ; પ્રફુલ્લ મનનું; હરખાયેલું; ખુશખુશાલ; રાજી; આનંદિત.

૯. વિ. ખુશનુમા; આનંદ પમાડતું; ખુશ કરતું.

૧૦. વિ. સરળ; અર્થ તરત સમજાય તેવું.

૧૧. વિ. સંતુષ્ટ; તુષ્યમાન; સંતોષ પામેલું.

૧૨. વિ. સ્વચ્છ; મેલ રહિત; નિર્મળ; પારદર્શક.

પ્રસન્નચિત્ત [સં.] વિ. આનંદી; ખુશી; રાજી; જેનું મન સંતોષાયેલું હોય એવું

પ્રસન્નતા ૧. [સં.] સ્ત્રી. ખુશાલી; ચિત્તની આનંદમયતા; પ્રફુલ્લપણું; ખુશી; રાજીપો; હર્ષ; આનંદ
૨. સ્ત્રી. ચૂંટી કાઢવા સંબંધી ઇચ્છા; મરજી; ચાહ.
૩. સ્ત્રી નિર્મળતા; સ્વચ્છતા.
૪. સ્ત્રી. મહેર; મહેરબાની; કૃપા; માયાળુતા
૫ સ્ત્રી. રુચિ; અભિરુચિ; ભાવ; પસંદગી.
૬. સ્ત્રી. સરળતા; સહેલાઈથી સમજાય એવી સ્થિતિ.
૭ સ્ત્રી. સંતુષ્ટપણું, સંતોષ પામવાની સ્થિતિ.

પ્રસન્નતાપૂર્ણ [સં.] વિ. રાજીપાથી ભરેલું; અતિ આનંદમાં હોય એવું.

પ્રસન્નનેત્ર [સ.] વિ. જેની આંખોમાં પ્રસન્નતા હોય એવું.

પ્રસન્નનેત્રી [સં.] વિ સ્ત્રી. પ્રસન્ન આંખોવાળી.

પ્રસન્નપ્રજ્ઞ [સં.] વિ. શુદ્ધ બુદ્ધિવાળું.

પ્રસન્નમધ્ય પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી સાત મીંઢણો એ નામનો એક અલંકાર. તેને સોમ પણ કહે છે.

પ્રસન્નમધ્યાવરોહ પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી અલંકારો મીંઢણ એક પ્રસન્નમધ્યનું અવરોહી સ્વરૂપ.

પ્રસન્નમન [સં. પ્રસન્ન (સંતોષ પામેલું) + મનસ્ (મન)] વિ. જેનું મન રાજી થયું હોય એવું.
તેમના પ્રસન્નમન ઉદ્ગારો ઝાઝી વખત નીકળી શકતા નથી. ગુ. સા. પરિષદ

પ્રસન્નમુખ [સં.] વિ. પ્રસન્ન મુખવાળું; હસતા ચહેરાવાળું; હસતું; આનંદી.

પ્રસન્નરાઘવ [સં.] પું. જયદેવે લખેલ એ નામનું સાત અંકનું એક નાટક.

પ્રસન્નવદન [સ.] વિ. હસતું; આનંદી.

પ્રસન્નવર્ણ [સં.] વિ. ખુશ કરે તેવા રંગવાળું; રૂપાળું; સુંદર.

પ્રસન્નવું સ ક્રિ. ખુશ કરવું.
રસ લૌંદર્યતા શ્વાસોચ્છ્વાસ પ્રાણને પ્રસન્ને છે ત્યાં. નાનાલાલ

પ્રસન્નહૃદય [સં.] વિ. ખુશી જેનું મન રાજી થયું હોય એવું.

પ્રસન્નહૃદયી જુઓ પ્રસન્નહૃદય.

પ્રસન્ના ૧. [સં.] સ્ત્રી. દારૂ; મદિરા. તે ગુરુમ, વાત, અર્શ, ગુલ્મ અને કફને મટાડનાર મનાય છે
૨. સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય બાવીસ મીંઢણો એ નામની એકવીસમી શ્રુતિ.

પ્રસન્નાત્મા ૧ [સં. પ્રસન્નાત્મન્] પું. વિષ્ણુ. સદા પ્રસન્ન રહેનારા, પરમાનંદસ્વરૂપ, બધા ઉપર સરખા કૃપાળુ, માયા કે પ્રપંચથી સદા રહિત, સદા નિર્વિકાર અને નામસ્મરણ કરનારાની ઉપર સદા પ્રસન્ન રહેનારા હોવાથી વિષ્ણુ ભગવાન પ્રસન્નાત્મા કહેવાય છે.
૨. પું. શિવ.
૩. વિ. પ્રસન્ન અંતઃકરણવાળું; આનંદી; ખુશી થયેલું.

પ્રસન્નાક્ષ [સં.] પું. શિવ; શંકર.

પ્રસન્નાહંતાવરોહ પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી મીંઢણો એક અલંકાર; પ્રસન્નાહંતાનું અવરોહી સ્વરૂપ.

પ્રસન્નાયાવરોહ [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી મીંઢણો એક અલંકાર. પ્રસન્નાયાનું તે અવરોહી રૂપ છે.

પ્રસન્નાર્દિ [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં આવતા સ્વાથી વર્જ્યગત સાત મીંઢણો એ નામનો એક અલંકાર.

પ્રસન્નાર્ધંત [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી સાત મીંઢણો એ નામનો એક અલંકાર. તેને છત પણ કહે છે.

પ્રસન્નાંત [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી સાત મીંઢણો એ નામનો એક અલંકાર. તેને નંદ પણ કહે છે.

પ્રસન્નાંતાવરોહ [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી મીંઢણો એ નામનો એક અલંકાર. પ્રસન્નાંતનું તે અવરોહી સ્વરૂપ છે.

પ્રસન્નેરા [સં.] સ્ત્રી. એક જાતની મદિરા.

પ્રસભ ૧. [સં.] પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર.
૨. વિ. જબરદસ્તી; બળાત્કાર; જોરજુલમ.
૩. અ. અકસ્માત; અચાનક; ઓચિંતું.
૪. અ. જુલમથી; બળાત્કારથી.

પ્રસમીક્ષણ [સં.] ન. સારી રીતે જોવું તે; વિચારવું તે; મનસૂબો કરવો તે.

પ્રસમીક્ષા [સં.] સ્ત્રી. બાબતનો વિચાર; મસલત.

પ્રસયન [સં.] ન. બાંધવાનું સાધન; તાંતણો; દોરો.

પ્રસર ૧. [સં.] પું. કલા.
૨. પું. દૃષ્ટિનો વિસ્તાર; આંખની પહોંચ
૩. પું. ધર્મ વગેરેનો પ્રચાર.
૪. પું. પૂંઠે જવું તે; પાછળ જવું તે
૫. પું. પ્રલય; નાશ.
૬. પું. પ્રસાર; ફેલાવો; પ્રસારો; પ્રસરણ.
૭. પું. પ્રેમથી માગવું તે
૮. પું. (વૈદક) વાત, પિત્ત વગેરે પ્રકૃતિનો સંચાર અથવા વધારોઘટાડો.
૯. પું. વીરતા; સાહસ.
૧૦. પું. વેગ; ઝડપ.
૧૧. પું. વેળા; અવસર.
૧૨. પું. સમૂહ.
૧૩. પું. સારી રીતે બસતું કે જવું તે.
૧૪. ન. નારાચ બાણ; લોખંડી બાણ.
૧૫. ન. નિવાર ધાન્ય.
૧૬. ન. પાસે જવું તે.
૧૭. ન. યુદ્ધ.
૧૮. વિ. સરકનાર; બસનાર; જનાર.
૧૯. વિ. સારી રીતે ફેલાવનાર.

પ્રસરણ ૧. [સં] ન. આગળ વધવું તે; બસવું તે; સરકવું તે.
૨. ન. ઉત્પત્તિ.
૩. ન. પોતાના કામમાં પ્રવૃત્ત હોવું તે.
૪. ન. ફેલાવો; ફેલાવું તે; વિસ્તાર; પ્રસરવું તે; પ્રસર.
૫. ન. વેગ; ઝડપ.
૬. ન. સૈન્ય વગેરેનું ચોતરફ ભમવું; સૈન્યનું આમતેમ જવું તે.

પ્રસરણશિથિલીકરણ ન. વિસરણ; પ્રવૃત્ત કે કામમાં ઢીલાપણું હોવું તે.

પ્રસરણશીલ [સં.] વિ. ફેલાવાના સ્વભાવવાળું.

પ્રસરણશીલતા [સં.] સ્ત્રી. ફેલાવાનો ગુણ.

પ્રસરણી [સં.] સ્ત્રી. ફેલાવો; પ્રસરણ.

પ્રસરણીવીણા [સં.] પું. (સંગીત) એક જાતનું તંતુવાદ્ય. આ વીણા અર્વાચીન કાળમાં બનાવવામાં આવેલ છે. તેમાં આબુના તાર હોતા નથી, પણ તેમાં ખૂંટા વધારે હોય છે.

પ્રસરનારું ૧. વિ. ચોપડી; રોગની અસર લગાડે એવું.
૨. વિ. ફેલાતું; પ્રસરતું.

પ્રસરવું ૧. [સં. પ્રસૃ] અ. ક્રિ. પથરાવું; ફેલાવું; વિસ્તરવું; વ્યાપી જવું.
૨. અ. ક્રિ. પ્રસિદ્ધ થવું; ખ્યાતિ મેળવવી.
૩. અ. ક્રિ. રેલાવું; બહાર વહેવું.

પ્રસરા પું (પિંગળ) એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, બે સગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે. તેમાં ત્રીજા ને સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે
વર્ણ છે, પ્રસરા મ સ સં ગે,
ત્રીજે છે, યતિ સાત પ્રસંગે. રણછોડ

પ્રસરાવવું સ. ક્રિ. ફેલાવવું; વ્યાપે એમ કરાવવું.

પ્રસરાવું અ. ક્રિ. ફેલાવું; આપે જોર થવું.

પ્રસરિત [સં.] વિ. આગળ વધેલું; ફેલાયેલું; વિસ્તારવાળું.

પ્રસરિત રોગ [સં.] પું. (વૈદક) એકદમ ઉત્પન્ન થઈ, ફેલાઈ, અસંખ્ય માણસો ઉપર સપાટો બોલાવી એક દેશમાંથી બીજે દેશમાં જે રીતે દેશપરદેશમાં ફાટી નીકળતો ચેપી રોગ. જેમકે, કોલેરિયું, રંગીલું, ઇન્ફ્લુએન્ઝા, શીળી, ઓરી, અછબડા.

પ્રસરેલું [સં.] વિ. ફેલાયેલું; વિસ્તૃત.

> તેના બધી બાજુનું પ્રસરેલું દૃશ્ય ચકોર પેઠે ઊડવી અને સ્થૂલ ભોજન બદલ માત્ર સૂક્ષ્મ ચંદ્રિકાનાં ચિત્રનું પાન કરવું. ગોવર્ધનરામ

પ્રસર્ગ ૧. [સં.] પું. કોઈ ચીજને ઉપરથી નાખવી તે; નિક્ષેપણ.

૨. પું. વર્ષણ; વરસાવવું તે.

પ્રસર્જક ૧. [સં.] વિ. ઉપરથી નીચે નાખનાર; નિક્ષેપક.

૨. વિ. પ્રસારો કરનાર; ફેલાવનાર.

૩. વિ. વંશવૃદ્ધિ કરનાર; વિસ્તારનાર.

૪. વિ. સર્જન કરનાર; ઉત્પાદક.

પ્રસર્જન ૧. [સં.] ન. ઉત્પન્ન કરવું તે.

> ગુર્જર સુરાષ્ટ્ર । સર્જન,
> કરજે, d રસ પ્રસર્જન.

૨. ન. ઉપરથી નીચે નાખવું તે; નિક્ષેપ.

૩. ન. પ્રસ્તરણ; પ્રસ્તાર; પ્રસાર; પ્રસરણ.

૪. ન. વંશવૃદ્ધિ; વિસ્તાર.

પ્રસર્પ ૧. [સં.] પું. (સંગીત) એ નામે એક જાતનું સામમાન.

૨. ન. જવું તે; ગમન.

પ્રસર્પક ૧. પું. જેમાંથી તેજ અથવા ગરમી નીકળે તેવી વસ્તુ.

૨. [સં.] પું. પક્ષમાં વજન બોલાવવા આવેલ દૂત.

૩. પું. સહકારી ઋત્વિજ.

૪. વિ. આવીને જવાના સ્વભાવવાળું; આકસ્મિક; આગંતુક.

૫. વિ. બોલાવ્યા વિના આવનાર.

પ્રસર્પણ ૧. [સં.] ન. ગતિ; જવું તે.

૨. ન. ઘસરકો તે; પેસવું તે.

૩. ન. પ્રસરવું તે; ફેલાવું તે.

૪. ન. રક્ષાનું સ્થાન.

૫. ન. સૈન્યોનું ચોતરફ ફેલાવું તે.

પ્રસર્પણી [સં.] સ્ત્રી. લડવા માટે સૈન્યનું ચારે તરફ જવું તે.

પ્રસર્પી ૧. [સં. પ્રસર્પિન્] વિ. જનારું; ગતિશીલ.

૨. વિ. ચડી આવનાર.

૩. વિ. ફેલાતું; પ્રસરતું.

૪. વિ. વસ્તી સભામાં જનાર.

પ્રસર્પિષ્ણુ [સં. પ્રસર્પિન્ (ફેલાતું) + ણુ (જનાર)] વ. મોટું થતું જતું વાંકું; ફેલાતું ઘૂમતું.

પ્રસલ ૧. [સં.] પું. હેમંત ઋતુ.

૨. વિ. અવતરેલું; જન્મેલું.

પ્રસવ ૧. પું. આઠ માસિનો એ નામનો એક જાતનો પ્રબંધ.

૨. [સં.] પું. ઉત્પત્તિ; જન્મ.

૩. પું. ગર્ભ; ગ્રામ.

૪. પું. બાઢનો મોર.

૫. પું. પાક.

૬. પું. પ્રસવવું તે; જન્મ આપ્યો કે થયો તે; જનન; ગર્ભસ્થાનમાંથી બાળકનું બહાર પડવું તે. પ્રસવના સુખપ્રસવ, કષ્ટપ્રસવ અને વિષમપ્રસવ એમ ત્રણ ભેદ છે.

૭. પું. ફળ.

૮. પું. ફૂલ.

૯. પું. વૃદ્ધિ.

૧૦. પું. સંતાન; બોકડું.

પ્રસવક ૧. [સં.] ન. આરોળીનું ઝાડ.

૨. વિ. પ્રસવ કરનાર.

પ્રસવકર્મ [સં. પ્રસવકર્મન્] ન. સુવાવડનું વૈદકશાસ્ત્ર; પ્રસવવૈદક; ગર્ભભોજનવિદ્યા.

પ્રસવકારિણી [સં. પ્રસવ (જન્મ) + કારિણી (કરાવનારી)] સ્ત્રી. સુવાણી; સૂતિકા; ધાઈ.

પ્રસવકાલ ૧. [સં.] પું. પ્રસવની વેદના કરે ત્યાર થયા પછી બાળક અવતરી બહાર પડે ત્યાંસુધીનો સમય; પ્રસવનો વખત; ઉત્પત્તિકાળ; પ્રસૂતિનો સમય. જેવું કહ્યું છે કે, આઠમા માસ ઉપર એક દિવસ પણ વીતે એટલે નવમા માસથી દશમા માસ સુધીનો જે કાળ તે પ્રસવનો કાળ છે.

૨. સ્ત્રી. ફૂલ આવવાનો સમય.

પ્રસવકાળ જુઓ પ્રસવકાલ.

પ્રસવક્રિયા [સં.] સ્ત્રી. સુવાવડ; બચ્ચાંતર; બાળકને જન્મ આપવાની ક્રિયા.

પ્રસવધૂ ન. નીચે ટપકવું તે.

પ્રસવતત્ત્વ [સં.] ન. ધાત્રીવિદ્યા.

પ્રસવતી [સં.] સ્ત્રી. બચ્ચાંને વખત જેને આવ્યો હોય તેવી સ્ત્રી.

પ્રસવદ્વાર [સં.] ન. યોનિદ્વાર; યોનિપથ.

પ્રસવધર્મિણી [સં.] વિ. સ્ત્રી. જન્મ આપવાના ગુણવાળી.

પ્રસવધર્મી [સં. પ્રસવધર્મિન્] વિ. પ્રસવથી ઉત્પન્ન થતું.

પ્રસવન ન. બહુ સંતતિ ઉત્પન્ન થાય તેવી ફળદ્રુપતા.

પ્રસવનળી સ્ત્રી. હવા કે બનાવેલો વાયુ બહાર નીકળવા માટે મુખમાં ફાટખૂણે વાળેલી નાની નળી; નિકાસ નળી; નિર્ગમનલિકા.

પ્રસવબંધન [સં.] ન. ફળફૂલ વગેરેનું ઠીંટું.

પ્રસવયાતના [સં.] સ્ત્રી. બાળકને જન્મ આપતી વખતે થતું દુઃખ.

પ્રસવરી સ્ત્રી. ઉપાર્જન; મેળવવું તે.

પ્રસવવિદ્યા [સં.] સ્ત્રી. બચ્ચાંતરવિદ્યા; ગર્ભભોજનવિદ્યા.

પ્રસવવું ૧. અ. ક્રિ. જન્મવું; ઉદ્ભવવું.

૨. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

૩. [સં. પ્રસૂ] સ. ક્રિ. બચ્ચું; ગર્ભમાંથી બહાર પાડવું; જન્મ આપવો.

પ્રસવવેદના [સં.] સ્ત્રી. બચ્ચાંતરની વેદના; વેણ; બાળક અવતરવા વખતે માતાને થતું દુઃખ; બચ્ચાં વખતની પીડા.

પ્રસવવેદનાજનક [સં.] વિ. પ્રસવની પીડા ઉત્પન્ન કરે એવું.

પ્રસવવૈદક [સં.] ન. સુવાવડનું વૈદકશાસ્ત્ર; બચ્ચાંતરવિદ્યા.

પ્રસવશીલ [સં.] વિ. જન્મ આપવાના સ્વભાવવાળું.

પ્રસવશીલતા [સં.] સ્ત્રી. અવંધ્યતા; ફળદ્રુપપણું.

પ્રસવસહાયક [સં.] વિ. બાળકનો જન્મ થવામાં મદદ કરનારું.

પ્રસવસ્થલી ૧. [સં.] સ્ત્રી. ઉત્પત્તિસ્થાન.

૨. સ્ત્રી. માતા.

પ્રસવસ્થાન ૧. [સં.] ન. ઉત્પત્તિસ્થાન.

૨ ન. સુવાવડ કરવાનો ઓરડો; સૂતિકાગૃહ.

પ્રસવાપ્યાનવતી [સં] વિ. સ્ત્રી. સગર્ભા; બાળકને જન્મ આપવાની સ્થિતિમાં હોય એવી

પ્રસવાવસ્થા [સં.] સ્ત્રી. બાળકને જન્મ આપવા વખતની સ્થિતિ

પ્રસવિતા ૧ [સં. પ્રસવિત્] પું બાપ; જનક, પિતા

૨ વિ ઉત્પાદક; ઉત્પન્ન કરનાર; જન્મ આપનાર.

પ્રસવિત્રી [સં.] સ્ત્રી. માતા.

પ્રસવી ૧. [સં. પ્રસવિન્] વિ. પ્રસવ કરનાર; જન્મ દેનાર; ઉત્પન્ન કરનાર.

૨. વિ. ફળ, ફૂલ વગેરે ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું; જન્મવાના સ્વભાવવાળું.

પ્રસવોન્મુખ [સં.] વિ. બાળકને જન્મ આપવાની તૈયારીમા હોય એવું.

પ્રસવોન્મુખી [સં. પ્રસવ + ઉન્મુખ + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. બાળકને જન્મ આપવાની તૈયારીમાં હોય એવી.

પ્રસવ્ય ૧. [સં.] વિ. ઊલટું; પ્રતિકૂલ.

૨ વિ. જમણી બાજુથી પરિક્રમા કરવી તે.

૩. વિ. ડાબું.

૪. વિ. પ્રસવ કરવા જોગ.

પ્રસવ્યા [સં.] સ્ત્રી. ઊલટી પ્રદક્ષિણા.

પ્રસહ ૧. [સં.] વ. કપાળ મારી પોતાના શિકારને પકડનાર પક્ષી; બાજ; સમડી વગેરે પક્ષી.

૨ વિ. બળાત્કારે ખાઈ જનાર બાજ, સમડી વગેરે પક્ષી.

૩. વિ. સારી રીતે સહન કરનાર.

પ્રસહન ૧. [સં.] ન. આલિંગન; ભેટવું તે.

૨. ન. એક જાતનું હિંસક પશુ.

૩. ન. ક્ષમા.

૪. ન. સારી રીતે સહન કરવું તે.

પ્રસહપક્ષી [સં. પ્રસહપક્ષિન્] વ. બળાત્કારે લૂંટીને ખાનાર પક્ષી.

પ્રસહા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

પ્રસહ્ય ૧. [સં.] વિ. સારી રીતે સહન કરવાને શક્ય; સહી શકાય એવું.

૨. અ. બળાત્કારથી; જોરજુલમથી.

૩. અ. હઠપૂર્વક; દુરાગ્રહથી.

પ્રસહ્યચોર [સં.] પું. બળજબરીથી ચોરી કરનાર માણસ; બાઠપાડુ; જબરદસ્તીથી માલ છીનવી લેનાર માણસ.

પ્રસહ્યાહરણ [સં.] વ. જબરદસ્તીથી લઈ લેવું તે; બળાત્કારે ઉપાડી જવું તે.

પ્રસંખ્યાન ૧. [સં.] વ. ઉત્તમ જ્ઞાન કે વિવેક; સમ્યગ્જ્ઞાન; સારી રીતનું જ્ઞાન; વિવેકખ્યાતિ.

૨. વ. ઊંડા વિચારમાં ઊતરી જવું તે.

૩. વ. ધ્યાન; આત્માનું સંધાન.

૪ વિ. અત્યંત સભ્યતાવાળું.

૫. વિ. સારી રીતે મઠોલું.

પ્રસંગ ૧. [સં.] પું. અત્યંત સંગ; અત્યાસક્તિ; બહુ જ મોહ પામેલું હોવાપણું.

૨. પું. અનુકૂળ કાર્ય સિદ્ધ કરવાનો યોગ્ય સમય; લાગ; તકો; જોગ; અવસર; જોગવાઈ.

આજના જેવો વિકટ સમય કોઈ વાર નહોતો આવ્યો. કૉંગ્રેસના અસહકારના સમયમાં નવરાત્રીની આપણને આવા હતી. એ સુખદ પ્રસંગ હતો. આજ દુઃખદ સમય આવ્યો છે. એ સુખદ પ્રસંગ કાં શકયો નહિ એ કેમ? એમાં કાજની ન્યૂનતા નહોતી એમ નહિ?

આનંદશંકર ધ્રુવ

૧. પ્રસંગ આવવો = તક સાંપડવી; અવસર આવવો.

૨. પ્રસંગ જાળવે = યોગ્ય સમયે.

૩. પ્રસંગ સાંધવો = અનુકૂળ વખતે કામ પતાવવું.

૩. પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર.

પ્રસંગથી અન્યાર્થને પણ પ્રાપ્ત થઈ જાય એ પ્રસંગ અર્થાલંકાર છે. કાવ્યતાત્પર્ય

૪. પું. કોઈ ફૂલને ખંખેરતાં તેમાંથી ખરી પડતો પીળા સરખો, રાતા કે એવા કોઈ રંગનો ભારીક ભૂકો; પરાગકેસર. ગુલાબનું કે દાડમીનું ફૂલ કાઈ ખખેરશો તો તેની અંદરથી કેટલીક વેળા પીળા સરખો, રાતા કે એવા કોઈ રંગનો ભારીક ભૂકો ખરી પડતો જણાશે. તેને પ્રસંગ કહે છે. તે પુષ્પકેસરને માથે આવેલી થેલીઓમાં ભરી રાખેલો હોય છે. જ્યારે ફૂલ પૂરતું ખીલી રહે છે ત્યારે એ થેલીઓ પરાગથી ભરેલી તો સામાન્ય બારીક જણાય છે કે તેઓ પોતાની મેળે ફાટે છે અને તેમાંનો પરાગકેસર કીકેસર મથાળે જઈ પડે છે. આ મથાળાનો ભાગ કમેલા ચીકાશદાર હોય છે, તેથી કરીને પરાગકેસર તેઓ ઉપર વળગી રહે છે. વળગ્યા પછી ધીરે ધીરે તેની ભૂકીના દરેક દાણામાંથી લાંબી નળી નીકળે છે, જે નળીઓ સ્ત્રીકેસરને છેડે કોઠળ અણમાં ઊતરે છે. આ નીચેના અણ ગોળ પેટ જેવા હોય છે અને તેમાં કીણા કીણા ખંડ હોય છે. આ ખંડના દાણા સાથે પરાગકેસર મળ્યા પછી તેઓમાં તેમજ આખા ફૂલમાં કેટલોક ફેરફાર થવા માંડે છે. ફૂલનું સૌંદર્ય અને સુગંધ હરે જતાં રહે છે, પણ ફૂલની જગ્યાએ હવે પ્રસરનું સહેજતદાર ફળ બનાવી પામે છે.

૫. પું. ચર્ચા, વિવાદ.

૬. પું. ટાણું.

૭. પું. બનાવો સંભવ; સહજતા.

૮. પુ. સમાગમ કરવું તે.

૯. પુ. પ્રકરણ.

૧૦. પું. પ્રસ્તાવ.

૧૧. પું. પ્રાપ્તિ; મળવું તે.

૧૨. પું. બનાવ; ઘટના.

૧૩. પું. મંડળ.

૧૪. પું. મુલાકાત; સમાગમ.

૧૫. પું. મેળાપ; સોબત; સહવાસ; પરિચય.

૧. પ્રસંગ પડવો = અકસ્માત કોઈનીનો મેળાપ થવો; પરિચય થવો; મળવાનું થવું.

૨. પ્રસંગ પાડવો = પરિચય કરવો.

૧૬. પું. મૈથુન; સંભોગ.

૧૭ પું. વાતોનો પરસ્પર સંબંધ.

૧૮. પું. વિષય; વસ્તુ; વાત; બાબત.

પ્રસંગ નીકળવો = સભામાં કોઈ વિષય ઉપર બોલવાનો મોકો ઉપસ્થિત થવો.

૧૯. પું. વિસ્તાર; ફેલાવો.

૨૦. પું. સમયનો વખત.

૨૧. પું. સંકટનો વખત.

૨૨. પું. સિદ્ધિ; સાધનતા.

૨૩. પું. હેતુ; કારણ.

પ્રસંગકાવ્ય [સં.] વ. એક જાતની કવિતા.

પ્રસંગખંડ [સં.] પું. પ્રસંગ વખતે વપરાતો મકાનનો ભાગ.

પ્રસંગગ્રહ [સં.] વ. (વેદાંત) જે અર્થ સ્મૃતિનો વિષય થયો હોય છતાં દોષનો વિષય ન થયો હોય તેપણું; બ્રહ્મમાં બ્રહ્મણનું સંબંધપણું.

પ્રસંગભૂત [સં.] વિ પ્રસ્તાનું; પ્રસંગને લગતું; પ્રસ્તુત.

પ્રસંગમાલા [સં] સ્ત્રી. એક પછી એક પ્રસંગ આવવા તે

પ્રસંગયાન [સં.] વ. કોઈ સ્થાન ઉપર ચઢાઈ કરવાની વાત જાહેર કરી કોઈ બીજા સ્થાન ઉપર ચઢાઈ કરવી તે.

પ્રસંગવશ [સં] વિ. પ્રસંગને તાબે રહે તેવું; આવેલા તકનો ઉપયોગ કરી લેનાર; તક સાધનાર.

પ્રસંગવશાત્ ૧. [સં.] અ. કોઈક પ્રસંગે; પ્રસંગોપાત્ત; કોઈ વખતે.

૨. અ. પ્રસંગને લઈ; આજુબાજુના સંજોગોને લીધે; સંજોગોવશાત; યથાવસર.

પ્રસંગવિધ્વંસ [સં.] પું. (કાવ્ય) માનભોજનના છ માંહેનો એક ઉપાય.

જ્યાં નાયક નાયકાના ચિત્તમાં ભ્રમ કે ભ્રાંતિ પ્રકટ કરી માન છોડાવ તેને પ્રસંગવિધ્વંસ કહે છે. આ પણ લઘુમાનભોજન ઉપાય છે.

કાવ્યતાત્પર્ય

પ્રસંગવિધ્વંશ જુઓ પ્રસંગવિધ્વંસ.

પ્રસંગવીર [સં.] પું. પ્રસંગ બનતાં વીરતા બતાવનાર માણસ; મોટે શૌર્ય બતાવે તેવો પુરુષ.
સ્વાશ્રયબળે પુરુષાર્થસાધક, પ્રસંગવીર બનીને એ વામનકુમાર બનીને વેરાટ સ્વરૂપ પામ્યો. કુ. સા. પરિષદ

પ્રસંગસમ ૧. [સં.] પું. (ન્યાય) પ્રતિવાદી તરફથી કરવામાં આવતો એક જાતનો પ્રતિષેધ. તેમાં પ્રતિવાદી સાધનનું પણ સાધન માગે છે અને એ રીતે વાદીને ગાફરમાં નાખે છે.

૨. જી. ગૌતમસૂત્રપ્રસિદ્ધ એક જાતિ.

પ્રસંગસંગતિ [સં.] સ્ત્રી. એક વિષય ચાલતો હોય તેમાં બીજા વિષયનો પ્રસંગ આવવાથી મેળવવામાં આવતો સંબંધ.

પ્રસંગસિદ્ધિ [સં.] સ્ત્રી. એક કામમાં બીજું કામ આપ મેળ થઈ જાય તે.

પ્રસંગસેવી [સં. પ્રસંગ + સેવિન્ (સેવનાર)] વિ. વખત જોઈ વાત કરનાર; સમયસેવી; લાગ સાધી લે તેવું

પ્રસંગાનુકૂલ જુઓ પ્રસંગાનુસાર.

પ્રસંગાનુકૂળ જુઓ પ્રસંગાનુસાર.

પ્રસંગાનુસાર [સં.] વિ. પ્રસંગોચિત; પ્રસંગને અનુસરતું.

પ્રસંગાવધાન [સં.] ન. સમયસૂચકતા; વખત જોઈ કામ કરવું તે.

પ્રસંગાવધાની વિ. જે સમયે જેવું જોઈએ તેમ વર્તનાર; સમયસૂચકતા વાપરનાર.

પ્રસંગાસન [સં.] ન. બે રાજ્યોએ સંધિ કરી ચૂપ રહેવાપણું.

પ્રસંગાંતરતા [સં.] સ્ત્રી. અપ્રસ્તુત વાત; વાતચીતમાં આડું ફંટવું તે; વિષયાંતર થવું તે.

પ્રસંગી ૧. [સં. પ્રસંગિન્] વિ. અનુરક્ત આસક્તિવાળું; મોહ પામેલું.

૨. વિ. તાબેદાર.

૩. વિ. પ્રસંગવાળું; પ્રાસંગિક.

પ્રસંગે ૧. અ. પરિણામે; ને લીધે; કારણે.

૨. અ. પ્રસંગ ઉપર; પ્રસંગવશાત.

૩. અ. સંબંધે; અન્વયે; બદલે.

પ્રસંગોચિત [સં. પ્રસંગ + ઉચિત (યોગ્ય)] વિ. પ્રસંગને અનુસરતું; પ્રસંગાનુસાર; પ્રસંગને યોગ્ય.

પ્રસંગોપાત્ત ૧. અ. ચાલતી વાતમાંથી નીકળે તેમ.

૨. અ. પ્રસંગે; પ્રસંગાનુસાર; વખત આવ્યેથી.

પ્રસંજ્ઞ ૧. [સં.] ન. ઉપયોગમાં લેવું તે.

૨. ન. કામે લગાડવું તે.

પ્રસાતિકા [સં.] સ્ત્રી. એક જાતનું સાદય ધાન્ય.

પ્રસાદ ૧. પું. (સંગીત) અનુક્રમે ત્રીજો મહિનો ત્રીજમે ચઢાવાય.

૨. [સં.] પું. અનુગ્રહ; કૃપા; મહેરબાની; મહેર.

૩. પું. અર્થની સ્પષ્ટતા.

૪. પું. કાવ્યની રચનામાં રહેલું મોહક શબ્દમાધુર્ય; સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય તેવો કાવ્યનો એક ગુણ; વાચકનું મન રંજન થાય એવી કાવ્યમાંની કવિની અલૌકિક રચનાશક્તિ કવિતામાં જે વાણીમાં ચિત્તને પ્રસન્ન કરે એવું તત્ત્વ; ભાવો અને અર્થના પ્રવાહની સાથે શબ્દસમૂહ અને પદના સમપ્રવાહનો મેળ.
આખી કૃતિના જુદાં જુદાં અંગોપાંગનું અસાધારણ ચમત્કારક ઔચિત્ય તે જ કવિતાનો પ્રસાદ છે. ન્હાનાલાલ કવિ

૫. પું. પ્રણાલીની નજર; રાજીખુશી; પ્રસન્નતા; ચિત્તનું સ્વાસ્થ્ય.

૬. પુ. ભોગ; માર; સિદ્ધિ.
પ્રસાદ ચખાડવો = માર મારવો.

૭. પું. દેવને ધરાવેલું ખાવાનું તે; દેવતાની આજ્ઞા ધરાવેલું નૈવેદ્ય.
૧. પ્રસાદ કરવો = દેવને ધરવા નૈવેદ્ય તૈયાર કરવું અથવા ધરવું.
૨. પ્રસાદ ધરાવવો = નૈવેદ્ય અર્પવું.

૮. પું. ત્રાગ્રપિત્તળ મહિનો માત્રામેળવાળો એક છંદ.

૯. પું. નિર્મળતા; સ્વચ્છતા.

૧૦. પું. ભાતમાં રંધેલા ચોખા.

૧૧. પું. ભોજનમાં જમવું તે.

૧૨. પું. મહાન પુરુષ અથવા ધર્મિષ્ઠ પુરુષે પાછળ રાખેલ ચીજો; દેવ, ગુરુ, સાધુ, સ્વામી વગેરેએ પ્રસન્ન થઈને આપેલું જે કંઈ તે નૈવેદ્યની શેષ; પ્રસાદીઃ દેવ, ગુરુ, બાવો વગેરેએ ભોગવેલા પદાર્થમાંથી શેષ રહેલો પદાર્થ.
૧. પ્રસાદ આપવો = (૧) દેવ, ગુરુને અર્પણ કરેલા નૈવેદ્યમાંથી વહેંચવું. (૨) માર મારવો.
૨. પ્રસાદ આરોગવો-લેવો = જમવું.

૧૩. પું. મહેરબાની.

૧૪. પું. માણસને ઈશ્વરી મદદ કે મૈત્રી પમાડનાર આશીર્વાદ.

૧૫. પું. વર; વરદાન; બક્ષિસ.

૧૬. પું. વીરશૈવ ધર્મમાં કહ્યાવેલ આઠ મહિનું એક આવરણ.

૧૭. પું. શાંતિ.

૧૮. પું. ઘીરો; એક જાતની મીઠી વાની.

૧૯. પું. મદ્ય.

૨૦. પું. (સંગીત) સંચારી મહિનો એક આરોહી અલંકાર.

૨૧. પું. સંતોષ.

૨૨. પું. સાધુઓનો જોગ થવાનો ઓરડો.

૨૩. પું. સ્વાદ.

૨૪. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મ ઋષિને મૈત્રી નામની સ્ત્રીથી થયેલો એ નામનો પુત્ર.

પ્રસાદક ૧. [સં.] ન. એક જાતનું ધાન.
૨. ન. કેરસન.
૩. ન. દેવ, ધન વગેરેનું અધાર્મિકના હાથમાંથી ધાર્મિકના હાથમાં જવું તે. તેથી જનતા પ્રસન્ન થાય છે.
૪. વિ. કૃપા કે મહેરબાની કરનાર; પ્રસન્ન બનાર; પ્રસાદ કરનારું.
૫. વિ. નિર્મળ; ચોખ્ખું.
૬. વિ. નિર્મળ કરનાર.
૭. વિ. પ્રસન્ન કરનાર; પ્રીતિ ઉપજાવે એવું.

પ્રસાદકગુણ [સં.] પું. (કાવ્ય) સાંભળવાની સાથે સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય એવો શબ્દનો ગુણ.
સૂકા લાકડામાં જેમ અગ્નિ તરત સર્વત્ર વ્યાપે છે ને જેમ સ્વચ્છ જળ સર્વત્ર પ્રસરે છે, તેમ જે અર્થમાં એકદમ ફેલાઈ જાય છે તે પ્રસાદગુણ છે. બૃહદ્ધર્મપુરાણ

પ્રસાદન ૧. [સં.] ન. પ્રસન્ન કરવું તે; પ્રસન્ન કરવું તે.
૨. ન. ધાન્ય; અન્ન; અનાજ.
૩. ન. પ્રસન્નતા; રાજીપો; ખુશાલી.
૪. ન. સેવા; ચાકરી.
૫. વિ. નિર્મળ કરવાવાળું.
૬. વિ પ્રસન્ન કરનાર.
૭. વિ. સુખદાયક.

પ્રસાદના ૧. [સં.] સ્ત્રી. પ્રસન્ન કરવું તે; ખુશ કરવું તે.
૨. સ્ત્રી. સેવા; પરિચર્યા.

પ્રસાદની સ્ત્રી. માથું ઓળવાની કાંસકી.

પ્રસાદનીય ૧. [સં.] વિ. આજ્ઞાથી સમજાવી પ્રકાર જોવું; સાંત્વનીય.
૨. વિ. પ્રસન્ન કરવા યોગ્ય.

પ્રસાદપત્ર [સં.] પું. ભેટ અથવા બક્ષિસનો દસ્તાવેજ

પ્રસાદબદ્રક [સં.] પું. (શિલ્પ) એક જાતનો રથ.

પ્રસાદભૂમિ [સં.] સ્ત્રી. માનીતું માણસ.

પ્રસાદભોગી ૧. [સં. પ્રસાદભોજિન્] વિ. ખુશામતિયું; મામલિયું.
૨. વિ. સારી સારી વસ્તુઓ ખાવાની મળે એવું.

પ્રસાદલિંગ [સં.] ન. એક પ્રકારનું લિંગ.
અહાલિંગ, પ્રસાદલિંગ, ચરલિંગ, સિદ્ધલિંગ, ગુરુલિંગ અને આચારલિંગ એમ છ ભેદ છે.
બુદ્ધિપ્રકાશ

પ્રસાદસ્થ [સં.] વિ. પ્રસન્ન; આનંદી.

પ્રસાદાત્મક ૧. [સં.] વિ. પ્રસાદગુણવાળું.
૨. વિ. સ્વચ્છ; નિર્મળ.

પ્રસાદાભિમુખ ૧. [સં.] વિ. પ્રસન્ન થવા.
૨. વિ. મહેરબાનીવાળું.

પ્રસાદામૃતમય [સં.] વિ. કૃપારૂપી અમૃતથી ભરેલું.

પ્રસાદાવરોહ [સં.] પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપરથી ઊતરી આંકનો એક અલંકાર; પ્રસાદનું અવરોહી સ્વરૂપ; પ્રસાદ.

પ્રસાદિત ૧. [સં.] વિ. નિર્મળ કરેલું; સ્વચ્છ બનાવેલું.
૨. વિ. પૂર્ણ કરેલું.
૩. વિ. પ્રસન્ન કરેલું; સમાધાન કરેલું.

પ્રસાદી ૧. સ્ત્રી. આશીર્વાદ; કૃપા; મહેરબાની; અનુગ્રહ.
૨. સ્ત્રી. કલ્યાણકારી આદમા.
૩. સ્ત્રી. દેવ, ગુરુએ પ્રસન્ન થઈ આપેલી ચીજ; દેવતા, ગુરુ વગેરેએ ખુશીથી આપેલું જે કંઈ તે.
૪. સ્ત્રી. દેવતાને બલિ ચઢાવેલ પશુનું માંસ.
૫. સ્ત્રી. નૈવેદ્ય; પ્રસાદ; દેવને ધરાવેલી સામગ્રી; નિર્માળ.
૬. સ્ત્રી. માર; શિક્ષા.
૭. [સં. પ્રસાદિન્] વિ. કૃપા કરનાર.
૮. વિ. નિર્મળ; સ્વચ્છ.
૯. વિ. પ્રસન્ન કરનાર.
૧૦. વિ. પ્રીતિ કરનાર.
૧૧. વિ. શાંત.

પ્રસાધક ૧. [સં.] પું. રાજાઓને શણગારનાર સેવક.
૨. પું. વિજય મેળવનાર માણસ.
૩. વિ. શણગારનાર; શોભાવનાર.
૪. વિ. સંપાદક; પ્રાપ્ત કરનાર.

પ્રસાધન ૧. [સં.] ન. અલંકાર પહેરાવવાથી આવતી શોભા.
૨. ન. આંખને શોભણી કરે એવું એક જાતનું અંજન.
૩. ન. કૃત્રિમ ભૂખ્યવેશ; ચંડનાદિ શણગાર.
૪. ન. કસેહ મેળવણી તે.
૫. ન. મહાવસા નામની લતા.
૬. ન. વાળ ઓળવાનો દાંતિયો.
૭. ન. શણગાર કે તે સજવાની સાધનસામગ્રી; ' ટોઇલેટ '.
૮. ન. શરીરને સુશોભિત કરવું તે.
૯. ન. સિદ્ધ કરવું તે; સાધવું તે; સંપાદન; ઠીક કરવું તે.

પ્રસાધનકલા [સં.] સ્ત્રી. અલંકૃત કરવાની વિદ્યા; શણગારશાસ્ત્ર.

પ્રસાધનગૃહ [સં.] ન. શણગાર સજવા ઊતારવાનો ઓરડો.

પ્રસાધની [સં.] સ્ત્રી. વાળ ઓળવાની ફણસી.

પ્રસાધિકા ૧. [સં.] સ્ત્રી. નિવાર ધાન્ય; સામો.
૨. સ્ત્રી. માથું ગૂંથનારી સ્ત્રી.
૩. સ્ત્રી. શણગારનારી સ્ત્રી; અંતઃપુરમાં રાણીઓને અને મુદ્દલની સ્ત્રીઓને હાથદીપથી સજનારી સ્ત્રી.

પ્રસાધિત ૧. [સં.] વિ. અલંકૃત; સજેલું.
૨. વિ. પૂરું કરેલું; સિદ્ધ કરેલું; સાધેલું.
૩. વિ. સારી રીતે સંપાદન કરેલું.

પ્રસાધ્ય ૧. [સં.] વિ. નાશ કરવા યોગ્ય.
૨. વિ. સંપાદન કરવા જેવું.
૩. વિ. સાધવા યોગ્ય; સિદ્ધ કરવા જેવું; વશ કરવા લાયક.

પ્રસાર ૧. [સં.] પું. આમંત્રણ અર્થે તે; કરવું તે.
૨. પું. નિર્ગમ; નિકાસ.
૩. પું. પ્રસરણ; વિસ્તાર; ફેલાવ; ઠેકઠેકાણે પ્રસરી જવું તે; ફેલાવો.
૪. પું. યુદ્ધને સમયે જંગલ વગેરેના પહવાયો બળની સહાય.
૫. [સં. પ્ર + સૃ (જવું)] પું. લૂંટ વગેરે કરવા માટે લશ્કરનું આરે તરફ જવું તે.

પ્રસારક [સં.] વિ. પ્રસાર કરનાર; ફેલાવનાર; વિસ્તારનારું; વધારનારું.

પ્રસારકપેશી [સં.] સ્ત્રી. જેનાથી શરીરનો કોઈ પણ ભાગ કે અવયવ ટટ્ટાર કે લાંબો થઈ શકે તે સ્નાયુ

પ્રસારણ ૧. સ્ત્રી. એક જાતની વેલ; પ્રસારણી.
૨. ન. ફેલાવું તે; પ્રસાર; ફેલાવો; વિસ્તારવું તે; વિસ્તાર કરવારૂપ ક્રિયા
૩. ન. (વેદાંત) મૂર્ત દ્રવ્યના તિર્યક્ દેશ સાથેના સંયોગનું અસમવાયિકારણરૂપ મૂર્ત દ્રવ્યનું કર્મ. શરીરનાં સંકુચિત અંગોનો વિપ્રકૃષ્ટ અથવા દૂરના દેશ સાથે સંયોગ થાય છે. તે સંયોગનું અસમવાયિકારણ તે હાથ પગ વગેરે અંગોનું કર્મ પ્રસારણ કહેવાય છે.
૪. ન. હાથ પગ હલાવવાના બાર પ્રકારનો એક નામનો એક પ્રકાર.

પ્રસારણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની લતા. તેનો વેલો બહુ લાંબો થાય છે. તેને ફૂંદવાથી વિચિત્ર ઊભ દુર્ગંધ નીકળે છે. તેમાં જાંબુડા રંગનાં ફૂલ થાય છે. આ વેલાનું પંચાંગ ઔષધમાં વપરાય છે. તે ક્ષોપક અને વાતહર મનાય છે. સંધિવામાં પ્રસારણી અકસીર ઉપાય મનાય છે.
૨. સ્ત્રી. પેશીની ઠેકરા.

પ્રસારણીસ્નેહ પું (વૈદક) શરીરનો કોઈ પણ ભાગ જકડાઈ જઈ સોજો આવે તે મટાડવા વપરાતું ઔષધ. તે બનાવવા પ્રસારણીનું પંચાંગ અધકચરું વાટી તેને અગિયાર શેર પાણીમાં ઉકાળવું. ચોથો ભાગ પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું. આ પાણીને ગાળી તેમાં અધેર શેર તલ નાખવો અને બાકીનું ચાર ગાંસુથી ઉકાળવું. પછી તેમાં પંચકોલ અધધો શેર નાખવું. જે તૈયાર થાય તે પ્રસારણીસ્નેહ કહેવાય છે. તેની માત્રા અર્ધાથી એક તોલાની છે.

પ્રસારરક્તભાર [સં.] પું. લોહીના દબાણને લઈ હૃદયની રક્તવાહિનીઓનું ફુલાવું કે સંકોચાવું તે; શ્વાસની ધમણ ચાલવાથી હૃદયના ધબકારા ક્રમે ક્રમે વધતા જાય તેવું લોહીનું દબાણ.

પ્રસારવું ૧. સ. ક્રિ. પહોળું કરવું
૨. સ. ક્રિ. ફેલાવવું; પ્રવર્તાવવું; પ્રસરે એમ કરવું; ફેલાવો કરવો; વિસ્તારવું; બધામાં પથરાવવું.

પ્રસારિણી ૧. [સં.] સ્ત્રી. દેવ ધાન્ય.
૨. સ્ત્રી. પ્રસારણ વેલ. મધ્ય અને પૂર્વ હિમાલય, પશ્ચિમ દ્વિદ અને હોશિયારપુરના પ્રદેશમાં આ છોડ ઊગે છે.
૩. સ્ત્રી. (સંગીત) મધ્યમ સ્વરની ચાર માંહેની એક શ્રુતિ.
૪. સ્ત્રી. ભૂતબળી નામની વનસ્પતિ.

પ્રસારિણી તૈલ [સં.] ન. વાતરોગ ઉપર ચોપડવાનું એક જાતનું તેલ.

પ્રસારિત ૧. વિ. પહોળું કરેલું.
૨. [સં.] વિ. પ્રસારેલું; ફેલાઈ રહેલું. વિસ્તારેલું; ફેલાવેલું.

પ્રસારી ૧. [સં. પ્રસારિન્] પું. ફેલાવનાર માણસ.
૨. પું. શરીરને ફેલાવી આનાર વ્યક્તિ.
૩. ન. શરીરના અવયવો ફેલાવી કે હાથ લાંબા કરી ગાવું તે; સંગીતનાં ચૌદ માંહેનું એક દૃષ્ટિ.
૪. વિ. ફેલાવનાર.
૫. વિ. શરીરનાં અંગ ફેલાવી આનાર.

પ્રસારો પું. ફેલાવો; વિસ્તાર.

પ્રસાહ [સં.] પું. આત્મશાસન; સંયમ.

પ્રસિત ૧. [સં.] ન. પક્ષ.
૨. વિ. અત્યંત ધોળું.
૩. વિ. આસક્ત.

પ્રસિતિ ૧. [સં.] સ્ત્રી. જાળ.
૨. સ્ત્રી. તંતુ.
૩. સ્ત્રી. બંધનસાધન. જેમકે, બેડી.

પ્રસિદ્ધ ૧. પું. (પિંગળ) એક સમમાત્રામેળ છંદ. તે મત્ત છંદનો ભેદ છે. તેની માત્રા આઠ છે. પ્રસ્તારભેદથી તેની ચોત્રીસ વૃત્તિ થાય છે.
૨. [સં.] વિ. અલંકૃત; શણગારેલ; ભૂષિત.
૩. વિ. ખુલ્લું; ઉઘાડું.
૪. વિ. જાણીતું; લોકમાં જાહેર થયેલું; વિખ્યાત; જગજાહેર; મશહૂર.
૫. વિ. પ્રકાશિત; જાહેર પાડેલું. પુસ્તક માટે વપરાય છે.
પ્રસિદ્ધ કરવું = (૧) છાપીને જાહેર પાડવું; પ્રગટ કરવું; પ્રમાણમાં લાવવું. (૨) જાહેર કરવું; લોકોને જણાવવું. (૩) ઢંઢી પિટાવવી; ઢંઢેરો પીટવો; આખીજાતીને કહેવું. (૪) ભેદ ખુલ્લો પાડવો; ઉઘાડું કરવું. (૫) વાત ચલાવવી; પ્રચલિત કરવું.
૬. વિ. બદનામ; અપકીર્તિ થયેલું.

પ્રસિદ્ધ એકતાલો પું. (સંગીત) બાર માત્રાનો એક તાલ. તેનું તાલસ્થાન પહેલી માત્રા ઉપર છે, આ તાલમાં કોઈ બાર બાર માત્રાને અંતરે એક એક તાલ આપે છે, પણ બાર માત્રાને અંતરે એક જ તાલ આપવો બોજા છે, કારણ કે આ તાલનું નામ એકતાલો છે.

પ્રસિદ્ધક ૧. [સં.] પું. (પુરાણ) મધુનો પુત્ર; એ નામે એક વિદેહવંશી રાજા.
૨. વિ. પ્રસિદ્ધ કરનાર.

પ્રસિદ્ધકર્તા ૧. [સં. પ્રસિદ્ધકર્તૃ] પું. પ્રસિદ્ધ કરનાર વ્યક્તિ; પ્રકાશક; છાપી પ્રગટ કરનાર માણસ.
૨. વિ. ખુલ્લું કરનાર; જાહેર કરનાર.
૩. વિ. પ્રસિદ્ધ કરનાર; છાપી જાહેર પાડનાર; પ્રગટ કરનાર.

પ્રસિદ્ધકર્ત્તા જુઓ પ્રસિદ્ધકર્તા.

પ્રસિદ્ધકાર જુઓ પ્રસિદ્ધકર્તા.

પ્રસિદ્ધતા ૧. [સં.] સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ; ખ્યાતિ; વગ; મશહૂરતા.
૨. સ્ત્રી. પ્રખ્યાતિ; જાહેરપણું; સૌના જાણવામાં હોવું તે; પ્રસિદ્ધિ.
૩. સ્ત્રી. ફેલાવો; પ્રચાર; પ્રસારો; વ્યાપ્તિ.
૪. સ્ત્રી. બદનામ; અપકીર્તિ; ભુંડાટો; જગજનોએ ચાડી પ્રખ્યાત થવું તે.

પ્રસિદ્ધદાયભાગી [સં. પ્રસિદ્ધ + દાયભાગ (વારસાનો ભાગ) + ઇન્ (વાળું)] પું. મશહૂર વારસ; વારસ તરીકે પ્રસિદ્ધ માણસ.

પ્રસિદ્ધદાયાદ જુઓ પ્રસિદ્ધદાયભાગી.

પ્રસિદ્ધપત્ર ૧. [સં.] પું.; ન. જાહેરખબર.
૨. પું.; ન. ઢંઢેરો; પ્રખ્યાપન; ઘોષણા; જાહેરનામું.
૩. પું.; ન. સૂચિપત્ર; વિજ્ઞપ્તિ; વિજ્ઞાપના.

પ્રસિદ્ધફલ [સં.] વિ. જેનું ફળ સૌને જાણીતું હોય એવું.

પ્રસિદ્ધબળ જુઓ પ્રસિદ્ધફલ.

પ્રસિદ્ધવારસ જુઓ પ્રસિદ્ધદાયભાગી.

પ્રસિદ્ધવિરુદ્ધ [સં.] પું. (અલં) અર્થદોષનો એક પ્રકાર; પ્રસિદ્ધની વિરુદ્ધ અર્થ કરવો તે.

પ્રસિદ્ધસિદ્ધાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન.

પ્રસિદ્ધહેતુ [સં.] પું. (અલં) અર્થદોષનો એક ભેદ; કવિઓના સંકેતથી રહિત પદ જેમાં હોય એવું વાક્ય.

પ્રસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ખ્યાતિ; નામના; કીર્તિ; પ્રતિષ્ઠા; મશહૂરતા.
પ્રસિદ્ધિ પામવી–મળવી = (૧) જાહેર થવું. (૨) પ્રખ્યાત થવું; ખ્યાતિ મેળવવી.
૨. સ્ત્રી. છપાવી પ્રગટ કરવું કે છપાવી પ્રસિદ્ધ કરવું તે; પ્રકાશન.
૩. સ્ત્રી. જગજનોએ કહેવું તે; અપકીર્તિ; બદનામી.
૪. સ્ત્રી. જાહેરાત; લોકની જાણવામાં આવવું તે.
૫. સ્ત્રી. નાટકનાં છત્રીસ માંહેનું એક લક્ષણ.
૬. સ્ત્રી. પરિષત્ત 'સક્સેસર'.
૭. સ્ત્રી. ફેલાવો; પ્રસાર.
૮. સ્ત્રી. ખુલાસો; સોબો; ફોડ પાડવો.
૯. સ્ત્રી. ઝંઝાનું સમાધાન.

પ્રસિદ્ધિકરણ [સં.] ન. જાહેરનામું; ઢંઢેરો; ઢંઢી કે મોટી પીટી જાહેર પાડવું તે; જાહેરાત.

પ્રસિદ્ધિપત્ર [સં.] પું.; ન. જાહેરખબર; જાહેરનામું; વિજ્ઞાપના; વિનતિપત્ર; જાહેરાત.

પ્રસિદ્ધિસૂચન [સં.] ન. વિજ્ઞપ્ત આપતી જાહેરખબર.

પ્રસીદિકા [સં.] સ્ત્રી. નાનો બગીચો.

પ્રસુત ૧. પું. બેથી ચાર દિવસ પર્યંતના વાસી સોમ લતાનો રસ કાઢવો તે.
૨. [સં.] વિ. નિચોવેલું.

પ્રસુપ્ત ૧. પું. (યોગ) અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ ચાર ક્લેશોનો એક ભેદ અથવા અવસ્થા. તેમાં કોઈ ક્લેશનું ચિત્તમાં સૂક્ષ્મરૂપે અસ્તિત્વ તો હોય છે, પણ તેમાં કોઈ કાર્ય કરવાની શક્તિ નથી હોતી.
૨. વિ. ગાઢ નિદ્રામાં સૂતેલું; બસબસાટ ઊંઘેલું.
૩. વિ. સુપ્ત; સૂતેલું.

પ્રસુપ્તિ ૧. [સં.] પું. (વૈદ્ય) વાયુરોગના બેમાંથી માંહેનો એક પ્રકાર. આ રોગમાં ચામડી ઉપર સ્પર્શ કરવા છતાં જાણ્યા જતી નથી.
૨. સ્ત્રી. ગાઢ નિદ્રા.

પ્રસુમરમરાલિકા સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, જગણ અને રગણ મળી બાર વર્ણ આવે છે.
પ્રસુમરમરાલિકા ન સા જ ર.
૧૪૫પિંગળ

પ્રસુશ્રુત [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશાવયમાં થયેલા મરુ રાજાનો એ નામનો પુત્ર. તેનું પ્રશ્રુત એવું બીજું નામ હતું. સધિ નામનો રાજા એનો પુત્ર હતો.

પ્રસુશ્રુવ ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા.
૨. ન. (પુરાણ) એ નામનો એક દેશ; પૂર્વ ભારતદેશનું બીજું નામ.

પ્રસૂ ૧. [સં.] સ્ત્રી. ગાય.
૨. સ્ત્રી. ધોડી.
૩. સ્ત્રી. જણનારી સ્ત્રી.
૪. સ્ત્રી. દર્ભ; ઘાસ; કુશ.
૫. સ્ત્રી. નરમ ઘાસ.
૬. સ્ત્રી. માતા; જનેતા.
અંબા સાવંની પ્રસૂ જનમિત્રી આ નામ;
જનુની રાધા કુંતિની ઐંદ્રી મંડપ ધામ.
પિંગળશબ્દકોષ
૭. સ્ત્રી. વેલ.
૮. ન. પુત્રોત્પત્યાદિ સામર્થ્ય.
પ્રસૂ (પુત્રોત્પત્યાદિ સામર્થ્ય), સીર (ખેડથી કરેલ ધાન્યનિષ્પત્તિ) અને લય (કૃષિનાં વિઘ્નની નિવૃત્તિ) એ સર્વે વસ્તુથી સિદ્ધ થાય છે. ક્ષદ્રી
૯. વિ. પેદા કરનાર; જન્મ આપનાર.

પ્રસૂકા ૧. સ્ત્રી. એક જાતની દેડકી.
૨. [સં.] સ્ત્રી. બોડી.

પ્રસૂત ૧. [સં.] પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરના એક દેવતાનું નામ.
૨. પું. શ્વેત પ્રદર; સ્ત્રીઓનો એક પ્રકારનો રોગ.
૩. પું. સુવારોગ.
૪. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મનુને શતરૂપાથી થયેલી એ નામની એક પુત્રી.
૫. ન. છોકરું; બાળક; સંતાન; પ્રજા.
૬. ન. ફળ.
૭. ન. ફૂલ.
૮. વિ. ઉત્પાદક; જેણે પ્રસવ કર્યો હોય તેવું
૯. વિ. જણેલું; જન્મેલું; પેદા થયેલું; અવતરેલું.

પ્રસૂતરોગ [સં.] પું. (વૈદક) સ્ત્રીઓને પ્રસવ થયા પછી થતો એક જાતનો રોગ; સુવાવડી સ્ત્રીને થતો એક જાતનો રોગ; સુવારોગ. સુવાવડી સ્ત્રી મિથ્યા આહારવિહાર કરે અથવા દોષજનક અન્નપાન કરે તો આ રોગ થાય. તેમાં અંગ તૂટે, ઢાઢ ચઢીને તાવ આવે, તરસ લાગે, સોજા ચઢે, ઝાડા નીકળે, અતિસાર થઈ અંગ ભારે બને, બલક્ષય તથા વાતાદિજન્ય રોગોથી ઊપજતા વિકાર, અગ્નિમંદતા વગેરે ઉપદ્રવ થાય. ઘણી વાર પ્રસવ સમયે અશુદ્ધ નંદા હાથથી અથવા યંત્ર દ્વારા થતો સ્પર્શદોષ આ રોગ થવાનું પ્રમુખ કારણ હોય છે. ભગ ગંદું રહેવાથી પણ આ રોગ થાય. માટે પ્રથમ તો કૃમિઘ્ન ઔષધિઓથી ભગને શુદ્ધ કરી લેવું, વળી પ્રસૂતરોગથી પીડિત સ્ત્રીને પ્રસવ કરાવવા કોઈ ધાત્રી કે ચિકિત્સક બોલાવેલ હોય તો તેણે પોતાનાં કપડાં કૃમિઘ્ન ઔષધિઓથી ધોવરાવી, પોતાના હાથ પણ તે જ રીતે સાફ કર્યા પછી જ પ્રસવ કરાવવા જવું. જો ધાત્રી અથવા ચિકિત્સકને કાંઈ ભોગો રોગ હોય તો મોં આડું લાંબું બાંધવું, જેથી થૂંક દ્વારા યોનિમાર્ગમાં સ્પર્શદોષ અંદર પ્રવેશ ન કરી શકે. આ દોષ સ્ત્રીની ફાટી જવાથી થતા વ્રણ દ્વારા અથવા જરાયુઓવા ફાટી જવાથી થતા વ્રણ દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. ગર્ભાશયમાં જે ઠેકાણે કમળ છે તે ઠેકાણે દોષ ગ્રહણ કરીને ફેલાવનાર એક મોટું કેંદ્ર છે. વળી મુશ્કેલ પ્રસવમાં કોઈ વાર યોનિ ફાટી જવાની વધારે સંભાવના રહે છે, તેથી જ્વર પ્રલાપાદિ લક્ષણ ઉત્પન્ન થાય છે. કોષ્ઠબદ્ધતાથી તથા માનસિક વ્યથાથી અને કમળનો ટુકડો તૂટીને અંદર રહી જવાથી પણ આ રોગ થાય છે. તે ટુકડો અંદર રહીને સડે છે, જેથી રક્ત દૂષિત થઈ વિષજ લક્ષણ ઉત્પન્ન થાય છે. જો પ્રસવને બીજે દિવસે યોનિસ્રાવ ગાઢીના રંગનો અને વાસિમારવાળો, સડેલ ગંધવાળો હોય અને ગર્ભાશય કોમળ ને પ્રફુલ્લિત હોય તો જાણી લેવું કે આ રોગ થઈ ચૂક્યો છે. આ લક્ષણ જણાવાથી ગર્ભાશય સંકોચાતું બંધ થઈ જાય છે. તાવ ૧૦૨° સુધી જણાય છે. પહેલાં ટાઢ આવે, નાડીની ગતિ તાવની સાથે વધે, માથું દુખે અને વાઇ લાગે. જો તાવ જતુ ચડે તો નાડીની ગતિનો મેળ રહેતો નથી, માટે ખાસ નાડીની ગતિની પરીક્ષા કરવી જોઈએ. તેથી પ્રસૂતાની સ્થિતિનું સારી રીતે જ્ઞાન થઈ શકે છે. યોનિસ્રાવ કયારેક બિલકુલ બંધ થઈ જાય છે અને કયારેક સારા પ્રમાણમાં થાય છે, પણ સડેલ પદાર્થ જેવી તેની ગંધ હોય છે. આ રોગના સાધારણ ઘરગથ્થા ઉપચાર ગરમપાડી, ગરમપાર અને સૂકો બફારો, ઉદરભાગમાં સોજો ચડે અને ચોટીવાળી ઊલટી થાય, જેનું પરિણામ સારું આવતું નથી. દુર્ગંધમય અતિસાર એ પ્રસૂતાની ભયંકર દશા સૂચવે છે. જ્યારે સમસ્ત ઉદરભાગમાં સોજો ચડી આવ્યા હોય અને મળાશયની ઉપર વધારે ઝાડા નીકળે, અકારો ચડે અને અતિસાર ઊપદ્રવરૂપ બને. આ બધાં લક્ષણ જણાય તો તે રોગ અસાધ્ય મનાય છે. જો પ્રસવ થયા પછી ચાળીસ દિવસ સુધીમાં પ્રસૂતાને કોઈ પણ રોગ જણાય તો તેને પ્રસૂતરોગ માનીને તેની યોગ્ય ચિકિત્સા કરવી જરૂરની છે અને દશમૂળના ગરમ કવાથમાં ઘી નાખીને પાવું. જો તાવ ૧૦૨° સુધી હોય તો તેને ટાઢ ન લાગે એ ખ્યાનમાં રાખવું. જો યોનિસ્રાવ દુર્ગંધયુક્ત હોય અને ભગ તૂટવું હોય તો દશમૂલારિષ્ટ તોલો સવા અને કાકમાચી અર્ક તોલા બે ભોજન કર્યા પછી પાવું, અથવા લાક્ષાદિ તેલ તોલા પાંચ આખે શરીરે માલિશ કરવું. ખોરાકમાં જૂના ચોખાનાં ભાત, અગ્નિદીપક આહાર, પાન, મસૂર, મગનો યૂષ, વેંગણ, કાચા મૂળા, પરવળ વગેરેનું શાક દેવું. ગરમ પદાર્થ, તીક્ષ્ણ દ્રવ્ય, અગ્નિ પાસે બેસવું, વધારે પરિશ્રમ કરવો એ અહિતકર મનાય છે. કેરડાની લીલી છાલ ચાળીસ તોલા, બેરુ બે તોલા, નાની એલચી બે તોલા, રસોત, ધાવો, ટંકણખાર દરેક પાંચ પાંચ તોલા લઈ તે બધાંને આઠ શેર પાણીમાં ઉકાળવું. અર્ધું પાણી રહે ત્યારે ઉતારી ઠરવા દેવું. ચોવીસ કલાક પછી તેનું નીતર્યું પાણી લઈ શીશી ભરી લેવી. એ પાણીની યોનિમાં પિચકારી દેવાથી, યોનિમાર્ગમાં અસ્ત કરાવવાથી દુર્ગંધયુક્ત સ્રાવ, યોનિગત દોષ, ગર્ભાશયની બરાબરી, સોજો વગેરે મટી જાય છે. આમ કરવા છતાં જો પ્રસૂતા રોગમુક્ત ન થાય અને તાવ હમેશ આવતો રહે તો પહેલાં ભગ, સીવની, યોનિ અને ગર્ભાશય મોવાયુખને તપાસવું. જો ભગ ઉપર જખમ કે ફોલ્લા વગેરે માલૂમ પડે તો શુદ્ધ રૂથી તેને સાફ કરવા ને પછી તુંબીનાં પાન અને લોંદ્ર એ બંનેને પાણીમાં વાટી તેની ઉપર લેપ કરવો. તેથી ભગ અને યોનિના ઘાવ સારા થઈ જતા મનાય છે. ઉપર લખેલ ઔષધોની સાથોસાથ સર્વતોભદ્ર રસની એક ગોળી સવારે ને એક સાંજે આપવી. રોગીની પ્રકૃતિ, દેશ, કાલ, અવસ્થા વગેરે ઉપર ઔષધિના ગુણનો આધાર રહે છે. માટે જો દશમૂલારિષ્ટ ઠીક ન પડે તો દશમૂલાર્ક દેવું. તેથી ઠીક ન રહે તો દેવદારાદિ ક્વાથ દેવો. જીરકાદ્યરિષ્ટ, પંચજીરક પાક, વચાદિ ઘૃત, પ્રસૂતારોગ વટી, સૌભાગ્યસુંઠી પ્રયોગ કરવો અને બલા તેલ કે પ્રસારણી તેલ માલિશ કરવું.

પ્રસૂતા ૧. સ્ત્રી. બોડી.
૨. [સં.] સ્ત્રી. જણનારી સ્ત્રી; બાળકને જન્મ આપનાર સ્ત્રી; જેણે જણ્યું હોય તે સ્ત્રી; પ્રસૂતિકા; જેને તરતમાં પ્રસવ થયો હોય એવી સુવાવડી સ્ત્રી. પ્રસવ પછી પ્રસૂતાને બલા તેલનું મર્દન કરવું અને વાતઘ્ન ઔષધિઓના ક્વાથનો ઉપચાર કરવો. જો રક્તદોષ હોય તો પીપર, પીપરીમૂળ, ગજપીપર, ચિત્રક અને સૂંઠ એ બધાના ચૂર્ણને ગોળના સહેજ ગરમ પાણીમાં પાવું. જેવી રીતે જ્યાંસુધી દુષ્ટરક્ત રહે ત્યાંસુધી પાવું. બધું કરીને બે કે ત્રણ દિવસ સુધી પાવું પડે છે. જ્યારે રક્તદોષ શુદ્ધ થઈ જાય ત્યારે ચિરાદી કંતાદિ ત્રણથી શુદ્ધ કરેલ મવાળુ અથવા દૂધ સાથે મવાળુ ત્રણ દિવસ સુધી પાવી. એ પછી જવ, કળથીથી સંસ્કાર કરાયેલા શાલિ ભાત પ્રસૂતાની જઠરાગ્નિનો વિચાર કરીને આપવાં. એ રીતે દોઢ માસ સુધી ઉપચાર કરવા. પછી તે સ્ત્રી પ્રસૂતા કહેવાતી નથી. તે દરમિયાન માતાને પૂર્ણ આરામની જરૂર છે. બાળકને માતાથી જુદા પલંગ ઉપર સુવાડવું અને ઓરડામાં અધિક પવનના વેગને રોકવાનો પ્રબંધ કરવો. પહેલા દિવસોમાં ધાત્રી અને ચિકિત્સક સિવાય બીજાંને અંદર ન આવવાં દેવાં. મધ્યાહ્ન સમયે બે કલાક જરૂર ઊંઘ લેવી. યોનિદ્વાર ઉપરના રૂની પોપલી દરરોજ બદલતા રહેવું. તે શુદ્ધ અને સ્વચ્છ રૂની બનેલી હોવી જોઈએ. ભગના પ્રત્યેક ભાગને કોમળતાપૂર્વક ઉપરથી નીચેની તરફ એમ સાફ કરવા જોઈએ શુદ્ધતા અને સફાઈ અત્યંત જરૂરની છે. માતાએ

પોતાના હાથ કૃમિઘ્ન ઔષધથી સાફ કર્યા પછી જ પ્રસૂની જનનેંદ્રિયનો સ્પર્શ કરવો. એક અઠવાડિયા સુધી હંમેશ નાડી અને શરીરની ગરમીની પરીક્ષા કરવી જોઈએ, કેમકે સૂતિકારોગ થવાનો ભય રહે છે. જો પ્રસૂતાને પેશાબ ન ઊતરે તો ગરમ પાણીમાં રૂરાળ નાખીને સિંચનધર્મ કરવું. જો પેશાબ વધારે રોકાવાથી દર્દ થતું હોય તો મૂત્રાશયમાં કેથીટર યંત્ર નાખીને પેશાબ કરાવવો. પ્રસવથી ચાર દિવસે કૃમજન્યિત જ્વર થાય તો ઔરંડિયું દેતા રહેવું. જો માતા બાળકને ધવરાવવા ન ઇચ્છે તો સ્તનનો ભાર ઓછો થાય સાંસુધી તેને રેચક ઔષધિઓ દેવી. સુવાવડી સ્ત્રીનો આહાર હલકો હોવો જોઈએ. પ્રસવ પછી તરત જ ગરમ દૂધ પાવું હિતકર મનાય છે. ભૂખ લાગે ત્યારે હરીરો બનાવીને આપવો જોઈએ. હરીરામાં ૧૫ થી ૨૦ ગ્રામ, ૧ માસા એલચીદાણા, ૬ માસા સૂંઠ અને ૫ તોલા ઘી નાખવું. તેમાં કોઈ વાર પીપર, પીપરીમૂળ, મિરચ અને સૂંઠ એ બધાંનું ચૂર્ણ પણ નખાય છે. શાકમાં તેને અદરક, જિમીકંદ, કારેલાં, પરવળ વગેરે અપાય છે. મુખવાસમાં બદામ, કેસર, જાવંત્રી, મોટી એલચી ને ચોખ્ખી સોપારી દિવસમા બે ત્રણ વાર દેવા. શરદ ઋતુમાં અધિક ગરમ મસાલા અને બા કોહો વગેરે દેવાં. પ્રસૂતાને પંચકોલ એટલે પીપર, પીપરીમૂળ, ચબ્બ, ચિત્રક, અને સૂંઠ પાણીમાં ઉકાળીને ઠંડું થયે પાવું. પહેલા બે દિવસ પ્રસૂતાની પીઠના પાછળ તકિયો રાખવો. ભોજન પણ એ જ સ્થિતિમાં રહીને કરાવવું. પાંચ દિવસ પછી તેને બેસવા દેવા. પંદર દિવસ સુધી તો તેને પૂર્ણ આરામની ખાસ જરૂર છે. આ સર્વ બાબત માતાના શારીરિક બળ ઉપર આધાર રાખે છે. ધાત્રીએ પ્રસૂતાને હંમેશ પહેર મિનિટ સવારસાંજ બંને વખત મોં નીચે રાખીને પથ્થર ઉપર સુવડાવવી. એ રીતથી ગર્ભાશયને પાછળ પડી જવાનો ભય રહેતો નથી અને ગર્ભાશય પોતાની અસલ સ્થિતિ સારી રીતે ધારણ કરે છે.

૩. સ્ત્રી. માઁ; માતા.

૪. વિ સ્ત્રી. જન્મનારી.

પ્રસૂતાજરી સ્ત્રી. હિમાલયમાં થતી એ નામની વનસ્પતિ. પ્રસૂતિ વખતે તેનાં મૂળ સુવાવડી સ્ત્રીની પેઠે બાંધવામાં આવે તો સુવાવડમાં પીડા ઓછી થાય અને પ્રસૂતિ વહેલી થાય એમ મનાય છે.

પ્રસૂતિ ૧. [સં.] સ્ત્રી. ઉત્પત્તિ; પેદાશ; ઉદ્ભવ; જન્મ.

૨. સ્ત્રી. ઉત્પત્તિસ્થાન.

૩. સ્ત્રી. પ્રસ્થ; પ્રકૃતિ.

૪. સ્ત્રી. જન્મનું તે; પ્રસવ. પ્રસૂતિ સમયની અવસ્થાને માટે હજી આપણે બહુ જાણતા છીએ. તેને લીધે જ આપણા દેશમાં સુવાવડ અને બીજી પ્રસૂતિ સમયની ભયંકર બીમારીઓને લીધે લાખો સ્ત્રીઓ મૃત્યુ પામે છે. પ્રસૂતિના સમય માટે સ્વાભાવિક આબરૂ જાળવી રાખીને તેને બરાબર સ્વચ્છતાના નિયમો શીખવી તૈયાર રાખવું કે જેથી ભય પડે ત્યારે કોઈ ગાફલત કરે નહિ અને ઉપયોગી થઈ પડે. દાયણ બરોબર શીખેલી હોવી જોઈએ. અણઘડ બાઈઓને કદી બોલાવવી નહિ. તેને હાથે પ્રસૂતિનાં અનેક મરણ થાય છે. સુવાવડ વખતે જે દાયણને બોલાવવાની હોય તેને પણ અગાઉથી પોતાની તબિયતથી બાકીતી કરવી અને તેની પાસેથી સૂચના લઈ લેવી.

પ્રસૂતિ થવી = પ્રસવ થવો.

૫. સ્ત્રી. દીકરી; પુત્રી.

૬. સ્ત્રી. માતા; મા.

૭. સ્ત્રી. સંતતિ; સંતાન.

૮. સ્ત્રી. સુવાવડ.

પ્રસૂતિ આવવી = સુવાવડ આવવી.

૯. સ્ત્રી. સુવાવડી સ્ત્રી.

૧૦. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મનુની ત્રીજી કન્યા; દક્ષ પ્રજાપતિની સ્ત્રી. તેનાથી સતી ઉત્પન્ન થયાં હતાં.

પ્રસૂતિકલા [સં.] સ્ત્રી. સુવાણીનો હુન્નર; ' મિડવાઇફરિ '.

પ્રસૂતિકળા જુઓ પ્રસૂતિકલા.

પ્રસૂતિકા ૧. [સં.] સ્ત્રી. પ્રસૂતા; જન્મનારી સ્ત્રી.

૨. સ્ત્રી. સુવાવડી સ્ત્રી; જેણે તરતમાં જ જન્મ્યું હોય તેવી બાઈ.

પ્રસૂતિકાગૃહ [સં.] ન. સુવાવડબાનું; પ્રસવ કરનારીઓને રાખવાનું સ્થાન; પ્રસૂતિગૃહ.

પ્રસૂતિકાલ ૧. [સં.] પું. પ્રસવ થવાનો વખત; જન્મકાળ.

૨. પું. સુવાવડનો વખત.

પ્રસૂતિકાળ જુઓ પ્રસૂતિકાલ.

પ્રસૂતિકાંડ [સં.] પું. ગ્રહનનો એક ખંડ; સુવાવડ કરવાનો ઓરડો; સુવાવડબાનું.

પ્રસૂતિગૃહ [સં.] ન. સુવાવડ માટેનું સ્થાન કે દવાખાનું; સુવાવડબાનું; પ્રસવ કરનારીઓને રાખવાનું સ્થાન. પ્રસૂતિગૃહ નિર્માણ કરતી વખતે ઘણી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. સર્વથી પ્રથમ તો જોઈએ પ્રકાશ અને હવા ઠીક આવતી હોય એવો એ ઓરડો હોવો જોઈએ. તે સારી રીતે સાફ કરાવવો. તેની દીવાલ ઉપર ચૂનો છંટાવવો ને દીવાલ ઉપર લટકતી બીજો નકામો સામાન બહાર કાઢી નાખવો. જો તે ઓરડા તળે જો હોય તો તે ફિનાઈલ વગેરેથી ધોવરાવવી જોઈએ અને જો ઉપર હોય તો તેને લીંપાવવી જોઈએ. ઓરડામાં એક પલંગ, તખ્તપોશ તથા મેજ રાખવાં. જો ઘરમાં પ્રસૂતિ માટે જુદો ઓરડો ઝટ થઈ શકાય તેવી સગવડ ન હોય તો બીજા મોટા ઓરડામાં પડદો રાખીને, સૂતિકાગાર બનાવી લેવું

પ્રસૂતિજ ૧. [સં.] પું. પતિની સંમતિ વિના બીજા પુરુષ દ્વારા ઉત્પન્ન કરેલ પુત્ર.

૨. ન. સુવાવડ વખતનું દુઃખ.

૩. વિ. પ્રસવથી ઉત્પન્ન થનાર; સુવાવડથી થનારું.

પ્રસૂતિજનક [સં.] વિ. બાળકનો જન્મ થવામાં મદદ કરે એવું.

પ્રસૂતિજ્વર [સં.] પું. સુવાવડીનો તાવ.

પ્રસૂતિતંત્ર [સં.] ન. સુવાવડની ઓઢવણ કે બિછાયા સંબંધી ચર્ચા કરતું શાસ્ત્ર.

પ્રસૂતિપીડા (પ્રસૂતિપીડ) જુઓ પ્રસૂતિવેદના.

પ્રસૂતિરોગ [સં.] પું. સુવારોગ.

પ્રસૂતિવાયુ ૧. [સં.] પું. જન્મવાની વખતે દોઢ વાર આવતું વાયુનું દરદ.

૨. પું પ્રસવકાલે ગર્ભને બહાર ખેંચી કાઢનાર વાયુ.

પ્રસૂતિવિદ્યા જુઓ પ્રસૂતિશાસ્ત્ર.

પ્રસૂતિવેદના [સં.] સ્ત્રી. સુવાવડ વખતે માતાને થતું દુઃખ. ગાંધીજીએ લખ્યું છે કે: આજે આપણે પ્રસૂતિવેદનાનો અનુભવ ગઈ રહ્યા છીએ. પ્રસૂતિ પહેલાં જે દુઃખો કષ્ટો પડે છે તે સૌનો આજે આપણે અનુભવ ગઈ રહ્યા છીએ. આજે જ્યારે ભાઈ ભાઈ વચ્ચે ઝઘડા ચાલે છે, અનાજ અને કપડાંની દારુણ અછત વરતાય છે અને દેશના આગેવાનોને બારે બોજ ઊઠાવવાનો વારો આવ્યો છે, જે બોજ ઊઠાવતાં મજબૂતમાં મજબૂત પીઠ પણ ઈશ્વરકૃપા વિના તૂટી જાય છે, તે અવસરે ઈશ્વર પાસે નમ્ર બનવાની ખાસ આવશ્યકતા છે. કોઈ પણ દેશને કષ્ટો અમ્યા વગર અને ભોગ આપ્યા વિના સ્વતંત્રતા નથી મળી, નવો જન્મ પ્રાપ્ત નથી થયો.

પ્રસૂતિશાસ્ત્ર [સં.] ન. સુવાવડને લગતી માહિતીવાળું શાસ્ત્ર; ગર્ભમોચનવિદ્યા; ધાત્રીવિદ્યા; 'ઓબસ્ટેટ્રિક્સ.'

પ્રસૂતિશાસ્ત્રજ્ઞ [સં.] વિ. પ્રસૂતિશાસ્ત્ર જાણનાર; અનુભવની વિદ્યા જાણનાર.

પ્રસૂન ૧. ન. કમળનું ફૂલ.
૨. ન. ફળ.
૩. ન. ફણગો; કોંટો.
૪. [સં] ન. ફૂલ.
૫. ન. ફૂલ; પુષ્પ.
સુમનસ કુસુમ પ્રસૂન અને પુષ્પ ફૂલવિદ્યા નામ; ફૂલ કહો કરમાં લઈ નિજ છબી રમતી જાય. પિંગલપ્રકાશ
૬. ન. સવિત. જીની યોનિમાંથી બાળપ્રસવ વખતે પહેલું આવું બહાર આવે અને જેનું દર્શન થાય તેનું દર્શન સવિતા બીલવા માંડે સારું થાય છે, તે ઉપરથી આ અર્થ લેવાયેલ મનાય છે.
૭. વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું.

પ્રસૂનબાણ [સં.] પું. કામદેવ.

પ્રસૂનશર જુઓ પ્રસૂતબાણ.

પ્રસૂનેષુ જુઓ પ્રસૂતબાણ.

પ્રસૃત ૧. સ્ત્રી. જાત; પ્રકાર.
૨. [સં.] ન. અર્ધો ખોબો; ઊંડી કરેલી હથેળી; અર્ધાંજલિ.
૩. ન. બે પલનું વજન; મગધ દેશનો આઠ રૂપિયાભારનો તોલ.
૪. વિ. ઇંદ્રિયલોલુપ; લંપટ.
૫. વિ. ઉદ્ભવેલું; ઉત્પન્ન થયેલું; જન્મેલું.
૬. વિ. નમેલું.
૭. વિ. પ્રચલિત.
૮. વિ. પ્રેરિત; મોકલેલું.
૯. વિ. ફેલાયેલું; પ્રસરેલું.
૧૦. વિ. મોજેલું; ભોગવેલું.
૧૧. વિ. વધેલું
૧૨. વિ. વિનીત.
૧૩. વિ. વેગવાળું.

પ્રસૃતજ [સં.] પું. પરસ્ત્રીમાં વીર્યસિંચન કરી ઉત્પન્ન કરેલ પુત્ર; કુંડગોલકરૂપ પુત્ર.

પ્રસૃતહસ્તવિકૃતત્રિકાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. તે માટે હાથ અને પગ લાંબા રાખી પેટભર સૂવું. પછી પગ ઊંચકીને ધીમે ધીમે નમાવતા જઈ તળિયાં માથા ઉપર રાખવાં આ આસન ધરવું કહ્યું છે. તેથી ગળું, છાતી તથા કમરના સર્વ રોગ દૂર થઈ આયુષ્ય વધે એમ મનાય છે.

પ્રસૃતહસ્તવૃશ્ચિકાસન જુઓ પ્રસૃતહસ્તવિકૃતત્રિકાસન.

પ્રસૃતા [સં.] સ્ત્રી. જંઘા; જાંઘ.

પ્રસૃતિ ૧. [સં.] સ્ત્રી. અર્ધ અંજલિ; અર્ધો ખોબો.
૨. સ્ત્રી. અર્ધા શેરનું માપ.
૩. સ્ત્રી. પસલી; હથેળીમાં સમાય તેટલું માપ.
૪. સ્ત્રી. પ્રગતિ; આબાદી.
૫. સ્ત્રી. પ્રવાહ.
૬. સ્ત્રી. વિસ્તાર; ફેલાવો.
૭. સ્ત્રી. સંતતિ; સંતાન.

પ્રસૃમરકરા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો ભેદ છે. તેમાં નગણ, સગણ, નગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ આવે છે.
પ્રસૃમરકરા ન સા ના ન ર. પિંગળ

પ્રસૃષ્ટ ૧. [સં.] વિ. અત્યંત સાફ કરેલું.
૨. [સં. પ્ર (વિશેષ) + સૃજ્ (સરજવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. સારી રીતે સરજેલું; પેદા કરેલું.

પ્રસૃષ્ટા [સં.] સ્ત્રી. ફેલાવેલી અંજળી.

પ્રસેક ૧. [સં.] પું. (વૈદક) કફનો એક પ્રકારનો રોગ.
૨. પું. ઝરવું તે; ઝરવું તે.
૩. પું. પ્રોક્ષણ; છાંટવું તે; છંટકાવ.
૪ પું. (વૈદક) મોઢામાંથી પાણી છૂટવાનો અને નાકમાંથી શેડા પડવાનો રોગ.

પ્રસેકતા [સં.] સ્ત્રી. મોઢામાંથી લાળ બહુ પડવી તે.

પ્રસેકી ૧. [સં. પ્રસેકિન્] પું. (વૈદક) એ નામે એક અસાધ્ય વણરોગ.
૨. વિ. કફના રોગવાળું.
૩. વિ. ઝરનાર; ઝરનાર.
૪. વિ. સિંચનાર; છાંટનાર.

પ્રસેક [સં. પ્રસ્વેદ] પું. પસીનો; પરસેવો.

પ્રસેદિકા [સં.] સ્ત્રી. નાનો નળીયો.

પ્રસેદુષી [સં.] સ્ત્રી. પ્રસન્ન થયેલી સ્ત્રી.

પ્રસેન ૧. પું. (પુરાણ) સાત્રાજિત્ત નામે ભારેલ કર્યનો એ નામનો પુત્ર; વસુદેવનાનો નાનો ભાઈ.
૨. [સં.] પું. (પુરાણ) સોમવંશી વસુકુલોત્પન્ન સાત્વતપુત્ર વૃષ્ણિવંશના નિઘ્ન રાજાનો એ નામનો બીજો દીકરો; સત્રાજિત રાજાનો નાનો ભાઈ. તેની પાસે એક મણિ હતો. તે પહેરીને એક દિવસ તે શિકારે ગયો. ત્યાં એક સિંહે તેને મારી નાખ્યો અને મણિ લઈને તે ચાલ્યો ગયો. આગમાં જાંબુવાને સિંહને મારી મણિ છીનવી લીધો. પ્રસેન ન આવવાથી સત્રાજિતે શ્રીકૃષ્ણ ઉપર એવો આરોપ મૂક્યો કે તેણે મણિના લોભથી પ્રસેનને મારી નાખ્યો. આ આરોપ દૂર કરવા માટે શ્રીકૃષ્ણ જંગલમાં ગયા. આગમાં તેમણે પ્રસેન અને તેના ઘોડાને મરેલા જોયા. આગળ ચાલતાં સિંહ પણ મરેલો જોયો. તપાસ માટે તે આગળ ચાલ્યા તો એક ગુફામાં જાંબુવાન મળ્યા. તેણે મણિ સાથે પોતાની કન્યા જાંબુવતી કૃષ્ણચંદ્રને અર્પણ કરી. કૃષ્ણચંદ્ર મણિ તથા કન્યાને લઈને આવ્યા અને સત્રાજિતને મણિ આપી પોતાના ઉપરનું કલંક દૂર કર્યું. સત્રાજિતે પછી તે મણિ અને કન્યા કૃષ્ણને આપી તેમને પ્રસન્ન કર્યા.

પ્રસેનજિત ૧. [સં. પ્રસેનજિત્] પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.
૨. પું. (પુરાણ) જમદગ્નિના સસરા રેણુ રાજાનું બીજું નામ.
૩. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કૃશાશ્વવંશના સાંગલ રાજાનો એ નામનો પુત્ર. ક્ષુદ્રક રાજા એનો પુત્ર હતો.
૪. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કૃશાશ્વવંશના વિશ્વસહ રાજાનો એ નામનો પુત્ર. તેના પુત્રનું નામ તક્ષક રાજા હતું.
૫. જુઓ પ્રસેન.

પ્રસેવ ૧. [હિં.] પું. કપડાંની થેલી.
૨. [સં.] ન. વીણાની તુંબી.
૩. ન. સારી રીતે સેવવું તે.
૪. વિ. ગૂંથેલું; પરોવેલું.

પ્રસેવક ૧. પું. થેલી બનાવનાર પુરુષ.
૨. [સં.] પું. વીણાને છેડે બાંધેલ તૂંબડું.
૩. પું. સારો સેવક.
૪. પું. સુતરાઉ કોથળી કે થેલી.
૫. પું. સૂતરનું પોતડું.
૬. પું. કબજામની કોથળી.
૭. વિ. સારી રીતે સેવા કરનાર.

પ્રસ્કણ્વ ૧. [સં.] પું. સામવેદનો એ નામે ઋષિ.
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પ્રવરનો પૌત્ર અને મેધાતિથિનો એ નામનો પુત્ર. તે બધા વિદ્વાન અને જ્ઞાનને લીધે બ્રાહ્મણ થયો હતો

પ્રસ્કંદન ૧. [સં.] પું. ઝપટ; કસાંગ; કૂદકો.
૨. પું. શિવ; મહાદેવ.
૩. ન. (વૈદક) અતિસારનો રોગ, સંગ્રહણી.
૪. ન. રેચ; ઝાડો.

પ્રસ્કંદિકા ૧. [સં.] સ્ત્રી. (વૈદક) અતિસારનો રોગ; સંગ્રહણી.
૨. સ્ત્રી. ઝાડો; રેચ.

પ્રસ્કંધ પું. ઘોડાનો એક પ્રકારનો રોગ.

પ્રસ્તુત [સં.] વિ. કુંદ નામની ઝાડીનું ફૂલ.
પ્રસ્ખલન [સં.] ન. પડવું તે; પતન.
પ્રસ્ખલિત [સં.] વિ. સ્ખલિત થયેલું; પડેલું.
પ્રસ્તર ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ.
૨. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ.
૩. [સં.] પું. ઘાસ, તણખલાં વગેરેની પથારી.
૪. પું. ચામડાની થેલી.
૫. પું. ઘર; વળું; સપાટી; સપાટ તળ.
૬. પું. દર્ભનો કલ્લો; ડાભ કે કુશનો પૂળો; દર્ભ વગેરેની ઝૂડી.
૭. પું. પથારી.
૮. પું. પથ્થર; પથરો; પાષાણ.
પ્રાય અરમ પ્રસ્તર ઉપલ શિલ પલ્વલ અતિસાર, પાણા પાણી પર તળે જેના નામ આધાર.
પિંગળપ્રકાશ
૯. પું. પાટડો; નીચલી અને ઉપલી જોંય વચ્ચેનો તળ
૧૦. પું. પ્રસ્તાર; ફેલાવો.
૧૧. પું. મણિ; હીરો.
૧૨. પું. શિલા.
૧૩. વિ. આસનનું; નક્કનું; પાસેનું.
પ્રસ્તરકણ્ડૂયન [સં.] ન. પથ્થર ઉઝાળીને પકડવાની એક રમત.
પ્રસ્તરજન્તિરાજ્ઞ [સં.] ન. પથ્થર કે ખડક સંબંધી વિદ્યા.
પ્રસ્તરણ ૧. ન. પથારી; ગાદી.
૨. [સં.] ન. પ્રસ્તાર; પ્રસરવું; વિસ્તરણ; ફેલાવવાપણું.
એ પ્રમાણે વધતી પ્રકારનાં પ્રસ્તરણ તથા ઢાંકણાં આવરણ એવાં સરસ આવે કે મકાનના દર્શનને આકર્ષક અને સ્વાગતી બનાવે.
ગૃહવિધાન
૩. ન. ખેડવું.
પ્રસ્તરણશિલા [સં.] સ્ત્રી. ઘર બાંધેલો ખડક.
પ્રસ્તરતૈલ [સં.] ન. ખડકમાંથી નીકળતું તેલ; 'પેટ્રોલિયમ.'
પ્રસ્તરપ્રહાર [સં.] પું. પથ્થરનો મારો; પથ્થર વડે મારવું તે.
પ્રસ્તરયુગ [સં.] પું. પથ્થરનાં સાધનો વપરાતાં હતાં તે સમય; 'સ્ટોન એજ.'
પ્રસ્તરલેખન [સં.] ન. પથ્થર ઉપર લખવું તે.
પ્રસ્તરલેખનકલા [સં.] સ્ત્રી. પથ્થર ઉપર અક્ષર લખવાની કળા.
પ્રસ્તરલેખનકળા જુઓ પ્રસ્તરલેખનકલા.
પ્રસ્તરવિદ્યા [સં.] સ્ત્રી. પથ્થર સંબંધી વિદ્યા.
પ્રસ્તરવેત્તા [સં. પ્રસ્તરવેત્તૃ] પું. ખડક સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.
પ્રસ્તરસ્વેદ [સં] પું. પખાલમાં લીમડા વગેરેની ખાક લેવી તે.
પ્રસ્તરહર્મ્ય [સં. પ્રસ્તર (પથ્થર) + હર્મ્ય (હવેલી)] ન. પથ્થરથી બાંધેલી હવેલી; પથ્થરનું મકાન.
પ્રસ્તરિણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોલોમિકા.
પ્રસ્તરિલ વિ. કોચવાળું; આરિમલ; કુંચવરીય; પ્રપાસ્થીભૂત કલ્પ; કોલિલ.'
પ્રસ્તરિષ્ઠા [સં.] પું. એ નામે એક વિષદેવ.
પ્રસ્તરીજીવન [સં.] ન. અશ્મીજીવન; પ્રાણી અવશેષનું પાષાણમય થવું તે; પથ્થર સર્જ જવાની ક્રિયા.
પ્રસ્તરીભૂત ૧. [સં.] પું. પૃથ્વીના પેટાળમાંનો પથ્થરના જેવો નક્કર પદાર્થ.
૨. વિ. પથ્થર રૂપ થયેલું.
પ્રસ્તરોપલ [સં.] પું. ચંદ્રકાંતમણિ.
પ્રસ્તાક્ષ જી. ઝાંખરી; કિનાર.
પ્રસ્તાન જુઓ પ્રસ્તાનું.
પ્રસ્તાનું ૧. [સં. પ્રસ્થાન] ન. પરદેશ જવા નીકળવું તે; પ્રવાસે નીકળવું તે.
૨. ન. પ્રવાસ કરવાને માટે સારા મુહૂર્તમાં પ્રિય વસ્તુ અથવા સરસામાન સાથે બીજે ઠેકાણે જઈ રહેવું કે બીજું કે અમુક કોઈ દિવસે બહારગામ જવાનું શુભ મુહૂર્ત ન હોય તો ત્યારે સારો દિવસ કે સારું મોર્ડકું હોય તે વખતે પોતાનો સરસામાન વગેરે બીજે સ્થળે મૂકવું તે. આ સ્થળ પોતાના ઘરથી બે હજાર હાથ જેટલું દૂર હોવાનું વિધાન છે.
પ્રસ્તાર ૧. પું. (સંગીત) અક્ષરવન માંહેનો ચોવીસમો વર્ણસિંકાર; સંચારી અલંકાર માંહેનો એક આરોહી અલંકાર.
૨. પું. અમલ; સત્તા.
૩. [સં.] પું. (પિંગળ) અમુક માત્રા અથવા વર્ણના છંદનાં સઘળાં રૂપોનો કોઠો; છંદઃશાસ્ત્ર પ્રમાણે ગુરુ લઘુની માત્રાઓ મેળવવાના કોઠો.
૪. પું. (ગણિત) અંકરાશિને રચનાંતર કરવા સંબંધી ગણિત.
૫. પું. (સંગીત) આપેલા સ્વરોને જુદા જુદા ક્રમથી ગોઠવી જુદા જુદા રૂપ કરવાં તે.
૬. પું. ઘાસની પથારી; સાવરો; પાંદડાં વગેરેની બનાવેલ શય્યા.
૭. પું. ખેડવું તે.
૮. પું. (સંગીત) તાલના દશ પ્રાણોનો એ નામનો એક પ્રાણ.
૯. પું. ઘર.
૧૦. પું. પુષ્કળ ઘાસવાળું જંગલ.
૧૧. પું. પ્રસાર; ફેલાવો; વિસ્તાર.
૧૨. પું. પ્રસ્તર.
૧૩. પું. વાસ્તુશાસ્ત્રમાં કહેલાં લક્ષણ જાણવાનો કોઠો.
૧૪. પું. સમતલ; સપાટ ભેદાન.
૧૫. પું. સિતાર બજાવવામાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર. તેને ભાલ પણ કહે છે
૧૬. ન. સીડી; નિસરણી
પ્રસ્તારગણિત [સં.] ન. પ્રસ્તાર કરવાનું આંકડાશાસ્ત્ર કે તેની પદ્ધતિ.
પ્રસ્તારપંક્તિ [સં.] પું. (પિંગળ) ગાયત્રીના ચોવીસ માંહેનો એક છંદ. તેના પહેલા તથા બીજા ચરણમાં બાર બાર અક્ષર અને ત્રીજા તથા ચોથામાં આઠ આઠ અક્ષર હોય છે.
પ્રસ્તારારોહ [સં.] પું. (સંગીત) સંચારી માંહેનો એક અવરોહી અલંકાર.
પ્રસ્તાર્યૂરુભ [સં.] ન એક જાતનો નેત્રરોગ.
પ્રસ્તાવ ૧. [સં.] પું. અવસર; પ્રસંગ; યોગ્ય વખત.
૨. પું. આરંભ; શરૂઆત.
૩. પું. (પુરાણ) ઉદ્‌ગીથ રાજાને દેવકુલ્યા નાગની ઓથી થયેલ એ નામનો એક દીકરો. તેને નિપુત્સા નામની ઓને પેટે વિભુ નામનો પુત્ર થયો હતો.
૪. પું. ઉપોદ્‌ઘાત; પ્રસ્તાવના; વિષયપરિચય; પ્રાક્કથન; ભૂમિકા.
૫. પું. ઉલ્લેખ; નોંધ.
૬. પું. કારણ; હેતુ.
૭. પું. ચર્ચા.
૮. પું. દરખાસ્ત; ઠરાવ
૧. પ્રસ્તાવ આવવો-મૂકવો-રજૂ કરવો = દરખાસ્ત રજૂ કરવી; દરખાસ્ત અનુસારે કે ઠરાવ કરવો.
૨. પ્રસ્તાવ ઊડી જવો = ઠરાવ નાપાસ થવો.
૯. પું. પ્રકરણ; વિષય; બાબત.
૧૦. પું. મતવ્ય; મત; માન્યતા.
૧૧. પું. વખાણ; પ્રશંસા.
૧૨. પું. વર્ણન.
૧૩. પું. સામવેદનો એક અવયવ. તે પ્રસ્તોતા નામના ઋત્વિજ દ્વારા પ્રથમ ગવાય છે.
પ્રસ્તાવક ૧ પું. દરખાસ્ત મૂકનાર માણસ.
૨. વિ. ઠરાવ મૂકનાર; દરખાસ્ત મૂકનાર; પ્રસ્તાવ કરનાર.
૩. વિ. વખાણ કરનારું.

પ્રસ્તાવના ૧. [સં.] સ્ત્રી. આરંભ; શરૂઆત.
૨. સ્ત્રી. ગ્રંથનો હેતુ વગેરે સંબંધી ટૂંકું વર્ણન; ઉપોદ્ઘાત; ગ્રંથવસ્તુનિર્દેશક શરૂઆતનો ભેાગ; પૂર્વકથન; ભૂમિકા; આમુખ.
૩. સ્ત્રી. નાટકના આરંભમાં વિદૂષક કે સૂત્રધાર મારફત કરાતું નાટકના વિષયનું ટૂંકામાં વર્ણન. બીજાં પુસ્તકો કરતાં નાટકની પ્રસ્તાવના જુદા જ પ્રકારની હોય છે.
૪. સ્ત્રી. નાટકના વાસ્તવિક આરંભની પૂર્વે તે વિશે માહિતી આપનારો સૂત્રધાર વગેરેનો પ્રવેશ. ભરત મુનિએ નાટકની પ્રસ્તાવના પાંચ પ્રકારની કહી છે: ઉદ્ઘાતક, કથોદ્ઘાત, પ્રયોગાતિશય, પ્રવર્તક અને અવગલિત.
૫. સ્ત્રી. વખાણ કરેલાં હોવાં તે.

પ્રસ્તાવનાકાર વિ. પ્રસ્તાવના લખનાર.

પ્રસ્તાવવિશેષ [સં.] પું. (કાવ્ય) અંજકના દસ ભાંહેનો એક પ્રકાર.

પ્રસ્તાવસદૃશ [સં.] વિ. પ્રસંગને યોગ્ય; અવસરે જેવું જોઈએ તેવું.

પ્રસ્તાવિક ૧. વિ. પ્રસંગને લગતું; પ્રસંગનું ઉદાહરણ આપ્યું એવું; પરચૂરણ; પ્રસ્તુત.
૨. વિ. પ્રસ્તાવનાને લગતું; પ્રસ્તાવનારૂપ; પ્રાસ્તાવિક.

પ્રસ્તાવૌચિત્ય [સં.] ન. (જૈન) વાણીના પાંત્રીસ ભાંહેનો એક ગુણ.

પ્રસ્તિર [સં.] ન. પાંદડાં વગેરેની બનાવેલ ચટ્ટાઈ.

પ્રસ્તીત ૧. [સં.] વિ. અવાજ કરેલું; ધ્વનિત.
૨. વિ. ઘટ્ટ; ઘાટું.

પ્રસ્તુત ૧. [સં.] પું. (પુરાણ) ગરુડે મારેલો એ નામનો એક દૈત્ય.
૨. ન. અવસર; શુભ કાર્યનું ટાંકણું; ટાણું.
૩. ન. ચાલતું પ્રકરણ; જેના ઉપર ચર્ચા થતી હોય તે વિષય; જેને વિષે કહેવાનું કે કહેવાતું હોય તે.
પ્રસ્તુત હોવું = જેની ચર્ચા ચાલતી હોય તેને લગતું હોવું.
૪. ન. હાથ ધરેલું કાર્ય.
૫. વિ. ઉક્ત; કહેવાઈ ગયેલું; અર્થાતું; કહેવામાં આવેલું.
૬. વિ. ઉદ્યત; તૈયાર.
૭. વિ. ઉપયુક્ત; ઉપયોગી; જરૂરી; ખપનું.
૮. વિ. ઉપસ્થિત; ઉત્પન્ન થયેલું.
૯. વિ. ધારેલું; ધાર્યું હોય.
૧૦. વિ. પાસે આવેલું.
૧૧. વિ. પ્રચલિત; ચાલુ; પ્રાસંગિક; વર્તમાન.
૧૨. વિ. પ્રસિદ્ધ કરેલું; ઉપાડું કરેલું.
૧૩. વિ. પ્રાપ્ત થયું.
૧૪. વિ. વખાણેલું; સારી રીતે સ્તુતિ કરેલું.
૧૫. વિ. વર્ણવેલું.
૧૬. વિ. સ્વીકારેલું; પ્રાપ્ત થયેલ; સંપાદન કરેલું.
૧૭. અ. હાલમાં; અત્યારે; વિદ્યમાન સમે.

પ્રસ્તુતતા [સં.] સ્ત્રી. ઔચિત્ય; ઉચિતપણું; યોગ્યતા.

પ્રસ્તુતપ્રણાલી [સં.] સ્ત્રી. પ્રયોજકિયા; બનાવવાની ક્રિયા.

પ્રસ્તુતાનુવંગી [સં.] વિ. ઉચિત; પ્રસ્તુત; પ્રાસંગિક.

પ્રસ્તુતાલંકાર [સં.] પું. (કાવ્ય) જે નામે એક અર્થાલંકાર. તેમાં એક પ્રસ્તુતના સંબંધમાં પ્રસ્તુત વાત કહી તેનો અભિપ્રાય બીજા પ્રસ્તુતના સંબંધમાં બતાવવામાં આવે છે.

પ્રસ્તુતાંકુર [સં.] પું. (કાવ્ય) જે નામનો એક અર્થાલંકાર. તેમાં એક પ્રસ્તુતાર્થમાંથી જણાવાયેલ એવા બીજા પ્રસ્તુતાર્થનું સૂચન થાય છે.

પ્રસ્તુતિ ૧. [સં.] સ્ત્રી. ઉપસ્થિતિ.
૨. સ્ત્રી. પ્રશંસા; સ્તુતિ.
૩. સ્ત્રી. પ્રસ્તાવના.
૪. સ્ત્રી. સજાવટ; તૈયારી.

પ્રસ્તૃત ૧. [સં. પ્ર + સ્તૃ (ઢાંકવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ઢાંકેલું; આવેલું.
૨. વિ. સારી રીતે વિસ્તારેલું.

પ્રસ્તોતા ૧. [સં. પ્રસ્તોતૃ] પું. સામવેદનો ગાયક એક ઋત્વિજ. તે યજ્ઞમાં પહેલાં સામગાનનો પ્રારંભ કરે છે.
૨. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રતીહ રાજાનો યજ્ઞ કરવામાં કુશળ એ નામનો એક દીકરો.
૩. વિ. સારી રીતે વખાણ કે સ્તુતિ કરનાર.

પ્રસ્તોત્રિય ૧. [સં.] ન. પ્રસ્તોતા ઋત્વિજે ગાવાનો સામવેદનો પ્રથમ ભાગ.
૨. વિ. પ્રસ્તોતા ઋત્વિજ સંબંધી.

પ્રસ્થ ૧. [સં.] પું. નાટકનો ચોથો ભાગ.
૨. પું. ચોસઠ રૂપિયાભારનું એક માપ; બે શેરાવાં ભરોભર વજન.
૩. પું. જોખાયેલી અથવા જેની કીમત નક્કી કરાયેલી છે એવી માપેલી વસ્તુ.
૪. પું. ટેકરી ઉપરનો જ્યાં સ્થિતિ જરા સપાટ ભાગ; પર્વતનું શિખર.
૫. પું. થાળી; પવાલું.
૬. પું. ખાનેદ્ર.
૭. વિ. અત્યંત સ્થિતિવાળું.
૮. વિ. દૃઢ કરતું.
૯. વિ. જનાર; જતું.
૧૦. વિ. નક્કી; ચોક્કસ.
૧૧. વિ. ફેલાયેલું; પથરાયેલું.
૧૨. વિ. મજબૂત.
૧૩. વિ. મોટું.
૧૪. વિ. સારી રીતે રહેલું.

પ્રસ્થકુસુમ જુઓ પ્રસ્થપુષ્પ.

પ્રસ્થપુષ્પ ૧. [સં.] ન. એક જાતની નાનાં પાંદડાંવાળી તુલસી.
૨. ન. જંગલી જીણુ; એક જાતનું બિલેરું.
૩. ન. મરવો.

પ્રસ્થલ [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તે વખતે તે દેશ સુશર્મા રાજાના તાબામાં હતો.

પ્રસ્થૌદન [સં.] વિ. એક પ્રસ્થ ભરોભર રાંધનાર.

પ્રસ્થાન ૧. [સં.] પું. ઉપદેશનો ઉપાય.
૨. પું. માર્ગ.
૩. પું. વૈખરી વાણીના જે નામના અઢાર ભેદ: ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર. ચાર વેદ: ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. ચાર ઉપવેદ: આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને અર્થવેદ. છ વેદાંગ: શિક્ષા, જ્યોતિષ, છંદ, નિરુક્ત, કલ્પ અને વ્યાકરણ. ચાર ઉપાંગ: ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્રો અને પુરાણ.
૪. ન. અભિનય; શરીરનો હાવભાવ.
૫. ન. એક પ્રકારનું હલકી કક્ષાનું નાટક.
૬. ન. કાવ્ય કાવ્યના સત્તાવીસ ભાંહેનો એક ભેદ.
૭. ન. નૃત્યના સાત ભાંહેનો એક ભેદ. ડોંબી, શ્રીગદિત, ભાણ, ભાણિકા, પ્રસ્થાન, રાસક અને કાવ્યપદ્ય એ નૃત્યના સાત ભેદ છે.
૮. ન. પરદેશ જવા નીકળવું તે; પ્રવાસે જવા ઊપડવું તે; પ્રયાણ; કૂચ; યાત્રા; ગમન.
પ્રસ્થાન કરવું = (૧) પ્રયાણ કરવું. (૨) શુભ દિવસ અથવા મુહૂર્તે મુસાફરીએ નીકળનાર માણસ તે પહેલાં પોતે ન નીકળી શકવાથી પોતાનો થોડોક સામાન પહેલી મળતી ઉપર મોકલાવી આપે તેમ કરવું.
૯. ન. મુહૂર્ત સાચવવાને પોતાના મુકામેથી કોઈ પાડોશીને મુકામે જઈ વાસ કરવો તે. એથી અનુકૂળ પડે તે દહાડે પરદેશ જવા નીકળાય.
૧૦. ન. મૃત્યુ; મરણ.

૧૧. ન. યુધિષ્ઠિર વગેરેના મહાપ્રસ્થાનનું જેમાં વર્ણન છે તે મહાભારતનું એક પેટા પર્વ.
૧૨. ન. રીત; પ્રથા; રિવાજ.
૧૩. ન. (સ્થિર૫) વસ્તુઓના સોળ માંહેનો તેરમો સરકાર.
૧૪. ન. વિજયની ઇચ્છાવાળા યુદ્ધ માટે પ્રયાણ.
૧૫. ન. સરઘસ.

પ્રસ્થાનગ્રંથ [સં.] ન. મૂળ પુસ્તક.

પ્રસ્થાનત્રય જુઓ પ્રસ્થાનત્રયી.

પ્રસ્થાનત્રયી [સં.] સ્ત્રી. વેદધર્મના પાયારૂપ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતા એ ત્રણ ગ્રંથને પહોંચવાના ત્રણ માર્ગ છે. શ્રુતિપ્રસ્થાન એટલે ઉપનિષદો, સ્મૃતિપ્રસ્થાન એટલે ભગવદ્ગીતા અને તર્કપ્રસ્થાન એટલે બ્રહ્મસૂત્ર. એ ત્રણ ઉપર ભાષ્ય રચે તે આચાર્ય કહેવાય છે. પ્રસ્થાનત્રયીના પ્રથમ અને શ્રેષ્ઠ ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય મનાય છે.

પ્રસ્થાનબિંદુ [સં.] ન. આરંભબિંદુ; ઊપડવાનું કે શરૂઆત કરવાનું સ્થળ.

પ્રસ્થાનરેખા [સં.] સ્ત્રી. શરૂઆત કરવાની લીટી.

પ્રસ્થાનવિઘ્ન [સં.] ન. જવામાં કે કૂચ કરવામાં નડતી મુશ્કેલી.

પ્રસ્થાનાક્ષમ [સં. પ્રસ્થાન (યાત્રા) + અક્ષમ (અયોગ્ય)] વિ. સમુદ્રગમન માટે અયોગ્ય; જલયાત્રા માટે નાલાયક.

પ્રસ્થાનિક ૧. [સં.] ન. મહાભારતનાં આઠ માંહેનું એ નામનું એક પર્વ.
૨. વિ. ગમન સંબંધી.

પ્રસ્થાની [હિં.] વિ. જનાર.

પ્રસ્થાપક [સં.] વિ. સ્થાપન કરનાર.

પ્રસ્થાપન ૧. [સં.] ન. પ્રેરણા.
૨. ન. વકીલાત કરાવવી તે.
૩. ન. વિદાય; વળાવવું તે.
૪. ન. શરૂઆત; આરંભ.
૫. ન. સભા, પરિષદ વગેરેમાં કોઈને મોકલવું તે.
૬. ન. સાબિત કરવું તે; પ્રયોગ વડે સિદ્ધ કરવું તે.
૭. ન. સ્થાપવું તે; સ્થાપના.
૮. ન. હેતુ; ઉદ્દેશ.

પ્રસ્થાપનીય ૧. [સં.] વિ. પ્રેરણા કરવા યોગ્ય.
૨. વિ. મોકલવા જેવું.
૩ વિ. વકીલાત કરવા લાયક.
૪. વિ. વળાવવા જેવું
૫. વિ. સારી રીતે સ્થાપવા યોગ્ય.

પ્રસ્થાપિત ૧. [સં.] વિ. પ્રેરણા કરેલું.
૨. વિ. મોકલેલું; પ્રેષિત; વળાવેલું.
૩. વિ. વકીલાત કરાવેલું.
૪. વિ. સારી રીતે ગોઠવેલું; દૃઢ કરેલું; માંડેલું.
૫. વિ. સ્થાપન કરેલું; સ્થાપિત કરેલું; સિદ્ધ કરેલું

પ્રસ્થાયી ૧. [સં. પ્રસ્થાયિન્] વિ. કૂચ કરનાર.
૨. વિ. જવાના મનવાળું; ભવિષ્યમાં જનાર.

પ્રસ્થિકા ૧. [સં.] સ્ત્રી. ભાંજણા નામે એક વેતો.
૨. સ્ત્રી. ભાજડી; ડોપલી.
૩. સ્ત્રી. પીપુડી.
૪. સ્ત્રી. કુદીનો.

પ્રસ્થિત ૧. [સં.] વિ. ગયેલું; પ્રયાણ કરેલું; ઊપડેલું.
૨. વિ. જવાને તૈયાર.
૩. વિ. દૃઢ; સ્થિત.

પ્રસ્થિતિ [સં.] સ્ત્રી. પ્રયાણ; ગમન; પ્રવાસ; યાત્રા; મુસાફરી.

પ્રસ્ન [સં.] ન. સ્નાનપાત્ર; નાહવાનું વાસણ.

પ્રસ્નવ ૧. [સં.] પું. ધારા; પ્રવાહ; પાર; રેલો.
૨. પું. પાનો; ઉત્સાહ.
૩. ન. ઝરવું તે.

પ્રસ્નુષા [સં.] સ્ત્રી. પુત્રના પુત્રની વહુ.

પ્રસ્નેય [સં. પ્ર + स्ना (નાહવું) + ય (યોગ્ય)] વિ. સ્નાન કરવા યોગ્ય.

પ્રસ્પંદ [સં.] ન. બિંદુ; ટીપું.

પ્રસ્પંદન ૧. [સં.] ન. કંપવું તે; થડકવું તે.
૨. ન. સારી રીતે ઝરવું કે ટપકવું તે.

પ્રસ્ફુટ ૧. [સં.] વિ. ખીલેલું; પ્રફુલ્લ; વિકસેલું.
૨. વિ. પ્રકટ; સાફ; સારી રીતે સ્પષ્ટ.

પ્રસ્ફુટન ૧. [સં.] ન. ઉત્સેપ; ભભાર નીકળવું તે.
૨. ન. સ્ફોટન; ફોડ; નિવેડો; નિકાલ.

પ્રસ્ફુટિત [સં.] વિ. ખીલેલું; પ્રફુલ્લિત.

પ્રસ્ફુરક ૧. પું. (જ્યોતિષ) સૂર્યોદય પહેલાં દેખાતો શુક્રનો તારો.
૨. [સં.] ન. એક જાતનું રાસાયણિક દ્રવ્ય; નત્રવાયુના વર્ગનું એક વિષમ ધાતુક તત્ત્વ; 'ફોસફરસ', તેને એક પોળા કે પીળાશ પડતા નિર્મળ મીણિયા પદાર્થરૂપે મેળવી શકાય છે. બાસ કરીને તેની ગંધ ન ગમે તેવી હોય છે. રાસાયણિક દૃષ્ટિએ તે બહુ ચપળ છે. તેને પાણીમાં જ રાખી મૂકવું પડે છે. સાધારણ ઉષ્ણામાનમાં પણ તે હવામાંના પ્રાણવાયુની સાથે સંયોગ પામી ઝાંખો પ્રકાશ ઉત્પન્ન કરતું બને છે. દાઝકા વગેરેમાં તે મિશ્રિત થયેલું માલૂમ પડે છે.

પ્રસ્ફુરકવિષ [સં.] ન. પ્રસ્ફુરકનું ઝેર.

પ્રસ્ફુરકામ્લ [સં.] ન. પ્રસ્ફુરક નામના ધાતુક તત્ત્વનો તેજાબ; 'ફોસફરિક ઍસિડ',

પ્રસ્ફુરણ ૧. [સં.] ન. નીકળવું તે.
૨. ન. પ્રકાશિત થવું તે.

પ્રસ્ફુરિત ૧. [સં.] વિ. કંપવું; ધ્રૂજવું.
૨. વિ. પ્રગટ જણાઈ આવવું.
૩. વિ. સ્ફૂર્તિવાળું; આબાદ ઊઠવું.

પ્રસ્ફૂર્જવું જ. ક્રિ. ઉત્પન્ન થવું; ફૂટી નીકળવું; જાગી નીકળવું.

પ્રસ્ફોટ ૧. [સં.] પું. ખુલ્લું થવું તે.
૨. પું. પ્રકાશમાં આવી જવું તે.

પ્રસ્ફોટન ૧. [સં.] ન. અંદરનો પદાર્થ જોરથી બહાર નીકળી પડે એવી રીતે ફાટવું કે ખૂલવું તે.
૨. ન. તોડવું તે.
૩. ન. પ્રકાશ.
૪. ન. મારવું તે; ઠોકવું તે.
૫. ન. વિકસિત થવું તે; ખીલવું તે; વિકાસ.
૬. ન. સ્ફોટ.

પ્રસ્ફોટનશક્તિ [સં.] સ્ત્રી. સ્વાભાવિક રીતે વિકસિત થતી શક્તિ.

પ્રસ્ફોટવું જુઓ પ્રસ્ફુટવું

પ્રસ્મૃત [સં.] વિ. ભુલાઈ ગયેલું.

પ્રસ્રવ ૧. [સં.] પું. જ્યાં ઝરતું પાણી પડીને બધું ભેગું થાય તે સ્થાન.
૨. પું. ટપકવું તે; ઝરવું તે.
૩. પું. ધારા; વહેણ.
૪. પું. પરસેવો.
૫. પું. પાણી વગેરેનું અભિસ્રવણ ઝરવું તે; સ્રવવું તે.
૬. પું. પેશાબ; મૂત્ર.
૭. પું. મૂતરવું તે.
૮. પું. સ્તન કે આંચળમાંથી ઝરતું દૂધ.

પ્રસ્રવણ ૧. [સં.] પું. રામાયણમાં વર્ણવેલો માલ્યવાન પર્વત, તે તુંગભદ્રા નદીની પાસે આવેલો છે.
૨. ન. પેશાબ.
૩. જુઓ પ્રસવ.

પ્રસ્રંસિની [હિં.] સ્ત્રી. એક પ્રકારનો યોનિરોગ. તેમાં સંભોગને વખતે વીર્યથી યોનિ બહાર નીકળી આવે છે અને ગર્ભ રહેતો નથી.

પ્રસ્રાવ ૧. [સં.] પું. મૂત્ર; પેશાબ.
૨. પું. વહેવું તે.

પ્રસ્રુત ૧. વિ. ખરેલું.
૨. વિ. ઝરેલું.
૩. વિ. ટપકેલું.

પ્રસ્વન [સં.] પું. મોટો અવાજ.

પ્રસ્વાદ [સં.] પું. મધુ સ્વાદ.

પ્રસ્વાપ ૧. [સં.] ન. ઊંઘ; નિદ્રા.
૨. ન. જેના પ્રયોગથી નિદ્રા આવે તે વસ્તુ.
૩. ન. શત્રુઓને ઊંઘાડી રાખવામાં વપરાતું એક અસ્ત્ર.
૪. ન. સૂપડું.

પ્રસ્વાપન ૧. [સં.] ન. દુશ્મનને ઊંઘ લાવનાર એક જાતનું અસ્ત્ર.
૨. ન. નિદ્રા આણનાર વસ્તુ.
૩. સ્ત્રી. નિદ્રા આણનારું.

પ્રસ્વાપિની ૧. [સં.] સ્ત્રી. શત્રુઓ વગેરેને ઊંઘાડી દેનારી એક વિદ્યા.
૨. સ્ત્રી. (પુરાણ) સત્યભામાની બહેન; કૃષ્ણની એ નામે એક સ્ત્રી.

પ્રસ્વેદ [સં.] પું. ઘણો પરસેવો; પસીનો.

પ્રસ્વેદગ્રંથિ [સં.] સ્ત્રી. શરીરમાંથી પરસેવો પાડનારી ગાંઠ.

પ્રસ્વેદન ૧. [સં] ન. પરસેવો લાવવો તે.
૨. ન ભેજદ્રવ્ય.

પ્રસ્વેદબિંદુ [સં.] ન. પરસેવાનું ટીપું.

પ્રસ્વેદવાહક [સં.] વિ. પરસેવો લાવનારું.

પ્રસ્વેદિત [સં.] વિ. જેને પરસેવો આવ્યો હોય એવું.

પ્રહ્ન ન પરોઢિયું; સવાર; પ્રાતઃકાળ.

પ્રહ્લાદન [સં.] ન. મારી નાખવું તે.

પ્રહત ૧. પું. પાસા વગેરેનું ફેંકવું તે.
૨. પું. પ્રહાર; માર.
૩. [સં.] વિ. પંડિત; વિદ્વાન.
૪. વિ. પાસેનું; નમતું; નજીકનું.
૫. વિ. ફેલાયેલું.
૬. વિ. મારેલું; પીટેલું.
૭. વિ. હણેલું; મારી નાખેલું.
૮. વિ. હરાવાયેલ; પરાજિત.

પ્રહસ્તેમિ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ.

પ્રહર [સં.] પું. વખત કલાક; સાડાસાત ઘડી જેટલો વખત; પહોર; રાતદિવસનો આઠમો ભાગ, બે ચોઘડિયાનો ગાળો; યામ.

પ્રહરક ૧. [સં.] પું. પહેરા ઉપરનો ઠંડા વગાડનારો માણસ; ઘડિયાળી.
૨. પું. રાતદિવસનો આઠમો ભાગ; પહોર.

પ્રહરજ્ઞ ૧. [સં.] પું. (પુરાણ) વસાની કુખે થયેલા કૃષ્ણના પુત્રો માંહેનો એ નામનો એક પુત્ર.
૨. ન. ઘોડવું તે.
૩. ન. દમનઃ દબાવવું તે.
૪. ન. પ્રહાર કરવો તે; મારવું તે.
૫. ન. ફેંકવાનું હથિયાર; અસ્ત્ર.
૬ ન. ફેંકવું તે.
૭. ન. વસંતના બાર મહિનો માંહેનો એ નામે એક પ્રબંધ.
૮. ન યુદ્ધ.
૯. ન. વેલ; બીજો મારે પકડવાળો રથ.
૧૦. ન. રાસ્ય.
૧૧. ન. હરણ કરવું તે; લઈ જવું તે.
૧૨. ન. હરાવવું તે.

પ્રહરણકલિકા સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. આ છંદ ઝકેરીછંદનો એક ભેદ છે.

ન ન ભ ન લ ગ થી, પ્રહરણકલિકા.
મુનિ વિરતિ વહો, પ્રહરણમલિતા.

રણછોડ

પ્રહરણકલિતા જુઓ પ્રહરણકલિકા.

પ્રહરવું [સં. પ્રહ] ક્ર. ક્રિ. મારવું; તાડન કરવું; ટીપવું; ઠોકવું; ઘા કરવો.

પ્રહરેયો જુઓ પ્રહરી.

પ્રહરી ૧. [સં. પ્રહરિન] પું ચોકીદાર; દ્વારપાલ; પહેરેગીર; દરવાન.
૨. પું. પ્રહરે પ્રહરે ઠંડા બજાવનાર ઘડિયાળી.

પ્રહર્તા ૧. [સં. પ્રહર્તૃ] પું. યોદ્ધો.
૨. વિ. પ્રહાર કરનાર; મારનાર.

પ્રહર્ષ ૧. [સં.] પું. અતિ આનંદ; બહુ ખુશી.
૨. પું. નાટકના તેત્રીસ માંહેનો એ નામનો એક અલંકાર.
૩. પું. પુરુષની જનનેંદ્રિયનું ઊભું થવું તે.
૪. વિ. આનંદ આપે એવું.

પ્રહર્ષણ ૧. [સં.] પું. એ નામનો એક અર્થાલંકાર. તેમાં અર્થ વિના ઇષ્ટ અર્થની સિદ્ધિનું વર્ણન કરવામાં આવે છે અથવા કવિ અનાયાસે ઇષ્ટ વાંછિત પદાર્થની પ્રાપ્તિનું વર્ણન કરે છે.
૨. પું. ઘણો આનંદ; હરખ; ખુશાલી; ખુશી.
૩. પું. (જ્યોતિષ) શુભ યોગ.
૪. વિ. આનંદ ઉપજાવે એવું.

પ્રહર્ષણી જુઓ પ્રહર્ષિણી.

પ્રહર્ષિણી ૧. સ્ત્રી. અંબાડાળદર.
૨. સ્ત્રી. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, નગણ, ભગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે છે. તેમાં બીજા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તે અનિજગતી છંદનો એક ભેદ છે.

મા ના ભ, ર ગ થી પ્રહર્ષિણી બને છે.

રણછોડ

પ્રહર્ષિત [સં.] વિ. આનંદ પામેલું; પ્રસન્ન; બહુ જ ખુશી.

પ્રહર્ષોલ્લ [સં.] પું. (જ્યોતિષ) શુભ યોગ.

પ્રહસ [સં.] પું. એ નામે એક રાક્ષસ.

પ્રહસન ૧. [સં.] ન. આક્ષેપ
૨. ન. એક જાતનું હાસ્યરસપ્રધાન નાટક. તે રૂપકના દસ ભેદ માંહેનું એક છે. તેમાં નાયક કોઈ રાજા, પ્રધાની, બ્રાહ્મણ કે ધૂર્ત હોય છે અને અનેક પાત્ર હોય છે. આખા ખેલમાં હાસ્યરસ પ્રધાન હોય છે. અગાઉ પ્રહસન એક જ અંકનાં હતાં, પણ હવે લોકો તેથી વિશેષ અંકનાં પ્રહસન લખે છે. તેનો વિષય કલ્પિત હોય છે. કાવ્યશાસ્ત્રમાં રૂપકના દસ પ્રકાર છે: નાટક, પ્રકરણ, ભાણ, વ્યાયોગ, સમવકાર, ડિમ, ઇહામૃગ, અંક, વીથિ અને પ્રહસન.
૩. ન. ટોળ; હાસ; મશ્કરી; હાંસી, ઉપહાસ.
૪. ન. તિરસ્કાર; ધિક્કાર.
૫. ન. દસ કાખના સત્તાવીસ માંહેનો એ નામે એક ભેદ; દુર્ગુણની હંજેતી કરનારું એક કે બે અંકનું હાસ્યરસપ્રધાન નાટક.
૬. ન. મોટેથી હસવું તે; અટ્ટહાસ હસવું તે; અત્યંત હસવું તે.
૭. ન. બગલું કહાણ.

પ્રહસનચિત્ર [સં.] ન. કટાક્ષચિત્ર; રમૂજી ચિત્ર; વિરૂપચિત્ર; ચિંતનચિત્ર; 'કાર્ટૂન'.

પ્રહસનશીલ [સં.] વિ. હસમુખું.

પ્રહસંતિકા જુઓ પ્રહસંતી.

પ્રહસંતી ૧ [સં.] સ્ત્રી. એક જાતનો મોગરો.
૨. સ્ત્રી બૃહતી વેલ.
૩. સ્ત્રી. વાસંતી.
૪. જો. મોટી સમડી.

પ્રહસિત ૧. [સં.] પું. એ નામનો એક ક્ષુદ્ર.
૨. ન. અટ્ટહાસ્ય કરવું તે.
૩. ન. હાસ્ય; મશ્કરી.
૪. વિ. ખૂબ હસેલું; અટ્ટહાસ્ય કરેલું.

પ્રહસ્ત ૧. [સં.] પું આંગળીઓ પહોળી કરેલી કે ફેલાવી હોય એવો હાથનો પંજો; થપ્પડ.
૨. પું. (પુરાણ) રાવણનો એ નામનો એક સેનાપતિ કેતુમતીની કૂખે સુમાલી રાક્ષસને જન્મેલા દસ પુત્રોમાંનો એ નામનો મોટો પુત્ર. તે રાવણના મામા થતો હતો. રાવણ બળવાન થયા પછી તે રાવણની ત્રીજા ભાગની સેનાનો અધિપતિ અને મુખ્ય પ્રધાન થયો હતો. તે નિરંતર રાવણના સમાગમમાં રહેતો. રામરાવણના યુદ્ધને પાંચમે દિવસે તરાંતક, કુંભહનુ, મહાનાદ અને સમુન્નત એ ચારેની સાથે મળીને તે યુદ્ધ કરવા ગયો હતો. તેમાં એ નીલ વાનરને હાથે મરાયો હતો.

પ્રહાણ ૧. [સં] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, મગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.
પ્રહાણો યા મા મા ગા છે. ઇન્દ્રવિજય
૨. ન. ધ્યાન; ચિત્તની એકાગ્રતા.
૩. ન. નાશ; સામ; લય; હાનિ.
૪. ન. નિર્વાણ; મુક્તિ.
૫. ન. પરિત્યાગ; છોડી દેવું તે.

પ્રહાણિ [સં.] સ્ત્રી. હાનિ; નાશ.

પ્રહાર ૧. [સં.] પું. ઘા; માર.
૨. પું. ઝપાટો; આઘાત; ફટકો; ઝટકો.
૩. પું. ઘાત મારવા તે.

પ્રહારક [સં.] વિ. મારનાર; પ્રહાર કરનાર.

પ્રહારણ [સં.] ન. મનગમતું દાન.

પ્રહારપ્રિયતા [સં.] સ્ત્રી. પ્રહારનું પ્રિય હોવાપણું; ધીમેથી મારેલી ટાપલી વગેરેનું ગમવાપણું
અમનું પ્રદર્શન જોતે અમે છે અને સહજ પ્રહારપ્રિયતા એ કામતૃપ્તિનો એક સૌમ્યતમ ઉપચાર પણ કામશાસ્ત્રીઓ મનાતા આવ્યા છે.

પ્રહારવર્ષણ ૧. [સં. પ્રહાર (ઘા) + વર્ષણ (વરસવું તે)] ન. બાણોનો વરસાદ.
૨. ન. બહુ માર મારવો તે.

પ્રહારવલ્લી [સં.] સ્ત્રી માંસરોહિણી નામનો એક વેલો.

પ્રહારવું ૧. અ. ક્રિ. આઘાત કરવો; મારવું.
૨. અ. ક્રિ. મારવા માટે ફેંકવું અથવા છોડવું.

પ્રહારાર્ત્ત [સં.] વિ. પ્રહારથી પીડાયેલું; મારથી દુઃખી થયેલું.

પ્રહારિત [સં.] વિ. જેને માર મારો હોય એવું. મનુષ્યના શરીર ઉપર મૂકી વગેરે વડે પ્રહાર કરવાથી તે જગ્યાનું માંસ બરાબર થઈ સોજો ઉત્પન્ન થાય છે.

પ્રહારી ૧. [સં. પ્રહારિન્] વિ. અત્યંત પ્રહાર કરનાર; માર મારનાર.
૨. વિ. નષ્ટ કરનાર; દૂર કરનાર.

પ્રહારુક [સં] વિ. બખરદસ્તીથી ઉપાડી જનાર; બળપૂર્વક હરણ કરનાર.

પ્રહાર્ય ૧. [સં.] વિ. પ્રહાર કરવા જોગ.
૨. [સં. પ્રહ (હરણ કરવું) + ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. હરણ કરવા જેવું.

પ્રહાસ ૧. [સં] પું એ નામે એક નાગ.
૨. પું કનિષ્ઠ સ્વામીનો એ નામે એક અનુચર.
૩. પું. કૃષ્ણમિશ્ર; અતિમિત્ર; અનિરુદ્ધવર્ણન; વિકૃતિમિત્ર.
૪. પું. નટ.
૫. પું. નામપિંગળ માંહેનો એક વર્ણમેળ છંદ.
૬. પું. પ્રહસન; અટ્ટહાસ્ય હસવું તે.
૭. પું. મશ્કરી; ટોળ; ઉપહાસ.
૮. પું. (પુરાણ) વરુણનો એ નામનો મંત્રી.
૯. પું. શિવ; શંકર.
૧૦ ન. સોમવતી તીર્થનું બીજું નામ. તે પ્રભાસનું પ્રાકૃત રૂપ જણાય છે.

પ્રહાસી ૧. [સં. પ્રહાસિન્] પું. વિદૂષક; મશ્કરો.
૨. વિ. ખૂબ અને મોટેથી હસનાર.
૩. વિ. ખૂબ હસાવનાર.

પ્રહિ [સં.] પું. કૂવો.

પ્રહિત ૧. [સં.] પું. રુદ્ર; શિવ; શંકર.
૨. વિ. અધિકાર વગેરે ઉપર નીમેલું.
૩. વિ. પ્રેરણા કરેલું.
૪. વિ. ફેંકેલું.
૫. વિ. મૂકેલું.
૬. વિ. મોકલેલું.
૭. વિ. સ્થાપેલું; ગોઠવેલું.

પ્રહિતા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો

પ્રહિતાત્મા [સં. પ્રહિતાત્મન્] વિ. દક્ષ સ્વભાવનું

પ્રહિંસક વિ. હિંસા કરનાર.

પ્રહીણ ૧. [સં.] વિ. અત્યંત હીન.
૨. વિ. ઘણું ઓછું
૩. વિ. ઓરડેલું; ત્યાગ કરેલું.
૪. વિ. નાશ પામેલું.

પ્રહીણપ્રત્રિત [સં.] વિ. જેનો જીવ ગયેલો છે એવું; મરી ગયેલું.

પ્રહુત [સં] પું. આહવણે કરવાના પાંચ માંહેનો એક દૈવિક યજ્ઞ: ભૂતયજ્ઞ.

પ્રહુતિ [સં.] સ્ત્રી. આહુતિ.

પ્રહૂત ૧. [સં.] પું. એ નામે એક ઋષિ.
૨. ન. પ્રહાર; માર.
૩. ન. મળ્યા રહેવું તે.
૪. વિ. પ્રહાર કરેલું; મારેલું.

પ્રહૃષ્ટ [સં.] વિ. રાજી; ખુશી; આનંદિત; કરમાયેલું; હર્ષ પામેલું.

પ્રહૃષ્ટક ૧. [સં.] પું હાંગરો.
૨. ન. હર્ષ; આનંદ.

પ્રહેણક ૧. [સં.] ન. એક જાતનું પિષ્ટક; પકવાન.
૨. ન. મોસર; વિવાહ પછી કન્યાના બાપને ઘેર થતું ભોજન.
૩. ન. પિરસવું.

પ્રહેતવ્ય [સં. પ્રહે (મોકલવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. અવશ્ય મોકલવા જેવું.

પ્રહેતિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામે રામાયણમાં જણાવેલો એક રાક્ષસ. તે હેતિનો ભાઈ હતો.
૨. પું. (પુરાણ) વૈશાખ માસના સૂર્યના સમાગમમાં આવનારો રાક્ષસ. તેનો પદ્મવાતા નામનો પુત્ર વૈશ્રવણનો સેવક હતો.

પ્રહેલા [સં.] સ્ત્રી. સ્વછંદી રમત; મનમોજી ચાલ.

પ્રહેલ જુઓ પ્રહેલિકા.

પ્રહેલિકા ૧. [સં.] સ્ત્રી. ઉખાણું; સમસ્યા; કોયડો; જેનો અર્થ દુર્લેપ હોય તેવો પ્રશ્ન.
૨. સ્ત્રી. (પ્રબન્ધ) ગુપ્ત આશયવાળું પદ્ય; અર્થચિત્રનો એક ભેદ છે.
૩. સ્ત્રી. ગુપ્ત આશયવાળું પદ્ય બનાવવાની કળા.
૪. સ્ત્રી. પ્રેમીઓની પરસ્પર થતી આનંદભરી મશ્કરી.

પ્રહેલિકા કલા [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક કલા; બીજાને મોહતા બંધ કરવાને

પ્રાકૃત

ગૂંચવણવાળા સવાલો પૂછવાની યુક્તિ. આ કલાની જાણથી ન્યાયમંદિરમાં ખારા જાણનાર વકીલો ભોળાને ગૂંચવી શકે છે. જળી જે ઉખાણા કહેવાય છે, તે પણ આ કલાનો એક ભાગ છે. ચાતુર્ય દર્શાવવા માટે આ કલા ઉપયોગી છે.

પ્રહ્લા સ્ત્રી. (જૈન) આઉખાના દલ વિભાગ કરીને દરામે દરામે આગે દલા હોય તે ગાંઠની પાયમી દલા.

પ્રહ્લાદ ૧. [સં.] પું. આનંદ; હર્ષ.
૨. પું. શબ્દ; અવાજ.

પ્રહ્લાદ ૧. [સં.] પું. આનંદ; હર્ષ.
૨. પું. એ નામનો એક નાગ.
૩. પું. (પુરાણ) કશ્યપને ચૌદ દિતિપત્રહિરણ્યકશિપુને થયેલા ચાર ગાંઠનો મોટો પુત્ર. તે જન્મો સારથી જ વ્યાપક પરમાત્મા વિષ્ણુનો પરમ ઉપાસક હતો. આથી હિરણ્યકશિપુએ તેને બહુ હેરાન કર્યો હતો. ઉપરે વિષ્ણુએ નૃસિંહ રૂપ ધારણ કરીને હિરણ્યકશિપુને મારી તેનું સંરક્ષણ કર્યું.
૪. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.
૫. પું. મોટો અરપણ શબ્દ.

પ્રહ્લાદચરિત ૧. [સં.] ન. પ્રહ્લાદનું જીવનચરિત્ર.
૨. ન. પ્રહ્લાદનું જીવનચરિત્ર આલેખતું પુસ્તક.

પ્રહ્લાદન ૧. [સં.] ન. આનંદિત કે ખુશ કરવું તે.
૨. વિ. આનંદકારક.

પ્રહ્લાદનપુર ન. પાલણપુર.
એ ગુર્જરભૂમિમાં પ્રહ્લાદનપુર (પાલણપુર) નામનું જે નગર છે તે એક સારું નગર છે.
પુરાતત્ત્વ

પ્રહ્લાદનીય [સં.] વિ. આનંદ ઉપજાવે એવું.

પ્રહ્લાદપત્તન [સં.] ન. પાલણપુર. પાલણપુર મૂળ પ્રહ્લાદદેવે વસાવેલું અને તે પ્રહ્લાદપત્તન કહેવાતું. પછી જગદેવના ચૌહાણોના સરદાર પાલણસિંહે તે જીતી લીધું ત્યારથી તે પાલણપુર કહેવાય છે.

પ્રહ્લાદપુરી [સં.] સ્ત્રી. મુલતાન શહેરની પશ્ચિમે જમીનદોસ્ત હાલતમાં પડેલ હિરણ્યકશિપુની નગરી

પ્રહ્લાદિત [સં.] વિ. આનંદ પામેલું.

પ્રહ્વન [સં. પ્રહ્વી (નમ્ર)] ન. નમસ્કાર.
વંદન પ્રહ્વન પ્રનતિ નતિ અભિનંદન પરણામ,
સખી નમી આગણ ગઈ કુવરી રાધા કામ.
પિંગળલપુકોષ

પ્રહ્વલિકા જુઓ પ્રહેલિકા.

પ્રહ્વાચ [સં.] પું. બોલાવવું તે; આહ્વાન.

પ્રહ્વાંજલિ [સં.] વિ. અંજલિ કરી નમનાર.

પ્રળય જુઓ પ્રલય.

પ્રા ૧. પું. તાડપત્રના દલક અંક માંહેનો ચોથો.
૨. સ્ત્રી. પ્રાકૃત ભાષાનું ટૂંકું રૂપ. તે કોષ વગેરે ગ્રંથોમાં વપરાય છે.

પ્રાઇમર ૧. [અં.] સ્ત્રી. કોઈ ભાષાનું પ્રારંભિક પુસ્તક. તેમાં તે ભાષાની વર્ણમાળા વગેરે આપેલ હોય છે.
૨. સ્ત્રી. કોઈ વિષયનું પ્રારંભિક પુસ્તક. તેમાં તે વિષયનું જ્ઞાન મેળવવા માટે સાધારણ મુખ્ય મુખ્ય બાબત આપેલી હોય છે.

પ્રાઇમસ [અં.] પું. પાસલેટ નામીને સળગાવાતો એક જાતનો ચૂલો.

પ્રાઇવેટ ૧. [અં.] પું. સૈનિક; પલટનનો સિપાઈ.
૨. વિ. અંગત; ગુપ્ત.
૩. વિ. સાર્વજનિક ન હોય પણ માત્ર પોતાના સંબંધમાં જ હોય એવું; વ્યક્તિગત.

પ્રાઇવેટ નંબર [અં.] પું. ઑથાણનો અંક; નિશાનીરૂપ સંખ્યા. રેલવેમાં ગાડી ઊપડતા પહેલાં એકત્રીસ સ્ટેશને આ ઑથાણનો અંક અપાય છે.

પ્રાઇવેટ સેક્રેટરિ [અં.] પું. મોટા માણસનો મંત્રી અથવા સહાયક; આસનવીસ.

પ્રાઇસ [અં.] સ્ત્રી. કીમત; મૂલ્ય.

પ્રાઇસ લિસ્ટ [અં.] ન. કીમતની નોંધ દર્શાવતો ક્રમ.

પ્રાક ૧. સ્ત્રી. પૂર્વ દિશા.
૨. [સં. પ્રાક્] અ. અગાઉ; પહેલાં.
૩. અ. પરોઢિયે.

પ્રાકટ્ય ૧. [સં.] ન. અવતાર; પ્રગટવું તે; જાહેર થવું તે; જન્મ; આવિર્ભાવ.
૨. ન. પ્રકાશનાં પ્રસિદ્ધિ; પુસ્તક પ્રગટ થવું તે.

પ્રાકર [સં.] પું. (પુરાણ) ધૃતિમાન રાજાનો એ નામનો એક પુત્ર.

પ્રાકરણિક [સં.] વિ. પ્રસ્તુત મુદ્દાને લગતું.

પ્રાકર્ષ [સં.] ન. એ નામે એક સામ.

પ્રાકર્ષિક ૧. [સં.] પું. પારકી સ્ત્રીઓ ઉપર જીવનાર માણસ; લંપટ.
૨. વિ. મુદ્દામૈથુન કરનાર.
૩. વિ. સ્ત્રીઓને નચાવનાર; સ્ત્રીનો નર્તક.

પ્રાકામ્ય ૧. [સં.] સ્ત્રી. આઠ સિદ્ધિનું એ નામનું એક પ્રકારનું ઐશ્વર્ય; જે પુરુષ પાસે તેને કોઈ અટકાવી શકે નહિ એવી શક્તિ. આ સિદ્ધિથી સિદ્ધ પુરુષ જમીન ઉપર પણ પાણી હોય તેમ ડૂબકી મારી શકે છે અને ઉપર આવે છે.
૨. સ્ત્રી. ઇચ્છાસ્વાતંત્ર્ય; મરજી પ્રમાણે ઇચ્છા કરવી તે.
૩. સ્ત્રી. સ્વચ્છંદીપણું; જિદ્દ; હઠ; મમત.

પ્રાકામ્યા [સં.] સ્ત્રી. આઠ સિદ્ધિની એક પ્રકારની સિદ્ધિ.
પ્રાકામ્યા, અણિમા, પ્રાપ્તિ, મહિમા, ઈશિતા, ગરિમા, વશિત્વ અને લઘિમા એ પ્રકારના સિદ્ધિના આઠ પ્રકાર છે.
સૂતસંહિતા

પ્રાકાર ૧. [સં.] પું. કોટ; કિલ્લો; ગઢ; વાડ.
૨. પું. ગોતરફ વિસ્તાર.

પ્રાકારબંધ [સં.] પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગાહી; વિષ્ણુમાલા; ગંભીર. તેના દરેક ચરણમાં ત્રણ તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.
પ્રાકારબંધે ત ત ત ત ત ગા ગા છે.
પદ્મપિંગલ

પ્રાકારમંડિત [સં. પ્રાકાર (કિલ્લો) + મંડિત (શોભાવેલું)] વિ. કિલ્લાવાળું; કિલ્લાથી શોભતું.

પ્રાકારશાસ્ત્ર [સં.] ન. કિલ્લાના બાંધકામ સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર. આ શાસ્ત્રમાં દુર્ગવિદ્યા, કૂટવિદ્યા, આકારવિદ્યા અને યુદ્ધવિદ્યાનો સમાવેશ થાય છે.

પ્રાકારરાજ [સં.] ન. કિલ્લાનો ઊભલાગ; કાંગરો.

પ્રાકારિકા ૧. [સં.] સ્ત્રી. કિનાર.
૨. સ્ત્રી. રેખા; લીટી.

પ્રાકારીય ૧. [સં.] પું. જ્યાં કિલ્લો થઈ શકે તેવો પ્રદેશ.
૨. વિ. કોટનું; કિલ્લાનું.

પ્રાકાશ્ય જુઓ પ્રકાશ.

પ્રાકાશ્ય ૧. [સં.] ન. પ્રકાશ; તેજ.
૨. ન. પ્રકાશપણું; પ્રગટ થવું તે; આવિર્ભાવ.
૩. ન. પ્રસિદ્ધિ; જાહેરાત.
૪. ન. યશ; કીર્તિ.
૫. ન. સ્વચ્છતા.

પ્રાકૃત ૧. [સં.] પું. પ્રકૃતિ એટલે સ્વભાવથી સિદ્ધ મિત્ર કે અમિત્ર.
૨. સ્ત્રી. લોકમાં ચાલતી સામાન્ય બોલી.
૩. સ્ત્રી.;ન. સંસ્કૃત ઉપરથી ઊતરી આવેલી એક પ્રાચીન અપભ્રષ્ટ લોકભાષા; આર્યાવર્તની પ્રાચીન

લોકભાષા. હેમચંદ્રે સંસ્કૃતને પ્રાકૃતની પ્રકૃતિ કહી સૂચવ્યું છે કે, પ્રાકૃત સંસ્કૃતમાંથી નીકળી છે, પણ પ્રકૃતિનો આ અર્થ નથી. કેવળ સંસ્કૃતનો આધાર રાખી પ્રાકૃત વ્યાકરણની રચના થઈ છે. અનુમાન એવું છે કે, ઈ. સ.થી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં આ ભાષા પ્રાકૃત રૂપમાં આવી ચૂકી હતી. તે વખતે તેના પૂર્વી અને પશ્ચિમી એવા બે ભેદ હતા. પૂર્વી પ્રાકૃત પાલી ભાષાના નામથી પ્રસિદ્ધ થઈ. બૌદ્ધ ધર્મના પ્રચારની સાથે આ ભાષાથી અથવા પાલી ભાષાની બહુ ઉન્નતિ થઈ, કેમકે પહેલાં તે ધર્મના બધા ગ્રંથ તે ભાષામાં લખાયા. ધીરે ધીરે પ્રાચીન પ્રાકૃતોના વિકાસથી આજથી લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં કેટલીયે ભાષાઓના જન્મ થયા હતા. જેમ સંસ્કૃત ભાષાનું સૌથી પુરાણું રૂપ વૈદિક ભાષા છે, તેમ પ્રાકૃત ભાષાનું જે પુરાણું રૂપ મળે છે, તેને આર્ષ પ્રાકૃત કહે છે. કેટલાક બૌદ્ધ તથા જૈન વિદ્વાનોનો મત છે કે, પાણિનિએ આ આર્ષ પ્રાકૃતનું પણ એક વ્યાકરણ બનાવ્યું હતું, પણ પાણિનિના વખતમાં પ્રાકૃત ભાષાનો જન્મ જ ન હતો એવો કેટલાકને સંદેહ છે. માર્કંડેયે પ્રાકૃતના ચાર ભેદ એટલે મહારાષ્ટ્રી, શૌરસેની, પ્રાચ્યા, આવંતી, માગધી, અર્ધમાગધી; વિભાષા એટલે શાકારી, ચાંડાલી, શાવરી, આભીરી, ટાક્કી, ઔડ્રી, દ્રાવિડી, અપભ્રંશ અને પૈશાચી વગેરે ભાષા પાંચ છે. સૌથી પ્રાચીન કાળમાં મગધની ભાષા પાલીના નામથી સાહિત્યમાં અગ્રેસર થઈ. બૌદ્ધ ગ્રંથ પહેલાં આ ભાષામાં લખાયા. આ માગધી વ્યાકરણોની માગધીથી પૃથક્ અને પ્રાચીન ભાષા છે. પછી જૈનોને લીધે અર્ધમાગધી અને મહારાષ્ટ્રીનું માન વધ્યું. મહારાષ્ટ્રી સાહિત્યની પ્રાકૃત થઈ, જેના એક કૃત્રિમ રૂપનો વ્યવહાર સંસ્કૃત નાટકોમાં થયો. આ પ્રાકૃતોનું આગળ ચાલતાં વપરાશને જે રૂપ થયું તે અપભ્રંશ કહેવાયું. આ અપભ્રંશના જુદાં જુદાં રૂપોમાંથી આર્ય શાખાની દેશ ભાષાઓ નીકળી છે. તેના સિવાય લલિતવિસ્તરમાં એક પ્રકારની બીજી પ્રાકૃત મળે છે, જે સંસ્કૃતની સાથે ઘણી મળતી આવે છે. પ્રાકૃત ભાષામાં દ્વિવચન નથી, તેમ જ તેમાં ऋ, ॠ, ऌ, ॡ, ऐ અને ઔ એટલા સ્વર તથા श, ष અને વિસર્ગ નથી. પ્રાકૃત ભાષાના બે ભાગ કરી શકાય: મધ્ય દેશની પ્રાકૃત ભાષા અને બાહ્ય પ્રદેશની પ્રાકૃત ભાષા. મધ્ય પ્રદેશની પ્રાકૃત ભાષા તે શૌરસેની. મથુરાની આસપાસનો પ્રદેશ શૂરસેન કહેવાતો. તે ઉપરથી બોલી ભાષાનું શૌરસેની નામ પડ્યું મનાય છે. ગંગાયમુનાનો પ્રદેશ એ પ્રાકૃત ભાષાનું મુખ્ય સ્થાન હતું. પશ્ચિમ તરફ લાહોર સુધી અને પૂર્વ તરફ બંગાલાના સંગમ સુધી આ ભાષા ફેલાયેલી હતી. ચંડ વગેરે વૈયાકરણોએ પ્રાકૃતમાં વપરાતા શબ્દોની ત્રણ જાત પાડેલી છે: એક તત્સમ, બીજી તદ્ભવ અને ત્રીજી દેશ્ય. જે શબ્દો વૈદિક સંસ્કૃત કે લૌકિક સંસ્કૃત શબ્દો સાથે સમાનપણું ધરાવે છે તે તત્સમ. જેમકે, બંધુ, પુરાણ, પાપ, વસ્ત્ર વગેરે. અનેક શબ્દો જે રૂપે વેદમાં કે લૌકિક સંસ્કૃતમાં વપરાયા છે તેવા ને તેવા જ રૂપે તે શબ્દો પ્રાકૃત ભાષામાં પણ વપરાય છે. એ વૈદિક કે લૌકિક સંસ્કૃત શબ્દો અને પ્રાકૃત શબ્દો વચ્ચે લેશ પણ અક્ષરાંતર નથી. સર્વથા સમાનપણું છે, તેથી તે બધા શબ્દો તત્સમ કહેવાય. બીજા કેટલાક એવા તદ્ભવ શબ્દો છે કે જેઓમાં સર્વથા સમાનપણું જણાવતું નથી, પરંતુ કયાંય થોડું તો કયાંય વધારે એમ અક્ષરાંતર થયેલું છે. જેમકે,

થોડું અક્ષરાંતર

વૈદિક શબ્દ	પ્રાકૃત શબ્દ
પુરુષ	પુરિસ
હસ્ત	હત્થ
શિખર	સિર
હિરણ્ય	હિરણ્ણ

વધારે અક્ષરાંતર

ગૃહ	ઘર
વૃક્ષ	રુક્ખ

પુરુષ અને પુરિસ તથા હસ્ત અને હત્થ વગેરે શબ્દો વચ્ચે આમ તો સમાનપણું જ છે, પરંતુ જે થોડું કે વધારે અક્ષરાંતર થયેલું છે તે ઉચ્ચારણની પરિવર્તનશીલતાને આભારી છે. એ શબ્દોમાં અક્ષરાંતર હોવા છતાં એમની વચ્ચે રહેલું સામ્યપણું જરાય ગુમ નથી. વળી એ સામ્ય સર્વત્રમ ન જણાય, તોપણ શબ્દવેદી શક્તિ એ સામ્યને જલદી સમજી શકે છે. એમ છે માટે જ એવાં ભિન્ન ભિન્ન ઉચ્ચારણોને લીધે અક્ષરાંતર પામેલા તદ્ભવ શબ્દો પણ તેમની પારસ્પરિક સમાનતાને કારણે તત્સમની કોટિના કહેવાય એવો પણ કોઈ ભાષાશાસ્ત્રીનો અભિપ્રાય છે. બધા વૈયાકરણોએ શબ્દસાધનાની સરળતાની દૃષ્ટિએ એવા થોડાં કે વધારે અક્ષરાંતર પામેલા શબ્દોને તદ્ભવ કહ્યા છે. તદ્ભવ શબ્દોની સમજ આપતાં એ વૈયાકરણ કહે છે કે, સંસ્કૃત શબ્દોના સ્થાનમાં થયેલું કે તે દ્વારા આવેલું તેનું નામ તદ્ભવ. સ્થાનમાં થયેલાનું ઉદાહરણ તેઓનો કહેવા પ્રમાણે રુક્ખ (વૃક્ષ), ઘર (ગૃહ) વગેરે છે. સંસ્કૃત શબ્દો કરતાં જે શબ્દના ઉચ્ચારણમાં વિશેષ ભેદ છે તે તત્ આગતમ્નું ઉદાહરણ છે. પ્રાકૃત ભાષા શીખવા માટે બહુ સરળતા પડે તે માટે તદ્ભવ શબ્દની ઉપરની આજ્ઞા વૈયાકરણોએ કલ્પી છે; પરંતુ એ આજ્ઞા દ્વારા કોઈ પ્રાકૃત ભાષા નીપજી તો એ કલ્પના ઐતિહાસિક દૃષ્ટિએ અશક્યોક્તિ કરે. એમ તો જરૂર કહી શકાય કે, વેદની ભાષામાં એવાં રૂપો મળે છે કે જે પ્રાકૃતમાં પણ હોય અને વૈદિક સંસ્કૃતમાં પણ હોય. જેમકે, ભેદતિ રૂપ લૌકિક પાણિનીય નિયંત્રિત સંસ્કૃતમાં નથી; ત્યારે એ વેદમાં મળે છે તેમ જ પ્રાકૃતમાં પણ મળે છે. દાતિ રૂપ પણ વૈદિક છે અને પ્રાકૃત પણ છે. તે જ રીતે ગાહા–ગાથા, બહુ–બધૂ, માધવ–માધવ વગેરે અનેક રૂપ વૈદિક ઋચાઓમાં છે અને પ્રાકૃતમાં પણ છે. એટલે એમ કહી શકાય કે પહેલાં સંસ્કૃત બધું છે અને પછી પ્રાકૃત બહુ છે. આ ઉપરાંત ઉચ્ચારણ પરિવર્તનને લગતા અનેક નિયમ પણ વૈદિકમાં અને પ્રાકૃતમાં એકસરખા છે. માટે તદ્ભવ શબ્દની આજ્ઞા દ્વારા સંસ્કૃત અને પ્રાકૃત વચ્ચે પૂર્વાપર ભાવ હમેશા કલ્પી શકાય એમ નથી. બીજી રીતે પ્રાકૃત ભાષા પ્રકૃતિસિદ્ધ છે, સ્વાભાવિક છે, પ્રાકૃતિક છે. પ્રાકૃત શબ્દ જ પોતે તેના અર્થની સ્વાભાવિકતા બતાવે છે. પ્રાકૃત ભાષામાં જેમ તત્સમ અને તદ્ભવ શબ્દો વપરાયા છે, તેમ બીજા કેટલાક દેશ્ય શબ્દ પણ વપરાયા છે. એ રીતે પ્રાકૃત ભાષાનું શરીર આ પ્રકારના બધા શબ્દોથી બંધાયું છે વરરુચિના વૃત્તિકાર ભામહ, ચંડ અને હેમચંદ્ર વગેરે વૈયાકરણોએ દેશ્યપ્રાકૃત માટે નીચે મુજબ શબ્દો યોજેલા છે: ભામહે દેશી, ચંડે દેશી, હેમચંદ્રે દેશ્ય, નાટ્યશાસ્ત્રકાર ભરતે દેશી, આલંકારિક દંડીએ દેશી, કાવ્યાલંકાર સૂત્રનિર્માતા વામને દેશભાષાવિ, રુદ્રટે દેશ્ય, દેશીય, લોકે દેશ્ય અને વાગ્ભટે દેશ્ય. એ બધા શબ્દોનો સંબંધ દેશ પદ સાથે છે જે પદો દેશમાં પ્રચલિત છે, લોકમાં વ્યાપક છે, પરંતુ જેમની વ્યુત્પત્તિ કળી શકાતી નથી, જે પદોમાં અમુક ભાગ પ્રકૃતિરૂપ અને અમુક ભાગ પ્રત્યયરૂપ અથવા અમુક અંશ ધાતુરૂપ છે અને અમુક ભાગ પ્રત્યયરૂપ છે એવો વિભાગ થઈ શકતો નથી, એવા તળપદા શબ્દો એટલે દેશમાં વપરાતા, પ્રાચીન શબ્દો દ્વારા દેશ્યપ્રાકૃતની કાયા બંધાયેલી છે. એ ઉપરાંત જેમની વ્યુત્પત્તિ સમજાય તેવી છે, પરંતુ શિષ્ટ મનાતા લોકમાં જેમનો પ્રયોગ વિરલ થઈ ગયો છે, તેવાં પદોને પણ દેશ્ય કહેવામાં આવ્યાં છે આચાર્ય હેમચંદ્ર કહે છે કે, જે શબ્દોની સિદ્ધિ માટે વ્યાકરણશાસ્ત્રે કોઈ

માર્ગ બતાવ્યો નથી, જે શબ્દો સંસ્કૃત શબ્દકોષોમાં સંગ્રહાયા નથી અને જે શબ્દો ધ્વનિ કે લક્ષણા વગેરે શબ્દશક્તિ દ્વારા પણ સાધી શકાતા નથી, તેવા શબ્દો આ દેશી શબ્દના સમૂહમાં સંધર્યા છે. વળી દેશ્યનું સ્વરૂપ બતાવવા એ જ આચાર્ય કહે છે કે, દેશ્ય એટલે તે તે દેશોમાં પ્રચલિત એવા તળપદા શબ્દો. દેશો પણ કાંઈ એક બે નથી, પણ અનેક છે. તે દરેક દેશવાર તે તે દેશના તળપદા શબ્દોને વીણવા બેસીએ તો તો એવા શબ્દો પાર વિનાના છે તેથી તે સઘરી કેમ શકાય? માટે પ્રસ્તુત દેશી શબ્દસમૂહમાં એમ દેશવાર વિભાગ કરીને તે તે શબ્દોને સંધર્યા નથી, પરંતુ જે શબ્દો અનાદિ પ્રાકૃતપ્રવૃત્તભાષા વિશેષરૂપ છે, એટલે કે અનાદિ એવી પ્રાકૃત ભાષામાં પ્રવૃત્ત થયેલા છે અને વિશિષ્ટ ભાષારૂપે પ્રચાર પામેલા છે, તેમને જ અહીં દેશીરૂપે સમજવાના છે અને પ્રસ્તુત સંગ્રહમાં તેવા જ શબ્દોને સંધર્યા છે. હેમચંદ્રના કહેવામાં એવો પણ ભાવ સમાયેલો છે કે, જે શબ્દો મૂળે આ દેશના નથી પરંતુ બીજા દેશના છે અને એવા એ પરભાષાના શબ્દો પણ આ દેશની ભાષામાં ઘણી જૂની અર્વાચીન તળપદા જેવા બની ગયા છે, તેવા શબ્દોને પણ દેશી સમજવાના છે. આગળ જણાવેલા દેશીય, દેશ્ય, દેશી વગેરે શબ્દો જે ભાવને સૂચવે છે તે ભાવ અને હેમચંદ્રે જણાવેલા દેશીના ભાવમાં ખાસ કાંઈ અંતર નથી, માત્ર લક્ષણસૂચનની શાબ્દિક શૈલી જ જુદી છે. વર્તમાનમાં પણ આપણે તળપદી વસ્તુઓને, તળપદા આચારવિચારને દેશી શબ્દથી કહીએ છીએ, તે જ પ્રમાણે ભાષા સંબંધી દેશી શબ્દ તળપદા શબ્દો બતાવે છે. સંગીત શાસ્ત્રમાં વપરાયેલો દેશી શબ્દ પણ તળપદા લોકરંજક સંગીતને સૂચવે છે. આ બધું જોતા વિચારતાં દેશી શબ્દનો ભાવાર્થ અને તેનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય એવું છે. પેટલાદના મત પ્રમાણે પાણિનિના સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ૮૦૦ના સમયે હજુ પ્રાકૃત ભાષાઓ ઉત્પન્ન થઈ ન હતી. ત્યારે સંસ્કૃત અને પ્રાકૃત શબ્દોનું નામ પણ જોવામાં આવતું નથી. પાણિનિના સમયમાં સંસ્કૃત ભાષા બોલાતી હતી તેને પાણિનિ ભાષાના નામથી જ ઓળખાવે છે. ૪. જ્યો. પરાશર મુનિના મત પ્રમાણે શુભ મહની સાત આઠની ખડસી ખાતની ગતિ. જ્યારે તે સ્વાતિ, ભરણી અને કૃત્તિકા નક્ષત્રમાં આવે ત્યારે તેની આ ગતિ હોય છે. ચાળીસ દિવસની આ ગતિમાં આરોગ્ય, વૃષ્ટિ, ધાન્યની વૃદ્ધિ અને મંગળ થતું અનુભવ છે.

૪. ન. વૃક્ષમાં નેત્રભારનું એક લક્ષણ; ઝીણોની સ્વાભાવિક સ્થિતિ.

૫. ન. (કામ) રીતિ અને વૃત્તિને ઉપયોગી એવાં ૭ આહેનું એક પ્રકારનું પદ.

૬. વિ. અશિષ્ટ; સંસ્કાર વિનાનું; અસભ્ય; અનાડી; અસંસ્કૃત.

૭ વિ. કુદરતને લગતું; ભૌતિક.

૮. વિ. કુદરતી; સહજ; સાધારણ; સ્વાભાવિક; સ્વભાવસિદ્ધ; પ્રકૃતિજન્ય.

૯. વિ. નીચ; હલકું; પામર.

૧૦. વિ. પ્રાચીન; પુરાતની; જૂનું.

૧૧. વિ. પ્રાંતને લગતું.

૧૨. વિ. લૌકિક; સાંસારિક.

૧૩. વિ સામાન્ય જનસમુદાયને લગતું; સાધારણ; લોકમાં ચાલતું; ચાલુ.

૧૪. વિ. સામાન્ય વર્ગનું; મામૂલી.

પ્રાકૃતકાલ [સં.] પું. પદ્મ સાહિત્યના ચાર મહોનો પહેલો સમય. પદ્મ સાહિત્યના ચાર કાળ થઈ શકે છે: પ્રાકૃતકાળ, આદિકાળ, મધ્યકાળ અને અર્વાચીનકાળ. પ્રાકૃતકાળમાં અપભ્રંશમાંથી નીકળેલી પ્રાચીન ગુજરાતીમાં રચાયેલાં કાવ્યનો સમાવેશ થાય છે. આ વર્ગમાં પદ્મનાભ કૃતિકૃત કાન્હડદેપ્રબન્ધ, ભાલણકૃત કાદમ્બરી, શ્રીધરકૃત રણમલ્લ છંદ, કર્મણ મંત્રીકૃત સીતારહ્યુ, જૈનોના રાસાઓ એટલે પદ્મનાભ કાવ્યો, ઈ. સ. ૧૨મા સૈકામાં રચાયેલા સમરેચી રાસા તથા નરસિંહ મહેતાના સમયની કેટલીક પૂર્વે રચાયેલો વિજયભદ્ર મુનિનો ગૌતમરાસ વગેરે જૈન રાસાઓ આવે છે.

પ્રાકૃતકાળ જુઓ પ્રાકૃતકાલ.

પ્રાકૃતજન [સં.] ન. સાધારણ મનુષ્ય.

પ્રાકૃતજ્વર [સં.] પું. ઋતુ અનુસાર દોષનો પ્રકોપ થઈને આવતો તાવ. વર્ષા ઋતુમાં વાતજ્વર, શરદ ઋતુમાં પિત્તજ્વર અને વસંત ઋતુમાં કફજ્વર આવે છે. તેમાં ઋતુ પ્રમાણે દોષ હોય છે. વાતજ્વર દુઃસાધ્ય અને કફજ્વર તથા પિત્તજ્વર સુખસાધ્ય મનાય છે.

પ્રાકૃતત્વ [સં] ન. પ્રાકૃતપણું; પ્રાકૃત હોવાનો ભાવ

પ્રાકૃતદોષ જુઓ પ્રાકૃતજ્વર.

પ્રાકૃતધર્મ [સં.] પું. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ.

પ્રાકૃતપ્રલય ૧. [સં.] પું. દુનિયાનો તાત્કાલ નાશ. અઠ્ઠાવીસ કલ્પ થાય ત્યારે બ્રહ્માનું એક અહોરાત્રિ થાય છે એવાં એકસો ને આઠ વર્ષ થાય ત્યારે બ્રહ્મા પડે છે અને એ સમયે પ્રાકૃતપ્રલય થાય છે. જગતની ભાગવત

૨. પું. પ્રકૃતિ સુધી પહોંચતા પ્રલયવાળો પ્રલય; કાર્યબ્રહ્માના નાશના નિમિત્તથી બધા કાર્યનો વિનાશ. પ્રકૃતિનો પ્રલય થાય છે ત્યારે આખા વિશ્વનો લય થાય છે. તેને નૈમિત્તિક પ્રલય પણ કહે છે. આમાં પ્રકૃતિ પણ બ્રહ્મામાં કે પરમાત્મામાં લીન થઈ જાય છે. પાંચ તન્માત્રા, અહંકાર, મહત્તત્ત્વ અને અવ્યક્તરૂપ પ્રકૃતિમાંથી કોઈ એકને આત્મા માની તેની ઉપાસના કરવાથી તેની વાસનાયુક્ત ચિત્તવાળો દેહ પડ્યા પછી પોતે પૂર્વોક્ત પ્રકૃતિમાંની જે પ્રકૃતિની ઉપાસના કરી હોય તેમાં, જેણે પોતાનું કર્તવ્ય સમાપ્ત કર્યું નથી એવા સંસ્કારયુક્ત ચિત્તવાળો તે દેહ લય પામે છે.

પ્રાકૃતમનુષ્ય [સં.] પું. નીચ કે હલકો માણસ.

પ્રાકૃતમાનુષ જુઓ પ્રાકૃતમનુષ્ય.

પ્રાકૃતમિત્ર [સં.] પું. કુદરતી દોસ્ત; સ્વભાવસિદ્ધ મિત્ર; સ્વાભાવિક મિત્ર

પ્રાકૃતલય જુઓ પ્રાકૃતપ્રલય.

પ્રાકૃતવર્ગ [સં] પું. સામાન્ય જનસમુદાય.

પ્રાકૃતશત્રુ [સં] પું. સ્વભાવસિદ્ધ શત્રુ; સ્વાભાવિક દુશ્મન.

પ્રાકૃતા જી. પ્રાકૃત ભાષા.

પ્રાકૃતાદ્વૈતમાર્ગ [સં.] પું. પુરુષોત્તમના કબીર માર્ગનું એક નામ.

પ્રાકૃતિક ૧. વિ. કુદરત સંબંધી; કુદરતી; કુદરતનું

૨. [સં.] વિ. પ્રકૃતિ સંબંધી; સ્વાભાવિક; સ્વભાવસિદ્ધ

૩. વિ. ભૌતિક; પાર્થિવ; પંચમૂતાત્મક.

૪. વિ મૂળ; નૈસર્ગિક.

૫. વિ. લોક સબંધી; લૌકિક; લોકને લગતું.

૬. વિ. સાધારણ; મામૂલી; સામાન્ય.

૭. વિ. સાંસારિક; દુનિયાનું.

૮. વિ હલકું; નીચ; અધમ.

પ્રાકૃતિકજ્યોતિષ [સં.] ન. ભૌતિક જ્યોતિષશાસ્ત્ર.

પ્રાકૃતિકનિર્વહન [સં. પ્રાકૃતિક + નિર્વહન (નિર્વાહ)] ન. સૌથી વધારે યોગ્ય હોય તે જ બની જઈ શકે એવો એક શાસ્ત્રીય સિદ્ધાંત; લાયકની ચિરંજીવતા. તે વાદ એવો છે કે, જે કાંઈ ઉત્તમમાં ઉત્તમ હોય છે તેનો છેવટે વિજય થાય છે. પરિસ્થિતિ પ્રમાણે શરીરના બંધારણમાં ફેરફાર થવા કરે છે અને પરિસ્થિતિ

જે પ્રમાણે બદલાતી રહે છે, તે પ્રમાણે ફેરફારોમાં પણ ફેરફાર થયા કરે છે. એટલે જે કોઈ હરતી રહેતી પરિસ્થિતિને બરાબર અનુકૂળ થઈ રહી હોય છે, તે ઊભરે છતી અને છતી થયે છે અને જે કોઈ સંપૂર્ણપણે અનુકૂળ થઈ રહી શકતું નથી તેનો નાશ થાય છે.

પ્રાકૃતિકપ્રલય જુઓ પ્રાકૃતપ્રલય.

પ્રાકૃતિકબળ [સં.] ન. કુદરતી બળ; આપણા તાબામાં નહિ એવી શક્તિ. જેમકે, રેલ, વીજળી, ભૂકંપ, અનાવૃષ્ટિ.

પ્રાકૃતિકબળ જુઓ પ્રાકૃતિકબલ.

પ્રાકૃતિકભૂગોળ જી. ભૂસ્તરશાસ્ત્ર; ભૂતવિદ્યા; પ્રાકૃતિક ભૂસ્થિતિ. ભૂગર્ભશાસ્ત્રમાં અને આમાં તફાવત એ છે કે, ભૂગર્ભશાસ્ત્ર પૃથ્વીની બનાવટના પ્રાચીન ઇતિહાસ સાથે સંબંધ રાખે છે, પણ આ શાસ્ત્રમાં તેની વર્તમાન સ્થિતિ તથા જુદી જુદી પ્રાકૃતિક અવસ્થાનું વર્ણન હોય છે. પર્વત, સમુદ્ર, નદી, દ્વીપ, મહાદ્વીપ વગેરે કેવી રીતે બને છે, પહાડોની ઊંચાઈ તથા સમુદ્રની ઊંડાઈ કેટલી છે, પૃથ્વીના જુદા જુદા ભાગમાં પ્રાણી તથા વનસ્પતિ વગેરેના કેવી રીતે વિભાગ પડેલા છે, જરમીની વધઘટ, ઋતુનો ફેરફાર વગેરેનું વર્ણન આમાં કરવામાં આવેલું હોય છે.

પ્રાકૃતિકભૂસ્થિતિ [સં.] જી. ભૂતવિદ્યા; વિશ્વવર્ણન.

પ્રાકૃતિકવિલયન [સં. પ્રાકૃતિક (કુદરતી) + વિલયન (નાશ)] ન. એ નામની એક કુદરતી ક્રિયા. પર્વતોના પત્થરોમાં તે નિરંતર માલમા કરે છે. જરમી અને ઠંડી, સૂકી અને ભીની હવા ધીમે ધીમે પત્થરોને ઘસતી જાય છે. આવા ફેરફારને પ્રાકૃતિકવિલયન કહે છે.

પ્રાકૃતિકશક્તિ [સં.] જી. કુદરતી બળ; પ્રાકૃતિકબળ.

પ્રાકૃતિકશાસ્ત્ર [સં.] ન. કુદરત સંબંધી શાસ્ત્ર.

પ્રાકૃતિકસંકલન [સં. પ્રાકૃતિક + સંકલન (સમૂહ)] ન. સ્વાભાવિકનો સંગ્રહ; કુદરતી છાંટણ; 'નેચરલ સીલેકશન'.

પ્રાકૃતિકસંખ્યા [સં.] જી. વસ્તુઓની ગણતરી કરવામાં વપરાતી સંખ્યા; ૧, ૨, ૩, ૪, ૫ વગેરે ક્રમિક સંખ્યા; નૈસર્ગિક કર્માક.

પ્રાકૃતિકસીમા [સં. પ્રાકૃતિકસીમન્] જી. દરિયો, પર્વત કે નદીથી બનેલી કુદરતી સીમા.

પ્રાક્ ૧. [સં.] વિ. પહેલાનું; અગાઉનું.
૨. અ. પહેલાં; અગાઉ.

પ્રાક્કથન [સં.] ન. ઉપોદ્ઘાત; કોઈ પણ વિષય ઉપર અગાઉથી કાંઈ કહેવું તે; પ્રસ્તાવના.

પ્રાક્કર્મ ૧. [સં. પ્રાક્કર્મન્] ન. પૂર્વકર્મ.
૨. ન. ભાગ્ય; અદૃષ્ટ; નસીબ.

પ્રાક્કાલ [સં.] પું. આગળનો જમાનો; પૂર્વનો સમય.

પ્રાક્કાલીન [સં. પ્રાક્ (આગળનું) + કાલીન (કાળનું)] વિ. પૂર્વકાળનું; પ્રાચીન; જૂનું; અગાઉનું.

પ્રાક્ચરણ [સં.] જી. એક જાતનો યોનિરોગ. તેમાં પુરુષ પહેલાં સ્ત્રીનું વીર્ય છૂટે છે.

પ્રાક્ચિંતિત [સં.] વિ. અગાઉથી વિચારેલું.

પ્રાક્કાળ ૧. [સં.] જી. આગલા દિવસની ભક્ષા જે દિવસમાં આવેલી હોય તે દિવસ.
૨. પું. બપોર પછીનો વખત; અપરાહ્ણકાલ. સારે છાયા પૂર્વ તરફ પડે છે.
૩. જી. હસ્ત નક્ષત્રની પૂર્વવર્તી ભક્ષાવાળો દિવસ.

પ્રાક્તન ૧. ન. ભાગ્ય; દૈવ; પ્રારબ્ધ; નસીબ.
૨. [સં.] વિ. આગળનું; પહેલાનું; પ્રાચીન; પુરાણું; જૂનું.
જે આ જન્મ જ પ્રાક્તન નથી. અખો
૩. વિ. પૂર્વ દિશામાં હોનાર.
૪. વિ. પૂર્વજન્મને લગતું; પૂર્વજન્મનું.
૫. વિ. પૂર્વે હોનાર કે બનાર.

પ્રાક્તનકર્મ ૧. [સં. પ્રાક્તનકર્મન્] ન. ધર્મરૂપ ફરજ્જ હેતુવાળું પુણ્ય, પાપ વગેરે.
૨. ન. પૂર્વે કરેલ કર્મ; જૂના ભવનું કર્મ.

પ્રાક્તનત્વ ૧. [સં.] ન. અગાઉનું હોવું તે.
૨. ન. પહેલાપણું; પૂર્વતા; અગ્રતા.
૩. ન. પૂર્વજન્મનું હોવું તે.

પ્રાક્તનાધ્યાનધર [સં.] પું. અગાઉનો ગીરોદાર.

પ્રાક્પદ [સં.] ન. પૂર્વનું પદ; અગાઉનું સ્થાન.

પ્રાક્પુષ્પા [સં.] જી. પહેલાં ફૂલ આવનારી લતા.

પ્રાક્પ્રણીત [સં.] ન. સર્વ પરિગ્રહ ત્યજનાર સંન્યાસી માટે પાંચ માહેનું એક પ્રકારનું ભિક્ષાન્ન; ભ્રમણથી ઊંચા પહેલાં કોઈ ભક્તજને કરેલી પ્રાર્થનાથી પ્રાપ્ત થયેલું ભિક્ષાન્ન.

પ્રાક્ફલ [સં.] ન. કપૂરનું ઝાડ.

પ્રાક્ફાલ્ગુન [સં.] પું (જ્યોતિષ) બૃહસ્પતિ અર્થાત્ ગુરુ.

પ્રાક્ફાલ્ગુનિક [સં.] પું. (જ્યોતિષ) બૃહસ્પતિ; ગુરુ.

પ્રાક્ફાલ્ગુની [સં.] જી. (જ્યોતિષ) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

પ્રાક્રમ ન. પરાક્રમ. પદ્યમાં વપરાય છે.

પ્રાક્શિરસ ૧. [સં. પ્રાક્ (પૂર્વ દિશા) + શિરસ્ (માથું)] વિ. જેનું માથું પૂર્વ દિશા તરફ હોય એવું.
૨. વિ. પૂર્વ દિશા તરફ જોનાર.

પ્રાક્ષેપિક [સં.] વિ. જેના વડે કાંઈ પણ ફેંકી શકાય એવું.

પ્રાક્સંધ્યા [સં.] જી. દિવસની શરૂઆત વખતની સંધ્યા; સૂર્યોદય વખતની સંધ્યા; પ્રાતઃસંધ્યા.

પ્રાક્સૌમિક [સં] ન. સોમયાગ પહેલાં યજમાને કરવાનું કર્તવ્ય. જેમકે, અગ્નિહોત્ર, દર્શ, પૌર્ણમાસ, પશુયાગ, ચાતુર્માસ્ય વગેરે યાગરૂપ હિમાકલાપ.

પ્રાક્સૌમિકી [સં.] જી. સોમયજ્ઞની પહેલાં કરવાની પ્રવૃત્તિ.

પ્રાખર્ય ૧. [સં.] ન. આવડત; હોશિયારી.
૨. ન. તીક્ષ્ણતા; તેજપણું.

પ્રાગ [સં. પ્રયાગ] પું. હાલના અલ્લાહાબાદ શહેરનું જૂનું નામ. જ્યાં ગંગાયમુનાનો સંગમ થાય છે.

પ્રાગગ્ર [સં.] વિ. પૂર્વાભિમુખ; પૂર્વ સામે મુખવાળું.

પ્રાગજ ન. મજ્જની પેશીઓમાં માલૂમ પડતું નત્રયુક્ત પ્રારકૂટકમય તત્ત્વ; 'પ્રોટોપ્લાઝમ'. તેનું વિઘટન કરવાથી મજ્જાજનક ધાતુ, બંદારમ્ય અને બીજા પદાર્થ તેમાંથી મળી આવે છે.

પ્રાગજ્યોતિ જુઓ પ્રાગ્જ્યોતિષ.

પ્રાગજ્યોતિષ જુઓ પ્રાગ્જ્યોતિષ.

પ્રાગટ્ય ૧. [સં. પ્રાકટ્ય] ન. પ્રગટ થવું તે; ઉત્પન્ન થવું તે; જન્મ; અવતાર; આવિર્ભાવ.
૨. ન. પ્રસિદ્ધિ. પુસ્તક માટે વપરાય છે.

પ્રાગડ (પ્રાગડ) [સં. પ્રાક્ (પૂર્વ) + દિશ્ (દિશા)] જી. પરોઢિયું; મળસકું; પ્રભાત; પ્રાત:કાળ; વહાણું.
૧. પ્રાગડ વાસવી = સવાર થવું; મળસકું થવું.
૨. પ્રાગડના દોરા = પ્રભાતનાં કિરણ.
૩. પ્રાગડના દોરા ફૂટવા = પૂર્વ દિશામાં પ્રકાશની રેખાઓ જણાવી.

પ્રાગડવાસ (પ્રાગડવાસ) જી. સવાર થવું તે; પ્રાત:કાળ.

પ્રાગ્દવાસે (પ્રાગ્રવાસે) અ. સવારે.

પ્રાગ્રતિઃ [સં.] વિ. પ્રગતિ કરનાર; પ્રગતિશીલ; આગળ વધતું.

પ્રાગ્રતિકપણું ન. આગળ વધવું તે.

પ્રાગ્રથવિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.
૨. વ, એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.

પ્રાગનુભવજ્ઞાન [સં.] ન. પ્રાગ્રનુભવ જ્ઞાનવાદ; એક જાતની તર્કશૈલી; 'એપોસ્ટરિયરિ નૉલેજ', તેનાથી નિરીક્ષણ અથવા અનુમાન દ્વારા સિદ્ધાંત સાબિત થાય છે.

પ્રાગભાવ ૧. [સં.] પું. અગાઉ અસ્તિત્વ વગરનું હોવું તે. ચેતનના પ્રાગ્રભાવનો અનુભવ કયારેય કોઈને થતો નથી. તેથી તે નિત્ય મનાય છે.
૨. પું. (જૈન) વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ.
૩. પું. (વેદાંત) વિનાશરૂપી અભાવ; એ નામનો એક સંસર્ગાભાવ. પટાદિક કાર્યોની ઉત્પત્તિ પહેલાં તે પટાદિક કાર્યોના સમવાયિકારણરૂપ તંતુ આદિકમાં તે પટાદિ કાર્યોનો પ્રાગ્રભાવ રહે છે. તે પ્રાગ્રભાવ પટાદિ કાર્ય ઉત્પન્ન થાય ત્યારે નાશ પામે છે માટે એ પ્રાગ્રભાવ વિનાશી પણ છે અને અભાવરૂપ પણ છે. જે અભાવ પોતાના પ્રતિયોગીનો જનક હોય, તે અભાવ પ્રાગ્રભાવ કહેવાય છે. પટની ઉત્પત્તિથી પૂર્વે તે પટનો પોતાનો સમવાયિકારણરૂપ તંતુઓમાં પ્રાગ્રભાવ રહે છે. તે પ્રાગ્રભાવ જ તે પટરૂપ પ્રતિયોગીનું નિમિત્તકારણ હોવાથી જનક કહેવાય છે. એ પ્રકારે જે જે કાર્યની ઉત્પત્તિ થાય છે તે તે કાર્યનો જનક હોય છે. પ્રાગ્રભાવ વગર કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી.

પ્રાગમ સ્ત્રી. ઇચ્છા થાય તે સિદ્ધ કરવાની શક્તિ; પ્રાકામ્ય

પ્રાગયન [સં.] ન. (જ્યોતિષ) રાશિચક્રની ગતિના બે માંહેનો એ નામનો એક પ્રકાર.

પ્રાગલ્ભ્ય ૧. [સં] ન. ઉદ્ધતાઈ; પ્રગલ્ભતા.
૨. ન. ધર્મંડ; અહંકાર; ધૃષ્ટતા.
૩. ન. અનુગ્રાઈ.
૪ ન. નિર્ભયતા, ધીરતા.
૫. ન. નિર્લજ્જતા; બેશરમી; બેશરમી.
૬. ન. ભવરૂપતારૂપ બીજોનો એક સાત્ત્વિક ભાવ.
૭. ન મદ, અહંકાર.
૮. ન સાહસ.
૯ ન. હિંમત; શૂરપણું; વીરતા.

પ્રાગલ્ભ્યવાન ૧. [સં. પ્રાગલ્ભ (ઉદ્ધતાર્થ) + વત્ (વાળું)] વિ. ઉદ્ધત; પ્રાગલ્ભ્યવાળું.
૨. વિ. ધર્મંડી; અહંકારી; ધૃષ્ટતાવાળું.
૩. વિ. ચતુર.
૪. વિ. નિર્ભય; ધીર.
૫. વિ. નિર્લજ્જ; બેશરમ.
૬. વિ. ભવરૂપતારૂપ બીજોના એક સાત્ત્વિક ભાવવાળું.
૭. વિ. મદવાળું; અહંકારી.
૮. વિ. સાહસિક.
૯. વિ. હિંમતવાન; શૂર; વીર.

પ્રાગવટ જુઓ પ્રાગ્વટ.

પ્રાગવટપુર જુઓ પ્રાગ્વટપુર.

પ્રાગવડ (પ્રાગ્વડ) [સં. પ્રાગ્વટ] પું. પ્રાગ્રજીર્ણ એટલે અલ્લાઉદ્દીન પાસે આવેલો એક પ્રદેશ. શત્રુંજયને પવિત્ર કરવા માટે તેનો રપર્શ કરે છે. આબૂની શત્રુંજયની યાત્રામાં ઉલ્લેખ છે કે: પ્રાગ્વડની જગ્યા એક મોટા હિલ્લાની અંદર છે. આ કિલ્લો અકબર બાદશાહનો બંધાવેલો છે અને તેમાં અશોકનો બંધાવેલો એક સ્તંભ ઊભો છે. આગળ જાતાં પ્રાગ્વડવાળું સ્થાન આવે છે. આ જગ્યા જમીનની સપાટી નીચે આવેલી છે. ત્યાં નાની નાની દેરીઓમાં કાળા આરસની તથા પથ્થરની દેવદેવીઓ તથા ઋષિમુનિઓની સુંદર મૂર્તિઓ આજ દર્શન કરવા જેવી કે જાણવા જેવી છે. પુરાણો પ્રાગ્વડ નથી, પણ તેનું કે બીજા ગામનું જૂનું સુધારેલું થયેલ રૂપ છે, જેનાં દર્શન પૂજન પણ થાય છે.

પ્રાગવળ ૧. સ્ત્રી. આહલ્યની એ નામની એક જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પ્રાગૂંદું ૧. વિ. ખંજવાળી મચેલું; ચાલી શકવાને અશક્ત.
૨. વિ. વતન છોડી પરદેશ જનારું.

પ્રાગાથ [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પ્રાગાથકાંત [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ

પ્રાગાથબાર્હત [સં.] પું. એક જાતનો વૈદિક છંદ. વેદની કુલ ૧૮૪ ઋચાઓમાં આ છંદ વપરાયો છે.

પ્રાગુક્ષ પું. ઋતિથિ; અધુચ્છ; પરોણો.
પ્રાગુક્ષ આવ્યા ભારતી.
દોહિત્ર અને જમાત્ર શ્રાદ્ધમાં

પ્રાગુત્તરા [સં.] સ્ત્રી. ઈશાન ખૂણો; પૂર્વ અને ઉત્તર વચ્ચેની દિશા

પ્રાગુદીચી જુઓ પ્રાગુત્તરા.

પ્રાગૈતિહાસિક [સં. પ્રાક્ (અગાઉનું) + ઐતિહાસિક (ઇતિહાસ સંબંધી)] વિ. ઇતિહાસની પહેલાંના સમયનું; ઐતિહાસિક વખત પહેલાંનું; પ્રાચીન ઇતિહાસને લગતું. રાજ્ય અને રાજ્યારંભમાં હરકાંત શુક્લ લખે છે કે: પ્રાગૈતિહાસિક યુગમાં યુરોપ એશિયાનો એક ભાગ હતો. તે યુગમાં નવ મોટાં સામ્રાજ્યો થઈ ગયાં: ઓસિરિઅસ, બેબીલોન અને ઇજિપ્ત. યુફ્રેટીસ, ટીગ્રીસ, સાંગ્સે અને નાઈલ નદીઓના કાંઠાઓ તથા કોટ અને સાયપ્રસ ટાપુઓમાં ઘણો જ સંસ્કૃત અને સંસ્કારી સમાજ વસતો. તે પુરાતત્ત્વોના અવશેષો ઉપરથી માલૂમ પડે છે. એસિરિઓ તથા ચેરુમાં પણ સારી સંસ્કૃતિ હોવાનું જણાય છે. સિંધમાં સિંધુ અને પંચ નદીઓના કાંઠા સંસ્કૃતિનાં રહેઠાણ હતાં. રાજ્યસંસ્થાનો પણ પૂરો વિકાસ થઈ ચૂકયો હતો. રાજા સર્વસત્તાવાન હતો અને ઈશ્વરનો અંશ મનાતો. તેનાં સભાંગો અને કાર્યતો પણ સત્તાવાન હતાં. ત્યાં સામ્રાજ્ય ઘણાં વિશાળ હતાં, પણ અવસ્થાનો અભાવ હતો. આ સમયનું ઉલ્લેખનીય સામ્રાજ્ય પર્શિયાનું હતું, જેમાં કાંઈક સારી અવસ્થા હોવાનું જણાય છે. તેના વીસ પ્રાંત પાડવામાં આવ્યા હતા, જે બધા સાથે તેનું પાટનગર પાકી સડકોથી જોડાયેલ હતું.

પ્રાગ્ ૧. [સં.] વિ. જૂનું; પ્રાચીન.
૨. અ. અગાઉ; પહેલાં; આગળ.

પ્રાગ્રજ્ય [સં.] ન. એક હોડવાળું પ્રાણી.

પ્રાગ્રજ્યોતિષ જુઓ પ્રાગ્રજ્યોતિષ.

પ્રાગ્રજ્યોતિષ [સં.] પું. મહાભારત વગેરે અનુસાર કામરૂપ દેશ; હમણાંનો ભૂતાનની દક્ષિણે આવેલો મુલક. આ દેશ આસામમાં છે. મહાભારતના સમયમાં અહીંનો રાજા નરકાસુરનો પુત્ર ભગદત્ત હતો અને તે ચીન તથા કિરાતની સેના લઈને મહાભારતના સંગ્રામમાં આવ્યો હતો. ત્યાંના રાજા ભગદત્તને હરાવી અર્જુને આ દેશ જીતી લીધો હતો. આ દેશ પોતાની રાજધાની પ્રાગ્રજ્યોતિષના નામથી પ્રખ્યાત છે, જેને હાલમાં ગૌહત્તી કહે છે. અહીં હેરી ગોત્રનિદાનું મુખ્ય સ્થાન છે. પૌરાણિક દૃષ્ટિથી આ સ્થાન બહુ જ પવિત્ર અને સર્વતોભદ્રા નામની લક્ષ્મીનું નિવાસસ્થાન મનાય છે. કહેવાય છે કે, નરકાસુરની રાજધાની અહીં જ હતી. રામાયણમાં લખ્યું છે કે, આ દેશની રાજધાની પ્રાગ્રજ્યોતિષને કુશના પુત્ર અમૂર્તરજે વસાવી હતી.

પ્રાગ્જ્યોતિષપુર જુઓ પ્રાગ્જ્યોતિષ.

પ્રાગ્તન જુઓ પ્રાક્તન.

પ્રાગ્દક્ષિણા [સં.] સ્ત્રી. અગ્નિ ખૂણો; દક્ષિણ અને પૂર્વ વચ્ચેની દિશા.

પ્રાગ્જ્યોધિ [સં.] પું. એ નામનો એક પર્વત.

પ્રાગ્ભક્ત [સં.] પું. દવા આપવા માટે ભોજન પહેલાંનો સમય.

પ્રાગ્ભાર ૧. [સં] પું. ઊતરવું; ઢાળ.
૨. પું. પર્વતનો ઢાળ ભાગ; શિખર.
૩. પું. ભેટવું.
૪. પું. સમૂહ.

પ્રાગ્ભારા સ્ત્રી (જૈન) આઠખાના દરા વિભાગ કરતાં દરામે દરામે આગે દરા આવે તે આઠેના આઠમી દરા; પુરુષની ૭૦થી ૮૦ વર્ષ સુધીની અવસ્થા.

પ્રાગ્મુહ [સં.] અ. લડાઈ પહેલાં.

પ્રાગ્રિમ [સં.] સ્ત્રી. આગળ પડતો ભાગ લેનારી.

પ્રાગ્લોપ [સં.] પું. (વ્યાક) અનવસ્થાના અર્થ માંહેનો એ નામનો એક દોષ.

પ્રાગ્વક્તવ્ય [સં.] ન. ઉપોદ્ઘાત; પ્રસ્તાવના.

પ્રાગ્વચન [સં.] ન. પહેલાં કહેલ શબ્દ; મનુ વગેરેએ પૂર્વે કહેલ વચન.

પ્રાગ્વટપુર [સં.] ન. રામાયણમાં વર્ણવેલું ગંગા નદી ઉપરનું એક નગર.

પ્રાગ્વંશ ૧. પું. ઉતરવું; ઢાળ.
૨. પું. પર્વતનો ઢાળભાગ; ટોચ.
૩. [સં.] પું. યજમાન વગેરેને રહેવા માટે યજ્ઞશાળામાંના પૂર્વ ભાગમાં બનાવેલું ઘર; હવિર્ધાનથી પૂર્વ ભાગમાં યજમાન વગેરેને રહેવાનું ઘર.
૪. પું. યજ્ઞશાળાના પૂર્વ પશ્ચિમ સ્તંભ ઉપર સ્થાપેલું પૂર્વ પશ્ચિમ લાંબું એક લાકડું.
૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. બ્રહ્મઓનો વંશ પછી ઉત્પન્ન થયેલ છે, પણ ભગવાનનો પ્રપંચરૂપ વંશ પહેલો છે. તેથી તે પ્રાગ્વંશ કહેવાય છે.

પ્રાગ્વાટ ૧. સ્ત્રી. એ નામની પોરવાડ જાતિ.
૨. ન. એ નામની જાતિનું વાણુસ.
૩. [સં.] ન. ગંગા અને જમનાની વચ્ચે આવેલું પ્રાચીન પ્રદેશનું એ નામનું એક નગર.
૪. વિ. એ નામની જાતિનું.

પ્રાગ્વિદ [સં. પ્રાગ્વિદ] વિ. આગાઉની બાબતોને જાણનાર.

પ્રાઘાત ૧. [સં.] પું. મોટો આઘાત.
૨. પું. યુદ્ધ.
૩. પું. સખત માર.

પ્રાઘાર [સં] પું. વાસણમાં અગ્નિ ઉપર ઘી વગેરેની ધાર કરવી તે.

પ્રાઘુણ [સં.] પું. અતિથિ; પરોણો; મહેમાન; બારી ગયેલો માણસ.

પ્રાઘુણક જુઓ પ્રાઘુણ.

પ્રાઘુણિક જુઓ પ્રાઘુણ.

પ્રાઘૂર્ણક જુઓ પ્રાઘુણ.

પ્રાઘૂર્ણિક ૧. પું. (જ્યોતિષ) એ નામનો છઠ્ઠો યોગ.
૨. જુઓ પ્રાઘુણ.

પ્રાઙ્ [સં. પ્રાક્] વિ. પૂર્વનું.

પ્રાઙ્ન્યાય [સં.] પું. કોર્ટે દાવાનો કોર્ટ ન્યાયાલયમાં નિર્ણય કર્યો હોવો તે. વ્યવહારમાં આ એક પ્રકારનો ઉત્તર છે કે જે ઉપસ્થિત કરતાં દાવો ચાલી શકતો નથી.

પ્રાઙ્મુખ ૧. [સં.] વિ. પૂર્વ તરફ મુખવાળું.
૨. અ. પૂર્વમાં; પૂર્વ દિશામાં.

પ્રાડ્વિવાક ૧. પું. ન્યાયાધીશ.
૨. પું. શુક્રનીતિ પ્રમાણે રાજાના આઠ માંહેનો એક મુખ્ય અમલદારી.

પ્રાચાર ૧. [સં.] પું. એક જાતનો કીડો.
૨. વિ. આચારભ્રષ્ટ; અનાચારી; બરાબ વર્તનવાળું.

પ્રાચાર્ય ૧. [સં.] પું. આચાર્ય; ગુરુ; શિક્ષક.
૨. પું. પંડિત; વિદ્વાન.
૩. પું. સિંધ; ઐલો.

પ્રાચિકા [સં.] સ્ત્રી. જંગલી માખી.

પ્રાચી ૧. [સં.] સ્ત્રી. ઉત્તમણી દિશા; પૂર્વ દિશા.
૨. સ્ત્રી. દેવતાની કે પોતાની મોટી આગળની દિશા; પૂર્વ દિશા.
૩. સ્ત્રી. પ્રભાસ પાસેનું એ નામનું એક તીર્થ; ત્યાં પીપળો અને કૂવો છે.
૪. સ્ત્રી. પ્રાકૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષા. તેમાંથી મારવી અને અર્ધમાગધી ઉત્પન્ન થઈ છે.
૫. વિ. પૂર્વનું; ઉત્તમણું.

પ્રાચીન ૧. પું. જૂનો સમય; ગત વખત.
૨. [સં.] ન. ઘર વગેરેની ચોગાનુની વાડ.
૩. ન. શહેર.
૪. વિ. આગલા વખતનું; પહલા જમાનાનું; પૂર્વનું; અસલનું.
૫. વિ. આગળ હોનાર કે થનાર.
૬. વિ. પૂર્વ દિશા સંબંધી.
૭. વિ. પૂર્વનું; પૂર્વદેશમાં ઉત્પન્ન થયેલું.
૮. વિ. દૂર; બરાબ.

પ્રાચીન અર્ધપ્રકાર [સં. પ્રાચીન (જૂનું) + અર્ધપ્રકાર (દક્ષ)] પું. ત્રિરંગાલ જેટ; લાંબા વખત સુધી એક ચીજ વાપરવાથી મળતો દક્ષ કે અર્ધપ્રકાર.

પ્રાચીન કાલ ૧. પું. ઈસુ ખ્રિસ્તની અઢારમી સદી સુધીનો સમય. આ સમય ગુલામી પ્રથાને સ્વીકારી રહ્યો હતો. ૧૮૧૫, અમેરિકા સુધરેલા કહેવાતા દેશો અસંખ્ય ગુલામોને પકડી, તેમને વેચાતા લઈ આવી પોતાના દેશની મજૂરીનું કાર્ય તેમને સોંપતા. અમેરિકની આબાદીમાં ગુલામોનો મોટો ફાળો છે.
૨. [સં.]. પું. જૂનો જમાનો.

પ્રાચીન કાળ જુઓ પ્રાચીન કાલ.

પ્રાચીનકુલ જુઓ પ્રાચીનગર્ભ.

પ્રાચીનગર્ભ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક પ્રાચીન ઋષિ; સારસ્વત ઋષિ. તેને પ્રાચીનકુલ, અર્વાંતરતમ, વેદાચાર્ય પણ કહે છે.
૨. પું. એ નામનો એક રાજા.

પ્રાચીન ગુજરાતી સ્ત્રી. એ નામની જૂની ગુજરાતી ભાષા. પ્રથમ યુગનું પ્રાચીન ગુજરાતી સાહિત્ય નિર્ભેળ પ્રેમભાવના પોષતું ને ઉજ્જ્વળ દેશભક્તિથી ઊભરાતું ઉત્સાહપૂર્ણ છે. જે કાળમાં જેવી દેશની સ્થિતિ, તેવું તેનું તે કાળનું સાહિત્ય હોય છે. ઈ. સ.ની અગિયારમી, બારમી ને તેરમી સદી ગુજરાતના પરમ અભ્યુદયની હતી. ચાંચિયા અને લૂટારાને શાસન થતાં, વ્યાપાર જળમાર્ગે અને સ્થળમાર્ગે ધમધોકાર ચાલી રહ્યો હતો. દેશનો ઉદ્યોગ ખીલવવાને મારે બહારથી શિલ્પીઓ તેડાવી વસાવ્યા હતા. કુરુક્ષેત્ર, પાંચાલ, શૂરસેન, પ્રયાગ, અયોધ્યા વગેરે સ્થળના શ્રોત્રિય બ્રાહ્મણોને આણી દેશમાં જુદે જુદે સ્થાને સ્થાપ્યા હતા. વિદ્વાનોને સંપૂર્ણ આશ્રય મળી રહ્યો હતો. તે એટલે સુધી કે હેમાચાર્યનું વ્યાકરણ હાથીની અંબાડીમાં રાજદરબારી સવારીના ઠાઠથી મોટી ધામધૂમ સાથે મહારાજા સિદ્ધરાજના સરસ્વતીભંડારમાં પધરાવવામાં આવ્યું હતું. સિંધ, માળવા, કનોજ, અયોધ્યા, ચેદિમંડળ, અપરાંત અને ગૌડમંડળ પર્યંત દિગ્વિજયી ગુર્જર વીરોની વીર હાક ગાજી રહી હતી. આવા સમયના સાહિત્યમાં ક્ષાત્રતેજની જ્વાલા અને સ્વદેશપ્રીતિની જ્યોતિ ભભૂકી રહે તે સ્વાભાવિક છે. ઈ. સ.ના દશમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીના પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી નામ ઘટે છે. ભાષાશાસ્ત્રો ગુજરાતી ભાષાના ત્રણ યુગ પાડે છે: (૧) અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી. ઈ. સ.ના દશમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ, (૨)

મધ્યકાલીન ગુજરાતી. પંદરમા શતકથી સત્તરમા શતક સુધી અને (૩) અર્વાચીન ગુજરાતી. સત્તરમા શતક પછીનો ભાગ.

પ્રાચીન ગુજરાતી સાહિત્યના કવિઓની સંખ્યા ઘણી છે. મુખ્યત્વે કરીને અમદ્યટે નરસિંહ મહેતા, મીરાંબાઈ, ઈશ્વર, સાલવ, અખો, પ્રેમાનંદ, શામળ, ભોજા ભગત, ધીરો અને દયારામ છે.
ગુ. સા. પરિષદ

પ્રાચીન ગુજરાતી કવિતા સ્ત્રી. જૂની ગુજરાતી કવિતા. ઈ. સ. ૧૮૮૯–૯૦માં જ્યારે હરગોવિંદદાસે અને શ્રીજી નામાક્ષરે પ્રાચીન ગુજરાતી કવિતાઓનું સંશોધન કરીને પ્રકટ કરવાનું કામ કરવા માંડ્યું, ત્યારે કોઈ એક અજ્ઞાત સાક્ષરરૂપ દધિચિ કે શિબિ મહાત્મા ૧૮ી નીકળ્યો અને તેણે કાંટાવાળાને ત્યાં અપૂર્વ નાટકો, દ્રૌપદીહરણ તથા અજાવહ્યાખ્યાન જેવાં અપૂર્વ આખ્યાનો પ્રેમાનંદને નામે રચી આપ્યાં અને એક એક રસ ઉપર એક એક જુદું કાવ્ય પ્રેમાનંદના પુત્ર વલ્લભને નામે રચી આપ્યું અને પછી કોઈ પણ જાતની નિશાની કે નામનામ મૂક્યા વગર તે ચૂપ થઈ ગયો.

પ્રાચીન ગ્રીક સ્ત્રી. બાર ભાંડેની એ નામની એક પ્રાચીન લિપિ.

પ્રાચીન જીવયુગ [સં.] પું. ભૂસ્તરવિદ્યાના ઇતિહાસનો એક મોટો વિભાગ; ત્રિખંડીસ્તરક્રમની શરૂઆત અને વૃહોરગસ્તરક્રમનો અંત એ બે વચ્ચેનો આખો ગાળો; 'પેલીઓઝોઇક'.

પ્રાચીન જીવશેષવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાચીન જીવોના અવશેષ સંબંધી શાસ્ત્ર.

પ્રાચીન જીવશેષવેત્તા [સં. પ્રાચીન (જૂનું) + જીવશેષવેત્તૃ (જીવશેષવિદ્યા જાણનાર)] પુ. પ્રાચીન જીવશેષવિદ્યા જાણનાર માણસ.

પ્રાચીન તદ્‌ભવ [સં.] પું. (વ્યાકરણ) સંસ્કૃત ઉપરથી બનેલ જૂનો ગુજરાતી શબ્દ. જેમકે, માર્ગ–મગ્ગ–માગ; ગૃહ–ગ્રિહ–ગ્રીધ; યોગ–જોગ–જોગ; મૃત્તિકા–મટ્ટિઆ–માટી.

પ્રાચીનતમ [સં.] વિ. બહુ જ પુરાતની; જૂનામાં જૂનું.

પ્રાચીનતર [સં.] વિ. વધારે જૂનું; વધારે જૂના વખતનું.

પ્રાચીનતા [સં.] સ્ત્રી. પ્રાચીનપણું; જૂનાપણું; પુરાણાપણું; જૂના વખતનું હોવું તે.

પ્રાચીનતા પ્રેમી [સં. પ્રાચીનતા (જૂનાપણું) + પ્રેમિન્ (પ્રેમવાળું)] વિ. જૂના રિવાજને પ્રેમથી વળગી રહેનાર; સ્થિતિચુસ્ત; સ્થિતિરક્ષક.

પ્રાચીનતિલક ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ.

પ્રાચીનત્વ જુઓ પ્રાચીનતા.

પ્રાચીન નાગરી [સં.] સ્ત્રી. એ નામની એક ભારતીય લિપિ.

પ્રાચીન પક્ષી [સં. પ્રાચીન + પક્ષિન્ (પક્ષવાળું)] વિ. જૂના રૂઢ સાથે સંબંધ ધરાવનાર; રૂઢિચુસ્ત.

પ્રાચીનપનસ [સં.] ન. ખીજીનું ઝાડ.

પ્રાચીન પંથી વિ. પુરાણ પંથી; જૂના રીતરિવાજને વળગી રહેનાર; સ્થિતિરક્ષક; સ્થિતિચુસ્ત; 'ઓર્થોડૉક્સ.'

પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની સ્ત્રી. એક જાતની રાજસ્થાની ભાષા; જૂની ગુજરાતી. ડૉ. ટેસિટોરિનું માનવું એવું છે કે, ઈ. સ. ના ૧૫મા સૈકા સુધી ગુજરાતમાં અને પશ્ચિમ રાજપૂતાનામાં એક જ ભાષા ચલતી. તે ભાષાને તે પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની કહે છે. એ ભાષા ગુજરાતી તેમ જ મારવાડીનું મૂળ છે.

પ્રાચીનબર્હિ ૧. [સં. પ્રાચીનબર્હિસ્] પું. ઇંદ્ર.
૨. પું. (પુરાણ) ઉત્તાનપાદવંશના ધ્રુવિષ્ઠાન રાજાને ધ્રુવિષ્ઠાનીને પેટે થયેલા બર્હિષદ નામના પુત્રનું બીજું નામ. શતદ્રુતી અથવા સવર્ણા નામની સમુદ્રકન્યા તેની સ્ત્રી હતી. તેને પેટે પ્રચેતસ સંજ્ઞાવાળા દસ પુત્રો થયા હતા. દસ નામનો રાજા, જેને પ્રાચેતસ દક્ષ કહેતા, તે આ રાજાનો પૌત્ર હતો.
૩. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતર માંહેનો એ નામનો એક રાજા. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો અને જે વખત સતીનું અપમાન થવાથી તેણે દેહત્યાગ કર્યો, તે સમયે આ રાજા ભરતખંડાધિપતિ હતો.

પ્રાચીન મત ૧. પું. પાંડિત્યવાદ.
૨. [સં.] પું. પુરાતન સમયનો સંકુચિત મત.

પ્રાચીન મતાવલંબી [સં. પ્રાચીન (જૂનું) + મત (વાદ) + અવલંબિન્ (આધાર રાખનાર)] વિ. પુરાણપંથી; રૂઢિપ્રધાન; પ્રાચીન મતને અવલંબીને ચાલનાર; જૂના વિચારનું.

પ્રાચીન યુગ ૧. [સં.] પું ગુજરાતી ભાષાના વિકાસક્રમનું પહેલું પર્યાયયુ. તેમાં ઈસ્વી સનના આઠમા નવમા શતકથી ઊતરેલી ચૌદમા શતક સુધીના ગાળનો સમાવેશ થાય છે. આને અપભ્રંશ અને જૂની ગુજરાતીનો ગાળ કહી શકાય. આ ગાળમાં કવિતાના ક્ષેત્રમાં મુખ્ય ફાળો લેનાર જૈન કવિઓ છે.
૨. પું. વેદના વખતનો જૂનો ગાળ.

પ્રાચીનયોગ [સં.] પું. એ નામે એક પ્રાચીન ગોત્રપ્રવર્તક ઋષિ.

પ્રાચીનયોગિની પુત્ર [સં.] પું. મનુવંશના વંશનો એક ઋષિ.

પ્રાચીનયોગ્ય [સં.] પું. પ્રાચીનયોગ ઋષિનું ગોત્ર સંતાન.

પ્રાચીન લિપિ [સં.] સ્ત્રી. જૂની લિપિ.

પ્રાચીન લિપિજ્ઞ [સં.] વિ. જૂની લિપિ જાણનાર.

પ્રાચીનલિપિવિદ્યા [સં.] સ્ત્રી. જૂની લિપિ જાણવાની વિદ્યા.

પ્રાચીન લેખનકલા [સં.] સ્ત્રી. જૂના વખતની લખવાની કળા.

પ્રાચીન લેખનકળા જુઓ પ્રાચીન લેખનકલા.

પ્રાચીન લેખવિદ્યા જુઓ પ્રાચીન લેખનકલા.

પ્રાચીન વસ્તુવિજ્ઞાન [સં.] ન. જૂની વસ્તુઓ કે અવશેષો સંબંધી જ્ઞાન.

પ્રાચીન વસ્તુવિદ્યા [સં.] સ્ત્રી. પુરાતત્ત્વવિદ્યા; જૂની વસ્તુઓ સંબંધી વિદ્યા.

પ્રાચીન વસ્તુશાસ્ત્ર [સં.] ન. જૂના વખતના સિક્કા, શિલાલેખ, તામ્રલેખ વગેરેને લગતું શાસ્ત્ર; પ્રાચીન વસ્તુવિજ્ઞાન.

પ્રાચીન વસ્તુશાસ્ત્રી [સં. પ્રાચીન (જૂનું) + વસ્તુશાસ્ત્રિન્ (વસ્તુશાસ્ત્ર જાણનાર)] પું. જૂના સમયના સિક્કા, શિલાલેખ, તામ્રલેખ વગેરે વિષયનું જ્ઞાન ધરાવનાર માણસ.

પ્રાચીન વસ્તુશોધ [સં.] સ્ત્રી. જૂના વખતના સિક્કા, શિલાલેખ વગેરે ઐતિહાસિક વસ્તુઓનું સંશોધન.

પ્રાચીનવાહિની [સં.] સ્ત્રી. રામાયણમાં વર્ણવેલી કિષ્કિંધા પાસેની એ નામની એક નદી.

પ્રાચીન વિષયજ્ઞ [સં.] વિ. જૂના વખતની જાણવાનું જ્ઞાન ધરાવનાર; પ્રાચીન સમયના પદાર્થોનો સંગ્રહ કે અભ્યાસ કરનાર.

પ્રાચીનવેત્તા જુઓ પ્રાચીન વિષયજ્ઞ.

પ્રાચીન સમય [સં.] પું. અસલનો વખત; જૂનો યુગ.

પ્રાચીન સાહિત્ય [સં.] ન. જૂના વખતનું ગદ્યપદ્યલેખન. પ્રાચીન સાહિત્યમાં નરસિંહ,

મીરાં, ભાલણ વગેરે મોટે ભાગે ધર્મ, ધર્મના સંપર્કની કૃષ્ણલીલાના ચૂમાર વગેરે નિમ્ન કર્મ છે. ભાલણ કાદમ્બરી જેવી રસપૂર્ણ કથાને કાવ્યરૂપમાં રસમય બનાવે છે. કૌન કવિઓ રાસાઓમાં કથાઓ ચૂંથે છે. પાછળના કવિઓ પ્રેમાનંદ જેવાં આખ્યાનો, પુરાણકથાઓ ગાય છે. શામળ કલ્પિત વાર્તાઓને નવીન માર્ગમાં જ દોરે છે. દયારામ ચૂંગારરસને પોતાની ગોહક ભાષા-શૈલીથી આકર્ષક રૂપ આપે છે. તેમ જ ભક્તિ વૈરાગ્યની પણ કવિતા ગાય છે. અન્ય કવિઓ બોધપરાયણ પદો અને ગરબા વડે ધર્મ, નીતિ વગેરે વિષયોને અંગીકૃત કરે છે. આમ પ્રાચીન સમયનો સાહિત્યસમૂહ એક જુદા ખંડમાં મૂકાય એવો છે.

પ્રાચીના ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાળીપાટ.

૨ સ્ત્રી. પૂર્વ દિશા.

પ્રાચીનાભિમાની [સં. પ્રાચીન (જૂનું) + અભિમાનિન્ (અભિમાન કરનારું)] વિ. જૂની રૂઢિઓ પ્રત્યે ગર્વ ધરાવનારું.

પ્રાચીનામલક [સં.] ન. જળઆમળું; પણીમાં થતું એક જાતનું આમળું.

પ્રાચીનાવીત [સં.] ન. યજ્ઞોપવીત ધારણ કરવાનો એક પ્રકાર. તેમાં જનોઈ જમણા ખભા ઉપર રહે છે અને ડાબો હાથ જનોઈથી બહાર રહે છે. આ પ્રકારનું યજ્ઞોપવીત પિતૃકાર્યમાં ધારણ કરવામાં આવે છે.

પ્રાચીનાવીતી [સં. પ્રાચીનાવીતિન્] પું. બાહ વગેરેમાં અપસવ્ય કરેલ જનોઈવાળો માણસ; જેણે પ્રાચીનાવીત યજ્ઞોપવીત ધારણ કર્યું હોય એવો વ્યક્તિ.

પ્રાચીનોક્ત [સં.] વિ. અગાઉ કહેલું.

પ્રાચીનોપવીત જુઓ પ્રાચીનાવીત.

પ્રાચીન્વાન પું. (પુરાણ) પુરુના પુત્ર જનમેજયનો એ નામનો પુત્ર. તેની બીજું નામ આત્મારી અને પુત્રનું નામ સંયાતિ હતું.

પ્રાચીપતિ [સં.] પું. ઇંદ્ર.

પ્રાચીપ્રતીચી [સં.] સ્ત્રી. પૂર્વ અને પશ્ચિમ દિશા.

પ્રાચીર [સં.] ન. ઈંટો વગેરેથી બનાવેલ કિલ્લો; કોટ; ચોતરફ વેષ્ટન.

પ્રાચીરક [સં.] વિ. આરે બાજુથી દીવાલોનું આવરણ કરનાર.

પ્રાચીરા [સં.] પું. ઇંદ્ર.

પ્રાચી સરસ્વતી [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી. તે સૌરાષ્ટ્રના પ્રાચી ગામ આગળ આવેલી છે.

પ્રાચીસૂર્ય [સં.] પું. પૂર્વ દિશાનો સૂર્ય.

પ્રાચુર્ય [સં.] ન. અધિકતા; વિશેષતા; ઘણું હોવું તે.

પ્રાચેતસ ૧. [સં.] પું. દક્ષ પ્રજાપતિ.

૨. પું. પ્રચેતાનો વંશજ.

૩. પું. પ્રાચીનબર્હિનો પુત્ર. તેમની સંખ્યા દસની હતી.

૪. પું. વરુણનો પુત્ર.

૫. પું. વાલ્મીકિ મુનિ.

૬. પું. વિષ્ણુ.

૭. પું. (પુરાણ) સોમવંશી કુરુકુળોત્પન્ન પ્રચેતા રાજાના સો માહેનો કરેક દીકરો.

પ્રાચેતસ દક્ષ [સં.] પું. (પુરાણ) પ્રાચીનબર્હિ રાજાનો એ નામનો પૌત્ર. તેને સાઠ કન્યા હતી.

પ્રાચેતા પું. વાલ્મીકિ મુનિ.

પ્રાચ્ય ૧. [સં.] પું. પૂર્વ દિશાનો દેશ; પૌર્વાત્ય દેશ.

૨. પું. પૂર્વ દિશાનો ભાગ; પૂર્વ તરફનો ભાગ.

૩. વિ. પૂર્વ દિશાનું; પૂર્વનું; પૂર્વને લગતું; પૂર્વ દિશા સંબંધી.

૪. વિ. પ્રાચીન; જૂનું.

પ્રાચ્યતત્ત્વવિદ [સં. પ્રાચ્યતત્ત્વવિદ્] વિ. પૂર્વના દેશના તત્ત્વનું જ્ઞાન જાણનાર.

પ્રાચ્યતત્ત્વવેત્તા જુઓ પ્રાચ્યતત્ત્વવિદ.

પ્રાચ્યભાષાકોવિદ જુઓ પ્રાચ્યભાષાવિશારદ.

પ્રાચ્યભાષાવિશારદ [સં.] પું. પુરાણી ભાષાઓનો નિષ્ણાત માણસ.

પ્રાચ્યવિદ્યા ૧. [સં.] સ્ત્રી. પૂર્વના દેશની વિદ્યા.

૨. સ્ત્રી. પ્રાચીન વિદ્યા; જૂની વિદ્યા.

પ્રાચ્યવિદ્યાકોવિદ [સં.] પું. પૂર્વના પ્રાચીન સાહિત્યનો જાણકાર.

પ્રાચ્યવિદ્યાપરિષદ [સં. પ્રાચ્યવિદ્યાપરિષદ્] સ્ત્રી. પુરાણી ભાષાઓની ચર્ચા માટેની સભા.

પ્રાચ્યવિદ્યાવિશારદ જુઓ પ્રાચ્યવિદ્યાકોવિદ.

પ્રાચ્યવૃત્તિ પું. (પિંગળ) એ નામનો એક વૈતાલીય માત્રામેળ છંદ. આ છંદની રચના વૈતાલીય મુજબ હોય છે, પણ તેમાં બીજા અને ચોથા પદની ચોથી માત્રા છૂટી ન રાખતાં પાંચમી સાથે જોડવામાં આવે છે.

પ્રાચ્યશાસ્ત્ર [સં.] ન. પૂર્વના દેશની વિદ્યા.

પ્રાજ્ ૧. સ્ત્રી. ધા; પ્રહાર; માર.

૨. સ્ત્રી. વરસાદનું ઝાપટું.

પ્રાજ્ઞવું [સં. પ્રશ્ન (પૃચ્છવું)] સ. ક્રિ. પૂછવું; સવાલ કરવો; પ્રશ્ન કરવો.

પ્રાછીત જુઓ પ્રાયશ્ચિત્ત.

પ્રાજ [સં. પરાજય] પું. પરાજય; હાર.

પ્રાજક [સં.] પું. સારથિ; રથ હાંકનાર માણસ.

પ્રાજન [સં.] ન. પશુ વગેરેને હાંકવાની લાકડી.

પ્રાજાપત ૧. [સં.] ન. પ્રજાપતિનો ધર્મ અથવા ભાવ

૨. વિ. પ્રજાપતિના ધર્મનું; પ્રજાપતિના ધર્મ સંબંધી

પ્રાજાપત્ય ૧ [સં.] પું. (પિંગળ) અનુષ્ટુપ છંદનો એ નામનો એક ભેદ. તેમાં સોળ અક્ષર આવે છે.

૨. પું. આઠ આંકેના એક પ્રકારનો વિવાહ. તેમાં કન્યાનો પિતા વર પાસેથી કાંઈ પણ લીધા વિના બંને ધર્મપૂર્વક આચરણ કરી સુખી થાય એ ઇચ્છાથી જ કન્યા આપે છે.

૩. પું. એ નામનું પ્રાયશ્ચિત્ત કરવાનું એક વ્રત. તે બાર દિવસ આવે છે. તેમાં પહેલા ત્રણ દિવસ સાંજે ૨૨ ગ્રાસ, બીજા ત્રણ દિવસ સવારે ૨૬ ગ્રાસ, વળી ત્રણ દિવસ ૨૪ ગ્રાસ ભક્ષ લેવાય છે અને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવા પડે છે.

૪. પું. બ્રહ્મા.

પૂષન્ ! એકર્ષે ! યમ ! સૂર્ય ! પ્રાજાપત્ય !
વ્યૂહ રશ્મીન્, સમૂહ તેજ:
યત્ તે રૂપં કલ્યાણતમં તત્ તે પશ્યામિ યોઽસાવસૌ પુરુષ: સોઽહમસ્મિ.
ઉપનિષત્પંક્તિ

૫. પું. યજ્ઞ.

૬. ન. ક્રોધ પામવાની એક રીત. આ રીત ઉપરથી ગુરુ અથવા મનુ ક્રમો ચાલે છે તે સમજી શકાય છે. આ માન ગણવામાં દિવસ, રાત્રિ વગેરે ભેદ ગણવામાં આવતા નથી.

૭. ન. કોઈ પણ વ્રતનું પાલન કરતાં એક વર્ષ સુધી પાળવામાં આવતું બ્રહ્મચર્ય.

૮. ન. પ્રયાગ તીર્થ

૯. ન. (જ્યોતિષ) રોહિણી નક્ષત્ર.

૧૦. ન. (સંગીત) પાંચવું એક તાન; ષડ્જગ્રામમાં રિષભ જોડી દેવાથી ઉત્પન્ન થતું એક તાન.

૧૧. વિ. પ્રજાપતિ જેનો દેવ હોય તેવું.

૧૨. વિ. પ્રજાપતિ સંબંધી.

૧૩. વિ. પ્રજાપતિથી ઉત્પન્ન થયેલું.

પ્રાજાપત્ય અનુષ્ટુપ જુઓ પ્રાજાપત ૧.

પ્રાજાપત્ય ઉષ્ણિક [સં.] પું. (પિંગળ)

પ્રાણ

ઉષ્ણિક્ છંદનો એક પ્રકાર. તેમાં બાર અક્ષર આવે છે.

પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત ન. બાર દિવસ ચાલતું એ નામનું એક વ્રત. તેમાં પહેલા ત્રણ દિવસ પ્રાતઃકાલે છત્રીસ ગ્રાસ અન્ન લેવાય, તે પછી ત્રણ દિવસ સાયંકાલે બાવીસ ગ્રાસ અન્ન લેવાય, તે પછી ત્રણ દિવસ માગ્યા વિના મળતા અન્નમાંથી ચોવીસ ગ્રાસ અન્ન લેવાય અને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવામાં આવે

પ્રાજાપત્ય ગાયત્રી [સં.] પું. (પિંગળ) ગાયત્રી છંદના આઠ માંહેનો એક પ્રકાર. તેમાં આઠ અક્ષર હોય છે.

પ્રાજાપત્ય જગતી [સં.] પું. (પિંગળ) જગતી છંદનો એક પ્રકાર. તેમાં બત્રીસ અક્ષર હોય છે.

પ્રાજાપત્ય ત્રિષ્ટુપ [સં.] પું. (પિંગળ) ત્રિષ્ટુપ છંદનો એક ભેદ. તેમાં અઠ્ઠાવીસ અક્ષર હોય છે.

પ્રાજાપત્ય પંક્તિ [સં.] પું. (પિંગળ) પંક્તિ છંદનો એક ભેદ. તેમાં ચોવીસ અક્ષર હોય છે.

પ્રાજાપત્ય બૃહતી [સં.] પું. (પિંગળ) બૃહતી છંદનો એક ભેદ. તેમાં વીસ અક્ષર હોય છે.

પ્રાજાપત્યયજ્ઞ [સં.] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પ્રાજાપત્ય વિવાહ જુઓ પ્રાજાપત્ય ૨.

પ્રાજાપત્ય વ્રત જુઓ પ્રાજાપત્ય ૩.

પ્રાજાપત્ય હસ્ત [સં.] પું. લંબાઈ માપવાનું એક માપ; અરત્નિ.

૧૨ અંગુલ = વિતસ્તિ

૨ વિતસ્તિ = પ્રાજાપત્ય હસ્ત

પ્રાજાપત્યા ૧. [સં.] સ્ત્રી. વૈદિક છંદના આઠ માંહેનો એ નામનો એક ભેદ.

૨ સ્ત્રી. સંન્યાસાશ્રમમાં દાખલ થતાં પહેલાં પોતાની બધી મિલકત આપી દેવી તે; જેમાં સર્વસ્વ દક્ષિણા હોય એવી એક ઇષ્ટિ. પ્રવ્રજ્યાશ્રમ કે સંન્યાસાશ્રમ ગ્રહણ કરતી વખતે તે કરવામાં આવે છે.

પ્રાજિતા [સં. પ્રાજિત્] પું. સારથિ.

પ્રાજિન [સં.] પું. એક જાતનું પક્ષી; બાજ.

પ્રાજું ૧. સ્ત્રી. લગભગ દસ એકર જમીન; સાતીનો ત્રીજો ભાગ; આશરે ત્રીસ વિઘા જમીન.

૨. વિ. ઊંચું; ભવ્ય.

૩. વિ. મહાન; મોટું.

પ્રાજે ૧ [સં. પરાજય] પું. પરાજય; હાર.

૨. પું. પ્રલય; નાશ.

પ્રાજેરા ૧. [સં.] પું. પ્રજાપતિ દેવતા માટેના હવિષ્ય વગેરે પદાર્થ.

૨. પું. (જ્યોતિ) રોહિણી નક્ષત્ર

પ્રાજેશ્વર જુઓ પ્રાજેય.

પ્રાજો પું. (કચ્છી) જમીનનું એક માપ.

પ્રાજ્ઞ ૧. [સં.] પું. એક જાતનો ચોપટ.

૨. પું. (પુરાણ) કલ્કિ દેવના મોટા ભાઈનું નામ.

૩. પું. જીવાત્મા.

૪. પું. પરમાત્માનું અવિદ્યામાં પડતું પ્રતિબિંબ. જાગ્રતનું પ્રતિબિંબ જાગવામાં પડે છે, તે માયોપહિત ચૈતન્યનું પરાવર્તન સમષ્ટિસ્થૂલ ઉપાધિમાં અને તેનું પુનઃ પરાવર્તન સમષ્ટિસ્થૂલ ઉપાધિમાં આવે છે. માયોપહિત ચૈતન્યને ઈશ્વર, સમષ્ટિસૂક્ષ્મ શરીરના અભિમાની ચૈતન્યને હિરણ્યગર્ભ અને સમષ્ટિસ્થૂલોપાધિના અભિમાની ચૈતન્યને વિરાટ કહે છે. પ્રાજ્ઞનું અષ્ટિસૂક્ષ્મોપાધિમાં પરાવર્તન તે તૈજસ અને તૈજસનું પુનઃ પરાવર્તન વ્યષ્ટિસ્થૂલોપાધિમાં આવ તે વિશ્વ કહેવાય છે. આ વાત દર્શાવનારો સાંકેતિક અક્ષર ૐ છે અને તેથી જ તેને શબ્દબ્રહ્મ કહે છે.

૫. પું. પરમેશ્વર. તે સંપૂર્ણ જ્ઞાનવાળા છે.

૬. પું. પંડિત; વિદ્વાન.

૭. પું. સુષુપ્તિ અવસ્થામાં અંતઃકરણ લીન થયા છતાં જે માત્ર અજ્ઞાનનો જ સાક્ષી થઈને રહે છે તે.

૮. સ્ત્રી. કવિતાની એક જાતિ.

૯. વિ. કુશળ; પ્રવીણ; દક્ષ; હોશિયાર; ચતુર.

૧૦. વિ. જ્ઞાતા; વિજાણનાર; જાણનાર.

૧૧. વિ. ડાહ્યું; ડાહ્યું; બુદ્ધિમાન.

૧૨. વિ. મૂર્ખ; બેવકૂફ.

પ્રાજ્ઞચક્ષુ જુઓ પ્રજ્ઞાચક્ષુ.

પ્રાજ્ઞજન [સં.] પું. ડહ્યો માણસ; ધીર પુરુષ

પ્રાજ્ઞતા ૧. [સં.] સ્ત્રી. ચતુરાઈ; બુદ્ધિમાનપણું.

૨. સ્ત્રી. પંડિતાઈ.

૩. સ્ત્રી. મૂર્ખતા; બેવકૂફી.

૪. સ્ત્રી. જ્ઞાયપણું; જ્ઞાપણું; જ્ઞપણું.

પ્રાજ્ઞત્વ જુઓ પ્રાજ્ઞતા.

પ્રાજ્ઞદેહ [સં.] પું. અવિદ્યારૂપી મનુષ્યનો દેહ.

પ્રાજ્ઞા ૧. [સં.] સ્ત્રી. તીવ્ર બુદ્ધિવાળી સ્ત્રી; પ્રજ્ઞા.

૨. સ્ત્રી. બુદ્ધિ; અક્કલ.

પ્રાજ્ઞાનિક [સં.] વિ. જ્ઞાનવાળું.

પ્રાજ્ઞી ૧. [સં.] સ્ત્રી. પંડિત કે વિદ્વાનની સ્ત્રી.

૨. સ્ત્રી. સૂર્યની પત્ની.

પ્રાજ્ય ૧. [સં.] વ. પુષ્કળ વી.

૨ વ. ઘેર વી

૩. વિ. અત્યંત ઘીવાળું.

૪. વિ. પુષ્કળ.

૫. વિ. મોટું.

૬. વિ. ઘેર ઘીવાળું.

પ્રાણ ૧. પું. અગ્નિ; આગ.

૨. પું. આઠ માંહેનું એ નામનું એક પુર.

૩. [સં.] પું. (પુરાણ) આઠ વસુમાંના ધર વસુનો પુત્ર. તેની માનું નામ મનોહરા હતું. તેને ઊર્જસ્વતીથી આયુ નામે દીકરો થયો હતો. દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, સોમ અને વિભાવસુ એ આઠ વસુઓ છે.

૪. પું. આત્માને જોવાની ઇચ્છાવાળો બુદ્ધિવાન આત્મજ્ઞાની પુરુષ; આત્મપુરુષ.

૫. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ.

૬. પું. એ નામે એ કલ્પ.

૭ પું. મંથરસ; ભોજ નામે સુગંધી દ્રવ્ય.

૮. પું. પહું જ વહાલું માણસ; વહાલો મિત્ર.

સુહૃદ મિત્ર વલ્લભ સખા ઘટિત ઇષ્ટ પ્રિય પ્રાણ;
હરિ મીતમથી હે કુંવરી ન કર અકારણ માન.
પિંગળસૂત્રોક

૯. પું. જીવ; આત્મા; ઇચ્છા વૃત્તિવાળો શરીરમાં રહેલ વાયુ; શરીરમાંનો જિંદગીને આધારરૂપ વાયુ. તેના સંયોગથી જીવન અવસ્થા અને વિયોગથી મરણ અવસ્થા પ્રાપ્ત થાય છે. તેનું સ્થાન હૃદયમાં છે. જેમ અસ્ત પામતા સૂર્યનાં બધાં કિરણ સૂર્યમંડલમાં લીન થઈ જાય છે તેમ સ્વપ્નાવસ્થામાં બધી ઇંદ્રિયો મનમાં લીન થઈ જાય છે. સુષુપ્તિ અવસ્થામાં તો મનનું સ્પંદન પણ થતું નથી. તે વખતે માત્ર પ્રાણ જ્યું અનુભવે છે. પ્રાણના બે ભેદ છે: દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. દ્રવ્યપ્રાણ દસ છે: મન, વચન, કાય, સ્પર્શેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય, શ્રોત્રેંદ્રિય, શ્વાસોચ્છ્વાસ અને આયુ. આત્માની જે શક્તિના નિમિત્તથી ઇંદ્રિયાદિ પોતાના કાર્યમાં પ્રવર્તે તેને ભાવપ્રાણ કહે છે. ભાવપ્રાણના પણ બે ભેદ છે: લબ્ધેંદ્રિય અને લબ્ધપ્રાણ. લબ્ધેંદ્રિય પંચ છે: શરીર, ઇન્દ્રિય, નામ, અક્ષ અને કાન. લબ્ધપ્રાણના ત્રણ ભેદ છે: મનોબળ, વચનબળ અને કાયબળ. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ પ્રાણ છે. નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એ પાંચ ઉપપ્રાણ કહેવાય છે. ઉદ્ગાર, નિમિલો-મેષ, ક્ષીક, જૃંભા અને મૃત શરીરને ફુલાવવું એ તેમના અનુક્રમે ધર્મ છે. શરીરમાં આંખ, કાન, નાક, મુખ, નાભિ, ગુદા, મૂત્રેંદ્રિય અને બ્રહ્મરંધ્ર એ પ્રાણ નીકળવાના માર્ગ મનાય છે.

૧. પ્રાણ આવવો = જીવ ઓછો થવો.
૨. પ્રાણ ઊડી જવા = (૧) ડરી જવું. (૨) બહુ ગભરામણ થવી.
૩. પ્રાણ ગેડી–નીકળી જવા = મૃત્યુ થવું.
૪. પ્રાણ કાઢી નાખવા = (૧) બહુંજ આતુર રહેવું. (૨) બહુ દિલગીર થવું. (૩) ભોગ આપવો; કુરબાન થવું; પ્રાણ પાથરવા; પોતાની જિંદગીને કુરબાન કરવી. (૪) સતાવવું; હેરાન કરવું.
૫. પ્રાણ ખરચવા = જીવ દેવો; પોતાની જિંદગીનો ભોગ આપવો.
૬. પ્રાણ આવો = જીવ આવો; બહુ સતાવવું.
૭. પ્રાણ ગળા સુધી આવવા = મરણ નજીક હોવું.
૮. પ્રાણ છુટાવવા = (૧) જીવ લઈને નાસવું. (૨) મારી નાખવું.
૯. પ્રાણ છૂટવા = જીવનનો અંત આવવો; મરણ પામવું.
૧૦. પ્રાણ છોડવા–જવા–તજવા–ત્યાગવા–દેવા–નીકળવા = મરણ પામવું.
૧૧. પ્રાણ પડીકે બંધાવા = હને શું કરી, એવી ઇતેજારી કે અમૂંઝણથી જીવ નીકળી જાય તેમ થવું
૧૨. પ્રાણ પાથરવા = (૧) અત્યંત આદરસત્કાર કરવો. (૨) બીજાને આતર પોતાના પ્રાણ જતા કરવા; કુરબાન થઈ જવું; પોતાની જિંદગીને કુરબાન કરવી; આત્મભોગ દેવો; જીવ આપવા તૈયાર થવું.
૧૩. પ્રાણ બચાવવા = જાન બેદાવવો; જીવનની રક્ષા કરવી.
૧૪. પ્રાણ લેવા–હરવા = જીવ લેવો; મારી નાખવું.
૧૫. પ્રાણ હારવા = (૧) ઉત્સાહ ન રહેવો. (૨) મરી જવું.
૧૬. પ્રાણથી જવું = જીવથી જવું; મારી જવું; જીવ ખોવો.

૧૦ પું. જિંદગી; જીવન.
૧૧. પું. જીવનરસ; જીવનનો આધાર; જીવનશક્તિ; બળ.
૧૨. પું. તંદુરસ્ત માણસના બે શ્વાસોચ્છ્વાસ પ્રમાણનો કાળવિભાગ.
૧૩. પું. દસ દીર્ઘ માત્રાનો ઉચ્ચાર થાય તેટલો વખત; વિનાડિયાનો છઠ્ઠો ભાગ.
૧૪. પું. ધણી; પતિ.
૧૫. પું. નિઃશ્વાસ; નીચો શ્વાસ મૂકવો તે.
૧૬. પું. પરમેશ્વર; બ્રહ્મ.
૧૭. પું. પરાક્રમ; સત્ત્વ.
૧૮. પું. (જૈન) બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળા જીવ માંહેનો દરેક.
૧૯. પું. વાયુ.
૨૦. પું. (પુરાણ) ભૃગુ ઋષિના દીકરા વિધાતાનો એ નામનો દીકરો.
૨૧. પું. ચકાર વર્ણ.
૨૨. પું. વહાલી ચીજ.
૨૩. પું. વાસ્તવિક રીતે બાંધની સંજ્ઞા બતાવનાર સાંકેતિક શબ્દ.
૨૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨૫. પું. શરીરમાં રહેલ જીવ.
૨૬. પું. શ્વાસ; શ્વાસનો વાયુ.
૨૭. પું. સૂક્ષ્મદેહ; શરીર ઉપહિત ચૈતન્ય.
૨૮. સ્ત્રી. કવિત્વશક્તિ.
૨૯. વિ. પ્રાણ કરેલું.
૩૦. વિ. પ્રાણ ભરેલું.

પ્રાણક ૧. [સં.] ન. જીવડું; પ્રાણી.
૨. ન. જીવવા પક્ષ.
૩. ન. ભોળ નામે સુગંધી દ્રવ્ય.

પ્રાણકર [સં.] વિ. શક્તિ વધારનારું; પૌષ્ટિક.

પ્રાણકલા ૧. [સં.] સ્ત્રી. વિદ્યુત; વીજળી.
૨. સ્ત્રી. શરીરમાંની શક્તિ.

પ્રાણકષ્ટ [સં.] ન. મરવા વખતની પીડા; પ્રાણ નીકળતી વખતનું દુઃખ.

પ્રાણકારીય રસાયનઘૃત [સં.] ન. (વૈદક) એક જાતનું ઔષધ. પચ્યા બાદ સુધી પોતાના પ્રાણ ટકાવી રાખવા ઇચ્છનારા બીજા અમૃત સરખું, દેવતાઓને હિત કરનારું, મનથી કલ્પી ન શકાય તેવા અદ્‌ભુત પ્રભાવવાળું, આયુષ્યને વધારનારું, આરોગ્ય આપનારું, જુવાનીને ટકાવી રાખનારું, નિદ્રા, તંદ્રા, ભ્રમ, બેચેની, આળસ, દુર્બળતાને મટાડનારું, વાયુ, પિત્ત, કફને સરખા કરનારું, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું, પ્રભા, વર્ણ, સ્વરને ઉત્તમ બનાવનારું આ રસાયનઘૃતનું સેવન કરે છે. આના સેવનથી અવન વગેરે મહર્ષિઓ ફરીને જુવાન તેમ જ બીજાને પ્રિય થયા હતા. સારી જમીનમાં અને તેની મોસમમાં ઉત્પન્ન થયેલાં સુગમ, રંગ અને રસ જેમાં સારી રીતે રહેલાં હોય તેવાં, રસ અને વીર્ય જેમાં પૂરાં ભરેલાં હોય તેવાં તાજાં આમળાં લઈ તેના રસમાં સાટોડીનાં પંચાંગને વાટી એ કલ્કના પિંડાથી ૧૦૦ કે ૧૦૦૦ વખત, પછી વિદારીકંદના સ્વરસથી ભરભોડીનો કલ્ક કરી તેનાથી ૧૦૦ કે ૧૦૦૦ વખત, પછી કતાવરીને બલા, અતિબલાના ક્વાથમાં વાટી તેમાં આરગ્વધ દૂધ નાખી, તેનાથી ૧૦૦ કે ૧૦૦૦ વખત ૨૬૪ તોલા ગાયના ઘીને પકાવી તૈયાર કરવું. પછી તે ઘીમાં ઘીથી ચારગણાં મધ અને સાકર ભેળવી સોનાના, ચાંદીના કે રીઢા માટીના વાસણમાં ભરી પવિત્ર સ્થળે સાચવી રાખવું. પછી વિધિ પ્રમાણે પાચન થઈ જાય તેટલા પ્રમાણમાં હમેશા સવારે એ મિશ્રણ ખાવું. એ મિશ્રણ પચી જાય ભૂખ લાગે ત્યારે દૂધ, ઘી અને જાતનું ભોજન કરવું. ત્રણ વર્ષ આનું સેવન કરવાથી સો વર્ષ સુધી જીવી શકાય અને ઉંમરની ઘડી સુધી જુવાની ટકી રહે, ઉંમરવધ્યા આવતી નથી, એકવાર સાંભળેલું યાદ રહી જાય, બધા રોગ મટી જાય, દરેક પ્રકારની શક્તિ કે પ્રભાવ આવે, સંતાન ઉત્પન્ન કરી શકાય તેવું શરીર બળવાન થાય એમ મનાય છે.

પ્રાણકાંત ૧. [સં.] પું. પતિ; ધણી.
૨. પું. પ્રિયજન; વહાલું માણસ.

પ્રાણકૃચ્છ્ર [સં.] ન. પ્રાણકષ્ટ; મરતી વખતે થતું દુઃખ.

પ્રાણક્રિયા [સં.] સ્ત્રી. પ્રાણ નામના વાયુનું કામ.

પ્રાણગ્રહ [સં.] ન. નાક.

પ્રાણગ્રંથિ [સં.] સ્ત્રી. પ્રાણના આધારરૂપ બરડાની કરોડ આગળની એ નામની એક ગ્રંથિ; 'મેડુલા ઓબ્લોંગેટા'. શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને બીજા કાર્યો ઉપર તેની ઘણી સત્તા રહેલી છે. મગજનું સૌથી વધારે જીવનવિષયક સ્થાન તે છે.

પ્રાણઘાત ૧. [સં.] પું. એ નામનો જૈન ધર્મના દસ માંહેનો એક કર્મબંધ.
૨. પું. જીવનનો નાશ; વધ.

પ્રાણઘાતક ૧. [સં.] વિ. જીવનનો નાશ કરે એવું; મરણ પમાડે એવું; જીવલેણ.
૨. વિ. ભયંકર; હાનિકારક; ખારતી કરેલું.

પ્રાણઘાતક વાયુ [સં.] પું. પ્રાણ હરી લે તેવો વાયુ; 'કાર્બોનિક એસિડ ગૅસ'.

પ્રાણઘોષ [સં.] પું. નાદ; કાન દેતાં સંભળાતો શરીરમાં પ્રાણસંચલનનો અવાજ.

પ્રાણઘ્ન [સં.] વિ. જીવ હરે તેવું; મરણ પમાડે તેવું.

પ્રાણચેતક [સં.] વિ. પ્રાણમાં ચેતના પૂરનાર.

પ્રાણચેતના [સં.] સ્ત્રી. પ્રાણમાં રહેલી ચૈતન્યશક્તિ.

પ્રાણચ્છેદ [સં.] પું. હત્યા; વધ.

પ્રાણજનક [સં.] વિ. ચેતન ઉત્પન્ન કરનાર; પ્રાણ પૂરનાર.

પ્રાણજીવન ૧. [સં.] પું. બહુ વહાલું માણસ.

૨. પું. જીવન ટકાવી રાખનાર તત્ત્વ.
૩. પું. પ્રિયતમ; પતિ; પ્રીતમ; ધણી.
૪. પું. વિષ્ણુ.
૫. વિ. જીવન જેવું વહાલું; જીવને પ્રાણ સમાન.
૬. વિ. પ્રાણની માફક જીવન ટકાવનારું.
૭. વિ. પ્રાણને જીવાડનાર કે પોષણ આપનાર.

પ્રાણુત ૧. પું. (જૈન) દશમા દેવલોકનો ઇંદ્ર.
૨. પું. (જૈન) દશમો દેવલોક.

પ્રાણુતખ્ત જી. હૃદયરૂપી સિંહાસન.

પ્રાણુતજ્જ [સં.] પું. કલ્પમાં હોનાર વૈમાનિક દેવ.

પ્રાણુતત્ત્વ ૧. [સં.] ન. જીવાત્મા; શરીરમાં રહેલું ચૈતન્યતત્ત્વ. પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એવા તેના દશ પ્રકાર છે. પહેલા પાંચ મુખ્ય પ્રાણ અને બીજા પાંચ ઉપપ્રાણ કહેવાય છે. તેમનાં સ્થાન અનુક્રમે હૃદય, ગુદા, નાભિ, કંઠ, શરીરની રક્તવાહિનીઓ, નાભિનો ઉપલો ભાગ, આંખનાં પોપચાં, પક્વાશય, કંઠનો નીચલો ભાગ અને શરીરનાં પાર્થિવ પરમાણુઓ છે. પ્રાણ શ્વાસોચ્છ્વાસ અને ભૂખતરસનું નિયમન કરે છે. અપાન મળમૂત્રને નીચે લઈ જાય છે. સમાન આપેલાપીધેલ અન્નજળને પાચનયોગ્ય રસ બનાવે છે. ઉદાન શરીરને ધારણ કરી રાખે છે. વ્યાન રક્તને ગતિ આપે છે. નાગ ઓડકાર લાવે છે. કૂર્મ આંખ મિચાવે તથા ઉઘાડે છે. કૃકલ છીંક લાવે છે. દેવદત્ત બગાસાં અવરાવે છે અને ધનંજય મૃત શરીરને ફુલાવે છે. નાસિકાના ડાબા છિદ્રમાંથી જ્યારે શ્વાસોચ્છ્વાસની ગતિ હોય ત્યારે ઇડા નાડી વહે છે એમ જાણવું. જમણા છિદ્રમાંથી જ્યારે શ્વાસોચ્છ્વાસની ગતિ થતી હોય ત્યારે પિંગળા નાડી વહે છે એમ જાણવું અને જ્યારે બંને છિદ્રમાંથી શ્વાસોચ્છ્વાસની ગતિ સરખી થતી હોય ત્યારે સુષુમ્ણા નાડી વહે છે એમ જાણવું. આ ત્રણ નાડીઓને ક્રમથી ગંગા, યમુના અને સરસ્વતી પણ કહેવામાં આવે છે. શરીરની અંદરનો પવન ઘણે ભાગે નાકની બહાર બાર આંગળ જાય છે. તે પવનનો કેવળ કુંભ દ્વારા નિરોધ કરવાથી યોગીને સમાધિલાભ થાય છે. પ્રાણની આ પ્રમાણેની બાર આંગળ ગતિ યોગાભ્યાસથી ઓછી કરી શકાય છે એક આંગળ ઓછી કરવાથી તે યોગાભ્યાસીને નિષ્કામતા પ્રાપ્ત થાય, બે આંગળ ઓછી કરવાથી સ્વાભાવિક આનંદની કાંઈક પ્રાપ્તિ થાય, ત્રણ આંગળ ઓછી કરવાથી કાવ્ય કરવાની શક્તિની પ્રાપ્તિ થાય, ચાર આંગળ ઓછી કરવાથી વાચાસિદ્ધિની પ્રાપ્તિ થાય, પાંચ આંગળ ઓછી કરવાથી દૂરદૃષ્ટિની પ્રાપ્તિ થાય, છ આંગળ ઓછી કરવાથી આકાશગમનની પ્રાપ્તિ થાય, સાત આંગળ ઓછી કરવાથી તીવ્ર વેગની પ્રાપ્તિ થાય, આઠ આંગળ ઓછી કરવાથી અણિમાદિ અષ્ટસિદ્ધિઓની પ્રાપ્તિ થાય, નવ આંગળ ઓછી કરવાથી મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ, અર્વ એ કુબેરની નવનિધિની પ્રાપ્તિ થાય, દશ આંગળ ઓછી કરવાથી તેને દશ પ્રકારનાં સ્વરૂપની પ્રાપ્તિ થાય. દશ પ્રકારનાં સ્વરૂપના વિષ્ણુના દશ પ્રકારના અવતારનાં સ્વરૂપ અથવા દશ પ્રકારની દિશાનાં સ્વરૂપ એવા બે અર્થ છે. અગિયાર આંગળ ઓછી કરવાથી ભયાની નિવૃત્તિની પ્રાપ્તિ થાય અને બાર આંગળ ઓછી કરવાથી હંસગતિની એટલે જીવના સાચા સ્વરૂપની પ્રાપ્તિ અને બ્રહ્માનંદરસનું પાન પ્રાપ્ત થાય એમ મનાય છે.
૨. ન. વિદ્યુત; વીજળી.

પ્રાણુતનુ [સં.] ન. જીવરૂપ દેહ.

પ્રાણુતંત્રી ૧. [સં.] સ્ત્રી. પ્રાણરૂપી તંતુવાદ્ય.
૨. સ્ત્રી. પ્રાણરૂપી વીણાનો તાર.

પ્રાણુતુલ્ય ૧. [સં.] વિ. જીવ જેટલું વહાલું; પ્રાણસમ; પ્રાણપ્યારું.
૨. ન. પ્રાણની જેમ; પ્રાણ બરાબર.

પ્રાણુત્યાગ ૧. [સં.] પું. આપઘાત; આત્મઘાત; જાતે પ્રાણ લઈ લેવો તે; જીવ છોડવો તે; મરી જવું તે; જીવ આપવો તે.
૨. પું. દેહલય; મૃત્યુ.

પ્રાણુદ ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, રગણ, જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર, બીજા ચરણમાં બે તગણ અને રગણ મળી નવ અક્ષર, ત્રીજા ચરણમાં નગણ, મગણ અને ભગણ મળી નવ અક્ષર અને ચોથા ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.
૨. પું. કુલપુરુષ.
૩. [સં.] પું. પ્રાણવાયુ.
૪. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. તે સર્વ પ્રાણીઓને પ્રાણ દેનારા, બધાં પ્રાણીઓને શ્વાસોચ્છ્વાસની ગતિ આપનાર, સર્વ પ્રાણીઓમાં પ્રાણચેતના પણ આપનાર છે. વળી સમષ્ટિપ્રાણ દ્વારા વ્યક્તિપ્રાણોનું પોષણ કરનારા પણ તે છે. યોગની ઇડા, પિંગળા અને સુષુમ્ણા નાડી પણ તે જ છે. મૃત્યુકાળે ચેતનશરીરને જડ બનાવનારા, ભક્તજનોને ભક્તિ કરવામાં ઉત્તેજન દેનારા, મર્ત્યલોકમાં મર્ત્યોના પ્રાણનું પોષણ કરનારા, શરીરની બહારના વાયુતત્ત્વમાંથી પ્રાણીઓના જીવનપોષક શ્વાસને શરીરની અંદર ખેંચનારા અને અંદરના બગડેલા શ્વાસને બહાર કાઢનારા અથવા પ્રાણ અને અપાન શ્વાસોચ્છ્વાસ કરાવનારા પણ તે હોવાથી વિષ્ણુ પ્રાણદ કહેવાય છે.
૫. ન. જીવક્ષ વૃક્ષ. જીવનું કંઈ આધારથી જતો પ્રાણ અટકે એમ મનાય છે, માટે તેને પ્રાણદ કહે છે.
૬. ન. પાણી.
૭. ન. લોહી.
૮. વિ. પ્રાણ આપનાર; પ્રાણદાતા.

પ્રાણુદંડ [સં.] પું. દેહાંતશિક્ષા; દેહાંતદંડ; મોતની સજા.

પ્રાણુદા ૧. [સં.] સ્ત્રી. ઋદ્ધિ વૃક્ષ.
૨. સ્ત્રી. હરડે; હરીતકી.

પ્રાણુદા ગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) હરસ ઉપર ઉપયોગી એક જાતની દવા. તે બનાવવા કાળાં મરી ૬૨ તોલા, સૂંઠ ૨૪ તોલા, પીપર ૧૬ તોલા, અરડૂસ અને તાલીશપત્ર આઠ આઠ તોલા, નાગકેસર ૪ તોલા, પીપરીમૂળના ગંઠોડા ૧૬ તોલા, તમાલપત્ર અને તજ અઢેક તોલો, એલચી અને વાળો બબ્બે તોલા, ખૂનો ગોળ ૨૪૦ તોલા એ બધાં સાથે મેળવી ગોળી વાળવી. તેની માત્રા અધોં તોલો છે.

પ્રાણુદાતા [સં. પ્રાણુદાતૃ] વિ. પ્રાણ દેનાર.

પ્રાણુદાન ૧. [સં.] ન. જીવનો ભોગ આપવો તે; કુરબાની.
૨. ન. પ્રાણનું રક્ષણ કરવું તે; જીવ બચાવવો તે; કોઈને મરતું બચાવવું તે.

પ્રાણુદા નાડી (પ્રાણુદા નાડી) [સં.] સ્ત્રી. ઓજરીની એ નામની એક નાડી. તેના તંતુઓ ઉત્તેજિત થતાં જઠરરસ વધારે પ્રમાણમાં છૂટે છે તથા ઓજરીનું હલનચલન પણ વધારે જોરથી થાય છે. યકૃત્પિંજળાના સમૂહના તંતુઓની અસર આથી ઊલટી થાય છે, એટલે કે તેઓ ઉત્તેજિત થતાં જઠરરસનું પ્રમાણ ઘટે છે તથા હલનચલન મંદ પડે છે.

પ્રાણુદાયક [સં.] વિ. પ્રાણદાન કરનાર; કોઈનો જીવ બચાવનાર.

પ્રાણુદાયી જુઓ પ્રાણુદાયક.

પ્રાણુદીપ્તિ [સં.] સ્ત્રી. આત્માનું તેજ.

પ્રાણુધન ૧. [સં.] ન. અત્યંત પ્રિય વ્યક્તિ.
૨. ન. પ્રાણરૂપી ધન.

પ્રાણુધાર ૧. [સં.] પું;ન. પ્રાણી; જીવ.
૨. પું;ન. માણસ.

૩. વિ. પ્રાણને ધારણ કરનાર; પ્રાણવાળું; જીવતું; શ્વાસ લેતું હોય એવું.

પ્રાણધારક ૧. [સં.] પું. સૂર્યનાં સોસો આઠ માંહેનું એક નામ.

૨. જુઓ પ્રાણધાર.

પ્રાણધારણ ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. ન. પ્રાણ ધારણ કરવો તે; જીવ ટકાવી રાખવો તે; જીવન ટકાવી રાખવું તે.

પ્રાણધારી જુઓ પ્રાણધાર.

પ્રાણધ્વનિ [સં.] પું. જેમાં પ્રાણતત્ત્વ ભળેલું હોય તેવો સ્વર.

પ્રાણન ૧. [સં.] ન. જન્મ; પાણી.

૨. ન. જીવન; જીવવું તે.

૩. ન. પ્રાણી.

૪. ન. હાલવું તે; ચાલવું તે; ચેષ્ટા.

પ્રાણનત્ર પું. પ્રાણવાયુ અને નત્રવાયુ.

પ્રાણનાડી (પ્રાણનાડી) સ્ત્રી. શ્વાસોચ્છ્વાસની ક્રિયા સંબંધ ધરાવનારી એ નામની એક નાડી.

પ્રાણનાથ ૧. [સં.] પું. ઔરંગઝેબના વખતમાં થયેલ એ નામનો એક સંપ્રદાયપ્રવર્તક જ્ઞાની; બીજા પંથનો દ્વેષ કરનાર મહાપુરુષ. તેનો જન્મ જામનગરમાં લોહાણા કેશવજી ઠાકરને ત્યાં ધનબાઈ માતાને પેટે થયો હતો. કેશવજી મહારાજ પાસે ધર્મોપદેશ લઈ બીજો વખત ગોળનો કારભાર કરી, પછી ધર્મોપદેશ કરવા માંડ્યો. હિંદ, અરબસ્તાનમાં મુસાફરી કર્યા પછી દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહને ચમત્કારો બતાવી આશ્ચર્ય પમાડ્યો. શાહજહાંના જન્મસિદ્ધ મહારાજને ધર્મમાં લઈ જાં ઘોડું સ્થાન જમાવ્યું. ઘણા મુસલમાનોને ધર્મમાં લીધા. ગુજરાત, કાઠિયાવાડ અને ઉત્તર હિંદુસ્તાનમાં આ ધર્મ ઘણો માને છે. હિંદુમુસલમાનના ધર્મોની એકતા ઉપર તેના અનેક ગ્રંથો છે. કહેવાય છે કે, પન્નાના રાજા છત્રસાલ તેના શિષ્ય હતા. કબીર, નાનક વગેરેની માફક તે પણ જન્મ સાધુ હતા. તેણે હિંદુમુસલમાન ધર્મની એકતાના સબંધમાં ઉપદેશ આપ્યા કર્યો હતો. તેમના સંપ્રદાયના ઘોડો ગુજરાતમાં ઘણા છે. તેઓ મૂર્તિપૂજા નથી કરતા પણ પ્રાણનાથના ગ્રંથોની બહુ પ્રતિષ્ઠા કરે છે. આ સંપ્રદાયમાં દાખલ થનાર હિંદુમુસલમાને એકસાથે જોડાને ખાવું પડે છે અને બધી બાબતોમાં હિંદુ અને મુસલમાન પોતપોતાના પૂર્વજોના આચારવ્યવહાર માને છે. હિંદુમુસલમાન બંને મતના લોકો આ સંપ્રદાયમા દીક્ષા ગ્રહણ કરે છે.

૨. પું. પતિ; ધણી; સ્વામી; પ્રાણનો નાથ.

૩. પું. પરમાત્મા ઈશ્વર.

૪. પું. પ્રિય વ્યક્તિ; વહાલું માણસ.

પ્રાણનાથજી જુઓ પ્રાણનાથ ૧.

પ્રાણનાથરસ [સં.] પું. એક જાતનું રસાયણ.

પ્રાણનાથી ૧. [સં. પ્રાણનાથ + ઈન્ (વાળું)] પું. પ્રાણનાથના સંપ્રદાયનો પુરુષ.

૨. પું. પ્રાણનાથે ચલાવેલો સંપ્રદાય.

પ્રાણનારા [સં.] પું. હત્યા; મૃત્યુ; મરણ.

પ્રાણનારાક [સં.] વિ. પ્રાણ લેનારું; મારી નાખે એવું.

પ્રાણનિગ્રહ જુઓ પ્રાણાયામ.

પ્રાણનિધિ ૧. [સં. પ્રાણ + નિધિ (ભંડાર)] પું. જીવનનો ભરો.

૨. પું. જ્ઞાનતંતુઓનો સમૂહ.

પ્રાણનિયમ જુઓ પ્રાણાયામ.

પ્રાણનિરોધ જુઓ પ્રાણાયામ.

પ્રાણનિલય [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વ પ્રાણોના ભંડાર તે છે.

પ્રાણપક્ષ [સં.] ન. પ્રાણ હોડમાં મૂકવા તે.

પ્રાણપખે અ. જીવના જોખમે.

પ્રાણપતિ ૧. [સં.] પું. આત્મા.

૨. પું. ધણી; પતિ; સ્વામી; કંથ; વર; પ્રીતમ.

૩. પું. પરમેશ્વર; ઈશ્વર.

૪. પું. પ્રિય વ્યક્તિ.

૫ પું. વલ્લભ; આરાધ્ય.

૬. પું. હરિ.

પ્રાણપધારી સ્ત્રી પ્રાણ પધરવા તે; પ્રાણપંખેરું; કુશળાની.

પ્રાણપદા [સં.] સ્ત્રી. ઋદ્ધિ નામની ઔષધિ.

પ્રાણપરિગ્રહ [સં.] પું. જીવનનું જિવાડી.

પ્રાણપરિવર્તન [સં.] ન. કોઈ મરી ગયેલ માણસના આત્માને કોઈ જીવતા પુરુષના શરીરમાં બોલાવવો તે.

પ્રાણપંખી ન. જીવ; આત્મા; પ્રાણરૂપી પક્ષી

પ્રાણપંખીડું (પ્રાણપંખીડું) જુઓ પ્રાણપંખી.

પ્રાણપંખેરું જુઓ પ્રાણપંખી.

પ્રાણપંચક [સં.] ન. પાંચ મુખ્ય પ્રાણનો સમૂહ.

પ્રાણપિક [સં.] પું. ભોજ નામે સંપ્રદાય

પ્રાણપૂર્ણ [સં.] વિ. પ્રાણથી ભરેલું; ચૈતન્યવાળું.

પ્રાણપોક સ્ત્રી. પોકારાતું; મરતી વખતે લોક દીધેલા માણસના જમણા કાનમાં મોટેથી ઉચ્ચાર કરવો તે.

પ્રાણપોષક [સં.] વિ. પ્રાણ પોષનારું.

પ્રાણપોષી જુઓ પ્રાણપોષક.

પ્રાણપ્યારી સ્ત્રી. પ્રિયા; પત્ની; ભાર્યા.

પ્રાણપ્યારું વિ. જીવ જેટલું વહાલું.

પ્રાણપ્યારો ૧. પું. પ્રિય પતિ.

૨. પું વિ. પ્રાણ સમાન પ્રિય; અત્યંત વહાલો.

પ્રાણપ્રતિમા સ્ત્રી. પ્રાણપ્રતિષ્ઠા; પ્રાણસંચાર.

પ્રાણપ્રતિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. પૂજનની એક ક્રિયા. તેમાં હૃદય ઉપર હાથ મૂકી ક્રૌં, હ્રીં, હ્રૌં એમ કહી મારાં વાણી, મન, ત્વચા, ચક્ષુ, શ્રોત્ર, જિહ્વા અને પ્રાણ ઇંદ્રિયો જેવાં છે તેવાં અને વિષે આમો તથા સુખરૂપ થઈ તેમાં નિવાસ કરો એમ કહેવામાં આવે છે.

૨. સ્ત્રી. પ્રાણ ધારણ કરવો તે.

૩. સ્ત્રી. પ્રાણ ફૂંકવો તે.

૪. સ્ત્રી. મૂર્તિની સ્થાપના કરતા પહેલાં મંત્રો દ્વારા તેમાં પ્રાણનો આરોપ કરવો તે; મૂર્તિમાં જીવન આપવાની ક્રિયા; પ્રાણસંચાર.

પ્રાણપ્રદ ૧. [સં.] વિ. જીવન આપનાર.

૨. વિ. શરીરનું બળ, સ્વસ્થતા વગેરે વધારનાર.

પ્રાણપ્રદા ૧. [સં.] સ્ત્રી. ઋદ્ધિ નામની ઔષધિ.

૨. સ્ત્રી. હરડે.

પ્રાણપ્રયોગ [સં. પ્રાણ + પ્રયોગ (કામણકર્મ)] પું. વશીકરણવિદ્યા.

પ્રાણપ્રશ્ન [સં] પું. મુખ્ય સવાલ; સૌથી અગત્યનો સવાલ

પ્રાણપ્રિય ૧. [સં.] પું. અત્યંત પ્યારું માણસ.

૨ પું પતિ; સ્વામી.

૩ વિ. પ્રાણ જેવું પ્રિય; જીવ જેવું વહાલું.

પ્રાણપ્રિયા ૧. [સં.] સ્ત્રી. પ્રાણના જેવી વહાલી સ્ત્રી; ઘરિતા; પત્ની.

૨. વિ સ્ત્રી. અત્યંત વહાલી.

પ્રાણબલ [સં.] ન. આત્માની શક્તિ; આત્મબળ.

પ્રાણબળ જુઓ પ્રાણબલ.

પ્રાણબંધ [સં. પ્રાણ + બંધ (બાંધવું તે)] પું. સાચો મિત્ર

પ્રાણબાધ [સં.] પું. જીવનું જોખમ.

પ્રાણભક્ષ ૧. [સં.] પું. નાકથી સૂંઘવું તે.

૨. વિ. નાકથી સૂંઘનાર.

૩. વિ. માત્ર હવા લઈને જીવનાર.

પ્રાણભૃત ૧. [સં પ્રાણભૃત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રાણોનું ભરણપોષણ કરનારા, જેને જેવું અને જેટલું જોઈએ તેને તે પ્રમાણે આપનારા, જેને જે રસ્તેથી પ્રાણ જોઈએ તેને તે રસ્તેથી પ્રાણ આપનારા તે જ છે
૨. વિ. પ્રાણ ધારણ કરનાર.
૩. વિ. પ્રાણપોષક.

પ્રાણમય ૧. [સં.] પું. જીવના સ્વરૂપને ઢાકનાર વેદાંતપ્રસિદ્ધ એક કોષ સૂક્ષ્મશરીરમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ ત્રણ કોષ છે. પાંચ પ્રાણ અને પાંચ કર્મેંદ્રિય મળીને પ્રાણમય કોષ થાય છે
૨. વિ પ્રાણવાળું; પ્રાણાત્મક.
૩ વિ. પ્રાણપ્રિયક.

પ્રાણમયકોશ જુઓ પ્રાણમયકોષ.

પ્રાણમયકોષ [સં.] પું. (વેદાંત) જીવના પાંચ માંહેનો બીજો કોશ તે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન ને સમાનનો બનેલો મનાયો આવે છે. વેદાંતસારમાં પાંચ કર્મેંદ્રિયોને પણ પ્રાણમયકોષની અંદર માનેલ છે. આ પ્રાણમયકોષથી પ્રાણસને સુખ, દુઃખ વગેરેનું ભાન થાય છે. અન્નમયકોષ પ્રાણમયકોષ, મનોમયકોષ, વિજ્ઞાનમયકોષ અને આનંદમયકોષ એ પંચકોષ કહેવાય છે.

પ્રાણમુક્ત [સં.] વિ. જીવ રહિત; મરણ પામેલું.

પ્રાણમુદ્રા [સં.] સ્ત્રી. અંગૂઠો, તર્જનિકા અને અનામિકા ભેગી કરવાથી થતી મુદ્રા.

પ્રાણયાત્રા ૧. [સં.] સ્ત્રી. જીવનનિર્વાહ.
૨. સ્ત્રી. શ્વાસોચ્છ્વાસ; શ્વાસપ્રશ્વાસ આવવાજવાની ક્રિયા.

પ્રાણયાત્રિક [સં.] વિ. પ્રાણધારણનું સાધન ભોજન વગેરે કરનાર.

પ્રાણયુક્ત [સં.] વિ. જીવતું.

પ્રાણયોગ [સં.] પું પૂરક અને રેચક સહિત કુંભક કરવો અથવા પૂરક રેચક વિના જ કુંભક કરવો તેવો એક પ્રકારનો પ્રાણાયામ.

પ્રાણયોનિ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨ પું વાયુ

પ્રાણરજનરંજક [સં.] ન. નાડીમાં વહેતા લોહીની સાથે ભળેલું પ્રકૃત્યનુમિત્ર તત્ત્વ; 'હેમોગ્લોબિન'.

પ્રાણરક્ષણ [સં.] ન. જીવ બચાવવો તે.

પ્રાણરસ [સં.] પું કોષરસ; પ્રાણરક્ષક રસ; જીવનશક્તિ અને ક્રિયાશક્તિ આપનાર વનસ્પતિના અને પ્રાણીના કોષમાંનો ચીકણો અને ન્યૂનાધિક અંશે દાણાદાર પદાર્થ, 'પ્રોટોપ્લેઝમ.'

પ્રાણરંભ ૧. [સં] ન. નાક.
૨. ન. મુખ; મોઢું

પ્રાણરોધ ૧. [સં.] પું. પ્રાણાયામ.
૨. ન. અઠ્ઠાવીસ માંહેનું એક નરક. બ્રાહ્મણ થઈને કૂતરાં અને ગધેડાં પાળનાર તેમ જ ક્ષત્રિય અથવા વૈશ્ય થઈને ધર્મવિહિત કર્મ સિવાય શિકાર કરી હરણ મારનાર વગેરેને આ નરક ભોગવવું પડે એમ મનાય છે.

પ્રાણરોધન જુઓ પ્રાણાયામ.

પ્રાણલ પું. પ્રાણવાયુ સાથે મળી બનેલો મિશ્ર પદાર્થ.

પ્રાણલય [સં.] પું. હઠયોગની એક ક્રિયા. તેમાં કંઠ નમાવી જાલંધરબંધથી ઇડા પિંગલા નાડીઓને સ્તંભન કરવી. તે પછી પશ્ચિમ ભાગે સુષુમ્ણામાં પ્રાણવાયુને પૂરવો. આ વિધિથી વાયુની ગતિ બંધ થતાં પ્રાણવાયુ સ્થિર થઈ બ્રહ્મરંધ્રમાં સ્થિર થાય છે.

પ્રાણલિંગી ૧. પું. પ્રાણી; જીવ.
૨. વિ. પ્રાણવાળું.

પ્રાણલો પું. પરોણો; મહેમાન.

પ્રાણવધ [સં.] પું. હત્યા; પ્રાણઘાત; હત્યા

પ્રાણવલ્લભ ૧. [સં.] પું. પતિ; સ્વામી.
૨. પું. પ્રાણ સમાન વહાલો પુરુષ.
૩. વિ. પ્રાણપ્રિય; જીવ જેટલું વહાલું.

પ્રાણવલ્લભા ૧. સ્ત્રી. પ્રાણપ્રિયા; પ્રાણ સમાન વહાલી સ્ત્રી
૨. વિ.સ્ત્રી. અતિ વહાલી; પ્રાણ સમાન વહાલી.

પ્રાણવહા ૧. [સં.] સ્ત્રી. પ્રાણ ચલાવનારી શક્તિ.
૨. સ્ત્રી. શરીરની એક પ્રકારની નાડી. ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂષા, યશસ્વિની, અલંબુષા, કુહૂ અને શંખિની એ દસ પ્રાણવહા નાડી કહેવાય છે.

પ્રાણવંતું વિ. ચૈતન્યવાળું.

પ્રાણવાન ૧. [સં. પ્રાણવત્] પું. પ્રાણી; જીવ.
૨ વિ. તેજદાર; ચેતનવાળું; ચંચળ.
૩. વિ. પ્રાણવાળું; જીવતું.

પ્રાણવાયુ ૧. [સં.] પું જીવને આધારરૂપ વાયુ; 'ઑક્સિજન.' તેનું પરમાણુ વજન ૧૫.૯૬ છે.
૨ પું પ્રાણ; જીવ.
૩. પું. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ વાયુ. પ્રાણવાયુ હૃદયમાં રહે છે અને શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે. અપાન ગુદામાં રહે છે અને મલાદિકની અધોગમન ક્રિયા કરે છે. સમાન નાભિમાં રહે છે ને અન્નપાચનમા સહાય કરે છે. ઉદાન કંઠ દેશમાં રહે છે અને અન્નાદિકને ઊંચે લઈ જાય છે. વ્યાન આખા શરીરમાં રહે છે અને અન્ન રસાદિકનો નાડીઓમાં પહોંચાડે છે. ક્રિયાના ભેદથી જેમ એક જ વાયુના પ્રાણ વગેરે પાંચ ભેદ થાય છે, તેમ જ ક્રિયાના ભેદથી એક જ વાયુના નાગાદિ પાંચ ભેદ થાય છે. જેમકે, નાગ એટલે ઓડકારરૂપ ક્રિયા કરનારો વાયુ. કૂર્મ એટલે આંખમાં નિમેષ ઉન્મેષની ક્રિયા કરનારો વાયુ. કૃકલ એટલે છીંક આણનારો વાયુ. દેવદત્ત એટલે બગાસું આણનારો વાયુ ધનંજય એટલે શરીરને ફુલાવનારો વાયુ. મરી ગયા પછી પણ આ વાયુ શરીરમા રહે છે.

પ્રાણવાહક [સં.] વિ. પ્રાણ ટકાવી રાખનાર; પ્રાણપોષક; પ્રાણરક્ષક

પ્રાણવાહક તંતુ પું. ક્રિયાતંતુ; ઉદ્વાહક તંતુ; 'મોટર નર્વ.'

પ્રાણવાહિની જુઓ પ્રાણવહા.

પ્રાણવાહી જુઓ પ્રાણવાહક.

પ્રાણવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાણનું વર્ણન કરનાર શાસ્ત્ર. પરમાત્મામાંથી પ્રાણની ઉત્પત્તિ, શરીરમાં તેની આયાત, વાયુપસ્થ વગેરેમાં તેનો નિવાસ, સૂર્યાદિરૂપે બહારના જગતમાં અને પ્રાણાદિરૂપે આંતર જગતમાં તેની વ્યાપકતા આવી સાંગોપાંગ પ્રાણવિદ્યાને જાણનાર પુરુષ અમૃતનો આહાર કરે છે, અર્થાત્ દીર્ઘજીવન પ્રાપ્ત કરે છે.

પ્રાણવિદ્યુત [સં. પ્રાણ (જીવ) + વિદ્યુત (વીજળી)] સ્ત્રી. જીવવાની શક્તિ.

પ્રાણવિધાન [સં.] ન. સજીવન કરવું તે.

પ્રાણવિનિમય [સં.] પું. મન જાગૃત રહે પણ શરીરનું ભાન રહે નહિ એવી બેભાન બનાવવાની કે બૂરકો નાખવાની ક્રિયા; ઓજસસાક્ષ; સંમોહન; 'મેસ્મેરિઝમ'.

પ્રાણવિષયક વિ. ચેતનાત્મક.

પ્રાણવિસર્જન ૧. [સં.] ન. પ્રાણનો ત્યાગ કરવો તે; પ્રાણ છોડવાપણું
૨. ન. મૃત્યુ; મરણ.

પ્રાણવિહીન [સં] વિ. જીવ વગરનું.

પ્રાણવૃત્તિ [સં.] સ્ત્રી. પ્રાણ, અપાન, ઉદાન વગેરે પાંચ પ્રાણનું કાર્ય.

પ્રાણવ્યપરોપણ [સં.] ન. મારી નાખવું તે; વધ.

પ્રાણવ્યય જુઓ પ્રાણવિસર્જન.

પ્રાણવ્યાપારાભાવ [સં.] પું સમાધિ; આત્મા અને મનનું એકપણું. રાજયોગ, ઉન્મની, મનોન્મની, ચિત્તવ્યાપારાભાવ, ચિત્તપ્રલય, અમરત્વ, મૃત્યુત્યાગ, અદ્વૈત, નિરાભાસ નિરંજન, જીવન્મુક્તિ, સહજાવસ્થા એ સમાધિના પર્યાય છે.

પ્રાણશક્તિ [સં.] સ્ત્રી. શરીરમાં રહેલું ચૈતન્ય, બળ; જીવનશક્તિ

પ્રાણશરીર ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. ન. મનોમય સૂક્ષ્મશરીર. તેને વિદ્વાન તથા વિદ્યા હેતુરૂપ માનવામાં આવે છે.

પ્રાણશોષણ ૧. [સં.] ન. ભાણ. તે પ્રાણ હરી લઈ મૃત્યુ નિપજાવે છે.

૨. ન. મૃત્યુ; મરણ.

પ્રાણસખા [સં.] પું. પ્રાણપ્રિય મિત્ર.

પ્રાણસમ ૧. [સં.] પું. પ્રાણ સમાન વહાલો પતિ; સ્વામી; ધણી.

૨ વિ. જીવ બરોબર; પ્રાણ સમાન.

પ્રાણસમા ૧. [સં.] સ્ત્રી. સ્ત્રી; પ્રાણ સમાન પ્રિય પત્ની; જીવની બરાબર ગણાય તેવી સ્ત્રી.

૨. વિ.સ્ત્રી. પ્રાણ સમાન હોય એવી.

પ્રાણસમીર [સં. પ્રાણ + સમીર (વાયુ)] ન. પ્રાણવાયુ; 'ઑક્સિજન.'

પ્રાણસંકટ [સં.] ન. જીવનું જોખમ.

પ્રાણસંચાર [સં.] પું. જીવ પ્રકટ થવો તે.

પ્રાણસંદેહ [સં.] પું. જીવ જવાનો ડર.

પ્રાણસંન્યાસ [સં.] પું. પ્રાણ છોડી દેવા તે; મૃત્યુ; મોત.

પ્રાણસંયમ [સં.] પું. પ્રાણાયામ; પ્રાણવાયુની ગતિ રોકનાર એક વ્યાપાર.

પ્રાણસંવાદ ૧. [સં.] પું. ઉપનિષદનું એક પ્રકરણ. તેમાં પ્રાણની શ્રેષ્ઠતા બતાવવા માટે પ્રાણનો ઇન્દ્રિયો સાથે વિવાદ કરાવ્યો છે અને છેવટે પ્રાણની શ્રેષ્ઠતા સ્વીકારાઈ છે.

૨. પું. મુખ્ય પ્રાણનો ઇન્દ્રિયોની સાથે પોતાની શ્રેષ્ઠતા સંબંધે વિવાદ.

પ્રાણસંશય [સં.] પું. પ્રાણની સ્થિતિનો સંશય; જેથી પળું ફરી મરણ થાય તેવો વ્યાપાર; પ્રાણ રહેવાની કે ન રહેવાની શંકા.

પ્રાણસંહિતા [સં.] સ્ત્રી. વેદ જ્યોતિષનો એક ક્રમ. તેમાં એકવ્યાસે જેટલો વખારે પાઠ થઈ શકે તેટલો કરવામાં આવે છે.

પ્રાણસાર [સં.] વિ. માંસલ; માંસથી ભરેલું.

પ્રાણસૂત્ર [સં.] સ્ત્રી. ચોપડા માનસતત્ત્વ માટેની એ નામની એક દેવતા.

પ્રાણસૂત્રપરા જુઓ પ્રાણસૂત્ર.

પ્રાણસ્પર્શી [સં. પ્રાણસ્પર્શિન્] વિ. જીવને અસર કરે એવું.

પ્રાણહર ૧. [સં] ન. વિષ; ઝેર. તેનાથી પ્રાણ નીકળી જાય છે.

૨. વિ. જીવલેણ; નાશકારક; પ્રાણને હરનાર; પ્રાણ કાઢી નાખે એવું.

૩. વિ. શક્તિનો નાશ કરનાર; બળનાશક.

પ્રાણહરણ [સં.] ન. પ્રાણ હરી લેવો તે; મારી નાખવું તે.

પ્રાણહંતા [સં. પ્રાણહંતૃ] વિ. પ્રાણઘાતક; મરણ નીપજાવે એવું.

પ્રાણહાનિ [સં.] સ્ત્રી. જીવનું જોખમ.

પ્રાણહાર જુઓ પ્રાણહારક

પ્રાણહારક ૧. [સં.] ન. વછનાગ.

૨. વિ. પ્રાણઘાતક; જીવ હરી લે તેવું; જીવ લેનારું

પ્રાણહારી [સં. પ્રાણહારિન્] વિ. હિંસક; જીવ લેનારું; પ્રાણહર.

પ્રાણહિતા સ્ત્રી. ગોદાવરીને મળતી એ નામની એક નદી. તેની આસપાસના મુલકને જનસ્થાન કહેતા. વર્ધા, પેનગંગા અને વાઇનગંગા નામની ત્રણે નદીઓ મળીને આ નદી બનેલી છે.

પ્રાણહીન ૧. [સં.] વિ. ચેતન વગરનું.

૨. વિ. જીવ વિનાનું; મરી ગયેલું.

પ્રાણાંત ૧. [સં.] પું. રસાંજન નામનું અંજન.

૨. પું. વાયુ; હવા.

પ્રાણાંતી ૧. [સં.] સ્ત્રી. મુખ; મુખ.

૨. સ્ત્રી. ઊંઘ.

૩. સ્ત્રી. ઇંડી.

પ્રાણા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામે એક પત્નિણી તે અરણ્ય અને ગરુડની સાસુ હતી.

પ્રાણાકર્ષણવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાણવિનિમય આકર્ષણ કરનારી પ્રાણશક્તિને ઉપયોગમાં લઈ બીજાઓને વશ કરવાની વિદ્યા; 'હિપ્નોટિઝમ.'

> હિપ્નોટિઝમને પ્રાણવિનિમય કે પ્રાણાકર્ષણવિદ્યા કહે છે. વિદ્યાનંદસ્વામી કર્ષણ

પ્રાણાગ્નિ [સં.] પું. શરીરમાં સ્વપ્નાવસ્થામાં જમતો રહેતો પ્રાણરૂપી અગ્નિ. સ્વપ્નાવસ્થામાં પ્રાણરૂપી અગ્નિ જ એકલા આ શરીરમાં જમતે છે. અગ્નિહોત્રની કલ્પનાનો આશ્રય લઈ પ્રશ્નોપનિષદમાં ભગવાન પિપ્પલાદ સમજાવે છે કે, જ્યારે ઇન્દ્રિયો નિદ્રામસ્ત થાય છે, ત્યારે પાંચ પ્રાણો જ જમતા રહે છે. એ પ્રાણ અગ્નિરૂપ છે. અર્થાત્ જેમ અગ્નિમાં દાહક અને ઉષ્ણત્વાદિ શક્તિ છે, તેમ પ્રાણમાં પાચકાદિ અને જીવન ઉષ્ણત્વાદિ શક્તિ છે. આથી પ્રાણને અગ્નિ કલ્પવામાં આવેલ છે. આ શરીરરૂપી પુરમાં પ્રાણાગ્નિરૂપી રક્ષકો જમતા રહે છે અને તેથી જ ઊંઘતો માણસ મરી જતો નથી. વિદ્વાન પુરુષની પ્રત્યેક ક્રિયા એ યજ્ઞમય છે, તેથી જે માણસ આત્માનો વિદ્વાન છે તેની તો ઊંઘવાની ક્રિયા પણ અગ્નિહોત્રમય અર્થાત્ યજ્ઞમય જ બની જાય છે. અગ્નિહોત્રમાં ત્રણ અગ્નિઓ હોય છે, જેમ અપાન એ ગાર્હપત્ય અગ્નિ છે, આન દક્ષિણ અગ્નિ છે અને પ્રાણ આહવનીય અગ્નિ છે. જેમ સ્થૂળ અગ્નિહોત્રમાં આહવનીય યજ્ઞમાં આહુતિઓ સમર્પિત થાય છે, તેમ આહવનીય રૂપાથીય પ્રાણરૂપી અગ્નિમાં ઉચ્છ્વાસ ને નિઃશ્વાસરૂપ આહુતિઓ પ્રતિપળે અર્પિત થાય છે.

પ્રાણાગ્નિહોત્ર ૧. [સં.] પું. ભોજન વખતે પહેલાં પાંચ ગ્રાસ કરી એક એક ગ્રાસને પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા, વ્યાનાય સ્વાહા, ઉદાનાય સ્વાહા અને સમાનાય સ્વાહા એવી રીતે એક એક મંત્ર બોલી આવાની ક્રિયા.

૨. ન. એ નામે કૃષ્ણ યજુર્વેદીય એક ઉપનિષદ.

પ્રાણાઘાત ૧. [સં.] પું. કષ્ટ; પીડા.

૨. પું. હિંસા; હત્યા; મારી નાખવું તે

પ્રાણાચાર્ય ૧. [સં.] પું. આયુર્વેદ વિદ્યાલય તરફથી આયુર્વેદ નિષ્ણાતને અપાતી વૈદ્યકીય ઉપાધિ.

૨. પું. વૈદ્ય.

પ્રાણાતિપાત ૧. [સં] પું. (જૈન) અઢાર પાપોમાંનું એ નામનું એક પાપસ્થાનક; પરજીવના પ્રાણનો નાશ ચિંતવવારૂપ પાપ.

૨. પું. જીવહિંસા; પ્રાણીનો વધ કરવો તે.

પ્રાણાતિપાતવિરમણ [સં.] ન. (જૈન) અહિંસા નામે પાંચ મહાવ્રત કે અણુવ્રત માંહેનું પ્રથમ વ્રત. તેના બે ભેદ છે: દ્રવ્ય પ્રાણાતિપાતવિરમણ અને ભાવ પ્રાણાતિપાતવિરમણ.

પ્રાણાતિપાતિકી જુઓ પ્રાણાતિપાતી.

પ્રાણાતિપાતી ૧. [સં. પ્રાણાતિપાતિન્] વિ. જીવની હિંસા કરનાર.

૨. વિ. પ્રાણની અધોગતિ કરનાર.

પ્રાણાતિપાપ ન. આત્માને દુઃખી કરીને કરેલું પાપ.

પ્રાણાત્મક ૧. [સં.] વિ. પ્રાણમય.

૨. વિ. પ્રાણવિષયક.

પ્રાણાત્મવાદ [સં.] પું. જીવનની બાબતમાં પ્રવૃત્તિનો આધાર પ્રાણના અસ્તિત્વ ઉપર છે એવો મત.

પ્રાણાત્મવાદી [સં. પ્રાણાત્મવાદિન્ વિ. પ્રાણાત્મવાદમાં માનનારું

પ્રાણાત્મા [સં. પ્રાણાત્મન્] પું. પ્રાણ; લિંગાત્મા; જીવાત્મા.

પ્રાણાત્યય ૧. પું. પ્રાણ જવાનો કાળ

૨. [સં. પ્રાણ + અત્યય (નાશ)] પું. પ્રાણનો નાશ.

પ્રાણાદિમૂર્તસંજ્ઞાકાલ [સં.] પું. ખંડ કાલનો એક પ્રકાર. સામાન્ય રીતે સુદૃઢ અને નીરોગી મનુષ્ય કે જીવના એક અહોરાત્રમાં કેટલા શ્વાસોચ્છ્વાસ થાય છે તે સૈદ્ધાંતિક રીતે સમજી લઈ ઋષિમુનિઓએ જે પ્રમાણ નક્કી કરેલું છે તેને પ્રાણાદિમૂર્તસંજ્ઞાકાલ કહેવામાં આવે છે. એક અહોરાત્ર = ૨૧૬૮૦ શ્વાસોચ્છ્વાસ મનાય છે.

પ્રાણાદિમૂર્તસંજ્ઞાકાળ જુઓ પ્રાણાદિમૂર્તસંજ્ઞાકાલ

પ્રાણાધાર ૧. [સં.] પું. આધાર.
૨. પું. જીવન.
૩. પું. પતિ; વર; ધણી; સ્વામી; નાથ.
૪. પું. પ્રાણનો આધાર.
૫. વિ. અત્યંત પ્રિય; વહાલું.
૬. વિ. પ્રાણને આધાર કે આશ્રયરૂપ.

પ્રાણાધિક ૧. [સં.] પું. પતિ; સ્વામી.
૨. વિ. પ્રાણ કરતા વધારે પ્રિય; બહુ વહાલું; પ્રાણથી અધિક વહાલું.

પ્રાણાધિનાથ [સં] પું. પતિ; ધણી; સ્વામી.

પ્રાણાધિપ [સં.] પું. પ્રાણોના અધિષ્ઠાતા દેવતા.

પ્રાણાધ્યાસ [સં.] પું. પ્રાણને આત્મા માનવો તે.

પ્રાણાપહારી [સં. પ્રાણાપહારિન્] વિ. જીવલેણ; પ્રાણ હરી લે તેવું.

પ્રાણાપાન ૧. [સં.] પું. અશ્વિનીકુમાર.
૨. પું. પ્રાણ અને અપાનવાયુ.

પ્રાણાબાધ [સં.] પું. પ્રાણને થતી પીડા; જીવને થતું દુઃખ.

પ્રાણાભિસર [સં. પ્રાણ + અભિસર (સહાય)] પું. પ્રાણ આપનાર વૈદ્ય.

પ્રાણાયતન ૧. [સં. પ્રાણ + આયતન (ઘર)] ન. પ્રાણને રહેવાનું સ્થાન; મર્મસ્થાન; શરીરમાં રહેલ નવ છિદ્રરૂપ પ્રાણને રહેવાનાં મુખ્ય સ્થાન.
૨. ન. શરીરમાંથી પ્રાણને નીકળવાનો માર્ગ. વાગ્ભટકૃતસંહિતામાં બે કાન, નાકનાં બે છિદ્ર, બે આંખ, ગુદા, લિંગ અને મુખ એ પ્રાણ નીકળવાના નવ પ્રધાન માર્ગ બતાવેલા છે. મરણ વખતે આ નવ માંહેના કોઈ એક સ્થાનેથી જીવ નીકળે છે.

પ્રાણાયામ [સં.] પું. યોગનાં આઠ માંહેનું એક અંગ; પ્રાણની ગમનાગમન રૂપ વૃત્તિને અટકાવવી તે; નિઃશ્વાસ અને ઉચ્છ્વાસની ગતિને રોકવાનો વ્યાપાર; પેટમાંના વાયુને નાકનાં છિદ્રો દ્વારા પ્રયત્નપૂર્વક બહાર કાઢવાની તથા બહારના વાયુને યથાશક્તિ અંદર ખેંચી ધારણ કરી રાખવાની ક્રિયા. અંતર્બહિર્દર્શનમાં શ્વાસપ્રશ્વાસની ગતિના વિચ્છેદને પ્રાણાયામ માનેલ છે. બહારના વાયુને અંદર લેવો તે શ્વાસ, અંદરના વાયુને બહાર કાઢવો તે પ્રશ્વાસ. આ બંને પ્રકારના વાયુની ગતિને પ્રયત્નપૂર્વક ધીરે ધીરે ઓછી કરવી તેનું નામ પ્રાણાયામ છે. તેની ત્રણ વૃત્તિઓ માની છે: બાહ્ય, આભ્યંતર અને સ્તંભ. આ ત્રણને રેચક, પૂરક અને કુંભક પણ કહે છે. અંદરના વાયુને બહાર કાઢવો તે રેચક, બહારના વાયુને અંદર લેવો તે પૂરક અને અંદરના એકેક વાયુને ઉદર વગેરેમાં ભરવો તે કુંભક. આ ત્રિવિધ એક વધારે શક્તિ છે તેને બાહ્યાભ્યંતર વિષયક્ષેપી કહે છે. તેમાં શ્વાસપ્રશ્વાસની બાહ્ય તથા આભ્યંતર બંને વૃત્તિઓનો નિરોધ કરી તેને રોકી દે છે. આ ચારે વૃત્તિઓના દેશ, કાળ અને સંખ્યાના ભેદ પ્રમાણે દીર્ઘ અને સૂક્ષ્મ એવા બબ્બે પ્રકાર છે. યોગશાસ્ત્રમાં પ્રાણાયામનો મોટો મહિમા છે. પતંજલિએ તેનું એવું ફળ માન્યું છે કે, તેથી પ્રકાશનું આવરણ ક્ષીણ થાય છે અને યોગનું છઠું અંગ જે ધારણા તેમાં યોગ્યતા થાય છે. પ્રાણના નિરોધથી ચિત્તની ચંચળતા દૂર થાય છે અને યોગીને પ્રત્યાહાર, એટલે મન અને ઇંદ્રિયોને વિષયથી વારવાં તે, સુગમ થાય છે. યોગાભ્યાસ માટે પ્રાણાયામ પ્રધાન કર્મ મનાયું છે. આ સિવાય પ્રાણાયામ એ સંધ્યાનું એક અંગ છે. શાસ્ત્રોમાં તેને સર્વથી શ્રેષ્ઠ તપ માનેલ છે અને કહેલ છે કે, પ્રાણાયામથી બધી જાતનાં પાપ નાશ પામે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સવિકલ્પસમાધિ એ આઠ યોગનાં અંગ કહેવાય છે. યમ, નિયમ અને આસન એ જયથી બારે આત્મા વગેરે નિયમન સારે પ્રાણાયામ કરવા. યમ વગેરે થયા છતાં પણ ચિત્તવૃત્તિનો નિરોધ ન થાય ત્યારે પ્રાણાયામની જરૂર છે. ચિત્તવૃત્તિને વિષયોમાં પ્રવર્તાવનાર પ્રાણ છે પ્રાણનું જ્યું આવ્યું થાય તે પ્રમાણે ચિત્ત પણ ભમાવ કરે છે, માટે પ્રાણને રૂંધ્યો હોય તો ચિત્ત પણ સ્થિર થાય. મનુષ્યદેહમાં શ્વાસોચ્છ્વાસ ઊઠીને જેને હૃદયે જીવનક્રિયા થાય છે, તે વાયુનું નામ પ્રાણ. તેનાં સ્થાનભેદે જુદાં જુદાં નામ છે. હૃદયમાંનો વાયુ પ્રાણ, ગુદામાંનો અપાન, નાભિમાંનો સમાન, કંઠમાંનો ઉદાન અને સર્વ શરીરમાંનો તે વ્યાન કહેવાય છે. જે તે સ્થાનમાં રહી ત્યાંનાં કર્મ પણ આ જુદા પ્રાણ ચલાવે છે. કર્મ ગાત્ર ઉપર દૃષ્ટિ કરી કોઈ કોઈ નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એમ પ્રાણના દસ ભેદ પણ માને છે. પ્રાણ સર્વવ્યાપી છે. તેનું બહારસ્થાન સૂર્ય છે. તેમાંથી પ્રાણ બધે પ્રસરે છે અને ચંદ્રથી તે પોષાય છે. ચંદ્રની ગતિ પ્રમાણે દેહનો પ્રાણ પણ ગતિ કરે છે. રાત્રિદિવસમાં મનુષ્યનો પ્રાણ બાર વાર બદલાય છે. જમણી નાસિકામાં પ્રાણનું વહેવું તેને સૂર્ય અથવા પિંગલા કહે છે. ડાબીમાંથી વહેવું તેને ચંદ્ર અથવા ઇડા કહે છે ને ઉભયમાંથી વહેવું તેને સુષુમ્ણા કહે છે. ચંદ્ર, પ્રાણ, જલ, પૃથ્વી એ તત્ત્વ સાત્ત્વિક કર્મમાં સિદ્ધિદાતા છે. સૂર્ય, પ્રાણ, તેજતત્ત્વ એ રાજસી કર્મમાં સિદ્ધિદાતા છે. સુષુમ્ણા તથા આકાશતત્ત્વ, શુદ્ધિ, ભક્તિ, જ્ઞાન વગેરેમાં સિદ્ધિદાતા છે. વાયુતત્ત્વ સાધારણ છે. પ્રાણને સ્વર પણ કહે છે.

પ્રાણાયામશક્તિ [સં.] સ્ત્રી. પ્રાણાયામ કરવાની શક્તિ.

પ્રાણાયામાસન [સં.] ન. યોગનું એ નામનું એક આસન; પ્રાણાસન.

પ્રાણાયામી [સં. પ્રાણાયામિન્] વિ. પ્રાણાયામ કરનાર.

પ્રાણાર્દ્ર [સં.] ન. પ્રાણવાયુ અને આર્દ્રવાયુનું મિશ્રણ.

પ્રાણાર્પણ [સં.] ન. જીવ આપવો તે; પ્રાણદાન; પ્રાણનો ભોગ.

> યજ્ઞના છે બધા અર્થ સ્વધર્મનિષ્ઠ એહ જ,
> ભરી અંજલિને અર્પે પ્રાણાર્પણ પરાયણ.
>
> ગાંધીગીતા

પ્રાણાવયવ [સં.] પું. શરીરનું મુખ્ય અંગ.

પ્રાણાસન [સં.] ન. (યોગ) ચોરાશી માંહેનું એ નામનું એક આસન; પ્રાણાયામાસન. આ આસનથી મન, રક્ત અને નાડીઓની શુદ્ધિ થતી મનાય છે તથા પ્રાણનું અધોભાગમાં આકર્ષણ થાય છે.

પ્રાણાહુતિ ૧. [સં.] સ્ત્રી. પ્રાણનો ભોગ આપવો તે; દેહદાન; જીવ દેવો તે; પ્રાણાર્પણ.
૨. સ્ત્રી. પ્રાણાગ્નિહોત્ર; ભોજનની પહેલાં પહેલા પાંચ ગ્રાસ કાઢીને એક એક ગ્રાસને પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા, વ્યાનાય સ્વાહા, સમાનાય સ્વાહા અને ઉદાનાય સ્વાહા એવી રીતે એક એક મંત્ર ભણીને ખાવાની ક્રિયા.

પ્રાણાંત ૧. પું. પ્રાણ જાય તેવું સંકટ.
૨. [સં.] પું. પ્રાણનો અંત આવવો તે; મૃત્યુ.

પ્રાણાંતક [સં.] વિ. હિંસક; પ્રાણઘાતક; જીવલેણ; મૃત્યુ ઉપજાવનાર.

પ્રાણાંતિક ૧. [સં.] વિ. જીવ જાય એ હદનું; મરણ જેનું ફળ હોય તેવું. પ્રાયશ્ચિત્ત માટે વપરાય છે.
૨. અ. જીવ જતાં સુધી.

પ્રાણાંતે અ. પ્રાણ જાય તોપણ; જીવ જાય છતાં.

પ્રાણિજ ૧ [સં.] વિ. પ્રાણીઓ બનાવેલું.

૨. વિ. પ્રાણીઓના શરીરમાંથી ઉત્પન્ન થયેલું; પ્રાણીઓથી ઉત્પન્ન થયેલું.

પ્રાણિજઅંગાર [સં. પ્રાણિજ (પ્રાણીમાંથી બનેલું) + અંગાર (કોલસો)] પું. પ્રાણિજ કોયલો; 'ઍનિમલ ચાર્કોલ'.

પ્રાણિજકોયલો જુઓ પ્રાણિજઅંગાર.

પ્રાણિજવિદ્યુત [સં પ્રાણિજ + વિદ્યુત (વીજળી)] સ્ત્રી. સેન્દ્રિય પ્રાણી તથા વનસ્પતિની અંદર રહેલી વીજળી; 'ઑર્ગેનિક ઇલેક્ટ્રિસિટિ.'

પ્રાણિજશાસ્ત્ર [સં.] ન. પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર.

પ્રાણિત [સં] વિ. જીવવાળું; જીવતું; પ્રાણયુક્ત.

પ્રાણિદ્યુત ૧. [સં.] ન. ગેંડા, તેતર, ઘોડા વગેરેની લડાઈ અથવા દોડ વગેરે ઉપર લગાડવામાં આવતી શરત; લડતાં પ્રાણીઓની બાબતમાં રમાતો જુગાર.

૨. ન. શરત કરી પ્રાણીઓનું યુદ્ધ કરાવવું તે.

પ્રાણિમાતા [સં. પ્રાણિમાતૃ] સ્ત્રી. એક જાતની ક્ષુપ વનસ્પતિ.

પ્રાણિયા ૧. પું. પ્રાણી.

૨. વિ. જીવવાળું; પ્રાણયુક્ત.

પ્રાણિયો પું. જીવ; પ્રાણ. પદ્યમાં વપરાય છે.

પ્રાણિલ ન. કોઈ પણ તત્ત્વ અને પ્રાણવાયુના સંયોગથી ઉત્પન્ન થતો પદાર્થ; પ્રાણવાયુ સાથે કોઈ ધાતુ મળી થયેલો મિશ્ર પદાર્થ; ઑક્સાઇડ.'

પ્રાણિવિદ્યા [સં.] સ્ત્રી. બહુદા; પાવડી.

પ્રાણી ૧. [સં. પ્રાણિન્] પું. મનુષ્ય; વ્યક્તિ.

૨. ન. જીવ; જીવાત્મા; ચેતન; જીવંત અથવા જેને લાગણી થાય તેવું પ્રાણી; જેનામાં પ્રાણ હોય છે તે શ્વાસ લેનાર જીવતો જીવ. પ્રાણી શબ્દમાં મનુષ્ય તેમ જ મનુષ્યેતર સમસ્ત સજીવ સૃષ્ટિનો સમાવેશ થાય છે. તે ચાર જાતના હોય છે: ઉદ્ભિજ્જ, સ્વેદજ, અંડજ અને જરાયુજ, અથવા માણસ, દ્વિપાદ, ચતુષ્પાદ અને સર્પ. તેની જાત: (૧) જંગમ પ્રાણી: હરિણ, (૨) બિલસ્થ પ્રાણી: સસલાં, (૩) યુદ્ધાસ્ત્ર પ્રાણી: સિંહ, વાઘ, (૪) વર્ણભૂત પ્રાણી: વાંદરાં, (૫) વિષ્ક્રિર પ્રાણી: તેતર, (૬) પ્રતુદ પ્રાણી: કાબર, હોલો, (૭) પ્રસહ પ્રાણી: કાગડો, ગીધ; (૮) ક્રામ પ્રાણી: બકરાં, ઘેટાં, (૯) કુલેચર પ્રાણી: પાડા, હાથી, (૧૦) પ્લવ પ્રાણી: હંસ, સારસી. ન્યૂયૉર્કના પ્રાણીસંગ્રહસ્થાનના નિયામક ડૉક્ટર હૉર્નેડે પ્રાણીઓની ૪૦૦ જાત ગણાવી છે. ડૉક્ટર ગ્રોસ્કે માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં જુદાં જુદાં પ્રાણીઓ ઉપર અખતરા કરીને સૌથી બુદ્ધિશાળી પ્રાણીઓની એક કમબાર યાદી તૈયાર કરી છે. તેમાં ચિમ્પાન્ઝી વાંદરો મોખરે આવે છે. તે પછી ઓરાંગઉટાંગ વાંદરો બીજો, હાથી ત્રીજો, ગોરીલો વાંદરો ચોથો, પાળેલો કૂતરો પાંચમો, બીવર છઠ્ઠો, પાળેલો ઘોડો સાતમો, ઢોરેવાઈ સિંહ આઠમો, રીંછ નવમો અને પાળેલી બિલાડી દસમો દરજ્જો ભોગવે છે. પ્રાણીઓમાં કાચબો લાંબી જિંદગી ભોગવે છે. અનુકૂળ સંજોગોમાં તે ૩૦૦થી ૪૦૦ વર્ષ સુધી જીવી શકે છે. સને ૧૮૦૬માં લંડનના પ્રાણીસંગ્રહસ્થાનમાં એક કાચબો ૩૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યાની નોંધ કરવામાં આવી છે. તે જ રીતે મગર પણ ૩૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી શકે છે. કહેવાય છે કે, ટોડ એટલે એક જાતનો દેડકો પચ્ચર અને ઝાડ નીચે આવરો મેળવી હજારો વર્ષ સુધી જીવન નિભાવી શકે છે. આ વાત કદાચ માનવામાં ન પણ આવે. હાથીને ઊછરતાં તેમ જ નાશ પામતાં લાંબો વખત લાગે છે. ઉત્તમ આતરબરદાસ્ત મળે તો તે એક સૈકા સુધી જીવી શકે છે. ૭૨૦ પક્ષીની પણ તેટલી જ લાંબી જીવનદોરી મનાય છે. વળી કેટલાકનું મારવું છે કે, ૭૦૦ પક્ષી અસો વર્ષ સુધી જીવી શકે છે. મગરમચ્છનું આયુષ્ય ૫૦૦ વર્ષનું મનાય છે. કેટલાક પદ્ધતિસર મગરમચ્છની ઉમર ૧૦૦૦ વર્ષની પણ માનવામાં આવે છે. નીચે આપેલ આંકડાઓ ઉપરથી સામાન્ય રીતે પ્રાણીઓનું આયુષ્ય જાણી શકાય છે: સસલું ૫, ઘેટું ૧૨, બિલાડી ૧૩, કૂતરો ૧૫, બકરી ૧૫, ગાય ૨૫, ડુક્કર ૨૫, ઘોડો ૨૭, ઊંટ ૪૦, સિંહ ૪૦, હાથી ૧૦૦, મગર ૩૦૦, કાચબો ૩૫૦, મગરમચ્છ ૫૦૦. કેટલાંક પક્ષીઓનાં આયુષ્ય નીચે પ્રમાણે અટકળાય છે: સારિકા ૧૦, મરઘી ૧૪, બાવરી ૧૮, તેતર ૧૫, ચુલબુલ ૧૮, કબૂતર ૨૦, બગલો ૨૪, કાગડો ૨૪, મોર ૪૦, ચકલી ૫૦, હંસ ૬૦, પોપટ ૬૦, ટીમ ૧૦૦, રાજહંસ ૧૦૦. આ ઉપરથી જોઈ શકાય છે કે, મનુષ્યો કરતાં કેટલાંક અન્ય પ્રાણીઓ વધુ આયુષ્ય ભોગવી શકે છે. મનુષ્ય બાબતે જ ૭૦–૮૦ વર્ષનું આયુષ્ય ભોગવી શકે છે, કારણ કે તેનું જીવન અકુદરતી છે અને દિવસે દિવસે વધુ અકુદરતી બનતું જાય છે. મનુષ્ય જો જંગલી અવસ્થામાં રહે, તો કદાચ પણ તે લાંબી જિંદગી જરૂર ભોગવી શકે.

૩. ન. પુરુષ અથવા સ્ત્રી. કોઈ કોઈ પ્રાંતમાં પુરુષ પોતાની સ્ત્રી માટે અને સ્ત્રી પોતાના પતિ માટે પ્રાણી શબ્દ વાપરે છે.

૪. વિ. પ્રાણવાળું; ચેતનવાળું; જીવવાળું.

પ્રાણી ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર ન. પ્રાણીના શરીરના જુદા જુદા અવયવ, કયાં કયાં કાર્ય કેવી રીતે કરે છે, કયા કયા સંજોગોમાં તેઓ વધતાઓછા પ્રમાણમાં વ્યાપાર કરે છે વગેરે જણાવનાર શાસ્ત્ર.

પ્રાણીઉછેર પું. પ્રાણીઓને ઉછેરવાં તે.

પ્રાણીઔષધ ન. પ્રાણીઓ માટેની દવા.

પ્રાણીઔષધવિદ્યા સ્ત્રી. પ્રાણી સંબંધી ઔષધોપચારની વિદ્યા.

પ્રાણીગમન [સં. પ્રાણિન્ (પ્રાણવાળું) + ગમન (જવું તે)] ન. પ્રાણી વગેરેની સાથે કીડા કરવી તે.

પ્રાણીગૃહ [સં. પ્રાણિન્ (જીવ) + ગૃહ (ઘર)] ન. જનાવર સંગ્રહાલય; પ્રાણીસંગ્રહસ્થાન; 'ઝૂ'.

પ્રાણીચિત્રકાર [સં. પ્રાણિન્ + ચિત્રકાર] પું. પ્રાણીઓનાં ચિત્ર દોરનાર વ્યક્તિ.

પ્રાણીચુંબકતા [સં. પ્રાણિન્ + ચુંબકતા (આકર્ષણ)] સ્ત્રી. પ્રાણીઓનું ઓછીવત્તી તરેહનું આકર્ષણ; 'ઍનિમેન્દ્રિઝમ.'

પ્રાણીજગત [સં. પ્રાણિન્ + જગત્ (દુનિયા)] ન. જનવરોની દુનિયા.

પ્રાણીજનન [સં. પ્રાણિન્ + જનન (પેદા કરવું તે)] ન. પ્રાણીઓને જન્મ આપવા સંબંધની ક્રિયા.

પ્રાણીજનનવાદ [સં. પ્રાણિન્ + જનન (પેદા કરવું તે) + વાદ (મત)] પું. પ્રાણીજન્મ સંબંધનો તર્ક.

પ્રાણીજન્ય જુઓ પ્રાણિજ.

પ્રાણીજીવન ૧. [સં. પ્રાણિન્ (પ્રાણી) + જીવન (જીવવું તે)] ન. પ્રાણીઓની જીવવા રહેવા વગેરેની રહેણીકરણી

૨. ન. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. પ્રાણ નામના વાયુથી પ્રાણીઓનું જીવન રાખતા હોવાથી વિષ્ણુ પ્રાણજીવન કહેવાય છે

પ્રાણીત્વ [સં.] ન. કરજ; દેવું; ઋણ.

પ્રાણીદર્શક નામ ન. (વ્યાકરણ) પ્રાણી દર્શાવતું નામ; પ્રાણીવાચક નામ.

પ્રાણીદેહવિદ્યા [સં. પ્રાણિન્ (પ્રાણી) + દેહ (શરીર) + વિદ્યા] સ્ત્રી પ્રાણીના અવયવો સંબંધી વિદ્યા; 'ઝૂ ફિઝિયોલૉજિ'.

પ્રાણીદ્રુમ [સં. પ્રાણિન્ + દ્રુમ (ઝાડ)] ન. બજારના દેખાવ, વિકાસ વગેરેમાં કાર્બન ઝાડને મળતું આવતું પ્રાણી

પ્રાણીધર્મગુણવિદ્યા સ્ત્રી. દેહધર્મવિદ્યા; પ્રાણી તથા વનસ્પતિ ગુણધર્મ.

પ્રાણીધર્મવિદ્યા સ્ત્રી. પ્રાણીઓના ધર્મની માહિતી આપનારી વિદ્યા; પ્રાણીઓની રચના, જન્મવિદ્યા, વિકાસ, વર્ગીકરણ, ટેવ વગેરે જીવતાં અને લુપ્ત થઈ ગયેલાં પ્રાણીઓને લગતી બાબતનું જીવનવિદ્યાના આધારે વર્ણન કરનાર પ્રાણીસૃષ્ટિવિષયક વિદ્યા.

પ્રાણીપતિનર પું. પ્રાણીઓમાં શ્રેષ્ઠ નર.
પ્રાણીપતિનર પ્રાણનાથનાં બીજ મોક્ષ પામિયા. બળવંતરાય ઠાકોર

પ્રાણીપાલન ન. પ્રાણીઓને પોષી મોટાં કરવાં તે; પ્રાણીસવર્ધન.

પ્રાણીપીડન (પ્રાણીપીડન) ન. પ્રાણીને પીડા કે દુઃખ દેવું તે.

પ્રાણીપીડા (પ્રાણીપીડા) સ્ત્રી. પ્રાણીઓ તરફ કરતા.

પ્રાણીપૂજક વિ. પ્રાણીઓની પૂજા કરનાર.

પ્રાણીપૂજન ન. પ્રાણીઓની પૂજા.

પ્રાણીપૂજા જુઓ પ્રાણીપૂજન.

પ્રાણીપ્રદર્શન ન. પ્રાણીઓનું પ્રદર્શન.

પ્રાણીપ્રેમ પું. પ્રાણીઓ પ્રત્યે હેત.

પ્રાણીપ્રેમી વિ. પ્રાણીઓ ઉપર પ્રેમ રાખનાર.

પ્રાણીભક્ષી પું. બીજ અને જીવતાં જાનવર ખાઈને જીવનાર પ્રાણી.

પ્રાણીજન્ય વિ. મુખ વગેરે અંગમાંથી ઉત્પન્ન થતું. બનાવટના સંબંધમાં વપરાય છે.

પ્રાણીમનોધર્મવિદ્યા સ્ત્રી. પ્રાણીઓનું મનોવિજ્ઞાન.

પ્રાણીમિતિ સ્ત્રી. પ્રાણીઓના આંકડાનું માપ અને તેના આપેક્ષ મહત્ત્વના નિર્ણયનું શાસ્ત્ર; 'બાયોમેટ્રિ'.

પ્રાણીમેધ પું. પ્રાણીઓની હિંસા કરી કરાતી યજ્ઞ.

પ્રાણીરક્ષક વિ. પ્રાણીઓનું રક્ષણ કરનાર.

પ્રાણીરક્ષણ ન. પ્રાણીઓનું રક્ષણ કરવું તે; જીવરક્ષા.

પ્રાણીરસ પું. જનાવરની રસી; ઉત્સ.

પ્રાણીરસાયનવિદ્યા સ્ત્રી. પ્રાણીઓને લગતું રસાયનશાસ્ત્ર; પ્રાણીના શરીરમાં રહેલ પ્રવાહી તથા ઘન પદાર્થને લગતું રસાયનશાસ્ત્ર; 'બાયોકેમિસ્ટ્રિ'.

પ્રાણીરસી સ્ત્રી. પ્રાણીના શરીરમાંથી ખેંચેલી રસી.

પ્રાણીરાજ્ય ન. પ્રાણીસૃષ્ટિ.

પ્રાણીવનસ્પતિ સ્ત્રી. માંસાહારી વનસ્પતિ; 'એનિમલ પ્લેન્ટ'.

પ્રાણીવર્ગ પું. પ્રાણીસૃષ્ટિ.

પ્રાણીવર્ણન ન. પ્રાણીઓનું વર્ણન; પ્રાણીઓ સંબંધી વૃત્તાંત.

પ્રાણીવાચક વિ. પ્રાણીદર્શક; પ્રાણીને સૂચવનારું.

પ્રાણીવાચક નામ ન. (વ્યાકરણ) એક પ્રકારનું નામ; પ્રાણીદર્શક નામ.

પ્રાણીવાસવર્ણન ન. પશુઓના રહેઠાણનું વર્ણન; પશુગૃહવર્ણન; પ્રાણીવાસવિવરણ.

પ્રાણીવાસવિવરણ જુઓ પ્રાણીવાસવર્ણન.

પ્રાણીવિજ્ઞાન ન. પ્રાણીમાત્રની જુદી જુદી જાત, ઉત્પત્તિ, સ્વભાવ આદિનું વર્ણન આપનારું શાસ્ત્ર.

પ્રાણીવિજ્ઞાન શાસ્ત્ર જુઓ પ્રાણીવિજ્ઞાન.

પ્રાણીવિદ્યા સ્ત્રી. પ્રાણીવર્ગનું વર્ણન કરનાર શાસ્ત્ર; પ્રાણીઓનાં જીવનને લગતું શાસ્ત્ર; પ્રાણીઓની રચના, જન્મવિદ્યા, વિકાસ, વર્ગીકરણ, ટેવ વગેરે જીવતાં અને લુપ્ત થઈ ગયેલાં પ્રાણીઓને લગતી બાબતોનું જીવવિદ્યાના આધારે વર્ણન કરનાર પ્રાણીસૃષ્ટિવિષયક વિદ્યા; 'ઝૂલોજી'.

પ્રાણીવિદ્યાવિદ્ વિ. પ્રાણીવિદ્યા જાણનાર; પ્રાણી અને તેના સંબંધી જ્ઞાન ધરાવનાર; પ્રાણીના શરીરનો શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ કરનાર.

પ્રાણીવૃત્તાંત ન. પ્રાણીઓ સંબંધી વૃત્તાંત; પ્રાણીઓના વર્ગીકરણ વગેરે બાબતનું વર્ણન.

પ્રાણીવેત્તા ૧. પું. પ્રાણીવિદ્યા જાણનાર માણસ; પ્રાણીવિદ્યાનો અભ્યાસી પુરુષ; 'ઝૂલોજિસ્ટ'.
૨. વિ. પ્રાણીવિદ્યામાં પ્રવીણ.

પ્રાણીવૈજ્ઞાનિક વિ. પ્રાણીશાસ્ત્રનો વિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસ કરનાર.

પ્રાણીવ્યવચ્છેદવિદ્યા સ્ત્રી. પ્રાણીઓ ઉપર શસ્ત્રક્રિયા કરવાની વિદ્યા.

પ્રાણીશરીરરસાયન ન. પ્રાણીના કદ, આકાર, અંગ તેમજ તે અંગોનું પરસ્પર સંબંધ જણાવનાર શાસ્ત્ર.

પ્રાણીશાવલ પું. ઉજ્જૈનમાં મહાકાલની યાત્રા કરતા આવતા એ નામના એક દેવ.

પ્રાણીશાલા સ્ત્રી. પ્રાણીઓનું સંગ્રહસ્થાન.

પ્રાણીશાસ્ત્ર ન. પ્રાણીઓને ઉછેરવા સંબંધી માહિતીવાળું શાસ્ત્ર.

પ્રાણીશાસ્ત્રી વિ. પ્રાણીશાસ્ત્ર જાણનાર.

પ્રાણીશાળા જુઓ પ્રાણીશાલા.

પ્રાણીસંગ્રહ ૧. [સં.] પું. જુદી જુદી જાતનાં પ્રાણીઓ એકઠાં કરવાં તે.
૨. પું. જુદી જુદી જાતનાં પ્રાણીઓનો એકઠો કરેલો જથ્થો.

પ્રાણીસંગ્રહસ્થાન જુઓ પ્રાણીસંગ્રહાલય.

પ્રાણીસંગ્રહાલય ન. પ્રાણીઓનું સંગ્રહસ્થાન; પ્રાણીના સંગ્રહવાળું સ્થળ.

પ્રાણીસંરક્ષણ ન. પ્રાણીઓનું રક્ષણ.

પ્રાણીસંવર્ધન ૧. ન. પ્રાણીઉછેરને લગતું શાસ્ત્ર.
૨. ન. પ્રાણીઓને ઉછેરી તેનો વિકાસ સાધવો તે.

પ્રાણીસૃષ્ટિ સ્ત્રી. પ્રાણી માત્ર; તમામ પ્રાણી. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ વચ્ચે હાલના સમયમાં તફાવત નથી. દરિયાઈ કમળ એક પ્રકારનો સ્વચ્છંદી છોડ છે કે જેનું મુખ મુખ્યત્વે કરીને અનિજનું છે. દરિયાઈ એમિબા કે જે બરોબર કૃમિ જેવું દેખાય છે તે ખરી રીતે પ્રાણી છે. ઓકનું ઝાડ શિયાળામાં રીંછ અને કાચબાની માફક ઊંઘે છે.

પ્રાણીહિંસા સ્ત્રી. પ્રાણીનો વધ.

પ્રાણીહિંસાપરાયણ વિ. પ્રાણીઓની હિંસા કરવાવાળું.

પ્રાણે ન. (જૂ. ગુ.) પરાણે; બળથી.

પ્રાણેશ ૧. [સં.] પું. એ નામનો એક મરુત. ધ્વસન, સ્પર્શન, વાયુ, અનિલ, પ્રાણ, પ્રાણેશ અને જીવ એ સાત મરુત છે.
૨. [સં. પ્રાણ (જીવ) + ઈશ (રાજા કરનાર)] પું. પ્રભુ.
૩. પું. પ્રિય પતિ; ધણી; પતિ; નાથ; ભરથાર.
૪. પું. પ્રેમી વ્યક્તિ; ખાવિંદ.
૫. પું. વાયુ.

પ્રાણેશા [સં.] સ્ત્રી. પત્ની; ભાર્યા; સ્ત્રી.

પ્રાણેશ્વર ૧. [સં.] પું. પતિ; સ્વામી; ધણી.
૨. પું. પ્રાણ એ જ ઈશ્વર; ઈશ્વરરૂપ પ્રાણ.
૩. પું. પ્રેમી વ્યક્તિ.
૪. પું. વાયુ.

પ્રાણેશ્વરી [સં.] સ્ત્રી. પ્રિયા; સ્ત્રી; ધર્મપત્ની; પ્રાણપ્રિયા.

પ્રાણૈષણા [સં.] સ્ત્રી. જીવનની ઇચ્છા; જીજીવિષા.

પ્રાણોત્ક્રમણ [સં.] ન. મૃત્યુ; અવસાન; પ્રાણોત્ક્રાંત.

પ્રાણોત્સર્ગ [સં.] પું. આત્મભોગ.
પ્રાણોત્સર્ગ કરવા પ્રાણ પૂરવાની કે પોતાના પ્રાણથી અન્યને પ્રાણવાન કરવાની સઘળી ક્રિયા વીરતાના ગુણમાં આવી શકાય. ન્હાનાલાલ

પ્રાણોપહાર [સં.] પું. ભોજન; આહાર.

પ્રાણોપાસના [સં.] સ્ત્રી પ્રાણની ઉપાસના; પ્રાણાયામ. જે મનુષ્ય પ્રાણની ઉપાસના કરે છે એટલે કે જીવનભર પોતાના પ્રાણને સ્વસ્થ રાખે છે, તે માણસને પહેલું ફળ એ મળે છે કે, તેની પ્રજાનો તાંતણો તૂટતો નથી, એટલે કે પ્રાણવાન પુરુષની પ્રજા કદી ક્ષણાયુષી કે અલ્પાયુષી કે રોગિષ્ઠ થતી નથી. બીજું ફળ એ છે કે, તેવો માણસ અમૃત થાય છે, એટલે કે તેવો મનુષ્ય દીર્ઘજીવી થાય છે, પૂરાં હજારો સો વરસ જીવે છે. તાત્પર્ય કે, પરમાત્મામાંથી પ્રાણની ઉત્પત્તિ, શરીરમાં તેની આપાત, પાપુપરક વગેરેમાં તેનો નિવાસ, સૂર્ય આદિરૂપે બહારના જગતમાં અને પ્રાણાદિરૂપે આંતર જગતમાં તેની વ્યાપકતા, આવી સાંગોપાંગ પ્રાણવિદ્યાને જાણનાર પુરુષ અમૃતનો આહાર કરે છે અર્થાત્ દીર્ઘજીવનનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

પ્રાણ્યંગ [સં.] ન. પ્રાણીનું હાડ, પગ વગેરે અંગ.

પ્રાણ્યંગચૂર્ણ [સં.] ન. કીપનો અમલ ઠાકાનો ચૂનો.

પ્રાણ્યોજસ ન. પ્રાણની આકર્ષણશક્તિ; પ્રાણવિનિમય.

પ્રાત ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના પુરપાર્ણને તેની પ્રભા નામની બીજી બીજી થયેલા ત્રણ પૈકીનો મોટો પુત્ર.
૨. પું. (પુરાણ) એ નામે એક નાગ.
૩. પું. (પુરાણ) ધાતા નામના સાતમા આદિત્ય અને રાકાનો એ નામનો પુત્ર.
૪. પું.; ન. પરોઢિયું; સવાર.
૫. [સં. પ્રાતઃ] અ. સવારે; પ્રભાતને સમયે.

પ્રાતર ૧. [સં.] પું. એ નામે એક નાગ.
૨. [સં. પાતર્] ન. પ્રાતઃકાલ; સવાર.

પ્રાતરગ્નિ [સં] પું. એક જાતનો સર્પ.

પ્રાતરનુવાક [સં.] પું. પ્રાતઃસવન નામના કર્મમાં બહુવામાં આવતો, ઋગ્વેદની અંદરનો એ નામે એક અનુવાક; પ્રાતઃકાળે બહુવાનો અનુવાક વેદવિભાગ.

પ્રાતરભિવાદન [સં.] ન. પ્રાતઃકાળના પ્રથમ સૂર્ય ને સવારમાં ઊઠતી વખતનું અભિવાદન.

પ્રાતરશન [સં. પ્રાતઃ + અશન (ભોજન)] ન. પ્રાતઃકાળનું કે સવારનું ભોજન; ફિરામણ.

પ્રાતરાશ [સં.] પું. નાસ્તો; સવારનું ભોજન; શિરામણ.

પ્રાતરાહુતિ [સં.] સ્ત્રી. પ્રાતઃકાળે દેવાતી આહુતિ; અગ્નિહોત્રનો દ્વિતીયાંશ.

પ્રાતરુત્થાન [સં] ન. સવારમાં ઊઠવું તે.

પ્રાતર્ગેય ૧. [સં.] પું. સવારમાં ગાવા કરી રાજા વગેરેને ઉઠાડનાર ભંડોજન; સ્તુતિપાઠક.
૨. વિ. સવારમાં ગાન કરવા યોગ્ય.

પ્રાતર્દિન [સં.] ન. આગલો દિવસ.

પ્રાતર્ભોક્તા ૧. [સં. પ્રાતઃભોક્તૃ] પું. ભગો.
૨. વિ. પ્રાતઃકાળે ભોજન કરનાર.

પ્રાતર્ભોજન [સં. પ્રાતસ્ (સવાર) + ભોજન (જમણ)] ન. સવારે ખાવાનું ખાજું; શિરામણ; નાસ્તો.

પ્રાતર્વંદન [સં] ન. સવારમાં કરાતો નમસ્કાર.

પ્રાતર્વાયુ [સં.] પું. સવારનો પવન.

પ્રાતસ [સં. પ્રાતસ્] ન. સવાર.
પણ ખાવું અહીંથી વહ્ય ભોજન,
પ્રાતસ પહેલી આવશે જોઈને રાજન.
પ્રેમાનંદ

પ્રાતસ્ત્રિવર્ગા [સં.] સ્ત્રી. ગંગા નદી.

પ્રાતઃ [સં] પું. સવાર; પ્રભાત; પરોઢિયું.

પ્રાતઃકર્મ [સં. પ્રાતસ્ (સવાર) + કર્મન્ (કામ)] ન. સ્નાન, સંધ્યા વગેરે સવારે કરવાનું કામ; સવારના પહોરમાં બજાવવાની ફરજ. જેમકે, શૌચ, સ્નાન, સંધ્યોપાસન. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આદિ વર્ણોને સવારમાં હરિસ્મરણાદિ આવશ્યક કર્મ કરવાનું હોય છે.

પ્રાતઃકાર્ય [સં.] ન. પ્રાતઃકાળમાં કરવાનું કામ; પ્રાતઃકૃત્ય.

પ્રાતઃકાલ [સં. પ્રાતસ્ (સવાર) + કાલ (વખત)] પું. સવારનો વખત; પ્રભાત; સવારનો પહોર; સવાર; મળસકું; વહાણું; સૂર્યોદય પહેલાં પાંચ કે છ ઘડીનો વખત; રાતના અંતમાં સૂર્યોદયની પહેલાંનો વખત. તે ત્રણ મુહૂર્તનો ગણવામાં આવે છે. જે વખતે સૂર્ય ઉદય થવાનો હોય છે તેની દોઢ બે કલાક અગાઉ પૂર્વ દિશામાં લાંબી પ્રકાશ દેખાવા લાગે છે અને તે તરફના નક્ષત્રોનો રંગ ફીકો પડવા લાગે છે, ત્યારથી પ્રાતઃકાળનો આરંભ મનાય છે.

અહીંથી પછી જુઓ પ્રાતઃકાલ સમજવો.
જગવતી બાલવત

પ્રાતઃકાલીન [સં.] વિ. પ્રાતઃકાળ સંબંધી; પ્રાતઃકાળનું.

પ્રાતઃકાળ જુઓ પ્રાતઃકાલ

પ્રાતઃકૃત્ય [સં.] ન. શાસ્ત્રોક્ત પ્રાતઃકર્તવ્ય; સવારમાં કરવા યોગ્ય વિહિત કર્મ.

પ્રાતઃપૂજા [સં.] સ્ત્રી. સવારની પૂજા

પ્રાતઃભોજન જુઓ પ્રાતર્ભોજન.

પ્રાતઃસમય [સં પ્રાતસ્ (સવાર) + સમય (વખત)] પું. સવારનો વખત; પ્રભાતનો વખત; પ્રાતઃકાળ

પ્રાતઃસવ [સં.] પું. પ્રાતઃકાળે કરવાનું યજ્ઞના અંગરૂપ એક કર્મ.

પ્રાતઃસવન [સં.] ન. એક પ્રકારનું સવન; પ્રાતઃકાળે કરવાનું યજ્ઞના અંગરૂપ એક કર્મ; સવારનું સવન કર્મ; ત્રણ મુખ્ય સવનો અથવા સોમયાગમાં પહેલું સવન; વેદનાં ત્રણ બાંધેલું એક પ્રકારનું સવન; સુત્ય દિવસમાં સોમનું તર્પણ; એ નામનો એક વિધિ; સોમવેલી છૂંદવાનો અને પીવાનો વિધિ દિવસે ત્રણ વાર થાય છે તેમાં સવારનો વિધિ. વેદનાં ત્રણ પ્રકારનાં સવન હોય છે: પ્રાતઃસવન, મધ્યાહ્નસવન અને તારસવન.

પ્રાતઃસંધ્યા ૧. [સં. પ્રાતસ્ + સંધ્યા (પ્રાર્થના)] સ્ત્રી. આકાશમાં તારાઓનું તેજ ક્ષીણ થતા પછી અર્ધ સૂર્ય ઊગે ત્યાંસુધીનો વખત; સૂર્યોદય પહેલાંનો એક મુહૂર્તનો કાળ.
૨. સ્ત્રી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણને પ્રાતઃકાળે કરવાની દેવપૂજા; સ્તવન, ધ્યાન, અને જપ વગેરે ઈષ્ટારાધનનાં કર્મ
૩ સ્ત્રી. સવારની સંધ્યા.

પ્રાતઃસામગ્રી ૧. [સં] સ્ત્રી. પ્રાતઃકર્મ પરવારવાની સામગ્રી.
૨. સ્ત્રી. સવારમાં જોઈતી વસ્તુઓ.

પ્રાતઃસ્તવન [સં.] ન. સવારમાં કરવામાં આવતું સ્તવન.

પ્રાતઃસ્નાન [સં. પ્રાતસ્ (સવાર) + સ્નાન (નાહવું તે)] ન. પ્રાતઃસંધ્યાની પૂર્વે નાહવું તે; સવારમાં નાહવું તે; સવારનું સ્નાન.

પ્રાતઃસ્નાયી [સં પ્રાતઃસ્નાયિન્] વિ. સવારમાં સ્નાન કરનાર.

પ્રાતઃસ્મરણ [સં.] ન. પ્રાત કાળે દેવ, ગુરુ વગેરેનું સ્મરણ; પ્રાતઃકાળને વખતે ઈષ્ટદેવ,

દેવતા વગેરેનાં નામોનું સ્મરણ અથવા જપ વગેરે કરવાની ક્રિયા; સવારની પ્રભુપ્રાર્થના; સવારે ઈશ્વરનું ભજન કરવું તે.

પ્રાતઃસ્મરણીય [સં. પ્રાતસ્ (સવાર) + સ્મરણીય (સ્મરણ કરવા યોગ્ય)] વિ. પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ્ય; પ્રભાતમાં નામ લેવા લાયક; પ્રભાતે યાદ કરવા જેવું; શ્રેષ્ઠ; પૂજ્ય; પૂજનીય; પવિત્ર; માનનીય.

પ્રાતાનપ્રસ્થ ન. સિંધ દેશ્વરપ્રાંત; વાહિક.

એ જ બધા પાઠમાંનું પ્રાતન અને પતંજલિનું વાહિક રાહેર પ્રાતાનપ્રસ્થ હોય એમ લાગે છે. હિંદુરાજ્યવ્યવસ્થા

પ્રાતિકા [સં.] સ્ત્રી. ચિનાર્ઈ મુલ્લાન.

પ્રાતિકામી ૧. [સં. પ્રાતિકામિન્] પું. દુર્યોધનનો એ નામનો દૂત. તે દુર્યોધનના કહેવાથી દ્રૌપદીને સભામાં પકડી લાવ્યો હતો.

૨. પું. સેવક; નોકર.

પ્રાતિકૂલિક [સં.] વિ. પ્રતિકૂલ વર્તનું.

પ્રાતિકૂલિકી [સં.] વિ. સ્ત્રી. વિરુદ્ધ વર્તતી.

પ્રાતિકૂલ્ય [સં.] ન. પ્રતિકૂળતા; વિરોધપણું.

પ્રાતિકૃતિ સ્ત્રી. પડછાયો; ઓળો; ચિત્ર.

પ્રાતિદિવસિક જ. પ્રાતિદૈનિક; દૈનિક.

પ્રાતિદૈનિક જુઓ પ્રાતિદિવસિક.

પ્રાતિનિધિક ૧. [સં.] પું. પ્રતિનિધિ.

૨. વિ. પ્રતિનિધિપણાવાળું.

પ્રાતિનિધ્ય ન. પ્રતિનિધિપણું.

પ્રાતિપક્ષ [સં.] વિ. સામા પક્ષનું; શત્રુપક્ષી.

પ્રાતિપદ [સં.] વિ. પડવાની તિથિમાં હોનાર.

પ્રાતિપદિક ૧. [સં.] પું. પડવા તિથિએ પ્રકટ થયેલ અગ્નિ.

૨. પું (વ્યાકરણ) વિભક્તિના પ્રત્યય લાગ્યા વગરનો શબ્દ; વિભક્તિના પ્રત્યય લાગ્યા પહેલાંનું શબ્દનું મૂળ સ્વરૂપ, વિભક્તિના અર્થ રહિત હોઈ તે માત્ર જે અર્થને જ વ્યક્ત કરતો હોય તેવો શબ્દ; જે શબ્દ ધાતુ ન હોય અને વિભક્તિના પ્રત્યય લાગવાથી જેનું સાધિત રૂપ ન કરવામાં આવ્યું હોય, તેવો કોઈ અર્થવાળો શબ્દ. પાણિનીય વ્યાકરણમાં ધાતુ સિવાયની પ્રકૃતિને પ્રાતિપદિક કહે છે. તેને જ હેમચંદ્ર વગેરે વૈયાકરણીઓ નામ કહે છે. ધ્વનિ, વચન, વિભક્તિ, કાળ વગેરેના પ્રત્યય વડે જેમાં વધઘટ લાવ્યા અથવા જેઓ વિકાર પામે તે પ્રાતિપદિક. પ્રાતિપદિકમાં નામ, સર્વનામ, વિશેષણ ને ક્રિયાપદ એ ચાર વર્ગ આવે છે. પ્રાતિપદિકની અંતર્ગત જેવાં નામ, સર્વનામ, તદ્ધિતાંત કૃદંત અને સમાસાંત પદ આવે છે જેને વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવેલ ન હોય. વ્યાકરણમાં તેમની પ્રાતિપદિક સંજ્ઞા રહેણ વિભક્તિના પ્રત્યયો લગાડીને તેમાંથી સાધિત રૂપ બનાવવા માટે યોજવામાં આવી છે.

૩. વિ. અર્થ રાખનાર.

પ્રાતિપદિક શબ્દ [સં.] વિ. (વ્યાકરણ) વિભક્તિના પ્રત્યય લાગ્યા વગરનો શબ્દ.

પ્રાતિપદિકાર્થ [સં.] પું. (વ્યાકરણ) પ્રથમા વિભક્તિનો એક પ્રકારનો ઉપયોગ. નામનું મૂળ સ્વરૂપ તે પ્રાતિપાદિક, એનો અર્થ એટલે નામનો અર્થ નામનો જે અર્થ તે જ અર્થ પ્રથમા વિભક્તિનો છે. પ્રથમા વિભક્તિના પ્રત્યયથી નામના અર્થમાં કોઈ વધારો થતો નથી મૂળ જે અર્થ હોય તે જ અર્થ રહે છે. આથી પ્રથમા વિભક્તિ નામાર્થે, લિંગાર્થે કે પ્રાતિપદિકાર્થે વપરાય છે.

પ્રાતિપીય ૧. [સં.] પું. એક ગોત્રપ્રવર્તક ઋષિ.

૨. પું. મહાભારત અનુસાર એ નામનો એક રાજા.

પ્રાતિપેય [સં.] પું. (પુરાણ) એ નામે એક રાજા; શાંતનુ.

પ્રાતિભ ૧. [સં.] પું. (પુરાણ) પાંચ મહેનો એક પ્રકારનો ઉપસર્ગ અથવા વિઘ્ન. આ વિઘ્ન પ્રતિમાને લીધે યોગીને યોગમાં બાધ અને તેમાં યોગીના મનમાં બધા વેદ અને શાસ્ત્ર વગેરેના અર્થ તથા અનેક પ્રકારની વિદ્યાઓ તથા કળાઓ વગેરેનું જ્ઞાન ઉત્પન્ન થયા કરે છે.

૨. પું. બુદ્ધિનો પ્રકાશ; પ્રભાવ.

૩. વિ. પ્રતિભા સંબંધી.

૪. વિ. પ્રતિભાવાળું.

૫. વિ. બુદ્ધિવિષયક; માનસિક

પ્રાતિભદર્શન [સં.] ન. પ્રતિભાથી જણાતું ચિત્ર.

પ્રાતિભાવ્ય ૧. [સં.] પું. નમ્રીનમ્રીરી; હામીખત.

૨. ન. જામીનગીરીમાં આપવા લાયક ધન.

૩. વિ. જામીન યોગ્ય; હામીને લાયક.

પ્રાતિભાવ્ય અપરાધ [સં. પ્રાતિભાવ્ય (જામીનને યોગ્ય) + અપરાધ (દોષ)] પું. જામીન લઈ રાકાય એવો ગુનો; 'બેલેબલ ઑફેન્સ'.

પ્રાતિભાસિક ૧. [સં.] વિ. પ્રતિભાસ સંબંધી. અનુરૂપ.

૨. વિ. ભાસતું; ભ્રાંતિવાળું; જે ખરી રીતે ન હોય, પણ ભ્રમના કારણથી ભાસતું હોય એવું; પ્રત્યક્ષ ન દેખાય તેવું. ભાસમાન; અરૂં જોતા નહોય પણ મૃગજળની પેઠે જોવામાં માત્ર આવે તેવું.

૩. વિ. વ્યાવહારિક ન હોય એવું.

પ્રાતિભાસિકત્વ ૧. [સં.] ન. (વેદાંત) ભ્રમ, નિદ્રાદિ આગંતુક દોષની સહાયથી અવિદ્યાનું કાર્યત્વ.

૨. ન. (વેદાંત) બ્રહ્મજ્ઞાન સિવાય બીજી રીતે જેનો બાધ થઈ શકે તેવું હોવાપણું.

પ્રાતિભાસિક વસ્તુ [સં.] સ્ત્રી. આધ્ય. જે વસ્તુ લોકોમાં અત્યંત સ્પષ્ટ જણાય છે, પણ વિચાર કરતાં તેનું અસ્તિત્વ હોતું નથી, તેને પ્રાતિભાસિક વસ્તુ કહે છે. જેમકે, પ્રતિબિંબ.

પ્રાતિભાસિક સત્ત્વ [સં.] ન. (વેદાંત) પ્રતિભાસ કાળમાં જેનો બાધ થઈ શકે નહિ તે.

પ્રાતિભાસિકી [સં. પ્રાતિભાસિકિન્] વિ. પ્રતિભામરૂપ, પ્રતિબિંબરૂપ ચેતનની સત્તા પારમાર્થિકી એટલે વસ્તુતઃ સત્ય છે અને પ્રકૃતિની તથા તેના કાર્યોની સત્તા પ્રાતિભાસિકી છે.

પ્રાતિમોક્ષ પું. પ્રતિબંધક નિયમોનો સંગ્રહ.

પ્રાતિયીય ૧. [સં.] પું. એ નામે એક ગોત્રપ્રવર્તક ઋષિ.

૨. પું. (પુરાણ) એ નામે એક રાજા.

પ્રાતિલોમિક ૧. [સં.] વિ. આનુલોમિકથી ઊલટું; પ્રતિલોમથી ઉત્પન્ન થયેલું.

૨. વિ. વિપક્ષ; વિરુદ્ધ; આપોનિકર.

પ્રાતિલોમ્ય [સં.] ન. પ્રતિકૂળતા; પ્રતિલોમપણું; વિરુદ્ધતા.

પ્રાતિવેશિક જુઓ પ્રાતિવેશ્ય.

પ્રાતિવેશ્મક [સં.] પું. પડોશી.

પ્રાતિવેશ્ય ૧. [સં.] પું. ઘણો જ નજદીકનો પડોશી.

૨. પું. પડોશ.

પ્રાતિશાખ્ય ૧. [સં.] ન. વેદની જુદી જુદી શાખાઓનો ઉચ્ચારણ વગેરેના નિયમોને લગતો વ્યાકરણગ્રંથ; વેદની દરકોઈ શાખાના સ્વર, પદ, સંહિતા, સંયુક્ત વર્ણ ઇત્યાદિના ઉચ્ચારણ વગેરેના નિયમોનો ગ્રંથ. વેદની પ્રત્યેક શાખાની સંહિતાઓ ઉપર એક એક પ્રાતિશાખ્ય હતી, પણ આજકાલ આ જાતમાં માત્ર પાંચ જ ગ્રંથ મળે છે.

૨. વિ. દરેક શાખામાં હોનાર કે બનાર.

પ્રાતિસ્વિક ૧. [સં] પું. અસાધારણ ધર્મ.

૨. પું. વિશેષ ધર્મ, દરેકનો પોતાનો ધર્મ.

૩. વિ. અસાધારણતાવાળું

૪. વિ. દરેક વ્યક્તિએ હોનાર કે બનાર.

૫ વિ. પોતાનું આસ.

ભક્તિમાર્ગમાં ઉદ્ભવેલી અને પોષાયેલી હિંદની કળાનું આંતરદર્શન હજી થયું નથી, અને યોગ્ય ઉપસનાથી એ કળા દેવી પ્રાતિસ્વિક સ્વરૂપમાં

ગણી ઊઠે, તેનો હક્ક પણ દરેક સંતાન છે. પરંતુ હિંદનાં કલાનાં હતભાગ્યે કોઈ દિશામાં તેનો યોગ્ય સત્કાર થતો જણાતો નથી.
પુરુષોત્તમ વિશ્રામ માવજી

પ્રાતિહર્ય [સં.] ન. પ્રતિહર્તા નામના ઋત્વિજનું કર્મ; પ્રતિહરણ.

પ્રાતિહાર ૧. [સં.] પું. જાદુગર.
૨. પું. દ્વારપાલ.
૩. પું. પ્રતિહાર; ખડીદાર.

પ્રાતિહારિક ૧. [સં.] પું. જાદુગર.
૨. પું. દ્વારપાલ.
૩. વિ. પ્રતિહાર સંબંધી.

પ્રાતિહાર્ય ૧. [સં.] પું. (જૈન) તીર્થંકરનો પ્રભાવ; તીર્થંકર વિરાજે ત્યાં દેવતાઓ અશોક વૃક્ષ, પુષ્પવૃષ્ટિ વગેરે ચમત્કારિક દેખાવ કરે તે.
૨. ન. ઇંદ્રજાળ; માયા.
૩. ન. દ્વારપાળનું કામ.

પ્રાતીક વિ. નીચ; પાપિષ્ઠ.

પ્રાતીતિક ૧. [સં.] વિ. જેની પ્રતીતિ કેવળ ચિંતન કે કલ્પના દ્વારા મનમાં થાય તેવું; પ્રાતિભાસિક.
૨. વિ. જેની પ્રતીતિ સહજ કોઈને થાય તેવું.
૩. વિ. પ્રત્યક્ષ.

પ્રાતીતિક સદ્‌ભાવ [સં.] પું. આભાસરૂપે અસ્તિત્વ ધરાવવું તે.
આપણા લૌકિક બુદ્ધિદક્ષ, દૃશ્ય અને દૃષ્ટિ અથવા જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટી સ્વતંત્ર અસ્તિત્વવાળા પદાર્થો છે એમ સ્વીકારી પ્રવૃત્ત થાય છે; ત્યારે વિચારક દૃષ્ટિ તેનો પ્રાતીતિક સદ્‌ભાવ સ્વીકારી પ્રવૃત્ત થાય છે.
નર્મદાશંકર

પ્રાતીતિક [સં.] વિ. (વેદાંત) આગંતુક હોવે કરીને જન્ય પદાર્થ.

પ્રાતીપ [સં.] પું. (પુરાણ) પ્રતીપનું સંતાન; પ્રતીપ રાજાના પુત્ર દેવાપી, શંતનુ અને બાહ્લીક ભાઈનો દરેક.

પ્રાતીપિક ૧. [સં.] વિ. પ્રતિકૂલ આચરણ કરનાર; વિરુદ્ધાચારી.
૨. વિ. વિપરીત; ઊલટું.

પ્રાતુ ૧. [સં. પ્રાતસ્] ક્રિ. સવારે; મળસકું.
૨. ન. સવારના પહોરમાં; પ્રાતઃકાળે.
લાત ન જાણે તેમ તેડાવું, ઘેરે પ્રાતુ તે વાલી.
ભાલણ

પ્રાતુસકાળ [સં. પ્રાતઃકાલ] ન. પ્રાતઃ; સવાર.
પ્રાતુસકાળે પુલક પ્રગટ્યું.
પ્રભુમર્યંદન કરી માણીજ, નાકર

પ્રાતૃદ [સં.] પું. એ નામે એક વૈદિક ઋષિ.

પ્રાત્ય ૧. વિ. એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પ્રાત્યક્ષ [સં.] વિ. પ્રત્યક્ષ સંબંધી.

પ્રાત્યક્ષિક ૧. [સં. પ્રત્યક્ષ (નજર સામેનું) + ઇક (વાળું)] ન. અમુક કામ જાહેર પ્રજા જાણતી કરી બતાવવું તે; 'શો'.
કેટલાંક પ્રાત્યક્ષિકોને કિંવદન્તી નિર્મિત સમયે કરવામાં આવતો.
ગેતીબાઈ પ્રદર્શન માર્ગદર્શિકા
૨. વિ. નજર સામેનું; પ્રત્યક્ષ હોય એવું.

પ્રાત્યક્ષિકચિન્તિચ્છરા સ્ત્રી. જ્ઞાનતંતુ; અર્થગ્રાહી ચિન્તિચ્છરા; 'સેન્સરિ નર્વ.'

પ્રાત્યક્ષિક ભાષ [સં.] પું. (વેદાંત) એ નામનો એક પ્રકારનો ભાષ. તત્ત્વમસિ જેવા ઉપદેશથી અહં બ્રહ્માસ્મિ જેવો સાક્ષાત્કાર થતાં પ્રપંચ સહિત અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, તે પ્રાત્યક્ષિક ભાષ કહેવાય છે.

પ્રાત્યગાત્મ [સં.] પું. જીવ પરત્વે અજ્ઞાનની ઉપાધિ.

પ્રાત્યયિક ૧. [સં.] પું. જાદુ જાતના પ્રતિમૂર્તા એ નામે બીજો પ્રતિમૂર્ત એક પ્રકારનો જમીનદાર અનુભવ કરીને બનાવ જમીન.
૨. વિ. જેને અનુભવ થયેલો હોય તેવું; અનુભવવાળું.
૩. વિ. ભરોસાદાર; ખાતરીવાળું.

પ્રાત્યહિક [સં.] વિ. દૈનિક.

પ્રાત્યંતિક ૧. [સં.] પું. સીમાના રક્ષણ માટે નિમાયેલ પુરુષ.
૨. ન. સીમાડાના ભાગમાં આવેલું રાજ્ય; બે રાજ્યના સીમાડાની વચ્ચે આવેલું રાજ્ય.

પ્રાત્યાયક વિ. વિશ્વાસ ઉપજાવે એવું.

પ્રાત્યાયિકી ક્રિયા સ્ત્રી. (જૈન) વિષયભોગને માટે નવા નવા સાધન જોગવા કરવાથી લાગતો દોષ.

પ્રાથમકલ્પિક ૧. [સં.] વિ. પ્રથમ આરંભ કરવા જેવું.
૨. વિ. પ્રથમ કલ્પરૂપ શિક્ષાગ્રંથનો અભ્યાસ કરનાર.

પ્રાથમિક ૧. [સં. પ્રથમ (પહેલાં) + ઇક (લગતું)] વિ. આરંભ દશાનું; પ્રારંભિક; પ્રારંભાવિક; શરૂઆતનું; આરંભનું; પહેલું; પહેલા પગથિયા જેવું કામ કરનારું.
૨. વિ. મુખ્ય; પ્રથમ હોનાર કે બનાર.
૩. વિ. વેદ વગેરેનું પ્રથમ અધ્યયન કરનાર.

પ્રાથમિક આજ્ઞા [સં. પ્રાથમિક (પ્રથમનું) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. પ્રાથમિક હુકમનામું.

પ્રાથમિક કેળવણી સ્ત્રી. પ્રથમનું બહુતર; લોકોને લખતાં, વાંચતાં, હિસાબ ગણતાં શીખવવાનું બહુતર. ગાંધીજી લખે છે કે: ઘણાં વર્ષોના મનન પછી ને કેટલા પ્રયોગો કર્યા પછી હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે, પ્રાથમિક કેળવણી ઓછામાં ઓછા એક વર્ષ લગી પુસ્તક વિના જ અપાવી જોઈએ, ને તાર બાદ પણ વિદ્યાર્થીઓમાં પુસ્તકોનો ઓછામાં ઓછો ઉપયોગ થવો જોઈએ. બારાક્ષરીનું જ્ઞાન લેતાં, એકડા ને કક્કા ઘૂંટતાં બાળકની બીજી છંદ્રિયો કેળવાય છે ને તેની બુદ્ધિ ખીલવાને બદલે તેનો વિકાસ અટકે છે. બાળક જન્મતાં જ જ્ઞાન લેવા માંડે છે, પણ તે મુખ્યત્વે આંખથી અને મનથી. બોલતું થાય છે કે તુરત આપોઆપ લેતું થાય છે. એટલું યાદ રાખવાનું છે કે, આ પ્રાથમિક કેળવણીમાં ઘર, આંગણાં ને રસ્તાની નેમ જ શરીરની સફાઈ, શરીરનું આહાર દ્વારા પોષણ વગેરેનાં મૂળતત્ત્વો, પોતાનું કામ જાતે કરી લેવાની ટેવ, ઘેર બાળાપને મદદ કરવાની ટેવ વગેરેનો સમાવેશ થશે. આજે પ્રાથમિક, મિડલ અને હાઈ સ્કૂલની કેળવણીને નામે જે ચાલે છે તેની જગા સાત કે વધારે વરસ પહોંચે એવી પ્રાથમિક કેળવણી લેવી જોઈએ. એ કેળવણીમાં અંગ્રેજીને બાદ કરતાં મેટ્રિક લગીના સર્વ વિષયો અને તે ઉપરાંત એકાદ ઉદ્યોગ, એટલાનું જ્ઞાન અપાય. ઉદ્યોગ એ જ્ઞાનનાં સર્વ ક્ષેત્રોમાં છોકરાછોકરીઓનાં મનનો વિકાસ સાધવાના સાધનરૂપ હોય. એવી કેળવણી એકદર જોતાં, સ્વાવલંબી હોઈ શકે, હોવી જોઈએ જ. વસ્તુતઃ સ્વાવલંબન એ તેની યથાર્થતાની કસોટી છે.

પ્રાથમિક અર્થ ન. લાગત મૂડી; કોઈ વસ્તુ તૈયાર કરવામાં કે લેવામાં થતો પ્રારંભિક અર્થ; 'પ્રાઇમ કોસ્ટ.'

પ્રાથમિક ઘટ પું. એ નામે એક જાતનો ઘટ; 'પ્રાઇમરિ સેલ.' આમાં વીજળીક દ્રવ્યાણુ ઉત્પન્ન કરવાની શક્તિ ઓછી હોય છે, પણ સંગ્રહ કરવાની શક્તિ હોતી નથી.

પ્રાથમિકતા [સં.] સ્ત્રી. પૂર્વગમનતા; શ્રેષ્ઠત્વ; પ્રથમપણું.

પ્રાથમિક દીક્ષા [સં.] સ્ત્રી. (જૈન) પહેલી દીક્ષા; નાની દીક્ષા.

પ્રાથમિક ન્યાય [સં.] પું. પ્રથમદર્શનીય પુરાવા ઉપરથી આપેલો ચુકાદો.

પ્રાથમિક પાઠશાલા [સં.] સ્ત્રી. કેળવણીનું શિક્ષણ આપતી શાળા.

પ્રાથમિક પાઠશાળા જુઓ પ્રાથમિક પાઠશાલા.

પ્રાથમિક યુગ [સં.] પું. અતિ પ્રાચીન નિર્જીવ યુગ. જ્યારે સમુદ્રનાં ગરમ અને છીછરાં પાણી ઠાંસ થવા લાગ્યાં, ત્યારે પૃથ્વીનું પડ કઠણ થવા લાગ્યું અને વાતાવરણના ફેરી વાયુ કમી થવાથી જીવસૃષ્ટિની ઉત્પત્તિ થવા માંડી હતી. આવી રીતે મીઠા પાણીના સમુદ્રમાં દેવાળ અને ફુગ જેવી હલકા પ્રકારની વનસ્પતિ પેદા થઈ હતી. આ જીવ ઘણો પોચો હતો. તેના અવશેષ કંઈ ચોક્કસ માલૂમ પડતા નથી. આ પ્રાથમિક યુગમાં વિન્ધ્ય અને અરવલ્લી વચ્ચેના ખૂણામાં હાલમાં જ્યાં માંડલગેર ને પાવાગઢના ડુંગરો આવ્યા છે ત્યાં તેમ જ ઉંદર અથવા અમરનગરના ભાગમાં રેતીના પથ્થરો જામેલા છે. તેમ જ આ ભાગમાં આરાવલ્લીની આરસની આબૂ આવેલી છે. આબુ પર્વતની તળેટીમાં પણ આ ખરો જામ્યા હશે પણ હાલ મટોડામાં દટાઈ ગયેલા હોઈ દેખાતા નથી. આ પ્રથમ યુગમાં પણ ગુજરાતની ઉત્તરે અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર કઈ વિન્ધ્યની બીજુમાં નર્મદાનો પ્રવાહ ઓરસામ સુધી આગળ વધ્યો હતો.

પ્રાથમિક વિભાગ [સં.] પું. પહેલો વિભાગ.

પ્રાથમિક શાળા સ્ત્રી. પ્રાથમિક શિક્ષણ આપનારી શાળા. મહાત્માજી લખે છે કે: મારી માન્યતા એવી છે કે, પ્રાથમિક શાળાને સ્વાવલંબી કરવાનો તુરત નજરે ચડતો ઉદ્યોગ કાંતણનો પ્રવર્તાવ છે. એમાં રૂ વીણવાથી માંડીને ભાતીગર નકશીદાર આદી બનાવવા સુધીની ક્રિયાઓનો સમાવેશ થાય છે. એમાં મજૂરી કલાકની ઓછામાં ઓછી બે પૈસાની મજૂરી જોઈએ. શાળા પાસ કલાક માંગે તેમાં ચાર કલાક મજૂરી અને એક કલાક ઉદ્યોગ શીખવવામાં આવે. ઉદ્યોગ શીખવતાં શીખવવાના વિષયોમાં અમુક અંશે અથવા મર્યાદા ઇતિહાસ, ભૂગોળ અને ગણિતશાસ્ત્ર આવે, બાગકામ અને તેના પેટામાં વ્યાકરણ તથા શુદ્ધ ઉચ્ચારણ તો આવે જ, કેમકે શિક્ષક ઉદ્યોગને આ બધા જ્ઞાનનું વાહન બનાવશે અને તેથી બાળકોની બોલી સ્પષ્ટ કરાવશે. એમ કરતાં સહેજે વ્યાકરણનું જ્ઞાન આવશે. પહેલેથી જ મજૂરાની ક્રિયા તો બાળકોને શીખવી જ જોઈએ તો એટલે ગણિતથી જ શ્રીગણેશ નમઃ શરૂ થશે. સુઘડતા એ કંઈ નોખો વિષય હશે જ નહિ. બાળકોના દરેક કાર્યમાં સુઘડતા તો હોવી જોઈએ. તેઓનો શાળામાં પ્રવેશ જ સુઘડતાથી શરૂ થશે. એટલે અત્યારે મારી કલ્પનામાં એક પણ વિષય એવો આવતો નથી કે જે ઉદ્યોગો શીખવતાં શીખવતાં બાળકને શીખવવાપણું નહિ હોય. મારી કલ્પના એવી છે ખરી કે જેમ મેં શીખવાના વિષયોને જુદા ગણ્યા નથી પણ બધા એકબીજામાં ઓતપ્રોત છે અને બધાની ઉત્પત્તિ એક જ વસ્તુમાંથી થયેલી છે, તેમ શિક્ષકની કલ્પના પણ એકની જ છે. વિષયો પરત્વે નોખા શિક્ષકો નહિ પણ એક જ. વર્ગો પરત્વે નોખા હોય, એટલે કે સાત ધોરણ હોય તો સાત શિક્ષકો હોય અને એક શિક્ષક પાસે પચીસથી વધારે છોકરાં ન હોય અને કેળવણી ફરજિયાત હોય તો પ્રથમથી જ બાળક ને બાળાઓના નોખા જ વર્ગ હોવા જોઈએ.

પ્રાથમિક શિક્ષણ [સં.] ન. કેળવણીમાં બધાનું શિક્ષણ; પ્રાથમિક શાળાનું શિક્ષણ. આ શિક્ષણમાં પાયાની કેળવણી, બુનિયાદી શિક્ષણ, નર્મ તાલીમ જેવું મહત્વનું અદ્યતન શિક્ષણ સહેજે સમાઈ જાય છે. મહાત્માજી લખે છે કે: પ્રાથમિક શિક્ષણને હું સૌથી વધારે મહત્વ આપું છું. મારી કલ્પના પ્રમાણે એ શિક્ષણ બાલમંદિરના મેટ્રિકમાંથી બંધિયજી બાદ કરીએ એના જેટલું હોવું જોઈએ. હું જો શિક્ષકોને સમજાવી શકું તો પ્રાથમિક શિક્ષણને સારૂ પાઠ્યપુસ્તકો બંધ કરું અથવા પાઠ્યપુસ્તકો માત્ર શિક્ષકોને સારૂ જ રાખું. આવાં પુસ્તકોની રચના જુદી જ હોય. બાળકને પ્રથમ કક્કો શીખવવાને બદલે ફ્રોબેલ શીખવું કે જેથી બાળક પ્રથમથી જ સુંદર આકૃતિઓ કાઢતાં શીખે. બારાખડી પૂરી કરતાં બાળકે તેને જેથી ત્રણ વર્ષ લાગ. એ ત્રણ વર્ષમાં સુખેથી બાળકને ઘણું આવશ્યક ને ધાર્મિક જ્ઞાન અપાય. તેને ગીતાજી વગેરેમાંથી શ્લોકો મોઢાવી તેની સ્મરણશક્તિ કેળવાય, તે વારે તેના કાન કેળવાય, તેની જીભ શુદ્ધ ઉચ્ચારણ સારૂ કેળવાય ને તેની આંખને અવલોકતાં કેળવાય. આમ બાળકની બધી શક્તિઓનો વિકાસ એકસાથે કરાય. દરમિયાન અક્ષરજ્ઞાનને નોખી નોખી કળારૂપે બીજી રીતમાં.

પ્રાથમિક હુકમનામું ન. પ્રથમનું હુકમનામું; પ્રાથમિક ફેંસલો.

પ્રાથમ્ય [સં.] ન. પ્રથમપણું; શ્રેષ્ઠતા; પૂર્વજન્મના પહેલાપણું.

પ્રાથ્રી પું. એ નામે એક પ્રકારનો છોડ. તેને પાનનો ભરાવ તળિયે હોય છે

પ્રાદક્ષિણ્ય [સં.] ન. પ્રદક્ષિણા કરવી તે.

પ્રાદાનિક ન. હરિવાવર.

પ્રાદિ વિ. [સં.] સ્ત્રી. (વ્યાકરણ) અ.દિમાં પ્ર વગેરે ઉપસર્ગવાળું.

૨ ન. (વ્યાકરણ) પ્ર વગેરે ઉપસર્ગ.

પ્રાદિ બહુવ્રીહિ [સં.] પું. (વ્યાકરણ) બહુવ્રીહિ સમાસનો એક પ્રકાર; પ્ર, પરા આદિ ઉપસર્ગો પૂર્વપદ હોય એવો બહુવ્રીહિ સમાસ. જેમકે, નિર્ધન, વિધવા.

પ્રાદિ સમાસ [સં.] પું. (વ્યાકરણ) એક પ્રકારનો તત્પુરુષ સમાસ; જેમાં પ્ર, પરા આદિ ઉપસર્ગ પૂર્વપદ હોય એવો તત્પુરુષ સમાસ. જેમકે, અતીન્દ્રિય.

પ્રાદીપિક કુ. દીવો.

પ્રાદુરાક્ષિ વિ. [સં.] પું. એ નામે એક સૂત્રપ્રવર્તક ઋષિ.

૨. પું. ગુરુવર મણુવેદનો એ નામનો એક ઋષિ

પ્રાદુર્ વિ. ખુલ્લું.

૨. અ. (વ્યાકરણ) એ નામનો એક ઉપસર્ગ.

પ્રાદુર્ભવન [સં.] ન. પ્રગટ થવું તે

પ્રાદુર્ભાવ વિ. [સં.] પું. ઉત્પન્ન થઈ દેખાવું તે; અદ્રશ્ય મટીને દેખાવું તે; પ્રકટવું તે; આવિર્ભાવ; ઉત્પન્ન થવું તે; ઉત્પત્તિ; જન્મ; ઉદય; પ્રાકટ્ય; પ્રગટ થવું તે.

૨. પું. દેખાવ; જાગણી.

૩ પું. પરિણામ; પ્રસૂતિ.

૪. પું. પૂર્વનાં રૂપરસાદિના નાશપૂર્વક બીજાં રૂપરસાદિની ઉત્પત્તિ.

૫. પું. વિકાસ.

૬. પું. દરકોર્મ પદાર્થનો ઇંદ્રિયજ્ઞાનમાં આવવા યોગ્ય પ્રકાશ.

પ્રાદુર્ભૂત વિ. [સં.] વિ. ઉત્પન્ન; પ્રકટ; પ્રાદુર્ભાવ પામેલું; આવિર્ભાવ પામેલું; પ્રગટેલું; અદ્રશ્ય દેખાતું; પ્રકટ થયેલ; જાહેર કરેલું; પ્રસિદ્ધ કરેલું.

૨. વિ. વિકસિત.

પ્રાદુર્ભૂત અનોભવા [સં.] સ્ત્રી. ચાર માહેના એક પ્રકારની મખ્યા; એક પ્રકારની નાયિકા. તેના મનમાં કામનો પૂર્ણ પ્રાદુર્ભાવ થાય છે અને કામકળાનાં બધાં ચિહ્ન તેમા પ્રકટ થાય છે. તેને પ્રૌઢ સ્મરણયૌવના પણ કહે છે.

પ્રાદુર્ભૂત મનોભવા નાયકા જુઓ પ્રાદુર્ભૂત મનોભવા નાયિકા.

પ્રાદુર્ભૂત મનોભવા નાયિકા [સં.] સ્ત્રી. રમતગમતમાં વીજળી જેવી ચપળ સ્ત્રી.

પ્રાદુષ્કર [સં.] પું. (જૈન) અંધારામાં પડેલ વસ્તુ દીવો પ્રગટાવી સાધુને આપવાથી સાધુને લાગતો એક દોષ.

પ્રાદુષ્કરણ ૧. [સં.] ન. અપ્રકટ વસ્તુને પ્રકટ કરવાનો ભાવ; પ્રકટીકરણ; પ્રદર્શન; ઉત્પાદન.
૨. ન. (જૈન) અંધારામાંથી અજવાળામાં લાવેલો આહાર.
૩. ન. દેખાડવું તે; દૃષ્ટિગોચર કરવું તે.
૪. ન. મેળવવું તે.

પ્રાદુષ્ય [સં.] ન. પ્રાદુર્ભાવ; પ્રાકટ્ય.

પ્રાદુઃપ્રભા [સં.] સ્ત્રી. પ્રાતઃકાળની કાંતિ.

પ્રાદુઃપ્રભાત [સં.] ન. જેમાં પ્રગટપણે પ્રભા દેખાય તેવો સમય; સવાર.

પ્રાદેશ ૧. [સં.] પું. અંગૂઠા અને તર્જની વચ્ચેનો ભાગ.
૨. પું. અંગૂઠો અને તર્જનીથી ઝાલેલી વેંત; અંગૂઠો અને તેની પાસેની તર્જની આંગળીનો વિસ્તાર કરવાથી થતો વિસ્તાર.
૩. પું. એક જાતનું માપ; નવ આંગળનું માપ; કડિયા, સુતાર, સલાટ વગેરેના ગજ ઉપર નવ આંગળનું માપ.
૪. પું. દેશ; પ્રદેશ; સ્થાન.
૫. પું. ભાંત; જગ્યા.
૬. પું. બાર આંગળનું એક પ્રાચીન માપ.
૭. પું બીજાનો દેશ; પરદેશ.
૮. પું. સ્વર્ગલોકથી આરંભીને પૃથ્વી પર્યંતનો વિસ્તાર.
૯. સ્ત્રી. અંગૂઠાની પાસેની આંગળી; તર્જની.

પ્રાદેશિક ૧. [સં.] પું. અશોકના વખતનો રથાનિક હાકેમ; અશોકના સમયનો મહેસૂલ ઉઘરાણી હાદેરની ચોકી રાખનાર હારોબારી નેમ જ ન્યાય ખાતાનો અમલદાર; સામંત; જમીનદાર; સરદાર.

પોતાના ત્રીજા મુખ્ય શિલાલેખોમાં અશોક ત્રણ પ્રકારના અધિકારીઓ જણાવેલા છે: (૧) પ્રાદેશિકો, (૨) રાજુકો, (૩) યુક્તો.

અશોકચરિત્ત

૨. પું સૂબેદાર.
૩. વિ. પ્રદેશનું, પ્રદેશને લગતું; પ્રદેશમાં હોનાર કે થનાર; પ્રદેશ સંબંધી.
૪. વિ. પ્રસંગાનુસાર; વિષયાનુસાર.
૫ વિ. મર્યાદામાં હોનાર.
૬. વિ. સ્થાનિક; રાષ્ટ્રીય.

પ્રાદેશિક ગુણત્વ [સં.] ન. (વેદાંત) પોતાના અધિકરણમાં રહેલા દોષ સંબંધી જણાવનો પ્રતિયોગી ગુણ હોવાપણું.

પ્રાદેશિક નિબંધ [સં.] પું. સ્થાનિક ઝમલો; ' લોકલ લો '.

પ્રાદેશિક ભાષા [સં.] સ્ત્રી. અમુક પ્રદેશમાં બોલાતી ભાષા.

દેશની એકતા જળવી રાખવી હોય તો સરકારની ઓફિસે કે ધારાસભાની અને અદાલતોની ભાષા પ્રાદેશિક ભાષાની સાથે સાથે જ રાષ્ટ્રભાષા રાખવી જોઈએ એ વિષે જરા યે શક નથી.

ડિસોસ્લાલ મહારવાળા

પ્રાદેશિક મર્યાદા [સં.] સ્ત્રી. સ્થાનિક સીમા.

પ્રાદોષ [સં.] વિ. પ્રદોષકાળે એટલે રાત્રિના આરંભ સમયે હોનાર કે થનાર; પ્રદોષ સંબંધી; પ્રદોષ સાથે સંબંધ રાખનાર.

પ્રાદોષિક [સં.] વિ. સવારનું.

પ્રાદોષિકી ક્રિયા સ્ત્રી. (જૈન) જીવ, અજીવ ઉપર દ્વેષ રાખવાથી લાગતો દોષ.

પ્રાદ્યુમ્નિ [સં.] પું. (પુરાણ) પ્રદ્યુમ્નનો પુત્ર; અનિરુદ્ધ.

પ્રાદ્યોત પું. એ નામનો એક પ્રાચીન વંશ.

પરશુરામે પ્રાદ્યોત વંશના રાજા નંદવર્ધનને મારી નાખી અવંતિ દેશ આંચક્યો.

કેશવ હર્ષદ

પ્રાધનિક [સં.] ન. યુદ્ધની સામગ્રી; યુદ્ધનું ઉપકરણ.

પ્રાધા [સં.] સ્ત્રી. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાંના કશ્યપ ઋષિની તેર માંહેની એ નામની એક સ્ત્રી. તે દક્ષની કન્યા હતી. એને પેટે ગંધર્વો અને અપ્સરાઓ થયાં હતાં.

પ્રાધાનિક ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો એક યોગ.
૨. વિ. પ્રધાનનું; પ્રધાન સંબંધી.

પ્રાધાન્ય ૧. [સં.] ન. આગેવાની; પ્રધાનતા; પ્રધાનપણું; મુખ્યત્વ; મહત્તા; શ્રેષ્ઠતા.
૨. ન. ઉપરીપણું

નર બાહ્ય પ્રકૃતિમાં સર્વોપરી જણાય છે, આંતર પ્રકૃતિમાં છે સ્ત્રીનું પ્રાધાન્ય સર્વદા.

બાપીગીતા

૩. ન. ચડિયાતી સંખ્યા.
૪. ન. દસ માંહેની એ નામની એક સિદ્ધિ.
૫. ન. જગા; જોર.
૬ વિ. મુખ્ય; પ્રથમ; પહેલું.

પ્રાધાન્યતઃ [સં.] અ. પ્રધાનપણે.

પ્રાધાન્યપદ ન. શ્રેષ્ઠ પદ; ઉત્તમમાં ઉત્તમ પદ; મુખ્ય પદ; ઊંચામાં ઊંચું પદ.

પ્રાધીત [સં.] વિ. જેણે અભ્યાસ કરેલો હોય એવું.

પ્રાધેય પું. દક્ષકન્યા પ્રધાના પુત્ર.

પ્રાધ્યયન ૧. [સં.] ન. અભ્યાસ.
૨. ન. પઢવું તે.
૩. ન. શીખવું તે.

પ્રાધ્યાપક [સં. પ્ર + અધ્યાપક (શિક્ષક)] પું. વિશિષ્ટ અધ્યાપક; 'પ્રોફેસર'.

પ્રાધ્યાપકી જુઓ પ્રાધ્યાપિકા.

પ્રાધ્યાપિકા [સં.] સ્ત્રી. વિશિષ્ટ અધ્યાપકી; સ્ત્રી પ્રોફેસર.

પ્રાધ્વ ૧. [સં.] પું. લાંબો માર્ગ; દૂરનો રસ્તો.
૨. વિ. દૂર જનાર.
૩. વિ. નમ્ર.
૪. વિ. આંધેસું.

પ્રાન પું. પ્રાણ.

પ્રાનક ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. પ્રાણી

પ્રાનપિયારી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને હંસહંસ, સિંહનાદ, કુટજ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

પ્રાનંત પું. એક જાતનું આંજણ.

પ્રાની ન. પ્રાણી.

પ્રાપ ૧. [સં. પ્ર (પક્ષે) + આપ (પાણી)] ન. જળાશય.
૨. વિ. પુષ્કળ જળવાળું; જળમય.

પ્રાપક ૧. વિ. દોરી જનાર; દોરવણી કરનાર.
૨. [સં.] વિ. પમાડનાર; પ્રાપ્તિ કરી આપનાર.
૩. વિ. પહોંચાડનાર
૪. વિ. પ્રાપ્ત હોનાર કે થનાર; પ્રાપ્તિ સંબંધી.
૫. વિ. સ્વીકારનાર; લેનાર; મેળવનાર.

પ્રાપણ ૧. [સં] સ્ત્રી. પહોંચાડવું તે.
૨. સ્ત્રી. પ્રાપ્તિ; મેળવવું તે.

પ્રાપણિક [સં] પું. વેપારી; સોદાગર.

પ્રાપણીય ૧. [સં.] વિ. પહોંચાડવા લાયક.
૨. વિ. પ્રાપ્ત કરવા જેવું.

પ્રાપત ન. કિસ્મત; નસીબ.

પ્રાપન પું. મેળવવું તે.

પ્રાપૈચિક ૧. [સં.] વિ. ઔપાધિક; માયિક.
૨. વિ. પ્રપંચવાળું; દંભ કપટવાળું; પ્રપંચ સંબંધી.
૩. વિ. સંસાર વ્યવહારને લગતું; વ્યાવહારિક; દુનિયાદારીના કામનું.

પ્રાપ્ત ૧. [સં.] વિ. પમાડેલું.
૨. વિ. પહોંચાડેલું.
૩. વિ. મેળવેલું; હાંસલ કરેલું.

પ્રાપ્તેય [સં.] પું. એ નામે એક ગંધર્વજાતિ.

પ્રાપ્તિ ૧. [સં. પ્ર + આપ્ (મેળવવું) + ક્તિ (ભૂતકૃદંતનો પ્રત્યય)] પું. આવક.
૨. પું. ઉત્પત્તિ.
૩. પું. ફાયદો; લાભ.
૪. વિ. ઉપસ્થિત; રજૂ.
૫. વિ. નિયમમાંથી નીકળતું.
૬. વિ. પહોંચેલું.
૭ વિ. મેળવેલું; સંપાદન કરેલું; સંપાદિત; પેદા કરેલું; મેળવાયેલું.
૧. પ્રાપ્ત કરવું = (૧) અહણ કરવું (૨) મેળવવું.
૨. પ્રાપ્ત થવું = મળવું.
૮. વિ. વાજબી.

પ્રાપ્તક વિ. પ્રાપ્ત કરાવનાર; મેળનાર.

પ્રાપ્તકાલ [સં.] વિ. જેની ક્રમના પૂર્ણ થઈ હોય એવું.

પ્રાપ્તકાલ ૧. [સં.] પું. કરવા યોગ્ય સમય; યોગ્ય ક્ષણ.
૨. પું. જેનો સમય આવી પહોંચ્યો હોય તે.
૩. પું. મરણ યોગ્ય ક્ષણ.
૪. વિ. જેનો યોગ્ય ક્ષણ આવ્યો હોય એવું; પ્રસંગોચિત; સમયોચિત; પ્રસંગને યોગ્ય.
૫. વિ. નક્કી થયેલું; નિર્ણિત થયેલું.
૬. વિ. લગ્નને યોગ્ય; પરણાવવા જેટલી ઉમરનું.
૭. અ. યથાવસરે; ખરે તાકે.

પ્રાપ્તકાળ જુઓ પ્રાપ્તકાલ.

પ્રાપ્તક્રમ વિ. યોગ્ય; રિવાજ મુજબનું.
આપે કાળે સાધુજનોને માટે આ જ વિધિ પ્રાપ્તક્રમ છે. ગોવર્ધનરામ

પ્રાપ્તજીવન [સં.] વિ. રોગ વગેરેના કારણે મરતાં મરતાં બચેલ; નવી જિંદગી પામેલ હોય એવું.

પ્રાપ્તદોષ [સં.] વિ. દોષીલું; અપરાધ કર્યો હોય એવું.

પ્રાપ્તપંચત્વ [સં. પ્રાપ્ત (મળેલું) + પંચત્વ (મરણ)] વિ. મરણ પામેલું.

પ્રાપ્તપ્રસવા [સં.] સ્ત્રી. જેનો પ્રસૂતિ કાળ પાસે આવ્યો હોય એવી સ્ત્રી.

પ્રાપ્તપ્રાપ્યતા [સં.] સ્ત્રી. પ્રાપ્ત કરવા યોગ્ય હતું તે પ્રાપ્ત કરેલ હોવાપણું; આત્મતાનીમાં મનુષ્યજન્મના છેવટના સાર્થકરૂપ, પાંચ માંહેનું એક પ્રયોજન. એ પાંચ પ્રયોજનને વિદ્વાનો જ્ઞાતજ્ઞેયતા, કૃતકૃત્યતા, પ્રાપ્તપ્રાપ્યતા, ત્રિવિધ દુઃખની અત્યંત નિવૃત્તિ અને પરમાનંદની અભિવ્યક્તિ એવી પંચપદી કહે છે.

પ્રાપ્તબાધ [સં.] પું. પરિસંખ્યામાં બાધાતો એ નામનો એક દોષ.
સ્વાર્થબાધ, પરાર્થસ્વીકાર અને પ્રાપ્તબાધ એ ત્રણ દોષો પરિસંખ્યામાં હોય છે.
પૂર્વમીમાંસા પ્રવેશિકા

પ્રાપ્તબુદ્ધિ ૧. [સં.] વિ. ચતુર; બુદ્ધિમાન.
૨. વિ. જેને જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય એવું.
૩. વિ. બુદ્ધિને પામેલ; જ્ઞાનમાં આવેલ; ભેળાન થયા બાદ ફરી જ્ઞાનમાં આવેલ; સુધીમાં આવેલું.
૪. વિ. સીખેલું.

પ્રાપ્તભાર [સં.] વિ. ભાર વહી જવા માટે જેનામાં પ્રથમ શક્તિ આવેલી હોય તેવું

પ્રાપ્તયુદ્ધ [સં.] ન. પોતાના બચાવ માટેનું યુદ્ધ; પોતાને માથે આવી પડેલું યુદ્ધ.

પ્રાપ્તયૌવન [સં.] વિ. જુવાન; યૌવનકાળને પામેલ.

પ્રાપ્તરક્ષણ ૧. [સં.] ન. મેળવેલું સંભાળી રાખવું તે.
૨. વિ. રક્ષણ મેળવ્યું હોય એવું.

પ્રાપ્તરૂપ ૧. [સં.] વિ. મનોહર; સુંદર.
૨. વિ. રૂપાળું; રૂપવાળું.
૩. વિ. વિદ્વાન; પંડિત.

પ્રાપ્તવય [સં. પ્રાપ્ત (મેળવેલું) + વયસ્ (ઉમર)] વિ. સજ્ઞાન; ઉમર લાયક થયેલું.

પ્રાપ્તવયસ્કતા [સં.] સ્ત્રી સજ્ઞાનપણું; ઉમર લાયક હોવાપણું.

પ્રાપ્તવીર્ય [સં.] વિ. વીર્યવાળું; વીર્ય જેનું કરેલું હોય એવું; વીર્યવાન; બળવાન; જુવાન.

પ્રાપ્તવ્ય ૧. [સં.] વિ. પહોંચાડવા લાયક.
૨. વિ. પ્રાપ્ય; પ્રાપ્ત કરવા યોગ્ય; મેળવવા કે સંપાદન કરવા લાયક. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ જીવનનાં ચાર પ્રાપ્તવ્ય મનાયાં છે. અંતિમ પ્રાપ્તવ્ય તે મોક્ષ.

પ્રાપ્તવ્યવહાર ૧. [સં.] પું. ઉમર લાયક થયેલો જુવાન.
૨. વિ. લાયક ઉમરનું; યોગ્ય ઉમરે પહોંચેલું.

પ્રાપ્તવ્યવહારવય જુઓ પ્રાપ્તવય.

પ્રાપ્તવ્યવહારા [સં.] સ્ત્રી. પુખ્ત ઉમરે પહોંચેલી સ્ત્રી.

પ્રાપ્ત હિસ્સા પૂંજી સ્ત્રી. ભરપાઈ કરેલી મૂડી.

પ્રાપ્તાધિકાર ૧. [સં.] વિ. અધિકાર મળ્યો હોય એવું; અધિકાર પ્રાપ્ત કરેલું.
૨. વિ. પુખ્ત ઉમરે પહોંચેલ.

પ્રાપ્તાધિકારા ૧. સ્ત્રી. રાજકચેરીમાં નિમાયેલ ન્યાયાધીશ.
૨. [સં.] વિ.સ્ત્રી. અધિકાર મેળવ્યો હોય એવી; અધિકાર પ્રાપ્ત કરેલી; અધિકારવાળી.

પ્રાપ્તાપરાધ ૧. [સં.] વિ. અપરાધમાં આવેલ; અપરાધી.
૨. વિ. જેનો અપરાધ થયેલો હોય એવું.

પ્રાપ્તાર્થ [સં.] વિ. કૃતકૃત્ય; પાવેલું; જેનું ધારેલું પાર પડ્યું હોય તેવું.

પ્રાપ્તાવધિઋણ [સં. પ્રાપ્ત (મેળવેલું) + અવધિ (મુદત) + ઋણ (કરજ)] ન. પાકી થયેલું લહેણું.

પ્રાપ્તાવસર [સં.] વિ. જેનો અવસર આવી પહોંચ્યો હોય એવું

પ્રાપ્તિ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતી છંદનો એક ભેદ છે. તેને વીરા, પવિત્રા, પ્રથિતા, પાદાતાથી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.
૨. [સં.] સ્ત્રી. આઠ માંહેની એક પ્રકારની સિદ્ધિ. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એમ આઠ પ્રકારની સિદ્ધિ કહી છે. મનાય છે કે, આ સિદ્ધિ વડે પૃથ્વી ઉપર રહેલો માણસ આંગળીના અગ્ર ભાગથી ચંદ્રસૂર્યને પણ સ્પર્શ કરી શકે અને ઇચ્છિત લોકલોકાંતરમાં ગતિ કરી શકે.
૩. સ્ત્રી. આવક; આમદાની; ઉત્પત્તિ; આવપત; પેદાશ; કમાણી.
૪. સ્ત્રી. ઇચ્છિત વસ્તુ મેળવવાની શક્તિ.
૫. સ્ત્રી. ઉદય.
૬. સ્ત્રી. કામની એક સ્ત્રીનું નામ.
૭. સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાનું અગિયારમું સ્થાન. તેને લાભભુવન પણ કહે છે.
૮ સ્ત્રી. જન્માવ.
૯. સ્ત્રી. (પુરાણ) જરાસંધ રાજાની એ નામની કન્યા. તે કંસની બીજી સ્ત્રી હતી.
૧૦. સ્ત્રી. જન્મ તે; જનન.
૧૧. સ્ત્રી. તે નામે એક સહતિ.

૧૨ સ્ત્રી. ધન વગેરેની વૃદ્ધિ.
૧૩ સ્ત્રી. (પુરાણ) ધર્મપુત્ર કામની સ્ત્રીનું નામ
૧૪. સ્ત્રી. નાટકનાં છત્રીસ માંહેનું એ નામનું એક લક્ષણ.
૧૫. સ્ત્રી. નાટકનો સુખદ ઉપસંહાર.
૧૬. સ્ત્રી. પહોંચ, પહોંચવું તે; પહોંચવાની ક્રિયા.
૧૭. સ્ત્રી. પામવું તે; પ્રાપણ; પ્રાપ્ત થવું તે; મળવું તે.
૧૮ સ્ત્રી. [illegible] માંહેની એ નામની એક અવસ્થા.
૧૯ સ્ત્રી. પેદા કરેલું હોય તેની સ્થિતિ.
૨૦ સ્ત્રી. [illegible], પ્રવૃત્તિ.
૨૧ સ્ત્રી. [illegible].
૨૨ સ્ત્રી. [illegible]પત્તિ.
૨૩ સ્ત્રી. લાભ; ફાયદો.
૨૪ સ્ત્રી. વૃદ્ધિ; વધારો; ઉન્નતિ.
૨૫ સ્ત્રી. શક્તિ; તાકાત; જુસ્સો.
૨૬ સ્ત્રી. સંમતિ; સંધ.
૨૭. સ્ત્રી. સમૂહ; જથ્થો; સહતિ.
૨૮. સ્ત્રી. સંયોગસ્વરૂપ એક દ્રવ્યગુણ.
૨૯. સ્ત્રી. સાહિત્યપ્રસિદ્ધ એક મુખાંગ.

પ્રાપ્તિકારણ [સં.] ન. નવ માંહેના એક પ્રકારનું કારણ.

પ્રાપ્તિક્રમ [સં.] પું. પહેલું શું મળે, પછી શું મળે, તે પછી શું મળે એ બાબતનો અનુક્રમ.
પ્રત્યેક ઇંદ્રિયના દ્રવ્ય, ભાવ દ્રવ્યથી ભાવે અને દ્રવ્યના તથા ભાવના પણ અનુક્રમે નિવૃત્તિ, ઉપકરણરૂપ તથા લબ્ધિ અને ઉપયોગરૂપ બેવ ભેદ બતાવ્યા છે તો હવે એ કહો કે એનો પ્રાપ્તિક્રમ કેવો છે? તત્ત્વાર્થસૂત્ર

પ્રાપ્તિસમ [સં.] સ્ત્રી. (ન્યાય) ન્યાયની ચોવીસ માંહેની એક જાતિ; પ્રાપ્તિ અને અપ્રાપ્તિનો વિકલ્પ કરી દૂષણ આપવું તે.

પ્રાપ્તિસ્થાન [સં.] ન. સંપાદનસ્થાન; મળવાનું ઠેકાણું.

પ્રાપ્તિસ્વીકાર [સં.] પું. મળ્યા બદલની પહોંચ.

પ્રાપ્ત્યારંભ ૧. [સં] સ્ત્રી કાર્યની પંચ માંહેની એક અવસ્થા.
૨ સ્ત્રી. નાટકની અવસ્થાનો એક ભેદ. નાટકમાં ફળ લાભ થવામાં અડચણ આવવી તથા તેને દૂર કરવી એવું જેમાં વર્ણવાય તેને પ્રાપ્ત્યારંભ કહે છે.
૩ સ્ત્રી. પ્રારબ્ધ કર્મની એક અવસ્થા
૪. સ્ત્રી. મેળવવાની ઉમેદ.
૫. સ્ત્રી. લાભની ધારણા.

પ્રાપ્ત્યારંભ અવસ્થા જુઓ પ્રાપ્ત્યારંભ ૧–૨.

પ્રાપ્ય ૧. [સં પ્ર (વિશેષ) + આપ્ (મેળવવું) + ય (પ્રત્યય)] ન. જન્મ માહેના એક પ્રકારનું કર્મ; બ્રાહ્મણપ્રસિદ્ધ એક કર્મ. પ્રાપ્ય કર્મ કર્તા પોતાની ક્રિયાથી જે કર્મ ઉત્પન્ન કરતો નથી કે જેમાં વિકાર કરતો નથી, માત્ર પોતાની ક્રિયા વડે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે પ્રાપ્ય કર્મ છે. તે ઘડો જુએ છે એમાં ઘડો એક પ્રાપ્ય કર્મ છે.
૨. વિ. મનન કરવા યોગ્ય; જાણવા લાયક.
૩. વિ. અણી લાયક એવું.
૪. વિ. પ્રાપ્ત કરી શકાય તેવું; મળે એવું; લભ્ય
અહિંસા વિષે ના પ્રાપ્ય સત્ય આ સૃષ્ટિને વિષે.
સત્ય અને અહિંસાનો ઓતપ્રોત સદા દીસે.
ગાંધીગીતા
૫. અ. મેળવીને, હાંસલ કરીને.

પ્રાપ્યકારી [સં. પ્રાપ્ય (સુલભ) + કારિન્ (કરનાર)] વિ. બાહ્ય વિષયો સાથે સંયુક્ત થઈને જ જેને જ્ઞાન કરનાર.
પાંચ ઇંદ્રિયો અને મન એ છને અપ્રાપ્યકારી ઇંદ્રિયોમાં આદિ ચાર ચાર ભેદોથી ગુણતાં ચોવીસ થાય. એમાં ચાર પ્રાપ્યકારી ઇંદ્રિયોના આર વ્યંજનાવગ્રહ ઉમેરવાથી અઠ્ઠાવીસ થાય.
તત્ત્વાર્થસૂત્ર

પ્રાપ્યપ્રકાશકારીંદ્રિય [સં.] સ્ત્રી. (વેદાંત) અધોગાદિ સંબંધ વડે વિષયદેશમાં પ્રાપ્ત થઈને તે વિષયનો પ્રકાશ કરનારી ઇંદ્રિય. દાખલા તરીકે, નેત્ર પોતાનાં કિરણોના સંયોગ સંબંધ વડે પટાદિ વિષયદેશમાં પ્રાપ્ત થઈને પટ વિષયનો પ્રકાશ કરે છે, માટે નેત્ર ઇંદ્રિય પ્રાપ્યપ્રકાશકારી કહેવાય છે.

પ્રાપ્યવર્ષિકવૃત્તિ [સં.] સ્ત્રી. વર્ષે વર્ષે મળતી રકમ; વર્ષાસન.

પ્રાપ્યસ્વ ૧. [સં] ન. પામવું શક્ય હોવું તે.
૨. ન. તીક્ષ્ણતા; પ્રચંડતા.
૩. ન. પ્રતાપ.
૪. ન. પ્રબળતા; સામર્થ્ય; બળ; જોર.
૫. ન પ્રાધાન્ય; પ્રધાનતા.
૬. ન. વાસ્તવિકપણું; વજનદારી.

પ્રાબોધક ૧. [સં.] પું. પ્રાતઃકાળ; અરુણોદય.
૨. પું. રાજાઓને તેમની સ્તુતિ સંભળાવી જગાડવા માટે નિમાયેલ વ્યક્તિ. પ્રાચીન કાળમાં આ કામ કરવા માટે મગધ દેશના લોક નીમવામાં આવતા હતા, જેને માગધ કહેતા.

પ્રાબોધિક ૧. [સં.] પું. સવારમાં જાગન કરી રાજા વગેરેને જગાડનાર ચારણ.
૨. ન. ઉષઃકાળ; પરોઢ; પરોઢિયું; સવાર.
૩. વિ. પ્રાતઃકાળે સ્તુતિપાઠ કરનાર.

પ્રાભવ ૧. [સં.] ન. પ્રભુત્વ; અધિકાર.
૨ ન. શ્રેષ્ઠતા; પ્રભુતા.
૩. ન. સરસાઈ; ઉપરીપણું.

પ્રાભવત્ય [સં] ન પ્રભુતા; પ્રભુત્વ

પ્રાભંજન ૧. [સં.] ન. (જ્યોતિષ) સ્વાતિ નક્ષત્ર.
૨. વિ. પવનનું; વાયુ સંબંધી

પ્રાભંજનિ ૧ [સં] પું. ભીમ.
૨ પું હનુમાન

પ્રાભાકર ૧. [સં.] વિ. પ્રભાકરના મતને અનુસરનાર
૨. વિ પ્રભાકરનું; પ્રભાકર સંબંધી.

પ્રાભાતિક ૧. [સં] ન. પ્રભાતિયું; પ્રભાત ગાન.
હિંદમાંહિ પ્રાભાતિક સુસ્વર, દર્શનવિજય
૨. વિ. પ્રભાતનું; પ્રભાત સંબંધી; પ્રાતઃકાળ સંબંધી.

પ્રાભૃત ૧. પું. (જૈન) અર્હત્ પ્રવચનનો અવયવ.
૨. પું. કલેશ; ક્લેશ.
૩. [સં.] ન. ઉપહાર; ભેટ; જાહેરમાં અપવાનું દ્રવ્ય; રાજા, ગુરુ વગેરેની પાસે લઈ જવા યોગ્ય ભેટ, નજરાણું વગેરે.

પ્રામતિ જુઓ પ્રામધિ.

પ્રામધિ [સં.] પું. (પુરાણ) દ્રવિડ દેશમાં મન્વંતરના સપ્તર્ષિમંડળનો એ નામે એક ઋષિ.

પ્રામાણિક ૧. પું. પ્રમુખ.
૨. પું. યાત્રા વખતે જરૂરનાં રાંધ, ચામર વગેરે મંગળ દ્રવ્ય.
૩ પું. વેપારીઓનો આગેવાન.
૪. [સં.] વિ. અમુક શાસ્ત્રમાં પ્રમાણ તરીકે સ્વીકાર્ય એવું; શાસ્ત્રસિદ્ધ; કારણસિદ્ધ; પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી સિદ્ધ; પ્રમાણો દ્વારા સાબિત કરેલ.
૫. વિ. નેક; અટલ ન્યાય કે સત્ય ઉપર રહેનારું; સાચું; ઇમાનદાર; પક્ષપાત વગર જે અર્થ લાગે તે કરનાર. ગાંધીજી લખે છે કે: દરેક પ્રામાણિક માણસની પોતા પ્રત્યે તેમજ દેશ પ્રત્યે ફરજ છે કે, નીરોગી રહીને છતી શક્તિ જેટલું જ તેણે આવું જોઈએ, ભોજનમાટે એક કોળિયો પણ નહિ. સમજદાર પ્રત્યેક પુરુષ તથા બાળકે દિનના ઉપયોગ માટે આજે જ્યાં પાસનું એક તણખલું ઊગતું હોય ત્યાં બે ઉગાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.
૬. વિ. પરિચ્છેદક.
૭. વિ. પ્રમાણને અનુસરતું.
૮. વિ. પ્રમાણરૂપ; સાબિતીરૂપ; આધારરૂપ; પ્રમાણભૂત.

૯. વિ. મર્યાદા જાણનાર.
૧૦. વિ. માત્રા સંબંધી; પ્રમાણ સંબંધી.
૧૧. વિ. માનનીય.
૧૨. વિ. વિદ્વાન.
૧૩. વિ. વિશ્વાસુ; વિશ્વાસપાત્ર.
૧૪. વિ. વેપારમાં સાચું.
૧૫. વિ. વેપારીમાં મુખ્ય.
૧૬. વિ. શાસ્ત્ર જાણનાર; શાસ્ત્રજ્ઞ.
૧૭. વિ. સત્તાવાળું.
૧૮. વિ. સત્ય; સાચું.
૧૯. વિ. સત્યને અનુસરતું.
૨૦. વિ. સત્યને લાયક.
૨૧. વિ. હેતુક; હેતુવાળું.

પ્રામાણિકતા ૧. [સં.] સ્ત્રી. પ્રમાણ; સાબિતી.
૨. સ્ત્રી. પ્રમાણો દ્વારા સાબિત કરવાપણું.
૩. સ્ત્રી. વિશ્વાસપણું.
૪. સ્ત્રી. શાસ્ત્રસિદ્ધપણું.
૫. સ્ત્રી. સચ્ચાઈ; પ્રમાણિકતા; ચોખ્ખાઈ; શુદ્ધ બુદ્ધિ; નેકી; ઇમાનદારી; સદ્‌વૃત્તિ.
૬. સ્ત્રી. સત્તા.

પ્રામાણિક દ્રવ્ય [સં.] ન. નિયુક્ત કરેલું ધન; મુકરર કરેલું દ્રવ્ય.

પ્રામાણિકપણું જુઓ પ્રામાણિકતા.

પ્રામાણિક પ્રતિલિપિ [સં.] સ્ત્રી. ખરી નકલ; ખાતરીવાળી નકલ.

પ્રામાણ્ય ૧. [સં.] ન. આધારભૂતપણું; પ્રમાત્વ; ઓકલાઈ; પુરાવો; સાબિતી.
૨. ન. (વેદાંત) એક પ્રકારનું પ્રમાત્વ. પ્રત્યક્ષ, અનુમિતિ, આદિક યથાર્થ અનુભવરૂપ પ્રમામાં જે રહેલું તે ધર્મવાળા પદાર્થમાં તે ધર્મપ્રકારક જ્ઞાનત્વરૂપ પ્રમાત્વ છે, તેને શાસ્ત્રમાં પ્રામાણ્ય કહે છે. વેદાંતીઓ તથા મીમાંસકો એ પ્રામાણ્યમાં સ્વતસ્ત્વ માને છે, એટલે એ પ્રામાણ્યને સ્વત:પ્રામાણ્ય માને છે અને નૈયાયિકો તેમાં પરસ્ત્વ માને છે, એટલે એ પ્રામાણ્યને પરત:પ્રામાણ્ય માને છે. પ્રામાણ્યમાં સ્વતસ્ત્વ બે પ્રકારનું છે: (૧) ઉત્પત્તિસ્વતસ્ત્વ અને (૨) જ્ઞપ્તિ સ્વતસ્ત્વ.
૩. ન. પ્રમાણભૂત હોવું તે; માન્ય હોવાપણું.
૪. ન. માન; મર્યાદા.
૫ વિ. પોતાની સામગ્રીથી પ્રકાશ કરવા યોગ્ય.

પ્રામાણ્યપત્ર જુઓ પ્રમાણ પત્ર.

પ્રામાણ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. અમુક ગ્રંથ કે વચન પ્રામાણિક છે એવી બુદ્ધિ.

પ્રામાણ્યમીમાંસા [સં.] સ્ત્રી. જ્ઞાનોપલબ્ધિમીમાંસા.

પ્રામાણ્યલેખ [સં.] પું. પ્રતિજ્ઞાલેખ; એકરાર; સોગંદનામું.

પ્રામાણ્યવાદ [સં.] પું. પ્રમાણપણાનો વાદ; પ્રમાણતાનું કથન.

પ્રામાણ્યવિષયક [સં. પ્રામાણ્ય (પ્રમાણપણું) + વિષયક (સંબંધી)] વિ. આધારભૂત હોવા સંબંધી.
આપ્ત હોવાથી શાસ્ત્ર અને સર્વાર્થસિદ્ધિ બનેનું પ્રામાણ્યવિષયક બળવાન તપસ્યા સિવાય પ્રસ્તુત વિષય અધૂરો જ રહે. તત્ત્વાર્થસૂત્ર

પ્રામાદિક ૧. [સં.] વિ. ગુનેગાર; નિંદ્ય; દોષવાળું.
૨. વિ. પ્રમાદથી થયેલું.

પ્રામાર્જ ૧. [સં.] પું. ઝરડકો.
૨. પું. ખંડાઈ; ઊંચ-નીચતા.
૩. પું. પ્રમાદ; ગફલત; અસાવધપણું.

પ્રામાર્જવું જ ક્રિ. સાફ કરવું.

પ્રામિત્યક ૧. ન. બનાજની માગણી.
૨. ન. માગી લીધાને બેકરા કરેલ દાણા.

પ્રામુખ્ય ન. પ્રધાનપણું.
આ બાબત અંગે વિચાર કરતાં કાવ્યમય અથવા પદ્યાત્મક વિધાનના સંબંધમાં વધારે પ્રામુખ્યથી જણાઈ આવે છે. કૌમુદી

પ્રામુખ્યદોષ [સં.] પું. (જૈન) સોળ માંહેનો એક ઉદ્‌ગમદોષ; સાધુને માટે બીજેથી ઉધાર લોજનસામગ્રી લાવી આહાર આપવો તે.

પ્રામોદ [સં.] વિ. મનોજ્ઞ; મનોહારી.

પ્રામોદક જુઓ પ્રામોદ.

પ્રામોદિક [સં.] વિ. હર્ષકારક; આનંદદાયક; હર્ષનું કારણ હોય એવું.

પ્રાય ૧. [સં.] પું. બાહુલ્ય; પ્રાચુર્ય.
૨ પું. મૃત્યુ; મોત.
૩. ન. અનશન વગેરે તપ. તેનાથી મનુષ્ય શક્તિહીન થઈને મરવા જેવો થઈ જાય છે અથવા મરી જાય છે.
૪. ન. અવસ્થા; ઉમર.
૫. ન. પાપ; પાતક.
૬. વિ. લગભગ સરખું; સમ; સમાન; સરખું: જેવું સમાસને અંતે વપરાય છે. જેમકે, મૃતપ્રાય.
૭. અ. ઘણું કરીને; બાહુલ્યે; પ્રાય:.
૮. અ. પૃથ્વીને, ઘણે અંશે

પ્રાયશ્ચિત્ત જુઓ પ્રાયશ્ચિત્ત.

પ્રાયણ ૧. [સં.] ન. અનશન વ્રત વડે શરીરત્યાગ; ઇચ્છાપૂર્વક નિરાહાર રહીને મરી જવું તે.
૨. ન. એક સ્થાનેથી બીજે સ્થાને જવું તે.
૩. ન. જન્માંતર; દેહનો ત્યાગ કરી બીજા સ્થાને જવું તે; એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરમાં જવું તે.
૪. ન. જીવનપથ; જીવિતાવસ્થા.
૫. ન. દૂધમાં મેળવીને જમાવવામાં આવતો એ નામે એક જાતનો આહ્લ પદાર્થ.
૬. ન. પારણું; અનશન વ્રત પૂરું થતાં લેવામાં આવતો આહાર અથવા પથ્ય.
૭. ન. પ્રવેશ.
૮. ન. પ્રારંભ.
૯. ન. પ્રારંભ દિવસ.
૧૦. ન. મરણવેદના.

પ્રાયણીય ૧. [સં.] પું. એક પ્રકારનો પ્રાચીન યજ્ઞ; અતિરાત્ર યાગ.
૨. ન. પ્રારંભિક ક્રમ.
૩. ન. સોમયાગના પહેલી સુત્યાના દિવસનું કર્મ.
૪. વિ. પ્રારંભ સંબંધી; પ્રારંભિક.

પ્રાયણીયા [સં.] સ્ત્રી. એ નામની દીક્ષા.
આપની બને વરની દાઢો તે પ્રાયણીયા દીક્ષા એટલે અનંતરેષ્ટિ અને ઉદનીયા દીક્ષા એટલે સમાપ્તીષ્ટિ છે. જ્ઞાનવત

પ્રાયણીયેષ્ટિ [સં.] સ્ત્રી. દેવોએ યજ્ઞ શોધવા જતી વખતે કરેલી ઇષ્ટિ.

પ્રાયદર્શ પું. નારંગી રંગનાં ફૂલવાળો એક છોડ; અબોલી.

પ્રાયદ્વીપ પું. દ્વીપકલ્પ.

પ્રાયદ્વીપ [સં. પ્રાયોદ્વીપ] પું. બધી બાજુ પાણી અને એક બાજુ જમીનનો ભાગ હોય તે, દ્વીપકલ્પ.

પ્રાયપ્રસ [અં.] પું. આસતેલથી બાંધતો એક જાતનો ચૂલો.

પ્રાયવૃત્ત વિ અંડાકાર.

પ્રાયશ: ૧. [સં. પ્રાયશસ્] અ. મોટે ભાગે; ઘણુંખરું; સાધારણ રીતે; બહુધા; બહુ કરીને; સામાન્ય રીતે; ઘણું કરીને.
૨. અ. કદાચ; કદાચ.

પ્રાયશ્ચિત્ત ૧. [સ. પ્રાયસ્ (તપ) + ચિત્ત (નિશ્ચય)] ન. કરેલાં પાપકર્મના ક્ષય માટે વિધિનોધિત એક કર્મ; તપ ને નિશ્ચયનો સમોવડ; પાપમાંથી છૂટવા માટે શાસ્ત્રાનુસાર કરવાનું કૃત્ય. નિશ્ચયયુક્ત જે તપ તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. તે બે હોય છે. એક વ્રત અને બીજું દાન. શાસ્ત્રોમાં જુદાં જુદાં પાપોની નિવૃત્તિ માટે જુદાં જુદાં પ્રાયશ્ચિત્તોનું વિધાન છે. કેટલાક પાપમાં વતનું.

કેટલાંકમાં દાનનું અને કેટલાંકમાં વ્રત અને દાન બંનેનું વિધાન છે. સંસારમાં પણ સમાજના નિયમ વિરુદ્ધ કોઈ ક્રમ કરનાર માણસને અમુક ક્રમ કરવું પડે છે કે જે વડે તે સમાજમાં વ્યવહાર રાખવા લેખ ગઈ ગણી છે. આ પ્રકારનાં કૃત્યને પણ પ્રાયશ્ચિત્ત કહેવામાં છે. જે માણસ અધિકારી આગળ સ્વેચ્છાએ પોતાના દોષનો નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરે છે. હિંદુ સમાજના ધાર્મિક જીવનમાં પ્રાયશ્ચિત્તોનું વિશેષ સ્થાન છે. માણસના સામાજિક નિયમોને પણ ધર્મનો ઓપ ચડાવીને તેના ન પાલન કરવામાં પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે. મધ્યકાળમાં જે સ્મૃતિઓ બની તેમાં પ્રાયશ્ચિત્તોને મુખ્ય સ્થાન દેવાયું. અંત્યજોની સાથે ખાવું, અશુદ્ધ જલ પીવું નિષિદ્ધ અથવા અપવિત્ર ભોજન કરવું, રજસ્વલા સ્ત્રીનો અથવા અંત્યજોનો સ્પર્શ કરવો, ગોદડીનું દૂધ પીવું, મદ્ય, સ્ત્રી, માંસ, સ્નિગ્ધ અથવા ખાટાપણાની હલ્લા, શ્રાદ્ધમાં માંસ આપીને ન ખાવું, સમુદ્રયાત્રા કરવી, જોરથી હાસ્ય બનાવવા, આદિ વાતો ઉપર ચાંદ્રાયણ કૃચ્છ્ર આદિ ભિન્ન ભિન્ન પ્રાયશ્ચિત્તોનું વિધાન છે. અસ્પૃશ્યતા જેવી વાતો પછીના સમયમાં પ્રચલિત થઈ. આથી હિંદુ ધર્મમાં સંકીર્ણતાએ પ્રવેશ કર્યો અને આ સંકીર્ણતા ધીરે ધીરે વધતી ગઈ.

પ્રાયશ્ચિત્ત કરવું = પાપનિવારણ માટે તપ કે વિધિ કરવાં; કરેલ પાપ માટે પસ્તાવો કરવો અને તેમાંથી મુક્ત થવા માટે મન દાન આદિ કરવા.

૨. ન. (જૈન) છ બાંહેના એક પ્રકારનું બાહ્યાભ્યંતર તપ; લક્ષિત વ્રતમાં થયેલ પ્રમાદજનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે; પોતાના ચારિત્રની ખામીઓ શોધી ગુરુની આગળ જાહેર કરી તેને માટે પશ્ચાત્તાપ કરવો અથવા ગુરુ જે દંડ તરીકે તપ બતાવે તે કરવું તે; પાપક્ષય; દોષનિવૃત્તિ; પાપનિવારણ માટેનું તપ. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે.

સંયમની દૃષ્ટિએ ફલાહાર તેમ જ અન્નાહાર વચ્ચે હું બહુ ભેદ ન જોઈ શક્યો. તેથી ત્રિયોદશીને દિવસે નકોરડા ઉપવાસને બદલે એકટાણાને વધારે મહત્ત્વ આપતો થયો. વળી પ્રાયશ્ચિત્તાદિનું કંઈ નિમિત્ત બને તો તે નિમિત્તે પણ એકટાણા ઉપવાસ કરી નાખતો. ગાંધીજી

૩. ન. પાપ. આ ઊલટો અર્થ છે પણ ચાલે છે. એણે ભલે કોના કે પ્રાયશ્ચિત્ત લાગ્યાં ?
લોકોક્તિ

પ્રાયશ્ચિત્ત લાગવું = (૧) પાપ લાગવું. (૨) પ્રાયશ્ચિત્ત કરવું પડે તેવું બનવું. (૩) ફળ મળવું; બદલો મળવો.

૪ ન. (જૈન) પાપની નિવૃત્તિ માટે કરવામાં આવતાં દસ પ્રકારનાં કૃત્ય. તે દસ પ્રકાર: (૧) આલોચન, (૨) પ્રતિક્રમણ, (૩) આલોચન પ્રતિક્રમણ, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) પરિહાર, (૯) ઉપસ્થાન અને (૧૦) ક્ષેપ.

૫. ન. પાપનો પસ્તાવો.

૬. ન. બદલો; ફળ.

૭. ન. શિક્ષા, સજા.

પ્રાયશ્ચિત્તકાલ [સં.] પું. કર્યાં કર્મનાં ફળ તરીકે દુઃખ ભોગવવાનો વખત.

પ્રાયશ્ચિત્તકાળી જુઓ પ્રાયશ્ચિત્તકાલ.

પ્રાયશ્ચિત્તનિવારણ [સં.] ન. દોષના નિવારણ માટે કરવામાં આવતું પ્રાયશ્ચિત્ત.

પ્રાયશ્ચિત્તયુગ [સં] પું. કર્યાં કર્મનાં ફળ તરીકે દુઃખ ભોગવવાનો વખત; પ્રાયશ્ચિત્તકાળ.

પ્રાયશ્ચિત્તયુગ સમાપ્યા પહેલાં,
રો ઊભરો સ્પર્શનાં સ્હવાર.
ન. ત્રિપાઠી

પ્રાયશ્ચિત્તવિધિ [સં.] પું. પ્રાયશ્ચિત્તનો વિધિ; પાપકર્મ નાશ થાય તેવી ક્રિયા કરવી તે; અમુક પાપકર્મ ઉપર અમુક પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રકાર.

પ્રાયશ્ચિત્તાર્હ [સં.] વિ. પ્રાયશ્ચિત્તને પાત્ર.

પ્રાયશ્ચિત્તિ [સં.] સ્ત્રી. પ્રાયશ્ચિત્ત.

પ્રાયશ્ચિત્તિક ૧. [સં.] વિ. પ્રાયશ્ચિત્ત જોગ.

૨. વિ. પ્રાયશ્ચિત્ત સંબંધી.

પ્રાયશ્ચિત્તી ૧. [સં. પ્રાયશ્ચિત્તિન્] વિ. પ્રાયશ્ચિત્ત કરનાર.

૨. વિ. પ્રાયશ્ચિત્ત જોગ.

પ્રાયઃ ૧. [સં.] ન. તપ

૨. વિ. સમ; સમાન; લગભગ સરખું

૩. અ. કદાચ

૪. અ. પહેલાંથી.

૫. અ. બધી રીતે; સર્વથા; ઘણે અંશે; ખૂબ જ.

૬. અ. મુખ્યત્વે; સામાન્ય રીતે; ઘણુંખરું; મોટે ભાગે; સાધારણ રીતે; બહુધા.

૭. અ. લગભગ; આસરે.

પ્રાયા ૧. પું. જથ્થો.

૨. પું. ધાર્મિક ક્રિયા તરીકે મરણ સુધી ઉપવાસ કરવા તે; અનશન.

૩. વિ. મરણું.

પ્રાયાણિક ૧. [સં.] પું. છત્ર, ચામર વગેરે યાત્રાસમય માટે જરૂરના મંગળ દ્રવ્ય.

૨. વિ. પ્રયાણ સંબંધી; યાત્રા સંબંધી.

પ્રાયાસ [સં.] ન. એ નામનો એક વૈદિક દેવ.

પ્રાયિક ૧. વિ. ઘણું કરીને હોનારું

૨. વિ. ચાલતી રૂઢિનું; સંપ્રદાયને અનુસરતું.

પ્રાયિકતા [સં. પ્રાયિક (ઘણું કરીને હોનારું) + તા (પણું)] સ્ત્રી. મોટે ભાગે હોવાપણું.

પ્રાયુદ્બેપી [સં. પ્રાયુદ્બેપિન્] પું. ઘોડો

પ્રાયે જુઓ પ્રાયઃ.

પ્રાયેણ [સં.] અ. ઘણું કરીને.

પ્રાયોગ [સં.] પું. ગાડું વગેરેમાં જોડવા યોગ્ય બળદ.

પ્રાયોગિક ૧. [સં.] વિ. (જૈન) આત્મપ્રદેશરૂપ બનવાળું

છદ્મ અને શરીરનો સંબંધ તથા જ્ઞાનની અને જ્ઞાનનો સંબંધ પ્રયત્નસાપેક્ષ હોવાથી **પ્રાયોગિક** બંધ છે. તત્ત્વાર્થસૂત્ર

૨. વિ. નિત્ય પ્રયોગને યોગ્ય; હંમેશા વાપરવા લાયક; જેનો રોજ પ્રયોગ થતો હોય તેવું.

૩. વિ. પ્રયોગ કરનાર; વૈજ્ઞાનિક

૪. વિ. પ્રયોગ કરી શકાય એવું.

૫. વિ. પ્રયોગ કરીને કરવા યોગ્ય.

૬. વિ. પ્રયોગને લગતું; પ્રયોગ સંબંધી; પ્રયોગનું; વ્યવહારું.

પ્રાયોગિક બંધ [સં.] પું. (જૈન) પરસ્પર આશ્લેષરૂપ બંધ.

પ્રાયોગ્ય વિ. ઉચિત; યોગ્ય.

પ્રાયોજ્ય વિ. સારી રીતે યોજવા કે જોડવા યોગ્ય.

પ્રાયોદ્વીપ [સં.] પું. બધી તરફ પાણીથી ઘેરાયેલું અને એક તરફ જમીન સાથે જોડાયેલું સ્થળ; દ્વીપકલ્પ; દ્વીપકલ્પ.

પ્રાયોનોડોન ઝીલેનીડસ ન. સિલોનમાં વસતું એ નામનું એક જાતનું જનાવર.

પ્રાયોનોડોન લેનિજર ન. તિબેટમાં વસતું એ નામનું એક જાતનું જનાવર.

પ્રાયોનોડોન હ્યુકેટિસ ન. આરાકાનમાં વસતું એ નામનું એક જાતનું જનાવર.

પ્રાયોપગમન [સં.] ન. આહાર ત્યાગી મરવાને તૈયાર થવું તે; અનશન વ્રત વડે પ્રાણ ત્યાગ કરવાનો પ્રયત્ન.

પ્રાયોપવિષ્ટ [સં.] વિ. અનશન કરીને મરવા તૈયાર થયેલ; મરણકાળ સુધી અન્નપાન વગેરેનો ત્યાગ કરી ઈંગિતમરણ કરવા બેઠેલું.

પ્રાયોપવેશ જુઓ પ્રાયોપવેશન.

પ્રાયોપવેશન [સં. પ્રાયા (અનશન) + ઉપવેશન (નજીક બેસવું તે)] ન. મરણ પર્યંત અન

તથા જળનો ત્યાગ કરી ઈશ્વરભજન કરવું એવો કરેલો નિશ્ચય; અનશન કરી મરવા તૈયાર થવું તે, અન્નજળનો ત્યાગ કરી મરવા માટે તૈયાર થઈ બેસવું તે; ઉપવાસ કરતાં બેસી રહેવું અને એ રીતે મૃત્યુને નોતરવું તે. અનશન કરીને

પ્રાયોપવેશનિકા [સં.] સ્ત્રી. અનશન કરીને મરવા તૈયાર થવું તે.

પ્રાયોપવેશી [સં. પ્રાયોપવેશિન્] વિ. પ્રાયોપવેશન વ્રત કરનાર.

પ્રાયોપેત [સં.] વિ. અનશન મરણવાળું.

પ્રારથવું સ. ક્રિ. પ્રાર્થના કરવી.

ઓચિ પુત્ર અર્થે ભોટી લાય,
મર્મ લઈ પ્રારથિયા નાથ. વલ્લભ

પ્રારબ્ધ જુ. [સં.] ન. (વેદાંત) ઇચ્છા, અનિચ્છા અને અહેચ્છા કે પરેચ્છા એ ત્રણનો સમૂહ. પ્રારબ્ધના ત્રણ પ્રકાર છે: અનિચ્છા પ્રારબ્ધ એટલે ઇચ્છેલું નહિ એવું, પરેચ્છા પ્રારબ્ધ એટલે પારકાની ઇચ્છાથી પ્રાપ્ત થયેલું અને સ્વેચ્છા પ્રારબ્ધ એટલે પોતાની ઇચ્છાથી પ્રાપ્ત થયેલું પ્રારબ્ધ.

૨. [સં. પ્ર + આરભ્ (શરૂ કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] ન. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એવા કર્મના ત્રણ ભાંહેનો એ નામનો એક ભેદ; સંચિત ભાંહેનાં જેટલાં કર્મના ફળ ભોગવવાની શરૂઆત થઈ ચૂકી હોય તે કર્મ; સંચિત કર્મમાંથી જેટલાં ભોગવવાને માટે આ વર્તમાન દેહ સરજાયો છે તેટલાં કર્મ; જેનું ફળ આ જન્મમાં ભોગવવા માંડ્યું છે તે કર્મો; પહેલેથી અથવા જન્મથી શરૂ થતું અદૃષ્ટ; ભાગ્ય; નસીબ. આ વર્તમાન દેહના આરંભ થવાના સમયમાં કાળ, સંચિત કર્મોમાંથી કેટલાંક કર્મને એકઠાં કરીને તેઓને આ દેહમાં ફળ દેવા સારૂ પ્રેરે છે. એવી રીતે પ્રેરાયેલાં કર્મો પ્રારબ્ધ કહેવાય છે. જ્યાંસુધી પ્રારબ્ધ કર્મ હોય ત્યાંસુધી દેહ રહે છે. મુક્તોપનિષદમાં કહ્યું છે કે: આત્મજ્ઞાનથી સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધનો અસ્ત થઈ જાય છે. સંચિત એટલે હજુ જે ફળ્યાં નથી પણ ભવિષ્યમાં જે ફળવાનાં છે એવાં એકઠાં થયેલાં અનંત જન્મોનાં કર્મ તે આત્મજ્ઞાનથી વિનાશ પામી જાય છે. ક્રિયમાણ કર્મને તો કરાય છે જ એવી રીતે કે તેનો સ્પર્શ જ ન લાગે અને પ્રારબ્ધ ફળદાનમાં પ્રવૃત્ત કર્મોનો જ્ઞાનની જડીબુટ્ટીને લીધે ક્ષય જ થઈ જાય છે. જેને પ્રારબ્ધ કર્મોનો વિનાશ ભોગે જ થતો નથી, છતાં આત્મદર્શનમાંથી નીપજતા પ્રચંડ વીર્યથી આત્મદર્શન તેને એવી રીતે ભોગવી લે છે કે જે ન ભોગવ્યાં જેવાં જ થઈ રહે છે. આમ આત્મદર્શનમાં પરિપૂર્ણ મુક્તિ અને જીવનની પરમસિદ્ધતા ચુકાઈ છે. જે સંચિત હોય છે તે જ પ્રારબ્ધ બને છે અને પ્રારબ્ધ ભોગવવાં જ પડે છે. સિદ્ધાંતદર્શનમાં કહ્યું છે કે: જેમણે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે એવા જ્ઞાનીઓને પણ પ્રારબ્ધનો ક્ષય થઈ રહેવાનાં સુધી આ જગત દેખાયા કરે છે, કારણ કે પ્રારબ્ધનો ક્ષય થતાં સુધી અવિદ્યાની વિક્ષેપશક્તિ અત્યંત લય પામતી નથી. સ્વામી રામતીર્થ કહે છે કે: મનુષ્ય પોતે જ પોતાના પ્રારબ્ધનો રચનાર છે. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે: જે પુરુષસિદ્ધ અવિનાશી બ્રહ્મને જાણે છે તે, તે જ્ઞાનના રૂપે બનતે સર્વત્ર જાય છે અને પોતાના પ્રારબ્ધના અંતે પરબ્રહ્મ પરમાત્માને પામે છે, મુક્ત થાય છે.

પ્રારબ્ધનું ફૂટેલું = ભાગ્યહીન; બેનસીબ; નુકસાની કે દુઃખમાં આવી પડેલું; કર્મહીન.

૩. વિ. સારૂ કરેલું; સારી રીતે આરંભેલું.

પ્રારબ્ધ અંક [સં. પ્રારબ્ધ (ભાગ્ય) + અંક (આંકડો)] પું. પ્રારબ્ધનો આંકડો; પ્રારબ્ધનો લેખ; ભાગ્યલેખ.

પુરુષાર્થથી પર છે તે પ્રારબ્ધ અંક! નાનાલાલ

પ્રારબ્ધકર્મ [સં. પ્રારબ્ધકર્મન્] ન. (વેદાંત) ત્રણ ભાંહેના એક પ્રકારનું કર્મ; નસીબ; ભાગ્ય. સંચિત કર્મોમાંથી નીકળીને આ વર્તમાન શરીરનાં આરંભક થાય છે તે પ્રારબ્ધકર્મ કહેવાય છે. સુખદુઃખાદિ પ્રારબ્ધનું ફળ છે. પ્રારબ્ધકર્મ ત્રણ પ્રકારનું છે: ઇચ્છા પ્રારબ્ધ, અનિચ્છા પ્રારબ્ધ અને પરેચ્છા પ્રારબ્ધ. સાંખ્યદર્શનમાં કહ્યું છે કે: જે પ્રારબ્ધકર્મથી આયુષ્યનું નિર્માણ થયું છે તે ચોક્કસ બાકી રહેવાથી શરીર રહે છે. પ્રારબ્ધકર્મ આયુષ્યના ઉપભોગથી જ ક્ષીણ થાય છે. ઉપનિષદમાં પણ લખ્યું છે કે: વિવેકજ્ઞાન થતાં જેટલું પ્રારબ્ધકર્મનો ક્ષય થાય ત્યાંસુધી શરીર રહે છે.

પ્રારબ્ધકાર્ય [સં.] ન. પ્રારબ્ધ.

વેદાંત સૂત્રમાં પ્રારબ્ધને જ પ્રારબ્ધકાર્ય અને જે પ્રારબ્ધ નથી તેને અનારબ્ધકાર્ય એવાં નામો આપેલાં છે. ગીતારહસ્ય

પ્રારબ્ધપંથ પું. નિયંતાએ નિર્માણ કરેલો માર્ગ.

તે જાન પી વિચરતી મનુ કરી સૃષ્ટિ,
પ્રારબ્ધપંથ પકડી પકડી પ્રમાણે. નાનાલાલ

પ્રારબ્ધયોગે જુ. પ્રારબ્ધવશાત્; ભાગ્યયોગે.

પ્રારબ્ધરેખા જુઓ પ્રારબ્ધરેખા.

પ્રારબ્ધરેષા [સં.] સ્ત્રી. હથેલીમાં રહેલી એ નામની એક રેખા. મનુષ્યને યદૃચ્છાપ્રાપ્તિ કે અર્થપ્રાપ્તિની પ્રવૃત્તિમાં સુખ અથવા દુઃખ, ઉદય કે અસ્ત, પ્રકાશ કે અંધકાર જે પ્રાપ્ત થાય તેની વિગતો પ્રારબ્ધરેખા ઉપરથી જણાય છે.

પ્રારબ્ધવશાત્ [સં.] અ. ઈશ્વરેચ્છાથી; નસીબને લીધે; દૈવયોગે; નસીબજોગે.

પ્રારબ્ધવાણી [સં.] સ્ત્રી. નસીબની બોલી.

પરંતી, અપ્યમા તથા વૈખરી એવી જે ત્રણ પ્રકારની વાણી છે તેના કારણભૂત પ્રારબ્ધવાણી પણ તમે જ છો. સમરાતી

પ્રારબ્ધવાદ [સં.] પું. પ્રારબ્ધ ઉપર જ આધાર રાખી બેસી રહેવાનો સિદ્ધાંત; નસીબમાં હશે તે થશે એવો મત; દૈવવાદ; નિયતિવાદ; કર્મવાદ; 'ફેટેલિઝમ'.

પ્રારબ્ધવાદી જુ. [સં. પ્રારબ્ધવાદિન્] પું. પ્રારબ્ધવાદમાં માનનાર પુરુષ; નસીબમાં હશે તે થશે એમ માનનાર માણસ; દૈવ ઉપર આધાર રાખનાર પુરુષ; 'ફેટેલિસ્ટ'.

૨. વિ. નસીબને માનનાર; બધું નસીબમાં લખ્યું હોય તેમ જ થાય છે એમ માનનાર; દૈવવાદી.

પ્રારબ્ધાધીન [સં. પ્રારબ્ધ + અધીન (વશ)] વિ. પ્રારબ્ધને આધીન; નસીબને વશ.

પ્રારમ્ભ જુ. [સં.] સ્ત્રી. આરંભ; શરૂઆત.

૨. સ્ત્રી. હાથીને બાંધવાની દોરડી.

પ્રારમ્ભી [સં. પ્રારમ્ભિન્] વિ. ભાગ્યવાન; નસીબદાર.

પ્રારંભ જુ. [સં. પ્ર (વિશેષ) + આરભ્ (આરંભ કરવો)] પું. આરંભ; શરૂઆત; શરૂ કરવું તે.

૨. વિ. સારી રીતે આરંભવાળું.

પ્રારંભક જુ. [સં.] પું. નવો પ્રારંભ કરનાર માણસ; પ્રારંભ કરનાર વ્યક્તિ; 'પાયોનીઅર'.

૨. પું. વાદી.

વાદી (પ્રારંભક) પ્રતિવાદી (પ્રત્યારંભક) વાદી બે પ્રકારના હોય છે. પુરાતત્ત્વ

૩. વિ. પ્રાથમિક.

૪. વિ. પ્રારંભ કરનારું.

પ્રારંભકામ જુ. અવશ્ય કામ; આદિકર્મ.

પ્રારંભકાલ [સં.] પું. શરૂઆતનો વખત.

પ્રારંભકાળ જુઓ પ્રારંભકાલ.

પ્રારંભક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) કોઈનું છેદનભેદન કરવું અથવા તો એમ કરાતું દેખી ખુશ થવું તે.

પ્રારંભચિહ્ન [સં.] ન. શરૂઆતની નિશાની.

પ્રારંભણ [સં.] ન. આરંભ; શરૂ કરવું તે.

પ્રારંભણીય [સં.] વિ. આરંભના પ્રયોગવાળું.

પ્રારંભવિદુ ૧. [સં.] ન. જે સ્થળેથી શરૂઆત કરી હોય તે સ્થળ.
૨. ન. શરૂઆતનો વિષય; શરૂઆતનો મુદ્દો.

પ્રારંભવું [સં. પ્ર + આરભ્ (શરૂ કરવું)] જુ. ક્રિ. શરૂ કરવું.

પ્રારંભશૂર જુઓ પ્રારંભશૂરું.

પ્રારંભશૂરું વિ. શરૂઆતમાં જ ખૂબ ઉત્સાહ બતાવનાર પણ પાછળથી સુસ્ત અને નિરુત્સાહી બની જનાર; પ્રારંભે શૂરું; શરૂઆતમાં હોંશ દાખવનાર પણ પછીથી ઢીલું પડી જનાર.

પ્રારંભસ્થાન [સં.] ન. શરૂઆતનું સ્થળ.

પ્રારંભસ્વરૂપ [સં.] ન. શરૂઆતનો દેખાવ.

પ્રારંભાવું ૧. જુ. ક્રિ. આરંભ થવો.
૨. જુ. ક્રિ. બોલવું.

પ્રારંભિક ૧. [સં.] વિ. પ્રાથમિક; પ્રારંભનું; શરૂઆતનું; 'પ્રાયમરિ'.
૨. વિ. પ્રારંભ સંબંધી.
૩. વિ. પ્રાથેયિક; 'ઇન્ટ્રોડક્ટરિ'.
૪. વિ. પ્રારંભવિષ્ક.
૫ વિ. મૂળનું; અસલનું; 'પ્રિમિટિવ'.
૬. વિ. મૌલિક; 'ઓરિજિનલ'.

પ્રારંભિક આકી સ્ત્રી. હિસાબ ખૂલતી વખતની બાકી રકમ; 'ઓપનિંગ બૅલન્સ'.

પ્રારંભિક શિક્ષણ [સં.] સ્ત્રી. પ્રાથમિક કેળવણી, 'એલિમેન્ટરિ એજ્યુકેશન'.

પ્રારિપ્સિત [સં.] વિ. સારી રીતે આરંભ કરવા ઇચ્છેલ

પ્રારોહ [સં.] વિ ઊગવાના સ્વભાવવાળું; ઊગી નીકળે એવું.

પ્રાર્જ ૧. [સં. પ્ર (ખરું) + ઋણ (કરજ)] ન. અત્યંત કરજ.
૨. વિ. અત્યંત કરજદાર; દેવામાં ડૂબેલું.

પ્રાર્થક ૧. [સં.] પું. દાવો કરનાર માણસ; દાવેદાર.
૨. વિ. પ્રાર્થના કરનાર, વિનંતિ કરનાર.
૩. વિ. યાચક; ભિક્ષુક; માગનાર.

પ્રાર્થન ૧. [સં.] સ્ત્રી. હિંસા.
૨. ન. ઇચ્છા.
૩. ન. પ્રાર્થના કરવી તે; પ્રાર્થના; વિનંતિ.
૪ ન. યાચના; માગણી; માગવું તે.

પ્રાર્થનમુદ્રા [સં.] સ્ત્રી. પહોળી આંગળીઓ યુક્ત પરસ્પર મળેલ અને હથેળીઓને હૃદય તરફ સન્મુખ કરવાથી બની એ નામની એક મુદ્રા.

પ્રાર્થના ૧. [સં. પ્ર (ઞિ) + અર્થ્ (વિનંતિ કરવી) + અન (પણું) + આ (નારીલિંગનો પ્રત્યય)] સ્ત્રી. ઈશ્વરસ્તુતિ કરીને માગવું તે; બંદગી; ઈશ્વરસ્તુતિ; ભક્તિસ્તવન. કાકા કાલેલકર કહે છે કે: પ્રાર્થના એટલે પોતાના આદર્શ પુરુષ પોતાનું જીવન ઘડીને ઈશ્વરને તે સમર્પણ કરવાની ક્રિયા. આ સંબંધે ગાંધીજી લખે છે કે: આત્મશુદ્ધિને સારૂ નિરંતર ઈશ્વરસ્તવન કરવું તેનું નામ પ્રાર્થના. પ્રાર્થના એટલે ઈશ્વરની પાસે સંસારી સુખ કે બીજી સ્વાર્થ સાધવાની વસ્તુઓ માગવી એ નહિ. પ્રાર્થના એ ક્લેશ પામેલા આત્માનો ગંભીર નાદ છે અને તેની અસર જગત ઉપર થયા વિના રહેતી નથી. અને તે પ્રાર્થના ઈશ્વરના દરબારમાં સંભળાયા વિના રહેતી નથી વ્યક્તિ અથવા તો પ્રજા જ્યારે મોટા સંકટથી પીડાય છે, ત્યારે તે પીડાનું શુદ્ધ જ્ઞાન એ જ પ્રાર્થના. શૈતાનથી બચવાને માટે હું ઈશ્વરનો આશરો લઉં છું. હે ખુદા! આઈ કરેક્ટ ધ્રામ હું તારું નામ યાદ કરીને શરૂ કરું છું. તું રહીમ છે ને રહેમાન છે, તું આ વિશ્વસકળનો સરજનહાર છે. તું પ્રભુ છે ને તું માલિક છે. હું એક તારી જ બંદગી કરું છું અને એક તારી જ મદદ ચાહું છું. કયામતને દિને ન્યાય કરનારો પણ તું જ છે. તારો ગુનો કરનારા માણસો જે વેર છે તે નહિ પણ તારા સંતોએ જે રાંધો હતો તે રસ્તો અને બતાવ. ખુદા એક છે, તે સનાતન છે, સર્વ સમર્થ છે, તે સ્વયંભૂ છે, તેના જેવો બીજો કોઈ નથી. તેણે સર્વ વસ્તુઓ પેદા કરી છે, કોઈએ તેને પેદા કર્યો નથી. કુરાન શરીફની જે સુરાનો અમારી પ્રાર્થનામાં રોજ પાઠ કરવાનો રિવાજ છે તેનો આ તરજુમો છે. કોઈ પણ માણસ આ બંદગીની સામે કેવી રીતે વાંધો લઈ શકે તે મારી સમજમાં આવતું નથી. મારો દૃઢ વિશ્વાસ છે કે ખુદાની આ પ્રાર્થના તમે સૌ તમારા દિલમાં રાખો તો જ તમે ઊંચે ચડી બધારે સારાં ઓલિયો બનશો. પ્રાર્થનાનો મૂળ અર્થ તો માગવું થાય છે. ઈશ્વર પાસે કે વડીલની પાસે વિનયપૂર્વક કરેલી માગણી એ પ્રાર્થના. અહીં આ અર્થમાં પ્રાર્થના શબ્દ નથી વપરાતો. પ્રાર્થના એટલે ઈશ્વરસ્તુતિ, ભજનકીર્તન, સત્સમાગમ, અંતર્ધ્યાન, અંતરશુદ્ધિ. પણ ઈશ્વર કોણ? એ કોઈ આપણા શરીરની કે આ જગતની બહાર રહેલ વ્યક્તિ નથી. એ તો સર્વવ્યાપક છે, સર્વત્ર છે, સર્વશક્તિમાન છે. એને સ્તુતિની શી જરૂર હોય? સર્વવ્યાપક હોઈ બધું સાંભળે છે, આપણા વિચાર જાણે છે. મોટેથી બોલીને એને શું સંભળાવવું? એ આપણા હૃદયમાં વસે છે, નખ આંખના આંજણ છે તેનાથી પણ તે નજીક છે. અહીં પ્રાર્થના શું કરે? આની ચૂંથવણ છે તેથી જ પ્રાર્થનાનો અર્થ અંતરશુદ્ધિ પણ કર્યો. બોલીને ઈશ્વરને નથી સંભળાવવું. બોલીને ગાઈને આપણે આપણને સંભળાવીએ છીએ, ઊંઘમાંથી જાગૃત થઈએ છીએ. આપણામાંના કેટલાક ઈશ્વરને બુદ્ધિથી ઓળખે છે, કેટલાકને તો તે વિષે પણ શંકા છે. કોઈએ ઈશ્વરને આંખે જોયો નથી. આપણે તેને હૃદયથી ઓળખવો છે, સાક્ષાત્કાર કરવો છે, તેના રૂપમાં ભળી જવું છે, એ સારૂ પ્રાર્થના કરીએ છીએ. કેટલાક માને છે કે મંદિરમાં ગયા, આરતી ઉતારી, ભજનમાં ભળ્યા, રામનામ લીધું એટલે પ્રાર્થના થઈ ગઈ. પણ ભજન, રામનામ વગેરે બધાં પ્રાર્થનાનાં સાધન છે, સાધ્ય ઈશ્વરની સાથે અનુસંધાન છે. કો નિશ્ચેષ્ટ રહીને પણ થઈ શકે, મૂંગા રહીને પણ પ્રાર્થના કરી શકાય. શબ્દ વિનાની પણ હૃદયથી બની પ્રાર્થના ચાલે. હૃદય વિનાની પણ શબ્દાડંબરવાળી પ્રાર્થના નિરર્થક છે. આત્માનાં પડને ઊખેડવાનો જાગૃત પ્રયત્ન હોય તો જ પ્રાર્થના સાર્થક છે. એમાં દંભ ન હોય, આડંબર ન હોય. જેમ ભૂખ્યા માણસને ભોજન સાથે સ્વાદ આવે છે, તેમ ભૂખ્યા આત્માને પ્રાર્થનાનો સ્વાદ આવવો જોઈએ. હૃદયમાંથી ઊઠતી પ્રાર્થના પોતાને સ્વચ્છ કર્યા વિના રહેતી જ નથી. ઈશ્વરને કોઈ બાહ્યતત્ત્વ માનીને તેની પાસે કાંઈક માગીએ કે તેને અંતર્યામી સમજી આપણે અંતરમાં જાગૃત રહીને તેને આરાધીએ, ઉપાસીએ; પરિણામ અંતે એકનું એક જ છે. પહેલો માણસ ભક્તમાં ખપે, બીજો જ્ઞાનીમાં ખપે. આપણે ભક્તમાં ખપીએ તો જરા જલ્દી. ઈશ્વરની પાસે માગણી કરવાની હોય તો યે તે માગણી આપણી આત્મશુદ્ધિને માટેની જ હોય. આત્માનું શૌચ, આત્માનું પરિશોધન એ જ પ્રાર્થના છે. આત્મા આપણામાં મૂર્છિત સ્થિતિમાં છે. તેના ઉપર અંધકાર, અજ્ઞાનનાં કરોળિયા પડો ચડેલાં છે. પ્રાર્થના કરીને આપણે એમાંનું એક એક પડ ઉખેડીએ છીએ, એટલે જે માણસ આત્મજાગૃતિમાં અર્થાત્ ધર્મજાગૃતિમાં માને છે, તે માણસને માટે પ્રાર્થના એ મોટામાં મોટું તત્ત્વ છે. પ્રાર્થના એ માણસોને સાથે રાખવાની સૌથી પ્રબળ શક્તિ છે. એ માનવ કુટુંબમાં એકતા અને સંઘ આણે છે. જે માણસ પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથેની પોતાની એકતા પિછાને, તે સૌને પોતાના જેવા જ ગણશે. એ સ્થિતિમાં કોઈ ઊંચુ કે નીચું નહિ હોય, પ્રતીયતાની

સંકુચિત ભાવના નહિ હોય અથવા આદિવાસી, તામિલી, ઝાડુટાળો કે મલયાલી વચ્ચે ભાષાના નડ્યા કજિયા નહિ હોય, સવર્ણ અને હરિજન, હિંદુ અને મુસલમાન, પારસી, ખ્રિસ્તી અથવા શીખ વચ્ચે ગોત્રાદિ ભેદ નહિ હોય. એ જ રીતે સમૂહ સમૂહ વચ્ચે અથવા એક જ સમૂહના સભ્યો વચ્ચે અંગત લાભ કે સત્તા માટે પક્ષાપક્ષી નહિ હોય પ્રાર્થના ઓટલે ઈશ્વરની પાસે સંસારી સુખ કે બીજા સ્વાર્થ સાધવાની વસ્તુઓ માગવી એ નથી. પ્રાર્થના કરવેશ પામેલા આત્માનો ગંભીર નાદ છે. ભક્તિ અથવા તો પ્રાર્થના ત્યારે મોટા સંકટથી પીડાય છે, ત્યારે તે પીડાનું શુદ્ધ જ્ઞાન એ જ પ્રાર્થના. હરિજનબંધુમાં ગાંધીજી કહે છે કે: સાચી પ્રાર્થનાનો જવાબ કદી મળ્યા વગર રહેતો નથી. પણ એનો અર્થ એમ ન કરવો કે, ઈશ્વર પાસે આપણે જે કંઈ નાની નાની માગણીઓ કરીએ તે બધી તુરતાતુરત પૂરી પાડે છે. પરંતુ આપણે પાસ ભગત રહીને પ્રયત્નપૂર્વક આપણી સ્વાર્થી વૃત્તિ કાઢી નાખીએ અને પૂરેપૂરી નમ્રતાથી, અહંકારનો સદંતર ત્યાગ કરીને ઈશ્વરને શરણે જઈએ, ત્યારે આપણી પ્રાર્થનાને જરૂર ઘટતો જવાબ મળે છે. આમ્રમની પ્રાર્થનામાં ઈશ્વર પાસે કોઈ જાતની માગણી કરવામાં આવતી નથી એ પ્રાર્થનામાં પ્રાર્થના કરનારાને પોતે છે તેનાથી વધારે સારાં જો પુરુષો બનાવવાની ઈશ્વર પાસે માગણી કરવામા આવે છે. પ્રાર્થના સાચા અંતરથી કરી હોય, તો પ્રાર્થના કરનાર ઉપર ઈશ્વરની કૃપા ઊતર્યા વિના રહેતી નથી. બાકીનું તમામનું સરખું તેની કૃપા અને મરજી વગર કરકતું નથી અને કોઈ પણ શુભ વિચાર આરિત્ર ઉપર પોતાની છાપ મૂક્યા વિના રહેતો નથી. તેથી રોજ પ્રાર્થના કરવાની ટેવ પડવાથી સૌ કોઈને લાભ છે. ઈશ્વર આપણી પ્રાર્થનાનો આપણે માગીએ તેમ આપણી હકે નહિ પણ પોતાની રીતે જવાબ વાળે છે. માનવીઓના રાહથી ઈશ્વરના રાહ નિરાળા છે અને તેથી તેના રાહ અગમ્ય છે. પ્રાર્થનામાં શ્રદ્ધાની અપેક્ષા રહે છે. કોઈ પણ પ્રાર્થના વ્યર્થ જતી નથી. પ્રાર્થના પણ બીજાં કર્મોના જેવું જ એક કર્મ છે. આપણાથી દેખાય કે ન દેખાય પણ આપણાં બીજાં કર્મોની જેમ જ તેનું ફળ અચૂક આવે છે અને વળી અંતરમાંથી ઊઠેલી પ્રાર્થનાનું ફળ આપણા બીજાં નામધારી કર્મોનાં ફળ કરતાં વધારે અસરકારક અને વધારે શક્તિશાળી હોય છે.

આખી માનવ જાતિની કુટુંબભાવના જગે,
સંયુક્ત પ્રાર્થનાથી તે પ્રેમે સદા સધાય છે.
ગાંધીગીતા

પ્રાર્થના કરવી = સ્તુતિ કરવી; અરજ કરવી; વાસના કરવી; ઇચ્છા પૂરવા કહેવું.

૨. સ્ત્રી. (વેદાંત) ઉત્પત્તિના પ્રતિપાદનની ઇચ્છા.

૩. સ્ત્રી. (તાંત્રિક) એક જાતની મુદ્રા. આ મુદ્રામાં બંને હાથના પંજાઓની આંગળીઓને ફેલાવીને એકબીજી ઉપર જેવી રીતે રાખે છે કે, બંને હાથની આંગળીઓ વારાફરતી એકબીજીની ઉપર રહે. આ પ્રકારે હાથ જોડીને આંગળીઓને સીધી અને સામેની બાજુએ રાખીને હૃદયની પાસે લઈ જવામાં આવે છે અને ત્યાં એ રીતે રાખે છે કે બંને કાંડાના સાંધા જાતીની બાજુમાં રહે.

૪. સ્ત્રી. મર્દનું એક અંગ.

૫. સ્ત્રી. પ્રેમની વાસના.

૬ સ્ત્રી. વિનતિ; આજીજી; ભલામણ; અરજ.

૭. સ્ત્રી. હિંસા; મારવું તે.

પ્રાર્થનાગાર [સં.] પ્ર. પ્રાર્થનાગૃહ.

પ્રાર્થનાગીત [સં.] ન. પ્રાર્થનામાં ગવાતું ગીત.

પ્રાર્થનાગૃહ [સં.] ન. પ્રાર્થનાઘર; મંદિર; પ્રાર્થના કરવાની જગ્યા.

પ્રાર્થનાઘર જુઓ પ્રાર્થનાગૃહ.

પ્રાર્થનાનિષ્ઠ [સં.] વિ. ઈશ્વરપ્રાર્થના કરવા ઉપર આસક્તિવાળું.

પ્રાર્થનાનિષ્પત્તિ [સં.] સ્ત્રી. સભાની તોફાનોઃ હાવાનું સમાધાન.

પ્રાર્થનાપત્ર [સં. પ્રાર્થના + પત્ર (કાગળ)] પું. અરજી; કંઈ પણ માગણી કરવાનો કાગળ; નિવેદનપત્ર.

પ્રાર્થનાપંથ પું. ઈશ્વરસ્તુતિથી કર્મ સિદ્ધ થશે એમ માનનારા લોકોનો પંથ.

પ્રાર્થનાપોથી સ્ત્રી. પ્રાર્થના કરવાની ચોપડી; 'પ્રેયર બુક.'

પ્રાર્થનામંદિર ૧. [સં.] ન. પ્રભુની સ્તુતિ કરવાનું સ્થાન; પ્રાર્થના કરવાનું સ્થળ.

૨. ન. પ્રાર્થનાસમાજનું ઉપાસનાસ્થળ

પ્રાર્થનામુદ્રા જુઓ પ્રાર્થનમુદ્રા.

પ્રાર્થનાયોગ્યાધિકાર [સં.] પું. દાવાપત્ર; હક; અમલદાર યોગ્ય અધિકાર.

પ્રાર્થનાશીલ [સં.] વિ. પ્રાર્થના કરવાની ટેવવાળું; પ્રાર્થના કરવામાં તલ્લીન.

પ્રાર્થનાસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં બેસવાની બાંધેલું એ નામનું એક આસન. તે વીરાસનની પેઠે બેસીને બંને હાથના પંજા જોડીને કરી શકાય છે.

પ્રાર્થનાસભા [સં.] સ્ત્રી. પ્રાર્થના માટે મળેલો સમાજ. હરિજનબંધુમાં ગાંધીજી કહે છે કે: પ્રાર્થનાસભાની જગ્યા ઉપર કોઈ જાતના વ્યવહાર કરવાના ન હોય અને બારી બેસવાની જગ્યા ઉપર કોલાહલ માટે કશું જ બાંધવાનું ન હોય મને આ બધી વસ્તુઓ ગમતી નથી. એમાં નાહક પૈસાનો ને શક્તિનો બગાડ થાય છે. બારી બેઠક જરા ઊંચી રાખવામાં આવે અને તેના ઉપર બારું સ્વચ્છ અને મરણી વસ્ત્રનાં કાપડાંને ખૂંચે નહિ અને તેમને આરામ આપે એવું કંઈક સ્વચ્છ તેમ જ નરમ પાથરણું હોય તો બહુ થયું.

પ્રાર્થનાસમાજ [સં.] પું.;સ્ત્રી. જે નામે ઓળખાતો અર્વાચીન ધર્મસમાજ; જે નામની એક ધાર્મિક સંસ્થા. આ મતના અનુયાયી દક્ષિણમાં મુંબઈ તરફ વધારે છે. તેમાં એક ઈશ્વરની સાત્ત્વિક ઉપાસના દર રવિવારે થાય છે. પ્રભુનું પિતૃત્વ અને મનુષ્યોનું પુત્રત્વ પ્રાર્થનાસમાજને માન્ય છે. જાતિ કે પંથનો ભેદભાવ ન રાખતાં સૌ સાથે ભાઈચારો વધારવાનો ઉપદેશ પ્રાર્થનાસમાજ કરે છે. તેઓ મૂર્તિપૂજાને માનતા નથી. રાજા રામમોહનરાયે ઉપનિષદ અને ઇસ્લામની અસર સ્વીકારી, મહર્ષિ દેવેંદ્રનાથે ઉપનિષદો અને બાઈબલ સાહિત્યમાંથી પ્રેરણા મેળવી. ન્યાયમૂર્તિ રાનડે અને આંધ્રારકરે ઉપનિષદ સાથે સાધુસંતોની વાણીનો છૂટથી ઉપયોગ કર્યો. કેશવચંદ્ર સેને ઈશુ ખ્રિસ્તની વિશેષ ઉપાસના કરી અને રવીંદ્રનાથ ટાગોરે કબીરપંથ લોકગીતો અને ફેલાયેલા અનેક સ્વતંત્ર લોકધર્મોની અસર સમાજ ઉપર પડવા દીધી છે. આ મતના સિદ્ધાંત બ્રાહ્મોસમાજને મળતા છે.

પ્રાર્થનાસમાજી ૧. [સં. પ્રાર્થનાસમાજ + ઈન્ (વાળું)] પું. પ્રાર્થનાસમાજનો અનુયાયી; પ્રાર્થના સમાજનો સભ્ય.

૨. વિ. પ્રાર્થનાસમાજનું

પ્રાર્થનાસ્થલ ૧. [સં.] ન. દાવો કરવાનું સ્થળ.

૨ ન. પ્રાર્થનામંદિર.

પ્રાર્થનાસ્થળ જુઓ પ્રાર્થનાસ્થલ.

પ્રાર્થનીય ૧. [સં.] પું. દ્વાપર યુગ.

૨ વિ. પ્રાર્થના કરવા યોગ્ય; માગવા જેવું

પ્રાર્થયિતા ૧. [સં. પ્રાર્થયિતૃ] પું. પ્રાર્થના કરનાર માણસ; પ્રાર્થનાર ભક્ત.

૨. વિ. પ્રાર્થના કરનાર; માગણી કરનાર.

પ્રાર્થવું ૧. સ. ક્રિ. ભક્તિ કે સ્તુતિ કરવી; સ્તુતિ કરીને માગવું; પ્રભુની પ્રાર્થના કરવી

રમણ કરવું આવું સહજાનથી નિરંતર,
સંયુક્ત પ્રાર્થના હાલે નિમરે પ્રાર્થવું ઘટે.
ગાંધીગીતા

૨. વ કિ. વીનવવું; યાચના કરવી; અરજ કરવી.

પ્રાર્થિત ૧. [સં. પ્র + અર્થ્ (માગવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. કહેલ.
૨. વિ. પૂછેલું.
૩. વિ. માગેલ; માગણી કરેલ.
૪. વિ. મારેલ; ઈજા કરેલ.
૫. વિ. વાંચિત; અરજ કરીને માગેલું; પ્રાર્થના કરેલ, યાચના કરેલ.
૬. વિ. શત્રુએ કેદ કરેલ.

પ્રાર્થી ૧. [સં. પ્રાર્થિન્] પું. અરજદાર; આવેદક.
૨. વિ. ઇચ્છા કરનાર.
૩ વિ. દરખાસ્ત કરનાર.
૪. વિ. નિવેદન કરનાર.
૫ વિ. પ્રાર્થક; વિનંતિ કરનાર.
૬. વિ. યાચના કરનાર.
૭ વિ. વાદી; દાવેદાર.
૮. વિ. સ્તુતિ કરનાર.
૯. વિ. હકદાર.

પ્રાર્થ્ય [સં. પ્ર + અર્થ્ (અરજ કરવી) + ય (જોડવું)] વિ. પ્રાર્થના કરવા યોગ્ય.

પ્રાલમ્બ જુઓ પ્રારમ્ભ.

પ્રાલમ્બિકા [સં.] સ્ત્રી. ઠંડી સુધી લટકતી સોનાની કંઠી.

પ્રાલંબ ૧. [સં.] પું. એક જાતનું ઘરેણું; હાર; કંઠથી જાતી સુધી સીધી લટકતી માળા.
૨. પું. કોઈ ઊંચી વસ્તુમાં ઢાંકી અને લટકાવી હોય એવી દોરડા વગેરેના જેવી વસ્તુ.
૩. પું. રતન.
૪. વિ. અત્યંત લટકતું.

પ્રાલંબક [સં.] ન. જાતી સુધી લટકતી કંઠી.

પ્રાલંબિકા [સં.] સ્ત્રી. એ નામે સોનાનો એક જાતનો હાર; ગળામાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

પ્રાલેય ૧. [હિ] પું. જ્યોતિષ શાસ્ત્રાનુસાર એક સમય. એ વખતે અત્યંત હિમ પડવાથી ઉત્તર ધ્રુવ ઉપરના બધા પદાર્થો નાશ પામ્યા અને ત્યાં ઠંડીની અતિશયતા એટલી વધી ગઈ કે કોઈ જીવ કે વનસ્પતિ અદ્યાપિ ત્યાં રહી શકતાં નથી.
૨. ન. બરફ.
૩. ન. હિમ; બરફ.
૪. ન. હિમાલય પર્વત. આ બરફ સદા જામેલો રહે છે.

પ્રાલેયકર ૧. પું. કપૂર.
૨. [સં. પ્રાલેય (હિમ) + કર (કિરણ)] પું. ચંદ્ર.

પ્રાલેયકિરણ જુઓ પ્રાલેયકર.

પ્રાલેયરશ્મિ [સં. પ્રાલેય (હિમ) + રશ્મિ (કિરણ)] પું. ચંદ્રમા.

પ્રાલેયાચલ જુઓ પ્રાલેયાદ્રિ.

પ્રાલેયાદ્રિ [સં. પ્રાલેય (હિમ) + અદ્રિ (પર્વત)] પું. હિમાદ્રિ; હિમાલય પર્વત.

પ્રાલેયાંશુ ૧. પું. કપૂર.
૨. [સં. પ્રાલેય (હિમ) + અંશુ (કિરણ)] પું. ચંદ્ર.

પ્રાવટ [સં.] પું. જળ.

પ્રાવણ [સં.] ન. ડોદાળી.

પ્રાવણ્ય ૧. ન. ચંચળતા; ચપળતા; ચાલાકી.
૨. [સં.] ન. તત્પરતા.
૩. ન. પ્રવીણપણું; હોશિયારી.
૪. ન. વૃત્તિ; પ્રવૃત્તિ.
૫. ન. હથોટી; હથરોટી.

પ્રાવર ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. પું. કોટ; કિલ્લો.

પ્રાવરક ૧. પું. જંગલી પ્રાણીની ઊનનો બનેલો એક જાતનો ગામણો.
૨. [સં.] પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

પ્રાવરણ ૧. [સં. પ્ર + આવૃ (ઢાંકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉત્તરીય વસ્ત્ર; ખેસ; અંગવસ્ત્ર; દુપટ્ટો.
૨. ન. ઓઢવાનું વસ્ત્ર; ઓઢણ.
૩. ન. ઢાંકણ; ઢાંકર.
૪. ન. પડદો.
૫. ન. સ્ત્રી વખતે માથે ઓઢવાનું વસ્ત્ર; ચાદર.

પ્રાવરણકોષ [સં] પું. શરીરની અંદર આવેલો એ નામનો એક કોષ; અંડકોષનાં બે પડિનું અંદરનું પડ. તે બહારનું બનેલું હોય છે.

પ્રાવરણી [સં.] સ્ત્રી. ચાદર.

પ્રાવહ [સં.] પું. એ નામનો એક દેશ.

પ્રાવહિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પ્રાવાર ૧. [સં.] પું. અત્યંત આવરણ; સારી રીતે આવરણ.
૨. ન. ઉત્તરીય વસ્ત્ર; ખેસ.
૩. ન. પ્રાચીન કાળમાં બનતું એક જાતનું કીમતી કપડું.

પ્રાવારક જુઓ પ્રાવાર.

પ્રાવારકર્ણ [સં.] પું. એક જાતનું ઘુવડ.

પ્રાવારકીટ [સં.] પું. કપડામાં પડતો એક જાતનો કીડો.

પ્રાવાસ ૧. [સં.] વિ. પ્રવાસમાં બનાવું; પ્રવાસને વખતે દેવા લાયક.
૨. વિ. પ્રવાસમાં કરવા યોગ્ય.

પ્રાવાસિક ૧. [સં.] વિ પ્રવાસમાં સારું.
૨. વિ. મુસાફરીના સાધનરૂપ.

પ્રાવાહિકી [સં.] વિ.સ્ત્રી. ભક્તિના બે નામના બે પ્રકારની.
મોક્ષના સાધનપણાથી કરાયેલી અવશ્યાદિ ભક્તિ પ્રાવાહિકી છે. ઉપદેશામૃતમાલા

પ્રાવીણ્ય ૧. [સં. પ્રવીણ (કુશળ) + ય (પણું)] ન. કુશળતા. પ્રવીણતા; હોશિયારી; નિપુણતા.
૨. ન. ચપળતા; ચંચળતા.

પ્રાવીણ્યપ્રદાયક [સં.] વિ. સંપૂર્ણ બનવા પ્રવીણ બનાવનાર; પ્રવીણતા આપનારું.

પ્રાવૃડ [સં. પ્રાવૃષ્] સ્ત્રી. ચોમાસું; વર્ષાઋતુ; શ્રાવણ અને ભાદરવા માસ.
શ્રીષ્મ, પ્રાવૃડ ને શરદ ઋતુ,
હેમંત, શીત ને વળી વસંત;
છયે ઋતુમાં વસવું બને,
ભાવું થાયે જે પોતાને મને. નિષ્કુલાનંદ

પ્રાવૃટ્કાલ [સં. પ્રાવૃષ્ + કાલ (વખત)] પું. વર્ષાઋતુ; ચોમાસું; વર્ષાકાળ.

પ્રાવૃડ્કાલવહા [સં.] સ્ત્રી. એ નામની એક નદી

પ્રાવૃત ૧. [સં.] પું. ચુરખો; કબ્જો.
૨. ન. ઓઢેલ વસ્ત્ર; આચ્છાદન.
૩. વિ. ઢાંકેલ; ઓઢેલ; વીંટેલ.

પ્રાવૃતિ ૧. [સં.] સ્ત્રી. (જૈન) આત્માની દૃઢ અને દૃઢતરાંતને ઢાંકો દેનાર મળ.
૨. સ્ત્રી. કિલ્લો.
૩. સ્ત્રી. વાડ; આડચ.

પ્રાવૃત્તિક [સં.] પું. પ્રવૃત્તિ એટલે બનવરાંતર થઈ જનાર કે થનાર કૃત.

પ્રાવૃષાયની સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કૌવચ.

પ્રાવૃષેન્ય પું. કાંબળનું ઝાડ.

પ્રાવૃષ ૧. [સં. પ્રાવૃષ્] પું. બધાઆવણની વર્ષાઋતુ; વર્ષાકાળ; ચોમાસું.
૨. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.
૩. પું. વરસાદ.
પ્રથમાબ્દને પ્રાવૃષ બહુ સહી રેવતી સૃષ્ટિ છે. કાન્તાવલ્લ

પ્રાવૃષા જુઓ પ્રાવૃષ.

પ્રાવૃષામણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કપિકચ્છુ; કૌંચ.

પ્રાવૃષિક ૧ [સં.] પું. મોર.

૨. વિ. વર્ષા ઋતુમા હોનાર કે થનાર.

પ્રાવૃષિજ ૧. [સં.] પું. એક જાતનો વા; ઝંઝાનિલ; વાવાઝોડું.

૨ વિ. વર્ષાકાલમાં ઉત્પન્ન થનાર.

પ્રાવૃષેણ્ય ૧. [સં.] પું. કદંબનું ઝાડ; ધારાકદંબ.

૨. પુ. કુટજ વૃક્ષ.

૩. સ્ત્રી. કલાબલ. તે ખાવાથી મુદ્ધિ વધતી હોવાનું મનાય છે. તે ગુણમાં ગરમ છે. વાયુના ઝાડાને મટાડી ગરમી લાવી ખરી ગરમી ઉત્પન્ન કરે છે, માટે તેને પ્રાવૃષેણ્ય કહેવામાં આવે છે.

૪. ન. પ્રાચુર્ય; પુષ્કળતા.

૫. વિ. ચોમાસાનું.

૬. વિ. વર્ષાકાળમાં આપવા યોગ્ય.

૭. વિ. વર્ષાકાળમાં કરવા યોગ્ય.

૮. વિ. વર્ષાકાળમાં હોનાર કે થનાર.

પ્રાવૃષેણ્યા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સાટોડી.

પ્રાવૃષેય ૧. [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૨. વિ. વર્ષાકાળમા હોનાર કે થનાર.

પ્રાવૃષ્ય ૧. [સ.] પું. કુટજ વૃક્ષ.

૨. પું. ધારાકદંબ.

૩. પું. વિકટ.

૪. પું. વૈદૂર્ય.

૫. સ્ત્રી. કલાબલ; પ્રાવૃષેણ્ય.

૬. વિ. વર્ષાકાળમાં થાય એવું.

પ્રાવેપિ [સ.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

પ્રાવેશક [સં. પ્રવેશક] વિ. પ્રવેશ કરનાર; દાખલ થનાર.

પ્રાવેશન ૧. [સં.] ન. શિલ્પશાસ્ત્રા.

૨. વિ. પ્રવેશમાં આપવું કે કરાવું.

પ્રાવેશિક ૧. [સં.] વિ. પ્રવેશક; પ્રવેશ કરાવનાર; પ્રવેશ માટેનું; પ્રવેશ કરવામાં મદદ દેનારું; દાખલ થવા માટેનું; પ્રવેશને લગતું; પ્રવેશ કરવામાં સાધનરૂપ.

૨ વિ પ્રારંભિક; વિષયની શરૂઆત કરતું; શરૂઆતનું; 'ઇન્ટ્રોડક્ટરિ'.

પ્રાવેશિક શુલ્ક [સં.] ન. સંસ્થામાં દાખલ થતી વખતે લેવાતું લવાજમ; દાખલગી.

પ્રાવેશિકી [સં.] સ્ત્રી. પ્રવેશ સંબંધી; પ્રવેશને લગતી.

પ્રાવ્રાજ્ય ૧. ન. સંન્યાસીપણું.

૨. ન. સાધુ, સંન્યાસી, યતિ વગેરેની પેઠે રહેવું તે.

પ્રાશ ૧. [સં.] પું. અન્ન વગેરેનું અત્યંત ભોજન; સારી રીતે જમવું તે; અશન; ખાવું તે.

૨. સ્ત્રી. દાલ ઉપર તરી આવતું પાણી.

પ્રાશક [સં.] વિ. સારી રીતે જમનાર; ભોજન કરનાર; પ્રાશન કરનાર.

પ્રાશન ૧. [સં.] ન. ખાવું તે; અશન; ભક્ષ કરવું તે.

૨. ન. ચાખવું તે.

૩. ન. ચાટવું તે.

૪. ન. ચૂસવું તે.

૫. ન. પીવું તે.

૬. ન. ભોજન; ખોરાક.

૭. ન હિંદુઓના સોળ સંસ્કારોનો એ નામનો આઠમો સંસ્કાર; બાળકને અન્નોટિયાં કરાવવાનો સંસ્કાર.

પ્રાશનીય ૧. [સં. પ્રાશ્ (ખાવું)] વિ. ખાવા જેવું.

૨. વિ. પ્રાશનને યોગ્ય; ખાવા લાયક.

પ્રાશ્નકું ૧. [સં. પ્ર + અશ્ (ખાવું)] સ. ક્રિ. ખાવું; પ્રાશન કરવું; ભોજન કરવું; જમવું; આરોગવું.

૨. સ. ક્રિ. ચાખવું; સ્વાદ લેવો.

૩. સ. ક્રિ. પીવું; પાન કરવું.

૪. સ. ક્રિ. ખાણું; ક્ષય કરવું.

પ્રાશસ્ત્ય ૧. [સં.] ન. પ્રશસ્તતા; પ્રશસ્ત હોવાપણું.

૨. ન. સ્તુતિ.

પ્રાશંસિક [સં.] વિ. પ્રશંસાને લગતું.

પ્રાશાવલેહ [સં.] પું. (વૈદક) આંબળાપાક. અવલેહ ઋષિકૃત અવલેહ પ્રાશાવલેહ ખાટવાથી રક્તપિત્ત, ક્ષય, ક્ષીણતા, ઉધરસ, કોઢ, ભ્રમ, તરસ અને વમનમાં પડેલી કરજવી તથા ધોળાં પળિયાંનો નાશ થાય એમ કહેવાય છે.

પ્રાશિત્ર ૧. [સં.] પું. ઉદકથી કરેલ પિતૃઓનું તર્પણ.

૨. ન. ભક્ષણ; ભોજન; ખાવું તે.

૩. [સં. પ્ર + અશ્ (ખાવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. સારી રીતે જમેલું; ભોજન કરેલ.

પ્રાશિત્ર ૧. [સં.] ન. પુરોડાશનો ભાગ; યજ્ઞમાં અગ્નીધ્રકર્મ એક ભાગ.

૨. ન. અગ્નિનો ભાગ મૂકવાનું એ નામનું યજ્ઞપાત્ર.

પ્રાશિત્રાહરણ [સં.] ન. ભાગના દાનના ભાજનનું એક વહિષ પાત્ર; પ્રાશિત્રરૂપ ભાગને હરવાનું સાધન એક પાત્ર.

પ્રાશી ૧. [સં. પ્રાશિન્] વિ. પ્રાશન કરનાર; ભક્ષક; ખાનાર.

જનની વિષ પ્રાશી મૃત્યુ ચાખે,
એ પ્રભુનું પાપ! અહેનાં!

નાનાલાલ

૨. અ. આદિને; આવાથી; પ્રાશન કરીને.

પ્રાશ્નુ ૧. [સં.] વિ. સારી રીતે ભક્ષણ કરનાર; ભોજન કરનાર.

૨. અ. અત્યંત શીઘ્ર; ઘણી જ ઉતાવળથી.

પ્રાશૃંગ ૧. [સં.] વિ. મોટા શિખરવાળું.

૨. વિ. મોટાં શિંગડાંવાળું.

પ્રાશ્રીકું વિ. ભોગવી ચૂકેલું; અનુભવ પામેલું.

સંસારરસ પ્રાશ્રીકી સુંદરીઓ, કંઈક કુમારીઓ હોય છે. સંસારે કુમારી માનેલી બાલાઓ કંઈક રસવતિનીઓ હોય છે. નાનાલાલ

પ્રાશ્ચિત્ત જુઓ પ્રાયશ્ચિત્ત.

પ્રાશ્નિક ૧. [સં.] પું. જ્યોતિષી.

૨. પું. પંચ.

૩. પું. પ્રશ્નકર્તા; પ્રશ્ન પૂછનાર; પરીક્ષક.

૪ પું. સભ્ય; સભાસદ.

ઢેબરભટ્ટ કહે છે કે, પ્રાશ્નિક (સભ્ય), સભાપતિ અને પ્રતિવાદીની સમક્ષ તત્ત્વનિર્ણયની રક્ષા માટે પોતાના પક્ષનું સાધન અને પરપક્ષનું દૂષણ કહેવું તે વાદ. પુરાતત્ત્વ

૫. વિ. પ્રશ્નોત્તર આપવામાં કુશળ.

પ્રાશ્નીપુત્ર [સં.] પું. યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

પ્રાશ્નવર્ણ [સં.] વિ. અનેક પ્રકારના રંગવાળું; રંગબેરંગી.

પ્રાસ ૧. પું. (કાવ્ય) અનુપ્રાસ; અંત્યપ્રાસ; કડીઓના અંત્યાક્ષરોની એકસ્વરતા આણવી તે; અંત્યાનુપ્રાસ; કવિતાનો મેળ મેળવવો તે; કવિતાની તુકને અને અક્ષર મળતા આવવા તે; ઝડઝમકતા; 'ઠાઠમ'. શ્રી રમણલાલ જણાવે છે કે, ઠાઠમનો પર્યાયવાચક અર્થ બતાવે એવો શબ્દ સંસ્કૃતમાં નથી. ગુજરાતીમાં એ માટે અનુપ્રાસ શબ્દ વપરાય છે અને એ શબ્દનો એ અર્થ વજ્ર ભાષામાંથી આવેલો છે. પરંતુ સંસ્કૃતમાં અનુપ્રાસનો અર્થ જુદો જ થાય છે. જુદા સ્વર છતાં એનો એ વ્યંજન ફરી આવે તેને અલંકારશાસ્ત્રમાં અનુપ્રાસ કહે છે. તેથી સાહિત્યચર્ચામાં આથી

બીજા અર્થમાં એ શબ્દ વાપર્યાથી મરખડ થવાનો સંભવ રહે છે. એના એ શબ્દ કે વર્ણ ફરીને આવે તે માટે સંસ્કૃતમાં યમક શબ્દ છે ખરો, પણ પ્રાકૃત ભાષાઓનો અનુપ્રાસ તે જ યમક નથી. સમરના મરનારની સદ્ગતિ, એ યમક કહેવાય, પણ પ્રાકૃત અનુપ્રાસ ન કહેવાય. યમક માટે મરના વર્ણસઘાત બે વાર એનો એ ફરી આવવો જોઈએ. પ્રાકૃત અનુપ્રાસ માટે રના પછી મના આવે તોપણ ચાલે અને વળી એ અનુપ્રાસ માટે તો એ બે મળતા શબ્દો જુદી જુદી લીટીઓમાં આવવા જોઈએ અને દરેક એક એક લીટીને છેડે જ આવવો જોઈએ. દરેક લીટીનો ઉપાંત્ય વ્યંજન અને ઉપલા બે સ્વરો એના એ આવે અને એવાં બબ્બે લીટીનાં જોડકાં થાય, એવો જે પ્રાકૃત અનુપ્રાસનો અર્થ તે યમકથી સમજી શકાતો નથી. યમકમાં એના એ આવતા શબ્દ એક જ લીટીમાં આવે તોપણ ચાલે અને લીટીના આરંભમાં, મધ્યમાં કે અંતમાં તે આવી શકે. સંસ્કૃત અનુપ્રાસમાં પણ એના એ આવતા વ્યંજનો બે જુદી લીટીઓમાં અને લીટીઓને છેડે આવે એ આવશ્યક નથી, તે માટે કોઈક માટે પ્રાસ શબ્દ પસંદ કર્યો છે. તે અર્થમાં એ શબ્દ વ્રજ દ્વારા વપરાતો આવ્યો છે અને સંસ્કૃતમાં આ શબ્દાલંકારો સંબંધે તેનો આમ અર્થ થતો નથી, તેથી ભૂલ થાય તેમ નથી. તે છતાં વધારે ચોક્સ શબ્દ યોજવામાં આવે તો તેનો સ્વીકાર કરવાને હરકત નથી. અંત્યપ્રાસ ચાલે પણ તે જરા ભાંખો છે, સંપૂર્ણ સંતોષકારક નથી. નર્મદાશંકરે પોતાના અલંકારપ્રવેશમાં આ અર્થમાં અંત્યાનુપ્રાસ શબ્દ વાપર્યો છે, પણ તે માટે કશો આધાર નથી. સરખા સ્વર અથવા સરખા વ્યંજનનું સ્થાપન, એ અનુપ્રાસની નર્મદાશંકરે આપેલી આખ્યા જ ખોટી છે. સ્વરનું વૈવમ્ય હોય, સ્વર ભુલ હોય, તે છતાં વર્ણના સામ્યથી અનુપ્રાસ બને છે.

પ્રાસ બેસવો–મળવો = અક્ષરોનો પ્રાસ બરોબર મચો.

૨. પું. એક પ્રકારનું અસ્ત્ર; ભાલો; સાંગ; બરછી જેવું એક અસ્ત્ર; ભાલા જેવું પણ છેડે એક અણીદાર આંકડાવાળું અસ્ત્ર; શરીરમાં ભોંકાયા પછી પાછું ખેંચી લેતાં શરીરના માંસનો લોચો આંકડીમાં ભરાઈ બહાર ખેંચાઈ આવે તેવું અસ્ત્ર. પ્રાચીન કાળનું એક પ્રકારનું ભાલું; બે ફાંકાવાળું ગોરીયા ઉપર લાંબું લડાઈનું એક અસલી હથિયાર.

૩ પું. જબ્બ કરવો તે; ઘા.

૪. પું. ભલ્લો; બરછીવર્ગની અસાધિણી.

૫. પું. ભાલા અથવા ભાલાનો અણબાગ.

૬. પું. ફૂંદ.

પ્રાસક [સં.] પું. પાસો.

પ્રાસન [સં.] ન. ફેંકવું તે.

પ્રાસબદ્ધ [સં.] વિ. પ્રાસવાળું.

પ્રાસવું ૧. સ. ક્રિ. ખાવું.

૨. સ. ક્રિ. નવું આવવું.

૩. સ. ક્રિ. પીવું.

દૂધ દૂધ પ્રાસી ગયા, પાણી રાખ્યું દૂર.

સામળ

પ્રાસસ્થાનંત્ય ન. (કાવ્ય) કવિતામાં પ્રાસ પ્રમાણનુસાર ગોઠવવાપણું.

પ્રાસંગ [સં.] પું. નવા જોડવાના વાળાની બાંધ ઉપર નાખવાની એક પ્રકારની ધૂંસરી.

પ્રાસંગિક ૧. [સં.] પું. નાટકના બે અંકોનો એ નામનો એક વિભાગ; મુખ્ય વાતને પુષ્ટિ આપતે છતે પણ નાયક, નાયિકા સિવાયના પાત્રથી ગૂંથાયેલ બાજતવાળો ભાગ. તેના વળી પ્રકારી અને પતાકા એવા બે ભાગ છે.

૨. વિ. અંદરનું.

૩ વિ. પ્રસંગથી આવેલ; પ્રસંગથી પ્રાપ્ત થયેલ.

૪. વિ. પ્રસંગને લગતું; પ્રસંગને અનુસરતું; બનવાનુસારી; પ્રસંગને શોભતું, ઘટતું કે બંધબેસતું હોય તેવું; પ્રસંગને અનુકૂળ.

૫. વિ. વારંવાર નહિ પણ કોઈક વખતનું; પ્રસંગનું.

પ્રાસંગિક ઉપાય જુઓ પ્રાસંગિક કાર્યવિધિ.

પ્રાસંગિક કાર્યવિધિ [સં.] સ્ત્રી. અનુપૂરક કર્મ; ' સપ્લીમેન્ટરિ પ્રોસીડિંગ્સ '.

પ્રાસંગિકતા [સં.] સ્ત્રી. પ્રયોજનતા; પ્રયોજકત્વ; પ્રસંગને અનુસરતું હોવાપણું.

પ્રાસંગિક ન્યાયકર્મ જુઓ પ્રાસંગિક કાર્યવિધિ.

પ્રાસંત્ય [સં. પ્રાસંત્ર (ધૂંસરી)] પું. ધૂંસરી ઉપાડનાર બળદ વગેરે જનાવર.

પ્રાસાકાર [સં.] વિ. ભાલાના આકારનું; બરછીને મળતું.

પ્રાસાત્મક [સં.] વિ. પ્રાસવાળું.

પ્રાસાદ ૧. પું. (જૈન) એ નામનું એક જિનમંદિર. તે હાલ આબુ દેલવાડામાં છે.

૨. [સં. પ્ર + સદ્ (બેસવું)] પું. (સ્થિર) એક પ્રકારનું દ્વિકાણ ગૂઢ. જે ઘરના મુખ આગળ બધુ અલિંદ અને બાજી, બબાજી તથા પાછળની બાજુએ બધે તરફ એક એક તિદલ જેટલે બબ્બે અલિંદ હોય તે પ્રાસાદ ઘર કહેવાય. જૈન મત પ્રમાણે પ્રાસાદના પચીસ પ્રકાર છે: (૧) કેસરી, (૨) સર્વતોભદ્ર, (૩) સુનંદન, (૪) નંદિશાલ, (૫) નંદિક્ષ, (૬) મંદિર, (૭) શ્રીવત્સ, (૮) અમૃતોદ્ભવ, (૯) હેમવંત, (૧૦) હિમકૂટ, (૧૧) કૈલાસ, (૧૨) પૃથ્વીજય, (૧૩) ઇન્દ્રનીલ, (૧૪) મહાનીલ, (૧૫) ભૂધર, (૧૬) રત્નકૂટ, (૧૭) વૈદૂર્ય, (૧૮) પદ્મરાગ, (૧૯) વજ્રકૂટ, (૨૦) મુકુટોજ્જ્વલ, (૨૧) ઐરાવત, (૨૨) રાજહંસ, (૨૩) ત્રૈલોક્ય, (૨૪) વૃષભ અને (૨૫) મેરુ.

૩ પું. મોટા ઉપરની છત.

૪. પું. દેવમંદિર; મંદિર; દેવાલય; શિખરવાળું દેવમંદિર; દેરું. આકૃતિભેદથી પુરાણોમાં પ્રાસાદના પાંચ પ્રકાર છે: ચતુરસ્ર, ચતુરાયત, વૃત્ત, વૃત્તાયત અને અષ્ટાસ્ર. તેનાં નામ અનુક્રમે વૈરાજ, પુષ્પક, કૈલાસ, માલવ અને ત્રિવિષ્ટપ છે. ભૂમિ, શિખર વગેરે ઓછાવત્તાં હોવાનાં કારણે આ પાંચમાંના દરેકના નવ પ્રકાર છે. વૈરાજના ભેદ: મેરુ, મંદર, વિમાન, ભદ્રક, સર્વતોભદ્ર, રુચક, નંદન, નંદિવર્ધન અને શ્રીવત્સ. પુષ્પકના ભેદ: વલભી, ગૃહરાજ, શાલાગૃહ, મંદિર, વિમાન, ભદ્રમંદિર, ભવન, ઉત્તમ અને ત્રિવિક્રમવેશ્મ. કૈલાસના ભેદ: વલય, દુંદભી, પદ્મ, મહાપદ્મ, ભદ્રક, સર્વતોભદ્ર, રુચક, નંદન, સર્વાક્ષ અને ગુપ્તાવૃત્ત. માલવના ભેદ: ગજ, વૃષભ, હંસ, ગરુડ, સિંહ, ભૂમુખ, ભૂધર, શ્રીજય અને પૃથિવીધર. ત્રિવિષ્ટપના ભેદ: વજ્ર, ચક્ર, મુષ્ટિક કે વજ્રક, વજ્ર, સ્વસ્તિક, અબ્જક, ગદા, શ્રીવૃક્ષ અને વિજય.

૫. પું. ખાસ આશ્રમમાં સાધુઓને ઊતરવા માટેની મોટી શાલા.

૬. પું. મોટું ભવ્ય મકાન; પ્રાચીન વાસ્તુવિદ્યા મુજબ લાંબું, પહોળું, ઊંચું અથવા અમુક માપનું પાકું કે પથ્થરનું ઘર; ભોંયરાં; હવેલી. તેમાં અનેક શિખરો, દ્વાર વગેરે હોય તથા ઘણાં બારણાં તથા ગોખવાળા ત્રિકોણ, ચતુષ્કોણ, પહોળા અને ગોળ ઓરડાઓ હોય.

સૌર્ય કર્મ પ્રાસાદથી કુબેરી ચાલ મતિમંદ;
ઉજ્જ્વળ વાદળ માંહેથી અવની ઉતરત ચંદ.

ત્રિભોવનદાસ પુરોહિત

૭ પું. રાજમંદિર; રાજમહેલ; રાજભવન

પ્રાસાદકુક્કુટ [સં.] પું. કબૂતર.

પ્રાસાદતલ [સં.] ન. અગાશી.

પ્રાસાદદ્વાર [સં પ્રાસાદ (મહેલ) + દ્વાર (બારણું)] ન. મહેલનો દરવાજો

પ્રાસાદપૃષ્ઠ [સં.] પું હવેલી ઉપરની અગાશી.

પ્રાસાદપ્રતિષ્ઠા [સં.] સ્ત્રી. નવા દેવાલયમાં પૂજા વગેરે કામ કરવાની યોગ્યતા થવા સારુ કરાતો સંસ્કાર.

પ્રાસાદમંડન [સં] પું. (શિલ્પ) મંડન નામના શિલ્પશાસ્ત્રીએ રચેલો એ નામે એક ગ્રંથ

મંડને શિલ્પનો ઉદ્ધાર કરી રૂપમંડન, વાસ્તુમંડન, પ્રાસાદમંડન, આપતત્વ વાસ્તુસાર ઇત્યાદિ ગ્રંથો રચેલા છે. તેમ જ તેના નાના ભાઈ નાથુએ પણ વાસ્તુમંજરી ગ્રંથ રચેલો જોવામાં આવે છે.
રાજવલ્લભ

પ્રાસાદરીતિ [સં] સ્ત્રી. ચોસઠ માંહેનું એક જાતનું વિજ્ઞાન.

પ્રાસાદવર્તંસક [સં. પ્રાસાદ (મહેલ) + અવર્તંસક (અલંકારરૂપ)] પું. ભૂષણરૂપ મહેલ; સુંદર મહેલ; મહેલમાં શિરોમણિ

પ્રાસાદવલ્લભ [સં.] પું. (શિલ્પ) શિલ્પશાસ્ત્રપ્રસિદ્ધ એ નામનો એક ગ્રંથ.

પ્રાસાદવલ્લભ અને રાજવલ્લભ જેવા ગ્રંથો સાચવી રાખવાનું માન તેઓને જ ઘટે છે.
મુ. સા. પરિષદ

પ્રાસાદવિદ્યા [સં.] સ્ત્રી. (શિલ્પ) શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રીસ માંહેની એ નામની એક વિદ્યા. આ વિદ્યામાં ચિત્રાલેખન, પ્રતિમાકરણ, તક્ષક્રિયા, સિખરકર્મ નામની કળાઓનો સમાવેશ થાય છે.

પ્રાસાદશૃંગ [સં.] ન. દેવમંદિર, રાજમહેલ વગેરેની ટોચ કે શિખર.

પ્રાસાદિક ૧. [સં.] વિ. અનુગ્રહરૂપ; કલ્યાણકારી.

૨. વિ. ઈશ્વરની કૃપાથી મળેલું.

૩. વિ. ભક્તિવાળું.

૪. વિ. (કાવ્ય) જેમાં શુદ્ધ, સમાસ્ય શૈલી અને લલિત રચના હોય એવું; વાંચતાં જ ચિત્તને પ્રસન્ન કરી નાખે એવી શુદ્ધ, નિર્મળ, સુલલિત રચનાવાળું.

૫. વિ. દયાળુ; કૃપાળુ.

૬. વિ. પ્રસાદવાળું; કૃપાથી પ્રાપ્ત થયેલું; દેવાનુગ્રહરૂપ પ્રસાદગુણવાળું.

૭. વિ. પ્રાસાદ સંબંધી.

૮. વિ. ઔષધરૂપ.

૯. વિ. મંદિરનું.

૧૦. વિ. રસમય; રસિક; આનંદદાયક.

૧૧. વિ. સુંદર; આકર્ષક; મનોહર.

પ્રાસાદિક કવિતા [સં.] સ્ત્રી. ઈશ્વરના પ્રસાદથી થયેલી કવિતા; ચોટે ઊભે પ્રાપ્ત થયેલી ઊંચી કવિત્વશક્તિ.

પ્રાસાદિકતા [સં.] સ્ત્રી. (કાવ્ય) કાવ્યના આઠ માંહેનો એ નામનો એક ગુણ.

પ્રાસાદિક નિબંધ [સં.] પું. રસભર નિબંધ; રસાત્મક નિબંધ; નિબંધિકા; વિહારિકા; ધાર્મિક નિબંધ; 'ઇન્ફર્મલ એસે.' જી જયંતરાય દુરકાળ જણાવે છે કે: આવા પ્રકારના નિબંધને આ નામ બંધબેસતું લાગવાનાં બે કારણો છે: પહેલું તો એ કે, આ પ્રકારના નિબંધ જે પ્રસન્ન માનસનું ફળ હોય છે. લેખક આનંદમાં હોય, લખવાના તાનમાં હોય, એનું અંતર રમ્ય આંદોલનોથી ઊભરાતું હોય તે સમયનો પ્રસાદ આવા નિબંધમાં ઊતરે છે. સત્ત્વનો પ્રકાશ થવાથી અંતઃકરણમાં આનંદ ઉત્પન્ન થાય છે અને એવો આનંદ, સાત્ત્વિકતા અને પ્રસન્ન માનસના પ્રસાદમાંથી ઉત્પન્ન થાય છે. એ માનસના પ્રસાદને હું આવા નિબંધોનું મુખ્ય ઉપલક્ષણ ગણું છું.

પ્રાસાદિક શક્તિ [સં.] સ્ત્રી. કવિતા બનાવવાની એ નામની એક જાતની શક્તિ; પ્રતિભાશક્તિની સાથે સાહિત્યશાસ્ત્રના અભ્યાસ, મનન તથા કવિતા બનાવવાના સતત નિદિધ્યાસથી મળતી કવિતા બનાવવાની શક્તિ.

પ્રાસાદિક શક્તિથી રચાયેલી કવિતા આડંબરહીન છતાં સરસ રચનાવાળી, પ્રસન્ન અર્થવાળી તથા સારી રીતિયુક્ત, અલંકાર, રસગુણથી ભરેલી અને અલ્પ માત્રથી જ પ્રીતિ ઉપજાવે છે.
કાન્યરાજ

પ્રાસાદિકા સ્ત્રી. ઠાકોરજીની પ્રસાદી લેવાનું વાસણ.

પ્રાસાદીય ૧. [સં.] વિ. પ્રાસાદ સંબંધી; પ્રાસાદનું.

૨. વિ. મનને પ્રસન્ન કરનાર.

૩. વિ. મહેલના ઉપયોગનું.

પ્રાસાન્નાથ પું. શંકર; મહાદેવ.

પ્રાસાનુપ્રાસ [સં.] પું. (કાવ્ય) પ્રાસ અને અનુપ્રાસ; એક પ્રકારનો શબ્દાલંકાર. ગુજરાતી કવિતામાં પૂર્વાર્ધને છેડે જેવા અક્ષર આવ્યા હોય તેને મળતા અક્ષર ઉત્તરાર્ધને છેડે આવે તેને પ્રાસાનુપ્રાસ કહે છે.

પ્રાસાનુપ્રાસી [સં. પ્રાસાનુપ્રાસ + ઇન્ (વાળું)] વિ. પ્રાસાનુપ્રાસવાળું.

પ્રાસિક ૧. [સં.] પું. જેની પાસે ભાલું હોય તેવો માણસ.

૨. પું. પ્રાસ ધરાવનાર માણસ; બરછીદાર સૈનિક.

૩. પું. ભાલા વડે લડનારો માણસ.

પ્રાસુ ૧. [સં.] પું. દીર્ઘ શ્વાસ; લાંબો શ્વાસ.

૨. વિ. મરી ગયેલું.

પ્રાસુક ૧. [સં.] વિ. (જૈન) અચિત્ત; જીવ રહિત.

૨. વિ. અનુરૂપ.

૩. વિ. નિર્દોષ.

પ્રાસૂતિક [સં.] વિ. પ્રસૂતિનું; પ્રસૂતિને લગતું.

પ્રાસોદી સ્ત્રી. એ નામની એક ધાતુ; 'પ્રેસોડીલિયમ'. તેનો અણુભારાંક ૧૪૦.૯૨ છે.

પ્રાસ્તારિક [સં.] વિ. જેનો બનાવ પ્રસ્તારમાં હોય તેનું; પ્રસ્તાર સંબંધી; પ્રસ્તારનું.

પ્રાસ્તાવિક ૧. [સં.] વિ. પરચૂરણ; સાધારણ; ઉધારમનું.

૨. વિ. પ્રસંગોપાત્ત ઉદાહરણ આપવા જેવું.

૩. વિ. પ્રસ્તાવના સંબંધી; પ્રસ્તાવનારૂપ; પ્રસ્તાવનાને લગતું.

૪. વિ. પ્રસ્તુત; કહેવામાં આવેલું; ચર્ચાતું.

૫ વિ. પ્રાથમિક; પ્રારંભિક; શરૂઆતનું; પહેલું; આરંભનું; પ્રાવેશિક.

૬. વિ. વાર્તા પ્રસંગનું; પ્રાસંગિક.

પ્રાસ્તિ [સં.] સ્ત્રી. (પુરાણ) જરાસંધની પુત્રી અને કંસની સ્ત્રી.

પ્રાસ્થાનિક ૧. [સં.] વિ. પ્રયાણ સમયનું; પ્રસ્થાન સમયનું.

૨. વિ. પ્રસ્થાનને યોગ્ય.

પ્રાસ્થિક ૧. [સં.] પું. એક પ્રસ્થ નિમિત્તે સંયોગ અથવા ઉત્પાત.

૨. વિ. એક પ્રસ્થ જાપી ખરીદ કરેલું.

૩. વિ. એક પ્રસ્થ જેટલો ધાન્યનો ક્રમ વગેરે.

૪. વિ. એક પ્રસ્થના પરિમાણવાળું.

૫. વિ. જેમાં એક પ્રસ્થ અનાજ રહેવાય એવું.

૬. વિ. જેમાં એક પ્રસ્થ અનાજ વવાય એવું.

૭. વિ. પોતાનામાં એક પ્રસ્થ જેટલું સમાવનાર.

પ્રાસ્થિકી [સં.] સ્ત્રી. જેમાં એક પ્રસ્થ જેટલું ધાન્ય વવાય તેવી ભૂમિ.

પ્રાહ [સં. પ્ર (વિશેષ) + આહ] પું. ઉપદેશ.

પ્રાહણે અ. જોરજુલમથી; બળાત્કારે; નાખુશી છતે; પરાણે.

પ્રાહરિક ૧. [સં.] પું. પ્રહરી; ગઢ કલાકનો ચોકીદાર.

૨. વિ. પ્રહરને લગતું; પ્રહર સંબંધી.

પ્રાહરિક જન ન. ગઢ કલાકનો ચોકીદાર.

પ્રાહવું અ. ક્રિ. બીજે સંયોગ માટે તૈયાર થવું.

પ્રાહવો (પ્રાહ્વો) પું. ઢોરના આંચળમાં દૂધ ભરાવું તે.

પ્રાહવો મેલવો = પારકો મૂકવો; દૂઝણા ઢોરે પોતાના આઉમાં દૂધને છૂટવા દેવું; આંચળમાં દૂધનું ભરાઈ આવવું.

પ્રાહ્વાણો [સં. પ્રાહૂણ] પું. મહેમાન; અતિથિ.

કેણી ના બનાવીશ, બે દિવસનો પ્રાહ્વાણો
દયારામ

પ્રાહારક [સં.] પુ. માનસાર શિલ્પશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે એક જાતનો રાજા. તેની પાસે ૬૦૦ ઘોડા, ૬૦૦ હાથી, ૧,૦૦,૦૦૦ પાયદળ, ૧૦૦ સુંદર સ્ત્રી અને ૨ રાણી હોય છે.

પ્રાહારવું સ.ક્રિ. પ્રહારવું; મારવું; હણાવવું; પ્રહાર કરવો.

પ્રાહુણ [સં.] પું. પ્રાહુણો; પરોણો; મહેમાન; અતિથિ.

પ્રાહુણક [સં.] પુ. અતિથિ.

પ્રાહુણડી (પ્રાહુણડી) સ્ત્રી. સ્ત્રી મહેમાન; પરોણી; અતિથિ સ્ત્રી

પરદેશી જે ઓરતી, પ્રાહુણડી જુવ રેવ. નિષ્કિંચન

પ્રાહુણો [સં. પ્રાવૃણક; પ્રા. પ્રાહુણય] પું. પરોણો; અતિથિ; મહેમાન.

વ્રજનો વિહારી રે, અમો પેર પ્રાહુણો રે. નરસિંહ

પ્રાહુણો જુઓ પ્રાહુણો

પ્રાહ્ણ [સં. પ્র (પ્રકર્ષ) + અહન્ (દિવસ)] પુ. દિવસનો પહેલો પ્રહર.

પ્રાહ્ણકાલ [સં.] પું. સવારની અભિષવણીયા પહેરની મધ્ય કુર્પરના વખત

પ્રાહ્ણકાળ જુઓ પ્રાહ્ણકાલ

પ્રાહ્લાદ [સં.] પું પ્રહ્લાદ અર્થાત્ વિરોચનનું સત્ય.

પ્રાંગ ૧. સ. એક જાતનું વાજિંત્ર; એક જાતનું નગારું; પણવ.

૨. [સં. પ્ર (મોટું) + અંગ (શરીર)] વિ. મોટા શરીરવાળું

૩. વિ. સારા શરીરવાળું.

પ્રાંગણ ૧. [સં.] પું. એ નામે એક જાતનો હોલ; પક્ષિ વાદ્ય.

૨. સ. આંગણું; ઘરનું આંગણું; ફળિયું.

૩. સ. મંદિરમાં ગર્ભદ્વારની આજુબાજુનો ભાગ; રંગમંડપ.

પ્રાંગણું જુઓ પ્રાંગણ.

પ્રાંગી ૧. [સં.] સ્ત્રી. મોટા શરીરવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. સુંદર શરીરવાળી સ્ત્રી.

પ્રાંચ ૧. પું. કામ કરવાનો આકડાનો મેળો.

૨. વિ. પૂર્વકાળમાં હોનાર કે બનાર.

પ્રાંજન ૧. [સં.] પું અંજન; રેમ.

૨. પું. પ્રાચીન કાળમાં આંખને સજાડવામાં આવતો એક જાતનો લેપ અથવા રેમ.

પ્રાંજલ ૧. સ. સાગર જેવું મોટું પેટ.

૨. [સં.] વિ. જેમાં કપટ, દગો કે ભેળપણું ન હોય એવું; પ્રામાણિક.

૩. વિ. સમાન; ઊંચું નીચું નહિ એવું; બરાબર.

૪. વિ. સરલ; સીધું.

૫ વિ. સહજ.

૬. વિ. સુબોધ.

પ્રાંજલતા ૧. [સં.] સ્ત્રી. નિષ્કપટીપણું; સરલતા

૨. સ્ત્રી. સુબોધપણું; પ્રામાણિકતા; સીધાપણું.

પ્રાંજલપણે ક્રિ. પ્રત્યક્ષ રીતે.

પ્રાંજલિ ૧. પું સામ-દીઓનો એક ભેદ.

૨. [સં પ્ર (વિશેષ) + અંજલિ (નમસ્કાર કરવા માટે જોડેલ હાથ)] સ્ત્રી. અંજલિ; કરપટ; જોડાએલા બે હાથ.

૩ બે હાથની દશ્યો કપાળે હાથ જોડા કરી મસ્તક નમાવવું તે.

૪ વિ નમ્ર આવે નમસ્કાર કરતું; જોડેલા બે હાથવાળું.

પ્રાંજલિપુટ પુ બે હાથ જોડી મસ્તકે લગાડવા તે.

પ્રાંજો વિ. પું. પહોંચેલો. ભણનાર; ચતુર.

પ્રાંત ૧. [સં] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એ નામના એક ઋષિના ગોત્રના લોક.

૩. પું. એક પ્રકારનો કૂચો. તે ૭ હાથ પહોળો હોય છે.

૪. પું છેડો, અણી; કોર; કિનારો; અંત; સીમા.

૫ પું. દિશા.

૬. પું. પ્રદેશ.

૭. પું. મેદો કરવા ઢાંકવાં કે ઢાકવાં પૂરવા માટે રાખેલાં ઢાંકણાં.

૮. પું. સાન્નિધ્યસ્થાને માટે પાકેલો દેશનો અમુક કરવાળો એકાદ વિભાગ; પ્રાન્ત; દેશનો વિભાગ; જિલ્લાઓ મળી બનતો વિભાગ.

૯. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે અતિસારમાં ઉપયોગી છે.

૧૦. સ્ત્રી. સિલક.

૧૧. વિ. છેવાડું; કાંઠાનું.

૧૨. સ. અંદર.

પ્રાંત અભિજ્ઞાનાધિકારી [સં.] પું. નોંધણી સરકારમદાર; રજિસ્ટ્રાર.

પ્રાંતક પું. (જ્યોતિષ) એ નામનો એક નવો શોધાયેલો ગ્રહ; પ્લૂટો.'

પ્રાંતકુલ સ. અધમ કુળ; નીચ કુળ.

પ્રાંતજીવી [સં. પ્રાંતજીવિન્] વિ. તુચ્છ આહાર ઉપર જીવનાર.

પ્રાંત તુરંગ સ. મોટી જેલ; જિલ્લાનું જેલખાનું.

પ્રાંત દંડનાયક [સં.] પું. પોલીસ નામણ સત્તા; 'ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઑવ પોલીસ'.

પ્રાંત દંડાધીશ [સં.] પું. જિલ્લા મેજિસ્ટ્રેટ. 'ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ'.

પ્રાંતદુર્ગ [સં.] પું. રાજાને આશ્રય કરવાનું એક સ્થાન; એક જાતનો કિલ્લો; નગરના કિલ્લાની બહારનો દુર્ગ.

પ્રાંત નોંધણી કામદાર પું. જિલ્લા રજિસ્ટ્રાર.

પ્રાંત ન્યાયાધીશ [સં.] પું. જિલ્લા જજ; 'ડિસ્ટ્રિક્ટ જજ'.

પ્રાંતપતિ [સં.] પું. હાકેમ; સૂબો; પ્રાંતનો ઉપરી.

પ્રાંત પંચાયત [સં.] સ્ત્રી. જિલ્લા બોર્ડ; 'ડિસ્ટ્રિક્ટ બોર્ડ'.

પ્રાંત પંજિકાધિકારી [સં] પું. પ્રાંત અભિજ્ઞાનાધિકારી; નોંધણી સરકારમદાર.

પ્રાંતપ્રેમ પું. પોતાના પ્રાંત પ્રત્યેનો પ્રેમ.

પ્રાંત ફોજદારી ન્યાયાધીશ પું. દંડ સત્તાધીશ; 'સેશન્સ જજ'.

પ્રાંતબંધુ [સં.] પું. પ્રાંતવાસી ભાઈ; એક જ પ્રાંતમાં બોલાની અંદર રહેનાર વતની.

પ્રાંત બાકી સ્ત્રી. પુરાંત બાકી; બાકી સિલક.

પ્રાંતભાષા [સં.] સ્ત્રી. એક જ પ્રાંતમાં બોલાની ભાષા; પ્રાંતની ભાષા.

પ્રાંત ભૂમિ ૧. [સં.] સ્ત્રી. છેવટ પહાડનો ઉપલો ભાગ; કિનારો.

૨. સ્ત્રી. (યોગ) સમાધિ; ચરમાવસ્થા; અંતની અવસ્થા; નિરતિશય ઉત્કર્ષવાળી અવસ્થા. તે યોગની અંતિમ સીમા મનાય છે.

૩. સ્ત્રી. સીડી.

પ્રાંતભૂમિપ્રજ્ઞા [સં.] સ્ત્રી. ચરમાવસ્થાની બુદ્ધિ; નિરતિશય ઉત્કર્ષવાળી અવસ્થાની બુદ્ધિ. જેને કૈવલ્યના સાધનરૂપ વિવેકખ્યાતિની પ્રાપ્તિ થઈ હોય એવા વિવેકીની પ્રાંતભૂમિપ્રજ્ઞા સાત પ્રકારની છે. પ્રાંતભૂમિપ્રજ્ઞાના સાત પ્રકાર: (૧) પ્રધાનાદિ, જે હેય તેનું સારી રીતે જ્ઞાન એટલે નિવૃત્તિ થયું છે. હવે મને તેના સંબંધમાં કાંઈ પણ જાણવા યોગ્ય રહ્યું નથી એવું જ્ઞાન તે પ્રથમ પ્રકારની પ્રજ્ઞા. (૨) અવિદ્યા આદિ, જે હેયના કારણો તે મેં વિવેક વડે ક્ષીણ કર્યાં છે, હવે મારે જેમનું કર્ષ પણ ક્ષીણ કરવા યોગ્ય અવશેષ રહ્યું નથી એવું જ્ઞાન તે બીજા પ્રકારની પ્રજ્ઞા. (૩) સંપ્રજ્ઞાતયોગમાં મેં કૈવલ્યનો નિર્ણય કર્યો છે, હવે મારે એનાથી પર નિશ્ચય કરવા યોગ્ય કાંઈ અવશેષ રહ્યું નથી એવું જ્ઞાન

તે ત્રીજા પ્રકારની પ્રજ્ઞા. (૪) વિવેકખ્યાતિ મેં સંપાદન કરી છે, હવે મારે જાણવા જેવું કાંઈ સંપાદન કરવા યોગ્ય અવશેષ રહ્યું નથી એવું જ્ઞાન તે ચોથા પ્રકારની પ્રજ્ઞા. (૫) મારી બુદ્ધિ કૃતાર્થ થઈ છે, હવે મારી બુદ્ધિને કાંઈ પણ કર્તવ્ય અવશેષ રહ્યું નથી એવું જ્ઞાન તે પાંચમા પ્રકારની પ્રજ્ઞા. આ વિવેકમુક્તિની પરવૈરાગ્યરૂપ પ્રથમ ભૂમિકા છે. (૬) બુદ્ધિના સંસ્કારાદિ ગુણો બુદ્ધિ ને સાથે પ્રકૃતિમાં અત્યંત અસ્ત થવા માંડ્યા છે એવું જ્ઞાન તે છઠ્ઠા પ્રકારની પ્રજ્ઞા. પ્રજ્ઞાનો આ પ્રકાર લિંગશરીરનો જેમાં નાશ થાય છે એવી વિવેકમુક્તિની બીજી ભૂમિકા છે. (૭) બુદ્ધિ આદિ ગુણોના સંબંધથી રહિત ચૈતન્યરૂપે સ્થિતિ તે સાતમા પ્રકારની પ્રજ્ઞા. આ આત્યંતિક લયની પ્રાપ્તિરૂપ વિદેહકૈવલ્યની પરમભૂમિકા છે પ્રથમ ચાર પ્રકારની પ્રજ્ઞા જીવન્મુક્તિ વા કાર્યવિમુક્તિ કહેવાય છે. છેલ્લા ત્રણ પ્રકારની પ્રજ્ઞા ચિત્તવિમુક્તિ એટલે ચિત્તની સમાપ્તિ અથવા વિદેહમુક્તિ કહેવાય છે. પ્રથમના ચાર પ્રકારની પ્રજ્ઞા પ્રયત્ન વડે ને છેલ્લા ત્રણ પ્રકારની પ્રજ્ઞા અપ્રયત્ન વડે પ્રાપ્ત થાય છે.

પ્રાંતભેદ [સં.] પું. જુદા જુદા પ્રાંતને લીધે થયેલો ભેદ.

રૂપભેદ જુદે જુદે વ્યક્તિભેદ ન રાખવો,
ભાષાભેદ બહુ તો યે પ્રાંતભેદ નહિ ગણો.
—ત્રાંબીમીતા

પ્રાંતર ૧. [સં.] પું. અરણ્ય; જંગલ; વન.

૨ પું. ક્ષેત્ર; ગામની વચ્ચેનો ખોખલો ભાગ; ગામની બખોલ.

૩. પું. દૂર જવા યોગ્ય રસ્તો; ગામની જગા કે પાણી ન હોય એવો બે જગા વચ્ચેનો લાંબો માર્ગ.

પ્રાંતરક્ષક [સં.] પું. રક્ષપાલક; ચોકીદાર; નગરરક્ષક; પોલીસ.

પ્રાંતરેખા [સં.] સ્ત્રી. કરકસરિયાંવાળી લીટી; 'રૂલ્સ લાઇન'

પ્રાંતવૃત્તિ [સં.] સ્ત્રી. ક્ષિતિજ.

પ્રાંતશૂન્ય [સં.] પું. જગા વગેરેથી રહિત માર્ગ.

પ્રાંત સભા [સં.] સ્ત્રી. પ્રાંત જોડેની સભા; પ્રાંત સાથે સંબંધ ધરાવતી સભા.

પ્રાંતસ્થ [સં.] વિ. છેડા કે સીમા ઉપર હોનાર કે વસનાર.

પ્રાંતાધિકારી [સં. પ્રાંત + અધિકારિન્] પું. પ્રાંતનો અધિકારી; પ્રાંતનો ઉપરી.

પ્રાંતિક ૧. [સં.] વિ. કોઈ એક દેશ કે પ્રાંત સાથે સંબંધ રાખનાર.

૨. વિ. પ્રાંતને લગતું; પ્રાંતનું; અમુક દેશ કે વિભાગનું.

૩. વિ. પ્રાતીય; પ્રલયકારક.

પ્રાંતિકતા [સં.] સ્ત્રી. પ્રાંતની ભાવના.

પ્રાંતિક દેની સ્ત્રી. મધ્યસ્થ તંત્રને પ્રાંતોથી અપાતી વધારાની રકમ; 'પ્રોવિન્શલ કોન્ટ્રિબ્યુશન'.

પ્રાંતિક પરિષદ [સં.] સ્ત્રી. પ્રાંતની પરિષદ.

પ્રાંતિક બોલી સ્ત્રી. અમુક પ્રાંતમાં વપરાતી ભાષા.

પ્રાંતિકભાવના [સં.] સ્ત્રી. પોતાના પ્રાંત પ્રત્યેની ભાવના. ગાંધીજી લખે છે કે: ઋષિ દયાનંદના ચારિત્ર્યને વિષે મને હમેશ નિરવધિ માન હતું અને છે. એમના ભાષ્યગ્રંથને મેં મારે સારૂ હમેશા અનુકરણીય માન્યું છે. એમની નિર્ભયતાએ મને હમેશા મુગ્ધ કર્યો છે. અને વળી જો મારામાં કશી પ્રાંતિકભાવના હોય તો ઋષિ દયાનંદ ગારી જ પેઠે એક કાઠિયાવાડી હતા એ વાત પણ મારે માટે કંઈ જેવા તેવા અભિમાનની ન જ કહેવાય.

પ્રાંતિક ભાષા [સં.] સ્ત્રી. પ્રાંતમાં બોલાતી ભાષા. હરિજન બંધુમાં લખે છે કે: સંસ્કૃતમય ભાષાથી પ્રાંતોની વિકસેલી ભાષા ઉપર માઠી અસર થવાનો ડર રહે છે. એથી શબ્દોના અર્થમાં અવ્યવસ્થા અને વાક્યરચના વગેરેમાં ગોટાળો ઊભો થશે અને તે પ્રમાણમા પ્રાંતિક ભાષા તેમ જ સાહિત્યના વિકાસમાં અંતરાય આવશે હવે પછીના જમાનામા દરેક પ્રાંતમાં કેળવણીના માધ્યમ તરીકે અને સરકારી કામકાજની ભાષા બને તેટલા ખાતર પ્રાંતિક ભાષાઓનો પૂરેપૂરો વિકાસ કરવો હોય તો એવા અંતરાયો દૂર કરવા જ જોઈએ. ગાંધીજી જણાવે છે કે, સરકારો અને તેમાં સેક્રેટરિયટો એટલે દફતરો સાવધ નહિ રહે તો સંભવ છે કે અંગ્રેજી ભાષા હિંદુસ્તાનીનું સ્થાન પડાવી લેશે. હિંદના કરોડોની વસતીને એથી મોટું નુકસાન થશે, કેમકે તે વસતી કદી અંગ્રેજી સમજી શકવાની નથી. રાજ્યવહીવટને લગતા લખાણનો બધો વહેવાર પ્રાંતિક ભાષાઓમાં અને મારા અભિપ્રાય પ્રમાણે ઊર્દૂ અક્ષર નાગરી લિપિમાં લખાતી હિંદુસ્તાની દ્વારા જ પ્રાંત પ્રાંત વચ્ચેનો વહેવાર થઈ શકે. તે જોતાંમાં કામકાજ ચલાવવાની શક્તિવાળાં માણસો પ્રાંતિક સરકારો સહેલાઈથી અસલ મેળવી શકે. આ જરૂરી ફેરફાર કરવામાં જેટલા દિવસની ઢીલ થાય તેટલું રાષ્ટ્રને સંસ્કૃતિની દૃષ્ટિએ નુકસાન થાય. સૌથી પહેલાં હિંદને જે સમૃદ્ધ પ્રાંતિક ભાષાઓની કુદરતી બક્ષિસ મળેલી છે તે બધીનો વહેવાર દૂર કરવાની જરૂર છે. આપણી અદાલતોમાં, આપણી શાળાઓમાં અને આપણી સરકારી કોઠીઓમાં પણ આ ફેરફાર કરતાં ઓછો વખત બહોળે સંભવ છે કે ઓછાં વરસ દીકણી જશે એવી દલીલ કરવામાં માનસિક અથવા બુદ્ધિની મંદતા સિવાય બીજું કશું નથી. આપણે ઘોરણે પ્રાંતોના પ્રદેશોની હરી વહેંચણી નહિ થાય, ત્યાંસુધી અલગારુ અને અંગે મુંબઈ ને મદ્રાસ જેવા ઝાઝી ભાષા બોલનારા લોકોના અનેક પ્રાંતોને થોડી મુશ્કેલી રહેશે, પણ એવા પ્રાંતોની પ્રજાને પણ લાભવા માંડે કે હવે આપણા હક્કનું આપણને મળી ગયું છે, તેટલા ખાતર તે તે પ્રાંતોની સરકારો કોર્ટ ને કોર્ટ પદ્ધતિ જરૂર બોજા થશે. અને પ્રાંતો પ્રાંતો વચ્ચેના વહેવારને માટે નાગરી જેવા ઊર્દૂમાં લખાતી હિંદુસ્તાની રાખવી કે કેવળ નાગરીમાં લખાતી હિંદી રાખવી એ સર્વત્રનો નિર્ણય યુનિયન સરકાર ન કરે ત્યાંસુધી જ્યાં ફેરફાર કરવામાં પ્રાંતિક સરકારોએ હાથપગ જોડીને બેસી રહેવાની કશી જરૂર નથી. એ એક તદ્દન બિનજરૂરી વાદવાદ છે અને સંભવ છે કે હિંદને અપાર તેમ જ હાલમની નામોશીમાં ડુબાડી દેવાને અંગ્રેજી એ વાદવાદના ભારામાંથી ઘૂસી જશે. રાજ્યરાજ્યના વહેવારમાં બધાં ખાતાંઓને પ્રાંતિક ભાષાઓનું વહન શરૂ કરી દેવાનું પહેલું પગલું તાબડતોબ લેવામાં આવશે તો પ્રાંત પ્રાંત વચ્ચે વહેવારની ભાષા અંગેનું પગલું એની મેળે તેની પાછળ આપોઆપ ભરાઈ જવાશે.

પ્રાંતિક રાજ્યબંધારણ ન. પ્રાંતનું રાજ્યવહીવટને લગતું બંધારણ. સ્વતંત્ર હિંદનું પ્રાંતિક રાજ્યબંધારણ નીચે મુજબ છે: સ્વતંત્ર હિંદના બંધારણના પ્રથમ પરિશિષ્ટના બ વિભાગમાં દર્શાવેલ દરેક રાજ્યમાં એક ગવર્નર રહેશે. તેવા પ્રાંતની બધી કારોબારી સત્તા ગવર્નરના હાથમાં સોંપવામાં આવી છે. તેનો અમલ બંધારણ અનુસાર ગવર્નર પોતે કરશે, અગર પોતાના હાથ નીચેના અધિકારીઓ મારફત કરાવશે. તેમ છતાં ગવર્નરના હાથ નીચેના હોદ્દા જેવા અધિકારીઓને પાર્લમેન્ટ કે રાજ્યનું ધારાગૃહ હાજરો મદદ મંત્રણાની સોંપી શકશે. ગવર્નરની નિમણૂક: રાષ્ટ્ર પ્રમુખ પોતાની સહી અને મુદ્રાથી અંકિત રજા દ્વારા ગવર્નરની નિમણૂક કરે છે. રાષ્ટ્ર પ્રમુખની ખુશી હોય ત્યાંસુધી ગવર્નર પોતાના અધિકારપદે ચાલુ રહી શકે છે. ગવર્નર પ્રમુખને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે છે. સામાન્ય રીતે તે પાંચ વર્ષ સુધી હોદ્દા ઉપર રહી શકે છે. પરંતુ તે પછી પણ નવો ગવર્નર હોદ્દા ઉપર ન આવે ત્યાંસુધી તે હોદ્દા ઉપર રહી શકે છે.

ગવર્નર થવાની લાયકાત: (૧) ગવર્નર હિંદી સંઘનો નાગરિક હોવો જોઈએ. (૨) તે ઓછામાં ઓછો પાંત્રીસ વર્ષની ઉંમરનો હોવો જોઈએ (૩) તે ધારાસભાની કોઈ પણ સભાનો સભ્ય હશે નહિ અને હોય તો ગવર્નર થયા પછી સભ્યપદનું રાજીનામું આપી દેવું પડે છે. (૪) તે બીજો કોઈ પણ અંગેતન અધિકાર ધરાવી શકશે નહિ ગવર્નરને મળતો પગાર અને ભાડાભથ્થાં: ગવર્નરને સરકારી નિવાસસ્થાન સહિત માસિક રૂા. ૫,૫૦૦નું વેતન અને પાર્લમેન્ટે ઠરાવથી નક્કી કરેલ ભાડાભથ્થાં તે જ્યાંસુધી હોદા ઉપર હોય ત્યાંસુધી મળે છે ગવર્નરને લેવા પડતા સોગંદ: હોદો સ્વીકારતા પહેલાં ગવર્નરે વડા ન્યાયાધીશ આગળ જેવા સોગંદ લેવા પડે છે), હું ઈશ્વરના નામથી સોગંદપૂર્વક જણાવું છું કે (જે પ્રાંતનો ગવર્નર હોય તે પ્રાંત)ના ગવર્નરની હરએ વફાદારીથી બજાવીશ: અને બંધારણ અને કાયદાના સંરક્ષણ માટે મારાથી બનતું બધું જ કરીશ ને પ્રાંતના લોકોના હિત માટે હું મારી સેવાઓ આપીશ. ગવર્નરની સત્તાઓ: ગવર્નર વડા પ્રધાનની નિમણૂક કરે છે અને તેની સલાહ અનુસાર બીજા પ્રધાનોની નિમણૂક કરે છે. તે રાજ્યને કાયદાને લગતી સલાહ આપવા માટે નવા જેવી અન્ય કામગીરી માટે એડવોકેટ જનરલની નિમણૂક કરે છે. તે રાજ્યના વહીવટ અંગે નિયમો ઘડી શકશે. કેદખાદ સંજોગોમાં સજા માફ કરવાની, મહેતલ આપવાની, સજાનો અમલ મોકૂફ રાખવાની કે સજાનું સ્વરૂપ બદલવાની સત્તા પણ તેને છે. તેને રાજ્યનાં બે માહેના કોઈ પણ ધારાગૃહની સભા બોલાવવાનો કે મુલતવી રાખવાનો અધિકાર છે. પ્રાંતની બેમાંથી ગમે તે સભામાં અથવા બંને સભાની સંયુક્ત બેઠકમાં તે ભાષણ આપી શકે અને તેમાં સભ્યોએ હાજરી આપવી પડે. તે રાજ્યની ધારાસભાનું વિસર્જન કરી શકે. કોઈ પણ નવા કાયદાના ખરડાને તે મંજૂર કરી શકશે કે તેને પ્રમુખની વિચારણા માટે અનામત રાખી શકશે, તથા કોઈ પણ નવા કાયદાના ખરડાને ધારાગૃહની ફરી વિચારણા માટે મોકલી શકશે. કોઈ ખરડાની ચર્ચા ચાલતી હોય ત્યારે ગવર્નર બેમાંથી ગમે તે સભાગૃહમાં પોતાનો સંદેશો મોકલી શકશે અને જે સંદેશા ઉપર તે સભાના સભ્યોએ બોજ્ય બાબ આપવું પડશે. દરેક વર્ષની શરૂઆતમાં ગવર્નર બેમાંથી ગમે તે સભામાં અથવા બંનેની સંયુક્ત બેઠકમાં સભા બોલાવવાનું પ્રયોજન સમજાવશે. ધારાગૃહોની બેઠક ચાલુ ન હોય અને અમલના સંજોગોને પહોંચી વળવા માટે કાયદાની જરૂર પડે તો ગવર્નર વટહુકમ બહાર પાડી શકે. પરંતુ આ વટહુકમ ધારાસભાની બીજી બેઠક મળ્યા પછી છ અઠવાડિયાં પછી રદ થયેલો ગણાય. જો ધારાસભા નામંજૂર કરે તોપણ તેનો અંત આવે છે. ગવર્નર તે હુકમને ગમે ત્યારે પાછો ખેંચી શકે છે. કોઈ પણ ખરડો તેને યોગ્ય ન લાગે તો તે તેમાં સુધારા સૂચવી ફરીથી તે ધારાસભામાં મોકલી શકે છે. ધારાસભાના સભ્યો તે સુધારાઓ ઉપર વિચારણા ચલાવે અને યોગ્ય લાગે તો તે સ્વીકારે અથવા જેમનો તેમ ખરડો પસાર કરે. આવી રીતે ફરીથી પસાર થયેલા ખરડા ઉપર સહી કરવાની ગવર્નર ના પાડી શકે નહિ. ગવર્નરની મંજૂરી સિવાય કોઈ પણ ખરડો કાયદો બની શકતો નથી. નવા વર્ષની શરૂઆતમાં ગવર્નર ધારાસભાઓમાં વાર્ષિક અંદાજપત્ર રજૂ કરાવશે. જે બાબતનો ખર્ચ કાયદાથી નક્કી થયેલ છે તે બાબતમાં ધારાસભાની મંજૂરીની જરૂર પડતી નથી. ગવર્નરની લાગમણ સિવાય કોઈ પણ નાણાકીય ખરડો ધારાગૃહમાં દાખલ થઈ શકતો નથી, તેમ તે મંજૂર થયેલો પણ ગણાતો નથી. પ્રધાનમંડળ: પ્રાંતિક રાજ્યવહીવટમાં ગવર્નરને મદદ કરવા માટે અને સલાહ આપવા માટે એક પ્રધાનમંડળ નીમવામાં આવે છે. ગવર્નર વડા પ્રધાનની નિમણૂક કરે છે અને બીજા પ્રધાનોની નિમણૂક ગવર્નર વડા પ્રધાનની સલાહ પ્રમાણે કરે છે. આ પ્રધાનો ગવર્નરની પ્રસન્ન હોય ત્યાંસુધી હોદા ઉપર રહી શકે છે અને તે ગમે ત્યારે તેમને હોદા ઉપરથી દૂર કરી શકે છે. આ પ્રધાનમંડળ લેજિસ્લેટિવ એસેમ્બ્લિ એટલે સંયુક્ત લોકસભાને જવાબદાર ગણાય છે, એટલે કોઈ એક પ્રધાન ઉપર લોકસભા અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે તો પ્રધાનમંડળના બધા સભ્યોને રાજીનામાં આપવાં પડે છે. હોદો સ્વીકારતા પહેલાં દરેક પ્રધાનને ગવર્નર સોગંદ લેવરાવે છે. પ્રધાનમંડળની બાબતો જાનગી રાખવાના દરેક પ્રધાનને સોગંદ લેવા પડે છે. આવી રીતે નિમાયેલ પ્રધાન જો ધારાસભાનો સભ્ય નહિ હોય તો છ માસમાં તેને કોઈ પણ ધારાસભાના સભ્ય થઈ જવું પડે છે. નહિ તો તેને પ્રધાનપદેથી રાજીનામું આપવું પડે છે વડા પ્રધાનને અને બીજા પ્રધાનોને કાયદાથી નક્કી થયેલા પગારો અને ભાડાંભથ્થાં મળે છે વડા પ્રધાનઃ વડા પ્રધાને પ્રધાનમંડળની બધી બાબતોથી ગવર્નરને વાકેફ રાખવા પડે છે. પ્રાંતિક વહીવટની બધી માહિતી તથા કાયદા ઘડવાની દરખાસ્તો જે ગવર્નર માગે તે જણાવવી પડે છે. જે બાબતમાં બાતાના પ્રધાને નિર્ણય કર્યો હોય પણ આખા પ્રધાનમંડળે તે ઉપર નિર્ણય ન કર્યો હોય તેવી બાબતો ગવર્નર પ્રધાનમંડળમાં વધુ વિચારણા માટે રજૂ કરી શકે છે. એડવોકેટ જનરલ: દરેક પ્રાંત માટે એક એડવોકેટ જનરલ નીમવામાં આવે છે. આ એડવોકેટ જનરલ કાયદાને લગતી તમામ બાબતોમાં પ્રાંતિક સરકારને સલાહ આપે છે. વળી કાયદાને લગતી જે જે બાબતોમાં ગવર્નર તેની સલાહ માગે તેમાં તે સલાહ આપે છે. ગવર્નરની પ્રસન્નતા હોય ત્યાંસુધી તે સત્તા ઉપર રહી શકે છે અને તેનો પગાર વગેરે પણ ગવર્નર નક્કી કરે છે. ધારાસભાઓ: બિહાર, મુંબઈ, મદ્રાસ, પંજાબ, સંયુક્ત પ્રાંતો, પશ્ચિમ બંગાળ આ છ પ્રાંતોમાં બે ધારાસભાઓ—લેજિસ્લેટિવ એસેમ્બ્લિ અને લેજિસ્લેટિવ કાઉન્સિલ રાખવામાં આવી છે. બાકીના બધા પ્રાંતોમાં એક જ લેજિસ્લેટિવ એસેમ્બ્લિ રાખવામાં આવી છે. પ્રાંતના વિભાગ અને કમિશ્નર: આખા પ્રાંતના વહીવટ માટે પ્રાંતના વિભાગો પાડેલા છે. આવા વિભાગોનો વહીવટ કમિશ્નર કરે છે, તે હિંદી સનદી નોકરીનો અનુભવી અમલદાર હોય છે. તે જિલ્લાના કલેક્ટરો અને પ્રાંતના ગવર્નરોને જોડનાર સરોમી કડી જેવો છે. જિલ્લાના કલેક્ટરોના બધુ નીચે રહેલા બાબતો એટલે મહેસૂલ, સુલેહશાંતિ ઉપર તે દેખરેખ રાખે છે. જિલ્લાનો વહીવટ અને કલેક્ટર: હિંદના રાજ્યવહીવટની ઇમારતનું બુનિયાદ જિલ્લાઓ ઉપર રચાયેલું છે. જિલ્લાનો મુખ્ય અમલદાર કલેક્ટર કહેવાય છે. તે બે જાતની કરજો બજાવે છે: (૧) મહેસૂલ ઉઘરાવનાર અમલદાર તરીકે અને (૨) મેજિસ્ટ્રેટ તરીકે. મહેસૂલી બાબતોના અમલદાર તરીકે કલેક્ટરઃ કલેક્ટરની મુખ્ય ફરજ મહેસૂલ ઊભું કરવાની અને કર ઉઘરાવવાની છે. તેની સત્તા નીચેના બધા તાલુકા ઉપર તે દેખરેખ રાખે છે. તેના જિલ્લામાં કોઈ પણ જાતની ગેરબવસ્થા કે અશાંતિ થાય તેને માટે તે સરકારને જવાબદાર ગણાય છે. એ ઉપરાંત દુકાળ વગેરે સંકટના પ્રસંગોમાં બેડૂતોને તગાવી આપીને, તથા બાંધકામ ઉપાડીને તે પ્રજાને રાહત આપવાના પ્રયત્નો કરે છે. જિલ્લાના સમગ્ર કામકાજનો જવાબ તે પ્રતિક સરકાર સમક્ષ રજૂ કરે છે. જિલ્લાના બેડૂતોની સ્થિતિ તપાસી તેમની જરૂરિયાતો પૂરી પાડવાના હેતુથી તે વર્ષમાં બે ત્રણ માસ તાલુકાઓમાં ફરે છે. કલેક્ટર આમ પ્રજાજનતાના નિકટ સમાગમમાં આવે છે, તેથી સામાન્ય પ્રજાનાં દુઃખો અને મુશ્કેલીઓનો તેને સારો બ્યાલ હોય છે.

મેજિસ્ટ્રેટ તરીકે કલેક્ટર: કલેક્ટર પ્રથમ પંક્તિનો મેજિસ્ટ્રેટ ગણાય છે, કારણ કે તે જિલ્લાની સુલેહશાંતિ માટે જવાબદાર અમલદાર ગણાય છે. જિલ્લાની સુલેહશાંતિ માટે કલેક્ટર પોતાની જવાબદારી ઉપર બોજ લાગે તેવાં પગલાં લઈ શકે છે. તે મુનેજારોને બે વર્ષ સુધીની સાદી કે સખત કેદ અને એક હજાર રૂપિયા સુધીનો દંડ કરી શકે છે. કેદખાના ઉપર પણ તે દેખરેખ રાખે છે. એ ઉપરાંત જિલ્લામાં જનતા મહત્વના બનાવો માટે સરકાર કલેક્ટરને જવાબદાર ગણે છે. મ્યુનિસિપાલિટિઓ અને જિલ્લા લોકલ બોર્ડો ઉપર તે દેખરેખ રાખે છે. આમ કલેક્ટર જિલ્લાના તમામ વહીવટ માટે જવાબદાર હોવાથી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, કેળવણી ઇન્સ્પેક્શનલ ઇન્સ્પેક્ટર, ફોરેસ્ટ ઑફિસર, સિવિલ સર્જન વગેરે બીજા અમલદારો પાસેથી જિલ્લાને લગતી તેમના ખાતા સંબંધી હકીકત માગી શકે છે. જિલ્લાના કલેક્ટર નીચે જિલ્લાના વહીવટમાં મદદ કરવાને નીચેના અમલદારો હોય છે: (૧) ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, (૨) સિવિલ સર્જન, (૩) કેદખા ઑફિસર, (૪) જિલ્લાના મુખ્ય ઇજનેર, (૫) સર્કલ ઇન્સ્પેક્ટર, (૬) આબકારી અધિકારી અને (૭) ફોરેસ્ટ ઑફિસર. તાલુકા અને ગામડાં: પ્રત્યેક જિલ્લાને અમુક તાલુકાઓમાં વહેંચી નાખવામાં આવે છે. તાલુકાનો ઉપરી અમલદાર મામલતદાર કહેવાય છે. તે મહેસૂલ ઉઘરાવે છે અને તાલુકામાં કલેક્ટરની મારફત મેજિસ્ટ્રેટ તરીકે મુકામો આપે છે. તે તાલુકાની સુલેહશાંતિ જાળવે છે. ગામડાંમાં પોલીસ પટેલ અને તલાટી મહેસૂલ ઉઘરાવવાનું તેમ જ શાંતિ જાળવવાનું કામ કરે છે.

પ્રાંતિક વડી અદાલત સ્ત્રી. પ્રાંત માટેની વરિષ્ઠ ન્યાય કચેરી. આઝાદ હિંદના પ્રાંતોની અંદર મૂળ દાવા તથા અપીલો સાંભળવા માટે પ્રાંતના મુખ્ય મથકે એક વડી અદાલત રાખવામાં આવી છે. હાલમાં કલકત્તા, મદ્રાસ, મુંબઈ, અલ્લાહાબાદ, નાગપુર, પટણા, પૂર્વ પંજાબ અને અયોધ્યાની વડી અદાલત આટલી પ્રાંતિક અદાલતો કામ કરે છે. આ અદાલતોમા એક મુખ્ય ન્યાયાધીશ અને પ્રમુખ નક્કી કરે તેટલા મદદનીશ ન્યાયાધીશો કામ કરે છે. ન્યાયાધીશની લાયકાત: (૧) ભારતના વિસ્તારમા ૬૫ વર્ષ સુધી ન્યાયખાતાનો હોદ્દો ભોગવ્યો હોય તેવો ભારતનો કોઈ પણ નાગરિક વડી અદાલતનો ન્યાયાધીશ થઈ શકે છે. (૨) કોઈ પણ વડી અદાલતમા ઍડવોકેટ તરીકે કામ કર્યું હોય તેવા બાવીસ ન્યાયાધીશ બની શકે છે. ન્યાયાધીશોના પગાર: વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને માસિક રૂપિયા ચાર હજાર અને બીજા ન્યાયાધીશોને માસિક રૂપિયા પંદરસો પગાર મળે છે. વળી પ્રમુખ નક્કી કરે તે પ્રમાણે ભાડાંભથ્થાં, રજાઓ કે નિવૃત્તિવેતન મળે છે. નિમણૂક થયા પછી તેમને પગારબાબત થવ કે રીતે તેમાં ફેરફાર થઈ શકતો નથી. વડી અદાલતનું કાર્યક્ષેત્ર: હાઈ કોર્ટનું કાર્ય પણ બે પ્રકારનું છે: (૧) પ્રાંતના મુખ્ય કહેરની અમુક ઠરાવેલી હદમાં બનેલા દીવાની અને ફોજદારી ગુનાઓનો નિર્ણય કરવાનું અને (૨) ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં અપીલો નિર્ણય ઉપરની અપીલો સાંભળવાનું. આ અદાલતો દીવાની અને ફોજદારી દાવાઓનો નિકાલ કરે છે. આ ઉપરાંત વડી અદાલતોને ન્યાયખાતાના નોકરો ઉપર દેખરેખ રાખવાની સત્તા છે. તેની આવક પ્રાંતની તિજોરીમાં જમા છે અને ખર્ચ પણ તેમાંથી જ આવે છે.

પ્રાંતિક સમિતિ [સં.] સ્ત્રી. પ્રાંતની સભા; પ્રાંતની કૉંગ્રેસ.

પ્રાંતિક સરકાર સ્ત્રી. પ્રાંતની સરકાર.

પ્રાંતિક સંઘ [સં.] પું. પ્રાંતની પ્રજાનો બનેલો સંઘ.

પ્રાંતિક સ્વતંત્રતા વિધિ સ્ત્રી. પ્રાંતને મળેલું સ્વશાસન: ' પ્રોવિન્શ્યલ ઑટોનોમિ '

પ્રાંતિક સ્વરાજ્ય [સં] ન. પ્રાંતોનું સ્વરાજ્ય: પ્રાંતને જવાબદારી આપવી તે.

પ્રાંતીય ૧. [સં.] વિ. પ્રદેશવાર.

૨. વિ. પ્રાંતનું; પ્રાંતને લગતું.

પ્રાંતીયતા ૧. [સં.] સ્ત્રી. પોતાના પ્રાંતનો જ વિચાર કરવાની સંકુચિતતા. સર્વ પ્રાંતોના લોકો હિંદના વતનીઓ છે અને હિંદ સૌનું વતન છે, અને એમ હોવા અવળા મર્યાદા એક જ છે કે કોઈ પોતાનો પ્રાંત છોડી બીજા પ્રાંતમાં તેવા વતનીઓને ચૂસવા કે તેના ઉપર હોર ચલાવવા અગર તેના હિતને કોઈ પણ રીતે નુકસાન પહોંચાડવાને ન ભળ. હિંદના બધા વતની હિંદ માતાના સેવકો હોઈ તેની સેવાની ભાવનાથી ત્યાં જઈ ત્યાં જીવન ગાળે.

૨. સ્ત્રી. પ્રાંત પ્રાંત વચ્ચેના ભેદ.

૩. સ્ત્રી. પ્રાંતને લગતી બાબિયત.

પ્રાંતીયત્વ જુઓ પ્રાંતીયતા.

પ્રાંતીય ભાષા [સં.] સ્ત્રી. પ્રાંતિક ભાષા; પ્રાંતની બોલી.

પ્રાંતીય સરકાર સ્ત્રી. દરેક પ્રાંત ઉપર નીમેલ સૂબો અને તેનું મંડળ; પ્રાંતની સરકાર.

પ્રાંતે અ. ક્રિ.વિ. છેવટે; આખરે.

પ્રાંતોલ્લેખ [સં. પ્રાંત + ઉલ્લેખ] પું. પ્રાંતનો ઉલ્લેખ.

પ્રાંત્ય વિ. પ્રાંતનું; પ્રાંતિક.

પ્રાંશવું અ. ક્રિ. ભાવું.

પંચમુખ પ્રાંશી અમના ચિત્તભંગ થયે નેણ.
પ્રેમાનંદ

પ્રાંશુ ૧. [સં.] પું. ઊંચો માણસ.

૨. પું. (પુરાણ) એ નામનો સૂર્યવંશી દિષ્ટપ્રોત્પન્ન વત્સપ્રીતિ રાજાનો પુત્ર. એનો પુત્ર પ્રમતિ રાજા હતો.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. શ્રી વિષ્ણુ વૈરાટ બનાર, વામનરૂપ હોવા છતાં બલિ રાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વીનું દાન લઈને વૈરાટ રૂપ ધારણ કરનારા અને સમષ્ટિગત અને વ્યષ્ટિગત પ્રતીતિઓરૂપે પણ પોતે હોવાથી પ્રાંશુ કહેવાય છે.

૪. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો પુત્ર. વૈવસ્વત મનુને નાભાગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, પ્રાંશુ, નૃગ, દિષ્ટ, કરુષક અને પૃષધ્ર એ નામના નવ પુત્ર હતા.

૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૬. વિ. ઊંચું; ઉચ્ચ.

૭. વિ. લાંબું; વિસ્તૃત; દીર્ઘ.

પ્રભુએ પ્રાંશુ પરિઘાદિ પ્રભુ આયત બાહુ વિશાલ,
દીર્ઘ શ્વાસ લઈને સદા શું કારણ હે બાલ!
પિંગળશીપુરોહિત

પ્રાંશુતા [સં.] સ્ત્રી. ઊંચાઈ.

પ્રાંશુલભ્ય [સં.] વિ. ઊંચો માણસ મેળવી શકે તેવું.

પ્રાંસ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ઝાડ નદીની બેખડમાં આરથી બાર ફૂટ ઊંચાં આમ છે. તેની છાલ કોમળ હોય છે. તેનાં પાન બહુ સૂક્ષ્મ આમ છે. તેને પોષ મહિનામાં ફૂલ આવે છે. તેની બેડમાં ગુલાબી કે ફિક્કા જાંબુડિયા રંગના ફૂલની છેડ થાય છે. બાર મહિનામાં ફળ પાકે છે. તેનો મુખ્ય ગુણ બાંધી છે. તે સર્વત્ર ઉપયોગી છે ને બળતણના કામમાં આવે છે. તે ઊંટ અને બકરાંનો ચારો છે.

પ્રિક્રિરમા પું. પવિત્ર જગાએ જવા કરવા જવું તે; પરિક્રમા.

પ્રિક્કા સ્ત્રી. એક જાતનો છોડ.

પ્રિન્સ ૧. [અં.] પું. રાજા; શાહ; નૃપતિ; ભૂપાલ

૨. પું રાજકુમાર; રાજકુટુંબની કોઈ વ્યક્તિ.

૩. પું સરદાર; સામંત.

પ્રિન્સ આલ્બર્ટ [અં.] પું. એક જાતનો કોટ. તે રેંગલેટની પાઘડાંની જુદી જુદી જાતનો હોવાથી સુંદર અને શોભાદાયક લાગે છે.

પ્રિન્સ ઓરેંજ [અં.] પું. એક જાતનો કોટ.

પ્રિન્સ ઑવ વેલ્સ ૧. [અં.] પું. ઇંગ્લંડના રાજાના પાટવી કુંવરની પદવી.

૨. પું. ઇંગ્લંડના રાજાનો પાટવી કુંવર.

પ્રિન્સિપલ ૧. [અં.] પું. શાળાધ્યક્ષ; પાઠશાળાનો મુખ્ય આચાર્ય.

૨. પું. સિદ્ધાંત.

૩. ન. મૂળ ધન.

૪. વિ. મુખ્ય.

પ્રિય ૧. પું. આશક.

૨. પું. ઋદ્ધિ.

૩. પું એક પ્રકારનું ઝેરણ; પ્રિયક મૃગ.

૪. પું. કેસની નામે અનાજ.

૫. પું. કાર્તિક સ્વામી; કાર્તિકેય.

૬. પું. શોપન મહિનો એ નામનો એક વાસુતત્ત્વ દેવતા.

૭. પું. જમાતા; જમાઈ; કન્યાનો પતિ.

૮. પું. પ્રિયક વૃક્ષ; પ્રિયક નામની ઔષધિ.

૯. પું. ધણી; પતિ; વર; ભર્તા; કાંત; સ્વામી. સુહૃદ મિત્ર વલ્લભ સખા દયિત કાંત પ્રિય પ્રાણ. હરિ પ્રોતમથી કે કુંવરી ન કર અકાણ્યુ માન. પિંગળપ્રકાશ

૧૦. પું. ધારાકદંબ.

૧૧. પું. નેતર.

૧૨. પું. પરમેશ્વર; ધર્માત્મા કે મુમુક્ષુની કામના પૂરનાર ઈશ્વર. તે સર્વ ધર્માત્માઓને, મુમુક્ષુઓને અને જિજ્ઞાસુઓને પ્રસન્ન કરે છે અને સર્વને કામના કરવા યોગ્ય પ્રેમસ્વરૂપ છે, તેથી તેનું નામ પ્રિય છે.

૧૩. પું. શિવનું એક નામ.

૧૪. પું. હરતાળ.

૧૫. સ્ત્રી. સ્ત્રી; પત્ની.

૧૬. ન. ઇષ્ટ વસ્તુ; પોતાને વહાલી હોય તે વસ્તુ.

૧૭. ન. કલ્યાણ; હિત.

૧૮. ન. પ્રીત.

૧૯. ન. મિષ્ટ વચન.

૨૦. ન. સુખ; ઇષ્ટ વસ્તુના દર્શનથી જન્મ સુખ.

૨૧. વિ. ગમતું; રુચતું; વહાલું; પ્યારું.

૨૨ વિ સુંદર; મનોહર.

૨૩. વિ. હિતકર; હિત કરનાર.

પ્રિયક ૧. [સં.] પું. અસન વૃક્ષ.

૨. પું. એક જાતનું ઝાડ; નીલગો.

૩. પું એક જાતનું પક્ષી.

૪. પું. એક જાતનો મૃગ કૃષ્ણસાર; ચિત્રમૃગ; કાબરચીતરું હરણ; ચાતાપુ.

૫ પું. કદંબ વૃક્ષ; ધારાકદંબ.

૬. પું. કેસની નામે અનાજ; કાંગ.

૭. પું. કાર્તિક સ્વામીનો એક અનુચર.

૮. પું. કેસર.

૯. પું. પીતશાલ; પિયાસાલ નામનું વૃક્ષ.

૧૦. પું. પ્રિયંગુનો છોડ.

૧૧. પું. નિવો.

૧૨. પું. ભમરો.

૧૩. પું. મધમાખી.

૧૪. પું. વિજયસારનું ઝાડ.

પ્રિયકર ૧. [સં. પ્રિય + કૃ (કરનાર)] વિ. રૂડું કરનાર; હિતકર.

૨. વિ. મનોહર.

૩. વિ. વહાલું; મનગમતું; વહાલું લાગે તેવું.

પ્રિયકરી [સ.] સ્ત્રી. આસંધ નામની વનસ્પતિ; આસોધ; આસોદ; ધોળા આસોદ; અશ્વમેધા.

પ્રિયકામ જુઓ પ્રિયકર.

પ્રિયકાવ્ય [સં.] પું. એક જાતનું ઝાડ.

પ્રિયકાર [સં.] વિ. ભલું; માયાળુ; ભલું કરનાર; પ્રિય કરનાર.

પ્રિયકારક [સં.] વિ. પ્રિયકર; ભલું ઇચ્છનાર; હિતકર; શુભચિંતક; પ્રિય કરનાર.

પ્રિયકારિણી ૧. [સં.] સ્ત્રી. (જૈન) શ્રી મહાવીર સ્વામીની માતાનું નામ; ત્રિશલાદેવી.

૨. વિ સ્ત્રી. પ્રિય કરનારી.

પ્રિયકારી વિ પ્રિયકર; મનગમતું; વહાલું; પ્રિય લાગે તેવું.

પ્રિયકાંક્ષી [સં. પ્રિયકાંક્ષિન્] વિ. ભલું ચાહનાર; હિતકારી.

પ્રિયકી [સં.] સ્ત્રી. એક જાતની ચમેલી.

પ્રિયકૃત ૧. પું. સેરતદાર; મિત્ર.

૨. [સં. પ્રિયકૃત્] પું. વિષ્ણુનાં કલ્પવર ભાઈનું એક નામ. તે સર્વનું પ્રિય કરનારા અને પોતાના ભક્તોનું પ્રિય એટલે કલ્યાણ કરનારા છે. ફક્ત પ્રિયાર્હ છે એમ નહિ, પરંતુ સ્તુતિ વગેરેથી ભજનારાઓનું પ્રિય કરે છે. તેથી તે પ્રિયકૃત કહેવાય છે.

૩. વિ. ભલું કરનાર.

પ્રિયકૈલાસ [સં.] પું. મહાદેવ. તમને કૈલાસ પ્રિય છે.

પ્રિયક્ષુ [સં. પ્રિયક્ષુસ્] ન. મીઠી નજર.

પ્રિયક્રિકીર્ષું [સં.] વિ. પ્રિય સાધવાની ઇચ્છાવાળું.

પ્રિયજ [સં.] ન. ઇષ્ટ વસ્તુના દર્શનથી ઊપજેલું સુખ.

પ્રિયજન [સં.] ન. વહાલાં કે ગમતાં માણસો; આપ્તજન; સ્નેહી જન; પ્રેમપાત્ર માણસ.

પ્રિયજાત [સં.] પું. અગ્નિનું એક નામ.

પ્રિયજીવ [સં.] પું. રસોનાક વૃક્ષ.

પ્રિયજીવક [સં.] પું. લોધ્ર વૃક્ષ.

પ્રિયજ્ઞચિત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં આઠ જગણ અને બે ગુરુ મળી કુલ બાસઠ વર્ણ હોય છે.

ઉ પ્રિયજ્ઞચિતમાં વસુ જા ગણ તે પર અંત વિષે ગુરુ બે ધરનેજ. રણછોડ પિંગળ

પ્રિયતમ ૧. [સં. પ્રિય (વહાલું) + તમ (ઐકતાવાચક પ્રત્યય)] પું. કાંત; પ્રીતમ.

૨. પું. પતિ; સ્વામી; ધણી.

૩. પું. મયૂરશિખા વૃક્ષ.

૪. વિ. અત્યંત પ્રિય; બહુ વહાલું; સૌથી વધારે વહાલું.

પ્રિયતમા ૧. [સં. પ્રિય (વહાલું) + તમ (ઐકતાવાચક પ્રત્યય) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કાંતા; વહાલી સ્ત્રી; પ્રિયા; પ્રેયસી; વલ્લભા; માયુક.

૨. સ્ત્રી. પત્ની.

પ્રિયતર [સં. પ્રિય (વહાલું) + તર (વિશેષતાવાચક પ્રત્યય)] વિ. વધારે વહાલું.

પ્રિયતા [સં.] સ્ત્રી. વહાલપ; પ્રીતિભાવ; પ્રિયપણું; સ્નેહ; પ્રેમ.

પ્રિયતિલકા પું. (પિંગળ) એ નામનો નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પૃથ્વી છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ અને સગણ મળી નવ વર્ણ હોય છે.

ભૂજ સથી પ્રિયતિલકા. રણછોડ પિંગળ

પ્રિયતોષ [સં.] પું. વહાલાને આપેલ સંતોષ.

પ્રિયતોષણ ૧. [સં.] પું. રતિમંજરીમાં કહેલ એ નામનો એક પ્રકારનો રતિબંધ.

૨. વિ. વહાલાને સંતોષ ઉપજાવનાર.

પ્રિયત્વ [સ.] ન. પ્રિયપણું; પ્રિયતા.

પ્રિયદ [સં.] વિ. પ્રિય વસ્તુ આપનાર.

પ્રિયદત્તા [સં.] સ્ત્રી. દાન કરાતી પૃથ્વી.

પ્રિયદર્શન ૧. [સં.] પું. અશોક રાજાનું બીજું નામ.
૨. પું. એ નામનો એક પર્વત
૩ પું. (પુરાણ) કુપદનો એ નામનો એક પુત્ર. એને મહાયુદ્ધમાં કર્ણે માર્યો હતો.
૪. પું. ફોગિયા વૃક્ષ; ખેરનું ઝાડ.
૫. પું. પીપર.
૬. પું એક પર્વત.
૭. ન. અતિથિ આગમન; મહેમાનોનું આવવું તે.
આર્યા વિયોગ, સ્વજનોની નિંદા,
ઋણની બાકી, કૃપણોની સેવા;
દારિદ્રયકાલે પ્રિયદર્શનો પૈ,
પાપે ન ભ્રમિ, પદ્મ આલવા તે. સુભાષિત
૮. [સં. પ્રિય + દર્શન (જોવું તે)] ન. પ્રિય જનનું દર્શન; વહાલા માણસનું દર્શન.
૯. ન. સુંદર દર્શન; સૌમ્ય દૃષ્ય.
૧૦. વિ. દર્શન થતાં પ્રિય લાગે એવું; જોતાંની સાથે વહાલ ઉપજાવે એવું; સુંદર દેખાવનું; સુંદર; રૂપાળું; દેખાવડું

પ્રિયદર્શના ૧. [સં.] સ્ત્રી. (જૈન) મહાવીર સ્વામીની દીકરીનું નામ.
૨. સ્ત્રી. શુભ દર્શન
૩. વિ.સ્ત્રી. જેનું દર્શન પ્રિય હોય તેવી, વહાલપ આપે તેવી.

પ્રિયદર્શની [સં.] સ્ત્રી. મેના; સારિકા.

પ્રિયદર્શિકા [સં.] વિ સ્ત્રી. વહાલ ઉત્પન્નકરાવાળી.

પ્રિયદર્શી ૧. [સં. પ્રિયદર્શિન્] પું. અશોક રાજા.
૨. પું. અશોકનું અતિ પ્રસિદ્ધ બિરુદ
૩. પું દેવોનો પ્રિય; દેવોનો લાડકો.
૪. વિ. પ્રીતિની દૃષ્ટિ રાખનાર; સર્વને પ્રિય દેખનાર; સર્વને પ્રિય સમજનારા; મનોહર; સર્વ પ્રત્યે પ્રેમથી જોનાર.
૫. વિ મૂર્ખ; કમબખ્ત.

પ્રિયધર્મ [સં.] વિ. ધર્મની શ્રદ્ધાવાળું.

પ્રિયનાથ [સં.] પું પતિ; ધણી; સ્વામી.

પ્રિયપાત્ર [સં.] વિ. પ્રેમપાત્ર; પ્યારું.

પ્રિયપ્રમુખા [સં.] વિ. સ્ત્રી. ધણી જ વહાલી; વહાલી વસ્તુમાં શ્રેષ્ઠ.
એ પ્રભુએ કરી પ્રિયપ્રમુખાછત્ર, મારી જન્મભૂમિ. નવલરામ

પ્રિયપ્રસાદનવ્રત [સં.] ન. પોતાના પ્રિય પતિને પ્રસન્ન કરવા માટે કરવામાં આવતું વ્રત.

પ્રિય પ્રેયસી [સં.] સ્ત્રી. અત્યંત વહાલી સ્ત્રી; દયિતા; કાંતા; પ્રિયા.
આનંદ સરોવરની કુંજમાં રમતો, મુખ જોવા શીતલ મધુમેં પ્રિય પ્રેયસી ઓનાં પગલાંમાં વહેલે પ્રભાતે હું જોઉને જ આવી રે. બાલાશંકર

પ્રિયભક્ત ૧. [સ.] પું. પ્રભુને પ્રિય એવો ભક્ત. ગીતામાં પ્રભુએ પોતાના પ્રિય ભક્તનાં લક્ષણો જેવાં હોય તે દર્શાવતાં કહ્યું છે કે: અદ્વેષી જે સરવ જૂતનો મિત્ર કૃપાળુ હોતા, સુખેદુઃખે સદય સમતા ને તજે જે અહંતા. સતોષો જે સતત દૃઢ છે નિશ્ચયે સંયમી જે, અર્પે બોમી મન મતિ મને ભક્ત વહાલો મને તે. દૂલે જેથી ન જન જનથી જે દુભાયે નહિ તે, ફ્રોધોદ્વેગે હરખ ભયથી મુક્ત વહાલો મને તે. વાંછા લાગી પુનિત અદુઃખી દક્ષ ઉદાસી જે જે, સૌ આરંભે વર્જિત મુજ જે ભક્ત વહાલો મને તે. ના શોચે જે વળી ન હરખે દ્વેષ વાંછા ન રાખે, જે લાભી જે શુભ અશુભનો ભક્ત વહાલો મને તે. શત્રુ મિત્રે સમ સમ વળી જેહ માનાપમાને, શીતે ઉષ્ણે સમ સુખ દુઃખે સમી આસક્તિ જેણે. જેને નિંદા સ્તુતિ સમ, મુનિ તુષ્ટ જે કૈં મલ્યે જે, જેને સ્થાને નહિ સ્થિર મતિ, ભક્ત વહાલો મને તે અહાણુ જે ક્રમિત રીત આ ધર્મ પીયૂષ સેવે, રૂપે મારામા સ્પીપરી અતિ પ્રિય ભક્તો મને તે.
૨. પું. જિનનાં હજાર બાંહેનું એક નામ

પ્રિયભાષણ ૧. [સં] ન. વહાલથી બોલવું તે; પ્રિય બોલવું તે; પ્રિય વાક્ય; મધુરું બોલવું તે.
૨. વિ. પ્રિય બોલનાર.

પ્રિયભાષિણી ૧. [સં.] સ્ત્રી. પ્રિય બોલનારી સ્ત્રી.
૨. સ્ત્રી. મેના પક્ષી
૩. વિ.સ્ત્રી. મીઠું બોલનારી.

પ્રિયભાષી [સં. પ્રિયભાષિન્] વિ. પ્રિય બોલનાર; મધુરું બોલનાર, મીઠી વાત કહેનાર.

પ્રિયમધુ ૧. [સં.] પું. બાગરામ; બળદેવ
૨. વિ. જેને દારૂ પ્રિય હોય એવું.

પ્રિયમાણ ૧. [સં.] વિ. પ્રસન્ન થતું.
૨. વિ. માવાળું; પ્રેમાળ; પ્રેમી.

પ્રિયમાન્ય [સં. પ્રિય (વહાલું) + માન્ય (પૂજ્ય)] વિ. વહાલું અને માનવાળું.

પ્રિયમાલ્યાનુલેપ [સં.] વિ. પુષ્પની માળા તથા ચંદનલેપન જેને પ્રિય હોય એવું.

પ્રિયમેધ ૧. [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડળના ૬૮મા, ૬૯મા અને નવમા મંડળના ૨૮મા સૂક્તનો કર્તા એક ઋષિ
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સના અજમીઢ રાજાના ચાર બાંહેનો મોટો પુત્ર. એ અને એની સંતતિ તપ કરીને બ્રાહ્મણ થઈ.

પ્રિયમેધ આંગિરસ [સં.] પું ઋગ્વેદના આઠમા મંડળના ૨, ૩ અને ૪૨, ૪૩મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પ્રિયમેધ કાણ્વ [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ

પ્રિયમેધ વાસિષ્ઠ [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડળના ૮૭મા સૂક્તનો કર્તા એક ઋષિ.

પ્રિયમેધા [સં. પ્રિયમેધસ્] પું શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

પ્રિયમેલક ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ અને ક્ષેત્ર.

પ્રિયરૂપ ૧. [સં.] ન. પ્રિય લાગે તેવું રૂપ; સુંદર રૂપ.
૨. વિ. સુંદર રૂપવાળું; મનોહર; સુંદર.

પ્રિયવક્તા [સં. પ્રિયવક્તૃ] વિ. પ્રિય વચન બોલનાર; મધુરભાષી; મિષ્ટભાષી.

પ્રિયવક્ત્ર [સં.] પું. (શિલ્પ) સુમુખ; પદર પ્રકારના મવાલો એટલે મોખ માઢેનો એ નામનો એક પ્રકારનો મોખ; જે ક્ષુબ્ધિ અને પાસ મુખ હોય તેવો મોખ.

પ્રિયવચન ૧. [સં.] પું. વૈદના ઉપર ભક્તિ ધરાવનાર રોગી.
૨. ન. સુંદર વચન; પ્રિય લાગે એવું વચન.
૩ વિ. પ્રિયવાદી; પ્રિય બોલનાર; મધુરભાષી; મિષ્ટભાષી

પ્રિયવચના ૧. [સં.] સ્ત્રી. મીઠાબોલી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. મીઠું બોલનારી; મીઠાબોલી.

પ્રિયવત્સલતા [સં. પ્રિય (વહાલું) + વત્સલતા (માવાળુપણું)] સ્ત્રી. વહાલા પ્રત્યેનો પ્રેમ. વાત્સલ્ય.

પ્રિયવર [સં.] વિ. અતિ પ્રિય; સૌથી પ્રિય; પ્રિયમાં શ્રેષ્ઠ

પ્રિયવર્ણી ૧. [સં.] સ્ત્રી પ્રિયંગુ લતા.
૨ સ્ત્રી. કંસની નામનું પાત્ર.

પ્રિયવલ્લરી [સં.] સ્ત્રી. રાય વેલી.
અવજ્ઞિ ને પ્રિયવલ્લરી રાજન્યનિકા જેહ,
ત્યાં દર્શન આવથી તુરત કૂણી છે તેહ. પિંગળપ્રકાશ

પ્રિયવલ્લી ૧. [સં] સ્ત્રી. પ્રિયંગુ લતા.
૨. સ્ત્રી. સુંદર વેલ.

પ્રિયવાક [સં.] પું. ધર્મમર્યાદાનું રક્ષણ થાય અને શ્રોતાને દોષ ન લાગે તેવી રીતે મધુર વાણીથી સામા સાથે બોલવું તે.

પ્રિયવાદિત્વ [સં.] ન. બોલવાની મીઠાશ

પ્રિયવાદિની ૧. [સં.] સ્ત્રી. ખૂબ બોલતી.
૨. વિ. સ્ત્રી. પ્રિય બોલનારી.

પ્રિયવાદી [સં. પ્રિય (મીઠું) + વાદિન્ (બોલનાર)] વિ. મીઠાબોલું; મધુરું બોલનાર; મીઠાશભરી વાણી વદનાર; પ્રિય બોલનાર.

પ્રિયવ્રત ૧. [સં.] પું. (પુરાણ) સ્વાયંભૂ મનુને અનંતી અથવા શતરૂપાને પેટે થયેલા બે માંહેનો મોટો પુત્ર; ઉત્તાનપાદ રાજાનો મોટો ભાઈ. વિશ્વકર્માની કન્યા બર્હિષ્મતી એની સ્ત્રી હતી. એને દશ પુત્રો અને ઊર્જસ્વતી નામે એક કન્યા થઈ હતી. આ કન્યા કવિપુત્ર ઉશનાને દીધી હતી. દશ પુત્રોમાંના ત્રણ વિરક્ત હોઈને તેમણે લગ્ન કર્યાં નહિ અને પરમહંસ થઈને અરણ્યમાં ગયા. બાકી રહેલા સાતને પ્રિયવ્રત રાજાએ પૃથ્વીના સમ મહાદ્વીપમાંથી આગ્નીધ્રને જંબુદ્વીપ, યજ્ઞબાહુને પ્લક્ષદ્વીપ, વપુષ્માનને શાલ્મલીદ્વીપ, હિરણ્યરેતાને કુશદ્વીપ, ઘૃતપૃષ્ઠને ક્રૌંચદ્વીપ, મેધાતિથિને શાકદ્વીપ અને વીતિહોત્રને પુષ્કરદ્વીપ એ પ્રમાણે દરેકને અડધો અડધો મહાદ્વીપ વહેંચી આપ્યો હતો. પ્રિયવ્રત રાજાને બીજી સ્ત્રીથી બીજા ત્રણ સમર્થ પુત્રો હતા. પહેલો સ્વાયંભુવ મન્વંતરનો, બીજો સ્વારોચિષનો એમ ત્રણે જણા ત્રણે મન્વંતરના અધિપતિ થયા હતા. એક સમયે પ્રિયવ્રતના મનમાં આવ્યું કે, સૂર્ય હિરણ્મોથી એક કાળે અરધી પૃથ્વીમાં અજવાળું રહે છે તે ઠીક નહિ; મારે એ પોતાના એકચક્રી રથમાં બેસીને પૃથ્વી ઉપર મેરુની આજુબાજુ સૂર્ય હોય તેની સામી બાજુએ જ રહે, એવી રીતે સાત દિવસ સુધી સૂર્યના જેટલા જ વેગે ફર્યો. આવી રીતે પોતે પ્રકાશ કરી સાત દિવસ રાત્રિ થવા દીધી નહિ. વળી પ્રદક્ષિણાને પહેલે દિવસે મેરુથી જેટલે અંતરે પોતે રહ્યો હતો તેનાથી બીજે દિવસે જમ્બો દૂર એમ મેરુની આજુબાજુ એના રથનાં પૈડાં ફરવાથી એક અબ્ધિવલયવાળા સાત ગોળ વર્તુળ બીજા પડ્યા. આ બીજા જ સમ સમુદ્ર થઈ તેમની વચ્ચે વચ્ચેની જમીન તે દ્વીપ થઈ રહી. એવો દશ કોટિ વર્ષનો એક અખંડ એવા અનિયાર અખંડ પર્યંત રાજ્ય કર્યું. પછી પોતાના સર્વ પુત્રોને સદ્ધર્મનો ઉપદેશ કરી, પોતે નારદે ઉપદેશેલા જ્ઞાનયોગ પ્રમાણે જગદ્રૂપસ્વરૂપમાં પોતાની ચિત્તવૃત્તિ સ્થિર કરી મોક્ષ પામ્યો.
૨. વિ. વ્રત જેને પ્રિય હોય એવું.

પ્રિયવ્રતપ્રિયસ્વામી [સં. પ્રિયવ્રતપ્રિયસ્વામિન્] પું. પુરુષોત્તમનાં કનકર માંહેનું એક નામ.

પ્રિયશાલ [સં.] પું. મીઠો લીંબડો.

પ્રિયશ્રવા [સં. પ્રિયશ્રવસ્] પું. પરમેશ્વર.

પ્રિયસખ ૧. [સં] પું. એક જાતનું ઝાડ; બોર.
૨. પું. પ્રિય મિત્ર; વહાલો દોસ્ત.
૩. વિ. પ્રિયનો મિત્ર.

પ્રિય સખા ૧. [સં. પ્રિય (વહાલું) + સખિ (મિત્ર)] પું. પ્રાણપ્યારો દોસ્ત; વહાલો મિત્ર.
૨. પું. પ્રિય ભક્ત.

પ્રિય સખી [સં. પ્રિય (વહાલું) + સખી (સહિયર)] સ્ત્રી. પ્રાણપ્યારી સાહેલી; વહાલી સહિયર; બીજી મિત્ર.

પ્રિયસત્ય ૧. [સં.] વ. પ્રિય એવું સત્ય વાક્ય; પ્રિય લાગે એવું સાચું બોલવું તે.
૨. વિ. સત્ય જેને પ્રિય હોય એવું.

પ્રિયસંગમ [સં.] પું. વહાલાનો સમાગમ.

પ્રિયસંગમન ૧. [સં.] વ. અદિતિ અને કશ્યપનું જ્યાં મળવું થયું હતું તે સ્થાન.
૨. ન. એ નામનો એક દેશ.
૩ ન. પ્રિય અને પ્રિયા જ્યાં મળવાનાં હોય તે સ્થાન; નાયકનાયિકાને મળવાનું સંકેતસ્થાન.
૪. ન. વહાલાનો સમાગમ.

પ્રિય સંદેશ ૧. [સં.] પું. ખુશખબર; શુભ સંદેશો; કુશળ સમાચાર; પ્રિય લાગે એવો સંદેશો, સારા સમાચાર
૨. પું. સુગંધી કૂલવાળું એક ઝાડ; ચંપો.

પ્રિય સંવાસ [સં. પ્રિય (વહાલું) + સંવાસ (સાથે રહેવાપણું)] પું. વહાલાની સાથે રહેવું તે; વહાલાનો સમાગમ.

પ્રિયસાલ [સં.] વ. ચારોળીનું ઝાડ.

પ્રિયસાલક [સં.] વ. એક જાતનું ઝાડ; પિયાસાલ

પ્રિયંકર ૧. [સં.] પું. એ નામે એક જાનવર.
૨. પું. (પુરાણ) માધવનો સપ્ત એક વિદ્યાધર.
૩. વિ. પ્રિય કરનાર; હિતેચ્છુ

પ્રિયંકરી ૧. [સં.] સ્ત્રી. ભયસંજ્ઞ
૨. સ્ત્રી. ધોળી ઓરિંગડી; સફેદ કટેરી.
૩. સ્ત્રી. મોટી જ્યંતી.

પ્રિયંકરા સ્ત્રી. મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવીનું બીજું નામ; પ્રિયકારિણી.

પ્રિયંગ [સં.] પું. (સિલ્પ) ગોખના પંદર માંહેનો એ નામનો એક પ્રકાર; બે જાલવાળી જગ્યા.

પ્રિયંગલ [સં.] પું. એક જાતનું ગોખા.

પ્રિયંગુ ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; ધમોલ.
૨. સ્ત્રી. એક જાતનો છોડ. તેને સ્ત્રીનો સ્પર્શ થતાં જ ફૂલ આવે છે એમ મનાય છે.
૩. સ્ત્રી. એક જાતનું વૃક્ષ.
૪. સ્ત્રી. કાંકડ.
૫. સ્ત્રી. કંજ; માલકંગુની.
૬. સ્ત્રી. કુટકી.
૭. સ્ત્રી. મજ્જીષ્ઠા; પિપ્પલી.
૮. સ્ત્રી. દવામાં ઉપયોગી એક જાતનો છોડ.
૯ સ્ત્રી આજરો
૧૦. સ્ત્રી. મેંદી; મુલમેંદી.
૧૧. સ્ત્રી. મોરિયો; વરી; સામો.
૧૨. સ્ત્રી. રાઈ
૧૩. સ્ત્રી રાજિકા.
૧૪. સ્ત્રી. સર્પ.
૧૫ સ્ત્રી. સ્ત્રી; અર્ધાંગના; પત્ની.

પ્રિયંગુકા સ્ત્રી. ધમોલો; કાંગ.

પ્રિયંભાવુક [સં.] વિ. વહાલું થઈ પડેલું.

પ્રિયંભાવુકતા [સં.] સ્ત્રી. વહાલા થવું તે.

પ્રિયંવદ ૧. [સં.] પું. ઊતરતા વર્ગના દેવતાઓનો સમૂહ.
૨. પું. એ નામનો એક ગંધર્વ.
૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને પ્રિયંવદા છંદ પણ કહે છે. તેમાં નગણ, ભગણ, જગણ અને રગણ મળી બાર વર્ણ હોય છે.
૪. પું. બેચર; બ્રાહ્મણચારી પક્ષી; બગ.
૫. [સં પ્રિય (વહાલું) + વદ્ (બોલવું)] વિ. વહાલું બોલનાર; ગમતું બોલે એવું; મીઠું બોલનાર; પ્રિયભાષી; મીઠાબોલું.

પ્રિયંવદા ૧ [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામે બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.
ન ભ જ સ ા ાર પ્રિયંવદા વિષે. સ્થપિંગળ
૨. સ્ત્રી. (પુરાણ) શકુંતલાની એ નામની એક સખી.
૩. વિ.સ્ત્રી. મીઠાબોલી; વહાલું લાગે એવું બોલનારી; પ્રિય બોલનારી.

પ્રિયંવદાપણું વ. પ્રિય લાગે તેવું બોલવાપણું; મીઠાબોલાપણું

પ્રિયા ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; શારદચંદ. તે લહરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, યગણ, સગણ, ભગણ અને બે ગુરુ મળી બાર અક્ષર હોય છે.
૨. સ્ત્રી. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; રમા. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

તેના દરેક ચરણમાં સગણ, લઘુ અને ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.
ચ ૨ ગ પ્રિયા. ચકોર્પિણ
૩. સ્ત્રી. (પિંગળ) એ નામે ત્રણ અક્ષરનો એક એક અક્ષરમેળ છંદ; મૃગી; વિદ્યુત. તેના દરેક ચરણમાં એક રગણ હોય છે.
૪. સ્ત્રી. એલચી.
૫. સ્ત્રી. ક્રાંત.
૬. સ્ત્રી. અપ્સરાની ચોવીસ મહેની એ નામની એક દેવિકા.
૭. સ્ત્રી. પ્રિય નારી; વહાલી સ્ત્રી; જોરૂ; કાંતા; ભાર્યા.
ઇષ્ટા દયિતા વલ્લભા પ્રિયા પ્રેયસી હોય,
તુજ સમ પ્રભુપિની કાનને અન્ય ન દેખી હોય.
વિનયચંદ્રકોષ
૮. સ્ત્રી. મદિરા; દારૂ.
૯. સ્ત્રી. મલ્લિકા; ચમેલી.
૧૦. સ્ત્રી. રિદ્ધિ.

પ્રિયાખ્ય ૧. [સં.] વિ. પ્રિય કહેનાર; સારા અક્ષર જાહેર કરનાર.
૨. વિ. વહાલું; પ્રિય.

પ્રિયાગતિ [સં.] સ્ત્રી. પ્રિયાની ચાલ.
સુણી ચાલ હંસે કોકિલસ્વર
ફરતો ચિત્ત ચિંતે ના,
હસ્તિની ગતિ તુચ્છ
પ્રિયાગતિનાં સ્મરણો લાગે હા!
રાસગોપાલ

પ્રિયાત્મજ [સં.] ન. ચરક પ્રમાણે પલાશ જાતનું એક પક્ષી.

પ્રિયાત્મા [સં. પ્રિય + આત્મન્] પું. ઉદારાત્મા કે સરલ ચિત્તવાળો પુરુષ.

પ્રિયાદર્શન ૧. ન. એક જાતનું ઝાડ.
૨. [સં.] ન. પ્રિયાનું દર્શન.

પ્રિયાનન [સં.] પું. (છંદ) પાંચ માંહેના એક પ્રકારનો આઠ હ્રસ્વનિયાળો અવાજ.

પ્રિયાય સ્ત્રી. પવિત્રતા.

પ્રિયારાધન [સં.] ન. સંવનન; અનુનય; 'કોર્ટશિપ'.

પ્રિયાર્હ ૧. [સં. પ્રિય (વહાલું) + અર્હ (પૂજવા યોગ્ય)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વ વ્યક્તિઓને પ્રિયરૂપ પણ પોતે હોવાથી તથા સર્વને પોતપોતાના નિજભાવે પ્રિય અને પૂજ્ય યોગ્ય દેવ પણ પોતે હોવાથી વિષ્ણુ પ્રિયાર્હ કહેવાય છે.
૨. વિ. ઇષ્ટ બાબત નિવેદન કરવા જોગ.
૩. વિ. પ્રિય વાક્ય બોલવા યોગ્ય.

પ્રિયાલ ૧. [સં.] પું. ચિરૌંજનું ઝાડ.
૨. પું. રાયણનું ઝાડ.
૩. પું. રાયણનું ફળ; રાયણ.
૪. સ્ત્રી. ચારોળી.
૫. સ્ત્રી. પીપળાનું ઝાડ.
૬. વિ. રસિક; પ્રેમી.

પ્રિયાલા [સં.] સ્ત્રી. અંજીર; દ્રાક્ષ; કિસમિસ.

પ્રિયાલુ જ. ક્રાંત.

પ્રિયાવાસ [સં.] ન. એક જાતનું ઝાડ.

પ્રિયાસુ [સં. પ્રિય (વહાલું) + અસુ (પ્રાણ)] વિ. જેને પ્રાણ વહાલા હોય એવું.

પ્રિયાહ્વા [સં.] સ્ત્રી. ક્રાંત નામે અનાજ.

પ્રિયાંશુ ૧. [સં.] પું. ચાંદો.
૨. ન. કેરી; આમ્રફળ.
૩. વિ. પાણી જેને વહાલું હોય એવું.

પ્રિયુંગ સ્ત્રી. સુવાસ.

પ્રિયૈષ્ણુ [સં. પ્રિય (વહાલું) + ઈષ્ણુ (ઇચ્છનાર)] વિ. હિતેચ્છુ.

પ્રિયોદિત ૧. [સં.] ન. પ્રિય વાક્ય.
૨. વિ. પ્રિય કહેલું; હિતનું કહેલ.
૩. વિ. વહાલાંઓએ કહેલ.

પ્રિવિ [અં.] ન. ખાનગી; સંડાસ; પાયખાનું.

પ્રિવિ કૌંસિલ સ્ત્રી. મોટા રાજાને શાસનના કામમાં સહાયતા આપવા માટે અમુક ચૂંટાયેલા માણસોનું મંડળ; બૃહન્મંત્રાલય; રાજાનું આમ સલાહકારી મંડળ; ઉમરાવના રાજાને સલાહ આપનાર માજી અધિકારીઓ તથા રાજાના ચૂંટી કાઢેલ લોકોનું મંડળ; 'પ્રિવિ કાઉન્સિલ.' આ મંડળની સ્થાપના પંદરમી સદીમાં થઈ હતી. આમાં રાજકુટુંબ સાથે સંબંધ રાખવાવાળા લોકો, મોટા મોટા સરકારી અમલદારો, તાલુકદારો તથા પાદરીઓ મળી બસો ઉપરની સંખ્યા હોય છે. તેના બે ભાગ છે: એક ભાગ રાજાને શાસનકાર્યમાં સલાહ આપે છે અને જેને રાઇટ ઑનરેબલનો ખિતાબ મળે છે. બીજા ભાગમાં ન્યાયખાતાના સર્વ મુખ્ય અધિકારીઓ હોય છે. તે આખા અંગ્રેજી રાજની અપીલના કામને માટે છેવટની વડી ન્યાયની કચેરી છે અને છેવટનો ફેસલો ચૂકવે છે.

પ્રિવિલેજ લીવ [અં.] સ્ત્રી. એક જાતની રજા; હકની રજા. સરકારી કે બિનસરકારી નોકર અમુક સમય સુધી નોકરી કર્યા બાદ આવી રજા મેળવવા માટે હકદાર થાય છે.

પ્રિશ્ન [સં.] પું. (પુરાણ) કૃષ્ણના પિતાનું નામ.

પ્રિશ્નિ [સં.] પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો પુત્ર. એ ગુરુની ગાય મારવાના પાપથી શૂદ્ર થઈ ગયો હતો.

પ્રિસવું ૧. [સં. પરિવેષણ] ન. પિરસવું.
૨. ન. પીરસવાની રીત; પીરસવું તે.
૩. ન. પીરસેલું તે; બાકું.

પ્રિસ્ની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) રેવતીનું પૂર્વજન્મનું નામ.
૨. સ્ત્રી. (પુરાણ) વેદ અને પુરાણ પ્રમાણે પૃથ્વીઅવતારની માનું નામ.

પ્રિંટ ૧. [અં.] પું. કાગળ ઉપર છપાયેલ હોટો.
૨. સ્ત્રી. છાપ.

પ્રિંટર [અં.] પું. છાપખાનામાં છાપવાના કામનો લુખ્ખેદાર માણસ; મુદ્રણકાર; છાપનાર વ્યક્તિ.

પ્રિંટરિ [અં.] સ્ત્રી. છાપખાનું.

પ્રિંટિંગ ૧. [અં.] ન. કાગળ ઉપર હોટો છાપવાની ક્રિયા; કાચ ઉપરથી કાગળ ઉપર હોટો લાવવો તે.
૨. ન. છાપવાનું કામ; છપાઈ.

પ્રિંટિંગ ઇંક [અં.] સ્ત્રી. છાપવાના કામમાં વપરાતી સાહી. તે કાળી તથા પાકી બે પ્રકારની અને અનેક રંગની હોય છે.

પ્રિંટિંગ પ્રેસ ૧. [અં.] ન. છાપખાનું; મુદ્રણાલય.
૨. ન. સીસાનાં બીબાં વડે છાપવાનો સંચો.

પ્રિંટિંગ ફ્રેમ [અં.] સ્ત્રી. હોટો છાપવાનું ચોકઠું.

પ્રિંટિંગ મશિન [અં.] ન. છાપવાનું યંત્ર; છાપવાના કામમાં વપરાતો સંચો.

પ્રી ૧. [સં.] સ્ત્રી. પ્રજ્ઞા.
૨. સ્ત્રી. કાંતિ; ચમક.
૩. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ; તર્પણ.
૪. સ્ત્રી. પ્રીતિ; પ્રેમ.
૫. અ. ક્રિ. પ્રસન્ન થવું.
૬. અ. ક્રિ. તૃપ્ત થવું; સંતોષ પામવો.
૭. અ. ક્રિ. રસ લેવો.
૮. સ. ક્રિ. ચાહવું; માયા બતાવવી.

પ્રીછ ૧. [સં. પ્રેક્ષ; પ્રા. પ્રિચ્છ] સ્ત્રી. ઓળખ; પિછાન; ઓળખાણ.
પ્રીછ પાડવી = ઓળખાણ પાડવી.
૨. સ્ત્રી. જ્ઞાન; સમજ.

પ્રીછવવું ૧. સ. ક્રિ. જાણવવું; સોંપવું.
૨. સ. ક્રિ. સમજાવવું.

પ્રીછવું ૧. સ. ક્રિ. આશ્વાસન દેવું દિલાસો આપવો; શાંતિ આપવી.
૨. સ. ક્રિ. દેખીને ઓળખવું.
૩. સ. ક્રિ. જણાવવું; સોંપવું.
પ્રીછ્યો ઘરની વાર. સામળ
૪. સ. ક્રિ. સમજવું; જાણવું.

પ્રીજાવવું સ ક્રિ. પ્રીછે એમ કરાવવું.

પ્રીણ ૧. [સં.] ન. ખરકરી; હાંસી.
૨. વિ. તૃપ્ત કરનાર; સંતોષનાર.
૩. વિ. પુરાણું; જૂનું; અસલી.
૪. વિ. પ્રસન્ન; પ્રીતિવાળું.

પ્રીણન ૧. [સં.] ન. તૃપ્ત કરવું તે; સંતોષ આપવાપણું.
૨. ન. પ્રેમ ઉપજાવવો તે; ખુશ કરવું તે.

પ્રીણસ [સં.] પું. એરો.

પ્રીત ૧. [સં.] સ્ત્રી. આનંદ; હર્ષ.
૨. સ્ત્રી. કૃપા.
૩. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
૪. સ્ત્રી. પ્રીતિ; વહાલ; માયા; હેત; પ્યાર; પ્રેમ.
રોહ્ય હાર્ય સ્નેહ હેત પ્રણય રાગ અનુરાગ;
પ્રેમ પ્રીતની રીતને બાધક તે બાલાગ.
પિંગળપ્રકાશ
૧. પ્રીત ઊભરાવી = બહુ જ વહાલ આવવું.
૨. પ્રીત કરવી–જોડવી–બાંધવી–લગાડવી = પ્રેમ પ્રાપ્ત કરવો; પ્રેમમાં પડવું; પ્રેમ ઉપજાવવો; પ્રેમસંબંધ બાંધવો.
૩. પ્રીત ઓરવી = પ્રેમમાં દ્રોહ કરવો.
૪. પ્રીત રાખવી = હેત સાચવું.
૫. માયા પ્રીત રાખજો = માયા અને પ્રેમ ચાલુ રાખજો. વિદાય વખતે અરસપરસ બોલવામાં આવે છે.
૫. વિ. પ્રસન્ન; ખુશ થયેલું.
૬. વિ. પ્રિય; વહાલું.
૭. વિ. સંતોષ પામેલું; તૃપ્ત.

પ્રીતડી (પ્રીતડ઼ી) સ્ત્રી. પ્રેમ; પ્રીત.

પ્રીતપત્ર [સં.] પું. પ્રેમનો કાગળ; પ્રેમપત્રિકા.

પ્રીતમ ૧. પું. એ નામનો ગુજરાતનો એક કવિ; પ્રીતમદાસ.
૨. પું. પ્રભુ; ઈશ્વર.
૩. પું. પ્રિયતમ; વર; પતિ.
સુહૃદ મિત્ર વલ્લભ સખા કવિ દક્ષ પ્રિય પ્રભુ,
હરિ પ્રીતમણી કે કુંવરી ન કર અકારણ માન.
પિંગળપ્રકાશ
૪. વિ. વહાલું; પ્યારું.

પ્રીતમઠ કું (સંગીત) એ નામનો એક તાલ.

પ્રીતમદાસ પું. એ નામે અઢારમી સદીમાં થયેલ એક કવિ. ઓગણીસમી શતાબ્દીમાં ઉચ્ચ કોટિના જે અનેક જ્ઞાનચારિત્ર્યસંપન્ન સંતમહાત્માઓ ગુર્જરભૂમિને પદરજથી પાવન કરી ગયા છે તે પૈકીના આ એક મહાત્મા પ્રીતમદાસજી છે. તેમની વાણી સારી પેઠે પ્રસરી ચૂકેલી હોઈને હજી પણ તેમની લોકપ્રિયતા જેવી ને તેવી છે. જેમકે, 'જાગને રે તું હરિગુણ ગાતાં, આવું અણસ કમાંથી રે. હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને, જે પંક્તિથી શરૂ થતા મહાત્મા ગાંધીજીને પ્રિય થઈ પડેલા પદના કર્તા પણ એ જ પ્રીતમદાસ છે. કક્કા કર સહસ્રપદનો સંગ્રહ, એ તો અતિ પ્રસિદ્ધિ પામેલ છે. એના સોરઠ રાગના જ્ઞાનમાસ તંબૂરા સાથે ભક્તજનો મુક્તકંઠે હજુ આજે પણ ગાઈ રહ્યા છે. તેમનાં બાકીનાં બીજાનાં અનેક પદ, બારમાસ ને અરણીઓ ગુજરાતી ઓજોને પેઢી ઉતાર કંઠે રહેતાં આવ્યાં છે. એમનાં મંદિરો, હસ્તલિખિત ગ્રંથો, જૂનાં દામળિયાં, તેમ જ સંદેસરના શૂલ પુરુષો અને મંદિરના વહીવંચા પાસેથી આપણે જાણી શકીએ છીએ કે: તેમનો જન્મ આરોટ જ્ઞાતિમાં સંવત ૧૭૭૪થી ૮૦ના અરસામાં થયો હતો. તેમનું દેહાવસાન સંવત ૧૮૪૬ના વૈશાખ વદિ ૧૨ ને મંગળવારે થયું. એમ તેમના મુખ્ય શિષ્ય નારણદાસે પોતાને હાથે ઉતારેલી પ્રીતમદાસની ભગવદ્ગીતાની પ્રતમાં છેવટે લખેલું છે. તેમના પિતાનું નામ પ્રતાપસિંહ તથા માતાનું નામ જેકુંવરબા હતું. તેમનું જન્મસ્થાન સંદેસર નહિ પણ મોસાળ ગામ હતું. મહંત પ્રભુદાસજી કહે છે કે, તે ગામને પાદરે રામાનંદી સાધુઓની જમાત આવેલ, ત્યારે તેઓ દસ પંદર વરસની અવસ્થામાં બાંધડગામાં હતા. પૂર્વજન્મના કોઈ ઉચ્ચ સંસ્કારોને લીધે તેઓ શેરીમાં રમતાં રમતાં પણ કેટલીક વાર ભક્તિનાં પદ જોડી કાઢતા. રામાનંદી સાધુઓની જમાતના મહંત ભાઈદાસજી પાસેથી એ બાળકે ગુરુમંત્ર લીધેલ અને પછી તેમની ગાદીના સ્થાન ચૂડા-રાણપર તે જમાત સાથે ગયેલ અને ત્યાં ઉપદેશ શ્રવણ કરેલ. આ પછી તેમણે ફરતાં ફરતાં સંવત ૧૮૨૭માં સંદેસરમાં આવીને ભજન કર્યું અને છેવટ સુધી સંદેસરમાં જ મુકામ રાખ્યો. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે, ઊતરતી વયે એ વધુ કષ્ટ પામેલ છે. પ્રીતમદાસ જન્મથી જ અંધ હતા. કોઈ કોઈ એમ પણ કહે છે કે, તેમનાં ચક્ષુ બાર વરસની વયે ગયાં હતાં. એમના રચેલ પદમાં ઘણીવાર શબ્દોનાં રૂપથી પુષ્કળ શબ્દો બહુ જ અશુદ્ધ રહેલા છે. જેમકે, 'સદેહ' ને બદલે 'સંધે', 'અવિનાશ' ને બદલે 'અવિન્યાસ', 'રપર્શે' ને બદલે 'પ્રસપ્રસ', 'શબ્દ' ને બદલે 'સોદ', 'સાંધવું' ને બદલે 'સાંધિવ', 'અવશ્યમેવ' ને બદલે 'અચ્યમેવ', 'સ્વર્ગ' ને બદલે 'અગ', 'અનાદિ' ને બદલે 'આનહ' ઇત્યાદિ. એટલે તે ઉપરથી પણ પ્રીતમદાસ જન્મથી નહિ તો બાલ્યવયથી જ ચક્ષુરહિત બનેલા હોવાની વાતને પુષ્ટિ મળે છે. પોતાની પાસે હમેશા તે વખતના સાંતા ભક્તમંડળના ચાર પાંદડાર લહિયાઓને રાખતા. આ લહિયાઓ પ્રીતમદાસના ઉચ્ચારને બરાબર ન સમજી શકે અને પોતાની સામડી રીતે જેવું આવડે તેવું લખે એ દેખીતું જ છે. આ લહિયાઓને પ્રીતમદાસ એકી સાથે એક એક પદ બોલતા અને દરેકને વારાફરતી તેના પદની બોલી બોલી આપતા જતા. એ રીતે તેઓ ચારે ય પદ એક સાથે પૂરાં કરાવતા. એક રાગનાં ચાર પદોને ચોકડ અથવા ચોસર કહે છે. લહિયાઓએ પોતપોતાની આવડત પ્રમાણે લખેલી ભાષાને પ્રીતમદાસ અંધ હોવાથી સુધારી શકેલા નહિ, તેથી જ પ્રાસ કે છંદ પણ કોઈ કોઈ સ્થળે તેમાં અધૂરા રહ્યા છે. પ્રીતમદાસના મરણ બાદ કૃષ્ણલીલાનાં પદોના સંગ્રહ સિવાયની લગભગ તેની બધી કવિતાઓની નકલ એક જ પ્રતમાં તેમના શિષ્ય નારણદાસે સ્વહસ્તે કરેલી છે. આમાં કેટલીક કવિતાની ભાષા શુદ્ધ છે ને કેટલીક અશુદ્ધ છે. તે ઉપરથી પણ સમજાય છે કે, તેમની કવિતાઓ જુદે જુદે સમયે લખાયેલી હોવી જોઈએ. પ્રીતમદાસને ૩૪ શિષ્યો હતા. તેમના શિષ્ય નારણદાસને ૫૪ શિષ્યો હતા, તે સર્વ ત્યાગી હતા. પ્રીતમદાસની પાલખી સંવત ૧૮૫૫માં બંધારો થયો હતો. નારણદાસના સમયમાં પ્રીતમદાસના નામનાં ભાવન મંદિર હતાં. આ મંદિરોમાં ત્યાગી સાધુઓ જ રહી શકતા. ધરબારીઓને મંદિરમાં મહંત અથવા સાધુ તરીકે રહેવાની બંધી હતી. ઉપલ્લાં ભાવન પૈકી પંદર વીસેક મંદિરો હવે ચાલુ હોઈ બાકીનાં બંધ પડેલાં છે. પ્રીતમદાસજીનાં મંદિરોમાંના ઠાકોરજીની મૂર્તિને કુંજવિહારીલાલ કહેતા અને પછી પ્રીતમદાસના વખતમાં એક બીજા ઠાકોરજી પધરાવવામાં આવેલા, તેમને 'જનરાજ' કહેતા. આજે પણ 'શ્રી જનરાજ'ના જ નામનું ખાતું ચાલે છે. આજે પણ પ્રીતમદાસ 'પ્રીતમસાંમી' તરીકે જ ઓળખાય છે. એમની ગુરુપરંપરા નીચે પ્રમાણે છે: રામાનંદ સ્વામી સંવત ૧૪૫૧માં

થઈ ગયા. તેમની પેઢીએ કૃષ્ણજી સ્વામી ઊર્ફે કેવળદાસ સંવત ૧૬૧૧માં છપ્પૈયાની ગાદી ઉપર આવ્યા. તેમની શિષ્યપરંપરામાંના કરસનદાસ નામે એક સાધુ ચૂડા-રાણપુર જઈ મંદિર બાંધીને રહ્યા. આ કરસનદાસના શિષ્ય આત્મારામ અને આત્મારામના શિષ્ય ભાઈદાસજી થયા. આ ભાઈદાસજીને ચાર શિષ્ય હતા, તેમાં મોટા આપુજી અને બીજા પ્રીતમદાસ હતા. તે સંદેસરમાં જઈ રહ્યા. કહેવાય છે કે, પ્રીતમદાસ સંદેસરમાં એક પટારો ભરીને પુસ્તકો મૂકી ગયા હતા. પાછળથી એમાંનાં મહુવાનાં પુસ્તકો મંદિર સાથે સંબંધ ધરાવતો એક બ્રાહ્મણ પોતાને ઘેર લઈ ગયો હતો. પરંતુ તેનું ઘર બળવાથી તે નાશ પામ્યાં હતાં. કહેવાય છે કે, બીજાં કેટલાંક પુસ્તકો સાધુઓ લઈ ગયા હતા. અત્યાર સુધીમાં તેમનાં મળી આવેલાં જે હાબોમાંથી તેના રચ્યાની સાલ મળી આવે છે તેની વિગત નીચે પ્રમાણે છે. ૧. સરસગીતા (સં. ૧૮૩૧); ૨. જ્ઞાનબોધ (સં. ૧૮૩૨); ૩. સોરઠ રાગના મહિના (સં. ૧૮૩૮); ૪. જ્ઞાનગીતા (સં. ૧૮૪૧); ૫. પરમગીતા (સં. ૧૮૪૧) ૬. સાખીમય (સં. ૧૮૪૫); ૭. ઓધાદાસ સંવાદ (સં. ૧૮૪૫); ૮. જ્ઞાનપ્રકાશ (સં. ૧૮૪૬); ૯. અહંગીતા (સં. ૧૮૪૭); ૧૦. પ્રેમપ્રકાશ (સં. ૧૮૪૭); ૧૧. વિનયદીનતા (સં. ૧૮૪૮) ૧૨. ભગવદ્ગીતા (સં. ૧૮૫૨).

સ્વામીનારાયણી સાધુ. સોળે પ્રીતમદાસ આ, ત્યાગ વૈરાગ્ય મંદિરે, પ્રભાવેણ પવિત્રતા.
દેશળજી પરમાર

પ્રીતમન [સં. પ્રીત (ખુશ થયેલ) + મનસ્ (મન)] વિ. જેનું મન પ્રસન્ન થયેલ હોય તેવું.

પ્રીતમવાણી સ્ત્રી. પ્રીતમ નામના કવિનાં રચેલાં. સ્વામી અખંડાનંદ લખે છે કે: આગળના અનેક સંતકવિઓની પેઠે પ્રીતમદાસની વાણીમાં પણ ગામડી તેમ જ સંસ્કૃતના અપભ્રંશ શબ્દો આવે અને તે વાણી સાંભળી જોનારા લહિયા ગામડાના રહેવાસી તથા જુદા જુદા હોવાથી જોડણી અશુદ્ધ અને અનિયમિત હોય એ પણ સ્વાભાવિક છે. આવી મુશ્કેલીઓથી બચવું કરીને શબ્દાર્થમાં ફેર પડતો નથી અને કેટલેક સ્થળે તો એથી પ્રાસ, ભાવ અને રસની જમાવટને મદદ પણ મળી આવે છે. પણ ઉત્તમને કેટલેક ઊતરે જેવી દેખીતી ભૂલો લહિયાઓના હાથથી જ થઈ હોય. અનેક સ્થળે આસપાસના સંયોગોને અનુસરીને સ્વાંત આત્માનું શાંત આત્મા, મુનસનું મનુષ્ય, વૈરાહનું વરાહ, સીતનું સંત, અનીનનું અનન્ત, સેસાનનું શયાનન, ઉત્તમનું ઉત્તમ, મરડાગરડનું ગરુડારૂઢ, વર્લ્ડનું વલ્લભ, કરીમાણનું ક્રિયમાણ, સ્પેનનું સંપત્ત, દસાનું દશા, સુખેનું સુપે, અબ્બેનું અજાય, નાલોનું ન્યાળો, કરપનું કરપ વગેરે યથામતિ સુધારીને લખ્યું છે.

પ્રીતલડી (પ્રોતલડી) સ્ત્રી. પ્રીત.

સખી કેરી સારી શિખ ન અણધારી પ્રીતલડી,
ગઢી તે વિસારી સુંદિ? પ્રિતમજી શું સિદ્ધ થઈ?
ગુ. સા. પરિષદ

પ્રીતા સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; અપ્રીતા; અતિપ્રીતા; અતિપ્રીતા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, મગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.

પ્રીતાત્મા ૧. [સં. પ્રીતાત્મન્] પું. હરિ; શિવ.

૨. વિ. જેનું મન પ્રસન્ન થયેલ હોય તેવું.

પ્રીતાળ વિ. પ્રેમાળ; પ્રેમી; સ્નેહ ભરેલું.

પ્રભુ કરે પ્રીતાળ હૃદો અમારા દેશનો.
બિહારી

પ્રીતાળું વિ. પ્રીતિવાળું; વહાલપોષું; સ્નેહાળ; પ્રેમી.

પ્રીતિ ૧. પું. (જ્યોતિષ) સત્તાવીસ યોગોનો એ નામનો એક યોગ. આ યોગમાં બધાં શુભ કર્મ કરાય છે. આ યોગમાં જન્મનાર નીરોગી, સુખી, વિદ્વાન અને ધનવાન થાય એમ મનાય છે.

૨. [સં.] સ્ત્રી. આનંદ; હરખ; ખુશી.

૩. સ્ત્રી. (પુરાણ) કામદેવની એ નામની પત્ની. તે રતિની બહેન હતી.

૪. સ્ત્રી. કૃપા; મહેરબાની.

૫. સ્ત્રી. ચંદની સોળ કાંઠેની એ નામની એક કળા.

૬. સ્ત્રી. તીવ્ર ઇચ્છા; આતુરતા.

૭. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.

૮. સ્ત્રી. (સંગીત) મધ્યમ સ્વરની ચાર કાંઠેની બેથી ચૌદ શ્રુતિ; એક પ્રકારની મૃદુ શ્રુતિ.

૯. સ્ત્રી. રુચિ; ભાવ.

૧૦. સ્ત્રી. વહાલ; પ્રેમ; હેત; ચાહ; અનુરાગ.

૧૧. સ્ત્રી. શૃંગાર રસનો સંચારીભાવ.

પ્રીતિકર ૧. [સં.] ન. ઉંદર વિમાન.

૨. વિ. પ્રીતિ ઉત્પન્ન કરે એવું; પ્રીતિ કરનાર

૩. વિ. સુંદર; રમણીય; મનોહર.

પ્રીતિકારક જુઓ પ્રીતિકર.

પ્રીતિકારી જુઓ પ્રીતિકર.

પ્રીતિજુદા [સં.] સ્ત્રી. (પુરાણ) અનિરુદ્ધની પત્ની ઉષાનું નામ; ઓખા.

પ્રીતિદ ૧. [સં.] પું. ભાંડ; મસ્કરો; વિદૂષક.

૨. વિ. પ્રેમ આપનાર; પ્રીતિદાયક; સુખ કે પ્રેમ ઉત્પન્ન કરનાર.

પ્રીતિદત્ત ૧. [સં.] ન. એક પ્રકારનું સ્ત્રીધન; પતિએ પત્નીને આપેલ કે સાસુસસરાએ પુત્રવધૂને આપેલ ધન કે પદાર્થ.

૨. વિ. પ્રેમથી આપેલું.

પ્રીતિદાન [સં.] ન. પ્રેમથી આપેલું દાન; સ્નેહથી કંઈક ભેટ આપવું તે; ખુશાલીની બક્ષિસ.

પ્રીતિદાય જુઓ પ્રીતિદાન.

પ્રીતિપાત્ર ૧. [સં.] ન. પ્રેમનું પાત્ર; સ્નેહનું ધામ.

૨. વિ. પ્રીતિ કરવા યોગ્ય; સ્નેહ કરવા જેવું.

૩. વિ. ભળતાવાળું; ભલું; સુશીલ; સુજ્ઞ; રમણીય.

૪. વિ. વહાલું લાગે એવું; સ્નેહ ઊપજવા લાયક.

પ્રીતિપૂર્વક [સં.] અ. પ્રેમથી; હેતથી; ખુશીથી.

પ્રીતિભાજન [સં.] વિ. પ્રેમપાત્ર; સ્નેહ ભરેલું.

પ્રીતિભીંજ્યું વિ. વહાલસોયું; વહાલું.

પ્રીતિભોજ જુઓ પ્રીતિભોજન.

પ્રીતિભોજન [સં.] ન. પ્રેમનું ભોજન; વર્ણ કે જાતની સૂગ વિનાનું સામુદાયિક ભોજન.

પ્રીતિભોગ્ય [સં.] વિ. પ્રેમથી ભોગવવા યોગ્ય.

પ્રીતિમંદિર ૧. [સં. પ્રીતિ (પ્રેમ) + મન્દિર] ન. પ્રિયતમ; વલ્લભ; રમણ; પતિ.

૨. ન. વલ્લભા; પ્રિયતમા; પ્યારી; પ્રિયા.

પ્રીતિમાન ૧. [સં. પ્રીતિમત્] પું. શિવનો ઉત્તર તરફનો એક નાગ.

૨. વિ. પ્રેમ રાખનાર; સ્નેહાળ

પ્રીતિય [સં.] ન. પ્રેમ.

પ્રીતિયોગ [સં.] પું. (જ્યોતિષ) સિદ્ધિયોગ; શુકલયોગ; શુભ યોગ. આ યોગ સૌમ્ય કર્મવાળા પુરુષને સુખસાધ્ય છે. આ યોગમાં થયેલો રોગ સારી રીતે મટી શકે એમ મનાય છે.

પ્રીતિરીતિ [સં.] સ્ત્રી. પ્રસૂમભાવ; પરસ્પરનો પ્રેમસંબંધ

પ્રીતિવર્ધન ૧. પું. અતિ૰ માસ.

૨. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કરરોજ પ્રેમભાવને વધારનારા તથા ભક્તિજ્ઞાનમાં યોગક્ષેમ કરનારા હોવાથી વિષ્ણુ ભગવાન પ્રીતિવર્ધન કહેવાય છે.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. વિ. પ્રેમ વધારનાર.

પ્રીતિવહન [સં.] ન. સ્નેહનું ઝરણું.

પ્રીતિવંત [સં. પ્રીતિવત્] વિ. વહાલવાળું; પ્યાર ધરાવનારું.

પ્રીતિવાચક [સં.] વિ. પ્રેમ સૂચવતું.

પ્રીતિવાળું વિ. માયાળું; પ્રેમાળ.

પ્રીતિવિલસુ વિ. પ્રીતિમાં વિલાસ કરનાર.

પ્રીતિવિવાહ [સં.] પું. સ્નેહલગ્ન.

પ્રીતિષડષ્ટક [સં.] પું. (જ્યોતિષ) જે નામનો એક યોગ, વિવાહમાં તે અતિ શુભ ગણાય છે. સિંહ અને મીન રાશિ પરસ્પર જોતાં જ્યે ને આઠમે હોવાથી પ્રીતિષડષ્ટક થાય છે. એ રીતે તુલા ને કન્યા, કુંભ ને કન્યા, મકર ને મિથુન, મેષ ને વૃશ્ચિક, ધન ને કર્ક એ બબ્બે રાશિઓનો પ્રીતિષડષ્ટક યોગ થાય છે.

પ્રીતુ [સં.] ન. એક જાતનું પક્ષી.

પ્રીત્યર્થે ૧. [સં.] અ. પ્રસન્ન થવા માટે; પ્રસન્ન કરવા માટે.

૨. અ. વાસ્તે; કાજે; લીધે; માટે.

પ્રીપેઇડ [અં.] વિ. જેનું નૂર અગાઉથી ચૂકવી દીધું હોય એવું.

પ્રીફિક્સ [અં.] પું. ઉપસર્ગ; શબ્દની આગળ લગાડાતો પૂર્વપ્રત્યય.

પ્રીમળ [સં. પરિમલ] સ્ત્રી. સુગંધ; સુવાસ.

તેં બગાડ્યાં મોમન કમળ બાગમાં,
તું પ્રીત કરી પ્રીમળે ગયો. કલાપ

પ્રીમિયમ ૧. [અં.] ન. વીમાનો હપ્તો; જિંદગી કે આકસ્માત વગેરેનો વીમો ઉતરાવતાં, જે કંપનિને તાં વીમો ઉતરાવ્યો હોય તેને નિયત મુદતે ભરવામાં આવતી રકમ.

૨. ન. બેઘર, બંધો વગેરે લીજબદલ માટે ભરાતી રકમ.

૩. ન. શેરની મૂળ કીમતમાં વધેલ વધારો.

પ્રીમિયર [અં.] પું. પ્રધાન મંત્રી; વડા પ્રધાન.

પ્રીમેચ્યોર [અં.] વિ. અપક્વતાનું; અપરિપક્વ; કાચા દાનાનું.

પ્રીયમાણ [સં.] વિ. ખુશ થતું; રાજી થતું; પ્રસન્ન થતું.

પ્રીલિમિનરિ ૧. [અં.] સ્ત્રી. પ્રવેશ પરીક્ષા; નિયમિત પરીક્ષામાં બેસવા માટેની વિદ્યાર્થીઓની લાયકાત તપાસવા વાસ્તે અગાઉથી લેવાતી પરીક્ષા.

૨. વિ. કારણાતનું; પ્રાથમિક.

પ્રીવિયસ ૧. [અં.] પું. ગ્રાજ્યુએશનમાં આર્ટ્સની ઉપાધિ માટે પહેલી પરીક્ષા.

૨. વિ. અગાઉનું; પહેલાનું.

પ્રીસ્ક્રિપ્શન [અં.] ન. ચિકિત્સાપત્ર; રોગી માટે ડાક્તરે લખી આપેલી દવા તથા તેની સેવનવિધિ.

પ્રુવ્ ૧. [સં.] ન. વિ. દાન કરવું; બળીને ખાખ થવું.

૨. ન. વિ. ખાર રેડવું.

૩. ન. વિ. બીનું થવું.

પ્રુષ્ટ ૧. [સં.] વિ. દગ્ધ; બળેલું; સળગી ગયેલું.

૨. વિ. ખાર રેડાયેલું.

૩. વિ. બીનું થયેલું.

પ્રૂફ વિ. પ્રૌઢ; બારેક ગોટું.

નવ વર્ષની ઉમ્મર બાદી બબ્બ કીધું બેનું પ્રૂફ [redacted]

પ્રૂફ ૧. [અં.] ન. કોઈ વસ્તુની બરાબર બનાવી બનવું તે. આ અર્થમાં આ શબ્દનો પ્રયોગ સમાસના ઉત્તરપદ તરીકે થાય છે. જેમકે, વોટરપ્રૂફ, ફાયરપ્રૂફ. વોટરપ્રૂફ શબ્દથી જેવા પદાર્થનો બોધ થાય છે કે જેના સબંધમાં જે વાતની પરીક્ષા કરી જોવામાં હોય છે તેના ઉપર પાણી ઢળી શકતું નથી અથવા તેના ઉપર પાણીની કોઈ અસર થઈ શકતી નથી. જેમકે, વોટરપ્રૂફ કપડું. તેવી રીતે ફાયરપ્રૂફ જેવા પદાર્થોને કહેવામાં આવે છે કે જેની અગ્નિનો પ્રકોપ સહન કરવાની શક્તિની પરીક્ષા થઈ ચૂકી હોય. જેમકે, લોઢાની ફાયરપ્રૂફ તિજોરી, પ્રબલિતનો ફાયરપ્રૂફ સામાન.

૨. ન. બનેલા કામ ઉપરથી બીનાં મોડની તૈયાર કરેલો બાબતનો નમૂનો; મોડવામાં આવેલાં બીનાની શુદ્ધિ તપાસવા લેવાતી બાબતની છાપ કે તેનો કાગળ.

પ્રૂફ જોવું-વાંચવું = મોડવામાં બીનાની શુદ્ધિ માટે તેમની છાપવાળો કાગળ વાંચી જોવો.

૩. ન. ખાનિજી; પુરાવો; પ્રમાણ.

પ્રૂફ રીડર [અં.] પું. પ્રૂફ વાંચી સુધારનાર માણસ.

પ્રૂફ સ્પિરિટ [અં.] પું. શુદ્ધ કરેલ દારૂ.

પ્રૂમ ન. સમુદ્રની ઊંડાઈ માપવાનું તથા તળિયાની જમીનનો પ્રકાર જાણવાનું લોઢા વગેરેનું ભારવાળા આકારનું યંત્ર. તેને દોરીને એક છેડે બાંધીને સમુદ્રમાં નાખવામાં આવે છે. તે દોરી ઉપર માપની નિશાનીઓ હોય છે. તેના વડે તેની ઊંડાઈ માપી શકાય છે. કોઈ કોઈ વખત તેની નીચેના ભાગમાં એવી રચના હોય છે કે જેથી સમુદ્રના તળિયાના બધુક કાંકરા, પત્થર, રેતી વગેરે પણ તેની સાથે વળગીને ઉપર આવે છે, જેથી સમુદ્રની ઊંડાઈની સાથે એ વાત પણ જાણી શકાય છે કે અહીંની નીચેની જમીન કેવી છે.

પ્રેઅર [અં.] સ્ત્રી. પ્રાર્થના.

પ્રેડિકલ્ટ વિ. અનુભવસિદ્ધ; 'પ્રેડિક્ટ'.

હવેના જમાનાના પરિવર્તનને અને સ્વદેશીવસ્તુના ફેલાવાને આ દિશે કેવી પ્રગતિ થયા છે, એટલે તે પ્રેડિક્ટલ નથી એમ કહેવું તે બરાબર નથી. સદ્વિદ્યાન

પ્રેડિક્ટ ૧. સ્ત્રી. આચાર; વર્તન; 'પ્રેડિક્ટ'.

૨. સ્ત્રી. ઇચ્છા કરવી તે.

૩. સ્ત્રી. મહાવરો; ટેવ; આદત.

૪. સ્ત્રી. વકીલાત કે ડાક્તરીનું કામકાજ.

પ્રેક્ષક ૧. [સં.] પું. જોનાર માણસ.

૨. પું. પરિષદ, સભા વગેરેમાં ભાષણ સાંભળવા આવનાર વ્યક્તિ.

૩. વિ. જોનારું; તપાસનારું; તપાસનાર.

૪. વિ. તજવીજ કરનાર.

પ્રેક્ષક વર્ગ [સં.] પું. જોનાર માણસોનો સમૂહ.

પ્રેક્ષક સભા [સં.] સ્ત્રી. જોનાર માણસોની મંડળી.

પ્રેક્ષણ ૧. [સં.] ન. આંખ.

૨. ન. જોવું તે; જોવાની ક્રિયા.

૩. ન. દેખાવ; દેખાવ; તમાશો.

૪. ન. નજર; દૃષ્ટિ.

૫. ન. સત્તાવીસ માંહેના એક પ્રકારનું દૃશ્ય નાટક.

પ્રેક્ષણક પું. ખેલ; તમાશો.

પ્રેક્ષણકૂટ [સં.] પું. જોવાનો ગોળો.

પ્રેક્ષણકૈશુન [સં.] ન. ગોઝણુદ્રિયી જોઈને ભોગવી તે.

પ્રેક્ષણા ૧. [સં.] સ્ત્રી. જોવું તે; તપાસ કરવી તે; નિરીક્ષણ; અવલોકન.

૨. સ્ત્રી. તજવીજ કરવી તે.

પ્રેક્ષણાગૃહ [સં.] ન. જોવા જેવી બનાવ કે નાટકનાં દૃશ્યો જોઈ શકાય તેવું ઘર.

પ્રેક્ષણિક બહુરૂપો પ્રેક્ષક.

પ્રેક્ષણિકા [સં.] સ્ત્રી. જે જે કામથી ઓ જોવે તપાસો જોવે વહુ વધતો હોય તેવી સ્ત્રી.

પ્રેક્ષણીય ૧. [સં.] વિ. જોવા જેવું; કુતૂહલ જોવા લાયક; દેખવાનું.
૨. વિ. દેખાવ જેવું.

પ્રેક્ષણીયક [સં.] ન. જોવા જેવું વગેરે તમાશો.

પ્રેક્ષવું [સં પ્રેક્ષ્] સ ક્રિ. જોવું.

પ્રેક્ષા ૧. સ્ત્રી. અનુભવથી વિચાર કરવો તે.
૨. [સં.] સ્ત્રી. કાળજી રાખી કામ કરવું તે.
૩. સ્ત્રી. જોવું તે; તપાસ.
૪. સ્ત્રી. દૃષ્ટિ; નિગાહ.
૫. સ્ત્રી નાચ, સંગીત અથવા નાટકનો આસનો કે તમાશો.
૬. સ્ત્રી. પધારી, આસન વગેરે બેસું પૂંજીને વાપરવાં તે.
૭. સ્ત્રી. પ્રજ્ઞા; બુદ્ધિ; સમજણ; સાનભાન.
૮ સ્ત્રી. વિપત્તના શુભ અશુભ કર્મનો પર્યાલોચનાઃ બુદ્ધિપૂર્વક કર્મ કરવું તે.
૯. સ્ત્રી. વૃક્ષની શાખા; ડાળી.
૧૦. સ્ત્રી. સોબા.

પ્રેક્ષાગાર ૧. [સં.] ન. નાટકશાળા; 'થિયેટર'.
૨. ન. પ્રેક્ષકોને બેસવાનું સ્થાન; નાટક વગેરે જોવાનું સ્થાન.
૩. ન. મસલત ભરાવવાનું ઘર; મંત્રણાગૃહ.

પ્રેક્ષાગૃહ જુઓ પ્રેક્ષાગાર.

પ્રેક્ષાઘર જુઓ પ્રેક્ષાગાર.

પ્રેક્ષામંડપ જુઓ પ્રેક્ષાગાર.

પ્રેક્ષારક્ષાધિકારી [સં. પ્રેક્ષા (જોવું તે) + રક્ષા (રક્ષણ કરવું તે) + અધિકારિન્ (અમલદાર)] પું. દેખરેખ તથા રક્ષણ કરનાર અમલદાર; 'પોલ બેન્ડ બોર્ડ ઑફિસર.'

પ્રેક્ષાવેતન [સં.] ન. ખાતર, નાણાં કે જેનો કોઈ ધંધાદારી અમારે દેશમાં હાજર થાય ત્યારે તેનો ધંધો કરવાની છૂટ આપવાના પરવાનારૂપે કરવા પરવાના બાબત.

પ્રેક્ષાસંયમ [સં.] પું. (જૈન) સારા પદાર્થો સામાને દેખાવે જીવ વગેરે છે કે નહિ તે તપાસી જોવું તે.

પ્રેક્ષિત ૧. [સં.] વિ. જોયેલું; તપાસેલું.
૨. વિ દેખેલું; જાણેલું.
૩. વિ. વિચારેલું.

પ્રેક્ષી [સં પ્રેક્ષિન્] વિ. બુદ્ધિમાન; સમજણવાળું.

પ્રેક્ષ્ય [સં.] ન. ઉપરૂપક જોવાની ઊતરતી જાતના અઢાર ભાતનું એક પ્રકારનું નાટક.

પ્રેક્ષ્ય ૨ [સં.] પું. કામના બે ભાગોનો એક ભેદ; દરમાલ્ય

પ્રેક્ષ્યદોષ [સં] પું. (જૈન) સાધિતાના સારાં ચાંદલી જોવા આસપાસ જોવા કરવું તથા જોઈ દ્યાનમાં કરવાથી લાગતો દોષ.

પ્રેક્ષ્યવાક્ય ૧. [સં.] વિ. જોવાનું; તપાસવું.
૨. વિ. તપાસીને કરવું.

પ્રેગ્નન્સિસ [અં.] પું. પૂર્વમહ.

પ્રેઙ્ ૧. [સં.] પું. ગતિ; ચાલ.
૨. પું. પ્રેરણા કરવી તે.

પ્રેઙ્ક ૧. [સં.] વિ. જનાર.
૨. વિ. પ્રેરણા કરનાર.
૩. વિ. જોનાર.

પ્રેત ૧. [સં.] ન. અવગતિનો જીવ; ભૂત; પિશાચ. જેના શરીરનો રંગ કાળો, વાળ ઊભા થયેલા અને સ્વરૂપ બહુ વિકરાળ માનવામાં આવે છે.
૨. ન. નરકમાં રહેનાર પ્રાણી.
૩. ન. પિશાચ જેવી એક યોનિ.
૪ ન. બહુ જ ચાલાક અને ક્રૂર માણસ.
૫ પું બકરું; છાગ; બોકડો.
૬. ન. સપિંડીકરણ પર્યંત મરનારને બાળવું એક કલ્પિત શરીર; નારણને લક્ષે સપિંડીકર્મ બાદ કાયમની મૂએલાની સ્થિતિ. પુરાણ પ્રમાણે મરેલ મનુષ્યનો દેહ બળી ગયા પછી તે અતિવાહિક કે લિંગ શરીર ધારણ કરે છે. અત્યારે તેના ઉદ્દેશથી પિંડ વગેરે દેવામાં આવે છે, ત્યારે તેને પ્રેત શરીર કે ભોગ શરીર પ્રાપ્ત થાય છે. આ શરીર તે સપિંડીકરણ પર્યંત રહે છે. પછી પોતાના કર્માનુસાર સ્વર્ગ કે નરકમાં જાય છે. જે લોકોની અંત્ય વગેરે કે ઊર્ધ્વદૈહિક ક્રિયા નથી થતી, તે પ્રેત અવસ્થામાં રહે છે. કોઈ પોતાનાં કર્મ પ્રમાણે ઊર્ધ્વદૈહિક ક્રિયા થઈ ગયા પછી પણ પ્રેત જ થઈ રહે છે. પુરાણોમાં એમ પણ કહ્યું છે કે, જે લોક આહુતિ દેતા નથી, નીર્યાત્રા કરતા નથી, પિણ્ડની પૂજા કરતા નથી, દાન દેતા નથી, પરબો કરણ કરી જાણે છે, બ્રહ્મા અથવા નિર્દય હોય છે, આદર પદાર્થને સેવનારા અથવા આવા પ્રકારનાં કે બીજાં કુકર્મ કરનારા હોય છે, તે પ્રેત થઈને સદા દુઃખ ભોગવ્યા કરે છે. એમ પણ કહ્યું છે કે, પ્રેતનો નિવાસ સામાન્ય વગેરે બંધ સ્થાનમાં હોય છે. પ્રેત નિર્જલ્ય હોય છે અને અપવિત્ર પદાર્થ ખાય છે.
૭. વિ. મરી ગયેલું; મરણ પામેલું.

પ્રેતકર્મ [સં. પ્રેતકર્મન્] ન. મૂએલાના ઉદ્ધાર માટે કરવાની ઊર્ધ્વદૈહિક ક્રિયાદિ ક્રિયા; મરેલાના મુખમાં ચાંદી નાખીને સપિંડીકરણ સુધી કરવાની ક્રિયાઓ જેવામાં; ઔર્ધ્વદૈહિક; મરેલાને ઉદ્દેશીને કરવામાં આવતી ક્રિયાદિ ક્રિયા.

પ્રેતકાનન [સં.] ન. સ્મશાન.

પ્રેતકારજ જુઓ પ્રેતકર્મ.

પ્રેતકાર્ય જુઓ પ્રેતકર્મ.

પ્રેતકુંડ [સં.] કું. કબર; ગોર.

પ્રેતકૃત્ય જુઓ પ્રેતકર્મ.

પ્રેતક્રિયા [સં.] સ્ત્રી. મરેલાની ઉત્તરક્રિયા.

પ્રેતગાહ જુઓ પ્રેતગૃહ.

પ્રેતગૃહ [સં.] ન. સ્મશાન; મરેલાનાં શરીરને રાખવાનું કે દાટવા વગેરેનું સ્થાન.

પ્રેતગેહ જુઓ પ્રેતગૃહ.

પ્રેતચારી [સં. પ્રેતચારિન્] પું. શિવનાં કબર બાદેનું એક નામ.

પ્રેતતર્પણ [સં.] ન. મરેલાને ઉદ્દેશીને એક વર્ષ સુધી કરવામાં આવતું તર્પણ; સપિંડી સુધી મરેલાનું થતું તર્પણ. આ તર્પણ સાથે બીજા પિતૃઓનું તર્પણ થઈ શકતું નથી.

પ્રેતતા જુઓ પ્રેતત્વ.

પ્રેતત્વ [સં.] ન. પ્રેતભાવ કે ધર્મ; પ્રેતતા; પ્રેતપણું.

પ્રેતદહન [સં.] ન. શબને બાળવું તે.

પ્રેતદાહ [સં.] પું. મરેલને બાળવા વગેરેનું કાર્ય.

પ્રેતદેહ ૧. [સં.] પું. પ્રેતશરીર; કોઈ મરેલ માણસનું કલ્પિત શરીર. તે તેના મરવાના સમયથી સપિંડી સુધી તેના આત્માને પ્રાપ્ત થાય છે. આ શરીરની ઉત્પત્તિ તે પિંડોથી થાય છે કે જે સપિંડીના દિવસ સુધી દરરોજ આપવામાં આવે છે. કહેવાય છે કે, આ શરીર એક વર્ષ સુધી રહે છે અને ત્યારપછી તેને ભોગશરીર પ્રાપ્ત થાય છે.
૨. પું. મુડદું.

પ્રેતધૂમ [સં.] પું. ચિતાનો ધુમાડો.

પ્રેતનગર [સં.] ન. યમ રાજાનું નિવાસસ્થળ.

પ્રેતનદી [સં.] સ્ત્રી. નરકની એ નામની એક નદી; વૈતરણી.

પ્રેતનાથ [સં.] પું. યમરાજ.

પ્રેતનિર્યાતક [સં.] વિ. પૈસા લઈને મુડદાં બાળવાનું કામ કરનાર.

પ્રેતનિર્હરણ [સં.] ન. શબને બાળવા અથવા દાટવા માટે ઊપાડી લઈ જવું તે.

પ્રેતનિર્હારક [સં.] પું. ડાઘુ; શબને સ્મશાને પહોંચાડનાર માણસ.

પ્રેતની [સં.] સ્ત્રી. ચૂડેલ; ખતરી.

પ્રેતપક્ષ ૧. [સં] પું. બોધારિયું.
૨. પું પિતૃપક્ષ; આઠપક્ષ; ભાદરવા માસનું કૃષ્ણપક્ષ.

પ્રેતપક્ષ [સં.] ન. પ્રાચીન કાળનું મરણ વખતે વગાડવામા આવતું એક જાતનું વાજિંત્ર.

પ્રેતપતિ ૧ [સં.] પું. ધર્મરાજ; યમરાજ.
૨. પું. ભૂતોનો રાજા.

પ્રેતપર્વત [સં] પું ગયા તીર્થ પાસેનો એ નામનો એક ડુંગર.

પ્રેતપાત્ર [સં.] ન. પ્રેતકાર્યમાં વપરાતું એક વાસણ

પ્રેતપાવક [સં.] પું સ્મશાન, કબરસ્તાન કે સ્મશાનમા રાતના સમયે દેખાતો અગ્નિ. તેને લોકો ભૂત અને પિશાચની લીલા સમજે છે.

પ્રેતપિંડ [સં] પું. અજ વગેરેનો બનાવેલો પ્રેત માટેનો પિંડ; પ્રેતને આપવાનો પિંડ. મરેલાને ઉદ્દેશીને તેના મરવાના દિવસથી સપિંડીના દિવસ સુધી તે દરરોજ આપવામાં આવે છે અને તેને માટે એમ માનવામાં આવે છે કે તેનાથી પ્રેતશરીર બને છે.

પ્રેતપુર [સં.] ન. યમપુરી; યમ રાજાનું નિવાસસ્થાન; પ્રેતાલય.

પ્રેતપૂજા [સં.] સ્ત્રી. ભૂત વગેરેને અહાપૂર્વક પૂજવું તે

પ્રેતભૂમિ [સં.] સ્ત્રી. સ્મશાન; મુડદાં બાળવાની જગ્યા

પ્રેતભૂમી જુઓ પ્રેતભૂમિ.

પ્રેતભોજન ૧. [સં.] ન. પ્રેતને ધરાવવાનું ભોજન
૨. ન. બારમું; મરણ પછી બારમે દિવસે અપાતું ભોજન.
૩. ન. મરણ પાછળ કરાતી નાત.

પ્રેતમંદિર [સં.] ન. કબર; ગોર

પ્રેતમેધ [સં.] પું. પિતૃઓના શ્રાદ્ધરૂપ યજ્ઞ; મરેલાને માટે થતું શ્રાદ્ધ.

પ્રેતમોચનતીર્થ [સં.] ન. ઉત્તરાખંડમાં અષ્ટાવક્રાશ્રમ તીર્થયાત્રા માર્ગનું એ નામનું એક તીર્થ.

પ્રેતયજ્ઞ [સં.] પું. પ્રેતયોનિ પ્રાપ્ત થાય તેવો યજ્ઞ.

પ્રેતયોનિ [સં.] સ્ત્રી. ભૂતલોકમાં જન્મ લેવો તે.

પ્રેતરાક્ષસી [સં.] સ્ત્રી. તુલસી. લોકોક્તિ પ્રમાણે તુલસીના છોડ પાસે ભૂત કે પ્રેત આવી શકતું નથી.

પ્રેતરાજ ૧. [સં.] પું. ભયંકર; ક્રિય.
૨. પું. યમરાજ; પ્રેતનો અધિપતિ.

પ્રેતલોક [સં.] પું. કોઈ છોડી મૂકેલા શરીરનો ઉદ્ધાર થતાં સુધી તે અવગતિના જીવોને રહેવાનો પ્રદેશ; ભૂતલોક; યમલોક; પ્રેતોને રહેવાનો લોક; મૂએલા મનુષ્યનું વર્ષશ્રાદ્ધ થાય ત્યાંસુધી તેના જીવનું જ્યાં રહેવું થાય તે સ્થાન

પ્રેતવન [સં.] ન. સ્મશાન.

પ્રેતવસ્ત્ર [સં.] ન. કફન; શબને ઓઢાડેલું વસ્ત્રાદિ.

પ્રેતવાહન [સં.] ન. શબ લઈ જવા જાનુ તે.

પ્રેતવાહિત [સં.] વિ. જેના શરીરમાં ભૂતનો આવેશ થયેલો હોય તેનું; ભૂતના વળગાડવાળું.

પ્રેતવાહિની જુઓ પ્રેતશય્યા.

પ્રેતવાળ ૧. સ્ત્રી. ઓઢણની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

પ્રેતવિધિ [સં.] સ્ત્રી. શબને બાળવા વગેરેની ક્રિયા.

પ્રેતશય્યા [સં.] સ્ત્રી. જનાજો; ઠાઠડી.

પ્રેતશિલા [સં.] સ્ત્રી. ગયા તીર્થમાં આવેલ ગૃધ્ર પર્વત ઉપરનો એક પથ્થર. તે ઉપર ઘોરાએ પિતૃશ્રાદ્ધમાં પિંડદાન આપ્યું હતું એમ કહેવાય છે.

પ્રેતશુદ્ધિ [સં.] સ્ત્રી. મરણ નિમિત્તે લાગતું સૂતક દૂર થયા પછી કરાતી શુદ્ધિ.

પ્રેતશૌચ [સં.] ન. એ નામે એક પ્રેતસંસ્કાર. પ્રેતશુદ્ધિ.

પ્રેતશ્રાદ્ધ [સં.] ન. પ્રેતને ઉદ્દેશી કરવામાં આવતું શ્રાદ્ધ; કોઈ માણસના મરણની તિથિએ એક વર્ષ સુધીમાં બનારાં સોળ શ્રાદ્ધ જેમાં સપિંડી, માસિક અને છમાસિક વગેરે શ્રાદ્ધનો સમાવેશ થાય છે. તેથી અમદ્ગતિવાળો જીવ સદ્ગતિ પામતો મનાય છે.

પ્રેતસંસ્કાર [સં.] પું. મુડદાને બાળવાનો સંસ્કાર; દહનક્રિયા.

પ્રેતસિદ્ધિ [સં.] સ્ત્રી. ભૂતવિદ્યા.

પ્રેતસ્થાન ૧. [સં.] ન. પ્રેતને રહેવાનું ઠેકાણું.
૨. ન. સ્મશાન.

પ્રેતહાર [સં.] પું. શબ; મુડદું ઉઠાવનાર કાર્યિયો; પ્રેતનિર્હારક

પ્રેતા ૧. [સં] સ્ત્રી. પ્રેતયોનિને પામેલી સ્ત્રી. પિશાચી.
૨. સ્ત્રી. ભાગવતી કાત્યાયનીનું એક નામ

પ્રેતાધિપ [સં.] પું. યમરાજ.

પ્રેતાન્ન [સં.] ન. શ્રાદ્ધનું અન્ન. પ્રેત પ્રત્યે અર્પાતું અન્ન

પ્રેતાવાહન [સં. પ્રેત + આવાહન] ન. પ્રેતને બોલાવવું તે.

પ્રેતાવાહનવિદ્યા [સં.] સ્ત્રી. પ્રેતને બોલાવવાની વિદ્યા.

પ્રેતાસિની ૧. [સં.] સ્ત્રી. ભગવતીનું એક નામ.
૨. વિ. સ્ત્રી. મડદાંને ખાનારી.

પ્રેતાસૂની [સં. પ્રેતાસિન્] વિ. મુડદાં ખાનાર.

પ્રેતાસ્રોત્સ [સં.] ન. મૃતક; મૃત્યુસૂતક; મૃત્યુનું અસ્રોત્સ.

પ્રેતાસન [સં.] ન. યોગનું એક આસન; શવાસન; બંને હાથ તથા પગ લાંબા કરી બોં આકાશ તરફ રાખી સ્વસ્થપણે પીઠ ઉપર સૂવું એ.

પ્રેતાસ્થિ [સં.] ન. શબનું હાડકું.

પ્રેતાસ્થિધારી [સં. પ્રેત + અસ્થિ (હાડકું) + ધારિન્ (ધારણ કરનાર] પું. શબના હાડકાની માળા ધારણ કરનાર એવું; શિવ.

પ્રેતિ ૧. [સં.] ન. અન્ન; અનાજ.
૨. ન. મરણ; મરવું તે.

પ્રેતિક [સં.] ન. મૃતક; પ્રેત.

પ્રેતિની [સં.] સ્ત્રી. પિશાચિની; પ્રેતની વહુ; પ્રેતણી.

પ્રેતી [સં.] વિ. પ્રેતપૂજક; પ્રેતનો ઉપાસક.

પ્રેતીયાગ્નિ [સં.] સ્ત્રી. અગ્નિનું એક નામ.

પ્રેતેશ [સં.] પું. યમરાજ.

પ્રેતોન્માદક [સં.] પું. એક પ્રકારનું ગાંડપણ. મડદાંના કોમળ ભાગોમાં તે થાય એમ માનવામાં આવે છે. જેનાં લોહીનું શરીર કોવે છે, તેનું ચાલું પીવું બંધ થાય છે, ઝાડા લાંબા થવા આવે છે, વારંવાર ચીકાશને તે ઓકે છે, લોહીને ગાળો દે છે અને બહુ જ ચીસો પાડે છે.

પ્રેતોક્ત ૧ [સં.] ન. લોકાંતર; પરલોક; પરભવ.
૨. ન. બીજા લોકમાં.
૩ અ. બહારને

પ્રેત્યગતિ [સં] સ્ત્રી મરણ પછીનો પુનર્જન્મ; બીજો અવતાર

પ્રેત્યભાવ જુઓ પ્રેત્યગતિ.

પ્રેત્યભાવ ૧. [સં.] પું એક જાતનું પ્રમેય. પ્રમેય ચાર છે: આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ અને અપવર્ગ.
૨ પું. મરણ પછીની આત્માની સ્થિતિ.

૩. પું. મરીને પાછું હોવું તે; પુનર્જન્મ.
૪. પું. વારંવાર જન્મ લેવો અને મરવું તે; પોતાનાં શુભાશુભ કર્મ અનુસાર જન્મ લઈને મરવાની તથા મરીને જન્મ લેવાની પરંપરા.

પ્રેત્યભાવિક [સં.] વિ. પ્રેતભાવ અથવા જન્માંતર સંબંધી.

પ્રેત્વા ૧. [સં. પ્રેત્વન્] પું. ઉંદર.
૨. પું. વાયુ.

પ્રેફરન્સ [અં.] ન. પસંદગી.

પ્રેફરન્સ શેર [અં.] પું. રિબામતી હિસ્સો; બાજનો શેર. આ શેર ધરાવનારને સૌથી પહેલાં બાજ મળે છે અને કંપનિનું કામકાજ સંકેલાતાં તેને તેની પૂજી પણ પહેલાં મળવાનો અધિકાર હોય છે.

પ્રેમ ૧. [સં. પ્રેમન્] પું. (અવ્ય) એક જાતનો અલંકાર.
૨. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાતેનું વર્ણનો છે. તેના પહેલા પદમાં બે તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર, બીજા પદમાં ત્રણ તગણ અને બે ગુરુ મળી અગિયાર, ત્રીજા પદમાં ચાર જગણના બાર અને ચોથા પદમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ, રગણ, બે નગણ, સગણ અને લઘુ મળી ઓગણીસ વર્ણ હોય છે. તેમાં નવમા અને તે પછીના દશમા અક્ષર ઉપર યતિ આવે છે.

સ સ રા ન ન સા લા ચકી,
નવ દસ યતિ કર પ્રેમ. રત્નપિંગળ

૪. પું. કવિતાની એક જાતિ; લાવણી; 'બેલડ'.
૫. પું. કામદેવ; અનંગ.
૬. પું. જેને લીધે કોઈ વસ્તુ અથવા વ્યક્તિ આદિના સંબંધમાં એવી ઇચ્છા થાય કે તે સદા મારી પાસે કે મારી સાથે રહે, તેની વૃદ્ધિ, ઉન્નતિ કે હિત થાય અથવા કુ તેનો ભોગવટો સતત એવી મનોવૃત્તિ.
૭. પું પ્રીતિ; સ્નેહ; પ્યાર; હેત; વહાલ. જડ પદાર્થમાં એકબીજાને વળગી રહેવાની શક્તિ છે, તેવી જ શક્તિ ચેતન પદાર્થમાં હોવી જોઈએ. આ આકર્ષણ શક્તિનું નામ પ્રેમ છે. એ પ્રેમ વિના જગત ન નભે એવો પ્રેમ પિતા પુત્ર વચ્ચે, ભાઈ ભાઈના વચ્ચે, મિત્ર મિત્ર વચ્ચે તો આપણે અનુભવીએ છીએ, પણ આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં જ ઈશ્વરની ઓળખ છે. જ્યાં પ્રેમ છે ત્યાં જ ક્ષેમ છે. પ્રેમ તો પારસમણિ છે. પ્રેમળીજનું ફળ અમર્યાદિત પ્રેમાળ જ હોય. પરમ શુદ્ધ અને વિસ્તૃત અર્થમાં પ્રેમ ઈશ્વરનું જ એક રૂપ માનવામાં આવે છે. તેથી બધાંખરા ધર્મો અનુસાર પ્રેમને જ ઈશ્વર અથવા પરમ ધર્મ કહેવામાં આવે છે. ધર્મશાસ્ત્રોમાં પ્રેમને અનિર્વચનીય કહ્યો છે અને તેને ભક્તિના બીજા રૂપ તથા મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે બતાવેલ છે. મુમુક્ષુઓને માટે શુદ્ધ પ્રેમભાવનું જ વિધાન છે. શાસ્ત્રોમાં અને ખાસ કરીને વૈષ્ણવ સાહિત્યમાં આ પ્રેમના અનેક ભેદ કરવામાં આવેલ છે. સાહિત્યમાં પ્રેમ, રતિ અથવા પ્રીતિના ત્રણ પ્રકાર માનવામાં આવે છે: (૧) ઉત્તમ, જેમાં પ્રેમ હમેશા એકસ્વરૂપ રહે. જેમકે, ઈશ્વર પ્રતિ ભક્તનો પ્રેમ. (૨) મધ્યમ, જે આકારણ ઉત્પન્ન થાય. જેમકે, મિત્રોનો પ્રેમ. અને (૩) અધમ, જે કેવળ સ્વાર્થને માટે ઉત્પન્ન થાય. પ્રેમ વિષે કહેવામાં છે કે:

માનવી પશુપંખીમાં સ્થાવર જંગમો વિષે,
એકત્વ સાધવાની તો પ્રેમ એ વડી ચાવી છે.
અદ્વૈત પ્રેમનું બીજ પ્રેમે પ્રેમ પમાય છે,
વિશ્વપ્રેમ પરંપ્રેમ અદ્વૈતથી સધાય છે.
વિશ્વપ્રેમ પ્રકાશે જો પૂર્ણશ્રી માનવી વિષે,
માનવી માટીનો તો યે પ્રભુમય બની જરી
માનવી પ્રભું વચ્ચે છે અંતરપટ સ્વાર્થનું,
સ્વાર્થ હોળી પરાર્થે તે ઝાઝમય બની જતો.
લો આવી દિવ્ય દૃષ્ટિથી શબ્દપ્રસો ઊકેલીએ,
સાક્ષાત્કાર સુખશાંતિનાં વિશ્વમાં સ્થાપીએ બધે.

પદ્મપુરાણ શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે: જગત માત્રનું જીવન તે પ્રેમ છે. ૐકારમાં પ્રેમ છે, નાદમાં પ્રેમ છે, છંદમાં પ્રેમ છે, પુરુષમાં પ્રેમ છે, પ્રકૃતિમાં પ્રેમ છે, જડમાં પ્રેમ છે અને ચેતનમાં પ્રેમ છે. કલરવ કરતાં પશુપક્ષીમાં, કૂદ કૂદ કરતી કેવલમાં, કુંજકુંજમાં, ભાતભાતનાં વૃક્ષોનાં ઝુંડમાં, ખીલેલાં ફૂલોના મધ્ય ભાગમાંથી જેમ ઊઠતી રજકણોની સુગંધી ભાળી રહી છે, તેમ જગતના સર્વ કાર્યસ્થાનમાં પ્રેમ ભાસે છે અને એ પ્રેમ તે ભક્તિ. પ્રેમભક્તિમાં એકતા કરવાથી નિજપુરુષને ખરાખર ઓળખી શકાય છે. તેમાં ધર્મ, કર્મ, જ્ઞાન ને શક્તિનું એટલે ઐશ્વર્યનું જ્ઞાન થાય છે અને તેની એટલે પરમાત્માની સંપૂર્ણતા જાણવામાં આવે છે. તેથી પ્રેમભક્તિ અથવા પ્રેમલક્ષણાભક્તિ એ જ જગતમાં શ્રેષ્ઠ પણ જણાઈ છે, તો તે જ ન્યાયે ઈશ્વરમાં પણ યોગ્ય રીતે પ્રેમભક્તિ આરોપ કરી શકાય અને તેથી વેદવ્યાસજીએ ભક્તિને પ્રધાન રાખીને પુરાણો રચ્યાં છે. નરસૈંયો કહે છે કે: જ્યાં વેર ત્યાં નાશ છે. મોટામાં મોટું આપણું કાર્ય પ્રેમનો વરસાદ વરસાવવાનું છે. પ્રેમ વરસાવવો એટલે બળી જવું એમ નહિ. એ તો મોહ કહેવાય, એ તો સહિયારું બગાડ, આપણો વિરોધ કરતા હોય તેમની ઉપર પણ પ્રેમ રાખવો, તેમને મૂરખ ન માનવા, તેમની સેવા કરવી એ પ્રેમ છે.

હોદ્દા હારક સ્નેહ હેત પ્રભુમ રાગ અનુરાગ;
પ્રેમ પ્રીતની રીતને બાકુત તે બડભાગ.
પિંગળશધુકોષ

૮. પું. પ્રીતિભાવનું પ્રફુલ્લ હોવું તે.
૯. પું. રુચિ; ચાહ; અંતરનો અનુરાગ
૧૦. પું. જોમ; માયા.
૧૧. પું. વાયુ.
૧૨. પું. સ્ત્રીજાતિ અને પુરુષજાતિના જીવોનો પરસ્પરનો સ્નેહ; મહોબ્બત; પ્રીત; સ્નેહ; આકર્ષણ. તે પણે બાગે રૂપ, ગુણ, સ્વભાવ, સાંનિધ્ય અથવા સહવાસતાને કારણે થાય છે. પ્રેમ એ વીજળી જેવો છે. સ્ત્રી અને પુરુષમાં પણ છુપી વીજળી છે અને તેથી તેઓ એકબીજા તરફ આકર્ષાય છે. આ આકર્ષણનું નામ પ્રેમ છે. અ.ઉનિત કહે છે કે: મનુષ્ય આજે છે તેમાં એ કોઈકાર ધરાતો નથી. એના પ્રેમનું નિધાન કોઈ વ્યક્તિ હોય કે સંસ્થા હોય કે સ્થળ હોય, ગમે તે હોય, પરંતુ જો સાચા હૃદયથી એ ચાહતો હોય તો તેમાં એ બિલકુલ વિકાર ધરાતો નથી. પ્રેમના પદાર્થ પ્રત્યે અવિકારીપણું કે જે પરમાત્માનો ગુણ છે તે એ ધરાવે છે, પ્રેમમાં એ સ્થિરતાનું તત્ત્વ ધરાવે છે. પ્રેમના અનંત વિષયો હોય, પરંતુ એમાં ચંચલતા, ક્ષણિકતા જોવી એ દોષ છે. એમાં સ્થૈર્ય હોવું જોઈએ અર્થાત્ પ્રેમનાં પાત્રો પ્રત્યે સ્થિર પ્રેમ હોવો જોઈએ. પ્રેમ જે ગતાત્મક તત્ત્વ છે તેનો સંયોગ જે સ્થિર તત્ત્વ છે તેની સાથે થવો જોઈએ.
૧૩. પું હર્ષ; આનંદ.

પ્રેમકથા [સં.] સ્ત્રી. પ્રેમના પ્રાધાન્યવાળી વાર્તા.

પ્રેમકર્તા [સં. પ્રેમકર્તૃ] વિ. પ્રેમ કરનાર; પ્રેમી.

પ્રેમકલહ [સં.] પું. પ્રેમને કારણે હાંસી કે ઝઘડો.

પ્રેમકહાણી જુઓ પ્રેમકથા.

પ્રેમકેલિ [સં.] સ્ત્રી. પ્રેમચેષ્ટા; સ્નેહની રમત.

પ્રેમક્રિયા [સં.] સ્ત્રી. પ્રેમચેષ્ટા.

પ્રેમક્રીડા (પ્રેમક્રીડા) [સં.] સ્ત્રી. પ્રેમ કે વહાલની રસિક રમત; રતિવિલાસ; હાવભાવ.

પ્રેમગર્વિતા [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; પોતાના પતિના પ્રેમનો ગર્વ ધરનારી સ્ત્રી; પોતાનો પતિ પોતાને બહુ ચાહે છે એવું અભિમાન ધરનારી સ્ત્રી.

પ્રેમગાંઠ સ્ત્રી. સ્નેહનું બંધન.

પ્રેમગીત [સં.] ન. સ્નેહનું ગાયન.

પ્રેમગોષ્ઠી [સં.] સ્ત્રી. સ્નેહની વાત.

પ્રેમઘેલું વિ. પ્રેમને લઈ ગાંડું બનેલું; પ્રેમવિક્ષિપ્ત.

પ્રેમચંદ્રિકા [સં.] સ્ત્રી. મને પહોંચવાનો એક પ્રકારનો હાર; ડોકનો એક પ્રકારનો દાગીનો.

પ્રેમજન્ય [સં.] વિ. પ્રેમથી ઉત્પન્ન થયેલું.

પ્રેમજલ ૧. [સં.] ન. પ્રસ્વેદ; પસીનો.
૨ ન. પ્રેમાશ્રુ; પ્રેમને કારણે આંખોમાંથી નીકળતાં આંસુ.

પ્રેમજ્ઞા [સં.] સ્ત્રી. ભરીચિ ઋષિની પત્નીનું નામ.

પ્રેમતત્ત્વ [સં.] ન. સ્નેહ; પ્રીતિ.

પ્રેમતંતુ પું. પ્રેમનો તાંતણો.

પ્રેમતુરી પું પ્રેમરૂપી ઘોડો.

પ્રેમતૃષા [સં.] સ્ત્રી. સ્નેહની તીવ્ર ઉત્કંઠા.

પ્રેમદર્શી [સં. પ્રેમદર્શિન્] વિ. અનુરાગી.

પ્રેમદેવ પું. કામદેવ.

પ્રેમદા [સં.] સ્ત્રી. પ્રેમ આપનારી જુવાન સુંદર સ્ત્રી; વહાલ ઉપજાવે એવી સ્ત્રી; પ્રમદા.
સ્ત્રી નારી વનિતા વધૂ લલના યુવતી કામ,
અબલા બાલા અંગના પ્રેમદા કાંતા વામ.
પિંગલપ્રકાશ

પ્રેમદાયી [સં. પ્રેમદાયિન્] વિ. પ્રેમ આપનાર; ચાહનારું; સ્નેહાળ.

પ્રેમદીવાનું વિ. પ્રેમમાં ગાંડું બનેલું; પ્રેમઘેલું.

પ્રેમદૃષ્ટિ [સં.] સ્ત્રી. પ્રેમની નજર; ચાહ.
સાધે સ્વપ્ન સહે જુદાં ચાસતાં સ્વાર્થદૃષ્ટિથી,
પ્રેમદૃષ્ટિથી સૌ એક અંતરાત્મદૃષ્ટિ એ.
ગાંધીગીતા

પ્રેમધર્મ [સં.] પું. પ્રેમનો ધર્મ; અહિંસાનો ધર્મ.

પ્રેમધર્મી [સં. પ્રેમધર્મિન્] વિ. પ્રેમ એ જ ધર્મ છે એવા આચરણવાળું.

પ્રેમનીર [સં.] ન. પ્રેમાશ્રુ; સ્નેહનાં આંસુ.

પ્રેમપત્ર [સં.] પું.;ન. પ્રેમ દર્શાવતો કે પ્રેમીનો પત્ર.

પ્રેમપત્રિકા [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી પુરુષ વચ્ચે થયેલું પ્રેમથી ભરેલું લખાણ; મદનપત્ર; પ્રીતિનો કાગળ; અનુરાગદર્શક લેખ; પ્રેમપત્ર.

પ્રેમપર [સં.] વિ. આપણું; પ્રેમાળ; પ્રેમપરાયણ.

પ્રેમપાતન ૧. [સં.] ન. નેત્ર; આંખ; લોચન.
૨. ન. નેત્રનું પાણી; આંસુ.
૩. ન. પ્રેમને કારણે આંખોમાંથી આંસુનું નીકળવું તે; પ્રેમના આવેશમાં રોવું તે.

પ્રેમપાત્ર ૧. [સં.] ન. પ્રેમનું પાત્ર; જેની સાથે પ્રેમ કરી શકાય તે.
૨ ન. માણસ.
૩ વિ. પ્રેમ કરવા યોગ્ય; સ્નેહ કરવા જેવું.

પ્રેમપાશ [સં.] પું. પ્રેમનું બંધન; પ્રેમગ્રંથિ; પ્રેમરૂપી ગાંઠ; સ્નેહનો ફાંસો.

પ્રેમપિપાસુ [સં.] વિ. સ્નેહનું અભિલાષી.

પ્રેમપિંજર [સં.] ન. પ્રેમરૂપી પાંજરું.

પ્રેમપીડા (પ્રેમપીડ) [સં.] સ્ત્રી. પ્રેમથી ઉત્પન્ન થયેલું દુઃખ; કામપીડા.

પ્રેમપીડિત (પ્રેમપીડિત) [સં.] વિ. કામાતુર; કામદગ્ધ; વિક્ષિપ્ત; પ્રેમપીડાથી ભરેલું.

પ્રેમપીયૂષ [સં.] ન. સ્નેહરૂપી અમૃત.

પ્રેમપુત્તલિકા ૧. [સં.] સ્ત્રી. પત્ની; ભાર્યા.
૨. સ્ત્રી. પ્યારી સ્ત્રી.

પ્રેમપુલક [સં.] ન. પ્રેમને કારણે થતો રોમાંચ.

પ્રેમપૂર્વક [સં.] અ. સ્નેહથી; વહાલપૂર્વક; પ્રેમથી.

પ્રેમપ્રત્યય [સં.] પું. જેનાથી રાગરાગિણી નીકળતી હોય તેવા બીજા વર્ણોના શબ્દોથી પ્રેમ કરવો તે.

પ્રેમપ્રસાદ [સં.] પું. સ્નેહનો પ્રસાદ; પ્રેમનું ફળ.

પ્રેમબદ્ધ [સં.] વિ. પ્રેમથી બંધાયેલું.

પ્રેમબલ [સં.] ન. પ્રેમનું બળ; અહિંસા બળ.

પ્રેમબળ જુઓ પ્રેમબલ.

પ્રેમબંધ [સં.] પું. સ્નેહરૂપી બંધન; ચાહ સ્નેહ; અનુરાગ પ્રેમની ગાંઠ; અત્યંત આસક્તિ.

પ્રેમબંધન જુઓ પ્રેમબંધ.

પ્રેમબીજ [સં.] ન. પ્રેમરૂપી બીજ; સ્નેહનું બી.
જ્યાં પ્રેમ ત્યાં જ છે ક્ષેમ પારસમણિ પ્રેમ તો,
પ્રેમબીજ ફળે જિયે પ્રેમણ અસંખ્યથી.
બાપીગીતા

પ્રેમબ્રહ્મ [સં. પ્રેમબ્રહ્મન્] પું. પ્રેમમય પરમાત્મા.

પ્રેમભક્તિ [સં.] સ્ત્રી. પ્રેમલક્ષણાભક્તિ; ગુરુ, દેવ, રાજા વગેરેની પ્રેમપૂર્વક ભક્તિ કરવી તે; પુરાણ પ્રમાણે ખાસ જ પ્રેમથી કરાતી કૃષ્ણની ભક્તિ. પ્રેમભક્તિની ચાર અવસ્થા છે: સ્નેહ, આસક્તિ, વ્યસન અને તન્મયતા.

પ્રેમભગ્ન [સં.] વિ. પ્રેમમાં નિરાશ થયેલું.

પ્રેમભાવ [સં.] પું. સ્નેહભાવ; વહાલની લાગણી.

પ્રેમભિક્ષુ [સં.] સ્ત્રી. પ્રેમની માગણી.

પ્રેમભીનું વિ. સ્નેહમાં લીન થયેલું; હેતથી નીતરતું.

પ્રેમભૂમિ [સં.] સ્ત્રી. સ્નેહનું સ્થાન.

પ્રેમભૂમી જુઓ પ્રેમભૂમિ.

પ્રેમમત્ત વિ. પ્રેમમાં મસ્ત બનેલું.

પ્રેમમાદક [સં.] પું. કામદેવ.

પ્રેમમુદ્રા [સં.] સ્ત્રી. ચુંબન.

પ્રેમમૂલક [સં.] વિ. પ્રેમ જેનું મૂળ હોય એવું; પ્રેમથી ઉત્પન્ન થનારું.

પ્રેમરતિ [સં.] સ્ત્રી. પ્રેમમાં લીન થવું તે.

પ્રેમરસ [સં.] પું. પ્રેમભક્તિની મીઠાશ; પ્રેમરૂપી રસ.

પ્રેમરસસર [સં.] ન. પ્રેમ ઉત્પન્ન કરે એવું અદ્ભુત રસનું સરોવર.
જાણી પ્રેમરસસર ધર્યું' છે, જોતાં લાગે મીઠું,
ભદ્રા મનોહર અંતઃપુર તે પ્રવેશ કરતાં દીઠું.
ભાલણ

પ્રેમલ ૧. પું. નાગકેસર ભાંહેનો વર્ણમેળવાળો એક છંદ
૨. પું. વાસ; ગંધ; પરિમલ; સુવાસ
૩. વિ. પ્રેમવાળું; પ્રેમાળ.
૪. વિ. સારી વાસવાળું.

પ્રેમલક્ષણા [સં] સ્ત્રી. નવધા ભક્તિનો એક પ્રકાર; પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણસ્મરણની ભક્તિ; ઈશ્વર પ્રત્યેના પ્રેમને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હોય એવી ભક્તિ.

પ્રેમલક્ષણાભક્તિ [સં.] સ્ત્રી. શ્રેષ્ઠ ભક્તિ; નવધા ભક્તિનો એક પ્રકાર.

પ્રેમલગ્ન [સં.] ન. સ્નેહલગ્ન; પ્રેમવિવાહ.

પ્રેમલજ્યોતિ સ્ત્રી. જ્ઞાનરૂપી માર્ગ બતાવનાર દીવી તેજ.

પ્રેમલેશ્યા સ્ત્રી. (જૈન) જે વડે મનુષ્ય વિદ્વાન, જ્ઞાની, વિવેકી બાપ છે અને નિઃસ્વાર્થ ભાવથી પ્રેમ કરે છે તે વૃત્તિ.

પ્રેમવશ [સં.] વિ. સ્નેહને અધીન.

પ્રેમવર્ધના [સં.] સ્ત્રી. પ્રેમથી કરાતા પ્રણામ.

પ્રેમવારિ [સં.] ન. સ્નેહનાં આંસુ.

પ્રેમવાર્તા [સં] સ્ત્રી. સ્નેહની કથા.

પ્રેમવિહીન [સં.] વિ. સ્નેહ વગરનું.

પ્રેમવિહ્વલ [સં] વિ પ્રેમમાં મસ્ત; પ્રેમઘેલું.

પ્રેમવ્યવહાર પું પ્રેમસંબંધ.

પ્રેમશાસ્ત્ર [સ] ન. કોકશાસ્ત્ર; કામશાસ્ત્ર. ભોજ નામના એક વિદ્વાન મંત્રીએ પોતાના રાજાને રીઝવવા આવું શાસ્ત્ર રચેલું છે એમ કહેવાય છે

પ્રેમશુષ્કતા [સં.] સ્ત્રી. સ્નેહભાવ ન હોવો તે.

પ્રેમશૂન્યતા [સં.] સ્ત્રી. સ્નેહની લાગણીનો અભાવ

પ્રેમશૌર્ય [સં] ન. પ્રેમ અને શૌર્ય, ભાવમિશ્રિત ચાતન

પ્રેમશૌર્યભક્તિ [સં] સ્ત્રી. પ્રેમ અને વીરતાની સેવા; વીરવૃત્તિ; ભાવમિશ્રિત ચાતનની સેવા

પ્રેમસખી વ્ર. સ્વામીનારાયણ પ્રભુના સ્નેહપાત્ર પ્રેમાનંદ સ્વામી તેમનાં કીર્તન સ્વામીનારાયણ સંપ્રદાયમાં નિત્ય નિયમે ગવાય છે.

પ્રેમસજલ [સં] વિ પ્રેમથી આંખમાં આસુ આવેલાં હોય એવું; પ્રેમાસ્રુવાળું.

પ્રેમસરિત જુઓ પ્રેમસરિતા.

પ્રેમસરિતા [સં.] સ્ત્રી. સ્નેહરૂપી નદી.

પ્રેમસંકેત [સં.] સ્ત્રી. સ્નેહની નિશાની.

પ્રેમસંગમ [સં.] પું. ભાવપૂર્વક ભેટવું તે.

પ્રેમસંભાષણ [સં.] ન. સ્નેહને લગતી વાતચીત.

પ્રેમસંશય [સં] પું. પ્રેમ સંબંધી શંકા; શક્તિ હૃદય; આશ્રયમાત્રને પ્રેમ વિષે ઔત્સુક્યમાં શંકા.

પ્રેમસાગર [સં.] પું. એ નામનો એક પ્રખ્યાત ગ્રંથ. તેમાં શ્રીકૃષ્ણનો કૃતિકાસ છે.

પ્રેમસુકુમાર [સં.] વિ. પ્રેમને લીધે કોમળ લાગતું.

પ્રેમસુધા [સં.] સ્ત્રી. સ્નેહરૂપી અમૃત; પ્રેમપીયૂસ.

પ્રેમસેવા ૧. [સં.] સ્ત્રી. પ્રેમપૂર્વક કરાતી સેવા. ૨. સ્ત્રી. વીરવૃત્તિ; પ્રેમશૌર્યભક્તિ.

પ્રેમહેમ [સં. પ્રેમહેમન્] ન. પ્રેમરૂપી સોનું.

પ્રેમળ ૧. પું. પરિમલ; સુગંધ
૨. વિ. પ્રેમવાળું; પ્રેમાળ; હેતીલું; વહાલ રાખતું.
૩ વિ. સુગંધી; સારી વાસવાળું; પરિમલયુક્ત.

પ્રેમળ જ્યોતિ સ્ત્રી દૈવી તેજ; પ્રકાશમય પ્રભુ. ખ્રીસ્તી કહે છે કે: ઈશ્વરનું અજવવચન છે કે, કલ્યાણમય પ્રભુને કરનારની કદી દુર્ગતિ નથી. એ અજવવચનમાં મારી નિશ્ચય શ્રદ્ધા છે. એટલે મારી દુર્બળતાને લીધે મારી કલ્પનો ભૂલ ભરી હોય તોપણ મારી શ્રદ્ધા કદી ઓછી થવાની નથી અને હું સદા આશા રાખીશ કે જ્યારે મારા તમામ વિચારો શાંત થઈ તે મારા આત્માને સંપૂર્ણપણે વશ થયા હશે, ત્યારે મને પ્રેમળ જ્યોતિનાં દર્શન થયા વિના નહિ રહે.

પ્રેમળતા ૧. સ્ત્રી. સુગંધીપણું.
૨. સ્ત્રી. સ્નેહભરી લાગણી; પ્રેમની દૃષ્ટિ

પ્રેમા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તે ઇંદ્રવજ્રા અને ઉપેંદ્રવજ્રાના મિશ્રણથી બને છે તેમાં પહેલું અને બીજું ચરણ ઉપેંદ્રવજ્રાનું અને ત્રીજું તથા ચોથું ચરણ ઇંદ્રવજ્રાનું હોય છે. ઉપજાતિ કૃતિનો તે અગિયારમો ભેદ છે તેના પહેલા, બીજા અને ચોથા ચરણમાં જગણ, તગણ, જગણ, બે ગુરુ મળી અગિયાર તેમ જ ત્રીજા ચરણમાં તગણ, તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે
૨. પું વાડ
૩. પું. વાસણ, ઠેઠ
૪. પું સ્નેહ
૫. પું. સ્નેહી પુરુષ.

પ્રેમાક્ષેપ [સં] પું. (કાવ્ય) અર્થાલંકાર અલંકારનો એક ભેદ. તેમાં પ્રેમનું વર્ણન કરવામાં જ આવ્યા પછી દેખાય છે. જેમકે, નાયકને નાયિકા કહે છે, મારું મન તમને કદી છોડવા ઇચ્છતું નથી; પણ જ્યારે તમે જીદીને જવા ઇચ્છો છો ત્યારે મારું મન તમને છોડીને આગળ ચાલી જાય છે.

પ્રેમાગાર [સં.] ન. સ્નેહનું સ્થાન.

પ્રેમાધિક્ય [સં.] ન. વધારે સ્નેહ હોવાપણું; સ્નેહનું અધિકપણું.

પ્રેમાનંદ ૧. [સં.] પું. ગુજરાતી ભાષાનો એ નામનો એક મહાકવિ. તે વડોદરાનો રહીશ નાગર વંશી વાઘજી હતો. તેના પિતા કૃષ્ણરામ તેને નાનો મૂકીને દેવ થયેલા. પછી મા પણ બીજાં વર્ષમાં મુજરી ગઈ; એટલે તે માસીને ત્યાં ઊછર્યો હતો. પ્રેમાનંદે પ્રથમ હિંદી ભાષા ઉપરના મોહને લીધે વ્રજ ભાષામાં કવિતા રચવી શરૂ કરી; પરંતુ ગુરુ રામચરણના ઉપદેશથી ગુજરાતી ભાષામાં રચવાની શરૂઆત કરી. અમારી ગુજરાતી ભાષા સંસ્કૃત કે હિંદીની સમાન પંક્તિમાં ન ગણાય, એવી માઠી ધારણા ન પહેરવાનું મહાન વ્રત તેણે લીધું. વડોદરામાં, પછી સુરતમાં અને વચ્ચે વચ્ચે નંદરબારમાં જઈ કવિએ પોતાનાં આખ્યાનોની રમઝોળ ગુજરાતની છેક દક્ષિણ સરહદ સુધી ઉજાણી કરી આ સમયે પુરાણીઓ મહાભારત, ભાગવત અને પુરાણના કથાપ્રસંગોની સંસ્કૃત કથાઓ કરતા. પ્રેમાનંદે પૌરાણિક આખ્યાનો સંસ્કૃતને બદલે પ્રાકૃત ભાષામાં સમજાવવા માંડ્યાં અને શ્રોતાજનોનાં મન જીતી લીધાં. ભાવાભક્તિના ઢેફોલા ભક્તને બદલે એની નિરપેક્ષતા અને સ્વતંત્ર ખુમારી કવિમાં હતાં. પ્રભુરસલીલાને અજમાવવા સિવાય કોઈ પ્રાકૃત મનુષ્યની પ્રશંસા કરવામાં કાવ્યશક્તિને તેણે હલકી પાડી નથી. તેણે પોતાની આસપાસ અનેક કવિઓનું શિષ્યમંડળ એકઠું કર્યું હતું અને બધા શિષ્યોને જુદી જુદી પદ્ધતિની ગુજરાતી કવિતા લખવાનું પ્રેમ સોંપ્યું હતું. કવિતા કાજ્યો દેશભરમાં એવ. પહેરાઈ ગયા છે કે અભણ લોકોમાં પણ તે મોઢે થઈ ગયાં છે મોસાળમાં ઓખાહરણ, આહના દિવસોમાં નરસિંહ મહેતાના મામેરું, સીમંતના પ્રસંગોમાં મામેરું, ચાતુર્માસમાં દશમસ્કંધ, નવરાત્રિમાં રેવીયરિત્ર, દર શનિવારે સુદામાચરિત્ર અને દર રવિવારે હૂંડી આવતી ગુજરાતના શહેરો અને ગામડાઓમાં સંપ્રદાય પડ્યો છે. કવિની વર્ણન કરવાની છટા, અલંકાર શોધવાની કળા, રોતાઓને ઓતપ્રોત કરવાનું કૌશલ્ય અને કથા વિસ્તારવાની પ્રભુતા, એ બધું એટલું તો સરસ છે કે ગુજરાતના કવિઓમાં તે સર્વોપરી પદને પાત્ર કરી જ ચૂક્યા છે. શૃંગાર, વીર, કરુણ અને હાસ્ય એ રસ તો પ્રેમાનંદના જ વળી એમને રસના એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ઊતરી પડતાં જરા વિલંબ કે રસભંગ થતો નથી. પ્રેમાનંદ કવિનું નામ ગુજરાતી ભાષા બોલનાર, એકેએક જાણે છે.

છવતો પાયવિહોણો, જ્યા સાહિલ જગદીશ;
ગુજરીગોરવે ગેલો, પ્રેમાનંદ રસેશ્વર.
દેરાજી પરમાર

૨ પું જગદીશ્વર; પરમાત્મા.
૩. પું. પ્રેમ અને આનંદ
૪. પું. પ્રેમનો આનંદ, પ્રેમથી થયેલો અથવા પ્રેમમય આનંદ; પ્રેમજનિત આનંદ.
૫. પું બ્રહ્માનંદ.
૬. પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એક મોટો કવિ; પ્રેમસખી.

પ્રેમાનંદકાવ્ય [સં.] ન. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક પદ્યાત્મક ગ્રંથ.

પ્રેમાનંદી વિ. પ્રેમાનંદ માણનારું.

પ્રેમાનંદીયતા સ્ત્રી કવિ પ્રેમાનંદની વિશિષ્ટ શૈલી અથવા લાક્ષણિકતા.

આ અંક મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સાપડતી વિરલ એવી પ્રેમાનંદીયતા છે.
પ્રસન્ન વકીલ

પ્રેમાભાસ [સં.] પું. સ્નેહનો માત્ર દેખાવ.

પ્રેમાભિલાષી [સં. પ્રેમાભિલાષિન્] વિ પ્રેમની ઇચ્છાવાળું; સ્નેહની ઇચ્છા, રાખનારું.

પ્રેમાર્દ્ર [સં.] વિ. પ્રેમથી ભરાઈ ગયેલું; પ્રેમથી ભીંજાયેલું.

પ્રેમાલાપ [સં.] પું. પ્રેમપૂર્વક વાતચીત.

પ્રેમાલિંગન [સં.] ન. પ્રેમપ્રદર્શન પ્રમાણે નાયકનાયિકાનું એક વિશેષ પ્રકારનું આલિંગન; પ્રેમપૂર્વક ભેટવું તે; પ્રેમથી બાથમાં ભીંસવું તે.

પ્રેમાવગાહન [સં.] ન. સ્નેહરસમાં સ્નાન કરવું તે.

પ્રેમાવતી [સં.] સ્ત્રી. (પિંગળ) અગીયાર માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં અંતે બે ગુરુ, સોળ માત્રાએ યતિ અને ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ તાલ આવે છે.

પ્રેમાશ્રુ [સં.] ન. પ્રેમનાં આંસુ; પ્રેમના ઊભરાને લીધે આંખમાં આવતું પાણી; વહાલનાં આંસુ.

પ્રેમાશ્રુપૂર્ણ [સં.] વિ. પ્રેમનાં આંસુથી ભરેલું.

પ્રેમાશ્રુભીનું વિ. પ્રેમનાં આંસુથી ભીંજાયેલું.

પ્રેમાસ્પદ [સં.] ન. પ્રેમ જેમાં કરવામાં આવે એવું પ્રેમપાત્ર; પ્રેમનું સ્થાન.

પ્રેમાળ વિ. સ્નેહાળ; હેતાળ; વહાલસોયું; માયાળુ; અનુરાગી; આસક્ત.

પ્રેમાંકુર [સં.] પું સ્નેહનો ફણગો

પ્રેમાંશી [સં. પ્રેમાંશિન્] વિ. પ્રેમના અંશવાળું; પ્રેમી

પ્રેમિક ૧. પું આશક; જોને ચાહનાર પુરુષ.
૨. વિ. પ્રેમી; પ્રેમ કરનાર.

પ્રેમિકા સ્ત્રી. પુરુષને ચાહનાર સ્ત્રી; માશૂક

પ્રેમી ૧. [સં. પ્રેમિન્] પું. વ્યક્તિ પ્રત્યે પ્રેમ રાખનાર પુરુષ દરેક પ્રેમીને ત્રણ ચિહ્નો: તેનામાં પૂરો આત્મવિશ્વાસ હોય, કમાવામાં તેમ જ ખર્ચવામાં તેને આનંદ આવતો હોય, વ્યક્તિની સર્વ ઇચ્છાઓ તે પૂર્ણ કરતો હોય, બીજાઓના ભય વિના તે વ્યક્તિનો સાથ સેવતો હોય અને છૂપા કૃત્યોની તેને કદી ઇચ્છા ન હોય.
૨. પું ભક્ત.
૩. વિ. અનુરાગી; પ્રાણપ્રિય.
૪. વિ. આશક; આસક્ત.
૫. વિ. કામી; વિલાસી; પ્રેમ કરનારું.
૬. વિ. પ્રેમવાળું; પ્રેમાળ; માયાળુ; સ્નેહી.

પ્રેમીગુંદો પું. વ્યક્તિ સાથે પ્રેમ કરનાર બદમાશ.

પ્રેમીયુગલ ન. બાયકાયકાનું જોડું.

પ્રેમીલું વિ. પ્રેમાળ; સ્નેહ ભરેલું.

શરૂ પ્રસર્યા સ્વયં, જે વિશેષો પ્રતિ પ્રેમીજનો,
ઉત્તમ આ, અનુરાગી એક જે પ્રબુદ્ધ તત્ત્વ છે.
નાનાલાલ

પ્રેમુદી સ્ત્રી. ચેનચો; ઓક આવાનું.

પ્રેમોત્કંઠા [સં.] સ્ત્રી. પ્રેમની તીવ્ર ઇચ્છા.

પ્રેમોત્થ [સં.] વિ. પ્રેમથી ઉત્પન્ન થયેલું.

પ્રેમોત્સવ [સં.] પું. સ્નેહસંમેલન.

પ્રેમોદ્ગાર [સં.] પું. પ્રેમનું વચન.

પ્રેમોદ્દીપન [સં.] ન. પ્રેમની લાગણીનો ઉદ્ભવ.

પ્રેમોન્મત્ત [સં.] વિ. પ્રેમથી ઉન્મત્ત થયેલું; વહાલથી તોફાની થયેલું; લાડેલું.

પ્રેમોન્માદ [સં.] પું. પ્રેમથી થયેલો ગાંડપણ; હેતથી થયેલો ચેનચો.

પ્રેમોપચાર [સં.] પું. પ્રેમનો ઇલાજ.

પ્રેમોપહાર [સં] પું. સપ્રેમ ભેટ; પ્રેમપૂર્વક અપાતી ભક્ષિસ.

પ્રેમોર્મિ [સં.] સ્ત્રી. પ્રેમનો ઊભરો કે લાગણી.

પ્રેમોષ્ણ [સં.] વિ. પ્રેમને લીધે તપી ગયેલું.

પ્રય ૧. [સં.] પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર
૨. પું. સ્વામી; પતિ.
૩. ન ઐહિક અથવા પારિવ સુખ; પૃથ્વી ઉપરનો આનંદ.
૪. ન. જેના તરફ પ્રેમ હોય એવું કંઈ તે; પ્યારી વ્યક્તિ.
૫. [સ. પ્રેયસ] વિ. અતિ વહાલું; પ્યારું.

પ્રયસી ૧. [સં.] સ્ત્રી. અત્યંત વહાલી સ્ત્રી; પ્રિય સ્ત્રી; માશૂક; પ્રિયા; ભાર્યા.
કાન્તા દયિતા વલ્લભા પ્રિયા પ્રેયસી હોય;
તુજ સમ પ્રભુની કલને અન્ય ન દેખી પ્રેમ.
ત્રિભુવનસુકોષ
૨. વિ.સ્ત્રી. વધારે પ્રિય હોય એવી; અતિ વહાલી.

પ્રેયઃ ૧. [સં. પ્રેયસ] પું. અલંકૃત પિસ્તાલીસ પ્રકારનો એક અલંકાર; પ્રેય.
૨. પું. પતિ; કર્તા.
૩. પું. પ્યારી વ્યક્તિ.
૪. પું. મોક્ષ; સ્વર્ગ.
૫. ન. વર્તમાનમાં યોગ્ય હોય તે.
૬. વિ. વધારે વહાલું; વહાલેરું; પ્રિયતર; અતિશય પ્રિય.

પ્રેયઃમાર્ગ [સં.] પું. મનુષ્યને સાંસારિક વિષયોમાં ફસાવનારો માર્ગ; અવિદ્યા માર્ગ.

પ્રેયઃસાધક [સં.] વિ. ઐહિક સુખ પ્રાપ્ત કરવા મથનાર; સુખાર્થી.

પ્રેયાર્થી [સં.] વિ. પ્રકૃતિ અર્થે.

પ્રેયોપત્ય [સં. પ્રેયઃ + અપત્ય (બાળક)] પું. કૌરવ પક્ષી.

પ્રેર ૧. [સં.] સ. ક્રિ. ઉત્તેજન દેવું.
૨. સ. ક્રિ. આનંદી સલાહ આપવી.
૩. સ. ક્રિ. મોકલવું.
૪. સ ક્રિ. સૂચક આજ્ઞા કરવી.

પ્રેરક ૧. પું. આઠ માંહેના એક પ્રકારનો પ્રબંધ.
૨. વિ. કર્મ કરાવનાર.
૩. વિ. ગતિ આપનાર; દોરનાર; સંજ્ઞા કરનાર.
૪ વિ. પ્રલોભક; મોકલનાર.
૫. વિ. પ્રેરણા કરનાર; પ્રેરનાર; પ્રેરે તેવું; ઉત્તેજન આપનાર.
૬. વિ. (વ્યાકરણ) બીજાના તરફની પ્રેરણા બતાવનારું.

પ્રેરક જન ૧. [સં.] પું. નાટકના પાત્રને ખૂટેલ વસ્તુની યાદ આપનાર પુરુષ.
૨. પું. પ્રેરણા આપનાર પુરુષ.

પ્રેરક તંતુ [સં.] પું. પ્રેરણા આપનાર તંતુ.

પ્રેરકત્વ ૧. [સં.] ન. (વેદાંત) પ્રવૃત્તિને અનુકૂળ એવા વ્યાપારનું સાધકપણું.
૨. ન. (વેદાંત) પ્રેરણા કરનારને અનુકૂળ એવા પ્રયત્નનું આધારપણું.

પ્રેરક બલ [સં.] ન. પ્રેરણા કરનાર બળ; ઉત્તેજક બળ.

પ્રેરક બળ જુઓ પ્રેરક બલ.

પ્રેરક બુદ્ધિ [સં.] સ્ત્રી. પ્રેરણા આપનારી સહજ બુદ્ધિ

પ્રેરકભેદ [સં.] પું (વ્યાકરણ) પ્રયોજ્ય ભેદ; ક્રિયાપદના જે રૂપથી પ્રેરણાનો ભાવ દર્શાવાય છે તે રૂપ; ક્રિયાપદનો એક ભેદ, તેમાં પોતે કાંઈ કાર્ય ન કરતાં બીજા પાસે કરાવવું એવો અર્થ થાય છે. જેમકે, લખાવવું, બેસાડવું.

પ્રેરક શક્તિ [સં.] સ્ત્રી. પ્રેરણા કરવાની શક્તિ.

પ્રેરક હેતુ [સં] પું. પ્રેરણા આપનારો ઉદ્દેશ.

પ્રેરણ ૧. [સ.] ન. આજ્ઞા.
૨. ન. કાર્યમાં પ્રવૃત્ત કરવું તે; કોઈને કોઈ કામે લગાડવું તે.
૩. ન. પ્રેરવું તે; પ્રેરણા.

પ્રેરણત્વ [સં.] ન. પોતાની અભિલાષા પ્રમાણ કરવામાં પ્રવૃત્ત ન થતો હોય, એવા મનુષ્યને તે માટે પ્રવૃત્ત કરવાનો વ્યાપાર.

પ્રેરણા ૧. [સં.] સ્ત્રી. અમુક કામ કરવાની પ્રાણીઓના અંતઃકરણમાંથી ફુરતી રીતે જ થતી ભાવના; સૂક્ષ્મ, મનોભાવ.
૨ સ્ત્રી. આજ્ઞા; આદેશ.

૩. સ્ત્રી. ખાનગી સલાહ.
૪. સ્ત્રી. જોર; ધક્કો; ઝટકો.
૫. સ્ત્રી. પ્રેરવું તે; કોઈને કોઈ કાર્યમાં લગાડવું તે; ઉત્સાહથી કામમાં પ્રવૃત્તિ કરાવવી તે.
૬. સ્ત્રી. પ્રોત્સાહન; ઉત્તેજન; ઉદ્દીપન; અંદરથી ઉશ્કેરવું કે જગાડવું તે; અંતરની ઉશ્કેરણી.
૭. સ્ત્રી. સૂચના; આંતરિક સૂચન.

પ્રેરણાજનક [સં.] વિ. પ્રેરણા ઉત્પન્ન કરનારું.

પ્રેરણાદાયી [સં. પ્રેરણાદાયિન્] વિ. પ્રેરણા આપનાર.

પ્રેરણાબુદ્ધિ [સં.] સ્ત્રી. સહજજ્ઞાન; સ્વાભાવિક બુદ્ધિ; નૈસર્ગિક જ્ઞાન.

પ્રેરણામૂર્તિ [સં.] સ્ત્રી. પ્રેરણા આપનાર માણસ.

પ્રેરણાર્થક [સં.] વિ. પ્રેરણાના અર્થવાળું.

પ્રેરણાર્થક ક્રિયા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) કોઈની પ્રેરણાથી કર્તા મારફત બનતું કાર્ય કે વ્યાપાર બતાવે છે એમ સૂચવતું ક્રિયાપદનું રૂપ. જેમકે, લખવું–લખાવવું; દેવું–દેવરાવવું; બાંધવું–બાંધાવવું.

પ્રેરણાવાહી [સં. પ્રેરણાવાહિન્] વિ. જેમાંથી પ્રેરણા મળતી હોય એવું.

પ્રેરણાશક્તિ [સં.] સ્ત્રી. સહજબુદ્ધિ; સાહજિક વૃત્તિ.

પ્રેરણાસૃષ્ટા [સં. પ્રેરણા + સ્રષ્ટૃ (સરજનાર)] વિ. પ્રેરણા ઉત્પન્ન કરનાર.

પ્રેરણીય ૧. વિ. કોઈ કાર્યમાં આગળ લગાડવા જેવું.
૨. [સં.] વિ. પ્રેરણા કરવા યોગ્ય.

પ્રેરયિતા ૧. [સં. પ્રેરયિતૃ] વિ. આજ્ઞા આપનાર.
૨. વિ. પ્રેરક; પ્રેરણા કરનાર.

પ્રેરવું ૧. સ. ક્રિ. આગ્રહ કરવો; ભલામણ કરવી.
૨. સ. ક્રિ. ઉત્તેજન આપવું; પ્રોત્સાહન આપવું.
૩. સ. ક્રિ. ઊભું કરવું.
૪. સ. ક્રિ. ખાનગી સલાહ આપવી.
૫. સ ક્રિ. ગતિ આપવી.
૬. [સં. પ્રેર] સ. ક્રિ. મોકલવું.
૭. સ. ક્રિ. રોપવું; મૂળ ઘાલવું; વાવવું; જમીનમાં નાખવું; બીજનું રોપણ કરવું.
૮. સ. ક્રિ. સૂચના કરવી; પ્રેરણા કરવી.
૯. સ. ક્રિ. હુકમ કરવો; આજ્ઞા કરવી.

પ્રેરાવવું સ. ક્રિ. પ્રેરાવ એમ કરાવવું.

પ્રેરાવું સ. ક્રિ. પ્રેરવાની ક્રિયા થવી.

પ્રેરિકા વિ. સ્ત્રી. પ્રેરણા કરનારી.

પ્રેરિત ૧. [સં.] પું. લાંબા હલાવવાના બાર માઠેનો છઠ્ઠો પ્રકાર.
૨. વિ. ધક્કો દેવાયેલું; ઠેલો મરાયેલું.
૩. વિ. પ્રેરણા કરેલું; ઉશ્કેરેલું; પ્રેરાયેલું.
૪. વિ. મોકલેલું.
૫. વિ. સૂચના કરાયેલું; સૂચવેલું.
૬. વિ. હુકમ કરાયેલું.

પ્રેરાર [અં.] ન. દારૂ; દવાનું.

પ્રેષ ૧. [સં.] પું. પીડા; દુઃખ.
૨. પું. મોકલવું તે; રવાના કરવું તે.

પ્રેષક ૧. [સં.] વિ. પ્રેરણા કરનાર; પ્રેરક.
૨. વિ. મોકલનાર.

પ્રેષણ ૧. [સં.] ન. નીમવું તે; નિમણૂક.
૨. ન. પ્રેરણા કરવી તે.
૩. વિ. મોકલવું તે; પાઠવવું તે.

પ્રેષણકારિણી સ્ત્રી. સંદેશો પહોંચાડનારી દાસી.

પ્રેષણગૃહ [સં.] ન. પત્રગૃહ; કાગળ; 'પોસ્ટ ઑફિસ'.

પ્રેષણપત્ર ૧. [સં.] ન. પરખીદિવું.
૨. ન. બરતિયું.

પ્રેષણા [સં.] સ્ત્રી. મોકલવું તે.

પ્રેષણી [સં.] સ્ત્રી. પેશાબ કરાવવા માટે મૂકવાની સળી.

પ્રેષણીય ૧. [સં.] વિ. પ્રેરવા જેવું.
૨. વિ. મોકલવા યોગ્ય; રવાના કરવા લાયક.

પ્રેષવું સ. ક્રિ. મોકલવું.
એવું સુણીને આવ્યો શેષ રાજાને,
પ્રેષ્યો સેવક મીરાને આવાસ. દયારામ

પ્રેષિત ૧. [સં.] સ્ત્રી. (સંગીત) સ્વરસાધનની એક પ્રણાલિ. જેમકે, સારે, રેગ, ગમ, મધ, પધ, ધનિ, નિસા, સાનિ, નિધ, ધપ, પમ, મગ, ગરે, રેસા.
૨. વિ. પ્રેરણા કરેલું.
૩. વિ. મોકલેલું.

પ્રેષિતવ્ય [સં.] વિ. મોકલવા યોગ્ય; રવાના કરવા જેવું.

પ્રેષિતા ૧. [સં. પ્રેષ્ટૃ] વિ. પ્રેરણા કરનાર.
૨. વિ. મોકલનાર.

પ્રેષ્યોચ્ચાર [સં.] પું. જનોઈના લાભ તથા વાસદંડ ગ્રહણ કરવાના સમયે, મેં સર્વ લાગ્યું છે, એમ બ્રહ્મ વચન બોલી સર્વ લોક મારા મિત્ર છે, એવી ભાવના ઉત્પન્ન કરવા કરાતો વિધિ.

પ્રેષ્ઠ ૧. [સં.] પું. પતિ; ભર્તા; ભથ્થાર.
૨. વિ. પ્રિયતમ; વહાલામા વહાલું.
૩. વિ. બહુ મોટું.

પ્રેષ્ઠા ૧. [સં.] સ્ત્રી. જંઘા.
૨. સ્ત્રી. પત્ની; ભાર્યા; લગ્ન કરેલી સ્ત્રી.

પ્રેષ્ય ૧. [સં.] પું. નોકર; ચાકર; દાસ; સેવક.
૨. ન. પ્રેરવું તે.
૩. ન. મોકલવું તે.
૪. વિ. પ્રેરણા કરવા યોગ્ય.
૫. વિ. મોકલવાનું; પાઠવવાનું; મોકલવા યોગ્ય.
૬. અ. પ્રેરણા કરીને.
૭. અ. મોકલીને.

પ્રેષ્યતા ૧. [સં.] સ્ત્રી. દાસત્વ; ચાકરી; સેવા.
૨. સ્ત્રી. કૃતત્વ.

પ્રેષ્યપ્રયોગ [સં.] પું. (જૈન) જગ્યાની સ્વીકારેલી મર્યાદા બહાર કામ પડે ત્યારે જાતે ન જતાં કે બીજા પાસે તે ચીજ ન મંગાવતાં નોકર વગેરેને જ હુકમ કરી ત્યાં બેઠાં કામ કરાવી લેવું તે; દેશાવકાશિક વ્રતનો એ નામનો એક અતિચાર.

પ્રેષ્યમંત્ર [સં.] પું. સંન્યાસદીક્ષાનો મંત્ર.

પ્રેષ્યા ૧. [સં.] સ્ત્રી. ચાકરી; સેવા.
૨. સ્ત્રી. જંઘા.

પ્રેષ્યાદાન ન. નોકરને આજ્ઞા કરી કોઈનો વધ કરાવવાનું કર્મબંધન.

પ્રેસ ૧. [અં.] ન. છાપખાનું; મુદ્રણાલય.
૨. ન. છાપવાનું યંત્ર.
૩. ન. છાપાં; વર્તમાનપત્રો.
૪. ન. દબાણ; આગ્રહ.
૫. ન. દાબવાનું યંત્ર.
૬. ન. ૨ વગેરે દાબીને આંસડીઓ બાંધવાનો સંચો.

પ્રેસ ઍક્ટ પું. છાપખાનાવાળાના અધિકાર અને સ્વતંત્રતા વગેરેની ઉપર અંકુશ મૂકનાર કાયદો; 'પ્રેસ ઍક્ટ.' તે કાયદો તેમને ઊપડૂંબણ થતાં, રાજકીય કે સામાજિક નિયમો તોડતા, અથવા એવા પ્રકારનાં બીજાં કામ કરતાં રોકે છે. જે છાપખાનાવાળા આવા નિયમોનો ભંગ કરે તેને આ કાયદા દ્વારા દંડવામાં આવે છે.

પ્રેસ કૉપિ સ્ત્રી. છાપખાનાવાળાને છાપવાની લખાણની નકલ; 'પ્રેસ કૉપિ.'

પ્રેસ રેલીગ્રામ [અં.] પું. છાપખાનાનો તાર; છાપખાના ઉપરનો તાર.

પ્રેસકોપ પું. છાપકામ સંબંધી ભૂલ; છાપદોષ.

પ્રેસમેન [સં.] પું. છાપવાના યંત્ર ઉપર કામ કરનાર માણસ

પ્રેસિડન્સિ ૧. [અં.] સ્ત્રી. અધ્યક્ષનું પદ અથવા કાર્ય; સભાપતિનો હોદ્દો અથવા કામ. ૨. સ્ત્રી. શાસનની સમજવડતા માટે અમુક નિશ્ચિત પ્રદેશો અથવા પ્રાંતોનો કરેલો વિભાગ. તે એક ગવર્નરની સત્તા નીચે હોય છે.

પ્રેસિપિટેટ [અં.] ન. આગ્ર. દ્રવ્ય; અવક્ષેપ.

પ્રેસિડેંટ ૧. પું. પ્રમુખ; સભાપતિ; અધ્યક્ષ. 'પ્રેસિડંટ.' ૨. પું. રાજ્યપ્રમુખ.

પ્રેહપાટણ ન. સૌરાષ્ટ્રમાં આવેલું પાટણવાવ ગામનું જૂનું નામ.

પ્રૅંખ ૧. પું. આંદોલન; ઝૂલો; હીંચકો. ૨. પું. એક પ્રકારનું સામગાન. ૩. પું. ઝૂલવું તે; હીંચકો આવો તે. ૪. પું. સંગીતનો એક અલંકાર. ૫. પું. સ્ત્રીઓને પહેરવાનું એક ઘરેણું કહ્યું.

પ્રૅંખણ ૧. [સં.] ન. અઢાર માંહેનું એક પ્રકારનું રૂપક. તેમાં સૂત્રધાર, વિષ્કંભક કે પ્રવેશક વગેરેની જરૂર નથી. તેનો નાયક હલકી જાતિનો હોય છે. તેમાં પ્રરોચન અને નાંદી નેપથ્યમાં થાય છે. તે એક અંકમાં સમાપ્ત થાય છે. તેમાં વીર રસની પ્રધાનતા હોય છે. ૨. ન. આંદોલન; ઝૂલો. ૩. ન. જવું તે. ૪. ન. પેસવું તે. ૫. ન. ઝટકવું તે. ૬. ન. સારી રીતે હાલવું કે ઝૂલવું તે.

પ્રૅંખા ૧. [સં.] સ્ત્રી. અધમતિ; બોડાની ચાલ. ૨. સ્ત્રી. એક પ્રકારનું ઘર. ૩. સ્ત્રી. તૃણ. ૪. સ્ત્રી. પરિશ્રમણ; યાત્રા; ઝટકવું તે. ૫. સ્ત્રી. હાલવું તે; ઝૂલવું તે. ૬. સ્ત્રી. હીંચકો.

પ્રૅંખિત ૧. [સં.] પું. (સંગીત) અઢાવન માંહેનો સોળમો વર્ણાલંકાર; સિતાર બજાવવામાં ઉપયોગી એક આગોઢી અલંકાર ૨. વિ. અટકાવેલું ૩. વિ. ગયેલું ૪. વિ. ડોલતું; આંદોલનવાળું. ૫. વિ. ઝટકેલું. ૬. વિ. હલાવેલું

પ્રૅંખોલ ૧. [સં.] અ ક્રિ. ડોલવું ૨ અ ક્રિ. હીંચકવું.

પ્રૅંખોલન ૧. [સં.] ન. ઝૂલવું તે; હાલવું તે. ૨. ન. ધ્રૂજવું તે; કંપવું તે. ૩. ન. હીંચકો.

પ્રૅંખોલિત ૧. [સં.] વિ. હલાવેલું; ગતિમાં મૂકેલું. ૨. વિ હીંચકાવેલું.

પ્રૅયક ન. એક જાતનું ગામડું. તેનો રૅંજ વાદળી, પીળો, ધોળો અથવા ટપકાંવાળો હોય છે.

પ્રૅષ ૧ [સં.] પું. એ નામનો એક મંત્ર. ૨. ન. આમંત્રણ; આજ્ઞાપત્ર; બોલાવવું તે. ૩. ન. ઉન્માદ; પાગલપણું. ૪. ન. ક્લેશ; કષ્ટ. દુઃખ; પીડા. ૫. ન. જેમાં કોઈ પ્રકારની આજ્ઞા હોય તેવો શબ્દ કે વાક્ય. ૬. ન. મર્દન. ૭. ન. મોકલવું તે; પ્રેષણ.

પ્રૅષ્ય ૧. [સં.] પું. દાસ; સેવક. ૨. ન. દાસત્વ; ચાકરી; નોકરી; દાસ્ય.

પ્રો કૉન્સલ ૧. [અં.] પું. રોમની નીચેના અદ્યારના મુલકો ઉપર રાજ્ય ચલાવવા મોકલવામાં આવતો સૂબો; રોમન પ્રાંતનો સૂબો.

રોમની નીચેના અદ્યારના મુલકો ઉપર રાજ્ય ચલાવવા મોકલવામાં આવતા સુબાઓને પ્રો કૉન્સલ કહેવામાં આવતા. ઉદાહરણ મુકત

૨ પું. હોદ્દેદાર; સૂબો.

પ્રોક્ત ૧. [સં.] પું. વાલ્મીકિ ઋષિનો એ નામનો એક મુખ્ય શિષ્ય. ૨. ન. આરોગ્યશાસ્ત્રમાં સુશ્રુતાચાર્યની બનાવેલી સુશ્રુતસંહિતા. તે અતિ ઉત્તમ મનાય છે. ૩. ન. કહેલ વાક્ય. ૪. વિ. કહેલું; બોલેલું; ઉક્ત; બોલાયેલું. ૫. વિ. પ્રસિદ્ધ; વિખ્યાત.

પ્રોક્તા [સં.] વિ.સ્ત્રી. ઉક્ત; બોલાયેલી.

પ્રોક્લેમેશન [અં.] ન. રાજા કે સરકારની સૂચનાઓની જાહેરાત; ઘોષણા; ટંડેરો.

પ્રોક્ષણ ૧. [સં.] ન. કોઈ ચીજને પવિત્ર કરવા તેની ઉપર મંત્રેલું પાણી છાંટવું તે; ઋતે હાથે પાણી વગેરે છાંટવું તે. ૨. ન. નાશ; સંહાર; વધ. ૩. ન. યજ્ઞમાં વધ કરતા પહેલાં પશુ ઉપર પાણી છાંટવું તે. ૪. ન. વિવાહની પરિજન નામની વિધિ. તેમાં વેવાઈ ને ત્યાં જાન પધારતાં કન્યાપક્ષની સ્ત્રીઓ વર પાસે જઈ તેને દહીં, ચોખાનો ચાંદલો કરી, આરતી કરી તેના ઉપરથી સાંબેલું વગેરે ઘુમાવે છે. ૫. ન. આઠ વગેરેમાં થતો એક સંસ્કાર.

પ્રોક્ષણી ૧. [સં] સ્ત્રી. છાંટવાનું સાધન; ઝારી. ૨. સ્ત્રી. પ્રોક્ષણનું વાસણ; છાંટવાનું પાણી જેમાં હોય તે પાત્ર. ૩. સ્ત્રી. યજ્ઞ વખતે પહેરાતી દર્ભની વીંટી.

પ્રોક્ષણીપાત્ર [સં.] ન. યજ્ઞવિધિમાં પાણી છાંટવા માટે વપરાતું પાત્ર.

પ્રોક્ષણીય [સં.] વિ. છંટકાવ કરવા લાયક.

પ્રોક્ષિત ૧. [સં.] ન. યજ્ઞ માટે સંસ્કૃત કરેલું માંસ. તે બાબતમાં કોઈ પ્રકારનો દોષ ન મનાતો. ૨. વિ. યજ્ઞ માટે સંસ્કારવાળું કરેલ. ૩. વિ. વધ કરેલું; મારી નાખેલું. ૪. વિ. સિંચેલું; મંત્રેલું પાણી છાંટીને પવિત્ર કરેલું; છંટકાવ કરેલું; છાંટેલું.

પ્રોક્ષિતવ્ય જુઓ પ્રોક્ષણીય.

પ્રોક્સિ ૧. [અં.] પું.;સ્ત્રી. પ્રતિનિધિ; મુખત્યાર. ૨. પું.;સ્ત્રી. મુખત્યારનામું.

પ્રોગ્રામ [અં.] પું.;ન. કાર્યક્રમ; કોઈ સભા, સમાજ, નાટક, સંગીત વગેરેનાં બનારાં કાર્યોની યથાક્રમ સૂચી; કાર્યક્રમસૂચક પત્ર.

પ્રોગ્રેસ [અં.] પું. આગળ વધવું તે; પ્રગતિ.

પ્રોગ્રેસ રિપોર્ટ [અં.] પું. પ્રગતિનો હેવાલ.

પ્રોચ્ચંડ [સં.] વિ. અતિ ઉગ્ર; અપંકાર.

પ્રોત્ક્ષિપ્ત [સં.] વિ. ઊંચું.

પ્રોજ્જાસન [સં. પ્ર + ઉદ્ + જસ્ (વધ કરવો)] ન. મારવું તે; હાર કરવું તે.

પ્રોજ્જ્વલ [સં.] વિ. બહુ જ ઉજ્જ્વલવાળું; પૂર્ણ ઉજ્જ્વલ; ખરોખર પ્રકાશ મારતું.

પ્રોટાક્ટીનિયમ [અં.] ન. એ નામની એક ધાતુ. રેડિયમને આપણે સૌથી મોંઘી ધાતુ માનતા આવ્યા છીએ, પણ પ્રોટાક્ટીનિયમ તેથી યે મોંઘું છે. આ ધાતુ એટલી બધી દુર્લભ છે કે, દુનુસુધીમાં તેના આખા એક અંશપૂર માત્ર હાથ લાગી છે. દુનિયાની બજારુ ધાતુઓ યુરેનિયમ અને થોરિયમની પેઠે આ ત્રીજી ધાતુ બજારમાં પણ વધુ છે. રેડિયમના ખનિજોમાં સાથે જ તે મળે છે, છતાં રેડિયમથી અરધી યે તે હાથ લાગતી નથી. રેડિયમની પેઠે તે સ્વયંપ્રકાશી અને વિદ્યુતપ્રેરક હોવાથી સૂક્ષ્મ પ્રમાણમાં હોય ત્યાં પણ વિજ્ઞાનીઓનું ધ્યાન ખેંચે છે. તેની હયાતી થોડા જ વર્ષો અગાઉ જાણમાં આવી, પણ તેને હાથ કરવાનો ઉપાય જડતો ન હતો. ૧૯૨૭માં એક જર્મન શોધકે અંધારામાં પણ તેને પ્રકાશતી જોઈ ને સિદ્ધ કરી.

પ્રોટીઃ [અં.] ન. શરીરમાં માંસ અને પેશી બનાવનાર મુખ્ય પદાર્થ.

પ્રોટીન [અં.] ન. ખોરાકમાં રહેલું એક તત્ત્વ; પ્રાણીનું માંસપોષક એક અંગ.

પ્રોટેક્ટરેટ [અં.] ન. વાલીપણું.

પ્રોટેસ્ટ [અં.] જુ. વાંધો.

પ્રોટેસ્ટંટ [અં.] પું. રોમન કેથલિક ધર્મના લોકોના ધર્મગુરુ પોપના અધિકાર તથા મૂર્તિપૂજાની સામે વાંધો લેનાર ખ્રિસ્તી લોકોનો એ નામનો એક સંપ્રદાય. તેનો આરંભ સોળમા સૈકામાં યુરપમાં થયો. આજે પણ આ સંપ્રદાયના લોકોની સંખ્યા ઘણી મોટી છે.

પ્રોટોનોટરિ [અં.] પું. ન્યાયની અદાલતનો ખિતાબદાર; 'પ્રોથોનોટરિ'.

પ્રોટોપ્લેઝમ [અં.] ન. પ્રાણરસ; પ્રાણમૂલ.

પ્રોડક્ટ [અં.] સ્ત્રી. ઉત્પન્ન થતી વસ્તુ; પેદાશ; નીપજ.

પ્રોડક્શન [અં.] ન. ઉત્પત્તિ; નીપજ.

પ્રોઢ ૧. [સં.] પું. બાણના બાણનો અંગ.

૨. વિ. ત્રીસથી પંચાવન વર્ષની ઉમરનું; પ્રગલ્ભ; પીઢ; પાકટ.

૩. વિ. નિપુણ.

૪. વિ. પાકેલું; પૂર્ણ દશામાં આવેલું.

૫. વિ. દૃઢ.

૬. વિ. ગંભીર.

પ્રૌઢા ૧. [સં.] સ્ત્રી. ત્રીસથી પંચાવન વર્ષની ઉમરની સ્ત્રી; પ્રૌઢા.

૨. સ્ત્રી. સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા.

પ્રૌઢિ ૧. [સં.] સ્ત્રી. ભપકાઈ ઢાંકવી તે.

૨. સ્ત્રી. સમર્થપણું; સામર્થ્ય.

૩. સ્ત્રી. હોશિયારી.

પ્રૌઢું વિ. પ્રૌઢ.

પ્રોણ ૧. પું. એક જાતનો તોલ. અત્રોસ પાશા અથવા ચોસઠ કાચા રૂપૈયાનો એક પ્રોણ થાય છે.

૨. સ્ત્રી. (કચ્છી) પાવણનો ઊતારો આપવો તે.

પ્રોણો પું. (કચ્છી) પરોણો; મહેમાન.

પ્રોત ૧. પું. પરોત; પરોધ; કુળગોર; પુરોહિત.

૨. સ્ત્રી. ગાડાખૂની એ નામની એક ઝટક.

૩. ન. એ નામની ઝટકનું માણસ.

૪. [સં.] ન. પોત; સીવેલું વસ્ત્ર.

૫. ન. સીવ્યું તે; સાધ્યું તે; ટાંકા મારવા તે.

૬. વિ. આડું કે ઊભું વિસ્તાર કરેલું.

૭. વિ. એ નામની ઝટકનું.

૮. વિ. ગાયું પાડેલું

૯. વિ. ખૂબ ગૂંથાયેલું; ઘુપાયેલું; ઓતપ્રોત.

૧૦. વિ. સારી રીતે ભરોયેલું; સીવેલું; જડેલું.

પ્રોતફેલ [સં.] ન. એક જાતનું તાડનું ઝાડ.

પ્રોતફુલ્લ [સં.] વિ. વિકસિત; પ્રફુલ્લ; ખીલેલું.

પ્રોતમ ૧. [સં.] વિ. અત્યંત ઉત્કૃષ્ટ.

૨. વિ. ઘણું આતુર; બહુ તીવ્ર.

૩. વિ. પ્રીતિપાત્ર.

પ્રોતર્ષ [સં.] પું. અત્યંત ઉત્કર્ષ; વધી જ ચાલતી.

પ્રોત્તેજિત [સં.] વિ. અત્યંત ઉત્તેજન આપેલું; ખૂબ પ્રેરેલું.

પ્રોત્થિત [સં.] વિ. આધારે રાખેલું; ઊંચું કરેલું.

પ્રોત્ફુલ્લ [સં.] પું. સિંહના મુખમાંના આગરનાં દાંતવાળું એક ઝાડ.

પ્રોત્ફુલ્લ [સં.] વિ. સારી રીતે ખીલેલું; વિકસેલું.

પ્રોત્સાહ [સં.] પું. અંતરનો ઉત્સાહ; ઉમળકો; અત્યંત હોંસ; ઉમંગ.

પ્રોત્સાહક [સં.] વિ. ઉત્સાહ આપે એવું; ઉત્તેજક; હોંસ કરાવે એવું; હિંમત આપનારું; પ્રોત્સાહન કે ઉત્તેજન આપતું.

પ્રોત્સાહન ૧. [સં.] ન. ઉત્સેરવું તે; ખૂબ ઉત્સાહ કે ઉત્તેજન આપવું તે.

૨. ન. એ નામે એક નાટ્યાચાર્યકાર.

૩. ન. ખૂબ ઉત્સાહ; ચુસ્સો; હોંસ; ઉમેદનો ઊભરો.

પ્રોત્સાહિત [સં.] વિ. ઉત્તેજિત; પ્રોત્સાહન પામેલું; સારી રીતે ઉત્સાહ આપેલું; ખૂબ હિંમત અપાયેલું.

પ્રોત્સાહી [સં. પ્રોત્સાહિન્] વિ. ઉત્સાહથી ભરેલું.

પ્રોથ્ ૧. [સં.] અ ક્રિ. પરિપૂર્ણ થવું.

૨. અ. ક્રિ. સમર્થ થવું

૩. સ. ક્રિ. ભરવું.

પ્રોથ ૧. [સં.] પું. ઝમર; કેડ.

૨. પું. કૂલો; ઢગરો.

૩. પું. ખાડો

૪. પું. ઘોડાના નાકનો આગળનો ભાગ; ઘોડાનું મોઢું.

૫. પું. જૂનું લાકડું.

૬. પું. નાભિની નીચેનો ભાગ.

૭. પું. મુસાફર; વટેમાર્ગુ; પથિક.

૮ પું. સાદી.

૯. પું. સુવરનું લાંબું નીકળેલું મોં.

૧૦. પું. બીજું ગર્ભાશય.

૧૧. પું. ઓનો ગર્ભ.

૧૨. વિ. પ્રવાસ કરનાર; ફરનાર.

૧૩. વિ. પ્રસિદ્ધ; પ્રખ્યાત.

૧૪. વિ. ભયાનક; ભીષણ.

૧૫. વિ. રાખેલું; સ્થાપેલું.

પ્રોથમ ૧. [સં.] ન. ઘોડાનો હણહણાટ.

૨. ન. મુખનો શબ્દ; મોઢેથી શબ્દ કરવો તે.

પ્રોષ્ઠ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં બગણ અને નગણ મળી ૭ વર્ણ હોય છે.

૭ પ્રોષ્ઠા મનથી. સ્વપ્નિલ

પ્રોષી [સં. પ્રોષિન્] પું. અશ્વ; ઘોડો.

પ્રોષોનોટરિ [અં.] પું. ન્યાયની અદાલતનો શિરસ્તેદાર.

પ્રોદ્દીપ્ત [સં.] વિ. ખૂબ બળતું.

પ્રોપેગેંડા [અં.] પું. પ્રચારકાર્ય. ઉપદેશ, વિજ્ઞાપન, પુસ્તક, સમાચારપત્ર વગેરે મારફત કોઈ મત, વાદ કે સિદ્ધાંતનો પ્રચાર કરવાનું કાર્ય.

પ્રોપેલર [અં.] ન. ગતિ આપનાર સંચો.

પ્રોપોઝલ [અં.] સ્ત્રી. પ્રસ્તાવ; દરખાસ્ત.

પ્રોપ્રાયટર [અં.] પું. માલિક; સ્વામી; અધ્યક્ષ.

પ્રોફિટ [અં.] પું. નફો; લાભ; હાંસલ; મુનાફો.

પ્રોફેશનલ [અં.] વિ. ધંધાદારી.

પ્રોફેસર [અં.] પું. મહાવિદ્યાલયનો અધ્યાપક; ઘરકોઈ વિષયનો પૂર્ણ પંડિત; પ્રાધ્યાપક.

પ્રોબેટ [અં.] સ્ત્રી. વસિયતનામાના અરપણાનો દાખલો; મૃત્યુલેખનું પ્રમાણપત્ર.

પ્રોબેશન [અં.] ન. અજમાયશ; પરીક્ષા; તપાસ; કોઈ વ્યક્તિના કાર્યના સંબંધમાં કરવામાં આવતી પરીક્ષા; કામ કરવાની યોગ્યતાની બાબતમાં તપાસ.

પ્રોબેશનર [અં.] પું. અજમાયશી ઉમેદવાર.

પ્રોબેશનરિ ૧. [અં.] વિ. લાયકાતની અજમાયશ સંબંધી.

૨. વિ. સંતોષજનક કામ કરતાં કાયમી નિમણૂક થવાની શરતે જેને રાખવામાં આવે તેવું.

પ્રોમિસરિ [અં.] વિ. કબૂલત આપનારું.

પ્રોમિસરિ નોટ ૧. [અં.] સ્ત્રી. વાયદાચિઠ્ઠી; વચનપત્ર.

૨. સ્ત્રી. સરકારી કુંડી.

પ્રોમિસરિ લોન [અં.] સ્ત્રી. સરકારે અમુક રકમના કાઢેલા કાગળ. તેનું બજાર મારફત મળે છે અને તે હૂંડીની પેઠે બજારભાવ પ્રમાણે વેચી શકાય છે.

પ્રોમોશન ૧. [અં.] ન. કોઈ ધોરણમાંથી તેની ઉપરના ધોરણમાં વિદ્યાર્થીનું ચડવું તે.

૨. ન. કોઈ હોદ્દેદારનું પોતાના હોદ્દા કરતાં ઊંચા હોદ્દા ઉપર નિયુક્ત થવું તે.

પ્રોવાવું જ. ક્રિ. તલ્લીન થવું; એકતાર થવું; જોડાવું; ગૂંથાવું.

મારો પ્રાણ તુંમાં પ્રોવાયો જો. દયારામ

પ્રોવિઝન [અં.] ન. ખાવાની ચીજ; ઓરાકીનો સામાન.

પ્રોવિઝનલ [અં.] વિ. હંગામી; કામચલાઉ.

પ્રોવિડંટ ફંડ [અં.] ન. ભવિષ્ય માટે જોડું કરાતું ભંડોળ.

પ્રોવિન્સ [અં.] પું. પ્રાંત; વિભાગ.

પ્રોવું [સં. પ્રોત (પરોવેલું)] સ. ક્રિ. પરોવવું; દાણા કે નાકામાં દોરો ઘાલવો.

મ્હારામાં જ મન રાખ, મ્હારામાં બુદ્ધિ પ્રોય તું; તો મ્હારામાં જ નિઃસંશ, તું રહીશ હરે પળ. નાનાલાલ

પ્રોષ ૧. [સં.] ન. બહુ દુઃખ; સંતાપ.

૨. ન. દાહ; બળતરા.

પ્રોષક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક દેશ.

પ્રોષિત ૧. [સં.] પું. (કામ્ય) સ્ત્રીના વિયોગથી આકુળ બનેલો પતિ; વિરહી નાયક.

૨. વિ. ગેરહાજર; દૂર ગયેલું.

૩. વિ. પરદેશ ગયેલું; વિદેશ ગયેલું; પ્રવાસે ગયેલું.

પ્રોષિતનાયક જુઓ પ્રોષિતપતિ.

પ્રોષિતનાયિકા જુઓ પ્રોષિતપતિકા.

પ્રોષિતપતિ [સં.] પું. વિરહી નાયક; સ્ત્રીના વિયોગથી આકુળ નાયક.

પ્રોષિતપતિકા ૧. [સં.] સ્ત્રી. પતિ પરદેશ જવાથી વિયોગી કોકાતુર સ્ત્રી; વિજોગણ; વિયોગી નાયિકા. સાહિત્યમાં એના મુગ્ધા, મધ્યા, સ્વકીયા, પરકીયા એવા ભેદ છે.

૨. વિ સ્ત્રી. વિરહિણી; જેનો પતિ પરદેશ હોય એવી.

પ્રોષિતપત્નીક [સં.] વિ. પું. જેની પત્ની પરદેશ ગઈ હોય એવો.

પ્રોષિતભર્તૃકા જુઓ પ્રોષિતપતિકા.

પ્રોષિતભાર્ય [સં.] પું. જી પરદેશ જવાથી વિરહી પતિ.

પ્રોષિતભર્તૃક [સં.] વ. પરદેશમાં મરણ; પ્રવાસમાં મૃત્યુ.

પ્રોષિતા જુઓ પ્રોષિતપતિકા.

પ્રોષ્ઠ ૧. [સં.] પું. ઓઠ જાતનું માપવું; સોરી.

૨. પું. બળદ.

૩. પું. મહાભારતમાં જણાવેલો દક્ષિણમાંનો એ નામનો એક પ્રાચીન દેશ.

૪. સ્ત્રી. ગાય.

પ્રોષ્ઠપદ ૧. [સં.] ન. ભાદરવો મહિનો.

૨. ન. (જ્યોતિષ) પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર.

પ્રોષ્ઠપદા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વા ભાદ્રપદ અને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર.

પ્રોષ્ઠપદી ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર

૨. સ્ત્રી. ભાદરવી પૂર્ણિમા.

પ્રોષ્ઠપાદ ૧. [સં.] ન. (જ્યોતિષ) પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર.

૨. વિ. પૂર્વા ભાદ્રપદ કે ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં જન્મેલું.

પ્રોષ્ઠી ૧. [સં.] સ્ત્રી. ગાય.

૨. સ્ત્રી. ઓરી જાતની માવજી.

પ્રોષ્ઠીગર્ભ ન. ઓરી જાતની માવજી. આ જાતની માવજીમાં બનાવે મોતી અણોઠી જેવા કદનું અને લાલ સફેદ મિશ્ર રંગનું હોય છે.

પ્રોષ્ય [સં.] વિ. બહુ ગરમ; બહુ ઊનું.

પ્રોસીક્યુટર [અં.] પું. ફોજદારી કામ ચલાવનાર માણસ.

પ્રોસીક્યુશન [અં.] ન. ફોજદારી કામ ચલાવવું તે; કાયદાની અદાલતમાં ગુનેગાર ઉપર કામ ચલાવવું તે.

પ્રોસીડ સિગ્નલ [અં.] પું. આગળ વધવાની નિશાની.

પ્રોસીડિંગ ૧. [અં.] ન. કામની નોંધ; રોજકામ; સભાના કામકાજની હકીકત; રોજનામું.

૨. ન. કોઈ અદાલતની સત્તાથી કે હુકમથી કરવામાં આવેલું કામ.

પ્રોસેશન [અં.] ન. સરઘસ.

પ્રોસેસ ૧. [અં.] પું. અદાલત તરફથી નીકળતું આજ્ઞાપત્ર કે સૂચનાપત્ર.

૨. પું. દોરાની કસમાં લાગ્યા વગરનો હુકમ.

પ્રોસ્ટેટ ગ્રંથિ સ્ત્રી. (વૈદક) બસ્તિની અંદર મોપરીનાં જેવી કંઈક આકારની ગુદા અને મૂત્રાશયની વચમાં આવેલી ગાંઠ. તેની અણી આગળ અને બાજુ ભાગ પાછળ હોય છે. મૂત્રમાર્ગનો પ્રથમ ભાગ આ ગ્રંથિમાં થઈ ને જાય છે. તેમાં સ્નાયુ, શ્વેતતંતુ અને રસોત્પાદક પદાર્થ છે. તેમાંથી પેદા થતો રસ જુદા જુદા પંદર વીસ મોઢાથી મૂત્રમાર્ગમાં વહે છે. સ્ત્રીઓને આ ગ્રંથિ હોતી નથી.

પ્રોસ્પેક્ટસ [અં.] ન. વિજ્ઞાપનપત્ર; બજાનનામું; પ્રસિદ્ધિપત્ર; વિવરણપત્ર.

પ્રોઢ ૧. [સં.] પું. તર્ક; વિચાર.

૨. પું. પર્વ.

૩. પું. સંધિ; સાંધો.

૪. પું. હાથીના પગની ઘૂંટી.

૫. પું. હાથીનો પગ.

૬. વિ. ઊંચું.

૭. વિ. વાદવિવાદ કરનાર.

૮. વિ. વિચાર કરનાર; બુદ્ધિમાન.

૯ વિ. સારી રીતે વહેનાર.

પ્રોઢણીય [સં.] વિ. તર્ક કરવા લાયક; વિચારવા જેવું.

પ્રોઢવું જ. ક્રિ. પરોવવું; પ્રોવું.

પરનારે તેડું કર્યાનું રે, જોઉં મન પ્રોઢી પ્રોઢીને. જીવરામ

પ્રોહિત [સં. પુરોહિત] પું. પુરોહિત; ગોર.

દેવરાસરિ, વિપ્ર પ્રોહિત. કાન્હડદેપ્રબંધ

પ્રોહ્યોચ્ચાર પું. સત્કાર; બહુમાનસૂચિ.

પ્રોહ્યોજ્યો પું. બહુમાન; અતિથિ.

પ્રોંચ્છિત સ્ત્રી. વલોણું; રવાઈ.

પ્રોંછન ૧. [સં.] ન. રુંજોહરણ.

૨. ન. લૂછવું તે.

પ્રોંછની સ્ત્રી. સાવરણી; પૂંજણી.

પ્રોંછિતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

સ ર લે પ્રોંછિતા જ રણપિંગળ

પ્રોંઠ [સં] ન. ચૂંકાની.

પ્રોંણ્યો પું. બહુમાન; અતિથિ.

પ્રૌઢ ૧. [સં.] ન. તાંત્રિકોનો ચોવીસ અક્ષરનો એક મંત્ર

૨. ન. સામવેદનો એ નામનો એક વેદવિભાગ.

૩. વિ. ઉદ્ધત; અવિનયી.

૪. વિ. ગંભીર; ગૂઢ.

૫. વિ. ચતુર; નિપુણ

૬. વિ. જેમાં ભેલાપણું ન હોય એવું

૭. વિ. દેખાવમાં ભવ્ય; શ્રેષ્ઠ; વિશાળ.

૮. વિ. પુખ્ત ઉમરનું; સમજવાળું; અધેડ; પ્રૌઢ; ઉમરલાયક; પાકી ઉમરનું; પાકટ; ત્રીસથી પચાવન વર્ષની ઉમરનું.
૯. વિ. પ્રૌઢિવાળું; મઢેલું; પાકું.
૧૦. વિ. ભરપૂર; ભરેલું.
૧૧. વિ. મોટું; વધેલું; ઉંચું.
૧૨. વિ. વહન કરેલું.
૧૩. વિ. વિચારશીલ; ઉચ્ચ આશય અને ઉચ્ચ વિચારવાળું.
૧૪. વિ. વિદ્યા, કલાકૌશલ્ય કે દેખાવથી માનવંતું; ગંભીર; ભારેખમ.
૧૫. વિ. વિવાહ કરેલું.
૧૬. વિ. વિવેકથી ભરેલું; ડાહ્યું.
૧૭. વિ. વિશ્વાસુ.
૧૮. વિ. હિંમતવાળું.

પ્રૌઢ કીટક [સં.] ન. ઉંમરની અવસ્થાનો કીડો.

પ્રૌઢતા ૧. [સં.] સ્ત્રી. ગંભીર્ય; ગૌરવ.
૨. સ્ત્રી. પુખ્તપણું.
૩. સ્ત્રી. પ્રભાવ; ઉન્નતતા.
૪. સ્ત્રી. મજબૂતી; બળ.
૫. સ્ત્રી. મોટાઈ; પ્રૌઢપણું; પ્રૌઢિ; ઉચ્ચતા.
૬. સ્ત્રી. વિદ્વાનતા.
૭. સ્ત્રી. વિશ્વાસુપણું.

પ્રૌઢત્વ જુઓ પ્રૌઢતા.

પ્રૌઢપણું જુઓ પ્રૌઢતા.

પ્રૌઢપાદ ૧. [સં.] ન. પગનાં તળિયાં જમીન ઉપર રાખી બેસવું તે. શાસ્ત્રમાં આમ બેસી ભોજન, સ્નાન, તર્પણ, પૂજન, અધ્યયન વગેરે કામ કરવાનો નિષેધ છે.
૨. વિ. આસન ઉપર જેણે પગ રાખ્યા હોય એવું; આસન ઉપર પગ મૂકી બેસનાર.
૩. વિ. પગ ઉપર પગ ચઢાવેલું.

પ્રૌઢપ્રતાપ [સં.] વિ. યુદ્ધમાં જેણે બહાદુરી મેળવી હોય તેવું; મહાપ્રતાપી.

પ્રૌઢબ્રાહ્મણ [સં.] ન. સામવેદના આઠ માંહેનો એક વિભાગ. તેનાં પચીશ પ્રકરણ છે, તેથી તેને પંચવિંશ પણ કહે છે.

પ્રૌઢભાષી વિ. ડોળથી બોલનાર.

પ્રૌઢમનોરમા [સં.] સ્ત્રી. ભટ્ટોજી દીક્ષિતકૃત સિદ્ધાંત કૌમુદીની એક વ્યાખ્યા.

પ્રૌઢવાદ ૧. [સં.] પું. બહાદુરી કે હિંમતભર્યું કથન.
૨. પું. વાદીના કથનનો અંગીકાર કરીને તેનો પરાજય કરનાર વાદ.

પ્રૌઢ શિક્ષણ [સં.] ન. પુખ્ત ઉમરનાંને અપાતું શિક્ષણ; લોકશિક્ષણ; સમાજશિક્ષણ; નાગરિકના ધર્મો કે અધિકારોની કેળવણી. પ્રૌઢ શિક્ષણનો અર્થ સામાન્ય પ્રણાલી મુજબ નીચલી પંક્તિના પ્રૌઢોને શિક્ષણ આપવું એવો કરાય છે; પરંતુ તે વાસ્તવિક નથી. તેનો અરો અર્થ તો એમ છે કે પ્રૌઢોને અક્ષરજ્ઞાન ઉપરાંત સામાન્ય જ્ઞાન પણ આપવું અને સમાજમાં તે એક સ્વતંત્ર અને આદર્શ નાગરિક બને તેમ કરવું. આથી પ્રૌઢ શિક્ષણને બદલે કરીને સમાજશિક્ષણ કહેવામાં આવે છે. અગાઉના વખતમાં ગ્રામજનોને પ્રૌઢ શિક્ષણ આપવા માટે એક યા બીજી રીતે સ્થાનિક સભાઓ હતી. જેમકે, (૧) જે કોઈ ગામમાં વિદ્વાન માણસ હોય તેના ક્ષેમકુશળ માટે તેને કંઈ જમીન કે પ્રસંગોપાત બક્ષિસો આપવામાં આવતી. બદલામાં શ્લોકો, પુરાણ વગેરે વાંચી પોતે મેળવેલા જ્ઞાનનો પ્રચાર તે લોકોમાં કરતો. (૨) આ ઉપરાંત જુદે જુદે પ્રસંગે ઉત્સવો, મેળાઓ, નાટારંભો, દાંડિયારાસ, ગરબા વગેરે મારફત પણ લોકોને આનંદ સાથે પ્રૌઢ શિક્ષણ મળતું. પચાસ વર્ષ પહેલાં પ્રૌઢ શિક્ષણનાં આ બંને પ્રકારનાં અંગો અસ્તિત્વમાં હતાં; પરંતુ આજે એ બંનેનો વિલય થતો જાય છે. આથી પ્રૌઢ શિક્ષણને માટે કોઈ નવી જ વ્યવસ્થા કરવાની અત્યારે જરૂર રહે છે. પ્રૌઢ શિક્ષણનો પ્રચાર અત્યારે બીજા દેશોની માફક ભારતમાં પણ નીચે પ્રમાણે શરૂ થઈ ગયો છે. શાળાનું શિક્ષણ યોગ્ય રીતે જેમણે મેળવ્યું નથી, તેવા પ્રૌઢોને માટે આજ કરીને તેમના કામધંધાની સાથે અનુકૂળ ન થાય એવે સમયે શિક્ષણ આપવાને માટે પ્રૌઢશાળાઓ ખોલવામાં આવે છે. મામલતમાં લોકોની પ્રકૃતિપ્રકૃતિ પ્રમાણે અને રુચિ અનુસાર જલ્દેર તથા ફરતાં પુસ્તકાલયની વ્યવસ્થા કરાય છે. ભારતની વસ્તીના ૬૦ ટકા માણસો અભણ છે; માટે પ્રથમ તેમને અક્ષરજ્ઞાન આપવું જોઈએ કે જેથી તેઓ પુસ્તકાલયનો લાભ લઈ શકે. પ્રૌઢ શિક્ષણમાં વાસ્તવિક રીતે ત્રણ બાબતોનો સમાવેશ થાય છે: (૧) ઔદ્યોગિક શિક્ષણ, (૨) માહિતી આપવાનું શિક્ષણ અને (૩) સાંસ્કૃતિક શિક્ષણ. ઔદ્યોગિક શિક્ષણમાં સ્થાન પરત્વે જુદા જુદા પ્રકાર રખાય, જ્યારે સાંસ્કૃતિક શિક્ષણમાં આવા ભેદભાવ ઓછા રહે. ઔદ્યોગિક શિક્ષણમાં ત્રણ વિભાગ પાડી શકાય: મુખ્ય ધંધો, આનુષંગિક ધંધાઓ અને મૂળભૂત શાસ્ત્રોની પશ્ચાદ્‌ભૂમિકા. ઔદ્યોગિકશિક્ષણમાં ખેતી એ મુખ્ય ધંધો છે. શહેરના પ્રૌઢો કરતા ગ્રામ્યપ્રૌઢોને આ વ્યવસાયમાં વધારે અનુકૂળતા પડે; માટે ખેતીના ધંધાને અદ્યતન દૃષ્ટિએ વિચારી તેને પ્રૌઢ શિક્ષણને માટે ઉપયોગમાં લઈ શકાય. આ ઉપરાંત બીજા કેટલાક આનુષંગિક ધંધાઓ જે અત્યારે સુપ્રકાશ થઈ ગયા છે, તેને પણ સજીવન કરવા જોઈએ. વળી પ્રૌઢો બાળકો કરતાં વધારે અનુભવી હોય છે અને તેને નવરાશને સમયે એકત્રિત કરવામાં આવ્યા હોય છે. આથી તેઓને ધંધાવિષયક જ્ઞાન જરા વિસ્તારથી અને વધારે ઉત્સાહપૂર્વક આપવું જોઈએ. અંગત સ્વચ્છતા, સ્વાસ્થ્યરક્ષા અને ગ્રામસફાઈ જેવા વિષયોથી શરૂ કરી ક્રમશઃ ખેતીવાડી સાથે સંબંધ ધરાવતી આર્થિક ભૂગોળ, સહકારી પ્રવૃત્તિઓ, સ્થાનિક સ્વરાજ્ય, સરકારી કરવેરા, લોકશાહીમાં રાજ્યબંધારણ અને લોકશાહીમાં વ્યક્તિની કરવેરા જેવા જોડા વિષયો ઉપરની માહિતી અપાય. મૂડીની ગ્રામજીવન પરત્વેના ભાવિ આર્થિક સંબંધો તેમ જ કરવેરા નાગરિક ઉપર અવલંબતું પ્રજાકલ્યાણ જેવા વિષયોનું પણ પ્રૌઢોને જ્ઞાન અપાય. સાંસ્કૃતિક જીવન એટલે જીવન જીવવાની કલાત્મિકતા. વિશિષ્ટ અને કલાત્મિક જીવનરાહ એટલે જ સંસ્કાર. સંસ્કાર મનુષ્યની વાણી, નીતિ અને આધ્યાત્મિકતાને રંગે છે. સંસ્કાર એ વારસો છે. અનેકવિધ સંઘર્ષો વચ્ચે પણ પ્રાચીન સંસ્કૃતિ ટકી રહે છે. ભારતનો સંસ્કારનિધિ એ રીતે વિશિષ્ટ છે. બીજા અનેક સંસ્કારોને પોતાના કર્યા જતાં ભારતે હજુ સુધી પોતાના મૂળ સંસ્કાર જાળવી રાખ્યા છે. પ્રૌઢ શિક્ષણમાં સાંસ્કૃતિક શિક્ષણ ત્રણ પ્રકારનું છે: માહિતીપૂર્ણ, વાણીવિષયક, અને નૈતિક કે આધ્યાત્મિક. માહિતીપૂર્ણ જ્ઞાન ઇતિહાસ પુરાણાદિમાં સંગ્રહાયેલ મહાપુરુષોનાં જીવનચરિત્રો અને જીવનપરિચયો મારફત આપી શકાય. વાણીવિષયક, નૈતિક કે આધ્યાત્મિક સંસ્કારો માટે પણ પ્રાચીન ગ્રંથો ઉપર આધાર રખાય. કાવ્ય, નાટક, વાર્તા, સંગીત, નૃત્ય, ચિત્રકામ, વગેરે મારફત પણ વાણીવિષયક શિક્ષણ પૂરું પાડી શકાય. આમ પ્રૌઢોને હમેશાં ધર્મ વધુ ઊંડી અસર કરે છે. ધર્માંધતા કે અસહિષ્ણુતાના વિકાસ માટે નહિ, પણ સહિષ્ણુતા અને સર્વધર્મસમન્વયની ભાવનાનું ઉદ્દીપન થાય અને સારા સંસ્કારો પ્રાપ્ત થાય એ પ્રકારનું ધાર્મિક શિક્ષણ પ્રૌઢ શિક્ષણમાં આપવું જોઈએ. પ્રૌઢ શિક્ષણ માટે સૌથી વધુ આવશ્યકતા તાલીમ પામેલા શિક્ષકોની છે. વળી આવા તાલીમ પામેલ શિક્ષકોને અવશ્ય શિક્ષણસાહિત્ય પૂરું પાડવામાં આવે તો જ કાર્ય સરે. પુસ્તકાલયો અદ્યતન પુસ્તકોથી સમૃદ્ધ હોવાં જોઈએ. પ્રૌઢ શિક્ષણ સંબંધે ઉપર

દર્શાવેલ પ્રમાણભૂત વિચારો રજૂ કરનાર અખિલ ભારત પ્રૌઢ શિક્ષણ મંડળના મંત્રી રંગનાથમ પ્રૌઢ શિક્ષણની સફળતા માટે સૂચવે છે કે: (૧) રાજ્ય તરફથી પ્રૌઢ શિક્ષણ માટે એક સ્વતંત્ર પ્રબંધ થવો ઘટે. પ્રૌઢ શિક્ષણ બાળકો જેવું જ એક જુદું હોય. આ બાબતે શારદા શિક્ષણનું સાહિત્ય, ઉપકરણ અને તાલીમ પામેલા શિક્ષકોની જોગવાઈ થાય. અભ્યાસવર્તુળો કે એવી પ્રવૃત્તિઓને રાજ્યનાં અનુમોદન અને સક્રિય સહાનુભૂતિ મળે. દરેક કૉલેજમાં પ્રૌઢ શિક્ષણ એ એક અભ્યાસનો વિષય બને. જ્યાં પ્રૌઢ શિક્ષણની શિક્ષકોને તાલીમ મળે એવો પ્રબંધ હોય અને પ્રૌઢ શિક્ષણના સંશોધનનો પણ એક વિભાગ હોય. (૨) સહાય વગેરે આપી પ્રજાના સહકારથી દેશવ્યાપી પુસ્તકાલયમાંની પ્રવૃત્તિઓ ચાલે. દરેક શહેર, તાલુકા કે ગામડાંઓને પુસ્તકો પૂરાં પાડવામાં આવે. ફરતાં પુસ્તકાલયોની પણ વ્યવસ્થા થાય. પ્રૌઢો સામાજિક, આર્થિક, રાજકીય, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક કે એવું ઉપયોગી જ્ઞાન જેમાંથી મેળવી શકે એવાં સરળ પુસ્તકો પણ ખાસ તૈયાર કરાવવામાં આવે. પ્રજાવાદના આ જમાનામાં આબાલવૃદ્ધ સૌ કેળવાયેલાં હોવાં જોઈએ અને તેમ હોય તો રાજ્યની ઉન્નતિનો આંક અનોખો. આ સંયોગોમાં પ્રૌઢ શિક્ષણને અનિવાર્ય સમજી પ્રજાએ પણ પોતાની ફરજ બજાવવાનું રહે છે. તદુપરાંત બાળકેળવણી, પ્રાથમિક કેળવણી, ઉચ્ચ કેળવણી એ બધા માટે ક્રમદા અને ધારાઓનું રક્ષણ અને જોગવાઈ થયેથી જ હોય છે, ત્યારે પ્રૌઢ શિક્ષણ માટે રાજ્યે આમ ધારો ઘડવો જોઈએ અને સત્તાની વિકેન્દ્રીકરણની પદ્ધતિએ કેળવણી પ્રધાનથી માંડી તાલુકા સમિતિ, સ્થાનિક પ્રૌઢ શિક્ષણ સંસ્થાઓ અને પ્રજાકીય પ્રયત્નો સુધી પ્રૌઢ શિક્ષણના પ્રચારને વેગ મળે એવી ગોઠવણીની વ્યવસ્થા હોવી જોઈએ. મહાત્મા ગાંધીજી તો એટલે સુધી કહે છે કે: એટલું સારું કે પુખ્ત વયની સઘળી વ્યક્તિઓને મતાધિકાર આપો તેની સાથે અગર તેનાથી યે આગળ સૌ કોઈને કેળવણી આપો. મારા કહેવાની મતલબ એવી નથી કે સૌ કોઈને વાંચતાં લખતાં શીખવો. વાંચતાં લખતાં શીખવાથી માણસની બાકીની કેળવણીમાં જેટલી મદદ થાય છે તેટલા પૂરતું એ ભલે શીખવાય. આપણે પ્રામાણિકપણે ને અંતરની ઊલટથી મંડી પડીએ તો આપણી પ્રજાને નાગરિકપણાના ધર્મો અને અધિકારોની કેળવણી બહુ ટૂંકા વખતમાં આપી શકાય.

પ્રૌઢા ૧. [સં.] સ્ત્રી. ઉમરે પહોંચેલી અને પ્રેમ સમજનારી સ્ત્રી; ત્રીસથી પંચાવન વર્ષ સુધીની સ્ત્રી; પ્રમદા.

૨. સ્ત્રી. (કાવ્ય) ત્રણ પ્રકારની વૃત્તિ.

> શ્રુતિ આવથી જ જે પોતાના અર્થને હાથમાં રહેલા બીજાની માફક જણાવી આપે છે તે રાજસી પ્રૌઢા વૃત્તિ જાણવી. કાવ્યશાસ્ત્ર

૩. સ્ત્રી. રસશાસ્ત્રમાં ત્રણ પ્રકારની નાયિકામાંની પુખ્ત ઉમરે પહોંચેલી, પુખ્ત સમજવાળી ને પ્રેમ સારી પેઠે જાણનારી સ્ત્રી; મદની અવસ્થાથી જેની લાજ ગયેલી છે એવી નાયિકા. ભાવપ્રકાશ પ્રમાણે પ્રૌઢા વર્ષા અને વસંત ઋતુમાં સંભોગ કરવા યોગ્ય છે. સાહિત્યમાં તેના બે પ્રકાર છે: રતિપ્રૌઢા અને આનંદસંમોહિતા. માનભેદ પ્રમાણે તેના ત્રણ પ્રકાર આપેલા છે: ધીરા, અધીરા અને ધીરાધીરા. તેના સ્વભાવ મુજબ ત્રણ પ્રકાર છે: અન્યસુરતદુઃખિતા, વક્રોક્તિગર્વિતા અને માનવતી. આ ઉપરાંત સ્વકીયા, પરકીયા અને સામાન્યા એમ પણ ત્રણ પ્રકાર કહેવાય છે.

પ્રૌઢા અધીરા [સં. પ્રૌઢા (પ્રૌઢ નાયિકા) + અધીરા (ધૈર્ય વિનાની)] સ્ત્રી. પોતાના નાયકનાં વિલાસસૂચક ચિહ્ન જોઈને પ્રત્યક્ષ કોપ કરે તેવી પ્રૌઢા નાયિકા.

પ્રૌઢા કલહાંતરિતા [સં.] સ્ત્રી. એ નામની એક નાયિકા; સ્વયં પ્રિયનું અપમાન કરી પશ્ચાત્તાપ કરવાવાળી પ્રૌઢા નાયિકા.

પ્રૌઢા ધીરા [સં.] સ્ત્રી. ધીરા નાયિકાનો એક ભેદ; પોતાના પતિમાં વિલાસસૂચક ચિહ્ન દેખી પ્રત્યક્ષ કોપ કરવાને બદલે અંગ્ય રીતે ટોણાં મારી ગુસ્સો કરનારી પ્રૌઢા.

પ્રૌઢા ધીરાધીરા [સં.] સ્ત્રી. ધીરાધીરા નાયિકાનો એક ભેદ; પોતાના નાયકમાં પરસ્ત્રીગમનનાં ચિહ્ન દેખી કંઈક ખુલ્લી રીતે અને કંઈક વ્યંગપૂર્વક કોપ કરનારી પ્રૌઢા.

પ્રૌઢાવસ્થા [સં.] સ્ત્રી. પાકી ઉમર; પીઢ હોવાની અવસ્થા

પ્રૌઢાસન [સં.] ન. (યોગ) જમણા પગને ડીંચણથી વાળી ડાબા સાથળ ઉપર રાખવો તેવું યોગનું એક આસન. પિતા, ગુરુ વગેરે મોટા માણસની સામે આ આસને બેસવું નહિ એવો શિષ્ટ સંપ્રદાય છે.

પ્રૌઢિ ૧. [સં.] સ્ત્રી. ઉત્કંઠા; ઔત્સુક્ય; ઉત્સુકપણું.

૨. ઉત્તમ ક્રિયા; રીત.

૩. સ્ત્રી. ગંભીરતા; શરીરનું અને મનનું પુખ્તપણું.

૪. સ્ત્રી. ગૌરવ.

૫. સ્ત્રી. ચમત્કારિક, સંક્ષેપ કે વિસ્તારવાળું અને સાભિપ્રાય લખાણ.

૬. સ્ત્રી. ધૃષ્ટતા; બાઈ હાંકણી તે.

૭. સ્ત્રી. મોટાઈ; પુખ્તપણું; પ્રૌઢતા.

૮. સ્ત્રી. વાદવિવાદ.

૯. સ્ત્રી. વિચાર અને ભાષાની પ્રૌઢતા.

૧૦. સ્ત્રી. સામર્થ્ય; શક્તિ.

૧૧. સ્ત્રી. સાહસ.

૧૨. વિ. રીઢું; ઘણો વખત જામવાથી પુખ્ત થયેલું.

પ્રૌઢિવાદ પું. કોઈ કોર્યું કારણ નથી, કોઈ થતું યે નથી ને બનતે નથી, છે તેમ છે, અજ્ઞેયરૂપ પરમ સત્ય છે એવો મત; અજ્ઞેયવાદ.

પ્રૌઢું ૧. વિ. અત્યંત મોટું; વિશાળ.

૨. જુઓ પ્રૌઢ.

પ્રૌઢોક્તિ ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર. તેમાં એક વસ્તુના ઉત્કર્ષનો હેતુ ન હોવા છતાં તેનો હેતુ કલ્પીને વર્ણન કરવામાં આવે છે.

૨. સ્ત્રી. ગૂઢ રચના; કોઈ વાત અતિ વધારીને કહેવી તે.

પ્રૌષ્ઠ [સં.] ન. એક જાતની માછલી; સોરી.

પ્રૌષ્ઠપદ ૧. [સં.] પું. (પુરાણ) કુબેરનો ધનાધ્યક્ષ મંત્રી; કુબેરનો એ નામનો નિધિરક્ષક.

૨. પું. ભાદરવો મહિનો.

પ્રૌષ્ઠપદા સ્ત્રી. (જ્યોતિષ) ભાદરવા નક્ષત્ર.

પ્રૌષ્ઠપદિક [સં.] પું. ભાદરવો મહિનો.

પ્રૌષ્ઠપદી [સં.] સ્ત્રી. ભાદરવા મહિનાની પૂનેમ.

પ્રૌષ્ઠિક ૧. [સં.] વિ. મોટા કે લાંબા હોઠવાળું.

૨. વિ. સુંદર હોઠવાળું.

પ્રૌષ્ય પું કુબેરનો એ નામનો એક મંત્રી.

પ્લક્ષ ૧. [સં.] પું. પંજરનું ઝાડ.

૨. પું. એ નામનું એક તીર્થ.

૩. પું. બાનગી બારણું; ગુપ્ત દ્વાર.

૪. પું. પવિત્ર પીપળાનું ઝાડ; પીપળો.

૫. પું. મોટી ભઠ્ઠી; મોટો દરવાજો.

૬. પું. સાત મોટાનો એ નામનો એક દ્વીપ.

પ્લક્ષજાતા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી; સરસ્વતી નદીનું બીજું નામ.

પ્લક્ષતીર્થ [સં.] ન. હરિવંશ મુજબ એ નામનું એક તીર્થ; સરસ્વતી નદીના ઉદ્ગમસ્થાનનું નામ.

પ્લક્ષદ્વીપ [સં.] પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંઓથી બનેલા સાત માંહેનો એ નામનો એક દ્વીપ. તે બે લાખ યોજન વિસ્તારમાં છે. આ દ્વીપમાં એક સુવર્ણમય પીપળાનું ઝાડ છે. તે જંબુદ્વીપના જાંબુના ઝાડની પેઠે અગિયાર સો યોજન ઊંચું, અગિયાર સો યોજન શાખાઓના વિસ્તારવાળું અને ઘડામાં એક સો યોજન જાડું છે. આ ઝાડ ઉપરથી જ આ દ્વીપનું નામ પ્લક્ષદ્વીપ પડયું છે. આ દ્વીપમાં સાત જીભવાળો અગ્નિદેવ રહે છે. આ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રત રાજાનો પુત્ર ઇધ્મજિહ્વ હતો. એ ઇધ્મજિહ્વે એ દ્વીપના શિવ, યવીયસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત ને અભય નામના સાત ખંડ પાડી તે તે ખંડના નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા હતા. આ દ્વીપમાં પર્વત તથા નદીઓ પણ સાત જ પ્રસિદ્ધ છે. મણિકૂટ, વજ્રકૂટ, ઇંદ્રસોમ, જ્યોતિષ્માન, સુવર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ એ સાત મર્યાદાના પર્વતો અને અરુણા, નૃમણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા ને સત્યંભરા આ સાત મોટી નદી છે. વળી હંસ, પતંગ, ઊર્ધ્વાયન તથા સત્યાંગ નામના ચાર વર્ણના હજાર વર્ષના આયુષ્યવાળા લોકો ત્યાં રહે છે. તેઓનાં સંતાન દેવોના જેવા દેખાવનાં હોય છે. આ લોકો સૂર્યનારાયણનું વેદવિદ્યાથી ઉપાસન કરે છે. તેમાં શાંતભવ, શિશિર, સુખોદય, આનંદ, શિવ, ક્ષેમક અને ધ્રુવ નામે સાત વર્ષપર્વત અને મેધાતિથ, જ્યોતિષ્ટોમ, અગ્નિષ્ટોમ, સુમના અને વૈશ્વાજક નામના સાત પર્વત માનવામાં આવે છે. ભાગવતમાં એનાં વર્ષોનાં નામ શિવ, યવસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય આપેલા છે. કહેવામાં છે કે, આ દ્વીપમાં યુગવ્યવસ્થા નથી અને સદા ત્રેતાયુગ જેવી રહેલ છે. ત્યાં ચાતુર્વર્ણનો નિયમ છે.

પ્લક્ષપ્રસ્રવણ [સં.] ન સરસ્વતી નદીનું ઉત્પત્તિસ્થાન.

પ્લક્ષરાજ ૧ પું. સરસ્વતી નદી જ્યાંથી નીકળે છે તે સ્થાન.
૨ [સં.] પું. સોમયજ્ઞમાં આવેલું પીપળાનું મોટું ઝાડ

પ્લક્ષા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી, સરસ્વતી.

પ્લક્ષા દેવી [સં.] સ્ત્રી. સરસ્વતી નદી.

પ્લક્ષાવતરણ ૧. [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ. તે કુરુક્ષેત્રનું દ્વાર ગણાય છે. તેને સ્વર્ગદ્વાર પણ કહ્યું છે. અહીં મારુતી રાજાએ યજ્ઞ કર્યો હતો.
૨. ન. સરસ્વતી નદીનું ઉત્પત્તિસ્થાન.

પ્લગ ૧. [અં.] પું. ડાટો; ડૂચો.
૨ પું ઘાંટો.
૩. પું. મોટરમાં વપરાતું એક જાતનું યંત્ર. તેમાં સ્પર્ક ને વીજળીનો પ્રવાહ જાય છે.
૪. પું. વીજળીની બત્તી વગારવાનું બે કાણાંવાળું બાનું.

પ્લતિ [સં.] પું. એ નામનો એક વૈદિક ઋષિ.

પ્લમ્બેગો [અં.] સ્ત્રી. એક જાતની એક નરમ ધાતુ જેમાંથી ચોન્સિલ વગેરે બને છે.

પ્લવ ૧. [સં.] પું. ઊડીને કે ઊછળીને જનાર પક્ષી.
૨. પું. એક પ્રકારનું જળપક્ષી; બતક.
૩. પું. કારંડવ પક્ષી.
૪. પું. કૂકડો.
૫. પું. કૂદકો; ઠેકડો.
૬. પું. વાંદરો.
૭. પું જલાદ્ભવ; પાણીનું સ્થળ
૮. પું. ડૂબકી મારવી તે.
૯ પું. દેડકો.
૧૦. પું. પદ્માત્મક પુષ્પળ કવિતા; કુપદ.
૧૧. પું. પકડી વૃક્ષ.
૧૨. પું. નાકરો.
૧૩. પું. ઘેંટો.
૧૪. પું વાંદરો.
૧૫ પું. ઋતુ; વેરી.
૧૬ પું. શબ્દ
૧૭. પું. સાઠ માંહેનો એ નામનો એક સંવત્સર; પ્રભવથી પાંત્રીશમો સંવત્સર.
૧૮. ન. જળ.
૧૯. ન. એક જાતનું સુગંધી ઘાસ; મંજરતૃણ.
૨૦ ન. ગોપાલકાંજ.
૨૧. ન. તરવું તે.
૨૨. ન. નદીનું પૂર.
૨૩. ન. નાગરમોથ.
૨૪. ન. નાની હોડી; મછવો; નૌકા.
ઉડુપ ચેત નૌકા પ્લવ ઇરિ વહિત્ર જલયાન;
નામ નામ ચહી અવકેદધિ તર્યા પ્રવાહ અનન્ત.
પિંગળપ્રકોષ
૨૫. ન. નાહવું તે.
૨૬. ન. પ્રેરણા કરવી તે.
૨૭. ન. માણ્યાં પકડવાની જાળ.
૨૮. ન. ખોડલવું તે.
૨૯. વિ. કૂદનાર.
૩૦. વિ. ક્ષણભંગુર; બોધ વખતમાં નાશ પામે એવું.
૩૧. વિ. જનાર.
૩૨. વિ. ઝૂકતું.
૩૩. વિ. ડૂબકી મારનાર.
૩૪. વિ. તરતું; તરનાર.

પ્લવક ૧. [સં] પું. ચાંડાલ.
૨. પું. તરવારની ધાર ઉપર કે દોરડા ઉપર નાચનાર માણસ; નટવો.
૩. પું. દેડકો.
૪. પું. પાકર વૃક્ષ.
૫. પું. પીપળાનું ઝાડ.
૬. ન. એક જાતનું સુગંધી ઘાસ.
૭. વિ. કૂદનાર; કૂદતું જનાર.
૮. વિ. પાણીમાં તરનાર.

પ્લવગ ૧. [સં.] પું. જલકૂકડો; બતક
૨. પું. દેડકો.
૩. પું. વાંદરો.
૪. પું. ખિરીષ વૃક્ષ.
૫. પું. સૂર્યનો સારથિ.
૬. પું. કરણ.
૭ વિ. કૂદનાર; ઊછળનાર.
૮. વિ. તરનાર.

પ્લવગગતિ ૧. [સં.] પું. દેડકો.
૨. સ્ત્રી. દેડકાની ગતિ.
૩. વિ. કૂદીને ગતિ કરનારું.

પ્લવન ૧. [સં.] ન. કૂદી જવું તે.
૨. ન. ડૂબકી મારવી તે.
૩. ન. પાણી ઉપર તરવું તે; તરણ.
૪. ન. હોડી.
૫. વિ. અનુક્રમે નીચાણમાં જનાર.

પ્લવનશક્તિ [સં] સ્ત્રી. તરતા રહેવાનો ગુણ; તરણશીલતા; તરણશક્તિ.

પ્લવનશીલ [સં.] વિ. તરે એવું; હલકું; ડૂબે નહિ એવું.

પ્લવનશીલતા [સં.] સ્ત્રી. ન ડૂબવાનો ગુણ, તરણશીલ હોવાનો ગુણ.

પ્લવનાધાર [સં.] ન. જોખું; તરતું પીપ. તે સમુદ્રની અંદર રહેલ ખડક કે એવી કોઈ વહાણને હાનિકારક જગ્યા ઉપર તરતું રાખવામાં આવે છે. તેથી વહાણોને તે તરફ ન લઈ જતાં દૂરથી બતાવાય છે.

પ્લવપક્ષી [સં. પ્લવપક્ષિન્] ન. પાણીમાં તરનાર પક્ષી.

પ્લવમાન પૂંછ સ્ત્રી. ઉપયોગમાં લેવા માટે તૈયાર પૂંછ; 'ફ્લોટિંગ ટ્રેક્ટિલ'.

પ્લવર્ગ ૧. [?] પું. અગ્નિ.

૨. પું. જલપક્ષી.

પ્લવંગ ૧. પું. (પિંગળ) બોતેર માત્રા અને પ,૩ય તાલવાળો બેઠ જાતનો છંદ.

૨. [સં.] પું. કપિ; વાનર; વાંદરો

કપિ રાખામૃગ પ્લવિમુખ પ્રીત પ્લવંગ શાખા;
વાનર કરમાં નાળિયેર હેત વિમાતા કૂર.
ચિત્રભરતુમ્રેય

૩. પું. ઘોડો.

૪. પું. પીપળાનું ઝાડ; પ્લક્ષવૃક્ષ.

૫. પું. મૃગ; હરણ.

૬. પું. સાઠ માહેનો બોતેરાણસમો સંવત્સર; રહની વીશીનો પહેલો સંવત્સર.

પ્લવંગમ ૧. પું. બેઠ જાતનો રાગ.

૨. પું. (પિંગળ) બોતેર માત્રાનો બે નામનો બેઠ માત્રામેળ છંદ. તે મત્ત છંદનો ભેદ છે. તેમાં અગિયારમી અને પછી દરામી માત્રાએ યતિ આવે છે.

આદિ ગુરુની છ કલ અનુ પછી અનુપ્રાસ,
બાર ઉપર કરી જગણ ગુરુ પછી આઠમાસ,
બે પર ચારની તાલ ચતુર હર સૌ ભમો,
એહ પ્લવંગમ નામ ચિત્રે યતિ સો પરો.
અજ્ઞાતકવિ

૩. [સં.] પું. દેડકો.

૪. પું. (પિંગળ) પંદર અક્ષરનો બેઠ અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે જગણ, તગણ, જગણ અને રગણ હોય છે.

૫. પું. વાનર; કપિ; વાંદરો.

પ્લવંગમન્યાય [સં.] પું. વાંદરાની ફાળની પેઠે વધતું હોય તે માટે અપાતું દૃષ્ટાંત.

પ્લવાકા [સં.] સ્ત્રી. ત્રાપો; હોડી.

પ્લવિક ૧. વિ. કૂદીને તરનાર.

૨. વિ. કુશકી મારી તરનાર.

૩. વિ. ત્રાપા વડે તરનાર.

પ્લવિત [સં.] વિ. કૂદેલું; જળમય.

પ્લવિતા [સં. પ્લવિન્] વિ. તરનાર.

પ્લશ [અં.] ન. બેઠ બાજુએ રેવાંટીવાળું બેઠ જાતનું વિલાયતી કાપડ.

પ્લાઝ્મૂડ [અં] ન. બેઠ જાતનું ચાદરિયું. તે લાકડાનાં પાતળાં અને પહોળાં પડ સરેસથી જેવી રીતે ચોંટાડીને બનાવવામાં આવે છે કે વચ્ચેનું પડ ઉપરનાં પડની કાટખૂણ નસોમાં આવે છે.

પ્લક્ષ ૧. [સં.] ન. પ્લક્ષ વૃક્ષનું ફળ.

૨. ન. પ્લક્ષ વૃક્ષનો સમૂહ.

૩. વિ. પીપળા સંબંધી.

પ્લાટ ૧. પું. ઇમારત કે ખેતી માટેનો જમીનનો ટુકડો; 'પ્લૉટ'.

૨. પું. ઉપન્યાસ, નાટક, કાવ્ય વગેરેની વસ્તુ કે મુખ્ય કથાભાગ.

૩. પું. કાવતરું; ષડ્યંત્ર.

૪. પું. કોઈ કાર્ય કરવાની નક્કી કરેલી રીત.

૫. પું. ખેતી કે ઇમારત માટે કરેલા જમીનના ટુકડાનો બનાવેલો નકશો.

પ્લાટફૉર્મ જુઓ પ્લેટફૉર્મ.

પ્લાન પું. યોજના; 'પ્લૅન'.

પ્લાન્ટેશન ૧. ન. ઝાડ ઉછેરવાની જગ્યા; 'પ્લૅન્ટેશન'.

૨. ન. રોપણી; વાવણી.

પ્લાવ ૧. [સં.] પું. દેડકો.

૨. પું. ઓળું; કૂબો.

૩. પું. તરવું તે.

૪. પું. પરિપૂર્ણતા; પૂર આવું તે.

પ્લાવક ૧. [સં.] પું. વાનર; વાંદરો.

૨. ન. દરિયામાં જુદી જુદી ઊંડાઈએ આમથી તેમ તરતી વિવિધ જાત.

પ્લાવન ૧. ન. કોઈ પણ વસ્તુને ઊંચે ફેંકી તે

૨. ન. ખૂબ સારી પેઠે ધોવું તે.

૩. [સં.] ન. કુદાકડું તે.

૪. ન. તરવું તે.

૫. ન. તોફાન.

૬. ન. નાહવું તે; સ્નાન.

૭. ન. પાણીનું પૂર; ઓરતી.

૮. ન. પ્રવાહી પદાર્થનું ચોતરફ જવું કે રેલાવું તે

૯. ન. બરાબર ને ઊભરાય જાય તે પ્રમાણે પાત્રમાં પાણી વગેરે ભરવું તે.

પ્લાવની ૧. [સં.] સ્ત્રી. બેઠ પ્રકારનો પ્રાણાયામ. તેથી શરીર હલકું થાય છે અને પાણી ઉપર સહજ તરી શકાય છે.

૨. સ્ત્રી. ચૂતોની બેઠ જાતની ધારણા.

પ્લાવવું જ. ક્રિ. કુદાડવું; ભુડાડવું.

પ્લાવિત ૧. પું. (સંગીત) પંદર માહેના સુરકંપની બેઠ જાત; પ્લુત; ત્રણ લઘુના વેગથી સ્વરને કંપાવવા તે.

૨. [સં.] વિ. કુદાડેલું; તરબોળ.

૩. વિ. ડૂબી ગયેલું.

૪. વિ. પૂરવાળું.

૫. વિ. ભરેલું.

૬. વિ. ભીનું થયેલું.

પ્લાવિની ૧. [સં.] પું. બેઠ પ્રકારનો કુંભક પ્રાણાયામ. અર્ધપદ્માસન વાળી, જાતી બ્રહ્મ કાઢી, માથા તરફ બંને હાથ સાંધા કરી, હાથના અંગૂઠાના આંકડા પરસ્પર દૃઢ ભીડી, પૂરક વડે શરીરમાં આવેલા અધિક વાયુથી પેટને ઢોલ જેમ પરિપૂર્ણ કરી, સ્થિર થઈ રહ્યું તે પ્લાવિની કુંભક કહેવાય છે. આવી રીતે જેનું પેટ ઢોલ જેમ વાયુથી ભરેલું હોય એવો યોગી શરીર હળવું થઈ જવાથી સુખેથી અગાધ જલમાં કમળના પત્રની પેઠે રમણ કરે છે. આ કુંભક શરીરમાં શીતળતા ઉપજાવનારો મનાય છે.

૨. સ્ત્રી. મોટી હોડી. તે ૧૪૪ હાથ લાંબી, ૧૮ હાથ પહોળી અને ૧૪½ હાથ ઊંચી હોય છે.

પ્લાવી ૧. [સં. પ્લાવિન્] પું. કુશકી મારનારું પક્ષી

૨. વિ. ઉપર અને વહેતું; ઊભરાતું.

પ્લાવ્ય [સં.] વિ. પાણીમાં કુદાડવા યોગ્ય.

પ્લાશિ [સં.] સ્ત્રી. શિશ્ન કે શિશ્નના મૂળમાં આવેલી નાડી.

પ્લાશુક ૧. [સં.] પું. જલદી રોપી શકાય એવી બેઠ જાતની કાંકર.

૨. વિ. જલદી પાકી જાય તેવું; જલદી તૈયાર થાય એવું.

પ્લાસ્ટર ૧. [અં.] ન. ઔષધના લેપવાળી પટ્ટી.

૨. ન. ઔષધનો લેપ.

૩. ન. અણતર ઉપર લગાડવાનો ચૂના વગેરેનો લેપ; કેલ, ચૂનારેતીના કહકનો લેપ; કહલાત.

૪. ન. કોલ્સો; કોલો; ઢગેળો.

૫. ન. કોલ્સો ઉઠાડવા મારેલી પટ્ટી; આગણી; આગડી ઉપર કોલો ઊંચે બેસવા ભરેલી પટ્ટી.

પ્લાસ્ટર ઑવ પેરિસ ન. પાટો બાંધવા માટે અથવા કામ, પથ્થર, પત્થર વગેરે સાંધવા માટે વપરાતો બેઠ જાતનો સફેદ ભૂકો; 'પ્લૅસ્ટર ઑવ પેરિસ'. તે મૂર્તિઓ બનાવવાના કામમાં પણ વપરાય છે. જે સ્થિતિમાં જોડવાના કે છિદ્ર વગેરે બંધ કરવાના કામમાં બીજો કોઈ પદાર્થ કામમાં નથી આવતો, તે સ્થિતિમાં તે બહુ જ ઉપયોગી નીવડે છે. તેને પાણી સાથે મેળવીને કયાંય લગાડવામાં આવે કે તરત જ તે ઝડપથી ત્યાં ચોંટી જાય છે.

પ્લાસ્ટિક ન. કામકાજ જોગો બેઠ બનાવટી પદાર્થ; 'પ્લૅસ્ટિક'.

પ્લાસ્ટીસીન સ્ત્રી. બેઠ જાતની રાસાયણિક તથા નરમ માટી. નિશાળમાં નાનાં છોકરાંને રમકડાં બનાવવા આ માટી અપાય છે.

પ્લાસ્તર જુઓ પ્લાસ્ટર.

પ્લાંચેટ ન. પ્રેતોનું આવ્હાન કરવા માટેનો ત્રણ પાયાવાળો પાટલો. તેના પહોળા ભાગ નીચે બે પાયા મટેલ હોય છે, જેની નીચે નાનાં નાનાં પૈડાં લગાડેલાં હોય છે. આગળના ઊભા ભાગની બાજુએ એક છેદ હોય છે, જેમાં એક પેન્સિલ રાખવામાં આવે છે. કહેવાય છે કે, બન્યારે એક અથવા બે માણસ તે તખ્તી ઉપર ધીરેથી પોતાની આંગળીઓ રાખે છે ત્યારે તે ચલવા લાગે છે અને તેમાં રાખેલી પેન્સિલ વડે લીટીઓ, અક્ષરો, શબ્દો અને વાક્યો બને છે, જેનાથી લોકો પોતાના પ્રશ્નના ઉત્તર કાઢી લે છે અથવા ગુમ થેલનો પત્તો મેળવી લે છે. આની શોધ ૧૮૫૫માં થઈ. કેટલાક દિવસ સુધી આના સંબંધમાં લોકોમાં ખોટો અવાજ ભરાયેલ હતો.

પ્લિન્થ [અં.] સ્ત્રી. આટ; બેસણી.

પ્લિહન ૧. [સં. પ્લિહન્] પું. કાખી કૂખના પડખામાં રહેલો માંસપિંડ વધી જવાનો રોગ.

૨. પું. બરોળ; કાખી કૂખના પડખામાં રહેલો એક માંસપિંડ.

પ્લિહા જુઓ પ્લિહન.

પ્લીડર ૧. [અં.] પું. વકીલ.

૨. વિ. કોઈનો પક્ષ લઈ વાદવિવાદ કરનાર.

પ્લીડિંગ [અં.] સ્ત્રી. કોર્ટમાં વકીલે કરવી તે.

પ્લીવૂડ ન. એક જાતનું લાકડાનું પાટિયું; 'પ્લાયવુડ'. બનાવટ કરીને તે ત્રણ ચરનું બનેલું હોય છે. તેને ઘસારીને સાથે જોડી દેવામાં આવે છે. તે હલકું અને ઓછું તૂટે એવું બનાવટ છે.

પ્લીહક ૧. [સં.] પું. રોહડા વૃક્ષ; રક્તરોહડો.

૨. વિ. બરોળના રોગનો નાશ કરનાર.

પ્લીહન જુઓ પ્લિહન.

પ્લીહમૂલધમની [સં.] સ્ત્રી. પેટની નીચેના ભાગમાંથી નીકળતી મહાધમનીની એક મહાશાખા. તે કાળજું, બરોળ અને જોઈરીને લોહી પૂરું પાડે છે.

પ્લીહયકૃધમની જુઓ પ્લીહમૂલધમની.

પ્લીહશત્રુ [સં.] પું. રોહડા વૃક્ષ; રક્તરોહડો. તે બરોળનો રોગ નાશ કરનાર મનાય છે.

પ્લીહહંત્રી [સં.] વિ. બરોળના રોગનો નાશ કરનાર.

પ્લીહા ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. [સ] સ્ત્રી. છાતીનાં ડાબા પડખા માંહેનો એક અવયવ; બરોળ. તે લોહી શુદ્ધ કરે છે. મેલેરિયા તાવ આવે ત્યારે આ અવયવ વધે છે.

૩. સ્ત્રી. કાખી કૂખમાં રહેલો માંસખંડ વધે એવો એક રોગ બરોળનો રોગ.

પ્લીહાકર્કટ [સં.] પું. કાનની પાસે થતો એક જાતનો રોગ.

પ્લીહાચ્છેદન [સં.] ન. બરોળમાં કાપકૂપ કરવી તે.

પ્લીહાજ્વર [સં.] પું. એક જાતનો બરોળનો રોગ; 'એન્ગ્રેમ'.

પ્લીહાદિ ૧. [સં.] પું. પીળાનું ઝાડ.

૨. પું. રક્તરોહડો.

પ્લીહાર્બુદ રસ [સં.] પું. (વૈદક) બરોળ ઉપર બનતી એક જાતની ઔષધિ. તે નિર્ગુંડીનો રસ અને મધ સાથે બનાવ છે.

પ્લીહાવિદ્રધિ [સં.] સ્ત્રી. બરોળનો એક જાતનો રોગ. તેમાં શ્વાસ અટકી અટકીને આવે છે.

પ્લીહારાતુ જુઓ પ્લીહારિ.

પ્લીહાશૂલ [સં.] ન. બરોળમાં વલણ આવવા તે.

પ્લીહોદર [સં.] ન. (વૈદક) બરોળ વધવાથી થતો પેટનો રોગ. અત્યંત દુષ્ટ બનેલું લોહી તથા કફ વધી બરોળની વૃદ્ધિ કરે છે. આ અવસ્થામાં રોગી ઘણો જ નબળો થઈ જાય છે, શરીરમાં ઝીણો તાવ આવે છે, અગ્નિ મંદ પડે છે. આ રોગ ઉપર નગોડનો રસ બે તોલા અને ગોમૂત્ર બે તોલા એકત્ર કરી અપાય છે.

પ્લીહોદરી [સં. પ્લીહોદર (બરોળ) + ઇન્ (વાળું)] વિ. બરોળની ગાંઠના રોગવાળું.

પ્લીહોન્નિવૃદ્ધિ [સં. પ્લીહા (બરોળ) + અભિવૃદ્ધિ (વધવું તે)] સ્ત્રી. બરોળની ગાંઠનું વધવું તે.

પ્લુક્ષ જુઓ પ્લક્ષ.

પ્લુક્ષિ ૧. [સં.] પું. અગ્નિ; આગ.

૨. પું. ઘર બળવું તે; ગૃહદાહ.

૩. પું. સ્નેહ; પ્રેમ.

પ્લુટો પું. (જ્યોતિષ) નવમો અને સૌથી દૂર આવેલ એ નામનો ગ્રહ. તેની શોધ ઈ.સ. ૧૯૩૦માં થઈ હતી.

પ્લુત ૧. [સં.] પું. કાળનું એક પરિમાણ.

૮ ત્રુણ = લવ
૮ લવ = કાષ્ઠા
૮ કાષ્ઠા = નિમેષ
૮ નિમેષ = કલા
૨ કલા = ત્રુટિ
૨ ત્રુટિ = ક્ષણ કે અનાકુત
૨ ક્ષણ = કુત
૨ કુત = લઘુ (માત્રા) અક્ષર
૨ લઘુ = ગુરુ
૩ લઘુ = પ્લુત
૪ લઘુ, ૨ ગુરુ = કાકપદ કે દ્વિગુરુ
૨ કાકપદ = હંસપદ
૨ હંસપદ = મહાહંસપદ
૧૦ પ્લુત = પળ
૬૦ પળ = ઘડી
૬૦ ઘડી = દિવસ

૨. પું. ત્રણ માત્રાના કાળથી ઉચ્ચારણ કરાતો અક્ષર; દૂરસ્થ સ્વરથી ત્રણ ગણો અથવા વિશેષે લાંબો એવો ત્રણ માત્રાનો સ્વર.

૩. ન. કૂદીને જવું તે.

૪. ન. ઘોડાની એક ગતિ.

૫. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું પાંચમું અંગ; ત્રિમાત્ર.

૬. ન. તીરથું જવું તે; ચોકી ગતિ.

૭. ન. (સંગીત) ત્રણ માત્રાનો તાલ.

૮. વિ. કંપત્રતિયુક્ત; કાંપતો કાંપતો ચાલનાર.

૯. વિ. કૂદી ગયેલું; તરી ગયેલ.

૧૦. વિ. ખૂબ ઓળંગેલું; તરબોળ.

૧૧. વિ. પાણીમાં ડૂબેલું.

૧૨. વિ. બહુ લાંબું; દીર્ઘ સ્વરથી દોઢા લાંબા ઉચ્ચારનું; જેમાં ત્રણ માત્રા હોય તેવું.

૧૩. વિ. સંપૂર્ણ.

પ્લુતગતિ ૧. [સં.] પું. ઠેકડા મારી ચાલનાર પ્રાણી.

૨. પું. દેડકો.

૩. પું. વાનર; વાંદરો.

૪. સ્ત્રી. છલાંગ; કૂદકો; ઠેકડો.

૫. વિ. ઠેકડા મારીને ચાલનાર.

પ્લુત યતિ [સં.] સ્ત્રી. (સંગીત) યતિ કે વિશ્રામના પાંચ માંહેનો એક ભેદ. તાલના ઠેકા દેવામાં પ્રથમ અને છેવટ પ્લુત અથવા મધ્ય લય હોય અને વચમાં દ્રુત લય હોય તેને પ્લુત યતિ કહે છે. આ યતિ ધીમું કરીને નીચલી અને મધ્યમ સપ્તકના સ્વરમાં ગાય છે.

પ્લુતાંગ [સં.] ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું પાંચમું અંગ. ગુરુ અને લઘુ મળીને પ્લુતાંગ થાય છે. તેમાં અડતાળીસ કળા રહે છે.

પ્લુતિ ૧. [સં.] સ્ત્રી. કૂદકો.

૨. સ્ત્રી. ઘોડાની એક ચાલ.

૩. સ્ત્રી. તરવું તે.

૪. સ્ત્રી. પાણી વગેરેની ચોતરફ ગતિ કે ફેલાવ; પૂર.

૫. સ્ત્રી. (સંગીત) સ્વર ત્રણ માત્રા સુધી લંબાવવો તે; ત્રણ માત્રાનું ઉચ્ચારણ.

પ્લુષ્ ૧. [સં.] સ. ક્રિ. બાંધવું જોડવું.
૨. સ. ક્રિ. બાળવું; તપાવવું.
૩. સ ક્રિ. ભરવું.

પ્લુષ ૧. [સં.] પું. દાહ; બળવું તે.
૨ પું પ્રીતિ.
૩ પું. સ્નેહ; પ્રેમ.

પ્લુષિ ૧. [સં.] પુ એક જાતનો દાહક સર્પ.
૨ પું બગલા જેવી ચાંચવાળું એક જાતનું પક્ષી.

પ્લૂસિ [અં.] સ્ત્રી. ફેફસાનાં પડનો સોજો.

પ્લૂરા [અં.] સ્ત્રી. ફેફસાં તેમજ પાંસળીની અંદરની દીવાલ ઉપર વીંટળાયેલું જેવું રસપડ.

પ્લે ૧. [અં] સ્ત્રી. રમતાં બેલ.
૨. ન. નાટક.
૩. સ ક્રિ. રમવું.
૪ સ. ક્રિ. વગાડવું.

પ્લેઅર ૧. [અં] વિ. રમનાર.
૨. વિ. વગાડનાર.

ફડવું (ફડવું) ન. બાજરાની ફડાળનો ઝૂડો.

ફડશ (ફડશ) [સં. સ્ફુટિકા] સ્ત્રી. બાકોરું; ફાડિયું; આખાનો અરધો અથવા સહેજ ઓછોવત્તો કટકો; ફડચ; ચીરી.
ફડશ મૂકી આખાને ખાવા ન ધાવું = ચોરેથી સંતોષ માનવો.

ફડશા (ફડશા) ૧. પું ઢામનો નિકાલ; ફડચો.
૨ પું. ઠરાવ.

ફડશિયું (ફડશિયું) ન. ફડચા; ચીરી.

ફડસવું (ફડસવું) ન. ચકમે ઠોકો કૂટવો તે.
ફડસવા કૂટવાં = ઠોકા કૂટવા; ઢાળાં કૂટવાં.

ફડસી (ફડસી) સ્ત્રી. લાકડામાં બીબ પાડવાનું લોઢાનું હથિયાર.

ફડા (ફડા) ૧. સ્ત્રી. (ન્યાતી) અનૂરીનું પાદડું.
૨. સ્ત્રી. પાનું; પાર.
૩. સ્ત્રી. બાજુનો બહાર નીકળતો ભાગ.
૪. સ્ત્રી. સાપની ફેણ.
૫. સ્ત્રી. સાલ.
૬. વિ. તોડેલું.

ફડાક (ફડાક) અ. ઝટ બધેને; ત્વરાથી.

ફડાકા (ફડાકા) પું બ. વ. ગમ્મત; વાતોના તડાકા.
ફડાકા મારવા = ગમ્મત કરવી; કલબ મારવા; નવરાશનો આનંદ કરવો.

ફડાકિયું (ફડાકિયું) ૧. વિ. ગપ્પીદાસ.
૨. વિ. બડાઈખોર.

ફડાકિયો (ફડાકિયો) ૧. પું. ફડાકા મારનાર માણસ.
૨. વિ. પું. ગપ્પીદાસ.
૩. વિ. પું. બડાઈખોર.

ફડાકી (ફડાકી) ૧. સ્ત્રી. ગપ; બડાશ.
૨. સ્ત્રી. મિજલસ; કલબાજી; ભેળા; બાપકો.
૩. સ્ત્રી. મિથ્યા બડાઈ; ખોટી પતરાજી; ફટારી.
૪. વિ. ગપ્પી; ફડાકા મારનારું.

ફડાકીદાસ (ફડાકીદાસ) પું. બડાઈ હાંકનારો માણસ; પતરાજ કરનારો પુરુષ; ફડાકા હાંકનાર કે તડાકા મારનાર વ્યક્તિ; ગપ્પીદાસ; ફડાકિયો.

ફડાકો (ફડાકો) ૧. [સં. સ્ફુટ (ફટવું)] પું. ખોટી પતરાજ; મિથ્યા બડાઈ; ફટારી; ખોટી ફુલાશ
ફડાકા મારવા = (૧) બડાઈ હાંકવી. (૨) સામાખોટાના અભર વગર જવાબ આપી દેવો; બપકાં મારવાં.
૨. પું ગપાટો; તોપ; ગપ; બાપકો.
૩. પું. ટોળો; ફટાકિનો; ફટાકો.
૪. પું. ધડાકો; ઢામનો કપાટો.
૫. પું. ધબાકો; ધાસકો; બીક.
૬. પું. ફડક જેવો અવાજ.
૭ પું. ફડકી.

ફડાક્કા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ફડાતાળ (ફડાતાળ) [સં. સ્ફુટ (ફટવું)] સ્ત્રી. પડદો; બારીઓ; પાટિયાંની દીવાલ; ફડેતાળ; લાકડાનું ભિત્તું.

ફડાફડ (ફડાફડ) ૧. [સં. સ્ફુર] અ. એક પછી એક; ઉપરાઉપરી.
૨. અ. કપાટાબંધ બધાં બારણાં બંધ થતાં થતો અવાજ.
૩. અ. તડાતડ; ધડાધડ.
૪. અ. ફડ ફડ અવાજ સાથે
૫. અ. ઝડોભડ; તાબડતોબ; ઝોકદમ; ધડોધડ.
૬. અ. મારતી વખતે ફડ ફડ અવાજ થાય તેમ; ફડ ફડ સોટી મારવી તેમ.

ફડાફડી (ફડાફડી) ૧. સ્ત્રી. લડાઈ.
૨. સ્ત્રી. સોટીનો માર.

ફડાલિયા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ફડાવવું (ફડાવવું) સ. ક્રિ. ફાડવાની ક્રિયા કરાવવી; ફાડવાનું કહેવું; ચીરવાનું જણાવવું; ફાડે તેમ કરવું; ચિરાવવું.

ફડાવું (ફડાવું) અ. ક્રિ. ફાડવાની ક્રિયા થવી; ચિરાવું; ફાડવાળું થવું; ફાડી શકાવું; ચીરી શકાવું.

ફડાશિયું (ફડાશિયું) ન. ફડચા; ફાડિયું; ચીરી.

ફડાંગેર (ફડાંગેર) અ. પગનાં આંપયને આધારે; જણાંગેર. બેસવા માટે બોલાય છે.

ફડિણી (ફડિણી) સ્ત્રી. બોડણ.

ફડિયા (ફડિયા) ૧ [હિ.] પું. જુગારખાનાનો માલિક.
૨. પું. જૂગટું રમવા માટે ઘર રાખનાર પુરુષ.
૩. પું. માલનો છૂટક વેપારી.
૪. પું. લાકડાં ફાડનાર માણસ.

ફડિયાવાડ (ફડિયાવાડ) સ્ત્રી. કચ્છના લોહાણાની દુકાનોવાળો ભાગ; દાણાપીઠ.

ફડિયો (ફડિયો) ૧. પું. જુગારી.
૨. પું. દારૂ બાળનાર પુરુષ; દારૂ બેચનાર વ્યક્તિ.
૩. પું. પરચૂરણ અનાજ વેચનાર માણસ; કચ્છીઓ; દાણાનો વેપારી; બોદી.
૪. વિ પું. બહુ ફોડિયાર; બને તેમ કરી ધારેલું કામ પાર પાડે તેવો.

ફડિંગા (ફડિંગા) ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કીડો; તમરું.
૨. સ્ત્રી. બડમાકડી; એક જાતનું જીવડું.

ફૂડી (ફૂડો) ૧. [પ્રા.] પું. કપટનો ભાવિક; ઘર ગાળનારો માણસ.
૨. સ્ત્રી. એક મજબ લાંબી, એક મજબ પહોળી, એક મજબ ઊંચી એવી ઈંટો કે પથ્થરોની પાટ.

ફૂંડું વિ. ફાંગી આંખવાળું; કાંણું.

ફૂંડેકાર (ફૂંડેકાર) ન. વાંસ, કરાંડી વગેરેથી કરેલો આંતરો કે પડદો.

ફૂંડેડાટ (ફૂંડેડાટ) ૧. ન. ફડફડાટ.
૨. ન. સુસવાટ કરતા અવાજ સાથે; ફડફડ કંપ સાથે.

ફૂંડેતાળ (ફૂંડેતાળ) [સં. સ્ફુટ (ફટ્ટ)] સ્ત્રી. વાંસ કે પાટિયાંની પડદી અથવા ભીંત; ફડાતાળ, ઓકાં પડદી.
ફૂંડેતાળની દીવાલ = ઓકાં પડદીનું ચણતર. મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં પણ ગામડાંનાં ઘણાં મકાનોમાં તેમજ સુરત જિલ્લામાં બેસણી પર્યંતનું ચણતર સાદું પાકું ચણી, ઉપર જેટલા ભાગ બાંધવાના હોય તેટલી ઊંચાઈનું બાંબલા પાટડાનું ઓકું જોઠી, બાંબલાની વચ્ચેની જગ્યા, કાચા ચણતરની પડદી જેવી દીવાલોથી ભરી કાઢવાનો રિવાજ સામાન્ય છે. આવા કામમાં સર્વ બોજો બાંબલા ઉપર આવે છે, એટલે દીવાલ બપાટિયાંની, ચારો બાજેથી કે આરાની હોય તોપણ ચાલે. આ રીતમાં ઠોપ છે તેમજ ગુણ પણ છે. અનુકૂળ સંજોગોમાં આ રીતે બાંધેલું મકાન ઘણું સસ્તું થાય, પણ આ રીતને કરેક ઠેકાણે લાગુ કરવી એ અયોગ્ય છે. તે અમુક સંજોગોમાં સારી છે અને અમુક સંજોગોમાં સારી નથી.

ફૂંડો (ફૂંડો) ૧. પું. અડબથ; મુરબ્બી.
૨. પું. આંટો.
૩. પું. (કચ્છી) બળદોનું પાંદડું.
૪. પું. ફેર; આપેથી ત્રાસમાં ઘોડવું પાછું કરવું તે; ગોથું; ફોંચી
૫. પું. બીજાને અસર ન પડે તેમ પાછું કરવું તે.

ફૂંડોફૂંડ (ફૂંડોફૂંડ) અ. ફડાફડ; એકદમ; ફટ ફટ અવાજ સાથે.

ફૂણ ૧. [સ.] સ્ત્રી. ગાય કે બળદનું છીંકણું.
૨. સ્ત્રી ઢોરીનો ફાલો; બળ.
૩. સ્ત્રી. નામનું મોટું; સાપની ફેણ. આ શબ્દને છેડે ઘર, કર, મર કે ભર લગાડતાં આખો શબ્દ સાપનો અર્થ બતાવે છે.
૪ સ્ત્રી. પગનો આગલો ભાગ; ફણો.
૫. સ્ત્રી. ઢોડી.

ફૂણક ૧. ન. કાંસકી; ફણી.
૨. ન. ઝાલ.

ફૂણકર ૧. [સં.] પું. સાપ.
૨. પું. સૂર્ય.

ફૂણગર ૧. [સં. ફણધર] પું. સાપ; નાગ; ફેણવાળો સાપ; ફણધર.
૨. વિ. ફણાવાળું.

ફૂણગલી સ્ત્રી. શરીર ઉપર થતી ઝીણી ફોલ્લી.

ફૂણગાળું વિ. ફણગાવાળું.

ફૂણગી ૧. [સં. સ્ફુલિંગ (તણખો)] સ્ત્રી. ફોલ્લી; ફોડલા; ભડી.
૨. સ્ત્રી. બીજાંકુર; અંકુર; નાનો ફણગો.

ફૂણગો ૧. [સં. સ્ફુલિંગ (તણખો)] પું. કોઈ નવો જ ઉદ્ભવ; નવો ઉપક્રમ.
ફણગો ફૂટવો = (૧) કોઈ નવી આપત્ત બહાર આવવી; નવી ઘાટી કે મુશ્કેલી ઊભી થવી. (૨) નવો અંકુર બહાર આવવો; અંકુર નીકળવો.
૨. પું. ઝાંટો.
૩. પું. પ્રતિમા; બનાવ; પ્રકરણ.
૪. પું. ઢાંકું; આડી કંટાયેલી શાખા; ડાળ.
૫. પું. બીજ રોપીને તેમાંથી નીકળેલી નાની અણી; અંકુર; પીલો; પ્રરોહ; કોંટો.

ફૂણધર ૧. [સં.] પું. ફણગર; સાપ; સર્પ.
૨. પું. શિવ; શંકર; મહાદેવ.
૩. ન. એ નામનું હાથનું એક દુર્બાસિય.

ફૂણધરધર [સં. ફણધર (સર્પ) + ધર (ધારણ કરનાર)] પું. શિવ. તે સર્પને ધારણ કરે છે.

ફૂણફૂણ અ. બળતું; બળબળતું; ગરમાગરમ.

ફૂણફૂણતું વિ. ગરમાગરમ; બહુ ઊનું.

ફૂણફૂણવું અ. ક્રિ. બહુ ગરમ હોવું.

ફૂણધર [સં.] પું. સર્પ.

ફૂણધિ ૧. [સં.] પું. સાંકર. મણિવાળા સર્પો તેમના આભૂષણ છે.
૨ પું. સર્પની ફેણ ઉપરનો મણિ.

ફૂણવો પું. ફણગો; કોંટો.

ફૂણસ ૧. પું. બાવિંછું; કટકો; કકડા.
૨. સ્ત્રી. એક પ્રકારની ચરબી બનાવનાર ઔષધિ.
૩. ન. એ નામનું વટાદિ વર્ગનું એક ઝાડ.

ફૂણસી સ્ત્રી. એક બનતી તરકારી.

ફૂણસ [સં. પનસ] ન. પનસ; ફનસ; કંટકિફલ; ફણસ; અતિબૃહત્ફલ; કોણા જેવા કાંસરા કાંસરા જેવી બડબચડી છાલનું એક મોટું ફળ. ફળ પાકતાં તેમાંથી ચંપાના ફૂલ જેવી પીળા કલરની ચેસીઓ નીકળે છે. ફણસ પુષ્ટિકારક મનાય છે. પાકે એટલે અંદરનો ગર્ભ અવાય છે. તાલીકોટી, મૈસલોર અને કોમતકમાં લોકો સવારના પહોરમાં બનાજને બદલે ફણસનો ગર્ભ જ ખાય છે. ગર્ભની અંદર બિયાં હોય છે, તે પણ ખાવાના ઉપયોગમાં આવે છે. એ લીલું હોય ત્યારે તેને ચીરી શાક કરે છે અને શેકીને કે બાફીને ખાય છે. દળિયા શેકતા પહેલાં તેને બજાર છિદ્ર પાડવું, નહિ તો તે મોટા અવાજથી ફાટે છે. તેને સાચવવા માટે તેના ઉપર માટી ચોપડી રાખે છે. કોમસામાં તેને શેકીને ખાય છે. દક્ષિણ કોંકણમાં બેડૂત લોકો ત્રણ કે ચાર મહિના સુધી કેરીની પેઠે ફણસ ઉપર જ નિર્વાહ કરે છે. ફણસનો વખત ગયો એટલે ગોટલી ખાય છે. ફણસનો ગર્ભ સૂકવી રાખી જરૂર પડ્યે તેનો ઉપયોગ કરે છે ફણસ ઉપરનાં કોતરાં ઢોરને ખવરાવે છે, તેથી દૂધ પુષ્કળ ઉત્પન્ન થાય છે. તેનો ગર્ભ વાટી તેની પાતળી પૂરી કરી ખાય છે, તેને ફણસપોળી કહે છે. ગર્ભની ખીર અને કઢી પણ થાય છે. ફણસનો ગર્ભ આર્દ્ર ઉપર પાન આવાથી પેટ બડી આવી નુકસાન થાય છે. પાકેલું ફણસ શીતળ, દાહક, સ્નિગ્ધ, તૃપ્તિકારક, ધાતુવર્ધક, રુચિકર, માંસવર્ધક, કફકર, બલકર, પૌષ્ટિક, જંતુકારક, વૃષ્ય તથા દુર્જર છે અને રક્તપિત્ત શ્રુતક્ષય તથા વાયુનો નાશ કરનાર મનાય છે. ફણસની ગોટલી મધુર, વૃષ્ય, જડ અને વિષ્ટંભક છે. તેનાં બિયાં કફવર્ધક, મળમૂત્રવિકાર અને ગુરુ છે. તેનું પાણી વૃષ્ય, મધુર અને ત્રિદોષનાશક કહેવામ છે. રક્તાતિસાર અને કોલરામાં ઉપર આંબાની અને ફણસની છાલનો રસ કાઢી તેમાં ચૂનાનું નીતર્યું પાણી નાખી પાવામાં આવે છે.

ફૂણસપોળી સ્ત્રી. ફણસના ગર્ભમાંથી બનાવેલી પાતળી પૂરી.

ફૂણસભાળા સ્ત્રી. કોકમાં પહેરવાનું એક બાતનું પરેણું

ફૂણસવિલાસી ન. એક પ્રકારનું ઝાડ. આ ઝાડ અને તેનાં ફળ ફણસનાં ઝાડ અને ફળ કરતાં નાનાં હોય છે. પાન મોટાં અને કોરે ઊંડા કાપવાળાં હોય છે

ફૂણસવું ન ઝાખા.

ફૂણસવો પું. અંકુર; કોંટો.

ફૂણસી ૧ સ્ત્રી. કોળા વગેરેનો બચ્ચ.
૨. સ્ત્રી. ફણસનું ઝાડ. તે વડનાં જેવા પાતરાંવાળું અને મોટું થાય છે. લાલ રંગની નદીકિનારાની આઠાની કે કાંપવાળી કે પાતરાં વગેરે પડીને ભૂમ

ખાતરવાળી ધરૂ હોય તેવી જમીનમાં આ ઝાડ સારાં થાય છે. કુમરાળ પ્રદેશમાં પણ આ ઝાડ બહુ થાય છે. દૂધસનાં નવાં ઝાડ તાજ્જ બીમાંથી કરવામાં આવે છે. આંબાની ગોટલી અંદરથી જે બીજ નીકળે છે તેને બળતાં જરા નાનાં દૂધસનાં બી હોય છે. ચોમાસામાં ખાતર નાખી, ક્યારા તૈયાર કરી, ક્યારામાં બે વેંતને અંતરે બી વાવી રોપ કરવામાં આવે છે. વરસ બે વરસના રોપ થાય છે, ત્યારે કાયમની જમીનમાં બબ્બે ફૂટ ઊંડા પહોળા ખાડા કરી તેમાં ઢાકણાંનો ભૂકો, છાણ, લીંડીનું બળતિયું ખાતર અને પાતરાંને સોડવી કરેલ ખાતરથી ખાડો ભરવો. બાદ તેમાં દૂધસના રોપ નાખવા અને પગથી ફરતી માટી કમરી વાણી પાણું. બીજ ફૂટને અંતરે દૂધસ વવાય છે, કારણો તે વડ જેવું મોટું થાય છે તે બધું ધીમું વધનારું ઝાડ છે. વાવ્યા પછી દસ બાર વર્ષે તેમાં ફળ આવે છે. દૂધસનાં ફળ તેની ડાળી તથા થડ ઉપર લાગે છે. જો થડનો ભાગ જમીનમાં દટાયેલો હોય તો જમીનની અંદર પણ ફળ લાગે છે. ચિમાળામાં ફળ બેસે છે અને જેઠ અષાઢમાં પાકે છે. નાનામાં નાનું પાંચ શેર અને મોટામાં મોટું ફળ બે મણનું થાય છે. પાકે છે ત્યારે મીઠી વાસ આવે છે અને ઢબાવી જોતાં પોચું લાગે ત્યારે ઉતારી લેવામાં આવે છે. એક મોટા ઝાડ ઉપરથી સરેરાશ પોણોસો ફળ ઊતરે છે. કોઈ મોટા ઝાડને ૫૦૦ ફળ પણ આવે છે. લીલા દૂધસનું શાક થાય છે. દૂધસને પાંચ વર્ષ સુધી, ચિમાળામાં બહિનામાં બબ્બે વખત અને ઉનાળામાં ચાર વખત પાણી પાવું તથા ઉપર બતાવેલું ખાતર નાખવું. વખતોવખત ગોડ કરવું. તે બબ્બે વરસ સુધી ફળ આપે છે. લાકડું મજબૂત હોવાથી ફર્નિચરના કામમાં તેમજ ઇમારતના કામમાં પણ આવે છે તેનું લાકડું આડા લાકડા તરીકે પણ વપરાય છે. આ ઝાડ ઘણું મોટું વધે છે, એટલે તેમાંથી જોઈએ તેટલી ફલોળાઈનાં પાટિયાં પડી શકે છે. તેનો રંગ પીળો અને ઝટ જરા ભરડ હોય છે. તેની મજબૂતી સાધારણ અને ઊધઈ તેમજ બીજા કીડા જાતવાનો સંભવ વધારે હોય છે. આનાં પાટિયાં બરાબર છે. લાકડાના પડદા, બારણાંનાં પાટિયાં, પાટડા વગેરે માટે આનો ઉપયોગ ઠીક થાય છે. કોંકણમાં સર્વ ઠેકાણે મરીલ લોકોનાં ઘરમાં આ જ વપરાય છે. આ ઝાડ પ્રથમ બલભારકાંઠે થતાં. હાલ સુરત જિલ્લા તથા અદાસ તે ભંગાલ ઇલાકા તરફ તે થાય છે દૂધસની જાતનું જ એક ઘાત દૂધસ કરીને ઝાડ થાય છે. તેનાં પાંદડાં મોટાં હોય છે. તેનાં ફળ ખાવાના ઉપયોગમાં આવતાં નથી.

૩. સ્ત્રી. દૂધસનું લાકડું.

૪. સ્ત્રી. વાલોળના જેવી પણ જરા સાંકડી, ચપટી, લાંબી, બી વગરની એક શાકની શિંગ. તે શાકના ઉપયોગમાં આવે છે.

ફણિંગ પું. ફેણવાળો સાપ; નાગ.

ફણિંગો ૧. પું. ડોંટો.

૨ પું. વરસાદનો ઝાંટો.

ફણી ૧. સ્ત્રી. દેવની લાકડાની પ્રતિમા.

૨. [સં.] સ્ત્રી. ફેણ; સાપનું ફુલાવી વિસ્તારેલું મોઢું; સાપની ફેણ.

ફણા કરવી–માંડવી = ફેણ ચડાવવી.

૩. સ્ત્રી. માથું; શિર.

૪. સ્ત્રી. મણ.

ફણાકર [સં.] પું. સર્પ; ફણીધર; સાપ નાગ.

ફણાકરઅર્દન [સં.] પું. ફણીધરનો મદ ઉતારનાર શ્રીકૃષ્ણ.

ફણાગર જુઓ ફણાકર.

ફણાગરઅર્દન જુઓ ફણાકરઅર્દન.

ફણાદર્શી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ આકેનું એક નામ.

ફણાધર ૧. [સં. ફણા (ફેણ) + ધર (ધરનાર)] પું. નાગ; મોટો સાપ.

૨. પું. મહાદેવ.

ફણાભર ૧. [સં.] પું. સર્પ.

૨. ન. પગના ફણા ઉપર.

ફણામણિ જુઓ ફણમણિ.

ફણામર્મ ન. નાકની અંદર બંને બાજુએ આવેલાં અર્ધા અંગળાનાં વેરુપર ચિરામર્મો. તે બળામા ઊપડતા પ્રાણના માર્ગ સાથે સંબંધ રાખે છે.

ફણામંડલ [સં.] ન. ફણાનું જૂથ; ફણાનો સમૂહ.

ફણિક પું. સાપ; નાગ.

ફણિકા [સં.] સ્ત્રી. કાળા મૂલરનું ઝાડ; વડ ને પીપળાની જાતનું ઝાડ.

ફણિકાર [સં.] પું. બૃહત્સંહિતા પ્રમાણે દક્ષિણમાં આવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

ફણિકેસર [સં.] પું. નાગકેસર.

ફણિખેલ [સં.] ન. નાગ સાથે ખેલનારું એક પક્ષી; તેતરની જાતનું એક પક્ષી; લાવરી; 'ફ્લેવ.'

ફણિખેલી [સં.] સ્ત્રી. સર્પ સાથે ખેલનારી એક પક્ષિણી.

ફણિચક્ર [સં.] ન., વિવાહ વગેરેમાં શુભાશુભ સૂચક જ્યોતિષપ્રસિદ્ધ એક ચક્ર. તે સર્પાકાર ચક્ર હોય છે, જેમાં ભિન્ન ભિન્ન સ્થાન ઉપર નક્ષત્રોનાં નામ લખેલાં હોય છે. આ ચક્રથી વિવાહને સમયે વર અને કન્યાની નાડીનો મેળ કરવામાં આવે છે. જો વર અને કન્યા બંને એક જ રાશિનાં હોય છે, તો આ ચક્રનો મેળ થતો નથી.

ફણિચંપક [સં.] પું. નાગચંપો.

ફણિજ્જ ૧. [સં.] સ્ત્રી. એ નામે એક વૃક્ષ.

૨. સ્ત્રી. બહુ નાનાં નાનાં પાંદડાંવાળી એક જાતની તુલસી.

ફણિજિહ્વક ૧. [સં.] સ્ત્રી. ધોળી ઉપલસરી.

૨. સ્ત્રી. મહાસતાવરી.

ફણિજિહ્વિકા જુઓ ફણિજિહ્વા.

ફણિજ્ઝક ૧. [સં.] ન. કાળી તુલસી; શ્યામ તુલસી.

૨. ન. કમરો.

૩. ન. નાનાં પાંદડાંવાળી તુલસી; ફણિજ્જ.

૪. ન. મરવો.

૫. ન. ભીંજ

૬. ન. બિલ્વેરાનું વૃક્ષ.

ફણિતલ્પગ [સં.] પું. વિષ્ણુ; શેષશાયી વિષ્ણુ નારાયણ.

ફણિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. ગોકણ.

૩. સ્ત્રી. સાપેણ.

ફણિપતિ ૧. [સં.] પુ. પતંજલિનું એક નામ.

૨. પું. ફણીંદ્ર; શેષનાગ.

ફણિપાલી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડ આકેનું એક નામ.

ફણિપ્રિય [સં. ફણિન્ (સર્પ) + પ્રિય (વહાલું)] પું. વાયુ; હવા.

ફણિફેન [સં.] ન. અફીણ.

ફણિભુજ [સં. ફણિન્ (સર્પ) + ભુજ્ (ખાવું)] પું. ગરુડ.

ફણિભોજન [સં.] પું. ગરુડ.

ફણિમણસા ન. એક જાતનું ફૂલ.

ફણિમર્દન [સં. ફણિન્ (નાગ) + મર્દન (મર્દન કરવું તે)] પું. કાળા નાગને નાથનાર શ્રીકૃષ્ણ.

ફણિમુક્તા [સં. ફણિન્ (સર્પ) + મુક્તા (મોતી)] સ્ત્રી. સાપની ફેણનો મણિ.

ફણિમુખ [સં.] ન. ચોરી કરવામાં ઉપયોગી માટી દૂર કરવાનું યંત્ર; પ્રાચીન કાળના ચોરોનું એક પ્રકારનું ઓજાર.

ફણિયું ૧ ન. (કચ્છી) કાંચળિયો.
૨. ન. ખાણની અણી.

ફણિલતા [સં.] સ્ત્રી. નાગવલ્લી; નાગરવેલ.

ફણિવલ્લી જુઓ ફણિલતા.

ફણિસંભારા [સં.] સ્ત્રી. એક જાતનું વૃક્ષ.

ફણિહ [પ્રા.] સ્ત્રી. કાંસકી; માથાના વાળ ઓળવાનું સાધન.

ફણિહંતા [સં. ફણિન્ (સર્પ) + હંત (મારનાર)] પું. નોળિયું.

ફણિહંત્રી [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; અંધનાકુલી; રાસ્ના.

ફણિહ [પ્રા.] પું. ફણીધર સાપ.

ફણિંદ પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક છંદ. તે જગણવાળા રોળકાનો ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૨૦ લઘુ મળી ૪૨ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.

ફણી ૧. [સં. ફણિન્] પું. એ નામનો એક મુનિ.
૨. પું. (જ્યોતિષ) કેતુ નામનો ગ્રહ.
૩. પું. ફેણના આકારનું ધોકાની ઉદ્ભિદનું મુખ. અમ્બની આ એક ખોટ ગણાય છે.
૪. પું. મરવો.
૫. પું. સર્પ; ફેણવાળો નાગ.
૬. પું. સીસું.
૭. સ્ત્રી. કાંસકી.
૮. સ્ત્રી. ચીરી; કાપ.
૯. સ્ત્રી. તાણાના તારની ગૂંચળી; લાળો; સાળમાં કપડું વણવા માટે તાણાના દોરા જેમાં પરોવાય છે તે જાળી જેવું સાધન; રાસ.
૧૦. સ્ત્રી. ગ્રાહ.
૧૧. સ્ત્રી. નામની ફેણના આકારનો બીજો.
૧૨. સ્ત્રી. પાપડીનું છોડું; કલગી.
૧૩. સ્ત્રી. ફેણ; સાપની પહોળી કરેલી મરકન.
ફણી કરવી–માંડવી = (૧) ગુસ્સે થવું. (૨) ફણા પહોળી કરવી.
૧૪. સ્ત્રી. સર્પિણી નામની ઔષધિ.
૧૫. સ્ત્રી. સાળનો લાકડી કાંસકી જેવો એક ભાગ. તેમાં તાણામાં તાર પરોવેલા હોય છે અને તેના વડે વણાટ ઠોકવામાં આવે છે.
૧૬. સ્ત્રી. સોનેરી.
૧૭. વિ. ફણીધર; ફણાવાળું

ફણીકેસર જુઓ ફણીકેસર.

ફણીકેસર [સં. ફણિન્ (નાગ) + કેસર] ન. નાગકેસર.

ફણીધર ૧. પું. મોટો સર્પ; સાપ; ફેણવાળો નાગ.
૨. પું. શેષનાગ.

ફણીપક્ષ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેને પ્રતિપક્ષ પણ કહે છે. તે કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૭૨ લઘુ અને ૧૨ ગુરુ મળી ૮૪ અક્ષર અને ૯૬ માત્રા હોય છે.

ફણીમણિ ૧. પું. નાગનો રાજા; શેષનાગ.
૨. [સં. ફણિન્ (નાગ) + મણિ] પું. સાપની ફેણ ઉપરનો મણિ.

ફણીરાજ [સં. ફણિન્ (સર્પ) + રાજ્ (રાજા)] પું. એક જાતનો સર્પ. નાગના જેવી ફેણવાળો પણ અત્યંત ઉગ્ર સ્વભાવવાળો આ સાપ આખી દુનિયામાં ચૌદ કુટ લાંબો થાય છે. તે શરીર વિવિધરંગી ઝેરીલે પીળો, લાલઘેરંગો, ઘેરો બદામી કે કાળો હોય છે. અંગ ઉપર આછા પીળાશ પડતા કે ધોળા આડા પટા હોય છે. તે ક્રમશિત જ અંગ ઉપર પસરી આવે છે. ઓરિસ્સા, આસામ, બંગાળ અને બહારેશના ગરીબંજલવાળા પ્રદેશોમાં તે વસે છે. જેમ મદારીનો નામને પામે છે, તેમ બહારેશમાં આ ફણીરાજને પાળવામાં આવે છે. એ મુખ્યત્વે બીજા સર્પોનો જ આહાર કરે છે, સ્વભાવતિક્ષણ છે.

ફણીવર [સં. ફણિન્ (સર્પ) + વર (શ્રેષ્ઠ)] પું. મોટો નાગ; ફણીધર.

ફણીસા ૧. પું. (પિંગળ) એક સમમાત્રિક છંદ. તેમાં બેતાલીસ માત્રા હોય છે અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧, ૩૫, ૩૯ માત્રાઓ ઉપર તાલ આવે છે.
૨. [સં.] પું. મોટો નાગ.
સાગળી સાખ્ય સંપનું ગ્રહી રમાને રીસ,
ખોળી ઊઠી ખેલાડની ખેપો જેમ ફણીસ.
પ્રબોધબત્રીસી
૩ પું. વાસુકિ નાગ.
૪. પું. શેષનાગ.

ફણીશ્વર ૧. [સં.] પું વાસુકિ નાગ.
૨. પું. શેષનાગ.

ફણીશ્વરચક્ર [સં.] ન. (જ્યોતિષ) સાત દોષના શુભાશુભનું સૂચક એક ચક્ર.

ફણીહુંત્રી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; રાસ્ના.

ફણીંદ્ર ૧. [સં.] પું. મોટો નાગ; મોટો સર્પ. ફેણવાળો સર્પ.
૨. પું. વાસુકિ નાગ.
૩. પું. શેષનાગ.

ફણું ન. ભાલા કે બરછીનો ઉપરનો ભાગ; હથિયારનો મારવાળો આગળનો ભાગ; પાનું.

ફણેટી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડનો એક નાનો.

ફણો ૧. પું. હંસલો.
૨. પું. સાપનું.
૩. પું. પગની આંગળી અને ઘૂંટી વચ્ચેનો ભાગ.
૪. પું. વહાણના સૌથી આગળના તૂતકથી જરા નીચેનું બીજું તૂતક.

ફણ્ય સ્ત્રી. ફેણ.

ફત (ફત) [અ.] ન. પ્રાણીનું બચ્ચું.

ફતહ (ફતહ) ૧. [અ.] પું સારજામ.
૨. પું. ઢાકણાનું આંગળું તે.

ફતહબંદ (ફતહ્બંદ) [અ.] પું. સામાન ઉપર બાંધવાનો પટ્ટો.

ફતજ [ફ.] પું. મૂળો.

ફતન દીવાળિયું વિ. ઉડાઉ.

ફતન દીવાળિયો પું. ઉડાઉ પુરુષ; પોતાની શક્તિનો વિચાર કર્યા વિના બહોળે હાથે ખરચ કરનાર માણસ.

ફતનિયું વિ. ઉડાઉ.

ફતનિયો પું. ઉડાઉ પુરુષ.

ફતવા (ફતવા) ૧. [અ.] પું. કાજીનો અભિપ્રાય; અદાલતનો ઠરાવ; ન્યાયનો મુકાદો.
૨. પું. ઢોંગ; ધિતૂરો; પાખંડ.
૩. પું ધર્મની આજ્ઞા.
૪. પું. મત.
૫. પું. હુકમ; આજ્ઞા.

ફતવાખોર (ફતવાખોર) વિ. પાખંડી; ઢોંગી; ધિતૂરી.

ફતવો (ફતવો) ૧. પું. ખુલાસો; મત.
૨. પું. ચુકાદો.
૩. પું. ઠંઠેરો; જાહેરાત; હુકમ.
૪. પું. ઢોંગ; પાખંડ; ધિતૂર; ફેલ
ફતવો કરવો–માંડવો = ઢોંગ કરવો.
૫. પું. તકરાર; ફિસાદ.
૬. [અ. ફતવા] પું. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ.
ફતવો આપવો = (૧) જેતુકમી સરકારે વટહુકમ બહાર પાડવો. (૨) ધર્મશાસ્ત્રી ધર્મશાસ્ત્ર જેવો હુકમ બહાર પાડવો.
૭. પું વિદ્વાનનો મત.

ફતહ (ફતહ) ૧. પું. અક્ષર ઉપર લઘુ સ્વર તરીકે વપરાતી નિશાની.

૨. [અ.] સ્ત્રી. ફતેહ; જીત; વિજય.
૧. ફતહ કરવી–થવી = જીતવું.
૨. ફતહનો ડંકો–નકારો = જીત મળ્યા પછીનો ઢોલનો અવાજ.
૩. સ્ત્રી. સફળતા; કૃતકાર્યતા.
૪. સ. કિ. (ધાતુ) તેણે ઉપાડ્યું. તે ઉપરથી બનેલ શબ્દો: ફતેહમંદ, મિફતાહ, ફાતિહા, મફતૂહ.

ફતહમાન (ફતહમાન) [અ.] પું. વિજય મેળવનાર વીર.

ફતહગઢ પું. જીતની ચાદીમાં ચઘેલો ચાંલ્લો.

ફતહનસીબ (ફતહનસીબ) [અ.] વિ. ફતેહમંદ.

ફતહનામા (ફતહનામા) [અ.] પું. વિજયનું પુરસ્કાર; જીતનો સંદેશો.

ફતહનિશાન (ફતહનિશાન) [અ.] ન. લશ્કરમાં વપરાતો જીતનો ચાવટો.

ફતહપેચ (ફતહપેચ) [અ.] ન. પાઘડી બાંધવાની એક રીત.

ફતહમંદ (ફતહમંદ) [અ.] વિ. વિજયી.

ફતહમુબારક (ફતહમુબારક) [અ.] ન. એ નામની એક તોપ. હારા સિકોહ જ્યારે કંદહાર જવા ઊપડ્યો, ત્યારે તે પહેલે ભાગે બબ્બી નાની હોવાને કારણે બે તોપો લાહોરમાં મૂકતો ગયો હતો. તેમાંની એકનું નામ ફતહમુબારક અને બીજીનું નામ કિશ્વરકુશા હતું.

ફતહયાબ (ફતહયાબ) [અ.] વિ. ફતેહમંદ.

ફતહયાબી (ફતહયાબી) [અ.] સ્ત્રી. જીત; વિજય.

ફતંગ વિ. ઉદાઉ; અરબાળ.

ફતંગ દીવાળિયું જુઓ ફતન દીવાળિયું.

ફતંગિયું જુઓ ફતનિયું

ફતંગિયો જુઓ ફતનિયો.

ફતંગ રેવાળિયો જુઓ ફતન દીવાળિયો.

ફતિયા (ફતિયા) [અ.] ૧. પું. ઉદાર માણસ.
૨. પું. જુવાન માણસ.

ફતિયો પું. પુરુષની જનનેંદ્રિય.

ફતિસા [અ.] સ્ત્રી. કપડાં ઉપર સોનેરી જતારા ભરવાની કામદારીઓની કરનારની બાકડીની તીસી. તેના ઉપર વેલબુટ્ટી અને ફૂલની ડાળીઓ બતાવવા માટે કારીગર તાર લપેટે છે.

ફતિંગા [સં. પતંગ] જ. પતંગિયું.

ફતિંગી સ્ત્રી. પતંગિયાની માદા.

ફતી [સં. ફલક] સ્ત્રી. (બાવળનું) ફળી બેસવા લાયક થયા પછીનું ચામડું; ચામી.

ફતીરી (ફતીરી) [જુ.] સ્ત્રી. ઝીણા વજનની રોટલી.

ફતીલ ૧. [અ.] સ્ત્રી. દીવાસળી.
૨. સ્ત્રી. વાટ.
૩. ન. અકબરના વખતનું સોનાનું વજન કરવાનું એક માપ.

ફતીલસોજ જુઓ ફતીલસોઝ.

ફતીલસોઝ (ફતીલસોઝ) ૧. [અ. ફતીલ (વાટ) + સોઝ (બળવું તે)] સ્ત્રી. ચિરાયલાના; દીવી.
૨. જ. પિત્તળનું કાનસ; પિત્તળની કે લાકડાની દીવી.

ફતીલા (ફતીલા) ૧. [અ.] સ્ત્રી. કાગળની બનાવેલી એક જાતની વાટ. તેના ઉપર અમુક રેતી શબ્દો લખેલા હોય છે. તેનો ક્રમમાં લેવાથી વળગેલ ભૂત, પ્રેત વગેરે દૂર થવાનું મનાય છે.
૨. સ્ત્રી. દીવાસળી.
૩. સ્ત્રી. લુહારની ભેરમાં બે પડ વચ્ચે રાખેલી વળ દીધેલ દોરી.
૪. સ્ત્રી. વાટ.

ફતુવા જુઓ ફતવા.

ફતુચાખોર જુઓ ફતવાખોર.

ફતુવો જુઓ ફતવો.

ફતૂર ૧. પું. ફિતૂર; દોષ; ખતિમ.
૨. પું વિપ્ર.
ફતૂર નાખવો = ગડબડ કરાવવી.
૩. (ફતૂર) [અ.] જ. વિપ્રકર દોષ.

ફતૂરિયા (ફતૂરિયા) ૧. [અ.] પું. વિપ્ર ઉત્પન્ન કરનાર માણસ.
૨. વિ. ઉત્પાતી; ઉપદ્રવી; ફિતૂરી.

ફતૂરી (ફતૂરી) ૧. [અ.] સ્ત્રી. ટંટો બાખડો તેવું લખાણ.
૨. વિ. ખરાબ કરનારું.

ફતૂહ (ફતૂહ) ૧. સ્ત્રી. જ. ન. લશ્કરમાં જીત થવાથી મળેલું ધન.
૨. સ્ત્રી. જ. ન. લૂંટનો માલ.
૩. [અ. ફતહનું બ. વ.] સ્ત્રી. જ. ન. વિજય.

ફતૂહાત જુઓ ફતૂહ.

ફતૂહી (ફતૂહી) ૧. [અ.] જ. ફડતું; સદરો; બાંડિયું.
૨. જ. બહેંકટી; સદાવ્રત.
૩. જ. લૂંટનું ધન.

ફતે [અ. ફતહ] સ્ત્રી. જય; વિજય; જીત.

ફતેની પું. બાજ માંહેની એક જાતનો સસ.

ફતેમંદ [અ. ફતહ + મંદ (વાળું)] વિ. વિજયી; જીતેલું; ફતેહ પામેલું; જયશાલી; જેતા; ફતેહવાળું.

ફતેમંદી [અ. ફતહ + મંદ (વાળું) + ઈ (પ્રત્યય)] સ્ત્રી. જય; જીત; ફતેહ.

ફતેમારી ૧. સ્ત્રી. કિનારે કિનારે ચાલી શકે તેવું સહવાળું નાનું વહાણ.
૨. સ્ત્રી. જીત; ફતેહ; સફળતા.
ફતેમારી કરવી = ઉડાળવું; ઊંચા પ્રકારનું કામ કરવું.

ફતેમોરી સ્ત્રી. એક જાતનું નાનું વહાણ. તેમાં વહાણ જેટલો જ મોરો હોય, ઝાઝા સઢ હોય, પડખાં ખૂબ તીખાં એટલે સીધાં હોય જેથી તરતાં પાણીમાં જ રહી શકે, નહિતર ચાપ ખાંગી થઈ જાય. આ વહાણ મરેઠા લોકો ચલાવે છે. મલબાર કાંઠે તે બંધાય છે. ખલાસીની સંખ્યા લગભગ બત્રીસ જેટલી હોય છે. સઢ ત્રણ અથવા ચોપ વખતે તેથી વધારે જોડી સાથે ચાલુ સ્થિતિમાં હોય છે. આ વહાણ જે મોરાવાળું તથા એક મોરાવાળું પણ થાય છે. પેંદાળ ઘણું સાંકડું હોવાથી સૂકામાં તરત ઊપડ વળી જાય છે, જેથી હમેશાં તરતા પાણીમાં રાખવું જોઈએ અથવા લાકડાના ખંભાથી પેંદામાં રાખવું જોઈએ. આ વહાણ ચાલમાં ઘણું તેજ હોય છે.

ફતેહ ૧. સ્ત્રી. જય; આબરૂ.
૨. [અ. ફતહ (ખોલવું)] સ્ત્રી. જીત; સફળતા; કાર્યસિદ્ધિ; વિજય.
૧. ફતેહ કરવું = સર કરવું; જીતવું.
૨. ફતેહ બની–મળવી = જીત થવી.
૩. ફતેહ પામવું = જીતવું.
૪. ફતેહના ડંકા = (૧) ઘણી બારે ફતેહ; બારે ખુશખબર. (૨) પૂરેપૂરી ફતેહ; પૂરો વિજય. (૩) ફતેહ વખતે વગાડવામાં આવતાં વાજાં.

ફતેહખાં પું. બહાદુર પુરુષ.
ફતેહખાંનો સાળો = અભિમાની માણસ.

ફતેહજંગ પું. અકબરનો એ નામનો એક હાથી.
સૂરજને સામ્રાજ્યે ને ઇંદ્રનો ઐરાવત,
એવો અકબરશાહનો ફતેહજંગ;
સૂરજવંશીને રાજકુલે એ જ સોભે.
નાનાલાલ

ફતેહપુર સિક્રી જ. અકબરે બંધાવેલું એ નામનું એક ઐતિહાસિક શહેર. ઈ. સ. ૧૫૭૦થી ૧૫૮૫ સુધી આ શહેર હિંદની રાજધાની હતું.

અમારી સિદ્દી એક ગામનું હતું, પણ શેખ સલીમ ચિસ્તી નામનો પ્રખ્યાત ઓલિયો અમારથી ત્યાં રહેવા ગયો, ત્યારથી તે ગામ બળીતું થયું. અકબરે સંતાનપ્રાપ્તિ માટે તે શેખની મુલાકાત લીધી. શેખે અકબરને કહ્યું કે, તારા નસીબમાં પુત્ર નથી, પણ જો કોઈ તારે માટે દુવન અર્પવા તૈયાર હોય તો તને પુત્ર થાય. શેખનો પુત્ર તે સાંભળીને બાદશાહને પુત્રપ્રાપ્તિ થાય તે માટે પોતાનો પ્રાણ આપવા તૈયાર થયો. કહેવાય છે કે, તરત જ તે છોકરો મરણ પામ્યો. અકબરને દીકરો થયો અને શેખનું નામ જળવી રાખવા તે છોકરાનું નામ તેણે સલીમ રાખ્યું. આ ઉપકાર બદલ તેણે ફતેહપુર સિક્રી બંધાવ્યું. આ ગામમાં અત્યારે પણ જૂનું હાલતમાં બાદશાહી ઇમારતો ઘણી છે. તેમાંની ઘણીખરી રાતા પથ્થરની બંધાયેલ છે. તેમાં જોવા સુલતાના નામનો મહેલ તેના ઓતરાશ માટે ખાસ ધ્યાન ખેંચે છે. આંખમિચાવલી નામનું એક નાનું મકાન પણ ખાસ જોવા લાયક છે. અકબર બાદશાહ તેની બેગમો સાથે સંતાકૂકડીની રમત તેમાં રમતો હતો. ઇબાદતખાના અને દીવાને ખાસ એ પણ જોવા લાયક છે. આ ઉપરાંત એક સાદીપંચાવું કૂવ જોરસ જોવા છે. તેમાં બેગમો અને બાદશાહની સંતાનો ઉનાળાની ઋતુમાં સ્નાન કરતાં. પંચમહાલ નામનો એક પાંચ માળનો મહેલ છે. જોધબાઈનો મહેલ એ બધીની સૌથી મોટી ઇમારત છે. તે ઘણો સુંદર છે. તેમાં એક હવાઈ મહેલ છે. આ ઓરડો હાનો છે અને તેમાં હવા આવવા માટે પુષ્કળ સગવડ છે. તેનો શુભંદ કરવાળે અકબરે ઈ. સ. ૧૬૦૧માં બંધાવ્યો હતો. તે ઘણો ઊંચો છે. આ કરવાળની કમાનમાં અકબરે મેળવેલ વિજયનાં વર્ણનો કોતર્યાં છે. કરવાળના બારણામાં ઘોડાની ઘણી નાલો ચોડેલી છે. માંડા ઘોડાની નાલ બધી ચોડવાથી તે નાલો લાં ચોડવામાં આવી છે. શેખ સલીમ ચિસ્તીની દરગાહ પણ જોવા લાયક છે. હજુ પણ સંતાન વગરની બીબ્બો તેની માનતા કરવા દર્શનાર્થે લાં જાય છે.

ફતેહમંદ વિ. વિજયી; સફળ

ફતેહમંદી જી. ફતહ; જય.

ફતેહમાર ન. એક જાતનું વહાણ; ફતેમારી.

ફતેહમારી જુઓ ફતેમારી.

ફતેહયાબ વિ. ફતેહ પામેલું.

ફતેહયાબ થવું = જીતવું.

ફતેહયાબી જી. જીત; વિજય.

ફતો ૧. પું. ખીચડી અને કઢીનું મિશ્રણ. મુસલમાન લોકોમાં આ શબ્દ વપરાય છે.
૨. પું. ખાજરાના રોટલાના બાકા ભૂકામાં કઢી ભેળવી કરેલો લોંદો.

ફતોઈ જી. બાંધ વગરનો કબજો.

ફતોહી જુઓ ફતોઈ.

ફત્તહ (ફત્હ) ૧. [અ. ફતહ (તેણે ઉઘાડ્યું)] પું. જીત.
૨. પું. સારણ.
૩. પું. ઉઘાડનું બાંધવું તે.

ફત્તહા (ફત્હા) [અ.] જ. બહાર; દૂર.

ફત્તહારી [સં. ફલ્હારિન્] પું. પંખી; પક્ષી.

ફત્તામાર ન. એક જાતનું વહાણ; ફતેહમાર.

ફત્તુ પું. એ નામના એક મુસલમાની સંત. તેના ગુરુ ગુલાબસિંહ નામે હિંદુ સંત હતા.

ફત્તે [અ. ફતહ] જી. ફતેહ; જીત.

ફત્તેબહેંગ બહાદુર પું. એ નામની એક પદવી.

ફત્તેતબડબાદ (ફત્હેતબડબાદ) પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

ફત્તેપુરબાદ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

ફત્તેમાર ન. એક જાતનું વહાણ; ફતેમાર.

ફત્તેહજંગ જી. એ નામની એક પુરાતની તોપ. અકબર બાદશાહ, એ શબ્દો પછી એના ઉપર પાંચ પંક્તિઓ ફારસીમાં લખેલી છે, જેનો ભાવાર્થ એ છે કે, રણજિતસિંહ મોટો બાદશાહ છે, જેણે પણ દેશો ફતેહ કર્યા અને જહાંગીર તેનો શાહજાદો છે, જેની માતા પણ બુદ્ધિમાન છે. ૧૮૮૪ વિક્રમીમાં આ ફત્તેહજંગ નામક તોપ તૈયાર થઈ રાવસિંહ આ તોપનો જમાદાર હતો. લાલા જયસિંહની સૂચનાથી ગુલામનબીએ એની તારીખ કહી, તે વિક્રમ સંવત ૧૮૮૪ના માગશર માસની પંચમ હતી. તે સિવાય ગુરમુખીમાં પણ કોઈક લખેલું છે.

ફત્તેહલસરકર જી. એ નામની એક તોપ. આ તોપ જોધર જિલ્લાના ફતેહ બુરજ ઉપર મૂકેલી છે. તે પંચરસી ધાતુની બનેલી છે. એની ધાતુને બંબણી કહે છે. એ તોપ સહેજ વાંકી છે. એની લંબાઈ સાડાઅગિયાર ફૂટ છે. કિનાર બે ફૂટ જેવું ઉંચા છે અને મુખ એક ફૂટ બે ઇંચ છે. નિરિમલ્લાહ લખ્યા પછી, તેના ઉપર કોતરેલું છે કે, આ તોપમાં એક મણ દસ શેર બારૂદ અને સાડાપાંચ મણનો ગોળો મૂકવામાં આવે છે અને બે કોઈ કહ્યા માને તો દસ શેર બારૂદ વધુ ભરી શકે છે. પછી પવિત્ર કુરઆનની સુરે ફતહની પ્રારંભિક આયતો એટલે ઇન્નોફોની પછી લખ્યું છે કે, વિજય મુબવાળી જેનું નામ ફતહસરકર છે, તે આલા હજરત આલીજાહ મિરઝાકાહ મેહમૂદ અલ મુખાતિબ કુમાયૂંએ અકબર બરીદશાહ અહલીલ્લાહ મુલ્કહુ વ સુલ્તાનહના જમાનામાં તૈયાર થઈ. હિજરી ૯૮૮, પછી ફારસીની બે પંક્તિઓ છે: ઈ. સ. ૧૫૮૦. ફતહસરકર કેદ કરાહમત દિલે અબદાઝે હઝી, હરત ચુંબદે ફરોદ આદાહ, બર રૂયે કમીં; તુહ ચુંદર કહને અજદર યે જંગ શુદ, અજદહાએ કે સર અરમ કરો બદ બહી. બે પંક્તિઓ પછી છેવટમાં કુરઆને શરીફના બધા શબ્દોના આંકો પછી બાકીમાંથી પણ કોતરેલ છે.

ફત્વા (ફત્વ) ૧. [અ.] પું. ઇસ્લામી ધર્મના કુકમનો ચુકાદો.
૨. પું. ધિક્કાર; ઠંઠ.
૩. પું. શરમ પ્રમાણે અદાલતના મુસલમાની કાયદાના અમલદારનો લિખિત કરાર.
૧. ફત્વો દેવો = (૧) કરાર આપવો. (૨) ધિક્કારવું; ઠંઠ કરવો.
૨. ફત્વો લેવો = કાર્યના વાજબીપણા માટે કાયદેસર મત લેવો.

ફત્હુબ્બાન જી. એ નામની એક પુરાતની તોપ. તેના ઉપર અરબી ભાષામાં કોતરેલું છે, જેનો અર્થ આ પ્રમાણે છે: શ્રી અકબર પુરબાજની કૃપાથી મહારાજા રણજિતસિંહ બહાદુર દામ મુલ્કહ વ સલ્તનતહુ શ્રી મહારાજા સાહેબાધિરાજ. આ ફતહબાન એટલે વિજયબાણ નામની તોપ પવિત્ર કુરઆન મુજબ સન ૧૮૬૪ વિક્રમીમાં અસ્તુઝે હિતરત, કલાતુને હિતનત મોંસમો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદુરની અવરજાથી તૈયાર થઈ.

ફત્હે [અ. ફતહ] જી. ફતેહ; જીત.

ફત્હોનુસરત જી. એ નામની પુરાતની તોપ. આ તોપમાં શ્રી અકબર બાદશાહ પછી બે ફારસી પંક્તિ કોતરેલી છે, જેનો ભાવાર્થ એ છે કે, આ તોપ મિશ્ર બેશીરામની છે. ફરિસ્તાએ એનું નામ ફત્હોનુસરત રાખ્યું. જ્વાળામુખી અને વિદ્યુતની માફક એનો મારો છે અને શત્રુઓની સવાર એના ધુમાડાની સાંજ નજરે આવે છે. ૧૮૬૪ વિક્રમી.

ફદક ન. આઝમર પાસેનું એ નામનું એક કહેર.

ફદકા પું. ગોળનો ઘણ ઘાટો ન બનેલો રસ.

ફૂહકે અ. મરત.

ફૂહકો ૧. પું. અહંકાર; ડોળ.
૨. પુ. માર.

ફૂહકેક ફૂહકેક (ફૂહકે ફૂહકે) ૧. ક્રિ. મારે પગે હોવું.
૨. અ. ફૂહકા મારીને; ભલંગો ભરીને; પૂરપાટ; ભરદોડમાં; બળી જાયમાં.
૩. અ. જોરથી દોડતા ઘોડાનો અવાજ.

ફૂહકે ફૂહકે (ફૂહકે ફૂહકે) અ. ભરદોડમાં; મારે પગે દોડીને; બળી જાયમાં.

ફૂહકેફૂહ ૧. ક્રિ. અંદર ગળીને, સડીને અથવા કોહવાને કે પાકીને ઉપરથી ઢીલું કે તરત ફૂટી જાય કે ફૂલાઈ જાય એવું થઈ રહેલું; ચલચલ થઈ ગયેલું; પોચું અને અદબદી ગયેલું.
૨. ક્રિ. અ.યો આવવાથી અથવા અંદર અટાક ઉત્પન્ન થવાથી સપાટી ઉપર પરપોટિયા થઈ જવા હોય એવું.
૩. ક્રિ. ફૂહકા કરતા અવાજવાળું
૪. અ. ઝટ ઝટ; જલદી.
૫. અ. ફૂહકાનો અવાજ.

ફૂહકેફૂહવું ૧. અ. ક્રિ. અથાઈને કે અટાઈને ઉપર પરપોટીઓ આવે એવું થઈ જવું; વિકૃત થઈ જવું; ઉભરાવું; અથાઈ જવું.
૨ અ. ક્રિ. અંદરથી પાકો અથવા કોહાઈ જઈ, તે વિકારનું બહાર દેખાવું; ચલચલ થઈ જવું; કોહાઈ જવું; સડવું; ગળી કે સડીને ઉપરની સપાટીએ પોચું થઈ જવું; કોહીને, અથાઈને કે અટાઈને અદગડું થવું.
૩. અ. ક્રિ. અદબદવું; ફીણ થવાં.
૪. અ ક્રિ. ખૂબ ઊંચી નીકળવું.
૫. અ. ક્રિ. ગર્વ કરવો; અભિમાન કરવું.
૬ અ. ક્રિ. ઝમઝમવું; ભડભડવું.
૭. અ. ક્રિ. પાકીને ફૂટવાની તૈયારી ઉપર આવી રહેવું; ઝગૂમડનું સડી જવું; પક્વ અવસ્થાને ફૂટવાની તૈયારીમાં આવવું.
૮. અ. ક્રિ. ફીણ આવવાં.
૯. અ. ક્રિ. ફૂટી નીકળવું.

ફૂહકેફૂહાટ ૧. પું. આમતેમ દર્યા કરવું તે; આમતેમ દોડાદોડ કરવી તે.
૨. પું. કોહવાટ; સડો; વિકારીપણું; ફૂલવું તે.
૩. પું. ગર્વ; અભિમાન.
૪. પું. ફફડાટ.
૫. પું. ભડભડાટ; ભડવાટ.

ફૂહકેફૂહાવવું ૧. સ. ક્રિ. અથાવ કે આમ કરવું; અથાવવું.
૨. સ. ક્રિ. પકવવું; ફફડ અવાજ થાય એવી રીતે રોકવું.
૩. સ. ક્રિ. પાકીને ફૂટે તેમ કરવું.

ફૂહકેફૂહાવું ૧. અ. ક્રિ. ફફડે એમ થવું.
૨. અ. ક્રિ. ચૂલમાં બળી લાખાઓ નીકળી આવવી.
૩. અ. ક્રિ શરીરમાં બળી ફોલ્લી અથવા ગરમીના દાણા નીકળવા.

ફૂહાક અ. પડવાનો અવાજ.

ફૂહાકેફૂહ ૧. સ્ત્રી. ઊંચુંનીચું થયું તે.
૨. સ્ત્રી. ઠેકાઠેક.
૩. સ્ત્રી. દોમદોડી.

ફૂદિયા [હિ.] પું. ફરિયા ઓઢવાનું કપડું

ફૂદિયું ૧. [સં. કર્પિંજ] ન. આર પાઈ.
૨. ન. નાની બળી રોટલી; ભાખરી; સુવાળી.
૩. ન. પૈસો; દોકડિયું.
૪. ન. બળિયા કાકા કેવને ધરાવવાનો ખોરાક; બળિયાને નૈવેદ્યમાં મૂકવામાં આવતી દોકડિયાં જેવડી નાની બળી ભાખરી.

ફૂદી સ્ત્રી. ઢોંગી.

ફૂદીયત ૧. પું. કજિયો.
૨. પું. કરમ; બદનામી.

ફૂદૂકિયું સ્ત્રી. બદતિયું.

ફૂદો પું. અતિશય સ્થૂળ શરીરવાળું માણસ.

ફૂધા [અ.] પું. કદિયું; પૈસો.

ફૂધલ સ્ત્રી. (રુચ્છી) દમા.

ફૂન ૧. [સં. ફણ] સ્ત્રી. (હિંદી) સાપની ફેણ; સર્પનું પહોળું કરેલું માથું.
ફૂન આરવી = (૧) કોઈ બીજાની સામે સર્પની જેમ માથું પછાડવું. (૨) નકામો યત્ન કરવો. (૩) સર્પનું કરડવું.
૨. (ફૂન) [અ. ફન] ન. કળા; હુનર; વિદ્યા.
૩. [હિ.] ન. ઝપ્પો; ઘૂત્તી.
૪. ન. ગળવાની રીત; ઢંગ.
૫. ન. બાલ.
૬. ન. લટવાસ; એક પુષ્ટિકારક દાળ.
૭. ન. સાબની કારીગરી.

ફૂનકાર ૧. પું. બળદનો શ્વાસ લેવાનો અવાજ.
૨. પું. સાપના ફૂંફાડાનો અવાજ.

ફૂનગા ૧. [હિ.] પું. નવી અને કૂણી કંમળી.
૨. પું. ચાંસ વગેરેની ગાંઠ.

ફૂનફૂનાવવું ૧. સ. ક્રિ. ઝેકદમ ઊઠવું; ઊભું થવું.
૨. સ. ક્રિ. ફેણ પહોળી કરીને અવાજ કરવો.

ફૂનફૂરેબ (ફૂનફૂરેબ) ૧. [અ.] પું. જબાની કળા.
૨ પું. છેતરનાર માણસ.
૩. પું. કપાળબાજ; ઊતરપિંડી.

ફૂનફૂરેબી (ફૂનફૂરેબી) [અ.] સ્ત્રી. ધુર્ત્તપું.

ફૂનમ પું. રૂપિયાનો બારમો ભાગ.

ફૂનમણિ [હિ.] પું. નાગની ફેણ ઉપરનો મણિ.

ફૂનસ જુઓ ફણસ.

ફૂનસટિયા અ. એક જાતનો છોડ. તેનાં પાંદડાં વરસમાં એક વખત એકદમ લાલ થઈ જાય છે. લાલ પાંદડાં થઈ ગયા પછી લીલાં પાંદડાં રહે છે. તેનું પાંદડું તોડવાથી ચીર નીકળે છે.

ફૂનસી સ્ત્રી. બીમાર; રોગિષ્ટ.

ફૂના (ફૂના) ૧. [અ.] સ્ત્રી. લુપ્ત; નાશ; વિનાશ; પૂર્ણ નાશ; બરબાદી.
૧. ફૂના કરવું = (૧) ઊડાડી નાખવું. (૨) નાશ કરી નાખવો; પાયમાલ કરી નાખવું.
૨. ફૂના થવું–થઈ જવું = (૧) અદૃશ્ય થવું. (૨) જતું રહેવું. (૩) નાશ પામવું. (૪) પાયમાલ થવું. (૫) મરી જવું.
૨. સ્ત્રી. પાયમાલી; નષ્ટભ્રષ્ટ થયું તે.
૩. સ્ત્રી. મૃત્યુ.
૪. સ્ત્રી. લાકડાં; મડદું.
૫. ન. વહી જતું તે; જતું રહેવું તે.
૬. ક્રિ. નાશ પામેલું; વિનાશ થયેલું.
૭. ક્રિ. પાયમાલ; સમૂળો નાશ થયો હોય એવી હાલતનું; બાજી વાળ્યો હોય એવું; સંસાર કરેલું.

ફૂનાગીરી (ફૂનાગીરી) ૧. [અ.] સ્ત્રી. ઉડાઉગીરી; પૈસાનો નાશ કરવો તે.
૨. સ્ત્રી. નાશ કરવાની નીતિ; ફના કરવું તે; પાયમાલી; નષ્ટભ્રષ્ટ થયું તે.

ફૂનાપઝીર (ફૂનાપઝીર) ક્રિ. નાશવંત.

ફૂનાપણું ૧. ન. ઊડાવવું તે.
૨ ન. પાયમાલ થયું તે.

ફૂનાફૂતિયા ૧. સ્ત્રી. પાયમાલી; નાશ.
૨. સ્ત્રી. બબાલ પડી જવા તે.
૩. સ્ત્રી. ભૂકો; ચૂરેચૂરા.
૪. (ફૂનાફાતિયા) [અ.] સ્ત્રી. સમૂળો નાશ; સંપૂર્ણ નાશ; નિર્મૂળ થઈ જવું તે.
૫. ક્રિ. છિન્નભિન્ન થઈ ગયેલ; બાજલા પડી ગયેલ
૬. ક્રિ. નષ્ટ; પાયમાલ; બેદાનબેદાન.
૧. ફૂનાફાતિયા કરવા = નાશ કરવું; પાયમાલ કરવું.
૨. ફૂનાફાતિયા કરી નાખવું-થઈ જવું = સંપૂર્ણ નાશ થવો.

ફનેફાહ

ક. ફનાફાતિમા થવું–મર્યા જવું = (૧) ઊડાની દેવું; વેડફી નાખવું. (૨) પાયમાલ થવું; કમ્બરસાફ વળવો, લાસ થઈ જવું; સમૂળો નાશ થવો; સહાર થવો; અરાબખરત થવું.

ગ. વિ. સમૂળગું નાશ પામેલું. કુરાને શરીફમાંના પહેલા અધ્યાયનું નામ ફાતિયો છે. મુસલમાનોમાં શુભાશુભ પ્રસંગે એ અધ્યાયનો પાઠ કરવામાં આવે છે અને તેનું પુણ્ય જેને માટે તે પાઠ કર્યો હોય તેને મળે એમ કહેવાય છે. સાધારણ રીને મરી ગયેલાના પુણ્યાર્થે એનો પાઠ થતો હોવાથી ફાતેહાનો અર્થ ફના થઈ જવા સાથે સંબંધ રાખે છે. તેથી ફનાફાતિયા એટલે સમૂળગો નાશ થયેલો એવો અર્થ થાય છે.

ફનાફાતિયો ૧. પું. નાશ; પાયમાલી.
૨. વિ પું. ફનાગીરી કરનારો; ઊડાઉ.

ફનાફિલશેખ (ફનાફિશેખ) [અ.] પું. સૂફીવાદમાં ચાર મંઝિલનું એક સાધન; પ્રેમપ્રભુમાં સર્વસમર્પણ.

ફનાફિલ્લાહ (ફનાફિલ્લાહ) [અ. ફનાફિલ્લહ (ખુદાની હકીકત અને અસ્તિત્વમાત્રમાં ડૂબી જવાનો ફકીરોનો ઉત્તમ માર્ગ)] પું. ઈશ્વરમાં લીન થઈ જવું તે.

ફનાફિલ્લાહ (ફનાફિલ્લાહ) [અ.] પું. સૂફીવાદમાં ચાર મંઝિલનું એક સાધન; પ્રેમપ્રભુમાં સર્વસમર્પણ.

ફનાફિલ્લાહ થવું = (૧) અદશ્ય થવું. (૨) મરી જવું. (૩) મૂર્તિમાં મરજાવ થવું.

ફનાફીરસૂલ (ફનાફીરસૂલ) [અ.] પું. સૂફીવાદમાં ચાર મંઝિલનું એક સાધન; પ્રેમપ્રભુમાં આત્મસમર્પણ.

ફનાફીશય (ફનાફીશય) [અ.] ન. સૂફીવાદમાં ચાર મંઝિલનું એક સાધન; એક વસ્તુમાં અથવા મૂર્તિમાં સમર્પણ કરી બીજામાં ગૂમ થવું તે.

ફનાફીશેખ (ફનાફીશેખ) [અ.] ન. સૂફીવાદમાં ચાર મંઝિલનું એક સાધન; ગુરુની સેવામાં આત્મસમર્પણ.

ફનાબાજી સ્ત્રી. નાસકારક રમત.

ફનાંફાતિયાં ૧. સ્ત્રી. નાશ; વિનાશ; પાયમાલી.
અવિષ્યમાં ગમે તે ઘડીએ ઉપસ્થિત થઈને જે સમ મનુષ્યના પાર્થિક જીવનના આદર્શોની સિદ્ધિનાં ફનાંફાતિયાં કરી મૂકે તે જાવિ જાયતું વર્ણન ઉક્ત સૂત્રમા કરેલું છે. અસોઽચરિત

૨. જુઓ ફનાફાતિયા.

ફનિ ૧. [હિં.] પુ. ફણ; ફણી.
૨. વિ. ફળાને લગતું.

ફનિક [હિં.] પું. ફણિક.

ફનિગ ૧. [હિં.] પું. ફણિક.
૨ પું. મૂર્તિમાં ખતમિયું.

ફનિધર [સં. ફણિધર] પું. (હિંદી) સાપ.

ફનિપતિ [હિં.] પું. ફણિપતિ.

ફનિમનિ [હિં.] પું. સર્પની ફણ ઉપરનું રત્ન.

ફનિયાલા ૧. [હિં.] પું. સાપ.
૨. સ્ત્રી. વણકરની તાણો લપેટવાની ગજથી દોઢ ગજ લંબાઈની લાકડી; લપેટની.

ફનિરાજ [સં. ફણિરાજ] પું. (હિંદી) શેષનાગ.

ફનિગ [સં. ફણીન્દ્ર] પું. (હિંદી) સાપ.

ફનિદ [હિં.] પું. ફણીન્દ્ર.

ફની ૧. [હિં.] પું. ફણી.
૨. સ્ત્રી. ફણ.
૩. [સં. ફણા] સ્ત્રી. (વહાણવટું) સોથી આગળના ભાગે આડીથી ઊભી પડી જેવાય એવો પાટિયાં જડેલો ચોરસ ત્રિકોણ ભાગ; 'ફોરકેસલ ડેક'.

ફનીલા પું. ઝીણ અસર જરીમમનું એક ઓજાર.

ફનીસ જ. ફાનસ.

ફનૂન (ફનૂન) ૧. [અ.] સ્ત્રી. ૧. ૧. કળા. ઉસૂમ વ ફનૂન = વિદ્યા અને કળા.
૨. સ્ત્રી. ૧. ૧. યુક્તિ.
૩. સ્ત્રી. ૧. ૧. રીત; પદ્ધતિ.
૪ સ્ત્રી. ૧. ૧. વિજ્ઞાન.

ફનૂસ [હિં.] જ. ફાનસ.

ફનેજંગલાત (ફનેજંગલાત) [અ.] ન. અરણ્યવિજ્ઞાન જંગલની રક્ષા અને ઉપયોગ સંબંધી વિજ્ઞાન.

ફનેસ ૧. [અં.] સ્ત્રી. ગળણી; નાળચું.
૨. સ્ત્રી. ભૂંગળું; ધુમાડિયું.

ફનેશ [હિં.] પું. શેષનાગ.

ફનો પું. (વહાણવટું) ફનીથી જરા નીચે પાટિયાં જડેલો બીજો આગ્ર લંગરનાં દોરડાં વગેરે રાખવાનો વહાણનો આગળનો ભાગ; 'રપાર ડેક'.

ફનોસ [અ. ફનૂસ] ન. (વહાણવટું) હોકાયંત્ર તથા દીવો રાખવાની પેટી, ચોખલો, આળિયો કે કબાટ.

ફન્ન (ફન્ન) ૧. [અ.] પું. કળા; હુનર; વિદ્યા.
૨. પું. ગુણ.
૩. પું. જાણવાની રીત.
૪. પું. યુક્તિ.
૫. પું. હાથકારીગરી.

ફન્નફરેબ (ફન્નફરેબ) ૧. [અ.] પું. ઊતરવાની કળા.
૨. પું. યુક્તિ.

ફન્નફરેબી (ફન્નફરેબી) પું. [અ.] કાવતરાબાજ કે ચાલાક માણસ.

ફન્નાફેતૂર (ફન્નફિતૂર) જુઓ ફન્નફરેબ.

ફન્ની ૧. [સં. ફણ] સ્ત્રી. (હિંદી) ટોચ લીલા ઝાડના થડમાં ખુસાડેલો લાકડાનો કટકો; ફાચર.
૨. સ્ત્રી. ફણી; તાણાના તાર પરોવવાનો સાળનો લાંબી ઝાલરી જેવો ભાગ.

ફન્સા જ. જમીન ઉપર અડીને.

ફપડલાલે (ફપડલાલે) પું. ખોટો દેખાવ.

ફપડે (ફપડે) પું. ખોટો દેખાવ.

ફપતી સ્ત્રી. મરકરી.

ફપદવું જ. ક્રિ. ફસડવું.

ફપસા ૧. વિ. સડી ગયેલું.
૨. વિ. સ્વાદ વગરનું; બેસ્વાદ.

ફપૂંદી સ્ત્રી. ફૂમ.

ફપોલા પું. ફોલ્લો.

ફપ્પસ [હિં.] વિ. જાડું; ખૂબ મરજીવાળું.

ફપ્ફસ જુઓ ફપ્પસ.

ફપ્સા પું. લાકડાના છાપરા ઉપર નાંદવનું પડ.

ફફડવું (ફફડવું) ૧. [સં. સ્ફુર (ધ્રૂજવું)] જ. ક્રિ. કંપી જવું; બીકથી ધ્રૂજવું; બીવું; મરવર થવું; દાંત કકડવા.
૧. ફફડી ઊઠવું = (૧) કંપી ઊઠવું. (૨) બગડવું.
૨. ફફડી જવું–મરવું = કંપી જવું; બીકથી મરી જવું.
૨. જ. ક્રિ. ગુસ્સાથી ફરિયાદ કરવી; ગુસ્સામાં બોલવું; ગુસ્સે થવું.
૩. જ. ક્રિ. પાછળ ગુસ્સામાં બડબડવું; ધંતરાજી દેખાડવી.
૪. જ. ક્રિ. ફડ ફડ એમ થવું; ફડ ફડ અવાજ થવો.
૫. જ. ક્રિ. સ્નેહથી સંભારીને દુઃખી થવું.
૬. જ ક્રિ. હવામાં ફરફર થવું; ઊડવું.

ફફડાટ (ફફડાટ) ૧. [ફફડવું + ત્રટ (પ્રત્યય)] પું. અવ્યવસ્થા; મરબડ; આકુળતા.
૨. પું. અહંકાર; ઘમંડ; આડંબર.
૩ પું. ગુસ્સો.
૪. પું. ધંતરાજી; તોર.

૫. પું. ફક ફક એનો અવાજ; ફકફકાટ; ફફડાટ.
૬. પું. ફક ફક થવું બોલવું તે; એનું એ પણ વખત બોલવું તે; બબારો; બબડાટ; બકબકાટ.
૭. પું. ફક ફક થતું કે ઊડવું તે; ફડફડવું તે.
૮. પું. બીક; ભય; ત્રાસનો.

ફેફસાદો (ફફડાટો) પું. ફફડાટ.
પરબક્ષી બૂલ્ય નોદણ્ય,
નથી તુજ પ્રજ ફેફસાદ. મેઘાણી

ફેફસાવવું (ફફડાવવું) ૧. સ. ક્રિ. જોરથી મારવું.
૨. સ. ક્રિ. પાંખ હલાવવી.
૩. સ. ક્રિ. હલાવવું.
ફોક ફફડાવવા = બકબકવું

ફેફરવું અ. ક્રિ ફરફરવું; ફરકવું; ઊડવું.

ફેફસા ૧. [હિં.] નિ. ફૂલેલું અને અંદરથી પોલું.
૨. નિ. બેસ્વાદ.
૩. નિ. સોજી ગયેલું.

ફેફસું ૧. નિ. ઊકળતું.
૨. નિ. ઘણું જ ગરમ; વરાળ નીકળતી હોય એવું.

ફેફણવું ૧. અ. ક્રિ. ખૂબ ગરમ હોવું; ઊકળવું.
૨. સ. ક્રિ. રેડવું.

ફેફણાવવું ૧. સ. ક્રિ. કોઈ પ્રવાહી પદાર્થને ઘણો જ ગરમ કરવો.
૨. સ. ક્રિ. રેડવું; પાર કરવી; ઠોળવું.

ફેફારી નિ. નાસી છૂટેલું.

ફેફુ ૧. પું. પિત્તાશય; મૂતર.
૨. સ્ત્રી. ફોઈ
આજ મારી ફફુને ત્યાં રાતી હોવાથી હાલ્જર થઈ શકાય તેમ નથી. લોખણ્ડવિ

ફેફૂડી (ફફૂડી) સ્ત્રી. કૂત્ર.

ફેફૂદી જુઓ ફફૂડી.

ફેફેડવું (ફફેડવું) સ. ક્રિ. દીવાચૂથી નાખવું; લોહીલોહાણ કરવું.

ફેફૈયો ૧. પું. ચૂમડું.
૨. પું. ઝોલો; ફફોલો, તે ગરમીથી અથવા બીજી કોઈ રીતે ચામડી ઉપરનું પાતળું પડ ઊપસી તેમાં પાણી ભરાઈ જઈ આવે છે.

ફેફોર [સં] પું. હિમાલય ઉપર થતી એક પ્રકારની જંગલી કુંકણી.

ફેફોલો ૧. પું. ચૂમડું.
૨. પું. ફોલ્લો; ફફૈયો; ગરમીથી કે બીજી કોઈ રીતે ચામડી ઉપરનું પાતળું પડ ઊપસીને થતો પરપોટો; ફોલ્લો.
૧. દિલનો ફફોલો ફૂટ્યો = ઝૂરતો બંધ થયો.
૨. દિલનો ફફોલો ફોડ્યો = વેર લેવું.
૩. ફફોલો ફૂટ્યો = ફોલ્લો બંધ થયો.

ફેફોળવું સ ક્રિ. ઉખેડવું; વીખવું.

ફેફ્ફો પું. કમરનું કે અક્ષરનું કે નામનો મૂળાક્ષર.

ફેબ્ય સ્ત્રી. રાજકુમાર; પોપટ; સોનો.

ફેબ્યતી સ્ત્રી. મશ્કરી.
ફેબ્યની ઉડાવવી–કરવી = (૧) મશ્કરી કરવી. (૨) ફજેત કરવું.

ફેબ્યન ૧. સ્ત્રી. મોહકતા.
૨. [હિં.] સ્ત્રી. શોભા; સુંદરતા; સૌન્દર્ય; સારો દેખાવ.

ફેબ્યવું અ. ક્રિ. શોભવું.

ફેબ્યા અ. ખૂંપવું.

ફેબ્યિ ૧. [હિં.] સ્ત્રી. ઝભ્ભી.
૨. સ્ત્રી. શોભા.

ફેબ્યિહા (ફેબ્યિહા) ૧. [અ. ફેબ્યિહા] અ. તો તો સારું; ભલે; સારું થયું.
૨. અ. શાબાશ !

ફેબ્યીલ નિ. સુંદર.

ફેબ્યીલ્ય [હિં.] નિ. સુંદર.

ફેબ્યુત નિ. શોભીતું.
દમ વિન ચેલ ફેબ્યુત નાહિ,
આપ બન્યો આપની મુદ્રા. અખો

ફેબ્યેહા જુઓ ફબ્યિહા.

ફેબ્યતા નિ. લાયક.

ફેબ્યતી ૧. સ્ત્રી. મશ્કરી.
૨. સ્ત્રી. શોભા; રાજકુમાર.

ફેબ્રિય પું. ઢોંગ.

ફેમ (ફમ) [અ. ફેમ્મ] પું. ચોકું.

ફેમ્ફેોસવું સ. ક્રિ. ખોળવું અને તપાસવું; બારીકાઈથી શોધ કરવી; આંખાખોળા કરવા; ખૂણેખાંચરે નજર નાખી ખોળી જોવું.

ફેમ્મ (ફમ્મ) [અ.] પું. મોઢું.
૧. ફમ્મે મજહ = જાહરનું દ્વાર.
૨. ફમ્મે રેહમ = ગર્ભાશયનું દ્વાર.

ફેયઝરસાન [અ. ફૈઝરસાન] નિ. ભલાઈ કરનાર.

ફેયઝા ૧. પું. પ્રતાપ.
૨. [અ. ફૈઝ] પું. ભલાઈ.
૩. પું. લાભ.

ફેયઝાન ૧. નિ. નકામું.
૨. [અ. ફૈઝાન] નિ. હદ કરતાં વધારે વહેતું.

ફેયલ પું. કર્મ; પાપ.

ફેયલસૂફ [અ. ફૈલસૂફ] પું. તત્ત્વવેત્તા; ફિલસૂફ.

ફેયલસૂફ્યા પું. તત્ત્વજ્ઞાન.

ફેયસલો [અ. ફૈસલ] નિ. ચુકાદો આપેલ.

ફેયસલ્યા [અ. ફૈસલા] પું. ચુકાદો; ઠરાવ; નિર્ણય; ફૈસલો; તોડ.

ફેયાવડી (ફયાવડી) સ્ત્રી. એક જાતનું પ્રાણી. તેની પીઠ કાંટાથી ઢંકાયેલી હોય છે.

ફેયો પું. ફજેતી
ફયો કરવો = ફજેત કરવું.

ફેય્યાજ નિ. ઉદાર; દાની.

ફેર ૧. [સં.] પું. હાલ.
૨. (ફર) [ફા.] પું. ઘબડબો; બોબો.
૩. સ. ગાય, ભેંસ વગેરેનું બચ્ચું
૪. સ. પાટિયું.
૫. પું. ફળ.
૬. [અ.] પું. ફર્વા; ફર્ઝ.

ફેરઅ (ફરઅ) [અ.] સ્ત્રી. ડાળી; શાખા.

ફેરઈ સ્ત્રી. (ફરઈ) ગમ, ગોળ વગેરેની રિંગ; કઠોળની ક્રિસ.

ફેરક (ફરક) ૧. [અ. ફર્ક (તફાવત)] પું. અસમાનતા; તફાવત; ફેર.
ફરક પડવો = જુદું પડવું; ફેર પડવો.
૨. [હિં.] પું. અંજળતા.
૩. પું. દુર્ગુણ.
૪. પું દૂર હોવાપણું; છેટું; અંતર.
૫. પું. ન્યૂનતા; કમીપણું; ઓછપ.
૬. પું પૃથક્ત્વ; પાર્થક્ય; ભિન્નત્વ; વિપર્યય; અળગાપણું.
૭. પું. પ્રસંગ; અવસર.
૮. પું. ફરકવાની ક્રિયા; ફરકવું તે.
૯. પું. ફરકવાનો ભાવ.
૧૦. પું. મુહૂર્ત; ગાળો.
૧૧. પું. રોય; ભાકી.
૧૨. [સં.] સ. હાલ.

ફેરકડી (ફરકડી) ૧. સ્ત્રી. ઉપવાસ થઈ શકે એવી બીપોવાળી બારી; ફરેડી.
૨. સ્ત્રી. કાંતવાની ફીરકી.
૩. સ્ત્રી. ખોડીબાઈ કે જ્યાં મુકાતું ચકરડું; ઠોર ન જઈ શકે પણ માણસ જઈ શકે તેવો બનાવેલો રસ્તો.
૪. સ્ત્રી. ગરગડી; ગરેડી.
૫. સ્ત્રી. ગોળ પૈડા જેવું વળ ચડાવવાનું ચકરડું; અઇવાડું.
૬. સ્ત્રી. ચકરડી; ચામડાની કે પતરાની ગોળ ચકરડી; બાળકોને રમવાનું એક રમકડું. તેની વચમાં પાસે પાસે બે કાણાં પાડીને તેમાં દોરી પરોવી તેના બે છેડા હાથમાં ઝાલી, વળ ચડાવીને તાણવાથી તે ફરે છે.

૭. સ્ત્રી. ચરખી; ફીરકી. તે પતંગ ઊડાડતી વખતે દોર વીંટવામાં વપરાય છે.
૮. સ્ત્રી. ત્રાકમાં ખાસેલી ત્રામડાની કે હાથીદાંત વગેરેની ગોળ ચીજ; ફરણી
૯. સ્ત્રી. દોરા વગેરે વણવાનું કે ફરવાનું એક ઓજાર.
૧૦. સ્ત્રી. હવાથી ચક્કર ચક્કર ફરે એવું રમકડું.

ફરકડો (ફરકડો) ૧. પું. બાળ.
૨. પું. ફરક ફરક એવો અવાજ.
ઝાઝી નાની ને ફરકડો મોટો = નાને મોટે મોટી વાત.
૩. પું. કપિ; મિથ્યા પ્રયત્ન.
અલ્યા મૂઢ રે મરકડા હોજટ ફરકડા. નરસિંહ
૪. પું. ઝડપી ચાલ તે; ત્વરિત ફેરો.
૫. પું. મોટી ફરકડી

ફરકણ ૧. ન. ફરકવાનો ભાવ.
૨. ન. ફરકવું તે.

ફરકત વિ. ધ્રૂજતું.

ફરકતલ જુઓ ફરકણ.

ફરકફૂદડી (ફરકફુદડી) સ્ત્રી. ફેરફુદરડી.

ફરકવાસી સ્ત્રી. છૂટી ભાત એવી ગાંઠ.

ફરકવું ૧. અ. ક્રિ. આમતેમ હાલવું; હલનચલન થવું; ખસવું.
ગર્ભ ફરકવો = ગર્ભાશયમાં બાળકનું હલવું.
૨. અ. ક્રિ. ઊડવું; હવામાં ઊંચે જવું.
૩. [સં. સ્પંદ] અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.
આંખ ફરકવી = આંખની આજુબાજુની ચામડીના એકાદા ભાગ ઉપર થોડી થોડી વારે ફુલ્લરી આવવી. સ્ત્રીની ડાબી અને પુરુષની જમણી આંખ ફરકે સારે સારાં શુકન ગણાય છે.
૪. અ. ક્રિ. બરાબર ન હોય તેવે વખતે મળવા આવવું; અકરમાત મળવા આવવું; ખાસ માટે પણ મળવા આવવું.
મેર ન ફરકવું = મળવા ન આવવું.
૫. અ. ક્રિ. જવાનું; દેખાવું; મોં દેખાડવું.
ફરકી જોવું = પાછી નજરે જોવું; પાછું ફરી જોવું.
૬. અ. ક્રિ. ફરફરવું; હવામાં લહેરાવું.
વાવટો ફરકવો = ધજાનું હવામાં ઊડવું.
૭. અ. ક્રિ. ફસકી જવું.
૮. અ. ક્રિ. હાથમાંથી ખસી કે સરકી પડી જવું.

ફરકા ૧. [સ. ફલક] પું. (હિંદી) જાપરાના પળા.
૨. પું. જાપરાનું એક બાજુનું બાજુ.

ફરકાડ ૧. પું. પ્લમ્બરોનું ફરકારો.
૨. પું. કુંભારો. કંપ.
૩. પુ. ફડક.
૪. પું. ફરકવું તે.
૫. પું. હિલચાલ

ફરકારો ૧. પું. કંદ.
૨. જુઓ ફરકાડ.

ફરકાવવું સ. ક્રિ. ફરકે તેમ કરવું.

ફરકી ૧. સ્ત્રી. ચરખી.
૨. સ્ત્રી. દીવાલમાં લગાડવામાં આવતો મોટો પત્થર.
૩. સ્ત્રી. નાની ફાળકી.
૪. સ્ત્રી. પટોળાંને ફસાવવાનું યંત્ર.
૫. સ્ત્રી. ફીરકો; ચકરડી.
૬. સ્ત્રી. ફેરો; આંટો.
ફરકી જાળવી = પાછી નજરે જોવું; પાછું ફરી જોવું.

ફરખૂંદું વિ. નસીબદાર; સુખી.
ફરખૂંદા તાલે = સારા નસીબવાળું.

ફરગત સ્ત્રી. (વહાણવટું) સરખા; ફુલ્લંદા ઉપર ઉત્તરોત્તર પૂર્વ અને ઉત્તર વચ્ચેની દિશા.

ફરગદ્દ ન. (જરથોસ્તી) ચંદોવાદનું પ્રકરણ. તેને પરગદ્દ પણ કહે છે.

ફરગેટી સ્ત્રી. ફરેબ.
ફરગંટી ભણવાવવી = ખોટું ભણવાવવું; ખોટું સમજાવી દેવું.

ફરગૂલ પું. ઊનનો કમખીરી જબ્બો.

ફરગૂળ જુઓ ફરગૂલ.

ફરગોલ [ઘ્ર. ફર્ગુલ] પું. ફરવાળું ઓજારખું.

ફરઘુલ્લ જુઓ ફરગોલ.

ફરચ સ્ત્રી. ફાટ; શિલામાં પડેલ ચીરો.

ફરચા ૧. [સં. ચરિ (ભમી તરફ) + ઓ (પ્રત્યય)] પું. ભોંયી પડવું તે.
૨. પું. ઠરાવ.
૩. પું. ફડ્યો; નિકાલ; ફેસલો; ચુકાદો.
ફરચા કરવો = (૧) ફેસલો કરવો. (૨) વિખેરવું.
૪. પું. વિખાવું તે.
૫. [સં. સ્પૃશ્ય] વિ. (હિંદી) શુદ્ધ; પવિત્ર.
૬. [હિં.] વિ. સાફ.

ફરચાઈ ૧. [હિં.] સ્ત્રી. શુદ્ધતા; પવિત્રતા.
૨. સ્ત્રી. સફાઈ

ફરજા જુઓ ફરચા.

ફરજ ૧. સ્ત્રી. આનંદ.
૨. સ્ત્રી. એ નામના વૃક્ષનું ફળ.
૩. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૪. [અ. ફર્ઝ] સ્ત્રી. કર્તવ્ય; આવશ્યક કર્મ; નીતિધર્મને માન આપી કરાતું આચરણ; ધર્મ. સ્વામી વિવેકાનંદ કહે છે કે, કોઈ પણ જાતની ફરજ પ્રત્યે અનાદરની દૃષ્ટિએ જોવું નહિ. કોઈપણ મનુષ્યની ફરજ કઈ જાતની છે એ દૃષ્ટિએ નહિ પરંતુ તે કઈ રીતે ફરજ બજાવે છે, તેનો વિચાર કરી તેની કીમત આંકવી. ગાંધીજી કહે છે કે, માણસ જેટલે અંશે પોતાની ફરજ બજાવે છે, તેટલે ફરજને તે પ્રેમપાત્ર થાય છે. હકની જ લોકમાં ગમનારો ફરજ ચૂકે છે અને છેવટે હક ગુમાવે છે. પોતાના હકોનો જ વિચાર કરનાર જાલિમ કહેવાય છે.
૧. ફરજ અદા કરવી = કોઈ પ્રત્યે પોતાનો ધર્મ બજાવવો.
૨. ફરજ પડવી = હાથે આવતું આવશ્યક કર્મ કરવું; પરાણે કરવું પડવું.
૩. ફરજ પાડવી = હાથે આવતું આવશ્યક કામ કરાવવું.
૪. ફરજ બજાવવી = પોતાનું કર્તવ્ય પાર પાડવું.

ફરજબંગ (ફરજબંગ) [અ. ફર્ઝબંગ] પું. ધર્મદ્રોહ.
ઊભો ઊભો પડી મેદાને, ફરજબંગ છતો. અજ્ઞાત

ફરજન જુઓ ફરજંદ.

ફરજબુરક [ફા] ન. રામતુલસી.

ફરજવિમુખ વિ. પોતાની ફરજનું ભાન ન રાખનાર; કર્તવ્ય કર્મ ન કરનાર; કર્તવ્યવિમુખ.

ફરજવિમુખતા સ્ત્રી. ફરજ ન બજાવવાપણું.

ફરજંદ (ફરજંદ) [ફા. ફર્ઝંદ] ન. સંતતિ; સંતાન; છોકરાં; પુત્રપૌત્રાદિક.

ફરજંદગી (ફરજંદગી) ૧. [ફા. ફર્ઝંદગી (બાલબચ્ચાં હોવાપણું)] સ્ત્રી. એક પછી એક સંતતિ ચાલુ રહેવાપણું.
૨. સ્ત્રી. પેઢી દર પેઢી ઊતરતી હકદારી.

ફરજંદે ખાસ (ફરજંદે ખાસ) [ફા.] પું. માનીતું સંતાન.

ફરજામ (ફરજામ) ૧. [ફા.] પું. અંત.
૨. પું. આબાદી; સુખ.
૩. પું વપરાસ; ઉપભોગિતા.

ફરજિયાત ૧. વિ. પરાણે કરવાનું; મન ન હોય તોપણ કરવાનું; મરજી હોય યા ન હોય છતાં વર્તવું પડે તેવું.

૨. વિ. ફરજરૂપ; ફરજ તરીકે કરવું પડે એવું; ફરજની કરાતું; ફરજથી થતું.

ફરજિયાત પોષણ ન. બળજબરીપૂર્વક અપાતો ખોરાક. ઉપવાસમાં ગાંધીજીની મક્કમતા દરમિયાન કેદમાં પૂરેલી મણવળખોર સ્ત્રીઓએ અનશન વ્રત સ્વીકેલ. તેમને બળજબરીથી ખોરાક આપવાનું પગલું લેવામાં આવેલ. આ બાબત પાછળથી મોટી તકરારનો વિષય બનેલ. તે પદ્ધતિ અત્યંત ત્રાસદાયક હોવાથી ધીમે ધીમે દફનીભૂત થયો, એટલે તે જંગલી પદ્ધતિનો નાશ થયો. સને ૧૯૨૦માં સીન્ફીન મળવળિયાઓના અનશન વખતે બળજબરીપૂર્વક ખોરાક આપવાની પદ્ધતિ અખત્યાર કરવામાં આવેલ ન હતી.

ફરજી (ફરજ) ૧. [ફા. ફર્ઝીન] પું. શેતરંજમાં વજીર કે રાણીનું મહોરું.

૨. વિ. નકલી; બનાવટી; કલ્પિત.

ફરજીબંદ (ફરજીબંદ) [ફા. ફર્ઝીબંદ] પું. શેતરંજની રમતમાં એક દાવ. તેમાં પ્રધાન કે રાણી પ્યાદાના જોર ઉપર બાદશાહને એવી રીતે આપે છે કે જેથી પ્રતિપક્ષીનો હાર થાય છે.

ફરજો પું. ભાળા દીધેલું ઢોર બાંધવાનું ખુલ્લું મકાન.

ફરજ (ફરજ) જુઓ ફરજ.

ફરજદારી (ફરજદારી) [અ.] ન. ફરજ બજાવવી તે.

ફરજન (ફરજન) [ફા. ફર્ઝીન] પું. શેતરંજની રમતમાં વજીરનું પ્યાદું.

ફરઝંદ (ફરઝંદ) [ફા.] પું. બાળક સંતાન.

૧. ફરઝંદે અકબ = આત્મોન્નતિ દીકરો.

૨. ફરઝંદે નામખલ્ક = કહ્યું નહિ માનનારો દીકરો.

ફરઝંદી (ફરઝંદી) [ફા.] સ્ત્રી. દીકરાનો બાપ સાથેનો સંબંધ.

ફરઝંદીમાં લાગવું = (૧) કોઈને પોતાનો જબાર્દ બનાવવો. (૨) દીકરાને દત્તક લેવો.

ફરઝી (ફરઝી) [ફા. ફર્ઝીન] પું. વજીર; પધાન; શેતરંજની રમતમાં રાજા પછીનું બીજું રમકડું.

ફરઝીં (ફરઝીં) જુઓ ફરઝી.

ફરટકો (ફરટકો) સ્ત્રી. ખાટા અને કડવી કેરના રસવાળી એક જાતની ગોવાની કેરી.

ફરકો (ફરકો) ૧. પું. અવાજ.

૨. પું. આંટો મારવો તે; ફરવું તે.

૩. પું. ઘોડાનો ઉચ્છ્વાસ.

૪. પું. સામો ન કર્યા હાતો ઉત્તર.

ફરઠ કું (ફરઠ કું) ૧. ન. ઉતાવળ.

૨. ન. ઢોરનો ઊંચાટો; નાશથી બતો ઢોરનો અવાજ ઊંચટો.

ફરઠવું (ફરઠવું) સ. ક્રિ. પાન સહિત બાજરાના સાંઠા.

ફરઠવું (ફરઠવું) ૧. ન. બરબાજરીના સાંઠાનો ઝૂડો.

૨. સ ક્રિ. બાજરાનાં ડૂંડાંમાંથી દાણા કાઢવા.

ફરઠો (ફરઠો) ૧. પું. સુતરના તારનું ગોઠાર્ય જવું તે.

૨. વિ પું. ફલાણો; અમુક.

ફરદોસી [ફા. ફિરદોસી] પું. એ નામનો એક ફારસી કવિ. તેનું નામ અબુલ કાસિમ મનસુર હતું. તે ઈ. સ. ૯૦૪–૧૦૨૦ લગભગ થયો તેણે શાહનામા નામનું મહાકાવ્ય રચ્યું છે.

ફરણી ૧. સ્ત્રી. ગુદા.

૨. સ્ત્રી. ઝાકરડી; ફરકડી.

૩. સ્ત્રી. ચાનકી.

૪. સ્ત્રી. ગાડ ઉપરની ફરકડી; ગાડમાં ગોઠડી પાસે રખાતી ઝકરી; ગાડની ઝકરડી; ફીરકી. તે પતરાની કે તૂંબડાની બને છે.

૫. સ્ત્રી. નકેલ; ઊંટના નાકમાં પરોવેલ લાકડાનું સાધન કે કડું. તે લગામ તરીકે કામ આવે છે.

૬. સ્ત્રી. નાની પૂરી.

૭. વિ. સ્ત્રી. કામની; ઉપયોગમાં આવે તેવી; બાલાક.

ફરણું ન. નસકોરું.

ફરત (ફરત) ૧. [અ. ફર્ત] સ્ત્રી. રેકડીની ટોચ.

૨ સ્ત્રી. પુષ્કળતા.

ફરતાફરતી ૧. વિ. સ્ત્રી. બદલાતી; વારાફરતી.

૨ ક્ર. વારાફરતી.

ફરતારામ ૧. પું. એક જગ્યાએ નહિ બેસી રહેતાં જુદી જુદી જગ્યાએ ફર્યા કરતો માણસ.

૨. પું. સકેલાણી માણસ.

૩. વિ. બહાર ફરનાર; પ્રવાસી; રેખાટન કરનાર.

ફરતિયલ વિ. ફરવાની ટેવવાળું.

ફરતિયાળ ૧. વિ. ફરાર તોડનાર.

૨. વિ. ચપળ; સ્ફૂર્તિવાળું.

ફરતિયું ૧. ન. ચણિયારાવાળા કમાડને ઉપલે છેડે જડેલ લાકડું.

૨. વિ. ફરવાની ટેવવાળું.

ફરતીકુવા સ્ત્રી. ઘરોઘર ભટકતી બો.

ફરતી ફૂંડી સ્ત્રી. કોઈ સ્થાનાસ્તું ન હોય અને તેથી બધે ફરતી હોય તેવી ફૂંડી.

ફરતું ૧. વિ. ગોળાકારે ચોતરફથી આવરણ કરતું; વીંટાતું; આરે તરફ આવેલું; આસપાસનું; સર્વ બાજુનું.

૨. વિ. ચાલતું; ગતિમાન; અસ્થિર.

૧. ફરતાફરતી બંધડી-ફરતી બાયડી = જિંદગીના સુખદુઃખના ચારફેરા; અવારનવાર થતી ચકતીપકતી.

૨. ફરતું કરવું = (૧) ગતિમાન કરવું; જતું આવતું કરવું. (૨) આરે બાજુ ફરી શકે તેવું કરવું.

૩. ફરતું બોયું કેવું-મારવું = (૧) જુદે જુદે ઠેકાણે ભિન્નાળું કરવું; જુદે જુદે ઠેકાણે પરબો સાથે સંબોધ કરવો. (૨) જુદે જુદે ઠેકાણે જમવું, બેસવું, ઊઠવું, રમવું વગેરે. (૩) મરિયાને જુદે જુદે ઠેકાણે બોયાં મારવાં.

૪. ફરતું પુસ્તકાલય = રેંકડી અગર તેવા બીજા સાધનમાં પુસ્તકો રાખી ગામની શેરીએ શેરીએ ફરી લોકોને પુસ્તકો વાંચવા આપવા જવાની યોજના.

૫. ફરતું ફરવું = ચોમેર આંટો મારવો.

૬. ફરતું ફરી વળવું = (૧) ચોતરફથી ઘેરો બાલવો; આરે બાજુ વીંટાવું. (૨) ફરતું કામ કરી લેવું; મુખ્ય કામ વિનાનું આજુબાજુનું કામ કરી લેવું.

૭. ફરતું વાચનાલય = પ્રજાને વાચન પૂરું પાડવા માટે ગામે ગામ અગર એક ગામની શેરીએ શેરીએ ફેરવવામાં આવતાં પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકો વગેરેનો સંગ્રહ.

૮. ફરતું હરતું = જર્જ કે આવી રીતે બને કામ કરી શકે તેવું.

૩. વિ. ફરી ફરીને આવતું; પોતાને સ્થળે વિરમતું.

૪. વિ. બદલાતું.

૫. ક્ર. ચોતરફ; સર્વ બાજુએ; આસપાસ.

ફરતું ફરતું ૧. વિ. જુદી જુદી જાતનું.

૨. વિ ફેરફાર પામતું; અક્કર બાતું.

ફરતૂત (ફરતૂત) ૧. [ફા.] વિ. જૂતું; બરડું.

૨. વિ. નકામું.

ફરતે ક્ર. ચોગરદમ; બારે તરફ.

ફરફ ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું ખૂબ ઝાડી ઝાડીને બાજતું બહુ કબૂતર.

૨. સ્ત્રી. ખોળ; ખલેફ.

૩. સ્ત્રી. ભરફીલા પદાર્થ ઉપર જોવામાં આવતું એક જાતનું પક્ષી. તેના વિષે ચકવાચકવી જેવી હકીકત પ્રસિદ્ધ છે.

૪. સ્ત્રી. (કાવ્ય) બે પદની કવિતા.

ફરમા

૫. સ્ત્રી. વાદ માટે વસ્તુઓની કે બાબતોની કરાતી ગણતરી ઉપરની નોંધ; યાદી.

૬. સ્ત્રી. રજાર્દ ઉપરનું એક બાજુનું કપડું.

૭. (ફરદ) [અ. ફર્દ (એકલું)] ન. જણ; વ્યક્તિ.

૮. ન. બેમાંનું એક નંગ; જોડમાંનું એક નંગ.

૯. વિ. અનેક.

ફરદા (ફરદા) ૧. [અ. ફર્દા] ન. આવતી કાલ; આવતો દિવસ.

૨. ન. કયામત; પ્રલયકાળ.

ફરદુમુશાક ન. એક બાતનું કરિયાણું.

ફરનાડી બાંબો પું. એક બાતનો બાંબો.

ફરનાંડીઝ સ્ત્રી. એ નામની એક બાતની કેરી. તે મોવામાં થાય છે.

ફરનેસ સ્ત્રી. ભઠ્ઠી; 'ફર્નિસ.'

ફરફડતું (ફરફડતું) વિ. ભયથી ફોગરાતું.

ફરફડવું (ફરફડવું) અ. ક્રિ. બીવું; બીકથી ધ્રૂજવું.

ફરફડાવવું (ફરફડાવવું) ૧.સ. ક્રિ. નિવરાવવું; બીકથી ધ્રૂજે એમ કરવું.

૨. સ. ક્રિ. હલાવવું.

ફરફર (ફરફર) ૧. [રા. ફર્ફર] સ્ત્રી. આમતેમ ફરવું તે.

૨. સ્ત્રી. કોઈ પણ પદાર્થના પડવાથી અગર ઊડવાથી થતો શબ્દ.

૩. સ્ત્રી. ઝીણો ઝીણો ને આછો વરસાદ; વરસાદની ઝીણી છાંટ; ઝરમર.

૪. સ્ત્રી. ફીણનો અવાજ.

૫. સ્ત્રી. લાકડાં ઓડવાનો બસાલો.

૬. સ્ત્રી. સાણસોખા કે ચોખાના લોટની બનાવવામાં આવતી પાપડની બાતની એક વાની, તે બધાણા તરીકે બધાય છે.

૭. વિ. ધીમે સાદે અવાજ કરતું.

૮. અ. ચિરાતા અવાજે.

૯. અ. છટાથી; ઝટપટ.

૧૦. અ. ઝડપથી; ઝટપટ.

૧૧. અ. લહરીઓ; ધીમી ધીમી તરંગ ગતિઓ; પવનની ધીમી ગતિઓ; ધીમે ધીમે હાલતું કે ઊડતું હોય તેમ; પવનમાં ઊડતું હોય તેમ.

ફરફરતું ૧. વિ. ધ્રુજધ્રુજતું.

૨. વિ. પીંજારાને ત્યાં ઊડતું; હવામાં આમતેમ ઝીણા અવાજ સાથે ઊડતું.

ફરફરવડી (ફરફરવડી) સ્ત્રી. એક બાતની ચોખાના લોટની બનાવટ.

ફરફરવું ૧. અ. ક્રિ. ધીમી એકસરખી ગતિએ વાવું.

૨. અ. ક્રિ. ધ્રૂજવું.

૩. અ. ક્રિ. રઝળવું.

૪. અ. ક્રિ. વીખરાવું.

૫. અ. ક્રિ. પીંજારાને ત્યે જૂલતાં ઊડવું; હવામાં આમતેમ ઝોલાં ખાવાં; ફરકવું; એક ઠેકાણેથી બીજે ઠેકાણે વારેફરે જવું.

૬. અ. ક્રિ. હાલવું.

ફરફરાર્ક ૧. સ્ત્રી. સ્ફૂર્તિ; ચપળતા.

૨. સ્ત્રી. હોશિયારી

ફરફરાટ ૧. પું. ફરફર કરતો અવાજ.

૨. પું. હવામાં ઊડવાથી થતો અવાજ.

૩. અ. જલદી ઊડતું હોય એમ.

ફરફરાટી ૧. સ્ત્રી. ચંચળતા; સ્ફૂર્તિ.

૨. સ્ત્રી. ફરફરવાનો અવાજ.

ફરફરાવવું ૧. સ. ક્રિ. ધ્રુજાવવું.

૨. સ. ક્રિ. ફરફર તેમ કરવું.

૩. સ. ક્રિ. હલાવવું.

ફરફરિયાદ સ્ત્રી. રાવ; ધૂમ; અરજ અદેવાલ.

ફરફરિયાં ૧. ન વ.વ. એક બાતની જુવાર. તે ત્રણે ઋતુમાં વાવી શકાય છે. ઢોરના ચારા માટે તે ઉત્તમ મનાય છે. આ બાત આસ કરીને સિંધમાં થાય છે.

૨. ન.વ.વ. ફાતળિયાં,

૩. ન.વ.વ. ખારીમાંનાં હવાની આવજા માટેનાં ઉપાડવાસ થાય તેવાં પાટિયાં.

ફરફરિયું ૧. ન. અરજી; વિનંતિ; ફરિયાદનો નમાલો લેખ.

૨. ન. ફતળિયું.

૩. ન. ઘનનું એક ઘરેણું.

૪. ન. બેતરમાં ઢોર ન આવે માટે લાકડાના ચોકઠા ઉપર ચાર પતરાના ટુકડા જડીને કરેલું ફરતું સાધન.

૫. ન. ચર્મા.

૬. ન. ફરકડી; હવામાં ફરે એવું કાગળની બનાવટનું છોકરાં માટેનું એક રમકડું; ફીરકી.

૭. ન. બિલ્લ

૮. ન. વરસાદની ઝીણી છાંટ.

૯. ન. હવામાં ઊડી બાય એવું એક બીજ; ફણગા

૧૦. વિ. ફરફરે એવું; હવામાં આમતેમ ઊડતું ફરે એવું; અતિ ચંચળ.

૧૧. વિ. હોશિયાર.

ફરફરો વિ.પું. વધારે ફેલાવાવાળો

ફરફૂદ [રા. ફર્ફ] ૧. પું ઉતરપિંડી; છળકપટ; દાવપેચ.

૨. પું. દુષ્ટતા.

૩. પું. નખરાં.

૪. પું. માયા.

ફરફૂદિયા ૧. વિ. ઉતરપિંડી કરનાર; ઉતરનાઈ

૨. વિ. દુષ્ટ.

ફરફૂદી ૧. [હિં.] પું. છળકપટ કરનાર માણસ; ધૂર્ત.

૨. વિ. નખરાંબાજ.

ફરફોદો (ફરફોદો) ૧. પું. ઢીમણું.

૨. પું. પરપોટો.

ફરફિયાન ન. એક બાતનું કરિયાણું.

ફરફુદા [હિ.] પું. પતંગિયું.

ફરફૂદુ ન. ઉદ્વાયડથી; બાવસુકણું.

ફરફૂંદા ૧. [હિં.] પું. ઉંદાપના; કેમાવે સુંદર પણ સ્વારે કદરૂપ એવું એક બાતનું ફળ.

૨. પું. સુંદર પણ નમાલો માણસ.

ફરફોલો પું. બળેલો; ફોલ્લો; ઉપલચ્યા ઊપડીને અંદર પાણી ભરાવું તે; 'બ્લિસ્ટર'.

ફરબરી પું. ફેણબરિ મહિનો.

ફરબા (ફરબા) ૧ [રા. ફર્બા] વિ પું. બાઈ પીને તાજો.

ફરબા બંદામ = બાઈ પીને મસ્ત બનેલો નર.

૨. વિ. પું. મજબૂત.

૩. વિ. પું. મોટો.

ફરબે (ફરબે) ૧. [રા. ફર્બા] વિ. અરબીવાળું; અરબીદાર.

૨. વિ. તાજું; હૃષ્ટપુષ્ટ.

ફરબેહ જુઓ ફરબે.

ફરબેહી (ફરબેહી) ૧. [રા. ફર્બેહી] સ્ત્રી. બાઈ; માતેલાપણું; અદોદળાપણું.

૨. વિ. હૃષ્ટપુષ્ટતા.

ફરભીબ્રોહરી સ્ત્રી. શોભા જવ.

ફરમન ન. (વહાણવટું) પરમણ.

ફરમા ૧. પું. મજબૂતાઈ; પતરાંનું ઓઠું; ફ્રેમ.

૨. પું. જેમાં કોઈ વસ્તુ ઢાળી શકાય એવો સચ્ચો.

૩. પું. પતરા કે લાકડાનો બારનો નમૂનો.

૪. પું. ફરમો; બારવાને માટે બાનવાર જોડીને તૈયાર કરેલ બીબાંનું ચોકઠું.

૫. [હિં.] પું. બીબું; ઢાંચો; ફરમો.

ફરમાએશ (ફરમાએસ) ૧. [ફા.] સ્ત્રી. આજ્ઞા; હુકમ; સૂચના.
૨. સ્ત્રી. ઇચ્છા.
૩. સ્ત્રી. નાના તરફથી મોટાને અપાતી ભેટ.
૪. સ્ત્રી. મારફત; આડત.

ફરમાએશી (ફરમાએસી) ૧. [ફા.] વિ. ફરમાએશ પ્રમાણે આસ બનાવેલું; ફરમાએશ પ્રમાણેનું.
૨. વિ. મજબૂત
૩. વિ. સરસ; ઉત્તમ; સુંદર.

ફરમાણ ન. (જૂ. ગુ.) ફરમાન.

ફરમાન (ફરમાન) ૧. [ફા. ફર્માન] ન. આજ્ઞા; આદેશ; હુકમ
૨. ન. નાના તરફથી મોટાને અપાતી ભેટ; ફરમાશ.
૩. ન. નિર્દેશ; સૂચના.
૪. ન. બાદશાહની સહી અથવા સરકારી મહોર જે બાપવાળો હુકમ અથવા સનદ; બાદશાહી સનદ; રાજકીય આજ્ઞાપત્ર; અનુશાસનપત્ર.
૧. ફરમાન ઉઠાવવું = હુકમ માથે ચઢાવવો.
૨. ફરમાન પઢવું = હુકમ બહાર પાડવો.
૩. ફરમાન નીકળવું = હુકમ, બહાર પડવો.
૪. ફરમાન બેજવું-સાદિર કરવું = હુકમ બહાર પાડવો.
૫. ફરમાનની કૂડી = રાજ્યમાંથી સહી કરી આપ્યા પછી બદલી શકાય તેવી કૂંડી. તેમાં કેરફાર હોય તો કૂંડીમાં બધાંનું ભરાજર ન થાય સાંસુધી સ્વીકારી શકાય નહિ.

ફરમાન ખુબની (ફરમાન ખુબતી) સ્ત્રી. બાબરના સમયની એક જાતની સનદ. તે ઉપર રાજાના વજીરની સહી અને બાદશાહનો સિક્કો હતો. મનસબદારી, વકાલત, સિપાહસાલારી, સાહબંદાની બતાલીકી, અમીર ઉલ ઉમરાર્ય, નકાબતી, વજારત, બક્ષીગીરી વગેરેમાં આ જાતની સનદ ઉપયોગમાં આવતી.

ફરમાનદેહ (ફરમાનદેહ) [ફા. ફરમાન (આદેશ) + દેહ (દેનાર)] પું. રાજા.

ફરમાનદેહી (ફરમાનદેહી) [ફા. ફરમાન (આજ્ઞા) + દેહી (આપવી તે)] સ્ત્રી. સત્તા.

ફરમાનપઝીર (ફરમાનપઝીર) [ફા.] વિ. આજ્ઞાંકિત; તાબેદાર.

ફૂલઘૃત [સં.] ન. (વૈદક) વીસ વજેરેની વૃદ્ધિ કરનાર આયવર્ધક એક ઘી. ગતાવરીનો રસ ૧૬ શેર, વાછડાવાળી ગાયનું દૂધ ૧૬ શેર અને મેદા, મજીઠ, જેઠીમધ, કોષ, ત્રિફળા, જીવકોળું, ઋષભોળું, ક્ષીરકાકોલી, અસંધ, અજમો, કળાદર, દારૂહળદર, હિંગ, કઠ, કાળું કમળ, દ્રાક્ષ, ચંદન અને રક્તચંદન એ દરેક અડધે તોલા ઔષધનો કલ્ક એ બધી ચાર શેર ઘી સિદ્ધ કરવું. એ ઘી ઉત્તમ પ્રકારનું વૃષ્ય, સ્ત્રીઓના યોનિરોગ ઉપર અને ઉન્માદ ઉપર રામબાણ અને વંધ્યત્વદોષ નિવૃત્ત કરનાર મનાય છે. તેની માત્રા બે તોલા છે.

ફૂલચૈતન્ય [સં.] ન. (વેદાંત) અંતઃકરણની વૃત્તિ વડે અભિવ્યક્ત ચૈતન્ય એટલે ઘટાદિ વિષય ચૈતન્યથી અભિન્ન એવું અંતઃકરણની વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય.

ફૂલચોરક [સં.] ન. ચોર નામનું એક ગંધદ્રવ્ય.

ફૂલજ્યોતિષ [સં.] ન. ભવિષ્ય જોવાનો જ્યોતિષનો એક ભાગ; કોઈ પણ પ્રવૃત્તિનું પરિણામ દર્શાવનારું જ્યોતિષ.

ફૂલતઃ ૧. [સં.] અ. જેને લઈને; પરિણામે; તેથી કરીને.
૨. અ. બારી લઈને; બાની લઈને.

ફૂલત્યાગ [સં.] પું. ફળનો ત્યાગ; કર્મનાં ફળને વિષે આસક્તિનો અભાવ.

ફૂલત્યાગી [સં. ફલત્યાગિન્] વિ. ફળનો ત્યાગ કરનાર; નિષ્કામી.

ફૂલત્રય ૧. [સં.] ન દ્રાક્ષ, પરમ અને આમળાં એ ત્રણ ફળ.
૨. ન. હરડાં, બહેડાં અને આમળાં એ ત્રણ ફળ.

ફૂલત્રિક [સં.] ન. સૂંઠ, મરી અને પીપર એ ત્રણનો સમૂહ.

ફૂલદ ૧. [સં.] ન. ઝાડ.
૨. વિ. ફળ આપનાર; ફળદાયી.
૩. વિ. ફળરૂપ કરે એવું.
૪. વિ. લાભ આપનાર; ફાયદો કરનાર; આબાદ કરનાર.

ફૂલદા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફૂલદાતા ૧. [સં. ફલ (ફળ) + દાતૃ (આપનાર)] પું. ઝાડ.
૨ વિ. ફલદ; ફળ આપનાર; ફળદાયી.
૩. વિ. લાભકારક.

ફૂલદાત્રી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફૂલદાયક જુઓ ફલદ.

ફૂલદાયિત્વ [સં. ફલ (ફળ) + દાયિન્ (આપનાર) + ત્વ (પણું)] ન. ફળ આપવાપણું.

ફૂલદાયિની ૧. [સં.] વિ.સ્ત્રી. ફળ આપનારી.
૨. વિ. સ્ત્રી. લાભ કરનારી; ફાયદાકારક.

ફૂલદાયી ૧. [સં. ફલદાયિન્] વિ. ફળ આપનાર; ફળ દેનારું; ફલદાયક.
૨. વિ. ફાયદાકારક; લાભ કરનાર.

ફૂલધર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધસમ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.
ફૂલધર ૨ન ના ન જ ગ. રત્નપિંગળ

ફૂલન ૧. ન. કલ્પનાશક્તિ.
૨. [સં.] ન. પરિણામ.
૩. ન. પાક
૪. ન. પ્રજનનકોષનો અન્ય કોષ સાથે સંયોગ.
૫. ન. ફળ બેસવાં કે લાગવાં તે; ફળવું તે.
૬. ન. ફળદ્રુપપણું.
૭. ન. સફળ થવાપણું.

ફૂલનિમિત્તિ [સં. ફલ + નિમિત્તિ (રચના)] સ્ત્રી. ફળની ઉત્પત્તિ.

ફૂલનિવૃત્તિ [સં.] સ્ત્રી. ફળનો અભાવ; ફળ ન આવવા તે.

ફૂલનિષ્પત્તિ [સં.] સ્ત્રી. ફળની સિદ્ધિ; ફળની ઉત્પત્તિ; ફળપ્રાપ્તિ.

ફૂલપરીક્ષકપર્ષદ સ્ત્રી. ફલસંરક્ષક મંડળી.

ફૂલપંચાગ્લ [સં.] ન. પાંચ ખાટાં ફળ.

ફૂલપાક ૧. [સં.] પું. કરમદાંનું ઝાડ.
૨. પું. પરિણામ.
૩. પું. પાસ્કી આબાદાનું ઝાડ.
૪. પું. ફળનો પાક.

ફૂલપાકાંત [સં. ફલ (ફળ) + પાક + અંત (છેડો)] સ્ત્રી. ફલના પાકવા પછી જેનો નાશ થાય એવું.

ફૂલપાકાંતા ૧. [સં.] સ્ત્રી. કેળ.
૨. સ્ત્રી. ફળ આવ્યા પછી નાશ થઈ જાય એવો છોડ કે ઝાડ.

ફૂલપતન [સં.] ન ફળ પાડવું તે.

ફૂલપિત્તા [સં] પું. ફૂલ.
સુમનસ કુસુમ પ્રસૂન અને પુષ્પ ફૂલપિત્તા નામ, ફૂલદડો કરમાં લઈ નિજ છબી રમતી શ્યામ.
વિસળદપુરોધ

ફૂલપુષ્પા [સં.] સ્ત્રી. એક જાતની ખજૂરી.

ફૂલપૂર ૧. [સં.] ન. બિલ્વ.
૨. ન. સંતરું

ફૂલપૂરક જુઓ ફલપૂર.

ફૂલપોષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફૂલપ્રદ [સં.] વિ. ફળદાયક; ફળદાયી; ફળ આપનાર.

ફૂલપ્રદાનસંતુષ્ટિ [સં.] પું. પુરુષોત્તમનાં કાંઠાનું એક નામ.

ફૂલપ્રાપ્તિ સ્ત્રી. ફળ મળવું તે; ફળની પ્રાપ્તિ.

ફૂલપ્રિય ૧ [સં.] પું. એક જાતનો કાગડો.
૨. વિ. જેને ફળ વહાલું હોય એવું.

ફૂલપ્રિયા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કાગડી.
૨. વિ સ્ત્રી. જેને ફળ વહાલું હોય એવી.

ફૂલપ્રૌદ્યોગિકી [સં.] સ્ત્રી. ફળ સંબંધી ફળવિજ્ઞાન.

ફૂલફૂલ [અં.] ન. સુતારનું એક ઓજાર. તે લાકડાના પાટિયાને વીંધી પાડવાના કામમાં આવે છે.

ફૂલભાગી [સં ફલભાગિન્] વિ. નફો કે ખટિયામાં ભાગ લેનાર.

ફૂલભૂમિ [સં] સ્ત્રી. કર્મનાં ફળ ભોગવવાની ભૂમિ; કર્મભૂમિ સિવાયનો ભૂમિપ્રદેશ.

ફૂલભેદ [સં.] પું. ફલાંતર; પરિણામમાં તફાવત.

ફૂલભોક્તા ૧. [સં. ફલ + ભોક્તૃ (ભોગવનાર)] પું. ભમરો.
૨. ન સાપ.
૩. વિ. ફળ ઉપર આધાર.
૪. વિ. ફળ ભોગવનાર; પરિણામ સહન કરનાર.

ફલભોગ [સં.] પું. કર્મોનાં સુખ, દુઃખ વગેરે ફળ ભોગવવાં તે; ફળનો ભોગવટો.

ફલભોગી જુઓ ફલભોક્તા.

ફલમ પું. દક્ષિણ ભારતમાં ચાલતો રૂપાનો એક સિક્કો.
૧૨ ફલમ = ૧ રૂપિયો

ફલમદસ્યા [સં.] સ્ત્રી. કુંવાર નામની વનસ્પતિ.

ફલમુગ્ધા [સં.] સ્ત્રી. અજ્ઞમોહ.

ફલમુગ્ધા [સં. ફલ (ફળ) + મુગ્ધ (ભોળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એક જાતની વેલ. તેનાં ફળનાં બીટે ભાગે જોડકાં હોવાથી તે ફલમુગ્ધા કહેવાય છે.

ફલયોગ ૧. [સં.] પું. નાટકના અંકાવતારની એક અવસ્થા.
૨. પું. ફળનો સંયોગ.

ફલરસ [સં.] પું. ફળનો રસ.

ફલરાજ [સં.] પું. તરબૂચ.

ફલરુહા [સં. ફલરોહા] સ્ત્રી. પાડલ નામનું ઝાડ.
स्यादी पाडल फलरुहा वामा स्याभा नाम;
अंबुवसा अंबुदुतिश पाडल ३२८ प्रणाम.
पियलबमुद्देश

ફલરૂપા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફલલક્ષણા [સં.] સ્ત્રી. (કાવ્ય) પ્રયોજનરૂપ હેતુવાળી લક્ષણા.

ફલવતી [સં.] વિ. સ્ત્રી. ફળવાળી; સફળ.
એમનામાં રોહોત્રતિની વાસનાઓને તીર્થવતી અને ફલવતી થતી જોવા ઇચ્છું છું.
सरस्वतीचंद्र

ફલવત્ [સં.] વિ. ફલવાળું; સફળ.

ફલવત્સહકાર ન્યાય [સં. ફલવત્ (ફલવાળું) + સહકાર (આંબો) + ન્યાય (દૃષ્ટાંત)] પું. (ન્યાય) એક પ્રકારનો ન્યાય. આંબાના ઝાડ નીચે મુસાફર છાંયા માટે જાય ત્યારે તેને છાંયા સાથે ફળ પણ મળે. તેમ એક લાભ થતા ઉપરાંત બીજો લાભ પણ મળતો હોય ત્યારે આ ન્યાયનું દૃષ્ટાંત અપાય છે.

ફલવર્તી સ્ત્રી. યોનિ) મુદ્રામાં પહેરવાની દવાની એક વાટ.

ફલવર્તુલ ૧. [સં.] ન. તરબૂચ.
૨. ન. તરબૂચનો વેલો.

ફલવર્ધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફલવાદી [સં. ફલવાદિન્] વિ. ફળ મળવાની માન્યતાવાળું

ફલવાન [સં. ફલવત્] વિ. ફળવાળું; ફળ આપતું.

ફલવાહિની [સં.] સ્ત્રી. નર્મદાની દરેક બાજુએ રહેલી બે બાંહેની એ નામની દરેક નળી; બીજવાહિની; 'ફ્રેનિપિયન ટ્યૂબ'. આ બે નળીનું મુખ નર્મદાશયમાં હોય છે. મુખ તરફથી તે સાંકડી પણ આગળ જાતાં પહોળી થતી જાય છે અને અંડાશયને પહોંચતાં તે નળીઓના છેડા કરવાઈના મુખ જેવા પહોળા થાય છે. આ દરેક નળી આશરે ૪ ઇંચ લાંબી હોય છે. આ ફલવાહિની નળીઓ અંડાશયની સાથે જોડાઈ ગયેલી નથી પણ છૂટી હોય છે. એના કરવાઈ ઘાટના પહોળા મુખની કિનારી ઉપર જે ફેલ્યાં હોય છે તે સંયોગ વખતે અંડાશયને વળગે છે અને અંડાશયનું બીજ પાકીને ફૂટે છે ત્યારે ફલવાહિનીનો તે તરફ ગયેલો છેડો તેને વળગી રહે છે અને તે બીબીજ આ નળી વાટે નર્માશયમાં જાય છે

ફલવિકાસ [સં.] પું. ફળનું ખીલવું તે.

ફલવિકાસગ્રહ [સં.] પું. ફળની ખિલવણી કઈ રીતે થાય તે સંબંધી સલાહસૂચના આપનાર મંડળ; 'ફ્રૂટ ડીવેલપમન્ટ બોર્ડ'.

ફલવિકાસન જુઓ ફલવિકાસ.

ફલવિકાસોપદેષ્ટા [સં. ફલ + વિકાસ (ખિલવણી) + ઉપદેષ્ટૃ (ઉપદેશ આપનાર)] પું. ફળની ખિલવટ કેવી રીતે થાય તે વિષે સલાહસૂચના આપનાર માણસ; 'ફ્રૂટ ડીવેલપમન્ટ ઍડવાઇઝર'.

ફલવિપાક [સં.] પું. સારાનરસું ફળ મળવું તે.

ફલવું ૧. અ. ક્રિ. આબાદ થવું.
૨. અ. ક્રિ. પરિણામ આવવું.
૩. અ. ક્રિ. ફળ ધારણ કરવું; ફળવું.

ફલવૃક્ષ ૨. [સં.] ન. ફલસનું ઝાડ.
૨. ન. ફળાઉ ઝાડ.

ફલવૃક્ષક [સં.] ન. ફલસનું ઝાડ

ફલવ્યાપ્તિ [સં.] સ્ત્રી. (વેદાંત) વિષયાકાર વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્યનો વિષય હોવાપણું.

ફલવ્યાપ્યત્વ [સં.] ન. વિષયાકાર વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય વડે અભિવ્યક્ત ચૈતન્યનો આશ્રય હોવાપણું.

ફલશ ૧. [સં.] ન. ફલસનું ઝાડ.
૨. વિ. ફળવાળું.

ફલશર્કરા [સં.] સ્ત્રી. ફળ તથા મધમાંથી બનતી સાકર; ફળના રસમાંથી બનેલી સાકર.

ફલશાક [સં.] ન. ફળરૂપ શાક.

ફલશાલ્મલ [સં.] પું. સાગનું ઝાડ.

ફલશાલી [સં. ફલશાલિન્] વિ. ફળવાળું.

ફલશૈરિરક [સં.] ન. ખોરડીનું ઝાડ.

ફલશ્રુતિ ૧. [સં.] સ્ત્રી. કર્મનું ફળ જણાવનારું કથન.
૨. સ્ત્રી. જ્યોતિષીઓએ કહેલ સારાનરસા ગ્રહોનું ફળ
૩. સ્ત્રી. નફો; લાભ; ફાયદો.
૪. સ્ત્રી. પરિણામ; ફળ.
૫. સ્ત્રી. ફલશ્રવણ; ફળ સાંભળવું તે.
૬. સ્ત્રી. વૈદિક કર્મોનાં ફળ પ્રતિપાદનાર્થ શબ્દ.

ફલશ્રેષ્ઠ ૧. [સં] પું. આંબાનું ઝાડ.
૨. પું. કેરી.

ફલસ [સં.] ન. ફલસનું ઝાડ.

ફલસંપત જો. આબાદી; ઉન્નતિ.

ફલસંપન્ન [સં] વિ. ફળથી ભરપૂર.

ફલસંભવ [સં.] વિ. ફળમાંથી ઉત્પન્ન થનાર.

ફલસંભૂ જુઓ ફલસંભવ

ફલસંસ્કાર [સં] પું. (જ્યોતિષ) ચંદ્ર અને સૂર્યની સ્પષ્ટ સ્થિતિ અને મધ્યમ સ્થિતિની ભિન્નતાની ગણતરી. તે જ્યોતિષનો બહુ મહત્ત્વનો ભાગ છે. આ ભાગ વેદાંતકાળમાં અજ્ઞાત હતો એમ જણાય છે.

ફલસાધન [સં.] ન. ફળનું સાધન.

ફલસાધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

ફલસિદ્ધિ [સં.] સ્ત્રી. પરિણામ; ફળની પ્રાપ્તિ.

ફલસુફ્રાન [ફા. ફૈલસૂફ] પું. તત્ત્વવેત્તા.

ફલસ્થાપન [સં.] ન. સીમંતોન્નયન સંસ્કાર.

ફલસ્નેહ [સં.] પું. ઓલિવ વૃક્ષ.

ફલહારી ૧. [સં. ફલહારિન્] સ્ત્રી. એ નામની એક દેવી.
૨. વિ. ફળ ખાઈ જનાર; ફળ હરણ કરનાર.

ફલહીન [સં.] વિ. ફળ વિનાનું.

ફલક ૨. [અ. ફલક] પું. આકાશ; અંતરીક્ષ.
૨. [સં. પ્લવન] પું. કાંસાનું; કૂદકો.

ફલંગ ૧. પું. ઓળંગવું તે.
૨. [સં. પ્લવન] પું. કૂદકો; કૂદકો; ફાળ.

ફલંગિયું સ્ત્રી. ખોખિલ્લુ નામની દેશી રમત.

ફલા [સં.] સ્ત્રી. ખીજડી.

ફલાકત (ફલાક્ત) ૧. [અ.] સ્ત્રી. આફત; દુઃખ
૨. સ્ત્રી. નામોશી.

ફલાકતી (ફલાકતી) ૧. [અ.] વિ. કમનસીબ; દુ:ખી.
૨ વિ. નામોશીવાળું.

ફલાકાંક્ષા [સં.] સ્ત્રી. ફળની આશા; ફળની અપેક્ષા.

ફલાકાંક્ષી [સં. ફલ (ફળ) + આકાંક્ષા (ઇચ્છા) + ઇન્ (વાળું)] વિ. ફળની ઇચ્છા રાખનાર.

ફલાક્ષી [સં.] સ્ત્રી. રામણનું ઝાડ.

ફલાખી [હિ. ફરાખી] સ્ત્રી. સમર્દિલ; આજ્ઞાંકિત.

ફલાખુન (ફલાખુન) [ફા.] સ્ત્રી. ઓરણ.

ફલાગમ ૧. [સં.] પું. નાટકમાં કાર્યની પાંચ અવસ્થા માંહેની એક અવસ્થા.
૨. પું ફળનો આગમ; ફળ આવ્યું તે.

ફલાજવેષિ [સં.] પું. જનસુખ જનહિત.

ફલાજવેષિવાદ [સં.] પું. જનસુખવાદ; જનહિતવાદ; પરહિતવાદ; 'યુટિલિટેરિયનિઝમ.'

ફલાઢ્યા [સં.] સ્ત્રી. એક જાતની દ્રાક્ષ; કાકડખી

ફલાણી ૧. સ્ત્રી. સોપી અને મેમણની એક નામની એક અટક.
૨. ન એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ફલાણું વિ. અમુક; નામ, ગુણ વગેરેથી ઓળખાતું; અમુક ચોક્કસ; આવું એક; ચોક્કસ કોઈ.

ફલાણું ઢીકણું વિ. આ અને તે.

ફલાતિમકા [સં.] સ્ત્રી કારેલીનો વેલો.

ફલાદન ૧. [સં. ફલ + અદન (ખોરાક)] પું. પોપટ.
૨. વિ. ફળ ખાનાર.

ફલાદની [સં.] સ્ત્રી. પોપટની માદા; પોપટી.

ફલાદેશ [સં.] પું. (જ્યોતિષ) ફળ કહેવું તે; મહકુંડળી ઉપરથી ભવિષ્યનું ફળકથન.

ફલાધ્યક્ષ ૧. [સં] પું. ઈશ્વર; પરમાત્મા; કર્મફલપ્રદાતા મહેશ્વર.
૨. પું રામણનું ઝાડ.

ફલાધ્યાય [સં] પું. બ્રહ્મસૂત્રના ચાર માંહેનો એ નામનો એક અધ્યાય. તેને જીવન્મુક્તાધ્યાય પણ કહે છે.

ફલાન્ન (ફલાન્ન) ૧. [અ.] પું. પુરુષની જનનેંદ્રિય.
૨. વિ. ફલાણું; અમુક.

ફલાનિલ (ફલાનિલ) [ફા.] સ્ત્રી. ફલાલીન.

ફલાની જુઓ ફલાણી.

ફલાનુસરણ [સં.] ન. ફળની પાછળ પડવું તે; ફળને અનુસરવું તે.

ફલાન્વેષી [સં. ફલા-ન્વેષિન્] વિ. ફળની અપેક્ષા રાખનાર; ફળ જોખનાર.

ફલાપૂર્વે ક્રિ. વિ. કરવાથી ઉત્પન્ન થતાં ચાર પ્રકારનાં અપૂર્વ કર્મજન્ય અદૃષ્ટ માંહેનું એ નામનું એક ફળ.

ફલાપેક્ષા [સં.] સ્ત્રી. ફળની ઇચ્છા

ફલાપેત [સં. ફલ (ફળ) + અપેત (દૂર ગયેલ)] વિ. જેથી ફળ દૂર થયું હોય તેવું; નિષ્ફળ

ફલાપ્તિ [સં.] સ્ત્રી. ફળ મળવું તે.

ફલાભિસંધિ [સં.] સ્ત્રી. કર્મના ફળનો ઉદ્દેશ.

ફલાભિસંધિકૃત પ્રારબ્ધ [સં.] ન. (વેદાંત) ફળની ઇચ્છાથી કરેલ કર્મથી ઉત્પન્ન થયેલું પ્રારબ્ધ.

ફલામણી સ્ત્રી. ગામડી નિશાળમાં આંક પૂરા કરાવી અભ્યાસ અટકાવવા કરો કર કરે તે.

ફલામ્બુ ૧. [સં] ન. અમ્લવેતસ; આંબલીનું ઝાડ.
૨. ન. કોકમ.
૩. ન. ફળમાંથી તૈયાર કરેલ ખાટું પીણું.

ફલામ્લપંચક [સં] ન. પાંચ ખાટાં ફળનો સમૂહ

ફલારિષ્ટ [સં.] પું. (વૈદક) ચરક પ્રમાણે એક પ્રકારનો કાઢો. તે દરદ ઉપર અપાય છે.

ફલારી ન. અયોધ્યા, બંગાળ, બહારદેશ અને દક્ષિણ હિંદુસ્તાનમાં ઊગતું એક જાતનું ઝાડ; શીરસ; ઉડાળ. તેનાં પાંદડાંનું અથાર મજબૂતાઈ આપતું હોવાથી તેની નીચે આના એક બહુ માગ ઊભે છે.

ફલારો પું. એક જાતનો દક્ષિણમાં વપરાતો ખોરાક.

ફલાલી જુઓ ફલાલીન.

ફલાલીન સ્ત્રી. એક જાતનું ગરમ કાપડ; જેનું ભરૂં તથા બહુ ઝીણાં અને ઢીલી બનાવટનું પાતળું, સફેદ કે રંગીન કાપડ; ઝીણી કમાયનું જેનું કપડું; 'ફ્લેનલ.'

ફલાવરણ [સં.] ન. બીજનું ફોતરું.

ફલાશન ૧. [સં. ફલ (ફળ) + અશન (ખોરાક)] પું. પોપટ.
૨. વિ. ફળ ખાનાર.
૩. વિ. ફળ ભોગવનાર.

ફલાશનિ [સં.] સ્ત્રી. પોપટ પક્ષિણી; પોપટી.

ફલાશા ૧. [સં.] સ્ત્રી. કામ્યબુદ્ધિ; ફળની આશા.
૨. સ્ત્રી. મમત્વયુક્ત આસક્તિ.

ફલાસ સ્ત્રી. કાળ; દુકાળ.

ફલાસક્ત [સં] વિ. ફલ માટે ઉત્સુક.

ફલાસક્તિ [સં.] સ્ત્રી. ફળની તીવ્ર ઇચ્છા.

ફલાસવ [સં.] પું. મદ્ય; દારૂ; અરક પ્રમાણે દ્રાક્ષ, ખજૂર વગેરેનાં ફળમાંથી બનતો એક પ્રકારનો આસવ.

ફલાસંગ [સં.] પું. ફળમાં આસક્તિ.

ફલાસ્થિ [સં.] ન. નાળિયેરનું ઝાડ; નાળિયેરી.

ફલાહ (ફલાહ) ૧. [અ.] સ્ત્રી. આબાદી.
૨. સ્ત્રી. નફો; કાયદો.
૩. સ્ત્રી. ભલાઈ.
૪. સ્ત્રી. સરસાઈ; ચઢિયાતાપણું.
૫. સ્ત્રી. સલામતી; મુક્તિ.

ફલાહાર ૧. [સં.] પું. ઉપવાસનો આસ ખોરાક; ફરાળ.
૨. પું. ફળનું ભોજન; ફળનો ખોરાક.

ફલાહારવાદ [સં.] પું. માંસાહારને બદલે વનસ્પતિના આહારના સિદ્ધાંતમાં માનવું તે.

ફલાહારી [સં. ફલાહારિન્] વિ. ફળનો ખોરાક લેનાર; ફળ ખાઈને રહેનાર; ફળાહાર કરનાર.

ફલાં વિ. ફલાણું; અમુક.

ફલાંગ [સં. પ્લવન] સ્ત્રી. કૂદકો; કાળ; ફલંગ.

ફલાંગવું ૧. અ. ક્રિ. કૂદવું; કાળ ભરવી.
૨. અ ક્રિ. જોયું ન જોયું કરવું.
૩. સ. ક્રિ. સવારી કરવી.
૪. સ. ક્રિ. સંભોગ કરવો.

ફલાંત ૧. [સં.] પું. ફળનો અંત.
૨. પું. વાંસનું ઝાડ.

ફલાંતર્પંદ [સં] ન. ફળની અંદરનું પડ કે પડદો.

ફલિ [સં.] સ્ત્રી એક પ્રકારની ભાજી.

ફલિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ.

ફલિત ૧. [સં.] ન. ફળ; પરિણામ.
૨. ન. ફળવાળું ઝાડ.
૩. ન. શિલાજિત.
૪. વિ પાકેલું; નીપજેલું.
૫ વિ. ફલેહમંદ; સફળ; સિદ્ધ
૬. વિ. ફળ આપનારું
૭. વિ. ફળેલું; ફળ આવ્યાં હોય એવું.
૮. વિ. સંપન્ન; પૂર્ણ; ભરેલું.

ફલિતકોષ [સં.] પું. સ્ત્રીબીજ અને પુરુષબીજ મળીને બનેલું બીજ. ફલિતબીજ.

ફલિતજ્યોતિષ [સં.] ન. (જ્યોતિષ) તારા, ગ્રહ, નક્ષત્ર ઉપરથી ભવિષ્ય જાણવાની વિદ્યા.

ફલિતબલ [સં.] ન. એક જ દિશામાં એક જ બિંદુએ જુદાં જુદાં બળ લગાડવાથી નીપજતું એકત્ર બળ; 'રીઝલ્ટંટ ફોર્સ'. તે છૂટાં છૂટાં બળના સરવાળા બરાબર અને તેઓની દિશામાં હોય છે એ જ પ્રમાણે એક બિંદુ આગળ બે બળ સામસામી દિશામાં લગાડ્યાં હોય તો તેથી નીપજતું ફલિત બળ બે તરફનાં બળના તફાવત જેટલું થશે અને વધુ બળ જે દિશામાં હશે તે એ બળની દિશા થશે.

ફલિતબીજ [સં.] ન. સ્ત્રીબીજ અને પુરુષબીજ મળીને બનેલું બીજ. સ્ત્રીબીજ અને પુરુષબીજ પરસ્પર કયાં મળે છે એ વિષે જોઈએ એવો પુરાવો નથી, છતાં માનવામાં આવે છે કે, સ્ત્રીબીજ તથા પુરુષબીજનો મેળાપ ફેલોપિયન નલિકાઓમાં થાય છે. આ પ્રમાણે બને બીજને મળીને બનેલું બીજ, ફલિતબીજ અથવા ફલિતકોષ તરીકે ઓળખાય છે અને તે જ ભવિષ્યના બાળકના શરીરનો પાયો છે. જો સ્ત્રીબીજ અને પુરુષબીજનો મેળો ન થાય તો તેનો મલાંકયમાંથી બહાર નીકળી યોનિ દ્વારા બહાર નીકળી જાય છે.

ફલિતવ્ય [સં.] વિ. ફળવા લાયક.

ફલિતસિદ્ધાંત [સં] પું. ઉપસિદ્ધાંત; ઉપન્યાસ; 'કોરોલરિ'.

ફલિતા [સં.] સ્ત્રી. બનાવેલી સ્ત્રી.

ફલિતાક્ષ [સં.] પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; ઉપોદ્ઘાતા. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ અને ગગણ મળી બાર અક્ષર હોય છે.

ફલિતાર્થ ૧. [સં.] પું. પરિણામ; ફળ.

૨. પું. બહાર દેખાય નહિ પણ અંદર આવી જતો હોય તેવો અર્થ; ગર્ભિત અર્થ; ઉત્પન્ન થતો અર્થ.

૩. ન. તાત્પર્ય.

ફલિન ૧. [સં.] ન. અરીઠાનું ઝાડ.

૨. ન. ફણસનું ઝાડ.

૩. ન. ફળઝાડ.

૪. વિ. ફળવાળું.

૫. વિ. સફળ.

ફલિની ૧. સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઝરણુપ્લુતા. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, ભગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

ન ન ભ ગ થી ચારે ફલિની. રત્નકોશ

૨. સ્ત્રી. એલચી.

૩. સ્ત્રી. ક્ષીર નામનું પાત્ર.

૪. સ્ત્રી. પલાંડુ

૫. સ્ત્રી. દૂધી.

૬. સ્ત્રી. દ્રાક્ષનો આસવ; દ્રાક્ષાસવ.

૭. [illegible] મેંદી.

૮. સ્ત્રી. મૂસળી.

ફલિયાના સ્ત્રી. કોઈ નામની માછલી.

ફલી ૧. સ્ત્રી. (કચ્છી) આલમારી.

૨. [સં.] સ્ત્રી. ક્ષેત્ર.

૩. સ્ત્રી. પલંગો.

૪. સ્ત્રી. મૂસળી.

૫. સ્ત્રી. સ્ત્રિ.

૬. [સં. ફલિન્] ન. ફળવાળું ઝાડ.

ફલીકરણ ૧. [સં.] ન. બાજને ફળ પ્રાપ્ત કરવું તે.

૨. ન. ફળની ઇચ્છા.

૩. ન. ફોતરાં કાઢી નાખવાં તે.

ફલીતા (ફલીતા) ૧. [અ.] પું. ચકમકે; પલીતો; મશાલ.

૨. પું. દીવાસળી.

૩ પું. ચાંદ.

ફલીભૂત [સં.] વિ. ફળવાળું; સાર્થક.

ફલીશ [સં.] પું. પારસપીપળો.

ફલું ૧. ન. એંજિનમાં લાકડાં કે કોલસા સળગાવવાની જગ્યા.

૨. વિ. ગાંડું; અસમાન; સરખું નહિ એવું.

ફલૂરિયા ૧. સ્ત્રી. લેકિન્સ કબૂલીની એ નામે ઓળ ઓટક.

૨. ન. એ નામની ઓટકનું બાવકસ.

૩. વિ. એ નામની ઓટકનું.

ફલૂસ (ફલૂસ) [અ.] પું. અરબસ્તાન અને ઈરાનમાં ચાલતો તાંબાનો એ નામનો સિક્કો.

ફલેગ્રહિ ૧. [સં.] પું. ફળવાળું ઝાડ.

૨. પું. મોજ સમજ.

૩. વિ. મોજ ક્યારે ફળ ધારણ કરનાર અથવા સ્વીકારનાર.

ફલેચ્છા ૧. [સં.] સ્ત્રી. ફળની ઇચ્છા.

૨. સ્ત્રી. મને સુખ મળો અને દુઃખ ન મળો એવી ઇચ્છા.

ફલેચ્છુ [સં.] વિ. ફળની ઇચ્છાવાળું.

ફલેજ્યુ ૧. [સં.] ન. એ નામે ઓળ બતનું ઝાડ.

૨. વિ. ફળની ઇચ્છા રાખનાર.

ફલેટુ ન. ઢાંકણું; કાચાં વાસણ ટીપવાનું કુંભારનું લાકડાનું હથિયાર.

ફલેપુષ્પા [સં.] સ્ત્રી. દ્રોણપુષ્પી નામની વનસ્પતિ.

ફલેમી આંધણી સ્ત્રી. એક ઈંટ જેટલી પહોળી દીવાલમાં દરેક બરમાં તોડો અને પાટી બારાહરતી મૂકી બધા બર ચણવામાં આવે તેવી આંધણી.

ફલેરુહ ૧. [સં.] સ્ત્રી. ફાંસ.

૨. સ્ત્રી. પાકલ નામની વનસ્પતિ.

ફલેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક નામ.

ફલેંડા જુઓ ફલેંદ.

ફલેંદ [સં.] પું. એક બતનું ખાવાનું ઝાડ.

ફલૈષણા [સં.] સ્ત્રી. ફળની ઇચ્છા.

બ્રહ્મવિદ્યાનો ફલૈષણા સાથે વિરોધ છે.

ગોવર્ધનરામ

ફલોચ્ચય [સં.] પું. ફળ એકઠાં કરવાં તે.

ફલોત્તમા ૧. [સં.] સ્ત્રી. એક બતની દ્રાક્ષ; કાકલી.

૨. સ્ત્રી. ત્રિફળા; હરડાં, બહેડાં અને આમળાં.

ફલોત્પત્તિ ૧. [સં] પું. આંબાનું ઝાડ.

૨. સ્ત્રી. ફળની ઉત્પત્તિ.

ફલોત્પત્તિહેતુ [સં.] પું. ફળને ઉત્પન્ન કરનાર હેતુ.

ફલોત્પાદક ૧. [સં.] વિ. મૂલકારક; અસરકારક; અકસીર; રામબાણ.

૨ વિ. ફળને ઉત્પન્ન કરનાર.

ફલોત્પ્રેક્ષા [સં.] સ્ત્રી. (અલં) પાંચ બાંધની એક બતનો ઉત્પ્રેક્ષા અલંકાર. જેનું જે ફળ ન હોય તેને તેનું ફળ માનવામાં આવે તે ફલોત્પ્રેક્ષા અલંકાર કહેવાય.

ફલોદક ૧. પું. (પુરાણ) એ નામે એક નદ.

૨. [સં. ફલ (ફળ) + ઉદક (પાણી)] ન. ફળ અને પાણી.

ફલોદય ૧. [સં.] પું. ફળની ઉત્પત્તિ.

૨. પું. બાળક; હાંસલ; નફો.

૩. પું. સ્વર્ગ; દેવલોક.

૪. પું. હર્ષ; આનંદ.

ફલોદ્ગમ [સં.] પું. ફળ આવવા તે.

ફલોદ્દેશ ૧. [સં.] પું. પરિણામને લક્ષ્યમાં હોવું તે.
૨. પું. ફળનો હેતુ.
ફલોદ્ભવ જુઓ ફલોત્પત્તિ.
ફલોદ્યાન [સં. ફલ + ઉદ્યાન (બગીચો)] ન. ફળની વાડી; બગીચો; ફળવાડી.
ફલોદ્યાનવિદ્યા [સં.] સ્ત્રી. ફળફૂલાદિ ઉગાડવાની વિદ્યા.
ફલોનિ [સં.] સ્ત્રી. યોનિ.
ફલોન્મુખ [સં.] વિ. ફળ દેવાને તૈયાર.
ફલોપકારકાંગત્વ [સં.] ન. (વેદાંત) પોતાના વ્યાપારથી ભિન્ન અવધાન વિના પ્રધાન કર્મને ઉપકારકપણું. જેમકે, પ્રયાજ નામે અંગમાત્ર અદૃષ્ટરૂપ પોતાના વ્યાપારમાત્રથી દર્શપૂર્ણમાસાદિ પ્રધાન યાગને ઉપકારક થાય છે, માટે પ્રયાજ એ ફલોપકારકાંગ છે. એને જ મીમાંસકો આરાદુપકારી કહે છે.
ફલોપભોગ [સં. ફલ (ફળ) + ઉપભોગ (ભોગવટો)] પું. ફળનો સ્વાદ કે આનંદ લેવો તે.
ફલોપભોગપ્રાપ્તિ પું. મિલકતનો ભોગવટો કરવાના હકવાળું ગીરો.
ફલોપેત [સં. ફલ (ફળ) + ઉપેત (સાથે)] વિ. ફળવાળું; સફળ.
ફલોફલ અ. પરસ્પર કંઈ લેવાદેવાનું ન રહે તેમ.
ફલ્ક ૧. [સં.] વિ. વિસ્તારેલા અંગવાળું.
૨. વિ. સાદ કરેલા અંગવાળું.
ફલ્ગુ ૧. [સં.] પું. ઊભરાનું ઝાડ.
૨. પું. (પિંગળ) એ નામે ઓક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, સગણ, ભગણ, સગણ, ગુરુ અને લઘુ મળી સત્તર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.
રસ સાતે રવ, યતિ સા ના સ ભ, ગ ત લે ફલ્ગુ. રણપિંગળ
૩. પું. વસંતઋતુ.
૪. સ્ત્રી. એ નામે ઓક નદી, તે ગયા તીર્થમાં આવેલ છે. એનો પ્રવાહ ભૂમિની નીચે હોવાનું મનાય છે. બુદ્ધકાળમાં તેને નિરંજરા કહેતા.
૫. સ્ત્રી. નર્મદાનાં કાંઠર માંહેનું ઓક નામ.
૬. ન. (પુરાણ) ગયામાં ફલ્ગુ નદી ઉપર આવેલું એ નામનું ઓક તીર્થ.
૭. ન. ગુલાલ.
૮. ન. મિથ્યા વાક્ય.
૯ વિ. અસાર; નિરર્થક; નકામું.
૧૦. વિ. દુર્બળ; નબળું; સત્ત્વહીન.
૧૧. વિ. બાલ વયનું; તુચ્છ.
૧૨. વિ. સામાન્ય.
૧૩. વિ. સુંદર.
ફલ્ગુતીર્થ જુઓ ફલ્ગુ ૬.
ફલ્ગુદા [સં.] સ્ત્રી. ગયા પાસેની એ નામની ઓક નદી.
ફલ્ગુન ૧. [સં.] પું. અર્જુન.
૨. પું. ફાગણ મહિનો.
૩. વિ. ફાલ્ગુની નક્ષત્ર સંબંધી
૪. વિ. ફાલ્ગુની નક્ષત્રમાં બનેલું.
ફલ્ગુનાસ [સં.] પું. ફાગણ માસ.
ફલ્ગુની ૧. [સં.] સ્ત્રી. ઓક જાતના ઊભરાનું ઝાડ.
૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠર માંહેનું ઓક નામ.
૩. સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વા ફાલ્ગુની તથા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર. તેના ઉપરથી ફાગણ માસ નામ પાડેલું છે. ફાલ્ગુન માસમાં આ નક્ષત્ર સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયામાં અસ્ત પામે છે. બધા નક્ષત્રની પૂર્વે ફાલ્ગુનીના બાર તારાઓનો ઓક ઠાટખૂણાનો ચતુષ્કોણ થાય છે. તેની પૂર્વ અને પશ્ચિમ બાજુઓ ઉત્તર અને દક્ષિણ બાજુની બેવડી લંબાઈથી સહેજ ઢળતી છે. પશ્ચિમ તરફના બે તારા તે પૂર્વા ફાલ્ગુની કહેવાય છે. તેમાં ઉત્તર તરફનો તારો વધારે તેજસ્વી છે. પૂર્વ બાજુના બે તારા ઉત્તરા ફાલ્ગુની કહેવાય છે. તેમાંનો દક્ષિણ તરફનો તારો મોટો છે.
ફલ્ગુનીભવ [સં.] પું. ભૂહરપતિ.
ફલ્ગુફુલ્લાત્મિકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠર માંહેનું ઓક નામ.
ફલ્ગુલુકા [સં.] સ્ત્રી. એ નામની ઓક નદી.
ફલ્ગુવાદિકા [સં.] સ્ત્રી. અંજલી ગૂલર; કઠુમર; વડ કે પીપળાની જાતનું ઓક ઝાડ; ઊમરો.
ફલ્ગુવૃંત [સં.] ન. એ નામે ઓક ઔષધ.
ફલ્ગુવૃંતાક જુઓ ફલ્ગુવૃંત.
ફલ્ગુવૃંતાંક [સં.] પું. સોનાક વૃક્ષ.
ફલ્ગૂત્સવ [સં. ફલ્ગુ + ઉત્સવ] પું. ફાગણ માસની પૂનમને દિવસે કરાતો ઉત્સવ.
ફલ્ય [સં.] ન. પુષ્પ ફૂલ.
ફલ્લકી ૧. [સં. ફલ્લકિન્] પું. ઓક પ્રકારનું માછલું.
૨. વિ. ઢાલથી સજ્જ થયેલ.
ફલ્લા પું. ઓક જાતનું રોગમ. તેનો રોગ પીડાયા પડતો સોજો હોય છે.
ફલ્લું ૧. વિ. પહોળું; ભાઠું; ચલું; વિસ્તરેલું.
૨. વિ. બહુ આનંદ પામેલું.
૩. વિ. ભોળું; ખુલ્લા દિલનું; નિખાલસ.
૪. વિ. ચાંદું વળી જાય તેવું.
ફલ્વારા પું. ફુવારો.
ફવ્વ (ફવ્વ) ૧. [અ.] સ્ત્રી. કેફવાળા.
૨. સ્ત્રી. કૂ બકી જવું તે; અવાજ નહિ થવો તે.
૩. સ્ત્રી. ધસીને પછી હઠી જવું તે.
૪. સ્ત્રી. પૂંછડી.
૫. સ્ત્રી. હાર; પરાજય.
હતે જરા જબ વામે ફેરી વક્ર આવી ચાલે,
કરી ફક્ત દુરાગ્રિત બોલીએ નાક તો.
વલ્લભ
ફશાર (ફ઼શાર) ૧. [ફા. ફિશાર] વિ. છૂંદાયેલું.
૨. વિ. હાથથી દાબેલું.
ફસ ૧. [અ. ફસ્સ] સ્ત્રી. નસ; રગ; નાડી; રક્તવાહિની.
૧. ફસ ખોવવી = નસમાંથી લોહી કાઢવું.
૨. ફસ ખોલાવવી = શરીરમાં લોહીનો ખૂબ વધારો થયો હોય ત્યારે નસ ચીરી લોહી કાઢી નખાવવું. ઈરાન વગેરે તરફ આજે લોહી ચડી જાય નહિ તે માટે ફસ ખોલાવવાની રીત છે.
૨. સ્ત્રી. નસ ઉપચારી લોહી કઢાવવું તે.
૩. સ્ત્રી. પરાજય; હાર.
ફસકડ્ડા (ફસકડ઼ા) [હિં.] પું. પગ પહોળા કરીને જમીન ઉપર બેસવું તે; પલાંઠી.
ફસકવું ૧. અ. ક્રિ. બસી જવું; સરીને છૂટી જવું.
૨. અ. ક્રિ. તૂટી પડવું.
૩. અ. ક્રિ. પાર ન પડવું; અધૂરે છોડી દેવું.
૪. અ. ક્રિ. ફાટી કે ચિરાઈ જવું; ફસ લઈ ને ફાટવું; વણાટ માંહેના તંતુઓનું ઢિલાશ આવી જવાથી કે મજાર્ઈ જવાથી તૂટી જવું.
૫. અ. ક્રિ. બોલ્યા પછી ફરી જવું; કબૂલત તોડવી.
ફસકી જવું = (૧) કબૂલત તોડવી. (૨) ચિરાઈ જવું; ફાટી જવું. (૩) પાછા પડી જવું.
૬. અ. ક્રિ. વિચાર ફેરવવો.
૭. અ. ક્રિ. શરૂ કર્યા પછી મંદ પડી જવું; કરવા ધારેલા ક્રમથી પાછા હઠી જવું; ઢબાઈ જવું; છટકવું; નાહિમત થવું.

ફસકાવવું ૧. સ. ક્રિ. ધીમેથી મુક્તિપૂર્વક અલગ કરવું; હટાવવું.

૨. સ. ક્રિ. ફસો તેમ કરવું.

ફસકાવું અ. ક્રિ. ફસકવાની ક્રિયા થવી; ફસકે એમ થવું.

ફસકી ૧. [હિં.] સ્ત્રી. અનરમાંથી લાવેલા ઢાણાની સાંસડી ઉપાડવાની મજૂરી તરીકે અપાતા મૂડીભર ઢાણા.

૨. સ્ત્રી. હાર; નાહિંમત; ફસ.

ફસડાવું (ફસડ઼ાવું) ૧. અ. ક્રિ. કમરથી પગ સુધીનો ભાગ જમીન ઉપર બસડીને બોલવું.

૨. અ. ક્રિ. તૂટી પડવું; ફેંસાઈ જવું.

ફસડાઈ જવું = ઢળી પડવું.

૩. અ. ક્રિ. ફસાઈ જવું; ભારી ભરાકું ફસાવું.

ફસડ્યો [હિં.] વિ. કમ, મર્યાદા કે વખતમાં ઊતરેલું.

ફસફસ ૧. સ્ત્રી. કાનમાં ધીમેથી બોલવું તે.

૨. સ્ત્રી. ઠીલું હોવાપણું.

૩. સ્ત્રી. ફસવાથી થતો અવાજ

ફસફસવું અ. ક્રિ. બોખા ચડવા આવે ત્યારે તપેલીમાંથી વરાળનો ફસફસ એવો અવાજ થવો.

ફસફસા ૧. [હિં.] વિ. ઠીલું; પોચું.

૨. વિ. સડેલું; જર્જરિત થઈ ગયેલું.

ફસલ ૧. [અ. ફસ્લ] સ્ત્રી. ઋતુ; મોસમ.

૨. સ્ત્રી. ખેતીની પેદાશ; મોલ; ફાલ; ખેતીની બિપજ; પાક; તૂલ.

ફસલ ભરવી = આવતી મોસમ સુધી વપરાશ માટેનો ઢાણો એકઠો કરવો.

૩. સ્ત્રી. નિશાન; ફેંસલો.

૪. સ્ત્રી. ભેદ; વર્ણીવર્ણી.

૫. સ્ત્રી. વણણીની મોસમ; પાક તૈયાર થવાનો વખત.

ફસલહુંગામ સ્ત્રી. ઋતુ સમયનો પાક; મોસમમાં તૈયાર થતી બિપજ.

ફસલી ૧. [અ. ફસ્લી] પું. અકબર બાદશાહે હિજરી ૯૬૩માં ઋતુને અનુસરીને કરેલો સન; ફસલી સન. પાક તૈયાર થાય તે વખતે નવું મોસમી વરસ કરવાને તેણે ફસલી સન ચલાવ્યો હતો. હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં તે જુદા જુદા માસથી એટલે ફસલ કરવાની ઋતુથી ગણવામાં આવે છે. ફસલી સનનું વર્ષ સૌર અને મહિના હિજરી લેવામાં આવે છે, તેથી કેટલોક તફાવત પડે છે.

૨. પું. નંગાણી એક જાતની જાંબો.

૩. સ્ત્રી. વિસ્મિતતા; ઝોમળિયું.

૪. વિ. ફસલ સંબંધી; મોસમનું.

ફસલી ખરીફ [અ. ફસ્લી ખરીફ] પું. ચોમા, બાજરીના પાકની મોસમ.

ફસલી રબી [અ. ફસ્લી રબ્બી] પું. વસંત ઋતુ.

ફસલી સન [અ. ફસ્લી સન] પું. ગોત્રીસ માહેનો એ નામનો એક ભારતીય સંવત હિંદુસ્તાનમાં મુસલમાની રાજ્ય થવાથી હિજરી સન પ્રચલિત થયો હતો, પરંતુ તેનું વર્ષ ચાંદ હોવાથી સૌર વર્ષથી ૧૧ દિવસ ઓછું હતું. તેને પરિણામે મહિના અને ઋતુઓનો સંબંધ રહેતો નહોતો. માટે અકબર બાદશાહે પાકની મોસમને અનુકૂળ નવો સન કર્યો. તેથી તે ફસલી સન કહેવાય છે. ઈ. સ. ૧૫૫૫ને મળતા સંવત ૧૧૧૨ની સાલમાંથી ૯૪૯ વર્ષ બાદ કરી તેને ફસલી સાલ ૬૬૩ કહી, એટલે ફસલી સાલમાં ૯૪૯ ઉમેરવાથી સંવત અને ૫૬૨ કે ૫૬૩ ઉમેરવાથી ઈસ્વી સન આવે. ફસલી સાલ બાસો સુદિ દશમથી એટલે તારીખ ૧૦ સપ્ટેમ્બર ૧૫૫૫થી કરે વર્ષ હતી. પહેલાં આ સનનો પ્રચાર પંજાબ અને સંયુક્ત પ્રાંતમાં થયો અને પછીથી જ્યારે બંગાળ વગેરે પ્રાંત અકબરની હકૂમતમાં આવ્યા, ત્યારે આ સનનો પ્રચાર ત્યાં પણ થયો. દક્ષિણમાં એનો પ્રચાર શાહજહાંના વખતમાં થયો અને તેથી ઉત્તરી ફસલી સન અને દક્ષિણી ફસલી સન એ બે નામ પડી ગયાં.

ફસલી સાલ જુઓ ફસલી સન.

ફસવવું સ. ક્રિ. ઝોકું સમજણી હાંડામાં નાખવું; ભરાઈ પડે એમ કરવું; સપડાવવું; ફસાવવું; ભૂલથાપ ખવડાવવી; મુશ્કેલીમાં નાખવું; ઊતરવું.

ફસવું અ. ક્રિ. ભરાઈ પડવું; સપડાવું; ભટકામાં પડી જવું; ઠોકરની ખોટી સલાહથી મુસીબતમાં આવી પડવું; અળગામાં પકડાઈ જવાવું.

ફસી પડવું = નિષ્ફળ જવું.

ફસાઉ (ફસાઉ) ૧. [અ.] પું. કચરો; ઠીલો; કાદો.

૨. પું. પીડા; ઉપદ્રવ.

૩. પું. પ્રપંચ; કાવતરું; દગો.

૪. પું. બદ હાલત; ભરાત દશા.

૫. પું. બળવો; વિદ્રોહ.

૬. પું. મતભેદ.

૭. પું. વિઘ્ન; અડચણ.

૮. પું. વિવાદ.

૯. પું. સંપ ન હોવો તે.

૧૦. પું. હલકાઈ; દુષ્ટતા.

ફસાદી (ફસાદી) ૧. [અ.] વિ. ઉપદ્રવી; પીડા કરનાર.

૨. વિ. ટંટો ઊભો કરનાર.

૩. વિ. દુષ્ટ; અધમ.

૪. વિ. નટખટ; પાજી; તોફાની.

ફસાના (ફસાના) [ફા.] પું. કલ્પિત વાર્તા.

ફસામણ ૧. સ. ભળ; પ્રપંચ; યુક્તિ.

૨. સ. ફસાવું તે; સપડાઈ જવાપણું.

ફસામણી જુઓ ફસામણ.

ફસાવ પું. ભળમાં ફસાવવું તે.

ફસાવક જુઓ ફસામણ.

ફસાવવું ૧. સ. ક્રિ. ઝોકું સમજણી હાંડામાં નાખવું; ભરાઈ પડે એમ કરવું; સપડાવવું; ભૂલથાપ ખવડાવવી.

૨. સ. ક્રિ. ઠગવું; ઊતરવું.

ફસાવું ૧. અ. ક્રિ. ઠગાવું

૨. અ. ક્રિ. ભરાઈ પડવું; સપડાવું; ભટકામાં પડી જવું; ઠોકરની ખોટી સલાહથી મુસીબતમાં આવી પડવું.

ફસાઈ પડવું = મુશ્કેલીમાં આવી પડવું.

ફસાહત (ફસાહત) ૧. [અ.] સ્ત્રી. બોલવાની છટા.

૨. સ્ત્રી. લેખનશૈલીની સુંદરતા.

ફસિયારો પું. ગળાચીપ દેનાર ઠગ.

ફસિલ [હિં.] સ્ત્રી. ફસલ; પાક; નીપજ.

ફસીલ (ફસીલ) ૧. [અ.] સ્ત્રી. કિલ્લો; ગઢ; શહેરની આસપાસ ફરતી દીવાલ.

૨. સ્ત્રી. દીવાલ.

૩. સ્ત્રી. સંરક્ષણ દીવાલ.

ફસીલ (ફસીલ) ૧. [અ.] વિ. જાકાર ભરાવાળું

૨. વિ. પ્રકાશિત; ચમચમાટ મારે એવું.

ફસીહી (ફસીહી) [અ.] સ્ત્રી. ભાષા; બોલવાની ભવ્યતા.

ફસુર્દો (ફસુર્દા) [ફા.] વિ. ઠારું; ઠંડું.

ફસો વિ. પું (સ્ત્રી) ઠીલો; નરમ.

ફરખ (ફરખ) ૧. [અ.] પું. ભેદભાવ; વિશ્વાસભંગ.

૨. પું. ખોટું તોડી નાખવું તે; સોદો રદ કરવો તે.

ફરખી જવું = વચનભંગ થવું; બાકી જવું.

ફરત જુઓ ફરદ.

ફરસ (ફરસ) [અ.] સ્ત્રી. નસ ખોલીને બરાબર લોહી કાઢવાની ક્રિયા.

ફરસ (ફરસ) ૧. [અ.] સ્ત્રી. ઋતુ.
ફરસે મુલ બહાર = વસંત ઋતુ.
૨. સ્ત્રી. છાંયા; ઠંડો.
૩. સ્ત્રી. પાક; નીપજ; ખેતીની ઊપજ.
૧. ફરસે ફસ્તાદા = ઊભો મોલ.
૨. ફરસે ખરીફ = ચોમાસા, બાજરી વગેરેનો શિયાળુ પાક. વર્ષા ઋતુની શરૂઆતમાં તેનું બી વાવવામાં આવે અને વરસાદની ઋતુ પૂરી થાય કે તરત જ લણવામાં આવે છે.
૩. ફરસે રબ્બી = ઘઉં, ચણા વગેરે ઉનાળુ પાક; વસંત ઋતુમાં પાકતો પાક. આ પાકને પાણીની જરૂર પડે છે. તેમાં ઘઉં, જવ, વટાણા, ચણા, અલ્સી, મસૂર, સરસવ, અળસી, તમાકુ, કપાસ, જાડ, રાઈ, કોરડી, વગેરેનો સમાવેશ થાય છે.
૪. સ્ત્રી. પ્રકરણ.

ફરસલી (ફરસલી) ૧. [અ.] સ્ત્રી. ગ્રહોનાક્ષ અકબરે મોસમ પ્રમાણે સંવત્સર ગણવાની દાખલ કરેલી રીત. પાછળથી તે સન હિજરી સાથે ભળી ગયો હતો. ફરસલી સંવત્સર સૂર્યની ગતિનો હોવાથી તે હિજરી સનથી ૧૨ સેકંડ જેટલો પાછળ રહે છે.
૨. વિ. ઋતુ પ્રમાણેનું; મોસમી.
૧. ફરસલી બુખાર = ઋતુ બદલવાથી આવતો તાવ.
૨. ફરસલી મેવા = મોસમી ફળ.

ફરસવાદ (ફરસવાદ) ૧. [અ.] પું. બરાબર લોહી બહાર કાઢી સાફ લોહી નાડી વાટે લાવનાર હકીમ.
૨. વિ. વાદકાપ કરનાર.

ફરસવાદી (ફરસવાદી) ૧. [અ.] સ્ત્રી. બરાબર લોહી કાઢી નાખવાની ક્રિયા.
૨. સ્ત્રી. વાદકાપ.

ફરહદ (ફરહદ) ૧. સ્ત્રી. ફેર; તફાવત.
૨. સ્ત્રી. ભાંગેલું; કાંકું.

ફરહરેહ જુઓ ફરહ.

ફરહમ (ફરહમ) ૧. [અ.] સ્ત્રી. દાન.
૨. સ્ત્રી. સમજ; અક્કલ.

ફરહમાયેશ (ફરહમાયેશ) ૧. [ફા.] સ્ત્રી. આકાર; હુકમ.
૨. સ્ત્રી. ગોતવણી.
૩. સ્ત્રી. સિફારસ; શિફા; ઉપરેશ.

ફરહમિંદા (ફરહમિંદા) [ફા. ફરમંદા] વિ. બનીતું; બનવાકાર.

ફરહમીદ (ફરહમીદ) ૧. [ફા.] સ્ત્રી. સમજ; [redacted]
૨. વિ. સમજદાર; ચતુર.

ફરહમીદગી (ફરહમીદગી) [ફા.] સ્ત્રી. સમજણ.

ફરહરિસ્ત (ફરહરિસ્ત) [ફા. ફેહરિસ્ત] સ્ત્રી. યાદી; ટીપ.

ફરહવ (ફરહવ) ૧. [અ.] પું. અર્થ.
૨. પું. ચિંતા; ફકીરત.

ફરહશ (ફરહશ) ૧. [અ. ફુહ્શ] સ્ત્રી. બીભત્સ ભાષા.
૨. વિ. અશ્લીલ; ભૂંડું; બીભત્સ.
૩. વિ. બકવાસ; ગંદું; ખોટું.

ફરહરી (ફરહરી) ૧. [અ.] વિ. અશ્લીલ; ભૂંડું.
૨. વિ. બકવાસ; ગંદું.

ફરહીમ (ફરહીમ) [અ.] વિ. બુદ્ધિશાળી; ચતુર.

ફરહીદ (ફરહીદ) ૧. [ફા.] પું. સમજ; અક્કલ.
૨. વિ. સમજવા યોગ્ય.

ફરહ્હારા (ફરહ્હારા) [અ.] સ્ત્રી. બકવાસથી વાત કરવી તે.

ફરહ્હારી (ફરહ્હારી) [અ.] સ્ત્રી. શર્મ કે વર્તનમાં નિર્લજ્જતા; બેશરમી.

ફરા ૧. [સં. ફલ] ન. ઉત્પન્ન; ઉત્પાદન.
૨. ન. ઉદ્દેશ; કારણ; પ્રયોજન; સાધન.
૩. ન. કાકોલી નામનો સુગંધી પદાર્થ.
૪. ન. કીમતનો આંકડો.
૫. ન. (ગણિત) ગણિતનું કોઈ પણ પરિકર્મ કરતાં આવેલું પરિણામ; 'ફલકલ'.
૬. ન. ગ્રહની રાશિગત સંજ્ઞા.
૭. ન. ઝાડ, વેલા અને વનસ્પતિની બીજોત્પત્તિ; જેમાંથી સ્વજાતીય નવાંકુરને ફરીને ઉદ્ભવ થાય એવી વનસ્પતિની ઊપજ; ફૂલમાંથી થતો પાક; વનસ્પતિનાં ફૂલ ખરી ગયા પછી થતો પાક; બીજથી ઊગેલો અવયવ. કપડા ઉપર ફળના ડાઘ પડ્યા હોય તો ટંકણખાર નાખેલ ઊના પાણીથી ધોવાથી ડાઘ નીકળી જાય. કપડું સુતરાઉ અથવા રેશમનું હોય તો નિશાદરની દવા લાર્યા તેમાં ઊનું પાણી રેડી તેમાં ખોળા ધોવાથી ડાઘ નીકળી જાય. કપડું ઊનનું, રેશમનું અથવા રંગિત હોય તો નિશાદરને બદલે ટંકણખાર વાપરવો, કારણ કે નિશાદરથી તેના વાસ્તવિકતાણાને નુકસાન થાય છે.
૮. ન. પરિણામ; અંત; ઓછો. હરિજન બંધુમાં ગાંધીજી લખે છે કે: જેવું ફળ જોઈતું હોય તેવું સાધન રાખો, જો સૂતરને કુ અક્ષરશઃ માનવાવાળો હું. અને તાજે છે કે, ખેત શુદ્ધ હોય તો તેને જોઈવાને ગમે તેવું સાધન ચાલે. સારી ધારણા પાર પાડવામાં ગમે તેવી હિંસા કરવી વાજબી છે એ માન્યતા નુકસાન કરનારી છે. ધંધા બગડ્યા એટલે કે ખોટા ઇલાજને અખત્યાર કરવાને કારણે બધી પ્રવૃત્તિઓને નુકસાન થયું છે.
૯. ન. પાનું; કળું.
૧૦. ન. પાંખિયું.
૧૧. ન. પૃષ્ઠ; પટ; વિસ્તાર; મેદાન.
૧૨. ન. બદલો.
૧૩. ન. બાજરો.
૧૪. ન. મદનફળ; મીંઢળ.
૧૫. ન. સંતાન; પ્રજા; છોકરાંછૈયાં.
૧૬. ન. સાર; તત્ત્વ.
૧૭. ન. સિદ્ધિ; લાભ; પ્રાપ્તિ; ફાયદો.
ફળ આવવું–મળવું = લાભ થવો.
૧૮. ન. સોપારી.

ફળકૃત જુઓ ફલકૃત.

ફળજ્યોતિષ જુઓ ફલજ્યોતિષ.

ફળઝાડ (ફળઝાડ) ન. આર્ષ લક્ષણ જેવાં ફળ આપનાર ઝાડ.

ફળટીટી સ્ત્રી. ફળની ટીટી; જ્યાં ફળ ઝાડની સાથે જોડાયેલું હોય છે તે સ્થળ.

ફળતંતુ પું. કેસરતંતુ.

ફળતું વિ ફળ આપતું; ફળદાયક.

ફળત્યાગ જુઓ ફલત્યાગ.

ફળદ જુઓ ફલદ.

ફળદર્શન [સં. ફલદર્શન] ન. ફળ નજરે પડવું તે; પરિણામ દેખાવું તે.

ફળદા જુઓ ફલદા.

ફળદાતા જુઓ ફલદાતા.

ફળદાયક જુઓ ફલદ.

ફળદાયી જુઓ ફલદ.

ફળદ્રુપ જુઓ ફળદ્રૂપ.

ફળદ્રુપતા જુઓ ફળદ્રૂપતા.

ફળદ્રૂપ ૧. વિ. ગર્ભ ધારણ કરી હો એવું.
૨. વિ. ફળ આપે એવું.
૩. વિ. રસાળ; અન્ન, વનસ્પતિ જીવરે અને સારો પાક આપે એવું.

ફળદ્રૂપતા ૧. સ્ત્રી. ગર્ભ ધારણ કરવાની યોગ્યતા; પ્રજોત્પાદક શક્તિ.
૨. સ્ત્રી. ફળ આપે તેવું હોવું તે.
૩. સ્ત્રી. સારો પાક આપવાપણું; રસાળતા; ફળવતતા.

ફળપાક [સં. ફલપાક] પું. યોગશાસ્ત્રના ચાર ભેદોનો ચોથો ભાગ. તેમાં સિદ્ધિ વગેરે સહિત પરમ મોક્ષનો નિષ્કર્ષ એટલે મોક્ષનું ફળ જે મોક્ષ તે બતાવેલ છે.

ફળપ્રદ [સં. ફલપ્રદ] વિ. ફળદાયક; ફલદ; ફળકારી.

ફળપ્રાપ્તિ ૧. [સં. ફલપ્રાપ્તિ] સ્ત્રી. લાભ; ફાયદો. ૨. સ્ત્રી. સફળતા; સિદ્ધિ.

ફળફળ અ. ફળફળ એવો અવાજ.

ફળફળવું ૧. ક્રિ. ફળફળ એવો અવાજ કરવું. ૨. વિ. બહુ ઊનું; ગરમીથી ઊકળતું.

ફળફળાદિ [સં. ફલફલાદિ] ન. ફળ અને ફળના જેવી બીજી ખાવા યોગ્ય વસ્તુ.

ફળફૂલ ન. ફળ અને ફૂલ; ફલપુષ્પાદિ.

ફળભક્ષી [સં. ફલભક્ષિન્] વિ. ફળ ખાઈ રહેનાર; એકલાં ફળનો જ આહાર કરી રહેનાર.

ફળભાગી [સં. ફલભાગિન્] વિ. ફળમાં ભાગ પડાવનાર.

ફળભોગ જુઓ ફલભોગ.

ફળભોગી [સં. ફલભોગિન્] વિ. ફળનો ભોગવનાર.

ફળભોજી જુઓ ફળભક્ષી.

ફળમાંખ સ્ત્રી. ફળમાનો રસ ચૂસી લેનાર એક જાતનું જીવડું.

ફળમૂળ [સં. ફલમૂલ] ન. ફળ અને કંદ; ફળ અને બીજા જેવાં વનસ્પતિનાં મૂળ. જેમકે, સક્કરકંદ.

ફળરૂપાકૃતિ [સં. ફલરૂપાકૃતિ] સ્ત્રી. એક પ્રકારની ભક્તિ.

ફળવતી વિ. સ્ત્રી. ફલવાળી.

ફળવંત ૧. [સં. ફલવત્] વિ. ફળ આવે તેવું; ફળદાયી. ૨. વિ. ફળવાન; ફળવાળું. ૩. વિ. રસાળ; ફળરૂપ. ૪. વિ. ચિકણી; હેતેહમંદ.

ફળવંતતા ૧. સ્ત્રી. ફળ આવે તેવું હોવું તે. ૨. સ્ત્રી. ફળ આવેલાં હોવાપણું. ૩. સ્ત્રી. રસાળપણું; ફળરૂપતા. ૪. સ્ત્રી. ચિકાશ; હેતેહ

ફળવંતું જુઓ ફળવત.

ફળવાન જુઓ ફળવંત.

ફળવાહિની [સં. ફલવાહિની] સ્ત્રી. અંડકોશથી મૂત્રાશય સુધી રજને વહી જનાર નળી. ફળવાહિનીઓનો રોગ સારવારના બાટને મળતો આવે છે. તેના પહેલા ઉદય ઉપર કમળાના ફૂલ જેવી ઝાંખર હોય છે. ફળવાહિનીની રચના પણ ચર્મકીલ જેવી જ થરવાળી હોય છે. ફળવાહિનીઓ ઉપર જ આર્દવનું આવવું અવલંબી રહેલું હોય છે.

ફળવાળું જુઓ ફળવંત.

ફળવું ૧. અ. ક્રિ. પરિણામ આવવું; ફળ આવવું. ૨. અ. ક્રિ. ફળવાળું થવું; પાકવું; તૈયાર થવું; ફળ આવે એવી હાલતમાં આવવું; ફળદાયી થવું. ૩. અ. ક્રિ. ભલો મળવો. ૪. અ. ક્રિ. બાળક આવવું; સંતાન થવું. ૫. અ. ક્રિ. લાભ આવે એવું થવું; ફાયદો થવો; નફો મળવો. ૬. અ. ક્રિ. સમર્થ થવું; ગાભલું થવું. ૭. અ. ક્રિ. સિદ્ધ થવું; સફળ થવું.

ફળવૃક્ષ [સં. ફલવૃક્ષ] ન. ફળ આપનાર ઝાડ.

ફળવેદન [સં. ફલવેદન] ન. ફળ ભોગવવું તે. કર્મની નિર્જરા જેમ તેના ફળવેદનથી થાય છે તેમ બધી વાર તપથી પણ થાય છે.

તત્ત્વાર્થસૂત્ર

ફળશર્કરા [સં. ફલશર્કરા] સ્ત્રી. ફળના રસમાંથી બનતી સાકર.

ફળશ્રુતિ જુઓ ફલશ્રુતિ

ફળસિદ્ધિ [સં. ફલસિદ્ધિ] સ્ત્રી. પરિણામ; ફળની પ્રાપ્તિ.

ફળહળવું અ. ક્રિ. અચાનક આવી પડવું; ઊતરવું. સંવત અઢાર પચોતેરે ફળહળ્યો અગ્નિ કરંબાનું, પર શોરઠ ભોંજો બધી ભોંમતળ ખુમાણ.

રસધાર

ફળહીન [સં. ફલહીન] વિ. અર્થ; હોકલ; નિષ્ફળ; નકામું; ફળ વિનાનું.

ફળાઉ [સં. ફલાઢ્ય] વિ. જેને ફળ આવતાં હોય એવું; ફળ આપતું.

ફળાદેશ જુઓ ફલાદેશ.

ફળાધાર ૧. [સં. ફલાધાર] ન. ફળનો આધાર; ફળનો આશ્રય; ફળ ખાઈ શરીરને ટકાવી રાખવું તે. ૨. વિ ફળ ઉપર જીવનારું; ફળ ઉપર જેનો આધાર હોય એવું.

ફળાધારી વિ. ફળ ખાઈને જીવનાર.

ફળાફળ [સં. ફલાફલ] ન સફળતા અથવા નિષ્ફળતા; લાભાલાભ; નફોતોટો.

ફળાર [સં. ફલાહાર] ન. ઉપવાસનો આસ ખોરાક; ફળાહાર; ફરાળ.

ફળારી વિ. ફળાહારમાં ખપાવું; આહારમાં ફળ તરીકે વપરાતું.

ફળાવવું સ. ક્રિ. ગર્ભ ધારણ કરાવવો; ફલિત કરાવવું; ફળરૂપ કરાવવું.

ફળાશા [સં. ફલાશા] સ્ત્રી. ફળની ઇચ્છા.

ફળાહાર [સં. ફલાહાર] પું. ફલાહાર; ફરાળ; ફળનો ખોરાક.

ફળાહારી [સં. ફલાહારિન્] વિ. ફળ ખાઈ રહેનાર; ફળાહાર કરનારું.

ફળિત ૧. [સં. ફલિત] ન. લાભ; ફાયદો ૨. ન. સારાંશ; મતલબ; તાત્પર્ય. ૩. વિ. સિદ્ધ થયેલું; સફળ.

ફળિયાપાડોશી (ફળિયાપાડોશી) પું. પાડોશમાં રહેનાર માણસ; આજુબાજુમાં રહેનારો માણસ.

ફળિયું ૧. ન. ઘરનું ચોગાન; આંગણું; ઘરનો ચોક. ફળિયે ફળિયે ધર્મોપિણી = ઘેર ઘેર વીર પુરુષો હોવાપણું. ગાંધીજી લખે છે કે: હિંદુઓના આ જગતના ઇતિહાસમાંના ફાળા વિષે હું શું કહું ? આપણો ઇતિહાસ ગૌરવવાળો છે, પરંતુ આપણે આપણા પ્રાચીન વારસા ઉપર જ મૂકીશું તો હારીશું. આપણા પૂર્વજો જેવા હતા તેવા આપણે થઈને બતાવવું જોઈએ. આપણા ઋષિમુનિઓએ આપણા ધર્મને બચાવવા સારૂ પોતાના અંગે અંગના ટુકડા થતા દીધેલા છે. કોઈ આપણને કહે છે કે, યુરોપમાં તો એક ધર્મોપિણી છે, પરંતુ હિંદુસ્તાનમાં તો ફળિયે ફળિયે ધર્મોપિણી દેખવામાં આવે છે. હિંદુસ્તાનમાં જેવા વીર પુરુષો થઈ ગયા એને સારૂ હું ઇતિહાસ શું બતાવું ? હું તો એટલું જ કહું છું કે, હજાર ઉપર હાથ મૂકીને આપણે તપાસી જઈએ તો એ વીરતા બજારે આપણામાં છે ?

૨. ન. પાનું; કૂંડું. ૩. ન. મહોલ્લો; શેરી; વાડો; વાસ; પોળ.

ફળિયેલ ૧. વિ. પાકેલું; સિદ્ધ થયેલું. ૨. વિ. હેતેહમંદ થયેલું. ૩. વિ. ફળાઉ; ફળ આવે એવું. ૪. વિ. ફળેલું.

ફળી ૧. સ્ત્રી. લાકડી; દંડ. ૨, [સં. ફલક] સ્ત્રી. ચિંગ. ૩. ન. નાનું ફળિયું; ઘરની પાસેનો ખુલ્લો ભાગ; ચોગાન.

ફળીભૂત ૧. [સં. ફલીભૂત] વિ. પરિપૂર્ણ; સાર્થક. ૨. વિ. ફળ બહું હોય તેવું; સફળ; સધાયું હોય તેવું. ૩. વિ. ફળવાળું. ૪. વિ. ફાયદાકારક.

ફેરું ૧. ન. પાટિયું; લાકડાનો તખ્તો.
૨. ન. પાનું; પાર
૩. ન. ફલક; ફળ.
૪. ન. લાકડાનો આગળનો ભાગ.
૫. ન. મેલડી વગેરે દેવીઓના સ્થાનમાં રખાતું તેમનું નિશાન; ત્રિશૂળ.

ફેરોળવું અ. ક્રિ. મૂવરવું; પેસાબ કરવો.

ફેળોદક [સં. ફલોદક] ન. ફળ અને પાણી.

ફેળોત્પત્તિ ૨. [સં ફલોત્પત્તિ] સ્ત્રી. નફો; લાભ.
૨. સ્ત્રી. ફળનું ઉત્પન્ન થવું તે.

ફેંકા ૧. પું. લાકડાની દવા કે ચૂર્ણ
૨ [હિ.] પું. સાબુ લાગ્યા કે કોઈ વસ્તુનુ પીસેલું ચૂર્ણ એક વાર મોઢામાં ફાકી લાગે તેટલું માપ; ફાકડો.

ફેંકો જુઓ ફેંકા.

ફેંકરાન ૧. [અ.] ન. આભારવશ; અનુજ્ઞાન.
૨. ન. કર્તવ્ય; ફરજ.
૩ ન. કાર્ય; વિધિ.
૪. ન. ગણિતમાં એક જાતનું પરિણામ; ફલ.

ફેંગ ૧. પું. (કચ્છી) કહ્યો.
૨. પું. રાગ; અનુરાગ; મોહ.
૩. પું. (કચ્છી) રેટિયાનો એક ભાગ.
૪ [હિ.] પું. બંધન; ફંદો.

ફેંગડ સ્ત્રી. (કચ્છી) હાથનો ઉપલો ભાગ.

ફેંગફેંગ અ. (કચ્છી) કહ્યે કહ્યા.

ફેંગરાવું અ. ક્રિ. ઉશ્કેરાવું; ગુસ્સે થવું.

ફેંગવેલ્લ સ્ત્રી. એક પ્રકારનો વેલો. તેમાં સુંદર, સફેદ, સાંબી નળીવાળાં ફૂલ સાંજે ઊઘડે છે.

ફેંગાસ [અં.] ન. ફૂગ; ઊગ.

ફેંગોડવું સ. ક્રિ. ભેરથી ફેંકવું; ઝાલવું.

ફેંગોફેંગો પું. (કચ્છી) જુદા પડી જવું તે.

ફેંગોરિ ન. ફેંકાને આવતો પહેલો પોટો.

ફેંગોરો પું. ભેરથી ફેંકવું તે.

ફેંગોળવું ૧. સ. ક્રિ. ઘુમાવવું;
૨. સ. ક્રિ. ઊંચી રેવું; નાખી રેવું; ફગોળવું.

ફેંગોળિયું જુઓ ફગોળિયુ.

ફેંગોળિયો ૧. પું. ઊલાળિયો કરવો તે; કોઈ ચીજ વજર વિચાર્યે ફેંકી તે.
૨. પું. ઊંચકાનો ભેરથી ફેંકો.

ફેંગોળો ૧. પું. છેડે ઝાલીને ફગાવવાની ક્રિયા; હિલોળાને ફેંકો રેવું તે.
૨. પું. મોટો ઊંચકો; ઊંચકાનું મોટું ઝાડોલન.

ફેંજિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભારંગ.

ફેંજિકા ૧. [સં.] સ્ત્રી. બવાસો. એક જાતની વનસ્પતિ.
૨. સ્ત્રી. દંતી વૃક્ષ.
૩. સ્ત્રી. દેવતાડ.
૪. સ્ત્રી. ભારંગ વનસ્પતિ.

ફેંજિપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉંદરકણી.

ફેંજી જુઓ ફેંજિકા.

ફેંટાવું ન. બહારવટું
ફેંટાયે નીકળવું = બહારવટિયા બનવું.

ફેંદાવું ૧. અ. ક્રિ. આડું બનવું; બદલાવું; વિપર્યાંતર થવું.
૨. અ. ક્રિ. એક રસ્તામાંથી ફાંટા પડી બધારે રસ્તા થવા.
૩. અ. ક્રિ. ઉંડાવું; ખિડાવું.
૪. અ. ક્રિ. જુદું પડવું; વિભક્ત થવું.
૫. અ. ક્રિ. ટૂંકું પડવું.
૬. અ. ક્રિ. દિશા કે રસ્તો બદલવો.
૭. અ. ક્રિ. વિમાર્ગે જવું; અવળે રસ્તે જવું.
૮. અ. ક્રિ. શ્વાસ નીકળવો; ફાટવું.

ફેંદાચો પું. ફાંટો; જુદો પડતો માર્ગ.

ફેંદ ૧. [સં.] પું. જાદર; પેટ.
૨. [અ.] ન. ઉધરાવું; ટીપ; કોઈ કામ નભાવવા માટે એકઠા કરેલા પૈસા; ફાળો.
૩. ન. બંડોળ; આપણ; પૂંછી; પૂંછ.

ફેંદ ૧. પું. એક પ્રકારનો શિકાર; જળ ચાષરી પશુપક્ષીનો શિકાર કરવો તે. શિકારના જુદા જુદા પ્રકારનાં નામ: ઘેર, ગાઢ, ઓર, કૂદ, મૂળ, ઝાપ, પશુ, પક્ષી, પટબળી, વેગ.
૨. (ફંદ) [ફા.] પું. મારસ્તાન; ગવતરું; જળ; કૂવો.
૩. પું. ભોંય; ફેલફિતૂર.
૧. ફંદ રચવો = (૧) ગાવતરું કરવું. (૨) ભોંય કરવો.
૨. ફંદ બાંધવો = બાંધણમાં પડવું; બાંધણિયું કામ માથે લેવું.
૪. પું. દુર્વ્યસન; કુટેવ; બરાબ બસન.
૫. પું. દુઃખ; કષ્ટ.
૬. પું. નખનો ઝાકડો ઉગાડવાનું નાકું; ફંદો.
૭. પું. ઝાક; જળ; ફાંસો; ફાંસલો.
ફંદમાં પડવું = (૧) જળમાં સપડાવું. (૨) બસન થવું; બરાબ ટેવ પડવી.
૮. પું. પ્રેમનો પાશ.
૯. પું. બંધ; બંધન.
૧૦. પું. મંત્રબળ; મુરકેબી.
૧૧. પું. રહસ્ય; મર્મ.

ફેંદક (ફેંદક) ૧. [અ.] ન. નાળિયેરને મળતું આવતું એક જાતનું ફળ. તેમાંથી કાઢવામા આવતું તેલ કરીઅરોના ઉપયોગમાં આવે છે. તે ગોકર્ણિયાને મળતું હોય છે. આ ફળ ઘણું જ સખત, લંબગોળ અને સામાન્ય રીતે ગાઢક હોય છે. ફળને તળિયે એક બદામી રંગનું મોટું કરીઝના બીજ જેવું બીજ હોય છે. તેના તેલનો ઉપયોગ સાબુ, લીસી કરવામાં તેમજ બત્તીમાં બાળવામાં થાય છે.
૨. ન. હાથપગનાં આગળાંનાં ડાબલાવાળા ભેડા.

ફેંદફેંદ પું. ઘોંઘાટકો; કપટ.

ફેંદમૃગયા સ્ત્રી. જળ ચાષરી પશુપક્ષીનો કરાતો શિકાર.

ફેંદરા ૧. સ્ત્રી. જળ.
૨. સ્ત્રી. ફાસો.

ફેંદચાર ૧. વિ જળ નાખનાર.
૨. વિ. ફાંસીખોર; ફાંસો લગાવનાર.

ફેંદા જુઓ ફંદ.

ફેંદાબેડી (ફંદાબેડી) સ્ત્રી. હાથીને અંકુશમાં રાખવાનું એક સાધન; લોઢાની બનાવેલી એક જાતની જાડી ને મજબૂત સાંકળ; હાથીના આગલા પગમાં આંટી નાખીને બાંધવાની સાંકળ. હાથીને બહારગામ લઈ જતાં કે લાવતાં તે ભાગી જઈ શકે નહિ એટલા માટે તેના આગલા અને પગમાં આંટી નાખીને સાંકળ બાંધવામાં આવે છે.

ફેંદી (ફંદી) (ફા.] ૧. વિ. કપટી; ફંદવાળું; મારસ્તાની; ફંદબોર.
૨. વિ. દુર્વ્યસની; બરાબ ટેવવાળું.
૩. વિ. ફેલફિતૂરી; ભોંગી; ઘાતબાબોર.
૪. વિ. બદમાશ; બ્યભિચારી.

ફેંદીલું જુઓ ફંદી.

ફેંદો જુઓ ફંદ.

ફેંર સ્ત્રી. અમુક વખત સુધી પડતર રાખવી પડતી જમીન.

ફેંરવું (ફરેવું) સ. ક્રિ. વિખેરી નાખવું.

ફેંરો પું. ફજેતો; બાનગી વાત જાહેર થવી તે.

ફેંરોસવું સ. ક્રિ. બાંધાબોળા કરવા; આમતેમ નજર નાખી તથા હાથ બાલી બાલીને શોધવું; ખોળવું; બારીકાઈથી તપાસવું; બૂણેખાંચરે બધે ફેંદાફેંદી ખોળી જોવું.

ફેંરોસાવું અ. ક્રિ. શોધવા માટે ફાંફાં મરાવાં.

ફેંરોળ પું. શોધ; તપાસ; ખોજ; ખોળ.

ફેંરોળવું સ. ક્રિ. શોધવા માટે ફાંફાં મારવાં; ફરોસવું.

ફૂફોળો જુઓ ફોફોળ.

ફૂસની [હિં.] સ્ત્રી. એક પ્રકારની દમોટી. તે વડે કસારા લોટા, બોટી, ગાગર વગેરેનાં જળાં બનાવે છે.

ફૂસાવું ૧. અ. ક્રિ. ખોડાવું; ખેડાવું.
૨. અ. ક્રિ. પકડાવું.
૩. અ. ક્રિ. ફાટવું; તૂટવું.
૪. અ. ક્રિ. ફસમાં પડવું; ઉતરાવું; ઉતરવિદીમાં ભોગ થવું.
૫. અ. ક્રિ. ફાસો નખાવો.
૬. અ. ક્રિ. વાણોતાણા ઢીલા થઈ ગયા હોય એવું થવું.

ફૂસિહારા [હિં.] વિ. ફસાવનારું; ફસાવનાર.

ફૂંફા ૧. [સં.] પું. આબાદી; મદદી; વૃદ્ધિ.
૨. પું. નિષ્ફળ આયાસ.
૩. પું. પિતા; બાપ.
૪ પું. સંતાપ; ચિંતા.
૫ ન. ફારસી ભાષાનું ટૂંકું કપ. તે કોષ વગેરે ગ્રંથોમાં વપરાય છે.
૬. વિ. વધારનાર; વૃદ્ધિ કરનાર.

ફાઇટન સ્ત્રી. એક જાતની ઘોડાગાડી; એક અથવા બે ઘોડાવાળી, બાજુએ ખુલ્લી, આગ પૈડાંવાળી, હલકા વજનની ઘોડાગાડી; 'ફેઇટન.'
ઊંચા થતાં બે ઘોડાની ફાઇટનમાં નીકળ્યો.
ગોવર્ધનરામ

ફાઇટર [અં.] ન. એક જાતનું લડાયક વિમાન.

ફાઇટિંગ ફિશ [અં.] સ્ત્રી. એક જાતની માછલી. તેને ગોળ પાંખ હોય છે. તે એક્વેરિયમ અને આદ્રિકમાં ઘોળ્યા પાણીમાં થાય છે. તેની લંબાઈ આશરે ચાર ઇંચ હોય છે.

ફાઇન ૧. [અં.] પું. દંડ.
૨. વિ. આછું; પાતળું.
૩. વિ. મુલાયમ; સુંદર.

ફાઇનલ [અં.] વિ. આખરનું; છેલ્લું.

ફાઇનન્સ [અં.] ન. નાણાખાતું; નાણાતંત્ર.

ફાઇબ્રિન [અં.] ન. માંસની રચનામાં વપરાયેલ રેષાકાર પદાર્થ.

ફાઇલિયત (ફાઇલિયત) [અ.] સ્ત્રી. કોઈની મારફત કામ કરનાર પેદી.

ફાઇલી (ફાઇલી) ૧. [અ.] વિ. અસરકારક.
૨. વિ. હિમાલયનું; પ્રયોજ્ય.
૩. વિ. હોશિયાર; ચાલાક; ચબરાક.

ફાઇલે મુખ્તાર (ફાઇલે મુખ્તાર) [અ.] પું. પોતાનાં જ કાર્યોનો કર્તા; સ્વતંત્ર આકૃતિનો.

ફાઇલે હકીકી (ફાઇલે હકીકી) [અ.] પું. મૂલ ઈશ્વર.

ફાઇલ્સ (ફાઇલ્સ) ૧. [અ.] પું. કામ કરનાર; આકૃતિનો; 'એજન્ટ.'
૨ પું. (વ્યાકરણ) પહેલી વિભક્તિ; કર્તા વિભક્તિ.
૩ [અં.] સ્ત્રી. એકઠા કરી રાખેલ કાગળો કે ચોપાનિયાંનો સમૂહ.
૪. સ્ત્રી. કાગળ કે બિલોગ્રે નાખવાનો લોખંડ વગેરેનો તાર; કાગળો કે ચોપાનિયાં એકઠાં કરી રાખવાનું સાધન.
ફાઇલ કરવું = (૧) તેનો આગળ કશો વિચાર કરવાની કે જવાબ આપવાની જરૂર ન માની તેને ફાઇલમાં ભેરવી દેવું. (૨) ફાઇલમાં નાખવું કે ભેરવવું.
૫. સ્ત્રી. કાનસ; રેતડી; જંતરડી.

ફાઉન્ટેન [અં.] પું. કુવારો.

ફાઉન્ટેન પેન [અં.] સ્ત્રી. સ્વયંલેખિની; સ્વયંચાલીલેખિની; ધારાલેખની; અંદર શાહી ભરીને લખાય તેવી એક જાતની કલમ.

ફાઉન્ડરિ [અં.] સ્ત્રી. ધાતુ ગળવાનું લેખ જ ધાતુની વસ્તુઓ ઢાળી કે ઘડીને બનાવવાનું કારખાનું.

ફાઉન્ડેશન ૧. [અં.] પું. પાયો.
૨. પું. સ્થાપના.

ફાઇલ (ફાઇલ) ૧. [અ.] પું. કર્મ કરનાર; કર્તા.
૨. પું. (વ્યાકરણ) પહેલી વિભક્તિ; કર્તા વિભક્તિ.

ફાકોડી (ફાકોડી) ૧. [હિં.] સ્ત્રી. ઘોડાની ચાલ દૂર કરવા માટેની બંધાણી.
૨. સ્ત્રી. દંડની કસરત કરતી વખતે હાથમાં સીસો રખાતો લાકડાનો ટુકડો.

ફાક ૧. સ્ત્રી. ચીરડ જાતની કટકો.
૨. સ્ત્રી. ચૂનાનો ભૂકો.
૩. સ્ત્રી. દવાની ફાકી.
૪. સ્ત્રી. ફાકડો; ભૂકડો; ફાકો.
૫. સ્ત્રી. ભૂકી.
૬. સ્ત્રી. રાખ.

ફાકડી (ફાકડી) સ્ત્રી. હથેળીમાં સમાય તેટલી કોઈ પણ ચીજની ભૂકી.
ફાકડી મારવી = કોઈ પણ ચીજની ભૂકી હથેળીમાં સમાય તેટલી લઈ તે મોઢામાં મૂકવી.

ફાકડો (ફાકડો) ૧. પું. બાજુનું ન બળવાથી થતું અનશન; ફાકા; ઉપવાસ; ખૂબ મરવું તે; ભાવતાં સાંસા.
૨. પું. ફાકો; ભૂકડો.

ફાકલ્યા [અ. ફાખ્તા] ન એક જાતનું દોલા જેવું પક્ષી; સફેદ ઢેડક; 'ટર્ટલ ડવ'.

ફાકરિયા ૧. ન. એ નામનું એક ગોત્ર; સંવત ૧૧૧૭માં રાહોડ રજપૂતોને પ્રતિબોધ કરી જિનદત્તસૂરિજીએ સ્થાપેલું ઓસવાળ વંશનું એ નામનું એક ગોત્ર.
૨. ન. એ નામના ગોત્રનું માણસ.
૩. વિ. એ નામના ગોત્રનું.

ફાકવું ૧. અ. ક્રિ. ભૂખથી મરવું.
૨. સ. ક્રિ. માફી માગવી; નમી પડી દૈન્યભાવ દેખાડવો.
૩ સ. ક્રિ. મોટ જેવી અથવા મજબૂત ચીજને હથેળીમાં લઈ એકદમ મોંમાં નાખવી; ફાકો ભરવો; ફૂટી કે બગડી વસ્તુ મોંમાં ઊછાળીને દૂરથી નાખવી; સેરેલું કે રાંધેલું ધાન્ય હથેળીમાંથી મોંમાં નાંખવું.
૧. આગ ફાકવી = બહુ જ ક્રોધ, સંતાપ કે ગુસ્સો કરવો.
૨. ધૂળ ફાકવી = પાછા પડવું; ભોંઠા પડવું; શરમાવું.
૩. ધૂળ ફાકવી = (૧) જખ મારવી. (૨) પસ્તાવો કરવો. (૩) ભૂખથી મરવું. (૪) માફી માગવી. (૫) હારી જવું.
૪. લોટ ફાકવો = (૧) કોરેકોરું અથવા સ્વાદ વગરનું ખાવું. (૨) હેરાન થવું.

ફાકા (ફાકા) ૧. [અ.] પું. અનશન; ઉપવાસ; કંઈ ખાવું નહિ તે; નિરાહારપણું.
૨. પું. મરીબી.
૩. પું. તંગી; લાચારી; અછત; સાંસા.
ફાકા પડવા = ભોંઠ ઊતરવો; મુશ્કેલી; શોષ પડવો.
૪. [હિં.] પું. ઘાત.

ફાકાકશ (ફાકાકશ) [અ] વિ. મરીબાઈ ને લીધે ઉપવાસ કરનાર.

ફાકાકશી (ફાકાકશી) [અ.] સ્ત્રી. મરીબાઈ ને લીધે ભૂખ્યા રહેવું તે; લાંઘણ.

ફાકામસ્ત (ફાકામસ્ત) ૧. [અ.] પું. મરીબાઈની વચ્ચે પણ આનંદી રહેનાર માણસ.
૨. વિ. લાંઘણમાં મસ્ત રહેનાર.

ફાકામસ્તી (ફાકામસ્તી) [અ.] સ્ત્રી. મરીબાઈમાં પણ આનંદ માનવો તે.

ફાકી ૧. સ્ત્રી. નાનો ફાકો.
૨. સ્ત્રી. મોં ભરાય એટલું દવાનું ચૂર્ણ; ફાકવાની દવાનું ચૂર્ણ; ફક્કા જેવું ચૂર્ણ.
અજમાની ફાકી = અજમા ઉપર ફાકવાના ઔષધ દ્રવ્યનું ચૂર્ણ.

ફાકો ૧. [અ. ફાકા] પું. ઉપવાસ; અનશન.
ફાકા પડવા = (૧) ખાવાનું ન મળવું. (૨) મળું સુમસું જવું.
૨. પું. ઉપવાસનો દિવસ
૩. પું. ગરીબાઈ.
૪. પું. તોર; ગર્વ.
૫ પું. ફાકડો; ભૂકો.
ફાકો ભરવો–મારવો = ભોંઠ કે ચૂર્ણ જેવી ચીજને હથેળીમાં લઈ ને ફરથી મોંમાં મૂકવી.
૬ પું ફાકવું તે.
૭. પું. ફાકેલું તે; ફાકવાનો ભૂકો; ચૂર્ણ.
૮. પું. સુકાવું તે; ક્ષોય.
૯. પું. હથેળીમાં લઈને ફાકી જવાય એટલો જથ્થો; ભૂક્કો

ફાકોફૂકી જી. ખાવાની પરચૂરણ ચીજના ભેગા બે ફાકડા ભરવા તે.

ફાકોમૂઠી વિ. બોકુંબચું.
ફાકોમૂઠી મારવી = બોડોબચો માર મારવો.

ફાખતઈ ૧. [હિં.] પું. ભૂરો લાલ રંગ.
૨. ન. કબૂતરના જેવું એક જાતનું પક્ષી.
૩. વિ. ભૂરાશ પડતું લાલ.

ફાખરા [?] પું. ચંપો.

ફાખિર (ફાખિર) ૧. [અ.] વિ. ભવાર્થ મારનાર.
૨. વિ. સરસ; કીમતી.

ફાખિસ્સુ વિ. સુયોજિત; બોલ્ડ.

ફાગ ૧. પું. હિંદોળાની હોળીના રંગની રમત.
૨. પું. પગેરું.
૩. પું. ફગવા; ધાણી.
૪. પું. ફાગણ માસ.
૫. પું. ફાગણ માસમાં ગવાતાં હોળી વગેરેનાં ગીત; હોળીમાં ગવાતાં શૃંગારનાં પદ. તેમાં મર્યાદિત મરકરીને ગવતાં વચન બોલાય છે, પરંતુ બીભત્સ શબ્દ બિલકુલ બોલાતા નથી.
૬. પું. બીભત્સ શબ્દ; અપશબ્દ.
૧. ફાગ બોલવા = ભૂંડા બોલવાં.
૨. ફાગ સળગાવવા = ભૂંડાબોલી ગાળો દેવી.
૭. પું. વસંત ઋતુ.
૮. પું. વસંત ઋતુ શરૂ થતાં થાતો પવન.
૯ પું. હોળીના તહેવાર પ્રસંગે ઊડાડવામાં આવતો ગુલાલ.

ફાગણ [સં. ફાલ્ગુન] પું. વિક્રમ સંવતનો બારમો, શાલિવાહન સંવતનો અગિયારમો તથા ઉનાળાનો પહેલો મહિનો; વસંત માસ; હોળીનો મહિનો. જોકે આ મહિનાની ગણતરી શિયિરમાં થાય છે, છતાં વસંતનો આભાસ આ મહિનામાં દેખાવો શરૂ થાય છે. જોકે, નવાં પાન ફૂટવાનો આરંભ થયો, આંબામાં મોર આવ્યો, કેસૂડાં ફૂલવાં વગેરે. આ મહિનાની પૂર્ણિમાએ હોળી પ્રગટાવવામાં આવે છે. આ આનંદનો મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં જે ગીત ગવાય છે, તેને ફાગ કહે છે.
ફાગણના ફગવા–ફાગ = હોળીના દિવસોમાં બોલાતા ભૂંડા શબ્દ.

ફાગણિયું ૧. ન. નાની વહુવારુઓને પહેરવાનું એક જાતનું ઝીણા મુલાયમ પોતનું અને ફાગ ફાગળા રંગનું વાસંતિક વસ્ત્ર; ઝીણા પોતનો સાલ્લો; વસંત ઋતુને લીધે એવું ઝીણું ને ફુમેવર વસ્ત્ર. ફાગણ માસમાં આસ પહેરાતું હોવાથી તે ફાગણિયું કહેવાય છે
૨. વિ. ફાગણ માસને લગતું.

ફાગુણ [સં. ફાલ્ગુન] પું. ફાગણ મહિનો.

ફાગુન જુઓ ફાગણ.

ફાચર ૧. જી. ચિતાળ; કમાડ; ફાડ; લાકડાની તડમા અને ફુદાડી વગેરેના ઢીલા રહેતા ભાગમાં ઠોકી બેસાડવા જેવો લાકડાનો કટકો; લાકડાની ફાટ વગેરેમાં ભરાવવાની લાકડાની નાની ચીર; ફાંસ.
૨. જી. છીણી.
૩. જી. નકતર; આડખીલી; હરકત.
ફાચર મારવી = મુશ્કેલીમાં પડે એમ કરવું; હરકત કરવી; અડચણ નાખવી.
૪. જી. સુતારનું એ નામનું એક ઓજાર.

ફાચરી જી. નીચે અણીવાળો તથા ઉપરના ભાગમાં પહોળો થઈ જાય તેવા બાટવાળો લોઢા કે લાકડાનો કટકો.
ફાચરી મારવી = (૧) સોજા ખોસવું; લોઢાની કે લાકડાની ફાચર નાખવી. (૨) હરકત કરવી.

ફાચરું ૧. જ. ફાચર.
૨. વિ. ઝાઝું; ઝીણું.
૩. વિ. પહોળું; વચમાં બહુ અંતર હોય તેવું.
૪. વિ. રાંડું; વહ્યું.

ફાચરો જુઓ ફાચર.

ફાજલ ૧. વિ. કામ નહિ આવતું; નિરુપયોગી; ફાલતુ.
૨. [અ. ફાઝિલ] વિ. વધેલું; બાકી રહેલું; વધારા આવતાનું.
૧. ફાજલ પાડવું = (૧) નવરું કરવું; ઉપયોગમાં ન લેવું. (૨) બચાવવું.
૨. ફાજલ પુરાત = બાકી રહેલી સિલક.

ફાજલ પા જી. જ્યાં કોઈ સંભાળ કે દેખરેખ રાખવું ન હોય એવો પ્રદેશ.

ફાજલાત [અ. ફાઝિલાત] જી. ભેગમાં મૂકેલું સુરક્ષિત ધન.

ફાજલિ જી. એક ઊંચી જાતની કેરી. તેને કેરીનો રાજા કહેવામાં આવે છે.

ફાજિર (ફાજિર) ૧. [અ. ફાજર (તેણે ભંગ કર્યું)] પું. પાપી માણસ.
૨. પું. બદિયારી પુરુષ.
૩. વિ. પાપી.
૪. વિ. વિષયી; દુરાચારી.

ફાજિરા (ફાજિરા) ૧. [અ.] જી. પાપી બાઈ.
૨. જી. બદિયારિણી; છિનાળ; રંડી.

ફાજિલ ૧. [અ. ફાઝિલ] વિ. અધિક; વધારાનું; વધારે પડતું.
૨. વિ. ફાજલ; ફાલતુ.
૩. [અ. ફઝલ (તે ઉત્તમ હતો)] વિ. વિદ્વાન.
૪. વિ. જાણું; ડાહ્યું.

ફાજિલ બાકી [અ. ફાઝિલ બાકી] જી. હિસાબે નીકળતું લેણું કે દેણું.

ફાજલી બોબી જી. એક જાતની કેરી. તે બહુ મીઠી, રેસા વગરની અને પાતળી ગોઠલીવાળી હોય છે. તેનું વજન પાંચ રતલ જેટલું થાય છે. તે ઓગસ્ટ માસમાં પાકે છે.

ફાજિલહર [ફા. ફાઝિલહર] જ. ઝેર ઉતારવાનું ઓસડ.

ફાઝિલ (ફાઝિલ) ૧. પું. ડાહ્યા; વૈદ્ય.
૨. પું. નકામો કચરો.
૩. પું. પંડિત; ધર્મમાં પ્રવીણ પુરુષ.
૪. પું. વધારાની વસૂલાતની પહોંચ.
૫. પું. વધારો.
૬. પું. વિદ્વાન પુરુષ.
૭. [અ. ફઝલ (તે શ્રેષ્ઠ હતો)] પું. હોશિયાર કે પ્રવીણ માણસ.
૮. વિ. પ્રવીણ; હોશિયાર.
૯. વિ. વધારાનું; જોઈએ તે કરતાં વધારે હોય એવું.
૧૦. વિ. સરસ; સારું; મજાનું.
૧૧. વિ. સંપૂર્ણ.

ફાઝિલ વસૂલ (ફાઝિલ વસૂલ) [અ.] જી. વધારાની આવક; વધારાની વસૂલાત.

ફાટ ૧. પું. એકાએક થતું મરણ.
૨. પું. નદીનો પટ.
૩. પું. પહોળાઈ.
૪. પું. વેગ; ચોસઠ.

૫. સ્ત્રી. કુસંપ; તૂટ; ફૂટ; વિચ્છેદતા; ભેદ.
ફાટ પડવી = ફાટફૂટ થવી.
૬. સ્ત્રી. ખાચ; કાપ.
૭. સ્ત્રી. ગુમાન; અભિમાન; અહંકા; તોર; ઘાટેલપણું; દુંપણાનો ગર્વ; છાક.
ફાટ ચડવો = અભિમાની થવું.
૮. સ્ત્રી. આમડી તરકાર્ય જગી તે.
૯ સ્ત્રી. તડ; ચીરો; ફાટવાથી આખી વસ્તુમાં પડેલો લાંબો ચિરવટો; ભાતરો.
૧૦ સ્ત્રી. લૂગડાનું ફાટવું તે.
૧૧. સ્ત્રી. વિચારમાં ભુદ પડવું તે.
૧૨. સ્ત્રી. શરીરમાં ઘાડું ઘાડું થાય તેવો દુખાવો.

ફાટક ૧. પું. અડચણ; વિઘ્ન.
૨. પું. એક જાતનો સાધારણ પારદર્શક પથ્થર.
૩ પું. ઝટકામણ.
૪. પું. બાંધો; મોટો દરવાજો; બારણું.
૫. પું. ઢોર પૂરવાનો ડબો.
૬. પું. દરવાજા ઉપરની બેઠક.
૭ પું. બાવળની કચેરીનું પીંજરું.
૮. પું. પાસબાન; દરવાન; ચોકીદાર.
૯. પું. બખાડું; બાકું; બીકું.
૧૦. પું. વેગ.
૧૧. પું. સળિયો.
૧૨. ન. રેલવેનો અને બીજો વાહનનો રસ્તો મળતો હોય તે રસ્તો.

ફાટકદાર પું. દરવાજા; ચોકીદાર.

ફાટકબંદી સ્ત્રી. બટકામતા; કેદ; બટકમાં રાખવું તે.

ફાટકવાળો પું. રેલવેનું ફાટક સાચવનાર માણસ.

ફાટકાબાજ વિ.પું. સહો રમનાર; સટોડિયો.

ફાટકી [સં.] સ્ત્રી. ફટકડી.

ફાટકો ૧. પું. ભાગ; બાજનો.
૨. પું. સટ્ટો.

ફાટતૂટ સ્ત્રી. ફાટવા કે તૂટવાપણું.

ફાટફાટ ૧. વિ. તસતસતું; પૂરબહારમાં ખીલતું.
૧. ફાટફાટ કરવું = કોઈને બાંકું નહિ અને મરજીમાં આવે તેમ કરવું.
૨. ફાટફાટ થવું = પૂરબહારમાં ખીલવું; તસતસવું.
૨. વિ. તંગ; ચપોચપ.

ફાટફાટાં જુઓ ફાટફાટ.

ફાટફૂટ સ્ત્રી. ઐક્યમાં પડેલો મતભેદ; કુસંપ; સ્નેહભંગ; વિરોધ; ફાટાફાટ.

ફાટલ ૧ વિ. ફાટી ગયેલું; તૂટી ગયેલું.
૨. વિ મદમસ્ત; છકી ગયેલું; ઉદ્ધત; અવિવેકી.
૩. વિ. વાયલ; બાકું; ઊન-મતું; દીવાનું.

ફાટલતૂટલ વિ. ફાટી ગયેલ અને તૂટી ગયેલ.

ફાટલા સુતાઝું ૧. વિ. નમાલું; શક્તિ વિનાનું.
૨. વિ. બધી જાતની છૂટવાળું.

ફાટવું ૧. અ. ક્રિ. આશ્ચર્ય પામવું.
૨. અ. ક્રિ. ઊભરાઈ જવું; મોટો દરોડો પડવો.
૧. આજ ફાટ્યો = (૧) ધોધમાર વરસાદ પડ્યો. (૨) માણસ વગેરેનો ઓચિંતો ભરાવો થઈ જવો.
૨. આજ ફાટ્યું ત્યાં બીજું કી રીતે દેવાય ? = પહોંચી ન વળાય એવી બાબતનો કોઈ ઉપાય નહિ ?
૩. અ. ક્રિ. એક આખી વસ્તુમાં ફાટ પડવી, ચિરાવું; તરડાવું; તરડ પડવી; આખી વસ્તુના ભાગ પડવા.
૧. ફાટી જવું–ફાટીને ધુમાડે જવું = (૧) એકાએક મરણ પામવું. (૨) છેવું થઈ કટકા થઈ જવા. (૩) ગેરવાજબી થઈ જવું. દુઃખ માટે બોલાય છે. (૪) વહી જવું; નિર્લજ્જ થઈ જવું; બહેકી જવું; ગાંડી જવું.
૨. ફાટી પડવું = (૧) ઓચિંતું કે એકદમ નાશ પામવું; બાંધી જિનલિબ થઈ જવું. (૨) ઓચિંતું એકાએક મરણ થવું; અપમૃત્યુ મરી જવું. આ શબ્દ જેવાં ક્રિયાપદ છે ત્યારે બાપરે છે. (૩) ચિરાઈ તૂટી પડવું. (૪) બહુ બીવું
૩. કૂખ ફાટવી = છોકરાં થવાં.
૪. પુરુષની બંધ ફાટે તો એની કૂખ ફાટે = છોકરાં થવાં અસંભવિત.
૪. અ. ક્રિ. એકદમ ચાલુ થવું.
૧. ફાટી નીકળવું = જોરબેર પ્રકટવું; ઊભળી આવવું.
૨. રોગ ફાટવો = એકદમ કોઈ વ્યાધિ કે રોગચાળો ચાલુ થવો.
૫. અ. ક્રિ. કુસંપ થવો; ફાટફૂટ થવી; આંતરો પડવો.
૧. પેટ ફાટવું = સ્વજનમાં કુસંપ થવો; સગાંસ્નેહીઓમાં ફૂટ પડવી.
૨. પેટ ફાટે ત્યાં શું બાય ?–પેટ ફાટ્યું ત્યાં કયાં પાટો બાંધવો ? = સ્વજનમાં ફાટફૂટ પડે કે ઘર ફૂટે ત્યાં શો ઉપાય ?
૬. અ. ક્રિ. ઘાટું થવું; બગડી જવું.
૭. અ. ક્રિ. ખૂબ દુખવું; બળતર થવી.
૧. ફાટ્યા ભેગામાં સૌ પગ ઘાલે = નબળાને સૌ દુઃખ આપે; દુઃખમાં સૌ દુઃખ આપે.
૨. ફાટ્યામાં પગ ઘાલવો = (૧) દુઃખમાં ઉમેરો કરવો. (૨) નબળું જોઈને પજવવું.
૩. ભરડો–વાંસો ફાટવો = વાંસામાં બહુ પીડા થવી, વાયુથી પીઠ દુખવી.
૮. અ. ક્રિ. ગર્વ આવવો; અભિમાનથી ફુલાવું.
૧. ફાટી આંખે = છકી જઈને; તોરમાં આવીને.
૨. આંખ ફાટલી = (૧) મુસ્કો મરી જવો. (૨) મસ્તીમાં આવવું; છકી જવું.
૩. ફાટ્યા ફરવું = મદમાં છકીને ફરવું.
૪. ફાટ્યામાં વાત = ગર્વનું ચડાઉપણું; બહેક; વાંકામાં વાત હોવી તે; ઉદ્ધતાઈ; નિર્લજ્જપણું.
૯. અ. ક્રિ. ગાળ દેવી.
૧૦. અ. ક્રિ. ચૂમડું ફૂટવું.
૧૧. અ. ક્રિ. ચિંતા અથવા ક્રોધથી ત્રાસવું; મૂંઝાઈ મરવું; અકળાઈને બેહાલ બનવું; હતાશ થઈ જવું; તૂટી પડવું.
૧૨. અ. ક્રિ. છકી જવું; અવિવેકી થવું; ઉદ્ધતાઈ કરવી; મર્યાદાની બહાર જવું.
ફાટીને ધૂંવાડે જવું = બહુ છકી જવું.
૧૩. અ. ક્રિ. જુવાની આવવી.
૧૪. અ. ક્રિ. ઢોરનું ઊભાં પડવું.
૧૫. અ. ક્રિ. પહોળા થવું; ખીલવું; વિસ્તરવું.
૧૬. અ. ક્રિ. ફૂટવું; ચીરીને બહાર નીકળવું; ઊભવું; ઉદ્ભવવું.
પોહો ફાટવો = વહાણું વહાવું; સવાર પડવું.
૧૭. અ. ક્રિ. મસ્તીએ ચડવું; ખિલવું.
૧૮. અ. ક્રિ. હસવું; ઝાડે જવું; જંજાલ જવું; ખરચ્યું જવું.
૧૯. અ. ક્રિ. બોલવું; મોઢામાંથી બાસી નાખવું. તિરસ્કાર બતાવવા વપરાય છે.

ફાટંફાટા ૧. સ્ત્રી. ઉપરાઉપરી ફાટવું તે.
૨. સ્ત્રી. કુસંપ; વિરોધ; સ્નેહભંગ; ફાટફૂટ.

ફાટાફાટ જુઓ ફાટફાટા.

ફાટાફાટી સ્ત્રી. કાપાકાપી; લડાલડી; મારામારી.

ફાટી સ્ત્રી. વહાણમાં સોબવાણમાં પોલાણનું લાકડું.

ફાટીક ૧. ન. સ્ફટિક; એક જાતનો પથ્થર.
૨. વિ. સ્ફટિકનું; સ્ફટિકમય.

ફાટીચાંચ સ્ત્રી. અબચાચાંચ; બગલાને મળતું એક જાતનું પક્ષી; ચૂંગલા; 'ઓપન બિલ.' તે દોઢેક હાથ લાંબું. દેખાવે ધોરડા જેવું, શરીરનો વાન ધિક્કે ધોળો તેમ જ મોટા પટ્ટાને બગલા જાતમાં બહુ તપખીરિયા રંગનું ચાંદું અને આછો આસમાની રંગ હોય છે. તેના બગા, પાંખ તેમ જ પૂંછડી કાળી, પગ બેલા રાતા રંગના, અને ચાંચ ભેસના શીંગડાના રંગની એકાદ વેંત લાંબી હોય છે. તેની ચાંચનાં બંને પાંખિયા બીજા પક્ષીની પેઠે સોપટ બેસતાં નથી, પણ વચ્ચે મોડીક આવી જગા કે પોલાણ રહી

ફ્રિરકી ૧. [હિં.] સ્ત્રી. કુસ્તીનો એક દાવપેચ. તેમાં હરીફના જેઉ હાથ ગરદન ઉપર હોય અથવા એક હાથ ગરદન ઉપર અને બીજો ભુજદંડ ઉપર હોય ત્યારે હરીફની ગરદન ઉપર એક હાથ રાખી બીજે હાથે તેનો સંગોટ પકડી, સામી બાજુ ઝોક દઈ જબ્બર ટાંગ મારીને તેને પાડવામાં આવે છે.

૨. સ્ત્રી. ગામડાનો મોળ દુકડો. તે વરખાની બાકમાં લગાવાય છે.

૩. સ્ત્રી. ચારે તરફ અણીદાર પાંદડી હોય એવું ફૂલ.

૪. સ્ત્રી. (કરછી) કરી જવું તે.

૫. સ્ત્રી. બાળકોનું એક જાતનું રમકડું.

૬. સ્ત્રી. મલખમની એક કસરત. તેમાં બે હાથ મલખમને લપેટ્યો હોય તે તરફની ગરદન ઝુકાવી બીજા હાથના ખભા ઉપર મલખમ લઈ ઉડાન કરવામાં આવે છે.

૭. સ્ત્રી. લાકડા કે ધાતુનો ગોળ ટુકડો. તે સુતર કાંતવાની તકલીની નીચે લગાડાય છે.

૮. સ્ત્રી. સીવવાજારવાના કામમાં આવતો દોરો કે રેશમનો તાર.

ફ્રિરકે ૧. [હિં.] અ. પછી; તે બાદ.

૨. અ. ફરીથી; બીજી વખત.

ફ્રિરહો ૧. પું. એક જ રાજ્ય અને એક જ દેશનાં રહેવાસી; એક રાષ્ટ્રની પ્રજા.

૨. [અ. ફ્રિરકા] પું. જાતિ; મંડળ; ટોળ.

૩ પું. ટોળી; જ્ઞાતિ; મંડળ.

૪. પું. ફાંટો; પક્ષ; સંપ્રદાય.

ફ્રિરચાલ સ્ત્રી. અંગકસરતની એ નામની એક રીત.

ફ્રિરણી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની ચોખાની વાની. તે બે જાતની છે: પીળી અને સફેદ. ફ્રિરણી પીળી બનાવવા એક શેર ઉત્તમ ઝીણા ચોખા, એક શેર ખાંડ, ચાર માસા કેસર, બે રૂપિયાભાર ગુલાબજળ અને એક રતી કસ્તૂરી લેવાં. ચોખા પાણીથી સાફ ધોઈ નાખી, તેમાં પુષ્કળ પાણી નાખી ચૂલા ઉપર મૂકવા. તે અધકચરા ચડે એટલે બે જણે એક લૂગડાનો કટકો બંને હાથથી પકડી તેમાં તે નાખી દેવા. ચોખા માંહેનું બધું ઓસામણ નીકળી જાય એટલે તે ચોખા ઉપર ઠાલું પાણી ચોકું ચોકું છાંટવું, એટલે તે સાફ થશે. પછી એક શેર ખાંડની ચાસણી કરવી અને બે રૂપિયાભાર ગુલાબજળમાં ચાર માસા કેસર અને એક રતી કસ્તૂરી ભરલ કરી તે પાણી ઉપરની ચાસણીમાં નાખી દેવું. પછી તેમાં ઉપરના ચોખા નાખી ફરીથી ચોડવવા. ફ્રિરણી તૈયાર થાય એટલે એક ચિનાઈ રકાબીમાં નાખી ઠાંડી થયા પછી આપી. ફ્રિરણી સફેદ કરવી હોય તો તેમાં કેસર નાખવું નહિ. ફ્રિરણી સફેદ બનાવવા એક શેર દૂધ, પાંચ રૂપિયાભાર ચોખાનો મેંદો અને દશ રૂપિયાભાર સાકર લેવાં. એક શેર દૂધ ચૂલા ઉપર મૂકી ઊકળવા માંડે એટલે તેમાં પાંચ રૂપિયાભાર ચોખાનો મેંદો નાખવો અને નીચે ધીમો તાપ કરી કડછીથી હલાવતા જવું. મેંદો ચડે એટલે તેમાં દશ રૂપિયાભાર સાકરની ચાસણી કરી નાખવી. ફ્રિરણી તૈયાર થાય એટલે તેને એક પ્યાલામાં ઢાંકી સહેજ ઠંડી થયા પછી આપી.

૨. સ્ત્રી. વંટોળિયો.

૩. વિ. ઘરી ઉપર ફરનારું.

ફ્રિરત ૧. [હિ.] પું. ઠાંકી નાખેલ બરાબ વસ્તુ.

૨. પું. વિધવા સ્ત્રી તરફથી પોતાના બાપાકને અપાતા પૈસા.

ફ્રિરતા ૧. [હિ.] પું. અસ્વીકાર.

૨. પું. દલાલી.

૩. પું. પાછા આવવાની ક્રિયા કે ભાવ; પ્રત્યાવર્તન.
૪. વિ. પાછું આવેલું; પાછું ફેરવેલું.

ફિરતી ૧. સ્ત્રી. દલાલી.
૨. સ્ત્રી. પાછું આવવું તે.

ફિરદોસ (ફિરદોસ) ૧. [અ.] પું. બગીચો.
૨. પું. સ્વર્ગ. પ્રાચીન કાળમાં પૃથ્વી ઉપર ફિરદોસ નામનો એક મોટો બગીચો હતો, તે ઉપરથી સ્વર્ગનું નામ પણ ફિરદોસ પડ્યું.

ફિરદોસી (ફિરદોસી) ૧. [ફા. ફિરદૌસી] પું. ઈરાનનો એ નામનો એક પ્રસિદ્ધ કવિ. આ મહાકવિ ઈરાનની ઈજ્જાને આવેલા ખોરાસાન પ્રાંતના તૂસ શહેરમાં જન્મ્યો હતો. ફારસી સાહિત્યભાષા અરબીનો તેમ જ પહેલવી અથવા પ્રાચીન ફારસી ભાષાનો તે વિદ્વાન હતો. મહમ્મદ ગઝની તેના વખતમાં ઈરાનનો શાહ હતો. મહમ્મદના રાજદરબારમાં એક વખત તે ગયો, ત્યારે તેનું કવિ તરીકેનું પાણી જોવા મહમ્મદે તેને તેના વહાલા દરબારી અમાત્ય વિષે એક કવિતા લખવાની આજ્ઞા કરી. ફિરદોસીએ રચેલી એ કવિતા અમાત્યના વહાલસોયા મંત્રિને ઓટલી બધી ગમી ગઈ કે, આજે તો તેં મારા દરબારને ફિરદોસ સમાન બનાવી દીધો, એમ કહ્યું. તે દહાડાથી તે ફિરદોસી તરીકે ઓળખાવા લાગ્યો. ફિરદોસીએ શાહનામા નામનો ઈરાનના ચાર મુખ્ય રાજવંશોનો સાડાત્રણ હજારથી વધુ વર્ષો સુધીનો યશસ્વી રાષ્ટ્રભક્તિથી ભરપૂર ઇતિહાસ પોતાના આયુષ્યનાં ૩૫-૩૭ વર્ષ ખર્ચીને ગૂંથ્યો. સુલતાને તેને શાહનામાના શ્લોક દીઠ અડધ સોનામહોર આપવાનું વચન આપ્યું હતું. એ વચન સુલતાને પાળ્યું નહિ. કામ પૂરું થયું, ત્યારે સોનાને બદલે રૂપાના સાઠ હજાર સિક્કા તેણે હાથી ઉપર લાદીને અમાત્ય સાથે ફિરદોસીને મોકલ્યા. વચનભંગની વાત જાણતાં જ બીજા હજાર સિક્કા ઉપાડીને અમાત્યને, બીજા હજાર હમામખાનાના ઉપરી અધિકારીને અને બીજા હજાર ઓટલામાં ફરતા કોઈ એક ફકીરને ફિરદોસીએ આપી દીધા. આમ હાથ ખંખેરી તે બીજે દહાડે ગઝનીથી ચાલી નીકળ્યો. કથા કહે છે કે, બાળાથી મહમ્મદને પસ્તાવો થયો અને તેણે માફીપત્ર સાથે સાઠ હજાર સોનામહોર ફિરદોસી તૂસ જઈને રહ્યો હતો ત્યાં મોકલી. ત્યારે એવું બન્યું કે, જે ઘડીએ ગઝનીના સોનાથી લાદેલા ઊંટ તૂસના દરવાજેથી દાખલ થતાં હતાં તે જ ઘડીએ ફિરદોસીના કફનને વહી જનારાઓ તૂસને બીજે દરવાજેથી કબ્રસ્તાન તરફ જતા હતા.
૨. વિ. સ્વર્ગમાં વસનાર.

ફિરની જુઓ ફિરણી.

ફિરંજા ૧. [હિં.] પું. એક પ્રકારની સોનાની બંગડી.
૨. પું. જગામાં પહેરવાનું સોનાનું એક આભૂષણ.

ફિરંવણી સ્ત્રી. ફેરવવું; ચેનમાં ફેરવવાનું હથિયાર.

ફિરસ્તો ૧. પું. તેડવા કરનાર માણસ.
૨. [ફા. ફરિસ્તા] પું. દેવદૂત; પયગંબર; મનુષ્યરૂપે પ્રગટ થતું ઈશ્વરતત્ત્વ. તેને કોઈ ઈશ્વર યા ઈશ્વરાવતાર કહે છે. કટોકટીને સમયે આ અમર તત્ત્વ જગતનો અંધકાર દૂર કરી સ્વપ્રકાશ પ્રસારવા, આસુરી પ્રવૃત્તિને હણવા અને એ અમર તત્ત્વ માટે જીવન અર્પણ કરનાર સાધુસંતોનું રક્ષણ કરવા પ્રગટ થાય છે.
૩. પું. દૂતનો માણસ.

ફિરંગ (ફિરંગ) ૧. [સં.] પું. એ નામે વરપ ખંડનો એક પ્લેચ્છ દેશ; ફિરંગીનો દેશ.
૨. પું. ચામડીનો રોગ; વિસ્ફોટક; ઉપદંશ. તેમાં શિશ્ન ઉપર ચાંદાં પડે છે. આ રોગ ફિરંગી લોકો હિંદુસ્તાનમાં આવ્યા પછી ફેલાયેલો મનાય છે.

ફિરંગરોટિકા જુઓ ફિરંગરોટી.

ફિરંગરોટી ૧. [સં.] સ્ત્રી. પાંઉ.
૨. સ્ત્રી. બિસ્કિટ.

ફિરંગાણ પું. ફિરંગીઓનો દેશ.

ફિરંગિણી [સં.] સ્ત્રી. ફિરંગી સ્ત્રી.

ફિરંગિસ્તાન (ફિરંગિસ્તાન) [ફા.] પું. ફિરંગીઓને રહેવાનો દેશ.

ફિરંગી ૧. પું. એક જાતનું ઝાડ. તેમાં ઝીણા કાંટા હોય છે. તેને ખારીક શીંગ થાય છે. તેની છાલ સુગંધી હોય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે.
૨. (ફિરંગી) [ફા.] પું. ગોરો; કોઈ પણ ટોપીવાળો વરચિયન.
૩. [ફા.] પું. પોર્ટુગલ દેશનો વતની; ' પોર્ટુગીઝ '.
૪. [સં. ફિરંગિન્] વિ. ફિરંગ દેશમાં ઉત્પન્ન થયેલું.
૫. વિ. ફિરંગ દેશવાસી; ફિરંગ દેશમાં રહેનાર.
૬. વિ. ફિરંગ નામના રોગવાળું; ચાંદીના રોગવાળું.

ફિરંગી આવળ પું. એક જાતનું ઝાડ. તેને ઝીણા કાંટા હોય છે. વાયુના સણકા અને આમવાત ઉપર તેનાં પાંદડાંનો રસ બી સાથે અપાય છે.

ફિરંગોપદંશ પું. ચાંદીનો રોગ; પરમિયો.

ફિરાઈ સ્ત્રી. પાછું આપવાની ક્રિયા; પાછું આપી દેવું તે.

ફિરાઉ ૧. પું. અહંકારી માણસ.
૨. પું. પાછા આવવાનું આંકું.

ફિરાક ૧. પું. ખોજ; તપાસ; શોધ.
૨. (ફિરાક) [અ.] પું. ચિંતા; શોક; ઘટકો.
૩. પું. વિયોગ; જુદાઈ.

ફિરાગ (ફિરાગ) ૧. [અ.] પું. આરામ.
૨. પું. સુખ.

ફિરાર (ફિરર) [અ.] ન. ભાગવું તે; ભાગી જવું તે.

ફિરારી (ફિરારી) ૧. [અ.] પું. દંડ ભરવાના ભયથી ભાગતો ફરતો અપરાધી.
૨. વિ. ભાગી જનાર; ભાગેડુ.

ફિરાવ ૧. પું. ગોળ ફરવું તે.
૨. પું. ચેરાવો; અક્કર.
૩. પું. પાળ ફરવું તે.

ફિરાવન વિ. ભાવાનું ફરેલું; ભિન્નભિન્ન; ઢીલું.

ફિરાસા (ફિરાસ) [અ.] પું. પાથરવું તે.

ફિરાસત (ફિરાસત) ૧. [અ.] સ્ત્રી. દીર્ઘદૃષ્ટિ; બુદ્ધિ.
૨. સ્ત્રી. મુખાકૃતિ.

ફિરિ [હિં.] અ. ફિર; ફરીથી; વળી; પાછું.

ફિરિસ્તા ૧. [ફા. ફિરિસ્તાદન (મોકલવું)] પું. દૂત; કાસદ.
૨. પું. દેવદૂત.
૩. પું. ચમરાળા.

ફિરિહરા [હિં.] પું. એક જાતનું પક્ષી. તેની જાતી લાલ અને પીઠ કાળા રંગની હોય છે.

ફિરિહરી [હિં.] સ્ત્રી. ફિરકી નામનું બચ્ચાનું રમકડું.

ફિરોતન ૧. [ફા. ફરોતન] વિ. ગરીબ; નિરાધાર.
૨. વિ. નમ્ર; તાબેદાર.

ફિરોતની ૧. [ફા. ફરોતની] સ્ત્રી. ગરીબાઈ; નિરાધાર અવસ્થા.
૨. સ્ત્રી. નમ્રતા; તાબેદારી.

ફિરૌન (ફિરૌન) ૧. [અ.] પું. જુલમી અને અહંકારી માણસ.
૨. પું. હજરત મુસાના વખતમાં ઇજિપ્તના રાજવંશની ઉપાધિ.

ફિલફિલ (ફિલ્ફિલ) ૧. [અ.] સ્ત્રી. તીખાં; મરી.
૨. સ્ત્રી. સંક.

ફિલાફેલ અહમદ [પ્ર.] સ્ત્રી. ગાલ મરચી.

ફિલ્ફિલ દરાજ [પ્ર.] સ્ત્રી. લાંડીપીપર.

ફિલ્બસલ અ. અલંકારિક રીતે.

ફિલસૂફ ૧. [ફા. ફૈલસૂફ] પું. હોમિયાગર.
૨. પું. તત્ત્વજ્ઞાની; તત્ત્વશોધક; મન અને પદાર્થના ધર્મ શોધનારો પંડિત.

ફિલસૂફી ૧. [ફા. ફૈલસૂફી] સ્ત્રી. તત્ત્વજ્ઞાન; પદાર્થના ધર્મ અને તત્ત્વનો વિવેક કરવાની વિદ્યા; વિજ્ઞાનશાસ્ત્ર; તત્ત્વશાસ્ત્ર. ફિલસૂફી એ મનુષ્યજીવનનો ઉદ્દેશ અને હેતુ નક્કી કરે છે એટલે આધુનિક તેમજ પ્રાચીન તત્ત્વચિંતકો રાજકારણને જીવનફિલસૂફીના એક વિભાગ તરીકે માને છે. ગ્રીસના પ્રખ્યાત તત્ત્વવેત્તા પ્લેટોએ અને એરિસ્ટોટલે જીવનનાં કલ્યાણ અને સદ્ગતિને નગરરાજ્યના જીવન સાથે સરખાવેલ છે. મધ્ય યુગમાં પણ તત્ત્વચિંતકો અને ધર્મશાસ્ત્રીઓ માનતા કે જીવનના અંત અને ઉદ્દેશને એ જ આદર્શ રાજ્ય સાથે ઘણો સંબંધ છે. રાજ્ય અને ધર્મ એ બે મનુષ્યવર્તનને કાબૂમાં રાખનારી સંસ્થાઓ છે. રાજકારણ જીવનના ઉદ્દેશને પાર પાડનારી વસ્તુ હોવાથી ફિલસૂફીનો જ વિભાગ ગણાય છે. હિંદુસ્તાનમાં ફિલસૂફોએ રાજકારણ ઉપર ઝાઝું લક્ષ આપેલ નથી. હિંદમાં તત્ત્વચિંતનમાં આધ્યાત્મિક ભાગ તરફ એટલું બધું લક્ષ આપવામાં આવે છે કે, જીવનની શારીરિક અને ઐહિક બાજુ લગભગ પડતી મુકાયેલ છે. શંકરાચાર્ય કે વલ્લભાચાર્ય જેવા મહાન તત્ત્વચિંતકો માત્ર આત્મા અને તેના મોક્ષ માટે વિવાદો કરી ગયા છે. યુરપના રાજકારણના બધા સિદ્ધાંતો બાંધનારા સાંતા ફિલસૂફો જ હતા. જગતના રાજકારણનું સંચાલન જ્યારે ફિલસૂફોના હાથમાં જશે, ત્યારે જ જગતનાં દુઃખોનું નિવારણ થશે. પ્લેટોના મત પ્રમાણે તો દરેક મુત્સદ્દીને રાજકારણના જ્ઞાન સાથે ફિલસૂફીનું જ્ઞાન આવશ્યક છે.
૨. સ્ત્રી. શાસ્ત્રપદ્ધતિ; ડહાપણ.

ફિલ્સાણું વિ. (કચ્છી) ફસાણું.

ફિલ્ટર [અં.] ન. ગાળવાનું સાધન; પાણી વગેરે પ્રવાહીને ગાળવાની ગળણી. પ્રવાહીમાંથી કચરો વગેરે દૂર કરવાની રીતે જનતાને પૂરું પાડવામાં આવતું પાણી રેતી અને કોલસામાંથી પસાર થવા દેવામાં આવે છે.

ફિલ્મ [અં.] સ્ત્રી. ચિત્ર બતાવવા માટે વપરાતી સેલ્યુલૉઇડની ઉતારેલી પટી.

ફિલ્લી ૧. [હિં.] સ્ત્રી. પગની પિંડી.
૨. સ્ત્રી. લોઢાની જાડો કટકો. તે વસ્તુઓના વજનના યંત્રમાં વપરાય છે.

ફિશ [અં.] સ્ત્રી. માછલું.

ફિશપ્લેટ [અં.] સ્ત્રી. રેલવેના બે પાટાઓને જોડવા માટે વપરાતી પટી.

ફિશબોલ્ટ [અં.] પું. બે પાટાઓને જોડવામાં વપરાતો નટુબો.

ફિશ માર્કેટ સ્ત્રી. મચ્છી બજાર; 'ફિશ માર્કેટ'.

ફિશાન (ફિશ્યાન) [ફા.] ન. પાથરવું તે; છૂટું પાથરેલું બિછાનું તે.

ફિસિયારી જુઓ ફિસિયારી.

ફિસિયારીખોર જુઓ ફિસિયારીખોર.

ફિસ્ટુંગ ન. આફ્રિકામાં ઊગતું એક જાતનું રજકાનું ઘાસ. તે સો ફૂટ ઊંચું થાય છે.

ફિસ્કી ૧. [હિં.] વિ. કામ હાથમાં લઈ પૂરું ન કરી શકે તેવું.
૨. વિ. મંદ; ઢીલું.

ફિસફિસાવું ૧. અ. ક્રિ. કાંઈ ન હોવું.
૨. અ. ક્રિ. જોરથી ન બોલવું.
૩. અ. ક્રિ. ઢીલું પડવું; ચિંતિત થવું.

ફિસલન ૧. ન. ભૂલ; ચૂક.
૨. [હિં.] ન. લપસી જવાય તેવી જગ્યા.
૩. ન. સરકવું તે; લપટણ; લપસી જવું તે.

ફિસાદ (ફિસાદ) ૧. [અ. ફસાદ] પું. અનીતિ; દુર્ગુણ.
૨. પું. બાજરી.
૩. પું. ઢોંગ.
૪. પું. તોફાની; મસ્તી.
૫. પું. ફિતૂર; ભંડ; દંગો; હુલ્લડ; બળવો.

ફિસાદખોર (ફિસાદખોર) ૧. [અ. ફિસાદ (ઢોંગ) + ફા. ખોર (ખાનાર)] વિ. ઢોંગી; દંભી.
૨. વિ. તોફાની.
૩. વિ. દુર્ગુણી.
૪. વિ. પ્રપંચી; કપટી.
૫. વિ. ફિતૂરી; ભંડખોર; બળવાખોર.

ફિસાદી જુઓ ફિસાદખોર.

ફિસાના (ફિસાના) [ફા.] પું. કથા; વાર્તા.

ફિસિયારી ૧. સ્ત્રી. દંભ; ઢોંગ.
૨. સ્ત્રી. પતરાજ; બડાશ; ડંફાસ.
૩. સ્ત્રી. મગરૂરી; અભિમાન.

ફિસિયારીખોર ૧. વિ. અભિમાની.
૨. વિ. દંભી; ઢોંગી.
૩. વિ. બડાઈખોર.

ફિસોટો ૧. પું. ચાક, શ્રમ, બળ વગેરેને લીધે મનુષ્યને કે પ્રાણીને મોઢે અને નાક આવતું હીબું.
ફિસોટા કઢાવવા = હંફાવી દેવું; થકવી નાખવું.
૨. પું. પાણી કે પ્રવાહી વસ્તુ હલોળવાથી કે ગરમ કરવાથી તેની ઉપર આવતો ફીણનો બાંદો; ફીણનો ઘમકો.

ફિસ્સી વિ. કમ, મર્યાદા કે વખતમાં ઊતરેલું.

ફિહરિસ્ત (ફિહ્રિસ્ત) ૧. [ફા.] સ્ત્રી. નોંધ; ટિપ્પણ.
૨. સ્ત્રી. સૂચિ; સાંકળિયું.

ફિંગડ [સં.] ન. એક જાતનું પક્ષી. તેના પગ જૂરા, ચાંચ પીળી અને પંજા લાલ હોય છે. સિંધથી આસામ સુધીનાં બધાં મોટાં લીલાં ઘાસવાળાં મેદાનોમાં તેનાં નાનાં નાનાં ટોળાં દેખાય છે. એક પક્ષી બીજે એટલે બધાં તેનું અનુકરણ કરી ઊડી જાય છે. વર્ષા ઋતુમાં તેની માદા બચ્ચાં ઈંડાં આપે છે.

ફિંગા જુઓ ફિંગડ.

ફિંજઠી સ્ત્રી. (કચ્છી) વિક્ષેપ; બન્યે પડવું કે નાખવું તે.

ફિંજું સ્ત્રી. (કચ્છી) પગની પાનીથી ઉપરનો ભાગ.

ફી ૧. સ્ત્રી. મહેનતનો બદલો; મહેનતાણું; દસ્તૂરી.
૨. સ્ત્રી. લવાજમ.
૩. સ્ત્રી. હકસાઈ.
૪. [હિં.] વિ. પ્રત્યેક; દરેક; દરેક.
૫. (ફી) [અ.] અ. માં, વડે દર્શાવતો પૂર્વગ.

ફીઠ ૧. સ્ત્રી. મોઢામાં રસ નહિ હોવો તે; નિઃસ્વાદતા; ફિક્કાશ; બોળાશ.
૨. ન. ફિક્કું પડી જવું તે.
૩. ન. ફીસ.
૪. ન. મોઢામાંથી નીકળતું થૂંક.

ફીકા ૧. [હિં.] વિ. ફિક્કું.
૨. વિ. સ્વાદ વગરનું.

ફીકાશ જુઓ ફિક્કાશ.

ફીકું ૧. વિ. ઉદાસ; ફિલગીર.
૨. વિ. નિઃસત્ત્વ; સાર વગરનું; જેમાં ઉત્સાહ રહેલો ન હોય એવું.
૩. વિ. ફિક્કું; ઝાંખું; કરમાઈ ગયેલું; નિસ્તેજ.
૪. વિ. રોગ અથવા શરમને લીધે મંદ થયેલું, ચમક રહિત.
૫. વિ. સ્વાદ રહિત; મીઠાશ વગરનું.

ફીકુંરચ વિ. નીરસ; અરસિક; સાવ ફીકું.

ફીકુંરસ જુઓ ફીકુરચ.

ફીચડિયા (ફીચડિયું) ૧. સ્ત્રી. સોનીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ફીચર ૧. [અં] ન. લક્ષણ.
૨. ન. વાયદાનું ઠરાવેલું.

ફીચવું સ. ક્રિ. પછાડવું; કપડાંને પછાડીને સાફ કરવું; ધોવું.

ફી જમાના (ફી જમાના) [અ. ફીઝમાના] અ. હાલને માટે.

ફીજી પું. પ્રશાંત મહાસાગરમાં આવેલો એ નામનો એક દ્વીપસમૂહ. તેમાંના અરધી બેંક વસતીવાળા છે. બ્રિટિશ સામ્રાજ્યનો તે એક ભાગ છે. આ દ્વીપસમૂહમાં મોટા ટાપુઓ જ્વાળામુખી પર્વતોથી ઉત્પન્ન થયેલ છે, જ્યારે નાના બેટો નાનાં પરવાળાંના બનેલા છે. ભરભચ્ચી સપાટીવાળા આ ટાપુઓ વનસ્પતિ સૌંદર્યથી આચ્છાદિત જણાય ત્યારે ઝાર હજાર ફૂટની ઊંચાઈ સુધીની ટેકરીઓ રૂપે છે. મોટા ટાપુઓમાં ઘણાખરા ખુલ્લા, ભેજવાળા, સુંદર વાતાવરણવાળા પ્રદેશો છે. આ ટાપુઓમાં વહેતી ઘણી મોટી નદીઓ, નહેરો દ્વારા કિનારાના કાદવ પ્રદેશને પીવાથી પોષે છે. અનેક વખત નદીઓનાં પૂર સ.થે ઘસડાઈ આવતો કાંપ કિનારાના પ્રદેશની ફળદ્રુપતામાં અનેકગણો વધારો કરે છે. આ પ્રદેશમાં કપાસ, ચા, તમાકુ અને કંદ પાકે છે. આ ટાપુનું સર્વેક્ષણ ઈ. સ. ૧૬૪૩માં ટાસ્મને કરેલું. આ પ્રદેશના વતની પહેલાં માનવભક્ષી જંગલી હતા, પણ હાલમાં ઘણાખરા ક્રિશ્ચન ધર્મમાં દીક્ષિત થયેલા છે. સાંનો ગવર્નર પશ્ચિમ પ્રશાંતનો હાઈ કમિશ્નર હોવા ઉપરાંત કોન્સલ જનરલ પણ છે. સાંની ધારાસભા અંશતઃ ચૂંટાયેલા સભ્યોની બનેલી હોય છે.

ફી ઝમાના (ફી ઝમાના) જુઓ ફી જમાના.

ફીટણ ૧. ન. નાશ.
૨. ન. મરવાનો વખત; મોતનો સમય.
૩. વિ. ફાટી જાય કે ઝટ લય પામે એવું; નાશવંત; વિનાશી; બેતબ્બેતામાં કપડાં ઘણી જાય એવું.

ફીટણકાળ પું. મૃત્યુનો વખત; પ્રલયકાળ; મરવાનો સમય; નાશનો વખત.

ફીટણજી જુઓ ફીટણ છવ.

ફીટણ છવ ૧. પું. બેતબ્બેતામાં નાશ પામી જાય એવો દેહ.
૨. પું. નાશવંત જીવ.

ફીટવવું ૧. સ. ક્રિ. ઉપરીની સામે લય જોમ કરવું; ઉશ્કેરવું; ફટાવવું.
૨. સ. ક્રિ. કરજ વાળવું; કરજમાંથી છૂટી જાય એમ કરવું.
૩. સ. ક્રિ. નાશ પામે એમ કરવું.
૪. સ ક્રિ. ફિટાવવું; બતાવી દેવું; ઓછું કરી નાખવું.
૫. સ. ક્રિ. ફોડવું; લાંચ આપી બસેડવું; લલચાવવું.
૬. સ. ક્રિ. ભગાડવું.

ફીટવું ૧. અ. ક્રિ. અપાઈ રહેવું; પતવું; પૂરું થઈ જવું.
૨. અ ક્રિ. છૂટવું; મરવું.
૩. અ. ક્રિ. ફાટવું; મટવું; ઊડી જવું; ઊખડવું.
૪. અ. ક્રિ. નાશ પામવું; લય થવું; અદશ્ય થવું.
૫. અ ક્રિ. વંઠી જવું; બગડવું.
૬. અ. ક્રિ. સામે થવું; દુશ્મન થવું.

ફીણ ૧. [સં. ફેન] ન. પાણી કે બીજું પ્રવાહી હલેળવાથી કે ગરમ કરવાથી તેની ઉપર આવતો પોચો વિકાર; પ્રવાહી ઉપર થતો પોચો પદાર્થ; પાણી કે પ્રવાહીનો મેલ કે ક્ષાર.
૨. ન. પાણી ને વાયુથી બનેલો પરપોટાનો સમૂહ; ફિણોટો.
ફીણ આવવું = (૧) બહુ મહેનત પડવી; થાક લાગવો. (૨) મોંએ ફીણ આવવું.
ફીણ કાઢી નાખવું = થકવી નાખવું.
ફીણ ચઢવું = આવો આવવો.
ફીણ વલોવ્યે શું નીકળે ? = નકામી મહેનત કરવાથી કાંઈ ફાયદો નહિ.
મોંએ ફીણ આવવું = (૧) થાકી જવું. (૨) ફિટરીયા આવવો.

ફીણવું ૧. સ. ક્રિ. નફો મેળવવો; લાભ મેળવવો; ફાયદો મેળવવો; પ્રાપ્ત કરવું.
આમાં તમે શું ફીણ્યું ? = મહેનતને અંતે આમાં તમને શું લાભ થયો ?
૨. સ. ક્રિ. પ્રવાહીને ખૂબ ઘૂમડવું; મસળવું; બેરથી ઘસીને ચોળવું; કોઈ ઢીલા પદાર્થને હાથ ખાલી સારી પેઠે મસળવો; ખૂબ ઘુમરડીને એકતાર કરવું; ઘૂંટવું.

ફીણી સ્ત્રી. કડાઈ; લોઢાની તવી.

ફીણું વિ. (કચ્છી) ઝેરી

ફીણોટો પું. ફીણનો ગોટો.

ફીત [પોર્ટુ.] ૧. સ્ત્રી. ગૂંથેલી કિનારદાર પટ્ટી; કોર; સાલ્લાની કોરે મૂકવાની કિનાર.
૨. સ્ત્રી. નાડું; પાટી.
૩. સ્ત્રી. માપવાની પટ્ટી.

ફીનિક્સ ૧. [અં.] ન. પાંચસો છસો વર્ષ જીવવું કહેવાતું એક કલ્પિત પક્ષી. એને વિષે ગ્રીક અને રોમન લોકો એમ માનતા કે, એને લોહું બાંધવાને માટા નહોતી અને તે દેવતામાં પડી બળી જઈ પાછું પોતાની રાખમાંથી જ જન્મ પામતું.
૨. ન. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સ્થાપેલ એ નામનો આશ્રમ. આ આશ્રમની સ્થાપના સંબંધી ગાંધીજી જણાવે છે કે: સર્વોદયની મારા ઉપર થયેલી અસર મેં વેસ્ટને કહી સંભળાવી ને સૂચવ્યું કે, ઇંડિયન ઓપિનિયનને એક એતર ઉપર લઈ જવું. ત્યાં સહુ એકસરખો આધારસ્થ પૂરતો ઉપાડ કરે. સહુ પોતાની ખેતી કરે અને વધતા વખતમાં ઇંડિયન ઓપિનિયનનું કામ કરે. વેસ્ટે એ સૂચનાનો સ્વીકાર કર્યો. કરેનું આધારસ્થ ખોજમાં ખોવું નજ પાઉંડ થાય એવી મજૂતરી કરી. આમાં મોરારજીભાનો ભેટ નહોતો રાખવામાં આવ્યો. તુરત જ મેં છાપામાં કરબનની નજીક કોઈ પણ સ્ટેશન પાસે જમીનના ટુકડાને સારૂ જાહેરખબર મૂકી. જવાબમાં ફીનિક્સની જમીનનું કહેણ આવ્યું. વેસ્ટ ને હું તે જોવા ગયા. સાત દિવસની અંદર બીજા એકર જમીન લીધી. તેમાં એક નાનકડો પાણીનો ઝરો હતો. કેટલાંક નારંગીનાં ને કેરીનાં ઝાડ હતાં. ખેડે જ ૮૦ એકરનો બીજો ટુકડો હતો. તેમાં વિશેષ ઘળાઝાડ ને એક ઝૂંપડું હતું. તે પણ થોડા દિવસ બાદ ખરીદ્યો. બેઉના મળીને ૧૦૦૦ પાઉંડ આપ્યા. આમ ૧૯૦૪ની સાલમાં ફીનિક્સની સ્થાપના થઈ.

ફીફરવું ૧. સ. નસકોરું; ફોલવું; નાકનું છિદ્ર. તે વાટે શ્વાસ લેવાય ને મુકાય છે.
૨. સ. બાર્લી ફેફરું.

ફીફરું ન. એક જાતનું જીવડું; વાંદુ.

ફીફાંખાંડુ ૧. વિ. અર્થ વિનાનું બોલું બોલનાર.
૨. વિ. ફોતરાં ખાંડનાર; વ્યર્થ મહેનત કરનાર.

ફીફી સ્ત્રી. (કચ્છી) ઝીણી રેતી.

ફીફું સ. અનાજનું ફોતરું; અનાજનું બોલું.
ફીફાં બાકવાં = (૧) બોટી વાતને ખરી ઠરાવવા મથવું. (૨) ગુનો છુપાવવા પ્રયાસ કરવો. (૩) મિથ્યા પ્રયત્ન કરવો; સાર વગરનો બાકી શ્રમ કરવો.

ફીમ [હિં.] ન. અફીણ.

ફીમેલ [અં.] સ્ત્રી. નારી; બોરત; સ્ત્રી.

ફીરકી ૧. જી. ચકરડી.
૨. જી. જરી વણવાનું હથિયાર.
૩. જી. તકલી.
૪. જી. નાની ફાળકી; રીલ.

ફીરત પું. (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં બાર ગુરુ અને તેત્રીસ લઘુ મળી પિસ્તાલીસ વર્ણની સત્તાવન માત્રા હોય છે.

ફીરની (ફીરની) [ફા.] જી. મુસલમાનોનું ખીરનું ખાણું. દૂધમાં ચોખાનો જાડો લોટ નાખી પકાવી આ ખીર બનાવાય છે.

ફીરવવું જુઓ ફેરવવું.

ફીરવું જુઓ ફરવું.

ફીરંગ પું. એક પ્રકારની બંધકસરત. તેની ઘણી રીતો છે. જેવી કે, કમરચાલ, દિરચાલ.

ફીરોજશાહ મહેતા પું. હિંદના એ નામના એક પ્રખ્યાત પારસીગૃહસ્થ. મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનના ઘણી વખત તે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. રાષ્ટ્રીય એકતા દ્વારા નૈતિક, સામાજિક તેમ જ રાજકીય પ્રગતિ સાધવા અને લોકમત કેળવવા ફીરોજશાહ મહેતા અને સુરેન્દ્રનાથ બેનરજી જેવા ઉત્સાહી લોકનેતાઓ મળી મહાસભાની સ્થાપના ઈ. સ. ૧૮૮૫માં મુંબઈ મુકામે કરી. હિંદી રાષ્ટ્રીય મહાસભાના તે પ્રમુખ પણ થયા હતા. તે પ્રખર વક્તા હતા. નીડરતા અને દેશદાઝ તેમના ગુણ હતા.

ફીરોજ ૧. [ફા. ફીરોઝા] પું. એક જાતનું નીલમ. તેમાં એલ્યુમિનિયમ, ફેરસેટ, કાર્બિક લોહ તથા તાંબાની મેળવણી હોય છે. સારાં નીલમ ઈરાનના પહાડમાં થાય છે. અમેરિકથી તે બહુ આવે છે. રત્નોમાં તેની બજુતરી થાય છે. આભૂષણમાં તે જડાય છે. વૈદો દવામાં પણ તેને વાપરે છે. આ નીલમ મુખમાં મીઠું, તૂરું અને ભૂખ લગાડે તેવું કહેવાય છે તે પહેરવાથી આબોદમ થતો મનાય છે.
૨. વિ. નસીબદાર; ભાગ્યવાન.

ફીરોજી ૧. જી. નસીબદારી; સદભાગ્ય.
૨. [ફા.] વિ ફીરોજ નીલમના રંગનું; લીલાશ પડતું આસમાની.

ફીરોઝ (ફીરોઝ) ૧. [ફા.] વિ. આબાદ; સુખી.
૨. વિ. જીતવાળું.
૩. વિ. નસીબદાર.

ફીલ (ફીલ) [ફા.] પું. હાથી.

ફીલખાનું [ફા. ફીલ (હાથી) + ખાના (ઘર)] ન. હાથીખાનું.

ફીલખાળ જી. હાથી ઉપર રાખેલી તોપ.

ફીલપા (ફીલપા) [ફા. ફીલ (હાથી) + પા (પગ)] પું. પગ ફૂલીને કે સોજીને હાથીના પગ જેવો થઈ જાય તેવો રોગ; હાથીપગું; શ્લીપદ.

ફીલપાય ૧. પું. કૂવાના મુખ ઉપરનો ઊભો બાંધેલો.
૨. પું. સ્તંભ; થેમ્બુ.

ફીલપાયા (ફીલપાયા) ૧. [ફા.] પું. ઈંટોનો બનાવેલ મોટો સ્તંભ.
૨. બિ.પું. બાહો; શરીરે સ્થૂળ.
૩. જુઓ ફીલપા.

ફીલપાંવ જુઓ ફીલપા.

ફીલફી ન. બારકામાં બીજ પાડવાનું હથિયાર.

ફીલફીલ ન દરવાજામાં પાનેલ બેસાડવા માટે પટ્ટી અને બોમાની અંદરની બાજુમાં પાડવામાં આવતી બીડી.

ફીલફોર (ફીલફોર) [અ.] અ. તત્કાળ; તરત જ; તાત્કાલિક.

ફીલબદીહા (ફીલબદીહા) [અ.] અ. બેફકમ; બાજીદ વિચાર કર્યા વિના.

ફીલબાન (ફીલબાન) [ફા.] પું. હાથીનો મહાવત.

ફીલવાન જુઓ ફીલબાન.

ફીલહાલ [અ.] અ. હમણાં; અત્યારે જ.

ફીલી [હિ.] જી. પિંડલી; પિંડી; ગોઠણની નીચેથી એડી સુધીનો ભાગ.

ફીલ્ડ ૧. [અ.] ન. ખેતર.
૨. ન. મેદાન; ખુલ્લી જગ્યા; ચોગાન.

ફીલ્ડબુક [અં.] જી. જમીન માપની નોંધબુક; જમીનની માપણી કરતી વેળા તેની લંબાઈ, ખૂણા વગેરે નિશાનો નોંધવાની ચોપડી.

ફીલ્ડમાર્શલ [અં.] પું. મોટી પદવીવાળો લશ્કરી અમલદાર; મુખ્ય સેનાપતિ.

ફીલ્ડર [અં.] પું. ક્રિકેટની રમતમાં દાવ દેનાર માણસ.

ફીલ્ડિંગ ૧. [અં.] જી. દાવ દેવા માટે રમનારાઓની મેદાન ઉપર જુદી જુદી જગ્યાએ ગોઠવણી.
૨. ન. દાવ દેવાનું કામ.

ફીલ્ટર [અં.] પું. જવર; તાવ; બુખાર. શરીરની મધ્યમ કે સાધારણ ગરમીથી વધારે ગરમી હોય ત્યારે તાવ આવ્યો કહેવાય છે. શરીરની સામાન્ય ગરમી ૯૮·૪° હોય છે.

ફીલ્ટર ફેરવું પું. એક જાતનો જંગલી છોડ. તેનું થડ ડાળીઓવાળું, ચંદ્રા પહોળાં અને દાંતાવાળાં તથા ફૂલ સફેદ અને નાનાં હોય છે

ફીસ ૧. [અં.] જી. કર; શુલ્ક.
૨. જી. મહેનતાણું; ફી.

ફીસણ જી. વાણીની આઠલીમાંથી ગણ થતાં બચેલું અને ભગી નામનાં બે લાકડાંને જોડનારી બોઠની પાસેનું લાકડું.

ફીસદી અ. સૈકે.

ફીસલવું ૧. અ.ક્રિ. ઓકાદ કે લીલાપણાને લીધે પગ ન ઠરવો; લપસી પડવું.
૨. અ.ક્રિ. પ્રવૃત્ત હોવું; ચૂકવું.

ફીસવાવું સ.ક્રિ. લપસે કે સરકે એમ કરવું.

ફીસી જી. હિસિયારી; પતરાજી; બડાઈ.

ફીસું ૧. ન. કોરના આગલા પગના સાંધાનો ઢેચો.
૨. વિ. બરાબર રહે નહિ એવું; ઢીલું; નરમ; પોચું.
૩. વિ. ઓછા જોરવાળું.
૪. વિ. કદ ઠસકી જાય એવું.
૫. વિ. તરત ઢાટી જાય એવું; છટ્ટું.
૬. વિ. ફિક્કું; રસહીન.

ફૂંચ જી. જાંઘનો ઉપલો ભાગ.

ફૂંડલ ૧. ન. પિત્તળ; બીટીને કરેલો ઘો કે ગોટો.
૨. ન. મોટી બામડી; લાંબો ફેટો.

ફૂંઠલું જુઓ ફૂંડલ.

ફૂંડો પું. કાચબો; બાજ; હાંસલ.

ફૂંકવું ૧. સ.ક્રિ. ગોળવું; વારંવાર ઉથલાવવું; આમતેમ ઉથલાવવું.
૨. સ.ક્રિ. ઝિલમિલ કરી નાખવું; વેરણછેરણ કરી દેવું.
૩. સ.ક્રિ. ઢીલું કરી નાખવું; ચૂંથવું; પીખવું.
૪. સ.ક્રિ. ઠલાવવું; ઠચરવું.

ફૂંકાવવું સ.ક્રિ. ફૂંકે એમ કરાવવું.

ફૂંકાવું અ.ક્રિ. ફૂંકાય એમ થવું.

ફૂંફડી (ફૂંફડી) જી. ફેરફુદરી; ગોળગોળ ફરવું તે.

ફુ ૧. [સં.] પું. તુચ્છ વાક્ય.
૨. પું. બુદ્ધ.
૩. પું. મંત્રોચ્ચારપૂર્વક કુત્સાર.

કુબ્જાજી ૧. પું. કુબ્જો, કોબડાનો વર.
૨. પું. કુબ્જો સસરો.

કુમ્મારો ૧. પું. કરો.
૨. પું. નીચેથી ઊંચે જઈ પાછું ધારામાં નીચે પડતું પાણી.
૩. પું. પાણી ઊડતું પડે એવી રચના; કુવારો.

કુર્મ ૧. સ્ત્રી. બાપની બહેન; ફોઈ.
કુર્મની બારેક ભાંખ કાઢે = બાવક કરતાં જલદ વધારે થવી.
૨. સ્ત્રી. ગાય.

કુર્મબ્યાઢું ન. ફોઈ તરફની બક્ષિસ.

કુમ્મેઠ (કુમ્મેડ) ૧. સ્ત્રી. મંદી બુદ્ધિ; મેલી બુદ્ધિ.
૨. વિ. ગંદું; મેલું
૩. વિ. વિવેકમાં તોછડું.

કુમ્મેઠતા (કુમ્મેડતા) ૧. સ્ત્રી. અસભ્યતા; અવિવેક; તોછડાપણું.
૨. સ્ત્રી. કુવડતા; ગંદું હોવું તે.

કુમ્મેઠપણું (કુમ્મેડપણું) જુઓ કુમ્મેઠતા.

કુમ્મો પું. ફોઈનો વર; બાપની બહેનનો પતિ.

કુમ્મો સસરો પું. પત્નીનો કે પતિનો કુમ્મો.

કુરઃ [સં.] ન. એક જાતનું પક્ષી.

કુરકરા (કુકરા) [અ. હકર (તે ગરીબ હતો)] પું. બ. વ. ગરીબ લોકો.

કુરકાર યંત્ર ન. છાંટણા રૂપમાં પાણીને ફેંકનાર સંચો.

કુરકી ૧. સ્ત્રી. આસામની આદિમ જાતિઓ માંહેની ટેકરી ઉપર વસતી એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

કુરકીર્ણ ન. અતિસાર; બહુ ઝાડા થવાનો રોગ.

કુરકું વિ. સહેજ ગરમ; કોકરવરણું; નવશેકું.

કુરકુનાસ [પ્રા.] વિ. સાંકડા અને ઊંચા નાકવાળું.

કુરકુંદ ન. મળું કુલથનાર એક જાતનું કબૂતર.

કુરકો ૧. પું. કેટલાક જળચર પ્રાણીના ગળા આગળની વા ભરવાની કોથળી.
૨. પું. દડાના આકારની કુલેલી વસ્તુ; કુલકો.
૩. પું. મૂત્રાશય; મૂત્રપિંડમાંથી ઝરી જેમાં મૂત્ર એકઠું થાય છે તે કોથળી; પેશાબ ભરાય છે તે કોથળી.
૪. પું. વધારે દૂધ મેળવવા માટે ગાય ભેંસની યોનિમાં ફૂંક મારવાની કરવામાં આવતી દુષ્ટ ક્રિયા. લાખી વાસની પોલી નળીને ગાયની જનનેંદ્રિયમાં નાખી મોઢા વડે ફૂંક મારવાની ક્રિયાને કુરકો કહે છે. મર્મસ્થાનમાં હવા પ્રવેશવાથી ગાયને અતિ કષ્ટ થાય છે. ગાય આ વેદનાથી કરે છે, તેની આંખમાંથી અશ્રુધારા ચાલી જાય છે અને શરીર પરસેવાથી ઠંડું પડી જાય છે. આ અસહ્ય વેદનાથી ગાય મરણતોલ થઈ જાય છે. ઘણી વાર તો ફૂંક મારનાર એટલી વાર સુધી ફૂંક માર્યા કરે છે કે ગાયના આંચળમાંથી દૂધને બદલે લોહી પડવા માંડે છે. વાંસની નળીના અભાવે ઘણી વખત ગાયની યોનિમાં કોથળી સુધી હાથ ઘાલવામાં આવે છે. દૂધ વધારે મેળવવાની લાલચે કોઈ વાર બટકી તોડ્યા મીંદાની પોટલી જનનેંદ્રિયમાં નાખી હાથ અથવા નળી વડે દબાવવામાં આવે છે. તેથી ગાય કેકાટ મારવા માંડે છે. ગાંધીજી કહે છે કે ગાય લેસ ઉપર કુરકુની ક્રિયા થાય છે એ જાણ્યા પછી દૂધની ઉપર મને તિરસ્કાર થયો. દૂધ મનુષ્યનો ખોરાક નથી એમ તો હું સદા માનતો, એટલે મેં દૂધનો ત્યાગ કર્યો.
૫. પું. હવા ભરીને બનાવેલો ચીકણા પ્રવાહીનો કે પાતળા પડનો પરપોટો.

કુરગરાવું અ. ક્રિ. કૂલવું; ઊપસવું.

કુરગાઉ ૧. વિ. ઉત્સાહ વિનાનું; નિરુત્સાહી.
૨. વિ. નરમ; પોચું.

કુરગારો ૧. પું. ખાડકો; પેટ ચડવું તે.
૨. પું. પરપોટો.
૩. પું. કુલ્લો; મૂત્રાશય.
૪. પું. કુલાવો; કૂલવું તે.
૫. પું. કોથળો.

કુરગાવવું ૧. સ. ક્રિ. ઉશ્કેરવું; ચડાવવું.
૨. સ. ક્રિ. કૂબરવું; ઊંચું થાય એમ કરવું.
૩. સ. ક્રિ. વિશેષ પડતું બલબું વધારી દેવું.
૪. સ. ક્રિ. વિસ્તારવું; ફેલાવવું.

કુરગાવું ૧. અ. ક્રિ. પાણીને લીધે ચિકું પડવું; ફોલાઈ જવું.
૨. અ. ક્રિ. કુલાવું; ઊપસવું.
૩. અ. ક્રિ. કૂબ ચડવી; પલળવાથી કે બેજ લાગવાથી કોઈ વસ્તુ ઉપર ફૂલાં જેવો ભાગ આવવો; ઘણી વાર ભીની હવામાં અથવા બારૂમાં રહેવાથી પોચી વસ્તુ ઉપર ભાગ આવવો; છારી વળવી.
૪. અ. ક્રિ. વિશેષ પડતું બલબું બનવું; બલબુનો બજારની માગણી કરતાં વધારો થવો.

કુરઘાવો પું. જોઈએ તે કરતાં વધારે પ્રમાણમાં બલણી નોટોનો કે સિક્કાનો ફેલાવો; અનામત કરતાં બલણી નાણું વધારે પ્રમાણમાં બલબુમાં મૂક્યું તે; નાણાંના ચિહ્નરૂપ ધાતુના બલબુમાં અતિ વધ્યો વધારો.

કુરઘાન (કુરઘાન) [ફા.] પું. નિશ્વાસ; નિસાસો.

કુરચડો (કુરચ્ડો) પું. કપડાં, ચટાઈ વગેરેમાંથી ઊભેલા ભાગે બહાર નીકળેલો રેસો કે તાંતણો.

કુરજું ન. ક્ષત્રાણી કાપલીઓનો ગુચ્છો. તે કનકવાના નીચલા ભાગ આગળ લટકતો રાખવામાં આવે છે.

કુરજૂર (કુરજૂર) [અ.] પું. બ્રિટિશ; ફિરંગો

કુરજુલ (કુરુજુલ) ૧. [અ.] પું. ગાજર.
૨. પું. પગની એડી.
૩. વિ. બાકું; બાકું.

કુરજૂલ (કુરુજૂલ) ૧. [અ. કુરૂજ] વિ. નકામું.
૨. વિ. વધારાનું.

કુરજ્જાલ (કુરજ્જાલ) [અ. કારિજનું બ. વ.] પું. બ. વ. વિદ્વાન માણસો.

કુરજૂલ (કુરૂજ) ૧. [અ.] વિ. વધારાનું.
૨. વિ. અર્થ; નકામું; નિરુપયોગી.

કુરજૂલ અર્થ (કુરૂજ અર્થ) ૧. [અ.] પું. ઉડાઉ અર્થ.
૨. વિ. ઉડાઉ; અપવ્યયી; બહુ અર્થ કરનાર.

કુરજૂલ અર્થી સ્ત્રી. અર્થમાં વધારો; નકામું અર્થ; અપવ્યય; ખોટું અર્થ.

કુરજૂલગો (કુરૂજગો) [અ.] વિ. વાતોડિયું; બધી વાત કરવાની ટેવવાળું.

કુરજૂલગોઈ (કુરૂજગોઈ) [અ.] સ્ત્રી. નકામી વાત.

કુરઢ ૧. [સં.] પું. સર્પની પહોળી કરેલી ફેણ.
૨. વિ. એકલવાયું; છૂટું; અલગ; એકાકી.

કુરઢક ૧. સ્ત્રી. ડાબો; કપો.
૨. [હિં.] સ્ત્રી. દ્રવ્ય પદાર્થનો નહિ ઓગળેલો ભાગ.

કુરઢર ૧. વિ. અયુગ્મ; વિષમ; અજોડ; એકાકી; એકલું.
૨. વિ. અલગ; છૂટું; જૂદું.
૩. વિ. બોકુંયોકું; બોકસંધ નહિ એવું; સામું નહિ તેવું.
૪. વિ. નકામું; માલ વગરનું.
૫. વિ. બિનબિન; કોઈ પ્રકારનું નહિ એવું; કોઈ મેળનું નહિ તેવું; પરચૂરણ; કાયદું; વિવિધ.
૬. વિ. વિશ્વાસ નહિ રાખવા જેવું

કુરઢર બિક્રી સ્ત્રી. છૂટક વેચાણ; 'રીટેલ સેલ.'

કુરઢર મૂલ્ય ન. છૂટક કીમત; 'રીટેલ પ્રાઇસ.'

કુરઢર વ્યાપારી પું. છૂટક માલ વેચનાર વેપારી.

કુરઢલ જુઓ કુરઢર.

કુહ્વેકુસ પ્રદાહ

કુહકણ જુઓ કુટકર.

કુહકળિયું જુઓ કુટકર.

કુહકી ૧. સ્ત્રી. એક જાતનું નાનું પક્ષી.
૨. સ્ત્રી. કાપડની કિનાર ઉપર વાસ્તો દેખાય તેવી ખામી.
૩. સ્ત્રી. કમો.
૪. સ્ત્રી. નાનો જમેલો કણ. પાણી કે દૂધ વગેરેમાં તે અલગ દેખાય છે.
૫. સ્ત્રી. લોહી કે પરુનો છાંટો.

કુહકો ૧. [સં. સ્ફોટક] પું. અનાજનું ધૂલું.
૨. પું. ફફોલો; ફોલ્લો.

કુહગોલા પું. એક જાતનો શિકારી કદમી અંગ્રેજ.

કુહડિયું (કુહડિયું) ૧. વિ. મનોહર; રૂપાળું; શોભીતું; ખૂબસુરત; દેખાવડું; કૂદકું.
૨. વિ. સ્વચ્છ; ચોખ્ખું; સફાઈદાર.

કુહડી (કુહડી) ૧. સ્ત્રી. સુંદર સ્ત્રી; સુંદરી.
૨. વિ. સ્ત્રી. ગાદી; પાટી; જાડી, સાચવા ઢાળ માટે વપરાય છે.
૩. વિ. સ્ત્રી. રૂપાળી; સુંદર.

કુહરણ ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

કુહરાઈ સ્ત્રી. (કચ્છી) સરસપણું; સારાપણું.

કુહા [સં.] સ્ત્રી. સાપની જેમ.

કુહાડવું (કુહાડવું) સ. ક્રિ. ખૂટવું; ઓછું થાય તેમ કરવું.

કુહાવવું સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

કુહૂ ૧. [સં. સ્ફુટિત] વિ. નાશ પામેલું; વિનષ્ટ.
૨. વિ. ફાટેલું; ચિરાઈ ગયેલું.

કુહૂક ન. ક્રોધાગ્નિ; સમસ્યા.

કુહ્વિ જુઓ કુટ.

કુહેલ ૧. [સં. સ્ફુટિત] વિ. અલોક; જેની સરખામણીમાં કોઈ ન હોય એવું.
૨. વિ. અભાગી; કમનસીબ.
૩. વિ. અલગ; છૂટું; એકલું.

કુહ્યો (કુહ્યો) પું. (વહાણવટું) ભંડર ઉપર પથ્થરથી બાંધેલ જગ્યા; 'બ્રાર્ક'.

કુહ્યલ (કુહ્યલ) પું. (વહાણવટું) કાતરો; ખોર, તીર, છાજ ઉપર ચડાવવાનો ત્રિકોણ સઢ; 'રિમ્પ્ટ સેલ.'

કુહિયા [હિં.] સ્ત્રી. કોઠકો; નાની કોલ્લી.

કુહો પું. (કચ્છી) છાંટો.

કુહ્વગી ૧. [સં. સ્ફુલિંગ] સ્ત્રી. ઝીણી કોલ્લી.
૨. સ્ત્રી. પ્રવાહી ઉપરની પરપોટી.

કુહ્વૂર (કુહ્વૂર) ૧. [અ.] પું. અજવાસ.
૨. પું. ખરાબી; ખામાવી.
૩. પું. ખામી; ખોડ.
૪. પું. ધાંધલ; ટંટોફિસાદ; તોફાન; ઝઘડો.
૫. પું. નગ્નાઈ; નિર્બળતા.
૬. પું. બળવો; બંડ.

કુહ્વૂરિયા ૧. પું. બળવાખોર માણસ.
૨. વિ. બળવાખોર.

કુહ્વૂરી (કુહ્વૂરી) ૧. [અ.] વિ. ઓટાળિયું; અજવરચાવાળું.
૨. વિ. ખોડખાંપણવાળું.
૩. વિ. ધાંધલિયું; ખખાવી.
૪. વિ. નબળું.
૫. વિ. બળવાખોર.

કુહ્વૂહ (કુહ્વૂહ) ૧. [અ.] સ્ત્રી. ઘ. વ. છત.
૨. સ્ત્રી. ઘ. વ. નકો.
૩. સ્ત્રી. ઘ. વ. પુષ્પજીતા.

કુહ્વેકર [સં.] પું. અગ્નિ.

કુહ્વેકાર [સં.] પું. ફૂંફવાડો; ફૂં એમ કરીને મોંમાંથી પવન ઉડાડવો તે; ફુવાડો.

કુહ્વેકારવું ૧. સ. ક્રિ. જોરદાર ફૂંકથી ઉડાડી મૂકવું; ફુકારવું.
૨. સ. ક્રિ. ફુંકાવવું.
૩. સ. ક્રિ. ફૂંફાડો મારવો.

કુહ્વેકી [હિં] સ્ત્રી. એક જાતનું પક્ષી; સુરખી.

કુહ્વેકુત ૧. [સં.] પું. ફૂંફાડો.
૨. વિ. ફૂંફાડો મારેલું.

કુહ્વેકુતિ જુઓ કુહ્વેત.

કુહ્વેદનો જુઓ કુહીનો.

કુહ્વેદી સ્ત્રી. નાની પતંગ.

કુહીનો [અ. કોહિન] પું. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; લંબગોળ કરચલીવાળાં પાનનો ઉગ્ર સુગંધીવાળો એક છોડવો; કુદનો. કુહીનાનાં બી મળતાં નથી, તેથી માટીનાં કૂંડા ઉપર ગોળવાળી કોરી બેસાય છે અને તેની ઉપર માખો બેસીને ઇયર કરે છે. આ માખીના કોરવાળી કોરીમાંથી કુહીનો ઊગી નીકળે છે. કુહીનાની ઉત્પત્તિ ચીન દેશમાં ઘણી થાય છે. ચીનાઓ કુહીનાનાં પાનમાંથી તેલ કાઢે છે. આ તેલ ગરમ ને પેટના વાયુ ઉપર અકસીર મનાય છે. ઠંડીમાં તેલ કરીને તેની સળી કે પતરી થાય છે. તે ઉગ્ર વાસ આપે છે. આ કરેલા તેલને એક જાતનું કપૂર પણ કહેવામાં આવે છે. માથાના દુખાવા ઉપર ચોપવાનું મેંથોલ કુહીનાના અર્કનું બનાવવામાં આવે છે. શીત, વિષમ અને સામાન્ય જ્વર ઉપર કુહીનો અને આદુનો રસ પાવામાં આવે છે. વીંછીના વિષ ઉપર કુહીનાનો રસ અથવા પાંદડાં પાનમાં ચોપડવામાં આવે છે. હિંગ, મારેઠ, મરી, છરૂ, સૂંઠ વગેરે નાખી કુહીનાની કચિદાયક ચટણી બનાવવામાં આવે છે. કુહીનાની ભમરાઈ, ગામઠી અને પહાડી એવી ત્રણ જાત છે. તે ઉષ્ણ અને વાતહર તરીકે વિસૂચિકા, ચૂંક, ઝાડો, ઊલટી, આફરો, મંદાગ્નિ તથા અરુચિ ઉપર અપાય છે. કુહીનાના રસનું સેવન ત્રણે ય દોષોમાં ઉપકારી હોવાથી તેનું બારે માસ સેવન કરનારા નીરોગી રહેવાનું કહેવાય છે. કુહીનામાં પ્રાણ્યક તત્ત્વ બા નો ઘણો મોટો ભાગ સમાયેલો છે, તેથી તેનું સેવન એ સંબંધની તમામ શક્તિઓ દૂર કરી શકે છે. કુહીનામાં કેમોમેટનાં ફૂલનું તત્ત્વ છે, તેથી સખતમા સખત શરદીમાં લેવાથી તે આરામ આપે છે અને અગ્નિ પ્રદીપ્ત કરે છે.

કુહીર વિ. મૈથુનમૈથુન કરાવનાર; સૃષ્ટિ વિરુદ્ધ કામ કરાવનાર.

કુહેડો (કુહેડો) ૧. પું. એક જાતનું ઘાસ.
૨. પું. કૂકડો; ઊતરો વંદો.

કુહ્વેન [હિં.] અ. ફરીને; પુનઃ.

કુહ્વેનગ [હિં.] સ્ત્રી. બગાડું; ઠોમ; અમબાગ.

કુહ્વેનગી [સં. પુલક] સ્ત્રી. (હિંદી) અંકુર; કણગો.

કુહ્વેનેર સ્ત્રી. કુશળતા; પ્રાવીણ્ય.

કુહ્વેન્ડ સ્ત્રી. લીલાશ પડતી એક જાતની કાકડી.

કુહ્વેન્દુમ ન. આફ્રિકામાં ઊગતું એક જાતનું ઝાડ. તે સો ફૂટ સીધું ઊંચું ઊગે છે. તેના ધોળાં ચાકાંવાળા ગર્ભમાંથી ઉત્પન્ન થતું કપૂર ઘણા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે.

કુહ્વેપ્પી ૧. [હિં.] સ્ત્રી. ચમરી.
૨. સ્ત્રી. નાના છોકરાની જનનેંદ્રિય.

કુહ્વેસી સ્ત્રી. નાની કોડલી; કોલ્લી.

કુહ્વેકુસ [સં.] ન. કેફસું.

કુહ્વેકુસ ક્ષય [સં.] પું. ફેફસાંનો ક્ષય; ક્ષયરોગ.

કુહ્વેકુસ જ્વર [સં.] પું. ફેફસાંનો તાવ; 'ન્યૂમોનિઆ'.

કુહ્વેકુસ ધમની [સં.] સ્ત્રી. ફેફસાંની ધોરી નસ; 'પલ્મોનરિ આર્ટરિ'.

કુહ્વેકુસ પ્રદાહ [સં.] પું. બસનજ્વર; 'ન્યૂમોનિઆ'. તેમાં ફેફસાંમાં બળતરા થાય છે. આ તાવ સ્ત્રી કરતાં પુરુષોને વધારે આવે છે. જે માણસ ઠંડીમાં કામ કરતાં હોય, તેને આ

રોગ એકદમ લાગુ પડે છે. શરાબખોરી આસ કરીને આ વ્યાધિને આમંત્રણ કરે છે. આ વ્યાધિ એક જીવાણુને લીધે લાગુ પડે છે એમ મનાય છે. આ જીવાણુને બીજા પણ જીવાણુઓ મદદ કરે છે. આ રોગમાં પહેલવહેલું એક તરફનું ફેફસું પકડાય છે. હાની તરફ કરતાં જમણી તરફના ફેફસા ઉપર આ રોગનું આક્રમણ વધારે થતું જણાયું છે. ખૂબ ટાઢની સાથે આ રોગની શરૂઆત થાય છે, પછી તાવ ચડે છે અને ઘણા ભાર કલાકમાં ૧૦૩ કે ૧૦૪ ડિગ્રી સુધી પહોંચી જાય છે. રોગીની પાંસળીઓમાં દર્દ થાય છે અને સૂકો ખાસી આવે છે. તાવમાં વધઘટ થાય છે. શ્વાસપ્રશ્વાસની ક્રિયા વધી જાય છે, તે એટલે સુધી કે એક મિનિટમાં ૮૦ સુધી શ્વાસ માણે છે. શ્વાસનું પ્રમાણ વધે છે તે પ્રમાણમાં નાડીની ગતિ વધતી નથી. શરૂઆતમાં કફ બહુ થોડો નીકળે છે, પછી રક્તમિશ્રિત અત્યંત ચિપચિપો લાલ રંગનો કફ નીકળે છે. કફ કાઢવામાં રોગીને બહુ તકલીફ પડે છે. રોગીનું મુખ મંડૂરવર્ણું હોય છે. આ રોગ સાપ્રાતિક ન હોય તો તાવ સામાન્ય રીતે સાતમે કે નવમે દિવસે ઊતરી જાય છે અને બાર દિવસ પછી તાવ રહેતો નથી. તાવ ઊતરતાં રોગીને આરામ મળે છે અને ઊંઘ પણ આવવા લાગે છે. રોગીને શુદ્ધ હવામાં રાખવો જોઈએ અને તેને શ્વાસનું કષ્ટ ન પડે તે માટે જે ઓરડામાં રાખેલો હોય, તેમાં હવાની આવજા માટે યોગ્ય પ્રબંધ કરવો જોઈએ. આ રોગમાં હૃદયની દુર્બલતા માટે સ્ટ્રિકનિનનું ઇન્જેક્શન અપાય છે અને પીવા માટે ટિંચર ડિજિટેલિસનો પ્રયોગ કરાય છે. આ રોગમાં આવશ્યકતા મુજબ ઓક્સિજન પણ આપવાથી રોગીનાં ફેફસાંની સ્થિતિ સારી રહે. રોગની સંકટાવસ્થા પહેલાં હૃદયની ક્રિયાને તેજ કરવા માટે કેટલાક ડાક્ટરો બ્રાન્ડિનો અને કેટલાક શેમ્પેનનો ઉપયોગ કરે છે. આથી ઊલટું કેટલાક ડાક્ટરો આ રોગમાં બ્રાન્ડિનો ઉપયોગ હાનિકારક બતાવે છે. કેટલાક ડાક્ટર રોગીને શાંતિપૂર્વક ઊંઘ લાવવા માટે મોર્ફિઆનો ઉપયોગ કરે છે. કેટલાક આ બાબતમાં વિરોધી છે. તેઓના મત પ્રમાણે ન્યૂમોનિઆમાં મોર્ફિયા વિષનું કામ કરે છે. ન્યૂમોનિઆમાં સારવાર બહુ જ મહત્ત્વ ધરાવે છે. આયુર્વેદિક ચિકિત્સામાં આ રોગ માટે ભ્રમરકજ્જરમ, મકરધ્વજ વગેરે ઔષધો લાભપ્રદ સિદ્ધ થયાં છે. ક્વાથમાં બૃહત્કંટકારિ અને દશમૂલાદિ ક્વાથનો ઉપયોગ કરાય છે. ન્યૂમોનિઆમાં હોમિયોપથિક ચિકિત્સા બહુ પ્રગતિ સિદ્ધ થઈ છે. હોમિયોપથિક સુપ્રસિદ્ધ ડૉ. ડ્રાર આ રોગની શરૂઆતમાં સૌથી પહેલાં ઍકોનાઇટ આપવાનું અને તે પછી સલ્ફર આપવાનું કહે છે. ડૉ. કર્ટ્સ અને ફેરિંગ્ટન ઍકોનાઇટથી ફાયદો ન થાય તો જાબોરેન્ડિ આપવાનું કહે છે. ફ્રાંસના ડાક્ટર લેસેટ્રે તથા ઇટલિના પ્રસિદ્ધ હોમિયોપથિક ડાક્ટર ટેસર જાબોરેન્ડિની બહુ પ્રશંસા કરે છે અને તેઓ જાબોરેન્ડિની સાથે ફોસ્ફરસ આપવાની ભલામણ કરે છે. ન્યૂમોનિઆની બીજી અવસ્થામાં બધા હોમિયોપથિક ડાક્ટરોના મતાનુસાર સલ્ફર એ પ્રધાન ઔષધ ગણાય છે.

ફુપ્ફુસયંત્ર [સં.] ન. શરીર બહારની શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચલાવનારી રચના.

ફુપ્ફુસાભ્રક ન. તિલકભાષ્ય: 'અભ્રોમિકર'.

ફુપ્ફુસરક્તસ્રાવ [સં.] પું. ફેફસાંમાંથી લોહી નીકળવું તે.

ફુપ્ફુસ રોગ [સં.] પું. ફેફસાંનો રોગ.

ફુપ્ફુસ રોગચિકિત્સા [સં.] સ્ત્રી. ફેફસાંનાં રોગનો ઉપચાર.

ફુપ્ફુસ વર્ણન [સં.] ન. ફેફસાં સંબંધી હકીકત.

ફુપ્ફુસ શિરા [સં.] સ્ત્રી. ફેફસામાંની શિરા. 'પલ્મોનરિ વેન.'

ફુપ્ફુસ શોથ [સં.] પું. ફેફસાંનો સોજો.

ફુપ્ફુસ સન્નિપાત [સં.] પું. ફેફસાંના સોજા સાથનો ત્રિદોષ: 'ન્યૂમોનિઆ.'

ફુપ્ફુસાભિસરણ [સં.] ન. ફેફસાંમાં જતી લોહીના વહેણની ક્રિયા.

ફુપ્ફુસાવરણ [સં.] ન. તિલકભાષ્ય: ફેફસાંનું ઢાંકણું: ફેફસાંની બહારનો અસ્તર જેવો પડદો.

ફુપ્ફુસાવરણ પ્રદાહ [સં.] પું. ફેફસાંનું પડ સાજું જતું તે. ઠંડી લાગવાથી, કે ક્ષયરોગના કારણે આ રોગ થતો અનાર છે. તેની શરૂઆતમાં પડખામાં દુખા નીકળે છે. તેમાં તાવ ૯૯°થી ૧૦૦° હોય છે. નાડીની ગતિ વધી જાય છે. તેની દવા તરીકે રોગીને સંપૂર્ણ આરામ આપવો.

ફુપ્ફુસાવરણ શોથ [સં.] પું. ફેફસાના પડદાનો સોજો.

ફુપ્ફુસીય [સં.] વિ. ફેફસાં સંબંધી.

ફુપ્ફુસીય પરિક્ષાલન [સં.] ન. લોહીનું શુદ્ધ થવા માટે ફેફસામાં ફરવું તે.

ફુપ્ફુસીય શિરા જુઓ ફુપ્ફુસ શિરા.

ફુફકાર પું. ફૂંફાડો; ફુંકાર; ફુત્કાર; ફુફવાટો.

ફુફકારવું અ. ક્રિ. ફૂંફાડો મારવો.

ફુફવવું અ. ક્રિ. ફુફાડો મારવો.

ફુફવાટો ૧. પું. ગુસ્સાનો આવેશ.
૨. પું. કૂ એવો અવાજ કરવો તે.
૩. પું. ફૂંફવાડો; સામો માણસ કરી જાય તેમ જોરદાર ફૂંક સાથે બોલવું તે; જોસથી મારેલી ફૂંક; ફુફાડો.
ફુફવાટો મારવો = (૧) ગુસ્સાથી બોલવું. (૨) જોરથી ફૂંક કરવું.

ફુફવાડો (ફુફવાડો) જુઓ ફુફવાટો.

ફુફણી [હિં.] સ્ત્રી. નીચી; લેંઘા કે પાજામાની નાડીની સરકણી ગાંઠ.

ફુફાટો પું. સાપનો ફૂંફાડો; ફુફાડો.

ફુફાડો (ફુફાડો) જુઓ ફુફવાટો.

ફુફારવું અ. ક્રિ. મોંમાં પાણી ભરી ફોગળો કરવો.

ફુફી [હિં.] સ્ત્રી. બાપની બેન; ફુઈ; ફોઈ.

ફુફૂ જુઓ ફુઈ.

ફુફેરા [હિં.] પું. ફઈનો દીકરો; ફોઇબાત ભાઈ.

ફુફેરી [હિં.] સ્ત્રી. ફઈની દીકરી; ફોઇબાત બેન.

ફુમકી સ્ત્રી. (ચકાસવું) મોજાંની ઢોચ; 'ફ્રેસ્ટ'.

ફુમતિયાળું વિ. જેને ફુમતું હોય તેવું; ફુમતાવાળું.

ફુમરાવું અ. ક્રિ. છંછેડાવું; ઉશ્કેરાવું.

ફુમાડી (ફુમાડી) પું. નાચનો એક પ્રકાર. તેમાં હાથો પગ સ્થિર રાખી જમણો પગ પાછો બસેડી ગોળાકારે ફરતા જવાનું હોય છે.

ફુરકા ન. ભૂરું ઘોળું.

ફુર ૧. [સં. રફુર્] પું. પક્ષીના એકદમ ઊડવાથી અથવા ઘોડા દ્વારા ખૂંદવાથી થતો અવાજ.
૨. વિ. સાચું; ખરું; વાજબી.

ફુરકો પું. અષાઢ મહિનામાં વાતો વાયુ; આષાઢી વાયુ.

ફુરકત (ફુરકત) ૧. [અ.] સ્ત્રી. છૂટા પડવું તે; વિયોગ.
૨. સ્ત્રી. દયા.
૩. સ્ત્રી. દિલગીરી.
૪. સ્ત્રી. પરોપકાર.

ફુરકાવવું ૧. સ ક્રિ. ઉમંગ આપવો; ઉત્સુક બનાવવું.
૨. સ ક્રિ. ફફડાટ કરવામાં પ્રવૃત્ત કરવું.
૩. સ. ક્રિ. હલાવવું; વિચલિત કરવું.

ફુરમજી [ફા. ફુરમુલ] પું. ગબ્બો.

કુરમુલ (કુરમુલ) [જા.] કું. ઝબ્બો.

કુરચી જી. નાનો કુહાડો.

કુરચેકુરચા કું. ન. બ. કુહાડેકુહ્યાં; કટકેકટકા.
કુરચા–કુરચેકુરચા ઊડી જવા = કુહાડેકુહ્યા થઈ જવા; છિન્નભિન્ન થઈ જવું.

કુરચો [જા. પુર્ચા] કું. કટકો; કુહ્યો.

કુરજો ૧. કું. બંદર ઉપરની ગોદી; કક્કો; વહાણો ઠેરવવાનું મથક.
૨. કું. બંદર ઉપરનું જકાત લેવાનું મથક; જતાં આવતાં વહાણ પાસેથી જ્યાં જકાત લેવાય તેવો બંદર ઉપરનો ભાગ.
૩. જી. ઘોડીની જનનેંદ્રિય.

કુરડવેલ (કુરડવેલ) જી. ઢોરના ચારામાં ઉપયોગી એક જાતનો છોડ; ચણકબીંડો. તે મેથી ૭ ફૂટ સુધી ઊંચો વધે છે. તેના ઉપર રુવાંટી હોય છે.

કુરજ [સં. ક્રુરજ] ન. ક્રૂરકર્મ તે.

કુરત ૧. [સં. ક્ષૂર્તિ] જી. ચંચળતા; ચાલાકી; સ્ફૂર્તિ.
૨. જી. ઝડપ; શીઘ્રતા; તેજી.
૩. જી. તૈયાર હોવાપણું.

કુરતી જુઓ કુરત.

કુરતીલું ૧. વિ. ચબરાક; ચાલાક; ચંચળ; સ્ફૂર્તિવાળું
૨. વિ. ઝડપી; તેજીલું.
૩. વિ. તૈયાર.

કુરતું જુઓ કુરતીલું.

કુરકુર જી. ઊંઘમાં દાંખના કડકડાટથી કે ધ્રાંસથી ઉત્પન્ન થતો અવાજ.

કુરકુરાવું ૧. અ. ક્રિ. ઊંઘતાં દાંખોના કડકડાટથી શબ્દ થવો.
૨. અ. ક્રિ. પીળાં, વાળ વગેરે કુલથી વસ્તુનું ઊખડવું.

કુરકુરી ૧. [હિ.] જી. પૂજવું તે; કુજારી.
૨. જી. દાંખ કડકાવવી તે.

કુરબાન ૧. [કા. કુરબાન] ન. આજ્ઞા; આદેશ; હુકમ.
૨. ન. આજ્ઞાપત્ર; સનદ.

કુરવું ૧. અ. ક્રિ. ખખડવું; ભોરમાં પડવું.
૨. અ. ક્રિ. સાફ થવું; એકદમ મગજમાં આવવું; સ્ફુરવું.

કુરસત (કુરસત) ૧. [અ.] જી. અવકાશ; છૂટી; નવરાશ; નિવૃત્તિ કામ કરી રહ્યા પછીનો વખત; નિરાંત
૧. કુરસત કાઢવી = નવરાશનો વખત રાખવો; ખાલી સમય રાખવો.
૨. કુરસત ખાવી–ખાવી = રજની માગણી કરવી.
૩. કુરસત દેવી = (૧) તક આપવી. (૨) રજા દેવી.
૪. કુરસત મળવી = (૧) કામ મુકાવું. (૨) નવરાશ હોવી. (૩) રજા મળવી.
૫. કુરસત હોવી = (૧) નવરાશ હોવી. (૨) બાજીમાંથી કાબુ થવું.
૨. જી. તક; પ્રસંગ; અવસર; સમય.

કુરસતી ૧. જી. અંકુશ; અંકુશ.
૨. જી. સવલત; અનુકૂળતા.

કુરસદ જુઓ કુરસત.

કુરસદગી જી. ફારસબારી રજા.

કુરસા કું. એક જાતનો નાગ. તે બધો નાનો હોય છે. તે રસ્તે ચાલતા માણસને કે પશુને ઊડીને કરડે છે અને પાછો તરત ફૂદી જાય છે. તેથી શું કરડ્યું તેની ખબર પણ પડતી નથી. તે કરડવાથી કરડી જાતો નથી. તે સ્વભાવે સુસ્ત પ્રકૃતિનો વાસી હોવા છતાં મેઘ વાર કાઠિયાવાડ પ્રદેશમાં દેખાય છે. મુંબઈરાજ્યમાં ભરૂચ, સુરત બાજુ અને ઉત્તર ગુજરાતમાં ડીસા તરફ તે જોવામાં આવે છે. રત્નાગિરિ જિલ્લામાં તેનું રહેઠાણ ત્રાસજનક સંખ્યામાં હતું. ત્યાં એક વખત ત્રાસગ્રસ્ત ૭ વર્ષ સુધી દર વર્ષે સરાસરી ૨,૨૫,૭૨૧ જેટલે કુરસાનો નાશ કરાયેલો. દોઢેક ફૂટનો આ વિષધર ચીતળાથી ઝાંખો, રંગે ભૂખરો, પીળો કે પીળાશ પડતો હોય છે. ચેટ પોતું કે પોતાશ પડતાં ભીંગડાં ઢબકાવાળું હોય છે. વિશેષ લક્ષણ તો તેના માથા ઉપર ભાલાના ફણાના જેવી નિશાની હોય છે. તે સ્વભાવે તીખો હોય છે. વધુ પ્રમોજને ત્રાસ નહિ જેવા ઉશ્કેરાટથી કોઈ સાપ કરડતો હોય તો તે આ જ. બીજાની જેમ ઝડપ મારીને તે ઠંચે છે. બીક તે જાણતો નથી. સાહજાગે તેનું વિષ અડચીતળા જેવું કાતિલ નથી. ચિકાર ત્યારે તે શરીરની જેવડી આંટી વાળે છે અને પડખાંનાં ભીંગડાં જોરથી ઘસીને સુસવાટા જેવો અવાજ કાઢે છે. તેની નજીક માણસ જાય, ત્યારે તે મોટા અવાજથી ફુંફાડો મારે છે. તેના દાંત જેસવાથી જે ખાડા પડે છે, તે ચારીક સોય ખોંચ્યા પ્રમાણે હોઈ તેમાંથી લોહી વહે છે અને સોજો આવે છે.

કુરહરી ૧. [હિ] જી. દાંખનો કડકાટ.
૨ જી. રોમાંચ ખડાં થવાં તે.
૩. જી. મુખથી વસ્તુમાં ભોળા ભાવમાં રાખવામાં આવતું કૂડું પુખડું.

કુરાત (કુરાત) [અ.] જી. ચુકેટીસ નદી.

કુરાવવું જ. ક્રિ. પ્રભાવિત કરવું; સાચું ઠેરવવું.

કુરિયા [હિ.] જી. ચૂમડું; ડોકડી.

કુરી જી. એક જાતનો છોડ. તે બધ ફૂટ ઊંચો વધે છે. તેની ડાંડી બધી નરમ હોય છે. તેનાં પાન વાંસનાં પાન જેવાં હોય છે.

કુરૂઅ (કુરુઅ) ૧. [અ.] કું. ન. બ. કુટુંબનાં વડીલો.
૨. કું. ન. બ. મહાજનો.
૩. કું. ન. બ. આબરૂદાર માણસો; ચોટા.

કુરે ફકીર કું. (કચ્છી) જેની પાસેથી કશું લૂંટી લેવામાં આવ્યું હોય એવો પુરુષ.

કુરેરી જુઓ કુરહરી.

કુર્દીઅન કું. (અવેસ્તી) પારસી વર્ષની આખરે આવતો દસ દિવસનો તહેવાર.

કુર્દ્દાન (કુર્દાન) [અ.] જિ. આનંદી; સુખી.

કુલકાવવું જ. ક્રિ. ઉશ્કેરવું; ઉત્તેજિત કરવું.

કુલવણી જી. કૂલવવું તે.

કુલવારી [હિ.] જી. ભગીચો; કૂલવાડી.

કુલહારા [હિ.] કું. માળી; બાગવાન.

કુલંગ [હિ.] જી. બખાળું; ઠોમ.

કુલા કું. ન. બ. (કચ્છી) પાણી.

કુલાઈ ૧. જી. બાવળનું ઝાડ. તે પંજાબમાં સિંધુ અને સતલજ નદીઓની વચ્ચેની પહાડીઓમાં થાય છે. આ ઝાડ બહુ ઊંચાં નથી હોતાં. તેનું થાકું મજબૂત અને કઠણ હોય છે અને પાણીનું વચ્ચેનું થાકું તથા માંકાનાં પૈડાં વગેરે બનાવવાના કામમાં આવે છે. તેમાંથી એક જાતનો ગુંદ નીકળે છે, જે ઔષધમાં વપરાય છે અને અમૃતસરનો ગુંદ કહેવાય છે.
૨. જી. સુતરની કોકડી; આંટી.

કુલાણી ૧. જી. જાડેજા રજપૂતની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. જિ. એ નામની અટકનું.

કુલારો કું. બગાઈ; પતરાજી; શેખી.
કુલારો મારવો = શેખી કરવી.

કુલાવ ૧. [હિ.] કું. કૂલવાની ક્રિયા કે ભાવ.
૨. કું. સોજો

કુલાવટ જી. કુલાવવું તે; કુલાવવાની ક્રિયા.

કુલાવવું ૧. સ. ક્રિ. ઊંચું કરવું; ઉપસાવવું; ફૂલે એમ કરવું.

૨. સ. ક્રિ. ખીલે તેમ કરવું.

૩. સ. ક્રિ. પવન ભરવો.

૪. સ.ક્રિ. વખાણ કરીને ચડાવવું; મોટા આ કરવું; ઉશ્કેરવું.

૫. સ. ક્રિ. વિસ્તારવું; ફુગાવવું; ચલણનો જોર્ડ એ તે કરતાં વધારો કરી દેવો કે જેથી ચલણની નામની કીમત તેની ખરી કીમત કરતાં ઘણી વધી જાય.

ફુલાવું ૧. અ. ક્રિ. અભિમાની થવું; ખૂટા વખાણથી મોટાઈ માનવી.

૨. અ. ક્રિ. ચડવું; ખીલવું.

ફુલાવો પું. ઓગોના માથાના વાળ ગૂંથવાની દોરી. તેમાં છેડે ફુલ લગાડેલ હોય છે.

ફુલારા સ્ત્રી. મોટાઈ; પાતરાજ્ય; આડંબેચ્છા; બડાઈ; શોખી.

ફુલાંગ [હિ.] સ્ત્રી. એક પ્રકારની ભાંગ.

ફુલિંગ [સં. સ્ફુલિંગ] પું. તણખો; ચિનગારી.

ફુલિંદરબંગ સ્ત્રી. કરીની એ નામની એક જાત.

ફુલીચોખાર પું. રંગની મેળવણીમાં વપરાતો એક જાતનો પદાર્થ.

ફુલુરિયું ન. ખાળોતિયું; મળમૂત્ર માટે ખાળની નીચે નાખવાનું કપડું.

ફુલૂસ (ફલૂસ) [અ.] પું તાંબાનો એક જાતનો સિક્કો; પૈસો.

ફુલેકું ન. લગ્નને આગલે દિવસે વરકન્યાને ઘોડે બેસાડી વાજતેગાજતે સગાંસ્નેહીઓમાં ફેરવવામાં આવે તે; વરઘોડો; વરકન્યા કે જવાનું સરઘસ; વર અથવા જવાને ઠાઠમાઠથી શણગારી અંબાડ઼ બનાવી જાહેર જનતામાં ફેરવવું તે. આ રિવાજ જનોઈમાં લોકિક દૃષ્ટિએ ખાસ પળાય છે. જદુકનું મનરંજન કરવા તથા આત્મજનો અને સ્નેહી વર્ગના મીઠા આવને અનુમોદન આપવા આ પ્રથા પ્રચલિત છે. બાવો કે જદુક એ એક વિશ્વપ્રિય નિર્દોષ રમણીય પુષ્પ છે, તેના જીવનનો અલૌકિક પરિમલ કરકને એકસરખો મુગ્ધ કરે છે, તેથી આવા અનુપમપણે મઘમઘતા ફુલ–પુષ્પને ઠાઠમાઠથી શણગારી અંબાડ઼ બનાવી જાહેર જનતામાં ફરવું એ એક અનેરા આનંદ કે પ્રેમની પરાકાષ્ઠા જેવું દશ્ય છે. આ પ્રસંગને સૌ ફુલ ઉપરથી ફુલેકું કહે એ બરોબર બાવસ્થ્ય છે. જો આપણે ફુલેકાને જાજકરૂપી નવા ખીલતા પુષ્પનો મહોત્સવ કરી હૃદયમાં સ્થાન આપીએ તો ખોટું શું ?

ફુલેકું ચડવું = (૧) કંટાળો થવો; બબાડો થવો, બેઆબરૂ થવી. (૨) વરઘોડો ચડવો.

ફુલેરા પું. રેત ઉપર ઓટાયાની ફુલોની છબી.

ફુલેલ ૧. [હિ.] ન. ફુલોની સુગંધથી સુવાસિત કરેલ તેલ. તે બનાવવાની રીત: તલને ધોઈને તેનાં ફોતરાં કાઢી નાખવાં. બાર પછી તાજાં ફુલની કળીઓ પાથરવી અને તેના ઉપર તલનો થર બનાવવો. તલની ઉપર પાછી ફુલની કળીઓ પાથરવી. કળીઓ ખીલે ત્યારે ફુલની સુગંધ તલમાં આવી જાય છે. આવી રીતે ઓછામાં ઓછા ચાર તલ ને ફુલના થર કરવા. તલને જેમ વધારે વાર ફુલમાં સુવાસિત કરવામાં આવે તેમ તેમાં અધિક સુગંધ આવે છે. આ રીતે સુવાસિત કરેલ તલને પીલીને વધુમાં જાતનાં તેલ બનાવવામાં આવે છે. જેમકે, ચમેલીનું તેલ, મોગરાનું તેલ, ગુલાબનું તેલ.

૨. ન. ઓઢું વધારવા તથા બાંધવાનું સાધન.

૩. ન. હિમાલયમાં થતું એક જાતનું ઝાડ. તે કુમાઉનથી દાર્જિલિંગ સુધીના પ્રદેશમાં થાય છે. તેના ફળનો ગર ખવાય છે. તેમાંથી તેલ પણ નીકળે છે, જે સાબુ, મીણબત્તી બનાવવામાં વપરાય છે. તેનું લાકડું કલમ જુદા રંગનું થાય છે, જેમાંથી મેજ, ખુરસી વગેરે બને છે.

ફુલેલી સ્ત્રી. ગ્રામ વગેરેનું ઓઢું વાસણ. તેમાં ફુલેલ એટલે સુગંધી તેલ રાખવામાં આવે છે.

ફુલેવર ૧. ન. બંજરાનાં પાનાંની એક જાત; ફિલેવર; ફુલ્લી. આ જાતનાં પાનાં ઉપર કાળા રંગનું ફુલ ચીતરેલું હોય છે.

ફુલેવરનો એકો = દેખાવમાં સુંદર પણ લાયકાત વિનાનું માણસ.

૨. ન. ફુલ; 'ફલાવર'.

૩. ન. ફુલની જાતવાળું કપડું.

૪. ન. શાકમાં ઉપયોગી એક જાતની વનસ્પતિ; 'ગોબી ફલાવર'.

૫. વિ. જેમાં ફુલ જેવી ભાત હોય તેવું; ચિત્રિત; રંગબેરંગી ચિત્રવાળું; ફુલની ભાતવાળું.

ફુલેહરા [હિ.] પું. સાતર, રેશમ વગેરેનું બનાવેલ કપડાંનું તોરણ. તે ઉત્સવમાં બારણા ઉપર ટાંગવામાં આવે છે.

ફુલોડી (ફુલોડ઼ી) [હિ.] સ્ત્રી. ઘી કે તેલમાં તળેલી ચણા કે બાજરાના લોટની વડી; ફુલવડી.

ફુલોરા જુઓ ફુલોરી.

ફુલોરી [હિ.] સ્ત્રી. ચણા કે વટાણાના વેસણની વડી; વેસણની પકોડી.

ફુલ્લ સ્ત્રી. ભડાઈ કે મોટાઈ કરવાની ટેવ કે શેખી.

ફુલ્લ્ [સં.] ન. ક્રિ. (ધાતુ) ખીલવું; વિકસવું; મદોળું થવું. તે ઉપરથી બનેલ શબ્દ. ફુલ, ફુલવું; પ્રફુલ્લ.

ફુલ્લ ૧. [સં.] ન. ફુલ; પુષ્પ; કુસુમ.

૨. વિ. ખીલેલું.

૩. વિ. પહોળું થયેલું; ખુલ્લું થયેલું; વિકસિત.

૪. વિ. ફળવાના આરંભવાળું; ફુલેલું.

ફુલ્લણા પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક માત્રામેળ છંદ, તેનું દરેક દલ ૨૦, ૧૦ ને ૨૭ મળી ૭૭ માત્રાનું હોય છે. તેમાં પહેલી અને તે પછી દર પાંચમી માત્રાએ તાલ આવે છે.

ફુલ્લતુવરી [સં.] સ્ત્રી. કઠકડી.

ફુલ્લદામ ૧. [સં. ફુલ્લદામન્] પું. (પિંગળ) એ નામનો ઓગણીશ અક્ષરના ચરણવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પુષ્પદામ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, તગણ, નગણ, સગણ, બે રગણ અને ગુરુ મળી ઓગણીશ અક્ષર હોય છે. અને પાંચ, સાત અને તે પછીના સાત અક્ષર ઉપર યતિ આવે છે.

૨. સ્ત્રી. ફુલની માળા.

ફુલ્લનયન ૧. [સં.] ન. પ્રફુલ્લિત આંખ.

૨. વિ. પ્રફુલ્લ આંખવાળું.

ફુલ્લપૂર પું. રોટી.

ફુલ્લપ્રોલ [સં.] પું. સુપ્રભાનો વાયુ.

ફુલ્લમત્સ્ય ન. એક જાતનું માછલું.

ફુલ્લરા સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ અટ્ટહાસ નામના પીઠસ્થાનમાં છે.

ફુલ્લરીક ૧. [સં.] પું. એ નામે એક દેશ.

૨. પું. સર્પ.

ફુલ્લલોચન ૧. [સં.] પું. એક જાતનો મૃગ.

૨. જુઓ ફુલ્લનયન.

ફુલ્લવસ [અ. ફુલૂસ] પું. નાણું.

ફુલ્લાદામ જુઓ ફુલ્લદામ.

ફુલ્લિકા સ્ત્રી. વિકાસ પામવું તે; પ્રફુલ્લિત થવું તે.

ફુલ્લિકા સ્ત્રી. બંજરાની ચાર બાજુની એક જાત. જુઓ ફુલેવર ૧.

ફુલ્લિત [સં.] વિ. વિકસિત; ખીલેલું

ફુલ્લિંગ [સં. સ્ફુલિંગ] પું. (પ્રાકૃત) અગ્નિનો તણખો.

ફુલ્લી ૧. [હિ.] સ્ત્રી. આંખનો મોતિયો.

૨. સ્ત્રી. ઘરેણાની સાથે લગાડેલું સોના કે રૂપાનું ફુલના આકારનું ચગદું.

૩. સ્ત્રી. પુષ્પિકા; નાનું ફુલ.

૪. સ્ત્રી. પાનની રમતમાં ફુલેવર, બંજરાનાં પાનાની ચારમાંથી ફુલની જાત.

૫. સ્ત્રી. ફુલેલી કોર્ડ પણ ચીજ.

કુરકુસાભિગા

કુલ્લીકૃષ્ણ વ. સાડાત્રણ રૂપિયાની કીમતનો સોનાનો એક સિક્કો.

કુવાઢ (કુવાઢ) [અ.] પું. હલ્ય.

કુવારો ૧. [અ. ફવારા] પું. જેમ પાણી ઊંચું ચડીને ધારારૂપે ઊંડે જેવી જગાવટનો પાણીનો ફુડ; પાણી ઊછળું પડે એવી રચના.

કુવારો ઊઠ્યો = પાણી અદ્ધર ચડવું.

૨. પું. ઝરો.

કુવો પું. ફોઈનો વર; બાપની બહેનનો પતિ; ફુઓ.

કુશિયું વ. બદનામી; તહોમત; આળ; બટ્ટો.

કુસ ૧. [પ્રા.] પું. સ્પર્શ; અડકવું તે.

૨. સ્ત્રી. ચુલામાંથી અવાજ થયા વગર બહાર નીકળતો વાયુ

૩. [હિં.] સ્ત્રી. મોંમાંથી નીકળતો બહુ ધીમો અવાજ, અતિમંદ સ્વર.

કુસકાવવું અ. ક્રિ. ફૂંક મારવી; ફુત્કારવું; ફુંફાવવું; ફુંકાર કરવો.

કુસકું ૧. વ. હોતરું.

૨. વિ. ભયરૂં; બૂરો થઈ જાય તેવું

કુસાઢ (કુસઢ) વ. ગોબર; છાણ.

કુસકો (કુસકો) [હિં.] પું. રેશમ, ઊન કે સૂતરના કપડામાંથી નીકળી જતો તાતણો.

કુસકુસ ૧. સ્ત્રી. એક જાતની માછલી. તેને ફેફસાં અને ઝાલર બંને હોય છે. ફેફસા હોવાથી તેનું આ નામ પડ્યું છે.

૨. સ્ત્રી. કાનમા જાની વાત કરવી તે; કાનમા ધીમેથી બોલવુ તે.

કુસકુસવું અ. ક્રિ. કાનમાં ધીમેથી બોલવું.

કુસકુસાવવું [હિં.] સ્ત્રી. કાનમાં ધીમે ધીમે બોલવુ તે.

કુસકુસિયું ૧. વિ. દમ વગરનું; નિર્માલ્ય.

૨. વિ. નષ્ટપ્રાયું; ઢલ્લું; સહેજમાં ઊડી જાય એવું.

કુસકુસું ૧. [હિં.] વિ. કમજોર; ધીમા અવાજથી તૂટી જાય એવું.

૨. વિ. ઢળાવતાં જલદી ચૂરેચૂરા થઈ જાય તેવું; નરમ; ઢીલું.

૩. વિ. મંદ; તીક્ષ્ણ ન હોય તેવું

૪ વિ. સડેલું; જર્જરિત થઈ ગયેલું.

કુસલાવ ૧. [હિં.] પું. ગાડે માર્ગે દોરવું તે.

૨. પું. ફોસલાવવું તે; સમજાવટ.

કુસલાવવું સ. ક્રિ. ફોસલાવવું; સમજાવવું; પટાવવું.

કુસલાહટ વ. ફોસલામણ; મુલાયમપણું.

કુસાંડી સ્ત્રી. કમરો.

કુસીઆડું વ. ચોમાસામાં ઊગતો એક જાતનો ઘાસ; ઝાડકંડી. તેનાં પાન સાંબાં, સાંકડાં અને દોરે કાંટાવાળાં હોય છે. તેનાં ફૂલ ગુલાબી કે જાંબલી રંગનાં અને ફૂલ કરમાઈ જતાં બૂરા રંગનાં થાય છે. તે સહેજ ચપટાં અને કડવાં હોય છે.

કુસુન (કુસુન) ૧. [ફા.] વ. ઊતરપિઠી.

૨. વ. મંત્ર.

કુસ્તા વ. મોટું વહાણ.

કુસ્કુસ વ. ફેફસ.

કુસ્કુસચ્છદ પું. ફેફસાં ઉપરનો આડો ફેફસાં ઉપર વધતાઓછા આડા માલમ પડે છે. તેમાંના બધા મુખ્ય છે: બે ઉન્તચ્છદ અને એક હૃદયચ્છદ. આમાનો દરેક ઉન્તચ્છદ પ્રત્યેક ફેફસાંની અંદરની બાજુ ઉપર રહેલો હોઈ ફેફસાંનું મૂળ આ આડાદ્વારા તેની અંદર દાખલ થાય છે. હૃદય જાતીની મધ્ય રેખાની કાખી બાજુ તરફ વધારે પ્રમાણમાં રહેલું હોવાથી, કાખા ફેફસાની અંદરની સીમા ઉપરનો હૃદયચ્છદ ઊંડો છે, જ્યારે જમણા ફેફસાની અંદરની સીમા ઉપર તે છીછરો છે. આ ઉપરાંત બીજા કેટલાક છીછરા આડાઓ છે. તે જુદા જુદા અવયવોના ઢબાવ કે રચનાને લીધે છે.

કુસ્કુસ ચૂડા (કુસ્કુસ ચૂડા) સ્ત્રી. ફેફસાની ટોચ. તે ગોળ શિખર જેવી દોઢ ઇંચની દરેક બાજુએ અક્ષાસ્થિથી બે આંગળ ઊંચે થયેલી છે. ઉરઃકર્ણમૂલિકા પેશીનાં બે મૂળ તેને ઢાંકે છે.

કુસ્કુસદાહ જુઓ કુસ્કુસપ્રદાહ.

કુસ્કુસધમનીદ્વાર વ. ફેફસાની ધમનીનું દ્વાર. તે જમણા નિલયના ઉપલા અને અંદરના ખૂણામાં રહેલું હોઈ લગભગ ગોળાકારનું છે.

કુસ્કુસધર પું. મહાપ્રાચીરા પેશીની ઉપલી બાહ્યગોળ બાજુ ઉપર મધ્યરેખાની દરેક બાજુએ આવેલા કલાકોષના ઉદ્ગમાંનો દરેક.

કુસ્કુસધરાકલા સ્ત્રી. ઉરસ્; જાતીની દરેક બાજુએ રહેલાં ફેફસાંને વીંટાયેલી બે પડવાળી પાતળી અને કોમળ રામકીની બનેલી કોથળી.

કુસ્કુસપીઠ સ્ત્રી. ફેફસાંની નીચેનો ભાગ. આ ભાગ અર્ધચંદ્રાકાર તથા બાજાવાળો છે. તે મહાપ્રાચીરા પેશીના બહિર્ગોળ ઉપરના તરફિયા ઉપર રહેલો છે આ ભાગનો પાતળો અને અણીદાર પાછલો ભાગ જ્યારે હવા ભરાવાથી ફેફસાં ફૂલે છે ત્યારે મહાપ્રાચીરા પેશી તથા નીચલી પાંસળીઓ વચ્ચેના બાકામાં ઊતરી પડે છે.

કુસ્કુસપ્રભવા સ્ત્રી. બ. વ. ફેફસાંઓની શિરા. તેને બાગ્વેજ શિરા કહી હતાય, કેમકે તેઓ ફેફસાંનું શુદ્ધ લોહી હૃદયના ઉપલા ડાબા બાનામા લઈ જાય છે.

કુસ્કુસબંધની સ્ત્રી. કુસ્કુસધરા કલાકોષનો પરિસરીય ભાગ એવડો વળીને થયેલો ત્રિકોણાકાર ભાગ. તે ફેફસાંનાં મૂળની નીચે તેમ જ પાછલી બાજુ તરફ જાય છે. આ રચનાસ્વરૂપ જેવો ભાગ ફેફસાંને મહાપ્રાચીરા પેશીના મૂળ સાથે સબંધમાં રાખે છે.

કુસ્કુસવિસ્ફારણ પું. ફેફસાંનો એક જાતનો રોગ. તેમાં બને ફેફસાં સતત ઉધરસથી, પહોળાં થઈ જઈ બબાવા માટે છે. તેમાં જાતીનો વિસ્તાર દરેક દિશામાં વધે છે. તેની લંબાઈ તથા પહોળાઈ વધી તે એક સાકડા મોના પાણીના મોબા જેવી બની જાય છે.

કુસ્કુસવૃંત વ. ફેફસાંનો એ નામનો એક ભાગ; ફેફસાંનું મૂળ. રુધિરવ.હિનીઓ, નાડીઓ અને રસાબની વગેરેના સમૂહનું તે બનેલું છે. તે વડે દરેક ફેફસું હૃદય તથા શ્વાસનલિકાની સાથે સંબંધ રાખે છે. આ મૂળ ભાગની આજબાજ અનુકોષિકા નાડી અને પાછળ પ્રાણદ નાડી રહેલા છે.

કુસ્કુસશીર્ષિણી સ્ત્રી. અધરમધ્યમ કુસ્કુસાંતરાલ પ્રદેશમાં આવેલી એ નામની ગંભીર બે શાખાવાળી ધમની.

કુસ્કુસાભિગા સ્ત્રી. એ નામની એક ધમની. આખા શરીરમાં આ જ એકલી ધમની છે કે જે અશુદ્ધ લોહી વહન કરે છે. તે હૃદયના જમણા નિલયમાંથી ઉત્પન્ન થઈ ફેફસાં તરફ જાય છે. તેની લંબાઈ આશરે બે ઇંચ અને તેના મૂળ ભાગનો બ્યાસ આશરે સવા ઇંચ છે. હૃદયના મૂળ ભાગ આગળ તે મહાધમનીની કાખી બાજુએ રહેલ છે. ત્યાંથી ઉપર તથા સહેજ પાછળ જતાં મહાધમનીના વાંકા તોરણથી બાજ નીચે વળી ને પસાર થતાં તે જમણી તથા કાખી કુસ્કુસાભિગા ધમની નામની બે મુખ્ય શાખાઓમાં વહેંચાઈ જાય છે. આ બને શાખાઓ અનુક્રમે જમણા તથા કાખા ફેફસામાં જાય છે અને અસંખ્ય નાની મોટી શાખાઓમાં વહેંચાઈ જાય છે. આ ધમનીની છેલ્લની અત્યંત બારીક શાખાઓ ફેફસામાં રહેલા સૂક્ષ્મ

વાયુકોષોની આસપાસ પરસ્પર મળી જઈને જળીઓ રચે છે. આ પેશી તથા તેની શાખાઓ શિરાઓએ આપ્યા શરીરમાંથી હૃદયમાં આવેલું અશુદ્ધ લોહી ફેફસામાં શુદ્ધ કરવા સાર્થ બને છે.

કુરકુસાંતરાલ પ્રદેશ પું. બંને ફેફસાંઓ વચ્ચેનો આંતરી ભાગ; છાતીની આગલી ભાલુ ઉપર રહેલા ઉરઃકલક નામના અસ્થિની પાછલી ભાલુથી, પૃષ્ઠવંશની આગલી ભાલુ સુધીનો ભાગ. તે બંને ફેફસાંની વચ્ચે રહેલો છે.

કુરકુસિયા સ્ત્રી. અધર મધ્યમ કુરકુસાંતરાલ પ્રદેશમાં આવેલી એ નામની શિરા. તે ફેફસામાં પ્રાણવાયુથી શુદ્ધ થયેલું લોહી હૃદયમાં વહે છે.

કુલરા (કુલ્ય) [અ.] પું. બાજરા; બંદવાડ.

કુલાર ૧. [સં. કુલ્હાર] પું. કળાદપણ; પાણીનું નાનું બિંદુ.
૨. પું. ઝાકળવાળો વરસાદ.
૩. પું કુવારો; જળપ્રપાત.
૪. [હિં.] સ્ત્રી. કરકર; ફોફે.

કુલારા ૧. પું. જળના પાણીના ઝીણા ઝીણા છાંટા; સીકર.
૨. [હિં. કુવાર] પું. જળપ્રપાત; કુવારો.
૩. પું. ઝરો.
૪. પું. નળનું પાણી.

કુલના [હિં.] પું. કુંપણી.

કુલની ૧. સ્ત્રી. ચામડાની કે ધાતુની પખાલ.
૨. સ્ત્રી. વાંસ કે ધાતુની કુંપણી.

કુલરવું અ. ક્રિ. કુંવારવું; કૂં એવો અવાજ કરવો.

કુલરી સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ.

કુલાવવું ૧. સ. ક્રિ. જણાવવું; જણાવવું; ભરમ કરાવવું.
૨. સ. ક્રિ. કુંવાનું કામ કરાવવું.
૩. સ. ક્રિ. મોંમાંથી હવાનો અવાજ કોઢાવવો.

કુંભરાવવું ૧. સ. ક્રિ. ખોટું સમજાવવું.
૨. સ ક્રિ. ચડાવવું; ઉશ્કેરવું; ગુસ્સે કરવું.
૩. સ. ક્રિ. ભડકાવવું; કુલાવવું.

કુંગરાવું ૧. અ. ક્રિ. ઉશ્કેરાવું; ગુસ્સે થવું.
૨. અ. ક્રિ. ખોટું સમજવું.
૩. અ ક્રિ. કુલાવું; ભડકવું.

કુંગા સ્ત્રી. એક જાતની માછલી.

કુંગી ૧. પું. અમદાવાદનો રહેવાસી.
૨. પું અહમો લોકોનો ધર્મગુરુ.

કુંત [સં. સ્પંદ્ (કરકવું)] ન. કુમકું; કુમતું.

કુંદલું ૧. ન. ચમરી; કુમતું.
૨. ન. ચાળા કે લાકડીની કિનારી ઉપરની દોરીની ગાંઠ.
૩. ન. ત્રાજવાંની દાંડીની વચ્ચેની ગાંઠ.
૪. ન. નીવીબંધ.
૫. ન. કૂલના આકારની ગાંઠ. તે પીતાંબર, ધોતી કસવાની દોરી, ઝાલર વગેરે કિનારી ઉપર શોભા માટે બનાવાય છે.

કુંદના [હિં.] સ્ત્રી. કુમતું.

કુંદી સ્ત્રી. ગાંઠ; ગ્રંથી.

કુંપઠાર [સં. કુઠાર] સ્ત્રી. કુંહાડો મારવો તે.

કુંસરી સ્ત્રી. કોડલો; કોલ્લો.

કુંસી [હિં.] સ્ત્રી. નાની કોડીઃ કોલ્લી.

કુંહારા પું. કુવારો.

કૂં ૧. કું. (કચ્છી) ઊંડી જવું તે.
૨. કું. કુંહાડો.
૩. સ્ત્રી. પૂળ.
૧. કૂ કરવું = મોઢામાંથી પવન કાઢવો.
૨. કૂ થઈ જવું = (૧) ખાલી થઈ જવું. (૨) નાશ પામવું. (૩) હવામાં ઊડી જવું.
૪. સ્ત્રી. કૂંક.
૫. વિ. સાવ પોચમાલ.
૬. ન. કુંહાડાનો અવાજ; મોંથી પવન કુંકતાં થતો એવો અવાજ.

કૂંઈ ૧. સ્ત્રી. ઘીને તપાવતાં ઉપર આવતાં ફૂલ જેવા પરપોટા.
૨. સ્ત્રી. ફૂગ; વનસ્પતિમાં ઉત્પન્ન થતો સડો.

કૂંકર [હિં.] પું. અક્કલવાળો જુવાન.

કૂંકરો વિ. પું. (કચ્છી) ઊંડાણ; છૂપે હાથે વાપરનારો.

કૂંકું વિ. ખોટું ભરમ; નવરીકું.

કૂંગ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભિલાડીનો ટોપ. ઉકરડા ઉપર, સડેલા પદાર્થ ઉપર, ભાજુ ઉપર તેનું છત્ર ઊગે છે તેની સાત આઠ જાત છે: ખૂડા, ચિતળા, ભવતા, કુલળા, કુરડી, તેલંગી, ભુપ્લોડ અને મોગ્રાજા. તેનાં છત્ર વર્ષાઋતુમાં વિશેષ કરીને ઉત્પન્ન થાય છે. તેની એક દાંડી આશરે ૬ ઇંચ લંબાઈની હોય છે, જેના ઉપર મખમલથી અધિક નરમ અને બહુ જ હલકા ફિક્કા રંગનો ગુલાબવાળો ટોપ થાય છે, જેને ચોડો ઝટકો લાગે તોપણ તેમાંથી રજકણ ઝરે છે. કૂંગના ટોપ સર્વ પ્રકારના ખુલ્લા થયેલા જખમોમાં, અગ્નિદગ્ધ વ્રણ, રસીવાળાં સડેલા ગૂમડાં, ગરમ તેલાદિ પદાર્થથી થયેલા ફોલ્લાના જખમ વગેરે ઉપર અત્યંત લાભદાયક મનાય છે. શીતળાના જખમ ઉપર પણ આ દવા લાભદાયક છે.
૨. સ્ત્રી. હોઠ ઉપર થતો એક જાતનો રોગ.
૩. સ્ત્રી. લીલ; સેવાળ.
૪. સ્ત્રી. વાદળા જેવી વરસોળા ગાંઠ.
૫. સ્ત્રી. સેંદ્રિય દ્રવ્યો ઉપર જિનાશને લીધે ફૂટી નીકળતો વિકાર; ઊભ.

કૂંગવવું ૧. સ. ક્રિ. ગર્ભવંત કરવું; ગાભવું બનાવવું.
૨. સ. ક્રિ. પવનથી ફુલાવવું; ફૂલે એમ કરવું.
૩. સ. ક્રિ. કુલાવવું.
૪. સ. ક્રિ. સુજ્ઞ જાય તેમ કરવું.

કૂંગવાળું વિ. ઊભાયેલું; કુલાઈ ગયેલું.

કૂંગવું ૧. અ. ક્રિ. ઊભ કે ફૂગ વળવી.
૨. અ ક્રિ. ફૂલવું; ઊપસવું; અંદરના ભરાવાથી વિસ્તૃત થવું; મોટું થવું.
ફેનિલ ૧. [સં] પું. અરીઠાનું ઝાડ. આ ઝાડ ઉત્તર અને દક્ષિણ હિંદમાં ઠેરઠેર છે. બંગાળમાં

તેનું વાવેતર કરવામાં આવે છે. તેનાં ફળ ઊલટી કરાવવા માટે વપરાય છે. તેના પાણીનું પટ્ટ મિશ્રણ હર્ષ, મૂર્છા અને મૂત્રીમાં, નાકમા રેડવાથી ફાયદો થાય છે. તે સર્પદંશ અને ઝેરી જંતુનાશક તરીકે અકસીર ઔષધ મનાય છે. માથાનો દુઃખાવો તે મટાડે છે.

૨. જુઓ ફેણિલ ૨-૭.

ફેનિગ પું. જર્મનિમાં ચાલતો એ નામનો એક સિક્કો

૧૦૦ ફેનિગ = માર્ક

ફેની ૧. [સં.] સ્ત્રી. સુતરફેણી; એક જાતનું પકવાન.

૨. વિ. ફીણવાળું.

૩. વિ. બ્યસની.

ફેનીજાવન ન. આથો.

ફેનુસ પું. બાળના પહેલા વેતર પછીનું રાફડાતનું દૂધ.

ફેનેસ ન. આફ્રિકનું લાંબા કાનવાળું નાનું સિયાળ. તેનું શરીર પાતળું, પૂંછડી ગુચ્છાવાળી, શરીરનો રંગ સફેદ અને આખ આસમાની હોય છે.

ફેનોપલ સ્ત્રી. એક જાતનો સફેદ પાસાદાર અનિજ પદાર્થ

ફેન્ય વિ. ફીણરૂપ; વેદમાં વપરાયેલ રુદનું એક વિશેષણ.

ફેન્સ સ્ત્રી. જાતજાની એક મોટી જાત. તેની માદા ઈંડાં સેવતી નથી પણ ફોડી નાખે છે. માટે બાજી જાત પાસે તે સેવવા મૂકે છે.

ફેન્સિંગ ૧. [અં.] ન. વાડ કરવી તે.

૨. ન. બચાવમાટેનો એક પ્રકાર; લાકડી કે તરવાર વડે હુમલો કરવાની તથા બચાવ કરવાની કળા.

ફેપડા (ફેપડા) જુ. ફેફસું.

ફેપડી (ફેપડી) સ્ત્રી. હોઠ કે જીભનું સુકાઈ જવું તે.

ફેફડા (ફેફડા) જુ. ફેફસું.

ફેફડી (ફેફડી) ૧. સ્ત્રી. ગોપગાં પ્રાણીને થતો એક રોગ. તેમાં તેનાં ફેફસાં સડી જાય છે અને તેનું લોહી સુકાઈ જાય છે.

૨. [હિં.] સ્ત્રી. ફરવાફરવાની બીમારી.

૩. ન. ફરીથી.

ફેફર ૧ સ્ત્રી. મોં, ચહેરો, પગ અને બીજા ભાગ ઉપર આવતી ફોડકાઓ; ચોપડ; લોહી ઓછું થવાથી મોં વગેરે અવયવો ઉપર આવતી પાંડુતા; સોજો અથવા સોજાનો વિકારી ભાસ.

૨. ફેફર આવવી = સોજો ચડવો; ચામડીમાં પાણી ભરાવા જેવું લાગવું; પાંડુતા આવવી; ખટાશ વગેરેથી લોહીનિકાર થવો; લોહીનો ફીકાશ જણાવો.

૨. ફેફરો ચડવો = સોજો ચડવો.

૨. ન. ઢોરનું ફેફસું.

ફેફરાયેલ વિ. ફિક્કા ચહેરા વાળું; તેજ વગરનું.

ફેફરાવાળું વિ. સોજાવાળું; રોગી.

ફેફરાવું અ. ક્રિ ફેફર આવવી.

૧. ફેફરાઈ જવું = ફેફર ચડવી.

૨. ફેફરી ગયેલ = સોજા ચડી ગયેલ.

ફેફરી ૧. સ્ત્રી. છાકડી.

૨. સ્ત્રી. ફરફર નીકળતા શ્વાસ સાથે બોલાવું તે.

૩. સ્ત્રી. ફરફર બોલવું તે.

૪. સ્ત્રી. ફેફરું; વાઈ; મોઢે ફીણ આવે, હાથ પગ તણાય અને ચક્કર આઈને નીચે પડી જાય તેવો રોગ.

૫. જુઓ ફેફડી.

ફેફરું ૧. ન. કમ.

૨. ન. ફરફર બોલવાનું સાધન

૩. ન. કુદવામા મારતાં બોલવું તે.

૪. ન. ફેફસું.

૫. ન. (વૈદક) વાયુનો એક રોગ; મોઢે ફીણ આવી, ચક્કર આઈ, બાજુસ બેભાન થઈ જાય એવો એક રોગ; વાઈ; હિસ્ટીરિયા; એકદમ તાણ થઈ આવી મોઢે ફીણ આવે ને ભાન જતું રહે એવો જબનો રોગ; અપસ્માર વાયુ.

ફેફરેલ વિ. મોઢાં ઉપર સોજાની ચેષ્ટાવાળું; ફેફરાઈ ગયેલું.

ફેફસું [સં. ફુપ્ફુસ] ન. છાતીમાંનો શ્વાસ લેવા મૂકવાનો અવયવ; ફેફડું; શરીરનું હવા લેવા કાઢવાનું અંગ. શ્વાસોચ્છવાસની ક્રિયા માટે ફેફસાં મુખ્ય અને અગત્યના અવયવો છે. વક્ષઃસ્થળની બંને બાજુએ એક ફેફસું છે. ફેફસાંની વચ્ચે હૃદય, શ્વાસનલિકા વગેરે બીજા અવયવો રહેલા છે. બંને ફેફસાં ફુપ્ફુસપરાકલા નામની એક કલામય કોથળી વડે ઢંકાયેલાં છે. તેઓ પાતળાં, કોમળ, હલકાં અને વાળી જેવા સ્થિતિસ્થાપક પદાર્થનાં બનેલાં છે. તેઓમાં અસંખ્ય વાયુકોષો આવવા હવા માટેનાં બાનાઓ હોવાથી તેઓ વજનમાં હલકાં છે અને પાણીમાં તરે છે. પરંતુ જેને ન્યૂમોનિઆ, ક્ષય વગેરે રોગ થયેલ હોય તેમનાં ફેફસાંનો બગડેલ ભાગ કઠણ થઈ જાય છે અને પાણીમાં નાખવાથી ડૂબી જાય છે. અર્ભની અંદર બાળક શ્વાસ નથી લેતું, તેથી તેનું ફેફસું પાણીમાં ડૂબી જાય છે. પરંતુ જે બાળક જન્મ થયા બાદ બોડો શ્વાસ છોડ્યું હોય તેનું ફેફસું પાણીમાં નહિ ડૂબે. જો બાજનળીની અંદર ફૂંક મારીને અવયવ પંપ વડે હવા ભરવામાં આવે તો તેઓ ફૂલે છે. જો ફેફસાંને હાથ વડે મસળવામાં આવે તો તેમની અંદર રહેલી કોઈ હવાને લીધે વાળ પરસ્પર ઘસાતાં જેવો અવાજ આવે તેવો ઝીણો ટૂકો ફરર્‌ર્‌ ફરર્‌ર્‌ જેવો અવાજ આવે છે. ફેફસાં સુંવાળાં અને સહેજ ચકચકતાં હોય છે. તુરતના જન્મેલા બાળકના ફેફસાંનો રંગ આછો મુલાયમ, જ્યારે પુખ્ત વયના મનુષ્યમાં તેમનો રંગ રાખોડિયો થઈ જઈ તેમાં અહીંતહીં કાળા રંગના ધાબાં દેખાય છે. જેમ જેમ ઉંમર વધતી જાય, તેમ તેમ તે ધાબાં વધુ અને વધુ કાળાં પડતાં જાય છે. સ્ત્રીઓ કરતાં પુરુષોનાં ફેફસાંમાં કાળાશ વધારે પ્રમાણમાં જોવામા આવે છે. સાધારણ રીતે ફેફસાંની પાછલી કિનારી આગલી કિનારી કરતાં વધારે કાળી હોય છે. પુરુષોમાં જમણા ફેફસાનું વજન પંચાવન તોલા જ્યારે કાબા ફેફસાનું વજન પચાસ તોલા હોય છે. સ્ત્રીઓનાં ફેફસાંઓનું વજન લગભગ પાંચ તોલા ઓછું હોય છે. પુરુષોના શરીરમાં ફેફસાંઓનું વજન શરીરના કુલ વજનના સાડત્રીસમા ભાગ જેટલું, જ્યારે સ્ત્રીઓના શરીરમાં તેતાળીસમા ભાગ જેટલું હોય છે. ફેફસાંનો આકાર શંકુના જેવો છે, એટલે કે તેનો ઉપરનો ભાગ સાંકડો, જ્યારે નીચેનો ભાગ પહોળો હોય છે તેની બહારની બાજુ લગભગ ગોળ હોઈ પાંસળીઓની સાથે સંબંધમા આવે છે. તેની અંદરની બાજુ હૃદય વગેરે અવયવો માટે બાકાવાળી છે. દરેક ફેફસાની આગલી કિનારી પાતળી અને કોમળ હોઈ વધારે ઓછે ભાગે હૃદયને ઢાંકે છે. કાબા ફેફસા કરતાં જમણું ફેફસું એક તસુ જેટલું નાનું હોય છે, પણ તેને જગ્યા આપવાને ઉરોદરપટલ જમણી બાજુએ ઊંચું રહેવાથી જમણું ફેફસું ડાબી બાજુ કરતાં પહોળું છે જમણા ફેફસામાં વધારે હવા રહી શકે છે અને તેનું વજન કાબા ફેફસાં કરતાં વધારે છે. દરેક ફેફસામાં તેને બનાવનારા અસંખ્ય વાયુકોષોમાં દરેક પળે રક્તશુદ્ધિ થયા કરે છે. આખા શરીરમાં ફરીને તેનાં જુદાં જુદાં અંગોની તેમ જ તેઓને બનાવનારા કોષોની પ્રવૃત્તિને લઈને ઉત્પન્ન થતો આંગારિક વાયુ, પોતાનામાં સમાવી લેતું શિરાઓનું મેલું લોહી ફેફસાંઓના વાયુકોષોમાં આંગારિક વાયુ છોડી દઈને તેમ જ પ્રાણવાયુનો નવો જથ્થો લઈને શુદ્ધ અને લાલ થઈ જાય છે. આ પ્રમાણે ફેફસાંમાં ફરતા લોહીનો રક્તશુદ્ધિ એ મુખ્ય ઉદ્દેશ છે. ફેફસાંઓને ત્રણ પ્રકારે ઈજા થાય છે: (૧) છાતી એકદમ દબાવાથી, (૨) પાંસળી તૂટવાથી અને તેનો છેડો તેમા પેસી જવાથી,

(૩) અસર તો તીક્ષ્ણ ધારવાળું હથિયાર કે ઓજાર વાગવાથી. એને પરિણામે છાતીમાં લોહી ભરાય, ફરદીને લોહીની ગેરહટી થાય, ગભરામણ થાય, શ્વાસ ચડે, છાતીમાં સખત પીડા થાય તથા ક્વચિત્ ફેફસાનો થોડો ભાગ છાતીની બહાર આવે. કોઈ વાર ફેફસાંની હવા જખમ મારફતે બહાર આવી છાતી ઉપરની ચામડીની નીચે ઝોકડી થયેલી માલૂમ પડે છે. ફેફસાંનો એક પિંડ અથવા બંને ફેફસાંઓના છૂટા પડેલા થોડા ભાગો સૂજી આવે છે. ફેફસાંના રૂપમાં તેઓ ક્રમે ક્રમે ભવાઈને તૂટી પડે છે. કેટલાએક માણસોના ફેફસાંઓમાંના વાયુકોષો જૂની ખાંસી કે દમ જેવા વ્યાધિઓને લીધે હંમેશને માટે પહોળા થઈ જાય છે તથા તેમની દીવાલો પાતળી થઈ જઈરિત થઈ જાય છે કે તૂટી જાય છે. જમણા ફેફસાંના ત્રણ પિંડ ડાબાના બે પિંડ છે. દરેક પિંડમાં એક એક કોષમંડિકા જાય છે અને ક્રમે ક્રમે નાની નાની શાખાઓમાં વહેંચાઈ જઈને દ્રાક્ષના ગુચ્છા જેવા તેમના છેડાઓ, વાયુકોષોના સંઘમાં અથવા હવાની ઓરડીઓમાં દાખલ થાય છે. દરેક કોષસંઘમાં પાંચ છ વાયુકોષો હોઈ તેનું કદ આશરે એક આંગળના સોળમા ભાગ જેટલું હોય છે. કોઈ કોષસંઘ નાનો તો કોઈ મોટો. એવા અસંખ્ય કોષસંઘનો મળીને ફેફસાંનો એક પિંડ બને છે. દરેક વાયુકોષ અર્ધગોળાકાર કોઈ સ્થિતિસ્થાપક મૃદુત્વાળા સ્નાયુસૂત્રો વડે નીંઢળાયલો છે, જ્યારે તેની અંદરની અંતર્ગોળ બાજુ પાતળી ઢળા વડે છવાયેલી હોય છે. નજીક નજીક રહેલા કોષોની વચ્ચે ધમનીઓ તેમ જ શિરાઓની સૂક્ષ્મ શાખાઓ છૂટથી પ્રસરેલી હોય છે. તેઓ આ કોષોની બહારની બાજુને માંહી રીતે વીંટળાયેલી હોય છે. ફુપ્ફુસાભિમા ધમનીની શાખાઓ હૃદયના જમણા ભાગનું અશુદ્ધ લોહી અહીં લઈ આવે છે. વાયુકોષોની અંદર આવેલી તાજી હવામાનો પ્રાણવાયુ આ અશુદ્ધ લોહીને શુદ્ધ કરે છે. લોહીમાંનો બહાર કાઢી નાખવાનો યોગ્ય આમારિક વાયુ વાયુકોષોની અંદર દાખલ થયેલી હવા બહાર નીકળતાં ફેફસાંની બહાર આવે છે. આ પ્રમાણે દરેક વાયુકોષમાં પ્રાણવાયુ લોહી શુદ્ધ કરે છે અને આંગારિક વાયુ છૂટો પડી જાય છે. ત્યારબાદ શુદ્ધ લોહી, ફુપ્ફુસીય શિરાઓની સૂક્ષ્મ શાખાઓ દ્વારા એકઠું થઈને હૃદયના ડાબા ભાગમાં દાખલ થાય છે. ત્યાંથી તે મહાધમની દ્વારા આખા શરીરમાં ફેલાય છે. ફેફસાંની ગતિ ધમણની પેઠે થયા કરે છે. જે પેટીમાં ફેફસાં છે, ને પેટીને તળિયે એક પડદો છે. તે સંકોચ વિકાસ પામ્યા કરે છે. પડદો પહોળો થાય ત્યારે પેટી મોટી બને છે એટલે બહારની હવા ઝટ દઈને અંદર પેસી જાય છે. પડદો જ્યારે ટૂંકો થાય, ત્યારે પેટી નાની થાય છે, અને તે વખતે તેમાં ભરાયેલી હવા તેમાં સમાતી નહિ હોવાને કારણે વધારાની હવા ઉચ્છ્વાસ રૂપે બહાર નીકળે છે. ફેફસાંમાં જે હવા ન જાય તો આપણે ગૂંગળાઈને મરી જઈએ. ફેફસાંને મજબૂત અને નીરોગી રાખવા માટે રોજ ખુલ્લી હવામાં ખાસ પુષ્કળ લેવો જોઈએ. શુદ્ધ હવા લેવાથી ફેફસાં સારાં રહે છે. ફેફસાં નીરોગી હોય તો લોહી પણ શુદ્ધ રહે છે, અને લોહી શુદ્ધ હોય તો હૃદય પણ નીરોગી રહે છે.

ફ્રેબ્રિયન સમાજવાદ પું. વિકાસી સમાજવાદને મળતો ઇંગ્લંડનો સમાજવાદ: 'ફેબ્રિયન સોશિયલિઝમ.'

ફ્રેબ્રુઆરી ['ફેબ્રુઅરિ'] પું. અંગ્રેજી વર્ષનો બીજો મહિનો; ઉનવીસનનો બીજો માસ; ગોરડીના વર્ષમાં તે ૨૯ દિવસનો અને બાકીના બધા વર્ષમાં ૨૮ દિવસનો ગણાય છે. સૌર સિવાયની જે સાલને ચારે ભાગતાં શૂન્ય વધે તેમાં ૨૯ દિવસ ગણાય છે. રોમન શબ્દ ફેબ્રુઅર એટલે શુદ્ધ કરવું ઉપરથી શુદ્ધ કરવાનો મહિનો ગણાય છે. સૈક્રાના વર્ષમાં સૌક્રાના બે બીંદાં કાઢી નાખી બાકી વધતી સંખ્યાને નિઃશેષ ચાર વડે ભગાય તો તે સાલમાં ફેબ્રુઆરીના ૨૯ દિવસ ગણાય છે. બાકીના સૌક્રાની સાલમાં ૨૮ દિવસ ગણાય છે.

ફ્રેમર [સે.] ન. સાબળનું હાડું.

ફ્રેમિન પું. દુષ્કાળ; દુકાળ; માઠો વખત; 'ફૅમિન'.

૧. ફ્રેમિનકોડ = દુકાળિયાને મદદ આપવા સંબંધી કાયદો.

૨. ફ્રેમિન રિલીફ ફંડ = દુષ્કાળ સંકટ નિવારણ ફંડ.

ફ્રેમિલિ જ. કુટુંબ; ઘરખટલો; 'ફૅમિલિ'.

ફ્રેર ૧. પું. અવસ્થા.

૨. પું. અંતર; તફાવત; જુદાપણું; ફરક; ફારફેર; ભિન્નતા.

૧. નવાણુંનો ફેર = નવાણુંમાંથી સો રૂપિયા પૂરા કરવાની ખટક. જેમ કહેવાય છે કે એક ગરીબ આદમી તથા તેની બી બાર પૈસામાં મુજરાન કરી સંતોષથી રહેતાં હતાં. તેના આ સંતોષથી તેની પૈસાદાર બાબીને તેની બહુ અદેખાઈ આવી અને તેઓએ આ સંતોષરૂપ સુખનો નાશ કરવા માટે ૬૯ રૂપિયાની એક કોથળી તેમીઝે આપી. તે ગરીબ બંનું પૈસાની કોથળી જોઈ બહુજ ખુશી થયું. પણ જ્યારે રૂપિયા ગણવા ત્યારે સોમાં એક ઓછો છે એ જાણીને તેઓને દુઃખ થયું. તેઓએ ખર્ચમાં એક પૈસો ઓછો કરીને સો રૂપિયા પૂરા કરવાનો નિશ્ચય કર્યો. જ્યારે સોનો મેળ થઈ ગયો, ત્યારે તેઓના મનમાં થયું કે બે પૈસાનું ખર્ચ રાખ્યું તો તેથી બમણી રકમ બચશે. આ રીતે તો બાઈને સંતોષરૂપી સુખને બદલે તેઓના ચિંતા અને દુઃખમાં વધારો થયો

૨. ફેર બારો = તફાવત પડવો; બદલાવું.

૩. ફેર બાંધવો = અમુક મુદતને અંતરે બનવું.

૪. ફેર બાંગવો = અંતર કાપી નાખવું; આગળ નીકળેલા હરીફને પકડી પાડવો.

૩. પું. આંટો; પેચ; આંટાવાળી ફરામત; વળ; વાંક.

૪. પું. કામમાં ફરીને બેસતી આવતી પેચવાળી ખીલી.

૫. પું. ગૂંચવણ; મૂંઝવણ.

૬. પું. ગોટાળો.

૭. પું. ચેરાવો; ઘેર; ફેરો.

૧. ફેરનો રસ્તો = આંબો રસ્તો.

૨. ફેર પડવો = ગોળ ફરવું.

૮. પું. ચક્કર; તમ્મર; ચકરી; ઘૂમરી; ભમણ; ચક્કર આવવાનો રોગ; બેચેની.

ફેર આવવા = ચકરી આવવી; તમ્મર આવવાં.

૯. પું. આંટાળ. વાઘરી, મારવાડી વગેરે આ શબ્દ વાપરે છે.

૧૦. પું. નુકસાન.

૧૧. પું. પલટો.

૧૨. જ. (કન્કરી) ફરવું તે; ચક્કર.

૧૩. પું. ફરી જવું તે.

ફેર પાયલી બાંધવી = (૧) ખોટી ટેવમાં પડવું. (૨) બોલીને ફરી જવું; બોલેલું તોડવું; વચનભંગ કરવું; આડું બોલવું. (૩) સામા થવું; સામા પક્ષમાં ફરી જવું.

૧૪. પું. કૂદકી ફરવું તે.

૧૫. પું. બદલો

૧૬. પું. બંદૂકનો અવાજ; 'ફાયર'.

૧૭ પું આડો; ત્રેવ

૧૮. પું. મુકેલી.

૧. ફેરમાં આવવું-પડવું = મુકેલીમાં આવવું.

૨. ફેરમાં નાખવ = કોઈના રસ્તામાં મુકેલી નાખવી; ઊંધે રસ્તે દોરવું.

૧૯. [અં.] પું. રેલવે કે વહાણમાં ભરેલા માલનું ભાડું; નૂર.

૨૦. પું ઘૂંટણનો નીચેનો ભાગ; ઘૂંટણની કાકડ.
૨૧. પું. શિયાળ.
૨૨. પું. હાલત બદલાવી તે; સુધારો થયો તે.
૧. ફેર પડવો = હવાના બદલને લઈને આરામ થવો; સારું થવું; સાજા થવું.
૨. ફેર પાડવો = સારું કરવું.
૨૩. સ્ત્રી. એ નામે રમતની એક વિધિ; ફેરા ફરવાની વિધિ.
૨૪. વિ. જુદું.
ફેર પડવો–આવો = જુદું પડવું
૨૫. વિ. પાકું.
૨૬. અ. પાછું.
૧. ફેર દેવું = પાછું દેવું.
૨. ફેર લેવું = પાછું લેવું.
૨૭. અ. ફરીથી; બીજી વખત.

ફેર આકાર પું. ફરીથી કરેલી આકારણી.

ફેર આકારણી સ્ત્રી. ફરીથી કરાયેલ કર.

ફેરકણી સ્ત્રી. સાળમાં તૈયાર થતું લૂગડું વીંટવા માટે તરને ફેરવવા માટેનું ખેરના લાકડાનું સાધન.

ફેરકણું ૧. ન. ઘરખામાં લાકડાની બે પટી વચ્ચેના ભાગમાં કાટખૂણાકારે રાખી તેની આસપાસ સૂતળી સાઠીની ગોળ બિંદી કરીને ચીપરાં વીંટી કરેલું ગોળ પૈડું.
૨. ન. છોકરાંને રમવાનું કાગળનું રંગબેરંગી એક જાતનું રમકડું.

ફેર કુંડાળું ૧. ન. ચૂંચવણ; ગોટાળો; ચૂંચવાડો.
ફેર કુંડાળામાં પડવું = (૧) કાંઈ નિકાલ ન થાય એવા ગોટાળામાં આવી પડવું. (૨) રઘેડીમાં આવવું; નકામું અથડાવું; ઠીમાવું; અર્થ સિદ્ધિ ન થાય ને ઠાલી અથડામણ કરવું.
૨. ન. અક્ષરનું; મંડળ; અક્ષર.

ફેર કોપી સ્ત્રી. શુદ્ધ કરેલી નકલ; 'ફેર કૉપિ.'

ફેરડિયું (ફેરડિયુ) ન. ફેર.

ફેરણી ૧. પું. રેંજરના તાબાનો અમલદાર.
૨. સ્ત્રી. છૂટક માલ વેચવાને ફરવું તે; ફેરી.
૩. સ્ત્રી. ફરવું તે; રખડપટ્ટી; આંટા મારવા તે.
૪. સ્ત્રી. કૂદકી.
૫. સ્ત્રી. ફેરો; અક્ષર.
૬. સ્ત્રી. હાથફેરો.

ફેરવું ન. ભાગમાં કે પડવાથી બીજાએ માંડેલા પૈસા લઈ લેવા તે.
૧. ફેરણ કરવું = (૧) જબરી લૂંટ મારવી. (૨) માંડેલી બધી રકમ જીતમાં લઈ લેવી.
૨. ફેરવું મારવું = (૧) જબરી લૂંટ ચલાવવી. (૨) બેટલું મળે તેટલું ઉઠાવી જવું.

ફેર તપાસ ૧. સ્ત્રી. કામદાની અદાલતમાં આરોપીને ફરીથી પ્રશ્ન પૂછવા તે.
૨. સ્ત્રી. ફરીથી કરવાની તપાસ; પુનઃપરીક્ષા.

ફેર તપાસવી જુઓ ફેર તપાસ.

ફેરન સ્ત્રી. ફેરો; પાયડી.

ફેરનોમાર પું. એક જાતનો ઢાવ; ઊલટો માર; ગાળ. ફેરનામારને ગાંજા કહેવામાં આવે છે. આ ઢાવ તરવારથી ખેલવામાં આવે છે.

ફેરપાણી ૧. સ્ત્રી. ફેરફાર; ફેર.
૨ સ્ત્રી. વારાફરતી પાક વાવવા તે; વારાફરતી જુદો પાક ઉગાડવો તે; એક જમીનમાં ફરતો ફરતો પાક ઉત્પન્ન કરવો તે.

ફેરફેરક અ. અવળુંસવળું; આડું ને અવળું, આડું અવળું ભમતું હોય તેમ.

ફેરફૂદડી (ફેરફુદ્ડી) સ્ત્રી. ગોળાકારમાં ફરવું તે.

ફેરફેરક ૧. પું. અવળુંસવળું હોવું તે; આડું અવળું હોવાપણું.
૨ પું. ફેરફાર; બદલાવું તે.
૩. વિ. ઊલટું; ઊંધું.
૪. અ. અવેરેમ.

ફેરફોર ૧. પું. અદલોબદલો; બદલવું તે.
૨. પું. અંતર; તફાવત; ફરક; ભેદ.
૩. પું. ઊથલપાથલ
અત્યાં હૃદયોમાં તે ફેરફારો કોણ જાણે, કોણ કયારે ન જોઈ તે કળી જાણી શકે જરી.
ગાંધીગીતા
૪. પું. ગ્રંથવિકૃતિ; બદલાવું તે; વિકાર.
૫ પું. પરિવર્તન; રૂપાંતર.
૬. પું. બદલી.
૭. પું. રકમબદલી; કંઈ માટી કંઈ ઊભેરવું તે.
૮. પું. સુધારો; નવીન રીત કે ચાલ.

ફેરફારી સ્ત્રી. ફેરફાર; બદલી.

ફેરફૂદડી (ફેરફુદ્ડી) ૧. સ્ત્રી. એ નામની એક રમત. તેમાં બે કન્યાઓ હાથના આંકડિયા બીડી ગોળ ચક્કર ફરે છે.
૨. સ્ત્રી. ગોળ કરવું તે.

ફેરફૂદરડી (ફેરફુદરડી) જુઓ ફેરફૂદડી.

ફેરફેર અ. ફરીફરીને.

ફેરબદલ ૧. પું. અરસપરસ ફેરફાર.
૨. પું. એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવવું લઈ જવું તે.
૩. પું. બદલાવવું તે.
૪. વિ. બદલેલું હોય તેવું; અદલાબદલ; ફેરવેલું; ફેરબદલી કરેલું; ફેરબદલીવાળું.

ફેરબદલી ૧. સ્ત્રી. એક ઠેકાણેથી બદલાઈ બીજે ઠેકાણે જવું તે; એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવવું તે; સ્થળાંતર. હરિજનબંધુમાં ગાંધીજી લખે છે કે હું તો કરોડો હિંદુ, મુસલમાન અને શીખોની વસ્તીની ફેરબદલીનો વિચાર સરખો કરી શકતો નથી એ આખી વાત જ ખોટી છે. પાકિસ્તાનની રચનાનું મોટું બગલું દહતાથી વસ્તીની ફેરબદલી કરવાના ધ્યેયથી જ સુધારી શકાય. મને આશા છે કે એ પગલાની તરફેણમાં અવાજ ઉઠાવનારો હું એકલો હોઈશ તો પણ તેમ કરવાની મારામાં હિંમત રહેશે.
૨. સ્ત્રી. ફેરફારી; અદલાબદલી; અરસપરસ ફેરફાર.

ફેરબદલો જુઓ ફેરબદલા.

ફેરબ્ર [બે.] ન. લોબ; લોહું.

ફેર આપણી સ્ત્રી. ફરીથી કરેલી આપણી.

ફેર લિસ્ટ ૧. [અં.] ન. આકાના કરનો ઝોડો.
૨. ન. શુદ્ધપણે લખેલ ટીપ.

ફેરવ ૧. [સં.] પું. રાક્ષસ.
૨. પું. તિમાળ.
૩. વિ. દુષ્ટ.
૪. વિ. ધૂર્ત; ધૂતારું; ઉતરનાર; છુપ્પું.
૫. વિ. હિંસ; હિંસા કે કતલ કરનાર.

ફેરવણી ૧. સ્ત્રી. તળે ઉપર કરવું તે.
૨. સ્ત્રી. ફેરવવું તે; બદલવું તે.
૩. સ્ત્રી. ફેરી.
૪ સ્ત્રી. રખડપટ્ટી.
૫ સ્ત્રી. સ્થળાંતર કરવું તે.

ફેરવવું ૧. સ કિ. અદલબદલ કરવું.
૨. સ કિ. આમળપાળ ચલાવવું.
૩. સ. કિ. આંબળવું.
આંખ ફેરવવી = ગુસ્સો કરવો; ધમકાવવું; ડોળા કાઢવા.
૪. સ. કિ ઊલટાવવું; ઉથલાવવું; તળે ઉપર કરવું.
૧. પાનું ફેરવવું = જૂનું પુરાણું ઉખેળવું.
૨. ફેરવી નાખવું = ઊલટું કરવું; તદ્દન બદલી નાખવું.
૫. સ. કિ. ઊંધું વાળવું; ભગાડવું; ઊંધું કરવું.
૬. સ કિ. એક ચીજ હોરે મૂકી તેને બદલે બીજી લેવી.
૭ સ. કિ. કબજામાં કરે તેમ કરવું.
૮. સ. કિ. મતિ કરાવવી.
૯. સ કિ. ગોળાકારે ચલાવવું; ચાક ઉપર ચલાવવું; પરિશ્રમથી કરાવવું.
૧૦. સ. કિ ચલાવવું; અકીતકી લઈ જવું.
ઘોડો ફેરવવો = (૧) ઘોડો પલોટવો. (૨) ઘોડો મસ્તીએ ન ચડે માટે નરમ કરવો.

૧૧. સ. ક્રિ. જાહેર કરવું, ફેલાવવું; ફજેતી કરવી.
૧૨. સ. ક્રિ. છતી લેવું; પોતાના પક્ષમાં લેવું.
૧. આંખો-નજર ફેરવવી = ધ્યાનથી જોવું.
૨. જીભ ફેરવવી = સ્વાદ લેવો
૩. રંદો ફેરવવો = (૧) કોઈ માણસને પોતાની બાજુએ કરી લેવો. (૨) રંદા વડે લીસું કરવું. (૩) વિરોધ દૂર કરવો
૧૩. સ ક્રિ. જૂનાને ઠેકાણે નવું કરવું; જૂનું રદ કરી નવું ગોઠવણ કરવું.
૧૪. સ. ક્રિ. ધીમે રહીને બસવું; પંપાળવું; વહાલ કરવું; લાડ લડાવવા.
માથે હાથ ફેરવ્યો = (૧) આશીર્વાદ દેવો. (૨) ના કરતાં ચઢિયાતા થવું. (૩) ના જેવા ગુણ આપવા.
૧૫. સ. ક્રિ. કોઈને નામે ચઢાવવું કે ઉતારવું.
૧૬. સ. ક્રિ. પક્ષ બદલાવવો.
૧૭. સ. ક્રિ. પાસુ બદલવું
૧૮. સ. ક્રિ. પડ્યું ભરડવું.
પડ ફેરવવો = (૧) ની સાથે કંઈ ન લેવું. (૨) બાવલા બની નાસી જવું.
૧૯. સ. ક્રિ. ફરીથી કરવું.
ફેરવી તોળવું-બાંધવું = ફેરવી બોલવું; બગડેલી બાજી સુધારી લેવા.
૨૦. સ. ક્રિ. હડોળ લેવું.
૧. દીવો ફેરવવો = દીવાના પ્રકાશથી બધું તપાસવું.
૨. હાથ ફેરવવો = ચોરી જવું.
૨૧. સ. ક્રિ. ફેરફાર કરવો; દુરસ્ત કરવું.
૨૨. સ. ક્રિ. બદલવું; ઠામ ફેરવવું
૧. ઘર ફેરવવું = એક ઘરનો વાસ બીજા ઘરમાં લઈ જવો
૨. મન ફેરવવું = (૧) કરેલા નિશ્ચયમાં ભંગ પડાવવો; નિશ્ચયમાં ફેરફાર કરાવવો. (૨) ખોટું સમજાવવું
૨૩. સ. ક્રિ. રદ કરવું; નામંજૂર કરવું.
પાણી ફેરવવું = કર્યું ન કર્યું કરવું.
૨૪. સ ક્રિ ફેરા દેવો; ભોગ કરવો
૨૫ સ ક્રિ વાળવું; તરફ લઈ જવું.
લાકડી ફેરવવી = લાકડીથી મારવું.
૨૬. સ ક્રિ. સ્થળાંતર કરવું, અંદરનું બહાર લાવવું.

ફેરવાડી ૧. પું. ફેરવવાના વિચારનો માણસ.
૨. વિ. બદલવાદી; પરિવર્તનવાદી.
૩. વિ. ફેરવવાના વિચારનું.

ફેરવાફેરવ સ્ત્રી. ઉપરાઉપરી ફેરવવું તે.

ફેરવી ૧. [સં.] સ્ત્રી. ચિકણની માદા.
૨. સ્ત્રી. રાક્ષસી.

ફેરવેલ [અં.] અ. છેલ્લી સલામ.

ફેરવો ૧. પું. એક જાતનો સોના કે રૂપાનો એકથી વધુ આંટાનો કરડો; આંગળીએ પહેરવાનો વેઢ
૨. પું. સુતારનું એક ઓજાર.

ફેરંડ [સં.] પું. શિયાળ.

ફેરંડી [સં.] સ્ત્રી. શિયાળની માદા

ફેરા ૧. [હિ.] પું. ચૂનો, રેતી વગેરે માપવાનું લાકડાનું ખોખું.
૨. પું. મુલાકાત.
૩. પું. બ. વ. આંટા.
૪. પું. બ. વ. વરકન્યાએ ચોરીના અગ્નિ ફરતું ફરવું તે.
ફેરા ફરવા = (૧) ઝાડે ફરવું. (૨) વરકન્યાએ ચોરીના દેવતાની આસપાસ ફરવું; પરણવું. (૩) પ્રદક્ષિણા કરવી
૫. પું. બ. વ. ચારા.

ફેરાફેરી સ્ત્રી. અદલોબદલો.

ફેરાફોંદો પું. પક્કો બારો તે.

ફેરાફેરી સ્ત્રી. વારંવાર આવવું અને જવું તે; ફેરા આવા તે; આંટાફેરા.

ફેરાસ પું. ફ્રેંચ્યા નામની તલવાર બનાવનાર માણસ.

ફેરાવો ૧. પું ગલીપૂંચી
૨. પું. ઘેરાવો; વિસ્તાર; લંબાઈપટ; પરિઘ.
૩. પું. બાંધે સુપી ફરવું કે જવું પડે તે; ચક્કર; ચક્કરવો; લાંબો રસ્તો.

ફેરિયો પું. ફેરી કરનાર માણસ; શેરીએ શેરીએ ફરીને માલ વેચનાર માણસ; માલની ફેરવણી કરનાર આદમી.

ફેરિસદ્દીસ પું. મંદ મંથકના તેજાબને ક્ષોભ સાથે ભેળવવાથી બનતો પદાર્થ.

ફેરિસ્ત ૧. સ્ત્રી. તારીખ; તપાસણી
૨. [ફા. ફિહરિસ્ત] સ્ત્રી. ક્રમવાર; પત્રક; નોંધવાહી; રજિસ્ટર.
૩. સ્ત્રી. પરિશિષ્ટ.
૪. સ્ત્રી. યાદી; ટીપ.
૫. સ્ત્રી. વિષય; વસ્તુ; મર્મ; મજબૂત.
૬. સ્ત્રી. સૂચીપત્ર; અનુક્રમણિકા.

ફેરિસ્તા ૧. પું. એ નામનો એક સુપ્રસિદ્ધ ફારસી ઇતિહાસકાર.
૨. પું. પેગંબર; દેવદૂત.

ફેરી ૧. સ્ત્રી. કોઈ વસ્તુ વેચવા માટે ગામમાં ફરવું તે.
ફેરી કરવી = શેરીએ ગલીએ ફરી ફરીને માલ વેચવો.
૨. સ્ત્રી. પ્રદક્ષિણા
૩. સ્ત્રી. ફરવું તે; ફેરણી; આંટો; ચક્કર; ફેરો મારવો તે.
૪. સ્ત્રી. ગુહિ.
૫. સ્ત્રી. ભીખ માગવી તે
ફેરી ફેરવવી = ભીખ માગવી.
૬. સ્ત્રી. બાગબટાઈ ખેડમાં વેકિકને અપાની એક જાતની લેતરી
૭. સ્ત્રી. વખત; વાર.
૮. અ. બીજી વાર; ફરીથી

ફેરીઅર પું. ઘોડાને નાલ જડનાર માણસ.

ફેરીકરીન [અ.] ન. એક જાતનું ગુલાબનું ફૂલ. તે ઘેરા ગુલાબી રંગનું હોય છે.

ફેરીકાર [હિ.] પું. લુચ્ચો કે દુષ્ટ માણસ.

ફેરીબોટ [અં.] સ્ત્રી. ઉતારુઓ, માલ વગેરે ઉતારવાની નાની હોડી.

ફેરીવાળો વિ. પું. ફેરી કરનાર; ફેરિયો.

ફેરુ ૧. [સં.] પું. શિયાળ.
૨. સ્ત્રી. શિયાળની માદા

ફેરેઠ ન. નોળિયાની જાતનું એક પ્રાણી. તે મૂળ ઉત્તર આફ્રિકામાં અને સ્પેનમાં થાય છે. આ જનાવર ઇંગ્લંડ અને ઇટાલિમાં સસલાં અને ઉંદરનો શિકાર કરવા માટે પાળવામાં આવે છે. તે આઠ નવ ઇંચ લાંબું થાય છે.

ફેરેફેરે અ. વખતોવખત.

ફેરો ૧. પું આંટો; જવું કે ફરવું તે.
૧. ફેરો આપવો = એક વખત જવા આવવાના પૈસા આપવા.
૨. ભવનો ફેરો ઠળવો = (૧) આ ભવમાં પૂરતો લાભ મળવો. (૨) મોક્ષ મળવો.
૨ પું. એક જાતની પત્તાંની રમત. તેની શરૂઆત પહેલી ઇંટાલિમાં થઈ અને ખાસ કરીને સુમ ૧૪માના વખતમાં બહુ જ રમાતી હતી.
૩. પું. ખેપ.
૪. પું. વાણીના બળદને ફરવાની જગ્યા.
૫. પું. ચક્કરવો; પ્રદક્ષિણા કરવી તે; ગોળ ફરવું તે.
૬. પું. જવું આવવું તે; ચક્કર; ધક્કો.
૧. ચોરાશીનો ફેરો = મોટો ધક્કો.
૨. ફેરો આવો = હેતુ પાર પાડ્યા વિના ધક્કો આવો.
૭. પું. ઝાડો; હગામણું; અતિસાર.
૧. ફેરે જવું = ઝાડે ફરવા જવું.
૨. ફેરો થવો = અતિસાર થવો.
૩. ફેરો લાગવો = બદામણ થવી. ઝાડો થવો; ઠળિયો થવો.

૮. પું. મહેસૂલ ઉઘરાવવામાં થતું અર્થે પૂરે પાડવાને તાબેદાર જરાસિન્ધ પાસેથી ઠાકોર તરફથી ઉઘરાવવામાં આવતું નાણું.
ફેરો ફાવવો ક્રિ. મનેકમંદ થવું.
૯. પું. લાંબે જવું તે.
૧૦. પું. લૂંટ.
હાથફેરો કરવો–મારવો = ચોરી કરવી; લૂંટી લેવું; લાઈલ્ગ્ર ઉપાડી જવું.
૧૧. પું. વખત; વાર.
મન માને નહિ, સો ફેરા સમજાવું તો એ શું થાય?
પ્રીતમ

ફેરોજી નિશાન [ઘ. ફીરોજી નિશાન] વિ. વિજયપતાકી.

ફેરોઝ પું. એ નામનો એક બેટ. આ બેટ ઉપર બંધાયેલી દીવાદાંડી જૂનામાં જૂની છે. મિસરના એલેકઝેન્ડ્રિયા બંદરમાં દાખલ થવાના મુખની વચ્ચે ફેરોઝ બેટ પડેલો છે. લાંબી દીવાદાંડી આરસપહાણથી બાંધવામાં આવી હતી ને કહેવાય છે કે લગભગ ૧૦૦ ફૂટ સુધી માળ ઉપર માળ મણવામાં આવ્યા હતા. ઉંચે ટોચ ઉપર રાત દિવસ લાકડાંનો દેવતા સળગતો રાખવા ચોકીદાર નિમ્યા કરતો હતો. દિવસે તે દેવતાનો ધુમાડો અને રાતે તેનું અજવાળું ખલાસીઓને માર્ગ બતાવવામાં ઉપયોગી થઈ પડતાં એ દીવાદાંડીનું નામ ફેરોઝ પડ્યું હતું. ફેરોઝ દુનિયાની અજાયબ વસ્તુઓ માંહેની એક મનાતી હતી. ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં ફેરોઝની દીવાદાંડી બાંધવામાં આવી હતી. આ દીવાદાંડી લગભગ ૧૫૦૦ વર્ષ સુધી ટકી રહી, પછી તે ધરતીકંપને લીધે તૂટી પડી.

ફેરોફંદો પું. આંટોફેરો; પગો આવે તે.

ફેર્સ ન. (વહાણવટું) પારી; ખૂણાનું સ્થાન જોસારવા માટે આડો પાડી પગાથ ઉપર રાખવામાં આવતી લાકડાની જાડી લંબચોરસ પાટલી; 'મારટ રેપ.'

ફેલ ૧. [અ. ફઅલ] પું. કર્મ; કામ.
૨. પું. ગુનો; અપરાધ.
૩. [કિ.] પું. દુષ્કર્મ.
૪. પું. પાખંડ; ઢોંગ; ખોટું આચરણ; છળ; ખોટો દેખાવ.
૫. પું. બહાનું; મિષ; નિમિત્ત; ઠેકો; મસ.
૬. પું. સૃષ્ટિવિરહ ક્રમ
૭. સ્ત્રી. ફાર્દર
૮. સ્ત્રી. સેર; વાટ.
ફેલ ચૂંથવી = છૂટી સેરે ગૂંથવું.
૯. ન. અપલક્ષણ.
૧૦. ન. અસલ.
૧૧. ન. અરાજી સંમતિ.
૧૨. [સં.] ન. ખાતાં વધારેલું ઝેરું અન્ન.
૧૩. ન. ચેનચાળા; તોફાન.
૧૪ ન. દોરાનો ચંગ; દોરાની વીંટલી વગેરે.
૧૫. ન. નઠારું આચરણ.
૧૬. ન. નાસીપાસ થવું તે.
૧૭. [અ.] ન. નિષ્ફળ જવું તે.
ફેલ થવું = દેવાળું કાઢવું.
૧૮. ન. (કચ્છી) બસન.

ફેલક [સં.] ન. ખાતાં વધારેલું ઝેરું અન્ન.

ફેલખોર ૧. વિ. પાખંડી; ઢોંગી.
૨. વિ. ફેલ કરનાર; ઠોળી.

ફેલજામિન ૧. [અ. ફઅલ જામિન] પું. કરીને જાહું કે નઠારું આચરણ ન કરે અને સારી ચાલ રાખે તે માટે લેવામાં આવતો જામીન; સારી ચાલચલગતનો જામીન.
૨. પું. બોળો પડી ગયેલ જામીન.

ફેલજામીન જુઓ ફેલજામિન.

ફેલફેતૂર પું. ચેનચાળા.

ફેલફિસાદ પું. ઢોંગ; દંભ; ઠોળ.

ફેલસ ૧. પું. એક જાતનો વાયુ. તે જંતુનો નાશ કરે છે
૨. ન. ફિનોલ.

ફેલવું ૧. અ. ક્રિ. ફેલાવું; પ્રસરી જવું; આપવું.
૨. અ. ક્રિ. લપ કરવી.
૩. સ ક્રિ વધવું; ફાલવું.

ફેલા જુઓ ફેલક.

ફેલાવ ૧. પું. વધારો; ફેલાવો; વૃદ્ધિ; પ્રગતિ.
૨. પું. વિસ્તાર; પ્રસરણ; પ્રસાર; લાંબું પહોળું વધવું તે.

ફેલાવણી સ્ત્રી. વિસ્તર; પ્રસાર; ફેલાવો.

ફેલાવવું ૧. સ. ક્રિ. ઊભવવું.
૨. સ. ક્રિ. ગણવું.
૩. સ. ક્રિ. પત્તરવું.
૪. સ ક્રિ. પ્રસરે એમ કરવું; ફેલોફાસ્યે જાહેર થાય એમ કરવું; પ્રસિદ્ધ કરવું.
૫. સ ક્રિ. બહાર પાડવું.
૬. સ ક્રિ. વધારવું; સંગ્રહવું; વિસ્તારવું.
૭ સ ક્રિ. પહોંચવું.

ફેલાવું ૧. અ. ક્રિ. ફેલવું; પ્રસરવું; ફાલવું.
ફેલાઈ જવું = પથરાઈ જવું.
૨. અ ક્રિ. વધવું.

ફેલાવો ૧. પું. ફેલાવ; પ્રસાર; પ્રસરણ; વિસ્તાર.
૨. પું. વધારો; વૃદ્ધિ; પ્રગતિ.

ફેલી ૧. વિ. ફિતૂરી; પાખંડી; ખોટું; કપટી; ઢોંગી.
૨. વિ. ફોગટ; નકામું.

ફેલું ૧. ન. ગૂંછળું.
૨. ન. ફાંસ; ફાચર; આડખીલી.
૩. ન. ભીંડીના તારની લટ.
૪. ન. લપ; ગૂંચવણ; મુશ્કેલી; ગૂંચ.
ફેલું પેસવું = લપ થવી; ગૂંચવણ થવી; મુશ્કેલીમાં આવી પડવું

ફેલો ૧. [અ.] પું. વિદ્યામંડળીનો સભાસદ.
૨. પું. શિષ્યગુરુ; અગ્રેતા.

ફેલોપિયન નલિકા સ્ત્રી. અંડવાહિની; 'ફેલોપિયન ટ્યૂબ'.

ફેલોશિપ ૧. [અં.] સ્ત્રી. વિદ્યાવૃત્તિ; વિદ્યાર્થીવેતન.
૨. સ્ત્રી. શિષ્યગુરુની પદવી.

ફેશ [અ.] ન. બનાત જેવું કાપડ; એક જાતનું ઊનનું કાપડ.

ફેશન ૧. સ્ત્રી. ઘાટ; તરેહ; 'ફેશન'.
૨. સ્ત્રી. રીત; રીતભાત; આચારવિચારમાં અમુક ખાસ વલણ કે ઝોક; લોકાચાર; પ્રથા.

ફેશનેબલ ૧. વિ. ઘાટીલું; ઘાટવાળું; 'ફેશનેબલ'.
૨. વિ. ઢાપટીપવાળું.

ફેશતો પું. ફગેતો.

ફેસલ ૧. [અ. ફૈસલ] વિ. અંત આવ્યો હોય તેવું; નિકાલ થયેલું; ફૈસલ.
૨. અ. અંત આવ્યો હોય તેમ; ઉઘડે.

ફેસલો ૧. (અ. ફૈસલા) પું. છૂટકો; દડ્યો; તોડ; નિકાલ; નિવેડો; ફૈસલો; નિર્ણય; ચુકાદો.
૧. ફેસલો આણવો–આવવો–મૂકવો = નિર્ણય કરી અંત લાવવો.
૨. ફેસલો આપવો–દેવો = ચુકાદો આપવો.
૨. પું. કરાર; ઠરકમનામું.

ફેસવું ૧. સ. ક્રિ. ઉતારી પાડવું; નીચે લાવવું.
૨. સ. ક્રિ. તોડવું.
૩. સ. ક્રિ. હલવું.

ફેસાદ ૧. પું. અત્વરસ્થ હાલત.
૨. [અ. ફસાદ] પું. કજિયો; ઝઘડો.
૩. પું. દુષ્ટતા; દ્રોહ; કલહિતતા.

ફેસિસ્ટ [અં.] પું. ઇટાલિમાં વીસમી સદીના ત્રીજા દાયકામાં એક જાતની સરમુખત્યારી ચલાવનાર માણસ.

ફેસિસ્ટવાદ પું. એ નામનો એક વાદ. રાજ્ય અને રાજકારણમાં શી હરકત થુકવ્ય લાગે છે કે: રશિયા પછી સરમુખત્યારશાહી અપનાવનાર બીજો દેશ ઇટાલિ છે. ઈ. સ. ૧૯૨૨માં મેનીટો મુસોલીનીએ ઇટાલિમાં સરમુખત્યારશાહી સ્થાપી,

ફેંકવું

પશુ પટાવિની સરમુખત્યારી તે ફેસિસ્ટવાદી સરમુખત્યારી હતી. ફેસિસ્ટવાદમાં રાજ્ય એ સર્વોપરી વસ્તુ ગણે છે. રાજ્યહિતની વેદી ઉપર વ્યક્તિસ્વાતંત્ર્યનો ભોગ આપવામાં આવે છે. ફેસિસ્ટવાદ પશુ એક જ પક્ષમાં માને છે અને પ્રતિનિધિત્વ ધંધાદારી વિભાગો પ્રમાણે આપવામાં આવે છે. ફેસિસ્ટવાદ સર્વોપરી નેતાગીરીમાં માને છે. ફેસિસ્ટવાદમાં રાષ્ટ્રાભિમાન એટલું વિકસાવવામાં આવે છે કે બળ, હિંસા અને આક્રમણ આ વાદનાં સૂત્રો થઈ પડે છે. ફેસિસ્ટવાદ અને સામ્યવાદ બંને પાર્લમેન્ટરિ પદ્ધતિને ધિક્કારે છે.

ફેસિસ્ટવાદી જિ. ફેસિસ્ટવાદમાં માનનાર.

ફેસ્ટિવલ [અં.] પું. તહેવારનો દિવસ.

ફેસ્તો પું. ફજેતો; ફેજ.

ફેહરિસ્ત (ફેહરિસ્ત) ૧. [ફા.] સ્ત્રી. અનુક્રમણિકા.

૨. સ્ત્રી. બાનું; બાસનું; કૂંઈ.

૩. સ્ત્રી. ટીપ; ઠાંબ્બુ; નોંધ; બાદી; સૂચીપત્ર.

૧. ફેહરિસ્તમાં નામ ચડાવવું = રજિસ્ટરમાં દાખલ કરવું.

૨. ફેહરિસ્તે આમ = સામાન્ય બાદી.

૩. ફેહરિસ્તે કામજાત = કામળોની બાદી.

૪. ફેહરિસ્તે ફેહાત = જાગીર અથવા પ્રાંતનાં ગામડાંઓનો બાદી.

૫. ફેહરિસ્તે ધોતી કરારી = ગુજરી ગયેલાં અને બાકી રહેલાઓની નોંધનું પત્રક.

૬. ફેહરિસ્તે મજામીન = સૂચીપત્ર.

૭. ફેહરિસ્તે મર્દુમશુમારી = વસતીગણતરી પત્રક.

૮. ફેહરિસ્તે વિરતેદારી = સગાંવહાલાંની બાદી.

ફેલાવું ૧. અ. ક્રિ. પડવું.

૨. સ. ક્રિ. બોલવું.

ફેળ ૧. જિ. બારે તરફથી ખુલ્લું.

૧. ફેળ કરવું = પાછીને પહોળું કરવું.

૨. ફેળ થવું = પહોળું થવું; પાદર જેવું થવું.

૨. જિ. રક્ષણ વગરનું; નબળું/પાતું.

ફેળાવ જિ. ફેળ થયેલ.

ફૅ ૧. સ્ત્રી. બીક.

૨. સ્ત્રી. ઠાઠમાઠ.

૩. જિ. બાકી રહેલું.

૪. અ. બાકીનાં કાંઈનો અવાજ.

૫. અ. હસ; બાકી રહ્યું હોય એમ.

ફૅક ૧. સ્ત્રી. પૈસા ઉઘરાવવા તે.

૨. સ્ત્રી. ફેંકવાની ક્રિયા.

૩. સ્ત્રી. ફેંકવાનો ભાવ

ફેંકણી સ્ત્રી. ચા કરવાની કળા.

ફેંકમફેંકા જુઓ ફેંકાફેંકી.

ફેંકવું ૧. સ. ક્રિ. ઉપરેરવું.

૨. સ. ક્રિ. ઊલટી કરવી.

૩. સ. ક્રિ. ગપ મારવી.

૪. સ. ક્રિ. જબ્બરું નાખવું; પાસા ફેંકવા; ફેંકી દેવું; તુચ્છ ગણી તિરસ્કારથી નાખી દેવું; કાઢી નાખવું; નિરર્થક ખરચવું.

૫. સ. ક્રિ. ઉપરથી નાખવું; ઉછાળીને નાખવું.

૬. સ. ક્રિ. તજી દેવું; કાઢી મૂકવું; છોડવું; જવા દેવું.

ફેંકી દેવું = (૧) નાંખી દેવું; ફેંકવું. (૨) પૂર વેગથી ઘોડા ઉપર સવારી કરવી. (૩) શિકાર પાછળ બાજ પક્ષી ઉડાડવું.

૭. સ. ક્રિ. દરકાર કરવી.

૮. સ. ક્રિ. ફરથી જેવું અથવા ઉપર ઉપરથી લેપ કે લેવું.

નજર ફેંકવી = ઉતાવળે કે બેદરકારીથી જોવું.

૯. સ. ક્રિ. રોડાવી મૂકવું; પૂરપાઠ જોડી મૂકવું; રોડાવવું.

૧૦. સ. ક્રિ. ફેરવવું

૧૧. સ. ક્રિ. વેડફી નાખવું; બગાડી નાખવું; અપવ્યય કરવો.

ફેંકેફેંકા ૧. સ્ત્રી. દંડયુદ્ધ.

૨. સ્ત્રી. સામાસામી ફેંકવું તે; ઉપરાઉપરી ફેંકવું તે.

ફેંકાફેંક સ્ત્રી. સામસામું ફેંકવું તે.

ફેંકાફેંકી ૧. સ્ત્રી. ફેંકમફેંક; સામાસામી ફેંકવું તે.

૨. સ્ત્રી. બેની લડાઈ; દંડયુદ્ધ.

ફેંકારવું સ. ક્રિ. ફેંકવું.

ફેંકાવવું સ. ક્રિ. ફેંકવાનું કહેવું; ફેંકાવ તેમ કરવું.

ફેંકાવું ૧. અ. ક્રિ. ગુજરાનું; ગુજરી શકાવું.

૨. અ. ક્રિ. રોડાવી મૂકાવું; રોડાવી મૂકી શકવું.

૩. અ. ક્રિ. નંખાવું; નંખી શકાવું;

ફેંકુફાસ પું. તડાકાદાસ; શેખીખોર; તડાક મારનાર.

ફેંગ પું. સાપનો મોટો અણીદાળો દાંત; 'ફેંગ.' આ દાંત પોલો અને ઝેરી હોય છે અને તેનો સંબંધ ઝેરની કોથળી સાથે હોય છે. સાપ કરડે છે ત્યારે આ દાંતમાંથી ઝેર ડંખમાં દાખલ થાય છે.

ફેંગા પું. ફિંગા; એક જાતનું પક્ષી. તેના પગ ભૂરા, ચાંચ પીળી અને પંજા લાલ હોય છે. સિંધથી આસામ સુધી લાંબા વાંસવાળાં મોટાં મેદાનોમાં તે નાના સમૂહમાં દેખાય છે. તેની સંભાઈ લગભગ અર્ધી ફૂટથી એક ફૂટ ઉપર હોય છે. માદા પક્ષી વર્ષાઋતુમાં ક્યાં ઈંડાં આપે છે.

ફેંચો જિ. પહોળા પગ રાખી ચાલનાર.

ફેંટ ૧. [હિં.] સ્ત્રી. અંગરખા કે ઉપરણા વગેરેનો ઝૂલતો છેડો; પાલવ.

૨. સ્ત્રી. કપડું પીંટાળેલું હોય એવી બાંધેલી કમર.

૩. સ્ત્રી. કમરનો ઘેરાવો.

૪. સ્ત્રી. કમરબંધ; કમરની આજુબાજુનો લૂગડાંનો બંધ; કમરની બેટ.

૧. ફેંટ પકડવી = નાસી જાય નહિ એમ પકડવું; છેડો ઝાલીને બીબું રાખવું.

૨. ફેંટ બાંધવી = (૧) કમર કસવી. (૨) તૈયાર થવું.

૫. સ્ત્રી. (કચ્છી) કપડી.

૬. સ્ત્રી. પીઠો.

૭. સ્ત્રી. પીઠ ઉપર ઝૂલતી રહે એવી પાલવની કે એવડી ઓળી; કૂંઢ.

ફેંટવું સ. ક્રિ. એકદમ પૂર જોરમાં પાછું ફેરવવું; હીબવું.

ફેંટા [હિં.] પું. ફેંટો

ફેંટિયું જ. ફેંટો.

ફેંટિયો પું. એક જાતનો કૂતરો.

ફેંટી ૧. [હિં.] સ્ત્રી. દોરાની આંટી.

૨. સ્ત્રી. બાળબો.

ફેંટો ૧. પું. કપડાં લપેટો; છગા.

૨. પું. કમરનો ઘેરાવો.

૩. પું. કમરબંધ.

૪. પું. કમરે લપેટેલ ધોતીનો ભાગ.

૫. પું. તાડ વગેરેનાં પાંદડાંના વચલા રેસા; તાડ અને તરસાકનાં પાંદડાંની વચલી નસ.

૬. પું. પારસીઓની ફેલ્ટની ટોપી. તેની ફોટે રાહ બાંધેલી હોય છે.

૭. પું. માથે બાંધવાના કપડાનો અમુક આંટાદાર બાટ.

૮. પું. માથે બાંધવાનો કસબી પટ્ટો; કસબી કાળિયું; માથે બાંધવાનું કપડું; પાઘડી.

૯. પું. સુતરની મોટી આંટી.

ફેંડવું ન. છોડવું

ફેંદલ પું. અતિશય સ્થૂલ શરીરવાળો માણસ.

ફેંદવું ૧. સ. ક્રિ. ઉથલાવવું; હાથ વડે ઊંચું નીચું કરવું; તળેઉપર કરી નાખવું; છૂટું કે ખુલ્લું કરી જોખવું કે જોવું.

૨. સ. ક્રિ. ચૂંથવું

૩. સ. ક્રિ. બથી ભાંગી નાંખવું; બકોરી નાંખવું; અમુક ઘાટમાં કે રચનામાં હોય તેને બગાડી નાખવું.
૪. સ. ક્રિ. છૂંદું કરી નાખવું; આકુંપાકું કરી નાખવું.
ફેંદી નાખવું = બીબાંને પાથરી રેતું.
૫. સ. ક્રિ. છુંદવું; કચરવું.

ફૈંદફૈંદા જી. થૂંથાચૂંથ; વારંવાર ફેંદવું તે.

ફૈંદાફૈંદ જ. ઉપરાઉપરી ફેંદવું કે થૂંથાચૂંથ; વારંવાર ફેંદવું તે.

ફૈંદાફૈંદી જુઓ ફેંદાફેંદ.

ફૈંદાવવું સ. ક્રિ. ફેંદવાનું કહેવું; ફેંદાવ તેમ કરાવવું.

ફૈંદાવું ૧. અ. ક્રિ. થૂંથાવું.
૨. અ. ક્રિ. ફેંદી શકાવું; ઉથલાવી નાખી શકાવું.
૩. અ. ક્રિ. બીબેરી નખાવું.

ફૈંદેલું વિ. ફેંદે કરે એવું.

ફૈંફેટ ૧. અ. ચારે બાજુ; જેમ આવ્યું તેમ; ગમે તેમ; બરછટ મુજબ.
૨. અ. છૂટે મોઢે; નિર્લજ્જ રીતે; બેફામ.
૩. અ. પૂરપાટ; પૂર ઝોકમાં.

ફૈંફે ૧. કું. બાકની હાંફનો અવાજ.
૨. અ. ખૂબ નરમ; ઢીલું પોચું; બાકના ફેંફાસ મારતું હોય તેમ; બાકીને લોચા વાઈ ગયેલું હોય એમ; બોલતાં પણ શ્વાસને લીધે હાંફતું હોય એમ.
ફેંફે કરી નાખવું = હરાવી થકવી નાંખવું; ઢીલું પોચું કરી નાંખવું; બોલતાં બોલે હાંફ પડે એમ કરવું.

ફૈંલો કું. ઢગલો.

ફૈંસલ ૧. વિ. ઉપદ્રવનું.
૨. વિ. નિકાલ થયેલું; ફૈસલ.
૩. અ. અંત આવ્યો હોય તેમ.
ફૈસલ થવું = અંત આવવો; નિકાલ થવો.

ફૈંસલાદાર વિ. આજ્ઞાપત્રધારક; હુકમનામાવાળું.

ફૈંસલો ૧. કું. ખુલાસો; છૂટકો.
૨. કું. નિકાલ; નિવેડો; તોડ; મુકાદો; બેલ્લો કરાવ; અંત.
૩. કું. અવસ્થા.
૪. કું. હુકમનામું; આજ્ઞાપત્ર; શાસનપત્ર.

ફૈંસવું ૧. અ. ક્રિ. કાદવમાં ચોંટી જવું.
૨. અ. ક્રિ. જાળમાં ફસાવું; મુશ્કેલીમાં આવી પડવું.
૩. સ. ક્રિ. ઉતારી પાડવું; નીચે આણવું.
૪. અ. ક્રિ. તોડવું.
૫. સ ક્રિ. પોતાનો ઠઠ્ઠો ખરો કરવો.

ફૈંસાવ ૧. કું. ચળિયો.
૨. કું પડઘ.
૩. કું. મંત્રવશ; મુરોલી.
૪. કું. સંકડાશ.

ફૈંફું ૧. જ. એક જાતના ઝીણા છાતું બનાવેલું ઘર. તે ઔષધના કામમાં આવે છે.
૨. વિ. ફીસું.
૩. વિ. બીસું; ખુવાયું.

ફૈ જી. ફોઈ; બાપની બહેન.

ફૈકરા [મૂ.] જી. એક જાતની વનસ્પતિ; બીકુવાર.

ફૈજ ૧. [હિં.] કું. પરિણામ.
૨. [અ. ફૈઝ] કું. પરોપકાર.
૩ કું ફાયદો.

ફૈજન કું. એક જાતનો ઝાડો.

ફૈજબાહી જી. તરવારની મૂઠનો એક પ્રકાર.

ફૈજી કું. એ નામનો મુઘારકનો મોટો પુત્ર. તે ઈ. સ. ૧૫૪૭માં જન્મ્યો હતો. તેણે મહાભારતનો અનુવાદ કર્યો હતો અને કુરાનની ટીકા લખી હતી. અકબરના તૌહિદ ઇલાહી સંપ્રદાયનો તે એક સભ્ય હતો.

ફૈજ (ફૈઝ) ૧. [અ.] કું. ઉદારતા.
૨. કું. ખેરાત; ધર્માદો; સખાવત.
ફૈજ જારી કરવી = ખેરાતખાતું ઉઘાડવું.
૩. કું પુષ્કળતા.
૪. કું. મહેરબાની; કૃપા.
૫. વિ. ભલું કરનાર.

ફૈજબખ્શ (ફૈઝબખ્શ) [અ. ફૈઝ (ઉદારતા) + બખ્શ (બક્ષનાર) કું. ઉદાર માણસ; દાતાર.

ફૈજરસાં (ફૈઝરસાં) જુઓ ફૈજબખ્શ.

ફૈજી જુઓ ફૈજ.

ફૈજેઆમ (ફૈઝેઆમ) [અ.] કું. પ્રજાનું ભલું.

ફૈડો કું. તુવેરનો ચાંપો.

ફૈડકો (ફૈડકો) ૧. કું. ઉતાવળે ભર્યું આવ્યું તે; ફેરો; આંટો; ઘુમાવુમ; વારંવાર ફેરો મારવો તે.
૨. કું. કપાસિયા ઓરવામાં વપરાતું બે દાંતાનું હળિયાર; બેડૂતનું એક ઓજાર.
૩. કું. ચૂપડાની કપટ.
૪. કું. સડસડાટ કે ફડફડાટ ચાલ્યા જતાં પહેલાં તે વતો વીંઝોટો; પંખની પહોળાઈનો સપાટો.
ચકલી નાની ને ફૈડકો મોટો = કદ નહિ ને ફેરાફેરાનો તનમનાટ મોટો.

ફૈલા જી. કરતું કામ તે; આરામ; સુવાણ.

ફૈલ્યા ૧. જી. ફોઈ; બાપની બહેન.
૨. વિ. કું. બાપલો; રાંડચો.

ફૈવા જી. મોટું મંદિર.

ફૈયાજ (અ. ફૈયાઝ] વિ. દાની; ઉદાર.

ફૈયાઝ (ફૈયાઝ) ૧. [અ ફૈઝ (તે બનાવ્યું)] કું. દાતાર; ઉદાર માણસ.
૨. વિ. ઉદાર; સખી; દાની.

ફૈયાઝી (ફૈયાઝી) [અ] જી. ઉદારતા; સખાવત.

ફૈયાફૈ જ. ભાઈને પેર દીકરો આવતાં બહેન તરફથી અપાતી સૂતરાં પરચૂરણની બક્ષિસ.

ફૈર ૧. કું. ફોડવું તે; 'ફાયર'.
ફૈર કરવું = બંદૂક ફોડવી.
૨. કું. વીર્યસ્રાવનો વખત.
ફૈર ઉઘાડવું = સંભોગ કરવો.
૩. [હિં.] જી. બંદૂકનો ફેર.

ફૈલ ૧. [અ. ફઅલ] કું. અમલ; સત્તા.
૨. કું. કબજો.
ફૈલ થાવરો = કબજો કરવો.
૩. કું. ફેલાવું તે.
૪. જી. ઢોંગ; દિગર.
ફૈલ મચાવવી = (૧) આમલ કરવો, (૨) ઢોંગ કરવો.

ફૈલજમીન [અ. ફઅલ-ઈ-જમિની] કું. સરળ વર્તન બહલ આપેલ જમીન.

ફૈલફૂંક કું. દિગર.

ફૈલસૂફ કું. બાહુનિશાનો રાજા ફિલિપ.

ફૈલસૂફ (ફૈલસૂફ) ૧. [બી.] કું. તત્ત્વવેત્તા; 'ફિલોસોફર'.
૨. વિ. ચતુર; વિદ્વાન.
૩. વિ. ચુક્યું.

ફૈલસૂફી (ફૈલસૂફી) ૧. [બી.] જી. ઢોંગ.
૨. જી. તત્ત્વજ્ઞાન.
૩. જી. યુક્તિ; ઉતરચિંતી.

ફૈલાકોન [હિં] કું (અક્ષિત) ૬૦ અંશથી મોટો અને ૧૮૦ અંશથી નાનો ખૂણો.

ફૈલાપક્ષ કું ચુચ્યાર્ક.

ફૈલાવ ૧. કું. કદ.
૨. કું ગણતરી.
૩. કું. ખ્યાતિ થવું તે; પ્રસિદ્ધિ.
૪. કું. પ્રચાર; ફેલાવો; વિસ્તાર; વૃદ્ધિ.
૫ કું વહેંચણી.

ફેલાવ ૧. [હિં.] સ્ત્રી. ગધૂતરી.
૨. સ્ત્રી. ગણિત.
૩. સ્ત્રી. ફેલાવો.

ફેલાવા જુઓ ફેલાવ.

ફેલી વિ. ટોંચ કરનાર; ચુગ્ચું.

ફૈસલ (ફૈસલ) [અ. ફસલ (તેણે ન્યાય કર્યો)] પું. ઠરાવ; નિર્ણય; ફેસલો; ન્યાયનો ચુકાદો.
૧. ફૈસલ કરવું = (૧) નિર્ણય કરવો. (૨) સમાધાન કરવું. (૩) હિસાબમાં ફેર હોય તે ઝાઝી નાખી સરખો કરીને દેવું ભરી આપવું.
૨. ફૈસલ થવું = નિર્ણય થવો.

ફૈસલનામા (ફૈસલનામા) [અ.] પું. હુકમનામું.

ફૈસલા (ફૈસલા) [અ.] પું. ઠરાવ; ફેસલો.
ફૈસલાનો મુરાદા કરવો = અપીલ કરવી.

ફૈસલા (ફૈસલા) [અ. ફસલ (તેણે ન્યાય કર્યો)] પું. ઠરાવ; નિર્ણય; ફેસલો; ન્યાયનો ચુકાદો.
૧. ફૈસલા કરવો = (૧) દેવું ભરી આપવું. (૨) નિર્ણય કરવો. (૩) સમાધાન કરવું. (૪) હિસાબમાં ફેર હોય તે ઝાઝી નાખી સરખો કરવો.
૨. ફૈસલા ન જમા અને રદ્દા = બંધનો ચુકાદો.
૩. ફૈસલા યે અદાલત = ન્યાયનો ચુકાદો.
૪. ફૈસલા યે આખિર = છેલ્લો ઠરાવ.

ફૈંદ [હિં.] સ્ત્રી. કમરપટો.

ફૈંયા ૧. [હિં.] સ્ત્રી. કમરપટો.
૨. સ્ત્રી. પામડી.

ફોં ૧. પું. (કચ્છી) મદ; અભિમાન.
૨. [હિં.] અ. ધિક્કાર બતાવનારો પ્રલય.

ફોઇયાત વિ. ફોઈ સંબંધી; ફોઈ ને લગતું; ફોઈનું.

ફોઈયાનું ૧. ન. ફોઈએ આપેલી બક્ષિસ કે ભેટ; ફોઈના નામથી દરદાગીના, કપડાં વગેરેની મળતી ભેટ.
૨. વિ. ફોઈ તરફનું.

ફોઈ [દે. પુતઇ-પુત્રા-પુઆ; પુત્રા-ફુઈ] સ્ત્રી. બાપની બહેન.
ફોઈની બારેક-ફોઈની બારેક બાંબ કાઢે = સેવા કરતાં દેવાનું વધારે તેવી સ્થિતિ.

ફોઇજી ૧. સ્ત્રી. ફોઈ માટે માનાર્થે વપરાતો શબ્દ.
૨. સ્ત્રી. ફોઈ સાસુ; પતિ કે પત્નીની ફોઈ.

ફોઇજી સાસુ સ્ત્રી. કુટુંબ સસરાની બહેન; પતિ કે પત્નીની ફોઈ.

ફોઈબા જુઓ ફોઇજી સાસુ.

ફોઇબ્બા જુઓ ફોઈ.

ફોઇયાચી ભાઇ પું. ફોઈનો દીકરો.

ફોઈ સાસુ સ્ત્રી. પતિ કે પત્નીની ફોઈ.

ફોક ૧. [પ્રા. ફુક્કા] પું. કમરો; સત્ત્વ રહિત વસ્તુ.
૨. પું. ચારનો સંકેત. દલાલોની ભાષામાં વપરાય છે.
૩. [હિં] પું. નકામી ચીજ.
૪. પું. પોલાણ.
૫. વિ. પોલું.
૬. વિ. મિથ્યા; અર્થ; નકામું ખાલી. નિરર્થક; ફોગટ.
ફોક થવું-જવું = નકામું થવું.
૭. વિ. રદ.
ફોક કરવું = રદ કરવું; વચન ભંગ કરવું.

ફોકટ ૧. [હિં.] પું. ગરીબ માણસ.
૨. પું. બક્ષિસ.
૩. વિ. નકામું; અર્થ; બમસ્તું.
૪. વિ. મફત; પૈસા ખરચવા ન પડે એવું.
ફોકટનો માલ = મફત લીધેલો માલ.
૫. અ. નકામું; અર્થ.

ફોકટિયું ૧. વિ. નકામું.
૨. વિ. મફતિયું.

ફોકડ (ફોક્ડ) [હિં.] પું. કમરો.

ફોકડી (ફોક્ડી) સ્ત્રી. હરણ.

ફોકડો (ફોક્ડો) પું. સોકડાનો સોમો ભાગ. હિસાબની જંત્રીમાં એક ફોકડાના સો ભાગ કલ્પેલા છે, તે દરેક ભાગને ફોકડો કહે છે.

ફોકર ન. હવાઈ વહાણનું નામ.

ફોકલ [હિં.] વિ. ખાલી; પોલું.

ફોકલા ૧. [હિં.] વિ. પોલું.
૨. વિ. હલકું; નરમ.
૩. અ. તદ્દન.

ફોકસ [લે.] ન. બાહ્યગોળ કાચ કે આંતરગોળ દર્પણ બારણે કિરણો એકઠાં મળે તે બિંદુ.

ફોકા જુઓ ફોક્યા.

ફોકાનીં વિ. ઉપરનું; ઉપરવાળું.

ફોકિયત સ્ત્રી. ગર્વ; અહંકાર; આત્મશ્લાઘા; બડાઈ; અભિમાન.

ફોકિયાત ૧. વિ.સ્ત્રી. પોતિસણ.
૨. જુઓ ફોકિયત.

ફોકિયારી સ્ત્રી. કુબાટ; બેડસાઈ.

ફોકી ૧. સ્ત્રી. પોચી જમીન.
૨. સ્ત્રી. પોનિ.
ફોકી ફાટી રહેવી = ઓં પગાસી બેસી રહેવું.

ફોકો ૧. પું. રબારી; ભરવાડ; ઢોરના ટોળાંનો રખેવાળ.
૨. પું. ઓની જનનેંદ્રિય; પોનિ.

ફોગ સ્ત્રી. કુબ્બસ: 'ફોગ'.

ફોગટ ૧. વિ. બમસ્તું; નકામું; અર્થ બાપ બાપ એવું.
૨. વિ. મફત; પૈસા આપવા ન પડે એવું.
૩. અ. નકામું; અર્થ.

ફોગટ ફાંસુ વિ. અર્થ; નકામું; બમસ્તું.

ફોગટિયું ૧. વિ. કામ લાગે નહિ એવું; નકામું; મફતિયું; બમસ્તું.
૨. વિ. પૈસા આપ્યા વગર ઉપભોગમાં આવે એવું.

ફોગડો પું. નકામો માણસ.

ફોગ સિગ્નલ પું. રેલવેના પાટા ઉપર મૂકેલ ડાક ભરેલો ગોળો; 'ફોગ સિગ્નલ'. એન્જિન તેના ઉપરથી પસાર થતાં અવાજ સાથે તે ફૂટે છે.

ફોગ હોર્ન ન. કુબ્બસની બનેલ કરવા કુબ્બસ દરમિયાન દર મિનિટે ખૂબ મોટો અવાજ કરતું યંત્ર; 'ફોગ હોર્ન'. તે જુદી જુદી તરેહનું હોય છે.

ફોગી વિ. (કચ્છી) બગડેલ.

ફોગો પું. કૂબ; બિલ.

ફોજ (ફોજ) ૧. [અ. ફૌજ] સ્ત્રી. માણસનો મોટો સમૂહ; ટોળું; ઘાડું; મોટી સંખ્યા.
૨. સ્ત્રી. લશ્કર; સેના.

ફોજખાતું ન. લશ્કરી ખાતું; સૈન્યને લગતું કામકાજ કરતું મંડળ.

ફોજકશ (ફોજકશ) [અ. ફૌજકશ] પું. સેનાપતિ; લશ્કરનો ઉપરી.

ફોજકશી (ફોજકશી) [અ. ફૌજકશી] સ્ત્રી. સેનાને આખરે લાવવા તે.

ફોજદાર (ફોજદાર) ૧. [અ. ફૌજદાર] પું. કોટવાળ; શહેરની કે ગામની રૈયતની સભાળ રાખનારો પોલીસ અમલદાર.
૨. પું. પોલીસ ખાતાનો એક અમલદાર; ફોજનો ઉપરી અમલદાર.

ફોજદારી (ફોજદારી) ૧. [અ. ફૌજદારી] સ્ત્રી. ગુના સામેની ફરિયાદ; ગુનેગારને સજા મળે એવી ફરિયાદ.
૨. સ્ત્રી. ગુનાના ધર્મસાકની અદાલત.
૩. સ્ત્રી. ફોજદારનું કામ કે પદ; કોટવાળી; ફોજદારપણું.

૪. સ્ત્રી. ગુનાની તપાસ કરી ગુનેગારને શિક્ષા કરનારું ખાતું

૫ વિ. ગુના સંબંધી; કાયદાથી શિક્ષાપાત્ર ગુના સંબંધી; ચોરી, ખૂન વગેરેના ગુના સંબંધી

ફોજદારી અદાલત (ફોજદારી અદાલત) [અ.] સ્ત્રી. દંડનાધીશી.

ફોજદારી કામ ન. ગુનાહિત કાર્ય માટે ન્યાયની અદાલતમાં આગવામાં આવતી દાદ સંબંધી ચલાવવાનું કામ.

ફોજદારી કાયદો (ફોજદારી કાયદો) [અ. ફોજદારી કાયદા] પું. ગુનાની તપાસ તથા ગુનેગારને શિક્ષા કરવા સંબંધી કાયદો. આ સબંધે ગાંધીજી કહે છે કે ગુનેગારને માટે ફોજદારી કાયદો અને આવશ્યક હોય, કદાચ સદાય રહેશે, પણ નિર્દોષ સુધારકને માટે ફોજદારી કાયદો હમેશા નિરર્થક છે અને નિષ્ફળ રહે છે. દંડના બે હેતુઓ હોય છે: ગુનેગારને ગુનો કરતાં અટકાવવો અને સમાજનું રક્ષણ કરવું. આ બંને વસ્તુઓનો સ્પર્શ સુધારકને થતો નથી, કેમકે તેને કશા ગુનામાંથી અટકાવવાપણું નથી અને તેનો સુધારો પણ અટકવાનો નથી. દંડથી સુધારાને તો ઊલટો વેગ મળે છે. આ ગરીબડી ભારતભૂમિમાં ફોજદારી કાયદાનો ડર ગુનેગારોને રહે છે તેના કરતાં નિર્દોષ, ડાહ્યા કરીને વધારે ડર વહોરી લે છે. અરધ્યરો ગુનો કરનારા એ કાયદાને ખોળાને પી જાય છે અને જેણે ગુનો કર્યો નથી, જેનું મન ગુનેગાર નથી, તે બિચારા, નબળા વાયુમંડળને વશ રહીને રોજ ફોજદારી કાયદાથી ધરપરે છે.

ફોજદારી કાર્યવિધાન ન. ફોજદારી કાયદો.

ફોજદારી નિબંધ પું. દંડનિબંધ; દંડસંગ્રહ.

ફોજદારી ન્યાયાધીશ પું. દંડાધીશ; ન્યાયદંડાધીશ.

ફોજદારી ન્યાયાધીશી સ્ત્રી. ફોજદારી અદાલત.

ફોજ (ફોજ) [અ. ફૌજ] સ્ત્રી. ફોજનું.

ફોડ ૧. પું. ખોખ્યું કરવું તે; સ્પષ્ટીકરણ.

૨. [સં. સ્ફુટ્] પું. ચોટ; જોરથી ફટવું તે.

૩. સ્ત્રી. (કચ્છી) કુસંપ.

૪. સ્ત્રી. ઘાટ; તરહ.

૫. [હિં.] ન. ચિત્કાર જતાવનાર અવ્યય.

ફોડાવું ન. (કચ્છી) ફટાવું.

ફોડિયાણ પું. (કચ્છી) એક જાતનું ઝાડ. તે ઝાડવું જેવું થાય છે. ફળ ઝાડમાં હોય છે, જ્યારે પૂરાં અને ઝાડાં તથા પાકે ત્યારે અટમપુરાં થાય છે. બાને ચામચડી પણ કહે છે.

ફોટો ૧. [અં.] પું. છબી; ચિત્ર; તસ્વીર.

૨. પું. (કચ્છી) ચીમની.

ફોટો આર્ટિસ્ટ [અં.] પું. ફોટા ઉપર ગ્રોહણનું કામ કરનાર કારીગર.

ફોટો એન્લાર્જમન્ટ [અં.] પું. નાની ઉપરથી મોટી છબી કરવી તે; મોટી છબી કરવાનું કાર્ય.

ફોટોગ્રાફ [અં.] પું. છબી; ચિત્ર; છાયા; પ્રતિકૃતિ; છાયાચિત્ર; તસ્વીર.

ફોટોગ્રાફર [અં.] પું. છબી પાડનાર કે તેનો ધંધાદારી; ફોટો પાડનાર.

ફોટોગ્રાફિ [અં.] સ્ત્રી. પ્રકાશનાં કિરણોદ્વારા રાસાયણિક પદાર્થોમાં ઉત્પન્ન થતા અમુક પરિવર્તનની મદદથી વસ્તુઓની છબી અથવા પ્રતિકૃતિ તૈયાર કરવાની વિદ્યા કે ક્રિયા. આ ક્રિયા કેમેરા નામથી ઓળખાતા પેટીના આકારના એક યંત્રની મદદથી કરવામાં આવે છે. પ્રકાશના પ્રભાવથી વસ્તુઓના રંગમાં પરિવર્તન થાય છે તે વાતનું જ્ઞાન લોકોને પહેલાંથી હતું. ચામડું સૂકવતી વખતે સૂર્યના પ્રકાશને લીધે ચામડાનો રંગ બદલતો લોકો જોતા. સોળમી સદીના ઉત્તરાર્ધમાં ઇટાલિના એક પોર્ટા નામના મનુષ્યને ઝાડોનાં લટકાદાર પાનમાં થઈને સૂર્યનાં કિરણો છણાઈને આવતાં જોઈ આશ્ચર્ય થયું. તેણે પોતાની કોટડીની ભિત્તિમાં એક નાનું છિદ્ર કર્યું. પછી બહારની બાજુએ એક દીવો સળગાવીને બીજી તરફ એક પડદો રાખી પરીક્ષા કરવા લાગ્યો. તેને દીવાની જ્યોત પડદા ઉપર ઊંધી લટકતી દેખાણી. તે આ રીતે બીજા પદાર્થોની પ્રતિકૃતિ પણ પડદા ઉપર લાવવાનો યત્ન કરવા લાગ્યો. સગવડતા ખાતર તેણે એક બાણાકોણ કાચ તે કાણામાં રાખી દીધો. તે જ અરસામાં ફ્રાંસના એક બીજા વૈજ્ઞાનિક પરીક્ષા કરીને નાઇટ્રેટ ઑવ સિલ્વર નામે એક રાસાયણિક મિશ્રણ બનાવ્યું, જે સફેદ હોય છે, છતાં સૂર્યનાં કિરણ પડતાં ધીરે ધીરે કાળું થવા લાગે છે. સને ૧૭૨૭માં સ્વિટ્ઝર્લંડના એક પંડિત ચાર્લ્સે અંધારી કોટડીમાં નાઇટ્રેટ ઑવ સિલ્વરની મદદથી ચિત્ર બનાવ્યું, પરંતુ તે સ્થાયી ન બની શકયું. સો વર્ષ બાદ એઓન્સ્પોપસ નામના એક વૈજ્ઞાનિકની સહાયતાથી કમરે સાહેબે પારાના રાસાયણિક મિશ્રણ દ્વારા ચિત્રને સ્થાયી કરવામાં સફળતા પ્રાપ્ત કરી. કમરે ચિત્રને પહેલાં પોટાશ બોમાઇડમાં બોળી જોયું, પરંતુ અંતે તેને હાઇપોસલ્ફાઇડ સોડા દ્વારા પૂરી સફળતા મળી. આજ અરસામાં એક અંગ્રેજે ગેલિક ઍસિડ અને નાઇટ્રેટ ઑવ સિલ્વરની મદદથી કાચ ઉપર ચિત્ર કાઢવાની પદ્ધતિ શોધી કાઢી. ધીરે ધીરે આ વિદ્યા ઉન્નતિ કરતી ગઈ અને સને ૧૮૫૦માં પ્લેટ ઉપર ચિત્ર પાડવાનું શરૂ થયું. ૧૮૭૨માં ડૉ. મૈડાક્સે જેલેટિનની સહાયતાથી પ્લેટ બનાવવાની એક પદ્ધતિ શરૂ કરી, જે ઉત્તરોત્તર ઉન્નત થતાં આજ સુધી ચાલુ છે. હવે કાચની પ્લેટનો બહુ ઓછો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે બધી જગ્યાએ સૂકી પ્લેટ કે ફિલ્મ જ ઉપયોગમાં લેવાય છે. ફોટોગ્રાફિમાં રંગીન ફિલ્મો ઘણા સમયથી ચાલુ થઈ ગઈ છે, પણ રંગીન છાપો ઉતારવાની મુશ્કેલી હતી. ને મુશ્કેલી મુંબઈના ફિલ્મનિષ્ણાત નવલ ગાંધીએ એક કેમેરા બનાવીને ટાળી છે. તેને હિંદી જેવ્યનો એક ચમત્કાર જ ગણ્યો છે. આમ એક હિંદીએ ફોટોગ્રાફિક જગતમાં આગે કદમ કરી છે, એટલું જ નહિ પણ વિશ્વની શોધમાં એક નામચીન શોધ કરી બતાવી છે. આ કેમેરા વડે એક જ ઝટકે કોઈ પણ વસ્તુ, પદાર્થ કે ચિત્ર અસલ રંગમાં બધુ કાચ ઉપર એક્સ.રે તેના રંગોના પૃથક્કરણરૂપે આવી જાય છે. અને તે બારીક પ્રમાણ તેમ જ ચોકસાઈમાં વરસના એવા નમૂનાઓના સંપૂર્ણ હરીફાઈ કરે છે.

ફોટોગ્રાફિક [અં.] વિ. છબીને લગતું; છબીવાળું.

ફોટોટ્રિક્રોગ્રાફિ [અં.] સ્ત્રી. ઢાળેલા જસતની તકતી ઉપર ફોટોગ્રાફિથી ચિત્ર, અક્ષર, છાપ ઉપાડવાની અને તે તકતી ઉપરથી ઝિંકોગ્રાફી નકલો છાપી કાઢવા તેવી ફોતરચનની કળા કે વિદ્યા.

ફોડ (ફોડ) ૧. પું. નિકાલ; નિર્ણય.

૨. પું. ફોડવું તે.

૩. [સં. સ્ફોટ] પું. (પ્રાકૃત) ફોલ્લો.

૪ પું. વહેંચણી.

૫ પું; સ્ત્રી. ચોખવટ; ખુલાસો.
ફોડ આપવો = જાની વાત બહાર પાડવી.

૬. પું; સ્ત્રી છૂટીછૂટી વિગત; વિગતવાર સ્પષ્ટીકરણ.
ફોડ પાડવી–પાડવો = વિગતવાર ખુલાસો કરવો; છૂટેછૂટું કરી બતાવવું; સ્પષ્ટીકરણ કરવું.

૭. સ્ત્રી. (કચ્છી) ફોડેલું સોનું

૮. વિ. ભક્ષક.

ફોડકી (ફોડકો) સ્ત્રી. ફોલ્લી; ફોડલી; નાનો ફોડલો.

ફોડકો (ફોડકો) પું. ફોલ્લો; ફોડલો. ફફોલો. ચામડી ઉપર ઊપસી આવેલો પરપોટો.

ફોડચી (ફોડચી) સ્ત્રી. એક જાતનો ઝેરી સાપ; રજતિયો. તે કરડે તો ચોવીસની જેટલી થાય છે.

ફોડ્યું ૧. [સં. સ્ફોટન] ન. (પ્રાકૃત) ફળ, શાક વગેરેને વઘાર આપવો તે.
૨. ન. જમિ વગેરે ફોડવી તે.

ફોડણી (ફોડ્ણી) ૧. જી. ફોડવાની ક્રિયા.
૨. જી. મરચાં, હિંગ અને રાઈને તેલમાં કકડાવી દાળ, કઢી વગેરેમાં ફરી એવો અવાજ થાય એમ કળકોળવાં તે; વઘારવાની ક્રિયા.

ફોડલી (ફોડ્લી) જી. ફોલ્લી; ફોડકો.

ફોડલો (ફોડ્લો) કુ. ફોલ્લો.

ફોડવું (ફોડ્વું) ૧. ન. દાંનું ખડખું; ચકતું.
૨. ન. શાક કે ફળ વગેરેનો નાનો કકડો.
૩. સ. ક્રિ. અગ્નિ લગાડી અથવા અડાળીને અવાજ થાય એમ ઉડાડવું; અગ્નિની આંચ કઈ અવાજ થાય એમ કરવું; વઘોડવું.
૪. સ. ક્રિ. અંદરથી જોર કરી ફાટીને ઊડે એમ કરવું; અવાજ થાય અને ઊડે એમ કરવું.
સુરંગ ફોડવી = (૧) કોઈ જણે નહિ ને લાભે એટે જમીન ભેદ ઊપડે એમ કરવું. (૨) પલીતો મૂકવો.
૫. સ. ક્રિ. આંખનું તેજ જતું કરવું; આંખના ડોળાને ડામ કરતો અંધ થાય એવી ઈજા પહોંચાડવી.
આંખ ફોડવી = (૧) આમળું કરવું. (૨) નીચા પડી ધારીને જોવું.
૬. સ. ક્રિ. ઉઘાડવું; ખોલવું; ઊકલવું.
૭. સ. ક્રિ. કાનને દુઃખ થાય કે ઠંડાળો આવે તેમ કરવું; કાન બહેરા કરી નાખવા.
૧. કાન ફોડવા = (૧) કાનને ઠંડાળો આવે એમ કરવું; કાનને બહેરા કરી નાખવા. (૨) નકામા ખખાળા કરવા.
૨. પેટ ફોડવું = ડાયર થવું.
૮. સ. ક્રિ. કૌમારભંગ કરવુ.
૯. સ. ક્રિ. ખુલ્લું કરવું; જાહેર કરવું; કહી દેવું; બની વાત ઉઘાડી પાડવી.
૧. તોપ ફોડવી = મોટી ગપ મારવી.
૨. ફોડીફોડીને કહેવું = (૧) ખુલ્લેખુલ્લું સમજાવવું; સમજણીને કહેવું. (૨) બળાપો કાઢવો; પોતાનું ગુપ્ત દુઃખ જાહેર કહી દેખાડવું કે જાહેર કરવું.
૩. ફોલ્લા ફોડવા = નિંદા કરી હલકું પાડવું; નિંદા કરવી.
૧૦. સ. ક્રિ. ઝાંસવું; પીરસવું; મૂકવું.
૧૧. સ. ક્રિ. તોડવું; તોડી નાખવું; ભાંગવું; કટકા કરવા.
૧. ઘડો ફોડવો = ભરપુરોચ કાઢવું; ભરી મયું હોય એમ જાણીને નાહી નાખવું.
૨. ફોડી-ભાંગી તોડી નાખવું = હતું ન હતું કરી નાખવું; બગાડી નાખવું.
૧૨. સ. ક્રિ. કૂદી બાજ એમ કરવું; ધાર બાજુ બાજી ઓડી કાઢવું, ઉઘાડવું કે ચીરવું.
૧૩. સ. ક્રિ. ગજબારી કરવી; તકરાર ચલાવવી.
માથું ફોડવું = (૧) તકરાર કરવી; વિવાદ ચલાવવો. (૨) ચાકું કરવું. (૩) માથામાં લોઢી નીકળે તેમ કરવું.
૧૪. સ. ક્રિ. ચરકી કે ઝટકાવીને અવાજ કરવો. જેમકે, ટાચકો ફોડવો.
૧૫. સ. ક્રિ. આંખ આપી સામાવાળાને પોતાનું કરવું; સામાવાળાથી કોઈને છૂટો પાડવો; એકતામાં ભેદ પાડવો.
૧૬. સ. ક્રિ. સપાટીની એકતામાં ભેદ પાડવો; વિભેદ પાડવો.
૧. બર ફોડવું (૧) કુટુંબમાં ભંગાણ પાડવું. (૨) મોરબંગ કરવો. (૩) ચોરી કરવી.
૨. ફોડી લેવું = કૈચવોને જે વખતે જે આવી બને તે ઝોબવી લેવું; આવે પડયું ઉઠાવી લેવું.

ફોડવો (ફોડ્વો) બુજો ફોડવું ૧, ૨.

ફોડ્ય (ફોડ્ય) ૧. કું. પમ ઊંડા ઊતરી બાજ તેવી પાણીવાળી જમીન.
૨. કું. કૂદી નીકળવું તે.
૩. કું. ફોલ્લો; ફોડકો.

ફોડ્કી (ફોડ્કી) જી. (કચ્છી) ચામડાની કોથ.

ફોડિ (ફોડ્ડિ) જી. (જૈન) પૃથ્વી ફોડવી એટલે ખોદવી તે.

ફોડિકર્મ (ફોડ્ડિકર્મ) ન. (જૈન) કૂવા, તળાવ વગેરે ખોદવાનો ધંધો; ભૂમિ આદિને ખોદવાનો બાપાર; પંદર આદેનું એ નામનું એક કર્માદાન.

ફોડિયા (ફોડ્યા) [હિં.] જી. ફોલ્લી; ફોડકી.

ફોડો (ફોડ્ડો) કું. ફોલ્લો; ફોડકો.

ફોજ્દું ન. નસકોરું; નાકનું છિદ્ર.

ફોત ૧. જી. એક જાતની પોચી કાંકર.
૨. ન. નાહવી વખતે પહેરવાનું પચિયું.
૩. (ફોત) [અ. ફોત] વિ. કતલ કરેલું; મારેલું.

ફોતરી જી. ભોંકું; પોપડી.

ફોતરું ૧. ન. અનાજ કે ફળ વગેરે ઉપરનું છોડું; છોતરું; ભૂસું.
ફોતરાં ખાંડવાં = નકામું કામ કરવું.
૨. ન કામળાનો કટકો.
૧. ફોતરાં જેવું = હલકું.
૨. ફોતરું નાખવું = નોકરી માટે અરજી કરવી. તુચ્છકારમાં વપરાય છે.
૩. ન. ટુકડો; કટકો.

ફોતલોહ જ. ચુમક.

ફોતા (ફોતા) ૧. [ફા.] કું. કરચેરો; મહેસૂલ.
૨. કું. પૈસાની કોથળી; થેલી.
૩. કું. ઘણ.

ફોતાખાના (ફોતાખાના) [ફા.] કું. બજાનો.

ફોતાદાર (ફોતાદાર) ૧. [ફા.] કું. સરાફ; 'કેશિયર'.
૨. જિ. સિક્કા તપાસનાર.

ફોતાદારી (ફોતાદારી) ૧. [ફા.] જી. મહેસૂલ ઉઘરાવવાની કચેરી.
૨. જી. સરાફી.

ફોતીખાલ કું. (કચ્છી) એક પ્રકારનો વેલો, તેના ઉપર ઝૂરી કે ખોળી ફૂલાળ ઢોય છે. તેનાં મૂળ વાટી ઝેરી જનાવરના ડંખ ઉપર ચોપડાય છે.

ફોદાફરડા (ફોદાફરડા) કું.બ.વ. પાણી અને દહીંનું ઘટ્ટ ઘટ્ટ દેખાવું તે; પાણી સાથેના દહીંના છૂટા છૂટા કણ.

ફોદાફોદાથવું જિ. સરખું એકરસ ન થયું હોય તેવું; ફોદાફરડા હોય એવું.

ફોદીનો કું. ફુદીનો.

ફોદું ૧. ન. દાંનું ડાબું; ચકતું.
૨. જિ. બાવી ફુલેલું.
૩. જિ. ઢીલું; પોચું; નરમ.

ફોદો ૧. કું. દાંનું ડાબું.
૨. કું. નાનો ઓબો; ઓંઠોગઠ્યો.
૩. કું. સૂતર ઉપર ચોટેલું ફ.

ફોબો કું. (કચ્છી) ફોતો.

ફોન [અં.] કું. સ્વરવાહક યંત્ર; ટેલિફોનનું ટૂંકું રૂપ.

ફોનાર્યંત્ર ન. ધ્વનિવાહક યંત્ર; ' ટેલિફોન '.

ફોનોગ્રાફ [અં.] જ. અવાજ અને ગાયન વગેરેના ઉચ્ચારનું અનુકરણ થાય એવું એક યંત્ર; નાદયંત્ર; ધ્વનિધારક યંત્ર; સ્વરલેખક. પૂર્વે ગાયેલ રાગ, કહેવાયેલ વાતો અને વગાડવામાં આવેલ વાદ્યોના સ્વર વગેરે રેકર્ડમાં સંગ્રહીત થઈ હોય તે તેવા ફરીથી આ યંત્રથી સાંભળી શકાય છે. આ યંત્રની શોધ અમેરિકાના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એડિસને કરી છે.

ફોનોટોગ્રાફ [અં.] જ. એક જાતનું યંત્ર. તેની મારફતે બોલનારના શબ્દો વડે ઉત્પન્ન થયેલ વાયુતરંગોનું અંકન થાય છે.

ફોફ ૧. જિ. પોકું.
૨. જિ. નકામું; વ્યર્થ.
૩. જિ. ધાર વિનાનું; હલકું.

ફોફરી સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તેનાં પાન મનુષ્યનાં પાન જેવાં પાતળાં અને ફળ પોપટાની અંદર ઢંકાયેલાં હોય છે.

ફોફલ જુઓ ફોફળ.

ફોફલડી (ફોફળડી) ન. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. સ્ત્રી. સોપારી.

ફોફસું વિ. સાવ હળવું; ફોફા જેવું; બહુ જ ઓછા વજનવાળું.

ફોફળ ન. [અ. ફૌફલ] સ્ત્રી. સોપારી.

૨. ન. સોપારીનું ઝાડ. તે ૨૦થી ૧૦૦ ફૂટ ઊંચું ઊગે છે. તેની ઘાંડી સાબા વજરની, સુંદર લાંબા રંગની અને સીધી હોય છે. તેનાં પીળાં જેવાં પાનનો મુગટ તેની ઘાંડીની ટોચ પાસે ચારે બાજુ પ્રસરેલો હોય છે. તેમાં નર ને માદા ફૂલ જુદાં જુદાં આવે છે. ફળ લંબગોળ રાતાં કે નારંગી રંગનાં હોય છે. તેમાં એક બીજ હોય છે. તેને સોપારી કહે છે.

ફોફળિયાવાડ (ફોફળિયાવાડ) સ્ત્રી. ફોફળિયા લોકોથી વસાયેલો કહેરનો ભાગ; ચોરાસી ઘાંટેનું એ નામનું એક ચૌટું.

ફોફળિયું ન. ઓખો મારેનું એક જાતનું વજ્ર.

ફોફળિયો પું. સોપારી વેચનાર માણસ.

ફોફળી સ્ત્રી. સોપારીનું ઝાડ.

ફોફાં ૧. ન. ન. ૧. બગાસું; બાંડવી.

૨. ન. ક. ૧. સ્ત્રીઓનાં ફોતરાં.

ફોફું ૧. ન. ખાલી ફૂલેલું કે શક્તિ વજરનું માણસ.

૨. ન. બગાસું; બાંડવી; ગ્રીંગ.

૩. ન. સ્ત્રીઓનું ફોતરું.

૪. ન. સત્ત્વ વિનાની વસ્તુ.

ફોફાં બાંડવાં = ખાર વજરની વાત કરવી.

૫. વિ. હળવું; વજનમાં સાવ હળકું.

ફોફૈયો ૧. પું. બગરો; 'પ્લાવર'.

૨. પું. ફોડકો; પાણીથી ભરેલો ફોલ્લો.

ફોબી સ્ત્રી. (જ્યોતિષ) શનિના ૬૯ બાંહેનો એ નામનો ઉપગ્રહ. તેની શોધ સને ૧૮૪૯માં થઈ હતી. શનિથી તેનું અંતર ૮૦૫ લાખ માઈલ છે.

ફોબીસ પું. (જ્યોતિષ) મંગળના બે બાંહેનો પહેલો ઉપગ્રહ. તેની શોધ સને ૧૮૭૭માં થઈ હતી. મંગળથી તેનું અંતર ૭ લાખ માઈલ છે.

ફોમ ૧. સ્ત્રી. બરફમાં બોલાતી એક જાત.

૨. સ્ત્રી. ઝંઝાસ; બગાઈ.

૩. સ્ત્રી. ધ્યાન; ભાન.

૪. સ્ત્રી. ફામ; સરત; યાદ; સ્મરણ; સ્મૃતિ.

૫. સ્ત્રી. વહેમ; શંકા.

ફોયાડું ન. ફોઈ તરફથી અપાતી ભેટ.

ફોરો ૧. પું. રૂની દીટલી. તે નાના બાળકને દૂધ પાવા માટે વપરાય છે.

૨. [કિ.] પું. રૂનું બરફમાં બોળેલું પૂમડું.

ફોર ૧. સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ; આબરૂ.

૨. સ્ત્રી. બગાસું; મોટાઈનાં વખાણ; ડંફાસ.

૩. સ્ત્રી. સુગંધ; પરિમલ; સોડમ; સુવાસ.

ફોરણું ન. નસકોરું.

ફોરન (ફોરન) [અ. ફોરન] ન. બબડાટ; બહુ કકળાટ; કકડાટ.

ફોરમ ૧. સ્ત્રી. બગાસું.

૨. સ્ત્રી. સુગંધ; સુવાસ.

ફોરમ મારવી = (૧) બગાઈ મારવી. (૨) સુગંધ મહેકવી.

ફોરમવું ૧. ન. ક્રિ. બગાવું.

૨. ન. ક્રિ. ફેલાવું; પ્રસરવું.

૩. ન. ક્રિ. મહેકવું.

ફોરમેન ૧. પું. પંચનો વડો; સરપંચ; 'ફોરમૅન'.

૨. પું. મુકાદમ.

૩. પું. મુનીમ.

ફોરવવું સ. ક્રિ. ફોરે એમ કરવું.

ફોરવું ન. ક્રિ. સુવાસ ફેલાવી; મહેકવું.

ફોરાઈ ૧. સ્ત્રી. ઉદારતા; હાથનું છૂટાપણું.

૨. સ્ત્રી. ત્વરાથી ક્રમ કરવાની ટેવ.

૩ સ્ત્રી. સ્ફૂર્તિ; ચંચળતા; હોશિયારી; ચાલાકી.

ફોરાવવું સ. ક્રિ. ફેલાવવું; પ્રસરાવવું.

ફોરાં ૧. ન. ન. ૧. જમીનમાં પડેલી ફાટ.

૨. ન. ન. ૧. વરસાદના છાંટા.

ફોરી સ્ત્રી. (રૂપી) સ્ફૂર્તિ.

ફોરીન ૧. વિ. બીજાનું; પારકું; 'ફોરીન'.

૨. વિ. વિદેશી; પરદેશી.

ફોરીન પોસ્ટ જુઓ. પરદેશ જાતાની ટપાલ; 'ફૉરીન પોસ્ટ'.

ફોરીન મની ઑર્ડર પું. પરદેશ જાતે મોકલવાની હૂંડી; 'ફૉરીન મની ઑર્ડર'.

ફોરું ૧. ન. છાંટો; ટપકું; ટીપું.

૨. ન. રંગનો ડાઘો.

૩. વિ. ચંચળ; ચાલાક; ઉતાવળું.

૪. વિ. ઓછા મનનું; ખુલ્લા દિલનું; ઉદાર.

૫. વિ. મોકું; કાચા જેવું ખૂલતું.

૬. વિ. હળવું; હલકા વજનનું.

ફોરેસ્ટ [અં.] ન. જંગલ; વન; વગડો; અરણ્ય.

ફોરો ૧. પું. ઉત્સાહ; ઉમળકો; હોંશ.

૨. પું. પરપોટો.

૩. પું. (વહાણવટું) પાણીથી રક્ષણવતી અને અંદર ઊતરી જવાય એવી રેતી, ગારો વગેરેથી ભરેલી પોચી જમીન.

૪. પું વરસાદનું ટીપું.

ફોર્જરિ સ્ત્રી. ખોટી સહી કે ખોટો દસ્તાવેજ કરવાનો અપરાધ; 'ફૉર્જરિ'.

ફોર્ટ પું. કિલ્લો; દુર્ગ; 'ફૉર્ટ'.

ફોર્ડ ૧. પું. મોટરગાડી બનાવવામાં પ્રસિદ્ધ થયેલો અમેરિકન યાંત્રિક. તેનું નામ હેન્રી ફોર્ડ છે. તેનો જન્મ મિશિગન પરગણાના ડીઅરબોર્ન ગામમાં સને ૧૮૬૩માં થયો હતો. એનાં માબાપ મધ્યમ સ્થિતિનાં ખેડૂત હતાં. ફોર્ડને સાધારણ સિવાય બીજા કામમાં મન પડતું નહોતું. એક વાર તે તેના બાપ સાથે પોતાને ગામથી બીજે ગામ પોતાની બળદની ગાડીમાં બેસી જતો હતો, એવામાં રસ્તામાં તેની નજર એક મોટા વરાળયંત્ર ઉપર પડી. તેણે આ પહેલવહેલું મોટા વજરનું એન્જિન જોયું. એ એન્જિન કેવી રીતે બન્યું, કેવી રીતે કામ આપે છે, એ સંબંધી જેટલી મળે તેટલી માહિતી તેણે પ્રશ્નો પૂછીને મેળવી. સાધારણ તરફ તેને પ્રેમ લાગ્યો, અને એવાં પુસ્તકો મેળવી બાનગી સમયમાં તેનો અભ્યાસ કર્યો. એ અભ્યાસમાં આગળ વધતાં તેની કલ્પનામાં એક નવો સંચો પ્રકટ થયો. તેને ટ્રેક્ટર એટલે વરાળથી ચાલતું હળ બનાવવાનો વિચાર થયો. તે પછી તેણે સંકેલી હેરવીફેરવી શકાય એવો એક બાકડા વહેરવાનો સંચો બનાવ્યો. ત્યારપછી થોડે વખતે તે પરણ્યો. પોતાની વપરાશની નાનામાં નાની ચીજ પણ તે જાતે જ બનાવી લેતો. આ સિદ્ધાંત બાબા જીવનભર ફોર્ડ બાબર્યો એ જ તેની સફળતાનું રહસ્ય છે. ધીમે ધીમે ઈ. સ. ૧૮૯૩માં ફોર્ડનું ગેસોલિન એન્જિન તૈયાર થયું. કલાકના ૩૦ માઈલની ઝડપે ચાલનારી ગાડી તૈયાર થઈ. ત્યારપછીના દશકમાં બબ્બારા સોબકોની ભાગ્યતામાં બને છે તેમ ફોર્ડને માથે કટબાયે તડકાછાંયા વીતી ગયા. અંતે ૧૯૦૨માં પોતે પહેલવહેલી મોટર તૈયાર કરી. ત્યારપછી બાર વર્ષે તેણે પોતાની પહેલી રેસિંગ કાર એટલે ચરતની મોટર ૬૬૬ બાહેરમા મૂકી. ત્યારપછી થોડા વખતે કલાકના ૬૨ માઈલની ઝડપે બરફ ઉપર મોટર હંકારીને તેણે

માણસે કદી ન કલ્પેલી ઝડપ નોંધાવી. અમેરિકે આખું યંત્રોલે શ્વાસે ને આશ્ચર્યથી ફાટી આંખે આ જોઈ રહ્યું; પણ ફોર્ડને આથી સંતોષ થાય તેમ ન હતું. એને તો પોતાની આ સોધ માનવજીવનના કલ્યાણ અર્થે સિદ્ધ કરવી હતી. પરિણામે ૧૯૦૨ની સાલમાં પંદર માસની મહેનતને અંતે તેણે ૧,૫૦૦ મોટરો તૈયાર કરી. ત્યારપછી પચીસ વર્ષે ૧૯૨૭થી તેણે દર વર્ષે પંદર લાખ મોટરો બનાવવાનો ભગીરથ પ્રયત્ન કરી પોતાનું નામ જગજાહેર કર્યું. જે ફોર્ડની મહત્તાડિયાના ફક્ત નવ રૂપિયા કમાતો, તે આજે સેકંડના લગભગ પંદર રૂપિયા કમાય છે. દુનિયાનો એ મોટામાં મોટો શ્રીમંત છે, એટલું જ નહિ પણ પૈસા માટે જે મોહ શ્રીમંતો ધિક્કાર નથી પામ્યા તેમાંનો હેન્રી ફોર્ડ એક છે. પોતાના કારખાનામાં તેણે વૃદ્ધો અને અપંગો માટે એવાં કામ ગોઠવ્યાં છે કે જેમાંથી એ લોકોને પૂરતું વેતન મળી રહે છે અને ફોર્ડને સંપૂર્ણ લાભ માણસ જેટલું કામ મળી રહે છે. આ પછી ફોર્ડે ટ્રેક્ટર એટલે યાંત્રિક હળનું કામ સંપૂર્ણ કરી તેને બજારમાં મૂક્યું. માનવજીવનની સેવા કરીને પણ લક્ષ્મી રળી શકાય છે તેનું જ્વલંત દૃષ્ટાંત એનું જીવન પૂરું પાડે છે. તેને માત્ર એક મોટર બનાવનારા તરીકે ઓળખવો એ ઠીક નથી. એ શ્રદ્ધાવાન ભવિષ્યવાદી છે. એનામાં અવર્ણ બંધુભાવ જાગ્યો છે. આત્મવિશ્વાસ કરી શકે એવી કેટલીક સાહસિક શક્તિઓનો એ ભંડાર છે.

૨. [અં.] સ્ત્રી. એક પ્રકારની મોટરગાડી.

ફોર્મ ૧. ન. આકાર; ઘાટ; 'ફૉર્મ.'

૨. ન. પત્રક; નમૂનો; કાગળો; કાપરેખા.

૩. ન. ફોરમ; કરમો; ઓખું.

ફોર્મ્યુલા સ્ત્રી. ગુરુસૂત્ર; રસનાસંકેત; 'ફૉર્મ્યૂલ.'

ફોર્સ ૧. [અં.] ન. બળ; તાકાત; શક્તિ.

૨. ન. સૈન્ય; લશ્કર; ફોજ.

ફોર્સપંપ [અં.] પું. જલોત્ક્ષેપક યંત્ર.

ફોર્સેપ [અં.] પું. ચીપિયો.

ફોલ ૧. પું. કચૂકા કાઢી નાખેલી અંબલી.

૨. પું. કાલાં કાઢેલો કપાસ; ફોલેલો કપાસ.

૩. પું. ઢગલો.

૪. પું. ફોલામણ.

૫. પું. ફોલીને કાઢેલું તે.

૬. ન. પડ પાડની તે; 'ફોલ.'

૭. વિ. નકામું; અર્થે.

ફોલણી સ્ત્રી. ફોલવાની; રચના.

ફોલવું સ. ક્રિ. વરાડ કરવો; વહેરવું.

બિસ્મથ [અં.] ન. એક પ્રકારની ધાતુ. તેનો ક્ષાર ઝાડાને રોકવાના તથા ઊલટી બંધ કરવાના કામમાં બિલાયતી દવામાં વપરાય છે. તે ધોળા રાતા રંગની અને સીસાથી કઠણ પણ જરા ભરડ હોય છે.

બિસ્માર ૧. ન. ઝેર ઉતારવાનું ઓસડ.

૨. વિ ખરાબ

૩. વિ. પાયમાલ; ભાંગીતૂટી ગયેલું; હાલહવાલ થઈ ગયેલું.

બિસ્મિલ ૧. [અ.] વિ. કુરબાની કરેલું; ભોગ ધરેલુ

૨ વિ. ઘાયલ; જખ્મી

૩. વિ. તરફડતું; તરફડિયાં મારતું

બિસ્મિલ્લા [અ. બ (માં) + ઇસ્મ (નામ) + અલ્લા (ખુદા)] અ અલ્લાના નામે; બિસ્મિલ્લાહ

૧. બિસ્મિલ્લા કરવું = (૧) આખાનું કાંઇ કરવું; આરોગવું. (૨) કરત પ્રમાણે કોઈ પ્રાણીની કતલ કરવી; બિસ્મિલ્લાનો મંત્ર બોલી એને કરવું. (૩) શરૂ કરવું.

૨. બિસ્મિલ્લા હિર્ રહ્માન નિર્રહીમ = પરમ કૃપાળુ પરમેશ્વરનું નામ લઈને.

બિસ્યાર [હા.] વિ. ઘણું

બિસ્યારી [હા.] સ્ત્રી. અધિકાઈ; પુષ્કળતા.

બિસ્વા [હિ.] પું. વીઘાનો વીસમો ભાગ.

બિસ્સેનપુરી ન. રહ; હિમાલયનું એક શિખર.

બિહડ (બિહ્ડ) ૧. સ્ત્રી. ખરબચડી જમીન.

૨. વિ. જંગલી.

૩ વિ. વાંકુ.

બિહરી [હિ.] સ્ત્રી. આગ; ઝાળો; ભડકો

બિહગ ૧. [સં.] પું. પક્ષી; વિહગ

૨. પું. (સંગીત) બિહાગને મળતો એ નામનો એક રાગ; વિહંગ. તે ગાવાનો વખત મધ્યરાત્રિનો છે. તેની જાતિ સંપૂર્ણ છે એટલે તેમાં તમામ સ્વર બિહાગના છે, પણ મ્રહ, ન્યાસ અને વાદી સ્વરમાં ફરક છે. મ્રહ સ્વર ધૈવત છે, પંચમ ન્યાસ સ્વર છે અને વાદી સ્વર ગાંધાર છે.

બિહાઈ ૧. પું. ભાખડો; ભાળકોના મનમાં વાગકરતી બાનેહી અને ડિલગીર વસ્તુઓ ઝંઝેરો મનાતો એક પ્રેત. તેના તેમ કરવાથી બાળક હસે છે અને રૂએ છે.

૨. સ્ત્રી. બાળકના જન્મ વખતે ગવાતું મુબારકબાદીનું ગીત.

બિહાગ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ત્રણ રીતે ગવાય છે ઓડવ, ષાડવ અને સંપૂર્ણ ઓડવમાં રિ, ધ બાડવમાં રિ અથવા ધ વિકલ્પે વર્જ્ય થાય છે. આ રાગમાં કોઈ તીવ્ર મધ્યમ મેળવે છે, પરંતુ એમ કરવાથી પરંપરાના નિયમનો લોપ થાય છે, તેથી શુદ્ધ મધ્યમ એવો રોગ્ય છે. સંપૂર્ણ જાતી વખતે પણ રિષભ

આરોહમાં વર્જ્ય છે. આ રાગમાં ગ્રહ સ્વર છે અને પંચમ ગ્રહ અલાપચ સારે આ રાગ આરોહમાં વર્જ્ય થાય છે. શાંત અને શૃંગાર રસથી સંધિના ત્રીજા પહોરમાં તે ગવાય છે. તેના આરોહમાં સા, ગ, મ, પ, નિ એમ પાંચ સ્વર અને અવરોહમાં સાત સ્વર આવે છે. આ રાગ મધ્યમ પ્રકૃતિવાળો છે. મધ્યમ સ્વર શુદ્ધ તથા તીવ્ર બંને વપરાય છે. જ્યાં તે બંને લેવાના હોય ત્યારે પહેલા તીવ્ર મ લઈ ને પછી શુદ્ધ મ ઉપર આવવું કેટલાક લોકો અવરોહમાં રિ અને ધ ને અલ્પ માને છે તેનો વાદી સ્વર મ અને સંવાદી નિ છે. આ રાગને મળતો શંકરાભરણ ઘાટનો બિહાગડા નામનો રાગ છે. તે હિંડોલ રાગનો પુત્ર મનાય છે

બિહાગડો (બિહાગડો) પું (સંગીત) હનુમત મત પ્રમાણે શ્રીરાગના આઠ પુત્ર માંહેનો સંપૂર્ણ જાતિનો એક રાગ તેને કોઈ ભગવ અથવા વિરહ પણ કહે છે. તે મહારવા, કેદાર અને સરસ્વતીથી મિશ્ર છે. તેની જાતિ સંપૂર્ણ ઔટલે ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બંને, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે તેમાં પંચમ વાદી સ્વર છે, ગાંધાર સંવાદી અને નિષાદ અનુવાદી સ્વર છે. તે રાગનો વખત રાત્રિનો બીજો પ્રહર છે. આ રાગની બે જાતિ છેઃ શુદ્ધ બિહાગ અને બિહાગડા બિહાગ. તેમાં શુદ્ધ બિહાગ પણ સંપૂર્ણ છે અને તેના સ્વર ઉપર પ્રમાણે છેઃ પરંતુ આરોહમાં રિષભ, ધૈવત ત્યાજ્ય છે. તે બિલાવલ ઘાટમાંથી ઉત્પન્ન થાય છે. આ રાગમા બધા શુદ્ધ સ્વરો આવતા હોવાથી શંકરાભરણ ઘાટમાં તેનો સમાવેશ થાય છે

બિહાન ૧. [હિં.] પું. સવારનો સમય.
૨. પું. સવાર; પરોઢિયું, પ્રાતઃકાલ.

બિહામણું વિ બિહામણું; ભયંકર; ડરામણું.

બિહામણું વિ. બીજે ઠેકાણે એવું; ડરામણું.

બિહાર પુ. હિંદુસ્તાનનો પૂર્વ તરફનો એ નામનો એક પ્રાંત. આપીજી બિહાર વિષે લખે છે કેઃ બિહાર તુલસીદાસજીના રામાયણની ભૂમિ છે. બિહારી ગમે તેવો ભણ્યો હશે અથવા ગમે તેટલો ગરીબ હશે તો યે તેનો સાદ દમેશ એ ભગવાનની ઓપાર્જિઓથી ગાજ્યા કરે છે. બિહારી ભાર્યાઓ પાપ શું ને પુણ્ય શું તે જાણે છે.

બિહારી ૧ પું. (સંગીત) એ નામનો એક રાગ. ખમાજ ઘાટના સંપૂર્ણ રાગમા તેનો સમાવેશ થાય છે. આ રાગમા શુદ્ધ નેમ જ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય ત્રણ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ષડજ અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ રાત્રે બીજે પ્રહરે ગાવાનો પ્રચાર છે. આ રાગમાં નિસારમોહ અને સોરઠ રાગનો આભાસ થાય છે.
૨. [હિં.] પું. કુબ્જનું એક નામ
૩ સ્ત્રી. બિહારની બોલી.
૪. વિ. બિહારનું; બિહાર પ્રાંતનું.
૫. વિ. વિહાર કરનારું; વિહારી.

બિહાવવું સ ક્રિ. બિવડાવવું; બિવરાવવું; બીક બતાડવી

બિહિલ [હિં.] સ્ત્રી. બાણ.

બિહિશ્ત [ફા.] ન. સ્વર્ગ; મોક્ષ; વૈકુંઠ.

બિહિશ્તી ૧. પું. (હિંદી) ભિસ્તી; પાણી પૂરું પાડનારું માણસ
૨. [ફા. બિહિશ્ત (સ્વર્ગ)] વિ. સ્વર્ગીય; દૈવી.

બિહી ૧. [હિં.] પું. જામફળ.
૨. પું. સફરજન.
૩. સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનાં ફળ કોઠમના ફળ જેવાં ખાટાં હોય છે. તેનું ખીને મોરબાઈ દાણા કહે છે. પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, મુખપાક વગેરે ઉપર તે દવાના કામમાં આવે છે. બિહીનાં ફળનો મુરબ્બો કરાય છે.
૪. [ફા.] સ્ત્રી. ભલમનસાઈ; સજ્જનતા.

બિહીદાના જુઓ બિહી ૩.

બિહીન ૧. [ફા. બેહતરીન] વિ. બહુ જ સરસ
૨ [હિં] વિ. વિનાનું; રહિત.

બિહુ વિ બેઉ; બંને.

બિહ્લણ [સં.] પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલો સંસ્કૃત ભાષાનો એ નામનો એક પ્રસિદ્ધ કવિ. તેણે વિક્રમાંક દેવચરિત અને ચૌરપંચાશિકા નામનાં કાવ્ય રચ્યાં છે.

બિંબ ૧. [હિં.] પું. બંબ; વાદોક્તિ.
૨. સ્ત્રી. મુંબઈ પાસેના દરિયામાંથી મળતી એક જાતની માછલી

બિંગી સ્ત્રી. અવાજ કરતો ભમરો.

બિંડા સ્ત્રી. ભારી; મોટો ઝુડો

બિંદ ૧. પું. (ગણિત) દરેક ચરણમાં ત્રગણ અને નગણ મળી ૭ અક્ષર હોય એવો એક વૃત્ત
૨. પું. ભમર; અને આખની વચ્ચેનો ભાગ.
૩. સ્ત્રી. બિંદી; નિશાની.
૪. ન. પાણીનું બિંદુ.
૫. ન વીર્યનું ટીપું

બિંદગી જુઓ બિંદી.

બિંદડી (બિંદડી) ૧. સ્ત્રી સીવી લીધેલી નાની પોટલી; જેમકીઃ 'પાર્સલ'.
૨. જુઓ બિંદી.

બિંદા [[હિં.] પું. તિલક; ટીલું.

બિંદાલ સ્ત્રી. એક જાતની ઔષધિ, કૂકડવેલ.

બિંદી ૧. સ્ત્રી. અનુસ્વારનું ટપકું; બિંદુ.
૨. [સં. બિંદુ (ટીપું)] સ્ત્રી. કપાળનું એક જાતનું ઘરેણું.
૩. સ્ત્રી. બિંદુ; નિશાન.
૪. સ્ત્રી બિંદગી; ટીપકી; આંખ; બીનકી; ટીલડી. આ શબ્દ બિંદુ ઉપરથી થયેલ છે. સ્ત્રીઓના કપાળમાં ટીલડી સૌભાગ્યસૂચક ગણાય છે.
પણત્રે તેજ પુંજોની ઝળકતી બિંદની બિંદી,
ખૂંચે ગુણ સમાં કેને અમાયાં કૂતડાં બિંદી.
બિહારી
૫. સ્ત્રી. ચન્દ્ર; ચાંદુ.

બિંદુ ૧. [સં.] પું. (સંગીત) અક્ષરવૃત્ત માંહેનો એકાક્ષરનો વર્ણોચ્ચાર.
૨. પું. અલ્પાંશ; થોડો હિસ્સો.
૩. પું. (પુરાણ) એ નામના એક ઋગ્વૈદિક ઋષિ પુત્રદક્ષ. તેણે આઠમા મન્વંતરનું દેવસાવર્ણિ પુરાણ રચ્યું છે.
૪. (પિંગળ) પું. એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં નગણ અને તગણ મળી ૭ વર્ણ હોય છે.
૫. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ, મગણ અને ગુરુ મળી ૧૨ વર્ણ હોય છે.
બિંદુ વિષે જ જ્યાં ત્યાં આખો. રણછોડજી
૬. પું નાટકમાં અર્થાંતર કથાનું બીજ.
૭. પું. નાટકજન્ય ચિત્તવૃત્તિની એક અવસ્થા.
૮. પું. પાંચ પ્રકૃતિ માંહેની સાહિત્યપ્રસિદ્ધ એક અર્થપ્રકૃતિ.
૯. પું. શિવ; શંકર.
૧૦. સ્ત્રી. ચોપન માંહેની એક વાયુતત્ત્વ દેવતા; પરમાત્માની ઇચ્છાશક્તિનું સ્વરૂપ.
૧૧. ન. એ નામનું એક સરોવર. તે સિદ્ધપુરમાં આવેલું છે. અહીં મનુષ્યશ્રાદ્ધ કરાવાય છે
તે દેવભૂતિ કન્યા થકી. પ્રભ ઉપલબ્ધને અનંત;
ઋષિ કર્દમના સત્ય તપથી, હરખ્યા શ્રી ભગવંત.
અનંત હર્ષે ઘરે હલ્યો, આનંદ પામિયા બ્રહ્મજાત,
લ્યા હર્ષ આંસુ થયું હરિને, કહું પુત્રી પાત.
તે બિંદુ એક પડ્યું સહી, અવની વિષે તે વાર.
તેનું બિંદુ સરોવર ઉપન્યું, મહાતત્ત્વ તણી મોજાર.
પદ્મનાભ ભાગવત

૧૨ ન કાળો ડાઘ; કલંક
૧૩ ન ટપ, અનુસ્વારમુખર એક ચિહ્નભેદ.
૧૪ ન. ટીપું; કોરું, ટપકું; બુંદ.
બિંદુનો સિંધુ કરવો = અતિશયોક્તિ કરવી.
રજનું જાજ કરવું; તરણાનો મેરુ અને કાગનો વાઘ કરવો
૧૫. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માર્ગનું બીજું અંગ; દ્રુત અંગ.
૧૬. ન. નાનું ટીપું.
૧૭ ન. પરિપક્વ થયેલાં કર્મો સાથે એકતારૂપ કર્માકાર પરિણામને પામતું આત્માનું સ્વરૂપ.
૧૮. ન બીજ; ધાતુકણ
૧૯ ન ભૂમિતિમાં દર્શાવેલ લંબાઈ, પહોળાઈ તથા ઊંડાઈ વિનાની આકૃતિ. તેને સ્થિતિ હોય છે, પણ મહત્ત્વ હોતું નથી.
૨૦ ન. મીંડું; શૂન્ય
બિંદુ અવરોહી પું (સંગીત) એક જાતનો આરોહ.૨
બિંદુકરેખવર્ધમાલા [સં.] સ્ત્રી. તારસપ્તકના મોજણવામા વપરાતા મીંડા અને લીટીની સંજ્ઞાવળી મોર્સ નામના માણસે યોજેલી અક્ષરમાળા.
બિંદુકિતવક્ર ન. ટપકાટપકાંવાળી વાંકાચૂકી લીટી.
બિંદુકેંદ્ર ન ટપકાનું કેંદ્ર; બિંદુનાભી.
બિંદુચિત્રક [સં.] પું. એક જાતનો મૂત્ર.
બિંદુજાલ ૧. [સં.] ન. બિંદુઓનો સમૂહ.
૨. ન કાપેલી સપાટી ઉપર ટપકાનો સમૂહ.
બિંદુતંત્ર ૧. [સં.] પું. ચોપાટ.
૨. પું. પાસો.
૩. પું. શતરંજ જેવી તે. ચતુરંગખેલન.
૪ પું. સોગઠાં જેવાનું પાટિયું.
બિંદુદેય [સં.] પું. શિવ.
બિંદુદોષ પું. હીરાની કણી માફેની એક જાતની ખામી. આવા હીરામા રાતાં ટપકાં માલૂમ પડે છે.
બિંદુનાથ [સં.] પું. કાવિલાનો એ નામનો એક મહાન યોગી
બિંદુનાભિ જુઓ બિંદુકેંદ્ર.
બિંદુનિધાન જુઓ બિંદુપથ.
બિંદુપત્ર [સં.] પું. ભોજપત્રનું ઝાડ.
બિંદુપત્રા [સં.] સ્ત્રી. એક જાતનું કેદ.
બિંદુપથ [સં] પું. (ગણિત) બિંદુનો રસ્તો; 'લોકસ'. કોઈ અસ્થિર બિંદુ ભૂમિતિની કોઈ પણ આપેલી શરતનું પાલન કરીને ગતિ કરતું હોય તો તેની ગતિના માર્ગરૂપ જે વક્ર કે સીધી લીટી થાય તેને બિંદુપથ કહે છે. આનો ખાસ ધર્મ એ છે કે, જો બિંદુ આપેલી શરતનું પાલન કરતું હોય તો તે લીટી ઉપર હોવું જોઈએ અને જો તે લીટી ઉપર હોય તો આપેલી શરતનું પાલન કરતું હોવું જોઈએ
બિંદુપાતિકુપિકા [સં. બિંદુ (ટીપું) + પાતિન્ (પાડનાર) + કૂપિકા (શીશી)] સ્ત્રી. ટીપાં નાખવાની શીશી.
બિંદુપાતિનિપાય [સં.] પું. ટીપાં નાખવાની સગણી.
બિંદુપ્રતિક્રિયાપત્ર [સં.] ન. રાસાયણિક દ્રાવણ તપાસવાનું છે તે તપાસવાનો કસોટી કાગળ
બિંદુફલ [સં.] ન. મોતી.
બિંદુમતિ પું. (પિંગળ) એ નામનો એક છંદ.
બિંદુમતી ૧. સ્ત્રી. (પુરાણ) ઋષભદેવના વંશના મણીચિ રાજાની એ નામની સ્ત્રી.
૨. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશોત્પન્ન યુવનાશ્વના પુત્ર માંધાતા રાજાની એ નામની સ્ત્રી.
બિંદુમાધવ [સં.] પું. (પુરાણ) કાશીમાં આવેલ વિષ્ણુમાધવ દેવ
બિંદુમાન [સં. બિંદુમત્] પું. (પુરાણ) પ્રિયવ્રતવંશોત્પન્ન ઋગ્નીધ્રપુત્રમાં જન્મેલા મરીચિ રાજાને બિંદુમતીથી થયેલો એ નામનો પુત્ર તેને સરયૂ નામની સ્ત્રીથી મધુ નામનો પુત્ર થયો હતો
બિંદુમાપક [સં.] ન. પ્રવાહીના ટીપાં માપવાની નળી; ક્રૅમકા; 'સ્ટૅક્રોમિટર'.
બિંદુમાપકૂપક [સં.] પું. ટીપાં માપવાનો યંત્ર સૅંટિમિટર તથા ઇંચના આંકવાળો મોળો.
બિંદુર [સં.] વિ. બુદ્ધિમાન.
બિંદુરેખક ૧. [સં.] પું. અનુસ્વાર વર્ણ
૨. પું. એક જાતનું પક્ષી.
બિંદુરેખણીજ્યાકૃત [સં] ન. બિંદુ આલેખન ભણગણિત.
બિંદુરેખા [સં.] સ્ત્રી. ટપકાં ટપકાં કરેલ લીટી; સળંગ લીટીને બદલે ટપકા કરીને દર્શાવેલ લીટી; ત્રુટિત રેખા.
બિંદુરેખીયનિદર્શન [સં.] ન. ટપકાં વડે લીટી દોરીને સમજાવેલો દાખલો.
બિંદુરેખીયવિધિ [સં.] પું. આલેખ રીત; આલેખ પદ્ધતિ.
બિંદુલી [હિં.] સ્ત્રી. બિંદી; ટપકી.
બિંદુવેધ [સં.] પું. ધનુર્વિદ્યાનો એક પ્રયોગ; મીણબત્તીની જ્યોતિને તીરથી હોલવવી તે.
બિંદુશ્રેણી [સં] સ્ત્રી. એક જ સીધી લીટી ઉપર અનુક્રમે આવેલાં બિંદુઓની હાર.
બિંદુસર ૧. [સં.] ન. (પુરાણ) એ નામનું એક સરોવર. ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર ક્ષેત્રમાં તે આવેલું છે. કર્દમ પ્રજાપતિ સરસ્વતીતીરે તપ કરતા હતા. તેના ઉપર કૃપા વરસાવવા વિષ્ણુ ત્યાં આવ્યા. તે વેળા કર્દમને જોઈ ને વિષ્ણુ અતિ સંતોષ પામ્યા અને તેમનાં નેત્રમાં આનંદાશ્રુ આવ્યાં, તે બિંદુ ભૂમિ ઉપર પડ્યાં, તેમ થી ઉત્પન્ન થયેલું સરોવર બિંદુસર કહેવાય છે.
૨ ન. (પુરાણ) હિમાલયના હિરણ્યશૃંગ નામના શિખરની ખીણની આજુમાં આવેલું એ નામનું સરોવર. ભગીરથ પ્રવાહ ગંગાને પોતાને મસ્તકે ધારણ કર્યો. તેમાંથી થોડા બિંદુ ભૂમિ ઉપર પડ્યાં. તેમાંથી આ સરોવર ઉત્પન્ન થયાનું મનાય છે
બિંદુસંભવ [સં.] પું. શિવનાં હલકર માંહેનું એક નામ.
બિંદુસાર પું. મૌર્યવંશી ચંદ્રગુપ્તનો એ નામનો પુત્ર.
બિંદ્રાબની પું (સંગીત) એ નામનો એક રાગ. તેનો સમાવેશ ઓડવ પ્રકારના રાગમાં થાય છે. તેની ઉત્પત્તિ કાફી થાટથી થઈ છે. તેમાં ગાંધાર વિવાદી વર્જ્ય છે અને બંને નિષાદનો પ્રયોગ થાય છે. બાકી સર્વ શુદ્ધ સ્વર છે. તેમા વાદી સ્વર રિષભ, સંવાદી પંચમ છે. વાદી સ્વર પૂર્વાંગ પ્રબળ હોવાથી આ રાગ ગાવાનો સમય દિવસનો ત્રીજો પ્રહર માન્ય કર્યો છે
બિંદ્રાબની સારંગ પું (સંગીત) એ નામનો એક રાગ. તે ગાવાનો વખત દિવસના એક વાગ્યાનો છે. તેની જાતિ ઓડવ છે એટલે વિવાદી બાદ છે. તેમાં ખરજ પંચમ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર, મધ્યમ કોમળ, નિષાદ તીવ્ર અને કોમળ બને, એ પ્રમાણે ૭ સ્વર આવે છે.
બિંધ્ય [સં] પું. વિંધ્યાચળ પર્વત.
બિંબ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને બિંબા, બિંબનિભ્રમા, બિંબા, પંક્તિ કે પદ્મા પણ કહે છે તે ભૂતની છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ અને યગણ મળી નવ વર્ણ હોય છે.

ન સ ય પર બિંબમાં પું. ઉદાહરણ

૨. પું. (પિંગળ) મગણ, તગણ, નગણ, સગણ, બે તગણ અને ગુરુ મળી ઓગણીસ અક્ષરનો એક વર્ણમેળ છંદ. તેમાં પાંચમા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૩ પું સ્વરોત્પાદક યંત્રની તાવડી.

૪ [સં] ન. આકાશમાં સૂર્યચંદની આળી જેવી ગોળ દેખાતી સપાટી; સૂર્યચંદનું ગોળાકાર સ્વરૂપ; સૂર્યચંદ્ર મંડળ

૫ ન ઉપાધિની અંદર રહેલું છતાં ઉપાધિની અંદરના રૂપથી જેનું રૂપ જુદું ન હોય એવું જે તે ઉપાધિથી બહાર રહેલું હોય તે બિંબ કહેવાય. જેમકે, જળરૂપ ઉપાધિમાં રહેલું ચંદનું પ્રતિબિંબ છે અને આકાશમાંનો ચંદ્ર એ ઉપાધિ બહાર છે. એ ઉપાધિની અંદરના ચંદ્રથી જુદો નથી, માટે ઉપાધિની બહારનો ચંદ્ર તે બિંબ કહેવાય છે.

૬ ન કાચ, પાણી વગેરેમાં જે આકૃતિ દેખાય તેનું અસલ સ્વરૂપ.

૭ ન. બિલ્લેપું. ટીંડોરું

૮ ન છબી, છાયાચિત્ર; પ્રતિછાયા; પ્રતિમા.

૯. ન દર્પણ, અરીસો

૧૦. ન શિવલિંગ

૧૧ ન. કોઈપણના આકાર કે અવયવ સૂચવે જન્મતું ખાળક

બિંબક ૧. [સં.] પું. બિંબ કે સૂર્યનું મંડળ.

૨. પું. બહુ જ જૂના સમયનું એક જાતનું વાજું. તેના ઉપર ચામડું મઢેલ હોય છે.

બિંબકપાટ પું ગોળી જેવો બનેલો પડદો.

બિંબજા [સં.] સ્ત્રી ફળ આવેલો પોલીનો વેલો.

બિંબટ ૧ [સં.] પું. રાહુનો છેદ

૨. પું. સન્સ્વ.

બિંબપ્રતિબિંબભાવ જુઓ બિંબપ્રતિબિંબવાદ.

બિંબપ્રતિબિંબભાવાપન્ન [સં.] વિ. મૂળ અને તેના પ્રતિબિંબના ભાવને પામેલું

બિંબપ્રતિબિંબવાદ [સં.] પું. બિંબપ્રતિબિંબ એક જ વસ્તુ છે અને નામરૂપના નિદાનરૂપ પદાર્થ એવું કાંઈ છે જ નહિ એવો મત.

ચંદ્રનું અનેક જળાશયમાં પ્રતિબિંબ પડી એ અનેક દેખાય છે તેમ એક પરમાત્મા અનેકરૂપે દેખાય છે. આ બિંબપ્રતિબિંબવાદ.

આપણો ધર્મ

બિંબફલ [સં] ન. એક જાતનું શાક.

બિંબફલા ૧. [સં] સ્ત્રી ટીંડોરાંનો વેલો.

૨. સ્ત્રી. ટીંડોરું

બિંબભૂત [સં] વિ બિંબ તરીકે ઉત્પન્ન થયેલું મોહ અને પ્રમોહ એ નામની વૃત્તિઓ જેના રહી છે, જેનો જે આનંદમય હેતુ છે, તેવો બિંબભૂત જે નિત્યાનંદ છે તે જ આત્મા છે.

પંચદશીસારસમહ

બિંબવું અ ક્રિ પ્રતિબિંબ પાડવું.

બિંબવૃદ્ધિ [સં.] સ્ત્રી. સૂર્યચંદ્રના મંડળનું વધવું તે.

બિંબા ૧. પું. (બિમ્બ) એ નામનો એક અક્ષરમેળ છંદ; લલિતતિલકા. તેના દરેક ચરણમાં નગણ ભગણ અને મગણ મળી નવ અક્ષર હોય છે.

૨. પું. (બિમ્બ) એ નામનો એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૬૪ માત્રા અને ૧૦ યતિ મળી ૧૧૧ અક્ષરની ૧૨૮ માત્રા હોય છે.

૩. પું. પડઘો; છાયા.

૪ ન. ટીંડોરું

૫. ન. સૂર્ય કે ચંદ્રનું મંડળ.

બિંબાકર્ષકચિત્તશાસ્ત્ર [સં.] ન. ચિત્રલેખન શાસ્ત્રનો એક ભેદ. કાચ અથવા અમુક જાતના પથ્થર ઉપર નખ જેટલી જગ્યામાં આખી સૃષ્ટિનું ચિત્ર કેવી રીતે આલેખી શકાય અને તેમાં રહેલી બધી આકૃતિનાં સ્વરૂપ કયા યંત્રો દ્વારા જોઈ અને ઓળખી શકાય વગેરે વિદ્યાનું અદ્ભુત વર્ણન આ ગ્રંથમાં કરેલું છે.

બિંબાકાર ૧. [સં.] પું. ગોળ આકાર.

૨. વિ. ગોળ તબકતી જેવા આકારનું; ગોળાકાર; ગોળ.

બિંબાકૃતિ જુઓ બિંબાકાર.

બિંબાગત [સં] વિ. જેનું પ્રતિબિંબ પડ્યું હોય તેવું

બિંબાધર [સં. બિંબા (ટીંડોરું) + અધર (હોઠ)] પું. પાકા ટીંડોરા જેવો લાલ હોઠ.

બિંબાધરી [સં.] સ્ત્રી. લાલ હોઠવાળી સ્ત્રી.

બિંબાલક્ષ્મ પું. (બિમ્બ) એક અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાર્કરી છંદનો એક ભેદ છે

બિંબાંકુરિકા [સં.] પું. આંખના ડોળાનો ઊપસેલો ભાગ.

બિંબિકા [સં.] સ્ત્રી. ટીંડોરાંનો વેલો.

બિંબિત ૧. [સં.] વિ. છબી પાડેલું.

૨ વિ. જેનું બિંબ પડ્યું હોય તેવું; પ્રકાશનું પરિવર્તન થયેલું.

બિંબિતિકા સ્ત્રી. બિલોડી

બિંબિની [સં.] સ્ત્રી. આંખની કીકી.

બિંબિસાર પું. મગધ દેશનો મુખ્ય વંશનો એક પ્રખ્યાત રાજા. તેના પિતાનું નામ ભટ્ટાતશત્રુ હતું. ગૌતમબુદ્ધનો સમકાલીન હતો. કહેવાય છે કે, પ્રથમ તે શાક્ત હતો, અને પછી બુદ્ધના ઉપદેશથી બૌદ્ધ થયો હતો.

બિંબી ૧ [સં.] સ્ત્રી. બિલોડી.

૨. સ્ત્રી. ટીંડોરું; બિલોડું.

બિંબીલોટા સ્ત્રી. હિમાલયમાં થતું એક જાતનું ઝાડ.

બિંબુ [સં.] પું. સોપારીનું ઝાડ

બિંબોષ્ઠ ૧. [સં બિંબા (ટીંડોરું) + ઓષ્ઠ (હોઠ)] પું પાકા બિલોડા જેવો લોહી રાતો અધર. બિલોડું પાકવાથી બહુ જ લાલ અને સુરેખ બને છે. તે ઉપરથી કવિઓ હોઠને તેની ઉપમા આપે છે

૨. વિ. પાકા બિલોડા જેવા લાલ હોઠવાળું.

બિંબોષ્ઠા જુઓ બિંબોષ્ઠી.

બિંબોષ્ઠી ૧. [સં.] સ્ત્રી. પાકેલા બિલોડા જેવા હોઠવાળી સ્ત્રી

૨. વિ. સ્ત્રી. પાકા બિલોડા જેવા લાલ હોઠવાળી.

બિંબૌષ્ઠા જુઓ બિંબોષ્ઠી.

બિંબૌષ્ઠી જુઓ બિંબોષ્ઠી.

બિંબલી ૧. સ્ત્રી. એ નામના ઝાડનું ફળ

૨. સ્ત્રી. એક જાતનું સુંદર ઠંડા છાયાવાળું ઝાડ. તે સાત આઠ હાથ ઊંચું વધે છે. તેને વરસમાં બે ત્રણ વાર દ્રાક્ષનાં ઝૂમખાં જેવાં ફળ આવે છે. ફળનો આકાર ચોલાંના જેવો હોય છે, તે ખાટા હોય છે. કપડા ઉપર સાહીનો ડાઘ પડ્યો હોય તો તે આ ઝાડના રસથી નીકળી જાય છે

બી ૧. [હિં.] સ્ત્રી. બાઈ; સ્ત્રી; બીબીનું ટૂંકું રૂપ.

૨. ન. જેનાથી તેના જેવી બીજી વસ્તુ ઉત્પન્ન થાય તેવો કણ; વનસ્પતિનો કણ કે દાણો; બિયું; બીજ.

૧. બી ઊગી નીકળવું = (૧) જય થવો, ફતેહ થવી. (૨) સારી રીતે કાયદાકારક નીવડવું; મારે રસ્તે વપરાયેલું નીવડવું; મહેનત ફળવી

૨. બી નાખવું-રોપવું-વાવવું = (૧) ઝાડ વાવવું. (૨) પગ મૂકવો; દાખલ થવું. (૩) મૂળ જાણવું; પાયો નાખવો.

૩. બી મોડવું = (૧) નાશ કરવું. (૨) પાયો ઊખેડી નાખવો. (૩) સમાપ્તિ આણવી.

૩. ન. મૂળ; મડાણ; પાયો; મૂળ કારણ.

૪. ન. વસ્તુની અંદરનો ભર્યો; ભાવો.

૫. ન. વીર્ય; શુક્ર.

બાનું બગડેલું = માતાપિતામાંથી જ દોષો ઊતરી આવ્યા હોય એવું

૬. અ. છતાં; તોપણ

૭. અ વળી; પણ; અપિ

બીઅડ (બાંઅડ) ૧. સ્ત્રી. બીજી વાવવા લાયક જમીન.

૨. સ્ત્રી. સાંજ.

બી ઈ. [અં.] પું. ઇજનેરખાતાનો નિષ્ણાત; બેચલર ઑવ ઇન્જિનીઅરિંગનું ટૂંકું રૂપ.

બી એ [અં.] પું. સ્નાતક; કલાશિક્ષાનો અભ્યાસી, 'બેચલર ઑવ આર્ટ્સ'

બી એ ,એલએલ બી [અં.] પું. વકીલની એ નામની એક પદવી; એનો સ્નાતક; ખ ન.ઢ. જા.

બી એચ વાય. [અ.] પુ. આરોગ્યનો સ્નાતક; બેચલર ઑવ હાઇજિનનું ટૂંકું રૂપ.

બી એજી. [અં.] પું. ખેતીવાડીનો નિષ્ણાત; ખેતીવાડી સ્નાતક; બેચલર ઑવ એગ્રિકલ્ચરનું ટૂંકું રૂપ

બી એસસી [અં.] પુ વિજ્ઞાનનો નિષ્ણાત; બેચલર ઑવ સાયન્સનું ટૂંકું રૂપ.

બીક ૧. [સં. ભીતિ] સ્ત્રી. ચિંતા; દિલગીરી; દુઃખ.

૨. જા. ખ.ક.

૩. જુઓ ભય, ધારણી; દહેશત; ડર.

બીકણ વિ. બીકે એવું; ડરપણું; ડરકું; બોચી ખાતાનું; હિંમત વગરનું; ડરી જાય એવું; ડરપોક.

બીકણપણું ન. બીકણ હોવું તે; હીચકારાપણું.

બીકણ બિલાડી (બીકણ બિલાડો) વિ. બિલાડીના જેવું બીકણ; જાતી કે હિંમત વગરનું.

બીકણવૃત્તિ સ્ત્રી. ડરતું રહેવાનો સ્વભાવ.

બીકણું વિ જુઓ ડરકું; નાહિંમત; બીકણ; બી જાય તેવું; ડરપોક.

બીકબકાર સ્ત્રી. બીક; ભય. ડર.

બીકર [અં.] ન. કાચનું બનાવ; કાચનું પ્યાલા જેવું વાસણ.

બીકરા ૧. વિ. બાનદી.

૨ વિ ચાલાક, હોશિયાર.

૩ વિ નુકસાનીવાળું.

૪. વિ ફૂંકડું; નખરાંબાજ.

૫ વિ. બહાદુર.

૬. વિ.- બળવાખોર.

૭. વિ. બિનજવાબદાર.

૮. વિ. મોહ પમાડે એવું.

૯. વિ રમતિયાળ.

૧૦ [સં. વક્ર] વિ. વાંકવાળું; વાંકુ.

૧૧ વિ સારા દેખાવવાળું; સુંદર.

૧૨. વિ બલકુ.

બીકાળું ૧. ન. બીક લાગે એવું સ્થળ.

૨. વિ. બીક લાગે એવું; ભયંકર; ભયાનક.

બી. કોમ [અં] પું. વેપારવણજનો નિષ્ણાત; વેપારનો સ્નાતક; બેચલર ઑવ કૉમર્સનું ટૂંકું રૂપ.

બીકોરવાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંથી ચાર માઈલ ચાલતાં સૂરપાણીએ આવે છે.

બીજ ૧. [હિ.] પું. કમળ, પદ્મ

૨. પું. વિષ, ઝેર.

બીજું ન. કાટલી કોડી.

બીગાર [હિ.] સ્ત્રી વેઠ

બીગોનિયા પું. એક જાતનો છોડ; હરિતકર્ણ. તેના પાન કાચીના કાન જેવા હોય છે. તેને સફેદ ફૂલ થાય છે.

બીઘા [હિ.] પું. જમીનનું એક માપ; એકરનો ૨/૩ ભાગ; ૧૨૦ ચોરસ ફૂટ જેટલી જમીન; પાકો વીઘો. કાચો વીઘો એકરનો ૨/૩ ભાગ છે. એક સાઠગ લાંબી અને એક સાઠગ પહોળી જમીનના ક્ષેત્રફળને વીઘો કહે છે. જુદા જુદા પ્રાંતમાં જુદા જુદા માપની સાઠગ હોય છે, તેથી પ્રાંતિક વીઘાનું માપ, જેને ગામડાનો વીઘો કહે છે, ને બધી જગાએ સરખો નથી. પાકા વીઘાને સરકારી વીઘો પણ કહે છે. તે ૩,૦૨૫ ચોરસ ગજનો હોય છે. હાલ બધી જગાએ આ વીઘાનો પ્રયોગ થાય છે

બીઘું ન. જમીનનું એક માપ; ૨૫,૬૦૦ ચોરસ ફૂટ જેટલી જમીન.

બીચ ૧ [હિં.] પું. અંતર; ભેદ.

૨. પું. એ નામના ઝાડનું ઝાડવું.

૩. પું. એક જાતનું ઝાડ

૪. પું કળિયો, કચરો.

૫. પું. જગ્યા; સ્થાન.

૬. [અં.] પું. દરિયાકિનારો.

૭. પું. મધ્યબિંદુ.

૮. [અં.] પું. મધ્ય ભાગ; મધ્ય.

૯. પું. મોકો; અવસર

૧૦. ■ સરેરાશ

૧૧ અ. દરમિયાન.

૧૨. અ. મધ્યે; વચ્ચે; વચમાં; અંદર; માંહે; મા.

બીચકવું અ. ક્રિ. ભટકવું; બાજી હાથમાંથી જવી.

બીચકોમ્બર [અં.] પું. રખડુ માણસ. પ્રશાંત મહાસાગર આસપાસના બેટોની અંદર ક્રમ વગરના નવરા લોકો દરિયાકાંઠે રેતી ઉપર રખડ્યા કરે છે, તથા જે કંઈ વસ્તુ પડી રહેતી હોય તે ઉપાડી લઈ જાય છે તેવા રખડેલ માટે આ શબ્દ વપરાય છે. માછલાં મારીને અથવા મોતી કાઢીને પોતાનું જીવન ચલાવી લઈ રહેલા લોકો માટે પણ આ શબ્દ વપરાય છે.

બીચરા સ્ત્રી. રોપા ઉગાડવા માટેની જમીન.

બીચલ ન. એક જાતનું હથિયાર.

બીચવાની [હિ. બીચ (વચ્ચે)] પું. વચ્ચે પડનાર માણસ; પંચ; પંચાતિયો.

બીચવાલ જુઓ બીચવાની

બીચવાલા ૧. પું. કજિયો કરાવનાર પુરુષ.

૨. પું. તટસ્થ માણસ

૩. પું. દલાલ

૪. પું. વચ્ચે પડનાર માણસ

બીચવા પું. એક જાતનું ખંજર.

બીચા [હિ.] પું. છુરખો

બીચાબીચ અ. વચ્ચોવચ; બરાબર મધ્યમાં.

બીચારું [ઇ. બેચારહ] વિ. દુઃખી; રાંક; બાપડું; બિચારું

બીચી [સ. વીચિ.] પું. પાણીનું મોજું; તરંગ.

> અંગ વસ્ત્ર વિલોલ અને બીચી ઊર્મિ ભાવ,
> લહરી હાથ પસારીને યમુના પરસે પાય.
> વિઠ્ઠલભટ્ટપ્રબોધ

બીચુ ૧. પું. અવસર; મોકો.

૨. પું. અંતર; તફાવત.

બીચુઈ જુઓ બીચવાની.

બીચાબીચ ૧. પું. બરાબર મધ્ય ભાગ.

૨. [હિ.] અ. વચ્ચોવચ; બરાબર મધ્યમાં.

બીજન [હિ.] સ્ત્રી. વીંજણું; વીંછીની માફક.

બીજવા પું બ. વ. ઓળોને પગને અંગૂઠે અને આંગળીએ પહેરવાના કરડા; અણવટ; વીંછુવા; સ્ત્રીઓનું પગના અંગૂઠાનું ઘરેણું.

બીંછુવા જુઓ બીજવા.

બીજ [સ. વૃશ્ચિક] પું. (હિંદી) વીંછી.

બીજ ૧. [સં.] પું. અક્ષર; વર્ણ; મંત્રોમાં અર્થ વિનાના પણ ગાંઠિક સંકેતવાળા અક્ષર મુકાય છે તે; વર્ણોચ્ચારરૂપી બીજમાંથી મંત્રસિદ્ધિ કે ફળ થાય તે સંકેત વર્ણ; કરદ.

૨. પું. બારથી નવ અક્ષરવાળા મંત્રનું નામ; લઘુમંત્ર.

૩. પું. જેને માટે બીજમંત્ર વાપરવામાં આવે તે દેવતા.

૪. પું. જ્યા દેવતા વાસ કરે તેવો શરીરનો ભાગ

૫ પું. (પુરાણ) કશ્યપ મહર્ષિનો એક વિશ્વદેવ.

૬. પું. દીકરો.

૭. પુ. મંત્રનો મુખ્ય ભાગ ખતાવવા વપરાતો શબ્દ

૮ સ્ત્રી. નાટક કે કથાની વસ્તુનું મૂળ

૯. સ્ત્રી. પખવાડિયાનો બીજો દિવસ; પડવા પછીની બીજ તિથિ. માન્યતા છે કે, વરસમાં જ્યારે શુક્રવારી બીજનો ઉદય થવાનો હોય તે દિવસે અપવાસ કરવો જોઈએ.

૧. બીજ વાવવી = બીજને દિવસે દૂધ ન વેચવું.

૨. બીજનો ચંદ્ર = (૧) ચકતીનું પહેલું પખવિયું (૨) મગજ શુકન. (૩) મુસલમાન મહિનાનો પહેલો દિવસ

૧૦. સ્ત્રી ભાઈબીજ; કારતક સુદિ બીજનો દિવસ. આ વખતનું સાડે મૂહર્ત અબૂજ છે. કાઠિયાવાડમાં સાધારણ વર્તનના લોકો બીજનાં દર્શન કરી માને છે કે, બીજ માવડી, ચૂલે તાવડી, બે બળદ ને એક ગાવડી. ચૂલે તાવડી એટલે મહેમાન જો હાજર આવે, તો ચૂલે તાવડી હાજર રહે, એવી કલ્પના કાઠિયાવાડના લોકોને વસી. તે વખતને લીધે કાઠિયાવાડ મહેમાની અથવા પરોણાગતને માટે પ્રખ્યાત થયો હતો.

૧૧ સ્ત્રી. વીજળી.

ક્ષમા કરિ હઠા અકારિકા તડિત બંધના બીજ,
દામિની વિણ વર્ષા નહિ વર્ષા વિના ન બીજ.
પિંગલપ્રકાશ

૧૨ સ્ત્રી સુદિ બીજે દેખાતો ચંદ્રમાનો અર્ધગોળ આકાર; સુદિ બીજનો ચંદ્ર.

૧. બીજ જોવી = (૧) મગજ શુકન થવાં. (૨) સુદિ બીજનો ચંદ્ર જોવો.

૨. બીજના ચંદની કળાની પેઠે વૃદ્ધિ પામી = દિનપ્રતિદિન આબાદી થવી. શુભેચ્છકના ઉદ્ગારો કાઢતાં બોલાય છે.

૧૩. ન. અક્ષર તથા મિલ્કતથી બનતું અણિત; બીજગણિત.

૧૪. ન. અંકુર; કણી

૧૫. ન. આધાર

૧૬. ન. આશય.

૧૭ ન. ઈશ્વરી જ્ઞાન.

૧૮. ન. ઉત્પત્તિસ્થાન; મૂળ; મૂળ ઉત્પત્તિનું કારણ; મૂળ પ્રકૃતિ

બીજનું આરોપણ ફલને માટે જ હોય છે. આમાં અર્જુનને શોક થયો એ બીજ છે. માટે તેનું ફલ પણ તેનું જ થશે એમ ન બનવું શોકનો તો આભાસમાત્ર છે અને તે શોકનો જે આભાસ થયો, તે જ આ ગીતાનું ફલ છે.
ભગવદ્ગીતા

૧૯. ન. કવિતા.

૨૦. ન. ઔષધ.

૨૧. ન જીવડું; જંતુ

૨૨. ન. (સંગીત) તાલનાં છ આવેનું એક અંગ; વિરામ અંગ; અર્ધમાત્ર, અર્ધબિંદુક; અર્ધકૃત.

૨૩. ન. દાન

૨૪. ન. પાપો. જડ; મડાણ.

બીજ કાઢવું-લાવવું = તકરારનું મરણ કોથી કાઢવું.

૨૫ ન. પ્રભવ; મૂળતત્ત્વ; યોનિ.

૨૬. ન બી. બિયું; બીજાંકુર.

બીજ બોવું = બી વાવવું; બીને જમીનમાં નાખવું.

૨૭. ન. બીજના આકારનું સોનાનું ઘરેણું.

૨૮. ન. તાત્પર્ય; સાર; સત્ત્વ; અંદરની મતલબ.

૨૯. ન. જાયફળ

૩૦. ન. બીજ; દલિયો.

૩૧. ન. રેતનો અર્ધાંશ ધારણ કરે છે તે અંક.

૩૨. ન. વંશપરંપરા; ઓલાદ; સંતતિ.

૩૩. ન. વીર્ય; શુક્ર; પાત.

૩૪. ન. કસ્તિ.

૩૫. ન. (ગણિત) સમીકરણનું બીજું 'પદ'.

૩૬. ન. સ્થાન.

બીજ ઉત્પાદક ૧. [સં.] પું. વૃષણ; અંડ; બીજાંડ.

૨. વિ. બીજ ઉત્પન્ન કરનાર.

બીજક ૧. ન. કબીરનો એ નામનો એક ભજનસંગ્રહ.

૨. ન. ચકતી; 'ચેસ્સ'.

૩. ન. કાટેલ ખતની સાથે રાખેલી ચિઠ્ઠી.

૪. ન. બાળકની જન્મતી વખતની સ્થિતિ. આમાં તેનું માથું અને કાયની વચ્ચે સોનિદ્વાર ઉપર આવી જાય છે.

૫. ન. બી; બીજ.

૬. ન. બિયાનું ઝાડ; બિયો.

૭. ન. જરતિયું; માલ તથા કીમતનું પત્રક; ભાવ, તાલ, ખૂત વગેરે બતાવવા ચોડેલ માલ ઉપરની ચિઠ્ઠી; 'લિસ્ટ'.

૮. ન. બિલ્લામાનું ઝાડ.

૯. ન. વટાવે આવેલો કે મોકલેલો માલ

૧૦. ન. સંતરાનું ઝાડ.

બીજક પુસ્તક સ્ત્રી. જરતિયાની ચોપડી.

બીજકર [સં.] પું. ઝાડ.

બીજકરણ [સં.] ન. અંકુર.

બીજકર્તા [સં. બીજકર્તૃ] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

બીજકલા [સં.] સ્ત્રી. ચંદ્રની સોળ માંહેની પહેલી દેખાતી કલા.

બીજકવચ [સં.] ન. બચલું; ફોતલું.

બીજકારણ ૧. [સં.] ન. અંકુર; બીજમૂળ.

૨. ન. મૂળ કારણ.

બીજકાલ [સં.] પું. વાવણીનો વખત.

બીજકિણ્વપુટ ન. સ્ત્રીશરીરમાં બીજકોષનો એક સૂક્ષ્મ ભાગ. બીજપુટક ફાટીને તેમાંથી ઓબીજ નીકળી અથવા પડી આવી પડેલા તેના ખોખામાં હોઈ બરાબ છે. બોલા ફેરફાર થયા બાદ તે પીળું પડી જાય છે અને પંદરેક દિવસ સુધી તો મોટું થયા કરે છે. ત્યાર પછી તે નાશ પામે છે. જો ઓબીજ ફલે તો આ પીળું ખોખું નાશ ન પામતાં ગર્ભના પ્રથમ મહિના સુધી વિકાસ પામીને પ્રસવકાળ સુધી ટકી રહે છે. બીજકોષમા વિવિધ જાતના ગોળ કોષ અને વિવિધ કદનાં રસનકો હોય છે. દર ઋતુ વખતે એ અને બીજકોષમાં ફૂટે છે.

બીજકુલ્યા [સં.] સ્ત્રી. ઓના મુખ્યાંગનો એક અવયવ.

બીજકુંડ પું. એ નામનો એક નરકકુંડ. એમ મનાય છે કે તે બીજ નામના દૈત્યોથી ભરેલો અને સો ધનુષ્યના પ્રમાણમાં છે. જે માણસ તાંબાની કે લોહાની ચોરી કરે, તે માણસ પોતાનાં કૃત્યોનાં જેટલાં વર્ષ બીજકુંડમાં વસવાનું બનાય છે.

બીજકોશ જુઓ બીજકોષ.

બીજકોશક ૧. પું. કોથળી.

૨. પું. પોટલિયો; વૃષણ.

બીજકોષ ૧. [સં.] પું. બીજની કોથળી; બીને રહેવાનું સ્થાન; ગુરુજંતુને રહેવાનું રક્ત કોશક; 'ઓવરિ'. તે ગર્ભાશયની બંને બાજુઓ ઉપર આવેલી ચકલાના ઈંડા જેવા આકારની બે ગ્રંથિ છે. આ બીજકોષ સ્ત્રીના જનન અવયવમાં અતિ અગત્યનું સ્થાન ભોગવે છે. આ બંને બીજકોષ બીજવહસ્રોત સાથે જોડાયેલા હોય છે. પ્રત્યેક બીજકોષને અબ્જો ઉંડા હોય છે, જેને અંતરાભિમુખ અને બાહ્યાભિમુખ કહેવામ છે. બીજકોષનું મહત્ત્વ ફક્ત શારીરિક નહિ, પણ માનસિક હોય છે આ બીજકોષનાં બે પ્રકારનાં કાર્ય હોય છે: પુરુષબીજ અથવા ઓબીજ તૈયાર કરવાનું કામ અને લોહી સાથે મિશ્રિત થઈને શારીરિક તથા માનસિક અસર કરનારો અંતઃસ્રાવ તૈયાર કરવાનું બીજું કામ. સ્ત્રીઓનો બીજકોષ કાઢી નાખવાથી તેઓ મરદની વૃત્તિની બને છે. કેટલીક ઓઓને જુવાનીમાં દાઢી મૂછ આવે છે, તેનું કારણ પણ બીજકોષની ઊણપ જ હોય છે. બીજકોષ અથવા બીજાધાર એટલે ઓબીજ ઉત્પન્ન કરનારી એક વિશિષ્ટ પ્રકારની ગ્રંથિ છે. ગર્ભાશયની દરેક બાજુ ઉપર તે એક એક રહેલ છે. દરેક બીજકોષ પક્ષનાંપંક્તિના અને મરોની

વચ્ચે, ગર્ભાશયના ખૂણાની નજીક જાંસી લીટીમાં બીજવાહિનીની પાછળ તથા નીચે રહેલા છે બીજકોષોનો આકાર બદામના જેવો છે. દરેક બીજકોષ દોઢ ઇંચ લાંબો, પોણો ઇંચ પહોળો તથા ½ ઇંચ જાડો છે. તેનું વજન ફક્ત બે રૂપિયાભાર હોય છે. તેનો રંગ આખો ધૂરો છે. દરેક બીજકોષને અંદરનો અને બહારનો એમ બે ખૂણા છે. તેમાંનો અંદરનો ખૂણો ગર્ભાશય તરફ રહેલો હોઈ, બે નળ આકાર જાંસી બીજાધાર બંધનિકા નામની એક ટૂંકી પ્રજાની વડે તેની સાથે જોડાયેલ છે બીજકોષનો બહારનો ખૂણો બીજવાહિનીના પુષ્પિત પ્રાંત નામ વડે ઓળખાતા બહારના છેડા સાથે, એક નાની આર્ક વડે જોડાય છે. આ આર્કમાં થઈને બીજકોષમાં પરિપક્વ થયેલાં ડીમ્બોને બીજવાહિનીમાં દાખલ થાય છે. ઓરિદમાં ને માના ગર્ભમાં હોય છે ત્યારે જ તેના બીજકોષમા ઉપર કહેલા સ્ત્રીબીજોની કોથળીઓ તૈયાર થવા માંડે છે. છોકરી અવતરે છે તે સમયે તેના બીજકોષમાં આશરે ૩૦,૦૦૦ ભવિષ્યમાં પાકનાર સ્ત્રીબીજો એટલે ડીંમ્બો બીયાંબીય ભરેલા હોય છે. પરંતુ આમાનો મોટો ભાગ સંકોચાઈને અદૃશ્ય થઈ જતો હોવાથી બધા મોડાં ઈંડાં પરિપક્વ થાય છે. યૌવનના આરંભમા, બંને બીજકોષો મોટા થાય છે તેમને કુદરત પુષ્કળ લોહી પૂરું પાડે છે. એ સમયે બીજકોષોમા રહેલાં બીજપુટકોમાંનાં બાકીએક મોટાં થઈ પરિપક્વ થાય છે. કેટલાક પ્રાણીઓમા, દાખલા તરીકે, ઢાયાઓમાં બીજકોષ વૃષણમાં ઊતરવાને બદલે જિંદગીભર પેટમાં જ રહે છે. ગુદામાર્ગ બીજકોષની ગતિની સાથે તેના આકારમા પણ મહાડો થાય છે અને કોઈ કોઈ દાખલામાં તે અસલના ½ કે ¼ જેટલો પણ રહેતો નથી. એક બીજકોષનું સરેરાશ વજન બે તોલા જેટલું હોય છે. ગર્ભની વૃદ્ધિની શરૂઆત શરૂઆતથી જ તેના બાહ્ય ભાગને વિશિષ્ટ પ્રકારનો આકાર પ્રાપ્ત થાય છે અને તેના પરિણામથી બીજકોષ બને છે, પણ પહેલા ત્રણ માસ સુધી આ ભાગને જોઈ કે પુરુષ જાતિનું વિશિષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. એટલે આ ભાગ કાઢીને તપાસવાથી પણ ગર્ભનો જાતિનું જ્ઞાન થતું નથી. આ તફાવત ત્રણ માસ પછી દેખાવા લાગે છે તેથી ગર્ભની ત્રણ માસ સુધી વૃદ્ધિ થતા સુધી તેની જાતિનું જ્ઞાન થતું નથી. જાતિ અનિશ્ચિત હોય છે અથવા તો નિશ્ચિત હોવા છતાં તે જાણવાનાં સાધનો હજુ સુધી આપણને જડ્યાં નથી. વાદરાના બીજકોષ ઝુડાઓના દરીમાં ભેગાડીને તેઓને પાછા જુવાન બનાવ્યાના દાખલા મોજૂદ છે. બીજકોષો શરીરની અમુક ચિરાગોમાં રહેતા નથી, તેઓ તો વૃષણકુમથિ અંદર બીજાધાર પોલિયમાં રહે છે.

૨ પું. બીજનો અંકુર; બીજાધાર; ઓજાંડ; ગર્ભકોષ.

બીજકોષસાર [સં.] પું. એ નામનું ઔષધ ગુણકારક.

બીજકોપી [સં.] સ્ત્રી. સ્ત્રીજ.

બીજકોશિય [સં.] પું. ગર્ભજંતુ.

બીજક્રિયા [સ.] સ્ત્રી. બીજગણિતની દૃષ્ટિએ કરવામા આવેલ ક્રિયા.

બીજખાડ ૧. [હિં.] પું. ખેડૂતને અનાજથી અપાતું બી અને ખોરાકી.

૨ પું. ખેડૂતને બી કે ખાતર વગેરે ખરીદવા માટે અનાજથી અપાતી રકમ.

બીજગણિત [સં.] ન. અક્ષરો માંડીને ગણિત કરવાનું શાસ્ત્ર: અજ્ઞરગણિત; અવ્યક્ત તેમ જ અવ્યક્ત સંખ્યાઓના પરસ્પર સંબંધનું વિવેચન કરનારું શાસ્ત્ર. 'એલજિબ્રા'. અંકગણિતમા સંખ્યાઓ આકારથી જ દર્શાવાય છે, જ્યારે બીજગણિતમાં મુખ્યત્વે કરીને અક્ષરોથી સંખ્યા બતાવાય છે. અંકગણિતમાં અંકડાઓને માત્ર એક જ કીમત હોય છે, જ્યારે બીજગણિતના અક્ષરોને ગમે તે કીમત આપી શકાય છે. મોહનલાલ પંડ્યાજી લખે છે કે: અંકગણિત અને ભૂમિતિ એ બે વિષયોની ઉત્પત્તિ અને વિકાસ એકબીજાથી સ્વતંત્ર અને ભિન્ન ભિન્ન રીતે થયેલ છે, ત્યારે બીજગણિતનો ઉદ્ભવ અને વિકાસ અંકગણિતમાંથી અને તેને આધારે જ થયેલો છે, છતાં અંકગણિતનો શાસ્ત્રીય દૃષ્ટિએ વિકાસ પણ એ જૈવિક સૃષ્ટિમાંથી ઉદ્ભવ્યો છે અને વિકસિત થયેલો છે. અંકગણિતમાં અજ્ઞરગણીની પ્રાથમિક રીતો, કીમતની અજ્ઞરગણીની રીતો અને કીમતની અજ્ઞરગણી કરવા માટે આપેલી હકીકતો સમજવા આવડે તેને જ રોજના વ્યવહારની અજ્ઞરગણીઓ કરતા આવડી જાય છે. તે જ પ્રમાણે અંકગણિતના એ બધા પ્રસંગોને જ્યારે સર્વસામાન્ય સ્વરૂપે જોવાની દૃષ્ટિ મળે, ત્યારે જ બીજસૃષ્ટિના સ્વરૂપનો આરંભ કરી શકાય. એટલે અંકગણિતની સાચી સમજ વિના બીજગણિતનો આરંભ કરી શકાય નહિ; કારણ કે બીજગણિત એ અંકગણિતનું સર્વમાન્ય સ્વરૂપ છે. પ્રાચીન સમયમા ગણિતશાસ્ત્રની ઉત્પત્તિ અને વિકાસ, જમીનમાપણી અને આકારની નિરીક્ષણની અજ્ઞરગણીઓમાંથી જેટલે દરજ્જે થયેલ છે, તેના કરતાં વધારે અર્વાચીન સમયમાં યંત્રયુગના આગમન પછી યંત્રરચના, યંત્રના ઉપયોગની બાબત કરવાની અજ્ઞરગણીઓમાંથી એ ગણિતશાસ્ત્રની અનેક શાખાઓનો ઊગમ અને વિકાસ થયેલ છે. જેમ સામાન્ય અજ્ઞરગણીઓનો પાયો અંકગણિત છે, તેમ જ યંત્રરચના અને યંત્રઉપયોગનો વિચાર જ્યોતિઃશાસ્ત્રને આધારે થાય છે. એ ઉપરથી જ્યોતિઃશાસ્ત્રમાં અનેક પ્રયોગોને આધારે સ્થાપિત થયેલા નવા નવા નિયમો અસ્તિત્વમાં આવ્યા. એવા નિયમો સરળતાથી સ્મૃતિવશ કરવાની દૃષ્ટિએ તેમાંથી એ નિયમોને સંક્ષિપ્ત સ્વરૂપે યોજવાની પ્રેરણા થઈ. નિયમોનું સંક્ષિપ્ત સ્વરૂપ સૂત્રો કહેવાય છે. નિયમમાં સમાયેલ પરિમાણનાં નામને બદલે બીજારોપણ કરવાથી સૂત્રસિદ્ધિ અને એ સૂત્રોનો ઉપયોગ કરીને અજ્ઞરગણી કરવાથી સૂત્રવિધિનાં બીજસંખ્યાનાં સ્વરૂપો ઉદ્ભવે છે. છસ્સો અઢી વરસમા બીજગણિતના જ્ઞાનનો વિકાસ જ્યોતિઃશાસ્ત્રના આધારે પણ થયો જ થયેલો છે. રસાયણ, ભાષકામ, યંત્રશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વીમો, વાણિજ્ય, સાખ્યશાસ્ત્ર વગેરે કોઈ પણ શાસ્ત્રની અજ્ઞરગણીમાંથી બીજગણિતના સ્વરૂપનો ઉદ્ભવ થતો નથી. એ પ્રમાણે અજ્ઞરગણીના સર્વસામાન્ય સ્વરૂપમાં બીજગણિતનો ઉપયોગ ન થતો હોય એવી કોઈ પણ શાસ્ત્રની કોઈ પણ શાખા નથી. એ રીતે બીજગણિતનો પ્રદેશ સર્વદેશીય અને વિશાળ છે.

બીજગર્ભ ૧. [સં.] પું. તરતનો રહેલો કાચો ગર્ભ.

૨. [હિં.] પું. પરવળ.

બીજગુપ્તિ [સં.] સ્ત્રી. સ્ત્રીજ.

બીજચંદ્ર પું. બીજનો તિથિનો ચંદ્ર.

બીજચંદ્રાકાર ૧. પું. નાની નળીમાં પારાની સપાટીનો આકાર

૨. વિ. અર્ધવર્તુલાકાર; બીજના ચંદ્રના જેવા આકારનું.

બીજચોલ પું. બીજ ઉપરનું પડ.

બીજજનક [સં.] વિ. બીજ ઉત્પન્ન કરનાર.

બીજજાગૃત સ્ત્રી. અજ્ઞાનમય સ્થિતિના સાત મહેનો એક વિભાગ. આ ભૂમિકામા મમત્વ બુદ્ધિની જાગૃતિ નથી હોતી, માત્ર તેની જાગૃતિની બીજરૂપે યોગ્યતા હોય છે, તેથી તે બીજજાગૃત કહેવાય છે. આ ભૂમિકા વનસ્પતિ જેવા ક્ષુદ્રનિકાયમાં માની શકાય.

બીજજાત [સ] પું. બી મેળવવા માટે ઉછેરવામાં આવતો છોડ

બીજજન્યમિતિ [સં.] સ્ત્રી ભૌમિક ભૂમિતિ; બીજગણિત વડે થતી ભૂમિતિ; બીજભૂમિતિ.

બીજક (બીજક) જુઓ બીજડી.

બીજડી (બીજડી) સ્ત્રી. બીજનો ચંદ્ર
અષાડા વર બીજડી, નોમે નીરખી લેજ;
રવિ નાનો ખુબ રીતનો મંગલ રહિ હોય.
અડલી

બીજડું (બીજડું) ૧. ન. નાની કોથળી; થેલી.
૨. ન. વનસ્પતિના શરીરનો કોશ.

બીજદર્શક [સં] પું. નાટકમાં અભિનયની અવસ્થા કરનાર આશુસ.

બીજદલ [સં.] ન. બીજપત્ર.

બીજદાતા [સં. બીજદાતૃ] પું બીજ આપનાર પિતા.

બીજદાયક [સં.] વિ. ઉત્પન્ન કરનાર.

બીજધાન્ય [સં.] ન. ધાન્ય.

બીજધારક ૧. ન. મર્દાંગ; બીજકોશ.
૨. [સં] ન. બીજને ધરી રાખનાર અવયવ; વીર્યાશય.

બીજન ૧. [હિ.] પું. પંખો.
૨. [સં.] ન. એક જાતનું ઝાડ.
૩. ન. બીની વાવણી.

બીજનાભિ [સં.] સ્ત્રી. શરીર ઉપર પડતું ચાકું, તે લાકું, સાંકડુ અને સફેદ પડતા રંગનું હોય છે.

બીજનિધાન ૧. [સં. બીજ + નિધાન (આધાર)] પું. બીજનો આધાર.
૨. [સં. બીજ + નિધાન (ભંડાર)] પું. બીજનો ભંડાર.
૩. ન. ઉત્પાદક જંતુ ગ્રહણ કરનાર કોશ.

બીજનિપાત [સં.] ન. બીજનું રોપવું તે.

બીજનિષ્કર્ષ [સં.] પું. (ગણિત) બીજગણિત; સૂત્રક બીજવિસ્તાર. અંકગણિતમાં સંખ્યાની કીમત નિશ્ચિત હોવાથી એવી ક્રિયાઓનું વાસ્તવિક પરિણામ તૈયાર કરી શકીએ છીએ, ત્યારે બીજગણિતમાં બીજક્રિયાને અંતે એવી નિશ્ચિત કીમતનું પરિણામ તૈયાર થતું નથી. તેથી એવી રીતે મળેલા ક્રિયાના સંબંધને ટૂંકસે સૂચક બીજવિસ્તારને બીજનિષ્કર્ષ કે બીજફલ કહે છે.

બીજનિઃસારક [સં.] પું. બીજને બહાર કાઢનાર અવયવ; રિક્ત કે મોનિ.

બીજન્યાસ [સં] પું. નાટકના વસ્તુના બીજને વ્યક્ત કરવું તે.

બીજપક્ષ [સં.] પું. બીના ઉપરનું પક્ષ.

બીજપત્ર [સ.] ન. બીજ ઉપરનું પાંદડું; બીજદલ.

બીજપાત [સં.] વિ. બી રોપી જન્મ આપનાર

બીજપાદપ ૧. [સં. બીજ + પાદપ (ઝાડ)] પું. બીજપોષા; બી તૈયાર કરવા માટેનો છોડ
૨ પું. ત્રિફલાનું ઝાડ.

બીજપુટ [સં. બીજ + પુટ (કોશ)] પું જેમાં બીજ રહે તે કોશ.

બીજપુટક [સં.] ન. ઓબીલેની નાની કોથળી; બીલેની થેલી.

બીજપુરક જુઓ બીજપૂરક.

બીજપૂરુષ [સં] પું. કુટુંબને ઉત્પન્ન કરનાર પુરુષ.

બીજપુષ્પ ૧. [સં.] પું. એક જાતનું અનાજ.
૨. પું. મરચો.
૩. પું. મીંઢળનું ઝાડ.

બીજપૂર ૧. [સં.] પું. (હિંદી) એક પ્રકારનું ઝાડ; બિજોરાનું ઝાડ. તેનાં ફળ ઔષધ તરીકે કામ આવે છે.
૨. પું. લીમડાનું ઝાડ.
૩. ન બિજોરું.

બીજપૂરક ૧. [સં.] પું. બીજોરું.
૨. જુઓ બીજપૂર

બીજપેશિકા [સ] સ્ત્રી. ફળનું; પોલિયો; અંડકોષ.

બીજપ્રદ [સં. બીજ + પ્રદ (આપનાર)] વિ. બી આપનાર; ઉત્પન્ન કરનાર; બીજદાતા.

બીજપ્રરોહ [સં. બીજ + પ્રરોહ (ઊગવું તે)] પું. બીજમાંથી અંકુર ફૂટવો તે.

બીજપ્રસંકરણ [સં.] ન. બીજસંકરીકરણ; બીજસંકરીકરણ; 'આર્ટિફિશિયલ ઇમ્પ્રેગ્નેશન ઓફ સીડ્સ'.

બીજપ્રસૂ [સં.] સ્ત્રી. પૂતની.

બીજફલ જુઓ બીજનિષ્કર્ષ.

બીજફલક જુઓ બીજપૂરક.

બીજફેર ૧. પું. બીમાં તફાવત.
૨. વિ. વર્ણસંકર.

બીજબલ ન. એક જાતનું કરિયાણું.

બીજબંધ ૧. પું. એક જાતનો છોડ. તે પશ્ચિમ હિમાલય, કશ્મીરથી કુમાઉન, રાવળપિંડી, દક્ષિણ હિંદ અને બીજા દેશોમાં બધે થાય છે. તેનાં ફૂલ લાલ અને રેચક છે. તેનું મૂળ જ્વર, જૂના ઝાડા અને મરડા ઉપર વપરાય છે. તે ફેફસાં ને આસનજીના રોગ માટે અનુભવસિદ્ધ દવા ગણાય છે. તેનો ક્વાથ બનાવી પિવાય છે. તે વેદના શામક, સડો અટકાવનાર, કૃમિનાશક અને મોળે દૂર કરનાર ગણાય છે. તેનું બીજ સારક, મૂત્રલ, કફઘ્ન ને માદી છે. તે મળોત્પન્ન અટકાવનાર, કૃમિઘ્ન, મૂત્રકૃચ્છ્ર મટાડનાર અને કામોદ્દીપન મનાય છે. તેનો રસ ચોળિયા ને ગોકરાંતરિયા તાવ માટે અકસીર ગણાય છે. તાવ આવ્યા અગાઉ તે પીવાથી તાવ આવતો અટકે. તે રક્તસ્રાવ બંધ કરે છે અને પરૂ વહેતાં ઘાવોને રૂઝવે છે. તેનાં પાનનો લેપ કરવાથી ઓજરીમાં થતી બળતરા, મૂત્રાશયનો સોજો કે દુખાવો વગેરે મટાડે છે. તે પચ્યા જૂના દરદ મટાડનાર, જ્ઞાનતંતુઓ અને માંસપેશીઓને મજબૂત બનાવનાર અને સ્ત્રીઓ ઉપર ઉપયોગી મનાય છે.
૨. [હિં.] પું. બળદાણા.

બીજબંધ ન. એક જાતનું કરિયાણું

બીજભૂત ૧. [સં.] વિ. અસલ જમાનાનું; આદિકાળનું; મૂળનું.
૨ વિ. બીજમાંથી ઉત્પન્ન થયેલું.
૩. વિ. બીજરૂપે રહેલું.

બીજભૂમિભાત [સં.] સ્ત્રી. બીજગણિત વડે થતી ભૂમિતિ; બીજજ્યામિતિ; 'અનેલિટિકલ જ્યોમેટ્રિ'.

બીજમતિ [સં.] સ્ત્રી. કારણાતના જ સિદ્ધાંતોમાં દાખલ થવાની શક્તિ.

બીજમવ્યય [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વ જાતના અવિનાશી બીજસાકાર પ્રતીતિઓના નિરાકાર અને અવિનાશી અધિષ્ઠાન છે. તે અંત અને અંગીકારથી રહિત, સજાતિ, વિજાતિ અને સ્વગતભેદ રહિત અખંડ એક છે. તે અણુપણામાં અદ્વૈત છે, અદ્વૈતપણે સર્વમાં બીજરૂપે રહ્યા છે, તેનાથી જ જગતનો વિસ્તાર કરે છે અને પુનઃ તેમાં જ તિરોભાવ ગ્રેટલે લય કરે છે તે અન્યથાભાવ વગર સંસારનું કારણ છે. તેથી તેમનું બીજમવ્યયમ્ એ વિશેષણ સહિત એક નામ છે

બીજમંત્ર [સં] પું ગૂઢ મંત્ર કોઈ દેવતાને પ્રસન્ન કરવાના હેતુથી નક્કી કરેલો મૂળ મંત્ર. તેમાં કોઈ દેવને પ્રસન્ન કરવાની શક્તિ માનેલી હોય છે. ઓંકાર એ બીજમંત્ર છે અને ગાયત્રી એ પ્રધાનમંત્ર છે

બીજમાતૃકા જુઓ બીજકોશ

બીજમાર [હિં.] પું. પાકની નિષ્ફળતા, બી ન ઊગવું તે.

બીજમાર્ગ [સં.] પું. એક જાતની વહેમી ને વિચિત્ર માન્યતા પ્રમાણે વર્તનારો સંપ્રદાય; વામમાર્ગનો એક ભેદ. કાંઠિયાવાડ, કચ્છમાં બીજમાર્ગ નામનો એક પંથ ચાલે છે. આ

પથવાળાઓનાં સ્વજન તેમના સાધુ અને સાધ્વી નામથી ઓળખાતી તેમની સ્ત્રીઓ સાથે મળીને ત.સ નંબરના સ.થે ગામ છે.

બીજમાર્ગી [સં. બીજમાર્ગિન્] વિ. બીજમાર્ગના મંતવ્યાનુસાર ચાલનાર; બીજમાર્ગનો અનુયાયી; ક્રાંતિકારી.

બીજમુંડ [સં] ન. બીનું માથું; બીનો ઉપરનો ભાગ

બીજમૂલ [સં.] ન. બીજરૂપ મૂલ; બીજાંકુર.

બીજયુગ ૧. [સં.] પું. બીજધારી પશુનો સમય.
૨ પું. ગર્ભાધાન કરવાનો વખત.

બીજર ૧. સ્ત્રી. કઠોળ વવાતાં હોય તેવી જમીન.
૨. વિ ફળદ્રુપ; ફળ આપનારું

બીજરત સ્ત્રી. બી વાવવાની ઋતુ

બીજરતી [હિ] સ્ત્રી. બાજરની દાળ.

બીજરસ ૧. [સ.] પું. બીની અંદરનો પ્રવાહી પદાર્થ.
૨. પું. મૂલાંકુર; પ્રાણરસ; 'જર્મપ્લેઝમ'. પરમાણુઓમાંથી અણુઓ બનેલ સન્નિવેશવાળા છે અને તેમના રચનાવિશેષને લઈ બનેલ અણુપુંજ બનેલ ધાતુને જ પ્રાપ્ત કરે અને બનેલ અન્ય ધાતુને જ વિકાસ પમાડે તેવા સરકારની નિયતિકલ્પિત જેમાં ભાગી હોય તેવા વિશિષ્ટ નિર્માણ કરનારા ઘટનાવાળા પિંડ અને છે અને તેવા પિંડ બનેલ દ્રવ્યમાં તરે છે. આ પ્રકારનાં સચેતન આરંભક પરમાણુઓ તેમની બનેલ પ્રકારની રચનાવાળા અણુઓ તે અણુઓની ઘટનાવાળા પિંડ અને તેની આસપાસ પાળા રહેલું દ્રવમંડળ મળીને જે પ્રાણરસ બને છે. તેને બીજરસ કહે છે.

બીજરુહ ૧. [સ. બીજ + રુહ્ (ઊગવું)] પું. વૃક્ષ; ધાન્ય.
૨. વિ. બી વાવવાથી ઊગે એવું.

બીજરૂપ [સં.] વિ. બીજ જેવું.

બીજરેચક જુઓ બીજરેચન.

બીજરેચન [સં.] પું. જમાલગોટો; નેપાળો.

બીજરોપણી સ્ત્રી. બીની વાવણી

બીજલ ૧. [હિ.] સ્ત્રી. તરવાર.
૨. વિ. બીજવાળું; બીવાળું; જેને બીજ હોય એવું.

બીજલગાંવઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

બીજલી ૧. [હિ.] સ્ત્રી. વીજળી.
૨. સ્ત્રી. હાથણીને કાને પહેરાવવાનો અર્ધચંદ્રાકાર દાગીનો.

બીજલેખા ૧. [સં.] સ્ત્રી. બીજના ચંદ્રની રેખા.
૨. સ્ત્રી. વીજળીની સેર.

બીજલોહ [સં.] ન. એ નામનું એક જાતનું લોખંડ.

બીજવપન ૧. [સં. બીજ + વપન (વાવવું તે)] ન. ખેતર.
૨. ન. બી રોપવાનું કાર્ય.

બીજવર ૧. [સં.] પું. બાકળા; બીજકર.
૨. પું. જેનાં બીજા બાર લગ્ન થતાં હોય તેવો વર; પહેલી વારની બો મરી જવાથી બીજી બીજા કોઈ કારણે બીજી વાર પરણવા તૈયાર થયેલો વર; બીજી વાર પરણનાર વર.

બીજવહ [સં.] વિ. બીજને લઈ જનારું.

બીજવહનલી સ્ત્રી. સ્ત્રીનું અમુકનું એક પ્રજનન અવયવ.

બીજવહસ્રોત [સં.] ન. ફલવાહિની; સ્ત્રીબીજને ગર્ભાશયમાં લઈ જનારી નળી. ગર્ભાશયના ઉપરના બે ખૂણા પાસેથી આવી બે સ્નાયુમય પાતળી નળીઓ રાહ લઈ પૃથુબંધનની વચ્ચે થઈ પડેલાં અક્ષર નીકળે છે.

દરેક ફલેરસંન વખતે બીજવહસ્રોત દ્વારા બીજકોષમાંથી સ્ત્રીબીજ છૂટું પડીને ગર્ભાશયમાં આવે છે. અ. ઇ. શાહ

બીજવહા જુઓ બીજવહસ્રોત.

બીજવાદી [સં. બીજવાદિન્] વિ. કોઈ પણ નવું ઉત્પન્ન થતું પ્રાણી તેના પિતાના બીજનું અને તેની માતા બીજનું મિશ્રણ છે એવા વાદમાં માનનાર; ' સ્પર્મિનિસ્ટ '.

બીજવાપ ૧. [સં. બીજ + વાપ (વાવવું તે)] પું. બી રોપનાર માણસ.
૨. વિ. બી વાવનું.

બીજવાહક [સં.] વિ. બીજને લઈ જનાર.

બીજવાહન [સં.] પું. ખિસકોલીનાં હલકર માટેનું એક નામ

બીજવાહિની [સં.] સ્ત્રી. અંડાશય અને ગર્ભાશયને જોડનાર નળી; ડિમ્બપ્રણાલી; ડિમ્બવાહિની; બીજસ્રોતસી. ગર્ભાશયની દરેક બાજુએ બીજવાહિની નામની એક એક નળી હોય છે, જે ગર્ભાશય અને બીજાશયને જોડે છે. આ નળીનો એક અંદરનો સાંકડો ભાગ ગર્ભાશયની બાજુ સાથે જોડાયેલો હોય છે, જ્યારે બહારનો એક પહોળો ભાગ બીજાશય સાથે જોડાયેલો હોય છે. બીજાશયમાં તૈયાર થયેલાં સ્ત્રીબીજને આ નળી દ્વારા ગર્ભાશયમાં આવી પહોંચે છે. દરેક નળી આશરે ચાર ઇંચ લાંબી હોય છે.

બીજવિષયક [સં.] વિ. ફલપુષ્પ કે અંકુર સબંધી; બીજભૂત.

બીજવૃક્ષ [સં.] ન. બિલાડાનું ઝાડ.

બીજસંગ્રાહાગાર [સં. બીજ (બી) + સમહ (સંચય) + આગાર (ઘર)] પું. બીના ભંડારનો ઓરડો.

બીજસંસ્કારકર્તા [સં. બીજસંસ્કારકર્તૃ] પું. પુરુષોત્તમના હલકર માટેનું એક નામ.

બીજસાર ન. (કચ્છી) એક જાતનું ઝાડ.

બીજસાંકળી સ્ત્રી. ગળામાં પહેરવાનું એક જાતનું ઘરેણું; સાંકળીની ત્રણથી પાંચ સેરની બીજના આકારવાળી સોનાની માળા.

બીજસૂ [સં.] સ્ત્રી. પૃથ્વી.

બીજસેકતા [સં. બીજ + સેકતૃ (સીંચનાર)] પુ. ઉત્પન્ન કરનાર માણસ.

બીજસ્તર [સં. બીજ + સ્તર (આચ્છાદન)] ન. અંકુરનું આચ્છાદન; અંકુરપડ; બીજ ઉપરનું પડ.

બીજસ્થાન ૧. [સં.] ન. ગર્ભસ્થાન.
૨. ન. બીજાશય; બીજાંડ.

બીજસ્નેહ [સં.] પું. બાબરાનું ઝાડ.

બીજસ્ફોટ પું. કોષના અંદરના પ્રાણરસમાં રહેલ દ્રવ્યરાશિ; કોષનું નિયામક બિંદુ. તેની આસપાસ દ્રવ્ય ભેગું થાય છે.

બીજસ્રોત જુઓ બીજવાહિની.

બીજસ્રોતસી જુઓ બીજવાહિની.

બીજહરા [સં.] સ્ત્રી. કાકડી.

બીજહારિણી જુઓ બીજહરા.

બીજહોમ [સં.] પું. યજ્ઞનો અગ્નિ.

બીજાર્ક સ્ત્રી. સરીસૃપ જીવોને ખેતરથી ભગાડતો ઢાંકણાનો ભાગ.

બીજાકૃષિણી [સં.] સ્ત્રી. એ નામની દેવી.

બીજાકૃત [સં.] ન. બી વાવીને પ્રકાર ફેરવ્યો હોય તેવું ખેતર.

બીજાક્ષર [સં.] પું. કોઈ પણ બીજમંત્રનો પહેલો અક્ષર.

બીજાજ્ય [સં.] પું. નેપાળો.

બીજાગાર ૧. [સં.] પું. ચેટક; ઉંદર.
૨ પું. બીજ રાખવાની બખાર.
૩. પું. રજકોષ.

બીજાદય જુઓ બીજપૂર

બીજાણુ [સં.] ન. નાનો કોષ.

બીજાણુક જુઓ બીજાણુ.

બીજકવચ [સં.] પું. બી ઉપરનું આચ્છાદન.

બીજકોષ પું. બીનો માથા અને પુચ્છ વચ્ચેનો ભાગ; બીનું શરીર.

બીજજનન [સં.] ન. રેણુજન્મ; રેણુની ઉત્પત્તિ.

બીજજનિકા ૧. [સં.] સ્ત્રી. રેણુને જન્મ આપનારી તે; રેણુને ઉત્પન્ન કરનારી તે.

૨. વિ સ્ત્રી. રેણુને જન્મ આપનારી; રેણુને ઉત્પન્ન કરનારી.

બીજજપ્રધાન ન. રેણુની કોથળી; રેણુપુટ.

બીજજધાની સ્ત્રી. રેણુકોષ.

બીજજનિર્માણ [સં.] ન. રેણુસર્જન.

બીજતીતવટ [સં.] ન. અમર્યાદિત વટ.

બીજતીતસમીકાર [સં.] પું. (ગણિત) અમર્યાદિત સમીકરણ.

બીજત્મા [સં. બીજાત્મન્] પું. બીજરૂપી આત્મા.

એ હિસાબ સ્થૂલ નથી પણ સૂક્ષ્મ છે અને બીજત્માનું દૃષ્ટાંત છે. ખબરદાર

બીજદાન ૧. [સં. બીજ + આધાન (ધારણ કરવું તે)] ન. ગર્ભધારણ.

૨. [સં. બીજ + આધાન (મૂકવું તે)] પું. બીજનું આરોપણ.

બીજદાર [સં.] વિ. બીજકોષ.

બીજદારમેવિ [સં.] સ્ત્રી. ગર્ભાદાન.

બીજદ્વિદ [સં.] પું. ઊંટ.

બીજદ્યક્ષ [સં.] પું. શિવ; શંકર.

બીજનયન [સં. બીજ + આનયન (આણવું તે)] ન. (ગણિત) સમીકરણના અજ્ઞાત પદની કીમત જોયી કાઢવી તે; સમીકરણનું બંજ જોણવું તે.

બીજપહારિણી [સં.] સ્ત્રી. ગાજર.

બીજબ્બ [સં. બીજ + અમ્બ (આકું)] ન. કોકમનું ઝાડ.

બીજરોપણ ૧. ન. ઉત્પત્તિ.

૨. ન. આરંભ.

૩. ન. પ્રારંભ; શરૂઆત.

૪ [સં.] ન. બી રોપવાની ક્રિયા.

બીજવપન ૧. [સં.] ન (ગણિત) ગુણક અંક.

૨. ન. સૂક્ષ્મ સ્થાન.

બીજવરણ [સં. બીજ + આવરણ (ઢાંકણ)] ન બીજ ઉપરનું ઢાંકણ; ખોડું.

બીજવરી ૧. સ્ત્રી હિંદની વાયવ્ય સરહદ ઉપર વસતી એ નામની એક પહાડુ કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

બીજવર્ગી ૧. સ્ત્રી. કોન વૈશ્યોની પેટાશી માંહેની એક જાતિ.

૨. ન એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

બીજવેષ્ટન જુઓ બીજાવરણ.

બીજશય ૧. [સં.] ન. અંડાશય; બીજ બંધાવાનું ઠેકાણું; બી બંધાવાની જગ્યા. જેમ પુરુષોમાં બે વૃષણ વીર્યનાં જંતુઓ પેદા કરે છે તેમ સ્ત્રીઓમાં બંને બીજાશયો ઓળીને પેદા કરે છે. ગર્ભાશયની દરેક બાજુએ, સહેજ અંતરે એક એક બીજાશય આવેલું છે. બીજાશયનો આકાર લાંબગોળ જેવો છે. તે ગર્ભાશયની બાજુ પોલું ન હોતાં નક્કર હોય છે. દરેક બીજાશય આકારે ઠોઠ ઈંચ લાંબું, પોણો ઈંચ પહોળું અને એક તૃતીયાંશ ઈંચ જાડું હોય છે. સમર્થ અવસ્થામાં તેના કદમાં કંઈ ફેરફાર થતો નથી. વયમા આવેલી સ્ત્રીનું બીજાશય લઈ તે સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોઈએ તો તેમાં આકારે ૩૦,૦૦૦ ઓબોલે નજરે પડે છે.

૨. ન. ફૂલનો બી રહે છે તે ભાગ

૩. ન. વીર્યાશય; પેડુ માંહેનું પુરુષનું બીજસ્થાન

બીજસંધિ [સં. બીજ (બી) + અમ્બ (ખોડો)] પું. ખોલાઈ વખતને રાખેલો બોડો; વારી બોડો.

બીજસેતુપ્રાય ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. અહીંથી ચાર માઈલ ચાલતાં ભાલસીમાય આવે છે.

બીજસેતુઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ

બીજસેનતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું તીર્થ. નર્મદા પુરાણમાં કહ્યા છે કે: ત્રેતાયુગમાં એક સમય રાજર્ષિ અંબરીષ ઋષિની સહિત અંબરીષ ઋષિનું પૂજન કર્યું. બધાં પ્રસન્ન થયાં. ઋષીશ્વરોએ વરદાન માગવા કહ્યું રાજર્ષે માગ્યું કે, મને જેરી કન્યા આપો કે જે બધી સ્ત્રીઓના ગર્ભનું ભક્ષણ કર્યા કરે. પછી તેઓએ ઋષિણી નામે બીજસેન કન્યા આપી. તે દેવી ગર્ભોનો નાશ કરવા લાગી. રાજર્ષિએ પછી ઋષિઓની આજ્ઞાથી બીજસેન નર્મદાતીર ઉપર તપ કરતી બેસી ગઈ. અહીં સ્નાન, દાન, બ્રાહ્મણભોજન કરનાર સ્ત્રીઓના ગર્ભનો નાશ નથી થતો. અહીંથી બે માઈલ ઉપર પાંડવોનું સ્થાન આવે છે. વનવાસના સમયમાં પાંડવોએ અહીં નિવાસ કરીને નર્મદાના ઉત્તર તટમા કોઈ દુષ્ટ રાક્ષસનો વધ કર્યો હતો.

બીજાંકુર [સં. બીજ + અંકુર (ફણગો)] ન. બીમાંથી ફૂટેલો ફણગો; મોટો; બીનું ઊગી બહાર દેખાયું તે.

બીજાંકુરન્યાય [સં.] પું. બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ એવી જાતનું દૃષ્ટાંત.

બીજાંડ [સં.] ન. ફૂલનો જેમાં બી બંધાય છે તે ભાગ; ઈંડું.

બીજાંતપેટ જુઓ બીજાવરણ.

બીજાજિવ [સં.] વિ. ખૂબ બીવાળું; ઘણાં બી હોય તેવું.

બીજાજિત [સં. બીજ (બી) + યુક્ત (જોડું)] વિ. બી વાવેલું; જેમાં બી વાવ્યું હોય એવું.

બીજી ૧. [સં. બીજિન્] પું. બાપ; પિતા.

૨. પું. સૂર્ય.

૩. વિ. બીવાળું.

બીજીપાદપ [સં. બીજ (બી) + યુક્ત (વાળું) + પાદપ (વૃક્ષ)] ન. બીનો છોડ; બી મારે ઊગાડેલ છોડ.

બીજીય [સં.] વિ. બીજગણિતને લગતું.

બીજીયયોગ [સં.] પું. બીજગણિતની જુદી જુદી રકમનો સરવાળો.

બીજીયરાશિ [સં.] પું. (ગણિત) બીજગણિતની રકમનો સમૂહ.

બીજીયરૈખિકી [સં.] સ્ત્રી. (ગણિત) અક્ષરગણિતના સિદ્ધાંત ઉપર સ્થાપેલ ભૂમિતિ.

બીજી વખત જુઓ બીજી વાર.

બીજી વાર અ. ફરીને; બીજી વખત; પુનરપિ; વળી.

બીજુમાલા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; વિષ્ણુ-માલા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે ભગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

બીજુરી [હિં.] સ્ત્રી. બીજણી.

બીજું ૧. વિ. અન્ય; ઇતર; પર; દ્વિતીય.

બીજે બેસાડ્યું = બેરાંને નાતરે દેવું.

૨. વિ. એક પછીનું; પહેલાની પછી તરત જ સાથે હોય કે આવે એવું; એની સંખ્યાનો અનુક્રમ બતાવે એવું.

૩. વિ. જુદી જાતનું; જુદા વર્ણનું.

૪. અ. ફરીથી.

૫. અ. બીજી રીતે.

૬. અ. વધારામાં; વળી.

બીજું દિગંશયંત્ર ન. જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષયંત્રાલય માહેનું એ નામનું એક યંત્ર. ભિત્તિયંત્રની પશ્ચિમ બાજુ તરફ મોટા ચબૂતરા ઉપર ચૂનાનું બનાવેલું આ યંત્ર જોડવેલું છે તેની વચમ. મોઢાનું એક મોટું પતરું લગાવેલું છે તેના પરિધિમા તથા દક્ષિણ ઉત્તર બાજુની બાજુપાસ લાલ પત્થર જડેલા છે. પરિધની પશ્ચિમે અનુર્યામ્ય પત્થરોમાં અરા લગેલા છે. વાસ્તવિક રીતે સમ્રાટયંત્રની બાજુક તેની અંદર ક્રાંતિ વગેરે જાણવાનું સાધન છે, પરંતુ તેનાથી દિશા વગેરેનું જ્ઞાન પણ મેળવી શકાય છે.

બીજું ફૂરસ્વરદેગનજરશાન ન. (જરથોસ્તી) જરથોસ્તી વર્ષના નવમા મહિના આદરના ઓગણીશમા દિવસ ફરવરદીનના રોજ આવતો એ નામે એક પારસી તહેવાર. આ દિવસે સંખ્યાબંધ પારસીઓ દખ્માવાળી ટેકરી ઉપર જાય છે. ત્યાંના પવિત્ર આતશમા બાળવા માટે સુખડના કટકા આપે છે અને બંદગી કરે છે. ધર્મગુરુઓ બંદગી કરે છે. અહ્ય મરી ગયેલની યાદમાં આ સંભારણાનો દિવસ છે આ દિવસ મરી ગયેલાના સંબંધમાં ખાસ રીતે પણ અગત્યનો છે. કોઈ માણસ એવી રીતે મરી ગયો હોય કે તેના સગાવહાલાને તેના મરણના દિવસની અબર ન પડે, ત્યારે ફરવરદીન રોજ એટલે કે મહિનાનો ઓગણીશમો દિવસ તેના મરણના દિવસ તરીકે લેવામાં આવે છે. વળી કયા મહિનામાં તે મરી ગયો તે મહિનાની પણ અબર ન પડે, તો તેના મરણના મહિના તરીકે આ માસ એટલે કે નવમો માહનો ગણવામાં આવે છે આ પ્રમાણે જેના મરણના માસ તથા દિવસની અબર ન હોય એવાની સંવત્સરી તરીકે નવમા માસનો ઓગણીશમો દિવસ લેવામાં આવે છે.

બીજૂ ૧. [હિ.] પું. ઘોરખોદું.
૨. પું. નાની આખવાળો માણસ.
૩. વિ. બીજથી ઉત્પન્ન થયેલું.

બીજૂકું (બીજૂકું) વિ. ભોટિયું.

બીજે અ. બીજે સ્થળે; બીજે સ્થાને.

બીજોત્કૃષ્ટ [સં. બીજ + ઉત્કૃષ્ટ (ઉત્તમ)] ન. ઉત્તમ બી.

બીજોત્પત્તિ [સં.] સ્ત્રી. બીની ઉત્પત્તિ.

બીજોત્પાદન [સં. બીજ (બી) + ઉત્પાદન (ઉત્પન્ન કરવું તે)] ન. બી ઉત્પન્ન કરવું તે.

બીજોદક [સં. બીજ + ઉદક (પાણી)] ન. પાણીનો કરો.

બીજોદ્ભિજ્જ [સં.] વિ. બીજમાથી ઉત્પન્ન થયેલું.

બીજોદ્ભેદન [સં.] ન. બીજવિકાસ; બીજનો ફણગો.

બીજો યુગ પું. ગુજરાતી કાવ્યના વિકાસક્રમનાં પાચ માંહેનું બીજું પગથિયું. તેમા પંદરમા તથા સોળમા સૈકાનો સમાવેશ થાય છે. આ યુગનો મુખ્ય કવિ નરસિંહ મહેતો છે. તે અર્વાચીન ગુજરાતીનો પિતા ગણાય છે તેને આદિકવિ પણ કહેવામા આવે છે નરસિંહ મહેતા ઉપરાંત ભક્ત કવિ વિષ્ણુદાસ, ભાલણ, પદ્મનાભ, વસ્તો વગેરે કેટલાક કવિઓ આ યુગમાં થઈ ગયા છે. પ્રસિદ્ધ ભક્ત કવયિત્રી મીરાબાઈ પણ આ યુગમા થઈ ગયેલ છે.

બીજ્ય ૧. [સં.] વિ. કુલીન; સારા કુળમા ઉત્પન્ન થયેલું.
૨. વિ. બીમાથી ઉત્પન્ન થયેલું.

બીજોડિયસ પું. વાયવ્ય સરહદના તાબાવાળા ઓની સાતમાંની એક ટોળી. તે કોહાટથી વાયવ્ય તરફ આઠ માઈલે આવેલ ઉમ્બલ ઘાટ આગળ રહે છે.

બીડ ૧. [અ.] પું. બબારો; ઘડારો; ઘડો.
૨. સ્ત્રી. ગોવાળને ઢોર દોહ આપાની ચરાઈ.
૩. સ્ત્રી. ટોલે; ટોળ; ફટકે.
૪ સ્ત્રી. સુતારનું લાકડાનાં ચોકઠાંની ધાર મારવાનું સાધન.
૫. ન. એક જાતનું કંદ. મૂળાની માફક તે જમીનમાં થાય છે. તે રંગે લાલ અને ખાવું હોય છે. તેનાં પાન લાલ ને લીલાં બેવ થાય છે. તેમાથી ખાંડ બને છે. આ છોડની વાવણી માટે રેતાળ જમીન બેઈએ. તેને માટે ખાતર તરીકે જૂનું છાણ અને ખોળ વપરાય છે. હિંદમાં ઊગતા બીટની ઘણી જાત છે. તેની વાવણી મેદાનમાં ઓગસ્ટથી ઓક્ટોબર સુધીમાં થાય છે. વાવ્યા પછી પંદર વીસ દિવસમાં તેનો ફણગો ફૂટે છે. બંગાળ, આસામ, બિહાર, ઓરિસામાં તે જૂનથી નવેમ્બર સુધીમાં વવાય છે. વરસાદ પડ્યા પછી રેતી મળેલી માટીવાળી જમીન ખેડી તૈયાર કરવી તથા તેમાં વિઘા તથા ગામના કચરાનું સડેલું ખાતર ખૂબ નાખવું. પછી કચારા આંધી બીટનાં બી એક બેકરે અટી શેરને હિસાબે હાથ વતી છાંટી જવાં. તે ઉપર પાણી પાવું. ઊગી નીકળ્યા પછી નજીક નજીકના રોપા કાઢી પારવા પાડવા, તેથી બીટ મોટાં થાય છે. દક્ષિણમાં જ્યાં ચોડો વરસાદ થાય છે, ત્યા ઓક્ટિબરથી મે સુધી દર મહિનાને આંતરે બી વવાય છે. તેથી આઠ માસ સુધી તેની પેદાશ મળ્યા કરે છે. વિલાયતમાં બીટ ઘોડાં, ગાયો વગેરે જનવરોને ખવરાવે છે તથા તેમાંથી ખાંડ પણ બનાવે છે. જ્યાં વરસાદ પડે ત્યાં ચોમાસામાં બીટ વવાતું નથી, પણ શિયાળામાં વવાય છે. બીટની ખાંડ બનાવાય છે ત્યાં તેની પેદાશ એક એકરમાં રૂપિયા ૩૦૦ સુધી થાય છે અને જ્યાં ગોળ માટે તથા જનવરને ખવરાવવામાં આવે છે ત્યાં રૂા. ૮૦થી ૧૮૦ની થાય છે. અર્ક રૂા. ૩૨ને આશરે થાય છે ઉત્તર હિંદુસ્તાનમાં બીટ વવાય છે ને ઘોડો થાય છે
૬. ન. ઝાખું; ગોબર
૭. ન. પક્ષીની હગાર, વિષ્ટા કે ચરક.
૮. ન. પત્રાળાના આકારનું સખત પત્થર માટેનું માન.

બીડગાર્ડ [અં.] પું. જંગલ ખાતાનાં ઝાડ, વીડી વગેરેની દેખરેખ રાખનાર નોકર.

બીડર ૧. [અં.] પું. જમીન ટીપવાનું સાધન; ધૂમસ
૨. પું. શિકારને જાગત કરવા રખાયેલ માણસ.

બીડરૂટ જુઓ બીટ ૫.

બીડવું ૧. સ. ક્રિ. બંધાનાં પાનાં પીસવાં.
૨. સ. ક્રિ. માર મારવો.

બીડા ૧. પું. ગોક મૂળાક્ષરનો બીજો અક્ષર.
૨. સ્ત્રી. મુખવસિકા; જૈન સાધુઓની જેમ મોઢા ઉપર રાખવાનું કપડું.
જૈન સાધુઓની પેઠે તેઓ પણ બોલતી વખતે મુખવસ્ત્રિકા રાખે છે. તેઓની મુખવસ્ત્રિકા કપડાની નથી હોતી, પણ લાકડાની હોય છે. મહાભારતમાં એ મુખવસ્ત્રિકાને બીડા કહેવામાં આવે છે.
મુખલાલજી

બીડા ઓરાયન [લે.] પું (જ્યોતિષ) મૃગ નક્ષત્રમાંનો પહેલો તારો.

બીડા આયનર [લે.] પું. (જ્યોતિષ) ધ્રુવમત્સ્યમાંનો પહેલો તારો.

બી. ટી. [અં.] સ્ત્રી. શિક્ષણનો સ્નાતક; બેચલર ઓફ ટીચિંગનું ટૂંકું રૂપ.

બીડ્રુમન જુઓ બીટપુમન.

બીટપુમન [અં.] સ્ત્રી. શિલાજિત.

બીઠ ૧. સ્ત્રી. મંથકવાળું બનાવટી મીઢું.
૨. સ્ત્રી. પક્ષીની હગાર કે ચરક.

બીઢ (બીડ) ૧. ન. કાચું ભરતનું લોઢું; ભરતરનું લોખંડ; 'કાસ્ટ આયર્ન'. બીઢની બનેલી ઉપયોગી વસ્તુ બને છે. બીઢની જાતોનો ઉપરનો ભાગ લીસો હોય, તેના સર્વ રેણા સીધા અને સરળ હોવા જોઈએ. હથોડીથી હલકો ઘા મારતાં બાજુબાજુનો રજકણ નીકળવો જોઈએ. ઘાર ઉપર ઠોકતાં, ઠોકેલો ભાગ બેસી ચપટો થવો જોઈએ. તેમ ન થતાં ઘા મારતાં નાનો રજકણ તૂટી છૂટો પડે, તો લોઢ ખરેખ સમજવું. હવાના પરપોટા અંદર રહ્યા હોય, તો ઠોકતાં રજકણો

અરોબર આવતો નથી. ઓખરો અવાજ આવે તો સમજવું કે તડ પડેલી છે કે માંડ બેસાઈ છે બીડનું ઘોડ બરડ હોવાથી ચણી શકાતું નથી. તે ઊંચેથી પડે કે તેના ઉપર જોરથી આઘાત થાય, તો તેના ટુકડા થઈ જાય છે. વપરાતાને લાલ કરેલા બીડ ઉપર પાણી પડતાં પણ તે તૂટી કટકા થઈ જાય છે. લાલ થાય ત્યાંસુધી તપાવાએ તો તે નરમ થાય છે. સફેદ થાય ત્યાં સુધી તપાવીએ તો તે સાધી શકાય છે, પણ કઠણતામાન તેથી બગડીએ તો તે બરડ થાય છે. સફર્ન ઘોઢ કરતા આને ઓગાળવાનું કામ ઘણું અઘરું છે. તે લાકડાંકોલસાથી ઘણી સહેલાઈથી ઓગળે છે. ચુનકશક્તિ તેના ઉપર જલદી ચડાવી શકાય છે, પણ પણ વખત ટકતી નથી. ભારી ઢબામાં તે કટકતું નથી, પણ બીની ઢબામાં તેના ઉપર કાટ ચડે છે. કાટ ચડતો અટકાવવા માટે તેને વાર્નિશ કે તેથી પણ ઉત્તમ મેગ્નેટિક ઑકસાઇડ ઑફ આયર્ન, એટલે કાયમકર લીમાચેન જેવા રંગના, અક પ્રકારના ઘોઢ પ્રાણવાયુથી બનેલા ઑકસનો લેપ કરે છે. જસ્તનો લેપ ચડાવીને પણ તેને કટકતું અટકાવી શકાય. બીડના ઘોઢ ઘન ઇંચનું વજન ૦.૨૬૩ રતલ અને ઘોઢ ઘન ફૂટનું વજન ૪૫૪-૬ રતલ હોય છે.

૨. ન. પાસની જમીન; ચરો; પુષ્કળ ઘાસ હોય તેવી વાડી. ચરિયાણ જમીન.

બીડનો કૂતરો = પોતે ઉપયોગ ન કરી શકતો હોય તેવી વસ્તુનો ઉપયોગ બીજાને પણ ન કરવા દે એવું માણસ; પોતે ખાય નહિ અને બીજાને ખાવા ન દે તેવું માણસ. બીડમા ચોકીદાર કૂતરો ઢોરને માટે રાખેલા ઘાસની પ્રેમથી રક્ષા કરતો નથી, તેમ જ્યાં ઢોર ચોર આવીને ઘાસવું હોય તેને પણ ભસીને ખાત. અટકાવે છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૩. ન પડતર ખેતર; ચણુખેડી જમીન.

બીડગી (બીડની) સ્ત્રી. ખારવાડ જિલ્લાની એક જાતની જમીન.

બીડજાજ (બીડજાજ) પું. એક પ્રકારનો ઘોડ. તે બેથી ચાર હાથ ઊંચો થાય છે. તેના મૂળમાં માંડ્રાગોરાવળી ઘણી સખત ગાંઠ હોય છે. તે માંદી દવામા વપરાય છે

બીડજ (બીડજ) જુઓ બીડજું.

બીડઝિયો (બીડઝિયો) પું. જાનવરમાં બાંડાપણાનો પત્થર પડી આપનાર કીડો.

બીડજું (બીડજું) ન. ચણતરનો ઘર પૂરો કરવા માટે મૂકવામાં આવતો ઘોડ આપનો પત્થરનો કટકો.

બીડઝોડ (બીડઝોડ) સ્ત્રી. એક પ્રકારનો ઘોડ. તેની નીચે મોટા ઘોડ જેવા ગાંઠ થાય છે. તે તેલને સુગંધિત બનાવવાના કામમાં આવે છે.

બીડજું (બીડજું) ૧. જુ. બીડું.

૨. ન. મકાન ચણતાં આરણા અથવા ચારીને મથાળે ઓતરંગ ઉપર મૂકવામાં આવતું લાંબું લાકડું કે લાખો પત્થર; આપજું.

બીડવું (બીડવું) ૧ ન ક્રિ. બટકાવવું.

૨. સ. ક્રિ. ઢાંપ આપવો.

૩. સ ક્રિ. પરબીડિયામાં મૂકી બંધ કરવું.

કાગળ બીડવો = (૧) કવરમાં કાગળ નાખી બંધ કરવું. (૨) કાગળ મોકલવો.

૪. સ. ક્રિ. બંધ કરવું, બે છેડા મળે એમ કરવું. ચોટાડવું

૫. સ. ક્રિ. ભરી કે પૂરી લેવું; પૂરવું; ચણવું.

૬. સ. ક્રિ. મોં બંધ કરવું.

મોં બીડવું = (૧) મોં બંધ કરવું (૨) શાંત રહેવું.

૭ સ ક્રિ. વાળવું; મરી પાડવી.

૮. સ ક્રિ. સમેટવું.

૯. સ. ક્રિ. સાધવું; બેસવું.

૧૦. સ. ક્રિ. સીમ કરવું.

બીડા (બીડા) ૧. [હિં.] પું. તરવારની મૂઠ અને મથાળ વચ્ચેની ચાપેલ ગાંઠ.

૨. પું. પાનનું બીડું; સોપારી, એલચી અને મસાલાવાળું ત્રિકોણાકાર વાળેલું નાગરવેલનું પાન. હિંદુસ્તાનમાં તે ભેટ તરીકે અપાય છે રજપૂતોમાં તે પ્રતિજ્ઞા લેવા માટે, સગાઈ કરવા માટે અથવા પડકાર દેવા માટે વપરાય છે.

બીડાર સ્ત્રી. (સંગીત) ઊંચા સ્વરથી કર ફરી, શ્રુતિઓ સાથે નીચેના સ્વર ઉપર આવવું તે

બીડારો પું. ઘરવખરી; ઘરનો સામાન; રાચરચીલું.

બીડી (બીડી) ૧. [સં. વીટિ] સ્ત્રી. ઝાડો, ચૂનો વગેરે ચોપડી, અંદર સોપારી મૂકીને વાળેલી નાગરવેલના પાનની ગેડ; પાનબીડી.

૨. સ્ત્રી. ગળની ચાળ; ' ગ્રેરિમે'

૩. સ્ત્રી. તમાકુ વગેરે ભરીને સળગાવે કે ફૂંકવાના પાનની વાળેલી ભૂંગળી; 'સિગારેટ'. તે સળગાવીને ફૂંકાય છે. બીડી પીવાની ટેવ હાનિકારક મનાય છે તેના ધુમાડાથી ગૂંગળામણ થાય છે. બીડી વિષે મહાત્મા કહે છે કે: અરે બેવડી બીડી ! જગતનો કેટલો નાશ કરી રહી છે ? બીડીનો કંઈ નહીં કેટલોક દરજ્જે બચાવ કરતાં યે હાનિકર છે, કેમકે મનુષ્ય તેનો ભોગ ભારત ભોગવો નથી. તે અસભ્યતામાં નથી ખપતી, એટલું જ નહિ, પણ તેને સભ્ય મનુષ્યો ભોગો વખારે છે. છતાં જેનાથી એ દુષ્ટીમાંથી બચાય તે અવશ્ય બચે.

૧. બીડી આપવી = (૧) રજા આપવી. (૨) સત્કાર કરવો.

૨. બીડી ખાવી = પાનબીડી ખાવી.

૩. બીડી પીવી = તમાકુની બીડી ફૂંકવી

૪. બીડી વાળવી = (૧) તમાકુની બીડી બનાવવી. (૨) પાનબીડી બનાવવી

૪. સ્ત્રી. આંખોને ઘાત રંગવા માટે વપરાતું દતમંજન.

બીડી રોટી (બીડી રોટી) સ્ત્રી. કોણ બરડા ઓટની પૂરી; કચોરી.

૬. વિ સત્તાહીન.

ભૂચો પું. છોકરો; દીકરો; પુત્ર. આ શબ્દ પારસીમાં લાડમાં વપરાય છે

ભચો કારભાર = (૧) કમાણી કે આવી પ્રાપ્તિ ન થાય એવો બેહાલ રાજકાર. (૨) સત્તા કે દબદબા વિનાનો કારભાર અથવા અમલ.

ભૂજ ૧. [સં. બુધ્ (જાણવું)] સ્ત્રી. કદર; ગુણજ્ઞાનપણું; કીમત; તુલના; ગુણગ્રાહકતા; ગુણજ્ઞપણું.
૨. સ્ત્રી. જાણ; ખબર.
૩. સ્ત્રી પરીક્ષા.
૪. સ્ત્રી. વિચાર; ખ્યાલ.
૫. સ્ત્રી સમજ.

ભૂજકી ૧. સ્ત્રી. (કચ્છી) ભચકો.
૨. સ્ત્રી. ચૂસકાની પોટકી.

ભૂજડે ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભૂજલો પું. ભાગળ.

ભૂજવું ૧. સ. ક્રિ. કદર કરવી; પરીક્ષા કરવી; સામો માણસ કેટલું કામકાજ કરે છે તેની કીમત જાણવી; ગુણ સમજવો; તુલના કરવી; પિછાનવું.
ભારી ભૂજવી = કરવામાં આવેલ સેવાના ગુણદા સમજવા.
૨. સ. ક્રિ. છુપાવવું.
૩. [સં. બુધ્] સ. ક્રિ. બોધ લેવો; સમજવું; જાણવું.

ભૂજહલ [અ.] વિ. મૂર્ખ.

ભૂજ ૧. સ્ત્રી. ઉખાણાનો જવાબ.
૨. [સં. બુધ્ (જાણવું)] સ્ત્રી. (હિંદી) સમજશક્તિ; સમજ; બુદ્ધિ; અક્કલ.

ભૂજવવું ૧. સ. ક્રિ. બોધું કરવું.
૨. સ. ક્રિ. બોલવવું, બજતું બંધ કરવું; ટાઢું પાડવું; સમાવવું.
૩. સ. ક્રિ. રોગી નાખવું.
૪. સ. ક્રિ. શાંત કરવું
૫. સ ક્રિ. સમજાવવું.

ભૂજવું ૧. [સં. બુધ્] સ. ક્રિ. બોધ પામવું; સમ્યક્ તત્ત્વને જાણવું
૨. સ ક્રિ. ઇકાર કરવી.
૩. સ. ક્રિ. ખૂબવું; પ્રેમ કરવો.
૪. સ. ક્રિ. સમજવું; પિછાણવું; જાણવું.

ભૂજા ૧. [ફા.] પું એક જાતનો દારૂ.
૨. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે અટપટી છંદોવૃત્તનો એક ભેદ છે. તેમા ૮ ગુરુ અને ૧૪૦ લઘુ મળી ૧૪૮ વર્ણની ૧૫૬ માત્રા હોય છે

ભૂજાખાના [ફા.] પું. શરાબખાનું; દારૂનું પીઠું

ભૂજાગર [ફા.] વિ. દારૂ બનાવનાર.

ભૂજાગરી [ફા.] સ્ત્રી. દારૂ બનાવવો તે.

ભૂઠ ૧. પું. અર્ધ સુકાયેલો પાણી વિનાનો કૂવો; કૂવો ખોદતા પાણી ન નીકળતા માટીથી પૂરી નાખેલો ખાડો.
૨. [અ.] પું. એક જાતનું પગરખું; ચાંચ બગરનો વિલાયતી જોડો.
૩. પું. બળદનો ડાંસો જોડ.
૪. પું. બળદનો લીંબો દાણો.
૫. પુ. પાંખ વિનાનો અવાવરો કૂવો, હવડ કૂવો.
૬ સ્ત્રી. એ નામની એક રેવા.
૭. સ્ત્રી. કાનની નીચેની ચામડી; કાનનું કાણું ને હમણાની વચમાનો ને લાળા ઉપરનો કાનનો અવયવ.
કાનની ભૂઠ પકડવી = (૧) કબૂલ કરવું. મજૂર રાખવું (૨) ગુનો કે ભૂલ સ્વીકારવાં.
૮. ન. એ નામનું પારસી; ઘોરખોદુ.

ભૂઠકું ન. વરસાદનું ઝાપટું.

ભૂઠકો જુઓ ભૂઠકું.

ભૂઠડી (ભૂઠડી) ૧. સ્ત્રી. કોલની અંદર ચાલેલા મેરની આસપાસ આવતા આંબળાવાળા લાકડાના બે ચડેલા ઇટના આંકોનો દરેક.
૨. સ્ત્રી. ભૂંડી.

ભૂઠકું (ભૂઠકું) ૧. ન. નાનું ઘોરખોદું.
૨. ન. પાણી વિનાનો આડો.
૩. ન. ખૂટિયું.
૪ જુઓ ભૂઠ.

ભૂઠદેવી સ્ત્રી. એ નામની એક રેવી.

ભૂઠના પું. શરીરે કરવામાં આવતું લેપન; શરીરનું સૌંદર્ય અને સુગંધી વધારનાર એક જાતનો લેપ.

ભૂઠલેસ [અં] સ્ત્રી. ભૂઠમાં નાખવાની ટોરી; વાંધરી

ભૂઠા ૧. [હિ.] પું. કાગળ ઉપર ચીતરેલું અથવા કપડા ઉપર ભરેલું ફૂલ; કપડાં કે દીવાલ ઉપર ચીતરવામા આવતું ફૂલ કે ઝાડના આકારનું ચિહ્ન.
૨. પું. નાનું ઝાડ; છોડ.

ભૂઠું ન. બ. ક. નાનાં ઝાડ અથવા ઝાડનાં મૂળિયાંને લીધે સખ્ત બની ગયેલી જમીન. તેને ફરીથી વાવવા યોગ્ય કરવા સારૂ ખોદવી અગર વાવવી પડે છે

ભૂતિયા પું ૧ ૧. માણસના કામળાને જડવામાં આવતા લાકડાના અમુક આકારના બે ટુકડા.

ભૂતિયું ૧. ન. કાનની બૂટમાં પહેરવાનું એક ઘરેણું.

૨ ન ખુરાઈ ગયેલો નાનો કૂવો; બુરાઈ ગયેલ કૂવો.

૩. ન. બૂટનો વેલ પહોળો કરવાનું લાકડાનું ઓજિયું

ભૂટી ૧. સ્ત્રી. અકસીર ઉપાય.

૨. સ્ત્રી. અજબ ગુણવાળી ઔષધિ; જડીબુટ્ટી, ચમત્કારી ચીજ; ચમત્કારી ગુણવાળી વનસ્પતિ, મૃતસંજીવની.

ભૂટી સુંઘાડવી = અજબ જેવો ગુણ દેખાડી પોતાના તરફનું કે મતનું કરવું; આડાઅવળા પાઠ કાઢી યુક્તિપ્રયુક્તિથી મમ્મત્વી દેવું

૩. સ્ત્રી. ઉપાય; ઇલાજ.

૪. [હિ.] સ્ત્રી. એક જાતની ઔષધિનો છોડ.

૫. સ્ત્રી. ઓસડ; દવા; ઔષધિ.

૬. સ્ત્રી. કાનની બૂટ; કાનનો નીચલો ભાગ.

ભૂટીએ ભૂટી કંપની = અંગે અંગ કંપારમાન થવું; સર્વાંગે ધ્રુજ વછૂટવી.

૭. સ્ત્રી. કાનની બૂટે પહેરવાનો જોનો દાગીનો.

૮. સ્ત્રી. કાપડ ઉપર કાઢેલ ફૂલ; કપડાં ઉપર ફૂલ વગેરે ચીતરેલ હોય તે.

૯. સ્ત્રી. બિમકોલી.

૧૦. સ્ત્રી. નર્મદને મળતી એ નામની એક નદી

૧૧. સ્ત્રી. નાની ફણી જેવી જાત; ભરત કે વસ્ત્રતરમાં નાનો બુટ્ટો

૧૨. સ્ત્રી. પહોંચવાળું માણસ; ચતુર માણસ.

૧૩. સ્ત્રી. અંગ.

૧૪. વિ બોગિયાર; કામેલ

ભૂટીદાર વિ. ભાતીગળ; બુટ્ટાવાળું; ભરતવાળું

ભૂટીવિદ્યા સ્ત્રી. વનસ્પતિશાસ્ત્ર.

ભૂટીવિશલ્યકરણી સ્ત્રી. શરીરમાં ભાણ વાગ્યાં હોય ને નીકળી જાય તેવી બુટ્ટી, ઔષધિ કે દવા.

ભૂટેદાર જુઓ ભૂટીદાર

ભૂટનીયપ્રજા સ્ત્રી [ભૂટિયા પ્રજા

ભૂઠો ભાટ પું. અખાનો એ નામનો ગુરુભાઈ

ભૂઠા ૧. સ્ત્રી માલેકીની એ નામની એક બટક

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ એ નામની બટકનું

ભૂડિયા પું ૧. ૧. માણાના કામળાને જડેલા લાકડાના બે ભાગો

ભૂડું વિ. ખાર વગરનું; ખુકું.

ભૂડ ૧. સ્ત્રી. એક જાતની મોટી માછલી.

૨. સ્ત્રી. ભૂડવું તે.

૩. સ્ત્રી. માણસ કૂબો બને તેટલી પાણીની ઉંડાઈ.

ભૂડકો પું. પાણીમાં કાંકરો પડવાનો અવાજ.

ભૂડકા સ્ત્રી. કરડ.

ભૂડકી ૧. સ્ત્રી. કામની વખતે બસી જવું તે.

૨. સ્ત્રી. ડૂબકી; પાણીની અંદર થોડી વાર પેસી જવું તે

૩. સ્ત્રી. દેકડી; જલઉચ્ચાલક

૪. સ્ત્રી. પાણીમાં ભૂડવાથી થતો અવાજ.

૧ ભડકો ખાવી = થોડી વાર પાણીમાં પેસી જવું.

૨ ભડકી મારવી = (૧) ડૂબકી મારવી; પાણીમાં થોડી વાર અદૃશ્ય થવું. (૨) જરૂર પ્રસંગે બસી જવું; કામને વખતે વચ્ચમાંથી નાસી જવું; મોં ન દેખાડવું; અદૃશ્ય થઈ જવું; ભટકો જવું.

ભૂડત વિ. ભૂડતું; ડૂબતું.

ભૂડવ (ભૂડવ) ૧. ન. (વહાણવટું) ઠેકાણું પાણી છે ને આપવા માટે દોરી બાંધેલ સીસાનો ટુકડો.

૨ ન. પીઢરીયા જાડું લાકડું.

૩. ન. માઢનું લાકડું.

ભૂડું (ભુડું) ન. વહાણની બાજુ; ઓરડું.

ભૂડવું (ભૂડવું) ન. (વહાણવટું) ભુડ.

ભૂડમ (ભુડમ) સ્ત્રી. પાણીની ઉંડાઈ માપવા માટે વજનવાળી સીસાની ગોળી.

ભૂડવું ૧. ન. ક્રિ. આથમવું; અસ્ત થવું.

૨. ન. ક્રિ. બરાબર થવું; પાયમાલ થવું; નુકસાનીમા જાવું; નુકસાનીમાં ઊતરવું.

૩. ન. ક્રિ. મરકાવ થઈ જવું; ઢટાઈ જવું કે ખંડ ઊતરી જવું; લીન થવું.

૪. ન. ક્રિ. ડૂબવું; પાણીમાં તળે બેસવું; નીચે જવું; પ્રવાહીને તળે બેસવું, અંદર ઊતરી જવું.

૧. ભૂડતો પાયો = પહેલી દશાની કરમાત.

૨. ભૂડી નાખવું = મારી નાખવું.

૩. ભૂડી મરવું = (૧) ડૂબી મરવું. (૨) ગરકિદા થવું.

૫. ન. ક્રિ. દેવાળું કાઢવું.

૬. ન. ક્રિ. નુકસાનીમાં ભૂડવું, નુકસાનીમાં ઉતરવું

ભૂડા ૧ [હિ.] પું. પાણીનું પૂર.

૨. વિ. દાત વગરનું.

૩ વિ ન બેલું.

ભૂડિ (ભડિ) ૧. પું. ઉલ્લુ; ઠોઠ માણસ.

૨. વિ. નિર્દોષ; ભોળું.

ભૂડિયો ૧. પું. ઝાડા મોનો લાલ વાંદરો.

૨. પું. ધરડો માણસ; બૂઢિયો

૩. પું વાંદરીઓના સૈન્યનો નાયક.

ભૂડી ૧. સ્ત્રી. અણિવાળો ભાગ.

૨. સ્ત્રી ડોસનો ઊપલો આંકડો બરાવવા માટેનો ભાગ

૩. સ્ત્રી. તરવારની મૂઠ પાછળની અણી.

૪. સ્ત્રી. બરછી.

૫. સ્ત્રી. ભાલાનો નીચલો બોરવાળો ઉદ્દો; માપુ; ભાલાના ઉદ્દાનો જોગ ભાગ.

ભૂડીચા (ભૂડીચ) એક તન્માત્ર, જેના ઉપર ભાર્યું ઊભું રહે છે.

ભૂહ ૧. પું. મોટો વાંદરો.

૨. [હિ.] પું. ભાલ રંગ.

ભૂહગંગા સ્ત્રી. ગંગા નદીનો જૂનો પ્રવાહ.

ભૂહયા (ભૂહય) સ્ત્રી. ધરડી સ્ત્રી; ડોશી.

ભૂહયાં (ભૂહ્યા) ૧. સ્ત્રી. હલકો પોચો પદાર્થ,

૨. જુઓ ભુહયા.

ભૂહલા વિ. વૃદ્ધ; ધરડું.

ભૂહવા વિ. ધરડું.

ભૂહા [હિ.] વિ. વૃદ્ધ; ધરડું.

ભૂહાચોંહા ૧. પું. બડપણ; વૃદ્ધાવસ્થા.

૨. પું ન.વ પોળા વાળ.

ભૂહાબાબા [હિ.] પું. વડીલ પિતા.

ભૂહાભૂખક પું. ધરડો મૂર્ખ માણસ.

ભૂહિયું વિ. ભૂહું; ધરડું; વૃદ્ધ.

ભૂહિયો ૧. પું. ભાડો બહુ જોવો ને ઉમરે મોટો માણસ

૨ પું. મોટો કાળા મોઢાવાળો વાંદરો.

૩. પું વાંદરીઓના ટોળામાનો મોટો મસ્ત વાંદરો; ભૂડિયો.

૪. પું. વૃદ્ધ માણસ.

ભૂહી ૧. સ્ત્રી ડોશી; ધરડી સ્ત્રી.

૨. સ્ત્રી. મા; માતા

ભૂહું ૧. [સં. વૃદ્ધ-વડ્ઢઉ-ભુહ્રો] વિ. ધરડું; વૃદ્ધ; બહિયું; જેને પગમાં આવવા માંડ્યાં હોય તેવું

૨. વિ. માન આપવા લાયક.

ભૂહો ૧ પું. ધરડો માણસ.

૨. વિ પું. જ્ઞાનમાં વૃદ્ધ; જ્ઞાનવૃદ્ધ; જ્ઞાનમાં આગળ વધેલો.

૩. [સં. દહક; પ્રા. ભૂદ્ધ] જિ કું. દહ; ઘરનો; વડીલ; જ્યેષ્ઠ; વયમાં વધેલો; વયોવૃદ્ધ.
બડી બોટી ને ભાલ ભગામ = ઘરના પુરુષે સારાં કપડાં પહેરવાં તે.

ભૂણગું ૧. ન. જેમાંથી મોટો અવાજ નીકળે તેવું ભૂંગળું.
૨. ન. ઘરકારની પાછળ બીજા સંસારના દુઃખનું માણસોની હાર.

ભૂતકી સ્ત્રી. ચિત્રોમાં કરમ આવતું એક જાતનું બાવળના લાકડાનું સાધન.

ભૂતા [હિ.] કું. શક્તિ; બળ; પરાક્રમ.

ભૂતાત [અ.] કું. ઘરખર્ચનો હિસાબ.

ભૂતાતી [અ.] જિ. ઘરખર્ચ બાબતનું.

ભૂતી સ્ત્રી. માંસનો કટકો.

ભૂતીમાર [?] કું. ભમલો.

ભૂતું ન. અક્કલ; સત્ત્વ; રામ.
ભૂતું ન હોવું = અક્કલ ન હોવી.

ભૂપ ૧. સ્ત્રી. ખોપરી; માથું
૨. સ્ત્રી. માલ ઉપર છાપટ મારવી તે.
૩. સ્ત્રી. મોટું; ડાચું.
૪ જિ. (કમજી) જાડી બુદ્ધિનું.
૫. જિ. જાડું.

ભૂપડી (ભાપડી) [હિં] સ્ત્રી. આકૃતિ; ચહેરો; સૂરત.

ભૂહ [ફા.] સ્ત્રી. હવાતી; રહેઠાણ.

ભૂહનો કું. ખાલો; વાટકો; પ્રવાહી પદાર્થ ભરવાનું વાસણ.

ભૂહલી સ્ત્રી. મલાઈ માટે તેલ રાખવાનું વાસણ.

ભૂહાર જુનો જુહાર.

ભૂહોબારા [ફા.] કું રહેઠાણ; મુકામ.

ભૂમ ૧. સ્ત્રી. અભિપ્રાય.
૨. સ્ત્રી. બુદ્ધિ; સમજ.
૩. સ્ત્રી. મન.

ભૂસું ૧. ન. ચૂનાના કાંકરામાંથી ચૂનો છૂટો પાડવા પોલાવવાનો પોલો.
૨. ન. ચૂલે ચઢતા વાસણનું બળીને કાળું પડી ગયેલું તળિયું; વાસણને આંચથી પડે છે તે કે તેની એકક.
૩. ન. ભાંકુ અને વાંકુ લાકડું; ચૂનો ભાગવાનો અને છો કચરવાનો ભાંખો, ભાંડો, ચપટો અને વાંકો દંડો.
૪. ન. ભાંકુ ઠેમોડું; પોલો; પોલાણવું; દંડો; ઠમોરો.

ભૂયે ભર ભાજરી, ભૂયે ભર પાથરી,
ભૂયે રોવું હોય દે, ને ભૂયે રેવું ભાનું રહે.
લોકોક્તિ

૫. ન. મકુકાનો મોર.
૬. જિ. મૂર્ખ; જડ.
૭. જિ. પાણી વિનાનું.

ભૂન ૧. કું. ચાલ ભાવવા એરંડી જેવાં એક જાતનાં બી; ગુંદ. એને રોકી, દળી, કવાથ કરીને પિવાય છે.
૨. સ્ત્રી. બહેન.

ભૂના [હિં.] કું. ચનાર નામનું ઝાડ.

ભૂમક ૧. કું. ઘરનો અને મૂર્ખ માણસ.
૨. જિ. બુદ્ધિ વિનાનું; જડ; બુદ્ધિ અને વિવેક વગરનું; જડભરત; ભાંડી બુદ્ધિનું.

ભૂમકો ૧. કું. ઢાંકેલો ઢાળેલો; સંઘરેલો માલ.
૨. કું. મિલકતનો ડૂચો; રોકડ વગેરે માલ.

ભૂમડિયા (ભૂમડિયા) ૧. સ્ત્રી. એ નામની જીવની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. જિ. એ નામની જાતનું.

ભૂમડી (ભૂમડો) સ્ત્રી. મુસલમાનની સ્ત્રી. બીજી ઉપરથી આ અપમાન વાચક શબ્દ બનાવ છે.

ભૂમકા [હિ.] કું. ભાજરાની હોતરી.

ભૂમણ્ણ ૧. ન. રતન; ઘરેણું.
૨. જિ. અમૂલ્યમણ્ણ; મૂર્ખ.
૩. જિ. માલ વગરનું; તુચ્છ.

ભૂમા ૧. કું. ઉપરી માણસ.
૨. કું. પિતા.
૩. કું. બધારે સારો માણસ.

ભૂમૂ ૧. સ્ત્રી. બહેન.
૨. [હિ.] સ્ત્રી. ભાર્યા; સ્ત્રી.
૩ ન. ખાર્યા; સ્ત્રત.
૪. ન. બીજી.
૫ ન. રખાત

ભૂમ ૧. [ફા.] કું. ઉત્પત્તિ; પુરવઠ.
૨. [હિ.] કું. નદી વગેરેમાં વહાણ કે હોડીને છીછરા પાણીથી બચવા માટે ખોડવામાં આવતો મોટો થાંભ; નદીમાં વાહનો વગેરે રોકવા માટે તૈયાર કરેલ બંધ.
૩. કું. પત્ની અને નારની નિશાની.
૪. કું. મૂર્ખ માણસ
૫. કું. વહાણના નીચેના ભાગમાં રાખવામાં આવતો ભારો.
૬. સ્ત્રી. અવાજ; ઘાટો; ભરાવો; કોકટો; મરબડ; ઝોર. ભૂમ મનુષ્ય માટે વપરાય છે. ભરાવો વસ્તુઓ માટે વપરાય છે.

ભૂમ કરતાં ભરાવે વધુ મોટે સાદે મારવામાં આવે છે. પૃથ્વી ઉપર વધેલો અવાજ જેમ આકાશમાં ઠેઠસે સુધી સાંભળી શકાય તે રીતે જહાજમાં અખતરા કરતાં જણાયું છે કે માણસની ભૂમ વધુમાં વધુ ૫૦૦ વાર સુધી જેમે પહોંચી શકે છે, જ્યારે પાણીના કિનારા ઉપરનાં ઝાડનું એકસામટું ઝુંડ ઝુંડ ૬૦૦ વાર દૂરથી સાંભળી શકાય છે અને અનુકમે બરફની જેન્ડનો સૂર ૧,૪૦૦ વાર, દેવળનો ઘંટનાદ ૧,૫૦૦ વાર અને બદકની ચોળી કૂદવાનો અવાજ ૧,૮૦૦ વાર એટલે કે બરાબર એક માઈલ જેટલેથી સાંભળી શકાય છે. પણ આ સૌને કોરે મૂકે એવો સર્વશ્રેષ્ઠ અવાજ તો રાજની રેલગેના ગડગડાટનો ગણ્યો છે. ૨,૫૦૦ વાર એટલે તે સંભળાય છે, જ્યારે તેના વાવાઝોડાનો કાનફોડ અવાજ તો એક ૩,૦૫૦ વાર સુધી એટલે કે દોઢ માઈલથી યે વધુ જગે સુધી પહોંચે છે. સેકંડના ૩૦ આંદોલન જેટલા મંદ અને સેકંડના ૪૦ હજાર આંદોલન જેટલી ઉતાવળી ગતિએ થયેલા અવાજ સાંભળી શકાતા નથી.
૧. ભૂમ ચવી = હુંફાવાની ભૂમો પડવી.
૨. ભૂમ પાડવા-મારવી = (૧) મોટા અવાજે બોલવું. (૨) ફરિયાદ કરવી.

૭. સ્ત્રી. એક વાતને સારૂ ઘણા જણનું મોટે સાદે બોલવું તે; રાડ; પોકાર; મોટે બારે પોકારવું તે.
૮. સ્ત્રી. ફરિયાદ; નારાજીની હકીકત કે વાત.
૧. ભૂમ કરવી = ફરિયાદ કરવી.
૨. ભૂમ પડવી = (૧) ઘા નાખતો અવાજ થવો. (૨) પોકાર થવો.
૩. ભૂમ જેવો ચોખિયો = (૧) નજીની વસ્તુ માટે દિલગીર ન થવું. (૨) બેનાજેમ જાવવું.

૯. સ્ત્રી. ભૂમિ; જમીન.

૧૦. સ્ત્રી. ઓકવાબમ; બહવા ફિયંતી; ઝુમાટો.
ભૂમ ઊઠવી = (૧) બહવા કેવાવી. (૨) ઝુમાટો થવો; પોકાર થવો.

ભૂમડી (ભૂમડી) સ્ત્રી. ભૂમ; ચીસ.
બજમા દાડ્યા ભૂમડી પાડે,
કોર્ય નાડા રીસ ઉપાડે.
પ્રેમાનંદ

ભૂમભરાડ (ભૂમભગાડ) કું ન. પોકાર; રાડ; કોલાહોર.

ભૂમભરાડો (ભૂમભગાડો) કું. પોકાર; રાડ; કોલાહોર.

ભૂમલા ૧. સ્ત્રી. એક જાતની માછલી. તે પોણા ફેટની, આર ઇંચ ઊંચ જાડી, નવ દસ ઇંચ લાંબી અને વધુ પોચી તેમજ ચીકણી

ઉપર બારીક રેતીના કણ જેવાં ભીંજાવાળી હોય છે. તેનું મોઢું હમેશ પહોળું રહે છે, તેથી ઝીણી માછલીઓ તેના પેટામાં ચાલી જાય છે. તે મધ્ય દરિયામાં રહે છે ને જળથી પકડાય છે ખોરાકમાં તે સાધારણ તાકાતવાળી મનાય છે. તેમાં કાંટા થોડા હોય છે.

૨. સ્ત્રી. મોઢામાં આવેલી મૂછો માછલી

ભૂમણું ન. મૂછવેલી માછલી.

ભૂમવું અ ક્રિ. કોલાહલ કરવો; ધોંમાટ મચાવવો.

ભૂમાભૂમ સ્ત્રી. ધક્કાધક્કી; ધુમરાણ; ઉપરાઉપરી ભૂમો પાડવી તે; કેટલાકોનું ભૂમ પડી રહેવી તે; ચોરબકોર.

ભૂમારવ જુઓ ભૂમાભૂમ.

ભૂમારોર જુઓ ધુમરાણ.

ભૂમિયો ૧. પું. ઢંઢેરો પીટનાર માણસ.

૨. પું ગુરાતન ચલાવવા વગાડવામા આવતો ઢોલ; ભૂંગિયો.

ભૂમેરંગ ન. ઓસ્ટ્રેલિઆના મૂળ વતનીઓનું એક અર્ધચંદ્રાકાર હથિયાર. તેને ફેંકનાર એવી ચોકકસ રીતે ફેંકે છે કે તે પાછું તેની પાસે આવીને પડે છે.

ભૂમૈયો ઢોલ પું. આફત માટે ચેતવણી આપવા વગાડાતો ઢોલ.

ભૂર ૧. સ્ત્રી. ઉતરડ જગીન.

૨. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

૩. સ્ત્રી. એક જાતની ભાંડ.

૪. સ્ત્રી. એક જાતની માછલી. તે સવાએ ફૂટ લાંબાઈની, પહોળી, કાળા રંગની અને લીસી ચામડીવાળી હોય છે. તે મધ્યદરિયામાં રહે છે અને જળથી પકડાય છે. ખોરાકમાં તે સાધારણ તાકાતવાળી ગણાય છે. તેમાં કાંટા થોડા હોય છે.

૫. સ્ત્રી. ગંજીફાનું કાળીનું પાનું.

૬. [સં. ભૂરિ] સ્ત્રી. વિવાહ વખતે અપાતી દક્ષિણા.

ખૂબ ભાંટવી = લગ્ન વખતે દક્ષિણા આપવી.

૭. સ્ત્રી. ઓની જનનેંદ્રિય.

૮. ન. જોર; તાકાત; શક્તિ.

૯. ન. પશ્ચિમ ભારતમાં થતું એક જાતનું ઘાસ. તે ખાવાથી ગાય, ભેંસ વગેરેનું દૂધ અને બીજા પશુઓનું બળ ઘણું વધે છે.

ભૂરકી [હિં.] સ્ત્રી. જાદુને માટે વપરાતી ધૂળની ચપટી.

ભૂરકી નાખવી–મારવી (૧) જાદુ કરવું. (૨) મોહ પમાડવું.

ભૂરડ સ્ત્રી. અગાઉ; ચામડી ઉપર થતી લાલ ફોલ્લી જેવી ઝીણી ફોલ્લી.

ભૂરડ (ભૂરડ) ૧. સ્ત્રી. દક્ષિણી વાંસફોડાની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ભૂરણા ૧ સ્ત્રી ચોરની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ભૂરવલ પું. એ નામનો એક છોડ. તે વેલાની પેઠે ઊગે છે. તેનાં પાન પાતળાં ને ઘેરા રંગનાં, ફૂલની કલગી પાતળી ને ધોળી ભૂરવાળા હોય છે.

ભૂરવું ૧. અ. ક્રિ. ફૂલવું; ફૂળી જવું.

૨ સ ક્રિ. ફાટવું; પૂરવું; પૂરી દેવું.

૩. સ ક્રિ. ફર કરવું.

૪ સ ક્રિ બંધ કરવું.

ભૂરશી સ્ત્રી. વરસાદના દિવસમાં ઊગતી બિલાડીના ટોપ જેવી વનસ્પતિ.

ભૂરસી સ્ત્રી. ચૂલો; સગડી.

ભૂરહી ૧. પું. એક ઊગી જાતનો નકામાનો આખો.

૨ સ્ત્રી ડોશી; ઘરડી સ્ત્રી

ભૂરા ૧. [હિં.] પું. એક જાતની ભાંડ; ધોયેલી સાકરનો ભૂકો.

૨ પું. ઠોઠાણી સકલ તેવું મીરો.

૩. પું. દુશ્મન

૪ પુ દુષ્ટ માણસ.

૫. [ફા] પુ નવસાર

૬. પું. ભૂકો; ચૂર્ણ.

૭ ન અંબૂરના વાવેતરમા નકતરરૂપ એક જાતનો છોડ.

૮. વિ. અનીતિમાન; દુરાચારી.

૯. વિ. અન્યાયી.

૧૦. વિ. ધૂળ કરે એવું.

૧૧. વિ. કાચું; સખ્ત.

૧૨ વિ. કઠણપું; ભેગોળ

૧૩. વિ. કમબખ્ત; ખુન્ચું.

૧૪ વિ. અરબચરું.

૧૫ વિ. ખરાબ

૧. ભૂરા બનાવવુ = ખરાબ બોલવું; નિંદા કરવી.

૨. ભૂરા માનવું = (૧) ખરાબ લાગવું; ખોટું લાગવું. (૨) ગુસ્સે થવું. (૩) દ્વેષ રાખવો; વેર રાખવું.

૧૬. વિ. ઝીણું.

૧૭. વિ. ઝેરીલું, ઝેરી.

૧૮ વિ. તોફાની.

૧૯. વિ. દુષ્ટ.

૨૦. વિ. ધિક્કારને પાત્ર.

૨૧. વિ. નાશ કરે એવું.

ભૂરા હાથ કરવા = (૧) નાશ કરવો. (૨) હેરાન કરવું.

૨૨. વિ. નિકૃષ્ટ; હલકું

૨૩ વિ. નિંદ્ય; ધાતકી

૨૪. વિ. બેસ્વરમ

૨૫. વિ. બેસ્વાદ; સ્વાદ વગરનું.

૨૬. વિ. લાલચુ.

ભૂરાઈ ૧. સ્ત્રી. અણબનાવ; કજીયો.

૨. સ્ત્રી. અવગુણ; દુર્ગુણ.

૩ સ્ત્રી. ખોટી અન્યાયી રીતે વર્તવું તે; અન્યાય ભરેલી વર્તણૂક; દુષ્ટતા; ખરાબ રીતે આવવું તે. ગાંધીજી કહે છે કે પોતાના ઉપર પ્રીતિ કરનાર પશુઓ શુદ્ધ મૈત્રી રાખે છે, પણ માણસ તો પથ્થરની પ્રતિમા સમો છે. તેના જેવા વારસાને તે લાયક છે, એ પુરવાર કરવા માટે માણસને ભૂરાઈનો બદલો ભલાઈથી વાળવો રહ્યો.

૪. સ્ત્રી. નિંદા; બદગોઈ.

૫. સ્ત્રી. બગાડ; ખરાબી; નુકસાન.

ભૂરાભલા ૧. પું. અપશબ્દ.

૨. પું. ખરાબ માણસ.

૩. પું. નફોતોટો; હાનિલાભ.

૪. પું. સ્તુતિનિંદા.

૫ વિ. સારૂંનરસું.

ભૂરાભલા કહેવું = ઠપકો આપવો; સખત શબ્દો કહેવા

ભૂરાઈભલાઈ ૧. [હિં.] સ્ત્રી. ઠપકો.

૨. સ્ત્રી. નુકસાન.

૩. સ્ત્રી. સદ્‌ગુણ અને દુર્ગુણ.

ભૂરાઠ (ભૂરાઠ) [અ] પું. નવસાર.

ભૂરો જમાનો પું. કમનસીબ લક્ષણ; દુઃખનો વખત.

ભૂરાની સ્ત્રી. તળેલું રીંગણું.

ભૂરારાજ પું. અંધેર, અવ્યવસ્થા.

ભૂરાશ ૧ સ્ત્રી. અણબનાવ.

૨. સ્ત્રી. દુષ્ટતા.

ભૂરા હાલ [હિં.] પું. ખરાબ દશા; માઠી સ્થિતિ.

ભૂરિયા [ફા.] પું. એક જાતની સાકડી.

ભૂરિયાબાઈ [ફા. ભૂરિયા (સાકડી) + બાઈ (બાંધવું તે)] પું. રોતરંજ વણનાર માણસ.

ભૂરી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની બહુ જ ઝીણી વનસ્પતિ. તે છોડ, ઝાડ, ફળ કે પાંદડાં ઉપર ઉત્પન્ન થાય છે. તેનાથી પદાર્થ સડતા કે નાશ થવા માંડે છે અંગૂરને માટે તે ખાસ કરીને નુકસાનકારક મનાય છે. તેની જંતુનરી જાતો વગેરેના રોગોમાં વાપરે છે

૨. સ્ત્રી. દુઃખની ચીસ; કોતરી.

૩. સ્ત્રી. ખાવટાને જડવાથી નીકળતો છોડવાનો ભૂકો

ભૂરુ પું. પર્વત; પહાડ.

ભૂરું ૧. ન. જુવારના ડાંખા માથેનું છોડું

૨. ન. જે કંઈ નરસું કે ભૂંડું તે.

૩. [ફા.] ન. પોપેલી ઝીણી ખાંડ.

૪. [સં. વિરૂપ] વિ. કદરૂપું; બેડોળ; દેખાવનું નહિ એવું

૫. વિ. ખરાબ; નઠારું; ભૂંડું; નરસું

જ્યાં ભૂંડું ન જોયું જે બહુ ખાતો નથી વળી,
ભૂંડું જોતા નથી જે કે તે જિતેંદ્રિય જાણવા.

નાકોતીતા

ભૂર્ખુંઆ પું. બીજાના પરિશ્રમ ઉપર જીવનાર માણસ; પરશ્રમજીવી માણસ. મજૂરો શ્રમજીવા મહાજન અને શાહખાનાનો માલિક પરશ્રમજીવી ગણાય.

ભૂલ ૧. ન. કૂવો; ખડ્ડો; ઢગલો.

૨. ન. ગુદા; ગાંડ.

૧ ભૂલું ઉટકી જવું–વછટી જવું = (૧) ગાંડા થઈ જવા. (૨) ખારે પડી જવું; ખારતી લાગી જવી; કરી જવું; પોતામાં ઢબી જવાં.

૨ ભૂલું તોડી નાખવું–વકોડી નાખવું = સખત માર મારવો.

૩. ન. ગુદાદ્વાર આગળનો આંતરનો ઉંડો.

ભૂવાર સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી.

ભૂરિયું ૧. ન. સંઘરો.

૨. વિ. ક્ષત કાપી નાખેલું; ક્ષતજાદું.

ભૂસકું ન. વરસાદનું એકદમ તૂટી પડવું તે; વરસાદનું સખત ઝાપટું; બોદી ધાર પડે પણ જોરથી એકદમ ખૂબ પાણી વરસાવે એવા વરસાદનો તરંગ કે ઝપાટો.

ભૂસટ ૧. પું. તમાચો; થપ્પડ; સપાટ.

૨. પું. ઘેસુને ગાલે ફિયર તમાચો મારે તેઃ સીમતને ભત્રેનો એક લિખિ. ફિયેર કંકુવાળો હાથ કરી ઘેસુને ગાલે ઢળતો તમાચો મારે છે. સીમતપણી માને માટે આ આચાર કરવામાં આવે છે.

ભૂસઠ જુઓ ભૂસટ.

ભૂસલું ન. ઘોડો; એક છેડો પાતળો અને બીજો છેડો જાડો એવો લાકડાનો ડટો

ભૂસું ૧. ન. ઝાપટું; ભૂકડું.

૨. વિ. મૂર્ખ; જડ; જાડી બુદ્ધિનું

૩. વિ રસ કે સ્વાદ ન સમજે તેવું; જેને કોઈ વાતનો કોઈ કે શોખ ન હોય એવું; અરસિક.

ભૂસો ૧. પું. મેજની નીચેનો લાકડાનો પટો.

૨ પું. રાંચો; ચામડિયો; ચમાર; જડભરત; જડસો

૩. વિ પું. બચ્ચો જાડો; ચપટો. બાજરા માટે વપરાય છે.

ભૂસ્તાન ૧. [ફા. ભૂ. (સુપ્રસિદ્ધ) + સિતાન (જગ્યા)] પું. આનંદદાયક બગીચો

૨. ન. સાદી નામના કવિનું એ નામનું પુસ્તક.

ભૂહકું (ભૂકું) ન. ભૂસકું; વરસાદનું ઝાપટું.

ભૂહડાણા (ભૂકડાણા) કુ.વ.વ. ભૂંડ.

ભૂહલું (ભૂકલું) ૧. ન. ઘોડવું

૨ જુઓ ભૂલું

ભૂહવું અ. ક્રિ. ખાવું.

ભૂહું (ભૂકું) જુઓ ભૂસું.

ભૂહો (ભૂકો) ૧. પું. ઢગલા ઉપર આડો જોડેલો લાકડાનો ડટો

૨. વિ. કુ મૂર્ખ; ભૂસો.

ભૂંકા સ્ત્રી. નાનું ટીપું.

ભૂંકારો પું. રડ, ભૂમ.

ભૂંગડી (ભૂંગળી) સ્ત્રી. દાઢના વખતમાં શરીર ઓઢવાનું કપડું.

ભૂંગણ ન. બેકદાને બનાવ વગેરે ભરવા, ઢાંકવા તથા પાથરવાનું ચેળનાં પાંચ હાજિયાને ભેગા કરીને બનાવેલું મોટું ભારે ભૂસકું; બહુ મોટુ ખાદીનું ઝભ્ભું; ગાદલામાં પાથરવાની મોટી ખાસણ

ભૂંગવું ૧. સ. ક્રિ. આવરણ કરવું; ઢાંકવું.

૨. સ. ક્રિ. નિરર્થક વખારે પડવું બોલવું.

૩. સ ક્રિ. ભરવું.

૪ સ. ક્રિ. લાકડાના પટારાને બોદાથી મઢવો.

ભૂંગા સ્ત્રી. બાઝની ભારી.

ભૂંગાં ૧. ન. બ. વ. હોતરાં.

૨. ન. બ. વ. વખાણ.

ભૂંગિયું ૧. ન. તરફાળ અથવા ઓઢીવટાને ઠોબણાના આકારમાં કરી તેમાં દાણા ભરી રાખવા તે.

૨. ન. બારદાન.

૩. ન. મોટી ઝીંગડી; ગોળ તકિયા જેવી અને ખાનુના મોઢાં બાંધેલી ગાસડી.

ભૂંગિયો પું. ખૂબ ચરાતન ચડાવવા માટે જોરથી વગાડવામાં આવતો ઢોલ; ઉત્તેજનનો ઢોલ.

ભૂંગી પું. ઢોલ વગાડનાર માણસ.

ભૂંગ [હિં.] સ્ત્રી. એક જાતની માછલી.

ભૂંચિયું વિ. લુચ્ચું; કપટી

આપે બીજાની આબ્રુ, ચૂંચિયું રે ખૂંચિયું,
સ્વમના જેવી આબ્રુ, હોય મેઈલી કુંવરજી.

દયો

ભૂંડ ૧. પું. અવગ કૂવો; ખોખ જેવો ઊંડો ખાડો; અવાવરુ કૂવો

૨. પું. એક જાતના કઠોળનો છોડ.

૩. પું. બચ્ચાનો પોપટો.

૪. સ્ત્રી. ચીબોડાનો એક ભાગ; ચીબોડાની રોટલી પીલનાર સળ સાથેનો એક ભાગ.

૫. વિ. નાનું, મજબૂત અને કાંબુ. ખાસ કરીને અત્તર માટે વપરાય છે.

ભૂંડપુલાવ પું. ચણા અને ચોખાની બનાવટી એક વાની.

ભૂંડી ૧. વિ. ઝાલાર; ઠોરિયાર.

૨. વિ. નખેદ; લુચ્ચું.

ભૂંઠ ૧. વિ. અજ્ઞાનવાળું.

૨. વિ. કમઅક્કલ; અચરણ; કંઈ જોયે કે સમજે નહિ એવું; જાડી બુદ્ધિનું; મૂર્ખ; જડ.

ભૂંડા પું. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

ભૂંઢ ૧. ન. ઝોકડી પાડવાનું ઊભું ઘર.

૨. [સં. બિન્દુ] ન. ટીપું; બુંદ.

ભૂંઢચોઢો સ્ત્રી. ગર્ભ રહેવાની કલ્પનાવાળી સ્ત્રી.

ભૂંડા ૧. [હિં.] પું. કાન અથવા નાકમાં પહેરવામાં આવતું મોતી કે મણિ.

૨. પું. મોટું ટીપું.

ભૂંડાભાંડી [હિં.] સ્ત્રી. ધીમે ધીમે મોટા મોટા આવતો અટકતો વરસાદ.

ભૂંડિયાળ વિ. જેવું તેવું જોઈ નહિ એવું, ભૂંડામાં પડેલ સોગઠી જેવું.

ભૂંદી ૧. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. કમનારનું કૂલ.

૩. સ્ત્રી. જુવારનું ડૂંડું.

૪. સ્ત્રી કૂલ ચીતર્યા પછી છોડનું ઝીંડવું.

૫ [હિં] સ્ત્રી. વરસાદનું ટીપું.

ભૂંધ ૧. સ્ત્રી. નિસાસો.

ભૂંધ મારવી = (૧) નિસાસો નાખવો. (૨) દાંડ થવા જેવો.

૨. સ્ત્રી. શાપ.

બૂંધલું કું. પોતો; જાડી ગાદડી.

બૂંધવા ૧. સ્ત્રી. જરવાડ રબારીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

બૂંધાવારી સ્ત્રી. ગાદડીનો ભાર.

બૂંધાળી સ્ત્રી. વાસણ તૂટી ન જાય તેટલા માટે તેની નીચે ચડાવવામાં આવતું આખું માટીનું પડ; કૂંડવાળો.

બૂંધિયાળ ૧. વિ. અપશુકનિયું.
૨. વિ. કમનસીબ; ભાગ્યહીન.

બૂંધી ૧. વિ. બેદરકાર; સુસ્ત; બાળસ્વ.
૨. વિ ઓછી અક્કલનું; કમસમજનું; મૂર્ખ; મંદબુદ્ધિ; ઉંધ્યુંઘોતીયું; ઝટ રીઝે નહિ એવું, અચતુર; અસાવધાન.
૩. વિ. કમનસીબ; ભાગ્યહીન.

બૂંદ ૧. ન જાડો કમોરો; પોચકલું; જાડી ટૂંકી ગાદડી; ભરું.
૨. ન. વસ્તુ વગેરેનો નીચલો ભાગ; તળિયું.
૩. ન. વાસણનું ખભેલું તળિયું; ધૂણી ને ઘાટ વગેરેથી કાળુ પડી ગયેલું વાસણનું તળું.
૪ વિ. બુદ્ધી અક્કલવાળું; કમસમજનું.

બૂંસા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

બૂંસું ૧. ન. ગાદડીનો જાડો કટકો.
૨. વિ. અણઘડ; સરકાર વિનાનું.

બૂહ સ્ત્રી. જતા; પુષ્કળ હોવું તે.

બૃખભ [સં. વૃષભ] કું. સાંઢ; બળદ.

બૃત ૧. કું (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં ચાર ચરણ હોય છે. તેની ત્રણ જાત છે: (૧) સમ એટલે દરેક લીટીમાં સરખી માત્રા હોય એવો, (૨) અર્ધસમ એટલે પહેલી અને ત્રીજી લીટીમા સરખી અને બીજી અને ચોથી લીટીમા સરખી માત્રા હોય એવો અને (૩) વિષમ એટલે દરેક લીટીમાં સરખી માત્રા ન હોય એવો.
૨. કું. બેટ આવેલ જમીન.

બૃષી [સં.] સ્ત્રી. ઋષિનું આસન.

બૃહ ૧. [સ.] ભ કિ. ઊભવું
૨. ભ કિ. વધવું, ફેલાવું

બૃહક [સ] પુ (પુરાણ) એ નામનો એક પર્વત.

બૃહચ્ચિત્ર [સ] ન બિલ્લેગનું ઝાડ.

બૃહચ્ચરાવતી કું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, ભગણ, નગણ, ભગણ અને રગણ મળી પંદર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં બે નગણ, રગણ અને ગગણ મળી બાર અક્ષર હોય છે.

બૃહચ્છરીર [સં. બૃહત્ + શરીર] વિ. મોટા શરીરવાળું.

બૃહચ્છલ્લક [સં.] કું. એક જાતનું માછલું.

બૃહચ્છ્લોક [સં. બૃહત્ + શ્લોક] કું. (પુરાણ) ઉગ્રદમ નામના આદિત્યને કીર્તિ નામની સ્ત્રીથી થયેલ એ નામનો દીકરો

બૃહજ્જન [સં બૃહત્ (મોટું) + જન (માણસ)] કું મહાજન; મોટો માણસ.

બૃહજ્જંબીર [સ] ન. એ નામનું એક જાતનું લીંબુ.

બૃહજ્જાતક [સ] ન એ નામનું વરાહમિહિરે બનાવેલું જ્યોતિષનું એક પુસ્તક. તેમાં રાશિભેદ, ગૃહમાનિભેદ, વિયોનિજ-મનિષેધ, જન્મવિધિ, અરિષ્ટ, દશાંતર્દશા, અષ્ટક વર્ગ, રાજયોગ, નાભસયોગ, ચંદ્રયોગ, દ્વિગ્રહાદિયોગ, નક્ષત્રકુલ, રાશિશીલ, દૃષ્ટિભાભ્યાય, ભાવભેદાય, આશ્રયયોગ, પ્રકીર્ણ, અનિષ્ટ, ઔડુલક વગેરે વિષયોનો સમાવેશ કરવામા આવ્યો છે.

બૃહજ્જાબાલ [સં.] સ્ત્રી.; ન. એ નામનું અથર્વવેદનું એક ઉપનિષદ

બૃહજ્જીરક [સં] ન. કલોંજી જીરું; કાળીજીરી.

બૃહજ્જીવંતિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; રાસ્નાકેડી.

બૃહજ્જીવંતી [સં] સ્ત્રી એ નામની વનસ્પતિ, મોટી ખરખોડી

બૃહત ૧. [સં બૃહત્] વિ. ઉત્તર દિશના ઉત્કૂલ નામે દેશનો એક રાજા. તેને હરાવી અર્જુને તેનો દેશ જીતી લીધો હતો.
૨ પુ એ નામે એક વાયુ
૩. કું. પરમેશ્વર.
૪. કું બ્રહ્મ
૫ કું વિષ્ણુના કલ્પર માહેનું એક નામ.
૬ કું. વેદમાં વપરાયેલું છંદનું એક નામ.
૭. ન. એક જાતનું ઉંદ દેવતાનું ઉત્તમ સામગાન
૮ વિ ઊંચું. સ્વર માટે વપરાય છે.
૯. વિ. દક્ષ; બાહોશ; ભાગ્યવાન.
૧૦. વિ. પર્યાપ્ત; પૂરું; પૂર્ણ.
૧૧. વિ. પહોળું
૧૨. વિ. મોટું; કદાવર; સ્થૂલ; વિશાળ.

બૃહતિકા [સં.] સ્ત્રી. ઉત્તરીય વસ્ત્ર.

બૃહતી ૧. [સં.] કું. (પિંગળ) ત્રીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ચાર પાદ હોય છે. વેદની કુલ ૧૮૧ ઋચાઓમાં આ છંદ વપરાયો છે. તેના ૪૧૨ ભેદ છે. તેના દરેક ચરણમાં નવ અક્ષર હોય છે. આ છંદ બૃહતના પ્રાણમાંથી ઉત્પન્ન થયેલો મનાય છે.
૨. કું. (પિંગળ) નવ વર્ણવાળા સમવૃત્ત છંદનો એ નામનો એક વર્ગ. તેના ૫૧૨ ભેદ થાય છે. આ જાતના સુજનસંગ્રિયશુભ્રતા, સુજનસંગતા, મણિમધ્ય અથવા મણિમધરત્નહરા, તોમર, સારંગ, ભિન્ના અથવા ભક્તિતતિસહા, મહાલક્ષ્મી, પવિત્રા, કમળા, કમલમુખી અને ભદ્રિકા એ પ્રસિદ્ધ છંદ છે
૩. સ્ત્રી આયુર્વેદમાં મનાયેલાં દશ મોટેનું એક મૂળ; બૃહપંચમૂળ.
૪ સ્ત્રી ઉત્તરીય વસ્ત્ર.
૫. સ્ત્રી ઊભી ઓરિમડી; ચાકરીમણી. રક્તપિત્ત, દમ, તાવ અને કફમાં તે બધી જ બીમારીઓ મનાય છે.
૬. સ્ત્રી. મંધર્વરાજ વિશ્વાવસુની પત્નીનું નામ.
૭ સ્ત્રી જલાશય; પાણી હોય તેવું સ્થાન.
૮ સ્ત્રી. નવની સંખ્યા બતાવનારી સંજ્ઞા.
૯ સ્ત્રી મહાસત્યુ.
૧૦ સ્ત્રી. વાણી; વાચા.
૧૧. વિ. (પિંગળ) નવ.

બૃહતીકપાલમૂલિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ

બૃહતીકલ્પ [સં.] કું. (વૈદક) એક જાતનો ક્વાથકલ્પ

બૃહતીદ્વય [સં.] સ્ત્રી. નાની અને મોટી ભોરિંગણી.

બૃહતીપતિ [સં.] કું. વાચાનો પતિ; વાક્પતિ; બૃહસ્પતિ

બૃહતીમર્ભ [સં. બૃહતીમર્મન્] ન. સ્તન અને ખરડા વચ્ચેનો પ્રદેશ.

બૃહત્ક [સં.] વિ મોટા પ્રમાણનું.

બૃહત્કથા ૧. [સં.] સ્ત્રી. ગુણાઢ્ય નામના કવિએ રચેલ એ નામનો વાર્તાનો ગ્રંથ.
૨. સ્ત્રી. પિશાચી ભાષામાં વરરુચિએ બનાવેલ કથાસમૂહ

બૃહત્કર્મ ૧. [સં બૃહત્કર્મન્] કું બૃહત્કર્મનો એ નામનો એક પુત્ર.
૨. ન. મોટું કામ
૩. વિ. મોટા કામવાળું

બૃહત્કર્મા [સં. બૃહત્કર્મન્] પું. (પુરાણ) સોમવંશી અનુકૃષ્ણોત્પન્ન અંગવંશીય પૃથુષણ રાજાના ચાર મ.હેનો એ નામનો એક પુત્ર

બૃહત્કલ્પ [સં] પું. (પુરાણ) બ્રહ્માના ત્રીજ મ.હેનો સાતમો દિવસ; બ્રહ્મદેવના સાધુ મ.સનો સાતમો દિવસ અથવા કલ્પ

બૃહત્કસ્તૂરીભૈરવ જી. (વૈદક) એ નામનું એક પૌષ્ટિક ઔષધ.

બૃહત્કંગુની સ્ત્રી મ.લકાંગણી

બૃહત્કંદ ૧. [સં.] પું ગાજર

૨ પું કુંવાર.

૩. પું લસણ.

૪. પું વિષ્ણુકંદ.

બૃહત્કાય ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર બૃહદ્વિધનો પૌત્ર.

૨ વિ મોટા શરીરવાળા.

બૃહત્કાવ્ય ૧. [સં.] ન. એ નામનું એક ઐતિહાસિક કાવ્ય

૨. ન મહાકાવ્ય; વીરરસ કાવ્ય.

બૃહત્કાસ [સં.] ન. એક જાતનું ઘાસ.

બૃહત્કીર્તિ ૧. [સં.] પું. (પુરાણ) અત્રિકુલનો એ નામનો એક પુત્ર.

૨. પું. એ નામનો એક અસુર.

૩. વિ. મોટી કીર્તિવાળુ

બૃહત્કુક્ષિ [સં.] વિ. ફાંદવાળું; મોટા પેટવાળુ.

બૃહત્કેતુ ૧. [સં.] પું. એ નામનો એક રાજા.

૨. વિ. મોટી ધ્વજાવાળુ.

બૃહત્કોષ્ઠ [સં.] પું. (અણિત) એક જાટખૂણાથી મોટો અને બે જાટખૂણાથી નાનો ખૂણો. ગુરુકોણ

બૃહત્ક્ષત્ર ૧. [સં.] . પુ. (પુરાણ) કુરુ વંશના પરિક્ષિત રાજાનો પરિક્ષ પક્ષનો એક રાજા. તેને દ્રોણાચાર્યે માર્યો હતો

૨. પું. (પુરાણ) ધૃષ્ટકેતુને મારેલો એક રાજા. તે ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષમા હતો.

૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના વંશના મન્યુ રાજાના પાંચ માઠેનો મોટો પુત્ર. તેનો પુત્ર હસ્તી રાજા હતો.

બૃહત્તર [સં.] વિ. વધારે મોટું.

બૃહત્તાલ [સં.] પું. તિતાલ વૃક્ષ.

બૃહત્તિક્તા [સં.] સ્ત્રી. પાઠા નામની વનસ્પતિ.

બૃહત્તૃણ [સં.] પું. વાંસ; વાંસડો.

બૃહત્ત્રયતાલ પું. (સંગીત) એ નામે એક તાલ; ત્રિતાલ; વિલમ્બિત ત્રિતાલ. આ તાલની સોળ માત્રા છે. તેમાં પહેલી, બારમી અને તેરમી માત્રા ઉપર તાલ અને નવમી માત્રા ઉપર ખાલી આવે છે.

બૃહત્પત્ર [સં.] પું. એ નામની એક વનસ્પતિ; હાથીકંદ.

બૃહત્પર્ણી ૧. [સં.] ન. મોટું પાંદડું.

૨. ન. હસ્તિકંદ વૃક્ષ; એરંડ લોંચ.

૩. વિ મોટાં પાનવાળું

બૃહત્પંચમૂલ ન. (વૈદક) એક પ્રકારનું પંચમૂળ; બીલી, સરગવો, પાટલા, અરણી અને અરડુ એ પાંચ મૂળિયાંનું પ્રત્યેક.

બૃહત્પાટલિ [સં] પું. પતૂરાનો ઝાડ.

બૃહત્પાદ ૧. [સં.] પું. વડનું ઝાડ.

૨. વિ. મોટા પગવાળુ

૩. વિ. મોટા મૂળિયાંવાળુ

બૃહત્પારાવત [સં. બૃહત્ (મોટું) પારાવત (પારેવું)] ન મોટું પારેવું; કબૂતર.

બૃહત્પાલી ૧ [સં. બૃહત્પાલિન્] પું. કાંટાળી ઝાડી.

૨. પું. રાતી જાઈ; જાવંત્રી ઝાડ.

બૃહત્પીલુ [સં.] ૧. પું. પહાડી અખરોટ.

૨. પું. મોટાં પીલુનું ઝાડ.

બૃહત્પુરુષ [સં.] પું. પરમાત્મા; હરિ.

બૃહત્પુષ્પ ૧. [સં.] સ્ત્રી. કેળ; કદલી.

૨. વિ. મોટાં ફૂલવાળુ

બૃહત્પુષ્પા [સં.] સ્ત્રી. કદલી; કેળ.

બૃહત્પુષ્પી [સં.] સ્ત્રી. કેળ; કદલી.

બૃહત્પૂજન [સં.] ન. સામગ્રી વગેરેથી કરેલું મોટું પૂજન.

બૃહત્પ્લવ ૧. [સં. બૃહત્ (મોટું) + પ્લવ્ (તરવું)] પું. બહુ સારો સુધી તરનાર.

૨ ન. કમળનું ઝાડ

બૃહત્ફલ ૧. [સં. બૃહત્ (મોટું) + ફલ (ફળ)] ન. નાળિયેર

૨ વિ. મોટા ફળવાળુ.

બૃહત્ફલા ૧. [સં.] સ્ત્રી. કડવી તુંબડીનો વેલો.

૨. સ્ત્રી. ગોરાનો વેલો.

૩. સ્ત્રી. ભોંયરીંગણી.

૪. સ્ત્રી. મોટાં જાંબુનું ઝાડ

બૃહત્ફલ્લુબ્ધક ૧ પું. મોટો કૂતરો.

૨. [સં. બૃહત્ (મોટું) + લુબ્ધક (શિકારી)] પું. મોટો શિકારી

૩. ન. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.

પહેલા ચરણના વારામા અર્થ તેજસ્વી તારો હોય છે. એ દક્ષિણ ગોળાર્ધના બૃહત્લુબ્ધક કે મોટો કૂતરો એ નામના નક્ષત્રમાં છે.

ગુ. સા. પરિષદ

બૃહત્વા પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

બૃહત્સંહિતા [સં.] સ્ત્રી. વરાહમિહિરે લખેલું જ્યોતિષ ઉપરનું એ નામનું પુસ્તક.

બૃહત્સેન ૧. [સં.] પું. (પુરાણ) કૃષ્ણને બદલે થયેલો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા. તે મદ્ર દેશનો રાજા હતો અને તેની કન્યા સહદેવના કૃષ્ણની સ્ત્રી હતી.

૩ પું. (પુરાણ) અજમીઢ વંશનો એક રાજા

૪ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન જરાસંધ વંશજોના સુનક્ષત્ર રાજાનો એ નામનો પુત્ર. તેનો પુત્ર કર્મજિત હતો.

૫ સ્ત્રી. મોટી સેના.

૬. વિ. મોટી સેનાવાળું.

બૃહત્સેના ૧. સ્ત્રી. (પુરાણ) દમયંતીની એ નામની એક પરિચારિકા.

૨. [સં. બૃહત્ (મોટું) + સેના. (સૈન્ય)] સ્ત્રી મોટી સેના.

બૃહત્સોમરાજિતૈલ [સં.] ન. (વૈદક) ખરજ, દાદર, કુષ્ઠ ઉપર બનાવવામાં આવતું એક જાતનું તેલ. તે બનાવવા કાળીજીરી એક રતલ લઈ તેને પાંચ રતલ પાણીમાં ઉકાળવી. એક રતલ કૂવાડીઓ લઈ તેને પાંચ રતલ પાણીમાં ઉકાળવો. જ્યારે તે બંને સવા સવા રતલ રહે ત્યારે ઉતારી લેવા. પછી તે બંને ઉકાળાને ભેગા કરી તેમાં સવા રતલ ગોમૂત્ર, સવા રતલ ખરસિયું તેલ નાખી તેની અંદર ચિત્રો, કળાદર, અરણીનું મૂળ, કાળા મરી, ગાયનું ઘાસ, કરેણનું મૂળ, લીંબડાનાં પાન, કરતાળ, સંઠ, કરંજનાં બી, અરડૂસાનું મૂળ, કોદર, કાસમર્દનાં પાન, મનશિલ વગેરે ચીજોનું સાડાસાત રૂપિયાભાર ચૂર્ણ નાખવું ને રીતસર તેલ સિદ્ધ કરવું.

બૃહત્સ્તાર પું. પહોળો તાર; ઝાંઝ.

બૃહત્સ્ફેટ પું. મોટું કેલાસ; 'ગ્રાન્ડ ફિરટલ'.

બૃહદ જુઓ બૃહત.

બૃહદગ્નિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. વિ અનેક પ્રકારના અગ્નિવાળુ

બૃહદ્બલ [સં.] પું. એક જાતનું ઝાડ.

બૃહદ્રથ [સં. બૃહત્ (મોટું) + રથ (રથ)] વિ. મોટા રથવાળું.

બૃહદ્રથ ૧. પું. અગ્નિ.

૨. [સં.] પું. (પુરાણ) દૈતવનમાં પાંડવો પાસે આવેલ એ નામનો એક ઋષિ તેણે યુધિષ્ઠિરને અનેક ઇતિહાસ સંભળાવ્યા હતા અને અક્ષવિદ્યા તથા અશ્વહૃદયવિદ્યા શીખવી હતી. આ બને વિદ્યાનો ઉપયોગ એ હતો કે, જો હરી જૂતનો પ્રસંગ આવે તો પાસા પોતાને અનુકૂળ પડે અને પરાજય થાય નહિ.

૩. પું. ચિત્રનાં હત્યર માંહેનું એક નામ.

૪. પું. સૂર્ય.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન શ્રાવસ્ત રાજાના બે મહેનો મોટો પુત્ર. તે શૂર, ધર્માત્મા અને ઈશ્વરભક્તિપરાયણ હતો. બાંધા વખત સુધી ઉત્તમ પ્રકારે નીતિથી રાજ્ય કરી, વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ એટલે કુવલાશ્વ પુત્રને ગાદી ઉપર બેસાડી પોતે વનમાં ગયો. વનમાં ગયો કે તરત જ તેની પાસે બાંધ કાર્ય નિમિત્તે ઉતંક ઋષિ આવ્યા હતા, પરંતુ તેણે તે કાર્ય કરવાનું પુત્રને જ કહ્યું.

૬. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અરવણ રાજાનો એ નામનો એક પુત્ર.

બૃહદ્રથગંધાદ્ભૂત [સં.] ન. (વૈદક) એ નામનું એક ઔષધ. આ ઘી બાતને બહુ બળવાન કરે છે, જઠરાગ્નિને અરોબર તેનું કાર્ય કરવાને શક્તિમાન કરે છે અને શરીરનો બાંધો મજબૂત બનાવે છે. અશ્વગંધાની બીજી બધી દવાઓ કરતાં આ ઘી બહુ જ ઉત્તમ ગણાય છે. જે માણસોની પાચનશક્તિ બરોબર હોય, તેને જ આ ઘી આપવું છે.

બૃહદંગ ૧. [સં. બૃહત્ (મોટું) + અંગ (શરીર)] પું. હાથી.

૨. વિ. મોટા શરીરવાળું.

બૃહદંગી ૧. [સં. બૃહત્ (મોટું) + અંગ (શરીર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી મોટા શરીરવાળી સ્ત્રી.

૨ સ્ત્રી. હાથણી.

બૃહદંતી સ્ત્રી. રતનજોત નામની વનસ્પતિ.

બૃહદંત્ર [સં. બૃહત્ (મોટું) + અંત્ર (આંતરડું)] ન. મોટું આંતરડું.

બૃહદંબાલિકા [સં.] સ્ત્રી. (પુરાણ) કાર્તિકેય સ્વામીની અનુચર એક માતૃકા.

બૃહદારણ્યક [સં.] ન. એ નામનું શુક્લ યજુર્વેદનું એક ઉપનિષદ. કાણ્વ શાખાનાં ૧૪મા કાંડનાં બેલાં ૭ પ્રપાઠકોનું તે બનેલું છે. તેનો સમય ઈ. સ. પૂર્વે ૨,૫૦૦નો હતો એમ મનાય છે.

બૃહદ્વિજ્રજોદીરસ પું. (વૈદક) એક પ્રકારની ઔષધિની ગોળી. તે અજીર્ણ, ઉદરરોગ, ગળાના રોગ, કફ વગેરે મટાડનાર મનાય છે.

બૃહદ્વિપુ ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના ચાર માહેનો ત્રીજો પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર નીલના વંશના ભર્મ્યાશ્વ રાજાના પંચાણ સહાયારી પાંચ માહેનો ત્રીજો પુત્ર

બૃહદ્વૃક્ષ ૧. [સં.] પું. (પુરાણ) અગ્નિવંશી તપનો એ નામનો પુત્ર.

૨. પું. અર્જુનનું વૃક્ષ.

૩. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

બૃહદ્વૃક્ષવાસદેવ [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલનાં ૫૪, ૫૫ તે ૫૬ સૂક્ત રચ્યાં છે.

બૃહદ્વૃક્ષ [સં.] પું. જગત્સૃષ્ટિકારક પ્રજાપતિ.

બૃહદ્વૃત્તરતાપની [સં.] સ્ત્રી ;ન. એ નામે એક ઉપનિષદ.

બૃહદ્વક્ષ ૧. [સં. બૃહત્ (મોટું) + વક્ષ (રીંછ)] પું. મોટું રીંછ.

૨. પું. (જ્યોતિષ) સપ્તર્ષિ તારાનું મુખ્યપું, મોટા સપ્તર્ષિ. તેને કાળ પક્ષ કહે છે. આર્ય જ્યોતિષશાસ્ત્રમાં તેને સપ્તર્ષિ પક્ષ કહે છે.

૩. પું. ઝાડ.

બૃહદ્વેલા [સં. બૃહત્ (મોટું) + એલા (એલચી)] સ્ત્રી. મોટી એલચી.

બૃહદ્વોષ ૧. [સં. બૃહત્ (મોટું) + ઓષ (હોઠ)] પું. મોટો હોઠ

૨. પું. બોનિનો એક વિભાગ; જગદ્વાર ઉપરના કેશભૂમિથી ભગદ્વાર સુધી જતા બે માંસલ સ્તંભ.

બૃહદ્વગાર્ણ [સં.] પું. (પુરાણ) પરોપકારી શિબિ રાજાના પાંચ માહેનો એ નામનો એક દીકરો. તેનું પૃથુદર્ભ એવું બીજું નામ હતું સાત જોવા આવેલા ઋષિઓને તેના માંસનું ભોજન કરાવવા માટે તેના પિતાએ તેનો વધ કર્યો હતો.

બૃહદ્વધુ [સં.] પું. એ નામે એક રાજા.

બૃહદ્વુજરાત પું.; સ્ત્રી.; ન. ગુજરાત તેમ જ બહાર જ્યાં ગુજરાતીઓ રહેતા હોય એવા વસાહતી પ્રદેશનો સમૂહ.

બૃહદ્વુજરાતી વિ. બૃહદ્વુજરાતમાં રહેનાર.

બૃહદ્વુજરાત જુઓ બૃહદ્વુજરાત.

બૃહદ્વુજરાતી જુઓ બૃહદ્વુજરાતી.

બૃહદ્વોલ [સં.] ન. તરબૂચ.

બૃહદ્વલ્લ ૧. [સં.] પું. કચ્છ નામનો એક પ્રાચીન દેશ.

૨. પું. (જ્યોતિષ) મુખ્ય ગ્રહ.

બૃહદ્વાસ ન. ગ્રીક લોકોએ વસાવેલ દેશ.

બૃહદ્વર્શક [સં બૃહત્ (મોટું) + દર્શક (બતાવનાર)] વિ. નાની વસ્તુને મોટી બતાવનાર.

બૃહદ્વર્શકકાચ પું. નાનું રૂપ મોટું દેખી શકાય તેવો કાચ; 'મેગ્નિફાઇંગ ગ્લાસ.'

બૃહદ્વર્શકયંત્ર [સં.] ન. નાના રૂપને મોટું બતાવનાર યંત્ર.

બૃહદ્વલ [સં. બૃહત્ (મોટું) + દલ (પાન)] પું. સમપર્ણ વૃક્ષ

બૃહદ્વલી [સં.] સ્ત્રી. ગલગલંતી નામની વનસ્પતિ.

બૃહદ્વેવતા [સં.] ન. શૌનક ઋષિએ શ્લોકમાં રચેલું એક પુસ્તક. ઋગ્વેદનું સ્તોત્ર કયા દેવતાને માટે રચાયેલ છે તેનું તેમાં સ્પષ્ટીકરણ કરેલું છે.

બૃહદ્વુતિ ૧. [સં.] સ્ત્રી. ઘણું તેજ.

૨. વિ. ઘણા તેજવાળું.

બૃહદ્વન [સં.] વિ. પુષ્કળ વનવાળું.

બૃહદ્વમની [સં.] સ્ત્રી. મહાધમની; હૃદયમાંથી નીકળતી મોટી ધમની

બૃહદ્વર [સં.] પું. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતરૂપ બ્રહ્મવ્રતને ધારણ કરનાર આશ્રમ.

બૃહદ્વર્ચનિઉત્પાદક [સં. બૃહત્ (મોટું) + અર્ચનિ (અવાજ) + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] ન. સૂક્ષ્મશબ્દગ્રાહક યંત્ર; 'માઇક્રોફોન'.

બૃહદ્વૂચની [સં.] સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

બૃહદ્વશ્વ ૧. [સં.] પું. (પુરાણ) માંધાર રાજાનો એ નામનો એક પુત્ર; શકુનિનો બાપ.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કૃષ્ણાવ્રજ વંશના તક્ષક રાજાનો એ નામનો પુત્ર. ભારતના યુદ્ધમાં તે દુર્યોધનના પક્ષમાં હતો. તેને અભિમન્યુએ માર્યો હતો.

૩. પું. (પુરાણ) સોમવંશી વસુદેવના ભાઈ દેવભાગને કંસાથી થયેલા ત્રણ માહેનો બીજો પુત્ર, ઉદ્ધવનો ભાઈ.

૪. ન. મોટું બળ.

૫. વિ. અત્યંત બળવાન.

બૃહદ્વંગેશ્વર [સં.] પું. (વૈદક) એ નામનું એક ઔષધ. તે બનાવવા અંક ભસ્મ, શુદ્ધ પારો, રૌપ્ય ભસ્મ, અભ્રક ભસ્મ, શુદ્ધ ગંધક

એ દરેક બબ્બે તોલા અને સુવર્ણ ભસ્મ તથા મૌક્તિક ભસ્મ એ બંને અરધો તોલો ભેળવી તેને આંબરાના રસની ભાવના દેવી અને બબ્બે રતીભારની ગોળી કરવી. તે પાકેલાં ગિલોડાના ફળના રસ સાથે મધુપ્રમેહમાં અપાય છે. તેની માત્રા બાબી ૧ વાલ છે

બૃહદ્‌બ્રહ્મા [સં. બૃહદ્‌બ્રહ્મન્] પું (પુરાણ) અંગિરસનો એ નામનો એક પુત્ર.

બૃહદ્‌બ્રિટન જ. ઉંગ્લંડ, સ્કોટલંડ અને વેલ્સ ત્રણે મળીને થતો પ્રદેશ; ગ્રેટ બ્રિટન.

બૃહદ્‌ભગોષ્ઠ [સં.] પું. યોનિનો એક ભાગ; સ્ત્રીના બા.ઇ. શરીર બહારનો એક અવયવ કેશભૂમિના નીચલા ભાગથી શરૂ થઈ મલદ્વાર સુધી જે લંબાયેલ હોય છે. તે બે તરફના બે હોય છે. યૌવનના આરંભમાં આ બંને માંસલ સ્તંભ જોડા સ્થૂલ, મૃદુ ઓઠના જેવા જ હોય છે આ બે ભગોષ્ઠ પરસ્પર એકબીજા સાથે મળીને યોનિની રક્ષા કરે છે. વિદ્વાનોનું એમ માનવું છે કે, પુરુષમાં જે અંડકોષ હોય છે. તે અંડકોષ જ દ્વિભાજિત થઈને સ્ત્રીના બૃહદ્‌ભગોષ્ઠરૂપમાં પરિણત થયેલા છે આ બંને બૃહદ્‌ભગોષ્ઠમાં વચ્ચે વે સ્થિતિસ્થાપક તંતુઓ આવેલા હોય છે. તેને લીધે પ્રસવ વખતે જરૂર પૂરતો વિસ્તાર પામવામાં તેને કોઈ જાતની અડચણ પડતી નથી. પ્રસવ પછી અને બહુ મોટી ઉંમર પહોંચેલી તથા શિથિલ શરીરવાળી સ્ત્રીના આ બંને હોઠ સહેજ લબડી જાય છે. આ ભગોષ્ઠનો જેટલો ભાગ બહાર દેખાય છે, તેટલો ભાગ ચામડીનો જ બનેલો છે, એટલે સાધારણ ચામડીથી જ મઢેલો છે અને જેટલો ભાગ એકબીજા સાથે સામેલો છે, એટલે કે બંને મોટા ઓષ્ઠને હાથેથી પહોળા કર્યા સિવાય દેખાતો નથી, તે ભાગ શ્લેષ્મકલા અથવા ત્વચાથી ઢકાયેલો છે. દરેક ઓષ્ઠની બહારની બાજુ ઢાળાવ પડતી તથા અસંખ્ય ટૂંકા વાળથી ઢકાયેલી છે, જ્યારે અંદરની બાજુ સુંવાળી અને પુતિમ્રવિઓથી ભરેલી હોય છે. આ બને બાજુઓ વચ્ચે મોટે ભાગે ચરબી, ધમનીઓ, શિરાઓ, ગ્રામસંવેદની નાડીઓ, ગ્રંથિઓ તથા સ્નાયુસૂત્રો રહેલાં છે, જેઓ તેને મજબૂત બનાવે છે. સુશ્રુતાદર્યોઓના કહેવા પ્રમાણે પુરુષશરીરમા વૃષણોને ઢાકનાર જે અંડકોષ છે જેવી છે, તે સ્ત્રીશરીરમાં એક બીજા ભાગ વડે બે ભાગમાં વહેંચાઈને યોનિદ્વારના બે ઓષ્ઠ બનાવે છે મતલબ કે બનેનું બંધારણ સરખું છે દરેક ભાગ એટલો જ છે, સ્ત્રીશરીરમાં આ કોષની અંદર વૃષણ હોતાં નથી. આ બંને ઓષ્ઠ ઊંચે જતાં ભગસંધિક્રિકાની પાસે પરસ્પર મળી જાય છે, જ્યારે નીચે જતાં ભગાંજલિકામાં પરસ્પર મળી જાય છે.

બૃહદ્‌બ્રહ્મારિકા [સં.] સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

બૃહદ્‌ભાનુ [સં.] પું (પુરાણ) સાવર્ણિ મનુનો એ નામનો એક પુત્ર.

બૃહદ્‌ભાનુ ૧. [સં.] પું અગ્નિ.
૨. પું. (પુરાણ) ઇંદ્રસાવર્ણિ અન્વંતરમાં થનાર વિષ્ણુનો અવતાર.
૩. પું. (પુરાણ) કૃષ્ણથી સત્યભામાને થયેલો એ નામનો એક પુત્ર.
૪ પું. ચિત્રનું ઝાડ. આ ઝાડ ઊંટથી ઓર્ડ એ તો જાણે મોટો સૂર્ય ઊગ્યો હોય તેમ લાલચોળ તેજવાળું દેખાય છે. જાણે કે અગ્નિનો ઝાડો હોય તેવું લાગે છે. તે બીજું ઝાડને સૂકવી દે છે.
૫. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે મોટા સૂર્યની જેમ સર્વ જગતને પ્રકાશિત કરે છે.
૭ પું. સૂર્ય.
૮. પું (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન અંગ વંશના પૃથુલક્ષના ચાર માંહેનો ત્રીજો પુત્ર, આંગિરસ.

બૃહદ્‌ભાષ [સં.] પું. એ નામનું એક જાતનું પક્ષી.

બૃહદ્‌ભાવના [સં.] સ્ત્રી. ઉમદા વિચાર.

બૃહદ્‌ભાસ ૧. [સં.] પું. (પુરાણ) આંગિરસનો એ નામનો એક પુત્ર.
૨. પું. સૂર્ય.

બૃહદ્‌ભાસા [સં.] સ્ત્રી. (પુરાણ) સોમની એ નામની પુત્રી; ભાનુ નામના અગ્નિની ભાર્યા.

બૃહદ્‌યજ્ઞ [સં.] પું. મોટો યજ્ઞ.

બૃહદ્‌યુમ્ન પું. (પુરાણ) રૈભ્ય ઋષિનો એ નામનો એક યજમાન. તેણે રૈભ્યના બંને પુત્રો અર્વાવસુ અને પરાવસુને યજ્ઞ કરાવવાને માટે પસંદ કર્યા હતા.

બૃહદ્‌રચના [સં.] સ્ત્રી. સ્થૂલ રચના; સૃષ્ટિસમષ્ટિ બ્રહ્માંડ.

બૃહદ્‌રથ [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન, કુરુવંશના બૃહદ્‌બલ રાજાનો એ નામનો પુત્ર. તેનો પુત્ર ઉરુક્રિય અથવા ઉરુક્ષય હતો.

બૃહદ્રથ ૧. [સં.] પું. (પુરાણ) અગ્નિનો એ નામનો એક પુત્ર.
૨. પું. ઉદ.
૩. પું. (પુરાણ) એ નામનો એક જનક. તે દેવરાત જનકનો પુત્ર હોવાથી દૈવરાતિ જનક કહેવાય છે. તેણે યાજ્ઞવલ્ક્યાદિક ઋષિ તેમ જ યાજ્ઞવલ્ક્ય વગેરેને બોલાવી દાનમાં ઘણી ગાયો નિર્માણ કરી અને કહ્યું કે, જે બ્રહ્મનિષ્ઠ હોય તેને આ બધી ગાયોનું દાન કરવાનું છે. તેના મનમાં હતું કે, આ ઋષિઓના સમાજમાંથી જોને પોતાના બ્રહ્મનિષ્ઠત્વ વિષે દૃઢ નિશ્ચય હશે તે આવી જણાઈ આવશે અને તે બોલવા પછી હું તેને શરણે જઈશ. પછી આ ગાયો યાજ્ઞવલ્ક્યે લીધી. તે ઉપરથી તે યાજ્ઞવલ્ક્યનો શિષ્ય થયો હતો. તેનો પુત્ર મહાવીર્ય જનક હતો.
૪. પું. (પુરાણ) એ નામના એક રાજર્ષિ. એ રાજા મોટા યજ્ઞ કરનાર, ધર્માત્મા, સત્યવાદી, જિતેંદ્રિય, પ્રજા પાળનાર, શ્રદ્ધાવાન અને નિયમવાળા હતા.
૫. પું. એ નામનો મગધનો મૌર્યવંશનો છેલ્લો રાજા.
૬. પું. (પુરાણ) ચેદિરાજ વસુનો એ નામનો એક પુત્ર.
૭. પું. (પુરાણ) જરાસંધના બાપનું નામ.
૮. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.
૯. પું. મોટો રથ.
૧૦. પું. સામવેદનો એક અંશ.
૧૧. પું (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન અંગવંશના પૃથુલક્ષના ચાર માંહેનો પહેલો પુત્ર. તેનો પુત્ર બૃહન્મના હતો.
૧૨. પું. (પુરાણ) સોમવંશી અનુવંશોત્પન્ન એક રાજપુત્ર. તેનો પિતા દિવિરથ હોઈ તેનું ધર્મરથ એવું નામ પાછળથી પડ્યું હતું. તેની માતાએ પરશુરામ નિઃક્ષત્રિય પૃથ્વી કરતા હતા તેથી તેને મૃગપૃષ્ઠ પર્વત ઉપર સંતાડ્યો હતો. તેનો પુત્ર ચિત્રરથ, જેને રોમપાદ અથવા લોમપાદ કહેતા હતા, તે હતો.
૧૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન ઉપરિચર વસુ રાજાનો મોટો પુત્ર. તેનું બૃહદ્રથ એવું બીજું નામ પણ છે. તે બધા કાળ સુધી અપુત્ર હતો. એક વખત અરણ્યમાં ફરતા ફરતાં એક બાજના બાઝ નીચે અંડકોષિક ઋષિને ભેટેલા તેણે જોયા. ઋષિએ શ્યેનકુળ પૂછવાથી અબર પડી કે તેને સંતતિ ન હતી. એટલામાં વૃક્ષ પરથી એક પાકું ફળ નીચે પડ્યું. તે લઈને તેને આપ્યું અને તેની સ્ત્રીને બોલાવવાનું કહ્યું રાજાને બે સ્ત્રીઓ હતી તેથી તેણે તે ફળને ચારીને અડધો અડધો પુત્ર અવતર્યો. તેથી તેણે ગિરિવ્રજ અને બંનેને નિર્જન સ્થાને ફેંકી દીધા. દૈવયોગે જરા નામની રાક્ષસી ત્યાં આવી. તેણે આ કટકાઓને સાંધીને

એક કર્યા અને રાજાને લાવીને આપ્યા. રાજાએ હર્ષથી તેનું નામ જરાસંધ રાખ્યું. આ રાજા પરાક્રમી હતો. તેણે ચંડિકા નામના એક બલાઢ્ય રાક્ષસને મારી તેના બંગના ત્રાસમાંથી બે મોટા ઢોલ બનાવરાવી પોતાની રાજધાની ગિરિવ્રજના મહાદ્વાર ઉપર મુકાવ્યા હતા.

બૃહદ્ગર્ભતર [સં.] ન. એ નામે સામવેદનો એક વિભાગ.

બૃહદ્ગવી [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

બૃહદ્ગાયી [સં. બૃહદ્ગાયિન્] પું. એક જાતનું પુષ્પ.

બૃહદ્ગુપ [સં.] પું. વિષ્ણુના ઉત્તર ભાદેનું એક નામ. તે મહાન સ્વરૂપધારી, સમષ્ટિપદ, ચિદ્બઘાત અને અનંત હોવાથી બૃહદ્ગુપ કહેવાય છે.

બૃહદ્ગત ૧. [સં બૃહદ્ગત] પું. ઉંટ.

૨. પું. એક પ્રકારનો પક્ષ.

બૃહદ્ગતી [સં.] સ્ત્રી. (પુરાણ) મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી.

બૃહદ્ગન [સં.] ન. મહાવન.

મથુરાની પાસે જે જગાએ ગોરો ચરતાં હતાં તે જગાનું નામ બૃહદ્ગન છે.

આર્યોનાં સંસ્કારનો ઇતિહાસ

બૃહદ્ગનમહાજ્યેષ્ઠી [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર ભાદેનું એક નામ.

બૃહદ્ગપુ [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર ભાંદેનું એક નામ.

બૃહદ્ગર્ભ [સં.] પું. સોનામુખી; સ્વર્ણમાક્ષિક.

બૃહદ્ગાજ [સં.] પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન, અંતરિક્ષના પુત્ર સુમિત્ર રાજાનો એ નામનો પુત્ર. તેનું બૃહત્ત એવું પણ નામ છે તેના પુત્રનું નામ ભર્હિ હતું.

બૃહદ્ગાત [સં.] ન. પથરીના રોગને મટાડનાર એક ધાન્ય.

બૃહદ્ગારણ્યી [સં.] સ્ત્રી. મહેંદવારણી નામની વેલ

બૃહદ્વિજ [સં.] પું. ગ્રામ્યાતક વૃક્ષ.

બૃહદ્વૃત્ત [સં. બૃહત્ (મોટું) + વૃત્ત (વર્તુળ)] ન. વિશાળ વર્તુળ.

બૃહદ્વ્રત [સં. બૃહત્ (મોટું) + વ્રત (નિયમ)] ન. બ્રહ્મચર્યવ્રત.

બૃહદ્વ્રતધર [સં] વિ. બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનાર; નૈષ્ઠિકવ્રતને ધારણ કરનાર.

બૃહદ્ધર ન. એક જાતનું ઝાડ. તેનું દાતણ કરવાથી મનુષ્ય પતિત થવાનું મનાય છે.

બૃહના ૧. પું. અગ્નિ.

૨. પું. એ નામનો અથર્વવેદનો એક ઋષિ.

બૃહન્નગર [સં.] ન. ઉત્તર ગુજરાતનું એ નામનું એક શહેર; વડનગર.

ત્યાંથી વિહાર કરી સૂરીશ્વર બૃહન્નગર (વડનગર) પધાર્યા. પુરાતત્ત્વ

બૃહન્નટા પું. (પુરાણ) અજ્ઞાતવાસમાં વિરાટને ત્યાં અર્જુને ધારણ કરેલું નામ. ઉર્વશીના શાપને લીધે બદલાઈને તે વેષ જોવો બની ગયો હતો અને વિરાટ રાજાની કન્યા ઉત્તરાને નૃત્ય અને ગાયન શીખવવાનું તેણે માથે લીધું હતું કૌરવોનો વધ થવાથી પાંડવો વિરાટને ત્યાં હતો એમ ધારીને દુર્યોધને ત્રિગર્તાધિપતિ સુશર્માને સૈન્ય સહિત દક્ષિણ દિશાએ જવાની આજ્ઞા કરી અને પોતે ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરેની સાથે ઉત્તર દિશા તરફ ગયો. વિરાટ રાજા સુશર્મા સામે ગયેલા હોવાને લીધે, દુર્યોધન સામે બળ એવો ઉત્તર એક જ હતો. પણ તેનો સારથિ અગાઉથી મરી ગયો હતો તેથી તેણે કહ્યું કે, હું એકલો જઈને શું કરું ? આ વખતે બૃહન્નટા એટલે અર્જુન, સૈરંધ્રી એટલે દ્રૌપદી અને ઉત્તરા પણ ત્યાં જ હતાં સૈરંધ્રીએ ઉત્તરાને કહ્યું કે, બૃહન્નટા જે નર્તનનું કામ ઉત્તમ પ્રકારે જાણે છે. ઉત્તરે પહેલ તો આથી જવાની ના પાડી, છેવટે એ તૈયાર થયો. રથ યુદ્ધભૂમિમાં જતાં ભીષ્મ વગેરેને જોઈને ઉત્તર અવળીત થઈ ગયો અને બૃહન્નટાને રથ નગર તરફ ફેરવવાનું કહ્યું. બૃહન્નટાએ તેમ ન કરતાં ઉત્તર તે રથ ઉપરથી કૂદી પડી નગર તરફ ભાગવા માંડ્યો બૃહન્નટાએ તેને પકડીને પાછો રથમાં બેસાડ્યો અને હું પોતે યુદ્ધ કરીશ એમ કહીને તેને આશ્વાસન આપ્યું. પછી પોતે અજ્ઞાતવાસ પહેલાં પોતાના અસ્ત્રો જે ઝાડ ઉપર હતાં તેમાંથી પોતાનું ગાંડીવ નામે ધનુષ્ય ઉત્તર પાસે લેવરાવ્યું અને રથનું રસરણ કરતાં અકરમાત એક રથ જીતર્યો. તેમાં ઉત્તરને સારથિ કરી બૃહન્નટા એટલે અર્જુન યુદ્ધભૂમિમાં ગયો. રસ્તામાં ઉત્તરના પ્રશ્નને સંતોષવા પોતે અને કૃષ્ણ વગેરે કોણ છે તે હકીકત કહી. બૃહન્નટા એ અર્જુન છે એ જોઈને ઉત્તરનો ભય નાશ પામ્યો. પછી બૃહન્નટાએ કૌરવોને હરાવી મોહન નામ ભરી વાળ્યું. રાજાઓ મૃગ જગ્યાએ મૂકો નામમાં ગયો અને તેણે ઉત્તરને બધી વાત જુદી રાખી મોહન પોતે જાણી લાવ્યો છે એમ કહેવાનું કહ્યું

બૃહન્નલ ૧. [સં.] પું. અર્જુનનું એક નામ, બૃહન્નટા.

૨. [ ] પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ; ત્રિકંકર. તે ૭૫પ્રભ છંદનો એક ભેદ છે. તેમાં ૬ પદ, ૨૪ લઘુ, ૬૪ ગુરુ મળીને ૮૮ અક્ષરની ૧૫૨ માત્રા હોય છે. તેનું પ્રાકૃત નામ ત્રિકલવુત્ત છે.

૩ પું. બાહુ; હાથ.

૪ પું. બંડલ; પટ્ટા નપુંસક.

૫. પું. સાદડનું ઝાડ.

બૃહન્નટા જુઓ બૃહન્નટા.

બૃહન્નારદીય [સં.] ન. નારદ મહેનું એક ઉપપુરાણ.

બૃહન્નારાયણ [સં] સ્ત્રી.;ન. એ નામનું એક ઉપનિષદ તેને વાસિકી ઉપનિષદ પણ કહે છે.

બૃહન્નિબંધરત્નાકર [સં.] પું. વૈદ્યકશાસ્ત્રનો એ નામનો એક ગ્રંથ. તેના આઠ ભાગ છે.

બૃહન્નિલલાતંત્ર [સં] ન. એ નામનું એક તંત્રનું પુસ્તક

બૃહન્નેત્ર ૧. [સં.] વિ. દીર્ઘદૃષ્ટિવાળું.

૨. વિ. વિદ્વાન; ડાહ્યું.

બૃહન્નૌકા [સં.] સ્ત્રી. શેતરંજની રમતમાં બેસાતો એક જાતનો બોલ.

બૃહત્પક્ષ્મદૃષ્ટિ સ્ત્રી. (વનસ્પતિ.) કેતુનાભિ.

બૃહત્પરાશર [સં.] પું. એ નામનો એક ઋષિ. તેણે નવમા મંડલના ૭૬ તથા ૪૦ સૂક્ત રચ્યાં છે.

બૃહત્પરિ આંગિરસ [સં.] પુ. એ નામનો સામવેદનો એક ઋષિ.

બૃહત્પના [સં.બૃહત્ (મોટું) + મનસ્ (મન)] પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન અજમીઢના પ્રયુક્ષના પુત્ર બૃહદ્ધનુનો એ નામનો પુત્ર. તેનો પુત્ર જયદ્રથ હતો

બૃહત્પમૂરિકા સ્ત્રી. શીતળા; બડી માતા.

બૃહત્પરિત્પક્ષ [સં.] ન. મોટું મગજ; અત્યમસ્તિષ્ક, સદ્બલદ્યમસ્તિષ્ક.

બૃહત્પંત્ર [સં] પું. (પુરાણ) એ નામનો અંગિરસનો એક પુત્ર.

બૃહત્પૂલણીપાક પું. (વૈદ્યક) એ નામનો એક પ્રકારનો પાક. તેમાં કાળી મૂસળી તથા બીજી ઔષધિ અને જરુર નખાય છે. તેનાથી વલિતપલિત રોગ દૂર થતો મનાય છે.

બૃહસ્પતવાર પું બૃહસ્પતિવાર; ગુરુવાર.

બૃહસ્પતિ ૧. પું એ નામના એક દેવ. તે પુષ્ય નક્ષત્રના સ્વામી કહેવાય છે. ઋગ્વેદના અગિયાર સૂક્તોમાં તેની સ્તુતિ કરેલ છે. તેમાં કહ્યું છે કે, તેને સાત મુખ, સુંદર જીભ અને સો પાખ છે. તેના હાથમાં ધનુષ્યબાણ અને સોનાનો પરશુ રહે છે. એક ઠેકાણે એમ પણ કહ્યું છે કે, તે અંતરિક્ષના મહાતેજથી ઉત્પન્ન થયો હતો અને તેણે બધો અંધકાર દૂર કર્યો હતો. એમ પણ કહેવાય છે

કે, તે દેવતાઓના પુરોહિત છે અને તેના વગર યજ્ઞનું કોઈ કામ પૂર્ણ થઈ શકતું નથી. તે બુદ્ધિ અને વક્તૃત્વના દેવતા તથા ઉદ્ગાતા મિત્ર અને સહાયક મનાય છે. ઋગ્વેદની અનેક ઋચાઓમાં તેનું વર્ણન છે તે અગ્નિના વર્ણનને મળતાં છે. તેણે કેટલીક સ્મૃતિઓ તથા ચાર્વાક મતના ગ્રંથ બનાવ્યા હોવાનું મનાય છે.

૨. પું (જ્યોતિષ) એ નામનો સૌથી મોટો ગ્રહ; સૌર જગતનો પાંચમો ગ્રહ; 'જ્યૂપિટર'. સૂર્યમંડળમાં તે સૌથી મોટો ગ્રહ છે પૃથ્વી કરતાં તે ૧૬૦૦ અથવા ૧,૪૦૦ ગણો છે. સૂર્યથી ૪,૮૦,૦૦,૦૦,૦૦૦ માઈલ દૂર તે આવેલો છે. તેનો વિષુવવૃત્ત પરિઘનો વ્યાસ ૮૮,૫૦૦ માઈલ છે. સૂર્ય આસપાસ એક વખત ફરતા તેને બાર વર્ષ ૩૧૮૬ દિવસ થાય છે. બૃહસ્પતિ તેની ધરી ઉપર માત્ર ૯ કલાકનો તેની કક્ષા સાથે ખૂણો કરે છે, જ્યારે આપણી પૃથ્વી ૨૩½° બનાવે છે. આથી બૃહસ્પતિમાં ઋતુના ફેરફાર સામાન્ય રીતે માલૂમ પડતા નથી. આ ગ્રહના દક્ષિણ ગોળાર્ધમાં એક મોટો રાતો ડાઘો માલૂમ પડે છે, તે સંબંધી અગોળવેત્તાઓ અટકળો કરી ગયા છે. ડિમોક્રિટસના મત પ્રમાણે તે કોઈ ઉલ્કાપાતનું કેંદ્ર હોય એમ મનાય છે. આ ઉપરાંત આ ગ્રહ ઉપર બીજા પટ્ટા માલૂમ પડે છે અને તે વાદળાંરૂપી વરાળ મનાય છે. આ ગ્રહના ઉપરના ઢાંકણમાં અનેક ફેરફારો વારંવાર થયા કરે છે. તેની ધરી આસપાસ ફરવાના સમયમાં તેમ જ તેના અનેક પ્રદેશોના દેખાવ, રંગ અને કદમાં વારંવાર ફેર માલૂમ પડે છે. ધૂમકેતુની ગતિ અને દિશામાં ફેરફાર કરાવનાર બૃહસ્પતિ છે આ ગ્રહ તેની ધરીની આસપાસ દસ કલાકમાં એક વખત ભ્રમણ પૂરું કરે છે ત્વરિત ભ્રમણને લીધે તેનો વિષુવવૃત્ત પાસેનો ભાગ ઊપસેલો હોય છે. તેનો વ્યાસ ૮૭,૦૦૦ માઈલ છે બંધા ગ્રહોના સંયુક્ત વજન કરતાં તેનું વજન વધારે છે. તેને નવ ચંદ્ર હોવાનું મનાતું, પણ ૧૯૩૮માં બીજા વધારે બે ચંદ્ર માલૂમ પડ્યા છે, એટલે કુલ બૃહસ્પતિને ૧૧ ચંદ્ર છે. તેમાંથી ચાર ચંદ્ર આપણા ચંદ્ર કરતાં મોટા છે સૂર્યમંડળમાં તે બીજો મોટો ગ્રહ છે ભ્રમણ કરતાં તે બે લાખ યોજન છેટે છે. આ ગ્રહ લગભગ ગુરુત્વ. ગ્રહ જેટલો તેજસ્વી છે. પૃથ્વી જેવડા ૧,૩૯૦ ગોળા એકઠા કરીએ અને બધા એવડો તે મોટો છે. તેના દિવસનું માન નવ કલાક અને સાડીપચાવન મિનિટનું છે. તેનું વર્ષ આપણા વર્ષ કરતા બારગણું થાય છે. સૂર્યથી તે પૃથ્વી કરતાં પાંચગણે છેટે છે ગુરુ અને તેના ઉપગ્રહો નાની સરખી સૂર્યમાળા જ છે. બૃહસ્પતિ સૂર્યને ભજતો છે. સૂર્યની બારીક તેની સપાટી પર નથી. સૂર્યની ચોટે તેની સપાટી ઉપર ઢાપા હોય છે. સૂર્યની બારીક તે બરબર આપી શકતો નથી. સારામાં સારાં સાધનોથી જોતાં બૃહસ્પતિ ગોળો પીળો દેખાય છે. તેની સપાટી ઉપર આડાઅવળા કપડાં, પટ્ટા અને ધોળા ડાઘા માલૂમ પડે છે. એક રાતો ડાઘો એવો છે, જેમાં કોઈ વખત રાતા તો કોઈ વખત બાદબી પટ્ટા માલૂમ પડે છે. ધોળાં કપડાં ઈંડાં જેવાં અને હમેશ બદલાયા કરે છે. બૃહસ્પતિમાં એક મોટું ગતું કપડું કે જે ૩૦,૦૦૦ માઈલ લાંબું અને ૭,૦૦૦ માઈલ પહોળું છે, તે જોઈને જ્યોતિષશાસ્ત્રીઓ ૩૦ વર્ષ પહેલાં અચંબો પામ્યા હતા. આ એક જ કપડામાં બારીક આખો સમાઈ જાય. બાબો વર્ષ પછી આ ગ્રહ કરણ થશે એમ મનાય છે ૪,૩૩૨ દિવસોમાં તે એક વખત સૂર્ય આસપાસ ફરી રહે છે. તે હજુ પ્રવાહી પદાર્થનો બનેલ છે. આપણી પૃથ્વી બારીક તે હજુ કઠણ નથી એમ મનાય છે. દૂરબીન વડે જોવાથી તેના પૃષ્ઠ ઉપર સમાનાંતર રેખાઓ ખેંચેલી માલૂમ પડે છે. એવું અનુમાન કરવામાં આવે છે કે, તે વાદળાંઓની મેખલાઓથી ઘેરાયેલો છે. તેને હજુ બાળક ગ્રહ માનવામાં આવે છે. તેનું નિર્માણ થયાને હજુ ઝાઝો સમય વીત્યો નથી. તે પોતે સ્વયંપ્રકાશિત નથી, પરંતુ સૂર્યના પ્રકાશથી ચમકે છે. તેનું ચેટાળ પૃથ્વીના ચેટાળ જેવું નથી.

૩. પું ગજબહુમણ્ડ નામનું પુસ્તક લખનાર એક મધ્યકાલીન પંડિત.

૪. પું. ગણપતિ; ગણેશ.

૫. પું. ગુરુવાર; અઠવાડિયાનો એક વાર.

૬. પું. (પુરાણ) ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મપુત્ર અંગિરા ઋષિના આઠ માંહેનો મોટો પુત્ર; આંગિરસ મુનિ. અગ્નિવંશના સંબંધને લઈ ને તેને ત્રીજી પેઢીના અગ્નિમાં ગણેલો છે, પરણ્યા અંગિરા ઋષિએ વસ્યવટ નિમિત્તે અગ્નિને પોતાનો પુત્ર માન્યો છે. પુરંદર નામના ઇંદ્રે તેને ગુરુ તરીકે માન્ય કરેલ. તેને શુભા અને તારા એમ બે બહેનો હતી. તેની માતાનું નામ શ્રદ્ધા હતું. તેને ઉતથ્ય અને સંવર્ત એ બે ભાઈ અને સિનીવાલી, કુહુ, રાકા તથા અનુમતિ એમ ચાર બહેન હતી. ચાલુ વૈવસ્વત મન્વંતરમાં પણ તે અંગિરા ઋષિને ત્યાં જન્મ્યા હતા. આ વખતે તેમની માતા સુરૂપા હતી. બૃહસ્પતિ, ઉતથ્ય, પયસ્ય, શાંતિ, ઘોર, વિરૂપ, સંવર્ત અને સુધન્વા એ આઠ ભાઈઓમાં મોટા બૃહસ્પતિ હતા. તે ઇંદ્રાદિ દેવોના ગુરુ હતા. શુભા નામની બહેન તેને ભાનુમતી, રાકા, સિનીવાલી, અર્ચિષ્મતી, હવિષ્મતી, મહિષ્મતી અને મહામતી એ સાત કન્યાઓ હતી તથા તારા નામની બહેન થકી કચ, નિશ્ચ્યવન, વિશ્વજિત, વિશ્વભુક્, વક્રવામિ, સ્વિષ્ટકૃત અને ઋષ્ય એ સાત પુત્ર અને રમ્યકા નામની પુત્રી હતી. દેવાચાર્ય બૃહસ્પતિ બહોળા આસ ગ્રંથના છે, તેણે સ્મૃતિ ગ્રંથ રચેલ છે. તેને બૃહસ્પતિ સ્મૃતિ કહે છે. દેવાચાર્ય બૃહસ્પતિને તથા દૈત્યાચાર્ય શુક્રાચાર્યને સ્પર્ધા ચાલતી. દેવ અને દાનવો વચ્ચેના વિરોધમાં દેવોને સહાય કરી બૃહસ્પતિ વિજય અપાવતા. તારાને સોમચંદ્ર હરણ કરી ગયાની વાત પુરાણમાં છે, પણ તે બોધ્ય જાણતી નથી. સોમ શબ્દનો અર્થ શિવ થાય છે ને તારા એવું પાર્વતીનું નામ છે. તે ઉપરથી તેમ જ ચંદ્રને પૂર્વજન્મમાં તારા નામની સ્ત્રીથી બુધ પુત્ર થયો, તેથી બૃહસ્પતિને શુભ પણ કહે છે. એ બધા ઉપરથી પરધર્મીઓએ બૃહસ્પતિની સ્ત્રી તારા માટે દુષ્યરૂપ કલ્પના કરી પુરાણોમાં પાછળથી ઘુસાડી દીધેલ છે. બૃહસ્પતિ મહાવિદ્વાન અને મહાસ્વરૂપવાન હતા. તેની પાસે ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ માટે આવતા. શુક્રદેવજી પણ એમના શિષ્ય હતા. દાનવો બહુ છકી ગયા હતા, વળી તે શંકરના ભક્ત હતા. શંકર પાસેથી ત્રિપુર બનાવવાનું વરદાન મેળવી સર્વને ત્રાસ આપતા હતા. તે ત્રાસમાંથી પ્રજાને ઉગારવા માટે બૃહસ્પતિએ ચાર્વાકનો વેશ લઈ, દાનવોને ઉપદેશ આપી સર્વને ચાર્વાક મતના એટલે કે નાસ્તિક બનાવ્યા ને વૈદિક ધર્મ ઉડાવી દીધો. તેથી શિવે ગુસ્સે થઈ તેનાં ત્રણ પુરનો અને અસુરોનો નાશ કર્યો. બૃહસ્પતિ દેવોમાં માન્ય અને પૂજ્ય ગણાય છે. તેમણે પ્રજાહિતાર્થે ઘણું ઘણું કર્યું છે. તે પોતાની શ્રેષ્ઠતાથી એક તારારૂપ ગણાઈ ગયા છે. તેની નિશાની તરીકે આકાશમાં આજ પણ બૃહસ્પતિ નામનો તારો પ્રસિદ્ધ છે. વળી નિરંતર યાદ આવવા તેના નામ ઉપરથી બૃહસ્પતિવાર એટલે ગુરુવાર નામ પડેલું છે. દુર્જનોથી તે મનુષ્યોનું રક્ષણ કરે છે. તે દેવી કુળના ઋત્વિજ તરીકે પણ કામ કરતા હોવાથી તેને પુરોહિત એવું નામ પણ આપવામાં આવ્યું છે. તેને એક ઋષિ તરીકે ગણવામાં આવેલ છે. ગ્રહ તરીકે તેનો રથ નીતિઘોષ કહેવાય છે અને આઠ દિવ્ય ઘોડાઓ તે ખેંચે છે. તેના પિતાના નામ ઉપરથી તેને આંગિરસ કહે છે દેવોના ગુરુ તરીકે તેને અનિમિષાચાર્ય, મંત્રસ્, ઇજ્ય, ઉશિજ પણ કહે છે. ચંદ્ર તેની પત્ની તારાનું હરણ કરી ગયો હતો, તેથી તારકામય નામનું મોટું યુદ્ધ થયું. સોમની તરફેણમાં દાનવો આવ્યા અને બૃહસ્પતિની બાજુમાં દેવતાઓ આવ્યા ઉભટ ઘોર યુદ્ધ પછી બ્રહ્માએ ચંદ્રને તારા પાછી સોંપી દેવાની ફરજ પાડી.

પણ તારા બૃહસ્પતિને ઘેર આવી, તારે મસ્તિથી હતી. એક દિવ્ય પુત્ર તેને અવતર્યો. બને બૃહસ્પતિ અને સોમ તે પુત્ર પોતાનો છે એમ વિવાદ કરવા લાગ્યા. બ્રહ્માના કહેવાથી તારાએ કબૂલ કર્યું કે, તે પુત્ર સોમનો હતો. તે પુત્રનું નામ બુધ પાડ્યું. આવે તારાનું હરણ કર્યું વગેરે વૃત્તાંત પુરાણમાં છે, પણ તે અહીં ન હોય. બૃહસ્પતિ દેવોના ગુરુ અને સોમ પણ વસુ હોવાથી દેવના ગુરુ. પોતાની ગુરુપત્ની તો સોમને પૂજ્ય લાગ્યા. માટે દેવ એવું દુષ્કૃત્ય કરે નહિ. આવા પ્રસંગો ક્ષેપક હોવા સંભવ છે

૭. પું. ડાહ્યો માણસ.

૮. પું. તોફાની માણસ; કજિયાખોર વ્યક્તિ.

૯. પું. પરમાત્મા.

૧૦. પું. મત્સ્યપુરાણમાં જણાવેલ અઢાર સંહિતો પૈકી એક સિદ્ધપસંહિતાકાર.

૧૧. [સં.] પું. મુખ્ય અઢાર સંહિતો પૈકી એક સ્મૃતિ.

૧૨. પું. વિદ્યા અને વાણીના સ્વામી.

૧૩. પું. સૂર્યનાં એકસો આઠ સંહિતું એક નામ.

૧૪ સ્ત્રી. અંગૂઠા પાસેની પહેલી આંગળી

બૃહસ્પતિચક્ર ૧. [સં.] ન. શુભાશુભ ફલક એ નામનું એક ચક્ર.

૨. ન. (જ્યોતિષ) સાઠ સંવત્સરનો સમુદાય.

બૃહસ્પતિપુરોહિત ૧. [સં.] પું. ઇંદ્ર.

૨. પું. હરકોઈ દેવ.

બૃહસ્પતિપ્રોક્ત [સં.] પું. એ નામના એક ઋગ્વેદિક ઋષિ; અત્રિતિ રાજાપણી. તેણે ઋગ્વેદના દશમા મંડલનું ૭૨મું સૂક્ત રચ્યું છે.

બૃહસ્પતિવાર [સ. બૃહસ્પતિ (ગુરુ) + વાર (દિવસ)] પું. ગુરુવાર

બૃહસ્પતિવાસર જુઓ બૃહસ્પતિવાર.

બૃહસ્પતિશાસ્ત્ર [સં.] ન. શકુન સંબંધી એ નામનું એક શા.ગ્ર.

બૃહસ્પતિસવ [સં.] પું. બૃહસ્પતિને પ્રસન્ન કરવા પ્રાચીન સમયમાં કરવામાં આવતો એક યજ્ઞ.

બૃહસ્પતિસવન જુઓ બૃહસ્પતિસવ.

બૃહસ્પતિસ્તોમ જુઓ બૃહસ્પતિસવ.

બૃહસ્પતિસ્મૃતિ [સ.] સ્ત્રી. અઢાર સંહિતોની એક સ્મૃતિ; અંગિરાના પુત્ર બૃહસ્પતિ ઋષિની બનાવેલી સ્મૃતિ.

બૃહંત [સં.] પું. (પુરાણ) એ નામનો રાજા, તે ભારતના યુદ્ધમાં પંડવના પક્ષમાં હતો અને શકુનિને હાથે મરાયો હતો.

બૃહંદરથ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેણે વનમાં પંડવોને આશ્વાસન આપી, આશ્વાનો સંહારથી દુઃખમાં દિલાસો આપ્યો હતો.

બૃહ ૧. [સં.] અ. ક્રિ. ઊગવું.

૨. અ. ક્રિ. મજબૂત; મજબૂત કરવું

૩. ભૂ. ક્રિ. (ધાતુ) વધવું. તે ઉપરથી બનેલ શબ્દ: બૃંહણ, બૃંહિત.

બૃંહણ ૧. [સં.] પું. એક જાતની મીઠાઈ.

૨. ન. એક પ્રકારનું પુત્રપાન.

૩. ન. શક્તિવર્ધક ક્રિયા.

૪. ન. સાલમ વગેરે ધાતુની વૃદ્ધિ કરનાર પદાર્થ.

૫. ન. હાથીની ગર્જના.

૬. વિ. શક્તિ વધારનાર.

બૃંહણી ૧. [સં.] સ્ત્રી. આસંધ નામની ઔષધિ.

૨. સ્ત્રી. કાળી દ્રાક્ષ.

બૃંહણીય [સં.] વિ. શક્તિ વધારનારું.

બૃંહિત ૧. [સ.] સ્ત્રી. મજબૂત; હાથીની ગર્જના; હરિતનાદ.

> વનમાં ચરી રહ્યાં વનેચરો હાથીના બૃંહિત જેવો શબ્દ સંભળાયો. — પ્રતિભા નાટક

ઉદ્યોગ અને સાત્ત્વિક પરાક્રમ અસંજવિત છે. બ્રહ્મચર્ય વિના મન અને જીવાત્મા જેવું જાગતું હોય, પણ તે હજારો પ્રકારના વિકારો ને પ્રલોભનોનું ગુલામ થઈને વર્તશે અને બ્રહ્મચર્ય વિનાનું બંધાયેલું શરીર ભલે પુષ્ટ બની શકે, પણ તે વૈદ્યક દૃષ્ટિએ સંપૂર્ણ રીતે આરોગ્યવાન કહી નહિ બની શકે. શરીરમાં મેદ વધારવો, રસાયનો મજબૂત કરવા આવશ્યક નથી. જે શરીર સુકલકડી છતાં ઠાઢ, તડકો, વરસાદ વગેરે સહન કરી શકે છે અને જે સંપૂર્ણતાએ રોગ રહિત થઈ રહી શકે છે, એવું આરોગ્યવાન શરીર બ્રહ્મચર્ય વિના અસંભવિત છે, એવો મારો પોતાનો નહિ પણ બધા કાળનો અનુભવ છે. પ્રત્યેક મનોવિકાર મનુષ્યશક્તિનું, તેના આત્માનું કેવી રીતે હનન કરે છે તેના અસંખ્ય દૃષ્ટાંતો હું મારા જીવનમાંથી અને સાથીઓના જીવનમાંથી આપી શકું એમ છું. તેથી હું તો એમ કહું છું કે, શરીર પડે, જીવિત થોડા તોપણ આત્મામાંને બ્રહ્મચર્યની રક્ષા કરવી ઘટે છે. બ્રહ્મચર્યનું પાલન નહિ કરનાર વ્યક્તિ મરે છે, એટલું જ નહિ પણ તે પશુ યે નથી બનતો. પશુ સ્વભાવે બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેને સ્વાદ નથી ને તેને ઇંદ્રિયોનો વિલાસ નથી. પશુ મર્યાદિત રહે છે. જેમ થવું તેમ માણસ જાત હોવો જોઈએ; જેમ મોટો તેમ તે નમ્ર હોવો જોઈએ. ઉછાંછળો માણસ જે ઘડી ઘડીમાં મારવા કે ગાળો આપવા મંડી જાય છે, તે પોતાનું બળ ગુમાવી બેસે છે. હાનિ એ પણ એક સૂક્ષ્મ વીર્ય છે. તેનો સંયમ કરનાર પ્રૌઢ બ્રહ્મચારી બને છે ને તેથી તે તેજસ્વી બને છે. પણ આ વિશાળ અર્થને છોડી અત્યારે તો વીર્યરક્ષાના અર્થમાં જ બ્રહ્મચર્યની વાત કરવા ધારું છું. હું માનું છું કે, મન, વાણી અને કર્મથી સંપૂર્ણ સંયમ પાળ્યા વિના આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત ન જ થઈ શકે અને જે પ્રજામાં આવાં સ્ત્રીપુરુષો નથી, તેની અધોગતિ ચોક્કસ છે. બ્રહ્મચર્ય કોને કહેવું ? જે આપણને બ્રહ્મ પ્રત્યે લઈ જાય તે બ્રહ્મચર્ય. આમાં જનનેંદ્રિયનો સંયમ આવી જાય છે. તે સંયમ મનથી, વાચાથી, કર્મથી હોય. મનથી જે મહાલે પણ વાચા ઉપર અને સ્થૂળ કર્મ ઉપર અંકુશ રાખે તે બ્રહ્મચારીમાં ન ખપે. મન ચગ્યા તો ઘેર બેઠે ગંગા. મન ઉપર સંપૂર્ણ અંકુશ આવે તો વાચા ને કર્મનો અંકુશ હસ્તામલકવત્ હોય. મારી કલ્પનાનો બ્રહ્મચારી સહેજે નીરોગી હોય, તેનું માયું સરખું ન દુખે, તે સહેજે દીર્ઘાયુ હોય, તેની બુદ્ધિ તેજસ્વી હોય, તેનામાં આળસ જેવી વસ્તુ ન હોય, શારીરિક કે માનસિક શ્રમ કરતાં તે થાકે નહિ, તેની બહારની સુઘડતા અંતરનો પડઘો હોય. આવા બ્રહ્મચારીમાં સ્થિતપ્રજ્ઞનાં બધાં લક્ષણો હોય. આવો બ્રહ્મચારી આપણા જોવામાં ન આવે તેથી આપણે નકારવાની મુદ્રા જરૂર નથી. જે સ્થિરવીર્ય હોય, જે ઊર્ધ્વરેતા હોય, તેનામાં ઉપર પ્રમાણે લક્ષણ હોય એમાં શી નવાઈ ? જે વીર્યમાં પોતા જેવો જીવ પેદા કરવાની શક્તિ હોય, તે વીર્યનો સહજ સંયમ એ જેવી તેવી વાત હોઈ જ ન શકે. જે વીર્યના એક બુંદમાં એ શક્તિ છે, તેવાં અનેક બુંદની શક્તિનો સરવાળ આ એ શક્તિનું માપ કોણ કાઢી શકે ? બ્રહ્મચર્ય એ સંસ્કૃત શબ્દ આપણને શાસ્ત્રોમાંથી મળેલો છે અને તેનો મહિમા આપણે બ્રહ્મચર્યનો જે સામાન્ય અર્થ કરીએ છીએ, તેથી અનેક ગણો વધારે ગવાયેલો છે. બ્રહ્મચર્ય એટલે સર્વ ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબૂ. જે પૂર્ણ બ્રહ્મચારી છે, તેને માટે આ સંસારમાં કશું જ અપ્રાપ્ય નથી. પણ આ આદર્શ સ્થિતિ હોય નેટલે સુધી પહોંચેલા માણસો જવલ્લે જ જોવામાં આવે છે. એને ભૂમિતિમાની સરહ રેખાની ઉપમા આપી શકાય, જે માત્ર કલ્પનામાં જ રહે છે; પ્રત્યક્ષ કદી નથી દોરી શકાતી. આમ છતાં એ એક મહત્ત્વની અપેક્ષા છે, જે ભૂમિતિમાં આવે આવ જરૂરી છે. તે જ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્મચારી ભલે કલ્પનામાં જ રહી શકતો હોય, છતાં એને આપણે જો રાત્રંદિવસ આપણી આંખ સામે ન રાખીએ તો આપણી સ્થિતિ સુકાન વગરના વહાણના જેવી થઈ પડે. એ કાલ્પનિક સ્થિતિને જેમ વધુ વધુ પહોંચવાનો પ્રયત્ન કરીશું, તેમ તેમ આપણે સંપૂર્ણ થઈશું. કરીએજી, એક પ્રકારનું માનસિક બળ, સતત ઉદ્યોગ અને પરાક્રમ આ બધી વસ્તુ બ્રહ્મચર્ય વિના ન જ પ્રાપ્ત થાય એવું નથી. મારી કલ્પનાનું બ્રહ્મચર્ય, બ્રહ્મને ખોળવી આપણને બ્રહ્મચર્ય, ઉપરની વસ્તુઓથી પર છે. એ પોતે જ સાધન અને સાધ્ય છે, તેથી તેના પાલનને અર્થે કે શરીરને હોમવા તૈયાર થાઓ. જેને જેને શરીરનો મોહ છે, તે અવિચ્છિન્ન બ્રહ્મચર્ય આગળ જ પાણી ભરશે. અહીં ભીષ્માદિનાં બ્રહ્મચર્યનાં દૃષ્ટાંતો લેવાં એ ચુલામણીમાં પડવા જેવું થાય. મહાભારત, રામાયણાદિમાં વર્ણવેલી વસ્તુના અક્ષરને વળગી રહેતાં આપણે અસલને માર્ગે દોરવાઈ જઈ ઊંધે માર્ગે ખીણમાં પડી જવાના છીએ. તેના મર્મને સમજી તેનું પાલન કરવાથી અને તેને અનુભવમાં ઉતારવાનો આપણે અવશ્ય ઊંચે ચડવાના છીએ. બ્રહ્મચર્યની બબાતી વાત બહુ બહોળપણ છે. મરી ને અમર વાત રામનામ છે. રામ જ્યારે હૃદયેથી ઊતરીને હૃદયમાં વસે, ત્યારે જ તેનો ચમત્કાર પૂરો જણાય છે. એ અમોઘ સાધન હાથ કરવા સારૂ એકાદશ વ્રત તો છે જ. સાધનો એવાં હોય કે જેમાંથી કયું સાધન ને શું સાધ્ય એ કહેવું મુશ્કેલ થઈ પડે. એકાદશ વ્રતમાંથી એક માત્ર સત્યને ગ્રહીએ તો પૂરી થઈ જાય કે, સત્ય સાધન ને રામ સાધ્ય કે રામ સાધન ને સત્ય સાધ્ય ? બ્રહ્મચર્યનો આજનો અર્થ ગ્રહીએ. જનનેંદ્રિયસંયમ એ સંયમ સિદ્ધ કરવા સારૂ સૌથી સહેલો, એક અમર વાત રામનામ છે. એ રામનામ સિદ્ધ કરવાના પણ કાયદા કે નિયમો તો છે જ. જેને વાડની જરૂર છે તે બ્રહ્મચર્ય નથી એમ કહી નાખવું સહેલું છે. એ સમજવું અને તે પ્રમાણે આચરવું બહુ અઘરું છે. આટલું સ્પષ્ટ છે કે, આ વાત પૂર્ણ બ્રહ્મચારીને સારૂ જ કરી છે. પણ જે બ્રહ્મચારી થવાનો પ્રયત્ન કરી રહ્યો છે, તેને સારૂ અનેક વાડોની જરૂર છે જ. જેમ આંબાના નાના છોડને સુરક્ષિત રાખવા સારૂ તેની આસપાસ મજબૂત વાડ રાખવી પડે છે, તેમ નાના બાળકને માનો ખોળો, ખોડિયું, ચાલણગાડી વગેરે અનુભવે જોઈએ. પણ માણસ મોટો થાય ત્યારે બધા ટેકા છોડી દે છે. ન છોડી દે તો નુકસાન થાય. બ્રહ્મચર્યને પણ આ વસ્તુ બરાબર લાગુ પડે છે. બ્રહ્મચર્ય એકાદશ વ્રતમાંનું એક વ્રત છે એટલે એમ કહીએ કે, તેની વાડ દશ વ્રતનું પાલન છે. પણ એ દશ વ્રતને કોઈ વાડ નહિ માને. વાડ અમુક અવસ્થા જાળવવા પૂરતી જ હોય. એ અવસ્થા આવી એટલે વાડ ગઈ, પણ જે અમુક સ્થિતિનું અવિભાજ્ય અંગ છે, તે તો તેમાં સમાઈ જાય છે; તે વિના બ્રહ્મચર્ય શક્ય જ નથી.

૫ મ. એની વખતે તમામ ઇંદ્રિયોનો નિગ્રહ; આખીઓ ટાળવા જ્ઞાન આદિ સદ્ગુણો કેળવવા તે. તે ત્રણ પ્રકારનું છે: (૧) ઉત્તમ: ૪૮ વર્ષ પર્યંતનું. (૨) મધ્યમ: ૪૪ વર્ષ પર્યંતનું. (૩) કનિષ્ઠ: ૨૪ વર્ષ પર્યંતનું.

૬. મ. ચાર આશ્રમોનો પહેલો આશ્રમ; બ્રહ્મચર્યાશ્રમ.

૭. મ. જનોઈ લીધા પછી વિદ્યાર્થીએ અભ્યાસ કરતાં ગુરુને સદા રહી પાળવાનું ઇંદ્રિયદમનનું આચરણ કે વ્રત

૮. મ. જિન પ્રવચન: જિનેંદ્રનું શાસન.

૯. મ. પાંચ મહાનો એક સંવર.

૧૦. મ. (જૈન) બાર અણુવ્રત તથા પાંચ મહાવ્રત મળીનું સોયું વ્રત. બ્રહ્મચર્ય એક સુંદર વૃક્ષ છે, જેનું રક્ષણ કરનારી નવ વાડ છે:

(૧) વસતી: બ્રહ્મચારી સાધુએ સ્ત્રી, પશુ અને નપુંસક હોય ત્યાં રહેવું નહિ. તેઓની કામચેષ્ટા, હાવભાવ વગેરે વિકારો બ્રહ્મચર્યને હાનિ કરે છે. (૨) કથા: એકલી સ્ત્રીઓને અગર એક જ સ્ત્રીને બ્રહ્મચારીએ ઉપદેશ ન કરવો. (૩) આસન: સ્ત્રીની સાથે એક આસને ન બેસવું. જ્યાં સ્ત્રી બેઠી હોય, ત્યાં બે ઘડી સુધી બ્રહ્મચારીએ ન બેસવું. એથી વિકારની ઉત્પત્તિ થાય છે. (૪) ઇંદ્રિયનિરીક્ષણ: સ્ત્રીનાં અંગોપાંગ ન જોવાં. અંગ ઉપર દૃષ્ટિ એકાગ્ર થવાથી વિકાર ઊપજે છે (૫) કુડ્યાંતર: ભીંત, કનાત કે પાટાની આડમ વચમાં હોય એવા ગૃહસ્થીના મકાનમાં બ્રહ્મચારી સાધુએ રહેવું નહિ, કારણ કે શબ્દ, ચેષ્ટા વગેરે વિકારનાં કારણ છે. (૬) પૂર્વક્રીડા: પોતે ગૃહસ્થાશ્રમમાં વિષયક્રીડા કરી હોય તે સંભારવી નહિ. (૭) પ્રણીત: અધિક આહાર બહુધા ન કરવો. (૮) અતિમાત્રાહાર: પેટ ભરીને આહાર કરવો નહિ. (૯) વિભૂષણ: સ્નાન વિલેપન વગેરે બ્રહ્મચારીએ કરવાં નહિ.

૧૧. ન. બ્રહ્મના સાક્ષાત્કારની સાધના; બ્રહ્મ તરફ જવું તે.

અહિંસક ન હો સ્વામ જિતેંદ્રિય થયા વિના,
અહિંસા વ્રતનું પૂર્ણ પાલન બ્રહ્મચર્યથી.
બ્રહ્મચર્ય નથી સ્વામ સાધ્યો અર્થ જો નહીં,
જનનેંદ્રિય નિરોધ બ્રહ્મચર્ય પૂર્ણ નથી.
વિષય માત્ર નિરોધ એ જ આ બ્રહ્મચર્ય છે,
તેથી તો બ્રહ્મચારીએ દમવી ઇંદ્રિયો બધી.
છતે બૂડું ન બોલે જે બંડું ખાતો નથી વળી,
પૂરું લેતો નથી જે તે જિતેંદ્રિય જાણવો.
એ પ્રોઢ બ્રહ્મચારીને રાગ ન દ્વેષ હોતિનો,
નિષ્કામભાવી તે નિત્ય સર્વાંદરે જ બ્રહ્મ છે.
બ્રહ્મચર્ય ગુપ્તયે જો બ્રહ્મની શોધ એમ છે,
બ્રહ્મ સીમાં વસે છે જે બ્રહ્મજ્ઞાનથી સાંપડે.
બ્રહ્મનો અર્થ છે સત્ય ચર્યા આચાર થાય છે,
આચાર સત્યનો જે આ બ્રહ્મચર્ય મનાય છે.
ગાંધીગીતા

૧૨. ન, બ્રાહ્મણ જેવું શુદ્ધ જીવન.

૧૩. ન. યમના પાંચ ભાદેનો એક પ્રકાર.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ
એ પાંચે યમ કહેવાય છે. ગીતા પંચામૃત

૧૪ ન વિષયત્યાગ

૧૫ ન સંયમ અનુષ્ઠાન.

બ્રહ્મચર્યપરાયણ [સં.] વિ. બ્રહ્મચર્યમાં રચેલુંપચેલું

બ્રહ્મચર્યપર્યવસાન [સં.] ન. (જૈન) નિર્વાણ

બ્રહ્મચર્યવાસ [સં.] પું. (જૈન) દશ ભાદેનો એક શ્રમણધર્મ; અખંડ બ્રહ્મચર્ય પાળવું તે; બ્રહ્મચર્યમાં રહેવું તે

બ્રહ્મચર્યવૃત્તિ [સં.] સ્ત્રી. સ્ત્રીથી વિરક્ત રહેવાનો નિયમ.

બ્રહ્મચર્યવ્રત [સં.] ન. બ્રહ્મચર્ય પાળવાનો નિયમ; મૈથુન નહિ સેવવાનું વ્રત.

બ્રહ્મચર્યવ્રતે સ્થિત [સં.] પું. પુરુષોત્તમનાં કબીર ભાદેનું એક નામ.

બ્રહ્મચર્યસ્ખલન [સં.] ન. બ્રહ્મચર્યવ્રતનો ભંગ.

બ્રહ્મચર્યહનન [સં.] ન. બ્રહ્મચર્યનો નાશ.

બ્રહ્મચર્યા [સં.] સ્ત્રી. બ્રહ્મચર્યનું વ્રત; મૌંજીબંધન થયા પછી ગૃહસ્થાશ્રમી થતાં સુધી વિદ્યે આચરણ કરવા યોગ્ય નિયમો.

બ્રહ્મચર્યાવસ્થા [સં.] સ્ત્રી. વિદ્યાર્થી અવસ્થા; બ્રહ્મચર્ય પાળની વખતની અવસ્થા; બ્રહ્મચારાવસ્થા

બ્રહ્મચર્યાશ્રમ [સં.] પું. ચાર આદેનો પ્રથમ આશ્રમ; પ્રથમાશ્રમ. જિતેંદ્રિય રહી વિદ્યાર્થી પ્રથમાવસ્થામાં ગુરુને ત્યાં રહી વિદ્યા સંપાદન કરે છે. બ્રહ્મચર્યમાં સ્નાન્ન થતા પહેલાં આચાર્ય બ્રહ્મચારીને બ્રહ્મચર્ય પાળવા, સંધ્યોપાસના, શુદ્ધ જપ વગેરે કરવાનું કહે છે. આચાર્ય દુષ્ટ કર્મોને ત્યાગવાનું તેમ જ દિવસે સૂવાનો પ્રતિબંધ કરે છે. ધર્મ જ પુરુષાર્થ કરવાનો તે આગ્રહ કરે છે. ચાર વેદ પૂરા થાય ત્યાંસુધી અખંડ બ્રહ્મચર્ય પાળવાનું ફરમાવે છે. આચાર્યને અધીન રહેવાનું કહે છે, પણ જો આચાર્ય અધર્માચરણ કરવાનું કહે તો તે ન કરવાનું પણ કહે છે. ક્રોધ અને મિથ્યા ભાષણ છોડવાનું કહે છે, તેમ જ અહર્નિશ મૈથુન ન કરવાનું પણ કહે છે. માનું, બાળવું વગેરે છોડવાની આજ્ઞા કરે છે. અતિ સ્નાન, અતિ ભોજન, ભ્રમણ, નિંદા, મોહ, લોભ, બધ વગેરેમાંથી મુક્ત થવાની આજ્ઞા કરે છે સવારે વહેલા ઊઠવાનું તેમ જ ઈશ્વરની પ્રાર્થના બ્રાહ્મમુહૂર્તે કરવા કહે છે. માંસ, મદિરા વગેરેનો ત્યાગ કરવાનું ફરમાવે છે. બળદ, ઘાયી, ઘોડા વગેરે ઉપર બેસવાની મનાઈ કરે છે કોઈ પણ સંજોગોમાં ઉદ્વિગ્ન ન થવાની આજ્ઞા આપે છે. કોઈ પણ સંજોગોમાં વીર્યને હાનિકર્તા તૈલાદિ પદાર્થો ખાવાની મનાઈ કરે છે અને એખલા, દંડ વગેરે ધારણ કરવાનું કહે છે. જે કાર્યો નિત્ય કરવાનાં હોય તેને કરવા અને નિષેધ હોય તે ન કરવા આજ્ઞા કરે છે. તે વિનેકી, સત્ય અને મિતભાષી થવા બ્રહ્મચારીને ફરમાવે છે. બ્રહ્મચર્ય વખતમાં જનોઈ ધારણ કરી બટુક ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ કરવા જતો. ઓછામાં ઓછાં બાર વર્ષ સુધી ગુરુના આશ્રમમાં રહી તે વિદ્યાભ્યાસ કરતો, ગુરુની ગાયો ચરાવીને, ખેતી કરીને અને આસપાસનાં ગામોમાંથી ભિક્ષા માગીને તે પોતાનું ગુજરાન ચલાવતો. અહીં રહી અનેકવિધ જ્ઞાન તે મેળવતો. વિદ્યાભ્યાસ પૂરો કરી, ગુરુને દક્ષિણા આપી તે સ્નાન્ન લઈ નીકળતો. એ રીતે બ્રહ્મચર્યાશ્રમ પૂરો થતો

બ્રહ્મચર્યાશ્રમી [સં બ્રહ્મચર્ય + આશ્રમ + ઇન્ (વાળું)] વિ. બ્રહ્મચર્યાશ્રમ પાળનાર.

બ્રહ્મચારે [સં. બ્રહ્મચારિન્] પું. ઉદ્વિગ્નમન કરીને અભ્યાસ કરનારો વિદ્યાર્થી; બ્રહ્મચારી.

જ્યાં લગી ન હોય પુરુષ વિકાર,
ત્યાં લગી તે હોય બ્રહ્મચાર. ભોજાભગત

બ્રહ્મચારિણી ૧. [સં] સ્ત્રી. બ્રહ્મ જ્ઞાનનું સાધન

૨ સ્ત્રી. ગોરખમુંડી

૩ સ્ત્રી. દિવ્યવસ્ત્રની સ્ત્રી

૪ સ્ત્રી. દુર્વા દેવી

૫ સ્ત્રી. નર્મદાનાં કબીર ભાદેનું એક નામ.

૬ સ્ત્રી પાર્વતી; ગૌરી.

૭ સ્ત્રી. બ્રહ્મચર્ય પાળનારી સ્ત્રી; ઉદ્વિગ્નમન કરનારી સ્ત્રી; કુંવારી રહી ઉદ્વિગ્નમનનાં વ્રત પાળનારી અને અભ્યાસ કર્યા કરતી સ્ત્રી.

૮. સ્ત્રી. ભારંગી ભૂટી.

૯ સ્ત્રી. વાકણી વૃક્ષ.

૧૦ સ્ત્રી. સરસ્વતી.

બ્રહ્મચારી ૧. [સં. બ્રહ્મચારિન્] પું. અખંડ બ્રહ્મચર્યવાળા હનુમાનનું એક નામ.

પૂર્ણ જે બ્રહ્મચારી છે આવશે સ્થિતિનો સદા,
કશું અસાધ્ય તેને ના સંસારસૃષ્ટિમાં અહીં.
ગાંધીગીતા

૨. પું. આચાર્યે દીક્ષા આપેલ બ્રાહ્મણ.

૩. પું. કુંવારો; જે સંસારની જવાબદારી પડ્યો નથી તે.

૪. પું. મુંડકુળનો વિદ્યાર્થી.

૫. પું. જનોઈ દીક્ષા પછી ગુરુને ત્યાં રહી ઉદ્વિગ્નમન કરતાં વેદાભ્યાસ કરનારો વિદ્યાર્થી; બ્રહ્મચર્યવ્રત પાળનારો જુવાન બ્રહ્મચર્ય

૬. પું. (પુરાણ) પ્રાચીનપુત્ર પ્રવરા ભાદેનો એક પ્રવર્ય.

૭. પું. બ્રહ્મચર્ય પાળનાર પુરુષ; ઓરતથી દૂર રહેનાર માણસ; ઉદ્વિગ્નનિગ્રહી; વીર્યસ્ખલન ન થવા દેનાર વ્યક્તિ. બ્રહ્મચારી વિષે ગાંધીજી લખે છે કે: બ્રહ્મચારીનો ખોરાક વનસ્પતિ ફળ છે, એમ મારે માનવું છે. મેં ૭ વર્ષનો પ્રયોગ કરીને જોયું. જ્યારે હું ત્યાં અને ઘીવાળાં વનસ્પતિ ફળ ઉપર જ રહેતો, ત્યારે જે

નિર્વિકારપણે અનુભવનો, તે મેં ભોગવવામાં ફેરફાર કર્યો પછી નથી અનુભવ્યું. દૃષ્ટાંતરૂપે સમર્થ બ્રહ્મચર્ય સહજ હતું, દૃષ્ટાંતરૂપે અમે તે કષ્ટસાધ્ય બન્યું છે. બ્રહ્મચારીને સારૂ દૂધનો આહાર વિવર્જ્ય છે, એ વિષે મને શંકા નથી. આમાંથી કોઈ એવો અર્થ ન કાઢે કે બ્રહ્મચારી માત્રે દૂધનો ત્યાગ કરવો જોઈએ છે. ખોરાકની અસર બ્રહ્મચર્ય ઉપર કેટલી પડે છે, એ વિષયને અંગે ઘણા પ્રયોગોની આવશ્યકતા છે. બ્રહ્મચારી નિર્વીર્ય કદી ન હોય. બ્રહ્મચારી જોમ વીર્ય પેદા કરે, તેનો સંગ્રહ કરે ને તેથી ઉત્તરોત્તર દીપ્ત પ્રકારનો બને. તેને પરાપક્ષ હોય જ નહિ. આ લક્ષણોનો ઉદ્દેશ એ છે કે, આપણે શુદ્ધ બ્રહ્મચર્યને ઓળખતા શીખીએ, તેની કીમત જાણીએ અને બધુ કીમતી બ્રહ્મચર્ય પાળતા થઈએ. એમાં કેટલાંનું ખરૂં જ્ઞાન રહેલું છે ને સાચા કલ્યાણની શક્તિની વૃદ્ધિ રહેલી છે. સહુ કે દેશભક્તિ કરતાં બ્રહ્મચર્યના ધર્મપ્રયોગમાં લાભ, કીર્તાની ઓછી આવશ્યકતા નથી જ. આટલું કહ્યા પછી મારે આગળ જ ઊભેરવાની જરૂર રહે છે કે, કૃત્રિમ સંતતિનિયમન એ પ્રયોગ અનાચાર છે

૮. વ્યુ બ્રહ્મનો વિચાર કરનાર કે વિદ્યા જાણનાર બ્રાહ્મણ.

૯. પુ. વિષ્ણુના હજાર માંહેનું એક નામ.

૧૦. પું. શૈવ મતનો એ નામનો એક વિભાગ.

૧૧. પું. સાધુ.

૧૨. પું. (પુરાણ) રક્તબીજ કાર્તિકેય સ્વામી.

૧૩. પું. સ્વામીનારાયણના સંપ્રદાયમાં લાગી થયેલ બ્રહ્મચારી આ સંપ્રદાયના લાગીઓમાં ત્રણ ભેદ છે: બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ. બ્રાહ્મણ વર્ગના લાગીઓ બ્રહ્મચારી કહેવાય છે. ક્ષત્રિય અને વૈશ્ય એ સાધુ થઈ શકે છે. એ બંને પ્રકારના લાગીઓને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવું પડે છે અને મનનો સંયમ રાખવો પડે છે. પણ બ્રહ્મચારીઓ ધાતુપાત્રનો ઉપયોગ કરી શકે છે, જ્યારે સાધુઓ કાષ્ઠપાત્ર અને તુમ્બડીનો જ ઉપયોગ કરે છે. બ્રહ્મચારી કાષ્ટેદ ધોતિયું અને જાગું ઉપરણ પહેરે છે અને માથે ટોપી રાખે છે. સાધુ સર્વાંગે ભગવા રાખે છે.

૧૪. સ્ત્રી. ઇંદ્રિયદમન કરનારી સ્ત્રી; કુંવારી રહી ઇંદ્રિયદમનના વ્રત પાળતી અને અભ્યાસ કર્યા કરતી સ્ત્રી.

૧૫. સ્ત્રી. એ નામની એક અટક.

૧૬ ન એ નામની અટકનું માણસ

૧૭. વિ. એ નામની અટકનું.

૧૮. વિ. બ્રહ્મ તરફ જનાર.

રાજ્યમાં રહી બ્રહ્મચારી મનમાં ભીતિ તજી બેસતું. સેકીને જ્ઞા અપરાધ્યુ હુંમાં ગુડરે ધરી ચિત્તું.
ભીમ પ્રબંધામૃત

૧૯. વિ. બ્રહ્મચર્ય ધારણ કરનાર.

બ્રહ્મચારી ધર્મ [સં. બ્રહ્મચારિન્ (બ્રહ્મચર્ય પાળનાર) + ધર્મ] પું. બ્રહ્મચારીએ પાળવાનો ધર્મ. તેમાં વેદનો અભ્યાસ, અગ્નિકર્મ, સ્નાનવિધિ, ભિક્ષાથી આજીવિકા અને ગુરુમાં પ્રાણાંતિક પ્રીતિ રાખવાનો સમાવેશ થાય છે. જો ગુરુ ન હોય તો તેમાં પ્રીતિ ગુરુપુત્ર કે ગુરુકાર્યમાં રમવાનો આદેશ છે

બ્રહ્મચારી વ્રત [સં. બ્રહ્મચારિન્ (બ્રહ્મચર્ય પાળનાર) + વ્રત] ન. બ્રહ્મચારીએ પાળવાનું વ્રત

બ્રહ્મચારી વ્રત એટલે જીવનસંબંધ એકજ નહિ પણ બ્રહ્મ પામવાને સારૂ આવશ્યક અવિકારાદિ બધાં વ્રતો.
અનાસક્તિયોગ

બ્રહ્મચિંતન [સં.] ન. બ્રહ્મનું ધ્યાન ધરવું તે

બ્રહ્મચૈતન્ય [સં] ન. પ્રાણને અધિષ્ઠાનરૂપે રહીને શરીરને જિવાડવાનું સામર્થ્ય આપનાર ચેતન.

બ્રહ્મજટા સ્ત્રી. દીનતાના ઝાડની જાત

બ્રહ્મજ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું. હિરણ્યગર્ભ

૩ ન. બ્રહ્મથી ઉત્પન્ન થયેલું જગત.

૪. વિ. બ્રહ્મથી ઉત્પન્ન થનાર.

બ્રહ્મજજ્ઞ [સં.] વિ. બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ અને બ્રહ્મને જાણનાર.

બ્રહ્મજટ ન. કમરો.

બ્રહ્મજટા [સં.] સ્ત્રી. દમનક વૃક્ષ

બ્રહ્મજન્મ ૧. [સં બ્રહ્મન્ (બ્રહ્મ) + જન્મન્ (જન્મ)] પું. જનોઈ દેવી તે; બ્રહ્મના સંસ્કાર ધારણ કરવા તે

૨. પું જ્યોતિષની દૃષ્ટિએ બીજો જન્મ.

બ્રહ્મજપ [સં.] પું. ગાયત્રીનો જપ; બ્રહ્મનું ચિંતવન.

બ્રહ્મજટા [સં.] સ્ત્રી. બ્રાહ્મી વનસ્પતિ

બ્રહ્મજ્ઞર ૧. [સં.] પું. ઉંદર.

૨ પું. બ્રાહ્મણી સ્ત્રીનો ઉપપતિ.

બ્રહ્મજિજ્ઞાસા ૧. [સં.] સ્ત્રી. બ્રહ્મ વિષે જ્ઞાન મેળવવાની ઇચ્છા કે ઉત્કંઠા.

૨. સ્ત્રી. બ્રહ્મવિષયક વિચારણા.

૩ સ્ત્રી. બ્રહ્મવિષયક વિચારણા કરતું શાસ્ત્ર.

બ્રહ્મજિજ્ઞાસુ [સં] પું. બ્રહ્મ જાણવાની ઇચ્છાવાળા માણસ.

બ્રહ્મજ્ઞ વિ. [સં. બ્રહ્મજ્ઞવિત્] વિ. વેદ ઉપર જીવનાર.

૨. વિ શ્રૌતકર્મ કરાવીને આજીવિકા ચલાવનાર. પણ તનને નિચોવી રહેનાર અને તનના માલપાને ઓડી દેનાર બ્રહ્મજ્ઞવી છે. એ નેસર્ગિક ઉત્ત સાહિત્યકારનો હરકોઈ ટીકાકાર કમજ્ઞ હશે.
ઠોમુદી

બ્રહ્મજ્યોતિ પું. બ્રહ્મયોનિ પર્વત; અપશિર પર્વત.

બ્રહ્મતાલ પું. (સંગીત) એક ચતસ્રજાતિ અષ્ટકાલ માત્રાનો તાલ. તેના તાલસ્થાનઃ ૧, ૫, ૭, ૧૧, ૧૩, ૧૫, ૧૯, ૨૧, ૨૩ અને ૨૫ મી માત્રા ઉપર છે. કોઠીના બોલઃ ૧ ધિન્ના ૨ તિન્ના ૩ ધિન્ના ૪ તિન્ના ૫ ધિન્ના ૬ ધિન્ના ૭ તિન્ના ૮ ધિન્ના ૯ ધિન્ના ૧૦ ધિન્ના.

બ્રહ્મજ્ઞ ૧. [સં.] પું. વિષ્ણુ

૨. વિ. બ્રહ્મને જાણનાર; વેદતત્ત્વ સમજનાર; વેદ જાણનાર; જ્ઞાની. જે મનુષ્ય બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે, અર્થાત્ જીવ જો શિવને જાણે તો જીવને પણ શિવ થાય છે એવા મહાત્માઓના પુત્ર કે શિષ્ય પરંપરામાં કોઈ પણ અજ્ઞાની જીવ રહેતો નથી, એટલે કે તેઓ પણ તેના બ્રહ્મદર્શનના પુરુષે શિક્ષતા મળે છે. વેદ કહે છે કે, જે પુરુષમિહ, જીવાત્મા તથા તમામ દેવતાઓ સહિત, ઇંદ્રિયો સહિત પ્રાણ તથા પૃથિવી વગેરે સ્થૂળ સૂક્ષ્મ ભૂતો જેના એક અંશને વિષય થાય છે, તે અવિનાશી બ્રહ્મને જાણે છે તે, એ જ્ઞાનના રૂપે જાતે સર્વજ્ઞ થાય છે અને પરમ અક્ષર અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મામાં પ્રવેશ કરે છે, લીન થાય છે અને પરમાત્મા પોતે મણા જેવા છે, અર્થાત્ મુક્ત થાય છે.

બ્રહ્મજ્ઞાન ૧. [સં] ન. આત્મબોધ, બ્રહ્મ છે એ જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે એવી પાકી સમજ ને માન્યતા. આત્માનો અપરોક્ષાનુભવ; બ્રહ્મનું જ્ઞાન; હું બ્રહ્મ છું એવું જ્ઞાન. બ્રહ્મજ્ઞાન ગુરુગમ્ય જ છે. બ્રહ્મજ્ઞાન થતાં સત્ય અમરત્વ મળે છે. આ જ્ઞાન શારીરિક બળ, માનસિક શક્તિ તથા સાધનસંપત્તિના વિકાસ ઉપર જ આધારે છે. બ્રહ્મજ્ઞાનનું અનિવાર્ય ફળ છે મુક્તિ. ગુરુ માર્ગદર્શક છે, સાધનત્રય તારક છે અને બ્રહ્મજ્ઞાન મુક્તિદાતા છે.

૨. ન. ઈશ્વરનું જ્ઞાન; દેવજ્ઞાન

૩. ન. શાસ્ત્રોક્ત જ્ઞાન; તત્ત્વજ્ઞાન.

૪. ન. (સંગીત) ષડ્જનું એક તાન; ષડ્જ ગ્રામમાં રિષભ ઓછવાથી ઉત્પન્ન થતું એક તાન.

બ્રહ્મજ્ઞાનનિષ્ઠ [સં] વિ બ્રહ્મજ્ઞાનમાં મંડાયેલું.

બ્રહ્મજ્ઞાનચેત્તા [સં. બ્રહ્મજ્ઞાનચેતૃ] વિ બ્રહ્મજ્ઞાન જાણનાર

બ્રહ્મજ્ઞાની [સં. બ્રહ્મજ્ઞાનિન્] વિ બ્રહ્મ સબંધી જેને જ્ઞાન થયેલું હોય એવું; આત્મજ્ઞાની, તત્ત્વજ્ઞાની; બ્રહ્મજ્ઞ; અદ્વૈતવાદી. અગ્નિએ બ્રહ્મજ્ઞાનો નાયક ધૂમની રજ્જવમાં કે ધુંવાના દેહમા પણ વસી રહેલ છે. જ્યારે પરમાત્મા આવી રીતે દેહમાત્રમા વસેલ છે, ત્યારે તે દેહે દેહે વર્તી રહેલા પરમાત્માનો સત્કાર એ બ્રહ્મજ્ઞાનીનો સહજ સ્વભાવ બની જાય છે. કઠોપનિષદમાં કહ્યું છે કે, જેમ છાયા અને આતપ એકબીજાથી તદ્દન ભિન્ન છે, તેમ બ્રહ્મજ્ઞાનીની ભિન્નમુખ દૃષ્ટિએ શરીર માટે અન્તરાત્માની છાયા અને આત્માનો આતપ એકબીજાથી તદ્દન ભિન્ન પ્રતીત થાય છે.

બ્રહ્મજ્યોત ૧. સ્ત્રી. બ્રહ્મતેજ.

૨. સ્ત્રી. બ્રહ્મનો પ્રકાશ.

બ્રહ્મજ્યોતિ ૧. [સં. બ્રહ્મજ્યોતિસ્] પું. (પુરાણ) અગ્નિ વિશેષ.

૨. પુ. બ્રહ્મતેજ.

૩. પું. શિવનું એક નામ.

બ્રહ્મજ્વરાંકુરા [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી માંદગી મટે એમ મનાય છે

બ્રહ્મઠગ પું ઠોગી; ધુતારો; જગતગત; બહારથી બ્રહ્મજ્ઞાનીપણું બતાવી મનથી સ્વાર્થ ઉપર નજર રાખીને વર્તનારો દંભી માણસ; મોટો ઠગ

બ્રહ્મણ ૧. પું. બ્રહ્મ.

૨. પું બ્રહ્મા.

૩. પુ વેદ.

૪. પું શેષ.

બ્રહ્મણ્યરેતરસ્યલક્ષણ ૧. [સં] ન (વેદાંત) બ્રહ્માદિ ભૂતોનું ઉપાદાનત્વ હોવાને કર્તાપણું

૨ ન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ હોવાપણું એ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે જેમ કરોળિયો પોતાના શરીરમાંથી તાંતણા કાઢીને તે વડે જાળી રચના કરે છે, માટે તે કરોળિયો જાળનું ઉપાદાન કારણ છે, તેમ નિમિત્ત કારણ પણ છે. તેની પેઠે બ્રહ્મની સત્તા વિના જગતની સત્તા હોઈ શકે નહિ. એવી જગતની સત્તા હોવામાં બ્રહ્મ સિવાય બીજું કોઈ સ્વતંત્ર કારણ જોવામાં આવતું નથી. માટે બ્રહ્મ પણ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે.

બ્રહ્મણસ્પતિ ૧. [સં.] પું એક વૈદિક દેવ

૨. પું ગણપતિ.

૩ પુ બૃહસ્પતિ.

૪ પુ ઋગ્વેદનું બીજું નામ; સ્તુતિના સર્જનાર; સ્તુતિરૂપ વાણીના પતિદેવ.

૫ પુ. મંત્રનો સ્વામી.

૬ પું સામવેદનો એ નામનો દેવતા.

બ્રહ્મણ્યા ૧. સ્ત્રી. આતુર ભાવના; તાલાવેલી.

૨. સ્ત્રી. આશા, બ્રહ્મપૂર્ણ મનમાં અનિશ્ચિત તર્ક જેવા તે; અરેરાટ બ્રહ્મલાકી ભાવનાનો ખોટો ખ્યાલ.

૩. સ્ત્રી. ચહેલ, ઝંઝા.

બ્રહ્મણ્ય ૧. [સં.] પુ તપ

૨ પુ તાડનું ઝાડ.

૩. પુ બ્રહ્મ

૪ પું. બ્રહ્મદાર વૃક્ષ.

૫ પુ. બ્રાહ્મણ.

૬ પુ બ્રાહ્મણનો ધર્મ.

૭ પુ મુંજ ઘાસ.

૮ પું વિષ્ણુ ને બ્રાહ્મણ જેવા વેદવેત્તાઓની રક્ષા કરનાર છે તેમ જ વેદશાસ્ત્રોની રક્ષા કરનાર પણ તે જ છે. પુનઃ બ્રહ્મજ્ઞાન માટે સદ્ગુણી સાધનારૂપ મન, બુદ્ધિ, ઇંદ્રિયો અને અર્પિત શરીરોની રક્ષા કરનારા પણ તે જ છે. તપ, વેદ, બ્રાહ્મણ અને જ્ઞાન એ સર્વ બ્રહ્મ કહેવાય છે અને ભગવાન તેના હિતકારી હોવાથી બ્રહ્મણ્ય કહેવાય છે.

૯. પું. વેદ.

૧૦ પું. (જ્યોતિષ) શનૈશ્ચર.

૧૧. વિ. પવિત્ર; શુદ્ધ; પાવન.

૧૨. વિ બ્રહ્મ વિષેનું; બ્રહ્મ સંબંધી.

૧૩. વિ. બ્રાહ્મણ પ્રત્યે સદ્ભાવ રાખનાર; બ્રાહ્મણો ઉપર આસ્થા રાખનાર; વેદનિષ્ઠ; તપસ્વી, બ્રાહ્મણહિત

૧૪ વિ બ્રાહ્મણનું; બ્રાહ્મણના હિતનું; બ્રાહ્મણને હિતકર

બ્રહ્મણ્યદેવ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં ઢગલા મંત્રનું એક નામ.

૨ પું બ્રાહ્મણોના પાલક દેવતા.

બ્રહ્મતત્ત્વ ૧ [સં.] ન. ઈશ્વરનું અરૂપ જ્ઞાન, આત્મસ્વરૂપ

૨ ન. જ્ઞાનકાંડને લગતો વેદનો ભાગ.

૩ ન. પરબ્રહ્મ; પરમાત્મા.

૪ ન બ્રહ્મનું તત્ત્વ.

૫. ન. વેદનું તત્ત્વ.

બ્રહ્મતનયા [સં.] સ્ત્રી. બ્રહ્માની પુત્રી; સરસ્વતી. શારદા.

બ્રહ્મતર્પિતા [સં બ્રહ્મતર્પિતૃ] વિ. બ્રહ્મને તૃપ્ત કરનાર; બ્રહ્મને અર્પણ કરનાર.

બ્રહ્મતા ૧. [સં] સ્ત્રી. બ્રહ્મ થયેલ જીવાત્માનો ધર્મ

૨ સ્ત્રી. બ્રહ્મનું તત્ત્વ

૩ સ્ત્રી. બ્રહ્મપણું

૪ સ્ત્રી. બ્રાહ્મણનો ધર્મ

૫. ન. વેદનું તત્ત્વ.

બ્રહ્મતાલ પું (સંગીત) એક ગતસંજ્ઞાતિ, અગિયાર માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૫, ૧૭, ૧૯, ૨૩, ૨૫ અને ૨૭ માત્રા ઉપર આવે છે. તેના ઠોકડીના

સમ૧	૨	૩
બોલઃ ધા	તરકિટ ધાકિટ	તરકિટ ધાકિટ
૪	૫	૬ ૭ ૮
ધા તરકિટ	ધાકિટ ધાકિટ	ધા તરકિટ ધાકિટ
૯ ૧૦		
ધાકિટ ધાકિટ		

બ્રહ્મતાલુ [સં.] ન મસ્તક ઉપરનું છિદ્ર. તેને યોગની સિદ્ધિ પામેલા યોગીશ્વરો પોતાની અંદર રહેલાં મૂલાધારચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપુરચક્ર, અનાહતચક્ર, વિશુદ્ધિચક્ર અને આજ્ઞાચક્ર એવાં ષટ્ચક્રોને ઉલ્લંઘીને ભગવાન વાસુદેવની કૃપા થકી પોતાના બ્રહ્મરંધ્રને વિષે જાએ છે અને તે મહેશ્વરનું દર્શન કરે છે.

બ્રહ્મતીર્થ ૧. [સં.] ન. કમળનું મૂળ; પુષ્કરમૂલ.

૨ ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ ક્ષેત્રમાંનું ૪૬ પૈકોનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: પુરાતન કાળમાં એક સમયે પોતાની પુત્રી તિલોત્તમાને જોઈને બ્રહ્માજી કામમોહિત થયા. તેથી રુદ્રગણોએ શાપ આપ્યો કે, તમે અપૂજ્ય મૂર્તિ બનો અને તમને આવિરી શાપ આપશે. આ સાંભળીને બ્રહ્માજીએ રેવાતટ ઉપર અહીં આવીને તપ કરીને શિવજીને પ્રસન્ન કરી લીધા અને પવિત્રતા પ્રાપ્ત કરી. અહીં સ્નાનપૂજાસ્મરણનું માહાત્મ્ય છે. સર્વ પ્રકારનાં દાન રવાપી મૂર્તિ બને છે. ભાદરવા અને વૈશાખ માસની અમાવાસ્યાનું માહાત્મ્ય છે

૩. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ નર્મદા પંચાગમા સાંપ્રત છે કે: પ્રાચીન કાળમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાના હેતુથી અહીં બ્રહ્માજીએ ૧૧,૦૦૦ વર્ષ સુધી તપ કર્યું, જ્યાં પુષ્કરમેધિ માટે દેવ, ગધર્વ, નાગ, સિદ્ધ, ઋષિ વગેરે સર્વ આવ્યા હતા જ્યા યજ્ઞવેદી હતી, તે જિલ્લા બની મૂર્તિ તેને જાનેશ્વર કહે છે. તે બ્રહ્મતીર્થ છે

૪. ન. પુષ્કરતીર્થ; બ્રહ્માનું તીર્થ.

૨. ન. મહાભારતમા જણાવેલું એક પ્રાચીન તીર્થ.

૩. ન. હાથકાને ગણી નાખવા માટેના નાસિકના બે માહેનો એ નામનો એક પવિત્ર ઘાટ.

અહતુંગ પું. (પુરાણ) એ નામનો ભારતવર્ષનો એક સામાન્ય પર્વત.

અહતેજ ૧. [સં અહતેજસ] ન. અહતાનની તેજસ્વિતા; અહતાનની ઉજ્જ્વલતા; આત્માના સ્વરૂપજ્ઞાનની જ્યોતિ કે પ્રકાશ; અહત્વનો લયલયાટ; આત્મબળની અપૂર્વ શક્તિ; અહત્વર્યનું કે અહતાનનું તેજ

૨. ન આકાશોની આત્મિક શક્તિ.

અહતેલ ન. પૂજ્ય વ્યક્તિને થતી સતાવણી

અહતેલ કાઢવુ = માનનીય માણસને સતાવવુ

અહત્વ ૧. [સં] ન. ઈશ્વરપણું; અહતા; અહત્વપણું; ઈશ્વરત્વ; બ્રહ્મ સાથે અભેદપણું

૨. ન. નિર્વિકાર અહતની પ્રાપ્તિ

૩ ન. બ્રહ્મા થયેલ ઋત્વિજનો ધર્મ.

૪. ન બ્રાહ્મણ તરીકે; બ્રાહ્મણનો ધર્મ

૫. ન. શુદ્ધ તુરીય અહતનો ભાવ.

અહત્વબ્રહ્મ ૧. [સં.] ન. અહત્વપણાનું બળ.

૨. ન. બ્રાહ્મણની શક્તિ.

અહત્વમસી જુઓ અહત્વમસ.

અહદ્ર [સ.] પું. ઉપનયન સંસ્કાર કરી વેદ ભણાવનાર આચાર્ય.

અહદત્ત ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક પ્રાચીન રાજા. ગૌતમ ઋષિના શાપથી તે ગૃધ્રયોનિ પામ્યો હતો. તેણે તે ઋષિને ભૂલથી ભોજનમાં માસ આપ્યું હતું, તેથી તેણે રાજા આપ્યો હતો. કાલાવધિ કરતાં ઊલટ આપ્યો કે, કૃષ્ણાવતાર પૂર્ણાવતાર રામ જન્મશે તેના સ્પર્શથી તું અમલ યોનિને પ્રાપ્ત થઈશ. રામના સમયમાં આ ગીધરૂપ પામેલા રાજાને એક હનુમાનની સાથે માળા સંબંધી તકરાર થઈ. તેનો નીવેડો કરવા તેઓ રામસભામાં આવ્યા. આ આકાશવાણીથી રાજાની પૂર્વજન્મની હકીકત જાણી. રામે તેને સ્પર્શ કર્યો, તેથી ગીધ પોતાના પૂર્વરૂપે સ્વર્ગમાં ગયો.

૨. પું. (જૈન) એ નામે બારમો ચક્રી.

૩. પું પ્રાચીન કાળમા પારાશુસીના કેટલાક રાજાઓને માટે વપરાતો શબ્દ. દક્ષિણ હૈદરાબાદના રાજકુટુંબમા પુરુષોને નિઝામ કહેવાનો રિવાજ છે, તે પ્રમાણે પ્રાચીન કાળમાં પારાશુસીના બધા ખરા રાજાઓને અહદત્ત કહેતા.

૪. પું (પુરાણ) સાતવા રાજાનુ બીજુ નામ. એને બીજાપણે માર્યા હતો.

૫. પું. (પુરાણ) સોમદા ઋષિને ઋષિએ આપેલો એ નામનો પુત્ર એ કપિલા નગરી વસાવી તેમાં રાજ્ય કરતો હતો આને દુહદત્ત રાજાએ પોતાની. સો કન્યા પરણ્યો હતો

૬. પું (પુરાણ) સોમવશી પુરુકુલોત્પન્ન એ નામનો એક રાજા. આ રાજાના અંત.પુરમાં પૂજની નામે એક ચકલી રહેતી હતી. એની રાણીને પુત્ર પ્રસવ્યો. તે વખતે પૂજનીને પણ એક બચ્ચું થયું. પૂજની બધાં પ્રાણીઓની ભાષા જાણતી હતી અને સર્વત્ર હતો. ... હમેશા સમુદ્રકાંઠેથી બે કૂણ લાવતી. એક રાજકુમારને આપતી અને એક પોતાના બચ્ચાને આપતી. તેથી તેઓ બને પુષ્ટ થયાં હતાં. એક વખત રાજકુમારે તેના બચ્ચાને મારી નાખ્યું તેથી ચકલી પોતાના નહોતા વડે રાજકુમારના ... કે તેને ખાઈ ફરી ઊડીને જવા હતી તેને રાજાએ કહ્યું કે, તેં તારું વેર લીધું છે તો હવે અહીં સુખેથી રહે આ ઉપરથી ખરે, વિશ્વાસ અને અવિશ્વાસ સબંધે રાજા અને પૂજની વચ્ચે થયેલી સંવાદ ... બધો અને પછી ચકલી પાછી રહેવા ... હતી.

૭ પું (પુરાણ) સોમવશી પુરુકુલોત્પન્ન નીલ અથવા અલુ રાજાથી શુક્રાચાર્યની કન્યા કૃતા અથવા કાંતિમતીથી કુખે થયેલા એ નામનો પુત્ર. તે જન્માંતરથી બ્રહ્મનિષ્ઠ હતો. તથા ગૌમપક્ષ ઋષિની કૃપા વડે યોગમાર્ગ સંપાદન કરી યોગતત્ત્વ નામનો ગ્રંથ રચ્યો હતો. તેને ગૌ અથવા સરસ્વતી નામની સ્ત્રી હતી. તે તનુ. કુખે વિશ્વસૃસેન નામનો પુત્ર થયો હતો.

૮. ન. (પુરાણ) અમલ્ય પ્રદેશમાં રાજા અહદને આપેલું રાજ્ય. તેના વડે અમલ્ય મોટા મોટા અસુરોને માર્યા હતા.

૯. વિ. બ્રહ્માએ આપેલ.

૧૦. વિ. બ્રાહ્મણને આપેલ.

અહદત્તા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) શુકદેવની કન્યાનુ નામ.

૨. વિ. બ્રહ્માએ આપેલા.

૩. વિ બ્રાહ્મણે આપેલી.

અહદર્ભા [સં.] સ્ત્રી. અજમા. વનસ્પતિ. આમા એક ડાળી ઊંચી હોય છે

અહદર્શન ૧ [સં.] ન. નૈષ્ઠિક બ્રહ્મચર્યના દર્શન. બ્રહ્મચર્યના વિષે મહાત્મા ગાંધીજી લખે છે: બ્રહ્મચર્યનુ સંપૂર્ણ પાલન એટલે બ્રહ્મદર્શન. આ જ્ઞાન મને રાજ્ય મારફતે નહોતુ થયુ. એ અર્થ મારી જાતમળ ધીરે ધીરે અનુભવસિદ્ધ થતા ગયો તેને લગતા રાત્રિપ્રયોગો પાછળથી મેં કર્યા. બ્રહ્મચર્યમા શરીરરક્ષણ, બુદ્ધિરક્ષણ અને આત્માનુ રક્ષણ છે. એ કુ વ્રત પછી દિવસે દિવસે વધારે અનુભવવા લાગ્યો, કેમકે હવે સ્વાભાવિક એક ઘરે તમામ.રૂપ રહેવા કેવાને બદલ તેના રસમય બનાવવાનુ હતુ, તેની જ અર્થ નજર રહ્યું હતુ. એટલે હવ તેના ખૂબીઓનાં નિત્ય નવા દર્શન થવા લાગ્યાં.

૨. ન. બ્રહ્મને જોઈ શકવુ તે.

અહદશા [સ.] સ્ત્રી. બ્રહ્મમય સ્થિતિ, બ્રહ્મમાં ... ... થઈ જવાની દશા.

અહદંડ ૧ [સં.] પું. ત્રિદંડ; ત્રણ ત્રિભાગવાળો કેતુ.

૨. પું. બ્રહ્મચારી.

૩. પું. બ્રહ્મચારીની લાકડી; બ્રહ્મચારીનો દંડ.

૪. પું. બ્રાહ્મણનો શાપ.

૫ પું બ્રહ્મચારીના શાપરૂપ દંડ; અભિશાપરૂપ ...

૬ પું. બ્રહ્મચારીષ્ટિ પક્ષ, પક્ષિનુ ઝાડ.

૭ પું મેરદંડ, કરોડનુ હાડકું.

... ...

અહરદી[ની] બીનું તેલ મૃદુ, વિરેચક અને પેટનું દર્દ મટાડનાર મનાય છે. તેનાં બીજ દીપક અંતરેલા માટે કરવામાં રેચક તરીકે કામ આપે છે. અહરદો પારદનું બંધન કરનારી મનાય છે.

૨. સ્ત્રી. આમરાની દાઢી.

જે રવિવારે પુષ્ય નક્ષત્ર હોય તે દિવસે અહરદી લાવી, તેનું ચૂર્ણ કરી, કામપીડિત સ્ત્રિનીના માથા પર જો ચૂર્ણ નાખે તો તે પાછળ પાછળ ચાલી આવે છે. ત્રિકાળજ્ઞાનસંકલ્પદ્રુમ

અહરદાતણ ન. (યોગ) વડવાઈના દાતણથી કરતી મંજનક્રિયા એક ક્રિયા તે ક્રિયા નીચે પ્રમાણે છેઃ વડવાઈનું આશરે એક વજ્ર સાંબુ, જાયના અંગૂઠા જેવું જાડું અને સીધું દાતણ લેવું. તેના ઉપરની છાલ કાઢી નાખવી. પછી તેનો અર્ધા આંગળ જેટલી સંખ્યાનો, આગળના ભાગમાં દાંતે ચાવીને ખરે નહિ તેવો કૂચો કરવો. કૂચાને ખંખેરી, સારી રીતે દોર શુદ્ધ કરવો. પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે સાધા ઉભડક બેસી, કોણ આગળ કાઢી, મુદ્રાને સંકોચી, આગળ ધીમો પાડી, જમણેહાથે ઉપજિહ્વાને મક્કો ન લાગે તેમ ધીરેથી ગળાના ભાગ બાજુની પેઢના ઢાળા ભાગ ઝણી નાખવું. થોડી વાર શ્વાસોચ્છ્વાસ બંધ રાખી, નિર્બળપણે દાતણને અંદર ઉતારી દેવું. પછી થોડી વાર તે જેવું તેવું કરી પછી ધીરેથી બહાર કાઢવું. છાલના મૂળ પછી બળતણ તથા ખાસળણના મુખ પાસે જે ઉપજિહ્વા આવે છે તે દાતણને અંદર જતું અટકાવે છે. આવી રીતે અહરદાતણ કર્યાથી ઉદરમાં જે કફપિત્તાદિ મલ હોય છે, તે પાણીની સાથે બહાર નીકળી જાય છે. શરીર તથા ચિત્તનું ભારેપણું દૂર થાય છે. આ પ્રયોગના અભ્યાસીએ આરોગ્યમાં ખાંડ, દહીં, બાજરી ને છાશ આદિ કફોત્પાદક વસ્તુઓ તેમ જ તેલ, મરચાં આદિ અતિ ઉષ્ણ અને અતિ ભારી વસ્તુઓ ખાવાથી દૂર રહેવું.

અહરહાના [સં. અહરહસ્] ગુ. ઉપનયન સંસ્કાર કરી વેદ ભણાવનાર આચાર્ય

અહરહાન ૧. [સં.] ન. યજ્ઞસત્રમાં અથવા વંશપરંપરાની અખિલ તરીકે મળેલ વેદનું જ્ઞાન

૨ ન. વેદ ભણાવવો તે.

અહરહાય ૧. [સં.] ગુ બ્રાહ્મણની નૈતિક સંપત્તિ.

૨ ગુ વેદના અભ્યાસની સમાપ્તિએ અપાતું ધન; વેદાધ્યયનની સમાપ્તિ સમયે બ્રાહ્મણને રાજાથી અપાતું ધન.

૩ ન વેદનો એક ભાગ. તેમાં બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે

૪ જુઓ અહરહાન

અહરદાયહર [સં.] વિ. વેદ શીખવીને પૈસા લેનાર.

અહરદારુ ૧. [સં.] પું. પીપળાનું જેવું એક ઝાડ; પારસપીપળો.

૨. પું. શેતૂરનું ઝાડ.

અહરદાવદ્યા [સં.] સ્ત્રી. અથર્વવેદની ચઢતી નવ માદેની એક શાખા.

અહરદાંડી જુઓ અહરદી.

અહરદિન ૧ [સં.] પું. બ્રહ્માનો એક દિવસ; ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ સૌર વર્ષ જેટલો વખત.

૨. પું. ચતારોઃ જેમને વર્ષ સંખ્યામાં આવતી, વર્ષ દરમિયાન બનવાના બનાવોની આગાહી; વર્ષફળ.

અહરદીક્ષા [સં.] સ્ત્રી. બ્રહ્મ પ્રાપ્ત કરવાના મર્મો બતાવતા પરેલાં કરવાની ધાર્મિક વિધિ; બ્રહ્મને પામવા માટે લેવાતી દીક્ષા.

અહરદૃષ્ટિ [સં.] સ્ત્રી. સર્વત્ર પ્રભુમયતા અનુભવવી તે.

અહરદેય ૧. [સં.] સ્ત્રી. ધર્માદા જમીન; ખેરાતી જમીન. તે બ્રહ્મણને દાનમાં અપાયેલ હોય છે અને તે જમીન ઉપર કરવેરા આવતા કે દંડ ઉઘરાવાતો નથી. તે જમીન કેવળ નિરપેક્ષ બુદ્ધિથી બ્રાહ્મણને અપાયેલ હોય છે.

૨. વિ. બ્રાહ્મણને આપેલ.

અહરદેયા [સં.] વિ. સ્ત્રી. બ્રહ્મવિવાહમાં અપાનારી. કન્યા માટે વપરાય છે.

અહરદેવ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્મા; સૃષ્ટિની ઉત્પત્તિના કારણરૂપ મૂર્તિમાન દેવતા. તે સર્વ સમષ્ટિના જીવ છે. એટલે કે સંપૂર્ણ જીવોના તે ઈશ્વર છે. એમણે પોતાની મૂર્તિ રચેલ્છાએ કરેલી હોવાને લીધે એમનાં સ્વયંભૂ અને આત્મભૂ એવાં બીજાં નામ છે. ઉપવેદો સહિત ચારે વેદો પૂર્વાદિ દિશાને અનુક્રમે બ્રહ્માના ચારે દિશાએ આવેલાં મુખોમાંથી નીકળેલ છે. એથી એમનાં ચતુર્મુખ, ચતુરાનન વગેરે નામો પડ્યાં છે. તેમની મૂર્તિ કેવળ જ્યોતિરૂપ હોઈ, તે નિરંતર સત્યલોકમાં વસે છે. તે સંકલ્પ માત્ર વડે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે. સંપૂર્ણ દેવ, ઋષિ, પ્રજાપતિ સર્વેના આ જ કર્તા હોવાથી તેમનાં ધાતા, વિશ્વસૃજ વગેરે સાર્થક અનેક નામો છે. એમણે પોતાના પુત્રો વડે અનેક પ્રાણી ઉત્પન્ન કરાવ્યાં, માટે એ પિતામહ કહેવાય છે. બ્રહ્મદેવને મરીચિ, અત્રિ, અંગિરા, પુલહ, ક્રતુ અને પુલસ્ત્ય એમ માનસપુત્રો છે. ત્રિપુરવધ કાજે દેવોની પ્રાર્થના ઉપરથી બ્રહ્મદેવે રુદ્રનું સારથિપણું કર્યું હતું. ગીતા રહસ્યમાં જણાવ્યા મુજબ સનત્કુમાર, સનક, સનંદન, સનત્સુજાત, સન, સનાતન અને કપિલ એમ બ્રહ્મદેવને સાત માનસપુત્રો છે. બ્રહ્મદેવનાં મંદિરો પણ ક્વચિત્ જ જોવા મળે છે. એક મૂર્તિ ભ્રમ પ્રયાગમાં, જે ખૂનામદ સંસ્થાનના બીજા મહાલમાં આવેલ છે ત્યાં છે. એક મૂર્તિ ઉત્તર ગુજરાતમાંથી આવેલી રાજપૂતના સંગ્રહસ્થાનમાં સંગ્રહિત કરેલી છે. ૪૩,૨૦,૦૦૦ વર્ષના એક પર્યય એટલે ચોકડી એવા દસગર પર્યયનો એમનો એક દિવસ થાય છે અને તેટલા જ કાળના પ્રમાણની તેમની એક રાત્રિ થાય છે. આમ એક અહોરાત્રને કલ્પ એવું નામ આપ્યું છે. તેમના પ્રત્યેક કલ્પમાં પૃથ્વી ઉપર ચૌદ મનુ અને સ્વર્ગમાં ચૌદ ઇંદ્ર થાય છે એવા ૧૬૦ કલ્પનું તેમનું એક વરસ થાય છે બ્રહ્મદેવનાં જ્યારે સો વર્ષ એટલે ઔપમાન પ્રમાણે પૃથ્વીનાં ૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ જેટલાં વર્ષ પૂર્ણ થાય છે, ત્યારે મહામ બ્રહ્માંડનો પ્રલય થઈ બીજરૂપે પણ રહેવા પામતું નથી; જેથી બ્રહ્મદેવ પોતાની કામગીરી પૂર્ણ કરી પોતે સ્વતત્ત્વમાં લીન થઈ જાય છે. બ્રહ્મદેવનું આયુષ્ય તેનાં પોતાનાં સો વર્ષ એટલે ઉપરોક્ત સંખ્યા જેટલું નક્કી કરેલું છે. તેમ જ દરેક કલ્પમાં એક ઇંદ્ર મહાપુરુષો થાય છે. બ્રહ્મદેવનું આયુષ્ય સો વર્ષનું હોય છે એટલે ઔપમાનાં વર્ષો ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ × ૩૦ દિવસ = ૨,૫૯,૨૦,૦૦,૦૦,૦૦૦ એટલે બ્રહ્મદેવનો એક મહિનો × ૧૨ મહિના એટલે ઔપમ વર્ષો ૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦૦ એટલે બ્રહ્મદેવનું એક વર્ષ×૧૦૦ વર્ષ = ૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલાં ઔપમનાં એટલે પૃથ્વીનાં વર્ષો એટલે બ્રહ્મદેવનું આયુષ્યમાન થાય છે.

૨ પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એ નામનો એક રાજા.

૩. પું. મોટો અધમ પુરુષ બ્રાહ્મણ; ભૂદેવ.

૪. પું. (પુરાણ) રઘુવંશના મૂળ પુરુષ.

૫ પું. વિષ્ણુ.

અહરદેશ પું. હિંદની પૂર્વે આવેલ એ નામનો એક પ્રદેશ; જ્યાં બ્રહ્મદેશ વિષે માધીજી લખે છે કેઃ હું બ્રહ્મદેશ પણ ડૂબકી મારી આવ્યો હતો. ત્યાંના કૂવીઓની મુલાકાત કરી. તેમની ભાળથી દુઃખી થયો. સુવર્ણ પેગોડાનાં દર્શન કર્યાં. મંદિરમાં અસભ્ય નાની મીણબત્તીઓ ભભકતી હતી તે ન ગમી. મંદિરના ગર્ભગૃહમાં ઉંદરોને ફરતા જોઈ સ્વામી દયાનંદનો અનુભવ યાદ આવ્યો. બ્રહ્મદેશની મહિલાઓની સ્વતંત્રતા, તેમનો ઉત્સાહ ને ત્યાંના પુરુષોની મંદતા જોઈ

મહિલાઓ ઉપર મોહ પામ્યો ને પુરુષોને વિષે દુઃખ થયું. મેં ત્યારે જ જોયું કે, જેમ યુરોપ હિંદુસ્તાન નથી, તેમ રેંગુન બ્રહ્મદેશ નથી અને જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજ વેપારીઓના આપણે કમિશન એજંટ બન્યા છીએ, તેમ બ્રહ્મદેશમાં આપણે અંગ્રેજોની સાથે મળીને બ્રહ્મદેશવાસીઓને કમિશન એજંટ બનાવ્યા છે.

બ્રહ્મદૈત્ય ૧. [સં] પું. બ્રાહ્મણ મરીને દૈત્ય થયેલ દોષ તે; બ્રહ્મરાક્ષસ.

૨ પું. ભૂત

બ્રહ્મદોષ [સં] પું. બ્રાહ્મણને મારવાનો દોષ; બ્રહ્મહત્યાનો દોષ.

બ્રહ્મદોષી [સં. બ્રહ્મદોષિન્] વિ. બ્રહ્મહત્યારો; બ્રાહ્મણને મારનારો

બ્રહ્મદ્રુત્ર [સં.] પું. ગંગાજળ.

બ્રહ્મદ્રવ્ય [સં.] ન. ઈશ્વરરૂપી ધન.

બ્રહ્મદ્રુમ [સં.] ન. પલાશનું ઝાડ; બાવરાનું ઝાડ. વૈતરોષ ને બ્રહ્મદ્રુમ પુત્રક પૂર્ણ બ્રાહ્મ; એ ત્રિપુટ રંજ ખેતરા બ્રહ્મણા વસંત વિલાસ. પિંગલપ્રકોપ

બ્રહ્મદ્રોહ [સં.] પું. બ્રહ્મણની નિંદા; બ્રાહ્મણ પ્રત્યે દ્રોહ.

બ્રહ્મદ્રોહી [સં. બ્રહ્મદ્રોહિન્] વિ. બ્રાહ્મણનો દ્રોહ કરનાર.

બ્રહ્મદ્વાર [સં.] ન. બ્રહ્મરંધ્ર. જ્યારે શરીરમાંની નાડીઓની શુદ્ધિ અર્થ કુંડલિની જાગ્રત થાય છે, ત્યારે પ્રાણ સુષુપ્તદ્વાર સુષુમ્ણામાં પ્રવેશ કરે છે. સુષુમ્ણા એટલે સૂર્યના સુષુમ્ણ કિરણ સાથે જોડનારી નાડી,

ગુરુ પદવી (જગતનો ઉદ્ધાર કરવાના માર્ગ રૂપ), બ્રહ્મરંધ્રનો બ્રહ્મમાર્ગ, રમણાન (નામરૂપને બાળવાનું સ્થાન), સાંબવી (સંસૃતિને પ્રાપ્ત કરાવનારી), બ્રહ્મમાર્ગ (ઇડા પિંગલાની વચ્ચેનો માર્ગ), બ્રહ્મનાડી (બ્રહ્મને પ્રાપ્ત કરનારી નાડી) ને બ્રહ્મદ્વાર (બ્રહ્મની પ્રાપ્તિનું દ્વારરૂપ) એ શબ્દો એક જ અર્થનું બોધન કરનારા છે. યોગકૌસ્તુભ

બ્રહ્મદ્વિષ ૧. [સં. બ્રહ્મદ્વિષ્] પું. બ્રાહ્મણોનો દ્વેષ કરનાર માણસ.

૨. વિ. બ્રાહ્મણોનો દ્વેષ કરનાર.

બ્રહ્મદ્વેષી ૧. [સં. બ્રહ્મ (બ્રાહ્મણ) + દ્વેષિન્ (દ્વેષ કરનાર)] પું. બ્રાહ્મણોનો દ્વેષ કરનાર માણસ.

૨. વિ. બ્રાહ્મણોનો દ્વેષ કરનાર.

બ્રહ્મધન ન. કેવળ બ્રહ્મરૂપ ધન.

બ્રહ્મધાતક [સં. બ્રહ્મઘાતૃ] પુ. (પુરાણ) પ્રહેતી રાક્ષસનો એ નામનો પુત્ર. એ કુબેરનો અનુચર હતો.

બ્રહ્મધામ [સં. બ્રહ્મન્ (બ્રહ્મ) + ધામન્ (સ્થાન)] ન. બ્રહ્માનું ધામ; સ્વર્ગ; બ્રહ્મલોક.

આ આત્મા પ્રવચન બ્રહ્મહીન પુરુષથી પ્રાપ્ત થતો નથી, ન તો અસત્યભાષીથી કે અતપોયુક્ત તપથી કરી પણ પ્રાપ્ત કરાય એવો છે. પરંતુ જે વિદ્વાન આ રાજ્યમાં રહેલા ઉપાયો દ્વારા એ આત્માને પ્રાપ્ત કરવા યત્ન કરે છે, તેનો એ આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે. મુંડકોપનિષદ

બ્રહ્મધ્યાન [સં.] ન. ઈશ્વરનું ચિંતન. જે મનુષ્યને બ્રહ્મધ્યાન કરવું હોય તેણે મનુષ્યનાં સ્ત્રિયા આદિ મિથ્યા પદાર્થની ઉપેક્ષા કરીને બીજા અસ્તિત્વવાળા પદાર્થમાં રહેલું જે તે રીતે પહેલું ધ્યાન કરવું બાજુ આદિ જડ પદાર્થમાં તેમનાં નામરૂપનો ત્યાગ કરીને બ્રહ્મનું સત્તારૂપે ધ્યાન કરવું. અંતઃકરણની રાજસી અને તામસી પ્રતિજ્ઞોમાં દુઃખનો પરિત્યાગ કરીને બ્રહ્મનું સદ્રૂપ અને ચિદ્રૂપ ધ્યાન કરવું. આ ત્રણ પ્રકારનાં ધ્યાન અનુક્રમે કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ સમજવાં જે બૃહદારણ્યક ઉપનિષદમાં તેના અર્થમાં આવા આવનું કહ્યું છે: વેદાંતશાસ્ત્રોના શ્રવણ, મનન દ્વારા આત્માનું પરોક્ષજ્ઞાન સંપાદન કરી પછી બ્રહ્મધ્યાન કે બ્રહ્મવિચાર કરવાં. બધાં શાસ્ત્રોનું અધ્યયન કે ચિંતન ન કરવું, કેમકે તેથી વાણીને અને મનને કલેશ થાય છે

બ્રહ્મનગર [સં.] ન. ગ્રહમંડળમાં આવેલ એ નામનો એક ભાગ.

બ્રહ્મનદી [સં.] સ્ત્રી. સરસ્વતી નદી

બ્રહ્મનવમૃચંગિરસ [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ

બ્રહ્મનંદન ૧. [સં.] પું નારાયણ.

૨. પું. બ્રહ્માના પુત્ર નારદ.

બ્રહ્મનાર પું શૈવધર્મના યોગશ્રી સમ્પ્રદાનો એક જૂનો સમ્પ્રદ

બ્રહ્મનાડી (બ્રહ્મનાડી) [સં.] સ્ત્રી. સુષુમ્ણા નાડી. બ્રહ્મને પ્રાપ્ત કરનારી નાડી. હૃદયની મધ્યેને ભેદીને નીકળતી બ્રહ્મનાડી દ્વારા જે પોતાનું સ્વેચ્છાએ ઉત્ક્રમણ કરે છે, તે યોગીપુરુષ અમૃતત્વને પામે છે.

બ્રહ્મનાદ [સં.] પું. પરમાત્માનો અવાજ.

બ્રહ્મનાભ [સં.] પું. વિષ્ણુ; નારાયણ.

બ્રહ્મનાલ [સં] ન. કમળમાં બ્રહ્મદેવની નાભિનું જે નામનું એક તીર્થ

બ્રહ્મનિદર્શક ૧ [સં.] ન. બ્રહ્મનું પ્રતીક.

ઉપાસના માટે બીજેના બ્રહ્મના ખાસ ગુણ સ્વરૂપને પ્રતીક અથવા બ્રહ્મનિદર્શક ચિહ્ન કહે છે. ગીતારહસ્યસૂત્ર

૨. વિ બ્રહ્મનું સૂચક; બ્રહ્મને સૂચવનારું.

બ્રહ્મનિધિ [સં બ્રહ્મન્ + નિધિ (ભંડાર)] પું. વ્યાસ મુનિ. તે વેદવિદ્યાના ભંડાર ગણાય છે

બ્રહ્મનિર્વાણ [સં.] પું. બ્રહ્મમાં લીન થવું તે; મોક્ષ; પરમાનંદ; મોક્ષપદ; બ્રહ્મસ્વભાવનો લાભ; બ્રહ્મમાં મળી જવું તે. સ્વરૂપ પ્રાપ્તિરૂપ મોક્ષ પ્રાપ્ત થવો તે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે: જે યોગી આત્મામાં જ સુખવાળો, આત્મામાં જ રમનારો અને આત્મામાં જ પ્રકાશવાળો છે, તે બ્રહ્મસ્વરૂપ થઈ ને બ્રહ્મનિર્વાણ એટલે મોક્ષ પામે છે. બ્રહ્મનિર્વાણનો અર્થ આ પ્રમાણે છે: બાર: (૧) બ્રહ્મની સાથે મળીને શાંતિ પ્રાપ્ત કરવી તે. (૨) બ્રહ્મની ઉપાસના કરવી તે. (૩) બ્રહ્મની સાથે મળવું તે. (૪) બ્રહ્મના રૂપમાં એકરૂપ થવું તે. (૫) બ્રહ્મની શક્તિ જેવી વિશ્વ જેવી મેળવવી તે. (૬) બ્રહ્મની સાથે પ્રીતિ કરવી તે. (૭) બ્રહ્મની સાથે થવું તે. (૮) બ્રહ્મમાં રહેવું તે જોકે કામો પુરુષ સારું નિરપેક્ષી જે કરે છે, શાંતિ પામે રહિત મમતા તે અહંતા વર્તા તે. આ બે બાજી સ્થિતિને જોઈને મોહ એ પાર્થ પામે, અંત જે એ સ્થિતિ અહીં રહી બ્રહ્મનિર્વાણ પામે. ગીતારહસ્યસૂત્ર

બ્રહ્મનિષ્ઠ ૧ [સં] પું. (વેદાંત) કરામલકવત્ સકલ તથા વિપરીત ભાવનાથી રહિત, જે અખંડ એકરસ આનંદઘનના સાક્ષાત્કરવાળો હોય તે.

૨ પું. પારસપીપળો.

૩ પું બ્રહ્મને જાણનાર મનુષ્ય; બ્રહ્મજ્ઞાનસંપન્ન મનુષ્ય.

૪ ન. એક જાતનું વૃક્ષ; શીતૂરનું ઝાડ.

૫ વિ. તપસ્વી; તપસ્વી.

૬. વિ. નિર્ગુણ બ્રહ્મ ઉપર જ જેની શ્રદ્ધા સર્વદા નિષ્ઠા હોય તેનું; બ્રહ્મમાં સ્થિતિ કરનાર; બ્રહ્મમાં લીન થયેલ; બ્રહ્મના ધ્યાનમાં લીન; બ્રહ્મમાં એકતાર.

૭. વિ. બ્રહ્મરૂપના અપરોક્ષ જ્ઞાનમાં નિષ્ણાત.

૮ વિ. બ્રહ્મનિષ્ઠાવાળું.

૯. વિ. વેદમાં અત્યંત શ્રદ્ધાભક્તિવાળું; વેદ ઉપર શ્રદ્ધા રાખનાર.

૧૦ વિ. બીજા સાથે અપવાદ ન રાખનાર.

બ્રહ્મનિષ્ઠક જુઓ બ્રહ્મનિષ્ઠા

બ્રહ્મનિષ્ઠા ૧. [સં] સ્ત્રી. તપમાં નિષ્ઠા, સ્થિતિ કે શ્રદ્ધા.

૨. સ્ત્રી. બ્રહ્મબોધ. આત્મા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી જોવાનો નથી. આત્માની પકડ મારે હૃદય, બુદ્ધિ અને મન એ ત્રણનો સહકાર જોઈએ શ્રદ્ધા અને ભક્તિથી ભરપૂર હૃદય એ એકલું જ હોવે તો આત્માનુભવ માટે સમર્થ છે. છતા શ્રદ્ધાભક્તિથી ભરપૂર હૃદય સાથે જો સૂક્ષ્મ બુદ્ધિનો યોગ હોય તો તેવો પુરુષ જોવિષ અને

બ્રહ્મનિષ્ઠ થઈ રહે છે બ્રહ્મવિદ્યા હૃદયસાધ્ય છે, બૌદ્ધિકતા બુદ્ધિસાધ્ય છે અને એ બંને એકાગ્ર મનથી સાધ્ય છે. આથી બ્રહ્મયોગ પામવા ઇચ્છનારે મનને સમાધિમગ્ન કરવું, બુદ્ધિને સૂક્ષ્મ વસ્તુ ગ્રહણ કરવી, તેમ જ હૃદય નિર્મળ અને શ્રદ્ધાભક્તિભાવથી ભરપૂર કરવું. આ ત્રણેનો જ્યારે સુયોગ થાય છે અર્થાત્ મન, બુદ્ધિ અને હૃદયનો જ્યારે વિવેકીસમન્વય થાય છે, ત્યારે બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ સધાય છે અને ત્યારે બ્રહ્મયોગ થયો ગણાય છે. મુંડકોપનિષદમાં કહ્યું છે કે: જે કર્મયોગીઓ, શ્રોત્રિયો, બ્રહ્મનિષ્ઠો અને શ્રદ્ધાથી ભરપૂર અગ્નિમાં હોમ કરે છે, નિઃસંદેહ જેઓએ વિશુદ્ધિ માટે મૌલિક વ્રતોને વિધિપૂર્વક પૂરાં આદર્યાં છે, તેઓને જ બ્રહ્મવિદ્યા શીખવાનો અધિકાર છે

૩. સ્ત્રી. બ્રહ્મમાં શ્રદ્ધા કે વિશ્વાસ; બ્રહ્મમાં નિષ્ઠા હોવી તે.

૪. સ્ત્રી. વેદમાં નિષ્ઠા.

બ્રહ્મનિષ્ઠાસંપન્ન [સં] વિ. બ્રહ્મનિષ્ઠાવાળું.

બ્રહ્મનેષ્ટ [સં.] પું પારસપીપળો

બ્રહ્મપત્ર ૧. [સં.] ન. બાજરાના ઝાડનું પાન.

૨. ન. ખાખરાનું ઝાડ.

બ્રહ્મપથ [સ. બ્રહ્મન્ + પથિન્ (રસ્તો)] પું. દેવમાનનો મધ્ય.

બ્રહ્મપદ ૧. [સં.] પું. મોક્ષ. મુક્તિ.

૨. સ્ત્રી. અથર્વવેદની એક શાખા.

૩. ન. બ્રહ્મનું નિવાસસ્થાન.

૪. ન. બ્રાહ્મણનું પદ; બ્રાહ્મણનો દરજ્જો.

બ્રહ્મપર [સં.] વિ. વેદોને સૌથી ઊંચું પ્રમાણ માનનાર.

બ્રહ્મપરતા [સં.] સ્ત્રી. બ્રહ્મને એટલે વેદને પરમ પ્રમાણ માનવું તે.

બ્રહ્મપરાયણ [સં.] વિ. બ્રહ્મમાં નિમગ્ન.

બ્રહ્મપર્ણી જુઓ બ્રહ્મપત્ર

બ્રહ્મપર્ણી [સં.] સ્ત્રી. પૃશ્નિપર્ણી વનસ્પતિ; પિઠવન નામની વેલ

બ્રહ્મપલાશા [સં.] સ્ત્રી. અથર્વવેદની નવ મહેની એક શાખા.

બ્રહ્મપવિત્ર [સં.] પું. દર્ભ.

બ્રહ્મપંચક [સં.] ન. બ્રહ્મથી વ્યાપ્ત પંચ તત્ત્વો. પુરુષ, શ્રોત્ર, વાણી, શબ્દ તથા આકાશ આ પાંચ જ્ઞાનરૂપ બ્રહ્મથી વ્યાપ્ત છે. પ્રકૃતિ, ત્વચા, હાથ, સ્પર્શ, વાયુ આ પાંચ પુરુષબ્રહ્મથી વ્યાપ્ત છે અહંકાર, ચક્ષુ, ચરણ, રૂપ, અગ્નિ આ પાંચ અધોગબ્રહ્મથી વ્યાપ્ત છે. બુદ્ધિ, જીભ, વાયુ, રસ, જળ આ પાંચ બ્રહ્મરસરૂપ વામદેવથી વ્યાપ્ત છે. મન, નાસિકા, ઉપસ્થ, મંત્ર, ભૂમિ આ પાંચ સદ્યોજાત વડે વ્યાપ્ત છે. આ રીતે પંચ બ્રહ્મમય જગત છે, તેને બ્રહ્મપંચક કહે છે.

બ્રહ્મપંજર [સં.] ન કલ્પારંભના પ્રયોગ માટે વપરાતું રસાયણ.

બ્રહ્મપાદ ન. શરીરનો મધ્યભાગ.

બ્રહ્મપાદપ [સં] પું. આખરાનું ઝાડ.

બ્રહ્મપારાયણ [સ] ન સમસ્ત વેદોનો અભ્યાસ.

બ્રહ્મપાશ ૧. [સ] ન. બ્રહ્માએ બાંધેલું બાંધવાનું સાધન.

૨. ન. બ્રહ્માનું એક અસ્ત્ર.

બ્રહ્મપુત્ર ૧. [સં] પું. એ નામનું એક ક્ષેત્ર

૨ પુ. એક જાતનું ઝેર.

૩. પું. નારદ વગેરે બ્રહ્માના પુત્ર.

૪. પું. પ્રજાપતિ, બ્રહ્મા.

૫. પું બ્રહ્મપુત્રા નદી. બ્રહ્મપુત્રા એવી વિશાળ નદી છે કે તે નદ કહેવાય છે, એટલે કે નારી મટીને તે નર બનેલ છે. છતાં તેની નમ્રતાનો પાર નથી. હિમાલયની ટોચે રહેતાં છતાં તે નીચે ઊતરી આસામ સુધી કરે છે. તે પોતાની જાતી ઉપર ઊપડીને હજારો મનુષ્યો અને તેમનો માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે.

૬ પુ. અગ્નિનું

૭ પુ મનુ

૮. પુ મરીચિ

૯ પું. મરુત

૧૦ પુ વસિષ્ઠ

૧૧ પુ સનકાદિક મુનિઓમાંનો કોઈ.

બ્રહ્મપુત્રા જુઓ બ્રહ્મપુત્ર ૫.

બ્રહ્મપુત્રી ૧. [સં.] સ્ત્રી. ભારંગ વનસ્પતિ; વારાહી કંદ

૨. સ્ત્રી. સરસ્વતી.

૩. સ્ત્રી સરસ્વતી નદી

બ્રહ્મપુર ૧. [સં.] ન. ઈશાન દિશામાં આવેલ એ નામનો એક દેશ

૨ ન. કાશીનગર.

૩. ન. પરમાત્મા પ્રાપ્ત કરવાનું સ્થાન; બ્રહ્મરી ઉપાસનાર્થે હૃદયસ્થાન. કંઠની નીચે તથા ઉદરની ઉપર રહેનારી નાડીમાં હૃદયપ્રદેશ કે જેને બ્રહ્મપુર અર્થાત્ પરમેશ્વર પ્રાપ્ત કરવાનું સાધન કહે છે, તેમાં કમલના આકારનું એક અવકાશરૂપ સ્થાન કે જેના શોધવાથી સર્વ શક્તિમાન પરમાત્મા, જે અંદર બહાર સર્વત્ર અવકાશ રૂપે વ્યાપી રહ્યા છે, તે પ્રાપ્ત થાય છે.

૪. ન. બ્રહ્મલોક.

૫. ન. બ્રહ્માનું નગર; બ્રહ્માની નગરી.

૬. ન. બ્રાહ્મણનો મહોલ્લો; બ્રાહ્મણવાડો.

૭. [સં. બ્રહ્મપુરી] ન. ભગવાનનું ધામ; ભગવાનની નગરી.

૮. ન. મનુષ્યાદિનું શરીર; બ્રહ્મની પ્રાપ્તિના સ્થાનરૂપ શરીર.

બ્રહ્મપુરસ્કૃત [સ.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

બ્રહ્મપુરાણ ૧ [સં.] ન. અઢાર મહાપુરાણો માહેનું પહેલું પુરાણ. તેના વક્તા સાક્ષાત્ ચાર મોઢાંવાળા બ્રહ્મા છે, માટે તેનું બ્રહ્મ એવું નામ છે. એ પુરાણ બ્રહ્માએ મરીચિને સંભળાવ્યું હતું. તેને સૌરપુરાણ એવું નામ પણ આપવામાં આવ્યું છે, કેમકે તેમાં આદિ સૂર્ય પૂજા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પુરાણોમાં આ પુરાણનું નામ પહેલું હોવાથી મહા જોડે તેને આદિપુરાણ પણ કહે છે. મત્સ્યાદિ પુરાણોમાં એના શ્લોકોની સંખ્યા ૧૦,૦૦૦ની લખી છે, પરંતુ આજકાલ તેના ૭,૦૦૦ શ્લોક જ મળે છે. અત્યારે જે પુરાણ જોવામાં આવે છે, તે પ્રાચીન હોવાનું જણાતું નથી. એમાં .પુરુષોત્તમક્ષેત્રનું ઘણું વધારે વર્ણન છે. જગન્નાથજી અને કોણાદિત્યનું મંદિર વગેરેનું ૪૦ અધ્યાયોમાં વર્ણન છે. પુરુષોત્તમપ્રાપ્તાદ પ્રભુએ જગન્નાથજીના વિશાળ મંદિરનો અભિપ્રાય છે, જે માંસેપ વંશના રાજા ચોડગંગે સિકમ સંવત ૧૧૪૪માં બંધાવ્યું હતું. ઉત્તરખંડમાં મારવાડની જાજપુર નદીનું માહાત્મ્ય છે. કુબ્જની કથા પણ છે. પરંતુ વધારે વર્ણન તીર્થો અને તેનાં માહાત્મ્યનું છે.

૨. ન. બ્રહ્મ.

૩. ન. બ્યાસે રચેલ બ્રહ્મનાં ૭ માંહેનું ૭ મું પુરાણ

બ્રહ્મપુરી ૧. પું. નાસિક પાસે આવેલ એ નામનો પર્વત. ગોદાવરી તેમાંથી વહે છે.

૨. [સં] સ્ત્રી. બ્રહ્મની નગરી; શરીર, તે નવદ્વારા કહેવાય છે. બે આંખ, બે કાન, બે નાક, એક મુખ એ પ્રમાણે શિરમાં સાત અને મૂત્રદ્વાર તથા મૂત્રદ્વાર મળીને નવ દ્વાર છે. એનાં દ્વારપાલી, દ્વારકા આદિ પણ અનેક નામ છે. એમાં આઠ ચક્ર છે: (૧) મૂલાધાર, પૃથ્વીતત્ત્વના મૂળમાં, (૨) સ્વાધિષ્ઠાન, જનનેંદ્રિયની પાછળ, (૩) મણિપૂરક તેમ જ (૪) સૂર્યચક્ર, નાભિસ્થાનમાં, (૫) અનાહત, હૃદયમાં, (૬) વિશુદ્ધિ, ગળામાં, (૭) આજ્ઞાચક્ર, ભ્રૂમધ્યમાં અને (૮) સહસ્રાર ચક્ર મસ્તિષ્કમાં છે. આ પ્રકારે આ આઠ ચક્ર પુરુષશરીરમાં મજ્જાતંતુના કેંદ્રરૂપ છે. આ

ચક્રોમાં અનંત શક્તિ છે. આ બ્રહ્મપુરી મનુષ્યનું શરીર છે બ્રહ્મરંધ્ર, બ્રહ્મનગરી, બ્રહ્મપુરી, અયોધ્યા દ્વારિકા આ સર્વ નામ આ જ અદ્ભુત શરીરનાં છે આ પુરીમાં રહેતા કારણે આત્માને પુરુષ કહે છે

૩. સ્ત્રી. બ્રહ્માની નગરી. તે અઢી હજાર યોજન વિસ્તારવાળી મનાય છે. સાતમેઘોની સર્વ બાજુએ તેને જ અનુસરતી ફોડપાસોની દિશાઓને યોગ્ય અને રૂપને યોગ્ય એવી અઢી હજાર યોજન વિસ્તારવાળી આઠ નગરીઓ આવેલી છે ઉપરના ભાગમા બ્રહ્માની બ્રહ્મપુરી છે.

૪ સ્ત્રી બ્રાહ્મણોને ધરનું આપેલું દાન.

૫ સ્ત્રી. બ્રાહ્મણોથી ભરપુર નગરી; ગામ અને સંત બ્રાહ્મણોનું નિત્યસ્થાન

૬. સ્ત્રી બ્રહ્મણોને જમવાનું સ્થાન

૭. સ્ત્રી. મુળમંત્રી ઈંધાને ૧૭૦ માઈલ દૂર આવેલું એ નામનું એક ગામ

૮ સ્ત્રી. સ્વર્ગ

બ્રહ્મપુરીઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ, મદારજ્યપ્રઘાટ. તેની આસપાસનું ક્ષેત્ર સરસ્વતી પ્રજ્ઞપ્રજાપતીર્થ કહેવાય છે.

બ્રહ્મપુરુષ [સં.] પું. બ્રહ્મપ્રાપ્તિ દ્વારપાળરૂપ ચક્ષુ, વાણી, મન અને પ્રાણ

બ્રહ્મપુરોહિત [સં.] પું દેવ.

બ્રહ્મપ્રલય [સં.] પું. બ્રહ્માનાં સો વર્ષ પૂરા થતા બાદ થનારો મહાપ્રલય. તારે બ્રહ્માનું પોતાનું પણ વિલીનીકરણ થવાનું મનાય છે.

બ્રહ્મપ્રસાદજ્યોતીર્થ [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પ્રયાગમાં લખ્યું છે કે: તેનું બ્રહ્માજીએ નિર્માણ કરેલ છે

બ્રહ્મપ્રસૂત ૧. [સં] ન બ્રહ્મથી ઉત્પન્ન થયેલ જગત.

૨ ન. બ્રાહ્મણે કરવા કરેલ કર્મ

૩. વિ. બ્રહ્મ બ્રહ્મા કે બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ

બ્રહ્મપ્રાપ્તિ [સં] સ્ત્રી. બ્રહ્મમાં લીન થવું તે.

બ્રહ્મબટુ પું. બ્રાહ્મણનો છોકરો

બ્રહ્મબધ્યા [સં.] સ્ત્રી બ્રહ્મહત્યા

બ્રહ્મબલ ૧. [સં.] પું (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પું બ્રાહ્મણની શક્તિ; બ્રહ્મતેજ

બ્રહ્મબલી જુઓ બ્રહ્મબલ.

બ્રહ્મબંધુ [સં] પું. નિંદ્ય કર્મ કરનાર બ્રાહ્મણ, વિદ્યાચાર રહિત કેવળ બ્રાહ્મણ જાતિવાળો વિપ્ર .

બ્રહ્મબંધુ ૧. [સં] પું બ્રાહ્મણના આચારથી ભ્રષ્ટ કે નીચ બ્રાહ્મણ; સ્વધર્મ રહિત માત્ર જન્મનો બ્રાહ્મણ.

૨ પુ બ્રાહ્મણના સમાન ભાટ.

૩. પું ભામણગામડાં બ્રાહ્મણ માટે તિરસ્કારમાં બોલાય છે

બ્રહ્મબંસરી સ્ત્રી. કૃષ્ણની બંસી.

બાજે બ્રહ્મડે બ્રહ્મબંસરી ઝીણો,
રટે આનંદ આનંદ રણ્યુ સુરમનાં મણ્યો.

નાનાલાલ

બ્રહ્મબિંદુ ૧. [સં.] સ્ત્રી.ન. એકસો આઠ માંહેની એ નામની એક ઉપનિષદ.

૨ ન નેત્રોન્મિલન સમયે મુખમાંથી નીકળતું લાળનું ટીપું.

બ્રહ્મબીજ ૧. [સં.] ન. પ્રણવમંત્ર.

૨. ન. બ્રાહ્મણથી પેદા થયેલ તે.

બ્રહ્મબુદ્ધિપ્રદાયક [સં.] પું. પુરુષોત્તમના દરબાર માંહેનું એક નામ.

બ્રહ્મબ્રહ્મોધ્યા [સં.] સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

બ્રહ્મબ્રાચાર્ય [સં.] પું બ્રાહ્મણ તરીકે પોતાને કહેનાર એ નામની નીચ બ્રાહ્મણ

બ્રહ્મભર્તૃતા ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરની શક્તિ

૨. સ્ત્રી. સદ્‌ગુરુમાંની શક્તિ.

બ્રહ્મભટ્ટ ૧. સ્ત્રી. ભાટ જાતિના વિદ્વાનો માંહેની ગમારે પ્રતિષ્ઠાવાળી એ નામની એક જાતિ; અલ્લાબાદ અને મારવાડમાંથી ગુજરાતમાં આવી વસેલી બ્રાહ્મણમાંથી બનેલી એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

બ્રહ્મભદ્રા [સં.] સ્ત્રી. ગાયમાણા ઔષધિ.

બ્રહ્મભાગ [સં.] પું. બ્રહ્મરાય ઋત્વિજને આપવાનો યજ્ઞદ્રવ્યનો ભાગ.

બ્રહ્મભાટ ૧. પું. ભાગેટ

૨. સ્ત્રી. ભાટની એ નામની એક જાતિ. તેઓ ભાટ જાતિનો એક ભાગ છે. તેઓમાં પુનર્લગ્નનો રિવાજ નથી. તેઓ જનોઈ પહેરે છે. બીજા ભાટો સાથે તેઓ રોટીબેટી વહેવાર રાખતા નથી. બ્રાહ્મણો સાથે તો તેમને જમવાનો વહેવાર પણ હોતો નથી.

૩ ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

બ્રહ્મભાવ ૧. [સં.] પું બ્રહ્મમય થવાની ભાવના; મોક્ષની ઇચ્છા.

૨ પું. બ્રહ્મમાં લીન થવું તે

૩. પું. સર્વદા વાસનાનો અભાવ જ રહે તો કેવળ આનંદમય, સુખમય, દુઃખાભાવમય આત્મા જ કરે તેવી સ્થિતિ

બ્રહ્મભાવી [સં. બ્રહ્મભાવિન્] વિ. બ્રહ્મની ભાવનાવાળું

બ્રહ્મભાષી [સં બ્રહ્મભાષિન] વિ બ્રહ્મની જ વાતો કરનાર.

બ્રહ્મભીનું વિ બ્રહ્મની ભાવનાથી ભરેલ.

શ્રીજી મહારાજે મુજરાતને સરયૂનીરથી ખોઈ
બ્રહ્મભીનો કીધો. નાનાલાલ

બ્રહ્મભુવન [સં.] ન બ્રહ્માનો લોક; બ્રહ્મલોક.

બ્રહ્મભૂ ૧ [સ] પું. બ્રહ્મ

૨. પુ બ્રાહ્મણ.

૩ વિ બ્રહ્મણ, બ્રહ્મ કે બ્રહ્માથી ઉત્પન્ન થનાર.

બ્રહ્મભૂત ૧. [સં. બ્રહ્મ (ઈશ્વર) + ભૂત (થયેલ)] વિ. બ્રહ્માથી ઉત્પન્ન થયેલ

૨. વિ. બ્રહ્મરૂપ થયેલ.

૩. વિ બ્રહ્માથી ઉત્પન્ન થયેલ.

૪. વિ. બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ.

બ્રહ્મભૂતતા [સં.] સ્ત્રી. બ્રહ્મમાં આત્માનો લય કરવો તે.

બ્રહ્મભૂતિ [સં.] સ્ત્રી. સંધ્યા.

બ્રહ્મભૂમિજા [સં.] સ્ત્રી. સિંદલી નામની વનસ્પતિ.

બ્રહ્મભૂય ૧. [સં] ન. બ્રહ્મની સાથે એકતાર થવું તે; શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ.

૨. ન. બ્રાહ્મણપણું; બ્રાહ્મણત્વ

૩. ન. બ્રહ્મભાવ

બ્રહ્મભોગી [સં. બ્રહ્મભોગિન્] વિ. બ્રહ્મભોગને ભોગવનાર.

અને બ્રહ્મો એનો ચેરા, થયો બ્રહ્મભોગી રે
સારસ્વતીચંદ્ર

બ્રહ્મભોજ [સં બ્રહ્મન્ (બ્રાહ્મણ) + ભુજ્ (ખાવું)] પું. બ્રાહ્મણોને જમાડવા તે.

બ્રહ્મભોજના [સં] ન બ્રાહ્મણને જમાડવા તે; બ્રાહ્મણોને ભોજન આપવું તે; ચોરાશી.

બ્રહ્મભોમ [સ. બ્રહ્મન્ (પરમાત્મા) + ભૂમિ (જમીન)] સ્ત્રી. પરમાત્માની ભૂમિ; સ્વર્ગ.

નરનારી કામને છતશે.
દુનિયા બ્રહ્મભોમ શી દીપશે ત્યારે
નાનાલાલ

બ્રહ્મમઠ પું બ્રહ્મચારીઓને રહેવાનું સ્થાન.

જ્યા જ્યાત જાતી
ને જગજ્જનની બ્રહ્મચારિણીઓ કાજે
બાંધે બ્રહ્મમઠ ના બ્રહ્મવનમા. નાનાલાલ

બ્રહ્મમય ૧. [સં.] ન. બ્રહ્મલોક.
૨. વિ. બ્રહ્મ સંબંધી.
૩. વિ. બ્રહ્મપ્રાપ્ત
૪. વિ. બ્રહ્મમાં લીન; બ્રહ્મરૂપ; બ્રહ્માત્મક
૫. વિ. વૈદિક; વેદનું

બ્રહ્મમયતા [સં] સ્ત્રી બ્રહ્મમય હોવાપણું.

બ્રહ્મમયી [સં] સ્ત્રી મહાકાલી દેવી.

બ્રહ્મમહ [સં.] પુ. બ્રહ્મયજ્ઞને ઉદ્દેશીને થતો ઉત્સવ.

બ્રહ્મમહાપુરાણ [સં.] ન. અઢાર માહેનું એક નામનું એક પુરાણ. તે અઢારે પુરાણોમાં પ્રથમ ગણાય છે. ભક્તિથી બ્રહ્મસાક્ષાત્કાર કરવા માટે આ અદ્વિતીય ગ્રંથ મનાય છે.

બ્રહ્મમંડલ ૧. [સં.] ન. (જ્યોતિષ) એ નામનું એક તારામંડલ. તેમાં મુખ્ય પાંચ તારા છે.
૨. ન. બ્રાહ્મણોનું ટોળું.

બ્રહ્મમંડળી જુઓ બ્રહ્મમંડલ

બ્રહ્મમંડૂકી [સં.] સ્ત્રી. એક જાતની ક્ષુપ વનસ્પતિ; બ્રાહ્મી, ભારંગી; ભડભાંડો, વિદારીકંદો

બ્રહ્મમાતા ૧. [સં. બ્રહ્મન્ (બ્રાહ્મણ) + માતૃ (માતા)] સ્ત્રી. બ્રાહ્મણની માતા.
૨. સ્ત્રી. વિશ્વજનની; જગન્માતા.
જ્યાં ન, ને ના બ્રહ્મમાતા.
નાનાલાલ

બ્રહ્મમાત્રવાદ [સં] પું. બ્રહ્મ જ સત્ય છે એમ માનવું તે.
પ્રકૃતિમાત્રવાદ, શૂન્યવાદ અને બ્રહ્મમાત્રવાદ એટલા નિકટ છે કે વચ્ચે નિર્દિષ્ટ ભેદોનું પાડિત્ય હોય એમ લાગે, પણ એવું નથી.
હિરણ્યકાન્ત મજમુદાર

બ્રહ્મમાન [સં. બ્રહ્મન્ (બ્રહ્મા) + માન (પ્રમાણ)] ન. બ્રહ્મદેવના કદ, મહાકદ, એટલે તેના આયુષ્યના કાળની મજબૂતરી.

બ્રહ્મમાલ [સં.] પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

બ્રહ્મમાંડૂકી [સં] સ્ત્રી. મંડૂકપર્ણી નામે ઔષધિ.

બ્રહ્મમિત્ર [સં.] પું. (પુરાણ) એ નામનો એક મુનિ.

બ્રહ્મમીમાંસા ૧. [સ] સ્ત્રી. ષડ્દર્શન માહેનું છઠ્ઠું દર્શન.
૨. સ્ત્રી વિચારશાસ્ત્ર વેદાંતનો એક ગ્રંથ; આપ્યે રચેલ એક વેદાંતગ્રંથ.

બ્રહ્મમુખી પું. હિંદુસ્તાનનો એ નામનો એક પ્રાચીન અંગ્રેજ રાજા.

બ્રહ્મમુખ [સં.] પું. પૂર્ણ બ્રહ્મ પરમાત્માનું સંપૂર્ણ જ્ઞાન બતાવનાર શાસ્ત્ર.

બ્રહ્મમુરત જુઓ બ્રાહ્મમુહૂર્ત.

બ્રહ્મમુહૂર્ત જુઓ બ્રાહ્મમુહૂર્ત

બ્રહ્મમૂર્તિ [સં.] સ્ત્રી. બ્રહ્મનું સ્વરૂપ; બ્રહ્મની મૂર્તિ.
કું અમ્બા બ્રહ્મમૂર્ત્તિ કું. તેમા રાગદ્વેષની અવસ્થાના ભેદ છે ન.ક, એ વિચારની તો કયા વાત ? પણ મૂર્તિ જુતની અવસ્થાના ભેદ પણ બ્રહ્મ સ્વરૂપમા નથી. સમયસારરાસ

બ્રહ્મમેખલા [સં.] સ્ત્રી. મુંજ ઘાસ

બ્રહ્મમેધ્યા [સ] સ્ત્રી. મહાભારતમાં જણાવેલા એ નામની એક નદી.

બ્રહ્મમોક્ષ પું પરમાત્માનું ધામ; બ્રહ્મનો લોક
સ્વર્ગમાં વૈકુંઠ, વૈકુંઠમાં ગોલોક, ગોલોકમાં અક્ષરધામ, અક્ષરધામમા **બ્રહ્મમોક્ષ**, જેની બ્રહ્મધામની સંપ્રદાય પ્રવર્તકોની આખ્યા ઇતિહાસ પરંપરા છે.
નાનાલાલ

બ્રહ્મમોહનકર્તા [સં. બ્રહ્મમોહનકર્તૃ] પું. પુરુષોત્તમના દસમા અવતાર બુદ્ધનું એક નામ.

બ્રહ્મમોહમત્રચેન [સં.] પું પુરુષોત્તમના દસમા અવતારનું એક નામ.

બ્રહ્મયજન [સં. બ્રહ્મન્ (બ્રહ્મ) + યજન (યજ્ઞ)] ન. બ્રહ્મયજ્ઞ.

બ્રહ્મયજ્ઞ ૧. [સં.] પું. ઋષિઓના જ્ઞાનના ઋણથી મુક્ત થવાનો યજ્ઞ.
૨ પુ. પંચયજ્ઞ માહેનો એક યજ્ઞ.
૩ પુ. વેદનું અધ્યયન; વેદનો અભ્યાસ.
૪ પુ વેદનું અધ્યાપન; વેદ ભણાવવો તે.
૫ પુ સન્યાસીઓ માટે સત્સોપદેશ કરવો તે.
૬ પું સ્વાધ્યાય; પુરુષાવિરાધની ઉત્પત્તિ વાસ્તે બ્રહ્મવિદ્યાનું અધ્યયન.

બ્રહ્મયષ્ટિ [સં.] સ્ત્રી. એક જાતનું વૃક્ષ, વામનહાટી વૃક્ષ; વમાનિકા.

બ્રહ્મયષ્ટિકા જુઓ બ્રહ્મયષ્ટિ.

બ્રહ્મયુગ ૧. [સં] પું. કૃતયુગ.
૨. પું. બ્રાહ્મણોનો યુગ.
૩ પું. હિરણ્યગર્ભનો ચિત્ર સૃષ્ટિપ્રધાન એક કાળ.

બ્રહ્મયુજન [સં. બ્રહ્મન્ (બ્રહ્મ) + યુજ્ (જોડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પરમાત્મામાં પોતાના આત્માને જોડવો તે.

બ્રહ્મયોમ ૧. પું. (સંગીત) બહાર માત્રાનો એક તાલ. તેમા ચાર આઘાત અને છ ખાલી હોય છે.
૨. પું. બ્રહ્મચર્ય ધારણ કરવું તે.
૩. [સં. બ્રહ્મન્ (પરમાત્મા) + યોગ (જોડવું તે)] પું. બ્રહ્મસાક્ષાત્કાર; સાધનસમાધિ; બ્રહ્મનું સાક્ષાત્ દર્શન કરાવનાર એક સમાધિ.

બ્રહ્મયોનિ ૧ [સં] પું. બ્રહ્મપ્રાપ્તિના ઉપાયરૂપ જ્ઞાનનિષ્ઠા
૨. પું. રામાયણમાં વર્ણવેલો એ નામનો એક પર્વત; બ્રહ્મગિરિ પર્વત; ગયા પાસે આવેલ એ નામનો એક પર્વત
૩. સ્ત્રી. બ્રહ્મની પ્રાપ્તિ માટેનું ધ્યાન,
૪. સ્ત્રી. બ્રાહ્મણની યોનિ.
૫. સ્ત્રી. સરસ્વતી.
૬. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.
૭. ન. વેદાદિ સમસ્ત વિદ્યાના મૂળરૂપ તે.
૮. વિ. બ્રહ્માથી ઉત્પન્ન થયેલ

બ્રહ્મયોનિષ્ઠ [સં.] વિ. બ્રહ્મજ્ઞાનમાં એકાકાર થઈ ગયેલ.

બ્રહ્મરત્ન [સં.] પું બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ.

બ્રહ્મરથ પું. એ નામે એક ઉત્સવ
કવિકુલ ભારવી અમકના સત્તારૂઢે ઉજ્જયિનીમાં અને પાણિનિ પિંગલ પતંજલિને હાથે પાટલીપુત્રમાં બ્રહ્મરથના મહોત્સવ ઉજવાયાના ઇતિહાસ છે.
સંપ્રમિત્રા

બ્રહ્મરસ [સં.] પું. પરમાત્માનું સાચું જ્ઞાન; આત્મદર્શન.

બ્રહ્મરંગી વિ. શ્વેત રંગનું.
સાત સિપ્રના કાશ્મીરની કેસર કુમેના ગગનચુંબતી હિમાદ્રિ માથાના, **બ્રહ્મરંગી** બ્રહ્મવર્તના, સમાજમનાના યુગયુગ જૂના આદેશોમાં એ મહાદ્રમા જગતને સંજીવનારો.
નાનાલાલ

બ્રહ્મરંધ્ર ૧. [સં.] ન. એક સુષિરમાન.
૨ ન. તાળવા માહેનું છેદ, મસ્તક ઉપરનું છિદ્ર; ખોપરીમાનુ એક છિદ્ર; બ્રહ્મદ્વાર; દશમુ દ્વાર. બ્રહ્મલોકમાં જનારના પ્રાણ આથી નીકળે છે એમ કહેવાય છે
૩. ન. બાળકના મસ્તકનો વચલો ભાગ; તાળવાનો મધ્ય ભાગ, તાળવું; મગજ.
૪. ન. સાત માહેનું એક ચક્ર. તેનું સ્થાન બ્રહ્મરંધ્ર છે, તેનો વર્ણ શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ છે, અક્ષર વિનિષ્ક છે, દળો સહસ્ર છે અને દેવ શ્રી પરબ્રહ્મ છે. સાધ યોગીજનો બ્રહ્મપ્રાપ્તિ માટે સમાધિ વખતે ધ્યાન લગાવે છે. સાધ યોગી ષટ્ચક્રનો ભેદ કરી વૃત્તિને રંધાવે છે અને વિદ્યા અને અવિદ્યાથી સમેત શ્રી મહેશ્વરનું દર્શન કરે છે

બ્રહ્મરાક્ષસ ૧. [સં] પું. મરણ પછી અવગતિમાં થયેલ બ્રહ્મેલો બ્રાહ્મણ; મરણ પછી પિશાચ થયેલો વિદ્વાન; મરી ગયેલા બ્રાહ્મણનું પ્રેત; ભૂત થયેલો બ્રહ્મબંધુ.

૨. પું. મહાદેવનો એક ગણ

૩. પું (જૈન) સાત માંહેના એક પ્રકારનો રાક્ષસ; પિશાચ, ભૂત.

બ્રહ્મરાક્ષસી જુઓ બ્રહ્મરાક્ષસ.

બ્રહ્મરાજ પું (શિલ્પ) ભાષારામમાં વપરાતો એક જાતનો બંધ

બ્રહ્મરાજર્ષિ [સં] પું બ્રહ્મર્ષિ અને રાજર્ષિ.

બ્રહ્મરાત ૧. [સં.] પું. (પુરાણ) યજ્ઞવલ્કય મુનિ.

૨. પું. (પુરાણ) શુક્રાચાર્ય.

બ્રહ્મરાતિ જુઓ બ્રહ્મરાત.

બ્રહ્મરાત્ર [સં.] પુ. રાત્રિના શેષ ભાગરૂપ મુહૂર્ત; બ્રાહ્મમુહૂર્ત.

બ્રહ્મરાત્રિ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્માની એક રાત; એક કલ્પ જેવડો સમય.

૨. પું. યાજ્ઞવલ્કય ઋષિ

૩. સ્ત્રી. રાસલીલાની રાત્રિ.

> ગોમ આવા વડે પ્રભુએ ગોપીઓની સાથે બ્રહ્મરાત્રિમા રાસલીલા વિસ્તારી હતી.
>
> ગુ. સા. પરિષદ

બ્રહ્મરાશિ ૧. [સં.] પું. પરશુરામનું એક નામ.

૨. પું. (જ્યોતિષ) બૃહસ્પતિથી આરંભ થતાં નક્ષત્ર.

બ્રહ્મરીતિ [સં.] સ્ત્રી. એક જાતનું પિત્તળ.

બ્રહ્મરૂપ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રાયણ; ચામરણી. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ ભગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિરામો આવે છે

૨. વિ. બ્રહ્મનો અંશ હોય એવું.

બ્રહ્મરૂપક જુઓ બ્રહ્મરૂપ.

બ્રહ્મરૂપા [સં.] સ્ત્રી. નર્મદાનાં કલ્પવર માંહેનું એક નામ.

બ્રહ્મરૂપિણી ૧. [સં] સ્ત્રી. એક જાતની દેવી.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

બ્રહ્મરેખા [સં.] સ્ત્રી. વિધાતાના લેખ.

બ્રહ્મર્ષિ ૧. [સં.] (પુરાણ) પું. જે નામનો એક દેશ. કુરુક્ષેત્ર, મત્સ્ય, પાંચાળ અને શૂરસેન એ ચારને બ્રહ્મર્ષિ દેશ કહે છે. એ દેશ બ્રહ્માવર્ત પાસે છે એવું મનુ કહે છે. જેમાં સરસ્વતી નદી અંતર્ધાન થાય છે, જેને કુરુક્ષેત્ર પાણિપત કહે છે, એનું નામ કુરુક્ષેત્ર છે. તે ચાર જોજન લાંબો દેશ છે. ત્યાં કુરુક્ષેત્ર જનપુર છે, એ દેશનું સંસ્કૃત પુસ્તકોમાં વિરાટ નામ છે. તેના એક પ્રદેશનું નામ મત્સ્ય દેશ છે. શક્તિસમન્વયમાં જેને ઉદ્ભરથી ઉત્તરે કહ્યો છે, જે દેશ વચ્ચે ગંગા નદી વહે છે, ગંગા નદીથી દક્ષિણે જેમાં અહિચ્છત્રપુર છે, જેમાં પાંડવોના સમયમાં દ્રુપદ રાજા રાજ્ય કરતો હતો, તેને પાંચાળ દેશ કહે છે. એ દેશ કાન્યકુબ્જ એટલે કનોજ દેશની પાસે છે. મથુરાના એક પ્રદેશનું નામ શૂરસેન દેશ છે એ ચારે દેશોમાં વસિષ્ઠાદિક બ્રહ્મર્ષિઓ પર્ણકુટાઓ બાંધીને રહેતા હતા, એ કારણથી એનું નામ બ્રહ્મર્ષિ દેશ પડ્યું છે. હવે તેને બ્રહ્માવર્ત દેશ કહે છે.

૨. પું. બ્રહ્મ સમો ઋષિ; બ્રહ્મ ઋષિ

૩. પું. બ્રહ્મલોકના ઋષિ; વસિષ્ઠ વગેરે ત્રણ માંહેના દરેક ઋષિ

૪. પું. બ્રહ્મસાક્ષાત્કારને પ્રાપ્ત થયેલો મોટો તપસ્વી; બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ; સત્યમુખી ઋષિ. બ્રહ્મ કે પરમાત્માને ઓળખનાર ઋષિ.

૫. પું. વાલ્મિકિ ઋષિ

> ઇત્યે કાવન બ્રહ્મર્ષિ રહે સુખર ક્ષત્રિય,
> વૈરવર નીતિમાં એ પરમ શુદ્ધ સેવમા.
>
> ભાષીનીતા

૬. પું. વેદનું સ્મરણ કરનાર ઋષિ; વેદરૂપ ઋષિ.

બ્રહ્મર્ષિ દેશ જુઓ બ્રહ્મર્ષિ ૧.

બ્રહ્મર્ષિપદ ૧. [સં.] ન. બ્રહ્મર્ષિ તરીકેનું પદ.

૨. ન. બ્રાહ્મણ ઋષિની પદવી.

બ્રહ્મલક્ષણ ૧. [સં.] ન. બ્રહ્મનું લક્ષણ

૨. ન. બ્રાહ્મણનું લક્ષણ.

બ્રહ્મલક્ષ્મી [સં.] સ્ત્રી બ્રાહ્મણની દોલત.

> સામસંહિતા અને વૈદિક ક્રિયાકાંડ એમની બ્રહ્મલક્ષ્મી હતી. ભાષાંતર

બ્રહ્મલગ્ન [સં.] ન. કોઈ પણ પૈસા લીધા સિવાય કરવામાં આવતું લગ્ન.

બ્રહ્મલિખિત [સં.] ન. નસીબ.

બ્રહ્મલીલા ૧. [સં.] સ્ત્રી. પ્રભુની કળા.

૨. ન. અર્થાનુ જણાવેલું એ નામનું એક પુસ્તક

બ્રહ્મલેખ [સં.] પું. બ્રહ્માનો લેખ; ભૂંસીના અક્ષર.

બ્રહ્મલોક ૧. [સં.] પું. તુરીય બ્રહ્મસ્વરૂપ.

૨. પું. બ્રહ્મનો લોક; નિજલોક; વિશાળ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધામ; સત્યલોક; દેવલોક; બ્રહ્મનો પ્રદેશ; મુક્તાત્માઓનો પ્રદેશ; પવિત્ર જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધામ. જેઓમાં તપ, બ્રહ્મચર્ય અને સત્યની પ્રતિષ્ઠા હોય છે એટલે કે જેના જીવનમાં તપ વગેરેની સ્થિરતા છે, તેમને જ બ્રહ્મલોક એટલે કે વિશાળ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધામ પ્રાપ્ત થાય છે; એટલે કે નિષ્પાપ, શુદ્ધ આત્મા, જેમનામાં કુટિલતા, જૂઠ કે હાંસિયા નથી, તેમને જ માટે તે લોક બનાવ્યો છે. બ્રહ્મલોક પણ નાશવંત હોવાથી ત્યાં ગયેલા તેના ઉપાસકો પણ નાશ જ પામે છે; પણ જેઓ ઉપલા ક્રમે ઈશ્વરની મોક્ષદાયક ઉપાસના કરી બ્રહ્મલોકમાં જાય છે, તેઓ પૂર્ણજ્ઞાની થઈ બ્રહ્મા સાથે મોક્ષ પામે છે. બ્રહ્મા ના પરમ આયુષ્યને અને મહાપ્રલય થાય છે, ત્યારે જેઓની વૃત્તિ બ્રહ્મરૂપ થઈ હોય, તે સર્વે મહાત્માઓ બ્રહ્માની સાથે પરમપદમાં પ્રવેશ કરે છે, પરંતુ જેઓ માત્ર કર્મ વડે જ બ્રહ્મલોકમાં જાય છે, તેમને મુક્તિ મળતી નથી.

૩. પું શિવનાં કલ્પવર માંહેનું એક નામ.

૪. પું. સ્વર્ગ

૫. ન. (જૈન) બાર માંહેનું પાંચમું કલ્પ.

બ્રહ્મલોકગમન [સં] ન. સ્વર્ગલોકમાં જવું તે.

બ્રહ્મવંશ [સં] પું બ્રહ્મવંશ.

બ્રહ્મવચન [સં.] ન. બ્રહ્મારણ્ય.

બ્રહ્મવચનદેશ [સં.] પું. હિંદુસ્તાનની પેલી તરફનો દેશ.

બ્રહ્મવરણ [સં.] ન. બ્રહ્મયજ્ઞની વરણી.

> યજમાને ત્રણ બ્રહ્મણ કર્યા પછી **બ્રહ્મવરણ** કરવું. પૂર્વમીમાંસા

બ્રહ્મવર્ચસ ૧. [સં બ્રહ્મવર્ચસ] પું. શિવનાં કલ્પવર માંહેનું એક નામ.

૨. ન. બ્રહ્મચર્યથી પ્રગટતી તેજસ્વિતા.

૩. ન વેદાધ્યયનથી ઉત્પન્ન થયેલ તેજ; દૈવી તેજ; બ્રહ્મના જ્ઞાનથી પ્રગટતી તેજસ્વિતા; બ્રહ્મતેજ

૪ ન વૈદિક જ્ઞાન.

બ્રહ્મવર્ચસી [સં. બ્રહ્મવર્ચસ (બ્રહ્મતેજ) + ઈન્ (વાળું)] પું. શિવ

બ્રહ્મવર્ચસ્વી ૧ [સં. બ્રહ્મવર્ચસ્વિન્]

પુ. પૂજ્ય બ્રાહ્મણ.

૨. વિ. પવિત્ર

૩. વિ બ્રહ્મજ્ઞાની.

૪. વિ. વિદ્વાન.

૫. વિ. વેદાધ્યયનથી ઉત્પન્ન થયેલ તેજવાળું; બ્રહ્મતેજવાળું

બ્રહ્મવર્ચું જિ. શ્વેત રંગનું.

બ્રહ્મવર્ત [સં.] પું. બ્રહ્મવર્ત દેશ.

બ્રહ્મવર્ધન [સં.] ન. તાપું.

બ્રહ્મવલ્લી ૧. [સં.] સ્ત્રી. ભગવદ્ગીતાના અઢાર માહેનું એક નામ.

શ્રીગીતા, ગંગા, ગાયત્રી, સીતા, સત્યા, સરસ્વતી, બ્રહ્મવિદ્યા, બ્રહ્મવલ્લી, ત્રિસંધ્યા, મુક્તગેહિની, અર્ધમાત્રા, ચિદાનંદા, ભવઘ્ની, ભવનાશિની, વેદત્રયી, પરા, અનંતા અને તત્ત્વાર્થજ્ઞાનમંજરી એમ આ શ્રીગીતાના અઢાર નામોનો સ્થિર મનથી જે મનુષ્ય નિત્ય જપ કરે છે, તે જલદી જ્ઞાનસિદ્ધિ વડા ઉત્તર પરમપદ પામે છે.

બૃહદ્ગીતા

૨. સ્ત્રી. ચક્રાંકિત વિસ્તારમાં જણાવેલી ચોસઠ માહેની એક લિપિ

બ્રહ્મવલ્લીલિપિ જુઓ બ્રહ્મવલ્લી ૨.

બ્રહ્મવાક્ય ૧. [સં. બ્રહ્મન્ (બ્રહ્મ) + વાક્ય] ન. જેનું ઉચ્ચારણ ન થઈ શકે તેવું વાક્ય; બ્રહ્મના અક્ષર જેવું સિદ્ધ વાક્ય.

૨. ન. બ્રહ્મજ્ઞાનનું વાક્ય

બ્રહ્મવાક્યસ્થાપનપર [સં.] પું પુરુષોત્તમનાં ઢબ્બર માહેનું એક નામ.

બ્રહ્મવાચક [સં.] જિ. બ્રહ્મનો નિર્દેશ કરનાર.

બ્રહ્મવાદ [સં.] પું. બ્રહ્મને પ્રાપ્ત કરવાનો માર્ગ.

બ્રહ્મવાદીય [સં.] પું. (પુરાણ) તે નામે એક મુનિ.

બ્રહ્મવાડી (બ્રહ્મવાડી) સ્ત્રી. સ્વર્ગ જેવી સુંદર ભૂમિ.

એનો અનુભવ ઉત્તરાખંડ કર્યો,
બ્રહ્મવાડી સમો રે લોલ. નાન.ભાલ

બ્રહ્મવાણી [સં.] સ્ત્રી. વેદ.

બ્રહ્મવાદ ૧. [સં.] પું. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એવો વાદ.

૨. પું બ્રહ્મ તત્ત્વના નિર્ણય માટે બોલાતું તે.

૩. પું. બ્રહ્મજ્ઞોની ધાર્મિક પદ્ધતિ. વેદના ચાર સંગ્રહો અને તેના ઉપર વિવરણ એટલે ટીકા, જેને બ્રાહ્મણ કહે છે, તે ઈ. સ. પૂર્વે સાતમા સૈકાથી લખાયેલ છે. તેમાં કુદરતી શક્તિનું ચેતન રૂપ એ જ ધર્મનું ચિહ્ન જણાય છે. ક્રમે ક્રમે અદ્વૈતવાદની બ્રહ્મારે પહોંચાયું. વેદના મંત્રોમાં લશ્કરી અને ઉમદા તથા ધાર્મિક જાતિઓનો ઉલ્લેખ છે, જે બને જાતિઓ સામાન્યપણે બ્રાહ્મણોથી ચડિયાતી છે. સંપૂર્ણપણે વિકાસ પામેલા બ્રહ્મવાદમાં ચાર વર્ણોની પદ્ધતિ જોવામાં આવે છે: બ્રાહ્મણ અધ્યયન કર્મકાંડ કરનાર, ક્ષત્રિય અધ્યયન લડવૈયા, વૈશ્ય અધ્યયન વેપારી વર્ગ અને શૂદ્ર અધ્યયન દાસ. આ ચાર વર્ણોમાં પહેલા ત્રણ આર્ય અને છેલ્લા શૂદ્રો અનાર્ય કહેવાય છે. પહેલા ત્રણ વર્ણો એકબીજાથી સાપેક્ષ રીતે જુદા જણાય હોય તોપણ તે દ્વિજ એટલે બે વાર જન્મેલા કહેવાય છે. શૂદ્રો ફક્ત સેવામય કહેવાય છે. આંતરલગ્ન અમુક પરિસ્થિતિમાં થઈ શકતાં. કોઈ પણ માણસ પોતાના જ વર્ણની ઓ હોય તો તે ઉપરાંત પોતાથી ઊતરતા વર્ણની ઓ સાથે લગ્ન કરી શકતો. સુરત બ્રહ્મચર્ય ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ ને સંન્યસ્ત એમ જીવનની ચારે અવસ્થાઓમાં થી પસાર થતો ગણવામાં આવતો. જીવનની ત્રીજી અવસ્થામાં એટલે વાનપ્રસ્થ અવસ્થામાં બહુ જ મોટી ઉમરે દાખલ થતો અને ત્યારે તે જંગલમાં એકલો જ રહેતો, જંગલી વનસ્પતિ ઉપર જીવન ગુજારતો અને જરૂર પડે ત્યારે દાન લેતો. હજાર હજારે અદ્વૈતવાદની સાથે બ્રહ્મવાદ એટલે ઈશ્વરવાદની પ્રવૃત્તિઓ વિકાસ પામી અને બ્રહ્મ એટલે સાકારરૂપે ઈશ્વર એમ ભણાવા આવ્યો. ભક્તિના જૂના પ્રકારો સાથે સાથે જોડવામાં આવ્યા. આ પ્રમાણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયરૂપે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવને કલ્પવામાં આવ્યા. શિવે પુનરુત્પાદનના પ્રતિનિધિ તરીકે વેદના નીલ એક દેવ તરીકે સ્થાન લીધું. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ગૌતમ બુદ્ધે ધર્મમાં સુધારણા કરી. તેણે વર્ણવ્યવસ્થા માન્ય રાખી, પણ બાકીના તેમજ ઋતિઓની પદ્ધતિ કાઢી નાખી.

૪. પું. વેદનું પારાયણ; વેદપાઠ; વેદાધ્યયન.

૫. પું. વેદાંતવાદ; અદ્વૈતવાદ.

૬. પું. સર્વેશ્વરવાદ; નિરપેક્ષતાવાદ; વૈશ્વેશ્વરવાદ; સર્વાત્મવાદ; સર્વેશ્વરવાદ.

બ્રહ્મવાદિત્વ [સં. બ્રહ્મવાદિન્ (બ્રહ્મવાદમાં માનનાર) + ત્વ (પણું)] ન. બ્રહ્મવાદમાં માનવું તે.

બ્રહ્મવાદિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) આઠ માંહેના પ્રભાસ નામના વસુની ઓ.

૨. સ્ત્રી. ગાયત્રી.

૩. સ્ત્રી. બ્રહ્મજ્ઞાન જાણનારી ઓ; બ્રહ્મચર્યા કરનારી ઓ.

૪. જિ.સ્ત્રી. અવિવાહિત રહી વેદાભ્યાસ કરનારી.

બ્રહ્મવાદી ૧. [સં. બ્રહ્મવાદિન્] પું. વેદમાં પારંગત પંડિત.

૨. ન. બ્રહ્મલોકનો રાજા.

૩. જિ. અનન્ય સંન્યસ્તવાદી; સમસ્ત વિશ્વાત્મવાદી. અદ્વૈતવાદી; કૈવલ્યવાદી.

૪. જિ. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા છે એમ માનનાર.

૫. જિ. બ્રહ્મને જાણનાર; બ્રહ્મનું પ્રતિપાદન કરનાર.

૬ જિ. બ્રહ્મવાદનો અનુયાયી.

૭. જિ. વેદપાઠક; વેદજ્ઞ; વેદનું પઠનપાઠન કરનાર; વેદાંતને માનનાર; વેદ જાણનાર.

બ્રહ્મવાન [સં. બ્રહ્મવત્] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

બ્રહ્મવાર્તા [સં.] સ્ત્રી. બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા બાબતની ચર્ચા

બ્રહ્મવાલુક [સં] ન. તે નામે એક તીર્થ.

બ્રહ્મવાસ [સં.] પું. બ્રહ્મલોક

બ્રહ્મવિચાર ૧. [સં] પું. ઈશ્વરનું ચિંતન.

૨. પું. બ્રહ્મ સંબંધી વિચાર.

બ્રહ્મવિત્ત્વ [સં. બ્રહ્મવિત્ (બ્રહ્મને જાણનાર) + ત્વ (પણું)] ન બ્રહ્મને જાણવાપણું.

બ્રહ્મવિદ ૧. [સં. બ્રહ્મવિદ્] પું. બ્રહ્મજ્ઞાની; અધ્યાત્મ પ્રાપ્ત થયેલ વ્યક્તિ

૨. પું. વિષ્ણુ.

૩. પું. શિવનાં ઢબ્બર માહેનું એક નામ.

૪. પું. સંન્યાસી, ચતુર્થાશ્રમી

૫. જિ. પોતાના આત્માને બ્રહ્મસ્વરૂપ જાણનાર.

૬. જિ. બ્રહ્મવેત્તા; વેદ જાણનાર; બ્રહ્મ અને આત્માની એકતા જાણનાર; બ્રહ્મને જાણનાર; તત્ત્વજ્ઞાની.

બ્રહ્મવિદ્યા ૧. [સં] સ્ત્રી. આત્માથી અભિન્ન શુદ્ધ ચૈતન્યાત્મક બ્રહ્મનું જ્ઞાન.

૨. સ્ત્રી. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ; યજુર્વેદનું એક ઉપનિષદ. કેનોપનિષદમાં કહ્યું છે કે, આકી ઉપનિષદ અર્થાત બ્રહ્મવિદ્યાને માટે તપ, દમ અને કર્મ એ પ્રતિષ્ઠા છે. વેદો સર્વ એનાં છે અને સત્ય તેનું નિવાસસ્થાન છે. તાત્પર્ય કે, જેને સર્વપ્રિય પરમાત્માનું જ્ઞાન અને ઉપાસના પ્રાપ્ત કરવાં હોય, તેણે તપસ્વી, સંયમી, કર્મનિષ્ઠ, અભ્યાસી, સત્યમય જીવન ગાળવું.

૩. સ્ત્રી. ગીતાના અઢાર માંહેનું એક નામ.

૪. સ્ત્રી. જીવ અને બ્રહ્મને એકરૂપ બનાવનાર વિદ્યા.

૫. સ્ત્રી. દુર્ગા.

૬. સ્ત્રી. બ્રહ્મજ્ઞાન; બ્રહ્મ સંબંધી વિદ્યા; તત્ત્વજ્ઞાન; વેદનું જ્ઞાન; પરમાત્માને પ્રાપ્ત કરવાની શ્રેષ્ઠ વિદ્યા. સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠાવાણી બ્રહ્મવિદ્યા સનાતન વિદ્યા છે. તેના મૂળ આચાર્ય પરમદેવ પરમાત્મા છે. એ પરમાત્માએ પોતાના પુત્રરૂપ માનવોના સર્વોદય

માટે કરવા કરીને એ વિદ્વાન ઋષિઓને તેમના હૃદયમાં રહીને, સમજાવ્યું હતું. ઋષિઓએ તે પરમાત્માવિષ્ય વિદ્યાને શિષ્ય તથા પુત્રની પરંપરા દ્વારા સમસ્ત ભૂમંડળમાં પ્રચલિત કરી છે. બ્રહ્મવિદ્યાનાં આઠ સાધન છે: વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ મુમુક્ષુતા, શ્રવણ, મનન, નિદિધ્યાસન અને પદાર્થશોધન. જે ધ્યાનવાન છે, નિષ્કામ કર્મયોગી છે, વિદ્વાન છે, વેદવિદ છે, એવા પરમકર્તા પરમાત્માને શ્રદ્ધાપૂર્વક સર્વસ્વનો હોમ આપી દેવા તૈયાર છે અને જે આ વિદ્યા પ્રાપ્ત કરવાના મૌલિક નિયમો જેવા કે, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરેનું વિધિપૂર્વક પાલન કરે છે, તેવાઓને જ આ વિદ્યા પ્રાપ્ત થાય છે, અર્થાત્ પરમાત્મવિદ્યાના અધિકારીને આ વિદ્યા પ્રાપ્ય છે, સાધન સંપત્તિ રહિત અનધિકારીને અપાતી નથી.

૭ સ્ત્રી. બ્રહ્મણી સ્ત્રી.

૮. સ્ત્રી. વેદ વિદ્યા

૯. સ્ત્રી. સૂક્ષ્મ પરમાત્મા સંબંધી જ્ઞાન, ઈશ્વર સંબંધી જ્ઞાન.

બ્રહ્મવિદ્યાધિકાર [સં.] પું. બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનો અધિકાર.

બ્રહ્મવિદ્યાપ્રવર્તક [સં.] વિ. બ્રહ્મવિદ્યાનો ફેલાવો કરનાર.

બ્રહ્મવિદ્યાવાચસ્પતિ ૧. [સં.] પું. એ નામની પદવી ધારણ કરનાર મનુષ્ય.

૨. સ્ત્રી. એ નામની એક પદવી

બ્રહ્મવિદ્વર ૧. [સં.] પું. (વેદાંત) આત્માનંદનો નિરંતર સાક્ષાત્ અનુભવ કરનાર માણસ.

૨. પું. પાંચમી ભૂમિકામાં રહેલ જ્ઞાની.

બ્રહ્મવિદ્વરિષ્ઠ ૧. [સં.] પું (વેદાંત) બ્રહ્માત્મૈક્યરૂપ સમાધિમાંથી જે પોતાની મેળે કે બીજાથી જાગી શકે તેવો જ્ઞાની.

૨. પું. સાતમી ભૂમિકામાં રહેલ જ્ઞાની.

બ્રહ્મવિદ્વરીયાન ૧. [સં.] પું. છઠ્ઠી ભૂમિકામાં રહેલ જ્ઞાની.

૨. પું. (વેદાંત) બ્રહ્મ અને આત્માના ઐક્યમાં સમાધિવાળો પુરુષ. તે પોતાની મેળે સમાધિમાંથી જાગી શકતો નથી.

બ્રહ્મવિલાસ ૧ [સં.] પું સ્વામીનારાયણ સંપ્રદાયમાં કવિતારૂપ ઉપદેશનો એક ગ્રંથ. તે બ્રહ્માનંદ મુનિએ બનાવેલ છે.

૨. ન. બ્રહ્મનો આનંદ.

૩. ન. મોક્ષ

બ્રહ્મવિવર [સં.] ન. બ્રહ્મરંધ્ર.

બ્રહ્મવિવર્ત [સં] ન. અઢાર માહેનું એ નામનું એક પુરાણ.

બ્રહ્મવિષ્ણ્વર્ધન ૧. [સ. બ્રહ્મા (વૈદિક કર્મ) + વિષ્ણ્વર્ધન (વધારનાર)] પું. વિષ્ણુ. બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સાધન ચતુષ્ટયનો વધારો કરનાર તથા તેનો યોગક્ષેમ કરનાર વિષ્ણુ છે, તેથી તે બ્રહ્મવિષ્ણ્વર્ધન કહેવાય છે.

૨. ન. બ્રહ્મ એટલે તપ વગેરેની વિશેષ વૃદ્ધિ.

બ્રહ્મવિવાહ [સં] પું. એક જાતનો શિષ્ટ વિવાહ. તેમાં કન્યાનો પિતા વેદજ્ઞાનસંપન્ન તથા સદાચારવાન વરને બોલાવી ઘર તથા કન્યાનો યથાસ્થાને જોગી સત્કાર કરીને પુત્રીનું દાન કરે છે.

બ્રહ્મવિષયક [સ.] વિ. બ્રહ્મને લગતું.

બ્રહ્મવિષ્ણ્વૈશ્વરાત્મિકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ

બ્રહ્મવિહાર ૧. [સં.] પું. (બૌદ્ધ) મૈત્રી આદિ ચાર ભાવના.

૨. પું. વિશ્વવ્યાપી પ્રેમ.

બ્રહ્મવિંદુ [સં.] પું બ્રહ્મવિંદુ

બ્રહ્મવીથિ [સં.] સ્ત્રી. (શિલ્પ) મુખ્ય માર્ગ. એક પ્રકારનો રસ્તો જેની પહોળાઈ ૬૧૫ ફૂટ હોય છે.

બ્રહ્મવીર [સં. બ્રહ્મન્ (બ્રાહ્મણ) + વીર (શૂર)] પું. બ્રાહ્મણોમાં એક.

બ્રહ્મવીર્ય ૧. ન. બ્રહ્મત્વ.

૨ [સં] ન. બ્રહ્મનું પરાક્રમ.

૩. ન. બ્રાહ્મણનું વીર્ય.

૪. ન. બ્રાહ્મણનો વંશજ

બ્રહ્મવૃક્ષ ૧. [સં.] ન. ઉંબરાનું ઝાડ.

૨. ન. આખરાનું ઝાડ.

૩. ન. પ્રકૃતિ કે માયાનો વિસ્તાર.

૪. ન. બ્રહ્માનું વડવૃક્ષ.

૫ ન. સંસારવૃક્ષ.

બ્રહ્મવૃત્તિ ૧. [સં] સ્ત્રી. બ્રહ્માકાર અંતઃકરણની વૃત્તિ.

૨. સ્ત્રી. બ્રાહ્મણની આજીવિકા.

બ્રહ્મવૃંદા ૧. [સં.] ન. બ્રહ્માની રાજધાની.

૨. ન. બ્રહ્માનું રહેઠાણ; બ્રહ્માનું ધામ.

બ્રહ્મવેળા સ્ત્રી. શુભ્ર બ્રાહ્મણોનો સંઘ; કપટી બ્રાહ્મણોનો સમૂહ.

બ્રહ્મવેત્તા ૧. [સં. બ્રહ્મવેત્તૃ] પું. બ્રહ્મવિદ; બ્રહ્મજ્ઞાની. કમલના પાંદડાને જેમ પાણીનો રંગ લાગતો નથી, તેમ બ્રહ્મવેત્તાને બ્રહ્મજ્ઞાન થયા પછી તેમનાથી બનનારાં ક્રિયમાણ કર્મોનો રંગ લાગતો નથી. બ્રહ્મવેત્તાનાં સંચિત કર્મો બ્રહ્મજ્ઞાન વડે બળી જાય છે

અગ્નિ જ્યોતિ, દિવસ, શુક્લપક્ષ અને ૬ મહિનારૂપ ઉત્તરાયણ તેમાં ગયેલા બ્રહ્મવેત્તા મનુષ્યો બ્રહ્મને પામે છે. ભગવદ્ગીતા

૨. પું વેદાંતી; તત્ત્વજ્ઞ

૩. વિ. પોતાના આત્માને બ્રહ્મસ્વરૂપ જાણનાર; બ્રહ્મને જાણનાર.

બ્રહ્મવેદ ૧. [સં.] પું. અથર્વવેદ.

૨. પું. બ્રહ્મજ્ઞાન.

૩ પું વેદનાં બ્રહ્મ પ્રતિપાદન કરનાર વેદનો ભાગ.

બ્રહ્મવેદનિધિ [સં.] પું ક્રિયાનાં કાંઠા માંહેનું એક નામ.

બ્રહ્મવેદી ૧. [સં. બ્રહ્મવેદિન્] પું. આત્મભેદપૂર્વક બ્રહ્મ જાણનાર.

૨. પું. તે નામે એક દેશ તે કુરુક્ષેત્રમાં છે.

૩. [સં.] સ્ત્રી. બ્રહ્મયજ્ઞની વેદી.

૪. વિ. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થયેલ.

૫. વિ. બ્રહ્મ અને આત્માની એકતા જાણનાર.

૬. વિ. વેદ જાણનાર.

બ્રહ્મવેધી [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી; બ્રહ્મવેધ્યા.

બ્રહ્મવેધ્યા જુઓ બ્રહ્મવેધી.

બ્રહ્મવેલ સ્ત્રી. બ્રહ્મરૂપી વેલ

સ્ત્રી પુરુષ એક જ બ્રહ્મવેલનાં બે ફૂલ છે. નાનાલાલ

બ્રહ્મવૈવર્ત ૧. [સં] પું બ્રહ્મનું વિવર્ત જગત.

૨ પું. શ્રીકૃષ્ણ.

૩. ન. અઢાર માહેનું એક પુરાણ મત્સ્યપુરાણમાં આ પુરાણનો જે પરિચય આપવામાં આવેલ છે, તેમાં લખ્યું છે કે: એમાં સાવર્ણિએ નારદને રચતર કલ્પના શ્રીકૃષ્ણનું માહાત્મ્ય અને બ્રહ્મવારાહની કથા કહી છે. પરંતુ આ નામનું જે પુરાણ આજકાલ મળે છે, તેમાં ન તો સાવર્ણિ વક્તા છે અને ન તો બ્રહ્મવારાહની કથા છે. પ્રચલિત

પુરાણમાં નારાયણ નારદજીને અને નારદજી વ્યાસજીને કહે છે. એના બ્રહ્મ, પ્રકૃતિ, ગણેશ અને કૃષ્ણજન્મ નામના ચાર ખંડ છે. બ્રહ્મખંડમાં પરબ્રહ્મનિરૂપણ, સૃષ્ટિ, બ્રહ્માંડની ઉત્પત્તિ, કૃષ્ણરૂપમાં નારાયણનો આવિર્ભાવ, મહાવિરાટજન્મ, રાસમંડલ, રાધાની ઉત્પત્તિ, ગોપ અને ગાયોની ઉત્પત્તિ, વેદવ્યાસોની ઉત્પત્તિ, પૃથ્વીના ભારની મસલની ઉત્પત્તિ વગેરે વિષય છે. પ્રકૃતિખંડમાં શક્તિ શબ્દની નિરુક્તિ, બ્રહ્માંડની ઉત્પત્તિ, દેવતાઓનો આવિર્ભાવ, સરસ્વતી, લક્ષ્મી અને ગંગાનો પરસ્પર વિવાદ અને શાપને લીધે નદીરૂપ થઈ જવું, ભૂમિદાન વગેરેનું પુણ્ય, ભગીરથનું ગંગાજીનું લાવવું, ગોલોકમાં રાધે કરીને રાધાનું ગંગાજીનું પાન કરવા દોડવું, ગંગાજીનું શ્રીકૃષ્ણના ચરણમાં શરણ લેવું, પછી બ્રહ્મા વગેરેની પ્રાર્થનાથી કૃષ્ણના પગમાંથી ગંગાનું નીકળવું, તુલસીની કથા વગેરે છે. ગણેશખંડમાં શિવનો પાર્વતીને ગંગાતટ ઉપર હરિમંત્ર દેવો, પાર્વતીએ કૃષ્ણ પાસેથી વરદાન પ્રાપ્ત કરવું, ગણેશજન્મ, ગણેશનો શિરચ્છેદ અને ગણેશત્વનું કારણ છે. કૃષ્ણજન્મખંડમાં શ્રીકૃષ્ણના અનેક ચમત્કારો અને વિસ્તર આદિનું વર્ણન છે.

બ્રહ્મવૈવર્તપુરાણ જુઓ બ્રહ્મવૈવર્ત ૩.

બ્રહ્મવ્રત ૧. [સં.] ન. (જૈન) નવું કર્મ ન કરવું અને અણુવ્રતોનો લાગ કરી જૂનું કર્મ ખંખેરી નાખવાનું વ્રત.

૨. ન. હજાર વર્ષનું એક વ્રત.

બ્રહ્મવ્રતાબ્જ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

બ્રહ્મવ્રતી [સં. બ્રહ્મવ્રતિન્] વિ. બ્રહ્મવ્રત ધારણ કરનાર.

બ્રહ્મશત્રુ ૧. [સં] પું. બ્રહ્મણોનો દુશ્મન; બ્રાહ્મણોનો તિરસ્કાર કરનાર માણસ.

૨. પું. (પુરાણ) રાવણપક્ષનો એ નામનો એક રાક્ષસ.

બ્રહ્મશાન પું. (પુરાણ) રાવણપક્ષનો એક રાક્ષસ.

બ્રહ્મશાલ્મ [સં.] પું. એક જાતનું વૃક્ષ, બાવળ.

બ્રહ્મશાસ્ત્ર [સં.] ન. બ્રહ્મરૂપી શસ્ત્ર; બ્રહ્મજ્ઞાનરૂપી હથિયાર.

બ્રહ્મશાપ [સં] પું. બ્રાહ્મણે આપેલો શાપ.

બ્રહ્મશાપવિમોચક [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્મશાપોપસંહર્તા [સં. બ્રહ્મશાપોપસંહર્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્મશાલા ૧. [સં.] સ્ત્રી. એ નામે એક તીર્થ.

૨. સ્ત્રી. વેદપાઠ માટેની શાળા.

બ્રહ્મશાસન ૧. [સં.] ન. બ્રહ્મવિદ્યાગૃહ.

૨ ન. રાજા તરફથી બ્રાહ્મણોને આપેલ ગામ કે જમીન

૩. ન. [ઇ.] ઇનામ

બ્રહ્મશાસ્ત્રી [સં.] ન. બ્રહ્મ પ્રતિપાદન કરનારું શાસ્ત્ર.

બ્રહ્મશાળા જુઓ બ્રહ્મશાલ.

બ્રહ્મશિર [સં. બ્રહ્મશિરસ] ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર. તે અસ્ત્ર અગ્નિદેવ ઋષિ પાસેથી દ્રોણાચાર્યે કૃષ્ણચરિત્રા શીખ્યા પછી મેળવ્યું હતું. દ્રોણાચાર્યે પ્રસન્ન થઈ અર્જુનને તે આપેલ હતું તેનો ઉપયોગ અશ્વત્થામાએ પણ કર્યો હતો.

બ્રહ્મશિરશ્છેદમૂર્તિ [સં.] પું. શિવનું એક નામ

બ્રહ્મશિલા [સં] સ્ત્રી. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામની એક શિલા. નર્મદા પંચાગમાં કહ્યા છે કે: પ્રાચીન સમયની વાત છે સવન રાજાના બે પુત્ર મહાવિત્ત અને ધાતકી બહુ ભગવાન અને પરાક્રમી હતા. મહાવિત્તને એક હજાર પુત્ર થયા. તેઓ પણ પિતા સમાન જ હતા. તેનો વંશ કરોડોથી પણ વધી ગયો. બધા કર્મનિષ્ઠ અને દાની હતા. ધાતકી સમાન ન હોવાના દુ:ખથી નર્મદાતીર અહીં તપ કરવા લાગ્યો. અનેક યજ્ઞ કર્યા અને તપ કરતા કરતા ૮૮,૦૦૦ વર્ષ વીતી ગયાં, ત્યારે આ તપ કરવાના હેતુથી બ્રહ્માજી આવ્યા. રાજાને તપ કરવાનું કારણ પૂછ્યું અને કહ્યું કે, જે તારી ઇચ્છા હોય તે હું આપી શકું છું. પછી ધાતકીએ બ્રહ્માજીની સ્તુતિ કરી અને પુત્રની ઇચ્છા પ્રકટ કરી. તેમને અનેક પુત્રો થવાનું વરદાન આપ્યું અને તે તીર્થનું નામ ધાતકીતીર્થ કહ્યું. સૃષ્ટિ ઉત્પન્ન કરવાના હેતુથી ૧૬,૦૦૦ વર્ષ સુધી બ્રહ્માજીએ તપ કરીને ત્યાં પુત્રપ્રમેષ્ટિ માટે દેવ, ગંધર્વ, નાગ, સિદ્ધ, ઋષિ વગેરે આવ્યા હતા. ત્યાં જે ચતુરેદી હતી તે શિલા બની ગઈ. તેને બ્રહ્મશિલા કહે છે. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ ઉત્પન્ન કરી. અહીં બધા કર્મ ફળદાયી થાય છે. વૈશાખ મહિનાનું અને તેમાં યે અમાસનું મોટું માહાત્મ્ય છે.

બ્રહ્મશિલ્પ [સં.] ૧. ન. (શિલ્પ) કલ્પ વગેરે શિલ્પ શાસ્ત્રના પાડેલા ચૌદ માહેનો એક ભાગ. નામ:કૈકલ્પમાં ચૌદ લોકને અનુસરીને ચૌદ વિદ્યાઓનાં નામ બતાવેલ છે.

૨. ન. પરલોકમાં પ્રચલિત શિલ્પશાસ્ત્રનો એક ભેદ.

બ્રહ્મશિલ્પી [સં. બ્રહ્મશિલ્પિન્] પું. ચાર મુખેનું એક શિલ્પશાસ્ત્ર. તેના સ્થાપક ઋતુ ઋષિ હતા. તે શાસ્ત્રોનો પ્રચાર બ્રહ્મલોકમાં થયો.

બ્રહ્મશૈવ [સં.] ન. બ્રહ્માએ બાકી રાખેલ તે.

બ્રહ્મશૌચ [સં.] ન. બ્રહ્મચર્યથી થતી પવિત્રતા.

બ્રહ્મશ્રવ [સં.] પું. વેદ

આમ્નાય શ્રુતિ બ્રહ્મશ્રવ ધર્મમૂલ સહુનામ,
નિગમમગમ જેને કહે તે તો સુદરશનાત્મ.
વિગલદમુકોષ

બ્રહ્મશ્રોત્રિય [સં.] પું. બ્રહ્મણકુલની બ્રાહ્મણ.

બ્રહ્મસતી [સં.] સ્ત્રી. સરસ્વતી.

બ્રહ્મસત્તા ૧. [સં.] સ્ત્રી. બ્રહ્મરૂપ જગતની અધિષ્ઠાત્રી સત્તા

૨ સ્ત્રી બ્રાહ્મણની સત્તા

૩. સ્ત્રી. પદની સત્તા

બ્રહ્મસત્ય [સં.] ન. જૈન જ્યોતિષ પ્રમાણે રાત્રિ દિવસના ત્રીસ મુહૂર્તનું એ નામનું એક મુહૂર્ત.

બ્રહ્મસત્યત્વ [સં.] ન. બ્રહ્મ સત્ય છે અને બાકીનું મિથ્યા છે એમ માનવાપણું

આ જગત મિથ્યાત્વનું તાત્પર્ય બ્રહ્મસત્યત્વના ઉદ્ગમ અનુભવમાં સમજવાનું છે.
આપણો ધર્મ

બ્રહ્મસત્ર ૧ [સં] ન. બ્રહ્મમય યજ્ઞ તે.

૨. ન. બ્રહ્મયજ્ઞ.

૩. ન. વેદનું પઠન અને પાઠન.

બ્રહ્મસદન ૧. [સં.] ન. ઋતિજનું દર્ભાસન.

૨. ન. બ્રહ્મસ્થાનનું સ્થળ.

૩ ન. બ્રહ્મધામ; બ્રહ્મલોક; સત્યલોક.

૪. ન બ્રહ્મપુરી; સ્વર્ગ.

૫. ન. બ્રહ્માને રહેવાનું સ્થળ; બ્રહ્માનું સ્થળ.

૬. ન હિરણ્યગર્ભનું ઠેકાણું.

બ્રહ્મસભા ૧. [સં.] સ્ત્રી. બ્રહ્માજીની સભા.

૨. સ્ત્રી. બ્રાહ્મણોની સભા.

ભરતખંડનું પ્રાચ્યપીઠ પૂર્વે ઉજ્જયિની નગર અને રાજ્યપીઠ પાટલિપુત્ર હતું. એ મહાનગરોમાં બ્રહ્મસભા ભરાતી. સંપત્તિચા

બ્રહ્મસમર્પણ [સં.] ન. એક વૈષ્ણવ વિધિ; બ્રહ્મસંબંધ.

બ્રહ્મસમાજ ૧. [સં.] પું. એ નામે એક પંથ. તે હિંદુ ધર્મનો એક ફાંટો છે. તેના બે ભેદ છે:

(૧) આદિ બ્રહ્મસમાજ, (૨) ભારત બ્રહ્મસમાજ અને (૩) સાધારણ બ્રહ્મસમાજ. તેના સ્થાપનાર બંગાળના રાજા રામમોહનરાય હતા.

૨ પું. સમસ્ત બ્રાહ્મણનો સમૂહ.

બ્રહ્મસમાજમત જુઓ બ્રહ્મસમાજ ૧.

બ્રહ્મસમાજી [સં. બ્રહ્મસમાજિન્] પું બ્રહ્મસમાજમાં માનનાર માણસ; બ્રહ્મસમાજનો અનુયાયી.

બ્રહ્મસમાધિ [સં] સ્ત્રી. મનની બ્રહ્મમાં સ્થિતિ કરવી તે

બ્રહ્મસર ૧. [સં. બ્રહ્મસરસ્] ન. (પુરાણ) મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ એમ કહેવાય છે કે, ત્યાં રાત્રિએ તે સ્થળે બહુ કરેલ હતો.

૨. ન. રામાયણમાં જણાવેલ એ નામનું સરોવર.

બ્રહ્મસર્પ [સં.] પું. એક જાતનો મોટો સર્પ.

બ્રહ્મસંકટ [સં] ન. ખરે સંકટ; ધર્મસંકટ; એવું જાણ્યું સત્ય બોલવાથી હિંસા થાય અને અસત્ય બોલાય નહિ એવી સ્થિતિ.

બ્રહ્મસંગીત [સ] ન. બ્રહ્મનાં સંગીત, પરમાત્મા-નાં વખાણ.

બ્રહ્મસંજ્ઞા [સં.] સ્ત્રી. બ્રહ્મ એવું નામ.

બ્રહ્મસંપ્રદાય [સં.] પું. દ્વૈતવાદને અનુસરતો એક સંપ્રદાય. આ સંપ્રદાયને પુષ્ટિપથ સંપ્રદાય પણ કહે છે. તેના પ્રવર્તક શ્રી આનંદતીર્થ, જે શ્રી મધ્વાચાર્યના નામથી પણ ઓળખાય છે, તેણે સ્વતંત્ર તથા અસ્વતંત્ર એ પ્રકારનું તત્ત્વ માન્યું. સર્વ કલ્યાણયુક્ત નિર્દોષ એવા ભગવાન વિષ્ણુ તે સ્વતંત્ર તત્ત્વ અને તેની કૃપાથી પ્રકૃત તેને અધીન જે જીવ બંને તત્ત્વ તે અસ્વતંત્ર. પરબ્રહ્મરૂપ વિષ્ણુની સેવા કરવી અને વૈકુંઠ ધામનું એજ મુક્તિ છે. સેવા ત્રણ પ્રકારની છે: અંકન, નામકરણ, ભજન. વિષ્ણુનાં શંખચક્રાદિ આયુધનાં ચિહ્ન શરીરે તપ્ત મુદ્રાથી પાડવા તે અંકન, પુત્રાદિનાં કેશવ વગેરે નામ પાડી એ રીતે નિરંતર હરિસ્મરણ રાખવું એ નામકરણ. ભજન દશ પ્રકારે છે: વાણીથી કરીને સત્ય, હિત, પ્રિય, સ્વાધ્યાય, અર્થ કરીને દાન, પરિત્રાણ, પરિરક્ષણ અને મને કરીને દયા, સ્પૃહા અને શ્રદ્ધા.

બ્રહ્મસંબંધ ૧. પું ધર્મગુરુ પાસેથી કરવો તે

૨. [સં] પું. પુષ્ટિમાર્ગીઓનો એક વિધિ; વલ્લભી સંપ્રદાયના પુષ્ટિમાર્ગમાં દીક્ષા લેવાની ક્રિયા.

૩ પું બ્રહ્મની સાથે સંબંધ.

બ્રહ્મસંબંધી ૧. [સં. બ્રહ્મસંબંધિન્] વિ. બ્રહ્મ સાથે સંબંધ ધરાવનાર

૨. પું. બ્રહ્મસંબંધ ૨ કરનાર

બ્રહ્મસંભવ ૧. [સં.] પું. બ્રાહ્મણ.

૨. પું. નારદ.

૩. પું. બ્રહ્માથી ઉત્પન્ન થયેલ વસિષ્ઠ વગેરે ઋષિઓ માટેનો ઠરાવ.

૪. વિ બ્રહ્મથી ઉત્પન્ન થનાર.

૫. વિ બ્રહ્માના ઉત્પન્ન થનાર.

બ્રહ્મસંમિત [સં.] વિ. મંત્રથી તીક્ષ્ણ કરેલ.

બ્રહ્મસંસદ [સં. બ્રહ્મસંસદ્] સ્ત્રી. વેદવાદીઓની સભા

> જે આ પરમ કુશલને વહુરે બ્રહ્મસંસદે,
> બ્રહ્માયે કહે તે થે પામે અનંત સુકલો.
> કાવ્યદોહન

બ્રહ્મસંસ્થ ૧. [સં.] પું. (વેદાંત) લૌકિક, વૈદિક સર્વ વ્યાપારોથી રહિત થઈને કેવળ ચિંતન પરાયણ પુરુષ.

૨ વિ બ્રહ્મની અંદર રહેલ; બ્રહ્મનિષ્ઠ.

બ્રહ્મસંસ્થા [સં.] સ્ત્રી. બ્રહ્મમાં આત્માનો લય કરવો તે

બ્રહ્મસંહિતા [સં] સ્ત્રી. વૈષ્ણવોના આચાર સિદ્ધાંતનો એકમો બંધાયનો એક ગ્રંથ.

બ્રહ્મસાક્ષાત્કાર [સં] પું. પરમાત્માની સાથે એકતાન થવાની સ્થિતિ

> વેદાની પરમહંસો બ્રહ્મસાક્ષાત્કાર માટે યોગની દરકાર ન કરતા મુક્તિએ કહેલો વેદાંતવાદનો વિચાર કરવા મુજ પાસે બધ છે. આપણો ધર્મ

બ્રહ્મસાક્ષાત્કારવાદ [સં.] પું. અપરોક્ષ જ્ઞાનવાદ; ગૂઢ જ્ઞાનવાદ

બ્રહ્મસાત્ [સં.] અ. બ્રહ્મને કે બ્રાહ્મણને અધીન; બ્રહ્મપર્યંત.

બ્રહ્મસામ ૧. [સં. બ્રહ્મસામન્] પું. યજુર્વેદનો અમુક ભાગ.

૨. પું. સામવેદ.

બ્રહ્મસાયુજ્ય ૧. [સં.] ન. બ્રહ્મભાવને પામવું તે, બ્રહ્મપણાને પામવું તે

૨. ન. મોક્ષ; મુક્તિ.

બ્રહ્મસારા [સં.] સ્ત્રી. અંતિર માંહેની એક આકાશતત્ત્વ દેવતા.

બ્રહ્મસારૂપ્યા [સં.] સ્ત્રી. એક પ્રકારની મુક્તિ.

બ્રહ્મસાલોક્યા [સં.] સ્ત્રી. એક પ્રકારની મુક્તિ

> સાલોક્ય મુક્તિમાં શિવસાલોક્યા, વિષ્ણુસાલોક્યા. બ્રહ્મસાલોક્યા એ રીતે ઉત્તરમતા લક્ષણા ભેદથી ત્રણ વિભાગ પડે છે. સૂતસંહિતા

બ્રહ્મસાવર્ણિ [સં.] પું. (પુરાણ) ચૌદ માંહેનો એ નામનો મનુ; હવે પછી બનારો સાતમો મનુ. એ ઉપશ્લોક નામના પુરુષથી ઉત્પન્ન થશે અને તેનું બીજ એવું બીજું નામ પણ આવશે.

બ્રહ્મસિતાર સ્ત્રી. બ્રહ્મરૂપી સિતાર.

બ્રહ્મસિદ્ધાંત ૧. [સં.] પું. જ્યોતિષશાસ્ત્રમાં એક સિદ્ધાંત.

૨. પું. બ્રહ્મગુપ્તે ૭૨૮ માં રચેલો એક ગ્રંથ.

૩. પું. બ્રહ્માએ રચેલ એક જ્યોતિષનો ગ્રંથ.

બ્રહ્મસિદ્ધિ [સં.] સ્ત્રી. એ માંહેની એ નામની એક સિદ્ધિ.

બ્રહ્મસિંહાસન ૧. [સં.] ન. પરમેશ્વરનું આસન

૨. ન. બ્રહ્મની સર્વોચ્ચ ભૂમિકા.

> અહા ઉતરને ઉતરા દેવસવાને. !
> બ્રહ્મસિંહાસનના પાયા સુખી. જયાજયંત

બ્રહ્મસુખ [સ.] ન. બ્રહ્મજ્ઞાનને અંતે ઊપજેલ સુખ

બ્રહ્મસુત ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું નારદ.

૩. પું. મરીચિ વગેરે બ્રહ્માના પુત્ર માંહેનો કોઈ.

બ્રહ્મસુતા [સં.] સ્ત્રી. સરસ્વતી; બ્રહ્માની પુત્રી.

બ્રહ્મસુવર્ચલા ૧ [સં] સ્ત્રી. એ નામની ઔષધિ નામની ઉકાળેલું પાણી

૨. સ્ત્રી. એક જાતની તલવણી.

૩. સ્ત્રી. પાણીમાં પેદા થતી એક જાતની ઔષધિ. તે સોનાના રંગ જેવી અને અંદર દૂધ જેવા રસવાળી હોય છે.

બ્રહ્મસૂ ૧. [સં.] પું. (પુરાણ) અત્રિઋષિ; ઉપપતિ

૨ પું બ્રહ્મદેવ.

૩. પું ચતુર્મૂર્તાત્મક વિષ્ણુની એક મૂર્તિ.

૪. પું. વિધાતા.

૫ પું વિષ્ણુ

બ્રહ્મસૂચક [સં.] વિ. બ્રહ્મવિષયક; બ્રહ્મને સૂચવનારું.

> વિવિધ છંદના, વિવિધ ભાવોમાં બ્રહ્મસૂચક વાક્યોમાં ઋષિઓએ આ વિષયને બહુ ગાયો છે. અનાસક્તિયોગ

બ્રહ્મસૂત્ર ૧. [સં.] ન. ઉત્તરમીમાંસા અથવા વેદાંતશાસ્ત્રોના મુખ્ય સિદ્ધાંતો સમજાવનાર સૂત્ર; આખે બનાવેલાં બ્રહ્મપ્રતિપાદક સૂત્રોનો સમૂહ; બાદરાયણે રચેલાં વેદાંતદર્શનનાં સૂત્ર; વ્યાસસૂત્ર; વેદાંતસૂત્ર. ઉત્તરમીમાંસાસૂત્ર તેના ઉપર શંકરાચાર્ય,

રામાનુજ, મધ્વાચાર્ય વગેરે આચાર્યોએ આપ્યો છે. એનો વિષય ચાર અધ્યાય તથા અધ્યાયે અધ્યાયે ચાર ચાર પાદ અને પાદે પાદે અનેક અધિકરણરૂપે છે. જેમકે, (૧) સમન્વયાધ્યાય: શ્રુતિમાત્રનું બ્રહ્મપ્રતિપાદન કરવા ઉપર લક્ષ છે, એ જણાવતો અધ્યાય. તેના પાદ: (૧) સ્પષ્ટ બ્રહ્મલિંગ શ્રુતિસમન્વય, (૨) ઉપાસ્ય બ્રહ્મવાચક અસ્પષ્ટ શ્રુતિસમન્વય, (૩) જ્ઞેય બ્રહ્મપ્રતિપાદક અસ્પષ્ટ શ્રુતિસમન્વય અને (૪) અન્યલક્ષાદિ સહિંગપદમાત્રસમન્વય. (૨) અવિરોધાધ્યાય: બ્રહ્મથી વિરુદ્ધ જણાતી શ્રુતિ સ્મૃતિ પણ વિરુદ્ધ નથી, તેમ યુક્તિથી પણ બ્રહ્મ વિના બીજું પ્રતિપાદન કર્યું કરતું નથી, એ જણાવવાનો અધ્યાય. તેના પાદ: (૧) સાંખ્યાદિ સ્મૃતિ અને તર્કોથી વેદાંતસમન્વિતવિરોધપરિહાર, (૨) સાંખ્યાદિ મતોનું અવાન્તરવિરુદ્ધ પ્રદર્શન, (૩) પંચમહાભૂત જીવ શ્રુતિઓનો વિરોધપરિહાર અને (૪) લિંગ શરીર શ્રુતિનો વિરોધપરિહાર. (૩) સાધનાધ્યાય: બ્રહ્મજ્ઞાનનાં શ્રુતિ અનુસાર સાધનના વિચારનો અધ્યાય. તેના પાદ: (૧) મતિ અમતિની ગિતાથી વેરાગ્યનિરૂપણ, (૨) તત્ત્વમ્ પદાર્થપરિશોધ, (૩) પરાપર બ્રહ્મવિદ્યા ગુર્વોપસદાર અને (૪) નિર્ગુણવિદ્યા સાધનવિચાર (૪) જીવન્મુક્તાધ્યાય અથવા ફલાધ્યાય: શ્રુતિ પ્રમાણે મોક્ષસ્વરૂપ, મોક્ષક્રમ, જીવન્મુક્તિ એ વિષયના વિચારનો અધ્યાય. તેના પાદ: (૧) જીવન્મુક્તિનિરૂપણ, (૨) ઉત્ક્રાંતિ ગતિનિરૂપણ, (૩) સગુણ વિદ્યાવાળા મૃતનું ઉત્તરાર્ચિરમન અને (૪) બ્રહ્મપ્રાપ્તિ કે બ્રહ્મભોસ્થિતિનિરૂપણ.

ઉપનિષદ ગીતામાં વેદાદિ બ્રહ્મસૂત્રમાં,
સ્વરૂપ પ્રભુનું શું છે હું છું જિજ્ઞાસુ જાણવા.
આપીગીતા

૨. ન. બ્રાહ્મણ ત્રિદંડનું સૂત્ર; જનોઈ; ઉપવીત. બ્રહ્મસૂત્રની ગાંઠ = (૧) નસીબ દેવીએ બાંધેલી ગાંઠ. (૨) અજબૂત ગાંઠ. (૩) ભ્રમ.

બ્રહ્મસૂત્રકાર [સં.] પું. બ્રહ્મસૂત્રોનો લેખક.

બ્રહ્મસૂત્રી ૧. [સં. બ્રહ્મસૂત્રિન્] વિ. જનોઈ ધારણ કરનાર.

૨. વિ બ્રહ્મસૂત્ર ધરાવનાર.

બ્રહ્મસૂનુ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્માપુત્રોમાંનો કોઈ રાજા.

૨. પું. બ્રહ્મદત્ત, મરીચિ, વસિષ્ઠ વગેરે બ્રહ્મપુત્રોમાંના કોઈ.

બ્રહ્મસૂક [બ્રહ્મસૂક્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્મસૃજ ૧. [સં. બ્રહ્મસૃજ્] શિવનું એક નામ.

૨. વિ. બ્રહ્માને ઉત્પન્ન કરનાર.

બ્રહ્મસૃષ્ટિ ૧. [સં] સ્ત્રી. પરમાત્માની આનંદ કૃતિ.

૨. જીવ મુક્તાત્મા; બ્રહ્મજ્ઞાન જાણનાર આત્મા.

બ્રહ્મ અને માયા અને કોઈ વાર બ્રહ્મસૃષ્ટિ અને માયાસૃષ્ટિ એવાં નામો આપવામાં આવે છે. મનુષ્યનો આત્મા મૂલથી બ્રહ્મસૃષ્ટિમાંનો જ છે.
મીમાંસકસ્વ

બ્રહ્મસોમા [સં.] સ્ત્રી. બ્રાહ્મી.

બ્રહ્મસ્કંદ [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ.

બ્રહ્મસ્તેય [સં. બ્રહ્મન્ (વેદ) + સ્તેય (ચોરી)] ન. વટની ચોરી; અનુજ્ઞા વિના વેદાધ્યયન.

બ્રહ્મસ્થ [સં] વિ. બ્રહ્મમાં લીન થયેલ.

બ્રહ્મસ્થાન ૧ [સં.] ન. તે નામે એક તીર્થ.

૨. ન. મસ્તકમાં આવેલું બ્રહ્મરંધ્ર.

બ્રહ્મસ્મરક [સં.] ન. પ્રભુનું સ્મરણ.

બ્રહ્મસ્વ ૧. [સં.] ન. બ્રહ્મા જેનો ધણી છે તે ધન.

૨. ન. બ્રાહ્મણનું ધન; બ્રાહ્મણની માલમતા; બ્રાહ્મણનું સર્વસ્વ.

બ્રહ્મસ્વગુણદોષદક્ષ [સં. બ્રહ્મસ્વમુણદોષદક્ષ્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્મસ્વભાવત્રિપુટી [સં.] સ્ત્રી. બ્રહ્મસ્વભાવની અંદર રહેલા ત્રણ ગુણોનું મિશ્રણ.

બ્રહ્મસ્વરૂપ ૧. [સં.] ન. બ્રહ્મનું સ્વરૂપ. મોક્ષશિલામાં કહ્યું છે કે: હું બ્રહ્મને જાણું છું અને હું બ્રહ્મને જાણતો નથી, આવા બે પ્રકારના અવધારણો લાગ કરીને જે અદ્વૈત બ્રહ્મસ્વરૂપે સ્થિતિ કરે છે, તે પોતે બ્રહ્મસ્વરૂપ છે, પણ માત્ર બ્રહ્મવેત્તા નથી.

૨. ન બ્રાહ્મણનું સ્વરૂપ.

૩. ન. મૂર્તિમાન વેદનું સ્વરૂપ.

૪. વિ બ્રહ્મા જેવું; બ્રહ્મા સમાન.

બ્રહ્મસ્વામી [સં. બ્રહ્મસ્વામિન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્મહત્યા ૧. [સં.] સ્ત્રી. બ્રાહ્મણનો ઘાત કે વધ કરવો તે; બ્રાહ્મણને મારી નાખવો તે; બ્રાહ્મણની હત્યા.

૨. સ્ત્રી. મોટી મુશ્કેલી; પીડા; કષ્ટ અવસ્થા.

બ્રહ્મહત્યારું વિ. બ્રહ્મહત્યા કરનાર; બ્રાહ્મણનો ઘાત કરનાર.

બ્રહ્મહત્યાસમ [સં.] ન. બ્રહ્મહત્યા સમાન અમલ આપણ વગેરે પાપનાં ક્રમ.

બ્રહ્મહનન [સં.] ન. બ્રાહ્મણને મારવો તે.

બ્રહ્મહંતા [સં. બ્રહ્મહન્] વિ બ્રાહ્મણને હણનાર. સેનજિત દૂર થયો, ધાતરી થયો, પિતૃઘાતી થયો, બ્રહ્મહંતા થયો. કનૈયાલાલ મુનશી

બ્રહ્મહત [સં] ન. ૭૬૨ વિક્રમનું નામ.

બ્રહ્મહુત [સં.] પું પાંચ માંહેનો એક મહાયજ્ઞ; અતિથિનું પૂજન કરવા રૂપ યજ્ઞ; અતિથિનો સત્કાર કરવા માટે બ્રાહ્મણના પાંચ માંહેનો એક યજ્ઞ.

બ્રહ્મહૃદય ૧. [સં] પું. (જ્યોતિષ) પહેલા વર્ગનો એક તેજસ્વી તારો; પ્રજાપતિ નક્ષત્રમાં અગિયારમો, મૂલ નક્ષત્રથી ઉત્તરમાં આવેલો તારો; ' આલ્ફાઆરીગા '. તેજસ્વિતામાં આકાશમાં તેનો નંબર ચૌદમો આવે છે. તેના તેજને પૃથ્વી ઉપર આવતાં ૪૧ વર્ષ લાગે છે. આપણા સૂર્યને હાલના ૨,૩૬,૦૦૦ ગુણ જેટલા અંતર ઉપર લઈ જઈએ, તો તે બ્રહ્મહૃદયના જેવો દેખાય. અંગ્રેજીમાં તેને કેપ્પા કહે છે. કેપ્પા એટલે બારી થાય છે. તે જરા પીળો પણ સફેદ તેજસ્વી યુગ્મ તારક છે. તેની પાસેના બે નાના યુગ્મ તારકોને બારીનાં બચ્ચાં કલ્પવામાં આવ્યાં છે. આ બે તારામાનો એક પાતળા શ્યામ વાયુસમૂહનો બનેલ સુધીના બણીતા તારકોમાંનો એક સૌથી મોટો શ્યામ ડિસ્કનો તારો છે. બ્રહ્મહૃદયમંડળ મૃગશીર્ષ તથા ઉત્તરફલ્ગુ તારાની મધ્યમાં આવેલ છે. દક્ષિણ ગોળાર્ધમાં આપણા તારાની સરખામણીમાં ઉત્તર ગોળાર્ધમાં બ્રહ્મહૃદયનો તારો જરા પણ તેજસ્વિતામાં ઊતરે તેવો નથી.

૨. ન. એ નામનું એક નક્ષત્ર.

બ્રહ્મહ્રદ [સં. બ્રહ્મન્ + હ્રદ (સરોવર)] ન. બ્રહ્મરૂપી સરોવર.

બ્રહ્માંડ [સં.] ન. બ્રહ્માંડ.

બ્રહ્મા ૧. [સં. બ્રહ્મન્] પું. અઢાર માંહેનો એક જ્યોતિષી.

૨. પું. અઢાર માંહેનો એક મુખ્ય ઋષિ.

૩. પું એ નામનો એક દેવ. તે રોહિણી નક્ષત્રનો સ્વામી મનાય છે.

૪. પું. એ નામનો એક સંવત્સર.

૫. પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે રસંપક્ષ ગીતિનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૧૮ લઘુ મળી ૪૧ અક્ષરની ૧૪ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક વિષમબલતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છંદનો ભેદ છે.

૭. પું. (ત્રિગુણ) એક સમન્વિત માત્રામેળ છંદ તેની પ્રસ્તારભેદથી પાંચ વૃત્તિ થાય છે.
૮. પું. ચાર વેદો જાણનાર અને જપ્યા હોમનું નિરીક્ષણ કરનાર ઋત્વિજ; મુખ્ય ચાર માંહેનો એક ઋત્વિજ.
૯. પું. જગ દેવની ત્રિપુટીમાંના જગતને ઉત્પન્ન કરનાર દેવ; રજોગુણપ્રધાન દેવ. તે સૃષ્ટિના ઉત્પાદક, મહોના પ્રવર્તક અને વિષ્ણુના અવતાર મનાય છે. બ્રહ્માની મૂર્તિ ચતુર્મુખ હોય છે. આથી ચાર મુખવાળી મૂર્તિઓ ઘોડી જોવામા આવે છે. બ્રહ્માનું પોતાનું પૂજન બહુ ઓછું થાય છે, છતાં યે શિવમંદિરની ઉત્તરની દીવાલ તરફ કે તેના સ્તંભ ઉપર ઘણી વાર તેની મૂર્તિ રાખેલી હોય છે. તેને ચાર માથાં અને ચાર હાથ હોવાનુ મનાય છે. કમંડલુ, અક્ષમાલા, સ્રુચ અને સ્રુવ એ ચાર વસ્તુઓ તેના ચાર હાથમાં છે. કોઈ કોઈ વાર તેનો ઘાનો ઉપલો હાથ અને જમણો નીચલો હાથ વરદ અને અભય મુદ્રાવાળા હોય છે. જેવી રીતે વિષ્ણુ અને શિવના અનેક સંપ્રદાયો ચાલે છે, તે પ્રમાણે બ્રહ્મા ના સંપ્રદાયો નથી મળતા. તેની મૂર્તિને માટે એમ મનાવામાં આવે છે કે, કલ્પનામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એક જ પરમાત્માના રૂપ મનાયા છે. આથી સ્પષ્ટ થાય છે કે, આ ત્રણે દેવના એક જ પરમાત્મા અથવા ઈશ્વરનાં ભિન્ન ભિન્ન રૂપ મનાતાં. ભક્તોએ પોતપોતાની રુચિ પ્રમાણે અને તેની ઉપાસના પ્રચલિત કરી. પાંચમા તેમની જોઈએવાણી મૂર્તિઓ બનવા લાગી. શિવ પાર્વતીની મૂર્તિ સિવાય શિવની અર્ધનારીશ્વર મૂર્તિ પણ મળે છે. શિવ અને વિષ્ણુની સંમિલિત મૂર્તિને હરિહર અને ત્રણેની સંમિલિત મૂર્તિને હરિહરપિતામહ કહે છે. જ્યારે બ્રહ્માએ પૃથ્વી ઉત્પન્ન કરી, ત્યારે તે બ્રહ્મા વિના બ્રહ્માનો એક દિવસ રહી. બ્રહ્માનો એક દિવસ એટલો આપણાં ૨,૧૬,૦૦,૦૦,૦૦૦ વર્ષો. તેના એક દિવસ પછી આખી પૃથ્વી જલમગ્ન થાય છે, પણ ઋષિઓ, દેવો અને મૂળતત્ત્વો તેવી ને તેવી સ્થિતિમાં રહે છે. તેઓને અગ્નિની અસર થતી નથી. જ્યારે બ્રહ્મા એક દિવસ પછી ફરી વાર જન્મે છે, ત્યારે ફરી વાર ઉત્પત્તિ કરે છે. આમ બ્રહ્મા પોતાનાં સો વર્ષ સુધી કરે છે. બ્રહ્માનાં સો વર્ષ પછી તે મૃત્યુ પામશે અને આખું વિશ્વ તેના મૂળતત્ત્વના સ્વરૂપમાં ફેરવાઈ જશે. બ્રહ્માની આસ પૂજા કરવામાં આવતી નથી. અપવા ભિન્નમાં માત્ર અજમેર આગળ પુષ્કર છે, ત્યાં તેનું યાત્રાનુ સ્થળ છે. પ્રોફેસર વિલ્સનના મત પ્રમાણે ઈંડરમાં પણ બ્રહ્માની પૂજા થાય છે. બ્રહ્મા રજો રાતા હોય એમ મનાય છે. તેને ચાર માથાં છે પ્રથમ તેને પાંચ મસ્તક હતાં, પણ શિવ એક બાણી નાખ્યુ હતું, કેમકે બ્રહ્માએ અવિનય કર્યા હતો તેને ચાર મુખ હોવાથી ચતુરાનન અથવા ચતુર્મુખ પણ કહે છે. વળી તે અષ્ટકર્ણ પણ કહેવાય છે. એમ કહેવાય છે કે તેની પુત્રી સરસ્વતી ઉપર તેની કુદૃષ્ટિ થવાથી, તેથી તેની પત્ની તરીકે પણ ગણાય છે. તેના ચતુષ્પનું નામ પદ્મિની છે. તેનું વાહન હંસ છે, તેથી તેને હંસવાહન પણ કહે છે તેનુ રહેવાનું સ્થળ બ્રહ્મલોક કહેવાય છે બ્રહ્માની ઉત્પત્તિ વિષે જુદા જુદા પુરાણમાં જુદી જુદી કથાઓ છે. મહાભારત પ્રમાણે બ્રહ્મા વિષ્ણુની ટચીમાંથી ઉત્પન્ન થયેલ છે, તેથી તેને નાભિજ, કંજસરોજ, અબ્જજ, અબ્જયોનિ, કંજજ એવાં અનેક નામ આપવામાં આવ્યાં છે બ્રહ્મા દક્ષના પિતા હતા દક્ષ બ્રહ્માના અંગૂઠામાંથી ઉત્પન્ન થયાનુ મનાય છે. તેમણે જે મૂર્તિ ધારણ કરી, તે કેવળ સ્વેચ્છાએ જ કરી છે. એ કારણથી તેમનાં સ્વયંભૂ અને આત્મભૂ એવાં નામ છે. ઉત્તર રામચરિતમાં કહ્યું છે કે, ઉપવેદો સહિત ચારે વેદો પુરાણાદિ દિશાને અનુક્રમે બ્રહ્માનાં ચારે દિશાએ આવેલા મુખમાંથી નીકળ્યા છે. આમ બ્રહ્મદેવ જ વેદોની ઉત્પત્તિનું સ્થાન છે. એ ઉપરાંત સંપૂર્ણ દેવ, ઋષિ, પ્રજાપતિ સર્વના આદ્ય કર્તા હોવાથી એમનાં પાતા, વિશ્વસ્રષ્ટા પ્રજાપતિ સાર્થક અનેક નામો છે. એણે પોતાના પુત્રો વડે અનેક પ્રાણી ઉત્પન્ન કરાવ્યાં, માટે એમને પિતામહ પણ કહે છે. સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, હિરણ્યગર્ભ, લોકેશ, કુટિલ્લ, વિરિંચિ, કમલાસન, સ્રષ્ટા, પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃટ, વિધિ, નાભિજન્મા, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, રજોમૂર્તિ, સત્યક અને હંસવાહન એ તેના પર્યાય શબ્દો છે. બ્રહ્માનો વંશ નીચે પ્રમાણે મનાય છે:

બ્રહ્મા
|
ભૃગુ
|
અથર્વ — સુકન્યા
|
પ્રમતિ — ઘૃતાચી
|
રુરુ — પ્રમદ્વરા
|
શુનક
|
શૌનક

કુમારસંભવમાં કહેલ છે કે, બ્રહ્માની બ્રહ્મરૂપે સ્તુતિ કરી છે. સૃષ્ટિ પહેલા કેવળ તે આત્મારૂપે હતા અને પછી સત્ત્વ, રજ, તમ એમ ત્રણ ગુણોનો ભેદ થતા તે ત્રિમૂર્તિરૂપે થયા.
૧. બ્રહ્માના અક્ષર = પાકી વાત.
૨. બ્રહ્માના લેખ = ટાળ્યા ન ટળે તેવા લેખ
૩. બ્રહ્માનો કહાડો = ઘણો લાંબો અને કંટાળા ભરેલો દિવસ.
૧૦. પું. દેવોમાં મૂળ ઉત્પન્ન થનાર દેવ.
૧૧. પું. પરમેશ્વર.
૧૨. પુ. પિતામહ
૧૩. પું (પુરાણ) પુરુષનો સ્થાપક પુરુષ.
૧૪ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૧૫. પું પ્રજાપતિ; કુંભાર.
૧૬. પું. જુહિના દેવ.
૧૭ પું. બ્રહ્માની આઠ મહેની એક કલા. આઠ કલા: સિદ્ધિ, સિદ્ધિ ધૃતિ, લક્ષ્મી, મેધા, કાંતિ, સ્વધા અને પ્રભા.
૧૮ પું. બ્રાહ્મણોનો મૂળ આદિ પુરુષ.
૧૯. પું ભવિષ્યપુરાણમાં બ્રહ્મદેવ અઢાર માંહેનો એ નામનો એક શિલ્પ સહિતકાર.
૨૦ પું. યજ્ઞમાં કામ લેનાર માણસ
૨૧. પું યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણપદ સ્વીકારનાર અર્જુન.
૨૨ પું. બાણીનો દેવ.
૨૩. પું. વિધાતા
૨૪. પું. વિષ્ણુ
૨૫. પું. વેદનો વિચાર કરનાર વ્યાસ
૨૬. પુ. સનાતન.
૨૭. પું. શિવનાં હજાર માંહેનુ એક નામ
૨૮. પું. (જ્યોતિષ) સત્તાવીસ માંહેનો એક યોગ
૨૯. પુ. સનાતન ધ્રુવ.
૩૦ પુ સમિતિનો અભ્યાસ
૩૧ પું. સૂર્યના એકસો આઠ માંહેનુ એક નામ; સૂર્યનું ઉદય વખતના સ્વરૂપનુ નામ
૩૨ પું. સૃષ્ટિ.
૩૩ પું. સ્તુતિના દેવ.
૩૪. જી. આસામ પ્રાંતમાં મેદાનમાં વસતી એ નામની એક જાતિ.
૩૫. ન. એ નામની જાતિનું માણસ
૩૬. ન. એક જાતનું કૂકડું. તે દેખાવડું તથા જાડું હોય છે. તેને બ્રહ્મજાતનાં બે જુદી જાતનાં કૂકડાંના સયોગથી ઉત્પન્ન કરવામાં આવેલ છે.
૩૭ વિ. એ નામની જાતિનું.

બ્રહ્માકાર [સં.] વિ. બ્રહ્મ સાથે એકરૂપ.

બ્રહ્માકારવૃત્તિ [સં.] સ્ત્રી. ‘હું બ્રહ્મ છું’ એવી વૃત્તિ.

બ્રહ્માક્ષર ૧. [સં.] પું. ૐ; ઓંકાર; પ્રણવ.
૨. પું. જેનો ભાંગી ન જાય તે.
૩. પું. વેદાક્ષર.
૧. બ્રહ્માક્ષર પક્ષ ન આવડ્યો = કશું ન આવડવું
૨. બ્રહ્માક્ષર માંડ્યા = લખવાનું શરૂ કરવું

બ્રહ્માગ્નિ [સં. બ્રહ્મન્ + અગ્નિ] પું. બ્રહ્મરૂપી અગ્નિ.

બ્રહ્માગ્રજ [સં.] પું. બ્રહ્મા.

બ્રહ્માડંબર [સં.] પું. બ્રહ્મ વિષેનો ભ્રમ બતાવવા દેખાવ.

બ્રહ્માણ્ડ પું. બ્રહ્માંડ.
બ્રહ્માણ્ડ વસી પણી કરે સેવા. દયારામ

બ્રહ્માણ્ડઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. નર્મદા પ્રદક્ષિણમાં બાકી છે: અહીં નર્મદાજીએ દૈત ધારણ કરીને ભ્રમણ કરેલ છે. અહીંથી થોડેક આગળ સપ્તધારા સ્થાન છે અહીં પાંદરોએ નર્મદાજીને રોકવાનું કામકાજ હતું, પરંતુ નર્મદાજીએ પોતાની સહજ શીઘ્રતાથી પર્વતરૂપી બંધનને તોડીને સપ્તધારા દ્વારા ગમન કર્યું. આ કારણે ત્યાંના બહુ જ સુંદર તથા વિશાલકાય ખેટ ઉત્પન્ન થયો. તેને દોષ કહે છે. તેમાં ભીમકુંડ, અર્જુનકુંડ અને બ્રહ્મકુંડ છે. બ્રહ્મકુંડમાંથી બ્રહ્માજીએ કરેલ યજ્ઞની ભસ્મ નીકળે છે. આ તીર્થ દ્વીપમાં હોવાથી પરિક્રમાવાસીઓને દર્શન થતાં નથી, પરંતુ પરિક્રમામાં આવી જાય છે. નર્મદાની દક્ષિણ ધારામાં જે કુંડ છે, તેને સૂર્યકુંડ કહે છે. અહીંથી ઉપર આવેલ જંગલમાં કોટીરાયની ગુફા, કૃષ્ણમંદિર વગેરે છે. આ સ્થાન કોઈ રાજાએ પોતાનો કોઢ મટવાના હેતુથી તપ કરીને નિર્માણ કરેલ છે.

બ્રહ્માણ્ડા ૧. સ્ત્રી. બાણિયાની ચોગાલી માંહેની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

બ્રહ્માણી ૧. [સં] સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. એક યોગિની. તે પૂર્વ દિશામાં છે અને તેનું વાહન ધ્વજ મનાય છે.
૩. સ્ત્રી. મયૂરી.
૪ સ્ત્રી. દુર્ગા
૫ સ્ત્રી. બ્રહ્મચારિણી.
૬. સ્ત્રી. બ્રહ્માના અર્ધા શરીરથી ઉત્પન્ન થયેલી બ્રહ્મરૂપ સરસ્વતી.
૭. સ્ત્રી. રાજનીતિ.
૮. સ્ત્રી. રેણુકા નામે વૃક્ષદળ.
૯. સ્ત્રી. સાવિત્રી; બ્રહ્માની સ્ત્રી; બ્રહ્માની પત્ની.

બ્રહ્માણીકર્મધારય [સં.] પું. એ નામનો વૃક્ષ.

બ્રહ્માણીઘાટ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. આ તીર્થસ્થાન અત્યંત રમણીય તપોભૂમિ મનાય છે. અહીં નર્મદાના બે કાંઠાની વચ્ચે બ્રહ્મશીર્ષની જેવો રમણીય ખેટ છે. તેમાં ભીમકુંડ, અર્જુનકુંડ, બ્રહ્મકુંડ વગેરે તીર્થ છે. ઉત્તરીય ધારામાં સૂર્યકુંડ છે. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: વસિષ્ઠજી કહેવા લાગ્યા, હે રામચંદ્ર, પ્રથમતઃ શિવલિંગોત્પત્તિ સાંભળો. પ્રાચીન કાળમાં પોતાના પિતા વિષ્ણુ ભગવાનથી વિરહ થયે બ્રહ્માજી તપ કરવા બેઠા અને પોતાના તપોબળના અહંકારથી ક્રોધ લોક ઉત્પન્ન કરીને નારદ સહિત તેને જોવા આવ્યા. જોતાં જોતાં સર્વ લોક જોઈને પાતાલલોકમાં આવ્યા. અહીં ક્ષીરસાગરમાં શેષશાયી વિષ્ણુ ભગવાનનાં દર્શન થયાં, તો તે સમયે રોષ અને બ્રહ્માજીની વચ્ચે જોની જેવો સ્વયંભૂ લિંગ ઉત્પન્ન થયું અને તેમાં બ્રહ્માજીએ વિશ્વરૂપ જોયું. પછી તે વિષ્ણુ ભગવાનને કહેવા લાગ્યા કે, આ લિંગનો અંત દેખવા માટે આપ નીચે જાઓ અને હું ઉપર જાઉં છું. એમ કહીને બંનેએ ઘણા જ પરિશ્રમથી શોધ કરી, પરંતુ લિંગનો આદિ અંત પામી શકાય નહિ. આથી બંને ચાલી જઈને જોડાય ગયાં, વિચાર કરીને, ગર્વ રહિત થઈને સ્તુતિ કરવા લાગ્યાઃ હે ભગવાન, આપ અક્ષર પુરુષ છો, આપનો મહિમા જાણી શકાય તેમ નથી. ઇત્યાદિ પ્રકારે સ્તુતિ કરે છે, ત્યાં તે લિંગમાંથી પ્રગટ થઈને બ્રહ્માજીને શિવજીએ કહ્યું કે, હવે તમે તમારા પિતા વિષ્ણુ ભગવાનથી વરદાનો નહિ, કેમકે મારા પ્રતાપથી જ તમે ત્રણે દેવો ઉત્પન્ન થયા છો. તમારો ગર્વ હરવાના હેતુથી આ રચના કરી હતી. પછી તે બને દેવો પોતપોતાના સ્થાન ઉપર આવ્યા ગયા. આ શિવલિંગોત્પત્તિનો પ્રતિહાસ થયો. હવે બ્રહ્માણીઘાટની કથા સાંભળો. અમુક સમય પછી બ્રહ્માજીના મનમાં અત્યંત ખેદ થયો. તે વિચાર કરવા લાગ્યા કે, મેં વિષ્ણુ ભગવાન અને શંકરની સાથે ગર્વ વિરોધ કર્યો. હવે આ દોષ મિટાવવાના હેતુથી તપ કરવું શ્રેષ્ઠ છે. એમ વિચારીને વિશ્વકર્મા, ઋષેશ્વર, રુદ્ર, નારદ વગેરે દેવોનું સ્મરણ કર્યું. તેઓ સર્વ તત્કાલ પ્રાપ્ત થયા. બ્રહ્માજીએ યથાધિકાર સત્કાર કર્યો અને તપમાં બેસવાનું કારણ કહીને સૃષ્ટિરચનાનું કાર્ય ચારે દેવોને આપીને નર્મદાતીર અહીં આવ્યા અને વિન્ધ્યાચળનો પુત્ર જે પ્લક્ષ પર્વત અથવા મમ્બળેટ છે, તેના ઉપર તપ કરવા બેઠા. આ બાજુ ચારે દેવો સૃષ્ટિરચના કરવા લાગ્યા, પરંતુ તેઓ આ કાર્યને ચલાવી શકયા નહિ. અહીં બ્રહ્માજીની પાસે વિષ્ણુ ભગવાન આવીને કહેવા લાગ્યા કે, મેં તમારો અપરાધ ક્ષમા કર્યો છે, હવે તમે શિવજીની પૂજા કરીને તમારું કાર્ય કરો. પછી બ્રહ્માજીએ બ્રહ્મેશ્વર શિવજીની સ્થાપના કરીને અનન્ય ભાવથી સ્તુતિ કરી. શંકરજી પ્રસન્ન થઈ બોલ્યા કે, હવે તમે આનંદ સહિત તમારા લોકમાં જઈને સ્વપ્રકૃતિ અનુસાર તમારું કાર્ય કરો. આ તીર્થમાં સ્નાનદાનાદિ પોતાના વર્ણાશ્રમ પ્રમાણ ધર્મકર્મ કરનાર પરમ પદને પામશે. અહીં ભોજન, બ્રહ્મસ્વભોજન વગેરે કર્મ કરનાર સર્વ પાતકોથી મુક્તિ મેળવે છે એમ મનાય છે.

બ્રહ્માતિથિ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

બ્રહ્માતિથિકાણ્વ [સં.] પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે ૮મા મંડલનું પાંચમું સૂક્ત રચ્યું છે.

બ્રહ્માત્મભૂ ૧. [સં.] પું. બ્રહ્મા.
૨. પું. બ્રહ્માનો પુત્ર.

બ્રહ્માત્મૈક્ય [સં.] ન. બ્રહ્મ તથા આત્માનું પરસ્પર લીન થવું તે; બ્રહ્મ ને આત્માનું ઐક્ય.

બ્રહ્માત્મૈક્યજ્ઞાન [સં.] ન. ઈશ્વર અને આત્માના ઐક્ય સંબંધી જ્ઞાન.
બ્રહ્માત્મૈક્યજ્ઞાન પ્રાપ્ત કરીને કર્મથી વિરક્ત થયા વિના જન્મમરણના ફેરામાંથી છૂટી શકાતું નથી. ગીતારહસ્ય

બ્રહ્માદની [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; ઇંસપદી.

બ્રહ્માદિચંદ્ય [સં.] પું. પુરુષોત્તમનાં દક્ષર મંત્રોનું એક નામ

બ્રહ્માદિસેવિતવપુ જુઓ બ્રહ્માદિવપુ.

બ્રહ્માદ્યખિલસંસ્તુત જુઓ બ્રહ્માદિવપુ.

બ્રહ્માદ્યર્ચંતભયહૃ જુઓ બ્રહ્માદિવપુ.

બ્રહ્માધમ [સં.] પું. અધમ બ્રાહ્મણ.

બ્રહ્માધિગમ [સં.] પું. વેદાધ્યયનઃ વેદાભ્યાસ.

બ્રહ્માધિગમન [સં.] ન. વેદ ભણવા તે.

બ્રહ્માધિગામિક [સં.] પું. વેદને અનુસરનાર મનુષ્ય

બ્રહ્માધિપતિ [સં.] પું. દેવાધિદેવ; સર્વ દેવોના દેવ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

બ્રહ્માનંદ ૧. [સં.] પું. (વેદાંત) જેમા દૈત પદાર્થનું જ્ઞાન હોતું નથી, તથા જે ક્રમમાં નિદ્રા પણ હોતી નથી, એવી બ્રહ્મના તરફ અભિમુખ થયેલી વૃત્તિ વડે અક્ત થતો આનંદ.

૨. પું બ્રહ્મસ્વરૂપનો આનંદ; પરમાનંદ; આત્માનંદ; બ્રહ્મસ્વરૂપ આનંદ, નિત્યનંદ; સ્વાનંદ; પરમાત્માનો સાક્ષાત્કાર થવાનો આનંદ; બ્રહ્મ સાથે અભેદનો આનંદ; મોક્ષ.

૩. પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક કવિ આ સંપ્રદાયના કવિઓમાં ઉત્તમ કાવ્યચમત્કાર તથા ગિરાજ્ઞાનનું વિસ્તૃત જ્ઞાન બતાવવામાં બ્રહ્માનંદ સર્વથી શ્રેષ્ઠ છે. જન્મથી તેઓ ચારણ જાત કુટુંબના હોવાથી તેમને વારસામાં જ કાવ્યશક્તિ મળી હતી. સમાજસુધારણાના હેતુથી લખાયેલા આ કવિનાં કાવ્યોએ ગુજરાતના લોકો ઉપર બહુ સારી અસર કરી છે. આ કવિ ઈ.સ. ૧૮મી સદીમાં થઈ ગયેલ છે. કુબેરપુર પરગણાના સાધુ ગામના તેઓ વતની હતા. ઈ. સ. ૧૮૩૧મા તેમનો મરણ પામ્યા.

બ્રહ્માનંદપુરાણ [સં.] ન. અક્ષર માહેનું એ નામનું એક પુરાણ.

બ્રહ્માનંદપ્રવર્તક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

બ્રહ્માનંદી ૧ [સં. બ્રહ્માનન્દિન્] વિ. બ્રહ્મમાં આનંદ લેનાર.

૨. વિ. બ્રહ્માનંદના પક્ષનું.

બ્રહ્માનુભવ [સં.] પું. બ્રહ્મનો અનુભવ; ઈશ્વરનો સાક્ષાત્કાર.

આત્મ-અનાત્મનો વિવેક કરવો, વિવેક કરી સારો અનુભવ-બ્રહ્માનુભવ પ્રાપ્ત કરવો
આખ્યો ધર્મ

બ્રહ્માપુર [સં.] ન. બ્રહ્માનું શહેર. મેરુ પર્વત ઉપર તે આવેલું છે પાસે ગંગા નદી વહે છે

બ્રહ્માપેત [સં.] પું. (પુરાણ) સૂર્યની સાથે રહેનારો આશ્વિન માસનો રાક્ષસ.

બ્રહ્માબ્ધિજા .. [સં.] સ્ત્રી. ગોદાવરી.

બ્રહ્માભ્યાસ [સં.] પું. વેદનો અભ્યાસ. પંચદશીસારસંગ્રહમાં કહેલું છે કે: એકાંતમાં બ્રહ્મનું ચિંતન કરવું, શ્રોતાઓની આગળ બ્રહ્મસ્વરૂપનું કથન કરવું અને સમાન જ્ઞાનવાળા બ્રહ્માભ્યાસીઓની સાથે પરસ્પર ઉત્તમ પ્રકારે તેનું નિરૂપણ કરવું. આમ અંતઃકરણને બ્રહ્મપરાયણ કરવું એ બ્રહ્માભ્યાસ કહેવાય છે.

બ્રહ્મારણ્ય ૧. [સં.] ન. એ નામનું એક અરણ્ય; બ્રહ્મવન.

૨. ન. ત્યાં બ્રહ્મ સંબંધી વિચાર અને પઠન થતું હોય તે સ્થાન; વેદપાઠની ભૂમિ.

બ્રહ્મારૂપક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રપીડ. તે આઠ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા પાંચ મગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

બ્રહ્માર્પણ ૧ [સં.] ન. બ્રહ્મને કે ઈશ્વરને અર્પણ કરવું તે.

૨. ન બ્રહ્મયજ્ઞને અર્પણ

૩. ન ભોજન કરતાં પહેલાં બ્રાહ્મણોથી શરૂઆતને અર્પણ કરાતુ થોડું અન્ન

૪. ન. સર્વ કર્મફળનો ઈશ્વરમા સન્યાસ જોટસે ત્યાગ. વેદમાં કહ્યું છે કે: કર્મમાત્ર ઈશ્વરને અર્પણ કરવાં એનો આશય કાયમ કરે છે, તેમા અત્યંત હિતકારી તત્ત્વ રહેલું છે. એવા કૃષ્ણાર્પિત કર્મ મોક્ષપ્રદ અને જ્ઞાનપ્રદ બને છે.

બ્રહ્મારોપણબુદ્ધિ [સં.] સ્ત્રી. સર્વ કર્મ બ્રહ્મને અર્પણ કરવાની બુદ્ધિ.

કર્મ છોડવાની વાતોમાં ન પડતાં તે જ કર્મો બ્રહ્મારોપણબુદ્ધિથી કરવા એ જ સાધુપણાનો ધર્મ છે. ગીતારહસ્ય

બ્રહ્માર્પિત [સં] વિ. બ્રહ્મને અર્પણ કરેલું

બ્રહ્મલયકાળરાત્રિ સ્ત્રી. બ્રહ્માનો જેમાં લય થાય છે એવી કાળરાત્રિ

બ્રહ્માવર્તસક પું. (જૈન) આખા લોકના મુકુટરૂપ હોવાથી સિદ્ધશિલાનું નામ.

બ્રહ્માવર્ત ૧. [સં.] પું. બ્રહ્મલોક માંહેનો એ નામનો એક દેશ; સરસ્વતી અને દૃષદ્વતી નદીની મધ્યમાં આવેલ એક દેશ; હસ્તિનાપુરની વાયવ્યે આવેલો પ્રદેશ. તેમાં દેવ રહેતા હોવ એમ મનાય છે.

૨. પું. (સંગીત) એ નામનો એક રાગ

૩. પું. ગંગા અને જમના વચ્ચેનો પ્રયાગથી દરદ્વાર સુધીનો પવિત્ર દેશ; કુરુક્ષેત્રની અંતર્વેદ.

૪. પું. (પુરાણ) ભારતવર્ષના નવ માંહેનો એ નામનો એક ખંડ. આનુ જ પ્રસ્તુત ભારતખંડ નામ ચાલ્યુ આવે છે.

૫. ન. (પુરાણ) બ્રહ્માવર્ત દેશમાં આવેલ એ નામનુ તીર્થ.

બ્રહ્માવર્તતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં બ્રહ્મેશ્વર અથવા સુખેશ્વર અને પદ્મેશ્વર અથવા સુખેશ્વર શિવજી છે.

બ્રહ્માવિર્ભાવકારણ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

બ્રહ્માસન ૧. [સં બ્રહ્મન્ + આસન] ન. ધ્યાનમાં બેસવાનું એક આસન.

૨. ન. બ્રહ્મને બેસવાનું આસન.

૩. ન. બ્રહ્મચર્યનુ આસન.

૪. ન. બ્રહ્મમા ઋત્વિજનું આસન.

૫ ન યોગ સાધવા અને તપ કરવા બેસવાની એક રીત. દેવપૂજાના અંગરૂપ સમાન, પદ્માસ્વસ્તિક વગેરે આસન

બ્રહ્માસ્ત્ર ૧. [સં.] ન. એક જાતનું જબરું અસ્ત્ર. વિશ્વામિત્રે રામને આપેલ દિવ્ય અમોઘ માહેનુ એક અસ્ત્ર.

માર્યા વીરે કદિ કેમે ન સમુદ્ર માઝે,
બ્રહ્માસ્ત્રોના વચનથી પછાડાઈ આવે;
લોકો મારુ વઈ રામદુવાઈ પૂજે,
ત્રિલોકો ભઈ કહે પણ બહુ માને.
રામાયણસાર

૨ ન (વૈદક) એક પ્રકારનું પ્રચારી ઔષધ. તે મદિરપાનમાં આપવામાં આવે છે. તે પાંચ, બંધક, સંગિયા અને તીખાં મળીને થાય છે

૩. ન. બ્રહ્માનું અસ્ત્ર; બ્રહ્માની શક્તિવાળું અસ્ત્ર.

૪. ન. બ્રાહ્મણોનુ શાપરૂપી અસ્ત્ર; બ્રાહ્મણોનો શાપ

બ્રહ્માસ્ત્રચિંતનિવારક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.

બ્રહ્માસ્વાદ [સં.] પું બ્રહ્મરસ જ્ઞાતારનો અનુભવ; બ્રહ્મજ્ઞાનનો રસ.

બ્રહ્માહુતિ [સં.] સ્ત્રી. વેદાભ્યસન.

બ્રહ્માંગભૂ જુઓ બ્રહ્મજમભૂ.

બ્રહ્માંજલિ [સં] સ્ત્રી. વેદપાઠ માટે ગુરુને કરેલા એ નામનો સંપુટ; ગુરુ પ્રત્યે વેદના સ્વરવિશેષ જણાવવા માટે કરેલ અંજલિ.

બ્રહ્માંડ ૧ [સં.] ન. બ્રહ્મા માહેનુ એ નામનું એક પુરાણ. તેમાં ૧૨,૨૦૦ શ્લોક છે.

૨. ન. આકોપ.

૩. [સં બ્રહ્મન્ + અંડ (ઈંડું)] ન. ચતુર્દશ ભુવનાત્મક ગોળ પ્રદેશ; અંડાકૃતિ ચરાચર વિશ્વ; અંડાકાર ભુવનકોષ; ગોળાકાર વિશ્વ રચના; વિશ્વ. બ્રહ્મદેવે પંચમહાભૂત.દિ ઉત્પન્ન કર્યા બાદ બ્રહ્માંડને ત્રણ ભાગમા વહેંચી નાખ્યુ. બ્રહ્માંડનું અવકાશયુક્ત જે આકાશ, તેમાં તપ અને સત્ય બ્રહ્મલોકાદિ ઊંચા સ્થિત છે. બ્રહ્માંડની આકૃતિ એ કટાહની સંપુટ પ્રમાણે લગભગ છે. તેથી તેને બ્રહ્માંડ કહે છે. બ્રહ્માંડ મધ્યેનો જે મૂળ પરિધ તેને ભારતકારો ભૂર્લોકાદિ કહે છે. તેની નીચેનો જે પ્રદેશ છે, તેમા

ક્રમાનુસાર શનિ (વાયુ), ગુરુ (આકાશ), મંગળ (તેજ), સૂર્ય (અગ્નિસ્વરૂપ), શુક્ર (જળ), બુધ (પૃથ્વી), ચંદ્ર (સોમસ્વરૂપ) એ ક્રમાનુસાર મહો ક્રમથી ભ્રમણ કરે છે. ચૌદ ભુવનોનાં એકવીસ સ્વર્ગ, એકવીસ કિંવા અઠ્ઠાવીસ નરકો, દિક્પાલ, ધ્રુવ આ સર્વ મળીને જ બ્રહ્માંડ થાય છે. તેના અધિપતિ હિરણ્યગર્ભ કિંવા બ્રહ્મદેવ કહેવાય છે. તેનું આયુષ્ય સો વર્ષનું હોઈ તેની આયુષ્યમર્યાદા પૂર્ણ થતા સુધી અનુદરા બોક કિંવા ભુવનનો સો વખત પ્રલય થાય છે. ત્યારે બ્રહ્મદેવ સૂક્ષ્મ તન્માત્ર એવા હિરણ્યગર્ભરૂપે હોય છે. આ ચાલુ બ્રહ્મ ઉત્પન્ન થયાને ચાલુ કલ્પારંભથી અત્યાર સુધી શુમારે ૧,૯૭,૨૯,૪૯,૦૪૧ સૌર અયન થયા છે. તેમાં ઈસુ, મહમુદ, જરથોસ્ત, બૌદ્ધ પ્રત્યાદિ શુમારે એકથી બબ્બે હજાર વર્ષ દરમિયાનમાં જ થયેલા છે. તેમ જ વલ્લભાચાર્ય, રામાનંદ, રામાનુજાચાર્ય પ્રભાદિ પ્રવર્તકો હોઈ હજાર વર્ષની અંદરના જ છે, તથા ચૈતન્યસ્વરૂપ એવા અવતાર શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ અનુક્રમે ત્રેતા અને દ્વાપરયુગમાં થયેલા હોઈ તેઓએ આ પૂર્ણચૈતન્યરૂપ ચૈતન્યનો સ્વશરીરમાં પૂર્ણ રીતે અનુભવ લઈ ચૈતન્યસ્વરૂપમાં જ લીન થઈ ગયેલા હતા અને કેવળ નિષ્કામભાવથી તદ્દન અલિપ્તપણે લીલારૂપે જગતનો વ્યવહાર કરતા હતા.

રોગ્રત, પી ગ્રસ્ત છે ને, દ્વીપ છે સુંદર સાવ
અદ્ર કુળ પર્વતની રમતા, વિવિધ વૈર વિખ્યાત.
નવસે નવાણું સરિતા, વન બાર બાર બહાર;
સ્વર્ગ મૃત્યુ પાતાળ જાતે, રમતા વિવિધ પ્રકાર.
એવું આ બ્રહ્માંડનું, સક્ષિપ્ત વર્ણન એહ;
બંધાઈ સ્વરૂપ અનાદિ, અગમ ને અગોચર હરિ જેહ.
પદ્મપુરાણ શ્રીમદ્ભાગવત

૧. બ્રહ્માંડની આશા = બ્રહ્માંડ જેવી મોટી અને કદી હાથ ન લાગે તેવી આશા.

૨. બ્રહ્માંડનો ઠઠાડો = ઘણો જ લાંબો અને કંટાળા ભરેલો ઠઠાડો.

૩ બ્રહ્માંડમાં ચડી જવું = પાણી વગેરેનું પીતાં અંતરિક્ષમાં ચડી જવું.

૪. ન તાલકું.

૫. ન જગ; દુનિયા; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ

૬. ન પાતાલથી બ્રહ્મલોક સુધીનો લોક.

૭. ન સંસાર સમષ્ટિ.

૮. ન સોળ આઢેનું એ નામનું એક દાન.

૯. વિ. મોટું.

બ્રહ્માંડકોશ [સં] પું. બ્રહ્માંડરૂપી કોશ: વિશ્વ; જગત. ભારવતમાં કહેલ છે કે: આ બ્રહ્માંડકોશ પાંચ મહાભૂતો અને અગિયાર ઇંદ્રિયોરૂપી સોળ વિકારોથી યુક્ત છે અને પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર તથા પાંચ તન્માત્રાઓ એ આઠ પ્રકૃતિઓ સહિત છે, એટલે કે એકંદર એ ચોવીસ તત્ત્વોથી બનેલો છે. વળી આ બ્રહ્માંડકોશ અંદરના ભાગમાં પચાસ કરોડ યોજન વિસ્તારવાળો ને બહારના ભાગમાં પોતાથી ઉત્તરોત્તર દસ દસ ગણાં મોટા પૃથ્વી વગેરે સાત પડોથી વીંટળાયેલો છે આવો વિરાટ બ્રહ્માંડકોશ પરમાત્માના શરીરની અંદર એક પરમાણુ જેવડો જણાય છે.

બ્રહ્માંડકોષ જુઓ બ્રહ્માંડકોશ.

બ્રહ્માંડનાયક [સં.] પું. પરમેશ્વર.

બ્રહ્માંડપઠ (બ્રહ્માંડપઠ) જ. ખજૂરીની પીઠ.

બ્રહ્માંડપુરાણ [સં] ન. અઢાર આઢેનું એ નામનું એક પુરાણ; બ્રહ્માનાં ૭ આઢેનું બનેલું પુરાણ. તેમાં ૧૨,૨૦૦ શ્લોક છે તેમાં પ્રક્રિયા અનુષાદ ઉપોદ્ઘાત, ત્રીજા પાદનો મધ્યભાગ તથા ચોથા પાદનો ઉત્તરભાગ છે. બાકી કલ્પકથાઓ સાથે આરા યે બ્રહ્માંડનું ચરિત સવિસ્તર વર્ણવ્યું છે. બધાં પુરાણોમાં તે ઉત્કૃષ્ટ મનાય છે, કારણ કે તેના અવલોકનથી આખા બ્રહ્માંડનું અવલોકન થાય છે.

બ્રહ્માંડબોહિની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

૨. સ્ત્રી. નાગદોણી.

બ્રહ્માંડમીમાંસા [સં] જ. બ્રહ્માંડ સંબંધી મીમાંસાશાસ્ત્ર.

જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં શરીર
નથી એવું કાંઈ, બ્રહ્માંડમીમાંસાનું ન્યાયસૂત્ર.
નાનાલા.ઠ

બ્રહ્માંડમેખલા [સં.] સ્ત્રી. બ્રહ્માંડરૂપી કંદોરો.

બ્રહ્માંડમેખળા જુઓ બ્રહ્માંડમેખલા.

બ્રહ્માંડવૃક્ષ જુઓ બ્રહ્મવૃક્ષ.

બ્રહ્માંડસાર [સં.] ન. એ નામનું એક શાસ્ત્ર. તે મહર્ષિ ભાસે રચેલું છે. આમાં બધાં બ્રહ્માંડોના મુખ્ય, તેઓમાં કેટલી દુનિયાઓ આવેલી છે તે, તેમાંનાં દરેકો, તેઓમાં આવેલ સ્થાવર જંગમ વસ્તુઓ, નદીઓ, પર્વતો, પ્રાણી, વનસ્પતિ, કેવી જાતનાં મનુષ્યો તેમાં વસે છે તે અને સ્થૂલ સૂક્ષ્મ ઉપલોથી આ બધું કેમ જોવું કાઢવું તેની સમજણ આપેલી છે.

બ્રહ્માંડાયત્ત [સં. બ્રહ્માંડ + આયત્ત (તાબે)] વિ. બ્રહ્માંડને અધીન.

બ્રહ્માંબોધિ [સં. બ્રહ્મન્ (બ્રહ્મ) + અંબોધિ (સમુદ્ર)] પું. બ્રહ્મરૂપી સમુદ્ર.

બ્રહ્માંશ [સં. બ્રહ્મન્ + અંશ (ભાગ)] પું. બ્રહ્માનો અંશ. બ્રહ્માના બે અંશ છે: બ્રહ્માંશ અને પ્રત્યગંશ.

બ્રહ્મિષ્ઠ ૧. [સં] પું (૬.સ્ત્ર) સોમવંશી પુરુકુત્સોત્પન્ન અજમીઢના પુત્ર નીલના મુદ્ગલ નામના પાંચાલનો એ નામનો પુત્ર એનો પુત્ર ઉદ્ગસેન હતો

૨ વિ પરમેશ્વરને બનાવવામાં શ્રેષ્ઠ; શ્રેષ્ઠ વેદવેત્તા; વેદપારંગત; મહાન બ્રહ્મવેત્તા; સંપૂર્ણ વેદ જાણનાર; બ્રહ્મને ઓળખનાર. ઉપનિષદ ગ્રાન્થમાં કહેલ છે કે અંગિરાના પુત્ર ઘોરાક્ષ ઋષિને ભગવાન વિષ્ણુસારે કહ્યું કે, તમે બ્રહ્મિષ્ઠ એટલે કે શ્રેષ્ઠ વેદવેત્તા છો. અહીં વેદવેત્તા શબ્દ વેદના સમસ્ત ગર્ભિત અર્થ સહિત લેવાનો છે, એટલે કે તે ઋષિશ્રેષ્ઠ વિદ્વાન છે, મતિમાન છે, કર્મઠ છે, વિવેકી છે, વિરાગી છે, મહા શક્તિ સંપન્ન છે, તીવ્ર વિચારશક્તિવાળો છે. બ્રહ્મિષ્ઠ શબ્દને પૂરો તારવતાં આ બધા અર્થો સમાયા હતા.

૩ વિ. બ્રહ્મમાં તદ્દન લીન.

બ્રહ્મિષ્ઠા [સં] સ્ત્રી. દુર્ગા.

બ્રહ્મી ૧. પું. બ્રહ્મદેશનો વતની. આ લોકો રંગે સાધારણ પીળા, મજબૂત બાંધાના, શરીર જાડા, ઊંચાઈમાં મધ્યમ, આંખ ઝીણી, ગાલ ફૂલેલા, જાડાં ચળકે વાળનાં અને મોઢા ઉપર બાળ બહુ જ ઓછા હોય છે. આ લોકો ખેતરમાં મહેનત કરે છે પણ દરિયો આવે તેવું અને મહેનતવાળું કામ તેઓથી બહુ નથી. હમાલી, મજૂરી જેવાં અંગમહેનતનાં કામ તેઓ કરતા નથી. બહુધી લોકોનાં મકાનો તેમના દેશમાં થતાં સાગનાં લાકડામાંથી અથવા વાંસમાંથી બનાવેલાં હોય છે. તે લોકો આવાં મકાનો વરસાદ શરૂ થતાં પડતો હોવાથી જમીનમાં વાંસના દાટી જમીનથી પાંચ છ ફૂટની ઊંચાઈ ઉપર બાંધે છે. આ મકાનોની નીચેની ખાલી જગ્યામાં ભેંસો પોતાનાં ઢોર બાંધે છે અને બીજો પોતાની હાથમાળ ગોઠવે છે અથવા નાની સરખી દુકાન માંડે છે. બહુધી લોકોનો મુખ્ય ખોરાક ચોખા છે. તેઓ બૌદ્ધધર્મી છે, જ્યાં ગમે તે પ્રાણીનું માંસ તેઓને ચાલે છે અને તેની સાથે ઘરાવટીમાંની તાજી માછલી, અથાણા તરીકે વાસના કુમળા અને તાજા પીલા, તેમ જ આખાના, આળસીના કે એવા જ કોઈ પણ ઝાડનાં કુમળાં પાંદડાં તેઓ ખાય છે. કુમળા પાદડાં તો તેમને એટલાં ભાવે છે કે, ભાનાં કુમળાં લીલાં પાંદડાં તેઓ હંમેશા ચાવતા રહે છે. તેઓ ઉકાળેલી ચા પણ પીએ છે, પણ ઘણે ભાગે તેમા દૂધ

હોતું નથી. દરેકના પેટમાં એક દિવસમાં ખોરાકમાં ખોડી એક કીટલી કેટલી આ તો જવાની જ તેમને સેવ બહુ જ ભાવે છે અને તેથી તેઓ સેર રોજ ખાય છે. તેમને સતત બીડી પીવાની ટેવ છે. બીડી વેત કેટલી બાળી હોય છે અને પુરુષોની માફક સ્ત્રીઓનાં મોંમાં પણ તે હોય છે. બહુ સ્ત્રીઓ તેમ જ પુરુષો રંગબેરંગી બજની ચાર ચાર વાર બનાવેલી લુગી વીંટાળે છે અને સફેદ અમીસ પહેરે છે. પુરુષો માથે રેશમી રૂમાલ બાંધે છે અને તેનો એક છેડો રિસાડાની માફક ઊંચો રાખે છે. સ્ત્રીઓ પોતાના બાબા વાળનો માથે વચ્ચેના ભાગમાં અંબોડો બાંધે છે. તેમાં સુંદર ફૂલો રાખે છે અને અંબોડા ફરતી વેણીઓ બાંધે છે. તમને બરેહ્યાનો પણ સારો એવો શોખ છે. તેઓ વનસ્પતિમાંથી સુગંધી ચૂર્ણ બનાવે છે અને શરીર તેમ જ મોં ઉપર તે ઘસાવે છે. બહારી સ્ત્રીઓ ઘરનું કામકાજ કરવા ઉપરાંત બજારમાં દુકાનો સાચવવાનું પણ કામ કરે છે. વિશ્રાંતિગૃહો પણ સ્ત્રીઓ ચલાવે છે. હિંદમાં જે વહેવારો પુરુષો કરે છે, તેમાના બધા વહેવારો બહાદેશમા સ્ત્રીઓ કરે છે. આ બધાં કામો કરવા ઉપરાંત સાંજે તેઓ નાહી ધોઈ સારાં કપડાં પહેરી કેવટ્ટાને ભજવે છે તેઓ બહુથી અને ભક્તિથી બુદ્ધ ભગવાનની મૂર્તિ આગળ મીણબત્તીઓ સળગાવે છે. બહારી લોકો બહારે આનંદી તેમ જ વિનોદી હોય છે. તેઓ શોખીન અને ઉત્સવપ્રિય પણ છે. દિવાળી જેવો તેમનો એક ઉત્સવ આસો માસમાં આવે છે. ત્યારે તેઓ કામળાનાં ફાનસોમાં દીવાઓ સળગાવી નદી કે સરોવરમાં તરતા મૂકે છે. વળી હોળી જેવો એક જલમહોત્સવ તેઓ ચૈત્ર માસમાં ઊજવે છે. આ જલમહોત્સવ એ મેઘરાજને આમંત્રણ આપવા માટેના હેતુથી યોજવામાં આવેલો છે. શહેરના રસ્તાઓ ઉપર આ વખતે લોકો નાચતા ગાતા ફરે છે અને પુષ્કળ પાણી એકબીજા ઉપર છાંટે છે. બહારી લોકો પોતે જાતે લાકડાનાં ઘરોમાં રહે છે, પણ તેઓએ લાખો રૂપિયા ખરચીને સુંદર અને કલાકારીગરીવાળાં બુદ્ધનાં મંદિરો બાંધ્યાં છે. તેમનાં મંદિરોને પેગોડા કહે છે. પટનગર રંગુનની પાસે આવેલી ટેકરી ઉપરનું શ્વે ડેમોન પેગોડા નામનું મંદિર ભવ્ય અને સુંદર છે. દરેક ગામની બહાર એકાદ મઠ તો હોય જ. આ મઠમાં બૌદ્ધ ધર્મના બધા ભિક્ષુઓ રહે છે; તેમને પુંગી કહે છે. બહારદેશમાં બારમે એટલી ઉમ્મર પુગી હતી. આ પુંગીઓ બહુ ભણતા નથી. તેઓ ગામનાં બાળકોને બહુ ભણતા | બાચતા શીખવે છે અને તેમના વડીલોને ધર્મનો | ઉપદેશ આપે છે. તેઓ ભિક્ષા માગીને નિર્વાહ ચલાવે છે, પીળી કફની પહેરે છે અને માદાચર્યા રેહે છે. બહારી જનતા ઉપર આ પુંગીઓની અસર બહુ છે. બહારદેશને પુંગીનો દેશ એમ પણ કહી શકાય.

૨ [સ અવ્યિત.] પુ વિષ્ણુ તત્ત્વજ્ઞ એવી સત્તાવાચક, બાની એટલે બહારવાળી એ નામવાળા અને જેને લોકો બહ્મ કહે છે એ નામવાળા પણ તે જ છે. તપ, વેદ મન, પ્રાણ વગેરે જે બહ્મ જ કહેવાય છે, તે બહ્મવાનમાં જ છે, તેથી તે બહારી કહેવાય છે

૩ [સ] સ્ત્રી અર્વાચીન બહારના બહેરી એ નામની એક લિપિ

૪. સ્ત્રી બહારદેશમાં બોલાતી ભાષા

ઍરોપ્લેન પેપર [અં.] પું હોટોગ્રાફમાં વપરાતો એક જાતનો કાગળ

ઍરોલ ન. એક જાતનું કાપડ.

ઍરોહૅડિસ [અં. ઍરોહૅડિસ] પું (વૈદક) કેફમાંથી નખોમાં ઉપર આવતો સોજો; સમણીનો રોગ

ઍરોમૅન્યુમૅનિઝમ [અં ઍરોમૅન્યુમોનિઝમ] પું. (વૈદક) સખત શરદી સહિત ઉધરસ સાથે આવતો તાવ.

ઍલ્ક [illegible] ન. તાંબુ કલઈ અને [illegible]

ઍલ્ડર્યા સ્ત્રી બ. વ. કકળણીઓ.

ઍલ્ડોસ્ટેરોન સ્ત્રી. કિનોમાંથ જાતના ન્યુરાસ્થિક સમૂહનાં રહસ્યી પ્રાણીઓ . એ નામની એક ઉપજાતિ. તેની બચાવ પચીસ ફૂટ હતી.

ઍલ્ફા [અ.] ન. રકમ, રાશિ; જોઉ.. તે રૈખ બગરનો પાયાદર્શક પ્રથમો પ્રાણી પ્રાર્થ છે. તેમા સંખ્યાબધ આડા, જેને કમ્પ કહે છે, તે તરે છે. એ કમ્પોને લીધે તે ખોરી નસોમાં રાતા રૈખનું વાય છે. તે હૃદયમાંથી આખાને ખોરી નસો અને રક્તવાહિનીઓમાં ધર્મ અંગના જુદા જુદા ભાગોમા જાય છે અને પાછી શિરાઓ દ્વારા તે પાછું હૃદયમાં આવે છે.

ઍલ્ફા કૉર્પસ્કલ્સ [લે. ઍલ્ફા કૉર્પસ્કલ્સ] પું લોહીનો કણ. લોહીના અંદર ગોળ આકારના કણો આશરે ૦.૦૦૭૬૪૧ ઈંચ જેટલા વ્યાસના હોય છે. લોહીની એક બનરેખામાં તે આશરે ૫૦ અબજથી પણ વધારે હોય છે

ઍલ્ફ ટ્રાન્સ્ફેરૂઝન [અં ઍલ્ફ ટ્રૅન્સ્ફયૂઝન] ન. એક જીવતા પ્રાણીનું લોહી બીજા જીવતા પ્રાણીમાં આપવું તે. સને ૧૬૫૪માં ફ્રાન્સ્વા-સમાં સૌથી પહેલાં આ જાતનો અખતરો કરવામાં આવ્યો. અત્યારે એનાફીલેક્ટિક સંવેદનશીલતા, આપું ન્યુમોનાઈ તથા રક્તવાહિનીના તૂટી જવાના કેસોમા આ રીત બહુ જ વપરાય છે. મનુષ્યના લોહીને ચાર વર્ગોમા વહેંચી નાખવામાં આવ્યું છે. પ્રત્યેક વર્ગનું લોહી તે જ વર્ગના લોહી સાથે ભળી શકે છે.

બ્લડપ્રેશર [અં.] ન. (વૈદક) લોહીનું દબાણ; રક્તભાર. લોહીનું દબાણ એ ઘણા જમાનાનો જાણ્યો સામાન્ય રોગ મનાયો છે. ઉંમરની સાથે રક્તભાર વધે છે. જુવાનીની શરૂઆતમાં એટલે કે વીસથી ત્રીસ વર્ષની ઉંમરે રક્તભાર ૧૨૦ થી ૧૩૦ મિલિમિટર હોય છે. ચાળીસથી પચાસ વર્ષ વચ્ચેની ઉંમરે ૧૩૫ થી ૧૪૫ સુધી હોય છે. પચાસ વર્ષ પછી ૧૪૫ થી ૧૫૫ સામાન્ય હોય છે. કોઈ પણ ઉંમરે ૧૭૦થી વધારે રક્તભાર ખરાબ મનાય છે. આ રોગમાં માથું ભારે રહે, માથામાં અને ખાસ કરીને માથાના પાછલા ભાગમાં દુખાવો થાય, માથામાં તથા કાનમાં ઝણઝણાટી થાય, આંખ સામે ઝિનઝરી દેખાય, ચક્કર આવે, નિદ્રા ન આવે, હૃદય ધડકે અને મિજાજ બગડે. ગુરદાના રોગથી, યકૃત બગડવાથી, હૃદયરોગ કે રક્તવાહિનીઓના રોગ, ઉપદંશ, દિવર, કોપ, પેટમાં મેલ ભરાઈ રહેવાથી વગેરે કારણથી રક્તભાર વધી જાય છે. આ રોગવાળાએ બહુ પાણી કે દૂધ પીવાં નહિ. આ રોગમાં મીઠાથી નુકસાન પહોંચે છે, માટે ઓછો વખત મીઠાનો ત્યાગ કરવો. ચિંતા, ફિકર અને શોકનો સર્વથા ત્યાગ કરવો. હમેશા આનંદમાં રહેવું. કદી ક્રોધ કરવો નહિ. આનંદમય અને શાંતિમય જીવન રક્તભાર માટે અમૃત સમાન છે. ઉપવાસ પણ આ રોગમાં બહુ હિતપ્રદ મનાયેલ છે. યકૃત સાફ રહે અને પાતળો ઝાડો આવે તેવી દવા લેવી ખલિનના એક વિખ્યાત ડૉક્ટર બેહદ આ રોગના અનેક દરદીઓની સારવાર પછી એવું અભિપ્રાયપણે માને છે કે, સંગીતથી બ્લડપ્રેશરના દરદને ઘટાડવી શકાય છે. ઉપરે તેને અંકુશમાં તો જરૂર લાવી શકાય છે.

બ્લડરબાસ ન. એ નામનું, વિસ્તોઝના જેવું એક હથિયાર.

બ્લડહાઉંડ [અં.] પું. તીવ્ર ગંધ શક્તિવાળો એક જાતનો મોટો કૂતરો. ભાગી ગયેલ ચોર, મુલામ વગેરેનો પત્તો મેળવવામાં તેનો ઉપયોગ થતો.

બ્લડર સ્ત્રી. પહેલ તથા બીજી જાતના પ્રાણીઓની ચરબી. શરીરમાં ચરબીનો સંચાર કરવા માટે ચાંમડી અને સ્નાયુઓની વચમાં, મોટા ચરોમાં તે પથરાયેલી હોય છે.

બ્લાઉઝ [અં] ન. એક જાતનું પોલકું; ખિસ્સાની ફેશનનો ક્રમભો.

બ્લાસ્ફેમી [અં. બ્લંસફેમિ] સ્ત્રી. ઈશ્વરની નિંદા કરવી તે; ઈશ્વર અથવા ધર્મનું શબ્દથી અથવા લખીને અપમાન કરવું તે અંગ્રેજી કાયદા પ્રમાણે તે ગુનો મનાય છે, કારણ કે તેથી શાંતિનો ભંગ થવા સંભવ છે. સને ૧૯૨૯માં આ કાયદામાં ફેરફાર કરવા ઉહાપોહ થયેલો, પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહિ.

બ્લિસ્ટર [અં.] પું. ફોલ્લો; ગરમી; ઉપરથયા ઊપસીને અંદર પાણી ભરાય તે.

બ્લિસ્ટર ફ્રુટ્સ [અં.] પું. એક જાતનું પાંખોવાળું જીવડું. તેના શરીરમાંથી નીકળતો ઝેરી પદાર્થ આપણા શરીરને અડવાથી ફોલ્લા થાય છે.

બ્લીચિંગ [અં.] ન. કોરાં સૂતરાં રાસાયણિક વસ્તુથી નિખારવાની કિંમત.

બ્લીચિંગ પાઉડર [અં.] પું. રૂને કાઢવાના ગુજરાતી એક જાતનો ભૂકો; ક્લોરિન તથા રૂને કાઢવાની દવા; એક પ્રકારની ચૂનાની રાસાયણિક ભેગવણી તે નિખારવા તથા ઝેરી અને દુર્ગંધ દવા સાફ કરવાના કામમાં આવે છે

બ્લીચિંગ સોલ્યુશન [અં.] ન. કોટોગ્રાફીમાં વપરાતું સોલ્યુશન. જેનાથી પ્લેટ સાફ કરીને બની જાય છે

બ્લીઝપક્ષ [અં.] ન. એ નામનું એક જાતનું પક્ષી. તે દરિયાના કાંઠા ઉપર રહે છે. આ પક્ષીની આંખ તીક્ષ્ણ હોવાથી તે પાણીની અંદર ૩૦ ફૂટ સુધી જોઈ શકે છે. આ પક્ષીનો ઉપયોગ સબમરિનને શોધી કાઢવામાં થાય છે

બ્લીરીઆઇ કપ [અં.] પું. સર્વપ્રથમ વાયુમાનની હરીફાઈમાં સૌથી પહેલા આવનારને આપવામાં આવેલ વિજય પ્યાલો. સને ૧૯૩૩મા આ કપ ઇટાલીના કેપ્ટન પેટ્રોસ્ટીનેસીએ એક કલાકમાં ૩૭૮ માઈલની ઝડપે ઊડી જીતી લીધો હતો.

બ્લૂ ફે. [અં.] પું. એ નામનો એક રંગ; આસમાની રંગ.

૨. પું. યુનિવર્સિટિ તરફથી રમતમાં ભાગ લેનારને બાતુ પહેરવા મળે.

બ્લૂ નસ્ય સ્ત્રી. શિરા; ધોરી નસ; 'વેઈન'.

બ્લૂપીટર [અં.] સ્ત્રી. એ નામની એક નિશાની. તે સ્ટીમર ઊપડવાની છે એમ જણાવવા ખલાસી તરફથી વપરાય છે.

બ્લૂ કોસ [અં. બ્લૂ ક્રોસ] પું. જખમી થયેલા અથવા ઘોડા ઘોડાઓની મદદ કરવા માટેના મંડળનો ચાંદ.

બ્લૂબર્ડ [અં.] સ્ત્રી. રાક્ષેટ ઝોરી.

બ્લૂબુક ફે. [અં.] સ્ત્રી. બિટિશ માલ લેવાના હુકમથી છપાઈ બહાર પડેલ દસ્તાવેજ.

૨. સ્ત્રી. મુંબઈ યુનિવર્સિટિની નિયમાવલિની પુસ્તિકા.

બ્લૂબ્રેક [અં. બ્લૂબ્રેક] વિ. આસમાની અને કાળા રંગના મિશ્રણવાળું.

બ્લૂમોન્ટેગ્સુ [અં.] સ્ત્રી. લોઢાનો ભૂકો, નવસાર, ચરબી અને મધનું મિશ્રણ; લોઢાના કામ જોડવાનાં અથવા પોલ ભરી દેવા માટે વપરાતી એક જાતની સિમેન્ટ કામની

બ્લૂરેટોર્નિસ [અં. બ્લૂરેટોર્નિસ] પું. સાહસ માટે વિલાયતમાં મનાતમાં વપરાતો શબ્દ.

બ્લેક આઉટ [અં. બ્લૅક આઉટ] પું. અંધારપછેડો.

બ્લેક ઇટાલિયન [અં બ્લેક ઇટેલિયન] ન. એક જાતનું કાપડ; ઘાળો પરમેટો. તે અસ્તર માટે વપરાય છે.

બ્લેક ડેથ [અં. બ્લેક ડેથ] ન. ગાઠિયો તાવ; 'બ્યુબોનિક પ્લેગ'. ચૌદમા સૈકામાં આ રોગ ફાટી નીકળ્યો. બગલની નીચે ગોઠી પડી આવવાથી બાહુસરો મહેરો ઘાળો પડી જતો, એ ઉપરથી તેને આવું નામ અપાયું. આ રોગ જીવલેણ મનાય છે. સને ૧૩૪૮માં વરપમાં દેખા દઈ તે ઇંગ્લંડમાં આવ્યો ને પાંચ લાખ માણસોનો ભોગ લીધો.

બ્લેક પ્રિન્સ ૧. [અં. બ્લેક પ્રિન્સ] પું. એ નામે એક જાતનો ઝોડ. તે રંગમેરંગી પાંદડાંવાળો હોવાથી સુંદર અને શોભાદાયક ગણે છે.

૨. પું. એક જાતનો મુલ્યવાન ઝોડ. તેના ઘેરા લાલ રંગનું કૂલ બહું જ આકર્ષક હોય છે.

બ્લેકબરી [અં. બ્લેકબરી] ન. એ નામનું એક જાતનું ફળ. તેના વેલામાં બહુ જ કાંટા હોય છે. તેનાં પાન કરચરિયાવાળાં જમરોળ, ફળ કાચાપાકાવાળું અને પાકે ત્યારે કાળું, ખોર જેવું થાય છે. તેને ફૂલ ધોળાં આવે છે.

બ્લેક ડ્યુક [અં. બ્લેક ડુક] સ્ત્રી. ગુના સંબંધી હકીકત જાણવાની ઓપદી.

બ્લેકબેરી [અં. બ્લેકબરી] જુઓ બ્લેકબરી.

બ્લેક બોઢર ફીવર [અં. બ્લેક બૉદર ફીવર] પું. મલેરિયા; ભેજવાળા દેશમાં થતો રોગ. તે વેસ્ટ ઇન્ડિટોરિયલ આફ્રિકા, મોરોક્કોકર તથા ભૂમધ્ય સમુદ્રના અમુક ભાગોમાં થાય છે. સખત દુખાવો, પીળી ચામડી, ઘેરો લાલ અથવા કાળા રંગનો પેશાબ વગેરે આ રોગની નિશાની છે

બ્લેકગાર્ડ [અં.] પું. બદમાસ; લફંગો.

બ્લેઝર [સં.] ન. આસમાની રંગનું બનાતને મળતું ગરમ કાપડ.

બ્લેટીડી [અં.] ન. વંદાના વર્ગનું પ્રાણી.

ઓલેંદર [અં. ઓલ્ડર] પું. મૂત્રાશય; અસ્તિ: પેશાબનો કુંડો.

ઓલ્બર્સ [અં.] જી. ખગોળવિદ્યા મહત્વના સમારંભો રચિત્રમાં અગત્ય ધિરાવતા બે નામનાં આનુ. ઉત્તર ગ્રુવના દક્ષિણ માર્ગક્રાંતિ રચિત્રમાં અગત્ય ધિરાવતું બે મહાન તારાઓનું એક મંડળ હતું અને એમનાં તે એક હતાં કાઉન્ટેસ ઓલેંબેટરની ઉમરાવજાદી હતા, તેજસ્વી હતા, અગમ્યવાદી હતાં એમની મનીષા જાગી હતી, એમને અંતરિક્ષને નીરખવા હતાં, એમને આસમાના પડદા પાછળ જોવાં હતાં. કાઉન્ટેસ ઓલેંબેટરીએ સારા પૃથ્વી પત્રમારે નજર નાખી જોઈ તો એક દીઠો હિમાલયને આકાશગંગાનું ધ્યાન કરતો. એમણે સાંભળ્યું હતું કે, કાળના અવધૂતો ત્યાં વસે છે, જગતના મહાજોગંદરોના ત્યાં આશ્રમો છે અમેરિકને પણ આગણે ત્યારે અજ્ઞાનમાંડ જન્મ્યો હતો અને કાઉન્ટેસ ઓલેંબેટરોના અગમ્ય સમાધી હતા એક અમેરિકામાં કર્નલ ઓલકોટ કર્નલ ઓલકોટને બે ગે દીકરાનાં દર્શન કરવાં હતાં, જે મહર્ષિઓની આર્ય દૃષ્ટિએ દીઠાં છે. બુદ્ધે, મહાવીરે, ઈસુ ખ્રિસ્તે, ઝરથે, રામાનુજે, વલ્લભાચાર્યે, નાનકે, કબીરે, ચૈતન્યે, મીરાંએ જોયા હતા, તે કાઉન્ટેસ ઓલેંબેટરોને ને કર્નલ ઓલકોટને જોવાં ભાગ્યા હતાં. અગોચર, ઇંદ્રિયાતીતનાં દર્શન કરવાને એ પરભવાસી તે અમેરિકાવાસી પછી એશિઆવાસી થયાં, ભારતવાસી થયાં. કાઉન્ટેસ ઓલેંબેટરી તે પછી ઉમરાવ પદના બાપા ઊતાર્યા તે મેડમ ઓલેંબેટરનો થયાં; અગમ્યવાદનું સન્યસ્ત અંગીકાર્યું તે ભારતમંદિર ધર્મસમાજ સ્થાપ્યો. એ ધર્મસમાજ તે થિયોસોફિકલ સોસાયટિ એટલે બ્રહ્મવિદ્યામંડળ. કુલકાળેથી પૃથ્વા ખરે એમ પછી થિયોસોફિ ગોળ પૃથ્વીના ડેરાદેરી જર્મને પડી.

ઓલેંક કાર્ડ ડિસ્ક્રિટ [અં. ઓલ્ક કાર્ડ ડિસ્ક્રિટ] જી. બાતમી પૂંઠાળાણી મૂલ્યપત્રિકા.

ઓલેંક વર્સ [અં ઓલ્ક વર્સ] પું. સર્જાય અંગેજ પદારચના: પ્રાસ વગરની કવિતા. કેટલાક સાક્ષરો આ રચનાને બહાકાવ્યોચિત માને છે

ઓલેંકો [અં.] પું. ગોરા ઉપર પાલીસ તરીકે સમાવવામાં આવતો ચારુ જેવો સફેદ પદાર્થ

ઓલોંક ૧ [અ ઓલોંક] પું. ગાલ જેવા એક મોટા મકાનમા, એક કુટુંબ સ્વતંત્ર રીતે રહી શકે એવી અલગ નાની સગવડવાળો તેનો ભાગ: મોટા મકાનનો સ્વતંત્ર ઘર થાય એવો નાનો ભાગ.

૨. પું. ચિત્ર કે ભળી ગયેલાનું તૈયાર કરેલું બીબું.

૩. પું. તાવા, પિત્તળ કે લોઢા ઉપર કોતરીને કરેલી અથવા ઉતારેલી છાપ.

૪. પું. વિશ્રામ.

૫. પુ. શિલા; ચાદર; ચાદર

ઓલોકરવું જ ક્રિ. કૂવાનું પાણી કાઢીને પાણીને ઝાંટવું કે ઉલાડવું

ઓલોકેડ [અં. ઓલોંકેડ] પું બેગે ચાલવું તે.

ઓલેંદર [અં. ઓલોંદર] પું સાથી ચુસણિયો કામણ.

ઓલોદિંગ ૧. [અં. ઓલોંદિંગ] પું સાથી ચૂસનાર કામણ.

૨ વિ. સાથી ચૂસનાર.

ઓલોદિંગ પેપર [અં. ઓલોંદિંગ પેપર] પું. સાથીચૂસ કામણ

ઓલોમેરીદ [અં.] જી. એ નામની એક વનસ્પતિ. બ્રહ્મદેશમાં તેને સુદર્શનવેલના નામથી ઓળખવામા આવી છે. ભારત અને અન્ય દેશમાં અક્ષયમેરના નામથી તેને ખેતી દ્વારા ઉછેરવામાં આવે છે. આ વનસ્પતિને આખરે ઓછી ગરમીનો નાશ કરનાર ઔષધિનું માન આપ્યું છે. હસ્તલિખિત પુસ્તકોમાં આ વનસ્પતિનો ઉલ્લેખ કરતાં તેને નપુંસકતા દૂર કરનારી ઔષધિ તરીકે માન્ય કરવામાં આવી છે. આ વનસ્પતિ તાજ, જબાંદર, મૂત્રાશયનાં દરદો આંખનાં દરદો, ઓછાં બગાસાં અને ઓછી ગરમીનો નાશ કરનાર મનાય છે. તે શક્તિ પણ વધારે છે. ઇટલિમાં અક્ષયમેર કનાંડી ધન્વિઅના નામથી પરિચય પામે છે. કોડીનો નાશ કરવા માટે ત્યાં તેનો ઉપયોગ થાય છે. માડાગાસકરના લોકો તેને અંજરસોડાના નામથી ઓળખે છે તાવ ઉતારવા માટે તેનો ઉપયોગ અજીનો છે ફિલિપાઇન્સમાં જબાંદરનો નાશ કરવા માટે અક્ષયમેરનો ઔષધીય ઉપયોગ થાય છે. કરેનના લોકો તેને ઝનાકોગના નામથી ઓળખે છે અને લાંબાં બાળજનો આંખનાં દરદો દૂર કરવા માટે તેનો ઉપયોગ કરે છે. મૂળનું ચૂર્ણ બે થી ચાર દિવસમાં ચપ્પુ વખત પાણી સાથે લેવાથી તાવ ઊતરે છે. મૂળ તોલો અર્ધો અને પાન તોલો અર્ધો, દસ તોલા પાણીમાં સાથે ઉકાળી, પાંચ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી, ગાળી, તેના બે આસ કરી, સવાર સાંજ લેવાથી બાળા સમયે બહુદર ઘટે છે. મૂળ તોલા બે, દસ તોલા પાણીમાં ઉકાળી, પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે ગાળી, તેના બે આસ કરી, દરેક આસમાં અર્ધો તોલો બ્રહ્મનું પાણી ઉમેરી સવાર સાંજ લેવાથી મૂત્રાશયનાં દરદો દૂર થાય છે. પાન તોલા બે, દસ તોલા પાણીમાં ઉકાળી, પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી, તેના બે આસ કરી સવાર સાંજ લેવાથી કોઢનો નાશ થાય છે. પાનનો તાજો રસ તોલા બે, સવાર સાંજ લેવાથી બાળા સમયે નપુંસકતા દૂર થાય છે. મૂળ અને પાનનું ચૂર્ણ એક અઠવાડિયા દિવસમાં ચપ્પુ વખત મધ સાથે લેવાથી અને પાનના રસનાં ચપ્પુ ચપ્પુ ટીપાં રાત્રે સૂતી વખતે આંખમાં નાખવાથી આંખનાં દરદો દૂર થાય છે. મૂળનું ચૂર્ણ રતી આર, દિવસમાં ચપ્પુ વખત મધ સાથે લેવાથી ખોટાં બગાસાં આવતાં અટકે છે. મૂળ તોલો એક અને પાન તોલો અર્ધો, બાર તોલા પાણીમાં ઉકાળી, દસ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી, તેના ચપ્પુ આસ કરી. દરેક આસમાં અર્ધો તોલો મધ મેળવી લેવાથી ખોટી ગરમી દૂર થાય છે. મૂળ અને પાનનું ચૂર્ણ એક અઠવાડિયા દિવસમાં બે વખત સવાર સાંજ ગર્ભ, ઉપર દૂધ પીવાથી ગર્ભિત વધે છે.

ઓહાડ ૧. પું. ઓવરાવનારી વસ્તુ.

૨. વિ. ઓડ: ઓલી ખિલડાવનાર.

ઓહાર ૧. પું. ઓહો.

ઈ બચ્ચાર ઈ તીર ઈ બંદૂકની ઓહાર ઈ,
મયા હાથનાં ઢીલ, કાંડાં હાથ્યાં કામદે.
ઝિલ્લારી

૨. જી. દૈન્ય; અન્ન; ભોજ; આનંદ.

ઓહારવું જ ક્રિ. કમરો વાળવો: ઓહ કરવું.

ઓહાવરું ૧. વિ. ઉતાવળું.

૨ ક્રિ વિ ઉતાવળું: ઘેલું.

ઓહાવો પું સુકાનનો એક ભાગ; વહાણના સુકાનનો હાથો.

ઓહાં [સં. બાહુ] જી હાથ.

ઓહેન [સ અગ્રિની-બહિણી-ઓહેન] જી બહેન.

ઓહેનડ (ઓહેનડ) જી. બહેન

તેને ઓહેનડ બારે ચિત્ર બને, હસે હિસે દેવતા,
રીવાણ પણ હોય ઉજ્જડ, ને પોકાર કીડા કરા.
ગીતગોવિંદ

ઓહેનડી (ઓહેનડી) જી. બહેન.

ઓહારા જી. અતિ આમદ.

ઓહોણ જી. ભત: પુષ્કળતા.

ઓહોળું વિ. બહુ. પુષ્કળ.

બા શેર મૂકી રસની બરી પાન કેવા,
ઓહોળો ચહે રસ અહો! બલાકી બાનું.
બાપો

ભ

ભ

ભ ૧ [સં] પું. ઓષ્ઠ્યની ચોથો વ્યંજન; ગુજરાતી મૂળાક્ષર માલેનો પાંત્રીસમો અને વ્યંજન મ લેનો ચોવીસમો ઓષ્ઠ્યની વર્ગ; ૫ વર્ગનો ચોથો વ્યંજન. તેનું ઉચ્ચારસ્થાન હોઠ છે. તે ઘોષ વ્યંજન છે અને મહાપ્રાણ છે. આ વર્ણ અચૂક મનાય છે. કવિતાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊંઘવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય, તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે ભ ભમાવે છે

૨. પું. મજન; આકાશ

૩. પું. (જ્યોતિષ) મક.

૪. પું. (જ્યોતિષ) તારો.

૫. પું. તેજ; કાંતિ.

૬. પું. (જ્યોતિષ) નક્ષત્ર.

નક્ષત્ર (ન.), ઋક્ષ (ન.), ભ (ન.) તારા (સ્ત્રી.) તારકા (સ્ત્રી), ઉડુ (સ્ત્રી. અને ન.) એ ૭ નામ નક્ષત્રના છે. અમરકોષ

૭. પું. પર્વત; પહાડ.

૮. પું. (પિંગળ) અગણ; આઠ માલેનો એક ગણ, તેમાં એક ગુરુ અને બે લઘુ આવે છે. જેમકે, ભાકર.

૯. પું. ભમર; ભમરો.

૧૦. પું. અગ્નિ; ખોટો અભાવ.

૧૧. પું (જ્યોતિષ) રાશિ.

૧૨. પું. શુક્રાચાર્ય.

૧૩. પું સત્તાવીસની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.

ભઇડો (ભઇડો) પું. મહાદેવનો પૂજારી; તપોધન.

ભઇણી [સં. ભગિની] સ્ત્રી. બહેન.

ભઇય [પ્રા.] પું. સેવક; નોકર.

ભઇયા ૧. [સં. ભ્રાતૃ] પું. ભાઈ

૨. પું મિત્ર; દોસ્ત.

૩. પું. સમાન વયના મનુષ્યને સંબોધવા માટે વપરાતો એક આદરસૂચક શબ્દ.

ભઇયો પુ. પૈસો; પરદેશી; ઉત્તર દિશનો રહેવાસી

ભઇલો પું. ભાઈ.

ભઈ પું. ભાઈ; બંધુ.

ભઈટ અ. ઠપકો કે ધિક્કારવા માટે વપરાતો શબ્દ.

ભઈપંસી [હિં] સ્ત્રી. ગામડાની જમીનનો ભાગભાગ

ભઈર ૧. [પ્રા.] પું. આજીવિકા; વૃત્તિ.

૨. પું. પ્રકાર.

ભઈસું પું. ભાઈ

ભવતિ ભઈસું આહ્વયિષ્યે. કાદંબરીપ્રબંધ

ભઈડું સ્ત્રી. નાના ભાઈની પત્ની.

ભઈ ૧. સ્ત્રી. એકની સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.

૨. સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિનો પાયો.

૩ સ્ત્રી. જમીન; ધરતી.

૪. સ્ત્રી. દેશ.

ભઈંસ વિ. કાળું; શ્યામ.

ભઈંસી સ્ત્રી. ભેંસ.

ભઉડું (ભઉડં) ૧. ન. આબુ પર્વતમાં રહેતા અનાર્ય જંગલી લોક.

૨. ન. ભાઉડું; ભીંડું; કુંજરાત પ્રદેશમાં રહેતી એક જાતની જંગલી પ્રજા; પહાડી પ્રજા.

ભઉડો (ભઉડો) ૧. સ્ત્રી. ચકલી એક જાત; ભીત જેવી કુંજરમાં રહેનારી એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભક ૧. સ્ત્રી. બારીક તમાકુ; જરદ.

૨. સ્ત્રી. ભડકો; આગ.

ભકક્ષા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નક્ષત્રને ફરવાનો માર્ગ; નક્ષત્રકક્ષા.

ભકચડો (ભક્ચડો) પું. ઝાડોજાડો લીલો; ભયંકરકડો.

ભકભક ૧. વિ. જ્યોતથી ભણતું.

૨. ક્રિ. આઉંબાઉં.

૩. ક્રિ. જોરથી.

૪ ન અપઠાભપ; એકદમ; જલદી; ચપચપ.

૫. ન ભભભમ; પાણી અને પવનથી થતો જોરો અવાજ.

૬. ક્રિ. ભભકતું હોય એમ.

૭. ક્રિ. હવામાં ભડક્ક બીકળવાથી થતો જોરો અવાજ.

ભકલાવ ૧. પું. ઉતાવળિયો; દમો.

૨. પું. યુક્તિ.

ભકવા ૧. પું. ભડવો; કાયર પુરુષ.

૨. વિ. મૂર્ખ માણસ.

ભકવું અ. ક્રિ. ભડકાડ બોલવું; ગમે તેમ બોલવું; ફાવતું; બકવું.

ભકસવું સ ક્રિ. ખાવા ઉપર તરાપ મારવી.

ભકસા ૧. [હિં.] વિ. ઠોઠલું; વાસી; દુર્ગંધવાળું.

૨. વિ. બંધબેસ કરે એવું.

ભકસી સ્ત્રી. કેદખાનું.

ભકા સ્ત્રી. એક જાતની ચપટી બાજરી. ગુજરાત પાસેના હરિયાણામાં તિલાળામાં તે બહુ પાકે છે.

ભકામભાક્ષ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને નીકોત્પલ કે શુભ્રવિલાસ છંદ પણ કહે છે. તે વર્ણદંડક કહેવાય છે તેમાં નવ અગણ અને બે ગુરુ મળી ૨૮ વર્ણ હોય છે.

ભકાર ૧. [સં.] પું. ભ અક્ષર.

૨. પું ભ એવો ઉચ્ચાર; ભ એવું ઉચ્ચારણ, ભબ્બો; ભસ્વરૂપ વર્ણ.

ભકારવું સ. ક્રિ. ભમેરવું; ખોટું સમજાવવું; આડે રસ્તે દોરવું.

ભકારાંત વિ. જેને છેડે ભકાર હોય એવું, છેડે ભવાળું.

ભકાસ સ્ત્રી. એક જાતની મ.છલી

ભક્તી સ્ત્રી. દાણાનાં ફૂલને મસળી પવનમાં ચાવણવામાં આવે ત્યારે ઊડતી નારીક રજ; અનાજનાં ફોતરાંની ઝીણી રજ.

ભકુઆ વિ. અકલબુદ્ધિનું; મૂર્ખ; મૂઢ.

ભકું ન. અનાજનાં કણસલાંમાંથી દાણા છૂટા પાડ્યા પછી કણસલાંનો થતો નારીક ભૂકો.

ભકૂટ [સ.] ન. (જ્યોતિષ) વિવાહમાં કન્યાના ગુણઅગુણને સૂચવનાર રાશિસમૂહ.

ભકેડ સ્ત્રી. ઝીણી ભૂકી.

ભકોડું ન. કડોળનું ફોતરું.

ભકોડિયા (ભકોડિયા) ૧ સ્ત્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

ભકોલું ન. મોટું દાણું

ભક્ષમ [સ ખૂટક્ષમ] વિ. દૂર; મજબૂત.

ભક્ષાભોક્ષુ વિ. ભોઠામોઠ જેવું હોય તેવું ઝટ ગ્રહણ કરી લેનારું; તક ને દુઃખ કહી દેનારું; બહેનમાં સાથોસાથ ભાંજનારું; નફાનુકસાનની પરવા કર્યા વગર કહી દેનારું; આબાભોક્ષુ.

ભક્ષિકા [સ.] સ્ત્રી. એક જાતનો કીડો.

ભક્ષ્ય [સા.] વિ. ભક્ષણ કરવા જેવું.

ભક્ષ્યડ (ભક્ષ્યડ) ૧. વિ. નીડર.

૨. વિ. વિવેક રહિત.

૩ વિ. ધૃષ્ટ અને ઘાટ.

ભક્ષ્યણ [પ્રા] ન. ખાવું તે, ભક્ષણ

ભક્ષ્યર [પ્રા] પુ. સૂર્ય; ભાસ્કર.

ભક્ત ૧. [સં ભજ્ (ભજ્યતે)] પું. ભક્તિ કરનારો માણસ; પૂજારી; ઉપાસક. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભક્તનાં લક્ષણ સંબંધી ભગવાન કહે છે કે જે સર્વે જીવોનો દ્વેષ નહિ કરનાર, સર્વ તરફ મિત્રભાવે વર્તનાર, દયાળુ, મમતા વિનાનો, અહંકાર રહિત, સુખદુઃખને સમાન માનનાર, ક્ષમાવાળો, સદા સંતોષી, યોગનિષ્ઠ, મનને વશ રાખનાર, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલાં મન બુદ્ધિવાળો હોય છે, તે મારો ભક્ત મને પ્રિય છે. જેનાથી લોક ગભરાતા નથી અને જે લોકથી ગભરાતો નથી તથા જે હર્ષ, ક્રોધ, ભય અને ગભરાટ કે ફફડાટ વગરનો છે, તે ભક્ત મને પ્રિય છે. જે સ્પૃહા વિનાનો, પવિત્ર, ચતુર, પક્ષપાત રહિત, ભય વિનાનો અને સર્વે આરંભોને ત્યજનારો છે તે ભક્ત મને પ્રિય છે. જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઇચ્છા કરતો નથી અને શુભ અશુભ તજનાર તથા ભક્તિવાળો હોય તે મને પ્રિય છે. વળી જે શત્રુ કે મિત્ર ઉપર, માન કે અપમાનમાં, ટાઢ, તાપ, સુખ કે દુઃખમાં સમાન આસ્થાવાળો અને સંગ રહિત હોય, નિંદા અને સ્તુતિને સમાન માને, મૌનધારી હોય, જે કોઈ આવી મળે તેથી સંતોષી રહે, ઘરબાર વિનાનો અને સ્થિર બુદ્ધિવાળો હોય તે ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે. જેઓ અહોરાત્ર અને માસ પરાયણ થઈ આ ધર્મરૂપ અમૃતને જેમ કહ્યું છે તેમ બરાબર સેવે છે તે ભક્તો મને અત્યંત પ્રિય છે. વળી ભક્તોના પ્રકાર વિષે ભગવાન આગળ કહે છે કે: ભક્તો ચાર પ્રકારના છે: (૧) આર્ત, (૨) જિજ્ઞાસુ, (૩) અર્થાર્થી અને (૪) જ્ઞાની. જે રોગ અથવા બીજાં શરીરદુઃખથી પીડાતો હોય અને તે દૂર કરવા પ્રભુને વધુ કરગરભાવથી યાદ કરતો હોય તે આર્ત ભક્ત કહેવાય છે જેમકે, દ્રૌપદી, ગજરાજ, સુપર્ણા, જે રાત્રિદિવસ પ્રભુને સ્મરવા મંડ્યો રહે છે, તે જિજ્ઞાસુ ભક્ત કહેવાય છે. જેમકે, સાધન કરનારા ઋષિમુનિઓ, પરીક્ષિત રાજા. જે શરીરસુખ, જ્ઞાનસુખ, પુત્રસુખ, રાજ્યસુખ, સ્વર્ગસુખ અને બીજા સાંસારિક પદાર્થોની પ્રાપ્તિને માટે પ્રભુને યાદ કરે છે, તે અર્થાર્થી ભક્ત કહેવાય છે જેમકે, ધ્રુવ, વિભીષણ, સુગ્રીવ. જે શરીરનાં સુખદુઃખાદિ સદન કરી લેઈ ભોગ્ય પદાર્થની ઇચ્છા વિના અને બીજી કોઈ વસ્તુને ઝંખવાની ઇચ્છા વિના પ્રભુનું ભજન કરવું એ મારી ફરજ છે એમ સમજી રાત્રિદિવસ પ્રભુભજનમાં લીન રહે છે, તે જ્ઞાની ભક્ત કહેવાય છે. જેમકે, સનત્કુમાર, નારદ. નારદપ્રણીત ભક્તિસૂત્રોમાં ભક્તનું વર્ણન કરતા કહ્યું છે કે અનન્ય ભક્તોને પ્રાપ્ત કરીને પુરુષ નિષ્કર્મા, અમૃત, નિસ્તૃષ્ણ, નિરીહ, નિર્વૈર, વિશોક, વીતરાગ, પ્રશાંત, સ્તબ્ધ અને અત્મક્રીડ બને છે ભક્ત તો ભગવાનને આરાધવા પ્રવૃત્ત થાય છે, ભગવાનનો અપરાધ કરવા નહિ. વળી કંઈ પણ માગવું એ અપરાધનું મૂળ છે. ભક્તને તો પોતાનું કહેવાય એવું કશું જ નથી! જે કાંઈ છે તે બધું ભગવાનનું જ છે. કર્મમાત્રનો ભગવાનમાં સન્યાસ કરનાર ભક્તની અનોખી પણ અજબ જેવી છે: તેને પરમાત્મામાં અપાર વિશ્વાસ હોય છે અને તેથી જ પોતાના કરેલાં તમામ સત્કર્મોનું ફળ સહિત તે પ્રેમપાત્રને સમર્પી નિશ્ચિત, નિરુદ્વેગ અને હળવા ભાર વગરનો થઈ તે વાત્સલ્યથી પોતાના કર્તવ્ય કર્મમાં બેફામપણે વર્તતો રહે છે. જ્યાંસુધી ભક્ત ભગવાન સાથે આત્મીયતા નથી અનુભવતો, ત્યાંસુધી એ પ્રવિધાન અથવા સર્વકર્મસન્યાસ કરવાને શક્તિમાન થતો જ નથી. ભક્ત ભગવાનને પોતાના આત્મા તરીકે અનુભવે છે. ભક્ત ભગવાનને છોડી બીજે ક્યાંય આશ્રય શોધતો નથી ભગવાનના હાથમાં પરતંત્ર ભક્ત નિશ્ચિત થાય છે. અનન્ય ભક્તનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે કે: જે સંસ્કારી, મહાનુભાવસેવી, નિર્મળ, એકાંતપ્રિય, લોકબંધનને ઉદાસીન, નિર્બંધ, નોંધરહેમનું ચિંતા વગરનો, કર્મફલનો ત્યાગી, કર્મસંન્યાસી, નિર્દંડ, શબ્દબ્રહ્મને પાર પામેલો અને અખંડ પ્રેમી હોય છે, તે આપણે તરી જાય છે. વળી ભગવદ્ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે, મારો ભક્ત નાશ પામતો નથી આ રીતે જે લક્ષણો ભક્તિશાસ્ત્રોમાં નાખ્યાં વર્ણવેલાં છે, તેને જ ભગવાને ભગવદ્ગીતામાં પણ વર્ણવેલ છે. વળી જે લક્ષણો સ્થિતપ્રજ્ઞનાં, જીવન્મુક્તના, ગુણાતીતનાં કે જ્ઞાનનિષ્ઠનાં છે, તે જ લક્ષણો ભક્તનાં પણ આપ્યાં છે. આ રીતે ગીતાનો સ્થિતપ્રજ્ઞ પુરુષ તે જ પ્રભુનો પ્રિય ભક્ત છે, તેને જ ગીતામાં ગુણાતીત તરીકે વર્ણવ્યો છે, તે જ જીવન્મુક્ત મનાય છે, જ્ઞાનનિષ્ઠ કહેવાય છે. આ આત્મપ્રકૃતિનો આદર્શ પુરુષ છે. ગીતા પ્રવચનમાં વિનોબાજી કહે છે કે: ભગવાને ભક્તના ચાર પ્રકાર બતાવ્યા છે: (૧) સકામ ભક્તિ કરનાર, (૨) નિષ્કામ પરંતુ બેકારી ભક્તિ કરનાર, (૩) જ્ઞાની અર્થાત્ સંપૂર્ણ ભક્તિ કરનાર. નિષ્કામ પરંતુ બેકારી ભક્તિ કરનારના પણ પ્રકાર છે: (૧) આર્ત, (૨) જિજ્ઞાસુ અને (૩) અર્થાર્થી. આર્ત એટલે દુઃખમાર્યો, ભગવાનને માટે રોનાર, આફત કરનાર. જેમકે, નામદેવ. તે તેને માટે ઊમટ્યા, આકુળ, અધીર, આતુર રહે છે કે કયારે ભગવાનના પ્રેમરસનું પાન કરીશ, કયારે તેને મળી જઈને જીવનને કૃતાર્થ કરીશ, કયારે તેનાં ચરણોમાં પોતાને નાખીને ધન્ય થઈશ! પ્રત્યેક કર્મમાં તે જાણે કે સખ્યાર્થ, લાડિકતા, વ્યાકુળતા ને પ્રેમ છે કે નહિ? બીજો પ્રકાર છે જિજ્ઞાસુઓનો. હાલમાં આપણા દેશમાં આ શ્રેણીના ભક્તો બહુ નથી. આ કોટિનો ભક્ત ગૌરીશંકર ઉપર વારે વારે ચઢશે અને મરશે, કોઈ ઉત્તર ધ્રુવની ખોજમાં નીકળશે અને પોતાની શોધનું ફળ કાગળ ઉપર લખીને, તેને શીશામાં બંધ કરીને પાણીમાં નાખી મરી જશે, કોઈ જ્વાળામુખીના પેટાળમાં ઊતરશે. અમણાં તો હિંદુસ્તાનીઓ માટે મોત એક હાઉ બંધ બેઠેલ છે. કુટુંબપરિવારના અસબાબોથી વધીને કોઈ પુરુષાર્થ પણ રહ્યો નથી. જિજ્ઞાસુ ભક્તની પાસે અઢળક જિજ્ઞાસા હોય છે. તે પ્રત્યેક વસ્તુના ગુણધર્મની ખોજ કરે છે. જેમ રીતે

નદીના મુખ દ્વારા પાણી અને સમુદ્રને પામે છે.। તેવી રીતે જિજ્ઞાસુ પણ અને પરમેશ્વર સુધી પહોંચી જવા ત્રીજો વર્ગ છે અર્થાર્થીઓનો. અર્થ શબ્દનો અર્થ છે પ્રત્યેક વાતમાં અર્થ જોનાર. અહીં અર્થ એટલે રૂપિયા કે પૈસા નહિ, પણ હિત કે કલ્યાણ. કોઈ પણ વાતની તપાસ કરવાને સમયે તે તેને એક કસોટી ઉપર કસશે. તેના દ્વારા સમાજનું શું કલ્યાણ થશે? તે જોશે કે, હું જે કાંઈ કરું છું, બધું છું, કરે છું, તેથી સંસારનું મંગળ થશે કે નહિ? નિરુપયોગી ઊહાપોહ કિંવા તેને મહત્ત્વ નહિ હોય. સંસારહિતની ચિંતા કરનાર કેટલો મોટા મહાત્મા છે! જગતનું કલ્યાણ જ તેનો આનંદ છે. જે પ્રેમની દૃષ્ટિથી સમસ્ત ક્રિયાઓને જુએ છે તે આર્ત, જ્ઞાનની દૃષ્ટિથી જુએ છે તે જિજ્ઞાસુ અને સર્વના કલ્યાણના દૃષ્ટિથી જુએ છે તે અર્થાર્થી આ ત્રણે ભક્તો છે તો નિષ્કામ, પરંતુ ઓછાવત્તી છે એક કર્મ દ્વારા, બીજો હૃદય દ્વારા અને ત્રીજો બુદ્ધિ દ્વારા ઈશ્વરની પાસે પહોંચે છે. હવે બાકી રહ્યો પૂર્ણ ભક્તનો પ્રકાર, તેને જ્ઞાની પણ કહી શકાય છે તે ભક્તને જે કાંઈ દેખાય છે, તે સર્વ પરમેશ્વરનું જ રૂપ ફૂલ-સુવાસ, રાત-દિવસ, સ્ત્રી-પુરુષ, પશુ-પક્ષી સર્વત્ર પરમાત્માનું જ પાવન દર્શન. હિંદુ ધર્મમાં જેમ નાગપૂજા, ઢાંકીસૂદ્ધ રાખનાર દેવતાની પૂજા, ઝાડની પૂજા આદિ બાળકતાના નમૂના છે. તેનાથી યે અધિક બાળકતાની કમાલ જ્ઞાની ભક્તોને ત્યાં જઈ દેખાય છે, તેને કોઈ પણ કેમ ન મળે, તેને કોટીવી ઝાડીને ચંદ્રસૂર્ય સુધી સર્વત્ર એક જ પરમાત્મા દેખાય છે અને તેનું હૃદય આનંદનાં મોજાંઓ મારવા માંડે છે. એવું જે આ દિવ્ય અને ભવ્ય દર્શન છે, તેને ભલે ભ્રમ કહો, પરંતુ તે ભ્રમ સૌખ્યની રાશિ છે, આનંદનો રત્નાનિધિ છે. ગંભીર સાગરમાં તેને પરમેશ્વરનો વિલાસ દેખાય છે, મોમાતામાં તેને ઈશ્વરનું વાત્સલ્ય નજરે આવે છે. પૃથ્વીમાં તેની ક્ષમતા દેખાય છે, નિરભ્ર આકાશમાં તેની નિર્મળતા, રવિ, ચંદ્ર, તારાઓમાં તેનું તેજ અને ભવ્યતા દેખાય છે. કુસુમમાં તેની કોમળતા, દુર્જનોમાં પોતાની પરીક્ષા કરનાર પરમેશ્વર દેખાય છે જેવી રીતે એક જ પરમાત્મા સર્વત્ર રમી રહ્યો છે, એ જોવાનો અભ્યાસ જ્ઞાની ભક્ત કર્યા કરે છે. એમ કરતાં કરતાં તે જ્ઞાની ભક્ત એક દિવસ ઈશ્વરમાં જ મળી જાય છે ભક્ત તો ઈશ્વરને હમેશા એમ કહે છે કે, મારે માટે તમારી ભક્તિ જ બસ છે. મોક્ષ, તે અંતિમ ફળ મારે નથી જોઈતું. ભક્તિ પણ એક પ્રકારની મુક્તિ છે. જ્યારે મોક્ષની આશા। ઓછી દેશો ત્યારે અજાણ્યે મોક્ષની તરફ ચાલ્યા જશો. સાધનામાં જ એટલા તન્મય થઈ જાઓ કે તમને મોક્ષની યાદ જ ન રહે અને મોક્ષ તમને ખોજતા ખોજતા તમારે સામે આવી જશે. સાધક તો બસ પોતાની સાધનામાં જ રમમાણ રહ્યા. નરસિંહ મહેતાએ પણ એવા ભાવનું ગાયું છે કે, જેઓ સાચા ભક્ત છે, તેઓ મુક્તિ માગતા નથી. મુક્તિ મળ્યા પછી અવતાર ન મળે. ભક્તને તો અવતાર જોઈએ, જેથી વારે વારે ભક્તિ કરવાની તક મળે. જ્ઞાની ભક્ત સબંધે ગીતાપ્રામૃતમાં સવિશેષ કહ્યું છે કે:

એ સર્વેય ઉદાર છે મુજ માંહ્ય, આત્મા જ હું જ્ઞાનીનો. યુક્તાત્મા થઈને અનુપમ ગતિ, આરે વિષે તે રહ્યા. વાસુદેવ જ સર્વ એ અનુભવી, અંતે પણ જન્મને, પામે જ્ઞાની એ જ દુર્લભ અતિ એવા મહાત્મા મને.

૨. પુ. ભોજન; રાંધેલું અન્ન
૩ પુ. રસમાં ભાત.
૪ ન. અન્ન.
૫ ન. ધન; દ્રવ્ય
૬ ન. જળવું તે; સેવવું તે; સેવા
૭ ન. ભોજન; ખાન કરવા તે; વિશ્રામ કરવા તે.
૮. વિ. જુદું પાડેલું; વિભાગ કરેલું; ભાગ કરેલું
૯. વિ. ના ઉપર આવેલ હોય એવું.
૧૦. વિ. ભક્તિપરાયણ; ભક્તિમાં તત્પર; ભક્તિ કરી બીજાને પણ ભક્તિનો લોભ કરનાર; ભક્તિ કરવામાં કાળ કાઢનાર.
૧૧. વિ. આસક્ત; અર્પિત.
૧૨. વિ. રાંધેલું.

ભક્તઉદ્ધારણ [સં. ભક્ત + ઉદ્ધારણ (ઉદ્ધારનાર)] વિ. ભક્તને તારનાર.

ભક્તકથા ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરના ભક્ત સબંધી વાત.
૨. સ્ત્રી ભોજન સબંધી વાત

ભક્તકર [સં.] પું. અમુક પદાર્થોથી બનાવેલ ધૂપ; અનેક સુગંધી પદાર્થ એકઠા કરી કરેલો ધૂપ

ભક્તકંસ [સં] ન. ભાત લાવવાનું પાત્ર; અન્ન લાવવાનું પાત્ર.

ભક્તકાર્પટિકનિરત [સં.] પું. પુરુષોત્તમનાં ક્ષેત્ર માહેનું એક નામ.

ભક્તકાર ૧. પું. ભક્તકર નામનો સુગંધી ધૂપ
૨. [સં.] પું. રસોઇયો; ભડિયારો; રાંધણિયો.
૩. વિ. અન્ન રાખનાર.

ભક્તકીર્તિવિચર્વન જુઓ ભક્તકાર્પટિકનિરત.

ભક્તકીર્તિહેતુ જુઓ ભક્તકાર્પટિકનિરત.

ભક્તકૌશેરાર્પરિજ્ઞાતા જુઓ ભક્તકાર્પટિકનિરત.

ભક્તગણ [સં.] ન. ભક્તોનો સમુદાય.

ભક્તગમ્ય જુઓ ભક્તકાર્પટિકનિરત.

ભક્તછેદ [સં.] ન. ભૂખ.

ભક્તજનાર્દન [સં.] પું. મહાદેવ; શિવ.

ભક્તતા ૧. [સ.] સ્ત્રી. અમૃત.
૨. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.

ભક્તતા [સ.] સ્ત્રી. ભક્તપણું, ભક્તિ.

ભક્તતુલ્ય [સ.] પું. પુરુષોત્તમનાં ક્ષેત્ર માહેનું એક નામ.

ભક્તતુલ્યાદ્ભુત જુઓ ભક્તતુલ્ય.

ભક્તતૂર્ય [સં.] ન. ભોજન વેળાનું વાદિત્ર; રાજાના દરબાર વગેરેમાં ભોજનકાલે વગાડાતાં નગારાં.

ભક્તતા જુઓ ભક્તતા.

ભક્તદ [સં.] વિ. અન્ન આપનાર.

ભક્તદાતા [સં. ભક્તદાતૃ] પું. અન્નદાતા.

ભક્તદાન [સં.] ન. અન્નદાન; અન્ન આપવું તે.

ભક્તદાયક [સં.] વિ. અન્ન આપનાર.

ભક્તદાયી [સં. ભક્તદાયિન્] વિ. અન્ન આપનાર.

ભક્તદારિદ્ર્યજાતિની [સં.] સ્ત્રી. મંજાની ક્ષેત્ર માહેનું એક નામ.

ભક્તદાસ [સં.] પું. માત્ર અન્ન મેળવી અનેક દાસ; અન્નનો દાસ; મનુષ્યે કલ્પેલ સાત માહેના એક પ્રકારનો દાસ.

ભક્તનિષ્પત્તિ [સં.] સ્ત્રી. (ગણિત) વિલોમક્રિયા: 'ત્રિવિધ-૩'.

ભક્તપતિ [સં.] પું. જગન્નાથ.

ભક્તપાનસંયોગ [સં.] પું. (જૈન) એક આહારપાણીને બીજા આહારપાણી સાથે ભેળવી દેવાં તે.

ભક્તપુલાક ૧. [સં] પું. અન્નનો કોળિયો; ભાતનો કોળિયો
૨. પું. ઉકાળેલા ચોખાનું પાણી.

ભક્તપ્રત્યાખ્યાતભરણ [સં.] ન. (જૈન) ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક થયેલ મરણ.

ભક્તભક્ષિ [સં.] પું. ભક્તરાજ; એક ભક્ત.

ભક્તમંક જુઓ ભક્તપુલાક.

ભક્તમાલા ૧. [સં.] સ્ત્રી. ભક્તોની નામાવલિ; ભક્તમંડળની પાટી.
૨ સ્ત્રી. ભક્તોનો સમુદાય.

ભક્તમાળ ન. પૂર્વે થઈ ગયેલા ભક્તોના ચરિત્રનું પુસ્તક

ભક્તમોચક [સં] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ

ભક્તમોહનિવારક જુઓ ભક્તમોચક.

ભક્તમોહનિષ્પત્તિ [સં] સ્ત્રી. (અલંકાર) યોગવિયોગક્રિયા: 'કોમ્પોને-ન્ડો ઓટ ડિવિડેન્ડો.'

ભક્તર [સં.] વિ. ભાગ કરેલું; ખંડિત.

ભક્તરત [સં.] વિ. ભક્ત ઉપર પ્રેમ રાખનાર

ભક્તરતા [સં. ભક્ત + રત (પ્રેમવાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ભક્ત ઉપર પ્રેમ રાખનારી

ભક્તરાજ જુઓ ભક્તમણિ

ભક્તલોકપૂરક [સં. ભક્તલોકપૂરક] પું. શિવનાં ઠગર માહેનું એક નામ.

ભક્તવત્સલ ૧. [સં. ભક્ત + વત્સલ (વહાલું)] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં ઠગર માહેનું એક નામ. માતાને જેમ પોતાનું બાળક પ્રિય હોય છે, બાળને જેમ બાજરું પ્રિય રહે છે, તેમ ભક્તજનો તેને પ્રિય રહે છે વળી ભક્તવત્સલતા બતાવવાને માટે તે ભગુલાંછન અને શ્રીવત્સચિહ્ન વક્ષઃસ્થળમાં ધારણ કરે છે. ભક્તવત્સલતામાં ભગવાન પોતાનું ઐશ્વર્યપણું ભૂલી જાય છે. તેથી હું તે ભક્ત અને ભક્ત તે હું એવા ભાવનો સ્વીકાર કરે છે.

૩. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૪. વિ. કૃપાળુ; કરુણાવાન; અનુગ્રહકારી.

૫. વિ. ભક્ત ઉપર પ્રેમવાળું; ભક્ત ઉપર પ્રેમ રાખનાર; ભક્ત જેને વહાલો હોય તેવું; ભક્ત પ્રતિ અત્યંત માયાળું; ભક્તની બાજ જાણનાર.

ભક્તવત્સલતા [સં.] સ્ત્રી. ભક્ત ઉપરની પ્રીતિ. ભક્ત ઉપર પ્રીતિભાવ; ભક્ત ઉપર રહેમનજર કે કૃપા.

ભક્તવત્સલા [સં] વિ. સ્ત્રી. ભક્ત ઉપર પ્રેમ રાખનારી.

ભક્તવર જુઓ ભક્તમણિ.

ભક્તવર્મા [સં. ભક્ત + વર્મન્ (બખ્તર)] વિ. આશ્રિત ભક્તજનોનું કવચની પેઠે સદા રક્ષણ કરનાર.

ભક્તવર્ય જુઓ ભક્તમણિ

ભક્તવરેય [સં.] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તવરેયત્વબોધક જુઓ ભક્તવરેય.

ભક્તવાત્સલ્યપરિપાલક [સં.] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તવિક્રેપનાશક જુઓ ભક્તવાત્સલ્યપરિપાલક.

ભક્તવીર પું જૈન ભક્ત.

ભક્તવૃંદ [સં. ભક્ત + વૃંદ (સમૂહ)] ન. ભક્તોનું ટોળું.

ભક્તશારંગ ૧. [સં.] પું. રાંધેલા ભાત જે વાસણમાં રાખવામાં આવતા હોય તે વાસણ; રસોઈઘર

૨. ન. ભક્તોનું આશ્રયસ્થાન.

ભક્તશાલા ૧. [સં. [સ્ત્રી. પાકશાળા; રસોઈઘર.

૨. સ્ત્રી. ભક્તજનો જે સ્થળે ધર્મોપદેશ સાંભળે છે તે સ્થળ

ભક્તશાળા જુઓ ભક્તશાલા.

ભક્તશિરોમણિ [સં.] વિ. ભક્તોમા શ્રેષ્ઠ.

ભક્તસમાજ જુઓ ભક્તમંડળ.

ભક્તસાધન [સં.] ન. દાળ, શાક વગેરે.

ભક્તાંસકંથ [સં] ન. ભાતનું ઓસામણ

ભક્તાગ્રમુખકંદ [સં.] ન. ભક્તના મુખનું મૂળ.

ભક્તાભુલભા [સં] સ્ત્રી. ગંગાના ઠગર માહેનું એક નામ.

ભક્તાસ્તુત્ય [સં.] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તાહીરતિવર્ધન જુઓ ભક્તસ્મરણપ્રહ્લેતા.

ભક્તાસ્મરણપ્રહ્લેતા [સં. ભક્તસ્મરણપ્રહ્લેત] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તાસ્વર્ગાપવર્ગદા [સં.] સ્ત્રી. ગંગાનાં ઠગર માહેનું એક નામ.

ભક્તાહનુમત્પ્રમુખાવૃત જુઓ ભક્તસ્મરણપ્રહ્લેતા.

ભક્તા [સં.] સ્ત્રી. દેવ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને દેવમંદિરમાં દાખલ થયેલી સ્ત્રી; દેવદાસી.

ભક્તાઈ ૧. સ્ત્રી. પવિત્રતા; સાધુજીવન.

૨. સ્ત્રી પૂજા; સેવા; ભક્તિ.

૩. સ્ત્રી. શ્રદ્ધા.

ભક્તાણી ૧. સ્ત્રી. ભક્ત સ્ત્રી; ભક્તિપરાયણ સ્ત્રી.

૨. સ્ત્રી. ભક્તની સ્ત્રી.

૩. સ્ત્રી. વેશ્યાવેડા કરતી સ્ત્રી. અંગમાં ખોડખાંપણ છે.

ભક્તાધીન [સં.] વિ. ભક્તને આધીન; ભક્તને વશ.

ભક્તાનાં પરીક્ષક [સં.] પું. પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તાનુશયકાર્યકૃત [સં ભક્તાનુશયકાર્યકૃત] પું પુરુષોત્તમનાં ઠગર માહેનું એક નામ.

ભક્તામર ૧ [સં. ભક્ત + અમર (દેવ)] પું. ભક્તિ કરનાર દેવ.

૨. ન (જૈન) પદેલા તીર્થંકર ઋષભદેવ વિષે સંસ્કૃત ભાષામાં વસંતતિલકા છંદમા માનતુંગ નામના જૈનાચાર્યે રચેલું સ્તોત્ર. આ સ્તોત્રની ઉત્પત્તિ સંબંધમાં જુદી જુદી કથા કહેવાય છે. જર્મન પ્રોફેસર હેલ્મુટ ગ્લોઝેનીપ આ સંબંધમા નીચે મુજબ ઠકીકત આપે છે: રાજા ભોજના સમયમા મયૂર અને બાણ નામના બાહ્મણ કવિની રચનામાં માનતુંગ નામના આચાર્યે આ સ્તોત્ર રચ્યુ હતુ. કહેવાય છે કે, મયૂરને કોઢ નીકળેલો હતો. અનેક ઔષધ વ્યર્થ ગયા, ત્યારે તેણે સૂર્યશતક બોલી સૂર્યદેવને પ્રસન્ન કર્યા અને સૂર્યે તેનો કોઢ મટાડ્યો. ચડીયી શક્તિની પરીક્ષા કરવાને બાણ પોતાના અંકક અંગને છેદતો ગયો અને અષ્ટાદશકનો એક એક શ્લોક રચતો ગયો. એ પ્રકારના બધા શ્લોક જોવા પ્રભાવશાળી હતા કે એમનાં છેદાયેલાં સૌ અંગ પાછાં જોડાં. જૈન સાધુઓ પણ એવા ચમત્કાર કરી શકે છે, એવું દેખાડી આપવાને માનતુંગે પોતાને સાંકળથી બંધાવ્યા, પછી એ ભક્તામર સ્તોત્રનો અકેકો શ્લોક બોલતા ગયા તેમ તેમ શ્લોકના ધ્વનિથી સાકળના બંધ એક એક તૂટતા ગયા અને તે છૂટા થયા. કોઈ આ સ્તોત્રના ૪૨, કોઈ ૪૪ અને કોઈ ૪૮ શ્લોક માને છે.

ભક્તાર્થાખિલમાનસ [સં.] પું. પુરુષોત્તમના ઠગર માહેનું એક નામ.

ભક્તિ ૧. પું. (વિકલ્પ) તગણ, યમણ અને ગુરુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વેગા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે

૨ [સં] સ્ત્રી. અવયવ; ભાગ પાડવા તે; ભાગ; વિભાગ; અનેક ભાગમાં વિભક્ત કરવું તે.

૩. સ્ત્રી. ઉપચાર; ઉપાય

૪. સ્ત્રી. ભોજ્ય વૃત્તિ

૫. સ્ત્રી. જ્ઞાનનાં પાંચ માંહેનું એક પર્વ. પર્વ પાંચ છે: સાંખ્ય, યોગ, વૈરાગ્ય, તપ અને ભક્તિ. પરમેશ્વરની શ્રી, પુષ્ટિ, ગિરા, કાન્તિ, તુષ્ટિ, કીર્તિ, ક્ષમા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા એ દશક્ક શક્તિ છે. તેમાં અવિદ્યાને સ્વરૂપ, વિસ્મૃતિ આદિ પાંચ પર્વ છે. તે પંચપર્વાત્મક અવિદ્યાના સપાટામાં આવવાથી જીવ બદ્ધ થઈ

મોહ પામી રહ્યો છે, પરંતુ વૈરાગ્ય સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ એમ પંચપર્વાત્મક વિદ્યાજ્ઞાનથી જેની અવિદ્યા નાશ પામી ગઈ છે, તેવા જ્ઞાનયુક્ત જીવ આત્મા માંહે પોતાનું યોગમાયાપણું પ્રકાશિત કરે છે

ફ્ર જો પવિત્ર ભાવથી પરમેશ્વર, ગુરુ, વડીલ વર્ગની સેવા કરવી, મુખ્ય ત્યાગ અને પરાયણ રહેવું તેઃ દેવાદિકને અધીન અનુકૂળ રહી દરેક રીતે તેની સેવા કરવી અને તેના ઉપર ઠીક ઠીક પ્રેમ રહેવું તેઃ આસક્તિ. આરાધના; ઉપાસના; ભજન કરવું તે ભક્તિના બે મુખ્ય લક્ષણો છેઃ (૧) પ્રભુનું સતત નામસ્મરણ અને (૨) સર્વ કર્મ તેને સમર્પણ કરવાની ભાવના. ભક્તિના નવ પ્રકાર છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. દયારામે ભક્તિના દસ પ્રકાર કહ્યા છે ઉપરના નવ પ્રકાર સાથે પ્રેમલક્ષણા દશમો પ્રકાર છે. ઈશ્વરને પામવાના ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એમ મુખ્ય ત્રણ માર્ગ છે ભક્તિ જ આદિ છે, ભક્તિ જ અંત છે, ભક્તિ જ માર્ગ છે, ભક્તિ જ ભોગ છે. ધર્મ તથા જ્ઞાનના સ્તંભો ઉપર ભક્તિનો ભવ્ય ઘુંમટ રચાયેલો છે. ભક્તિથી નિર્ભળ પ્રેમ તથા આનંદ પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી પ્રકાશ પ્રમાણ છે. શાસ્ત્ર અને ગુરુના વચનનું પ્રમાણે પણ ઉલ્લંઘન ન કરવું અને કાયા, વાચા તથા મન વડે ગુરુ, ઈશ્વર અને સાધુ એટલે જ્ઞાની પુરુષની સેવા કરવી તેને પણ ભક્તિ કહેવાય છે કોઈ ત્રણેય પ્રકારની ભક્તિ નથી કરતા. ભક્તિ સાત્વિક, રાજસી અને તામસી પણ મનાય છે સાત્વિક મનુષ્ય ભક્તિ ત્રણ પ્રયોજન અર્થે કરે છેઃ (૧) કર્મના ક્ષયને અર્થે, (૨) પ્રભુની પ્રીતિ મેળવવા, (૩) ઈશ્વર ભજનીય છે એવા વિનિયોગપણે વશ વર્તવા. રાજસ મનુષ્ય ત્રણ પ્રયોજન માટે ભક્તિ કરે છેઃ (૧) ઇષ્ટ વિષયની પ્રાપ્તિ માટે, (૨) યશ માટે, (૩) ઐશ્વર્ય માટે. તામસ મનુષ્યના ત્રણ પ્રયોજનઃ (૧) અનિષ્ટ પ્રાણીની હિંસા માટે, (૨) દંભ માટે, (૩) માત્સર્ય વડે અથવા પોતાની બીજા કરતાં સરસાઈ કરવા ભક્તિ કરે છે ઉપાસના, સ્તુતિ અને પ્રાર્થના એ ત્રણ ભક્તિનાં અંગ છે. પુષ્ટિમાર્ગમાં ભક્તિના બે પ્રકાર છેઃ સાધનારૂપા અને ફલરૂપા સાધનારૂપા એટલે નવધા ભક્તિ અને ફલરૂપા એટલે પ્રેમલક્ષણા ભક્તિ. શ્રવણ ભક્તિ પરીક્ષિતે, કીર્તન ભક્તિ શુકે, સ્મરણ ભક્તિ પ્રહ્લાદે, પાદસેવન ભક્તિ લક્ષ્મીએ, અર્ચન ભક્તિ પૃથુએ, વંદન ભક્તિ અક્રૂરે દાસ્યત્વ ભક્તિ હનુમાને, સખ્ય ભક્તિ અર્જુને, આત્મનિવેદન ભક્તિ બલિએ અને પ્રેમભક્તિ ગોપીઓએ કરી હતી આ બધામાં પ્રેમભક્તિ ઉત્તમ મનાય છે. ભક્તિની અનિવાર્ય આવશ્યકતા છેઃ મુખ્યમાહાત્મ્યાસક્તિ, રૂપાસક્તિ, પુણ્યાસક્તિ, સ્મરણાસક્તિ, દાસ્યાસક્તિ, સખ્યાસક્તિ વાત્સલ્યાસક્તિ, કાંતાસક્તિ, આત્મનિવેદનાસક્તિ, તન્મયાસક્તિ અને પરમવિરહાસક્તિ કર્મ, જ્ઞાન અને ભક્તિમાં કર્મ અને જ્ઞાનની જીવનમાં જરૂરિયાત છે; પણ એ જ્ઞાન અને કર્મ ભક્તિ સિવાય નથી તો નીપજતાં કે નથી તો સમૃદ્ધ થતાં જ્ઞાન અને કર્મ જેમ મનુષ્યમાં ષટ્ક તત્ત્વો છે તેમ ઈશ્વર પણ ભગવાનનું અર્થાત્ ભક્તિનું નિવાસસ્થાન છે. આ ભાવના, જ્ઞાનથી કે ભક્તિનું તત્ત્વ સૌથી ભગવાનનું છે. વસ્તુતઃ જ્ઞાન અને કર્મ એ બંનેની ધાત્રી, જીવનદાયિની ભક્તિ છે કે જેનું જીવનમાં ઉચ્ચતમ સ્થાન છે. આ ભક્તિ એટલે ઈશ્વરની ભગવત પ્રાર્થના, પરમેશ્વરની નજદીક પડોશનો પ્રવાસ કે ઉપાસના. પ્રેમના રસ અને ભગવાન પણ પીનારી વ્યક્ત છે. આથી શુદ્ધ કર્મથી ઉદ્ભવેલ જ્ઞાનમય સજ્જન ભક્તિનું નામ જ ઉપાસના. આ રીતે કર્મ, જ્ઞાન અને ઉપાસના એકબીજાનાં પૂરક તત્ત્વો છે અને તેમાં ઉપાસના અથવા ભક્તિ કોનિકામણીરૂપ છે. પરમાત્મા પોતે કહે છે કે, હું તો ભક્તનો દાસ છું. દેહોપાસનાથી આત્મોપાસના અને આત્મોપાસનાથી પરમાત્મોપાસના સહજ ઉદ્ભવે છે. આમ કર્મ, જ્ઞાન અને ભક્તિ કે ઉપાસના એ ત્રીજવૃક્ષ-ત્રાયે એકબીજાનાં પૂરક હોઈને અતિ આવશ્યક છે. તેમાં ભક્તિ કે ઉપાસના એ સર્વમાં પ્રાણરૂપ છે. નારદભક્તિસૂત્રમાં ભક્તિનું લક્ષણ આપતાં કહ્યું છે કેઃ ભક્તિ પરમપ્રેમરૂપા અર્થાત્ પ્રેમ પ્રેમસ્વરૂપા છે, અમૃતસ્વરૂપા છે. સાચી ભક્તિ નિષ્કામરૂપા જ હોય છે. તેથી પરમપ્રેમસ્વરૂપા ભક્તિને પ્રાપ્ત કરીને પુરુષ કશાની સ્પૃહા કરતો નથી, કશાનો શોક કરતો નથી, દ્વેષ કરતો નથી, પોતાના પ્રિય સિવાય કર્યાયે રતિ કરતો નથી, વિષયોની પ્રાપ્તિ માટે મનોવેગવાળો બનતો નથી. ભક્ત તો જિતેન્દ્રિય હોય છે. ભક્ત આત્મારામ બને છે. ભક્તિને પ્રાપ્ત કરીને પુરુષ નિષ્કામી, અમૃત, નિસ્તૃષ્ણ, નિરીહ, નિર્વૈર, વિશોક, વીતરાગ, પ્રશાંત, સ્તબ્ધ અને આત્મકામ બને છે. આસક્તિના મત મુજબ ભગવાનની મુખ્ય બાબતોમાં પ્રીતિ એટલે જ ભક્તિ છે. ગર્ગાચાર્યના મત મુજબ ભગવાનનાં ચિત્રવિચિત્ર ચરિત્રકથન વગેરેમાં અનુરાગ એ જ ભક્તિ છે. પારાશર્યપ્રેમમાં અહંત્વ ન આવે એ રીતે પૂજા, કથા વગેરેમાં પ્રીતિ એટલે ભક્તિ, એવો મહર્ષિ શાંડિલ્યનો મત છે. નારદના મત મુજબ ભગવાનમાં સમસ્ત કર્મનો સંન્યાસ, તે ભગવાનનું અખંડ સ્મરણ અને તેના વિરહસ્મરણમાં પરમ વિરહ, દુઃખ એટલે ભક્તિ છે આવા લક્ષણવાળી પરમપ્રેમરૂપા ભક્તિની ઊંચાઈની હદ તો ગોપવધૂઓના જ હૃદયમાં હતી. વજ્રનિતાઓમાં શ્રીકૃષ્ણચંદ્રના ચરણમાં સર્વ કર્મનો સંન્યાસ અને તેના વિરહરસે પરમવિરહવ્યાકુલતા હતી. પરમવ્યાકુલતામાં પણ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન ભક્ત ન જ ભૂલે. આવી ભક્તિ વૈદિક કર્મ, જ્ઞાનજ્ઞાન અને વૃત્તિના નિરોધરૂપ યોગનિષ્પત્તિઓથી પણ અધિક છે, ઉત્કૃષ્ટતર છે. ભક્તિ તો ફલરૂપ છે, કર્મ વગેરે બીજરૂપ છે. જો કર્મો યથાવિધિ કરવામાં આવે, તો તે કર્મો યથાકાલે જ્ઞાનને જન્માવે અને તે જ્ઞાન જેતાના કમે વૃત્તિના નિરોધરૂપ અને સમાધિનું જેનું બીજું નામ છે, એવા યોગને સંપન્ન કરી દે છે અને તે યોગ યથાર્થ જ્ઞાન ઉપજાવનાર બનતો હોવાથી પરમાત્મા ઉપર પરમપ્રિયમલક્ષણા ભક્તિને જન્માવે. યથાર્થ જ્ઞાન ભક્તિને પ્રસન્ન કરે છે અને એ ભક્તિ એ ઊંચાઈ પ્રાપ્ત કરવા જેવી ચીજ છે. આથી કર્મ વગેરે તો ભક્તિની સહિયરતા અથવા સહાયકતા સાધે છે, પણ ભક્તિ તો ફલરૂપ હોય છે અને એથી જ બધાથી ભક્તિ અદકી છે. અહીં રહસ્ય એમ છે કેઃ કર્મ વગેરેનું અનુષ્ઠાન કર્યા પછી પણ એ ભક્તિ ન ઊપજે તો તો તે બધાની નિષ્ફળતા જ જાણવી; કેમકે તે બધાએ કરવા જેવું તેઓ કરી શક્યાં નથી અને ભક્તિનો ઉદય થતાં જ તેઓ કૃતકૃત્ય થઈ જાય છે. તો જે ભક્તિના ભાવમાં તેઓની ચરિતાર્થતા છે અને અભાવમાં નિષ્ફળતા છે તે ભક્તિ જ સૌમાં ચડિયાતી છે. કેટલાક આચાર્યો માને છે કે, ભક્તિ જ્ઞાનરૂપી ઉપાયવાળી છે. બીજા કેટલાક આચાર્યોની માન્યતા મુજબ ભક્તિ અને જ્ઞાનને એકબીજાની અપેક્ષા હોય છે. આથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આદરયુક્ત પ્રયત્નથી ભક્તિ પ્રાપ્ત થાય છે અને સમાન ભક્તિ સંપાદન કરવાના પ્રયત્નથી સમ્યક્‌જ્ઞાન મળે છે. જ્ઞાનથી જોઈએ તો ભક્તિનો ઉદય થાઓ કે જ્ઞાનભક્તિની પરસ્પર અપેક્ષા હો ! પણ ઉપરટપ તો એકલી ભક્તિ જ રહે છેઃ કેમકે તે ઊંચાઈની અતિ છે. સરિતાઓનું જેમ સમુદ્ર, તેમ કર્મ, યોગ, જ્ઞાનનું ફળ તો નિર્હેતુક ભક્તિ જ છે, અર્થાત્ વચ્ચે ભલે જ્ઞાન વગેરેની સહાય હોય, પણ પરિણામે તો ભક્તિ જ વિરાજે છે. ભક્તિ સિવાય ભવનો મોક્ષ નથી. કોઈ પણ

જીવ પોતાના બળે સંસારસમુદ્રને તરી જવાને શક્તિમાન નથી. પરમ પિતા પરમાત્માની કૃપા જ કેવળ સંસારમાંથી તારક છે અને તે કૃપા ભક્તિથી જ મળે છે. આથી પોતાનું હિત કરવા ઇચ્છતા વિચક્ષણ મુમુક્ષુએ તો ભક્તિનો જ પાલવ પકડવો રહ્યો ભક્તિને ઉદય કરનારાં સાધનો બે છે કે: સ્વરૂપનિર્ણય એટલે જ ભક્તિ. સ્વરૂપમા સ્થિતિ સંપાદન કરવાને ઇચ્છતા પુરુષે પહેલાં તો વિષયોનો સંગ ત્યજવો જોઇએ. જ્યાંસુધી વસીકાર સંજ્ઞા નામનો વિરાગ સિદ્ધ ન થાય, ત્યાંસુધી વિષયોનો પ્રવાહ અટકતો નથી અને ભક્તિનો માર્ગ પણ મૂલનો નથી. ભક્તિ તો હૃદયપ્રધાન છે, બુદ્ધિપ્રધાન નથી. નિષ્કામભાવે, નિષ્કપટભાવે ભગવાનને ભજવાથી પ્રેમ પ્રકટ થાય છે. સજ્જ હૃદયમા પરમાત્મા સદા હાજર રહે છે. જે પોતાના હૃદયને પરમાત્મા સમક્ષ ખુલ્લું કરે છે, તેની આગળ પરમાત્મા પોતે પણ પોતાની જાત પ્રકટ કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભક્તિનો મહાન મહિમા ગવાયો છે. ભગવાને જે વિશ્વરૂપ અર્જુનને બતાવ્યું તે જોવા પામવુ બહુ કઠિન છે, એમ બતાવતાં ભગવાને કહ્યું છે કે: આવું આ રૂપ વેદાધ્યયનથી, તપથી, દાનથી કે યજ્ઞથી પણ જોઈ શકાય તેવું નથી. તે તો અનન્ય ભક્તિ વડે જ જોવું શક્ય છે. આથી સહજ સમજી શકાય છે કે, અનન્ય ભક્તિનું સ્થાન સર્વથી ઊંચું છે. વિનોબાજી લખે છે કે: ખુદ ભગવાન પણ તેને અમૃતધારા કહે છે. ગીતાનો બારમો અધ્યાય એ નાનો સરખો વીસ શ્લોકનો છે, પરંતુ તે અમૃતની ધારા છે. અમૃતની જેમ મધુર છે, સંજીવન છે. આ અધ્યાયમાં ભગવાને સ્વમુખે ભક્તિરસના મહિમાનું તત્ત્વ બતાવ્યું છે. ગીતાના સાતમા અધ્યાયમાં વિરાળ ભક્તિરૂપી ઉચ્ચ સાધન બતાવવામાં આવેલ છે તમે ઈશ્વરની તરફ ચહે પ્રેમભાવથી જાઓ, જિજ્ઞાસુ બુદ્ધિથી જાઓ, વિશ્વકર્તાવાદની વ્યાપકતાથી જાઓ અથવા ભક્તિમત કામનાથી જાઓ, કોઈ પણ રીતે જાઓ, પરંતુ એક વાર તેના દરબારમા પહોંચી જરૂર જાઓ. આ અધ્યાયના આ વિષયનું નામ મેં પ્રપત્તિયોગ અર્થાત્ ઈશ્વરના શરણમાં જવાની પ્રેરણા કરનાર યોગ આપેલ છે. ભક્તિ બે પ્રકારની છે: સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ. સગુણ ભક્તિ સુલભ અને સુરક્ષિત છે, પરંતુ સગુણને નિર્ગુણની આવશ્યકતા છે સગુણની ચાવી થઈ ને તેના નિર્ગુણરૂપી, તત્ત્વનિષ્ઠારૂપી કૂલની બહાર આવવી જોઈએ. નિર્ગુણ, સગુણ પરસ્પર પૂરક છે, વિરુદ્ધ નથી. સગુણથી નિર્ગુણ સુધીની મજલ નક્કી કરવી જોઈએ અને નિર્ગુણને પણ ચિંતના સૂક્ષ્મ મેલ ધોવાને માટે સગુણની આરાધના જોઈએ. બંનેની એકબીજાથી શોભા છે. આ બંને પ્રકારની ભક્તિ રામાયણમાં ઘણી જ ઉત્તમ રીતે બતાવેલી છે. અયોધ્યાકાંડમાં બંને પ્રકારની ભક્તિ આવી ગઈ છે. એ બંને ભક્તિઓનો વિસ્તાર રામાયણમાં છે. ભરતની ભક્તિ પહેલા પ્રકારની અને લક્ષ્મણની બીજા પ્રકારની. તેના ઉદાહરણથી નિર્ગુણ ભક્તિ અને સગુણ ભક્તિનું સ્વરૂપ સમજમા આવી જશે. સીતાજીને વનમાં છોડી આવવાનું કામ કેવટે લક્ષ્મણને જ સોપ્યામાં આવ્યુ. નિષાદે લક્ષ્મણ સીતાજીને મૂકી આવ્યો. લક્ષ્મણનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ રહ્યું નહોતું રામની આંખો, રામના હાથપગ, રામનું મન તે બની ગયો હતો. જેવી રીતે નદી સમુદ્રમાં મળી જાય છે, તેવી રીતે લક્ષ્મણની સેવા રામમાં મળી ગઈ હતી. તે રામની છાયા બની ગયો હતો. લક્ષ્મણની આ ભક્તિ સગુણ હતી. ભરત નિર્ગુણ ભક્તિ કરનાર હતો. જ્યારે રામ વનમાં ગયા, ત્યારે ભરત અયોધ્યામા નહોતા. જ્યારે ભરત આવ્યા ત્યારે દશરથ મૃત્યુ પામ્યા હતા. ગુરુ વસિષ્ઠ તેમને સમજાવી રહ્યા હતા કે તમે રાજ્ય કરો. પરંતુ ભરતે કહ્યું, મારે રામને મળવું છે. રામને મળવા માટે ભરત અંદરથી તલપાપડ થઈ રહ્યા હતા. પરંતુ સાથે જ રાજ્યનો પ્રબંધ તે કરી રહ્યા હતા. તેમની ભાવના એ હતી કે, આ રાજ્ય રામનું છે, તેનો પ્રબંધ કરવો એ રામનું જ કામ કરવા બરોબર છે. બધી સંપત્તિ અગ્નિકની છે, માત્ર તેનો જોગસરત કરવો એ પોતાનું કર્તવ્ય તેને લાગતું હતુ. લક્ષ્મણની જેમ ભરત મુક્ત થઈ શકતા નહોતા. આ ભરતની ભૂમિકા છે. રામની ભક્તિનો અર્થ છે, રામનું કામ કરવું જોઈએ, નહિ તો તે ભક્તિ શા કામની? રાજકાજની બધી અવસ્થા કરીને ભરત રામને મળવા વનમાં આવ્યા છે. આર્ય, આ આપનું રાજ્ય છે, આપ, એટલું બોલ્યાં તે કહે છે, ત્યાં રામ તેને કહે છે: ભરત, તમે જ રાજ્ય કરો. ભરત સંકોચથી ઊભા રહે છે. તે કહે છે, આપની આજ્ઞા અયોધ્યામાં ઉપર, દાસ જે કહે તે મંજૂર. તેણે પોતાનું બધુ જ રામ ઉપર ન્યોચ્છાવર કરી નાખ્યું હતું. તે જઈ ને રાજકાજ કરવા લાગ્યા. પરંતુ તેમાં ય આશ્ચર્ય એટલું કે, અયોધ્યાથી બે માઈલ દૂર તપ કરતા કરતા રહ્યા. તપસ્વી રહીને રાજકાજ ચલાવ્યું. છેવટે રામ જ્યારે ભરતને મળ્યા ત્યારે એ જાણવું મુશ્કેલ હતું કે, આમાં વનમાં રહીને તપ કરનાર વાસ્તવિક તપસ્વી કોણ છે? આવી રીતે ભરત જોકે શરીરથી રામથી જુદા હતા, તોપણ મનથી તે ક્ષણવારને માટે પણ દૂર ન હતા. નિર્ગુણમા સગુણ ભક્તિ ખીચોખીચ ભરી રહે છે. ભક્તિનો કોઈ કદાચ પહેલા સગુણથી નિર્ગુણ હોય, તોપણ અંતમાં નિર્ગુણ સુધી જઈ પહોંચે છે. આપણે કહીએ છીએ કે, ફલાણો બહાદુર દેશભક્ત હસતાં હસતાં ફાંસી ઉપર ચઢી ગયો. મુક્તના તેલની કડાઈમાં હસી રહ્યો હતો. મોઢેથી કૃષ્ણ, વિષ્ણુ, હરિ, ગોવિંદનો ધ્વનિ નીકળી રહ્યો હતો. તેનો એટલો જ અર્થ છે કે, અપાર કષ્ટ આવી પડવા છતાં ભક્તિના પ્રભાવથી તેમાંનું કોઈ પણ માલમ પડતું નથી. પાણી ઉપર પડેલી નાવને પકડવી કઠણ નથી. પરંતુ તેને પાણી ઉપરથી, બહારો ઉપરથી ખેંચીને સૂકી જગામાં ઘસડી મહેનત પડશે? નાવની નીચે જો પાણી હશે તો આપણે આસાનીથી પાર કરી શકશું. સહજ રીતે તરી જવું એવી જ રીતે ભવનૌકાની નીચે જો ભક્તિરૂપી પાણી હશે તો તે આનંદથી કિનારે જવાશે જો ભવન શુષ્ક હશે, રસ્તામા રેતીનું મેદાન હશે, કાંકરાપત્થર હશે, ઝાઝખાંખરા હશે તો એ નૌકાને ખેંચીને સૂકી જગ્યા ઘણું ચિકટ કામ થઈ જશે. ભક્તિતત્ત્વ આપણી ભવનૌકાને પાણીની જેમ સુખકર પ્રાપ્ત કરી દે છે. ગીતા કહે છે કે, આપણી પ્રત્યેક કૃતિ ભક્તિમય હો આપણે જે કહીએ, અથવા કહીએ ઈશ્વરની પૂજા કરીએ છીએ તે તો ઠીક જ છે. પ્રાતઃકાળ અને સાયંકાળ જ્યારે સુંદર સૂર્યપ્રભા પોતાના રંગ ચોપાસ ફેલાવે છે ત્યારે ચિત્તને સ્થિર કરીને થોડા વખતને માટે સંસારને ભૂલી જઈ અનંતનું ચિંતન કરવું, એ ઉત્તમ વિચાર છે. આ સદાચારને કદાપિ ન ન છોડવો જોઈએ. પરંતુ ગીતાને એટલાથી જ સંતોષ નથી. સવારથી સાંજ સુધીની બધી ક્રિયાઓ ભગવાનની પૂજાને માટે હોવી જોઈએ. ખાવું, પીવાં, ચાલતાં કે ફરવાપૂરતો કાંઈ રમણીય રહેવું જોઈએ. વાણી વખતે એ ભાવના હોવી જોઈએ કે, હે મારા પ્રભુ, તું માગ જીવનદેવનું આંસાયું સાફ કરી રહેલ છું. આપણાં સમસ્ત કર્મ જેવી રીતે પૂજાકર્મ થઈ જવાં જોઈએ ઉપનિષદ વિચારણામાં લક્ષ્ય છે કે ધ્યેય પરબ્રહ્મને સગુણ સાકારરૂપે સ્વીકાર્યા પછી શાંત ભાવ અથવા પ્રશાન્ત પ્રેમ ઉદ્દીપ્ત થઈ રસમય સમુદ્ર બને છે અને તેના તરંગો નવરસસમિશ્ર ભક્તિનું રૂપ પકડે છે આવા ભક્તિના વિષયરૂપે સગુણ પ્રભુનું શિવરૂપ અથવા વિષ્ણુરૂપ અથવા શક્તિરૂપ અથવા તેમનું અવતારીરૂપ અથવા કોઈ પણ વિભૂતિરૂપ લેવામા

આવે છે. શૈવ, શાક્ત અને વૈષ્ણવ ઉપનિષદો આ ભક્તિસાગરના મૂળ તરંગો છે અને તેમાંથી શાંડિલ્ય મુનિની ભક્તિમીમાંસા, નારદ મુનિના ભક્તિસૂત્રો વગેરે ભક્તિશાસ્ત્રના સૂત્રગ્રંથો પ્રકટ થયા છે. આ ભક્તિશાસ્ત્રના પ્રણેતા ઋષિઓ ઉપનિષદના જ્ઞાનયોગના દિગ્દર્શનીઓ છે અને તેમના ભાંપનિષદ સિદ્ધાંતો પછી આગે આવપ્રધાન છે. ભાગવતમાં પણ પરમાત્માનો સાક્ષાત્કાર ભક્તિ વડે કરેલા જ્ઞાનાદિ આરાધન વડે થાય છે, એવો સિદ્ધાંત સ્થાપ્યો છે. મુનિ વિદ્યાવિજયજી કહે છે કે, આવડો સાધુની, તીર્થંકરની તથા ધર્મની ભક્તિ કરે છે, પણ તેમાં વિવેક નથી. દુનિયા વિવેક ખુજે છે. હરકોઈ સાચા સાધુનો ઉપદેશ સાંભળવો અને માનવો એ શ્રાવકોનો ધર્મ છે તેવા સાધુ અને ગુરુ ઉપર શ્રદ્ધા રાખવી એ સમકિતનું લક્ષણ છે.

સત્ય આરાધના ભક્તિ સાધુ શીલા તણું જ છે,
હરિનો માર્ગ શૂરાનો મરીને જીવવું જ તે.
સાપીગીતા

૭. સ્ત્રી. પ્રીતિ; પ્રેમ; આદર; સ્નેહ; અનુરાગ.
૮. સ્ત્રી. ભાગ; વિભાગ.
૯. સ્ત્રી. (પુરાણ) મોક્ષમાર્ગ માંહેની એક ઉપાસના. પરબ્રહ્મના સગુણ સ્વરૂપની ઉપાસના કરી તે દ્વારા તેનું જ્ઞાન સંપાદન કરવું એ અંતિમ સાધ્ય છે. જ્ઞાનરૂપી ભક્તિ એ સાધનરૂપ છે. ભક્તિમાર્ગનો પ્રમાણગ્રંથ તે ભાગવત પુરાણ છે.
૧૦ સ્ત્રી. રચના.
૧૧. સ્ત્રી વફાદારી; નિષ્ઠા.
૧૨. સ્ત્રી. વિભાગ કરવાની રેખા.
૧૩ સ્ત્રી. વેલબુટ્ટી.
૧૪. સ્ત્રી. શ્રદ્ધા, વિશ્વાસ.
૧૫. સ્ત્રી. સેવામાં એકતાનવાળી ચિત્તવૃત્તિ.
૧૬. સ્ત્રી. સેવા; શુશ્રૂષા.
૧૭. સ્ત્રી. (જૈન) સ્તુતિ.

ભક્તિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
ભક્તિકાર્ય [સં.] પું. શિવ; શંકર.
ભક્તિકાવ્ય [સં.] ન. ભક્તિરસનું કાવ્ય
ભક્તિગૃહ [સં] ન. ભક્તિનું સ્થળ.
ભક્તિગ્રંથ [સં.] પું. પ્રાર્થનાનું પુસ્તક.
ભક્તિચિહ્નપ્રકારક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
ભક્તિચ્છેદ [સં.] પું. ભક્તોનાં ચિહ્ન.
ભક્તિતત્ત્વ [સં.] ન. ભક્તિનું રહસ્ય. ગીતામાં બારમા અધ્યાય સુધી જિલ જિલ પ્રકારે ભક્તિતત્ત્વની છણાવટ કરી છે.
ભક્તિદાતા [સં. ભક્તિદાતૃ] પું. પુરુષોત્તમનું હજાર માંહેનું એક નામ.
ભક્તિદાસ ૧. [સં] પું. એ નામનો એક ગુજરાતી કવિ.
૨. પું. ભક્તિનો દાસ
૩. પું. મિતાક્ષરામાં અષ્ટાવેલ પદર માંહેનો એક પ્રકારનો દાસ; ભક્તને માટે રહેલો દાસ.
ભક્તિધર્માત્મજ [સં.] પું. દુર્વાસાના શાપથી ભક્તિ અને ધર્મના પુત્રરૂપે પ્રગટ થયેલ શ્રી સહજાનંદ સ્વામી. તે સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક છે.
ભક્તિધારા [સં.] સ્ત્રી. ભક્તિનો પ્રવાહ. ગાંધીજી કહે છે કે ભક્તિધારા કલમમાંથી નથી વહી શકતી. એ બુદ્ધિની વાત જ નથી એ પ્રદેશ તો હૃદયની ગુફામાંથી વહી રહે અને જ્યારે વહેતી ત્યારે તેના પ્રવાહને કોઈ શક્તિ રોકી નહિ શકે. ગંગાના પ્રવાહને કોણ રોકી શકે છે ?
ભક્તિનંદન જુઓ ભક્તિધર્માત્મજ.
ભક્તિનદ [સં.] સ્ત્રી.ન. ભક્તિરૂપી વહાણ.
ભક્તિનિધિ [સં.] પું. ભક્તિનો ભંડાર
ભક્તિનિષ્ઠ [સં] વિ. ભક્તિ કરવાની નિષ્ઠાવાળું.
ભક્તિનિષ્ઠા [સં.] સ્ત્રી. ભક્તિ તરફની શ્રદ્ધા.
ભક્તિનીતિકૃત [સં. ભક્તિ-નીતિકૃત્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
ભક્તિપરાયણ [સં.] વિ. ભક્તિમાં રચ્યુંપચ્યું.
ભક્તિપરાયણા [સં.] વિ.સ્ત્રી. ભક્તિ કરવામાં તત્પર હોય એવી.
ભક્તિપુષ્પાંજલિ [સં.] સ્ત્રી. ભક્તિરૂપી ફૂલની અંજલિ.
ભક્તિપૂત [સં.] વિ. ભક્તિથી પવિત્ર થયેલું.
ભક્તિપૂર્વક [સં.] અ. ભક્તિભાવથી; માનપૂર્વક; શ્રદ્ધાથી.
ભક્તિપોષક [સં.] વિ. ભક્તિનો પોષણ કરનારું.
ભક્તિપ્રધાન [સં.] વિ. જેમાં ભક્તિ મુખ્ય હોય એવું.

ભક્તિપ્રધાન કર્મયોગની વિધિથી અલગ. આસક્તિ અને કામનાઓ સર્વથા ત્યાગ કરી પ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાની આજ્ઞા આપી છે.
ભગવદ્ગીતા

ભક્તિપ્રવરતા [સં.] સ્ત્રી ધર્મશીલતા; ભક્તિભાવ
ભક્તિપ્રવર્તક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ
ભક્તિબદ્ધ [સં.] વિ. ભક્તિથી બંધાઈ ગયેલું.
ભક્તિબંધ [સં.] પું. પ્રભુ પ્રત્યે પ્રીતિરૂપી બંધન.
ભક્તિભાવ [સં] પું. આરાધનવૃત્તિ; ભક્તનો ભાવ; આદર; પ્રેમ; ઈશ્વરનિષ્ઠા; પરમાર્થબુદ્ધિ; ભજવા માટેનો રોખ, સંબંધ કે ભાવ. વિનોબાજી લખે છે કે: મનુસ્મૃતિમાં એક ઘણી જ મજેદાર વાત કહી છે: એક શિષ્ય બાર વર્ષ સુધી ગુરુગૃહે રહીને પશુમાંથી મનુષ્ય બન્યો. હવે તે ગુરુદક્ષિણા શું આપે ? પ્રાચીન સમયમાં પહેલેથી ફી લેવામાં આવતી નહોતી. બાર વર્ષ બધી વીદ્યા પછી ગુરુજીને જે કાંઈ દેવું હોય તે દેવામાં આવતું. મનુ કહે છે કે, ગરીબી હો ગુરુજીને એકાદ પત્રપુષ્પ, ઘર હો એક પંખો કે ચાંખડી યા પાણીનો કળશિયો. આને તમે મજાક ન સમજશો; કેમકે જે કાંઈ દેવાનું છે તે શ્રદ્ધાનું ચિહ્ન સમજીને દેવાનું છે, કિંમતમાં ભક્તિ, શું વજન છે ? પરંતુ તે ભક્તિભાવમાં ચાંદીનો બરાબર વજન છે. પત્ર પુષ્પ ફળ તોયમ્, કાંઈ પણ હો, તેની સાથે ભક્તિભાવ હોય તો સંપૂર્ણ છે. કેટલું આપ્યું, કેટલું ચઢાવ્યું, એ મુદ્દો નથી; કેવી ભાવનાથી આપ્યું છે, તે મુદ્દો છે. ભક્તિભાવને કારણે કર્મનો બોજો માલૂમ પડતો નથી કર્મની કઠિનતા ચાલી જાય છે. જેને તેટલાં કર્મ કરો, તે ન કર્યા સમાન માલૂમ પડે છે. ભગવાન બુદ્ધ મરીઝ એક કેદીને કહે છે કે, લે તું ઉપવાસ કરે છે તો મહેરા ઉપર ઉપવાસનો બોજ ન માલૂમ પડતો હોવો જોઈએ. જેવું તારા માટે મહેરો સુસજ્જિત કક્ષ જોતો આનંદિત, પ્રફુલ્લિત કેદખાનો જોઈએ. ઉપવાસથી કષ્ટ માલૂમ ન પડવું જોઈએ. સારાંશ એ છે કે, વૃત્તિ એટલી ભક્તિમય, તલ્લીન થઈ જવી જોઈએ કે કષ્ટ ભૂલી જવાય. ઉપનિષદ વિચારણામાં લખ્યું છે કે: પ્રાચીન ઉપનિષદોના કેટલાક દૃષ્ટાઓથી સ્પષ્ટ થાય છે કે, પરબ્રહ્મ ભક્તિભાવથી ભરેલા જ્ઞાનયોગના વિષયરૂપ છે અને તેમાં ચિત્તને માત્ર ક્રીડું બનાવવા ઉપરાંત અત્યંત કોમલ બનાવવાનું કહ્યું છે. ઉપનિષદમાં કેવળ જ્ઞાન નથી, તેમ કેવળ ધ્યાન નથી. જ્ઞાનને ભાવયુક્ત રાખવાનું કહ્યું છે અને ભાવને કેવળ કલ્પનાના ખોળા ઉપર ચઢવાનું કહ્યું નથી, પરંતુ સદ્વસ્તુને વળગવાનું કહ્યું છે. ધ્યેય પરબ્રહ્મને ભેગા લાવવાનો છે
ભક્તિભાસ્કર [સં. ભક્તિ + ભાસ્કર (સૂર્ય)] પું ભક્તિ કરનારાઓમાં મુખ્ય માલૂમ.
ભક્તિમાનું વિ. ખૂબ ભક્તિવાળું
ભક્તિમતી [સં] વિ.સ્ત્રી. ભક્તિવાળી સ્ત્રી.

ભક્તિમાતા [સં ભક્તિ + માતૃ (માતા)] સ્ત્રી. સ્વામીનારાયણ ધર્મ સ્થાપનાર સહજાનંદ સ્વામીનાં માતાનું નામ.

ભક્તિમાન ૧ [સં. ભક્તિમત્] પું. ભક્તિ પુરુષ

૨. પુ ભક્ત. સેવક.

૩. વિ ભક્તિવાળું; આરાધનાયુક્ત જેનામાં હોય તેવું; ભજનપરાયણ.

વળી જે શત્રુ કે મિત્ર ઉપર, માન કે અપમાનમાં તથા ઠાઢ, તાપ, સુખ કે દુઃખમાં સમાન ભાવવાળો અને સંગ રહિત હોય, નિંદા અને સ્તુતિને સમાન માને, મૌનધારી હોય, જે કાંઈ આવી મળે તેથી સંતોષી રહે, ઘરબાર વિનાનો અને સ્થિર બુદ્ધિવાળો હોય, તે ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે. ગીતાપ્રમોદ

૪. વિ. શ્રદ્ધાવાળું; વિશ્વાસવાળું

ભક્તિમાર્ગ [સં.] પું. ભક્તિથી ઈશ્વરને પામવાની રીતિ અથવા પ્રકાર; ઉપાસનામાર્ગ. ભક્તિ દ્વારા સાધનાનો માર્ગ. ઈશ્વરને પામવાના ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ઉપાસના એ ત્રણ ભક્તિ પહેલી ગણાય છે.

ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા [સં. ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતૃ] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

ભક્તિમાર્ગી [સં. ભક્તિમાર્ગ + ઈન્ (વાળું)] વિ. ભક્તિમાર્ગને અનુસરનારું.

ભક્તિમાર્ગૈકપોષક [સં.] પું પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

ભક્તિમીમાંસા [સં.] સ્ત્રી. શાંડિલ્ય ઋષિએ રચેલ એ નામનું એક પુસ્તક

ભક્તિયાગ ૧. [સં.] પું. ઈશ્વરની હંમેશા મન દઈને શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરવી તે; ભક્તિરૂપી યજ્ઞ.

૨. પું. ભક્તિનું સાધન.

ભક્તિયોગ ૧. [સં.] પું. એ નામનો ગીતાનો બારમો અધ્યાય. ભગવાનને કેવા પ્રકારનો ભક્ત વધારે છે અને તે ભક્તનાં આચરણ કર્મ કેવાં હોવાં જોઈએ વગેરે બાબત ઉપર આ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે, માટે આ અધ્યાયને ભક્તિયોગ નામ આપ્યું છે. વિનોબા લખે છે કે ભાવપૂર્વક ઈશ્વરની સાથે જોડાઈ જવાનો અર્થ તે ભક્તિયોગ. રાજયોગમાં કર્મયોગ અને ભક્તિયોગ બંને એકત્રિત થઈ જાય છે. રાજયોગની બધા લોકોએ ઘણી આખ્યા કરી છે. પરંતુ રાજયોગ અથવા સંક્ષેપમાં કર્મયોગ અને ભક્તિયોગનું મધુર મિશ્રણ, એની કંઈ આખ્યા કરે છું. ભક્તિયોગમાં બહારથી તપ અને અંદરથી જપ બતાવેલ છે. ઉપવાસ આદિ બહારનાં તપ ચાલતા હતાં પણ જો અંદરથી માનસિક જપ ન હોય તો તે બધા તપ વ્યર્થ જાય. તપ સાથેની મારી ભાવના સતત પ્રજ્વલિત, જપમયતી રહેવી જોઈએ. ઉપવાસ શબ્દનો અર્થ ભગવાનની પાસે બેસવું એવો થાય છે. પરમાત્માની નજદીક આપણે સ્થિત રહે એટલા માટે બહારના ભોગોના દરવાજા બંધ કરવાની જરૂર છે.

૨. પું એક પ્રકારનો યોગ જેમાં ભક્તિ પ્રધાન છે એવો યોગ.

હું તે તું નથી હું તે હું સ્વરૂપ ભક્તિયોગનું.
પર જે ભક્તિભાવેથી સ્વરાજ સાધવું ઘટે.
માપી-ગીતા

૩. પુ. ચિંતનની એકાગ્રતાનું એક સાધન.

૪ પું. સંન્યાસથી ભક્તિ

ભક્તિયોગસમાધિ [સં.] સ્ત્રી એક પ્રકારની સમાધિ પોતાના ઇષ્ટદેવના રૂપનું ધ્યાન કરી, ચિંતન કરી, ભક્તિરસથી આનંદપૂર્વક પરમ આનંદનો અનુભવ કરે, તે આનંદમાં અશ્રુ વહે, રોમાંચ ખડા થઈ જાય તથા મન બ્રહ્મમાં એકાગ્ર થઈ જાય, તેને ભક્તિયોગસમાધિ કહે છે.

ભક્તિરત્નપ્રદાયક [સં] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

ભક્તિરસ [સં.] પુ . ભક્તિની ભાવના

ભક્તિરસાયન [સ] ન. એ નામનું ભક્તિ ઉપર લખાયેલ એક પુસ્તક.

ભક્તિરેખા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) જેમાં માણસ ભક્ત થશે કે કેમ તે જણાવનારી તેના હાથ ઉપરની રેખા.

ભક્તિલક્ષ ૧. [સં.] પું. સારા યોગો; જાતવાળો ઉત્તમ યોગ

૨ વિ. ભક્તિભાવ; ભક્તિ ઉત્પન્ન કરે એવું.

ભક્તિલક્ષાભ્યર્ચિર્જ્ય [સં] પું. પુરુષોત્તમના હજાર નામોનું એક નામ.

ભક્તિવશ [સં.] વિ. ભક્તિને વશ રહેનાર.

ભક્તિવરય [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

ભક્તિવિલાસ [સં.] પું ઈ ઇષ્ટદેવને આપણે પૂજતા હોઈએ તેની કાર્યોએ અપાતા સોગન કે કસમ: 'ગોડ આઈ સ્વીઅર્સ'.

ભક્તિશાસ્ત્ર [સં.] ન. દેવર્ષિ નારદે રચેલું એ નામનું ભક્તિને લગતું એક શાસ્ત્ર. તેમાં ભગવાન ભક્તિને સર્વશ્રેષ્ઠ ગણી છે. ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન આપતા ઉપરાંત ભગવાન ભક્ત કેવો હોય, એના લક્ષણો પણ તેમાં આપ્યાં છે. ઉપનિષદ વિચારણામાં લખ્યું છે કે: પ્રાચીન ઉપનિષદો ઘણે ભાગે વિચારપ્રધાન હોવાથી સામાન્ય રીતે એવું સમજવામાં આવે છે કે, ઉપનિષદોમાં ભક્તિનો અંશ નથી, પણ કેવળ વિચાર અથવા તર્ક જ છે. પરંતુ ખરી રીતે ઔપનિષદ બ્રહ્મ સ્વભાવથી જ આનંદરૂપ હોવાથી અને આનંદાત્મક બ્રહ્મ ઉપાસ્ય હોવાથી ઉપનિષદો કેવળ શુષ્ક વિચાર અથવા તર્કથી ભરેલાં નથી, પરંતુ તેમાં નિર્મળ પ્રેમના પ્રવાહો અને તરંગો પણ છે. યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના સંવાદમાં મધુર વાક્યો વડે મૈત્રેયીને સમજાવવામાં આવ્યું છે કે, આત્મરૂપ વસ્તુને અર્થે ધન, પતિ, સ્ત્રી, પુત્ર, પશુ, બ્રાહ્મણ, ક્ષત્રિય, લોક, દેવ વગેરે પ્રિય લાગે છે અને તેથી આત્મા પરમ પ્રેમનું આલંબન છે અને તે કારણથી તે સૌથી પ્રિયતમ પદાર્થ છે. આવા આત્માનું દર્શન કરવા શ્રવણ, મનન, નિદિધ્યાસન સાધવાનાં છે. આ બ્રહ્મવિદ્યા નામના ગ્રંથમાં જેઓ પરાભક્તિ રાખે, તથા જે દેવમાં ભક્તિ તેવી ગુરુમાં ભક્તિ રાખે, તેમનાજ ઉપનિષદોના અર્થો પ્રકાશિત થાય છે. ઉપનિષદો બ્રહ્મરૂપ બ્રહ્મનું અથવા પરમેશ્વરનું સ્વરૂપ રજૂ કરે છે, ત્યારે ભક્તિશાસ્ત્ર ભક્તિનાં રૂપ અને ભેદોની વ્યવસ્થા કરે છે. વિનોબા લખે છે કે: બિંદુને સંબંધ, પહોળાઈ, જાડાઈ કાંઈ પણ હોતું નથી, પરંતુ આપણા તો એવી કરે છે અને પાટા પાટિયા ઉપર બનાવીને દેખાડે છે. પરંતુ બિંદુ તો વાસ્તવમાં અસ્તિત્વ માત્ર છે, ત્રિપરિણામ રહિત છે. મતલબ એ કે, સાચો ત્રિકોણ, સાચું બિંદુ આપણામાં જ રહે છે. પરંતુ આપણને તેને માનીને ચાલવું પડે છે. ભક્તિશાસ્ત્રમાં પણ જ્ઞાનમાર્ગમાં જે કૂટવા તૂટવાવાળો પરમેશ્વર માનવો પડે છે.

ભક્તિશૃંગાર ૧. [સં] પું. એક જાતનો શૃંગાર.

૨. પું. એક પ્રકારની કવિતા.

ભક્તિસત્કાર [સં.] પું. ભાવપૂર્વક આદરસત્કાર.

ભક્તિસાધનવક્તા [સં. ભક્તિસાધનવક્તૃ] પુ પુરુષોત્તમના હજાર નામોનું એક નામ.

ભક્તિસિદ્ધાંતવક્તા જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તિસૂત્ર [સં.] ન. શાંડિલ્ય મુનિકૃત સૂત્રાત્મક એક ગ્રંથ

ભક્તૈકશરણહૃદય જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તૈકહૃદયેશ્વર જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તોદ્ધારપ્રયત્નાત્મા જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તોદ્ભવ [સં. ભક્ત (ભક્ત) + ઉદ્ભવ (ઉત્પન્ન થવું તે)] પું. ભક્તનું ઓલાદપણું.

ભક્તોન્નતિકર જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તોપસાધક [સં.] પું રસોઈયો.

ભક્ત [સં. ભક્તિ] જી. ભક્તિ.

પ્રભુને આપને દ્રઢી મન,
સદા કરૂં તમારી ભક્ત.

સમરાસરા આખ્યાન

ભક્તયામાહી જુઓ ભક્તિસાધનવક્તા.

ભક્તયાસક્ત [સ. ભક્તિ + આસક્ત (પ્રેમવાળું)] વિ. ભક્તિમાં પ્રેમવાળું.

ભક્તયુદ્રેક [સ. ભક્તિ + ઉદ્રેક (વધારો)] પુ. ભક્તિનો વધારો; ભક્તિનું અતિશયપણું

ભક્તશાસા પું. ભાંડ; મશ્કરો

ભક્ષ ૧. [સ.] ઇ ક્રિ. (ધાતુ) ખાવું; ફાડી ખાવું; ભક્ષણ કરવું તે ઉપરથી બનેલ શબ્દ: ભક્ષ, ભક્ષ્ય, ભક્ષણ, ભક્ષક

૨. ન. કિ. વપરાશમાં લઈ લેવું; ઉપયોગ કરી નાખવો

ભક્ષ ૧. [સં. ભક્ષ્ (ખાવું)] ન. ખાવું તે; ભક્ષણ

૨. ન ખનપરનો શિકાર

૩ ન. ભોજન; ખાવાની પદાર્થ; ભોગ

ભક્ષક ૧. [સં ભક્ષ્ (ખાવું) + અક (ક્રિયા કરનાર)] પું. જે ભેગું ખાય છે તે.

૨. વિ. ખારાતિયું.

૩. વિ. ખાનાર; ભક્ષણ કરનાર; ખાવાવાળું.

ભક્ષકકટક [સં.] પું. મોખર.

ભક્ષકાર [સં.] પું. કોળિયો; હલવાઈ; મીઠાઈ બનાવનાર.

ભક્ષટક જુઓ ભક્ષકંટક.

ભક્ષણ ૧. [સં. ભક્ષ્ (ખાવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ખાવાનું તે; આહાર; ભોજન.

૨. ન. ખાવું તે; ભોજન કરવું તે.

ભક્ષણનીતિ [સં.] સ્ત્રી. ખાવું ખાઈ જવાનું વલણ

ભક્ષણીય [સં ભક્ષ્ (ખાવું) + અનીય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. ખાવા જેવું; ખાવાને યોગ્ય હોય એવું; ભક્ષ્ય.

ભક્ષપત્રા [સં.] સ્ત્રી. નાગરવેલ.

ભક્ષબીજ [સ.] પું. ચારોલીનું ઝાડ.

ભક્ષવું [સં. ભક્ષ્] સ. ક્રિ. ખાવું; ભક્ષણ કરવું.

ભક્ષંકાર જુઓ ભક્ષકાર.

ભક્ષાલ [સં] પું. એ નામે એક દેશ.

ભક્ષિકા [સં] સ્ત્રી. ખાવાનો પદાર્થ; ખાદ્ય

ભક્ષિણી [સં.] સ્ત્રી. ભક્ષણ કરનારી રાક્ષસી.

ભક્ષિત [સં.] વિ. ખાધેલું; ભક્ષણ કરેલું; ખવાઈ ગયેલું.

ભક્ષિતવ્ય [સં.] વિ. ભક્ષણ કરવા યોગ્ય; ખાવા લાયક

ભક્ષી ૧. સ્ત્રી. જેલખાનું; અંધારકોટડી.

૨. ન. એક જાતનું ઝાડ. તે ઘણખરૂં ૧૭૦ ફૂટ ઊંચું થાય છે તેની છાલ લીલી અને ધૂપરા રંગની હોય છે. તેનું લાકડું નક્કર હોવાથી દરિયાર બનાવવાના કામમાં આવે છે.

૩. [સં. ભક્ષિન્] વિ. ભક્ષ કરનાર; ખાનાર; ખાઉધરી. સમાસને અંતે વપરાય છે. જેમકે, માંસિભક્ષી; સર્વભક્ષી.

ભક્ષ્ય ૧. [સં. ભક્ષ્ (ખાવું)] ન. ખાવાનો પદાર્થ; ખોરાક

૨. વિ. ખાવા લાયક; ખાઈ શકાય એવું; ભક્ષણ કરવા યોગ્ય; ખાવા જેવું.

ભક્ષ્યકાર જુઓ ભક્ષકાર.

ભક્ષ્યપત્રા જુઓ ભક્ષપત્રા.

ભક્ષ્યભોજન [સં.] ન. ખાવાનો ખોરાક.

ભક્ષ્યભોજ્યસુખપ્રદા [સં] સ્ત્રી. ગંગાનાં હલ્લર મંદિરનું એક નામ

ભક્ષ્યમીન [સં ભક્ષ્ય (ખાવા લાયક) + મીન (માછલું)] ન ખોરાક તરીકે ખપમાં લઈ શકાય તેવું માછલું.

ભક્ષ્યકાર [સં.] પું કોળિયો; ભક્ષકાર.

ભક્ષ્યાગાર [સં.] ન. અન્નભંડાર

ભક્ષ્યાભક્ષ્ય [સં. ભક્ષ્ય + અભક્ષ્ય] ન. ખાવા લાયક અને ન ખાવા લાયક વસ્તુ.

ભક્ષ્યાભક્ષ્યપ્રકરણ [સં.] ન. ખાવા યોગ્ય અને નહિ ખાવા યોગ્યનો વિવેક કરનાર વૈદકશાસ્ત્રનો ખંડ

ભક્ષ્યાલાળૂ [સ.] સ્ત્રી. એક જાતની તુપડીનો વેગો

ભખ ૧ પું. ખાડ; ક્ષેતર. બેખડ.

૨. પું. ખાવાનો પદાર્થ; ખોરાક; આહાર; ભોજન.

ભખ કરવું = ખાવું.

૩. પું. ચાર ચાર અક્ષરનાં જેના કાર્ય ન વધે તેવી રકમ.

૪. પું. શિકાર.

૫. ન. ઝટ; તુરત.

ભખ દઈને = તરત જ.

૬. ન. ભખ એવો અવાજ થાય તેમ.

ભખડળ ૧. ન. એક જાતનો રોગ; ભગંદર.

૨. ન. મોટું ખાડું; મોટું કાણું; બાકોરું; ભખોરું; ગાબડું.

૩ ન. મોટો ઊંડો ખાડો.

ભખનાળું જુઓ ભખડળ.

ભખભક્ષ ૧. પુ. ખોરાક.

૨. પું. શિકાર

ભખભખાવું વિ. આખાબોલું; જેના પેટમાં વાત ન રહે એવું

ભખભખાટ ૧. પું. તીવ્ર ઉતાવળ.

૨. પું. ભખ ભખ થવું તે

ભખભખિયું ૧. ન. ભખ ભખ કરતું રેલવે ગાડીનું એંજિન.

૨. વિ આખાબોલું; જેમ આવે તેમ તરત બોલી નાખનારું; બોલવાના ઢંગધડા વિનાનું; ઉતાવળિયું; બહુ વાચાળ.

ભખર ૧. ન. (વૈદક) એક જાતની ક્ષા. તે મૂત્રલ અને શક્તિ આપનારી હોવાથી જ્ઞાનતંતુઓની નબળાઈ, અશક્તિ, પ્રમેહ, અનૈચ્છિક મૂત્રસ્રાવ, પાતળી ધાત અને જલોદરમાં અપાય છે. તેની માત્રા ચાર ગ્રામથી એક ઔંસની છે.

૨. ન. મોખરું.

૩ વિ ભુખાળવું; ખાઉધરું; બહુ ખાનારું.

ભખરભખર સ્ત્રી. શ્વાસ ખાવાની રીત.

ભખરા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભખરાવું અ. ક્રિ. ભખરાવું

ભખરી જવું = ભ્રષ્ટ થવું; ભમરી જવું.

ભખલો પું. યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય

ભખવું ૧. [સં. ભક્ષ્ (ભોજન)] સ ક્રિ. ખાવું; ભખવું; ભક્ષવું.

ભારત ભાઈ બાસે ભખ્યું,
તક્ષ વૃક્ષ બીજમાં ભખ્યું. રા.મણ

૨. [સં. ભક્ષ્] સ ક્રિ. કરવું; ખાવું; ભક્ષવું; ભોજન કરવું.

હરિના હો તો હરિને બોલખો,
વહ્યાવ્યું બીજું કયાં ભખો ! ભખો

૩. સ ક્રિ. શિકાર કરવો.

ભખાળી ૧. [સં. ભક્ષ્ (પડવું)] વિ અપવિત્ર ભ્રષ્ટ; આચારભ્રષ્ટ; ભખોલું; વટલાયેલું.

૨. વિ. ઠગ ભોંવું; બકુચોલું; વાચાળ

૩. વિ. ભખીલ; કંજૂસ

૪. વિ. ભુખાળવું; ખાઉપરું; ખાઉ ખાઉ કરનારું.

ભખળાવું ૧ [સ. ભક્ષ (પક્ષ)] સ ક્રિ આચારથી ભ્રષ્ટ થવું; વટલી જવું
૨ સ ક્રિ આડે આડે કરવું; આવતે વહ્યા આવવું, ભગડવું

ભખળેલ ૧ વિ આચાર-ભ્રષ્ટ; અપવિત્ર; ભ્રષ્ટ; વટલી ગયેલું
૨ વિ. આઉધરું; ભુખાળવું

ભખળોલું જુઓ ભખળેલ.

ભખાભોલું વિ. ચોખ્ખું કહી દેનારું; ભય દર્શને જેવું હોય તેવું મોંદે કહી નાખનારું; ભક્ષાભોક્ષ

ભખાયલું વિ નિસ્તેજ; ઊતરી ગયેલું.

ભખિયો પું. (દેશી) પેટપીડ; પેટમાં ચૂંક આવી તે.

ભખી જી. એક જાતનું ઘાસ.

ભખોડું ૧. ન. ખાડો.
૨. ન. મોટું બાકું, મોટું કાંકું; મોટું દર; ખાબોચિયું
૩. ન. ખોની ખોદિ.

ભગ્ખા (ભખ્ખડ) ૧. વિ. ખરબચડું.
૨ વિ. મામળિયું.
૩. વિ. પૃષ્ટ; નીડર.
૪ વિ. નરમાશ વગરનું, વિવેક રહિત.
૫. વિ ભ્રષ્ટ. અપવિત્ર; આચારભ્રષ્ટ.
૬ વિ. રબુશ અને ખારું; ખાટું; ખૂબ ખાટું કે ખીચું.

ભગ્ખાર પું. (સંગીત) રાત્રિના ઉત્તરા પહોર ગવાતો એક રાગ.

ભગ ૧. [સં.] પું. (પુરાણ) અત્રિવાર માહેનો એ નામનો એક રુદ્ર
૨. પું., અથર્વવેદનો એક ઋષિ.
૩. પુ. આદિત્ય.
૪. પુ. ઈશ્વર; પ્રભુ
૫. પું. કાંતિ; તેજ.
૬. પું. યુદ્ધ અને દાંપત્ય વચ્ચેનો ભાગ.
૭. પુ. જ્ઞાન; બુદ્ધિ.
૮. પુ વિવિધ ભાષ્યના પ્રેરક પુરુષોત્તમમાં રહેલ વિશેષ ધર્મ ઉપનિષદ વિચારણામાં સ્વીકાર્યું છે કે પરમ પુરુષ અથવા પરમાત્માના કેટલાક સ્વરૂપ ધર્મો અથવા સ્વાભાવિક ગુણો છે અને કેટલાક સમર્થી ધર્મો અથવા ઔપાધિક ધર્મો છે. તેમના સ્વભાવધર્મો ખરી રીતે નિર્ગુણ વસ્તુના ઘટક અંશો છે; એટલે ક્ષિતિજ ઉપર પ્રથમ આવિર્ભાવ પામતા સૂર્યના બિમ્બમાં જેમ સાત પ્રકારો હોય છે અને ત્યારપછી રંગબેરંગી પ્રકારો અથવા કિરણો નીકળે છે, તેમ નિર્ગુણ બ્રહ્મની સત્તા, ચૈતન્ય અને આનંદ સગુણ બ્રહ્મમાં આવિર્ભાવ પામતાં વિશેષ ધર્મો ધારણ કરે છે અને તે ઉપરાંત વિશેષ ધર્મો ક્રિયા, ભક્ત જેવા અભિન્નકક્ષ થાય છે. આ સચ્ચિદાનંદ નામના સ્વાભાવિક ધર્મ ઉપરાંતના વિશેષ ધર્મોને ભગ સંજ્ઞા આપવામાં આવે છે, એટલે નિર્ગુણ જ્ઞાત બ્રહ્મ આ ભગના રૂપથી વડે સગુણ રૂપ ધારણ કરે છે અને વધારે ઉત્કર્ષ પામતાં તે ભગવાન બ્રહ્મ અથવા મિત્ર બ્રહ્મ બને છે. બ્રહ્મચૈતન્યની શાંતતા, રમણતા અને મિત્રતા ઉપર પાંચના શાંતબ્રહ્મવાદ, રમણબ્રહ્મવાદ અને મિત્ર બ્રહ્મવાદ થયા છે. વિવિધ ભક્તના પ્રેરક પુરુષોત્તમમાં નીચેના મુખ્ય વિશેષ ધર્મો વિદ્યમાન ઉપનિષદોમાંથી તારવી શકાય છે: ઈશિત્વ, સર્વેશ્વરત્વ, વિભુત્વ, મનોહરત્વ, જગત્સંહારકત્વ, જીવનો પરમ સ્પર્શ, સર્વ શાસ્તૃત્વ, સર્વોત્પાદત્વ, સર્વ ભાસકત્વ, પ્રભુત્વ ભોક્તૃત્વ, આકાશ જેવું વિભુત્વ અને નિત્ય તૃપ્તત્વ, મુક્તાત્મત્વ સર્વજ્ઞાતૃત્વ, આનંદમયત્વ વગેરે
૯. પું. (પુરાણ) દક્ષ પ્રજાપતિ.
૧૦. પું. પરાક્રમ; અપાર શક્તિ. સામર્થ્ય.
૧૧. પું. (પુરાણ) ભાર માહેનો છઠ્ઠો આદિત્ય. તેની પત્નીનું નામ સિદ્ધિ હતું. તેને પેટે મહિમા, વિભુ અને પ્રભુ એમ ત્રણ પુત્ર અને આશી નામની કન્યા થઈ હતી. આશી સ્વરૂપવાન અને તપોનિષ્ઠ હતી. પોષ માસમાં સૂર્યમંડળ ઉપર ભગનું આધિપત્ય હોય છે.
૧૨. પું. માહાત્મ્ય
૧૩ પું. યજ્ઞ; હોમ.
૧૪ પું. યજ્ઞ; આત્મા; કોનિ.
૧૫ પું. બદનીબ; ધન
૧૬. પું. સોમા.
૧૭. પું. સૂર્ય.
૧૮ પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં થયેલા દક્ષ યજ્ઞમાનો ઋત્વિજ. તે દક્ષના યજ્ઞમાં ઋત્વિજ હતો. નંદીએ તેને આપ્યો હતો. શિવની નિંદામાં તેણે નેત્ર વડે ક્રોધાગ્નિ ઓકી હતી. માટે વીરભદ્ર તેની આંખો ફોડી હતી. તેથી આંખો ફોડવાથી શિવે તેને વરદાન આપ્યું કે, બીજા મિત્રની આંખ વડે દેખે.
૧૯. ન. અષ્ટિમા વગેરે આઠ પ્રકારનું ઐશ્વર્ય
૨૦. ન. પ્રજ્ઞા
૨૧. ન. ઉત્કૃષ્ટપણું; શ્રેષ્ઠતા.
૨૨. ન. ઉત્પત્તિસ્થાન; યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય. તેના મુખ્ય બે ભાગ છે: બહિર્ભગ અને અંતર્ભગ. બહિર્ભગ એટલે પેડુની બહાર રહેલાં સ્ત્રીશરીરનાં પ્રજનન અંગોનો બાહ્ય ભેદનો પ્રદેશ. આ પ્રદેશમાં મુખ્ય અવયવો છે: (૧) મૂલદ્વારભગોષ્ઠ, (૨) ભગચ્છિદ્ર, (૩) ભગશિશ્નિકા, (૪) ભગાલિંદ, (૫) ભગદ્વાર અથવા યોનિદ્વાર, (૬) યોનિદ્વારિકા, (૭) ભગાંકુરિકા. અંતર્ભગમાં યોનિમાર્ગ, ગર્ભાશય, બીજકોષો તથા એ બીજગ્રંથિનીઓનો સમાવેશ થાય છે.
૨૩. ન. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ૬ ગુણોનો સમૂહ.
૨૪ ન. કપૂર.
૨૫ ન ગુદા
૨૬. ન. ચંદ્ર.
૨૭ ન. ચાંદું; આળો ઇ.સ.
૨૮. ન ભિક્ષા, માગું.
૨૯. ન ધર્મ. પુણ્ય.
૩૦. ન. નેત્ર, આખ.
૩૧ ન પદ, સ્થાન.
૩૨. ન. (જ્યોતિષ) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.
૩૩. ન. પ્રીતિ; પ્રેમ.
૩૪. ન. ખારની સંજ્ઞા.
૩૫. ન. ભાગ; ભાઈ નસીબ; સદ્ભાગ્ય; કલ્યાણ.
૩૬. ન. માન; મોટાઈ.
૩૭. ન. મુક્તિ; મોક્ષ.
૩૮. ન યત્ન; મહેનત.
૩૯. ન. વીર્ય.
૪૦. ન. વૈરાગ્ય.
૪૧ ન. સદ્ગુણ
૪૨ ન. સર્વોપરી સત્તા; સર્વશક્તિમત્ત્વ.
૪૩. ન સૌંદર્ય; સુંદરતા.

ભગઉંડું ન યોનિ ઉપર આવતી ખરજ.

ભગગ [સં.] પું. મહાદેવ; શિવ

ભગચર્મ [સ. ભગ (યોનિ + ચર્મન્ (ચામડી)] ન. યોનિ ઉપર બાલ, ખરજવાં કે ધાગાં થવાનો રોગ

ભગડતૂતી (ભગડાતી) જી એક જાતની રમત.

ભગડુ (ભગડું) ૧. વિ ડાઘર.
૨. વિ ભાગેલું.

ભગણ ૧. [સં] પું. (ગણિત) આઠ માહેનો એક ગણ; પહેલા દીર્ઘ અને પછીની બે હ્રસ્વ માત્રાવાળો ગણ જેમકે, આદર.
૨. પું (જ્યોતિષ) કોઈ પણ ગ્રહની ચારે રાશિઓ અથવા સઘળાં નક્ષત્રોની આસપાસ ફરી રહેલા થતી એક પ્રદક્ષિણા; ચાર રાશિઓનો ભોગવટો
૩. પું. (જ્યોતિષ) તારાઓનું ઝૂમખું.
૪ પું. નક્ષત્રરૂપી પોતપોતે કે ક્રમણ.
૫ પું. પરિભ્રમણ; ચક્કરાવો

૬. પુ. બાર રાશિ જેટલું માન; ચક્ર.
૧૦ વિકળા = કળા
૧૦ કળા = અંશ
૩૦ અંશ = રાશિ
૧૨ રાશિ = ચક્ર; ભચક્ર

૭. પું. (જ્યોતિષ) બાર રાશિઓનો સમૂહ; રાશિચક્ર

ભગણકાલ [સં] પું. ચક્રરાવો અથવા પરિક્રમણ કરતા ગ્રહનો વખત.

ભગત ૧. પું ખોટો દેખાવ.
૨. પુ. ખોટો રૂપિયો, ખોટું નાણું
રૂપિયો ભગત હોવો = રૂપિયો ખોટો કે મતલબીદાર હોવો
૩. પુ. ગળિયો બળદ
૪. પુ. ધાર્મિક નાટક.
૫. પુ. પવિત્ર ભોળો માણસ.
૬. પુ. પૂજારી; સેવક; ઉપાસક.
૭. પુ. ભૂતપ્રેત ઉતારનાર માણસ; ભગત કહનાર માણસ.
૮. પું. વેરવા સાથે તબલા વગરે બજવવાનું કામ કરનાર પુરુષ
૯. પું. સાધુ પુરુષ
૧૦. સ્ત્રી કચ્છી, ભાવા તથા મરાઠી એ નામની એક બટક.
૧૧. ન. એ નામની બટકનું માણસ.
૧૨. વિ. એ નામની બટકનું.
૧૩. વિ. ભક્ત; ઈશ્વરના ગુણાનુવાદ કરનાર ને પ્રભુપરાયણ; ભજન કરનાર.
૧૪. વિ. વિચારવાનું હોય એવું.

ભગતડી (ભગતડી) જુઓ ભગતડું.

ભગતડું વિ. (ભગતડું) વિ. ભક્તિમાં મેલું; બહુ જ ભજનકીર્તન અને સેવાપૂજા કર્યા કરનારું.
કૂવો વાંઝિયો ત્યારે કણગર પેદા ને ઘર વાંઝ્યું ત્યારે ભગતડું પેદા = માઠી દશા બેસતી.

ભગતડો (ભગતડો) જુઓ ભગતડું.

ભગતણ સ્ત્રી. મારવાડમાં વસતો એ નામનો એક મહિલાવર્ગ. આ ઓઓને કોઈ સાધુ પુરુષ સાથે પરણવું જ જોઈએ. તેનું લગ્ન નામનું જ હોય છે, અને જો તે સાધુને કોઈ રૂપિયો આપે એટલે પત્ની તરીકેના હક્ક જતા કરાય છે.

ભગતવત્સલ વિ. ભક્તવત્સલ; ભક્ત ઉપર દયા રાખનાર.

ભગતા પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે ગાહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ અને ૪૬ લઘુ મળી ૬૭ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

ભગતાઈ ૧. સ્ત્રી પવિત્રતા. સાધુ જીવન.
૨. સ્ત્રી. પૂજા; સેવા; ભક્તિ; ઈશ્વરભજન.
૩. સ્ત્રી. ભગત હોવાપણું.
૪. સ્ત્રી ભૂતપ્રેતનો વળગાડ કાઢવાની રીત. તેમાં ભગતને દારૂ પાવામાં આવે છે અને મરઘો અથવા બોકડો જે ભૂતપ્રેતને ચડાવવા લાવ્યો હોય છે તે તેને અપાય છે. ઉપરાંત નાળિયેર તથા રોકડ રકમ પણ કોઈક મળે છે. નાનામા નાની અને સાદામાં સાદી ભગતાઈ કરાવે તોપણ દારૂ પાનારને ઓછા રૂપિયો અને દારૂ નહિ પાનારને બાર આના ખર્ચ થાય છે. જોમ મદવાડ મશહૂર તેમ ભગતાઈ મોટી કરાવવા પડે છે. તેમાં ઓછું વધતું પચીસ રૂપિયા પણ ખર્ચ થાય છે.

ભગતાણી ૧. સ્ત્રી. ભક્ત સ્ત્રી
૨. સ્ત્રી. ભગતની સ્ત્રી.

ભગતિન ૧. [હિ.] સ્ત્રી. ભગતની વહુ.
૨. સ્ત્રી. વેરણ.

ભગતિયા ૧ સ્ત્રી. રજપૂતાનાની એ નામની એક જાતિ. આ જાતિની કન્યાઓ વેશ્યાવૃત્તિ અને ગાયનનાચનું કામ કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ભગતિયો પું. નાચ કરનાર છોકરો.

ભગતી ૧. સ્ત્રી પવિત્રતા.
૨. સ્ત્રી. ભક્તિ; ઈશ્વરારાધના
૩. સ્ત્રી. ભગતની સ્ત્રી.

ભગતું ૧. ન. હદ ઉપરાંત ભક્તિની ઘેલછા. ધર્મક્રિયા વગેરેમાં અંધશ્રદ્ધા; પૂજાપાઠ વગેરે આચારની અતિ કાળજી; ભક્તિ કરવાની કે આચાર પાળવાની અતિશય અટપટ
૨. વિ. ભક્તિઘેલું.

ભગનોરજ્જુ ન યોનિના ઉપરના ભાગમા આવેલ કાડકાની બનેલી કમાન.

ભગન્દિકોષ્ઠ [સં] પું. યોનિદ્વિકની નીચે આવેલ ત્રિકોણાકાર સ્થાન. આ ત્રિકોણના અંતમાં ગોટલે ઉપલા ભેડા તરફ મલનાકુર, બને બાજુએ નાના ભગોષ્ઠ અને તળિયે અથવા નીચે ભગદ્વારની ઉપરની બાર આવેલ છે. આ તળપ્રદેશની નીચે નજીક જ એક મોટા કંઈક છે. તેની બરાબર વચમાં મૂત્ર નળીનું છિદ્ર છે.

ભગન્દર (ભગંદર) ૧. પું. આપવાત.
૨. પું. ગોટલાની પાસેનો ભાગ, ચત્તો; પ્રાસનો, ઢેપક.
૩. વિ. ત્રાસદાયક

ભગદત્ત [સ.] પું. (પુરાણ) પ્રાગ્જ્યોતિષ દેશનો એ નામનો એક રાજા; નરકાસુરનો પુત્ર. તેને કિરાત અને ચીન વગેરે દેશના રાજાઓનો મોટો આશ્રય હતો ઉત્તર દિશાનો દિગ્વિજય કરતી વખતે અર્જુને તેને હરાવી તેની પાસેથી અપાર દ્રવ્ય લીધું હતું. ભારતના યુદ્ધમાં તે કૌરવોના પક્ષમાં હતો. મહાયુદ્ધમાં તે કુરાજ હોઈ તેણે પાંડવોના સૈન્ય ઉપર બરછી જેવી ઘણી અરાબી કરી હતી. તે અર્જુનને હાથે માર્યો ગયો હતો.

ભગદળ ન. મોટું બાકોરું.

ભગદંડ સ્ત્રી. નાસભાગ.

ભગદંડી વિ કેડાવા વિનાનું; બાંડા બજારનું.

ભગદા [સ.] સ્ત્રી, કર્તિક સ્વામીની અનુચર એક માતૃકા.

ભગદાણું ૧. ન. ગુજ રોપ; વર્ષે કલા જતું તે.
૨. ન. મોટું ચોસલું ગોબડી જવાથી પડેલો ઊંડો ને પહોળો ખાડો; ગાબડું; મોટું બાકોરું; બાકું; કાણું; છિદ્ર.

ભગદેવ ૧. [સં.] પું. ક્રોધી પુરુષ
૨. પું; શિવ.
૩. સ્ત્રી. એ નામની ચોવીસીની એક બટક.
૪. ન. એ નામની બટકનું માણસ.
૫. વિ. એ નામની બટકનું.

ભગદૈવત [સં.] ન. (જ્યોતિષ) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

ભગદ્વાર [સં.] ન. યોનિદ્વાર. બને નાના ઓની વચ્ચે મૂત્રપ્રસેકદ્વારની નીચે કૂકડાના ઈંડાના આકારનું યોનિદ્વાર આવેલું છે. તેની દરેક બાજુ ઉપર યોનિસંકોચ નામની પેશી રહેલી છે. કન્યાઓમાં આ દ્વારનો નીચલો અર્ધ ભાગ કુમારિચ્છદ નામના એક કલામય પડદા વડે ઢકાયેલો છે, જોટલે યોનિદ્વારનો દેખાવ આ પડદાના આકાર પ્રમાણે વધતો ઓછો હોય છે. આ પડદો યૌવનમાં કંદર્પલીલામા કમે કમે તૂટી જાય છે. કોઈ વાર આ પડદો આખા યોનિદ્વારને ઢાંકી દે છે. આ સ્થિતિમા સ્ત્રીનો અટકાવ બહાર આવી શકતો નથી અને ઘણુ દુઃખ થાય છે.

ભગનહા [હિ] સ્ત્રી. કરેણના નામની કાંટાળી વેલ.

ભગનંદન [સં] પું. વિષ્ણુ; ઐશ્વર્ય વડે આનંદયુક્ત વિષ્ણુ.

ભગનંદા [સં.] સ્ત્રી. પ્રતિહ સ્વામીની અનુચર એક માતૃકા.

ભગના ૧. [હિ.] પું ભાણેજ; બહેનનો દીકરો.
૨. સ્ત્રી. મીઠા પાણીની બાવીસ માંહેની એક જાતની માછલી.

ભગનાઈ સ્ત્રી. નાસી જવું તે; રખડપાટ.

ભગનારી પું. એક જાતનો બળદ.

ભગનાસા [સં.] સ્ત્રી. યોનિછિદ્ર.

ભગની [સં. ભગિની] સ્ત્રી. બહેન; ભગિની.

ભગનેત્ર [સં.] પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

ભગનેત્રમ [સં.] પું (પુરાણ) શિવ; શંકર. તે ભગનેત્ર નામના દૈત્યની આંખોના નાશ કરનાર મનાય છે.

ભગનેત્રહારી જુઓ ભગનેત્રમ

ભગનેત્રાપહ જુઓ ભગનેત્રમ

ભગનેત્રાંતક જુઓ ભગનેત્રમ

ભગપાદ પું. (પુરાણ) એ નામના એક ઋષિ

ભગપીઠ [સં.] સ્ત્રી. પુરુષ તેમજ સ્ત્રીમાં, ભગારિષ્ઠોના સાંધાની આગળનો શિશ્ન તેમજ યોનિની ઊંચે રહેલો ઊંચો પ્રદેશ. તેને ભગપીઠ પણ કહે છે. ચરબી વડે તે ઊંચો જણાય છે. તે પાતળી ચોમળ ચામડી વડે ઢંકાયેલો હોય છે યૌવનની શરૂઆતથી આ ભાગ ઉપર પાતળા કુમળા વાળ ઊગે છે.

ભગપ્રદાહ [સં.] પું. (વૈદક) ગુદાંગમાં બળતરા થવાનો રોગ.

ભગપ્રદેશ [સં.] પું. યોનિ.

ભગભક્ત [સં.] વિ. ધનમાં આસક્ત; ધનનો ભક્ત.

ભગભક્ષક [સં.] વિ. નાયક અને નાયિકાને ભેગાથી આપનાર; કૂટપ્રપંચો કરી મુજરાત બજાવનાર.

ભગભગ ૧. અ. પાણીના બળબળા વહેવાથી જે અવાજ થાય તેવી રીતે; ભોરથી બહાર નીકળતા પાણીનો અંદર જતા પવનને લીધે થતા અવાજ સાથે. બડા વગેરે એક જ મોંના પાત્રમાંથી પાણી બહાર વહેતાં અને પવન અંદર જતાં થતો અવાજ.
૨. અ. ભડકાથી; ભડકામાં; બળીને; ભોરથી.
૩. અ ભગભગ અવાજ સાથે.
૪. અ. વરાળ બહાર નીકળતાં થતો જેવો અવાજ.

ભગભગાવવું ૧. સ. ક્રિ. ભગભગ થાય એમ કરવું
૨. સ. ક્રિ. ભગભગ થાય એમ રેડવું.

ભગભગાવું અ ક્રિ. ભગભગ થાય એમ થવું.

ભગભગ્યું વિ. વિષયી; કામી.

ભગભાગી પું. એક જ સ્ત્રી ભોગવનાર પુરુષ; દરબારી.

ભગમંડકક્ષેત્ર ન. દક્ષિણ હિંદમાં આવેલ એ નામનું એક સ્થળ. હાથી કાવેરી નદી કાંઠે આવે છે.

ભગમાલિની ૧. સ્ત્રી. બોસઠ માંહેની એ નામની એક યોગિની.
૨. સ્ત્રી. (તાંત્રિક) પંદર માંહેની બીજી નિત્યા.

ભગમુખમંથી [સં.] સ્ત્રી.-(વૈદક) યોનિમુખ ઉપર ગાંઠ થવાનો રોગ.

ભગમુખાર્શ [સં. ભગમુખ + અર્શ (મસો)] પું. (વૈદક) ભગદ્વાર ઉપર થયેલ મસો.

ભગયુગ [સં.] પું. બૃહસ્પતિના બાર માંહેનો એ નામનો ઊંચો યુગ.

ભગર ૧. સ્ત્રી. એક જાતની ઘાસ. તેને કપાળમાં એક જ ખોળો હાથ હોય. તે ખાવું દુષ્ય આપે છે.
૨. સ્ત્રી. ઓટો ડોળ; દંભ; ઢોંગ.
૩. સ્ત્રી. ઉતરડિયું; કપટ; ધગ.
૪. સ્ત્રી. ભરી મૂકેલું અનાજ.
૫. વિ. ભગુર; ભાંગી જાય એવું.
૬. વિ. બૂરા રંગનું.

ભગરડી (ભગરડી) સ્ત્રી. ઘણા નદિ તેમ જ ખોળા નદિ એવા વાળવાળી બકરી.

ભગરં ન. જ. ઘ. જળ; ખોળા વાળ.

ભગરી ૧. સ્ત્રી. ઘોડા જેવા રંગના શરીરવાળી ગાય.
૨. જુઓ ભગર.

ભગરું ૧. વિ. ઊડી ગયેલા રંગનું; રંગમેરંગી
૨. વિ. ચીકાશ વગરનું; હાથે કરવું છૂટા પડી જાય એવું; ચોળતાં કે ઝાંખતાં વેરાઈ જાય તેવું.
૩. વિ. નઠારી ચાલનું
૪. વિ. ભરડ.
૫. વિ. ભભરું; બૂરા રંગનું; ઊપટાઈ ગયેલા રંગનું.

કાગે આંખે આનવી, **ભગરે** આંખે ઊટ;
નગુણા નરને ગુણ કિયા, (તેણે) આંધી કરિયા ટૂંક.
દુહો

ભગરો ૧. પું. ચીકાશ ન આવી હોય એવી બજરી સુખડી; પસિયો.
૨. પું. છૂટા છૂટા કણનો ખૂમો.

ભગલ જુઓ ભગર.

ભગલક્ષેત્ર [સં.] પું પુરુષોત્તમના ઉત્તર માર્ગનું એક નામ.

ભગલભાચાર્યી ૧. પું. ભગભગત.
૨ વિ. કપટી; પ્રપંચી

ભગલિયા ૧. પું. ઊંટવૈદ્ય.
૨. વિ. ખોટું; ડોળી; દંભી; ઢોંગી
૩. વિ બનાવટી; બેડી કે ઢેડવું; કૃત્રિમ.

ભગલિંગી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આંબકુટાબણી; કુતીમુલા. બોસાસામાં હિંદમાં તે સર્વત્ર થાય છે. તેનાં ફળ છોકરાં આપે છે. તે સારક મનાય છે. તેનાં મૂળ ઉપશેપક, રોચક, ચિરબુદ્ધકારી ને પૌષ્ટિક છે અને સંધિવા તથા સોજા ઉપર ચોપડાય છે.

ભગલી જુઓ ભગલિયા.

ભગવ ૧. પું. પદૈશ્વર્યસંપન્ન રુદ્ર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. પું. (જૂ. સ્મૃ.) સંન્યાસી.
બંસ અઢ જિતા નવ બ્રહ્મ,
જિતા ભગવ અઢાર પ્રસિદ્ધ. ભાવદ્યસમય

ભગવક્ત્રા [સં.] સ્ત્રી. બોસઠ માંહેની એ નામની એક યોગિની.

ભગવચ્ચરણ [સં. ભગવત્ + ચરણ (આત્મ)] ન. ઈશ્વરનું ચરણ.

ભગવચ્ચાસ્ત્રાભ્યાસક [સં.] પું. પુરુષોત્તમનાં ઉત્તર માર્ગનું એક નામ.

ભગવચ્છ્રદ્ધા [સં. ભગવત્ + શ્રદ્ધા (આસ્થા)] સ્ત્રી. પ્રભુ ઉપર શ્રદ્ધા; ભગવાન ઉપર વિશ્વાસ.

ભગવત ૧ [સં. ભગવત] પું. ઉત્તમ પુરુષ.
૨. પું. કાર્તિકેય.
૩. પું. જિન.
૪. પું. પ્રભુ; ઈશ્વર; મહાદેવ; સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા ૬ પ્રકારની વિભૂતિ ભોગવનાર પરમેશ્વર
૫. પું બુદ્ધ
૬. પું. વિષ્ણુ.
૭. પું. શંકર.
૮. પું. સૂર્ય.
૯ વિ. ઈશ્વર જેવું.
૧૦. વિ. ઐશ્વર્યવાન; સકળ ઐશ્વર્યવાળું; ગૌરવવંતુ
૧૧. વિ. જ્ઞાનભર્યું; સર્વજ્ઞ
૧૨. વિ પૂજ્ય, પૂજ્યો લાયક.
૧૩. વિ પ્રભુ પ્રેરિત
૧૪. વિ. ખૂબ; મોટું
૧૫. વિ. ભાગ્યશાળી. ભાગવત
૧૬. વિ. સમૃદ્ધિવાન; ધનવાન.
૧૭ વિ. સર્વશક્તિમાન.

જસવંતસિંહજી (ત્રી.) જોડણા ઓ નામના ઝેપારા રાજવી. મહારાજા જસવંતસિંહજીનો જન્મ ગુજરાતી ભાદરવા ઉદયકાળમા સને ૧૮૬૫ના ૨૪મી ઓક્ટોબરે સારા ચે સૌરાષ્ટ્રમાં સમૃદ્ધ મનાતા ધોરાજી શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ સમામજી ને માતાનું નામ મોંઘીબા હતું. ઝોપડાર જસવંતસિંહજી શ્રીકૃષ્ણ ભગવાનથી ઊતરી આવેલ ચૌરવશાળી જાડેજા રજપૂત હતા. શ્રીકૃષ્ણથી ૧૨૪મી પેઢીએ થઇ ગયેલ કુંભાજી પહેલાએ સને ૧૬૩૪મા જોડિયાની ગાદી સ્થાપી. તેમના પ્રપૌત્ર જામકુંભાજીએ જોડિયા રાજ્યની મર્યાદા ઘણી વિસ્તારી. જામકુંભાજીએ કાઠિયાવાડનું જાણીતું ગોરીને જોડિયા રચ્યું. તેમાં ઝેળવણી અને સરકારથી પ્રાપ્તસમાર મહારાજા જસવંતે કર્યો. નવ વર્ષની ઉમરે તેઓને રાજકોટની રાજકુમાર કોલેજમાં મોકલવામાં આવ્યા. કોલેજમાં દાખલ થયા પહેલાં તેમણે ગુજરાતી ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવી લીધું હતું. શિક્ષકોએ લખ્યું છે, કાઠોર સાહેબ ઉમરના પ્રમાણમાં ઘણા જ વિચારશીલ છે અને પુસ્તકો તેમને ઘણાં જ પ્રિય છે. જ્યારે બીજા કુમારો રમતગમતમાં ભાગ લેતા હોય, ત્યારે તેઓ પોતાનો વખત પુસ્તકોમાં અથવા ચિત્રરેખા દોરવામાં ગાળતા. ટ્રોઇંગ અને ચિત્રરેખા દોરવામાં નિપુણ હોઈ તે બદલ તેમણે સારા ઇનામો મેળવ્યાં હતાં. શિક્ષકો તેમને માટે ઘણાખરા વિષયોમાં સારા, ઘણા સારા અથવા ઉત્કૃષ્ટ જેવા ઉચ્ચ અભિપ્રાયો આપતા અને દર વર્ષે મુખ્ય મુખ્ય ઇનામો તેમને જ મળતા. તેમણે વધારાના વિષયો પણ રાખ્યા હતા. રાજકુમાર કોલેજમાં ઝેળવણી પૂરી કર્યા પછી સને ૧૮૮૬માં તેઓ ઘરખના પ્રબંધ ઊંચી ઝેળવણી લેવા માટે ગયા. આ પ્રવાસ વિષેની પોતાની નોંધપોથી ઈ સ. ૧૮૮૫માં એમણે અહાર પાડી. તેમાં તેમના સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ, ઊંડો દેશપ્રેમ, સુધારક દૃષ્ટિ તથા બુદ્ધિપ્રાપ્ત દસ્તા હૃદયનું પ્રત્યક્ષ દર્શન થાય છે. સ્થાનિક પ્રાકૃતિક સાધનોને ખીલવી દેશને આબાદ કરવાની ઉચ્ચ વૃત્તિ, પશ્ચિમના દેશો પાસેથી આપણે અને આપણી પાસેથી તેઓએ પ્રથમ કરવો જોઇતો બોધ વગેરે બાબતોનાં વર્ણનો તેમાં જોવામા આવે છે. પાણી પૂરું પાડવાની યોજનાઓ, મિલ, ઉદ્યોગમાં ઉપયોગી હુન્નરનાં કારખાનાં, બાલ વગેરે લોકોને સરળતા, સુખ કે આનંદ આપનારાં જે જે સાધનો તેમણે મુસાફરી દરમિયાન જોયાં, તે તે પોતાના સસ્થાનમાં દાખલ કરવાનો તેમણે નિશ્ચય કર્યો અને ક્રમે ક્રમે અત્યારે જોડિયામાં એ બધાં જોવામા આવે છે. લીડ્સ અને લિવરપુલ જેવાં ઔદ્યોગિક અને વેપારી શહેરોની મુલાકાતથી તેમને હિંદની અર્વાચીનાર્વાચક પદ્ધતિની ખામી જોવામાં આવી. કાચો માલ દેશની બહાર મોકલી તેના બદલામાં ઘણી વધેલી કીમતનો તૈયાર માલ લાવવા કરતાં હિંદમાં જોવા તે સઘળે કારખાનાં કાઢી સ્થાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો દેશને ઘણો ફાયદો થાય તેમ તેમને લાગ્યું. વળી બધી બાબતોમાં હિંદ કરતા ઊંચા આગળ વધેલ તેમને લાગ્યું નહિ તેમણે લખ્યું છે કે, આપણી દેશી રમતો જે ઘોડે અરબે બધા અવયવોને પુષ્કળ કસરત આપે છે, તે વરદેશી અર્વાચીન રમતો કરતાં ઘણી ઉત્તમ હોઈ પસંદ કરવા લાયક છે. એક સ્થળે મારવાડને અડકે હિંદી રાજ્ય બાબરેલો જોવામાં આવતાં તેઓએ લખ્યું છે કે, અંગ્રેજો હિંદી બાબા કરતા હિંદીઓને પોતાને વધારે ચાહતા થાય એ ઇચ્છવા જેવ છે. બ્રાહ્મણી એવી બાબતા ઘરો નહિ, ત્યાંસુધી હિંદુસ્તાનમાં સુખના દિવસ આવશે નહિ. વળી તેઓ લખે છે કે, રાજાએ અને પ્રજાએ તેલ અને પાણીની માફક અલગ અલગ ન રહેતું જોઇએ, પણ રાજાએ પોતાનું અંતઃકરણ જોડી દઈ પ્રજાની સાથે દૂધની સાથે સાકરની પેઠે ભળવાની જરૂર કરવી જોઇએ. સંસ્થાની ભૂગોળશિક્ષણ બાબત જોઈને તેમણે લખેલું છે કે, માણસ પોતે સ્વતંત્રતા ચાહનાર હોવાનો દાવો કરે છે, એમ છતાં પોતાની ગમતને ખાતર તે પોતાની ઊતરતા દરજ્જાનાં પ્રાણીઓને કેદમાં પૂરી રાખવાનું વલણ ધરાવે છે. આપણા અંગત આનંદને માટે પશુપક્ષીને પાંજરામાં પૂરી રાખવા એ મને તો વાજબી બાબતું નથી જરૂરનાં, પોપટ અને બીજાં નિર્દોષ પ્રાણીઓનો રમતને ખાતર શિકાર કરવાની પદ્ધતિને તેમણે ધિક્કારી કાઢી. સેંટ જ્યોર્જિસ હોસ્પિટલની મુલાકાત વખતે તેમણે લખેલું છે કે, મને તબીબી ધંધા માટે રુચિ છે. કરીબ લોકોને દર્દમાંથી મુક્ત કરી અંગત સંતોષ મેળવવા માટે ડોક્ટર થવાની મને અનેક વાર ઇચ્છા થઈ છે. જો ડોક્ટર પોતાના ગજવા કરતાં દરદીની સંભાળ રાખવાની વધારે કાળજી રાખે, તો તે ઘણો કલ્યાણકારી થયો છે સમાજસુધારણાના ક્ષેત્રમાં પણ તેમના ઊંડા વિચારો દેખાઈ આવે છે. ઇંગ્લંડમાં લોકોને જે જાતનું સ્વાતંત્ર્ય આપવામાં આવે છે, તે સબંધી તેઓ લખે છે કે, હિંદુ લોકોને વધુ સ્વતંત્રતા આપવામાં આવે એ ઇચ્છવા જોગ છે પરંતુ અંગ્રેજ લોકોને જે હદ સુધી સ્વતંત્રતા આપવામાં આવે છે, તેવી હદ નથી. પુરાતન કાળમાં હિંદી લોકોને જેટલું સ્વાતંત્ર્ય આપવામા આવતું તેટલું જ અત્યારે આપવું જોઇએ. ઓગણ પચાસના રિવાજની વિરુદ્ધ તેમણે સખ્ત ટીકા કરી છે. તેઓ લોર્ડ સાહેબ હતા કે, કેળવણી એ સુધારાની ચાવી છે તેમા ચે ઓગણીસને તેઓ પ્રધાનપદ આપતા. બાળલગ્નના રિવાજની વિરુદ્ધ તેઓ જણાવે છે કે, કન્યાઓ લગ્નનો અર્થ સમજતી થાય તેટલી ઉમરે પહોંચ્યા પછી જ લગ્ન થવા જોઇએ. સમામજી આપુ ગુજરી ગયા ત્યારે તેમની ઉમર ચાર વર્ષની હતી સને ૧૮૮૪માં સંયુક્ત કારભાર શરૂ થયો, ત્યારથી જ તેમને તક મળતી ત્યારે તેઓ ગામડાં અને લોકોનો પરિચય કરવા આખા રાજ્યમાં મુસાફરી કરતા અને તે વખતે રેલ્વે, પોલીસ અને ન્યાયકચેરીઓ, નિશાળો, દવાખાનાઓ અને એવી બીજી સરકારોની તેઓ મુલાકાત લેતા. તે જ સાલમાં તેમને સ્વતંત્ર સત્તા અર્પવામાં આવી. તે જ વરસે ધોરાજીમા કુર્બાન હોસ્પિટલનો પાયો નાખ્યો અને હુનરઉદ્યોગ તથા કાલે ઉત્તેજન આપવા જોડિયામાં હુનરશાળા સ્થા.પી. દરબારી ગ્રંથની ગરૂઆત પણ કરી દીધી. સને ૧૮૮૫ના જાન્યુઆરીની પહેલી તારીખે તેઓ મુલકી પુનર્વિભાગના કેમો નિમાવા. ધોરાજીમાં સમામજી પાઠશાળા શરૂ કર્યા તે જોડિયામાં બાબાસાહેબના નિરક્ષિતમૂલ બંધાવ્યું. હજુ એમની જ્ઞાનપિપાસા શાંત થઈ નહોતી વૈદકીય જ્ઞાન માટે સને ૧૮૮૬માં તેઓ સ્કોટલંડ ગયા અને આબહવાની દૃષ્ટિએ સ્થાન માગતાં તેઓ એડિનબરની પુનર્વસિહતમાં જોડાયા. અહીં તેમણે વાહકાપ, પાઠાપિંડી આદિનું ક્રમ અહાર માસ સુધી રહ્યા કર્યું. રાજ્યના કામ અને અભ્યાસ જોડિયા પ્રજા કરવાનું થતા એડિનબરની સોસેટે તેમને માનપ્રદ એલએલ. ડી. ની ડિગ્રી અર્પણ કરી. સને ૧૮૮૭માં મહારાણી વિક્ટોરિયાનો સુવર્ણ મહોત્સવ ઊજવાતાં કાઠિયાવાડના રાજવીઓના પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને તે વખતે તેમને કે. સી. આઈ. ઈ નો ઇલ્કાબ મળ્યો. એ જ વખતે ધોરાજી પોરબંદર રેલવેની શરૂઆત અને જોડિયા પહેલા બંદરમા મુકાયું. આ વખતે પ્રજાએ આપેલ મુબારકબાદીના જવાબમાં તેમણે કહેલું કે, લોકોને સુખી કરવા, તેમની પ્રવૃત્તિઓ દૂર કરવી, તેઓનું પ્રજાકીય મહત્વ વધારવું અને દેશના સાધનો ખીલવવાં એ રાજાની ફરજ છે એમ હું માનું છું. આ અરસામાં તેમણે પ્રજાને વધારવા જમાબંધ ઓફિસ ખેડૂતોને ખેતીવિષયક જ્ઞાન આપવા ખેતીનો વર્ગ ખોલી, કરતા ખેતી સબંધક ઉપદેશો નીમ્યા. પોલીસ બાબામા પણ પોતપોતાના

પ્રજામા પ્રતીક્ષિત મેળવવે માટે જમાદાર, ફોજદાર વગેરેની પરીક્ષાઓ દાખલ કરી. પ્રજાને ઘરનો માલિકહક્ક આપ્યો ને રેસિડેન્સની સગવડ કરી. ખોરાજમા સેડિશ કન્યાશાળા સ્થાપી. સને ૧૮૮૬માં રાણીશ્રી નંદકુવરબાની તબિયત બગડતાં એડિનબર જવુ પડયું આ સમયનો સદુપયોગ કરી લેવા ફરીથી એડિનબર યુનિવર્સિટિમાં જોડાય.. અભ્યાસ પૂર્ણ થતાં તેમને એમ. બી. સી. એમ. અને એમ. આર સી. પી.ની ડિગ્રીઓ મળી. ઓકસફર્ડની ડી. સી. એલ.ની ડિગ્રી પણ તેમણે મેળવી. ત્યાર બાદ મહારાણી સાથે અમેરિકા, જર્મની, ચીન, ઓસ્ટ્રેલિઆ, સિલોન વગેરે દેશોની મુસાફરી કરી પાછા ફર્યા. સને ૧૮૮૭મા વિધોટીનો દુષ્કાળ દૂર નહી કરી દાખલ કર્યો ને ખેડૂતો જમીનના અબાદ હકદાર બન્યા. સને ૧૮૯૩માં એની ને કુમારઉદ્યોગના ઉત્તેજન અર્થે કૃષિકળા ને ઉદ્યોગનુ એક મોટુ પ્રદર્શન મોંડલમાં ભર્યું. ને વખત તેમણે જણાવેલુ કે ખેડૂતોની આબાદીમાં જ રાજ્યની સમૃદ્ધિ સમાયેલી છે. સને ૧૮૯૫મા પૂના ફર્ગ્યુસન કોલેજને મહારાજાએ રૂપિયા ૨૨,૫૦૦ની ઉદાર બક્ષિસ આપી. આને પરિણામે આજે પણ મોંડલના ઘણા વિદ્યાર્થીઓ વખત હોએ ફર્ગ્યુસન કોલેજમાં ભણી શકે છે ને ત્યાંના ભગવતસિંહજી હૉસ્ટેલમાં મફત રહી શકે છે. આ અરસામા તેઓને એડિનબરની એફ. આર. સી પી. ની ડિગ્રી મળી. આયુર્વેદનો સક્ષિપ્ત ઇતિહાસ નામે પ્રાચીન આયુર્વેદ સબંધી શોધખોળવાળો ભાવવાહી અને વિદ્વત્તાપૂર્ણ નિબંધ લખી એડિનબરની યુનિવર્સિટિને મોકલી આપ્યો અને તેથી યુનિવર્સિટિએ તેમને એમ. ડી.ની ડિગ્રી આપી. સને ૧૮૯૭મા મહારાણી વિકટોરિઆની ડાયમંડ જ્યુબિલિ વખતે કાઠિયાવાડના રાજાઓના પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને તે વખતે તેમને જી સી. આઈ. ઈ નો ઇલકાબ મળ્યો. સને ૧૮૯૮માં ભયકર દુષ્કાળ વખતે દુકાળિયા માટે આશ્રમો અને દવાખાનાં સ્થાપ્યાં. લાખો રૂપિયાના બાંધકામો કાઢયાં. વિધોટીનો અમુક ભાગ માફ કરી અંગત નાણામાથી પણ બક્ષિસો આપી. કુવા, બળદ, ઘાસ, ઓજારો માટે લાખો રૂપિયા ધીર્યા. પરિણામે આખા રાજ્યમાં ભૂખમરાથી એક મરણ થયું નહિ. માસિયાના કુમારોને માટે મોંડલમાં માસિયા કોલેજ સ્થાપી. તે વખતે મહારાજાએ જણાવેલુ કે, ભૂખમરાથી કોઈ પણ મરી જવુ નથી, એ તપાસ રાખવી જેમ નાના મોટા દરેક રાજાની પવિત્ર ફરજ છે, અહિ તેમાં તેઓનું ઘણું હિત સમાયેલુ છે, તેમ પ્રજાવર્ગનો કોઈ પણ ભાગ માનસિક ખોરાક એટલે જ્ઞાનથી વંચિત મૃતપ્રાય થતો નથી એ પણ જોતાં રહેવાનો દરેક દરેક રાજાનો ધર્મ છે, એમ હું સમજું છુ. સને ૧૯૦૦માં વાસ્તવારાની તંગીને લીધે તમામ વીડીઓ સાર્વજનિક ઉપયોગ માટે ખુલ્લી મૂકી. સમાજજી દાર્શ રકૂલ, મોંઘીબા. દાર્શ સ્કૂલ જેવા ભવ્ય બાંધકામો થયાં. ૧૯૦૧ની સાલ પણ નજીણી હોવાથી પાનેલીનું તળાવ રૂપિયા ચાર લાખને ખર્ચે બંધાવ્યુ. આ વખતે દેવવરસા ખાતું સંભાળી તેના બાંધકામો ને જિર્ણોદ્ધારનો પાછળ લાખો રૂપિયાનું ખર્ચ કર્યું. સને ૧૯૦૨માં નિરાધાર અનાથ બાળકોનાં ભરણપોષણ, રક્ષણ અને કેળવણી માટે ભગવતસિંહજી બાલાશ્રમની સ્થાપના કરી. તેમાં ધર્મ, જ્ઞાતિ કે સ્થળના ભેદ વગર અનાથ બાળકો ઊછરે છે અને કેળવણી ઉપરાંત કુમારકોમોનું જ્ઞાન મેળવી, સ્વતત્ર જીવનનિર્વાહ ચલાવવા શક્તિમાન થાય છે. આજની અર્ધી સદી પહેલા અહીં હાયવોલ્ટનો અસહ્ય ઉપદ્રવ દાખલ કરાવ્યો છે. સંવત ૧૯૭૧માં આ આશ્રમ જોઈને મહાત્મા ગાંધીજીએ લખ્યુ છે કેઃ આ આશ્રમને જોઈ મારી આખો ઠરી છે. તેની સ્વચ્છતા વગેરે બહુ સારાં લાગ્યાં. આશ્રમવાસીઓને સારૂ લાગ વગેરેનાં સાધનો છે તે દીર્ઘદૃષ્ટિ સૂચવે છે. આશ્રમને દીર્ઘાયુ ઈચ્છુ છું સને ૧૯૦૬માં મોંડલની સમસ્ત પ્રજાએ મહારાજાનો રાજ્યોત્સવ ઊજવ્યો. તે વખતે મહારાજાએ કહેલું કે, વિદ્યા દૂર કરી સગવડતા પૂરી પાડવી એ રાજ્યની ફરજ છે અને પ્રજાએ પોતે કેળવણી, દાક્ષરોદ્યોગ, કુમારઉદ્યોગ, વેપારવાણિજ્ય અને સમાજસુધારાની વિવિધ પ્રકારની પ્રગતિ સાધવી જોઈએ. બીજાની ઉન્નતિ માટે સને ૧૯૧૬માં મફત અને ફરજિયાત કન્યાકેળવણી શરૂ થઈ. કુમારી શ્રી લીલાબાનાં લગ્ન પ્રસગે વિવિધ નવાધિકારો કન્યા ઉપરાત કોલેજમાં અભ્યાસ કરતી મોંડલની બધે તેટલી કન્યાઓ માટે સ્કોલરશિપ સિષ્યવૃત્તિની સ્થાપના કરી. સને ૧૯૨૬મા મોંડલની વાચનમાળાની શરૂઆત થઈ અને ક્રમે ક્રમે વાચનમાળા, અક્ષરમાળા, શિક્ષણમાળા, ગુજરાતી પાઠ્યપુસ્તકમાળા, સંસ્કૃત, રાષ્ટ્રભાષા, ફારસી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સ્વાધ્યાયવલ્લી અને ઇતરવાચનમાળાઓ મળીને ૧૬૧ જેટલાં પ્રકાશનો થયાં. આ ખર્ચ માટે શિક્ષિત શિક્ષકો તૈયાર કરવા સને ૧૯૨૭માં મોંડલ અધ્યાપન મંદિર સ્થપાયુ. સને ૧૯૨૮માં ઓક્ટોબર માસની પહેલી તારીખે ભગવદ્ગોમંડલ નામના બૃહત્શબ્દકોશની શરૂઆત થઈ મહારાજાએ જાતે અથાગ શ્રમ લઈને, માતૃભાષાની અનન્ય સેવાનું આ મહાન કાર્ય કર્યું છે. ગુજરાતીમાં સર્વાંગસપૂર્ણ કોષની આશા મહારાજાને ઘણા વખત થયાં સાલવા કરતી હતી. શરૂઆતમાં જ કોઈ પણ કોષમાં ન હોય તેવા વીસ હજાર જેટલા પોતે એકઠા કરેલ શબ્દો આપ્યા. આ ઉપરાંત પોતાના નિત્યના વાચનમાંથી, પ્રજાની અરજ ઉપરથી કે પછી કરવા જતાં નજરમાં આવેલ વસ્તુઓ ઉપરથી રોજેરોજ અજાણ્યા શબ્દો તેમના તરફથી મળ્યા કરતા. સમગ્ર કરેલ શબ્દોને તપાસવા, તેના અર્થ, જોડણી, વ્યાકરણ, વ્યુત્પત્તિ, અવતરણ, વિગતો વગેરે સંબંધી સૂચના કરવા, એક કરતાં વધારે વાર બધાને પ્રૂફ જોયાં, અક્ષર, ભાષા, ટાઈપ આદિની સૂચના આપવી, એ રીતે મહારાજા બહુ મારીકોથી આ કામમાં રસ લઈ સમય અને શ્રમનો ભોગ આપતા, આ રીતે એમના આ પ્રિય કાર્ય પાછળ તેમણે પોતાનાં તન, મન અને ધન અર્પણ કરેલ હતાં, એટલુ જ નહિ પણ ૮૦ વર્ષની પાકી વયે અંતઘડી સુધી ગુજરી ગિરાને એક અમૂલ્ય મુકુટમણિથી અલકારવા મહાન પ્રયાસો કર્યા છે. ભગવદ્ગોમંડલ નામનો આ બૃહદ્ ગુજરાતી શબ્દકોષ મહારાજાની સાહિત્યસેવામાં ઝલગીરૂપ છે. એમના સમયમાં બનેલાં ભવ્ય બાંધકામોનો આંકડો કરોડોનો થાય છે. અને બાજુ ઉદ્યોગોથી સુશોભિત સુંદર પાકી સડકો ને પુલો. રાજ્યપ્રકરણોમાં ગામડે ગામડે અને શહેરે શહેરે શૌચનાં ભવ્ય શારદાલયો, પોલીસચોકીઓ ને દરબારગઢો, દવાખાનાંઓ અને આશ્રમો એમની અમર કીર્તિરૂપ છે. નગરપુનરચના ને પ્રાગ્વસ્પ્રચારણથી પ્રજાનાં જીવન બદલી નાખ્યાં ને સુખસગવડનાં સાધનો વધાર્યાં. સને ૧૯૩૪માં માધ્યમિક કેળવણી પણ મફત કરવામાં આવી. શિકાર અને કવેટના ધરતીકંપ વખતે લાખ લાખ રૂપિયાની સખાવતોથી દિલદરમાં ખ્યાતિ મેળવી. સને ૧૯૩૪માં મોંડલની પ્રજાએ મહારાજાનો સુવર્ણ મહોત્સવ ઘણા જ ઉત્સાહથી ઊજવ્યો. તે વખતની સુવર્ણ તુલાવિધિનું બે લાખ રૂપિયાનું સોનુ પ્રજાહિતનાં કાર્યોમાં વપરાયું. ગામડે ગામડે ને શહેરે શહેરે કૂવા, અવેડા, પંપ, બાટ, તળાવો વગેરે જળાશયો બધવામાં આવ્યાં. સને ૧૯૩૭મા ગોંડલરાજ જ્યોર્જ છઠ્ઠાએ જી. સી એસ. આઈ નો માનવતો ખિતાબ આપ્યો. સને ૧૯૩૬માં અનાવૃષ્ટિથી દુષ્કાળ પડતાં મોંડલની પ્રજાને ઉગારી લેવા રૂપિયા એક કરોડ વાપરવાનો નિર્ણય કર્યો. તેમાંથી પ્રજાનાં પશુઓના નિભાવ અર્થે ગામડે

ગામડે નીરણ નીરવાનો પ્રબંધ કર્યો. એકંદુ ઘાસ મંગાવવામાં રૂપિયા ૨૮ લાખ તે વખતે ખર્ચાયા. પાંજરાપોળો ઉપરાંત મોટા પાક ઉપર પશુઓની ગોઠવણ થઈ અને પરિણામે ઢોરોની સંખ્યા પટવાને બદલે હજારો ની સંખ્યામાં વધારો થયો. ગરીબોને રોજી આપવા સંયોગામ કર્મ ને કેટલાંક કામો શરૂ કરાયાં. જાહેર ઉપયોગના પચીસ લાખના કામો શરૂ થયાં. ખેડૂતોના રક્ષણાર્થે પણ રૂપિયા પચીસ લાખની મંજૂરી મળી. સારું અનાજ મળવાના પણ પ્રબંધો થયા. આ વખતે એમનો ખાસ હુકમ હતો કે, મારા રાજ્યમાં કામમેળાના અભાવને લીધે એક પણ માણસ રોજી વગરનો ન રહેવો જોઈએ અને એક પણ પશુ ખાવાના અભાવે મરવું ન જોઈએ. ગોંડલ રાજ્યમાં શિક્ષિતના ૨૮ ટકા છે અને સાત વરસની નીચલા બાદ કરતાં કુલ ટકા શિક્ષિત છે. એમની સખાવતો પણ ઉદાર હતી અને ૧૯૪૧માં અતિવૃષ્ટિથી પીડિત ખેડૂતોને, અતિવૃષ્ટિના પાયમાલ થયેલ પોરબંદર ઉપલેટાની પ્રજાને સહાય આપવામાં કરી કચાશ રખાઈ નહોતી તે વખત ચાલતા વિશ્વયુદ્ધમાં નિરાધાર બનેલાં કુટુંબોનાં માણસોને સહાય આપવામાં અને રક્ષણાર્થે બલેડવામાં આવતાં નિર્દોષ બાળકોની સહાય માટે લાખ, લાખ રૂપિયા અપાયેલ છે. યુદ્ધ દરમિયાન ગોંડલની પ્રજાને ઘઉં, બાજરો અને તેલ જેવી જીવાતની જરૂરિયાતની ચીજો ઉપર અનિયંત્રિત દાખલ કરી ભાર રાહત આપી હતી. ગોંડલ સરયાન કરમાં ભલે સાવર મારિતા પિછુ સમ હોય, પણ ઉત્તમ સંસ્કૃતિ, સાચી કેળવણી, ઉન્નત આત્મા વગેરે જોતાં ગોંડલ સંસ્થાનનું સ્થાન રાજસ્થાનોના ઇતિહાસમાં ઊંચું છે. રાજ્ય કરવેરાથી તદ્દન મુક્ત કર્યું એ તેમને માટે જગતભરમાં નોંધપાત્ર હકીકત છે. ગોંડલ, ધોરાજી, ઉપલેટા ઉપરાંત મોરિયા કે જે પાંચ હજારની અંદરની વસતીવાળું છે ત્યાં પણ વીજળી બત્તીની સગવડ કરવામાં આવી છે. ગોંડલનો વેપાર વધતો આવ્યો છે, કુદરત ઉદ્યોગની ખિલવણી થઈ, ખેડૂતો સમૃદ્ધ બન્યા. અત્યંત સાદાઈ, મોજશોખ અને ભપકાનો અભાવ, કરકસરી છતાં ઉદાર સ્વભાવ, પ્રજાપ્રેમ ને કેળવણીનો અહોળો પ્રચાર કરવાની તમન્ના એ એમના અંગત ગુણો હતા. ગોંડલ રાજ્યને એમણે સુખી, સરદારી ને સમૃદ્ધ કરી, બિદસરમાં અલેડ બનાવી આત્મસંતોષ માન્યો હતો સવંત એ હજારના કુદરતના માનની પૂર્ણિમાએ તેમનો દેહ પંચતત્વને પામ્યો. આદ્યકવિ જેવા સંશોધક, મોખલે જેવા બિદસેવક, ત્રિભોવનદાસ જેવા પારાશરી, એડિસન આર્નોલ્ડ જેવા વિચારક એમના મિત્રો હતા. ચોરસા ને કામીળવી, ઢાબુમાડી ને ભાયુનરમાળી, અપાટ રસ્તા ને કરમુક્તિ, સુંદર સડકો ને મોટા પુલો, ગ્રામસંસ્થાઓ ને નગરપુનર્રચના, ન્યાયરક્ષણ, રાજમહેલમાં જાત્ય સાદગીદરો ને ગુજરાતી અમૂલ્ય વાચનમાળાઓ, માતૃભાષા પ્રત્યેના પ્રેમથી ભગવદ્ગોમંડલ નામનો ગુજરાતી ભાષાનો શબ્દકોષ વગેરે તેમના અર્પણલિત કીર્તિસ્તંભો છે રાજ્યતંત્રમાં તેઓ પોતાને દૂરની માનતા. દાનવૃત્તિમાં લાખોની દેણગી ઉપરાંત તેમણે પશુ, પંખી, જળ, ઝાડને પણ અભયદાન આપેલું.

ભગવતા કું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેમાં ભગણ, જગણ, સગણ, નગણ, ભગણ, જગણ, ભગણ, મગણ, નગણ અને લઘુ મળી ૨૮ વર્ણ હોય :

ભાજસ પરે નથ હરે જમ ધરે,
ભગવતા વિષે મમ પૂરે અન્ત ના પાદ.

રણમિત્રળ

ભગવતી ૧. [સં.] સ્ત્રી. ગંગા

૨ સ્ત્રી. ગૌરી; દુર્ગા; અંબા; પાર્વતી.

૩ સ્ત્રી. તરવાર.

૪. સ્ત્રી. દેવી.

૫. સ્ત્રી. (જૈન) બાર અંગોનું એ નામનું એક અંગસૂત્ર

૬. સ્ત્રી. ભગવાનની વાણી.

૭ સ્ત્રી. ભજન કરનારી સ્ત્રી; ભક્તિપરાયણ સ્ત્રી. તપસ્વિની.

૮. સ્ત્રી. મધ્યદ્વીપની અંદર આવેલી ચોલા માંહેની એ નામની એક કલા.

૯. સ્ત્રી. રાણી.

૧૦. સ્ત્રી. વિદ્યા; સરસ્વતી.

૧૧. સ્ત્રી. સાગ નામીલવાળી સ્ત્રી; શ્રીમતી.

૧૨. ન. એક જાતનું પવિત્ર અત્તર. તે દેવપૂજામાં વપરાય છે.

૧૩., વિ. ભગવાન કે ઠાકોરજીની સેવા કરનારું.

૧૪. વિ. ભગવાનનું.

ભગવતી દેવી સ્ત્રી. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનાં એક દેવી.

ભગવતી ભાગવત ન. દેવી ભાગવત; દેવી માહાત્મ્ય વર્ણનનું એ નામનું એક પુસ્તક.

ભગવત્કીર્તન [સં.] ન. ભગવાનનાં યશોગાન કરવાં તે.

ભગવત્કૃપા [સં.] સ્ત્રી. ઈશ્વરની મહેરબાની વિનોબા કહે છે કે: આત્મજ્ઞાન કોરી બનાવટની કમરતથી નહિ થાય. તેનો એક જ ઉપાય છે. તે છે સાચા હૃદયથી, કાર્દિક આજીજીથી ભગવાનની ભક્તિ કરવી. તમે રજ, તમ એ ગુણોને જીતશો, સત્ત્વ ગુણને સ્થિર કરીને તેની ફલાભક્તિ પણ છોડી દેશો, પરંતુ એટલાથી પણ કામ ચાલશે નહિ. બાંધુપી આત્મજ્ઞાન થયું નથી, ઘાસુપી ઊંડાણમાં નથી આવ્યો અંતમાં ભગવત્કૃપા જોઈએ જ. સાચી હાર્દિક ભક્તિ દ્વારા તેમની કૃપાના પાત્ર બનવું જોઈએ. તેના સિવાય બીજો ઉપાય દેખાતો નથી

ભગવત્ચિંતન [સં.] ન. ઈશ્વરનું ધ્યાન.

ભગવત્ત્વ ૧ [સં.] ન. ઈશ્વરપણું.

૨. ન. ભગવાનનું તેજ.

ભગવત્પદી ૧. સ્ત્રી. (પુરા.) આકાશગંગા; મંદા નદી. વામન ભગવાને પોતાના જમણા પગ વડે બ્રહ્મ બ્રહ્માંડ ભેદ કરી દર્શ, ત્યારે પગ વડે સ્વર્ગાદિ લોક ભેદ કરી દીધા. તે વેળા તેમના નખ વડે બ્રહ્માંડની કિનારી ઉપરનું વેષ્ટન ફૂટીને ભગવાનના આવરણમાંથી એ કાણાને રસ્તે પાણી બ્રહ્માંડમાં પેઠું. આ પ્રમાણે વિષ્ણુના પગમાં આવેલું પાણી તેમના બાહરપણાંથી પવિત્ર થઈ જગત માત્રને પવિત્ર કરે છે. હજારો વર્ષ પછી મંદા સ્વર્ગમાં વિષ્ણુપદમાં ઊતરી. આમ વિષ્ણુના પગમાં આવીને પવિત્ર બનવાથી મંદાનું વિષ્ણુપાદોદકી નામ પડ્યું.

૨. વિ. ભગવાનના પદવાળું.

ભગવત્પરાયણ [સં.] વિ. ઈશ્વરભક્તિમાં પરોવાયેલું; ઈશ્વરપૂજામાં પરાયણ

ભગવત્પાદોદકી [સં.] સ્ત્રી. ગંગા નદી; ભગવત્પદી

ભગવત્પુરાણ [સં.] ન. એ નામનું એક પુરાણ. તેમાં ૧૮,૦૦૦ શ્લોક છે. વૃત્ત નામના અસુરનું મોત તેમા વર્ણવ્યું છે. તેમાં ૩૩૨ પ્રકરણ છે. તે વિષ્ણુને અર્પણ કરાયેલ હોવાથી તેને ભગવત્પુરાણ કહે છે.

ભગવત્પ્રસાદજી પુ. વડતાલના શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના બીજા આચાર્ય. ગોંડલના સ્વામીનારાયણ મંદિરની સ્થાપના તેઓએ કરી છે.

ભગવત્પ્રાપ્તિ ૧. [સં.] સ્ત્રી. અવસાન; મરણ

૨. સ્ત્રી. ઈશ્વરની પ્રાપ્તિ

ભગવત્પ્રીતિ [સં.] સ્ત્રી. ભક્તિ

ભગવત્સારણ [સં] ન ભગવાનનું સ્મરણ.

હવે તે ભક્તિયોગરૂપ અનન્ય પ્રેમ ઉત્પન્ન કરવાના હેતુથી સમગ્ર પરમેશ્વરના ગુણ, પ્રભાવ અને સ્વરૂપનું તથા કૃપાપાત્ર થવામાં મુખ્ય સાધન વૈરાગ્ય અને **ભગવત્સારણનું** વર્ણન કરવા પહેલો અધ્યાય શરૂ કરે છે. ભગવદ્ગીતા

ભગવત્સંગી વિ. [સં ભગવત્ (ઈશ્વર) + સંગ (સંબંધ) + ઇન્ (વાળું)] વિ. ભક્તની સાથે સંબંધ ધરાવનાર; ભગવદી જનોની સાથે પ્રેમ રાખનાર.

૨. વિ. ભગવાનનો ભક્ત

ભગવત્સ્મરણ [સં.] ન. ઈશ્વરને યાદ કરવો તે; ભગવાનનું સ્મરણ.

ભગવત્સ્વરૂપ [સં.] ન. ભગવાનનું સ્વરૂપ; પ્રભુનું રૂપ.

ભગવદર્ચન [સં. ભગવત્ + અર્ચન (પૂજન)] ન. ભગવાનની પૂજા કરવી તે.

ભગવદર્ચના [સં. ભગવત્ (ઈશ્વર) + અર્ચના (પૂજા)] સ્ત્રી. ભગવાનની પૂજા.

ભગવદર્થક [સં.] વિ. ઈશ્વર અર્થેનું; પ્રભુ માટેનું

ભગવદવલંબન [સં. ભગવત્ (ઈશ્વર) + અવલંબન (આધાર)] ન. ઈશ્વરનો આધાર; ભગવાન ઉપર શ્રદ્ધાથી વિશ્વાસ રાખવો તે

ભગવદાકાર [સં.] વિ. ઈશ્વરમાં લીન; ઈશ્વરની સાથે એકરૂપ.

ભગવદાજ્ઞા [સં ભગવત્ (પ્રભુ) + આજ્ઞા (હુકમ)] સ્ત્રી. ઈશ્વરી હુકમ.

ભગવદાધીન [સં. ભગવત્ (પ્રભુ) + અધીન] વિ ઈશ્વરને અધીન.

ભગવદારાધના જુઓ ભગવદર્ચના.

ભગવદી ૧. પું. ભક્ત; ભક્તજન.

૨. વિ. ભક્તિપરાયણ; પ્રભુના ભજનમાં લીન.

૩. વિ. ભોળું; નિષ્કપટી.

ભગવદીય જુઓ ભગવદી

ભગવદ્ગીતા [સં] સ્ત્રી. એ નામનું સર્વોત્તમ ઉપનિષદ. શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલા સંવાદને ભગવદ્ગીતા કહે છે. મહાભારતના ભીષ્મપર્વમાં આવેલો અઢાર અધ્યાયનો તે ગ્રંથ છે. તેના સર્વોત્તમ તત્ત્વજ્ઞાનને લીધે તે અમૂલ્ય ગ્રંથ ગણાય છે. તેનાં અનેક ભાષામાં ભાષાંતરો થયાં છે, પણ તેમાં આગ્રહ રહિત એડ્વિન આર્નોલ્ડનું સર્વશ્રેષ્ઠ ગણાય છે. ગાંધીજી કહે છે કે: શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયના ૫૪ થી ૭૨ શ્લોકોમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો ગણાવેલાં છે. આ ત્રણેક શ્લોકોમાં ગણાવેલી સ્થિતિએ પહોંચવાનો સૌ કોઈનો ધર્મ છે અને અભ્યાસ પાકા પાયા ઉપર જીવનનું ચણતર થાય, તો જ એ સ્થિતિ સિદ્ધ થાય છે. ભગવદ્ગીતાની સાંખ્યદૃષ્ટિ સમજવતાં આનંદશંકર ભાપુભાઈ ધ્રુવે કહ્યું છે કે: વિરોધોના પરિહાર માટે ભગવદ્ગીતાની ઉત્પત્તિ છે. જેમ ક્રિસમસ કારેટ ન્યૂ ટેસ્ટામેન્ટમાં કહે છે, હું ફિલાડાના નાશ માટે નથી આવ્યો અર્થાત્ જે વહાણોના મંદિરો હતાં તેનો નાશ કરવા હું નથી આવ્યો, પરંતુ તે મંદિરોમાં જે અપૂર્ણતા હતી તે પૂરી કરવા આવ્યો છું. શ્રીકૃષ્ણ ભગવાનનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ પણ અર્જુનને પૂર્ણ કરવા માટે છે. પ્રથમ સત્યને માટે આગ્રહ થાય છે, પછી પ્રેમનું જાગ આવે છે. પ્રથમ રાત્રિનો અંધકાર, પછી ઝાકળ, પછી સૂર્યના કિરણોમાં બિંદુઓનો બધારે સુંદર દેખાવ અને પછી એ જ સૂર્યના પ્રકાશથી બિંદુઓનું સુકાઈ જવું તે. આ રીતે પ્રથમ કર્મ, પછી જ્ઞાનના કિરણો, પછી પ્રાપ્ત જ્ઞાન અને પછી કર્મમાર્ગનું સુકાઈ જવું તે. આમ પહેલી સ્થિતિ મુખ્ય કર્મની, પછી જ્ઞાનનાં કિરણો અર્થાત્ કર્મો સમજીને કરવાં, કર્મની સાથે ભક્તિ જાગવી. ત્યાંથી આગળની સ્થિતિ એ કે જ્ઞાન ખૂબ વધ્યું, પરંતુ કર્મો સુકાઈ ગયાં. ત્યારે બાકીનો ધર્મ કયો? ભગવદ્ગીતા એ માર્ગ સમજાવે છે. શ્રીકૃષ્ણ કર્મની ફિલસૂફીમાં રહેલું જ્ઞાનનું તત્ત્વ સમજાવે છે. તત્ત્વ તે શું? પ્રકૃતિનું કામ પ્રકૃતિ કરે અને પુરુષ દ્રષ્ટા રહે. મનુષ્ય મનનશીલ પ્રાણી છે એટલે એને યંત્રવત્ કર્મો કરવા કરતાં કર્મો વિષે વિચાર કરવાનું કહ્યું તેથી જ ભગવદ્ગીતા કહે છે કે, જે કાંઈ કર્મ કરો તે માત્ર ક્રિયાત્મક રીતે નહિ, પણ એ કાર્યોમાં ઈશ્વરભાવ આવવો જોઈએ. અને જો ઈશ્વરભાવ લાવવો હોય તો જે કાંઈ કર્મ તું કરે તે તારા સ્વાર્થ માટે નહિ પરંતુ અનાસક્ત રહીને. કોઈ પણ વસ્તુમાં ચિત્ત ન ચોટવા દઈ પ્રભુમાં ચિત્ત ચોટાડવું. આથી અહંભાવ ઓછો થાય. આ કર્મમાં હું ભગવાનનો અનુભવ કરું છું એવો ભાવ આવવો જોઈએ. વળી કર્મ એટલે માત્ર ધાર્મિક ક્રિયા જ નહિ, વર્ણાશ્રમ વગેરે સર્વ ધર્મોનો એમાં સમાવેશ થાય છે. જો કર્મનું ચક્ર આ જગતમાં પ્રવર્તે છે એ પરમાત્માના નિયમમાં એક નાનું ચક્ર બધા વગર છૂટકો નથી. આરંભમાં તું યંત્રનો એક ભાગ થઈશ, પરંતુ જ્ઞાન આવશે અને ઊંચો ભાવ આવશે ત્યારે સમજાશે કે ધર્મ એક ઘડીની નહિ પણ આખા જીવનની વાત છે. વિનોબા કહે છે કે: ગીતાની યોજના મહાભારતમાં છે. મહાભારત આજની ગણતરીએ ૫,૦૦૦ વર્ષ પૂર્વે વ્યાસ મુનિએ રચેલ છે. તેમાં એક લાખ શ્લોક અને ભગવદ્ગીતા જેવાં બીજાં અનેક રત્નો સંગ્રહાયેલાં છે. ગીતા પ્રવચનમાં વિનોબા લખે છે કે: મહાભારત અને રામાયણ આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે અને તે મહાકાવ્યો છે, અદ્ભુત ગ્રંથો છે. રામાયણ મધુર નીતિકાવ્ય છે, જ્યારે મહાભારત વ્યાપક સમાજશાસ્ત્ર છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસજીએ ભગવદ્ગીતામાં ભર્યું છે. પ્રાચીન કાળથી ગીતાને ઉપનિષદ ગણે છે. પણ ગીતા ઉપનિષદોની પણ ઉપનિષદ છે, કારણ કે સમસ્ત ઉપનિષદોનું દોહન કરીને ગીતારૂપી દૂધ ભગવાન કૃષ્ણચંદ્રે અર્જુનને નિમિત્ત બનાવીને સંસાર આગળ ધરેલ છે. જીવનના વિકાસને માટે આવશ્યક પ્રાયઃ પ્રત્યેક વિચાર ગીતામાં આવી જાય છે. એટલા માટે યથાર્થ જ કહેવાય છે કે: ગીતા ધર્મશાસ્ત્રનો એક ગ્રંથ છે. ગીતા હિંદુ ધર્મનો નાનો છતાં મુખ્ય ગ્રંથ છે. જીવનના સિદ્ધાંતો આચરણમાં કેમ લાવવા તે ગીતા આપણને બતાવે છે. જીવનના સિદ્ધાંતો અમલમાં લાવવાની જે કળા કે યુક્તિ છે તેને યોગ કહે છે અને એ યોગ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને બતાવ્યો છે. આથી જ અર્જુનવિષાદયોગ, સાંખ્યયોગ, મોક્ષસંન્યાસયોગ એમ અઢારે અધ્યાયને યોગ શબ્દથી ઓળખાવેલ છે. ગીતામાં સાંખ્ય અને યોગ બંને છે. સાંખ્ય એટલે શાસ્ત્ર કે સિદ્ધાંત અને યોગ એટલે યુક્તિ કે કળા. આ રીતે ગીતા શાસ્ત્ર અને કળા બંનેથી પરિપૂર્ણ છે. ગીતાની ઉત્પત્તિ સ્વધર્મ બજાવવામાં આપણે એકબીજા જે મોહ છે, તેને નિવારવા અર્થે છે. ગીતાનો જ નહિ, પણ સારાયે મહાભારતનો ઉદ્દેશ એ જ છે. પહેલા અધ્યાયમાં અર્જુનને વિષાદ થયો તે એમની સરળતાથી શરણાગતિમાં પરિણમ્યો ગીતામાં અર્જુન નિમિત્ત માત્ર હોઈને પહેલા અધ્યાયને અર્જુનવિષાદયોગ નહિ કહેતાં, તેને માત્ર વિષાદયોગ અનુલક્ષીને કહેવામાં આવે છે: (૧) આત્માની અમરતા અને અખંડતા, (૨) દેહની ક્ષુદ્રતા અને (૩) સ્વધર્મની અનિવાર્યતા. આમાં સ્વધર્મનો સિદ્ધાંત કર્તવ્યરૂપ છે અને બીજા બે જાણવા યોગ્ય છે. સ્વધર્મનિષ્ઠા અર્થે એ સિદ્ધાંત સમજાવવો પડે છે કે: હું મરવાનો જ દેહ નથી; દેહ તો કેવળ ઉપરની ક્ષુદ્ર ખાપરી છે, પણ હું તો કદી પણ ન મરવાવાળો અમર અને વ્યાપક આત્મા છું. આ બંને મળીને એક પૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. દેહની નશ્વરતા બતાવતાં કહ્યું છે કે: આ દેહ તો પળપળમાં બદલાતો જાય છે. બાલ્યાવસ્થા, જુવાની, વૃદ્ધાવસ્થા અને એ જ રીતે બીજા દેહની પ્રાપ્તિ પણ થાય

છે. કેટલાક તો કપડાના જેવો છે. જૂનાં વસ્ત્રો ફાટતાં જાય છે તેમ તેમ બીજાં નવાં વસ્ત્રો ધારણ કરાતાં જાય છે. નરદેહ દ્વારા સચ્ચિદાનંદ અવતરણ મળે; પણ તેમ કરતા પહેલાં પુરુષે સકામ મટી નિષ્કામ થવું જોઈએ, સ્થિતપ્રજ્ઞ થવું જોઈએ. કર્મનું ફળ પ્રભુને અર્પીને પુરુષ નિષ્કામ થઈ શકે છે. કર્મ કરવાં, પણ તેનાં ફળનો અધિકાર ન રાખવો. ગીતા કહે છે કે, ફલાશા છોડો, પણ સંયોગમાં કર્મ પણ ન તજો. ચિત્તની સ્થિરતા બહુ જ જરૂરી છે; પણ ને તો નિષ્કામી પુરુષ જ પામે છે. નિષ્કામ કર્મ કરનાર સ્થિર ચિત્તવાળો હોઈ શકે અને જેનું ચિત્ત સ્થિર છે, તેનું મન સ્થિર છે, તેની બુદ્ધિ સ્થિર છે અને તે છેવટે સ્થિતપ્રજ્ઞ બની શકે. નિષ્કામ કર્મ કરતાં કરતાં કર્મમુક્તિની કે મોક્ષની યે વાસના રાખવી ઇષ્ટ નથી; કેમકે વાસનાથી છૂટવું એ જ મોક્ષ છે. મુક્તિ ઇચ્છનારે વાસના, ફલાશા કે એવી કોઈ અપેક્ષા રાખવી ન ઘટે. ભગવાન કહે છે કે, જેની બુદ્ધિમાં સાંખ્યનિષ્ઠા સ્થિર થઈ ગઈ છે અને કર્મજાગરૂપી યોગ જેની રગે રગમાં આપ થયેલ છે, તેને ગીતામાં સ્થિતપ્રજ્ઞ કહે છે ભગવાને બીજા અધ્યાયમાં, અંતિમ શ્લોકોમાં સ્થિતપ્રજ્ઞનું ગંભીર અને ઉદાત્ત ચિત્ર આપ્યું છે. સ્થિતપ્રજ્ઞ ગીતાની આદર્શ મૂર્તિ છે. નિષ્કામ કર્મયોગમાં અર્જુનને સામર્થ્ય છે. કર્મ ચિત્તશુદ્ધિનું સાધન છે. ફળની ઇચ્છા છોડી દેવાથી બુદ્ધિ સતેજ રહે છે. ચિત્તશુદ્ધિ પણ તેથી થાય છે. કર્મયોગી પોતાનાં પૂજાકર્મ દ્વારા પરમેશ્વરદર્શનરૂપી ફળ મેળવે છે. કર્મયોગીનું કર્મ દિવ્ય છે, કેમકે તે ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરે છે. તેથી મહાદોષ દૂર થાય છે. ચિત્તશુદ્ધિ થતાં પ્રભુભક્તિ સૂઝે છે. શરણાગતિ સાધતાં પ્રભુની કૃપાને તે પાત્ર થાય છે. આ રીતે ઈશ્વરાર્પણ બુદ્ધિથી પ્રભુકૃપા સુલભ થાય છે. આત્મપરીક્ષણથી ચિત્તની મલિનતા દૂર કરવાનું ત્રીજા અધ્યાયમાં બતાવ્યા પછી હવે ચોથા અધ્યાયમાં ભગવાન કર્મ, વિકર્મ આદિની ભાંજગડ સમજાવે છે. કર્મ, સ્વધર્મ, સ્વધર્માચરણની નિષ્કામતા પ્રાપ્ત કરવા માટે જ્ઞાન અને બોધ જ્ઞાનીની પાસ જરૂર છે. ચિત્ત ગંગાજળની પેઠે નિર્મળ, પ્રશાંત ન હોય તો નિષ્કામતા સાધી ન શકાય. ગીતામા કર્મ શબ્દ સ્વધર્મના અર્થમાં વપરાયેલ છે. કર્મ એટલે ખાવું, પીવું, સૂવું એ ક્રિયાઓ નહિ; પણ કર્મ એટલે સ્વધર્માચરણ. ચિત્તસંશોધન માટે જે કર્મ કર્યે જાય તેને વિકર્મ કહે છે. મન સાથે ઝૂઝવું એ વિકર્મ. આંતર બાહ્ય ક્રિયા એક સાથથી થાય તો સહજતા મળે. એકબીજા મેળ ન ખાય તો બને. અભિષેક જો આંતર બાહ્ય એકરૂપ થઈને ન થાય તો શિવલિંગ પથ્થર ને અભિષેક કરનાર પણ પથ્થર. નિષ્કામ કર્મયોગ સિદ્ધ ત્યારે જ થાય કે જ્યારે બાહ્ય કર્મની સાથે અંદરથી ચિત્તશુદ્ધિરૂપી કર્મનો સંયોગ થાય. લોકસેવા કરતાં જો મનમાં શુદ્ધ ભાવના ન હોય તો લોકસેવા બનાવટ નીવડે. બાહ્યી કર્મની સાથે મનનો મેળ આવો એને ગીતામાં વિકર્મ કહે છે. કર્મની સાથે વિકર્મ ભળે તો ધીરે ધીરે નિષ્કામતા આવે. ભક્તિયોગમાં બહારથી તપ ને અંદરથી જપ કરવાનો છે. ઉપવાસ શબ્દની ભાવના પણ એ જ છે કે, પ્રભુની પાસે જેમનું. અકર્મ એટલે કર્મ કરતાં છતાં ન કરવાપણું. સૂર્યની ગતિ, સાગરની ગતિ, સંતનો વિકાસ, પ્રવૃત્તિ વગેરે. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, બહુ સૂક્ષ્મતાથી તારી બુદ્ધિ ચક્રમાં પડી જાય છે, તેથી યોગપ્રાપ્તિ સંભવિત નથી. સંતોનું શરણ એ જ ખરો ઉપાય છે. ગુરુઓનું મૌન વ્યાખ્યાન ગ્રંથો કરતા માટે પૂરતું છે સૂત્રનું, પદનું બંધ કરીને સંતોનું શરણ લે ત્યાંથી જીવનગ્રંથ શીખવા માટે મળશે. સેવાકર્મ કરવાથી અત્યંત શાંતિ મળશે. પાંચમા અધ્યાયમાં સંસારને સમુદ્રની ઉપમા આપી છે. બારે બાનાક વસ્તુ છે. કર્મ જ્યારે સહજ થઈ જાય, ત્યારે તે અકર્મ બની જાય છે. સહજ કર્મ એટલે જ અકર્મ. સેવાકર્મ જ્ઞાનીઓ માટે સહજ કર્મ છે. યોગી અને સન્યાસી બંને લોકસંગ્રહ કરે છે શુક, યાજ્ઞવલ્ક્ય સંન્યાસી છે. જનક કર્મયોગી છે. યાજ્ઞવલ્કયના શિષ્ય જનક અને જનકના શિષ્ય શુક. સંન્યાસી પછી કર્મયોગી, પછી સંન્યાસી એવી આલિક્ષા છે. એટલે કે સંન્યાસ ને યોગ ભિન્ન ભિન્ન નથી, પણ યોગ તે સંન્યાસ એક છે. ધ્યાનમાં (૧) ચિત્તની એકાગ્રતા, (૨) જીવનની પવિત્રતા ને (૩) સામ્યદશા કે સમદૃષ્ટિ; એ ત્રણ વિના સાધના થઈ શકતી નથી. ધ્યાનયોગમાં ચિત્તની એકાગ્રતા, જીવનની પવિત્રતા ને શુભ સામ્યદૃષ્ટિની જરૂરત છે. પરમેશ્વરની શક્તિને માયા કહે છે. એની ત્રણગુણાત્મક એ જ માયા. જીવ અને અજીવરૂપી મસાલાથી અનંત રંગોવાળી સૃષ્ટિ જે બનાવી, જે શક્તિથી રચાઈ છે તે માયા છે. એ પ્રકૃતિના પુરુષ, પરમાત્માને સમજવા માટે ભક્તિનું ભવન સાતમા અધ્યાયમાં બનાવ્યું છે. યજ્ઞ, દાન, ધ્યાન, તપ એ સર્વમાં જો હાર્દિકતા ન હોય તો પછી ચિત્તશુદ્ધિ ક્યાંથી આવે? હાર્દિકતા એ જ ભક્તિ જે કાર્યમાં હાર્દિકતા નથી એ કાર્યમાં ન તુષ્ટિ, ન શક્તિ, ન પુષ્ટિ.

ભક્તના ચાર પ્રકાર કહ્યા છે: (૧) સકામ ભક્તિ કરનાર, નિષ્કામ ભક્તિ કરનાર અને સંપૂર્ણ ભક્તિ કરનાર જ્ઞાની. નિષ્કામ ભક્તિ કરનારના ત્રણ પ્રકાર છે: (૧) આર્ત, (૨) જિજ્ઞાસુ અને (૩) અર્થાર્થી. સકામ ભક્ત એટલે ઇચ્છા રાખી ભગવાન પાસે જનાર. પરમેશ્વર પાસે રોનાર ભક્ત ભલે સકામ હોય, તે અસાધારણ છે. સકામ ભક્તિ સાચ્ચી નથી. અંતકાલીન સ્મરણ તો સારા જીવનનું ફળ હોય. જેનો અંત મધુર તેનું સર્વ મધુર. આઠમા અધ્યાયમાં એ વિચાર બતાવ્યો છે કે, મૃત્યુ વખતે જે વિચાર પ્રબળ હોય છે, તે વિચાર સાથે આત્મા નવી યાત્રા કરે છે. સદૈવ મરણનું સ્મરણ રાખી ચાલો. હરિસ્મરણથી ચિત્તશુદ્ધિ થાય છે. જેના મરણ વખતે આગ જલી રહી છે, સૂર્ય ચમકી રહ્યો છે, ચંદ્ર દીપી ઊઠે છે, ઉત્તરમાં નિરભ્ર અને સુંદર આકાશ છે તે બ્રહ્મલોકને પામે છે અને જેના મરણ વખતે ધૂમ્ર હોય છે, અંધારું હોય છે, ચંદ્ર ક્ષીણ થાય છે, દક્ષિણમાં વાદળથીયું આકાશ છે, તે જન્મમરણના ફેરામાં પડે છે. નવમો અધ્યાય ગીતાના મધ્યભાગમાં છે, ગીતા મહાભારતના મધ્યમાં છે, જ્ઞાનદેવે આનો જપ કરતાં કરતાં સમાધિ લીધી હતી, એમ તેનો મહિમા મહાન છે. આ રાજવિદ્યા છે, મૃત્યુલોકમાં જીવનની મહા પ્રતિષ્ઠા કરનાર આ રાજવિદ્યા છે. વેદધર્મના સારનો સાર ગીતા છે. હરિ નામ વેદોનો સાર છે. નિજનું સેવાકર્મ સમજીને કરવું એ રાજમાર્ગ છે. ભાવનાથી કરેલ મામૂલી હોય તો યે પવિત્ર છે. રાજયોગ એટલે કર્મ કરવાં તે તેનાં ફળ છોડીને ઈશ્વરને અર્પણ કરવાં, એ રાજયોગ છે. કર્મયોગ એટલે કર્મ કરો, પણ ફળ છોડો. રાજયોગમાં ઈશ્વરને અર્પણ થાય છે: એથી રાજયોગ કર્મયોગથી એક પદ અધિક છે, એ યાદ રાખવા જેવું છે. કર્મ છોડવાં એ બી કેવી રીતે જોવું છે. હવે દસમો અધ્યાય આવે છે. પહેલા અધ્યાયમાં બતાવ્યું છે કે, ગીતા મોક્ષનાશને માટે અથવા સ્વધર્મમા પ્રવૃત્ત કરવાને માટે છે. બીજા અધ્યાયમા જીવનના સિદ્ધાંત, કર્મયોગ અને સ્થિતપ્રજ્ઞનું દર્શન આપણને થયું. ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં કર્મ, વિકર્મ અને અકર્મની સમસ્યા નક્કી કરી છે. છઠ્ઠા અધ્યાયમા ચિત્તની એકાગ્રતાને માટે ધ્યાનયોગ બતાવીને અભ્યાસ અને વૈરાગ્યની મદદ તેને આપી છે. સાતમા અધ્યાયમા વિજ્ઞાન ભક્તિરૂપી ઊંચું સાધન બતાવ્યું છે. આ યોગને કેટલાક પ્રપત્તિયોગ કહે છે સાતમામા પ્રપત્તિયોગ બતાવીને આઠમા અધ્યાયમા સાતત્યયોગ બતાવ્યો છે. સાતત્યયોગ

એટલે પોતાની સાધનાને અંતકાળ સુધી સતત ચાલુ રાખવી. નવમા અધ્યાયમાં કહે છે કે, જે કાંઈ પણ કર્મ દરકડી થાય છે તે બધું કૃષ્ણાર્પણ કરી દો. આ એક જ વાતથી બધા સાધનબંધન, બધા કર્મવિકર્મ ડૂબી જાય. બધી કર્મસાધના આ સમર્પણયોગમાં વિલીન થઈ જાય સમર્પણ યોગને જ રાજયોગ કહે છે. અનંત જન્મોનો પુણ્યસંચય હોય તો હૃદયમાં રુચિ થાય. પરમેશ્વરને જોવાના બે પ્રકાર છે સ્થૂળ અને સૂક્ષ્મ. પહેલા સ્થૂળ, સ્પષ્ટ પરમેશ્વરને જુઓ. સમુદ્ર, પર્વત આદિ મહાન વિભૂતિઓમા પ્રકટિત પરમેશ્વર તરત આંખોમાં સમાઈ જાય છે આ સ્થૂળ પરમાત્મા સમજમાં આવી જાય તો એક જલબિંદુમાં, માટીના એક કણમાં તે જ પરમાત્મા જણાં છે, તે પણ આસાની જતા સમજમાં આવી જશે. આ એક પદ્ધતિ થઈ બીજી પદ્ધતિ એમ છે કે, સીધા સાદા પરમાત્માને જોઈ જો પછી તેના જટિલ રૂપને જુઓ. જે ભક્તિમાં શુદ્ધ પરમેશ્વરી આવિર્ભાવ સહજરૂપે પ્રકટ થયો છે, તે બહુ જલદી પ્રભાવ કરી લેવાય છે. જેમકે, રામમાં પ્રકટિત પરમેશ્વરી આવિર્ભાવ તરત જ મન ઉપર અંકિત થઈ જાય છે. રામ સરલ અક્ષર છે. પરંતુ રાવણ ? એ સંયુક્તાક્ષર છે. તેમાં કાંઈ ને કાંઈ મિશ્રણ છે. રાવણની તપશ્ચર્યા, કાર્યશક્તિ મહાન છે; પરંતુ તેમાં ફરતા મળેલા છે. પહેલાં રામરૂપી સરલ અક્ષર શીખી લો, જેમાં દયા, વત્સલતા, પ્રેમભાવ છે એવા રામ સરલ પરમેશ્વર છે, તે તરત જ પકડમાં આવી જશે. રાવણમાં રહેનાર પરમેશ્વરને સમજવામાં જરા વાર લાગશે. સજ્જનોમાં પહેલાં પરમાત્માને જોઈ ને, પછી દુર્જનોમાં પણ તેને જોવાનો અભ્યાસ કરવો જોઈએ. સમુદ્રસ્થિત વિશાળ પરમેશ્વર જ પાણીના બુંદમાં છે રામચંદ્રની અંદરના પરમેશ્વર જ રાવણમા છે, જે સ્થૂલમા છે, તે સૂક્ષ્મમાં પણ છે, જે સરલમા છે તે કઠિનમા પણ છે. પહેલાં માનવની સૌમ્યતમ પાવન મૂર્તિઓમાં પરમાત્માના દર્શન કરતાં શીખો, પછી ધીમે ધીમે સર્વત્ર પ્રભુભવ દેખાશે. સ્થૂળ અને સૂક્ષ્મ, સરલ અને મિશ્ર, સરલ અક્ષર અને સંયુક્તાક્ષર બધું શીખો અને અંતમાં એ અનુભવ કરો કે, પરમેશ્વર વિના એક પણ રજકણ નથી. અણુઅણુમાં પણ તે જ છે. કીડીથી માંડીને આખા બે બ્રહ્માંડ સુધી સર્વત્ર પરમાત્માથી જ વ્યાપ્ત છે. બધાંની સરખી ચિંતા રાખનાર કૃપાળુ, જ્ઞાનમૂર્તિ, વત્સલ, સમર્થ, પાવન, સુંદર, પરમાત્મા આપણી ચારે બાજુએ સર્વત્ર સ્થિત છે. જે વિરાટ પ્રદક્ષિણી અધ્યાય દસમા વર્ણવી તે નજરે બતાવવા અગિયારમો અધ્યાય છે. વિરાટ સ્વરૂપમાં છે તે નાની એવી મૂર્તિમા પણ છે. જ્ઞાનથી મનનો સ્થૂળ અહં ભરમ થાય, સૂક્ષ્મ મલ તેવા ન બળે. સ્વાવલંબન વિચાર, વિવેક, અભ્યાસ, વૈરાગ્ય એ સર્વ સાધન કર્યા એ તોપણ મનનો સૂક્ષ્મ મલ ન બળે. ભક્તિરૂપી પાણીની સહાયતા વિના મનનો મેલ ધોવાનો નથી. આમ કાંઈને બારમો અધ્યાય ભક્તિયોગ છે. આ દેહમાં જે જ્ઞાન ઉત્પન્ન થતી તેની શક્તિ મર્યાદિત જ રહેશે. જો શુદ્ધ જ્ઞાનનો ઉદય થઈ ગયો તો તેનાથી બધો મેલ ભરમ થઈ જશે, એમા તલમાત્ર પણ શંકા નથી ચિત્ત સહિત સર્વ મળોને ભરમ કરી દેવાનું સામર્થ્ય જ્ઞાનમાં છે; પરંતુ આ વિકારવાન દેહમાં જ્ઞાનનું બળ ઓછું પડે છે. તેથી તેના દ્વારા સૂક્ષ્મ મળોનું મટવું શક્ય નથી. માટે ભક્તિનો આશ્રય લીધા વિના સૂક્ષ્મ મળો નિર્મૂળ નથી કરી શકાતા. આથી ભક્તિમાં મનુષ્ય અધિક સુરક્ષિત છે. સગુણ ભક્તિ સુલભ છે તેમાં પરમેશ્વરનવલંબન છે, નિર્ગુણમાં સ્વાવલંબન છે, એટલે કે તેમાં પોતાના અંતરસ્થ પરમેશ્વરનો આધાર છે. હિંદુ, ઈસ્લામ, ક્રિશ્ચન વગેરે સર્વ ધર્મોમાં કોઈ ને કોઈ રૂપમાં મૂર્તિપૂજા પ્રચલિત છે ભલે તે નીચલા દરજ્જાની માની ગઈ હોય, પરંતુ તે માન્ય છે, મહાન છે. સગુણ સુલભ અને સુરક્ષિત છે, પરંતુ સગુણને નિર્ગુણની આવશ્યકતા છે. સગુણની વૃદ્ધિ થઈ ને તેમાં નિર્ગુણરૂપી, તત્ત્વનિષ્ઠારૂપી કૂવાની બહાર આવવી જોઈએ. નિર્ગુણ સગુણ પરસ્પર પૂરક છે, વિરોધ નહિ. સગુણથી નિર્ગુણ સુધીની મજલ નક્કી કરવી જોઈએ અને નિર્ગુણને પણ ચિત્તનો સૂક્ષ્મ મેલ ધોવાને માટે સગુણની આર્દ્રતા જોઈએ. બંનેની એકબીજાંમાં ગોઠવા છે. ગીતા એક જીવનઉપયોગી શાસ્ત્ર છે અને તેથી તેમાં સ્વધર્મ ઉપર જોર દેવામાં આવેલ છે મનુષ્યના જીવનનો મુખ્ય પાયો જો કોઈ હોય તો તે સ્વધર્માચરણ જ છે. આ પાયો જેટલો મજબૂત હશે તેટલી જ વધારે ઇમારત ટકી શકશે. આ સ્વધર્માચરણને ગીતામાં કર્મ કહેલ છે. આસક્તિ વગરનું કર્મ ગીતાનું ધ્યેય છે. દેહને અલગ કરી આત્માની પૂજા કરવી જોઈએ. આ પૃથક્કરણ ૧૩મા અધ્યાયમાં દીધું છે. આ દેહ ભગવાનના ઘરની ખેતી કરવાનું એક ઓજાર છે. આ ઓજાર જો બરાબર થઈ જાય તો તેને અવશ્ય સુધારવું જોઈએ. આ દેહ એક સાધનના રૂપમાં પ્રસ્તુત છે. આથી આ દેહથી પોતાને જુદો રાખીને દોષોથી મુક્ત થવાના પ્રયત્ન આપણે કરવા જોઈએ. મનુષ્ય શરીરસૂત્રધારમાં પડી ગયો અને મનને સૂંગારવું, બુદ્ધિને વિસ્તારવી, હૃદયને સુંદર બનાવવું એ બાજુ રહી ગયું. તું દેહ નહિ આત્મા છે તત્ત્વમસિ એટલે તે આત્મારૂપ તું જ છે. આ બહુ મોટો પવિત્ર ઉદ્ગાર છે, પાવન અને ઉદાત્ત ઉચ્ચાર છે. બધાંથી ઉપરસ્થિત આત્માનો વિચાર મનમાં નથી આવતો, આસપાસ મનુષ્ય સંસારરૂપ ક્રિયાઓમા તલ્લીન રહે છે ખાવું, પીવું, ઊંઘવું વગેરેથી અતિરિક્ત તે કાંઈ જાણતો નથી. અને તેની પ્રાપ્તિનો લોભ જ તે મનમાં રાખે છે. આ સમસ્ત સૃષ્ટિ આત્મા માત્ર માની જેમ બધી ક્રિયાઓને દેખતો રહે છે. આ સ્થિતિને ઉપદ્રષ્ટા અથવા સાક્ષીરૂપે બધું જોનાર કહેલ છે. આ અવસ્થામા આત્મા જુએ છે, પરંતુ હજી તે સમતિ, સ્વાનુભૂતિ આપતો નથી. જ્યારથી જીવ સ્વચ્છંદતા છોડી સમજી જાય છે, પશુજીવન છોડે છે, આત્મસમો વિચાર કરે છે ત્યારે તે અનુમતા થાય છે. આ પછીની ભૂમિકામા મનુષ્ય કર્તવ્યકર્મ દ્વારા પોતાના મનના તમામ મેલને ધોવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એક સમય એવો આવે છે કે, એમ કરતાં કરતાં તે થાકવા માંડે છે. ત્યારે જીવ અધિક બળની પ્રાર્થના કરે છે. પોતાની બધી શક્તિ લગાવવા છતાં તે પૂરી ન લાગવાથી આર્તભાવથી દ્રૌપદીની જેમ પરમાત્માને પોકારે છે પરમાત્મા અધિક નજીક આવે છે. તે ઉપદ્રષ્ટા, અનુમંતા નહિ રહેતાં ભર્તા એટલે બધી રીતે સહાયક થાય છે. ત્યાર પછી શ્રેણી છે તેમાં પરમેશ્વરના કૃપાપ્રસાદથી કર્મનું જે ફળ મળ્યું તેને પણ પોતે નહિ લેતાં ઈશ્વરને અર્પણ કરી દે છે. ત્યારે પરમાત્મા ભોક્તા થઈ જાય છે. પ્રભુ એ વખતે શરીરમાં રહીને બધા કર્મ ભોગવે છે ને તેને કર્મબંધનથી મુક્ત કરે છે. ત્યાર પછી અર્પણ કરવાનો સંકલ્પ પણ છોડી દેવાનો છે. કર્મ કરનાર પરમેશ્વર, ફળ ભોગવનાર પરમેશ્વર. કર્મના સંકલ્પ કરનાર પણ પરમેશ્વર થવા દો. એવી રીતે કર્મના આદિ, મધ્ય અને અંતમાં સર્વત્ર પ્રભુ. આમ પરમાત્મા જીવના મહેશ્વર બને છે. આત્મા પરમાત્મા એક થાય છે. ચૌદમો અધ્યાય એક રીતે પાછલા અધ્યાયનો પૂરક છે. આત્મા સ્વયંપૂર્ણ છે. તેની ગતિ સ્વતઃ ઊર્ધ્વગામી છે; પણ તેની સાથે શરીરનો બોજ હોય તો નીચે ખેંચાય છે દેહરૂપી બેડી છે, તેને છૂટી પાડવી. તેને છૂટી લેવી. દેહ જિતાય તો વિશ્વસમ્રાટ થવાય. ચૌદમા અધ્યાયમાં નિગ્રહની દિશા બતાવી છે. આત્મને દેહથી જુદો પાડવા માટે વિવેક અને નિગ્રહની જરૂર છે. પ્રકૃતિમાં ત્રણ ગુણો છે: સત્ત્વ, રજ ને તમ. બધે આ ત્રણ ગુણો ભરેલા છે, કયાંય ઓછા તો કયાંય વધુ, એટલો જ ફરક છે.

તમોગુણનું મુખ્ય પરિણામ આળસ છે. તેનાથી નિદ્રા ને પ્રમાદ જન્મે છે. આ ત્રણ વાત ટૂંકી લીધી એટલે તમોગુણને ટૂંકી લાંબો સમજો. રજોગુણ પણ એક બળવાન શત્રુ છે. તેનું પ્રધાન લક્ષણ છે: નાનાં પ્રકારનાં કામ કરવાની લાલસા, કર્મ કરવાની અપાર આસક્તિ. રજોગુણી મનુષ્યમાં સ્થિરતા રહેતી નથી. રજોગુણી તરફાસ હવા ચાહે છે. ગીતાનો કર્મયોગ રજોગુણનો રામબાણ ઉપાય છે, જ્યારે આપણે સ્વધર્મમાં મગ્ન રહેવું એ રજોગુણને વશીભૂત કરવાની રીત છે. સત્ત્વગુણનું બળ વધે છે ત્યારે તે આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપથી નીચે ખેંચી લાવે છે. સત્ત્વ ગુણ ઉપર વિજય મેળવવાનો અર્થ છે: તેના પ્રતિ આપણું અભિમાન, આપણી આસક્તિ ટળી જાય. પંદરમા અધ્યાયમાં સર્વ વિચારોની પરિપૂર્ણતા થઈ ગઈ છે. સોળ, સત્તર અધ્યાય પરિશિષ્ટરૂપ છે અને અઢારમો અધ્યાય ઉપસંહાર છે. આ અધ્યાયમાં પરમાર્થ પૂરો થઈ ગયો, વેરોનો સાર સાર તેમાં આવી ગયો. ભક્તિમાર્ગ પ્રવર્તમાર્ગથી ભિન્ન નથી, એ સૂચિત કરવા સમરાંગણ એક મહાન રૂપક સાથે ઉપમા આપી છે. ત્રિગુણોથી પોષિત તેની પ્રબળ શાખાઓ છે. અનાસક્તિ અને વૈરાગ્યરૂપી કુહાડીથી તેને કાપવું જોઈએ. પ્રવર્તનમાં જ્યારે આત્મજ્ઞાન અને ભક્તિ મળે તો પૂર્ણતા આવે. ભક્તિ પ્રવર્તનમાર્ગનો એક ભાગ છે. આત્મજ્ઞાન વિના ત્રિગુણની પાર ન જવાય. ગીતા કહે છે કે, આપણી પ્રત્યેક કૃતિ ભક્તિમય થઈ જાય. સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ બતાવેલો છે. આ અધ્યાયમાં અભયને પ્રથમ સ્થાન અપાયું છે. અહીં કુલ છવ્વીસ ગુણ બતાવ્યા છે, તેમાંથી પ્રથમ નિર્ભયતા અને છેલ્લે નમ્રતા રાખી વચ્ચે ચોવીસ ગુણો રાખ્યા છે. ભૂતદયા, આર્દવ, ક્ષમા, શાંતિ, અક્રોધ, અહિંસા, અદ્રોહ એ બધાં અહિંસાનાં બીજાં નામ છે. અહિંસા અને સત્ય એ બે ગુણોમાં બધા સદ્ગુણો સમાઈ જાય છે. આસુરી સંપત્તિનું વર્ણન એટલા માટે કર્યું છે કે, આપણે તેથી દૂર રહીએ. કામક્રોધથી વિમુક્ત થઈ ને આત્માનો વિકાસ કરવો. લોભ એક જ ભયંકર દુર્ગુણ છે નિત્યકર્મયોગની વિગત સત્તરમા અધ્યાયમાં છે. સૃષ્ટિ, સમાજ અને શરીર એ ત્રણેનું કાર્ય સારી રીતે ચાલે એવી રીતે વ્યવહાર કરવો એ આપણું કર્તવ્ય છે. એ ત્રણેયની હાનિ યજ્ઞ, દાન અને તપરૂપી સાધનોથી પૂરી કરવી એ આપણો ધર્મ છે. યજ્ઞ, દાન અને તપને આપણે અહીં જુદાં જુદાં માનેલ છે, પરંતુ તેમ નથી. એ ત્રણે મળીને એક જ્ઞય સૃષ્ટિસ્વરૂપ બને છે. એટલા માટે આપણે એ ઉત્પાદક શ્રમ કરીશું, દાન દેશું, તપ કરીશું, એ સર્વને આપણ અર્થમાં યજ્ઞ જ કહી શકાય. ગીતાએ યજ્ઞના અર્થને વિશાળ બનાવી દીધો છે. ઈશ્વરાર્પણબુદ્ધિ સેવ્ય વિના આવી શકતી નથી. આહાર પણ એક યજ્ઞમય જ છે. આહારશુદ્ધિથી ચિત્ત શુદ્ધ રહેતું ગીતા ચિત્તશુદ્ધિપૂર્વક યજ્ઞ, દાન, તપની ક્રિયાનું વિધાન બતાવે છે. એવાં કર્મોથી વ્યક્તિ અને સમાજ બન્નેનું કલ્યાણ થશે. ગીતાએ ૐ તત્ સત્ વૈદિક નામ લઈ ને આપણી બધી ક્રિયાઓને ઈશ્વરાર્પણ કરવા શીખવ્યું છે. ૐનો અર્થ છે સાતત્ય, તત્નો અર્થ છે અલિપ્તતા અને સતનો અર્થ છે સત્ત્વિકતા. એ ત્રણે આપણી સાધનામાં હોવાં જોઈએ. કર્મનો ત્યાગ નહિ, પણ કર્મફળનો ત્યાગ કરવાનું ગીતામાં કહ્યું છે. ફલત્યાગ એ કર્મની કસોટી છે. શ્રમ્યકર્મ તજીને સાત્ત્વિક કર્મ અનાસક્તિની અહંકાર છોડીને કરવાં. સાત્ત્વિક કર્મ પણ સદોષ હોય છે. જેમ જેમ ચિત્તશુદ્ધિ થતી જશે તેમ તેમ ક્રિયાની તીવ્રતા ઓછી થશે તીવ્રતાથી સૌમ્ય, સૌમ્યથી સૂક્ષ્મ અને સૂક્ષ્મથી શૂન્ય થતી જશે. સ્વધર્મમાં સ્વદેશી ધર્મ, સ્વજનીય ધર્મ, સ્વકાલીન ધર્મનો સમાસ થાય છે એ ત્રણે બનીને સ્વધર્મ થાય છે. સ્વધર્મના બે ભાગ છે: (૧) બદલાય અને (૨) ન બદલાય. વર્ણધર્મ ન બદલાય, સ્વધર્મ બદલાય. ભક્ત કહે છે કે, મારે તમારી ભક્તિ જોઈએ છીએ, મોક્ષ નહિ. હું જ્ઞાન નહિ ક્રિયા ધું, એવી ભાવના કરતાં રટવું. દેહના લેપથી લેશમાત્ર ભિન્ન ન થવું. વિનોબાજી કહે છે કે: ગીતામાં પ્રાકૃતિક, નૈતિક અને સાધનિક એમ ત્રણ પ્રકારનાં વિવેચન મળે છે. એમણે પ્રાકૃતિક વિચારને જોડી દઈને ઉપર મુજબ જે વિચારો તેના પ્રવચનમાં પ્રસંગોપાત આવેલ છે તે અહીં મુખ્યતઃ સાર રૂપે ઉદ્ધૃત કરેલ છે.

ભગવદ્ગોમંડલ પું. ગોંડલના કોષકાર મહારાજા ભગવતસિંહજી સંપાદિત ગુજરાતી ભાષાનો સર્વાંગસંપૂર્ણ વિશ્વકોષ. આ કોષને માટે સૂચવાયેલ અનેકવિધ નામોમાં વિદ્વદ્રીસૂચિત ભગવદ્ગોમંડલ નામ તેના અનેકાર્થને લીધે પસંદ કરવામાં આવ્યું. ભગવદ્ગોમંડલ નામ ભગવત્ અને ગોમંડલ એમ બે શબ્દનું બનેલું છે. એ બે શબ્દના અનેકાર્થ એમ છે કે: ભગવત્ એટલે (૧) ભગવત્સિંહજી, (૨) બૃહત્, (૩) સમૃદ્ધિવાન, (૪) જ્ઞાનભર્યો, (૫) પ્રભુપ્રેરિત, (૬) ગૌરવવંતુ. ગોમંડલ એટલે (૧) શબ્દસંગ્રહ, (૨) શબ્દકોષ, (૩) જ્ઞાનકોષ, (૪) સરસ્વતી ભંડાર, (૫) આપ્તવાણી અને (૬) ગોંડલ. આ ઉપરથી ફલિત છે કે, ભગવદ્ગોમંડલ એટલે (૧) ભગવત્સિંહજી શબ્દસંગ્રહ, (૨) બૃહત્ શબ્દકોષ, (૩) સમૃદ્ધિવાન જ્ઞાનકોષ, (૪) જ્ઞાનભર્યો સરસ્વતી ભંડાર, (૫) પ્રભુપ્રેરિત આપ્તવાણી અને (૬) ગૌરવવંતુ ગોંડલ આ બૃહત્ શબ્દકોષ શરૂ થયા પહેલાં જ કોષકાર મહારાજાએ અઢાર ગ્રંથ ને હજારો શબ્દ વિવિધ રીતે એકઠા કર્યા હતા. તેમની શબ્દો એકઠા કરવાની રીત અનોખી હતી. કોઈની સાથે વાતચીત કરતાં કે કોઈનાં ભાષણ-અહેવાલ સાંભળતાં એવો કોઈ તળપદો શબ્દ જણાય તો તેની નોંધ તેઓ તરત જ કરી લેતા. એતરોમાં કે વાડીપાડામાં ખેડૂતો સાથે વાતચીત કરતાં આંબાતૂટ્યા સંભળાયેલ શબ્દો અચૂક ક્રમના અંગરખાની બાંય ઉપર લખાઈ જતા. પોતાના પુસ્તકાલયમાં મળવા આવનાર મહેમાનોની વાતચીતમાંથી જે કોઈ એવા નવીન શબ્દો એમને લાગતા તે તે જ મહેમાનની મુલાકાત માટેની કાપલી પાછળ લખી લેતા. આથી કરીને એ શબ્દ માટે ભવિષ્યમાં કોઈક વિરોધ ઊભો થાય તો એની તેની પાસેથી તરત જ મેળવી શકાતી. આવી અનોખી રીતે એકઠા કરેલ જે શબ્દો ગુજરાતી ભાષાના તે વખતના કોષોમાં માલૂમ ન પડતા તે શબ્દો પોતાની પાસેના મોટા કદના જૂના તારીખિયાની પાછળની કોરી બાજુ ઉપર કક્કાવારી પ્રમાણે સ્વહસ્તે લખી લેતા. તારીખિયાનું આવું કોરું પાનું પૂરું થતાં બાકી રહેલ શબ્દો બીજા કોરા પાને લખતા અને અનુસંધાન જાળવવા માટે જુઓ ફલાણી તારીખ, પાછળ એમ દર્શાવતા. પ્રમાણભૂત ગ્રંથો, મહત્ત્વનાં પુસ્તકો, નવલકથાઓ, કાવ્યસંગ્રહો વગેરે ગુજરાતી અંગ્રેજી સાહિત્ય વાંચતી વખતે તેઓ કોઈ ને કોઈ લેવા જોગ લાગતા શબ્દો કે વિગત માટે પાને પાને નિશાનીઓ કરતા. જે ઉપરથી તેનો સમાવેશ કોષમાં થતો. વર્તમાનપત્રો, માસિકો, નિબંધનો, જાહેરખબરો, નાટકસિનેમાનાં ચોપાનિયાં, ચીજ વસ્તુઓની મૂલ્યપત્રિકાઓ કે એવા કોઈ પણ રદ્દી જેવા લાગતા કાગળિયામાં પણ કોઈ શબ્દ એમને નવા જેવો લાગતો તો તે શબ્દ નીચે તેઓ જેની તે વખતે કરારિયાં કરી હોય તેનો આસપાસના સબંધ સાથે સંગ્રહ કરવા ચૂકતા નહિ. અંગત પત્રો, અરજીઓ, વિધવિધ જોબગવાળાં નોકરી માટેનાં પ્રમાણપત્રો કે એવા કોઈ પણ લેખ દસ્તાવેજમાં આવી જ જાતના નવીન શબ્દો લેવા માટેની કરારિયાની નિશાની કરી આસપાસનો સંબંધ જાણી, જોઈતી હકીકત સ્પષ્ટ લેવા માટે કોષકચેરીને સુપરત કરતા. આ ઉપરાંત જુદા જુદા વિષયોના જુદે જુદે સ્થળેથી, જુદી જુદી વ્યક્તિઓ પાસેથી મેળવેલા

અતિ મહત્વના શબ્દો તેના ઉચ્ચાર, આકારણ, વ્યુત્પત્તિ, અર્થ, પર્યાય, વિગત, અવતરણ, આધાર અને રૂઢિપ્રયોગ સાથે તેઓ કોષમાં દાખલ કરાવતા. પોતાના મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ અને જેના તે વિષયમા નિષ્ણાત ગણાતી સંસ્થાઓ સાથે જરૂર પડયે, તેઓ પત્રવ્યવહાર ચલાવીને શબ્દોનાં વિવાદિત અર્થ, પ્રયોગ અને વિગત માટે છેવટનો નિર્ણય આપવા માટે સામગ્રી મેળવી લેતા. અંગ્રેજી, ગુજરાતી, ફારસી આદિના પ્રમાણભૂત ગણાતા કોષોમાંથી તમો શબ્દવધારો, ઉચ્ચારભેદ, વ્યુત્પત્તિનિર્ણય, અર્થસમૃદ્ધિ અને પ્રમાણભૂત વિગત ઉમેરાવતા. ફ્રેઝર અને હોલ્ર્ન નામના અંગ્રેજ લેખકોએ બનાવેલ હિંદી કોષોમાંથી તેઓએ સોકડબંધ સપ્રમાણ શબ્દો ઉમેરાવ્યા છે. કાળક્રમમાં આવી વીસરાઈ જઈ વિલુપ્ત થતા કહેવત, તળપદા અને પ્રચલિત શબ્દો પ્રથમ કાઠિયાવાડ ગુજરાતમાંથી એકઠા કરવામા આવ્યા; કેમકે આ જ શબ્દો પછીથી તદ્દ સંબંધી લેવાનુ પ્રધાન લક્ષ હતું. કોશના શબ્દોનો સમૂહ પૂરો થયા પછી ગુજરાતી ભાષાના પ્રાચીન અર્વાચીન, પ્રસિદ્ધ અપ્રસિદ્ધ સાહિત્યમાંથી સંશોધન કરીને અવતરણો સાથે શબ્દ સમૃદ્ધ્યર્થે મહારાજાએ ભગીરથ પ્રયત્ન કર્યો. અપ્રસિદ્ધ એવા ખત, ઢાળો ને કૈફ આદિના અનેક રાસાઓમાંથી તેમ જ નરસિંહયુગથી માંડી શામળિયુગ સુધીના ગુજરાતી ભાષાના વિકાસના પુરોમાંથી જે તે યુગના કવિઓ અને લેખકોના નિષ્ણાતો, અભ્યાસો અને પ્રકાશનો પાસે સંશોધનો કરાવી નવીન શબ્દો, તેના વિવિધ અર્થો, તેના વિશિષ્ટ ઉપયોગ અને તેના બંધબેસતાં અવતરણો એકઠાં કરવામાં આવ્યાં. આ કોષની વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે: આદર્શ કોષનાં જે જે અતિ આવશ્યક અંગો ગણ્યા છે તે ને આવશ્યક અંગો કૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે આ કોષમાં વધારાધિક સમવયમાં આવ્યાં છે. પ્રથમ તો ગુજરાતી ભાષાનો શબ્દસમૂહ પૂરો કરવા માટે નવા તથા જૂના ગુજરાતી સાહિત્યમાં ઊતરેલા તથા બોલીમાં ચાલતા તમામ શબ્દો સંગ્રહવા માટે, ગુજરાતના બોલીવાર જે જુદા જુદા પ્રદેશ પડેલા છે, ત્યાંના માણસોનો સહકાર સાધીને તેમ જ તે તે પ્રદેશમાંથી આસ નિષ્ણાતો દ્વારા શબ્દો એકઠા કરાવ્યા છે. વળી જુદાં જુદા વિદ્વાનોની અને ઉદ્યોગોની પરિભાષા પણ મેળવી છે. વૈષ્ણવ અને શૈવ, જૈન અને સ્વામીનારાયણ સંપ્રદાયો, કાઠિયાવાડી અને મારવાડી, મુસલમાન તેમ જ પારસી, ખ્રિસ્તી સાંપ્રદાયિક ને કોમી સાહિત્યમાં વપરાતા શબ્દો પણ જ્યાં ત્યાંથી અનેક સાધનો દ્વારા એકઠા કરીને સંગ્રહવામા આવેલ છે. સંસ્કૃત, હિંદી, મરાઠી, અંગ્રેજી, ફારસી, અરબી, બંગાળી, ઉર્દૂ વગેરે ભાષાઓમાંથી જેટલા શબ્દો ગુજરાતી ભાષામા વપરાયા હોય અને ભળ્યા હોય તેટલા શબ્દોનેય કોષી રવાન આપ્યુ છે. કોષમા ઉચ્ચારણ પણ આપવુ જ જોઈએ, એ સિદ્ધાંત લક્ષમા રાખીને જ્યાં જ્યાં ઉચ્ચારણ આપવાની જરૂર જણાયેલ છે, ત્યાં ઉચ્ચારણ પણ આપેલ છે. કોઈ પણ ભાષાના સાચા ગણાઈ શકે એવા કોષમા શબ્દના ઉચ્ચારણનુ અંગ હોવુ જ જોઈએ. એ આદર્શ કોષની પ્રણાલિકા છે આપણી લિપિની વિશેષતાને લઈને ઉચ્ચારણની જરૂર અંગ્રેજી જેવી ભાષાના જેટલી નથી, છતા લિપિ સંપૂર્ણ ઉચ્ચારવાહી તો નથી જ થઈ શકતી. આપણે ત્યાં પણ સહજ નિકટ પ્રયત્ન, ધ્વનિ, હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર-ભેદ ઇત્યાદિ બાબતો તથા ફારસી વર્ણનો પ્રશ્ન તો રહે જ છે એટલે તે તે બાબતોની નોંધવાની અવસ્થા રાખવામાં આવી છે. જુદા જુદા ઉચ્ચારભેદ માટે યોજવામાં આવેલ કેટલાક સંકેત નીચે મુજબ છે. કાકીના ક ના ઉચ્ચાર માટે ક્ર, આલુબુખારના ખ ના ઉચ્ચાર માટે ખ્ર, ગાડીના ગ ના ઉચ્ચાર માટે ગ્ર, ઘંઘાટીના ઘ ના ઉચ્ચાર માટે ઘ્ર, અકબરબાદના ક્ર ના ઉચ્ચાર માટે ક્ર, ટ્રેકરીના ક્ર ના ઉચ્ચાર માટે ક્રૅ, અકડના ક ના ઉચ્ચાર ક્ર, ઘંઘરના ઘ ના ઉચ્ચાર માટે ઘ્ર, ચેટના ચ ના ઉચ્ચાર માટે ચ્ર, ઝાકતાળના ઝ ના ઉચ્ચાર માટે ઝ્ર, ઝઘડાગોળા ઝ ના ઉચ્ચાર માટે ઝ્ર. જ્યાં શબ્દો સાથે વિસ્તારપૂર્વક વિગત આપવાની હોય છે, ત્યાં એમ કરવામાં આવેલ છે. રમતો, વનસ્પતિ, ઔષધિ, પ્રાણી, પક્ષી, રોગ, ઘરેણાં ભૌગોલિક વિભાગો, વ્રતો, ઉત્સવો, પર્વ, વાદ, અવતાર, શરીરનાં અંગોના વગેરેના અર્થ આપની વચ્ચે ઓછામા ઓછી જેટલી વિગત આપવી જોઈએ તેટલી આપવામાં કચાશ રાખી નથી. ગુજરાતી ભાષાની કહેવતો અને રૂઢિપ્રયોગો સંપૂર્ણપણે ખૂબ જ પ્રયાસ કરીને તેના અર્થ સાથે આપવામા આવેલ છે. આ રૂઢિપ્રયોગો અને કહેવતો તે માટેના મહત્વના શબ્દોનો અર્થ વગેરે આપીને તે શબ્દની વિગતમા છેવટે આપવામાં આવેલ છે. શબ્દોની જોડણી માટે ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોષની જોડણી મુખ્યત્વે કરીને સ્વીકારવામાં આવી છે. જોડણી સાથે દરેક શબ્દના મુખ્ય મુખ્ય અર્થો પણ આપવામાં આવેલ છે અને બની શકયું છે ત્યા વ્યુત્પત્તિ સુદ્ધાં આપવામાં આવેલ છે. અર્થો અને આખ્યાનો બની શકે તેટલા પ્રમાણભૂત અપેક્ષ છે અને તેને માટે આધારો પણ બની શકે છે ત્યાં વિગતે આપવામાં આવેલ છે. કોષમાં દરેક શબ્દ સાથે તેનું આકારણ પણ આપવાનો પ્રબંધ કર્યો છે, કે જેથી એ શબ્દ વિશેષ ઓળખાય અને તેને કેમ વાપરવો એનો કંઈક ખ્યાલ આવી જાય. શબ્દના અર્થ તથા પ્રયોગની સ્પષ્ટતાની દૃષ્ટિએ આવશ્યક જણાય ત્યા અવતરણો સાથે આપી શકાય તેટલા આપેલ છે. જ્યાં શકય હતું ત્યાં અને તેટલાં સ્થાનોએ પર્યાય શબ્દો પણ સાથોસાથ પુષ્કળ આપેલ છે અમરકોષની દૃષ્ટિએ વિશ્વપ્રબંધ જેવુ સાધન કરીને પર્યાયો પુષ્કળ આપેલ છે. ઉપર પ્રમાણે આ કોષની વિશિષ્ટતાઓ છે ઉપરાંત વનસ્પતિશાસ્ત્રના કેટલાકેક શબ્દો, તેઓના વૈજ્ઞાનિક નામો અને કુદરતી ક્રમ સાથે કોષમાં દાખલ કરવાની પદ્ધતિ કરવામા આવી છે. પ્રાણીવિદ્યા, શારીરવિદ્યા, શરીરક્રિયાશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત, વૈદકશાસ્ત્ર વગેરે શાસ્ત્રોના ચુનંદા શબ્દો પણ તે તે શાસ્ત્રના પારિભાષિક શબ્દ સાથે આપેલ છે. ફ્રેઝર અને હોલ્ર્ન નામના અંગ્રેજ લેખકોએ બનાવેલ આધારભૂત પણ અપ્રકાશ હિંદી કોષોમાંથી અને ધ્રસ્ટ ઇન્ડિયન કંપનિના ગ્રોનરિ ઑફ જ્યુડિશિયલ ઍન્ડ રેવિન્યૂ ટર્મ્સમાંથી પણ સોકડબંધ સપ્રમાણ શબ્દો આ કોષમાં લેવામાં આવ્યા છે. આ કોષની શરૂઆત તારીખ ૧ ઓકટોબર, ૧૯૨૮ના શુભ દિને મહારાજાશ્રી તરફથી મળેલ વીરોક્ત ઉત્તર શબ્દોથી થઈ હતી. કોષનું સંપાદનકાર્ય ગોંડલ રાજ્યના તે વખતના વિદ્યાધિકારી અને હાલ સૌરાષ્ટ્ર સરકારના આસિસ્ટંટ ડિરેક્ટર ઑફ એજ્યુકેશન એન્ડપુકેશન અને વિશિષ્ટ કોષાધ્યક્ષ શ્રી ચંદુલાલ ભઠ્ઠેયરશાસ્ત્રી પટેલને સોંપવામાં આવ્યું. તેમણે કાઠિયાવાડ, ગુજરાતના ગ્રામ્ય ગ્રામ્યજનો પાસેથી મેળવીને શબ્દસમૃદ્ધ્યર્થે જે લાભ ઉપરની કરી. તેમના હાથ નીચના તંત્રોમંડળના ભિન્ન ભિન્ન વિષયના નિષ્ણાત કાર્યકરોએ તૈયાર કરેલા જગદ્વાઙ્મંડલનાં છેવટનાં એકબેક પ્રૂફ કોષકાર મહારાજાની તપાસણી માટે રજૂ કરવામાં આવતા. તે પ્રૂફો મહારાજા અભ્યાસ તરીકે વાંચી જઈને પ્રમાણભૂત સુધારાવધારા સૂચવતા. તેમણે સૂચવેલા સુધારાવધારા કાર્યકરો જોઈ જતા અને તે ઉપરથી જે કંઈ કહેવા કરવાનું હોય તે બધુ આધાર સાથે લખીને તેઓની ફરી નિમાહમાં મૂકવામાં આવતું. તંત્રોમંડળના કાર્યકરોને પોતાની સૂચનાઓ સરળતાથી સમજી શકાય એટલા માટે પ્રમાણોના કે આધારોના નાના મોટા મથો લાવીને મહારાજા

પોતાના સુધારાવધારાની આતરી કરાવતા. એટલું જ નહિ પણ સમજવામાં માર્ગદર્શક થઈ પડે એવા નમૂનાઓ. ચીજો, ચિત્રો વગેરે સાધનસામગ્રીઓ પોતાની સાથે લાવી કાર્યકરોને તે નજરે બતાવતા. કોઈ દિવસ વનસ્પતિ આદિ બતાવવા માટે વેલ કે ફૂલ પણ લાવી બતાવતા. કોઈ કોઈ વાર જીવજંતુઓ નજરે બતાવવાનો પ્રબંધ કરતા. કોઈ વાર ઓજર, હથિયાર, જરૂર જેમાં રેખાચિત્રો દોરી દોરાવીને પણ નજરે બતાવતા. દરરોજ દરા દરા જેતીના પ્રૂફ મહારાજા તપાસતા અને તેમાં સુધારાવધારાના સંકેતો લખી કોષકચેરીને મોકલતા. પશુ, પંખી, વનસ્પતિ, વૈદક, રસાયણ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન આદિના શબ્દોની ખાત્રી કરવા કે અપૂર્ણ જણાય ત્યાં તેઓ D નિશાની કરતા, એટલે કે તે કોષકે પ્રમાણભૂત ડિક્શનરિમાંથી મદદની ચિઠ્ઠી લખી આપ્યા પૂરી કરવી તેઓ પોતાના સમૃદ્ધ પુસ્તકાલયમાંથી આધારભૂત અંગ્રેજી કોષો લઈ આવતા અને તેમાંથી શું શું ઉમેરવા પાત્ર છે તે જણાવતા. આ રીતે જે કહોકત ઉમેરાતી તે આપણા કોષ પણ પ્રચલિત કોષમાં ન હોય એવી નીવડતી. આ રીતે એકઠા કરેલ શબ્દો સુધારીવધારી પ્રમાણભૂત બનાવી ભગવદ્ગોમંડલ કોષના અક્ષર સુધીમાં વેબ્સ્ટર કોષના કદના ૭ ભાગ પ્રસિદ્ધ થઈ ચુક્યા છે. પહેલો ભાગ ૧૦ વર્ષે એટલે સને ૧૯૩૮માં, બીજો ભાગ ૬ વર્ષે એટલે સને ૧૯૪૪માં, ત્રીજો ભાગ ૨ વર્ષે, ચોથો ભાગ ૧॥ વર્ષે, પાંચમો ભાગ ૧॥ વર્ષે અને છઠ્ઠો ભાગ ૧॥ વર્ષે એટલે તા. ૧૫ ઓગસ્ટ ૧૯૫૧ના દિને પ્રસિદ્ધ થયેલ છે. આ છ ભાગમાં સ્વરવિભાગ ઉપરાંત ક થી ફ સુધીના ૧,૬૭,૮૫૮ શબ્દનો સમાવેશ થયો છે. કોષના પહેલા ગ્રંથની કાચી બાંધેલી પહેલી પ્રત સવત ૧૯૯૪ના દેવદિવાળીના સપરમે દિવસે ગોરજમાં શ્રી રમણીકરાયજીને અરપણ કરવામાં આવી હતી અને તેની પાકી બાંધેલી પહેલી પ્રત સને ૧૯૩૮ના રાજકોટ મુકામે આદરેલ આમરણાંત ઉપવાસના આખરી દિવસે મહાત્મા ગાંધીજીને અર્પણ કરવામાં આવી હતી. ગુજરાતી ભાષાના આવા અનન્ય વિષયકોષના પ્રસિદ્ધ થયેલ છ ભાગનાં જુદાં જુદાં વર્તમાનપત્રો, સમય સામયિકો તથા સાક્ષરો તરફથી અવલોકન પ્રસિદ્ધ થયાં છે, જેમાંની થોડીઘણી પ્રસાદી અહીં આપવામાં આવે છે: (૧) વેબ્સ્ટર ડિક્શનરિ, ઓક્સફર્ડ ડિક્શનરિ કે અંગ્રેજી ભાષાના અત્યુત્તમ કોષ આ સાહસને મુકાબલે નિર્માલ્ય ભાસે છે. જેનો મુદ્રણલહો તો એન્સાઇક્લોપીડિઆ બ્રિટાનિકા કે એવી કોઈ ઘાટીના પુસ્તક સાથે જ થઈ શકે. આ કોષને ગુજરાતી ભાષાના શબ્દોની એન્સાઇક્લોપીડિઆની કક્ષામાં મૂકવો જોઈએ.—કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (૨) હવે ગુજરાતી કોશની ઊણપ મટશે. શબ્દકોષના સાસાં હવેથી નહિ પડે તારામંડળમાં જેમ સૂર્ય દીપે તેમ બધા કોષોમાં ભગવદ્ગોમંડલ પ્રકાશશે. તેને મહાકોષ કહીને સંતોષી શકીએ છીએ. શબ્દોની સખ્યામાં, અર્થોના અધ્યાસમાં અને રૂઢિપ્રયોગની વિદ્યમાં ભગવદ્ગોમંડલ એકદર સંપૂર્ણ ગુજરાતી વિશ્વકોષ બની શકાય.—રેવરંડ કાપર ગાર્બાસ સૂર્યા (૩) પર્વતોમાં હિમાલયનો કરીએ કોઈ ન કોઈ શકે, તેમ કોષ સંબંધે ભારતભરમાં ભગવદ્ગોમંડલ એકલો, અજોડ ને અદ્વિતીય બેઠો છે.—ગજેન્દ્ર પુરુષોત્તમ બીબાભાઈ. (૪) આ કોષને શબ્દમહાસાગર કહેવો ઘટે.—પોપટલાલ પુ. શાહ. (૫) આ કોષને લીધે ગુજરાતી હિંદી બીજી ભાષાઓ આગે પોતાનું મસ્તક ઊંચું રાખશે. ભગવદ્ગોમંડલ શબ્દકોષ ગુજરાતી સાહિત્યનો એક અમૂલ્ય ગ્રંથ બની રહેશે. અમેરિકન વેબ્સ્ટર અને ઇગ્લંડની ઓક્સફર્ડ ડિક્શનરિની માફક આ ભગવદ્ગોમંડલ કોષ પણ માત્ર કોષ નહિ પણ સર્વજ્ઞાનસમૃદ્ધ એટલે સાંકડમાં રચાયેલ સર્વજ્ઞાનસંમતની ખોટ પૂરી પાડે છે વળી આ કોષ વિજ્ઞ લેખકોનાં અવતરણોથી પ્રમાણભૂત, અનેક પ્રકારના ચિત્રોથી મનોરંજક અને નવનવીન, પ્રાચીન કાવ્યોના ઘરગથ્થુ શબ્દોથી પ્રાણવાન, જીવતો ભાષાનો અને નવયુગના શબ્દોથી નવચેતનયુક્ત અને મૂળ, ઉત્પત્તિ, ઇતિહાસ, વ્યુત્પત્તિ આદિથી સંપૂર્ણ અને આદર્શ બનેલો છે. મહત્વના શબ્દો, ઐતિહાસિક નામો, ભૂગોળ અને વૈદકના શબ્દોમાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં એ શબ્દની વિસ્તૃત વિવેચન કરવામાં આવી છે.—મરજીવા. (૬) સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈરાજ્યમાં નહિ, પણ જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાંથી ખૂણેખાંચરેથી તબિયતાઠસ વિદ્વાન શબ્દસંગ્રહ એકઠા કરવામાં આવ્યો છે. એટલે આ કોષમાં કોઈ પણ એક પ્રાંત કે વિદ્વાનની વિશિષ્ટતા નથી, પરંતુ સમગ્ર ગુજરાતના ભાષાસંસ્કારનું સંપૂર્ણ વર્તસ્વરૂપ આ કોષમાં નજરે ચડે છે. શબ્દોનાં મૂળ અને વ્યુત્પત્તિ આ કોષનું વિશિષ્ટ અંગ છે. રૂઢિપ્રયોગો અને પ્રયોગો કેમ ઉદ્ભવ્યાં તેનો પણ રસિક પ્રતિભાસ કોકડાઓ કોષને અલંકૃત કરે છે. શબ્દ અર્થ કરતા બે વધારે સમૃદ્ધ તો અર્થસંગ્રહ કે અર્થની આખ્યા સરળ અને સ્પષ્ટતાપૂર્વ સમજાવવાનો આ પ્રયત્ન પ્રશસનીય છે. જ્યાં જ્યાં ચિત્રની જરૂર છે, ત્યાં ત્યાં સંશોધકને ઉપયોગી થઈ પડે તેવી સામગ્રી પીરસી છે ટૂંકમાં સાહિત્ય, વિજ્ઞાન અને કળા; લેખકો, કવિઓ અને સમાજની અગ્રગણ્ય વ્યક્તિઓ; ખેતી, વેપારવણજ અને મનુષ્યના વ્યવહારજ્ઞાનો; હિંદી, ઉર્દૂ અને અંગ્રેજી જેવી ભાષાના ચલણી શબ્દો—એ બધાનો સર્વદેશીય સમન્વય અત્રે થયો છે:—વીરેન્દ્રરાય મહેતા. (૭) ફક્ત સુધરેલી કોમોમાં વપરાતા શબ્દોને જ આ કોષમા જગ્યા મળી છે તેવું નથી, પરંતુ પછાત કોમ તેમજ વાઘેર, આહીર, મિયાણા વગેરે કોમોના ઠેઠસ્થ અને ઘરગથ્થુ ભાષાના શબ્દપ્રયોગનું પણ વિવરણ કરવામાં આવેલ છે. લેખકો, પત્રકારો અને સાહિત્યમાં રસ લેનારા તમામને માટે આ શબ્દકોષ એક રેફરન્સ બુક તરીકે ખૂબ જ ઉપયોગમાં આવશે.—કાઠિયાવાડ ટાઇમ્સ. (૮) આ કોષ તૈયાર કરતાં ગુજરાતી, અંગ્રેજી, હિંદી, બંગાળી વગેરે ભાષાઓનાં પ્રમાણભૂત સાહિત્યનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત દેશપરદેશના સાક્ષરો અને ભાષાપ્રેમીઓના પ્રવાસોમાંથી પણ ભની શકે તેટલું સાહિત્ય એકઠું કરીને તેનો સુંદર રીતે ઉપયોગ કરવામાં છે. મહાત્મા ગાંધીજીનાં મંતવ્યોનો પણ કળાપૂર્ણ રીતે આમાં સંગ્રહ થયો છે. આ જ રીતે શ્રી. નરસિંહરાવ ભોળાનાથ, શ્રી. કેશવ હર્ષદ ધ્રુવ વગેરે ભાષાશાસ્ત્રીઓના સશોધનમાંથી પણ ભની શકે તેટલી વાનગી આપવામાં આવી છે.—જીવનપ્રકાશ. (૯) આજે યુનિવર્સિટિના ઉચ્ચતમ અભ્યાસક્રમમાં ગુજરાતીનું જે સ્થાન છે તે જોતાં આ જાતનો શબ્દકોષ આશીર્વાદરૂપ ઉપરાંત અનિવાર્ય બની રહે છે.—બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય. (૧૦) ભારતીય ભાષાઓમાં અત્યાર સુધી નીકળેલા વિશિષ્ટ કોષોમાં ભગવદ્ગોમંડલનું સ્થાન ઘણું ઊંચું છે. કોષમાં અનેક પ્રકારની વિશેષતાઓ છે. શબ્દોનો સંગ્રહ કરવામાં કોઈ પણ ધર્મ કે સમ્પ્રદાયના સાહિત્યને અકાત રાખવામાં આવેલ નથી.—મુનિવર વિદ્યાવિજયજી. (૧૧) શબ્દકોષનું કામ એ છે કે, તે પ્રસ્તુત ભાષાની સમસ્ત શબ્દસમૃદ્ધિ જેવી રીતે પ્રદર્શિત કરે કે જેથી તે જ ભાષાનું સત્ય સ્વરૂપ સંપૂર્ણતયા પ્રકટ થાય. અત્યાર સુધી મેં કોઈ પણ વર્તમાન ભારતીય ભાષાનો એક પણ કોષ જોયો નથી કે જે આ આદર્શને શ્રી ભગવદ્ગોમંડલ જેવી ઉત્તમ રીતિથી અનુસરતો હોય.—શામળદાસ ગાંધી. (૧૨) આ કામ ખરેખર પ્રશંસાને પાત્ર છે. જુદાં જુદાં સ્થળેથી એન્સાઇક્લોપીડિઆની દૃષ્ટિએ વિગત ભેગી કરી છે. ગુજરાતી સાહિત્ય રહેશે ત્યાંસુધી આ કોષ રહેશે. આ કોષ અનેક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવ્યો

છે. આદર્શ કોષનો જે જે અતિ અતિ આવશ્યક બાજુની જરૂરિયાત છે, તે તે આવશ્યક અંશો આ પ્રકાશ શબ્દકોષમાં આપી શકાયાં છે —બળવંતરાય મહેતા. (૧૩) વરપ અને અમેરિકા જેવા સમૃદ્ધ અને સાધનસંપન્ન દેશોમાં પણ જે કાર્ય આજે ગણાય એવું આ કોશનું વિરાટ સંપાદન જોઈ અમે આશ્ચર્યમુગ્ધ બની ગયા છીએ. કોષમાં રસ લેનાર જુદી જુદી ભાષાઓના નિષ્ણાતોને આમંત્રી તેમનું સમર્થન કરવામાં આવે અને આ પ્રશંસનીય યોજનાથી તેમને વાકેફ કરાય, તો બીજી પ્રાદેશિક ભાષાઓ પણ આ પ્રયત્નનું સાચું મૂલ્ય આંકી શકે અને પોતાના પ્રાંતમાં તેનું અનુકરણ પણ કરે.—ભગવદ્ગોમંડલ સલાહકાર સમિતિ. (૧૪) આ કોષ એ ખરેખર યુગવર્તી કાર્ય થયું. આજની ગુજરાતના વાગ્યજ્ઞકિરીટ બની રહેવાની ગુણવત્તા આ કોષમાં છે. ઘણી વાર વપરાતા શબ્દોના અર્થ બીજા કોષમાં શોધ્યા નથી મળતા, તેનો પત્તો ભગવદ્ગોમંડલમાંથી અચૂક લાધે જ છે અને અર્થના ઔદાહરણ સાથે, રૂઢિપ્રયોગના ઉદાહરણો સાથે.—ચંપુભાઈ રાવત. (૧૫) મને તેવા અટપટા વિચારની રજૂઆત માટેની શબ્દસામગ્રી ગુજરાતી ભાષામા છે, એમ સિદ્ધ કરતો આ કોષ સૌરાષ્ટ્ર ગુજરાતી ભાષાને આપે છે એ તેને માટે ગૌરવ લેવા જેવી હકીકત છે.—ધનવંત ઓઝા. (૧૬) આ પ્રકાશન ગુજરાતી જનતાને અત્યંત ઉપયોગી છે અને ગુજરાતી સાહિત્યમાં તેનું સ્થાન હમેશા રહેશે. કારણ કે આ કોષ જેટલો અપ્રતિમ છે તેટલો જ સંપૂર્ણ છે. ઉચ્ચ શિક્ષણમા ગુજરાતી ભાષાને બોધભાષા તરીકે વાપરવાનો પ્રશ્ન થયેથી આ કોષ વિદ્યાર્થીઓ માટે પણ ઘણો જ અગત્યનો નીવડશે.—હરિવલ્લભભાઈ દીવેટિયા. (૧૭) આનો વિસ્તારોપ ગુજરાતમાં આ પહેલો જ છે. આ માત્ર શબ્દોનો કોષ નથી, એમા જ્ઞાનકોષમાં હોય તેવી અનેક માહિતી આપવામા આવી છે. તેથી એની ઉપયોગિતા અનેક ગણી વધી જાય છે.—કોલરગામ ભાઇ. (૧૮) આ કોષમાં જે નવીનતા અને વિશિષ્ટતા છે તે એ છે કે, સામાન્ય જનતાને ઉપયોગી થવા કરતા તે વિદ્વાનમંડળ સુધી પહોચ છે. ને પ્રાદેશિક, પરપ્રાદેશિક ને છેવટ આંતરરાષ્ટ્રીય શબ્દોનો સમાવેશ થતાં સાગરની પેઠે તેણે પોતાનું વૈપુલ્ય વિસ્તાર્યું છે —જય હિંદ (૧૯) પ્રગટ થયેલા સર્વ શબ્દકોષ કરતાં આ ભગવદ્ગોમંડલ શબ્દની દૃષ્ટિએ, અર્થની દૃષ્ટિએ અને રૂઢિપ્રયોગની દૃષ્ટિએ અનેક ગણો સમૃદ્ધ બન્યો છે માહિત્યભક્તિના કીર્તિસ્તંભરૂપમો ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવનાર ગુજરાતી ભાષાનો આ મહાગ્રંથ સમગ્ર ગુજરાતની ઐક્ય મોભામૂર્તી મિલકત જેવો અમે ગણીએ છીએ; કેમકે તે ગુજરાતી ભાષાના શબ્દોનો અમૂલ્યો ખજાનો છે.—ઝોકુળદાસ દ્વારકાદાસ સમચુરા. (૨૦) આ કોષ દરેક રીતે સંપૂર્ણ છે. અમે તેવા અટપટા વિચાર માટે કે અમે તેવા પરિભાષા માટે ગુજરાતીમાં પોતાના તળપદા શબ્દો છે, અસર જેવા શબ્દો કુદરતી રીતે બનાવી શકાય તેવી સામગ્રી તૈયાર પડેલી છે. પ્રસ્તુત કોષ આ રીતે આપણી ભાષાના ગદ્યને તથા પદ્યને વધારે તળપદું ને તેટલા માટે વધારે સાચું બનાવશે. વળી એમાં જે જૂના શબ્દો આપ્યા છે, તે જળવાઈ રહેશે; અને જ્યારે એ શબ્દોનાં બાળ વિદ્વ આયુ નહિ રહ્યાં હોય, ત્યારે એ શબ્દો એ વિદ્વાનની સ્મૃતિ બનતી રાખશે —કાંટાવાળા, તંત્રી, સાહિત્ય. (૨૧) સમગ્ર સુંદર છે. કોષની પ્રસ્તાવના માટે સારું મળે તો લેવું, નહિ તો બીજી આવૃત્તિમાં, કાર્યાલય કરવા અને વિદ્વતાવાળું લેખકોને. પ્રસ્તાવના વિના પણ કોષ પ્રહાર પાડી શકાય. મિત્રો આપવાનાં જે તે જાણી હું બહુ રાજી થયો હું. ખૂબ મોટું કામ છે. આ કામ અહેવાલ નથી; પુરાવા છે સમીક્ષાના શબ્દો પણ લીધા લાગે છે. પંડિત સુખલાલજીનું સાહિત્ય લીધું છે તેથી જૈનો માટે તમે ઘણું કર્યું છે અને તે મને બહુ ગમ્યું છે. કામ તો બહુ સુંદર છે. જૈન અને વૈષ્ણવ ધર્મથી આપણે ઘિકાર ભૂતો નથી. એવા ભૂલાઈ ગયેલા શબ્દો તમે રાખ્યા તે મને બહુ જ ગમ્યું. વનસ્પતિશાસ્ત્રના શબ્દો પણ લીધા છે તે જોઈ હું બહુ ખુશી થઉં છું, કેમકે આ દિશામાં કોઈ એ પ્રયાસ કર્યો નથી —ભગવતસિંહ કલ્યાણસિંહ ગોહેલ. (૨૨) વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીએ પંચગનીથી આશીર્વાદ સાથે જણાવ્યું હતું કે, તમારા સાહસથી હું મુગ્ધ થયો છું. એથી માતૃભાષાની મોટી સેવા થશે એમ માનું છું —મોહનલાલ કરમચંદ ગાંધી

ભગવદ્ગરૂપ [સં.] વિ. ભગવાન તુલ્ય.

ભગવદ્ગુણી જ. [ન્યાયમાર્ગે.

ભગવદ્ગુરુમ [સં.] ન. મહાઔષધિવૃક્ષ.

ભગવદ્ભક્ત ૧ [સં] પું દક્ષિણ ભારતમા વૈષ્ણવોનો એ નામનો એક સંપ્રદાય.

૨. પું. ભગવાનનો ભક્ત; ઈશ્વરભક્ત.

૩. પું વિષ્ણુ ભગવાનનો ઉપાસક.

ભગવદ્ભક્તિ [સં] સ્ત્રી. ભગવાનની ભક્તિ. ગાંધીજી કહે છે કે કૃષ્ણ સેવાકાર્ય હોય કે એવો બે કૃષ્ણ પ્રસંગ હોય તો પે ભગવદ્ભક્તિ એટલે કે રામનામ બંધ થઈ જ ન જાય. નામસ્મરણનું બાહ્ય સ્વરૂપ પ્રસંગ પ્રમાણે બદલાતું રહેશે. રામનામ હૃદયમાં અંકિત થઈ ચૂકયું પછી બીજું જ બાજા જોરવાથી છૂટવાનું છે! ગુપ્તપાણીથી અથવા પાખંડથી, વાદ્યવાદનથી અથવા સુંદર લેખોથી ધર્મની રક્ષા કદી નથી થઈ, નથી થવાની. ધર્મરક્ષા ધર્માત્માઓની શુદ્ધિથી, તપશ્ચર્યાથી જ થઈ શકે છે. અને ભાગવતકારે તો સ્પષ્ટ કહી દીધું છે કે, આ યુગમાં ભગવદ્ભક્તિનો માર્ગ જ સુલભ છે, કદાચ એટલો એક જ માર્ગ હોય. આકૃતિવાળો મનુષ્ય ભગવાનને કઈ રીતે ને ક્યાં ભજે? ભગવાન તો સર્વ સ્થળે છે તેથી તેને ભજવાનું સારામાં સારું ને સમજી શકાય તેવું સ્થાન પ્રાણી માત્ર છે. પ્રાણી માત્રમાં જે દુઃખી છે, જે અપંગ છે, જે નિરાધાર છે, તેની સેવા તે ભગવદ્ભક્તિ છે.

ભગવદ્ભજન [સં.] ન. ભગવાનનું ભજન.

ભગવદ્ભાન [સં] ન ભગવાનની સાક્ષાત્કાર.

ભગવદ્ભાવ [સં.] પું ભક્તિ.

ભગવદ્વાર્તા [સં.] સ્ત્રી. ધર્મસ્થાનમાં ભેગા થઈ ધર્મ સંબંધી ચર્ચા કરવી તે

ભગવદ્વિભૂતિ [સં.] પું. ભગવાનનો અંશ.

ભગવન [સં. ભગવત્] પું. જગતનો સ્વામી.

ભગવન ન તું વ્યક્તિ જાણે દેવા ન દાનવો;
સ્વયં જાણે જ તું પોતે, પોતાને પુરુષોત્તમ.
ગીતા

ભગવન્નિષ્ઠ [સં.] વિ. ભગવાનમા શ્રદ્ધાવાળું.

ભગવન્નિષ્ઠાર્થી [સં. ભગવન્નિષ્ઠ+ર્થિન્] વિ. ભગવાનના ધ્યાનમાં જ જોઇતા મેળવવાની ઇચ્છાવાળું

ભગવન્માર્ગ [સં.] પું. ઈશ્વરપ્રાપ્તિનો રસ્તો.

ભગવન્મુખારવિંદ ૧. [સં.] પું. અગ્નિ. દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્કે, ભગવન્મુખારવિંદ એટલે અગ્નિ, દ્રોણ, સોમ અને વિભાવસુ એ આઠ વસુઓ છે.

૨. ન. ભગવાનનું કમળ જેવું મુખ.

૩. વિ ઈશ્વર તરફ ચિત્તવાળું.

ભગવદ્લીલા [સં. ભગવત્ + લીલા] સ્ત્રી. ભગવાનની ક્રીડા.

ભગવવું સ ક્રિ. ભાગી જવ તેમ કરવુ.

ભગવંત ૧. [સ. ભગવત્] પું. ઈશ્વર.

૨. પું. શિવ; શંકર.

૩. પું. શ્રીમંત માણસ.

૪ પુ સપુરુષ.

૫. વિ ઈશ્વર જેવુ

૬. વિ. ઐશ્વર્યવાળું.

૭. વિ પરમેશ્વરના અંશવાળું

૮. વિ. વિદ્વાન.

૯. વિ. શ્રીમત; સાધનસંપન્ન.

૧૦. વિ. સારા ભાગ્યનું ભાગ્યવાન.
૧૧. વિ. સ્વર્ગીય; દેવતાઈ.
૧૨. ન. માનવાચક સંબોધન

ભગવાન ૧. [સં. ભગવત્] પું. ઈશ્વર; પરમેશ્વર; સર્વૈશ્વર્યશાળી પ્રભુ. ભગવાન વિશે મહાત્મા ગાંધીજી હરિજન બંધુમાં લખે છે કે: અપનની સેવામાં ધર્મ છે. અપંગરૂપે ભગવાન આપણને હમેશાં દર્શન આપે છે. આત્મા અમર છે એમ હું માનું છું. એને લગતો દાખલો તમને હું સમુદ્રનો આપું છું. સમુદ્ર જલબિંદુનો બનેલો છે; એક એક બિંદુ નોખું હોય છે, છતાં તે સમુદ્ર સમસ્તનો ભાગ હોય છે આમ સમુદ્ર એક છે તે અનેક પણ છે. આ જીવનસમુદ્રના આપણે સૌ નાનાં બિંદુ છીએ મારા સિદ્ધાંતનો અર્થ એ છે કે, મારે જીવન સાથે, એક એક જીવ સાથે એકરૂપ બનવું જોઈએ અને ભગવાન ઘટઘટમાં વ્યાપી રહ્યા હોવાને લીધે વરતાતી જીવનની જબ્બરતા મારામાં મારે અનુભવવી જોઈએ. જીવમાત્રનો જે સમ તેનું નામ ભગવાન. વિનોબા લખે છે કે: આ વીસમી સદીમાં પણ પરમાત્મા છે, તે આજ છે, તે કાલ હતો અને તે કાલ હશે. તે કાયમ છે. સૃષ્ટિ કાયમ છે અને હમેશ કહીને હું પણ સાધના કરવાને માટે તૈયાર છું હું સાધક છું. તે ભગવાન છે અને આ સૃષ્ટિ પુરુષાર્થ અથવા પુરુષાર્થન છે. જ્યારે એની ભાવનાથી આપણું હૃદય ભરાઈ જાય ત્યારે કહી શકાશે કે ૐ અમારે ગળે ઊતરી ગયો. તે છે, હું છું અને મારી સાધના પણ છે. એવો આ ઓંકારભાવ મનમાં વસી જવો જોઈએ અને સાધનામાં પ્રગટ થવો જોઈએ.

૧. એ ભગવાન એના એ = કટાળા ભરેલી સ્થિતિ.
૨. ભગવાન કરે ને ... થાય = ભગવાનની મરજીથી એવો જોગ બેસે ને થાય.
૩. ભગવાન જુએ ! –પૂછે ! = જેવાં કર્મ તેવી ભગવાન શિક્ષા કરે.
૪. ભગવાન મળ્યા = જોઈતું બધું મળ્યું; પૂરો આસરો મળ્યો
૫. ભગવાનના ઘરનું–ભગવાનનું માણસ = ભલું ઓલિયું માણસ.
૬. ભગવાનને ખોળે = સુરક્ષિત.

૨. પું. ઉત્તમ પુરુષ
૩. પું. કૃષ્ણ.
૪. પું. ધન અને સંપત્તિનો માલિક.
૫. પુ. બુદ્ધ.
૬. પુ. રાજા.
૭. પું. વિષ્ણુ. સંપૂર્ણ ઐશ્વર્ય, સંપૂર્ણ ધર્મ, સંપૂર્ણ યશ, સંપૂર્ણ શ્રી, સંપૂર્ણ વૈરાગ્ય અને સંપૂર્ણ જ્ઞાન એ જ તેનામાં નિરંતર રહે છે માટે તે ભગવાન કહેવાય છે. ઉત્પત્તિ, પ્રલય, પ્રાણીઓનું આવવું ને જવું તથા વિદ્યા અને અવિદ્યાને તે જાણે છે માટે પણ તે ભગવાન કહેવાય છે. તે સંપત્તિવાળા, અમતિ, ગતિ વગેરેને જાણનારા પણ તે છે. વળી જગતકર્તા ઈશ્વર પણ છે.
૮. પું. શ્રીમંત માણસ.
૯. પુ. ઐશ્વર્ય સંપન્ન ૨૩ વેદમાં વપરાયેલું ૬૮૫ એક નામ; શિવ; સૂર્ય.
૧૦. પું. સૂર્ય
૧૧. વિ. ભાગ્યશાળી
૧૨. વિ. શ્રીમંત; ઐશ્વર્યવાળુ.
૧૩. વિ. સર્વજ્ઞ.

ભગવાન કૌટિલ્ય પું. નંદવંશનું નિકંદન કાઢી ચંદ્રગુપ્તને રાજગાદી અપાવનાર અર્થશાસ્ત્રના કર્તા. તે જ ગ્રંથરાજના રચનાર વાત્સ્યાયન છે, એમ માનવામાં આવે છે.

ભગવાનલાલ ઇંદ્રજી પું. એ નામના એક મહાપુરુષ. તેઓ દવા રાખતા. જે કોઈ દવા લેવા એની પાસે જાય તેને એ દવા મફત આપતા. એ વૈદ્ય નહોતા પણ વનસ્પતિની દવા સરસ જાણતા. લોભને ખાતર, લોકોનાં દુઃખદરદ ઓછાં કરવા માટે એટલું એ કરતા એક વખત જબ્બરખ નામના એક છોકરાને કોઈએ ભગવાનલાલ પાસે જવા કહ્યું ને દવા લેવા એ પંડિત ભગવાનલાલ પાસે ગયો. આ છોકરો પંડિત પાસે ગયો ત્યારે પંડિત એક શિલાલેખ તપાસતા હતા. જૂની વર્ષો પહેલાંની, વિદ્વાનો યે ન ઉકેલી શકે એવી લિપિ તે તપાસતા હતા. એને સમને આ જુવાન ત્યાં જઈ ચડ્યો જબ્બરખને દવા તો તરત મળી ગઈ. પંડિતજીને કોઈ વિચિત્ર લાગે એમ વાંચતા જોઈને એણે પૂછ્યું: આ શું છે ? પંડિતજીએ હસતાં હસતાં કહ્યું, આ સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત ભાષાના જુદા જુદા અક્ષરોથી અપરિચિત એવા આ છોકરાએ પોતાના ભાષાવિજ્ઞાનની જિજ્ઞાસા પ્રદર્શિત કરતાં પંડિત ભગવાનલાલે તેને પોતાની પાસે રાખ્યો. જબ્બરખને અનાયાસે પોતાના જીવનકાર્યની દીક્ષા મળી ગઈ. પંડિતજીએ પોતાના શિષ્યને વનસ્પતિઓ બતાવી. વનસ્પતિના અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, સંસ્કૃત નામો જણાવ્યા. વનસ્પતિના ગુણદોષ પણ શીખવ્યા. પંડિતજીએ પોતાના શિષ્ય જબ્બરખને એવો તો તૈયાર કર્યો કે ગુરુથી શિષ્ય સવાયો નીકળ્યો. શિષ્યે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ આરંભ્યો. પછી એ વિષયના કેટલાક વિદ્વાનોને એ મળ્યા ને નમૂનાઓ તપાસ્યા. દિવસને રાત એ મંડ્યા, વનસ્પતિશાસ્ત્ર સિવાય બીજી વાત જ નહિ. એ વિષયનું વાચન પણ એણે એટલું વધાર્યું ને વનસ્પતિવિદ્યા સાથે એની તો તન્મયતા સાધી કે જાણે કોઈ ભક્ત ભગવાનની સાથે સાથે એની. ને આવી એકાગ્રતાને વશ શું ન થાય ? ગમે તેવી વિદ્યા, ગમે તેવું અપ્રાપ્ય મનાતું ધ્યેય એવી એકાગ્રતાને, એવી એકનિષ્ઠાને સુલભ થઈ જાય. આજ અનન્ય ભક્તને શરૂમાં લોકો કદાચ નકામા ગણી હસી કાઢે, પણ પછી તો વિજયની વરમાળા એને મળે છે. વર્ષોના એકધારા અભ્યાસથી ભલભલા વનસ્પતિશાસ્ત્રીઓ જે ન ઓળખી શકે તે વનસ્પતિ પણ ભગવાનલાલના આ શિષ્ય ફક્ત એક પાંદડા ઉપરથી ઓળખી આપતા. મુબઈની કે માથેરાનની, કચ્છની કે બરડાની એકેએક વનસ્પતિનું એમને સંપૂર્ણ જ્ઞાન હતું. અંગ્રેજ વિદ્વાનો તો એના આવા જ્ઞાનથી આશ્ચર્ય પામતા. ભલભલા સાક્ષરો, કેશોદેશની પુનિતસિદ્ધિઓ પણ એમને પૂછ્યા વગર વનસ્પતિની બાબતમાં પોતાનો અભિપ્રાય પ્રસિદ્ધ ન કરે. ભગવાનલાલની પ્રેરણાથી જ જબ્બરખે ફોગની ખોડાકૂન નામે દવા પણ શોધી કાઢી. એ પછી એમણે એમનું અમૂલ્ય પુસ્તક વનસ્પતિશાસ્ત્ર રચ્યું. હિંદુસ્તાનની કોઈ પણ ભાષામાં આવું પુસ્તક નથી. છતાં એ પુસ્તક ખાતર એમને કેટલી ય વિટંબણા વેઠવી પડી. અંગ્રેજીમાં આવું પુસ્તક લખાયું હોત તો તેનો લેખક જગતભરમાં જાણીતો થયો હોત ને વળી ધન પણ મેળવ્યું હોત. પણ આ તો ગુજરાતમાં, વળી ગુજરાતીમાં ! વનસ્પતિશાસ્ત્રનું પુસ્તક છપાવવામાં એમણે પોતાની બધી મિલકત, પોતાની બધી કમાણી હોમી દીધી. પોતાનું સર્વસ્વ જ્ઞાન અને લક્ષ્મી, એ પુસ્તકરૂપે ગુજરાતને ચરણે ધરી દીધાં. ત્યારે એમણે અંગ્રેજીમાં કેમ ન લખ્યું ? અંગ્રેજીમાં એ લેખો લખતા; અંગ્રેજોને વનસ્પતિશાસ્ત્ર ઉપર પુસ્તકો રચવામાં મદદ કરતા હતા, છતાં એમણે અંગ્રેજીમાં એ પુસ્તક ન લખ્યું ! કારણ કે એથી ગુજરાત ને ગુજરાતીને શો લાભ ? ગુજરાતનું શું ગૌરવ ? અઢાર વર્ષે માંડ માંડ ઉપરોક્ત પુસ્તકની સાતસો જ નકલો ખપી ! એમણે કચ્છની વનસ્પતિઓ નામે એક બીજું પુસ્તક પણ લખ્યું હતું. પણ હવે એ છપાવવાના પૈસા એમની પાસે રહ્યા ન હતા.

ભગવો ૧ પુ. મેરુના ભેરો દેવ.
૨. પું. વૈરાગી; સંન્યાસી.

ભગવો ઝંડો જુઓ ભગવો ઝંડો.

ભગવો ઝંડો પું. પેશ્વાઈ વખતો; મરાઠાઓનું રાષ્ટ્રીય નિશાન. અમર આર્યાવર્તમાં લખ્યું છે કે એક વખત શિવાજીના ગુરુ રામદાસ સ્વામી સતારામાં ઘેર ઘેર ભિક્ષા માગતા ફરતા હતા. આ જોઈ શિવાજીને વિચાર આવ્યો કે, મારા જેવો મહારાજ જેને ઘરઘરે પડે છે તેવા સાધુની વાસનાને પણ અંત નથી! તે જાણતની પરીક્ષા કરવા માટે તેમણે ગુરુના ચરણમાં પોતાનું આખું રાજ્ય ધર્યું. ગુરુએ તે રાજગાદી પોતાના પ્રતિનિધિ તરીકે શિવાજીને પાછી સોંપી અને રાજ્ય પોતાનું નહિ પણ ગુરુજીનું છે, એમ સમજી તે ચલાવવાની આજ્ઞા કરી વળી તેણે શિવાજીને એક ભગવુ વજ્ર આપ્યું અને તેનો વાવટો બનાવરાવી પોતાના સિંહાસન ઉપર ઊડતો રાખવા ફરમાવ્યું. આજે પણ જ્યાં જ્યાં શિવાજીના વંશજો રાજ્ય કરે છે, ત્યાં ગુરુજીનો એ ભગવો ઝંડો નિરંતર ફરકયા કરે છે.

ભગવાગ્નિ [સં.] પું. કામરાજ.

ભગવાગ્નિક્રિયા [સં.] સ્ત્રી. શરીરનાં પ્રજનન યંત્રોનો એક ભાગ; ભગપીઠની નીચે મધ્યરેખામાં, બંને ઓષ વચ્ચે દંડાયેલો, વડના કુળ જેવો એક અવયવ. તેનો અગ્રભાગ, પુરુષશરીરના શિશ્નના મુંડને મળતો હોઈ, બંને નાના ઓષોની વચ્ચે નજરે પડે છે. તેનો બીજો ભાગ ચિમિડાચ્છદા નામની પાતળી ચામડી વડે ઢંકાયેલો છે. સર્જ્યાકરસૂવિદોના મત પ્રમાણે આ ભગગ્રંથિક્રિયા પુરુષોના શિશ્નના અવયવનો સ્ત્રીશરીરમાં માલૂમ પડતો નાનો અવશેષ છે. ફરક માત્ર એ છે કે, તે પુરુષના શિશ્નની માફક મૂત્રપ્રસેક વડે ભેદાયેલો ન હોઈ નજર છે. સ્ત્રીઓમા મૂત્રપ્રસેક જુદો જ ઊપડે છે.

ભગવટક [સં.] ન. (વેદાંત) પ્રાણીઓની ઉત્પત્તિ, નાશ, મોક્ષભાવ એટલે અનિષ્ટ સંબંધ, મોક્ષ એટલે ઇષ્ટ સંબંધ, વિદ્યા એટલે મોક્ષના સાધનભૂત તત્ત્વજ્ઞાન અથવા માયા અને અવિદ્યા એટલે અનિષ્ટનું સાધન અતત્ત્વજ્ઞાન એ બન્નો સમૂહ. તેને જ જગ અથવા ઉત્પત્યાદિષટ્ક પણ કહે છે.

ભગસંધિ [સં.] સ્ત્રી. ગર્ભાશયનો અંદરનો ભાગ પેટના ભાગને અડે છે તે જગ્યા.

ભગહા [સં. ભગહન્] પું. વિષ્ણુ. પોતે સર્પસિંહાસનમાં રહીને બીજા અસુરોની સંપત્તિઓનો વિનાશ કરે છે, માટે તેને ભગહા કહે છે.

ભગહારી [સં. ભગહારિન્] પું. શિવનાં હજાર માહેનું એક નામ; મહાદેવ.

ભગળ ૧. ન. ઢોંગ; દંભ.
૨ ન. ઓપાળું; પોલ; ડાઈ.

ભગળભાવાર્થી ૧. પું. અંદર કંઈ ને બહાર કંઈ બોલ તે; ઢોંગ.
૨. જુઓ ભગળભાવાર્થી.

ભગળભાવાર્થી વિ. અંદર કંઈ અને બહાર કંઈ બતાવે એવું; બગભગત; ઢોંગી.

ભગંતુ [હિં] વિ. પલાયનશીલ; ભાગી કે નાસી જવાના સ્વભાવવાળું.

ભગંદર ૧. [સં] ન. ભાણું; આકું.
૨. ન. ગુદા અને તેની આસપાસના અવયવમાં થતો નારા કે નાસૂરનો એક રોગ; ગુદા અને વૃષણ વચ્ચે અતું ગૂમડું. ઊનપાનક, ઉષ્ટ્રગ્રીવ, પરિસ્રાવી, શલ્યાવર્ત અને ઉન્માર્ગી એ પાંચ જાતના ભગંદર થાય છે. અંદરથી માંસનો ભરાવો થતો જાય અને બહારથી રૂંવ આવતી જાય એવું દેખાય છે તે મહાવ્યાધિ ભગંદરનો એક રોગ છે ઉપાયમાં લંઘન કરવું, વિરેચન કરવું અને ત્રિફળા, ભોંયાગૂજળ તથા વાવડિંગનો ક્વાથ પીવો. કસરત, મૈથુન, ગુહ્ય, ઘોડાની સવારીનો ત્યાગ કરવો.

ભગંદરારિરસ [સં.] પું. ભગંદર, નાસૂર, નાડીવ્રણ તથા અરનીંગળ મટાડનાર એક જાતનું ઔષધ તેની માત્રા ૧થી ૨ રતી છે. તે મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ભગાઉ (ભગાઉ) ન. (કચ્છી) વઢ; નાર.

ભગાડવું (ભગાડવું) સ. ક્રિ. નસાડવું; ઠાકી મૂકવું; ઠાકી કાઢવું; દૂર કરવું.

ભગાધાન ૧. [સં.] ન. માહાત્મ્યનું સ્થાપન.
૨. ન. સૌભાગ્ય

ભગાનુગા [સં.] સ્ત્રી. યોનિની એ નામની એક શિરા. તે તે જ નામની ધમનીની સાથે વહે છે અને તેની અંદરનું લોહી અધિશ્રોણિકા બાહ્યીમાં ઠાલવે છે

ભગારુ વિ. ભાગકૂ. નાસી જનારું.

ભગાર્શ [સં] ન (વૈદક) પુરુષેન્દ્રિય જેવા ગોળી રોગને પરિણામે યોનિદ્વારની આસપાસ થતો મસો

ભગાલ [સં] ન. માણસનું મડદું. માણસની ખોપરી.

ભગાસિંહ [સં.] પું. યોનિનો એક ભાગ; યોનિદ્વાર ઉપરનો, બંને નાના હોઠ વચ્ચેનો ત્રિકોણાકાર પ્રદેશ. તેમા મૂત્રપ્રસેકદ્વારનું છિદ્ર

ભગવું ૧. ન. સન્યાસીનું કપડું.
૨. વિ. ગેરુવા રંગનું; ભૂખરું.
૧. ભગવાં કરવાં–પહેરવાં–લેવાં = વૈરાગી થવું; સંસાર છોડી દેવો; સાધુ થવું; ભગવા વસ્ત્ર પહેરી સન્યાસી થવું.
૨. ભગવી ચીંથરી = (૧) ભગવાં કપડાંવાળો માણસ. (૨) ભટકતો ભિખારી; ભગવા ચૂથમાં પહેરેલો ભજીત, ભાવો, સાધુ વગેરે.
૩. ભગવી ચીંદરડી = સાધુસંત; વૈરાગી
૩. ન. વિ. ભાગવું; નાસવું.
૪. સ. ક્રિ. (ચારણી) ભાંગવું; તોડવું
દુલ્લા મદમ્મદ પીર દસ્તિયાઈ ભીર કર એક ભગ્યો.
રસધાર ।

જ્યારે પડે છે. સ્ત્રીઓની મૂત્રપ્રણાલીની ફક્ત બે અંગ્રેજી આંખી હોય છે.

ભગાલી [સં.] પું. શિવ

ભગાવવું ૧. સ. ક્રિ. ઠરાવવું

૨. સ ક્રિ. હાંકી કાઢવું, જાતે તેમ કરવું.

ભગાવું અ. ક્રિ. હાંકી કઢાવું.

ભગાસ્થ [સં.] વ. પ્રાચીન કાળનું એક અંગ.

ભગાસ્થિ [સં.] વ ભગપ્રદેશનું હાડકું. તે ભગ અથવા જનનેંદ્રિયના બહારના ભાગોનું આશ્રયસ્થાન હોવાથી ભગાસ્થિ તરીકે ઓળખાય છે. તે શ્રોણિપ્રકાંડના આગલા ભાગમાં રહેલું છે. તેના ત્રણ ભાગ પાડી શકાય· (૧) મુંડ, (૨) ઉપલું શૃંગ અને (૩) નીચલું શૃંગ. વચમાં રહેલા મુંડને કેટલાક ભગપીઠ અથવા લિંગપીઠ કહે છે. તેની અંદરની બાજુ ઉપર એક અરસપરસ સ્થાનક રહેલું છે, જે મારફત તે બીજા બાજુના ભગાસ્થિ સાથે જોડાય છે. તેની આગલી બાજુ ઉપર આવેલા ઉત્સેધ ઉપર ઉદરદર્શિકા નામની પેશી લાગેલી છે. ભગાસ્થિના મુંડ અથવા મધ્યથી નીકળી પાછળ જતો ભાગ ઉત્તરશૃંગ તરીકે ઓળખાય છે. તે શૃંગની ઉપલી સીમા અસ્થિગુહામાં આવેલી અસ્થિદર્શિકા નામની રેખા જોડે મળી જાય તે ગુહાની ઉપલી સીમા બનાવે છે. નીચલું શૃંગ મુંડથી નીચે આવી અહારની બાજુ તરફ જતાં કુંડરકૂટની જોડે મળી જાય છે.

ભગાસ્થિસંધાન [સં.] પું. બસ્તિ નીચે આવેલો શ્રોણીરજ્જુનો એક ભાગ. ભગાસ્થિઓ મધ્યરેખામાં પોતાનાં માંસ વડે પરસ્પર જોડાય છે. આ જોડાયેલાં બને અસ્થિઓને પ્રાચીન શારીરવિદોએ ભગાસ્થિ એવું એક સામાન્ય નામ આપ્યું છે. ક્વચિત્ તે ભગપીઠ અથવા લિંગપીઠ નામથી ઓળખાય છે. આ સંધિમાં ભગસયોજક ચાર સ્નાયુ અને એક તરણ્યુસ્થિચક્ર છે.

ભગાંકુર ૧. [સં.] પું. યોનિસિમા; મદનાંકુર; કામાંકુર; કેશભૂમિથી આશરે અર્ધો ઇંચ નીચે ભગદ્વાર ઉપર આવેલના દડિયા જેવું અંગ.

૨. પું. (વૈદક) હરસનો રોગ.

ભગાંજલિકા [સં.] સ્ત્રી. ભગદ્વાર નીચે અંજલિ કે ખોબાની માફક રહેલો એક કલામય ભાગ. તે મૂલાધાર પીઠની આગલી સીમામાં રહેલો છે. આ ભગાંજલિકા તથા પાયુદ્વાર વચ્ચેનો લગભગ એક આખો જોટલો મૂલાધાર પીઠનો પ્રદેશ પ્રસૂતિતંત્રજ્ઞોની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનો છે, કારણ કે, પ્રસવ વખતે, ખાસ કરીને પહેલા બાળક વખતે અથવા બાળક મોટું હોય ત્યારે ભગાંજલિકા ચિરાય છે, તેમજ એ ચીરો નીચે ગુદદ્વાર તરફ લંબાઈ, મૂલાધાર પીઠની સેવની પણ તૂટે છે. તેને પરિણામે યોનિમાર્ગના ગંભીર રોગ ઉત્પન્ન થાય છે, પ્રસવ કે, ગર્ભાશય તથા યોનિમાર્ગ પેઢાના અભાવે નીચે પડી આવે છે.

ભગિની ૧. [સં. ભજ્ (ભાગ પાડવા)] સ્ત્રી. બહેન; બહની. તે પિતાની મિલકતમાં ભાગ પડાવે છે.

૨. સ્ત્રી. બાઈ; સ્ત્રી.

૩. સ્ત્રી. લોકો તરફથી નિવેદિતાને મળેલ એક ઉપનામ. જેમકે, ભગિની નિવેદિતા. આ સંબંધમાં આત્મકથામાં ઉલ્લેખ છે કે: ભગિની નિવેદિતાના વ્યક્તિત્વના પ્રભાવ મેળવ્યા. ગોરેપીના એક મહેલમાં તેમના દર્શન પામ્યો. તેમના દમામથી હું ડેબલાઈ ગયો. વાતચીતમાં પણ અમારો મેળ બહુ ન જામ્યો. મેં આ વાત ગોખલેને કહેલી. તેમણે કહ્યું: એ બાઈ બહુ તેજ છે, એટલે તમારો મેળ ન મળે એ હું સમજું છું ભગિનીનો હિંદુધર્મ પ્રત્યેનો પ્રેમ જિજ્ઞાસુ જતો હતો એટલું તો, હું અમારો મેળ ન મળતાં છતાં, જોઈ શકયો હતો.

ભગિનીપતિ [સં] પું. બહેનનો પતિ; બનેવી.

ભગિનીભાવ ૧. [સં.] પું. બહેન તરીકેની વૃત્તિ.

૨ પું. બહેનનો સ્નેહ.

ભગિનીષ [સં] પું. બહેનનો દીકરો; ભાણેજ.

ભગિનીસમાજ [સં.] પું. બહેનોનું મંડળ.

ભગી [સં. ભગ (ભાગ) + ઇન્ (વાળું)] વિ નસીબદાર; ભાગ્યશાળી.

ભગીરથ ૧. પું. એ નામનો એક મલ્લ. તેણે રમજુ નામના મલ્લને જીતીને વડોદરાના મહારાજા ખંડેરાવ પાસેથી એક ગામ અને પચાસ હજાર રૂપિયાનું ઇનામ મેળવ્યું હતું.

૨. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એ નામનો એક રાજા.

૩. પું. (પુરાણ) સર્વવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન સગર વંશના દિલીપ રાજાનો એ નામનો પુત્ર; આકાશગંગાને પૃથ્વી ઉપર લાવનાર રાજા. દિલીપ રાજાએ કપિલ મુનિના શાપથી બળી ગયેલ સગર રાજાના સાઠ હજાર પુત્રો, કે જે પોતાના પૂર્વજો હતા, તેઓના ઉદ્ધારને અર્થે ગંગા પ્રાપ્ત કરવા ઘણો કાળ સુધી તપ કર્યું, પરંતુ તેને સિદ્ધિ પ્રાપ્ત ન થતાં તે મરણ પામ્યો. તેના પછી ભગીરથે ગોકર્ણમાં એક હજાર વર્ષ પર્યંત તપ કરીને ગંગાને પ્રસન્ન કર્યાં. ગંગાએ પૃથ્વી ઉપર આવવા કબૂલ કર્યું અને ભરતખંડ ઉપર આવી ભગીરથના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો. તે દિવસથી ગંગાનું બીજું ભાગીરથી એવું નામ પડ્યું. ભગીરથ મોટો દાનેસરી હતો. તેણે પોતાની હંસી નામની કન્યા કૌત્સ ઋષિને આપી હતી. તેને નાભ ૬ નાભાગ અને ધૃત નામના પુત્ર હતા.

૪ વિ. જેમાં ખૂબ મહેનત લેવી પડે એવું; મહામુશ્કેલ; કઠણ

ભગીરથ પ્રયત્ન = બહુ શ્રમ પડે તેવો પ્રયત્ન; ભારે મોટો ઉદ્યમ; ઘણો જ મોટો અને આશ્ચર્યજનક પ્રયત્ન.

ભગીરથમહાયત્ન [સં.] પું. પુરુષોત્તમનાં કંદર આવેલું એક નામ.

ભગુવું વિ. ભગવા રંગનું.

ભગુવો પું. ભગવાં કપડાંવાળો પુરુષ; સન્યાસી.

ભગૂડિયાપણું (ભગૂડિયાપણુ) ૧. ન. અંચળતા; અસ્થિરપણું.

૨. ન. સમય જોઈ યોગ્ય લાગે તે પ્રમાણે વર્તવું તે.

ભગૂડિયું (ભગૂડિયું) ૧. વિ. ચંચળ; અસ્થિર.

૨ વિ. પોતાનો પક્ષ કે વિચાર મૂકી દેનાર; પાયડી ફેરવી બેસનાર; સમયાનુરોધી.

ભગેડિયા (ભગેડિણ) ૧. સ્ત્રી. કડિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભગેડુ (ભગેડૂ) ૧. પું. બીકણ માણસ.

૨. વિ. કાયર; કરપોટ.

૩. વિ. નાસી જનાર.

ભગેશ [સં.] પું. ઐશ્વર્ય વગેરેનો સ્વામી; ઈશ્વર.

ભગોટું ન. રેશમનો ઝોકોટો.

ભગોટા પડવાં = સોનેરી બનાવવા માટે રેશમની કે ઊનની ઝોકડીઓ તૈયાર કરવી.

ભગોડા (ભગોડ઼ા) જુઓ ભગેડુ.

ભગોબાઈ પું. શયતાન.

ભગોલ ૧. [સં] પું. (જ્યોતિષ) ક્રાંતિવૃત્તની આસપાસનો નક્ષત્રો તથા તારાઓ વસે છે તે પ્રદેશ; નક્ષત્રગોળ; ભવલય; ભચક્ર

૨. પું. (જ્યોતિષ) રાશિચક્ર; નક્ષત્રમંડળ.

ભગોષ્ઠ જુઓ ભગૌષ્ઠ.

ભગોળ જુઓ ભગોલ.

ભગૌતી ૧. સ્ત્રી. તરવરિયું.

૨. સ્ત્રી. ભગવતી; દેવી.

ભગૌષ્ઠ [સં.] પું. યોનિના બહારના ભાગમાં આવેલા, ચરબીને લીધે ઉપસેલા દેખાતા બે માંસનો ઢગલો.

ભગૌષધિવૃદ્ધિ [સં.] સ્ત્રી. (વૈદક) ભગોનું ૩૬ વર્ષે જવાનો રોગ.

ભગૌષશોષ [સં] પું. (વૈદક) ભગોષ સોજી જવા તે.

ભગ્ગ પું. એ નામના એક જનના લોક; ભર્ગ. તેઓનું રાજ્ય કૌસાંબીના વત્સ લોકોના રાજ્યની પાડોશમાં હતું.

ભગ્ગનું મુખ્ય સ્થાન સુંસુમાર ટેકરીમાં હતું. પુરાતત્વ

ભગ્ગી [હિ.] સ્ત્રી. ભાગી જવું તે; નાસી જવાપણું.

ભગ્ન ૧. [હિ.] પું. કરપોક માણસ.

૨. વિ. કાયર; બીકણ.

૩. વિ. ભાંગેલું; રખડુ.

ભગ્ન ૧. [સં] પું (વૈદક) એક જાતનો રોગ.

૨. ન. (સંગીત) ભાંગેલા અવાજની ગાવું તે.

૩. વિ. અપમાન પામેલું.

૪. વિ. જેની ઇચ્છા નાશ પામી હોય તેવું. હતાશ.

૫. વિ. નાશ પામેલું.

૬. વિ. નાસી ગયેલું

૭. વિ. પરાજિત; હરેલું; હાર પામેલું.

૮. વિ. ભાંગેલું; છેદાયેલું; તૂટેલું; ખિન્ન પડેલું

ભગ્નકંઠ [સં.] વિ. જેનો અવાજ બેસી ગયો હોય એવું.

ભગ્નચિત્ત [સં.] વિ. બેસાડ્યું; ભયભીત થયેલું; ભંજાયેલું.

ભગ્નજ્વર [સં.] પું. હાડકાં તૂટી જવાથી આવી જતો તાવ.

ભગ્નતા [સં.] સ્ત્રી. હતાશપણું; આશા નિષ્ફળ જવી તે.

ભગ્નતાલ પું. (સંગીત) એક મતસ્પર્ધાતિ, પચીશ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૬, ૧૧, ૧૩, ૧૭, ૨૦ અને ૨૩ માત્રા ઉપર છે.

ભગ્નદર્પ [સં.] ન. માનભંગ થયેલું.

ભગ્નધ્વનિ જુઓ ભગ્નકંઠ.

ભગ્નપાદ [સં.] પું. (જ્યોતિષ) જેનો તૃતીયાંશ બીજી રાશિમાં ગયેલો હોય તેવું નક્ષત્ર. દૂષિત જ્યોતિષ મુજબ પુનર્વસુ, ઉત્તરાષાઢા, કૃત્તિકા, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ અને વિશાખા આ ૭ નક્ષત્ર માહેના કોઈ પણ એકમા મનુષ્યનું મરણ થાય તેને દ્વિપાદદોષ લાગે છે. આ દોષની શાંતિ અશૌચ કાળની અંદર જ કરાવવાનું વિધાન છે.

ભગ્નપૃષ્ઠ [સં.] વિ. ભાંગેલી પીઠવાળું.

ભગ્નપ્રક્રમ ૧. [સં.] પું. અનુક્રમનો ભંગ.

૨. પું. કાવ્યનો એક વાક્યદોષ.

ભગ્નપ્રાય [સં.] વિ. લગભગ નાશ પામવાની સ્થિતિમાં હોય એવું.

ભગ્નભોગ [સં.] વિ. આનંદ ન આપી શકે એવું; ભોગને માટે અપાત્ર.

ભગ્નમનોરથ [સં.] વિ. જેની ઇચ્છાઓ તૂટી ગયેલ હોય એવું; હતાશ.

ભગ્નસંધિ [સં.] પું. (વૈદક) જેનાં સાંધા ભાંગે તેનો એક રોગ.

ભગ્નસંધિક ૧. [સં.] વ. જેનો સાંધો ભાંગી ગયેલો હોય તે માણસ.

૨. ન. તકતા; ભાત.

૩ ન. લસણ

૪. વિ. ભાંગેલા સાંધાવાળું.

ભગ્નહૃદય ૧. [સં.] ન. દુઃખી હૃદય.

૨. વિ. ભાંગેલા હૃદયવાળું; આશાહીન.

ભગ્નહૃદયા [સં] સ્ત્રી. હતાશ થયેલ સ્ત્રી.

ભગ્નહૃદયી [સં. ભગ્ન + હૃદય + ઈન્ (વાળું)] વિ. નિરાશ; હિંમત હારી ગયેલું.

ભગ્ના [સં. ભગિનિજ] પું. ભાણેજ.

ભગ્નાત્મા ૧. [સં. ભગ્નાત્મન્] પું. કપૂર.

૨. પું. સોમ; ચંદ્ર

ભગ્નાનુષ્ઠાન [સં.] વિ. જેના અનુષ્ઠાન કે ધાર્મિક વિધિમાં ભંગ પડ્યો હોય તેવું.

ભગ્નાવશેષ [સં.] પું. ખંડેર; કોઈ પણ મંદિર કે ઇમારતનો ખંડિત થયેલો ભાગી રહેલો ભાગ.

ભગ્નાશ [સં.] વિ. નિરાશ; હતાશ; આશાભંગ થયેલું

ભગ્નાશયી [સં. ભગ્ન + આશા + ઈન્ (વાળું)] વિ. જેનો આશય કે હેતુ નાશ પામેલો હોય એવું.

ભગ્નાશા [સં.] સ્ત્રી. આશાભંગ થવું તે.

ભગ્નાસ્થિસંધાનકર [સં.] વ. વસણ.

ભગ્નાંક [સં.] પું. અપૂર્ણ સંખ્યા.

ભગ્નાંશ [સં.] પું. ભાગ; અંશ.

ભગ્ની [સં.] સ્ત્રી. બહેન.

ભગ્નોત્સાહ [સં.] વિ. જેનો ઉત્સાહ ઊડી ગયો હોય તેવું; નિરાશ; દિલગીર.

ભગ્નોદ્વૃષ્ટક ૧. [સં] પું. ઉપનોષ વસ્તરની ગાયોનું પાલન કરનાર ગોવાળ. કૌટિલ્યના અભયમાં આવા ગોવાળને ત્યાં ભીમાર, લશ્કરી, ચૂકી, દુઃખ દોહતી વખતે હેરાન કરનારી અથવા અમુક ખાસ માણસને જ દોહવા આપનારી તથા વાછરડાને મારી નાખનારી ગાયો રાખવામાં આવતી. ચંદ્રગુપ્તના વખતમાં ગોવાળિયાઓને ચાર રીતે નોકર રાખવામાં આવતા, જેમાંની એક રીત તેમને હવાલ્ય તરીકે દોરની પેદાશનો અમુક હિસ્સો આપવામાં આવતો. આવી રીતે રોકેલા ગોવાળને સો ગાયનર સોંપવામાં આવતાં, જેમાં ચોથા ભાગનાં લૂલાપાંગળાં, ચોથા ભાગનાં ન દોહવા આપે તેવાં, ચોથા ભાગનાં મુશ્કેલીથી દોહી શકાય તેવાં અને ચોથા ભાગનાં પુત્રકી એટલે પોતાનાં બચ્ચાંને મારી નાખનાર રહેતાં. આ દોરની સંભાળનું કામ અઘરું હોવાથી તેની સંભાળ રાખનાર ગોવાળને હવાલ્ય તરીકે તે દોરની પેદાશનો અમુક હિસ્સો આપવામાં આવતો. આ પદ્ધતિને ભગોત્સૃષ્ટક કહેતા.

૨. પું. નફામાં હિસ્સો આપીને નોકર રાખવાનો પ્રબંધ.

૩. ન. નફામી અને સાચવેલી ગાયોનું ધણ

ભગોદ્યમ [સં.] વિ. નિષ્ફળ ઉદ્યમવાળું.

ભગોપક્રમ [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો વાક્યદોષ. જ્યાં પ્રસ્તાવક્રમ નહિ જળવી શકાય ત્યાં આ દોષ થાય છે. જેમકે,

અસ્ત થયો હરી જાણી,
સજે અસ્ત થઈ ગઈ છે રજની;
નાથ સાથ તન ત્યાગે,
એ નારી સકુથી ઉત્તમ સજની.

આમાં ચંદ્ર અસ્ત થયો જાણી રાત્રિ અસ્ત થઈ, આમ કહેવું જોઈએ, તે ન કહેતાં પ્રસ્તાવક્રમનો ભંગ થયો માટે ભગોપક્રમ દોષ થયો.

ભગોર્મિ [સં] વિ. જેનો ઉલ્લાસ ભાંગી ગયેલ હોય એવું.

ભચ ૧. પું. પુષ્કળ વૈભવ

૧. ભચ પાકવો = પુષ્કળ પ્રાપ્ત થવું

૨. ભૂખની છોકરી ભચમાં પડી = રાંકની છોકરી સારે ઘેર પરણી

૨. વિ. માલદાર; સારી સ્થિતિનું.

૩ ન અપાડી વીંધાતાં થતો ઝીણો અવાજ; ભોંકાતાનો અવાજ; એકદમ ચામડી ચિરાતાં થતો અવાજ; બાકો, બરછી શરીરમાં પેસતાં થતો અવાજ

ભચક ૧. સ્ત્રી. ભડકવું તે; અચાનો પામરો તે

૨. સ્ત્રી. ફફડાવું તે; સમડ.વાપણું

ભચકવું ૧. અ. ક્રિ. અથડાવું; પછડાવું

૨. અ. ક્રિ. અ.અર્થમાં રતબ્ધ જઈ જવું

૩. સ ક્રિ. ફફડાવું

૪. સ. ક્રિ. પોંખવું.
૫. સ. ક્રિ. ભાંગવું; ભાંજી નાખવું.

ભચકારો અ. ભચ એવો અવાજ.

ભચકાવવું ૧. સ. ક્રિ. ભચ્ચ કરી દેવું.
૨. સ. ક્રિ. પડકાર એમ કરવું; ઝાટકવું; ભચકાવવું.
૩. સ. ક્રિ. ભચ દઈ ને મારવું; ધોંસવું, ખોસવું.
૪ સ. ક્રિ. ભાંગવું; ભાંગી નાખવું
૫. સ. ક્રિ. સંભળાય એમ કરવું.

ભચકાવું ૧. અ. ક્રિ. આઘાત પામવું
૨. અ ક્રિ. પોંસાવું; ખોસાવું
ભચકાવી દેવું = પોંચી દેવું.
૩. અ. ક્રિ. પડકારું; અથડાવું.
૪. અ. ક્રિ. ભટકવું; રખડવું; ઠલ્લા જાય.
૫. અ. ક્રિ. ભચકાવું.

ભચકો ૧. પું. ભચ્ચો, ઠગો; સમય.
૨. પું. સનકારો; આંખનો ચાળો કરવો તે.
આજ પછી ન કરે કોય ભચકો હજી,
નરસૈંયો નાચે નેહનો ભચકો હજી.
નરસિંહ

ભચક [સં. ભ (નક્ષત્ર) + ચક્ર (વર્તુલ)] સ. (જ્યોતિષ) પ્રતિવૃત્તની આસપાસ જ્યાં નક્ષત્ર અને તારાઓ છે તે પ્રદેશ; ભચોળ; ભચરણ; નક્ષત્રોનું ચક્ર; રાશિઓ કે ગ્રહોને માલવાનો માર્ગ. નક્ષત્રમાનનું એક રાશિચક્ર એટલે એક ભચક્રનું વર્ષ થાય છે. ભચક્રની એક રાશિ એટલે એક ભ માસ થાય છે. ભચક્રનું એક નક્ષત્ર એટલે ૧૩ દિવસ, ૨૦ ઘડી ભચક્રની થાય છે. ભચક્રનો એક નક્ષત્રચરણ એટલે ૩ દિવસ, ૨૦ ઘડી ભચક્રની થાય છે. ભચક્રનો એક અંશ એટલે એક દિવસ થાય છે. ભચક્રની એક કલા એટલે ૧ ઘડી કે નાડી છે. ભચક્રની એક વિકલા એટલે ૧ ભપલ મિનાડી તથા ભચક્રની એક પ્રતિવિકલા એટલે ૧ ભવિપલ થાય છે

ભચક (ભચડ) અ. કચરવાના કે કચડાવાના અવાજથી.

ભચકભચક (ભચડભચડ) ૧. અ ડાંગર વગરે ભરડતાં થતો એવો અવાજ; ચોખા કે ડાંગરની પરીક્ષા માટે તેને નળિયા વગી ભચડતાં થતો અવાજ.
૨. અ કાચા વગેરે ચાવતાં થતો એવો અવાજ; કડક વસ્તુ કચરાતાં થતો અવાજ.

ભચકવું (ભચડવું) ૧. સ. ક્રિ. કચરવું ભાંગવું.
૨. સ. ક્રિ. દાબીને પકડવું; દબાવીને કરડવું; કચરી નાખવું; સંકડામ, ભિડાવ ને કચરાવ એમ કરવું; દાબી નાખવું; દાબવું.
૩. સ. ક્રિ. દાંતથી કરડી ખાવું; ભરડવું.

ભચકંભચકા (ભચડંભચડા) જો. ખૂબ સખત ભીડ; ભચડાભચડી.

ભચકાભચક (ભચડાભચડ) અ. ભચકાવાનું ચાલુ રહે તેમ.

ભચકાભચકી (ભચડાભચડી) જો. ભીંસવું; દબાણ; કચડાચડી; કચરાઈ જવાય તેવી ધક્કામુક્કી; ખૂબ ભચકાવું તે; સખત ભીડ.

ભચકામણ (ભચડામણ) જુઓ ભચકાભચકી.

ભચકાવવું (ભચડાવવું) સ ક્રિ. ભચકાવ તેમ કરાવવું, કચરાવવું

ભચકાવું (ભચડાવું) ૧. અ. ક્રિ. ચવાવું.
૨ અ. ક્રિ. ભરડાવું.
૩. અ ક્રિ. ભિડાવું; સહેવાવું; ભરડવું; દબાવું; સકડાવું; સંકડાયેલી કે દબાયેલ હાલતમાં હોવું.

ભચન પું. ખોરાક.

ભચભચ જુઓ ભચોભચ.

ભચરકો પું. ભીંસો, ભીડ; ગિરદી.

ભચરડવું (ભચરડવું) જુઓ ભચડવું.

ભચરડાવું (ભચરડાવું) જુઓ ભચડાવું.

ભચરાવું જુઓ ભચડાવું.

ભચાભચ જુઓ ભચોભચ

ભચાં ૧. સ. વ. ન. ગતોપ; આનંદ
૨. વિ. પૂર્ણ; ભરપૂર; પુષ્કળ.

ભચીડ (ભચીડ) ૧. સ્ત્રી. ખાવું લઈ લેવું તે.
૨ સ્ત્રી. લોભ; મૂડી જેવી રાખવી તે.

ભચોભચ ૧. અ. ઉપરાઉપરી ભચ ભચ થાય તેમ.
૨. અ. ખીચોપીચ, ભચ ભચ.
૩. અ. ભરાવા કે ભરાવાનો અવાજ.

ભચોભચ્ચ જુઓ ભચોભચ.

ભચ્ચ ૧. અ. એકાએક; એકદમ
૨ અ ભરપેટ
રોવા બચ્ચ તેને ભચ્ચ ઠાંઠા વાનરો જે.
જોવર્ધનરામ
૩. સ. ભરવા કે ભરાવાનો અવાજ.
૪. જુઓ ભચ.

ભચ્ચક ૧. વિ. ખાઈ જનાર.
૨. વિ. નાશ કરનાર.

ભચ્ચણ ૧. [સં. ભક્ષણ] ન. ખાવું તે
૨. ન. ખોરાક; ખાવું.

ભચ્ચડ [સં. ભક્ષ] પું. (જૂ. ગુ.) ભક્ષ; ખાવાની વસ્તુ.
વિવિધ ભચ્ચડ કરણ વાલમજ.
કાનડદેપ્રબંધ

ભચ્ચક [સં. ભક્ષક] વિ. (હિંદી) ભક્ષક; ખાનાર

ભચ્ચન [સં. ભક્ષણ] ન. (હિંદી) ભક્ષણ; ખોરાક.

ભચ્ચોભચ્ચ જુઓ ભચોભચ.

ભજ ૧. [સં] સ. ક્રિ. આસરવું.
૨. સ. ક્રિ. આપવું
૩. સ. ક્રિ. આશ્રય લેવો.
૪. સ. ક્રિ. ભજવું
૫ સ ક્રિ ભુરું કરવું.
૬. સ ક્રિ. દીપવું; શોભવું.
૭. સ. ક્રિ. ધારણ કરવું.
૮. સ ક્રિ. પસંદ કરવું.
૯. સ ક્રિ. પૂજન કરવું.
૧૦ સ. ક્રિ પ્રકાશવું
૧૧. સ ક્રિ. (ધા.ગુ) ભજવું, સેવા કરવી; પૂજન કરવું. તે ઉપરથી બનેલા શબ્દો: ભજન, ભજનીય, ભજનિક, ભક્ત, ભક્તિ.
૧૨. સ. ક્રિ. ભાગ પાડવા; હિસ્સો આપવો; ટાળો આપવો; ભાગવું.
૧૩. સ. ક્રિ. ભોગવવું.
૧૪. સ ક્રિ. રાંધવું.

ભજ પું. ભુજ; હાથ.
તું મળતે મળિયા, ભજ મિને ભેળાં કરે,
નારી ને નરાં, બશ નીચેઆં ખીમરા. દુહો

ભજક ૧. [સં.] વિ. ભજનાર; સેવનાર; ભજન કરનાર.
૨. વિ. ભાગ કરનાર; ભાગ કરનાર.
૩. વિ. ભોગવનાર.

ભજકકલદાર ૧. પું. પૈસો; નાણું.
૨. વિ પૈસા બાબત જ કામ કરનાર.

ભજન ૧ [સં. ભજ્ (ભજવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઈશ્વરસ્મરણ; સ્તુતિ, પ્રાર્થના; ભક્તિ; નામસ્મરણ.
૧. ભજન કરવું = (૧) ઈશ્વરના ગુણ ગાવા; ઈશ્વરસ્મરણ કે સ્તવન કરવું. (૨) એક ને એક વાતનું રટણ કર્યા કરવું. (૩) જનાવરના જેવી રહેણી; કંઈ કરવાનું રહ્યું નથી માટે નિવૃત્ત થઈ જેવી રહેવું; પતી રહ્યું એમ નિરાંત વાળવી.
૨. ભજન ગાવું = મહત્તા ગાવી.
૩. ભજન બેસાડવાં = કીર્તન કરાવવાં
૨. ન. નકામું ખરચ; નુકસાન.
ભજન બેસવું = ખર્ચ થવું.

૩. ન. પદ, ગરબી, ભાવથી વગેરે ઈશ્વર સબંધી કવિતા; ભક્તિનું કાવ્ય કે ગાયન.
૪. ન. ભજવું તે; ભક્તિ કરવી તે; જેના ઉપર ભક્તિ કે પ્રેમભાવ હોય તેનાં કીર્તન કરવાં કે મુખ્યાનુવાદ ગાવા તે. ઈશ્વરનું અથવા ઇષ્ટદેવનું નામ વારંવાર લેવું તે.
૫. ન. ભાગ; ખંડ.
૬. ન. ભોગવવું તે.

ભજનકીર્તન [સં.] ન. ન. ન. ઈશ્વરના યશોગાન.

ભજનભવન [સં.] ન. ભજન કરવાનું મકાન; ભજનમંદિર; ઈશ્વરસ્મરણ કરવાનું મકાન.

ભજનમંડળ ન. ભજન કરનારા લોકોનો સમૂહ.

ભજનમંડળી જુઓ ભજનમંડળ.

ભજના ૧. [સં.] સ્ત્રી. ભજવું તે; સેવા.
૨. સ્ત્રી. ભોગવવું તે.
૩. સ્ત્રી. વિકલ્પ.

ભજનાનંદ ૧. [સં. ભજન + આનંદ] પું. ભજન એ જ આનંદરૂપ છે તેવું માનનારો ભક્ત.
૨. પું. ભજન કરવાથી મળતો આનંદ.

ભજનાનંદી [સં. ભજન + આનંદ + ઇન્ (વાળું)] વિ. ભજન કરનાર; ભજનમાં આનંદ લેનાર.

ભજનાવલિ [સં.] સ્ત્રી. ભજનપોથી; ભજનસંગ્રહ; ભજનમાલા; જેમાં ભજનોનો સંગ્રહ કર્યો હોય એવી ચોપડી.

ભજનાવલી જુઓ ભજનાવલિ.

ભજનાવળિ જુઓ ભજનાવલિ.

ભજનાવળી જુઓ ભજનાવલિ.

ભજનિક [સં.] વિ. ભજન કરનાર; ભજન ગાનાર; ભગત; ભક્ત.

ભજનિયાં ૧. [સં. ભજ્ (ભજવું)] ન. ન. ન. ઈશ્વરના મુખ્યાનુવાદનાં પદ; ભજનનાં ગીત; ભજનો; કીર્તન.
૨. ન ન ન. ગાળો. કટાક્ષમાં બોલાય છે. ભજનિયાં સંભળાવવાં = ગાળો દેવી.
૩. ન. ન ન. ભજન કરતાં વગાડવાનાં ઢાંસા; કરતાલ.
૪. વિ. ન. ન. ગાઈને ભજન કરનારા.

ભજનિયું ૧. ન. ગાળ. ભજનમાં બોલાય છે.
૨. ન. ભજન; કીર્તન; સ્તુતિનું પદ.

ભજનિયો [સં. ભજ્ (ભજવું)] પું. ભજન કરનારો માણસ; ભજનિક; ભજન ગાનારો માણસ.

ભજની ૧. સ્ત્રી. ભજન કરવા માટે હાથમાં ફેરવવાની માળા.
૨. વિ. ભજન કરનાર; ભજનિક.

ભજનીય ૧. [સં. ભજ્ (સેવવું) + અનીય (યોગ્ય)] વિ. આશ્રય લેવા યોગ્ય.
૨. વિ. ભજન ગાનારે; ભજન કરનાર.
૩. [સં. ભજ્ (ભજવું) + અનીય (નિષ્પર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. ભજવા લાયક; સેવા કરવા જેવું.

ભજનોપદેશક [સં. ભજન + ઉપદેશક (ઉપદેશ કરનાર)] વિ. ભજનથી ઉપદેશ કરનાર

ભજમાન ૧. [સં.] પું. સેવક; નોકર; ચાકર.
૨. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતપુત્ર અંધકના ચાર ભાંડેનો બીજો પુત્ર.
૩. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતપુત્ર વૃષ્ણિના વંશના ત્રણ નામના રાજાનો એ નામનો પુત્ર.
૪. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુલમાના ક્રમવશીય સાત્વત રાજાના સાત ભાંડેનો મોટો પુત્ર. તેને શૂંજ્યા અને ભાદ્રકા નામની બે સ્ત્રી હતી તેમાંથી પહેલીને નિમ્નોચિ, કિંકિણ અને વૃષ્ણિ એવા ત્રણ પુત્ર અને બીજીને શતાજિત, સહસ્રાજિત અને અયુતાજિત એવા ત્રણ પુત્ર હતા.
૫. વિ. ન્યાયથી આવેલું.
૬. વિ. ભજનું; સેવતું.
૭. વિ. ભાગ કરતું; વહેંચતું.
૮. વિ. ભોગવતું.

ભજર ન. એક જાતનું કરિયાણું.

ભજવવું ૧. સ. ક્રિ. નાટક, ભવાઈ કે વાતચીતમાં બીજાના જેવું આબેહૂબ વર્તી દેખાડવું; અનુકરણ કરી બતાવવું.
૧. નાટક ભજવવું = નાટકમાં વેશ લેવો.
૨. ભાવ ભજવવો = (૧) પોતાના સ્વભાવ ઉપર જવું; મરજી પ્રમાણે કરવું. (૨) ભાગ કે વેશ ભજવવો.
૩. વેશ ભજવવો = અનુકરણ કરવું.
૨. સ ક્રિ. વેશ કહીને તેની પહેલેથી તે આખર સુધીની હકીકત કહી કે કરી બતાવવી.
૩. સ. ક્રિ. ભોગવવું.

ભજવાડ (ભજવાડ) સ્ત્રી. નુકસાન.

ભજવું ૧. સ ક્રિ. સેવવું; દીપવું.
૨. સ. ક્રિ. અનુકૂળ રહીને વર્તવું; આધીન થઈ ને રહેવું.
૩. સ ક્રિ. અનુભવવું.
૪. સ. ક્રિ. આશ્રય લેવો; સેવવું.
૫. સ ક્રિ. આસરા રાખી ઈશ્વર, ગુરુ, વડીલ વગેરેની સેવા કરવી; સેવવું; ઐકનિષ્ઠાએ સેવન કરવું; ગુરુ વગેરેનું પ્રીતિથી પૂજન કરવું.
૬. સ ક્રિ. પરમેશ્વરનું સ્મરણ કરવું; ભજન કરવું; ગુણ ગાવા ને સેવાપૂજા કરવી.
૭. સ ક્રિ. પહેરવું; ધારણ કરવું; પાસવું.
૮. સ ક્રિ. ભાગવું.
૯. સ. ક્રિ. મન બોલવા; જપવું.
૧૦. સ. ક્રિ. લાંચ આપવી; કંઈ દેવું

ભજાવટ સ્ત્રી ભજવી બતાવવું તે; ભજવવાની ક્રિયા

ભજાવવું ૧. સ. ક્રિ. ભગાડી મૂકવું.
૨. સ. ક્રિ. વેશ કાઢી બતાવવો; ભજવે એમ કરાવવું; ભજવવું; અનુકરણ કરાવી બતાવવું.

ભજાવું ૧. સ. ક્રિ. ભક્ત થવાનું; સેવા કરી રાજી થવું.
૨. સ. ક્રિ. શોભવું.

ભજિ [સં.] પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત રાજાના સાત ભાંડેનો એ નામનો બીજો પુત્ર.

ભજિયું ૧. ન. ઉપરનો નહો
૨. ન. એક જાતનું તળિયું; ચીજડું.
૩. [સં. ભર્જ્ (તળવું)] ન. ચણા, કઠોળ વગેરેના કટકા અથવા પાનને વેસણ ચડાવી, તળીને બનાવેલો આવાનો એક કરસો પદાર્થ; આવાની એક તળેલી ચીજ. પાકશાસ્ત્રમાં ભજિયાની બનાવટ નીચે પ્રમાણે આપી છે: ચોર ચણાનો લોટ. રૂપિયાભાર આદુ, રૂપિયાભાર મીંદું, ત્રણ માસા મરી, અડી રૂપિયાભાર ઘી, પાંચ રૂપિયાભાર કાંદા, અજમેર ઘી એટલી વસ્તુ લેવી. ચણાના ચોર લોટમાં અડી રૂપિયાભાર ઘીનું મોણ નાખી, તેમાં પાણી રેડી પાતળું કાલવવું. પછી તેમાં પાંચ રૂપિયાભાર કાંદા, રૂપિયાભાર છોલેલ આદુ, તેટલું જ મીંદું અને ત્રણ માસા મરી ઝાડીને નાખવાં. એ લોટને હાથથી પરપોટા આવે ત્યાસુધી ફીણવું, જે ઘડી સુધી એમ ને એમ રહેવા દેવો. પછી ચૂલા ઉપર ચેડી મૂકી તેમાં અજમેર ઘી નાખી તે તપે એટલે તેમાં ઉપરના લોટના કાંકા મૂકી ભજિયાં તળાય એટલે કાઢી લેવાં.

ભજુ [સં. ભર્જ્ (ભજવું)] વિ. ભજનાર. તે સમાસમા 'ક' છેડે પદમા વપરાય છે.

ભજેન્ય ૧. [સં.] વિ. ભજન કરવા યોગ્ય; સેવવા લાયક.
૨. વિ. આશ્રય કરવા જેવું.

ભટકવું

ભટેરવ [સં.] પું. એ નામે એક રાગ.

ભટજ ૧. પુ. ભાગ; નાસી જવું તે.
૨. સ્ત્રી ભાગ; ભીડ; પલ્લી

ભટજાવું ન. ભૂજવું તે; શેકવું તે.

ભટ્ટણ [પ્રા.] સ્ત્રી. ભાર્યા; સ્ત્રી.

ભટ્ટિજયા [સં. ભટ્ટિજા] સ્ત્રી. (પ્રાકૃત) ભાટ્ટ.

ભટ્ટી સ્ત્રી. ભટ્ટિયું

ભટ્ટય ૧. [સં.] વિ. ભજના યોગ્ય; સેવા કરવા લાયક.
૨. વિ. વિશ્વાસ કરવા જેવું.

ભટ્ટ ૧ [સં.] સ ક્રિ. ખેતરવું
૨. સ. ક્રિ. પગાર લેવો
૩. સ. ક્રિ. પોષણ કરવું; પાલન કરવું.
૪. સ. ક્રિ. ભાડું કરવું.
૫. સ. ક્રિ. (ધાતુ) વાત કરવી, બોલવું. તે ઉપરથી થયેલ શબ્દ: ભટ, ભટ્ટ, ભાટ

ભટ ૧. [સં.] પુ. એક જાતનો નીચ રાક્ષસ; રાત્રિચર.
૨. પું. એક જાતનો પ્રેત્ન.
૩. પું. તત્ત્વવેત્તા.
૪. પુ. પરથી; સ્વામી.
૫. પું. બ્રાહ્મણની કેટલીક જાતને જોડવામાં આવતો શબ્દ. જેમકે, ભટમેવાડા.
૬. પું. મૂર્ખ; વિદ્વાન.
૭. પું. યોદ્ધો; લડવૈયો; વીર પુરુષ.
૮. પું. રસોઈયો.
૯. પું. રાની માણસ.
૧૦. પું. રાંધવા, પાણી ભરવા ને બીજા માણસનો ધંધો કરનારી નરીજ બ્રાહ્મણ; ભિક્ષુક બ્રાહ્મણ
૧૧. પું. વિદ્વોપજીવી બ્રાહ્મણ; ગુરુ.
૧૨. પું. વિદ્વાન બ્રાહ્મણ; ભટ્ટ; પંડિત.
૧૩. પું. વેદ ભણનાર બ્રાહ્મણ; ભટ્ટજી.
૧૪. પું. સિપાઈ; સૈનિક
૧૫. સ્ત્રી. ગુફા.
૧૬. સ્ત્રી. ચૂલો; ભઠ્ઠી.
૧૭. સ્ત્રી. પ્રાચીન કાળની એ નામની એક વર્ણસંકર જાતિ.
૧૮. સ્ત્રી. ફટ; ધિક્કાર; તુચ્છકાર.
૧૯. સ્ત્રી. બ્રાહ્મણ અથવા મરાઠાની એ નામની એક અટક.
૨૦. ન. એ નામનો ભટકનું માણસ.
૨૧. ન. એ નામની જાતિનું માણસ.
૨૨. વિ. એ નામનો ભટકનું.
૨૩. વિ. એ નામની જાતિનું.
૨૪. અ. અવકાશ તેમ
૨૫ અ. તરત જ; જલદી; એકદમ; ઝટ.
૨૬. અ. ધિક્કાર.

ભટકટાર્ઈ [હિં.] સ્ત્રી. કાંટાવાળો એક જાતનો જંગલી છોડ; ઓવરીંગણી. તેનાં પીળાં ફૂલ આવે છે. તે બાળકોને ઉપરસ ઓટાડવા માટે વપરાય છે.

ભટકટૈયા જુઓ ભટકટાર્ઈ

ભટકણ ૧. ન. ભટકવું તે; રખડપટ્ટ
૨. વિ. અસ્થિર.
૩. વિ. ભટકનારું; રખડેલ; રખડાઉ.

ભટકણિયું ન. કૂવાના પાણામાંની ઉપરની પાણીની આડ્ય. તેમાં પાણી ભટકાઈ પોરિયામાં જાય છે.

ભટકણું જુઓ ભટકણ

ભટકતા રામ ૧. પું નિયત માણસ.
૨ પું. રખડુ માણસ.

ભટકતી કોમ સ્ત્રી. એક દેશાવરથી બીજે દેશાવરે ભટકી જીવન ગુજારતી જાતિ. મોટાં શહેરોમાં આવી ભટકતી કોમ માલૂમ પડે છે. તેઓ પોતાના કસબીન પોશાક અને ઘરેણાથી ઓળખાય છે, પણ કયાંથી આવે છે અને કયાં જવાના છે તે કોઈ જાણતું નથી. એવું કહેવાય છે કે, દુનિયામાં જે જે ભટકતી કોમો છે તે મૂળ હિંદુસ્તાનની છે, પણ તેના સમર્થનમાં કોઈ કારણ મળતું નથી. કેટલાક લેખકોએ બતાવ્યું છે કે, હિંદુસ્તાનમાં સાચી ભટકતી કોમ નથી. ભટકની કોમ ઘણે ભાગે તંબૂમાં રહે છે. જેઓ અમુક રકાણે જોઈ વર્ષ ગયા છે, એટલે કે ચોમાસામાં જેઓ ઘર બાંધીને રહે છે, તેઓ પણ વાતાવરણ અનુકૂળ થાય કે તરત જ ચાલી નીકળે છે. કાયમનાં હિંદુસ્તાનમાં જે ભટકતી કોમ છે, તે પણે ચાલી મુસાફરી કરતી નથી, પણ ગામમાં અને કોઈ કોઈ તો શહેરમાં વર્ષ મુસાફરી કરે છે. શહેરમાં જ્યાંસુધી તેઓ રહે છે, ત્યાંસુધી પોલીસ તેઓની પછવાડે પડેલી હોય છે, કારણ કે શહેરમાં જે ચોરી થાય છે તે આ લોકોએ કરી છે એમ મનાય છે. તેને માટે તેઓ ઘણી વખત ખોટી રીતે દંડાય છે. અમે તે કારણે અત્યારે આ કોમને મરકીના રોગની માફક કોઈ પણ શહેર કે ગામમાં દાખલ દેવામાં આવતી નથી તેઓને ભટકવું જ પડે છે. તેઓના સામાજિક રિવાજ અજોડ હોય છે. તેઓને પોતાના કાયદા અને રિવાજ હોય છે અને તે પ્રમાણે વર્તે છે. આવી દરેક કોમને એક ધર્મગુરુ હોય છે, જે તેઓની પાસે નિયમોનું બરાબર પાલન કરાવે છે. તે ધર્મ અને ભગવાનના નામે તેમને જિંદગી અને મરણની સત્તા સમજાવે છે. તેઓના રિવાજ પ્રમાણે તેઓ બહુ જ આનંદીપણું બતાવે છે ને પોતાના રિવાજ બહેર કરવા કરતાં તેઓ મરવું વધારે પસંદ કરે છે. બહુધરી, મેલી વિદ્યા વગેરે આ લોકોમાં પ્રસરેલી છે. તેઓ એકબીજાને છૂપી સંજ્ઞાથી ઓળખે છે. અવિધ્ય ભાખવું એ તેઓનો મુખ્ય ધર્મ છે અને જેના ભોગ લેવાના હોય તેની અજાણની હકીકત મેળવવામાં તેઓ પ્રવીણ હોય છે. આ લોકોનો રાષ્ટ્રીય પોશાક હોતો નથી. તેઓની ઓળખ થાતી કે વસ્તી નથી. જે દેશમાં તેઓ જાય, ત્યાંનો પોશાક તેઓ પહેરે છે. હિંદુઓ બ્રાહ્મણધર્મને માને છે ને મુસલમાન શરિઅતને માને છે. પંજાબમાં કે જ્યાં આજે બધે ગુનેગાર ટોળીઓ છે, ત્યાં તેઓ તરવારને માને છે અને તેને વગોવી રહેવાના અને બંગ ન કરવાના સોગન લે છે. લગભગ બધી ભટકતી કોમ નાચે છે અને નાચે છે. તેઓનાં અમુક નામનો ખાસ હોય છે અને તે દરેક કોમમાં પ્રચલિત હોઈ દરેકના દોડ ઉપર હોય છે. તેમની સ્ત્રીઓની આંખો કાળી હોય છે અને તેઓ સુંદર હોય છે. સને ૧૯૦૧ની વસતી અનુસારીને આધારે નીચેની કોમોને ભટકતી કોમો ગણવામાં આવી છે: આહોડિયા, મિયાણા, બદિયા, વેદિયા, વાઘરી, વ્હેર, સાંસી.

ભટકબોલું ૧. વિ. ટીખળ કરનાર; વિનોદી.
૨. વિ. રોકડું પરખાવી દેનારું; જેવું હોય તેવું કહી દેનારું

ભટકભવાની સ્ત્રી. આખો દહાડો નકામું ભટકવામાં ગાળનારી સ્ત્રી; ઘરમાં કામે ઘરઘર રખડનાર સ્ત્રી.

ભટકભાલો પું. વાચાળ માણસ; પ્રલાપી; ભટકબોલો

ભટકભોરું વિ. રખડાઉ; રખડ્યા કરતું

ભટકરિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભટકવું ૧. અ. ક્રિ. ખોટે રસ્તે ચડી જવું.
૨. અ ક્રિ. (બૂ. રૂ.) ચમકવું; આશ્ચર્યમુગ્ધ થવું.

આગ્રા ટોપ રત્નાકર રૂપ,
તે દેખીને ભટકિઉં ભૂપ. ક.વરસમમય

૩. અ. ક્રિ. તાકવા કરવું.
૪. અ. ક્રિ. નકામા અહીંતહીં ફર્યા કરવું. રખડવું; રઝળવું.
૫. અ. ક્રિ. પાછળ પડવું.
૬. અ. ક્રિ. કાયાં મારવા.
૭. અ ક્રિ. ભ્રમમાં પડવું

ભટકા [હિ] જિ. રખડતું.

ભટકાટવું ૧. સ. ક્રિ. ઝૂંટીને કબૂલાતમાંથી ઘણા કાઢવા.
૨. સ ક્રિ. મારવું; ઝૂડવું.

ભટકાભટ્ટી સ્ત્રી. એ નામની એક દેશી રમત; આમતેમપાટો

ભટકાર જુઓ ભટકારો.

ભટકારો ૧ પું. ફટકો મારવો તે.
૨. પું ભટકવું કે રખડવું તે.

ભટકાવવું ૧. સ ક્રિ. અફળાવવું. અથડાવવું; પછાડીને બચી કે કૂટી જાય એમ કરવું. અફળવું; પછાડવું
૨. સ. ક્રિ. ખરાબ રસ્તે દોરી જવું
૩. સ. ક્રિ ભંગ કરવું; વામવું.
૪. સ. ક્રિ. રખડાવવું; ફાંફાં મરાવવાં; ભૂખ્યા ભમાવવું, ભુખાવવું
૫. સ. ક્રિ. લડાવવું; હઝિયો કરાવવો.

ભટકાવું ૧. સ. ક્રિ. અચાનક મળવું. અણધાર્યું મળવું; અજાણતાં માણી જવું.
૨. સ. ક્રિ. અફળવું; અથડાવું; પછડાવું.
૩. સ. ક્રિ. આડે આવવું
૪. સ. ક્રિ. હઝિયો કરવો; લડવું.
૫. સ. ક્રિ. ફાંફાં મારવાં.
૬. સ. ક્રિ. રખડવું; રઝળવું

ભટકાં ૧. ન. બ વ. જેમાં તેમાં ભાવતા કર્યા કરવા તે; ખાવાપીવા કે ભોગવવાની ભાવનાની આતુરતા; ભોગેચ્છાની લપુતા; લપોપતા.
૨. ન બ વ. ભટકવું તે; ફરવું તે; રખડવું તે, ફેરાઝાટા; રખડ.
૩. ન. બ. વ. વલખાં; આઉંઆઉં કરવું તે; ફાંફાં મારવાં તે.
ભટકાં મારવા = (૧) રખડવું. (૨) વલખાં મારવાં; ભમુનાથી ફાંફાં મારવાં. (૩) રિયર ન રહેવું.

ભટકિયાલ સ્ત્રી. એક જાતનો દવામાં વપરાતો છોડ. ઝાઝો પોંચારો. તેની આદીઅવળી શાખા થાય છે તેના પાન લાંબાં, સાંકડાં અને અંચળાળા હોય છે તને પીળાં કે ધોળાં ફૂલ અને મરકણી જેવડી શીંગ થાય છે.

ભટકિયાં ૧. ન બ. વ. એક જાતનાં તીખાં અને ઝીણા મરચાં.
૨. ન. બ વ. ભટકાં; વલખાં; ફાંફાં.
૩. ન. બ વ. રખડવું તે, ફેરાઝાટા.

ભટકિયું ન. એક જાતનું હથિયાર.

ભટકી ન. બ. વ. એક જાતનાં તીખાં.

ભટકું જિ. ભટકેલું; રખડતું; રઝળું.

ભટકો ૧. પું. ભટકવું તે; રખડવું તે.
૨. પું. લાકડીનો પ્રહાર
ભટકો ભાગવા = લાકડી ભાંગે કે જરૂરે ભાંગે તેટલો માર મારવો.

ભટગાંવઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. તે કુબ્બાસનમથી પ.૪ માર્ગદર્શ દૂર અગ્નિકોણ છે. અહીંથી અનખેડીઘાટ જવાય છે.

ભટગૌર ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. જિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ભટજી ૧. પું. ઘર કે કુટુંબનો ગોર અથવા પુરોહિત; ભટ્ટ.
૨. પું. બ્રાહ્મણ રસોઇયો
૩. પું. વિદ્વાન બ્રાહ્મણ. ભટ માટે માનાર્થે વપરાતું રૂપ

ભટતીતર પું. એક કૂર લાંબુ એક જાતનું પક્ષી તે ઉત્તર હિંદુસ્તાનમાં જોવામાં આવે છે.

ભટનાગર ૧. સ્ત્રી. કાયસ્થની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. જિ. એ નામની જાતનું.

ભટનાસ સ્ત્રી. એક જાતની વેલ. તે ચીન, જપૅન અને જાવામાં ખૂબ જોવામાં આવે છે.

ભટનેરા ૧. પું. વૈશ્યોની એ નામની એક ઉપજ્ઞાતિ.
૨. ન. એ નામની ઉપજ્ઞાતિનું માણસ.
૩. જિ. એ નામની ઉપજ્ઞાતિનું.

ભટભાસુ [હિ.] પું. ઓબિયો; સાધુ પુરુષ

ભટમેવાડા (ભટમેવાડ) ૧. સ્ત્રી. મેવાડથી ગુજરાતમાં આવી વસેલા બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. જિ. એ નામની જ્ઞાતિનું.

ભટમેવાડો (ભટમેવાડો) પું. ભટમેવાડા નામની જાતનો બ્રાહ્મણ

ભટરાજ [સં.] પું. જેના તાબામાં એક હજાર યોદ્ધાઓ હોય તેવો સેનાપતિ.

ભટલી સ્ત્રી. છોકરી; છોકરી.

ભટલો પું. છોકરો; છોકરો.

ભટવજ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પૂર્વના દેશનો એક છોડ. તે ખાસ કરીને ચીન, મંચુરિયા, જપૅનમાં પુષ્કળ થાય છે. તેનું મૂળ વજ્રવલ્લી વાવેતર પણ કરવામાં આવે છે. હિંદના હિમાલય પ્રદેશમાં તેની કેટલીક જાતો કુદરતી રીતે ઊગેલી જોવામાં આવે છે પ્રાચીન સમયમાં તેનું વાવેતર થતું હતું એવા ઉલ્લેખો મળી આવે છે, પરંતુ કયા સમયથી વપરાશ દુર્લક્ષ થઈ ગયું તે જણાયું નથી. મનુષ્યશરીરના પોષણ માટે દૂધ, ઘી, માંસ, મજ્જા અને ઈંડામાં વનસ્પતિના ખોરાક કરતાં વધુ તત્ત્વો છે, એવો વર્ષો વર્ષસોથી વજ્રાભ્યાસ દેશોના નિષ્ણાતોનો મત હતો. પરંતુ આધુનિક રસાયણશાસ્ત્રની પૃથક્કરણપદ્ધતિથી શોધન થતાં એ માન્યતામાં સુધારો થયો છે. વરપ, અમેરિકાવાસીઓનું એ ખોરાક ઉપર ધ્યાન પડ્યું ત્યારથી તેઓ ભટવજ્રનું ખૂબ વાવેતર કરી ઉપયોગ કરવા લાગ્યા છે. રશિયન સરકારે તો તેના વધુ ગુણોની શોધ અને પ્રચાર કરવા ખાસ સમિતિ નીમી છે. આ ખોરાકમાં એ, બી, સી, ડી, એ ચારે વિટામિનો રહેલાં છે. અત્યારે પ્રાણના ખોરાક કરતાં પણ તે ચડતો ખોરાક ગણે છે તેની રોટલી, પૂરી, ભજિયાં, કચોરી, સેવ, ગાંઠિયા, પાપડ, ગોળ કે સાકર સાથે લાડુ કરીને ખાઈ શકાય છે. દહીંમા વજ્ર ખીચ્ચ કઢીની જેમ તેની દાળ બહુદી સીજતી નથી. તેમાં કંઈક કડવો સ્વાદ હોવાથી તેની વાનીઓ બહુથી ખાવા કરતાં, ચચ્ચા, પરાઠે, મકાઈ, જુવાર, ચોખાના લોટમાં ૧/૩ કે ૧/૪ પ્રમાણમાં નાખી ખાઈ શકાય છે. જો દાળ જ ખાવી હોય તો રાત્રે ભીંજવી, પછી ઘી કે તેલમાં તળીને ખાઈ શકાય છે. ચીનમાં ભીંજવેલી દાળ ચોખા સાથે ખીચડી રંધી ખાય છે. આખાં બીજ બે ત્રણ કલાક ભીંજવી, ફણગા ફૂટે ત્યારે કાઢી, ધોઈ સાફ કરી, કચુમ્બર સહિત મોળાં મોળાં જરા નમક સાથે ખાવાથી શરીર ખૂબ પુષ્ટ બને. તેને વાટી રસ કાઢી બચ્ચાંને પાવાથી દૂધ જેટલું પોષક કામ કરે. તેમાં સ્ટાર્ચ ઓછો હોવાથી બધુપ્રમેહને માટે તે સર્વોત્તમ ખોરાક મનાય છે. અનિદ્રા રોગ વધુ હોવાથી મગજના જ્ઞાનતંતુના રોગમા ૬ પદ્ધતિસર ખવાય છે કચુમ્બર કરેલા બીજનું શાક બનાવી પણ ખાઈ શકાય. પરંતુ રાંધ્યાથી તેના કેટલાક તત્ત્વો નષ્ટ થઈ જાય છે. તે ગાંઠાને સાફ લાવે છે. સર રોબર્ટ મૅકેરીસન લખે છે કે: ભારતના લોકોના મામૂલી ખોરાકમાં ગાંઠિયા ને ફાંત બનાવનાર કેલ્શિયમ બધાથી ચડતો સારા પ્રમાણમાં છે. વળી માંસવર્ધક પ્રોટીન તત્ત્વ, ચરબી વર્ધક તત્ત્વ પણ તમામ ખોરાક કરતાં આમાં વધુ પ્રમાણમાં રહેલા છે. આ ખોરાક દુષ્કાળ અને ખેતીવિપત્તીમાં પશુઓ માટે બહુ સારો છે. તેથી દૂધ ઘી વધે છે. આ બીજના નાના

મોટા કદની, જુદા જુદા રંગોની ઘન્ની જાતો થાય છે. પીંગાયા લેતા સફેદ રંગની જાત સ્વાદમા તેમ જ તન્તોમા વખણાય છે. વાનેતર બીજથી થાય ચોમાસે વવાય. આર પાંચ દિવસે ઝેને ચાર મહિને પાક તૈયાર થાય, પણ સારી માવજતથી બે મહિને કે છ અઠવાડિયે તૈયાર થાય છે. કેટલીક જાતોમા બીજ વટાણા જેવા ગોળ અને કેટલાંક ચોરસના આકારના હોય છે

ભટચર્ચું ન. એક જાતનું ઝાડ; વરણો

ભટચો પું. એક જાતનો છોડ. તેનાં પાન ગોળ, મોટાં, કોર ઉપર કરકરિયાવાળાં હોય છે. તેમાં સફેદ ફૂલ થાય છે

ભટા ૧. [સં] પું. ઉંદરવરણાનો વેલો.
૨. [હિ.] પું. રીંગણાંનો છોડ; રીંગણી
૩. પું. રીંગણું; વેંગણ

ભટાઈ ૧. સ્ત્રી. આપલાઈ કરવી તે; ખૂબ દેખાડો કરવો તે; ખોપાગાળા કરવા તે; અતિશયોક્તિ કરવી તે
૨ સ્ત્રી. ભાટનું કામ કે પદ.
૩. સ્ત્રી. ભાટવેડા; ભાટાઈ, ખોટાં વખાણ; ખુશામદ; જોઈએ તેથી વધારે વખાણ કરવા તે.

ભટાઉડી સ્ત્રી. ભાટની બોલી કે વાણી.

ભટારા ૧. સ્ત્રી. ઉજ્જડ; મરજી.
૨. સ્ત્રી. ખિજવું તે; ગુસ્સે થવાપણું; રીસ.
ભટારો નાખવા-મારવા = (૧) ખિજવવું. (૨) બળતું; અદેખાઈ કરવી.
૩. સ્ત્રી. મારું લાગવું તે.

ભટાણી ૧. [સં. ભટ્ટિની] સ્ત્રી. ભટની સ્ત્રી; ભાટજ્ઞાની સ્ત્રી; ભટની વહુ.
૨. સ્ત્રી. રસોઇયાની સ્ત્રી.
૩. સ્ત્રી. રાણી.
૪. સ્ત્રી. શેઠાણી.

ભટાર્કટ્ટ પું. (જૈન) મહાવીર સ્વામીના અગિયાર ગણધરોનો એક શિષ્ય. એમ કહેવાય છે કે, તેણે દિગંબર પંથ ચલાવ્યો હતો.

ભટિત [સં.] ન. સોમા ઉપર રાંધેલું માંસ.

ભટિયા સ્ત્રી બુંદેલખંડની હલકમાં હલકી જમીન.

ભટિયાર પું. (સંગીત) એ નામનો એક રાગ. સંકીર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ત્રિખણ, મધ્યમ વિકૃત છે, તેમ જ શુદ્ધ મધ્યમનો પણ પ્રયોગ થાય છે. તે સિવાય શુદ્ધ સ્વર આવે છે. આ રાગનો વાદી સ્વર શુદ્ધ મધ્યમ અને સંવાદી સ્વર ષડજ છે. આ રાગ સાયંકાળે ગાવાનો પ્રચાર છે. આ રાગમાં કેટલેક સ્થાને આસાવેરી અને હિંડોલ રાગનો આભાસ થાય છે.

ભટિયારખાનું ૧. ન. ધર્મશાળા.
૨. ન. રસોડું
૩. ન. હલકી જગ્યા

ભટિયારા ૧ [હિ.] પું. ધર્મશાળાવાળો મનુષ્ય
૨. પું. રસોઇયો.

ભટિયારી ૧. [હિ.] સ્ત્રી. રસોઇપણ.
૨. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક મિશ્ર રાગિણી. તેમાં ગંધાર કોમળ હોય છે.

ભટિયાલ [હિ.] વિ. હેઠવાસ; પ્રવાહની નીચેની બાજુ તરફનું.

ભટિયો [સં. ભટ્ટ] પું મોસાઈજીનો આશ્રિત બ્રાહ્મણ; મોસાઈજી મહારાજના મંદિરમાં રહેનારો મહારાજની નાતનો બ્રાહ્મણ; ભટ્ટ બ્રાહ્મણ.

ભટી ૧. પું. માલવપતિ ભર્તૃહરિ રાજાનો એ નામનો એક ભાઈ, ગંધર્વસેનના ચાર માહેનો એ નામનો એક દીકરો.
૨. સ્ત્રી કચ્છિયા, રજપૂત અને મિયાણાની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ભટુકડા [હિ.] પું. એક જાતના કઠોળના ઝોટનો રોટલો

ભટુવા [હિ.] સ્ત્રી. હલકી સૂકી જમીન. તે ફક્ત ચોમાસુ પાક આપે છે.

ભટ્ટ ૧. [હિ.] સ્ત્રી. મિશ્ર જાતિ; વહાણુ મનુષ્ય
૨. સ્ત્રી. વીંછી.
૩. સ્ત્રી સખી; બીમિત્ર.
૪. સ્ત્રી. બોબોને સંતોષવા માટે વપરાતો એક આદરસૂચક શબ્દ.

ભટુરિયું ૧. ન. અનાજ, ઘાસ વગેરેનો ભૂકો. કુશળા કોરનું એક બાણ; બાજ કે જેમને દૂધ વગેરા ઠંડરને પચાવી જાંડી, બચરાવવા કરેલો પદાર્થ.
૨. ન. કુપુષ્પિયું; નાનું ટીંબલું કૂતરું; ગલૂડિયું; કૂતરાનું બચ્ચું.
૩. ન. નાનું છોકરું.
૪ વિ. નાનું
૫. વિ. ભાંગેલું; ખૂબ જોયું; ભૂકો થઈ ગયું તેવું

ભટેરડા ૧. સ્ત્રી. જૈન વૈશ્યોની ચોરાસી માંહેની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ભટેરાઘાટ પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંથી ૭ માઈલ જંગલના માર્ગે જાલતાં સોહલપુરઘાટ પાસે રાજસંગમ આવે છે

ભટોટ ૧. પું. ઠગ લોકોનો રૂમાલ. તે વડે તેઓ ફાસો નાખી મુસાફરોને મારી નાખતા.
૨. [હિ.] પું. મુસાફરોને ગળે ફાસો નાખી મારી નાખનાર ઠગ.

ભટોભટ ન. તુરત; એકદમ.

ભટોલર જી ભટ બ્રાહ્મણ બ્રાહ્મણને આપેલી જમીન.

ભટોળિયું જુઓ ભટૂરિયું

ભટ્ટ ૧. [સં.] પું. એ નામનો એક શૈવ પંથ. તેઓ ધાતુના બીલ્લા વડે કપાળમાં ત્રિશૂલિની છાપ પડાવે છે
૨. પું. એ નામે એક મીમાંસક.
૩. પું. ભાગવત વાંચનાર બ્રાહ્મણ. મહીપતિ કબીરદાસજીએ એક જગ્યાએ કહ્યું છે કે;

ભાગવત ભણીને ભટ્ટ કહેવાણા,
એવા ભટ્ટ અનંતા કુવા,
પણ પરબ્રહ્મનો ભેદ ન જાણ્યો,
પછી ઘોર ખાણી ખાણી મુવા.

વિદ્યાવિજયજી

૪. પું. ભાટ; બીજાની સ્તુતિ કરી જીવનાર માણસ; સ્તુતિપાઠક.
૫. પું. મરાઠા બ્રાહ્મણનો પદવાળ.
૬ પું. યોદ્ધો; લડવૈયો.
૭. પું. વિદ્વાન બ્રાહ્મણ; પંડિત; વેદ ભણનાર બ્રાહ્મણ; શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ.
૮. પું. શૂદ્ર પુરુષ અને વૈશ્ય સ્ત્રીથી અથવા ક્ષત્રિય પુરુષ અને બ્રાહ્મણ સ્ત્રીથી ઉત્પન્ન થયેલી જાત
૯. પું. સ્વામી; ધણી; માલિક.
૧૦. પું. સ્વામીપણું. માલિકી.
૧૧. સ્ત્રી. બ્રાહ્મણ અને સાઠોદરા નાગરની એ નામની એક અટક.
૧૨. ન એ નામની અટકનું માણસ.
૧૩. ન. એ નામની જાતનું માણસ
૧૪. વિ. એ નામની અટકનું.
૧૫ વિ. એ નામની જાતનું.
૧૬. વિ. વેદ ભણનાર.

ભટ્ટ ઝેંડુ પું જામનગર રાજ્યના એ નામના એક પ્રખ્યાત રાજવૈદ્ય. લોકો એમને ઝેંડુ ભટ્ટના નામે ઓળખતા. એમને માથે વાળના ઝુંડનાં ઝુંડ જાણે જીભનાં મચ્છરીમાં, વહાણમા માબાપ એને ઝેંડુ કહેતા. પણ એનું ખરું નામ કરણાશંકર હતું. એ કરણાના શંકર જેવા થયા,

તોપણ કરણાસાગર ગુલાબી ગયા અને માણાવનું એ કુટુમ્બનું નામ બંધ બણીતું થયું. બદલો સૌને મદદ દવા આપતા અને જેમને જરૂર હોય તેઓ માટે બાવાપીરાનો બદોબસ્ત પણ કરતા. ગરીબ ગાડીવાળાઓ, ગારુડો, બાજી, તેમજ ઉચ્ચ વર્ગના ગરીબ, પૈસાદાર, બી, પુરુષ, બાળક બધાં જ એમની દવા લેવા આવતા એમના જવાથી દરદીને આશ્વાસન મળતું એમ એમને કોઈ બાનાને કહે, તો એટલા ખાતર પણ એ દરદીને ઘેર જઈ આવતા. પોતે જામનગર રાજ્યના રાજવૈદ્ય હતા, છતાં પણ ગરીબોને તો ઘરે જ જોવા જતા. દરદનું દુઃખ ઓછું કરવા માટે એમને પોતાની સલાહ કે ઘાક નડતાં નહિ. જરૂર એસતા હોય તો પહેરેલે અનોટિયે એ ઊઠી જતા. પરેલું બીજાનું દુઃખ દર ઓછું કરવું, પછી પોતાની વાત. બાવા એ વૈદ્ય હતા. રાજમહારાજાઓની યે દવા કરતા ત્યારે પણ એક ટેક તો એ સાચવતા હતા. એ ટેક એવી હતી કે ગરીબ કે તવંગર, રાજમહારાજા કે મોટા બમલદાર, ગમે તે દરદી હોય, તોપણ તેની પાસે માગવું નહિ. સ્થિતિ અનુસાર તે આપે અને દરદી રાજી થાય તો જ લેવું બાકી દરદીની આશા ડાક્તરો છોડે ત્યારે એ દરદીની દવા શરૂ કરતા. બદલો અંત સુધી આશા દરદીઓની પાસે હાજર રહેતા અને દરદી મૃત્યુ પામ્યા બાદ તેના કુટુંબીઓને આશ્વાસન આપ્યા પછી જ તે જતા. દરમિયાન દરદી પાસેથી તે કશું લેતા નહિ. વૈદ્ય તરીકે તે માણસોને સાજા કરવાનો, તંદુરસ્ત બનાવવાની બાજુએ પરબ જ માંડી બેઠા હતા. એ દરદીનો સેવામાં પ્રભુસેવા જોતા. એમણે તો બાજુએ એ પ્રતિજ્ઞા લીધી હતી. રસ સિદ્ધ કરીશ, રસ સિદ્ધ થતાં જગતને દરિદ્રતા અને રોગથી રહિત કરીશ, એ પ્રતિજ્ઞા પાર પાડવા બદલો દવા આપે જતા હતા. વળી એ પ્રતિજ્ઞા પાર પાડવા એમણે એક રસશાળા ફાર્મસી સ્થાપી. રસશાળા ફાર્મસી એટલે દવા બનાવવાનું કારખાનું. આ કારખાનામાં તૈયાર થયેલા દવા દેશના ગામે ગામ શાખાઓ કાઢીને એમણે વૈદ્યકનો બાયુર્વેદનો પ્રચાર આરંભ્યો. વળી એમણે વૈદ્યો તૈયાર કરવા માંડ્યા. આ માટે રસશાળા સાથે એક પાઠશાળા પણ ચલાવતા એ માટે એમણે વિદ્વાન શાસ્ત્રીઓ રોકીને, પાઠ્યપુસ્તકો રચાવ્યાં ને બધે શીખવવા લાગ્યા. દરદીઓ તો એમને ત્યાં આવ્યા જ કરતા જેને જરૂર હોય તેને એ પોતાને ઘેર રાખતા. બાથી વૈદ્યોને પરિચારકની જેમ શીખવાનું મળતું અને અનુભવ પણ થતો. એવામાં એ ચહેરુસુધરાઈના પ્રમુખ થયા. લોકોનું આરોગ્ય સુધરે એ રીતના શહેર સુધરાઈના કાયદા ઘડ્યા. એક ક્ષયચિકિત્સાલય ખોલી સ્થાપીને વૈદ્યકનું એક માસિક એ ચલાવવા લાગ્યા. એ માનતા હતા કે વૈદ્યનું કર્તવ્ય માત્ર માંદાને સાજા કરવાનું જ નથી, પણ કોઈ માંદું જ ન પડે એ જોવાનું છે. જેમ કોઈ માંદું ન પડે તેમ સૌ કોઈ વધારે કરે એમ પણ વૈદ્યે કરવાનું છે. એમ કરતાં લોકો સો વર્ષ જીવતા જોઈએ. આ માટે એમણે એક યોજના કરી. ગામમાં ત્રણે ઋતુ અનુભવી કાયમ એવાં ઘરો બાંધવાં નક્કી કર્યું તે સાથે જુદા જુદા રોગીઓ માટે જુદી જુદી જાતનાં, નાનાં નાનાં આરોગ્યગૃહનો પણ કરાં. પણ આ યોજના બહુ અર્થાળ હતી. એથી એ પાર ન પડી. એમની બાયુર્વેદિક કોલેજની યોજના પણ એમ જ રહી. બદલો એવા નીડર હતા કે, તે રાજાઓને પણ તેનો ઘાટ સમજાવતા હતા. તેમાં યે એ કોઈ ગરીબની, કોઈ પીડાયેલાની વાત હોય, તો તો પછી પરિણામની પણ દરકાર કરતા નહિ. રાજમહારાજાઓની દવા કરવાને એ બહાર ગામ જતા, ત્યારે પણ પોતાનો ઉતારો જુદો રાખતા. ત્યા અનેક દરદીઓ એની પાસે આવતા. એ બધાની દવા કરતા અને સૌને આશ્વાસન આપતા.

ભટ્ટનાગર ૧. સ્ત્રી. બાહ્મણની એ નામની એક જાતિ.

૨. વ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ભટ્ટરાજ [સં. ભટ્ટ (પોથી) + રાજન્ (રાજા)] પું કજરે પોથાનો નાયક: સૈનિકોનો બધિપતિ.

ભટ્ટા ૧ પું ઘરને ચોગરામાં ચપગાની પીળા મડી.

૨ પું ચમચીની બડી

૩. પુ. નીમળીનો છોડ

૪ પું ગંજાણ

૫ પું. હળ હાકનારની મજૂરી

ભટ્ટાચારજ જુઓ ભટ્ટાચાર્ય.

ભટ્ટાચાર્ય ૧. [સં.] પું. ઉદ્ભનાચાય.

૨ પુ કુમારિલ ભટ્ટ

૩ પુ. તુતાત ભટ્ટ.

૪. પું. તુતાત ભટ્ટ અને ઉદ્ભનાચાર્ય એ બંનેના મતને બાનુનાર માણસ

૫. પું વિદ્વાન કે પ્રસિદ્ધ માણસને બપાતો એક ઇલ્કાબ.

ભટ્ટાર ૧. [સ.] પુ બાકડાના ઝોડ.

૨. પું. તપોધન.

૩ પુ. દેવ.

૪ પુ રાજા.

૫. પું. વિદ્વાન માણસ.

૬ પુ સૂર્ય. રવિ. સૂરજ

૭. વિ. પૂજ્ય, માનનીય નામવર.

ભટ્ટારક ૧ [સ] પું બાકડો

૨ પું તપોધન.

૩. પું (જૈન) દિગમ્બર સંપ્રદાયના ચાર બાકીના એક પ્રકારનો સાધુ

૪. પું. દેવ.

૫. પું રાજા. નાટકની ભાષામાં આ પ્રયોગ થાય છે.

૬ પું. વિદ્વાન માણસ

૭. પું. સજ્જન.

૮. પું. સાધુ.

૯ પું સૂર્ય. રવિ: આદિત્ય.

૧૦. વિ પૂજ્ય: પૂજવા લાયક

ભટ્ટારકવાર [સં ભટ્ટારક (સૂર્ય) + વાર (દિવસ)] પું. રવિવાર: આદિત્યવાર.

ભટ્ટારકવાસર જુઓ ભટ્ટારકવાર.

ભટ્ટારિકા [સ] સ્ત્રી. એ નામની એક દેવતા.

ભટ્ટારી [સ.] સ્ત્રી. એક દેવતા.

ભટ્ટાર્ક ૧ પું એક પ્રકારનો ઇલ્કાબ

૨. પું. ગ્રસ રાજા રહદયુમનો ગુજરાતનો એ નામનો સૂબો. રહદયુમના અવસાન પછી ભટ્ટાર્ક સ્વતંત્ર થઈ ગયો તણ સૌરાષ્ટ્રના સજા પર્વતદત્ત પાસેથી. સૌરાષ્ટ્રની સત્તા પણ છીનવી લીધી. ભટ્ટાર્કે સૌરાષ્ટ્રમાં વળા નષ્ટક વલભીનગર વસાવી ત્યા રાજધાની કરી. તેનો વશ વલભીવશ કહેવાયો. આ વશમાં આશરે ૧૩ રાજા થયા. તેમણે આશરે ૨૫૦થી પણ વધારે વરસ રાજ્ય કર્યું. આ વશનો છેલ્લો રાજા શિલાદિત્ય સાતમો હતો.

ભટ્ટિ [સ] પુ એ નામનો મધ્યકાલીન એક કવિ. તેણે ભટ્ટિકાવ્ય રચ્યું છે

ભટ્ટિક સંવત પું. ભારતીય જ્યોતિષ મહેનો એ નામનો એક સવત. તે ઈ સ. ૬૨૪થી શરૂ થાય છે. તેને ભટ્ટિક સંવત પણ કહે છે. આ સવત જેસલમેરના શિલાલેખોમા બળી આવે છે. ભટ્ટિ બથવા ભટ્ટિક નામના રાજા જેસલમેરના રાજાઓમાં પ્રસિદ્ધ થઈ ગયા છે અને તેના વંશજો ભાટી કહેવાય છે. આ સવત એ ભટ્ટિક રાજાએ ચલાવ્યો છે.

ભટ્ટિકાવ્ય [સ.] ન. રામના પરાક્રમ વિષે કવિ ભટ્ટિએ લખેલું એક કાવ્ય.

ભર્દિની ૧. [સં.] સ્ત્રી. ઊંચા કુળની સ્ત્રી.
૨ સ્ત્રી કુંવરી.
૩ સ્ત્રી પટરાણી તરીકે અભિષેક ન થયો હોય તેવી રાણી; પટરાણી પછીની રાણી; રાજરાણી.
૪ સ્ત્રી. ખાનદાની સ્ત્રી
૫ સ્ત્રી. બહેની સ્ત્રી
૬ સ્ત્રી શેઠાણી, સ્વામિની.

ભર્દુયાના [હિ] પું. ભટ્ટી રજપૂતનો મુલક

ભટ્ટી ૧. સ્ત્રી. દારૂની દુકાન.
૨. [હિ.] સ્ત્રી ભઠ્ઠી
ભટ્ટી ચડાવવી = ખોટા માટે ખૂબ ઉકાળવા.
૩. સ્ત્રી. આરબસ્તાર, રજપૂતાના, વાળંદ, ખવાસ, મેમણ, સિપાઈ, મરાઠા અને પીંજારાની એ નામની એક અટક
૪. ન એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

ભટ્ટીકર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના પાન ઘણા અને કૃમિઘ્ન મનાય છે

ભટ્ટીદાર વિ. દારૂ વેચનાર.

ભટ્ટું ૧. પું. મોળા દહીં જેવી જાતનું વેંગણ.
૨ પું. પથ્થરને પથ્થરથી આદલવાની એક જાતની દેશી રમત. આ એલ આમડાંમાં વિશેષ રમાય છે તેમાં દરેક રમનાર પાસે એક ભટ્ટો એટલે નાનો મોળ સુવાળો પથ્થર હોય છે. પ્રથમ રમનારાઓ એક જગ્યાએ ઊભા રહે. જેના ઉપર દાવ હોય તે પોતાનો ભટ્ટો કેટલેક છેટે પોતાની આગળના ભાગમાં નાખે. બાકીના દરેક એક પછી એક પોતાના ભટ્ટાથી તેને આંટે. જેનો ભટ્ટો બરાબર આવી જાય, તે દાવવાળાને ટપલી મારે. જો ન આંટી શકે તેમાંથી કોઈ પણ એક ઉપર પછી દાવ આવે. આ એકથી બાળકોમાં અત્યંત આકર્ષણની ટેવ પડે છે.
૩ [સં ભટ્ટ (વિદ્વાન બ્રાહ્મણ)] પું. બ્રાહ્મણ તિરસ્કારમાં બોલાય છે

ભટ્ટોજી દીક્ષિત પું મહારાષ્ટ્રમાં થઈ ગયેલ એ નામ એક પ્રસિદ્ધ વ્યાકરણશાસ્ત્રી. શ્રી તે પંડ્યગોડ બ્રાહ્મણ બ્રાહ્મણ હતા. શેષકૃષ્ણ પદ્ધ સાયણના જેવું વ્યાકરણનો બહુ સારો અભ્યાસ કર્યો અને કાશીમાં રહેવાનું સ્થાન રાખ્યું. વ્યાકરણ પ્રથમ સુબ્રહ્મણ્ય તેણે સિદ્ધાંત કૌમુદી તૈયાર કરી આ ગ્રંથ હજુ સુધી એક પ્રમાણ છે તેને વ્યાકરણની મોટી ટીકા કહેવી હતી, તેવામાં તેનું મરણ થયું. કહેવાય છે કે, યમરાજાએ થઈ બાળકોને વ્યાકરણ શીખવ્યા પછી તેની મુક્તિ થઈ.

ભટ્ટોત્પલ [સં.] પું. વરાહમિહિરના ગ્રંથોની ટીકા લખનાર એ નામનો એક આચાર્ય.

ભઠું [હિ.] ન. ભાડ; ચિકુ; કૂટ.

ભઠ્ઠું [હિ.] પું. મોટી ભઠ્ઠી.

ભઠ્ઠી ૧ [હિ.] સ્ત્રી. દારૂ વગેરે બનાવવાનું સ્થળ
૨ સ્ત્રી. માટી, ધાતુ વગેરે પકવવા અને ગાળવાને માટે બનાવેલી ખૂબ ગરમ લગાડાય એવી ચૂલા મોટી સગડી. અગ્નિ કે આંચ લાગે એવી માટી વગેરેની સારી બનાવટ.

ભઠ ૧. સ્ત્રી. ભઠ્ઠો; રાંધવાની ચૂલ.
૨. સ્ત્રી. સખત તડકો
૩ વિ. બટ બફેલું. બફારી ગયેલું.
૪. ન. કટ; બટ
૫. ન. ચિકુ; કૂટ; ચિક્કાર !
ભઠ પડવી = (૧) હિંમત વરસનો. (૨) માર પડવો.

ભઠવું ૧. [સં ભટ] અ. ક્રિ. ચિકાવું; મનમાં અકળાવું, મનમાં ને મનમાં બબડી જવું; ખિજાવું, તપી જવું
૨. સ ક્રિ. ધમકાવવું; ધમકવું; ઠપકો આપવો.

ભઠાભઠી સ્ત્રી મારામારી.

ભઠાવવું સ. ક્રિ. બબડવું; ખીજવવું; ચીડવવું.

ભઠ્ઠાવું અ ક્રિ. ખિજાવું; બબડાવું.

ભઠિયાણી સ્ત્રી રસોઈ કરનારી સ્ત્રી.

ભઠિયાર પું. ધર્મશાળા સાચવનાર માણસ.

ભઠિયારખાનું ૧. ન. ધર્મશાળા.
૨. ન. રસોડાનું કામકાજ; રાંધવાની મહેનત, ખટપટ કે કકડાટ.
૩. ન. રસોડું; રાચરચી. નાર્યભંડ.

ભઠિયારણ ૧. સ્ત્રી. ભઠિયારની સ્ત્રી.
૨ સ્ત્રી. ભઠિયારી; રસોઇબહેન; રાંધનારી સ્ત્રી.

ભઠિયારપણું [હિ.] ન. ભઠિયારનો ધંધો.

ભઠિયારી ૧. સ્ત્રી ભઠિયારની સ્ત્રી
૨ સ્ત્રી રસોઇબહેન, રાંધનારી સ્ત્રી; ભઠિયારું કરનારી સ્ત્રી

ભઠિયારું ૧. ન રસોડું
૨ ન રસોઇનો ધંધો. રસોઈ કરી આપીને બદલામાં મજૂરી તે; ભઠિયારાનું કામ; રસોડાનું કામકાજ
૩ ન રાંધવું તે. રસોઈ કરવી તે

ભઠિયારો ૧ પું ભઠ્ઠી ઉપર રોકનારો માણસ
૨. પું રાંધીને વેચનારો માણસ; રોટી વગેરે બનાવનાર રસોઇયો; રાંધનારો. મુસલમાન વગેરે જેઓ બાજરો રાખતા નથી તે લોકોને માટે બહુ રાખી ખાઉ, રોટી વગેરે સામટી બનાવી તેને વેચવાનો તે ધંધો કરે છે. હિંદુમાં રસોઈ કે રોટી વેચાતી નથી. તેથી હિંદુઓમાં રાંધનાર કે રસોઈ કરનાર ભઠિયારો નહિ પણ રસોઇયો કે રંધારો કહેવાય છે.
ભઠિયારાનાં બોકરાં કાંઈ ભૂખે મરે ? = કામ કરનારને ભૂખ્યા સુવાનો કદી વખત આવે નહિ.

ભઠિયાલ ૧. પું. પંજાબ હિમાલયના પંજાબમાં આવતા એક જાતના મરસિયા.
૨. [હિ.] પું. ઘરિયાનું પાણી નીચે ઊતરવું તે; ઓટ.
૩. પું. નદીમાં ઢોરવાસ.

ભઠેડવું (ભઠેડવું) ૧. સ. ક્રિ. ઉમાપ્ત કરવું; ગર્ભ જવું
૨. સ. ક્રિ આવું
૩. સ. ક્રિ. નાશ કરવો
૪. સ ક્રિ. મારવું

ભઠ્ઠો ૧. પું. (કચ્છી) ચાડું.
૨ પું ધુમાડા વગરના અગ્નિનો જથ્થો.
૩. પું. લાકડી કે બીજા કોઈ વસ્તુનો ઠઠ્ઠો; ભાડો.

ભઠોડવું (ભઠોડવું) જુઓ ભઠેડવું.

ભડોરવું સ. ક્રિ. ઝાડી જમીનમાં અનાજ વાવવું.

ભઠોરું સ. જમીનમાં પડતી ફાટ કે ચીરો; ખેતીની જમીનમાં તડ પડવી તે; ખેતરમા પડતી મોટી તડ.

ભડ્ડ ૧. વિ. ભઠ્ઠો જેવું ગરમ.
૨. જુઓ ભાડ.

ભઠ્ઠી ૧ સ્ત્રી. મરાઠા, ભાટકી, બાબર, મીર, રજપૂત, સિપાઈ, પીંજારા અને સંધીની એ નામની એક અટક
૨. સ્ત્રી ચૂનો, ઈંટ જેવું પકવવાની રચના; જેને અગ્નિની આંચ આપવાની હોય તે પદાર્થની લાકડાં, છાણાં વગેરે સાથે કરેલી ગોઠવણ.
૩. સ્ત્રી. નીચેથી આંચ કે પવન દઈ શકાય એવો ચાપી કરી કરેલો ચૂલો, માટી, ધાતુ વગેરે પકવવા અને ગાળવાને માટે બનાવેલી ખૂબ આંચ લગાડાય એવી કુદાર, ધોબી વગેરેની ચૂલ; મોટો ચૂલો
૧ ભઠ્ઠી ઉતારવી = ચૂલે મૂકીને વસ્તુ પકવવી.
૨. ભઠ્ઠી ચાડવી = વસ્તુ ચૂલે તૈયાર કરવી
૩. ભઠ્ઠી ચડાવવી = (૧) ઉકાળવા માટે ચૂલા ઉપર ચડાવવું. (૨) ક્ષુદ્ધ કે ગોબ્બુ કરવું; ભેળસેળ હોય તે કાઢી નાખવું

૪. સ્ત્રી. તરેહ; રીત; કેવી; પદ્ધતિ.
૫ સ્ત્રી ફક્ત. ભઠ્ઠી ચાળવી તે દારૂ ગાળવો.
૬. સ્ત્રી ભઠ્ઠીમાં તૈયાર થયેલો પદાર્થ; ભઠ્ઠા ઉપર રાખેલું વાસણ ને તેમાંની વસ્તુ; ભઠ્ઠી ઉપર મૂકીને તૈયાર થયેલો પદાર્થ
૭. વ. એ નામની અટકનું માણસ.
૮. વિ. એ નામની અટકનું.

ભઠ્ઠીદાર પું દારૂ બનાવીને વેચનાર માણસ.

ભઠ્ઠો ૧. પું મોટી ભઠ્ઠી
દારૂનો ભઠ્ઠો = ચૂનો પકવવાની ઊંચી ભઠ્ઠી. તેમા ઉપરથી પોળા પથ્થર નાખવાથી તે પાકે ત્યારે નીચેના આડામાંથી ચૂનો કાઢી લેવાય છે
૨. પું. મોટું મોજ વૈભવ.

ભડ (ભડ) ૧. પું. કૂવાની અંદરનો ભંડાર; કૂવાના ચારા આગળનો ઊંચો ભાગ.
૨. પું. કૂવામાંથી પાણી ખેંચવાની સવડનું ચણતર કે લાકડું
૩ પુ જમીન. સમૂહ.
૪. પુ ઝાડપાન.
૫ પુ ઢોલ વગાડવો તે
૬. પુ. પહોળો. પોચટપણ
૭. પુ. સમર્થ પુરુષ; મોટો; બહાદુર પુરુષ.
૮. પું સાહુકાર માણસ. ધનવંત.
૯. સ્ત્રી. ઠોસની ચરતની ખીલી.
ભડ નીકળી જવી-ચેરાઈ જવી = (૧) ઠોસની ચરતની ખીલી નીકળી જવી. ઠોસ એટલે કૂવા આગળનો ઠોચ ને ભડ નીકળી જાય તો ઠોસ ને ચરત બધું કૂવામાં પડે. (૨) ભોંપાળું બહાર પડી જવું; પોગળ થેરાઈ જવું; જે બારે બાર આવતો ઠોચ તે ઊપાડો પડી જવો
૧૦ સ્ત્રી. ખેતરમાં અનાજ ખાઈ જનારાં પક્ષી ઉડાડવા માટે ઝાડ સાથે બાંધવાની બળૂરીની દોરડી.
૧૧. સ્ત્રી. જ્યોતિષમાં ખરાબ ગણાતો દિવસ; જેમ વદિ અમાસ તથા અષાડ સુદિ એકમ. આ બે દિવસમાં વરસાદ વરસે તો તે ચોમાસું બહુ નબળું જાય એમ મનાય છે.
જેઠ અષાડ બે દાડા, ને વરસે ભડ;
ભડલી કહે સર્વેને ન રે નીર કૂવે કે ખડ.
ભડલી
૧૨. સ્ત્રી. પ્રાચીન કાળની એ નામની એક વર્ણસંકર જાતિ
૧૩ સ્ત્રી ભીડ; ભેખડ.
૧૪ સ્ત્રી. મોટી દોડી.
૧૫ સ્ત્રી. સુકાઈ ગયેલી જમીનમાંની ફાટ કે તડ.
૧૬. વ ઉત્પત્તિસ્થાન; જે જગાએ વસ્તુ બનાવવામાં આવે તે.
ભડ બાંધવું = મચાનું કે મોટું બાંધવું.
૧૭. ન. ભોપાળું.
ભડ ઠાલી નાખવું = ભોપાળું બહાર પાડી દેવું.
૧૮. વિ. ડાહ્યું.
૧૯. વિ બહાદુર, પરાક્રમી; બહાદુર; બળવાન.
૧. ભડનું ફડિયું = બચ્ચો બહાદુર.
૨. ભડનો દીકરો = બહાદુર; શૂરવીર.
૨૦. વિ. મોટું; ભારે; આધારરૂપ; ટેકારૂપ
૨૧. વિ. સમૃદ્ધિવાન; મોટો, પ્રતાપી ને સમૃદ્ધિવાન.
૨૨. અ. જોરથી બળતા અગ્નિમાંથી નીકળતો એવો અવાજ.
૨૩. અ. તુરત જ; એકદમ; જલદીથી.

ભડક (ભડ્ક) ૧. પું. મોટો પથ્થર; દગડો.
૨. સ્ત્રી. બીચકો; પ્રસન્નપાત.
૩. સ્ત્રી. ઝળકાટ; આપકો; વૈભવ.
૪. સ્ત્રી. ચુસ્કો; ઉશ્કેરાટ.
૫. સ્ત્રી. રેખાર
૧. સ્ત્રી. બીક; ડર; ભય.
૧. ભડક કાઢવી = ડર દૂર કરવો
૨. ભડક પેસવી = ડરવા જેવું; બીવું
૩. ભડક ભાગવી = ડર જવો કે કાઢવો.
૯. સ્ત્રી. ભડકવું તે; ભડકી જવું તે; સોંસ; ચમક; ચોંક; ચકુરવું; કંપન.

ભડકણ (ભડ્કણ) ૧. વ. ભય; ત્રાસ.
૨. વિ. ભડકે એવું; અચાનની ચીજ કે કલ્પિત વાતથી ચમકે કે ભય પામે એવું; બીકણ; ચમકનારું.
ભડકણ કૂતરું = બહુ જ ભય પામે એવું. બહુ બીકણ.

ભડકણું (ભડ્કણું) વિ ભડકે એવું; બીકણ; ચમકનારું.

ભડકદાર (ભડ્કદાર) વિ. ચકમકાટ મારે એવું; પ્રકાશિત.

ભડકબાહ (ભડકબાહ્) વિ. ભડવીર; બહાદુર.

ભડકમાડી (ભડકમાડી) વિ. ડગે નહિ એવું; દૃઢ; સ્થિર.
ભડકમાડિ શાકલિ હઠ કીધઉ. —કાન્હડદેપ્રબંધ

ભડકલ (ભડ્કલ) પું. મોટો દરવાજો.

ભડકલાં (ભડ્કલાં) ન. વ. વ. ઘુમ્મસમાં પડેલાં કણો; ફોરાં

ભડકલું (ભડ્કલું) ન. પરોઢિયું; પ્રાતઃકાળ.

ભડકવું (ભડ્કવું) ૧. અ. ક્રિ. અચાનની વસ્તુ જોવાથી અથવા એવી કોઈ વાત કે વસ્તુ સાંભળવાથી ચોંકવું; ડરી જવું; ચમકવું.
૨. અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.
૩. અ. ક્રિ. ગુસ્સાના આવેશમાં આવવું.
૪. અ. ક્રિ. બીકથી અટકવું કે દોડી જવું.
૫. અ. ક્રિ. બીવું; ભય પામવો.
૬. અ. ક્રિ. ભડકો થવો; સળગવું
૭. અ. ક્રિ. વધારે પડતું ગરમ થવું

ભડકાટ (ભડ્કાટ) પું. ભડક; ચમક; ચોંકી ઊઠવું તે.

ભડકામણું (ભડ્કામણ) ૧. વિ. બીવાને એવું; ભડકાવનારું.
૨. વિ ભિવરાવે એવું.

ભડકારવું (ભડ્કારવુ) ૧. સ ક્રિ. તગડવું; ભગાડવું; હાકી કાઢવું.
૨. અ. ક્રિ. ભડકે એમ કરવું; ભડકાવવું

ભડકાવનાર્ (ભડ્કાવનાર્) જુઓ ભડકામણું.

ભડકાવવું (ભડ્કાવવુ) ૧. સ. ક્રિ. આશ્ચર્ય પામે કે ચિંતાતુર થાય એમ કરવું
૨. સ. ક્રિ. ભળકાવવું. ભડકે એમ કરવું; બીકાવવું; ચમકાવવું.
૩. સ. ક્રિ. કપડાં ઝટ સૂકવવાં.
૪. સ ક્રિ. ભિવરાવવું; એકદમ ડરી જાય એમ કરવું.

ભડકાવાળુ (ભડ્કાવાળુ) ન. રાત્રે બત્તીને બદલે નહિ પણ બળતણનો ભડકો કરી તેના અજવાળે કરાતું વાળુ.

ભડકાહ (ભડ્કાહ) ૧. વિ. ચકમકાટ મારતું.
૨. વિ. જબલી.

ભડકિયું (ભડ્કિયું) ૧. ન. કાછડી અને ઝંપટને બી ભરાડી પાડેલો ચૂનો; બી અને ચણતર ચોંપરાને ચોપડી બાળવાથી પડતાં ટપકાં. એ માટે તે દવા તરીકે વપરાય છે. ચાંદા વગેરે ઉપર પણ ચોપડવામાં આવે છે.
૨. ન. દર્શનિયું; નાનાં છોકરાંને માટે બાંધવાનું ઠીકરિયાનું ઘરેણું.
૩. વિ. જવાબદારી; તરત ભડકો થાય એવું; તરત સળગી જે તેવું
૪. વિ. ડરી જાય એવું; બીકણ
૫. વિ. ભડક એવું; ભડકણ

ભડકિયા (ભડ્કિયો) પું. (જ્યોતિષ) મઘાનક્ષત્રમાં બેસતો શુક્રનો તારો.

ભડકી (ભડ્કી) સ્ત્રી. રાબડી કે કઢ જેવું એક વાની; ભરડકો; બાજરી, જવ વગેરેને ભરડી પાણીમાં ઉકાળીને બનાવેલી એક વાની; ખેર.

ભડકીલા (ભડ્કીલા) [હિ] વિ ચકચકિત; દીપ્તિમાન

ભડકું (ભડક) ૧. ન. ખોરાકને માટે તીવ્ર ધખ્યા.

૨. ન. બહુ રાત્ર જેવી એક વાની; ભરડકું; ભાજરી. જુવાર વગેરેને ભરડી, પાણીમાં રાંધીને બનાવેલો ખાવાનો પદાર્થ; પેસ.

૩. ન ઝાળ; લાય; ભડકો; અગ્નિશિખા; જ્વાળા; અગ્નિનો ભભૂકો; જોરદારનું મોટું બળતું, તાપ.

૪ ન. ભડકો; ચમકવું તે.

૫. ન. ભય; બીક; ડર.

૬. ન. લાય; દાંડી તીવ્ર લાગણી.

ભડકેલ (ભડકેલ) ૧. વિ. ચમકેલ; ભડકવું હોય તેવું.

૨. વિ. બરાબર પાળેલ ન હોય એવું.

૩. વિ. બીધેલું; ડર પામેલ.

૪ વિ ગરમાળ; લબ્બાળુ.

ભડકેલ (ભડકેલ) ૧. વિ. ભડકાટ મારતું.

૨. વિ. જંગલી.

ભડકો (ભડકો) ૧. પું. અગ્નિનો ભભૂકો; જ્વાળ; લાકડાં, કોલસા વગેરે બાળતાં તેમાંથી નીકળતા ગેસનું હવામાં બળવું તે; મોટું બળતું; જ્વાળા.

૧. ભડકે બળવું = ખૂબ જોરથી કે ભડભડ બળવું.

૨. ભડકો લેવી બળી જવું = અર્થ જવું; નિરર્થક જવું; નહિ જેવું થવું.

૩. ભડકો થવો = (૧) એકદમ સળગવું. (૨) ઠન્ડિયો એકદમ લાગવો.

૨. પું. આગ; સખત તાપ; આંચ.

૩. પું. પ્રકાશ; ઉજેશ; અજવાળું.

૪. પું. ખૂબની ભારે અસર; લાય; ખૂબથી કે ઓસડ ખાવાથી પેટમાં ઊઠતી આગ.

૫. પું. મનની અંદર થતી તીવ્ર લાગણી; મનમાં દુઃખાદિની કારી અસર; મનસ્તાપ; દિલગીરીના જુસ્સાથી થતું દુઃખ.

ભડકો ઊઠવો = દિલગીરીના જુસ્સાથી દુઃખ થવું.

ભડક ભડક (ભડક ભડક) અ. જોવા અવાજથી. ઉતાવળે ખાતાં થતા અવાજ માટે બોલાય છે.

ભડકા (ભડકા) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મેંદી.

ભડત (ભડત) ૧. ન. ભરત; ચૂનેજ વગેરનો છૂટો; ખાઈલા રીંગણાને છૂંદી, ખાંડું, દહીં અને મસાલો નાખી બનાવેલો ખાવાનો પદાર્થ, ભડથુ.

૨. વિ ભરેલું.

ભડતીતર (ભડતીતર) ન તેતરની જાતનું એક પક્ષી

ભડથાવું (ભડથાવુ) [સં. ભ્રષ્ટ (તળવું)] સ. ક્રિ. અગ્નિ ઉપર સીઝવું. ભડભાળમાં પડવું કે બફાવું.

ભડથિયું (ભડથિયું) ન. ભડ થયેલો પદાર્થ

ભડથું (ભડથુ) ૧. ન. અર્ધ બફેલી ચીજ; ભડથાયેલો પદાર્થ

૨. ન આખા વેંગણને આંચમાં પકવી, છાલ ઉતારી લઈ, છૂંદો કરી બનાવેલી ખાવાની વસ્તુ; રીંગણાનો ઓળો.

ભડથું કરવું = (૧) ખાણી નાખવું. (૨) રીંગણાનો ઓળો કરવો. (૩) ફોક્ત.

૩. ન. નમાલો આદમી

૪. વિ. નમાલું; બોચા જેવું.

ભડદાડા (ભડદાડા) ૧. ન. આપાતવેરો

૨. ન. તોલમાપના મહેનતાણાનો લેવાતો વેરો.

ભડદું (ભડદું) ૧. ન. માંસ.

૨. ન. ભોડું.

૩. ન. બળી બંધાયેલ માટી કાચી ઈંટ.

૪. ન. પંખીએ ઠોલીને ઘોડુમાંથી ખાધેલું ફળ.

૫. વિ. બોચા; અનિશ્ચય કાર્યું.

૬. વિ. ખાધેલું; તૂરેલું

૭. વિ. બહુ ઉષ્ણ નમાલું; મુકદ્દમા; અશક્ત.

ભડપૂત (ભડપૂત) પું. ભડનો દીકરો.

ભડભડ (ભડભડ) ૧. પું. ઠોલ વગાડવો તે.

ભડભડ કરવું = (૧) ઠોલની જેમ અવાજ કરવો. (૨) લાકડાં એકદમ બળી જવાનો અવાજ થવો.

૨. [હિ.] સ્ત્રી. નકામી બબડે પડતી વાત.

૩. અ. ખૂબ; પુષ્કળ.

૪. અ. જોરથી; જોસમાં; વેગથી.

૫. અ. જોરથી બળતાં થતો જેવો અવાજ; લાકડાં, કોલસા વગેરેને બરફી લાગતાં, તેમાંથી નીકળતો ગેસ હવામાં બળતાં થતો અવાજ; ભડભડ જેવો અવાજ.

૬. અ. ભડ જેવા અવાજથી.

ભડભડતું (ભડભડતુ) વિ બળતું; મળતું.

ભડભડવું (ભડભડવું) ૧. અ ક્રિ. જોમિતું સળગવું; ભડભડ સળગવું.

ભડભડી ઊઠવું = (૧) ધૂંધવાઈ ને એકદમ સળગી ઊઠવું. (૨) મનમાં ભરાયેલો ગુસ્સો એકદમ કાઢવો; ગુસ્સામાં બોલી ઊઠવું, મનસ્તાપથી આકુળવ્યાકુળ થઈ મનમાં ક્ષોભ તે બહાર કાઢવા માટુ

૨. અ ક્રિ ગુસ્સામાં બોલી ઊઠવું, બળાપો કાઢવો; વગરવિચાર્યું બોલાઈ બોલવું.

૩. અ. ક્રિ. મન થવું; વલખાં મારવાં; ઘુમ્મ થવું; ભભડવું; આવવું મન થવું.

ભડભડાટ (ભડભડાટ) ૧. પું. ઠોલ વગાડવો તે

૨. પું. બળબળવું તે; ગુસ્સામાં વિચાર કર્યા વિના બોલવું તે.

૩. પું. ભડભડ થવું તે; ભડભડ એવો અવાજ.

૪. અ. તડતડાટ; વગર વિલંબે; અચકાયા સિવાય.

૫. અ. ભડભડ થાય એવા અવાજથી.

ભડભડિયું (ભડભડિયું) ૧. વિ. ખુલ્લા કે બોળા મનનું અને સામાને પ્રિય લાગશે કે અપ્રિય તેનો વિચાર કર્યા વગર મનમાં જે આવ્યું તે કહી દે એવું; ગુપ્ત ન રાખી શકે એવું; મનનો ઊભરો ઠાલવી નાખે એવું.

૨. વિ. ભોળું; નિખાલસ; નિષ્કપટી.

૩. વિ. વાચાળ; બકબકોડું; બકબકાણી; ગપ્પી.

ભડભડું (ભડભડું) સ. વાય, કૂતા વગેરેનું મથુતર

ભડભડે (ભડભડે) ૧. સ્ત્રી. એ નામની એક મગડી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભડભાગલું (ભડભાગલું) વિ. ભારે ભાગ્યશાળી; બડભાગી; ભારે નસીબદાર.

ભડભાર (ભડભાર) જુઓ ભડભાદર.

ભડભાદર (ભડભાદર) ૧. વિ. આબરૂદાર; પ્રતિષ્ઠિત.

૨. વિ ઉમરે અને શરીરે લાજરમાન હોય એવું; મોટું; ભર્યુંભાદર્યું; ભરભાદર; કદે ભારે અને મોટું એવું.

૩. વિ. બહાદુર; બડાશીડ; પરાક્રમી.

ભડભાંખળું (ભડભાંખળું) ન. સવારનો વખત; મળસકું; પ્રભાત; પરોઢિયું.

ભડભૂંકું (ભડભૂંકુ) વિ. ભરજીટ બાળવાળું.

ભડભૂંજો (ભડભૂંજો) પું. દાણિયા, ધાણી વગેરે ભૂંજનારો માણસ.

ભડભૂપ (ભડભૂપ) પું. મોટો બહાદુર રાજા.

ભડરિયો (ભડરિયો) પું. ભડવીર.

ભડરી (ભડરી) ૧. સ્ત્રી. એક જાતની ડાંગર.

૨. સ્ત્રી. ડુંગરે કચરો પછી તેમાં રહેલો દાણો.

ભડલિયા (ભડલિયા) ૧. સ્ત્રી. ખાંટની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

ભડલિયાર પુ. એક જાતનો ગોળાવાળો નાનો છોડ. તેનાં પાન સોપારીનાં પાન જેવાં હોય છે.

ભડલી સ્ત્રી. કુદડ નામના સુપ્રસિદ્ધ ભવિષ્યવેત્તાની એ નામની પુત્રી; ઋતુ, વરસાદ વગેરે બાબતની આગાહી એ નામની ભવિતા. આ કુદડ જોશી સિદ્ધરાજ જયસિંહના સમયમાં એટલે સંવત ૧૨૦૦માં મારવાડ શહેરમાં રહેતો હતો. તેને પુત્ર ન હતો. સંતાનમા ફક્ત એક પુત્રી હતી. તેનું નામ ભડલી હતું. તેના ઉપર તેની બહુ પ્રીતિ હતી. જોશીએ પોતાની વિદ્યા તેને ભણાવી હતી. આ ભડલીએ જ્યોતિષ સંબંધી વર્ષના વર્તારાની સાખીઓ દેશી ભાષામાં રચેલી છે, તે ભડલીવાક્ય નામે સુપ્રસિદ્ધ છે. નક્ષત્રો વિષે ભડલીનું જ્ઞાન અગાધ હતું. તેનાં વાક્ય સદીઓ જૂના અનુભવવાક્યો છે. આપાં વાક્યો ભડલીના પિતા કુદડ જોશી પાસેથી મળ્યાં છે. તેનું બીજું નામ બાબ પંડિત હતું. તે મહાન જ્યોતિષી હતો, પણ ધંધો પેટા ભરવાં ચારવાનો કરતો. પેટાં, ભરવાં ચારતાં તે દિનરાત ખેતર, પહાડ અને ગાળીઓમાં પડ્યો રહેતો અને વાયુ, વાદળ, વીજળી, વરસાદ અને આકાશી નક્ષત્રો સાથે અહર્નિશ મૈત્રી સાધ્યા કરતો. વર્ષોની એ સત્યાતાર મૈત્રી ઉપરથી તેણે સૃષ્ટિના જે નિયમો જોયા, તે તેણે ભડલી પાસે મૂક્યા અને ભડલીએ તે સાદી લોકભાષામાં રજૂ કર્યા. તે અનુભવવાક્યો લોકોમાં ખૂબ જ પ્રચલિત છે અને તેના ઉપરથી લોકો ચાલુ અને આવતા વર્ષનાં ભાવી કળી શકે છે આ બાબ પંડિતને બીજા પંડિતોએ વખાણ કરવાથી સિદ્ધરાજ જયસિંહે કદમાળનો અધિપતિ પામો નામવા આમંત્રણ આપ્યું હતું. તેણે બતાવેલી જગ્યાએ મેખ મારવાનું કહ્યું, પણ આ સારા દેખાતા માણસના કથનમાં કંઈ પણ સત્ય હશે કે નહિ, તેની સિદ્ધરાજને ઊંડા ઊતરતા તેણે ખોસી પાછી ખેંચી લીધી અને લાકડી લોહાની રોટ હોવાની એવા દંતકથા છે. ઘરમ ખંડને કહ્યું કે, એ લોઢી તો રોઝનાગની કેશવતુ છે. ફરીથી એ જગ્યાએ બીજી મારી પણ એ દરમિયાન રોઝનાગે ફરથી કેશ ફેરવી લીધી હતી અને બીજીને ઠેકાણે પૂછડી આવી ગઈ હતી. તેથી જ મનાય છે કે, પૂંછડી ઉપર નખાયેલા પ્રહારવાળો કદમાળ અધિપતિ ન રહી શક્યો.

ભડલી નોમ સ્ત્રી. અષાઢ સુદિ નોમ.

ભડલીવાક્ય ન. કુદડ જોશીની પુત્રી ભડલીએ વર્ષના વર્તારાની રચેલી સાખી; ભડલીનું ભાખેલું વાક્ય. વરસાદના વર્તારા સંબંધે આ અમૂલી ભેટ મનાય છે આ સાખીઓ બહુ જ લોકપ્રિય થઈ પડેલી છે. સંવત ૧૨૦૦ના સમયે રચવામાં આવ્યા છતા આ સાખીઓ હજુ જેવી ને તેવી લોકોને કંઠસ્થ છે જોઈએ.

રેવે પાણી અળગલે, મૃગશિરે વા વાય;
જેટલું આવે પુનર્વસુ, એટલું અન્ન વેચાય. ૧
ઝનિ રવિ ને મંગળ, જો પોટે જદુરાય,
ચાક ચડાવી મેદની, પૂરણી પ્રલય થાય. ૨
અષાડા ઘર ભીજળી, નોમે નીપ્યો જોય;
રવિ વાલો ભુપ શીતળો, મંગળ વૃષ્ટિ હોય. ૩
સોમે શુકે સુર ગુરુ, જળજળકાર હોય;
કર્મસંયોગે ગ્રાન મળે, તો જીવે જવલ્લે કોય. ૪
કૃત્તિકા કરસે કરવરે, રોહિણી કરે સુકાળ;
કર્મયોગે મૃગશર મળે, નિશ્ચય પડે દુકાળ. ૫
આવણ શુકલા સપ્તમી, સ્વાતિ જીમે સુર,
પર્વત ઢોરી ઘર કરો, બાકર વહેશે પૂર. ૬
આવણ પહેલાં પાખ દિન, મેહ ન માડે આપ;
પિણ પખારો માગવે, અમે જર્યું મોસાળ ૭
પૂરવ તાણે ડાચળી, જો આષમતે સૂર.
ભડલી વાકય એમ ભણે, દુષે જમાડુ કૂર ૮
જેઠ ગયો અષાડ ગયો, આરદ્રિયા તું જા,
ભાદરવો ભલ રેસશે, જો અનુરાધા. ૯
દિવા પીળી પરમી, જો હોય વદરે વાર,
ધન કણ રાખી સંઘરો, કહું છું સો નરનાર. ૧૦
મારવાડ મરકો ઘણો, દક્ષિણમા ઉત્પાત,
પૂર્વે વિપ્લવ ભાખશે, ખળભાટી ગુજરાત. ૧૧
સ્વાતિ દીસ જો ભમે, વિશાખા એલે ભમ;
રાણીભમો રણ ચડે, કે પૂરણી પ્રલય થાય. ૧૨
કાર્તિક સુદિ એકાદશી, વાદળી વિજય હોય.
અષાઢે ભડલી કહે, વરખા સારો જોય. ૧૩
કાર્તિક સુદિ પૂર્ણિમા, જો કૃત્તિકા ઝી હોય;
તેમાં વાદળ વીજળી, જોગ જોગ શું જોય ? ૧૪
કાર્તિક પૂનમ કૃત્તિકા, અઢારો હોવે જોમ;
બળે ઘણે જો વર્ષમાં, ભારે વરખા તેમ. ૧૫

ભડલીવાક્ય ન. ભડલીવાક્ય ભડલીનું વેણ. એક ગરબી સુધારના ભાતમુકતની છે, ને એક સાખીમા પેલા **ભડલીવાક્યકની** પેઠે આગમ ભાખ્યાં છે. દલપતરામ

ભડવચ (ભડવચ) સ્ત્રી. કૂટણી; બહિયારમાં મદદ કરનારી સ્ત્રી.

ભડવા (ભડવા) ૧. સ્ત્રી. કડિયાની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભડવાઈ (ભડવાઈ) ૧. સ્ત્રી. ભાવલાપણું

૨. સ્ત્રી ભડવા તરીકે આવતી કમાઈ, ભડવાની કમાણી; બહિયાર કરનાર પાસેથી મળતી દલાલી

ભડવાઈ કૂટવી = વેશ્યા મેળવી આપવાનો ધંધો કરવો.

૩. સ્ત્રી. ભડવાપણું; ભડવાનું કામ.

ભડવાઉ (ભડવાઉ) વિ. ભડવીર; બહાદુર; ભડ; ભડાવઠ, જબરું

ચોકખાન જેનકું ભડવાઉ.
ઉમ ચહુવાણે દીધલ દાહ કાન્હડદેપ્રબંધ

ભડવી (ભડવી) સ્ત્રી. કૂટણાં કરનારી સ્ત્રી; દલાલી લઈ બહિયારમા મદદ કરનારી સ્ત્રી.

ભડવીર (ભડવીર) ૧. પું ભડબહાદુર યોદ્ધો.

૨. વિ. શરવીર; ભડ બહાદુર

ભડવું (ભડવુ) ૧. અ. ક્રિ. કંટાસ કરવો; કજિયો કરવો

૨. સ ક્રિ. ઝઘડવું; ભાંડવું

૩ સ ક્રિ. ઉતાવળથી સખી કરવું; ઘસડી જવું

૪ સ ક્રિ. ઓકદમ જોસમાં બળદી જવું; જોરથી બરબાદ કરવું.

૫ સ ક્રિ. ચીતરવું.

૬. સ ક્રિ. ભરડવું; ટોળીના બે ડાંડા થાય તેમ અને આખા કપડાના નાના કટકા થાય એમ કરવું. ભડકું દેવું.

ભડવેચ (ભડવેચ) સ્ત્રી. કૂટણી; ભડવી.

ભડવો (ભડવો) ૧. પું. કુદડ નામની સિદ્ધિ કરવી આપનાર માણસ.

૨. પુ નામર્દ; નમાલો માણસ; બાયલો માણસ.

૩. પું. પોતાની સ્ત્રીના બહિયાર ઉપર જીવનાર માણસ.

૪. પું. વેશ્યાની દલાલી કરનાર માણસ; બહિયારની કમાઈ ખાનારો પુરુષ; કૂટણો; ઉતાળો દલાલ; જેનો પરપુરુષ સાથે અવૈધ પુરુષનો પરસ્ત્રી સાથે સ્ત્રીજનને અર્થે મેળાપ કરાવી આપનારો માણસ; ભડવાઈ કરનાર માણસ.

૫ પું. વેશ્યાની સાથે તબલાં, સારંગી વગેરે વગાડનાર માણસ; વેશ્યાનો ભાઈ કે સગો

૬. પું. જોનું કહ્યું કરનાર પતિ; જોરુ પતિ.

ભડવાઈ (ભડવાઈ) જુઓ ભડવાઈ.

ભડવાસુ (ભડવાસુ) સ્ત્રી. મોટી સાસુ.

ભડવાળ (ભડવાળ) ૧. સ્ત્રી. ચૂલા અને અગ્નિકુંડ ઓલવાઈ ગયા પછી તેની રાખનો જથ્થો; ધોધો દેવતા અને ઊની રાખનો જથ્થો.

૨. સ્ત્રી. ચૂલા કે સગડીનો ઊની રાખવાનો ભાગ. ભરવાડ

ભડળી જુઓ ભડલી.

ભડણી નોમ જુઓ ભડલી નોમ.

ભડણીવાહન જુઓ ભડલીવાહન.

ભડંમ ૧ વિ. ભોળું; નિખાલસ હૃદયનું.
૨. ન. કાંઈ પકવાનો અવાજ.
૩. ન. તદ્દન; બિલકુલ; સાવ.

ભડંભા (ભડભા) ૧. [વિ.] પું. આડંબર; દેખાવની શોભા
૨. પું. કીર્તિ; આબરૂ.
૩. પું. ભેદ; રહસ્ય.

ભડા (ભડા) [વિ.] ન. ઘેટ જાતનું ઘાસ.

ભડાઈ (ભડાઈ) જી. મર્દાનગી; બહાદુરી.

ભડાક (ભડાક) ૧. સ્ત્રી. મોં આગળ પડતો ખેંચ્યો તે; અંતરપટ; લાજ કાઢવી તે.
૨. અ. એકદમ અવાજ થાય તેમ; અવાજ સાથે જ; અથડાતાં બરાબર એવો અવાજ થાય તેમ; ભડાકા સાથે.
૩. અ. તરત; તાબડતોબ.

ભડાકવું (ભડાકવું) ૧. ન. કાપવું.
૨. ન. રહિમાળી ગાંઠ.

ભડાકિયા (ભડાકિયા) પું. સ. ન. કટાકિયા.

ભડાકો (ભડાકો) ૧. પું. ઊંચેથી મોટી વસ્તુ નીચે પડવાથી થતો મોટો અવાજ; ધડાકો.
૧. આભમાં ભડાકા = બ્બેપ વગરની વાત.
૨. ભડાકા નાખવા = (૧) ગાળ દેવી. (૨) ધૂંઆપૂંઆ થવું
૩. ભડાકો મારવો = (૧) ખોટા તડાકા મારવા; અપમોળો બોલવો. (૨) ચુસ્તાઈથી કામ કરી નાખવું. (૩) નીડરતાથી બોલવું; નિઃસંકોચ બોલવું. (૪) પહેલી જ વખતે જબ મેળવવો. (૫) સલને ઠોરે મૂકી ખોટી ગુમાની આપવી.
૨. પું. છાપ અથવા ઠાપ પડે કે ચમકે એવું કહેવું અથવા કરવું તે; અપમોળો.
૩ પું. બંદૂકના ઘોડાનો અમૂકો ઊડવાથી કે એકદમ ફૂટવાથી થતો મોટો અવાજ; બંદૂક ફૂટવાનો અવાજ.
ભડાકો કરવો-થવો = (૧) મોટો ઉદ્યોગ તેવું કર્મ પ્રથમ કે તકરાર કરવાં કે થવાં. (૨) બંદૂક ફૂટવાનો અવાજ કરવો કે થવો.
૪. પું પ્રસંગ; વખત.
૫ પું. ભડકો; અગ્નિની જ્વાળા.

ભડાગ્નિ (ભડાગ્નિ) પું. છ માંદેના એક પ્રકારનો અગ્નિ. તે અગ્નિથી પાત્રના મધ્યાળા સુધી ચોતરફ જ્વાળાઓ પ્રસરે છે.

ભડાણિયા ૧. જી કડવા કણબીની એક નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભડાપાટલી જી. ઉપાડને બદલે દીવાલમાં આડો મુકવામાં આવતો લાકડાનો લાંબો ટટકો.

ભડાભડ (ભડાભડ) ૧. જી. ધાંધલ.
૨. જી. ભડાભડ અવાજ.
૩. અ. ઉપરાઉપરી ભડાભડ અવાજ થાય તેમ; ભડોભડ; ધડાધડ.
૪. અ. એકદમ.

ભડાભડી (ભડાભડી) ૧. જી. ધાંધલ; ધમાલ.
૨. જી. ભડાભડ અવાજ.

ભડાભૂર (ભડાભૂર) ૧. જી. એકદમ ભડાભડી થઈ જવી તે; ધરમાધરડી; ધાંધલ; ગરબડાટ; ગરબડ
૨. અ. જે તે ચીજ જ્યાં ત્યાં ગમે તેમ પડેલ હોય એવી અવ્યવસ્થિત હાલત બતાવે તેમ; અહીંતહીં બધે વેરાયેલું પડેલું હોય તેમ; વેરણછેરણ.

ભડાલ (ભડાલ) [વિ.] પું. બોહો; ગુબ્બો.

ભડાલો પું. બારણું.

ભડારડવું (ભડારડવું) સ. ક્રિ. ભારવું; ભાંગવું

ભડાસ ૧. [વિ.] જી. ગુસ્સો.
૨. જી. દિલગીરી.

ભડિયા ૧. જી. ભરિયાની ચોરાશી માંહેની એ નામની એક જાત.
ભાડીયા ભડિયા લુંગડા,
ભરમ્યા ધીપૂ વાઘડા. લાવણ્યસમય
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
૪. વિ. બહુભાષિક; ઘણી બોલબોલ કરનારું.

ભડિયાદરા (ભડિયાદરા) ૧. જી. મોહિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભડિલ ૧. [સં.] પું. એ નામે એક ઋષિ.
૨. પું. વીર પુરુષ.
૩. પું. સેવક; દાસ.

ભડુ (ભડુ) જી. બે ગામ વચ્ચે વચ્ચ ખેડાયેલી જમીન.

ભડુઆ (ભડુઆ) પું. ભડવો; વેશ્યાની આવક ઉપર નભનારું માણસ.

ભડું (ભડું) ૧. ન. કૂવાની ભીંત.
૨. ન. ગાડીમાં રૂનો ભરેલો ભાર; પોઠડું
૩. ન. ઘરમાંની વચલી ને ઢૂંકડી ઓસારની આગલી દીવાલ; બારીબારણાંનાં ચોકઠાંવાળી પગથી ને આગલી દીવાલ; પડદા તરીકે કરાતી પાતળી દીવાલ.
૪. ન. નસતાન જવું તે.
ભડે બેસવું = (૧) કમાણી ન થાવવી. (૨) દેવાળું કાઢવું. (૩) નસતાન જવું. (૪) પરમાણ થઈ જવું; પડી ભાંગવું.
૫. વિ. વહકવું; ઢબ્બિયોકંડસ કરનારું.
બાર બિયુ ભડિ ખુંદા ભણી,
નારી ન આલિંગ તે નિખુંણી. લાવણ્યસમય

ભડૂસવું (ભડૂસવું) ૧. સ. ક્રિ. ચૂલામાં છાણાં ભણ્યાં લાકડાં ભરવાં.
૨. સ. ક્રિ. પેટમાં નાખવું; ખાવું.

ભડૂહ (ભડૂહ) ૧. ન. એકદમ; ઝટ.
૨. ન. લાકડી જેવા હથિયારનો જોરથી કટકો વાગે તેનો અનુકરણવાચક શબ્દ.

ભડૌતી (ભડૌતી) પું. ભાડૂત; ભાડે રહેનાર.

ભડૌરી (ભડૌરી) જી. ઘેટ ઉપર બીજું ઘેટ મૂકેલો વાસણનો ખડકલો.

ભડૌલી જી. ભડું; કૂવાની ભીંત.

ભડૌલો પું. ઘેટ દ્વારકાનો મુસલમાન.

ભડૌત (ભડૌત) પું. ભાડે રહેનાર.

ભડૌતી (ભડૌતી) જુઓ ભડૌત.

ભડો (ભડો) ૧. પું. કૂવાની અંદરની ભીંત.
૨. પું. પાવડું; કૂવા ઉપર લાકડાં વગેરે નાખી ઢોલથી પાણી કાઢવા માટે કરેલી રચના.
૩. પું. રૂની મોટી ગાંસડી; પોઠડું.

ભડોઈ પું. બ. ક. બંગાળમાં વસતા ઘેટ જાતના ચોખા. તેને આસિસ પણ કહે છે. તે એપ્રિલ, મે મહિનામાં થાય છે. આ જાતનો ચોખો હલકો જાતિનો ગણાય છે.

ભડોચ (ભડોચ) સ. કુરુક્ષેત્ર.

ભડોભડ (ભડોભડ) ૧. અ. એકદમ; ઝટપટ.
૨. અ. ભડભડાટ જેવા અવાજ સાથે.

ભઢર ૧. [વિ.] જી. ભાઠાવાળીની બહુ જ નીચી શ્રેણીની એક જાત. આ જાતના લોકો ગ્રહાદિકનું દાન લે છે અને યાત્રાળુઓને દર્શન વગેરે કરાવે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભણ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તે ઉપરથી બનેલ શબ્દ: ભણકા, ભણકાર, ભણકારો ભણકો
૨. સ. ક્રિ. કહેવું; ભણવું.
૩ સ ક્રિ બોલવું
૪ સ. ક્રિ. (ધાતુ) શીખવું; પાઠ લેવો; ભણવું. તે ઉપરથી બનેલ શબ્દ: ભણવું; ભણતર.

ભણ ૧ પું. તાજનું ઝાડ.

૨ [સં. ભાનુ] પું ભાણ; સૂરજ; રવિ.

ભણ ડૂબ્યો = મૂર્યાસ્ત થયો.

ભણઈ જ. તરફ; પ્રતિ; બણી

ભણક ૧. સ્ત્રી. અફવા; ખોટી વાત.

૨. [સં. ભણ્ (અવાજ કરવો)] સ્ત્રી. ભણકારો; રણકાર સાથેનો અવાજ.

૩. વિ. પ્રતિપાદન કરનાર.

૪. વિ બબડનાર

ભણકાર ૧ પું. ચેતવણીનો અવાજ.

૨. [સં. ભણ્ (અવાજ કરવો)] પું. ઠલાવું એવો જે ભાસ તે; આંતિજનક ખોળો અવાજ અથવા અવાજ કે જેથી અમુક ઠલાવું એમ આભાસ થાય તે; ભણકો; ભણકારો, કશાના અવાજની આગાહી કે ગુલબરવ.

ભણકારા વાગ્યા-વગાડ્યા = ભ્રાંતિવાળો અવાજ થવા; આવવાની કે બનવાની આગાહી થવી

૩ ન. કવિ નજીવતરાય કલ્યાણરાય ઠાકોરે રચેલો કાવ્યનો એ નામનો સમાહ.

ભણકારો પું. ભણકાર; ભ્રાંતિજનક અવાજ.

ભણકો [સં. ભણ્ (અવાજ કરવો)] પું. ભણકાર; ભ્રાંતિવાળો અવાજ; કશાના અવાજની આગાહી કે ગુલબરવ.

ભણ ભણે જ. સમી સાંજે; સૂર્યાસ્ત થયાને; ઊનું જતાં.

ભણતર ૧. [સં. ભણ્ (ભણવું)] ન. અભ્યયન; શિક્ષણ; ભણેલું તે.

૨. ન. ભણવાનું તે; ભણવાનો વિષય

૩. ન. વિદ્યા; જ્ઞાન. મહાત્મા ગાંધીજીએ ભણતર વિષે કહેલું છે કે: આપણે મનુષ્ય બનવું એ પ્રથમ ભણતર છે. અક્ષરજ્ઞાનથી મનુષ્યત્વ નથી આવતું. અક્ષરજ્ઞાન જરૂરી છે, પણ અક્ષરજ્ઞાન એ કંઈ સર્વસ્વ નથી. એ સાધ્ય નથી, એ તો સાધન માત્ર છે. જેને સમજ છે તેને અક્ષરજ્ઞાન ન હોય તોયે શું? દુનિયાના મહાન શિક્ષકો, સુધારકો અક્ષરજ્ઞાની ન હતા. અને ભણતર કેવું કહેવાય, તે સંબંધમાં ગાંધીજી લખે છે કે: સરકારી કેળવણીમાં કંઈક આવે તો છે જ છતાં સરવાળે મુખ્ય અનિચ્છાએ અનર્થ તો થાય છે એટલે કે જેટલું ધન એકઠું કરી શકાય એટલું ધન એકઠું કરવાને સારૂ તેનો ઉપયોગ કરાય છે અને જેટલો ઊંચો દરજ્જો મળી શકે તેટલો દરજ્જો મેળવી લેવાય છે. એથી દાસત્વ વધારવું કેમાવા લાગે છે આ વાતચરણમાંથી આપણે નીકળી જઈએ તો, સા વિદ્યા યા વિમુક્તયે, એ પ્રાચીન મંત્રને સિદ્ધ કરીએ. વિદ્યા એટલે કેળવણી આધ્યાત્મિક જ્ઞાન અને મુક્તિ એટલે છુટકારો, અર્થ ન કરવો. વિદ્યા એટલે સોટોપયોગી બધું જ્ઞાન અને મુક્તિ એટલે આ જીવનમાં દાસત્વમાંથી છૂટી જવું. દાસત્વ પારકાનું અને પોતે ઊભી કરેલી અનેક હાલતોનું. એવી મુક્તિ આપણને મેળવી આપે એ જ ભણતર. એ ભણતર મેળવીએ તો બધીને શું કરવું, એવો પ્રશ્ન ઊઠી ન શકે.

ભણતરિયું વિ. ભણતર પૂરતું.

ભણતરિયાળ ૧. વિ. બહુ ભણેલું; વિદ્વાન.

૨. વિ. ભણવામાં ચિત્ત રાખે એવું; ભણવામાં કાળજીવાળું

ભણભણવું જ ક્રિ. ભણભણ એવો અવાજ થવો.

ભણવું ૧. [સં. ભણ્] સ. ક્રિ. અભ્યાસ કરવો; પઢવું; લખતાં ને વાંચતાં શીખવું; જ્ઞાન મેળવવું; અધ્યયન કરવું.

૧. અક્ષિયારો ભણવું = નાસી જવું; છપાંક મારવું.

૨. ઓર વાંસે વીંછીના ભણવા = એકની પાછળ બીજું કામ કરી નાખવું.

૩ ભણતાં પંડિત નીપજે લખતાં લહિયો થાય = મહાવરાથી જ મનુષ્ય પૂર્ણ થાય છે.

૪. ભણવું ભણાવું = વાંચતાં લખતાં શીખવું; ભણવું અને વિચારવું; અભ્યાસ કરવો અને તેનો ઉપયોગ કરવો.

૫. ભણવું તેમજ ભણાવું પણ ખરું = ભણવા ઉપરાંત વધારાનું જ્ઞાન પણ મેળવવું.

૬. ભણવું પણ ભણાવું નહિ = વાંચવું પણ વિચારવું નહિ.

૭. ભણાવી મૂકવું = ચેતવણી આપવી; સમજાવીને પાકું કરવું; સલાહ આપી સાવધાન રાખવું.

૮. ભણી જવું = (૧) નાસી જવું. (૨) મોટું કરેલું બોલી જવું, ગોખેલું બોલી જવું.

૧૦. ભણી ભણીને શા પાટલા ઘોડા-ઊંધા વાળ્યા? = ભણતરનો લાભ શું મળ્યો?

૧૧ ભણે ગણે ને નામ લખે ને ના ભણે તે દીનો ધરે = ભણેલ માણસ બુદ્ધિનું અને ન ભણેલ માણસ નોકરીનું મહત્ત્વ મજૂરીનું કામ કરે. આમાં ભણતરની વિશિષ્ટતા બતાવેલી છે.

૧૨. ભણ્યે તેની સિદ્ધિ = ભણે સારે અને ભણે તેનાથી બધી શકાય છે; મારે તેની તરવાર; ભણે તેના ભગવાન; ભણે તેનો ધર્મ.

૧૩. ભણ્યો કણથી કટળ બોજો = પાત્રમાં વિદ્યા હોવે; બોજા પાત્રને જ્ઞાન આપવાથી ઊલટું નુકસાન થાય.

૧૪. ભણ્યો ગણ્યો = સારી રીત ભણેલો.

૧૫. ભણ્યો ભીંત ભૂલે = ભણેલ માણસ મોટી ભૂલ કરે.

૧૬. ભણ્યો ભૂલે ને તાજો ડૂબે = કોઈ કોઈ વાર નિષ્ણાતથી પણ મૂલ થઈ જાય છે.

૧૭. હો ભણવી = કબૂલ કરવું.

૨. સ. ક્રિ. બારીકાઈથી તપાસવું.

૩. સ. ક્રિ. ભોગવું; કષ્ટવું; વરવું

૪. સ. ક્રિ. મોટે કરવું, પાઠે કરવું, ગોખવું.

૫. સ ક્રિ. વાચવું.

૬. સ. ક્રિ. શિક્ષા લેવી; બોધ લેવો.

ભણસાલી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

૪. વિ ધણ જ શ્રીમંત.

ભણસાળી જુઓ ભણસાલી

ભણાઈ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ભણામણ ૧. [સં. ભણ્ (ભણવું)] ન. ભણવા ભણાવવાનું મહેનતાણું; ગુરુદક્ષિણા; ભણાવવાનો બદલો; ભણાવવાની ફી કે ખરચ, શિખામણી

૨. ન. ભણાવવાનું કામ; ભણાવવું તે.

ભણામણી જુઓ ભણામણ.

ભણાવવું ૧. સ. ક્રિ. જ્ઞાન (કેળવ.); શિખવણી કરવી; ચડાવવું; ઉશ્કેરવું

૨. [સ. ભણ્ (ભણવું)] સ. ક્રિ જ્ઞાન આપવું; ઉપદેશ કરવો.

૩. સ ક્રિ. ટેવ પાડવી; મહાવરો પડાવવો; ટેવાવવું

૪. સ ક્રિ. વાચતાં લખતાં શીખવવું; પઢાવવું; અભ્યયન કરાવવું

૫ સ. ક્રિ. સમજાવવું, સલાહ આપવી.

ભણાવી મૂકવું = શીખવી કે સમજાવી રાખવું; ચેતવણી આપવી. સમજાવીને પાકું કરવું; મહાવરો કરવો; સલાહ આપી સાવધાન રાખવું

ભણાવાવું ૧. સ ક્રિ. ઉશ્કેરણી થવી; જ્ઞાન કરાવા.

૨. સ. ક્રિ પ્રાર્થના ખોલાવવી

૩ સ ક્રિ ભણવાને શક્તિમાન હોવ

૪. સ. ક્રિ. શીખવવું; પઢાવવું

૫. સ. ક્રિ. સમજાવવું.

ભણાવું ૧. અ.ક્રિ. પ્રાર્થના બોલાવવી.
૨. અ.ક્રિ. ભણવાને શક્તિમાન હોવું.
૩ અ.ક્રિ. શિખાવું; પઢવું

ભણિત ૧. [સં.] ન. ભાષણ; કહેવું વાત; કથા
૨. ન. રતિમુદ્રિત; સહોત્ર સમમનો અસ્પષ્ટ બોલ.
૩. ન. વાર્તાલાપ.
૪. વિ. કહેલું; કથેલું; બોલેલું.
૫. વિ. બોલાવેલું; અરજાવેલું.
૬. વિ. ભણેલું.

ભણિયા ૧. જ્ઞા. કોળીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ભણી ૧. અ. બાજુએ; તરફ; ભેર; સમ.
૨. અ. માટે, માર; કાજે; વાસ્તે.
૩. અ. લીધે; કારણથી.

ભણે ૧. સ. અકવા; પેલા.
૨. અ. જો; તો.

ભણેણવું ૧. અ.ક્રિ. ભણવું.
૨. સ.ક્રિ. ભણવું.

ભણેજાદ ૧. પું. ભણેલમ ભણવું તે; ભણેલું ભણાવું.
૨. પું. ભણકારાનો અવાજ.

ભણેલ [સં. ભણ (ભણવું)] વિ. સારી રીતે ભણીને સમજી લીધેલું; શીખેલું; જાણીતું; વિદ્વાન.

ભણેલું જુઓ ભણેલ.

ભણોભણ અ. સૂર્ય આથમતી વખતે; સૂર્યાસ્ત સમયે.

ભતકારવું ૧. સ.ક્રિ. ખૂબ માર મારવો.
૨. સ ક્રિ. લાકડાથી ઝાડી નાખવું

ભતકું જુઓ ભતકો.

ભતકો ૧. પું. ફાંસ; ઝાડખીલી.
૨. પું. લાકડીનો સપાટો કે પ્રહાર.
ભતકો મારવો = (૧) ધક્કો મારવો; પ્રહાર કરવો (૨) ફાંસ મારવી; ઝાડખીલી કરવી.

ભતખાતું ન. વાહન.

ભતરીજ ૧. પું. ભત્રીજો
૨. સ્ત્રી. ભત્રીજી.

ભતરીજી [સં. ભ્રાતૃજા] સ્ત્રી. ભાઈની દીકરી; ભત્રીજી

ભતરીજો [સં. ભ્રાતૃજ] પું. ભાઈનો દીકરો; ભત્રીજો.
ક્યારો કોટી ભતરીજો કોણ થાય ? = (૧) મોટાઈ જેટી નાનપ કોણ લે ? (૨) મારે જોડીને બરાબ કોણ લે ?

ભતરોડ (ભતરોડ) ૧. [હિં.] પું. ઊંચું સ્થાન.
૨. પું. મથુરા અને વૃંદાવન વચ્ચે આવેલું એક સ્થળ. તેના વિશે એક લોકોક્ત પ્રસિદ્ધ છે કે, ત્યાં શ્રીકૃષ્ણે ગોપાની સ્ત્રીઓ પાસેથી ભાત મંગાવીને ખાધો હતો
૩. પું. મંદિરનું શિખર.

ભતવાન [હિં.] પું. લગ્નની એક રીત. તેમાં લગ્ન એક દિવસ અગાઉ કન્યાપક્ષના લોકો ઢાળ, ભાત વગેરે લાવી રસોઈ બનાવીને વર અને તેની સાથે બીજા ચાર કુંવારા છોકરાઓને જોડાવીને જોજન કરાવે છે

ભતવાર ન. ખેતરોને માટે સીમમા લઈ જવાના રોટલા; ભાત; ભાથું

ભતવારિયો પું ઓસમની એ નામની એક ધાર; ત્રિકોડ પાસેનો એક ડુંગર.

ભતવારી સ્ત્રી. સીમમાં ખાવાનું લઈ જનાર સ્ત્રી; ઘેરથી ખેતરમાં ભાત લઈ જનારી સ્ત્રી; ભાત લઈને ખેતરે જતી સ્ત્રી
વટયે **ભતવારીઓની** લાંસળ ઝબૂકે,
મોંઘરે ગામ લાયાં સિગડાં છ રે
નેણીના કૂવા

ભતવારું વિ. ભાથું લઈ જનાર; ખાવાનું લઈ જનારું; ભથવારું.

ભતા [હિં.] વિ. વહેલું; મોડી.

ભતાણું ન. ભાતના રોટલા બાંધવાનું વસ્ત્રનું; ભથરણું.

ભતાર ૧. [સં. ભર્તૃ] પું. (હિંદી) ધણી; પતિ
૨. પું. માલિક.

ભતાર્થે ક. બિના; કારણે; વસ્તુ, વાત.

ભતિયારી સ્ત્રી. સીમમાં ભાત દેવા જનારી સ્ત્રી.

ભતીજા [સં. ભ્રાતૃજ] પું. (હિંદી) ભાઈનો દીકરો; ભત્રીજો.

ભતીજી [સં. ભ્રાતૃજા] સ્ત્રી. (હિંદી) ભાઈની દીકરી; ભત્રીજી

ભતેડો [સં. પોત; અપ. પોત-પોટ-પોટિલા-પોતલા] પું (કચ્છી) પઢાખ

ભતેણું ન. ખેતરમાં કામ કરનારા માણસોને માટે ઘેરથી ખાવાનું લાવી જવાનું કપડું; ભથરણ.

ભતેલું જુઓ ભતેણું.

ભત્ત ૧. [સં. ભક્ત] પું. (પ્રાકૃત) ભક્ત; પૂજારી.
૨. ન. ભત્થું.
૩. ન. ભાત; ખેતરમાં લઈ જવાતું ભાતું.
૪. ન. ભોજન.
૫. ન. રાંધેલા ચોખા.

ભત્તકહા [સં. ભક્ત (ભોજન) + કથા (વાત)] સ્ત્રી. (પ્રાકૃત) ભોજન સબંધી વાત. સામાયિકમાં તથા પૌસહમાં આવી વાત થાય નહિ.

ભત્તઘર [સં. ભક્તગૃહ] ન. (પ્રાકૃત) ભોજનશાળા; રસોડું.

ભત્તપાણ [સં. ભક્તપાન] ન. (પ્રાકૃત) અનાજ; ભાતપાણી.

ભત્તપા [સં. ભર્તૃમા] સ્ત્રી. (પ્રાકૃત) સપત્ની સ્ત્રી.

ભત્તવેળા [સં. ભક્તવેલા] સ્ત્રી. (પ્રાકૃત) ભોજનસમય.

ભત્તસાલા [સં. ભક્તશાલા] ન. (પ્રાકૃત) રસોડું; ભોજનશાળા; ભોજનગૃહ.

ભત્તા ૧. [હિં.] પું. ખાસ કામ માટે અપાતું પગાર ઉપરનું મહેનતાણું; ભથ્થું.
૨. પું. ધમણ
૩. [હિં.] પું. મુસાફરી ભથ્થું; ભાડું કે તે બદલ અપાતા પૈસા

ભત્તાખેમા સ્ત્રી. ભલપણ.

ભત્તાર ૧. પું. (કચ્છી) ખેડુને ખેતરમાં ભાતું આપવા જનાર માણસ.
૨. [સં. ભર્તૃ] પું. (પ્રાકૃત) પતિ; ધણી, સ્વામી; ભરથાર.

ભત્તિ ૧. સ્ત્રી. અનેક પ્રકારે વિભાગ કરવા તે.
૨. સ્ત્રી. એકાગ્રવૃત્તિ.
૩. સ્ત્રી. ભક્તિ; પૂજ્યભાવથી સેવા,સત્કાર કરવો તે.
વિનય ભક્તિ બહુ સાચવે,
ઘણી ઘણી નામે સીસ, કાવ્યસંગ્રહ
૪. સ્ત્રી. ભાત; ચિત્ર.
૫. સ્ત્રી. રચના.

ભત્તિજ્જ [સં. ભ્રાતૃજ] પું. (પ્રાકૃત) ભત્રીજો; ભાઈનો દીકરો.

ભત્તો ૧. [ભાત (રાંધેલા ચોખા)] સ્ત્રી. મુસલમાનોની એ નામની એક ક્રિયા. તેમાં મરનારના કુટુંબનાં માણસોને તેનાં નજીકનાં સગા તરફ દિવસ સુધી ખાવાનું મોકલે છે.

૨. જી રજપૂત અને ખવાસની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

અનુપરિત્યાગ પું. (પ્રાકૃત) ખાનપાનનો ત્યાગ કરવો તે; સમાધે કરવો તે; અનશન.

અનું ૧. ન. ખાસ કામ માટે બજારુ ઉપરાંત મહેનતાણું; બજારના ક્રામકાજ માટે દરમાયા ઉપરાંત આપવામાં આવતું વધારાજમ; ભથ્થું.

૨. ન. બાકું કે તે બદલ આપતા પૈસા.

૩. [સં. પાથેય (મુસાફરીને માટે સાથે લીધેલો ખોરાક)] ન. રસ્તામાં ખાવાને માટે સાથે રાખેલ ખોરાક; જવા આવવા અને આથાપીવાની સગવડ માટે સાથે રાખેલ ખોરાક; ભાતું; રસ્તા ખોરાક.

અન્યાચાર પું. વીરશૈવ ધર્મના પાંચ માંહેનો એક આચાર.

અન્નીજાજમાઈ પું. અન્નીજાનો વર.

અન્નીજાવહુ સ્ત્રી. ભાઈના દીકરાની વહુ; અન્નીજાની વહુ.

અન્નીજી [સં. ભ્રાતૃ (ભાઈ) + જન્ (જન્મવું)] સ્ત્રી. ભાઈની દીકરી.

અન્નીજો [સં. ભ્રાતૃ (ભાઈ) + જન્ (જન્મવું)] પું. ભાઈનો દીકરો.

અન્નય [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

અપ ૧. સ્ત્રી. કરાડ; બેખડ; ઊભા ઢાળની ઊભી કોર.

> બર બાદરવે બાવ, ઝુમખડાં ઝોંપા વ્યાં;
> કાળાં લખ્યાં કપાળ, અલસલખે અમું પડી.
> ઝિલગીર

૨. સ્ત્રી. દગો; જખ્મો.

૧. અપ પાકવો = દગો છતવો. જેમકે, ફુ ફોડીનો અપ પાકો ગયો.

૨. અપ મારવી = ખૂન આવું

૩. સ્ત્રી. પાણી ભરેલી કે ભરાઈ ગયેલી જમીનની ફાટ.

અપરણું ન ભાત બાંધવાનું કપડું; સીમમાં આવા માટે બાંધેલું અન્ન સાથે જવાનું વાસણ કે લૂગડું; ભથવાણું

અપચારી સ્ત્રી સીમમાં ભાત લઈ જનારી બાઈ

અપચારું વિ. ખેતરમાં ભાત લઈ જનારું

અપેનું સ. ક્રિ. બોર્ડદંડની રમતમાં બીજાથી આગળ જવું. જેની બોર્ડ સૌથી આગળ જાય તે અપ્યો કહેવાય છે.

અપ્યો પું સિંધાડામાં ઊગતી એક વનસ્પતિ. તેની ભાજી થાય છે.

અપ્યાનું જુઓ અપ્યાનું.

અપ્યાપનું [સં. પાથેય (મુસાફરીમાં સાથે લીધેલો ખોરાક)] ન. સીમમાં આવું લઈ જવાનું વાસણ કે કપડું; આપ્યું બાંધ્યું હોય તેવું કપડું.

અપ્યારનું સ. ક્રિ. વરસાદ આવતાં અગાઉ ખેતર ખેડી વાવી સમાર દઈ મૂકવું; વાવણી કરવું.

અપ્યિયારી જુઓ અપ્યારી.

અપ્યું ૧. [સં. પાથેય (મુસાફરીને માટે સાથે લીધેલો ખોરાક)] ન. ક્રાંચો સીધો

૨. ન. ખેતરમાં રાખેલા ખેડીને આવા સારુ આપવામાં આવતા પૈસા.

૩. ન. આવા માટે આપતા પૈસા; જવા આવવા અને આથાપીવાની સગવડ માટે બજાર જનારને આપવામાં આવતો બદલો. બાળકોના ઉછેર માટે ગ્રહિણીમાં રાખ્ય તરકથી માતાઓને આપ્યું આપવામાં આવે છે. પરિણીત અને અપરિણીત માતા જેવા ભેદભાવને ત્યાં સ્થાન નથી. અપરિણીત માતા પ્રત્યે ધૃણા અને અપમાનની દૃષ્ટિથી જોવામાં નથી આવતું; ઊલટાની વધુ સહાનુભૂતિ, વધુ પ્રેમ અને વધુ આદરની તે અધિકારિણી બને છે. સોવિયેટ શબ્દકોશમાં જોવામાં આવતો એવો શબ્દ નજરે પડતો નથી. અપરિણીત માતા પોતાના બાળકને બને ઊછેરી શકે છે અથવા કોઈ સંસ્થાને સોંપી શકે છે. બાળક ઉછરવાયક થતાં માતા દ્વારા તેનો કબજો સંભાળી લે છે

૪ ન. ખાસ કામ માટે બજાર ઉપરાંત આપવું મહેનતાણું કે મજરી; વધારાના ક્રામકાજ માટે દરમાયા ઉપરાંત આપવામાં આવતું વધારજમ; ભત્તું; મુશાહિરો; 'અલાવન્સ.'

૫. ન. દીકરી કેદીઓને મળનારા તરફથી આપવામાં આવતા આવતા પૈસા.

૬. ન રસ્તામાં આવાને માટે સાથે રાખેલું હોય તે; બાપુ; દીમખ; ઉપાહાર.

અપ્યો પું. બોર્ડદંડની રમતમાં જેની બોર્ડ સૌથી આગળ જાય તે માણસ.

અફ ૧ પું કડાકો.

૨. પું નમાજો

૩ પું. પોચી જમીન ઉપર કૂત કે માણસના પડવાનો અવાજ.

અફઈ ૧. [હિ.] સ્ત્રી. આદરવા મહિનામાં થતી જાર, બાજરા વગેરેની નીપજ; બોમાસુ પાક

૨. વિ. આદરવાનું; આદરવા સંબંધી.

અફઢારવું સ. ક્રિ. ઘા કરવો.

અફડિયા પું. અસ્ત્ર

અફઢો પું. ઘા; પ્રહાર.

અફફાફ ૧. પું. પોચી જમીન ઉપર કૂળ કે માણસના પડવાનો અવાજ.

૨. [હિ.] વિ. બહુ જ મોટું.

અફફાફાવવું ૧. સ. ક્રિ. ક્રાઢને હલાવીને કૂળ પાડવાં.

૨. સ. ક્રિ. બે વસ્તુને જોરથી અફડાવી અવાજ કરવો.

અફફાફાહટ સ્ત્રી. કૂળના પડવાથી થતો અવાજ.

અફર ૧. ન. (શિલ્પ) મંદિરના શિખરના ચારેય ભાગનો ઘૂમ્મો

૨. [સં. ભદ્ર] ન. હજામત; મુંડન; ક્ષૌર.

અફર કરાવવું = (૧) આખું માથું મુંડાવવું. હજામત કરાવવાથી મોટું સાફ ને દીપતું થાય છે તે ઉપરથી આદ ગોટને સારું કરાવવું, એવો અર્થ થાય છે. પણ હાલ તો નવરા અને બાળકુ માણસને, જ અદર કરાવ, એમ મજેથી મારવામાં આવે છે. (૨) બાવા બનવું

અફરગોમ પું. શિખરના ઘૂમ્મામાં રખાતો ગોખલો.

અફલ જુઓ અદર ૧.

અફવરિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાતિ

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

૪. [હિ.] વિ. અફવર પ્રાંતનું.

અફવાપાલી વિ. માલ વગરનું.

અફવું ૧. ન. માટીનો નાનો ઘડો; હોજકું. ખેતરમાં કામ કરનારાં માટે ઘેરથી ભાત લઈ જતી વખતે અફવામાં છાશ ભરી જવાય છે.

૨. વિ. નમાલું.

અફવો ૧. પું. નપુસક

૨. વિ એની કમાણી ખાનાર પુરુષ.

૩. વિ પું. જાડી બુદ્ધિનો; ભાન વગરનો.

૪. વિ. પું. નમાલો; અગઢોબ્

અફંત ૧. પું. બૌદ્ધ સાધુ; બૌદ્ધ ભિક્ષુક.

૨. પું. બૌદ્ધનો એક ભેદ

૩. પું. (પારસી) માનવાચક સંબોધન; બૌદ્ધ ધર્મગુરુને માટે માનાર્થે વપરાતો શબ્દ; પવિત્ર

સાધુ પુરુષો માટે વિનય બતાવવા વપરાતો એક શબ્દ

અર્હંત ! સ્ત્રીઓને આપના ધર્મસંઘમાં લેવાની પરવાનગી આપો. પુરાતત્ત્વ

૪. પુ. સાધુ; સન્યાસી.

૫. ત્રિ. (પ્રાકૃત) પૂજ્ય; શ્રીમાન; ભગવાન.

ભદાઈ જુઓ ભદ્રાઈ

ભડાક ૧. પુ. પોચી જમીન ઉપર કંઈક પડવાથી થતો અવાજ.

૨. [સ.] ન. કલ્યાણ.

ભડાકો પુ. ધમાકો; પડવાનો અવાજ.

ભડાના ૧. સ્ત્રી. ભાદ્રણની ચોરાસી માહેની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ભડારિયા ૧. સ્ત્રી. ચૌહાણ રજપૂતની એ નામની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ

૩. વિ એ નામની શાખાનું.

ભડાવર ન. ગ્રેનિયર રાજ્યનો એ નામનો એક વિભાગ. જાંના ભાગમાં વખણાય છે.

ભડાહર પુ અર્ધ પોચા દાણાને શેકીને તૈયાર કરેલ અનાજ.

ભદું ૧. વિ. અનાડી; અક્કલ વિનાનું; મૂર્ખ, ગમાર; દેવાન.

૨. વિ. ખોટું; જૂઠું.

૩. [સ. ભદ્ર] વિ. ભોળું.

ભદૂડો (ભદ્રો), પું. એક જાતનું માટીનું નાનું વાસણ

ભદેપા પુ. (ઔદ) ચોરાસી ભાંડેનો એ નામનો અટક સિદ્ધ.

ભદેસ જુઓ ભદેસિલ.

ભદેસલા જુઓ ભદેસિલ.

ભદેસેલ ૧. [વિ.] વિ. કદરૂપું; અરાજ આકારનું

૨ વિ. ભદ્દું

ભદ્દર ૧. [સં ભદ્ર] પું. મોટા કોટની અંદરનો નાનો કોટ, ભદ્ર

૨ ન. કચેરીની મુખ્ય જગ્યા.

૩ ન પોલ; પોલાણ

૪ ન ભલા; મુડના; માથું પૂરેપૂરું ઓડાવવું તે. ભદ્દર કરાવવું = તોલો કરાવવો; ટકો કરાવવો; આખું માથું મુડાવવું.

ભદ્દા ૧. [વિ.] વિ. કદરૂપું; કુરૂપ; બેહદ; વિકૃત.

૨. વિ. ભદ્દું

૩. વિ. મૂર્ખ.

૪. વિ. વિચિત્ર; કદમું.

૫. વિ. સુસ્ત; આળસુ.

ભદ્ર ૧. [સં.] પું. (સંગીત) અઠ્ઠાવન માહેનો એ નામનો એક વર્ણાલંકાર.

૨. પું. (જૈન) આવતી ચોવીસીના એ નામના ત્રીજા બળદેવ.

સુપ્રભા આવતી ભદ્ર નામે ત્રીજા બળદેવ પાસઠ લાખ વરસના આયુષ્યવાળા થશે.

આનંદકાવ્યમહોદધિ

૩. પું. (જૈન) આવતી ચોવીસીના ભરતક્ષેત્રના એ નામના ચોવીસમાં તીર્થંકર.

૪. પું. એ નામે એક દેવજાતિ.

૫. પું. એ નામે એક મધ્યદેશ

૬. પું. એક જાતનું પક્ષી. તે એકાદ વેંત લાંબું, કપાળ અને માથાનો ઉપરનો ભાગ પીળો, આંખો ફરતાં કુંડાળાં, કાન, બરડન, ગળું અને છાતી વચ્ચેનો ભાગ ધોળો, છાતી તથા પેટ બદામી, પેટની વચ્ચેથી કંઠ પૂછડી સુધી સળંગ લાલ પટો, પાંખો અને પૂછડી કાળી અને શ્વેત ચટાપટાવાળી હોય છે. તેના નરનું કપાળ ચમકતા લાલ રંગનું, માદાનું પીળા વર્ણનું, બંનેના ચાંચ કાળા રંગની અને પગ લાલ હોય છે. માર્ચ માસ એનો ઋતુબંધનકાળ મનાય છે. એ દિવસોમા સુકાયેલા કોદરા ઝાડમા પર ખોડી, એને તળિયે ધોળા રંગનાં પારદર્શક પથ્થ ઈંડા મૂકે છે. આ પંખી બારે માસ રહેનાર રહ્યાથી પખ્યો છે

૭. પું. (સિદ્ધ) એક જાતનો પ્રાસાદ.

ભદ્ર એ એક જાતના પ્રાસાદની સંજ્ઞા છે. જે ચાર દ્વારવાળા મંદિરના ફરતા મુખ્ય દરવાજા સિવાય બાકીના પણ દરવાજાની સન્મુખ બીજા પણ મંદિરો હોય. તેને ભદ્રપ્રાસાદ કહેવામા આવે છે. પુરાતત્ત્વ

૮. પું. એક જાતનો હાથી. સ્થૈર્ય, ધૈર્ય, પટુત્વ, વિનીતતા, સુકર્મત્વ, પ્રયોજનાનુકૂળ જ્ઞાન, સુભગતા, અમૂઢતા, અભયત્વ, ધીરતા આ ભદ્ર હાથીના ગુણ છે. ભદ્ર હાથીનું આયુષ્ય ૧૨૦ વર્ષનું મનાય છે.

૯. પું. (પિંગળ) એક પ્રચુર્ણગીતિ માત્રામેળ છંદ. તે ગીતિ રૂપકનો એક ભેદ છે. તેમા ૨૭ ગુરુ અને ૧૦ લઘુ મળી ૩૭ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૧૦. પું. (પિંગળ) એક વિષમગતિ માત્રામેળ છંદ. તે કુંકુમિકા છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૧૩૬ લઘુ મળી ૧૪૪ વર્ણની ૧૫૨ માત્રા હોય છે

૧૧. પું. (પિંગળ) એક સમગતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૫૦ ગુરુ અને ૨૪ લઘુ મળી ૭૪ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૧૨. પું. કદમનું ઝાડ.

૧૩. પું. ખંજન પક્ષી.

૧૪. પું. (શિલ્પ) ગઢતા ઊતરતા ખાંચાવાળો, આઠ કાંસવાળો સ્તંભ; વૃત્ત અથવા ગોળ સ્તંભ; ભદ્ર સહિત સ્તંભ; મૂર્તિથી અલંકૃત અથવા મૂર્તિ કોતરેલી હોય એવો સ્તંભ. તે ઘર વિષે સારો નહિ, પણ પ્રાસાદ વિષે એક મનાય છે.

૧૫. પું. (શિલ્પ) ચાર માહેના એક પ્રકારનો કક્ષ; ચોરસ કુંડ

જે કુંડ ચતુરસ્ર (ચોરસ) હોય તે કુંડનું નામ ભદ્ર કહેવાય. રાજવલ્લભ

૧૬. પું. ચિત્રસૂત્ર પ્રમાણે એક વર્ણનો પુરુષ; પાંચ માહેના એક પ્રકારનો પુરુષ. તે કાળથી ભરેલા ગાલવાળો, હાથીની પેઠે ચાલનારો, મહાન ભુજાવાળો, ભોગ અને ભરેલા સાથળવાળો, પદ્મ જેવો હોય છે.

૧૭. પું. (શિલ્પ) તળાવના મુખ આગળ પડતો ખૂણો

તળાવના મુખ આગળ ખૂણો પડતો હોય તે ખૂણાનું નામ ભદ્ર કહેવાય. જે તળાવને ચારે વણ ભદ્ર હોય તે સુભદ્ર કહેવાય છે.

રાજવલ્લભ

૧૮. પું. મોર.

૧૯. પું. દેવદારનું ઝાડ.

૨૦ પું ધનુષ.

૨૧. પું (સિદ્ધ) નવ હાથ ઊંચો હાથી.

જે હાથી નવ હાથ ઊંચો હોય તે ભદ્ર જાતિ હાથી કહેવાય. એ ભદ્ર જાતિનો હાથી સર્વ હાથીઓની જાતિમાં ઉત્તમ જાતિનો હાથી કહેવાય છે. રાજવલ્લભ

૨૨. પું. (પુરાણ) પ્લક્ષદ્વીપના સાત માહેનો એ નામનો એક ખંડ.

ઇક્ષુ, સુરસ, ભદ્ર, શાક, કુમ, અમૃત અને અક્ષય એ પ્લક્ષદ્વીપની અંદરના સાત ખંડોના નામ છે. ભાગવતી ભાગવત

૨૩. પું. બળદ; બલીવર્દ; વૃષભ; વૃષ; સૌરમેય

૨૪. પું. બળદેવ.

૨૫ પું. (પુરાણ) બળદેવજીનો એક સહોદર ભાઈ.

૨૬. પું. (પુરાણ) બાર માહેનો એક તુષિત દેવ; વજ્રને દક્ષિણા નામની સ્ત્રીથી થયેલ બાર માહેનો એ નામનો એક દીકરો.

૨૭. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં કર્ણે મારેલો પાંચના પક્ષનો ગંદિદેશનો એ નામનો રાજા.
૨૮. પું. મહાદેવ.
૨૯. પુ. રામચંદ્ર
૩૦. પું. (પુરાણ) રામની સભામાંનો એ નામનો એક નટ.
૩૧. પું. (પુરાણ) વસિષ્ઠકુલોત્પન્ન એ નામનો એક ઋષિ. તે છંદ ઋષિનો પુત્ર હતો. એનો પુત્ર ઉપમન્યુ ઋષિ હતો.
૩૨. પું. વિષ્ણુનો એક દ્વાદશાહ.
૩૩. પું (પુરાણ) ધ્રિષ્ટિ રાજાના પત્ની માદ્રીનો એ નામનો એક દીકરો
૩૪. પું. (સંગીત) સિતાર જાતવાદ્યમાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર. તેમાં પહેલા આરંભ કર્યો હોય તે સ્વર પછી બીજો અને ત્રીજો, પાછો પહેલો સ્વર, એમ ક્રમસર ત્રણ સ્વર અનુક્રમે લેવાય છે. જેમકે, સ રિ સ | રિ ગ રિ | ગ મ ગ | મ ધ મ | ધ ધ ધ | ધ મ ધ | નિ ધ નિ | સ નિ સ
૩૫. પું સુમેરુ પર્વત
૩૬. પું. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન કુન્તીથી કાલિદીને થયેલ એ નામનો એક પુત્ર
૩૭. પું. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન વસુદેવને દેવકીની કુખે થયેલ એ નામનો એક દીકરો.
૩૮. ન. (ગ્રિક્ષ) એક જાતનું કોતરકામ.
૩૯. ન. એક જાતનું ઘાસ.
૪૦. ન. (જૈન) એક જાતનું તપ. તેમાં પચ્ચોતેર ઉપવાસમાં પચીસ પારણાં આવે છે.
૪૧. ન. એક જાતનું તળાવ; એક ભદ્રવાળું તળાવ

જે તળાવને એક ભદ્ર હોય તે ભદ્ર નામે તળાવ કહેવાય. રાજનઘંટ

૪૨ ન. કલ્યાણ; ક્ષેમ; હિત; સુખ; મંગળ. કલ્યાણ અર્થાત્ સુખ બે પ્રકારનું છે: (૧) ઐહિક અને (૨) પારલૌકિક. ઐહિક એટલે સદ્ય વિદ્યાની પ્રાપ્તિથી ઉન્નતિ અર્થાત્ ચક્રવર્તી રાજ્ય, ઇષ્ટ મિત્ર, ધન, પુત્ર, સ્ત્રી અને તેના ભોગને માટે શરીરનું સુખ હોવું તે. પારલૌકિક સુખ એટલે મોક્ષસુખ. આ બે સુખો જેમાં છે તેને ભદ્ર અમરા કલ્યાણ કહે છે.

ક્ષેમ અનામય ભદ્ર શર શિવ શં શુભ કલ્યાણ,
કથા વિચરણ પતિ કુશળ છે પુછવ કુંવરિ સુજાણ
પિંગળપ્રકાશ

૪૩. ન. કાળું કમળ
૪૪. ન. ચંદન.

મંધ સાર શ્રીખંડ હરિ મલયજ ભદ્ર પટીર,
ચંદનને ઉંમન ગણે મલયાચળના ધીર.
પિંગળપ્રકાશ

૪૫. ન. જ્યોતિષરાજ.
૪૬. ન. (ગ્રિક્ષ) દક્ષિણે એક ઓસરી તથા અંદર બે પીઠાં અને ચાર સ્તંભ હોય તેવું ઘર.

જ્યાં ઘરમાં એક પટ્ટાક નામનામાં આવે છે તે ભદ્ર ઘર થાય. રાજવલ્લભ

૪૭. ન. નાગરમોથ.
૪૮ ન. પોલાદ.
૪૯. ન બજસત.
૫૦. ન બીનનું કલાયુક્ત વાસુ
૫૧ ન. મરતક
૫૨ [સ. ભદ્રાકરણ] ન. મુંડન; હોરા; આયું મુડાવવું તે.
૫૩. ન. મોટા કોટની અંદરનો નાનો કોટ.
૫૪ ન. ગાળ
૫૫. ન. ઘોડું
૫૬. ન. વજનાં ચોરાશી માંહેનું એ નામનું એક વજન.
૫૭. ન (જ્યોતિષ) સાતમું કરણ
૫૮ ન. સુખ; આબાદી; આબાદાની.
૫૯. ન. સોનું
૬૦ વિ. ઉત્તમ; ઉમદા

ભક્તાનુભાવી પ્રભુને ઇચ્છા વિના,
ભિક્ષામાં આવું પણ ભદ્ર આ જગે;
અર્પાયેથી જે મારી પ્રભુ અહીં જ લો,
રહેતે બીજા વૈભવ નકામા પડે.
શીતાપંચામૃત

૬૧. વિ. ઉદાર; સાગર સમાન ચેષ્ટાવાળું; ગંભીર; મરજુ
૬૨. વિ. કલ્યાણકારક; કલ્યાણકારી; શુભ; મંગળ, મંગલિક.
૬૩. વિ. ભલું; સારું
૬૪. વિ. ભાગ્યશાળી; સુખસંપન્ન; સુખી; નસીબદાર; શ્રીમંત.
૬૫. વિ. માનવાચક એક સંબોધન શબ્દ. કોઈ અજાણ્યા પુરુષને બોલાવતી વખતે તથા સંબોધન કરતી વખતે તે પુરુષને માટે આ શબ્દ વપરાય છે. ભદ્ર પુરુષ, એમ પણ સંબોધન થાય છે.
૬૬. વિ મોટું
૬૭. વિ. રાંક; ગરીબ.
૬૮. વિ. શાંત, ઠંડા સ્વભાવનું; ક્રોધમાં ન રહે તેવું. ઘોડા માટે બોલાય છે.
૬૯. વિ સુંદર.

ભદ્રઆંબલિયું પું. લાડો. ગરજ

ભદ્રક ૧ પુ (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૨. પું. ઉદ્ભવ.
૩. [સં.] પું. એક જાતની મોથ; નાગરમોથ.
૪. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભદ્રિકા; પ્રભદ્રક; ભદ્રિકા. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, રગણ, નગણ, રગણ, નગણ, રગણ, નગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે. તેમાં દશમ અક્ષર ઉપર વિસામો આવે છે.

ભદ્રકમાં ભ છે ભણ ર ના,
ન અન્ત દશ બાવી યતિ કહો. રણુપિંગળ

૫. પું. કમળ
૬. પું. કેવડાનું ઝાડ.
૭. પું. નફો; લાભ; ફાયદો.
૮. પુ. નિશ્ચય.
૯. પું. મોર્ય કુળ પછી થયેલો એ નામનો એક રાજા
૧૦. પું. સત્ત્વ
૧૧. પું. સદ્ગુણ.
૧૨. પું. સૌંદર્ય
૧૩. પું. સ્વભાવ.
૧૪. સ્ત્રી. લોપજ.
૧૫. સ્ત્રી કુદરત
૧૬. સ્ત્રી. બુદ્ધિ
૧૭. સ્ત્રી ભલાઈ.
૧૮. સ્ત્રી. સ્થિરતા.
૧૯. સ્ત્રી. સ્વચ્છતા
૨૦. ન. આશીર્વાદ.
૨૧. ન. (ગ્રિક્ષ) એક જાતનું ઘર; ધનદ ઘરની સામી તરફ આવેલું ઘર. ઉત્તરે ઓરડી તથા પરસાળ અને પૂર્વ તથા દક્ષિણ પરસાળો હોય તેવું ઘર. સૂત્રસંતાનમાં આ ઘરને સુભદ્ર કહ્યું છે.
૨૨. ન. એક જાતનું ઘાસ.
૨૩. ન. કલ્યાણ.
૨૪. ન. સુખ; આબાદી.
૨૫. ન. સૌભાગ્ય.
૨૬. વિ. આર્ય
૨૭. વિ. ગુણવાન.
૨૮. વિ. ગુરુની શિક્ષાથી ઇંદ્રિયોને નિયમમાં રાખનાર.
૨૯ વિ. નસીબદાર.
૩૦. વિ. પૂજ્ય.
૩૧. વિ. શુભ
૩૨. વિ. સરળ; ભદ્રિક; ભદ્રવૃત્તિવાળું.
૩૩. વિ. સારું કરનાર; ભલું કરનાર
૩૪. વિ. સુંદર; રૂપાળું, મનોહર; મનગમતું.

ભદ્રકલિકા [સ.] સ્ત્રી. એ નામની એક મહાસતી. તેનું સ્થાન ગોવર્ધનક્ષેત્રમાં છે

ભદ્રવિષ્ણ ૧. [સં.] પું. નારાયણ; વિષ્ણુ ૨. પું. શિવ.

ભદ્રશસ્ત્ર [સં.] પું. એક પ્રકારનો બાણ.

ભદ્રશ્રવસ જુઓ ભદ્રાશ્રવસ.

ભદ્રશ્રેષ્ઠ [સં.] પું. એ નામનું એક તીર્થ.

ભદ્રશ્રેષ્ઠિકા સ્ત્રી. એ નામની એક દેવી

મોક્ષમાં ભદ્રશ્રેષ્ઠિકા નામની દેવીની પાઠ છે. અમરતી ભાગવત

ભદ્રશ્રેષ્ઠી [સં.] સ્ત્રી. એ નામની દેવીનું એક સ્થાનક.

મોક્ષમાં ભદ્રશ્રેષ્ઠી નામનું દેવીનું સ્થાનક છે. અમરતી ભાગવત

ભદ્રશ્રેષ્ઠેશ્વર [સં.] ન. મહાભારતમાં બતાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ભદ્રશૈલ [સં.] પું. મોટો મોખરો.

ભદ્રશાખ્ય [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

એમાં ભારદ્વાજ, કાશ્યપ, ભદ્રશાખ્ય, અત્રિ અને ભારદ્વાજ પોતપોતાના મત દર્શાવી ભાગ લે છે. પુરાતત્ત્વ

ભદ્રશાય ૧. [સં.] પું (પુરાણ) શ્રીકૃષ્ણનો એ નામે એક પુત્ર.

૨. સ્ત્રી. સુખી શરીર

૩. વિ. માંસલિક શરીરવાળું; સુંદર શરીરવાળું.

ભદ્રશાય ભીષ્મ પોતાની પ્રતિજ્ઞાપાલનના પ્રાણાંત્ત પર્યન્તના પ્રતિકાર માટે મુક પરશુરામથી વિદાય થઈ હસ્તિનાપુરમા આવી ઘાગ્યા. મહિલા-અભ્યુ

ભદ્રશારદ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. વિ. માંસલિક; કલ્યાણકારક.

ભદ્રશારી વિ. કલ્યાણકારી; હિતચિંતક.

ભદ્રશાલી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક દેવી.

તેનું સ્થાન દ્વારકામાં છે. ઉજ્જયિનીમાં મહાકાલમંદિર ઉપર પણ ભદ્રશાલી દેવીનું સ્થાન છે.

૨. સ્ત્રી. કાત્યાયિની.

૩. સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

૪. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૫ સ્ત્રી. નાગરમોથ.

૬. સ્ત્રી. શુભ કરનારી દેવી; દુર્ગાદેવી; કલ્યાણકારી દેવી, પાર્વતી.

પૂર્વે દક્ષના યજ્ઞનો વિનાશ કરવામાં મહા ઉગ્ર ભદ્રશાલી કરાળી યોગિનીઓની સાથે અષ્ટમીને દિવસે પ્રગટ થયા હતાં. અમરતી ભાગવત

૭. [સં. ભદ્ર (શુભ) + શાલી (શાલિકા માતા)] સ્ત્રી. સાત માહેની એક ઓલક્તિ; દુર્ગાદેવીની એક શક્તિ.

૮. વિ.સ્ત્રી. ભક્તનું કલ્યાણ કરનારી.

ભદ્રશાલી વ્રત [સં.] ન. આસો સુદિ નવમીને દિવસે થતું એ નામનું એક વ્રત. તેમાં ભદ્રશાલી માતાનું પૂજન કરવામાં આવે છે

ભદ્રશાલેશ્વર [સં.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ.

ભદ્રશારી [સં.] સ્ત્રી. એક જાતની મોથ; નાગરમોથ.

ભદ્રશાલ [સં.] ન. દેવદારનું ઝાડ.

ભદ્રશાળી જુઓ ભદ્રશાલી.

ભદ્રશાળી વ્રત જુઓ ભદ્રશાલી વ્રત.

ભદ્રશુંભ [સં.] પું. જળ ભરેલો સોનાનો કળશ; પૂર્ણકુંભ; પૂરિત કળશ.

ભદ્રશૃંગ [સં.] પું. કૈલાસમાં વસતા એ નામના યોદ્ધ.

ભદ્રશૃંગ એવા નામથી ઓળખાતા એ યોદ્ધ અદ્યાપિ સુધી કૈલાસમાં જ વસે છે. અમરતી ભાગવત

ભદ્રશૌચ [સં.] પું. કલ્યાણકારક મંત્ર.

ભદ્રશંખિકા [સં.] સ્ત્રી. નાગરમોથ.

ભદ્રશૌડ (ભદ્રશૌંડ) જુઓ ભદ્રશૌર.

ભદ્રશૌર [સં.] પું. એ નામનો એક દેશ.

ભદ્રશ્યલન [સં.] પું. બળદેવ; બળદેવ.

ભદ્રશ્યલમ ન. એ નામનું એક જાતનું ધામ.

ભદ્રશ્રીચંદનસારિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાળી ઉપલસરી.

ભદ્રશ્યારુ [સં.] પું. (પુરાણ) કૃષ્ણને રુક્મિણીથી થયેલ એ નામનો એક પુત્ર.

ભદ્રશ્રુડ [સં.] ન. એક જાતનું ઝાડ; ભરશાળુ.

ભદ્રજ [સં.] પું. ઉંદરજાત.

ભદ્રજાતિક [સં.] વિ. ઊંચી જાતનું.

ભદ્રતરણી સ્ત્રી. એક જાતનું પક્ષી. કુંજડી

ભદ્રતરણ્ડી [સં.] સ્ત્રી. કુબ્જક વૃક્ષ; શ્વેત ગુલાબનો છોડ.

ભદ્રતા ૧. [સં.] સ્ત્રી. વિનય; ભલાઈ; શિષ્ટતા; સભ્યતા; કરાકતા; 'એટિકેટ.'

૨. સ્ત્રી. સરલતા.

ભદ્રતુરગ [સં.] ન. જંબુદ્વીપનાં નવ ખંડોનો એ નામનો એક ખંડ.

ભદ્રતુંગ [સં.] ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

ભદ્રદંત [સં.] પું. હાથી.

ભદ્રદંતિકા [સં.] સ્ત્રી. દંતી વૃક્ષ.

ભદ્રદા વિ. કલ્યાણકારી

ચેતનવર્ણા, ભદ્રદા, સ્વર્ગમોક્ષ સદ્ભાવોને, રીત ને જ્ઞાનધર્મ માનવકોરે ચાવિયાં દેવવૃન્દે. સંધમિત્રા

ભદ્રદારુ [સં.] પું. તેલિયા દેવદારનું ઝાડ; સરલ દેવદારુ; દેવદાર. સરલ દેવદારુનાં થડ મોટાં, ઊંચાં ને ઝાડાં બહુ જ હોય છે, માટે તેને ભદ્રદારુ કહે છે.

ભદ્રદીપન [સં.] ન. ત્રિવેન્દ્રમના પદ્મનાભ સ્વામીના મંદિરમાં વિદ્વાન બ્રાહ્મણો પાસે કરાવવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

ભદ્રદેશ [સં.] પું. મિસર દેશ.

ભદ્રદેહ પું. (પુરાણ) એ નામનો શ્રીકૃષ્ણનો એક પુત્ર.

ભદ્રદ્વીપ [સં.] પું. એ નામનો એક ઉપદ્વીપ.

ભદ્રનામ [સં. ભદ્રનામન્] પું. એક જાતનું પક્ષી; બકડબોદ

ભદ્રનામિકા [સં.] સ્ત્રી. ગામતી વેલો.

ભદ્રનિધિ [સં.] પું દાન માટે તૈયાર કરેલ નાણા વગેરેનો ઘડો

ભદ્રની પું. (સિદ્ધ) બાર પાસાવાળો સ્તંભ.

ભદ્રપદા ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર.

૨. સ્ત્રી. (જ્યોતિષ) પૂર્વાભાદ્રપદ નક્ષત્ર.

ભદ્રપર્ણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો છોડ; પ્રસારિણી વનસ્પતિ.

૨. સ્ત્રી. ભાંભારી નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. ગાડવેલ.

ભદ્રપર્ણી ૧. [સં.] સ્ત્રી. ભૂમિપ્રસારણી.

૨ સ્ત્રી. ભાંભારી નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. સીવણ નામની ઔષધિ.

ભદ્રપલ્લી [સં.] સ્ત્રી. બારડોલીનું પ્રાચીન નામ.

ભદ્રપા [સં.] પું. (જોડ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ભદ્રપાદ [સં.] વિ. પૂર્વાભાદ્રપદ કે ઉત્તરા ભાદ્રપદમાં જન્મેલ.

ભદ્રપાલ [સં.] પું. ઔષધિસત્ત્વનું એક સ્વરૂપ.

ભદ્રપીઠ ૧. [સં.] સ્ત્રી. રાજા, દેવ વગેરેના અભિષેક માટેનો પાટલો.

૨. સ્ત્રી સોનાનો બાજઠ

ભદ્રપુરુષ ૧. [સં.] પું. (જ્યોતિષ) જેનો મુખ મહ ભળવાન હોય તેવો પુરુષ.
૨. પું. રાજા.

ભદ્રબલન [સં.] પું. બળરામ.

ભદ્રબલા ૧. [સં.] સ્ત્રી. ખરમાદાદનો વેલો; ગંધિયા વનસ્પતિ; બાબની જાતા.
૨. સ્ત્રી પ્રસારિણી જાતા.
૩. સ્ત્રી. બલા વનસ્પતિ.
૪ સ્ત્રી. દિગ્વલેહ નામની ઔષધિ.

ભદ્રબાહુ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક આચાર્ય. તેણે વરાહમિહિરનો જૈનદ્વેષ ઉપર મનો મરકી વગેરેનો ઉપદ્રવ નિવારવાને સાત ગાથાનું ઉવસગ્ગહર નામનું પાર્શ્વનાથનું ચમત્કારી સ્તોત્ર બનાવ્યું હતું.
૨. પું. (જૈન) મહાભદ્રનો એ નામનો શિષ્ય, કલ્પસૂત્ર તથા નિર્યુક્તિ આદિનો કર્તા.
૩. સ્ત્રી. (પુરાણ) રોહિણીના ગર્ભથી ઉત્પન્ન થયેલ વસુદેવનો એ નામનો એક પુત્ર.
૪. વિ. મંગળ આચરણું; જેના બાહુ ગુરુનવાળા હોય એવું.

ભદ્રભાગ [સં.] પું. કોલાની અધવચનો ભાગ.

ભદ્રભાવ [સં.] પું. પ્રકૃતિ કરવા લાયક કામથી.

ભદ્રભીમા [સં.] સ્ત્રી કલ્પની એ નામની એક પત્ની; એ નામની દક્ષકન્યા.

ભદ્રમતા [સં.] સ્ત્રી. (પુરાણ) કલ્પ ઋષિની એ નામની એક સ્ત્રી. તેનાથી તેને ધરાવતી નામની દીકરી અને હતી.

ભદ્રમના [સં. ભદ્રમનસ્] પું. (પુરાણ) કલ્પપને હોવા નામની બીથી થયેલ એ નામનો એક દીકરો; ઐરાવત નામના નાગનો પિતા.

ભદ્રમલ્લિકા [સં.] સ્ત્રી. નવમલ્લિકા જાતા; બટમોગરો

ભદ્રમંત્રધ્વનિ [સં.] પું. કલ્યાણકારક વેદમંત્રોનો અવાજ.
એ સૌકડો સંતોએ સાથે મળીને સ્વસ્તિવાચન ભદ્રમંત્રધ્વનિનો ઉચ્ચાર કર્યો. પ્રસાદ

ભદ્રમંદ્ર [સં.] પું. એ નામની એક જાતનો હાથી.

ભદ્રમાર્તંડ [સં] ન. એ નામનું એક પુસ્તક. તેમાં બલા, વિષ્ણુ, શિવ, ગૌરી, ગણેશ વગેરે દેવતાઓનાં અનુષ્ઠાન, સ્વસ્તિક, ત્રિગતોભદ્ર, અષ્ટદલ, ગૌરીતિલક વગેરે ચિહ્ન કરવાની વિધિ વર્ણવી છે.

ભદ્રમાલી પું. (સંગીત) એ નામનો ચતસ્ર જાતિનો ચોવીસ માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૯, ૧૧, ૧૩, ૧૫ તથા ૧૭ ૧૬મ
માત્રા ઉપર છે. તેના મોટાની બોલ: ધા ઝક
૨ ૩ ૪ ૫
ધિતા તાંત્રક તિતા ધાત્રક ધાત્રક ધાત્રક ધિતા તાંત્રક તિતા.

ભદ્રમુખ ૧. [સં.] પું. એ નામનો એક નાગ.
૨. પું. કલ્યાણકારક મુખવાળું માણસ. કોઈ અજાણ્યા પુરુષને બોલાવતી વખતે તથા સંબોધન કરતી વખતે આ શબ્દ વપરાય છે. ભદ્રપુરુષ એમ પણ સંબોધન થાય છે.
૩. પું. સજ્જન.
૪. વિ. સારા મુખવાળું.
૫. વિ. સારું બોલનારું; આત્મશ્લાઘા બોલનાર.

ભદ્રમુખી ૧. [સં.] સ્ત્રી. કલ્યાણમય મુખવાળી બી; મંગળકારી ચિહ્નવાળી સ્ત્રી કોઈ અજાણી બીને બોલાવતી વખતે તથા સંબોધન કરતી વખતે આ શબ્દ વપરાય છે.
૨. વિ સ્ત્રી. આત્મશ્લાઘા બોલનારી.
૩. વિ સ્ત્રી. સારા મુખવાળી

ભદ્રમુસ્તક [સં.] સ્ત્રી. નાગરમોથ; ભદ્રમોથ. તે કાળી અને એક જાતનું માથાવાળી હોય છે, માટે તેને ભદ્રમુસ્તક કહે છે.
ભદ્રમુસ્તક (પું.) અને મુંડા (સ્ત્રી.) એ બે નામ ભદ્રમોથનાં છે. અમરકોષ

ભદ્રમુસ્તા જુઓ ભદ્રમોથ.

ભદ્રમુંજ [સં.] એક જાતનું મુંજ ઘાસ; પાનળાજરિયુ.

ભદ્રમૃગ [સં.] પું. એક જાતનો હાથી.

ભદ્રમોથ સ્ત્રી. એક જાતની ઔષધિ; નાગરમોથ. તેનાં મૂળ દવા અને સુગંધી પદાર્થમાં વપરાય છે

ભદ્રયજ્ઞ [સં.] ન. અંદરબળ; ઉદરમાં કુદાનાં કાકડી ખોળી અને કાળી એમ બે જાત છે. કાળા કુદાના ફળમાં બી કાળાં હોય છે. તે જાતના જેવાં હોવાથી તેને ભદ્રયજ્ઞ કહે છે.

ભદ્રરથ [સં] પું. (પુરાણ) કલેયુ વંશના ઉર્વીજ રાજાનો એ નામનો પુત્ર.

ભદ્રરુદ્રેશ્વર [સં.] પું એ નામના એક શંકર તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ઔરંડીસંગમ ઉપર છે. પ્રાચીન કાળમાં ભદ્ર અને રુદ્ર નામના બે બંધુઓએ તેમની સ્થાપના કરી મનાય છે. અહીં પિતૃતર્પણ અને પૈતૃક યોગમાં પિતૃતર્પણ કરવાનું ફળ :
સો અશ્વ મનાય છે.

ભદ્રરુદ્રેશ્વરતીર્થ [સં] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. મનાય છે કે, અહીં પિતૃતર્પણ સહિત પિંડદાન કરનાર ચૌદ મનુના સમય સુધી બ્રહ્મલોકમાં રહે છે અને પ્રત્યુ પ્રાપ્તકાર વૈકુંઠમાં જાય છે

ભદ્રરેણુ [સં.] પું. ઐરાવત બાથી.

ભદ્રરોહિણી ૧. [સં.] સ્ત્રી. કડુ નામની વનસ્પતિ
૨. સ્ત્રી. (જ્યોતિષ) રોહિણી નક્ષત્ર.

ભદ્રલતા ૧ [સં.] સ્ત્રી એક જાતનો મોગરો.
૨. સ્ત્રી. કુંવાર.

ભદ્રલોક ૧. [સં. ભદ્ર (ભાગ્યશાળી) + લોક] પું. ભાગ્યશાળી પુરુષ; સદ્ગૃહસ્થ; સજ્જન; મહાશય; મહાજન; આભરૂદાર માણસ.
૨ ન. વ ન સારીરિક મહેનત કર્યા વગર પૈસા કમાનાર વર્ગ; ઉજળિયાત વર્ગ
૩. વ ન વ. મધ્યમ વર્ગનાં માણસો.

ભદ્રવટ ૧. [સં.] પું. એ નામનું એક પ્રાચીન તીર્થ.
૨. પું. મહાભારતમાં જણાવેલો એક વડ. તે કૈલાસ પર્વત ઉપર આવેલો છે.

ભદ્રવત [સં. ભદ્રવત્] ન. દેવદારનું ઝાડ.

ભદ્રવતી ૧. સ્ત્રી. ગાંભારી વનસ્પતિ.
૨. સ્ત્રી. (પુરાણ) પરીક્ષિતની એ નામની બી અને જનમેજયની માતા.
૩. સ્ત્રી. (પુરાણ) ભરતની એ નામની એક કન્યા.
૪. સ્ત્રી (પુરાણ) શ્રીકૃષ્ણની એક કન્યાનું નામ.

ભદ્રવન [સં.] પું. મથુરા પાસેનું એ નામનું એક વન.

ભદ્રવર્ગ [સં.] પું. શિષ્ટ લોકોનો સમૂહ; કેળવાયેલ માણસો.

ભદ્રવર્મ [સં. ભદ્રવર્મન્] પું. નવમલ્લિકાનો વેલો; બટમોગરો.

ભદ્રવલ્લિકા [સં.] સ્ત્રી. અનંતમૂળનો વેલો; ગોપવલ્લી.

ભદ્રવલ્લી જુઓ ભદ્રવલ્લિકા.

ભદ્રવાહ [સં.] પું. (પુરાણ) વસુદેવને પૌરવી નામની બીથી થયેલ એ નામનો એક દીકરો.

ભદ્રવિરાજ [સં. ભદ્રવિરાજ્] પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; સમુદ્રકાંતા. તે સંકીર્ણ વર્ગનો છંદ છે. તેના ... અને ત્રીજા ચરણમાં તગણ, જગણ, રગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

ભદ્રવિરાટ જુઓ ભદ્રવિરાજ.

ભદ્રવિલાસિની [સં.] સ્ત્રી. (પુરાણ) અપ્સરાની ચાલીસ માંહેની એક કલ્પિત

ભદ્રશર્મ [સં. ભદ્રશર્મન્] વિ. પુત્ર વગેરેના આનંદવાળું; સુખી.

ભદ્રશાખ [સ.] પું. કાર્તિકસ્વામી

ભદ્રશાલ ૧ [સં.] ન. (પુરાણ) ભદ્રાશ્વખંડ માંહેનું એ નામનું એક વન

મેરુ પર્વતની દક્ષિણના ભદ્રશાલ વનની દક્ષિણે દેવકુરુક્ષેત્ર છે. શ્રી. સા. પરિષદ

૨. ન. (જૈન) મેરુ પર્વત ઉપર આવેલ ત્રણ માંહેનું એ નામનું એક વન. ત્રણ વનઃ ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક

ભદ્રશાળ જુઓ ભદ્રશાલ.

ભદ્રશિક્ષા [સં.] સ્ત્રી. કળાહર.

ભદ્રશીલા [સં. ભદ્ર (સારું) + શીલ (આચાર) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી શુભ શીલવાળી.

ભદ્રશૌનક [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ભદ્રશ્રય [સં.] ન. ચંદન વૃક્ષ

ભદ્રશ્રવા [સં. ભદ્રશ્રવસ] પું. ધર્મનો એ નામનો એક પુત્ર.

ભદ્રશ્રી જુઓ ભદ્રશ્રય.

ભદ્રશ્રીય ૧ [સં.] ન. એક જાતનો સુગંધી પદાર્થ. તેનો રંગ કાળાશ પડતો હોય છે.

૨. ન શ્વેત ચંદન

ભદ્રશ્રેણ્ય [સં] પું. દિવોદાસનો પરાક્રમી એક રાજા

ભદ્રશ્રેષ્ઠી [સં.] સ્ત્રી. દુર્ગા.

ભદ્રસાર [સં. ભદ્રસારસ] ન. સુપ્રસિદ્ધ પર્વત ઉપર આવેલું એ નામનું એક સરોવર.

ભદ્ર સંસ્કૃતિ [સં] સ્ત્રી પ્રજાનો વિકાસ કરનારી સંસ્કૃતિ. કિશોરલાલ મશરૂવાળા આ સંબંધમાં લખે છે કેઃ માણસાઈના વિકાસ માટે અને જીવનની ઉન્નતિ અને સુખ માટે ભદ્ર સંસ્કૃતિ યોગ્ય સાધન નથી, બલકે વિઘાતક છે. માનવજીવનના ઉત્કર્ષ માટે મારી શ્રદ્ધા સત સંસ્કૃતિમાં છે, ભદ્ર સંસ્કૃતિમાં નથી. ભદ્ર સંસ્કૃતિ દુનિયાના સર્વ દેશોમાં સદા એ માનવમાનવમાં વિષમતા, ભેદભાવો અને સંકુચિત અભિમાનો તથા મોટાઈના અવાજ નિર્માણ કરી તથા નિભાવીને જ વધી છે. એની આવરદા સામાન્ય પ્રજાની સમજણ પર નથી. ભદ્ર સંસ્કૃતિ સદૈવ ભવ્ય અને આકર્ષક રહેતી છે, જેટલે મનુષ્યોનાં ચિત્ત હરી લેવામાં એ સદા ફાવતી આવેલી છે. બુદ્ધ, મહાવીર, ઈશુ, સર્વે સંતો જ હતા, પણ ભદ્ર સંસ્કૃતિના પૂજારીઓએ એમના ધર્મોને પોતાનાં હથિયાર બનાવી દીધાં. એમ જ નાનકનું થયું અને ગાંધીજીનું થઈ રહ્યું છે અને થશે. સહજાનંદ સ્વામી, બુદ્ધ, મહાવીર, ઈશુ, નાનક, ગાંધી વગેરે સૌનો શું, તેનો પોતે કહ્યું તો ભદ્ર વર્તનના જ હતા, અભય તેમણે ભદ્ર અને સત બંને પ્રકારના અનુયાયીઓ કર્યા હતા. ઈશુની ભદ્ર સંસ્કૃતિનું પોપનગર બન્યું. બુદ્ધ, નાનકની સંસ્કૃતિનાં સુવર્ણ મંદિરો બન્યાં. મહાવીરની સંસ્કૃતિના ઝળહળ, દેલવાડા વગેરે બન્યા. મહંમદની સંસ્કૃતિનાં મોતી અને જુમ્મા મસ્જિદો અને તાજમહાલ બન્યાં. ગાંધીનું કાર્ય એવું જ થયા માંડયું છે ને શું થશે, શું નહિ થાય તે આજથી જ કહી શકે. સોમનાથનું પણ એવું જ બન્યું. જે દેવની એમાં પ્રતિષ્ઠા છે, તેની પાસળ જો કોઈ ઔંતદ્રષ્ટિક વ્યક્તિ હોય તો તે દીન, દરિદ્રી, દુઃખી, રોગી, ભૂખ્યા પડેલા જંગલવાસીઓની પ્રતિનિધિ હશે. પછી ભલે તે શિખર રહેતી કે હાથનું ચામડું ઓઢતી, જગતમાં પોડિયા ઉપર બેસી ફરતી અને સ.પ, સિદ્ધ સાથે રમતી હોય. આમ ભદ્ર દર્શનોએ જ તેની કથા કહી રાખી છે. એનું ત્રિય ગગનચુંબી શિખર તો ૪૦ હજાર ફૂટ ઊંચા હિમાલયના બરફમાં હોય, એને બારા પ્રમાણમાં વેત જેટલી ઊંચી મંદિરની ઇમારતમાં તો રસ આવે ? મંદિરના શિખરને ગગનચુંબી રહેનાર રવિ ઉપર એ હરણ વિના રહે નહિ. જેમ ગાંધીને ભિખારી હાડકિ કરતા ભારી કોલોનિમાં જ પધારે સહાય લાગ્યું. છતા મહાળુ ગાંધીભક્તો તો ભિખારી હાડકિને જ ગાંધી મંદિર કરવા ચાહે છે. તેમ ધનવાન શિવભક્તો સોમનાથને ઊંચુ કરે એમાં નવાઈ નથી. આપણે વૈષ્ણવના પૂજક, આપણે કાળમાં શિવના ભદ્ર શરીરની કદર કરી શકીએ. પ્રજામાં તો સોના, ચાંદી અને હીરા વિભૂષિત શિવની જ આરાધના કરી શકીએ.

ભદ્રસાલવન જુઓ ભદ્રશાલ.

ભદ્રસુંદરી [સં] સ્ત્રી એ નામની એક મહારુક્ષિત. તેનું સ્થાન ત્રિકૂટમાં છે.

ભદ્રસેન ૧. [સં.] પું (પુરાણ) ઋષભદેવના નવ માંહેનો એ નામનો એક અંધ્રાધિપતિ દીકરો. એના બંધનું નામ પણ એ જ હતું.

૨. પું. (પુરાણ) ઋષભદેવને જયંતીથી થયેલ સો માંહેનો એ નામનો એક દીકરો.

૩. પું. (પુરાણ) કુંતી દેશના રાજાનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) ભરતવર્ષના નવ માંહેનો એક ખંડ.

૫. પું. (પુરાણ) કૈરવનું એક નામ. તેની મૂર્તિ નર્મદા નામના પીઠસ્થાનમાં છે

૬. પું. (પુરાણ) વસુદેવથી દેવકીને થયેલો એ નામનો એક પુત્ર.

ભદ્રસેનક પું. (પુરાણ) સોમવંશી બહુપુત્ર સહસ્રજિતના પૌત્ર હૈહયવંશી મહિષ્માન રાજાનો એ નામનો એક દીકરો. તે કદ્રસેન્ય એવા બીજા નામથી પ્રસિદ્ધ છે. એને દુર્મદ અને ધનક એવા બે પુત્રો હતા

ભદ્રસેના [સં.] સ્ત્રી. વૈશાલીની એ નામની એક રૂપવતી અને નૃત્યકલાથી સર્વાંગ સંપૂર્ણ નર્તકી.

ભદ્રસોમા ૧. [સં.] સ્ત્રી. કુરુવર્ષમાં આવેલી એ નામની એક નદી.

૨. સ્ત્રી. ગંગા નદી

ભદ્રહંસ [સં.] પું. નાગરમોથ.

ભદ્રંકર [સં.] વિ. શુભકારક.

ભદ્રંકરણ [સં] ન. મંગળનું સાધન.

ભદ્રંભદ્ર ૧. પું. અંધમહાળુ સનાતની મતાગ્રહ. કટાક્ષમાં બોલાય છે.

૨. [સં.] પું. વેદિયો પુરુષ.

૩. ન. સાક્ષર રમણભાઈ મહીપતરામ નીલકંઠે રચેલ એ નામનું એક હાસ્યપ્રધાન વાર્તાનું પુસ્તક

શ્રી રમણભાઈનું ભદ્રંભદ્ર કેટલેક અંશે પિતિક રેપર્સથી પ્રેરાઈ બનું હોય એમ જણાય છે.

પ્રસ્થાન

૪. વિ. કલ્યાણકારી

૫. વિ. ડોહાળું; ડોહળતુર.

ભદ્રંભદ્રતા સ્ત્રી. ભદ્રંભદ્રપણું.

ભદ્રંભદ્રશાહી વિ. વેદિયા જેવું; વહેવારની સમજ વગરનું.

પ્રબળ તથા અભિમાનના ભદ્રંભદ્રશાહી વિચારોના તથા અદ્વિતીય વીરતા અને મૃત્યુની બેપરવાઈનાં ચિત્રો એ લખ્યે છે. મહાદેવ દેસાઈ

ભદ્રા ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદઃ ભદ્રિકા. તે રૂમ છંદનો એક ભેદ છે. તેના પહેલા, ત્રીજા અને પાંચમા ફરેક પદની ૧૫, સાતમા અને નવમા પદની ૧૧, બીજા અને ચોથા પદની ૧૨, છઠ્ઠા અને આઠમા પદની ૧૩, એમ તેનાં કુલ ૯ પદની ૧૧૭ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) માહિની કુંડલિનીની જાતનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તેમાં ૭૨ ગુરુ અને ૧૪ લઘુ મળી ૮૬ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૩ પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા અગિયાર અક્ષર હોય છે. તેનું પહેલું તથા ત્રીજું ચરણ ઇંદ્રવજ્રા અને બીજું તથા ચોથું ઉપેન્દ્રવજ્રાથી બને છે.

૪ સ્ત્રી. (પુરાણ) અત્રિપુત્ર સોમની કન્યા અને ઉતથ્ય ઋષિની સ્ત્રી. એને વરણ્ય નામે પુત્ર થયો હતો

૫. સ્ત્રી. અમૌગિયા

૬. સ્ત્રી. અદિતિ

૭. સ્ત્રી. આકાશગંગા.

૮. સ્ત્રી (છંદ) આઠ માત્રાની એક જાતની ૨ જમાત્રા

સભા કરવાના હેતુની એક બાબતુએ ચાર પદો અથવા ચાર વિભાગો કરવા અને તે જ રીતે ચારે તરફ ચાર ચાર પદો કરવાથી સોળ પદો થાય. તે પદોના ક્રમમાં જે ચાર પદો છે તે ચારેનુ એક પદ કરી સભા આગળ એક અર્પિત કરવાથી તે નંદા સભા થાય અને તે જ નંદાની આગળ એક ભદ્ર દોય તો તે સભાનું નામ ભદ્રા થાય

૨ જગતસભા

૯. સ્ત્રી એ નામની એક દેવી. એનું સ્થાન ભદ્રકર્ણેશ્વર છે

૧૦. સ્ત્રી એ નામની એક મહાશક્તિ. તેનું સ્થાન ભદ્રેશ્વર-માં છે.

૧૧. સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું સાતમું કરણ

૧૨. સ્ત્રી એક જાતનું પક્ષી.

૧૩. સ્ત્રી. કમનસીબ લક્ષણ

૧૪. સ્ત્રી કલ્યાણકારી વસ્તુ

૧૫. સ્ત્રી કલ્યાણ.

૧૬. સ્ત્રી. કાળી ઉપલસરી.

૧૭. સ્ત્રી. કાળો ઉનનો.

૧૮. સ્ત્રી. (પુરાણ) કુબેરની એ નામની બાજી

૧૯ સ્ત્રી. (પુરાણ) કૃષ્ણની આઠ પાંહેની એ નામની એક પટરાણી, કેકય દેશાધિપતિ પ્રકૃષ્ટજીતને વસુદેવની બહેન શ્રુતકીર્તિથી થયેલી એ નામની કન્યા, તેને સંતર્દન વગેરે તેના ભાઈઓએ વિવાહ કરી કૃષ્ણને વરાવી હતી.

૨૦. સ્ત્રી. (પુરાણ) કૃષ્ણની એ નામની એક બહેન; સુભદ્રા.

૨૧. સ્ત્રી. કૃષ્ણપક્ષની સાતમ અને ચૌદશ એ બે તિથિ જેટલી ઘડીએ બેસતી હોય તાથી માઠી ત્રીસ ઘડી સુધીનો સમય.

૨૨. સ્ત્રી. ખીજડાનું ઝાડ.

૨૩. સ્ત્રી. ખૂબસૂરતી.

૨૪. સ્ત્રી. ગણી

૨૫. સ્ત્રી. ગંગા નદીનો ઉત્તર તરફનો એ નામનો એક ફાંટો. ગંગા એક પર્વતના શિખરથી ઉત્તરે પડીને કુમુદ પર્વતના શિખર ઉપર પડે છે, ત્યાંથી નીલગિરિના શિખર ઉપર થઇ શ્વેત પર્વતના શિખર ઉપર, એમ એક પર્વતથી બીજા ઉપર વહેતી ઉત્તરકુરુ દેશમાં થઈને ઉત્તર દિશામા આવેલા સમુદ્રને મળે છે

૨૬ સ્ત્રી ગમાનાં દલ્લાર માંહેનું એક નામ.

૨૭. સ્ત્રી. ગધપમારણી નામની વનસ્પતિ.

૨૮ સ્ત્રી. ગામ. જીલ્લામાં વસનારોલુ ગાવનું એક નામ.

૨૯. સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માંહેની એક શક્તિ

૩૦ સ્ત્રી. ગોકર્ણી વનસ્પતિ.

૩૧ સ્ત્રી ગાદવેલ.

૩૨. સ્ત્રી. (જ્યોતિષ) ચાંદ્ર માસની બીજ, સાતમ તથા બારસ એ ત્રણ માંહેની દરેક તિથિ જદા જદા તિથિમાં ગાવેનું પરિણામ કહેવાયુકારી નીવડે છે

૩૩ સ્ત્રી એ નામની એક વાસુદેવ દેવતા

૩૪ સ્ત્રી (જૈન) ચ્યવન માંહેની એ નામની એક દિક્કુમારિકા.

૩૫. સ્ત્રી દયા

૩૬. સ્ત્રી દુર્ગા; પાર્વતી.

૩૭. સ્ત્રી દુર્વા.

૩૮ સ્ત્રી. દારૂ. દગ્ધ.

૩૯. સ્ત્રી. ધોળી ધરો

૪૦. સ્ત્રી. નાગરમોથ, ભદ્રમુસ્તા.

૪૧ સ્ત્રી નાગરવેલ.

૪૨. સ્ત્રી નોગરવેલ

૪૩ સ્ત્રી. પૃથ્વી

૪૪. સ્ત્રી. ફલિત જ્યોતિષ પ્રમાણે એક જાતનો યોગ તે કુંભરાશીની ત્રીજ અને દશમના છેલ્લા અર્ધ ભાગમા તથા આઠમ અને પુનમના પહેલા અર્ધ ભાગમા હોય છે

૪૫. સ્ત્રી. બલા વનસ્પતિ.

૪૬. સ્ત્રી. ભાજ

૪૭ સ્ત્રી. ભુવની એ નામની એક શક્તિ

૪૮. સ્ત્રી. (સિદ્ધ) બે મુખની અને ૭ દેરીવાળી વાયનું સાંકોચ નામ; રાજવલ્લભમાં વર્ણવેલી આર માંહેની એક પ્રકારની વાર

૪૯ સ્ત્રી. ભાગીરથી નદી.

૫૦. સ્ત્રી. ભાદર નદી.

સૌરાષ્ટ્રમાં ભદ્રા નામે નદી આવી છે, તે બાદર હશે. ગુ. સા. પરિષદ

૫૧. સ્ત્રી. મુખના આયુ અને ચોળિયા મુદ્રાવવા તે.

૧. ભદ્રા ચતુ = (૧) સમાના ચરણ પકડી માથું, દાઢી મૂંડાવી પવિત્ર ચતુ. (૨) લુંગારુ.

૨. માથાની ભદ્રા ઊતરવી = કોઈ પણ પ્રકારનું નુકસાન થવું; ખાસ કરીને આર્થિક હાનિ થવી.

૫૨. સ્ત્રી. (પુરાણ) મેરુની કન્યા અને આગ્નીધ્ર રાજાના પુત્ર ભદ્રાશ્વની સ્ત્રી.

૫૩. સ્ત્રી રૌદ્રાશ્વની એ નામની એક કન્યા.

૫૪ સ્ત્રી. હરીતકી.

૫૫. સ્ત્રી. (પુરાણ) વસુદેવની એ નામની એક સ્ત્રી એને સંતતિ નહોતી

૫૬. સ્ત્રી વિષ્ણુપુરાણમાં જબુદ્વીપની મોટી આર માંહની એ નામની એક નદી. તેને લીના કહે છે અને તે ઉત્તર સમુદ્રમા પડે છે

૫૭. સ્ત્રી (પુરાણ) ભુવિતાશ્વ રાજાની એ નામની સ્ત્રી.

૫૮. સ્ત્રી. વિષ્ણુપરિત્તકારના મત પ્રમાણે આર માંહેના એક પ્રકારની જમીન.

૫૯ સ્ત્રી સભા

૬૦. સ્ત્રી. સુખ; કલ્યાણ

૬૧. સ્ત્રી સૂર્યની એ નામની એક શક્તિ.

૬૨ સ્ત્રી હજાદર

૬૩. વિ. સ્ત્રી. કલ્યાણી.

૬૪. વિ સ્ત્રી. ભલી

૬૫ વિ સ્ત્રી. ભાગ્યશાળી

ભદ્રાકરક્ષ [સં. ભદ્રાક્ષ (મધ્યમ)] ન. મુખનાં કલમત

ભદ્રાક્ષ ૧. [સં. ભદ્ર + અક્ષ (કણ)] પુ. એક જાતના રુદ્રાક્ષ જેવા કાંટાવાળા મણકા. ૨. પું. (પુરાણ) જબુદ્વીપના નવ માંહેનો એ નામનો એક ખંડ.

ભદ્રાક્ષી સ્ત્રી. એક જાતનું વૃક્ષ; 'પારસ.' તેના પાન નાનાં અને લીલાં હોય છે એને સફેદ ફૂલ અને ગોળ અણચપટા ફળ થાય છે તેની માળા બને છે. એ ફળ રુદ્રાક્ષ કરતાં વધારે હલકાં ને બાંગી કે ફાટી બાય તેવાં હોય છે.

ભદ્રાતિથિ [સં.] સ્ત્રી. ચાંદ્ર માસની બીજ, સાતમ અને બારસ એ ત્રણ માંહેની દરેક તિથિ

ભદ્રાત્મજ [સં.] પું. તરવાર.

ભદ્રાત્મા [સં. ભદ્રાત્મન્] પું. કલ્યાણસ્વરૂપ પુરુષ

ભદ્રાનંદ [સં.] પું. (સંગીત) એક જાતની સ્વરસાધના પ્રયુક્તિ

ભદ્રાભદ્ર ૧. સ્ત્રી. એ નામની સ્ત્રી. ૨. ન. કલ્યાણ.

ભદ્રામુદ્રા [સં.] સ્ત્રી. તર્જની અને અનામિકાને સાથે રાખી, બાકીની ત્રણ આંગળીને અલગ રાખી પરમાત્મૈકત્વનું ચિંતન કરતી વેળા રખાતી હાથની સ્થિતિ

બંને હાથના પંજા ઊંચા ઉપર સવળા રાખી, અંગૂઠો તથા તર્જની જોડ આકારે મેળવી રાખી,

બાકીની બધી આંગળીઓ જુદી રાખી બેસવું તે. (૨) તંત્રમુદ્રા અથવા ભદ્રાસુદ્રા કહેવાય છે.
યોગકોસ્તુભ

ભદ્રાયુ [સં. ભદ્રાયુસ] પું. (પુરાણ) એ નામનો એક રાજપુત્ર. તેને ઋષભયોગી ઋષિએ શિવકવચ આપ્યું હતું.

ભદ્રાયુધ [સં] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ

ભદ્રારક ૧. [સં.] પું. જંબુદ્વીપના પાંચમા ખંડમાં આવેલ ભદ્રાર પર્વતનો એ નામનો એક ભાગ; ભદ્રાર પર્વતનો એ નામનો એક દ્વીપ.

૨ ન. ભારત જિલ્લામાં આવેલ એ નામનું એક પ્રાચીન તીર્થ.

ભદ્રાલપત્રિકા [સં.] સ્ત્રી. મધાલી વનસ્પતિ.

ભદ્રાલી જુઓ ભદ્રાલપત્રિકા.

ભદ્રાવતી ૧ [સં.] સ્ત્રી. એ નામની કચ્છની પ્રાચીન નગરી કચ્છની પ્રાચીન ભદ્રાવતી નગરી પ્રાચીન કચ્છમાં એક બહુ સુંદર નગર હતું

૨ જુઓ ભદ્રાવળ્યું ઝાડ

૩ જુઓ મહાભારતમાં ભદ્રાવતી એ નામની એક પ્રાચીન નગરી

૪ સ્ત્રી. (પુરાણ) યૌવનાશ્વ રાજાની એ નામની સ્ત્રી

૫ સ્ત્રી (પુરાણ) વૃષકેતુની પ્રભદ્રા નામની સ્ત્રી.

૬ જુઓ મ. ૂમાં આવેલી એ નામની એક નદી ન ૬૦

ભદ્રાવરી ૧. સ્ત્રી. ચિંતાના રક્ષણ માટે આપેલ વસ્તુ કે વ્યવસ્થા

૨. સ્ત્રી. દુધેલી નામની વનસ્પતિ.

ભદ્રાવળું ન ક્રિ. મુંડાવવું, મુંડન કરાવવું; શેર કરાવવું; કત્લમાં કરાવવું.

ભદ્રાવાંછિતભર્તા [સં. ભદ્રાવાંછિતભર્તૃ] પુ પુરુષોત્તમનાં કાનમાં માહેનું એક નામ.

ભદ્રાશ્રય [સં] પું., ન. ધોળા ચંદનનું ઝાડ. ને ચંદન મલય પર્વતમાં ચંદનના ઝાડના મોટો આશ્રય લઈ રહ્યું છે, માટે તેને ભદ્ર આશ્રય કહે (ચંદન તેલથી ભરેલ હોવાથી બહુ જ ઠંડક આપે છે

ભદ્રાશ્વ [સં.] પું. (પુરાણ) ઉત્તરે:ત્રાનો એક તમનો પુત્ર.

૨ (પુરાણ) જંબુદ્વીપના નવ માહેનો એ એક ખંડ; જંબુદ્વીપમાં ઇલાવૃતની પૂર્વ આવેલ એક ભદ્ર મેરુની પૂર્વે આવેલ એ નામનો પ્રદેશ મ્યુરિયા. તે દેવોએ લોકોએ વસાવ્યો હતો તેના મધ્ય ભાગમાં અર્ધચંદ્રાકારની સમાન ભદ્રાશ્વન નામનો વર્ષ રહેલો છે. તેની પૂર્વ બાજુએ ભદ્રાશ્વ અને પશ્ચિમ તરફ કેતુમાલ નામના વર્ષ છે.

૩. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર આગ્નીધ્રને પૂર્વચિત્તી નામની અપ્સરાથી થયેલા નવ માહેનો આઠમો પુત્ર. તે ભદ્રાશ્વ નામના ખંડનો રાજા હતો.

૪. પું. ભદ્રાશ્વખંડનો રહેવાસી.

૫. પું સૂર્યવંશી બૃહદાયુકુલોત્પન્ન કુવલાશ્વ રાજાના બધુ માંહેનો એ નામનો નાનો દીકરો. તના ચંદાશ્વ, ચડાશ્વ, દંડ એવાં બીજાં નામ પણ હતા

૬. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢપુત્ર નીલના વંશનો બાર્હાશ્વ રાજા.

ભદ્રાશ્વખંડ [સં.] પું. (પુરાણ) જંબુદ્વીપનો એ નામનો એક ખંડ. ને ગંધમાદન પર્વત અને ક્ષાર સમુદ્રની વચ્ચે આવેલો છે. તેનો અધિપતિ ભદ્રશ્રવા પ્રજાપતિપુત્ર ભદ્રાશ્વ છે.

ઇલાવૃતથી પૂર્વ ભાગમાં ગંધમાદન પર્વત ભદ્રાશ્વખંડના સીમાડારૂપ છે.
ભાગવતી આખ્યાન

ભદ્રાશ્વાસ ૧. [સં.] ન. ઘોડાની એક પ્રકારની ચાલ; સારી રીતે શ્વાસ લેતાં ધીરે ધીરે કૂદકા મારી ચાલવું તે.

૨. ન. હાંફી જવું તે.

ભદ્રાસ ન. એક જાતની વનસ્પતિ. એનાં પાન નીચેથી સાંકડાં ને ઉપરથી પહોળાં તેમ જ લાંબાં અને લીલાં હોય છે. તેમાં પીળાં ફીકાં ફૂલ અને બધુ બારાં ફીળું બોર જેવાં ફળ આવે છે.

ભદ્રાસજ્જ ન. વિવાહ પ્રસંગે પરણીને ઘેર જતાં પાદર બનાવી દક્ષિણા; લગ્ન પ્રસંગનો પ્રમોદો; વરઘોડાની ઐરિયાત.

ભદ્રાસન ૧. [સં. ભદ્ર + આસન] ન. બહુ માંહેનું પાંચમું માર્ગાધિક.

૨. ન. દેવનું આસન.

૩. ન. ધ્યાનનું એક આસન.

૪. ન. યોગનાં બોંતરી માંહેનું એ નામનું એક આસન. સીવનીની બંને બાજુએ બંને પગની એડીઓ રાખવી જમણે બાજુ જમણી એડી અને ડાબે બાજુ ડાબી એડી. આ આસન ભદ્રાસન કહેવાય છે. મુક્તાસનમાં પગોનો અમભાગ બાજુએ રહે છે, પણ આ આસનમાં તે પાછલા ભાગમાં મરડાઈને રહે છે. આ આસનને ગોરક્ષાસન પણ કહે છે. આ આસનમાં સ્થિર રહીને બંને હાથની પાછલા ભાગમાં નીકળી ગયેલ પગને હાથથી રાખીને દૃષ્ટિ નાકના અગ્રભાગ ઉપર રાખવી. આ આસનથી પગની નસો બહુ નરમ બને છે અને મૂલબંધ બરાબર થઈ શકે છે. આ ભદ્રાસનના અભ્યાસથી કબજિયાતથી ઉત્પન્ન થયેલ રોગ તથા વાત રોગ દૂર થાય છે. કફ અને મેદવૃદ્ધિના રોગીઓને પણ આથી ઘણો લાભ થાય છે. અપાનતત્ત્વને ઊર્ધ્વગામી બનાવવામાં પણ આ આસન સારી મદદ કરે છે.

૫. ન. શિલ્પશાસ્ત્રમાં વર્ણવેલ દશ માંહેના એક પ્રકારનું આસન.

૬. ન. સિંહાસન; રાજગાદી નામવાનું આસન; રાજાસન; રાજાનું આસન; મણિ વગેરે જડેલું રાજાસન.

ભદ્રાંગ [સં.] પુ. બળરામ.

ભદ્રિક ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ભદ્રક. તે આર્યા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, રગણ, નગણ, રગણ, નગણ, રગણ, નગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે. તેમાં દશમા અક્ષર ઉપર યતિ બેઠકે વિસામો આવે છે.

૨. વિ. ભદ્ર; ભોળું; સરલ સ્વભાવનું.

૩. વિ. શુદ્ધ; પવિત્ર.

ભદ્રિકતા સ્ત્રી. ભોળપણ; ભદ્રિક હોવાપણું.

ભદ્રિકા ૧. [સં] પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; સભદ્રિકા. તેના દરેક ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે

૨. પું. (પિંગળ) બાવીસ અક્ષરનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ભદ્રક; ભદ્રિક; પ્રભદ્રક.

૩. પું. (પિંગળ) બૃહતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં રગણ, નગણ ને રગણ મળી નવ અક્ષર હોય છે.
ભદ્રિકા ૧ ન ૧ થી ૩ને. સ્વરૂપિણ

૪. પું (પિંગળ) દેવા છંદની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ; ભદ્રા.

૫ સ્ત્રી. (જ્યોતિષ) આઠ માંહેની એક દશા.

૬. સ્ત્રી એક જાતની વેદિકા; કલ્પસૂત્રકારી વેદી, દેવમંદિરમાં કરવા યોગ્ય વેદી. રાજાની સભામાં બાર ખૂણાની કરવામાં આવતી વેદી

૭. સ્ત્રી. બીજ, સાતમ અને બારસ માંહેની દરેક તિથિ.

૮ સ્ત્રી. સુંદર સ્ત્રી.

૯ વિ સ્ત્રી ભદ્રતાવાળી, સુખવાળી; લાભદાયી.

૧૦ વિ સ્ત્રી ભલી; સારી.

૧૧. સ્ત્રી. સ્ત્રી. શુભ: મંગળ
૧૨. વિ સ્ત્રી. સુંદર; રૂપાવટી

ભદ્રી ૧. [સં. ભદ્રિન્] પું. જ્યોતિષી. વસ્તરેખાનું જ્ઞાન ધરાવનાર પુરુષ.
૨. વિ. ભાગ્યવાન

ભદ્રેલા જુઓ ભદ્રેલા.

ભદ્રેશ્વર ૧. [સં] પું. એ નામે એક મહાદેવ.
૨. ન કચ્છ
આવી રીતે ભદ્રેશ્વર (કચ્છ)ના મહારાજા ખીમસિંહે મુજરેખાની આજ્ઞાનો અનાદર કર્યો હતો. ગુ. સા. પરિષદ

ભદ્રેસરા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક ઓજાર
૨. ન એ નામની ઓજારનું માપસ.
૩. વિ. એ નામની ઓજારનું.

ભદ્રેલા [સં] સ્ત્રી. મોટી એલચી; કાળી એલચી

ભદ્રોત્તર [સં] ન. (જૈન) તપસ્વીઓ તરફથી આચરવામાં આવતું એક પ્રકારનું તપ. તેમાં પંચોતેર ઉપવાસમાં ફક્ત પચીસ પારણા આવે છે.

ભદ્રોદની જુઓ ભદ્રૌદની.

ભદ્રૌદની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પીતઝલ્લા; બલ્લા વનસ્પતિ.
૨. સ્ત્રી. નાગબલા.

ભધ પું. (કચ્છી) બદ; ખાળ.

ભધક પું. (કચ્છી) ખોટવો, કૂપી; આતશબાજીનું દારૂનું દાડમ; બળુ.

ભધંગો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ માત્રામેળ પ્રમાણે આ છંદ સાઠ છંદનો એક ભેદ છે. તેમાં ૬૫ ગુરુ અને ૫૦ લઘુ મળી ૮૫ અક્ષરની ૧૨૦ માત્રા હોય છે.

ભધ્યાર સ્ત્રી. શેરડી માટે તૈયાર કરેલ જમીન.

ભનક ૧ [હિ.] સ્ત્રી. અવાજ ઝણઝાટો; ધીમો અવાજ; ધ્વનિ
૨. સ્ત્રી. ગપ.

ભનકોડા (ભનકોડા) પું. શિલાડીનો ટોપ.

ભનઘર વિ. મોટું.

ભનઘર હોજ પું. મોટો હોજ.

ભનવારો [સં. ભૂ] સ્ત્રી. (હિંદી) ભમર; ભમરો

ભનિયો પું. ભાણેજ.

ભની સ્ત્રી. ભઠેનની દીકરી; ભાણી; ભાણેજી.

ભનેઉ [હિ.] પું. ભનેવી.

ભનેલા [હિ.] પું. ભઠેનપણું; સખીપણું.

ભનેલી [હિ.] સ્ત્રી. ભાનેલી ભઠેનઃ સખી.

ભનેવા વિ. બીનેવાનું; સ્વામ

ભઝી ૧. સ્ત્રી. મકરાણીની એ નામની એક ભટક
૨. ન. એ નામની ભટકનું માપસ
૩. વિ એ નામની ભટકનું

ભપ ન. ફુગ્ગાબાજી; સુખરાટાથી.

ભપકદાર જુઓ ભભકદાર.

ભપકવું ન ક્રિ ભપ ભપ એવા અવાજ સાથે સળગવું; મોટો ભડકો થઈ હોલાઈ જવું ને વળી ભપકો થવો એમ સળગવું

ભપકા ૧ [હિ] પું ભડકો કાઢવાનું વાસણ.
૨. પું. કલાલની ભઠ્ઠી.
૩ પુ ભઠીમાંથી નીકળેલો ભડકો

ભપકાદાર જુઓ ભભકાદાર.

ભપકાબંધ જુઓ ભભકાબંધ.

ભપકાવવું ૧. સ ક્રિ ઉશ્કેરવું; ખીજવવું.
૨ સ ક્રિ જેવું તેવું કરી નાખવું
૩ સ ક્રિ કૃપા.વવું, ભપ ભપ એવા અવાજ સાથે વધી જવા અમ રેડવું, વધેરવવું, બેનરથી કે ખૂબ રેડવું; ઝપાટાબંધ રેડવું.
૪ સ ક્રિ. ભડભડાટ બળતું કરવું, સળગાવવું.

ભપકી જુઓ ભભકો.

ભપકો જુઓ ભભકો.

ભપતિ ૧. [સં] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩ પુ (જ્યોતિષ) રાશિનો સ્વામી ગ્રહ

ભપંજર ન. રાશિચક્ર; નક્ષત્રમંડળ.
સૂર્ય અને ભપંજર (રાશિચક્ર) સ્થિર છે.
મહાર્ણવપરિક્રમા

ભપાડા (ભપાડા) [હિ.] પું. ઊતરપિંડી.

ભપારા ૧. [સં ભાષ્પ] પું. વરાળ
૨ પુ. વરાળથી નાહવું તે.

ભપૂડા (ભપૂડો) ૧. પું. ધમકી.
૨. પું. ભપકો; રોફ; ઠઠા; ડોળ; આડંબર.
૩. પું વિચાર.

ભપૂર ન. ઝપ્ત રેખાવાળું વસ્ત્ર.

ભપોલા પું. ફુગ્ગો.

ભપ્પ ૧. પું. બેસવાથી કે સ્થૂલ વસ્તુ પડવાથી થતો અવાજ.
૨. ન. ઝપાટાબંધ.
૩. ન. ભપ્પ અવાજની સાથે; ભપ્પ એવા અવાજથી.

૪ ન વજર વિચારે; વજર વિલંબે; ઊંધું પાલંને.

ભપ્પલ વિ. સ્થૂલ; જાડું; દોંદું; જેનું શરીર ખૂબ ફૂલેલું હોય એવું; ફોફું.

ભપ્પા [હિ.] પું. ઊતરપિંડી; ભપારા.

ભફ જુઓ ભપ્પ.

ભફકું (ભફકું) વિ. જાડું; બરડું; ઘણું બિચું.

ભફલું ૧. ન. ખડનો ગંડો; ખડની ઢાળીને બાંધેલી ગાંસડી.
૨ ન. કંઈ નાનું પોકળું; કંઈ મોટી ગાંસડી; કંઈ બાંધેલી ફાટી ગાંસડી.
૩. વિ જાડું; વાયુથી ફૂલેલાં અંગોવાળું; મેદવાળા શરીરનું; સ્થૂળ.

ભફાક ૧. પું. ભપ કરતો અવાજ.
૨ ન. સ્થૂલ વસ્તુ પડવાથી થતા અવાજ સાથે.

ભફાકિયું ૧. વિ. ફાવે તેમ બોલનાર.
૨ વિ વજર વિચારે કામ કરનાર.
૩. વિ નાદાન કરનાર.

ભફાકિયો પંથ પું મોટો પથ.

ભફાકો ૧. પું ભપ્પો; ધિંગ.
૨. પું. બહુ દબાને પડવાથી થતો અવાજ.
૩ પુ ભૂસકો, ઠેકડો; ઉપરથી પડવું તે.
ભફાકો મારવો = (૧) ઊછળીને વચમાં પડવું. (૨) ભપ મારવો. (૩) વચમાં બોલી ઊઠવું.

ભફારા જુઓ ભપારા

ભફાંગ ન. સ્થૂળ વસ્તુ પડવાથી થતા અવાજ સાથે.

ભફાંગિયો ૧. ન આડખીલી
૨. ન પથરો.

ભફીકું વિ. બરડું; ભફકું; બહુ જાડું; સ્થૂળ.

ભફેડવું (ભફેડવું) ૧. સ ક્રિ. ઊંચાપત કરવું.
૨ સ. ક્રિ. ખૂબ આવું.
૩. સ. ક્રિ. જોરથી મારવું
૪. સ ક્રિ. નાશ કરવો.

ભફેડ ફોજી (ભફોડ ફોજી) સ્ત્રી. ફોજીની જાતની એક પ્રકારની જમીન.

ભભક ૧. સ્ત્રી. ઊંચટ ગંધ; ગંધ એકદમ નીકળી આવવી તે.
૨. સ્ત્રી. ભડકો વધવો તે; તાપનું એકદમ ઠારી નીકળવું તે.

ભભકવું જુઓ ભભકવું

ભભકા ૧ [દિ] પું. આંખે ઊતરવા કે દારૂ મારવા માટે બંધ મોઢાનો એક બ્રાતનો મોટો પડો તેના ઉપરના ભાગમાં મોટી હાની નળી જોડેલી હોય છે

૨ પુ. ભઠ્ઠીમાંથી નીકળેલો બફારો.

૩ પું. મોટા મોઢાવાળું પીવાનું પાત્ર.

૪. જુઓ હલાલખોરી બટ્ટો.

ભભકી ૧. સ્ત્રી દાસ.

૨ સ્ત્રી ધમકી.

બંદર ભભકો = વાંદરા કે સિંગાળનો કર બતાવવો

ભભૂકવું ૧. વિ. ચકચકવું

૨. વિ ગરમ થવું

ભભૂકવું થવું = ગુસ્સે થી લાલચોળ થવું.

ભભૂત ૧. સાં. જોગીની ધૂણીની રાખ. તેઓ આખે શરીરે ત ચોળે છે

૨. [સં. વિભૂતિ] સ્ત્રી. વિભૂતિ; ભસ્મ

ભમૂર [સં. વર્બુર] પુ એક બ્રાતનું ઝાડ; બાવળ. તેના ઝાડપ્રકાર ઝાડાનાં પૈડાં અને બેતીનાં ઓજારો બને છે. તેની છાલ ચામડાં રંગવાના કામમાં આવે છે

ભમ્મડ (ભમ્મડ) ૧. પું ગભરાટ.

૨ પું. ગભરાયેલો બવાજ.

ભમ્મડ પડવું = (૧) નાસી જવું. (૨) બીવું.

ભમ્મર જુઓ ભમ્મડ.

ભમ્મરિયું [હિ.] વિ. ભમ્મર; ચિંતુ.

ભમ્મો ૧. પું. બ એવો અક્ષર.

૨. પું. બ એવો ઉચ્ચાર.

ભભક ૧. સ્ત્રી. ઊભરો; ઉછાળો; મનનો ઊભરો. અંતરની પ્રસન્નતાનો ઉછાળો; મોજ; હોંશ, ઉત્સાહ

૨. સ્ત્રી. ઝગારા; ઝગઝાટ.

૩. [હિ] સ્ત્રી. તાપનું એકદમ ફૂટી નીકળવું તે; ભડકો થવો તે.

૪ સ્ત્રી દુર્ગંધ એકદમ નીકળી આવવી તે.

૫. સ્ત્રી બભ્ય ને સુંદર દેખાવ; ચમક; ઠીમિ; તેજ; કાંતિ, શોભા; બબકો; ઝાકિલ; પ્રકાશ; સુરેખતાનો પ્રસર; બહાર પડતી છટા.

૧. ભભક ભારી ને બીસાં બાની = સંપત્તિ થોડી ને દેખાવ ઝાઝો.

૨. ભભક મારવી = (૧) ઝગઝાટ મારવો; ઝળકવું. (૨) ભભકવું; શોભવું.

૬. સ્ત્રી. સુગંધી. સૌરભ; વાસ; ગંધ.

ભભક આવવી = વાસ આવવી.

ભભકદાર વિ. ભભકવાળું.

ભભકભભકું વિ. ભભકવાળું.

ભભકર્પંચ ન એકદમ દબન કરવા માટે બનાવવામાં આવતી એક બ્રાતની પુટાવણી.

ભભકવું ૧. અ. ક્રિ. બાજ બાજવી; ભડકો થવો. સળગવું; ભડકો મારવા; એકદમ પ્રકાશનો ચમકારો બાજ તેવી રીતે સળગવું.

૨. અ. ક્રિ. આનંદમાં આવીને બોલી ઊઠવું.

૩. અ. ક્રિ. ઉમંગમાં આવી જઈને ખૂબ બોલવું.

૪. અ ક્રિ ઉશ્કેરાઈ જવું; ગુસ્સે થવું; ઠોપવું. ભભકી ઊઠવું = (૧) ગુસ્સે થઈ જવું. (૨) બોલી ઊઠવું. (૩) સુગંધ દેવાવવી.

૫. અ. ક્રિ. એકદમ દોડવું.

૬. અ ક્રિ. એકાએક ઉત્પન્ન થવું.

૭. અ. ક્રિ. ગરમ થઈને ફૂટવું.

૮. અ. ક્રિ. ગરમ હોવું; ઊકળવું; ઉકળાટ મારવો.

૯. અ. ક્રિ. ધૂરકવું; ચામવું.

૧૦. અ. ક્રિ. ચમકવું; શોભવું; દીપવું; સુંદર દેખાવું.

૧૧. અ ક્રિ. ડોળ મારવો; બડા રાખવી; રોફ મારવો.

૧૨. અ ક્રિ. પરપોટા થવા.

૧૩. અ. ક્રિ. પ્રકાશ દેવાવવો; પ્રકાશવું; તેજથી પ્રકાશવું.

૧૪. અ ક્રિ. મહેકવું; સુગંધ દેવાવી. ભભકો રહેવું = મહેકો બાવું.

ભભકાદાર ૧. વિ. બાડંબરી; દમામી; ડોળદમામવાળું.

૨. વિ. છટાદાર.

૩. વિ. તેજોમય; દેદીપ્યમાન; પ્રકાશિત.

૪ વિ શોખીખોર; ડાંબિક; બડાઈખોર.

૫. વિ. સુંદર; શોભાયમાન; દેખાવું.

ભભકાભડાર્ઈ (ભભકાભડાર્ઈ) સ્ત્રી. બાડંબર; શોખી.

ભભકાબંધ ૧. વિ ભભકાવાળું; ભભકાદાર.

૨. અ નીડરપણે; છટાદાર રીતે; રોફબંધ; ભભકાથી.

ભભકાબાજ વિ. ભભકાબંધ; બબુચારેલું; રોનકદાર.

ભભકાભેર અ. ઠાઠમાઠથી.

ભભકાર ૧. પું. ઠાઠ.

૨. પું. સારો દેખાવ; ભભકો; શોભા; સૌંદર્ય. બાનખીના પાટ, રંગ ને બાકાર, કુબારા એ ત્રણેને ભભકાર તે સૌંદર્ય. બનારસ

ભભકારો પું પૈસા બરચીને બારવા લઈ બવા માટે બો બાડો ઘાટ રાખી કરવામાં બાવતો એક બ્રાતનો બવાજ. બા બવાજ સાંભળતાં પૈસા બકરાં પોતાની મેળે બરવા માટે બાવી નીકળે છે.

ભભકાવવું જુઓ બપબાવવું

ભભકી ૧. સ્ત્રી. દમ; ઉશ્કેરાટ; રોફ

૨. સ્ત્રી. ધમકી; ડપકો.

બીકર ભભકી = વાંદરા કે સિંગાળનો કર બતાડતો દેખાવ.

૩. સ્ત્રી. પતંગની દોરી એકદમ છૂટ મૂકી તે. ભભકી દેવી = (૧) દોરી એકદમ છોડવી. (૨) ધમકી બાપવી; ડપકો દેવો (૩) રોફ છાટવો.

ભભકેલ વિ. દિવાબર; દોરી; દાતર.

ભભકો ૧. પું. બાખનું બેરથી સળગવું તે; ભપકો.

૨. પું. બાડબર; રોફ; ખૂબ શોભાવાળો સુંદર દેખાવ; મનોહર ઠાઠમાઠવાળો દેખાવ; સુયોજિત ઠાઠ; ડોળ; ઠાઠમાઠ; ડાપદીપ.

૧. બાલી-પોળા ભભકો = બાલી બડાઈ.

૨. ભભકો કરવો-મારવો = (૧) બાલી ડોળ કરવો. (૨) ઝળકવું. (૩) ઠાઠમાઠ કરવો; સુંદર દેખાવું બઈ કરવું; ડાપદીપમાં રહેવું. (૪) રોફ મારવો; શેખી કરવી.

૩. પું. તોર; મિજબ.

૪. પું. ધમકી; ડપકો.

૫. પું. પેચ વખતે પતંગને દેવામાં બાવતો બાંચકો.

ભભકો મારવો-બતાવવો = ઊડતી પતંગને બાંચકો મારવો.

૬. પું. શેખી; બડાઈ

ભભડવું (ભભડવુ) ૧. બ ક્રિ. બાવા માટે મોઢું બાસળવું. બાઈ બાઈ એમ થયા કરવું; બાવાનું મન થયા કરવું; બાકળવું.

૨. બ ક્રિ ગુસ્સાથી બોલવું; બીજાથી બોલવું.

૩. બ ક્રિ. ઘાટો બાકરો; મોટો સાદ કાઢવો.

ભભડાટ (ભભડાટ) ૧. પું. તૃષ્ણા; ઉત્કટ ઇચ્છા.

૨. પું ભડકાટ થતો બવાજ.

૩. પું. ભભડવું તે; બાવાને મોઢું બાસળવું તે; બાઈ બાઈ એમ થવું તે

૪ પું. ઢાબધોકું; બાડા થવા તે.

ભભડી (ભભડી) સ્ત્રી ભૂખરા રંગની ઢગદાર જમીન

ભભડો (ભભ્ભો) ૧. પું. મરી, ખારો, ક્ષિ વગરનો ઉકાળો

૨ પું. મોઢું ભભડવું તે; ભભડાટ; ખૂબની લાગણી.

ભભભભ અ. રેલવેનું ઑબ્જિન ચાલતાં થતો એક જાતનો અવાજ.

ચકલીને બદલે ચકચક, બિલાડીને બદલે ખાઉં, બકરીબાને બદલે બિકબિક, રેલવે ટ્રેનને બદલે **ભભભભ**, બારદાને બદલે ધુક. આ પ્રમાણે અનિસુધક શબ્દો બાલકો ઘણા કરે છે. ગુ. સા. પરિષદ

ભભભભભા અ. મારવા કાર્ય જવા માટે માણોને એકઠી કરવા માટે વપરાતો શબ્દ, માણોને મારવા કાર્ય જવી હોય ત્યારે મોઢા આડો હાથનો પોંચો રાખીને મોટ્યણ આવો શબ્દ કરે અને તે સમજી માણો પાસે આવી મોટાણને ઘેરી લે છે.

ભભર ૧. પું ખારાપણ.

૨. પું બીકમાં પડેલી રાડ.

ભભરવું ૧. અ. ક્રિ. બીવું; કરવું; બીકમા રાડ પડાઈ જવી; ભભરાવું.

૨. અ. ક્રિ. ભ્રમમાં પડવું.

ભભરાવવું ૧. અ. ક્રિ. ચહેરો ઘૂળ જવો.

૨. અ. ક્રિ. ક્રોધ આવવો

૩. સ. ક્રિ. કોઈ વસ્તુ વગેરે ઉપર આખો આડો ભૂરો વેરવો, કપડાર ચૂર્ણ પથરાવું નાખવું; વેરવું; આછું આછું નાખવું; ભૂરો છૂટો છૂટો નાખવો; ચોકુ ચાંદું બધે છાંટવું

કોઈ પુસ્તકની લાઈબ્રેરીમાં ગુદરનો ભાગ વધારે પડેલો હોઈ તેને બદલે કદાચિત્ ઘોટવાનો ભય લાગતો હોય તો તેનાં પાનાંઓ ઉપર સુલાલ કરી દેવો–**ભભરાવવો**. પુસ્તકવિજ્ઞાન

૧. પૂરા ભભરાવવી = (૧) બરાબ કરવું; બગાડી નાખવું. (૨) ટપી જવું; વધવું

૨. મરી મસાલો ભભરાવવો–નીકું મરચું ભભરાવવું = અતિશયોક્તિભરી વાત કરવી; વાત વધારીને કરવી. તાજમેલથી વાત કરવી

૪. સ. ક્રિ. ટપી જવું; વધવું; અમુક કરતાં વધી જવું.

માથે બે ચપટી ભભરાવે એવું હોવું = મુખ્યાર્થમાં ચટી જાય એવું હોવું.

ભભરું ૧. ન. ખાડું દળેલું અના

૨. વિ. જેના કણે કણ જુદા હોય એવું; પાતું; વેરાઈ જાય એવું; ભેગા પકડું નહિ એવું. ભૂકકો; જેના પરમાણુ છાંટીને બળી ગયા હોય નહિ એવું.

ભભરી ગયા = ભભરી રહે તેવી રીતે રાખેલી દાળ.

ભભરેડ સ્ત્રી. ચૂલો હોલવ્યા પછી રહેલી ગરમ રાખ, દેખતાની ઝિની ધખધખતી રાખ; દેખતાથી ખૂબ તપેલી રાખ. કપડાં, રતાળુ, વેંગણ વગેરે શેકવા ભાલનેટમાં પલટવ છે.

ભભરું ૧. અ ક્રિ. દોડવું.

૨. સ. ક્રિ. ભભરાવું

મોતીદાનો હાર દેખને વાસી ઘરનો **ભભરતો** આવે રે. નરસિંહ

ભભીક્ષણ પું. (જૂ. પ્ર.) વિભીષણ; રાક્ષસનો ભાઈ.

રાક્ષસ મારી દીધુ **ભભીક્ષણને** રાજ રે. ઋષિ

ભભુ પું. (કચ્છી) ઓટલો; કુપી; એક જાતનું દારૂખાનું.

ભભુકાવવું સ. ક્રિ. ભભૂકવાની ક્રિયા કરાવવી; ભભૂકે એમ કરવું.

ભભુકાવું અ. ક્રિ. ભભૂકે એમ થવું; ભભૂકવાની ક્રિયા થવી

ભભૂક સ્ત્રી. ભડકો; તેજ; કાંતિ; ઝળહાટ

દેખી તપે આપક દેખી **ભભૂક** મારી.

કાન્હરસિંહ

ભભૂકવું ૧. અ ક્રિ. ઉકળાટો મારવો; વધારે જોરનો ભડકો પડવું.

૨. અ. ક્રિ. એકદમ સળગવું; ભડકે સળગવું; ભભૂકાભેર સળગવું; એકદમ સળગી ઊઠવું. એકદમ ભડકો થવો, ભભૂકો મારવો; ભભૂકો થવો. ભડાકા કાઢીને બળવું; ભડકો થાય તેમ બળવું

૩. સ ક્રિ. ક્રોધના આવેશમાં આવી જવું.

ભભૂકો ઊઠવું = (૧) ઊંડળી ખોખી ઊઠવું. (૨) ઝળહાટ મારવો, પ્રકાશી ઊઠવું (૩) સળગી ઊઠવું.

૪. સ. ક્રિ. ગુસ્સાથી બોલવું; ગુસ્સે થવું; કોપવું.

અગ્નિ વચે ઉતરેલો, નાગ કણા માંહે છે ઝકોરયો; ક્રોધ થયાં સૌ **ભભૂકી**, પ્રકાશે પ્રભાવ પોતાનો. ભગવંતરાય ઠાકોર

૫. સ ક્રિ. ચળકવું; ઝળહાટ મારવો; પ્રકાશવું; પ્રકાશિત થવું.

ભભૂકો ૧. પું. એકદમ બોલમાં મોટી જ્વાળાઓ નીકળી ભડકો થયો તે; એકદમ સળગી ઊઠવું તે; ભડકો, જ્વાળા.

૨. પું. ઝળહાટ; ભડકો; પ્રકાશ કે એકદમ ભારે ઉજાસ.

૩. પું. ભારે તીખાશ.

ભભૂક થવું = ગુસ્સાથી લાલચોળ થવું.

ભભૂત ૧. સ્ત્રી. જોગીઓની પોતાની ધૂણીમાંથી લીધેલી રાખ.

૧. ભભૂત ચોળવી–લગાવવી = (૧) બાવા થવું; સન્યાસ લેવો. (૨) બીક બતાવી. (૩) રાખ ચોળવી.

૨. ભભૂત ચોળાવવી = (૧) પામમાલ કરવું; બીજા આગળ કરવું; હીન દશામાં લાવવું. (૨) ભિખારી બનાવવું; સાધુ કરવું; બાવા કરવું

૨. સ્ત્રી. મંત્રેલી રાખ; ભસ્મ; વિભૂતિ; ભભૂતી; ભૂરકો.

૩ સ્ત્રી રાખોડી; રાખ.

૪. [સં. વિભૂતિ] સ્ત્રી. હોમકુંડમાંની રાખ; ભસ્મ

ભભૂતધારી ૧. પું. રાખ ચોળેલ બાવો કે જોગી

૨. વિ ભભૂત લગાવેલ.

ભભૂતધારી વનસ્પતીઓનાં પહોળાં પણ હોંકારા કરી રહ્યા છે. રસધાર

ભભૂતિયું વિ. રાખ ચોળેલું

તમે વશો એ બળીને કરશું,
તો હું ભભૂતિયો થઈશ જો. શૌકતીલ

ભભૂતી જુઓ ભભૂત.

ભભૂતો પું. (કચ્છી) તપખીર ભરવાની મોટી કે નાની કુંડલી.

ભભો પું. (કચ્છી) સ્તન; થાર્ડ

ભભ્ભા ૧. વિ. ભાવેત; અતિશય; બેહદ; બહુ જ.

૨. અ. ભારપ્રેમ એવા આશ્ચર્યમાં.

ભભ્ભો ૧. પું. ભા અક્ષર કવીશ્વર દલપતરામના વખતમાં કક્કો બોબડાની રીત: કક્કો કેવડિયો ને બબ્બો બારેકિયો, ભમ્મા ભવરી ભાત ભાય, ઘઘ્ઘો પેટ ઝાઝ્યો ભાય. ચચ્ચા છછની ચોપડી ને જઝ્ઝાટનો પોટલો, ઞઞ્ઞો જેર વાળિયો ને ટઠ્ઠો રેરી સરીખો. ડઢ્ઢાની ખાંડ ને દઢ્ઢાની પૂંડ, ણણ્ણો તેણે સરીખો, તથ્થો દીવેટિયો ને થધ્ધો ધધોપિયો, પપ્પા પહોળા પાટ ને બબ્બાનું ચાદરણું ભાય. ભભ્ભો ભાર્યું ભેંસલું ને મમ્મો મોરલો, યયો પારસપેટીઓ, રરો ભૂરો કાઢિયો, લેર વાળુ પાણી ભાય ને માટો મોટો વહ્યો ચકાવ. સાસર બે દન્ત ને કાકર બે પ્રત.

૨. પું. ભ એવો ઉચ્ચાર; ભકાર.

ભભ્રમ પું. (જ્યોતિષ) એક નક્ષત્રનો પૂર્વ ક્ષિતિજમાં ઉદય થાય ત્યારથી તે જ નક્ષત્રનો ફરીથી પૂર્વ ક્ષિતિજમાં ઉદય થતાં સુધીનો ક્રમ; નક્ષત્ર.

ભમ ૧. અ. જેવા અવાજ સાથે.

૨ અ. ખાવાપણાનું કે પોષાપણાનું વધારાપણું બતાવનાર શબ્દની આગળ કે પાછળ વપરાતો શબ્દ જેમકે, ખાધુભમ; ભમપોસા.

ભમ વાગવું = નગારું વગેરે વાદ્ય વાગવું.

ભમક [હિ.] સ્ત્રી. ઉશ્કેરણી; ઊભરો

ભમકડું વિ. અજાયેબકુન; સનસનાટ; અસરકારક.

અને પછી તો એવીના રૂપરંગ ભમકડા વર્ણન પૂરું છે ઝવેરચંદ મેઘાણી

ભમકારો પું. જૂના વખતમાં વપરાતું ગાળવાનું એક સાધન

ભમગરો ૧. [ભમ (ભમ) + ગર (કાર)] પું. ખરાદી; કેતારી.

૨ પું. કરામિયો.

ભમગલોલો પું. ઉંદરના ગોળ-ની એક જનાવટ.

ભમચીકું ન. એ નામની એક રમત, ભમચીકું

ભમડ [સં. ભ્રમર] ન. (પ્રાકૃત) ભમરો તે; રખડવું તે.

ભમતારામ ૧ પું. કામધંધા વિનાનો રખડુ માણસ, નવરો તે ટલ્લા દેતો માણસ.

૨ પું ગુજકરો; ભમરો

૩. પું. પ્રવાસી; મુસાફર.

૪. પું રહેવાના ઠામઠેકાણા વગરનો માણસ; ફરતો ફરનારો માણસ.

૫. વિ. ફરતું; રઝળતું.

૬. વિ ભટકતું.

ભમતિયાળ વિ. રખડવાવાળું; ક્યાં ફરવું; રખડવું એવા ભમ્યા-એ બેસી ન રહે એવું.

ભમતી ૧. સ્ત્રી. એક જાતની માખી.

૨. સ્ત્રી પ્રદક્ષિણાનો રસ્તો; મંડપની આસપાસનો ફરતો માર્ગ.

ભમતું (ભમતૂડું) જુઓ ભમતિયાળ.

ભમતો તારો પું. (ભાગોળ) ખગ. તારાઓ સ્થિર છે જેથી તેઓ એકબીજાની સાપેક્ષમાં તેના તે જ સ્થળે અને સમયે જોવામાં આવે છે, જ્યારે ગ્રહો તો સૂર્યની આસપાસ ફરતા રહે છે, જેથી તેઓ સ્થિર ભૂમધ્યમાં સમયે સમયે સ્થળાંતર કરે છે, જેથી તેમને ભમતા તારા કહેવામાં આવે છે

ભમતો ભૂત પું. રખડુ આદમી.

ભમપખાલ વિ. ખૂબ ભટકુ.

ભમપતીકું વિ ખૂબ ભટકુ અને ભમ્યા વગરનું

ભમપાંચશેરી સ્ત્રી. મુફ્ત વસ્તુ.

ભમપાંચશેરી કરવી = બંધ બજારથી; મુફ્ત માર મારવો. એક વાક્યિનો ખોટાં તોલા વાપરનો હતો. તેથી એક ગ્રાહકને શક પડતાં પોલીસને બોલાવી કરવા હોજો. આથી વાક્યિાએ ભોંયરામાં ભરેલ કરી મૂકી ને પોતિયામાં પાંચશેરી નાખી માર મારવા માંડ્યો ને ઉપરથી આ રૂદિ થઈ જવાબ છે

ભમભમભમ અ. પડઘમ કે મોટા નગારાના ઘા અવાજનું અનુકરણ બતાવનાર શબ્દ

ભમર્યું વિ. ભમતું; રખડતું; રઝળતું. કવિતામાં વપરાય છે

તે દહાડી વળે કેમ ઝોડી,
કાઢ્યા મૂકી ભમર્યાની. પ્રેમાનંદ

ભમર ૧. પું. એક જાતનો કપાસ.

૨. પું. પોડાનો બીજું જેવો રંગ.

કાળું ભમર = ઘણું જ કાળું.

૩. પું. ભમરિયગમાંનો વધુમેળવાળો એક છંદ.

૪. [સં. ભમર] પું. પીળું મોં અને કાળા રંગનો ઘૂસ્ત કરી ગોટનારો એક જીવડો; ભમરા જેવા પગ ને બે પાંખવાળો ભમરો. એ કાચ બાકડાને તેમ જ વાસને કોરી નાંખે છે અને ફૂલો ઉપર બેસી રસ ચૂસે છે એના રંગની ઉપમા મળતા વાળને અપાય છે.

૫. સ્ત્રી. આહીરની એ નામની એક જાત.

૬. [સં. ભ્રૂકુટિ] સ્ત્રી. આંખના ગોળવાળા ભાગની ઉપલી કિનાર ઉપર આવેલ આરીક રેખાવાળો ભાગ; આંખ ઉપરની કમાનદાર અને કાળા વાળની બારીક કિનાર; ભવું; ભમર; નેત્રકુટિ.

૭. સ્ત્રી. ફેર; ચક્કર; ચકરી; ભમરી; ભમ્મરમાં ભેરવેલી

૮. સ્ત્રી. વમળ; પાણીના તરંગોની અંદર પડતી ઘૂમરી

૯. ન. એ નામની ભટકનું માણસ.

૧૦. વિ. એ નામની ભટકનું

૧૧. વિ. ભોગી; લહેરી

૧૨. અ ગોળ ગોળ એમ; ચક્કર ફરે તેમ.

ભમરકડી (ભમરકડો) ૧ સ્ત્રી. બીજાની ફરે તેવી રીતે ગોળાકારની કડી; બીજાવાળા ગોળ કડી. લોઢાની કડીના એક તરફના ભાગને ચપટો કરી, કાણું પાડી, તેમાં ખીલો નાખી, તે ખીલો તેવી જ બીજી કડીમાં નાખ્યો હોય તેવી જાતની કડી. રમાડે ને ઉપલે છેડે, વાછરડાની ગોરીમાં, પીંજણના નેજામાં વગેરે ઠેકાણે, ઘણ ચડી ન જાય તે માટે તેનો ઉપયોગ થાય છે.

૨. સ્ત્રી. પોડાના સામાનનો એ નામનો એક ભાગ.

ભમરકડી મલખમ (ભમરકડો મલખમ) પું. મલખમની આઠ માંહેના એક પ્રકારની કસરત. આમાં બંને હાથથી દોર પકડી, પોતાનો એક પગ પોતાના બે હાથ વચ્ચે રાખી, ચકરી ખાઈને હાથ છોડી નીચે કૂદી પડાય છે

ભમરકૂવો (ભમરકૂવો) પું. કૂવામાંથી પાણી કાઢવાના ચામડાના કોસને જોડેલી લોખંડની સાંકળી ઉપર રખાતું લોખંડનું ગોકું કડું. તે કડાની સાથે વરત બાંધવામાં આવે છે.

ભમરકોર પું. (કચ્છી) ભમરકરિયો.

ભમરગરિયો પું. ભમરકડીવાળો ભમરડો.

ભમરગાંઠ સ્ત્રી દોરીને તાણતાં વધુ સખત થની જાય, એવી રીતે બનાવેલી એક જાતની ગાંઠ.

ભમરચુકો ૧. સ્ત્રી. ઘોડાની ઉપરના ભાગમાં રહેલું ચક્ર.

૨. સ્ત્રી. અકૃતિરૂપી ગુફા.

હવે બીજ સુકૃપિ બોલવે,
ભમરચુક્ર તહાં બોલવે. અખો

ભમરજુંજાર પું. ત્રિફળા માંહેનો એક રાગ.

ભમરગોટીલો પું. ચટપ્પીબડો નામની એક દેશી રમત.

ભમરચક્કર અ. ગોળ ગોળ ફરતું હોય એમ.

ભમરજાલ સ્ત્રી. કફાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ, તેની જાલ ત્રિનાક્ષન જેવું કામ કરતી મનાય છે. આ ઝાડનાં પાનની પાછળની બાજુએ ઘણું કરીને ચોમાસાની મોસમમાં રાતી પાંખ ઉપર કાળા પાંચ ચાંદલાવાળી ભમરીઓ ભેરાઈ હોય છે. તે ગોદ છે ત્યારે ભમરા જેવો અવાજ કરે છે, માટે તેને ભમરજાલ કહે છે. આ ઝાડ ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે. એની છાલ ઉપરથી ભૂરા લીલા રંગની અને અંદરથી રાતી ને કડવી હોય છે એનું લાકડું પોચું, ફીકા પીળા ને ભૂરા રંગનું હોય છે. તેના લાકડામાંથી મધ જેવી વાસવાળો રસ ઝરે છે. તે સ્વાદે કડવો હોય છે. પાન ૪થી ૧૦ ઇંચ લાંબાં અને ૩થી ૪ ઇંચ પહોળાં થાય છે. તેમાં સફેદ ફૂલ આવે છે તેનાં ફૂલ ગુચ્છામાં હોય છે

ભમરજાદાવ (ભમરાજાદાવ) પું તરવાનો એક જાતનો દાવ: પગોડી વાળી, ગોડાને પેટમાં ઘુમાડી, એક મૂઠળું જની પીઠ ઉપર પડી, જમણા હાથે ઊંધું તરવા માટેક નાનાં કૂંડાળાં કરી પાણી ઊભવું અને ડાબે હાથે ચતું તરવા માટેક નાનાં કૂંડાળાં કરી પાણી હડસેલવું એવી જાતનો દાવ.

ભમરડી (ભમરડો) ૧. સ્ત્રી. એક જાતનો ચેપો; અરિયા જેવા. વજ્રામાં ભમરડીના મોટા મોટા ચેપા થાય છે. મૃગ નક્ષત્રનો વરસાદ પડ્યા હાજે એટલે એ ચેપા જ્યાં ત્યાં થઈ. વાડ ઉપર મારે તરફ પ્રસરે છે. એને જાંબુડા રંગનાં ફૂલ આવે છે. તેનાં પાંદડાં ગ્રંટેબ્યૂશીનાં પાંદડાં જેવાં હોય છે. ફૂલમાંથી આમળા જે આંબળ ઘંગાર્ડના બીજામાં જેવા તોરા આવી ઉપર સફેદ ભમરડો બજે છે. આ ભમરડો ઝાડી નાખી, તેની આમળ જે લીલા રંગના તોરા હોય છે તેનું શાક કરી બજાય છે. તેમાં ભમરડાના બાજરનાં નાનાં સફેદ ફળ આવે છે. તે ફળમાં બજ બાર બી હોય છે. એ બાવાથી ઊપદ્રવ થાય છે, માટે તે નાખી દે છે. બાળકો તે ભમરડામાં બીજા કાંટા ભોંકી તેની ચકરડી કરી રમે છે. તે વેપો તીખો, ઉષ્ણ, કડવો, રુચિકર તથા અગ્નિદીપક છે અને કંઠરોગ તથા સર્વ દોષનો નાશ કરનાર મનાય છે. બાકડાને નિર્મૂળ કરવા માટે તે વપરાય છે ભમરડીનાં મૂળ માણસના મૂત્રમાં ઘસીને પાવાથી અને દંશ ઉપર લેપ કરવાથી અસાધ્ય વિષ પણ બજ દિવસમાં ઊતરી બજ. બાળાના રોમ ઉપર ભમરડીનાં પાદડાં વાટી ઉપર બાંધવાથી વાળો બહાર આવે

૨. સ્ત્રી. ચક્કર ફરવું તે; ગોળ ચકરાવો; ગોળ ગોળ ફરવું તે; વર્તુલાકાર ગતિ.

૩. સ્ત્રી. નાનો ભમરડો.

૪. સ્ત્રી. પિત્તળના પતરામાંથી ભમરી બનાવવાની એક જાતની ઝારડી.

૫. સ્ત્રી. ફરે એવું રમકડું; ફરકડી; ચકરડી. ચકરડીભમરડી = (૧) ગોટાળો. (૨) વર્તુલાકાર ગતિ. (૩) વહેમમાં ફસાવું.

૬. સ્ત્રી. ભમરડાના બાકારનું બાકડાનું બાબત.

ભમરડું (ભમરડું) જુ. ચક્કર ફરવું તે; ગોળ ગોળ ફરવું તે.

ભમરડો (ભમરડો) ૧. પું. એક જાતનું રાજાબળ.

૨૪ પું (પુ.બ.વ.) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના દશરથ રાજાને કૈકેયીથી થયેલો એ નામનો એક પુત્ર; રામચંદ્રજીનો ઓરમાન ભાઈ. રામને યુવરાજપદ આપવાનો જ્યારે દશરથે વિચાર કર્યો, ત્યારે કૈકેયીએ તેમાં વિઘ્ન નાખી, રામને વનવાસ અપાવ્યો. આ વખતે ભરત પોતાના મામાને ત્યાં હતો. રામના વિયોગના શોકને લીધે દશરથનું મૃત્યુ થયું, તે વખતે ભરતને દુઃસ્વપ્ન આવવાથી તે અયોધ્યા જવા નીકળ્યો. ત્યાં જતાં તેને ખબર પડી કે તેની માતા કૈકેયીએ દશરથ પાસેથી, એક વરદાનથી રામ દંડકારણ્ય જાય અને બીજા વરદાનથી ભરતને રાજ્યપ્રાપ્તિ થાય એમ માગી લીધું હતું. આથી ભરતને બહુ ક્રોધ થયો. તે રામને પાછા આણવા માટે માતાઓ સાથે સૈન્ય લઈને નીકળ્યો. ગુહે તેને ભાગીરથીની પેલી પાર ઊતાર્યા અને ચિત્રકૂટ પર્વત ઉપર જઈ રામને મળ્યો, પણ રામે તેને પાછો અયોધ્યા મોકલ્યો. પછી શત્રુઘ્નને રાજ્યની વ્યવસ્થા સોંપી રામ અરણ્યમાંથી ચૌદ વર્ષ પાછા આવ્યા ત્યાંસુધી તે નંદિગ્રામમાં જ રહ્યો. રામચંદ્ર પાછા આવ્યા ત્યારે જ તે ગામમા પાછો આવ્યો અને રામના આજ્ઞાધારી થઈ રહ્યો. ભરતની કીર્તિ નામ માંડવી હતું. બંધુપ્રીતિ તો ભરતની જ. વિનોબા લખે છે કે: અયોધ્યાકાંડમા ભરતની ભૂમિકા અદ્‌ભુત ચિત્રિત થઈ છે. ભરત તુલસીદાસના આદર્શ હતા આ આદર્શને ચૂરવામાં તેનું ઔચિત્ય છે. લક્ષ્મણ અને ભરત બંને રામના અનન્ય ભક્ત હતા, પરંતુ એકને રામની સદ્ગતિનો લાભ થયો અને બીજાને વિયોગનો. પરંતુ વિયોગ જ ભરતરૂપ થઈ ઊઠ્યો, એટલા માટે કે વિયોગમાં જ ભરતને સદ્ગતિનો અનુભવ મળ્યો અમરા નસીબમાં પરમાત્માના વિયોગમાં રહીને જ કામ કરવું લખેલ છે. લક્ષ્મણના જેવું સદ્ગતિનું ભાગ્ય અમારું કયાંથી? એટલા માટે વિયોગને ભાગ્ય રૂપમાં કેવી રીતે બદલી શકે છે, તેને સમજવામાં ભરતનો આદર્શ જ આપણે માટે ઉપયોગી છે. તુલસીદાસજીના ભરત ભક્તિભાગ્યની મૂર્તિ છે ભરતમાં વિયોગભક્તિનો ઉત્કર્ષ દેખાઈ આવે છે, તેથી તુલસીદાસજીના તે આદર્શ થયા. ભરતે ભેરાધર્મને ખૂબ અપનાવ્યો, નૈતિક મર્યાદાનું સંપૂર્ણ પાલન કર્યું, ભગવાનનું કયારે ય વિસ્મરણ થવા દીધું નહિ. આજ્ઞા સમજીને પ્રજાનું પાલન કર્યું, પરંતુ તેનું જીવ રામના ચરણોમાં અર્પણ કરીને પોતે નિમિત્ત રહ્યા. નગરમાં રહીને વનવાસનો અનુભવ કર્યો. વૈરાગ્યયુક્ત ચિત્તથી વર્ણનિયમાદિ વિષમ વ્રતોનું પાલન કરીને આત્માને દેહથી દૂર રાખનાર દેહના બંધનને દુર્બલ બનાવી દીધો. તુલસીદાસ કહે છે કે, આવા ભરતનો જન્મ ન થયો હોત તો મારા જેવા પતિતને રામસન્મુખ કોણ કરત? રામાયણમા રામસભા ભરત, મહાભારતમાં શકુંતલાનો પરાક્રમી ભરત અને ભાગવતમાં જીવન્મુક્ત જડભરત એ ત્રણ ભરત પ્રાચીન ભારતમાં વિખ્યાત છે. હિંદુસ્તાનને ભારતવર્ષની સંજ્ઞા શકુંતલાના વીર ભરતથી મળી, એવો ઇતિહાસજ્ઞોનો મત છે. એકનાથે જ્ઞાની જડભરતથી તે મળી, એમ માન્યુ છે. સમજ છે કે, તુલસીદાસજીને લાગ્યું હશે કે, ને રામભક્ત ભરતથી મહાન છે. પરંતુ ગમે તેમ હો, આજના વિયોગી ભારતને માટે ભરતની વિયોગભક્તિનો આદર્શ સર્વ પ્રકારે અનુકરણીય છે તુલસીદાસજીએ તે આદર્શ પોતાના પવિત્ર અનુભવથી ઉજ્જ્વલ બનાવીને આપણી સામે રાખેલ છે. તે પ્રમાણે આચરણ કરવુ આપણું કામ છે.

૨૫. પું. (પુરાણ) સૂર્યવંશી એ નામનો એક પ્રાચીન આર્ય રાજા. તેણે સૌથી પ્રથમ પંજાબ જીત્યું અને તેના નામ ઉપરથી લોકો ભરત કહેવાયા અને દેશનું નામ પણ ભારતવર્ષ પડ્યું
૨૬. પું. (પુરાણ) સોમવંશી દુષ્યંત રાજાને શકુંતલાની કૂખે થયેલ એ નામનો એક પુત્ર; દમન; સર્વદમન. પિતામાતાના સંબંધને લઈને ભરતનાં દોષ્મંતિ અને શાકુંતલેય એવાં નામ પણ પડ્યાં હતાં. તેની માતા શકુંતલા કણ્વ ઋષિના આશ્રમમાં રહેતી ને ત્યાં જ દુષ્યંત રાજા તેને આકર્ષક વિવાદથી પરણ્યો હતો. ભરતનો જન્મ કણ્વ ઋષિના આશ્રમમાં દ્વાપરયુગમા થયો હતો જાતકર્માદિ સંસ્કાર કણ્વ મુનિએ જ કર્યા હતા. તેના જમણા હાથમાં ચક્રની અને બે પગમા કમળના પોટાની નિશાની હતી. તપોવનમાં તે સિંહના બચ્ચાને પકડી લાવી તેની સાથે રમતો, તે ઉપરથી તેના બળની આતરી થઈ હતી બાળપણમાં તે હિંસક પ્રાણીઓને પીડતો તેથી તે સર્વદમન કહેવાતો. મોટપણે એણે ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું હતું. હેતાની ઓજોને દાનવ હરી જતા, તે સર્વેને મારી હંકાઓને ખુશ કર્યા હતા. ગાદીએ બેઠા પછી તેણે દિગ્વિજય કરી, ઘણા અધર્મીઓને જીતી પ્રજાને સુખી કરી હતી. સામંત્રેય મુનિને પુરોહિત કરીને યમુનાના કિનારે તેણે પંચાવન અશ્વમેધ યજ્ઞ કર્યા, એ સિવાય બીજા બહુ જ દક્ષિણાવાળાં વેદોક્ત કર્મ કર્યાં હતાં. આ ચક્રવર્તી મહારાજાએ પ્રજાપ્રેમ મેળવી પોતાના પરાક્રમથી દિગ્વિજય કરી રાજ્ય ચલાવ્યો. એના રાજને ભરતરાજ કહે છે. એ રાજા ભરતખંડમાં દ્વાપરયુગની સમાપ્તિ મુખી એટલે ૩,૦૪૪ વર્ષ ચાલ્યો હતો. એ પછી યુધિષ્ઠિરનો રાજ શરૂ થયો. આ ભરત મહારાજાને વિંધ્યકુળની ત્રણ સ્ત્રીઓ હતી. તેમની કૂખે ચાર દીકરા પણ થયા હતા. પરંતુ તે સંતાનો કુરૂપ હોવાથી રાજાને પોતાના પતિત્વ ઉપર વહેમ આવશે એમ સમજી તેઓએ તે બાળકોને જન્મતાં જ મારી કેકી દેવડાવ્યાં હતાં. પોતાને પુત્ર ન હોવાથી રાજા ચિંતાતુર રહેતો, તેથી કણ્વ ઋષિના વિચારથી પુત્રપ્રાપ્તિ માટે મરુત્સોમ નામનો યજ્ઞ કર્યો. તેનાથી તેને ભરદ્વાજ નામે પુત્રની પ્રાપ્તિ થઈ. ભરતે તેનું નામ વિતથ પાડ્યું હતું. વૃદ્ધાવસ્થામાં પુત્રને ગાદી સોંપી તપોવનમાં તપશ્ચર્યા માટે ગયો અને ત્યાં નિરંતર ઈશ્વરધ્યાનમાં રહી પરમગતિને પામ્યો.
૨૭. પું. ઓનો વેશ લેનાર પુરુષ.
૨૮ પું ન વ. ઢોલકાંબર.
૨૯ પું. જ. વ. ભરતવંશી રાજાઓ.
૩૦. પુ જ. વ. ભરતરાજા એટલે નાટ્યશાસ્ત્ર ભણનારાઓ.
૩૧. પું. જ. વ. વૈદિક સમયના એક જાતના સૂત્રધારી આર્ય લોકો આ લોકોના વિશ્વામિત્ર, વસિષ્ઠ, અંગિરસ ને ભરદ્વાજ ઋષિઓ હતા. તેઓ સૌથી પ્રથમ હિંદુકુશના ઘાટમાંથી આવીને ધીમે ધીમે અયોધ્યામા સરયૂ સુધીના પ્રદેશમાં ફેલાયા. પછી ત્રિસ્રોટ ને ગંગાની બીજાને રસ્તે ભરતોએ સરસ્વતીના પ્રદેશમાં પ્રવેશ કર્યો, ત્યાં પુરુ જાજ વસ્યા અને આબાદ થયા. યદુતુર્વશ, અનુ અને દ્રુહ્યુ એ ચંદ્રવંશી જાતિઓએ ભરત મુનિને છેતરવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓએ સજ્જડ માર ખાધો ત્યાર પછી તે જમના નદીને પશ્ચિમ કિનારે કિનારે દક્ષિણ તરફ ફેલાયા. ચેદિનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ છે. કણ્વ કુરુંજ એ ચંદ્રવંશી રાજાઓના ઋષિઓ હતા.
૩૨ જ. અન.જ, પ્રવાહી વગેરે ભરી આપવાનું પાત્ર.
૩૩ ન ગેની રાખ કે અગ્નિમા પડવેલું વૈશ્વ
૩૪. ન (જ્યોતિષ) એ નામનુ નક્ષત્રમંડળ. આકાશમાં મૃગશીર્ષ નક્ષત્રની આસપાસના તારાઓનું મંડળ; 'ઓરાયન'.

મુનના કુલ સાત દ્વાર અટને જે મંડળ આપ છે, તેને બંગલામાં ઓળખવા કહે છે: પણ આપણે તેને ભરત કહીએ તોજે. આ મંડળ આકારનું સૌથી સુંદર દર્શન છે. આકારદર્શન

૩૫. ન. (સ્થાપ) એક જાતનું દ્વિશાળ ઘર. જેના બધું મુખ પૂર્વમાં હોય તો તે ભરત નામનું ઘર કહેવાય. રાજવલ્લભ

૩૬. ન. એક જાતનું પક્ષી: 'રક્તપુચ્છ'. અંગ્રેજી રક્તમંચકનું એશિયા ખંડમાં સાઇબીરિયા, તુર્કસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન નિવાસસ્થાન છે. ત્યાંથી એ શિયાળામાં ઠેઠ બે માસ પૂરતું પંજાબના સરહદી પ્રદેશમાં આવી રહી જાય છે, એટલે એને ભારતીય પંખી તો જ કહેવાય; પણ એના જેવું રૂપે રંગે એને મળતું પણ કદમાં સહેજ નાનું પક્ષી આખા ભારતવર્ષમાં નજરે પડે છે હિંદમાં તેને ભરત અને સંસ્કૃત ગ્રંથકારો ભરદ્વાજ કહે છે એની કાયા ચકલી જેવડી, વાન પણ ચકલી જેવો મેલો બદામી, જમીનના વર્ણ સાથે ભળી જતો ધૂળિયો કે મોરાકુ માટી જેવો હોય છે. પીંછાંના ઉપલા રતાશ પડતા ઘેરા, કેળનો ભાગ લાલ ભભકાળો મેલો શ્વેત હોય છે. આવી રૂપમામમી વડે એ સહેજે જમીન સાથે એકરૂપ થઈ તિરોહિત રહી શકે છે. એની ચાંચ પાતળી, અણીદાર, સહેજ મુજાવી રેજની, આંખો ઘેરી બદામી અને પગ પડવર્ણા હોય છે. એના શિરે ઝાબૂચા જેવી ટૂંકી ત્રિકોણાકાર કલગી હોય છે. તેને તે ઘડીકમાં ઊંચીનીચી કરી શકે છે. એના પગનું પાછલાનું આંગળું લાંબું અને એ આંગળીએ અણીદાર લાંબો રીંછો નહોર હોય છે. આવો લાંબો નહોર એ વર્ગના પંખીઓ ઓળખવાની અંદરની એંધાણી છે. ઘાસ, ખડી, અણો વગેરે અનાજના કણ અને નાનાં તીડ જેવાં જંતુ એનો આહાર છે. મે અને જૂન મહિનો એનો ઋતુસંધિકાળ છે. આ દિવસે એ ટોળે વળીને ફરતા દેખાય છે, પણ સાનન પ્રસંગે તો બધાં પંખી છૂટા પડીને એમના જોડાં બંધાઈ જાય છે. ઘાસના ઝોપાના મૂળમાં કે માટીના ઢેફાની ઓથે, પગથી જમીન ખોતરી, બાડામાં ઘાસનો છીછરો માળો બનાવી એમાં દુધિયા રંગનાં અને ઘેરાં કસૂની ઇંડાંબાળાં ચાર પાંચ ઈંડાં મૂકે છે.

૩૭. ન. (સ્થિપ) એક જાતનું પટ્ટારૂપકુટ ત્રિશાળ ઘર.

જે ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય તે ઘરની જગ્યાએ ઘરને એક અલિંદ અને પડતે એક અલિંદ હોય, પણ તે ઘરનું મુખ પૂર્વ સામે હોય તો તે ભરત નામનું ઘર કહેવાય. રાજવલ્લભ

૩૮. ન. એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાની મજૂરી

૩૯. ન. ઠરાવ

૪૦. ન. કવિતાની ચૂંથણી

૪૧. ન. ચોકણી.

૪૨. ન. જેટલું માપ લઈ શકે તેટલી જગ્યા

૪૩. ન. ઢોરનો એક જાતનો રોગ: ઢોરની સમણી અવસ્થા વગાય. જાનવરોને થતું દીર્ઘનું દરદ.

૪૪. ન. દાગીનો.

૪૫. ન. ધાતુનો રસ બીજામાં રેડીને ઘાટ પાડવો તે: બીજામાં રસ રેડી ઘાટ બનાવવો તે

૪૬. ન. નવકાંકરીની રમતમાં પોતાની ત્રણ કાંકરી એક ઢગમાં આવી જાય તેવી જાતની ગોઠવણ. તેથી સામા પક્ષની એક કાંકરી ઉપાડી લઈએ છે

૪૭. ન. (જૈન) પંદર કર્મભૂમિ માંહેની પાંચ પૈકી એ નામની દરેક કર્મભૂમિ. પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ એ નામની પંદર કર્મભૂમિ છે.

૪૮. ન. પુરવણી

૪૯. ન. પૂરેપૂરું ચૂકવી આપવું તે: પૂરેપૂરું આપી આપવું તે.

૫૦ ન ભરવું

ભરત કરવું = જમા કરાવવું

૫૧ ન ભરતી: માટી વગેરે પૂરવી તે

ભરત ભરવું = (૧) ઊંચી નીચી જમીન હોય તેને એકસરખી કરવા માટે પૂરણ નાખવી (૨) ખાલી પૂરી પાડવી. (૩) માલથી ભરવું. (૪) નવકાંકરીની રમતમાં ત્રણ કાંકરી એક ઢગમાં આવે એવી રીતે કાંકરીને ગોઠવવી (૫) ભરત ભરવાનું કામ કરવું. (૬) માલ પહોંચાડવો

૫૨ ન ભરવું એટલે આપવું તે: આપ: પ્રમાણ

ભરતર: ભરતરી

૫૩. ન. ભરીને સિદ્ધ કરેલું હોય તે

૫૪ ન. ભેંસના આગલા પગના ઢીંચણ પાસે ચામડીના ભાગમાં સોજો આવવાનું દરદ.

૫૫. ન. મસાલો ભરી કરેલું શાક.

૫૬. ન ગાદલાં વગેરે ઉપર રેશમ, ઊન, દોરા કે કપાસની ભરેલી વેલબુટ્ટો વગેરેની જાત: સીવીને પાડેલી વેલબુટ્ટો: નકશી: નકશીકામ.

૫૭. ન. વામણ.

૫૮. વિ. ભરપૂર.

ભરતકલા જી. ભરવાનો હુનર: ગાદલાં વગેરે ઉપર વેલબુટ્ટી વગેરે ભાત પાડવાનો હુનર.

ભરતકળા જુઓ ભરતકલા.

ભરતકામ ન. ભરતનું કામ: ભરત ભરવું તે.

ભરતકુક્ષિ વિ. જી. આકાશની જે નામની એક જાત

૨. ન. એ જાતનું માપસ.

૩. વિ એ નામની જાતનું.

ભરતકુળ જુઓ ભરતકુલ

ભરતક્ષેત્ર ૧ ન એ નામનું એક મેદાન

૨. ન. સાત ખંડોનું એક ક્ષેત્ર: ભારતવર્ષ. આ જંબુદ્વીપનો એક વિભાગ ગણાય છે

ભરતખંડ ૧. [સં.] પું. આર્યાવર્ત: ભરત રાજાનો દેશ: હિંદુસ્તાન: કુમારિકાખંડ: ભારત: ભારતવર્ષ, કશ્મીરથી કન્યાકુમારી અને કરાચીથી કામરૂપ સુધીનો વિશાળ ભૂમિખંડ તેને એક દેશ નહિ પરંતુ એક ખંડની ઉપમા આપવામાં આવી છે. ભરતખંડ અનેક વિભાગમાં વહેંચાયેલો છે. ગિલગિટ વિભાગની ટ્રી પણ હિંદમાં છે અને ચિબુકસ્તાની બહુ નજીક આવેલા મદ્રાસ પ્રાંતની ઉપમા પણ હિંદમાં છે. જગતમાં કોઈ પણ ભાગમાં નહિ બરફનો ડોંગ એટલો ભારે બરફાદ હિંદના અરાપુજ્ય સ્થાનમાં પડે છે અને સિંધ આરબઢના રણમાં કે બિલાપુર સોલાપુરના પ્રદેશોમાં ગરમાદ નહિ જેવો પડે છે. કસ્તૂરી મૃગ કશ્મીરમાં થાય, બીજે નહિ. સિંહ સિરનારના જંગલોમાં જન્મે, બીજે નહિ; એક કે એક સમયે સિંહ બધે હતા એમ કહેવાય છે અને અરોકસ્તંભ નામ રજપૂત નામોમાં તેની લોકપ્રિયતા સમજાઈ રહેલી છે. સુદર્શનના ભંગાણી થાય, ઠાંસ જગદ્ગના દીપડા કરતાં બહાદુર હોય. કેળા જેવી દ્રાક્ષ પૂનામાં ન થાય અને દાર્જિલિંગની ચા ગુજરાતની સપાટીમાં ન ઊગે. આમ ભૌગોલિક દૃષ્ટિએ અનેક વિભાગોમાં વહેંચાયેલ હિંદુસ્તાનની ભૌગોલિક વિવિધતા સમજવી કઠણ છે

૨ પું. (ગણિત) પરિધનો જ્યાંથી ઉદ્ગમ થયેલો ભાગ.

૩ પું. (પુરાણ) ભારતવર્ષના નવ મહેનો એક ખંડ: પ્રિયવ્રત વંશના અગ્નીધ્રદેવના નવ ખંડાધિપતિ પુત્રોમાંના જ્યેષ્ઠ અજનાભવર્ત નામના પુત્રના નામનો ખંડ. નવે ખંડ ઉપર આધિપત્ય કરનાર ભરત હતો, માટે આ ખંડનું નામ ભરતખંડ પડ્યું. આ ખંડ ભરતવર્ષનો નવમો ભાગ છે, તેથી તેનું ક્ષેત્રફળ તેના નવમા ભાગ જેટલું છે.

ભરતખંડી વિ. ભરતખંડનું.

ભરતગૂંથણ ન ભરત અને ગૂંથણનું કામ.

ભરત ચક્રવર્તી પું (જૈન) એ નામનો એક ચક્રવર્તી રાજા. જુઓ ભરત ૧૩.

ભરત ચક્રી જુઓ ભરત ચક્રવર્તી.

ભરતણું ન. ભાત ભાંખી બ્રાહ્મણો ચૂમડાનો કટકો, ભાતોડિયું.

ભરતદ્વાદશાહ [સં.] પું ભરતે કરેલ એક યજ્ઞ.

ભરત દૌષ્યંતિ [સં.] પું (પુરાણ) દુષ્યંતનો પુત્ર ભરત રાજા.

ભરતપુત્રક [સં.] પું. નટ; નાટકિયો.

ભરતપૈઠ ૧. [હિં.] પું. દાખલ કરવું તે.

૨. પું. દાખલ કી; પ્રવેશ કી.

૩. પું. પૈસા ભરવા તે.

૪. પું. મહેસૂલના ભરણાની પહોંચ.

ભરતપ્રસૂ ૧. [સં. ભરત (ઋષભદેવનો પુત્ર) + પ્રસૂ (જન્મ આપનારી)] સ્ત્રી. (પુરાણ) ઋષભદેવની પત્ની; ભરતની માતા.

૨. સ્ત્રી. કોયી.

૩. સ્ત્રી. શકુંતલા.

ભરતબ્રાન સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. આ તોપમાં ફોતરવામાં આવ્યું છે કે: ગુરુ નાનકની કૃપા અને ગોવિંદસિંગની મહેરબાની અને રાજા રણજિતસિંહ બહાદુરના હુકમથી સરદાર તેજસિંહની દેખરેખ તળે ભરતબ્રાન નામની તોપ દુશ્મનોને નીચું દેખાડનારી તૈયાર થઈ.

ભરતભૂમિ [સં.] સ્ત્રી. ભારતવર્ષ; હિંદુસ્તાન; ભરતખંડ. રાષ્ટ્રકવિ ન્હાલારી ભરતભૂમિને વંદન કરતા લખે છે કે:

ભૂમિ ભૂમિ પણ સ્વર્ગભૂમિ તારાં નંદનવન જ્યાં વાન રે–ધન્ય ધન્ય ભરતભૂમિ રે.
ધન્ય ધન્ય વંદન કરું કરું ગુણિયલ ભરવાં ગાન રે–ધન્ય.
કશ્મીર શિર મુગટ ધર્યો તારે ભાલે સહ્યાદ્રિની રેખ રે–ધન્ય.
ઊંડો ઊંડો વીર ભલ્લે ભલો મોંધો મુજને મુદ્રાલેખ રે–ધન્ય.
ગંગેરાં આપ આજ મુખડે વહે પંજાબ પંચ પ્રવાહ રે–ધન્ય.
ઊંચાં ઊંચાં જગતીજળાં તારા ઝોબળ અવનિ માંહ રે–ધન્ય.
ધોગી ધોગી ને હળકતી તારી કાંધે હિમાલય હાલ રે–ધન્ય.
નીચે ધીંગા નેપાળાઓ તને, મને ભંગાણી ભાળ રે–ધન્ય.
હારે હારોહાર ગંગા જમના સિંધુ સતલજની સર સાત રે–ધન્ય.
આંખી ઝબર કઠિમેખલે મધ્ય વિન્ધ્યાચલે વિન્ધ્યાત રે–ધન્ય.
જાંકે લીલમનું ચૂમખું સજ્યું પાલવડે સૌરાષ્ટ્ર રે–ધન્ય.
રેવત ચૂને દીપી રહ્યો ખુલ્લે મસ્તક મુખ મહારાષ્ટ્ર રે–ધન્ય.
ઊંચી ઓટણીએ વસ્ત્ર ભર્યાં નવાં ચોમાસે ન્હેર ને ઢોર રે–ધન્ય.
સાત સાબરિયા ઝોળે ઝૂલે છોરૂ રૂપેરી કસની કોર રે–ધન્ય.
ઝાઝરિયાં ઘમકી રહ્યાં પાયે ઘૂઘરી ને પુષ્પવાટ રે–ધન્ય.
સોનાની ઝાંઝરી સરી પડી ભો ઝંઝા ઝમકતી ઝાટ રે–ધન્ય.
અબ કપાસ ઓથે ઓથે ફેમ હીરા મહોનની આબ રે–ધન્ય.
તેત્રીસ કોટિ તારાં પરે ફરે એક માજી તુજ આજ રે–ધન્ય.
મન્વન્તરની જનની જગે પ્રભુ પ્રેમલીનાં થઈ નૂર રે–ધન્ય.
ભક્તિબીની તારી આખડી નારી ભક્તિબીનાં અમ ઉર રે–ધન્ય.

ભરતમત પું. (સંગીત) રાગ સંબંધે ભરત ઋષિનો મત. પ્રાચીન કાળમાં ભરત નામના મહાન ઋષિ થઈ ગયેલા છે, જેમનો રસાલંકારશાસ્ત્રમાં તથા સંગીતશાસ્ત્રમાં પણ મત છે. તેમના સંગીતશાસ્ત્રના મતમાં ભજન, કીર્તન વગેરે સરલ રીતે ગાવાનું છે. જેવી રીતે હનુમંતમતમાં ખયાલ, ટપ્પો ઇત્યાદિ ગાવાનું છે, તેવી જ રીતે ભરતમતમાં ભજન, કીર્તન વગેરે ગવાય છે. ભરતમતમાં રાગરાગિણીઓનું વર્ગીકરણ હનુમંતમત પ્રમાણે જ છે. દક્ષિણ તરફ કર્ણાટક વગેરે રાજ્યે આ મત ચાલુ છે. ઉત્તર હિંદુસ્તાનમાંથી એ મત ભૂલાતો ભૂલાતો નહિ જેવો થઈ ગયો છે. આખ્યામાં રાગોની ઉત્પત્તિ વિષે જુદા જુદા ચાર મતો છે: મહાદેવમત, વિષ્ણુમત, ભરતમત અને હનુમંતમત. ચારેય મતાનુસાર મુખ્ય રાગ છ માનવ છે.

ભરત મુનિ [સં] પું. (પુરાણ) નાટકશાસ્ત્ર નામના પ્રસિદ્ધ ગ્રંથનો રચનાર એ નામનો એક મુનિ.

ભરતર ૧. ન. ક્ષેત્રફળ.

૨. ન. ભરતું; ચૂનો ઉપર વેલ વગેરે ભરવાનું કામ.

૩. ન. ભરવું તે; ભરતરી; આપવાની ક્રિયા.

૪. ન. ભરીને આપવાનું માપ.

૫ ન ભરીને રસ કરી બીજામાં રેડી કરીને બનાવેલ માલ; ઢાળેલું કોઈ તે.

૬. ન. માપ; માપણી; પ્રમાણ

૭. ન. સીસું, જસત, કાંસું વગેરેના મેળવાળું પિત્તળ. તેનાં ચિત્રામણવાળાં વાસણો બને છે.

૮. વિ. ઢાળેલું; ઢાળાનું; બીજામાં રસ ભરીને બનાવેલું; ભરતનું

ભરતરનું લોખંડ = બીજું.

૯. વિ. ભરીને આપવા જેવું.

ભરતરાજ [સં. ભરત + રાજન્ (રાજા)] પુ. ભરતક્ષેત્રનો રાજા.

ભરતરી ૧. સ્ત્રી. ક્ષેત્રફળ.

૨. [હિં.] સ્ત્રી. પૃથ્વી.

૩. સ્ત્રી. ભરત ભરવાનું કામ.

૪. સ્ત્રી. ભરતર; માપ.

ભરતર્ષભ ૧. [સં. ભરત + ઋષભ (શ્રેષ્ઠ)] પુ. અર્જુન. તે ભરતકુળમાં જન્મ્યો હતો તેથી જ શ્રીકૃષ્ણે તું નિયંત્રી ભરતર્ષભ! કરને પાપોને કાર કાલવિદ્યાની રાજુને. ગીતા

૨. પું. ભરતમાં શ્રેષ્ઠ રાજા; સર્વોત્તમ નૃપ.

૩. વિ. ભરતકુળમાં શ્રેષ્ઠ; ભરતવંશમાં ઉત્તમ.

ભરતલ જુઓ ભરતર.

ભરતવન [સં.] ન. હિમનારના પર્વતમાં આવેલ એ નામનું એક વન. જ્યાં ભરતઋષિએ તપ કરેલ કહેવાય છે.

ભરતવર્ષ જુઓ ભરતખંડ.

ભરતવાક્ય ૧. [સં.] ન. અંતમંગળ; સમ્યક્ નિદર્શન.

૨. ન. નટની પ્રાર્થના; ભરત એટલે નટનું વાક્ય; નાટકને અંતે મુખ્ય પાત્રને મોઢે કોઈ શુભેચ્છા કહેવડાવવી તે.

૩. ન. નાટકાચાર્યનું વાક્ય. નાટ્યશાસ્ત્રના પ્રથમ પ્રવર્તક ભરત મુનિ હતા. તેથી પછીના નાટકાચાર્યો પણ ભરત કહેવાય છે. તેનું વાક્ય પણ ભરતવાક્ય કહેવાય છે

૪. [સં. ભરત (મુનિનું નામ) + વાક્ય] ન સંસ્કૃત નાટકમાં અંતે ઉચ્ચારાતો મુખ્ય આશીર્વાદાત્મક શ્લોક. નાટકને છેડે ઉચ્ચારવામાં આવતું આશીર્વાદાત્મક વાક્ય પ્રસ્તાવના પૂરી થયા પછી આખા નાટકમાં નટની પોતાની ઉક્તિ કદી આવતી નથી, તેથી નાટકને અંતે તે આ નિમિત્તે પ્રેક્ષકોને આશીર્વાદ આપે છે. ભરતવાક્ય બોલાયું એટલે નાટક પૂરું થયું.

ભરતવીણા [સં] સ્ત્રી. એક પ્રકારનું તંતુવાદ્ય; કચ્છપી વીણાને મળતી એક પ્રકારની વીણા.

ભરતરાજ [સં.] પું. દુષ્યંતના પુત્ર મહાવીર મહારાજા ભરતે મહાવેલો એ નામનો રાજા. તે ભરતખંડમાં દ્વાપરયુગની સમાપ્તિ સુધી એટલે ૨,૯૪૪ વર્ષ સુધી ચાલ્યો હતો. તે પછી યુધિષ્ઠિરનો રાજ કાલ થયો.

ભરતશ્રેષ્ઠ [સં.] પું. અર્જુન; ભરતમાં ઉત્તમ; ભરતવંશ.

હૃદયમાં પ્રેમ રાખીને દમાયેં પણ જે કહે,
ભરતશ્રેષ્ઠ ! કરો તે રાજની યજ્ઞ બ્રહ્મ છે. મીરાં

ભરતસત્તમ [સં.] પું. અર્જુન; ભરતવંશ.

નિશ્ચય સ્વપ્ન માંહે તું આવે ભરતસત્તમ,
આવ તો પુરુષવ્યાઘ્ર ! કહેવાયે ત્રિવિધ જ. મીરાં

ભરતસીવણ જ. ભરત ભરવાનું અને સીવવાનું કામ.

ભરતસ્વામી [સં. ભરતસ્વામિન્] પું. પુરુષોત્તમનાં કેટલાં માહેનું એક નામ.

ભરતળ જુઓ ભરતર.

ભરતા ૧. [સં. ભર્તૃ] પું. ઈશ્વર; પ્રભુ.
૨. [હિં] પું. ધણી. પતિ.
૩. પું. સાધેલાં કે તળેલાં છૂટો મસેલાં શાકભાજી.
૪. પું. સ્વામી; માલિક.

ભરતામજ [સં ભરત + અમ્રજ (મોટો ભાઈ] પું. ભરતની પહેલાં જન્મેલ રામચંદ્ર; દાશરથિ રામ.

ભરતાનંદ [સં.] પું. (સંગીત) એક નામનો એક તાલ.

ભરતાર [સં. ભર્તૃ] પું. ભરણપોષણ કરનાર પતિ; ભર્તા; વર; સ્વામી; ધણી; માટી; આશ્રિત; ભરતા.

ભરતિયા પું. એક જાતના પક્ષિનામના નાગર

ભરતિયું ૧. [સં. भृ (ભરવું)] ન. એક જાતનું ભરત ભાતનું બનેલું રાખવાનું વાસણ
૨. ન. કોઈમાં જેટલું માલ રહે તેટલું માપ; કોઈમાં માલ તેટલું માપ.
૩. ન. વેચનાર તરફથી આપવામાં આવતી માલની વિગતવાર કીમતની યાદી; માલના મૂલની યાદી. સ્ટેટમેંટ; માલની કીમતની વિગતવાર યાદી. બિલ; માલનું ભરતિયું; 'ઇનવોઇસ.'
૪. ન. માલ ભરેલું ગાડું.
ભરતિયું ગાડું = ગર્ભવતી સ્ત્રી.
૫. ન. વહાણમાં કે ગાડીમાં માલ મોકલ્યો હોય તેની યાદી.
૬. સ્ત્રી. ભરતગૂંથ; બરદામાં નાખ્યું ભરતગૂંથ.
ભરતિયાવર = કન્યાના માબાપને નાખ્યું આપવાં પડે એવો વર; ગરીબવાન વર.

ભરતિયો ૧. પું. ખાતુ પાડનાર માણસ.
૨. પું. નાણાં મળે ત્યારે કન્યા મળે એવા કન્યાના કુળનો માણસ.
૩. પું. ભરત ભરવાનું કામ કરનાર માણસ; ભરતકામ કરનાર પુરુષ.

ભરતિયો ભમરજાણ પું. ભુવારિયો ભમરજાળ. તેની ઉત્પત્તિનું કારણ એ છે કે, અનેક વાંકોચૂકો નાળોમાંથી ઘોડાપૂર ત્રાટકે ત્યારે એક કેડાણે નથી પૂર અટકાવા માંડે છે અને અધવચારથી આમ ત્યાંને એટલે નાનો ભુવાર થાય ત્યાં સુધી ભમરજાળ ચકરાવા મારે છે. ભુવારિયા ભમરજાળ વિશે બીજી કલ્પિત કથાઓ એવી છે કે, પાણીના તાપ જેમ ઊંડાઈ તેમ ભમરનું જોર વધારે હોય છે.

ભરતી ૧. સ્ત્રી. કોઈ પણ કાર્ય કરવાને માટે લોકોને ઉમેદવાર તરીકે બહાર પાડવા તે.
લોકો આવતા, પણ ભરતીમાં નામ તો માંડ બેએ જ મળે. ગાંધીજી
૨. સ્ત્રી કમાણી; જપ્તી.
૩. સ્ત્રી દરિયાના પાણીનું ચંદ્રના આકર્ષણને લીધે ઊંચકાઈને વધવું તે; ઓટ; સમુદ્રના પાણીનું ઊંચે ચડવું તે; ભુવાળ; ભુવાળ; દરિયામાં કે તેને મળતી નદી કે ખાડીમાં છ છ કલાકને અંતરે જે પાણી વધે છે તે; દરિયાના પાણીની વેળ પૂરી ઉપર સમુદ્રમાં ભરતીઓટ થાય છે, તે વખતે આખે ચંદ્રના આકર્ષણને આભારી છે. સૂર્ય, ચંદ્ર અને પૂરી પૂર્ણિમા અને અમાસને દિવસે એક સીધી લીટીમાં આવે છે, ત્યારે દરિયામાં સૌથી મોટી ભરતી હોય છે. તેનું કારણ એ છે કે, તે સમયે સૂર્ય અને ચંદ્રનું સામટું આકર્ષણ પાણીને એક બાજુએ ખેંચે છે. છતાં પણ પૂર્ણિમા અને અમાસના દિવસો સિવાય જોકે ચંદ્ર સૂર્યની વિરુદ્ધ દિશામાં હોય છે, છતાં બે નાની મોટી ભરતીઓ તો થયા જ કરે છે તેનું કારણ ચંદ્રનું આકર્ષણ છે અમાસ અને પૂર્ણિમાના દિવસોએ પાણી તો બે બાજુ તરફ ચંદ્ર અને સૂર્ય હોય તે બાજુ તરફ જ ખેંચાઈ ભરતી થતી જોઈએ, છતાં તેની સામી બાજુએ પણ ભરતી થાય છે. તેનું કારણ એ છે કે, ચંદ્ર અને પૃથ્વી આકર્ષણના મધ્યબિંદુએ જોકણીઓને ખેંચી રહ્યાં છે. બંને ગોળાકારમાં ફરી રહ્યા છે. ચંદ્ર તરફ ખેંચાઈ આવેલા પાણીથી ભરતી થાય છે. તે પછી ચંદ્ર તરફનું પાણી પાછું વળે છે, કારણ કે પૃથ્વી ગોળાકારમાં ફર્યા કરે છે. તેથી ચોવીસ કલાકમાં પૃથ્વી ઉપર જે બાજુ ભરતી તથા ઓટ થાય છે. આ ભરતીઓટના સમયમાં દરરોજ પચાસ મિનિટનો તફાવત પડે છે, એટલે કે એક સવારે ૧૦ વાગ્યે ભરતી થાય તે પછી રાતના ૧૦–૨૭ વાગ્યે ફરી ભરતી આવે. બાદ બીજી સવારે પાછી ૧૦–૫૦ વાગ્યે ભરતી આવે છે. એ રીતે દરરોજ ૨૪ કલાકમાં ભરતીના વખતમાં પચાસ મિનિટનો ફેર પડે છે.

ભરતી દરિયાની અને ભરતી માણસની જોખ; ભરતી તે સો માલની, ભરતી પૂરણી હોય. લોકોક્તિ

૧. ભરતી આવવી = દરિયાના પાણીનું આગળ વધવું; ભુવાળ ચડવો.
૨. ભરતીનાં પાણી = સ્થાયી નહિ એવો ઉછાળો; બોડો વખત રહીને ઊતરી જાય એવો ઊભરો.
૩. મોટી ભરતી = પૂર્ણિમા અને અમાસને દિવસે થતી ભરતી. દ્વારકા આગળ ભરતી આવવાનો એવો નિયમ છે કે, જે તિથિ હોય તેને પોણે ગુણવાનાં જેટલા આવે તેટલા વાગ્યે ત્યાં ભરતી આવે છે.

૪. સ્ત્રી. કામકાજ કરવાની ક્રિયા, આવડત; અંતર્ગમન; કામકાજ કરવું તે.
સ્વયંસેવકોની ભરતી કર્યે જ જવાની છે. નવજીવન
૫. સ્ત્રી. ધન, સુખ વગેરેની વધારે પ્રાપ્તિ થવી તે.
૬. સ્ત્રી. પુષ્કળતા; આવરો
૧. ભરતી થવી = પુષ્કળ આવરો થવો.
૨. ભરતીમાં ભરતી આપ = આગ્રહપૂર્વાને ઘેર જાત રહો; અનાજ હોય ત્યારે આપ્યાં આવે ને ન હોય ત્યારે પરોણા આવે; હોય તેમાં ઉમેરો થાય.

૭. સ્ત્રી. પૂરું ભરાઈ રહેવું તે; જમાવ થવો તે.
૮. સ્ત્રી. પ્રીતિની જમાવટ થવી તે.
૯ [સં] સ્ત્રી. (પુરાણ) ભરત નામના અગ્નિની કન્યા.
૧૦. સ્ત્રી. ભરવામાં આવતી વસ્તુ
૧૧. [સં. भृ (ભરવું)] સ્ત્રી. ભરવું તે; એકઠું કરવું તે; જમાવવું તે; જપ્તી કરવી તે; ઉમેરણ.
ભરતી કરવી = (૧) ભરવું; ભરી રેવું; વધારે કરવો. (૨) લશ્કરમાં માણસ વધારવા. (૩) ભેગું કરવું; એકઠું
૧૨. સ્ત્રી. મકાનની ભીંતની અંદર જમીન ઉપર ધૂળ કે મોરમ ભરવી તે; ભરણી. ગૃહવિધાનમાં જણાવ્યું છે કે: પત્થર લોઢાં ભરતીમાં મોરમ કે કાંકરી વાપરે છે. ભરી રીતે ભાર વિનાની ચોખ્ખી રેતી વાપરવી જોઈએ, જેથી પાછળથી ભરતી બેસવાનો સંભવ તદ્દન ઓછો થઈ જાય. સાધારણ સંજોગોમાં મોરમ વગેરેની ભરતી કરતાં રેતીની ભરતી મોંઘી પડે છે, પરંતુ તે વધારાનો ખર્ચ ઊંચી સરવાનો પૂરો સંભવ છે.

૧૩. સ્ત્રી. (વહાણવટું) માલનો જથ્થો; 'કાર્ગો'.
૧૪. સ્ત્રી સરકાર વગેરેમાં નવા માણસની નોંધ; વધારો; ઉમેરો; સરકારમા વધારો કરવો તે.
ભરતી થયું ∞ સરકારમાં જોડાવું.

ભરતીઓટ સ્ત્રી. ન ન સમુદ્રના પાણીનું ચડવું અને ઊતરવું તે. કિનારાથી ઘણે દૂર રહેલું પાણી ધીમે ધીમે કિનારા તરફ આગળ આવે છે તેને ભરતી કહેવાય છે ભરતી પૂર્ણ આવે ત્યા. પછી દરિયાનું પાણી થોડી વાર શાંત રહે છે. આગળ આવેલું ભરતીનું પાણી ધીમે ધીમે પાછુ હઠી દરિયામાં દૂર સુધી જાય છે. આને ઓટ કહેવાય છે ઓટ આવ્યા પછી દરિયાનું પાણી થોડી વાર શાંત રહે છે. ફરી પાછી ભરતી શરૂ થાય છે. રોજ દિવસે બે વખત અને રાત્રે બે વખત એમ બે વખત ભરતી અને બે વખત ઓટ આવે છે. આ ક્રમ સતત ચાલુ હોય છે. પહેલે દિવસે પૂર્ણ ભરતી આવ્યા પછી ૨૪ કલાકે બીજે દિવસે જોઈએ તો તે જ સમયે પૂર્ણ ભરતી થતી નથી પણ આશરે પોણો કલાક મોડી પૂર્ણ ભરતી થાય છે. પૂનમ અને અમાસની ભરતી બહુ મોટી હોય છે. આઠમની ભરતી બહુ મોટી હોતી નથી, સાધારણ હોય છે, તેથી તેને નાની ભરતી કે ખોટ ભરતી કહે છે. ભરતીઓટને લીધે આપણને નીચ પ્રમાણે લાભ થયેલા મનાય છે: (૧) ભરતીઓટને લીધે દરિયાના પાણીમાં એકસરખી હિલચાલ રહે છે, તેથી તે શુદ્ધ રહે છે બંદરના બારાનું પાણી એકાએક થીજી જતું નથી. (૨) ભરતીઓટને લીધે વહાણોને બારામાં આવવા તેમ જ દરિયામાં પાછા જવામાં મદદ થાય છે. (૩) ભરતીઓટને લીધે કિનારા ઉપર કે નદીના મુખ પાસે જેગી થયેલી ગંદકી પોચાઈ જઈ તે સાફ રહે છે

ભરતીદાર ૧. પું. સરકારમાં ભરતી કરવાવાળો માણસ.
૨ પું સૈનિક; લડવૈયો.

ભરતી વાયુ પું ૬૨ શ્વાસોચ્છ્વાસ વખતે ફેફસામા જતો તથા તેમાંથી નીકળતો વાયુ; 'ટાઇડલ એર'.

ભરતી સાપણ સ્ત્રી. (વહાણવટું) વહાણમાં માલ ભર્યાથી જેટલો ભાગ ડૂબતો જોઈએ તેટલો ભાગનો ભાગ કે પાટિયું; 'લોડ વૉટર લાઈન'

ભરતેશ્વર ૧. [સં.] પું (જૈન) ઋષભદેવના સો પુત્રોમાં સૌથી મોટો પુત્ર. તે ચક્રવર્તી રાજા હતા, પણ અરીસા ભુવનમાં વૈરાગ્ય ઊપજતાં સંસાર ત્યાગી સંયમ લીધો. એટલે કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા હતા.
૨. પું નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના મહાદેવ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: પ્રાચીન સમયમાં શકુતલાસુત મહારાધિરાજ ભરતજીએ અહીં આવીને અનેક યજ્ઞો કર્યા અને બહુ દાન કર્યું. આ તીર્થ મોટું પ્રભાવશાળી મનાય છે.

ભરતોહતા [હિ.] પું. (પિત્તળ) એક જાતનો છંદ.

ભરથ ૧. પું દેવ; દેવતા.
૨. પું. ભરત.
૩. પું. રાજા, નૃપતિ.

ભરથરિયો પુ. પતિ; ધણી.

ભરથરી ૧ પું એકતારો વગાડી ભીખ માગનાર એક જાતનો જોગી. તે ભરથરી, ગોપીચંદ વગેરેનાં ભજન ગાઈ પોતાનું ગુજરાન ચલાવે છે.
૨. પું. ભર્તૃહરિ; ઉજ્જયિનીનો એ નામનો એક સુપ્રસિદ્ધ રાજા. વૈરાગ્ય ઊપજતાં રાજપાટ ત્યાગી તેણે જોગ લીધો હતો

ભરથરીવાળો પું. એક તારો વગાડી ભીખ માગનાર એક જાતનો જોગી
ઢોલ્યો અને ખપાસણને, ભરથરી અને ઇન્દરીજાને, ભજનમંડળીનો ને ભરથરીવાળાને આપણે ઓળી ગઈ એ. સુ. સા. પરિષદ

ભરથાર [સં. ભર્તૃ] પું. પણી; પતિ; વર; સ્વામી; ભરતાર; ભર્તા; નાથ.
લમે ઢહાડી ઢહો જે ભરથાર,
માથ સાટે જે મિત્રાચાર. પ્રેમાનંદ

ભરથારા ૧. સ્ત્રી. આહીરોની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભરદરબાર પું. ભરેલો દરબાર; ભરેલી કચેરી

ભરદરિયો પું. દરિયાનો વચ્ચેનો ભાગ ભરદરિયામાં ચોમેર પાણી સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી તે વખતે વહાણને કઈ દિશામાં હંકારવું તેની ખલાસીઓને અબર પડતી નથી

ભરદાંઢ ન. બહુ જ ઉતાવળે દોડવું તે.

ભરદ્વલ [હિ.] સ. ભરદ્વાજ; ભરત પક્ષી

ભરદોડ (ભરદોડ) સ્ત્રી. દોડ; ભલામ; કલાંગ.

ભરદોરી સ્ત્રી. કનકવા સાથેની પુચ્છ દોરી.
ભરદોરીએ—ભરદોરીમા જવું ∞ પણી દોરી સાથે કનકવાનું તૂટીને કે કપાઈને દૂરમાં એમ ને એમ ચાલ્યા જવુ.

ભરદ્વસુ [સં.] પું. (પુરાણ) વસિષ્ઠકુળમાં થયેલ એ નામનો એક મંત્રદ્રષ્ટા ઋષિ.

ભરદ્વાજ ૧. [સં.] પું (પુરાણ) આંગિરસકુલોત્પન્ન એક ઋષિ; રૈભ્ય ઋષિના એ નામના મિત્ર. તેનો પુત્ર વનકીત હતો
૨. પું (પુરાણ) ઉતથ્યની ભાર્યા મમતાને બૃહસ્પતિથી થયેલ એ નામનો પુત્ર તેનો આશ્રમ પ્રયાગમાં હતો દુષ્યંતના પુત્ર ભરતને તેમણે ઉછેર્યો હતો.
૩ પું. એ નામના એક આસ; પાણિનિ પહેલા થઈ ગયેલ એક વૈયાકરણી.
૪. પું (પુરાણ) એ નામનો એક અગ્નિ.
૫. પું. એ નામે એક દેશ.
૬ પું (પુરાણ) ગાયત્રીના ચોવીસ મંત્રોનો એ નામનો એક ઋષિ.
૭ પું ગોદાવરીનો એ નામનો ફાંટો ભરદ્વાજ ઋષિએ અહીં પોતાની બેડોળ બહેન રેવતી માટે પતિ મેળવવા તપ કરેલું. ફલ નામનો પ્રજાપતિ ઋષિ ભરદ્વાજ તપ કરતો હતો ત્યાં આવ્યો. ઋષિએ તેને સારુ શીખવ્યાં અને બદલામાં તેની બહેનને પરણવાનું કહ્યું. ફલની અનિચ્છા છતાં તે પરણવા કબૂલ થયો. લગ્ન પછી તેણે પોતાની પત્ની રેવતીને ભરદ્વાજમાં સ્નાન કરવાનું કહ્યું. સ્નાન કરવાથી રેવતી સ્વરૂપવાન બની ગઈ, તેથી ભરદ્વાજનું બીજું નામ રેવતીપતિ પણ છે
૮. પું (પુરાણ) દુષ્યંતપુત્ર ભરત મહારાજાનો એ નામનો એક પુત્ર. મરુત્સોમ નામનો યજ્ઞ કરવાથી તેને આ પુત્રની પ્રાપ્તિ થઈ હતી. ભરતે તેનું નામ વિતથ પાડ્યું હતું. ભરત પછી તે ગાદીએ આવેલ હતો. તેને મન્યુ નામે પુત્ર હતો.
૯. પું (પુરાણ) પૂર્વ મન્વંતરના એ નામના એક ઋષિ. તેને સુનાવતી નામની કન્યા હતી, ઘૃતાચીને જોઈને કામાતુર થવાથી પડેલા પોતાના વીર્યને દ્રોણ કે પડિયામાં રાખ્યું હતું. પડિયામાંથી ઉત્પન્ન થયેલી કન્યા તે સુનાવતી. સુનાવતીએ ઇંદ્રને પરણવા ઉગ્ર તપ કર્યું હતું. પરિણામે એ સાવીરૂપે હાલના ઇંદ્રની બૌ થઈ.
૧૦ પું (પુરાણ) રામાવતારમાં થઈ ગયેલો એ નામનો એક મોટો મુનિ. રામચંદ્રજી વનમાં પ્રવેશ કરતાં તેના આશ્રમમાં રહેલા. તેણે રામને ચિત્રકૂટ ઉપર રહેવાનું કહ્યું હતું
૧૧. પું (પુરાણ) વૈવસ્વત મન્વંતરના સપ્તર્ષિ માહેના એક સપ્તર્ષિમા કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ સાત ઋષિઓ માનવામા આવેલા છે

૧૨. વૃ. (પુરાણ) હવિ નામના અગ્નિનો એ નામનો પુત્ર. તેને વીરાથી વીર નામનો પુત્ર થયો હતો

૧૩. ન. એક પ્રકારનું ગાનારું પક્ષી; ભરત પક્ષી; ભારદ્વાજ; ભારદાટ. તેને બે ઊંડાણાળા લાંબી પૂંછડી હોય છે. તે આકાશમાં ઊંચે ઊડી સુંદર અવાજ કરે છે. આ પક્ષીની ઘણી જાત થાય છે અને સગભગ આખી દુનિયામાં જાય તે માલૂમ પડે છે. દક્ષિણ એશિયા, તુર્કસ્તાનથી સિયામ, કોચીન, ચીન અને દક્ષિણમાં સિલોન સુધી તે જોવામાં આવે છે. કેટલાકને માથામાં કલગી હોય છે. આ જાત પરપના મધ્યભાગમા માલૂમ પડે છે. અમેરિકામાં આ પક્ષી કયારે થયું નથી. નાનું ભરદ્વાજ લંબાઈમાં ૭ ઇંચ હોય છે. નર તથા માદા દેખાવે તથા કદમાં સરખાં હોય છે. તેને ઉપરનાં પીંછા જૂદાં અને ટૂંકી માજરવાળાં હોય છે. પીંછાની વચમાં કાળુ ટપકું, આખ ઉપર કાબી ભદામી રેખા તથા પાંખો કાળી ભૂરી અને પીંછાની કોર ભદામી રંગની હોય છે. ભરદ્વાજ ખુલ્લા પ્રદેશમાં રહેનારું પક્ષી છે. જમીન ઉપરથી તે બિયાં, કીડજંતુ અને પોલા કૃગ ઊંચકી ખાય છે. જમીન ઉપર તે આસ તરી આવતું નથી, કારણ કે તેનાં પીંછાંનો રંગ જમીનના રંગને મળતો હોય છે અને તેને જમીન ઉપર ચપચાટ બેસવાની ટેવ હોય છે. ગાતાં ગાતાં આ પક્ષી ચગભગ સીધું એકદમ ઊંચું ઊડે છે. ઊતાં ઊતાં પાંખો ફફડાવે છે અને અમુક ઊંચાઈએ જઈને ત્યાં ચગભગ એકજ જગ્યાએ લાબો વખત સુધી રહે છે. જે રીત ઊંચું ઊડે છે તે જ રીતે પાછું નીચે ઊતરે છે, પણ જ્યારે ચગભગ જમીન ઉપરથી પચીસ વાર ઊંચે હોય, ત્યારે તેનું ગાયન બંધ થાય છે અને પાંખો એકદમ પ્રસરેલી રાખીને કડપથી તે, નીચે ઊતરે છે. કેટલીક વખત જમીન ઉપર પણ આ પક્ષી આવે છે. આ પક્ષીની માદા ઓછીવારે ત્રણથી પાચ ઈંડા મૂકે છે.

૧૪. ન. કશ્યપ ગોત્રનું એ નામનું એક પ્રવર.

ભરદ્વાજક જુઓ ભરદ્વાજ ૧૩.

ભરદ્વાજ બાર્હસ્પત્ય [સં] વું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે છઠ્ઠા મડલનાં ૧–૩૦, ૩૭–૪૩, ૫૬–૬૪ સૂક્ત રચ્યાં છે.

ભરદ્વાજ શિરંબિદ ૧. [સં.] વું. રાજપૂતનો એ નામનો એક બેડુત બાલાજ. તે બુદ્ધ પાસે દીક્ષા લઈ સંન્યાસી થયો હતો.

૨. વું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

ભરદ્વાજી [સં.] સ્ત્રી. એક જાતની પક્ષિણી; ભરદ્વાજ પક્ષીની માદા.

ભરના ૧. [હિ] વું રેલું; ભરજ.

૨. વું. રોજનું અર્ચ.

૩. વું કોરડીનો રસ ચીકવાનું દ્રવ્ય.

ભરનિન [હિ.] વું. કપાંબત્તાં; પોશાક.

ભરનિદ્રા ૧. [સં.] સ્ત્રી. ગાઢ નિદ્રા; ચસપસાટ ઊંઘવું તે

૨. સ્ત્રી. ગાઢાપણી અંધકાર.

ભરની ૧. [સં ભરણી] સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.

૨. સ્ત્રી એક જાતની જંગલી ઔષધિ.

૩. સ્ત્રી બ્રહ્મદંડ

૪ સ્ત્રી. ટિટોડી પક્ષી.

૫. સ્ત્રી. ઢેલ.

૬ સ્ત્રી બ્રહ્મદારુનો કાંટલો.

ભરનીંગળ ૧. ન. ખોટ આવે, નફો થાય, એમ ભરભર ચાલ્યા કરે તેવો વેપાર.

ત્રિરમાદિયા ઉપરનો ત્રણ પાઉનો કર ભરનીંગળ હતો. ગાંધીજી

૨. ન. ચડતીપડતી.

૩. ન. ભરણી અને ઢાલવણી; ભરાવું અને ઢલવાવું તે.

૪ ન. રસી નીકળતી હોય અને પાકું પડથી ભરાવું હોય તેવી જાતનું ગૂમડું.

ભરપ ૧. સ્ત્રી. ભરવાની રીત; ભરવાની પદ્ધતિ.

૨. સ્ત્રી. માપ.

ભરપટ્ટ ૧. ન. પુષ્કળાપણું.

૨. વિ. પુષ્કળ, જોઈએ તેટલું; પેટપૂર.

૩. ન. જોઈએ તેટલું એમ; પૂરેપૂરું હોય એ રીતે

ભરપટ્ટે ૧. વિ. પુષ્કળ; જોઈએ તેટલું; પેટપૂર; મનમાનતું; ખૂબ.

૨. ન. જોઈએ તેટલું એમ; પૂરેપૂરું એમ.

૩. ન. સ્વચ્છંદપણે; નિરંકુશપણે; સ્વતંત્રતાથી.

ભરપરા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભરપાઈ ૧. સ્ત્રી. ઋણમુક્તિપત્ર; પાવતી; ઠારગતી; પૂરેપૂરું મળ્યાની પહોંચ.

૨. સ્ત્રી. છોડી મૂકવાનું કબાણ.

૩. સ્ત્રી. પૂરેપૂરું ભરી આપવું તે; જેમ ઉધાર એણે આપ્યું પૂરી ભરી દેવી છે; ખાતા કે હુંડીની પૂરેપૂરી ચુકવટ.

૪. ન. બરોબર; પૂરેપૂરું.

ભરપાવું ૧. અ. ક્રિ. ચાલવું.

૨. અ. ક્રિ. ભરપાઈ થવું.

ભરપૂર ૧. [હિ.] વું. સમુદ્રમાં ખોળનું ચડી આવવું તે; ભરતી; ભુવાળ.

૨. વિ. ઘણું, બહુ

૩. વિ પરિપૂર્ણ; પુષ્કળ; જોઈએ તેટલું.

૪ વ. પૂરેપૂરું ભરાયેલું, કાંઠા કે કિનારી સુધી ભરેલું. લાક્ષ

ભરપૂર ભરવું = કાઠા સુધી ભરવું

૫. વિ. સતોષકારક.

૬. અ. પૂરેપૂરી રીતે; પૂર્ણ રીતે; જોઈએ તેવી રીતે.

ભરપેટ અ. ધરાઈને; પેટ ભરીને

ભરપોશાક ૧. વું. પૂરો પોશાક.

૨. અ બધાં કપડાં સહિત.

ભરફોદિયો (ભરફોદિયો) વું. હલકી જાતનો સર્પ.

ભરબડવું (ભરબડવું) અ. ક્રિ. હેરાન થવું; દુ:ખી થવું.

ભરભરિયું ૧. (ભરભરિયું) વિ. ખુલ્લા કિસનું; ભરભર બોલનું.

૨. વિ. જેમ આવે તેમ બોલી નાખનાર; ફાવે તેમ બોલનાર; બોલકણું.

ભરભરિયો પક્ષ વસ્તુમ કદિ આ દક્ષિણિદ મૂકે નહિ. મુ. સા. પરિષદ

ભરભર ૧. વિ. કોરું; છૂટું; લૂખું; ભરભરું.

૨. અ. તતાળા; તે જ વખતે.

૩. અ. વારેવારે.

ભરભર ભૂકો ૧. વું. છૂટો ભોટ જેવો પદાર્થ.

૨. વિ. કોરું; લૂખું; વી વગરનું.

ભરભરાટ [હિ.] સ્ત્રી. સોજો.

ભરભરાટી સ્ત્રી. ભપોભપાસી; વૈભવ; સમૃદ્ધિ.

જે સ્થળ આગળ ભરભરાટીવાળું હતું તેનું આજે સર્વથા નામનિશાન પણ દેખાતું નથી

પુરાતત્ત્વ

ભરભરાવવું સ. ક્રિ. ભભરાવવું; છૂટું છૂટું અને ભોકું ભોકું નાખવું; ભોટ જેવો પદાર્થ વેરવો.

ભરભરાવું ૧. અ. ક્રિ. ભભરાવું, આકુળ થવું.

૨. અ. ક્રિ. કેવાડા ઊભા થવા.

ભરભરાહટ જુઓ ભરભરાટ.

ભરભરિયું વિ. બકબાજી; બોલકણું; વાચાળ.

ભરભરી સ્ત્રી. ભોભે; ભાર.

ભરભરું ૧. વિ. કરકરું; કણદાર; ભભરું; ભારીક નહિ તેવું.

૨. વિ. બળી બગેલું નહિ એવું; દીલું પણ છૂટા મનવાળું

૩. વિ. છૂટું; કશે પણ જુડા હોય એવું; કોરું; સૂકું; ચીકટ ન હોય તેવું; લૂખું.

૪. વિ. બીનાશ વગરનું.

૫ વિ. સવેરાથી બૂડો અર્થ બાવ એવું

ભરભાખરું જુઓ ભરભાખળું

ભરભાખળું ૧. ન. બોસુકણું, પરોઢિયું; મણસનું

૨ ન. સૂર્ય ઊગતા પહેલાનો અને અાથમ્યા પછીનો આછા ઉજેરાનો વખત; ઝાંખાં; સંધ્યાકાળ; ઓછું દેખાય ન દેખાય એવો અંધારા અને ઉજેરા વચ્ચેનો સમય.

ભરભાદર વિ. બહાદુર; શુરસાવાળું, હિમતવાન.

ભરભાંખરું જુઓ ભરભાખળું

ભરભાંખળું જુઓ ભરભાખળું.

ભરભૂરી સ્ત્રી. સફેદ રેતાળ જમીન

ભરમ ૧. [સં. ભ્રમ] પું. આબરૂ; ઇજ્જત; માન; પ્રતિષ્ઠા.

૨. પું. કાર્ય કે કારણ હોવાનો અભાવ કે માન્યતા

૩. પું. ભરમાં પૂંજી છે એવી લોકમાન્યતા; પૈસાદાર હોવાપણાની શાખ.

૪. પું. છૂપો ભેદ; ગુપ્ત રહસ્ય; સંદેહ; ભેદ.

૧. ભરમ ઉઘાડો કરવો = ભેદ જાહેર કરવો

૨. ભરમ ઉઘાડો કરવો–ખોલવો–ભાંગવો = (૧) રહસ્ય જાહેર કરવું; રહસ્ય ખુલ્લું થવું કે કરવું. (૨) શંકાનું નિવારણ કરવું.

૩. ભરમ કરવો = (૧) અસર થવું. (૨) માનવું; આધાર રાખવો. (૩) શંકા કરવી.

૪. ભરમ ખૂલવો = બાનગી વાત બહાર પડી જવી

૫. ભરમ ખોલવો = (૧) બાનગી હોય તેને જાહેર કરવું. (૨) ભેદ પ્રકટ કરવો.

૬. ભરમ ગુમાવવો = (૧) ભેદ ખુલ્લો થવો. (૨) માન કે આંટ ખોવી; આબરૂ ગુમાવવી.

૭. ભરમ ભગાડવો = સ્વાદ બગડવો; મજા જાતી જવી

૮. ભરમ બાંધવો = (૧) બહારથી સારું દેખાય તેમ કરવું. (૨) માન કે આબરૂ રખાવવી.

૯. ભરમ મારી બીસા બાવી = પોતાની પાસે કાંઈ ન હોવા છતા પોતા પાસે બહું છે એવી લોકોમાં માન્યતા હોવી તે; નામ મોટા ને દર્શન ખોટાં.

૫. પું. ડોળ; દેખાવ; આડંબર.

૬ પું. બૂલ. ગેરસમજ.

૭ પું. બતિ. વહેમ; શક; ભમ; ભ્રમ; ખોટી સમજણ

૮ પું. મૂંઝવણ; મૂંઝવણ, ગભરાટ

૯ પું. રખડપટ્ટી તે.

૧૦ પું. ધુમ્મસ

૧૧. પું. સિદ્ધનું મોરથી બારવું તે.

૧૨ વિ. ભ્રમણ કરનાર.

૧૩. વિ. ભટકણ કરનાર; ભટકણખોરણ કરનાર

ભરમકુદ્દર ન. પોતાથી અને તેટલી બધી શક્તિથી

ભરમભાંગું વિ. ગાંડું; કપટ વગરનું; નિખાલસ. દર્દી દુખ ને કરમકઠા બાંધી ગામ બાગી. મારા વહાલાજી બારમે ધિરસે **ભરમભાંગી** નાનાલાલ

ભરમવું ૧. અ. ક્રિ. બટકવું; જેમતેમ બાંટા મારવા

૨ અ ક્રિ. ભરમાવું; ભરોસે રહેવું

ભરમા જુ બાઠા

ભરમાપૂરી સ્ત્રી વગર કરેલી એક પ્રકારની પૂરી

ભરમાર (વિ] સ્ત્રી અતિશય; બૂબ ઢેરનું તે બહુ વધારે પડતું બોજ તેમ અધિકતા

ભરમાલું ૧. વિ. દેખાવ કરે એવું

૨. વિ. પ્રખ્યાત.

૩ વિ મગરૂર; બભિમાની

૪ વિ ચંચળ; ચપળ

ભરમાવવું ૧. સ ક્રિ. બારે બાજુ ફેરવવું; બોટે રસ્તે દોરવું.

૨ સ. ક્રિ. ગૂંચવવું; મૂંઝવવું

૩. સ. ક્રિ ઊંધવવું; ઠગવું.

મન કરે બ્યાન ધરે, બાબો બંતા બાને **ભરમાવવા**. બાને

૪. સ. ક્રિ. ભટકાવવું; રખડાવવું, બાસ. રખડપટ્ટો બાવ એમ કરાવવું

૫ સ. ક્રિ વહેમાવવું; બ્રાંતિમાં નાખી દેવું; બાડુંબવળું કે બૂરું સમજાવવું; માન બમેરવા.

ભરમાવું ૧ [સ. ભ્રમ્ (ભ્રમવુ)] બ. ક્રિ. બાડે રસ્તે દોરાવું; ભ્રમથી ભુલાવું.

૨. બ ક્રિ. ગૂંચવાવું; મૂંઝાવું

૩. બ. ક્રિ. ઊંધરાવું; ઠગાવું.

૪ બ. ક્રિ. રખડાવું.

૫. બ ક્રિ. વહેમાવું; બ્રાંતિમાં પડવું.

ભરમાળો પું. ભ્રમ; શક્કા; વહેમ

ભરમિજલસ ૧. સ્ત્રી. પરિપૂર્ણ ભરાયેલી સભા

૨. સ. બરપૂર ભરાયેલી સભા વચ્ચે; ભેગી સભા દરમિયાન.

ભરવી ૧. સ્ત્રી. એક બતનાં પાન. તે બાંધ બાબૂસને મજબૂત વાધુ ઉપર બવરાવવાથી કુદરતી થવાનું કહેવાય છે.

૨ [સ. ભદ્રો] સ્ત્રી. એક બતની બાતહર વનસ્પતિ કે બોષધિ; ભદ્રો.

૩. વિ. બમિત; કંજૂસ

ભરવીલું વિ કરકસરીલું; મૂંઝવણવાળું

ભરવૂલ ન. પૂરેપૂરી કીમત.

ભરવૂલે મૂલ્યને સ્વાતંત્ર્ય જેના નીચેથી કોઈ પ્રબ્ન કમેરાને બાજ સ્વાતંત્ર્યથી વંચિત રહી નથી. બાપીજ

ભરવો ૧. પું. ધાબબ્ય

૨. પુ. ભેદ; ભ્રમ; ગુપ્ત રહસ્ય.

ભરવૌવન ન. ભરજુવાની; જુવાનીનો મધ્યકાળ.

ભરવ્યા [વિ.] પું. બીજા; બન્ય; કર.

ભરવ્રોષ વિ. ગુસ્સાથી ભરેલું; રોષવાળું

ભરસ ૧. સ્ત્રી. ભૂખ; જઠરબિના પ્રદીપ્તપણાથી બાવતી બની ઇચ્છા.

૨. સ્ત્રી ભૂખનો બાભાસ; ખોટી ભૂખ.

૩. [બ.] સ્ત્રી. વાદળી રંગની એક બતની પટી. તે હિમાલયમા ભુતાનથી બાસામ સુધીના પ્રદેશમાં થાય છે.

૪ વિ. ખૂબ વધારેલું; ઝાઝું.

ભરસૂગડાં (ભરસૂપડાં) બ. બકત ભૂખ્યાં પહેરીને; કપડાંભર.

ભરસવું ૧. સ. ક્રિ. ભોકવું; બાથી કરવું

૨. સ. ક્રિ. ટબાવવું; બટકાવવું

૩. સ. ક્રિ. બંબેરણી કરવી; બાવ્યુંબોકું દબાવી દેવું

ભરસવેલિ જુઓ ભરસ્વતી.

ભરસવેલી જુઓ ભરસ્વતી

ભરસવેસૂલ સ્ત્રી. પૂરેપૂરી મહેનબ.

ભરસ્વતી ૧. સ્ત્રી. ધોળો દહાડો.

૨. બા પ્રબ્ન; બબ્બી વસતી, ભરસ્વતી એ યુગના બંધકાર જીવનરી, જગતના ચોકમાં, રહસ્ય ચન્દ્રને નમનની શીબળીઓ વેચરો કે ગૂંથરો **ભરસ્વતીબાવ** તે. નાનાલાલ

ભરવાડ (ભરવાડ) ૧. પું. ઢ.મગીના જેવા રંગવાળો ચોમાસામાં થતો એક બતનો જીવડો; કર્માગિયો.

૨. પું. ઢોર રાખી ગુજરાન ચલાવનાર એ નામની બાતિનો માબૂસ, રબારો

૩ સ્ત્રી. બકરા, ઘેટા, ગાય વગેરે પાળી તેમને જ પોતાનું જીવન સર્વસ્વ માનનારી એ નામની એક બાતિ; રબારી. ઢોર પાળનારી

પશુધનવાળી એક જાતિ. આ માલધારી કોમ છે. વસ્તુભાઈ રબારીના જેવી જ તેની રહેણીકરણી છે, પરંતુ તેઓ તેમના કરતાં વધારે સમૂહમાં રહે છે. તેઓ તેમનાં ઢોરાંકરાંનાં ટોળાં ગામની સીમમાં રાખે છે. દિવસે ચીરી, મેદાન કે જ્યાં ચારો મળતો હોય ત્યાં જઈ ભમે છે, રાતના પાછાં આવે છે. તેઓ પોતાને નંદમેરના વંશજ કહેવરાવે છે. તેઓ મોકુળ વૃંદાવનથી સૌરાષ્ટ્રમાં આવેલા છે, તેમ પણ કહે છે. આખી કોમ ટાઢ તડકો વેઠનારી, અડતલ અને હિંમતવાળી છે. પુરુષો કામગા તથા મજબૂત બાંધાના અને ઓઓ કરતાં વધારે દેખાવડા છે. સામાન્ય રીતે પુરુષો કરતાં ઓઓ વહેવાર, જ્ઞાનમાં વધારે ચપળ હોય છે. તેમનામાં દસમે કે બારમે વર્ષે એક વખત લગ્ન થાય છે. તેઓ સળંગ એક દિવસે ને એક જ દોડકે લગ્ન કરે છે. કોઈ જમીનદાર પાસેથી કોરી જમીન વેચાતી લઈ ત્યાં વસવાટ કરે છે. એક વખત જે જમીન ઉપર વસવાટ થઈ હોય તે બીજી વખતે ઉપયોગમાં લેવામાં આવતી નથી; પરંતુ બારાની જમીન તરીકે જુદી રાખી, તેમા ઝાડવાનો માલેઢામજ રોપી ત્યાં લગ્ન થયાં હોય તેવું જણાવવા માટે ઘાટી રાખે છે. લગ્નમા કટાણા ભાવનો બહુ રિવાજ છે. પુનર્જન્મ અને દેરખું વાળવાનો તેમનામાં ચાલ છે. તેઓ માતાને માને છે અને રીતરિવાજ હિંદુના પાળે છે. તેઓ ખાસ કરીને હિંગળાજને માને છે હિંગળાજ બલુચિસ્તાનમાં આવેલ છે. દરેક ભરવાડ જીવનમાં એક વખત તો જરૂર હિંગળાજ જવાનો અને કંઠી બાંધવાનો. તેઓ ત્યાં સમૂહમા પગે ચાલી, કમ્બનું રણ ઓળંગી, સિંધમાં થઈ ત્યાં જાય છે. હિંગળાજનું માહાત્મ્ય આ કોમમાં બહુ છે. અફઘાનિસ્તાન ભરવાડોનો દેશ ગણ્યો છે. આ દેશમાં ચારે બાજુ પૈદાં, ગાય, ઘોડાં, ઊંટ ને ઘેટાંનાં મોટાં મોટાં ટોળાં સર્વ ને ઘટકનારા લોકો નજર પડે છે. અફઘાન લોકો પાણીદાર ઘોડાની ઉછેર કરે છે અને પરદેશમાં વેચે છે. પૈદાંનાં કમાવેલા ઘાઘરો ગામડાં તેઓ વેચે છે, કારણ કે મધ્ય એશિયાના ઠંડા દેશોમાંના લોકો પુરતિન નામના ગામડાના ગરમ કપડા પહેરે છે. આ અફઘાન ભરવાડોએ દુંબા નામનાં એક નવી જાતના પૈદાં ઉછેર્યાં છે આ પૈદાંની પૂંછડીમાં ઓટલા બધી ચરબી અને માંસ હોય છે કે તે પૂંછડીના ભારથી તેમને બરાબર ચાલતાં ઘણુ કાવતું નથી. કોઈ મહેમાન આવે ત્યારે અફઘાન લોકો દુંબાની જાડી પૂંછડી વચ્ચેથી ચીરે છે અને તેમાંની ચરબી અને માંસ કાઢી લઈ તેને પાકી સીમી રે છે. આ લોકો દિલ્લી કાં બજાર ખરીદ માલ આવા મેળવે છે.

ભરવાડ સદા સતકી = ભંદો ધંધો માણસને ભંદો બનાવે છે

૪. સ્ત્રી. ભરવાડણ; ભરવાડની સ્ત્રી.

૫. સ. એ નામની જાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતિનું.

ભરવાડકૂદકો (ભરવાડકૂદકો) પું. એક જાતની કૂદવાની કસરત; 'પોલ જંપ'. ભરવાડ લોકો લાંબે કૂદકે મારે છે તે ઉપરથી ઊંચા કૂદકાને ભરવાડકૂદકો કહે છે.

લાકડી, લાકડી, ચેલેન્જ, મલખંભ, ભરવાડકૂદકો, જમ્પસૂટ્સ, કબાયત વગેરેના દેખાવો ઉપરાંત જાતીએ પથ્થર મૂકવો, પિરામિડ વગેરે પણ થયાં હતા. સિ. પ્રા. યુગ

ભરવાડણ (ભરવાડણ) સ્ત્રી. ભરવાડ જાતિની કે ભરવાડની સ્ત્રી; રબારણ; રાયકણ.

ભરવાડણી (ભરવાડણી) સ્ત્રી. ભરવાડણ.

ભરવાડા (ભરવાડા) ૧ સ્ત્રી. દક્ષા બીમાળી વાઘેલાની એ નામની એક અટક. ભરવાડ લોકો સાથેના લેવદેવના વ્યવહાર ઉપરથી આ અટક પડી હોવાનું મનાય છે

૨ સ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભરવાડિયો (ભરવાડિયો) પું. ભરવાડ; રાયકો.

ભરવાડી (ભરવાડી) ૧. સ્ત્રી. ચમચમાટ ઊપજે એવી ભરનિદ્રા. અંગમાં જોસાય છે

ભરવાડી તાવથી ≈ નિરાંતે, ચમચમાટ ઊપજે એવી; લાંબી સોડ તાણીને સૂઈ રહેવું.

૨. સ્ત્રી. ભરવાડણ.

૩. સ. એક જાતનું ભાકરું

૪ વિ. ભરવાડને લગતું

ભરવાડું (ભરવાડું) ૧. સ. જમણા કાનમાં પહેરવા મોતીનું એક જાતનું ઘરેણું; ડોકરું.

૨. સ. ભરવાડનો ધંધો; ઢોરઉછેર; ગોપવૃત્તિ.

પણ લોકો ભરવાડું–ગોપવૃત્તિ કરતા.

જગન્નાથ ઠાકોર

ભરવાડ્ય (ભરવાડ્ય) સ્ત્રી. ભરવાડણ; ભરવાડ જાતિની કે ભરવાડની સ્ત્રી.

ભરવાડો (ભરવાડો) ૧ પું. એક જાતનો એડ; ગીપટો. આ જોડ ઢોરથી સાડાત્રણ ફૂટ ઊંચો હોય છે. ગીપટાનું મૂળ ચામડે પી જવાથી ઝાડો તરત જ બંધ થાય છે. ઘાતરડું કે તરવારનો ઘા પગે હોય તો ભરવાડાનું પાન ખાંડીને તેની તૂરટી ઘા ઉપર મૂકીને પાટો બાંધવાથી રુઝાઈ જાય છે.

૨. પું. ભરવાડ. તુચ્છકારમાં બોલાય છે.

૩. પું. ભરવાડના જેવો આચાર, વહીવટ કે ધર્મ.

૪. પું. ભરવાડવાડો; રબારીવાડો.

૫. વિ પું. ભરવાડ જેવો.

ભરવું ૧. અ. ક્રિ. અર્પણ થવું.

૨ અ. ક્રિ. ઉશ્કેરાવું

૩. અ. ક્રિ. ઓડું થવું.

૪. અ ક્રિ. ઠરાવું; અળવાવું.

૫. અ ક્રિ. ખૂબ હોવું.

૬. અ ક્રિ. ખેતરમાં પાણી પવાવું.

૭. અ ક્રિ. ગિરદી થવી.

૮. અ. ક્રિ. ગુસ્સામાં આવવું.

૯ અ ક્રિ. ઘા રુઝાઈ જવો

૧૦. અ ક્રિ. ઘોડાનું ઊતરી જવું.

૧૧. અ ક્રિ. ચોરી કે ફુતરીનું સગાઈ થવું.

૧૨. અ. ક્રિ ચોપડાવું.

૧૩. અ. ક્રિ. છલકાવું.

૧૪. અ. ક્રિ. જખ્મો ભરાવો.

૧૫. અ. ક્રિ. ઝાડું થવું; શરીર હૃષ્ટપુષ્ટ થવું.

૧૬. અ. ક્રિ. ઠસાવું; બેસું થવું.

૧૭ અ. ક્રિ. તરબોળ થવું.

૧૮. અ ક્રિ. થડો જવું.

૧૯. અ. ક્રિ. દંડ અપાવો.

૨૦ અ ક્રિ. પરાણે ઠસાવું.

૨૧ અ ક્રિ પવન ભરાવો.

૨૨ અ ક્રિ. પશુ ઉપર ભાર લાદવો.

૨૩ અ ક્રિ. પશુએ ઝાંઝ મારવા કરવો.

૨૪. અ ક્રિ. પાકવું; ઝૂમખું પાકી જવું.

૨૫ અ ક્રિ. પાકું મળવું.

૨૬. અ ક્રિ પૂરું થવું.

૨૭ અ ક્રિ. પૂર્ણ ભરાઈ જવું.

૨૮. અ ક્રિ પૈસા પાછા મળવા.

૨૯ અ ક્રિ. પૈસાદાર કે આબાદ થવું.

૩૦ અ ક્રિ બરકો મળવો.

૩૧. અ ક્રિ. બંદુક ભરાવી

૩૨. અ ક્રિ. બીજું પડાવું

૩૩. અ ક્રિ ભૂત વળગવું.

૩૪. અ ક્રિ. મનમાં રોષ થવો.

૩૫ અ. ક્રિ. માપસર પગલાં ભરવાં.

૩૬ અ ક્રિ રંગાવું

૩૭ અ ક્રિ. રેડાવું

૩૮ અ ક્રિ લાગણી થવી

૩૯ અ. ક્રિ. વારંવાર બોલવું; ગોખવું.

૪૦. અ. ક્રિ. ફીણ., વગેરેના કાણા કરીરમાં નીકળી આવવ..
૪૧. અ ક્રિ. સહન થવુ
૪૨. અ ક્રિ. સંતોષ થવો.
૪૩. અ. ક્રિ. સંમતી આપવી.
૪૪. અ ક્રિ. અધૂરું પૂરું કરવુ.
૪૫. ઉ. ક્રિ. આપવુ.
મૂહ–મોં–ભરવું = (૧) ખાવું; ભોજિયો લેવો. (૨) લાંચ આપવી.
૪૬. ઉ ક્રિ. આમતેમ પગલાં ભર્યા કરવાં; આમતેમ ફરવું; પહેરો ભરવો.
૧. પગલું ભરવુ = (૧) પગલું માંડવુ. (૨) વિચારીને આગળ ચાલવુ.
૨. પગલું ભરવુ = (૧) પ્રયાસ લેવો; ઉપાય કરવો; કામ લેવુ. (૨) ચાલવું; વ્યવહારમા વર્તવુ; આચરણ કરવું. (૩) ધીમે ધીમે ગંભીરપણે રીતે મંથરગતિથી ચાલવું. (૪) પગલાં વડે ચાલવું; કદમ મૂકવું; કગલું પડવું; (૫) પ્રવેશ કરવો; અંદર જવું.
૪૭. સ. ક્રિ. ઉમેરવુ; વધારો કરવો; પૂરવું.
૧. આંખ ભરવી (૧) આસુ પાડવાં. (૨) દવા આંખમાં નાખવી. (૩) નિહાળી નિહાળીને જોવુ.
૨. રસ ભરવો = (૧) અતિશયોક્તિ કરવી; મીઠું મરચું ભભરાવવું; વધારીને કહેવું કરવું. (૨) કોર્ષ ખાદ્યમાં રસ કે સ્વાદ રહે તેમ કરવુ.
૪૮. સ. ક્રિ. કપડાં વગેરે ઉપર રેશમ, ઊન કે ફોસ વડે ભાત પાડવી; ફુલવેલ ભરવી; ભરતકામ કરવુ.
૧. ભરત ભરવું = કપડાં ઉપર રેશમ વગેરેના ફુલવેલ પાડવાં.
૨. ગાડી ભરવી = વેચવીમા ફુલ ગૂથવાં; ફુલથી વેચવી રાખુગારવી.
૪૯. સ ક્રિ. કીમત, કર, ફિરાયું કે ભાડું આપવુ
કર ભરવો = કર આપવો.
૫૦. સ. ક્રિ. કુવા, તળાવ વગેરેમાથી પાણી ખેંચી કાઢવું; પાત્ર ભરીને પાણી લઈ આવવુ.
પાણી ભરવું = (૧) કુવામાથી ઘરમાં વાપરવાનું પાણી ખેંચી આવવું; નદીમાંથી પાણી ભરવુ. (૨) ના કરતાં ઊતરતા થવુ.
૫૧. સ. ક્રિ. ક્રિયા કરવી.
ખોળો ભરવો = ખમરણી કરવી; સીમંતનો વિધિ ને તેને લગતો કરિયાવર કરવો.
૫૨. સ ક્રિ. ખાડો, પાત્ર વગેરે પ્રવાહી અથવા બીજી વસ્તુથી પૂરવું; રેડવું.
૫૩. સ. ક્રિ. માને જમે કરાવવુ.
૫૪. સ. ક્રિ. ખાલી ખાના કે આસનમાં લખી આપવુ; આંકડા વગેરે પૂરવા.
૧. આનું ભરવું = આલી આસનમાં આંકડા, હકીકત વગેરે લખી કાઢવાં.
૨. ભરી કાઢવુ = (૧) ખાનાં પૂરવાં. (૨) ભરેલું કરી લેવુ. (૩) સ્થાપી દેવું; નીમી દેવું.
૫૫. સ. ક્રિ. ખાલી પદ કે નોકરી ઉપર સ્થાપવું; નીમવુ.
૫૬. સ. ક્રિ. કુમ રીતે કોઈની નિંદા કે કોર્ષ ખરાબ વાત મનમાં ઠસાવવી.
કાન ભરવા = ચંગેરવુ; ચઢાવવુ; સાચુંખોટું કહી ઉશ્કેરવુ
૫૭. સ. ક્રિ. ગોઠવવું
૫૮. સ. ક્રિ. ચારે બાજુએ ઢાંકી દેવું.
૫૯. સ. ક્રિ. ટાકો મારવો; સીવવું; સાંધવુ.
ટોચો ભરવો = સીવવુ; સાંધવુ.
૬૦. સ. ક્રિ. ટીપમાં કે દાનપત્રમાં રકમનો આંક પાડી આપવો; ટીપમાં નાખ્યાં ભરવાં.
ટીપમાં ભરવું = ફંડમાં પૈસા નોંધાવવા.
૬૧. સ ક્રિ. ઠાંસવુ; પૂરવુ.
બંદૂક ભરવી = (૧) તૈયાર થઈ રહેવું. (૨) બંદૂકમાં દારૂ ભરવો
૬૨. સ. ક્રિ. નાખવુ; અંદર મૂકવુ.
૬૩. સ. ક્રિ. પકડવુ.
મોટી બાથ ભરવી = (૧) આલિંગન દેવુ. (૨) તત્પર થવુ (૩) મોટી ઇચ્છા કરવી; મોટું સાહસ ખેડવુ. (૪) સામા થવુ.
૬૪. સ. ક્રિ. પાણી કાઢવું વગેરે કામ કરવાની નોકરી કરવી.
૧. દિવસ ભરવા = રોજીએ કામ કરવુ.
૨. નોકરી ભરવી = નોકરી કરવી
૬૫. સ. ક્રિ. પૂર્ણ, સમૃદ્ધ કે ભરચાણું કરવુ.
૧. ખાવું ખાવ અને ભરવુ ભરે = જરૂરિયાત હમેશા પૂરી પડી રહે છે.
૨. ઘર ભરવુ = (૧) કોઈનુ લૂંટી લાવી કે કમીને ઘર ભેગુ કરવુ (૨) પૈસાટકાથી ઘરને ભરપૂર કરવુ (૩) વાડી વિસ્તાર વધારવો.
૩. ભરતામાં ભરવુ = જ્યાં પુષ્કળ હોય ત્યા વધારો થયા કરવો; વધારામાં વધારવુ.
૪. ભર્યા પેટે સાકર ખાટી = દરકાર વગરનાને સારું યે ખોટું લાગે.
૫ ભર્યું ઘર = સરસામાન, અન્નપાણી અને પૈસેટકે પૂર્ણ ભરેલુ ઘર; ભર્યું ભાદર ઘર.
૬. ભર્યું ભાદર = રાજરમીલું અને બીજી વસ્તુથી ભરપૂર
૬૬. સ. ક્રિ. ઠગારૂપે મળવુ; લાવવુ.
૬૭. સ. ક્રિ. બીજાને ગોઠવવા.
૬૮. સ. ક્રિ. ભરણપોષણ કરવું.
પેટ ભરવું = (૧) ખાવું; ગુજરાન ચલાવવું. (૨) સ્વાર્થ સાધવો.
૬૯. સ. ક્રિ. ભરપાઈ કરવુ; નુકસાની ભરી આપવી
૧ ભરપૂર ભરવું = તિજોરીમાં પૈસા ભરવા.
૨. ભરી આપવું = (૧) કોર્ષ પાત્ર પ્રવાહીથી ટકોટક ભરી આપવુ. (૨) દાન કે ખરિદીની ટીપમાં કંઈ નાણું આપવા કબૂલ થવું; ટીપમાં ભરવું. (૩) નુકસાનીનો બદલો આપવો; મજરે આપવું. (૪) ભરપી આપવુ.
૩. ભરી લેવું = (૧) નુકસાનનો પૂરો બદલો લેવો; નુકસાન થયું હોય તે લેવુ. (૨) ભાપી લેવુ.
૭૦. સ. ક્રિ. ભેગું કરવુ; લોકો એકઠા કરવા.
૭૧. સ. ક્રિ. માપ કાઢવુ.
૧. જમીન ભરવી = જમીન માપવી.
૨. ભરી પીવુ = (૧) ન ગણવુ; ન ગાંઠવુ. (૨) પૂરું પડવુ; પહોંચી વળવુ, સમજી લેવું. (૩) મળી જવુ; ઐકયતા આંધવી. વિચાર, મૈત્રી વગેરેમાં વપરાય છે. કજિયો પતા પછી મળાપ કરતી વખતે પ્યાલો ભરીને અરસપરસ પાવા પીવાનો રિવાજ છે. (૪) સુખદુઃખ, નફોનુકસાન જે થાય તે બેએાઢ જણે પોતાને માથે લઈ લેવુ, ગમે તે પ્રકારે નિકાલ કરવાનું માથે લેવુ; ભરી કોટવું.
૭૨. સ. ક્રિ. રંગ પૂરવા, ચિત્ર કાઢવુ.
રંગ ભરવો = (૧) ચીતરવુ. (૨) ભડકાવવું; ઉત્તેજન આપવુ; ખીલવવું. (૩) ભરચું મીઠું ભભરાવવુ.
૭૩. સ. ક્રિ. લાદવું. જોખવું, ભાર ભરવો.
૭૪. સ. ક્રિ. લેવુ.
ભરપૂ ભરવુ = (૧) કરવુ. (૨) સામા થવુ; ધૂરકવુ; તરફોડા કરવા; કજિયો કરવો.
૭૫. સ. ક્રિ. સરકારને ત્યાં મોકલવા, જમા કરાવવા અથવા કોઈના લેણા પેટે આપવું.
વસૂલ ભરવું = હિસાબમાં જમા કરાવવુ.
૭૬. સ. ક્રિ. સહન કરવુ.
૭૭. સ. ક્રિ. સંઘરવુ; અનાજનો સંગ્રહ કરવો
૧. ડાલા ભરવા = અનાજનો સંગ્રહ કરવો.
૨. કસલ ભરવી = આખા વર્ષને માટે જોઈતો સામાન ઘરમાં રાખી મૂકવો.
૩. ભરી આપવુ = નુકસાનીનો બદલો આપવો; મજરે આપવું.
૪. ભરી બાલવુ = કસાવી દેવુ.
૫. ભરી દેવુ = સંપૂર્ણ ભરવું
૬. ભરી પીવું = પહોંચી વળવું; સમજી લેવુ.
૭. ભરી ભાંગવુ = (૧) ખભરે ભરવુ; વધું

આપવું. (૨) એટલું બધું ભરવું કે જેથી વાસણ ભાંગવાની તૈયારીમાં આવે.
૮. ભરી મૂકવું = (૧) મદું કરવું. (૨) સાચી રાખવું; એકઠું કરવું; સમૂહ કરી રાખવો.

ભરવેગ જ. ખૂબ જ ગતિથી.

ભરસક ૧. વિ. સંપૂર્ણ
૨. [હિં.] અ. યથાશક્તિ; બની શકે ત્યાંસુધી; બને તેવી રીતે.

ભરસાડ (ભરસાડ) ૧. સ્ત્રી. ચૂલા કે સગડીનો ઊંચી રાખવાળો ભાગ; ઓકો; રાખમાંના ઊંચા અંગારા.
ભરસાઠમાં અગર દેવતામાં બદેડાં, રીંગણાં, ડુંગળી, બિસ્કિટ વગેરે બાફે છે. પારસાગ્રા
૨. સ્ત્રી. તણખો; ચિનગારી.

ભરસાળ જુઓ ભરસાડ.

ભરેડિયો પું. એક જાતનો ઝેડ. તેને ગોળ પાન થાય છે. તેમાં કાંટાકાંટાવાળાં ગોળ ફળ આવે છે. તે સૂકડાને અડવાથી સારી રીતે ચોંટી જાય છે.

ભરો ૧. સ્ત્રી. વાઘરીની એ નામની એક જાત.
૨. સ્ત્રી. (પુરાણ) વિદ્યાનપુરીના રાજાની એ નામની એક કન્યા. તેના લાયે તેનો વિવાહ કરભરેશાધિપતિના પુત્ર સાથે કર્યો, જતાં તેના પતિનું રૂપ ધારણ કરી શિશુપાલે તેનું હરણ કર્યું હતું.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.
૫. વિ. ભરેલું; પૂર્ણ.
૬. અ. (કચ્છી) તરફ.

ભરાઈ ૧. સ્ત્રી. ખેતરને પાણી પાવું તે.
૨. સ્ત્રી. ખનારસમાં ગળાઈ લેવામાં આવતો એક જાતનો કર.
૩. સ્ત્રી. કૂકોર તથા રબારીની એ નામની એક જાત.
૪. સ્ત્રી બાળકને થતો શરદીનો રોગ.
૧. ભરાઈ આવવું = બાળકને શરદી થવી. આ રોગ બચ્ચાંઓને અને નાની ઉમરનાં છોકરાંઓને વખતોવખત થઈ આવે છે. ભરાઈ આવવું એ એક જાતનો કફનો પ્રકોપ છે.
૨. ભરાઈ જવું = (૧) અકડાઈ જવું. (૨) આખર આવવી. (૩) આવી ચડવું. (૪) વિકાર થઈ જવું. (૫) થાકી જવું. (૬) બાળકને શરદી થવી. (૭) સપડાઈ જવું.
૫. સ્ત્રી. ભરવાની ક્રિયા.
૬ સ્ત્રી. ભરવાની રીત.
૭. સ્ત્રી. ભરવામણ; ભરવાની મજૂરી; ભરવાનો ખર્ચ.
૮. ન. એ નામની અટકનું માણસ.
૯. વિ. એ નામની અટકનું

ભરાઉ ૧. [સં. भृ (ભરવું)] વિ. પુષ્ટ; માંસેલું; ભલું; ભરાવદાર.
૨. વિ. ભરેલું; અંદરથી ભરાવેલું.

ભરાઘર ન. સમૃદ્ધિવાન કુટુંબ.

ભરાડ (ભરાડ) ૧. સ્ત્રી. ખાલસપુરી એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભરાડભરાડ (ભરાડભરાડ) ન. મોટા કદાવરનાં જન્મેલાં બાળકનું રોવું તે.

ભરાડી (ભરાડી) ૧. પું. ઠામારમાં આવેલો એ નામનો એક કુંજર.
૨. સ્ત્રી. એ નામની પૂના, બાજુ તરફની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪ વિ. ઊંધાંચત્તાં કરનાર; ખેપાની.
૫. વિ. એ નામની જાતનું
૬ વિ. ખબર ન પડે તેવી રીતે બનાં ચોરી વગેરે આવળાં કામ કરનાર.
૭. વિ. કજાતખાજા; હરામખોર.
૮. વિ ચુસ્ત; ઉઠાઉગીર.

ભરાવ સ્ત્રી. નાનાં બચ્ચાંને થાવું પડતી શરદી.

ભરાણિયા ૧ સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભરાણી સ્ત્રી. નાનાં બાળકોને થતું શરદીનું દરદ; ખમખમી જવું તે; ભરાઈ જવું તે.

ભરાપુરા ૧. [હિં.] વિ. બાબાદ; સુખી; ભરપૂર; સંપન્ન.
૨ વિ. જેમા કોઈ કમી કે ન્યૂનતા ન હોય એવું.
૩ વિ. દોલત અને બાળબચ્ચાંવાળું.

ભરાભતુલા જુઓ ભરાપુરા.

ભરાભર અ. ભરપૂર. પૂરેપૂરી રીતે.

ભરાભરી વિ. બેસતું; માપ પ્રમાણે ભરાબર.

ભરામણ ૧. પું. બ્રાહ્મણ.
૨. ન. ભરવાનું મહેનતાણું.

ભરામણી ૧. સ્ત્રી. કોઈનું મન ભરેલું તે.
૨. સ્ત્રી. ભર્યા ભરવા બદલ આપાતું મહેનતાણું.
૩. સ્ત્રી બાદબાકી.
૪. સ્ત્રી. ભરવાનું મહેનતાણું; તોળવા માપવાનું મહેનતાણું.

ભરારા સ્ત્રી. એ નામની એક જાતની કવાયત.

ભરાવ ૧. [સં. भृ (ભરવું)] પું. ટોળું; જનસમુદાય.
૨. પું. પૂર્ણતા; ભરપૂરતા
૩. પું. ભરાવો; ભરાવું તે; ભરાવ; જથ્થો.

ભરાવટ સ્ત્રી. ભરવાની ક્રિયા; ભરવાનું કામ.

ભરાવદાર ૧. વિ. બટાવાળું.
૨. વિ. પુષ્ટ; ભરાવ; ભરાવવાળું; મજબૂત બાંધાનું
૩. વિ. ભરેલું; પૂર્ણ

ભરાવવું ૧. સ. ક્રિ. અંદર નખાવવું.
૨. સ. ક્રિ. ઊંધુંચત્તું સમજાવવું; જ્ઞાન ભરવા.
દૂંસું ભરાવવું = ખોટી દલીલ કસવી કેવી.
૩. સ. ક્રિ. કૂવામાં પૈસા નોંધાવવા.
૪. સ. ક્રિ. ભરવા કામવું; ભરવામાં મદદ કરવી; ભરે તેમ કરવું.
૧. ઊંચાણા ભરાવવા = ખાસી કરાવવું; ઉઘરાંતરી કરાવવી; કાઢી મૂકવું.
૨. પાણી ભરાવવું = ઝળઝાંઝમાં બમવું; ટપી જવું; ખીજા કરતાં ઉત્તમ કે હોંશિયાર હોવું.
૩. ભરાણી મારવું = બંબેરવું.
૪. મૂદત ભરાવવી = બખત પૂરો કરાવવો.
૫. સ. ક્રિ. મપાવવું, માપ લેવરાવવું.
૬. સ. ક્રિ. લેવડાવવું.
ટાંકા ભરાવવા = સિવડાવવું.
૭. સ ક્રિ. વળગાડવું; ટાંગવું, લટકાવવું; બેરવવું.
૮. સ. ક્રિ. સભા બોલાવવી

ભરાવું ૧ [સં. भृ (ભરવું)] અ ક્રિ. અંદર પેસવું; અંદર બરાબર રહેવું; ઘરમાં કે બરમાં સંતાવું; છુપાઈ રહેવું.
૧. ભરાઈ બેસવું = (૧) છુપાવું, સંતાવું. (૨) ન રુચે એવે ઠેકાણે આવી પડવું
૨. ભરાઈ રહેવું = (૧) છુપાઈ રહેવું. (૨) પૂરું ભરાઈ જવું; છલોછલ થઈ જવું.
૨. અ ક્રિ. એકઠું થવું જેમકે, સભા ભરાણી.
૩. અ ક્રિ. ગૂમડામાં પાય કે પરુ થવું.
૪. અ ક્રિ. ઘેરાઈ જવું.
૫. અ ક્રિ. ભમવું; એકઠું થવું
૬. અ ક્રિ. ઠસવું.
ભરાણી મારવું = બંબેરવું
૭. અ ક્રિ. તાવ દાખલ થવો; તપવું
૮. અ ક્રિ. થાકી જવું; થાકથી અકડાવું.

ભરપો

૯. અ. ક્રિ. પાકવું, પ્રસવું.
૧૦. અ. ક્રિ. પુરાવું; રૂઝ આવવી.
૧૧. અ. ક્રિ. પુષ્ટ થવું.
ઘા ભરાયો = ઘાને પ્રાણ પ્રાપ્ત થયો.
૧૨. અ. ક્રિ. પૂરું થવું; અંત આવવો.
૧૩. અ. ક્રિ. દાણામાં પૈસા નાંખાવા.
૧૪. અ. ક્રિ. ભરેલું થવું; ભરપૂર થવું; ભિખારી થવું
૧૫. અ. ક્રિ. મપાવું
૧૬. અ. ક્રિ. મુકાવું
૧૭. અ. ક્રિ. વખત પૂરો થવો.
૧૮. અ. ક્રિ. બળતી રહેવું.
૧૯. અ. ક્રિ. આપવું.
વરસાદ ભરાઈ આવ્યો = વરસાદ વરસવાની તૈયારીમાં હોવો.
૨૦. અ. ક્રિ. સપડાવું; ફસાવું; બંધાઈ જવું; ઠગાઈ પડવું.
૧. ઉઘાડા ભરાઈ રહેવા = અંત પાસે આવવો.
૨. પાણી ભરાઈ જવા = આખર આવવી
૩. ભરાઈ આવવું = (૧) આખર આવવી. (૨) આંસુથી છલકાવું. (૩) મળમાં વાયુ. (૪) તાવે ભરવું. (૫) બાકી જવું; રોગ, દુઃખ આવવા દિલગીરીનો હુમલો થવો. (૬) ગરદીથી જાતીનું ભરાઈ જવું.
૪. ભરાઈ જવું = (૧) આખર આવવી. (૨) ચૂસવાવું. (૩) ભિખારી થઈ જવું. (૪) ઘાટથી અધકચરું જવું. (૫) પુરાઈ જવું; બાકી કે બાકી ન રહેવું. (૬) પૂરેપૂરું ભરાઈ જવું. (૭) ફસાઈ જવું; સપડાવું. (૮) બચ્ચાંને જાતીમાં મનનો જન્મારો થવો. (૯) સંતાવું.
૫. ભરાઈ પડવું = ફસાવું; સપડાવું.

ભરાવો ૧. [સં. ભૂ (ભરવું)] પું. જથ્થો; જમાવ.
૨. પું. ભીડ; ગિરદી
૩. પું. પૂર્ણતા; ભરપૂરતા.
જ્યાં જ્યાં બાળીને ભરાવો છે ત્યાં ત્યાં તેનો ઉપાડ તુરત કરી નાંખવાની મારી સહુને ભલામણ છે. ગાંધીજી
ભરાવો થવો = (૧) જમાવટ થવી. (૨) પેટમાં ગાદી થવી. (૩) ભરાવાથી ગરીબની ખરાબ કરી તંગ સ્થિતિ થવી.

ભરાંત જુઓ ભરાતિ.

ભરાંતિ [સં. ભ્રાન્તિ] સ્ત્રી. (હિંદી) વહેમ; ભ્રમ.

ભરાંસુ પું. ભરોસો.

ભરિમતિરાકરી પું. (પિંગ) એ નામનો એક છંદ.
આ ચંદના પ્રત્યેક ચરણમાં, ભરિમતિરાકરી છંદ અને પંચમ સ્વર છે. કવિદલપ્રકાશ

ભરિવી [સં.] સ્ત્રી. વીસો રેચ.

ભરિત ૧. [સં.] પું. વીસો ભાગ.
૨. [સં. ભૂ (ભરવું)] ન. જેનું ભરણપોષણ થયું હોય તે.
૩. વિ. ધારણ કરેલ; ધારણ કરનાર.
૪. વિ. પોષણ કરેલું.
૫. વિ. ભરેલું.
૬. વિ. વીસા રેચવાળું.

ભરિત્ર [સં.] ન. ય. વ. બે હાથ; બે બાહુ.

ભરિત્રકાર પું. એ નામનો કુંભારનો એક પ્રકાર. તેમાં નાસિક્યના જમણા છિદ્ર દ્વારા ચારેચાર રેચક પૂરક કરી, ડાબી કુંભક કરી, વળી ડાબા છિદ્ર દ્વારા રેચક પૂરક કરવામાં આવે છે.

ભરિમા ૧. [સં.] પું. વિષ્ણુ
૨. ન. કુટુંબ
૩. ન. ધારણ.
૪. ન. ભરણપોષણ.

ભરિયલ વિ. ભરેલું. કવિતામાં વપરાય છે
ભરિયલ ગાલ રજની સમરોઈ,
કે સામ'ળો કરંબ ઘેરો રે ચોલ.
ચેલૈયાનું કૂલ

ભરિયા ૧. [હિં.] પું. તાંબા પિત્તળ વગેરેનાં વાસણ ઢાળનાર માણસ; ઢાળવાનું કામ કરનાર પુરુષ
૨. સ્ત્રી. નહેરનું પાણી વળતું હોય તેવી જમીન.
૩. વિ. કરજ કે દેવું ચૂકવનાર.
૪. વિ. પૂરું કરનાર.

ભરિયું ન. કાંસાનું કોડિયાનું ખાણકનું એક જાતનું પરોણું.

ભરી ૧. [હિં.] સ્ત્રી. એક તોલાનું વજન; એક રૂપિયાભાર.
૨. સ્ત્રી. ઘાસચારા માટે વપરાતું ઘાસ.
૩. સ્ત્રી. (સંગીત) તાલનાં ચાર માંહેનું એક પ્રકરણ; માન.
૪. સ્ત્રી. ભારોટું; ભારોટ.

ભરીતો [હિં] પું. રાંધેલાં કે તળેલ ફૂલો વગેરે ચાકળાનું.

ભરીપૂરી ૧. વિ. ચૂકતે; પૂરેપૂરું; સમજું.
૨. વિ. સ્ત્રી. સગાંસંબંધીઓ અને પૈસેટકે સુખી હોય એવી.
૩. ક્રિ. વિ. પૂરેપૂરી રીતે.

ભરીમ વિ. ભારે; વધારે વજનવાળું
પિત્તળમાં એમ બતાવ્યો આમ કલાઈ કરતા વધારે ભારે છે તેમ બન્ને ધેરામાં અને ઓજ ધેરામાં પણ કલાઈનો ભાગ વધારે આવે છે. માટે તે પિત્તળ કરતાં વધારે ભારે, ભરીમ અને સખત હોય છે. કલીમ એન્જિનીઅર

ભરુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. વજ્રનું ખોળે.
૩. પું. વિષ્ણુ.
૪. પું. સમુદ્ર.
૫. પું. સ્વામી; પતિ; વર.
૬. ન. પાલન; પોષણ.
૭. ન. કુટુંબ.
૮. ન. સોનું.
૯. ન. ય. વ. શિવ અને પાર્વતી; ઉમા અને મહેશ્વર.

ભરુક ૧. [સં.] પું. ભવિષ્યમાં આવેલો એ નામનો એક રેચ.
૨. પું. (પુરાણ) સૂર્યવંશી ધ્રુવસંધિકુલોત્પન્ન હરિચંદ્રના વંશના વિજય રાજાનો એ નામનો પુત્ર. તેનું રેચક એવું બીજું નામ પણ હતું. તના પુત્રનું નામ વૃક હતું.

ભરુકચ્છ [સં. ભૃગુકચ્છ] ન. ભરૂચ શહેરનું જૂનું નામ; ભૃગુપુર. ઉત્તર હિંદુસ્તાનનો બધો માલ દરિયાકાંઠે ભૃગુપુર થઈને જતો. બલિ રાજાએ જે યજ્ઞમાં પોતાનું રાજ્ય આપી દીધું હતું, તે યજ્ઞ અહીં જ કરવામાં આવ્યો હતો. બંદર તરીકે ભૃગુપુરનો વેપાર બધો હતો, પણ પાછળથી ભારુચ આગિયાઓએ બધો પડાવ્યો.

ભરુકા [હિં.] ન. માટીનું બનાવેલું એક નાનું પાત્ર; મટકું.

ભરુજ [સં.] ન. શિયાળ.

ભરુજા [સં.] સ્ત્રી. શિયાળની માદા.

ભરુજી જુઓ ભરુજા.

ભરુટ [સં.] ન. એક જાતની વનસ્પતિ.

ભરુડક [સં.] ન. શેકેલું માંસ.

ભરૂ પું. ભરવાડ.

ભરૂઆડ (ભરૂવાડ) પું. ભરવાડ; રબારી.
પુરુષોત્તમ ભરૂઆડા વેશ,
વજ્ર બાંધ્યા અવતરીઆ નેશ. કાનજી

ભરૂચ ૧. ન. એ નામનું ગુજરાતમાં આવેલું એક શહેર; નર્મદા નદીના મુખ આગળ આવેલું શહેર; ભરુકચ્છ.
૨. ન. એક પ્રખ્યાત જાતનું કે આ કે બારમ બાજુ થાય છે અને તેમાંથી બાંધવા મારીક તાર બહુ સરસ બે.

ભાંગ્યું તો ય ભરમ = મરીનાર્યમાં આનહાની. ભરમ ગહેર અનેક વાર લૂટાયું છતાં તેની સમૃદ્ધિ સાવ નાશ પામી નહિ. એ ઉપરથી પહેલાં સમૃદ્ધ હોય અને પછી સંજોગવશાત્ નબળી સ્થિતિ આવે છતાં પૂર્વની સમૃદ્ધિ કંઈક રહી જાય છે, એવા અર્થમાં આ રૂઢિપ્રયોગ વપરાય છે.

ભરૂચા ૧. પું. શેવડાના ચોરાશી ગ્રન્થનો એ નામનો એક પેટા ગ્રન્થ.

૨. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ભરૂચી ૧. ન. ભરચ, નવસારી અને સુરત જિલ્લામાં થતું એક જાતનું દ. આ ૩ દિવસમાં સારું બજાય છે. તેની પેટા જાતમાં નવસારી ૨, સુરતી ૨, બોબારી ૨, વાગડ ૨, ભાડિયું ૨ વગેરે છે.

૨. વિ. ભરચનું.

૩. વિ. ભરચને લગતું.

ભરૂચી વૈષ્ણવ પું. વૈષ્ણવોનો એ નામનો એક ફાંટો.

ભરૂડ (ભરડ) ન. એક જાતનું જંગલી ઝાડ.

ભરૂડી (ભરડી) સ્ત્રી. ઝીણી કોલ્લી.

ભરૂહ ન. એક જાતનું ઝાડ.

ભરૂહ પું. પાણી માપવાનો સીસાનો કટકો.

ભરૂસાદાર જુઓ ભરોસાદાર.

ભરૂસાપાત્ર જુઓ ભરોસાદાર.

ભરૂસો જુઓ ભરોસો.

ભરૈસાદાર વિ. ભરોસાવાળું. વિશ્વાસપાત્ર.

ભરૈસાપાત્ર જુઓ ભરોસાદાર.

ભરૈસો [સં. વિશ્રમ] પું. વિશ્વાસ; પ્રતીજ; ભરોસો.

૧. ભરૈસો આપવો = (૧) વિશ્વાસ આપવો. (૨) સધ્ધારો કે આશ્વાસન આપવું.

૨. ભરૈસો કરવો = વિશ્વાસ મૂકવો.

૩. ભરૈસો થવો-પડવો = વિશ્વાસ કે આશા બંધાવી.

૪. ભરૈસો મૂકવો = કોઈનો આધાર કે ખાતરી રાખવી.

ભરૈ [હિં.] ન. ખપરવામાં કામ આવતું એક જાતનું ઘાસ.

ભરૈઠ [હિં.] પું. દરવાજા ઉપર આડું મૂકવામાં આવતું લાકડું. તેના ઉપર દીવાલ ચણાય.

ભરૈડી (ભરૈડો) ૧. [સં. ભૃ (ભરવું)] સ્ત્રી. ભ્રાંતિ; તેજ વાન.

ભરૈડી વળવી = વાન વળવા

૨. સ્ત્રી. લુહારનો કે સોનીનો મોટો પત્તર.

૩. વિ. ચુચ્યું; પોલું; પાછું.

ભરૈડો (ભરૈયો) ૧ પુ લંબગોરસ મોટો પત્તર.

૨. પું. શરીરની ચામડી ઉપર મારથી ઊઠતા સોળ.

ભરે પેટે ક્રિ. વિ. ગર્ભવાળું હોય તેવી સ્થિતિમાં.

ભરે ભાલે ૧. ક્રિ. વિ. એક વાર બનાવ તેટલું બાળીમાં ભરી લઈ, ફરી માગવું પડે નહિ અને લીધેલું છેડાય નહિ એવે બંદોબસ્તે કે એવી રીતે જમવું તેમ; એક વાર નિરાંતે જમાયું એટલે બસ તેવી રીતે

ઘરમાં ન ખાય કે, ઘરાળો નહિ ભરે ભાલે. ધીરો

૨. ક્રિ. વિ. જમવાની વસ્તુનો ભાણામાં ભરીને.

ભરેલી ૨૬મ સ્ત્રી નોંધેલી કે નોંધાવેલી રકમ.

ભરેલું ૧. [સં. ભૃત] વિ. પૂર્ણ; પૂરું.

૨. વિ. ભરાયેલું.

ભરેસાપત્ર [સં. ભૃગુપત્રિ] પું. ગુરુવાર; રવિથી ગણીને પાંચમો વાર; બુધવાર.

ભરેસાપતવાર પું. ગુરુવાર.

ભરૈ [હિં.] સ્ત્રી. એક જાતનો કર.

ભરૈત [હિં.] પું. ભાડૂતી ભાડું ભરીને રહેનાર માણસ.

ભરૈતી જુઓ ભરૈત.

ભરોજરો (ભરોજરો) પું. નવ કાંકરીની રમતમાં એક પ્રકારનો દાવ; સાટિયોટલો. તેમાં કાંકરી જ્યાં ચાલે ત્યાં ભરત થાય અને સામાની કાંકરી જડવામાં એટલે ઉપાડી લેવામાં આવે.

ભરોટા [હિં.] પું. ઘાસનો ભારો અથવા ભર.

ભરોટિયું ન. ભર; ભરોટું; ઘાસ, કડબ કે સાઠીયો ભરવા માટે

ભરોટું જુઓ ભરોટિયું.

ભરોઠા [સં. ભૃ (ભરવું)] પું. ઘાસનો ભારો.

ભરોડ (ભરોડ) પું. સંતોષ; તૃપ્તિ.

ભરોડું (ભરોડું) ન જમીનમાં પડેલું દર કે કાણું; ખેતરની જમીનમાં પડેલ ચિરાડો.

ભરોસ પું. વિશ્વાસ; ભરોસો; ભલા.

ભરોસાદાર ૧. વિ. પ્રામાણિક.

૨. વિ. ભરોસાવાળું; વિશ્વાસપાત્ર; વિશ્વાસ રખાય એવું; ખાતરીવાળું; ભરોસી.

ભરોસાપાત્ર જુઓ ભરોસાદાર.

ભરોસી ૧. [હિં.] વિ. આકરો સેવા આપક.

૨. વિ. આશ્રિત; આકરો લેનાર.

૩. વિ. વિશ્વાસ કરવા યોગ્ય; વિશ્વસનીય.

ભરોસો ૧. પું. આધાર; ટેકો.

૨. પું આશા; ઉમેદ.

૩. પું. આશ્રય; આકરો

૪. પું. પ્રામાણિકપણું.

૫. [સં. વર (સારું) + આશા] પું. વચન; વિશ્વાસ; ખાતરી; પ્રતીજ્ઞા; પ્રતબાર; યકીન; શ્રદ્ધા. હરિજન બંધુમાં આપીજી લખે છે કે: હું સ્વભાવે ભરોસો રાખીને આપનારો માણસ છું. ચોખ્ખી દાનતથી બીજાને ભરોસે રહીને આપવામાં મેં કદી કચાશ બતાવ્યું નથી. હું જૂઠો સાબિત ન થાઉં ત્યાંસુધી જેમ મારા વચન ઉપર વિશ્વાસ રાખવાની હું સામા પાસેથી અપેક્ષા રાખું, તે જ પ્રમાણે સામાના વચન ઉપર હું ભરોસો રાખીને ચાલું છું. મ.ઘ્સોની વચ્ચે રહી તેમની સાથે વહેવાર કરવ.નો એ જ એક માનભરેલો રસ્તો છે. હું એવું માનવાવાળો છું કે, ભરોસો રાખીને ચાલવામાં માણસને કયારું બુમાવવાપણું નથી. બુમાવનારો હોય તો કરેમ આપનારો છે. પોતાના દગાનો જવાબ તેણે પોતાના સરજનહારની આગળ આપવો પડશે. આપણે વહેમ રાખીને ન ચાલીએ, વહેમથી કામ ન કરીએ. આ બિહિક્ષ લોકોને જ જુઓ, હિંદને એમણે કેટલું બધું નુકસાન કર્યું છે! મારે કબૂલ કરવું જોઈએ કે, તેમને વિષેનો વહેમ મારા દિલમાં હજી છે, ગયો નથી. મને મનમાં થાય છે કે, એ લોકોમાં પરમાત્મા પરો પલટો કયાંથી આવે? છતાં લોર્ડ માર્લે-મોર્લન ઉપર હું ભરોસો રાખું છું. ભરોસો રાખ્યા વિના દુનિયાનું કામ ન ચાલે. બહુમતી લોકોએ સમજી લેવું જોઈએ કે, પોતે જે રાજ્યમાં વસતી હોય તેને તેમણે વફાદાર રહેવું જોઈએ. તે છતાં એ લોકો ભરોસો રાખવાને અપાત્ર ઠરે તો રાજ્ય તેમની ઉપર જરૂરી પગલાં લેવાને મુખત્યાર છે પણ આજકાલ એમને વિષે કયું ખોટું માની લઈને આપણે ન ચાલીએ. ખરેખર મરી જઈએ તે પહેલાં જ મોત શા સારૂ વહોરી લેવું?

૧. ભરોસાની ભેંસ ભૂખે મરે = પારકી આશા સદા નિરાશ; પોતે કરવાના કામ માટે બીજા ઉપર વિશ્વાસ રાખવો નહિ.

૨. ભરોસાની ભેંસે પાડો જણ્યો = આપણને જેમે તેટલો વિશ્વાસ હોય પણ ભાવિમાં હોય તે જ થાય.

૩. ભરોસો આપવો-દેવો = (૧) ખાતરી

આપવો; વિશ્વાસ આપવો. (૨) ભરોસો કે આશ્વાસન આપવું.
૪. ભરોસો કરવો-દોરો = વિશ્વાસ રાખવો
૫. ભરોસો થવો-પડવો = વિશ્વાસ કે આશા બંધાવી.
૬. ભરોસો મૂકવો = કોઈનો આધાર કે આતરી રાખવી.

ભરોળ ૧. સ્ત્રી. પેટમાં ઉત્પન્ન થતી ભૂખની લાગણી.
૨. સ્ત્રી. શરીર ઉપર કાંઈ પણ લાગવાથી આવડી ઊપસી જવી તે; સોટી કે બીજાથી પડતા સોળ; લાકડીના મારની શરીર ઉપરની નિશાની.
ભરોળ ઊઘડી = શરીર ઉપર મારની નિશાની પડી જાવવી; માર લાગવાથી ચામડી ઉપર લાંબો સેરડો પડવો.

ભરોળિયા ૧. સ્ત્રી. લેણિઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ભરોંસાદાર જુઓ ભરોસાદાર

ભરોંસાપાત્ર જુઓ ભરોસાદાર.

ભરોંસો જુઓ ભરોસો.

ભરોતી સ્ત્રી. પહોંચ.

ભરોના ૧. [હિં.] પું. લાકડાનો ભારો.
૨. વિ ભારે; વજનદાર; ભોળવાળુ.

ભર્ક વિ. ભડકાવે એવું.
છે એનું નામ તો નર્ક, બસ નામ બીજાનું ભર્ક
પ્રેમાનંદ

ભર્ખાવું અ. ક્રિ. ભક્ષ થવું જતું. ભરખાવું.
તે વે કાળમાં ભર્ખાયો જો ફરી જોવી નથી
ય.વી વિશોકમાં. જગન્નાથ કવિશેર

ભર્ગ ૧. [સં.] પું. અગિયાર માંહેનો એ નામનો એક રુદ્ર.
૨. પું. અગિયાર સૂચક સાંકેતિક શબ્દ.
૩. પું. પ્રકાશ; મહાદેવ; શંકર; શિવ; પશુપતિ.
૪. પું. (પુરાણ) પૃષ્ટયેનુના વંશનો એ નામનો એક રાજા.
૫. [સં. ભર્જૃ (ભાંજવું)] પું. પરમેશ્વર; પ્રભુ. પ્રાણીપદાર્થોના અજ્ઞાનોને તે ભાગી નાખનાર, ભાસ આપનાર અને રંજન કરનાર છે તથા જેનાં તેમાં પ્રાણીઓ વસે છે તેથી પરમેશ્વરને ભર્ગ કહે છે.
૬. પું. અગ્નિ
૭ પું. (પુરાણ) ભારતવર્ષનો પૂર્વનિવાસ દેશ; હિંદુસ્તાનની ઉત્તરનો એક પ્રાચીન દેશ.
૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષવંશના ક્રોષ્ટુકુલોત્પન્ન ભીનિહોત્રનો એ નામનો પુત્ર. તેનો પુત્ર ભાર્ગભૂમિ હતો.
૯. પું. (પુરાણ) સોમવંશી તુર્વસુનો પૌત્ર અને વહ્નિ નામના રાજાનો એ નામનો પુત્ર.
૧૦. ન. આદિત્યમંડલમાં રહેલ હિરણ્યવર્ણનું દિવ્ય તેજ; સૂર્યના તેજનું અંતર્ગત ઐશ્વર્ય તેજ; સૂર્યમાં રહેલું ઈશ્વરી તેજ.
૧૧. ન. તેજ; કાંતિ; જ્યોતિ; ઝળાહટ; પ્રભા.

ભર્ગનીર [સં.] ન. તેજરૂપી પાણી.
સ્વામીનારાયણ સંપ્રદાય પણ આવી મંત્રમાં આપેલા જ સવિતા દેવના ભર્ગનીરનું સ્મરણ છે
નાનાલાલ

ભર્ગપ્રમાથ [સં.] પું. એ નામનો ઋષિ તેણે ઋગ્વેદના આઠમા મંડલનાં ૬૦, ૬૧ સૂક્ત રચ્યાં છે

ભર્ગા [સં.] સ્ત્રી ભક્તોને ભાગી નાખનાર દેવી

ભર્ગાર્જન [સં.] પું. એક ગોત્રપ્રવર્તક ઋષિ.

ભર્ગો [સં.] પું. મહાદેવ; શિવ

ભર્ગ્યુરાજા પું. (પુરાણ) એ નામનો એક રાજા. અહર્નિશ પદ્મયોનિજ મહાત્મા દ્વારા મહાવાક્યના વિચારથી અપરોક્ષના નાશક અપરોક્ષ જ્ઞાનનો ઉદય થાય છે. જોકે સ્વરૂપસાક્ષાત્કાર થવાથી જ્ઞાનને શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર રહેતી નથી. જેમ વામદેવાદિ ઋષિઓને સ્વરૂપમાં ભ્રાંતિ ન હોવાથી શ્રવણાદિમાં રુચિ નથી, પરંતુ હજ અપરોક્ષ જ્ઞાન વામદેવાદિને હોવાથી શ્રવણાદિમાં રુચિ ન રાખે તે યોગ્ય છે. અદ્યાપિ અપરોક્ષ જ્ઞાનવાળો જે જ્ઞાની હોય, તેણે તો હજ અપરોક્ષ અનુભૂતિ ન ઉદ્ભવે ત્યાંસુધી શ્રવણાદિનું સેવન કરવું જોઈએ. ભર્ગ્યુરાજાને અપરોક્ષ જ્ઞાન હોવા છતાં ભર્ગ્યુમાં આ ભર્ગ્યુ મનુષ્ય છે એમ હજ અપરોક્ષ નહોતું થયું. માટે અદ્યાપિ અપરોક્ષજ્ઞાનીએ શ્રવણાદિનું પરિસેવન કરવું તેમ જ મલદોષ પરિહાર માટે નિષ્કામ કર્મ કરવાં જોઈએ. જો જન્માંતરમાં નિષ્કામ કર્મ દ્વારા મુમુક્ષુનો મલદોષ દૂર થઈ ગયો હોય, તોપણ ઐહિક જન્મમાં મલદોષ સંભાવનાથી કર્મ કરવા જ જોઈએ નિષ્કામ કર્મ જેણે કરેલ નથી, એવા પુરુષોએ મલદોષના પરિહારને માટે જરૂર નિષ્કામ કર્મ કરવાં જોઈએ. મલદોષ દૂર ન થવાથી ચિત્તની શુદ્ધિ થતી નથી.

ભર્જન ૧. [સં.] ન. શેકવું તે; ભૂંજવું તે.
૨. ન. શેકેલું અન્ન.

ભર્જિત [સં.] સ્ત્રી. (વૈદક) એ નામની એક ઔષધીય વનસ્પતિ. રોગ માટે તે અપથ્ય છે. તે બનાવવા કડવું ચોળી ઉપર શેકી બનાવે તે બળી જાય ત્યારે તેનો ભૂકો કરવો. તેની માત્રા પા તોલો છે.

ભર્તવ્ય ૧. [સં] પું. વિષ્ણુ.
૨. [સં. ભૃ (ધારણ કરવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. ધારણ કરવા યોગ્ય.
૩ [સં. ભૃ (પોષવું) + તવ્ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વિ. ભરણ કરવા લાયક; પોષણ કરવા જેવું.

ભર્તવ્યા [સં.] સ્ત્રી. સ્ત્રી.

ભર્તા ૧. [સં. ભર્તૃ] પું. અધિપતિ; રાજા; માલિક.
૨. પું. ગૃહપતિ.
૩. પું. ભરણપોષણ કરનાર માણસ.
૪. પું. રાજા.
૫. પું. વર; બાવિદ; ધણી; પતિ; સ્વામી.
૬. [સં. ભૃ (ભરણપોષણ કરવું)] પું. વિષ્ણુનાં હજાર બાંહેનું એક નામ. સર્વ ભૂતપ્રાણીઓનું ભરણપોષણ કરનારા, સર્વના સ્વામી પણ તે જ છે, તેથી તે ભર્તા કહેવાય છે.
૭ વિ ધારણ કરનાર.
૮. વિ. ભરણપોષણ કરનાર
ઉપદ્રષ્ટા અનુમંતા ભર્તા ભોક્તા મહેશ્વર,
પરમાત્મા પણાને વે આ દેહ પુરુષ પર. ગીતા
૯. વિ. સર્વ રીતે મદદગાર; બધી રીતે સહાયક. ગીતા પ્રવચનમાં વિનોબાજી કહે છે કે: નૈતિક જીવનમાં મનુષ્ય કર્તાભાવ દ્વારા પોતાના મનના તમામ મળોને ધોવા યત્ન કરે છે; પરંતુ એક સમય એવો આવે છે કે, જ્યારે મનુષ્ય એવું કામ કરતો કરતો થાકવા લાગે છે. ત્યારે હૃદય એવી પ્રાર્થના કરવા લાગે છે કે, હે ભગવાન, મારા ઉદ્યોગોની, મારી શક્તિની હવે હદ આવી ગઈ, મને અધિક બળ આપ જ્યાંસુધી મનુષ્યને આ અનુભવ નથી હોતો, કે તેના તમામ પ્રયત્નો હોવા છતાં તે એકલો સફળ નથી થઈ શકતો, ત્યાંસુધી પ્રાર્થનાનું રહસ્ય તેની સમજમાં નથી આવી શકતું. પોતાની તમામ શક્તિ લગાડીને જ્યારે તે સંપૂર્ણ નથી માલૂમ પડતી, ત્યારે આર્તભાવથી દ્રૌપદીની જેમ પરમાત્માને પોકારવો જોઈએ. પરમાત્માની કૃપા અને સહાયતાનો સ્રોત તો સતત વહેતો જ રહે છે. જે કોઈને તરસ લાગી રહી હોય તે પોતાનો હક સમજીને તેમાંથી પાણી પી શકે છે. જેને ગમી પડે તે માગી લે. આ જાતનો સંબંધ આ ભીતરી ભૂમિકામાં થાય છે. પરમાત્મા વખારે નજીક આવે છે. હવે તે કેવળ શાબ્દિક રાજાશ્રી

ન રૈતાં, સલામતા કરવાને માટે આવે છે. તે ઉપદ્રવ, અનુમંતા ન રહેતાં ભર્તા ઓદલે બધી રીતે સહાયક બને છે. મનનો મેલ મટાડવાને માટે અગતિક થઈને જ્યારે આપણે પોકારીએ છીએ કે, મારી નાવ તમારે હાથ, પ્રભુ સંભાળજો રે, આપણે પ્રાર્થના કરીએ છીએ કે, તું જ એક મારો મદદગાર છે, તારો આસરો મને જરૂરી છે, ત્યારે પછી તે દયાધન કેમ દૂર રહેશે ? ભક્તની સહાયતા કરનાર તે ભગવાન, અધૂરાનું પૂરું કરનાર તે પ્રભુ, દોડી પડે છે. ત્યારે રૈદાસનાં ગામડાં પૂજે છે, સજ્જન કસાઈનું માંસ વેચે છે, કબીરની ચાદર ગંદી છે, તે જનાબાઈની સાથે ચક્કી પીસે છે

ભર્તાગેહ [સં. ભર્તૃ (પતિ) + ગેહ (ઘર)] ન સાસરું; માસરાનું ઘર.

આ કૃપાપ્રસાદ જો રાવણ છે ત્યારે ભર્તાગેહે અનુભવવાની રાજલક્ષ્મીનાં. નાનાલાલ

ભર્તાર [સં. ભર્તૃ] પું. વર; સ્વામી; પતિ; ધણી.

જનાર્દન બાપજી લાધિ ભર્તાર આપસિ આપી. ઉખાહરણ

ભર્તિયા [હિ.] પું. કમારો.

ભર્તી [હિ.] પું. પ્રવેશ; દાખલ થવું તે.

ભર્તૃ ૧. [સં.] પું. અધિપતિ; માલિક; સ્વામી.

૨. પું. ધણી; પતિ; ભર્તા; વર.

કંપે વામો કારમો ભર્તૃથી નવ રહી ભ્રાંતિ. ગોવર્ધન

૩. પું. રાજા

૪. પું. વિષ્ણુ

૫. [સં ભૃ (ધારણ કરવું)] વિ. ધારણ કરનાર; ધારક

૬. [સં ભૃ (પોષવું)] વિ. ભરણ કરનાર; પોષણ કરનાર.

ભર્તૃઘ્ન ૧. [સં.] વિ. પોષણ કરનારને મારી નાખનાર

૨. વિ. સ્વામી, શેઠ, રાજા કે ધણીને મારનાર.

ભર્તૃઘ્ની ૧ [સં] સ્ત્રી. ધણી, શેઠ, રાજા કે પતિને મારી નાખનારી હલેળીની રેખા

૨. સ્ત્રી ધણીને મારી નાખનારી સ્ત્રી

૩. સ્ત્રી પોષણ કરનારને મારી નાખનારી સ્ત્રી.

ભર્તૃતા ૧. [સં.] ન. અધિપતિપણું

૨ ન. ધણી હોવું તે.

૩. ન પોષક હોવું તે.

ભર્તૃત્વ જુઓ ભર્તૃતા.

ભર્તૃદારક ૧ [સં ભર્તૃ (રાજા) + દારક (કુંવર)] પું રાજકુમાર; યુવરાજ; પટરાણી કુંવર. સંસ્કૃત નાટકમાં આ પ્રયોગ થાય છે.

૨. પું. સ્વામીનો પુત્ર; શેઠનો દીકરો.

ભર્તૃદારિકા ૧. [સં. ભર્તૃ (રાજા) + દારિકા (પુત્રી)] સ્ત્રી. રાજકુંવરી. સંસ્કૃત નાટકમાં આ પ્રયોગ થાય છે.

૨. સ્ત્રી. સ્વામીની પુત્રી; શેઠની દીકરી.

ભર્તૃનાથ [સં.] પું. નાથ સંપ્રદાયનો એ નામનો એક યોગી; મુખ્ય નવ માહેનો એ નામનો એક નાથ.

ભર્તૃપરાઙ્મુખ [સં. ભર્તૃ (પતિ) + પરાઙ્મુખ (વિમુખ)] વિ. ધણીથી વિમુખ; પતિથી જુદું પડેલું.

ભર્તૃવત્સલ [સં.] વિ. સ્વામી ઉપર સ્નેહવાળું.

ભર્તૃવર્ષ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થ

ભર્તૃહરિ ૧. [સં.] પું. ઉજ્જયનના પ્રસિદ્ધ મહારાજા વિક્રમાદિત્યનો મોટો ભાઈ. પહેલાં તે ઉજ્જયનો રાજા હતો. તેને પિંગલા, પદ્માક્ષી વગેરે સ્ત્રીઓ હતી. તેને પિંગલા ઉપર અધિક પ્રેમ હતો. તેના અકાલ મૃત્યુથી ભર્તૃહરિને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. એમ પણ કહેવાય છે કે, એક દિવસ વિક્રમાદિત્ય નારાજ થઈ ઘરની બહાર ચાલ્યો ગયો. ત્યાં પાછળથી ભર્તૃહરિને પોતાની રાણી પિંગલાના દુરાચરિત્રની વાતની ખબર પડતાં તે સંસાર છોડી સંન્યાસી થઈ ગયો અમરફળ આપ્યા પછી ફરતાં ફરતાં આ યોગી રાજા મુનારના કુંભરી કિલ્લામાં આવી ત્યાં રહેવા લાગ્યો હતો. હજી પણ એ કિલ્લાનો અમુક ભાગ ભર્તૃહરિના મહેલને નામે ઓળખાય છે ભર્તૃહરિ સાત વાર જોડ અમલ થયો હતો અને સાત વાર અમલનો આશ્રમ તજીને સંસારી થઈ એક ઉપાસક તરીકે રહેતો હતો. કહેવાય છે કે, તેણે કાશીમાં આવી ગુરુ ગોરખનાથજી પાસેથી સંન્યાસની દીક્ષા લીધી અને તેમાં આગળ વધીને એક મહાન સિદ્ધ યોગી થયો. તેના શૃંગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતક નામના સો સો શ્લોકના ત્રણ ગ્રંથ પ્રસિદ્ધ છે. અને જ એક વિજ્ઞાનશતક પણ છે. પહેલા ત્રણ ગ્રંથોનો અનુવાદ ફ્રેંચ, જર્મન અને અંગ્રેજી ભાષામાં પણ થઈ ચૂક્યો છે. વ્યાકરણનો પણ તે મોટો પંડિત હતો. તે વિષયનું તેનું વાક્યપદીય અને હરિકારિકા ગ્રંથ પ્રસિદ્ધ છે. મહાભાષ્યદીપિકા અને મહાભાષ્ય ત્રિપદી બીજા નામના બે ગ્રંથ પણ એમના કહેવાય છે. એમનું મરણ ઈ સ. ૬૫૧–૫૨માં થયું હતું કોઈ કોઈ તેને યોગબળથી અમર માને છે. ઉપનિષદ વિચારણામાં લખ્યું છે કે: અસદ્ધામ ગોત્રને હિંદુસ્તાનના યોગી અર્વાચીન કાળમાં પ્રથમ માંડણી આપવાનું માન ઘટે છે. તે બાદે વલંતા અવધા ગ્રંથ હતો. તેણે સને ૧૬૩૦માં પ્રસિદ્ધ કરેલ એક મોટા બહોળા ગ્રંથનું જર્મન ભાષાંતર સને ૧૬૬૩માં ન્યુરેનબર્ગમાં પ્રસિદ્ધ થયું હતું. તે ગ્રંથના અંતમાં તેણે કવિ ભર્તૃહરિના લગભગ ૨૦૦ શ્લોકોનું લશ્કરમાં ભાષાંતર આપ્યું છે. આ ભાષાંતર કરવામાં ગાઢબંધ પદ્ધતિએ મદદ કર્યાનું જણાય છે. પંચતંત્ર પછી ભર્તૃહરિના લોકનો આ ભાષાંતરથી પશ્ચિમને પ્રથમ લાભ મળ્યો છે. રોજરનો ગ્રંથ પણ વર્ષ સુધી હિંદુસ્તાનની વિદ્યાનો આધારગ્રંથ રહ્યો છે. ગ્રેવ અને હર્ડર ઉપર આ ગ્રંથની અસર છે.

૨. પું. (સંગીત) લલિત અને પુરજ રાગ મળીને બનેલો એક મિશ્ર રાગ. તેમાં સા ચાદી અને ધ સંવાદી સ્વર છે.

ભર્તૃહરિનિર્વેદ [સં.] પું. હરિહરોપાધ્યાયે બનાવેલ એ નામનું એક નાટક.

ભર્તા જુઓ ભર્તૃ.

ભર્તાર જુઓ ભર્તાર.

ભર્ત્તી જુઓ ભર્તી.

ભર્ત્રિમ [સં.] વિ. પોતેપુતે; ભરણપોષણ કરેલું.

ભર્ત્રી ૧. [સં.] સ્ત્રી. પોષણ કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. મા.

૩. સ્ત્રી રાણી

૪ સ્ત્રી. શેઠાણી; સ્વામિની.

ભર્ત્સ ૧. [સં] સ. ક્રિ. ધમકી આપવી; ઠપકો આપવો

૨. સ. ક્રિ. (ધાતુ) ધિક્કારવું; નિંદવું. તે ઉપરથી બનેલ શબ્દ: ભર્ત્સના, નિર્ભર્ત્સના.

ભર્ત્સન જુઓ ભર્ત્સના.

ભર્ત્સના ૧. [સં.] સ્ત્રી. ઠપકો. ધમકી.

૨. સ્ત્રી. નિંદા; ધિક્કાર; તર્જના; તિરસ્કાર.

ભર્ત્સ્યપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; મહાનીલી વૃક્ષ.

ભર્ધાર જુઓ ભર્તાર.

ભર્ભરકવિવર [સં.] ન. નેત્રગુહાની અંદરની દીવાલ ઉપરનું એ નામનું છિદ્ર.

ભર્ભરકૂટક [સં.] ન. યુક્તિકાસ્થિ ઉપર આવેલું એ નામનું એક નાનું પ્રવર્ધનક; 'એથમોઇડલ પ્રોસેસ.'

ભર્ભરકોટર [સં] ન. નાસાગુહાની બહારની દીવાલ ઉપર આવેલા ઉર્ધ્વસુરંગ નામના પોલા ભાગના આગલા ભાગમાં આવેલું એક છિદ્ર. તેની મારફત ભર્ભરાસ્થિના પાછલા ભાગના કોટર નાસાગુહાના સબંધમાં આવે છે.

ભર્ભરાસ્થિ [સં.] ન ખોપરીના તળિયાના અગલા ભાગમા આવેલું એક બનાકાર હાડકું; 'ગ્રેબમૉર્ફાઇડ બોન.' નાસાગુહાઓનું છાપરું તથા બહારની દીવાલો તેમજ નેત્રગુહાઓની અંદરની દીવાલો બનાવવામા તે મુખ્ય ભાગ લે છે. તેનો અંદરનો ભાગ વાદળી જેવો છિદ્રમય છે. તે બને અસ્થિપોટર વચ્ચે છુપાયેલું હોવાથી બહારથી દેખાતું નથી. તેના મુખ્ય ત્રણ ભાગ છે: મધ્યફલક, ગાલનીપટલ અને બે પાર્શ્વપિંડ.

ભર્મ ૧. [સં.] પું. પગરખું.

૨. પું. પગાર.

૩. [સં. ભ્રમ] પું. ભરમ; ભેદ; ભ્રમ

ભવિતામાં વપરાય છે

પહોના ધર્મ તે, કર્મે કરવાં કર્યાં;
મર્મે બહવા લાગે ભર્મ ભાગ્યાં.. નરસિંહ

૪. ન ગુહ્ય ઘર

૫ ન. જિવાઈ, પેદિયું; ભરણપોષણની રકમ, ખોરાકી ભથ્થ

૬. ન. નાભિ; ડૂંટી.

૭. ન. ભરણપોષણ.

૮. ન. સોનું; સુવર્ણ; સ્વર્ણ; કનક; હિરણ્ય; હેમ; હાટક; તપનીય; જાતરૂપ; માર્ગેય; કર્બુર; આમીકર; જાતરૂપ; મહારજત; કાંચન; કલ્મ; હાર્તસ્વર; જાંબૂનદ; અષ્ટાપદ

ભર્મઅવરીષ [સ. ભર્મ (જિવાઈ) + અવરીષ (ભાગો)] પું. આજીવનઅવરીષ; અવસ્તની ભાગી.

ભર્મગૈરિક [સં.] ન. સોનાગેરુ.

ભર્મણ્યા [સં.] પું. પગાર

ભર્મધૃષી [સં.] સ્ત્રી. પીળા ભૂર્જ.

ભર્માધિકાર [સં ભર્મ (ભરણપોષણ) + અધિકાર (હક્ક)] પું. ભરણપોષણનો અધિકાર; અવસ્તનો હક્ક.

ભર્માંધિ જુઓ ભર્મ.ધ.

ભર્મી ૧. વિ. ફરતું; રખડતું

૨. વિ. ભ્રમવાળું; ભ્રમિત.

ભર્યાંધિ [સં.] પું. (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન પુરુરવાના અજમીઢપુત્ર નીલના પુત્ર અર્ક રાજાનો પુત્ર ભદ્રાશ્વ. આ રાજા મોટો પરાક્રમી હતો તેને પોતાના જેવા જ પરાક્રમી પાંચ પુત્ર હતા. તેથી તે સંતુષ્ટ થઈને બોલ્યો કે, મારા રાજ્યના રક્ષણ માટે આ પાંચ પુત્ર પૂરતા છે. તે ઉપરથી આ પ્રદેશનું નામ પંચાલ પડ્યું અને દેશનું નામ પાંચાલ પડ્યું.

ભર્યા ૧ ન. વાસ્તુ, નવા ઘરમાં રહેવા આવતાં વિધિપૂર્વક હોમ કરીને ષડ્રસભોજન વગેરે કરાવવું તે.

૨. વિ ભરેલ; ભરેલું.

ભર્યાં સો ભર્યે નહિ, ભર્યે સો ભર્યા;
ખોટા સો ખૂટે નહિ, ખૂટે સો ખર્યા.
લોકોક્તિ

ભર્યું ભદ્રકારક = પૈસાવાળો હોય તેનાથી ખરચ થાય.

ભર્યાપૂર્યા ૧. વિ. સંપૂર્ણ; પૂરું.

ભર્યાપૂર્યા ઘર્યાંવ્યા = પૂરેપૂરા પૈસા મળવા.

૨. વિ. સુખી, સમૃદ્ધ.

ભર્યાભેર ક્રિ વિ ઘણોરબત ભર્યા કરવું તેમ; ભરવાનું આવું રહે એ રીતે.

ભર્યાલય પું. ઉત્સવસમૂહનો ભાર

કાકા, દાદા અને મામા એ શબ્દોમાં પહેલા કા, દા અને મા જેટલા સ્વાભાવિક ભર્યાક્રમથી અક્ષર છે તેટલા ભર્યાંકથી દ્વિતીય સ્થાન ઉપરના એના એ જ અક્ષરો બોલવા નથી. સ્વરમ.ર

ભર્યું ૧. ન. ભરચાડ, રબારીના ઇષ્ટદેવી માતાનો ઉત્સવ.

ભર્યું કરવું = (૧) મંદિરમાં પ્રતિષ્ઠા બેસાડવી. (૨) વરો કરવો; શાંતિ જમાડવી.

૨. વિ. ભરેલું

૧. ભર્યા ચરુમાંથી દાણો ચાખી જોવાય = મોઢા ઉપરથી બધાની પરીક્ષા થાય.

૨. ભર્યાં ભોગવો = સુખે રહો! આશીર્વાદાત્મક પ્રયોગ તરીકે ઉપયોગ થાય છે.

૩. ભર્યું કમવાય = કૂવામાં હોય તો બચેડામાં આવે.

૪. ભર્યું ઠોબાનું = (૧) નકામી ન થાય તેવા અનિર્ણીત સ્થિતિ હોવી. (૨) બોધમ બટાપટ થવા.

૩ [સ ભૃત] વિ. સંપત્તિવાન; સમૃદ્ધ; સુખી.

ભર્યું પડ્યું (ભર્યું પડ્યુ) વિ. ભરપૂર; પૂર્ણ

ભર્યું પૂર્યું જુઓ ભર્યુંભાદર્યું.

ભર્યું ભર્યું જુઓ ભર્યુંભાદર્યું

ભર્યુંભાણું ન જમવાની બધી વસ્તુઓ પીરસેલી હોય તેવી થાળી

ભર્યુંભાદર્યું ૧. વિ. પૂરેપૂરું; ખૂબ ભરેલું; પુષ્કળ.

૨. વિ. ભદ્રોળા કુટુંબવાળું; કુટુંબમાં ઘણા માણસ હોય એવું

૩. વિ. સમૃદ્ધ; આબાદ; સુખી.

ભર્યેપિરે ક્રિ. વિ. ગર્જનાળું હોય તેવી સ્થિતિમાં

ભર્રા ૧. પું. ઉશ્કેરણી; ઉત્તેજન.

૨. [હિ] પું. એક જાતની ચટણી.

૩. પું. પક્ષીઓનું ઊડવું તે.

ભલ્ ૧. [સં.] સ ક્રિ. આપવું; દેવું.

૨. સ ક્રિ. ખુલ્લું કરવું

૩. સ. ક્રિ. (ધાતુ) જોવું; નિરૂપણ કરવું. તેના ઉપરથી અનેક શબ્દ: ભાગવું, ભાળ, ભાળવણી

૪. સ. ક્રિ. ઠાર કરવું; મારી નાખવું.

૫. સ. ક્રિ. સમજવવું.

ભલ ૧. પું. મૂખ લાગવાથી પેટમા પડતો ખાડો.

૨. પું. મારી નાખવાની ક્રિયા; વધ.

૩. ન. દાન.

૪. ન. નિરૂપણ; તપાસ

૫. વિ. ભલું; ખૂબ

૬ અ. ભલે, સારું; ઠીક

ભરોસે ભલ માર્યા સીને રે પ્રેમાનંદ

ભલક સ્ત્રી. તેજ; પ્રકાશ, ઝગઝાટ.

ભલકા ૧. [હિ.] પું. એક જાતનો વાંસ.

૨. પું. નાકની વાળીમાં લટકાતો સોનાનો તાર.

૩. ન. ભડકામું; પરોઢિયું.

ભલકારો પું. પ્રોત્સાહનનો અવાજ; કોઈને ઉત્સાહવવા માટે ભલે! ભલે! એમ કહી પડકારવું તે; ભલે ભલે, વાહવાહ, શાબ્બાશ કહેવું તે

ભલકિયું ૧. ન. નાનું બાણ.

૨. ન. શિવાળ.

ભલકી ૧. સ્ત્રી. તીર; બાણ

૨. સ્ત્રી. ભરછી; નાનું ભલું.

ભલકું ૧. ન. ભાગકું; ભા.ભ.નું પાનું કે કૃષ્ણ.

૨. ન. શિવાળ.

૩. વિ. સારું

પણ સુખી કરે રહ્યુ તેમ, બૂડે ભલકું છે.
પ્રેમાનંદ

ભલકો ૧. [સ. ભલ્લ] પું. ચકચકાટવાળું ભાલાનું ફળ; ભાલો; ભાલાનું પાનું.

પાર ભલકો હૃદયમાં પડ્યો,
ભાગ્યો એક પડી ભાગ્યો. પ્રેમાનંદ

૨. વિ. તીખું અને તેજદાર.

૧. ભલકા જેવું = (૧) ભાલા જેવું મોટું અને તીક્ષ્ણ (૨) મોટું.

૨. ભલકા જેવું લખાણ = મોટા અક્ષરે લખેલું; સોબ્બું ને સ્પષ્ટ તેજવાળું; દૂરથી વંચાય તેવું.

ભલગુજરી સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની આઠ મ.હેની એક પુત્રવધૂ તે દેશકાર, ભંભાણી, રામકલી અને ગુજરીથી મિશ્ર છે. તે ભાવનો વખત સવારનો પહોર દિન ચઢ્યા સુધીનો છે.

ભલભોડિયો (ભલભોડિનો) પું. ઘોડેસવાર.

ભલરી [દે.] ન. હંસિયા નામનું ઘોડાનું એક ઓજાર

ભલતા ૧. [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આંકરેજ.

૨. સ્ત્રી. રાજ્યલક્ષ્મી.

ભલતાઈ ૧ સ્ત્રી. ભલાઈ; ભલામણ.

૨. સ્ત્રી મેળ; ભળીને રહેવાપણું, હળીમળીને રહેવાનો સ્વભાવ.

ઘણો તમે પુરુ પ્રયત્ન, પ્રયત્ન ધરી ભલતાઈ
પીરો

ભલતું ૧ વિ. ભમે તે; ઠોર પશુ; ઘણાંથી ઊતરતું; ઠોર પશુ જેવું.

૨. વિ. ફાલતુ; અયોગ્ય; અપ્રસ્તુત; ગામડિયાણા વગરનું.

૩. વિ ભળતું; બેસતું; મળતું; પ્રસંગને અનુકૂળ આવી રહે એવું.

ભલપ [સં. ભદ્રત્વ] સ્ત્રી. ભલાપણું; ભલાઈ; મીઠાસ; સારપ; સારાપણું.

ભલપણ જુઓ ભલપ.

ભલપત જુઓ ભલપ.

ભલપતિ [દે.] પું. ભલો રાખનાર માણસ.

ભલપુચ્છી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભલભલા ૧. પું. બ. વ. સારા સારા માણસો, મોટા મોટા માણસો; શીલ સદ્‌ગુણ; આગેવાન માણસો; જેની ભલાઈ કે શાખાથી બોલાતી હોય એવા માણસો.

૨. સ્ત્રી. સુખ; આનંદ.

મનપી માને સાર, જય જયાને ભલભલા.
પ્રેમસાગર

૩ વિ. મહાન; સારા સારા ઘરનું; આબરૂદાર, કુળવાન; ભદ્રભદ્રું.

૧. ભલભલા કુંવારા ને બોલને બે = સારા સારા માણસોને એક વસ્તુ દુર્લભ હોય છે સારે નસીબે માણસને એ વસ્તુ સુલભ હોય છે.

૨. ભલભલી પૃથ્વી છે = પૃથ્વી મહાન અને વિશાળ છે.

ભલભલું ૧. વિ. કેટલુંક; મોટા ભાગનું.

૨. વિ. પલું; અનેક.

૩. વિ. ભલાઈવાળું; સારું.

૪. વિ. ભારે વજન કે વજનવાળું; પ્રતિષ્ઠિત.

૫. વિ. મહત્ત્વનું; મોટાઈવાળું.

૬. વિ. વિશાળ; વિસ્તૃત; મોટું.

ભલભલેકું જુઓ ભલભલું.

ભલમણ ન. ભલાઈ; સજ્જનતા. સારપણું.

પ્રસ૰ ન મેલે પૂંડ ભલમણે ભાણ ભાંગે.
રામણ

ભલમન ન. ઉદાર અને માયાળુ મન

ભલમનસત [દે.] સ્ત્રી. ભલમનસાઈ.

ભલમનસાઈ ૧. સ્ત્રી ભલા માણસાઈ, ભલાઈ; માયાળુપણું; સજ્જનતા.

૨. સ્ત્રી. સભ્યતા; પ્રામાણિકતા; નમ્રપણું.

૩. સ્ત્રી. સાચવટ.

ભલમનસાત જુઓ ભલમનસાઈ

ભલમનસી જુઓ ભલમનસાઈ

ભલમાઈ સ્ત્રી. ભલાઈ; સજ્જનતા.

ભલમાનુષ ૧ વિ. ઉદાર અને માયાળુ મનવાળું

૨. વિ. નમ્ર સ્વભાવવાળું; વિવેકી; નરમ.

ભલમાઈ સ્ત્રી ભલાઈ; સજ્જનતા.

તેની ભલમાઈ ભાળી મયો અરથરી મેલી ગામ
મરાસ ૨. ઓને

ભલવેરો વિ પું. ભલો; સાનો.

ભલસરા સ્ત્રી. સુકાળ; સારો સમય; રસકસે બધાં પાક પાકવા હોય તેવી સ્થિતિ; સારું પોષું વરસ

૬૫મનિયા દુકાળ પછી ભલસરાનો પખત આવ્યો
૨૦૨૨

ભલસાણી વિ. મહેનતુ; ઉદ્યોગી.

ભલહકું (ભલહકે) ૧. ન ભલમનસાઈ; સુકાળ.

સન ૧૮૫૬થી ૫૬ સુધીના વરસ ભલહકાં
માફક હતાં. કડબજા

૨. વિ. સારું; જોઈએ તેવું; સમયને અનુસરતું ને જોઈતા પ્રમાણમાં મળે તેવું.

૩. વિ. સોમવારીવાળું.

ભલંદક [સં.] પું. (પુરાણ) વૈવસ્વતમનુ એક મંત્રદ્રષ્ટા ઋષિ.

ભલા ૧. [દે.] પું. લાભ; નફો; ફાયદો.

૨. ન. હિત; ભલું; કલ્યાણ; કુશળ.

૩. વિ. તંદુરસ્ત; સ્વસ્થ.

૪. [સં. ભદ્ર] વિ. સારું; ઉત્તમ; ઉત્તમ.

૫. અ. ઠીક; બરાબર; બસ; બસે.

ભાટ ભલાણ ને ઘાંડવા, ઘાળી મૂકે પેટ;
રાજ ભલા ભલા કરે, તેથી થાયે શોક.
રામણ

૬. અ. નહિ એવો અર્થસૂચક શબ્દ. તે વાક્યમાં શરૂઆતમાં કે મધ્યમાં મૂકવામાં આવે છે. જેમકે, ભલા, કયાંય ઠંડુ લોહું ટીપી શકાય છે ? અર્થાત્ નથી ટીપી શકાતું.

૭ અ. ભલા ભાઈ કે ભાઈલા એવા સંબોધનનો ઉદ્‌ગાર.

ભલાઈ ૨. સ્ત્રી. આબાદી; સંપત્તિ

૨. સ્ત્રી. ઉપકાર.

૩. સ્ત્રી. કુશળતા; સ્વાસ્થ્ય; આરોગ્ય.

કરી ભેટી શકશે પ્રભાને, પૂછશે માત ભલાઈ.
કાન્હડદેપ્રબંધ

૪. સ્ત્રી નેકી; સાલસાઈ

૫ સ્ત્રી. કામળો, નાહો

૬ સ્ત્રી ભલપણ; સારાપણું, કોઈનું હિત થાય એવી વૃત્તિ; ભલું કરવું તે; સુજ્જનતા; સૌજન્ય.

૭ સ્ત્રી. ભલા તરીકેની પ્રશંસા

૮. સ્ત્રી સભ્યતા; પ્રામાણિકતા; માયાળુપણું; ભલમનસાઈ

૯. સ્ત્રી સૌભાગ્ય.

ભલાડી (ભલાડી) ન. એ નામનું એક ઝાડ; દીકામરી

ભલાણ ન. મરી ઘાસ ઊગતું હોય તે જમીન.

ભલાણી ૧. સ્ત્રી કડવા કચ્છીઓની એ નામની એક અટક.

૨ ન એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

ભલાન પુ વેદિક કાળના એક જાતના અનાર્ય લોકો

ભલાભલા જુઓ ભલભલા

ભલાભલી ૧. સ્ત્રી. સારો સમય; મિત્રાચારી; સારાસારી

૨. વિ સ્ત્રી ભલાભલા માણસોથી ભરેલી; બહુરત્ના; જેમાં ઘણા જ વીર અને સારા માણસો હોય એવી.

ભલાભલી પૃથ્વી = (૧) આ પૃથ્વીમાં કર્મક્ષેત્ર એટખીલ્યથી ભરપૂર પડ્યા છે; બહુરત્ના વસુધરા. (૨) આવડી મોટી પૃથ્વી છે.

ભલાભલું ૧. વિ ઘણું, પુષ્કળ

૨. વિ ભલાઈ કે મોટાઈવાળું; મહત્ત્વનું; ભારે વજન કે વજનવાળું.

ભલામણ ૧. સ્ત્રી બોળખાણ આપનારે પત્ર; ભલામણનો કાગળ.

૨ સ્ત્રી. બોળખાણ પાડવી તે; બોળખાણ કે પિછાન કરવી આપવી તે

૩. સ્ત્રી. વસ્ત્ર પહોંચાડવી તે; સિફારસ; ભલામણ કરવી તે

ભલામણ કરવી = ભલું થાય તે માટે કર્મ ભલું કહેવું; સારો છે અને ભલું થાય એમ કરવું, એવી વસ્ત્ર બનાવવી; કોઈનું સારું કરવા બીજાને મોકલે તેના માટે સારું બોલવું; આ સારો માણસ છે માટે તેનું ભલું થાય એમ કરવું, એમ બોલવું કે કહેવું.

ભરી પધારવું

૪. જી. ગરમ કે મહોલતની ખાતર દુનિયામાં બીજા બધા બધુક ધર્મમતને બધુક રૂઢમ સુધી નાણ્યા આપવાનો કાયદા પોતાના અદાલતના ઉપર લાગી આપતો તે.

૫. જી સંપત્તિ; ભાગવણી; ભાગવટ.

ભલામણપત્ર પું. ભલામણનો કાગળ; પ્રતિનિધપત્ર, ઓળખાણનો પત્ર.

ભલામણી ૧ જી. ભલામણ; સોંપણ; ભાગવણી.
૨ જી. સિફારસ; પ્રશંસા.

ભલા માણસ ૧ વિ. નમ્ર અને ભોળો માણસ.
૨. પું. મૂર્ખ માણસ.
૩. વિ મોભાદાર માણસ.
૪. વિ. સદ્‌ગૃહસ્થ; સારો માણસ.
૫. અ. પ્રોત્સાહન રૂપનું સંબોધન. જેમકે, ભલા માણસ, હવે કર કરોની.

ભલારા ૧. જી. બ્રહ્મણીની એ નામની એક અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભલારા જી. ભલાઈ.
૧. ભલા.ણ જેવી = ભલા તરીકેનો જરૂર જેવો.
૨. ભલી ભાઈ-ભલાઈ = ભાઈ કહાને અને ભલાઇ આપીને; સારાસારી રાખીને.

ભલાદી [હિ] જી. ભલાઈ.

ભલિત વિ. પ્રસન્નને અનુસરતું; બંધબેસતું; યોગ્ય.
કુંવરીએ બાલ્યે શીલ ભાગ્યુ,
ભોકમાં ભાલિત દીન વાણી રે. નરસિંહ

ભલિપા પું. (બૌદ્ધ) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ભલી ૧. જી. નહો; હાવરો.
૨. [સં. ભદ્ર (ભાઈ)] જી. સદ્‌ગુણ.

ભલીબૂરી જી. સારીનરસી.
ભલીબૂરી સંભળાવવી = અપમાન કરવું; ઠપકો આપવો.

ભલીભાત ૧. અ. વિના સંકોચે; નીડરપણે.
૨. અ. સારી રીતે; આનંદિ; હરખે.

ભલીભાંત જુઓ ભલીભાત.

ભલીભાંતિ અ. સારી રીતે; ભલીભાત
લાગુ પડતા નિયમોનું બહાદિ પણ ભલીભાંતિ પાલન કરે છે. ગાંધીજી

ભલીભાંતે અ સારી રીતે; ભલીભાતે.
જો હું તેના ઉપર મારી છાપ પાડી શક્યો હોત, તો તો સ્વાભાવિક રીતે જ એ બહારે મારી અનેક બહેર પ્રવૃત્તિઓ.માની કોઈ ને કોઈમાં ભાગ કરતે હોત અને ભલીભાંતે પોતાનો જોગસેમ ચલાવતો હોત. ગાંધીજી

ભલીબૂરી ૧. જી. સારી અથવા બગાડ વાત; ટીકા.
૧. ભલીબૂરી ઉકેલવી = નિંદા કરવી. ટીકા કરવી. સારી ખોટી ચર્ચા ચલાવવી; નિંદાના રૂપમાં ટીકા કરવી
૨ ભલીબૂરી કહેવી = (૧) ગાળ બડવી. (૨) સારીનરસી વાતો કરવી.
૨ જી સારીનરસી બાબતબાબત.

ભલીવાર ૧ પું.; જી આવડત; ગમ; હોશિયારી.
૨. પું.; જી સત્ત્વ; રામ; સાર; જોર.
૩. જી સાનસોગત; સારાપણું. સુંદરતા; સૌષ્ઠવ.
૧ કામમાં કંઈ ભલીવાર ન હોવી = કામમાં કંઈ માલ કે દમ ન હોવો; કામ કરવામાં કંઈ સાર ન હોવો.
૨ ભલીવાર આવવો = સહેલાઈ થવી, સાર કે સારાપણું આવવું.
૪. વિ સારું. ભલું.

ભલુ ૧. જી. બેઠકના બ્રહ્મણીની એ નામની એક અટક
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું

ભલું ૧. [સં ભદ્ર] વ. કલ્યાણ, શુભ, હિત, કુશળ.
૨. વ. બાબા; નહો; હાવરો.
૩. વિ. ભોળું નિખાલસ; નિષ્કપટી.
ભલાની દુનિયા નથી = દુનિયા જેવી છે કે ભલાને દુઃખ પડે; બીજા લોકનાં મૂળ સો ખોડાં ખૂબી ઉપર બાજવાં ને નેતો ઉપર પૈસ્કર; બધે તેને સો દમે.
૪. વિ. માનવંત; માનને યોગ્ય.
૫. વિ. બાવાળુ
૬ વિ. રૂડું; સારું; શુભ; વધારે સારું; વધારે હાવડાકારક
૧. ભલા ભાઈની પ્રીત = (૧) સારા માણસો સારા માણસોને જ ચાહે છે. (૨) હું સારો, તું સારો એમ, ઉપરછોટી સારાંશ.
૨. ભલી કરવી = (૧) બહુ સરસ કામ કરવું (૨) શાબાશી આપવી.
૩. ભલી પૂરવી = બહુરત્ના વસુંધરા, આવડી મોટી પૃથ્વીમાં સારા માણસો ન બધા હોય.
૪. ભલી બજાવવી = સારું કામ કરવું. સ્વયંસેવકોની સેનાએ પણ ભલી બજાવી. –મહાદેવ દેસાઈ
૫. ભલી ભલાઈએ = સૂકરની રીતથી.
૬. ભલી જેસે પહો બજવો = બહુ ભલાઈબોર પાસેથી કંઈ બનતું નથી; બબાવણી ખીચડી કાંને વળગી.
૭. ભલી રીત = સારી રીત.
૮. ભલું કરવું = ઉપરવું; સહાય કરવું; સારો ઉપયોગ કરવો.
૯. ભલું મનવવું = સારું બનાવવું; મનમાં સારી અસર થાય એવી વાણી બોલવી; અંતરમાં ભાવ ન હોય છતાં ઉપરઉપરથી સારાં વચન બોલવાં.
૧૦. ભલું હશે તો = સંભવતઃ; બનવાજોગ
૧૧. ભલે કે બૂરે = ગમે તેમ; ગમે તે રીતે.
૧૨. ભલો આવ્યો = (૧) અવશ્ય એમ નહોતું ધાર્યું. (૨) આવ્યો એ સારું બન્યું.
૭. વિ. સલ્લ; નરમ મિજાજનું; ઠાવકું.
૮. વિ. સારું; પ્રામાણિક.
૯. અ. ખરું અથવા ખૂબ હોય એમ.
ભલું થયુ ભાગી જંજાલ,
સુખે ભજ્યું શ્રીગોપાલ નરસિંહ
૧૦. અ. સારું; ઠીક.

ભલુંબૂરું વિ. સારુંનરસું.
ભલુંબૂરું સંભળાવવું = (૧) અપમાન કરવું. (૨) ઠપકો આપવો.

ભલું ભલું ૧. વિ. કંઈ કંઈ ભલાઈ કે મોટાઈવાળું.
૨. વિ. ભારે વજન કે વજનવાળું.

ભલુંબૂરું જુઓ ભલુંબૂરું.

ભલુંભોળું વિ. ભલું અને નિષ્કપટી.

ભલે ૧. [સં. ભદ્ર] અ. અચ્છું; ઠીક; બાદ; બહુ સારું; ભરતું. પ્રાચીન સમયમાં પ્રથમ વિદ્યાર્થીને પઢાવતા ભલે શબ્દ શીખવતા. તે શુભસૂચક મનાય છે. સોળમા સૈકાનાં પુસ્તકોમાં પણ આ શબ્દ પ્રથમ લખાયો છે. જૈનોમાં પણ તે પ્રમાણે ભણતને કરાતમાં આ શબ્દ શીખવતા.
યોગાભ્યાસ બહી વરીષ્ઠ અને નિર્ગુણ નિષ્ઠિય જે, જેનું જ્યોતિ લુપ્તે લ તાર મુનિઓ તેઓ ભલે તે લુપ્તે; કલિદીપક દોડતું રૂપ કંઈ જે સ્વયંભૂ વિસ્મયી, એ શ્રીકૃષ્ણ રમેશ મુજ હૃદયે નિત્યે રમયો. શ્રીકૃષ્ણચરિત્રમાળા
૨ અ. પૂરેપૂરી રીતે; સારી રીતે.
૩. અ. શાબાશ, ઠીક બધુ છે; ધન્ય; અહોભાગ્ય.

ભલેને અ. બાદ; બહુ સારું; ભોને.

ભલે પધાર્યા અ. ઠીક બધુ જે આવ્યા. સ્વાગત કરતાં વપરાય છે.
રાણુ રાવણ પાપ તાપુ.
ભલાઈ પધાર્યા ઘરી. સીતાહરણ

ભલો ભલો ૧. અ. ઘણા રોગ; બહુજ કે.

૨. અ. શાબાશ; ઠીક ઠીક; બહુ સારું; વાહ! વાહ!

ભલોક ૧. વિ. ભલું; સારું. કવિતામાં બોલાય છે.

૨. વિ. ભાગ્યશાળી.

૩. વિ. શુભ; કલ્યાણકારી.

મોટી પૂજ મોટમા હોનો ભલોસે દેસ,
સંપત હોય તો ઘર બસા, નહિ તો સહો પરદેસ.
તારદા

૪. વિ. શોભાયમાન; રૂડું; સારું.

બન મોરી મન નંદાવન, પુલક ભલોકે ભામી રે.
નરસિંહ

૫. વિ. સાચું; પ્રામાણિક.

ભલો ધનેત્તર [ભલું + ધનવત્તર] વિ. કું. તન, મન અને ધનથી ગમે તેવો મોટો.

ભલો ભૂપ કું. ગમે તેવો મોટો માણસ; મોટા બાપાનો.

ભલ્લ ૧. [હિ.] કું. એક જાતનો વાસ.

૨. કું. નાકની ચૂંક ઉપરનું સોનાનું કૂલ.

ભલ્લ ૧. [સં.] કું. એ નામે એક દેશ.

૧. કું. (વૈદક) એક જાતનો રોગ; સન્નિપાત.

૩. કું. દાન.

૪ કું. ભાલ્લ.

૫. કું. ભાલું.

૬. [સં. ભલ્લ્ (મારી નાખવું)] કું. વધ; હત્યા.

૭. ન. એ નામનું એક પ્રાચીન તીર્થ.

૮. ન. પીળું નસોતર.

૯. ન. બિલાડું.

૧૦. ન. રીંછ; ભલ્લુક.

૧૧. વિ. ભલું; સારું.

૧૨. વિ. ભલ્લ દેશમાં હોનાર કે બનાર.

૧૩. વિ. ચોખ્ખું; સુંદર.

ભલ્લક જુઓ ભલ્લ.

ભલ્લકી [સં.] સ્ત્રી રીંછડી.

ભલ્લપાલ [સં.] કું. રીંછ પાળનાર માણસ.

ભલ્લપાલક જુઓ ભલ્લપાલ.

ભલ્લપુચ્છી [સં.] સ્ત્રી. ગોરખમુંડી નામની વનસ્પતિ.

ભલ્લક કું. કૂતરો.

ભલ્લા ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક નામ.

૨. સ્ત્રી. રીંછણ; રીંછની માદા.

ભલ્લાક ૧. [સં.] કું. એક જાતનો હંસ.

૨. [સં. ભલ્લ (ભાલું) + અક્ષિ (આંખ)] જે જેની આંખમાં ભાલો ભર્યો હોય એવું; આંધળા જેવું; મંદદૃષ્ટિ કે ઝાંખી દૃષ્ટિવાળું.

ભલ્લાટ ૧. [સં.] કું. (પુરાણ) અહ્લાદવંશનો એ નામનો એક રાજા; કર્દમપ્રજ રાજાનો એ નામનો પુત્ર.

૨. કું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

૩. કું. ચારભુજાના ચતુર્ભુજે સ્થાપાતો એ નામનો એક દેવ.

ચતુર્ભુજે ઉત્તર દિશાના સાત કોઠાઓમાં નામ, મુખ્ય, ભલ્લાટ, કુબેર, લોક, અદિતિ અને દિતિ એ સાત દેવોની સ્થાપના કરી.
-જયવલ્લભ

ભલ્લાત જુઓ ભલ્લાતક ૩.

ભલ્લાતક ૧. [સં.] ન. એક જાતનું વૃક્ષ તેની ડાળી તથા પાંદડાં કાપીને બહુ આવે છે. ગુણમાં તે બહુ ઉત્તેજક ગણાય છે

૨. ન. ડોંગરોબહું

૩. ન. બિલાડો; બિલાવ. તે એક જાતના ઝાડનું ફળ છે. તે હિમાલયના સમશીતોષ્ણ ભાગ ઉપર અને હિંદના ગરમ પ્રદેશમાં ઝાડ કરીને પૂર્વ બંગાળમાં થાય છે તે ચોમાસામાં કાચાં, બાફામાં ઉષ્ણ, સોનક અને પૌષ્ટિક મનાય છે તેમાંથી નીકળતું તેલ સળગાવવાથી તથા કાળી ચકળવળ રંગની ચર્બી જેવું છે અને તેના ઉપર નાના મોટા ફોલ્લા ઊઠે છે. બિલાડું ખાવાથી તેમજ તેનો ધુમાડો અથવા તેલ સાંધવાથી કેટલાંક વાર તે ઊઠે છે એટલે તે કૃષ્ટી નીકળે છે, તેથી શરીર સૂજી આવે છે, લાલ થાય છે અને તેના ઉપર ફોલ્લા ઊઠે છે. બિલાડું ઊઠે ત્યારે તેના ઉપર ટોપરૂં ખાવા આપવું છે, તેમજ કોપરેલ અથવા આમલીનું પાણી લગાડવું છે બિલાડું ખાનાર માણસને તકલામાં તેમજ અગ્નિ પ.સે બેસવું નુકસાનકારક છે તેનું બહુ ફળ ઉત્તેજક, પૌષ્ટિક અને વાયુ દોષને અટકાવે, કરસ, જ્ઞાનતંતુની નબળાઈ અને ચામડીના રોગ ઉપર બહુ જ અસરકારક ગણાય છે. બિલાડાના કૂળને નીચે મુજબ સાફ કરીને વાપરવું: પહેલાં તો કૂળને ક્ષારથી અથવા વજર ક્ષારીને તેમાંથી તેલ કાઢી નાખવું. ત્યાર બાદ કૂળને બે કલાક સુધી દૂધમાં ઉકાળવું અને પછી તેને સૂર્યના તાપમાં સૂકવવું.

ભલ્લાતક તૈલ [સં.] (વૈદક) ન. બિલાડાનું તેલ.

ભલ્લાતક પાક [સં.] કું. (વૈદક) બિલાડું તથા બીજી ઔષધિઓ નાખતો એક પ્રકારનો પાક. એનાથી બહેરાપણું, શિથિલતા અને સર્વ પ્રકારના પિત્તરોગ મટવાનું મનાય છે.

ભલ્લાતક લૌહ [સં.] (વૈદક) ન. બિલાડા વગેરેમાં પડવાળ એક ઔષધ.

ભલ્લાતકી વટી [સં.] સ્ત્રી. (વૈદક) એક પ્રકારની ગોળી. તે ઉપદંશ ઉપર અપાય છે.

ભલ્લાતક વિધાન [સં.] ન. (વૈદક) એક કલ્પ બિલાડાં સેવવાનો એક પ્રકાર.

ભલ્લાતક હરીતકી [સં] સ્ત્રી (વૈદક) અષ્ટાંગ ઉપર ઉપયોગી એ નામની દવા તેની બનાવટ: બિલાડું, હીમજ, કાળીપાટ, કડુ, અજમો, જીરું, મોથ, ચિત્રક, અતિવિષ, વજ, કચોળે, પુષ્કરમૂળ, હિંગ, ઉંદકજવ, સૂંઠ અને સંચળ એ સઘળાને ગોમૂત્રની અંદર ખૂબ વાટવા. પછી જાયે સૂકવી તેની વાલ વાલની ગોળી કરવી. તેની માત્રા બે થી ચાર વાલની છે.

ભલ્લાતકાદિ લેપ [સં.] કું. (વૈદક) બિલાડામાંથી બનતો એ નામનો એક જાતનો લેપ. બિલાડું, હીરાકસી, ચિત્રકમૂળ, ચોરનાં મૂળ, હાતીમૂળ અને ગોળ એ બધાં સમભાગે લઈ, તેને આકડાના દૂધમાં વાટી આ લેપ કરવામાં આવે છે.

ભલ્લાતકામૃત [સં.] ન. (વૈદક) અર્શ માટે ઉપયોગી એ નામની એક દવા. ૨૫૬ તોલા બિલાડું લઈ તેની અંદર તેટલું જ દૂધ અને તેટલું જ ઘી તથા ચોગણું પાણી નાખી, ધીમું આંચ લાંબુથી ઉકાળવું. બીજી ચોથા ભાગની સાકર, મધ અને આમળાં નાખવાં અને સારવેથી અર્ધો ભાગ કરડેનું ચૂર્ણ નાખવું. કરડેથી અર્ધો ભાગ સોલસરસ અને ગળોસત્ત્વ નાખી, રીંછા ડામની અંદર ભરી, મોઢું બંધ કરી, ડાંગરના ઢગલામાં સાત દિવસ સુધી રાખી મૂકવાથી તે તૈયાર થાય છે

ભલ્લાતકાવલેહ [સં.] પું. (વૈદક) બિલાડામાંથી બનતું એ નામનું ચાટણ. તે કર્ષ રોગ ઉપર અપાય છે તેની બનાવટ: સાકર પાકેલાં બિલાડા ૧૦૨૪ તોલા લઈ તેની અંદર ૪૦૯૬ તોલા પાણી નાખી, ચોથો ભાગ રહે ત્યાંસુધી કવથ. પાણી ગાળી લઈ તેની અંદર ચોગણું દૂધ તથા ચોથા ભાગનું ઘી નાખી, ખૂબ ઘાડું થાય ત્યાંસુધી અગ્નિ ઉપર રાખી હલાવવું. તેમાં ૬૪ તોલા સાકર નાખી સાત દિવસ સુધી રાખી મૂકવું. તેની માત્રા બેઆનીભારની છે.

ભલ્લાતકી [સં] સ્ત્રી. બિલાડો; બિલાડાનું ઝાડ.

ભલ્લાટ [સં.] પું. (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન પુરવંશના અજમીઢના પુત્ર પૃથદ્વિજના વંશના ઉદકરક્ત રાજાનો એ નામનો એક પુત્ર

ભલ્લાતકવિદારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભલ્લિકા જુઓ ભલ્લાતકી

ભલ્લી ૧ [સં.] સ્ત્રી. ઝિલ્લાઓ; ઝિલ્લામાનું ઝાડ.

૨. ન. એ નામનું એક શસ્ત્ર.

ભલ્લુ ૧. પું એ નામનો એક પ્રાચીન આચાર્ય.

૨ પું (વૈદક) એક જાતનો સન્નિપાતજ્વર.

ભલ્લુક ૧ [સં] પું. એક જાતનો જલજંતુ.

૨. પું કૂતરો

૩. પું. રીંછ; ઋક્ષ.

ભલ્લુક ચલ્લુક ન્યાં ભરીયાં પ્રેમાનંદ

ભલ્લુકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભલ્લું ૧. ન. એક જાતની ખાવાની વાનગી; વડું. તે અડદની ફોતરાંવાળી દાળને રાતે પલાળી, તેનાં ફોતરાં કાઢી નાખી, તેને લિતારીને વાટી, પછી તેમાં વજનસર મીઠું અને કાલજીરું નાંખી, વડાને આકારે કરી, ઘીમાં તળી બનાવવામાં આવે છે. પહાડી લોકોમાં આ ચીજ વધારે ખવાય છે.

૨. [સં. ભદ્ર–ભલ્લુ–ભલ્લું] વિ. ભલું; ઉમદા.

ભલ્લૂક જુઓ ભલ્લુક.

ભલ્લૂક ન. એક જાતનું પક્ષી.

ભવકેખનકલા સ્ત્રી. જાની પાડવાની કળા; 'ફોટોગ્રાફિ.'

ભવકેરું વિ. ભલું; સારું; રૂડું; શુભ.

ભણવા તો ભવકેરું ભણવા નિજનું સહુ નિજધામું. નાનાલાલ

ભવ ૧. પું. (પિંગળ) અગિયાર; અગિયારની સંખ્યા.

૨. [સં.] પું. ઉત્પત્તિ; જન્મ; અવતાર.

૩. પું. (પુરાણ) શિવ; મહાદેવ; શંકર; પશુપતિ; ભૂતેશ.

કે રુદ્ર, અન્ધ્ર, ભદ્ર, મહિનસ, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉમરેતા, ભવ, કાલ, વામદેવ અને પૃથ્વત એ તમારાં નામો છે સદા પી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત, ઋષિ, ઇલા, અંબિકા, ઇરાવતી, સુધા અને દીક્ષા એ રુદ્રાણીઓ તમારી સ્ત્રીઓ છે પુરુષોત્તમગીતા

૪ પું (પિંગળ) એક સમલલિત માત્રામેળ છંદ તે સર્વેના છંદનો બેદ છે. તેમાં ૪૬ ગુરુ અને ૨૬ લઘુ મળી ૭૫ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૫. પું. કામદેવ.

૬. પું. કારણ; હેતુ

૭. પું. ઘણો સમય; લાંબો વખત. જેમકે, તમને જોવાને ભવ થયો.

ભવના ભવ = પુત્રના પુત્ર; વર્ષોનાં વર્ષ. ઘણો લાંબો સમય.

૮. પું. ચોસઠ માંહેનો એક માનસજાત દેવતા

૯. પું. જગત; દુનિયા.

૧૦. પું જિંદગી; જન્મારો.

કે સાગર સિંચાણા, એક કિ સિંચાણાં હતા, મરતા થઈ ભંગાર. અમનાં બીજાં થઈ રહ્યા. ન.ત્રિ

૧. એક ભવનું સારું = (૧) જિંદગીની હયાતી સુધીના સાધના કોલકરાર. (૨) જિંદગીભરની પીડા.

૨. એક ભવમાં બે ભવ કરવા–થવા = (૧) અનીતિથી કે ધર્માંતરથી જન્મના કુલ,ચારની મિલ્કીમાંથી ભાત થવો; જન્માંતર જેવું થવું (૨) એક ધર્મ તજી બીજો ધર્મ અંગિકાર કરવો; વટલાઈ જવું. (૩) પોતાના પતિ તરફ જોવા જવું. (૪) બીજાનું સમ કરવું.

૩. ભવ આખો રહ્યા, ત્યારે પારકે ઝાડે ભજ્યા = બહુ મહેનત કરી, ત્યારે માંડ રોટલા મળ્યા. (૨) જન્મારો આખો રહ્યા ત્યારે માંડ રોટલા મળ્યા. (૩) ઘણી મહેનતે થોડું મળવું.

૪. ભવ તરવો = મોક્ષ મેળવવો.

૫. ભવ ભમાડવો–ભળવો = જિંદગી ભમાડવી; જીવન ધૂળ મળવું; જન્મ એળે જવો; સંસાર ભર્યે જવો.

૬. ભવ ભમાડવો = જીવન ધૂળ મેળવવું.

૭. ભવ સુધરવો = જિંદગી સુધરવી. જીવનમાં કંઈક ઉપયોગી કે મહત્વનો અર્થ સરવો.

૮. ભવ સુધારવો = જિંદગી સાર્થક કરવી.

૯. ભવ હારી છૂટવું = જિંદગીભરની પીડા સહન કરવી.

૧૦. ભવની ભાવટ = જન્મભરની પીડા.

૧૧. ભવની ભૂખ ભાંગી = જિંદગી આખીનું દારિદ્ર્ય નાશ પામવું.

૧૧.પું. કર.

૧૨. પું. નક્ષત્ર રેવતા માંહેનો એક દેવતા.

વસુ, ત્વષ્ટા, અજ, અજ, મિત્ર, સૂર્ય, અશ્વિનો, અજ, પૂષા એ નક્ષત્ર દેવતાઓ અમનોના આરંભમા હોય છે. પુરાતત્ત્વ

૧૩. પું (બૌદ્ધ) પરલોકની વાસના.

૧૪ પું પુત્ર

કે સ્વયંભુ ભવ પછે ઉત્તર રહ્યું આયુષ્ય જેહ. સ્નેહેશ્વર

૧૫. પું. પ્રાપ્તિ

૧૬ પું. જગત

૧૭. પું. માંસ.

૧૮. પું. રુદ્રનો એ નામનો એક અવતાર. તેની ઓનું નામ ઉષા હતું

૧૯. પું (પુરાણ) વસુદેવને રજરાજ્યથી થયેલો એ નામનો પુત્ર.

૨૦ પું સત્તા; અસ્તિત્વ; હયાતી.

૨૧. પું સંસાર

૨૨. પું. સંસારનું દુઃખ; જન્મમરણનું દુઃખ.

૨૩. ન. કલ્યાણ.

૨૪. ન. ફળ.

૨૫. ન. (કચ્છી) મજા.

૨૬. વિ. ઉત્પન્ન થયેલું. આ અર્થમાં સમાસને અંતે વપરાય છે. જેમકે, મનોભવ.

૨૭ વિ શુભ; કલ્યાણકર.

૨૮. વિ. સુંદર.

સુક્રમ સુષમ રુચિ રુચિર મે કાંત કમન કમનીય, રમ્ય સુપેશલ ભવ્ય વિશદ રામ રમન રમણીય. વિશ્વનાથપુરોહિત

ભવભ્રમણ [સં. ભવ (સંસાર) + ભ્રમણ (ભમવું)] ન. જન્મમરણનો ફેરો.

ભવભ્રમરજ્વર [સં. ભવ + ભ્રમર્ણવ (સાગર)] પું. ભવસાગર; સંસારસાગર; ભવાર્ણવ. કવિતામાં વપરાય છે.

ભવર્ઈ સ્ત્રી. ભવાયાનો ખેલ.

રમવી ભવઈ રમવું ખેલાંત. રાસમાલ

ભવઉદ્ભવ [સં. ભવ (જન્મ) + ઉદ્ભવ (જન્મ)] ન. જન્મોજન્મ; જન્મ પ્રતિ જન્મ.

અગ્નિ વિના ભવઉદ્ભવનો અગ્નો ન થાય ઉપાય રે નિષ્કુલાનંદ

ભવક ૧. [સં.] ન. આશીર્વાદ; આશીર્વાદ આપનાર માણસ.

૨. ન. ઉત્પન્ન થયેલ તે; જન્મેલ તે.

ભવકટી સ્ત્રી હવે ભવના ભવમાં બાકી રહેતો ભવ.

આ કહેશો આજે જે સાધશે તે ચોથા ભવમાં મોક્ષ પામશે, એટલે કે તેને ભવકટી થઈ ગઈ છે. આત્મસિદ્ધિરાજ

ભવકૂપ [સં] પું. સંસારરૂપી કૂવો.

ભવકેતુ [સં.] પું. (જ્યોતિષ) એક પુંછડિયો તારો. કહેવાય છે કે, જેટલા મુહૂર્ત સુધી તે દેખાય છે, તેટલા મહિના સુધી ભયંકર દુકાળ કે મહામારી વગેરે થાય છે.

ભવકોદંડ [સં. ભવ (સંસાર) + કોદંડ (ધનુષ)] પું. મહાદેવનું ધનુષ.

ભવગજવિદારક [સં.] પું. પરમાત્મા, તે સંસારરૂપી હાથીનો નાશ કરનાર છે.

ભવગર્ત [સં. ભવ (સંસાર) + ગર્ત (ખાડો)] પું. ભવરૂપી ખાડો; સંસારરૂપી ખાડ.

ભવગ્રહણ [સં.] ન. ભવ ધારણ કરવો તે; જન્મ.

ઉદાહ ક્રામસ્થિતિ મનુષ્યની સાત અથવા આઠ ભવગ્રહણ પરિમાણ છે, અર્થાત્ કોઈ પણ મનુષ્ય પોતાની મનુષ્ય ગતિમાં વધારેમાં વધારે સાત અથવા આઠ જન્મ સુધી રહીને પછી અવશ્ય બીજી ગતિને ભોગવે છે. તત્ત્વાર્થસૂત્ર

ભવઘરઘર [સં.] પું. દાવાનલ.

ભવઘાટતરણ વિ. દુનિયારૂપી નદી કે સમુદ્રનો ઘાટ તારનાર; ભવસાગરમાંથી મુક્તિ આપનાર.

ભવચક્ર [સં.] ન. સંસારરૂપી ચક્ર; જન્મમરણના ફેરાનું ચક્ર.

જે ભક્તિ નથી આપતો તે ચંદ્રલોકમાં ભિક્ષુકે સહિત લોકને પામી પાછો ભવચક્રમા ફરે છે. અનાસક્તિયોગ

ભવચાપ [સં.] પું. શિવનું ધનુષ્ય; પિનાક.

ભવચ્છેદ [સં. ભવ (સંસાર) + છેદ (નાશ)] પું. સંસારનો નાશ; પુનર્જન્મ ન થવો તે.

ભવચ્છેદ કરનારું તત્ત્વ તેમની જ મુખેથી સાંભળે રહેજો બહુ જ. મણિલાલ નભુભાઈ

ભવચ્છેદી [સં. ભવચ્છેદિન્] વિ. સંસારનું બંધન કાપી નાંખે એવું.

જે નિજ આત્મા વિષયે ન પ્રવેશતા,
સ્વભાવ પોતે નવ કષાયી જો બીજા,
અસંગકારી ભવચ્છેદી ગણાને,
નમું હું તેને અરપે સુમંત્રો. જાગવતપુરાણાંજલિ

ભવજ [સં.] વિ. સંસારમાંથી ઉત્પન્ન થયેલું.

ભવજલ [સં.] ન. સંસારસાગર; ભવસાગર; ભવસિંધુ; ભવાગ્નિ; સંસારરૂપી પાણી.

ભવજલતારણ [સં.] પું. સંસારરૂપી સમુદ્રમાંથી તારનાર પરમેશ્વર.

ભવજલધિ [સં. ભવ (સંસાર) + જલધિ (સાગર)] પું. સંસારરૂપી સમુદ્ર.

ભવજળ જુઓ ભવજલ.

ભવજળતારણ જુઓ ભવજલતારણ.

ભવડશાહ (ભવડશાહ) પું. એ નામે એક જૈન દાનવીર ગૃહસ્થ. તે વિક્રમની પ્રથમ સદીમા વિદ્યમાન હતો. તે જૈન ઇતિહાસમાં અત્યંત ભાગે પ્રકાશી રહેલ છે. ભવડનો પિતા ભાવડ કપિલપુરમાં રહેતો હતો. ભવડ વેપારમાં બહુ સાહસિક ગૃહસ્થ હતો. ધનેશ્વરસૂરિએ પોતાના ગ્રંથમાં તેના ચરિત્રનું બહુ બારીકાઈપૂર્વક કર્યું છે.

ભવતરણ [સં.] ન. સંસારરૂપી સમુદ્ર ઓળંગી જવાપણું.

ભવતાણ ૧. સ્ત્રી. ઐહિક વસ્તુઓની વાંછના; આ લોકની વસ્તુઓ માટેની ઇચ્છા.

૨. સ્ત્રી. પુનર્જન્મ માટેની તૈયારી કરવી તે.

ભવતારક [સં.] વિ. સંસારમાંથી તારનાર.

ભવતારણ ૧. [સં.] પું. પરમેશ્વર; ઈશ્વર.

૨. ન. સંસાર તરી જવું તે.

જિનપ્રભ ગતિનો પુનઃ ભંગ થારો; ભવતારણ પત્રકામાં પડવું છે. સંધમિત્રા

૩. વિ. સંસારમાંથી તારનાર; મોક્ષ આપનાર; સંસારબંધનમાંથી મુક્ત કરનારું.

ભવતારણી [સં. ભવ (સંસાર) + તારણ (ઉદ્ધાર) + ઈ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. સંસારરૂપી સમુદ્રને તારનારી.

ભવતારિણી [સં.] વિ.;સ્ત્રી. ભવરૂપી સાગર તરાવનારી

ભવતિક વિ. પંચમહાભૂત સંબંધી; પંચભૂતનું બનેલું.

ભવતિક્રિયા સ્ત્રી. ભવારૂપ ક્રિયા

ભવતી ૧. [સં.] સ્ત્રી. આપ; તમે; નામદાર. સંસ્કૃતમાં સંબોધિત સ્ત્રીઓને ભવતી કહે છે.

૨. સ્ત્રી. ઉત્તર દિશેનું બાજુ.

૩. સ્ત્રી. તકરાર; વાદવિવાદ.

ભવતૃષ્ણા ૧. [સં.] સ્ત્રી. બૌદ્ધ સંપ્રદાયમાં કહેલી ત્રણ માંહેની એ નામની એક તૃષ્ણા.

અનેક વિષયોમાં રમનારી તૃષ્ણા એને કામતૃષ્ણા, ભવતૃષ્ણા અને વિનાશતૃષ્ણા કહે છે. પુરાતત્ત્વ

૨. સ્ત્રી સંસારની વાસના.

૩. સ્ત્રી. સારા લોકમાં જન્મ પામવાની તૃષ્ણા; સારા ભવની તૃષ્ણા.

ભવત્રિક પું. (સંગીત) ત્રણેક માંહેનો છેલ્લો ષાડ. તેમાં વિલંબ, ગાંભીર, ધૈવત અને નિષાદ કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના બે સ્વર શુદ્ધ આવે છે.

ભવત્સંજ્ઞાનકારી [સં. ભવત્ (આપ) + સન્માન (આદરસત્કાર) + કારિન્ (કરનાર)] વિ. પું. આપનો આદરકારક.

ભવદગ્ધ [સં.] પું. સંસારરૂપી દાવાનલ.

ભવદવભય [સં.] પું. સંસારરૂપી અગ્નિનો ભય

ભવદા ૧. [સં.] સ્ત્રી. પ્રકૃતિ સ્વામીની અનુચર એક માતૃકા

૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠા પર આવેલું એક નામ.

ભવદાજ્ઞાકારી [સં. ભવદાજ્ઞાકારિન્] પું. આપનો આજ્ઞાંકિત.

ભવદારુ [સં.] ન. દેવદારનું ઝાડ.

ભવદીય [સં. ભવત્ (આપ) + ઇય)] વિ. આપનું; તમારું; આપના સંબંધી; તમારા સબંધી; આપ સાહેબનું.

ભવદુઃખજ્વાલ [સં.] સ્ત્રી. દુનિયાના દુઃખની જ્વાળા

ભવદુઃખજ્વાળા જુઓ ભવદુઃખજ્વાલ.

ભવદેવ [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

ભવદ્વાર [સં.] ન. જન્મમરણ

ભવદ્વેષ્ટ્રી [સં.] સ્ત્રી. ચમાનાં કાંઠા પર આવેલું એક નામ

ભવધરણ [સં.] પું. સંસારનો ધારણ કરનાર પરમેશ્વર.

ભવધારણીય [સં.] ન. (જૈન) ભવના છેડા સુધી એટલે આયુષ્ય પૂરું થતાં સુધી ધારણ કરી રાખ્યું તે શરીર.

ભવધારી [સં. ભવ (જન્મ) + ધારિન્ (ધારણ કરનાર)] પું અવતાર ધારણ કરનાર પરમેશ્વર.

શ્રીકૃષ્ણ અર્જુનસખા યદુવેશ ઈશ,
ભૂદેવી ભૂપભારહર વિષે અધિપ;
ત્રૈવિદ્ય સુર દુઃખહા ભવધારી વિષ્ણુ,
યોગેશ વિશ્વગુરુ હું તુજને નમું હું.
જાગવતપુરાણાંજલિ

ભવધિવીચિ [સં.] ન. સંસારરૂપી સમુદ્રનું મોજું.

ભવધ્વંસિની [સ] વિ. સ્ત્રી. જન્મમરણનો નાશ કરનારી

ભવન ૧. [સં.] ન. ઘર; મકાન; મહેલ; રહેઠાણ; મુકામ; પ્રાસાદ

મુદરગિરિ ઉપર જે ત્રણ માનની રચના છે એવા જ ત્રણ રમણીય ભવન, એવી જ વ્યવસ્થાથી આ સ્થાનમાં રચવાં. જે ભવનમાં રહેવાનાં અધિકારી સ્ત્રી પુરુષોને તેમાં રહેવાના અધિકારના કાંઈક નિયમ કરવા. નોંધનરામ

૧. આનંદ ભવન = આનંદ માટેનું ઘર.

૨. હેમ ભવન = સોનાનો મહેલ.

૨. ન. (ચિમણ) જખાનો એક ભેદ.

૩. ન. જગત; સંસાર.
૪. ન. જન્મ; ઉત્પત્તિ.
૫ ન (જ્યોતિષ) જન્મકુંડલીમાંનું દરેક સ્થાન.
૬. ન. જીવન; જિંદગી; અસ્તિત્વ.
૭. ન. થવું તે; બનવું તે.
૮. ન. (પિંગળ) ય.ર; બારની સંજ્ઞા.
૯. ન (જૈન) ભવનપતિ જાતિના દેવોનું નિવાસસ્થાન.
૧૦. ન. ભાવ.
૧૧. ન. મજબૂત; સુદૃઢનું સ્થાન.
૧. ભવન કેવાયું હોવું = મજબૂત કે બાંધકામ ઠીક હોવાં.
૨. ભવન ફરવો-ફરી જવો = (૧) જીવ સૂનવું. (૨) દિવસ ફરવો; મોળી દશા આવવી. (૩) મજબૂત બાંધકામ જવું; કમજી થવાકમી.
૧૨. ન. મંદિર; પવિત્ર જગ્યા.
જૂના અભ્યાસમાં સાધનાને માટે આવશ્યક ગણાતાનું મહત્ત્વ બતાવ્યું છે. આ સાતમ અભ્યાસમાં વિકર્મનું એક નવું જ અંગ ભવન ખોલી દીધું છે. સુદ્રિદેવીના મંદિરમાં, કોઈ વિશાળ વનમાં આપણે જે રીતે વિવિધ પ્રકારનાં મનહર દૃશ્ય દેખતા જઈએ ઊભે એવો જ અનુભવ આ ગીતા અંગમાં થાય છે. એક જ પ્રકારના કાગળ ઉપર એક જ પીંછીથી ચિત્રકાર અનેક પ્રકારનાં ચિત્ર કાઢે છે, કે.ઈ સિતારી જાત સૂરોથી જ અનેક ઘાટ કાઢે છે, વાર્તાલયમાં ભાવન અક્ષરોની સહાયતાથી આપણે અનેક પ્રકારના વિચાર અથવા ભાવ પ્રકટ કરીએ ઊભે, તેમ જ અહીં આત્મા ને અમર્યા પ્રકૃતિ વર્ણવેલ છે. ત્રિવેણા
૧૩. ન. રાણીવાસ; અંત.પુર.
૧૪. ન. સત્તા; હોવાપણું; અસ્તિત્વ.

ભવનગ [સં. ભવ (સંસાર) + નગ (પહાડ)] પું. સંસારરૂપી પહાડ.

ભવનગૃહ [સં.] ન. ભોંયરું.

ભવનનાથ ૧. [સં.] પું. ઘરનો માલિક.
૨. પું. (જૈન) ભવનપતિ જાતના દેવ માંહેનો દરેક.
૩. પું (જ્યોતિષ) રાશિનો સ્વામી.

ભવનનિર્માણકલા [સં.] સ્ત્રી શિલ્પવિદ્યા.

ભવનનિર્માણસમિતિ [સં.] સ્ત્રી. ઘર બાંધવા માટે ઊભી થયેલી મંડળી.

ભવનપતિ ૧. [સં.] પું. (જૈન) એક પ્રકારનો દેવસમૂહ. તેના દસ પ્રકાર છે: (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુત્કુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિક્કુમાર, (૯) વાયુકુમાર, (૧૦) સ્તનિતકુમાર. દરેક પ્રકારના ભવનપતિમાં ચિહ્ન, સ્વરૂપ, સંપત્તિ વગેરે જુદાં જુદાં હોય છે. દરેક પ્રકારના દેવોમાં બે બે ઇંદ્ર છે દક્ષિણાર્ધના અધિપતિ ચમર નામના અસુરેંદ્રની સ્થિતિ એક સાગરોપમની અને ઉત્તરાર્ધના અધિપતિ બલિ નામના અસુરેંદ્રની સ્થિતિ સાગરોપમથી કાંઈક અધિક છે.
૨. બીજો ભવનનાથ.

ભવનપતિનિકાય [સં] પું. (જૈન) ભવનપતિ દેવોનો સમૂહ.
ભવનપતિનિકાયના દસ, વ્યંતરનિકાયના આઠ, જ્યોતિષ્કનિકાયના પાંચ અને વૈમાનિકનિકાયના બાર ભેદો છે. તત્ત્વાર્થસૂત્ર

ભવનવાસી ૧. [સં. ભવનવાસિન્] પું. (જૈન) બાર માંહેના એ નામના એક પ્રકારના દેવ; ભવનપતિ દેવ.
૨. વિ. ભવનમાં વસનાર.

ભવનવાસીનિકાય [સં. ભવનવાસિન્ (ભવનપતિ દેવ) + નિકાય (સમૂહ)] પું. (જૈન) ભવનપતિ દેવોનો સમૂહ.

ભવનવૃક્ષ [સં.] ન. (જૈન) ભવનરૂપે પરિણામ પામે તેવું કલ્પવૃક્ષ.

ભવનશિખર [સં.] ન. મિનારો.

ભવનંદિ [સં.] પું. (પુરાણ) એ નામના એક પ્રજાપતિ.

ભવનાથ ૧. પું. જગતનો ધણી; પરમેશ્વર.
૨. ન. ઈડર તાબાનું એ નામનું એક ગામ.
૩. ન. ઈડરથી શામળાજી જતાં રસ્તામાં આવતું મહાદેવનું એક તીર્થધામ.
૪. ન. ગિરનારની તળેટીમાં આવેલું એ નામનું એક મંદિર.
સ્કંદપુરાણાંતર્ગત ગિરનારમાહાત્મ્યમાં ભવનાથનું તથા એની પાસે આવેલા મૃગીકુંડનું માહાત્મ્ય બહુ છે. ગુજરાતનાં તીર્થસ્થાનો

ભવનાથતાંસ [સં. ભવન (મકાન) + અથતંસ (અલંકાર)] ન. મુખ્ય ભવન; રાજમહેલ.

ભવનાશ ૧. [સં.] પું. જગતનો નાશ.
૨. પું જન્મનો નાશ.
૩. પું. સંહારક દેવ.

ભવનારક ૧. [સં.] પું જમ; મૃત્યુનો દેવ; યમ.
૨. પું મુનિ.

ભવનાશન [સં.] વિ. જન્મ કે સંસારનો નાશ કરનાર.

ભવનાશા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભવનાશિની ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.
૨. સ્ત્રી. હિમાલયમાંથી નીકળતી મોમાને મળતી એક નદી; સરયૂ.
૩. વિ. સ્ત્રી. ભવનો નાશ કરવાવાળી.

ભવનિધિ ૧. પું. (પિંગળ) વર્ણદંડકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, જગણ, સગણ, બે નગણ, બે તગણ, સગણ અને યગણ મળી ૨૭ વર્ણ હોય છે.
ભા જ સ ન બે ન ત ત, સાથ ભવનિધિ વિષે,
પાદ આંઠે જ કવિ લે બદે છે.
રણપિંગલ
૨. [સં] પું. સંસારરૂપી સમુદ્ર.
ભવનિધિમાં ચાકો વાલા, વહાણો અડશે ખૂંદાતાં.
પ્રેમાનંદ

ભવની સ્ત્રી. ભાર્યા; ગૃહિણી; સ્ત્રી.

ભવનીય ૧. [સં.] વિ. થવા જેવું; હોવા યોગ્ય.
૨. વિ. નજીકના ભવિષ્યમાં બનનાર.

ભવનેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

ભવનોદર [સં. ભવન (મકાન) + (ઉદર) (પેટ)] ન. અંતર્ગૃહ; ઘરનો મધ્ય પ્રદેશ; ઘરનો અંદરનો ભાગ.

ભવનાથ [સં.] પું. વિષ્ણુ.

ભવનિષ્ઠ [સં] પું. આપનો વિશ્વાસુ.

ભવપટ પું. સંસારરૂપી પટ.
મનના મહાલેખ એ ભવપટ ઉપર આલેખેલા છે. ઓ મેઘના આકડા ઓલ્યાકાર ! ઉભો તો કરેલ ને બે કરેલા. નાનાલાલ

ભવપતિ [સં.] પું. શિવ; શંકર.

ભવપરિણતિ [સં.] સ્ત્રી. સંસારમાં જન્મ લેવાનો સ્વભાવ.

ભવપંથ [સં. ભવ (સંસાર) + પથિન્ (રસ્તો)] પું. સંસાર જીવનનો રસ્તો.

ભવપાર [સં. ભવ (સંસાર) + પાર (બીજો ભાગ)] પું. મોક્ષ.

ભવપારી [સં. ભવપારિન્] પું. શંકર.

ભવપાલી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; ભુવનેશ્વરી દેવી.

ભવપાશવિમોચની [સં. ભવ (સંસાર) + પાશ (બંધન) + વિમોચન (છોડવું તે) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભવપીઠ (ભવપીડ) [સં. ભવ (સંસાર + પીડ્ (દુઃખ દેવું)] સ્ત્રી. સંસારનું દુઃખ.
ઈશુ તો રહીને ભવપીઠ હરવાનો ભાર ઉપાડવાની અને તેને પંથે ચાલવાની હાકલ કરે છે. નવજીવન

ભવપ્રતીતિ [સં. ભવ + પ્રતીતિ (જ્ઞાન)] સ્ત્રી. (જૈન) જીવના અસ્તિત્વનું જ્ઞાન. રૂપસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ અને વિજ્ઞાનસ્કંધ એ પાંચે સ્કંધના સમુદાયથી જીવપ્રતીતિ થાય છે.

ભવપ્રત્યય ૧ [સં.] પું. ઓઘ જ્ઞાનનો અસંપ્રજ્ઞાત યોગ. ભવ એટલે અનાત્મામાં આત્મબુદ્ધિરૂપ અવિદ્યા એ જ જે યોગનું પ્રત્યય એટલે કારણ છે તે ભવપ્રત્યય. વિકારરૂપ ભૂતેંદ્રિયો અથવા પ્રકૃતિરૂપ અવ્યક્ત, મહત્, અહંકાર અને પંચતન્માત્રા જેઓ અનાત્મા છે તેઓમાં આત્મબુદ્ધિ થાય તે અવિદ્યા અને તે અવિદ્યા વડે જે સંસ્કાર શેષરૂપ અસંપ્રજ્ઞાત સમાધિ ઊપજે છે તે ભવપ્રત્યય કહેવાય છે. ભવપ્રત્યયવાળાને પુનર્જન્મની પ્રાપ્તિ થાય છે, માટે મુમુક્ષુને આ યોગાભ્યાસ ત્યજવા યોગ્ય છે. વિદેહલય અને પ્રકૃતિલય એ બંનેનો ભવપ્રત્યય અસંપ્રજ્ઞાત યોગ છે. તે સમાધિની એક અવસ્થા છે, જેમાં પ્રકૃતિ લયને પ્રાપ્ત થાય છે. વિદેહલયઃ ભૂતો અને ઇંદ્રિયોરૂપ વિકારમાંથી કોઈ એકને આત્મા માની, તેની ઉપાસના કરવાથી, દેહ પડ્યા પછી, જે વિકારની પોતે ઉપાસના કરી હોય તે વિકારમાં સ્થૂલ શરીર રહિત થઈ લય પામવું તે વિદેહલય. પ્રકૃતિલયઃ પાંચ તન્માત્રા, અહંકાર, મહત્તત્ત્વ ને અવ્યક્તરૂપ પ્રકૃતિમાંથી કોઈ એકને આત્મા માની તેની ઉપાસના કરવાથી તેની વાસનાયુક્ત ચિત્તવાળાનો દેહ પડ્યા પછી પોતે પૂર્વોક્ત પ્રકૃતિમાંની જે પ્રકૃતિની ઉપાસના કરી હોય તેમાં, જેણે પોતાનું કર્તવ્ય સમાપ્ત કર્યું નથી એવા સંસ્કારયુક્ત ચિત્તવાળા હોઈ લય પામે તે પ્રકૃતિલય કહેવાય છે. વિદેહલય તથા પ્રકૃતિલય પોતાના સંસ્કારયુક્ત ચિત્ત સહ કૈવલ્યપદના જેવી સ્થિતિને પામે છે. એ સ્થિતિનું વૃત્તિરહિતપણું એ કૈવલ્ય સાથે સદૃશપણું છે અને ભોગમોક્ષરૂપ અધિકારયુક્ત સંસ્કારનું શેષપણું તે કૈવલ્યથી વિરૂપપણું છે; માટે આ સ્થિતિને કૈવલ્યપદના જેવી કહી છે. આ વિદેહલય તથા પ્રકૃતિલયના સંસ્કારોનો જ્યારે વિપાક થાય છે ત્યારે તેઓ પોતાના તે સંસ્કારાનુસાર પુનઃ સંસારમાં પ્રવેશ કરે છે. વિદેહલય અને પ્રકૃતિલય પુરુષોને વિવેકખ્યાતિ પ્રાપ્ત થતી નથી, તેથી તેઓનું સાધિકાર ચિત્ત લીન થયા છતાં પણ પુનઃ વ્યુત્થાનાવસ્થાને પામીને સંસારમાં પડે છે અને વિવેકખ્યાતિને પામેલા પુરુષનું ચિત્ત કૃતાર્થ થયું છે, માટે દેહપાત પછી તે પોતાના કારણમાં અત્યંત લીન થઈ જાય છે.

૨. પું. (જૈન) એક પ્રકારનું અવધિજ્ઞાન, જે નારક અને દેવોને હોય છે; જન્મસિદ્ધ અવધિજ્ઞાન. જે અવધિજ્ઞાન જન્મતાંની સાથે જ પ્રગટ થાય છે તે ભવપ્રત્યય અર્થાત્ જેના આવિર્ભાવને માટે વ્રત, નિયમ આદિ અનુષ્ઠાનની અપેક્ષા નથી એવું જન્મસિદ્ધ અવધિજ્ઞાન ભવપ્રત્યય કહેવાય છે. પ્રત્યય, કારણ અને નિમિત્ત એ બધે એકાર્થવાચક શબ્દો છે. અહીં ભવપ્રત્યય શબ્દ બાહ્ય નિમિત્તની અપેક્ષાએ કહેલ છે. અંતરંગ નિમિત્ત તો દરેક પ્રકારના અવધિજ્ઞાનમાં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય છે.

ભવપ્રત્યયિક જુઓ ભવપ્રત્યયી.

ભવપ્રત્યયી [સં. ભવપ્રત્યયિન્] વિ. (જૈન) એક પ્રકારનું અવધિજ્ઞાન; દેવતા તથા નારકીના ભવને જોતે થતું અવધિજ્ઞાન.

ભવપ્રિયા [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર માંહેનું એક નામ.

ભવબંધ [સં.] પું. સંસારરૂપી બંધન; સંસારનું દુઃખ કે કષ્ટ.

ભવબંધન [સં.] ન. સંસારનું બંધન; સંસારરૂપી બેડી.

ભવબાધા [સં.] સ્ત્રી. અજ્ઞાનજનિત દુઃખ; સાંસારિક આધિવ્યાધિ; અનાત્મક દુઃખ

ભવભટકણ ન. દુનિયામાં અથવા દુન્યવી વસ્તુઓ પાછળ ભટકવું તે

તેનું હૃદય બાવરું બિચમબાનું બની રહી,
ભવભટકણમાં ભટકયા કરે છે.

દલપતરામ સૂર્યરામ

ભવભય ૧ [સં.] દુનિયાની બીક; સંસારનો ભય

ભવભય હણવાને જ્ઞાનવિજ્ઞાનબ્રહ્મ,
અગ્નિ સમ મુનિકર્યાં કાલના વેદવક્ત્ર;
વક્ષ અમી ઉદધિથી અલબર્યે વિખાદ્યું,
પુરુષ ઋષભ આદિ હજ્યુ નામે નમું હું

આગમપ્રભાંજલિ

૨. ન. સંસારનાં સંકટ; સંસારનાં દુઃખ.

ભવભયભંજન ૧. [સં.] વિ. દુન્યવી ભય ટાળનાર.

૨. વિ. સંસારની પીડા ટાળનાર; સંસારનાં દુઃખને ઉડાવનાર.

ભવભયહર [સં.] વિ. સંસારના ભયને હરનાર.

ભવભયહારક જુઓ ભવભયહર.

ભવભંજન ૧. [સં. ભવ (સંસાર) + ભંજન (ભાંગનાર)] પું. શિવ.

૨. પું. પરમેશ્વર.

૩. વિ. ભય ટાળનાર; જન્મમરણનો ફેરો મટાડનાર.

ભવભાજ [સં. ભવભાજ્] વિ. સંસારને ભજનાર; સંસારી જીવ; પ્રાણી.

ભવભાન ન. દુનિયાનું ભાન; દુનિયા હયાતી ધરાવે છે તેનું જ્ઞાન.

જ્ઞાન રસલીન ભવભાન ભૂલી ગતી
સહજ ભુલાવતી અવધૂસને,
ત્યાં રસ નિર્ઝરે જગત નાહરાવતી
સ્નાતિ અમરોકતણી આપ શ્રેણિ,

રાજતરંગિણી

ભવભામિની [સં ભવ (શંકર) + ભામિની (સ્ત્રી)] સ્ત્રી. પાર્વતી; ભવાની.

ભવભાવન ૧. [સં.] પું. કાર્તિકેયનું એક નામ.

૨. ન. ઉત્પત્તિનું કારણ; જન્મનું કારણ.

ભવભાસ્કરી [સં. ભવ (સંસાર) + ભાસ્કર (સૂર્ય) + ઈન્ (વાળું)] વિ. જીવનના સૂર્યરૂપી.

ધરી પુરમરી **ભવભાસ્કરી** ભારત જનની.

કાન્તાત્રિવેણી

ભવભીતિભંજન [સં.] પું. સંસારની બીક મટાડનાર ઈશ્વર.

ભવભીરુ [સં. ભવ (સંસાર) + ભીરુ (બીકણ)] વિ. સંસારના દુઃખથી ડરનાર; સંસારની બીકવાળું

ભવભૂત [સં.] પું. પરમેશ્વર.

ભવભૂતિ ૧. [સં.] પું. સંસ્કૃત ભાષાનો એક સમર્થ કવિ. ઈ સ. ના છઠ્ઠાથી નવમા સૈકા સુધીનાં નાટકોના બીજા પુસ્તકમાં તે બધે અગ્રેસર મનાય છે. નાટકોમાંનાં તેનાં પોતાનાં કથનો અનુસાર, તેનો જન્મ વૈદર્ભ દેશમાં આવેલ પદ્મપુર નામમાં રહેતા વિદ્વાન ભાહ્મણ કુટુંબમાં થયો હતો. તેના કુળમાં સરસ્વતીનો વાસ હોવાથી તે શ્રીકંઠ પણ કહેવાતો. લોકો તેનું સુકુમાર સૃષ્ટિસૌંદર્યનું વર્ણન સાંભળી પોતા પાસે રાખ્યો. કરુણ રસ તો ભવભૂતિનો જ. તેણે ઉત્તર રામચરિત, મહાવીરચરિત અને માલતી માધવ, આ ત્રણ ઉત્તમ નાટક લખી સંસ્કૃતમાં સારો ફાળો આપ્યો છે. કહેવાય છે કે, એક શ્લોકની તુલનામાં સરસ્વતીએ અમૃતબિંદુ નાખીને તેનું પલ્લું ભારે કર્યું હતું. તે કવિ કાલિદાસનો સમકાલીન હતો. ઇતિહાસકારો માને છે કે, આ કવિ સાતમા સૈકાની આખરે કે આઠમા સૈકાના પ્રારંભે થઈ ગયો છે. તે કાન્યકુબ્જના રાજા યશોવર્માની પાસે રહેતો હતો. તે ન્યાયશાસ્ત્ર, વેદાંત, મીમાંસાને જાણનાર અને પવિત્ર મૂર્તિસ્વરૂપ હતો. કોઈ કહે છે કે, ઈશ્વરે ત્રિપુરૂપે આવીને આ કવિને ભૂતિ આપી હતી, એટલે ભવસ્વરૂપ ભગવાનથી ભવભૂતિને વિભૂતિ મળેલી. વિનોબા લખે છે કે: સંસારના સર્વ રસ કરુણરસની ગુલામીમાં લાગી રહેનાર છે, આ વાત સમાજના

ચિત્ત ઉપર અદ્રિત કરી દેવા ભવભૂતિએ અનેક પ્રકારે પ્રયત્ન કર્યો, પરંતુ તત્કાલીન વિદ્યાલોલુપ ઉન્મત્ત સમાજને તે માન્ય ન થયું. તેણે ભવભૂતિને જ ફેંકી દીધો, પરંતુ કવિએ પોતાની આશા છોડી નહિ, કારણ કે શાશ્વત કાલ ઉપર તેને વિશ્વાસ હતો

૨. જી. મહાદેવની વિભૂતિ.

૩. જી સંસારનો વૈભવ

ભવભૈરવ [સં.] પું. એ નામે એક ભૈરવ તેની મૂર્તિ પ્રયાગ નામના પીઠસ્થાનમાં છે.

ભવભોયું ન. અપજશ.

ભવભ્રમણ [સં.] ન. સંસારમાં જન્મ લઈને ભટકવું તે; સંસારમાં રખડપટ્ટો

ભવભ્રાંત [સં ભવ (સંસાર) + ભ્રાન્ત (ભાર્યો)] પું. સંસારથી ભરમાવનાર ભાર્યા.

અહર્ષ વળતું પૂછ્યું.. ભવભ્રાંતજી રે

પ્રેમા.

ભવમંદિર [સં.] ન. શંકરનું મંદિર.

ભવમોચન ૧. [સં. ભવ (સંસાર) + મોચન (છુટકારો)], પું. ભવસાગરમાંથી મુક્તિ અપનાર શ્રીકૃષ્ણ.

૨. વિ. પુનર્જન્મથી મુક્ત કરનાર; ભવસાગરમાંથી મુક્તિ આપનાર.

ભવયમુનાતટ [સં. ભવ (દુનિયા) + યમુના (એક નદી) + તટ (કિનારો)]; પું. દુનિયારૂપી યમુનાનો કિનારો.

લે ! લે ! પેસ ભવયમુનાતટ રમવા રે;
અનહદ રે વન.ટે ગોવિંદ વાસળી.

નાનાલાલ

ભવર જી. ભમ્મર.

ભવરચના [સં.] જી. સૃષ્ટિની રચના.

ભવરજ્જુ [સં.] ન. સંસારરૂપી રજ્જુ; ભવાટવી. અમર અમર જન તેહ, મરે જે દેશ ભ્રમમાં; પ્રેમ રોપ્યું તે તેજ ખરે બહુ આ ભવરજ્જુમાં.

નર્મદાશંકર

ભવરણ પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. ભગણી પિંગળ પ્રમાણે તે ઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૨૪ લઘુ મળી ૪૦ વર્ણની ૫૬ માત્રા હોય છે.

ભવરા [હિ.] પું. ભમરો.

ભવરાવલિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને ભ્રમરાવલિકા પણ કહે છે. તેના દરેક ચરણમાં પાંચ સગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ભવરોજ [સં. ભવ + રુજ્ (રોગ)] ન. સંસારરૂપી રોગ.

સેવ દેવ દેવેશ દયા, ટાળે ભવરોજને.

દયારામ

ભવરોત [સં. ભવરુત્] પું. મુકદું ઉઘાડતી વખતે બળવાનું નગારું.

ભવરૂપધક [સં. ભવરૂપધૃક્] જી. નર્મદાના કાંઠાનું એક ગામ.

ભવરોગ [સં.] પું. સંસારરૂપી રોગ; જન્મમરણ.

ભવરોગ અબોધ જાણી, પ્રાણી કરે કોઈ વિચાર; એહ વિના ઔષધિ એકે નથી, નિશ્ચય નિર્ધાર.

નિષ્કુલાનંદ

ભવર્ષ ન. ભવકનું એક રાશિચક્ર કિંવા એક વર્ષ. ભવકના એક વર્ષમાં દિવ્યમાનનાં ૩૦ રાશિચક્રો એટલે ૩૦ દિવ્ય વર્ષો, પૈત્યમાનનાં ૩૬૦ રાશિચક્રો અથવા ૩૬૦ પૈત્ય વર્ષો, મનુષ્ય કિંવા સૌરમાનના ૧૦,૮૦૦ રાશિચક્રો અથવા ૧૦,૮૦૦ સૌર વર્ષો અને ચાંદ્રમાનના ૧,૨૯,૬૦૦ રાશિચક્રો અથવા ૧,૨૯,૬૦૦ ચાંદ્ર વર્ષો થાય.

ભવલય ૧. [સં] પું. (જ્યોતિષ) ક્રાંતિવૃત્તની આસપાસનો નક્ષત્રના તારાઓવાળો પ્રદેશ; નક્ષત્રયોગ. તે પ્રદેશને ભયોગ અથવા ભચક્ર પણ કહે છે.

૨. ન. ગ્રહનક્ષત્રોનું મંડળ; અંતરિક્ષ.

ભવવન [સં.] ન. સંસારરૂપી વન.

ન ભટકું ભવવનમાં મ્હારે,
ભમીશ હો ઘણો ભમીશ;
અદ્રિજ મ્હારો ધરીનો ઉકેલે,
આ મ્હારી હરિ કુંજ.

નાનાલાલ

ભવવાહ [સં.] પું. સંસારનો રસ્તો.

ભવવામા [સં. ભવ (શંકર) + વામા (સ્ત્રી)] જી. પાર્વતી; ભવાની.

ભવવારિ [સં. ભવ + વારિ (પાણી)] પું. દુનિયારૂપી સમુદ્ર; સંસારસાગર; ભવજલ.

ભવવારિધિ [સં. ભવ + વારિધિ (સાગર)] પું. સંસારરૂપી મહાસાગર; ભવોદધિ.

ભવવિદિત [સં. ભવ (દુનિયા) + વિદિત (પ્રખ્યાત)] વિ. આખા જગતને જ્ઞાત; જગવિખ્યાત.

ભવવિપાકીકર્મ [સં. ભવ (સંસાર) + વિપાકિન્ (વિપાકવાળું) + કર્મન્ (કર્મ)] ન. (જૈન) જેના ફળથી જીવ સંસારમાં રોકાય તેવું કર્મ.

ભવવિપાકીપ્રકૃતિ [સં. ભવ (સંસાર) + વિપાકિન્ (વિપાકવાળું) + પ્રકૃતિ (સ્વભાવ)] જી. (જૈન) સંસારમાં રોકી રાખે એવી કર્મપ્રકૃતિ. તે ચાર છે: નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

ભવવિલાસ ૧. [સં.] પું. માયા.

૨. પું. સંસારનું સુખ.

ભવવીતિ [સં.] જી. જગતનો નાશ; સંસારમાંથી મુક્ત થવું તે.

ભવવ્યથા [સં.] જી. સંસારનું દુઃખ.

ભવશક્તિ ૧. જી. શક્તિ; તાકાત; સ્ફૂર્તિ; ચેતના; હૃદય

ભવશક્તિ ઘણની = સ્ફૂર્તિ આવવી; ચેતના આવવી.

૨. [સં. ભવિષ્ય] ન. નસીબ; કરમ; ભાગ્ય; ભવિષ્ય.

ભવશા ૧. જી. ભાન; હોંશ ઘણની તે.

૨. ન. ભવિષ્ય.

ભવશૂલ [સં ભવ (સંસાર) + શૂલ (પેટની વેદના)] પું. સંસારનું દુઃખ.

ભવશૌકર્ણિનારિની [સં.] જી. નર્મદાનાં કાંઠાનું એક ગામ.

ભવસમુદ્ર [સં.] પું. ભવસિંધુ; સંસારસાગર; ભવસાગર.

ભવસંજ્ઞાહીન [સં.] વિ. સંસારના જ્ઞાન રહિત.

કવિ કહ્યા ભણે કથનાર,
ભવ ભરમણ થકી છૂટવાનું ભાઈ;
અવહર ગીત ગ્રહ આજપીને,
ભવસંજ્ઞાહીન કીધી છે બહુને. રાસગ્રોપ૬

ભવસંભવ [સં.] વિ. સાંસારિક; સંસારમાં બનતું.

ભવસાખ પું. (સંગીત) એક પ્રકારનો રાગ. તે ખિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને રાતના બીજા પ્રહરે ગવાય છે.

ભવસાગર [સં] પું. સંસારરૂપી સમુદ્ર; ભવસિંધુ; જગત; ભવાબ્ધિ.

હું ભવસાગરનું એક અમોલ મોતું થઈ બનવાપણે સંસારમાં એકલો અથડાઈશ.

સરસ્વતીચંદ્ર

ભવસાર પું. જન્મ

સફળ જનમ સદગત, સફળ જનમ જગ સૂરમા,
સફળ જોવી ભવસાર પુર જય પ્રભુ પ્રતાપ રહી.

સુદામાચરિત્રની

ભવસિદ્ધિક [સં.] વિ. (જૈન) સિદ્ધિ પામવાને યોગ્ય; મોક્ષ પામવાની યોગ્યતાવાળું.

ભવસિંધુ [સં ભવ + સિંધુ (સાગર)] પું. ભવાબ્ધિ; ભવસાગર; સંસારરૂપી સમુદ્ર.

ભવસિંધુતારણ [સં.] વિ. ભવરૂપી દરિયો તારનાર

ભવસિંધુસેતુ [સં. ભવ (સંસાર) + સિંધુ (સમુદ્ર) + સેતુ (પુલ)] પું. સંસારરૂપી સમુદ્રની પાળ.

ભવસ્થ [સં.] વિ. સંસારમાં રહેલ.

ભવસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. (જૈન) કોઈ પણ જન્મ પ્રાપ્ત કરી એમાં વધુમાં વધુ જેટલો સમય જીવી શકાય તેટલી મુદત; જે ભવમાં જીવ ઉત્પન્ન થાય તેમાં જેટલો વખત તે રહે તેટલી કાળની મર્યાદા.

પૃથ્વીકાયની ભવસ્થિતિ બાવીસ હજાર વર્ષ, અપ્કાયની સાત હજાર વર્ષ, વાયુકાયની ત્રણ હજાર વર્ષ અને તેજસ્કાયની ત્રણ અહોરાત્રની ભવસ્થિતિ છે. તત્ત્વાર્થસૂત્ર

૨. સ્ત્રી. જન્મમરણ.

૩ સ્ત્રી. દેવ આદિ યોનિમાં ઉત્પત્તિના કાળની મર્યાદા.

ભવસ્થિતિપરિપાક [સં.] પું. મોક્ષ; મુક્તિ.

ભવહર [સં] પું. મહાદેવ; ભવાંતક.

ભવહૂંત્રી [સં. ભવ (સંસાર) + હંત્રી (હણનારી)] સ્ત્રી. નર્મદાનાં હલ્કાર માંહેનું એક નામ.

ભવહારિણી [સં.] વિ. સ્ત્રી. પુનર્જન્મનો નાશ કરનારી.

આરાધું હવ ભાવ નિજ ભવભૂતીના ભવહારિણી મહાવાક્ય

ભવંત [સં.] પું. કાળ; સમય.

ભવંતી [સં.] સ્ત્રી. વિષ પામેલું પાણી.

ભવંશ જુઓ ભવરા.

ભવા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉંદરકણી.

૨. સ્ત્રી. ભવાની. પાર્વતી

હમા અપણા દિયેની મોરી ગિરિજા હોઈ.
મૂઢ, ચડિયા અભિમા ભવા ભવાની સોઈ.
પિંગળપ્રકાશ

ભવાઇયો પું. તરભાળો; ભવાઈનો ધંધો કરતો માણસ.

ભવાઈ ૧. સ્ત્રી. ભવાડો; ફજેતી.

૧. ભવાઈ થવી = ફજેતીનો ખેલ થવો, વગોવણ થવું; કોઈની નાદારી આબરૂની લોકને ઠમકુ થવું; ભેગાભરૂ થવી.

૨. ખૂંખાર વનચરની–વિનાની ભવાઈ = ભલી ભવાડો; ફજેતી.

૨. [ભાવ (નાટકનું પાત્ર) + આઈ (ભાવવાચક નામ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી વેશ કાઢીને ખેલ કરવો તે; અમુક માણસની રીતભાત, વાણી અને માણાનું તેના જેવો જ વેશ થઈને અનુકરણ કરી બતાવવું તે; એક જાતનો નાટકને મળતો ખેલ; હલકા પ્રકારનું નાટક; ખેલના; ભવાયાની રમત. આ શબ્દ મૂળ શબ્દ ભવવહી ઉપરથી આવેલ છે. ભવવહી એટલે આપણા આ ભવની વહી. માણસ બે વહી જુએ ને પોતાની જાતને ઓળખતાં શીખે, એવો ભવવહી કે ભવાઈ નો મૂળ અર્થ છે. આ સંસારમા આપણું મૂળસ્વરૂપ તો એક જ છે, પણ સૌ જુદા જુદા પાઠ ભજવીએ છીએ, એનું જ્ઞાન કરાવીને માણસને ધર્મના માર્ગે વાળવાના ઉદ્દેશથી ભવવહીની યોજના થયેલ છે. ભાણ અને ભાવિણ જેવા ખેલો કરનારા ભાંડ કહેવાતા. ભવાઈનો સંબંધ સંસ્કૃત રૂપક ભાણ અને ઉપરૂપક ભાવિણા સાથે હોઈ શકે. ભવાઈમા ઉદ્દેશ ધર્મ તથા નીતિના ઉપદેશનો હોય છે. રસ કરુણ હાસ્ય રસ અને કોઈ પ્રસંગે સહકારી બીભત્સ રસ હોય છે. પડદા વગેરેને માટે એ લોકો મોટા રૂમાલ બાંધી દે છે કે જેની પાછળ જે જે વેશ બજવવો હોય તે તે વેશને અનુરૂપ કપડાં પહેરી તેઓ જવનિકાતર પ્રદેશથી ભાણ પ્રદેશમાં આવી સભ્ય જોતા સમક્ષ અભિનય કરે છે. આટલું નાટક સાથે સામ્યપણું છે. એમાં નાયક એ વર્ણસ્થિત નાટકોના સૂત્રધારનું કર્તવ્ય કરનાર પાત્ર અને રેમજો એ વિદૂષકનું કર્તવ્ય કરનાર પાત્ર, એ બે કોઈ કોઈ વેશમા હોય છે. ભવાઈનું સાહિત્ય વિશાળ નથી, પણ સાહિત્યનો વિચાર કરતા એ સાહિત્યને ભૂલી જઈ શકાય એવું નથી. જનસમાજ ઉપર તેણે ખાસ કાર્ય કર્યું છે. અસંસ્કૃત લોકોના મન ઉપર સચોટ અસર પહોંચાડવાનું એ સાધન હતું. જોકે ભવાયા અભણ હતા અને તેમની ચાચાવૃત્તિએ તેમનામાં કોઈ ઉચ્ચ આદર્શ રહેવા દીધો ન હતો, તોપણ રનેહનાં, શૌર્યનાં અને દુરાચારનાં ચિત્રો બહુ જ અસરકારક રીતે તેઓ લોકો આગળ રજૂ કરતા. ત્યાં સુધારણાના કોઈ પણ સંસ્કાર પહોંચી શકે એવું ન હોવું, ત્યાં તેઓ મેલાઘેલા પણ કંઈક આદર્શ રજૂ કરતા. ભવાઈ થઈ ત્યા પછી મહિનાઓ સુધી લોકો મોટે ઘડી ગયેલી ટૂચો વારંવાર ગાતા અને આનંદ મેળવવાના ઉદ્દેશમાંથી અજાણપણે કંઈ કંઈ અસર પામતા. ભવાઈનું સાહિત્ય ઘણુંખરું જૂની ગુજરાતીમા છે. ભવાઈ એ સિદ્ધરાજ જયસિંહના વખતમાં ચલણી થઈ છે. જૈન કથાનકોમાં એવી વાત છે કે, એક વાર સિદ્ધરાજ નાટક જોવા બેઠો હતો. આ નાટક તે જ ભવાઈનું મૂળ સ્વરૂપ લોકોને માટે હરકોઈ કેસ્સો ખોળ આપે અને સહેલાઈથી ભજવી શકાય એવું રૂપ આપતાં નાટકે આ રૂપ લીધું. નાટક કરવાની કળા તો આપણામા ઘણા પ્રાચીન કાળથી આવી છે, પણ અત્યારે આપણે જેને ભવાઈ ને નામે ઓળખીએ છીએ, તેનું નાટક સિદ્ધરાજના વખતથી ચાલતું થયું. ભવાઈ અને નાટકમાં મુખ્ય અંતર તો એ જ છે કે, ભવાઈ તે એક જ વાર્તા કે કથાનો પ્રયોગ નથી. જનતાના જુદા જુદા કેટલાક જાતિના છૂટક છૂટક પ્રયોગો ભવાઈમાં થાય છે. જેમકે, મિયાંબીબીનો વેશ, ઢોરા તો વેશ, કલેડાનો વેશ. તેમાં મુખ્ય હાસ્ય રસ હોય છે અને તે હાસ્ય રસને બીજા રસોમા કોઈ જગ્યા હોય છે અશ્લીલ અને બીભત્સ બનાવી દે છે.

ભવાઈ કરવી = કોઈ જાતિ બની, વેશ ભજવીને દેવીનાં કીર્તન કરવાં

ભવાચલ [સં] પું. મારવાડની પૂર્વે આવેલ એક પર્વત; કૈલાસ પર્વત.

ભવાટવિ [સં] સ્ત્રી. સંસારરૂપી અટવી; સંસારરૂપી અરણ્ય.

ભવાટવિતરત્નચક્રા [સં. ભવાટવિતરત્નચક્રા] પું. પુરુષોત્તમનાં હલ્કાર માંહેનું એક નામ.

ભવાડવી જુઓ ભવાટવિ.

ભવાડવું (ભવાડવું) ૧. સ. ક્રિ. દેખાડવું.

ચક્રબાણનું ત્રિભંગ વાજ રહે અદ્ભુ ભવાડું આજ.
કાન્હડદેપ્રબંધ

૨. સ. ક્રિ. ભગાડવું.

રહે ભવાડી જમહું રાખી, કહે બંધ પ્રમાણ.
કાન્હડદેપ્રબંધ

ભવાડો (ભવાડો) ૧ પું. કોઈ પણ વાતની ચૂંથાચૂંથી કરવી તે; સાંસારિક આડો ઝમેલો; લોક હસે ને મશ્કરી કરે એવી, નહિ બોલવાની લડાઈ, તોફાન કે ધાંધલ.

૨. પું. ગેરઆબરૂ; અપકીર્તિ; ફજેતો.

૧. જગત ભવાડો = નામોશી; અપજશ; જાહેર નામોશી.

૨. નાનો ભવાડો = નાનામી ફજેતી; મોટા કેવા વિના નામોશી.

૩. ભવાડો કરવો = ફજેતી કરવી.

ભવાત્મજ ૧. [સં. ભવ (શંકર) + આત્મજ (પુત્ર)] પું. કાર્તિકેય સ્વામી

૨. પું. ગણેશ

ભવાત્મજા [સં] સ્ત્રી. મનસા દેવી.

ભવાત્મા [સં. ભવાત્મન્] પુ. શિવનાં હલ્કાર માંહેનું એક નામ

ભવાદ સ્ત્રી. સામગ્રી; મસાલા.

ભવાદરસ [સં. ભવ (સંસાર) + આદરસી (આરસી)] પું. સંસારરૂપી આરસી.

દુખને દુખ, સાધુને સાધુ ભવાદરસમા ભાસે.

ભવાન ૧ પુ. આત્મજ; પુત્ર

૨. [સં. ભવત્] પું. નામદાર; નેક નામદાર સંસ્કૃતમાં સન્માનિત પુરુષોને ભવાન ને સ્ત્રીઓને ભવતી કહે છે

> સ્વયં પોતાના સામ્રાજ્યમાં વારંવાર ભગવાન અથવા ભવાન સંબોધનથી સંબોધે છે પુરાતત્ત્વ

૩. સ આપ; પોતે

> ભવાન ભીષ્મ ને કર્ણ દ્રોણ ને અશ્વત્થામા વિકર્ણ કૃપ ને વળી [illegible] ગીતા

ભવાની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ તેનું સ્થાન સ્થાનેશ્વરમાં છે.

> સ્થાનેશ્વરમા ભવાની નામની દેવીનો પીઠ છે. ભગવતી ભાગવત

૨. સ્ત્રી. ગગાનાં કાંઠાનું મોહેનું એક નામ.

૩. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું મોહેનું એક નામ

૪. સ્ત્રી. પાર્વતી; દુર્ગા દેવી; ગૌરી; કાર્યાણી; ગિરિજા; ઉમા; મેનકાત્મજા; કાત્યાયની, કાલી અથવા કાલા, હૈમવતી, ઈશ્વરા અથવા ઈશ્વરી, શિવા અથવા શિવી, ભવાની, રુદ્રાણી, સર્વમંગલા, અપર્ણા, મૃડાની, ચંડિકા અને અંબિકા એ ભવાનીના પર્યાય શબ્દો છે.

૫. સ્ત્રી. ભાંડમાની એ નામની એક અટક

૬. સ્ત્રી. શિવાજીની પસરિયની તરવારનું નામ. તેમાં બંને બાજુએ બે ઊંડી લીટી ને મૂઠ નજીક ભાલા પોલાદના ભાગ ઉપર સોનેરી ફૂલની નકશી છે. મૂઠ ગોઠની છે. મૂઠના ઉપર ભોગરો ને તેના ઉપર સોનેરી ફૂલની નકશી છે. તેમાં નજીક નજીક હીરા ને લાલ બેસાડેલાં છે. શિવાજી મહારાજની પરાક્રમદેવતા ભવાની તરવાર હતી. શિવાજી મહારાજની યશઃસિદ્ધિનું મુખ્ય સાધન ભવાની તરવાર જ. એ જાતના ભ્રમસુધી દરેક હિંદુના અંતઃકરણમાં વાસ કરે છે, આસુધી તેનું મહત્ત્વ સમજી શકવા માટે કંઈ વાદ દેવરાવવાની જરૂર નથી. સ્વરાજ્ય સ્થાપવાનો પોતાનો પંદરી રીતે નાખ્યા પછી, સામાન્ય જનદૃષ્ટિએ આ લોકનું અવતારકાર્ય પૂરું કરી સન ૧૬૮૦માં શિવાજી મહારાજે સ્વર્ગારોહણ કર્યા પછી કોલ્હાપુર નગરીમાં તે તરવારની દેવગૃહમાં સ્થાપના કરવામાં આવી આ તરવાર સર્વ મહારાષ્ટ્રની રાષ્ટ્રીય સંપત્તિ માનવામાં આવતી. કોલ્હાપુરના મહારાજા તરફથી આ તરવાર રાઇનસાહેબ ઓડવર્ડને ભેટ તરીકે આપવામાં આવી. હાલ તે લંડનના બ્રિટિશમ્યુ મહેલમાં રાખવામાં આવી છે.

> આહો ભવાની મા ન હાલડો, આમલો; જેનામાં પુરુષાર્થ ન હોય એવો પુરુષ; હીજડો.

૭. સ. એ નામની અટકનું માણસ

૮. વિ. એ નામની અટકનું

ભવાની અષ્ટમી [સં. ભવાની (એક દેવી) + અષ્ટમી (આઠમ)] સ્ત્રી. ચૈત્ર સુદિ આઠમનો દિવસ. તે દિવસે ભવાનીની પૂજા કરાય છે.

ભવાનીગુરુ [સં.] પું. હિમાલય પર્વત.

ભવાનીપતિ [સં.] પું શંકર; મહાદેવ; શિવ

ભવાનીપુર [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; કરતવાતટ ત્યાં સતીનો ડાબા પડખાનો ભાગ પડ્યો હતો. વૈશાખ મહિનાના શનિવાર તથા મંગળવારે અને રામનવમી અને દિવાળીના રોજ અહીં મેળો ભરાય છે.

ભવાનીશંકર [સં. ભવાની (પાર્વતી) + શંકર (શિવ)] પું. શંકર અને પાર્વતી

ભવાન્યુત્પત્તિ [સં. ભવાની (દુર્ગા) + ઉત્પત્તિ (જન્મ)] સ્ત્રી ચૈત્ર સુદિ આઠમ.

ભવાપરા [સં.] સ્ત્રી. ચોમઠ માંહેની એ નામની એક માનસતત્ત્વદેવતા.

ભવાબ્ધિ [સં. ભવ + અબ્ધિ (સમુદ્ર)] પુ. સંસારરૂપી સમુદ્ર; ભવસાગર; ભવસમુદ્ર; ભવસ ઘર.

> સો સરવારો કમલાક્ષ તુંમા,
> કાની સમાધિથી ચિત્તે જડેલા;
> માનેલ સર્વોત્તમ તુજ પાયે,
> નાવે ભવાબ્ધિ નડ્યો કરે છે.

ભાગવતપુષ્પાંજલિ

ભવાભવ ૧. પું. ઊગવું અને પડવું

૨. પું. ભવ અને અભવ.

૩. પું. (બૌદ્ધ) શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ

ભવાભાવ ૧. [સં.] પું. ઉત્પત્તિનો અભાવ.

૨. પું. સંસારનો અભાવ.

ભવાભિનંદી [સં. ભવ (દુનિયા) + અભિનંદિન્ (આનંદ કરનાર)] વિ. પૃથ્વી ઉપર આનંદ કરનાર.

ભવાભિભાવી ૧. [સં. ભવાભિભાવિન્] વિ. જગતમાં શ્રેષ્ઠ

૨. વિ. સંસારનો તિરસ્કાર કરનાર.

ભવાભીષ્ટ ૧. [સં] પું. ગૂગળ.

૨. વિ. સંસારમાં ચાહેલું; સંસારમાં પ્રિય.

ભવાયન [સં.] પું. શિવનો ઉપાસક; શૈવ.

ભવાયની [સં.] સ્ત્રી. ગગા નદી.

ભવાયા ૧. પું. બ. વ. તરવાળા.

૨. સ્ત્રી. એ નામની પંજાબ પ્રાંતની એક કોમ આ કોમ હજાર વિદુમાંથી ઊતરી આવેલી છે. તેઓ ભવાઈનો ધધો કરે છે, તથા ગામડાંમાં ગરબાઈ પણ બનાવે છે. વાઘરી જે ગામમાં ન હોય ત્યાં દાતણ કાપવાનું કામ પણ કરે છે. ભવાયા પોતાને ભવાયા તરીકે ન ઓળખાવતાં નાયક તરીકે સંબોધન કરાવે છે. ભવાયા મોટે ભાગે કોળીઓના જ્ઞાતિ હોય છે.

૩. ન. એ નામની કોમનું માણસ.

૪. વિ. એ નામની કોમનું.

ભવાયો ૧. પું. નાટકનો પાત્ર.

૨. પું. ભવાઈ કરનારો માણસ; ભવાઈનો નટ; વેશ ભજવનારો પુરુષ; તરવાળો; નાદડી.

૩. પું. ભવાડો કરનારો માણસ, કજોડી કરતાં અને કરવતાં લાજે નહિ એવો માણસ; નાદડ માણસ.

૪. પું. ભાવદર્શક જોવા દેખાવની ઊંચી અને પુરુષ જેવી ચાલ તથા હાવભાવવાળી સ્ત્રી; ખેળો; નાટક કે ભવાઈમાં સ્ત્રીનો વેશ લેનાર પુરુષ.

૫. પું. શરમ વિનાનો માણસ.

ભવારણ્ય [સં. ભવ (સંસાર) + અરણ્ય (જંગલ)] ન. સંસારરૂપી જંગલ; ભવરૂપી અટવિ.

ભવાર્ણવ [સં. ભવ (સંસાર) + અર્ણવ (દરિયો)] પું. ભવાબ્ધિ; સંસારરૂપી સાગર; ભવસાગર.

ભવાર્તિ [સં. ભવ (સંસાર) + અર્તિ (પીડા)] સ્ત્રી. સંસારી પીડા; દુઃખ.

ભવાર્તિભંજન [સં. ભવ (સંસાર) + અર્તિ (પીડા) + ભંજન (નાશ કરનાર)] વિ. સંસારરૂપી પીડાનો નાશ કરનાર.

> વાસુદેવ ભવાર્તિભંજન સ્વયં શ્રી ભગવાન. સનેશ્વર

ભવાલી સ્ત્રી. ભવાઈ; ભાગળદાઈ

ભવાશ્મ [સં.] પું. (બૌદ્ધ) ચાર માંહેનો એક પ્રકારનો આશ્રવ.

ભવાંત ૧. [સં.] વિ. દુનિયાનો છેડો.

૨. વિ. ભવનો અંત કરનાર; મોક્ષના કારણરૂપ.

ભવાંતક [સં. ભવ (સંસાર) + અંતક (અંત આણનાર)] પું. શિવ; શંકર.

ભવાંતકૃત ૧. [સં. ભવાંતકૃત્] પું. બુદ્ધ.

૨. વિ. સંસારનો નાશ કરનાર જ્ઞાની.

ભવાંતર [સં. ભવ (જન્મ) + અંતર (બીજું)] પું. જન્માંતર; બીજો ભવ; પરભવ; અન્ય ભવ.

> જીવ ભવાંતરમાંથી આવે છે અને પુનઃ ભવાંતરમા જાય છે. જ્ઞાનસાગર

ભવાંતરે ૧. અ. અન્ય જન્મમાં.

૨. અ. પૂર્વજન્મે.

ભવાંભોધિ [સં ભવ (સંસાર) + અંભસ (પાણી) + ધિ (સાગર)] પું. ભવસાગર

ભવિ [સં] વિ (જૈન) મોક્ષની યોગ્યતા ધરાવનાર; વહેલે મોડે મોક્ષ પામનાર

ભવિક ૧. [સં.] ન. આબાદી; કલ્યાણ; કુશલ; ક્ષેમ. શિવ, ભદ્ર, મંગલ, શુભ, આયુક, ભવ્ય, શ્રેસ્ત એ ભવિકના પર્યાય શબ્દો છે.
૨. વિ. કુશલી ક્ષેમયુક્ત
૩ વિ. લાભદાયી; ઉપયોગી
૪. વિ. સિદ્ધ થવાને યોગ્ય; મોક્ષ પામવા લાયક.
૫ વિ સુખી, આબાદી.

ભવિક જન [સં.] પું. ભવ્ય જન; મોક્ષગામી જીવ

ભવિત ૧. [સં.] વિ. ઉત્પન્ન થયેલ; જન્મેલ.
૨. વિ. બનેલું, થયેલું.
૩. વિ. જીતેલું.

ભવિતવ્ય ૧ [સં.] ન. બનવાનું હોય તે.
૨. ન. ભવિષ્ય; નસીબ
૩. વિ. અવશ્ય થવા લાયક; હોવા લાયક.
૪. વિ. ભવિષ્યમાં બનનારું; હોનારું.

ભવિતવ્યજ્ઞાપન [સં.] ન. પ્રસિદ્ધિપત્ર; વિજ્ઞાપનપત્ર.

ભવિતવ્યતા ૧. સ્ત્રી. ગંભીરપ; ઋજુતા.
૨. [સં. ભવિતવ્ય (બનવા યોગ્ય) + તા (પણું)] સ્ત્રી. દૈવ; પ્રારબ્ધ; ભાગ્ય; કિસ્મત.
૩. સ્ત્રી. પૂર્વસંચિત પાપોનું ફળ.
૪. સ્ત્રી. ભાવિની દશા. વિનોબા લખે છે કે: કવિની દૃષ્ટિ શાશ્વત કાળ તરફ રહેતી હોઈઝે. અનંત કાળની તરફ નજર રાખ્યા વિના ભવિતવ્યતાનો પડદો ખૂલતો નથી. પ્રત્યક્ષથી અંધ ચર્મચક્ષુ બુદ્ધિને સનાતન સત્ય ગોચર નથી થતું.
૫. સ્ત્રી. વિશાળતા.
૬. સ્ત્રી હોનાર તે; જે થવાનું તે; ભાવિ; ભવિષ્ય; અવશ્ય થવાપણું; અવશ્યભાવ.

ભવિતવ્યતાવાદ [સં.] પું. પ્રારબ્ધવાદ; દૈવાધીનતા; નિયતિવાદ; દૈવવાદ; કર્મવાદ.

ભવિતવ્યતાવાદી [સં. ભવિતવ્યતાવાદિન્] વિ. પ્રારબ્ધવાદી; દૈવાધીનતાવાદી; નિયતિવાદી, દૈવવાદી; કર્મવાદી; નસીબવાદી.

ભવિતા ૧. [સં ભવિતૃ] વિ. ઉત્પન્ન થનાર.
૨. વિ. થનાર; બનવાનુ, હોનાર; ભૂષ્ણુ; ભવિષ્ણુ.

ભવિપુલા પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ વક્ત્રાદિનો ભેદ છે તેમાં વિષમ પાદે ચોથા અક્ષર પછી ભગણ આવે, સમ પાદમાં ભગણ, નગણ, તગણ કે જગણમાંથી કોઈ આવે, બધી વિપુલા મુજબ હોય.

ભવિષ્ણુ પું (જૈન) ભવ્ય જીવ; મોક્ષનો અધિકારી જીવ; ભવી

ભવિષ્ણુ [સં.] ૧. પું. ભાવ પદાર્થ; અભિચારી.
૨ વિ ભાવ, ભિનાશવું
૩. વિ. ભવ્ય.
૪ વિ હોનાર; થનાર.

ભવિષ્ય ૧. ન. કિસ્મત; ભવિષ્ય

પ્રીત કદાપિ કેઈ યહી ન જોડીએ કો,
બની ભવિષ્યથી તો પ્રાણ અવે નવ તોડીએ તો.
દય.રામ

૨. ન મિલકત; મતા; માલ.

ભવિષ્ણુ [સં.] વિ. હોનાર; ભવિતા; ભૂષ્ણુ.

ભવિષ્ય ૧. [સં.] ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.
૨. ન. દોલત; ધન; પૈસો; વારસો.
૧. ભવિષ્ય આપી દેવું-બંધાવવું = ઘરે મોટી રકમ કે કીમતી વસ્તુ આપી દેવી.
૨. ભવિષ્ય આવું = વારસો ભોગવવો
૩. ન બનવાની વાત જ્યોતિષી કહેવી તે; જ્યોતિષ ઉપર બનવાનું હોય તે અનુમાન, બીજા ચિહ્ન, ગ્રહોની ચાલ વગેરે ઉપરથી કહેવું તે.
ભવિષ્ય કહેવું-વર્તવું-વર્તાવવું = (૧) ભવિષ્યમાં બનવાનો બનાવ પહેલેથી કહેવો (૨) જ્યોતિષી કે નસીબની વાત કહી બતાવવી.
૪. ન. ભવિષ્યકાળ; વર્તમાનકાળ પછીનો કાળ.
૫. ન. ભાગ્ય; કર્મ; પ્રારબ્ધ; દૈવ; નસીબ; કિસ્મત; ભા.વિ.
૬. ન. મરણ
ભવિષ્ય થવું = મરી જવું; ગુજરી જવું
૭ ન. વિધાતાના લેખ; ભાલલેખ; નિર્ભોગ.
૮. ન. હવે પછીના સમયમાં જે બનવાનું તે; આવતા કાળમાં જે બનવાનું તે; ભાવિ. ગાંધીજી લખે છે કે: વરસો પૂર્વ ત્રિકમ ઓનેસજી નામનું પુસ્તક મેં જોયું હતું. તેમાં મેં વાંચ્યું હતું કે, આપણું ભવિષ્ય કર્મક અંશે આપણા ભૂતકાળનું ફળ હોય છે. અમારી ભારતીય અહાની સાથે આ વિચાર તદ્દન મળતો આવતો હોવાથી મારા દિલમાં તે સંચરાઈ રહ્યો છે. આપણે બને જ આપણું પોતાનું ભાવિ નિર્માણ કરીએ છીએ વર્તમાન સુધારવાનું કે બગાડવાનું આપણા હાથમાં છે અને વર્તમાન પર ભવિષ્યનો સર્વ આધાર છે
૯. વિ. હવે પછીનું; થનાર કે હોનાર; આવતું. ભવિષ્યમાં થવાનું; આવતા કાળનું.

ભવિષ્યકથન [સં.] ન. ભવિષ્યવાણી; ભવિષ્ય ભાખવું તે.

ભવિષ્યકાલ [સં.] પું. આવતો કાળ; આવનાર સમય; આવાતિ. વિનોબા લખે છે કે: કુરાને શરીફમાં પાંચ એવી વસ્તુઓ બતાવેલી છે કે, જેમાં માત્ર પરમેશ્વરની જ સત્તા છે મનુષ્ય પ્રાણીની સત્તા બિલકુલ નથી તેમાંની એક છે ભવિષ્યકાલનું જ્ઞાન આપણે અંદાજ જરૂર કરીએ છીએ, પરંતુ અંદાજનો અર્થ જ્ઞાન નથી, ભવિષ્યનું જે જ્ઞાન આપણને નથી હોતું, તેમાં આપણું કલ્યાણ છે. તેમ જ ભૂતકાળની જે સ્મૃતિ આપણને નથી રહેતી, આ પણ બરોબર મોટી શુભ વાત છે. કોઈ દુર્જન જો સજ્જન બનીને પણ મારી સામે આવે, તોપણ તેના ભૂતકાળની સ્મૃતિ મને હોવાથી તેના પ્રત્યે મનમાં આદર થતો નથી. તે મને મેઠલું કહે, તેનાં પાછલાં પાપોને હું એકદમ ભૂલી શકતો નથી. સંસાર તેનાં પાપોને ભૂલી જશે ત્યારે તે મનુષ્ય મરી જઈને બીજા રૂપમાં આપણી સામે આવશે

૨. પું. (જ્યોતિષ) ત્રણ માંહેનો એ નામનો એક કાળ; જે કાળમાં ક્રિયા થવાની હોય તે કાળ.

ભવિષ્યકાળ જુઓ ભવિષ્યકાલ.

ભવિષ્યકૃદંત [સં.] ન. (વ્યાકરણ) ભવિષ્યકાળ સૂચક કૃદંત.

ભવિષ્યચિંતન [સં.] ન. ભવિષ્યને માટે વિચાર.

ભવિષ્યજ્ઞાન [સં.] ન. કેવો વખત આવશે અને કેવું થશે તેનો બોધ થવો તે.

ભવિષ્યત ૧. [સં ભવિષ્યત્] પું. ભવિષ્યકાળ.
૨. ન. પાણી.
૩. ન. હરિવંશનું એક પર્વ.
૪. વિ. બનવાનું; ભાવિ; બનનારું; ભવિષ્યનું.

ભવિષ્યત્કાલીન [સં.] વિ. ભવિષ્યના સમયનું.

ભવિષ્યદર્શન [સં.] ન. પૂર્વવિવેક; દૂરદૃષ્ટિ.

ભવિષ્યદર્શી [સં. ભવિષ્યદર્શિન્] વિ. ભવિષ્ય જોનાર

ભવિષ્યદ્ધનનિધિ [સં. ભવિષ્યત્ (ભવિષ્યનું) + ધના (ધન) + નિધિ (ભંડાર)] સ્ત્રી. ભાવિ પ્રસંગનિધિ; આજીવિકા સંચય; દીર્ઘકાલીન ભંડાર; દૂરદર્શી ભંડાર; 'પ્રોવિડંટ ફંડ'.

ભવિષ્યનિધિ જુઓ ભવિષ્યદ્ધનનિધિ

ભવિષ્યનિયામક [સં.] વિ. ભાવિ ઉપર કાબૂ ધરાવનાર.

ભવિષ્યપતન ૧. ન. આગળ ઉપર કામ પાડવું તે; ભવિષ્યમાં કામ પાડવું તે.
૨. ન સટો.

ભવિષ્યપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ. તે ચૌદ હજાર ને પાંચસો શ્લોકનું છે. તેમાં ભવિષ્ય કહેલું છે, તેથી તે ભવિષ્યપુરાણ કહેવાય છે.

ભવિષ્યભાખી જુઓ ભવિષ્યભાખી

ભવિષ્યભાષી [સં. ભવિષ્યભાષિન્] વિ. ભવિષ્ય કહેનાર

ભવિષ્યભૂત [સં.] પુ. (જ્યોતિષ) ચાંદ માહેનો એ નામનો એક મિશ્રકાળ. જેમાં, તે ચોપડી બાંધવાનો હતો

ભવિષ્યમદ્રક [સં.] પુ. એ મદ્રોની એ નામની એક જાતનો મદ્ર

આપમદ્રકથી ઊતરતા. ભાવિષ્યમદ્રક કહેવાય છે તે નામ

ભવિષ્યરેખા [સં.] સ્ત્રી. વર્તમાન સજોગોના બારીક અભ્યાસ પરથી, ને ઉપરથી દોરાતુ ભવિષ્યની આગાહીનું ચિહ્ન

ભવિષ્યવક્તા ૧. [સં. ભવિષ્યવક્તૃ] પું. ભવિષ્ય ભાખનાર માણસ; જોષી; દૈવજ્ઞ; જ્યોતિષ.

૨. વિ. ભવિષ્ય ભાખનાર, હવે પછી બનવાનું કહેનાર, પૂર્વવાદી

ભવિષ્યવર્તમાન [સં.] પુ. (જ્યોતિષ) ચાંદ માહેનો એ નામનો એક મિશ્રકાળ. જેમાં, તે ચોપડી બાંધવાનો છે.

ભવિષ્યવાચ જુઓ ભવિષ્યવાણી.

ભવિષ્યવાણી [સં.] સ્ત્રી. અગાઉથી ભાખેલ વચનો; આગમવાણી; વચારો; આગાહી; ભવિષ્ય ભાખતી વાણી.

મનુએ તો બે હજાર વર્ષ પહેલાં આ ભવિષ્યવાણી કહી હતી. તે કહે છે કે: હિંદમાં જે વિચારો પેદા થશે તેનાથી દુનિયાને ચારિત્ર્યશિક્ષક મળશે. આપણની જાણવામાં પહેલી વાર ભવિષ્યવાણી સિદ્ધ થઈ છે. આપણે જે વિચાર આપણી સમક્ષ રાખ્યો છે તેનું જો આપણે આચરણ કરીએ તો હિંદુસ્તાન દુનિયાનો ગુરુ બની જશે. આપણા સંદેશાની આ જ દુનિયાને ખૂબ જરૂરત છે. તેના પાલનથી જ દુનિયામાં સુખ અને શાંતિ વધશે.

રાજેન્દ્રપ્રસાદ

ભવિષ્યવાદ [સં.] પું. કોઈ પણ બાબત પરત્વે તેની સ્થિતિ ભવિષ્યમાં કેવા પ્રકારની થશે, તે બતાવવુ તે; ભવિષ્ય ભાખવું તે.

ભવિષ્યવાદિની ૧. [સં.] સ્ત્રી. ભવિષ્ય કહેનારી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ભવિષ્ય ભાખનારી.

૩. વિ. સ્ત્રી. ભાવિ ઉપર આધાર રાખનારી.

ભવિષ્યવાદી ૧. [સં. ભવિષ્યવાદિન્] પું. ભવિષ્ય કહેનાર માણસ; ભાવિ કહેનાર જોષી; નજૂમી.

૨. વિ. ભવિષ્ય ભાખનાર.

૩. વિ. હવે પછી બનવાની વાત ઉપર વિશ્વાસ રાખનાર, ભવિષ્યને માનનાર. ભાવિ ઉપર આધાર રાખનાર.

ભવિષ્યવાદીપણું ન. ભવિષ્ય સૂચવનારપણું.

આ પુરાણોના ભવિષ્યવાદીપણાને લીધે કેટલાકને એવો ભ્રમ થઈ ગયો છે કે આ પુરાણો ઐતિહાસિક ગ્રંથો નથી પણ ભવિષ્યવાણીઓ કરવાને માટે જ રચવામાં આવ્યાં છે.

પુરાતત્ત્વ

ભવિષ્યવેણ જ. ભવિષ્યવાણી

બધા લોકો અજ્ઞાન છે કારણ આપણા એ ભવિષ્યવેણ.

ન.નાકાર

ભવિષ્યવેત્તા [સં. ભવિષ્ય + વેત્તૃ (જાણનાર)] પુ. ભવિષ્ય જાણનાર માણસ. જોષી, ભવિષ્યવક્તા

ભવિષ્યવેધી [સં. ભવિષ્ય + વેધિન્ (વીંધનાર)] વિ. ભવિષ્યને લક્ષ્ય કરી રચાતું.

ભવિષ્યસૂચક [સં.] વિ. ભવિષ્ય જણાવતું.

ભવિષ્યાધીન [સં.] વિ. ભવિષ્યને અધીન; ભવિષ્ય ઉપર આધાર રાખતું.

ભવિષ્યાર્થી જુઓ ભવિષ્યસૂચક

ભવિષ્યોત્તર ૧. [સં.] ન. એ નામે એક પુરાણ

૨. ન. ભાવિ કથન; સમાચાર, વર્તવું ભવિષ્ય.

ભવી ૧. પું (જૈન) મોક્ષનો અધિકારી સંસારી જીવ

૨. સ્ત્રી. ભવાઈ.

૩. [સં. ભવિષ્ય] સ્ત્રી., ભવિષ્ય; ભાવિ

અનાયાસ થાય એવો ભવી અખો

૪ વિ. કલ્યાણકારી.

ભવીજન ૧. ન. ભાવિ માણસ; ભલાળુ માણસ.

૨. ન. સંસારી.

ભવીલા ૧. [દે.] વિ જેમાં કોઈ ભાવ હોય એવું; ભાવપૂર્ણ; ભાવયુક્ત

૨. વિ. વાંકુંચૂંકું.

ભવું [સં. ભૂ] ન. ભમ્મર; ભ્રકુટી; આંખ અને કપાળની વચમાં નિમાણાની જે લીટી હોય છે તે; આંખની ઉપર ને કપાળની નીચેનો ભાગ.

ભવાં ચઢાવ્યાં = ગુસ્સે થવું; ક્રોધ કરવો; નાખુશી દેખાડવી.

ભવે અ. જન્મે; જન્મમાં.

ભવેડો (ભવેડો) જુઓ ભવાડો.

ભવેશ ૧. [સં.] પું. પૃથ્વીપતિ; ભૂમેશ્વર.

૨. પું. શિવનું એક નામ.

ભવેશ્વર જુઓ ભવેશ્વર મહાદેવ.

ભવેશ્વર મહાદેવ [સ.] પું ગિરનારની તળેટીની જમ્યામાં આવેલ એ નામના મહાદેવ. ગિરનાર જતાં તળેટીમા ભવેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાં દર વરસે શિવરાત્રિને દિવસે તથા ચૈત્રી પુનમે મોટો મેળો ભરાય છે.

ભવૈ ૧. સ્ત્રી. ભાવું નાચવું તે.

૨. સ્ત્રી. કજોડીનો ખેલ.

૩. સ્ત્રી. ભવાઈ; ભાવું નાચવું તે; વેશ કાઢી કરેલો ખેલ; એક પ્રકારનું નાટક

ભવૈયો ૧. પું. ભવાયાની રમત

૨. પું. વાર્તા કહેનાર.

૩. જુઓ ભવાયો.

ભવોચ્છેદ ૧. [સં.] પું. પુનર્જન્મ ન થવો તે.

૨. પું. સંસારનો નાશ.

ભવોચ્છેદી [સં. ભવ (સંસાર) + ઉચ્છેદ (નાશ) + ઇન્ (વાળું)] વિ સંસારનું બંધન કાયમી રહે એવું.

ભવોદધિ [સં. ભવ + ઉદધિ (સમુદ્ર)] પુ. સંસારરૂપી સમુદ્ર; ભવસાગર.

ભવોદ્ભવ [સ.] પું. સંસારનો ઉદ્ધાર કરનાર દેવ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક ના.મ

ભવોદ્ભવી [સં. ભવોદ્ભવિન્] વિ. સંસાર અને મોક્ષમાં સ્વતંત્રપણે જ આવ કરી શકે તેવું.

ભવોપગ્રાહી વિ (જૈન) ભવના અંત સુધી ટકવાવાળું; હવે પછી જેનો ક્ષય થતાં ભવનો અંત આવે એવું.

ભવોપગ્રાહીકર્મ ન. (જૈન) વેદનીય, આયુ નામ અને ગોત્ર એ ચાર ભાવેનું કર્મ; અઘાતી કર્મ.

ભવોભવ ૧. પું. એક પછી બીજો એમ ઉત્તરોત્તર જન્મ; જન્માંતર; જન્મોજન્મ.

૨. અ. જન્માંતરે; દરેક જન્મમાં; ભવે ભવે.

ભવૌષધિ [સં. ભવ (સંસાર) + ઔષધિ (દવા)] સ્ત્રી. ભવના સંતાપ ટાળનારી દવા.

ભારતીય સંસ્કૃતિના પ્રાણ ગાંધીજીમાં ઐક્ય પામ્યો છે. દુનિયામા હજારો વર્ષ સુધી ચાલતી આવેલી વિવિધ અશાંતિ મહાવ્યાધિની અમોઘૌષધિ ગાંધીજીના હાથમાં આવી ગઈ છે.

કાકાસાહેબ

ભવ્ય ૧. [સં.] પું. એક જાતનો રસ; રસભેદ.

૨. પું. કર્મકેત્ર.

૩. પું. (પુરાણ) પ્રભુનો એ નામનો એક પુત્ર.

૪. પું. (પુરાણ) નવમા મન્વંતરનો એ નામે એક ઋષિ.

૫. પું. વર્તમાન
ભૂત, ભવ્ય ને ભવિષ્ય કેરેરા,
હું સમત્વ, તેદ નહીં આટેરા. ધીમ
૬ પું શિવ
૭ ન એ નામની એક વનસ્પતિ; કરંજવા; કરમલ
૮ ન. એક જાતનું ફૂલ.
૯ ન. એક જાતનું ફળ.
૧૦. ન. કલ્યાણ; દૂધ; મંગલ; શિવ; ભદ્ર; ભલું કુશ; ક્ષેમ; કુશળ; કુશલ.
૧૧. ન પ્રકૃતિના સ્વરૂપનો એ નામનો એક વિભાગ
પ્રકૃતિના સ્વરૂપના સ્વીકાર કરેલા વિભાગ કે જે સત્ત્વ અને સુંદર, પણ વાસ્તવિક જોતાં સત્ય વિશ્વ પ્રભા સર્વ સ્વરૂપ સમાવેશ, થાય કે ભવ્ય, સત્ત્વ અને સુંદર. નરસિંહરાવ
૧૨ ન યોગ્યપણું
૧૩. ન. શુભપણું.
૧૪. ન. સત્ય. સત્યપણું.
૧૫. ન. કાયદું.
૧૬. વિ આબાદ; સુખી.
૧૭. વિ. પ્રસન્ન
૧૮. વિ ભભકાદાર; મોટું; તેજસ્વી ને બહુ સારી રીતે પહેરે એવા દેખાવનું, પ્રૌઢ; શોભાવાળું, વિશાળ, રોનકદાર અને જોનાં મનોહર લાગે એવું; મંજીર; ગૌરવયુક્ત કુદરતું; દેખાવું
૧૯. વિ ભવિષ્યમાં થનારું; આવિ.
ભૂ (હોવું) આવ, બન, જાત, ભવિષ્ય, ભવન, ભવિ, ભવિતવ્ય, ભવ્ય, ભવનીય, સાધ્ય આ બધા સંસ્કૃતમાં કૃદન્ત કહેવાય છે, કેમકે એ બધા ધાતુને કાંઈ એક કૃત્ પ્રત્યય લાગી થયા છે.
પુષ્કર ભાસણ
૨૦. વિ મંગળ; શુભ; સુખદાયક.
૨૧. વિ. (જૈન) મોક્ષ પામવાની લાયકાતવાળું; મોક્ષનું અધિકારી.
મોક્ષને અમે ત્યારે મેળવી શકનારા છતાં ભવ્ય કહેવાય છે. જૈનદર્શન
૨૨. વિ. યોગ્ય.
૨૩. વિ. શ્રેષ્ઠ
૨૪. વિ સાધુ
૨૫. વિ. હોવા લાયક, થવા યોગ્ય, ભવિષ્યમાં થવા જેવું.

ભવ્યકર્મી [સં. ભવ્યકર્મિન્] વિ. ભવ્ય કર્મ કરનાર; ઉમદા કામ કરનાર.

ભવ્યગંભીર [સં.] વિ. ભવ્યતાને લઈ ગંભીરતાવાળું.

ભવ્યતમ [સં ભવ્ય + તમ (અતિશયતા પ્રત્યય)] વિ. સૌથી વધારે ભવ્ય.

ભવ્યતર [સં ભવ્ય + તર (અધિકતાવાચક પ્રત્યય)] વિ. વધારે ભવ્ય.

ભવ્યતા ૧. [સં.] સ્ત્રી. ખૂબસૂરતી; સૌંદર્ય; સોમ.
૨ સ્ત્રી ગૌરવ; ભભકો; ઉન્નત વૃત્તિ.
૩ સ્ત્રી ભવ્ય હોવાપણું.
૪. સ્ત્રી. વિશાળપણું; મોટાઈ.

ભવ્યતાવિતાન [સં. ભવ્યતા + વિતાન (ચંદરવો)] ન ભવ્યતારૂપી છતનું ભવ્યતા દર્શાવનો મંડપ.
રામચંદ્રે ભવ્યતાવિતાન તો. ચંદ્રિકાબાબ

ભવ્યત્વ ૧. [સં.] ન. (જૈન) એક પ્રકારનો પારિણામિક ભાવ.
જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ ભાવો ગૌણ પણ પારિણામિક ભાવ છે
તત્ત્વાર્થસૂત્ર
૨ ન. ભભકો; ગૌરવ, ઉન્નત હોવું તે.
૩ ન (જૈન) ભાવીપણું; મુક્તિ પામવાની યોગ્યતા; મિ.પણ પામવાની યોગ્યતા.
૪. ન. ભવ્યપણું; સજ્જનતા.
ભવ્યત્વ એ જીવની મૌલિક વિશિષ્ટ લાક્ષણિકતા છે. ચૌધરી
૫ ન. વિશાળતા; મોટાપણું.
૬. ન. સૌંદર્ય; સોભા

ભવ્યત્વગુણ [સં.] પું. (જૈન) જેના નિમિત્તથી આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર પ્રગટ થવાની યોગ્યતા હોય તે શક્તિ

ભવ્યપણું ૧ ન ભભકો; ભવ્યતા.
૨. ન. (જૈન) સિદ્ધપણું પામવાની યોગ્યતા, હોવાપણું

ભવ્યસિદ્ધિક [સં.] પું. (જૈન) સિદ્ધિ પામવાને યોગ્ય જીવ.

ભવ્યા ૧. [સં.] સ્ત્રી. ગજપીપર.
૨. સ્ત્રી ગમતાં કલ્પવૃક્ષ માફેનું એક નામ.
૩. સ્ત્રી. દ્રાક્ષ; દરાખ.
૪ સ્ત્રી પાર્વતી; ઉમા.

ભવ્યાકૃતિ [સં] સ્ત્રી. શોભાવાળો આકાર; ઠસ્સાદાર દેખાવ; ભવ્ય આકાર.

ભવ્યોદાત્ત [સં.] વિ. કલ્પપ્રધાન.
નાટકોનો આનંદપ્રધાન અને ભવ્યોદાત્ત કલ્પપ્રધાન જેવા મોટા ભાગ છે. ચૌધરી

ભશકો [સં. ભક્ષ્ (ખાવું)] પું. મન; ધ્યાન; ભાવ; મગજ; ખાવાની તીવ્ર ઇચ્છા; ભારે આતુરતા; ચહના.
ભશક્ષ થવા = જુદી જુદી વસ્તુઓ ખાવાનું મન થવું.

ભસ્મી ૧. સ્ત્રી મુડદાંની રાખ.
૨. સ્ત્રી મુડદું બાળવાની જગા, સ્મશાન.

ભષ્ [સં.] અ ક્રિ. (ધાતુ) ભસવું; ઘૂરકવું. તે ઉપરથી બનેલ શબ્દ: ભષ, ભષક, ભષ્ણુ.

ભષ ૧. [સં.] પું. કૂતરો.
૨ પું. ભોજન; આહાર.

ભષક [સં.] પું. કૂતરો. કૈલેયક, સારમેય, કુક્કુર, કુક્કુર, મૃગંદક, શુનક, શ્વા, શ્વાન એ તેના પર્યાય શબ્દો છે.

ભષકી [સં.] સ્ત્રી કૂતરી

ભષણ [સં.] ન. કૂતરાનું ભસવું તે.

ભષા [સં.] સ્ત્રી. સોનામુખી

ભષી [સં. ભષ્ (કૂતરો)] સ્ત્રી. કૂતરી.

ભસ્ ૧. [સં] અ. ક્રિ. બળવું; દીપવું.
૨. અ ક્રિ. નિરસ્કાર કરવો.
૩. ઉ. ક્રિ. ખાવું.

ભસ્ત ૧. સ્ત્રી. એક જાતની ઝંગર.
૨ ન. પુષ્કળપણું; છતાં ખૂબ સંપત્તિ હોય એવી સ્થિતિ; લીલાલહેર
૩. સ્ત્રી.;ન રાખ, ભસ્મ
ભસ્તમાં ઘાલવું = સહેલાઈથી બાજુ તેવું; સુલભ.
૪ અ વસ્તુ પડવાથી થતો એક જાતનો અવાજ.
નીચેથી સનનન કરતા બે વીર કૂદ્યા ને પાણી કાળા ભસ્ત કરતા હેઠે પડ્યા. મિસ્કીન

ભસ્તકઢિયા પું. ન. બ. બકરી કૂકડાના બાહુ, ભમ અને જનોઈ પ્રસંગે કાંસાની થાળીમાં મૂકી તે તહોલવાળાને આપે છે.

ભસ્તકું ૧. અ ક્રિ. બાવા ઉપર તરાપ મારવી.
૨. અ ક્રિ. ધસવું

ભસ્તકું ન ચરબાનું નાનું ગાપડું

ભસ્તકો જુઓ ભસ્તો.

ભસ્તક્કડ (ભસ્તક્કડ) સ્ત્રી. બહુ ખાનાર સ્ત્રી; ઘણું ખાનાર બાઈ.

ભસ્તકૂ જુનો ભસ્તક્કડ.

ભસ્તડાવું (ભસ્તડવું) અ. ક્રિ. ઓઢિયા કર્મે જવું; ઓર્યે રાખવું

ભસ્તતિક્કા [હિ.] પું. માસનો કટકો.

ભસ્તર ૧. [સં.] પું. એક જાતનું પંખી; કારંડવ પક્ષી
૨. પું. કાળ; સમય.
૩ પું ગાપો, મલ્લો.
૪. સ્ત્રી. આકડો.
૫ સ્ત્રી. ભાત
૬. સ્ત્રી. સૂર્ય.
૭ ન માસ.

ભસ્ત્રા

ભસ્ત્રા [હિં.] કું ભમરો.

ભસ્ત્રાભસ્ત્રા વિ. નમ્યું; મુંઝાયું.

ભસ્ત્રાભસ્ત્રીત વિ. બહુ મુંઝ. બહારથી ભાંગી ગયું તેવું

ભસ્મ ૧. [સં. ભસ્મન્] સ્ત્રી. (પારસી) આતશ બેહેરામની પવિત્ર રાખ; ભસ્મ.

૨ સ્ત્રી ધાતુ વગેરેની ખાખ; માત્રા; રસાયનની ખાખ

૩. સ્ત્રી યજ્ઞની રાખ.

૪. સ્ત્રી. રાખ; ભસ્મ; વિભૂતિ; સાંબેલી; રક્ષા.

૧. ભસ્મ ભરવાન = શરીરે ભાભૂતી રાખ ચોપડવી તે.

૨. ભસ્મ કરવું = બાળી નાખવું. ખાખ કરવું.

૩. ભસ્મ થવું = (૧) મુસ્સાથી બળી જવું. (૨) પચી જવું; હજમ થવું. (૩) બળીને ખાખ થવું.

ભસ્મતિક્ષા [હિં.] કું. બાજેનું માંસ.

ભસ્મપત્રી સ્ત્રી. સાંબેલે.

ભસ્મમા ૧. [હિં.] કું. બળીની ભૂકો.

૨. કું. દબેલો ઘોટ.

૩. કું. ઘાવ કાળા કરવા માટેનો એક જાતનો લેપ.

ભસ્મરી સ્ત્રી. ભસ્મ; રાખ

પાવ ઉપર ઘર ઘરે, ભસ્મરી ઉપર પાય
મેપરાજજી

ભસ્મરી [સં. ભસ્મા] સ્ત્રી ભમરો.

ભસ્મલ [સં.] કું. ભમરો.

ભસ્મલપદ કું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ, તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

જ ભા ન સા થી ભસ્મલપદ. રઘુપિંગળ

ભસ્મલભદ જુઓ ભસ્મલપદ.

ભસ્મવિનોદિતા કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા જગણ, ભગણ, નગણ અને રગણ મળી બાર વર્ણ હોય છે.

જ ભા ન ર થી ભસ્મવિનોદિતા. રઘુપિંગળ

ભસ્મસલ્લાકા કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ, ભગણ, સગણ, મગણ, નગણ, યગણ, તગણ, નગણ અને બે ગુરુ મળી ૨૬ વર્ણ હોય છે.

આદે દ્વૌ મ ભ, છે સા મા ન્ય પરવત, ન્ત છે ને ના ભસ્મસલ્લાકા. રઘુપિંગળ

ભસ્યું ૧. [સં. ભાષ્] અ. ક્રિ. કૂતરાનું બોલવું.

કાયી પાછળ કોને કૂતરા ભસે = નિંદકો ભલેને ગમે તેમ બોલે, આપણે તેમની પરવા કરવી નહિ

૨. અ. ક્રિ. અસભ્ય રીતે બોલવું; લવલવ કરવું; બેમ તેમ બોલવું.

૩. અ ક્રિ. કૂજવું

૪. અ ક્રિ. તગવું.

૫. અ ક્રિ. નિંદા કરવી; ખોટી બકવક કરવું; નકામો બકવાદ કરવો

૧. ભસતા કુત્તા કાંઈ નહિ ને ગર્જતા મેઘ વરસે નહિ = ખોટી બકવક કરનારો કંઈ કરી શકતો નથી.

૨. ભસતા કૂતરાને કટકો નાખવો = ગમે તેમ કરી ચાડિયાનું મોં બંધ કરવું; ધાર્યાકાર્યાને કંઈ આપીને સાત રાખવો

૬. અ. ક્રિ. બોલવું; કહ્યા કેવું; કટ બોલવું. તિરસ્કારમાં વપરાય છે.

૧. ભલી ભિડવું = ખીજવાઈ ને ગમે તેમ બોલી જવું.

૨. ભસી મરવું = કહી નાખવું; બબડી બોલી કેવું

૭. અ. ક્રિ. હેડવાસ જવું.

ભસંત [સં] પુ. કાળ, સમય.

ભસધિ [સં.] કું. (જ્યોતિષ) અમુક નક્ષત્રોનો સધિરૂપ કાળ; સધ્યાસમય કાળનો ભેદ.

ભસાભસ સ્ત્રી. કૂતરાની રાડોરાડ.

ભસારો કું. ભસવું તે; કૂતરાની પેઠે ભસવું તે; ઠાઠ ઠાઠ કરવું તે.

ભસાવન કું. કામ સારું બળી ઢોળી ઉપરનો કર.

ભસ્માવવું ૧. સ. ક્રિ. કૂતરાવવું.

૨. સ. ક્રિ તરતવવું, તગવું મેલવું.

૩. સ. ક્રિ. ભસે તેમ કરવું.

ભસાવું ૧. અ ક્રિ. બોલાવું; બોલી શકાવું.

૨. અ. ક્રિ. ભસી શકાવું.

ભસિત [સં.] સ્ત્રી. ભૂતિ; ભસ્મ; રક્ષા; રાખ.

આ ભસ્મ કોનાનું ભક્ષણ કરે છે તેથી ભસ્મ, પ્રકાશ કરે છે તેથી ભસિત કહેવાય છે.
ભાગવતી લાગવત

ભસીંડ [હિં] ન કમળની જડ, ઉત્પલ.

ભસીંદ [હિં] કું કમળકંદ

ભસુડી (ભસુડો) સ્ત્રી. એક જાતનું જંગલી જનાવર

નિર્ભયોમાં અને ભસુડી પણ પોતાની હાજરી પૂરવા કુત્રો હુમો કુ કુના અવાજોથી આખીએ સીમને ચેતવી દેતા હતા. સોરઠને સીમાડે

ભસુર [હિં.] કું. જેઠ; પતિનો મોટો ભાઈ.

ભસુ ૨. મચ્છર.

ભસુંઢ [હિં.] કું. હાથી

ભસૂચક [સં.] કું. બોલકી.

ભસુંઢ [હિં.] કું. હાથીની સૂંઢ.

ભસેલો કું. મોટા પાણીની મોટાં ભીંતવાંવાળી મોટી માલ્લી. કોઈ કોઈ આસરે સાત શેર સુધી વજનમાં હોય છે. નાના કાંઠા તેમા બહુ હોય છે.

ભસ્ત જુઓ ભરતું.

ભસ્તું ૧. [સ, ભક્ષ] ન. ખોરાકની ચેલી.

૨. કું. જાદર; ચેટ; ઉંદર.

૩. [મુ. એદિશન] ન. પારસીઓનાં મકાનને મૂકવાનું સ્થળ; કબ્રસ્તાન, દોખમ.

ગમે તેમ કર. ભોંયે ઘ. તેને ભસ્તાખા જઈને બાલાવી ઘ.ય. પીલ્લમ

૪. ન. સ્મશાન; કબરસ્તાન.

ભસ્તો જુઓ ભરતું.

ભસ્ત્રા ૧. [સં.] કું. એ નામનો એક જાતનો પ્રાણાયામ; ભસ્ત્રિકા. પદ્માસન વાળી બેઠા પછી નાકના કાણા છિદ્રથી વેગપૂર્વક પૂરક કરવો અને કુંભક કર્યા વિના જમણા છિદ્રથી અવાજ કરતાં રેચક કરવો. એ રીતે ચમચાની માફક આઠ વાર પૂરક ને રેચક કર્યા પછી નવમી વાર પૂરક કરી કુંભક કરવો અને પછી જમણા છિદ્રથી ધીમે ધીમે રેચક કરવો. પછી ત્રણ સંકેત આકુંભક કરવો. વળી ફરી ઉપર જણાવેલી રીતે આઠ વાર કાણા છિદ્રથી રેચક કરી, નવમી વાર જમણા છિદ્રથી પૂરક કરી કુંભક કરવો ને નિયમાનુસાર રેચક કરવો. આ બે પ્રાણાયામ થયા. એ રીતે સમાસમ્ય બાર પ્રાણાયામ કરવા. આ પ્રાણાયામ અધિક કરવા યોગ્ય નથી, કારણ કે અધિક કરવાથી ફેફસા ઉપર આઘાત પહોંચવાનો પૂરો ભય રહે છે. આ ભસ્ત્રા પ્રાણાયામથી ત્રિધાતુ વિકૃતિથી થયેલા બધા રોગ નાબૂદ થાય છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે

૨. પું. ઉદરોગની એક ક્રિયા. તેના અભ્યાસથી નાડીશોધનનું કાર્ય થાય છે. પદ્માસન કરી પ્રથમ કોણનો પંજો કાખા ઢીંચણ ઉપર આવળા. પ્રકોષ્ઠો પથરાય તેવી રીતે રાખી, મુખ બંધ કરી, ડોક, શિર તથા ધડને સમાન રાખી, મોઢું બંધ કરીને નાસિકાના કાણા છિદ્ર વાટે અંતરના પવનને હૃદય, કંઠ તથા કપાલને સ્પર્શ કરે એમ જોરથી આવો આ વેળા બીજું છિદ્ર જમણા હાથના અંગૂઠાથી દબાવી રાખવું ને પછી તે જ

છિદ્ર વાટે નહારનો પવન અનુક્રમે અંતર ભેદનો ક્રમ વારંવાર ઉપર-ઉપરી રેચક પૂરક કરી વર્ષવું કરવું. પછી ક્રમ જણાય ત્યારે ઉદ્ઘટ પૂરક કરી કુંભક કરવો. ત્યાર પછી બીજા છિદ્રથી કરીને તુરતાતુરત યથાશક્તિ રેચક પૂરક કરી વર્ષવું કરવું અને વાટ વામે ત્યારે પાછો પૂરક કરી કુંભક કરવો. પછી બીજા છિદ્ર વાટે ધીમે ધીમે રેચક કરવો એટલિકાની આ એક રીતિ થઈ. બીજી રીતિ પ્રમાણે પણ ક્રિયા કુંભક કરવામાં આવે છે. નાસિકાના ડાબા છિદ્રને જમણા હાથની અનામિકા તથા કનિષ્ઠિકાથી રોકી, જમણા છિદ્ર વાટે પૂરક કરી, ઉતાવળે તેનો જમણા હાથના અંગૂઠાથી દબાવી ડાબા છિદ્ર વાટે રેચક કરવો. આમ યથાશક્તિ કરવું. પછી ક્રમ થયે તે નાસાપુટ દ્વારા પૂરક કરી યથાશક્તિ કુંભક કરવો ને ત્યાર પછી ધીમે ધીમે રેચક કરવો. ફરી ડાબા છિદ્ર વાટે પૂરક તથા જમણા છિદ્ર વાટે રેચક ઉપર કહેલી રીતે યથાશક્તિ કરવા. પછી ક્રમ થયે પૂરક કરી કુંભક કરવો ને ઉદ્ઘટ વિધાથી રેચક કરવો. આ કુંભક જઠરાગ્નિની વૃદ્ધિ કરનારો મનાય છે. તે કફ, પિત્ત અને વાયુ દોષનો નાશ કરે છે તેમ જ સુષુમ્ણાના મુખ આગળ રહેલ ગ્રંથિરૂપ જે પ્રાણવાયુને સુષુમ્ણામાં જવાનો પ્રતિબંધ કરનાર છે તેનો નાશ કરે છે. વળી નાભિથી અથવા કુંડલિની જે બહુ જ ઊંચી નાડીરૂપે સાડાત્રણ આંટા વાળી ને સુષુમ્ણાના મુખની આસપાસ વીંટાઈ રહેલી છે તેને જાગ્રત કરે છે. આ કુંભક યોગસાધકના અંતઃકરણને પવિત્ર કરનાર, સુખકર તથા સમરીતિએ હોવાથી સર્વદા સર્વે ઋતુમાં સર્વને હિતકર ગણાય છે.

૩. સ્ત્રી. એક પ્રકારની મુદ્રા.

૪. સ્ત્રી. યમપત્ની.

અગ્નિનિસ્તરણ પું. (પિંગળ) ત્રણ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, નગણ, જગણ, રગણ, સગણ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

અગ્નિનેફલા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

અગ્નિહોત્ર ૧. [સં.] સ્ત્રી. યજ્ઞ.

૨. ખુબો જુઓ ૧.

અગ્નિહોત્રાસન ખુબો અગ્ની ૧.

અગ્નિહોત્રી [સં.] સ્ત્રી. યજ્ઞ.

અગ્રમ ૧ પું. અગ્નિનો એક રોગ.

૨ સ્ત્રી. કોઈ પણ રાસાયણિક મિશ્રણનો મુખ્ય ભાગ.

૩ [સ અગ્રમન્] સ્ત્રી પત્નીની કે મંત્રીની રાખ; રક્ષા.

૪. સ્ત્રી. (વૈદ્ય) રસાયનપ્રયોગથી બનાવેલી ધાતુઓ વગેરેની ભાષ્મ; બારેલી ધાતુ; અગ્નિની સહાયતા વડે ધાતુને બાળી ઉપજાવેલી ભાષ્મ. તે જે ધાતુની ભસ્મ હોય તેના નામથી ઓળખાય છે. જેમકે, તામ્રભસ્મ, લોહભસ્મ. જુદી જુદી ભસ્મોની જુદી જુદી માત્રા હોય છે. ભસ્મમાં નવી જણાતી કેટલીએક ઔષધિઓ પ્રાચીન કાળથી હિંદમાં વપરાય છે. ધાતુઓ અને તેમની ભસ્મો બહુ પહેલી હિંદમાં ઔષધ તરીકે વપરાતી. આયુષ્ય સંબંધમાં અનેક પ્રયત્નો કરતાં ધાતુમય ઔષધોની શોધ થઈ હતી. ભસ્મ અને પુનાની હકીમો આ ધાતુમય ઔષધિથી બચ્યા કરતા, પણ હિંદુઓના પારા અને બીજી ધાતુઓની ભસ્મોનો સંગ્રહ અદ્યતનિમ જણાતો, એટલું જ નહિ પણ ધાતુવિદ્યા એટલે બનીજ પદાર્થમાંથી ધાતુશુદ્ધિની ક્રિયામાં હિંદુઓએ આજ કેટલા મેળવી હતી.

૫ સ્ત્રી. રાખોડી; રાખ; રખ્ખ.

૧. ભસ્મ કરવી = (૧) બાળ બનાવવી; બાળીને રાખ કરવું; ભસ્મ કરવું. (૨) મારવું.

૨. ભસ્મ ચોળવી = (૧) બાવા થઈ જવું. (૨) રાખ ચોળવી

૬. સ્ત્રી. વિભૂતિ. શૈવ સંપ્રદાયવાળા માને છે કે, ક્રોધ જાગ્યે કરે ત્યારે અંધરથી જ હાથે ઝીલી લઈ તે જપને સહોલ્લત વગેરે પાંચ મંત્રોથી મંત્રી બાળવામાં આવે તો ગોમયની ભસ્મ શાંતિદ કહેવાય અને તે શાંતિ સુખ આપનારી છે. જે ગોમય અધર ને અધર ઝીલી લઈ પંચ મંત્રથી બાળવામાં આવે તે પૌષ્ટિક ભસ્મ કહેવાય છે. જે ગોમય અધર ઝીલી લઈ ત્રીં એ મંત્રથી બાળવામાં આવે તે ભસ્મ વશ્યદ કહેવાય અને તે બધા મનોરથ પૂરા કરે છે. વિભૂતિ વિવિધ પ્રકારનાં કષ્ટમાંથી રક્ષણ કરે છે, માટે તે રક્ષા કહેવાય છે. આયુષ્યની, ધનની, સંતાનની અને ભોજની છબ્બાવાળાએ ભસ્મ ધારણ કરવી. આખે શરીરે વિભૂતિ ચોળવી એ ભસ્મસ્નાન કે અગ્નિસ્નાન કહેવાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ શુદ્ધ બનવી, અગ્નિરિતિભસ્મ વગેરે મંત્રોથી ભસ્મને શુદ્ધ કરીને કપાળ વગેરે અવયવો ઉપર તર્જની, મધ્યમા અને અનામિકાથી ત્રિપુંડ્ર કરવું તે ભસ્મને શુદ્ધ કર્યા પછી ત્રણેક વગેરે મંત્રોથી તેને ચોળવી અને પછી ઓમ્ નમઃ શિવાય એ મંત્રથી કપાળ, કંઠ, બાહુ, હૃદય, પડખાં, સાથળ વગેરે અવયવો ઉપર તેને ધારણ કરવી. તેથી શુદ્ધ બ્રાહ્મણપણું પ્રાપ્ત થઈ શકે છે. શિવસ્વરૂપ ઓળખી શકાય છે અને મહાદેવ પ્રસન્ન રહે છે.

૭. સ્ત્રી. વીર શૈવધર્મનાં બાર માંહેનું એક આવરણ.

૮. સ્ત્રી ;ન. અથર્વવેદ વેદોપનિષદ.

ભસ્મક ૧. [સં.] પું. બારાતિયાપણું; બાઉપરપણું; જેટલું બાય તેટલું બળીને ભસ્મ થઈ જાય તેવો એક જાતનો જઠરનો રોગ; જઠરરોપ. આ દરદમાં ખૂબ ખણી લાગે છે અને બનાજ બહુ બવાય છે, છતાં શરીર કૃશ થાય છે.

૨. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસી માંહેનો એ નામનો એક ગ્રહ.

૩. પું. આંખનું એક દર્દ; આંખના પડદાનું સોજી જવાથી સોજ્યું ન દેખાવાનો રોગ.

૪. પું. ક્ષાર બનાવવા ને માટે તેલબની લાવે ભસ્મ કરી લઈ એવો સંયુક્ત પદાર્થ.

૫. ન. રપુ

૬. ન. વાવડિંગ. તે બનાજનું બામણ એટલું બધું કરે છે કે ખૂબ બહુ બાલે છે. તેથી તેને ભસ્મક કહેવામાં આવે છે.

૭ ન. સોનું.

૮. વિ. ભસ્મ કરી નાખે એવું; બાળી દે એવું; બાળીને ભસ્મ કરી દે એવું

૯. વિ. ભસ્મનું; ભસ્મમાંથી બનાવેલું.

ભસ્મકચ્છેદક [સં.] પું. ભસ્મનો બાંધો.

ભસ્મકદ્રવ્ય [સં.] ન. એ નામનું બાષ્પ.

ભસ્મકધાત્રિ [સં.] પું. જમે તે બાય તો બળી જાય અને ઓછી વધે નહિ એવો જઠરનો અગ્નિ; જઠરાગ્નિ પ્રદીપ્ત હોય છતાં શરીર કૃશ કરી નાખે તેવો અગ્નિ.

ભસ્મકાર ૧. [સં.] પું. ધોબી; રજક.

૨. વિ. ભસ્મ કરનાર.

ભસ્મકારી [સં. ભસ્મન્ (રાખ) + કૃ (કરવું)] વિ. ભસ્મ કરી દેનાર; બળાવી દેનાર.

ભસ્મકીટ [સં.] પું. એક જાતનો કીડો.

સૂચિમુખ કુંડમાંથી છૂટ્યા પછી ભસ્મકીટ નામનો કીડો થાય છે. જીવવાની આશાવત

ભસ્મકુંદ [સં] પું. છપ્પારી માંહેનો એ નામનો એક નરકકુંડ.

જે માણસ દેવતા અથવા બ્રાહ્મણનાં ધી તેલ બાદિનું હરણ કરે તે માણસ સો વર્ષ સુધી ભસ્મકુંડમાં વસે છે. જીવવાની જાનવર

ભસ્મકૂટ [સં. ભસ્મન્ (રાખ) + કૂટ] પું. એ નામનો એક પર્વત.

ભસ્મકૃત [સં] વિ. ભસ્મ બનાવેલું.

ભસ્મક્રિયા [સં.] સ્ત્રી. ભસ્મ કરવાની ક્રિયા.

ભસ્મમર્દી ૧. [સં.] પું. અડસલિયો; પિતપાપડો; ભસ્મમંધા.

૨. વિ. ભસ્મ બનાવેલ.

ભસ્મમર્દી ૧. [સં.] સ્ત્રી. અડસલિયો; પિતપાપડો.

૨. સ્ત્રી. સીસમનું ઝાડ.

ભસ્મગંધા ૧. [સં.] સ્ત્રી. એ નામે ઓક વનસ્પતિ; અડસલિયો; પિતપાપડો

૨. સ્ત્રી. તે નામે ઓક ગંધદ્રવ્ય; રેણુકા નામની વનસ્પતિ.

ભસ્મગંધિકા ૧. [સં] સ્ત્રી. અડસલિયો; પિતપાપડો. આ અડને જ્યારે બાફે છે, ત્યારે તેમાંથી ગંધ આવે છે.

૨ સ્ત્રી. રેણુકા; ભસ્મગંધા.

ભસ્મગંધિની જુઓ ભસ્મગંધા.

ભસ્મગ્રહ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો ઓક ગ્રહ. જૈનો માને છે કે, મહાવીર સ્વામીના નિર્વાણ સમયથી તે બેઠેલો છે. હવે ઊતરવાની તૈયારીમાં છે ત્યાર પછી જરૂર સત્યધર્મ ફેલાશે.

ભસ્મચર્ચિત [સં. ભસ્મન્ (રાખ) + ચર્ચિત (ચોળેલ)] વિ. ભસ્મ ચોળેલ.

> ભાલે મહાદેવના **ભસ્મચર્ચિત** દેહ ઉપર દૃષ્ટિ સર્પોનાં આભૂષણ ધરેલાં છે. કાલેલકર

ભસ્મચંદનસંયુક્તા [સ.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાં માંહેનું ઓક નામ.

ભસ્મજાબાલ [સં.] સ્ત્રી.; ન. ઓકસો આઠ મંત્રોનું એ નામનું ઓક ઉપનિષદ.

ભસ્મતુલ્ય ૧. [સ.] ન. નામનો સમૂહ.

૨. ન. ધૂળનું વર્ષણ.

૩. ન. હિમ.

ભસ્મદોષ [સં. ભસ્મન્ (રાખ) + દોષ] પું. હીંગની દસ માંહેની ઓક ખામી. તેમાં રાખ જેવો રંગ હોય છે.

ભસ્મધવલ [સ. ભસ્મન્ (રાખ) + ધવલ (ધોળું)] વિ. ભસ્મ જેવું ધોળું.

ભસ્મધાની [સં. ભસ્મન્ (રાખ) + ધાની (સ્થળ)] ન. રાખ ભેગી કરવાનું ધાતુનું કે મિનાઇ માટીનું વાસણ; ' ઍશ ટ્રે. '

ભસ્મધારી [સં. ભસ્મધારિન્] વિ. રાખ ચોળનાર.

ભસ્મધાંડુરોમ [સં. ભસ્મન્ (રાખ) + ધાંડુ (ધોળું) + રોમન્ (રૂવાડું)] વિ. ભસ્મ જેવા ધોળાં રૂંવાડાંવાળું.

ભસ્મપૂજા [સં.] સ્ત્રી. મહાદેવની ભસ્મથી પૂજા કરવી તે. મહાકાલેશ્વર ને ઓંકારેશ્વરની પ્રાતઃકાળે ભસ્મપૂજા થાય છે.

ભસ્મપ્રિય [સં.] પું. શિવનાં હજાર માંહેનું ઓક નામ.

ભસ્મભૂત [સં.] પું. શિવનાં હજાર માંહેનું ઓક નામ.

ભસ્મમર્યાદા [સં.] સ્ત્રી. ગાદમાં કે વજ્રમાં પાણીનો જ્યાં સાંધા કરવામાં આવતી ભસ્મની મર્યાદા.

ભસ્મમેહ [સં.] પું. (વૈદક) સુશ્રુત અનુસાર ઓક પ્રકારનો ભસ્મરી રોગ. તે મેદને કારણે થાય છે.

ભસ્મયંત્ર [સં.] ન. સોમલ, હરતાળ વગેરેની ભસ્મ બનાવવા માટે વપરાતું યંત્ર. આ યંત્રમાં ઓક વેંત ઊંડું માટીનું નવું મજબૂત કોડિયું લઈ, તેમાં અર્ધું સુધી સાટોડી વગેરેની રાખ ભરી, વચ્ચે હરતાળ વગેરેનો ગોળો મૂકી, ઉપર પાછી તે જ રાખ ડાબીને ભરવામાં આવે છે. પછી નીચે દીવાની આંચ આપતાં હરતાળ વગેરે ઊડવા માંડે અને ઢાંકેથી રાખમાં ઢાંકી પકવા માંડે ત્યારે નવી રાખ ઢાંકવાનું બંધ કરી દે છે. આને ભસ્મયંત્ર કહે છે. આવા પ્રયોગમાં રાખને બદલે ક્ષાર વાપરવાનો હોય ત્યારે તેને ક્ષારયંત્ર કહે છે.

ભસ્મયોગ [સં.] પું. (જ્યોતિષ) સૂર્ય નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સાતમું હોય તે યોગ. આ યોગ ઓક મહિનામાં ઓક જ વાર આવે છે.

ભસ્મયોગી [સં. ભસ્મયોગિન્] પું. શરીરે રાખ ચોળેલ અવધૂત.

ભસ્મરંગી [સં. ભસ્મરંગિન્] વિ. રાખોડિયા રંગનું.

ભસ્મરાશિ ૧. [સં.] પું (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો ઓક ગ્રહ.

૨. પું. ભસ્મનો ઢગલો.

ભસ્મરાગ [સં.] પું. (વૈદક) એ નામનો ઓક રોગ. તેમાં અતિસ્રવ જેવા લક્ષણ હોય છે. ભસ્મરોગ તથા ચેપની બળતરામાં ઊભરાનું દૂધ પ્રમાણમાં અવશ્યપણ છે.

ભસ્મરોહણ [સં.] સ્ત્રી. દક્ષિણા

ભસ્મવર્ષ [સં] પું. ધાગડો

ભસ્મવાસી [સં. ભસ્મવાસિન્] વિ. ભસ્મમાં રહેનારું.

ભસ્મવૈદક [સં.] પું કબૂ.

ભસ્મશાયી [સં. ભસ્મશાયિન્] પું. શિવનાં હજાર માંહેનું ઓક નામ.

ભસ્મશુદ્ધિકર [સં.] પું. શિવનાં હજાર માંહેનું ઓક નામ.

ભસ્મશૌચ ૧. [સં.] સ્ત્રી. રાખની દમણી.

૨. વિ. માત્ર રાખ ખાલી રહેલ હોય એવું; બળીને રાખ થઈ ગયેલું.

ભસ્મસાત્ ૧. [સં.] વિ. બળીને રાખ થયેલું; સમગ્ર ભસ્મરૂપ થયેલું.

૨. અ. સમગ્ર ભસ્મરૂપ; ભસ્મીભૂત હોય એમ. પ્રજ્વલિત અગ્નિ પાર્થ ! ભસ્મસાત્ કરે, જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ જ કરે તેમ.

ગીતા

ભસ્મસ્નાન ૧. [સં.] ન આખા શરીરે રાખ ચોળવી તે; ભસ્મલેપન; શરીરે રાખ ચોળી તે.

૨. ન. પાંચ અંગવાળા પાશુપત વ્રતનું ઓક અંગ.

ભસ્માગ્નિ [સં. ભસ્મન્ (રાખ) + અગ્નિ] પું (વૈદક) ભસ્મક રોગ; ખોરાક ભસ્મરૂપ થઈ જાય તેવો રોગ

ભસ્માચલ [સં.] પું. કામરૂ દેશમાં આવેલ એ નામનો ઓક પર્વત.

ભસ્માવશેષ [સં.] વિ. રાખોડીના રૂપમાં બાકી રહેલું; નાશ પામેલું.

ભસ્માસુર [સં.] પું. (પુરાણ) એ નામનો ઓક રાક્ષસ. આ રાક્ષસે તપ કરી શંકરને પ્રસન્ન કર્યા. શંકરે પ્રસન્ન થઈ ધાતુની ઓક બંગડી તેને આપી. આ બંગડીમા એવી ખૂબી હતી કે એ બંગડી જેના માથા ઉપર મૂકવામાં આવે તે બળીને ભસ્મ થઈ જાય. ભસ્માસુરે આ બંગડીનો ઉપયોગ શંકર ઉપર અજમાવવા નિર્ણય કર્યો. શંકરને આ વાતની ખબર પડતાં પોતે જોગી વેશપલટો કર્યો. ભસ્માસુરે કયારે તે જોઈને જોઈ ત્યારે આવા નિર્જન સ્થાનમાં આવવાનું કારણ તે જોગીને પૂછ્યું. જોગી પ્રેમમાં મુગ્ધ થઈ ભસ્માસુર નામવા માટો નામમાં અભિનય કરતાં તેની બંગડી તેના માથા ઉપર મુકાઈ ગઈ અને તે મરણ પામ્યો. એમ પણ કહેવાય છે કે, ભસ્માસુરે તપ કરીને શિવજી પાસેથી વરદાન મેળવ્યું હતું કે, તું જેના માથા ઉપર હાથ મૂકીશ તે ભસ્મ થઈ જશે. પાર્વતી ઉપર મોહિત થઈને શંકરને જ ભસ્મ કરવા માટે ઉદ્યત થયો, ત્યારે શિવજી નાસવા લાગ્યા. તે જોઈ ને વાસુદેવે જાદુનું રૂપ ધારણ કરીને જળથી તે દૈત્યનો હાથ તેના જ માથા ઉપર મુકાવ્યો, તેથી તે દૈત્ય પોતે ભસ્મ થઈ ગયો. શંકર પાસેથી વરદાન મેળવ્યા પહેલાં તેનું નામ વૃકાસુર હતું.

ભસ્માકૃષ્ટ [સં.] કું. કપૂર.

ભસ્માંકિત [સં] વિ. ભસ્મથી અંકિત થયેલું.
એની ભસ્માંકિત ભૂમિ પર આપને આસન આપી. ન્હેરચંદ મેઘાણી

ભસ્માંગ ૧. [સં.] કું. એક જાતનો મણિ.
૨. કું. ક્ષાર.
૩. કું. કોયો; કપોત પક્ષી.

ભસ્માંગદ જુઓ ભસ્માસુર.

ભસ્માંગરાગ [સં.] કું. શિવ; શંકર; મહાદેવ.

ભસ્માંત ૧. [સં.] કું. શિવનું એક નામ.
૨. વિ ભસ્મરૂપ; ભસ્મીભૂત.
ન વાપુમા વાયુ, અમૃત હવે હો;
ભસ્માંત દા ? થાય જ આ શરીર.
કપનિપત્ પંચ૦

ભસ્મિત [સં.] વિ. ભસ્મ થયેલું

ભસ્મી ૧. [સં. ભસ્મન્ (રાખ) + ઇન્ (વાળું)] કું. જેની ઇચ્છા અને શરીરનો રંગ રાખ જેવો ઢાંક તેવો બોડો.
૨. વિ. ખાણી નાખનાર.

ભસ્મીકરણ [સં.] ન. ભસ્મી ખાપીને કોઈ વસ્તુને ભસ્મસાત્ કરવું તે; કોઈ વસ્તુની રાખ કરવી તે; ધાતુમારણ; ધાતુમારણ.

ભસ્મીકરણવિદ્યા [સં.] સ્ત્રી. શિવસંહિતામાં વર્ણવેલ મુખ્ય ત્રણેક આકૃતિની એક વિદ્યા. આ વિદ્યામાં મૂત્રનિષ્કાસન, ક્ષારપરીક્ષા, સ્નેહનિષ્કાસન, કૃષ્ટિકાદિસાધન નામની ચાર ક્રિયાઓનો સમાવેશ થાય છે

ભસ્મીકૃત [સં.] વિ. બાળીને ખાખ કરેલ, રાખ કરેલ

ભસ્મીભવન [સં] ન. રાખ થવું તે. 'ઇન્સિનેરેશન'.

ભસ્મીભૂત [સં.] વિ. બળીને ખાખ થઈ ગયેલું; બાળીને રાખ કરી નાખેલું હોય એવું; ભસ્મ બનેલું; રાખરૂપ; ખાખ જેવું.
જેમ ભસ્મ કરે, પાર્થ ! પ્રદીપ્ત અગ્નિ રાખને,
ભસ્મીભૂત કરે તેમ, જ્ઞાનાગ્નિ સર્વ કર્મને.
નાનાલાલ

ભસ્મીય ૧. કું. એક જાતનો ધાતુ; 'પોટેશિયમ'.
૨ વિ. ભસ્મરૂપ; રાખના જેવું.

ભસ્મીય આર્દ્રપ્રાણિલ કું. ભસ્મીયનો એક જાતનો ક્ષાર; ' પોટેશિયમ હાઇડ્રોક્સાઇડ '.

ભસ્મીયનત્રિત ન. સાજીખાર; 'પોટેશિયમ નાઇટ્રેટ'.

ભસ્મેશ્વરરસ [સં.] કું. (વૈદ્ય) પારદની એક જાતનો.

ભસ્મોદ્ધૂલિતવિગ્રહ [સં.] કું. શિવનાં હજાર નામ માંહેનું એક નામ.

ભહરાવું અ. ક્રિ. હસવાથી પડવું; બોચાઓ તૂટવું.

ભહિયુ સ્ત્રી. (બા. ગુ.) બહેન.

ભળ ૧. સ્ત્રી, બળવું તે; બળી જવું તે; હળદળી જવાપણું.
૨. સ્ત્રી. હળીમળી જવા પહેલાં અન્નદ્રવ્યોને લીધે રહેતો મોઢે સકોચ; પ્રથમ ભળતાં થતો સકોચ; ભળતાં કરવું તે.
ભળ ભાગવી = શરમ તૂટવી; સકોચ મટવો; બીક જવી.

ભળકડિયો (ભળકડો) કું. (જ્યોતિષ) સવારનો તેજસ્વી તારો; મળસકે દેખાતો શુક્રનો તારો.

ભળકડું ૧. (ભળસ્કું) ન. ખસ માટે દારૂ નાખી બનાવાતો ઢાળો મલમ
૨. ન. પરોઢિયું; મળસકું; સવારનો વખત; પ્રભાત; પ્રાતઃકાળ.
૩. ન. ભડકો.
૪. ન. ઓછું સૂઝે ન સૂઝે તેવો પ્રકાશ; ઝાંઝવું; મળતૂમળું અજવાળું.
૫. વિ. સાદું; ઓછું; નિખાલસ.

ભળકિયું [સ. ભદ્ર] ન. ખાળકના કાંડાનું દર્શનિયું; અદકિયું.

ભળકું (ભળસ્કું) ૧. ન. ભળાપું; ભરેભાખણ; મનમેળ; પ્રમાણ, મોસકારું; ૫. ધિંધુ.
૨ વિ. ભોળું, નિખાલસ, મનમાં ઢાંક તે તુરત કહી દે એવું; ખુલ્લા હૃદયનું

ભળકું ૧. ન ભભકો, ભાતું; ઝાંઝવાનું બાષ્પ
૨ ન. રાત્રિનો ઉઘડો પ્રકાર; પ્રભાત
૩. વિ. ઝટ મળી જાય એવા સ્વભાવનું. પરિચય પાડી દેતા જેને વાર લાગે નહિ એવું; મળતાવડું

ભળકૂડું (ભળકૂડું) જુઓ ભળકડું

ભળતું ૧. વિ. ગમે તેવું; કામચલાઉ ચલાવવું.
૨. વિ. ભોળવું; બીજાને ભોગે ફાટવું; ઊઘડી કરવું બીજાના ભોગના સબંધમાં વપરાય છે
૩. વિ. કૃત્રિમ; અયોગ્ય; અપ્રસ્તુત; બનાવટી
૪. વિ. બળી જાય એવું; મળતું આવે એવું. પ્રસંગને અનુકૂળ આવી રહે એવું; મિશ્રણ થાય તેવું; બનતી રાક.
ભળતી ભેળવી અને આપવું બારમું કરી કરીને ન આવે = (૧) ગમે પ્રસંગ પાછો આવતો નથી; મર્યા તક કરીને ન આવે. (૨) જિંદગીમા એક જ વાર આવતા પ્રસંગોને ઓળખી લેવા જોઈએ.

ભળતું સળતું વિ. સેળભેળવાળું.

ભળભસવું ૧. વિ. અણસમજુ.
૨. વિ. બાઘાળ; ઘવારો કરે તેવું.

ભળભળવું અ. ક્રિ. ઊપસવું; સોજો આવવો.

ભળભળાભણ ૧. સ્ત્રી. ઘટા પડતાં કે મરણ સમયે કરવામાં આરતી પ્રાર્થના.
૨. સ્ત્રી સિંહાવલોક; ભલામણ.

ભળભાંખળું ૧. વિ. ઝટ સમજે તેવું
૨. વિ. મનમાં ઢોંગ જેવું સાચે સાચું કહી દેનાર; ભોળું; ભોળકણું; ગુપ્ત ન રાખી શકે એવું; ભડભડિયું; આભાભોળું

ભળભાખણું જુઓ ભળાંખણું.

ભળભાંખળું ન. સૂર્યોદય પહેલાંનો ઝાંઝવાનો સમય; મળસકું; સંધ્યા; આછું અજવાળું; મોસકારું; પરોઢિયું; ઝાંઝવું.

ભળવું ૧. અ ક્રિ. ઊઘડવું, ખૂલવું.
સ્વયંવરમા બારે જઈ જોઈએ, ઢોઢીનું ભળશે ભાગ્ય જ. નળ.આખ્યાન
૨. અ. ક્રિ. અભીતા બતું; માહિતગાર થવું.
૩. અ. ક્રિ. જોડાવું; મળી જવું; સામેલ થઈ જવું.
૪ અ ક્રિ ધાવણા છોકરાનું ધાવણનું ઓકવું; ઊલટી કરવી; ઓળવું.
૫. અ ક્રિ. એકમેક મળી જવું; મળીને એક થવું; મમળાવ થઈ જવું
૧. કૂખમા સાકર ભળવી = (૧) મીઠાશમાં મીઠાશ ભળવી. (૨) સહેલાઈથી ભળી જવું. (૩) સ.ના કાર્યમાં અગર સારી વાતમાં વિશેષ ઉમેરો થવો
૨. ભળતું ભાણું = ભળે એવું; સાથે જમી શકાય એવું.
૩. રોજુઝમા ભાગરિયો ભળવો = વાત માનતી હોય તેમાં બીજાએ દખલ પૂરવું; વચ્ચે પડવું; ટાપસી પૂરવી. હામા હા ભેળવવી.
૬. અ. ક્રિ. રોળવું.
૭. અ ક્રિ. સમાન હોવું; અમુકની જેવું હોવું; મળતું આવવું; સરખું હોવું.

ભળામણ ૧. સ્ત્રી. ઓળખાણ.
૨. સ્ત્રી. સિંહાવલોક; ભલામણ.
૩ સ્ત્રી. સોંપણ, સંભાળ રાખવા માટે કહેવું તે.

ભળામણી જુઓ ભળામણ.

ભળાવવું ૧. અ ક્રિ. ઓળખાણ કરાવવી; પરિચિત કરવું.
૨. અ. ક્રિ. ઠોરને ચોવાયામાં હળવું કરવું.

૩. સ. ક્રિ. બલાત્કાર કરવો; સંભાળ રાખવા સમજાવવું; દેખરેખ રાખવાનું કહેવું.
દ.તને જીભ ભગાવી પડતી નથી = જેને અંગત જેવો ઘણો સંબંધ હોય તેને બલાત્કાર કરવાની જરૂર પડતી નથી.
૪. સ. ક્રિ. સાંધવું.
મીંડકીને દૂધ ભળાવવું = ચોરને તિજોરી સોંપવી; ગર્ભ જવાની સમવડ કરી આપવી.

ભળોલ વિ. સેળભેળ થયેલું.

ભળોંકું (ભળોંકું) ૧. ન. બેતર કે વાડીમાં કચરામાં તરડ પડી અંદર બહુ પાણી ચાલ્યું જાય એવું બોલું.
૨. ન. મોટું કર; મોટું બોલું.

ભંકાર પું. (સંગીત) એ નામનો એક રાગ. આ રાગનો સમાવેશ ઓડવ સંપૂર્ણ પ્રકારના રાગોમાં થાય છે. તેની ઉત્પત્તિ મારવા ઘાટથી થઈ છે. આરોહે ૫ અને ની કોમળ દૈવત. અવરોહ સંપૂર્ણ એટલે રિષભ કોમળ, મધ્યમ તીવ્ર, બાકી સર્વ શુદ્ધ સ્વર હોય છે. વાદી સ્વર પંચમ અને સંવાદી ષડ્જ છે. આ રાગ ગાવાનો વખત પ્રાતઃકાળનો છે.

ભંખતા [સં. ભાષ્ (ભોજવું)] સ્ત્રી. વાણી.
પખાળી પાવક પૂરે, જુઓ મેની ભંખતા.
પ્રાચીન કાવ્ય

ભંખવું સ. ક્રિ. બાબવું; બાંબવું; બોલવું; વદવું.

ભંખાર પું. (સંગીત) એ નામનો એક રાગ. મારવા બાહના સંકીર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં રિષભ, મધ્યમ વિકૃત છે, તીવ્ર મધ્યમ ઉપરાંત શુદ્ધ મધ્યમનો પણ પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષડ્જ છે, આ રાગ પ્રાતઃકાલે ગાવાનો પ્રચાર છે. આરોહે પંચમ વર્જ્ય છે. આ રાગમાં કોનડીપુરિયા, મારવા અને જૈત રાગનો ભાસ થાય છે.

ભંગ ૧. પું. અપમાન.
૨. પું. (પુરાણ) એક જાતનો નાગ.
૩. પું. એક જાતનો રોગ; પ્રહર.
૪. [સં. ભંજ્ (ભાંગવું)] પું. ભાંગ કરેલું હોવાપણું.
૫. પું. ટુકડો; ખંડ.
ભંગ કરવું = નકામું બનાવવું; નાશ કરવો; ભાંગવું.
૬. પું. કુટિલતા.
૭. પું. ભાતરો; ભય; ભેખમ.
૮. પું. ખલેલ, અટકાવ, વિક્ષેપ; વિઘ્ન; અડબીડી આવી જવી તે.
૧. ભંગ કરવો-પાડવો = વિઘ્ન કરવું; અટકાવવું
૨. ભંગ થવું = ભાંગવું
૩. ભંગ પડવો = વિઘ્ન થવું; તૂટવું.
૪. રંગમાં ભંગ પડવો = એકદમ ઉત્સાહ ઓછો થવો; આડબીડી આવી પડવી; અધૂરે બાબ પડવું; વિઘ્ન આવી પડવું.
૯. પું. ગતિ; ગમન.
૧૦. પું. પ્રાસ.
૧૧. પું. ભિદ
૧૨. પું. જન્મનિયમ
૧૩. પું. ભુરા પડવું તે. ભેદ; ભુદાપણું; ફરક.
૧૪. પું. તોડવું તે, વચ્ચેથી પડવું મૂકવું તે; પૂરું ન કરવું તે. જેમકે, વ્રતનો ભંગ.
કુમારી વ્રત ભંગ રોષ સમજી ઇન્દ્ર પ્રભુની પ તે,
પાવની વ્રત પૂર્ણ તે નમી પ્રભુ તે પણીના દેવને,
પ્રબળ વજ્ર ગીયા કૃપાલુ પ્રભુએ પામલ સંતોષથી,
એ શીઘ્રમ્ય રમેશ મુજ હૃદયે નિત્યે રમે રંગથી.
રૂક્ષ્મણિસ્વયંવર.
૧૫. પું. ધાન્ય
૧૬. પું. નિરાશા; નાસીપાસી
૧૭ પું. પડતી; બંધ આવી જવો તે; ખૂબાખાણી; કનાકાતિયા થઈ જવું તે; ક્ષય.
૧૮. પું. પત્રરચના; કપાળ વગેરે ઉપર કહાની ભર્યા.
૧૯. પું. પરાજય; હાર.
૨૦. પું. પર્વત કે કુંજરામાંથી નીકળતો મોટો ઝરો.
૨૧. પું. ભાગવું તે; ભાંગી નાખવું તે
અસહકાર સૌ કોઈ સત્રેમથી કરી રહે,
કરે તે કાયદો ભંગ પાળે જે કાયદો સદા.
ગાંધીગીતા
૨૨. પું. ભમર; ભમરો.
૨૩. પું. રંગડા.
૨૪. પું. વાનગ.
૨૫. પું. વચમાંથી તૂટવું તે; વચમાંથી ભાગી પડવું તે; પૂરું ભાગી પડવું તે.
૨૬. પું. વાંકું વાળી તરછોડવું તે; ઝટપટો; વાંક; વળાંક. જેમકે, ભ્રૂભંગ.
૨૭. પું. (જૈન) વિકલ્પરૂપ ભાગ; ભેદ.
૨૮. પું. વિનાશ; અસ્તિત્વ ન હોવું તે. વિનોબા લખે છે કે, તુકારામે જ્યારે શરીર, ઇંદ્રિય અને મનનો પૂર્ણ રૂપે ભંગ કર્યો, ત્યારે તો મહારાષ્ટ્રને અભંગ વાણીનો લાભ થયો. મનોનિગ્રહના પ્રયત્નમાં જ્યારે શરીર ઉપર ઊપરાઊપરી રાક્ષસો ચઢાઈ લાવ્યો, ત્યારે તેમાંથી આદિ કાવ્યનો ઉદય થયો.
૨૯. પું. વિભાગ કરીને વસ્તુનો ભેદ બતાવવો તે; જાગો; પ્રસ્તાવ.
૩૦ પું. ઘા.
૩૧. પું. હરકોઈ રોગ
૩૨. સ્ત્રી. તરંગ; દરિયાનું મોજું; પાણીની લહેર; ઊપસતાં અને ખેરી જતાં મોજાં; ઊર્મિ; વીચિ.
૩૩ સ્ત્રી (કચ્છી) લીલાગર; આમ કે માંજાબાથી બનાવેલો કેરી પદાર્થ
૩૪ વિ. સુસ્ત.

ભંગક વિ. ભંગ કરનાર.

ભંગકાર ૧. [સં.] પું. (પુરાણ) અવિક્ષિતનો એ નામનો એક ક્ષત્રિય પુત્ર.
૨ પું. (પુરાણ) એ નામે એક યાદવ.
૩ પું ક્રમાજિત રાજાનો એ નામનો એક પુત્ર
૪ વિ. ભાગનાર; કરાવનાર; અપમાન કરનાર; ભય કરનાર.

ભંગજાળ ૧. સ્ત્રી. આટીઘૂંટી.
૨. સ્ત્રી. આંતરો; પેટાભેદ.
૩. ન. અટલબેર.

ભંગડ (ભગડ) ૧. પું. કેફો; ભાંગનો બંધાણી; ભાંગનું જેને વ્યસન હોય તે; ભાંગ વગેરે કેફી પીણું પીનારો માણસ; ભાંગમાં આનંદ લેનાર કે માણનાર માણસ, ભંગેડી.
૨. પું. ભંગી.
૩. સ્ત્રી. ભંગડી; ભંગી સ્ત્રી.
૪. વિ. મૂર્ખ; સમજણ વગરનું.

ભંગડખાનું (ભંગડખાનું) ૧. [ભંગડ + ખાનહ્ (રહેઠાણ)] ન. ભંગીને રહેવાની જગ્યા.
૨. ન. ભાંગ પીનારા માટે ભાંગ પીવા માટે એકઠા થતા હોય તે કેફખાનું, ભાંગનું પીઠું.

ભંગડા (ભંગડ્ય) ૧. પું એક જાતની વનસ્પતિ.
૨. સ્ત્રી. ઓસવાળ વણના બાકીના મોઢની એ નામની એક શાખા.

ભંગડિયા (ભગડિયા) ૧. સ્ત્રી. મેકડા કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભંગડી (ભંગડો) ૧. સ્ત્રી. ભગિનેયા; ભગિયા કે ચાકરની સ્ત્રી.
૨. સ્ત્રી. મેલું ખોબનારી અને કલ્પિયા કંકાસ કરનારી સ્ત્રી.

ભંગડો (ભગડો) ૧. પું. ભંગીની જાતનો પુરુષ; ચાંડાળ; ભગિયો.
૨. વિ. પું. નકારો દુષ્ટ; લુચ્ચો.

ભંગતા સ્ત્રી. હાનિ; નુકસાન.

ભંગદૃષ્ટિ [સં.] સ્ત્રી. (જૈન) ભેદ પડવાની નજર.

આ વાક્યે જે તે સુનયની છે, પહોળું છે, સારું છે, તેમ ભંગદૃષ્ટિએ કહ્યો તો દ્રવ્ય અને પર્યાય વસ્તુવાદિ ભેદથી જુદા છે, કોપણ વસ્તુદૃષ્ટિથી અભેદ છે. સન્મતસાર

ભંગન ૧ પું. એક જાતની માછલી.

૨. સ્ત્રી. ભાંગિયાની સ્ત્રી, હલકટ સ્ત્રી.

૩. સ્ત્રી. ભાંગ પીનારી સ્ત્રી.

ભંગના સ્ત્રી. એક જાતની માછલી.

ભંગમાલા ૧. પું. ભાંગનો બંધાણી.

૨. પું. મોજંતી હાર.

ભંગર ૧. પું કોઠાર; ભંડાર.

૨. ન. વાસણ.

ભંગરયા [સં. ભૃંગરાજ] પું. (હિંદી) ભાંગરો.

ભંગરંગ પું. ભાંગનો આનંદ.

ભંગરા ૧. [કિ.] પું. ખીની જમીનમાં થતો એક જાતનો નાનો છોડ. તેમાં કરકચિયાળા અને ઝાલાનાં આકારનાં પાન ઊગે છે. તે શીતક, ઉષ્ણ, કફઘ્ન અને રોપણ તરીકે તાવ, વાયુ, આંચકો અને અપસ્માર ઉપર કષાયના રૂપમાં અપાય છે. ભાંગરાના રસથી ત્રાડા ઘોવાય છે, તેનાથી કેશવૃદ્ધિ થઈ કેશ કાળા થાય છે, આંખોની સામે તેનું તેલ ઝાલી કેવા લગાડાય છે

૨. ન. અતિવિષની કળી.

ભંગરાજ [સં ભૃંગરાજ] પું. કોયલના આકારનું કાળા રંગનું એક પક્ષી. તે માથાથી પૂછડી સુધી બાર ઇંચ લાંબું હોય છે. તેમાં સાત ઇંચની તો ફક્ત પૂછડી જ હોય છે. તે ભારતના લગભગ બધા પ્રાંતોમા મળી આવે છે તે અત્યંત સુરીલો અને મધુર બોલી બોલે છે અને લગભગ બધાં પશુપક્ષીઓની બોલીનું અનુકરણ કરે છે તે લડે છે પણ ખરૂ. તેનો રંગ બિલકુલ કાળો હોય છે. ફક્ત પાખ ઉપર બબ્બે પીળી કે સફેદ બારીક લીટીઓ હોય છે. તેની પૂછડી બુલબુલની પૂછડી જેવી હોય છે. ચોમાસામાં તે વધારે દેખાય છે અને ટોડી મકોડા ખાઈને જીવે છે

ભંગરો પું (કચ્છી) ભાંગરાનો છોડ.

ભંગલતા [સ.] સ્ત્રી. ભાંગ અથવા ગાંજાનો છોડ.

ભંગવાડા વિ ભાંગ વેચનાર.

ભંગવાસા [સં.] સ્ત્રી. હળદર.

ભંગવિકાર ૧. પું. કરચલી.

૨. પું મુખની અપમાનકારક ચેષ્ટા

ભંગવું ૧. સ. ક્રિ. નાશ કરવું

૨. સ. ક્રિ. ભાંગવું

ભંગશીલ [સં.] વિ. ભંગુર; જલદી ભાંગી જાય એવું, નાજુક; બરડ; તૂટી જાય એવું.

ભંગશીલતા [સં.] સ્ત્રી. જલદી ભાંગી જાય એવું હોવાપણું; નાજુકતા; બરડતા.

ભંગા ૧. પું. એક પક્ષીનું અથવા જીવડાનું નામ.

૨. પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તે આર્દ્રિણી ગીતિનો એક ભેદ છે. તેમાં ૨૮ લઘુ અને ૨ ગુરુ મળી ૩૦ માત્રા હોય છે

૩. પું. બિકાનેર રાજ્યના નાગરીયો પરગણો તરફથી ખેડૂતો પાસેથી લેવાતો એ નામનો કર

૪. [સં. ભગ્ન (ભાંગ)] ન. ભાગ; નસીબ.

ભંગાઈ [સં.] સ્ત્રી. ભાંગની રજ; ભાંગ.

ભંગાણ ૧. [સં ભંજ્ (ભાંગવું)] ન. અહીંતહીંથી ભાંગતૂટ થઈ હોય તે; વચમાંથી ભાંગી તૂટી જવું તે; તૂટ.

૨ ન. આડીખીલા; નડતર

૩ ન. બંધ પડી જવું તે; અટકી જવું તે. અગમચેથી અકસ્માત અટકી જવું તે; પ્રવાહબંધ થવું અટકવું કે બંધ પડી જવું તે.

૪. ન. આગનાસ; ભાગ; ભાગવું નાસવું તે; વિખરાવું તે; જુદા પડવું તે. નાસભાગ, નાસાનાસી, ઘરેબ છુટા પડી જવું તે; પરાજયથી ગભરાટમાં પડવું તે

૧. ભાગાણ પડવું = નાસી છૂટવું

૨. ભંગાણ પાડવું = વેરવિખેરવિખ કરી નાખવું. દુશ્મનોને ગભરાટમાં નાખવું; પર જય પમાડવું તે નસાડવું; નાસભાગ કરાવવી; લશ્કરને ભગાડવું; ધીંગી નાખવું.

૫. ન. ભાગી પડવું તે

ભંગાન [સં] પું. એક જાતનું માછલું

ભંગાની [સ્ત્રી] સ્ત્રી. એક જાતની માછલી

ભંગાર ૧ [સં. ભંજ્ (ભાંગવું)] પું. ભાંગીતૂટી ગયેલા વસ્તુ; ભાંગેલાં વાસણ કે બીજો સામાન; ભાંગેલાં ધાતુનાં ઠામ.

૨. પું. સોપારી કે એવી બીજી ચીજોને ભાંગતાં તેનું જોવામાં આવતું અંદરનું સ્વરૂપ.

૩. સ્ત્રી. એક જાતની મિશ્ર ધાતુ. તે ચાર ભાગ તાંબું અને છ ભાગ સીસું મળી બને છે.

ભંગારિયો પું. તાંબાપિત્તળનાં વાસણ દુરસ્ત કરનાર કારીગર.

ભંગારી ૧ [સં] સ્ત્રી એક જાતની માછલી.

૨. સ્ત્રી. મચ્છર.

ભંગારું ન. એક જાતનું ઘાસ.

ભંગારો ૧. [સં. ભંજ્ (ભાંગવું)] પું. ભંગાર ખરીદી લેનાર માણસ; ભાંગીતૂટી વસ્તુઓ લેનાર માણસ

૨. પું. ભાંગેલાતૂટયાં વાસણની કૂટ.

ભંગાવવું સ ક્રિ. ભાંગવાની ક્રિયા કરાવવી.

ભંગાવું સ ક્રિ. ભાંગવાની ક્રિયા કરાવવી.

ભંગારચન [સ.] પું. મહાભારત અનુસાર એક રાજા. તેણે પુત્રની કામનાથી અગ્નિષ્ટુત યજ્ઞ કર્યો હતો અને તેને સો પુત્ર થયા હતા.

ભંગાશ્વન [સં.] પું (પુરાણ) એ નામનો એક રાજા. તે મૃગયા ખેલવા ગયો હતો, ત્યાં કોઈ સરોવરમાં સ્નાન કરતાં જ સ્ત્રી થઈ ગયો હતો.

ભંગિ ૧. [સં.] સ્ત્રી. અપ્રામાણિકપણું.

૨. સ્ત્રી અંગનો મરોડ; હાવભાવ.

૩ સ્ત્રી આક્ષેપ.

૪. સ્ત્રી અપ્ર. પ્રવૃત્તિ

૫ સ્ત્રી. ફૂટેલતા

૬. સ્ત્રી તરેહ; મોજુ

૭. સ્ત્રી વિનાશ.પણું

૮. સ્ત્રી પ્રલયવિષ્ણુ

૯ સ્ત્રી પરાજય

૧૦ સ્ત્રી ભંગ; તૂટવું તે

૧૧. સ્ત્રી ભંગ

૧૨. સ્ત્રી મૂર્ખ ત.

૧૩ સ્ત્રી વ્યંજન.

૧૪ સ્ત્રી. રીત; ઢબ.

૧૫. સ્ત્રી. કાયાની ચાતુરી, અંગ.

૧૬. સ્ત્રી વિખૂટ

૧૭ સ્ત્રી. વિન્યાસ.

૧૮. સ્ત્રી. રાજ્યપણું

૧૯. સ્ત્રી રચાપણું તે

ભંગિત [કિ.] સ્ત્રી ભંગડી; ભંગિયણ

ભંગિની [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભાંગેમા જુઓ ભંગિ

ભંગિય ન. ઝભ્ભાનું કપડું; ભંગિયુ.

ભંગિયણ ૧. સ્ત્રી. એ નામની એક બટક.

૨. સ્ત્રી. ભંગડી.

૩. ન. એ નામની બટકનું માપુમ.

૪. વિ. એ નામની બટકનું.

ભંગિયા સ્ત્રી. હિંદુ પણ પતી હાલતમાં આવી ગયેલ રજપૂતમાંથી ઊતરી આવેલ એ નામની

ભંગિયાણી જુઓ ભંગિયણ.

ભંગિયેણ જુઓ ભંગિયણ.

ભાંગિયો ૧. પું નરક વાળનારો ટેઢો; હલાલખોર; ભાજર વાળનાર માણસ.

ભાગાનુબંધ [સ.] ન. (ગણિત) પૂર્ણાંક સહિત અપૂર્ણાંક આકડો

ભાગાનુબંધ અપૂર્ણાંક પું. (ગણિત) જેમાં અપૂર્ણાંકની સાથે પૂર્ણાંક હોય તેવો અપૂર્ણાંક. જેમકે, ૨½, ૧⅔.

ભાગાનુબંધજાતિ [સં] સ્ત્રી. (ગણિત) મિશ્ર અપૂર્ણાંકવાળી જાતિ; પૂર્ણાંક સંખ્યામાં અપૂર્ણાંક ઉમેરવાના હોય એવી જાતિ. જેમકે, ત્રણ પૂર્ણાંક એક ચતુર્થાંશ.

ભાગાનુભાગ ૧. [સં.] પું. ભેદાનુભેદ; ભાગ અને પેટા ભાગ

૨ પું. (ગણિત) મિશ્રિત અપૂર્ણાંક; "મિક્સ્ડ ફ્રેક્શન".

ભાગાપવાહ જુઓ ભાગાપવાદજાતિ

ભાગાપવાહજાતિ [સં.] સ્ત્રી. ગણિતપ્રસિદ્ધ એક જાતિ; ભાગજાતિ, પ્રભાગજાતિ, ભાગાનુબંધ અને ભાગાપવાહ એવી ગણિતની ચાર બાકીની એ નામની એક જાતિ; પૂર્ણાંકમાંથી અપૂર્ણાંક બાદ કરવા હોય તેની જાત.

ભાગાભાગ સ્ત્રી નાસાનાસ; નાસભાગ; દોડાદોડી, આમતેમ આવાપાળ થવા માંડવું તે

ભાગાભાગી જુઓ ભાગાભાગ.

ભાગામી ૧. પું. ભાગિયો

૨. વિ. ખેડની મહેનત બદલ ખેડની ઉપજનો ભાગ લેનાર. ખેડુત માટે વપરાય છે

૩. વિ.સ્ત્રી. ભાગે ખેડવા આપેલી. જમીન માટે વપરાય છે.

ભાગારહ ૧. ન. વિયોગી બદલ અમુક ભાગ લવો તે

૨. વિ. ભાગવટીએ આપેલું; ભાગથી આપેલું; ભાગની શરતે અપાયેલું.

ભાગાર્હ [સં. ભાગ + અર્હ (યોગ્ય)] વિ. ભાગ દેવા લાયક; વિભક્ત કરવા યોગ્ય.

ભાગા લક્ષણા [સં.] સ્ત્રી. (અલં) એક જાતની લક્ષણા. અવયવાવયવ.

ભાગાસિદ્ધિ [સં.] સ્ત્રી. (ન્યાય) તે નામે એક હેત્વાભાસ. પૃથ્વીત્વરૂપ સમાનાધિકરણ્ય વડે પટાદિમા પટત્વનો અભાવ સ્થાપ્યો છે તે ભાગાસિદ્ધિ છે પૃથ્વી ગંધ ગુણવાળી છે, પટત્વરૂપ હેતુથી. એ અનુમાનમા પૃથ્વી પક્ષ છે. એ પક્ષતામા રહેલી પક્ષતાનુ અવચ્છેદક પૃથ્વીતત્ત્વ છે. એ પૃથ્વીત્વનુ સામાન્યાધિકરણ્ય પટ, પટ વગેરેમાં છે. માટે જો પટત્વ એ સમાનાધિકરણ્યના જોરથી ગંધત્વનો હેતુ થતા, તો તે પટત્વ બીજા પૃથ્વીત્વરૂપ સમાન અધિકરણના જોરથી પટનો પક્ષ હેતુ થતો જોઇએ. પક્ષ પટત્વ એ પટનો હેતુ, એમ તો કોઈ કહેતા જ નહિ. માટે સમાનાધિકરણ્યના જોરથી એક ભાગમાં કદાચ હેતુ જેનું જણાતુ હોય તથાપિ બીજા ભાગે તે હેતુનો અભાવ સ્પષ્ટ હોવાથી એને ભાગાસિદ્ધિ કહે છે

ભાગાસુર [સં] પું (પુરાણ) એ નામનો એક અસુર

ભાગાહાર પું. (જુ સ્ત્રી.) ભાગાકાર

ભાગાં ૧. ન બ. વ. ભાગી જવું તે.

૨. વિ. ભાગી ગયેલ; ભાગી છૂટેલ.

ભાગિક ૧. [સં.] વિ. જેના ઉપર બીજા ભાગ હોય તેવું કોઈ ઘરેણું મૂકેલ.

૨. વિ. વારસ; ભાગવાળું.

ભાગિકકલ્પ [સં.] પું ભાગીદાર; "કોપાર્ટનર".

ભાગિતા [સં. ભાગિન્ (ભાગદાર) + તા (પણ)] સ્ત્રી. ભાગીદારપણું, ભાગીદારી.

ભાગિતાલેખ [સં.] પું. ભાગીદારીનો દસ્તાવેજ; પગાળાખત.

ભાગિની ૧. [સં. ભાગિન્ (ભાગવાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ભાગ પડાવનારી સ્ત્રી, ભાગમાં હકદાર સ્ત્રી

૨. સ્ત્રી. વેપારમાં ભાગ રાખનારી સ્ત્રી.

૩. વિ સ્ત્રી. ભાગવાળી.

ભાગિનેય [સં. ભાગિની (બહેન)] પું. ભાણેજ; બહેનનો દીકરો; સ્વજોય; ભગિનીનો પુત્ર.

ભાગિનેયી [સં] સ્ત્રી. ભાણેજી, બહેનની પુત્રી.

ભાગિયક્ષ ૧. સ્ત્રી. ભાગ લેવાનો જેને હક હોય એવી સ્ત્રી; ભાગહાનિ, માલમિલકત, સુખદુઃખ વગેરેમાં જેનો ભાગ હોય તેવી સ્ત્રી; અર્ધાંગના; પત્ની. વિવાહથી માંડીને પુરુષનાં સુખ દુઃખ, લાભ હાનિ તથા કર્મની જે ભાગિયણ થાય છે.

૨. સ્ત્રી. ભાગે પડતુ ભોગવનારી સ્ત્રી; ભાગીદાર સ્ત્રી

ભાગિયું ૧. પું ભાગીદાર; જેનો ભાગ હોય તે.

૨. વિ. પગાળું; હિસ્સાવાળું; મળિયાકું.

ભાગિયેક્ષ જુઓ ભાગિયક્ષ.

ભાગિયો ૧. પુ. અનાજ પાકે તેમાં અમુક ભાગ લવાની શરતે ખેતી કરવા સારૂ રહેતો નોકર; ભાગની સાથી.

૨ પુ ચાકર.

૩ પું ભાગની ખેડુત, ભાગની જમીન ખેડનાર માણસ.

૪. પુ ભાગીદાર, હિસ્સેદાર; અંશધર; અંશભાગી શરીક.

૫ પું. બેગાને બદલે વધારે વળે આપનાર બળદ.

ભાગિલ [સં] પુ (પુરાણ) એ નામના એક ઋષિ

ભાગી ૧. [સં. ભાગિન્] પું શિવના ગણનું એક નામ.

૨. વિ. અંશવાળુ.

૩. વિ. નસીબદાર; ભાગ્યવાળું; સુભાગી; ભાગ્યવાન.

૪. વિ ભાગ્યશાળી; હિસ્સેદાર; અંશધર; ભાગીદાર.
અધર્મે કરવાં પાપ લાખો,
તેના ભાગી કો નવ થાય. પદ્મનાભ
૫. વિ. વારસામાં ભાગી, ક્ષેત્ર વારસ.
૬. અ. લીધે; માટે

ભાગીગીગો પું. ભત્રીજો.

ભાગીતૂટી સ્ત્રી. જી. જુદું થઈ ગયેલી.

ભાગીદાર ૧. પું. જોડિયો; સાથી; સોબતી; સંગી.
૨ પું લાગિયું; જેનો ભાગ હોય તે; હિસ્સેદાર.
૩. વિ સામેલ, ભાગવાળું.

ભાગીદારી સ્ત્રી. ભાગીદારપણું; હિસ્સો હોવાપણું; પતિયાળું; પાતીદારી; અંશદારી. નફો મેળવવાના આશયથી ધંધામાં બે અથવા વધારે વ્યક્તિ એક ધંધો ચલાવે. જે ભાગીદાર માત્ર નફામાં જ સભ્ય બનવતો હોય તે સુષુપ્ત ભાગીદાર કહેવાય છે. તે ધંધામાં કોઈ પણ પ્રકારનો સક્રિય સાથ આપતો નથી, પરંતુ કંપનિના દેણામાં તે જવાબદાર ગણાય છે.

ભાગીદારીપદ્ધતિ સ્ત્રી. ઉદ્યોગમાં કામદારો ફક્ત પગાર લેનાર તરીકે નહિ, પરંતુ ભાગીદાર તરીકે કામ કરે અને નફાતોટામાં ભાગીદાર બને તેવી પદ્ધતિ. આ પદ્ધતિમાં જ્યારે જ્યારે નફો થાય, ત્યારે કામદારોને નફામાં ભાગ આપવામાં આવે, પણ ખોટ જાય ત્યારે ભાગીદાર તરીકે ખોટમા ભાગીદાર બનવામાં ન આવે તેને નફાની ભાગીદારીપદ્ધતિ કહેવામાં આવે છે

ભાગીન [સં] ન. ભંગ થતા ગોળ ક્ષેત્ર.

ભાગીરથ જુઓ ભગીરથ.

ભાગીરથી ૧. સ્ત્રી. ગઢવાલ પાસના હિમાલયનુ એ નામનુ એક શિખર.
૨. [સં] સ્ત્રી સૂર્યવંશના ભગીરથ રાજાએ સ્વર્ગમાંથી આણેલી નદી; ગંગા; જાહ્નવી. અમરકોષમા તેના ત્રિપથગા, જાહ્નવીતનયા, સુરનિમ્નગા, ત્રિપથગા, ત્રિસ્રોતા, ભીષ્મસૂ પર્યાયશબ્દો આપ્યા છે. તેને વિષ્ણુપુરાણમાં એવી કથા છે કે, દિલીપ રાજાએ પૂર્વજોના ઉદ્ધારને અર્થે ગંગા પ્રાપ્ત કરવા દીર્ઘ કાળ તપ કર્યું, પરંતુ તેને સિદ્ધિ પ્રાપ્ત ન થતાં તે મરણ પામ્યા. પછી ગાદીએ આવેલા ભગીરથે પણ રાજ્યની વ્યવસ્થા કરી પિતાની પેઠે જ તપનો આરંભ કર્યો. આ તપશ્ચર્યા તેણે હિમાલય ઉપરના ગોકર્ણ ક્ષેત્રમાં એક હજાર વર્ષ સુધી કરી હતી. આ તપ વડે પ્રસન્ન થઈ ગંગા સાક્ષાત્ તેની સામે આવી ઊભી રહી. તેને જોઈ રાજાએ તેને વંદન કર્યું ને પ્રાર્થના કરી કે, તારા જળ વડે મારા પૂર્વજોનો ઉદ્ધાર કર. તેથી અલકનંદાનો પ્રવાહ જે આની પૂર્વે અસ્તિત્વમા હતો, તેની પકડ પામળ હિમાલય ઉપર આવી. આ રીતે તે ભરતખંડમાં આવી અને ભગીરથના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો. તે દિવસથી ગંગાનું નામ ભાગીરથી પડ્યું. એમ પણ કહેવાય છે કે, ભગીરથે અનેક અડચણો અને સકટો સહન કરીને ગંગા નદીના કાંઠા ઉપરનો સર્વ પ્રદેશ ફળદ્રુપ કર્યો હતો, તેનું નામ રાખવાને તે પ્રદેશમાથી વહેનારી નદીને ભાગીરથી એવું નામ આપવામાં આવ્યુ

ભાગીરથી ભામતી પ્રિય હિમગિરા,
વિશુદ્ધ હિમમિશ્રિ મધ્ય વહેતી રહી આ,
ઊર્જિત ઈશ્વરી સ્વરૂપ હિમાદ્રિ આ તે,
ઊર્જિત જાહ્નવી પ્રભુસ્વરૂપે વિરાજે!
કેદાર ભદ્રિ સ્વર્ગાશ્રમ ઋષિકેશ,
સોપાન સ્વર્ગીય પ્રભુદ્વારપ્રે પ્રવેશ,
વિશ્રામસ્થાન સહુ સ્નેત મહંતનાં ભર્યાં,
ભાગીરથી ભામતી નમુ હિમગિરા!
ગિરા તણે કણકણે ભરી આત્મશુદ્ધિ,
ગીતાજ્ઞો પદપદે અજાયાત્મ બુદ્ધિ,
ગાયત્રીની રટનએ ભાવ ઓજ બુદ્ધિ,
ઓ ચેતના જાગૃતની પ્રિય માતૃભૂમિ!
વિષ્ણુપદેથી ઊતરી ભર્હા શંભુશિરે,
પાતાળ પહોંચી સગરપુત્ર તર્યા તું નીચે,
ત્રિલોકપાવની તું ત્રિપથગા ત્રિલોકે,
ત્રિલોકમાં વિચરતી તરણિ નમસ્તે!
ભાગીરથી ભામતી અવની ઊપરથી,
ઉદ્ધારનારી સગરા અસ્તાત્મજનતા,
એવે પુનિત ગંગાભૂત કેક કોટિ,
શ્રી ચેતના જાગૃતની પ્રિય માતૃભૂમિ!

ન.ગ.

ભાગીરાત સ્ત્રી. મોડી રાત; અધરાત પછીનો સમય
આટલી ભાગીરાતે આવા મંદિર કને એવું બોલનાર તું કોણ? પ્રેમાનંદ

ભાગીલું વિ. ભાગવાળું.

ભાગુ ૧. સ્ત્રી (કચ્છી) મગર.
૨. અ. કાંઈ. કોળ માટે વપરાય છે.
૩. વિ. કટકા થયેલું; ભાંગેલું; તૂટેલું.
૪. વિ. જેનાથી મહેનત ન થતી હોય તેવું; બેદાખાકિ; કામ ન કરે તેવું; આળસુ; મહેનતથી કંટાળનારું.
૫. વિ. મુશ્કેલ; બહુ મહેનતનું; તોડી નાખે એવું; બહુ શ્રમવાળું.
૬. વિ. ભાર નાશનાર; મહા દારિદ્રયનુ જતાવનાર.
જે ભાગુ = ભાર પડનાર; બોજારૂપ બનવું સૌથી સરસ બાબુવાપણું બતાવનાર.

ભાગુભાઈ પું. ભાગવો; નામર્દ માણસ.

ભાગુરિ ૧. [સં.] પું. એ નામે એક ઋષિ; ધર્મશાસ્ત્ર અને આચારણ બનાવનાર એ નામનો એક મુનિ.
૨. પું. (પુરાણ) યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાંના સોમ માંહેનો એ નામનો એક ઋત્વિજ.

ભાગું અ. ને કારણે; ને લીધે
ભાગુ બોખરૂ = જેવુ તેવું; ઉપરચોટિયુ.

ભાગેડુ (ભાગેડુ) ૧. પું. નાસી જનાર માણસ; નાસભાગ કરનાર માણસ.
૨. વિ. બીકણ.
૩. વિ મૂળ સ્થાનકથી છૂટીને ભાગ્યા કરે તેવું; નાસભાગ કરનાર.
૪. વિ સ્ત્રી. પરણ્યા પણીને છોડીને ભાગતી ફરનારી; ઊભણી; જે પોતાને આધારે ન રહેતી હોય તેવી

ભાગેતું વિ. ભાગ કરાવી બેઠવા આપેલું વાડી કે બેનર માટે બોલાય છે

ભાગેરથી જુઓ ભાગીરથી

ભાગેલ્લા પું. દેદરાણા રાજ્યના વરસુડી તાલુકામાં બેતી માટે રાખવામાં આવતો મુકામ. ઉનરમાં અને મધ્યમાં કરેક મોટો અમલદાર ભાગેલ્લાઓ રાખે છે. દક્ષિણમાં તો ફક્ત એ દિવાજ નામનો જ છે ભાગેલા પદ્ધતિનાં બાકી બધાં લક્ષણો નીચે પ્રમાણે છે: નોકરીનો બદલો દર વરસે કાંઈક વસ્તુથી આપવામાં આવે છે. જો ઢોર મરેલાં બાકીમાં આવે તો બોજા કરવા બધાય છે. કેટલાક કિસ્સાઓમાં બોરડા આપવામાં આવે છે. નોકરી આખા દિવસની અને દરેક કામ કરવાનુ હોય છે. કોક બદલરો તે એ લોકોને માટે અનીતિ ગણાય છે. નાસી ગયેલા ભાગેલ્લાનો પત્તો એમ પારે છે કે, તે ભાગેલ્લાને પોતાની નોકરીમાં રાખવા કરજ પાડવાનો પોતાને કાયદેસર હક્ક નથી. એવી માન્યતા છે કે, જે ભાગેલ્લાનું પરબ્રહ્મનુ ભરણ તેના શેઠે આપ્યું હોય, તેના બાળકોએ એવા જ રીતે તેજ શેઠના ભાગેલા થઈને રહેવુ પડે.

ભાગો વિ પું. ભૂખરો.

ભાગોદાસ પું. એ નામનો એક કબીરપથી ભક્ત. તેણે બીજક નામનો ગ્રંથ રચ્યો છે.

ભાગોચ્ચ (ભાગોચ્ચ) વિ. મધ્યમસરનું; વચલા વર્ગનું; વચલા વાંધાનું.

આગોળો ૧. સ્ત્રી. ખેટ આગળનું કે ગામની સરહદ ઉપરનું મેદાન કે ચોગાન, આગળ; ગામ કે શહેર બહારની છૂટી જગ્યા.

૧. આગોળ જેવું = પહોળું; વકાસેલું.

૨. આગોળે જવું = (૧) ખરચુ જવું; ઝાડે ફરવા જવું. (૨) ગામ બહાર જવું

૩ આગોળે દીવા કરવા = બધે બનેર કરવું; ન બાબવું હોય તેને પણ જણાવવું; કોઈના દોષ પ્રસિદ્ધ કરવા; જેને ન કહેવું હોય તેને પણ કહેવું

૪. જેમ આગોળે ને ભાણ ભાગોળે-ઘેર પ્રમાણમાં = વસ્તુ પ્રાપ્ત થવા પહેલાં તેને વિષે ખોટી ચિંતા કરવી તે

૨. સ્ત્રી. ગામ, શહેર વગેરેમાં દાખલ થવાનો બહારનો મોટો દરવાજો; શહેરના કોટનો દરવાજો

બીજા આગોળો જો કે હીરા આગોળા કરતા નાની છે, પણ તેમની રચના કંઈ ઊતરતી નથી
મ. સા. પરિષદ

૩ સ્ત્રી. ગામનું પાદર

૪. સ્ત્રી. બારણું; ચકલું, ખોરી.

ભાગ્ય ૧ [સં.] સ્ત્રી. ગણનાં કન્યાર માંહેનું એક નામ

૨ ન. આબાદી; આની દશા; સુખપ્રાપ્તિ. ઉદય; ઉત્કર્ષ; ચડતી પાનરી; બઢતી

૩. ન. (જ્યોતિષ) ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર.

૪. ન. નસીબ; પ્રારબ્ધ, દૈવ; ભવિ; કિસ્મત; શુભાશુભકર્મ; તકદીર. અમરકોષમાં તેના દૈવ, દિષ્ટ, ભાગધેય, નિયતિ, વિધિ પર્યાય શબ્દો આપ્યા છે. ભાગ્યનો સિદ્ધાંત બધું કરીને બધા દેશો અને બધી જાતિઓમાં કોઈ ને કોઈ રૂપમાં માનવામાં આવે છે. હિંદુ શાસ્ત્રકારોનો મત છે કે, આપણે સંસારમાં આવીને જેટલાં સારાંનરસાં કર્મ કરીએ છીએ, તે બધાંના પેટલાક સંસ્કાર આત્મા ઉપર પડે છે અને ભવિષ્યમા આપણને તે સસ્કારોનું ફળ મળે છે. આ સસ્કાર ભાગ્ય કે કર્મ કહેવાય છે અને આપણને સુખ કે દુઃખ આપે છે એક જન્મમા જે શુભ અશુભ કર્મ કરવામાં આવે છે, તેમાંથી કોઈકનું ફળ તે જ જન્મમાં અને કોઈકનું જન્માતરમાં ભોગવવું પડે છે. આ વિચારથી ભાગ્યના ચાર વિભાગ કરવામા આવે છે: સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ અને આગામી. સામાન્ય રીતે લોકોનો એવો વિશ્વાસ છે કે, સંસારમાં જે કાંઈ થાય છે તે સદા ભાગ્યથી જ થાય છે અને તેના ઉપર મનુષ્યનો કોઈ અધિકાર હોતો નથી. સાધારણ રીતે શરીરમાં ભાગ્યનું સ્થાન લલાટ માનવામાં આવેલું છે.

જન્મના ભાગ્યમાં જે સમે જે લખ્યું.
તેહને તે સમે તેજ પહોંચે. નરસિંહ

૧. ભાગ્ય ઊઘડવું-ફળવું = ભાગ્યવાન થવું; સુખી થવું

૨. ભાગ્ય ચોટવું = આગળ વધવું; ભાગ્યથી મળવું

૩. ભાગ્ય ફરવું = ભાગ્યોદય થવો; નસીબ ઊઘડવું; સુખની પ્રાપ્તિ થવી.

૪. ભાગ્ય ફરી વળવું-ફટવું = (૧) ધ્રુત્રેલું ન મળવું. (૨) દુઃખ આવી પડવું; આવદશા થવી.

૫. ભાગ્ય ભાડવું = ભાગ્યને બોલાવવું; ભાગ્યને સોંપી દેવું.

૬. ભાગ્ય ભળવું = નસીબ ઊઘડવું.

૭. ભાગ્ય રળવું = ભાગ્ય કમાવું.

૮ ભાગ્યનો સિતારો = નસીબરૂપી તારો

૯ ભાગ્ય વધારવું = આવે ચઢાવવું.

૫. ન. પૂર્વાચરિત શુભાશુભ બનાવ તે; ભવિષ્યમાં બનનાર તે; ભવિતવ્ય.

૬. વિ ભાગ્યને લોગ્ય

ભાગ્યકોડા (ભાગ્યકીડા) [સં] સ્ત્રી. મુદ્રિકાખનન; ખોદકી. 'લોટરિ'

ભાગ્યચક્ર [સં.] ન. નસીબનું ચક્ર, નસીબરૂપી પૈડું; કિસ્મત.

ભાગ્યચિંતક [સં.] વિ. ભાગ્યની ચિંતા કરનાર.

ભાગ્યજોગે અ. નસીબજોગે, કદાચિત્

ભાગ્યતંગ વિ. ભાગ્યહીન.

ભાગ્યદા ૧. [સં.] સ્ત્રી. અંશ; ભાગ.

૨. સ્ત્રી. સોરઠી: 'લોટરિ'.

ભાગ્યદાતા ૧. [સં. ભાગ્ય + દાતૃ (આપનાર)] પું. ભાગ્ય આપનાર માણસ; સમૃદ્ધિ આપનાર માણસ.

૨. વિ. ભાગ્ય આપનાર.

ભાગ્યદિનકર [સં. ભાગ્ય + દિનકર (સૂર્ય)] પું. ભાગ્યરૂપી સૂર્ય; ભાગ્યભાનુ; ભાગ્યસવિતા.

ભાગ્યદેવી [સં.] સ્ત્રી. ભાગ્યરૂપી દેવી. વિધાતા.

ભાગ્યદેશ [સં.] પું. નસીબનું સ્થાન; લલાટ.

ભાગ્યદૈન્ય [સં.] ન. ભાગ્યની નિર્ધનતા; કમનસીબપણું

બધુઓએ અર્પેલી સેવની નિવાપાંજલિ સ્વજનોનો આ લેખકને ભાગ્યદૈન્યથી અત્ર પ્રસંગ આવેલો છે.
સરસ્વતીચંદ્ર

ભાગ્યનિધિ [સં.] ન. ભાગ્યરૂપી સમુદ્ર.

ભાગ્યનિર્માણ [સં.] ન. ભાવિમા કે ભવિષ્યમાં કંઈ બનવાનું નક્કી થયું હોય તે.

સદ્ગુણાલાલ! હવાસ ભાગ્યનિર્માણને પૂજ.
નાનાલાલ

ભાગ્યપતિ [સં.] પું. નસીબનો સ્વામી; બૃહસ્પતિ.

ભાગ્યપત્ર [સં.] પું.;ન. જેમાં નસીબ લખાયું હોય તેવો પ્રસંગ

દુનિયાના ભાગ્યપત્ર સૌ રાજકાજમ મહારાણીજી જે છે.
નાનાલાલ

ભાગ્યપરીક્ષક [સં] ન. દશા; ભાગ્ય; નસીબ; ભવિષ્ય; કિસ્મત, દૈવદશા.

ભાગ્યપૂર્ણિમા [સં.] સ્ત્રી. પૂર્ણિમાના ચંદ્રના પ્રકાશ જેવું જેનું ભાગ્ય છે તે; ભાગ્યવાન બાનિ.

ભાગ્યભ ન (જ્યોતિષ) પુષ્યાદ્યાપુની નક્ષત્ર.

ભાગ્યભર વિ ભાગ્યથી ભરપૂર

ભાગ્યભંગ [સં.] પું. ભાગ્ય તૂટી જવું તે; ભાગ્ય ભાંગવું તે.

ભાગ્યભાનુ [સં. ભાગ્ય (નસીબ) + ભાનુ (સૂર્ય)] પું. નસીબરૂપી સૂર્ય

ભાગ્યભાવ [સં.] પું. (જ્યોતિષ) જન્મકુંડલીમાં જન્મલગ્નથી નવમું સ્થાન. તેનાથી મનુષ્યના ભાગ્યનો તથા શુભાશુભ કર્મનો વિચાર કરાય છે

ભાગ્યભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં નવમું ભુવન; ધર્મભુવન. આ ભુવનમાં ભાગ્ય, દાન, ધર્મ, ગુરુ, તીર્થયાત્રા અને તપશ્ચર્યા વિષે જોવામાં આવે છે.

ભાગ્યયોગ [સં.] પું. નસીબયોગ; વિધિસયોગ.

ભાગ્યરવિ [સં.] પું. ભાગ્યરૂપી સૂર્ય.

ભાગ્યરશ્મિ [સં. ભાગ્ય (નસીબ) + રશ્મિ (કિરણ)] ન. ભાગ્યરૂપી કિરણ.

ભાગ્યરેખા [સં. ભાગ્ય (નસીબ) + રેખા (લીટી)] સ્ત્રી. નસીબની રેખા.

ભાગ્યલક્ષ્મી [સં] સ્ત્રી. નસીબરૂપી દોલત.

દશપત જન્મપત્રીથી જ ઘરમા વેદઅભ્યાસ; ધર્મયાત્રાનુ પર્યટન; સાધુસંતોનો સત્સંગ, શાસ્ત્રશ્રદ્ધા અને શાસ્ત્રઅભ્યાસ; મહાજન સમાગમ; સુદામાસાથી રંકવાના નિર્ધનિયા સંસારપાઠો અને ત્રિલોકસ્વામીથી પામતી, વસુન્ધરાના દેવા પેઢલમા આદરેલ ઉજરાતી જળસરવાણીઓ સમી, બાલાપણમાથી વરત ને ઉદ્યમા નાંખતી કાન્યપ્રેરણા. એ સૌ દેવીકી દશપત ભાગ્યલક્ષ્મી હતી.
નાનાલાલ

ભાગ્યલેખ [સં.] પું. વિધિનો લેખ.

ભાગ્યવદ્દષ્ટિગોચરી [સં.] સ્ત્રી. ગણનાં કન્યાર માંહેનું એક નામ.

ભાગ્યવશાત્ [સં.] અ. ભોગજોગે; સારે નસીબે, ભાગ્યયોગે; દૈવયોગે; નસીબજોગે, કર્મયોગે.

ભાગ્યવસ્તુ [સં.] સ્ત્રી. નસીબરૂપી વસ્તુ.

ભાગ્યવંત ૧ [સ. ભાગ્ય + વત્ (વાળું)] વિ. ભાગ્યશાળી, નસીબદાર; સુખ્તી
૨. વિ સુખી, જેને ઘણી ઘણી રીતનું સુખ હોય તેવ.

ભાગ્યવાદ [સ] પું નસીબવાદ; કર્મવાદ.

ભાગ્યવાદી [સ. ભાગ્યવાદિન્] વિ. દૈવવાદી; નસીબ ઉપર આધાર રાખનાર

ભાગ્યવાન ૧. [સં. ભાગ્ય + વત્ (વાળું)] વિ. ભાગ્યવતુ; સદ્ભાગી. ભાગ્યશાળી; નસીબદાર, પુણ્યવાન; સત્કર્મી
૨. વિ. માંગલિક; શુભકર; કલ્યાણકારી, બરકતી

ભાગ્યવિધાતા ૧. [સં. ભાગ્યવિધાતૃ] પું નસીબ ઘડનાર; ભાગ્યનો ઘડનાર; નસીબનો ઘડવૈયો, જેના ઉપર નસીબનો આધાર હોય તે.
જનમણૂપન અધિનાયક
જય હે ભારત ભાગ્યવિધાતા, રાષ્ટ્રગીત
૨ પુ. ઘાતં.

ભાગ્યવિધાત્રી [સં] સ્ત્રી. ભાગ્ય ઘડનારી દેવી; વિધાતા

ભાગ્યવિઘાયક [સ.] વિ. નસીબ નષ્ટો કરનાર.

ભાગ્યવિપ્લવ ૧. [સં. ભાગ્ય + વિપ્લવ (પ્રતિકૂળ સમય)] પું. કમનસીબી; કમભાગીપણું
૨ પું. નસીબનો ફેરફાર.

ભાગ્યવિપર્યય [સં.] પું. ભાગ્યનો ફેરફાર

ભાગ્યવિશાલિતા [સં] સ્ત્રી. ભાગ્યશાળીપણું.

ભાગ્યશાલી જુઓ ભાગ્યશાળી

ભાગ્યશાળી [સં. ભાગ્ય + શાલિન્ (વાળું)] વિ. નસીબદાર; સુખ્તી; સુખી; સાધનસંપન્ન; સદ્ભાગી. ભાગ્યવાન.
૧ ભાગ્યશાળી જગલમા પણ મંગલ કરે = માણસ પાસે કંઈ પણ પૈસો ન હોય તોપણ માઈ નસીબ હોય તે પૂરતું છે; ઈશ્વરની કૃપા હોય તો અણગમતી વસ્તુઓ પણ લાભદાયી થઈ પડે.
૨. ભાગ્યશાળીને ઘેર ભૂત રળે—ભાગ્યશાળીને પગલે પગલે નિધાન = ભાગ્યશાળીને બધુ આપોઆપ મળી રહે છે.

ભાગ્યશૂન્ય [સં.] વિ. જેના નસીબમા કંઈ જ ન હોય એવું; અકર્મી. ભાગ્યહીણ.

ભાગ્યસવિતા [સં. ભાગ્ય + સવિતૃ (સૂર્ય)] પુ પ્રારબ્ધનો સૂર્ય; માઈ નસીબ; ભાગ્યભાનુ.

ભાગ્યસ્રષ્ટા [સં. ભાગ્ય + સ્રષ્ટૃ (સરજનાર)] પું. ભાગ્ય સરજનાર; વિધાતા; ભાગ્યનિર્માતા.

ભાગ્યસ્રોત [સં. ભાગ્ય + સ્રોતસ્ (ઝરો)] પું. નસીબરૂપી ઝરો

ભાગ્યહીણ જુઓ ભાગ્યહીન.

ભાગ્યહીન ૧. [સં ભાગ્ય + હીન (વગરનું)] વિ. કમનસીબ; અભાગિયું; અકર્મી; દુર્ભાગી.
૨. વિ. બારે કર્મી; પાપી. અધર્મી; હિંસક, અશુભકર્મી.

ભાગ્યાકાશ [સં. ભાગ્ય (નસીબ) + આકાશ] ન, નસીબરૂપી આકાશ.

ભાગ્યું ૧. [સં. ભગ્નક; પ્રા. ભગ્ગઓ] વિ, કટકા થઈ ગયેલું; તૂટેલું, ભાગેલુ.
૨. વિ. તંગીમાં આવી પડેલુ

ભાગ્યુંખાગ્યું ૧. વિ. નહિ ભાંગી ગયેલુ તેમ નહિ આખું; અધકચરું; ભાગીને કટકે કટકા કે બગડ્યા જેવુ નહિ બગેલું; જેવુંતેવું
૨. વિ પરિપૂર્ણ નહિ એવું; અસપૂર્ણ

ભાગ્યુંતૂટ્યું ૧. વિ. અરધુ શુદ્ધ અને અરધુ અશુદ્ધ
૨. વિ. ભાંગેલું અને તૂટેલુ.
૩. વિ. સમારકામ કરેલા જેવુ.
૪. વિ સાગ કે અટકવા લાયક નહિ એવું; તૂટક.

ભાગ્યે ૧. [સં. ભાગ્ય (નસીબ)] અ કર્મયોગે; દૈવયોગ. ભાગ્યવશાત્
૨. અ. કોઈક વાર જ; કવચિત; અવકાશે; કદાચ.

ભાગ્યોદય [સં. ભાગ્ય + ઉદય (ઝલતી)] પું. નસીબ ખૂલવાપણું; સારૂ થવા માડવુ તે; નસીબની બદલતી; પ્રારબ્ધ ઊઘડવું તે.

ભાઘડી સ્ત્રી. ઠોબડી; મૂણી.

ભાચક પું. (જ્યોતિષ) કાનિષ્ઠા

ભાચર ૧. વિ. પહોળું.
૨. વિ. મોટુ.
ભાચર મોટું = મોટુ મોટુ.

ભાચરડા (ભાચરડા) ૧. સ્ત્રી. અંતજની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનુ.

ભાચરુ [સ] પું. બત્રીજો.

ભાચરો ૧. પું. ભાત બરવાનું મોટુ ઠોબુ
૨. પું. પહોળા મોંનું અને પાટીવું નહિ એવુ માટીનું વાસણ; પહોળા મોંનુ માટીનું વાસણ; મોટો પાટિયો.
ભાચરા જેવુ મોં = (૧) મપડું ને પહોળુ મોં. (૨) મોટો પહોળો ભોરોળ ચહેરો.
૩. પું. ભાતનો ઝરુ; ભાત ચડાવવાનું પહોળા મોંનું તાંબા કે પિત્તળનું વાસણ.

ભાચરુ [સ.] પું. બત્રીજો.

ભાચિકિત્સા [સં. ભા (પ્રકાશ) + ચિકિત્સા (રોગની પરીક્ષા)] સ્ત્રી. શરીરનું ચાલિકા ચિત્ર લઈ કોઈ પણ રોગની પરીક્ષા કરવી તે.

ભાચિત્ર [સં.] ન. છબી; તસ્વીર

ભાચિત્રપટ્ટ ન. છબી પડી શકે તે માટે સાઝીવ રીતે તૈયાર કરેલી કાચની તકતી.

ભાજ્ ૧. વિ. ગુણવાળુ
૨. વિ. ભજનાર.
૩. વિ. ભોગવવાવાળું. ભોગવનાર; ઉપભોગ કરનાર.
૪ [સં.] સ. ક્રિ. (ધાતુ) ભાગ પાડવા; વહેચવું; અલગ કરવું; ભાગવું; જુદું કરવું. તે ઉપરથી અનેક શબ્દઃ ભાગ, વિભાગ, ભાગવું, ભાજ્ય: ભાજક, ભાગાકાર.

ભાજક ૧. [સં. ભાજ્ (ભાગ કરવા) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું (ગણિત) જે વડે ભાગ લેવાના હોય તે સખ્યા; ભાગનાર સંખ્યા. ભાગાકારના દાખલામાં એક રકમને બીજી રકમથી ભાગવાની હોય છે, તે બીજી રકમને ભાજક કહે છે.
૨. વિ. તેલ, ઘી વગેરે ચીકણા પદાર્થનું શોષણ કરનાર
૩. વિ ભાગ કરનાર.

ભાજકપિત્ત ન. શરીરે ચોળેલા તેલ વગેરે ચીકણા પદાર્થોનું શોષણ કરનાર પિત્ત.

ભાજકરાશિ [સં.] પું. જેના વડે કોઈ રકમને નિઃશેષ ભાગી શકાય તે રકમ

ભાજડહો (ભાજડ્હો) પું. ભત્રેરી.

ભાજણી ૧. સ્ત્રી. વાસણ વાળવા માટે રખાતો ૭, ૮ કે ૯ કાચ જેટલો ભાગ.
૨. સ્ત્રી. ગાડાભાડામા નાખવા માટેનો લોટ; અડદનો દાળ, તુવેરનો દાળ, ચણાનો દાળ, સોબા, સૂકા મરચાં ને કટકને તેલમાં શેકી કરેલો લોટ.

ભાજન ૧. [સ.] ન ભાઢક; ચાર પ્રસ્થનુ માપ; ૨૫૬ રૂપિયાભાર
૨. [વિ] ન. અન્નઃ.
૩. ન. કામ; પાત્ર; ભાંડ; આવપન; અમત્ર; જગત, કથીર અને કામાનુ વાસણ.
૪. ન. પાત્ર; લાયક; યોગ્ય વ્યક્તિ. સમાજને અને વપરાશ છે. જેમકે, દયાભાજન.
૫. ન. ભાગ પાડવા તે; ભાગાકાર કરવો તે.
૬. ન. વિષય.
૭. ન. સ્થાન.

ભાજનતા ૧. [સં.] સ્ત્રી આધારપણું.
૨. સ્ત્રી. પાત્રપણું; યોગ્યપણું;

ભાજનત્વ જુઓ ભાજનતા.

ભાજનલોભી [સં. ભાજન (વાસણ) + લિપ્ (લભવુ)] પું. હીરો; વાસણ ઉપર આકા પાડી શકે એવુ સાધન.

ભાજનશીલા પુ (વિગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા તગણ, યગણ, બે રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આ છંદ અનિજગતી છંદનો એક ભેદ છે.

ઉ૦ ભાજનશીલા સા ય રા રા ગ ગાતા.

રઘુપિંગળ

ભાજનિ ન. કેરોસીનને મળતું એક જાતનુ કમકૂ હાઇડ્રોકાર્બન તેલ. પેરેફિન, ટોલસો વગેરેમા‍થી ન ઊર્ધ્વપાતન ક્રિયા વડે કાઢવામા આવે છે. તે ચિત્રને પ્રકાશિત તેમ જ લીસું કરવા માટે વપરાય છે.

ભાજનીય ન. ભોજનનુ એક માપ; એકસો પચાતેર પલનુ વજન.

ભાજમાન [સં] વિ. પ્રકાશમાન.

ભાજવું ૧. અ. ક્રિ. કટકા થવા; તૂટવું; ભાંગવુ.

૨. અ. ક્રિ. નાસવુ; ભાગવુ.

૩. સ. ક્રિ. તળવુ

૪. સ. ક્રિ. દૂર કરવું.

૫. સ. ક્રિ. ભાગવુ; ભાગાકાર કરવો.

૬. [સં. ભજ્ (ભાંગવુ)] સ. ક્રિ. વિભાગ કરવા; કટકા કરવા; તોડવું.

ભાજા ૧. [સં.] સ્ત્રી. અપક્વ અંજન.

૨. સ્ત્રી. એ નામની એક પ્રાચીન ગુફા.

ભાજિત ૧. [સં.] પું. અંશ; ભાગ.

૨. વિ. ભાગેલું કરેલ; ભાગેલ; ભાગ કરેલ.

૩. વિ. ભાગાકાર કરેલ.

ભાજિની ન. એક જાતનું ભાજવું. તેની ઠંઠી સાડ ઇંચ લાબી અને આખા ભાજવાનું વજન ઓગણપચાસ પલ હોય છે.

ભાજી ૧. પું. સેવક; ભૃત્ય; નોકર.

૨. સ્ત્રી. ચોખાની કાંજી; ચોખાનું ઓસામણ

૩. સ્ત્રી. તળેલા કે રાધેલાં શાકભાજી; શેકેલ કે પકવેલ કોઈ અંજન; પાન વગેરેને ચાવી વધારીને કરેલ રાડ.

૪. સ્ત્રી. ભાગ; હિસ્સો.

૫. સ્ત્રી. ભેટ.

૬. [હિ.] સ્ત્રી. મેથી.

૭. સ્ત્રી. બોર્ડદાની રમતમાં એ નામનો એક દાવ. તેમાં દંડા ઉપર બોર્ડ રાખી, બોર્ડને ઊભાણા દંડાથી કટકો મારવામાં આવે છે.

૮. સ્ત્રી. વણિક જ્ઞાતિની એ નામની એક અટક

૯. સ્ત્રી. શાક કરવા લાયક કુમળી ડાંખળીવાળી વનસ્પતિ; પાન વગેરેને ચાવી વધારીને કરવામાં આવતાં શાક માટેની વનસ્પતિ; લીલી અને કુમળી વનસ્પતિ; શાક લાયક કુમળો છોડ

૧. દશે શેર ભાજી દશે શેર ખાર્યા = સૌની સરખી કીમત હોવી.

૨. ભાજી કરી નાખવી = કકડી કરવી.

૩. ભાજી પાકવી = લાભ મળવા.

૪. ભાજી ભાટવી = ભાગ પાડવા

૫. ભાજી મૂકો ગણવો = તુચ્છ માનવું.

૬. ભાજીનુ પત્રવી = પોચા સ્વભાવનુ માણસ.

૧૦ ન. એ નામની અટકનું માણસ.

૧૧. વિ. એ નામની અટકનુ.

૧૨. વિ. ભક્તા; ભજનાર, સેવનાર.

ભાજીખાડું ૧. વિ. કમનસીબ; પોચું; નિર્બળ; બળહીન; ભાયકું, તાકાત વગરનું; સોર્ય વિનાનુ.

૨. વિ. વનસ્પતિ ખોરાક ખાનાર; શાકભાજી ઉપર નિર્વાહ કરનાર; અન્નભોજી; માંસાદિક નહિ લેનાર; ભાજી ખાનાર.

ભાજીઉસ્ત [ઇ.] પું. વેચાતા આવતાં શાકભાજી ઉપર લેવાતો કર.

ભાજીપાલો ૧. પું. શાકોપધિ; વનૌષધિ.

૨. પું. છોડ, વેલ, ઘાસ વગેરે સામાન્ય વનસ્પતિ; ભાજી, પાલો વગેરે.

૩. પું. તાજી અને લીલી વનસ્પતિનાં પાંદડાં ને કુમળો; શાકપાંદડું; તરકારી.

ભાજીમૂળા ૧. પું. બ. વ. પાન, કૂંપળ ને મૂળ સહિત તાજી વનસ્પતિ.

૨. પું. બ વ. મૂળો અને તેની ભાજી.

૩. પું. બ. વ. તુચ્છ કે લેખામાં ન લેવા જેવી વસ્તુ

૪. વિ પું. બ. વ. માલ વગરનું; તુચ્છ; સત્ત્વ વગરનું; ઉપેક્ષ; નહિ ધ્યાન આપવા જેવું; લાલચુ; કાડી નાખવા જેવુ; ગણતરી કે લેખામાં નહિ લેવા જેવુ.

ભાજીમૂળા તે કોઈ શાકમાં લેખું ? = સૌ કોઈ ગરીબને ધિક્કારે છે.

ભાજ્ય ૧. [સં. ભાજ્ (ભાગ પાડવા) + ય (વિધ્યર્થ કૃદંતનો પ્રત્યય)] વ. (ગણિત) ભાગાકારમા ભાજક વડે ભાગવાની સંખ્યા; ભાગવાની રકમ.

૨. ન. શેર ખરાવનારાઓમાં વહેંચવાની કંપનિના નફાની રકમ.

૩. વિ. ભાગ કરેલું; ભાગવાને યોગ્ય; ભાગ થઈ શકે એવું; ભાગી શકાય તેવું; ભાગ કરવા યોગ્ય.

ભાજ્યઅતિરેક પું. વહેંચી શકાય તેવો વધારો.

ભાજ્યવ્યય [સં.] પું વહેંચી શકાય તેવું ખર્ચ.

ભાજ્યસંખ્યા ૧. [સં.] સ્ત્રી. (ગણિત) જેના અવયવો નીકળી શકતા હોય તેવી સંખ્યા. જેમકે, ૪, ૬, ૮, ૯.

૨. સ્ત્રી. (ગણિત) ભાગાકારમાં ભાજક વડે ભાગવાની સંખ્યા.

ભાટ ૧. પું. ખુશામતિયો; ખુશામત કરનાર માણસ; ખોટાં વખાણ કરનાર માણસ.

૨. પું. બહાર્ખોર; ગપ્પા મારનાર માણસ.

૩. પું. બારોટ; કવિ, વહીવંચો; બારણ; બંદીજન; સ્તુતિપાઠક તે રાજાઓની આગળ રહે છે અને તેમની વંશાવળીઓ વગેરેની નોંધ રાખે છે. ખાસ કરીને રજપૂતોની વંશાવળી રાખે છે અને તેનાં માન ગાય છે. તેમના વિષે એમ કહેવાય છે કે, શિવે તેમને ઢોર ચારવા માટે ઉત્પન્ન કર્યા હતા. કાઠીઓની સાથે આ દેશમાં આવેલા, કાઠીઓની વંશાવળી રાખે છે અને તેમના ગુણ ગાય છે. એ સિવાય તરગાળા, તૂરી, ગંધ્રપ વગરે તેમને લગતી જાતો છે. તે જાતના લોકો અતિશય વાચાળ હોય છે. તેઓ ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડ તરફ રહે છે. મૂળ રજપૂતસ્થાનના રાજાઓના ભાટ, વહીવંચા તથા ખુશામતિયા હતા. પવિત્રપણાને લીધે તેઓ યુદ્ધ કરતાં, લશ્કરોમાં છૂટથી ફરી શકતા અને તે ઉપરથી પાછળથી તેઓને કીમતી ચીજો લાવ લઈ જા કરનાર તરીકે રોકવામાં આવ્યા હતા.

ભાટ ભાણસ ને કૂતરાંઓ જો મુખ જોવાં હોય,
ઓછું ન કાંઈ ભાડું, એને ન આપે કોય.

લોકોક્તિ

૧. ભાટ ભાણસનુ ભાડું વગર પૈસાનું પૈસે = ભિખારીઓ આમંત્રણની રાહ જોતા નથી.

૨. ભાટની જીભ સવા ગજ લાંબી = ભાટ લોકો બહુ જ વાચાળ હોય છે.

૩. ભાટનો છોકરો જનમનો ભાટ = સૌ પોતપોતાના ધંધામાં પારંગત હોય છે.

૪. પું. ભાડું.

૫. પું. રાજપૂત.

૬. સ્ત્રી. નદીની બે કરાડ વચ્ચે આવેલી જમીન.

૭. સ્ત્રી. નદીનુ વહેણ.

૮. સ્ત્રી. નદીનો કિનારો

૯. સ્ત્રી. પાલનપુર રાજ્યની એ નામની એક જાત. તેના બે ભાગ છે: ખડા ભાટ અને સોરઠિયા ભાટ. ભાટવર્ગ અમાઉ પૈસેટકે સુખી હતો,

પણ અત્યારે તેઓ આર્થિક રીતે બરબાદ થયેલ છે. ભાટ લોકો તેમની ઉત્પત્તિ મહાદેવના કપાળના પરસેવામાંથી થયેલી જણાવે છે.

૧૦. વ. એ નામની જાતનું માણસ.

૧૧. વિ. ઉજ્જડ.

૧૨. વિ. એ નામની જાતનું.

૧૩. વિ. જરા જેટલી વાતને લંબાણી બનાવી મોટી રામાયણ કરનારું; કજિયાથી ન ડરનાર; બોપાગાળુ.

ભાટક ૧. [સં.] ન. કર; ભાડું.

૨. ન. મહેનતાણું.

ભાટકબહાં જી. કુલ ભાડાના સરવાળાની કોમત

ભાટકભટ્ટવિદ્યા [સં.] સ્ત્રી. ભાડું, બળદ, પાડા, ઊંટ, ખચ્ચર, ઘોડાં વગેરે ભાડે આપવા અગર ભાર વહન કરાવવાનો ધર્મો.

ભાટકપંચી પું. કુલ ભાડાના સરવાળાનું પત્રક.

ભાટકબપંચી સ્ત્રી. ભાડાની ખાતાવહી; ભાડું જમા ઉધાર કરવાનો ચોપડો.

ભાટકમુક્ત [સં.] વિ. ભાડામાંથી મુક્તિવાળું; વગર ભાડાનું.

ભાટકરાશિ [સં.] પું. કુલ ભાડાનો સરવાળો.

ભાટકવત્ અ વિ. નક્કામું બનાવી રખડવું; રઝળવું; બાવદવું; દલ્લા જેવા.

ભાટકસિદ્ધાંત [સં.] પું. ભાડા નિયમનનો સિદ્ધાંત; ભાડાનો સિદ્ધાંત.

ભાટકસૂચિ સ્ત્રી. ભાડાની યાદીનું સાદણિયું; ભાડાની ટીપ.

ભાટકસૂચી જુઓ ભાટકસૂચિ.

ભાટકિત પું. જમીન, મિરાસ; સ્થાવર દલ્લા.

ભાટકિતા સ્ત્રી. જમીનનો વહીવટ, બોજવટો, અધિકાર, કબજો કે ઉપભોગ કરવાની સત્તા.

ભાટકિતાઅધિનિયમ પું. જમીનના વહીવટ બાબતી નિયમ.

ભાટકી ૧. [સં. ભાટકિન] પું. ભાડે રહેનાર માણસ. ભાડૂત

૨. પું. સાંબેલો. સાંથી; ચલોતિયો

ભાટકેઆહી પું. ભાડેથી રાખનાર માણસ; 'ચાર્ટરર'.

ભાટખંજુલ પું. બગાસામુખી.

ભાટડા (ભાટડા) ૧. પું. પંજાબમાં રહેતી એ નામની એક ગુનાહિત કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

ભાટડી (ભાટડી) ૧. [ભાટ + ડી (સ્વાર્થવાચક પ્રત્યય)] સ્ત્રી. ભાટનો સ્ત્રી; ભાટણ; ખારોટણ. તિરસ્કારમાં બોલાય છે.

૨. વિ. સ્ત્રી જરા જેટલી વાતને લંબાણી ચોટું ચિત્રાણું કરી મૂકે એવી; કજિયાથી નહિ ડરનારી; બોપાગાળી; વાતનું વતેસર કરનારી

ભાટણ ૧ સ્ત્રી. ભાટ જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. ભાટનો સ્ત્રી.

ભાટન જુઓ ભાટણ.

ભાટલો પું. મોટો રોટલો; ભાડો રોટલો.

ભાટવાડો (ભાટવાડો) [ભાટ + વાડ (વાડો)] પું. ભાટ લોકો જ રહેતા હોય તે મહોલ્લો; ભાટ શેરી; ભાટ લોકોથી વસાયેલો વાસો.

ભાટવેડા (ભાટવેડા) ૧. પું. ન. બ. વ. અર્થ સાધવાને ભાટની પેઠે કરેલા ઉપાયો.

૨. [સં. ભાટ + વૃત્તિ (પ્રત્યય)] પું. ન. બ. વ. ભાટવૃત્તિ; ભાટપણું; બબાળિયાપણું; રજનું ગજ કરી નાખવાની વૃત્તિ; ભાટની પેઠે અતિશયોક્તિથી વખાણ કરવાં તે.

ભાટા ૧. પું. એ નામનો એક જાતનો છોડ.

૨. પું. એક જાતનો પથ્થર.

૩. પું. ખાડો.

૪. [હિં.] પું. પથ્થરવાળી જમીન.

૫. પું. સમુદ્રમાં પાણીનું ઊતરવું તે; ઓટ.

જુઓ ભાટા = ભરતી ઓટ.

ભાટાઈ ૧. સ્ત્રી. કહેવત.

૨. [ભાટ + આઈ (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ખુશામત; ખુશામત.

૩. સ્ત્રી. ભાટનું કામ; ભાટનું પદ; ભાટનો ધર્મો.

૪. સ્ત્રી ભાટપણું; ભાટવેડા.

ભાટાઉણી વિ.સ્ત્રી. કાંઈ જાણીને જનેલી. ઊંચી જાતના ખાસાવત તુલ અને તમાકુ તથા તૈયારીના પાક આ જાતની જમીનમાં થઈ શકે છે.

ભાટિ [સં] સ્ત્રી. ભાડું; ભાટક.

ભાટિક સંવત [સં. ભાટિક સંવત્] પું. પાતોરા ભાટોનો એક ભારતીય સંવત. તે ઈ સ. ૬૯૪થી શરૂ થયેલ છે આ સંવત જેસલમેરના શિલાલેખોમાં મળી આવે છે. ભટ્ટિ અથવા ભટ્ટિક નામના રાજા જેસલમેરના રાજવંશમાં પ્રસિદ્ધ થઈ ગયા. તેના વંશજો ભાટી કહેવાય છે. આ સંવત તે ભટ્ટિક રાજાએ ચલાવ્યો છે.

ભાટિયણ ૧. સ્ત્રી. ગોવાળણ; દૂધ દોહનારી સ્ત્રી.

૨. સ્ત્રી. ભાટિયા જાતિની સ્ત્રી.

૩. સ્ત્રી. ભાટિયાની સ્ત્રી.

ભાટિયા ૧. સ્ત્રી. આયર અને ગાંજાની જે નામની એક જાત.

૨. સ્ત્રી. એ નામની એક જ્ઞાતિ. ખાસ કરીને મુંબઈ, કચ્છ અને કાઠિયાવાડ તરફ તેઓ રહે છે. તેમનો ધર્મો મુખ્યત્વે વૈષ્ણવનો છે.

૩. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી મહેતી એ નામની એક જ્ઞાતિ.

૪. વ. એ નામની જાતનું માણસ.

૫. વ. એ નામની જ્ઞાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતનું.

૭. વિ. એ નામની જ્ઞાતિનું.

ભાટિયાણી ૧. સ્ત્રી. ભટ્ટી રજપૂતની સ્ત્રી.

૨. સ્ત્રી. ભાટિયા કોમની બાઈ.

૩. સ્ત્રી. ભાટિયાની સ્ત્રી.

ભાટિયેણ જુઓ ભાટિયણ.

ભાટિયો ૧. પું. ગોવાળ; દૂધ વેચનાર માણસ; દૂધવાળો માણસ; ગાવી.

૨. પું. ભાટવંશના જે ક્ષત્રિયો હાલ કચ્છ, કાઠિયાવાડ વગેરેમાં વણિકવૃત્તિમાં પડેલા છે, તેમના જ્ઞાતિસમૂહનો જણ

૩. પું. જેસલપુરના ભાટી રજપૂતોમાંથી જીનરેસા પન્નાલમાંથી સિંધમાં અને જાંપો કુચ્છમાં થઈ કાઠિયાવાડમાં આવેલા દસા અને વીસા જ્ઞાતિનો પુરુષ

૪. પું. ભાટપાણો અથવા ભાટાનું વેચનાર દાણિયો.

૫. પું. ભાટિયા જ્ઞાતિનો પુરુષ

૬. સ્ત્રી. મોંસાર્ષ્ટિ મહાર જને માનનાર જનોઈવાળા વૈષ્ણવની એ નામની એક જાત. તે અસલ ભટ્ટી રજપૂત કહ્યા.

૭. વ એ નામની જાતનું મનુષ્ય

૮. વિ એ નામની જાતનું.

ભાટી ૧. પું. ભટ્ટિ અથવા ભટ્ટિક રાજાનો વંશ.

૨. સ્ત્રી નદીનો ઢોળાવ

૩. સ્ત્રી. રજપૂત, અવામ, આરબસિયા, ચારણ, પોલરા અને મકરાણીની એ નામની એક અટક.

૪. વ. એ નામની અટકનું માણસ.

૫ વિ એ નામની અટકનું

ભાટીકર્મ [સં.] ન. (જૈન) પશુ પાસે ભાડાનું કામ કરવું તે. ભાટીકર્મ, પંદર મહેતું એક કર્મોદાનઃ બળદ, ઊંટ કે ગાડાં ભાડે ફેરવવાં તે.

ભાટીનાર પું સિંધ અને રજપૂતસ્થાનની વચ્ચેનો પ્રદેશ. ભાટિયા કોમ અ. ભાટીનાર મુલકની છે.

ભાટેલા ૧. સ્ત્રી. બ્રહ્મક્ષત્રની ચોરાશી મહેતી એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. ન એ નામની ચેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની ચેટા જ્ઞાતિનું.

ભાટ્ટ [સં] પું. કુમારિલ ભટ્ટને અનુસરનાર માણસ કુમારિલને ભટ્ટપાદ અથવા ભટ્ટ કહેવામાં આવે છે અને તેમના અનુયાયીઓને ભાટ્ટ કહેવામા આવે છે

ભાઠ ૧. પું. મૃગજળ જેવું સુખ મેળવવું તે.
૨ પું. મર વિનાનું ઢોર તે.
૩ [સં. ભટ] સ્ત્રી. ચામડી છોલાઈ પડેલું ચાઠું
૪ [વિ] સ્ત્રી. ધારા; પ્રવાહ.
૫. સ્ત્રી નદીનો કાંપ કરી બનેલી જમીન.

ભાઠાળું ૧ વિ. ખેડોળ. કઠણ; રૂપાળું નહિ એવું

આ ભાઠાળા જમ, રૂપાળો રાયું નહિ.
ન કોતરિયા થઈને માણૂંનો ભાડત ...
નવાણી

૨. વિ. ભાઠાવાળું; ચાઠાવાળું.
ભાઠાળું ઘોડું = જેની પીઠમાં ભાઠું પડ્યું હોય તેવું ઘોડું

ભાડિયો પું. નાની લાકડી.
ભાડિયા દેવા = લાકડીનો માર મારવો.

ભાઠી ૧. સ્ત્રી. દારૂ ગાળવાનું ગામડું.
૨. [વિ.] સ્ત્રી. કાંઠાની બાજુ કે ખૂણો.
૩. સ્ત્રી ધમણ
૪. સ્ત્રી નદીનો ઢોળાવ

ભાઠું ૧. ન. કપડા ઉપર પડેલો ચીકટો કે અદેખાઈથી ન બોલાય તેવો ડાઘ.
૨. [સં. ભ્રષ્ટ (પડેલું)] ન. ખરાબાની જમીન; છીછરું પાણી ભરાઈ રહેતું હોય તેવી જમીન; છીછરા પાણીવાળી જગ્યા.
૩. ન ગૂમડું મટી ગયા પછી ચામડી ઉપર રહી ગયેલ ડાઘ.
૪ ન બસારથી ચામડી ઉપર પડેલ ચ ; વણ; ક્ષત; ઘાવ. લાંબા મારવાને લીધે હરદીના વાસામા કે ખાપા ઉપર ભાઠું પડે છે. પ્રથમ લાલ ચાઠું પડે છે અને પછી તે ભાગ સફતો જાય છે.
ગજની ઘોડી ને મણા ગજનું ભાઠું = ટકાની ઠોગી ને દીંતલાં મણમણ. વસ્તુની કીમત કરતા તેની મજૂરી વગેરે વધારે હોય ત્યારે પ્રસંગે બોલાય છે
૫ ન. ચોમાસે અણુવાવી રાખીને પાણી પિવડાવેલી જમીન.
૬. ન. તળેટી; પર્વતની તદ્દન પાસેનો પ્રદેશ
૭. ન નદીના કાંઠા ઉપર આવેલી ખેડવાણ જમીન; નદીના કાંઠાની વાવેતર થઈ શકે તેવી રેતાળ જમીન; નદીના પ્રવાહ ઉપરની જમીન.
ભાઠાની જમીન = (૧) દરિયાકાંઠે નદીનો કાંપ કરી બનેલી જમીન; 'ડેલ્ટા'. આ જમીન વધુમાં વધુ ફળદ્રુપ હોય છે. (૨) નદીકાંઠાની જમીન
૮. ન. ભેખડ; ભાઠ
૯. ન. રેતી; પથ્થરનો ભૂકો.
૧૦. ન ઊંટડીનો ટૂંકો કટકો; ઘરમોડ; ઊંટડીના મૂળવાળો બે ચાર તસુનો કટકો; ઊંટડીનું મૂળ; બોયુ.
૧૧. ન. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

ભાઠે અ. ફોકટનો મહેનત મજૂરી થાય ને કાંઈ ન મળે તેમ; ભાયડે.
ભાઠે ભગવું = (૧) કહેવાથી બાજી જવું, ન જવાની ધમકી દીધા પણ જઈ ચડવું. (૨) અજાણ માણસ સાથે કામ પડવું.

ભાઠેલો ૧. પું. અનાવિલ બ્રાહ્મણનો એ નામનો એક પેટા ભાગ. એમની વસ્તી મુખ્ત જિલ્લામાં જ છે અને તેઓ જમીન ખેડવાનું કામ કરે છે.
૨. પું. સુરત જિલ્લામાં વસતા અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિનો પુરુષ
૩ વિ પું અલકાઉ; મગજનો ઓછું; બોથડ.

ભાડા ૧ પું. ખેતરમાંના અનાજના સાંઠાનાં થડિયાં; જુવાર, બાજરો વગેરે કાપી લીધા પછી રહેલ મૂળવાળો ભાગ.
૨. પુ. ઢેખાળો.
૩. પું. (હજામી) ચોરનો સોટો.
૪ પુ. દરિયાકાંઠે નદીનો કાંપ કરીને બનેલ ફળદ્રુપ જમીન.
૫. પુ પથ્થર
૬. પુ લાકડીનો ભાંગ્યો ટૂકડો.
૧. ભાડા ખાવા = લાકડીનો માર ખાવો
૨. ભાડા દેવા-મારવા = લાકડીનો માર મારવો.
૭ પું. સળગી રહ્યા બાદ ઠરવાં આવ્યાં કે ઠારવામાં ધુમાડા વગરનો અગ્નિ.
૮. ન. ખંધારાવાળું ઘર; બારીબારણાં વગરનું અને નીચું મકાન

ભાડેહ (ભાડ') ૧. વિ. ખૂબ ખાનાર.
૨ વિ ફાંદિયો.
૩ વિ પીઠ ઉપર ચરબીનું ભારે ખાડાવાળું

ભાઠોડું (ભાઠોડ) ન ભાઠું

ભાડ (ભાડ) ૧. સ્ત્રી. અનાજ શેકવાની ભઠ્ઠી.
૨. સ્ત્રી અલકાર; ઘરેણું.
૩. સ્ત્રી એ નામની એક પ્રજાત કોમ
૪ સ્ત્રી. કાચો કૂવો; પાણીથી ભરેલો મોટો ઊંડો ખાડો. ચણેલા પથ્થરનો મોટો કૂવો.
૫. સ્ત્રી. ખાંડાનું કડછીપાત્ર.
૬. સ્ત્રી. તેલ વગેરે રાખવાનો પેલ્લો; વાસણ; પાત્ર
૭. સ્ત્રી. નદીનું તળિયું
૮. [સં. ભાટિ] સ્ત્રી. પારકી સ્ત્રી તથા પરપુરુષને મેળાપ કરાવીને પૈસા મેળવવા તે; સ્ત્રી, બા કે દીકરીના અભિસારની કમાણી; ભડવાઈની કમાઈ; વેશ્યાઓની દલાલી.
ભાડ ખાવી = કૂટણું કરી પોષણ કરવું; વેશ્યાવૃત્તિ ઉપર નભવું.
૯ સ્ત્રી. ભડાર.
૧૦ સ્ત્રી. ભાડભૂજાનું કોલેજ.
૧૧ સ્ત્રી. વ્યાપારનો માલ.
૧૨. ન. એ નામની કોમનું માણસ.
૧૩. વિ. એ નામની કોમનું.
૧૪ વિ વિદૂષક; વૈદાસિક

ભાડખભો (ભાડખો) ૧. વિ પું કૂટણો.
૨ વિ પુ. ભાડું ખાનારો

ભાડખાઉ (ભાડખાઉ) વિ સ્ત્રી, બા કે દીકરીના અભિસારની કમાણી ખાનાર; ભડવાઈ ખાનાર; બેસવું કામ કરી પેટ ભરનાર.

ભાડખાયું (ભાડખાયુ) જુઓ ભાડખાઉ

ભાડજ (ભાડજ) ૧. સ્ત્રી. કડવા દ્રવ્યોની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

ભાડઝોકા (ભાડઝોકા) પું. દેવતા પેટાવનાર; 'ફાયરમેન'

ભાડભૂંજણ (ભાડભજણ) સ્ત્રી. ભાડભૂંજની સ્ત્રી. ભાડભંજ.

ભાડભૂંજ (ભાડભંજ) ૧. સ્ત્રી. એ નામની જ્ઞાતિ, જુવાર વગેરે શેકનારી એક જાત. તે અમદાવાદ, ખેડા અને બોટાદ તરફ રહે છે અને દાણા વગેરે શેકવાનો ધધો કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભાડભૂંજાવાડ (ભાડભંજવાડ) સ્ત્રી ૨.દેશમા જ્યા ભાડભંજ વસતા હોય તે સ્થળો, ચો. રી માર્કનું એક ચાંદુ

ભાડભૂંજી (ભાડભજી) જુઓ ભાડભજણ

ભાડભૂંજો (ભાડભૂંજો) પુ. ડાંગરને પલાળી, ભાડી તથા શેકીને પૌંઆ અને મમરા બનાવનારો માણસ; પૌંઆ, ધાણી અને મમરા શેકનારો પુરુષ; ભઠ્ઠીથી ધાણી, ચણા શેકવાનો ધધો કરનાર અભિજ્ઞ

ભાડલા (ભાડલા) ૧. સ્ત્રી વ્યાસની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ભાડું (ભાડું) ન. રોટલો. કહી લોકોમા આ શબ્દ વપરાય છે.

ભાડવાત (ભાડવાત) પું. ભાડે રહેનાર માણસ, ભાડૂત; ભાડુઆત.
ભાડવાતોના સુખ સગવડ વારૂ ઘરમાલીઓ બિલકુલ ખ્યાલ આપતા નથી. નવલરામ

ભાડશિયા (ભાડશિયા) ૧. સ્ત્રી. ગોદિલવાડી લેઉઆ કણબી અને સુતારની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું

ભાડા (ભાડા) ૧. [હિ.] પું. એક જાતનું ઘાસ.
૨. પું. ભાડું, કિરાયું.

ભાડાખત (ભાડખત) ન. ભાડાને લગતું લખત; ભાડાચિઠ્ઠી; ભાડા સંબંધી દસ્તાવેજ.

ભાડાખર્ચ પું.ન. ભાડા સંબંધી ખર્ચ

ભાડાખર્ચખાતું (ભાડખર્ચખાતું) ન. આપેલ ભાડાની રકમ લખવાનું ખાતું.

ભાડાખાતું (ભાડખાતું) ન. ભાડાની વિગત લખવાનું ખાતું

ભાડાચિઠ્ઠી (ભાડાચિઠ્ઠી) સ્ત્રી. ભાડા સંબંધી લેખ; ભાડે આપ્યાનો દસ્તાવેજ; ભાડાખત; ભાડા બાબતનો લેખ

ભાડાટિયા (ભાડટિયા) [અં] પું. ભાડે રાખનાર માણસ; પટે રાખનાર આસામી

ભાડાતી (ભાડાતી) વિ. ભાડું કરનાર; ભાડુ લઈને કામ કરનાર.
ભાઈ રે ભાડાની પીર, પીનવું રે,
મુજને પહેલો પહાર્યા રે રહિયાથી રાત

ભાડાનામું (ભાડાનામું) ન. ભાડાખત; ભાડાચિઠ્ઠી; ભાડા સંબંધીનો લેખ.

ભાડાપટ્ટા (ભાડાપટ્ટા) [મ.] પું. ભાડચિઠ્ઠી; ભાડાચિઠ્ઠી; 'લીઝ'.

ભાડિયા ૧. જ્ઞા. વાણિયાની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ભાડિયો ૧. પું. અનાજ રોકવાનું માણસાળું વાસણ
૨. કું. ભાભાતૂટ્યા ગ્રહણાળો કૂવો; પાકો રીતે નહિ બાંધેલો કૂવો. જે પથ્થરથી બાંધ્યો હોય તે પાકો કૂવો કહેવાય છે અને બાંધ્યા વગરનો કૂવો ભાડિયો કૂવો કહેવાય છે.

ભાડીકર્મ (ભાડકર્મ) ન. (જૈન) ભઠ્ઠા, ઈંટ કે ગારા ભાડે ફેરવવાં તે; પંદર કાંરેનું એ નામનું એક કર્માદાન.

ભાડું (ભાડું) ૧. [સં. ભાટક] ન. અન્નપ્રાશન, આહાર.
પેટનું ભાડું આપવું = ક્ષુધા સંતોષવી.
૨. ન. મજૂરી; ભાડો; મહેસૂલ.
૩. ન. દસ્તુરી; જકાત; સાયર; કર
૪. ન. મકાન, વાહન વગેરે વાપરવા માટે માલધણીને આપવામાં આવતું નાણું; કોઈ પણ વસ્તુ વાપરવા બદલમાં આપવામાં આવતું નાણું. મકાન વગેરે વાપરવા બદલ અપાતી રકમ; ભુલ્લા; કિરાયું; નૂર
૧. ભાડાની વહેલ = અમે ત્યારે ઉલાળી મેલાય કે તજી દેવાય તેવી વસ્તુ.
૨. ભાડાની વહલ ને ઉલાળી મેલ = જ્યા મૂકી ફાળું લાકડું અરે, પત્રા તું તાર ધર; કરાવલી મુદત થઇ ત્યારે અટલે પત્ર
૩ નાડાનું ઘર = (૧) પોતાની ન હોવાથી અમે ત્યારે પાછી આપવી પડે તેવી વસ્તુ. (૨) ભાડું આપી ઉપયોગ કરવામાં આવતો દ્રોગ તેવું ઘર.
૪. ભાડાનો ટટ્ટુ = (૧) ટેવનો ગુલામ; (૨) ચોડો વખત ટકે એવું; ક્ષણિક.
૫. ભાડું ભરવું = નૂર આપવું. ભાડા તરીકે આપવું
૬. ભાડે આપવું = (૧) કિરાયે આપવું; જરૂરિયાત પૂરતું વાપરવા આપવું. (૨) મજૂરીને આપવું
૭ ભાડે રાખવું–લેવું = કિરાયે લેવું; મુકરર કરેલે નાણે કોઈ મિલકત વાપરવા રાખવી. ભાડું આપી વાપરવા લેવું.
૮. ભોં ભાડું = સ્મશાનમાં દહન કરતી વખતે કે દાટતી વખતે મૂકવામા આવતું નાણું.
૯. વગર ભાડાની કોટડી = કેદખાનું; તુરંગ; જેલ
૧૦. વગર ભાડાનો ટટ્ટુ = વેઠિયો.
૫. ન. મહેનતાણું; મજૂરી.

ભાડુંતોડું (ભાડતોડું) ન. ભાડુભાડું; ભાડું અને એના જેવો બીજો ખર્ચ.

ભાઢ (ભાઢ) ૧. પું ભરવો
૨. પું. મૂર્ખ માણસ.

ભાડુઆત (ભાડઆત) [ભાડું + વૃત્તિ] પું. ભાડાત; ભાડે રાખનાર માણસ.

ભાડૂકવું (ભાડકવું) અ. ક્રિ. સાગરનું ભોંકવું.

ભાડૂકિયા સ્ત્રી સારી માલ્લા જાતની અને પાકતાં વાર લાગે તેવી એક જાતની કેરી.

ભાડૂત (ભાડત) ૧. પું. મજોતી, ખાતેદાર.
૨. પું ભાડું આપવાનું ઠરાવી વાપરનાર માણસ; ભાડે રાખનાર વ્યક્તિ; ભાડુઆત. ભાડે રહેનાર કે ભાડું ભરનાર માણસ.
ભાડૂરે કઈ ભીડ ભાગે ? = બદલો આપવાનો ઠરીને રાખેલા માણસથી કઈ ઘરના માણસની ગરજ સરે નહિ. ભગવંત વિના નવ છૂટીએ ભાડૂતે ન ભાંગી ભીડ –વસ્તો
૩. વિ ભાડે મળતું

ભાડૂતી (ભાડૂતી) ૧. વિ. અંગત નહિ એવું; ભાડે રાખેલું; બમૂક કર કે લશ્કરમાં લઈ કે આપીને ઠરાવેલું; ભાડે ફેરવવું હોય તેવું. દરમાયો કે મહેનતાણું ઠરાવી કોઈ કામ કરવા લીધેલું.
૨ વિ ખરી ખંતનું નહિ એવું. ઉપલક્રિયું; વેઠિયું.
૩. વિ. પગારદાર; પૈસા લઈ કામ કરનાર; મજૂરિયું. પૈસા ખાતર કામ કરવું; 'મર્સિનરિ'.
૪. વિ. સ્વાર્થી.

ભાડૂતી મદદ (ભાડૂતી મદદ) સ્ત્રી. બદલો આપીને લીધેલ મદદ. જે મદદ બદલો માગે છે તે ભાડૂતી મદદ કહેવાય છે. તે લાંબુ ટકાની નિશાની નથી.

ભાડેરા જુઓ ભાડેલ.

ભાડેલા ૧. સ્ત્રી કચ્છી મુસલમાન ખારવાની એ નામની એક જાતિ; મૂળ અરબસ્તાનથી આવી, દરિયાઈ મુસાફરી કરી પ્રખ્યાત થયેલ જાતિ; વહાણવેપ કરનાર એક મુસલમાન જાતિ. કચ્છના ખારવાઓ બધા મુસલમાન છે, તેમાં ભાડેલા કે ભાડેરા, વાઢેર, વાયેર, મિયાણા વગેરે જાતો છે.
૨. સ્ત્રી રજપૂતની એ નામની એક જાતિ.
૩. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૪. વિ. એ નામની જ્ઞાતિનું.

ભાડેલિયું નામું ન. સામાન્ય રીતથી ઊલટી રીતે માંડાતું નામું તેમાં ખાતાની બાજુએ જમા અને જમાની બાજુએ ખાતે લખાય છે.

ભાડેશિયા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાડો પું. સળગતા લેતાનો ધગધગતો જથ્થો; સળગતા અંગારાનો સમૂહ

ભાડ્ય (ભાડ્ય) જુઓ ભાડ.

ભાણ ૧. પું. પોડો
૨. પું. જ્ઞાન. બોધ.
૩. [સં] પું. (જ્યો) દરેક જ્યોના સત્તાવીસ ભાગેનો એ નામનો એક ભેદ

૪. પું. વૃત્તના સાત મહેનો એ નામે એક ભેદ. કોખી, શ્રીમહીન, ભાણ, ભાણિક્ય, પ્રસ્થાન, રામક અને કામ્ય એમ વૃત્તના સાત ભેદ છે.

૫ પું. રવિવાર; આદિત્યવાર.

પડવો, છઠ્ઠ, એકાદશી, ભાણુ,
વાર રવિ કે મંગળ ભાણુ;
કૃત્તિકા, અશ્વિની, અશ્લેષા સાથ,
જન્મે વરજ્ય કન્યા કરી ગાય. ભડલી

૬ પું. રાજા

૭ પું. ભાજન

૮. [સં. ભાનુ (સૂર્ય); અપ. ભાણુ]

પું સૂરજ; ભાસ્કર; સૂર્ય; રવિ

૧. ભાણ ઊગવો = સૂર્યોદય થવો.

૨. ભાણુ ડૂબવો = સૂર્યાસ્ત થવો

૯. જારે એ નામે એક જાતની વેલ

મોગરા, માલતી, બેલ વાળા,
કુકવર ભાણના ભોવાં. પ્રેમાનંદ

૧૦ સ્ત્રી (કચ્છી) પાળી; ચોકડી

૧૧. ન. દશ મહેના એ નામે એક પ્રકારનું નાટક. એક આંકો એક પાત્રો નાટક. તેમ. એક પાત્ર જ રંગભૂમિ ઉપર આવે છે. તે દરેક કાવ્ય નાટક છે. તેનો વિષય કલ્પિત હોય છે, નાયક ધૂર્ત હોય છે અને રસમાં શૃંગાર અને વીરનું ગૌણ મિશ્રણ હોય છે. તે માત્ર સંસ્કૃત ભાષામાં જ લખાયેલ હોવાથી કાવ્ય, નાટક, નાટિકા, આખ્યાન, આખ્યાયિકા, ચંપૂ, ભાણ, પ્રહસન, વિજયવ્યાયોગ, ડિમ, સમવકાર, અંક, વિકરણાદિ રૂપે વિસ્તરેલું સંસ્કૃત વાઙ્મયનું છવિતરૂપ મનાયું સંસ્કૃત લેખકોનું સુપરિચિત હતુ.

૧૨. [સં. ભાજન] ન. (પ્રાકૃત) વાસણ; પાત્ર.

ભાણકો જુઓ ભાણજો.

ભાણકો જુઓ ભાણખો

ભાણજી [સં. ભાગિનેયી] સ્ત્રી. ભાણેજી; ભાણકી; ભાણી; બહેનની દીકરી

ભાણજો [સં. ભાગિનેય] પું. બહેનનો છોકરો, ભાણેજ; ભાગિયો; ભાણો.

ભાણદાસ પું. અઢારમી સદીમાં થયેલ એ નામનો એક કવિ

ભાણપડિયા (ભાણવડિયા) ૧. સ્ત્રી. કડવા કચ્છી અને સમ્મારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભાણવર ૧. પું. એ નામે એક જાતની વેલ

૨. સ્ત્રી. કાણી મોટી મધમાખી.

૩. સ્ત્રી. પાણીનું વમળ.

ભાણવરકણી સ્ત્રી. ચોક્ષ વગેરેને અટકાવી દેવાનું સાધન; ચોકડું.

ભાણવરી સ્ત્રી. જુઓ

ભાણવા ૧. [સં.] પું. એક જાતનો વેલો.

૨. સ્ત્રી મોટી મધમાખી

ભાણવાખડખડ (ભાણવાખડખડ) જુઓ ભાણાખડખડ.

ભાણવેદ પું. ભાણું પીરસવામાં કરક કે પક્ષપાત; પંક્તિભેદ.

ભાણવેદ કરવો-રાખવો = ભાણાંતર કરવું, પંક્તિભેદ કરવો.

ભાણવેદિયાર પું. સાથે બેસી જમવાનો સબંધ. રોટીવહેવાર, ભોજનવહેવાર

ભાણવ્યવહાર જુઓ ભાણાવહેવાર

ભાણાખડખડ (ભાણાખડખડ) ૧. સ્ત્રી. કકડાઃ કજિયો; ધરમથ્યુ તકરાર.

૨. સ્ત્રી જમતી વખતે થયું કચ્છ સાથે મળતાવી ને કઈ વની સદેજસાજ તકરાર કે ખોસ્યાઃ જમતાં જમતાં થતો કજિયો

૩ સ્ત્રી કામણા જેવાં હોય ત્યારે અખડવાનો થતો અવાજ. ઠાલા ભાણાં અખડવા તે.

૪. સ્ત્રી. પચાતી; ગરમાગરમ ખોલાચાલ કે કજિયો.

૫ સ્ત્રી. ખૂબ લાગી હોય અને જમવામાં દીક્ષ થાય તેવી સ્થિતિ.

૬. સ્ત્રી. ખૂબમરો; ખૂબે મરવું તે; પેટને પૂરું ભાવાનું ન મળવાપણું; ભાણામાં કઈ ભાવાનું ન હોય તેથી ઠાલા ભાણાં અખડવાં તે; મરીનાર્ગ ને લીધે ખૂબમરો.

મા મરે તે સોહેલી, ભાણાખડખડ હોહેલી = ખૂબે મરવું એ જ સૌથી મોટું દુઃખ છે.

ભાણાંતર ન. એકસાથે જમનારને પીરસવાનો બેદભાવ; એકસાથે માડેલાં ભાણામાં ભોજનની વાનીઓમા કરક રાખવો તે; ભાણાભેદ; પંક્તિભેદ

ભાણાંતર કરવું = પંક્તિભેદ કરવો

ભાણિકા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનું ઊતરતી જાતનું નાટક; હાસ્યરસપ્રધાન એકાકી નાટક.

૨. સ્ત્રી. કાવ્યશાસ્ત્રનાં અઢાર માહેનું એક ઉપરૂપક.

૩ સ્ત્રી. દશ કાવ્યના સત્તરીય મહેનો એ નામે એક ભેદ.

૪. સ્ત્રી. વૃત્તના સાત બાંદેનો એક ભેદ

ભાણિયો ૧. [સં. ભાગિનેય] પું. બહેનનો છોકરો; ભાણો; ભાણેજ; ભાણજો.

૨. પું. ચીંદાવળી પર્વે ગોવી વસ્તુ; સોગાત.

ભાણી ૧. [સં.] સ્ત્રી. દશ કાવ્યના સત્તરીય મહેનો એ નામે એક ભેદ.

૨. [સં. ભાગિનેયી] સ્ત્રી. બહેનની પુત્રી; ભાણકી; ભાણેજી.

ભાણીબા સ્ત્રી. ભાણેજ; ભાણી; બહેનની દીકરી.

પેલા ભાણીબા કેરૂ દીધો ગાળ,
કાપ્યુ રે ભાણીબા બોલીઆ.
રઢિયાળી રાત

ભાણીબાઈ જુઓ ભાણીબા.

ભાણુભા પું. ભાણેજ; બેનનો દીકરો

ભાણું ૧ [સં. ભાંડ] ન. અજાનું વાસણ

ભાણાં ઊટકવાં = અજાણ્યાં વાસણ સાફ કરવાં

૨. ન ખાવાના પદાર્થો પીરસીને તૈયાર કરેલું પાત્ર; પતરાળું; ભોજનના પદાર્થો પૂરેપૂરી થાળી, પીરસેલી થાળી.

અમી ભર્યાં ઉજાળ, એક જ ભાણે હાથ આ,
ખૂને ખરજ્યા ખાળ, ન્હોતાં દૈવા નોતરા.
દુહા

૧. ભાણે ભાણું કરવું = પંપાળવું; કુલાવવું.

૨. પારકે ભાણે મોટા ભાડુ = પોતાનાં કરતા બીજાને વધારે લાભ થયો છે એમ સમજવું તે.

૩. પોતાના ભાણાની આખ ઊઘાડવી = (૧) પ્રથમ પોતાનું તપાસવું, પછી બીજાની ટીકા કરવી. (૨) પ્રથમ પોતાનું સાચવવું, પછી બીજાને મદદ કરવા જવું.

૪. ભાણાં ઊપરથી ઊઠાડવું = (૧) ગુજરાનનાં સાધન ઝૂંટી લેવાં. (૨) જમતાં જમતાં ઊઠાડવું

૫. ભાણામાં પૂળ નાખવી = (૧) અનિષ્ટ આરંભ કરવું. (૨) આશ્રિત ગુજરાનને નુકસાન કરવું; રોજી ટાળવી

૬. ભાંગ્યું માડવું = (૧) જમવા બેસવું (૨) જમવાનું પીરસવું.

૭ ભાણું આપવું = કાળજીપૂર્વક જમાડવું.

૮. ભાણે બપવું = ભોજનવ્યવહારના સબંધવાળું; રોટીવહેવારવાળું.

૯. ભાણે બેસાડવું = (૧) કન્યાને પોતાની થાળીમાં પોતાની સાથે જમવા બેસાડવી. લગ્નપ્રસંગે કન્યાને ભાણે બેસાડવાનો રિવાજ છે આ રિવાજમાં કોઈ બહુ આગ્રહપૂર્વક બોલાવે છે. કોની સાથે જમવામાં હૃદયમાં રહેલી ભિન્નતા ભૂંસી જવાય છે અને નૈસર્ગિક પ્રેમનો ઉદય થઈ આત્મભાવ જાગ્રત થાય છે. આમ કરીને પૂજનીય બેબાતી સાસુ વગેરેને ભાણે બેસવાનું નોતરું આપવામાં આવે છે. (૨) નવવધૂને બેસાડી સંગઠન અને એકાત્મભાવ

પેદા કરવાની આ ઝડપથી છે, કારણ કે પાણિગ્રહણ થયા બાદ અમુક કાળ સાસુ, જેઠાણી વગેરેના સંપર્કમાં તેને જીવન વ્યતીત કરવું પડે છે. (૨) આવા બેસાડવું. (૩) જેને ત્યાં મરણ થયું હોય તેને ત્યાં અગ્નિસંસ્કાર કરી આવ્યા પછી નજીકનાં કુટુંબીઓને જમવા બેસાડવા

૧૦. ભાજે જળવું = જમવામાં સામેલ થવું જવું; આપવું હોવાથી જમવા બેસી જવું

૧૧. ભાજે ભાગ = ભાણામાં ભાગ

૨. ન. જમવું; ભોજન

૪ ન જહાર થયેલા કે દૂર રહેલા માટે તૈયાર ભોજન મોકલી આપવું તે.

૫ ન વાસણ; ડામ; જમવાની થાળી

ભાજેજ ૧ [સં. ભાગિનેય] પુ. બહેનનો પુત્ર; ભાણિયો; ભાણો

૧. કયાંના ભાજેજ ? = કર્યા વહુના કુંવર ?

૨. ભાજેજ ભાગ નહિ ને જમાઈ લાગ નહિ = હિંદુસાહેબ પ્રમાણે વારસામાં ભાણેજનો તથા જમાઈનો કક્કો સરખો રહેતો નથી

૨. સ્ત્રી. બહેનની દીકરી; ભાણી; ભાણેજી

ભાજેજવધૂ પું. ભાણેજનો પતિ.

ભાજેજવહુ સ્ત્રી. ભાણેજની વહુ

ભાજેર્યા [સં. ભગિનેય] ન. ક બ. બહેનનાં છોકરાં; બહેનના સંતાન

ભાજેરી [સં. ભાગિનેયી] સ્ત્રી. ભાણી, બહેનની દીકરી.

ભાજેરો જુઓ ભાજેજ.

ભાણો પું. ભાણેજ; ભાણિયો; ભાણલો; બહેનનો છોકરો.

ભાણાકી સ્ત્રી. ભાણેજ; ભાણકી

ભાત ૧. [સં. ભક્ત] પું. કાંકરા; માળા; ભાતિ; ડમરો; ચોખા. જગતમા આ ધાન્યનો સર્વ વસતી થોડોઘણો ઉપયોગ કરે છે. એની ઉત્પત્તિ પહેલ કરીને ઉષ્ણ દેશમાં થાય છે. ભારતમા આ ધાન્ય સર્વત્ર નીપજે છે. જગાળમાં ઉચ્ચ ટોટિના બધા ઝીણા ચોખા થાય છે. ચોખાનો છોડ દોઢ ચોમાસું પૂર્ણ કરે ત્યારે તે માથોડું પર્યંત ઊંચો વધે છે. એને સર્વ પાદડા જ હોય છે. એના પાંદડાં પાકે એટલે એને પરાળ કહે છે. એ પાંદડામાંથી ગોળ પોલી એક સળી નીકળે છે તે સળીને છેડે કાંકરની ઊંબી આવે છે એમાં કાંકર થાય છે એમાં જે દાણા આવે છે તેને ચોખા કહે છે. કાંકરમાં જેટલી ભાત છે તેટલાં ફોતરાં પણ પાન્યમા નથી. જે કાંકર ત્રણથી ચાર સાડાચાર મહિનામાં પાકે છે તેને હળવી કહે છે ને જે પાંચથી છ મહિના સુધીમાં પાકે છે તેને મરવી કહે છે. મરવી કાંકર પહેલા નંબરની જમીનમાં થાય છે. કમોદ, જંગાળી કમોદ, પંચસાળ, અંબામોર, રાયભોગ, કાસરસાળ, કાજીસાળ, રાતીસાળ, ખરસાળ, ચીમેજસાર, વાકસાળ, કોયંબરી, રાજવળ તથા પ્રેમાવળી પ્રભાદિ જાતિની કાંકર ઉત્તમ થાય છે. ચોખા એ શીતળ અને સ્નિગ્ધોપાદક અન્ન છે. વધુ ભોકોનો મુખ્ય ખોરાક ચોખા જ છે. કાંકરના જુદા જુદા પુષ્કળ પ્રકાર છે. તેના ચોખા કરી જાણી ભાત કરે છે. ભાતનું ઓસામણ પણ ઠંડું અને પૌષ્ટિક મનાય છે. ચોખાનો લોટ કરી તેની દશમી, ભાખરી, પૂરી તથા રોટલા વગેરે પદાર્થો કરાય છે. ચોખાની ખીર બહુ થાય છે. ચોખાનું ઉત્તમ પકવાન કેસરી ભાતનું થાય છે. ચોખાના લાડુ વગેરે બીજાં પકવાનો પણ થાય છે. ચોખાની કણકીને પાણી કે દૂધમા રાંધી ખેસ કરે છે. નાના બાળક, રોગી તથા અશક્ત માણસોને એ ખેસ બહુ ઉપયોગી નીવડે છે. ચોખામાં તુવેરની કે મગની દાળ નાખી તેની ખીચડી કરે છે. તે સાદા ભાત કરતાં પૌષ્ટિક ગણાય છે. ચોખાના પૌંઆ તથા મમરા પણ બનાવે છે. તેનું પલાળ ઢોરને ખાવાના કામમાં આવે છે. કાંકરના તુષનો પણ ઘણો ઉપયોગ થાય છે. કાંકરના મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે છે: રાયભોગ કાંકર: તે ધોળી, કાળી અને રાતી એમ ત્રણ પ્રકારની થાય છે. તે સ્નિગ્ધ, મધુર, બલકર, અગ્નિદીપક, શાંતિકર, ધાતુવર્ધક, પથ્ય, ત્રિદોષનાશક તથા લઘુ છે. રાતી કાંકર: તે લઘુ, સ્નિગ્ધ, મધુર, પથ્ય, રુચિકારક, બળકર, વર્ણકર, ચક્ષુષ્ય, અગ્નિદીપક, મૂત્રલ, શુક્રલ, સ્વર્ય, હલ્ય તથા પુષ્ટિકારક છે અને ત્રિદોષ, રક્તરોગ, દાહ, તૃષા, વમન, વાયુ, વિષ, પિત્ત, શ્વાસ, કાસ તથા જ્વરનો નાશ કરે છે. ધોળા સાઠી ચોખા: તે રુચિકર, શીતળ, બલકર, પથ્ય, વીર્યવર્ધક, ગ્રાહક, દીપન તથા મીઠા છે અને તાવ તથા ત્રિદોષનો નાશ કરે છે કાળા સાઠી ચોખા: મુખ્યમાં અધિક છે. કેવ કાંકર: તે મધુર, શીતળ, બલવર્તક તથા અસ્થિબંધકારક છે.

ભાતનો સુરમો =રોમપક્ષનું ભાતને નુકસાન કરનાર કીટક. તે ખાસ કરીને કાંકર, જુવાર અને મકાઈને વધું નુકસાન કરે છે.

૨ પુ પ્રકાશ. તેજ.

૩ પુ પ્રભાતકાળ; સવાર.

૪. પું. મોસાળ પક્ષ તરફથી વર કે કન્યાને ચોખા, મગ, કપડાં, પૈસા વગેરે ભેટ આપવાની ક્રિયા.

૫. [સં. ભક્ત–ભત્ત–ભત્તિ–ભત્તુ–ભાત] પું. રાંધેલ ચોખા.

ભાતનો ભાત = કેવીને ઘરેલ રાંધેલા ચોખાનાં નૈવેદ્ય.

૬. પું. લગ્નની એક પ્રથા તેમા વરના પિતાને ભાત ખાવા માટે કન્યાને ઘેર બોલાવી ભાત ખવડાવવામા આવે છે. ભાત ખાવા માટે તેને કાંઈક દ્રવ્ય વગેરે ભેટ આપવામાં આવે છે. તેમાં વર તથા કન્યાના પિતા બંને જણ મંડપની વચ્ચમાં બેસીને ભાત ખાય છે

૭. પું. બ્રાહ્મ સિવાય બીજાને ધોરેલ નાણું; બ્રાહ્મ બ્રાહ્મણે બીજાને ધોરેલ પૈસા; તબાવી.

૮. સ્ત્રી. (લોક) આવુ તે; આકાર.

ભાતમા માત્રા ભાજણી, ગ્રામ ભણ્યા રામનામ રટ્યાં, સમાધિમા યુક્ત રહેવું એ બુદ્ધોનું શાસન છે. પદ્મપદ

૯. સ્ત્રી છાપ; તરેહ; ભાત; ચિત્રનો નમૂનો કે વેલબુટ્ટીવાળી છાપ

૧. ભાત વિના કેમ ભાત પડે ? = (૧) ઉચ્ચ કુળ વિના સારા સંસ્કાર હોય નહિ; સારા કુળ સિવાય સારા સંસ્કાર સંભવે નહિ. (૨) જેવી ભાત, કુળ, બાપ તેવા રીતભાત.

૨. ભાત પાડવી = છાપ પાડવી; આકૃતિ છાપવી.

૩. ભાત પાડવી = (૧) છાપ આકૃતિ, વેલબુટ્ટો વગેરેનો આકાર પાડવો. પડી પટોળે ભાત, ઘાટે પણ ઘાટ નહિ.–કહેવત. (૨) જુદી તરી આવે એમ કરી બતાવવું. (૩) ઠોક દઈ કે નિંદા કરી હલકું પાડવું; બેઆબરૂ કરવું. (૪) સજા કે બદલો પડી જાય એમ કરવું.

૧૦. સ્ત્રી. ભાત; રીત; પ્રકાર; બાંધી; ઢબ; છટા; ઢોળ.

ભલી ભાત = સારી રીતે

૧૧. ન. બાતું; કામગીરીની જગ્યા ઉપર ઘણ જગાનો ખોરડાં બેકુંઠ લોકો માટે બેતરે ઘણી જગાનો ખોરડું

બદી હતી જે તમને, તે દિન ગિરી નહી ફરિયાદ; રાખ રાખી ગઈ બહુ, બદલામા આપ ભાત બરી ભાત. કાવ્યદોહન

૧૨. સ્ત્રિ. દીપલ; પ્રકાશેલ

ભાતકાચ ન. પાકેલી છબીની પ્રતિમામાંથી કોતરેલી પ્લેટ ઉત્પન્ન કરવાની ક્રિયા

ભાતખાઉ ૧. પું. ભાત ખાનાર.

૨. વિ. ટાલું; પોચું

૩ વિ રેઢિયાળ

૪. વિ વધારે પ્રમાણમાં ભાત ખાનારું

ભાતખાચર ન. ભાત સારા પ્રમાણમાં ઊગે તેવી જમીન; મીડિયેસ; કયારી જમીન.

ભાતખાંડો ૧ પું. એ નામની એક મરાઠી અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

ભાતડલું (ભાતડું) જુઓ ભાતડિયું.

ભાતાડયું (ભાતડિયું) ન. ભાત. કવિતામાં વપરાય છે.

રાવા ...રી ભાતડિયાં ... જય,
ચલાવે ચોટમાં ચૂરમા રે લોલ

દંઢપાની રાત

ભાતડી (ભાતડી) ૧. સ્ત્રી. ચૂલ્હો.

૨. સ્ત્રી. છાપ; ભાત.

૩. સ્ત્રી. પ્રકાર; તરેહ.

મુજ ઉર પ્રીતની કમાઈની ભાતડી ત્રિભુવનમાં જોઈ.

નાનાલાલ

ભાતણ [સં. ભક્ત (ચોખા) + તૃણ (કોતરાં)] સ્ત્રી. ડાંગરનાં કોતરાં.

ભાતદાળ ૧. ન. ચોખા અને કઠોળના ખેમનું સાદું ભોજન; દાળભાત.

૨. ન. દરરોજનો સાધારણ ખોરાક.

ભાતપાણી ન. ખોરાક અને પાણી.

ભાતભાતનું ૧. વિ. જુદું જુદું; તરેહતરેહનું; તરેહવારનું; વિવિધ પ્રકારનું.

૨. વિ. રંગબેરંગી; બહુરંગી; ચિત્રવિચિત્ર.

ભાતરડી (ભાતરડી) સ્ત્રી. દોરી આ શબ્દ ખાસ કરીને ઓવાળિયા કે રબારીઓ દૂધ દોહવાની દોરીને માટે વાપરે છે.

ભાતલડી (ભાતલડી) સ્ત્રી. ભાત. કવિતામાં વપરાય છે.

ભાતલું ન. ગરમ રોટલો, દૂધ, ઘી વગેરેનું સવારનું ભોજન.

આંખા ગામની આયરાણીઓને બોલાવી આઈએ
ભાતમાં તેયાર કર્યાં. રસધાર

ભાતલો પું ઘઉંનો મોયણવાળો ભાત પાડેલો રોટલો.

ભાતવાર વિ. તરેહવાર.

ભાતશેત [સ ભક્તક્ષેત્ર] ન. (મરાઠી) ડાંગરનું ખેતર.

ભાતા ૧. [હિ.] પું. ખેડૂતને જીપજમાંથી અપાતો અમુક ભાગ.

૨ સ્ત્રી ભાત

ભાતા લઈને ચાલી રે હો સુન્દરી નોકુળની.
લોકી ગીત

[સં. ભાતૃ] વિ. દીપનાર; પ્રકાશમાન.

૪. વિ. મનગમતું; વહાલું.

ભાતિ ૧. [સં.] સ્ત્રી. કાંતિ; દીપ્તિ; રમ્યતા; શોભા.

૨. સ્ત્રી. ચમકવાપણું; પ્રકાશ થવો તે.

અથવા દ્વીપ ચંદ્રનાનું કિ ભાતિ ન દીપિ
દ્વેષા. ભાગવત

૩. સ્ત્રી. ભાત; પ્રકાર

૪. સ્ત્રી. ભાત.

૫. સ્ત્રી વહેચણ.

ભાતિયું ૧ ન. એક ભાતનું પક્ષી. તે ભાતના ખેતરમાં ભમ્યા કરે છે.

૨. ન. જેમાં ભાત ભર્યા ભર્યા રાકાય તેવું વાસણ; 'ટિફિન બૉક્સ'.

૩. ન. ભાત ઓસાવવાનો કાંણાવાળો દોપલો.

૪ ન. ભાત કાઢવાનો તાંબેયો કે ડારો.

૫. ન. ભાત દેવા જવા માટેનું ભાત બાંધવાનું કપડું.

૬. વિ. ભાત ખાનારું.

૭ વિ ભાત સંબંધી.

ભાતી ૧ પું રાજકુટુંબમાં મરનાર વ્યક્તિ ને વખતે ખેડૂતો પાસેથી લેવામાં આવતી રકમ; રાજકુટુંબ માંહેના મરણ નિમિત્તે લેવામાં આવતો કર; ગમી

૨. સ્ત્રી. ભાત

૩. સ્ત્રી. ભાત કાઢવાનો તાંબેયો કે ડારો.

૪. વિ જુદું જુદું; તરેહવાર; વિવિધ પ્રકારનું; ભાતભાતનું.

૫ વિ. રંગબેરંગી, બહુરંગી. ચિત્રવિચિત્ર.

ભાતીગર ૧. સ્ત્રી. ચુંદડી; પાનેતર.

૨. વિ જેમાં વસ્ત્ર, ભુંડી, ફૂલ વગરે પાડેલાં હોય છે એવું ચિત્રિત; રંગિત; છાપ પાડેલું; રંગબેરંગી; છાપેલું; ભાતીલું; સફેદ નહિ તેવું; ભાતભાતનું, ચિત્રવિચિત્ર

ભાતીગર ઘૂમટો = ચુંદડી; પાનેતર

૩. વિ. તરેહવાર.

ભાતીગલ જુઓ ભાતીગર.

ભાતીગળ જુઓ ભાતીગર

ભાતીલું (ભાતીડ) ન જે નામે એક જાતનું માટીનું વાસણ. ભરવાડ લોકો સીમમાં સાથે તેને રાખમાં, અથવા લાકડીએ રાખે છે અને તેમાં છાશ કે પાણી ભરી રાખે છે.

ભાતીલું ૧ વિ ચટાદાર, ભાત ભાતવાળું

ચોસર ઢોલો ચોટલો, નાક ભાતીલાં નેણ.
રમણો પણે રાવળને, કોઈ દીઠાં મંદર સેણ

દુહો

૨. વિ. ભાતભાતનું, તરેહવાર.

૩. વિ. રંગબેરંગી; ભાતીગર.

ભાતુ ૧. [સં.] પું. આકાશનો ભોમ.

૨. પું. સૂર્ય.

૩. વિ. દીપ્ત; પ્રકાશમાન.

ભાતું ૧. ન. (વહાણવટું) ખલાસીને વહાણના ધણી તરફથી અપાતો ખોરાક; 'રેશન'.

૨. ન. ભથ્થું; મુસાફરી, રખડપટ્ટી, ફેરફેરા વગેરેના ભડામાં પગાર ઉપરાંત અપાતુ ભથ્થું.

૩. ન. મુસાફરીમાં ખેવાનો ખોરાક; મુસાફરીમાં સાથે બાંધેલું ખાવાનું ટીમણ; રસ્તામા ખાવાને માટે રાખેલો ખોરાક.

૧. ભાતું બાંધવું = (૧) મુસાફરીમાં જવા માટે નાસ્તો વગેરે બાંધવું સાથે લઈ લેવું. (૨) સાઈનરમું કૂચ કરવું.

૨. મૂઆનું ભાતું = (૧) મરણ પછીની સારાનરમાં કાર્યની, સારાનરમાં કૂચરૂપી મૂડી. (૨) મૃત્યુ સુધીની મૂડી.

ભાતુંપોતું ૧. ન. ભથ્થું.

૨. ન. મુસાફરીમાં સાથે લઈ જવાનું ટીમણ; ભાતું; મુસાફરી માટેનો નાસ્તો.

ભાતૂડા જુઓ ભાતૂડિયા.

ભાતૂડિયા (ભાતૂડિયા) [સં.] પું ચોટલધિયે નોકર.

ભાતે ન. ભરોભર.

ભાતેણ [સ] સ્ત્રી. ડાંગરનાં કોતરાં.

ભાતૈ ૧. પું. ભોસાળપણનો માણસ.

૨. પું. વર કે કન્યાને ભાત આપનાર સગો.

ભાતો પું. તીર કે ભાથું ભરવાની કોથળી; ભાથો; ભાથડો

ભાતોડિયું (ભાતોડિયું) ન. ભાતું રાખવાનું વાસણ.

ભાથ ૧. પું. ભુજા; ભાથો.

૨. પું. સાથી; સ્નેહી.

ગાનનો તું ગર્વ હત રે,
ભાગ ભણે તું મોટો ભાથ કાન્યકુબ્જેણી

ભાથડી (ભાથડી) ન. એક જાતનું ઘાસ.

ભાથડો (ભાથડો) પું ભાથો

ભાથડે ભરાનુ = અપકાનું; કૂમાનું કેવળિયા કાઠાળ, ભમરા ભરા ન ભાથડે, માથા સાટે માલ, મલ્લિખર એના માલમી-ચંદ્રહારી.

ભાથરણ ન. પ્રસ્તર; પ્રાસ.

ભાથરી સ્ત્રી પેટ.

ભાથરો સ્ત્રી. કૂવા જેવો

ભાથરોટ ૧. સ્ત્રી. પહોળું ખાનારી જો.

૨. સ્ત્રી. કૂવા જેવો.

ભાખું ન. ઘઉં કે બાજરાનો આંબળીથી પાડેલ ખાટવાળો રોટલો તેમાં થી વધું સમાય છે.

ભાખ્યા [હિં] જુ. ભાખ્યો; ભાખું

ભાખાપ્રત જુ. (જૂ. પ્રા.) આપી; તીરંદાજ.
કરકીઆ હનસરી ભાખાપ્રત, ફરસીધર રીમચણ.
કાન્હડદેપ્રબંધ

ભાખારાવાડ (ભાખારવાડ) જી. ચોરાશી મ રેનું એક ચોરું; શહેરમાં ભાખારા રહેતા હોય તે સ્થળ

ભાખારો જુ. બાણ બનાવનારો માણસ; તીર સબવાની ક્રોયળીઓ બનાવનારો પુરુષ.

ભાખિન ૧. જુ. બહાદુર લડવૈયો

૨. જુ. ભાખિયો; ભાખું ધારણ કરનાર યોદ્ધો

ભાખિયા ડાદા જુ બ. વ. સાપ, વીંછી વગેરેનું ઝેર ઊતારવા જેની આજુ દેવાય છે તે દેવપુરુષ

ભાખિયો ૧. જુ. બહાદુર લડવૈયો

૨. જુ મિત્ર; સંબંધી; સાથી

ભાથી ૧. જુ. બહાદુર યોદ્ધો; ભટ; બહાદુર લડવૈયો.

૨. [હિં.] જી. ધમણ

૩ જી મકાન બાંધતામાં વપરાની પીળી માટી

૪. વિ. બેશરમ અને બાહોશ; નીડર; પરાક્રમી; વીર; શૂરવીર; બહાદુર; બહાદુર.

૫. વિ. તીરંદાજ; બાણાવલિ; બાણ ધારણ કરનાર.

નમ્યા બપને બાંધી બહાદાણી ભાથી,
રમ ઉપરે બેઠો કુંભકર્ણ હાથી.
પ્રેમાનંદ

ભાથીખતરી જુઓ ભાથિયા ડાદા.

ભાથુ જુઓ ભાથું.

ભાથું ૧. [સં ભક્તાંક-ભક્ત-ભક્તર્ક-ભાથું] ન. ખોરાકી; ભરણપોષણ.

૨ ન. ટીમણ; મુસાફરીમા સાથે લીધેલ ખાવાનું; પ્રવાસ દરમિયાન ખાવાને માટે સાથે રાખેલો ખોરાક; ખાનું; રસ્તાખોરાક.

૩. ન. તીર રાખવાની ક્રોયળી; તીર રાખવા માટેનું સાધન; બાણ રાખવાની લોઢાની કે ચામડાની ક્રોયળી.

૪. ન. દીવાની વાટને બાળવામાં બાકતું ઘાસ જેમ.

૫ ન. ભથ્થું; મુસાફરીનું સવાજમ; સરકારી નોકર વગેરેને મુકામ બદલાર કરવા જતાં મહેનત બદલ રખડપટ્ટો બદલ કાયમના મુકારા ઉપરાંત આપવામાં બાવતું સવાજમ.

ભાથો ૧. જું બાળ; તકોમત.

૨. જું મુખ્ય; આરો.

૩. [સં. ભક્થ] જું તીર રાખવાની ક્રોયળી; તીર રાખવા માટેનું સાધન; બાણ રાખવાની ક્રોયળી કે ખોખું; ત્રરાસન.

ઉપસંગ તૂનીર અને ઇષુધિ વાસુ નિષંગ,
બાણમાં અવરે બર્થ અભય પેટી રંગ.
પિંગળપ્રકોષ

૪. જું. ધમણ.

૫. જું. રાખવાનો સામાન રાખવાની થેલી.

ભાદ ૧. જું. પાળિયો.

૨ જું. ભાદરવો મહિનો.

ભાદર [સં. ભદ્રા; ભદ્રાવતી (કમાણુકારક)] જી. એ નામની સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી. તે જસદણ નજીકના મદાવા ડુંગરમાંથી નીકળી નવી બં.૨ પાસે અરબી સમુદ્રને મળે છે. આ નદીને ભદ્રા, ભદ્રાવતી કે ભાદર કહેવાનું કારણ ભદ્રા એટલે કલ્યાણકારક અથવા આરોગ્ય આપનારી હોવાથી છે. આ નદીનું જળ ઘણું સ્વચ્છ અને આરોગ્યવર્ધક મનાય છે, જેથી આ નદી તથે વસનારા જૂના કાળના આર્ય લોકોએ તેનું નામ ભદ્રા અથવા ભદ્રાવતી પાડયું અને તે ઉપરથી અપભ્રંશ ભાદર થયું.

૧. ભાદર કાંઠા = ફળદ્રુપ સ્થાન. ભાદર કાંઠે ઘણા શૂરવીર લડીને મર્યા છે.

૨. ભાદર ઝાંડી = ઝાંડે મોટી રેલ નાખી ભય નેવી; બહુ મોટા પૂરવાળી.

૩. ભાદરના કાંઠા સળવન = ભાદરને કાંઠે સદા વસતી રહે છે. ત્યાં બારે માસ લીલું ઘરણ ઘણું હોવાથી ઘણાં પ્રાણી તેને કાંઠે વસે છે. વળી માણસો પણ ઢોર ચરવા ને ત્યાં રખવા જ કરે છે.

૪. ભાદરના તડ = મુશ્કેલ કામ. બીજા બધા તડ ઊતરવા સહેલા પણ ભાદરના તડ ઊતરવા મુશ્કેલ છે.

૫. ભાદરના તારા = ભાદર નદીમાં તરનારા. ભાદરના તરનાર એમાં જ કોક દિવસ મરે

૬. ભાદરના ભડ = ગંભીર પુરુષો

૭. ભાદરનાં પાણી તરવાં = બહુ મુશ્કેલ કામ કરવું.

૮. ભાદરનાં પાણી ચવા છે ? = ગરજતન બરેલ પાણી બીજાનું કર્યાનું ક્રોય ? સૌરાષ્ટ્રના જેવા શૂરવીર બીજે ક્રોય નહિ.

૯. ભાદરની બાજ = પત્તો ન લાગવો તે.

૧૦. ભાદરની સો = બીકવાળો જબરા. ભાદર નદી વધારે ત્યારે બીક મટે.

૧૧ ભાદરપટ્ટો કરવી કાઢવી = (૧) ખૂબ કપડે દેવો; ધમકાવવું; ખંખેરી નાખવું. (૨) બદાકરણ કરવું; કલમત કરવી.

૧૨. ભાદરે જેમા થવું = જુદા જુદા રસ્તા લેવા છતા અંતે એક ઠેકાણે મળવું અથવા એક વિચાર ઉપર આવવું.

ભાદરકા ૧. જી. અહીરની એક નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

ભાદરડ (ભાદરડ) ન. સાબુ; ખેડીને પડતર રાખેલ ખેતર

ભાદરણ ન. ઘઉં, જવ વાવવા માટે ચોમાસામાં ખાલી રાખેલ ખેતરની જેમ.

ભાદરતીર જું. ભાદર નદીનો કાંઠો.

ભાદરવો ૧. જુ એ નામનો એક જાતનો બાંસો.

૨. જું. એક જાતનો કપાસિયો કે તેનો છોડ.

૩ જું એક જાતનો ઢોળો. તે સિંહ સંક્રાંતિમાં મુલાબી રંગનો દેખાય છે.

ભાદરવા ગાદનાં પાંદડા કરતી બાય છે ને એકદંતને હેરાન કરે છે.
પ્રાણીબાવનું વર્ણનિરત્ન

૪ જું. ઝનબજૂરાની જાતનું એક બહુપદ્ય પ્રાણી.

૫. [સં. ભાદ્રપદ] જું. વિક્રમ સંવતનો એ નામનો અગિયારમો મહિનો; ભાદ્રપદ; નભસ્ય; પ્રોષ્ઠપદ. ભાદ્ર.

ભાદરવો જય રેલનો, કહે અનુરાધા હોય.
ઘાઘલી

૧. ભાદરવાની જેમ = (૧) તાતીમાતી, ચરીને શરીરે ચારેલી પુષ્ટ જેમ. (૨) સારી પેઠે બાર્ય પી મસ્ત થયેલી બ્યક્તિ કે કૂતરીને બાડો થયેલ પુષ્ટ માણસ. તેનાથી જલદી ચલાતું નથી

૨. ભાદરવાની જેમ પૂછડે નહિ ને પૂંછડે તો મરે = સામાન્ય રીતે ભાદરવામાં જેમ તાજામાજા માલૂમ પડે છે.

૩ ભાદરવાનું ચર્યું લીલું જ બાળે = સમૃદ્ધને સુખ જ દેખાય.

૪. ભાદરવાનો ભીંડો = (૧) બુવાનીનો નવલોહિયો તોર (૨) થોડા વખતની મોટાઇથી ફૂલી ગયેલી બ્યક્તિ. (૩) થોડા વખતની મોટાઈનો ગર્વ; ઉદ્ધતપણું.

૫. ભાદરવો વરસવો – (૧) પડે ત્યાં પોટલાની પેઠે પુષ્કળ વરસાદ થવો. (૨) રડવું. પુષ્કળ આંસુ ચળેવા.

ભાદરા ન. સૌરાષ્ટ્રમા જોડિયા બંદર પાસે આવેલું એ નામે એક ગામ. સ્વામીનારાયણ સંપ્રદાયમાં અક્ષરમૂર્તિ તરીકે મનાતા મુક્તાનંદ સ્વામીનું તે જન્મસ્થાન છે.

ભાદરાજિયા પું. જૈનોના શ્વેતાંબરોની ૮૪ ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

ભાદરેક (ભાદરેડ) જુઓ ભાદરડ.

ભાદર્શક [સં. આ (પ્રકાશ) + દર્શક (બતાવનાર)] ન. પ્રકાશનું વૈપુલ્ય માપવાનું યંત્ર, 'ફોટોમીટર'.

ભાદવા ૧. [સં. ભાદ્ર] પું. (હિંદી) ભાદરવો મહિનો.

૨. સ્ત્રી. ભાદરવાની ઊપજ.

ભાદવી [સ.] વિ. ભાદરવા મહિનાનું; ભાદ્રપદી, ભાદરવી.

ભાદા ૧. સ્ત્રી. હરિજનની એ નામની એક [redacted]

૨. ન. એ નામની ભટકતું માણસ.

૩. વિ. એ નામની ભટકતું.

ભાદાણી ૧. સ્ત્રી. સુતાર ને લોહાર વગેરેની એ નામની એક ભટક

૨. ન. એ નામની ભટકતું માણસ.

૩. વિ એ નામની ભટકતું.

ભાદુ પું. ભાદરવો માસ; ભાદ્રપદ.
ભાદે વદ તિથે વદોવદ છે. નિષ્કુલાનંદ

ભાદુર્ય જુઓ ભાદવી.

ભાદુરિયા જુઓ ભાદુરી

ભાદુરી પું. એ નામની એક જાતનો ખંજણી આંખો

ભાદેસા ખલાસી ૧. સ્ત્રી. એ નામની ખલાસીની એક જાત. તેઓ મુસલમાન છે અને અરબસ્તાનમાંથી આવી વસેલા છે. તેમની વસતી જાફરાબાદ, જોડિયા, દીવ, સલાયા અને દ્વારકા બેટમા છે તેઓના રીતરિવાજ મુસલમાન જેવા છે. તે કોમમા શિક્ષણ ઓછું છે

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભાદો [સં. ભાદ્રપદ-ભદ્રવ-ભાદો] પું. ભાદરવો મહિનો

ભાદોં [હિં.] પું. ભાદરવો માસ.

ભાદોંવી ૧. [હિં.] સ્ત્રી. ભાદરવા મહિનામાં થતી નીપજ.

૨. વિ. ભાદરવા માસને લગતું.

ભાદોં જુઓ ભાદોં.

ભાદ્ર ૧. [સં.] પું. ભાદરવો માસ; નભસ્ય; પ્રૌષ્ઠપદ; ભાદ્રપદ.

૨. ન. એ નામે કૌન ઓલવાણ જ્ઞાતિનું એક ગોત્ર.

ભાદ્રપદ ૧. [સં.] પું. (જ્યોતિષ) પચીસમુ અને છવ્વીસમું નક્ષત્ર; પૂર્વ ભાદ્રપદ અને ઉત્તર ભાદ્રપદ નામનાં નક્ષત્ર

૨. પું. ભાદરવો; નભસ્ય; પ્રૌષ્ઠપદ; ભાદ્ર; વિક્રમ સવતનો અગિયારમો મહિનો.

ભાદ્રપદલક્ષ્મી [સં.] સ્ત્રી. વર્ષા સમયની એક પ્રકારની મદોન્મત્ત રમો.

આષાઢલક્ષ્મી, ભાદ્રપદલક્ષ્મી, સ્વસ્થા, રસ્યભાવિની, ઋતા, કુલા, નિરન્તિ, અક્ષમતી, મધ્યવિક્રા, વર્ષયંતી, ચિત્તવિક્ષિપ્ત અને વારિમારા એ બાર વર્ષા સમયની મદોન્મત્ત સ્ત્રીઓ છે.
અમરાવતી કામવત

ભાદ્રપદા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એ નામે પચીસમુ અને છવ્વીસમું નક્ષત્ર; પ્રૌષ્ઠપદા. તે પૂર્વા ભાદ્રપદા અને ઉત્તરા ભાદ્રપદાને નામે ઓળખાય છે.

પ્રૌષ્ઠપદા, ભાદ્રપદા એ બે ઓનિક નામ પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના છે.
અમરકોષ

ભાદ્રપદી ૧. [સં.] સ્ત્રી. ભાદરવાની પુનમ.

૨. વિ. ભાદરવાનું.

ભાદ્રપદિકા [સં.] સ્ત્રી. ભાદરવા મહિનામાં બહિણ રાજા પાસેથી ઉપરાણાતો એ નામનો એક કર.

ભાદ્રભાતૃર [સં.] પું. સતીનો પુત્ર; સહગુણી અને વફાદાર ઓનો પુત્ર

ભાદ્રવ પું. ભાદરવો મહિનો

ભાદ્રવો [સં. ભાદ્રપદ] પું. ભાદરવો માસ. કવિતામાં વપરાય છે.

કીડા મરચાં છે બહુ ભાદરવાના.
દલપતરામ

ભાદ્રી જુઓ ભાદ્રપદી.

ભાધર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડકનો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ, ભગણ, બે નગણ, તગણ, રગણ, તગણ અને વગણ મળી ત્રીસ વર્ણ હોય છે.

ન ન સ ભ ર ન ન, ભાખો વ ર ત ચરણ;
ઇતિ ! અંતે ય જો કરો, તો ભાધર ભણો
રઘુપિંગળ

ભાન ૧. [સં. ભા (પ્રકાશવુ) પું. ભાનુ. સૂર્ય.

૨. સ્ત્રી. બહેન; બહેનને માટેનો વહાલનો શબ્દ.

૩. ન. બુદ્ધિ; સમજ; સમજણ; જ્ઞાન; બુદ્ધિ; જ્ઞાન. મહાત્મા ગાંધીજી લખે છે કે, ઈશ્વર સર્વ સ્થળે વસે છે. સૃષ્ટિમા એવો એક પણ નથી, જેમાં ઈશ્વરનો વાસ નથી. એજ ઈશ્વર આપણામાં પણ વસે છે, તે વાતનું ભાન માણસને જે તાકાત આપે છે તેનાથી મોટી તાકાત બીજી એકે નથી.

બહારના પદથી રાજી છે, અનંત ગણું ચિત્ત,
જે અધ્યાત્મ બને, એવું ભાન તો છે બરાબર.
ગાંધી-ગીતા

ભાન ચડ્યું = (૧) જ્ઞાન થયું; સમજણ પડવી; જણાયું; સમજવુ. (૨) સુધી આવવી.

૪. ન. આભાસ; પ્રતીતિ; ધારણા; તર્ક; છાયા; અણસાર.

૫. ન. કલ્પના; ભ્રમ.

૬. ન. કાળજી; ઇરાદા; સાવચેતી; નજર.
ભાન રાખવુ = કાળજી રાખવી; સાવચેતી રાખવી; શું કહેવામાં આવે છે તેનું ધ્યાન રાખવુ.

૭. ન. ખબર; નામ; ધ્યાન; લક્ષ

૮. ન. પ્રકાશ; દીપ્તિ, રોશની

૯ ન. યાદ; સ્મરણ; સ્મૃતિ; ફામ.
૧. ભાન આવવુ = (૧ યાદ આવવુ. (૨) સમજ પડવી. (૩) સત્તા પ્રાપ્ત થવી. (૪) સુધીમાં આવવુ; હોશિયારીમા આવવુ.
૨. ભાન કરાવવુ = (૧) ફરી યાદ આપવી. (૨) બોધ આપવો. (૩) સુધી આવે એમ કરવુ; ભાન થાય એમ કરવું

૧૦. ન. હોશ; સુધી

ભાનકરી સ્ત્રી. એ નામે એક જાતનો રોપ.

ભાનજ [હિં] પું. ભત્રીજો; ભાઈનો પુત્ર.

ભાનજી સ્ત્રી. ભાણેજ; ભગિનીની પુત્રી. બહેનની દીકરી.

ભાનનીકોટિ સ્ત્રી. સવિત્કોટિ, એવી વખતે વપરાતા ખોળ પ્રમાણમા ધ્યાન આપી શકાતા પદાર્થોના એકંદર સમ્યા; 'થ્રેશ્હોલ્ડ ઓફ કોન્શસનેસ'

ભાનભૂલું વિ. ભાન ભૂલેલ.

ભાનમતી [હિં.] સ્ત્રી ભાદુના ખેલ કરવાવાળા સ્ત્રી, ભાદુકરાણી

ભાનવી [હિં] સ્ત્રી જમુના.

ભાનવીય ૧. [હિં] પું જમણી આંખ.

૨. વિ. સૂર્ય સબધી.

ભાનવું ૧. અ ક્રિ. ચક્કર ફેરવવું.
૨. સ. ક્રિ. ભાંજવું.
૩. સ. ક્રિ. તોડવું; ભાગવું
૪. સ ક્રિ. નાશ કરવો; ધ્વંસ કરવો.
૫. સ. ક્રિ. સમજવું, અનુમાન કરવું; જાણવું.
૬. સ. ક્રિ. બતાવવું; દૂર કરવું.

ભાનસાન ન. ભાન અને સમજણ.

ભાનહીન વિ. ભાન વગરનું

ભાનહીનતા ૧ સ્ત્રી. ભાનરહિતપણું.
૨. સ્ત્રી. સમાધિ અવસ્થા.

ભાનુ ૧. [સં.] પું આકાશનો ગોળ.
૨. પુ. આદિત્ય; ભાસ્કર; રવિ; સૂરજ; સૂર્ય. દિવાકર; દિનકર. સૂર, સૂર, અર્કમા, દ્વાદશાત્મા, અહસ્કર, પદ્મ, પ્રભાકર, ત્રિભાકર, ભાસ્વાન, વિવસ્વાન, સમાધ્ન હરિદશ્વ, ઉષ્ણરશ્મિ, વિકર્તન, અર્ક, માર્તંડ, માર્તાંડ, મિહિર, અબ્જ, પૂષા, ગુભસ્તિ, તરણિ, મિત્ર, મિત્રબાંધવ, વિરોચન, વિભાવસુ, ગ્રહપતિ, દિવાંપતિ, અહર્પતિ, હંસ, સહસ્રાંશુ, તપન, તાપન, સવિતા પર્યાય શબ્દો છે.
૩. પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરનો એ નામનો એક દેવ.
૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, સગણ, જગણ, રગણ અને લઘુ મળી સોળ વર્ણ હોય છે.
૫. પું. કશ્યપને અદિતિથી થયેલા બાર આદેવો એ નામનો એક પુત્ર.
૬. પું. કિરણ; રશ્મિ. ઉક્ષ, અમૃખ, અંશુ, ગભસ્તિ, મૃષ્ટિ, મૃષ્ટિ, દૃષ્ટિ, મૃગ, કર, મરીચિ એ તેના પર્યાય શબ્દો છે.
૭. પું. (પુરાણ) કૃષ્ણથી સત્યભામાને થયેલ એ નામનો એક પુત્ર.
૮. પું. (પુરાણ) ચંદ્રવંશી ક્ષત્રિયકુ કુલોત્પન્ન ધ્રુવસંધી વંશના પ્રતિલોમ રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર દિવાક અથવા દિવાકર હતો.
૯. પું. દિવસ.
૧૦. પું. પિતા; બાપ.
૧૧. પું. પ્રભુ; ધણી.
૧૨. પું. (પુરાણ) પ્રાધાપુત્ર ઋષભનો એક.
૧૩. પું. ભારની સંજ્ઞા; આદિત્ય બાર હોવાથી બાર સૂચક સાંકેતિક શબ્દ.
૧૪. પું. વસુવંશી એક ક્ષત્રિય; ભાનુમતીનો પિતા.
૧૫. પું. રાજા.
૧૬. પું. વિષ્ણુનાં હજાર આદેનું એક નામ. આદિત હોવાથી તે ભાનુ કહેવાય છે. તેઓ સૂર્યરૂપ પોતે છે. તેઓ વ્યક્તિઓમાં અહંપણાથી નિજપણાનું જ્ઞાન કરનાર સૂર્યપ્રકાશ પોતે છે અને સૂર્ય જેમ પ્રાણીઓના જીવનરૂપ છે તેમ સ્વયંજ્યોતિ સૂર્ય સ્વપ્રકાશ અને પરપ્રકાશપણે સર્વમાં જીવાત્માપણે પ્રકાશનારા પણ પોતે હોવાથી શ્રી વિષ્ણુ ભાનુ કહેવાય છે.
૧૭. પું. શિવનાં હજાર આદેનું એક નામ.
૧૮. પું. સુંદરતા; શોભા.
૧૯. પું. (પુરાણ) સૂર્યવંશી ક્ષત્રિયકુ કુલોત્પન્ન અનીકપુત્ર સહસ્રાશ્વના વંશના ચંદ્રગિરિ રાજાનો એ નામનો પુત્ર. તેનો પુત્ર ચંદ્રરાજા હતો.
૨૦. પું. (પુરાણ) સ્વારોચિષ મનુનો એ નામનો એક પુત્ર.
૨૧. સ્ત્રી. (પુરાણ) કૃષ્ણની એ નામની એક કન્યા
૨૨. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષની એ નામની એક કન્યા. પુરાણ અનુસાર તે ધર્મ અથવા મનુને પરણાવી હતી અને તેનાથી ભાનુ અથવા આદિત્યનો જન્મ થયો હતો.
૨૩. સ્ત્રી. સુંદર સ્ત્રી.

ભાનુકંપ પું. ગ્રહણ વગેરે સમયે સૂર્યના બિંબનું કંપવું તે. જ્યોતિષમાં તે અમંગળસૂચક મનાય છે

ભાનુકિશોર [સં.] પું. સૂર્યપુત્ર કર્ણ.

ભાનુકી પું. હરિદ્વારનો એ નામનો એક મહાન યોગી.

ભાનુકેશર [સં.] પું સૂર્ય.

ભાનુકેસર જુઓ ભાનુકેશર.

ભાનુજ ૧. [સં. ભાનુ (સૂર્ય) + જ (જન્મેલ)] પું. કર્ણ.
૨. પું. યમ.
૩. પું. (જ્યોતિષ) શનિશ્ચર; શનિ નામનો ગ્રહ

રવિ, શુક્ર, મહીસુત, સ્વર્ભાનુ, ભાનુજ, વિધુ, બુધ, બૃહસ્પતિ એ આઠ ગ્રહોનાં પુરાણિક નામ તે જ ક્રમથી પૂર્વ આદિ દિશાઓના સ્વામીઓનાં નામ પણ છે. અમરકોશ

ભાનુજા [સં. ભાનુ (સૂર્ય) + જા (જન્મેલી)] સ્ત્રી. યમુના.

ભાનુતનયા જુઓ ભાનુજા.

ભાનુતનુજા જુઓ ભાનુજા.

ભાનુતનૂજા જુઓ ભાનુજા.

ભાનુદત્ત [સં.] પું. (પુરાણ) શકુનિનો એ નામનો ભાઈ. ભીમે તેને મારી હતો.

ભાનુદિન [સં.] પું. રવિવાર; ભાનુવાર.

ભાનુદેવ ૧. [સં.] પું. (પુરાણ) કર્ણ મારેલો પાંડવોના પક્ષનો એક યોદ્ધો.
૨ પું. સૂર્ય.

ભાનુનંદિની [સં.] સ્ત્રી. રાધા.

ભાનુનીથ [સં.] પું (પુરાણ) એ નામે એક બ્રહ્મદત્ય યાદવ

ભાનુપાઠ [સં. ભાનુ (સૂર્ય) + પા.ઠ (પઢાવવું તે)] પું. સૂર્યની ગરમી કે તડકા વડે ઔષધ વગેરે પકાવવાની ક્રિયા.

ભાનુપુત્રયા [સં.] સ્ત્રી નર્મદાનાં હજાર આદેનું એક નામ.

ભાનુપ્રતાપ [સં] (પુરાણ) પું રામાયણ અનુસાર એ નામનો એક રાજા. તે કેકય દેશના રાજા સત્યકેતુનો પુત્ર હતો તુલસીકૃત રામાયણમાં જણાવ્યું છે કે, એક દિવસ રાજા ભાનુપ્રતાપ શિકાર ખેલવા ગયો. તેણે જંગલમાં એક સૂવર જોઈ પોતાના ઘોડાને તેની પાછળ દોડાવ્યો. આદ જંગલમાં જઈને સૂવર કપટ સંતાઈ ગયું અને રાજા જંગલમાં ભટકવા લાગ્યો તેને તે જંગલમાં એક તપસ્વીનો આશ્રમ જોવામાં આવ્યો. તે તપસ્વી રાજાનો એક દુશ્મન હતો, રાજા કે તેણે તેનું રાજ્ય છીની લીધું હતું. રાજાએ તેની પાસે પાણી માગ્યું. તપસ્વીએ તેને એક તળાવ બતાવ્યું. રાજાએ ત્યાં જઈ પાણી પીને પોતાની તરસ છિપાવી અને ઘોડા ઉતાર્યો, રાત પડવા આવી હતી તેથી તપસ્વી રાજાને પોતાના આશ્રમમાં લઈ ગયો. રાતને વખતે બંનેએ અરસપરસ વાતોચીતો કરી. તપસ્વીએ કપટથી રાજાને પોતાની મીઠી મીઠી વાતોથી વશ કરી લીધો. ભાનુપ્રતાપ તેની વાતો સાંભળીને તેના ઉપર વિશ્વાસ રાખી રાતને વખતે તેના આશ્રમમાં જ સૂઈ રહ્યો, તપસ્વીએ પોતાના મિત્ર કાલકેતુ રાક્ષસને બોલાવ્યો. તેણે રાજાને ક્ષણભરમાં ઉપાડીને તેની રાજધાનીમાં પહોંચાડી દીધો અને તેના ઘોડાને ઘોડારમાં બાંધી દીધો. સાથે સાથે તે રાજાના પુરોહિતને પણ ઉપાડીને એક પર્વતની ગુફામાં પૂરી દીધો અને પોતે પુરોહિતનું રૂપ ધારણ કરીને તે સ્થાને સૂઈ રહ્યો સવારે રાજા જાગ્યો, તો તેને મુનિ ઉપર વિશેષ શ્રદ્ધા થઈ. પુરોહિતને બોલાવીને રાજાએ સોળે દિવસે ભોજન બનાવવાની આજ્ઞા આપી અને બ્રાહ્મણોને જમવા આવવાનું આમંત્રણ આપ્યું. કપટી પુરોહિતે બ્રાહ્મ માંસ સાથે મનુષ્યનું માંસ પણ રાંધ્યું જ્યારે બ્રાહ્મણો જમવા માટે બેઠા, ત્યારે રાજા પીરસવા લાગ્યો એવામાં આકાશવાણી થઈ કે હે બ્રાહ્મણો ! તમે આ અન્ન ખાશો નહિ, કારણ કે તેમા મનુષ્યનું માંસ છે. બ્રાહ્મણો આકાશવાણી સાંભળીને ઊઠી ગયા અને રાજાને શાપ આપ્યો કે તું સપરિવાર રાક્ષસ થઈશ કહેવાય છે કે, તે રાજા ભાનુપ્રતાપ મરી પછી બીજા જન્મમાં રાવણ થયો.

ભાનુકેલા [સં.] જી. ફળ.

રહ્યા પીંખા ગજમુખના ભાનુકેલા સુકુમાર,
કરણી સ્વંભોના સમ લખ્ય બનુ અનુસાર
પિંગળશમુમોષ

ભાનુભર્ગ [સં. ભાનુ (સૂર્ય) + ભર્ગ (તેજ)] પુ. સૂર્યનું તેજ.

ભાનુમતી ૧. પું. (સંગીત) એક શ્રુતિસ્વનિ અગિયાર માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧, ૫, ૭ અને ૧૦ માત્રા ઉપર છે

૨. [સ.] સ્ત્રી. (પુરાણ) અંગિરસની એ નામની પહેલી પુત્રી

૩. સ્ત્રી. (પુરાણ) કૃતવીર્યની એ નામની પુત્રી. તેને અહમ્યાતિ સાથે પરણાવી હતી.

૪. સ્ત્રી. ગંગાનાં કાંઠાનાં એક નામ

૫. સ્ત્રી. ભદ્રમરણી

૬. સ્ત્રી. (પુરાણ) દુર્યોધનની ભાર્યાનું નામ.

૭. સ્ત્રી. (પુરાણ) બૃહદ્રથપતિની સ્ત્રી: શુનાની સાત માંહેની મોટી કન્યા.

૮. સ્ત્રી ભાનુ નામના યાદવની કન્યા.

૯. સ્ત્રી. વિક્રમાદિત્ય રાજાની બહેનું નામ. તે રાજા ભોજની કન્યા હતી. તે બહુ રૂપાળી અને ઇંદ્રજાળવિદ્યાની જાણકાર હતી.

૧૦. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશી સગર રાજાની બે માંહેની એ નામની એક સ્ત્રી. તે અસમંજસની મા થાય

ભાનુમંડલ [સં.] ન. સૂર્યમંડલ.

ભાનુમંડળ જુઓ ભાનુમડલ.

ભાનુમંત [સં. ભાનુમત્] પું. (પુરાણ) ભીમે મારેલો દુર્યોધનના પક્ષનો એક કલિંગ રાજા. એનો ભાઈ વૃષક અને પુત્ર શુક્રદેવ હતા.

ભાનુમાન ૧. [સ. ભાનુમત્] પુ. (પુરાણ) એ નામે ઉપરાન્ત કૌરવ પક્ષનો રાજા. તે કૌરાકરાનો બાપ થાય

૨. પું. (પુરાણ) એ નામે કલિંગ વાસી એક ક્ષત્રિય. એને ભીમે માર્યો હતો.

૩. પું (પુરાણ) કૃષ્ણને સત્યભામાથી થયેલ એ નામનો એક પુત્ર.

૪. પું. યયાતિના પુત્ર તુર્વસુનો પૌત્ર ગોભાનુ

૫. પું (પુરાણ) વિદેહવંશી કૃતીરથ જનકનો એ નામનો પુત્ર. એનો પુત્ર શતધુમ્ન જનક હતો

૬. પું સૂર્યનું એક નામ

૭. પું. (પુરાણ) સુપ્રભાથી ઉત્પન્ન કૃષ્ણપુત્ર વજ્રના સદૃદેવ રાજાનો એ નામનો પુત્ર. એનું બીજું નામ ધ્રુવાશ્વ એવું બીજું નામ હતું. એના પુત્રનું નામ પ્રતિબાહ્ય હતું.

૮. પું. (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન તુર્વસુવંશના ભર્ગ રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર ત્રિભાનુ હતો.

ભાનુમાલી ૧. [સં. ભાનુમાલિન્] પુ આકડાનો છોડ

૨. પુ. સૂર્ય

ભાનુમિત્ર ૧. [સં.] પું. એક પ્રાચીન રાજાનું નામ. તે પુષ્પમિત્ર પછી ગાદી ઉપર બેઠો હતો.

૨. પું. વિષ્ણુપુરાણ અનુસાર ચંદ્રગિરિના રાજાના એક પુત્રનું નામ

ભાનુમુખી પું. સૂરમુખી.

ભાનુરતા [સ.] સ્ત્રી નર્મદાના દક્ષિણ કાંઠાનું એક નામ.

ભાનુરાગ ૧. પું. એક જાતનો અવાજ.

૨. [સં. ભાનુ (સૂર્ય) + રાગ (પ્રેમ)] પુ. સૂર્ય ઉપરની મમતા કે આસક્તિ.

૩. વિ સૂર્ય ઉપર મોહ, મમતા કે આસક્તિ રાખનારું.

ભાનુરાગી ૧. ન. સૂર્યનાં કિરણોનું પ્રતિબિંબ પાડવા માટેનું યંત્ર

૨. [સ. ભાનુ (સૂર્ય) + રાગિન્ (રાખનારું)] વિ. સૂર્યમાં અનુરક્ત; સૂર્યપ્રેમી. સૂર્યોપાસક

ભાનુરૂપ ૧. [સ.] પું. સૂર્યનું એક નામ.

૨. વિ. સૂર્ય સમાન.

ભાનુવર્ણ [સં. ભાનુ (સૂર્ય) + વર્ણ (રંગ)] વિ. સૂર્યના જેવા રંગનું; ચળકતું સફેદ.

ભાનુવાર [સ.] પુ. રવિવાર; આદિત્યવાર.

ભાનુવાસર જુઓ ભાનુવાર.

ભાનુવિંદ [સં] પું. (પુરાણ) એ નામનો એક યાદવ.

ભાનુવૃત્ત ૧. [સં.] પુ [illegible] તે સૂર્યથી ઉત્પન્ન થયાનું મનાય છે.

૨. પું. મનુ.

૩. પુ યમ

૪. પું. શનિશ્ચર.

ભાનુસુતા [સ.] સ્ત્રી. જમનાં; યમુના.

ભાનુસેન [સ.] પુ. (પુરાણ) કર્ણનો એ નામનો એક પુત્ર.

ભાનુસ્તવ [સ.] ન સૂર્યસ્તુતિ

ભાનૂ પું (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૬૦ લઘુ મળી ૭૮ વર્ણની ૯૧ માત્રા હોય છે.

ભાનૂદય [સં ભાનુ (સૂર્ય) + ઉદય (ઊગવું તે)] પું સૂર્યનું ઊગવું તે; સૂર્યોદય.

ભાનોમિ ૨. [સં] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

ભાનોલી સ્ત્રી એક જાતની રોટલી.

ભાન્મતિ જુઓ ભાનુમતિ

ભાપ [હિ સ્ત્રી. વરાળ; બાષ્પ, બાફ
ભાપ લેવી બફાવું લેવો

ભાપારગામી ૧ [સ. ભાપારગામિન્] પુ. પ્રકાશના માર્ગથી વિરુદ્ધ દિશા તરફ વિકસતું ઝાડ.

૨. વિ. પ્રકાશના માર્ગથી વિરુદ્ધ દિશા તરફ વિકસતું

ભાપૂ સ્ત્રી. વરાળ, વાયુ અથવા પ્રવાહી પદાર્થનું દબાણ માપનાર ઘડિયાળ: ' મેનોમિટર. '

ભાપેવું સ ક્રિ અનુમાન કરવું; ધારવું

ભાપ્પો પું. સર્પ
ભાપ્પો મારવો = સર્પ મારવો

ભાભડભૂતડું (ભાભડભૂતડું) જુઓ ભાભડભૂતડું.

ભાભર ૧. સ્ત્રી ઢલવી ઢાળી જમીન

૨. [હિ.] ન. કશ્મીર રાજ્યમાં થતું એક ઘાસનું બરછટ પૂળ. તેમાંથી દોરડાં તથા ખાટલાનું વાણ બનાવવામાં આવે છે.

૩. ન. શિવાલિક ડુંગરની તળેટીમાં આવેલ એ નામનું એક મોટું જંગલ.

ભાભરેચા ૧. સ્ત્રી. ચૌદમા રજપૂતોની એ નામની એક શાખા

૨ ન. એ નામની શાખાનું માણસ.

૩. વિ. એ નામની શાખાનું.

ભાભાપા પુ. ન. ભા, ભાપા વગેરે શબ્દોથી નરમાશથી કહેવું તે, સમજાવવું તે

ભાભાપાપણું ન. ભાભાપા કરવા તે.

ભાભી સ્ત્રી. ભાભી, ભાઈની વહુ.

ભાભ ૧. સ્ત્રી. (જૈન) ઓસવાલ વણના બાકરા ગોત્રની એ નામની એક શાખા; ચોર સ્ત્રી મહેનો એ નામની એક જ્ઞાતિ.
- સ્ત્રી (જમ્બૂ) જબૂમ; ભાભ.

૩. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૪. વિ. એ નામની જ્ઞાતિનું

ભાભડભૂતડું (ભાભડભૂતડું) ૧. વિ. અક્કલ વગરનું; ઓછી સમજણનું. જ્ઞાન વગરનું; ગમ વગરનું

૨ વિ. મરીજ.

૩. વિ ટાપટીપ વગરનું, રૂક્ષ

૪. વિ ભૂત જેવું.

ભાભર જુઓ ભાભડભૂતડું

ભાભરભૂતડું (ભાભરભૂતડું) જુઓ ભાભડભૂતડું.

ભાભરા [હિ] વિ. લાલ.

ભાભરી ૧. [હિ] સ્ત્રી. ગરમ રાખ

૨. સ્ત્રી. ધૂણ

ભાભલડી [ભાભી + લ + ડી (પ્રેમવાચક (પ્રત્યય)] સ્ત્રી. ભાભી; ભાઈની વહુ. ગોળાઈ. પ્રેમમાં અથવા કવિતામાં આ શબ્દ વપરાય છે
મેટડો ખરાને મારી ભાભલડી.
કાં રે નણદી વસ્ત્ર તેમાં આવ્યાં રે.
દયારામી રાસ

ભાભાકૂટની સ્ત્રી. ચાલાક સ્ત્રી; યુક્તિબાજ અને લુચ્ચી સ્ત્રી

ભાભાજી ૧ પું વડીલ પુરુષ; સસરો, જેઠ વગેરે વડીલ પુરુષ
૨. પું સસરા માટે પુત્રવધૂ તરફથી તિરસ્કારમા વપરાતો શબ્દ.
૧. ભાભાજી ભારમાં તો વહુજી ઘાઘમા = જેઠ વગેરે વડીલો જેવો મરતબો રાખે તેવી વહુ મહાલતમાં રહે
૨. ભાભાજીની જાતમાં ને આવા વિના કાતમા = જેવા તેવા જવું આવવું બેસવા ને ઊઠવા જેવું. ભાવનીવું બેસવા ને ઊઠવા જેવું.

ભાભાપાડાગી ન. અણકલ બાબાવો પુરુષ

ભાભાભૂત ૧. ન. ચેતન વિનાનું, જડ અને મૂર્ખ માણસ; જડમૂ.
૨ ન ન ન. ગોમાસામાં થતાં એક જાતનાં જીવડા

ભાભાસ [સં. ભા (પ્રકાશ) + ભાસ (આભાસ)] પું (વૈદક) એ નામે એક નેત્રરોગ. તેમાં નેત્રપટની વિકૃતિ થઈ જતાં દરદી ઝળઝળતાં ત્રિખ્યો, ઝબકારા, તણખા વગેરે અનુભવે છે.

ભાભી ૧. પું. આટાપાટાની રમતમાં છેલ્લી પાટી સાચવનાર છોકરો.
૨. [સં. ભ્રાતૃ (ભાર્યા) + ભાર્યા (સ્ત્રી)] સ્ત્રી ભાઈની સ્ત્રી; જોળાઈ; મોટા ભાઈની વહુ; ભ્રાતૃજાયા
ગરીબની વહુ મોની ભાભી = ગરીબને સૌ કોઈ પજવે.
૩. સ્ત્રી. માતા; જનેતા. કેટલાક માતાને ભાભી કહી બોલાવે છે

ભાભીજી ૧. [ભાભી + જી (માનવાચક પ્રત્યય] સ્ત્રી જેઠની વહુ; પતિની ભાભી; જેઠાણી; નર્ણદની પત્ની
ભાભીજી કચાં બેઠાં છે કે ભૂતને ભાત ભાય ? = બાણીબૂચીને નુકસાન ન પહોંચી શકે
૨. સ્ત્રી ભાભી માટે માનાર્થે વપરાતો શબ્દ.
૩ સ્ત્રી. દીવડો; જનાની; આપલો; નામર્દ.
૪. વિ. નાજુક; નરમ; કોમળ

ભા ભીન ન. ન. ન. ભાઈબહેન.

ભાભુ ૧ [ભા + વધૂ (પત્ની)] સ્ત્રી. બાપની મા; દાદી; મોટી મા.
૨. સ્ત્રી. ભાભી
૩. સ્ત્રી. મોટા કાકાની વહુ; બાપના મોટા ભાઈની વહુ ભાઈબંધોમાં સૌથી મોટા ભાઈની ત્યાંને નેતરથી નાના ભાઈનાં છોકરાં તે નામથી સંબોધે છે.

ભાભો ૧. [ભ્રાતૃ (ભાર્યા) + આ] પું કણબી. ખેડૂત
૨ પું કુટુંબમાં પુત્રજન્મના ઘરડા માણસને બોલાવવામા વપરાતો શબ્દ; કોનો; દાદો; વડવો; વૃદ્ધ માણસ.
૩. પું જડ જેવો અણઘડ માણસ, જડસો; જડભરત; ગાલો; બોલવાની ગમ વગરના માણસ.
ન ન નાન તો કહે કે તારી જ વેરે = (૧) બોલવાની ગમ વગરનો માણસ; જુઓ ૧ (૨) સામ ચોટે એવી રિયતિ.
૪ પુ. બાઝણ.
બારડી પ્રદેશમા બાલકાને ઉમાશ ૧.૨ ભાભો કહે છે. માનદ.તજ
૫ સં. મૂર્ખ; કુબજીજ

ભામ ૧. [સં.] પું. અભિમાન; ગર્વ.
૨. પુ ખાડાનો કોડ
૩ પુ ( ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને વધુ સગણ મળી પંદર વર્ણ હોય છે.
ભા મ સ સા સા સા અણ ગણા કવિ ' ભામ વિમે. રણછોડ

૪ પું. ક્રોધ; કોપ; ગુસ્સો.
૫ પુ. દીપ્તિ; પ્રકાશ.
૬ પું. બહેનનો વર; બનેવી.
૭. પું. ભમ
૮. પુ. સૂર્ય.
૯. સ્ત્રી અણસમજુ કે નકામાં માણસોનું ટોળું, નાનાં મોટાં માણસોનો સમૂહ.
૧૦. સ્ત્રી ઘુમ્મરો.
૧૧. સ્ત્રી. કમાળ માણસોની વસ્તી; હલકા કોકોની વસ્તી
૧૨. સ્ત્રી. ક્રાગજ. આવચેતી
૧૩. સ્ત્રી. બાર આપની વેલ્ન; વેલ્ન.
ભામ ભરાણી-ભેગી થઈ = વેલ્ન ભેગી થઈ.
૧૪ સ્ત્રી બોધ; ઉપદેશ
૧૫. સ્ત્રી બધુકાર.
૧૬. સ્ત્રી. બધ; બીક
માર્યે મહું કેરી મહા એક ભામ. અખા

૧૭. સ્ત્રી. ભાન; યાદ; સ્મરણ.
૧૮. સ્ત્રી. ભામા; સ્ત્રી; ભામિની.
જો નારી વનિતા વધૂ લલના ભામતી ભામ; અબળા બાળા અંગના પ્રેમદા કાન્તા વામ.
ત્રિમળલયકોષ
૧૯ સ્ત્રી. મરણ ટોરના ચામડા ઉપરનો વેરો
૨૦. સ્ત્રી. મરેલ ઢોરનું ચામડું.
૨૧ સ્ત્રી વિશ્વાસ; ભરોસો.
૨૨. સ્ત્રી. સંઘેડો
૨૩. સં. અહના જેવું ચળકાટવું.

ભામક [સ] પું. બનેવી

ભામચી સ્ત્રી નાહવાને માટેની મરીની માટલી.

ભામટા ૧. પું. બ. વ. કાર્ય પણ બની ના શકે તેવા કોકો; કામધધા વગરના લોકો' વેપારી, સંપુટા વગેરે.
૨ પું. બ. વ. ભમતા ચોર.
૩. પું બ. વ. શરમ કે મર્યાદા વિનાના માણસો; તદ્દન માણસ.
૪ સ્ત્રી. પૂના સતારા તરફ રહેતી એ નામની એક જાત. તે ધિરસા ધાતરવાનો તથા ચોરીનો ધધો કરે છે. ભામટા પટીચોરને નામે પણ ઓળખાય છે
૫ સ એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.

ભામટાવેડા (ભામટાવેડા) ૧ પું. નીચતા.
૨. પું લુચ્ચાઈ

ભામટી ૧. [હિં.] સ્ત્રી. કર્કશા.
૨. સ્ત્રી. કજકો સ્ત્રી.

ભામટા ૧ [સં. ભ્રમત્ (ભટકવું)] પું ઉઠાઉગીર; ગુંડો; જૂઠો અને ચોરી કરવાને ભટકયા કરનારો માણસ; ચોર; લબાડ; લુચ્ચો; રખડું; બદમાશ ચોર; નજર ચૂકવી કાર્ય કરનાર ચાલ. ભમતો ચોર
૨. પુ કથા કરનારો ભટ; બારહ્ય. આ શબ્દ બારહ્યને માટે તિરસ્કારમાં વપરાય છે
૩ પુ ભામટા કોમનો પુરુષ. તેઓ પૂના, સતારા, સોલાપુર, નાસિક, બાનદેશ વગેરે જિલ્લામાં વસે છે ભામટા પટીચોરને નામે પણ ઓળખાય છે
૪ વિ ભટકનાર; રખડનાર

ભામટ્યા [મ.] પું ખીસાકાતરૂ; ચોર; ભામટા.

ભામઠા જુઓ ભામટા.

ભામઠાવેડા (ભામઠાવેડા) જુઓ ભામટાવેડા.

ભામકું ૧. ન. કાર્ય પણ ન કરી શકે તેવું માણસ.
૨. ન. લબાડ, લુચ્ચું.

આમજુ ૧. [સ. આઢ્યમ્] પું. આઢ્યપણું; આઢ્યપણાનું શબ્દનું અપભ્રંશ રૂપ. આઢ્યપણાને માટે અપમાન અને તિરસ્કારમાં બોલાય છે.

૨. સ્ત્રી. આમજા.

ભૂંડી બાયે આમજુએ નહિ નહિ અમો નાત.
રત્નેશ્વર

આમજુલાં ન. બ. ક. આમજાં; ઓવારણાં.

આમજુલે જવું–આમજે જવું = ઓવારી જવું. નરસૈંયો સ્વામી નાચંતાં સૌ આમજુલે જઈયું રે.–નરસિંહ

આમજાં ૧. ન. બ. ક. ઓવારણાં; મીઠાં; દુખડાં લેવાં તે; વારણાં; કોઈને મળતાં માથે બે હાથ ફેરવી હાકલા કોડવા તે

બલાઈ લે અતિ આમજાં રે સિંધ સતકાદિક ગામ.
અખો

આમજાં લેવાં = દુખડાં લેવા; ઓવારણા લેવાં. આમજાં લેવાથી અખંડ સુખી રહો એવો ભાવ બતાવાય છે.

૨. ન. બ. ક. ભ્રમ; વહેમ; શંકા.

ગંતવ્યવાટ ભૂંડાં આમજાં
મણિલાલ નભુભાઈ

આમજિયા સ્ત્રી. ભ્રમર; ભમ્મર.

આમજિયું વિ. આઢ્યજિયું; પવિત્ર; શુદ્ધ; આઢ્યપણને અર્પે એવું.

આમજી ૧. [સં. આઢ્યસ્ત્રી] સ્ત્રી. આઢ્ય જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. આઢ્યપણની સ્ત્રી.

આમજું ૧. ન. ઓવારણું.

આમજે જવું = ઓવારી જવું; આફરીન થવું.

૨. ન. ભ્રમ; ખોટો અણસાર.

આમની ૧. સ્ત્રી. એ નામની વાચસ્પતિ મિશ્રની સ્ત્રી. શંકરાચાર્યના ભાષ્યની ટીકા રચતી વખતે એણે પતિની બહુ સેવા કરેલી, તેથી વાચસ્પતિએ એ ટીકાનું નામ ભામતી રાખેલું.

૨. સ્ત્રી. વાચસ્પતિ મિશ્રે બ્રહ્મસૂત્ર ઉપર લખેલ ટીકા

આમતીય ૧. સ્ત્રી. દક્ષિણ ભારતમાં રહેતી એ નામની એક જાતિ. આ જાતિના લોકો ચોરી અને ડકાયત કરીને પોતાનો નિર્વાહ ચલાવે છે

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

આમદાર [આમ + દાર (વાળું)] પું. મરી ગયેલ ઢોરનાં આમડાંનો ધન્ધો રાખનાર; માણસ; આમનો ધન્ધાદાર.

આમન પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૨૪ લઘુ મળી, ૬૫ વર્ણની ૯૧ માત્રા હોય છે.

આમની ૧. [સં.] પું. પરમેશ્વર; બ્રહ્મ.

૨. પું. આત્મિક.

૩ [સં. આમ્ (ગુરસે વધુ)] સ્ત્રી. કોપી સ્ત્રી.

૪. સ્ત્રી. ક્ષુધાન રૂપાળી સ્ત્રી.

૫. સ્ત્રી. આમડી; સ્ત્રી; આમિની; આમા.

૬. વિ. પ્રકાશક; પ્રકાશ આપનાર.

આમબુરદા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કુવાર.

આમર સ્ત્રી ઓરત; આમડી; આમા; સ્ત્રી.

આમલાં (આમલું) ન. ઓવારણાં; દુખડાં.

આવે પ્રભુ આણી એનાં આમલડાં લે ઘઈ એ રે.
રામાખ્ય

આમલું (આમલું) ન. ઓવારણું; આમજું.

આમવાર પું. ભોગવાર; મંગળવાર

આમવું ૧. સ. ક્રિ. વરધી આપવી

૨. સ. ક્રિ. વેઠે તેડવું

આમશ ન. (વૈદક) એ નામે એક રોગ; ચિત્તભ્રમ.

આમહ [સં.] પું. અલંકાર નામના કાવ્યશાસ્ત્રના પુસ્તકનો એ નામનો કર્તા; અલંકારશાસ્ત્રનો રચનાર મધ્યકાલીન એક વિદ્વાન. તે સંસ્કૃત સાહિત્યનો એક અતિ પ્રાચીન લેખક ગણાય છે. ભામહનો સમય હજી નિર્ણીત થયો નથી. એનો સમય નિર્ણીત થાય તો હિંદુઓના અતિ પ્રિય અલંકાર સાહિત્યના આરંભનો કાળ નિર્ણય થઈ શકે.

આમહાલંકાર [સં. આમહ + અલંકાર] પું. એ નામે આમહે રચેલ એક પ્રાચીન સંસ્કૃત ગ્રંથ. તે પ્રથ સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં સૌથી પ્રથમનો ગ્રન્થ છે.

આમળ વિ. આબજુ; ઓળુ; સ્વાદ વગરનું, ફિક્કું, બેસ્વાદ. પાણીને માટે વપરાય છે.

કસ્તૂરાં વણા આમળ થઈ ગએલા જળ પીવા પડે છે.
અવેરીલાલ

આમળું જુઓ આમળ.

આમંડલ ૧. [સં. આ (તેજ) + મંડલ (સમૂહ)] ન. (જૈન) તીર્થંકરના મસ્તકમાં અજોડના આગમાં હોનો મંડલાકાર પ્રભામ.

૨. ન. તેજોમંડળ; તેજઃપુંજ. તેજોમય સમૂહ; દીપ્તિમંડળ.

આમંડળી જુઓ આમડલ.

આમા ૧. [સં. અમણા] પું. ખોટી શંકા; મિથ્યા વહેમ; ભ્રમ; આમણા.

૨. પું. દેખાડવાનો ઉમળકો.

૩. પું. દેખાડો. આસ આવ એવો દેખાવ.

ખોટાળું તો મહેતાજીનું બીજ સર્વે આમા છ.
પ્રેમાનંદ

૪. પું. ફાંકો.

૫. પું. સારું લગાડવાનાં અલાવડાં.

૬. સ્ત્રી. કામાતુર સ્ત્રી.

૭. [સં.] સ્ત્રી. (પુરાણ) કૃષ્ણની આઠ માંહેની એ નામની એક મુખ્ય રાણી; સત્યભામા

૮. સ્ત્રી. કોપાયમાન સ્ત્રી

આમા જે મરણે વિષાણ નવને દધિરાશે સાયતા
ગીતગોવિંદ

૯. જુઓ ન.૬પણ.

૧૦ જુઓ તટ; વિતર્ક

આરામાં રહી કાન તે નિરખે આમા દયા તે કરે.
કવિ પ્રેમો

૧૧. સ્ત્રી. આમિની.

આમાપટ્ટ જુઓ આમાપટ્ટયંત્ર.

આમાપટ્ટયંત્ર [સં.] ન. દીપ્તિમાપકયંત્ર, તેનાથી પ્રકાશ અને તેનું પ્રમાણ માપી શકાય છે. જુદી જુદી જગ્યાએથી આવતા પ્રકાશની શક્તિ પણ તેનાથી માપી શકાય છે.

આમારણ પું. મેવાડના મહારાણા પ્રતાપને નાણાં ધીરેનારી મદદ આપનાર બહુજ દેશભક્ત

આમાં ૧. [સં. અમણા] ન. બ. ક. ખોટો ભાસ; ભ્રમણા; વહેમ; શંકા.

માણ માણ મનના આમાં દાજ,
મારે પેર શિર આજ્યા.
ગીતગોવિંદ

૨ ન. બ ક. ડાંડાવેડા; ગાડપણ

૩. ન. બ. ક. પાખંડ

૪. ન બ ક. ભ્રમણા થાય તેવો દેખાવ; દેખાડો, ભાસ થાય તેવો દેખાવ.

૫. ન. બ. ક. બધી પ્રવૃત્તિ; ફંફા

૬. ન. બ ક. સારું લગાડવાના અલાવડા; દેખાડવાનો ઉમળકો

આમિત ૧ વિ ક્રોધયુક્ત; ક્રોધિત થયેલ

૨. [સં.] વિ. વેદમાં વપરાયેલું રહસ્ય એક વિશેષણ.

આમિતિ [સં.] સ્ત્રી. (વિજ્ઞાન) એ નામે વિજ્ઞાનની એક શાખા; દીપ્તિમાપકશાસ્ત્ર, પ્રકાશમિતિ. તે પ્રકાશની બનતા માપવાની રીતનું વર્ણન કરે છે.

ભામિની ૧. પુ (પિંગળ) જો નામે એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને સ્વાંતિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિરામો આવે છે

ંજિત યામ છે. ના ૨ ૨. લ ગે.
કનકમંજરી,
વિમુખવદિતા, ભામિની ભાવ,
રતિ છયે ધરી, આવિની નહીં રમ્ય ૧૭૨

૨ જી અભિમાની સ્ત્રી.

૩ જી કામાતુર સ્ત્રી, વિષયવાળી સ્ત્રી.

૪ [સ ભામ્ (ગુસ્સે થવું) જી ક્રોધી સ્વભાવની સ્ત્રી; કોપના; કોપની; કોપિની

૫ જી જુવાન રૂપાળી બાયડી, નારી. સ્ત્રી રોષ કરી આ તે કુંવર કેરી પ્રીતિભાવિ **ભામિની.** ભાલણ

૬ વિ જી. કોપિષ્ઠા

ભામિની ષટ્પદી પું (પિંગળ) જો નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેના પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા ચરણમાં બાર માત્રા અને ચોથા તથા છઠ્ઠા ચરણમાં દસ માત્રા હોય છે

ભામી ૧. [સં.] જી. તેજ સ્વભાવની સ્ત્રી.

૨. [સ. ભામિન્] વિ. ક્રોધી; ગુસ્સાવાળું.

૩. વિ. નારાજ.

ભામુ પુ ભમ.

ભામુટ પું સ. ભા (પ્રકાશ) + મુટ્ટુ (છાપવું તે)] ન. છબી છાપવી તે, છબી છાપવાનું કામ; ચિત્ર કાઢવાના કામની પથ્થરની પાટી ઉત્પન્ન કરવાની વિધિ અથવા કાર્ય. તેમાં તીક્ષ્ણ ઓજારથી કોરીને કરેલ ઊંડી રેખાઓ હોતી નથી પણ નાના પોલાણો હોય છે, જેમાં ઊંડા ભાગો આભાસો ઉત્પન્ન કરવામાં અને ઊંચા વિભાગો સફેદ આભાસો ઉત્પન્ન કરવામાં કામ આવે છે. ઝાઝુ પકડીમાર્યા છાપેલાં જળીચાળણ રીપ્રિન્ટો ફિલ્મ, પત્રની પડદી ઉપર મૂકવામાં આવે છે અને તાપાની પડદી આકૃતિ છાપેલી પડદી ઉત્પન્ન કરવા માટે તેને બીજ વિકસાવી પકડા રંગ સાથે ચોટાડી કે બેસાડી દેવામાં આવે છે.

ભામુદ્રા ૧. [સં. ભા (પ્રકાશ) + મુદ્રા (છાપ)] જી. છબી ઉપરથી છાપ લેવા માટેની ઊપસેલી સપાટી મેળવવાની ક્રિયા.

૨. જી. છબી ઉપરથી મેળવેલી છાપ લેવા માટેની ઊપસેલી સપાટીવાળી પડદી કે બ્લોક

૩. જી બ્લોક ઉપરથી કોટો છાપવાની ક્રિયા

ભામું ૧. ન. ખોટી આતુરતા.

૨. [સ ભ્રમણા] ન. ખોટી શંકા. ભ્રમ, ભ્રમણા મિથ્યા વહેમ. ખોટો વિચાર.

૩. ન. ગડબડ; ગોટાળો.

ભામો ૧ પું. ઉલ્લાસ; હોંશીલો ભાવ

૨ પું ઓપતો

ભામા મવા = ઓપતા થવા; ભામ કર્યું હોત તો સારું જાત એવી ઇચ્છા થવી.

૩ પું. ગજનાદ; મૂંગવબ્રુ.

૪. પુ. ભૂલચૂક.

ભામિની ભામો કોણે આપ્યો, મન મોટો અર્જુ. મુરારિ

૫. [સ. ભ્રમ] પું. ભ્રમ; ભ્રમણા; શંકા.

૬. પું. મોહ; ભાવ.

બારી બાજરી વિકરી, મને લગાડ્યો ભામો. ભાણ

૭. પું લોભ

ભામ્યની જી ભામિની; સ્ત્રી.

. ૧ કામાતુર ભામિની,
ભરભેળ્યા ભામુ ભામ્યની. રામળ

ભાય ૧. પું. અંતઃકરણની વૃત્તિ; ભાવ.

ભમ વરમ ત્રિલોક અને બીજિ ભૂમિ ભાય;
તહરી હાથ પસારીને યમુના પારસે પાય. વિષ્ણુદાસપુરોહિત

૨. પુ ઢંગ; રીત.

૩. પું ઘર; આર.

૪. [સં. ભાતૃ] પું. ભાઈ.

૫. [પ્રા.] પું. ભાગ; પ્રદેશ.

ભાયઝ ન. ગઢની દશા; નસીબ; ભાગ્ય; દૈવ.

ભાયગજી પું. પત્ની, પતિ; વર.

ભાયજી ૧. પું. જોડ.

૨. પુ સસરો.

ભાયડો (ભાયડે) ૧. પું. પત્ની; પતિ; વર, ભરથાર.

ઊભે-ઝાડે ભાયડે = પત્ની હયાત છતાં; છતે પત્નીએ, છતે ભાયડે; પત્ની જીવતો હોય છતાં.

૨. પું. નર; પુરુષ અરદ; મરદ.

ભાયડો થયુ = બહાદુર થયુ.

ભાયતીમખ પું. સરસ્વતી નદી.

ભાયતીમખ કરે જે સ્નપન, વલ્લ નામકનાનું કલ્પ. પ્રેમાનંદ

ભાયપ [હિં.] પું. ભાઈચારો; ભ્રાતૃભાવ; ભાઈપણું.

ભાયભદ્ર ન. ગોંડલ રાજ્યનું ભાણવડ શહેર.

ભાયરાદાલેખ પું. જસતના પતરા ઉપર કોતરવાનો કુનર; જસતના પતરા ઉપર કોતરેલી ચાંચિત છબી. કીક પડી ઉપર આલેખી છબી કરીથી ઉત્પન્ન કરવાની વિધિ. આ રીત સિલાજપથી ચિત્ર છાપવાની કળાને મળતી છે.

ભાયરાદાલેખન ન. જસતના પતરા ઉપર કોતરવાનો કુનર કરવો તે.

ભાયા ૧. પું. ભાઈ.

તુ વારા દિલના ડીવો યાને,
ઓ રે ઓ રે ઓ ભાયા. ઉપવાસી

૨ પુ મિત્ર; દોસ્ત.

૩. પું. વંશપરંપરાની મિલકતમાં હિત ધરાવતો માણસ.

૪. વિ. પ્રિય; સારું લાગે એવું; ખમારું.

ભાયાણી ૧. જી. ગોહિલવાડી લેઉઆ કણબી, વાઘર અને દરજીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભાયાણી વ્યાસ ૧. જી. ઔદીચ્ય જ્ઞાતિની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભાયાત ૧. [સં. ભ્રાતૃ (ભાઈ) + વૃત્તિ (પગું)] પું પિતાઈ.

૨. પું. રાજ્યકર્તાના કુટુંબનો માણસ; રાજનો પિતરાઈ

૩. વિ. ભાઈના સંબંધનું; ભાઈના સમપક્ષમાં રહેનારું; ભાઈના સમપક્ષમાં હોય એવું; પિતરાઈ કુટુંબી.

ભાયાતી ૧. [સં. ભ્રાતૃ (ભાઈ) + વૃત્તિ (પગું)] વિ. ભાઈના સમપક્ષમાં હોય તેવું. પિતરાઈ ભાઈ તરીકે હકવાળું.

૨. વિ. ભાયાત સંબંધી; ભાયાતને લગતું.

૩. વિ. ભાયાતને આપેલ.

ભાયાતી કોર્ટ જી. રાજ્યકર્તા અને તેના ભાયાતો વચ્ચેના વહીવટના ઉકેલ કરનારી અદાલત.

ભાયેગ ન. નસીબ; ભાગ્ય.

ભાયો [સં. ભ્રાતૃ (ભાઈ)] પું. ભાઈ; ભ્રાતા; બાંધવ.

ભાર ૧. પું. (વૈદક) અજીર્ણ; અપચો; ખાધી કે અપચાથી પેટ ભારે થવું તે. બાળક થાવતું હોય તે દરમિયાન તેની માતા કોઈ વાયડી ચીજ ખાય અથવા બાળક પોતે કોઈ વાયડી ચીજ ખાય તો બાળકના પેટમાં ભાર જેવું જણાય છે, પેટ ચડેલું લાગે છે, બાળક રહ્યું રહ્યું રડે છે. ખોરાક બરાબર ખવાતો નથી, પેટમાં ચીસો ચીસો દુખાવો રહે છે અને વારંવાર ઝાડા થાય છે.

તેને માટે ઉપરના પ્રમાણમાં ઓરડિયા તેલનો ઓછામાં ઓછા જુદાપ આપવો ઇષ્ટ છે

ભાર ઓવો–રહેવો–હોવો = (૧) મળાવરોધ થવો; અપચો કે બાદીથી પેટ ભારોભાર ભર્યું દમદોલ થઈ જવું. (૨) માન, આબરૂ કે વજન સાચવવા

૨. પું. અઢાર ઉલટ તોલાનું માપ.

૩. પું અધિકાર, સત્તા.

૪ પું. આઠ ઉલટ રૂપિયાભારનું માપ.

૫. પુ. આધાર.

૬ પું આભાર, ઉપકાર; અહેસાન; પગ

૧. ભાર મારવો = (૧) પગ મારવો, અહેસાનમંદ થવું. (૨) અભિનની હાજરીની શીટ પડવા.

૨. ભાર તળે = (૧) અહેસાન નીચે. (૨) દબાયેલું તળે

૭. પું. આશ્ચર્ય

૮. પુ આઠ પત

૯ પું ઉપાધિ; વેઠરૂપ દોવું તે

૧. ભાર ઊતરવો = (૧) ઉપાધિમાંથી છૂટવું. (૨) કર્તવ્ય કે ઋણમાંથી મુક્ત થવું

૨. ભાર ઉતારવો = (૧) ઉપાધિમાંથી મુક્ત થવું. (૨) કર્તવ્ય પૂરું કરવું. (૩) વેઠ ઉતારવી.

૩. ભાર જવો = ઉપાધિ જવી.

૧૦. પું. કપાસના તોલ માટેનું ચોવીસ મણ જેટલું વજન. કોઈ કોઠાએ ૩૦ મણનું વજન ગણાય છે. કાલાંનો તોલ કયાંક ૪૦ મણ અને કયાંક ૬૨ મણનો અને કપાસિયાનો કયાંક ૬ મણ અને કયાંક ૮ મણનો ગણાય છે.

૧૧. પું. ગાવડ

૧૨. પું. કોઈ પણ વસ્તુની જરૂરિયાત બતાવવા તેના ઉપર બોલતાં જોર દેવું તે; શબ્દ ઉપરનો ભાર કે સ્વરભાર.

૧. ભાર દઈને–પૂર્વક = ચીવટ ચોપીને; તોળી તોળીને; બાજ બાનમાં લેવા જેવી વાતમાં સમજણ પાડવા ભાર આપીને શબ્દો બોલાય તેવી રીતે.

૨. ભાર મૂકવો = (૧) આગ્રહ કરવો. (૨) ઉપકાર ચડાવવો કે કરવો. (૩) બોલને ગાઢવો, વજન કે જવાબદારી આપવી. (૪) મહત્ત્વ આપવું.

૧૩. પું. ગુરુત્વ પરિમાણ.

૧૪. પું મોવડ; મહત્ત્વ; મરતબો; માન; મોટપણ; મોભો; વજ્જર.

૧. ભાર ખોવો–ગુમાવવો–ઘાંડવો = માન ઊતરી જવું; માન, વજન કે આબરૂ ગુમાવવાં; હલકા પડી જવું.

૨. ભાર પડ્યો = (૧) તકલીફ પડવી (૨) બોલે પડ્યો. (૩) વજન પડવું, મહત્તા જણાવવી. (૪) શાખ બેસવી; વિશ્વાસ પડવો.

૩. ભાર આપવો = (૧) લાજ્જરમ મુકાવવી; મોઢો તોડવો; નિઃસાસો બોલાવ તેવો સંબંધ કરો. (૨) હલકા કરવું, પ્રતિજ્ઞા જવી; વજ્જર બોરો

૪. ભારમાં રહેવું = પોતાનું માન કે વટ સાચવીને વર્તવું; માણસને આંચ ન આવે તેવી રીત વર્તવું

૫. ભાર રાખવો = મર્યાદા સાચવવી; મોભો જાળવવો; શાખ રાખવી; બોલીચાલીમાં સામા પક્ષ સાથે કાર્ય વગેરેમાં આપણી યોગ્યાયોગ્યતા જાળવે વિવેકપૂર્ણ વર્તવું.

૬. ભાર વગરનું = (૧) જેને કોઈ માન ન આપે એવું (૨) હલકું; વજ્જર વગરનું.

૧૫. પું. મગ, દયા કે જંતરમંતરની અસર.

૧૬. પું. જડતા.

૧૭ પુ જથ્થો, સમૂહ, દગલો.

૧૮. પું. જવાબદારી; લેખમ

૧. ભાર ઉપાડવો = બોલે કે જવાબદારી ઉઠાવવા

૨. ભાર વધારવો = (૧) જવાબદારીનો બોજ ઉમેરવો. (૨) માન કે મોભો વધારવાં; લાગવગ વધારવી.

૩ ભાર વહેવો = (૧) જવાબદારી ઉઠાવવી, લેખમ ખેંડવું. (૨) ભાર ઊંચકવો; વજન ઉપાડવું

૧૯. પું. તોલો; એક રૂપિયા જેટલું વજન.

૨૦. પું. (જૈન) સો કરોડ, એંશી લાખ, બાર હજાર, નવસો એંશી મણનું વજન.

૨૧. પું. સો શેરનું વજન.

૨૨. પું. રેલુ.

ભાર કરવો - (૧) રેલું કરવું. (૨) વિશેષ પડતું વજન કે બોજ નાખવો.

૨૩ પુ ધરાસ; વાહનમાં ઘૂંસરી આગળ વધાર બોલે દાયે તે.

૨૪ પું. પત્રાવળી બનાવવામાં વપરાતા આખાનાં પાનનો સમૂહ.

૨૫ પું (જૈન) પરિમહ; ધનધા-નાદિનો સંગ્રહ

૨૬. પું. બોલો; ઊંચકેલો, લીધેલો કે મૂકેલો જડ પદાર્થ; જડ પદાર્થનું વજન.

૧. ભાર ઊંચવો = બોલે ઉઠાવવો.

૨. ભાર જવો = (૧) ઉપાધિ જવી. (૨) ભાર બોવો. (૩) હલકા પડવું.

૩. ભાર તાણવો = બોલે કે જવાબદારી ઉપાડવાં.

૪. ભાર દેવો = (૧) ઠપાવવું, ઠપસ્વું કે ઠસવું. (૨) શબ્દ કે બોલ ઉપર ભાર મૂકી બોલવું કે ઠપવું

૫. ભાર ઠસવો = ભા.૨, વજન કે બોજો ગાદવો.

૬. ભારે મારવું = (૧) નાહક ભાર વહેપરાવવો (૨) મોટો ભાર વહેવરાવવો (૩) ઠેકાન કરવું.

૨૭. પું. બોલો; વજન; ભારણ; માથે ચિંતા હોવી તે.

કડવાબોલું દોઢ તે ખૂટાબોલી નાર;
નિત્ય જમાઈ પરોણલા, બે લો માથે ભાર.

લોકોક્તિ

ભાર આવવો = (૧) તકલીફ પડવી. (૨) બોલે લાગવો

૨૮. પું. ભારણ; ભ્રમણ વગેરે દબાવવાનું તે ઉપરનું વજન; ભારવાળો પદાર્થ.

૨૯. પું. રક્ષા, સંભાળ

૩૦. પુ. વિદ્યુત્પરિમાણ; ' ચાર્જ '

૩૧. પું. વિનય.

ભાભોજી ભારમાં તો વહુજી ભારમાં = વડીલ કે સાસરો માનબોર વિનયશીલ રહે તો નાનેરું વહુવારુ વિશેષ વિનયશીલ રહે.

૩૨. પું. વિઘ્ન.

૩૩. પું. વિસાત; મજબુ; ગુંજાશ; દમ; તાકાત; બળ; શક્તિ; સત્તા; મગદૂર

માઠે બળાવા રાખે જે ત્રણ,
ત્યારે તેનો નહિ ભાર દયારામ

૩૪. પું. વિસ્તાર.

૩૫. પું. વીસ કરોડ, એકવીસ લાખ, ચુંમોતેર હજાર જેટલી સંખ્યા. આને એક ભાર કહેવામાં આવે છે. એવી અઢાર ભાર વનસ્પતિ કહેવાય છે. તેમાં ૪ ભાર ફળતાં ઝાડ, ૪ ભાર ન ફળતા ઝાડ, ૪ ભાર કાંટાવાળાં ઝાડ અને ૬ ભાર વેલાનો સમાવેશ થાય છે. વળી કહેવાય છે કે, દસ કોટિ, દસ લાખ, સહસ્ર અઠ્યાસી જનો, દુર્યોધને કીચે લાંબી, ભારિક સંખ્યા માનો. અહીં એક ભાર એટલે ૧૦,૨૦, ૮૮,૦૦૦ × ૨ = ૨૦,૨૧,૭૬,૦૦૦ થાય છે

૩૬. પું. વીસ તુલનું એટલે બે હજાર પલનું અથવા પાંચ મણ જેટલું ધનપદાર્થ તોળવાનું વજન.

૫ ગુલ્મ = માષ
૧૬ માષ = કર્ષ
૪ કર્ષ = પલ
૧૦૦ પલ = તુલા
૨૦ તુલા = ભાર

૩૭. પું. પીસ તોલા જેટલું વજન.

૩૮. પું. સુરતીને બીજે કરીર ભારે ભારે આગ્રહપણું.

આવી આવી પરોઢિયે દૂર કર્યું દધિ વલૂરે ધેન ને,
બાળો ભાર હરા કરી જ હળવી, શું રૂંધન કીધું તમે ?
અમરેશતક

૩૯. પું. સૈન્યનું ભૂજા ભરારનો સમૂહ.

૪૦. પું. સોનું તોળવાનું એક માપ.

૮ રતી = માષ
૧૬ માષ = કર્ષ
૪ કર્ષ = પલ
૨૦૦ પલ = ભાર

૪૧. પું (શિલ્પ) સ્તંભના આઠ માહેનો એક પ્રકાર.

૪૨. પું. કામ; હિંમત.

૪૩. વિ. ભારવાળું.

૪૪. અ. અમુક જેટલું એમ; અમુક પ્રમાણનું એમ; બરોબર.

૧. ભારોભાર = વજનની બરાબર; વજનના પ્રમાણમાં.

૨. રતીભાર = રતી જેટલું.

ભાર૧ ૧. [સં.] પું. ભાર; બોજો.

૨. પું. ભાર ઊંચકનાર માણસ; બોજો ઊઠાવનાર માણસ.

ભારઉતરીયે જુઓ ભૃગુકચ્છતીર્થ.

ભારઉંદરો પું. અમેરિકામાં થતો એક જાતનો ઉંદર. તેને પેક રેટના નામથી ઓળખવામાં આવે છે. આ ઉંદરને અનાજની વિચિત્ર વસ્તુ ભેગી કરી પોતાના માળા ઉપર ગોઠવવાનો બહુ શોખ હોય છે. ઉઠાંતરી કરવાની તેનામાં એવડી ટેવ નથી પણ તેના બદલામાં તે કાં તો ભારઉનું ઝોડિયું કે નાનો પાંચીકો મૂકીને તે પસંદ કરેલી વસ્તુ ઉપાડી જાય છે એટલે પશ્ચિમના દેશોમાં આ ઉંદરને બેપારી કે વજનદાર ઉંદર પણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને ટ્રેડર રેટ પણ કહે છે.

ભારકસ્યા ૧. [ભાર + કસ્ય (બેસવું)] પું. ગાડું.

૨. ન. ગાદી અને નમદાને હાથી ઉપર કસી બાંધવાનું પોલ્યા અથવા સૂતરનું દોરડું.

ભારકારી [સં] વિ. ભાર કરવાવાળું.

ભારકી સ્ત્રી. દાઈ; ધાવ; 'નર્સ'.

ભારકેદ્ર ન. ગુરુત્વકેંદ્ર.

ભારક્ષમ [સં.] વિ. ભાર સહન કરી શકે એવું.

ભારક્ષમતા જુઓ ભારક્ષમશક્તિ.

ભારક્ષમશક્તિ [સં.] સ્ત્રી. (શિલ્પ) ભારક્ષમતા; ભાર સહન કરવાની શક્તિ. મકાનનો પાયો ભરતી વખતે જમીનમાં રાખવું જોઈએ કે, પાયાના દર ચોરસ ફૂટે આવતો બોજો પાયાની ભારક્ષમશક્તિની મર્યાદામાં રહેવો જોઈએ. પ્રત્યેક પ્રકારની જમીનની ભારક્ષમશક્તિ નીચે પ્રમાણે છે:

જમીનનો પ્રકાર	ભારક્ષમશક્તિ ચોરસ ફૂટે ટન
કાળી માટી સૂકી	૦ાથી ૦ાા
ગોરાડી માટી (૩૦થી ૭૦ ટકા રેતી)	૦ાાથી ૧
કાંપ કરેલો	૧ાથી ૧
ચપટ, કાંકરીવાળી માટી	૧ાથી ૨
બીનાગ્રવાળી મધ્યમ સખત માટી	૧થી ૦ાા
સૂકી ચીકણી માટી	૩થી ૪
માણ માટી (પીળી ચીકણી કાંકરીવાળી સૂકી)	૨થી ૩
ઓરાકુ ૩થી ૪ ફૂટ જમીન પૃષ્ઠ નીચેની	૩થી ૪
સઁચેથી, બંતરાયેલી રેતી	૨થી ૩
કાંપ ચાકુ (ગોપીચંદન જેવી માટી)	૧ાાથી ૨
નરમ મુરમ (ઝીણા કોટથી કપચી જેટલા કદ)	૧થી ૨
કાંપ મુરમ	૪
ખડક	૧૦થી ૩૦

જમીનની ભારક્ષમશક્તિ ઉપર પ્રમાણે છે, પણ ઇમારતના પાયા ઉપર દર ચોરસ ફૂટે કેટલો બોજો આવે તે જાણવા માટે અહારની દરેક દીવાલ ઉપર ઉપરની છત અથવા ઓપરાનો ભરતો ભાર, માળની ઉપરની દીવાલનું વજન, કઠેરાનું વજન વગેરે સર્વ સરવાળો કરી, જે દીવાલ ઉપર આ વજન આવે છે તેના પાયાના ક્ષેત્રફળથી ભાગતા ચોરસ ફૂટે કેટલો ભાર આવે છે તે મળે છે. જે પરિણામ આવે તે તળિયાની જમીન માટે કોષ્ટકમાંના આંકડાથી કમી હોવું જોઈએ.

ભારખમ વિ. અળખદાર; પ્રતિષ્ઠિત; સભ્ય; ભારેખમ; ભોભાદાર; ગંભીર.

કરે પ્રયોગ પ્રહાર, વદ ભારખમ કુંભ ભોળો
ભમીયા. ભોળો

ભારખમું વિ. ભાર ખમી શકે તેવું; બોજો વહી શકનારું.

તેજસ્વામ સો ઉપનામ તે ભારખમો,
ભોળી અકલ નિજેથી દૂરસ્થ તો.
નાનાલાલ

ભારખાનું ૧. ન. ઊંટ.

૨. ન. ભાર ભરવાનું વાહન.

૨. [ભાર + ખાનહ (જગ્યા)] ન. માલ ભરવાનો રેલવેનો ડબ્બો.

૪. ન. માલગાડી; 'મુડ્ઝ ટ્રેન.'

ભારગાડી સ્ત્રી. માલગાડી; ભારખાનું.

ભારગોળી સ્ત્રી. (વૈદક) આળકને પેટમાં રહેતા ભાર માટેની એક ઔષધિ.

ભારમસ્તકસર્ગક ૧. વિ. કુમારી દીધેલું.

૨. વિ. ઠાવાઠપી કરીને ખરચમાં ઊતરેલું.

૩. વિ. બોજા ભારથી થયેલી કે કરેલી હરકત અથવા અડચણ; ભારરૂહ.

ભારવાહી [સં. ભાર (બોજો) + વાહિન્ (લેનાર)] વિ. ભાર સહન કરી શકે એવું.

ભારવાહ્યચલાર્થે [સં.] ન. વજનથી સિદ્ધ, મુદ્દા કે અવયવ આપવાની રીત કે પદ્ધતિ.

ભારવટ ૧. [સં. ભાર્યા] સ્ત્રી પરણેલી સ્ત્રી; પત્ની; ભાર્યા; વહુ.

૨. સ્ત્રી. નારી; સ્ત્રી.

૩. સ્ત્રી. સંગીતના રાગની સ્ત્રીઓ મ.હેની ઠરેક.

ભારવાહિક પું. બૈરીવાળો પણી

ભારવાહું ૧. વિ. ખમતીધર; ભાર ખમી શકે તેવું.

૨. વિ. ગંભીર; પીઢ; પુખ્ત; ભારેખમ.

ભારવિયું ૧. [સં. ભાર + રક્ષ. (ઊંચું રહેવું)] પું. ખાટલો, મંડો કે માળા બનાવવાને માટે બે કરા ઉપર જેના જેડા રહે એમ બનાવવું મોટું મજબૂત લાકડું; ભાલ, ભોબા; ભારવટિયો.

૨. પું. વરાળયંત્રમાં કોઢાનો ભાર કે ટેકો.

૩. પું. કાળની તોર કે તુરી.

ભારવિયો જુઓ ભારવિયું.

ભારવી [સં] સ્ત્રી. એક જાતની ગળીનું ઝાડ.

ભારવિયો પું. ભારવિયું.

ગામે ચક્રવેદિની હદ બતાવનાર ભારવિયા બનાવવા માટે આસોની ઉદુમરની કાળીઓના ટમકાથી તેની પવિત્ર હદ શુદ્ધ રહેતી.
હિંદના ઈતિહાસની વાતો

ભારવો (ભારવે) પું (જૂ. ગુ) રેવસેવા કરનાર પુજારી.

ભારવ્ય ૧. [સં. ભાર] ન. એક ચીજ ઢાળવાને તેના ઉપર મૂકવામાં આવતો ભાર; વજન; ઢાળ

૨. ન. કરજારોપી બોજો; કરભાર.

૩. ન. પેન.

૪. ન. જવાબદારી.

૫. ન. ભાર; વજનીપણું.
૬ ન. પુટપાક.
૭ ન. ભારવાહીપણું.
૮. ન. ભારવું તે, રાખમાં દાબવું કે સાચવી રાખવું તે, રાખમાં ધાણી રાખવું તે.
૯. ન. મંત્ર બોલવા તે; મંતરવું તે.
૧૦. ન. મહિનાના કાચા દિવસોનો સમય.
૧૧. ન. મુનેસી, વિદ્વત્તા.
ભારણી જી. ભોળો; ભાર.
ભારત ૧. [સં. ભરત + અ (સ્વાર્થેરાયક પ્રત્યય)] પું અર્જુન. તે ભરતના કુળમાં જન્મ્યો હતો. તેનાં બીજાં નામોઃ અજમ, કપિધ્વજ, ધનુર્ધર, કુરુનંદન, કુરુપ્રવીર, કુરુશ્રેષ્ઠ, કુરુસત્તમ, કૌંતેય, ગુડાકેશ, ધનંજય, પર્થનય, પાંડવ, પાર્થ, પુરુષર્ષભ, પુરુષવ્યાઘ્ર, ભરતર્ષભ, ભરતશ્રેષ્ઠ, ભરતસત્તમ, મહાબાહુ, સવ્યસાચી, પૃથાપુત્ર, પાંડવરાજ, કુંતીસુત, કુંતીપુત્ર, રથિનંદ, નર, નરરાજ, નરપાળ, અરિતાપ.
૨. પું. આગ; અગ્નિ.
૩. પું. કસ્તુરીમૃગ; કસ્તૂરી.
૪. પું. (પુરાણ) જંબુદ્વીપના મુખ્ય નવ ખંડોનો એ નામનો એક મુખ્ય દેશ; ભારતવર્ષ; હિંદ; હિંદુસ્તાન ઈ.સ. પૂર્વે ૫૮૪૦માં સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાએ તે વસાવ્યો હતો. દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત મહા પરાક્રમી હોવાથી એ હિંદુસ્તાનનો ચક્રવર્તી રાજા થયો ને એના નામથી આ દેશ ભારત નામથી ઓળખાતો થયો પ્રાચીન ભારતનો ઇતિહાસ તપાસતાં જોવામાં આવે છે કે, તે વખતમાં ચોરી, જૂઠ, વ્યભિચાર આદિ બનાવો બનતા, પરંતુ કોઈ એ દેવાળું કાઢવાનો એક પણ બનાવ નહિ મળે. યાદવોના જમાનામાં જગતની બીજી પ્રજા જંગલી જીવન ગુજારતી હતી, ત્યારે સૌરાષ્ટ્ર અને ભારત દેશના વતનીઓ સુધરેલા હતા. તેઓ આસ કરીને ગામડાંમાં રહેતા, ખેતી કરતા ને ઘઉં, જવ, ફળ અને કપાસ પકવતા. ગાયો પાળતા. ખોરાકમાં દૂધ, દહીં, માખણ ને ઘીનો ઉપયોગ કરતા. માસ પણ ખાતા. તેમને સોમરસ નામનો દારૂ પીવાનો ખાસ શોખ હતો. તેઓ ઊતર અને ઊન કાતીને હાથે કપડાં વણતા ને સોનાચાંદીનાં ઘરેણાં પહેરતા. ગાડાંનાનો ઉપયોગ દવા તરીકે કરી જાણતા. ઘોડી અને વાછરડાં બનાવીને દરિયામાં સફર ખેડતા. રથમાં બેસી જમીન ઉપર મુસાફરી કરતા. રથની શરતોમાં અને જુગાર રમવામાં તેમને મજા પડતી. એ જમાનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા કેવળ ચાર જ વર્ણ કે જ્ઞાતિઓ હતી. બ્રાહ્મણો ભણતા ભણાવતા અને ધર્મવિધાનો કરતા અને કરાવતા. ક્ષત્રિયોનું કામ લોકોનું રક્ષણ કરવાનું હતું. વૈશ્ય ખેતી, પશુપાલન અને વેપાર કરતા. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યની સેવા કરવાનું કામ શૂદ્રનું હતું. લોકો સૂર્ય, અગ્નિ, ઇંદ્ર, વરુણ, મરુત વગેરે દેવોની પૂજા કરતા. તેમને યજ્ઞ કરવા માટે હોમવચન ને યજ્ઞ કરતા. લડાઈમાં ધનુષ્યબાણ, તલવાર, ભાલા ને કરસીનો ઉપયોગ કરતા. સંસ્કૃત ભાષા બોલતા. જાણકો મુનિઓના આશ્રમોમાં ભણતા. માતા, પિતા ને ગુરુ દેવ જેવા મનાતા. લોકો કુટુંબના વડીલની આજ્ઞા પાળતા. ઘરમાં ને સમાજમાં બૈબોને માન મળતું. ભારતનું બંધારણઃ ઈ. સ. ૧૯૪૯ના નવેમ્બરની ૨૬ મી તારીખે જે બંધારણનો ભારતની સાર્વભૌમ બંધારણ સભાએ ભારતના પ્રજાજનો વતી સ્વીકાર કર્યો અને જેનો અમલ ૧૯૫૦ની જાન્યુઆરીની ૨૬મીથી શરૂ થયો, તેનાં લક્ષણો અને વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છેઃ બંધારણનું લક્ષણઃ ૧. આપણ ઇસ્તાવેજઃ પ્રજાસત્તાક ભારતનું બંધારણ એ આપણ ઇસ્તાવેજ છે અને તેમાં નવા જન્મેલા પ્રજાસત્તાકની પ્રાથમિક મુશ્કેલીઓના ઉકેલ માટે વિસ્તૃત ખુલાસાઓ રાખવામાં આવી છે ને તેને પરિણામે બંધારણના અમલમાં પણ એકરાગિતા ને સરળતા થશે. બંધારણમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ (૧) સરકારની રચના, (૨) વિવિધ અંગોના પરસ્પર સંબંધ અને કાર્યપદ્ધતિ, (૩) નાગરિકત્વ, (૪) મૂળભૂત હકો, (૫) રાજનીતિના દર્શક સિદ્ધાંતો, (૬) નોકરીઓ, (૭) સમવાયી ન્યાયતંત્ર અને ઉચ્ચ અદાલતો, (૮) રાજભાષા અને (૯) પ્રાથમિક મહત્ત્વ ધરાવતી અન્ય વિવિધ બાબતો. ૨. લોકરાજઃ આપણા આ પ્રજાસત્તાક બંધારણના ઘડતરમાં ભારતની કેટલીક ઉત્તમ બુદ્ધિશક્તિ ધરાવતી વ્યક્તિઓએ ત્રણ વર્ષ સુધી ફાળો આપ્યો છે. એમણે જગતનાં તમામ લોકશાહી બંધારણોની ખામીઓ અને ખૂબીઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરી અને અન્ય લોકશાહી દેશોના અનુભવનો બોધપાઠ મેળવી આ બંધારણ તૈયાર કર્યું છે, તેમ છતાં ભારતની પ્રજાવિશિષ્ટતાઓ, સામાજિકતાઓ અને રાષ્ટ્રજીવનમાં સ્વતંત્રતા પછી થયેલા પરિવર્તનને પણ ખાસ મહત્ત્વ આપ્યું છે, તેમજ પંચાયતો જેવી ભારતની પ્રાચીન લોકશાહી સંસ્થાઓને સ્થાન આપી બંધારણને ભારતીય સ્વરૂપ આપ્યું છે બંધારણનો હેતુ લોકકલ્યાણની વૃદ્ધિ અને વ્યક્તિ અને વ્યક્તિસ્વાતંત્ર્યનું સંરક્ષણ કરવાનો છે અને તેથી સંઘ અને ઘટકોનાં લોકોને રાજસત્તા આપવામાં આવી છે. ૩. લોકોની સરકારઃ બંધારણમાં ભારતની સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય તરીકે આપ્યા કરવામાં આવી છે. પ્રજાસત્તાક ભારતની રચના એવી રહેશે કે, જેમાં નાગરિકો રાજ્યના સંચાલનમાં સીધો ભાગ લઈ શકશે. આ રીતે નાગરિકોને પોતાના પ્રતિનિધિઓને મત આપીને પસંદ કરવાનો હક મળે છે, એટલું જ નહિ પણ તેમને સત્તારૂઢ થવાનો ઉપર જવાનો ને તે માટે પસંદગી પામવાનો હક પણ મળે છે. ભારતના ઇતિહાસમાં આ પ્રકારનો પ્રથમ જ હક ૨૧ વર્ષ પૂરાં કર્યાં હોય તેવાં કે તેની ઉપરની ઉંમરનાં દરેક પ્રૌઢને જન્મ, સંપત્તિ, રંગ, જાતજાત, કોમ કે પુરુષ જેવા કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના આ બંધારણ આપે છે. પાર્લમેન્ટરિ સરકાર અને સાર્વત્રિક પ્રૌઢ મતાધિકારને પરિણામે સરકાર, લોકોને તેના પ્રતિનિધિઓને જવાબદાર બને છે. ભારતમાં અનેક જુદી જુદી કોમો છે તેમ છતાં બંધારણ, કોમી રાજ્યબંધારણનો વિરોધ કરીને ભારતને માટે, બિનસાંપ્રદાયિક રાષ્ટ્રનો આદર્શ સેવે છે. એમાં રાષ્ટ્રની દરેક દરેક વ્યક્તિને જાત, જાત, કોમ, ધર્મ કે જિંસના ભેદભાવ વિના એક જ પ્રકારના, નાગરિકત્વની બાંહેધરી આપવામાં આવી છે. આ રીતે રાષ્ટ્ર તરફથી થતી લોકસેવાનો સમાન લાભ દરેક નાગરિકને મળશે, રાષ્ટ્રના દરેક નાગરિકને પોતાની પસંદગીનો ધર્મ પાળવાની સ્વતંત્રતા રહેશે અને વ્યક્તિનું વર્તન અન્ય વ્યક્તિને હાનિરૂપ હશે તો જ રાષ્ટ્ર તેની ઉપર અંકુશ મૂકશે. ૪. સમવાયી બંધારણઃ પ્રજાસત્તાકનું બંધારણ સમવાયતંત્ર છે ને સત્તાની વહેંચણી એ સમવાયતંત્રનું મુખ્ય લક્ષણ છે, પરંતુ એનું વિશિષ્ટ લક્ષણ તો એ સમવાયતંત્ર હોવાથી એવું રાજ્યતંત્ર ધરાવે છે એ છે. આમ હોવા છતાં સર્વ મૂળભૂત બાબતોમાં સંઘની સમાનતા જળવી રાખવાનો એનો હેતુ છે. ભારતના સમવાયતંત્રમાં અન્ય સમવાયતંત્રોની જેમ જડતા કે સંકુચિતપણું નથી, તેમ ધારાકીય સાદમારી, રદ્દિયુક્તતા કે નિર્બળતા પણ નથી. ન્યાયતંત્ર બંધારણનું આખરી અર્થઘટનકાર હોવાથી સમવાયી પદ્ધતિ હેઠળ અંગભૂત રાજ્યને સોંપાયેલ કાર્યક્ષેત્રમાં સંઘ સરકારનો કે સંઘ સરકારના કાર્યક્ષેત્રમાં અંગભૂત રાજ્યોનો હસ્તક્ષેપ બંધારણના કરારભંગ તરીકે લેખાય છે, તેમ છતાં ભારતીય સમવાયતંત્ર સ્થિતિસ્થાપક છે. બંધારણ સભાના અનુસાર સમવાયતંત્રો કે એકતંત્રો બની શકે છે. સામાન્ય સંજોગોમાં તો તે સમવાયી પદ્ધતિએ જ કામ

કરે એવી યોજના કરવામાં આવી છે, પરંતુ યુદ્ધ જેવી રાષ્ટ્રીય આપત્તિના સમયમાં સમગ્ર રાષ્ટ્ર એકતંત્રી રાજ્યના ઢાંચામાં ફેરવાઈ શકે એવી પણ એમાં જોગવાઈ રાખવામાં આવી છે. અન્ય આપત્તિના સંજોગોમાં અંકુશમુક્ત રાજ્યોને બદલે કેવળ સમવાયી સમવર્તક જ રાષ્ટ્રનું હિત જળવી શકે અને તેથી નાગરિકોની શ્રેષ્ઠ વફાદારી સંઘ પ્રતિ રહે એવી આજ્ઞા તે ફરમાવી શકે. ૫. રાજ્યભાષા: બંધારણમાં સંઘની સત્તાવાર ભાષા તરીકે દેવનાગરી લિપિવાળી હિંદી ભાષાનો આંતરરાષ્ટ્રીય મરોડવાળા ભારતીય આંકડા સમેત સ્વીકાર કરવામાં આવ્યો છે, તેમ છતાં આવતા પંદર વર્ષ સુધી અંગ્રેજી ભાષાને પણ સત્તાવાર ભાષા તરીકે ચાલુ રાખવાની જોગવાઈ રાખવામાં આવી છે ને અદાલતો, અખ્તિયારો, નવા કાયદાઓ અને અન્ય ધારાઓ અંગેના કાર્યોમાં એની જરૂરિયાત સ્વીકારવામાં આવી છે. અંકુશમુક્ત રાજ્યોની ધારાસભાઓ સત્તાવાર ભાષા તરીકે હિંદીનો ઉપયોગ કરી શકે તે ઉપરાંત રાજ્યમાં વપરાતી એક કે એકથી વધારે ભાષાઓને પ્રાદેશિક ભાષા તરીકે સ્વીકારી શકે, એવી પણ જોગવાઈ રખાઈ છે. ૬. પછાત વર્ગો માટેની ખાસ જોગવાઈઓ: બંધારણમાં પછાત વર્ગો ને આદિવાસીઓના કલ્યાણ અને સામાજિક સ્વાતંત્ર્ય માટે ખાસ જોગવાઈઓ રાખવામાં આવી છે. પહેલાં દસ વર્ષ માટે તેમને માટે ધારાસભાઓ તેમ જ જાહેર નોકરીઓ માટે બેઠકોના અનામત રાખવામાં આવશે. આદિવાસી વિસ્તારોની રાજ્યવ્યવસ્થા માટે પણ ખાસ જોગવાઈઓ રાખવામાં આવી છે. ઉદાહરણ તરીકે આસામના આદિવાસી વિસ્તારો માટે જિલ્લા સમિતિઓ અને સ્વતંત્ર પ્રાદેશિક સમિતિઓ બોલાવી, જે આદિવાસીઓને રાજ્યવ્યવસ્થામાં ભાગ લેવા અંગે માર્ગદર્શન કરાવશે. આ ઉપરાંત બંધારણમાં પછાત વર્ગો અને આદિવાસીઓના ઉત્કર્ષ માટે એક પ્રધાનની પણ જોગવાઈ કરવામાં આવી છે. પછાત વર્ગો અને આદિવાસીઓની પરિસ્થિતિ અંગે એક ખાસ અધિકારી વખતોવખત હેવાલ રજૂ કરશે અને અંતે એક ખાસ કમિશન પછાત વર્ગોના ઉત્કર્ષ અંગે હેવાલ જાહેર પાડશે. ઈ. સ. ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મી તારીખથી ભારતનું રાજ્યતંત્ર પોતે ઘડેલા બંધારણ મુજબ ચાલે છે. ભારતના બંધારણની ખાસ વિશિષ્ટતા તો એ છે કે: તે લિખિત છે, તેમ છતાં તેમાં જરૂર પડયે ફેરફાર કરવાની સત્તા પાર્લામેન્ટને આપવામાં આવી છે. બંધારણ દ્વિરાજ્યના સિદ્ધાંત ઉપર રચાયેલું છે. પ્રાંતો પોતપોતાના કાર્યક્ષેત્રમાં સ્વતંત્ર છે. કેન્દ્રની વિશાળ સત્તા કરતાં નાખી તેને ફક્ત બંધારણીય વડા તરીકે રાખવામાં આવેલ છે આ બંધારણથી દરેક નાગરિકને સરખો ન્યાય મળે છે, તેથી કાયદાનું રાજ્ય સ્થાપિત થાય છે. તેમાં રાષ્ટ્રપ્રમુખને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. કટોકટીના સમયમાં રાષ્ટ્રપ્રમુખ તાકીદનું જાહેરનામું જાહેર પાડી બધી સત્તા પોતાના હાથમાં લઈ શકે છે. પણ જો જાહેરનામાને ધારાસભા બે માસમાં મંજૂરી ન આપે તો તેનો અમલ બંધ થાય. બંધારણનું ખાસ લક્ષણ સરપ્રભુતાનું નિવારણ છે અને વ્યક્તિસ્વાતંત્ર્યનું પૂરેપૂરું રક્ષણ કરવામાં આવ્યું છે. ભારતનો નાગરિક: જેઓ ભારતમાં જન્મ્યા હોય કે જેમનાં માતાપિતા ભારતમાં જન્મ્યા હોય કે બંધારણ અમલમાં આવે તે પહેલાં પાંચ વરસથી ભારતમાં રહેતાં હોય કે જે લોકોએ ૧૯૪૮ના જુલાઈની ૧૯મી તારીખ પહેલાં પાકિસ્તાનમાંથી હિજરત કરી ભારતમાં કાયમનો વસવાસ કર્યો હોય કે સદર તારીખ પછી ભારતમાં આવી તે માટે નિર્દેશેલા ખાસ અધિકારીને નાગરિકત્વ માટે અરજી કરી હોય કે જે ભારતનો હોય છતાં બહાર વસતા હોય અને જેના ભારતના એલચી દ્વારા નાગરિકત્વ માટે અરજી કરેલ હોય તેવા બધાં ભારતના નાગરિક બની રહ્યા છે. ઉપરના ભારતના બંધારણ અનુસાર ધારાસભાઓ માટેની ચૂંટણી માટે જુદા જુદા રાજકીય પક્ષો તરફથી નીચે મુજબ પ્રતીકો રાખવામાં આવ્યા હતાં: (૧) બે બળદ જોડેલું ખોંસરું–કૉંગ્રેસ. (૨) ગાય–સામ્યવાદી પક્ષ. (૩) ઊભો રહેલો સિંહ–ફૉરવર્ડ બ્લૉક (માર્કસવાદીઓ). (૪) ત્રાજવાનો હાથ–ફૉરવર્ડ બ્લૉક (રૂઇકર પક્ષ). (૫) ઘોડો અને ઘોડેસવાર–હિંદુ મહાસભા. (૬) ઝૂંપડી–કિસાન મઝદૂર પ્રજાપક્ષ. (૭) ઊગતો સૂર્ય–રામરાજ્ય પરિષદ. (૮) હાથી–પછાત વર્ગ સંઘ (શિડ્યુલ્ડ કાસ્ટસ ફેડરેશન). (૯) અનાજના ડૂંડાં તથા હાથરકું–સમાજવાદી પક્ષ. (૧૦) પાવડો અને રકોબ: ઔદ્યિનાં કોયલા નામવાળાઓ: ક્રાંતિવાદી સમાજવાદ પક્ષ (રેવોલ્યુશનરિ સોશ્યાલિસ્ટ પાર્ટિ). (૧૧) સળગતી મશાલ–ક્રાંતિવાદી સામ્યવાદ પક્ષ (રેવોલ્યુશનરિ કોમ્યુનિસ્ટ પાર્ટિ). (૧૨) તારો–ઑલ ઇંડિયા પાર્ટિ. (૧૩) અનાજ ઝાટકતો ખેડૂત–કૃષિકાર લોકપાર્ટિ. (૧૪) દીપ–જનસંઘ. ભારતની પરદેશનીતિ: ભારતની પરદેશનીતિના સંબંધમાં નીચે મુજબના આશેપો જુદા જુદા રાજદ્વારી પુરુષો તરફથી કરવામાં આવેલ છે: (૧) પાકિસ્તાનની અપ્રસન્નતામાં ભારતની નીતિ ઢીલી છે.* (૨) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારત કોઈ મહાસત્તાની બાજુ લીધા વગર, તટસ્થ રહેલ છે. (૩) ભારતની નીતિ અંગ્રેજો અમેરિકન જૂથને આવકારે છે. (૪) ભારતની નીતિ રશિયાને તરફેણ કરે છે. (૫) ભારત ચીન તરફ તરફદારી કરે છે. (૬) ભારતની નીતિથી પરદેશમાં તેના મિત્રો વધ્યા છે અને દુશ્મનો વધ્યા છે. ઉપરની બાબત ઝીણવટથી તપાસતાં જણાશે કે, ભારતની નીતિ સ્પષ્ટ અને મક્કમ છે. પાકિસ્તાનની બાબતમાં ભારતની નીતિ ઘણી સ્પષ્ટ અને મક્કમ છે. કશ્મીર માટેના ઠરાવથી એમ તો કોઈ કહેશે કે, આપણે કેટલા મક્કમ છીએ. એટલું જ નહિ પણ એ પણ સ્પષ્ટ કરી દીધેલ છે કે, ભારત દરેક પ્રજાના સ્વાતંત્ર્યમાં માને છે અને તેના સિદ્ધાંત હોદ્દાદારી છે. હાલનું રાજ્યતંત્ર જેવું ભારત તટસ્થ રહે તે જ ઇચ્છવા યોગ્ય છે અને તેથી જ આપણા વિધાતાઓએ તેમને લશ્કરી કે ત્રાહામાં ભાગ લેતા અટકાવી, કર્યું ડહાપણ ભરી અટકાવી છે. બીજી વસ્તુ પણ એટલી જ સત્ય છે કે, ભારત કોઈ પણ જૂથની ખોટી ખુશામદ કરતું નથી. ફક્ત દિલને આજની બાબતને દૃષ્ટિએ અમેરિક સાથે મિત્રતા છે અને દરેક કાયદા કરશે કે તે દૃષ્ટિએ મિત્રતા અસારે જરૂરી છે. ભારતની રક્ષણ તરફેણની નીતિ છે એ પણ એટલું જ ચોકું છે. જેને પંત પ્રધાન મજૂરોની સ્થિતિ સુધરે, દેશમાંથી દુઃખ, દર્દ અને ગરીબાઈ નાશ પામે, તે માટે અંગત રીતે ગાંધીજીના મત સાથે સંમત થાય છે. ચીનની તરફદારી બાબતમાં એટલું જ કહેવું જોઈએ કે, ચીને આપણને અનાજની બાબતમાં ઘણી જ મદદ કરેલ છે અને દૂરના પૂર્વમાં એકલું જ તે આપણું મિત્ર છે. બાકી ખાસ કરીને આપણી પરદેશનીતિથી પરદેશના નાનાં રાજ્યો આપણા નિકટ મિત્રો બન્યા છે.

૫. યું. ધૃતરાષ્ટ્ર.

૬. યું. નટ. નટવો.

૭. યું. ભરત રાજાના વંશમાં પેદા થયેલ વ્યક્તિ.

૮. યું.ન. ભરત મુનિએ રચેલું નાટ્યશાસ્ત્ર.

૯. યુ.ન. (પુરાણ) વેદ આસે રચેલો ઇતિહાસનો ઉત્તમ ગ્રંથ: ભરત રાજાના વંશજોનું જેમાં ચરિત છે અને ભારત નામે ઓળખાતા લોકોનો જેમાં ઇતિહાસ વર્ણવ્યો છે એવું એક વીરકાવ્ય: મહાભારત: જેમાંથી સૌતિએ મહાભારત બનાવ્યું તે વૈશંપાયનનું રચેલું પુસ્તક. અમરકોષમાં ઇતિહાસ (પુણ્ય), પુરાવૃત્ત (નપુંસકલિંગ), એ બે નામ ભારત આદિ પૂર્વ ચરિત્રનાં છે. તે ૪ થી સ. પૂર્વે ૧૨૦૦ની આસપાસમાં રચાયેલું કહેવાય છે.

ઉપાખ્યાનોની સાથે ભારતનું એક લાખ શ્લોકનું પૂરું થાય છે અને ઉપાખ્યાન વગર ચોવીસ હજાર શ્લોક છે. વેદ વ્યાસે પોતાના પુત્ર શુકદેવને આ ગ્રંથ ભણાવ્યો હતો. તેણે બીજા શિષ્યોને ભણાવ્યો હતો. વળી વ્યાસે બીજા સાઠ લાખ શ્લોકની ભારત સંહિતા કરી હતી એમાંથી ત્રીસ લાખ શ્લોક દેવલોકમાં, પંદર લાખ પિતૃલોકમાં અને ચૌદ લાખ ગંધર્વલોકમાં રહ્યા. આ ત્રણે એટલે મનુષ્યલોકમાં તો માત્ર એક લાખ જ રહ્યા. આ સંહિતા વ્યાસના શિષ્ય વૈશંપાયને મનુષ્યલોકને સંભળાવી હતી આકરણની રીત અનુક્રમ તો ભારતવંશના રાજાઓનાં પરાક્રમોના વર્ણનો જે ગ્રંથમાં છે તે ગ્રંથને ભારત એવું નામ પ્રાપ્ત થાય છે

વૈશંપાયન એમ પેરે બોલ્યા, સાંભ જનમેજય રાય;
વિસ્તારી તુજને સંભળાવું ભારતનો અધિકાય
મહ ભારત

ભારત ચલાવવું = (૧) બંધાણ કરવું; અમુક આસત બંધાણને વધારવી (૩) લાંબું લાગુ ટાયલું કરવું; અતિશયોક્તિથી લખવું.

૧૦ ન એ નામે એક રાગ. તે મધુમાધવ નામના ઋષિએ બનાવ્યું છે અને તેમાં વાદ્યો મારે સંગીત અને નૃત્યનું વિવેચન કરેલું છે.

૧૧. વિ. બહુ મોટું અને મુશ્કેલ.

૧૨. વિ. ભારત મુનિકૃત.

૧૩. વિ. ભારતક્ષેત્રમાં જન્મેલ.

૧૪. વિ. ભરતનું, ભરત સંબંધી; ભરતને લગતું; ભરતના વંશજોનું.

૧૫. [સં. ભા (જ્ઞાન) + રત (આસક્ત)] વિ. શાસ્ત્રના જ્ઞાનમાં આસક્ત.

ભારતકથાકોષ [સં.] પું. પુરાણો, રામાયણ, વેદ વગેરેમાં વર્ણવેલ વ્યક્તિઓ કે સ્થળોનો ટૂંક પરિચય કરાવતું એ નામનું એક પુસ્તક.

ભારતકાલ ૧. [સં.] પું. ભરત રાજાનો સમય. ૨. પું મહાભારતનો સમય.

ભારતકાળ જુઓ ભારતકાલ.

ભારતક્ષેત્ર [સં.] ન. ભરતક્ષેત્ર; ભરતખંડ; ભારતવર્ષ

ભારતખંડ પું ભારતવર્ષ.

ભારત ગ્રામોદ્યોગસંઘ [સં. ભારત (હિંદુસ્તાન) + ગ્રામ (ગામડું) + ઉદ્યોગ + સંઘ (સમુદાય)] પું. ગામડાંની ઉન્નતિ સાધવા સ્થપાયેલ એ નામનો સંઘ; 'ઑલ ઇન્ડિઆ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ ઍસોસિએશન'. ઈ.સ. ૧૯૩૪માં સ્થાપ્યું. મહાસભાની ૪૮મી બેઠકમાં જે. સી. કુમારપ્પાને ગ્રામોદ્યોગ દ્વારા ગામડાંની ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું કામ સોંપવામાં આવ્યું. મહાત્માજીના માર્ગદર્શન નીચે તેમણે આ કામ કરવાનું હતું સંઘની મુખ્ય કચેરી વર્ધામાં મગનવાડી નામના સ્થળે છે. તેની પંચવિધ પ્રવૃત્તિ નીચે મુજબ છે: (૧) ગ્રામોદ્યોગમાં સંશોધન: મગનવાડીમાં એક પ્રયોગશાળા છે, જ્યાં ગ્રામોદ્યોગ સંબંધી વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ થાય છે અને ગ્રામવિકાસને અર્થમાં પોષાય તેવા ફેરફાર અથવા ઉદ્યોગોમાં નવીનતા લાવવાના અખતરા થાય છે. અર્થનો પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે (૨) પસંદ કરેલ ગ્રામોદ્યોગ વૈજ્ઞાનિક પદ્ધતિએ કઈ રીતે ચાલે તેનું પ્રદર્શન: નીચેના ઉદ્યોગો મગનવાડીમાં ચાલે છે: કાગળ બનાવવાનો, ઘાણી, દળવાનું, વનસ્પતિ તેલથી બળતી બત્તીઓ બનાવવાનો, સાબુ બનાવવાનો, મધમાખી ઉછેરવાનો, સુથારીકામ, લુહારીકામ, ખાદી વણવી જેવા કે બિરાદર બનાવવાનો. (૩) ગ્રામસેવા માટે કાર્યકરોને તાલીમ આપવી: દર વર્ષે ૫૦થી ૬૦ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે છે. તે માંદેનો ત્રીજો ભાગ બહેનોનો હોય છે. (૪) સાહિત્ય પ્રકાશન: ગ્રામ્ય અર્થશાસ્ત્ર અને તેને લગતા પ્રકારનો. (૫) પ્રદર્શન: શ્રી મગનલાલ ગાંધી રચનાત્મક પ્રદર્શન કાયમી નભાવવા ઉપરાંત પ્રસંગોપાત્ત ગ્રામોદ્યોગનાં પ્રદર્શનો ભરવાં. ગ્રામોદ્યોગમાં રસ લેતી અને પોષતી કોઈ પણ વ્યક્તિ આ સંઘનો સભ્ય થઈ શકે છે

ભારત ચરખાસંઘ પું ખાદી અને ગરીબી દૂર કરવા ઉત્પન્ન કરવા અને તે દ્વારા ગ્રામવાસીઓની ઉન્નતિ કરવા સ્થપાયેલ સંઘ; 'ઑલ ઇન્ડિઆ સ્પિનર્સ ઍસોસિએશન'. સને ૧૯૨૯થી ૩૩ દરમિયાન હિંદના જુદા જુદા પ્રાંતોમાં ખાદીની શરૂઆત થઈ. ખાદીની શરૂઆત પ્રાંતોમાંક હતી અને પેદાશ હલકી કોટિની હતી સને ૧૯૨૨માં ગાંધીજીની કારાવાસ પછી એક સ્વતંત્ર અને સહકારી સંસ્થાની આ કાર્ય માટે જરૂર જણાઈ. સને ૧૯૨૩ના ડિસેમ્બરમાં કોકોનાડા કૉંગ્રેસે એક સમિતિ સ્થાપી પટના કૉંગ્રેસના ઠરાવથી ચરખા સંઘની સ્થાપના થઈ. સી. આર. દાસના રચનાત્મક પૈસે ગાંધીજીએ એકઠા કરેલ પૈસા આ કાર્યના આરંભ તરીકે રોકવામાં આવ્યા. આ સંસ્થાની પ્રવૃત્તિમાં ત્રણ વિભાગ પાડી શકાય: (૧) સને ૧૯૨૫થી ૧૯૩૪ દરમિયાન સારી અને સસ્તી ખાદી ઉત્પન્ન કરવાનું ધ્યેય. (૨) ૧૯૩૫ થી ૧૯૪૪ દરમિયાન ખાદીકાર્ય દ્વારા ગ્રામવાસીઓની ઉન્નતિ અને અસ્પૃશ્યતામાં ઘણારો કરવાનું ધ્યેય. (૩) ૧૯૪૫ પછીથી નક્કી થયું કે જે હાલે તે જ ખાદી મેળવી શકે. ગાંધીજીનો મુદ્રાલેખ હતો કે, કાતો, શુદ્ધિપૂર્વક કાતો. કાંતનારાઓએ ખાદી પહેરવી જોઈએ અને ખાદી પહેરનારાઓએ કાંતવું જોઈએ. હાલની પરિસ્થિતિમાં પૂરતા વસ્ત્રકરો મળતા નથી તેથી સેવાગ્રામમાં આ સંસ્થા વસ્ત્રકરો અને ખાદીવિદ્યાની તમામ ક્રિયાઓના નિષ્ણાતો તૈયાર કરે છે.

ભારતચંદ્રરાય પું. એ નામનો એક કવિ તે રામપ્રસાદનો સમકાલીન હતો અન્નદામંગળ, વિદ્યાસુંદર અને માનસિંહ એનાં ત્રણ મોટાં કાવ્યો છે

ભારતજનનિ જુઓ ભારતજનની.

ભારતજનની [સ] સ્ત્રી. હિંદ માતા.

ભારતજયિની [સં.] વિ. સ્ત્રી. ભારત ઉપર વિજય મેળવનારી.

ભારતદ્વાજ ૧. પું. જંગલી કપાસ. ૨ [સં] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

ભારતધર્મમહામંડલ [સં.] પું. એ નામની એક ધર્માપાધિ

ભારતનંદ પું. (સંગીત) તાલના મુખ્ય સાત માર્ગનો એ નામનો એક ભેદ.

ભારતનાટ્ય [સં.] સ્ત્રી. એ નામનો ભારતીય નાટક ઉપરનો પ્રસિદ્ધ ગ્રંથ; ભારતીય નાટ્યશાસ્ત્ર. તેના કર્તા ભરત મુનિ હતા.

ભારતપૂજિત [સં.] પું. પુરુષોત્તમનાં સુંદર મંદિરનું એક નામ.

ભારતપૂજ્ય વિ. ભારતને પૂજ્ય લાગે.

ભારતપ્રસિદ્ધ [સ.] વિ ભારત આખામાં વિખ્યાત.

ભારતભાળિયા પું. ન બ. ખૂબ જલદી નીકળેલા ભાલિયા.

ભારત ઑન્ડ કથ્થા પું. મધ્ય ભારતમાં બનતો એક જાતનો કાથો; ભારતની બાવળનો કાથો. આ શબ્દ ગુજરાતી, અંગ્રેજી ને હિંદી એમ ત્રણ શબ્દો મળીને બનેલો છે અને તેનો અર્થ ભારતની બાવળનો અથવા ભારતનો કાથો એવો થાય છે. આ કાથો ઉત્પન્ન કરવાનું એક કારખાનું ગ્વાલિયર પાસે શિવપુરીમાં આવેલું છે અને ભારતવર્ષનાં બીજાં કારખાનામાં તે બીજા નંબરનું મનાય છે. પહેલા નંબરનું આવું કારખાનું બરેલીમાં છે. આ કાથાનું કારખાનું બરેલી અને મધ્ય ભારતની વનસમૃદ્ધિમાં એક ક્રાંતિકલગીરૂપ છે. મધ્ય ભારતનું વન અતિ સમૃદ્ધ છે અને તેમાંથી બેર નામના વૃક્ષમાંથી આ પ્રસિદ્ધ કાથો બનાવવામાં આવે છે. બેર

ઘસનાં કાપેલાં લાકડાંમાંથી પ્રથમ તો ભાત કાઢી નાખવામા આવે છે અને પછી ભાત વિનાનાં આ લાકડાંઓના નાના નાના કટકા કરવામા આવે છે. તે પછી તેની ઝીણી ઝીણી ચીપો અને ચીપોમાંથી ઝીણી ઝીણી કરચો કરવામા આવે છે. આ બધી ક્રિયા એક પછી આ કારખાનામાં ક્રમશઃ થાય છે. એ બધી કરચોને પછી એક જગી પીપમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગોઠવી ગરમી આપી ઉકાળવામા આવે છે અને ત્યારે તેમાંથી ગોઠવેલો કસ કે અર્ક જુદો પાડવામા આવે છે, ત્યારે ચુસાઈ ગયેલા એ કરચો એક બાજુ નીકળી જાય છે અને ઠંડી થાય છે આ નકામી કરચોમાં પણ કાચનો ઉપયોગી અંશ બાકી રહેતો હોઈને તેનો પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ કેમિક ઉપયોગ કરવાની રાષ્ટ્રીય સરકાર પ્રબંધ પરાવતા કરી રહ્યા છે. એરના કાઢેલી કરચોમાંથી જુદું પડાયેલ તત્ત્વ પ્રવાહારૂપે પીપમાં ત્યારે ગોઠવેલ. પ્રમાણમાં કાઢવામા આવે છે, ત્યાર પછી એ પ્રવાહીને જુદી જુદી નળીઓ દ્વારા એક કેરાણેથી બીજે કેરાણે જરા નીચાણના ભાગમાં બીજા પીપમાં એકઠું કરી તેનો ગોઠવી શુદ્ધિ કરીને ઉંચે પંપ દ્વારા ઉંચા ઉપર કાઢી એવા મોટા સાધનોમાં એકઠું કરીને પછી તે પ્રવાહીને ગોઠવેલી કાઢી આપવાથી ઉપર ઉપર પાણી જેવો માત્ર પ્રવાહી પદાર્થ અને નીચે તળિયે કાચનો પ્રવાહી પણ ઘાટો પદાર્થ બેસતો જાય છે. આ કાચનો પદાર્થ દહીંમાંથી વલોવીને બનાવાય તેમ, ઉપર નહિ પણ નીચે એકઠું થાય છે અને ઉપર ભારા જેવું નકામુ પાણી બાકી રહે છે ઉંચે નળીઓની યુક્તિપ્રયુક્તિથી નીચે એકઠું થયેલ કાચરૂપી તત્ત્વ ઉપરના પાણી જેવો નકામો પદાર્થ તેમા ન ભળી જાય તેમ નળી દ્વારા એકઠું કરી નેને કરવા દેવામાં આવે છે અને પછી તે ઓંદા જેવો કાચો એકઠો થાય છે આ ઓંદા જેવા કાચામાંથી ગોઠવેલી નાની મોટી એકપારી ટીકડીઓ કરી નેને સુકવીને ભારત બાજુ કરવા એટલે ભારત બાજ કાચો કરવામા આવે છે. કાચો કાઢવામાં ઉપર જે પાણી નકામું એકઠું થયેલ હોય છે, તેમા પણ ઉપયોગી તત્ત્વનો કંઈક અંશ બાકી રહેલ હોઈને તે પ્રવાહીને વળી પાછો નળી વાટે બીજા પીપોમા નાખી, ત્યાં ગોઠવેલી ગરમી આપી તેમાંથી કેમ્ફ નામનો બીજો એક ઉપયોગી માલ તૈયાર કરવામાં આવે છે. આ કેમ્ફની પણ ગોઠવેલી ટીકડીઓ કે ગોઠવેલો ભૂકો પણ વધારે ગરમી આપીને બનાવી શકાય છે. આ કામની બનાવટમાં એવો ખડસટો કરવામાં આવે છે કે, ઘેટ દસો કાચો ને દસ દસ કેમ્ફ એરમાંથી નીકળી શકે છે અને તેથી દસ દસા જેટલો જે કેમ્ફ પદાર્થ તૈયાર થાય છે તેનો પણ વિવિધ ઉપયોગ કરવામા આવે છે પ્રથમ તો તેને હલકા ક્રમના તરીકે ખપાવવામા આવે છે અને તે ઉપરાંત બોમ્બરો અને પેટ્રોલ કાઢવાના શારડી કુવામાં પણ તેનો ઓટલે ચૂરાનો વિજ્ઞાનની દૃષ્ટિએ ખૂબ ઉપયોગ થઈ રહ્યો છે. આ ચૂરણ નામના પદાર્થથી બોમ્બરોના તળિયા જે બખ્તરી બનાવે છે તેનું રક્ષણ થાય છે અને પેટ્રોલ આદિ માટે ખોદાતા કુવામા તેલ પાણી જુદા પાડીને એક અતિ ઉપયોગી કામ તે સાધી શકે છે. આ ઉપરાંત રેનિક ઍસિડ, સ્ટોનિલ ઈથ અને જુદા જુદા રંગો બનાવવામા કેમ્ફના પણ વિવિધ ઉપયોગ થઈ રહ્યો છે. એરના ઝાડો નાના નાનાં નહિ પણ બહુ મોટા મોટા હોય તો બોઉ અરસે ગોઠવેલો કાચો તૈયાર થઈ જાય છે અને તેની ભાત અથવા ઉપરથી નકામુ કાઢી નાખવામાં આવતું કાચું પણ કુદરતી, સેટરવેર વગેરે કેટલાયે વિષયક અનેક નાના મોટાં સાધનો તેમાંથી બનાવી વિદ્યાર્થીઓને સસ્તામા સસ્તી કીમતે પૂરા પાડવાના સહોપકારના કાજ પ્રશંસનીય છે. કાચનું કારખાનું ડિસ્ટલિંગ અર્થાત્ અર્ક કાઢવાના સિદ્ધાંતને મળતું હોઈને તેમાં અંદરના ભાગમાં કાંઈ પણ લોઢાની નળીનો ઉપયોગ કરવામાં આવતો નથી, કેમકે નહિ તો તે કટાઈને અંદરના કાચના સરસને બગાડે. બાકી જ્યાં જુઓ ત્યાં તે કારખાનામા તાંબા ને પિત્તળની નળીઓ વાપરવામાં આવે છે

ભારતભારકર [સં. ભારત + ભારકર (સૂર્ય)] પું. ભારતનો સૂર્ય; હિંદનો સૂર્ય

ભારતભૂમિ [સં.] સ્ત્રી. ભારતભૂમિ; ભારત, હિંદ; હિંદુસ્તાન. વિનોબા લખે છે કે: કાળની દૃષ્ટિએ જગતમાં પ્રાચીન, ભોકસંખ્યાના હિસાબે જગતના પાંચમા ભાગની જરાજર, વિસ્તારની દૃષ્ટિએ રશિયાને બાદ કરતાં પૂરા યુરપની બરાબર, સંસ્કૃતિમાં ઉદાર, ઉચ્ચ, અદ્‌ભુત, પ્રાકૃતિક, સંપત્તિમા જગતને માટે ઈર્ષ્યાની વસ્તુ, હિંદુ અને બૌદ્ધ એ બંને વિશ્વવ્યાપક ધર્મોને જન્મ દેનારી અને ઇસ્લામનુ વિસ્તારક્ષેત્ર બનેલી, વાઙ્મય અને વૈભવમાં અદ્વિતીય આ ભારતભૂમિ ત્રિટિશ સામ્રાજ્યના મુકુટનો હીરો જ નહિ, પરંતુ સામ્રાજ્યની નીચલેલી દીવાની પણ છે. તેના જીવન મરણ ઉપર દુનિયાનું ભાગ્ય અવલંબિત છે. વળી લખે છે કે: આ ભૂમિનો પ્રત્યેક રજ કણ મારે માટે પવિત્ર છે. સેંકડો સાધુસંત આ ભૂમિમાં ઉત્પન્ન થયા અને લોકોને અમૃત કરતા વિચરતા રહ્યા. આ ભૂમિને તેમનાં ચરણોનો સ્પર્શ થયો હશે. જીવ ચાહે છે કે, આ ધૂળિમા ખૂબ આળોટું. દુર્લભ ભારતે જન્મ, મારો અહોભાગ્ય છે કે, હું આ ભૂમિમા પેદા થયો, હું આ ભારતવર્ષમાં ઉત્પન્ન થયો. એવા વિચારથી જ કોઈ કોઈ વાર મારી આખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગે છે. તમે એવી શ્રેષ્ઠ ભૂમિનાં સંતાનો છો. વળી લખે છે કે: અરેખર એ બધા જ દુઃખની વાત છે કે, જે ભારતભૂમિમાં બ્રહ્મવિદ્યાએ જન્મ લીધો, તેમાં આ નાનાં મોટાં દળો, ફિરકાઓ અને જાતિઓ બળો પૂર્વ દેખાય છે અને મરવાનો તો એટલો ડર આપણા મનમાં ઘૂસી ગયો છે કે, તેવો કદાચ બીજા કોઈ જમાનામાં નહિ હોય

ભારતભૂષણ ૧ [સં] પું. એ નામની એક ભારતીય ઉપાધિ

૨. પુ. ભારતનો શણગાર.

૩. પું. મદનમોહન માલવિય માટે લોકોએ પ્રસંગોપાત્ત કાઢેલ હુલામણું નામ. તે પ્રજાએ આપેલ પદવીરૂપે પ્રચલિત થઈ ગયેલ છે. જેમકે, ભારતભૂષણ માલવિયજી.

૪. વિ. હિંદુસ્તાનના શણગારરૂપ.

ભારતમત [સં.] પું. ભારતના લોકોનો મત.

ભારત મંજરી [સં] સ્ત્રી. પ્રસિદ્ધ કવિ ક્ષેમેંદ્ર લખેલુ એ નામનું એક સંસ્કૃત કાવ્ય.

ભારતમંત્રી [સં. ભારત + મન્ત્રિન્] પું. ભારત માટેનો મુખ્ય પ્રધાન; હિંદી પ્રધાન; ભારત સચિવ; 'સેક્રેટરિ ઓવ સ્ટેટ ફૉર ઈંડિઆ'.

ભારતમાતા [સ. ભારત + માતૃ] સ્ત્રી. હિંદમાતા; હિંદદેવી; ભારતી. આપણે અહીંની ભૂમિનુ અનાજ ખાઈએ છીએ, અહીંનુ પાણી પીએ છીએ, અહીંની હવાનો શ્વાસ લઈએ છીએ, અહીંની ભૂમિમાં ઊગેલ કપાસનાં કપડાં પહેરીએ છીએ અને છેવટે આ જ ભૂમિમાતાને ખોળે પ્રાણ છોડીએ છીએ તેથી ભારત આપણી માતા કહેવાય છે.

ભારતમાર્તંડ [સં.] પું. પંડિતને આપવામાં આવતો એક ખિતાબ; એ નામે એક ઉપાધિ. જેમકે, ભારતમાર્તંડ પંડિત જગન્નાથજી. ગીતામા શું છે તે એક જ શ્લોકમાં કહેવા, પ્રાર્થના કરતાં ભારતમાર્તંડે નીચલો શ્લોક કહ્યો હતોઃ

વૈરાગ્યોદય[1] સાંખ્યયોગ[2] કરવું[3]
તે જાણ્યાં અર્પણું[4],
ન્યાસે[5] શિક્ષણપોગ[6] શુદ્ધચતુભવો[7]
ધામાદિક રાજતણાં[8],
યોગો અંગ જ[9] વિશ્વરૂપ[10] ભજનો[11]
દેહી[12] કુળો[13] ધર્મ જો[14],
છે દૈવાસુર[15] અર્જસ્તધી[16] પણ ખરો[17]
સંન્યાસ ગીતા સજે.

ભારતમૈયા જુઓ ભારતમાતા.

ભારતયરપીય ન. એ નામનું આફ્રાઓનું એક ગુપ્ત, 'યન્ગ્રો બર્ધિમન'

ભારતયુદ્ધ [સ] ન. (પુરા.વ્ય) કૌરવો અને પાંડવો વચ્ચે હસ્તિનાપુર પાસેના કુરુક્ષેત્રમા થયેલું યુદ્ધ. આ યુદ્ધમાં પાંડવપક્ષમાં બારોમાંથી શ્રીકૃષ્ણ અને સાત્યકિ બને દોર્ષ કૃતવર્માને દુર્યોધનના પક્ષમા આપ્યો હતો પાંડવકૌરવોના આ યુદ્ધમા પાંચ ઔરસ યોજન જમ્યા રોકી હતી. આ યુદ્ધમાં પાંડવો પાસે સાત અને કૌરવો પાસે અગિયાર એમ કુલ અઢાર અક્ષૌહિણી સૈન્ય હતું આ યુદ્ધનો કાર્તિક શુક્લપક્ષ તેરસે આરંભ થયો હતો. પાંડવોમાં સૈન્યનો સેનાપતિ અઢારે દિવસ ધૃષ્ટદ્યુમ્ન હતો. તેટલા જ સમયમાં કૌરવના સૈન્યમા દસ દિવસ ભીષ્મ, પાંચ દિવસ દ્રોણાચાર્ય, બે દિવસ કર્ણ અને એક દિવસ શલ્ય એમ સેનાપતિઓ હતા. આ અઢાર દિવસના અઘરા યુદ્ધમાં પાંડવપક્ષમાં પાંચ પાંડવો, કૃષ્ણ અને સાત્યકિ એમ સાત અને કૌરવપક્ષમાં અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એમ ત્રણ મળી કુલ દસ યોદ્ધા યુદ્ધને અંતે જીવતા રહ્યા હતા.

ભારતયુદ્ધસંવત પું. ભારતીય ચોત્રીસ સાંઢેનો એ નામનો એક સંવત, કલિયુગ સંવત; યુધિષ્ઠિર સંવત. તેનો પ્રારંભ ઈ.સ. પૂર્વે ૩૧૦૨થી થયો છે

ભારતયુરોપીય જુઓ ભારતયરપીય.

ભારતલક્ષ્મના [સં.] સ્ત્રી. ભરતખંડની સ્ત્રી

ભારતવર્ષી [સં.] પું. ભારતમાં વસતી કોમ.

ભારતવર્ષ [સં.] પું.બ. આર્યાવર્ત; હિંદ; હિંદુસ્તાન; ભારત; ભારતખંડ; ભરતના વારસોનો દેશ. પુરાણાનુસાર જંબુદ્વીપના નવ વર્ષ કે અઢ માંડેનો એક, જે હિમાલયની દક્ષિણે સમોતરીથી કન્યાકુમારી સુધી અને સિંધુ નદીથી પ્રાગ્જ્યોતિષપુર સુધી ફેલાયેલ છે. પ્રાગ્જ્યોતિષપુરાણમાં તેને ભારતદ્વીપ જણાવેલ છે અને અંગ, વંગ, મગધ, સુહ્મ, પુંડ્ર અને વારાહ આદિ દ્વીપોને તેના ઉપદ્વીપ જણાવ્યા છે, જેને હાલ અનામ, ભારત, મલાયા, આસ્ટ્રેલિયા વગેરે કહે છે અને જેને ભારતીય દ્વીપપુંજમાં માનવામાં આવે છે. બ્રહ્માંડપુરાણમાં તેના ઇંદ્રદ્વીપ, કસેરુ, તામ્રપર્ણ, ગભસ્તિમાન્, નાગદ્વીપ, સૌમ્ય, ગંધર્વ અને વરુણ એ નવ વિભાગ બતાવ્યા છે અને લખ્યું છે કે પ્રજાનું ભરણપોષણ કરવાના કારણે મનુને ભરત કહે છે. તે ભરતના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. કેટલાક માને છે કે, ભરત રાજાના નામ ઉપરથી હિંદુસ્તાનનું નામ ભારતવર્ષ પડ્યું છે. પરંતુ તે દુષ્યંતનો પુત્ર ભરત કે જડભરથી હતો તે નહિ. પણ વૈદિક કાળનો ભરત રાજા જે સૌથી હતો અને જેણે પ્રજાને સહુથી પ્રથમ જીતી, જેના નામ ઉપરથી ભારત પડ્યું છે. સૌથી નાભિરાજાના વખતમા તેનું નામ અજનાભ હતું. આજ એટલે ઋષભ અને નાભિ તેના પિતા, એમ બને તેનું રક્ષણ કરતા હતા તેથી તેનું નામ અજનાભ પડ્યું હતું. તે ઋષભદેવના દીકરા મહાન યોદ્ધો ભરતના નામ ઉપરથી ભારતવર્ષ એવું નામ પડ્યું કે પુરાણમા પ્લક્ષ કુશ ક્રૌંચ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ રમ્યક, હિરણ્મય, ઉત્તરકુરુ અને ભારત એમ સાત ખંડ કુશ છે તેમની હદ હિમવત, હેમકૂટ, નિષધ મેરુ, નીલ, શ્વેત, શૃંગવાન અને ગંધમાદન પર્વતની આડશે, બાંધી છે. તે તે ખંડને તે તે પર્વત અનેક નદીઓ વડે પાણી પૂરું પાડે છે. એ પાણીના વર્ષણથી ખંડને વર્ષ સંજ્ઞા મળી છે અને તેનું નામ ભારતવર્ષ પડ્યું ખાડને ખૂબ પાડનાર પર્વત વગેરેને કારણે હિમાલયનો દક્ષિણ ઢોળાવ અને વિંધ્યાચલ વગેરે કુલ નવ કુલ ભારતવર્ષ કર્મભૂમિ આવે છે બાકીના સમુદ્રથી ઉત્તરના અને હિમાલયથી દક્ષિણના પ્રદેશને ભારતવર્ષ કહેવામા આવ્યો છે. આમ જુદા જુદ પુરાણોમાં આ સબંધી જુદી જુદી વાત છે. ભારતવર્ષની વિભૂતિ: ભારતવર્ષની વિભૂતિરૂપ અનેક મહાન પુરુષો જગતના ઇતિહાસમા ભાત પાડે તેવા અવતરેલ છે. રામ અને કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર આપણા અવતારી પુરુષો છે. વ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય, પાણિનિ અને પતંજલિ આપણા ઋષિમુનિઓ છે. ભીષ્મ, દ્રોણ, યુધિષ્ઠિર, પરશુરામ અને અર્જુન આપણા યોદ્ધાઓ છે સીતા દમયંતી, તારામતી, દ્રૌપદી, અરુંધતી, મદાલસા વગેરે આપણી સતીઓ છે. હનુમાન, ભરત, વિભીષણ, પ્રહ્લાદ, ધ્રુવ, નરસિંહ, મીરાં અને કબીર જેવાં આપણાં ભક્તજનો છે શંકર, વલ્લભ, રામાનુજ, મધ્વ, હેમચં., ભારકર, ચૈતન્ય તેમ જ નાનક, ગોવિંદ, સહજાનંદ, દયાનંદ સરસ્વતી અને રામમોહનરાય જેવા આપણા આચાર્યો અને ધર્મસ્થાપકો છે. રામદાસ, રામતીર્થ, રામકૃષ્ણ, વિવેકાનંદ વગેરે આપણા સંન્યાસીઓ છે. કાલિદાસ, ભવભૂતિ, બાણ, માઘ, તુકારામ, તુલસીદાસ વગેરે આપણા કવિઓ છે. મનુ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, અશોક, વિક્રમ, શાલિવાહન, ભર્તૃહરિ, ગોપીચંદ, પ્રતાપ, શિવાજી અને અકબર આપણા રાજવી છે. ચાણક્ય, ભામાશા, વસ્તુપાળ, તેજપાળ, ટોડરમલ, બિરબલ અને અબુલફઝલ આપણા મંત્રીદારી પુરુષો છે. દાદાભાઈ, તિલક, ગોખલે, મવાજી, ગાંધી, પટેલ, દત્ત અને દાસ આપણા દેશભક્તો છે.

કરશે ઘર એ જ્યારે પ્રતિમા ખડી તો થશે,
આત્મસન્માન સદાચાર રહે ભારતવર્ષમાં.
નાથીબીજ

ભારતવર્ષીય [સં.] વિ ભરતખંડનું, હિંદુસ્તાનનું; ભારતનું; ભારતવર્ષ સંબંધી

ભારતવર્ષીય નેતા [સં ભારતવર્ષીય (ભારતનું) + નેતૃ (આગેવાન)] પું. અખિલ ભારતવર્ષના નેતા.

ભારતવાસી [સં. ભારતવાસિન] વિ. ભારતનું વતની

ભારતસચિવ [સં] પું. ભારતમંત્રી: 'સેક્રેટરિ ઑવ સ્ટેટ ફોર ઇન્ડિયા'.

ભારત સર્વસેવાસંઘ [સં.] પું આખા હિંદમાં એકધારું કાર્ય કરવા અને સંગઠ્ય બાંધવાના હેતુથી સ્થપાયેલ એ નામનો સંઘ: 'ઑલ ઇન્ડિયા ફેડરેશન ઑવ કન્સ્ટ્રક્ટિવ ઇન્સ્ટિટ્યૂશન્સ'. આ સંઘની સ્થાપના સને ૧૯૪૮માં થઈ. મહાત્માજીના સિદ્ધાંત અનુસાર કાર્ય કરતી પદર રચનાત્મક સંસ્થાઓનો આ સંઘ છે.

ભારત સેવાશ્રમ સંઘ [સં.] પું. ભારતીય સંસ્કૃતિના વિસ્મરાતા આદર્શો ઉપર ભારપૂર્વક ભાર પ્રચાર કરતી એ નામની એક સંસ્થા. માનવમાત્રની સેવાના ઉદ્દેશથી સંપન્ન થયેલા સર્વત્યાગી સંન્યાસી અને સેવાધારી કર્મયોગીઓનો આ ધર્મસંઘ છે. વિશ્વબંધુત્વની ભાવના ભાવીને હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરી, મહાજાગૃતિ, મહામિલન, મહામુક્તિ અને મહાસમન્વયના પંથે ભારતને દોરવાની પ્રેરણાથી પૂ.સ્વ.ધર્મ સ્વામી શ્રી પ્રભુદાનંદજી મહારાજે સને ૧૯૧૬મા અ. ભારત સેવાશ્રમ સંઘની સ્થાપના કરી છે. આ આશ્રમ તરફથી ભારતના વિભિન્ન પ્રાંતોમા મળીને ૨,૦૦૦ જેટલી શાખાઓ ચાલે છે અને પરદેશમા પણ મલાયા, સિંગાપુર, બ્રહ્મદેશ, પૂર્વ આફ્રિકા, દક્ષિણ અમેરિકા વગેરે જગ્યાએ પ્રચાર કરી મોટી શાખા ખોલી છે. સંઘ તરફથી ઉદાર ને પ્રચાર કરવા નીચે મુજબના કાર્યો કરવામાં આવે છે: (૧) સંન્યાસીઓમાં સંગઠન કરી ધર્મપ્રચાર અને સેવાના કામમાં રોકવા. (૨) તીર્થસ્થળોએ પ્રવર્તતાં અધર્મ દૂર કરવા તીર્થસરક્ષાકેંદ્રો. (૩) હિંદુ સમાજમા પુનઃ સરકારની ચેતના જગાડવા ધર્મિક પ્રચાર. (૪) પરદેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર. (૫) બાળક અને યુવાનોમા

નૈતિક, ધર્મિક અને ચારિત્રિક સંસ્કાર આપવા પ્રાથમિક શાળા, અને વિદ્યાર્થીજીવનનો તેમજ અધ્યયનપ્રવૃત્તિઓ. (૬) સમાજસુધારણ અને સ્વરક્ષણ માટે મિલન મંદિરો તથા રક્ષકદળોની સ્થાપના. (૭) જાતિ, ધર્મ અને રંગનો ભેદ રાખ્યા વિના રોગ, દુકાળ ધરતીકંપ, રેલઅકસ્માત કે કુંભમેળા જેવા પ્રસંગોએ માનવમાત્રની સેવા માટે સેવકદળો.

ભારતસેવાસંઘ [સં] પું. ગયામાં આવેલ એ નામનો એક મઠ. જ્યાં સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ રહે છે અને દવાખાનું તેમજ પુસ્તકાલય પણ નાના રૂપમાં ચલાવાય છે

ભારતાચાર્યમુખ્ય [સં.] પું (પુરાણ) દ્રોણાચાર્ય

ભારતાશ્રમ [સં] પું. એ નામનો કેશવચંદ્ર મેને સ્થાપેલો એક બ્રાહ્મધર્મનો આશ્રમ. લોકો સારી પ્રાર્થના કરી શકે એ માટે એમણે જુદા જુદા આશ્રમો સ્થાપ્યા હતા. આ આશ્રમોના નામ જરા અઘરા પણ સુંદર છે. પ્રકાશિકાનન, સાધનકાનન અને એવા બીજા આશ્રમો તેમણે સ્થાપ્યા છે

ભારતી ૧ પું. (વિશેષ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને માત્રા છંદ પણ કહે છે. તેમાં ત્રણ મગણ અને બે ગુરુ મળી અક્ષરો વર્ણ હોય છે.

૨. પું. હંસ મતનો એ નામનો એક વિભાગ તે તોટકાચાર્યને અનુસારી છે.

૩. પું સન્યાસીઓના દસ મઠોનો એક વર્ગ.

૪. [સં] સ્ત્રી. (કાવ્ય) અલંકારશાસ્ત્રની એક પ્રસિદ્ધ વૃત્તિ; ચાર મહેતા એ પ્રકારની વૃત્તિ અતિ સુકુમાર નહિ એવા કરુણ, શાંત અને અદ્ભુત રસ અતિ સુકુમાર નહિ એવા સંદર્ભોથી ગૂથાય ત્યાં ભારતી વૃત્તિ કહેવાય છે

૫ સ્ત્રી એ નામની એક દેવી; સરસ્વતી સરસ્વતી ભરતખંડમા નદીરૂપે આવ્યાં તેથી તે ભારતી કહેવાયાં ઋચાઓમાં ઘણુંખરું ઇલા, ભારતી અને સરસ્વતી એ ત્રણે દેવીઓને એકીસાથે આવાહન કરવામાં આવેલું હોય છે. વાક્, ભાષા, સિરૂ અથવા સિરા, વાક, વાણી એ તેના પર્યાય શબ્દો છે.

ભારતીના ભેદ અને, લાખી ગુજરાતી ભાષા.
દલપતરામ

૬. સ્ત્રી. એ નામની એક નદી

૭. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૮. સ્ત્રી. એક શૈલી એટલે રીતિનું નામ.

૯. સ્ત્રી. ઝાકી

૧૦ સ્ત્રી ભારતી અને નાથ વગેરે વેરાગીઓની એ નામની એક અટક.

૧૧ સ્ત્રી. મંડનમિશ્રની એ નામની વિદ્વાન બહેન.

૧૨. સ્ત્રી. વાકય. વાણી; વાક્‌પ્રાતુર્યં; શબ્દવાહિકા.
કયા જન્મારે નહિ મુજ ભારતી.
કયા ન મારા મનની મતિ કરી.
ઉદય અડે પ્રથ ના પડે વળી,
એ મુજ ઉમંગી હૂટે યથા હરિ
ભારતપુષ્પાંજલિ

૧૩. સ્ત્રી. વેદરૂપા વાણી

૧૪ સ્ત્રી સન્યાસીની એ નામની એક ઉપાધિ.

૧૫. સ્ત્રી. સંસ્કૃત ભાષા.

૧૬. સ્ત્રી. સીતાનાં છબ્બા માહેનું એક નામ.

૧૭ સ્ત્રી. હિંદુસ્તાન; ભારત માતા; ભરતભૂમિ; ભારત દેશ.

૧૮ વ એ નામની અટકનું માણસ.

૧૯ વિ. એ નામની અટકનું.

૨૦. વિ. ભરતખંડમા રહેનાર

૨૧. વિ. ભારતને લગતું.

ભારતીતીર્થ [સં.] પું. એ નામનું એક તીર્થ

ભારતીપુત્ર [સં.] પું. હિંદી; ભારતનો દેશવાસી માણસ, ભારતવાસી જન.

ભારતીભદ્ર [સં.] પું. એ નામનો એક મુનિ

ભારતીમખ [સં. ભારતી (સરસ્વતી) + મખ (યજ્ઞ)] પું સરસ્વતીયજ્ઞ.
ભારતીમખ કરે જે ભાવ,
યથા નાશકન્યાનું કજ. પ્રેમાનંદ

ભારતીય ૧. [સં] પું. ભારતવર્ષનો વતની.
ભારત માતાની સેવા કરવી હોય તો ભારતીય બનવું જોઈએ. રાજવિમલ

૨ વિ ભારત સંબંધી.

૩. વિ. ભારતમાં ઉત્પન્ન થયેલ.

૪ વિ ભારતને લગતું; ભારત સંબંધી. ભરતખંડનું. હિંદનું; હિંદુસ્તાનનું.

૫ વિ મહાભારતને

ભારતીય ઇતિહાસ [સં.] પું ભારતનો ઇતિહાસ એ સમયે પંડિત જવાહરલાલજી લખે છે કે: સમસ્ત દુનિયાના ઇતિહાસમાં જ્યાં જ્યાં એક પ્રજા બીજી પ્રજા ઉપર શાસન કરે, ત્યાં શાસક પ્રજાના લેખકોનું લક્ષ્ય પોતાની કૃતિઓ દ્વારા પોતાની પ્રજાના લોકોમાં દેશભક્તિ, આત્મવિશ્વાસ અને સાહસવૃત્તિને જાગ્રત કરવાનું અને શાસિત પ્રજાઓમાં આ ગુણોને ઓછા કરવાનું અથવા તો ઉત્પન્ન ન જ થવા દેવાનું હોય એ સ્વાભાવિક છે. ભારતીય ઇતિહાસ પ્રાયઃ અયથી ઇતિ સુધી આ દોષથી દૂષિત હોય છે. બહુ જોતાં આ નૈસર્ગિક દોષ વડે ભારતના ઇતિહાસને જેટલો વિકૃત બનાવવામાં આવ્યો છે, તેટલો વિકૃત કદાચ દુનિયાભરના કોઈ દેશના ઇતિહાસને કરવામાં આવ્યો નથી. આજે ભારતીય ઇતિહાસના જે પુસ્તકો આપણને મળે છે, તેમાંનાં ઘણામાં નિરર્થક તુચ્છ બાબતો ઉપર ભાર આપવામાં આવે છે અને ઇતિહાસની મહત્ત્વની બાબતોની અવગણના કરવામાં આવે છે તથા ઐતિહાસિક ઘટનાઓની સાંકળનું ખોટું બયાન આપવામાં આવે છે કવિ નાનાલાલ લખે છે કે: ઇતિહાસ એટલે મનુષ્ય જાતિની મહાયાત્રા. વિધાતાની અદૃશ્ય અંગુલિએ આલેખેલા અનુભવ મંત્રો. પૃથ્વીપટે પાડેલા કાલના અમર આરડા. ઇતિહાસ એટલે બ્રહ્માંડના મહા મંત્ર ઉપર અખંડ ઊર્જાની તરંગાવલિના અક્ષરાંકન. ઇતિહાસ એટલે મહાસત્યોની કવિતા ને મહાકવિતાનાં સત્ય ઇતિહાસ એટલે સત્યની લીલા અને ભારતીય ઇતિહાસ એટલે માનવધર્મની એક અમરપોથી. ભારતીય ઇતિહાસ એટલે જગદ્‌ઇતિહાસના મહાવર્તુલનું મધ્યબિંદુ ભારતીય ઇતિહાસ એટલે જગતઇતિહાસની ચાવી. ભારતીય ઇતિહાસ એટલે સંસારશાસ્ત્રના અજબ અખતરાઓનું સંગ્રહસ્થાન. દ્રૌપદીના પાંચ પતિ, શ્રીકૃષ્ણની અષ્ટ પટરાણીઓ, રામનું એક પત્નીત્વ, સીતાજીનું એક પતિત્વ, સુભદ્રાહરણનો રાક્ષસવિવાહ, સીતા દ્રૌપદી સંયુક્તાના સ્વયંવરો; પિતૃઆજ્ઞાધારી રામ, પિતૃસ્વતંત્ર પ્રહ્લાદ, સરસ્વતીનાં ઋષિપર્ણ, તારા મંદોદરીના વિધવાવિવાહ; સાગરખોદી પૃથ્વીના એકચક્ર ચક્રવર્તીઓ, રાજર્ષીતુલ્ય પ્રજાશાસનના રાજવિધાન; મહાવાદી દરિશ્ચંદ્ર, રાજ્યભોગભોગાદી ચાણક્ય, રાજ્યીકુલમાં એક પ્રયોગપ્રિય દેવોને પ્રિય અશોકદેવ, રાજ્યત્યાગ અમરસરજી, સુંદરીકુલમા સૌંદર્યમણિ સરીખડી રાકુલલા, સંયુક્તા, નૂરજહાન, મુમતાજમહાલ; અહલ્યાબાઈ, લક્ષ્મીબાઈ ને આદર્શીબા સમી અમરસુહાગિણી રાજરાણીઓ, કુંતા ને જીજાબાઈ સમી રાજમાતાઓ; કવિતા, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, નાટકસૌંદર્યનો સર્વાંગે વિકાસ; દાદાનું મલમલ—સાત સાત પડ છતાંયે મહીંથી શરીર ઝબકાય; અમદાવાદનો કિનખાબ જેની સોનામોહરની ઝાંખે યે નથી ઊતરી, મેઘદૂત ને શાકુંતલ, રામાયણ ને મહાભારત; દેલવાડાના મંદિરોની આરસકોતરી કવિતા, તાજમહાલનું આરસજાલેખ્યું કાંપત્ય કાવ્ય, ગોકુલ વૃંદાવનની ગોપવિવિધા; બુદ્ધ સમા ધર્મ સંસ્થાપક, કપિલ, કણાદ, પતંજલિ સમા ઋષિસમૂહો, વારસ્વાવટમાંના ઋષિસમૂહોના અભ્યાસગ્રંથો ને

ધર્મવિષયો; બહાવતનું ભાઉબચ્ચન; ચિતોડનું ક્ષત્રિયત્વ-ક્ષત્રિયોના કેસરિયાં, ક્ષત્રાણીઓનાં જૌહર; મિ. બોન્હવિને અતુર્યા શ સમૃદ્ધિ પુદકાળે ઇચ્છાડને સોંપી, ઇચ્છાડે મહામત્રી સ્થાપ્યા: ભામાશાહે પ્રતાપને સર્વસ્વ સમર્પ્યું હતું; એ ભામાશાહ, ટોડરમલ્લ, જગડુશાહ, વસ્તુપાળ, તેજપાળ સમાઓનું વૈરવત્વ; સન્યાસીઓ, રાજસ્થાની રાજસન્યાસીઓ; મનુસ્મૃતિ ને આર્ષ ને અકબરી સમા Codes, રાજતરંગિણી, અકબરનામા, બાબરબાહનું આત્મવૃત્તાન-સમા ઇતિહાસો; કાદંબરી સમી જન્માંતરની મહાવાર્તા, સાગરખોળે ઊતરતા પારસીઓનો ગુજરાતખોળે સમાસ; પ્રાચીનમાં પ્રાચીન ખિસ્તીઓની ૧૯૫૦-૨૦૦૦ સૈકાના જ મહાભાર કાઢે વસાહતો; જગત ઇતિહાસની અજાયબીઓ વીણી વીણીને અજ્ઞ પરમેશ્વરે ભારતીય ઇતિહાસ રચ્યો ન હોય !

ભારતીયકરણ [સં.] ન. હિંદીકરણ; સરકારી, દીવાની વગેરે નોકરીમાં હિંદુસ્તાનના લોકોને વિશેષ અને નિશ્ચિત પ્રમાણમાં દાખલ કરવા એવી રાજનીતિ.

ભારતીય ખુશ્કી સૈન્ય ન. હિંદુ જમીન ઉપર લડનારું લશ્કર. ભારતીય સૈન્ય ઈસ્ટર્ન, વેસ્ટર્ન અને સધર્ન કમાન્ડમાં વહેંચાયેલું છે. દરેક કમાન્ડના વિભાગો પાડી દરેક વિભાગ જિનેરીઅર નીચે મૂકવામાં આવ્યો છે. દરેક સૈન્ય નીચે પ્રમાણે વિભાગોમાં વહેંચાયેલું છે: (૧) બી ઇન્ડિઅન આર્મ્ડ કોર, (૨) બી ઇન્ડિઅન આર્ટિલરિ, (૩) બી ઇન્ડિઅન ઍંજિનીઅર કોર, (૪) બી ઇન્ડિઅન ઇન્ફન્ટ્રિ, (૫) બી ઇન્ડિઅન આર્મિ ઑર્ડિનન્સ કોર, (૬) બી ઇન્ડિઅન આર્મિ સર્વિસ કોર, (૭) બી ઇન્ડિઅન આર્મિ આર્ટ ક્લાર્કસ, (૮) બી ઇન્ડિઅન આર્મિ ઍજ્યુકેશનલ કોર અને (૯) આર્મ્ડ કોર્સિસ મેડિકલ સર્વિસ.

ભારતીય જલસેના [સં] સ્ત્રી. હિંદનું નૌકાસૈન્ય; 'રોયલ ઇંડિઅન મરિન'.

ભારતીયતા જુઓ ભારતીયત્વ.

ભારતીયત્વ ૧. [સં.] ન. ભારતીયપણું
૨. સ્ત્રી. હિંદીકરણ.

ભારતીયન પું. ભારતવર્ષનો રહેવાસી; ભારતીય

ભારતીય નોકરી સ્ત્રી. સમસ્ત ભારતને માટેની જાહેર નોકરી. તેને માટે નીચેના નિયમો ઘડવામાં આવ્યા છે: રાજસભામાં હાજર રહેલા કુલ સભ્યોની સંમતિથી જ તેમને માટે હિંદી પાર્લમેન્ટ કાયદો ઘડી શકે છે જૂના બંધારણ પ્રમાણે કામ કરતા બધા નોકરોને નવા બંધારણમાં હાલ મળી રહે છે. નોકરી અંગેના નિયમોમાં બાસ ફેરફાર નથી. જૂના સમયના હિંદી વખતે નીમેલા સનદી નોકરો નવા બંધારણમાં ચાલુ રહે છે. તેમની બરતરફી તેનાથી ઊતરતા દરજ્જાના કોઈ પણ અધિકારીથી થઈ શકતી નથી. તેને બરતરફ કર્યા પહેલા યોગ્ય બચાવની તક આપવામાં આવે છે. તેણે જો ફોજદારી ગુનો કર્યા હોય તો જ સાધારણ રીતે તે બરતરફ થાય છે. ઉદેસે ગવર્નર કે રાજપ્રમુખ રાજ્યની સલામતી ખાતર તેને દૂર કરી કે બેસેડી શકે છે.

ભારતીય નૌકાદળ ન. ભારતનું નૌકાસૈન્ય. આ અંગે તાલીમ લેવા માટે વિજગાપટ્ટમ અને કોચીનમાં બે કેંદ્રો ચાલે છે ને એક સરખા તાલમનગ્રમ ચાલે છે

ભારતીય યુદ્ધ [સં.] ન. મહાભારતનું યુદ્ધ.

ભારતીય વ્યવસ્થાપક સભા સ્ત્રી. હિંદુસ્તાનની કાયદા ઘડનારી ધારાસભા, 'ઇંડિઅન લેજિસ્લેટિવ એસેમ્બ્લિ'

ભારતીય શાસન [સં.] ન. હિંદુસ્તાનનું રાજ્યતંત્ર.

ભારતીય સૈન્ય [સં.] ન. ભારતનું સૈન્ય. ભારતના સૈન્યના મુખ્યત્વે ત્રણ ભાગ કરવામાં આવ્યા છે: હવાઈ, દરિયાઈ અને ખુશ્કી દરેક ભાગનો ચલાવ અલગ અમલદાર છે. આ ત્રણે અમલદારો સરક્ષણ પ્રધાનને જવાબદાર છે અને તેમનાં સલાહ અને સૂચન મુજબ કામ કરે છે.

ભારતીવિદ્યા [સં.] સ્ત્રી. ભારતની પ્રાચીન વિદ્યા

> ભરતખંડની આ ભારતીવિદ્યાને આપણને બાસ વારસામાં મળેલી કીમતી પુંજી છે.
>
> ક. મા. મુનશી

ભારતીવૃત્તિ ૧. સ્ત્રી. નટવૃત્તિ

> સર્વ રસનાં ભારતીવૃત્તિ આવે છે.
>
> કાવ્યસાહિત્યસમીક્ષા

૨ [સં] સ્ત્રી. નાટકની એ નામની એક વૃત્તિ. નાટકમાં જ્યાં સંસ્કૃતમય વાગ્ધારનો ચમત્કાર વધારે હોય તેવી વૃત્તિને ભારતીવૃત્તિ કહે છે.

૩ સ્ત્રી ભરત મુનિના મત પ્રમાણે નાટક રચનાનો એક પ્રકાર

> જેમા અતિ સુકુમાર નહિ એવા વાક્ય, રાત્ત ને અદ્ભુત રસો અતિ સુકુમાર નહિ અવા સહજ વડે રચાયા હોય તે ભારતીવૃત્તિ છે
>
> કાવ્યસાહિત્યસમીક્ષા

ભારતી શાસનવ્યવસ્થા સ્ત્રી. ભારતનું રાજ્યબંધારણ.

ભારતુલા [સં.] સ્ત્રી. (સ્થાપ) વાસ્તુવિદ્યા મુજબ રતંભના નવ ભાદેનો પાચમો ભાગ. તે વચમાં હોય છે.

ભારતોત્થાન [સં. ભારત + ઉત્થાન (ચડતી)] ન. ભારતની ઉન્નતિ.

ભારતોપદેશક [સં. ભારત (મહાભારત) + ઉપદેશક (ઉપદેશ આપનાર)] પું. બ્યાસ મુનિ.

ભારથ ૧. [હિ.] પું. જય; યુદ્ધ; લડાઈ; સમ્રમ.

> અબુનમ બીસણે ભારથનાં પારોઠનાં પગલાં જાયાં કહેવારો તે ! ઇસપ્યાર

૨. પું. ભાર

> ઘરનો ભારથ = ઘરનો ભાર; બવહારનો બોજો

૩. પું. ભારત.

૪. પું. મુશ્કેલી, વિટબણા.

ભારથી ૧. પું. બોઝો જ બધાને પહોંચી વળે એવો બળવાન માણસ.

> મલ્લ ન મબૂવાં કે ભીમ આરે ભારથી.

૨. પું. યોદ્ધો; સિપાહી; મહારથી

૩. સ્ત્રી. અગીત બાવા અને ઔસાર્ડની એ નામની એક બટક

૪ સ્ત્રી. સંન્યાસીઓના દશ માહેનો એ નામનો એક વર્ગ.

૫. ન. એ નામની બટકનું માપુસ.

૬. વિ. એ નામની બટકનું.

૭. [સં. ભારતી] વિ. બહાદુર; બળવાનો વીર; શૂરવીર

ભારદર્શક [સં] વિ. વજન દેખાડનારું.

ભારદર્શકપરિમાણ [સં.] ન. વજન દેખાડનાર પરિમાણ. જેમકે, રતિ, તોલો, શેર, મણ, બાડી, ટન.

ભારદર્શક યંત્ર [સં.] ન. વજનમાપક યંત્ર.

ભારદસ્ત વિ. વજનદાર.

ભારદિયા ૧. સ્ત્રી. સુતાર અને કણબીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું માણસ

૩. વિ. એ નામની બટકનું.

ભારદોરો સ્ત્રી ગર્ભપાત ન થાય તે માટે બાર બકલાની પૂળ, મણી વગેરે સાથે મંતરેલો દોરો, ગર્ભવતીની કમરે બધાવવામાં આવતી નાડછડી; બધૂરે બનું બટકાવવાને ગર્ભવતીની કેડે બાંધવાની મંતરેલી દોરી. એ ટોરને પણ બાંધવામાં આવે છે.

ભારદ્વાજ ૧. [સં.] પું. અયસ્ય ઋષિ.

૨ પું ઋગ્વેદના છઠ્ઠા મંડલના પચોતેરમા સૂક્તનો રચનાર એક ઋષિ

૩ પું (પુરાણ) આ નામના એક ઋષિ.

૪ પુ એ નામનો એક દેશ.

૫ પુ [illegible]

૬ પુ ગોત્રપ્રવર્તક એક મુનિ

૭ [illegible] દુષ્ટ મન [illegible] અરણ્યવિહારી એક મિત્ર

૮ પું દ્રોણાચાર્ય; પાણ્ડવ અને કૌરવોના આચાર્ય

૯ પું પ્રયાગમા આવેલ એ નામનો એક આશ્રમ

૧૦. પું. પૂરુવંશનો એ નામનો એક પુત્ર.

૧૧. પું (પુરાણ) ભારદ્વાજ ગોત્રનો એક ઋષિ જેના શકુન્તલાની સાથે સંવાદ થયો હતો.

૧૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

૧૩ પું કુબેરસિરિના અશ્વમેધ યજ્ઞના સોળ મહિનો એ નામનો એક ઋત્વિજ.

૧૪. પું. સાંખ્યાયન શ્રૌતસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એક આચાર્ય.

૧૫ પું. રામર્ષિ મહાદેવના એક ઋષિનું નામ.

૧૬. પુ. સામવેદનો એક ઋષિ.

૧૭. સ્ત્રી. પ્રાચીનયોગી એ નામની એક જાત.

૧૮. ન. (જ્યોતિષ) ઉત્તરા નક્ષત્રનું ગોત્ર.

૧૯. ન. એ નામની જાતનું માનસ.

૨૦ ન. એક જાતનું પક્ષી; ચીમરી; ભારદ્વાટ. તે ખેતીને ફાયદાકારક હર્ષ એક ઉપકારી પક્ષી છે. તેના શરીરની રંગ ઉપર કાળી ધોળી જાંટ હોય છે. તે કાગડા જેવુ દોષ છે અને તમામ પક્ષીનું અનુકરણ કરી શકે છે.

૨૧ ન. કૃષ્ણ યજુર્વેદનું એક કલ્પસૂત્ર.

૨૨. ન. પૌષ્ટિક ગોત્રનું એ નામનુ એક પ્રવર.

૨૩. ન દક્ષિણ દિશામાં સમુદ્રકિનારે આવેલ એ નામનુ એક તીર્થ

૨૪ ન. પાંચ નારીતીર્થ પૈકીનું એક તીર્થ; મહાભારતકાલીન એક તીર્થ.

૨૫ પું મુખ્ય અઢાર મારેનુ એક સૂત્ર.

૨૬. ન. (જ્યોતિષ) પુનર્વસુ નક્ષત્રનું ગોત્ર.

૨૭. ન. સામવેદનું એ નામનુ એક ગોત્ર.

૨૮. ન. હાડકુ.

૨૯. વિ એ નામની જાતનુ.

૩૦ વિ ભારદ્વાજના વંશમાં ઉત્પન્ન થયેલ.

ભારદ્વાજ આશ્રમ પું.ન. ભારદ્વાજ ઋષિનુ પ્રયાગમાં આવેલું એ નામનું આશ્રમ.

ભારદ્વાજ ઋષિનું આશ્રમ હતુ ત્યારે ત્યાંના [illegible] વાસિ. દાવિ નિવાસનું હસ્તિયૂથે આનંદ ઉપજાવ્યો પસીના ગીતના મધુર સૂર જ્યાં પુરુષા રહ્યાં છે ભીજી. આ સ્થાપીત પવિત્ર સત્ય વચની રિતથી દીઠેલા ઋષિ છે.

રામાયણસાર

ભારદ્વાજ તીર્થ [સં.] ન. (પુરાણ) એ નામે એક તીર્થ

ભારદ્વાજસદાપૂજ્યા [સં] સ્ત્રી નર્મદાનાં દક્ષિણ કાંઠેનુ એક નામ.

ભારદ્વાજર્ણગિરસ [સં.] પું. અંગિરસના વંશની ગણ આવેલી એ નામની એક શાખા.

ભારદ્વાજિ [સં.] પું. (પુરાણ) ભારદ્વાજ ઋષિનો પુત્ર.

ભારદ્વાજી ૧. [સં.] સ્ત્રી. અતિબલા નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. એક જાતનો જવાની કપાસ રાની કપાસ; નરમો કપાસ

૩ સ્ત્રી ચકરી

૪. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની [illegible] નદી

૫. સ્ત્રી. યજુર્વેદની એક પેટા શાખા.

ભારદ્વાજ્ય [સં] ન. મહાભારતના વખતમા દક્ષિણ સમુદ્ર પાસે આવેલું એક તીર્થસ્થાન.

ભારનજરું ૧. ન. નજરે પડે તેવી દષ્ટિગોચર મનુષ્ય

૨. વિ. મજબૂતબાંધણું

ભારપત્ર [સ.] પુ. ભરતિયું; માલની ટીપ; મોકલપત્ર; 'બે બિલ'.

ભારપરિમાપક [સં.] ન. દાબ માપવાનું યંત્ર; 'પ્રેશર ગોજ'.

ભારપૂરણ વિ. ભાર પૂરો કરનાર.

ભારપૂર્વક વિ નિશ્ચિત; 'ઓન્દ્રિક'.

ભારભરદારી ૧. [ફા. ભાર (ભાર) + ભરદારી (ઉઠાવવાપણું)] પું. ભાર કે બોજો વહેનાર ઊંટ, બળદ, પોઠિયો, ખચ્ચર, ગધેડો વગેરે પ્રાણી.

૨. પું. મજૂરી; હેલકરી.

૩. સ્ત્રી. ભાર ખેંચવો તે; ભાર વહેવો તે.

૪. વિ. ભાર ખેંચનાર; ભાર ઊંચકનાર; ભાર વહેનાર; ભારેલો માલ લઈ જનાર; બોજો ખસેડનાર; ભારવાહી.

૫. વિ. માલ ભરવાનું; વજન ઉપાડવાનું કે ખેંચવાનું.

ભારભોજ ૧. [ભાર + ભોજ (ભાર)] પું. ભારદ્વાજ; ઉજ્જડ.

૨. પું. જવાબદારી.

૩. પું. માન; મરતબો; વજન.

૪ પુ મોટપ.

૫. પું. વજનનો ભાર.

૬. પુ. વજનદારી.

ભારમક્ષ પું વનસ્પતિ અથવા બનીજ મનાતી એક સુગંધી વસ્તુ; કાક્ષિ.

ભારભારી [હિં] વિ ભાર ઊંચકનાર; ભાર ઉપાડનાર.

ભારભૂત [સ.] વિ. ભારરૂપ દોષ જેવુ.

હિંદુસ્તાન ની ૩૦ કરોડની વસતીમા ૧૫ કરોડ અબળા પરમા ઉપરી ઘરનું કામ કરવા સિવાય પૈસા કમાતી નથી. બાકી [illegible] કરોડ. ૬ કરોડ બાળક છે. તે પણ દુબળા, પાતળા અને માંદગીથી ઘણા ગ્રસ્તી દોષ એવા કરોડ અંધ, બધિર, રોગટા છે અને ૬ કરોડ ભારભૂત જિંદગી ઠેકાણે [illegible] નથી [illegible] કરોડ વધ્યા તેમા [illegible] ભણેલા, ગ , કેટલી અને ઉંદરી છે. ૩૦ કરોડની [illegible] કરોડ કમાનાર. [illegible] કરોડ ભણેલા ઉપર ૩૦ કરોડ નો આધાર રહ્યો છે. તે ટકોરાબંધ ન થાય, કમાણ ન થાય, દિવાળિયા, અ , ભિખારી ન થાય તો શું થાય ?

વિશ્વવિજયકર

ભારભૂતેશ્વરતીર્થ ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનુ એક તીર્થ. નર્મદ. પર્યાંગમ. કહ્યા છે કે: રૈવત મનુના સમયમા કૃતપુત્રમા અહીં વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ મોટો તપસ્વી અને વિદ્વાન હતો. તે શિલોંછ વૃત્તિથી જીવનનિર્વાહ કરતો હતો. અતિથિઓનો સત્કાર પ્રેમથી કરવાને કારણે તેની કીર્તિ સર્વત્ર ફેલાણી હતી આ લોભને જગતના કલ્યાણ માટે તેની પરીક્ષા કરવાનો વિચાર કરી, અમુક રૂપ ધર્મ ને શકરે તેની પાસે વિદ્યાભ્યાસને માટે પદ્ધોચ્યા નિયમાનુસાર સેવાધર્મ પાલન કરવાની શરતે બ્રાહ્મણે વિદ્યાદાન દેવાનું કબૂલ કર્યું. અમુક સમય પછી જ્યારે ભોજન બનાવવાનો વારો શકરે અતુકનો આવ્યો, ત્યારે વિષ્ણુશર્માએ કહ્યું કે, હે અતુક, હું સ્નાનસંધ્યા કરું ત્યાં, તું ભોજન બનાવ. એમ કહીને વિષ્ણુશર્મા નર્મદાસ્નાન માટે ગયા. અહીં શકરે કામધેનુ દ્વારા પાકસિદ્ધિની વ્યવસ્થા કરીને પોતે ગુરુની પાછળ જ નર્મદા પધોચ્યા. આ લોભ ને સર્વ વિદ્યાર્થીઓ તેની નિંદા કરવા લાગ્યા. શકરે કહ્યું. તમારે તેથી શું ? તમારે તો સમયસર ભોજન કરવાનું કામ. તોપણ વિદ્યાર્થીઓ બહુ જ ગરબડ મચાવવા લાગ્યા. આ લોભને શકરે કહ્યું કે, જો આસન ઉપર જતાં જ તમને ભોજન મળશે, તો પછી હું તમને બધાને નર્મદામા

કેવી દશા. આમ કહીને ગુરુ સહિત સર્વ આસન ઉપર આવ્યા તો ત્યાં ભોજનના બધા પદાર્થો થાળીમાં પીરસેલ મળ્યા. ગુરુ સહિત બધા વિદ્યાર્થીઓ પ્રસન્ન થઈ ગયા બીજે દિવસે જ્યારે સર્વ વિદ્યાર્થીઓ સ્નાન માટે ગયા, ત્યારે સર્વ વિદ્યાર્થીઓને કહ્યું કે, ભાઈ પણ કાલે પૂરું થઈ ચૂક્યું. હવે આ વખતે તમારું પણ પૂર્ણ કરું છું એમ કહીને સર્વ વિદ્યાર્થીઓને ગોસડી બાંધીને નર્મદામાં ફેંકી દીધા અને તેની ખબર ગુરુ વિષ્ણુશર્મીને આપી. તેમણે ઘણું ઘણું કહ્યું અંતે બદુકે મરેલા વિદ્યાર્થીઓની બાંધેલ ગોસડી ગુરુની સન્મુખ રાખી દીધી. ગુરુએ કહ્યું, તમે આને જીવિત કરો, નહિ તો સર્વ ભોડો તમને બળવા દેશે નહિ. આ વાક્ય સાંભળતાં જ બદુક અલોપ થઈ ગયો અને બધાં ગોસડી રાખી હતી ત્યા શિવલિંગ પ્રકટ થઈ ને સર્વ વિદ્યાર્થીઓ જીવતા થઈ ગયા. બીજા કથા એમ છે કે, કૃતયુગમાં એક વૈશ્યે દ્રવ્યની લાલચે પોતાના મિત્ર સોમશર્માનો નાવમાં સૂતો હતો ત્યારે વધ કર્યો અને તેને સમુદ્રમાં ફેંકી તેનું દ્રવ્ય લઈ લીધું. અમુક સમય પછી તે મિત્રઘાતકો મરી ગયો, તો તેને યમરાજના નિયમ મુજબ અધોકર દેહ ભોગવીને અનેક દુષ્ટ યોનિમાં જન્મ મળ્યો. પછી ભંગારની યોનિ પ્રાપ્ત થઈ અને તે એક રાજાને ત્યા વજનથી ભરેલી માટીઓ ખેંચવા લાગ્યો. એક વખતે કાર્તિકી પૂર્ણિમાના પર્વમાં આ રાજા પોતાના પરિવાર સહિત ભારભૂતતીર્થમાં સ્નાન કરવા ગયો ત્યારે સાથે આ ભંગાર પણ હતો અમુક સમય પછી શિવરાત્રિને દિવસે સર્વ પશુઓને નર્મદાસ્નાન કરાવ્યું. તે સમયે આ ભંગારને દૈવયોગે વૈદેહ થઈ ગયા. એ પ્રમાણે અહીં અનેકનો ઉદ્ધાર થતો રહે છે. અહીં કાર્તિકી પૂર્ણિમા અને શિવરાત્રિનું માહાત્મ્ય છે. દરેક મહિનાની આઠમ અને ચૌદશ અને તેમાં યે વૈશાખ માસની આ બંને તિથિઓનું ખાસ માહાત્મ્ય છે. અર્થાત્ એક ગાડી ભરાઈ જતાં ઋણમોચનતીર્થ આવે છે

ભારભૂત ૧. [સં. ભારભૃત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ વિષ્ણુ અનંતાદિરૂપથી પૃથ્વીનો ભાર ઊઠાવે છે તથા મોટા મોટા મકોના ભારને ધારણ કરે છે તથા મહાન પૃથ્વીના ભારને ધારણ કરનારા પણ તે જ હોવાથી વિષ્ણુ ભારભૃત કહેવાય છે.

૨. વિ ભાર ધારણ કરનાર; ભાર ઊંચકનાર.

ભારમ ૧. સ્ત્રી. ટેટની એ નામની એક જાત.

૨ ન. એ નામની જાતનું માપુસ

૩. વિ. એ નામની જાતનું.

ભારમલ ૧. સ્ત્રી. ચોરા તથા મુસલમાનની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

ભારમાપક [સ.] વિ. ભાર માપનાર.

ભારમાપક યંત્ર ૧. ન. ભાર માપવાનો સંયો.

૨. ન. હવાનું દબાણ માપવાનું યંત્ર; ' બેરોમિટર '

ભારમાપન [સં.] ન. ભાર માપવો તે.

ભારમેય [સં.] વિ. ભારથી માપવું કરનાર સબબી.

ભારમોક ન. ભારદાનની કપાત, બાદ કે છૂટ; વળતર; ' ટેર '

ભારય [સં.] પું એક જાતનું પક્ષી, ભારદ્વાજ; ' રક્તાક્ષભારૂં '

ભારયષ્ટિ ૧. [સં.] સ્ત્રી. કાવડ.

૨. સ્ત્રી. ભાર ઉપાડી જવાની લાકડી. ભાર વહી જવાનો દાંડો.

૩. સ્ત્રી. રીકાના આધારરૂપ ખીંટી અથવા લાકડી.

ભારયુક્ત [સં.] વિ. ભારવાળું

ભારરુદ્ધ વિ. દાવાદાવી કરીને ભરત્રમાં ઊતરેલું; કરજના બોજામાં આવેલું.

ભારરેખા [સ.] સ્ત્રી. જે રેખા આગળથી ભાર રાખવાની કરજાત થાય તે રેખા; ભાર રાખવાની રેખા.

ભારરોક વિ. કુલ.

ભારરોધ ૧. પું. આશ્રિત કુટુંબીઓ; માથે પડેલાં માણસો

૨. પું. ઋણભાર.

૩. પું. બોજો; ભાર.

૪. પું. વિઘ્ન; પીડા; અડચણ; અંતરાય.

ભારરોધન ૧. ન. અડચણ.

૨. ન. કુબાની દેવું તે.

૩. ન. દાવાદાવી કરીને ભરત્રમાં ઉતારવું તે.

ભારલગનું ૧. વિ જેને માટે મારેલું કામ ન થાય તેવું.

૨. વિ. નિર્ધારિત મુહૂર્તની તિથિએ વિઘ્ન આવવાથી વખતોવખત મુહૂર્ત બદલે એવું.

ભારવ [સં.] ન. ધનુષની દોરી.

ભારવકર ૧. પું. આગ્રહ; હઠાગ્રહ; પ્રતિજ્ઞા; જીદ.

૨. પું. બરતનો; બોલો; વજન.

૩. પું. ભારભોજ; વજન.

૪. પું. બોટપણ.

ભારવટ ૧. પું. કૂવા ઉપરના મકાનનું નીચેનું બાંધકું; ભારોટ.

૨. પું. બોરિયાવટ; ઘાટડો; ભારવટિયો; બોલ.

૩. પું. સમ. રાજપ્રાસાદમાં કહ્યું છે કે, બે ઘરો વચ્ચે એક સ્તંભ હોય તે સારો નહિ, પણ ચાર પાટડી એટલે ભારવટ અથવા ચમ અને ચાર સ્તંભાઓ એટલે બે પાટડા અને બે સ્તંભા હોય તો તે સારા છે. પરંતુ તે સ્તંભાઓ ચતુરસ્ર એટલે ચાર હાસરાવાળા જોઈએ. કુંભી વિનાનો સ્તંભ હોય તો તે પણ સારો નહિ.

ભારવટિયો ૧. પું. ખેતરમાં માલના માટે રાખેલો બેબ્રા વજનનો પત્થર.

૨. પું. પાટડો; ભરાટિયો; મોટી આડી; બોલ; ભારોટિયો. સોપાનસરી અને વલભી આ બે ઔદિચ્ય નામ ભારવટિયાનાં છે.

૩. પું. લાંબું અને સીધું બાંધકું.

ભારવજ્રિત ૧. [સં.] વિ ભિનસેબમી.

૨. વિ. બોજા વજનનું; ભાર વજનનું.

ભારવહ ૧. પું. (પિંગળ) પંક્તિની જાતનો એ નામે એક અક્ષરમેળ છંદ; દ્વારવહા. તેના દરેક ચરણમાં રગણ, તગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

ભારવંત [સં. ભાર (બોજો) + વત્ (વાળું)] વિ ભારભૂત; બોજારૂપ.

ભારવાઈ સ્ત્રી. (વહાણવટું) ઠેકાવ.

ભારવાચક વિ. ભાર દર્શાવનારું.

ભારવાણી ૧. સ્ત્રી. બોજા તથા મુસલમાનની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભારવાન [સં. ભારવત્] વિ. ભારભૂત; બોજારૂપ.

ભારવાહ ૧. [સં.] પું. મજૂર; હેલકરી; ભારિક; ભાર ઊપાડનાર મજૂર; ભારી.

૨. વિ. ભાર વહી જનાર; ભાર વહન કરનાર; ભાર ઊંચકનાર.

ભારવાહક ૧. [સં.] પું. મજૂર; હેલકરી.

૨ વિ. એક સ્થળેથી બીજે સ્થળે માલ વગેરે લઈ જવાનું કામ કરનાર; ભાર વહન કરનારું; ભાર વહી જનાર.

૩ વિ. જવાબદારી ઉઠાવનારું.

ભારવાહન [સં.] ન. બોજો તલ્લચે કે ઉપાડવો તે; ભાર ખેંચવો તે.

ભારવાહિક જુઓ ભારવાહક.

ભારવાહિતા [સં.] સ્ત્રી. મહાવૈતરણી; મહતનો ભાર વહન કરવો તે.

ભારવાહી ૧ [સં. ભારવાહિન્] પુ. બોજો ઉપાડનાર માણસ; ભાર બેંચનાર વ્યક્તિ; મજૂર; વેતરો; હેલકરી.

૨. વિ. જવાબદારી ઉઠાવનારું.

૩. વિ. ભારવાહક; ભાર ઉપાડનાર; ભાર વહન કરનારું.

૪. વિ સ્ત્રી ગર્ભવતી; ગર્ભિણી; સગર્ભા.

ભારવાહો પું. (જૂ. પ્રા.) મજૂર.

ભારવાહા ચરિ મેહલિઉ ભાર
ભાવપ્રકાશમય

ભારવાહ્ય ૧. [સં] પું. બોઝની એક ચાલ, માથે ભાર સહિત પીઠે કૂદકે ચાલવું તે.

૨. વિ. ભાર વહન કરી શકે એવું.

ભારવાહ્યતા [સં.] સ્ત્રી. ભાર વહન કરવાની શક્તિ

ભારવિ [સં.] પું. સંસ્કૃત ભાષાનો એ નામનો એક મહાકવિ. ધારાનગરીમા ભારવિ નામે એક કવિ થઈ ગયો. તેના પિતાનું નામ હતું શ્રીધર અને માતાનું નામ સુશીલા. કવિ ભારવિના પિતા બહુ વિદ્વાન હતા, પણ ભારવિ તો તેમના કરતાં પણ વિદ્વાન હતો. તેણે શાસ્ત્રાર્થમાં અનેક પંડિતોને હરાવ્યા, તેથી તેને પોતાની વિદ્વત્તા માટે અભિમાન થયું. આ વસ્તુ તેના પિતાને ગમી નહિ. તેમણે તેનું અભિમાન ઉતારવાના વિચારથી જ્યાં ને ત્યાં ભારવિની વિરુદ્ધ બોલવા માંડ્યું. ભારવિને આથી બહુ બોટું લાગ્યું અને પિતા ઉપર ગુસ્સો ચઢ્યો. એક દિવસ ગુસ્સામાં ને ગુસ્સામાં ભારવિએ રાતનાં પિતાને મારી નાખવાનો વિચાર કર્યો. આખો દિવસ આમથી તેમ ફરવામાં કાઢી નાખ્યો. કંઈ આવ્યું પણ નહિ. રાત્રે તે ઘરમાં એક જગ્યાએ સંતાઈ ગયો. એટલામાં તેણે પોતાના માતાપિતા વચ્ચે થતી વાતચીત સાંભળી. તેમાં તેના પિતાએ તેની માતાને કહ્યું કે: ભારવિ જગતો વિદ્વાન છે. એની વિદ્વત્તા જોઈ મને આનંદ થાય છે, પણ એ હજુ ય વધારે વિદ્વાન થાય અને તેની કીર્તિ દેશદેશાંતર ફેલાય એ જોવાની મારી ઇચ્છા છે. પણ તેની પ્રગતિમા કોઈ દિવસ જરૂર એનું અભિમાન આડું આવવાનું અને તેની ઉન્નતિ રૂંધાઈ જવાની. હું મારા પ્રિય પુત્ર ભારવિ માટે એ નથી ઇચ્છતો. આ વાત સાંભળતાંજ ભારવિ એકદમ રડી પડ્યો તેનો ગર્વ ને ક્રોધ ગળી ગયો અને પિતાનો પ્રેમ જોઈ આંખમાં ઝળઝળિયાં આવી ગયાં પોતાના કામ માટે તેને ભારે પસ્તાવો થયો સવારે તે પિતા પાસે ગયો અને પૂછ્યું કે કોઈ માણસ પિતાનું ખૂન કરવાનો વિચાર કરે તો તેનું પ્રાયશ્ચિત્ત શું ? પિતાએ કહ્યું કે, છ મહિના સસરાને ત્યાં રહેવું એ. ભારવિએ પોતાની બધી વાત કરી. તે સાંભળી પિતાએ કહ્યું કે, તારા જેવા વિદ્વાન માટે તો પશ્ચાત્તાપ એ જ મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત છે. તારે સાસરે જવાની કંઈ જરૂર નથી. પણ ભારવિએ માન્યું નહિ અને સાસરે જઈને રહ્યો સાસરામાં ભારવિને બોહા દિવસ ઠીક માનપાન મળ્યું પણ પછી તો તેને સસરાએ ગામ ચારવાનું કામ સોંપ્યું ભારવિ રોજ ગામ ચરાવવા જાય અને સાજે પાછો આવે. આખો દિવસ વગડામાં એકો એકો રચતો અને ઝાડનાં પાંદડાં ઉપર કાંટાથી કંઈ ને કંઈ લખતો આમ ને આમ એના પાસે હજારો પાદ્યાં જેમાં થયાં. એ જ એમનું મહાકાવ્ય કિરાતાર્જુનીય. સંસ્કૃત ભાષામાં પાંચ મહાકાવ્ય છે, તેમાં તેની પણ ગણના થાય છે.

ભારવી ૧. સ્ત્રી. રબારીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩ વિ એ નામની જાતનું.

ભારવું ૧. સ કિ. અનાજ વગેરેને રાખ દઈને સાચવવું.

૨. સ કિ. ગરમ રાખમાં કશુંમસું કે કોઈ બીજ રોકાવા કે ભરાવા લાગવું.

૩. સ કિ. ભાર ભરવો; લાદવ.

૪ સ કિ. મંતરવું; મંત્ર બોલવા; જાદુ કે વશીકરણ કરવું.

૫. સ કિ. મોહિત કરવું; મોહ પમાડવું

૬. [સં ભૂ (ભારવું)] સ. કિ. રાખમાં દાબી રાખવું; દાટી રાખવું; છુપાવવું; ભંડારવું; દાંડવું. જેમકે, દેવતા ભારવો.

૧. ભારેલો અગ્નિ = (૧) દબાઈ રહેલી વાત; દબાઈ ગયેલી હકીકત (૨) દાટી મૂકેલો કોયલો કે દેવતા; ભંડારેલો અગ્નિ. (૩) દુઃખ, ક્રોધ, મોહ વગેરને દાબી રાખવું તે.

૨. ભારેલો દેવતા ઉપાડવો = દબાઈ રહેલી વાતને તાજી કરવી.

ભારવૃક્ષ [સં.] પું. એક જાતનું મંદવૃક્ષ.

ભારશૃંગ [સં.] પુ. સાળવૃક્ષ.

ભારસહ [સં.] વિ. ભાર સહન કરનાર.

ભારસાધનવિદ્યા [સં.] સ્ત્રી. ફોટોગ્રાફ પાડવામાં વપરાતી દવાઓનું જ્ઞાન; રાસાયણિક મિશ્રણથી લીધેલ ચિત્ર ઉપર પ્રકાશ નાખવા વૈજ્ઞાનિક રીતે ધોવાની વિદ્યા; 'ફોટોગ્રેમિસ્ટ્રિ'.

ભારહ ૧. ન. ભરત મુનિપ્રણીત નાટ્યશાસ્ત્ર.

૨. [પ્રા.] ન. ભરતક્ષેત્ર.

૩. ન મહાભારતનું પુસ્તક.

૪ વિ. ભરતક્ષેત્રમાં જન્મેલ.

૫. વિ. ભારતવર્ષનું.

ભારહર [સં.] વિ. ભાર વહી જનાર; ભાર ઉપાડનાર.

ભારહવાસ [પ્રા.] પું ભરતક્ષેત્ર; ભારતવર્ષ.

ભારહાર જુઓ ભારહર.

ભારહારક [સં.] વિ. ભાર ઉપાડનાર; ભાર વહી જનાર.

ભારહારી ૧. [સં. ભારહારિન્] પું. પૃથ્વીનો ભાર ઉતારનાર વિષ્ણુ

૨. વિ. ભાર ઉપાડનાર; ભાર વહી જનાર

ભારંગ ન. એક જાતનું કરિયાણું.

ભારંગમૂળ ન. એ નામે એક ઔષધિ; ભારંગીનું મૂળ; ભોંયરીંગણીનું મૂળ. તે દવાના કામમાં આવે છે.

ભારંગિક [સં.] વિ. પોષણ કરનાર.

ભારંગી ૧. [સં.] સ્ત્રી. પોષણ કરનારી સ્ત્રી

૨. [સં. ભાર્ગી] સ્ત્રી. સફેદ, લાલ, જાંબુડા અને આકાશની એમ ચિત્રવિચિત્ર પુષ્પોથી શોભતી એક જાતની વનસ્પતિ. તેનો છોડ ગુલાબકાવલીના જેવો હોય છે. તે સાડાપાંચ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન મહુડાનાં પાન જેવાં હોય છે તેનું શાક થાય છે. પંજાબ તેમજ ભારતના અન્ય ભાગોમાં સારા પ્રમાણમાં તે જોવામાં આવે છે. આયુર્વેદે આ વનસ્પતિને શ્વાસ રોગનો નાશ કરનાર ઔષધિ તરીકે વર્ણવેલી છે. તે કડવી, રૂક્ષ, રુચિકર, ગરમ, પાચક, હલકી અને અગ્નિને દીપન કરનાર મનાય છે. ઉપરાંત રક્ત, શ્રમ, ખાંસી, શ્વાસ, પીનસ, જ્વર, વાત, સોજા, કૃમિ, દાહ, વાતરક્ત અને ક્ષયનો નાશ કરનાર ગણાય છે. ઔષધમાં તેનાં મૂળ વપરાય છે મૂળનો રસ અતિ કડવો અને તીખો હોય છે. પારણામા આ વનસ્પતિ પ્રાદનેટીના નામથી પ્રસિદ્ધ છે. લોકો આમજ્વનો કૃમિનો નાશ કરવા માટે તેનો ઉપયોગ કરે છે. બંગાળના લોકો ભારંગીને બામુનહાટીના નામથી ઓળખે છે. જ્વરનો નાશ કરવા માટે તેનો ઉપયોગ ત્યાં બહોળતો છે. મહારાષ્ટ્રમાં એ ભારંગીના નામથી ઓળખાય છે. લોહીના આમજ્વનો ખાસી દૂર કરવા તેનો ઉપયોગ કરે છે. કર્ણાટકના લોકો તેને ભિદ્રદેંગુના નામથી ઓળખે છે. વાત-રક્ત ઉપરનો તેનો ઉપયોગ ત્યાં બહોળતો છે. તેલગણના લોકો તેને

બંદભારંગીના નામથી ઓળખે છે. સા વાતરોગનો નાશ કરવા માટે તેનો ઉપયોગ પ્રચલિત છે. નેપાળમા ભારંગીને ચૂમાના નામથી ઓળખવામાં આવે છે. આના ગ્રામજનો ઢેડકો મટાડવા માટે તેનો ઉપયોગ કરે છે. હરતાલિખિત પુસ્તકોમાં આ વનસ્પતિ વાતજ્વર ઉપર ઘણી જ સારી અસર કરતી હોવાનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. તેના બહી તોલા મૂળ વીસ તોલા પાણીમાં ઉકાળી, દસ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી, તેના ચાર ભાગ કરી દિવસમાં ચાર વાર કલાકને અંતરે લેવાથી એક મહિનામા સોજા દૂર થાય છે તેનાં મૂળનું ચૂર્ણ રતી ચાર, દિવસમા બે વખત મધ સાથે લેવાથી દોઢ માસમા ખાંસી મટે છે તેના મૂળ અને પાનનું ચૂર્ણ રતી ૭, મધ અને અરડૂસીના રસ સાથે સવાર સાજ લેવાથી ત્રણ માસમા ક્ષયરોગ દૂર થાય છે. તેના મૂળ તોલો એક, દસ તોલા પાણીમાં ઉકાળી, પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી, તેના બે ભાગ કરી, સવાર સાંજ લેવાથી તાવ ઊતરે છે તેનાં મૂળનું ચૂર્ણ રતી ત્રણ, દિવસમા ત્રણ વખત આદુના રસ અને મધ સાથે લેવાથી એક માસમાં વાયુ દૂર થાય છે. મૂળ અને પાનનું ચૂર્ણ રતી ચાર, દિવસમાં બે વખત પાણી સાથે લેવાથી બાંઢ દિવસમા કૃમિ નાશ પામે છે, અથવા તો તેનાં પાનની ભાજી બાફી તેનું પાણી પીવાથી કૃમિનો નાશ થાય છે. મૂળનું ચૂર્ણ રતી ત્રણ, દિવસમાં ત્રણ વખત એક તોલા માખણ સાથે લેવાથી શરીરમા થતી બળતરા એક માસમાં દૂર થાય છે. મૂળ અને પાનનું ચૂર્ણ રતી ૭, દિવસમાં ત્રણ વખત મધ સાથે લેવાથી ઝાલા સમયે ફાયદો દૂર થાય છે. મૂળનું ચૂર્ણ રતી ત્રણ, દિવસમાં ત્રણ વખત મધ સાથે લેવાથી એક માસમા વાતરક્ત મટે છે. મૂળનું ચૂર્ણ રતી બે, દિવસમાં ચાર વખત મધ સાથે લેવાથી પાનસ રોગ દૂર થાય છે. ઉંદરના વિષ ઉપર પણ આ વનસ્પતિનો ઉપયોગ થાય છે. ધોધમ સાપના વિષ ઉપર ભારંગીના મૂળ પાણીમાં ઘસી પાત્રમાં આપે છે. ભારંગી ભાર્ગી, ભૃગુજટા, પદ્મા, કણ્ઠ, ક્ષાણુપર્ણિકા, ભૃંગજા વગેરે નામોથી પણ ઓળખાય છે.

ભારંગીહરીતકચવલેહ પુ (વૈદક) એક જાતનુ ઔષધ. ૪૦૦ તોલા ભારંગીમૂળ, ૪૦૦ તોલા દશમૂળ અને ૧૦૦ તોલા મોટી હરડે લઈ, તે બધાંથી ચોગણા પાણીમા અનુક્રમે ઉકાળો કરી, તે સારા નરમ વસ્ત્રથી ગાળી લેવો. પછી ૪૦૦ તોલા ઉત્તમ ગોળ નાખી, મંદાગ્નિ ઉપર એક તૈયાર કરવો. પછી તેમા મધ ચોવીસ તોલા, ત્રિકટુ અને ત્રિજાતક બાર તોલો, જવખાર બે તોલા નાખવા. આ દવાથી શ્વાસ અને ઉધરસ દૂર થાય છે

ભારંગ્યાદિકષાય પું. (વૈદક) પું. ભારંગી અને બીજી દવાનો ઉકાળો. ભારંગીમૂળ, અરડૂસીનાં પાન, દેવદાર, કંટોરીમધ અને મોથ એ બધી ચીજો સમભાગે લઈ તેનો કરેલો કષાય. તે શ્લેષ્મજ્વર ઉપર અપાય છે

ભારંડ [સં.] ન. એક જાતનુ પક્ષી. ચંદ્રિકાનું પાન કરનાર ચકોર અને કંકમાંના જિદ્દ દ્વારા આતુરતાપૂર્વક મેઘનાં જળબિંદુઓ પીનાર ચાતક એ જેમ કવિકલ્પનાના પક્ષીઓ છે, તેમ ભારંડ અથવા ભારુંડ એ પણ કવિકલ્પનાનુ એક પક્ષી છે પ્રાચીન કાળના વાર્તાવિહોમાં તે કલ્પના સાથે સંબંધ ધરાવતી કથાઓ મળે છે, તેમ જ પ્રાચીન સાહિત્યગ્રંથોમાં અપ્રમત્તતા, વિષયમ ઉપમા તરીકે અનેક ઠેકાણે પક્ષીનો નિર્દેશ થયેલો છે. જેથી લોકકલ્પનામા તેણે ચર્ચાયેલ સ્થાન મેળવ્યુ હતું તે સૂચિત થાય છે. ભારંડ એ એક મહાકાય અને બળવાન પક્ષી છે. એકાદ માણસને ઉપાડીને તો તે સહેલાઈથી ઉડી શકે તેને ત્રણ કે પણ શરીર એક જ હોય છે. બીજા કેટલાક ઉલ્લેખ મુજબ ભારંડના એક શરીરમા બ્રહ્મ બે હોય છે, ત્રાંચ બે હોય છે અને પગ ત્રણ હોય છે. એ તથા બીજા બધા લોકોના મત કરતાં અધિક અપ્રમાદી જીવનવ્યવહાર પુરાણને ભારંડ પક્ષીની ઉપમા. અપ્રમત્ત ... માં અપ્રમત્તપણે વર્તવા માટે સંયમીઓને આ પક્ષીનુ ઉદાહરણ આપણામા આવ્યુ છે. જરા પણ પ્રમાદ થતા અવશ્ય મૃત્યુ થાય છે માટે આ પક્ષી બહુ સાવચેતીથી વર્તે છે. માંડલુર રાજાના ધ્વજ ઉપર ભારંડનું ચિહ્ન છે. તે માંસ, બીજ વગેરે પ્રાણીનુ માંસ ખાય છે ભારંડ સંબંધી પ્રચલિત પંચમા તંત્રમા અપી કથા છે કે, કોઈ સરોવરમા એક ઉંદર અને ત્રિપ્ત ચોકવાળુ ભારંડ નામ પક્ષી રહેતુ હતું. સરોવરના તીરે પરિશ્રમણ કરતા તેણે મોતીઓથી ભરેલું અમૃત જેવુ કોઈ ફળ જોયુ તે બે ફળ ખાતા ખાતા બોલ્યુ કે, અહો! સમુદ્રના તરંગમા ખેંચાઈ આવેલાં લાગે અમૃત જેવાં ફળો બે ખાધા છે, પણ આનો સ્વાદ તો અપૂર્વ છે. તો શું આ પારિજાત અથવા નંદિનંદનના વૃક્ષમાથી ઉત્પન્ન થયેલું હશે? આ અમૃતફળ અત્યંત વિશ્વિસ્તાત્ અહીં આવ્યુ હશે? એવુ બોલતાં તે ભારંડને તેના બીજા મુખે કહ્યું. અરે! જો એમ હોય તો મને પણ થોડુક આપ, જેથી હું જિહ્વા-સૌખ્ય અનુભવું. એટલે હસીને પહેલું મુખ બોલ્યુ, પણ આપણે ઉદર એક છે, એટલે તૃપ્તિ સમાન થશે. પછી જુદું જુદું ખાવાથી શું? આ બધો રહેવા. કણથી પ્રિયાને સંતોષ આપીએ તો સારું, અમ કહીને તેણે બાકીનું ફળ ભારંડીને આપ્યુ તે પણ ફળનો આસ્વાદ કરીને અતિશય હર્ષ પામતાને આલિંગન, ચુંબન આદિ સદ્ભાવના તથા અનેક પ્રકારના હાવભાવ કરવા લાગી. તે દિવસથી જ બીજું મુખ ઉદ્યમ અને વિષાદવાળું રહેવા લાગ્યુ. હવે એક દિવસ બીજા મુખને વિષફળ પ્રાપ્ત થયુ તે જાણીને તેણે પહેલાને કહ્યું, અરે નિર્દય! પુરુષાધમ! નિરપેક્ષ! અને વિષફળ મોકલ્યું છે, તેં કરેલા અપમાનને કારણ તે કંઈ બોલ્યું પણ મુખ કહ્યું, મુખો! આમ ન કર, એમ કરવાથી બન્નેનો વિનાશ થશે. એમ કહેતાં તો તેના અપમાનને કારણ ક્રોધ ખાધું અને નાશ પામ્યા. આ કથાનો સાર નીકળે છે કે, અન્યોન્ય ફળ ખાનારા, એક ઉદર અને ભિન્ન મોરવાળા ભારંડ પક્ષીની જેમ એકતા વગરના મનુષ્યો નાશ પામે છે.

ભારાઈ ૧ સ્ત્રી જાતીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનુ

ભારાક્રાંત (સં.) વિ જોખમથી દબાયેલ; ભોળવાયું; ભરાયેલું; ભારવાળું

ભારાક્રાંતા (સં.; પું) (વિંગ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી સત્તર વર્ણ હોય છે. તેમા ચોથા અને દશમા અક્ષરે ઉપર યતિ એટલે વિરામો આવે છે

ભારાડી (ભારાડો) ૧ (સં.) અમુક માણસનો ઉપનામક માણસ. ખલાસી. હિંદુસ્તાનો એક વર્ગ તેઓ અમુક માતાના પુત્રો મનાતા હોવાથી એક હથિયાર, કામટે અને ઢાલ હથિયાર મદદગાર લઈને ફરે છે.

૨ વિ અધર્મમા કુશળ, કપટી, બદમાશ કામમા બહુ હોશિયાર, બહુ દયાલુ જ, તોફાની, બદમાશ.

ભારાણી ૧ સ્ત્રી. કણબી અને ભાડેલ રજપૂતની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. નામની અટકનુ

ભારાધિકય ૧ [સં.] ન. અધિકતા; પ્રચુરતા.
૨ ન. ગૌરવ; પ્રાધાન્ય; પ્રધાનતા.
૩. ન. વધારે ભાર કે વજન

ભારાભ્યંજ પું. ભરેલ ભરમાં નાખેલા ત્રણ મહેનો એક ભંજ; ભરનું વચ્ચેનું નાકું.

ભારાય ન ઘણી ગરમીથી પીગળતી એક રસ જેવી ધાતુ; 'બેરિયમ'

ભારાર્પણ ન. પ્રતિનિધિ વર્ગ, પ્રતિનિધિનિયુક્તિ; 'ડેલીગેશન'

ભારાવતાર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તેને હારાવતાર છંદ પણ કહે છે તે કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, તગણ, જગણ, બે નગણ, તગણ અને બે ગુરુ મળી વીસ વર્ણ હોય છે.
પદ વિષે આણ ન તા જ ન ત ત ન ગ ન ભારાવતારે. રણછોડદાસ

ભારાવલંબકત્વ [સં.] પું. પદાર્થોના પરમાણુઓનું પરસ્પરવિષે આકર્ષણ. બધા પદાર્થોના પરમાણુઓનું પરસ્પર આકર્ષણ એવું રહે છે કે, તે પદાર્થોને પોતે ખાલુથી ખેંચવામાં પ્રતિબાધક થાય છે, જેના વડે તે તૂટી શકતા નથી. આને ભારાવલંબકત્વ કહે છે.

ભારાંશ [સં.] ન. દ્રવ્ય.
દરેક દ્રવ્યનું દ્રવ્ય ભારાંશ હાઇડ્રોજન પરમાણુના દ્રવ્યના જેટલું છે. બુદ્ધિપ્રકાશ

ભારિ [સં.] પું. સિંહ.

ભારિક ૧. [સં.] પું મજૂર; હમાલ; ભારવાહક; ભારી.
૨. વિ. ભાર વહી જનાર; ભાર ઉપાડનાર.

ભારિદ [સં.] પું કાળો ચકલો.

ભારિત ૧. વિ. ભરેલું.
૨. વિ. ભારવાળું; ભારે.

ભારિયા [સં. ભાર્યા] સ્ત્રી. (પ્રાકૃત) પત્ની; સ્ત્રી.

ભારી ૧. [સં ભારિક–ભારિઅ–ભારિઉ–ભારી]
પું. મજૂર; ભાર વહન કરનાર હેલકરી
૨. સ્ત્રી. અદ્ભુત કામ; આશ્ચર્ય ઉત્પન્ન થાય એવું કામ.
૩. સ્ત્રી. આદમીને મારનાં અટકાવવાનો હુકમ.
૪. સ્ત્રી. વજન.
૫. સ્ત્રી. સળીઓ કે પાતળાં લાકડાં વગેરેને જેમાં ભરીને કરેલી ગૂડી; મોટી ગૂડી; નાની ભારો; ભાંસડી.
૬. વિ. અમળણ; અણગમ.
૭. વિ. ઉદાસ.
ભારી થવું = (૧) ઉદાસ રહેવું; કંટાળો થવો. (૨) વજનદાર હોવું.
૮ વિ. કઠણ.
૯ વિ. કઠણ.
૧૦ વિ કંટાળો ઉપજાવે એવું.
૧૧ વિ કીમતી; કીમતમાં વધારે; મોંઘું.
૧૨ વિ. ખોખરું.
૧૩ વિ. ગંભીર.
૧૪. વિ. ગીયોગીય.
૧૫. વિ. ઘણું, બહુ; અતુ જ.
ભારીમાં ભાર છે ભારી કુરિયાદી ન થા કરે, પ્રભુનો ભાર ઉપાડે તે ભારીબોજ ઊંચકે. મામીગીતા
ભારી કરવું = (૧) ઘણું સરસ કરવું. (૨) બહુ કરવું
૧૬. વિ. ધૈર્ય.
૧૭ વિ ગરમીવાળું; કદાવર. ભાંડું.
૧૮. વિ ભડ; ચપળતા રહિત
૧૯. વિ જરૂરનું.
૨૦ વિ ભુલભી.
૨૧ વિ ભોળવણી.
૨૨ વિ મંદ
૨૩. વિ દુર્ધર્ષ; કાબૂમાં ન થઈ શકે તેવું.
૨૪ વિ. દુઃખમય.
૨૫ વિ. ધીમું.
૨૬. વિ પડખો પડે એવું.
૨૭. વિ પારિભાષિક.
૨૮. વિ. પ્રચંડ.
૨૯. વિ. પ્રબલ.
૩૦. વિ. બહાદુર.
૩૧. વિ ભવ્ય.
૩૨ વિ ભાર વહી જનાર; ભાર ઉપાડનાર
૩૩ વિ ભૂતપ્રેતના વાસવાળું.
૩૪ વિ. મજબૂત; જોરાવર.
૩૫ વિ. મદ
૩૬. વિ. માદું.
૩૭ વિ. મુશ્કિલ.
૩૮. વિ. મોટું.
પેટ ભારી થવું = (૧) પેટમાં અપચો થવો. (૨) સગર્ભા થવું
૩૯ વિ વજનદાર; ભારે; ભારવાળું.
૪૦. વિ. ગાઢી; રાગને રોગે એવું.
૪૧. વિ. શાંત.
ભારી રહેવું = (૧) ચૂપ રહેવું. (૨) ધીરે ચાલવું. (૩) હોડીને રોકવી.
૪૨ વિ. સુરત; ચાણક્ષ.
૪૩. વિ. સૂજી ગયેલું; ફૂલેલું.
૪૪. વિ. કિંમતવાન.

ભારીખમું વિ. ગમે નહિ એવું; ટેવ વગરનું
ભારી જલ ન. ઘણું પાણી; 'હૅવી વૉટર'
ભારીતા સ્ત્રી. એક જાતની ભારે માટી
ભારી ધાતુ સ્ત્રી. વજનદાર ધાતુ. જેમકે, સોનું, ચાંદી, સીસું.
ભારીપન [હિં.] સ્ત્રી. ભારે હોવાપણું; ગુરુત્વ.
ભારીભડકમ (ભારીભડાકમ) જુઓ. ભારીભરકમ.
ભારીભરકમ ૧. વિ. ગંભીર.
૨. વિ નમ્ર.
૩. વિ. બહુ કીમતી.
૪. વિ. બહુ ભારે.
૫ વિ. સહનશીલ.
ભારીય સ્ત્રી. એ નામે એક જાતની ધાતુ. 'બેરિયમ'.
ભારીયગંધકિત ન. એ નામનું એક રસાયણ; 'બેરિયમ સલ્ફેટ'.
ભારીયમ ન. ઘણી ગરમીથી પીગળતી રસ જેવી ધાતુ; 'બેરિયમ'
ભારીયહરિતિલ ન. એ નામનું એક રસ રત્ન; 'બેરિયમ ક્લોરાઇડ'.
ભારી લાગ પું. સારો વખત; અનુકૂળ ત
ભારૂંગ [સં.] ન. તે નામે એક કરિયાણું. ન ઔષધિ તરીકે વપરાય છે.
ભારુ ૧. પું. ભપકો.
૨. પું ધીરે ચાલવા માટેનો એક સંકેત.
૩. પું. ભારો
ભારુકચ્છ ૧. પું. એ નામના દેશનો અધિપતિ; ક્ષત્રિય.
૨. ન. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ
ભારૂંડ ૧. [સં.] પું. રામાયણમાં વર્ણવેલું એ નામનું એક વન. તે પંજાબમાં સરસ્વતી નદીના પાસે પૂર્વમાં આવેલું છે
૨. જુઓ ભારંડ
ભારૂંડ દેશ [સં] પું રામાયણમાં વર્ણવેલો એ નામે એક દેશ. તે વીર મત્સ્ય દેશથી, ઉત્તરે આવેલો છે.
ભારૂંડ વન [સં] ન (પુરાણ) કેકય દેશથી અયોધ્યા આવવાના માર્ગ ઉપર આવેલું એ નામે એક વન.
ભારૂંડિ ૧. [સં.] પું (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. એ નામે એક પક્ષી.
૩. પું. એક પ્રકારનું ગાન.

ભારૂ [હિ. ભારુ] પું. ઢાલ; ઢોલનો દાંડ

ભારૂપ ૧. [સં.] પું. આત્મા.
૨. ન. ચિદાત્મક બ્રહ્મ.

ભારૂપ ૧. સ્ત્રી. એ નામે એક નીચ જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.
વૈરેય ઓ વૈરેયબાલ વડે સુધન્વાને, સુધન્વા વડે અવાર્યને, તે વડે આરૂષને, આરૂષ વડે દ્વિજન્માને, દ્વિજન્મા વડે મૈત્રને, મૈત્ર વડે ભાવ્યમૈત્રને અને તે વડે વેદવિદોને ઉત્પન્ન કરે છે. સ્કંદપુ. વૈ.

ભારૂંડ જુઓ ભારંડ.

ભારે ૧. વિ. અગત્યનું; મહત્ત્વનું.
ભારે કરવું = મહત્ત્વ વધારવું; કોઈ વાતને અતિશયોક્તિથી મોટી કરી.
૨. વિ. અઘરું; મુશ્કેલ.
૧. ભારે દિવસ = (૧) અમાસનો દિવસ (૨) મુસીબતનો દિવસ; મુશ્કેલીનો વખત
૨. ભારે દિવસો = દિવાળીની નજીકના દિવસો.
૩. વિ. અનાતુર.
૪. વિ. કઠણ; સખત.
ભારે મિજાજ = ઉગ્ર મિજાજ; કડક સ્વભાવ.
૫. વિ. કીમતી; મોંઘું; કીમતમાં વધારે.
૧. ભારે થવું = (૧) કીમતમાં મોંઘું થવું. (૨) મુશ્કેલ થવું; મુશ્કેલ જેવું પડવું. (૩) મોટા થવું; પોતાની મોટાઈનો ડોળ કરવો. (૪) વજનમાં વધવું
૨. ભારે પડવું = (૧) કીમત વધારે દેવી પડવી; મોંઘું પડવું. (૨) ખર્ચ ઉપરાંત થઈ જવું. (૩) નહિ સહેવાવું. (૪) બોજા જેવું લાગવું. (૫) મુશ્કેલ જેવું પડવું
૩. ભારેમાં ભારે = એક નંબરનું; ઊંચામાં ઊંચું; ઉત્તમોત્તમ; કીમતી; બહોળું.
૬. વિ. જાડું મોટું; જબરું મહાન.
૭. વિ. ચંચળતા રહિત; જડ; સુસ્તીવાળું; ચપળતા વિનાનું; સુસ્ત.
ભારે લાગવું = શરીર સુસ્ત જેવાનું; બીમારીની બેચેની લાગવી.
૮. [સં. ભારિક; અપ. ભારિય] વિ. જેમાં ભાર કોણ એવું; વજનદાર; મહામહેનતે ઊંચકાય તેવું; ભારવાળું; હલકાથી વધારે ભારવાળું. જેમ ભારવાળું; તોલમાં વધારે; જોખવાળું. ભારી.
ઘડી ભારે કરવી = નીચલી પાટલી બદલે ઘડી ઘડી ફેરવતાં બળ પડે તેમ કરવું.
૯. વિ. નિરુત્સાહ; બેદિલ; ઉદાસ; દિલગીર; નાઉમેદ
ભારે દિલે – બિલ ગુદગે.
૧૦. વિ. પચવામાં અઘરું; દુર્જર; મરિષ્ઠ; જલ્દ પચી ન શકે તેવું; પચવામાં મુશ્કેલ.
૧૧. વિ. પુષ્કળ; અતિ; ખૂબ.
પત્ની નામની પ્રાણનાથ નીરખી ભારે પ્રકારે પીડ્યો, આવી દુ:ખી થયેલી કૃષ્ણકરણે સ્તુતિ કરે સૌ સાંભળો પાતળા પર નામના પર કૃપા આવા સ્તવે સ્તોત્રથી, એ શ્રીકૃષ્ણ હમેશા મુજ હૃદયે નિત્યે રમે રંગથી. કૃષ્ણચરિત્રમાળા
૧૨. વિ. પ્રચંડ; ઘોર; દારુણ
13. વિ મોટા અવાજવાળું
૧૪ વિ રોગ, દુ:ખ વગેરેનો જેની ઉપર ભેગ
૧ ભારે ઢોળ એવું
૧. આંખો ભારે થવી – (૧) નીંદર આવવી (૨) રોગ કે દુ:ખની અસર થવી
૨ ભારે આદ્ . મોઢું ગૂમડું; ઓછાયેલ કે કૂણી અવેજ મોટું ગમડું.
૧૫. વિ વે પુ. ભારરૂપ. બોજારૂપ
૧૬ વિ. સમય .
૧. ભારે ઊંડે મજબૂતીને ઊંડા ઠાઠા જતા ઢોળ ઠેબની સ્થિતિઓ.
૨ ભારે પગે દૃઢતાવાળું; સજ્જડ.
૩. ભારે પગે દોવું – સમર્થ દોવું
૪. ભારે વળતી = અસિણી; સમર્થ.
૧૭ વિ સાંકડું; સંકીર્ણ.
૧૮ અ અતિ. ખૂબ
૧૯ ક્રિ જાણ્યું.
૧. ભારે કરી = (૧) અજાયબ જેવું કર્યું (૨) ગજબ કર્યો. (૩) દુ:ખ કર્યું.
૨. ભારે થઈ = (૧) અજાયબ જેવી વાત થઈ. (૨) કમાલ થઈ. (૩) મુશ્કેલી થઈ પડી.
૩. ભારે ભારોભાર મોકણી દોરી = ઠોર પણ રસ્તે જવાની છૂટ દોરી.

ભારે કર્મી ૧. વિ. અભાગી; અશુભકર્મી, કમનસીબ, દુર્ભાગી; બેનસીબ; હતભાગી. દીર્ઘતમા
૨ વિ કર્મઠ ન્
૩ વિ દરિદ્ર.
૪ વિ દુ:ખી
૫ વિ. પાપી, પાપરાણી

ભારેખમ ૧. ન. ગાળીયે
૨ ન. ન સમજી શકાય તેવી ભાષા
૩. ન. પ્રતિજ્ઞા.
૪. ન. મોટપણ, મોટાઈ, મોટપ
૫. વિ. અતિ ભારે; અતિ વજનદાર.
૬ વિ. આબરૂદાર; પ્રતિષ્ઠિત; મોભાદાર; મોભાવાળું.
૭. વિ. ગંભીર; ગમગીન મુખવાળું. હાસ્યવૃત્તિ વિનાનું.
આમ બોલી જગાહિર ભારેખમ થઈ ગયા, થપ્પડ શબ્દોની વરસેના ગબડાવી અથાગ. મ.ભી.ગીતા
૮. વિ. ધણાજ ભારે નીચે દબાયેલું
હું તો ડાહ્યો દાનવ છતે બાજુની ૨ ભારેખમ બેબાડ. પ્રેમાનંદ
૯. વિ. કાયકું
૧૦. વિ. પ્રૌઢ.
૧૧. વિ. મોટું; મોટાઈના ડોળવાળું; વડીલપણું બતાવનાર.
૧૨. વિ સભ્ય

ભારેખમતા જી. ગાંભીર્ય; ગંભીરપણું, ગમગીરતા.

ભારેખમાઈ જુઓ ભારેખમતા.

ભારેજા પું. વાણિયાની ઓરાસી જ્ઞાતિ માહેનો એ નામનો એક જણો

ભારેણું ન. ભાવનગરનું લાડકામાનું નામ.
નગરથી આતા નાળીએર આવ્યા
આવ્યા છે કાંઈ ભારેણા દરબાર ૨. રહિમ.ળી રાસ

ભારે નાણું ન. જે સિક્કા કરાવેલ ખોરવ કરતા વધારે વજનના હોય અગર જેની કીમત કાયદાથી કરાવેલી કીમત કરતાં બજારમાં વધારે ઊપજતી હોય તેવું નાણું; ' હેવી મની '.

ભારેપગી જુઓ ભારેવાઈ.

ભારેલો અગ્નિ પું. રમણલાલ દેસાઈએ રચેલી એ નામની એક ઐતિહાસિક નવલકથા

ભારેવર્ષ જુઓ ભારેવાઈ

ભારેવાણી જુઓ ભારેવાઈ

ભારેવગું ૧. ન. મોટી લાગવગવાળું મહત્ત્વ.
૨. વિ. મોટી લાગવગવાળું.

ભારેવગો પું. મોટી લાગવગવાળો માણસ

ભારેવાઈ [સં. ભાર + વહ્ (ઉપાડવું)] વિ સ્ત્રી. અસિણી; દૃઢતાવાળી; ભારે પગવાળી; સમર્થ, બેઝરી, દમેલવાળી, સર્જવની

ભારેવાય વિ સ્ત્રી. સગર્ભા, ગર્ભવતી; ભારેવાઈ.
ભારેવાયી ભામિની બજારે બંદર બારે રાય.
ઉદયરત્ન રાસ.વસ્તુ

ભારે શરીર ન મેદ રોગ કફકારક પદાર્થ, મધુર અન્ન, મધુર રસ, ઘૃતપાક પદાર્થ અને ખીચડી ખાવાથી આ રોગ થાય છે. મેદ વધવાથી મર્મ કાર્ય વિષે અશક્તિ થાય છે. ઉદરની વૃદ્ધિ થાય છે

ભારે શબ્દ ૧. [સં. ભાર + જિહ્વા (પથ્થરની પાટ)] વિ. જડ; નિર્બુદ્ધ.
૨. વિ. પથ્થરના જેવું, ખૂબ ભારે; જિહ્વા જેવું; બહુ વજનદાર.
૩. વિ. પાચન ન થાય એવું.

ભારે સસ્ત ૧. વિ. ખૂબ ભારે; ઢીમ જેવું; જિહ્વા જેવું ભારે; બમ્બ વજનવાળું.
૨. વિ. ઝટ પચે નહિ તેવું; ભારે ખોરાક.

ભારેસાળ જી. ગુજરાતમાં થતી એ નામની એક જાતની ડાંગર.

ભારૈયા ૧. જી. એ નામની એક કોમ.
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું

ભારો ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. માત્રાંકો પિંગળ પ્રમાણે તે સાદક છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૧૧૦ લઘુ મળી ૧૧૫ અક્ષરની ૧૨૦ માત્રા હોય છે.
૨. પું. (વહ્+ઘઞ્) ખુલ્લા સહનો ઢોલી. માણસ. તેને આપ.રે પવન ઓછોવત્તો લેવાનું કરાય છે.
૩. પું. ઘણી ચીજનું જૂથ; ઘણાનો સમુદાય.
૧. દુઃખનો ભારો = એકસામટું દુઃખ.
૨. સાપનો ભા.રો = મુરાલીએ સમવાય અને સાચવવા જતાં પણ ચિંતા રહે એવી ઘણી બાબતો કે ચીજો જેમાં રહેલી હોય એવો બોજ.
૪. [સં. ભાર] પું. ઝૂડો; ઘાસ, લાકડાં વગેરેને એકત્રિત બાંધતાં થતો બોજ; વસ્તુઓનો એકસાથે બાંધેલો બોજ; પૂળો; મોટી ભારી. મોટું વજન.
૫. વિ. અતિશય; ઘણું.

ભારોઉભારો ૧. પું. ફરીફરીને મદદાનું આવવું તે.
ભા.રાઉભારા થવા = મરણ વખતના છેલ્લા શ્વાસોચ્છવાસ થવા. તેમાં દરદીને ઘડીકમાં ઠીક અને ઘડીકમાં અઠીક લાગે છે.
૨. પું. સંકલ્પવિકલ્પ.

ભારોઠ ૧. પું. ખાડસર; લાકડાનો આડો લાંબો; પાટડો; મોટી વળી; જેની ઉપર પીઠો, માળ વગેરે મંડાય છે તે મોટું લાંબું લાકડું; ભારવટિયો; મોભ; માળમાં આડાં લાકડામાંનું એક. તેના ઉપર પીઢિયાં જડવામાં આવે છે.
૨. પું. બે લાંબા વચ્ચે ઉપલું ચણતર ટેકાવવા નખાતો લાંબો પથ્થર.

ભારોઠિયું ન. પાટડો; ભારવટિયો; મોભ.

ભારોઠિયો જુઓ ભારોટ.

ભારોડી ૧. [સં. ભાર + વૃત્તિ] જી. ઝૂડી; પોટલી; ભિંડી.
૨. જી. ન. લાકડાંની ભારી; સરપણનો નાનો ભારો.

ભારોઠ પું. કૂવા ઉપરના મંડાણ નીચેનું લાકડું; ભારવા.

ભારોઠિયો જુઓ ભારોટ.

ભારોડી (ભારોડો) જિ. ઘૂંટાઉ.

ભારોદ્વરણ [સં.] ન. ભાર ઉપાડવો તે.

ભારોદ્વહ ૧. [સં.] પું. મજૂર.
૨. વિ. ભાર ઉપાડનાર.

ભારોદ્વહન [સં.] ન. ભાર ઉપાડવો તે.

ભારોભાર ૧. વિ. ખૂબ પીધેલ; ખૂબ કેફેલ, નશામાં ચકચૂર.
૨. ક્રિ. વિ. એક પલ્લામાં એક અને બીજામાં બીજું એમ બરોબર; સમતોલ હોય એમ; સરખ વજને; સારે; ભારની બરોબર; સમતોલ.
૩. ક્રિ. વિ. ઘણું; પુષ્કળ; પૂરેપૂરું; ભરપૂર; વજનમાં પૂરેપૂરું.

ભાર્ગ ૧. [સં.] પું. પ્રતર્દનનો એ નામનો એક પુત્ર.
૨. પું. ભર્ગ દેશનો રાજા.
૩. પું. મહાદેવ.
नमोऽस्तु हर शूलभृत् रुद्रिमर शंकर शाम;
सर्व शंभु शिव भीम अज भार्ग हाभरिपु नाम.
પિંગળપ્રકાશ.૫

ભાર્ગકૃત્તિ [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ભાર્ગભૂમિ પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશવંશના ભર્ગ રાજાનો પુત્ર; ભાર્ગવના એક પુત્ર.

ભાર્ગલેશ્વર [સં.] પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ. નર્મદા પર્યાયમાં લખ્યું છે કે: આ સ્થળે કરવપ કુલોત્પન્ન ભાર્ગવ નામના ઋષિએ એક હજાર વર્ષ સુધી તપ કરીને સિદ્ધિ મેળવી હતી.

ભાર્ગવ ૧ [સં.] પું. અસુરોના ગુરુ શુક્રાચાર્ય; શુક્ર; દૈત્યગુરુ; કાવ્ય; ઉશના; કવિ.
ઉશના ભાર્ગવ કાવ્યકવિ, અસુર પુરોહિત નામ;
જગમગતો જોતી રહ્યો, આજે શુક્રની જામ.
પિંગળપ્રકાશ
૨. પું. ચ્યવન ઋષિ.
૩. પું. તીરંદાજ; ધનુર્ધર.
૪. પું. તેજ.
૫. પું. કુપદના નગરનો એક કુંભાર.
૬. પું. પરશુરામ.
૭. પું. ભરદ્વાજનો વતની.
૮. પું. ભારંગી નામે વનસ્પતિ.
૯. પું. ભૃગુના વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.
૧૦. પુ. મહાદેવ
૧૧. પું. મહાભારતમાં જણાવેલો, પૂર્વમાં આવેલ એક પ્રાચીન દેશ.
૧૨. પું. માર્કંડેય.
૧૩. પું. હાથી.
૧૪. પું. હીરો.
૧૫. જી. એ નામની બ્રાહ્મણની એક જાત; ભૃગુપુર ગોટલે કરુચનિવાસી બ્રાહ્મણોનો સમુદાય.
૧૬. ન. અઢાર પાંદેનું એ નામનું એક ઉપપુરાણ.
૧૭. ન. બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.
૧૮. ન. (જ્યોતિષ) શુક્ર ગ્રહ.
૧૯. વિ. બ્રાહ્મણની એ નામની જાતનું.
૨૦. વિ. ભૃગુ સંબંધી; ભૃગુનું.
૨૧. વિ. ભૃગુના વંશમાં ઉત્પન્ન થયેલું.

ભાર્ગવચરિત [સં. ભાર્ગવત] પું. (પુરાણ) એ નામના એક ગ્રંથકર્તા.

ભાર્ગવન [સં.] ન. દ્વારકામાં આવેલું એક વન.

ભાર્ગવપ્રિય [સં.] પું. દારૂ

ભાર્ગવવૈદર્ભિ [સં. ભાર્ગવવૈદર્ભિન્] પું. એ નામે અથર્વવેદનો એક ઋષિ.

ભાર્ગવશિષ્ય [સં.] પું. શુક્રાચાર્યના શિષ્ય બૃહસ્પતિ.

ભાર્ગવી ૧. [સં.] જી. એ નામની એક નદી.
૨. જી. દેવજાની.
૩. જી. પ્રોખડા સોંસી પ્રો; દુર્વા; શતપર્વિકા; સહસ્રવલ્લીવો; કટા; અનતા.
૪. જી. પાર્વતી
૫. જી. લક્ષ્મી. અમરકોષમાં આપેલ તેના પર્યાય શબ્દો: ઈંદિરા, લોકમાતા, મા, ક્ષીરોદતનયા, ક્ષીરાબ્ધિતનયા, રમા, લોકજનની, ક્ષીરસાગરકન્યકા.
૬. જી. વેદપ્રસિદ્ધ એક વિદ્યા.

ભાર્ગવેરા ૧. [સં. ભાર્ગવ + ઈક] પું. પરશુરામ.
૨. ન. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્રનું ગોત્ર.

ભાર્ગાયણ [સં.] પું. ભર્ગનો ગોત્રજ.

ભાર્ગાયન જુઓ ભાર્ગાયણ.

ભાર્ગિ જી. એક જાતનું કરિયાણું; ભારંગ વનસ્પતિ; ભારંગી; ભારંગમૂલ. અમરકોષમાં તેના આપેલ પર્યાય શબ્દો: હ્રુજિકા, કૃજિકા, બ્રાહ્મણી, પદ્મા, બ્રાહ્મણયષ્ટિકા, બ્રહ્મારવલ્લી, બ્રાહ્મણકા, બ્રહ્મક, વર્ધક.

ભાર્ગવ [સં.] પું. (પુરાણ) એ નામના એક

ભાર્ગ્ય [સ.] પુ. એ નામે એક રાજા.

ભારત ૧ ભારત; હિંદુસ્તાન. કવિતામા પ્રયોગ છે

ભારદ્વાજિકા ૧. [સં.] સ્ત્રી. અતિબલા નામની એક વનસ્પતિ.
૨ સ્ત્રી. એક જાતનો જંગલી કપાસ.
૩ સ્ત્રી. ચકલી

ભાર્યા [સં. भृ (ભરણપોષણ કરવું)] સ્ત્રી પરણિતાણી; વહુ; વિવાહિત સ્ત્રી; વિધિથી પરણેલી સ્ત્રી; પત્ની; જોરૂ; સ્ત્રી; જાયા; કલત્ર. જેનું ભરણપોષણ કરવામાં આવે તે સ્ત્રી આ શબ્દથી ભરણપોષણ, માન, લગ્નમાં ખાતર તાબેદારી ઉઠાવવાનો ભાવ વ્યક્ત થાય છે. અમરકોષમાં તેના આપેલ પર્યાય શબ્દો: પત્ની, પાણિગૃહીતી, દ્વિતીયા, સહધર્મિણી, જાયા, દારા.
પશ્ચિમમા સ્ત્રી ભાર્યા છે. ભાર્યામાં નારીત્વની ન્યૂનતા કેન્દ્રિત થયેલી છે. ભારતમાં સામાન્ય પુરુષને મન નારીત્વનું સકળ જાણે માતૃત્વમાં જ સમાયેલું છે. પાશ્ચાત્ય ગૃહમાં પત્ની રાજ કરે છે. ભારતીય ગૃહોમાં માતા. પાશ્ચાત્ય ઘરોમાં મા આવે તો એ પત્નીની તાબેદારી નીચે રહે. પત્નીનું ઘર છે. મા હંમેશા અમારા ઘરોમાં વસે છે. પત્ની રહે છે તેની તાબેદારીમાં. ભાવનાઓની આ વિભિન્નતા જુઓ. વિવેકાનંદ

ભાર્યાર્થ [સં.] પું. ભરણમ માટે પોતાની અને બીજા પુરુષ પાસે મોકલનાર માણસ; પોતાની ઓના ભરણમ ઉપર પોતાનું ગુજરાન ક ૧૨ માણસ.

ભાર્યાર્પક ૧. [સં.] પું. એ નામનો એક પર્વત
૨. પું. એ નામનો એક પર્વત.
૩. પું એક જાતનું ઘરેણું.
૪. વિ. ઐષુ; પોતાની ઓમાં બહુ જ આસક્તવાળુ.

ભાર્યાધિકારિક [સં.] વિ. ઓના કર્તવ્ય વિષેનું

ભાર્યાપતી [સં.] સ.ક.વ. વરવહુ; પતિપત્ની; પતીપાણિગ્રહણી. અમરકોષમાં તેના આપેલ પર્યાય શબ્દો: દંપતી, જંપતી, જાયાપતી.

ભાર્યાર્થિ [સં] પું. પરભાર્યા પાસે જનારો પુરુષ

ભાર્યાવૃક્ષ [સં.] પું. પતંજનું ઝાડ.

ભાર્યોઢ [સં. ભાર્યા (સ્ત્રી) + ઊઢ (જોડે ઉપાડેલું)] પું. પરણેલો પુરુષ.

ભાર્ય્ય [સં.] વિ. ભરણપોષણ કરવા લાયક.

ભાર્ય્યા જુઓ ભાર્યા.

ભાર્ય્યાટ જુઓ ભાર્યાટ.

ભાર્ય્યાટિક ૧. [સં.] પું. એક જાતનો મૃગ.
૨. પું. ઓને વસ્ત્ર વગેરેનો માણસ.

ભાર્ય્યાર્ક ૧. પું. એ નામનો એક પર્વત.
૨ પું એક જાતનું ઘરેણું.

ભાલ ૧. પું. એ નામે એક પ્રદેશ. ધોળકાની આજુબાજુના પ્રદેશને ભાલ કહેવાય છે. ત્યાં ઘઉં બહુ સારા થાય છે.

ધોળેરી ૩ ધોતું બહું, ઘઉં તો છે ભાલનાં
દલપતરામ

ભાલ ઘાલ્યો = પુરુષનો અનાજ ખાવું
૨ પું. (વિકલ્પ) કાનસ નીચે દીવાલથી નીકળતો ૪૮ એકનો ઘર.
૩. પું. ખજર; ખોજ; ગોત; ખણો; ખાળ; શોધ
૪. પું. ગણપતિ.
૫. પું ચોમાસાનું પાણી પચીને જેમાં જેમ રહેલો હોય એવી જમીન; પાણી પચાવનારો પ્રદેશ; માલવાળી જમીન.
૬. પું. તેજ; પ્રકાશ; જ્ઞાન.
૭. પું. ખટકો; ભારેખટકો; મોજ.
૮. પું. ભાલું; બરછો.
૯. પું. મહાદેવ.
૧૦. પું. રેતાળ સાથે રસાળ ભેળી જમીન; ભાઠાની જમીન.
૧૧. પું. (સંગીત) સાત માંહેનો એ નામે એક અલંકાર. તેને પ્રસ્તાર પણ કહે છે.
૧૨. સ્ત્રી. અક્કલ; સમજણ.
૧૩. સ્ત્રી. કુંચી.
૧૪. સ્ત્રી. નકશીનો વેલો.
૧૫. સ્ત્રી. ખાણની અણી; ખાલાની અણી.
૧૬. સ્ત્રી. રજપૂત, ખારવા અને કાઠીની એ નામની એક અટક.
૧૭. ન. એ નામની અટકનું માણસ.
૧૮. ન. કપાળ; લલાટ.
૧૯. ન. નસીબ.
૨૦. ન. રીંછ; ભાલુ.
૨૧. વિ. એ નામની અટકનું.

ભાલકા ન. પ્રાચી તીર્થ પાસેનું એ નામનું એક સ્થળ. શ્રીકૃષ્ણ પારધીના બાણથી અહીં વીંધાયાનું કેટલાક માને છે, પરંતુ શ્રીકૃષ્ણ ભાલકામાં નહિ પણ પ્રાચી તીર્થમાં વીંધાયાનું ભાગવતના ત્રીજા સ્કંધના ચોથા અધ્યાયના શ્લોક ૩, ૬, ૭ અને ૮થી જણાય છે. આ તીર્થ પાટણથી સાત ગાઉ દૂર છે.

ભાલકાતીર્થ ન. પ્રભાસમા આવેલ એક પ્રવિત્ર સ્થળ. તે શ્રીકૃષ્ણના દેહોત્સર્ગનું સ્થળ મનાય છે.

ભાલકારી પું. ભાલો રાખનાર માણસ; ભાલાવાળો માણસ.

ભાલકિયા ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલકૃત [સં. ભાલકૃત્] પું. ગોત્રપ્રવર એક ઋષિ

ભાલચંદ્ર ૧. [સં. ભાલ (કપાળ) + ચંદ્ર] પુ. કપાળ ઉપરનો ચાંદલો.
૨. પું. ગણપતિ; ગણેશ
૩. પું. મહાદેવ; શંકર.
૪. સ્ત્રી. દુર્ગા.
૫. વિ. કપાળ ઉપર ચંદ્રમા જેને છે તેવું; કપાળમાં અર્ધચંદ્ર છે તેવું.

ભાલચંદ્રા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ભાલડિયો શિરકસિયો (ભાલડિયો શિરકસિયો) પું. એક પ્રકારનો શિરકસિયાનો વેલો. તેને ભાલા જેવાં લાંબાં પંદડાં હોય છે.

ભાલણ પું. ઈસ્વી સનના પંદરમા સૈકામાં થઈ ગયેલ એ નામનો ગુજરાતી ભાષાનો એક કવિ. તેનું વતન પાટણ હતું. તેનું બીજું નામ પુરુષોત્તમ બ્રહ્મરાજ હતું. તે વેદાંતી હતો. તેના જન્મનું વર્ષ સંવત ૧૪૬૧ની આસપાસ છે અને તેનું મરણ સંવત ૧૫૪૪માં થયું હતું. નરસિંહના ઉત્તરકાળમાં ભાલણનો ઉદય થયો હતો. ભાલણનો પૂર્વકાળ તે નરસિંહનો ઉત્તરકાળ હતો. નરસિંહનો સમય સંવત ૧૪૭૧થી ૧૫૩૬ સુધી નિર્ણીત થઈ ગયો એમ છે. ભાલણના સમયની તેથી સ્પષ્ટ રેખા દોરી શકાતી નથી. કવિ નર્મદાશંકરે તેને વિક્રમના સત્તરમા સૈકામાં મૂક્યો હતો. તોપણ તેનો જીવનકાળ સોળમા શતકના મધ્ય ભાગમાં આટલી શકાય છે આથી ભાલણનો સમય સંવત ૧૪૯૦થી ૧૫૬૦ સુધી મૂકી શકાય. તે ત્રિવેદી મોઢ બ્રાહ્મણ હતો અને પાટણમાં પીપરા જિલ્લામાં રહેતો. તેને મનુસુંજ, ઉદ્ધવ અને વિષ્ણુદાસ નામે ત્રણ પુત્ર હતા ઉદ્ધવનાં રચેલાં ત્રણ કાવ્યો જાણવામાં આવ્યાં છે: રામાયણ (અપૂર્ણ), અષ્ટમહાદેવ આખ્યાન અને વિષ્ણુસહસ્ર નામ. તેણે ઉત્તર વયમાં સન્યસ્ત લીધું હતું તેની સમાધિ પાટણથી એક ગાઉ ઉપર આવેલા હરિદર મહાદેવના મંદિર પાસે છે. તેના સન્યસ્તાશ્રમનું નામ મધુસૂદનાશ્રમ હતું. તેને વેદાંત ઉપર પ્રીતિ હતી.

તેને રામાયણ, મહાભારત અને પુરાણોનું તેમ જ સંસ્કૃત ભાષાનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન હતું. તે રામનો ભક્ત હોય એમ જણાય છે. તેના ગ્રંથો હાલ મુખ્યત્વે નીચે પ્રમાણે લખ્યામાં આવેલા છે: (૧) હરસ્વરૂપ (શિવ-ભીલડી સંવાદ), (૨) સમરકથી (ચંડીચરિત્ર), (૩) ભલધર આખ્યાન, (૪) મામકો આખ્યાન, (૫) ધ્રુવાખ્યાન, (૬) નળાખ્યાન, (૭) કાદમરી, (૮) દશમસ્કંધ, (૯) મૂળી આખ્યાન, (૧૦) રામવિવાહ, (૧૧) રામ બાળચરિત્ર, (૧૨) કૃષ્ણચરિત્ર, (૧૩) સત્યભામાનું કસાણું, (૧૪) દ્રૌપદી વસ્ત્રહરણ, (૧૫) દુર્વાસા આખ્યાન, (૧૬) સીતા હનુમાન સંવાદ. આમાંથી પહેલા આઠ પ્રકટ થયા છે અને બાકીના અપ્રકટ છે.

ભાલતલ [સં.] ન. કપાળ.

ભાલતિલક [સં.] ન. કપાળમાં કરેલું તિલક.

ભાલદર્શન ૧. [સં.] પું શિવ.
૨. ન. સિંદૂર.

ભાલદાર [ભાલો + દાર (વાળું)] પું. છડીદાર; ઓબદાર; અધિકારીની આગળ છડી પોકારનાર; રાજાની આગળ ચાલનાર સેવક; રાજદંડ ઝાલનારો કર્મચારી, નેઝો પુકારનાર, નકીબ

ભાલદૃશ [સં. ભાલદૃશ્] પું. શિવ.

ભાલદેશ ૧. [સં.] પું. કપાળ.
૨. પું. ભાલ નામનો પ્રદેશ

ભાલન ન. એ નામનું એક ઝાડ; ડિકામાળી.

ભાલનયન [સં.] પું. શિવ.

ભાલનયના [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ભાલનેત્ર [સં.] પું. શિવ; શિવનાં દીકરા માટેનું એક નામ.

ભાલનેત્રા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ભાલપટ્ટ જુઓ ભાલપટ્ટ.

ભાલપટ્ટ [સં.] ન. કપાળ; ભાલતલ.

ભાલપત્ર [સં. ભાલ (કપાળ) + પત્ર (પતરું)] ન. કપાળ; કપાળરૂપી પતરું.
પવિત્રતાની પાટડીઓ જેવા ગાલ ઉપર ભાલપત્રે નાચના સ્નેહલેખ હતા. નાનાલાલ

ભાલપરા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલપ્રદેશ [સં.] ન. કપાળ.

ભાલપ્રીતિકરી [સં.] સ્ત્રી. નર્મદાનાં દીકરા માટેનું એક નામ.

ભાલભ ૧. સ્ત્રી. એક પ્રકારની બેસ.
૨. સ્ત્રી. પથ્થરના પડ વિનાની ગોળટ જમીન. તેમાં થોડી ઊંડાઈએ પાણી નીકળે છે.

ભાલમધ્ય [સં. ભાલ (કપાળ) + મધ્ય (વચ્ચ)] પું. ભરતક વચ્ચ.

ભાલમી સ્ત્રી. જેસની એ નામની એક જાત. જેસની જાત લોકોક્તિમાં નીચે મુજબ કહી છે.

જ્યાં નામ કૂંદી તમાં નાગલું ગોટકવું,
નત્રમું, નાનકવું, કીન નમણા.
ગીયલું, ભૂતકું, ભોજ ભોમાગિયું,
ખીનકું, હાલણી ગજન ભમણા.
ભાલિયું, ખાવડ્યું, ખોપકું, ઝૂંપ્યું,
પૂતળું, દીગલું નામ પ્રગ્ય
ભગારિયું, વેગડ્યું, વાલગ્યું, ભાલગ્યું,
રાણ ખાકુ તમાં ભણ રાજ.
દાડમું, મીણલું, ઢોડકું દડાલું,
ગેલિયું, મૂંગલું, રૂપ ગણીએ.
સાદિયું, બાપલ્યું, ધ્રાખ ને સાકરૂ,
પાડ ખાકદ તમા કેમ ભણીએ.

ભાલરક્ષા [સં.] સ્ત્રી. નર્મદાનાં દીકરા માટેનું એક નામ

ભાલરેખા [સં.] સ્ત્રી. કપાળ ઉપર પડતી રેખા કે કરચલી.

ભાલલોચન ૧. [સં.] પું શિવ. તેમને કપાળમાં ત્રીજું લોચન હોવાનું મનાય છે.
૨. ન. કપાળમા આવેલું નેત્ર.
૩. વિ. કપાળે નેત્ર છે જેને એવું.

ભાલલોચનભાવજ્ઞા [સં.] સ્ત્રી. નર્મદાનાં દીકરા માટેનું એક નામ.

ભાલલોચના [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ભાલવણી ૧. સ્ત્રી. પ્રશંસાલેખ; ભલામણપત્ર; સિફારસ.
૨. સ્ત્રી. ભણાવવું તે; સોંપવું તે.
૩. સ્ત્રી. વસવસીલો.

ભાલવવું સ. ક્રિ. ભણાવવું.

ભાલવું સ. ક્રિ. ધ્યાનપૂર્વક જોવું; સારી રીતે જોવું.

ભાલા જુઓ ભાલું.

ભાલાકા ૧. સ્ત્રી. કચ્છી અને કોળીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલાકાર વિ. ભાલાના આકારનું; ભલ્લાકૃતિ.

ભાલાણી ૧. સ્ત્રી. સોની અને કચ્છીની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલાનાંખટ ન ક્ર વ. એ નામનું બાવામનું એક સાધન

ભાલાની લાઠી ૧. સ્ત્રી એ નામની બાવામની એક રમત.
૨. સ્ત્રી. એ નામનું બાવામનું સાધન.

ભાલાબરદાર ૧. પું. ભાલું ઉપાડનાર માણસ.
૨. પું. ભાલું ફેંકનાર માણસ.

ભાલાભરદાર જુઓ ભાલાબરદાર.૨.

ભાલામા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલા માછલી સ્ત્રી. એક જાતની માછલી. તેનું નીચલું જડબું ભાલાની પેઠે આગળ વધેલું હોય છે. તે પાણીમાંથી અદ્ધર કૂદી શકે છે. આ માછલી મારે આમ નવાઈની વાત એ છે કે, તેનાં હાડકાં લીલા રંગનાં હોય છે.

ભાલારા ૧ સ્ત્રી. કચ્છણી તમા કોળીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલાવત ૧. સ્ત્રી. આજવા ક્ષત્રિય જાતિની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલાવેરો પું. ભાંગ; રિવત.

ભાલાસ્થિ [સં.] ન. આગલું હાડકું; કપાળનું હાડકું

ભાલાળા ૧. સ્ત્રી. લેઉઆ કચ્છીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભાલાળું વિ. ભાલીવાળું; ભાલીદાર.

ભાલાંક ૧. પું. એક જાતની ઝીકરી.
૨. [સં.]. પું. એક જાતનું ઝાડ.
૩. પુ. કરચલ.
૪. પુ ગ્રહનો.
૫. પું. નસીબદાર માણસ.
૬. પું. ભાગ્યનું નિશાન.
૭. પું. રોહિત નામે મત્સ્ય.
૮. પું. લલાટમાં ચિહ્નવાળો પુરુષ.
૯. પું. શિવ.

ભાલાભાલાં જી. છોકરીઓની એ નામની એક રમત જેમાં બે બે છોકરીઓ એકમેકના ખભા ઉપર આડો હાથ રાખે આવી અગિયારેક જોડીઓ એકમેકના નગ્ન મોઢાં કરીને એકમેકની સામે ઊભી રહે. પછી છૂટા રાખેલા હાથને આગળ કરતાં કરતાં અને આમતેમ ખસતા પોતાના જોડીદારના બાલ [illegible] પોતાની સામેની છોકરીઓના [illegible] ફરીથી પૂર્વ આ રીતે ફરી ફરીને કરવામાં આવે છે.

ભાલિ ૧ સ્ત્રી. બરછી

૨. જી. જુઓ ભાલો.

૩ જ. (જૂ. ગુ.) કપાળ.

અક દર્પણ કરિ આરી
નિ વિલક કસ્તી આરિ. ભાલિમકાર

ભાલિની [સં.] જી. નર્મદાનાં દક્ષર માદેનું [illegible] નામ

ભાલિયા ૧. પું. બ વ. એક જાતના ઘઉંઃ બાસ પ્રદેશના ઘઉં.

૨ જી. એ નામની કચ્છી, ખાંટ, કોળી, રબારી અને કડિયા કુંભારની એ નામની એક જાત.

૩ ન. એ નામની જાતનું માણસ.

૪ વિ. એ નામની જાતનું.

ભાલિયા રાવળી ૧. જી. અમદાવાદી રાવળિયાની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨ ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ભાલિયો ૧ પું. એ નામનો સિર મંઢેના ધનેજર ગામડાનો એક અદ્ભુત તાકાતવાળો [illegible] એક વખત ઉત્તર હિંદના એક પહેલવાન મલ્લે જૂનાગઢમાં નવાબ પાસે આવી કોઈ કુસ્તી કરનારની માગણી કરી. લોકોએ કહ્યું કે, કાગો ભાલિયો તેને પહોંચી વળે એવો છે. તેને ગામડામાંથી બોલાવતા મહિને જોઈને હસી કાઢ્યો; પણ જ્યારે બને કુસ્તી કરવા માંડ્યા, થોડા જ વારમાં અરધી કલાક સુધી તે બહાદુર બચ્યો નહિ આથી પહેલવાનને ચીડ ચડતાં [illegible] ઢાંકણીમાં ઢાંકણી મારી. પછી [illegible] આવી અજડાઈથી ગુસ્સે થયો અને એ પહેલવાન મલ્લને ભાલિયાએ ઊંચકીને ફેર ફેરવી દેતાં તેનું માથું હોવાથી [illegible] તે મરી ગયો. નવાબે જ્યારે ખુશ થઈને તેને બક્ષિસ આપવાની ઇચ્છા બતાવી, ત્યારે તેણે કહ્યું કે, મારે બીજા કશું જોઈતું નથી, મને સિરમથી લાકડા કાપીને વેચવામાં તમારા તરફથી, કાંઈ નહિ તો બસ આથી તેને જોઈએ તેટલા લાકડા કાપીને વેચવાની સનદી પરવાનો આપવામાં આવ્યો. તેની તાકાતની બીજી વાત એમ પણ પ્રચલિત છે કે, એક વાર ધૂનાવાળી મોજપરીમાં એક તલનું ગાડું જોતા તેના બોડા તલ માલતા ગાડાવાળાએ તે આપવા ના પાડી આથી ભાલિયાએ તે તલનું ભરેલ ગાડું એમ ને એમ માથે અધ્ધર ઉપાડીને સિરમા કર્યાનું કહ્યું મૂળે દીવ પરની ગાડાવાળાએ તેની તલ આપવાની [illegible] સ્વીકારતા પહેલાં લાવી દીધ તેની બહુ દૂરની અવો ઉંમર પહોંચવાની એક કથા ઊભી છે કે, એક વાર તે નીચો વળીને નદીમાં પડ્યો પેઠે પાણી પીતો હતો. એવામાં એક તરતમાં વિલાયેલ [illegible] તેના [illegible] ઉપર કૂદી પડી. ભાલિયો પગ [illegible] પાણી ઉલેચવા જાય કે દર રાખને, નહિ તો બચ્ચાં રડતી પટ્ટણ આમ બોલીને તેને ભયસમાં દાબી દઈ પોતે તો જેમનો તેમ પાણી પી રહ્યો હતો. આથી તે દીપડી મુશ્કેલીને મરી પણ ગઈ.

૨. પું. ગાજર; માટીનું સાંકડા મોઢાનું વાસણ; મોટો ઘડો.

ભાલિયે ભરવો (૧) પેટ ભરવું. (૨) સંપરી લેવું.

ભાલિયા સુંચો જી. એ નામની. એક દેશી રમત; ઓલિઝ્યુ. તે આસ કરીને ગુજરાતમાં પેટલાદ તરફ રમાય છે.

ભાલી ૧. જી. ભાલો; બરછી.

૨. [સં.] જી. ભાલાનો ઝખમ ભાગ; ભાલાની અણી.

૩ જી. બરછી.

૪. જી. સાંગ.

ભાલુ ૧. [સં.] પુ ઝાડવાનો જોડ.

૨. પું. રીંછ.

૩. પુ. સૂર્ય.

૪. જી. વાલ્મિકીની ચોરાસી માંદેની એ નામની એક જ્ઞાતિ.

૫. જ. એ નામની જ્ઞાતિનું માણસ.

૬. ન. કૂવાડી; કૂવાડુ; સિંચાળની જાતનું એક પ્રાણી

ભાલુ તે નાદ હોવે બહુ બહુ બોલે સિંચાણ.
પ્રેમાનંદ

૭ ન. બરછી; ભાલો.

૮. વિ. એ નામની જ્ઞાતિનું.

ભાલુક જુઓ ભલુ.

ભાલુકિ [સં] પું (પુરાણ) પાંડવોની સાથે દ્વૈતવનમાં રહેનાર એક ઋષિ.

ભાલુકી [સં.] જી. રીંછણ.

ભાલુકોલા પું. વરુ અને સિંયાળની વચ્ચેની જાતનું એક પ્રાણી

ભાલુનાથ [સં.] પું જાંબુવાન; જામવત.

ભાલું ૧ ન. એક જાતનું હથિયાર; છત્રીસ આયુધોમાંનું એક હથિયારઃ એક જાતનું શસ્ત્ર. એક લાંબી મજબૂત લાકડીને તીક્ષ્ણ પાનું જોડીને તે બનાવેલું હોય છે તેની લાકડી રામપુરી પાકા વાંસની બનાવેલી હોય છે. તે લગભગ પાંચ ફૂટ અને પાંચ ઇંચ લાંબું હોઈ તેનો ભાસ લગભગ ચાર ઇંચનો હોય છે. એ વાંસના ઝીણા છેડાને ભાલાનું પાનું જરા ઇંચ ઊંડું બેસાડેલું હોય છે. એ પાનાનો ઉપરનો ભાગ બે કૂટ જરા ઇંચ હોઈ તેને બંને બાજુએ ધાર હોય છે. વાંસમા તે મજબૂત રીતે બેસી રહે તેટલા માટે એક કેનણીદાર ખોલી. જે જગ્યાએ તે પાનું વાંસ ઉપર બેસાડવામાં આવે છે, તે જગ્યાએ મૂકેલી હોય છે. આ પ્રમાણે ભાલું વજનદાર હોય છે. આ રાખ ખાસ કરીને ઘોડા ઉપર બેસી બેઠાં બેઠાં વાપરવાનું હોય છે. મરાઠી સૈન્યમાં આ હથિયારનું મહત્ત્વ ઘણું હતું. તે સમયે તેની હમેશ પૂજા કરવામાં આવતી.

૧. જેવું ભાલું = ચિંતા; ફિકર.

૨. ગિયે ભાલે = ઊંચકમાં; ગજરાટમાં; ગામગેર

૩. ભાલા માથે દેવચકલી આંઠા મારે = વિજયનાં શુકન થયાં. યુદ્ધમાં જો કોઈ યોદ્ધાને વિજય મળવાનો હોય, તો તેની ગજબ સાથીદારે એ વીરના ભાલાની અણી ઉપર એ વીરની કુળદેવી દેવચકલીના રૂપમાં આવીને બેસે છે, એમ એક માન્યતા છે.

૪. ભાલાનું દુઃખ કાંટ.ગે-સોયથી સરવું = મોટા પ્રકારની આપદા થોડું દુઃખ સહન કરવાથી પતી જવી.

૨. ન. બરછી.

૩. ન. હાથીને કાબૂમાં રાખવાનું એક સાધન; અંકુશ.

ભાલૂક [સં.] પુ વૈદ્ય. અમરકોષમાં તેના આપેલ પર્યાય શબ્દોઃ ભલ્લુક, ઋક્ષ, અચ્છભાલ, ભાલ્લુક.

ભાલૂકી ૧. [સં.] જી રીંછણ.

૨. જી. સિંયાળણી.

ભાલેખ [સં. આ (પ્રકાશ) + લેખ (લખવું તે)] જી. છબી; તસવીર; 'ફોટોગ્રાફ'.

ભાલેખક [સં. આ (પ્રકાશ) + લેખક (લખનાર)] પું. છબી પાડનાર; ફોટોગ્રાફ લેનાર; 'ફોટોગ્રાફર'.

ભાલેખન [સ] ન. ઝળી પાડવાની ક્રિયા; સૂરજના અજવાળાની અસરથી ઝળી પાડવાનો ધુમર.

ભાલેખનકલા સ્ત્રી. ઝળી પાડવાની કળા.

ભાલેખનકળા જુઓ ભાલેખનકલા.

ભાલેચા પું. ન. બ. વ. ભાલમાં રહેનાર માણસ.

ભાલેદાર પું. ભાલાવાળો માણસ.

ભાલેસવાર પું. ભાલાવાળો સવાર.

ભાલૈત પું. ભાલાવાળો માણસ.

ભાલો જુઓ ભાલું.

ભલોડ (ભાલોડ) જુઓ ભાલોડું.

ભાલોડિયા (ભાલોડિયા) ૧. સ્ત્રી. હાલારી લોહિયા કે કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભાલોડિયાં (ભાલોડિયા) ન. બ. વ. નાનાં ભાલાં

ભાલોડી (ભાલોડો) ૧ સ્ત્રી કડવા કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

ભાલોડું (ભાલોડું) ૧ ન કાપવો.

૨ ન. તીર; ભાલું, કામઠા ઉપર ચડાવી તાણીને ફેંકવાનું છેડે ફળાવાળું હથિયાર

૩. ન તીરનું પાનું; નાનું પણ ભાલાના ઘાટનું લોખંડનું પાનું

૪. ન. શલ્ય.

ભાલોરા ૧. સ્ત્રી. સુતાર અને કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

ભાલોળિયું ન ભાલનો આકાર

ભાલ્લવિ ૧. [સં] પું સામવેદની એ નામની શાખાનો ભણનાર માણસ

૨. સ્ત્રી. સામવેદની એક શાખા.

૩. વિ. સામવેદની એ નામની શાખાનો અભ્યાસ કરનાર

ભાલ્લવિન પું પ્રાચીન સમયનો એક આચાર્ય; એ નામનો એક ઋષિ.

ભાલ્લવી જુઓ ભાલ્લવિ.

ભાલ્લુક ૧. પું. એક જાતનો વાસ. તે લાંબો કાંટા વિનનો હોય છે.

૨. [સં] પું. રીંછ.

ભાલ્લુકી [સં] સ્ત્રી. રીંછણ.

ભાલ્લું જુઓ ભાલું.

ભાલ્લુક જુઓ ભાલુક.

ભાલ્લૂકી [સં.] સ્ત્રી રીંછણ.

ભાલ્લુકીનાથ પુ નાથ પંથનો એ નામનો એક સિદ્ધ પુરુષ

ભાવ ૧. પું અનુકંપા; દયા

૨. પુ. (જૈન) અનુભાગ; કર્મનો રસ.

૩. પું. અભિનય; ચાળા; ચેષ્ટા; નખરા; મચકો.

ભાવ બતાવવો = નાચવામાં અને ગાવામાં ઇશારા કરવા.

૪ પું. અવસ્થા; સ્થિતિ; હાલત, ચાલુ સ્થિતિ.

૫. પું અસ્તિત્વ, હયાતી; સત્તા, ભવન, હોવાપણું.

૬. પુ અદા; ભાગ.

૭. પું આગ્રહ.

૮. પુ. (ચિત્રા) આઠની સંજ્ઞા.

૯. પુ આત્મા

૧૦ પું (જૈન) આત્માના પર્યાયોની ભિન્ન ભિન્ન અવસ્થા.

૧૧ પુ. આબરૂ; માન, પ્રતિષ્ઠા; આદર; ઇજ્જત, ઐશ્વર્ય.

ભાવ વધવો = (૧) આબરૂમાં વધારો થવો. બધે ઠેકાણેથી માનપાન મળવું. (૨) કીમત વધવી, મોંઘુ થવું.

૧૨ પું આશય, ઇચ્છા; ઊંડાણ; ઝરતો, મતલબ, ધારણા, અર્થ.

ભાવ થવો = (૧) ઇચ્છા થવી; કોઈ પણ વસ્તુને માટે તીવ્ર ઇચ્છા થવી (૨) લાગણી થવી; હેત આવવું.

૧૩ પુ (જ્યોતિષ) એ નામનો એક યોગ.

૧૪ પું એ નામે એક રોગ જે મુખ્યત્વે પેટમાં અને આંતરડાંમાં થાય છે. તેથી નબળો શ્વાસ ચડી ચડીને મરી જાય છે.

૧૫ પું કાર્ય; કૃત્ય; ક્રિયા.

૧૬ પુ. કીમત, દર; મૂલ્ય; મૂલ્ય; લાગત; નિરખ.

૧ ભાવ આવવો-ઉપજવો = (૧) કીમત ઊપજવી; મોંઘુ થવું, સારી કીમત મળવા (૨) હેત આવવું; સ્નેહ ઊપજવો.

૨. ભાવ ઊંચકવા – ભાવ વધી કે ચડી જવા

૩. ભાવ ઊતરવો-ઘટવો = કીમત ઓછી થવી.

૪ ભાવ કરવો-કરાવવો = (૧) કીમત નક્કી કરવી; દર કરાવવો (૨) વધારે કીમત આપવી. (૩) ચેક ભજવવો; ડોળ દેખાડવો (૪) હેત બતાવવું.

૫. ભાવ ખાવો = (૧) નકો આપે તે વેચવું. (૨) મન હોવા છતા પણ બીજાને આગ્રહ કરાવવો; આજીજી કરાવવી; માન લેવું; મોંઘુ થવું; કામ આવવું હોય છતા કરવાની ના પાડવી; માન માગવું, ખુશામદ માગવી.

૬ ભાવ ચડવો = ભાવમાં કે કીમતમાં વધારો થવો

૭. ભાવ પાડવો = (૧) ભાવ આકારવો; કીમત નક્કી થવી (૨) ભાવ નીચો જવો.

૮. ભાવ પડાવવો – (૧) કીમત કે ભાવ નક્કી કરાવવો. (૨) બરોબર કીમત લેવી; ભાવ ખરો.

૯. ભાવ પુછવો = (૧) કીમત પુછવી. (૨) માગણી થવી.

૧૦. ભાવ લેવો = (૧) કીમત પૂછવી (૨) કીમત લેવી. (૩) મન કે ઇચ્છા જાણવાને યત્ન કરવો; મન પારખવું.

૧૧. ભાવમાં ચીરી નાખવું = ખૂબ કીમત લેવી.

૧૨. ભાવમાં માઠું, કાર્ય તોલમાં સાઠું ? = મોંધુ વેચવું એ પાપ નથી, પરંતુ ખોટું બોલવું એ પાપ છે

૧૭. પુ. ક્રિયાનો ભિન્ન ભાવ એવો અર્થ; ક્રિયા.ના કૃદંતનો ભાવ.

૧૮. પુ. ગ્રહ.

૧૯ પું. ગૌરવ.ન્વિત પુરુષ; પૂજ્ય માણસ.

૨૦. પું. મહોનું શુભાશુભ ફળ

૨૧ પુ (જૈન) ચાર નિક્ષેપમાંનો એક નિક્ષેપ; વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવું. તે. જેમકે, રાજકરતા પુરુષને રાજા કહેવો.

૨૨. પું. (જૈન) ચિત્તવિકૃતિ, માનસવિકૃતિ.

૨૩. પુ છપ્પો ભેદ; અર્થ.

૨૪. પું જનાવર.

૨૫ પુ જન્મ, ઉત્પત્તિ

૨૬. પું. (જ્યોતિષ) જન્મ સમયનું નક્ષત્ર.

૨૭. પું. જંતુ.

૨૮. પું. જીવની દશા, અવસ્થા.

૨૯. પુ તાન

૩૦. પું ઢબ, રીત

૩૧. પું દરકાર, કાળજી.

ભાવ પૂછવો = (૧) ખાતરીમાં લેવું; દરકાર કરવી, લેખવવું; પત કરવું. (૨) જરૂર બતાવવી. (૩) દર વિષે પૂછપરછ કરવી

૩૨. પું. (વ્યાકરણ) ધાતુના મૂળમાં રહેલો સાદો અર્થ; ક્રિયારૂપ ધાતુનો અર્થ.

૩૩. પું. ખનિનો એક પ્રકાર

૩૪. પુ નાટકના સૂત્રધારને કરવામાં આવતું સંબોધન; આર્ય ! પૂજ્ય !

૩૫ પું. પદાર્થ; વસ્તુ.

૩૬. પું. (જૈન) પદાર્થના જ્ઞાન માટેના નવ માંહેનો એ નામનો એક અનુયોગ. નવ અનુયોગઃ સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ એ અનુયોગ દ્વારા પદાર્થનું જ્ઞાન થાય છે.

૩૭. પું. (જૈન) પાત્ર.

ભવનગર પરમાત્માની પૂજા કરી, ભક્તિ કરી, સામાયિક કરી, સ્તવસ્વાધ્યાય કર્યો, જપ તપ કર્યો, ભણ્યું કર્યું, પરંતુ તેના ભાવને ન ઓળખ્યા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર ક્રિયા કરવામાં ન આવે, તો ગમે તેટલી ક્રિયા કરો પણ જે લાભ મળવો જોઈએ તે કદી ન મળે. ભવાસુપી દેસ, કાળ, ભાવ અર્થાત્ સ્થાન, સમય અને પાત્રનો વિચાર નહિ કરાય અને એવા વિદ્વાન ધર્મના પ્રચાર માટે, આત્માના કલ્યાણ માટે આપણા સમાજમાં પેદા નહિ કરાય, ત્યાંસુધી આપણું કલ્યાણ થવાનું નથી. આપણા સમાજ તથા ધર્મની ઉન્નતિ કદી નહિ થાય.

વિદ્યાવિજયજી

૩૮. પું. (જૈન) પારમાર્થિક પદાર્થ; ચિત્તચિંતિત ક્રિયાનો અનુભવ કરનારી વસ્તુ.

૩૯. પું. પીડ.

૪૦. પું. પ્રકાર.

૪૧. પું. પ્રજાથી આઠમો સંવત્સર.

૪૨. પુ. (કચ્છી) પ્રમાદી.

૪૩. પું. પ્રાણી.

૪૪. પું. પ્રેમ; નમો; પ્રીતિ; રાગ; વહાલ; સ્નેહ; હેત. ભાવ બે પ્રકારના છે: સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવ. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, અંતકાળે મનુષ્ય જે જે ભાવનું સ્મરણ કરતો કરતો શરીરને છોડે છે, તે પદાર્થ વડે સદાકાળ તેનું મન ભાવનાયુક્ત થયેલું હોવાથી તે તે પદાર્થને પામે છે

દેખીને દર્શી દ્રમ ભાવ અછતું સૌ ભાવ આરોગતા, ભદ્રા ઉંચરી ભાવમાં અચરજે રાજા મને ભાવતા; ઘરસો ને રિશુઓ સહ કરી ગયા શ્રીકૃષ્ણના સંગથી, એ શ્રીકૃષ્ણ રમેશ મુજ હૃદયે નિત્યે રમે રંગથી.

દયાચરિત્રમાળા

૧. ભાવ કરીને આપવું = પ્રેમથી ધર્માદામાં આપવું

૨. ભાવ રાખવો = માહવું; પ્રેમનો ઊમળકો રાખવો; હેત, પ્રીતિ રાખવાં. જે જન જેવી ધર્મ્યા મન ધરે રે, તેને તો તેવી સેવા ફળે રે; જે જેવ ભાવે કરી પ્રભુ સેવે રે, તેને તેવી કૃપા કરે દેવ રે.—પદ્મપ્રભ શ્રીમદ્ ભાગવત

૪૫. પું જુદ્ધ

૪૬. પુ ભરોસો; વિશ્વાસ; શ્રદ્ધા; આસ્થા.

૪૭. પું. ભાવના; લાગણી.

ભાવનું ભૂખ્યું = ભાવનાનું ભૂખ્યું.

૪૮. પું (જૈન) મનના પ્રણામ.

૪૯. પું. મનમાં ઊપજતી વૃત્તિ; મનનો વિચાર; મનોભાવ. ગુસ્સો કે કામનાથી લાગણી; ચિત્તવૃત્તિ

ભાવ તેવી ભક્તિ = મળે તો દેવ, નહિ તો પથ્થર; ભાવના તેવી સિદ્ધિ.

૫૦. પું. ભાવ.

૫૧. પું. મૂળ કીમત.

૫૨. પું. મોહ.

૫૩. પું. (જૈન) મોહનીય કર્મની પ્રકૃતિને ઉદયમાં પરોક્ષથી થતાં જુદાં જુદાં પરિણામ. તે ૭ છે: ઔદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયક, પારિણામિક અને સંનિપાતિક.

૫૪. પું. (જૈન) જીવનું પરિણામ.

૫૫. પુ. યોનિ

૫૬ પું. રસ ઉત્પન્ન કરવાની વૃત્તિ. તે વિભાવ, અનુભાવ, સાત્ત્વિક ભાવ, વ્યભિચારી ભાવ ને સ્થાયી ભાવ એમ પાંચ છે.

૫૭ પું. (જૈન) રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ગુણ

૫૮. પું. (જ્યોતિષ) ગ્રહાદિથી તનુ વગેરે જન્મકુંડળીમાંનાં બાર ભાવ.

૫૯. પું વખાણ.

ભાવ આપો = વખાણ કરવાં.

૬૦. પું. વખાણરૂપી કવિતા; સ્તુતિકાવ્ય.

૬૧. પું. વજન.

૬૨. પું. વસ્તુધર્મ; વસ્તુનો ગુણ; પ્રભાવ.

૬૩. પું. વિચાર; અભિપ્રાય.

બાપ નીચ ન કોઈ છે, ઊંચ્ચ કરે ભાવથી, આત્મજ્ઞાનીતિથી જે એવા દીસતી બધે.

આપીપીતા

૬૪. પું. વિદ્વાન.

૬૫. પું વિધિ; કર્તવ્યોપદેશ.

૬૬. પું. વિભૂતિ.

૬૭. પું. વિષ્ણુનાં ઉત્તર માંહેનું એક નામ.

૬૮. પું. વેરો.

૬૯. પું. શિવનાં ઉત્તર માંહેનું એક નામ.

૭૦. પું. શુભાશુભ ફળ.

૭૨. પું. (સંગીત) સંગીતનું પાંચમું અંગ. તેમાં પ્રેમી કે પ્રેમિકાના સમોગ કે વિયોગથી થનારા સુખદુઃખના કોઈ અનુભવ સારીરિક ચેષ્ટા વડે પ્રયત્ન કરીને દેખાડવામાં આવે છે.

૭૨ પું. સંસાર; જગત; દુનિયા.

ભાવ છોડવો = દેહત્યાગ કરવો; મરણ પામવું.

૭૩. પું. સરકાર.

૭૪. પું. (ભાષાવિજ્ઞા) સામાન્ય નામ ઉપરથી ભાવવાચક નામ બનાવનાર એક પ્રત્યય. જેમકે, શિષ્યભાવ, પુત્રભાવ.

૭૫. પું. સારાંશ; તાત્પર્ય; ખૂબી. તેના બાર પ્રકાર છે: પ્રાગ્‌ભાવ, પ્રધ્વંસભાવ, અત્યંતભાવ અને અન્યોન્યભાવ

૭૬. પું. સૂર્યનું એક નામ.

૭૭ પું. સ્ત્રીઓના યૌવનકાળમાં સત્ત્વથી બનારા અઠ્ઠાવીસ માંહેનો પહેલો અલંકાર.

૭૮. પું સ્વભાવ; સ્વરૂપ; પ્રકૃતિ.

ભાવ બગડવો = અનિસ્વભાવ ઉપર જવું; હોય એ એના બદલે બીજું; પોતાપણું દેખાડવું; પોત પ્રકાશવું; સ્વભાવ પ્રમાણે વર્તવું.

૭૯. પું. સ્વરૂપ; સ્થિતિ.

૮૦. પુ. હયાતી; અસ્તિત્વ; હોવું તે.

૮૧. વિ પ્રપંચરૂપે ઉત્પન્ન થનાર.

૮૨. વિ. શિવનું.

૮૩. વિ સંસારનું; સંસાર સબંધી.

૮૪. વિ. સુદ્દમ. જેમકે, ભાવાર્થ

ભાવઅભાવ [સં. ભાવ + અભાવ] પું. પ્રીતિ અને અણગમો; ભાવાભાવ.

ભાવઆરોપ્ય વિ. (જૈન) કર્મરૂપી રોગથી રહિત થવું તે; આત્મસ્વરૂપરમ થવું તે; સિદ્ધ થવું તે.

ભાવઆર્ય પું ભાવના નવ માંહેનો એક પ્રકાર; સારિત્ર વૃત્તિનો માણસ.

ભાવઆશ્રવ પું (જૈન) એક વિકારી ભાવ.

જ્યાં કર્મના ઉદયમાં જોડાણ કરી પુદ્ગલ-પાપનો જે વિકારી ભાવ છવ કરે છે તે ભાવઆશ્રવ છે અને તે ભાવનું નિમિત્ત પામી પુદ્ગલપાપરૂપ કર્મપણે થવાની યોગ્યતાવાળા રજકણો છવ પાસે એક ક્ષેત્રે આવે છે તે દ્રવ્યઆશ્રવ છે. છવ પુદ્ગલપાપના આશ્રવરૂપ જેવા ભાવો કરે, તેનું નિમિત્ત પામીને તે પ્રમાણમાં તેવા જ પુદ્ગલપાપરૂપ રજકણો બંધાય છે. સમયસારજી પર પ્રવચન

ભાવઆંક પું. જે ઉપરથી વસ્તુઓના ભાવમાં બજારમાં થયેલી વધઘટ દર્શાવવામાં આવે છે તે આંકડો. આ આંક કોઈ સામાન્ય વર્ષને ભાવના પાયા તરીકે લઈને, તે વખતના ભાવમાં પછીથી કેટલી વધઘટ થઈ તે ટકામા દર્શાવવામાં આવે છે. જેમકે, ૧૯૩૯મા વસ્તુઓના ભાવ ૧૦૦ બરાબર મણીએ તો તે વખતના ભાવોને હિસાબે ૧૯૪૭ના નવેમ્બરમા અમદાવાદમા ચીજોનો ભાવ ૨૧૬ થયા હતા. જુદી જુદી ૬રેક ચીજના ભાવની વધઘટ આ રીતે દર્શાવી શકાય. જુદી જુદી વખતની વસ્તુઓના જુદા જુદા સમયના ભાવ સરખાવીને જીવનખર્ચનો આંક કાઢવામાં આવે છે. બધી વસ્તુઓનો વપરાશ એકસરખો હોતો નથી, એટલે વસ્તુઓની વપરાશના પ્રમાણમાં બહુતરીના

કોઠામાં તેમને ઓછુંવત્તું મહત્ત્વ આપીને ભાવનો આંક કાઢવામાં આવે તેને વજનવાળો આંક અને બધી ચીજોના વપરાશનું સરખું જ પ્રમાણ ગણીને આંક મઢવામાં આવે તેને બિનવજનવાળો આંક કહે છે.

ભાવમાંહેનું પોરસ્યું વ. જુદી જુદી વપરાશની વસ્તુઓના ભાવની અંદરોઅંદર ખાનામાં કાઈ તે વસ્તુઓના ભાવમાંક મુજબ ભાવમાં વધારો ઘટાડો કરવામાં આવે તેનું પોરસ્યું.

ભાવઇંદ્રિય સ્ત્રી. (જૈન) લબ્ધિ અને ઉપયોગરૂપ ઇંદ્રિય

ભાવઉતાર પું. સરકાર તરફથી લિક્કાની કીમતમાં કરવામાં આવતો ઘટાડો

ભાવક ૧. [સ] પું. ચાહનાર મિત્ર.

૨. પું. પ્રેક્ષક.

૩. પું. ભક્ત; પ્રેમી; અનુરાગી.

૪. પું. મનોવિકાર.

ભાવક ને વિજ્ઞાનનું જે જ્ઞાન થાય છે તે (૧) અવિરોધરૂપ, (૨) દેશકાળથી પર, (૩) કલાનુભવમાં નડતાં વિઘ્નોથી પર અને (૪) સાક્ષાત્કારરૂપી પ્રતીતિવાળું હોય છે અને તે અનાદિ હોય છે અને આ અનાદિ વાસનાથી ભાવકનું ચિત્તરાગ્ય ચમત્કાર અનુભવે છે. આ ચમત્કારનો અનુભવ તે અભિન્ન સંવિત્

કાવ્યવિવેચન

૫. પું. વાચક.

૬. પું. ભોક્તા.

૭. વિ. ઉત્પાદક; ઉત્પન્ન કરનાર.

૮. વિ. ભાવનાર; ચિંતવનાર; ખ્યાલ કરનાર; ધ્યાતા

૯. વિ. ભાવપૂર્વક; ભાવથી કરેલું.

૧૦. વિ. કોવાયપણાના આક્રમણવાળુ.

ભાવક એટલે બનાર અને ભાવક જે દ્વારે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ ધર્મો ભાવ્ય છે. ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન જેવડો એકમેકતા હોય છે. ભાવક આત્મા અંશી છે અને ભાવ્યરૂપ સમ્યગ્દર્શનાદિ ધર્મો તેના અંશો છે. પ્રવચનસાર

૧૧. વ. થોડુક; જરાક; કિંચિત્

ભાવકત્વ [સં.] ન. કાવ્યમાંની એક વૃત્તિ.

ભાવકર્તૃક [સં.] વિ. (વ્યાકરણ) ક્રિયાપદના ત્રણ ભાંહેના એક પ્રકારનું; ભાવ છે કર્તા જેનો એવા પ્રકારનું.

ભાવકર્મ ૧. [સં.] ન. (જૈન) કર્મના ત્રણ ભાંહેનો એક પ્રકાર; પ્રેમ, મોહાદિ; રાગદ્વેષ અને મોહયુક્ત ભાવ; જીવનો વિકારી ભાવ; જૈન દર્શન કર્મને પુદ્ગલરૂપ માને છે અને તેના ઉદયથી આત્મામાં જે શુભાશુભ પરિણામ થાય છે તે ભાવકર્મ કહેવાય છે. ભાવકર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે.

૨. ન. શુભ અશુભ ભાવમાં જોડાવું

ભાવકર્મગુપ્તિ સ્ત્રી. (જૈન) ત્રણ ભાંહેની જે નામની એક કર્મકેદારા; રાગદ્વેષ વગેરે વિભાવ

આત્માની પહેલી નોકર્મગુપ્તિ તે શરીરાદિ, બીજી દ્રવ્યકર્મગુપ્તિ તે જ્ઞાનાવરણાદિ અને ત્રીજી ભાવકર્મગુપ્તિ તે રાગદ્વેષાદિ.

અનુભવપ્રકાશ

ભાવકાલ [સં.] પું. (જૈન) ઉદય આદિ છ ભાવોની સ્થિતિ

ભાવકેતુ [સં.] પું. (જ્યોતિષ) અકુશરી માહેનો જે નામનો એક ગ્રહ.

ભાવકોષ્ટક [સં.] ન. વસ્તુની કીમત દર્શાવનારો કોઠો.

ભાવક્ષિત દોષ પું. (જૈન) સંયમીને આહાર આપવામાં થતો જે નામનો એક દોષ; સાધની જ્યારે આવે ત્યારે પ્રથમ આદિ વિદ્યા અને મેટ્રાદિ મંત્રોના બદલામાં આહાર સાધુને આપવો તે ભાવક્ષિત દોષ

ભાવક્ષમતા ૧. [સં.] સ્ત્રી. પ્રત્યક્ષ બોગ્યતા.

૨. સ્ત્રી. વેદન.

ભાવગત [સં.] વિ. આત્મગત; આત્મલક્ષી, સ્વાનુભવી

ભાવગત દોષ [સં.] પું. (જૈન) આહારની વસ્તુમાં નહિ પણ મનના પરિણામમાં મલિનતા હોવાનો દોષ

ભાવગતિ સ્ત્રી. ઇરાદો; ઇચ્છા; વિચાર.

ભાવગમ્ય ૧. [સં.] વિ. કાલ્પનિક. માનસિક.

૨. વિ. ભક્તિભાવથી જાણવા બોગ્ય; ભાવ વડે જાણી શકાય તેવું

ભાવગંભીર [સં.] વિ. ગંભીર ભાવોવાળું.

ભાવગીત ૧. [સં.] ન. (કાવ્ય) ચૌદ લીટીનો કાવ્યખંડ; ' સોનેટ '

૨. ન. ભાવ ભક્તિ કરતું કે ભાવપ્રધાન ગીત.

ભાવગ્રહણ [સં.] ન. સાર લેવો તે.

ભાવગ્રાહક [સં.] વિ. બરાબર અર્થ બતાવનારું.

ભાવગ્રાહી ૧. [સં. ભાવગ્રાહિન્] વિ. ઝટ અસર થાય એવું; ચંચળ.

૨. વિ. ભાવ કે તાત્પર્યને ગ્રહણ કરનાર; ભાવને ગ્રહણ કરનાર.

ભાવગ્રાહી [સં] વિ. ભક્તિ વડે ગ્રહણ કરવા બોગ્ય; જેને ગ્રહણ કરતાં પહેલાં મનમાં ભક્તિભાવ આણવાની જરૂર હોય તેવું.

ભાવઘેલડું (બા.વઘેલડું) જુઓ ભાવઘેલું.

ભાવઘેલું વિ. ભાવના પ્રવાહે દોરાનાર; ભાવાર્યો; ભોળું, ગ્રહાળુ; હેતાળ.

ભાવચડાવ (ભાવચડાવ) પું. સરકાર તરફથી લિક્કાની કીમતમાં કરવામાં આવતો વધારો

ભાવચિત્ર [સ.] ન. ભાવથી ભરેલું ચિત્ર.

ભાવજ ૧. [સ.] પું. કામદેવ.

૨. સ્ત્રી. ભાર્યા; ભાભી; ભાતૃજાયા.

૩. સ્ત્રી. ભાવ; હેત.

૪. સ્ત્રી. ભાર્યા; સ્ત્રી.

૫. સ્ત્રી ભાજાની વહુ.

૬. વિ. ભાવથી ઉત્પન્ન થયેલું.

ભાવજલ [સ.] ન. સ્નેહરૂપી પાણી.

ભાવજળ જુઓ ભાવજલ.

ભાવજ્ઞ [સ.] વિ. અભિપ્રાય જાણનાર.

ભાવટ જુઓ ભાવડ.

ભાવઠ ૧. સ્ત્રી. અકળામણ; ઉચાટ.

૨. સ્ત્રી આપદા; પીડા; મુસીબત; મુશ્કેલી; વિટંબણા; વિપત્તિ.

૩ [સં. ભાવ + વૃત્તિ] સ્ત્રી. ધૂન્યા; વાસના

૪. સ્ત્રી. ઉપાધિ; કષ્ટ; કલેશ; કંકાસનું કારણ.

૫. સ્ત્રી. ખામી.

૬. સ્ત્રી દરીદ્રાઈ, દરિદ્રતા, દારિદ્ર્ય; કંગાળપણું; નબળી સ્થિતિ; ખૂબ.

૭. સ્ત્રી. ગંદી સ્ત્રી.

૮. સ્ત્રી. જજાળ; પંચાત.

ભવની ભાવઠ જવા-ટળવી-ભાગવી = દુનિયાની જજાળમાંથી મુક્ત થવું; જંજાળમાંથી છૂટવું.

૯. સ્ત્રી. વિચાર; મનોવ્યાપાર.

૧૦. સ્ત્રી હમેશનું દુઃખ.

ભાવઠી ૧. વિ. કંગાળ; દરિદ્રી; દુઃખી.

૨. વિ. માલ એટલે ઢોરની સંભાળ ન રાખનાર.

માડું લેવું આમચીનું ને ઢોર લેવું ભાવઠીનું = ભાગીદારીમાં માડુ લેવાથી પૂરતી સમજદારી જળવાઈ રહે અને કંગાળનું ઢોર લેવાથી તે ચારેલું ન હોવાથી ગમે તેવો બાસઠારો આપે ખરું.

ભાવડ (ભાવડ) ૧. પું. અનેવી.

૨. પું. વહનો ભાઈ; સાળો.

૩. સ્ત્રી. કોઈના અવગુણ પ્રકટ કરવા તે; કોઈ ને આપે કરવા માટે તેના અવગુણો કહેવા તે.
૪. સ્ત્રી. ઇજારદાર; ભૂખ.

ભાવઠિયો (ભાવઠિયો) પું. બનેવી.

ભાવડું (ભાવડું) ન. ભાવડું; ભોડું; આબુ પર્વતમા રહેનારા જંગલી લોકો; પહાડી પ્રજા.

ભાવતબીજ સ્ત્રી. ભારતક સુદિ બીજ; ભાઇબીજ; યમદ્વિતીયા.

ભાવતરંગ [સં.] પું. ભાવની લહેર.

ભાવતાલ પું. બજારની રૂખ, ભાવપાટ; બજારભાવ.

ભાવતાવ [હિ] પું. કોઈ વસ્તુનું મૂલ્ય કે ભાવ, દર

ભાવતીર્થ [સં] ન. સુંદર વિચારરૂપી તીર્થ. શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલાં જે જે ભાવ તીર્થો છે, તેને વિષે આસ્તિકય બુદ્ધિ હોય છે એટલે તે તીર્થ પડે શાસ્ત્રમાં કહેલું ફળ મળશે એ પ્રકારની સાચી શ્રદ્ધા હોવી તેને ભાવ કહે છે. જે વસ્તુમાં એવો ભાવ મોટો હોય છે કે તે પડે નિશ્ચય કું સંસારભ્રમણથી તરીશ, તે ભાવતીર્થ કહેવાય છે.

ભાવતું વિ. મનગમતું; પસંદ પડતું; રુચતું, સુખકર; સુખદ; પ્રેમ રાખતું; બંધબેસતું; અનુકૂળ.
ભાવતું હતું ને વૈદે કહ્યું–જતાવ્યું = જે વસ્તુ ગમતી હતી તેમાં બીજાનો ટેકો મળ્યો.

ભાવતૃપ્તિ [સં.] સ્ત્રી. ભાવની તૃપ્તિ; સંતોષ.

ભાવતોડ હરીફાઈ (ભાવતોડ હરીફાઈ) સ્ત્રી. કોઈ રાષ્ટ્ર કે વેપારીએ બીજા રાષ્ટ્ર કે વેપારીના ઉદ્યોગને નુકસાન કરવાના ઇરાદા બેસાડી દેવાના ઇરાદાથી, સામો વેપારી કે રાષ્ટ્ર તે માલ વેચી શકે તેનાથી સસ્તી કીમતે બજારમાં માલ વેચવો તે. માલનું લાદણ; 'ડમ્પિંગ'. આ રીતની હરીફાઈમાં સસ્તી કીમતનો માલ પૂરતા પ્રમાણમાં બજારમાં મૂકવામાં આવે છે. કોઈ વખત એ વસ્તુની મૂળ કીમત કરતાં પણ ઓછે ભાવે વેચવામાં આવે છે. તેથી નવા વેપારીઓ કે નાના વેપારીઓ તે ભાવથી માલ વેચી શકતા નથી અને તેમને તે ધંધામાંથી બસી જવું પડે છે. તેઓ બસી ગયા પછી અને બજાર ઉપર પોતાનો કાબૂ જામી ગયા પછી, સસ્તા ભાવે બજારમાં માલ ખડકીને ભાવતોડ હરીફાઈ કરનાર પોતાના માલનો ભાવ વધારી મૂકી પોતાની ગુમાવેલી ખોટ વારંવાર કરી લાભ નફો ઉત્પન્ન કરે છે.

ભાવત્વ ૧. [સં.] ન. વિધિમુખ એટલે અભાવરૂપ નહિ એવી પ્રતીતિ થવાપણું
૨. ન. (વેદાંત) સમવાય સંબંધે કરીને કે એકાર્થ સમવાય સંબંધે કરીને જે સત્તા જાતિમત્ત છે તે. જેમકે, દ્રવ્ય, ગુણ, કર્મ એ ત્રણમાં તો સત્તા જાતિ સમવાય સંબંધે કરીને રહે છે અને સામાન્ય, વિશેષ, સમવાય એ ત્રણ પદાર્થમાં તો સત્તા, જાતિ એકાર્થ સમવાય સંબંધે કરીને રહે છે, એટલે દ્રવ્ય, ગુણ, કર્મ રૂપ એક અર્થમાં સત્તા જાતિ સમવાય સંબંધે કરીને રહે છે, તે દ્રવ્યાદિ રૂપ એક અર્થમાં ને સામાન્યાદિક ત્રણે પદાર્થ પણ સમવાય સંબંધ વડે રહે છે. એનું નામ એકાર્થ સમવાય સબંધ છે. જો કે સમવાય દ્રવ્ય ગુણાદિકમાં સમવાય સંબંધે કરીને રહેતો નથી, પણ સ્વરૂપ સંબંધે કરીને રહે છે, તથાપિ સમવાયનો સ્વરૂપ સંબંધ સમવાયરૂપ જ છે એવી રીતે એકાર્થ સમવાય સંબંધે કરીને સત્તા જાતિ સામાન્યાદિક ત્રણે પદાર્થોમાં રહે છે માટે એ ભાવત્વનું લક્ષણ થયું છે.

ભાવદયા [સં.] સ્ત્રી. (જૈન) બીજા જીવને દુઃખિતને જોતો દેખીને અનુકંપા બુદ્ધિથી ઉપદેશ આપ્યો તે.
હિંસા કરનારી કે કસાઈ જેવા ચોર પાપીને જોઈને પણ તેની ઉપેક્ષા ન કરવી, પણ તેને હિતામક્ષિ હૃદય સમાન અનુભવાય એવો જે તે તે પ્રકારે દે છે, કર્મ તેને નબાની રક્ષા છે એવા વિચાર કરવા તેનું નામ ભાવદયા છે. વિચારવિજયજી

ભાવદર્શક ૧. [સં.] વિ. ભાવ બતાવનાર
૨. વિ. ભાવની પ્રતીતિવાળું; 'એક્સ્પ્રેસિવ'.
કોઈ પણ વિષયમાં અર્થસૂચનની પ્રતીતિ ભાવદર્શક 'એક્સ્પ્રેસિવ' નહિ પરંતુ અભાવદર્શક 'નેગેટિવ' છે, અર્થાત્ તે વિષયની કિંમતમાંના વિચારો વચ્ચે વિરોધનો અભાવ તે જ તે પ્રતીતિનું કારણ છે.
હરસિદ્ધભાઈ દિવેટિયા

ભાવદર્શન ૧. [સં.] ન. પોતાની લાગણી અમુક તેવું દૃશ્ય કરી બતાવવું તે.
૨. ન. હૃદયની લાગણી બતાવવી તે.

ભાવદેવ [સં.] પું. (જૈન) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ.

ભાવદ્વૈત [સં.] ન. ભાવનાનું દ્વૈતપણું.

ભાવધર્મ [સં] પું. (જૈન) આત્મશુદ્ધિ. કેવલ શુભ પ્રવૃત્તિને દ્રવ્યધર્મ અને આત્મશુદ્ધિને ભાવધર્મ કહેવામાં આવે છે.

ભાવધ્વનિ [સં.] સ્ત્રી. (અલં) ધ્વનિનો એક ભેદ. તેમાં ભાવનું પ્રાધાન્ય હોય છે.

ભાવન ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તર મનુના મન્વંતરમાંનો એ નામનો એક દેવ.
૨. પું. ઉત્પન્ન કરવું તે.
૩. પું. કલ્પના.
૪. પું. વિચાર; ખ્યાલ; મનન.
૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ સમસ્ત લોકોઓને ફળો ઉત્પન્ન કરીને આપે છે, તેથી તે ભાવન કહેવાય છે, એટલે કે ભગવાન સર્વ ફળદાતા છે. સ્વર્ગ, ઉત્પન્ન બનારા, સર્વ પ્રાણિઓને પોતપોતાની ભાવના પ્રમાણે ફળ આપનારા પણ તે જ છે, વળી અદૃશ્યમાંથી દૃશ્ય બનારા પણ તે જ છે, તેથી તે ભાવન કહેવાય છે
૬. ન. એક જાતનું ઘૂપ
૭. ન. ગુગળ ન
૮. ન ચિંતા.
૯. ન. પર્યાલોચના; સમીક્ષા.
૧૦. ન. પુરુ; ઓષધોનો એક જાતનો સરકાર.
૧૧. ન. ભાવના; ભાવવું તે
૧૨. ન. મહેણું; ટોણ; ટોમણો; મર્મવચન.
૧. ભાવન પડાવવું = મરકરી કરવી.
૨. ભાવન પાડવાં = ટોણો મારવો
૧૩. ન. વાસિત કરવું તે.
૧૪. ન. સોનું ગોરનું એ ન.મનું એક પ્રકાર.
૧૫. વિ ઉત્પન્ન કરનાર; પેદા કરનાર.
૧૬. વિ. કલ્યાણ કરવાવાળું
૧૭. વિ. ગમે એવું; મનગમતું; ભાવતું
૧૮. વિ. પવિત્ર કરવાવાળું
૧૯. વિ. ભોક્તા માટે ફળ ઉત્પન્ન કરનાર.

ભાવનગર ન. સૌરાષ્ટ્રમાં ખલાતના અખાત ઉપર આવેલું એ નામનું બારું, અમદાવાદના વખતમાં ભાવનગર રાજ્ય ન હતું, તાલુકો હતો અમદાવાદના કલેક્ટર નીચે રાજા એક જિનઅખત્યારી તાલુકદાર જેવા હતા. વસ્તિ પેસમારી અસલ ૧૧૫૦૦૦ની હતી તે વધતી વધતી ૫૨,૦૦૦ થઈ હતી. તળ ભાવનગરમાં સરકારી અમલ હતો. રાજસત્તા ગયે, ધોધા ધંધૂકાનાં ગામોના બેદૂત મા.મ.કરેલ જપ્તીથી વસૂલાત ઊભરવાની ચિંતા પડતી. તાંબાનાણું પાડવાની ટંકશાળ પૂર્વે ભાવનગરમાં હતી તે વજેસંગ મહારાજે બંધ પાડી હતી સાબરવરો વપ્યો હતો. મીઠાનો કર ૧૮૪૪મા બમણો થયો હતો. દીવાની કોજદારી કેસોમા મહારાજ ખુદને જિલ્લાની કોર્ટમા હાજર રહેવું પડતું. રાજ્યતંત્રની પ્રતિષ્ઠાહાનિના પણ પ્રસંગો ઉદ્ભવતા. મહારાજ વખતસિંહજી, મહારાજ વિજયસિંહજી, મહારાજ અખેરાજજી ને મહારાજ જશવંતસિંહજી અમ ચાર પેઢી સુધી સરકારે ૧૧૬ ગામ ઉપરથી ભાવનગર મહારાજનો રાજ્યાધિકાર રદ

કોષો હતો. ત્યાર પછી અઢાર વર્ષના અખંડ ને એકનિષ્ઠ મહાપ્રયાસે ગયા ઓગણીસે અને સિત્તેરમાં સ્થાપત્યો આપ્યો. મૃતપ્રાય થયેલો રાજ્યાધિકાર સજીવન કીધો, ૧૧૬ ગામ ભણે પાછાં જૂની પેર લાવ્યા ભાવનગરના ગરાસિયાની ભાવનગરના મહારાજપદે પાછી પ્રતિષ્ઠા કીધી, ભાવનગર રાજ્ય ભણે પુનઃ સંસ્થાપ્યું.

ભાવનગરી ૧. સ્ત્રી. પારસીમાં એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ,

૩ વિ. એ નામની અટકનું

૪. વિ ભાવનગરનું; ભાવનગરને લગતું

ભાવનગરી સુથાર ૧. સ્ત્રી. સુથારની એ નામની એક પેટા જાતિ

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું

ભાવનપુંસકવેદ પું. (જૈન) સ્ત્રી પુરુષ બંનેના સંસર્ગસુખની અભિલાષા.

ભાવનબીજ સ્ત્રી. કારતક સુદિ બીજ; ભાઈબીજ

ભાવનમસ્કાર [સં.] પું. એકાગ્રતાપૂર્વક કરાતો નમસ્કાર.

ભાવના ૧. [સં.] સ્ત્રી. (જૈન) અધ્યવસાય. જેવી ભાવના તેવો કર્મનો બંધ પડે છે

૨ સ્ત્રી. અનુભવથી બનાર સ્મૃતિનું કારણ એવું સંસ્કાર; અનુભવજન્ય સ્મૃતિનો એક હેતુ.

૩. સ્ત્રી અભિલાષા; ઇચ્છાવૃત્તિ; ક્રમના; વાસના; વાસના; ભાવનામયતા; વૃત્તિ.

આપણી **ભાવના** સૌ છે અન્ય આતરરાષ્ટ્રીય.
બધા રાષ્ટ્રો તણો છો ને ન વિચાર કરી કાંઈ.
મામીગીતા

૪. સ્ત્રી. આકીન; આસ્થા; ભરોસો; વિશ્વાસ.

૫. સ્ત્રી. આત્મજ્ઞાનનો અંતિમનિવેદ્ય; આત્મસાર ચિત્તધારા; નિદિધ્યાસન. પુરાણોમાં બધા પ્રકારની ભાવનાઓ માનવામાં આવી છે: જ્ઞાનભાવના, કર્મભાવના અને ઉભયાત્મિકાભાવના કહેવામાં આવ્યું છે કે જેવું મનુષ્યનું ચિત્ત હોય છે, તેવી તેની ભાવના હોય છે. જેનું ચિત્ત નિર્મળ હોય છે, તેની ભાવના જ્ઞાન સબંધી હોય છે. જેનું ચિત્ત મેલું હોય છે, તેની ભાવના વિષયવાસના તરફ બળ છે જૈનમાં પરિકર્મભાવના, ઉપચારભાવના અને આત્મભાવના આ ત્રણ ભાવનાઓ માનવામાં આવી છે. બૌદ્ધમાં માધ્યમિક, યોગાચાર, સૌત્રાંતિક અને વૈભાષિક એ ચાર ભાવનાઓ માનવામાં આવી છે. કહેવાયું છે કે મનુષ્ય એના દ્વારા પરમ પુરુષાર્થ કરે છે. યોગશાસ્ત્ર મુજબ અન્ય વિષયોને છોડી દઈને વારંવાર કેવળ ધ્યેય વસ્તુનું ધ્યાન કરવું એ ભાવના કહેવાય છે. વૈશેષિક અનુસાર આ આત્મા એક ગુણ કે સંસ્કાર છે, જે દેખવામાં, સાંભળવામાં અને અનુભવમાં આવતા પદાર્થના સંસ્કારમાં સ્મૃતિ કે બોધજ્ઞાનનો હેતુ થાય છે અને જ્ઞાન, મદ, દુઃખ વગેરે તેના નાશ કરનાર છે. વિનોબાજી લખે છે કે, અભિદાન, લાભ આદિની કીમત ભાવના કે અભિમંત્રણથી વધે છે. ટૉલ્સ્ટોય ઈસામસીહના બલિદાનની સ્તુતિ કરે છે. ભગવાનને નામે એણે ખૂબ કષ્ટ વેઠ્યું. સુદામાના તાંદુલ ભક્તિભાવથી અભિમંત્રિત બના બધુ કીમતી બના. કર્મયોગમાં કર્મને ગૌણ સમજો ને ભાવનાને મહોર માનો. જપથી કાગળની પણ કીમત મોટી બધાય છે મૂર્તિપૂજાનું રહસ્ય પણ એ જ છે. ભાવના, અદૃશ્યરૂપી મંત્રથી તે અણમોલ બને છે. મનુસ્મૃતિમાં ગુરુદક્ષિણામાં કહ્યા કે ભક્તિભાવથી અર્પણ કરેલ પત્ર, પુષ્પની કીમત વધી પડે છે. રુક્મણી માતાએ ભાવભક્તિથી એક ત્રાજવામાં મૂકેલ તુલસીપત્ર વજનમાં વધી પડ્યું. કર્મયોગીના કર્મની પણ એ જ રીતે ભક્તિભાવથી કીમત અણમોલી થાય છે. સ્નાન, સૂર્યનમસ્કાર આદિથી દેહશુદ્ધિ તો થાય, પણ ભાવના હોય તો મનશુદ્ધિ કે ચિત્તશુદ્ધિ પણ સાથોસાથ થાય છે. શ્રીકૃષ્ણ ભગવાન બોડાને ચંદી બનરાવે છે, વસ્ત્રમાં ઓડી પતરાવણીઓ ઉપાડે છે, અર્જુનનો રથ હાંકે છે એ બધું દિવ્ય ભાવનાથી જ થાય છે. બાંધી, કાંતવું આદિ સર્વે કર્મમાં ભાવના મુખ્ય છે. નિષ્કામ કર્મયોગમાં અદ્‌ભુત સામર્થ્ય છે. તુલ.પ.૨, સેના નાર્ઈ, ગોરા કુંભારની સ્વકર્મમાં દિવ્ય ભાવના હતી, તો તે દ્વારા તેઓ સિદ્ધિ પામ્યા. જે કર્મ કરે છે, તેની બધણી ભાવના થાય છે. એક તો એ કે, મારા કર્મનું ફળ હું અવશ્ય આપીશ, તે મારો અધિકાર છે. અને તેની વિપરીત બીજી એ કે, જો મને ફળ ભોગવવાનું ન મળે તો હું કર્મ જ નહિ કરું. ગીતા આ બે સિવાય એક ત્રીજી જ ભાવના યા વૃત્તિ બતાવે છે. તે કહે છે કે, કર્મ તો અવશ્ય કરો, પરંતુ ફળમાં પોતાનો અધિકાર રાખો નહિ. જે કર્મ કરે છે તેને ફળનો અધિકાર અવશ્ય મળે છે, પરંતુ તમે તેના અધિકારને સ્વયં જ છોડી દો. સંસારી પુરુષ અને કર્મયોગી બંનેને કર્મોનું સામ્ય અથવા વૈષમ્ય તરતજ દેખાય છે. જો કર્મયોગી ગોરસાનું કામ કરી રહ્યો હોય તો તે કર્મ દૃષ્ટિથી કરશે? તેની એવી ભાવના રહેશે કે, સેવા કરવાથી સમાજને ભરપૂર દૂધ મળશે, બાજને બહાને મનુષ્યને નીચલી પશુસૃષ્ટિ સંબંધ જોડાશે, એમ નહિ કે મને વેતન મળશે. વેતન તો કયાંય બંધુ નથી, પરંતુ અસલી આનંદ, સાચું સુખ આ દિવ્ય ભાવનામાં છે. કોઈ પણ કર્મ એવી ભાવનાથી કરવામાં આવે કે તે પરમેશ્વરનું છે, તો તે મામૂલી હોવા છતાં પણ પવિત્ર બની જાય છે. આ વાત અનુભવસિદ્ધ છે. મનમાં જરા આ ભાવના કરીને જુઓ કે જે અર્પણ આપણે પેર આવેલ છે, તે ઈશ્વરરૂપ છે. કોઈ મામૂલી મોટો માણસ પણ જ્યારે આપણે પેર આવે છે તો આપણે કેટલી સફાઈ રાખીએ છીએ. અને કેવાં સરસ ભોજન બનાવીએ છીએ જો એવી ભાવના કરીએ કે તે પરમેશ્વર છે, તો આપણી એ ભાવનામાં કેટલો ફેર પડી જશે? માત્ર ફૂલ ચઢાવી દેવું એ જ પૂજા નથી, તેમાં ભાવના આવશ્યક છે. ફૂલ ચઢાવવું એ પૂજાનો એક પ્રકાર છે, સ્તવન દ્વારા પૂજા કરવી એ બીજો પ્રકાર છે; પરંતુ બંનેમાં ભાવનારૂપી રસ આવશ્યક છે. ફૂલ ચઢાવી દેવું, પણ ભાવના મનમાં ન હોય તો માત્ર પથ્થર ઉપર જ ચઢ્યું છે! અતઃ અસલી વસ્તુ તો ભાવના જ છે.

ભાવના તેવા સિદ્ધિ = ભાવ તેવી ભક્તિ; જેવો તો દેવ, નહિ તો પથ્થર.

૬. સ્ત્રી. આદર્શ; ધ્યેય.

૭ સ્ત્રી. (જૈન) આત્માને નિર્મળ અને ભક્તિમય બનાવનાર નિરુપાધિક જીવનો પરિણામ; સમકિત પ્રગટ થવા પહેલાં પ્રગટ કરાવનાર ચાર મુખ્ય. તે ચાર ભાવના: (૧) મૈત્રી ભાવના, (૨) પ્રમોદ ભાવના, (૩) કરુણા ભાવના અને (૪) માધ્યસ્થ ભાવના.

૮. સ્ત્રી. આદર્શવાદ; આદર્શદર્શન; ધ્યેયવાદ.

૯ સ્ત્રી. આલેખના; ઉપપાદન; બનાવ; પ્રતિબાધિત; બનાવ

૧૦. સ્ત્રી. આરામ; અર્થ.

૧૧. સ્ત્રી. આસક્તિ; અનુરાગ; ઇચ્છા; પ્રેમ; પ્રીતિ; માયા; લગની; સ્નેહ; વહાલ.

૧૨ સ્ત્રી એક પ્રકારની ચિત્તવૃત્તિ; ખયાલ; મનમાં અમુક ભાવનું સ્વરૂપ ઊભું કરવું તે; કલ્પના.

૧૩. સ્ત્રી એકસો આઠ મંત્રોની એક ઉપનિષદ.

૧૪ સ્ત્રી. ગણતરી; ગણનારી ગણના; લેખું

૧૫ સ્ત્રી. બનાવના બનાવો એક જાતનો અનુકૂલ વ્યાપાર.

૧૬. સ્ત્રી. ધ્યાન; મનન; ચિંતન; અનુશીલન; વારંવાર ચિંતન; મનમાં મૂર્તિ ધારવી તે; ધ્યાન ધરવું તે.

૧૭. સ્ત્રી. પટ; પુટ; પાસ આપવો તે; દવાના ચૂર્ણને દવાનો રસ પાવો તે.

ભાવના બાપવી-દેવી = પાસ આપવો; પુટ આપવો; પાસ દેવો.

૧૮. સ્ત્રી. પસંદગી આકર્ષણ.
૧૯. સ્ત્રી. (જૈન) પૂર્વસંસ્કારનું સ્મરણ; વાસના; ચિત્ર.
૨૦. સ્ત્રી. પ્રકૃતિ; સ્વભાવ
૨૧. સ્ત્રી. પ્રાર્થના.
૨૨. સ્ત્રી. ભજનકીર્તન
૨૩. સ્ત્રી. ભાવ; વિચાર; માન્યતા; મનોભાવ, આંતરદશ્ય.
૨૪. સ્ત્રી. યોજના; ધારણા.
૨૫. સ્ત્રી. વાંછિત કરવું તે.
૨૬. સ્ત્રી. (જૈન) સંસારનું અનિત્યાદિ ચિંતવવું તે. બારી ભાવના બાર છે: (૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અન્યત્વ અથવા પરત્વ ભાવના (૬) અશુચિ ભાવના, (૭) આશ્રવ ભાવના, (૮) સંવર ભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) લોકસ્વરૂપ ભાવના, (૧૧) બોધિબીજ ભાવના, (૧૨) ધર્મ ભાવના.
૨૭. સ્ત્રી. સ્થિતિ
૨૮. વિ. પ્રિય, વહાલું, સારું લાગે એવું; ગમે એવું.

ભાવનાજ્ઞાન [સં] ન. સાધિતજ્ઞાન.

ભાવનાડી (ભાવનાડો) સ્ત્રી. સાગ્રણીપ્રધાન નાડી. ' સિમ્પથેટિક નર્વ '.

ભાવનાતિરેક [સં] સ્ત્રી. અસ્વસ્થતા, વિક્ષિપ્તપણું

ભાવનાત્મક ૧. [સં.] વિ. અંતર્દાબેધ; ભાવનામય; લાગણીથી ભરેલ.
૨. વિ. કાલ્પનિક.

ભાવનાદાસ [સં.] વિ. અવિદ્યાવાદી; આદર્શવાદી; માયાવાદી. ' આઇડિયલિસ્ટ '.

ભાવનાદ્રષ્ટા [સં. ભાવનાદ્રષ્ટૃ] વિ. અવિદ્યાવાદી, માયાવાદી; ભાવનાદાસ

ભાવનાધિગમ [સં.] પ્ર. જેની અંદર ભાવના પ્રધાન હોય તેવો વિચાર.

ભાવનાનિર્ભર [સં.] વિ. ભાવનાથી ભરેલું.

ભાવનાપુરઃસર [સં.] અ. ભાવના પ્રમાણે

ભાવનાપૂર્વક [સં] અ. ભાવનાથી.

ભાવનાપ્રધાન ૧ [સં] વિ. જેમાં ભાવ મુખ્ય હોય અને બીજી બાબત ગૌણ હોય એવું.
૨. વિ. ભાવનામય; સ્વભાવે વિશેષ લાગણીવાળું કે લાગણી ભરેલું

ભાવનાબોધક [સં.] વિ. હૃદયના ભાવને જણાવનાર.

ભાવનાભીનું વિ. ભાવનાથી ભરપૂર; ભાવનાથી તરબોળ.

ભાવનાભૂખ્યું વિ. પ્રેમનું ભૂખ્યું.

ભાવનાભેદ [સં. ભાવના + ભેદ (તફાવત)] પુ. મનના પરિણામમાં તફાવત.

ભાવનામય ૧. [સ] વિ. કાલ્પનિક; આદર્શદર્શી; ભાવનાશાળી; ' આઇડિયલિસ્ટિક '.
૨. વિ. ભાવનાત્મક; ભાવનાથી ભરેલું; ' આઇડિયલ '.

ભાવનામય જ્ઞાન [સ.] ન. ભાવનાથી ભરપૂર જ્ઞાન. તેમાં સર્વજ્ઞની આજ્ઞાનું મહત્ત્વ કર્ત્તવ્યરૂપ પ્રધાન કારણ છે, વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રને વિષે તે વધારે આદરવાળું હોય છે.

ભાવનામયતા ૧. [સ] સ્ત્રી. આદર્શદર્શિતા.
૨. સ્ત્રી. ભાવનાવાળું હોવાપણું; ઉત્સાહ.
ભાવ-ભક્તિ ઉત્સાહ શબ્દને બદલે અહીં ભાવનામયતા અર્થમાં વાપર્યો છે.
બળવંતરાય ઠાકોર

ભાવનામય શરીર [સં] ન (જૈન) મૃત્યુની થોડી વાર પહેલાં મનુષ્યથી પામેલ કરાતું શરીર. આ શરીર મનુષ્યના જન્મમરણના કરેલાં પાપપુણ્યને અનુરૂપ હોય છે. જ્યારે આત્મા આ શરીરમાં પહોંચે છે, ત્યારે . . થાય . .

ભાવનાર્મિશ્ર [સં.] વિ. ઉપચારરૂપ, પ્રતિરૂપધારણવાળું; ' રેપ્રોડ્યુસ્ટિવ '.
કલ્પના થકી જે પ્રવર્તાવ ક્રિયાઓ શરીર આપારાદિ થાય છે તે સાદી અને આત્મજ હોય છે, કેમકે તે તો ઇંદ્રિય સંક્રિયથી થતા આપાતજ પ્રત્યક્ષાભાસરૂપે જ પ્રવર્તે છે. તે પછીની જે ઉચ્ચ પ્રકારની ક્રિયાઓ બને છે તે વધારે ગુંચવેલ અને ભાવનામિશ્ર હોય છે, કેમકે અમુક આત્મ હેતુ, અમુક નિર્ણય કરવો ઇત્યાદિ તેમાં આવે છે.
મણિલાલ નભુભાઈ

ભાવનાયુક્ત [સં] વિ. ભાવનાવાળું

ભાવનારૂપવૃત્તિ [સં.] સ્ત્રી. આદર્શ લાગણી

ભાવનાલક્ષી વિ. ભાવનાના લક્ષવાળું

ભાવનાવાદ [સં.] પુ. ધ્યેયવાદ; મનોમય આદર્શવાદ. ' આઇડિયલિઝમ '.
એ સ્વપ્નોદ્યમના જડવાદ પ્રમાણે સૌંદર્યનું મૂળ તત્ત્વમાનુષ્યમાં છે. પ્લેટોની નવી ફિલસૂફીએ સ્વીકારેલા ભાવનાવાદ પ્રમાણે સૌંદર્યનું મૂળ જડ સ્વરૂપની પાર રહેલા કોઈ સૂક્ષ્મ ભાવનાતત્ત્વથી મળતા અનુમાનમાં છે.
નરસિંહરાવ

ભાવનાવાદી ૧. [સં ભાવનાવાદિન્] પું. ભાવનાનું જીવનદૃષ્ટિમાં મહત્ત્વ માનનાર પુરુષ; ' આઇડિયલિસ્ટ '
૨. વિ. આદર્શદર્શી; ભાવનાશાળી; આદર્શવાદી.

ભાવનાવાન [સં. ભાવના + વત્ (વાળું)] વિ. ભાવનાવાળું

ભાવનાવાહી [સં. ભાવનાવાહિન્] વિ. ભાવવાળું, ભાવના વહુ કરનાર.

ભાવનાવિતાન [સં.] ન. ભાવનારૂપી છત; ભાવનારૂપી ચાદર.

ભાવનાવિવેક [સં.] પું. ભાવના પારખવાની શક્તિ.

ભાવનાવિષ્કાર [સં. ભાવના + આવિષ્કાર (પ્રગટ કરવાપણું)] પુ. ભાવનાનું પ્રાગટ્ય

ભાવનાશાલિતા [સં. ભાવનાશાલિન્ (ભાવનાવાળું) + તા (પણું)] સ્ત્રી ભાવનાવાળું હોવાપણું.

ભાવનાશાલી ૧. [સં. ભાવનાશાલિન્] વિ કાલ્પનિક
૨. વિ. ભાવનાવાળું.

ભાવનાશાસ્ત્ર [સં.] ન તર્કશાસ્ત્ર; વિચારશાસ્ત્ર.

ભાવનાશાળી જુઓ ભાવનાશાલી.

ભાવનાશીલ [સં.] વિ ભાવનાવાળું; ભાવનાવાન.

ભાવનાશીલતા [સ.] સ્ત્રી. ભાવનાવાળું હોવાપણું

ભાવનાશૂન્ય [સં] વિ. ભાવના રહિત; ભાવના વગરનું; લાગણીહીન.

ભાવનાસામ્ય [સ.] ન. ભાવનાનું સરખાપણું.

ભાવનાસુલભ [સં.] વિ. વાસનાપ્રધાન; ગેમિલા; તરંગી; 'સેન્ટિમેન્ટલ'.

ભાવનાસૃષ્ટિ [સં] ન. કલ્પિત જગત.

ભાવનાહત વિ વિકારી; ' મોબ્ડ '

ભાવનાહીન [સં.] વિ. લાગણીહીન; ભાવનાશૂન્ય

ભાવનિક્ષેપ [સ] પું. (જૈન) ચાર નિક્ષેપો અર્થ નિક્ષેપ: વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે. જે અર્થમાં શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત કે પ્રવૃત્તિનિમિત્ત બરાબર ઘટતું હોય એટલે કે વસ્તુનો નિજ ગુણ વસ્તુમાં હોય તેને ભાવનિક્ષેપ કહે છે. જેમકે, રાજ્યાસને રાજા બેઠો હોય તેમ જ તેનો હુકમ ચાલતો હોય ત્યારે તેને રાજા કહેવો. કેવળ વર્તમાન પર્યાયની મુખ્યતાથી જે પદાર્થ વર્તમાન જે દશામાં છે તે રૂપ કહેવો જાણવો તે ભાવનિક્ષેપ છે. જેમ સીમંધર ભગવાન વર્તમાન તીર્થંકર પદે મહાવિદેહમાં બિરાજે છે, તેમને તીર્થંકર કહેવા, જાણવા અને મહાવીર ભગવાન હાલ સિદ્ધ છે તેમને સિદ્ધ કહેવા, જાણવા તે ભાવનિક્ષેપ છે.

ભાવનિમગ્ન [સં.] વિ. ભાવમાં લીન બનેલું.

ભાવનિરૂપણ [સં.] ન ભાવ રેખૂ કરવો તે

ભાવનિવૃત્તિ [સ] સ્ત્રી. સાગનરસા કામને વિષેથી મનની એકાગ્રતા ઉઠાવી લેવી તે

ભાવનિષ્ઠ [સં] વિ. ભાવમા એકતાન

ભાવની ૧. સ્ત્રી. (સંગીત) પ્રબંધની પાંચ માહેની એ નામની એક ધ્વનિ.

૨ સ્ત્રી પ્રેમ; ભક્તિ

૩ સ્ત્રી ભવિષ્ય.

ભાવનીય ૧. વિ. (બૌદ્ધ) બુદ્ધ ભગવેલો અષ્ટાંગિક માર્ગ

૨ વિ. (જૈન) ભાવના કરવા લાયક; ભાવવા જેવું

૩ વિ વિચાર કરવા જેવું.

ભાવનોદ્દીપક [સ. ભાવના + ઉદ્દીપક (ઉત્તેજિત કરનારું)] વિ ભાવનામય; ભાવનાત્મક. ' સેન્ટિમેન્ટલ '.

ભાવનાદર્શાપન [સં ભાવના + ઉદ્‌ઘોષન (જાહેર કરવું તે)] ન. ભાવનાને પ્રેરણા આપવી તે.

ભાવપરિગ્રહ [સં.] પું. (જૈન) વાસ્તવમા ધનનો સમૂહ ન કરવો, પરંતુ ધનના સમૂહની મનમાં મમતા રાખવી તે.

ભાવપાપ [સં.] ન. (જૈન) દ્રવ્યપાપના કારણરૂપ અશુભ અધ્યવસાય.

દ્રવ્યપુણ્યનું કારણ શુભ અધ્યવસાય તે ભાવપુણ્ય કહેવાય છે અને દ્રવ્યપાપનું કારણ અશુભ અધ્યવસાય તે ભાવપાપ કહેવાય છે.

તત્ત્વાર્થસૂત્ર

ભાવપુણ્ય [સં.] ન. (જૈન) દ્રવ્યપુણ્યનું કારણ શુભ અધ્યવસાય. ભાવપુણ્ય અને ભાવપાપ તે જીવની અવસ્થામાં ભાવ છે તથા દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ પુદ્‌ગલની અવસ્થા છે

ભાવપુરુષવેદ પું (જૈન) સ્ત્રીના સંગઉપભોગની અભિલાષા.

ભાવપૂજા [સં.] સ્ત્રી. (જૈન) મન, વચન તથા કાયાને બાહ્ય વિષયોથી સંકોચી મનને પ્રભુના સ્મરણમાં અર્પણ કરવું તે.

ભાવપૂર્ણ [સં] વિ. ઉત્કટ ભાવનામય; આવેશી; રસપૂર્ણ.

ભાવપ્રકાશ [સં.] ૧. પું. આયુર્વેદમા નિષ્ણાત એ નામનો એક ઋષિ.

૨. પું. (વૈદક) એ નામે આયુર્વેદ ઉપર લખાયેલ એક પુસ્તક; એ નામનો એક નામાંકિત વૈદકગ્રંથ. એ ગ્રંથ ઈ સ. ૧૫૬૦માં આસપાસ રચ્યો છે. અર્વા ઉત્તમોત્તમ હિંદુ ગ્રંથકારોએ વૈદક વિષે લખેલા ગ્રંથોનો સાર એમાં છે ને આખા હિંદુસ્તાનમાં દેશી વૈદોને એ અત્યંત પ્રિય છે, તે આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ છે

ભાવપ્રતીક ન. ભૂત ઉદ્દીપન, ઉપમા કે અલંકાર

ભાવપ્રત્યય [સં.] પું. (યોગ) અસંપ્રજ્ઞાત સમાધિનો એ નામનો એક ભેદ. નિરાલંબન સમાધિ અસંપ્રજ્ઞાત સમાધિ છે, તેના ભાવપ્રત્યય અને ઉપાયપ્રત્યય એ બે ભેદ છે.

ભાવપ્રદર્શન [સં.] ન. ભાવના દેખાડવી તે.

અંતર્વેદનાના સંકુચિત ઉપયોગના પરિણામે ભાવપ્રદર્શનમાં કાંઈક ગૌણતા સ્વભાવનો સંભવ જણાશે. કુ. સા. પરિષદ

ભાવપ્રધાન [સ.] વિ. ભાવ જેમાં પ્રધાન દોષ અને બીજી બાબત ગૌણ હોય એવું

નીતમોવિદનો સંસાર લોકપ્રધાન છે, **ભાવપ્રધાન** નથી. સંસ્કૃતમાં પણ આવે લોકપ્રધાન સૃષ્ટાર્થ લખાનો આવ્યો છે. ગોમૂત્રી

ભાવપ્રધાન કાવ્ય [સં.] ન. ઊર્મિકાવ્ય; ભાવનાકવિતા; ગીતકવિતા; રાગપ્રધાનકાવ્ય; સંગીતકવિતા; સંગીતકાવ્ય; ' લિરિક '.

નવરત્ન, ગીતગોવિંદ અને શ્રીમદ્ ભાગવત એ આપણાં મનોરમ અને વિશાળ **ભાવપ્રધાન** કાવ્યો છે. અંગ્રેજીનું બાળામાં બાકું ભાવપ્રધાન કાવ્ય કવિ રોબીનું સુવિખ્યાત નાટક પ્રોમીથિયસ અનબાઉન્ડ નામનું છે. પુરાણનું ભાવપ્રધાન નાટક શોધવું કઠીન છે. નાનાલાલ

ભાવપ્રધાન નાટક [સં.] ન. ભાવ જેમાં મુખ્ય દોષ તેનું નાટક; ' લિરિકલ ડ્રામા '.

ભાવપ્રયુક્ત [સં.] વિ. અંતઃકરણપૂર્વક કરેલું.

ભાવપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. (જૈન) સારા અધ્યવસાયરૂપ કામને વિષે એકાગ્રતાપૂર્વક પ્રવૃત્તિ.

ભાવપ્રાધાન્યવાદ [સ.] પું. ભાવના જેમા ખાસ તરી આવે તેવો વાદ; કલા ભાવ હૃદયના ભાવોના આવિષ્કાર માટે બને છે એવો મત.

ભાવપ્રાણ ૧ [સં.] પું. (જૈન) જ્ઞાનાદિ આત્મના અંતરંગ મુખ્ય; જ્ઞાન, દર્શન અને ઉપયોગ

૨. પું (જૈન) પ્રાણના બે ભાંહેનો એક પ્રકાર; સૂક્ષ્મપ્રાણ નિશ્ચયપ્રાણ. પ્રાણના બે ભેદ છે: દ્રવ્યપ્રાણ અથવા સ્થૂલપ્રાણ અને ભાવપ્રાણ અથવા સૂક્ષ્મપ્રાણ. દ્રવ્યપ્રાણને વ્યવહારપ્રાણ અને ભાવપ્રાણને નિશ્ચયપ્રાણ પણ કહે છે આત્માની જે શક્તિના નિમિત્તથી ઇંદ્રિયાદિક પોતાના કાર્યમાં પ્રવર્તે તેને ભાવપ્રાણ કહે છે ભાવપ્રાણના બે ભેદ છે: ભાવેંદ્રિય અને બલપ્રાણ ભાવેંદ્રિયના પાંચ ભેદ છે: શ્રોત્ર, ચક્ષુ, નાક, આંખ અને કાન. બલપ્રાણના ત્રણ ભેદ છે: મનોબલ, વચનબલ અને કાયબલ.

ભાવબંધ ૧. [સં.] પું. (જૈન) મિથ્યાત્વ આદિ ભાવકર્મોથી જીવ બંધન, આત્માના યોગકષાયરૂપ ભાવોને ભાવબંધ કહે છે.

૨. પું. (જૈન) રાગદ્વેષ આદિ વાસનાઓનો સંબંધ, બંધના કારણભૂત માનસિક અધ્યવસાય પરિણામ, આત્માના યોગકષાયરૂપ ભાવ.

કર્મદ્રવ્યનો વિશિષ્ટ સંબંધ દ્રવ્યબંધ છે અને રાગદ્વેષ આદિ વાસનાઓનો સંબંધ **ભાવબંધ** છે.

તત્ત્વાર્થસૂત્ર

ભાવબંધન [સં] ન (જૈન) પાંચ ઇંદ્રિયોના વિષયો તરફ ઠીક અઠીકનું વલણ કરી રાગમા અટકવું તે.

ચિત્ત અને મિસુળ એક પરમાણુઓની કલ્પિત અવસ્થા છે. ત્યાંથામા ઠીક અઠીક નથી, કલા પર ચીજ જણાવી, તેમાં ઠીક અઠીકપણું માનવું તે વિપરીતતા છે, તે તે **ભાવબંધન** છે.

સમયસાર પર પ્રવચન

ભાવબોધ [સં.] પું. મનનો અભિપ્રાય જાણવો તે

ભાવબોધક ૧. [સં.] પું. ભાવ જણાવનાર ચેષ્ટા, જેમકે, ભવાં ચડાવવાં, મુખ લાલ થવું.

૨ વિ. પ્રેમ બતાવનાર; સ્નેહ દેખાડનાર.

ભાવભક્તિ ૧. [સં.] સ્ત્રી. આદરસત્કાર.

૨. સ્ત્રી. ભક્તિભાવ; પ્રેમથી ઈશ્વરસ્મરણ કરવું તે.

ભાવભર્યું વિ. પ્રેમથી ભરેલું; લાગણીથી ભરપૂર

ભાવભવ્યતા [સં] સ્ત્રી. લાગણીનું પ્રૌઢપણું

ભાવભંગિ જુઓ ભાવભંગી.

ભાવભંગી સ્ત્રી. મનના ભાવ બતાવવાના ચાળા.

ભાવભાવતું વિ. મનગમતું.

ભાવભાવન [સં] ન ભાવના ભાવવી તે.

ભાવભાષા [સં] સ્ત્રી. (જૈન) વીર્યંતરાય, મતિજ્ઞાનાવરણ ને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા અંગોપાંગ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થતી એક વિશિષ્ટ શક્તિ.

ભાવભીનું વિ. આદરવાળું; પ્રેમાળ; ભાવથી ભરેલું; લાગણીવાળું; લાગણીથી પી.ગી ગયેલું, ભાવથી ભળગળું; ભાવમય.

ભાવભૂલ વિ ભાવ ભૂલેલું

એનું કહેવા થે લાજ નથી લાજવા ૨ હોય,
ભૂંડા શું **ભાવભૂલ** ભાગતા ૨ હોય

રાસસહસ્રિણી

ભાવમન ૧. ન. (જૈન) પુદ્ગલોના સમૂહ વડે ઉત્પન્ન થયેલું જ્ઞાન.

૨. ન. (જૈન) વિચાર કરવાની આત્માની શક્તિ, ચિંતન કે જ્ઞાનરૂપ ભાવમન.

જેનાથી વિચાર કરી શકાય એવી આત્માની શક્તિ તે મન છે અને એ શક્તિ વડે વિચાર કરવામાં સહાયક બનાર એક પ્રકારના સૂક્ષ્મ પરમાણુઓ પણ મન કહેવાય છે. પહેલું ભાવમન અને બીજું દ્રવ્યમન કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

ભાવમય [સં.] વિ. ભાવથી ભરેલું; રાગયુક્ત; હૃદયવેધી, ' ઇમ્પેસ્ન્ડ '.

ભાવમયગદ્ય [સં.] ન. ભાવનાથી ભરપૂર ગદ્યખંડ; ' ઇમ્પેસ્ન્ડ પ્રોઝ '.

એ યુદ્ધના ઘોર ધ્વનિ, એની ભયાનકતા, સમરની નિરર્થકતા કે નિરુપાયતાનો ભાવ આમ્હને આ ભાવનામયગદ્ય વગર ન જ આપી શકે. ઉશનસ્

ભાવમયતા [સં.] સ્ત્રી હૃદયવેધીપણું.

ભાવમરણ ૧. [સં] ન. (જૈન) અજ્ઞાની જીવો કહે છે કે, જીવ પોતાનું સ્વરૂપ ન સમજે ત્યાંસુધી પોતાનું ભાવમરણ સમયે સમયે કરતો રહે છે અને તેથી તે દુઃખ જ ભોગવે છે.

૨. ન. (જૈન) આત્મગુણનું આચ્છાદન.

શ્રીમદ્ કહે છે કે, પોતાના સ્વરૂપને વિપરીતપણે માનીને ક્ષણ ક્ષણ અનંત **ભાવમરણે** કાં અહીં રાચી રહો ! આપમરણથી બચવું હોય તો અને અનંત જન્મમાં રખડવાના મિથ્યા ભાવને ટાળવો હોય તો સાચું શું છે તે સમજવું પડશે.

આત્મસિદ્ધિશા.ભાષાંતર

ભાવમિશ્ર [સં.] પું. એ નામનો આયુર્વેદનો એક મહાન લેખક. તે કાશીનો વતની હતો. તેણે ભાવપ્રકાશ નામનો આયુર્વેદના પુનરુદ્ધાર જેવો મહત્ત્વનો ગ્રંથ લખ્યો છે તે ફિરંગરોગ અથવા ગાંઠી વિસ્ફોટક ઉપર સારું અજવાળું પાડે છે ઉપરાંત બીજા દેશોના હરિવાસીઓનાં નામો પણ તે જ આપે છે.

ભાવમુક્ત [સં.] વિ. વિરાગી

ભાવમુખ્ય [સં.] વિ. ભાવ જેમાં મુખ્ય હોય એવું.

ભાવમૂઢતા [સં.] સ્ત્રી. હૃદયદૌર્બલ્ય; ઊર્મિદારિદ્ર્ય; ' સેન્ટિમેન્ટલિઝમ '.

ભાવમૃષાવાદ ૧. [સં] પું. ઉપરથી જૂઠું ન બોલવું પરંતુ જૂઠી વાતોની કલ્પના કરવી તે.

૨. પું. (જૈન) જ્ઞાનનો વાસ્તવિક અર્થ કાઢીને પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે ખરો ખોટો નવો અર્થ કરવો તે.

ભાવમૈથુન [સં.] પું. (જૈન) મનમાં મૈથુનનો વિચાર કે કલ્પના કરવી તે.

ભાવયજ્ઞ [સં.] પું. (જૈન) દુષ્ટ ભાવની આહુતિ આપવી તે.

ભાવયિતવ્ય વિ. ભાવનીય

ભાવયિત્રી સ્ત્રી. ભાવકની પ્રતિભા. ગાજીઓ અને ઝવેરીઓમાંથી કોઈમાં પ્રતિભાનાં બે રૂપો કહ્યાં છે: એક કારયિત્રી અને બીજી ભાવયિત્રી. સર્જકની પ્રતિભા તે કારયિત્રી અને ભાવકની પ્રતિભા તે ભાવયિત્રી.

ભાવયુક્ત [સં.] વિ. ભાવથી ભરેલું; ભાવવાળું.

ભાવયુ [સ.] વિ. ભાવની ઇચ્છા કરનાર.

ભાવર ૧. પું. ગૃહસ્થાશ્રમ

૨. પું. રખડતો સિપાઈ; રખડુ માણસ.

૩. પું. શિકારી.

૪. સ્ત્રી. વાઘોડ અને મુસલમાનની એ નામની એક જાત.

૫. ન. એ નામની જાતનું માણસ

૬. વિ. એ નામની જાતનું.

ભાવરક્ષ ન. (ખગોળ) સૂર્યનો પ્રકાશ આપતો ભાગ. તેની સપાટી એકસરખી સપાટ નથી સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવાથી ખબર પડે છે કે, સોડા પ્રકાશરાશિના ભાગમાં ડાઘાડૂઘા જેવો આકાર હોય છે

ભાવરહિત [સં.] વિ. ભાવના વગરનું.

ભાવરૂપ [સં.] વિ. અસ્તિવાચક; ' પોઝિટિવ '.

ભાવરોગ [સં.] પું. (જૈન) અભ્યંતરના રોગ એટલે આત્માના દોષ; જેનાથી સંસાર વધે તેવા દોષ.

ભાવલક્ષિલેખન [સં.] ન. પ્રકાશની રાસાયણિક ક્રિયા વડે ફોટાની રેખામાં જમી લેવાની કળા.

ભાવલપુરી સ્ત્રી. એક પ્રકારની લિપિ.

ભાવલય [સં. ભા (પ્રકાશ) + વલય (વર્તુળ)] પું. (જૈન) તીર્થંકરને ફરતે ચંપાકાને ટેકાણે દેખાતું પ્રકાશમંડળ; આભામંડલ.

ભાવલહરી [સં. ભાવ (લાગણી) + લહરી (તરંગ)] સ્ત્રી. લાગણીની ઊર્મિ.

ભાવલહરીલીલા [સં.] સ્ત્રી. કલ્પનાની રમત; કલ્પનાના પ્રદેશમાં વિહાર.

ભાવલિયો વિ. પું. વહાલો. પ્રિય.

ભાઈ તો મારો ભાવલિયો. લાવ મોરીનો નાવલિયો. લોકગીત

ભાવલિંગ [સં. ભાવ (મનનું પરિણામ) + લિંગ (ચિહ્ન)] ન. (જૈન) ભાવસંયમ; પરિણામ સહિત લિંગ.

ચારિત્ર ગુણ એ **ભાવલિંગ** અને વિશિષ્ટ વેષ આદિ બાહ્ય સ્વરૂપ તે દ્રવ્યલિંગ. તત્ત્વાર્થસૂત્ર

ભાવલી પું. એક જાતના ગોખા.

ભાવલીન [સં.] વિ. ભાવમાં ગ્રેગરાયું.

ભાવલીનતા [સં.] સ્ત્રી. ભાવમાં લીન થવું તે. સંગીતમાં ભાવલીનતા એ સંગીતનું સ્વર અને તાલ જેટલું જ કે તેથી યે વધારે મહત્ત્વનું અંગ છે.

ભાવલેવાલી સ્ત્રી. ખરીદ કરતી વખતે પડેલો ભાવ.

ભાવલેશ્યા [સં.] સ્ત્રી. (જૈન) કષાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિ, અધ્યવસાય કે પરિણામરૂપ લેશ્યા.

ભાવલોક [સં.] પું. (જૈન) ભાવથી લોક; લોકના ભાવ.

ભાવવતી [સં. ભાવ + વત્ (વાળુ) + ઈ (સ્ત્રીલિંગનો પ્રત્યય)] વિ. સ્ત્રી. ભાવવાળી.

ભાવવર્જિત [સં. ભાવ (લાગણી) + વર્જિત (વિનાનું)] વિ. લાગણીહીન.

ભાવવશતા [સં.] સ્ત્રી. ભાવનું પ્રમાણ વધારે હોય તેવી સ્થિતિ

ભાવવંદન ૧. [સં.] ન. ભાવપૂર્વક કરાતો નમસ્કાર

૨. ન. (જૈન) હું પૂર્ણ જ્ઞાનમય સ્વભાવે નિર્મળ છું એવા ભાવ સહિત, રાગાદિ વિકારરસ કરી, સ્વસન્મુખે, રાગ રહિત, અંદર ઠરવું તે.

ભાવવાચક ૧. વિ. અકર્તૃક; ' ઇમ્પર્સનલ '.

૨. [સં. ભાવ (ગુણ કે ક્રિયા) + વાચક (બતાવનાર)] વિ. (વ્યાકરણ) ભાવ, પ્રકૃતિ કે ગુણ બતાવનારું. મોટપ, દયા, બુદ્ધિ, રમતમમત એ ભાવવાચક નામ છે.

૩. વિ. ભાવાત્મક; અમૂર્ત; તાર્કિક; ' એબ્સ્ટ્રેક્ટ '.

૪. વિ. સાદી એટલે એકલી વપરાયેલી, કોઈ વસ્તુના ગુણતરી ન બતાવતી હોય તેવી; ' અબ્સ્ટ્રેક્ટ '. સંખ્યા માટે વપરાય છે.

ભાવવાચક નામ ન. (વ્યાકરણ) ગુણ, લાગણી કે સ્થિતિ બતાવનારું નામ. જેમકે, સૌંદર્ય, મોટાઈ, દયા, બુદ્ધિ.

ભાવવાચ્ય [સ.] ન. એક જ માણસના મનની લાગણીનું ઉચ્ચારણ; એક જ માણસનો અવાજ; ' મોનોપર્સનલ વૉઇસ '.

ભાવવાહક [સં. ભાવ + વાહક (લઈ જનાર)] વિ. ભાવ બતાવનાર; ભાવદર્શક.

ભાવવાહિતા [સં. ભાવવાહિન્ (ભાવદર્શક + તા (પણું)] સ્ત્રી. ભાવદર્શકપણું

ભાવવાહી [સં. ભાવવાહિન્] વિ. ભાવ વહન કરનાર; ભાવદર્શક; અર્થસૂચક.

ભાવવિકાર ૧. [સં.] પું. દરેક વસ્તુમાં થતો વિકાર; યાસ્કાચાર્યે કહેલા ઉત્પત્તિવાળા પદાર્થના જન્માદિ ૬ ધર્મ, જન્મ, અસ્તિત્વ, વિપરિણામ, વૃદ્ધિ, અપક્ષય અને નાશ એ ૬ ભાવવિકારો છે. ૨. પું. (વેદાંત) પૂર્વાવસ્થાનો પરિત્યાગ થયે છતે જે બીજી અવસ્થા પામવી તે.

ભાવવિકાસ [સં.] પું. ભાવનાનો વિકાસ.

ભાવવિક્રિયા [સં] સ્ત્રી મનોવિકાર.

ભાવવિરહિત વિ. ભાવરહિત.

ભાવવિશુદ્ધિ [સં.] સ્ત્રી. ભાવનાની શુદ્ધિ.

ભાવવું ૧. અ. ક્રિ. અનુભવવું.

૨. અ. ક્રિ. ગમવું; પસંદ પડવું; રુચવું; અનુકૂળ આવવું; પ્રિય લાગવું; ગોઠવું.

મને મારો રામજી ભાવે રે,
બીજો બારી નજરે નાવે રે. મીરાં

ભાવી જવું = (૧) ગમી જવું; પસંદ પડવું. (૨) માનના પાત્ર બનવું.

૩. અ ક્રિ. ચિંતવવું

૪. અ. ક્રિ. ભાવના કરવી.

૫. અ. ક્રિ. મનાવું ભાવવું.

૬. અ. ક્રિ. સમજવું.

૭. અ. ક્રિ. સ્વાદ લાગવો; જીભને પસંદ પડવું. ભાવે એટલું ખાવું નહિ, ને ભાવે એટલું બોલવું નહિ = વિચાર્યા વગર બોલવું નહિ. જ્ઞાનપ્રદર્શનમાં અને બોલવામાં સંયમ જાળવવો; ન બોલ્યામાં નવ ગુણ.

ભાવવૃત્ત [સં.] પું. સૃષ્ટિકર્તા બ્રહ્મદેવ.

ભાવવેદ [સં.] પું. (જૈન) અમુક અભિલાષા કે પુરુષ. ભાવવેદ એક પ્રકારનો મનોવિકાર છે, તે મોહનીય કર્મના ઉદયનું ફળ છે.

ભાવવ્યક્તિ [સં.] સ્ત્રી. મનનો અભિપ્રાય બતાવવો તે.

ભાવવ્યસન [સં.] ન: (જૈન) જીવની અનાદિની સાત જાતી ભાવના. તેનાં નામ: (૧) અશુભમાં એટલે પાપમાં દ્વાર અને શુભમાં દ્યૂત એ જુગારકર્મ છે. (૨) દેહને પોતાનો માની તેમાં લીન રહેવું તે માંસભક્ષણ છે. (૩) મિથ્યાત્વની ગાંડાઈથી સ્વસ્વરૂપનું ભાન ભૂલવું તે મદિરાપાન છે. (૪) કુમતિની રીતિ તે વેશ્યાનો રસ ચાખવો છે. (૫) સ્વ પ્રત્યે નિર્દય બની પોતાનું ભાવમરણ કરવું તે શિકાર છે. (૬) પરમાં આત્મબુદ્ધિ રાખવી તે પરનારીનો સંગ છે (૭) અનુરાગપૂર્વક પરપદાર્થને ગ્રહણ કરવાની અભિલાષા તે ચોરી છે. આત્મસ્વરૂપને ભોળવ્યે આ સાત વ્યસનોનો નાશ થાય છે. આ સાત ભાવવ્યસન જીવને અનાદિના રમકડારૂપ છે.

ભાવવ્યંજક [સં.] વિ. ભાવ પ્રકટ કરનાર.

ભાવવ્યંજન [સં.] ન. અંદરની ભાવનાઓનું દર્શન.

ભાવશબલ [સં.] પું. જ્યાં બધા ભાવ હોય તે.

ભાવશબલતા ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારનો અલંકાર. તેમાં કેટલા યે ભાવોનું એકમાંથી વર્ણન હોય છે. જેમાં પૂર્વપૂર્વનો ભાવ કરનાર ઉત્તરોત્તર ભાવો વર્ણવ્યા હોય તે ભાવશબલતા કહેવાય છે.

રસ જેમ છે તેમ ભાવ, રસાભાસ, ભાવાભાસ, ભાવશાંતિ, ભાવોદય, ભાવસંધિ અને ભાવશબલતા એ પણ અનુભવના મનમાં આનંદનો અનુભવ કરાવે છે માટે રસ છે. ગુ. સા. પરિષદ

૨. સ્ત્રી. એક પ્રકારનો ધ્વનિ.

૩. સ્ત્રી. મનની વૃત્તિઓનું એકાગ્રપણું.

ભાવશાબલ જુઓ ભાવશબલ.

ભાવશબલતા જુઓ ભાવશબલતા.

ભાવશાબલ્ય જુઓ ભાવશબલતા.

ભાવશાબલ્ય જુઓ ભાવશબલતા.

ભાવશાંતિ ૧. [સં.] સ્ત્રી. નાટકમાં દેખાડાતો એક પ્રકારનો ભાવ. ભાવની શાંતિ જેમાં વસ્તુથી હોય તે ભાવશાંતિ.

૨. સ્ત્રી. મનોવિકારની શાંતિ.

ભાવશુદ્ધ ૧. [સં.] પું. (જૈન) એક પ્રકારનો આહાર. આહાર પ્રાસુક હોય, પણ મારે માટે કર્યો છે એવું ચિંતન કરે તો તે આહાર ભાવથી અશુદ્ધ છે અને તેમ ચિંતન ન કરે તો તે ભાવશુદ્ધ આહાર કહેવાય છે.

૨. વિ. ભાવથી શુદ્ધ.

ભાવશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. જીવની સ્થિતિની શુદ્ધતા.

૨. સ્ત્રી. મનની નિર્મળતા.

૩. સ્ત્રી. શરીરનું સૌંદર્ય.

૪. સ્ત્રી. સ્વભાવની શુદ્ધતા.

ભાવશુશ્રૂષા [સં.] સ્ત્રી. ભાવપૂર્વક કરાતી સેવા. માતા, પિતા, દેવ, સ્વામી, કુટુંબ આ બધાંનો મુખ્યમાં સમાવેશ છે એમ ભાવના કરવી તેને ભાવશુશ્રૂષા કહેવાય છે.

ભાવશૂન્ય [સં.] વિ. કોઈ પણ જાતનો ભાવ પ્રગટ ન કરી શકે તેવું; ભાવ વગરનું; શુષ્ક; સાર વિહીન.

ભાવશૂન્યતા [સં.] સ્ત્રી. ભાવનો અભાવ; ભાવ વગરનું હોવાપણું.

આ સર્વે દુઃખોનું મુખ્ય કારણ વિચારશૂન્યતા અને ભાવશૂન્યતા છે. ગુ. સા. પરિષદ

ભાવશૂન્યત્વ જુઓ ભાવશૂન્યતા.

ભાવશ્રાવક [સં.] પું. ખરો શ્રાવક; જેને સંસારમાં રતિ ન હોય તેવો શ્રાવક.

ભાવશ્રુત [સં.] ન. (જૈન) શબ્દસ્વરૂપ શ્રુતજ્ઞાનનો ઉપયોગ.

ભાવશ્રુતજ્ઞાન [સં.] ન. (જૈન) ભાવપૂર્વક સાંભળવાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન. રાગદ્વેષ રહિત કોઈ વેદનને જાણવાનું જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન છે, તે સાચું જ્ઞાન છે. જે વિકલ્પે છે તે તો શબ્દશ્રુતજ્ઞાન છે.

ભાવસત્ય ૧. [સં.] ન. (જૈન) શુદ્ધ અંતઃકરણ; શુદ્ધ અંતરાત્મા; પરમાર્થ સંબંધી વિચાર.

૨. જે ધ્રુવ સત્ય ન હોય પરંતુ ભાવની દૃષ્ટિથી સત્ય હોય એવું.

ભાવસન્નિપાત [સં.] પું. પારમાર્થિક રોગ. જેમકે, રાગ, દ્વેષ, મોહ.

ભાવસબલતા જુઓ ભાવશબલતા.

ભાવસમાહિત ૧. [સં.] જ્ઞાનસ્થ; યોગસ્થ.

૨. વિ જિ. પારમાર્થિક; અભિન્ન.

ભાવસમુદ્ર [સં.] પું. વિચારોનો દરિયો.

ભાવસર્ગ [સં.] પું. (સાંખ્ય) તન્માત્રાઓની ઉત્પત્તિ

ભાવસંચય [સં.] પું. વિચારોનો સંગ્રહ.

ભાવસંચાર ૧. [સં.] પું. લાગણીનો ઊભરો.

૨. પું. વિચારોનો ઉદય.

ભાવસંજ્ઞા [સં.] સ્ત્રી. લક્ષણ.

ભાવસંધિ ૧. [સં.] પું. (કાવ્ય) જે નામનો એક જાતનો રસવદાદિ અલંકાર; લક્ષણ વિરુદ્ધ હોય એવા બે ભાવની પરસ્પર સ્પર્ધા તે સંધિ. તેમાં બે વિરુદ્ધ ભાવોની સંધિનું વર્ણન હોય છે. જેમકે,

અના એકો વારે ત્વરિત સિધિલ સ્વાંગ તજવા, બદુનો તે અર્પો રમરહર પ્રમોદો જ તમને.

આ શ્લોકમાં કવિનો જિવ વિષેનો રત્યાખ્ય ભાવ પ્રધાન છે. ત્વરિત અને શિથિલ પદોથી બદલતા ભાવોને અને પ્રેયની સંધિ તેનું અંગ છે. આને ભાવસંધિ અલંકાર કહે છે.

૨ સ્ત્રી. (કાવ્ય) જેમાં ભાવનું અનુસંધાન થતું હોય તેવો એક પ્રકારનો ધ્વનિ.

ભાવસંભાર [સં.] પું. ભાવનાથી ભરેલો રસ.

ભાવસંવર [સં.] પું. (જૈન) દ્રવ્યમય આશ્રવને રોકવાના કારણરૂપ આત્માનો ભાવ.

ભાવસંશુદ્ધિ [સં.] સ્ત્રી. અંતઃકરણની શુદ્ધિ; અંતઃકરણનું રાગદ્વેષ વગેરે દોષો સાથે ન જોડવું તે; ભાવનાની શુદ્ધિ; શુદ્ધ ભાવનાદ સંકલ્પ વિકલ્પનો લય

> અનપ્રસાદ સૌમ્યતા મૌન ને આત્મનિગ્રહ,
> ભાવસંશુદ્ધિ વળી યે ગણાયે માનસી તપ.
>
> મીવા

ભાવસંસાર [સં.] પું. (જૈન) ઉદય વગેરે ભાવરૂપે કર્મનું પરિણામ.

ભાવસાગર જુઓ ભાવસમુદ્ર.

ભાવસાધુ [સ.] પું. (જૈન) સાધુ ગુરુ. જેઓ નિર્વાણના સાધક યોગને સાધે છે અને દરેક જીવોને વિષે સમાન ભાવથી રહે છે, તેઓ ભાવસાધુ કહેવાય છે.

ભાવસામાયિક ન. ચાર પ્રકારના સામાયિક. જેમણે સમસ્ત કષાયોનો નિરોધ કરી લીધો હોય, મિથ્યાત્વનું વમન કરી લીધ હોય અને જે નવોમાં નિપુણ હોય તેવા પુરુષને જે દ્રવ્યો સંબંધી જે ભાવો રહિત અને અરંજિત જ્ઞાન હોય તે ભાવસામાયિક કહેવાય છે.

ભાવસામ્ય [સ.] ન. વિચારોનું સરખાપણું.

ભાવસાર ૧. પું જુગાર છાપવાનો ધંધો કરનાર માણસ; છીપો

૨ સ્ત્રી. જુગાર છાપનાર લોકોની એ નામની એક હિંદુ જાતિ. ભાવસાર જાતે વાણિયા જે રહેણીએ પણ તેના જેવા જ છે. રીતમાં ફેર એટલો કે તેઓમાં નાતરાનો આચ છે. તેઓ કોતરેલાં બીબાંએ સાડલાઓ ઉપર તરેહતરેહના જુદાઓ છાપે છે. કેટલાક રંગારા છે. તે પુરુષોની પાઘડી તથા બૈરાંના સાળુ રંગે છે.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

ભાવસારણ ૧. સ્ત્રી. ભાવસારની સ્ત્રી; છીપાની સ્ત્રી.

૨. સ્ત્રી. ભાવસાર જાતિની સ્ત્રી; ભાવસાર જાતિની બાઈ.

૩. સ્ત્રી. રંગારણની સ્ત્રી; કપડાં રંગનારી સ્ત્રી.

ભાવસાહચર્ય [સં.] ન. વિચારોનું સંયોજન; મનમાં એક વિચાર પછી તરત બીજો વિચાર આવવો તે.

ભાવસાહચર્યવાદ [સં.] પું. (ફિલૉસૉફિ) સાહચર્ય નિયમાવલી; પ્રજ્ઞાસહચારવાદ.

ભાવસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ધારેલ વિચાર કે કાર્યની પ્રાપ્તિ.

૨. સ્ત્રી. મોક્ષ.

ભાવસૂચક [સં.] વિ. ભાવાત્મક; ભાવવાળું; વિધાનાત્મક; ' પૉઝિટિવ '.

ભાવસૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. પરમ શિવની શક્તિથી પ્રકટ થનારી ચાર બાબતોની એક પ્રકારની સૃષ્ટિ. તે ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) ભાવસૃષ્ટિ, (૨) ભૂતસૃષ્ટિ, (૩) શબ્દસૃષ્ટિ અને (૪) અર્થસૃષ્ટિ.

૨. વિ. આદર્શ; કલ્પિત

ભાવસેવક [સં.] પું. સેવકના જેવું કાર્ય કરનાર વ્યક્તિ.

ભાવસ્તુતિ [સં.] સ્ત્રી. મન, વાણી, કર્મ તથા શુભાશુભ વૃત્તિથી હું જુદો છું, એમ શુદ્ધાત્મા તરફ વળી, રાગની વૃત્તિથી અસી, અંતરમાં કરવું તે.

ભાવસ્પોર્ધિ [સં.] પું. (જૈન) પુરુષના સંસર્ગસુખની અભિલાષા. જીને વિખાવવાનું સાધન એ દ્રવ્યસ્પોર્ધિ અને પુરુષના સંસર્ગસુખની અભિલાષા એ ભાવસ્પોર્ધિ કહેવાય છે.

ભાવસ્થિર [સં.] વિ. ચિત્તમાં કોરાઈ ગયેલું

ભાવસ્નાન [સં.] ન. (જૈન) મન ઉપરનાં મલિન આવરણ દૂર કરવાં તે

ભાવસ્વરૂપિણી [સં.] સ્ત્રી. ગંગાનાં કલ્પવર માર્ગનું એક નામ.

ભાવહ સ્ત્રી. નાના ભાઈની સ્ત્રી.

ભાવહા પું. ભાઈ. આ શબ્દ રાનીપરજ લોકોમાં વપરાય છે.

ભાવહિંસા [સં.] સ્ત્રી. હિંસા કરવાનો ભાવ; હિંસા કરવાની વૃત્તિ; હિંસાના બે ભેદ છે: દ્રવ્યહિંસા અને ભાવહિંસા. દ્રવ્યહિંસા તે પ્રાણોનું અપરોપણ અને ભાવહિંસા એટલે અશુભ પરિણામ.

ભાવહીન [સં. ભાવ + હીન (રહિત)] વિ. ભાવ વગરનું; લાગણી વિનાનું.

ભાવંર ન. એક જાતનું ઘાસ. તેમાંથી કામણ બને છે.

ભાવા ૧. પું. ઘ. ક. આગો.

> ભલા કાપે ભાવા ભાવ ભળ્યો, એ વેપ્યાના ભાવા.
> દયારામ

૨. પું. ઘ. ક. ઢોલ; જોને સમજાં અવસ્થામાં થતી જુદી જુદી પ્રજ્ઞાઓ.

ભાવાગ્રભાવા પું. ઘ. ક. ઢોલ.

ભાવાઢ્ય ૧. [સં.] પું. ભલો પુરુષ.

૨. પું. નટ; વેષ ભજવનાર માણસ.

૩. પું વિલાસી ભાવનાનો પ્રકારો.

૪. પું. સાધુ પુરુષ.

ભાવાતીત [સં. ભાવ + અતીત (પર થયેલું)] વિ. ભાવનાથી પર.

ભાવાત્મક ૧. [સં.] વિ. અમૂર્ત; અમોઘર; તાર્કિક.

૨. વિ. અસ્તિવાચક.

૩. વિ. કેવળ; નિર્વિશેષ.

૪. વિ. ભાવસૂચક; સકારાત્મક; ભાવવાચક.

૫. વિ. વિદ્યુતના બે પ્રકારનું; ' પૉઝિટિવ '.

૬. વિ સત્ય; ખરું; વાસ્તવિક.

> ન્યાય, વૈશેષિક, યોગ અને બૌદ્ધ એ ચારે એમ માને છે કે દુઃખના નાશ પછીનો મોક્ષમાં બીજી કોઈ ભાવાત્મક વસ્તુ નથી. સુખલાલજી

૭. વિ સ્વતંત્ર

ભાવાત્મક ભાવના [સં.] સ્ત્રી. અમૂર્ત ભાવના; ' એબ્સ્ટ્રૅક્ટ આઇડિયા '.

ભાવાત્મક વાક્ય [સં.] ન. અસ્તિવાચી વાક્ય; ' અફર્મેટિવ પ્રોપોઝિશન '

ભાવાદ્વૈત [સં.] ન. (વેદાંત) વિચારનું અંકય. કાર્યકારણરૂપ જગત અને બ્રહ્મમાં બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા છે, આવો કોઈ કાર્યકારણરૂપ વસ્તુમાં જે ભેદરૂપ વિચાર તેને ભાવાદ્વૈત કહે છે. વેદાંતમાં અજ્ઞાનને ભાવરૂપ પદાર્થ માન્યો છે એ ભાવરૂપ અજ્ઞાનની નિવૃત્તિ એ અભાવરૂપ છે. માટે અજ્ઞાનનો અભાવ બ્રહ્મમા હોવાથી બ્રહ્મમાં દ્વૈત થતું નથી. બ્રહ્મનું અદ્વૈત જળું રહેતું નથી. એવી રીતે બ્રહ્મના અદ્વૈતને ભાવાદ્વૈત કહે છે.

ભાવાધિકરણ [સં.] ન. સંસારી મનુષ્યની શુભ કે અશુભ પ્રવૃત્તિ કરતી વેળાની એકસો ને સાડ ત્રણેની એક અવસ્થા.

> સંસારી જીવ શુભ અથવા અશુભ પ્રવૃત્તિ કરતી વેળાએ એકસો ને સાડ અવસ્થાઓમાંથી કોઈ ને કોઈ અવસ્થામાં અવશ્ય હોય છે; આથી તે અવસ્થાઓ ભાવાધિકરણ છે. તત્ત્વાર્થસૂત્ર

ભાવાનુકીર્તન [સં.] ન. ત્રણે કોઠના ભાવોનું કથન.

ભાવાનુગ ૧. [સં.] વિ. અભિપ્રાયને અનુસરનાર.

૨. વિ. આપોઆપ પ્રકટેલું.

૩. વિ. ભાવને અનુસરનાર.

૪. વિ. સરલ; સીધું.

૫. વિ. સહજ; સ્વાભાવિક.

ભાવાનુગા ૧. સ્ત્રી. ભાષા; બોલી.

૨. સ્ત્રી. ટીકા.

૩. વિ. સ્ત્રી. ભાવની પાછળ આવતી.

ભાવાનુવાદ [સં.] પું. શબ્દશઃ નહિ પરંતુ તાત્પર્ય સુધ્ધાં અનુવાદ; મૂળ પુસ્તકનો અક્ષરશઃ નહિ પણ તેના ભાવને બરાબર બંધતો અનુવાદ; સ્વતંત્ર ભાષાંતર; ' ફ્રી ટ્રાન્સ્લેશન '.

ભાવાભિ જુઓ ભાવભા૰

ભાવાભાવ ૧. [સં] પું. ઉત્પત્તિ અને લય

૨ પું. ઘરી ભાવ અને ઘરી અભાવ થવો તે; મરણ્ણી સ્થિતિમા ઓઓને ઠોર્ઈ વસ્તુ ગમે અને ઠોર્ઈ વસ્તુ ન ગમે તે; ઠોઢ૬

૩ પું ભાવ અને અભાવ; હોવું અને ન હોવું તે.

ભાવાભાવાત્મક વિભાગ [સં.] પું. અમુક ધર્મના ભાવ અને અભાવ ઉપરથી કરેલા વિભાગ; એક વર્ગના પરસ્પર વિરુદ્ધ એવા બે પાડેલા વિભાગ; નિષેધમુખ વિભાગ

પ્રમાણ૨.ઓઓએ એની યુક્તિ સૂચવી છે કે બદ્ધ તત્ત્વમાં અમુક ધર્મના ભાવ અને અભાવ ઉપર જ વિભાગો કરવા. વસ્તુઓના વિભાગો આપણે સહજ અને નિર્કુંચ ક્રમાં તે વિભાગો હોવના ભાવ અને અભાવ ઉપરથી જ થયા છે. આ આખના વિભાગને બીજે વખતે સારો શબ્દ ન જડે ત્યાસુધી આપણે **ભાવાભાવાત્મક વિભાગ** કહીશું.

રામનારાયણ પાઠક

ભાવાભાસ ૧. [સં.] પું. (કાવ્ય) એક જાતનો અલંકાર.

૨. પું. એક પ્રકારનો ધ્વનિ; રસને ભાવતું અનૌચિત્ય.

૩. પું. એક પ્રકારનો ભાવ; જડ વસ્તુમાં ભાવનું એટલે લાગણીનું આરોપણ; લાગણીનો આભાસ; અસ્થાને ભાવ આરોપવો તે.

ભાવાભિમઠ [સં] પું (જૈન) માન કરતો, હસતો, અમુક ચેષ્ટા કરતો માણસ આહાર વગેરે આપે તો જ વહોરવું એમ ભાવ સંબંધી અભિગ્રહ એટલે નિયમ ધારવો તે.

ભાવારોગ્ય જુઓ ભાવશુદ્ધિ.

ભાવારોપ [સં.] પું. (કાવ્ય) ભાવનો આરોપ. કવિએ ઉત્પન્ન કરેલાં પાત્રો પોતાની લાગણીઓની ભાષા પ્રકૃતિ ઉપર પાડે છે ત્યારે કવિ પોતે જ પોતે ઉત્પન્ન કરેલાં પાત્રોની દશા સાથે પ્રકૃતિને સમભાવ ધરતી વર્ણવે છે ત્યારે અને વર્ણન કરેલા માનવવૃત્તાંતોને માટે અનુકૂળ પ્રતિમા બનાવો તે જ વખતે બનેલા કહીને કવિ વર્ણવે છે. મુખ્ય વૃત્તાંતના ચિત્રને યોગ્ય પશ્ચાદ્‌ભૂમિ તરીકે ચીતરે અને તે જ ક્રિયામાં માનવવૃત્તાંત અને પ્રકૃતિના વૃત્તાંત વચ્ચે ગોઠવે ગૂઢ અને સૂક્ષ્મ સંબંધની છાપ પાડે છે ત્યારે આત્મલક્ષી અને પરલક્ષી કાવ્યમાં ભાવારોપ જોવામાં આવે છે.

ભાવારોપણ [સં.] ન. ભાવનું આરોપણ.

ભાવાર્દ્રવ જુઓ ભાવસાર.

ભાવાર્થ ૧. [સં.] પું. તાત્પર્ય; સૂક્ષ્મ અર્થ; તાત્પર્યાર્થ.

૨ પું. પ્રકટ નહિ એવો ભેદ. ગમ ભેદ; ગર્ભ ભેદ; ગૂઢ ગુપ્ત મતલબ

૩. પું. હેતુ; મતલબ; આશય.

આધ્યાત્મિક ગ્રંથો અર્થ ભાવાર્થે વાંચવા નહિ. નીતિ તે ધર્મ આત્માની દૃષ્ટિએ જ જોવાય

નાથીબાઈ

૪ પું. સાર; સારાંશ; અભિપ્રાય.

ભાવાલંકાર [સં.] પું. (કાવ્ય) એક જાતનો અલંકાર

ભાવાલીના [સં.] સ્ત્રી. છાયા.

ભાવાલેખન [સં. ભાવ + આલેખન] ન. ભાવનું પ્રદર્શન.

ભાવાવતાર [સં] પું. ઈશ્વરના ભાવરૂપી સ્વરૂપ; સંત પુરુષ

સંતો પોતે **ભાવાવતાર** હોવાથી જેનો જેવો ભાવ તેવું તેને ફળ આપે છે. વિશ્વજ્યોતિ

ભાવાવધિ [સં.] પું. (જૈન) સૂપોપશમ ભાવે ઉત્પન્ન થઈ ઉદયાદિ ભાવને ભોગવનાર અવધિજ્ઞાન.

ભાવાવસ્થા [સં.] સ્ત્રી. જ્ઞાની મનુષ્યની જન્મ મરણના એક પ્રકારની અવસ્થા, સ્થિતિ કે દશા; ભાવનાની ઉત્કટતાની અવસ્થા. વિનોબાજી લખે છે કે: આ અંતિમ અવસ્થામાં જન્મ ભાવ રહે છે: એક છે રામદેવની દશા. તેનો પ્રસિદ્ધ ઉદ્‌ગાર છે, આ વિશ્વમાં જે કાંઈ પણ છે તે હું છું. જ્ઞાની પુરુષ નિરહંકાર થઈ જાય છે. તેનું દેહાભિમાન નષ્ટ થઈ જાય છે, ત્રિમાત્ર સમાધિ થઈ જાય છે. આ સમયે તેને એક ભાવાવસ્થા પ્રાપ્ત થાય છે. તે અવસ્થા એક દેહમાં સમાઈ શકતી નથી. ભાવાવસ્થા ત્રિભાવસ્થા નથી. ભાવાવસ્થા એટલે ભાવનાની ઉત્કટતાની અવસ્થા. સંત નરસિંહ મહેતા કીર્તન કરતાં કરતાં કહે છે કે, આપજી બાપ મેં કરવું કીધાં ઘણાં, નામ લેતાં તાંઈ નિદ્રા આવે, એટલે કે, હે ઈશ્વર, મેં એવાં શું પાપ કર્યાં છે કે, કીર્તનને સમયે અને નિદ્રા આવે છે ? નિદ્રા શું નરસિંહ મહેતાને આવતી હતી ? નિદ્રા તો શ્રોતાઓને આવતી હતી. પરંતુ શ્રોતાઓની સાથે એકરૂપ થઈને નરસિંહ મહેતા પૂજી રહ્યા છે. આ તેની ભાવાવસ્થા છે. જ્ઞાની પુરુષની ભાવાવસ્થા આવા પ્રકારની હોય છે. આવી ભાવાવસ્થા પ્રાપ્ત થતાં આત્મા પક્ષીની જેમ ઊડવા લાગે છે. તે પવિત્રતાથી ભર થઈ જાય છે. ભાવાવસ્થા અને ત્રિભાવસ્થા સિવાય પણ એક ત્રીજી સ્થિતિ જ્ઞાની પુરુષની છે અને તે છે જ્ઞાનાવસ્થા. આ અવસ્થામાં તે પાપ સહન કરતો નથી કે નથી સહતો પુણ્ય. બધું કટકા સાથે ફેંકી દે છે. આ અખિલ વિશ્વને આમ સમાડીને જગતની દૈવને માટે તે તૈયાર થઈ જાય છે એક પણ કર્મની જવાબદારી લેવાને તે તૈયાર નથી હોતો. તેનો સ્પર્શ જ તેને સહન થતો નથી જ્ઞાની પુરુષની મોક્ષદશામાં એટલે સાધનાની પરાકાષ્ઠાની દશામાં આ ત્રણ સ્થિતિઓ સંભવિત છે

ભાવાવેશ [સં.] પું. ભાવનો જુસ્સો; પ્રેમનું બળ; ભાવનો આવેશ; ભાવનો ઉભરાકો; કોઈ પણ કૃતિ પહેલાં લાગણીનો આવેશ થવો તે.

ભાવાશ્રિત ૧. [સં.] પું. જેની અંદર અંગોથી ભાવ બતાવી શકાય એવો નાચ

૨. પું સંગીતમાં ગાવાના ભાવ અનુસાર લય ઉપાડવો, ફેરવવો અને ઝલાવવો તે.

ભાવાસ્તિત્વવાદ [સં.] પું. ભાતિવાદ; અસ્તિપતવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ, 'રીઅલિઝમ'.

કેટલાક એમ માને છે કે જે ભાતિ છે તે અસ્તિ થઈ બિલ રહે છે. પ્રાણીનું પ્રતિબિંબ પ્રાણીઓ થઈ બિલ રહી શકે છે અને **ભાવાસ્તિત્વવાદ** કે ભાતિવાદ કહે છે. મણિલાલ નભુભાઈ

ભાવાહાર્ય [સં.] પું. (જૈન) રાગદ્વેષ; દ્રવ્યબંધનું નિમિત્ત કારણ અથવા ભાવબંધનું ઉપાદાન કારણ.

ભાવાંક [સં. ભાવ + અંક (આંકડો)] પું. ભાવસૂચક આંકડો.

તેરણીએ કશું **ભાવાંક** ન છે. આ બાળકની નવ સંતાનની વસ્તારવાડી ઘરો. નાનાલાલ

ભાવાંજલિ [સં.] સ્ત્રી. ભાવ ભરેલી અંજલિ.

ભાવાંતર ૧. [સં.] પું. આખરનું પરિવર્તન.

૨. પું. બીજી દશા.

ભાવિ ૧. [સં.] ન. વિધિ; ક્રામ; નસીબ; ભવિષ્ય; તકદીર; બનવા કાળ.

૨. વિ. ભવિષ્યમાં બનાર; ભવિષ્યનું

ભાવિક ૧. [સં.] પું. (કાવ્ય) ભાવની રજા કરવાવાળો એક જાતનો અર્થાલંકાર. જ્યાં ભૂત અને ભાવિ ભાવને પ્રત્યક્ષ કરી બતાવે છે એ ભાવિક અલંકાર થાય છે.

૨. પું. ભલું જન; પૂજારી; આત્માર્થી, ભક્તજન.

૩. ન. બનવા કાળ; થવા કાળ; તકદીર.

૪. ન. ભાવસાધ્ય પદાર્થ.

૫. વિ. કાવ્ય વગેરે ઉપર પ્રીતિવાળું અને તેના ભાવને સમજનાર

૬. વિ. કુદરતી, સ્વાભાવિક.

૭. વિ. ચાહનારું; અનુરાગી; ભાવવાળું, લાગણીવાળું.

૮. વિ. ભવિષ્યમાં બનવાનું

૯. વિ. ભાવનિષ્ઠ. પ્રેમવાળું; ભક્તિવાળું, આસ્તિક; પ્રેમ રાખનાર.
૧૦. વિ. રસિક; મર્મજ્ઞ; ભાવુક, લાગણીવાળું.
૧૧. વિ. વાસણીને લગતું.

ભાવિકથન [સં. ભાવિ (ભવિષ્ય) + કથ્ (કહેવું) + અન (પણ)] ન. ભવિષ્ય ભાખવું તે; જ્યોતિષ.

ભાવિક ભક્ષિકા સ્ત્રી. કુદરતી ભેટ.

જેમ સિદ્ધિવિનાયકની કોઈની એક ભક્ષિકા ઉપરથી જુદા જુદા વિષય ઉપર જ્ઞાન છે, તેમ આ રચનાથી ગણેશ પ્રકારની વિનંતી આપવાનું બની રહે તેનું છે, માટે આને દરેક ભક્ષિકા અથવા ભાવિક ભક્ષિકા કહીએ તો તે ચાલે.

પારિજા.વિક ઉપો

ભાવિકલ્પ ૧. [સં.] વિ. ભવિષ્યનું
૨. વિ. ભવિષ્યમાં બનવા જેવું
૩. વિ. શક્ય.

ભાવિક વૃત્તિ સ્ત્રી. સ્નેહવૃત્તિ.

ભાવિકાલંકાર [સં.] પુ. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર. જુઓ ભવિક ૧.

ભાવિક્ષેત્ર [સં.] ન. ભવિષ્યને માટે કાર્ય કરવાનું રક્ષણ

ભાવિગાંગિકા [સં] સ્ત્રી. ઓછો સંયમ, અને વધારે કામવૃત્તિવાળી યુવાન છોકરી. તે પ્રેમ, સાહસ કે ઉપહારના બદલામાં કોઈ અર્પણ કરે છે અને સામે સામે ભાવ કરાવ્યા વગર જે નાણું મળે તે લઈ લે છે

ભાવિચિહ્ન [સં.] ન. જે ઉપરથી ભવિષ્યમાં બનવાની વાત આગાહી જણાય કે કહેવાય તેવી નિશાની.

ભાવિજ ૧. સ્ત્રી. રત્નાગિરિ તરફ રહેતી એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩ વિ. એ નામની જાતિનું

ભાવિત ૧. [સં.] ન. (વિકલ્પ) એક જાતનું ઘર.
૨. ન. ચિતા.
૩. ન. મનન.
૪. ન. મિશ્ર કરવું તે.
૫. વિ આતુર; ઉત્સાહિત
૬. વિ ઉન્નત થયેલું
૭. વિ. કલ્પેલ કરેલું.
૮. વિ. ખુશબોદાર; સુગંધી.
૯. વિ ચિંતવેલું.
૧૦. વિ. (વૈદક) નિર્વાસ વનસ્પતિ મિશ્ર કરેલ.
૧૧. વિ. વાસ દીધેલું; પૂટ દીધેલું.
૧૨. વિ. પુષ્પાદિ વડે વાસવાળું કરેલું; વાસિત. ભાવિત, વાસિત એ બે વિશેષણ પુષ્પાદિ વડે વાસના ૧ કરવાના છે. અમર૦ ૫
૧૩ વિ. પેદા કરેલ; પ્રાપ્ત.
૧૪. વિ. (સમાસમાં) બીજા સમાસમાં કહેલ અન્યના અનેક ધર્મના સમીકરણથી વ્યક્તીકરણ.
૧૫. વિ. ભાવવાળું, ભાવનાવાળું.
૧૬. વિ. જોયું અનેલું.
૧૭ વિ. ભેટ કરેલું; સમર્પિત.
૧૮ વિ મનેલું, પ્રેમ થયેલ.
૧૯ વિ મિત્ર કરેલ
૨૦ વિ લીન
૨૧ વિ. વિચારશીલ.
૨૨ ન વિચારેલું, ભાવના આવેલું
૨૩ ન શુદ્ધ; નિર્દોષ; સ્વચ્છ.

ભાવિતા [સં. ભાવિન્ (હોનાર) + તા (પણ)] સ્ત્રી. ભવિષ્યનો ભાવ

ભાવિતાત્મા ૧. [સ ભાવિતાત્મન્] પું (જૈન) શુદ્ધ આત્મા, અંતર.
૨. ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે રાત્રિ અને દિવસનાં ત્રીસ ભાગેનું તેમનું મુહૂર્ત
૩ વિ. સ્થિતપ્રજ્ઞ; સ્થિર પ્રજ્ઞાવાળું.

ભાવિતેજ [સં. ભાવિન્ + તેજસ] ન. ભાવિનું તેજ; ભવિષ્યમાં જે થવાનું છે તેનું તેજ.

ભાવિત્ર [સં.] પું વૈલોક્ય; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોક.

ભાવિયડ (ભાવિયડ) ન. વડાંકુર; જેમાંથી વડ થાય તેવો ખાંજનો ભાગ.

વડના ઝાડના મૂળ આગળ જોડેનો વચ્ચે ખાંડે ઉગેલ વધેલો એક સુંદર ભાગ છે. તેને વડાંકુર અથવા ભાવિયડ કહે છે. વનસ્પતિશાસ્ત્ર

ભાવિદ્યા ૧. [સં. ભા (પ્રકાશ) + વિદ્યા] સ્ત્રી. વાચિક ચિત્ર પાડવાની વિદ્યા.
૨. સ્ત્રી. સૂરજના અજવાળા સબંધી વિદ્યા.

ભાવિદ્રષ્ટા [સં. ભાવિદ્રષ્ટૃ] વિ. ભવિષ્ય તરફ નજર કરનાર; ભવિષ્ય તરફ મીટ માંડનાર.

ભાવિધિ [સં.] સ્ત્રી. વાચિક ચિત્ર પાડવાની ક્રિયા

ભાવિની ૧. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને લલિત છંદ પણ કહે છે
૨. [સં.] સ્ત્રી. એ નામની એક ગંધર્વકન્યા.
૩. સ્ત્રી. સ્વામી સ્ત્રી; કામબંજક ભાવભાવ કરનારી સ્ત્રી; વાચિકી; પુલટા સ્ત્રી.
૪. સ્ત્રી. પ્રભુ ભાવવાળી સ્ત્રી.
૫. સ્ત્રી. દુર્ગાદેવી સ્ત્રી.
૬. વિ સ્ત્રી. ભવિષ્યમાં બનનારી
૭. વિ. સ્ત્રી. ભાવના કરવાવાળી.

ભાવિનીવિલસિત પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ચાર રગણ અને ચાર નગણ તથા છેડે ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.

ચારે છે રન ચહો તથા ચરમ,
ના ધરો ચરણ ભાવનીવિલસતે

રણછોડકવિ

ભાવિપત્ય [સં ભાવિ (ભવિષ્યત્) + પત્ય (જુમાર)] ન. સટ્ટો; વાયદો.

ભાવિપાણ્ડ્ય [સં.] પું ઈંગ્લંડના રાજાના રાજ્યાભિષેક વખત તો એક પદવી

ઈ. સ. ૧૨૫૩થી ૧૪૮૮ સુધી ઈંગ્લંડના રાજાનો રાજ્યાભિષેક રહેતા નામના ગામડામાં થતા. જે પથ્થર ઉપર બેસી રાજાઓને મુગટ પહેરાવતા, તે હજી સાચવી રાખ્યો છે. તે પથ્થરને ઘડતના વેસ્ટ મિન્સ્ટર બેબીના રાજ્યો છે. આ પથ્થરને ... કહો ભાવિપાણ્ડ્ય કહેતા.

ન મ ન્ન પરિષ્કાર

ભાવિપ્રતિબંધ [સં.] પું. જન્માંતરના હેતુરૂપ પ્રારબ્ધકર્મ.

એક યા અનેક બબત જન્મ આપવાના જે પ્રતિબંધ તે ભાવિપ્રતિબંધ કહેવાય છે.

પરમદરી સા.રસમહ

ભાવિપ્રદાન [સં.] ન. ભવિષ્યમાં આપવું તે.

ભાવિપ્રસંગનિધિ [સં.] સ્ત્રી. દ્રવ્યસંચય; આકસ્મિકસંચય.

ભાવિફલ [સં.] ન. ભવિષ્યમાં મળનાર શુભાશુભ કર્મનું ફળ.

ઉદર્ક એ નામ ભાવિફલનું છે. અમર૦ ૫

ભાવિફળ જુઓ ભાવિફલ.

ભાવિબંડાળ ન. ભવિષ્યને માટેનું એકઠું કરાયેલું નાણું.

ભાવિમૂલ [સં.] ન. જમીનમાં વવેલા બીજનો ભોંયમાં ઊતરતો ભાગ; મૂળાંકુર.

વડાંકુરની જ જાતનો એક નાનું પણ નીચું વાવેલું બીજું એક અંકુર હોય છે. તેને મૂળાંકુર અથવા ભાવિમૂલ કહે છે. વનસ્પતિશાસ્ત્ર

ભાવિમૂળ જુઓ ભાવિમૂલ.

ભાવિલાભ [સં.] પું. ભવિષ્યમાં મળવાનો લાભ; ભવિષ્યમાં બનારો ફાયદો

ભાવિવદ્ધ વિ. ભાવિને વટી જનાર.

ભાવિવિકાસ [સં.] પું. ભવિષ્યમા થવાની પ્રગતિ; ભાવિ ખિલવણી.

ભાવિવૃત્તિ [સં.] સ્ત્રી. ભવિષ્યમાં ઉદ્ભવનારી પ્રજ્ઞા કે લાગણી

ભાવિસૂચન [સં.] ન. ભવિષ્ય કળ; ભવિષ્યમાં બનાર બનાવનું સૂચન.

ભાવી ૧. [સં. ભાવિન્] પું. કાર્તિકેયનું એક નામ.

૨. [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર માહેનું એક નામ

૩. ન. નસીબ; કિસ્મત; બનવાકાળ; તકદીર; વિધાતાના લેખ; ભવિષ્ય; ભવિષ્યમાં બનવાનું તે; ભવિષ્યની સ્થિતિ. ભૂખ્યું, ભવિષ્યું, ભવિતા આ ત્રણ નામ ભાટીના છે. મહાત્મા ગાંધીજી હરિજન બંધુમાં લખે છે કે: ભાવી ખરે જ ભમરીની પેઠા ફરે તેવું અંધકાર ભરેલું છે. આજસુધી મૂલ્યવાન વસ્તુઓ તરીકે જે જે આપણને પ્રિય હતું, તે બધાનો લાભ કરવાની તૈયારી એ જ શું હિંદના સ્વાતંત્ર્યની સ્થાપના છે ? એટલે મોરચથી ભાતી કુશાવવાને બદલે આજે ઊંડી આત્મપરીક્ષાનો, અંતરને તપાસવાનો અને પોતાની જાતને કક્ક કંઈ દેવાનો પ્રસંગ છે. ઉપ્પર ત્રીસ વરસની સ્વતંત્રતાની લડતના પ્રમુખ સૂત્રધાર તરીકે આજે મારું અંતર અંતરને વલોવી નાખનારા સવાલોથી ઊભરાય છે. જેને ઉમદા લડત તરીકે વધાવી લેવામા આવી હતી, તેનો શું આવો પાસે આવી રહેલો નામોશી ભરેલો અંત સરજાયો છે ? વેદના ઋષિની સાથે મારું અંતર પોકાર છે કે હે પ્રભુ, તમસો મા જ્યોતિર્ગમય, ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા.

૧. ભાવી આગળ કોઈનું ચાલતું નથી-ભાવી મિથ્યા થતું નથી = નસીબમાં જે બનવાનું હોય તે થાય.

૨. ભાવી ભુલાવે = કમભાગ્ય માણસને ખોટે રસ્તે દોરશે.

૪. વિ. ઉમદા; મહાન; મુખ્ય કે ઐશ્વર્યથી ભરપૂર; લક્ષ્મીવાળું.

૫. વિ. ભવિષ્યનું કે ભવિષ્યમાં બનારું.

૬. વિ. હોનાર; બનાર.

ભાવીચિહ્ન ન. શુકન.

ભાવીણ સ્ત્રી. પશ્ચિમ મુલકી પ્રદેશના વિસ્તાર તરફ વળતાં રત્નગિરિ અને કાનડ જિલ્લામાં તેમ જ સાવંતવાડી રાજ્યમાં થઈ જણાતી એક કોમની સ્ત્રી.

ભાવીપક્ષન ન. ભવિષ્ય ઉપર આધાર રાખનારું કામકાજ; સટ્ટો.

ભાવી પ્રયોગ જુઓ ભાવે પ્રયોગ.

ભાવી ભાગ જુઓ ભાવી ભાંગ.

ભાવી ભાંગ સ્ત્રી. ભવિષ્યમાં બનારી ભાગ્યની.

ભાવી સ્વરૂપ [સં. ભવિન્ (ભવિષ્યનું) + સ્વરૂપ] ન. બનવાનું સ્વરૂપ; ભવિષ્યનો રંગ.

ભાવુ ૧. સ્ત્રી. હિંસક માણસની એ નામની એક જાત.

ભાવુ ભીલ કસાઈ કહાર,
પારધી ફાસીયા મચ્છીમાર. નિષ્કુળાનંદ

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભાવુક ૧. [સં.] પું. બનેવી; બહેનનો વર.

૨. પું. સજ્જન; ભલો આદમી.

૩. ન. (શિલ્પ) એક પ્રકારનું ઘર; પછીતે અભિદો અને અંદર બે પાટડા હોય તેવું ઘર.

ઘરદારની પછીતે એક અભિદ હોય તે અભિદ આગળ એક અભિદ વધારી ઘરમાં પાટડો નાખવામાં આવે તો તે ભાવુક ઘર થાય.

રાજવલ્લભ

૪. ન. મંગળ; કલ્યાણ; શિવ; ભદ્ર; શુભ.

૫. વિ. કલ્યાણપ્રદ.

૬. વિ. યજ્ઞની તૈયારીમા હોય તેવું.

૭. વિ. ભાવના કરનાર; વિચારવાન; વિચારશીલ; ભાવનાવાળું.

૮. વિ. ભારિક; શ્રદ્ધાવાન; આસ્તિક.

૯. વિ. માંગલિક

૧૦. વિ. રસજ્ઞ, સહૃદય.

૧૧ વિ. લાગણીવાળું.

૧૨. વિ. સજ્જન; ભલું

ભાવુકતા ૧. સ્ત્રી. આસ્તિકતા; શ્રદ્ધા.

૨. સ્ત્રી. માંગલિકપણું.

૩. સ્ત્રી. લાગણીવાળું હોવાપણું.

ભાવુકા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભાવુકા અમાસ સ્ત્રી. વૈશાખ વદિ અમાસ. આ દિવસે તથા તેની પછીના દિવસે શુભ કાર્યો ન કરવાં એવી લોકમાન્યતા છે.

ભાવે ૧. સ્ત્રી. મરાઠા લોકોની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. અ. કીમતથી; ભાવથી

૫. અ. પ્રેમથી; હેતથી; હોંશે હોંશે.

ભાવેજ્ઞાનાથ પું. ભાવનગરના ગોદિલ મહારાજા.

ભાવેણું ૧. ન. ભાવનગર; ભાવનગરનું કુલામણું નામ.

નગરથી નાનાં નાળિયેર આણીમાં,
આલ્યા છે કોઈ ભાવેણું દરબાર રે.

ઈંદિરાબા રાવ

૨. વિ. ભાવનગરનું.

ભાવે પ્રયોગ [સં. ભાવે (ભાવમાં) + પ્રયોગ (ઉપયોગ)] પું. (વ્યાકરણ) જેમાં ક્રિયાપદનો ભાવ તેજ ક્રિયાનામ હોય એવો પ્રયોગ. જેમકે, પેટમાં દુખે છે.

ભાવેંદ્રિય [સં.] સ્ત્રી. (જૈન) ઇંદ્રિયના બે માંહેનો એ નામનો એક પ્રકાર; જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવને ઉત્પન્ન થયેલ શબ્દાદિ ગ્રહણ કરવાની શક્તિ; લબ્ધિ અને ઉપયોગ.

બાકી ઇંદ્રિયોના દ્રવ્ય અને ભાવરૂપે બબ્બે ભેદ થાય છે. પુદ્ગલમય જડ ઇંદ્રિય દ્રવ્યેંદ્રિય છે અને આત્મિક પરિણામરૂપ ઇંદ્રિય ભાવેંદ્રિય છે.

તત્ત્વાર્થસૂત્ર

ભાવો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ, માગધી પિંગળ પ્રમાણે તે સાઠ છંદનો એક ભેદ છે. તેમાં ૩૨ ગુરુ અને ૬૬ લઘુ મળી ૮૮ અક્ષરની ૧૨૦ માત્રા હોય છે.

ભાવોઠ (ભાવોઠ) પું. બનેવી.

ભાવોત્સર્ગ [સં.] પું. (જૈન) ક્રોધ વગેરે ખરાબ ભાવોનો ત્યાગ.

ભાવોદય ૧. [સં.] પું. (કાવ્ય) એક જાતનો રસવદ્ ઢિ અલંકાર,

જેમાં ભાવની ઉદય અવસ્થા અપરનું અંગ હોય એ ભાવોદય અલંકાર. કે.ખબરાજ

૨. પું. એક પ્રકારનો ધ્વનિ.

૩. પું. ભાવનો ઉદય; મનોવિકારનો ઉદય.

ભાવોદ્દીપક [સં.] વિ. લાગણીને ઉત્તેજન આપનાર.

ભાવોદ્દીપન [સં. ભાવ + ઉદ્દીપન (ઉત્તેજના)] ન. ભાવની ઉત્તેજના કે ઉશ્કેરણી.

ભાવોદ્રેક [સં. ભાવ + ઉદ્રેક (અતિશયતા)] પું ભાવોદ્રેમ; મનોરાગ; આવેગ; ' પેશન '.

ભાવોદ્રેકના પ્રસંગ પ્રવાહમાં, વાવાઝોડામાં અને બાહ્યાનમા હમારે એની સમધારણ પૂર્તિ મેળવવી અને પેદા કરવી જોઈએ કે તેથી એ ભાવોદ્રેકમાં સુવાળાપણું આવે. નરસિંહરાવ

ભાવોદ્રેમ જુઓ ભાવોદ્રેક.

ભાવોન્મત્ત [સં.] વિ લાગણીના ઘેલાવાળું.

ભાવોન્મત્તતા [સં.] સ્ત્રી. લાગણીનું પૂર; લાગણીનો લોચ.

ભાવોર્મિ [સં. ભાવ + ઊર્મિ (ઉછાળો)] સ્ત્રી પ્રેમની ભોળ; ભાવનો ઉછાળો.

ભાવોલ્લાસ [સં ભાવ + ઉલ્લાસ (આનંદ)] પું. ભાવજન્ય આનંદ.

ભાવ્ય ૧. ન. ભવિ; ભવિષ્યનો ભાવ.

૨. [સં] વિ. ભવિષ્ય હોનાર કે બનાર; ભવ્ય.

૩. વિ. ચિંતવવા જેવું; ધ્યાન કરવા લાયક; ધ્યેય.

૪. ક્રિ. ભાવના કરવા જોગ.
૫ ક્રિ. ભાવવા જેવું
૬. ક્રિ. સિદ્ધ કે સાબિત કરવા લાયક

ભાસરા સ્ત્રી. ઝાડની ઘટા; વૃક્ષોનું ઝુંડ; ઘાટી કુંજ.

ભાસરા સ્ત્રી. વ્રજ ભાષા.

ભાસિલાલેખ [સં. ભા (પ્રકાશ) + શિલા (પથ્થર) + આલેખ (ચીતરવું તે)] પું શિલાજાપથી છાપેલું ચિત્ર; છબી પાડવાની કળની મદદ વડે તૈયાર કરેલી શિલા ઉપરથી લ વત ચિત્ર 'ફોટોલિથોગ્રાફ'.

ભાસિલાલેખક [સં. ભા (પ્રકાશ) + શિલા (પથ્થર) + આલેખક (ચીતરનાર)] પુ. શિલાલેખનવિદ્યાથી કામ કરનાર માણસ 'ફોટોલિથોગ્રાફર'.

ભાસિલાલેખન [સ. ભા (પ્રકાશ) + શિલા (પથ્થર) + આલેખન (ચીતરવું તે)] ન. શિલાજાપથી ચિત્ર છાપવાની કળા; શિલાજાપથી છાપેલું ચિત્ર ઉત્પન્ન કરવાની રીત

ભાષ્ ૧ [સ.] સ ક્રિ. ખાદેર કરવું; અત્તર આપવી

૨. સ. ક્રિ. નામ આપવું; બોલાવવું.

૩. સ. ક્રિ. ને વિષે વાત કરવી.

૪ સ. ક્રિ (ધાતુ) બોલવું, કહેવું. તે ઉપરથી થયેલ શબ્દ: ભાખ્ય, ભાષણ, ભાષિત, સંભાષિત

૫. સ. ક્રિ. વર્ણન કરવું.

ભાષ ૧. [સં. ભાષ્ (કહેવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ઉચ્ચારનો બોલ; શબ્દોચ્ચારનો સંકેત; નિર્ણયાત્મક બોલ; નિશ્ચયાત્મક વચન.

૨. સ્ત્રી. (જૂ ગુ.) જૂની કહેવતની વાત.
ભાષ સામળી ભાગિલી ભાષ,
રહિવ ૨.૩૯ મૂળા પંચાસ,
કાન્હડદેપ્રબંધ

૩. સ્ત્રી. ભાષા.

ભાષક ૧. પું અધિપતિ.

૨ [સં.] પું. (જૈન) ભાષાપર્યાપ્તિવાળો એટલે બોલવાની શક્તિવાળો જીવ.

૩. વિ. ઉચ્ચારનાર; બોલનાર; કહેનાર.

૪. વિ. ભાષાશક્તિવાળું; વાચાળ.

૫. વિ. વક્તા; પ્રતિપાદક; ભાષણ કરનાર.

ભાષચિત્ર [સં.] ન. વાતો કરવું અને બોલવું ચિત્ર.

ભાષજ્ઞ [સં.] વિ. ભાષા જાણનાર; ભાષાનું નિષ્ણાત.

ભાષણ ૧. [સં. ભાષ્ (બોલવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ઉપદેશ; પ્રવ.

૨. ન. બોલ; બોલવું તે; કહેવું તે; વાણી; બોલી

૩. ન. મોટેથી બોલવું તે; કોઈ વાત કે વિષય શ્રોતાઓ આગળ બોલીને વિવેચન કરવું તે; પ્રવચન; વ્યાખ્યાન; વક્તૃત્વ; 'લેક્ચર'.
ભાષણ આપવું-કરવું = શ્રોતાઓ આગળ મોટેથી બોલી સંભળાવવું

૪ ન. વાક્પ્રબંધ.

૫. ન. સાહિત્યપ્રસિદ્ધ નિર્વહણનું એક અંગ.

ભાષણાવધિ સ્ત્રી. ભાષણ કરવાના સમયની મર્યાદ.

ભાષણકર્તા ૧. [સ ભાષણકર્તૃ] પું. વક્તા; પ્રવક્તા; બોલનાર માણસ.
૨ વિ. ભાષણ કરનાર.

ભાષણકાર જુઓ ભાષણકર્તા.

ભાષણકાર આલમ [ભાષણકાર (ભાષણ કરનાર) + આલમ (દુનિયા)] સ્ત્રી. ભાષણ કરનારાઓનો વર્ગ; ભાષણકારોનો સમૂહ.

ભાષણખોર વિ. ભાષણ કરવાની ટેવવાળું.

ભાષણપત્ર ૧. [સ.] પું. ભાષાગ્રંથ.
૨. પું. હિંદુ કાયદાના નિષ્ણાતોએ મૂંઝવણ ભરેલા કાયદાના પ્રશ્ન ઉપર આપેલો સહીવાળો અભિપ્રાય.

ભાષણરીતિ [સં] સ્ત્રી. ભાષણ કરવાની પદ્ધતિ.

ભાષણશાલા [સં. ભાષણ + શાલા (સ્થળ)] સ્ત્રી ભાષણ કરવાની જગ્યા; ભાષણ કરવાનું સ્થળ

ભાષણશાળા જુઓ ભાષણશાલા.

ભાષણસ્વાતંત્ર્ય [સં.] ન. વાણીસ્વાતંત્ર્ય.

ભાષણિયું ૧. વિ. ભાષણના ગુનાથી સત્તાધીશોમાં પકડાયેલું.
૨. વિ. ભાષણ કરવાની મનોવૃત્તિવાળું.

ભાષણી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભાષણોપસંહાર [સં. ભાષણ + ઉપસંહાર (સારાંશ)] પું. ભાષણના બધા મુદ્દા આખી બાબ તેના રીતે ભાષણ સમાપ્ત કરવું તે.

ભાષમાણ [સ] વિ. બોલતું; કહેતું.

ભાષવું ૧. સ. ક્રિ. ભોજન કરવું; જમવું.
૨. સ. ક્રિ. બોલવું; ભાષણ; વાત કરવી.
૩. સ. ક્રિ. ભાષણ કરવું.

ભાષા ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

૨. સ્ત્રી. (જૈન) ઉપયોગ અને જરૂરપૂર્વક બોલવું તે; ભાષાસમિતિ.

૩. સ્ત્રી. (સંગીત) એ નામે એક રાગિણી.

૪. [સં. ભાષ્ (બોલવું) + અ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કોઈ એક સમાજ કે દેશના લોકો પોતાના મનોગત ભાવ કે વિચાર એકબીજાને પ્રગટ કરી શકે તેવો વ્યક્તનાદનો સમુદાય; જબાન; વાણી; ભાઠાં; ભારતી; સરસ્વતી; ગિરા; બોલી. મનના વિચાર બોલીને કે લખીને જણાવાય છે. ભાષાશાસ્ત્રમાં ભાષા અને બોલી એવા બે ભેદ પાડવામાં આવે છે. અંતઃકરણના વ્યાપારને ભાષા કહે છે અને તેનું ઉચ્ચારરૂપ સાધન પરંપરાના પરિણામને જણાવી શકે છે. ભાષા કાઢવા સંબંધમાં વિદ્યાવિજયજી મહારાજ જણાવે છે કે, ભાષા એ કાંઈ જમીનમાંથી નીકળતી માટી નથી કે ભરત ઊપાડી અને ઠેરી તે વજન નહિ પણ રત્ન છે, ભાષા નહિ પણ હીરા છે. હજારો લાખો કુબેરોનાં રત્ન, ઝવેરાત, મોતી, માણેક વગેરેને તિજોરીમાં કબાટમાં રખાય છે, પરંતુ ભાષા તેનાથી હજારો લાખોગણી કીમતવાળી છે. ભાષાની કીમત સમજનારે બહુ જ થોડી ભાષા તેની જરૂર પડયે કાઢવી. વળી તેઓ આઠ ગુણવાળી ભાષા બોલવાનું જણાવે છે. તે આઠ ગુણ આ પ્રમાણે છે: (૧) મધુર એટલે કર્કશતા, કઠોરતા, તુચ્છતા તથા હલકાપણું જેમાં ન હોય એવી. (૨) નિપુણ એટલે રામજાણ. ભાષાવક્તિ એવી હોય કે જે કામ માટે ભાષા નીકળી હોય તે કામ અવશ્ય પૂરું થાય. (૩) થોડી, બહુ થોડા શબ્દ બોલવા. ભાષા કાંઈ જમીનમાંથી નીકળતી માટી નથી કે ભરત ઊપાડી અને ઠેરી, તે વજન નથી પણ રત્ન છે, ભાષા નહિ તે હીરા છે. (૪) કાર્યોપયોગિત એટલે કામ પડે ત્યારે બોલવું, વિના પ્રયોજન ભાષાનું ઉચ્ચારણ ન કરવું જોઈએ. (૫) અભિમાન વગરની. જે ભાષા બોલવામાં આવે તે અભિમાનવાળી ન હોવી જોઈએ. (૬) અનુદ્ધત. હલકી વાણી, હલકા શબ્દ મુખમાંથી કાઢવા ન જોઈએ. માણસો બાળક ઉપર ખિજાય છે, ત્યારે ગાળો કાઢે છે અને હલકા શબ્દો સંભળાવે છે. આની અસર બાળક ઉપર માઠી પડે છે (૭) વિચારીને બોલવું. બોલતાં પહેલા વિચારવું કે આ શબ્દ બોલવાની મારે જરૂર છે કે નહિ કોઈ ઉપર ખોટી અસર તો નહિ થાય ને? વાત સારી લાગે તો મુખમાંથી ભાષા કાઢવી (૮) ધર્મયુક્ત. ભાષા ધર્મયુક્ત હોવા જોઈએ પોતાની પ્રતિજ્ઞા ભાષા રાખવી હોય તો આત્માની સાક્ષીએ સત્ય બોલવું. ભાષાની ઉત્પત્તિ વિષે વિચાર કરતાં સામાન્ય રીતે નીચે પ્રમાણે કલ્પના થઈ શકે છે: સૃષ્ટિના આરંભ કાળમાં જ્યારે મનુષ્ય, તિરિયંચ કે એવા કોઈ

નિર્જન સ્થાનમાં હિંસક અવસ્થામાં એકલો વિચરતો હતો, ત્યારે તેને વ્યક્ત ભાષાની કંઈ એવી ખાસ જરૂર સ્વાભાવિક રીતે જ નહોતી. તે વખતે તેનામાં હર્ષ કે શોકનો આવેશ આવતો, ત્યારે તે તરત જ પ્રકૃતિની પ્રેરણાથી હર્ષશોકના કોઈ અવ્યક્ત ઉદ્ગાર કાઢી તે આવેશ દર્શાવતો. ભાષા જ્યારે અવ્યક્ત એટલે સ્પષ્ટતા અને વિકાસ વગરની તેમ જ અપૂર્ણ હોય, ત્યારે ચેષ્ટાની મદદની જરૂર પડે છે. એ સમયે જિજ્ઞ જિજ્ઞ લાગણીઓ દર્શાવવા તેને અવસ્થિત ભાષાની જરૂર ન હતી, પરંતુ જેમ જેમ તેની અવસ્થા વિકસતી ગઈ અને પરિસ્થિતિમાં પરિવર્તન થતું ગયું, તેમ તેમ તેને વ્યક્ત ભાષાની વધારે જરૂર પડી. પ્રથમ તેનો ધ્વનિ જે ગૂઢવર્ણ ભરેલો હતો, તે ધીમે ધીમે સુધરતો ગયો. એટલે કે મનુષ્યના વિકાસની સાથે તેની સમજશક્તિ અને ઉચ્ચારના અવયવોનો પણ વિકાસ થતો ગયો અને તેના પરિણામે તેની ભાષામાં પણ એટલે જ ઝડપી સુધારો થતો ગયો. પછી તો ઘર, કુટુંબ અને સમાજના બંધારણને પરિણામે, શરૂઆતમાં ભાષા ગૂઢવર્ણ ભરેલી, અટપટી અને અનિયમિત હતી, તે ક્રમે ક્રમે સ્પષ્ટ, સ્થિર અને વિકસિત થતી ગઈ. શરૂઆતમાં એ ધ્વનિ કેવળ કેવળપ્રયોગી અવયવના સ્વરૂપમાં હતો, તેને બદલે તેમાં અક્ષરો ઉમેરાઈ મોટા શબ્દો બન્યા. ભાષા માત્રનું મૂળ ધ્વનિમાં છે અને એ અવ્યક્ત ધ્વનિમાંથી વિકાસ પામી મનુષ્યની ભાષા બંધાઈ છે. બીજા પ્રાણીઓ કરતાં મનુષ્યનાં ઉચ્ચારસ્થાન ને અવયવ વધારે વિકાસ ને સંસ્કાર પામી શકે તેવાં છે; તેથી ધ્વનિમાં ભાર મૂકીને, હિંગાવ કરીને, ખાટા અને અનેક રીતના ફેરફાર કરીને ધ્વનિના વિચિત્ર પ્રકાર ઉત્પન્ન કર્યા છે. ચેતવવાના અને બોલાવવાના ધ્વનિમાં દર્શક ધાતુનું બીજ રહેલું છે; તેમાંથી સંબંધવાચક, ગતિવાચક અને અંતરવાચક શબ્દ બન્યા છે. ભાવવાચક ધ્વનિ અને દર્શક શબ્દ ભેગા થઈ સાદાં વાક્યો બન્યાં છે અને એ ધ્વનિમાંથી ક્રિયાપદ ઊદ્ભવ્યાં છે. અચેતન કુદરત તેમ જ પ્રાણીના ધ્વનિના અનુકરણથી પદાર્થોના નામ, ખાસ ક્રિયાપદ અને કૃદંત બન્યાં છે. સાદૃશ્ય જોઈ શબ્દ વાપરવાથી, આખા વર્ગને લાગુ પડે એવા ગતિવાચક શબ્દ બનાવવાથી અને લુપ્તિનો ઉપયોગ કરી, કૃદંતાદ શબ્દો પ્રત્યયો જોયા મણી તે વો અને ઉપસર્ગો વડે અનેક નવા શબ્દો પડાઈ ભાષા ઉત્પન્ન થઈ છે. શબ્દના બે પ્રકાર છે: ધ્વનિમય અને વર્ણમય. પશુઓનો શબ્દ ધ્વનિમય અને મનુષ્યનો શબ્દ વર્ણમય છે. કૂતરાં, બિલાડી, ઘોડાં, બળદ, પક્ષીઓ, દેડકાં, કાગડા અને કાગડાના બોલવામાં સ્વરો ગુરુ કે સંયોગ, હ્રસ્વ કે દીર્ઘ, અનુનાસિક કે અનનુનાસિક ઓળખી શકાય છે. એમના શબ્દોમાંથી બધા સ્વરો ઓછા કરી શકાય છે વળી પ્રાણીઓના શબ્દોમાં કેટલાક સુસવાટ અને ફુત્કારના અવાજ પણ સામાન્ય છે. એકલાં મનુષ્યો જ વ્યંજનનો ઉચ્ચાર કરી શકે છે. બધાં પ્રાણીઓ અને પક્ષીઓના ઉચ્ચારમાં જે વ્યંજન જોવામાં આવે છે એ ઉચ્ચારમાં વ્યંજન નથી, પરંતુ તે વ્યંજનને મળતા વર્ણ તેઓ ઉચ્ચારે છે. તેઓ વ્યક્ત ધ્વનિને બદલે વર્ણને મળતો અવાજ કરે છે, પણ વર્ણનો ઉચ્ચાર કરી શકતાં નથી. વ્યક્ત ભાષા બોલવાનું અને તેવી શક્તિ કેળવવી એ મનુષ્યત્વનું એક ખાસ લક્ષણ છે. કુદરત પ્રાણીઓ પોતાની લાગણી અનેક પ્રકારના અવાજોથી દર્શાવી શકે છે, પરંતુ એ અવાજ મનુષ્યના શબ્દો જેવા સ્પષ્ટ નથી. માત્ર મનુષ્ય જ પોતાના વિચારો ભાષા દ્વારા બીજાઓને દર્શાવી શકે છે. કવિ કવિ તો એટલે સુધી કહે છે કે: શબ્દબ્રહ્મના પ્રકાશ પહેલાં જગતમાં સર્વત્ર અજ્ઞાનરૂપ અંધકાર પ્રસરેલ. બંધારણ પ્રમાણે ભાષાના ચાર પ્રકાર થાય છે: (૧) પ્રત્યયરહિતા (૨) સમાસાત્મિકા, (૩) પ્રત્યયાત્મિકા અને (૪) પ્રત્યયયુક્તા. આ સમયે દુનિયામાં હજારો પ્રકારની ભાષા બોલવામાં આવે છે, જે સામાન્ય રીતે બોલનારના સિવાય બીજાની સમજમાં નથી આવતી. આપણા સમાજ કે દેશની ભાષા તો બોલ બચપણથી જ અભ્યાસ હોવાથી સારી રીતે જાણે છે, પરંતુ બીજા દેશો કે સમાજની ભાષા સારી રીતે નથી શિખાતી. ભાષાવિજ્ઞાનના અભ્યાસીઓએ ભાષાઓના આર્ય, સેમેટિક, હેમેટિક વગેરે કેટલાય વર્ગ સ્થાપીને તેમાંથી દરેકની જુદી જુદી શાખા સ્થાપવી છે અને તે શાખાઓના પણ અનેક વર્ગ, ઉપવર્ગ બનાવીને તેમાં મોટી મોટી ભાષાઓ અને તેના પ્રાંતિક બોલી, ઉપભાષાઓ અથવા બોલીઓ રાખી છે. જેમકે, હિંદી ભાષા ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ભાષાઓના આર્ય વર્ગની ભારતીય આર્ય શાખાની એક ભાષા છે અને બ્રજ ભાષા, અવધી, બુંદેલખંડી વગેરે ઉપભાષા કે બોલીઓ છે આસપાસ બોલનારી અનેક ઉપભાષાઓ કે બોલીઓમાં થોડું ઘણું સામ્ય હોય છે અને તે સામ્યના આધાર ઉપર તેના વર્ગ કે કુળ સ્થાપવામાં આવે છે. આવો જોર મોટી ભાષાઓમાં પણ કેટલેક અંશે જોવામાં આવે છે. દુનિયાની બધી વાતોની જેમ ભાષાનો પણ મનુષ્યની આદિમ અવસ્થાના અવ્યક્ત નાદથી આજ સુધી બરાબર વિકાસ થતો આવ્યો છે અને આ વિકાસને કારણે ભાષાઓમાં સદા પરિવર્તન થતું રહે છે. ભારતીય આર્યોની વૈદિક ભાષાથી સંસ્કૃત અને પ્રાકૃતનો, પ્રાકૃતથી અપભ્રંશનો અને એ અપભ્રંશથી આધુનિક ભારતીય ભાષાઓનો વિકાસ થયેલો છે. ભાષાના મુખ્ય ચાર પ્રકાર છે: (૧) આર્ય ભાષા, (૨) દ્રાવિડી ભાષા, (૩) ઠંડો-ચરપિયન ગોત્રની ભાષા અને (૪) બીજા ગોત્રની ભાષા. અત્યારે જગતમાં જુદી જુદી ૨,૮૦૦ ભાષાનો પ્રચાર છે એમ ફ્રેંચ ઓરોમિનો અંદાજ છે. એકલા યુરપમાં જ ૬૦૦ ભાષાઓ છે. અત્યારે હિંદુસ્તાનમાં બોલાતી મુખ્ય મુખ્ય ભાષાઓ નીચે પ્રમાણે છે: (૧) હિંદી, (૨) બંગાળી, (૩) તેલુગુ અથવા આંધ્ર, (૪) મરાઠી, (૫) પંજાબી, (૬) તામિલ, (૭) રાજસ્થાની, (૮) કાનડી, (૯) ગુજરાતી, (૧૦) ઊરિયા, (૧૧) સિંધી, (૧૨) આસામી, (૧૩) અંગ્રેજી. તેમાં ગુજરાતીનો જન્મ કયારે થયો? એ પ્રશ્નનો જવાબ નીચે પ્રમાણે છે: માણસના જન્મમરણની માટે આપણે ચોક્કસ તિથિ વાર આપી શકીએ, પરંતુ ભાષાનો જન્મ કંઈ પ્રાણીઓના જન્મના માફક એક જ દિવસે અને તે દિવસની અમુક ઘડીએ ને અમુક પળે થતો નથી. તેનો જન્મ તો જબાના સુધી કે વખતે સૈકાઓ સુધી લંબાયો હોય છે. ભાષામાં તાકાત ભરવા માટે એમાં નવા શબ્દો ઉમેરાતા જાય છે. જીવનનો ઘાટ જેમ જેમ બદલાતો જાય છે તેમ તેમ એ ઘાટને બંધ બેસે તેવા નવા નવા શબ્દોનો પ્રયોગ થતો રહે છે ભાષામાં વ્યાકરણ અતિ નહિવતનો ભાગ ભજવે છે, પણ શુદ્ધ વ્યાકરણ માત્રથી શૈલીનું રૂપ બનતું નથી. લેખકના સ્વભાવ અને શૈલી વચ્ચે ખાસ સબંધ છે અને માનવસ્વભાવના ચટાપટા ફરતા રહે છે, એ પ્રમાણે શૈલીનો રંગ પણ પલટાયા કરે છે. ભાષાના નવા નવા પ્રયોગોને આમ પલટાતા જીવન સાથે સબંધ છે. આજની ગુજરાતી ભાષામાં પત્રકારત્વની ભાષા ભળી છે, કારણ કે આજના પત્રકારત્વમાં સાહિત્ય ભળ્યું છે. પરિણામે વેગવાન શૈલી ભાષામાં પ્રવેશ પામી છે. આ માટે નવાનોખા શબ્દો ગુજરાતી ભાષામાં સામેલ થયા છે. આજની ગુજરાતી ભાષામાં મામૂલી બોલીના કેટલાક શબ્દો ભળ્યા છે. બોલચાલના એ શબ્દોને પહેલાં સાહિત્યકારો પોતાની ભાષા બહાર રાખી દેતા. એને લઈને જેવું સાહિત્ય શબ્દોના બંધારણ જેવું હોવું, પણ એ એક નર્યું સાહિત્ય હતું. એમાં જીવનની જબાન નહોતી. ત્યારે ભાષા અજવાળાની જ આરતી ઉતારતી. પણ અજવાળા ઉપરાંત અંધારાં હતાં.

એને સાહિત્યમાં ઉદાહરણ કરવામાં આવતાં. ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવા સારૂ સંસ્કૃત શબ્દો ઉછીના લેવામાં આવતા અને સામટી શબ્દો વધુ બંધબેસતા હોય તો એ શબ્દોને બજારૂ મળતો એમાં સાહિત્યનું રૂપ નહોતું, એમ તેઓને લાગતું અને સંસ્કૃત ઉપરાંત ગુજરાતી ભા.માં કવિત કરેલા કેટલાક ઉર્દૂ ભાષાના શબ્દો પણ સામેલ થયા. પ્રેમાનંદે જે ગુજરાતી ભાષા આપણને આપી છે, એમા સજ્જનાદ રૂપ છે અને છતાં એની કાયા સાવ ગુજરાતની છે. પણ એવા કલાકારો ઓછા જ મળવાના. વળી ભાષામાં નવીનતા સમયે વિ.ના.વિષ.રમા લખ્યું છે કેઃ ભાષામાં નવીનતા માટે ખાસ સંસ્કૃત જ શબ્દો શોધવા જોઈએ અને ફારસી કે અંગ્રેજી ભાષાના શબ્દોનો તદ્ન જ ત્યાગ કરવો જોઈએ, એ અભિપ્રાય મને માન્ય નથી. પરિભાષા સરળ અને અર્થસૂચક હોવી જોઈએ, એ દૃષ્ટિબિંદુ સર્વોપરી રાખીને બીજી ભાષાના શબ્દોને સ્વીકારતાં અચકાવું જોઈએ નહિ. ભા.ના વિષે પોતાના વિચારો દર્શાવતાં ગાંધીજી લખે છે કેઃ હવે તો હું એવું માનું છું કે, ભારતવર્ષના ઉચ્ચ શિક્ષણક્રમમાં સ્વભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા, હિંદી, સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજીને સ્થાન હોવું જોઈએ. આટલી ભાષાની સંખ્યાથી કોઈએ ડરી જવાનું કારણ નથી. ભા.ના પદ્ધતિસર શીખવામાં આવે અને બધા વિષયો અંગ્રેજીની જ મારફતે શીખવાનો કે વિચારવાનો બોજો આપણી ઉપર ન હોય તો ઉપલી ભાષાઓ શીખવામાં બોજો નથી, એટલું જ નહિ પણ તેમાં અનિર્વચ રસ રહેલો છે. વળી જે એક ભાષાને સાકોપ પદ્ધતિથી શીખે છે, તેને પછી બીજીનું જ્ઞાન સુલભ થઈ પડે છે. ખરૂં જોતાં તો હિંદી, ગુજરાતી, સંસ્કૃત એક ભાષામાં ગણી શકાય; તેમ જ ફારસી ને અરબી એક ગણાય. ફારસી લોકે સંસ્કૃતને ગમતી છે ને અરબી હિંદુને ગમતી છે, છતાં બંને ધર્મસ્થાપના પ્રગટ થયા પછી ખેડાયેલી છે, તેથી બંને વચ્ચે નિકટ સંબંધ છે. ઉર્દૂને મેં અલગ ભાષા ગણી નથી, કેમકે તેના વ્યાકરણનો સમાવેશ હિંદીમાં થાય છે. તેના શબ્દો તો ફારસી અરબી જ છે. ઊંચા પ્રકારનું ઉર્દૂ બોલનારને અરબી અને ફારસી બોલવું પડે એનું છે, એમ ઊંચા પ્રકારનું ગુજરાતી, હિંદી, બંગાલી, મરાઠી બોલનારને સંસ્કૃત બોલવું આવશ્યક છે. ભાષાનો ફેલાવો કેવળ પ્રચારથી નથી થતો. એમ થતું હોત તો બોલાપુક કે એસ્પેરેન્ટોને પશ્ચિમના મુલકોની જનતામાં સ્થાન મળ્યું હોત. પણ એમ બન્યું નથી. કેવળ બોદ્ધ ધર્મોના આશ્રયથી જ કોઈ ભાષાને જનતામાં સ્થાન નથી મળતું. પરંતુ જે લોકો શક્તિશાળી, મહેનતુ, કળાકારીક અને સાહસિક વેપારી છે તેમની ભાષા ચાલે છે, પરાક્રમી બને છે. આપણે કામ પ્રયત્ન કરવાનું છે. લોકો જે આપણને અપનાવે તે જ તેમની ભાષા બની શકે દાખલા આપણા દેશમાં ભાષાવાર પ્રાંતોની રચનાનો પ્રશ્ન ચર્ચાય છે, તે સબંધે ગાંધીજી લખે છે કેઃ કોંગ્રેસે આજે વીસ વર્ષથી ઠરાવ કરી રાખ્યો છે કે, દેશની જેટલી મુખ્ય મુખ્ય મોટી મોટી ભાષાઓ છે તેટલા પ્રાંત રચવા જોઈએ. કોંગ્રેસે એવું પણ ઠરાવેલું છે કે, રાજસ્વીરાટ અમારા હાથમા આવશે તેની સાથે એવા પ્રાંતો રચીશું. અલગ અલગ પ્રાંતો રચાઈ ગયા પછી તેમનામાંથી મુસલમાને એમ ન કહેવું જોઈએ કે મહારાષ્ટ્ર સાથે મારે હવે કશી લેવાદેવા નથી. મહારાષ્ટ્રને એમ ન લાગવું જોઈએ કે મારે ને કર્ણાટકને હવે શું ? અને કર્ણાટક એવું ન માને કે મારે હવે આંધ્ર સાથે કશું સ્નાનસૂતક નથી, એ રીતે આપણું બધુ કામ અગડી જશે. તેથી બધા પ્રાંતોના લોકો એકબીજાને પોતાના ભાઈ માને. આવી ભાવના રાખી આપણે ભાષાવાર પ્રાંતો બનાવીશું તો તેથી પ્રાંતિક ભાષાઓની પણ પ્રગતિ થશે. એ પ્રાંતોના લોકોને હિંદુસ્તાનીના માધ્યમ દ્વારા કેળવણી આપવાની વાત વાહિયાત છે અને અંગ્રેજીમાં આપવાની વાત તો વળી તેથી યે વધારે વાહિયાત છે. વળી ભાષાવાર પ્રાંતરચનાના વિરોધમાં બંધારણી પદ્ધિત મરહુમ વિજય રાઘવાચાર્યે ૧૯૩૫ની સાલમાં કરેલ વિરોધ બાબત હરિજન બંધુ લખે છે કેઃ બંધારણી પંડિત મરહુમ શ્રી વિજય રાઘવાચાર્યે ૧૯૩૫ની સાલમાં બીજી એક દૃષ્ટિથી ભાષાવાર પ્રાંતોની રચનાની વાતને વિષે પોતાની સૂચના બતાવી હતી. તેમણે ફરિયાદ કરી હતી કે, ભાષાવાર પ્રાંતોની રચના થશે તો આપણી એકતાનો તંતુ છે તેનાથી વધારે નબળો થશે, તેનાથી આપણે હીના સમવાય રાજ્યસંઘના સ્વરૂપના રાજ્યબંધારણને રસ્તે પાછા વળીશું અને આપણા ઉપર ચડી આવનારા પહેલા જ કોવાદાવાખોર શત્રુના પ્રપંચમાં સહેલાઈમાં ફસાઈ જઈશું. મુલકની અને પ્રજાની એકતાની આગે જે ઘડીએ સૌથી વિશેષ જરૂર છે ત્યારે આવું બનતું અટકાવવું જ જોઈએ. વળી હરિજન બંધુમાં તે જ બાબત વિષે વિસ્તારથી લખનારા લખે છે કેઃ ટૂંકમાં, આપણે (૧) પ્રાંતો રદ કરવા જોઈએ, (૨) ધારાસભાઓને રાજધીરાટને માટેનાં એકમો તથા અખિલ ભારત ધારાસભાની ચૂંટણી કરનારા મતદાર મંડળો બનાવવા જોઈએ, (૩) કેળવણી તેમ જ સાહિત્યને અંગેની અનુકૂળ સરવાળો દ્વારા દેશની સર્વ મુખ્ય ભાષાઓને વિકાસને માટે તેમ જ હાલીહુલીને આબાદ થવાને માટે છૂટ રાખવી જોઈએ અને (૪) ખાસ કામો પૂરતી અંગ્રેજીને બદલે રાષ્ટ્રભાષા બીજી ભાષા રાખી હિંદી અથવા હિંદુસ્તાનીને આખા હિંદની ભાષા બનાવવી જોઈએ. શીખધર્મની રૂપરેખામાં જણાવ્યું છે કે, આપણા દેશમાં એક સમયે એવો વિચાર પ્રચલિત થયો હતો કે ઈશ્વર અમુક ખાસ ભા.ષામા બોલેલી વાત જ સાભળે છે. પણ શીખ ગુરુ અજદ સાહેબ એવો પ્રકારા ફેલાવ્યો કે લોકો પરમેશ્વરને માતા તુલ્ય ગણવા લાગ્યા. માતા જેમ પોતાના બાળકની કાલીઘેલી ગમે તેવા બોલીને સાંભળે છે અને તેને બરાબર સમજી શકે છે, તેવી રીતે ઈશ્વર પણ પોતાની સર્જિલાં કોઈ પણ જીવની ગમે તે ભાષા સમજી લાય છે. તેની પ્રાર્થના અને સ્તુતિ માટે કોઈ પણ બોલની ખા.સ ભાષાની જરૂર રહેતી નથી. પ. ગા. કોઈ આમ જનસમુદાયમાં વાતચીત કરવાની રીત. જેમકે, ઢગની ભાષાઃ ઢલાલોની ભા.ષા.

૬. ગા. (સંગીત) તાલનો એક ભેદ.

૭. ગા. દાવ.પરથી; અભિપોગપત્ર.

૮. ગા. દેશી કે દેસ્ય ભાષા.

૯. ગા. પશુપક્ષીનો પોતાના મનોવિકાર કે ભાવ પ્રકટ કરનારો અવ્યક્ત નાદ.

૧૦. ગા. પ્રતિષ્ઠાસૂચક વાક્ય.

૧૧. ગા. પ્રાકૃત ભાષા.

૧૨. ગા. બોલવું; વક્તૃત્વ.

૧૩. ગા. ભાષાયોગ્ય પુદ્ગલસ્કંધની વર્ગણા. એટલે સમૂહ.૫.

૧૪. ગા. ભાખ; ભાખા.

૧૫. ગા. વાગ્દેવતા; સરસ્વતી.

૧૬. ગા. વેદનાં આઠ મ.હેનું એક ઉપાંગ.

૧૭. ગા. વ્રજભાષા.

૧૮ ગા રૂઢ અર્થવાળી વાણી; વાક્ય.

૧૯ ગા. હિંદી ભાષા. હિંદીનું સૌથી જૂનામાં જૂનું નામ ભાષા છે. મહામહોપાધ્યાય પંડિત સુધાકર દ્વિવેદી રચિત ગણિતરંગિણીના તેરોકમે પાને ભાષા શબ્દનો પ્રયોગ થયો છે. તુલસીદાસજીએ પણ રામાયણમાં ભા.ષા શબ્દનો ઉપયોગ કર્યો છે. સં. ૧૬૮૦માં બની ગયેલા ગોરા બાદલની કથામાં જટમલે, હિંદી શબ્દનો પ્રયોગ કર્યો છે. આને પણ હિંદીને બદલે ભાષા ભાખે છે. દાખલા તરીકે, ભાષાભારકર, ભાષ.ટીકા. હિંદુ લોક પહેલાં આ હિંદી ભાષાને ભાષા અને મુસલમાન હિંદુઈ અથવા હિંદવી કહેતા.

ભાષાઆર્ય [સં. ભાષા + આર્ય] પું. (જૈન) નવ પ્રકારના આર્યોમાંનો એક પ્રકાર; માન્ય ભાષાનો સુલભ રીતે બોધનાર વિશિષ્ટ પુરુષ.

ભાષાઐક્ય [સં. ભાષા + ઐક્ય (એકતા)] ન. ભાષાનું સરખાપણું.

ભાષાકવિ [સં] પું. ગદ્ય ભાષાનો કવિ.

ભાષાકાર [સં.] વિ. ભાષ્ય રચનાર.

ભાષાગત [સં.] વિ. ભાષામાં દર્શાવેલું.

ભાષાજડ (ભાષાજડ) [સં.] વિ. બોલવાની શક્તિ રહિત; મૂક.

ભાષાજ્ઞાન ૧. [સં.] ન. ભાષાનું જ્ઞાન; ભાષા આવડવી તે.

૨. ન. ભાષાશાસ્ત્ર; શબ્દશાસનવિદ્યા; શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્ર.

ભાષાજ્ઞાની [સં ભાષા + જ્ઞાનિન્ (જ્ઞાનવાળું)] પું. ભાષાશાસ્ત્રી; ભાષાના જ્ઞાનમાં પારંગત.

ભાષાડંબર [સં. ભાષા + આડમ્બર (ભભકો)] પું. ભાષાનો ભભકો; ભાષાની સજાવટ; ભાષાનો શણગાર.

ભાષાતત્ત્વ [સં.] ન. ભાષાશાસ્ત્ર; ભાષાવિષે શબ્દશાસ્ત્ર.

ભાષાતત્ત્વજ્ઞ [સં.] વિ. ભાષાનિપુણ; ભાષાવિદ.

ભાષાતત્ત્વવિદ [સં. ભાષાતત્ત્વવિદ્] વિ. ભાષાતત્ત્વજ્ઞ

ભાષાદોષ [સં.] પું. ભાષા બોલવી કુટી. ભાષાના પ્રયોગમાં કે તેની અર્થવાહિતામાં દોષ.

ભાષાદ્રોહી [સં. ભાષાદ્રોહિન્] પું. ભાષા ભગાડનાર; માણસ; ભાષાનો દ્રોહ કરનાર.

ભાષાનિપુણ [સં.] વિ. ભાષામાં હોશિયાર; ભાષાશાસ્ત્રો; ભાષામાં પ્રવીણ; ભાષાના જ્ઞાનમાં હોશિયાર

ભાષાનિષ્ઠા [સં.] સ્ત્રી. ભાષા પ્રત્યેની વફાદારી; ભાષાની સેવા.

ભાષાનિષ્ણાત જુઓ ભાષાનિપુણ.

ભાષાપટ્ટી [સં. ભાષા + પટ્ટિન્ (પટ્ટવાળું)] વિ. ભાષાની તરફેણ કરનાર.

ભાષાપરિવર્તન [સં.] ન. ભાષામાં ફેરફાર થવો તે; ભાષાનું રૂપાંતર.

ભાષાપર્યાપ્તિ [સં.] સ્ત્રી. (જૈન) પુદ્ગલોને ભાષાના રૂપમાં પરિણત કરવાની શક્તિ.

ભાષાપંડિત [સં.] પું. ભાષાનો વિદ્વાન; ભાષાશાસ્ત્રજ્ઞ.

ભાષાપાઠ [સં.] પું. ફરિયાદ; રાવો.

ભાષાપ્રભુતા ૧. [સં.] સ્ત્રી. ભાષા ઉપરનો સંપૂર્ણ કાબૂ.

૨. સ્ત્રી. ભાષાનું ગૌરવ.

ભાષાપ્રભુત્વ જુઓ ભાષાપ્રભુતા.

ભાષાપ્રયોગ [સં.] પું. ભાષાનો ઉપયોગ; ભાષાનો પ્રયોગ.

ભાષાપ્રવાહ ૧. પું. ભાષાનો વેગ; ભાષાનું વહેણ. ૨. [સં.] પું. વાક્પ્રચાર; પરિપાટી; ભાષા પ્રયોગ; રૂઢ ઉક્તિ; રૂઢ પ્રયોગ; રૂઢિપ્રયોગ; ' ઘરિયમ '.

ભાષાપ્રિય [સં.] વિ. ભાષા જેને પ્રિય હોય તેનું.

ભાષાપ્રેમ [સં.] પું. ભાષા પ્રત્યેની ચાહના.

ભાષાપ્રેમી [સં. ભાષાપ્રેમિન્] વિ. ભાષા પ્રત્યે પ્રેમવાળું.

ભાષાફેર ૧. પું. ભાષાનો ફેરફાર.

૨. વિ. ભાષાના ફેરફારવાળું.

ભાષાબદ્ધ ૧. [સં.] વિ. ભાષામાં બંધાયેલું ૨. વિ. સાધારણ દેશભાષામાં બનેલું.

ભાષાબંધ પું. પ્રાંત ભાષામાં અનુવાદ.

ભાષાભક્ત ૧. [સં.] પું. ભાષાનો ઉપાસક; ભાષાનો અનન્ય ચાહક.

૨. વિ. માતૃભાષાની શક્તિમાં તલ્લીન.

ભાષાભક્તિ [સં.] સ્ત્રી. ભાષાની સેવા.

ભાષા ભજનાર પું. ભાટ; ચારણ.

જરા જાએ ભાષા ભજનાર,
ખપુ આપ ભણે હોકારદાર. પ્રેમાનંદ

ભાષાભંડાર પું. ભાષાનો સમૂહ.

ભાષાભાષી [સં. ભાષા + ભાષિન્ (બોલનાર)] પું. ભાષા બોલનાર.

ભાષાભિજ્ઞ ૧. [સં. ભાષા + અભિજ્ઞ (જાણનાર)] પું. ભાષાને જાણનાર માણસ; ભાષા શીખવા ઇચ્છનાર માણસ; ભાષાને સારી રીતે સમજનાર માણસ.

૨. વિ. ભાષાને સારી રીતે જાણનાર.

ભાષાભિમાન [સં.] ન. ભાષાનું અભિમાન; ભાષા માટે ગર્વ

ભાષાભિમાની [સં. ભાષા + અભિમાનિન્ (અભિમાની)] વિ. ભાષાનું અભિમાન રાખનાર; ભાષાના અભિમાનવાળું.

ભાષાભૂલ સ્ત્રી. ભાષામાં રહી ગયેલી ખામી કે ભૂલ.

ભાષાભૂષણ [સં.] પું. એ નામનો એક અલંકારગ્રંથ.

ઇંદ્રકુમાર ચાલતુ પિતાશ્રીના અને ભાષાભૂષણ નામનો અલંકારગ્રંથ દેવાનંદ સ્વામી પાસે પ્રથમ દલપતરામ શીખ્યા. ગાનાલાલ

ભાષામૂંગળ પું. જુદી જુદી ભાષાઓનો સમૂહ.

ભાષારભ્યાસી [સં. ભાષા + અભ્યાસિન્ (અભ્યાસી)] વિ. ભાષાનો અભ્યાસ કરનાર.

ભાષામંડલ જુઓ ભાષાવર્તુલ.

ભાષામંડળ જુઓ ભાષાવર્તુલ.

ભાષામોહિની [સં.] સ્ત્રી. ભાષાનો મોહ

ભાષારસ [સં.] પું. ભાષાની ખૂબી કે માધુર્ય; ભાષાની રસિકતા અને પ્રીતિ; ભાષાનું ગંભીરપણું; ભાષાનું રહસ્ય.

ભાષારાગ ૧. [સં.] પું. ભાષા માટેનો પ્રેમ. ૨. પું. (સંગીત) રાગના દસ મહેનો એ નામનો એક વર્ગ.

ભાષારૂઢિ [સં. ભાષા + રૂઢિ (લાંબા વખતની રીત)] સ્ત્રી. ભાષામા રૂઢ થયેલો શબ્દપ્રયોગ.

ભાષાલક્ષી [સં. ભાષા + લક્ષિન્ (લક્ષવાળું)] વિ. અર્થના નહિ પણ ભાષાના લક્ષવાળું

ભાષાવડવી (ભાષાવડી) સ્ત્રી. મૂળ ભાષા; જે મુખ્ય ભાષામાંથી બીજી ભાષાઓ નીકળી હોય તે પ્રધાન ભાષા.

ભાષાવતાર ૧. પું. બોલના ધ્વન્યાદિ મનોભાવ અને વિચારો બીજાને જણાવવા તે.

૨. [સં.] પું. ભાષાની ઉત્પત્તિ.

ભાષાવર્ગણા [સં. ભાષા + વર્ગણા (સજાતીય વસ્તુનો સમૂહ)] પું. (જૈન) શબ્દરૂપે પરિણમે તેવા પુદ્ગલોનો સમૂહ.

ભાષાવર્તુલ [સં.] ન. ભાષામંડળ.

ભાષાવલિ [સં. ભાષા + આવલિ] સ્ત્રી. ઉચ્ચારવામાં આવેલ શબ્દો.

ભાષાવાદ [સં.] પું. અમુક ભાષાનો આગ્રહ રાખવાનો મત.

આપણી પ્રવૃત્તિની પ્રેરણા ભાષાવાદમાંથી નથી આવી. કનૈયાલાલ મુનશી

ભાષાવિકાસ [સં.] પું. ભાષાની ખિલવણી; ભાષાની સમૃદ્ધિ વધવી તે.

ભાષાવિચય ૧. પું. (જૈન) દૃષ્ટિવાદ; બારમો અંગ ગ્રંથ.

૨. [સં. ભાષા + વિચય (નિર્ણય)] પું. ભાષાનો નિર્ણય.

ભાષાવિજ્ઞ [સં. ભાષા + વિજ્ઞ (પ્રવીણ)] વિ. અનેક ભાષા જાણનાર; ભાષાપ્રવીણ; ભાષાજ્ઞાની.

ભાષાવિજ્ઞાન [સં. ભાષા + વિ (વિશેષ) + જ્ઞાન] ન. ભાષા સંબંધી જ્ઞાન.

ભાષાવિજ્ઞાનવિદ [સં. ભાષાવિજ્ઞાનવિદ્] વિ. ભાષાવિજ્ઞાની

ભાષાવિજ્ઞાની [સં. ભાષા + વિજ્ઞાનિન્ (વિશેષ જ્ઞાનવાળું)] પું. ભાષા સંબંધી પુષ્કળ જાણનાર વ્યક્તિ; ભાષાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર માણસ

ભાષાવિદ [સં. ભાષા + વિદ્ (પંડિત)] પું ભાષા વિશારદ માણસ

અનુભવના અમૃતને કરસને, ખ.રાક ગણિતના મળે તેવરી બી-ન બોડો મળે છે. સ્વતંત્ર કામની ટેવ પડે છે. વિચાર કરવાની શક્તિ બીજે છે. લીધેલું કામ પાર પાડ્યા વિના ચૂકવું નહિ એવું નબો કરવાનું નિશ્ચયબળ લાભે છે. ભાષા ઉપર પ્રભુત્વ જમતું જાય છે. ભાષાની ભિન્નભિન્ન ખ.રાકોની પણ બીજે જ સ્થાને ગણિતશાસ્ત્રીઓની ગણના ભાષાવિદોએ કરી છે. પરરાજા

ભાષાવિદ્યા [સં.] સ્ત્રી ભાષા અને વિદ્યા

ભાષાવિવૃત્તિ [સં] સ્ત્રી. એ નામની ભગવદ્ગીતા ઉપરની પ્રાકૃત ટીકા.

ભાષાવિશારદ ૧. [સં. ભાષા + વિશારદ (નિપુણ)] સ્ત્રી. ગુજરાત વિદ્યાપીઠની એ નામની એક પદવી.

૨. વિ. ભાષાજ્ઞાનમાં નિપુણ.

ભાષાવેગ [સં.] પું. ભાષાનો પ્રવાહ.

ભાષાવૈચિત્ર્ય [સં.] ન. ભાષાનું વિચિત્રપણું; ભાષાની વિચિત્રતા.

ભાષાવૈભવ [સં.] પું. ભાષાસમૃદ્ધિ; ભાષાડંબર.

ભાષાશક્તિ [સં.] સ્ત્રી. બોલવાની શક્તિ; વાચાની શક્તિ.

ભાષાશરીર [સં.] ન. ભાષારૂપી શરીર.

ભાષાશાસ્ત્ર [સં.] ન. ભાષાનું શાસ્ત્ર; ' ફાઇલોલૉજિ '.

ભાષાશાસ્ત્રી [સં. ભાષાશાસ્ત્રિન્] પું. ભાષાશાસ્ત્ર જાણનાર વ્યક્તિ; ' ફાઇલોલૉજિસ્ટ '.

ભાષાશાસ્ત્રીય [સં.] વિ. ભાષાશાસ્ત્ર સંબંધી.

ભાષાશિક્ષણ [સં.] ન. ભાષાનું શિક્ષણ.

ભાષાશુદ્ધિ [સં.] સ્ત્રી. ભાષાનું શુદ્ધપણું.

ભાષાશૈલી [સં. ભાષા + શૈલી (રીત)] સ્ત્રી. ભાષા બોલવાની ઢબ કે રીત; ' ડિક્શન '.

ભાષાસમ [સં.] ન. (કાવ્ય) તે નામે એક શબ્દાલંકાર.

ભાષાસમિતિ [સં.] સ્ત્રી. (જૈન) પંચ મહાવ્રતોની બીજી સમિતિ; બોલવામાં સાવધાની રાખવી તે; નિરવદ્ય ભાષા બોલવી તે; નિર્દોષ, પરિમિત અને ઉપયોગી જ ભાષા બોલવી તે; વિચારીને યત્નાપૂર્વક બોલવું તે; સત્ય, હિતકારી, પરિમિત અને સંદેહ વિનાનું બોલવું તે.

ભાષાસરણિ [સં.] સ્ત્રી. બોલવાની રીત; ઢબ; શૈલી; વાક્યરચના.

ભાષાસંકર [સં. ભાષા + સંકર (ભેળસેળ)] પું. ભાષાનો ખીચડો; ભાષાનું સેળભેળ; ભાષાનું અયોગ્ય મિશ્રણ. જેમકે, શબ્દમાં પૂર્વત્ર ફારસી અને મૂળ શબ્દ સંસ્કૃત હોય ત્યારે ભાષાસંકર થયો કહેવાય. જેમકે, બેમુદી.

ભાષાસંકરત્વ [સં. ભાષા + સંકર (મિશ્રણ) + ત્વ (પણું)] ન. ભાષાનું સેળભેળપણું; જુદી જુદી ભાષાના શબ્દોનું મિશ્રણ.

પરદેશી અને પરભાષા બોલનારી પ્રજાના રાજ્યથી અને આજની ભેદકારીથી **ભાષાસંકરત્વ** પ્રાપ્ત થયું છે. ગુ. સા. પરિષદ

ભાષાસામ્ય ૧. [સં. ભાષા + સામ્ય (સમાનતા)] ન. ભાષાઓનું સમતાપણું.

૨. ન. ભાષાના શબ્દોનું સમતાપણું. જેમકે,

સં.	ગો.	ગુ.	બે.	અં.	ફ્રા.	હિ.
પિતૃ	પતર	બાપ	પેટર	ફાધર	પિઅર	પિતા
માતૃ	મતર	માય	મેટર	મધર	મારર	માતા
ભ્રાતૃ	ભતર	ફ્રાટર	ફ્રેટર	બ્રધર	બારર	ભ્રાતા
નામ	નામ	ઓનોમા	નામેન	નેમ	નામ	નામ

અસ્મિ અસ્તિ એમી સમ એમ અમ હું

ભાષાસાંકર્ય [સં.] ન. ભાષાસંકરત્વ.

ભાષાસૌષ્ઠવ [સં. ભાષા + સૌષ્ઠવ (સુંદરતા)] ન. ભાષાની સુંદરતા; ભાષાશુદ્ધિ.

એ જગવિખ્યાત સૂત્ર પાછળ **ભાષાસૌષ્ઠવ** અથવા અનુપ્રાસની કદેળવ નથી. કાલેલકર

ભાષાસ્વરૂપપરામર્શ [સં.] ન. શબ્દશાસ્ત્ર; શબ્દવ્યુત્પત્તિવિદ્યા.

ભાષાસ્વામી [સં. ભાષાસ્વામિન્] પું. ભાષા ઉપર સારો કાબૂ ધરાવનાર માણસ.

ભાષાંગ ન. (સંગીત) રાગના દસ માંહેનો એક વર્ગ.

ભાષાંગી સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય ભાષીરા માંહેની ગંભીરમી શ્રુતિ.

ભાષાંતર [સં. ભાષા + અંતર (બીજું)] ન. એક ભાષામાંથી બીજી ભાષામાં પાઠાંતર બરોબર ઉતારવું તે; તરજુમો; અનુવાદ; બદબદેર કરવું તે.

ભાષાંતરકર્તા જુઓ ભાષાંતરકાર.

ભાષાંતરકલા [સં.] સ્ત્રી. ભાષાંતર કરવાની કળા.

ભાષાંતરકળા જુઓ ભાષાંતરકલા.

ભાષાંતરકાર [સં.] પું. ભાષાંતરકર્તા; એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરનાર માણસ; અનુવાદક.

ભાષાંતરખાતું ન. ભાષાંતરનું કામ કરનાર ખાતું.

ભાષાંતર ગતાગત સ્ત્રી. મતિચિંતના એક ભેદ મતાગતનો એક પેટા ભેદ.

ભાષાંતરશાખા [સં.] સ્ત્રી. ભાષાંતર ખાતાની એ નામની એક શાખા.

બરોદરા રાજ્યના ભાષાંતરખાતાની **ભાષાંતરશાખાએ** શ્રી રામજી વૈદ્યનિક શબ્દસમૂહ બહાર પાડ્યો છે. ગુ. સા. પરિષદ

ભાષાંતરિત [સં.] વિ. અનુવાદ પામેલ

આ વખતે તેમણે હરિવંશ, અર્થશા., નીતિસારો, રાજનીતિસારો, કાંકાવત, કાંકરાજ અને માનસરાજ ઉપરના પ્રાચીન અને અર્વાચીન અવતરણ અને **ભાષાંતરિત** ભાગો મનનપૂર્વક વાંચ્યા હતા. કૌમુદી

ભાષિક [સં.] વિ. વેદ વગેરેની પરિભાષાથી અનેરું.

ભાષિકસ્વર [સં.] પું. મંત્રથી ઇતર વેદઋગ્રૂપ ઋગ્વેદમાં કહેલ સ્વર.

ભાષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં જળપર માંહેનું એક નામ.

ભાષિત ૧. [સં. ભાષ્ (બોલવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] ન. કહેલું તે; બોલેલું તે; વાચા; કથન; વચન; ઉક્તિ; ભાષાંતર; જલ્પિત.

૨. વિ. બોલેલું; ભાંખેલું; કહેલું.

ભાષિત્ર [સં.] ન. બોલવું કે વાતો કરવું યંત્ર.

ભાષિયંત્ર [સં. ભાષિન્ (બોલનાર) + યંત્ર] ન. બોલપટ; બોલતું યંત્ર.

ભાષી ૧. [સં. ભાષિન્] વિ. બહુબોલું, વાચાળ.

૨. વિ. બોલનાર; વક્તા; કહેનાર. સમાસમાં ઉત્તરપદ તરીકે વપરાય છે. જેમકે, પરભાષાભાષી.

ભાષુક પું. વક્તા; બોલનાર માણસ.

ભાષ્ટ્ર સ્ત્રી. ચૂલો; ભઠ્ઠો; 'ફર્નિસ'.

ભાષ્ય ૧. [સં] ન. ગંભીર અર્થથી ભરેલી ટીકા; ગ્રંથ ઉપરની સંપૂર્ણ ટીકા; મૂલ સૂત્ર કે સમાધિ ઉપરનું વિવેચન; વ્યાખ્યાન; વિવરણ;

ટિપ્પણ; અઘરા સંસ્કાર ઉપર આપેલ સંસ્કાર સમજ; બહુ ઉપયોગી ટીકા; વિસ્તૃત વિવરણ.

૨. ન. ભાષાંતર; તરજૂમો.

૩. ન. સર્વ સાધનોને લક્ષમાં લઈ વેદમંત્રોનો અર્થ કે સંમતિનો ટીકા ગ્રંથ; દર્શનશાસ્ત્ર ઉપર લખાયેલ વિવેચન; જેમાં સૂત્રને અનુસરતાં વાક્યો વડે સૂત્રનો અર્થ વર્ણવ્યો હોય તથા ભાષ્યકારના પોતાનાં પદોનું પણ વર્ણન કર્યું હોય તે. જેમકે, શાંકરભાષ્ય.

૪. વિ. બહેના બોલ્યા; બોલવા લાયક.

ભાષ્યકાર ૧. [સં.] પું. કઠિન ગ્રંથો સમજવા સારૂ તે ઉપર સરલ ટીકા કરનાર વિદ્વાન.

૨. પું. પતંજલિ મુનિ. જેણે સંસ્કૃત વ્યાકરણનાં સૂત્ર ઉપર મહાભાષ્ય કીધું છે

૩. વિ. ટીકા કરનાર; વિવરણ, ભાષ્યો કરનાર; સૂત્ર ઉપર ભાષ્યો લખનાર; ભાષ્યકર્તા, ભાષ્ય રચનાર.

૪. વિ. ભાષાંતર કરનાર.

ભાષ્યકારકૃત [સં.] વિ. ભાષ્યકારે રચેલું.

ભાષ્યકાલ [સં.] પું. શંકરાચાર્યથી માંડીને એટલે ઈ. સ. ૮૦૦થી સાયણના વેદભાષ્ય એટલે ઈ. સ. ૧૪૦૦ સુધીનો સમય. મનાય છે કે તે સમયમાં શ્રુતિ અને સ્મૃતિના ગ્રંથો ઉપરનાં ભાષ્ય સિવાય સંસ્કૃત સાહિત્યમાં બહુ સર્જન થયું નથી.

ભાષ્યકૃત ૧. [સં. ભાષ્યકૃત્] પું. સૂત્ર ઉપર વ્યાખ્યાન કરનાર પતંજલિ વગેરે મુનિ.

૨ વિ. ભાષ્ય કરનાર; ભાષ્યકાર.

ભાષ્યગત [સં.] વિ. ભાષ્યમાં કહ્યું હોય.

ભાષ્યભાષ્ય ૧. [સં.] ન. બોલાયેલું; ઉચ્ચારાયેલું.

૨. વિ. બોલાયેલું.

ભાષ્યયુગ જુઓ ભાષ્યકાલ.

ભાષ્યવૃત્તિ [સં.] સ્ત્રી. ભાષ્ય ઉપર લખાયેલી ટીકા.

ભાષ્યવૃત્તિકાર [સં.] વિ. ભાષ્ય ઉપર વૃત્તિ લખનાર.

ભાષ્યાનુવાદ [સં ભાષ્ય + અનુવાદ] પું. ભાષ્યનો અનુવાદ.

ભાસ [સં.] ન. કિ. (૫.ભૂ) પ્રકાશવું; ચળકવું; દીપવું. તે ઉપરથી અનેક શબ્દ: ભાસ્કર; આભાસ, ભાસ, ભાસિત.

ભાસ ૧. [સં.] પું. આભાસ; પ્રકાશનું આછું દેખાવું તે; ઝાંખો પ્રકાશ.

૨. પું. પ્રકાશ.

૩. પું. એ નામનો એક સંસ્કૃત નાટકકાર કવિ. તેણે સ્વપ્નવાસવદત્ત નામનું નાટક લખ્યું છે. તેણે બીજ નાટકો રચ્યાનું મનાય છે.

૪ [કિ.] જુ. દિપવું.

૫. પું. કૂકડો.

૬ પું. કૂતરો

૭. પું. કોઈ વાત જાણવાનો ક્લેશ જણાવો તે.

૮. પું. ભૌરાણા; માથેનો વાળો.

૯. પું. દીપ્તિ; કાંતિ; પ્રભા; ચમક; તેજ; ધૃતિ

૧૦. [આ.] પું (જ્યોતિષ) ભરણ નામનો ગ્રહ.

૧૧. પું. જાતિ.

૧૨. પું મનમાં બનતું આછા જ્ઞાન કે સમજનું દર્શન; મનમાં પડેલી છાપ કે છાપ; ઝાંખો ઉદ્‌ગોષ થવો તે; જાણ; જાણવું તે; અણસર; સમજ; ખ્યાલ; ઇ.૫.

૧૩. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પર્વત.

૧૪ પું. સરખામણી; બે જેવું દેખાવું તે

૧૫ પું (જ્યોતિષ) શુક્ર.

૧૬ પું રવાડ

૧૭ ન ગીધને મળતું એક પક્ષી.

૧૮ ન રાખ; ભસ્મ

ભાસક ૧. [સં.] વિ. પ્રકટ કરનાર.

૨. વિ. શોભાવનાર; દીપાવનાર.

ભાસકર્ણ [સં.] પું. મારીચ અને સુબાહુનો એ નામનો રાક્ષસ સેનાપતિ.

ભાસકારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં દક્ષિણ માર્ગનું એક નામ.

ભાસકી સ્ત્રી. ખંડીભાનુ.

ભાસકો પું. શોભા; ઠોંગ.

ભાસડ વિ. ખાઉધરા; ખાઉકણ.

ભાસતર્ક [સં.] પું. વિચાર; કલ્પના; ભાવના.

ભાસદ [સં. ભાસદ] ન. નિતંબ; કટિનો પાછળો ભાગ; કૂલો.

ભાસન ૧. [સં.] ન. ઊલટવાની ક્રિયા.

૨. [સં.] ન. ચળકાટ; તેજ.

૩ [સં.] ન. તરવાની ક્રિયા.

ભાસમંત વિ. ચમકદાર; તેજસ્વી.

ભાસમાન ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃત છંદનો એક ભેદ છે. તેને ભાસમાનભિન્ન પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, ભગણ, સગણ, જગણ, સગણ અને ગગણ એમ ચોવીસ અક્ષરો હોય છે.

ભાસમાનભિન્નમાં ૨૪ પણ ભાસ છે,
જ્યાં પણ સગ ભાસમાને.
રણપિંગળ

૨. પું. પ્રકાશ.

૩. પું. સૂર્ય.

૪. વિ. કલ્પનામાં આવતું.

૫. વિ. ભાવ પાકે એવું; સ્ફૂર્તિ પાકે એવું; મનમાં ઊતરે એવું.

૬. વિ. જણાતું; ભાસતું

૭. વિ. ચળકતું; ચમકતું; પ્રકાશતું

૮. વિ. દીપતું; શોભતું.

૯. વિ. પ્રત્યક્ષ દેખાતું

ભાસમાનભિન્ન જુઓ ભાસમાન ૧.

ભાસરાશિ [સં] પું. પ્રકાશનો ઢગલો; સૂર્ય.

ભાસવવું જુ. ક્રિ. દેખાડવું

મારે તો અત્યારે બજરંગ તરીકે ભાસવવામાં આવતી અંધાધૂંધીથી સાવ બચવાની જોઈએ છે.
નવલકથા

ભાસવું ૧. જુ. ક્રિ. અમુકના સરખું જણાવું.

૨. જુ ક્રિ. કલ્પનામાં આવવું; બનવાનો ભાવનો ક્લેશ જણાવો, સ્ફુરવું; મનને લાગવું, દેખાવું; જણાવું; પટતરે સમજાવું; દીસવું.

જે નિજ રક્ષિત અવિરો, મુજ ધણી માના,
તેણી અરોપ મહંદાદિ પ્રભુ સૂક્ષ્મ આ;
તે ઉદ્ભિજાદિ અરાને તું જ એક ઘેસી,
ભાસે વિવિધ રૂપથી જગમ કાષ્ઠમણિ.
ભાગવતપુરાણ

૩. જુ ક્રિ. પ્રકાશવું; ચળકવું ઇ.સ્વી.

૪. જુ. ક્રિ. સમજવું; જાણવું.

ભાસંત ૧. [સં.] પું. આકાશનો છોર.

૨. પું. કપૂર.

૩ પું ચંદ્ર.

૪. પું. સૂર્ય.

૫. ન ભાસ નામનું પક્ષી.

૬. વિ ચળકતું.

૭. વિ. ચળકતું.

૮ વિ તરતું.

૯ વિ. સમજતું, જાણતું

૧૦. વિ. સુંદર દેખાતું; ભાસતું.

ભાસા ૧. પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; ભાષા; સભાષા; સભાસા તેના દરેક ચરણમાં રગણ, રગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૨. સ્ત્રી (પુરાણ) અણુતનયોની સ્ત્રીનું નામ

૩ સ્ત્રી. એલચીની એ નામની એક જાત.

૪. સ્ત્રી. કાંતિ; તેજ.

ભાસ્કરલવણચૂર્ણ

૫. સ્ત્રી. કુંવારી કન્યા.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ભાસાકેતુ [સં.] પું. અગ્નિ.

ભાસાપુર [સં.] ન. એ નામનું એક શહેર.

ભાસિક વિ દેખાતું; માલૂમ પડતું.

ભાસિત [સં.] વિ. તેજોમય; પ્રકાશિત; પ્રકાશમાન; ચમકદાર.

ભાસિતભરણ પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને બે જગણ મળી બાર અક્ષરો હોય છે

ભાસિતભરણે જા સા જા જા આવો.

રઘુપિંગળ

ભાસિતસરણિ પું. (પિંગળ) જગતીની જાતનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, બે નગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે

ભાસિતસરણિ રચ જ ન ન સે.

રઘુપિંગળ

ભાસિની પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિહારિણી. તેના દરેક ચરણમાં સગણ, જગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

રચના વિહારિણી ભાસિનીમાં,
સ જ ત ગ ગ ભારે પાદ સીમા. રઘુપિંગળ

ભાસી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) દક્ષપ્રજાપતિથી તામ્રાને થયેલ એ નામની એક કન્યા.

૨. સ્ત્રી. (પુરાણ) દક્ષપ્રજાપતિથી પ્રાધાને થયેલી એ નામની એક અપ્સરા.

૩. વિ. દેખાતું; ભાસતું.

૪. વિ. સુંદર; ઝળકતું; તેજસ્વી.

ભાસુ ૧. [સં.] પું. આકાશનો એક.

૨. પું. રવિ; સૂરજ; સૂર્ય; પ્રભાકર; આદિત્ય; માર્તંડ

ભાસુર ૧. પું. વીર; યોદ્ધો; વીર પુરુષ.

૨. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર; ઉત્તરમાં ચટ્ટાર એટલે બે પીઢા અને ચાર સ્તંભોવાળી ઓરડી અને પરશાળ તથા પૂર્વમાં પણ પરશાળ હોય તેવું ઘર.

કૂર ઘરના અપવર્કમાં ચટ્ટાર આવે તો તે ભાસુર નામે ઘર થાય. રાજવલ્લભ

૩. ન. પુષ્ટ ઔષધિ.

૪. ન. રહિટ મશિ.

૫. વિ. દેદીપ્યમાન; તેજસ્વી; પ્રકાશિત.

૬. વિ. સુંદર.

ભાસુરતા [સં.] સ્ત્રી. કાંતિ; તેજ; તેજસ્વીપણું.

ભાસુરત્વ જુઓ ભાસુરતા.

ભાસુરી સ્ત્રી. એક જાતની ઝેરી માખી; 'ઑસિના' તેના ડંખથી ચોસાં, કૂતરાં મરી જાય છે.

ભાસૂક્ષ્માલેખન [સં.] ન. સૂક્ષ્મદર્શક કાચની મદદથી નાનામાં નાની વસ્તુઓની છબી પાડવાનો કૂનર.

ભાસ્કર ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. આકડાનો છોડ.

૩. પું. એ નામનો એક જાતનો છોડ.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભાસ્કરવિલસિત. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, નગણ, જગણ, નગણ, જગણ, બે નગણ, સગણ અને ગુરુ મળી પચીસ વર્ણ હોય છે.

ભાસ્કર જ ન ર ન ર જા જા તે પર ન ન પર ગ ગ કર સોહ્યા. રઘુપિંગળ

૫. પું. મિત્રાનું ઝાડ.

૬. પું. તે નામે એક પંડિત.

૭. પું. નકશીકામ કરનાર કળાકાર; શિલ્પશાસ્ત્રી.

૮. પું. પથ્થર ઉપર મિત્ર, વેલ, ફુલ વગેરે બનાવવાની કળા.

૯. પું. બાર માંહેનો એ નામનો એક આદિત્ય

૧૦. પું. મહાદેવ.

૧૧. પું. મહારાષ્ટ્રના બ્રાહ્મણોની એક પ્રકારની પદવી.

૧૨. પું. વીર; યોદ્ધો.

૧૩. પું. સિદ્ધાંતશિરોમણિ ગ્રંથના કર્તા એ નામના એક આચાર્ય.

૧૪. પું. સૂર્ય; ભાનુ; પ્રભાકર; આદિત્ય; દિવાકર; રવિ; અરુણ; મિત્ર; સહસ્રાંશુ.

સૂર દિવાકર નિશાકર દિનકર ભાસ્કર હંસ,
મિહર મિત્રસ્કર સહસકર ઉષ્ણકરિમ વિભાસ. પિંગળપ્રકાશ

૧૫. પું. સોનું; સુવર્ણ.

૧૬. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોળ રાગના બાર માંહેનો એક પુત્ર; નિશાસ.

૧૭. વિ. તેજસ્વી; ઝળકતું.

ભાસ્કરક્ષેત્ર [સં.] ન. પ્રભાસ; સોમનાથપાટણ.

ભાસ્કરતીર્થ ૧. [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ કુરુક્ષેત્રમાંનું એ નામનું એક તીર્થ જ્યાં કૃષ્ણજીએ આદિત્ય વ્રત પાળીને સૂર્ય ભગવાનનું વ્રત કરીને સિદ્ધિ મેળવ્યાનું મનાય છે.

૨. ન. પ્રભાસ; સોમનાથ પાટણ.

ભાસ્કરદ્યુતિ ૧. [સં. ભાસ્કર (સૂર્ય) + દ્યુતિ (તેજ)] પું. ચિબ્બાનાં ઝાડ માંહેનું એક નામ. તે સૂર્યના તેજ જેવા ચળકાટવાળા હોવાથી ભાસ્કરદ્યુતિ કહેવાય છે.

૨. સ્ત્રી. સૂર્યની કાંતિ.

ભાસ્કરપ્રિય ૧. [સં.] પું. પદ્મરાગ મણિ; એક જાતનું રત્ન.

૨. [સં. ભાસ્કર (સૂર્ય) + પ્રિય (વલ્લભ)] ન. રતાંજલિ. તેનું ઝાડ સૂર્ય જેવા લાલચોળ રંગનું અને સૂર્યના તેજ વડે બહુ જ લાલ ચળકાટવાળું હોવે છે, તેથી તે ભાસ્કરપ્રિય કહેવાય છે

ભાસ્કરભીતા [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠા માંહેનું એક નામ.

ભાસ્કરમુક્તાંશુ [સં. ભાસ્કર (પ્રકાશિત) + મુક્ત (મોતી) + અંશુ (કિરણ)] ન. પ્રકાશિત મોતીનું કિરણ.

ભાસ્કરરસ [સં.] પું. (વૈદક) એ નામનો ઔષધિનો એક રસ. તે હરસ, દંતરોગ, કર્ણરોગ, ખાસ, દાદર વગેરેમાં અપાય છે.

ભાસ્કરલવણ [સં.] ન. ભાસ્કરે કરેલ મીઠું.

ભાસ્કરલવણચૂર્ણ [સં.] ન. (વૈદક) એક જાતનું ચૂર્ણ. તેમાં સિંધવ, બિડ, સંચળ, ખાખો, પીપળો, પીપરીમૂળ અને અમ્લવેતસ આવે છે. આ ચૂર્ણ જઠરરસનું ઉત્તેજક અને પેટનો આફરો ઉતારનાર મનાય છે. તે અપચો, વા, મોળ, બંધકોષ, ભૂખ ન લાગવી અને આંતરડાંના રોગમાં પણ જમ્યા બાદ ભાગમાં આપી શકાય. તેની માત્રા ૨૯થી ૪૦ ગ્રેન છે. તેની એક બીજી બનાવટ નીચે પ્રમાણે છે: પીપર, પીપરીમૂળ, ખાખો, કાળીજીરી, સિંધવ, બિડલવણ તાલીસપત્ર અને નાગકેસર એ દરેક આઠ આઠ તોલા, સંચળ બાર તોલા, મરી, અજમો ને સૂંઠ એ દરેક ચાર ચાર તોલા, તજ તમા એલચી બબ્બે તોલા, મીઠું બત્રીસ તોલા, દાડમની છાલ સોળ તોલા અને અમ્લવેતસ આઠ તોલા લઈ એ બધાને એકત્ર કરી ચૂર્ણ બનાવવું. તે ઝાડા, દહીં, અજીર કાચી માંથી આપવાથી અગ્નિની વૃદ્ધિ થાય છે. તેની એક ત્રીજી બનાવટ પણ નીચે પ્રમાણે છે: મીઠું બત્રીસ તોલા, સંચળ બાર તોલા, બિડલવણ, સિંધાલૂણ, ખાખો, પીપર, પીપરીમૂળ, કાળીજીરી, તાલીસપત્ર, નાગકેસર, તમાલપત્ર, અમ્લવેતસ એ દરેક આઠ આઠ તોલા, તજ તમા એલચી બબ્બે તોલા એ બધાને જેમાં કરી ચૂર્ણ કરવું. તે આમવાત ઉપર તોલાની માત્રામાં અપાય છે.

ભારકરવિલસિત પું (પિંગળ) અતિકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.ભાસ્કર. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, ભગણ, યગણ, ભગણ, બે નગણ, સગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.

ભારકરસપ્તમી [સં.] સ્ત્રી. માઘ માસની સાતમ તે દિવસ સૂર્યના તહેવાર તરીકે ઉજવાય છે.

ભારકરાચાર્ય ૧. [સં.] ભાસ્કર એટલે સૂર્યના જેવો તેજવાળો આચાર્ય

૨. પુ મધ્યકાલીન ભારતનો એક પ્રસિદ્ધ જ્યોતિષી એનો જન્મ નિઝામ રાજ્યમાં સહ્યાદ્રિ પર્વત પાસેના બિજ્જડ ગામમાં ઇ.સ ૧૦૩૬માં થયો હોવાનું મનાય છે એના પિતાનું નામ મહેશ્વર ભટ્ટ હતું. એ પોતે વેદ અભ્યાસી હતા. શ્રૌત, સ્માર્ત કર્મમાં નિપુણ અને જ્યોતિષવિદ્યાના ઉદ્ભટ હતા ભાસ્કરાચાર્ય પિતા પાસે ગણિત, મુહૂર્તમય, વેદ અને ભૌતિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. સર્વ વિદ્યામાં પ્રાપ્ત થવાથી તેનામ. શાસ્ત્રો ઉપર તેમની મહાશક્તિ ઉદ્ભવ થઈ તેમણે ૩૬ વર્ષની ઉમ્મરે એટલે ઇ.સ ૧૧૭૨મા સિદ્ધાંતશિરોમણિ નામનો મહાન ગ્રંથ બનાવ્યો. એ ગ્રંથ ગોળાધ્યા. અને ગણિતાધ્યા નામના બે ભાગમાં છે. ભાસ્કરાચાર્યને પુત્ર ન હતો, પણ લીલાવતી નામની એક પુત્રી હતી. તેનું નામ સદાકાળ રહે તે માટે ઈ. સ. ૧૧૫૮માં ગણિતનો ગ્રંથ રચી લીલાવતીને અર્પણ કર્યો તે ગ્રંથનું નામ તે ઉપરથી લીલાવતી રાખ્યું. ગણિતનો આ ગ્રંથ ઘણો જ ઉત્તમ ગણાય છે. બીજા ગણિત નામ એક બીજો ગ્રંથ રચીને તેણે બનાવ્યો છે ઉપરાંત તિથિતત્ત્વ અને જ્યોતિષતત્ત્વ એવા બે ગ્રંથ તેણે રચેલા છે. જ્યોતિષવિદ્યા પ્રત્યેના માનથી ચાલી આવે છે. તેના ગ્રંથો અપૂર્વ ઉત્સાહ અને અખંડ ઉદ્યોગથી અવલોકન કરી તપાસવા અને તેમાં અધિક કે ન્યૂન કરવા. જેનું જણાવું તેટલું તેણે કરીને નિયમ બાંધ્યા. આ નિયમો બાંધ્યાને ઘણાં વર્ષો થયા છતાં એનો શોધક વિદ્વાન પુરુષ તપાસ કરી અરાબર ફેરફાર કરી શકે એવો થયો નથી તે વખતે દૂરબીન વગેરે કાંઈ સાધન હતાં નહિ, છતાં આ મહાન શોધક પુરુષે ગ્રહો તથા નક્ષત્રોનો માત્ર વાસની આંખણી વડે વેધ કર્યો હતો અને એ જ વાંસની આંખણીથી ગ્રહની ઊંચાઈ, લંબાઈ, આકાર, પરિમાણ, પૃથ્વીનું સ્વરૂપ વગેરે સર્વ જ્ઞાનનો પોતાની બુદ્ધિબળના પરાક્રમથી શોધી કાઢયાં છે. તેમણે દશાંશ પદ્ધતિ વર્ણવેલ છે. તે ઉપરથી ડો. નગેન્દ્રનાથ સીલ અનુમાન કરે છે કે, આપણો અભ્યા કરતાં પણ ઘણા જ પ્રાચીન સમયમાં હિંદુઓમાં આ દશાંશપદ્ધતિ પ્રચલિત હતી. કાટખૂણાના ત્રિકોણની સામેના ભુજનો વર્ગ, કાટખૂણાના બે ભુજના વર્ગના સરવાળાની બરાબર થાય છે એવો પાયથાગોરસના નામે ઓળખાતો સિદ્ધાંત ક્ષેત્રવિદ્યા એટલે જ્યોમેટ્રિ અને ચલનકલનવિદ્યા એટલે ડિફરેન્શિયલ કેલ્કયુલસ એ બે રીતે તેણે સિદ્ધ કર્યો છે, તેમજ તેનો અભ્યાસજ્ઞાત્રમાં ઉપયોગ કરવામાં ન્યૂટન કરતાં તેની શોધ લગભગ પાંચસો વર્ષ જેટલી પ્રાચીન હતી. ડો વાલ્ટેનાથ સીલના અભિપ્રાય પ્રમાણે આર્કિમીડીઝ નામના ગ્રીક વિદ્વાનના કરતાં તેની રીત અને પરિણામ અર્વાચીન પદ્ધતિને વધારે મળતાં આવે છે અને તેથી તેને ગ્રીક કરતાં વધારે ઊંચતાનું માન ઘટે છે આ મહાપુરુષે પંચાવન વર્ષની ઉમરે ગોદરમાં સ્વર્ગવાસ કર્યો. એ ગ્રંથો અને ગણિત વગેરેની શોધ કરીને તથ. સત્ય ધર્મનો સંપ્રદાય બહારી જગતમાં અમર નામના મેળવી ગયેલ છે.

ભારકરાવર્ત સ] પુ (વૈદક) મસ્તકનો એક જાતનો રોગ.

ભારકૃતિ ૧ સ.] પું. એ નામનો એક મુનિ

૨. પું. કર્મ

૩. પું. યમ.

૪. પું. વૈવસ્વત મનુ

૫ પુ (જ્યોતિષ) ગ્રહ મહ.

ભારકરી ૧ [સ. ભરસ્કરિન્] પું (પુરાણ) એ નામના એક ઋષિ.

૨ [સ] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

ભારકરેષ્ટા [સં] સ્ત્રી. એક જાતનો વેલો.

ભારકર્ય ૧ સ્ત્રી ઉપસાવેલી મૂર્તિ. ખાપરા કોડિયા નામે ઓળખાતી ગિરનારના ઉપરકોટની પ.તા.ળ મહેલાતોમાં ઉચ્ચ પંક્તિનું ગુપ્ત સમયનું રૂપ ભાસ્કર્ય છે.

૨. [સં.] ન. ધુતિ; પ્રકાશ.

ભારકી સ્ત્રી. સંકડામણ; સાટ; દુઃખ.

ભારકીમાં બીડવું = સકંટમાં નાખી દેવું.

ભારકમન [સ] ને ભસ્મ જે. રાખ ચોપડેલું.

ભારકરબાણ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણદંડક વર્ણમેળ છંદ. તેને ભાસ્કરબાણ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નવ ભગણ અને બે ગુરુ મળી ઓગણત્રીસ અક્ષર હોય છે.

> છે નવ ભાસ્કરની પર બે ગુરુ અંત;
> નીલોત્પલમાં ચરણે કવિ! ભારકરબાણો.
>
> ન્હાનાલાલ

ભારકરાયણ [સં.] પું. ભરદ્વ ઋષિનો ગોત્રજ.

ભારકરાયન્યા [સં] સ્ત્રી. ભરદ્વ ઋષિની ગોત્રજ સ્ત્રી.

ભારકિક ૧. [સં.] પું. બેઠિક બાંધકના ચાર બાંધેનો બીજો ભાગ.

૨. પું. ભસ્મ ઉપરથી બનાવેલ રંગ.

૩. વિ. ક્ષારમય.

૪ વિ. ભસ્મવાળું; ભસ્મને લગતું.

ભારકિકતા ૧. [સં.] સ્ત્રી. ક્ષારમયપણું.

૨. સ્ત્રી. ભસ્મવાળું હોવું તે.

ભારકીય [સં.] સ્ત્રી. ખારાશ ઉત્પન્ન કરનાર ધાતુ; ' પોટેશિયમ '. ખૂબ્રતા વાદળી રંગના આ પદાર્થને સને ૧૮૦૭માં સર હંફ્રી ડેવીએ શોધી કાઢયો હતો તેણે જલવિદ્યુતના પ્રવાહથી પૃથ્વીમાંથી તેને છૂટો પાડેલ છે. કુદરતમાં તે વિસ્તૃત રીતે વહેંચાયેલ છે અને મિશ્રિત પદાર્થોમાં પણ તે હોય છે. અમિશ્રિત સ્થિતિમાં તે બટાકાનો અને ચીકાશવાળો છે. જ્યારે પાણીમાં તેને નાખવામાં આવે છે ત્યારે તેમાંથી ઉદકજનક વાયુ તથા પોટેશિયમ હાઇડ્રોકસાઇડ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલ ઉદકજનક વાયુ જ્યોતરૂપે દેખાય છે અને વાદળી જ્યોત બને છે. તેની વરાળ લીલી હોય છે. દારૂ, કૈમાટકામ તથા દવામાં તે વપરાય છે. આ ધાતુ પ્રાણવાયુ સાથે એકદમ ભળી જતી હોવાથી તેને બરફ તેલમાં રાખવી પડે છે. ભારકીય ક્ષારો પ્રાણીઓ અને વનસ્પતિના શરીરમાં કાયમ થાય છે. ઝોડવાઓ માટીમાંથી પણ તે મેળવે કરે છે અને ક્ષાર બાદ પ્રાણીઓના શરીરમાં વનસ્પતિ મારફત તે કાયમ થાય છે અને શરીરના ઉપયોગી અવયવો અને પ્રવાહીઓ બનાવવામાં તે મદદ કરે છે.

ભારક્ત ૧. [સં. ભારવત્] પું. આકડાનો ઝોડ.

૨. પું. ચમક; દીપ્તિ.

૩. પું. વીર.

૪. પું. સૂર્ય.

૫. વિ. ચમકતું.

૬. વિ. પ્રકાશ કરનાર.

ભારક્તી ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

૨. સ્ત્રી. પરોઢ; ઉષા.

૩. સ્ત્રી. સૂર્યનું કહેર.

ભારક્વર ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. આકડાનો ઝોડ.

૩. પું. (પુરાણ) રાતિક સ્વાયંભુવ મનુના એ નામે એક અનુચર.

૪. પું. કુશ નામની ઔષધિ.
૫. પું. ગળકતો પદાર્થ.
૬. પું. ચિતાનું ભસ્મ.
૭. પું. દિવસ.
૮. પું. નર બાંહેનો એ નામનો એક દેવગણ.
૯. [સં. ભાસ (પ્રકાશવું) + વર (શ્રેષ્ઠ)] પું સૂર્ય
૧૦. ન. રેકરેજ વધુ; ઈશારા મજા. તેમાં બાર સભ્યો હોય છે
૧૧. વિ. ભળકતું; દેદીપ્યમાન; ઝળકતું; તેજસ્વી

ભાસ્વરતા [સં.] સ્ત્રી. તેજસ્વિતા; ઉજ્જ્વલ, ચળકાટ; પ્રકાશ.

ભાસ્વરત્વ જુઓ ભાસ્વરતા.

ભાસ્વરશુક્લ [સં. ભાસ્વર (ચળકતું) + શુક્લ (ધોળું)] વિ. ધોળું અને ચળકતું.

ભાસ્વરી યંત્ર [સં ભા (પ્રકાશ) + સ્વનિ (અવાજને લગતું) + યંત્ર] સ્ત્રી. પ્રકાશના કિરણોના માર્ગ વડે અવાજ ઉત્પન્ન કરવાનું યંત્ર. 'ફોટોફોન'. આ યંત્ર સને ૧૮૮૦ના પ્રોફેસર ગ્રાહમ બેલે શોધી કાઢયું હતું. તે દ્વારા પ્રકાશનાં કિરણો વડે અવાજ એક સ્થળેથી બીજે સ્થળે મોકલી શકાય છે

ભાસ્વંત પું. (જૈન) મહોરગ નામના બંતરના દસ મહેનો એક પ્રકાર. બંતરના દસ પ્રકાર: ભૂજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, ઋધ્ધિશાલી, મનોરમ, મહાવેગ, મહેન્દ્રવજ્ર, મેરુકાંત અને ભાસ્વન્ત.

ભાસ્વાન ૧. [સં. ભાસ્વત્] પું. સૂર્ય.
૨. વિ. પ્રકાશવું.

ભાહા પું (જૂ. ગુ.) ભાર્યા.

ભાળ ૧. સ્ત્રી. ખબર; ખોળ; તજવીજ; સમાચાર.
૧ ભાળ પડવી–મળવી = ખબર પડવી; પત્તો મળવો
૨. ભાળ રાખવી–લેવી = ખબર રાખવી; સંભાળ લેવી
૨. સ્ત્રી. દેખાવ; દેખાવ
૩. સ્ત્રી ખ્યાલ; સંભાળ
૪. સ્ત્રી. શોધ, પત્તો, ઠેકાણું.
૧. ભાળ આપવી–દેવી – પત્તો બતાવવો; સમાચાર આપવા
૨. ભાળ કઢવી = (૧) શોધ ચલાવવી; અમુક વ્યક્તિ કયાં છે, શું કરે છે તેની તપાસ કરવી. (૨) સંભાળ લેવી
૩ ભાળ થવી–લાગવી = પત્તો મળવો; વાવડ મળવા
૫. [સ ભાલ] ન. કપાળ; ભાલ.

ભાળકા ૧. સ્ત્રી. રુમારીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપસ.
૩. વિ. એ નામની જાતનું

ભાળવણ ૧. સ્ત્રી. ભલામણ; સિફારસ; ભાળવણી
૨. સ્ત્રી. સુપરત; સોંપણ.

ભાળવણી જુઓ ભાળવણ.

ભાળવવું ૧. સ. ક્રિ. ઓળખાણ કરાવવી; ઓળખાવવું
૨. સ. ક્રિ. ભાળ લેતા રહેવાની ભલામણ કરવી; સંભાળ રાખવાનું કહેવું; સોંપવું; ભાળ રાખવા સોંપવું
૩. સ. ક્રિ. સિફારસ કરવી, ભલામણ કરવી.

ભાળવું ૧. સ. ક્રિ. દેખવું; જોવું; અવલોકવું; આંખે દેખાવું; સૂઝવું.
આનંદમાત્ર અવિકલ્પ સ્વયંપ્રકાશ,
જે આપનું સ્વરૂપ વિશ્વ બનાવી ભોક્તા;
જે વિશ્વથી પર અતીન્દ્રિય બીજા પાર,
જ્યાનું ન પરમ નાપર તેથી ભાળું
ભાગવતપુરાણ
૨. સ. ક્રિ. ધારવું, ૬ પડવું.
૩. સ. ક્રિ. સમજવું.
૪. સ. ક્રિ. સંભાળવું; સંભાળ લેવી. જેમકે, પતને કશ ભાળવો પડતો નથી.

ભાળશાશી ૧. [સં. ભાલ (કપાળ) + શશિન્ (ચંદ્ર)] પું. મહાદેવ; શંકર. તેના કપાળમાં બીજનો ચંદ્ર હોવાનું મનાય છે.
૨. પું. મહાદેવે કપાળમાં ધારણ કરેલો ચંદ્ર.

ભાળિયો પું. ચામર; ભાલિયો; મોટો ઘડો.

ભાળું અ. વારું; ઠીક.

ભાળો પું. એ નામનો એક પ્રકારનો છોડ.

ભાં ૧. અ. ગાય બળદના બરાડવાનો અવાજ; મળામાંથી નીકળતો ભાડો અને ભારે ભૂકારવ; અમ.
૨. અ. મોટરના ભૂંગળા જેવો અવાજ.

ભાંઉં [હિ.] પું. અભિપ્રાય

ભાંકડી (ભાકડી) પું. લોખંડને મળતો એક જાતનો જસતી છોડ; સિંધાડા.

ભાંકી સ્ત્રી. ભાણી; ભાણેજ; ભત્રીજાની દીકરી.

ભાંકો પું. ભાણિયો; ભાણેજ; ભત્રીજાનો દીકરો.

ભાંખ ૧. સ્ત્રી. આધાર.
૨. સ્ત્રી. આંકડો નક્કી કરવો તે.
કોઈના ઉપર બાંખ મૂકવી = નિર્ણયાત્મક બોલ નક્કી કરવાનું કોઈને કહેવું.
૩. સ્ત્રી. ન્યાય.
૪. સ્ત્રી. પરોઢિયે આવતી ઘોડી ઉપરસ.
૫. સ્ત્રી (કચ્છી) પ્રાતઃ.
૬. સ્ત્રી. ભાવ પાડવો તે.
૭. સ્ત્રી. ભાખવું તે; બોલવું તે.
૮. સ્ત્રી. માગણી; કીમત કરવી કે આંકવી તે.
૯. સ્ત્રી. વચન ઉપર વિશ્વાસ.

ભાંખડબેર (ભાંખડબેર) જુઓ ભાંખડબેર.

ભાંખડબેર (ભાખડબેર) ન. ઢીંચણબેર; ઘૂંટણબેર; ઘૂંટણ ઉપર.
શરીરના સ્વાભાવિક વધારા સારે તે ગોળ પડશે, ભાંખડબેર થશે અને ભાંખડબાર ચાલશે.
ગિજુભાઈ

ભાંખડિયાભર (ભાંખડિયાભર) ન. ઘૂંટણભર; ઘૂંટણ ઉપર; ભાખડભર.
રોશીઓમા પણ કેટલ્ક ભાંખડિયાભર કરે છે.
ચરિત્રચંદ્રિકા

ભાંખડિયાબેર (ભાખડિયાબેર) જુઓ ભાંખડિયાબર.

ભાંખર ૧. સ્ત્રી. લેજિમા કઠોળની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માપસ.
૩. વિ. એ નામની જાતનું.

ભાંખરભરિયા અ. ઢીંચણબેર.
બાળકને ભાંખરભરિયા ચાલતું અમે છે, તેનું કારણ એ છે કે આપણાં પ્રાણીઓની જેમ શરીર સારે સરખાવતા તેના પગ દૂબા છે.
મોન્ટેસોરી પદ્ધતિ

ભાંખરો પું. ડુંગર; પર્વત.

ભાંખવું ૧. સ. ક્રિ. અટકળ કરવી; અંદાજ કાઢવો.
૨. સ. ક્રિ. જોખવું; માપવું; કોઈ વાતમાં તરબોળ થઈ જવું.
જેના મનમાં કપટ નહિ રે, તે ભણે રસ ભાંખી.
નરસિંહ
૩. સ. ક્રિ. આંકડો નક્કી કરવો.
૪. સ ક્રિ. જોવું; નિહાળવું.
૫. સ. ક્રિ. કેસનો આપનો.
૬. સ ક્રિ. બોલવું.
૭. સ. ક્રિ. ભવિષ્ય કહેવું.
ભાગ્યનિર્દિષ્ટ શી ભાંખી છે. સામળ

ભાંખોડ (ભાંખોડ) સ્ત્રી. ઘૂંટણિયું; ઢીંચણ.

ભાંખોડભર (ભાખોડભર) જુઓ ભાખડિયાભર.

ભાંખોડબેર (ભાંખોડબેર) જુઓ ભાંખડિયાભર.

ભાંખોડિયું (ભાખોડિયું) ૧. ન. ઘૂંટણિયું; ઢીંચણ.
૨. અ. બંને હાથનો ટેકો દઈ, વજનના પગે પગ દઈ નાનાં બચ્ચાં ચાલતાં શીખે તે સ્થિતિ.

ભાંખોડિયાભર (ભાખોડિયાભર) જુઓ ભાંખડિયાભર.

ભાંખોડિયાભેર (ભાંખડિયાભેર) જુઓ ભાંખડિયાભર.

ભાંખોનરા ૧. સ્ત્રી. ભાંખની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું

ભાંગ ૧ સ્ત્રી. એક જાતના છોડનાં પાંદડાં.

૨. [સં. ભાંગી; પ્રા. ભંગા] સ્ત્રી. એક જાતનો માદક છોડ, દરેક ડાળખીએ સાંકડાં, અણીદાર અને કરકરિયાવાળાં પત્ર, પાંચ અગર સાત પાનવાળો એક છોડ; વિજયા; શક્રિદ્રુ; ગાન, મનુષ્યજા, મહિની; જયા. તે પણ, કાશ્મીર અને બંગાળામાં થાય છે. તે ગાંજો, મા., પીડાહારક, વિજયેંદ્રિય ઉત્તેજક અને દીપન ગણાય છે તેનો ઉપયોગ ધનુર, સન્નિપાત, ગ્રસ્તા વગેરે રોગો ઉપર થાય છે. તેનામાં ઝાડાને મટાડવાનો ગુણ છે. પીડા શાંત કરવામાં તેનો ગુણ અફીણને મળતો છે. બંગાળમાં કુલ પાકે નહિ ત્યાંસુધી તેનામાં નશો લાવવાનો ગુણ આવતો નથી. તેનાં પાનનો રસ કાનમાં રેડવાથી દુખાવો ઓછો થાય છે. તેના પાદડાં ભૂખ અને વાયુ વધારે છે તે વીર્ય વૃદ્ધ બનાવે છે અને રતબળ કરે છે. પાતળી ખાતવાળાને ભાંગ થોડા પ્રમાણમાં લેવાથી હાનકારી થાય છે. ભાંગ લેવાથી ઘેટલી બધી ભૂખ લાગે છે કે ગમે તેટલો ખોરાક લેવાથી પણ તૃપ્તિ થતી નથી. ભાંગ પીધેલ માણસ ખૂબ ખોરાક ખાય અને ખૂબ હસે. કરસ અને ગુદાના ચિરાડામાં તેની પોટિસ મૂકવામાં આવે છે. કરસ અને ગુદાના ચીરા ઉપર સૂકાં પાનને ઘીમાં તળી, અરધાંગરમ પાનથી શેક કરવામાં આવે છે. ભાંગ ભૂખ લગાડનાર અને પાચક હોવાથી અજીર્ણ, અતિસાર અને અમુક તરેહના જીર્ણ મરડામાં ફાયદો કરે છે. સૂકવની ભાંગી, મોટી ઉંમરસ અને કમમાં તે આફેણનિવારક હોવાથી ઘણી કીમતી ઔષધિ લેખાય છે ચિંતા અને વાયુને લીધે થતા માથાના દુખાવામાં તે ઘણો ફાયદો કરે છે. તેનું બીજું નામ સરદાર્ધ છે. તે ઘણાં ચૂર્ણો બનાવવામાં વપરાય છે. તેનાં પાદડાં ૩૦ ગ્રેનની માત્રામાં અપાય છે તેનો રસ કાંકરને ઘણો પ્રિય છે એમ મનાય છે અને તેથી સાધુ વગેરે વૈરાગીને પણ એનું પાન પ્રિય છે. દારૂ નિર્બળજ બનાવે છે, અફીણ બેદી બનાવે છે, ગાંજો ઘૂની બનાવે છે, પણ ભાંગ કલ્પનાશક્તિને ઉત્તેજી પીનારને વ્યોમમાં રચાઈ રહેતી સોનેરી સૃષ્ટિનો માલિક અને ભોક્તા બનાવે છે. સામાન્ય રીતે એ છોડનાં પાનને જ ભાંગ કહે છે. ઘણા ગાળની મુકીને ભાંગ કહે છે. ભાંગ વાટી લોકો પીએ છે. ગાંજો અને ભાંગ પીવાથી માણસને નશો ચઢે છે, કાળજું કપાય છે અને શક્તિ ક્ષીણ થાય છે કેટલાક ગાંજાના છોડ અને ભાંગને અલગ અલગ માને છે. ગાંજાના છોડમાં કણીનો મુગ્ધો આવે છે, ભાંગમાં એ મુગ્ધો આવતો નથી. બનેનાં પાન દેખાવમાં સમાન આવે છે. ભાંગના પાન લાંબાશ ઉપર રહે છે. ગાંજાનાં પાન કાગારા પડતાં તથા ચોડાં લાંબાં હોય છે. ભાંગનાં બીજ કાણ અને ચોડાં મોટાં થાય છે. વૈદકમાં ભાંગને વિજયાનંદ, માદક, તીક્ષ્ણ, કડવી, ઉષ્ણ [illegible] અગ્નિદીપક, કફનાશક, મદકર, મારક, [illegible] વાયુવર્ધક તથા મોહકારક કહેલ છે અને કફ તથા વાયુનાશક માની છે

૩. સ્ત્રી. ગાંજાની કણીઓની પાંદડી, મરી અને બીજે મસાલો એકસાથે કચરી ઘૂંટીને બનાવેલ કેફી પીણું

૧. ઘરમાં ભૂંજ ભાંગ ન ઘોળી = અત્યંત દરિદ્રિ હોવું.

૨. ભાંગ ઉતારવી = (૧) પત્રવી વગેરે વિશેષ પ્રમાણમાં નાખી ભાંગને નરમ કરવી. (૨) ભાંગનો કેફ ઓછો કરવો.

૩. ભાંગ ચડવી = (૧) ભાંગનો કેફ ચડવો. (૨) મદ કે અહંકાર થવો.

૪. ભાંગ ચડાવવી = (૧) તૈયાર થયેલા ભાંગના પાણીને ઉકારી તેમ જ ઉકાળી એકમેક કરવી. (૨) ભાંગ પીવી.

૫. ભાંગ પીને બેસવું = ગાંડા બનું; આજ કરવા.

૬. ભાંગ પીવી = (૧) કેફ કરવો. (૨) ઘડિયાળ વગેરેનું ચાલતાં અટકી જવું. (૩) ભાંગનું પીણું પીવું. (૪) મન અસ્થિર થવું; ધ્યેય ચોક્કસ ન હોવો. (૫) વગર વિચાર્યે કેફમાં બોલવું; ગડબડેલું બોલવું; ગાંડું થવું; ગાંડું વર્તવું; ખોટે વર્તને ચાલવું.

૭. ભાંગ ફૂટવી = સવાર થવી.

૮. ભાંગ વાટવી = ભાંગની પાંદડીને સમોટવી; ભાંગનાં પાનનો પત્થરથી વાટીને રસ કાઢવો; ભાંગને સમોટી પીણું બનાવવું.

૯. ભાંગનો બસનો = ભાંગીજાંગી; ભાંગેરી.

૪. સ્ત્રી. વૈશ્યોની એ નામે એક જ્ઞાતિ.

૬. [સ.] સ્ત્રી. સેંથી; પાથી.

૭. વ. એ નામની જ્ઞાતિનું માણસ.

૮ વિ એ નામની જ્ઞાતિનું.

ભાંગકરામ જ. ભાંગવા, તોડવા કે પાડવાનું કામ

ભાંગચૂર્ણ જ. (વૈદક) ભાંગ એક ડ્રામ, જાયફળ, એલચી, રૂમે મસ્તકી અને તજ અરધો અરધો ડ્રામ તેમ જ સાકર ત્રણ ડ્રામ મિશ્ર કરીને બનાવેલું વજ્રાગ્નિ ચૂર્ણ. તે ૨૦ થી ૪૦ ગ્રેનની માત્રામાં વિશેષ કરીને ઝાડો બંધ કરવા માટે અપાય છે.

ભાંગજોડ (ભાંગજોડ) ૧ સ્ત્રી. ભાંગજોડ.

૨. સ્ત્રી. વાટાઘાટ; સમાધાન.

ભાંગજાડિયો (ભાંગજાડિયો) પું. ઝવાડ.

ભાંગજાડિયાનાં છોકરાં ભૂખે મરે નહિ = દગાને દિવાળું નહિ ને મસ્તિ ખાતર નહિ.

ભાંગડતૂંગડ (ભાંગડતૂંગડ) વિ અણજાણ્યું અજમાવેલું.

ભાંગડો (ભાંગડો) પું. એક વનસ્પતિ; ભાંગ

ભાંગડો વાટવો = (૧) કર્મને બદલે કેર્ડ બોલવું; કામ બગડી જાય એવું બોલવું. (૨) કોઈ વાતનું રહસ્ય ઉઘાડું પાડવું; ગુપ્ત વાત જાહેર કરી દેવી. (૩) મૂર્ખતા ભરી ભૂલ કરવી.

ભાંગણહાર વિ. ભાંગનાર; તોડનાર; ઢાળનાર.

ભાંગણી ૧. સ્ત્રી. ભાંગવું તે; ભાંગવાકાર કરવો તે; ભાંજણી.

૨. વિ. સ્ત્રી. ભાંગી જાય તેવી; ભૂકો થઈ જાય તેવી.

ભાંગણું ૧. વિ. ભાંગતાં ભૂકો થઈ જાય તેવું. ચોખા માટે વપરાય છે.

૨. વિ. સહેલાઈથી ભાંગી જાય તેવું; ભાંગણું; ભંજનશીલ.

ભાંગતું ૧. વિ કટકા થતું; તૂટતું.

ભાંગતે ગાડે કોણ બેસે? = પડતીને વખતે કોઈ સામું ન જુએ.

૨. વિ. ભાંગતું.

૩. વિ દુઃખદ.

૪. વિ. નાશકું.

ભાંગતૂડ સ્ત્રી. ભાંગફોડ; તૂટી ફૂટી જવું તે.

ભાંગતોડ (ભાંગતોડ) ૧. સ્ત્રી. કાટકૂટ.

૨. સ્ત્રી. ભાંગફોડ; ભાંગવું અને તોડવું ફોડવું તે.

ભાંગનાં પાણી જ. બ. વ. (વહાણવટું) નાનો ભુવાળ.

ભાંગફોડ (ભાંગફોડ) ૧. સ્ત્રી. ઉપદ્રવપાર્યેય; ધમાચકડી.
૨. વિ. ભાંગવું અને તોડવું કોડવું તે.

ભાંગફોડિયું (ભાંગફોડિયું) ૧. વિ. ઉપદ્રવપાયલ કરનાર.
૨. વિ. ભાંગફોડ કરી નુકસાન કરનાર.

ભાંભણભાંગ સ્ત્રી. ભાંગ વગેરે.

ભાંગર [હિં.] સ્ત્રી. કોર્ષ ધાતુના નાના નાના કણ.

ભાંગરાદિ ચૂર્ણ ન. (વૈદક) ભાંગરો, તાલીસપત્ર, રતાંજલિ, સૂંઠ, મરિચ, જીરું, કપૂર, લવંગ, આમળાં, મરી, પીપર, વાંસકપૂર, તજ, એલચી, તમાલપત્ર અને નાગકેસર પ્રત્યેક બબ્બે તોલા અને ભાંગરો ત્રીસ તોલા લઈ, એકત્ર કરી, જેટલું વજન થાય તેટલી સાકર ઉમેરી તૈયાર કરેલું ચૂર્ણ. તે એક કુડવની માત્રામાં આસો, કફ અને દમ ઉપર અપાય છે.

ભાંગરી સ્ત્રી. એક જાતનું ઘાસ. તે પોષણ માટે ઘાસ ઉપર આધાર રાખે છે.

ભાંગલું ૧. વિ. કટકા થઈ ગયા જેવું; ભાંગવું.
૨. વિ. આંકતાં ભૂકો થઈ ગયા તેવું.

ભાંગલું ૧. વિ. ભાંગની અસરવાળું; ભાંગી.
૨. જુઓ ભાંગલું.

ભાંગરો ૧. પું. અરૂસો નામે વનસ્પતિ.
૨. [સં. ભૃંગરાજ] પું. એક જાતનો ઔષધિમાં ઉપયોગી છોડ; ઔષધોપયોગી એક વનસ્પતિ; માર્કવ; ભૃંગરાજ. તે ચોમાસામાં વિશેષ પ્રમાણમાં જ્યાં પાણીનો પ્રવાહ વહેતો હોય ત્યાં ને કૂવા વગેરેના કાંઠે ઊગે છે. તેના પાંદડાં લાળાં, અણીદાર ને મોટા કાનનાં થાય છે. તેનો ઉપરનો ભાગ ઘેરા લીલા રંગનો અને નીચેનો ભાગ ઝાંખા રંગનો અરધચંદ્રો થાય છે. તેનાં પાંદડાંને નિચોવવાથી કાળા રંગનો, કડવો અને ઉષ્ણ રસ નીકળે છે. તેનો મુખ્ય ઉપનામ, રક્તસોધક, નેત્રરોગ અને માથાની પીડાને દૂર કરનાર ગણાય છે. તે ત્રણ પ્રકારનો થાય છે: (૧) પીળાં ફૂલનો. તેને સ્વર્ણભાંગરો, હરિવાસ કે કેવ્યપ્રિય વગેરે કહે છે. (૨) સફેદ ફૂલનો અને (૩) કાળાં ફૂલનો. તેને નીલકૃષ્ણરાજ, મધુકર, મહાનીલ, સુનીલક, મહાભૃંગ, નીલપુષ્પ કે શ્યામલ કહે છે. સફેદ ભાંગરો તો ઘાસ કરીને બધે ઠેકાણે થાય છે. પીળો ભાંગરો કયાંક કયાંક થાય છે, પરંતુ કાળાં ફૂલનો ભાંગરો ભાગ્યે જ કયાંક મળી આવે છે. તે બહુ જ દુર્લભ છે. લોકોમાં એવી માન્યતા છે કે, કાળાં ફૂલના ભાંગરાના પ્રયોગથી સફેદ પાકી ગયેલા વાળ હમેશને માટે કાળા થઈ જાય છે. સફેદ ફૂલના ભાંગરાની બે જાતિ છે: (૧) લીલાં ડાંખળાંવાળો અને (૨) કાળા ડાંખળાવાળો. આ છોડ વેંત બે વેંત મોટો થાય છે અને પાણીવાળી જગ્યાએ એ છોડ ભારે માસ રહે છે. તે સોધક, ઉષ્ણ, કફઘ્ન અને રોપણ તરીકે તાવ, વાયુ, આંચકો અને અપસ્મા ઉપર ઔષધના રૂપમાં વપરાય છે. તેનાથી કેશવૃદ્ધિ થઈ કેશ કાળા થઈ જાય છે. ભાંગરાની સાથે તેનું તેલ કાઢી કેશને લગાડાય છે. જૂના વખતમાં સાહી બનાવવામાં પણ તે વપરાતો અને તેથી ચળકતા અક્ષર થતા. ભાંગરો બાળકોની શરદી ઉપર તેમ જ કમળા, સોજા, સ્વરભેદ તથા દમ ઉપર પણ વપરાય છે

૩ પું. પાકેલ થઈ ગયેલાં ભાંગનાં પાન, કળીઓ ને બિયાંનો ભૂકો.

ભાંગને વટકો = (૧) છૂપો ભેદ ઉઘાડી નાખવો; ભેદ ભાંગી નાખવો. (૨) તક ને પ્રસંગે મનમાં આવ્યું તે કહી દેવું. (૩) વાતચીતમાં ભાગવું; ગોટાળો કરવો; બોલનું કોળ ભરી દેવું; કાચું કાપવું; આડું ઊતરવું; બાજી બગાડી મૂકવી; પરિસ્થિતિની બગર વગર જોલી નાખવું; ચલાની ફાળ કરવી.

૪. પું. ભાંગના રેસા વડે બનેલું એક જાતનું કપડું. તે પાથરવાના કે બોરા બનાવવાના કામમાં આવે છે.

૫. વિ. કામી; વિષયલોલુપ.

૬. વિ. બદમાશ; લોફર.

૭. વિ. મદમસ્ત; યૌવનમાં આવેલ.

ભાંગવું ૧. [સં. ભંજ્] સ. ક્રિ. કટકા થવા; આખું હોય તે છૂટું પડી જવું; ચીરો પડવો, ભાગી જવું.

૧. ભાગતો તોલ = તોલમાં નુકસાનકારક ઓછું વજન

૨. ભાગી પાઠ દેઇવાડે પડે = મરીજને સહુ કોઈ સતાવે.

૩. ભાંગી ભૂકવું = લાંચ આપી પોતાના પક્ષનું કરવું.

૪. ભાગ્યાનો ભેરુ = અણીને વખતે મદદ કરનાર માણસ.

૫. ભાંગ્યાનો ભેરુ ને મોપીચંદન ને ભેરુ = મરીજ માણસ. બેપારમાં ભાંગેલ માણસ મોપીચંદનથી ઓટલે સાધુના વેશથી પોતાની મરીજાવસ્થા સંતાડે છે.

૬. ભાંગ્યું સાંધે બસાવ = (૧) બનેલો બનાવ કેટલેક વખતે આપોઆપ માંડે પડી જાય. (૨) ખૂટ થાય તો તેનો ઉપાય પણ મળી રહે

૭. ભાંગ્યુ તો યે ભરમ = પડતી અવસ્થામાં પણ પોતાની મૂળ શાન કાયમ રાખવી કે રાખવી.

૮. ભાગ્યુ ભાળે કેસારે જાય = વિષયી પુરુષો ઉંમર પિયરમાં સમવાય.

૯. ભાંગ્યો ના ચોરાશી ભોજન જાય = ગયેલી તક ફરી સાંપડતાં ઘણો સમય બીની જાય.

૧૦. ભાંગ્યો વાંધિયો કલાલ ને ભાંગ્યો પારસી કલાલ = સ્થિતિમા પલટો આવતાં માણસને ગમે તેવો ઊતરતી કક્ષાનો પણ ધંધો સ્વીકારવો પડે છે.

૧૧. લો ભાંગ્યો = ખીજ ઓછી થવી; કિંમત આવવી.

૧૨. માથે ભાંગવું = જવાબદારી માથે લેવી.

૧૩. રાત ભાંગવી = રાતનો પાછલો ભાગ શરૂ થવો; મધ્યરાત્રિ પછીના સમયનો પ્રારંભ થવો.

૨. ઘ ક્રિ. અસંતોષ રહે નહિ એમ કરવું; તૃપ્ત કરવું. ભરીપૂરીને આપવું; ટાંચ રહે નહિ એમ કરવું.

૩. સ. ક્રિ. ઓછું આપવું કે મૂળગું ન આપવું; પૂરેપૂરું ન આપવું; કાટલું કરવું; નાખાં ભાંગવાં.

૧. પગાર ભાંગવો = પગાર કાપવો; પગાર ન આપવો.

૨. રોજ ભાંગી નાખવું = રોજ કાપી નાખવું; રોજના પૈસા ઓછા આપવા.

૪. સ. ક્રિ. અર્થવું; થાપરવું.

૫. સ. ક્રિ. તોડવું; ફોડવું; કટકા કરવા.

૧. ચૂડો ભાંગવો = વિધવા થવું; રાંડવું.

૨. હાડકાં ભાંગવાં = મારવું; ખોખરું કરવું; માર મારવો.

૩. હાંકલાં ભાંગવાં = (૧) બાળકનું જનવું. (૨) નકામું કામ કરવું.

૬. સ ક્રિ. દેવાળું કાઢવું; પેઢી તૂટી પડવી; આંઠ ભાંગવી.

સાહુકાર ભાંગવો = સાહુકારે દેવાળું કાઢવું; સાહુકારે દેવાળિયા થવું.

૭. સ. ક્રિ. ચોરીમાં ન હોવું.

ચણતર ભાંગવું = ચોરી બરડાની; ચણતર ચોરીમાં ન હોવું.

૮. સ. ક્રિ. ન પાળવું; મિથ્યા કરવું.

વચન ભાંગવું = વચન ન પાળવું.

૯. સ. ક્રિ. હિંટાડવું; નાશ કરવું; કેડવું.

૧. દુઃખ ભાંગવું = દુઃખ મટાડવું; દુઃખ કેડવું.

૨. ભૂખ ભાંગવી = (૧) જેની બધી ઇન્દ્રિયો હોય તે પૂરતા પ્રમાણમાં જમવું. (૨) સૌ દુઃખ દૂર કરવાં.

૧૦. સ. ક્રિ. બનાવવું; તૈયાર કરવું.

૧૧. સ. ક્રિ. ભાગ કરવા; સંખ્યાને અમુક આંકમાં વહેંચી નાખવી.

ભાંગી નાખવું = (૧) વટાવવું; પરચૂરણ કરાવવું (૨) બિનજરૂરી સંબંધ તોડવો

૧૨. સ. ક્રિ. તોડવું; ધક્કો મારીને; ઠોકી મારીને; ઠોકી ખાણી પાયમાલ કરવું

૧૩ સ. ક્રિ. વાળવું; મૂકવું. જેમકે, રાશ ભાંગવી, દોરડું ભાંગવું

૧૪. સ. ક્રિ. સખ્ત મજૂરીથી નિર્બળ થઈ જવું; નબળું પડવું.

૧. જોર ભાંગવું = શક્તિ ઓછી થવી.

૨. ભારે ભાંગવું = બળ ઓછું થવું; સત્તા ભાંગી પડવી.

ભાંગરારણ્યત ન. ભાત નાખીને બનાવેલું શરબત; ભાંગ ચાર ડામ, કાળાં મરી, કાકડીના બીનો મગજ અને બદામ દરેક ડામ, બદામનાં બીજ એક ઔંસ, વરિયાળી બે ડામ, એ સર્વ પદાર્થોને પાણીમાં વાટી ગાળી લઈ તેમાં બે ઔંસ સાકર તથા આઠ ઔંસ દૂધ ભેળવીને તૈયાર કરેલું પ્રવાહી. તે એકથી ચાર ઔંસ પર્યંત ગરમીના દિવસોમાં શરબત તરીકે પિવાય છે. તેથી ભૂખ ઘણી લાગતી હોવાનું મનાય છે.

ભાંગાસ્વન પું. (પુરાણ) ભંગાસ્વન રાજા. એ રાજાને પુત્ર ન હતો. તેથી પુત્રની વાંછાથી તેણે અગ્નિષ્ટુત નામે યજ્ઞ કર્યો. આ યજ્ઞમાં ઇંદ્રને બદલે અગ્નિનું પ્રાધાન્ય હોવ છે, તેથી ઇંદ્ર તેના ઉપર ગુસ્સે થયો. એક દિવસ એ રાજા મૃગયા રૂપે જંગલમાં ગયો હતો, ત્યાં ઇંદ્રે તેને મોહિત કરી નાખ્યો. ફરતાં ફરતાં એક સરોવર આવ્યું, તેમાં તે નાહ્યો કે તરત જ તે સ્ત્રીરૂપ બની ગયો. પછી તેણે પોતાના સો પુત્રોને રાજ્ય સોંપ્યું અને જંગલમાં ગયો. ત્યાં એક ઋષિ સાથે પરણ્યો. કમે કરીને તેને સો પુત્ર થયા, તે બધાને પોતાનાં રાજ્યમાં પહેલા સો પુત્રો સાથે મૂકી આવ્યો. તેણે બધાને સંપીને રહેવાનું કહ્યું અને તેઓએ હા પાડી. આથી ઇંદ્રને ધર્યા થઈ અને તેણે પુત્રો વચ્ચે માંહોમાંહે કજિયા કરાવ્યા. તેમાં બધા કપાઈ મૂઆ. પછી બ્રાહ્મણનું રૂપ ધારી ઇંદ્ર તાપસીરૂપ તે રાજા પાસે ગયો અને પુત્રોના સમાચાર સંભળાવ્યા. આથી તે તાપસીને ઘણી દિલગીરી થઈ ત્યારે ઇંદ્ર પહેલેથી બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે, તને જે વધારે વહાલા પુત્રો હોય તે સોને તું માગ. તાપસીએ કહ્યું કે, જો તારીક જે સો પુત્રોને મેં જન્મ આપ્યો છે તે જીવે, કારણ કે સ્ત્રીને પોતાના ગર્ભક ઉપર વિશેષ પ્રીતિ હોય છે. તેથી ઇંદ્રે તેના બધા પુત્રોને જીવતા કર્યા. પુરુષરૂપ કરતાં તેણે ઓરપે રહેવું પ્રાપ્ત કર્યું, કારણ કે તેમાં વિષયાનંદ વધારે ભોગવાય છે.

ભાંગળું [સં. ભંજ્ (ભાંગવું)] વિ. ઉપર; ક્ષારયુક્ત.

ભાંગા ૧. [બ.] પું. ભેતર; ભેતરના વિભાગ.

૨. પું. ગાદિયા

૩ વિ. બાતલ.

ભાંગાસુરી પું. (પુરાણ) ઋતુપર્ણ રાજાનું બીજું નામ.

ભાંગારેવનિ જુઓ ભાંગાસુરી.

ભાંગી ન. ભાંગનું બનાવટી, ભંગેરી.

ભાંગીન [સં.] વિ ભાંગ જેમાં થઈ હોય તેવું

ભાંગુ ૧ સ. તાપણાનો બે ઘોડી વચ્ચેનો ભાગ.

૨ વિ. કટકા થયેલું; ચૂરા જેવું.

૩. જુ. ભાંગરો.

ભાંગું ૧. વિ. કટકા થયેલું; ચૂરા જેવું; ફૂટેલું તૂટેલું.

૨. વિ. ભાંગવું

ભાંગેરા [હિ.] પું. ભાંગ વેચનાર માણસ.

ભાંગેલું ૧. વિ. કચરાયેલું; બગડીને થઈ ગયેલું

૨. વિ. તૂટેલું.

ભાંગો ૧. પું. પ્રકાર; ભેદ.

૨ પુ વ.પ્ર. બાકી; નિકાલ; નિકાસ; ઉઠતા; વકરો.

ભાંજ્ય જુઓ ભાંગીન

ભાંજાંખોભરું ૧. વિ. અસ્પષ્ટ; અભણ; અસ્ફુટ.

૨. વિ. જેવું તેવું. ભાંજાંતૂટયું.

૩. વિ. ખોદું બોલવું; બોદા અવાજવાળું.

૪. વિ. ભાંગેલું પણ કટકા ન થયા હોય એવું.

ભાંજાંતૂટયું ૧. વિ. અધૂરું; અધકચરું; બોડુંબળું.

૨. વિ ભાંગેલુંતૂટેલું.

૩. વિ. સાંધેલ નહિ એવું; તૂટક.

ભાંજરો ન. માટીનું વાસણ.

ભાંજરા જેવું = પહોળા વિસ્તાર મોટાનું

ભાંજવિયા ૧. સ્ત્રી. ચારણની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ભાંજ ૧. પું. જમીન આકું.

૨. સ્ત્રી. જેમ જેમ કાપડ વણાય તેમ તેમ તાણાને જોડીને ફરીથી સાંધી લેવાની ક્રિયા.

૩. સ્ત્રી. તંબાકુ; તમાકુ.

૪. સ્ત્રી. દોરડાનો વળ.

૫. [સં. ભજ્ (ભાગ પડાવવો)] પું. પ્રમાણસર હિસ્સો.

૬. સ્ત્રી. વિનિમયનો દર

ભાંજક પું. દોરડાં વણવાવાળો માણસ.

ભાંજગડ (ભાંજગડ) ૧. સ્ત્રી. ખટપટ; ધાંધલ્લ.

૨. સ્ત્રી ચાળા; તોફાન.

૩ સ્ત્રી. તકરારી વિષય કે બાબત વગાદ કે પક્ષને નિકાલ માટે સોંપવાનો અરસપરસ કરાર કે કરાર.

૪. સ્ત્રી. પંચાત; બે જણની વચમાં પડી તડજોડ કરવાની ક્રિયા; કકડૂટ; બાંધછોડ.

૫. સ્ત્રી. બાંધાછોડ કરીને પડેલા સાંધાનો નિકાલ કાઢવાનો ઊહાપોહ; ઘડાઈ ને ભાંગી નાખી સુલેહ રખાવવા તજવીજ ચલાવવી તે; પતાવણીની પચાતી

૬. સ્ત્રી. સકલ્પવિકલ્પ

૭ સ્ત્રી. મુશ્કેલી; અડચણ.

૮ સ્ત્રી. વહીવટ.

૯. સ્ત્રી. વકવિવાદ.

૧૦. સ્ત્રી. વાંધો; તકરાર.

૧૧. સ્ત્રી. સમાધાન; ફડચો; નિકાલ; તોડ; સમજૂતી.

ભાંજગડ કરવી–આવવી–પડવી ક્રિ (૧) બાથાકૂટ કરવી; મુશ્કેલી નડવી. (૨) સમાધાન કે સુલેહ માટે ઊહાપોહ કરવો; વાદવિવાદ ચલાવવો; વાંધો મટાડવાને વચમાં પડવું.

ભાંજગડિયું (ભાંજગડિયું) ૧. વિ. અસરળ; વિષમ; અઘરું; દુર્બોધ; ગૂઢ.

૨. વિ. તકરારી; ખટપટી.

૩ વિ. ભાંજગડ કરનારું; પંચાતિયું; ઊહાપોહ કરી કરાવીને બે જણ વચ્ચે પડેલો વાંધો પતાવી નાખનારું.

૪. વિ. ભાંજગડ કરવી પડે એવું; ગૂંચવણ ભરેલું; માથાકૂટિયું; ઝોટાળા ભરેલું; મુશ્કેલી ભરેલું.

૫. વિ. હુન્નરી; નવા નવા હુનર શોધી કાઢનાર

ભાંજગડિયેષ્ણ (ભાંજગડિયેષ્ણ) ૧ સ્ત્રી સમાધાન માટે ભાંજગડ કરનારી સ્ત્રી; ભાંજગડનો ધંધો કરનારી નારી; દલાલી કરનારી સ્ત્રી; પંચાત કરનારી બાઈ

૨. વિ સ્ત્રી. અસરળ; અઘરું; દુર્બોધ; ગૂઢ.

૩ વિ સ્ત્રી. તકરારી; ખટપટી

૪. વિ. સ્ત્રી. ભાંજગડ કરનારી; પંચાત કરનારી.
૫. વિ.સ્ત્રી. ભાંજગડ કરવી પડે એવી; મોટાળા ભરેલી; ચાવાકૂવણી; મુશ્કેલી ભરેલી.
૬. વિ.સ્ત્રી. કુનરી; નવા નવા કુનર શોધી કાઢનારી.

ભાંજગડિયો (ભાંજગડિયો) ૧. પું. ભાંજગડ કરનારો માણસ; પંચાતિયો; ઊલાપોઢ કરીને બે જણ વચ્ચે પડેલો વાંધો પતાવી નાખનારો સગાદ; દલાલ; મધ્યસ્થ; પંચ.
૨. વિ પું. ભમરાળ; ગહન; કુનૉધ; ગૂઢ
૩. વિ.પું. તકરારી; ઝઘડાળુ.
૪. વિ. પું. ભાંજગડ કરનારો; પંચાતિયો.
ભાંજગડિયાના ઝોકરા જૂએ મરે = પારકી પંચાત કરનારનો વખત એળે જાય અને કામ પૂરો પણ નહિ.
૫ વિ.પું. માયાકૂવણિયો; ભાંજગડ કરવી પડે એવો; મોટાળા ભરેલો
૬. વિ.પું. કુનરી; નવા નવા કુનર શોધી કાઢનારો.

ભાંજગડ (ભાજ્યડ) જુઓ ભાંજગડ.

ભાંજગડિયું (ભાંજગડિયુ) જુઓ ભાંજગડિયુ.

ભાંજગડિયેણ (ભાંજગડિયેણ) જુઓ ભાંજગડિયેણ.

ભાંજગડિયો (ભાંજગડિયો) જુઓ ભાંજગડિયો.

ભાંજણ ૧. ન. નાશ કરવો તે.
૨. ન. ભાંગવું તે.

ભાંજણિયા ૧. પું. વ. ન. તાણાનો છેડો નળમાં રાખવા માટે એકસરખે રાખવામાં આવતી પાંચ લાકડી.
૨. પું. વ. ન. રેંટી ફરતાં તાણાને છેડે બાંધેલી ભાંટવરણા અને ઝાંટવરણા નામની બે લાકડી. ભાંજ બાંધવામાં તે લાકડીઓ મદદ કરે છે તેથી તેને ભાંજણિયા કહે છે.

ભાંજણિયો પું. વેગળે વણવાના તાણાનું કીડલું પીંટવાના કામમાં આવતું લાકડાનું એક ઓજાર.

ભાંજણી ૧. સ્ત્રી. આડા ઊભા ત્રાગ.
૨. સ્ત્રી. (.ગણિત) એક પરિમાણને તેજ જાતના ચડતા અથવા ઊતરતા પરિમાણનું રૂપ આપવાની રીત; મોટામાંથી નાના અને નાનામાંથી મોટા પરિમાણમાં રકમને ફેરવવાની રીત.
૧. ઊતરતી ભાંજણી = મોટામાંથી નાના પરિમાણમાં ફેરવવાની રીત.
૨. ચડતી ભાંજણી = નાનામાંથી મોટા પરિમાણમાં ફેરવવાની રીત.
૩. સ્ત્રી. દોરડું ભાંજવાની ક્રિયા.
૪. સ્ત્રી. ભાગ; હિસ્સો.
૫. સ્ત્રી. (ગણિત) ભાગવું તે; સંખ્યાના ભાગ કરવા તે.
૬. સ્ત્રી. ચાટણી; વહેંચણી.

ભાંજવું ૧. [સં. ભન્] અ. ક્રિ. તૂટવું; ટુકડા થવા; નાશ પામવું; ભાંગવું; નષ્ટ થવું.
૨. અ. ક્રિ. ઉંચાઈમાં ઓછું ઊતરવું.
૩. અ. ક્રિ. નાસવું.
૪. સ. ક્રિ. ટુકડા કરવા; તોડવું; ભાંગવું, ફોડવું.
૫. સ. ક્રિ. કાટલું કરવું; પૂરેપૂરું ન આપવું.
૬. સ ક્રિ. બહાલ પહોંચાડવી.
૭ સ. ક્રિ. ચક્કર ફેરવવું.
૮. સ. ક્રિ. નૃત્ય કરવું.
૯. સ. ક્રિ. ઠાળી દેવું; તાને કરવું.
૧૦. સ ક્રિ. નાખુશ કરવું.
૧૧. સ ક્રિ. નિયમ વિરુદ્ધ વર્તવું
૧૨. સ. ક્રિ. ઉડાવું; ટાળવું, નિરાકરણ કરવું.
૧૩. સ ક્રિ ખડખડાવવું; રાખ કરવી
૧૪ સ ક્રિ ભ્રષ્ટ કરવું.
૧૫ સ ક્રિ. મારી નાખવું.
૧૬. સ ક્રિ મુદ્રાર વગેરે ફેરવવું.
૧૭. સ ક્રિ. રદ કરવું
૧૮. સ ક્રિ. વખાણવું.
૧૯. સ. ક્રિ. શાંત કરવું; સાંત્વન આપવું.
૨૦. સ. ક્રિ. સંખ્યાના ભાગ કરવા; ભાગ પાડવા; વિભાગ કરવા; વહેંચવું.

ભાંજા ૧. [હિં.] પું. ભત્રીજો.
૨. પું. ભાણેજ.

ભાંજિયું જ. તમાકુનું બી.

ભાંજી ૧. સ્ત્રી. કોઈને અપ્રસન્ન કરવા માટે વાર્તા કરવી તે.
૨. [હિં.] સ્ત્રી. ફરિયાદ; ચાડીચુગલી
૩. સ્ત્રી ભત્રીજી
૪. સ્ત્રી ભાણેજી.
૫. સ્ત્રી. વિઘ્ન; અટકાવ; મુશ્કેલી; અડચણ; આડખીલી.

ભાંજીખોર ૧. વિ. વચ્ચે પડનાર; તોડી નાખનાર; વિશ્વાસઘાતી.
૨. વિ. વાતો કરનાર.

ભાંજીમાર જુઓ ભાંજીખોર.

ભાંઠ પું. ઓષધોપ્યોગી એક છોડ.

ભાંઠા ૧. [હિં.] પું. દરિયાની; દરિયાનો કોર.
૨. સ્ત્રી. હળ હાંકનારની મજૂરી.

ભાંઠાવાડું (ભાંઠાવાડું) વિ. ખુશ્કી, બાજરો વગેરે આગતર મોલ ઊપડી ગયા પછીનું વતર ખેડવું. ખેતર માટે વપરાય છે.

ભાંડ ૧. પું. બાનગી વાત મનમાં ન રાખી શકે એવો માણસ.
૨. પું. જુદી જુદી જાતના સ્વાંગ ધરી, લોકોને ખુશામતમાં નાખી હાસ્યરસ જેનો કરનારો માણસ; બહુરૂપી.
ભાંડનો દુનો = બંને તરફથી રખડી પડેલું માણસ.
૩. પું. પોતાનો સ્વાર્થ સાધવા માટે કોઈની સ્તુતિ કે અવગણના કરનાર માણસ. તે ઠઠ્ઠાખોર, નટડો, રંજાડો, મશ્કરો વગેરે નામે ઓળખાય છે.
૪. સ્ત્રી. એ નામની પછાત ગણાતી એક હિંદુ જાતિ. આ જાતિ ચારણ તથા ભવાયા કરતાં નીચી ગણાય છે. તે બહુરૂપી તરીકે કામ કરે છે. ભાંડ જાતિ મારવાડમાંથી ઊતરી આવેલ છે. નકલ કરવામાં તેઓ હોશિયાર હોય છે. પશુપક્ષીના શબ્દોની નકલ તેઓ આબેહૂબ કરી શકે છે. કેમે તે માણસનો કૃત્રિમ અવાજ પણ કરી શકે છે. તેઓ બીભત્સ બોલે છે, મશ્કરા છે, ચાળા કરે છે, મશ્કરા કરીને પશુપક્ષીના અવાજ કાઢે છે, તેમજ ખેલ કરી લોકોને હસાવે છે.
૫. સ્ત્રી. બહેન; ભગિની; બહેનને માટે વપરાતો વહાલનો શબ્દ.
૬. સ્ત્રી. સગર અને ભાટની એ નામની એક અટક.
૭. ન. એ નામની અટકનું માણસ.
૮. ન. એ નામની જાતિનું માણસ.
૯. ન. એક જાતનું કરજ.
૧૦. [સં.] ન. બ્રહ્માંડ વૃક્ષ.
૧૧. ન. ઘોડાનો અલંકાર.
૧૨. ન. નદીના બે કાંઠા વચ્ચેનો પ્રદેશ.
૧૩. ન. ભવાઈ; ભાંડનું ચરિત્ર.
૧૪. ન. ભાર.
૧૫. ન. વાસણ; માટીનું વાસણ; પાત્ર; ભાલું; આયપત્ર; અમત્ર; ભાજન; કામ.
૧૬. ન. વેચવાનું કરિયાણું.
૧૭. ન. વેપારીઓનું મૂળ ધન; મૂડી.
૧૮. વિ. એ નામની અટકનું.
૧૯. વિ. એ નામની જાતિનું.
૨૦. વિ. નાનું; ઊપાડું.
૨૧. વિ. જૂઠું; અપશબ્દ; ભૂંડું.
ભાંડ બોલવું = ગાળો કાઢવી; અપશબ્દ બોલવા.
૨૨ [સં. ભંડ્ (મજાક કરવી)] વિ. હલકું; બોદાનું છતું; અસભ્ય; નિર્લજ્જ; ગમે તેમ છટકી બોલનારું, બેશરમ.

ભાંડક ૧. [સં.] પું. વાસણ.
૨. ન. વેપારનો માલ.

ભાંડકોષ [સં.] પું વસ્તુ રાખવાનો ખંડ; 'સ્ટોરરૂમ'.

ભાંડક્રિયા [સં.] સ્ત્રી જિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એ નામની કળા

ભાંડજલયાન [સં. ભાંડ (વેપારની વસ્તુઓ) + જલયાન (પાણી ઉપર ચાલતું વાહન)] ન. માલ ભરવાનું વહાણ, મછવો કે સ્ટીમર; 'કાર્ગોસ્ટીમર'.

ભાંડણ ૧. પું તકરાર; કજિયો; વિવાદ

૨. ન ભાંડવું તે; ગાળાગાળી

૩. વિ. ભાંડણવાળું; ભાંડતું.

ભાંડણકલા સ્ત્રી. ભાંડવાની કલા; ગાળો દેવાની રીત; ગાળો દેવાની રેવ.

ભાંડણકળા જુઓ ભાંડણકલા

ભાંડણખોર વિ. કજિયો કરનાર; તકરારી, કજિયાખોર.

ભાંડણું ન. ભાંડણ; ગાળાગાળ; ભાંડવું તે.

ભાંડપણું ન. ભાંડવેડા; વૈતલાપણું.

ભાંડપુટ ૧. [સં] પું. માપલે; હલમ.

૨. પું. માટીના મજબૂત કૂંડા કે તાંબાના વાસણમાં કમોઢ કે જવના લોટો નાખી વચ્ચે કરાવસંપુટ મૂકી આપવામાં આવતો પુટ.

ભાંડપુષ્પ [સં.] પું. એક જાતનો સર્પ.

ભાંડપોત પું. વેપારી માલુસ; 'મરચંટમેન'.

ભાંડપ્રતિભાંડ જુઓ ભાંડપ્રતિભાંડક.

ભાંડપ્રતિભાંડક [સં.] ન. એક વસ્તુ દઈને તેના બદલામાં બીજી લેવાનો પ્રકાર; વસ્તુવિનિમય; જુદા જુદા ઠામે વેચાતી જુદી જુદી ચીજોનો અદલોબદલો કરવામાં એક જાતની બહુ ચીજને બદલે બીજી જાતની ઓછી ચીજ મળી રહેવી તે શોધી કાઢવાની રીત; 'બાર્ટર સિસ્ટમ'.

ભાંડભરક [સં.] પું. ભાંડમાં ભરવાની વસ્તુ.

ભાંડભાષણ [સં.] ન. નાપું બોલવું; દુર્ભાષણ.

ભાંડયાન [સં. ભાંડ (વેપારની વસ્તુ) + યાન (વાહન)] ન. માલની હેરફેર કરવા માટે વપરાતો કળો; 'વેસલ'

ભાંડરું (ભાંડરું) ન. બાળપણું સંતાન; ભાંડરું; એક માનું બાળક; એક જ માતાથી જન્મેલ ભાઈ કે બહેન.

ભાંડરોલો પું. ભાંડનો વંશવેલો.

> રઘુપતરામનો ભાંડરોલો વહવાયામાં પથરાયેલો હતો. નાનાલાલ

ભાંડરાં ન. બ. વ. ભાંડુઓ.

ભાંડરુ જુઓ ભાંડરાં.

ભાંડલ [સં.] વિ. ભાંડ મહણ કરનાર.

ભાંડવલ સ્ત્રી. મૂડી.

ભાંડવા પું. ૨. બ. ભાંડ જ્ઞાતિના લોકો.

> ભટ્ટ, ભાલણ ને ભાંડવા સાંભરી મારે પ્રેમ,
> રીઝી બહુમાન કરે, તેણી વાર્યે યોક્ત.
> સામળ

ભાંડવાદના [સં.] સ્ત્રી. ભંગોપાય બનાવવું તે.

ભાંડવું ૧. સ ક્રિ. બખાંલાં નકામું રખડવું; બેબાકળું થઈ ફરવું

૨. સ. ક્રિ. કડવું કહેવું.

૩. સ. ક્રિ. ગાળો દેવી; ભૂંડાળું કહેવું કે નિંદા કરવા; ભૂંડું બોલવું; અપશબ્દ બોલવા; બીભત્સ ભાષા વાપરવી.

> ગાળો ભાંડવી = ગાળો દેવી.

૪ સ ક્રિ. કપડાં આપવાં

૫ સ ક્રિ. બીજાની નાલેસી કરવી; વગોવવું; બદબોલું કરવું, બદનામ કરવું.

ભાંડવેડા (ભાંડવેડા) પું. સ. વ. નાપું બોલવું તે; નાગાઈ; નિર્લજ્જપણું; ભાંડપણું.

ભાંડશાલી [સં. ભાંડ (વેપારની વસ્તુઓ) + શાલિન (વાળું)] વિ. મોટીખાનું સમજી રાખનાર.

ભાંડસાર સ્ત્રી. સમજી રાખેલ મોટીખાનું.

ભાંડહારિક [સં.] પું. મજૂર; હેમાલી.

ભાંડહારિની [સં.] સ્ત્રી. એક પ્રકારની વેસણ.

ભાંડાભાંડ સ્ત્રી. સામસામી ભાંડવું તે.

ભાંડા ૧. [સં. ભાણ્ડ] પું. (હિંદી) ઢાંકણ રાખવા માટેનું માટીનું વાસણ.

૨. [હિ.] પું. માટીનું મોટું ઠામ; ભાણું, વાસણ; પાત્ર; ઠામ; મોટું વાસણ.

૩. ન ભડ; સમાં ભાઈબંધોનું એક માપાપનાં છોકરાં.

ભાંડાઈ સ્ત્રી. નાગાઈ; ભાંડની પ્રવૃત્તિ.

ભાંડાગાર ૧. [સં.] પું. ભંડાર; ખજાનો; કોશ.

૨. પું. વખાર; કોઠો; ગોદામ; મોડી; 'વેરહાઉસ'.

ભાંડાગારક [સ] પું કોષાધ્યક્ષ.

ભાંડાગારપંજિ જુઓ ભાંડાગારપત્રી.

ભાંડાગારપંત્રી [સં. ભાંડાગાર (કોઠાર) + પત્રિ] સ્ત્રી. ભંડારનો હિસાબ રાખવાનું પત્રક; 'સ્ટોર રજિસ્ટર'.

ભાંડાગારિક [સં.] વિ. ભંડારી; ભંડાર ઉપર નીમેલ; કોઠાગારિક.

ભાંડાગારી [સં. ભાણ્ડાગારિન્] વિ. ભંડારી.

ભાંડાફોડ (ભાંડાફોડ) ૧. પું. બાનગી વાત મનમાં ન રાખી શકે એવો માણસ.

૨. વિ. બાનગી વાત મનમાં ન રાખી શકે એવું.

ભાંડાભાંડ સ્ત્રી. સામસામી ગાળો દેવી અને બાઝવું તે; સામસામે ભાંડવું તે.

ભાંડાભાંડી જુઓ ભાંડાભાંડ.

ભાંડાયન [સં.] પું. એ નામે એક પ્રાચીન ઋષિ.

ભાંડાયનિ [સં] પું. એ નામે એક ઋષિ.

> ભાંડાયનિ આર્ષેય આસુરી.
> સિતપલ્લવ પર્વત મંડો. નિષ્કુલાનંદ

ભાંડાર ૧. [સં.] પું. અનાજ વગેરે ભરવા માટેનો ઓરડો.

૨. પું. ખજાનો; કોઠો.

૩. પું. જેમાં ઘણી વસ્તુ રહી શકે તેવું સ્થાન; ભંડાર.

૪ પું. ઝાડવરનો એક. દક્ષિણમાં વ.ખ્ય નામના શિવભક્તો પોતાના શરીર ઉપર આ અંકો ચોપડે છે

ભાંડારકર ૧. પું. સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર નામના એક કેળવણીકાર, સંસ્કૃતના મહાન વિદ્વાન અને સુધારક. તેમનો જન્મ ઈ. સ. ૧૮૩૭ની છઠ્ઠી જુલાઈએ એક ગરીબ મહારાષ્ટ્રી બ્રાહ્મણને ત્યાં થયો હતો. સંજોગવશાતે બાલ્યવે તેમને બાળપણમાં શિક્ષણ બહુ ન હતું. રત્નાગિરિમાં શિક્ષણ પૂરું કરીને તે મને ૧૮૫૪માં મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં અભ્યાસ માટે ગયેલા. ત્યાં તેણે પ્રખ્યાત કેપ્ટનેલ દાદાભાઈ નવરોજીની દેખરેખ નીચે અભ્યાસ કર્યો. કોલેજમાં તે બહુ તેજસ્વી વિદ્યાર્થી હતા. તેઓ પોતાના મિત્રો સાથે પ્રાચીન સિદ્ધાંતો વિષે ચર્ચા કરતા. અંગ્રેજી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, પ્રકૃતિ વિજ્ઞાન અને ગણિત એ તેમના પ્રિય વિષયો હતા. ત્યાંથી સ્કોલરશિપ પરીક્ષા પસાર કરીને તે કોલેજમાં ફેલો નિમાયા અને ત્યાંથી ડક્કન કોલેજમાં બદલાયા. કોલેજમાં ફેલોની ફરજ બજાવતાં બજાવતાં તેમણે સંસ્કૃતના અભ્યાસનું કામ ખંતથી ઉપાડ્યું અને તેમાં પ્રાવીણ્ય મેળવ્યું. ત્યાર બાદ મુંબઈ વિદ્યાપીઠની રચના થતાં તેમણે ઈ. સ. ૧૮૬૨માં બી.એ.ની અને ઈ. સ. ૧૮૬૩માં એમ.એ.ની પરીક્ષા પસાર કરી. ઈ. સ. ૧૮૬૫માં રત્નાગિરિની અંગ્રેજી શાળાના આચાર્ય થયા. આ અરસામાં તેમણે સંસ્કૃત માર્ગોપદેશિકા ભાગ પહેલો અને બીજો પ્રસિદ્ધ કર્યા. ઈ. સ. ૧૮૬૮માં એલ્ફિન્સ્ટન કોલેજના તે પ્રાધ્યાપક તરીકે નિમાયા અને

પોતાની વિશિષ્ટ પદ્ધતિથી અને સરળ રજૂઆતથી સંસ્કૃતના વર્ગો વિદ્યાર્થીઓથી ભરચક થઈ ગયા. ત્યાં તે ઈ. સ. ૧૮૭૨ સુધી રહ્યા. સાર ભાદ પૂનાની ડક્કન કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે તેમણે કામ કર્યું. ઈ. સ. ૧૮૯૩માં તેઓ પ્રાધ્યાપક તરીકેની સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. નિવૃત્ત થયા પછી તે મુંબઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ નિમાયા અને આ પ્રમાણે કેળવણી અને સંસ્કૃત સાહિત્ય માટે તેમણે આપેલી સેવાઓની સરકારે કદર કરી. તેમની સાહિત્યિક પ્રવૃત્તિઓ ઉપરિયન ઓરિએન્ટલિસ્ટની ફરમાત સાથે સકળાયેલી છે. આ પત્રનાં પચ્ચીસથી વધારે લખાણો તેમનાં છે. રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખાના તે આજીવન સભ્ય હતા. સંસ્કૃત સાહિત્યના ઊંડા જ્ઞાને તેમને સભ્યપદ પ્રાપ્ત કરાવ્યું. તેમનાં લખાણો બે વિભાગમાં વહેંચાયેલા છે. એક પ્રકારનાં લખાણો રીસર્ચ જર્નલ સાથે સકળાયેલાં હતાં અને બીજા પ્રકારમાં તેમણે પ્રસિદ્ધ કરેલ પુસ્તકો હતાં. ઈ. સ. ૧૮૭૪માં લંડનમાં ભરાનારી ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑવ ઓરિએન્ટાલિસ્ટમાં જોડાવાનું તેમને આમંત્રણ આપવામાં આવ્યું. પછીને વર્ષ તેમને રોયલ એશિયાટિક સોસાયટીના માનદ સભ્ય બનાવવામાં આવ્યા. ડિક્શનરી ફાઇલોલોજિકલ કૉમ્પરેટિવના તે સૌથી પ્રથમ આખ્યાતા હતા. એમનાં આ આખ્યાનોનો સંગ્રહ આધારગ્રંથનો એક પ્રમાણભૂત ગ્રંથ મનાય છે અને તેથી તે એમ.એ.માં પાઠ્યપુસ્તક તરીકે પ્રચલિત છે. તે જ વરસમાં તેમણે માલતી માધવ નામના ભવભૂતિના નાટકની આવૃત્તિ પ્રસિદ્ધ કરી. આ અરસામાં મુંબઈ સરકારે સંસ્કૃત હસ્તપ્રતોના સંશોધનનું કામ તેમને સોંપ્યું અને પોતાના કાર્યની સાબિતીરૂપે તેમણે ક્રમે ક્રમે ૭ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. ઈ. સ. ૧૮૮૫માં રોટીજનની વિદ્યાપીઠે તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી. ઈ. સ. ૧૮૮૬માં વીએનામાં ભરાયેલી ઓરિએન્ટાલિસ્ટોની કૉંગ્રેસમા હાજરી આપવા માટે સૌરાષ્ટ્રના રાજ્યો વતી મુંબઈ સરકારનું પ્રતિનિધિત્વ કરવવા માટે હિંદી સરકારે તેમની નિમણૂક કરી હતી. નોકરીમાંથી નિવૃત્ત થયા પછી પણ તેનો અભ્યાસ ચાલુ રહ્યો હતો ઈ. સ. ૧૯૧૭માં વિદ્વાન ડૉ. ભાડારકરના મણા લિખ્યો અને પ્રકાશકોએ, સંશોધનના ક્ષેત્રમાં કામ કરનારાઓને સમયદાતા આપતી અને સાચે સાથે તો ભાંડારકરનું નામ અને કાર્ય અમર કરતી, પૌર્વાત્ય સંસ્થા શરૂ કરવાનો વિચાર કર્યો અને તેનું નામ ભાડારકર આપ્યું. સર રતન તાતા અને સર દોરાબ તાતા જેવા સખી સૂહસ્યોની ઉદાર સહાયથી આ વિચાર ઈ.૧૯૧૭ના ઑગસ્ટમાં આવ્યો. તે વખતના મુંબઈના ગવર્નર લૉર્ડ વિલિંગ્ડનને હાથે તેને ઈ. સ. ૧૯૧૭માં ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સંસ્થાના બંધારણપ્રમાણે ઈ. સ. ૧૯૧૯માં પૌર્વાત્ય નિષ્ણાતોની અખિલ હિંદ પરિષદ ડૉ. ભાંડારકરના પ્રમુખપણા નીચે ભરી હતી, પરંતુ માંદગીને લઈને તે હાજર રહી શક્યા ન હતા. સને ૧૯૨૫માં તેમનું મરણ નીપજ્યું ત્યાં સુધી તેમણે સાહિત્યસેવા ચાલુ રાખી હતી. આમ ડૉ. ભાંડારકર પૂરેપૂરા અર્થમાં સ્વદેશાભિમાની હોવા ઉપરાંત ધીરજ, ખંત અને એકાગ્રતાથી જે મેળવી શકાય તેના જીવતા દાખલારૂપે હતા.

૨. જી. મરાઠાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું

ભાંડારિક પું. ભંડારનો ઉપરી; ભંડારી.

ભાંડારી **૧.** [સં. ભાંડારિન્] પું. ભોંડારી. ભડારી; ભડારે ઉપર નીમેલ અધિકારી

૨. પું. બળતણ.

૩. પું. ઘરનો સીધો સામાન લાવનાર નોકર.

૪. પું. વખારિયો.

૫ પું. વાસણ; કળશ.

ભાંડિ [સં] સ્ત્રી. કળશની ડોચણી.

ભાંડિક **૧.** [સં.] પું. તુરાઈ વગેરે બનાવીને રાજાઓને જગાડનાર મનુષ્ય.

૨. પું. ભાંડ; ભાટ; રસુનિપાડક.

ભાંડિની [સં.] સ્ત્રી. નાટકિની.

ભાંડિલ [સં.] પું. કળશ; વાવળો; નાપિત.

ભાંડિયાહ [સં.] પું. કળશ; બાંબલો.

ભાંડિરાલા [સં.] સ્ત્રી. જ્યાં બેસીને કળશત કરતી વખત એવું સ્થાન; કળશની દુકાન.

ભાંડી **૧.** સ્ત્રી. ભોંડી

૨. [સં. ભાંડિન્] વિ. ભાંડવાળું; પાત્રવાળું.

ભાંડીહેંડી સ્ત્રી. વાસણકૂસણ; રસોઈનાં વાસણ.

ભાંડીજત્રા સ્ત્રી. કર્ણાટકમાં ઊજવવામાં આવતો એ નામનો એક ઓચ્છવ. તે કાર્તિક માસથી વૈશાખ માસ સુધી ચાલે છે.

ભાંડીર **૧** [સં.] પું. એક જાતનો ક્ષુપ.

૨. પું. કાલિંદીને તીરે આવેલ એ નામનો એક વડ; મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન વડ. તેની જગ્યામાં બીજાએ વાવરમાં આવ્યો હતો.

ભાંડીરમાં અને બીલ્વ પવિત્ર સ્થાનમાં પણ તમારો વાસ થો. ભાગવતી ભાગવત

૩. પું. મોલોકમાંનું એ નામનું એક સ્થાનક.

પૂર્વે શ્રીકૃષ્ણે પોતાને ગોકુલોના ભાંડીર નામના સ્થાનકમા સર્વ રોકને હસનાર જે ઉત્તમ તત્ત્વજ્ઞાન આપ્યું હતું તે પણ તેમને આપ્યું. ભાગવતી ભાગવત

૪. પું. વિદમાં વપુ અંજીરનું ઝાડ.

૫. ન. એક ઔષધોપયોગી જોડ; ભાટ.

૬. ન. વડલાઓનું એક વન

ભાંડીરક [સં.] ન. (પુરાણ) વૃંદાવન નજીક આવેલું વડનું એક ઝાડ; ભાંડીર

ભાંડીરવન [સં.] ન. એ નામનું વૈષ્ણવોનું એક યાત્રાનું સ્થળ.

ભાંડુ ન. સગાં ભાઈબહેન; એક જ માબાપથી ઉત્પન્ન થયેલા બાળકો

ભાંડુજન ન. ભાઈઓ, ભાઈબહેન વગેરે સ્વજન.

ભાંડુઓ (ભાડુઓ) ન. ન. ન. ભાઈબહેન વગેરે સ્વજનો

ભાંડુકું (ભાડુકું) ન. ભાંડુ.

ભાંડુભાવ પું. બંધુભાવ; બંધુત્વ; સહોદરભાવ; સહોદરપ્રીતિ; ભાઈચારો; બંધુતા.

ભાંડું **૧.** ન. કુટુંબી.

૨. ન. બહાર બસી આવેલ જનનેન્દ્રિય; યોનિના બહાર બસી આવેલ ગર્ભનો પદાર્થ; આમળ.

૩. ન. વાસણ; ઠામડું

૪. ન. સગા ભાઈબહેન; એક માબાપના છોકરાં

ભાંડૈતી સ્ત્રી. મજૂરી કરનારી સ્ત્રી

ભાંડો **૧.** પું. બોખરણું; પહોળા મોઢાની તાંબડી

૨. પું. માટીનો ઘડો.

ભાંત જુઓ ભાંતિ

ભાંતિ **૧.** [હિ.] સ્ત્રી. તરેહ; પ્રકાર; રીતિ.

૨. સ્ત્રી. રીત, ઢબ.

ભાંન પું. (જૂ. ગુ.) ભાનુ; સૂર્ય

ભાંપ [સં. બાષ્પ] પું. વરાળ.

ભાંપવું **૧.** સ. ક્રિ. ઓળખવું; જાણવું; પારખવું.

૨. સ. ક્રિ. દેખવું.

ભાંપુ પું. તીક્ષ્ણ બુદ્ધિવાળો માણસ

ભાંભર સ્ત્રી. પરિક્રમા, ગમની ચોરીમા વરઘોડાના મજાફેરા.

ભાંભણી સ્ત્રી. વસ્તુના માટે વેગું સરખું કરી જોવું તે.

ભાંખી ૧. સ્ત્રી. હરિજનની એ નામની એક જાતિ.
૨. પ્ર. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ભાંખ ન. નાના બાળકને આંચળનું દૂધ; ભમરવાળ કુટુંબ.

ભાંખડ (ભાખડ) વિ. ઉજ્જડ; વેરાન.

ભાંખર ૧. સ્ત્રી કપાળના ઉપલા અને ખોપરીના ત્રીજા વાળ
ભાંખર કહેવળી = વાળ ખૂબ કહેવા.
૨. વિ. ભાંખળું

ભાંખરકે અ. (કચ્છી) ભળકડે.

ભાંખરકો પું (કચ્છી) ભળકડું; મળસકું

ભાંખરબોળું વિ. સારું બોળું

ભાંખરવું ૧. સ. ક્રિ. ગાયનું બચ્ચાડવું; ગાયે ખૂબો પાડવો; ગાય કે ભેંસનું બોલવું
૨. અ. ક્રિ. રાડ પાડવી
ભાંખરીને જેમ કરવું = રાડ પાડીને એકઠા કરવું.

ભાંખરું ૧. વિ. ખરમુકું; ખાકું; નહિ મીઠું નહિ ખારું એવું.
૨. વિ. બોખરા સાદવાળું; બોખકું.
૩ વિ. બૂરા રંગનું
૪. વિ. બોળું; સ્વાદ વિનાનું.

ભાંખલા ૧. સ્ત્રી. આહીર તથા કાઠીની એ નામની એક પેટા જાતિ.
૨. પ્ર. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

ભાંખવેરો પું. મરેલાં ઢોરનાં ચામડાં માટે ચમાર પાસેથી લેવાતો કર; ચામ.

ભાંખસું ન. રાડે પાડવી તે.

ભાંખળ જુઓ ભાંખરું.

ભાંખળું વિ. બોળું; ભાંખરું.
દલપતરામને ભાંખણે ચોમડું છે ને ચોરટા વચ્ચે ભાંજગડો પણ અખંડ ચાલ્યો કરે છે.
નાનાલાલ

ભાંભાં અ. ગાયનો અવાજ.
ગાજ્યા ભાંભાં શબ્દ અદ્ભુતા,
ગાયો ભાંભા શબ્દ ખાલી રે. નરસિંહ

ભાંભી ૧. પું. મોચી; ચમાર; ચામડિયો.
૨. સ્ત્રી. એ નામે એક જાત, તે ચમડાવાઢ, બેડા, રેબારીઢા તરફ રહે છે અને મોચીનો ધંધો કરે છે.
૩. પ્ર. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

ભાંભેર ૧. સ્ત્રી. કપાળ અને લોઢ નીચેના મોવાળા ખેંચી નાખવા તે; કપાળ કે હોકના વાળ ખૂટી કહાવવા તે.
૨ સ્ત્રી. માથું બોડાવતાં ખૂંટીઓ રહે વધી તે
૩ વિ. સ્વાદ વગરનું; બાબરું.

ભાભેરા પું. શરીર ઉપરનો ચોટો બોડો કાપે.

ભાંમ ૧. પુ. ચાળા
૨. પુ. રસ્તો.

ભાંમણું જુઓ ભામણું.

ભાંય ૧. [સં. ભૂમિ] સ્ત્રી. જમીન; ભોંય, પૃથ્વી; ભૂપરેરા.
૧. ભાંય પડવું = નીચે પડી જવું
૨. ભાંય ભારે પડવી = (૧) ભાગી ઊભવું નહિ એમ હિમત જતી રહેવી; અશક્તિ થઈ જવી. (૨) પોતાની શક્તિની કસોટી થવી (૩) ભૂત, પિશાચ કે કોઈ નહિ સમજાતા બળની આભાસ થવો કે લાગવો
૩. ભાંયે નાખવું = (૧) પાડી દેવું. (૨) મરણપથારી ઉપર પડેલા માણસને નવ કરવો. મરવા સુવાડવું; ચોકે નાખવું; મરનારને સુવડાવવાની તૈયારી કરવી.
૪. ભાંયે પડવું = ખાધરણ વિના સૂવું.
૨. સ્ત્રી. તગ; સપાટી.
૩. સ્ત્રી. પોત રંગવાનું પટ.
૪. સ્ત્રી. માંસના અંકુર; માંસલ અવયવની સપાટી; નવી ચામડી
૧. ભાંય આવવી = અંકુર આવવા; રુઝાવા માંડવું; કેમ આવવી; ઘરડ મટી નવી ચામડી આવવી.
૨. ભાંય ભાંગવી = માંસલ અવયવની સપાટી બગડી જવી; ક્ષતની આજુબાજુનું માંસ બોડાઈ જવું કે ક્ષય પહોળો ને ઊંડો થવો.

ભાંયકોળું ન. એક જાતની વનસ્પતિ; એક જાતનું કોળું. તેની બે જાત છે: ભાયકોળું ને દૂધ ભાંયકોળું અથવા વિદારી કંદ. ભાયકોળાનો વેલો બોડને અવલેહના ઉપયોગમાં આવે છે, તેથી તેને બોડવેલ પણ કહે છે. ભાંયકોળું પૌષ્ટિક મનાય છે. દૂધ ભાયકોળાને દૂધી પણ કહે છે.

ભાંયકંપો પું. એક જાતનો ચંપો; એક જાતનો કુલછોડ; ભૂચંપો. એના ફૂલના જેવા રોપા હોય છે. ઉનાળામાં સુગંધવાળો ચંપો ચોમાસામાં પુનઃ ઊગી નીકળે છે. તેનાં ફૂલ મધુર ને સુવાસિત હોય છે. એનાં મૂળ પાણીમાં ઘસી ગાપોટિયા અને કર્ણમૂળ ઉપર ચોપડાય છે. મૂળ, મૂત્રળ અને મરી એકત્ર ઘસી લેપ કરવાથી બહુ જેસી જતી હોવાનું મનાય છે.

ભાંયગી જી ભાજણી, ગાય વગેરે વાસણ કરેલું સૂતર

ભાંયતળિયું ન. ઘરની છેક નીચેનો ભાગ; ઘરનો તળ પ્રદેશ.

ભાંયપાતરી સ્ત્રી. એક જાતની ભાજી; ભોંયપરી.

ભાંયપાથરી જુઓ ભાંયપાતરી.

ભાંયભાકું (ભાયભાકું) ૧. ન. જમીનનું ભાકું.
૨. ન. જેના ઉપર મકાન ચણવા ધારેલું કર્યું હોય તે જમીનની કીમત
૩ ન રાતને બાળવાની જગ્યાનું ભાકું; ન.બા.

ભાંયરસો પું જીવજંતુના પોપડાઓનો ઝીનો કરેલો ભૂકો માં અને મગા ઉપરના સોજા ઉપર બાયરસો ચોપડવામાં આવે છે

ભાંયરીંગણી સ્ત્રી. એ નામનો એક ઔષધોપયોગી છોડ તેની બે જાત છે: ઊભી ભાંયરીંગણી અને બેડી ભાંયરીંગણી. એના છોડ જમીન સાથે પ્રસરે છે. એને સર્વાંગે બારીક કાંટા હોય છે. એને સોપારી જેવડાં ફળ આવે છે. એની બે જાત છે: પીળાં ફૂલની અને કાળાં ફૂલની. પીળાં ફૂલની જાત ભાગ્યે જ જોવામાં આવે છે. એને કંટકમણ કહે છે. ભાંયરીંગણીના પંચાંગનો આંચળમાં કાઢો ઉપયોગ થાય છે. ભાંયરીંગણીના રસમાં ઘી નાખી પાવાથી કૂતરાનું વિષ મટે એમ મનાય છે. દાઢ કે કાનના કૂમિ ઉપર કલની પૂરી અપાય છે.

ભાંયરું ૧. ન. ગુફા.
૨. ન. ભોંય ખોદી તેની અંદર ઊંડાણ આડો કરી તેને છોર્યું, ઉપર ઘાટ ચણીને બનાવેલું ગુપ્ત ઘર કે ઓરડો; ભોંયરું.

ભાંયરીંગ સ્ત્રી. મગફળી; ભાંડવી. તેનાં મૂળ ઉપર ભાંયમાં સિંગો થાય છે. એ સિંગમાંથી બનસોળ દિવેલ તેલ મીલ્લે નીકળે છે. દક્ષિણમાં જાની ખૂબ એની થાય છે. તે મીંજોને શેકીને ચવાણામાં વપરાય છે તથા તેમાંથી તેલ નીકળે છે.

ભાંયરોમ જુઓ ભાનરિમ.

ભાંયસિંગ જુઓ ભાંયરિંગ.

ભાંયસીંગ જુઓ ભાયરિંગ.

ભાંર્યું ૧. પું. (પિંગળ) એક જાતનો વર્ણમેળ છંદ; ભારેમી તેમાં જગણ, સગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.
જ સા ગ ગ મળી ભાંર્યું રણછોડ
૨. ન. ભાંખનો

ભાંવર ૧ [હિ.] સ્ત્રી. ઘૂમરી બેસી તે; ચારે બાજુ ફરવું તે; પરિક્રમા.

૨. સ્ત્રી. વર વખતે અગ્નિની પ્રદક્ષિણા.
૩. સ્ત્રી. હળ ખેડતી વખતે ખેડ વાર ખેતરની ચારે બાજુ ફરવામાં.

ભાંસરા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક પેટા જાતિ.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું

ભાંસવું જ. ક્રિ. તરવું

ભિખ્યા [હિં] કું. ભાઈ; ભૈયા.

ભિખારી કું. ભિખારી; માગણ; સાધુ; ફકીર.

ભિક્ખ [પ્રા.] સ્ત્રી. ભિક્ષા; ભીખ.

ભિક્ખુ ૧. [પ્રા.] કું. ભિક્ષુક.
૨. કું. સાધુ; મુનિ.

ભિક્ખુગતિક [પ્રા.] વિ. સંસાર ત્યાગવાની કે સંસાર નહિ માંડવાની વૃત્તિવાળું

અરોક દેવે કલિંગ દેશ જીત્યો, મહાસંહાર કીધો, પશ્ચાત્તાપ થયો, ભિક્ખુગતિક થયા.
સવમિત્રા

ભિક્ખુણી ૧. સ્ત્રી. ભિક્ષુકી.
૨. સ્ત્રી. સંન્યાસિની; સાધ્વી; આર્યા.

ભિક્ખુણી મંડળ સ્ત્રી. આર્યા અથવા બૌદ્ધ સાધ્વીઓનું મંડળ

ભિક્ખુણી સંઘ કું. ભિક્ષુક સ્ત્રીઓનો સંઘ; બૌદ્ધ સંન્યાસિનીઓનો સમૂહ.

ભિક્ષ ૧. [સં.] જ. ક્રિ. કલેશ પામવો.
૨. જ. ક્રિ. ભેગાવું.
૩. જ. ક્રિ. (ધાતુ) માગવું; માગવું. તે ઉપરથી અનેક શબ્દ: ભિક્ષુ; ભિક્ષુક; ભિક્ષા; ભિખારી; ભીખ; ભીખવું.
૪. જ. ક્રિ. ભોગ કરવો

ભિક્ષક [સં.] ન. ભીખવું તે; માગવું તે.

ભિક્ષણીયા [સં.] સ્ત્રી., ગંધાનાં હજાર માંહેનું એક નામ

ભિક્ષા ૧. [સ.] સ્ત્રી. (ચોરાસ) એક માસ જેટલું અન્ન. એક માસ એટલે ભિક્ષા, બાર માસ એટલે પુષ્કલ, ચાર પુષ્કલ અથવા સોળ માસ એટલે હંસકાર કહેવાય.
૨. સ્ત્રી. બ્રાહ્મણ માટે કે બીજી કોઈ રીતે કોઈની પાસે વગર બદલે કંઈ આજીજી કરીને માગવું તે.
૩. સ્ત્રી. (જૈન) ગોચરી.
૪. સ્ત્રી. દાન; ખરાત; સખાવત.
૫. સ્ત્રી. પગાર.
૬. સ્ત્રી બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેએ માગીને મુજરો કરવો તે; માગીને લાવું તે; માધુકરી; માગી આણેલું અન્ન; ભીખી માગી આણેલી વસ્તુ ભિક્ષા વિષે આપીજી લખે છે કે: આ દેશ ભૂખમરાથી એવો પીડાય છે કે, ભિખારીઓની સંખ્યા વધતી જાય છે અને તેઓ આવાનું મેળવવાને સારૂ સામાન્ય મકાનનો લોપ કરે છે ધનિક લોકો વગર વિચારે આવા ભિખારીઓને સારૂ દ્વાર સોંપી આપવાને બદલે તેમને ભિક્ષા આપી ઘેર છે.
૭. સ્ત્રી. ભીખ; યાચના; આજણી. વિનોબા લખે છે કે મનુષ્યની જીવિકાના ત્રણ પ્રકાર છે: ભિક્ષા, ધર્મો અને ચોરી. ભિક્ષા એટલે સમાજની વધારેમાં વધારે સેવા કરીને, સમાજથી માત્ર શરીરધારણપુરતું માટે ઓછામાં ઓછું લેવું ને તે પણ વિવશ થઈને તથા ઉપકૃત ભાવનાથી. ધર્મો એટલે સમાજની વિશિષ્ટ સેવા કરીને તેનો હર્ષિત બદલો માગી લેવો. ચોરી એટલે સમાજની ઓછામાં ઓછી સેવા કરીને અથવા સેવા કરવાનું નાટક કરીને અથવા બિનકુદરતી સેવા કર્યા વિના અને કયારેક કયારેક તો પ્રત્યક્ષ નુકસાન કરીને પણ સમાજ પાસેથી વધારેમાં વધારે ભોગ લેવો. લાચાર અને તંદુરસ્ત આદમીને ભીખ દેવી, દાન કરવું અન્યાય છે. કર્મહીન મનુષ્ય ભિક્ષાનો, દાનનો અધિકારી નથી બની શકતો.

યાચના, ભિક્ષા, અર્ચના, અર્દના આ ચાર કોટિમાં નામ ભિક્ષાનાં છે. અમરકોષ
૮. સ્ત્રી. યજ્ઞોપવીત કર્મની એક વિધિ.
૯. સ્ત્રી. સેવા; ચાકરી; નોકરી.

ભિક્ષાક ૧. [સં.] કું. ભિક્ષુ; સાધુ; સંન્યાસી.
૨. કું. ભિખારી; માગણ.

ભિક્ષાકાલ [સં.] કું. ભિક્ષાનો સમય; ગોચરીનો વખત.

ભિક્ષાકાળ જુઓ ભિક્ષાકાલ

ભિક્ષાગૃહ [સં.] ન. દાનશાળા.

ભિક્ષાચર [સં.] કું. ભિખારી; માગણ; માગી ખાનાર માણસ.

ભિક્ષાચરણ ૧. [સં.] ન. ભિક્ષાના નિયમ મુજબ વર્તવું તે.
૨. જ. ભીખ માગીને નિર્વાહ કરવો તે.

ગાંધી વેસમારીલ હોય તેમણે પુરેપુરા લાડેખા ને વિતેખા પડતી મૂકીને ભિક્ષાચરણ કરવું. ભિક્ષાવર્જન

ભિક્ષાચરણ કરવું = સંન્યાસી થવું.

ભિક્ષાચરી [સં.] સ્ત્રી. ભિક્ષા માગીને ગુજરાન ચલાવવું તે.

ભિક્ષાચરી તપ ન. (જૈન) આઠ પ્રકારની ગોચરી અને સાત પ્રકારની એષણામાં બીજા અભિગ્રહો ધારી ભિક્ષુથી કરાતું તપ.

ભિક્ષાચર્યા [સં.] સ્ત્રી. ભિક્ષાચરી, ગોચરી

ભિક્ષાચારી [સ ભિક્ષાચારિન્] વિ. ભિક્ષાચરણ કરનાર.

ભિક્ષાજીવી [સં. ભિક્ષાજીવિન્] વિ. ભિક્ષા ઉપર જીવનાર.

ભિક્ષાટન [સં. ભિક્ષા + અટન (ભ્રમણ)] ન. ભિક્ષા માગવાને માટે ગામમાં ફરવું તે; ભિક્ષાર્થે ભટકવું તે.

ભિક્ષાન્ન [સં. ભિક્ષા + અન્ન (ખોરાક)] ન. ભીખ માગીને કે ભીખીને આણેલું અન્ન; ભિક્ષાથી મેળવેલું અનાજ

ભિક્ષાપર્યટન જુઓ ભિક્ષાટન.

ભિક્ષાપાત્ર ૧ [સં.] ન. ભીખ માગવાનું વાસણ.
૨. વિ. ભિક્ષાને લાયક; ભિક્ષા આપવા યોગ્ય.

ભિક્ષાભાંડ જુઓ ભિક્ષાપાત્ર

ભિક્ષાર્જિત [સં. ભિક્ષા + અર્જિત (મેળવેલું)] વિ ભીખ માગીને મેળવેલું.

ભિક્ષાર્થી ૧ [સં. ભિક્ષાર્થિન્] કું. ભીખ માગનાર માણસ; ભિક્ષુક; ભિખારી.
૨ વિ. ભિક્ષા માગનારું

ભિક્ષાર્હ [સં. ભિક્ષા + અર્હ (લાયક)] વિ ભિક્ષાન આપવા લાયક; દાન આપવાને પાત્ર.

ભિક્ષાલબ્ધ જુઓ ભિક્ષાર્જિત.

ભિક્ષાલાભિક કું. (જૈન) અનાદરપૂર્વક તુચ્છ વસ્તુ મળે તે લેવી એવો નિયમ ધારી ગોચરી કરનાર સાધુ.

ભિક્ષાવળી [સં. ભિક્ષા (ભીખ) + આવલિ (હાર)] સ્ત્રી. વારંવાર ભિક્ષા માગવી તે.

ભિક્ષાવૃત્તિ [સં. ભિક્ષા + વૃત્તિ (ધંધો)] સ્ત્રી. ભીખ માગીને આજીવિકા ચલાવવી તે; ભીખનો ધંધો; ભિક્ષા ઉપર ગુજરો કરવો તે. વિનોબા લખે છે કે: ગીતામાં યજ્ઞ-શિષ્ટ અમૃત ખાવાનું કહેલ છે. ગીતાનું આશ્વાસન છે કે, આ અમૃત ખાનારે પુરુષ મુક્ત થઈ જાય છે. ભિક્ષાવૃત્તિવાળા મનુષ્યને દાનનો અધિકાર નથી. દાન દો અથવા ભોગ, બંનેનો કર્તા હું જ છું ને ભિક્ષામાં તુને જગા નથી. ન ભોગમાં ફસાઓ, ન ત્યાગમાં પડો. આ ભિક્ષાવૃત્તિનું સૂત્ર છે.

ભિક્ષાવ્રત [સં.] ન ભિક્ષા માગવાનો નિયમ.

ભિક્ષારી [સ. ભિક્ષા (ભીખ) + અરિ (આપું)] વિ. ભીખીને આપનાર.

ભિક્ષારીતા [સં.] સ્ત્રી. ભીખીને આપવાપણું.

ભિક્ષારીત્વ જુઓ ભિક્ષારીતા.

ભિક્ષારોન ૧. [સં. ભિક્ષા (ભીખ) + અશન (ખાવું તે)] ન ભીખીને ખાવું તે.
૨. વિ. ભીખીને ખાનાર.

ભિક્ષારિત્વ જુઓ ભિક્ષુત્વ.

ભિક્ષારી [સં. ભિક્ષ્+ઇન્] વિ. ભીખીને ખાનાર.

ભિક્ષાહાર [સં. ભિક્ષા + આહાર (ખોરાક)] પુ. ભિક્ષામાં માગી આણેલ ખોરાક.

ભિક્ષાહારી ૧. [સં. ભિક્ષા + આહારિન્ (ખોરાક લેનાર)] પું. ભિક્ષા ઉપર નભનાર માણસ; ભિક્ષુ. ભિક્ષાથી મેળવેલો આહાર કરનાર માણસ

૨. વિ. માગી ખાનાર; ભિક્ષાથી મેળવેલ આહાર જમનાર

ભિક્ષિત [સં] વિ. ભીખેલું; માગેલ.

ભિક્ષુ ૧. [સં] પું. અતિથિ.

૨ પુ. એ નામનો એક ઋષિ

૩ પુ એક ઋગ્વૈદિક ઋષિ તેણે ૧૦મા મંડલનું ૧૧૭મું સૂક્ત રચ્યું છે

૪. પુ એખરો.

૫ પું બૌદ્ધ સાધુ; બૌદ્ધ સંન્યાસી. નિરભિમાની, નમ્ર, ગુરુની આજ્ઞાનું પાલન કરનાર, વિવિધ પ્રકારનાં કષ્ટોથી કે વિઘ્નોથી દમાર્ગ ન જનાર, શુદ્ધ અંતઃકરણવાળો, પ્રયત્નશીલ, સ્થિર ચિત્તવાળો અને પારકાએ આપેલ ભોજનથી મર્યાદામાં રહીને જીવનનિર્વાહ કરનાર પુરુષને ભિક્ષુ કહે છે. તેના ૭ પ્રકાર નીચે મુજબ ગણાવ્યા છે: સન્યાસી, બ્રહ્મચારી, વિદ્યાર્થી, ગુરુનું પોષણ કરનાર, પ્રવાસી અને જેને નિર્વાહનું સાધન ન હોય તે. એ ૭ ભિક્ષુઓ કહેવાય છે. બૌદ્ધદેશમાં દરેક ગામની બહાર એકાદ મઠ તો હોય જ અને આ મઠમાં બૌદ્ધ ધર્મના પણ ભિક્ષુઓ રહે છે. તેમને પુંગી કહે છે. બૌદ્ધદેશમાં આશરે ૮૦ હજાર પુગી હશે. આ પુગીઓ મહેનતમાં નથી. તેઓ ગામનાં બાળકોને ભણતાં ભણતાં શીખવે છે અને તેમના વડીલને ધર્મનો ઉપદેશ આપે છે તેઓ ભિક્ષા માગીને નિર્વાહ ચલાવે છે તેઓ પીળી કફની પહેરે છે અને સાદાઈથી રહે છે બાકી જનતા ઉપર આ પુગીઓની અસર બહુ છે. બૌદ્ધદેશને પુગીનો દેશ એમ પણ કહી શકાય.

૬. પુ. ભિક્ષા માગીને જીવનાર સંન્યાસી.

૭. પું. માગણ; ભિખારી; ભિક્ષા ઉપર ગુજરાન ચલાવનાર કે નભનાર માણસ

૮. પું. શિવના હજાર માઠનું એક નામ.

૯. સ્ત્રી ન.ની ગોરખમુંડી; એક જાતની ક્ષુપ વનસ્પતિ

૧૦. સ્ત્રી. બાંડા લોકોની મુખ્ય ચાર માહેની એ નામની એક જાત. આ લોકોની મુખ્ય ચાર જાત: પરશુરામી, બ્રાહ્મચારી, ભિક્ષુ અને ચૈતન્ય

૧૧. ન. એ નામની જાતનું માણસ.

૧૨. ન એ નામનું યજુર્વેદનું એક ઉપનિષદ.

૧૩. વિ. એ નામની જાતનું

૧૪ વિ ભિક્ષા માગનાર; ભિખારી; માગણ. જેના સચ્ચિદાનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ અખંડાનંદ સ્વામી પોતાને ભિક્ષુ વિશેષણથી ઓળખાવે છે. દા.ત. ભિક્ષુ અખંડાનંદ

ભિક્ષુક ૧. [સં.] પું. જોગી; સાધુ; સન્યાસી ત્યાગી

ઋષિ ભિક્ષુક તાપસ યતિ જોગી મુનિજન જેહ.
માગી ભોજન્યાસથી પ્રતિદિન રહે ન તેહ
પ્રેમાનંદ,૫

૨. પુ બૌદ્ધ યતિ.

૩. પું. ભિક્ષા ઉપર નભનાર માણસ. ભિક્ષુ બે પ્રકારના છે: અતિથિ અને અકિંચન. જેણે તિથિ તથા પર્વનો ત્યાગ કર્યો છે એટલે કે જેને હમેશા તિથિ અને પર્વ છે એવા પરિવ્રાજક ગુજરનાર, સંયમી, ત્યાગી મહાત્મા, યોગી પુરુષ, જે હમેશા પોતાના તથા પરના હિતમાં રત રહે છે તે અતિથિ કહે અને અપંગ, કૃણ, સંન્યાસી, આજીવિકા કમાવાને અસમર્થ, બીજા માગીને પોતાનું જીવન ગાળનાર તે અકિંચન કહે છે. જૈન સાધુને જોજ ત્રિવાણી અને રોજ પ્રભુભજન છે. તેમણે તો તિથિ અને પર્વની ભાવના ત્યાગી દીધી છે તેથી તે અતિથિ છે

૪. પું. ભિક્ષા કરીને વેદાધ્યયન કરનાર વિદ્યાર્થી.

૫. પું. યજમાનના આશ્રયથી રહેનાર ગોર

૬. સ્ત્રી.બ. શુક્લ યજુર્વેદની એ નામની એક ઉપનિષદ; એકસો આઠ માહેની એક ઉપનિષદ

૭. વિ. ભિક્ષા ઉપર નભનાર.

ભિક્ષુક નાગર પું. નાગર જ્ઞાતિમાં; નાગર જ્ઞાતિનું ગોરપદું કરનાર જ્ઞાતિબંધુ. આગલા વખતમાં નાગર બ્રહ્મબંધુ અને નાગર એક જ હતા. પરંતુ કાળે કરીને નાગરો મુત્સદ્દીમાં ગણાવા લાગ્યા. તેમ જ નોકરી ધંધોમાં જોડાતા તેઓએ ભિક્ષા માગવાનો ધંધો લાગી કર્મ પોતાની ગૃહસ્થ નાગરમાં ઉપજતરી કરવા માંડી અને જેઓએ વ્યાવહારિક ન હોવી તેવાઓને પોતાના ગોર કે તપોધન તરીકે ગણી આજીવન નિભાવવા કબૂલ કર્યું. ત્યારથી વ્યાવક નાગર અને ગૃહસ્થ નાગર તેવા બે ભાગમાં પડ્યા નાગર ગૃહસ્થના ગોર ભિક્ષુક નાગર કહેવાય છે હાલ તેમને નાગર બ્રાહ્મણ નામથી ઓળખવામાં આવે છે

ભિક્ષુકર્ષભાદ [સં.] પું. (પુરાણ) તેરમો માહેનો એ નામનો એક વાદ.

ભિક્ષુકસંજ્ઞાતી [સં] સ્ત્રી. ભિખારીનું હલકું વર્ગનું; ચીતર; ઠેબા.

ભિક્ષુકા [સં.] સ્ત્રી. બૌદ્ધ આર્યા.

ભિક્ષુકાપાલિની [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ

ભિક્ષુકાશ્રમ [સં] પું. સંન્યસ્તાશ્રમ.

ભિક્ષુકિની જુઓ ભિક્ષુકા.

ભિક્ષુકી ૧. [સં] સ્ત્રી. ભિખારણ; જો ભિક્ષુ.

૨ સ્ત્રી. (જૈન) સાધ્વી; આર્યા.

ભિક્ષુકી કામ ન. યાચનાવૃત્તિ.

ભિક્ષુકેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ

ભિક્ષુગતિક પું. ભિક્ષુઓની સાથે એક જ વિદ્યામાં રહેનાર વ્યક્તિ.

અણાઢ ભિક્ષુ થયો નહોતો પણ ભિક્ષુગતિક ધર્મ રહ્યો.
અણાઢચરિત

ભિક્ષુગીતા [સં.] સ્ત્રી. એ નામની એક ગીતા.

શ્રીમદ્ ભાગવતપુરાણના સ્કંધ ૧૧ અધ્યાય ૨૩માં ભિક્ષુગીતા આવેલી છે.
ગીતારહસ્ય

ભિક્ષુગીતાપ્રવક્તા [સં. ભિક્ષુગીતા.પ્રવક્તૃ] પુ. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ભિક્ષુગૃહ [સં] ન. મઠમૃહ.

આ વિહારમાં આઠ મોટા પ્રધાન ખંડ છે તે પ્રત્યેકને મહાગૃહ (ભિક્ષુગૃહો) છે. પુરાતત્ત્વ

ભિક્ષુચર્યા [સં.] સ્ત્રી. ભિક્ષુની ચર્યા; સંન્યાસીની ચર્યા

ભિક્ષુણી ૧. સ્ત્રી. આર્યા; ભિક્ષા માગીને જીવનાર સન્યાસી સ્ત્રી. સાધ્વી.

૨ સ્ત્રી બૌદ્ધ સાધ્વી

૩. સ્ત્રી. જો ભિક્ષુ; ભિક્ષુક જો.

ભિક્ષુત્વ [સં.] ન. ભિક્ષુકપણું. ભીખ માગવાપણું.

ભિક્ષુદા [સં] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ

ભિક્ષુધર્મ [સં] પુ. (જૈન) ક્ષમા, નિર્લોભતા આદિ દશ પ્રકારનો યતિધર્મ.

ભિક્ષુપાલી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ.

ભિક્ષુપ્રતિજ્ઞા [સં.] સ્ત્રી. (જૈન) સાધુનો ઉદ્દેશ; સાધુનું નિમિત્ત

ભિક્ષુપ્રતિમા [સં.] સ્ત્રી. (જૈન) સાધુની બાર પડિમા એટલે ખાસ અભિગ્રહ કે નિયમ.

ભિક્ષુભાવ [સં.] પું. ભિક્ષુપણું.

ભિક્ષુમાતા [સં. ભિક્ષુમાતૃ] સ્ત્રી. મંગળાં દેવી મહેનું એક નામ

ભિક્ષુરક્ષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં દેવી માર્કનું એક નામ

ભિક્ષુરૂપ [સં.] પું. શિવનાં દેવી મહેનું એક નામ.

ભિક્ષુષટ્ક [સં] પું. (વેદાંત) છ પ્રકારના ભિક્ષુકોનો સમૂહ. ભિક્ષુના છ પ્રકાર નીચે પ્રમાણે અગ્નિવૃ, પંઢ, પશુ, અંધ, બધિર અને મૂર્ખ. જે બાકી વખતો આ સાર્ધ છે કે મધુ છે એમ માનતો નથી, તેમ ક્રિત, મિત અને સત્યજ ભોજન છે, તેને અગ્નિવૃ ભિક્ષુ કહે છે. જે ભિક્ષુ બાળ, યુવાન અથવા વૃદ્ધ સ્ત્રીને જોઈને પણ નિર્વિકાર રહે, તેને પંઢ ભિક્ષુ કહે છે. ભિક્ષાને માટે કે મળમૂત્ર ત્યાગન માટે જે એક યોજનથી વધારે આગળ જતો નથી, તેને પંગુ ભિક્ષુ કહે છે. જે ભિક્ષુ ગીતો હોય કે ગાતો હોય તથાપિ ચારે પાસ બે બે હાથ જમીન છોડીને જેનું નેત્ર આગળ ન જતું હોય, તેને અંધ ભિક્ષુ કહે છે. હિતાહિત અથવા મનને આનંદ આપનારું અથવા દિલગીર કરે તેવું વચન કાને પડ્યા છતાં પણ જે સાંભળતો નથી, તે બધિર ભિક્ષુ કહેવાય છે. વિષયો સમીપ છતાં અને ઇંદ્રિયો સારી છતાં જે ગધેડાની પેઠે તેના તરફ લક્ષ આપતો નથી, તે મૂર્ખ ભિક્ષુ કહેવાય છે.

ભિક્ષુસંઘ [સં.] પું. સાધુઓનું મંડળ

ભિક્ષુસંઘાટી [સં.] સ્ત્રી. ભિખારીનું વસ્ત્ર; સંન્યાસીની કફની વગેરે.

ભિક્ષુસૂત્ર [સં.] ન. બ્રાહ્મસૂત્ર અધ્યાસૂત્ર; શારીરિકસૂત્ર.

ભિક્ષોત્કર ૧. [સં. ભિક્ષા + ઉત્કર (ઢગલો)] પું. ભિક્ષાનો સમૂહ.
૨. પું. ભિક્ષાવૃત્તિથી; ભિક્ષાનું વિતરણ.

ભિક્ષોપજીવી [સ. ભિક્ષા+ઉપજીવિન્ (આશ્રિત)] વિ. ભિક્ષુક; ભિક્ષા ઉપર ગુજરાન ચલાવનાર.

ભિખનપા પું. (ભોટ) ગોરાણી મહેનો એ નામનો એક સિદ્ધ.

ભિખમંગા [હિં.] પું. ભીખ માગનાર; ભિખારી. ભિક્ષુક.

ભિખરી [હિં.] સ્ત્રી. કરમાઈ ગયેલ દાણો.

ભિખવાળી સ્ત્રી. ઉપલા દાતમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; સંબંધી કે જાણીતા માણસો પાસેથી ભીખ માગીને ભરાવેલું કોકરવું.

ભિખંમ વિ. ભિક્ષા માગનાર; યાચક.

ભિખાડવું (ભિખાડવું) સ ક્રિ. ભીખ માગે તેમ કરવું

ભિખાર [હિં.] પું. ભીખ માગનાર; ભિખારી; ભિક્ષુક

ભિખારચટ્ટો પું. ઘડીએ ઘડીએ માગવા આવનાર માણસ

ભિખારચાટ ૧. વિ. જુઓ ભિખારચટ્ટો, ભૂખડી બારશ, કંજૂસ
૨. વિ. ભિખારી જેવી ચોટ મારનાર; ભીખ માગનારની પેઠે તાકી રહેનાર.
૩. વિ. ભિખારી જેવું
૪. વિ. ભૂખડું.

ભિખારડો (ભિખારડો) પું. ભિખારી.

ભિખારણ ૧. સ્ત્રી. ભિખારીની સ્ત્રી
૨. સ્ત્રી. ભીખ માગનાર સ્ત્રી. માગણ સ્ત્રી.

ભિખારવું ૧. ન. ભિખારીને માટે તુચ્છકારમાં વપરાતો શબ્દ
૨. વિ ભિખારી જેવું.

ભિખારવેડા (ભિખારવેડા) જુઓ ભિખારીવેડા.

ભિખારિણી જુઓ ભિખારણ.

ભિખારી ૧. પું. ભીખ માગનાર પુરુષ; ભિક્ષુક; ભીખમંગો. વિનોબા લખે છે કે: મેં નાનપણમાં એક વાર મારી મા પાસે ભિખારીની બાજનમાં સેવા કરી હતી. તેમણે જે જવાબ આપ્યો તે આજ સુધી મારા કાનમાં ગુંજ રહ્યો છે. મેં તેમને પૂછ્યું, આ ભિખારી તો હટ્ટપુષ્ટ છે, તેને ભિક્ષા દેવાથી તેનું બગડન અને આળસ તો વધશે જ. ગીતાનો કેટલો કાર્યે ચ પાત્રે ચ, આ શ્લોક પણ મેં તેમને સંભળાવ્યો. તેમણે જવાબ આપ્યો, જે ભિખારી આવ્યો તે પરમેશ્વર જ હતો. હવે કરો પાત્રાપાત્રનો વિચાર. ભગવાનને શું અપાત્ર કહેવાય ? પાત્રાપાત્રનો વિચાર કરવાને તમને કે મને કયો અધિકાર છે ? વધારે વિચાર કરવાની મને જરૂરત નથી લાગ્યું પડતી. મારે માટે તો તે ભગવાન જ છે. માના આ જવાબનો કોઈ યોગ્ય ઉત્તર મને હજુ સુધી સૂઝ્યો નથી.
૨. ન ઘોટના ઘોડાને અપાતું કુલ્માષનું નામ
૩. વિ. ભિક્ષાચર; ગરીબ; ભીખ માગનાર; માગી ખાનાર

ભિખારીવેડા (ભિખારીવેડ) પું. ભિખારીપણું કરવું તે; ભિખારીના જેવું વર્તન.

ભિખારુ જુઓ ભિખારી.

ભિખાડું જુઓ ભિખારી.

ભિખાવવું સ. ક્રિ. ભીખ માગે એમ કરવું.

ભિખાવું અ ક્રિ. ભીખ માગે એમ થવું

ભિખિયાભોગિયા પું. જૂના વખતના ખારવીનું સબોધન.

ભિખુભાન [સ. વૃષભાન] પું. રાધાના પિતાનું નામ.
ભિખુભાન કેરી બેટી, રાધા છે મારું નામ. મીરાં

ભિક્ષુ પું. (બાલી) બૌદ્ધ સાધુ કે ભિક્ષુક.

ભિક્ષુણી સ્ત્રી. (બાલી) બૌદ્ધ સાધ્વી સ્ત્રી; સાધ્વી સ્ત્રી

ભિક્ષુસંઘ પું બૌદ્ધ સાધુઓનો સંઘ

ભિગાવું અ. ક્રિ. ભીંજવું; પલળવું

ભિચ્છા [હિં.] સ્ત્રી. ભિક્ષા, ભીખ માગવી તે.

ભિચ્છુ [હિં.] પું. ભિક્ષુ.

ભિછયા સ્ત્રી. ભિક્ષા.
આવે તું ભૂપ મંત્રારે ભિછયા. દયારામ

ભિજવવું સ. ક્રિ. ભીંજાય એમ કરવું

ભિજાવું અ. ક્રિ. પલળવું; ભીંજાય એમ થવું.

ભિટ્ટ [હિં.] સ્ત્રી. ભાઈબહેન; બાંધવ.

ભિટના [હિં.] પું. નાનું ગોળ ઢેખ.

ભિટની [હિં.] સ્ત્રી. ઓના રતનની ડીંટડી.

ભિડિલેખ્ય ન. ચૂનાની ભઠ્ઠી.

ભિડ (ભિડ) [હિં.] પું. એક જાતનું જીવડું; ભમરો.

ભિડજ (ભિડજ) [હિં] પું. શરવીર; વીર પુરુષ.

ભિડભડું (ભિડભડું) [હિં.] પું ધોડો.

ભિડાવવું (ભિડાવું) ૧. સ. ક્રિ. બંટસ પડાવવો; કોર્ટના માટે બોટું બખડું કહી મન ઊંચું કરાવવું.
૨. ઉ. ક્રિ. એકબીજાની સાથે અડીને રહે એમ વાસવું; સજાતીયસજાતીય ભારી રહે તેમ વાસવું. જોરથી બંધ કરવું
૩ સ ક્રિ કમવું; ખાધવું
૪ સ ક્રિ. કાન ભંભેરવા.
૫. સ. ક્રિ. ગૂંચવવું; ગૂંચવાડામાં નાખવું; મજરાવવું.
૬ સ ક્રિ. જોરથી દબાવવું. જોરવું. આલિંગન આપવું
૭. સ. ક્રિ. તકરારથી ગબડાવવું; ધમકી દેવી, દબડાવવું; ખીજ બતાવવી; ધમકાવવું. નિરંતર કરવું.
૮. સ ક્રિ. બીડે તેમ કરવું.

ભિડાવું (ભિડવું) ૧. અ. ક્રિ. બીડમાં આવવું; તપીમા આવવું.
૨. અ. ક્રિ બીડવાની ક્રિયા થવી
૩. અ. ક્રિ. રૂંધાવું; જગ્યાની તંગીને લીધે અટવાવું, સંકડાવું; દબાવું

૪ સ. ક્રિ. સહજમાં નેસવું; ભરાઈને રહે એમ આવવું; છૂટથી ફરાય કે વપરાય નહિ એવી દાનતમાં આવી જવું.

ભિડિર સ. પદનું વજ્ર; ભિદિર.

ભિડૈત (ભિડૈન) પું. કસિયાગોર માણસ.

ભિતચટી પું (કચ્છી) એક પ્રકારનો છોડ. તેનાં પાન ગડગૂમડ ઉપર બંધાય છે. તેને ભીતભોડી પણ કહે છે.

ભિતડી (ભિતડી) સ્ત્રી. ભીંત. દીવાલને મારે તુચ્છકારમાં વપરાય છે.

ભિતરડી (ભિતરડી) જુઓ ભિતડી.

ભિતરિયો પું. હનેલીમાં ઠાકોરજીની પ્રસાદીનું કામ કરનાર માણસ; મંદિરમાં એક મૂર્તિ પાસે રહેનારો સેવક.

ભિતલ્લા ૧. [હિં] પું. કપડાની અંદરનું અસ્તર

૨. વિ અંદરનું

ભિત્ત ૧. [સં.] ન ખંડ; ટુકડો; કટકો; આશ; ભાગ.

ભિત્ત, રાડલ, ખંડ, અર્ધ એ ચાર નામ ટુકડાનાં છે. રાડલ અને ખંડ એ શબ્દો પુંલિંગ અને નપુંસકલિંગનાં છે અને અર્ધ શબ્દ પુલિંગ છે. અમરકોષ

૨. ન. ભીંત; દીવાલ.

ભિત્તભૂરી પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. તેને ભીતમૂળો પણ કહે છે.

ભિત્તર ૧. સ. અંદરનો ભાગ; આંતરણ; બીડ

૨. ન. હૃદય; અંતર; અંત:કરણ; હૈયું; કાળજું. ઉપરથી તો ઢાપટીપ, ઔર ભિત્તરકી રામ જાણે = મુખમેં રામ ઔર બગલમેં છૂરી; ઉપરના ઠોળથી સારું દેખાતા છતાં અંદરથી ખરાબ હોવું.

ભિત્તર્હું વિ. બીક; બીકણ; કરપોક.

ભિત્તવલ પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. તે વેલાની પેઠે દીવાલો ઉપર ઊગે છે. તેનો ઉપયોગ મધુમેહ ઉપર થાય છે

ભિત્તિ ૧. [સં.] સ્ત્રી. અવકાશ.

૨. સ્ત્રી. જેના ઉપર ચિત્ર પાડવામાં આવે તે; ભીંત.

૩ સ્ત્રી. ટુકડો

૪ સ્ત્રી. ડર; ભય; ભીતિ.

૫ સ્ત્રી તોડવું તે.

૬. સ્ત્રી. ભીંત; દીવાલ; કરો.

ભિત્તિકા ૧. [સં.] સ્ત્રી. અવકાશ.

૨. સ્ત્રી. ભીંત.

૩. સ્ત્રી. સવિભાગ.

ભિત્તિઘાતન [સં.] પું. ઘૂસ; એક જાતનો ઉંદર. તે જમીનમાં દાંતું કર કરીને રહે છે.

ભિત્તિઘાતની [સં.] સ્ત્રી. ઘૂસ; એક જાતની ઉંદરડી.

ભિત્તિચિત્ર [સં.] ન. દીવાલચિત્ર; ભીંત ઉપરનું ચિત્ર: "રેરકો", આવાં ચિત્રોમાં વિગ્રહ, મૃત્યુ, દુ:ખ, દેવદાનવની વાતોઓ, નગ્ન આકૃતિઓ અને તપસ્વીઓનાં દૃશ્યો ચીતરવાનો નિષેધ કરેલો છે. ભીંત ચીતરામાં કાઢવાનું ચિત્ર ચમત્કારિક આકૃતિવાળું, આકર્ષક આવેશ, વેદ પુરાણોની કથાઓથી લીધેલું હોવું [illegible] વિવિધ વર્ણો વડે રમ્ય હોવું જોઈએ. [illegible] ન હોવું જોઈએ. તે તે [illegible]એ ઉચિત આકાર, રસ, ભાવ અને ક્રિયાવાળું હોવું જોઈએ. ભિત્તિચિત્ર કરવાને માટે દીવાલ ઉપર ચમકવાનો ચૂનો છીપની રાખ, મગનો લોટ, ગોળનું પાણી અને રેતી ઉકાળીને બનાવાનો આવી રીતે સાર જેવા બનતા પદાર્થમાં કેટલાક ભાગનું પણ મિશ્રણ થવું. એ ક્રિયાને ત્રણ મહિના લાગતા.

ભારતની ચિત્રકળાના ઇતિહાસમાં "અજંટાનાં ભિત્તિચિત્રો અદ્વિતીય સ્થાન ધરાવે છે.

—ચંદ્રમાળા

ભિત્તિચિત્રનિર્માણ ન. ભિત્તિચિત્રની રચના.

ભિત્તિચોર [સં.] પું. ભીંત ફાડી ચોરી કરનાર માણસ.

ભિત્તિપાતન [સં] પું. ઘૂસ; એક જાતનો ઉંદર.

ભિત્તિપાદ [સં.] પું જેના ઉપર ચિત્ર નિગાલુ કરવું હોય તે દીવાલનો રંગેલો નીચલો ભાગ

ભિત્તિભેદ્યા [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ભિત્તિલેપ [સં] પું. દીવાલ ઉપર ચમકવાનો ચૂના આદિનો કેલ.

ભિત્તિવજ્રલેપ [સં.] પું. એક જાતનો સફેદ રંગનો મૂકો તેને પાણીમાં પલાળી કોઈ વસ્તુ ઉપર લેપ કરવામાં આવે, સારે તે સુકાયા બાદ કઠણ વજ્ર જેવો બને છે. તે માત્ર હથોડી વડે જ ઉખેડી શકાય.

ભિત્સા [સં.] સ્ત્રી. ભાત; જાત

ભિદ ૧. [સં.] સ. ક્રિ. ઉખાડવું.

૨. સ. ક્રિ. ઉખાડુ કરવું.

૪. સ. ક્રિ. કાપવું; ફાડવું; ચીરવું; ભેદવું; કટકા કરવા.

૫ સ ક્રિ. ખસેડવું; સાફ કરવું.

૬ સ ક્રિ. ખોદી કાઢવું.

૭ સ ક્રિ ભુક્કો કરવું; વિભાગ પાડવા; ભાગ પાડવા; ભિન્ન કરવું.

૮. સ ક્રિ. ફેરફાર કરવો.

૯ સ ક્રિ. ફેલાવો કરવો

૧૦ સ ક્રિ. વચ્ચે આવવું; ખલેલ કરવી.

૧૧. સ ક્રિ. વિખેરી નાખવું

૧૨ સ ક્રિ. શિથિલ કરવું.

૧૩. સ ક્રિ. હરકત કરવી

ભિદ ૧ [સં] પુ ભેદ; અંતર

૨. ન. ભેદાવાપણું.

૩. વિ ફાડનાર; ચીરનાર; ભેદનાર.

૪. વિ. ભેદ કરનાર.

ભિદક ૧. [સં.] ન [illegible] વજ્ર.

૨ ન. તરવાર.

૩. ન. કરો.

ભિદા ૧. [સં.] સ્ત્રી. કાયમીર.

૨. સ્ત્રી. તોડવું તે.

૩ સ્ત્રી કાપવું તે.

૪. સ્ત્રી ભેદવું તે; ચીરવું તે; બે વિભાગ કરવા તે; ફોડવું તે.

૫. સ્ત્રી. સન્નિપદી પ્રાણીઓના હૃદયમાં રહેલી ખુરશી જેવી. આ કોથળી હૃદય ઊંચકે છે અને એ દ્વારે પરિભ્રમણમાંથી લોહી પ્રવેશે છે.

ભિદિ [સં] પું. વજ્ર.

ભિદિર [સં.] ન. વજ્ર.

ભિદુ સં] ન. વજ્ર.

ભિદુકા સ્ત્રી. જમીનની કાટ; કાળી જમીનમાં શિયાળામાં પડતા ચીરા.

ભિદુર ૧. [સં.] પું. પીરાણાનું ઝાડ.

૨. ન. વજ્ર; પવિ; અશનિ; કુલિશ.

૩ વિ. પોતાની મેળે ભેદાઈ જનારું, ભેદનશીલ, નાશવંત; પોતાની મેળે ભેદાય તેવું

ભિદ્ય [સં] પું. નદ

ભિદ્ર [સ.] ન. વજ્ર

ભિનભિનાવું અ ક્રિ. બબડવું

ભિનભિનાહટ [હિં] સ્ત્રી માખીનો ગણગણાટ.

ભિનસાર [સં.] પું. પરોઢિયું; મળસકું; સવાર; પ્રભાત; પ્રત્યૂષકાળ.

ભિનાવવું સ. ક્રિ. પલળે કે ભીનું થાય એમ કરાવવું.

ભિનોઈ [હિં. ભઠનોઈ] કું. ભઠેરી.

ભિન્ન ૧. [સં.] કું. (વૈદક) એક પ્રકારનો રોગ.

૨. કું. નીલમનો એક દોષ. તેના કારણે પહેરનારને પતિ, પુત્રાદિનો પ્રાય મરવાનું મનાય છે.

૩. ન. (ગણિત) અપૂર્ણાંક; અમુક એકમના કેટલા સરખા ભાગ પાડેલા છે અને તેમાંથી કેટલા ભાગ લીધેલા છે તે દર્શાવનાર અંક. જેમકે, ૨/૩. તેમાં ૩ ભિન્ન છે. તેનો અર્થ એવો છે કે, એક વસ્તુના આઠ સરખા ભાગ પાડેલા છે અને તેમાંથી ૩ ભાગ લીધેલા છે.

૪. વિ. અતિશય વરસાદ પડ્યો હોય તેવું; ભીનિયું.

૫. વિ. અંતર પડેલ હોય એવું; ભેદ પડેલ હોય એવું; એકાકાર નહિ એવું; એક નહિ એવું.

૬. વિ. ઓછું; ન્યૂન

૭. વિ. ખીલેલું; વિકસિત; પ્રફુલ્લિત; ઊઘડેલું.

૮. વિ. ઉઘાડેલ; ફાડેલું.

૯. વિ. જુદું; અલગ; અળગું; ફેરવાળું; નોખું.

૧૦. વિ. જુદું થયેલું; છૂટું પડેલું હોય તેવું

૧૧. વિ. પરિત્યક્ત.

૧૨. વિ. ફૂટેલું; તૂટેલું; ભાંગેલું; ચિરાયેલ; ફાટેલ.

૧૩. વિ. બીજું; અન્ય; ઇતર.

ભિન્ન, અન્યતર, એક, ત્વ, અન્ય, ઇતર આ ૬ શબ્દ અન્યના છે. અમરકોષ

૧૪. વિ. ભાંજેલું.

૧૫. વિ. વિલક્ષણ.

ભિન્નક ૧. કું. મોહ; મોહ ધર્મ પાળનાર.

૨. વિ. ભાગલા પાડનાર.

ભિન્નકર કું. સંજોગો અનુસાર બદલાતો કર; જુદી જુદી પ્રજાની પેદાશ ઉપર જોવાતો અસમાન આયાત કર; 'ડિફરન્શિયલ ડ્યૂટિ'.

ભિન્નકેંદ્ર [સં.] વિ. એક કેંદ્રિય નહિ એવું; અસમકેંદ્ર.

ભિન્નકેંદ્રી [સં. ભિન્નકેન્દ્રિન્] વિ. અપકેંદ્રી.

ભિન્નક્રમ [સં.] કું. કાવ્યનો એક દોષ; જેમાં ક્રમ તૂટ્યો હોય એવો દોષ.

ભિન્નગણ્ય ન. અપૂર્ણાંકનો મુખ્યાકાર.

ભિન્નગાત્રિકા [સં.] સ્ત્રી. કાકડી.

ભિન્નગુણાત્મક [સં.] વિ. જુદા જુદા ગુણવાળું.

ભિન્નગોત્ર [સં.] વિ. જુદા કુળનું.

ભિન્નચ્છન [સં.] કું. કોઈ એક ભાગનો અથવા અપૂર્ણાંકનો ધન; અપૂર્ણાંકનો ત્રિઘાત.

ભિન્નજાતિ ૧. [સં.] સ્ત્રી. જુદી જાતિ; જુદી પ્રજા.

૨. સ્ત્રી. જુદો પ્રકાર.

ભિન્નજાતીય [સં.] વિ. બીજી જાતિ, કોમ કે જાતિનું

ભિન્નતા જુઓ ભિન્નત્વ.

ભિન્નત્વ [સં.] ૧. ન. જુદાપણું; જુદાઈ; ભેદ.

૨. ન. તફાવત; અંતર; પડદો.

૩. ન. ફેરફાર; વિકાર.

૪. ન. ભેદનું અનુયોગીપણું એટલે જે પદાર્થમાં ભેદ રહેલો હોય તે પદાર્થમાં રહેલો ધર્મ.

ભિન્નદલા [સં.] સ્ત્રી. મોરવેલ વનસ્પતિ.

ભિન્નદેશ ૧. [સં.] કું. જુદો દેશ.

૨. વિ. જુદા દેશવાળું.

ભિન્નદેશત્વ [સં.] સ્ત્રી. જુદા દેશપણું.

ભિન્નદેશ્ય જુઓ ભિન્નદેશત્વ.

ભિન્નદેહ ૧. [સં.] કું. જખમી શરીર.

૨. કું. જુદો દેહ.

૩. વિ. ઘાયલ; જખમી.

ભિન્નન [સં.] ન. ભેદકરણ; ભેદ.

ભિન્નનૌક [સં.] વિ. ભાંગી પડેલા નૌકાવાળું

ભિન્નનૌકા [સં.] વિ. ભાંગી પડેલી નૌકા.

ભિન્નપદ કું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે ભગણ, જગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.

ભિન્નપદે દસ વસુ સ જ ગા. ન્યૂપિંગળ

ભિન્નપદાર્થમતાભાવ [સં.] કું. (કાવ્ય) મતિવિભ્રમના મતાભાવ નામના ભેદનો એ નામનો એક પ્રકાર.

ભિન્નપરિકર્મ જુઓ ભિન્નભાગહર.

ભિન્નપંચમ કું. (સંગીત) એક ગ્રામ રાગ; સંગીત રત્નાકરની ગ્રામ્યા પ્રમાણે ચરાટી રાગ

ભિન્નપાઠ [સં.] કું. પાઠભેદ; પાઠાંતર.

ભિન્નપ્રકાર ૧. [સં.] કું. જુદી રીત.

૨. વિ. જુદી રીતનું.

ભિન્નપ્રકાંડભંડપા [સં.] સ્ત્રી. ગંગાનાં ઉત્તર માર્ગનું એક નામ.

ભિન્નભાગહર [સં.] કું. (ગણિત) અપૂર્ણાંકનો ભાગાકાર.

ભિન્નભાવ ૧. [સં. ભિન્ન (જુદું) + ભાવ] કું. જુદાપણું; ફેરફાર; તફાવત; જુદાઈ; ફરક.

૨. કું. ભેદદૃષ્ટિ.

ભિન્નભાંડ ૧. [સં.] કું. જુદા પ્રકારનું વાસણ.

૨. કું. જુદું વાસણ.

૩. કું. ભાંગેલું વાસણ.

ભિન્નભિન્ન [સં.] વિ. જુદું જુદું.

ભિન્નભિન્નાત્મા ૧. [સં. ભિન્નભિન્નાત્મન્]

૧ પુ બધું.

૨ પુ ચોગા

૩ પુ જુદા જુદા આત્મા.

ભિન્નમત ૧ [સં. ભિન્ન (અલગ) + મત (માન્યતા)] કું. જુદો મત

૨. કું. ધર્મવિરુદ્ધતા; વિરુદ્ધ મત

ભિન્નમનુષ્યા [સં. ભિન્ન (તરેહવાર) + મનુષ્ય (માણસ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. જેમાં ભિન્ન ભિન્ન જાતિઓ અને જુદા જુદા પ્રદેશોના લોકો વસતા હોય તેવી. નર્મ મ.ને વપરાય છે

ભિન્નમર્મ [સં. ભિન્નમર્મન્] વ. જેનું મર્મસ્થાન ભેદ પામ્યું હોય એવું; ભેદાયેલા મર્મસ્થાનવાળું.

ભિન્નમસ્તક [સં.] વિ. તૂટેલ માથાવાળું

ભિન્નમાર્ગ [સં.] કું. વિરુદ્ધ માર્ગ; વિપથ

ભિન્નમાર્ગી [સં. ભિન્ન (જુદું) + માર્ગ (રસ્તો) + ઇન્ (વાળું)] વિ. અપથગામી, ઇતર પથ.વલંબી; વ.મમાર્ગી.

ભિન્નમાળ ન. રજપૂતસ્થાનમાં જોધપુરની ઉત્તરે આવેલું એ નામનું એક નગર; ગૌતમ.શ્રમની પાસે આવેલું એ નામે એક નગર. તે પ્રાચીન કાળમાં શ્રીમાળ નામે પ્રસિદ્ધ હતું. તે લક્ષ્મીજીએ વિશ્વકર્મા પાસે રચાવ્યું હતું. એક વખત તે ગુર્જર દોહોની રાજધાની હતું. શ્રીમાળી જ્ઞાતિની ઉત્પત્તિ આ ભિન્નમાળ શબ્દ ઉપરથી થયેલી છે. તેની અસલ રાજધાની જાલોર ગણાય છે. આ જાલોર બાબુજી પુરાતની અને ઐતિહાસિક સ્થળ છે. તે ગઢેર કલ્પનામાં ન આવે તેવા આબા ને પર્વતને મદી લીધેલ કિલ્લાથી સુરક્ષિત છે. અત્યારે તે જોધપુર જીતીએ ત્યારે રણભૂની પ્રાચીન પ્રણાલિકા ઉપર મુગ્ધ થઈ જવાય છે. પોરવાડની ઉત્પત્તિ અહીંથી થઈ છે અને તેનાં અવશેષો પુરાતત્ત્વની દૃષ્ટિએ સંશોધન માટે અભ્યસૂયાં ગણાય છે. ભિન્નમાળ અને જાલોર એ બંને રચના દૃષ્ટિથી જુદાં જુદા ભાસે, પણ આંતર દૃષ્ટિથી તે એક અને અખંડ છે, કેમકે પુરાણા કાળમાં ભિન્નમાળથી જાલોરના કિલ્લા માટે બીજા વીસ કોશ જાંબી માણસોની અડબે હાર ગોઠવીને ઈંટો અને રોટલા કામ કરનારને પૂરા પાડવા માટે પમાર કરવામા આવતાં હતા. આર્યાવર્તની એ ઉલ્લાસમક ત્રિપુટીને ગર્વ ભાલે જ નજરે જોનાર માને છે કે: દેલવાડાની મૂર્ત બની સત્ત્વપ્રધાન સૌમ્ય ભાવના તેમ જ તરી આવતા તાજનાં રજસપ્રધાન ભવ્ય કળાકૌશલ્યના જેટલી જ જાલોરના આ ઐતિહાસિક અવશેષ હિલ્લાની તમસપ્રધાન રહસ્યના અનુપમ ...

આ અભેદ્ય કિલ્લો જેટી રીતે દુશ્મનોએ કેમ તોડ્યો તેની કથા રોમાંચક છે. વર્ષોનાં વર્ષોથી સુરક્ષિત રહેલ એ કિલ્લો પર કૂદય પર બાય એ ન્યાયે અંદરોઅંદરની કટકટે તોડી રાક્યો હતો. તે હકીકત હતુ બીજે પણ નીચે પ્રમાણે વર્ણવાય છે: તે કિલ્લો ચણતા ભિલમાળના ઈંટો ખૂટેલ, જે માટીથી ચણી લેવામેલ. દુશ્મનોએ આ ભાગ શોધી કાઢવા મોમ.સમા પૈસા આપી ૨.૬ એકડી કરી અને પછી ને કિલ્લાની દીવાલ ઉપર ચોમ.સામ. છંટવામાં આવી. પરિણામ એ આવ્યું કે જ્યાં માટીનો ભાગ હતો, ત્યાં રાખ ઊગી નીકળી અને તેથી દુશ્મનોએ તે માટીના ભાગ ઉપર મારો મલાવી અભેદ્ય કિલ્લો તોડી જીત મેળવી.

ભિન્નમુહૂર્ત [સં.] ન. અમુહૂર્ત, ન્યૂનમુહૂર્ત.

ભિન્નયોજની [સં.] સ્ત્રી. પાસાજોડક વસ્તુ

ભિન્નરુચિ ૧. [સં.] વિ. જુદા જુદા અભિપ્રાય ધરાવનારું.
૨. વિ. જુદી જુદી રુચિવાળું, જુદી રુચિવાળું

ભિન્ન લક્ષણભૂત [સ] વિ. જુદા લક્ષણવાળું

ભિન્નવર્ગ [સં] પું. (ગણિત) અપૂર્ણાંકનો દ્વિઘાત: અપૂર્ણાંકનો વર્ગ.

ભિન્નવર્ણ [સં. ભિન્નવર્ણસ] વિ. કલીભૂત થયેલા મળવાળું.

ભિન્નવર્ણરક્ત જુઓ ભિન્નવર્ણ.

ભિન્નવસ્ત્ર ૧. [સ.] પું. ખાસ રંગ
૨. પું. જુદી જાતિ.
૩. પું. જુદો રંગ.
૪. વિ. જુદા રંગનું.
૫. વિ. જુદી જાતિનું

ભિન્નવિરક્ત જુઓ ભિન્નવર્ણ.

ભિન્નવિરક્તતા [સ] સ્ત્રી. (વૈદક) પિત્તનો રોગ

ભિન્નવિરક્તા [સ.] સ્ત્રી. તુવરીનો વેલો

ભિન્નવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. જુદી વૃત્તિ.
૨. વિ. જુદી વૃત્તિવાળું.

ભિન્નવૃત્તિતા ૧ [સં. ભિન્ન (જુદું) + વૃત્તિ (આચરણ) + તા (પ્રત્ય)] સ્ત્રી. આચારભ્રષ્ટતા.
૨. સ્ત્રી. જુદી વૃત્તિવાળું હોવાપણું.

ભિન્નવ્યવકલન [સં.] ન. (ગણિત) અપૂર્ણાંકની બાદબાકી.

ભિન્નવ્યવકલિત જુઓ ભિન્નવ્યવકલન.

ભિન્નષડ્જ પું. (સંગીત) એ નામે એક રાગ. તે ભિન્નતલ ષાટમાંથી ઉત્પન્ન થાય છે અને દિવસના પ્રથમ પ્રહરે ગવાય છે.

ભિન્નસંકલન ૧. [સ] ન. (ગણિત) અપૂર્ણાંકનો સરવાળો.
૨ વિ. જુદી સંકલનાવાળું

ભિન્નસંકલના [સ.] સ્ત્રી જુદી સંકલન

ભિન્નસંકલિત [સ] વિ. (ગણિત) અપૂર્ણાંકનો સરવાળો કરેલું.

ભિન્નસંધિ પું. આઠ લાકડાનો એક જાતનો માંચો

ભિન્નસિદ્ધાંત ન. જુદા જુદા દેશમાંથી આવતા માલ ઉપર અલગ અલગ કરવેરાનો સિદ્ધાંત

ભિન્નસ્વર ૧. [સ.] વિ કરવ
૨. વિ. બસૂરું.
૩. વિ. બોલવામાં અટકનારું

ભિન્ના ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમા સોળ માત્રા હોય છે અને ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

ભિન્ના અડે સગણ કલા કર,
તેમા અને લઘુ અન્તી પર,
રહિ પર લાગ પછી પછી તે પર,
અન્યારે ચડતી કર પ્રવિચર ૨ર્ક્ષ્યણ

૨ પું. (પિંગળ) એક સમકૃત વર્ણવૃત્ત જેના રાજરાજ તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં બે તગણ અને એક ગુરુ મળી સાત વર્ણ આવે છે.
૩. સ્ત્રી. ખાલી મૂઠી.

ભિન્નાકારી ૧. વિ. વિષમિત્ર.
૨. સ. ભિન્ન (જુદું) + આકર + ધંત (વાયુ)] વિ. વિરુદ્ધ આકારવાળું.

ભિન્નાત્મક ૧. [સં.] વિ. અપૂર્ણાંકના રૂપવાળું
૨. વિ જુદા જુદા પ્રકારવાળું.

ભિન્નાભિન્ન [સ. ભિન્ન (જુદું) + અ (નહિ) + ભિન્ન જુદું)] વિ. કંઈ અને એવું પણ.

ભિન્નાભિન્નતા [સ ભિન્ન (જુદું) + અભિન્ન (જુદું નહિ તેવું) + તા (પ્રત્ય)] સ્ત્રી. જુદાપણું અને અજુદાપણું.

ભિન્નાર્થ ૧. [સં.] પું. જુદો અર્થ.
૨. વિ. જુદા અર્થવાળું
૩. વિ. સ્પષ્ટ.

ભિન્નાર્થક ૧. [સં.] વિ. જુદું: વિશિષ્ટ.
૨. વિ. જુદો અર્થ દર્શાવનારું.
૩ વિ. ખોટું.

ભિન્નાવટકા [સં.] સ્ત્રી કડીનો બંધ

ભિન્નાંગ [સં.] ન (ગણિત) અપૂર્ણાંક. અપૂર્ણાંકનો હર અને તથા અપૂર્ણાંકવાળો ... 'ભિન્નાંક.'

ભિન્નીકરણ [સ] ન. પૃથક્કરણ, વિશ્લેષણ

ભિન્નાહર [સ. ભિન્ન (જુદું) + ઉદર (પેટ)] પું. ઓરમાન ભાઈ

ભિયા ૧ પું. જમદૂત.
૨. પું. ભેંસા ભાઈ તે પશુમાં જ વપરાય છે
૩. [સ] સ્ત્રી. ભય; બીક

ભિયો પું. ભાઈ, ભાતા. તે કુટુંબમા વપરાય છે

ભિરકુટિ ૧. [સં.] સ્ત્રી. ભ્રુકુટિ.
૨ સ્ત્રી. ક્રોધ; દ્વેષ
૩. સ્ત્રી. બાળહઠ.

ભિરકુટી જુઓ ભિરકુટિ

ભિરંડલ ન. કોકમનું તેલ

ભિરિટકા [સં.] સ્ત્રી. ધોળી અપ્સોડી.

ભિરીટક [સં.] પું શિયાળ

ભિરીટકી [સં.] સ્ત્રી. શિયાળની માદા.

ભિરીટિકા [સં.] સ્ત્રી. ધોળી અપ્સોડી.

ભિલની ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું કપડું
૨. સ્ત્રી. ભીલ જાતિની સ્ત્રી; ભીલડી.

ભિલાડ્યાબાદ (ભિલાડ્યાબાદ) પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક પરા. અહીં મંડલેશ્વર સદાશિવે બંધાવેલ શિવજી અને રામજીનાં બે મંદિર અને પટાંગણ છે. સ્થાન સંતોને રહેવા યોગ્ય છે.

ભિલામું ૧. [સં. ભલ્લાતક] પું. એ નામનું એક જંગલી વૃક્ષ. તે આખા ઉત્તર ભારતમાં આસામથી પંજાબ સુધી અને હિમાલયની ...માં ૩,૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી મળી આવે છે. તેના પડમ.થી એક જાતનો રસ ઝરે છે, તેનો વાનિશ બને છે. તેમા ...ન, આકારના લા.લ ફળ આવે છે. તે ... જવાથી કાળુ અને અપદ્રુ થઈ જાય છે. ... ફળનું રા.ડ બને છે પાકાં ફળને ... બનાવી એક જાતનું તેલ નીકળે છે, જે શરીરે અડવાથી બળતરા થા.ય છે અને તેઓ ... ભાગ સુજી જાય છે. આ તેલ વડે ખોખી ઓરો ... કેવ નિશાન કરે છે તેમાં ફટકડી વગેરે ... ને બદલે પણ બનાવી શકાય છે. વૈદકમા ... ભિલામું, ભલ્લાતક, અગ્નિ તથા વા., કફ, ... ન, ... ન.ર, અગ્નિમંદી, ગુલ્મ, ... માનેલ છે એક ... ભિલામું ફળનું તેલ ૧ કડિયું કે.પી, પાકી ... ના તોલા અથા સાથે એ ભિલામાને ... પર કેર અટકીની બાકરે ખૂબ ઝીણે ... નહિ ... એની સૂકડી થઈ ગયા ... ... તો ... તોલા બે બળતણ કોલેરાના ... એ પાક દેવુ. ... ... ગયુ

હોય, નાડી બેસતી જતી હોય, કોઈ પણ પ્રકારે ગરમી ન આવતી હોય, તોપણ આ દવાના એક જ ડોઝથી એક કલાકમાં શરીરમાં ગરમી આવી જશે. એક કલાકમાં સંપૂર્ણ અસર ન થાય તો બીજો ડોઝ આપવો. ત્રીજો ડોઝ આપવાની જરૂર રહેતી જ નથી. કોલેરાનો દરદી આથી અવશ્ય બચી જાય એમ મનાય છે

૧. ભિલામા ઉકાડવા = અડધોઅડધ ટપો કરાવવો; દુશ્મનાવટ વહોરવી, વેર કેર કજિયાનાં મૂળ રોપવાં; લડાઈ કરવી કે કરાવવી; કોઈને છંછેડી ટપો થાય તેમ કરવું.

૨. ભિલામુ મારવું = (૧) ભિલામાનું તેલ કાઢવું. (૨) ભિલામાનું તેલ ચોપડવું.

૨. ન. એક જાતનું કાળા ચીકણાયુ ચપટું બી. તે અંગૂઠાના ટેરવા જેવા આકારનું તે ચપટું હોય છે. તેમાંથી સહેજ કાળો ચીકણ તીખો છે. તે કપડાં ઉપર નામનિશાન કરવાના કામમાં આવે છે. આ ચીજ ચામડીને લાગતા થઈ પડે છે અને તેનો ચેપ ઊઠે છે. તે દવામાં પણ વપરાય છે.

ભિલામો જુઓ ભિલામુ.

ભિલાલા ૧. સ્ત્રી. મધ્ય હિંદમાં વસતી ભીલની એ નામે એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ભિલાવન પું. કપડાં ઉપર નિશાન કરવામાં વપરાતું એક દ્રવ્ય; ભિલામુ.

ભિલાવાં [હિ.] ન. ભિલામુ; ભિલાવન.

ભિલિયાકહું [હિ.] પું. કોયડો; પતકાણું.

ભિલિંગ પું. એક જાતનું ધાન્ય; મકાઈ.

ભિલી સ્ત્રી. મધ્ય હિંદ અને રજપૂતાનામાં બોલાતી એ નામની એક ભાષા.

ભિલો સ્ત્રી. (કચ્છી) ખાખત.

ભિલ્લ જુઓ ભીલ.

ભિલ્લક ૧. પું. એ નામનો એક અનાર્ય દેશ.

૨. પું. ભીલ; શિકારી.

ભિલ્લગવી [સં.] સ્ત્રી. એક જાતનું જનાવર; રોઝ.

ભિલ્લતરુ [સં.] પું. લોધ્રવૃક્ષ; લોધરનું ઝાડ.

ભિલ્લભૂરુહ [સં.] ન. ચણોઠીનું ઝાડ.

ભિલ્લમાળ જુઓ ભિનમાળ.

ભિલ્લાતક પું. ભિલામાનું ઝાડ.

ભિલ્લિની ૧. સ્ત્રી. ભીલડી.

૨. સ્ત્રી. જંગલી નામે એક ધર્માત્મા; ભીલડી.

ભિલ્લી ૧. [સં.] સ્ત્રી. ભીલડી.

૨. સ્ત્રી. લોધરનું ઝાડ.

ભિલ્લુ ૧. [સં.] પું. કોઈ પણ રમત રમવાને માટે પાડેલા બે કે વધારે પક્ષમાનો પ્રત્યેક જણ; કોઈ રમતનો સાથી. મિત્ર; ગોઠિયો; ભેરુ.

૨. ન. ભિલ્લુ.

ભિલ્લોટ [સં.] પું. લોધરનું ઝાડ; લોધ્રવૃક્ષ.

ભિલ્લોટક જુઓ ભિલ્લોટ.

ભિશ્ત [ફા.] સ્ત્રી. સ્વર્ગ; વૈકુંઠ.

ભિશ્તી જુઓ ભિસ્તી.

ભિષ્ [સં.] સ. ક્રિ. રોગનો પ્રતિકાર કરવો.

ભિષક ૧. [સં. ભિષજ] પું. ચિકિત્સક; હકીમ, 'ડૉક્ટર'.

૨ પું. બને અશ્વિનીકુમાર.

૩ પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. અવતાર સમારંભેત્રથી છોડાવનાર પરા વિદ્યાનો ગીતામા ઉપદેશ કર્યો છે, તેથી તે ભિષક્ કહેવાય છે વૈદ્ય કે ધન્વંતરી અવતાર પણ તેજ છે. ઔષધ આપનારા વૈદ્ય પણ તેજ છે. અવિદ્યારૂપી રોગનું ઔષધ આપનાર મોક્ષરૂપેરૂપી વૈદ્ય પણ તે જ છે. પુનઃ સંસાર પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિરૂપ ઔષધ આપનાર પણ તેજ છે.

૪. પું વૈદ્યની એ નામની એક ઉપાધિ.

૫. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

ભિષક્ આથર્વણ [સં.] પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે દસમા મંડલનું હજમું સૂક્ત રચ્યું છે.

ભિષક્ છત્રચર [સં.] પું. વેશધારી વૈદ્ય.

ભિષક્તમ ૧. પું. ઉત્તમ વૈદ્ય.

૨. પું. ઋક્; ઋગ્વેદમાં વપરાયેલું કદનું એક નામ.

ભિષક્પારગ [સં.] પું. ઊંટવૈદ્ય.

ભિષક્પ્રિયા ૧. [સં.] સ્ત્રી. ગળો; ગડૂચ

૨. સ્ત્રી. હરડે. તે ઔષધ માત્રની પ્રિયા છે. હરેક ઔષધિ તેને ગ્રહણ કરે છે, માટે હરડે ભિષક્પ્રિયા કહેવાય છે.

ભિષક્માતા [સં. ભિષક્માતૃ] સ્ત્રી. અરડૂસી.

ભિષક્સુધાકર પું. એ નામની વૈદકની એક ઉપાધિ.

ભિષગ [સં. ભિષજ્] પું. વૈદ્ય; ડૉક્ટર.

ભિષગાલય [સં. ભિષક્ (ઔષધ) + આલય (સ્થળ)] ન. દવાખાનું; દવાખાનુ

ભિષગ્ધુર્ધાની પું. અશ્વિનીનો વૈદ્ય.

ભિષગ્જિત [સં.] ન. ઔષધ; દવા.

ભિષગ્ભક્ત [સં.] પું. વૈદ્ય ઉપર વિશ્વાસ રાખનાર રોગી.

ભિષગ્ભદ્રા [સં.] સ્ત્રી. ભદ્રદંતિકા વૃક્ષ.

ભિષગ્ભાસ્કર [સં. ભિષજ્ (વૈદ્ય) + ભાસ્કર (સૂર્ય)] પું. વૈદ્યવિદ્યાની એ નામે એક પદવી.

ભિષગ્ભૂષણ [સં.] પું. એ નામની એક વૈદ્યોપાધિ.

ભિષગ્વરત્ન ૧. [સં. ભિષક્ (વૈદ્ય) + રત્ન] પું. ઉત્તમ વૈદ્ય; વૈદ્યરાજ.

૨. પું. ધન્વંતરી.

સમુદ્રમંથન કરતાં નીકળેલાં ચૌદ રત્નોમાં ધન્વંતરી પણ હતા. તેથી ભિષગ્વરત્ન પદ સાભિપ્રાય છે. નીલકોવિદ

ભિષગ્વરાજ [સં. ભિષક્ (વૈદ્ય) + રાજન્] પું. વૈદ્યરાજ.

ભિષગ્વર ૧ પું. બને અશ્વિનીકુમાર

૨. [સં] પું. વૈદ્યને અપાતી એ નામની એક ઉપાધિ.

૩. પું એક વૈદ્ય

૪. પું. સૂર્ય.

ભિષગ્વરા ૧. [સં.] સ્ત્રી. હરડે. હરડે ઓસડ માત્રને વરેલી છે. અમે તેની જાતની દેશી દવા બનાવવા માટે તે વપરાય છે. તે બધીમાં હરડે આવે છે, માટે તેને ભિષગ્વરા કહે છે.

૨. સ્ત્રી. હરડેનું ઝાડ.

ભિષગ્વર્ય [સં. ભિષક્ (વૈદ્ય) + વર્ય (શ્રેષ્ઠ)] પું. ખરો હોશિયાર વૈદ્ય.

ભિષજ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) સાજું કરવું; રોગની ચિકિત્સા કરવી. તે ઉપરથી બનેલ શબ્દ: ભિષક્.

ભિષજ ૧. પું. બને અશ્વિનીકુમાર.

૨. [સં. ભિષજ્] પું. વિષ્ણુ.

૩ પું. વૈદ્ય; ઓસડ કરનાર; ચિકિત્સક; હકીમ; 'ડૉક્ટર'.

ભિષજરત્ન જુઓ ભિષગ્વરત્ન.

ભિષજાવર્ત [સં.] પું. કૃષ્ણનું એક નામ.

ભિષજ્ય ૧ [સં.] ન. ઉપાય; ઇલાજ

૨. ન. રોગવું તે; સાજું કરવું તે.

ભિષ્મક પું. વિદર્ભ દેશનો એ નામનો એક રાજા

ભિષ્મઠા [સં.] સ્ત્રી. અળ.

ભિષ્માંડ ન. કમળનું મૂળ

ભિષ્મિકા [સં.] સ્ત્રી. જાત.

ભિષ્મિતા જુઓ ભિષ્મિકા.

ભિસજ્ [હિ] પું વૈદ્ય, હકીમ, 'ડૉક્ટર'.

ભિસર [હિ] પું. પાતાળ.

ભિસરા સ્ત્રી માછલાં પકડવાની એક જાતની જાળ.

ભિસો પુ (જૂ ગુ) પાકો જેસલનો નર
પિતા મરી જે ભિસ્સો થયો.
તેહ જ અમ્હી મરિ મારીઓ. ઋષભદાસ

ભિસ્તી ૧. પુ. ચામડાના કોથળામાં પાણી ભરી લાવવાનો ધંધો કરનારો માણસ; મશક વડે પાણી ભરવાનો, છાંટવાનો કે પાણી પાવાનો ધંધો કરનાર માણસ; પખાલી.
૨. પું. પાણીરાળો માણસ.
૩. પું. સ્વર્ગમાં રહેનાર. પાણી પાવાનું કામ પુણ્યનું છે, માટે આ કામ કરનારને સ્વર્ગનો માણસ ગણ્યો છે
૪. સ્ત્રી. એ નામે ઓળખાતી એક જાત.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું

ભિસ્મદા [સં.] સ્ત્રી. અન્ન.

ભિસ્મહ [સં.] ન. કમળનું દીકું.

ભિસ્મિકા જુઓ ભિસ્મટા.

ભિસ્મિટા જુઓ ભિસ્મટા.

ભિસ્સટા ૧ સ્ત્રી અણગો જાત
૨. જુઓ ભિસ્મટા.

ભિસ્સા [સં.] સ્ત્રી. અન્ન. અમરકોશમાં ભિસ્સા, અક્ત, અધસ, અન્ન, ઓદન, દીદિવિ એ છ નામ અન્નના કહ્યા છે.

ભિસ્સિસટા જુઓ ભિસ્મટા.

ભિંગ ૧. [હિ.] પુ. ભમરો; ભૃંગી નામનો કીડો.
૨. સ્ત્રી. પિચકાર.
૩. સ્ત્રી. ભાડ.

ભિંગડાં ૧ (ભિંગડું) ન બ.વ. ચામડીનાં છોડાં.
૨ ન બ વ છોડાં; છોતરાં

ભિંગડિયું (ભિંગડિયુ) ન એપડિયું એક જલચર પ્રાણી. એની સીપની કોર આવાંઆંવાળી હોય છે અને એ બચ્ચ પ્રમાણે અંદર પણ બીજા આંચા આવેલા હોય છે. એ કોઈ સ્થાને ચોટેલાં રહેતાં નથી, પણ પોતાનાં પડ ઉઘાડબંધ કરીને તરવાને માટે શક્તિમાન થાય છે

ભિંગડું (ભિંગડું) ૧. ન છાલ અથવા ચામડી ઉપરનું સખત થઈ ગયેલું છોકું; ભીંગડું.
૨. ન. મરી ગયેલી ચામડીનું છોકું; ઉપર છોતરાંરૂપ છોડાંનો પાતળો કટકો.
૩. ન. માછલી ઉપરનો ચળકતો ભાગ.

ભિંગારી સ્ત્રી. એક જાતનો જીવડો; ભમરી.

ભિંગારો પું. ભમરો; ષટ્પદ.

ભિંગિસિ પું. આઠ જુદા કટકાનો બનેલો એક જાતનો ઝાળા રંગનો ગામઠો. તે વરસાદથી બચવા માટે ઓઢાય છે તે નેપાળમાં બને છે.

ભિંગોરા ૧. [હિ] પું. ભાંગરો.
૨ પું. ભૃંગરાજ પક્ષી

ભિંગોરી [હિ] સ્ત્રી ભૃંગરાજ નામનું પક્ષી.

ભિંજરું વિ પચ્ચા ચાળીસાનું, માણાના વિખરાયેલા વ. ભિંજરું, કેશકું, જીર્ણ.

ભિંડ ૧ [સ પું ભીંડાનો છોડ; ભીંડો.
૨ પું. ભોંચો.

ભિંડમાલિકા સ્ત્રી. ભીંડીની માળા.

ભિંડમાળ ૧. સ્ત્રી ભોરિયા. તેમાં પથ્થર, ગોળા આદિ મૂકીને શત્રુ ઉપર ઉડાડવામાં આવે છે.
૨. સ્ત્રી બરછી; ભાલો.

ભિંડમાળા જુઓ ભિંડમાળ.

ભિંડા [સં] સ્ત્રી. ભીંડાનો છોડ; ભીંડો.

ભિંડિ સ્ત્રી. ભોરિયા.

ભિંડિપાલ ન. દુશ્મનને મારવામાં આવતું પ્રાચીન કાળનું એક શસ્ત્ર ભરો.

ભિંડિમાલ ૧ સ્ત્રી. બીકુ; ઝોળી.
૨. જુઓ ભિંડિપાલ.

ભિંડિમાળ જુઓ ભિંડમાળ.

ભિંડિવાલ [પ્રા.] ન મયાળે નારે ફોડ એવો દંડ તે બાકીના હથિયાર તરીકે વપરાય છે.

ભિંડી જુઓ ભીંડી.

ભિંડેખાના જુઓ ભિંડીખાના.

ભિંડોતક [સં.] પું. ભીંડાનો છોડ.

ભિંદ [સં] ન ક્રિ. ભાગ પાડવા.

ભિંદપાલ જુઓ ભિંદિપાલ.

ભિંદવું ન. ક્રિ. ભેદવું; અંદર ઊતરવું.
પથ્થર ઉપર પાણી, બીજે પણ ભિંદે નહિ;
મૂર્ખ આગે વાત, રીઝે પણ બૂઝે નહિ. દુહો

ભિંદિપાલ ૧. [સ] પુ હથિયારમાં વપરાતું એક જાતનું પ્રક્ષિપ્તાસ્ત્ર; દૂરથી ફેંકવાનું અસ્ત્ર.
૨ પું. બીજાને ભોંકવા ફેંકવાનું એક સાધન; ભોંકણ

ભિંદીપાલ જુઓ ભિંદિપાલ.

ભિંદુ ૧ સ્ત્રી મરેલ બાળકને જન્મ આપનાર સ્ત્રી.
૨ ન. ટીપું. બિંદુ.
૩. વિ. વિનાશકારી.

ભિંભી [પ્રા.] સ્ત્રી. ઢોલકું.

ભિંસરવા જુઓ ભિંસાર.

ભિંસાર પું. પરોઢિયું; સવાર; પ્રભાત; પ્રાતઃકાલ

ભિંસિટા [સં.] સ્ત્રી. ભિસ્સટા; દક્ષિણા; ભણેલો ભાત.

ભિંસા [સં.] સ્ત્રી. ભાત.

ભી ૧. [સં.] સ્ત્રી ડર; ભય; બીક; અસત્યાચરણ, ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન, પાપાચરણ વગેરે કરતાં ઈશ્વર આપણને જુએ છે એવી મનમાં ઉત્પન્ન થતી બીક.
પેડુનાથ નહિ પ્રીતિ કરે કપાસા,
તારી નજીર બળ તીવ્ર અમે અવી આ;
કામાતુરે હરખ શોક ભી એપણામાં,
દુઃખી, હું દીન દુજ તત્ત્વ વિચારું ત્યાં હું?
નામવતપુષ્પાંજલિ
૨ સ્ત્રી. મનની એક વૃત્તિ.
૩ વિ. બીરુ; બીકણ.
૪ ન નિશ્ચય અથવા સમૂહ દર્શાવનાર પ્રત્યય.
૫. [હિ.] અ. વળી; પણ; તોપણ; એમ છતાં.
૬. ન. ક્રિ. (ધાતુ) બીવું; ભય પામવો. તે ઉપરથી થયેલ શબ્દઃ ભય, ભીત, ભીતિ, ભીરુ.
૭. ન ક્રિ. ભરણપોષણ કરવું

ભીઆ ૧. [સં. ભ્રાતૃ] પું. ભાઈ; બાંધવ.
૨. અ. અજાણ્યા પુરુષને સંબોધતાં વપરાતો શબ્દ.
તમે બીજાનું કીધું સાંભળ;
તે ભીઆ કોણ છે નળ. પ્રેમાનંદ

ભીક ૧. [હિ] સ્ત્રી. ભય; બીક.
૨. સ્ત્રી. ભિક્ષા; ભીખ; દાનની માગણી.

ભીકન ન. (સંગીત) મયેડાના ભૂંગળા જેવા અવાજે ગવાનું પુલક્ષણ

ભીકમપુરઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામે એક ઘાટ. ત્યાં સંગમેશ્વર શિવજી આવેલ છે.

ભીકમમા [હિ] વિ બીક માગનાર; ભિખારી.

ભીખ ૧. [સં ભિક્ષ્ (માગવું)] સ્ત્રી. ગરીબ માગનારને આપેલી ચીજ, આપવાનું વગેરે; ભિક્ષા.
૨. સ્ત્રી. ઘરનું ન સદસ્યોથી ઓળખીતાં પાસેથી ઉઘરાવી કે માગીતાગીને મેળવેલું તે. નાના બાળક માટે આવી ભાષા રૂઢ થાય છે
૩. સ્ત્રી. જરૂરિયાત; તંગી
૪. સ્ત્રી. ધર્માર્થે દાન; ખેરાત; ભિક્ષાદાન; સખાવત.

૫. સ્ત્રી. પોતાને જોઈતી ચીજ બીજા પાસે કરગરીને માગવી તે. ખાવા, પીવા કે ઓઢવાનું બીજાંઓથી કરીગરી દેખાડી માગી લેવું તે; મફતનું માગવું કે લેવું તે; ધર્માદો માગવો તે; ભીખનું તે; યાચના.

૧. ભીખ કરતા ભૂખ સારી = માગીને ખાવા કરતાં ભૂખ્યું રહેવું સારું.

૨. ભીખ તેને ભૂખ શી? = જેને યાચના કરવી છે તેને શો સંતાપ?

૩. ભીખ બદારે નખાય નહિ = (૧) ધર્મનો પૈસો પચે નહિ. (૨) ભીખી માનીને ધનવાન થવાય નહિ.

૪. ભીખ, ભારો અને ભણવું એ તો સંસારમાં = ભીખવું, ભારો વેચવો ને ભણવું એ સહે કર્યે પ્રાપ્તિના પહોરમાં કરવાં સારાં.

૫. ભીખ માગવી = (૧) નિર્ધન થઈ જવું; સાવ ખોવું. (૨) યાચના કરવી. માગવું

૬. ભીખ બાગરી = કંગાળ બની જવું

૭. ભીખનાં ઢાંકમાં ભીડે અડે નહિ = ભીખે ભઠાર ભરાય નહિ; ભીખથી મૂડી બંધાય નહિ

૮. ભીખની બહેન ચાકરી = નોકરી ભીખ જેટલી જ હલકી આજીવિકા છે.

૯. ભીખનું ઝોકરું = ભીખીને મેળવેલાં કપડાં વગેરે પહેરાવીને ઉછેરવાની માનતાવાળું છોકરું.

૧૦. ભીખને માથે ભડ = ભીખ માગવી એ તુચ્છકારવા જેવું કામ છે.

ભીખન [હિં] જિ. ભયાનક; ભયંકર; ભીષણ.

ભીખમ ૧. [હિં.] પું. ભીષ્મ પિતામહ

૨. જિ. ભયાનક.

ભીખલો ૧. પું ભીખીને મેળવેલાં કપડાં વગેરે મેળવીને ઉછેરવાની માનતાવાળો છોકરો.

૨. જિ. પું. ભિખારી જેવો રાંકો. આ શબ્દ તિરસ્કાર તેમજ દુલામણા નામ તરીકે પણ વપરાય છે.

ભીખવાળી [ભીખ + વાળી (કાનમાં પહેરવાનું ઘરેણું)] સ્ત્રી. સગાં, સંબંધી કે જાણીતા પાસેથી સોનું માગીને તેમાંથી બનાવેલી કાનમા પહેરવાની વાળી. જેનાં છોકરાં ન ઊછરતાં હોય તે આવી માનતા રાખે છે.

ભીખવું ૧. [સ. ભિક્ષ્ (ભીખવું)] સ. ક્રિ. ભિખારી થવું.

૨. સ. ક્રિ. કામમાં નાપાસ થવું; રહી રહેવું; નિરાશ થવું.

૩. સ. ક્રિ. મરીજાઈ આવી જવી; કંગાલ સ્થિતિ થઈ જવી.

૪. સ. ક્રિ. ઘાસ કરી બંધ કરી; મળવાનું તે ન મળવું.

૫. સ. ક્રિ. માગી ખાવું; યાચના કરવી; ભીખ માગવી; દક્ષિણા માગવી.

ભીખવું જ. ક્રિ. ભીંજવું.

ભીગણ [હિં.] સ્ત્રી. ભીનું; તરબોળ; નીતરતું.

ભીગારી પું. એક પ્રકારનો ચાર ઇંદ્રિયવાળો જીવ.

ભીગીબિલ્લી સ્ત્રી. ઘુચ્ચું અને કપટી માણસ

ભીંગ ૨. સ્ત્રી ઓછાપણું.

૨. સ્ત્રી ઠબાવું તે

૩. [હિં.] સ્ત્રી. સડાસડ, ઝિરદી.

ભીંચક [સં. ભગ્નમંકિત (ભીંચેલું)] જિ. ચગદાયેલું; ભાંગેલું; ભગ્નાંકિત.

ભીંચડી ન. (કચ્છી) એક પ્રકારનું ઘાસ.

ભીંચડું (ભીંચડવું) સ ક્રિ. દાબવું; દબાવું.

ભીંચડાવું (ભીંચડવું) જ. ક્રિ. સાડામાં આવી જવું; ભરાઈ જવું; ભીંસાવું; સકંજામાં તેવી સ્થિતિમાં આવવું; ઠબાવું; દબાવું.

ભીંચર [હિં.] પું. સુભટ; વીર.

ભીંચવું ૧. જ. ક્રિ. દબાણ કે નિચોવવું.

૨. સ. ક્રિ. ચૂકો કરી નાખવો.

ભીંજ [સં. ભીષ્મ] જિ (પ્રાકૃત) ભયંકર.

મારી મેચ્છ ભીંજ ભજવંતા,
ભાન ભોટાણા ભાણુ. ભાલણકૃત ભોજપ્રબંધ

ભીંજરું ૧. જ. ઓઢા વાળા; ભંડના જેવા ભરડ અને ગેલા વાળા.

૨. જિ. પુષ્કળ; ભોભળે બેઠલું.

૩. જિ. ભરડ.

ભીંજાં ન બ જ. વાળ; મોવાળા; કેશ

ભીંજ ૧ સ્ત્રી. કોઈ બીજમાં રહેલો ભળાંશ, ભીનાશ, ભેજ.

૨ સ્ત્રી ભૂખો.

ભીંજવું જ. ક્રિ. ભીંજવવું, પલળવું; ભીનું થવું.

ભીંટ ૧ પું. રેતીનો ટેકરો.

૨. સ્ત્રી. ગુફા.

૩. સ્ત્રી. ચૂકો; ભટ્ટો.

૪. [હિં.] સ્ત્રી. ભીંડી, તળાવ પાસેની ચઢિયાતી જમીન; ડોંચી કે ચઢિયાતી જમીન; તળાવની પાળ.

ભીંટા ૧ [હિં.] પું ડોંચી કે ચઢિયાતી જમીન.

૨. ન. ખૂનું ઘર.

ભીંટો પું. ઠપ્પો; ચમચો.

ભીંડ (ભીંડ) ૧. પું. સુતારનું એક ઓજાર; ભીંડો.

૨. સ્ત્રી. અડચણ; મુશ્કેલી; હરકત.

ભીંડે કામ આવવું = મુશ્કેલી કે તંગીને વખતે મદદ કરવી.

૩. સ્ત્રી. આફત; દુઃખ; સંકટ.

ભીંડ ટાળવી-ભાંગવી = આફત કે મુશ્કેલીમાં મદદ કરવી; બચાવીને વખતે કામ આવવું.

૪. સ્ત્રી. ઘણાં માણસોનો એક જ સ્થળે થયેલો જમાવ; સંકડાઈને બેસવા કે ઊભા રહેવા જેવી દાબતા; ગિરદી; ઠઠ; ભરાવો.

ભીંડ કરવી-જમાવવા = ટોળે મળવું; જમા થવું.

૫. સ્ત્રી. તંગી; ઓછપ.

ભીંડ પડવી = (૧) ઘટ જણાવી; તંગી જણાવી; ઓછપ વરતી. (૨) પરાણે પૂરું થવું. (૩) મુશ્કેલીમાં આવવું

૬. સ્ત્રી. દબાણ. કામની બાબતમાં વપરાય છે.

૭. સ્ત્રી. નાણાંની તંગી; પૈસાની અડચણ; છૂટથી વાપરી ન શકાય તેવી ઘટ કે કમીપણું.

ભીંડમાં હાથ = હાથ વાપરવા પૂરતો છૂટો ન હોવો; હાથમાં ઓછપ હોવું.

૮. સ્ત્રી. કસામણ.

૯. સ્ત્રી. સંકડાશ; સપર્ધ

ભીંડકાવું (ભીંડકાવું) જ. ક્રિ. બંધ કરવું.

ભીંડભડક (ભીંડભડક) સ્ત્રી. ખૂબ ભીંડ; અત્યંત ઝિરદી.

ભીંડભડકા (ભીંડભડક્કા) સ્ત્રી. ભીંડ.

ભીંડભડાકા (ભીંડભડાક્કા) સ્ત્રી. ટોળે મળવું તે.

ભીંડભંજક (ભીંડભંજક) જિ. ભીંડ ભાંગે તેવું.

ભીંડભંજન (ભીંડભંજન) ૧. પું. પરમેશ્વર; મહાદેવ; ઈશ્વર; પ્રભુ.

૨. જિ. ભીંડ કે તંગી ભાંગી નાખનાર.

૩. જિ. મુશ્કેલી ટાળે તેવું.

૪. જિ. સંકટ વેળાનો સહાયક.

ભીંડભંજન મિત્ર (ભીંડભંજન મિત્ર) પું. દુઃખનો ભાંગનાર મિત્ર. ગાંધીજી હરિજન બંધુમાં લખે છે કે: મૃત્યુ જ્યારે આવે ત્યારે કુદરતની વ્યવસ્થામાં કલ્પ્યા ઉપરાંત ભરેલી બોજના છે એમ વિચાર કરતાં આપણને કેટલી નિરાંત વળે છે! માનવજન્મનો આ કાયદો આપણે સમજીએ અને મૃત્યુનું ભીંડભંજન મિત્રના જેવું સ્વાગત કરવા તૈયાર રહીએ તો આપણે જીવનની મડદપણભરી જંજાળમાં ન પડીએ અને દયાધર્મ છોડી બીજા જીવને ભોગે જીવવાની વાસના ન રાખીએ.

ભીડભંજની (ભીડ્‌ભંજની) સ્ત્રી. એ નામની એક શક્તિ; એક દેવી.

ભીડભાડ (ભીડ્‌ભાડ) [હિ] સ્ત્રી. ટોળું; માણસોનો જમાવ; ભીડ.

ભીડભાથી (ભીડ્‌ભાથી) વિ. ભીડ ભાંગનાર; બહાદુર.

ભીડભૂંગા (ભીડ્‌ભૂંગા) સ્ત્રી કૂચ કરતા લશ્કરનો સામાન.

ભીડવું (ભીડ્‌વુ) ૧. અ. ક્રિ. ઝપડો કરવો; ટટ્ટો કરવો. કજિયો કરવો; ભડવું; લડવું; ઝપડવું; ગૂંથવું.

૨. અ. ક્રિ. પેસી જવું; દાખલ થઈ જવું; ઘૂસવું.

૩. અ. ક્રિ. સંતાઈ રહેવું, સંતાઈ રહેવું અથવા

૪. અ. ક્રિ. હિંમતથી પેસવું; સાહસ કરવા જવું; ટક્કર ખાવી

કામ ભીડવી = (૧) જવાબદારીવાળું કામ માથે લેવું. (૨) હિંમત કરવી.

૫. સ. ક્રિ. અડી જવું, અડવું, ભેગું થવું.

૬ સ ક્રિ. ઘેરો ઘાલવો; ઘેરી લેવું.

૭. સ ક્રિ. ચોળવું.

૮. સ. ક્રિ. જોરથી ઓસવું; ખાંપવું; કસવું. તરવાર, કમર વગેરે માટે વપરાય છે.

૯. સ. ક્રિ. જોરથી શરીરને અડીને રહે તેમ પહેરવું; કસીને તંગ બાંધવું.

૧૦. સ. ક્રિ. ધરવું.

૧૧. સ ક્રિ. બાંધવું.

બાથ ભીડવા = ૧) ઝઘડવું. (૨) મરણિયા કરવી; સામનો કરવાની શક્તિ હોવી.

૧૨ સ ક્રિ. ભેટવું; દબાવવું; બાથમાં માથી છાતી સરસું ચાંપવું, અડિયવું; બાથ લેવું.

૧૩ સ ક્રિ. મિશ્ર કરવું; ભેળવવું.

૧૪ સ ક્રિ મૈથુન કરવું.

૧૫ સ ક્રિ વાસવું; બંધ કરવું.

૧૬. સ. ક્રિ. વાળી લેવું. જેમકે, આ રૂપિયો લો અને તેમાંથી ચાર આના મારજ્યા ભીડી લો

ભીડભીડા (ભીડ્‌ભીડા) સ્ત્રી. કચરાકચરી, ભારે ગિરદી, અતિશય ભીડ; ધક્કામુક્કી

ભીડા (ભીડા) ૧. વિ. ઉમર ચઢાવેલો માણસ.

૨. વિ. સાંઢવું

ભીડાઈ (ભીડાઈ) સ્ત્રી લશ્કરનું સામસામું અટકાવું તે.

લશ્કર ભીડાઈ = કજિયો, તકરાર.

ભીડાભીડ (ભીડાભીડ) ૧ સ્ત્રી. ગિરદી, અતિશય ભીડ, કચરાકચરી. ઘણી વસ્તુઓનું ભીંસાવું તે; જમાવ; સંકડામણ.

૨. સ્ત્રી લડાઈ; ભીડંભીડા.

૩. અ. લશ્કરમાં; લોકોમાં.

ભીડી (ભીડી) સ્ત્રી. ભીંડી. તેની ભાજના રેસા નીકળે છે.

ભીડુઆં (ભીડુઆં) વિ. ન. વ. બધું; ઝાઝાં.

ભીડુઆં મેમાન વારી ડાહીએ બરાય.

લોકગીત

ભીડો (ભીડો) ૧. પું. કરજનો બોજ.

૨. પું. કામનો ભરાવો.

૩. પું. ખોડનો તંગ.

૪. પું. બળતરમાં બદતો પાણો કાપીને બેસાડવો તે.

બે ડી ઘાલવો = ફાસ મારવી; વચ્ચે અડચણ નાખવી.

૫. પું. દુઃખનો બોજો.

૬. પું. માણસનો ભરાવો; ગિરદી

૭. પું. વળગો; કજિયો.

૮. પું. વીંટો વીંટલો

૯. પું સર્પનો મજબૂત આંટો

૧૦. પું. સારી રીતનો બંધ.

બીજો લેવો = મજબૂત બાંધવું; સખ્ત આંટો લેવો.

૧૧. પું. સીપરોઃ લાકડું પડી જતું અટકાવવા માટે પકડનાર સાધનઃ સુથારનું એક ઓજાર.

ભીડ્‌વવું સ. ક્રિ. પલાળવું.

ભીણી [સં.] સ્ત્રી. કર્ણિકા સ્વામીની અનુચર એક માતૃકા.

ભીત ૧. પું. અવસર; મોકો.

૨. [સં.] પું. એક જાતનો મંત્ર.

૩. પું. અટકાઈ.

૪. પું. વિલામ; ટુકડો.

૫. પું. સ્થાન.

૬. સ્ત્રી. આડશ; પડદો.

૭ સ્ત્રી કોઈ મુકામના રક્ષણ માટે ઈંટમાટીનું કરેલું ઊંચું અણતર; દીવાલ; ભીંત.

ભિત્તિ અને કુડ્ય એ બે નામ ભીતનાં છે. ભિત્તિ ઓલિખ છે અને કુડ્ય નપુંસકલિંગ છે.

અમરકોષ

૮. સ્ત્રી. ખોડ.

૯. સ્ત્રી. ભય; ભીતી; બીક; ડર.

૧૦ [સં. ભી (ભીવું) + ક્ત (એલું)] વિ ભીવું; ભય પામેલું; ડરેલું; બીક પામેલું.

ભીતકાર ૧. વિ ભયભીત; બીક પામેલું

૨. વિ. સુતાર; ચણિત.

ભીતચિત્ત ૧. [સં.] ન. બીકણ મન.

૨. વિ. બીકણ.

ભીતડી (ભીતડી) ૧. સ્ત્રી. ડરો.

૨. સ્ત્રી. ભીંત; દીવાલ; નાની આડચ.

ભીતભડકિયા (ભીતભડકિયા) પું.ન.વ. ભીંતમાં ફોડવાના ફટાકડા; ભોંતિયા.

ભીતભય [સં.] પું. બીકણની બીક.

ભીતભયચારક [સં.] વિ. બીકણની બીક નિવારનાર

ભીતભયચારણ ૧. [સં.] ન. બીકણની બીકનું નિવારણ.

૨. વિ. બીકણનો ભય ટાળનાર.

ભીતભયચારી જુઓ ભીતભયચારક.

ભીતભયસૂદન [સં.] પું. શિવ; શંકર; મહાદેવ

ભીતભીત ૧. વિ. અત્યંત ભય પામેલ.

૨. અ. ભીતાં ભીતા.

ભીતર ૧. ન. અંદરનો ભાગ.

ભીતરમાં = (૧) પરસાળમાં; રસોડામાં; અંદર. (૨) સેવામાં. આ શબ્દ વૈષ્ણવ સંપ્રદાયમાં મરજાદી લોકો વાપરે છે.

૨. ન. ઊંડાણ.

૩. ન. દિલ; હૈયું; કાળજું; મન; હૃદય.

ભીતર દાઝવું = મનમાં દુઃખ થવું; કાળજું બળવું; અંતઃકરણમાં લાગણી થવી.

૪. ન. રાણીવાસ; જનાનખાનું.

૫. વિ. અંદરનું; આંતરિક; અંદર.

૬. [હિં.] અ. અંતઃ મધ્ય; માં.

૧ ભીતર આવવું = અંદર દાખલ થવું.

૨. ભીતર થવું = સમાવેશ થવો.

ભીતરતીલ્લા સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

ભીતરની સ્ત્રી. ભીંત; દીવાલ.

ભીતરયા ૧. પું. કન્યા પક્ષ સાથે જમવા આવેલ મહેમાન.

૨. પું. અાનગી વાત બહાર પાડી દેનાર માણસ.

૩. પું. બ. વ. ઘરની અંદરના ભાગમાં જવાની છૂટ હોય તેવાં સ્ત્રી કે પુરુષ નોકર.

ભીતરલ્લા વિ. અંદરનું; ગુપ્ત; અાનગી.

ભીતરવાસી વિ. અંદર વાસ કરનાર; અંદર રહેલ.

ભીતરા ૧. વિ. ખેડાવાળ જ્ઞાતિના એ નામના એક ભેદનું.

૨. વિ. ઘરની અંદર કે જનાનખાનામાં જનાર.

ભીતરાઉ વિ. ભીતરનું; અંદરનું

ભીતરા ખેડાવાળ (ભીતરા ખેડાવાળ) ૧. જી. ખેડાવાળ વાલ્મનુની એ નામની એક પેટા જ્ઞાતિ ખેડાના ગુજ્જરો ભોજન આપવાની બંધ કરી તે લેવાની બંધ કરી જે ખેડાવાળ અંદર રહ્યા તે ભીતરા ખેડાવાળ કહેવાયા.
૨. જ. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું

ભીતરા બાહિરા ૧. વિ. અર્ધું અંદર અને અર્ધું બહાર હોય એનું.
૨. જ. અંદર અને બહાર હોય એમ.

ભીતરિયા ૧ પું. જ. જ. બંડવાવાળા.
૨ [હિ.] વિ. અંદર આવનું જાનું; અંદરનું કામકાજ કરનાર.
૩. વિ. અંદરનું

ભીતરિયું જ. અંતર; હૃદય.

ભીતરિયો ૧. પું. જનાનામાં કરવા ફરવાની છૂટ હોય તેવો વિશ્વાસુ નોકર.
૨. પું. વલ્લભ સંપ્રદાયમાં ઠાકોરજીનો મુખ્ય પૂજારી તે મંદિરની અંદર મૂર્તિની પાસે રહે છે.
૩. પું. વૈષ્ણવ મંદિરમાં પાણી ભરનાર.

ભીતરી [હિ.] વિ. અંદરનું; ગુપ્ત.

ભીતરી અર્થ પું. આંતરિક અર્થ; અંદરના અર્થ

ભીતરી કોષ પું. (શરીર) અંદરનો ખૂણો; આંતરકોષ; 'ઇન્ટીરિયર એંગલ'.

ભીતરી કાન જુઓ અંતરી કોષ

ભીતરી ચાલ જી. અંતરાલિસરણ; 'ઇન્ડોમ્રામાંસ'.

ભીતરી ટાંગ [હિ.] જી. એક જાતનો કુસ્તીનો દાવ. જ્યારે શત્રુ પીઠ ઉપર હોય ત્યારે અવસર મળતાં બેસાડી અંદરથી ટાંગ મારી વિપક્ષીને પાડી દે છે. એને ભીતરી ટાંગ કહે છે

ભીતરી માર પું. મર્મ મારવો એવો માર, ગુપ્ત માર.

ભીતરી મિતવ્યયતા [ભીતરી (અંદરનું) + મિત (માપસરનું) + વ્યય (ખર્ચ) + તા (પણું)] જી. ઘરનું સુસંગઠન અને સુવ્યવસ્થા; 'ઇન્ટર્નલ ઇકોનોમિકસ'.

ભીતરું જ. ભીતિવાળું; બીકવાળું; બીકણ.

ભીતવાન વિ. બીવેલું; ચોંકેલું.

ભીતહાર [સં.] વિ. ભયંકર.

ભીતા પું. ભીતરમાં વસનાર; અંતરમાં વસનાર; પરમાત્મા.
પિતા તજ, વ્રજ પ્રીપતિ,
રમણ કર્યું ભીતા જાત. સામળ

ભીતા ચાંપલી જી. દીવાલને અડીને મૂકવામાં આવતી ચાંપલી.

ભીતાગ્નિ [સં ભીત (ડરેલું) + અગ્નિ (સમુદ્ર)] જી. ત્રાસ પમાડેલ સમુદ્ર.
ભીતાગ્નિ આવી બાજનું અસુર.
અટવી તે રામ રહે અમોને. વિહારી

ભીતા સગડી (ભીતા સગડી) જી. ઓરડામાં ગરમી રહે તે માટે દીવાલમાં ખોડવામાં સગડી.

ભીતિ ૧. [સં જી. જોખમ.
૨. જી. દીવાલ.
૩. જી. ધ્રૂજારી; કંપ.
૪. જી. ભય, બીક; દહેશત; ડર, ધાસ્તી.
દોરી બીપી જનનીએ તુજ દોષણી બ્યા.
અમથી અંજનમાં નયને અપીરા,
નીચે મુખે તુજ દશા જાયબાવણી તે,
મ્હારાવતી મન ભીતિ પણ જેવી જીએ
જાયવપુષ્પાંજલિ
૫ જી. શંકા; સંદેહ; વહેમ.

ભીતિકર [સ] વિ. ભયંકર, ભયાનક

ભીતિકારી જુઓ ભીતિકર

ભીતિમસ્ત [સ વિ ભયમા પડેલ, ભયમાં ઘેરાયેલ.

ભીતિયાતિની [સ , જી નર્મદાના કાંઠા મંદનું એક નામ.

ભીતિજનક જુઓ ભીતિકર

ભીતિદર્શક [સં. ભીતિ (ભય) + દર્શક (બતાવનાર)] વિ. ગર ઉપરનાં તેનું, ચિહ્નકારનું.

ભીતિદા [સં.] જી. નર્મદાનાં કાંઠા મંદેનું એક નામ.

ભીતિપ્રદ [સં. ભીતિ (ભય) + પ્રદ (આપનાર)] વિ. ભયાનક, ભય પમાડનારું, કરામણું; ભયાનક; મુશ્કેલીવાળું

ભીતિપ્રદર્શક જુઓ ભીતિદર્શક

ભીતિપ્રદર્શન [સં. ભીતિ (ભય) + પ્રદર્શન (બતાવવું તે)] જ. ધમકી

ભીતિપ્રદર્શનવાક્ય [સં] જ. ધમકી.

ભીતિયુપીત જી. એ નામની એક રમતનું તલકામડો. તે પાટનપુર તરફ રમાય છે.

ભીતિરક્ષાકરી [સં.] જી. નર્મદાનાં કાંઠા મંદેનું એક નામ.

ભીતિરૂપા [સ જી. નર્મદાના કાંઠા મંદેનું એક નામ.

ભીતિવિધાન [સ.] જ. બિવડાવવાની ક્રિયા, ધમકી.

ભીતિવિહ્વલ [સં.] વિ. બીકથી ગભરાયેલું.

ભીતિસંચાર [સં.] પું. બીકનો પ્રવેશ; ભયદર્શન

ભીતિહર [સં. ભીતિ (ભય) + હર (હરનાર)] વિ. ભયને હરનાર.

ભીતિહા [સં. ભીતિહન્] પું વિષ્ણુનાં કાંઠા મંદેનું એક નામ
જે આત્મોચ્ચ અદિ અન્ય સમયમાં જે દુષ્ટમાયાપતિ,
જે જેસી દુષ્ટસંગ વિશ્વ સૃષ્ટ આ પાળે વહુ તે કરી;
જે પામી સ્વપ્નાવતો તણ અન્ય છે જેમ ભાયા મૂકા,
ભીતિહા સ્વરૂપે અન્યહીન કરિ તે મારા ખાને સદા.
આત્મવપુષ્પાંજલિ

ભીતી ૧. જી. ભીતિકાની એક અનુચરી કે માતૃકાનું નામ.
૨. [હિ.] જી. દીવાલ; ભીંત.

ભીતુ જ. મૃત્યુ; મરણ; મોત.

ભીનો પું. ભીનાશનો આરવટિયો; ચીકાશ; ભીંતે મૂત્રમાં આવતો ઊભો ટેકો; ભીંતમાં કે તેને અડીને બોરાયેલો ચામડો

ભીનોરી પું. જમીનમાંનું આપનાર બહાર ગામનો માણસ.

ભીત્યંતર જુઓ ભીત્યંતર.

ભીત્યંતર જ. ભીંતનું, આતકું; બે ઓરડા વચ્ચે માત્ર ભીંત હોય એવી સ્થિતિ.
ભીત્યંતરે ઘરી વહો નિવાસ,
ત્યાગી વસે તો જનનો વિનાશ. દલપતકાવ્ય

ભીન્નુ ૧. વિ. કાયર.
૨. વિ. ભયંકર.

ભીન ૧. પું. સવાર; પ્રાતઃકાળ.
૨. જ. મૃત્યુ.
૩. જ. ઊંધો દુષ્કાળ; અતિવૃષ્ટિ
૪. વિ અતિવૃષ્ટિવાળું, ભીનિયું.
૫. વિ. ભીનું

ભીનકવું ૧. અ. ક્રિ. કામનું અપૂર્ણ રહી જવું.
૨. અ. ક્રિ. ચણુંગણું કરવું, ચણુંગણવું; ખમણવું. માખીઓ માટે વપરાય છે.
૩. અ. ક્રિ. ઘૃણા ઉત્પન્ન થવી.

ભીનજાવ જુઓ ભિનજાવ.

ભીનમાલ જુઓ ભિનમાલ.

ભીનમાલી પું. એક જાતનો મગ.

ભીનમાળ જુઓ ભિનમાળ.

ભીનલાવરણી વિ. જી. ભીને વાન હોય એવી.

ભીનલું ૧. વિ. બઉલું; બહુ કાચું નહિ તેમ બહુ પોચું નહિ તેવું.
૨. વિ. રમામાં કાણાવાળું પડવું.

ભીનવર્ષ ન અતિશય વરસાદ પડ્યો હોય તેવું વર્ષ; વરસાદ સરેરાશથી વધારે થાય તે વર્ષ; અતિવૃષ્ટિવાળું વર્ષ.

ભીનવવું સ ક્રિ. ભીંજવવું; પલાળવું લીનું કરવું

ભીનવો વિ પું કાળાશ પડતો; ભીનેવાન હોય એવો

ભીના ૧. [હિ] પું. ભત્રેજો

૨. સ્ત્રી. ભીનું

૩. વિ. હલકું; આછું. તે રંગ કે ગંધ સ.થે વપરાય છે

ભીનાડું (ભીનાડું) ૧. ન. દાઢોડું

આ ભીનાડું હવે નથી ખમાતું ખાસમિત્ર

૨. વિ. ભીનું હોય એનું.

ભીનાશ ૧. સ્ત્રી. ભેજ; ભીનાપણું; આર્દ્રતા

૨. સ્ત્રી. ઠરદી.

ભીનાશભૂમિ સ્ત્રી. ભીનાશવાળી ભૂમિ; ભેજવાળી જમીન; 'માર્શ'.

ભીનાસુકું વિ. સહેજ સુકાય ત્યાં પાકું ભીનું કરવામાં આવે તેનું

ભીનિયું ૧. ન. અતિવૃષ્ટિવાળું વરસ.

૨. ન. તહેવાર.

નાતાલના ભીનિયામાં આપણે ચૌદણ ઉપર (પતવાના) સૈનિકો વડે લડાઈ લડાઈ રમવા. બળવંતરાય ઠાકોર

૩. વિ. અતિવૃષ્ટિવાળું.

ભીની આઇ સ્ત્રી. ઠરદીને ખુરસી ઉપર બેસાડી, નીચે ઊકળતા પાણીનું તપેલું રાખી, ઠરદીની આસપાસ જાડુ કપડું વીંટાળી ઉપર વરાળની અપાતી આઇ

ભીનું ૧. વિ. લાલું; ભેજવાળું; પલળેલું; આર્દ્ર; પાણીથી ભીંજાયેલ.

૧. ભીના મઉં દળવા = બહુ મહેનત પડે તેવું કામ કરવું; પૂરા પરિશ્રમનું કામ કરવું; મુશ્કેલીભર્યું કામ કરવું; બદલાના પ્રમાણમાં સખત વૈતરું કરવું; માત્ર દીલા થઈ જાય તેવું કામ કરવું.

૨. ભીનું સંકેલવું = રપષ્ટ ન કરવું; ગોબવટ ન કરવી; ટૂંકમાં પતાવવું; આંડવાળ કરવી; પતાવવું; કોઈ પણ કામ કે તપાસને આગળ વધતાં અટકાવવા અથવાયથી અટકાવી દેવા કે છુપાવવા.

૨ વિ. વરસાદવાળું; હવાયેલું.

૩. વિ રયામ; કાળું.

ભીનું ભટક (ભીનું ભટક) વિ. સાવ ભીનું; તદ્દન ભીંજાયેલ

ભીનુંસુકું જુઓ ભીનાસુકું.

ભીનેવાન વિ કાળાશ પડતું. ઘાટે રંગે હોય અવું. રયામ; બહુ ગોરું નહિ ને બહુ કાળું નહિ તેવું

ભીનેવાને અ રયામવર્ણે

ભીનો દુકાળ પું. અતિવૃષ્ટિને લીધે પડેલ દુકાળ

ભીનોવાન વું રયામ વર્ણ; બહુ ઉજળો નહિ તેમ બહુ કાળો નહિ એવો શરીરનો રંગ.

ભીનો શોક પું ઔષધિ નાખેલ બાળબાળતા કે શોકળના પાણીમાં કલાલીનના કટકા બોળી તેને નિચોવી તેનાથી કઠિવાળા ભાગ ઉપર કરવામાં આવતો શોક. કલાલીનનો શોક. પોટલીના અને એવા બીજા પાણીકામાં શોકને પણ ભીનો શોક કહેવાય છે.

ભીન્યા સ્ત્રી અતિ. તા.ન. ડર. ભય

તે ચમકાવિયા ગાહકાર ભીન્યા ઉપજવી ભાગવા. સ ગ્રન્થિ

ભીં-યું ૧ વિ. ભીંજેલું

૨ ક્રિ. રવ્યુપચ્ચ. તરબોળ.

ભીં-યુ રહેવું = રવ્યુપચ્ચ રહેવું

ભીમ ૧. [સં] પું. ભમાસુ વંશનો એક રાજા.

૨. પું. અગ્નિવેતસ

૩. પું. આંગિરસ અગ્નિ

૪ કું એ નામનો અક્ષર અક્ષરનો એક મંત્ર.

૫. પું. એ નામનો એક દાનવ

૬. પું. એ નામે એક ગંધર્વ.

૭ પું (સંગીત) એક જાતનો રાગ.

૮. પું. એક જાતનો હાથી.

અંકુશના પ્રહારથી જે ડરતો નથી એ ભીમ કહેવાય છે. એ રબ્દના સર્વ અર્થનો સાધક છે. યુક્તિકલ્પતરુ

૯. પું. ગુજરાતી ભાષાનો એ નામે એક કવિ. તે સિદ્ધપુરમાં ઈ.સ.ના પંદરમા સૈકામાં થઈ ગયેલ છે. અને તે ઔદીચ્ય ગોટ બ્રાહ્મણ હતો.

૧૦. પું. (પુરાણ) પૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર. તેને ભીમસેને માર્યો હતો

૧૧. પું. પરમેશ્વર

૧૨ પું. (પુરાણ) પાંચ પાંડવો એક પાંડવ; કુંતીનો બીજો પુત્ર; ભીમસેન. તે વાયુના સંયોગથી કુંતીના ગર્ભમાં ઉત્પન્ન થયો હતો. તે યુધિષ્ઠિરથી નાનો અને અર્જુનથી મોટો હતો. તે મોટો વીર અને બળવાન હતો. કહેવાય છે કે, જન્મ સમયે જ્યારે તે માતાની ગોદથી પડ્યો હતો, ત્યારે પથ્થરના ટુકડે ટુકડા થઈ ગયા હતા. તેનો અને દુર્યોધનનો જન્મ એક જ દિવસે થયો હતો. તેનું પેટ વડના જેવું હતું, તેથી તેને વૃકોદર પણ કહે છે. તે જમે તેટલો ખોરાક આનો તોલ્યુ તે પચાવી શકતો તેને બહુ બળવાન દેખી દુર્યોધને ઈર્ષ્યાને લીધે એક વાર તેને વિષ ખવરાવી દીધું હતું અને તે બેહોશ થઈ જતાં તેને લતા વગેરેથી બાંધી પાણીમાં ફેંકી દીધો હતો પાણીમાં સર્પો કરડવાથી તેનું પહેલું ઝેર ઊતરી ગયું અને નાગલોકે તેને અમૃત પાઈને અને તેનામાં દશ હજાર હાથીનું બળ ઉત્પન્ન કરાવીને તેને ઘેર મોકલી દીધો હતો. ઘેર આવી તેણે દુર્યોધનની દુષ્ટતાની બધી હકીકત બધાને કહી પણ યુધિષ્ઠિરે આ વાત કોઈને નહિ કહેવા તેને મના કરી અને પોતાના પ્રાણની રક્ષા માટે સદા ચેતતા રહેવા જણાવ્યું. કરી કોઈ વાર કર્યું અને શકુનિની મદદથી દુર્યોધને ભીમને મારવા વિચાર કર્યો, પણ તેમાં તે સફળ ન થયો. ભીમ મહાયુદ્ધમાં પારંગત હતો. જ્યારે દુર્યોધને લાક્ષાગૃહમાં પાંડવોને સળગાવી મૂકવા ચાંપ્યું હતું, ત્યારે ભીમને અગાઉથી સમાચાર મળી જતાં માતા અને ભાઈઓને સાથે લઈ તે નીકળી ગયો હતો. જંગલમાં જતાં હિડિંબની બહેન હિડિંબા તેના ઉપર આસક્ત થઈ. તે વખતે તેણે યુદ્ધમાં હિડિંબને માર્યો અને ભાઈ તથા માતાની આજ્ઞાથી તેણે હિડિંબા સાથે લગ્ન કર્યાં. તેના સંસર્ગથી તેને ઘટોત્કચ નામનો પુત્ર થયો હતો. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ સમયે તે પૂર્વ તરફ જંબૂદેશ સુધી દિગ્વિજય માટે ગયો હતો અને અનેક દેશ તથા રાજા ઉપર વિજય મેળવ્યો હતો. જ્યારે દુર્યોધને જૂગટામાં દ્રૌપદીને છેતરી અને ભરી સભામાં તેનું અપમાન કર્યું તેમજ તેને પોતાની જંઘા ઉપર બેસાડવા ઇચ્છ્યું, તે વખતે તેણે પ્રતિજ્ઞા કરી હતી કે, હું દુર્યોધનની તે જંઘા તોડી નાખીશ અને દુ.શાસન સાથે લડી તેનું રક્તપાન કરીશ. મહાભારતના યુદ્ધ વખતે કુરુક્ષેત્રમાં તેણે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું દુર્યોધનના બધા ભાઈઓને મારી દુર્યોધનની જંઘા તોડી નાખી હતી અને દુ.શાસનનું લોહી પીધું હતું. વનવાસમાં તેણે બધા જંગલી રાક્ષસો અને અસુરોને માર્યા હતા. અજ્ઞાતવાસમાં તે વિરાટ રાજાને ત્યાં વલ્લવ નામ ધારણ કરી રસોઇયા તરીકે રહેલ. જ્યારે કીચકે દ્રૌપદીની છેડતી કરી, ત્યારે તેણે તેને પણ માર્યો હતો. મહાપ્રસ્થાનને સમયે તે યુધિષ્ઠિરની સાથે હતો અને સહદેવ, નકુલ તથા અર્જુન એ બધા મરણ પામ્યા પછી તેનું મૃત્યુ થયું હતું. કહેવાય છે કે, ભીમે એક વખત સાત હાથી આકાશમાં ફેંકયા હતા. તે આજ સુધી વાયુમંડલમાં ફરતા રહે છે અને ત્યાંથી પાછા પૃથ્વી ઉપર આવ્યા નથી.

કયા ભીમ અને કયાં યુદ્ધો ? = અસમાન શારીરિક સંપત્તિ.

૧૨. પું. ભીકઃ ભય.

૧૪. પું. (જ્યો) ભયાનક રસ

૧૫. પું. મહારૌરવી આકારરૂપ મૂર્તિઃ મહારૌરવી આઠ માંહેની એક મૂર્તિ

૧૬. પું (પુરાણ) મુનીને પેટે થયેલા દૈત્યાચરનો મહેનો એક ગાંધર્વ. એને ભીમસેન પણ કહો છે

૧૭. પુ (જૈન) રાક્ષસ જાતના અનેર દેવોના બે માંહેનો એ નામનો એક ઇંદ્ર.

૧૮. પું. (પુરાણ) લંકામાનો રાવણના પક્ષનો એક રાક્ષસઃ કુંભકર્ણનો પુત્ર. તે રાવણની સેનાનો સેનાપતિ હતો.

૧૯. પું. (પુરાણ) વિદર્ભ દેશાધિપતિ એક રાજાઃ દમયંતીનો પિતા. તે બધા રાજા પર્યંત સંતતિ રહિત હતો. એક દિવસ દમન નામનો ઋષિ તેને ત્યાં આવ્યો. રાજાની બીજી ઉત્તમ પ્રકારે તેની સેવા કરી. તેથી ઋષિએ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યો કે, તને ઉત્તમ સંતતિ થશે ઋષિના મયા પછી યોગ્ય સમયમાં તેને એક કન્યા અને ત્રણ પુત્ર થયા. કન્યાનું નામ દમયંતી અને પુત્રોનાં નામ દમ, દાંત અને દમન રાખ્યાં. દમયંતી નળને પરણી હતી.

૨૦. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિષ્ણુ ભગવાનને ભીમ કહેવાય કે, કારણ કે તે ભયંકર સ્વરૂપ ધારણ કરનારા અને ભયાનક કામ કરનારા છે. તેમણે લીલાવતારમાં ઘણા ભયંકર રૂપ ધારણ કરી, ભયંકર કામ કર્યાં છે. વળી તેમનાથી સર્વ ડરે છે. મૃત્યુકાળે યમ સ્વરૂપ દેખાડીને જીવોને ભિવડાવનારા પણ તે જ છે. માટે વિષ્ણુ ભીમ કહેવાય છે.

૨૧. પું. (પુરાણ) સોરે મારેલો એ નામનો એક દૈત્ય

૨૨. પું. શિવા; મહાદેવ; શંકર; પશુપતિ; ભૂતેશ; વેદમાં વખાણેલું રુદ્રનું એક નામ.

ગંગાધર હર ગ્રહભર શશિભર શંકર ભામ;
સર્વ શંભુ શિવ **ભીમ** ભવ ભાર્ગ કામરિપુ નામ.
પિંગલપ્રકાશ

૨૩. પું. (જૈન) સાત મહેના એક પ્રકારનો રાક્ષસ તે સાત પ્રકાર આ પ્રમાણે છે: ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જલરાક્ષસ, રાક્ષસરાક્ષસ અને બ્રહ્મરાક્ષસ.

૨૪. પું. સાત્વતવંશી એક રાજા.

૨૫. પું. (પુરાણ) સોમવંશી ક્રોષ્ટુ રાજાના દોહરા યુધિનને રણતર્ફા નામની સ્ત્રીથી થયેલ પાંચ માંહેનો એ નામનો એક પુત્રઃ દુષ્યંતનો ભાઈ.

૨૬. પું. (પુરાણ) સોમવંશી પુરુરવાના પુત્ર નિજય રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર કાંચન રાજા હતો.

૨૭ સ્ત્રી. એક જાતની ખટારુવાળી ભાજી. સાતલેપી.

૨૮. સ્ત્રી એક જાતની માવડી.

૨૯. ન. (સિદ્ધ) એક પ્રકારનું ચતુઃશાલયુક્ત ત્રિભાગ ઘર.

જે ત્રિભાગ ઘરના મુખ ભાગના ત્રણ ભાગિયે ભોગ, તે ઘરની જમણી તરફ એક ભાગિદ ભોગ, તે ઘરનું મુખ દક્ષિણમા હોય તો તે ઘર **ભીમ** ઘર કહેવાય. રાજવલ્લભ

૩૦. ન. જળનું કારણ.

૩૧. વિ. ભિહામણું; વિકરાળ; ભયાનક; ભયંકર.

૩૨. વિ. ભારે; મોટું.

ભીમઅગિયારશ સ્ત્રી. એક સુદિ અગિયારશ આ એકાદશીનું નામ નિર્જળા એકાદશી છે. તેને ભીમઅગિયારશ પણ કહે છે. તેનું માહાત્મ્ય કરવા, કાર્તિકસ્નાનમાં નિરોધ છે. વરસની બાર એકાદશી ન થઈ શકવાથી ફળશ્રુતિ પ્રાપ્ત આનાર ભીમસેને આ એકાદશીનું વ્રત કરતા આચમની જેટલા જળ ઉપર કર્યું હતું, જે ઉપરથી આ એકાદશીનું નામ ભીમઅગિયારશ પડ્યું છે તે માટે એવી કથા છે કે: ભીમસેને એક દિવસે વ્યાસ ભગવાનને કહ્યું કે હે, પિતામહ ! યુધિષ્ઠિર, કુંતાજી, દ્રૌપદી, અર્જુન, નકુલ અને સહદેવ એઓ સર્વદા એકાદશીના દિવસે ભોજન કરતા નથી અને મને તે પ્રમાણે કરવા માટે ઉપદેશ કરે છે, પણ મારા પેટમાં વૃક નામનો અગ્નિ હોવાથી મારાથી ક્ષુધા સહન થતી નથી માટે ઉપવાસ વગર એકાદશીના વ્રતનું ફળ મળે એવો ઉપાય કહો. વ્યાસ ભગવાને કહ્યું કે, કળિયુગમાં વૈદિક ધર્મો તથા માનવ ધર્મો પૂર્ણ રીતે પાળી શકાતા નથી, માટે સ્વલ્પ પ્રયાસથી ઉત્તમ કલ્યાણના લાભ માટે એકાદશીઓનું વ્રત કરવું. એકાદશીને દિવસે અનાજનું ભોજન કરનાર દુર્ગતિને પામે છે. જો એકાદશી તારાથી ન થઈ શકે તો કૃષ્ણ પક્ષની કે મિથુન સંક્રાંતિમાં જેઠ માસના શુક્લ પક્ષની જે એકાદશી આવે છે તે વ્રત તો તારે કરવું તે દિવસે માસાહાર જળનું આચમન પણ ન લેતાં સૂર્યોદયથી બારસના સૂર્યોદય સુધી જલ પણ પીવું નહિ. તેથી બાર એકાદશીના ફળની પ્રાપ્તિ થાય છે એટલે નિયમપૂર્વક દ્વાદશ કરી સંકલ્પ કરવો કે એકાદશીને દિવસે આહાર તથા જળનો ત્યાગ કરીશ. આખો દિવસ વિષ્ણુનું ભજન, હરિકથાનું શ્રવણ તથા એકાદશીની કથાનું શ્રવણ કરવું. વળી હોમ અને બ્રાહ્મણોની સેવા કરવી. અસત્ય બોલવું નહિ. નીચ અને નાસ્તિકની સાથે સંભાષણ પણ કરવું નહિ. રાત્રિએ ઉત્સાહપૂર્વક જાગરણ કરવું. બારસને દિવસે સ્નાનાદિ નિત્ય ક્રિયા આટોપી, વિષ્ણુ ભગવાનનું પૂજન કરી, બ્રાહ્મણભોજન, ગૌદાન આદિ શક્તિ મુજબ આપી પછી પારણું કરવાં. ભીમસેને આ એકાદશીનું વ્રત તે મુજબ કરવાથી આ એકાદશીનું નામ ભીમઅગિયારશ પ્રસિદ્ધ થયું. લોકોની માન્યતા છે કે, સૂર્ય મંડલના મધ્યમાં પુરુષોની તથા સ્ત્રીની યાત્રાથી જે ફળ થાય છે તેથી અધિક ફળ આ નિર્જલા એકાદશીના ઉપવાસથી અને વ્રતથી થાય છે. આ એકાદશીએ કરેલ સ્નાન, દાન, જપ, હોમ, પૂજન તથા ભજન અક્ષયરૂપે રહે છે અને સુપાત્રે દાન કરવાથી સંપત્તિમાં વૃદ્ધિ થઈ મનની શાંતિ થવાથી પરમાત્માની પ્રાપ્તિના માર્ગમાં સુલભતા પ્રાપ્ત થાય છે.

ભીમક ૧. [સં.] પું. (પુરાણ) પાર્વતીના કેશમાંથી પેદા થયેલો એક ગણ.

૨. પું. રુક્મિણીનો પિતા.

૩. પું. (પુરાણ) વિદર્ભ દેશનો અધિપતિ; દમયંતીનો પિતા. એને ભીષ્મક પણ કહે છે.

ભીમકરાજ જુઓ ભીમક.

ભીમકર્મ ૧. [સં. ભીમ (ભયંકર) + કર્મન્ (કામ)] ન. ભયંકર કામ.

૨. વિ. ભયંકર કામ કરનાર.

ભીમકર્મા [સં. ભીમ + કર્મન્ (કામ)] વિ. પું. લોકોને ભય ઉપજાવે તેવાં જેનાં કર્મ હોય તેવો.

ભીમકર્મી ૧. વિ. પર કરી.

પાંચ જન્ય ઋષિકો દેવદત્ત ધનંજયે,
પૌંડ્ર કુંભો મહાશંખ **ભીમકર્મી** યુધિષ્ઠિરે
ગીતા

૨. વિ. ભયાનક કર્મ કરવાવાળું.

ભીમકાય ૧. [સં.] પું. સૂર્ય.

૨. વિ. ભીમસેન જેવા મજબૂત શરીરવાળું; વજ્રકાય.

૩. વિ. મહાન; પ્રબળ.

ભીમકી સ્ત્રી. (પુરાણ) રુક્મિણી.

ભીમકી પહાડી (ભીમકી પહાડો) સ્ત્રી હિમાલયની ઉત્તરે આવેલ એ નામની એક રેંજ.

ભીમકુમાર [સં.] પું. ભીમનો પુત્ર: ઘટોત્કચ.

ભીમકુમારી [સં.] સ્ત્રી. ભીમની પુત્રી દમયંતીઃ નળની પત્ની.

ભીમકુલ્યા [સં.] સ્ત્રી. નર્મદાને મળતી એ નામની નદી.

ભીમકુલ્યાસંગમ પું. નર્મદાને મળતી ભીમકુલ્યા નદીનો સંગમ. તે તીર્થરૂપ મનાય છે. નર્મદા

પંચાંગમાં કહ્યા છે કે: ભીમરૂપી શિવજીએ દૈત્યવધને માટે રેવો નો ત્રાસ થઈને આ તીર્થ સ્થાપન કર્યું. અહીં સોમનેશ્વર શિવ છે તથા માર્કંડેયે સ્થાપન કરેલ માર્કંડેયેશ્વર છે.

ભીમકુંડ ૧. પું. એ નામનો એક કુંડ. તે નર્મદાના દક્ષિણ તટ ઉપરના સમખારા સ્થાનમાં આવેલ છે.

૨. પું નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ અહાણી પાદમાંનો એ નામનો એક કુંડ.

ભીમકુંડી પાદ પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનો એક પાટ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: અહીં ભીમસેને પર્વત ઉપર ગદા મારીને કુંડ નિર્માણ કર્યો.

ભીમગજ [સં.] ન. રેવો અને રેવો વચ્ચેના સમ.મ પ્રસંગે મહાદેવજીએ રચેલાં આઠ પ્રકારના ભૈરવ યંત્રો માંહેનું એક યંત્ર. તેની સંભાર્ય અગિયાર હાથની હતી

ભીમગોડા (ભીમગોડા) પું. હરદ્વાર પાસે આવેલું એક તીર્થસ્થળ. હરદ્વારમાં આવેલ હરકો પેડીથી જે સડક હાકિશ લાઇ છે તે રસ્તામાં હરકી પેડીથી અઢી કલોમિટર દૂર ભીમગોડાનું મંદિર અને કુંડ છે. ભીમગોડાથી થોડે છેટે સમ સરોવર નામનું એક સ્થાન છે. પાછળથી ગંગાજી અલગ અલગ સાત ધારાઓમાં વહેતી આવે છે તે આ સ્થાને આવીને એક ધારા થઈ જાય છે, તે દૃશ્ય ખરેખર અદ્ભુત છે. સમસરોવરથી ગંગાજીની એક ધારા ભીમગોડાના કુંડમાં પડે છે અને બીજી તરફથી નીકળી મોટી ધારામાં મળી જાય છે. કહેવાય છે કે ગંગાજીના સ્વર્ગમાંથી ઊતર્યા બાદ ભીમને તેનું પથપ્રદર્શન કરવા માટે નિયત કરેલો હતો, એ વાતના પ્રમાણ રૂપે અહીં પત્થરમાં ૧૮ ફૂટની ગુફા છે. લોકો કે તે કુંતીની નીચે છે. એમ મનાય છે કે તે આકરમાત્ ભીમની ઠોકર વાગવાથી બની હતી તેથી તેનું નામ ભીમગોડા પડ્યું. અહીં સ્નાન કરવાનું ખરું માહાત્મ્ય છે.

ભીમચંડી [સં.] સ્ત્રી એ નામની એક દેવી

ભીમજાનુ [સં.] પું. યમની સભાનો એક રાજા.

ભીમજાનું પું (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

ભીમડે સ્ત્રી. ભમર

ભીમડી સ્ત્રી. પોપચું; પાંપણ.

ભીમડાં (ભીમડાં) ન બ. વ. નાનું બાળક મોં બીડી ઓઢ કહાડી ધૂંક ઉડાડે તેના જેવા.

ભીમડાં ઉડાડવાં ♦ મોં બીડી ઓઢ કહાડી ધૂંક ઉડાડવું.

ભીમડી (ભીમડો) ૧. પું. એક જાતના મોભા; ભીમડી જાતની પેદાશના મોભા.

૨. ન. મુંબઈ ઇલાકામાં થાણા જિલ્લાનું એક ગામ. લાંબી ગ્રેંજર વચ્ચસ્થાન છે.

ભીમડું (ભીમડું) ન. નાના બાળકથી ઉડાડાતું થૂક.

ભીમતા [સં.] સ્ત્રી. ભયંકરતા; ભયાનકપણું.

ભીમતાલ ન. નૈનીતાલ પાસે આવેલું ગંગા નદીનું એક સરોવર. તે શિવનું તળાવ મનાય છે. તે સરોવર હિમાલયમાં પણ પહાડોની વચ્ચે એક ખાડો બનેલાથી બનેલું છે, તેથી તે બહુ જ ઊંડું છે. પાણી સ્ફટિક જેવું નિર્મળ છે. સરોવરનો આકાર એક વાંકાચૂંકા ત્રિકોણ જેવો છે

ભીમતિથિ ૧. [સં.] સ્ત્રી. એક સુદિ અગિયારસ; ભીમઅગિયારસ.

૨. સ્ત્રી. માઘ સુદિ એકાદશી; ભીમસેની એકાદશી

ભીમથકી પું. એક જાતનો પોપો.

ભીમદર્શન [સં.] વિ. ભયંકર દેખાવવાળું; ભયાનક દર્શનવાળું

ભીમદશન ૧. [સં] પું. ભયંકર દાંત કે દાઢ.

૨. વિ. ભયંકર દાંત કે દાઢવાળું.

ભીમદુંદુભિહાસ [સં. ભીમ (ભયંકર) + દુંદુભિ (એક જાતનું નગારું) + હાસ (હસવું તે)] વિ. નગારાના અવાજ જેવા પ્રચંડ હસવાળું.

ભીમદેવ પું. ગુજરાતનો એક પ્રસિદ્ધ સોલંકી રાજા. તેણે સોમનાથ મહાદેવનું પથ્થરનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. મૂળરાજની પાદગીરીમાં અણહિલપુર પાટણમાં પણ તેણે મહાદેવનું મંદિર બંધાવ્યું. તેની રાણી ઉદયામતીએ પાટણમાં રાણીવાવ બંધાવી. મોઢેરાનું સૂર્યમંદિર પણ એ જ અરસામાં બંધાયું. ભીમદેવના મંત્રી વિમળશાએ આબુ પર્વત ઉપર બંધાવેલું આદિનાથ ભગવાનનું મંદિર આ સૌમાં ઉત્તમ કલાકારીગરીવાળું મનાય છે.

ભીમદેવી [સં.] સ્ત્રી. દુર્ગા.

ભીમદ્વાદશી [સં] સ્ત્રી. માઘ મહિનાની સુદિ બારસ.

ભીમધન્વા [સં. ભીમધન્વન્] પું. ભગવાન ધનુષ્ય લેનાર અર્જુન.

ભીમધ્વનિ [સં] પું. ભારે શોરબકોર; મોટો અવાજ.

ભીમનગર [સં.] ન. વિદર્ભ રાજ્યનું કુંડિનપુર નામે શહેર.

ભીમનાથ [સં.] પું. મહાદેવનું એક નામ; શંકર ભગવાન. આ મહાદેવનું મંદિર પોરબંદર જિલ્લામાં આવેલું છે. પાંડવો સૌરાષ્ટ્રમાં આવ્યા, ત્યારે આ પ્રદેશમાં મોટું વન હતું. મોટા ભાઈ યુધિષ્ઠિરને પૂજા કર્યા પછી અન્ન લેવાની પ્રતિજ્ઞા હતી. એક વાર પોતાને બહુ ઉતાવળ હોવાથી તેમ જ સંકલ્પનું સ્થાનક નહિ હોવાથી ભીમે એ પોતાની પાસેનો સોટકો ઊંચો વાળી મોટા ભાઈને બતાવ્યું કે પાસેના ભાગમાં શિવનું લિંગ છે. પછી મોટા ભાઈએ તેની પૂજા કરી અન્ન લીધું. કેટલાક દિવસ પછી ભીમે તેને ભારે દક્ષોક્ત બતાવી, પણ ત્યાં જઈ જુએ છે તો શિવનું લિંગ જોતાં ભીમ શરમાઈ ગયો. ત્યાં મોટી માનતાઓ ચાલે છે. એ જગ્યા નીચે ઘોડાં ગામો છે. મહંત અને પંચોના ભાગ જુદા કરેલા છે.

ભીમનાથનો ખૂટિયો = (૧) માતેલો માણસ. (૨) માનેલો સાંઢ.

ભીમનાદ ૧. [સં.] પું. પ્રલય વખતે ફેલાનારા સાત મહેનો એ નામનો એક મેઘ

૨. પું. ભયંકર અવાજ; ઘોર સ્વર; મોટો નાદ.

૩. પું. સિંહ

૪ વિ ભયંકર શબ્દવાળું

ભીમની સ્ત્રી. ભમરી; ભમ્મર.

ભીમનેત્ર ૧. [સં.] સ્ત્રી. પાંડવોની સેના. ભીમ તેનો આગેવાન હતો, તેથી તેને ભીમનેત્ર કહેવાય છે.

૨. ન. એક પ્રકારનું સૈન્ય.

૩. ન. ભયંકર આંખ.

૪. વિ. ભયંકર આંખોવાળું.

ભીમપરાક્રમ ૧. [સં.] પું. વિષ્ણુના હનુમાન માંહેનું એક નામ. તેમનું પરાક્રમ અસુરાદિઓને ભયનું કારણ હોય છે, તેથી તેમને ભીમપરાક્રમ કહેવાય છે.

૨. પું. શિવનાં હનુમાન માંહેનું એક નામ.

૩. વિ. ભયંકર પરાક્રમવાળું.

ભીમપરાક્રમા [સં] સ્ત્રી. નર્મદાનાં હનુમાન માંહેનું એક નામ.

ભીમપલાશ પું. (સંગીત) એ નામનો એક રાગ; ભીમપલાસી.

ભીમપલાસી ૧. પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો અને ત્રીજે પહોરે ગવાતો એ નામનો એક રાગ. તેના વાદી સંવાદી સ્વર મ સ છે

૨. સ્ત્રી. (સંગીત) હનુમત પ્રમાણે માલકોશ રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે સર્વ સ્વર હોય છે, પણ તેમાં કોમલ રિષભ તીવ્ર મધ્ય લે છે.

રિષભ અને સ્વર, પંચમ ન્યાસ સ્વર અને મધ્યમ વાદી સ્વર છે. આ ભાર્યા ધનાશ્રી, પૂરબી અને સિંધવી મિશ્ર છે.

ભીમપલાસી નીલમપટ પું. (સંગીત) એ નામનો એક રાગ

ભીમપુર [સં.] ન. વિદર્ભ રાજ્યનું મુખ્યપુર નામે શહેર.

ભીમફુલ્લ પું. એક જાતનો વડ અને પાંદડાં વગરનો છોડ

ભીમબલ ૧ [સં.] પું. એક જાતનો અગ્નિ

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૩. વિ. અપરંપાર બળવાળું

૪. વિ. સેના અથવા સામર્થ્યવાળું

ભીમભટ (ભીમભડ) પું. બહાદુર ભીમ; ભીમસેન ભીમ

ભીમમુખ [સં.] પું. એ નામનું એક જાતનું ઝાડ

ભીમમુ ૧. [સં.] સ્ત્રી. બળદની ઘન્ટા ફરતી ગોળ

૨. વિ. ભયંકરું

ભીમર [સ.] પું. યુદ્ધ.

ભીમરથ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ. તેને વિષ્ણુએ કૂર્મ અવતારમાં માર્યો હતો.

૨. પું. દશાર્હ વંશમાં થયેલ એ નામનો એક રાજા.

૩. પું. ધન્વંતરીના વંશનો એક રાજા.

૪. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૫. પું. (પુરાણ) ભારત યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

૬. પું. (પુરાણ) ભોજરાજ.

૭ પું. (પુરાણ) શ્રીકૃષ્ણનો એ નામનો એક પુત્ર.

૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના ક્રાત્યકુલોત્પન્ન કેતુમાન રાજાનો એ નામનો પુત્ર. તેનું ભીમસેન એવું બીજું નામ પણ છે. તેને દિવોદાસ નામનો પુત્ર હતો

૯. પું (પુરાણ) સોમવંશી વસુપુત્ર કોશળના વંશના જરાસમકુલોત્પન્ન દ્રઢ નામના રાજવંશમાં જન્મેલા વિભૂતિ અથવા વિમલ રાજાનો એ નામનો પુત્ર. તેને નવરથ નામનો પુત્ર હતો.

ભીમરથી ૧. સ્ત્રી. અત્યંત વૃદ્ધાવસ્થા.

૨. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી, સહ્યાદ્રિમાંથી નીકળેલી એ નામની એક પ્રાચીન નદી; હાલની ભીમા નદી

ગોદાવરી, ભીમરથી, નિર્વિન્ધ્યા, પયોષ્ણિકા, તાપી, રેવા વગેરે ભરતખંડની પવિત્ર નદીઓ છે. ભાગવતી આગમત

૩. સ્ત્રી. આયુષ્યના સત્તોતેરમા વર્ષના સાતમા મહિનાની અતિ દુસ્તર જણાતી સાતમી રાત્રિ. જેથી મનુષ્ય સંસારબન્ધનથી મુક્ત થઈ જાય છે.

૪. સ્ત્રી. વૃદ્ધાવસ્થાની મૂર્ખાઈ.

ભીમરા સ્ત્રી. ભીમા નદી.

ભીમરાજ ૧ પું એક જાતનો છોડ.

૨. [વિ.] પું. નેપાલ અને બ્રહ્માનમાં જોવામાં આવતું એ નામનું એક પક્ષી.

ભીમરાત્રિ જુઓ ભીમરથી ૩.

ભીમરાધી જુઓ ભીમરથી ૩.

ભીમરાવું અ. ક્રિ. આસપાસ ફરવું.

ભીમરેકા [સં.] સ્ત્રી. (પુરાણ) સત્રાજીતના મર્સથી ઉત્પન્ન થયેલ શ્રીકૃષ્ણની એ નામની એક પુત્રી

ભીમરો અ. નાના બાળકની હોડ પડે ધૂંધ ઉડાડવાની ક્રિયા; માંદગી આવવાનું નાના બાળકનું પૂર્વચિહ્ન.

ભીમરૂપ ૧. [સં.] ન. ભયંકર રૂપ.

૨. ન. ભીમ જેવું રૂપ.

ભીમરૂપા [સં.] સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ વિજાસક નામના પીઠસ્થાનમાં છે.

ભીમરૂલ [સં.] પું. મોટો ભમરો.

ભીમલ [સં.] વિ. ભયંકર.

ભીમલોચન ૧. [સં.] પું જૈનોનું એક તીર્થ તેની મૂર્તિ હિંગુલા નામના પંદરયાનમા છે.

૨. ન. ભયંકર આંખ.

૩. વિ. ભયંકર આંખોવાળું

ભીમવિક્રમ ૧. [સં.] પું ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૨. પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

૩. પું બહુમણ.

૪. વિ ભયંકર પરાક્રમવાળું

ભીમવિક્રાંત ૧. [સં.] પું. સિદ્ધ.

૨. [સં. ભીમ (ભયંકર) + વિક્રાંત (પરાક્રમી)] વિ. ભયંકર પરાક્રમવાળું

ભીમવિક્રાંતી [સં.] સ્ત્રી. સિદ્ધ.

ભીમવિગ્રહ ૧. [સં. ભીમ (ભયંકર) + વિગ્રહ (યુદ્ધ)] પું. ભયંકર યુદ્ધ.

૨. [સ. ભીમ (ભયંકર) + વિગ્રહ (શરીર)] પું. ભયંકર શરીર.

૩. વિ. ભયંકર યુદ્ધવાળું

૪. વિ. ભયંકર શરીરવાળું.

ભીમવિષ [સં.] ન. ભયંકર ઝેર.

ભીમવેગ ૧. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૨. પું. ભયંકર વેગ.

૩. [સં.] વિ ભયંકર વેગવાળું

ભીમવેગરથ [સં.] પું (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર

ભીમવેરા ૧ [સં.] પું. એ નામનો એક દાનવ.

૨. પું. ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૩. પું. ભયંકર વેર

૪. વિ. ભયંકર વેરવાળું.

ભીમશર ૧. [સં.] પું (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર.

૨. વિ. ભયંકર બાણવાળું

ભીમશંકર [સં.] પું. શંકરનાં બાર ભાઈનું એ નામનું આદ્યુ લિંગ. તે ભીમા નદીના મૂળ પાસે છે

ભીમશાસન ૧. [સં.] પું. ભયંકર શાસન કરનાર રાજા.

૨. પું યમ.

ભીમશૃંગી [સં. ભીમ + શૃંગ (શીંગડું) + ઇન્ (વાળું)] ન. એક જાતનું પ્રાણી.

ભીમસિંહ સ્ત્રી. એ નામની એક જાતની કેરી. તે નામ પ્રમાણે મોટી અને સ્વાદિષ્ટ થાય છે.

ભીમસેન ૧. [સં.] પું. કાર્તિકેયનું એક નામ.

૨. પું. (પુરાણ) જનમેજયનો એ નામનો એક પુત્ર.

૩. પું. કૈલાસપર્વત.

૪ પું. (પુરાણ) પાંડુ રાજાની કુંતી નામની પત્નિ સાથી થયેલા ત્રણ ભાઈનો બીજો પુત્ર; યુધિષ્ઠિરનો નાનો ભાઈ; ભીમ. તે વાયુના મંત્રપ્રભાવથી જન્મેલ હોવાને લીધે તેને વાયુપુત્ર પણ કહેતા. તેની આકૃતિ જન્મથી જ ભવ્ય અને બલાઢ્ય હતી. તેવી જ તેની અદ્ભુત પ્રતિમ હતી. આથી તેનો આહાર અતિશય હોવાથી તેનું વૃકોદર એવું નામ પડ્યું હતું. એટલે જેમ ૨૬ એટલે વરુનું પેટ દેખાવમાં નાનું હોય છે, છતાં તે આગળ જ ભરાય છે, તેમ આ

૧૬–ઉદર ભીમસેનનું હતું. તેને દ્રૌપદીથી સુતસોમ, હિડિમાથી ઘટોત્કચ, કાશીરાજસુતા જલધરાથી સર્વગત અને કાલી નામની એક સ્ત્રીથી સર્વગ અથવા સર્વગત એમ પુત્રો હતા. વપુપુત્ર હર્ષ તે હનુમાનનો જાર્હ ગણાય છે. દુર્યોધનને સાથળમાં ગદા મારી તેણે નિષ્પ્રભ કર્યો હતો, ત્યારે કૃષ્ણે તેને જિહ્વાપોથી એવું નામ આપ્યું. યુદ્ધના અંત પછી ધૃતરાષ્ટ્રે ભીમને મળવાની ઇચ્છા દર્શાવી. કૃષ્ણ તેનો ઇરાદો પળી ગયા, તેથી ભીમને અદલે લોખંડની મૂર્તિ ધૃતરાષ્ટ્ર સન્મુખ ખડી કરીને આ ભીમ છે એમ કહ્યું. ધૃતરાષ્ટ્રે મૂર્તિને ભાયમા ભર્યું કચડી નાખી. ભીમને બાહુબાલી અને બલાસમન્વિત પણ કહે છે.

૫. પું. ભીમસેની બરાસ; ભીમસેની કપૂર.

૬. પું. રાક્ષસી કદનું અને બળું બુભાગવું માણસ.

૭. પું. (પુરાણ) સોમવંશી અનશ્વપના પુત્ર પરીક્ષિતનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ પરિશ્રવા હતું.

૮. પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સોત્પન્ન અજિમન્યુપુત્ર પરીક્ષિત રાજાના ચાર ભાઈનો ત્રીજો પુત્ર અને જનમેજયનો ભાઈ.

ભીમસેના પું. રોવડા ચોરાશી મજબનો એ નામનો એક પેટા મજબ.

ભીમસેની ૧. પું. પ્રાચીન હિંદી કુસ્તીનો એ નામનો એક પ્રકાર. તે મહાભારતના અર્જિત બળવાન નાયક ભીમસેનની પદ્ધતિ ઉપરથી ચાલેલો હોય એમ મનાય છે. પંજાબી પહેલવાનો અને કર્ણાટકના વજ્રમુષ્ટિ પહેલવાનો આ પ્રકારની કુસ્તી લડે છે.

૨. પું. ભીમસેની કપૂર; બરાસ

૩. વિ. ભીમસેન સંબંધી; ભીમસેનનું.

ભીમસેની એકાદશી ૧. સ્ત્રી. જેઠ સુદિ અગિયારસ; નિર્જલા એકાદશી.

૨. સ્ત્રી. માહ સુદિ અગિયારસ.

ભીમસેની કપૂર ન. બરાસ કપૂર. તે બનાવવાની વિધિ નીચે પ્રમાણે છે: કપૂરના ચોસા કટકા લઈ તેને પાણીવાળા કરી, ધો, અક્કલકારા, એલચી, મોથ અને હીમજ એ પાંચ વસ્તુનું સમભાગે ચૂર્ણ કરી, તે ચૂર્ણ તાળાના ત્રાંસમાં પાથરી તે માથે કપૂરના બીના કટકા મૂકવા. તે ચૂર્ણ ઉપર બીજો એક પિત્તળનો વાટકો ઊંધો દાબી દેવો. આ વાટકાના મોંની અંદર ચૂર્ણ અને કપૂરના કટકા આવી જવા જોઈએ. ત્રાંસ અને પિત્તળના વાટકાના ઢાંકા જ્યાં અડતા હોય, ત્યાં સફેદ ચીકણી માટી પાણીમાં પલાળી તેની સાથે બરાબર કરી કે જેથી વરાળ કયાંયથી પણ નીકળવા પામે નહિ તે ત્રાંસની નીચે ચીનો દીવો કરવો ને પવન ન લાગે તેવી જગ્યામાં રાખવો. વાટકા ઉપર ટાઢા પાણીમાં ભીંજવેલ કપડું મૂકે રાખવું જેમ જેમ દીવાનો તાપ ત્રાંસને લાગશે, તેમ તેમ કપૂર ઊડીને વાટકાને તળે જમી જશે. વાટકો ઊનો થવાને લીધે કપડું કોરું થતું જાય, તેમ તેમ તે ઉપર પાણી છાંટતાં જવું એમ આઠ દશ કલાક સુધી રાખવું. પછી તે ત્રાંસ ઉતારી લઈ ધૂળ ખસેડીને વાટકો લઈ લેવો. વાટકામાં જે કપૂર જમી ગયું હોય, તેનું નામ ભીમસેની કપૂર. પછી તેનાં કપોટાં ભરી વડે ઊંચેડી એક શીશીની અંદર મરીના દાણા ની સાથે રાખી મૂકવાં. તે ઉપર ધૂળ તેમ ભેજ મારવું કે જેથી તે ઊડી ન જાય. કપૂર આખના રોગમાં અત્યુત્તમ દવા ગણાય છે.

ભીમસેની કર્પૂર જુઓ ભીમસેની કપૂર.

ભીમસેની બરાસ પું. એક જાતનો શુદ્ધ કરેલો સુગંધી કપૂર બરાસ. કપૂર, એલચી, સાકર, જેટી મધનો મોગ એ સરખે ભાગે લઈ એકત્ર કરી, ત્રાંસની થાળીમાં મૂકીને ઉપર કાચનો પ્યાલો ઊંધો ઢાંકવો અને પ્યાલા અને થાળીને બહેના લોટની કણકથી મજબૂત સાંધી બીનું મુખું ચારપડ કરી દાંકવું. ત્યાર બાદ તે થાળીની નીચે બીનો દીવો કલાક દોઢ કલાક કરવો. પછી ઠંડું પડવા દઈ પ્યાલો ઉપાડવો અને પ્યાલામાં ચોટેલો બરાસ ઉખેડી લેવો. આ પ્રમાણે શુદ્ધ અને ખોખ્બો બરાસ બને છે.

ભીમહાસ ૧. [સં.] પું. આકાશમાં પવનથી ગોકેલ કરતો તારો.

૨. વિ. સુતરનો કમઠો.

ભીમા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી, દુર્ગા દેવી. એનું સ્થાન હિમાલયમાં છે.

૨. સ્ત્રી. ચાબુક.

૩. સ્ત્રી. તે નામે એક નદી; ભીમરથી. તે સહ્યાદ્રિ પાટમાંથી નીકળેલી છે.

૪. સ્ત્રી. નર્મદાનાં કાંકર માટેનું એક નામ.

૫. સ્ત્રી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં જાતની એક જાતની નાની હોડી. તે ૪૦ હાથ લાંબી, ૨૦ હાથ પહોળી અને ૨૦ હાથ ઊંચી હતી.

૬. સ્ત્રી. રોગના નામનું એક ગંધદ્રવ્ય.

૭. સ્ત્રી. સાત હાથ લાંબી ધજા

૮. વિ સ્ત્રી. ભયંકર; ભીષણ.

ભીમાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબી, વાણિયા, મેમણ અને ખોજાની એ નામની એક અટક.

૨. સ્ત્રી. વાઘેરની એ નામની એક જાત.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪ ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. એ નામની જાતિનું.

ભીમા દેવી ૧. સ્ત્રી. એ નામની એક દેવી, તેનું સ્થાન હિમાલયમાં છે.

૨. સ્ત્રી. દુર્ગા દેવીની એક મૂર્તિ.

ભીમાભામ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, બે તગણ બે મગણ, બે રગણ અને ગુરુ મળી ૨૨ અક્ષર હોય છે અને ૪, ૭, ૪, ૭ અક્ષરો ઉપર યતિ એટલે વિસામો આવે છે

ચારે સાતે, ચાર સાતે વિરામે, ભીમાભોગે
મા ત તા મા મ સા ગે રણપિંગળ

ભીમાર્જુન પું. (પિંગળ) એ નામનો સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, રગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

ભીમાર્જને ત ર ગા. રણપિંગળ

ભીમાવર્ત્ત પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, બે નગણ, સગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.

ભીમાવર્ત્તે મ ભ ન ન સ ગ ર પદ મ.હે.
રણપિંગળ

ભીમાશંકર [સં.] પું. સ્વયંપ્રકાશી બાર જ્યોતિર્લિંગ માહેનું એ નામનું શિવનું એક લિંગ. તે ડાકિની વનપ્રદેશમાં છે. ભીમા નદી આંથી નીકળે છે

ભીમાષ્ટમી [સં.] સ્ત્રી. ભાદ્ર માસની સુદિ આઠમ.

ભીમાહારી [સં ભીમ (બળ) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] વિ. ભીમના જેટલું આહારી; ખૂબખાવું.

ભીમી [સં] સ્ત્રી. ભીમક રાજાની પુત્રી; દમયંતી.

તહાંપા આવી નેષધ આગળ ભીમીના ગુણ ગાએ.
આલણ

ભીમૂ [સિં.] પું. ભીમસેન.

ભીમેશ્વર ૧. પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ભારતવર્ષનું એ નામનું એક તીર્થ; શિવનાં બાર માહેનું એ નામનું એક લિંગ તે અત્યંત પવિત્ર માનવામા આવ્યું છે. નર્મદા પ્રમાત્રમા કહ્યા છે કે: આદિ યુગમા ચંદ્રવંશમા ભીમ નામે બહુ પ્રતાપી રાજા થયો, તેની પછી કુંતીપુત્ર ભીમ સુધી ત્રણ ભીમસેન

નામવાળા આ વંશમાં થયા. એક સમય આ રાજા મૃગયા કરવા ગયો. શિકાર કરતો કરતો તે નર્મદાતીર ઉપર પહોંચ્યો. સ્નાનદાનાદિ કરીને પોતાના સાથીઓ સહિત એક વટવૃક્ષની નીચે તે વિશ્રાંતિ લેવા બેઠો. તે સમયે પાણીની અંદરથી એક અત્યંત રૂપવતી સ્ત્રી અલંકાર નીકળીને રાજાની પાસે આવી. તે નર્મદા હતી. રાજાએ પૂછ્યું કે, તમે કોણ છો ? દેવીએ કહ્યું, હું શિવપુત્રી નર્મદા છું અને તારી સાથે વિવાહ કરવા ઇચ્છું છું. રાજાએ કહ્યું, આપનું સર્વ દેવો પૂજન કરે છે. હું તો મનુષ્ય છું. આપ આવી ઇચ્છા કેમ કરો છો ? નર્મદાજીએ કહ્યું, દેવોનું કાર્ય કરવાને માટે મારે સમય સમય ઉપર એવું જ કરવું પડે છે. આર્ય ધર્મ સ્થાપવા બાદ હું મારા પોતાના સ્થાન ઉપર આવી જાઉં છું. આ સમયે પણ આવું જ પ્રયોજન છે. રાજાએ સ્વીકાર કર્યો, પરંતુ નર્મદાના સમજાવવાથી રાજા વિવાહ કરવા સંમત થયો. પછી યથાવિધિ વિવાહ થયા. ધર્મરાજાના પ્રશ્ન ઉપરથી નર્મદાના વિવાહનું કારણ માર્કંડેય ઋષિએ આમ કહ્યું: એક સમયે દૈત્ય હિરણ્યકશિપુનો વધ નરહરિ પરમાત્માએ કર્યો. તેના પુત્રમાં પ્રહ્લાદ દૈત્ય થયો. તેણે ઘોર તપ કરીને બ્રહ્માજીને પ્રસન્ન કરી લીધા અને તેની પાસેથી સર્વત્ર સંચાર કરનારો રથ તેમ જ અસુર, નર એ સર્વનો પરાજય કરનારી શક્તિ પ્રાપ્ત કરી લીધી. પરંતુ અમરત્વ દેવાને બ્રહ્માજીએ ઇન્કાર કર્યો. બીજી કથા એમ છે કે: એક સમય શિવજીની પૂજા સર્વ દેવો કરવા ગયા. સર્વેએ પૂજા કરી. ત્યાં અગ્નિ પણ હતો. તેણે શિવજીની જમણી બાજુ બેસેલ નર્મદાજીને જોયાં. તે કામથી મોહિત થઈ ગયો આ વાત શંકરજીના ધ્યાનમાં આવી ગઈ. અગ્નિને શાપ આપ્યો કે, તારો મનુષ્યયોનિમાં જન્મ થશે. આ સાંભળીને અગ્નિએ શિવજીની સ્તુતિ કરી. ત્યારે શંકરજીએ કહ્યું કે, તું મૃત્યુલોકમાં રાજા ભીમને નામે વિખ્યાત થઈશ અને આ નર્મદા તારી સ્ત્રી થશે. તેના પેટથી તને એક પુત્ર અદ્ભુત જ પ્રતાપી, દેવતાઓનું કાર્ય કરનાર થશે. તે સમયે તારી મુક્તિ થઈ જશે. અમુક સમય વીતી ગયા પછી તેવું જ થયું અહીં બ્રહ્માજીના વરદાનથી ત્રૈલોક્યવિજય દૈત્યે દેવોને ભગાડીને અનાચાર કરવો શરૂ કર્યો. સર્વ દેવો બ્રહ્માજીને શરણે ગયા. બ્રહ્માજીએ ઉત્તર આપ્યો કે, મનુષ્ય પુરુષાર્થ દ્વારા સર્વ કાર્ય કરી શકે છે. પુત્ર વગેરેના દ્વારા નહીં. આ દૈત્યનો વધ નર્મદાપુત્ર કરશે. આ છોકરો વરબ્રહ્મપુત્ર પુષ્કર ક્ષેત્ર આવશે ભીમ રાજાને ત્યાં ઉત્પન્ન થશે. આ વાત સાંભળીને દેવતા તપ કરવા ચાલ્યા ગયા. અમુક કાળ પછી ભીમ રાજાથી નર્મદાને પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ દુરત્યય રાખ્યું. આ છોકરે પોતાની સોળ વર્ષની અવસ્થામાં નર્મદાતીરે તપ કર્યું. શંકરજીએ તેની ઇચ્છા પ્રમાણે દૈત્યનો વધ કરવાની શક્તિ પ્રદાન કરી. પછી નર્મદાપુત્રે સોદ્યિતપુર જઈને પ્રહ્લાદના પૌત્ર ત્રૈલોક્યવિજયનો વધ કર્યો આ તીર્થમાં કરેલ બધાં કર્મ સફળ થાય છે અને શિવલોકની પ્રાપ્તિ થાય છે એમ કહેવાય છે. આ તીર્થની નજીકમાં અર્જુનેશ્વર આવેલ છે. ૨ ન. આંધ્ર રાજ્યની સરહદ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

ભીમેશ્વરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ નર્મદા પર્યાયમાં કહ્યા છે કે: એક સમયે મુદ્ગલ વગેરે ઋષિઓએ ભીમવન નામે રોકાવત કરીને શંકરજીને પ્રસન્ન કરી લીધા. પ્રસન્ન વરદાનપ્રાપ્તિને સમયે શિવજીની પૂજા કરી ત્રિનેત્રજીએ કહ્યું કે, હું અહીં રહીને સર્વ કર્મનાં ફળ આપ્યા કરીશ. ભીમવત કરનારાઓ ઇચ્છિત ફળ પામે છે. આમનો અપનું માહાત્મ્ય છે. ૐકારનું ધ્યાન કરવાથી મુક્તિ મળે છે. ચૌદશ ને રવિવારે બ્રાહ્મણભોજન, ઘૃતદાન અને ઘૃતદીપક કરવાથી કરોડગણું ફળ મળે છે.

ભીમેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન ભીમામાં છે.

ભીમેંદ્ર [સં. ભીમ + ઇંદ્ર] પું. (જૈન) રાક્ષસ નિકાયના દક્ષિણ વિભાગના ઉપરનું નામ.

ભીમૈકાદશી [સં. ભીમ (એક પાંડવ) + એકાદશી (અગિયારસ)] પું. ભીમઅગિયારસ.

ભીમોત્તર [સં.] પું. કુષ્માંડ; કોળું.

ભીમોદરી [સં.] સ્ત્રી. દુર્ગા.

ભીમ્રાથલી પુ. એક જાતનો ધોધો.

ભીયા ૧. પું કુળદેવીનો ઉપાસી; કુળધર્મ જેવી નિષ્ઠાવાળો પુરુષ.

૨. પું. પુરુષ; મરદ.

૩ પું. બાઈ; આસામી.

આ ભીયા પરથારો દમયંતીને. પ્રેમાનંદ

ભીર ૧. પું. એક જાતનું છાપરું; ભમરો] મધમાખ.

૨. સ્ત્રી. ઝટ; સંકટ; વિપત્તિ.

૩. સ્ત્રી. દુઃ; ગિરદી; ભીડ.

૪ સ્ત્રી. મદદ; સહાયતા.

૫ [હિં.] સ્ત્રી. મુસ્કેલી; તકલીફ.

૬. વિ. કરપોક; બીકણ; ડરપોક.

૭. વિ. ડરેલું; ભયભીત.

ભીરક ૧. પું. આખરૂ; શાખ.

૨. પું. ભૂલ.

૩. પું મૂંઝવણ; ગભરાટ.

૪. પુ. રખડવું તે; રઝળાટ.

૫. પું. શંકા; વહેમ.

ભીરકી ૧. વિ. રેખાવ કરે એવું.

૨. વિ. ભરકર; અભિમાની.

૩. વિ. કંકાશીલ.

ભીરયા સ્ત્રી બીક; ભય.

ભીરલીઆડ (ભીરલીમાડ) ન. એક જાતનું તાડનું ઝાડ. તેને બેરવજટા અથવા અડથી કોપરીનું ઝાડ પણ કહે છે. તેમાંથી તાડી કાઢે છે. એમાં કુલની સાથી જટાઓ નીકળે છે. એનાં ફળ અર્ધી સોપારી જેવાં હોય છે.

ભીરા ૧ [હિં.] પું. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. બીક.

૩ વિ. ડરપોક; કાયર.

ભીરાઈ ૧. સ્ત્રી. રબારીની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું મહાજન.

૩. વિ. એ નામની જાતિનું.

ભીરાંડી (ભીરાંડી) સ્ત્રી. કજ્જા તરફ રમાતી બોર્ડરાની એક દેશી રમત.

ભીરિરી સ્ત્રી. એક પક્ષી.

ભીરી સ્ત્રી. ગિરદી; ટોળું; જથ્થો.

ભીરુ ૧. [સં.] પું. એક જાતની શેરડી.

૨. પું. બિલ્લો; બેજ.

૩. પું. વાઘ.

૪. પું. શિયાળ.

૫. સ્ત્રી. છાયા.

૬. સ્ત્રી. નાનો અને કાંટાવાળો એક જાતનો છોડ.

૭. સ્ત્રી. બારી

૮. સ્ત્રી. બીકણ સ્ત્રી.

૯. સ્ત્રી ભોંયરીંગણી.

૧૦. સ્ત્રી. ક્ષતપાદિકા વનસ્પતિ.

૧૧. સ્ત્રી. શતાવરી.

૧૨. ન. ચાંદી.

૧૩. વિ. બીકણ; ભયશીલ; નિર્માલ્ય; રોતલ; કરપોક; કાયર; નામર્દ; કરજ્જુ.

ભીરુક ૧. [સં.] પું. એક પ્રકારની શેરડી.

૨. [હિં.] પું. પુરુષ.

૩. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ ભદુવા નામના પીઠસ્થાનમાં છે.

૪. પું. રીંગ.

૫. પું. વાઘ.

૬. પું. સિયાળ.

૭. ન. અરપત.
૮. ન. ચાંદી.
૯. વિ. ડરપોક; કાયર; બીકણ.
૧૦. વિ. જાપવાળું.
૧૧. વિ. કારમાળ.

ભીરુકમ્બ [સં.] પું. એ નામે એક દેશ.

ભીરુચિત્ત ૧. [સં.] ન. બીકણ મન.
૨. વિ. બીકણ મનવાળું.

ભીરુજૈત ૧. [સં. ભીરુજેતસ્] પું. મૂત્ર.
૨. વિ. ભયભીત મનવાળું; બીકણ મનવાળું.

ભીરુતા ૧. [સં.] સ્ત્રી. બીકણપણું; ભયશીલતા.
૨. સ્ત્રી. ભય; બીક કરવા દહેશત.

ભીરુત્વ જુઓ ભીરુતા.

ભીરુપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શતમૂલી.

ભીરુપત્રી જુઓ ભીરુપત્રિકા.

ભીરુપ્રકૃતિ ૧. [સં.] સ્ત્રી. બીકણ સ્વભાવ.
૨. વિ. બીકણ સ્વભાવવાળું; બીકણ; કાયરમાણ.

ભીરુદંષ્ટ્ર [સં.] પું. ચૂહો; ઉંદર.

ભીરુસ્થાન [સં. ભીરુ (બીકણ) + સ્થાન (જગા)] ન. બીકણનું સ્થાન.

ભીરુસુતા [સં.] સ્ત્રી. તાજી વિયાયેલી ગાય.

ભીરુસ્વભાવ જુઓ ભીરુપ્રકૃતિ.

ભીરુહૃદય ૧. [સં.] કું. કાયર.
૨. ન. બીકણ હૃદય.
૩. વિ. બીકણ હૃદયવાળું.

ભીરૂ [સં.] સ્ત્રી. બીકણ સ્ત્રી.

ભીરૂઅલો સ્ત્રી. ખોખિયું નામની એક દેશી રમત.

ભીરૂહૃદય જુઓ ભીરુહૃદય.

ભીરે [હિ.] અ. પાસે; નજીક; સમીપ.

ભીરે અ. કોઈને મારતો અટકાવવા માટે વપરાતો એક શબ્દ.

ભીલ ૧. પું. કેટલ લોકોનો મુખ્યત્વે કાઠવાનો ધાંધો.
૨. પું. રાની પ્રજાનો માણસ.
૩. સ્ત્રી. એ નામની પ્રજાતિ મનાતી એક આદિવાસી જાતિ; કિરાત; કોળી; કાઠકરમ. પશ્ચિમ હિંદમાં નર્મદાની ખીણમાં, ગુજરાતમાં, પંચમહાલ અને સુરત જિલ્લામાં ભીલ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. તે અતિ પ્રાચીન છે, કારણ કે રામાયણમાં પણ રામચંદ્રજીએ શબરી ભીલડીનાં બોર આપ્યાનો ઉલ્લેખ છે. આર્યો ભારતવર્ષમાં આવ્યા ત્યારે ભીલોએ તેમના આક્રમણ સામે બહુ વિરોધ કર્યો હતો, પણ છેવટે તેમને જંગલનો આશ્રય લેવો પડ્યો હતો. એક એવી દંતકથા છે કે, પાર્વતીજી, જે ભીલપુત્રો હતાં, તેમના પાંચ ભાઈઓ એક વાર શંકર ભગવાન પાસે ગયા. મહાદેવજીએ તેમને આદર આપી આવવાનું કારણ પૂછ્યું તેમણે કહ્યું કે, તમે હજી પાર્વતીજીનો દેવ એટલે લગ્નપ્રસંગે કન્યાના બાપને આપવાની રકમ ચૂકવેલ નથી તે લેવા અમે આવ્યા છીએ. મહાદેવજીએ કહ્યું કે, મારા પાસે કંઈ આ નંદી છે તે લઈ જાઓ, પાછે જ્યારે નંદી લઈને પાછા ફર્યા. રસ્તામાં પાર્વતીજી મળ્યા. તેમણે કહ્યું કે, આ નંદી બરાબર સાચવજો. તેમાંથી તમને પણ દોલત મળશે. ઘેર ગયા પછી એક ભાઈએ પાર્વતીએ કહેલ તેનો શબ્દાર્થ સમજી નંદીને મારી તેમાંથી દોલત મેળવવાનો વિચાર કર્યો. બીજા ભાઈઓને આ ન રુચ્યું, પરંતુ તેણે તેનું માન્યું નહિ અને નંદીને મારી નાખ્યો. નંદી મરી ગયો, પણ દોલત મળી નહિ. પાર્વતીજીને આ વાતની ખબર પડતાં ગુસ્સે થયાં અને કહ્યું કે, મારા કહેવા નો અર્થ એ હતો કે, નંદીનો ઉપયોગ તમે એનીમાં કરજો એટલે તમને સારી દોલત મળશે, પણ તમે તો તેને મારી નાખ્યો. તમે છો તેવા જ દરિદ્ર રહેજો આથી ભીલો હજુ સુધી ગરીબ જ રહ્યા છે. આ પ્રજા પોતાની જાત પ્રત્યે વફાદાર હોય છે. સ્વભાવે અને મોટેરાં તરફ તેઓ સન્માનવૃત્તિ ધરાવે છે. ઓછો કદી આક્રમક બાબતો નથી પણ મોટેરાંની લાજ કાઢવાની પ્રથા છે. ભીલ સ્ત્રીઓ મહેનતુ. વફાદાર માતા અને પુરુષ જેટલી સ્વતંત્ર સ્વભાવની હોય છે. આ કોમ ઑર્ગેનાઇઝ્ડ હોવાને કારણે તેમાં અનેક પંચોમો પ્રવર્તે છે. તેમનામાં વ્યસનો પાર વગરનાં છે. એ લોકો દેવામાં જન્મે છે ને દેવામાં જ મરે છે. આખે જ આજે સેંકડે એક દાખો ભણેલાનો કે સદ્ધો કરનારાનો નીકળે. એમની સમાજરચના દયાજનક છતાં રમૂજી અને ચિંતનપ્રેરક છે. કેટલાક સમૂહમાં રહે છે. ભીલોનું જીવન ઝૂંપડામાં વીતે છે. ખાપરાનું ખોખું પ્રથમ સામટું બનાવે છે. પછી એ માળખામાં વાંસ જડી, માટીની મોર કરે છે. ભીલોનું નિવાસસ્થાન ભીલવાસમાં હોય છે. ભીલ લોકોની માલમિલકતમાં એક બળદ બે બળદ, ઘોડી લેંસ અથવા ગાય, ઘોડાં બકરાં અને સંખ્યાબંધ મરઘાં હોય છે. હથિયાર તરીકે તીરકામઠાં તેઓ રાખે છે રાત્રરસોલામાં જવાની ઘંટી, વાંસની બનાવેલી ટોપલી, ઘોડાં માટીનાં વાસણો, રબારી અને પાણીનાં મટકાં હોય છે. હિંદુના પરિચયમાં આવેલ ભીલોએ હિંદુના રીતરિવાજ સ્વીકાર્યા છે. તેઓ ડાકણ, ભૂત, પ્રેત વગેરેને બહુ માને છે. તેઓને મંદિર કે દેવળ હોતાં નથી, પણ માતાના મઢ હોય છે. તેઓને પૂજનવિધિ કરાવનાર પોતાના જ ખાસ ગોર હોય છે. ચંદને તેઓ પૂજ્ય ગણે છે. દરેક ગામમાં ગ્રામ્યદેવતા હોય છે. આ ગ્રામ્યદેવતાને સિંદૂરનું અર્ચન કરે છે અને તેમને માનતા ચડાવે છે. ભીલોની લગ્નપ્રથા રસપ્રદ હોય છે. ઘણા પ્રસંગમાં વર અને વહુનાં માતાપિતા તેમના સંબંધ આપે છે. માતાપિતાનાં પસંદ કરેલ લગ્નથી કંટાળેલા આપમેળે પણ સબંધ આપે છે આવાં જોડાઓ થોડા દિવસ અદલબદલ થઈ જાય છે અને પછી પતિપત્ની તરીકે જાહેર થાય છે. વર પક્ષને કન્યા પક્ષવાળાને જ્ઞાતિના રિવાજ મુજબ નાણાં ભરવાં પડે છે અને ભરપાઈ પછી જ્ઞાતિની રસમ મુજબ અને જાજડાથી લગ્ન થાય છે ભીલ યુવાન નાણાં ભરવા અશક્ત હોય અને લગ્ન કરવા ઇચ્છતો હોય તો તે યુવાનને તેમના મુકરાને ત્યાં નક્કી થયેલ વર્ષો સુધી રહી તેનું કામ કરવું પડે છે. પછી કન્યાનો હક્ક તેને સોંપવામાં આવે છે. કન્યા વર કરતાં નાની હોવી જરૂરનું નથી. છૂટાછેડા સહેલાઈથી મળી રહે છે ભીલ જાતિ સ્વાતંત્ર્યપ્રિય છે. તેમનામાં મુક્તનો ઘણો રિવાજ છે. પૂનમની રાતે યુવકો અને યુવતીઓ પહાડી અવાજે ગીતો ગાતાં મસ્ત થઈ નાચે. આવા પ્રસંગે એકબીજા પ્રેમમાં પડે. પછી એકબીજાને લગ્નનું કહેણ મોકલે અને સૌ મિત્રો વર્ષ દાડાની મહેફિલ ઊડાવે એટલે લગ્ન પતી જતાં, પરંતુ હાલમાં કન્યાના બાપને દેવ તરીકે કપિલા આપવા પડે છે. કુમારિકા સમજ્યા થાય તો પુનર હિંદુ સમાજની માફક તેની દુર્દશા થતી નથી. કન્યાને તેના પ્રિયતમનું નામ પૂછવામાં આવે છે અને ઘણુખરું તો બંનેનાં લગ્ન થઈ જાય છે. પણ કદાચ પુછાય ના પાડે, તો કોઈની સાથે તેને પરણાવી દેવામાં આવે છે. પેટું બાળક લગ્ન કરનાર સ્વીકારી લે અને સમાજમાં બિલકુલ તિરસ્કારને પાત્ર બનું નથી. ભીલસમાજમાં બહુખરું મૃત દેહને દફનાવવામાં આવે છે. શબને ગરમ પાણીથી સ્નાન કરાવીને કબરસ્તાનમાં લઈ જતા પહેલાં મોંમાં થોડો સોપારી ભરત અને રૂપાનાણું મૂકે છે. હાથમાં પણ પૈસા મૂકે છે. કબ્રસ્તાનમાં લઈ જતાં અધે રસ્તે વિસામો હોય છે, ત્યાં શબને નીચે મૂકી, એક પથ્થર તેને માથેથી ઉતારીને નાખુએ મૂકે છે. આ પથ્થર પાસે મૃત દેહના જૂનાં કપડાં, વાસણ વગેરે મૂકે છે. મૃત દેહનો આત્મા આ પથ્થરથી આગળ ન આવે તેવા પ્રતિબંધક ઉપાય તરીકે મૂકવામાં આવે છે.

બહેલા ભીલ શબ્દને કહનાવાને બદલે કોતર હિંદુ સમાજની માફક અભિદક્ષ બને છે. ભીલો કેટલીક બાબત રમતો રમે છે. તેમોનું બાણ ઝેરવાલ હોય છે. લક્ષ તેમજ અન્યુ પ્રસંગ તેમો હોય બનાવે છે. ભીલમાં કુલ બેતાલીસ અટક છે. જુદી જુદી અટકમાં તેમો લગ્ન કરે છે, પણ સગોત્રી લગ્ન કરતા નથી. ભીલોનો પૂર્વઇતિહાસ બહુ મળી આવતો નથી, તેઓ કોલેરિયન વંશજ હોવાનું મનાય છે. હિંદુસ્તાનના અગ્નિકોણમાંથી આવી તેઓ પ્રથમ ગંગા જમના વચ્ચેના પ્રદેશમા વસ્યા હોવાનું કહેવાય છે. ભીલ શબ્દ દ્રાવિડ શબ્દ મનુષ્ય ઉપરથી આવ્યો હોય એમ જણાય છે. તેઓ આ રાજ્યનો છૂટથી ઉપયોગ કરે છે નથી તે નામ પડયુ હતું. ભીલો બહુ કાળા નહિ તેમ બહુ સુંદર નહિ એવા છે. પુરુષવર્ગ બાણ રખવે છે અને બાળ લઈ ચાર તો બહા સુધી પહોચે છે. દરેક આદમી દાઢી રખાવે છે. ભીલનો સામાન્ય પોશાક પાઘડી, ટૂંકો કોટ અને ધોતી હોય છે. સ્ત્રીવર્ગ ઘેરદાર પાઘરી અને ચોલી પહેરે છે. સ્ત્રીઓ કંઈક ઘરેણાં પસંદ કરે છે. સ્ત્રીઓ અને પુરુષો બંને ચાંદી, પિત્તળ અને કાચના દાગીના પહેરે છે.

૪. સ્ત્રી. ખાંટની એ નામની એક અટક.

૫. સ્ત્રી. તળાવની સુકાઈ ગયેલી માટી.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. ન. એ નામની જાતનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

૯. વિ. એ નામની જાતનું.

ભીલડી (ભીલ્લડી) ૧. સ્ત્રી. ભીલ જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. ભીલની સ્ત્રી.

ભીલડીનાં ઘોર = ભીલડીએ અર્પણ કરેલ ઘોરના જેવી પણ ઘણા જ ભાવથી આપેલી તુચ્છ ભેટ.

ભીલનાચ ૧. પું. એક પ્રકારનો નાચ.

૨. પું ભીલ લોકોનો નાચ.

ભીલની સ્ત્રી. ભીલડી.

ભીલનૃત્ય ન. ભીલનાચ.

ભીલપુરંદ્રી [સં] સ્ત્રી. ભીલની સ્ત્રી; ભીલડી.

ભીલભૂષણ [હિ.] સ્ત્રી. ગુંજા.

ભીલવા ન. એક જેરી ફળ; ભિલામુ. તે બજાવવામાં દાહક, ખાવામાં ઉષ્ણ, લોપક અને પૌષ્ટિક છે. તેમાંથી નીકળતું તેલ બજાવવાથી રક્તપિત્ત કોળ વાદળી ઉંદરની ચર્બી જેવા છે અને તેના ઉપર નાના મોટા ફોલ્લા ઊઠે છે. ભિલામુ ખાવાથી તેમજ તેનો પુમાડો લેવાથી અથવા તેલ લગાવવાથી કેટલીક વાર તે ઊઠે છે એટલે તે ફૂટી નીકળે છે, એટલે શરીર સૂજી આવે છે, લાલ થાય છે અને તેના ઉપર ફોલ્લા ઊઠે છે. ભિલામું ઊઠે ત્યારે તેના ઉપર ટોપરું ખાવા અથવા છે તેમજ ગ્રેપરેલ તેમજ આંબલીનું પાણી લગાડાય છે. ભિલામું ખાનાર માણસે તડકામાં તેમજ અગ્નિ પાસે બેસવું નુકસાનકારક મનાય છે.

ભીલવાડો (ભીલવાડો) પું. ભીલથી વસાવેલો હતો; રાજરાજ્ય.

ભીલવાડા સ્ત્રી. ભીલનાં બાળકોને અભ્યાની નિશાળ.

ભીલવારી સ્ત્રી. ભીલનાં ઝૂંપડાંનો સમૂહ.

ભીલાખસ સ્ત્રી. પીળા રંગના પરવાળા ફોલ્લા ઊપસે અને રસી નીકળે તેવી અસ.

ભીલાડ (ભીલાડ) ૧. સ્ત્રી. ગોપરાની આજુબાજુના પ્રદેશમા વસતી એ નામની એક કોમ

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું

ભીલામીગોટી સ્ત્રી. એ નામની એક જાતનું નગિયું.

ભીલાળા ૧. સ્ત્રી, અર્ધા ભીલ અને અર્ધા રજપૂત જેવી એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

ભીલિયું વિ. વાંકા નીચાં શીંગડાંવાળું.

ભીલી ૧. સ્ત્રી. એક પ્રકારની ઘેંસ. તેનાં શીંગડાં જમીન તરફ નમેલાં હોય છે.

૨. સ્ત્રી. ગોળની ચાકી; ગોળની સુરણ જેવા આકારની ચાકી.

૩. સ્ત્રી. ભીલ લોકોમાં ભોજાની બાબત.

૪. વિ. ભીલ લોકો સંબંધી; ભીલને લગતું; ભીલનું.

ભીલુ ૧. [સં.] સ્ત્રી. ભીલ્લ સ્ત્રી; ભીલ.

૨. વિ. ભીરુ; કરપોક; ભીલ્લ.

ભીલુક ૧ [સં.] પું. રીંછ; ભલ્લુક.

૨. વિ. ભીરુ; ભીલ્લ.

ભીલું ૧. ન. ગોળની ચાકી; પાંચ કે દસ શેર ગોળનો ગોળાકાર જથ્થો.

૨. ન. ભમરું; શરીર ઉપર બાજવાથી રોમથી ઊભરી આવતું ચાકું.

૩. ન. ખૂજલાવણી.

૪. ન. ભેરુ.

૫. વિ. નીચે નમેલ શીંગડાંવાળું.

૨ બાળક સોંગાત, એક ઈ બળે ન રીંગાતાં હતાં, મરતે રા'ખેંગાર, આજ અમનાં બીલાં વઈ ગ્યાં
ઝોરી સા.હિત

૬. વિ. વાંકું.

ભીલુ ૧. સ્ત્રી. ભીલ્લ સ્ત્રી; ભીરુ.

૨. વિ. ભીલ્લ.

ભીલુક જુઓ ભીલુક.

ભીલોડી (ભીલોડો) વિ. ભીલ સંબંધી.

ભીલોરી સ્ત્રી. એ નામની એક બોલી. તેમાં હ તથા ખનો ભેદ નહિ જેવો છે.

ભીલ્લાંજી સ્ત્રી. ભિલામાનું બી.

ભીલ્લલ્લ સ્ત્રી. ભીલ જાતિની સ્ત્રી; ભીલડી.

ભીવ [હિ] પું. ભીમ; ભીમસેન.

ભીષ ૧. [હિ.] સ્ત્રી. ખેરાત.

૨. સ્ત્રી. ભીખ.

ભીષક ૧. [સં.] પું ગુપ્ત પશુપૈદનો એ નામનો એક ઋષિ.

૨. વિ ભયકારક.

૩. વિ. ભયકર; ભીષણ.

ભીષણ ૧. [સં.] વિ. આઠ માઠેનો એ નામનો એક જોરદ, જબરદસ્ત તેનું પીઠબળ છે.

૨ પું. એક જાતનું ઝાડ; કુંકુરુક વૃક્ષ.

૩. પું. કબૂતર; હોલો.

૪. પું. (પુરાણ) ભગાસુરનો એ નામનો પુત્ર. પાંડવોના અશ્વમેધનો ઘોડામહર્યું અશ્વ ફરતાં ફરતાં તેના નગર સમીપ આવી પહોંચ્યો. તેને મેદોહા પુરોહિતની અનુમતિથી તેણે પકડ્યો, કારણ આગે તેના પિતાને માર્યો હતો. પછી અર્જુન અને તેનું યુદ્ધ થયું. તેમાં અર્જુને એને માર્યો.

૫. પુ. બ્રહ્મા.

૬. પું. (કાવ્ય) ભયપાક રસ; ભયાનક રસ.

૭. પું. મહાદેવ; શિવ; શંકર.

૮. પું. રાક્ષસ.

૯. પું શેરાઈ પ્રાણી.

૧૦. પું. હોળી.

૧૧ પું. હિંતાલ વૃક્ષ

૧૨. ન. (સિદ્ધ) ઉત્તર તથા પશ્ચિમે અભિદ અને અંદર બે પાટલા હોય એવું ચાર રતંભોવાળું ઘર

ક્ષય ઘરમા એક બટ્ટાકે નાખવામા આવે તો તે ભીષણ ઘર થાય
રાજવલ્લભ

૧૩. વિ. મોટ.

૧૪. વિ. દારુણ.

૧૫. વિ. ભયાનક; બિહામણું; ડરામણ; ભયંકર.

કામ ક્રોધાદિ ચારે છે આતરશત્રુ ભીષણ,
હતી રક્ષામ જો એ તો આજ ભયો ટળે બધા.
ભાષીગીત

૧૬. વિ. મોટું.
૧૭. વિ. પુષ્કળ; બહુમાન; 'મિલિટ'.
ભીષણક જુઓ ભીષ્ણ.
ભીષણકાય [સં.] વિ. મોટા કદનું; મોટા શરીરવાળું, ભયંકર દેખાવનું.
ભીષણકાર વિ. ભયંકર દેખાવનું
ભીષણતા [સં.] સ્ત્રી. ભયાનકતા; ભયંકરપણું.
ભીષણા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડનું એક નામ.
ભીષણી સ્ત્રી. એ નામની સીતાની એક સખી.
ભીષણેશ્વરી [સં] સ્ત્રી. નર્મદાના કાંઠાનું એક નામ.
ભીષન જુઓ ભીષ્ણ
ભીષમ જુઓ ભીષ્મ.
ભીષા ૧. [સં] સ્ત્રી. નર્મદાના કાંઠાનું ઝાડનું એક નામ
૨. સ્ત્રી. ભય; બીક; ડર; દહેશત.
૩. સ્ત્રી. ભય પમાડવાની કે ભયંકરાવવાની ક્રિયા.
ભીષિત [સં.] વિ. ભય પમાડેલું
ભીષ્ણ ૧. [સં.] પું. (કામ) ભયાનક રસ.
૨. પું. રાક્ષસ.
૩. પું. રુદ્ર; મહાદેવ; શિવ.
૪. પું. (પુરાણ) શાંતનુ રાજાથી ગંગાને ઉદરે જન્મેલ. આઠ વસુનો એ નામનો સૌથી નાનો પુત્ર; ગાંગેય; દેવવ્રત. બ્રહ્મચર્ય વ્રતના પ્રભાવ વડે એ દેવ સરખો દેદીપ્યમાન દેખાતો, તેથી તેને દેવવ્રત પણ કહેતા. ગંગા એને ગર્ભને ગંગામાં સમાવતાં હતાં. ગંગાએ એને ઉછેરી, મોટા કરી, બૃહસ્પતિ પાસે ચારે વેદ તથા ધનુર્વેદ ભણાવ્યા. ઉંમર થયે એને પોતાનાં અસ્ત્રશસ્ત્ર આપ્યાં. પછી એને શુક્ર તથા પરશુરામ પાસે ધનુર્વિદ્યા ભણાવીને એની બોંતેર વર્ષની વયે ગંગાએ શાંતનુને પાછા સોંપ્યા. ભીષ્મનું નામ તો દેવવ્રત હતું, પણ તેની ભયંકર પ્રતિજ્ઞા ઉપરથી ભીષ્મ કહેવાયા. એક વખત શાંતનુ રાજા નદીકિનારે ફરતા હતા, ત્યારે મત્સ્યગંધા અથવા સત્યવતી નામે ધીવરની એક કન્યામાં મોહ પામ્યા. ધીવરે કહ્યું કે, જો મારી પુત્રીના પુત્રને રાજ્ય મળે, તો હું મારી કન્યા તને આપું. આ વાતની ભીષ્મને ખબર પડતાં તેણે જિંદગી પર્યંત બ્રહ્મચારી રહેવાનું પણ લીધું. શાંતનુને મત્સ્યગંધાથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એવા બે પુત્ર થયા. જ્યારે શાંતનુ મરણ પામ્યા, ત્યારે ભીષ્મે પોતાના જોરમાન ભાઈ ચિત્રાંગદને અને એના મરણ પછી વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યા. વિચિત્રવીર્ય મરણ પામ્યા પછી સત્યવતીએ ભીષ્મને કહ્યું કે, રાજ્યગાદી નિર્વંશ જશે, માટે લગ્ન કર. પણ પ્રતિજ્ઞાપાલક ભીષ્મે ના કહી. પછી સત્યવતીના કહેવાથી ભીષ્મે વ્યાસને તેડાવી ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કરાવ્યા. એ ત્રણેને ભીષ્મે ઉછેરી મોટા કર્યા ને પરણાવ્યા. પાંડુ રાજા કહેવાતા, પણ સઘળો કારભાર ભીષ્મ કરતા. સૌ સોનાં કર્મ સૌ ભોગવશે એમ સમજી કૌરવોના દુરાચાર તેઓ સાંખ્યા કરતા. યુદ્ધમાં ભીષ્મ જોકે પાંડવોનો જય ઇચ્છતા હતા, તોપણ કૌરવોના પક્ષમાં રહ્યા હતા. એવું યુદ્ધને આરંભે કેટલીક નીતિ પાળવા વિષે બોધ દીધો હતો. પાંડવકૌરવના યુદ્ધ વખતે કૌરવોના સેનાધિપતિ ભીષ્મ થયા હતા. પ્રત્યેક દિવસે દસ સહસ્ર રથી મારવા એ નિયમ પ્રમાણે ભીષ્મને યુદ્ધ કરતાં નવ દિવસ થઈ ગયા જોઈને દુર્યોધને તેને કહ્યું કે, તમે મન દઈને યુદ્ધ કરતા નથી ત્યારે ભીષ્મે કહ્યું કે, કાલે જો શિખંડી મારી સામે નહિ આવે, તો હું પૃથ્વી નિષ્પાંડવી કરીશ. આથી તે દિવસે અર્જુન શિખંડીને આગળ કરીને તેની સામે યુદ્ધ કરવા ગયો અને એનું ધનુષ્ય બાણ વડે ભારી કાપ્યું એ વખતે દક્ષિણાયન હોવાથી તે બાણશય્યા ઉપર સૂતા અને ઉત્તરાયણ વર્તતાં સુધી તેમણે પ્રાણ ધારી રાખ્યા સૂતા પછી ભીષ્મે પાણી માગ્યું. ત્યારે અર્જુને ભૂમિમાં બાણ મારી, પાતાળગંગાનો ઓમ કાઢી, એની ધારા એના મુખમાં બાણ એવું કર્યું. પોતાના સ્વજનોની ઉત્તરક્રિયા કર્યા પછી પાંડવો ભીષ્મનાં દર્શને ગયા, ત્યારે ભીષ્મે બાપ, નારદ વગેરે ઋષિઓ જે બાણશય્યાને વીંટળાઈ બેઠા હતા તેના સમક્ષ યુધિષ્ઠિરને રાજધર્મ, મોક્ષધર્મ આદિ ધર્મો વિષે બોધ કર્યો. પછી ઉત્તરાયણ થયે ભીષ્મ પોતાનો દેહ છોડી પોતાની પૂર્વગતિને પામ્યા. એણે કોઈ દિવસ યુદ્ધમાં પીઠ દેખાડી નથી ને કોઈ પણ પ્રસંગે નીતિનું ઉલ્લંઘન કર્યું નથી. અસ્ત્રશસ્ત્રવિદ્યામાં એને અર્જુન કરતાં વિશેષ ઉત્કર્ષણ બતાવી કહીએ તો ચારે ને બ્રહ્મવિદ્યામાં તો એ ઋષિ જેવા જ હતા. મરણકાળે તેનું વય ૯૮૮ વર્ષનું હતું તે સત્યથી ભારતમાં કહ્યું મળતું નથી, પરંતુ દોઢાબારસેથી તેમનું વય બમણાથી અધિક હતું એમ અનુમાન છે. વળી કહેવાય છે કે, ૧૭૫ વર્ષની ઉમરે ભીષ્મ એક જુવાનની માફક યુદ્ધ કરતા હતા.
૫. સ્ત્રી. નીતિઓ માહેની એ નામની એક.
૬. ન. ભીષ; ભય.
૭. ન. મહાભારતના અઢાર માંહેનું એ નામનું એક પર્વ
૭ વિ. કારમું; આકરું
૮ વિ. ભયંકર; ભીષણ; ભયાનક; દારુણ.
૯. વિ. ભીષ્મ જેવું બળવાન.
૧૦. વિ. મોટું.
ભીષ્મક ૧ [સં.] પું. દમયંતીનો પિતા; ભીમક રાજા.
૨. પું. (પુરાણ) ભોજકોટ નગરીનો રાજા. તેણે દક્ષિણ દિશા જીતવા મોકલેલ સહદેવ સાથે જે દિવસ સુધી જબરું યુદ્ધ કર્યું હતું.
૩. પું. (પુરાણ) વિદર્ભ દેશનો એ નામનો એક રાજા. તેની રાજધાની કુંડિનપુર હતી. તે રાજાને રુક્મિણી નામે પુત્રી અને ૫ કમી, રુક્મરથ, રુક્મબાહુ, રુક્મકેશ અને રુક્મમાલી એમ પાંચ પુત્રો હતા. રુક્મિણીનું લગ્ન કરી કૃષ્ણ તેને પરણ્યા હતા.- આ ભીષ્મકનું હિરણ્યરોમા એવું બીજું નામ પણ હતું.
૪. પું. (પુરાણ) શાંતનુ રાજાથી ગંગાને ઉદરે જન્મેલ એ નામનો એક પુત્ર; ભીષ્મ.
ભીષ્મકનંદન [સં.] પું ભીષ્મક રાજાનો પુત્ર.
ભીષ્મકનંદિની [સં] સ્ત્રી. ભીષ્મક રાજાની પુત્રી; રુક્મિણી.
ભીષ્મકર્મ ૧. [સં. ભીષ્મ + કર્મન્ (કામ)] ન. બહુ મોટું કામ; કોઈ ન કરે એવું મોટું કામ.
૨. ન. ક્રિત્ર ઉદ્દન કરવું તે.
ભીષ્મકસુતા [સં.] સ્ત્રી. ભીષ્મક રાજાની પુત્રી રુક્મિણી.
ભીષ્મકેશવ [સં.] પું. કાશીમાં આવેલી કેશવની મૂર્તિ.
ભીષ્મગંધક [સં.] પું. એક જાતનો કૃષ્ણકોઢ.
ભીષ્મજનની [સં. ભીષ્મ + જનની (માતા)] સ્ત્રી. ગંગા તે ભીષ્મની માતા હતી
ભીષ્મજીવનયોગ [સં.] પું. જીવનમાં આદરેલ મહાન યોગ
ભીષ્મનેત્ર ૧. [સં. ભીષ્મ + નેત્ર (નેતા)] સ્ત્રી. કૌરવની સેના. તેના અગ્રણી ભીષ્મ હતા, તેથી તે ભીષ્મનેત્ર કહેવાય છે.
૨. ન. એક પ્રકારનું સૈન્ય.
ભીષ્મપણ [સં.] ન. બહુ મોટી પ્રતિજ્ઞા.
ભીષ્મપર્વ [સં. ભીષ્મપર્વન્] ન. મહાભારતનાં અઢાર માંહેનું એ નામનું એક પર્વ.

ભીષ્મપંચક ૧ [સં] ન. કારતક સુદિ અગિયારસથી પૂનમ સુધીના પાંચ દિવસ દરમિયાન કરાતી ધાર્મિક ક્રિયા.

૨ ન કારતક સુદિ અગિયારથી પૂનમ સુધીના પાંચ દિવસનો સમૂહ.

ભીષ્મપંચકવ્રત [સં.] ન. કાર્તિક સુદિ અગિયારસથી પૂનમ સુધીનું પાંચ દિવસનું વ્રત. તે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતામહને કહેલું છે. આ વ્રત પાંચ દિવસ કરવાનું હોઈ તેનું એવું નામ છે.

ભીષ્મ પિતામહ જુઓ ભીષ્મ ૪.

ભીષ્મ પ્રતિજ્ઞા ૧. [સં.] સ્ત્રી ભીષ્મ પિતામહના જેવી દૃઢ પ્રતિજ્ઞા, આકરી પ્રતિજ્ઞા. બહુ મોટું પણ. ૨ સ્ત્રી ભીષ્મની પ્રતિજ્ઞા.

ભીષ્મ બદ્રિ [સં.] ન. હિમાલયની ઉત્તરમાં આવેલો એક જાતનો સફેદ રેતાળ પત્થર કે બદ્રિ. તે ભારણ કરવાથી બહુ શુભ થવાનું માનવામાં આવે છે

ભીષ્મમાતા [સં. ભીષ્મ + માતૃ (માતા)] સ્ત્રી. ગંગા; ગંગા નદી; ભીષ્મની માતા.

ભીષ્મમુક્તિપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ભીષ્મ યુદ્ધ [સં] ન. ભારે લડાઈ; મહાભારત સમરાંગણ

ભીષ્મ રત્ન [સં.] ન હિમાલયથી ઉત્તરના દેશમાં ઉત્પન્ન થતું એક જાતનું હલકું રત્ન.

ભીષ્મવ્રતધારી [સં. ભીષ્મવ્રતધારિન્] વિ. ઉગ્ર વ્રત ધારણ કરનાર.

ભીષ્મસૂ [સં. ભીષ્મ (ભીષ્મ પિતામહ) + સૂ (જન્મનાર)] સ્ત્રી. (પુરાણ) ગંગા. ભીષ્મને જન્મ આપનાર હોવાથી આ નામ પડ્યું છે.

ભીષ્મસ્વરરાજ [સં] પું. એક જાતનું નામ.

ભીષ્માચાર્ય [સં] પું. કુટુંબવડા; ગોત્રપતિ; કુલપતિ.

ભીષ્માષ્ટમી [સં. ભીષ્મ + અષ્ટમી (અષ્ટમ)] સ્ત્રી. ગંગાજીના પુત્ર ભીષ્મ પિતામહના સ્વર્ગવાસ થયેલ જોવાથી માહ સુદી આઠમ સુધીની આઠમ. આ દિવસ ભીષ્મના દેહત્યાગનો હતો.

ગંગામાં ભીષ્માષ્ટમીને દિવસે સ્નાન કરવાથી ઘણું પુણ્ય થાય છે. ભગવદી ગોમંડલ

ભીસકીટ સ્ત્રી. બિસ્કિટ

ભીસભ [વિ] પું. ભીષ્મ.

ભીસરાં ન ન. બ. ઝાઝા દિવસ હજામત નહિ કરાવવાથી મોઢે વધેલી હજામત.

ભીસવું ૧. સ કિ. નિચોવવું.

૨. સ કિ. ભગાડવું; પીસવું.

ભીસાણ ૧. ન. કચરાકચરી.

૨. ન ઘણા માણસો ભેગા થવાથી બની આવેલ કે સર્જાયેલ

૩. ન. દબાણ.

ભીસો પું ભારડો; ભીમરો; ભાંખટ.

ભીસ્ત ન. જન્નત; સ્વર્ગ

ભીસ્મસિયો પું. પુરુષની જનનેંદ્રિય.

ભીહટ (ભીષ્ટ) જુઓ ભીસાણ.

ભીહર (ભીહર) ૧. સ્ત્રી રોહિલખંડમા રહેતી એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ભીંગ ૧. પું. કાચ

ગાલગોળ ભીંગ હોય તે ચિત્રોને જોવાં ગમે છે અને અંતર્ગોળ ભીંગ ચિત્રોને વિકૃત કરે છે. ત્રિભોવન શાહ

૨. સ્ત્રી. એક જાતની માછલી; મોટાળા જાતની માછલી

ભીંગગિલોડી (ભીંગગિલોડી) સ્ત્રી એક જાતનો સાપ. તે ગોહની પેઠે દીવાલો, નદી કે ઢોળાવનાં ખાડા ઉપર અડર બાંધતી હોય છે. તેનાં પાન જુદા જુદા આકારનાં અને નાના નાનાં હોય છે. તેને દૂધ પીતા જોવે છે

ભીંગડું (ભીંગડું) ૧. ન. છાલ; ફોતરું; સખત ઝાડુ, પોપડો.

૨. ન. છોડ; ઘૂમડું સુકાઈ ગયા પછી ઉપર બચતુ સૂકું ટોપકું; ભિંડું.

૧ ભીંગડું ખેરવાં-પાડવાં = ખૂબ મારવું; ખૂબ ઠમઠોરવું.

૨ ભીંગડું વાવું – ઘૂમડું, ફોદલો વગેરે મટી જઈ તેના ઉપર રોઝો વળવો; નવી ચામડી આવ્યા પહેલાં પોપડો વળવો.

૩. ન. પ્રમાણ; " રકેલ ".

ભીંગરાડિયા (ભીંગરાડિયા) ૧. સ્ત્રી. મોહિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું.

ભીંગારી સ્ત્રી. (કચ્છી) ભમરી.

ભીંગારો પું. (કચ્છી) ભમરો.

ભીંગી ૧. [વિ.] પુ એક જાતનો ઝીણો ભમરી, ભૂંગી.

૨. પું ભમરો.

ભીંચ ૧. સ્ત્રી. ઓળખાણ, સંકડામણ.

ભીંચ કરવી = આનાકાની કરવી.

૨. સ્ત્રી. દબાવવું તે

ભીંચરિયા ૧ સ્ત્રી. રોબવા કાઠીની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ પેટા જાતિનું માણસ

૩. વિ. એ પેટા જાતિનું.

ભીંચવું ૧. સ. કિ. દબાવવું.

૨. સ કિ. બંધ કરવું; મીંચવું. આંખ માટે વપરાય છે

ભીંછ ૧. ન. એક જાતનું હિંસક વનપશુ.

૨. ન નોકર; સેવક; દાસ

ભીંછાં (ભીંછાં) ન. બ. ઘ. મીંઢરાં.

ભીંછરું વિ. ભૂંડના જેવું

ભીંછાં ન. બ ઘ. કપાવવાના થયેલા મોટા વાળ; મોટા ને અસ્તવ્યસ્ત ઓવાળા; અરાજક દેખાતા કેશ.

ભીંજન સ્ત્રી. (કચ્છી) આંખ ઉપરની ટમાર; ઝામર.

ભીંજવવું ૧. સ. કિ. પોચું કરવું; કૂણું કરવું.

૨. સ. કિ. ભીંજવે એમ કરવું, પલાળવું; ભીનું કરવું.

૩. સ કિ. સમજાવી પટાવીને પોતાના મતનું કરવું, વશમાં લાવવું. લાડમા આણી પિગળાવવું.

ભીંજવું ૧. અ કિ. ગદગદ થવું; પ્રેમમય થવું.

૨. અ. કિ. પલળવું; ભીનું થવું.

૩. અ. કિ. રસમય બનવું.

૪. અ. કિ. ઓછાની સાથે હળીમળી જવું.

૫ અ કિ. સમાઈ જવું; ઘૂસી જવું.

૬. અ. કિ. સ્નાન કરવું; નાહવું.

ભીંજાવવું સ. કિ ભીંજાય એમ કરવું.

ભીંજાવું ૧. અ કિ. પલળવું.

૨ અ કિ પાણીયા તરબોળ થવું; ભીનું થવું; તરબોળ થવું

ભીંજેલું ૧. વિ ૬.૩ પલળેલું

૨. વિ. પલજેલું

ભીંટ ૧. સ્ત્રી. કચ્છની કી એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ભીંડ [હિં. ભીડ] પું. ભીંસો.

ભીંડમાળ સ્ત્રી ઓઘ.

કોઈ ભીંડમાળ ગોળા પાસ. લઈ ને આવ્યા રે. આખાડા આખ્યાન

ભીંછું જ. ઈંડું.

ભીંડ ૧. જી. લોહાણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભીંડી ૧. જી. એ નામનું એક ઝાડ; પારસપીપળો.
૨. જી. એ નામનો એક છોડ. રામતુરાઈ; ખનરોજ. તે માખલિયા ભીંડાના જેવો દેખાય છે. તેનાં પાન એકબી બે ઉંચ લાંબાં ને ચપ્પુ, પાંચ કે સાત આંચવાળાં હોય છે. ફૂલ ફિક્કા ગુલાબી રંગનાં, ફળ પાંચ ખાનાંવાળાં અને છોડ ઉપર ખરસટ કપડી હોય છે. તેને નાની પીળુડી પણ કહે છે. તેની એક બીજી જાત વિલાયતી ભીંડી તરીકે ઓળખાય છે. ભીંડી આ દેશમાં ઘણી થાય છે. ભીંડીના છોડ ચાર પાંચ હાથ ઊંચા સીધા વધે છે. ફુલળાં હોય ત્યારે એનાં પાદડાની ભાજી થાય છે. એનાં બિયાંમાંથી તેલ નીકળે છે. ઝાડ સુકાયા પછી તેને ભીંજવી રાખી, ઉપરની છાલ કાઢી નાખે છે. તેનાં ગુણધર્મ, દોરડાં અને કાગળ બને છે. ભીંડી તૂરી, ખાટી, મધુર અને અગ્નિદીપક મનાય છે.
૩. જી. એક જાતનું ઝાડ; ભીંડો.
૪. જી. દોરડાં બનાવવાના એક જાતના રેસા.
૫. જી. ગધ; ભોયું.
૬. જી. કોનીની એ નામની એક અટક.
૭. ન. એ નામની અટકનું માણસ.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. કામકા વગરનું; નુકસાનકારક.
વેપાર ભીંડી = જેમા કાંઈ કાંસલ ન થાય તેવો ધધો

ભીંડીખાના નું કુકાનો સામાન રાખવાનું ઘર.

ભીંડી બજાર જી. હલકી અને વિષયી વસ્તીનો સસ્તો; બાંજરૂ

ભીંડીમાળા જી. ગોરખ:

ભીંડો ૧. પું. એક જાતની તરકારીની ભાજી, બંબાડો; કેરીબાની ભાજી
૨. પું. એક જાતની તરકારીની શીંગ.
૩. [સં. ભિંડીનઃ] પું. એક જાતનું ઝાડ કે તેનો છોડ; 'લેડિઝ ફિંગર'. ભીંડાની બે જાત છે: કાટાવાળી કપાંટીવાળો તથા લીસી, લાંબી તેમ જ ટૂંકી શીંગવાળો. ગુજરાત, નડિયાદ, ઉત્તરસંડા અને નવસારી તરફ મોટા લાંબા લીસા ભીંડા થાય છે અને ઉત્તર હિંદુસ્તાનમાં કાંટાવાળા કપાંટીના ભીંડા થાય છે. એને માટે દરેક પ્રકારની જમીન અનુકૂળ છે. તેને બારે માસ વાવી શકાય છે. માઘ માસમાં તથા ચોમાસાની શરૂઆતમાં તે ખાસ કરીને વવાય છે. માઘના વાવેલા ભીંડા બસ્સા માસ સુધી ઝાડ આપ્યા કરે છે એવું તથા અષાઢના ભીંડા કિસાળા સુધી ઝાડ આપે છે. ભીંડાની જમીન ઢાળવી ત્રણ વખત ખેડવી ને તેમાં ગળતિયું ખાતર એકરે ૪૦થી ૫૦ ગાડાં નાખવું. ખંપાળીથી કચરા, પાણ, નીંદો કરવાં ને ખાતર બેબાવી દેવું. બી હાથ વતી વાવ્યાં. બાદ પાણી પાવું. ભીંડાનું બી વાવ્યા પછી અઠવાડિયામાં બહાર ઊગી આવે છે. ત્રણ માસની અંદર ભીંડામાં ફાલ બારી પાકી બસ છે. સારી, લાંબી, મોટી ભીંડાની શીંગ બી માટે રાખવી ને બીજા ઝાડમાં ફાલી બેસવા માટે કાઢવી. તેને બે વાર મોઢ કરવો. ઝાડમાં ભીંડાનું બી વવાય તો મોડવું સહેલું પડે છે ભીંડામાં જીવડાં લાગુ પડે છે, પણ તેના ઉપર સાબુ તથા કેરોસિનનું પાણી છાંટવાથી ઇયળ મરી જશે. ભીંડાને સુકાવીને સુકવણી પણ કરે છે. ભીંડાનાં સુકાયેલાં રાંધીને ખાવા ગોલસા પણ કરાય છે. હિંદુસ્તાનમાં સર્વ સ્થળે ભીંડાનું વાવેતર કરાય છે. તેના લીલા છોડ પાણીમાં બોળી રાખી, તેમાંથી રેસા પણ થાય છે અને તેનાં દોરડાં વણાય છે. આ છોડ આશરે ત્રણ હાથ સીધો ઊંચો વધે છે એને ફૂલ આવીને કરેક ફૂલ બાદમાં ભીંડો આવે છે. ભીંડામાં ૭ પારી અને આઠ પારી એવી બે જાત છે. તે પૌષ્ટિક મનાય છે. તેનો ચીકણો રસ રેસમાં નાખવાના કામમાં આવે છે. આમવાત ઉપર ભીંડાનાં મૂળ ઔષધમાં વપરાય છે. ભીંડાનાં પાન ચોમાસા ઉપર ત્રિદોષહારક અને બને સબ્જી ઉપર અરસટ કપાંટીવાળા થાય છે. પાનની કોર કાંતાવાળી, ફૂલ પીળા રંગના અને ફળ પાંચ ખાનાવાળું હોય છે. બીજ અને મૂળ ઉપયોગી અંગ છે. રેસામના ઉદ્યોગમાં દાખલ કરી શકાય એવા ઝળકતા રેસા તેમાંથી નીકળે છે. ભીંડામાં ઠાઠકાંનું ખાતર નાખવું જોઈ કોઈક ફૂટ ઊંચો થાય ત્યારે તેને તળિયે ચાર પાંચ ઉંચ ઊંચાઈના ખૂણા દઈ કરવા. રેસા માટે ભીંડો ઉગાડવો હોય તો તેને ઘાટો વાવવો. આ કામ માટે પરદેશીને બદલે દેશી બીજ વાપરવી, કેમકે તેની સિંગ બહુ મોટી થાય છે. ટેકરીવાળા પ્રદેશમાં ઑપ્રિલથી જૂન સુધીમાં તે વાવી શકાય. ભીંડામાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં છે: (૧) પ્રોટેઇન એટલે પિત્તજન્ય ૧૧૬, (૨) ફેટ એટલે કફજન્ય ૦૭૬, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય ૨૧૫૬, (૪) કેલોરિ ૧૨, (૫) પ્રજીવક અ ૧૬૨, (૬) પ્રજીવક બ ૫૬, (૭) પ્રજીવક ક ૬૪૫ અને (૮) આયર્ન એટલે લોહ ૦૪. ભીંડાનું શાક ત્રણ રીતે થાય છે: (૧) મદ્રાસી શાક અથવા કોરું શાક કરવાની રીત, (૨) આંબલી નાખીને અને (૩) તંબ્બરી રીત કોરું શાક કરવાની રીત: શાક કુમળા ભીંડાને સમારી પાણીમાં નાખવા અને તેમાંથી ચીકાશ જતી રહે ત્યાંસુધી તેને ધોવા. પછી તેમાં સવાબશેર પાણી રેડી ચૂલા ઉપર મૂકી, ભીંડો ચડે એટલે તેમાંનું પાણી નિતારી લેવું. પછી ચૂલા ઉપર એક વાસણમાં ચાર રૂપિયાભાર ઘી મૂકી તે ઘી તપે એટલે તેમાં તે શાક વઘારવું. પછી તેમાં દોઢ રૂપિયાભાર મીઠું ને દોઢ રૂપિયાભાર ચોખાનો લોટ નાખી, તવેથા વડે તળે ઉપર હલાવી વાસણ ઉતારી લેવું. આમલી નાખી શાક બનાવવાની રીત: ઉપર પ્રમાણે શાક સવાબશેર પાણીમાં ચાવવું. પછી તેમાંથી પાણી નિતારી, તેમાં સાડાબાર રૂપિયાભાર આમલીનું પાણી રેડી ચૂલા ઉપર મૂકવું. બેએક મિનિટ પછી તેમાં બે રૂપિયાભાર મીઠું, બે મા.સા ગોળનો ભૂકો, બે મીઠા લીંબડાની બે ડાખળીનાં પાંદડાં નાખવાં. પછી કેવતામાં કડછી તપાવી, તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં એક રૂપિયાભાર અડદની દાળ અને દસ સૂકાં મરચાંના કટકા નાખી તે શાકને વઘાર આપવો. આ રીતે કરેલું ભીંડાનું શાક વાયુ અને પિત્તનો નાશ કરનાર મનાય છે. તંબ્બરી રીતે ભીંડાનું શાક કરવું હોય તો સવાશેર ભીંડો લઈ તેના ઉપરના ઝીણા કાંટા ચપ્પુ વડે નાખી કટકા કરવા તે કટકા પોણે બે એક વાસણમાં નાખી છ માસા સૂકાં મરચાં, બે માસા મરી, ચાર માસા ધાણા, અડધ માસા કોપરું, એક રૂપિયાભાર કાંદા અને બે માસા કળદર બીમાં સાંતળી, બીજાં વઘારી તેનો મોળો કરી તેને પંચોતેર રૂપિયાભાર પાણીમા ચળી તે પાણી શાકમાં નાખવું. પછી ત્રણ રૂપિયાભાર આમલી પાણીમા ઓળા, તેનું પાણી શાકમાં નાખી ચૂલા ઉપર મૂકી, શાક ચડે એટલે ઉતારી લેવું. પછી ચૂલા ઉપર એક વાસણ મૂકી તેમા સવાબ રૂપિયાભાર ઘી નાખી, તે કડકે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ, એક માસો જીરું અને મીઠા લીંબડાની એક ડાળી નાખી, વઘાર થાય એટલે તેમાં તે શાક વઘારી, એક રૂપિયાભારે આજણીનો લોટ અને આઠ માસા કોપરાર નાખી, કડછીથી હલાવી નીચે ઉતારવું. આ શાકમા પાંચ જાતની દાળ નાખી શકાય છે

ચોમાસાનો–આદરવાનો ભીંડો - (૧) એકદમ વધતી જતી ખાસ્ત. (૨) સુંવાળુ મુલાયમ. (૩) ચાર કલાકનું ચાવરણું; ટકે નહિ એવો

ઉઝણો (૪) જુવાનીનો નવલોહિયો તોર; બોલા વખતની મોટાઈનો ગર્વ; ઉદ્ધતપણું

૪ પું. સપાટો; ઝપ, તોપ; ઝપગોળો; ઉપજની ઠરેલ વાત.

ભાંડો વાહનો-મારનો મેલ્યો = (૧) ખોટું બોલવું; ન ખપ્પર હોય છતાં જવાબ આપવો (૨) ઝપ મારવો; ટાઢા પહોરની ઠિન મારવી (૩) હરકત ઊભી કરવી, ફાસ મારવી.

૫. પું. ઘોડાના સામાનનો એ નામનો એક ભાગ

૬. પું. નડતર, કેફ; હરકત

૭. પું. હાથરું કૂસ, આડખીલી

ભીંડો મારવો = આડખીલી નાખવી; વચમ પથરો મૂકવો; ફાંસ મારવી

૮. વિ. મોટી મોટી વાત કરનાર; બાતોડુ

ભીંડારિયું ન. કાટાળા ભીંડાનું ફળ.

ભીંત [સં. ભિત્તિ] સ્ત્રી. દીવાલ; માટી, ઈંટ અથવા પથ્થરનું ઊભું અને ઊંચું અન્તર; આડઅન્તર; મોટું

૧. ભીંત ને કરો હારે ન પડે = પતિ અને પત્ની એ બંનેનું એકસાથે મરણ ન થાય.

૨. ભીંત ભૂલવી = (૧) માર્ગ ભૂલવો; તદ્દન અવળે રસ્તે ચડી જવું. (૨) મોટી ભૂલ કરી નાખવી.

૩. ભીંતને કાન હોવા = ભીંત પાછળ છુપાઈને સાંભળનારનો સંભવ હોવો.

૪. ભીંતમાં ભડાકા ને તાવડીમાં તડાકા = ખોટો ઠોઠા માત્ર ઉપરથી ખોટો દેખાવ કરવો તે.

૫. ભીંતમાં બાંત મારીએ તો પત્તમાં લાગે = પથ્થરને ભચ્કું ભરીએ તો સામા દાંત ભાંગે; ધૂળમાં ફૂંક મારે તો તેની આંખમાં ધૂળ પડે; બહુ બળિયાની સાથે બાથ ભીડે તેને પોતાને જ નુકસાન થાય; શક્તિનો વિચાર કર્યા વગર પગલું ભરે તો પોતે જ પાછો પડે.

૬. ભીંતે ચડવું = નામ, કામ ભીંત ઉપર લખાઈ જાહેર થવું; ચારે બાજુ કજિયા થવું, અપકીર્તિ થવી.

ભીંતકબાટ પું. ભીંતમાં જોડવાનો કબાટ.

ભીંતગરિયા પું એક પ્રકારનો વેલો. તે ભીંત ઉપર ઊગે છે અને લોઢા સુધારવા માટે અપાતા ઉકાળામાં નખાય છે.

ભીંતમરોળી સ્ત્રી. ગુપ્ત વાતો સાંભળવા માતાર્થે ભીંતમાં રાખવાનું પોલાણ.

ભીંતગલોડી (ભીંતગલોડો) સ્ત્રી. એક પ્રકારનો ઝોડવો. તે ભીંતો ઉપર ઊગે છે, માટે આ નામ પડ્યું છે. તેના પાન વાટીને ગડગૂમડ ઉપર બાંધવામાં આવે છે.

ભીંતચટી સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં ફૂલ પીળાં અને ફળ નાની રીંગ જેવાં ભૂરા રંગના હોય છે. છોડવા ઉપર મુંવાળા ને ચીકણી રુંવાટી આવે છે. આ છોડ ચોમાસામાં ઊગે છે. તે દોઢ ફૂટ ઊંચો વધે છે. તે ઘણી વાર પથ્થર કે જમીન ઉપર વેલાની પેઠે પથરાય છે. ફળમાં સૂક્ષ્મ બીજ ઘણાં હોય છે. વીંછીના ડંખ ઉપર તેના પાન વાટીને ચોપડાય છે.

ભાંતચટી જુઓ ભીંતચટી

ભીંતચરિયા પું. એક જાતની વનસ્પતિ.

ભીંતચિત્ર ન. ભીંતે રાખવાનું અથવા ભીંતરવાનું ચિત્ર; ભીંત ઉપર આલેખેલું ચિત્ર. સરસ્વતીનાં ભીંતચિત્રો પાતળી માટીની ઉપર કરેલાં છે. એમાં ઈંડાની સફેદીનો ઉપયોગ જરૂર કર્યો હશે. અજન્તા, બાઘ, સરગુજા, કેલનિયા કે સિંહાલ, કે-કેરી કે મુનર્ઈ, મધ્ય એશિયા, જયપુર વગેરે નવા જૂનાં ભીંતચિત્રોના પ્રયોગોના નમૂના અને તેનું પ્રયોગાત્મક પરિશીલન શાંતિનિકેતનમાં કરવામાં આવ્યું છે. જયપુરના ચિતારાઓ આજ સુધી પરંપરાગત વિધિથી જમીન તૈયાર કરે છે અને દેશી રંગોથી લેખન કરે છે.

ભીંતડાં (ભીંતડાં) ન. બ. વ. નાની ભીંતો; પડી ગયેલ મકાનની ઊભી રહેલ આંગીચૂની ભીંતો

ભીંતડિયાં (ભીંતડિયાં) ન. બ. વ. ભીંત; ભીંતનું કામમાં વપરાતું રૂપ.

ભીંતડી (ભીંતડી) સ્ત્રી. ભીંત; દીવાલ.

ભીંતડું (ભીંતડું) ન. નાની ભીંત. તુચ્છકારમાં વપરાય છે.

ભીંતપત્ર ન. સમાચાર વગેરેની જાહેરાત માટે ભીંત ઉપર કરાતું લખાણ

ભીંતપત્રિકા સ્ત્રી ભીંત ઉપર ચોડવાની નાની પત્રિકા.

ભીંતફેંદાકા પું. બ. વ. એક જાતનું દારખાનું; ભીંતિયા.

ભીંતભીંતામણી સ્ત્રી. સોરઠમાં રમાતી તબકબડો નામની દેશી રમત.

ભીંતમૂળો પું ભીંત પાસે ઊગતો એક પ્રકારનો ઝોડ. તેનાં પાન મૂળાનાં પાન જેવાં હોય છે.

ભીંતર ૧. ન અંદરનો ભાગ.

૨ ક્રિ. વિ. અંદર; દૈયું; દિશા; દૈડું; કાળજું; અંતર ભીંતર દાઝવું = કાળજું બળવું; મનમાં ખટકવું.

૩. અ. અંદર; માં.

૪. અ. ઊંડાણમાં.

ભીંતરડી (ભીંતરડી) સ્ત્રી. ભીંત; નાની ભીંત હલકામાં વપરાય છે.

ભીંતરાંરિયો પું. એ નામની એક વનસ્પતિ.

ભીંતરી વિ. અંદરનું; અંદરનું; ભીતરનું.

ભીંતરું ન. ભીતર; હૃદય

ભીંતલેપન ન ભીંત લીંપવી તે. ભીંતલેપન માટે રાકડાની માટી સેવી જોઇએ એમાં કાંકરી કે કચરો હોતો નથી. છાણ પણ જંગલી ગાયોનું હોય તો ઠીક, કારણ કે તેમાં બદાશ હોતી નથી પાલી ગાયો જે ચારો આમ છે તે બરાબર પાચી શકતી નથી. ચિત્રની ભૂમિનું પડ બનાવવામાં આ ક્રિયા સહુથી મહત્ત્વની છે. દીવાલ સુકાઈ ગયા પછી તેની ઉપર બારીક અસ્તર મારવામાં આવે છે. ચૂનામાં બદરસ ટૂંડર ઉત્તમ મનાય છે. અનુમાન છે કે, અજંતામાં ઈંડાના રસનો પ્રયોગ પણ કરવામાં આવ્યો હશે.

ભીંતવાસ પું. એક જાતનો કઠોળ.

ભીંતવેલ સ્ત્રી એક જાતની વેલ, વડવેલ તેનાં પાન વડ જેવાં હોય છે. તેમાંથી હજારો સૂક્ષ્મ ઝીણી વહવાહિનીઓ કે મૂળિયાં જમીન કે ભીંત ઉપર ચોંટી જઈ ભીંત ઉપર ચડે છે.

ભીંતાકબાટ જુઓ ભીંતકબાટ.

ભીંતાલગ સ્ત્રી. કેરીના બંને ઊભા ઉપર ભીંતમાં મૂકવામાં આવતું લાંબું લાકડું

ભીંતિયું ૧. ન. નાની પાતળી ભીંત.

૨. ન. ભીંતમાં નાખેલ કબાટ.

ભીંતિયો ૧. પું. ભીંત ઉપર પછાડીને ફોડાય તેવો ફટાકડો.

૨. સ્ત્રી. દરીમાર નામની એક દેશી રમત.

ભીંતિયો કબાટ જુઓ ભીંતકબાટ.

ભીંતિયો દા પું. ભીંત ઉપર સાત વખત હો ઉલાળીને રમાની એક જાતની રમત

ભીંદી પું કાંટાસળિયો.

ભીંભર સ્ત્રી. ઓઓને માથાના વાળની આસપાસ લલાટ વગેરે સ્થળે ઊગેલા ઝીણા કોમળ વાળ; ચોટલાની આજુબાજુના ઝીણા કોમળ વાળ

ભીંભલ વિ. (જૂ ગુ.) ભીંગથેલું.

મદ ભીંભલ મણ ભરિય ભમઇ,
અસવાર વસિ સમરિ રમઇ લાવણ્યસમય

ભીંસ ૧. સ્ત્રી. આપ કરવી તે

૨. સ્ત્રી દબાણ, પકડ; જોર, ભીંસવું તે, કચવાઈ જવાય તેવો પકડો.

૧. ભીંસ કરવી = દબાણ કરવું

૨. ભીંસમાં આવવું = ભીંસાવું

૩ ભીંસમાં ખેંચવું-લેવું = ભીંસવું

૩. સ્ત્રી પીડાકારક; પીડવાનું મહેનતાણું.
૪. સ્ત્રી. બે જાતનું ઇજારૂ.
૫. સ્ત્રી. ભીડ; મુસીબત; અડચણ; તંગી.
૬. સ્ત્રી. સકંજામાંથી; મુશ્કેલી.

ભીંસડ જુઓ ભીંસ

ભીંસણ જુઓ ભીંસ.

ભીંસરાં ન બ વ. પીખરાયેલા વાળ.

ભીંસરિયા ૧. સ્ત્રી. કાકીની એ નામની એક જાત
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભીંસરું ૧. ન. પથ્થર.
૨. વિ. પથ્થર વાળવાળું.

ભીંસવું ૧. સ. ક્રિ. આલિંગન કરવું; જોરથી ભેટવું.
૨. સ ક્રિ. દબાવવું; ચાંપવું.
૩. સ. ક્રિ. દાબવું; પીલવું, ભચરડવું.
૪. સ. ક્રિ. નિચોવવું.

ભીંસા ૧. પું બ. વ. વાળ; મોવળા.
૨. સ્ત્રી બ. વ. ભેંસો

ભીંસાણ જુઓ ભીંસ.

ભીંસાપાઠ (ભીંસ.પાઠ) ૧. પું. વાળંદ; હજામ.
૨. ન. વાળંદનું બિરુદવાચક.

ભીંસાવવું સ ક્રિ ભીંસવાની ક્રિયા કરાવવી; ભીંસે એમ કરવું.

ભીંસાવું અ ક્રિ. ભીંસવાની ક્રિયા થવી.

ભીંસી સ્ત્રી. ભેંસ.

ભીંસો ૧. પું. પાડો.
૨. પુ. ભીડ; ગિરદી

ભીંસોટી સ્ત્રી. સંકડામણમાં દબાઈ જવું તે.

ભીંહડ (ભીંહડ) જુઓ ભીંસ.

ભીંહણ (ભીંહણ) જુઓ ભીંસ.

ભીંહો (ભીંહો) જુઓ ભીંસો.

ભુઅંગ ૧. પું એક જાતનું કાળું પંખી
૨. [હિ.] પું. કાળો નાગ; સર્પ; સાપ. ભુજંગ

ભુઅંગમ [હિ] પું નાગ; સર્પ, ભુજંગમ.

ભુઆ ૧ [હિ] પુ સેમર વગેરેનું રૂ ને કપાસી અંદર રહેલું હોય છે. એ ઠોડવાં સુકાઈ જવાથી બહાર નીકળે છે
૨. સ્ત્રી. ફોઈ મારવી ભાષામાં વપરાય છે
૩. ન. પાણી.

ભુઆતા ૧. સ્ત્રી. (જૈન) ઓસવાળ વણના માણસ મોઘની એ નામની એક શાખા
૨. ન. એ નામની શાખાનું માણસ.
૩ વિ. એ નામની શાખાનું

ભુઆસ [હિ.] પું. રાબ; ધૂપાલ.

ભુઇયા ૧. પું. ગામોલ.
૨. પું. જમીનનો માલિક.
૩. પું. ક્ષાખા વખતનો વતની; જૂનો વતની.
૪ પુ વાળ અને ચોબિયાંવાળો ઘરડો સર્પ.

ભુઈ ૧. પું. (કચ્છી) ઘરડો ડિંઘાળ.
૨ [હિ.] પું. પાણી ઉપાડનાર માણસ; ડોળા ઉપાડનાર પુરુષ; ભોઈ.
૩. સ્ત્રી એક જાતનો કીડો. તેના શરીર ઉપર લાંબા લાલ વાળ હોય છે. તેનો સ્પર્શ થવાથી શરીરને ચોંટી જાય છે અને ચળ ઉત્પન્ન કરે છે.
૪. સ્ત્રી. ભોં; જમીન.

ભુઈઆમરા [હિ.] સ્ત્રી. ભોંયઆંબલી.

ભુઈ આમલી જુઓ ભુઈઆમરા.

ભુઈકોહાણું ૧. ન. એક જાતનો વેલો
૨ ન. ભોંયકોળું. એક શાકભાજી. આ કંદ નાનું હોય ત્યારે દૂધ જેવું સફેદ અજાણ્યા છે. સુકાય છે ત્યારે બહારથી તે બૂરાશ પડતું સફેદ અથવા કાળા રંગનું હોય છે અને અંદરથી સફેદ હોય છે. સ્વાદમાં તે તૂરું લાગે છે.

ભુઈચંપો પુ એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

ભુઈતરણ [હિ.] સ્ત્રી. ભીંડીભાજી.

ભુઈપાત્રા [હિ] સ્ત્રી એક જાતની જમીની ભાજી; ભોંપાત્રી; ભોંપાત્રી. તેનાં પાન મોટાં અને આમળી જેટલાં પહોળાં હોય છે. તે જેઠ તથા અષાઢ માસમાં વરસાદમાં અને રતાની ભાજીએ ઉગે છે. એ રોપે શુમારે એક વેંત લાંબો હોય છે અને જમીન ઉપર પ્રસરે છે.

ભુઈમુગ [મ.] સ્ત્રી. મગફળી; મગદી.

ભુઈલ [હિ.] સ્ત્રી. ભૂકો.

ભુઈડિંડલ [હિ] પું. ધરતીકંપ

ભુઈંદરવો પુ. ઉપરાઉપરી, સાપ બાળવા માટે પેટાવાતો કૂવો

ભુઈંધરો ૧. [હિ] પું નિભાડો.
૨ પુ ભમરો
૩ પુ ભોંયરું

ભુઈંહાર ૧. [હિ.] સ્ત્રી. મિરજાપુર જિલ્લાના દક્ષિણ ભાગમાં રહેનારી એ નામની એક અનાર્ય જાતિ
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ભુઉ [હિ.] ન. ભોજન; આહાર.

ભુઇડી (ભુઇડી) [હિ.] સ્ત્રી. સફેદ રંગની એક પ્રકારની વનસ્પતિ; ફુમ. સામાન્ય રીતે ચોમાસામાં અનાજ, કઠોળ, બાજરો, ચારાનું વગેરે વાવી જમીને ફારણે તેના ઉપર તે ઉત્પન્ન થાય છે.

ભુકરચો પું. એક જાતનો પોળો પથ્થર.

ભુકરાંઢ [હિં.] સ્ત્રી દુર્ગંધ, બરાબ વાસ.

ભુકરિયું ૧. ન પાણી ભરવો ચામડાનો ડાબો.
૨. ન. વારે વારે ઝાડે જવું તે

ભુક્કડ (ભુક્કડ) વિ. ભુખ્યું; ક્ષુધાર્ત.

ભુક્કડબેગ (ભુક્કડબેગ) ૧. પું. ભિખારી.
૨. પું. ભૂખ્યો માણસ.

ભુખી સ્ત્રી. (કચ્છી) પગની પિંડી

ભુકખડ (ભુકખડ) ૧. [હિં.] વિ. ભાડિયું.
૨. વિ. દરિદ્ર; કંગાલ.
૩ વિ ભૂખ્યું; ક્ષુધાર્ત.

ભુક્ત ૧. [સં. ભુજ્ (ખાવું)] ન. અન્ન.
૨. [સં. ભુજ્ (ભોગવવું)] ન. ભોગ.
૩. ન. ભોજન; જમણ; ખાવું તે.
૪. વિ. અનુભૂત; અનુભવેલું.
૫. વિ. ખાધેલું; ખાઈ ગયેલ; ભોજન કરેલ.
૬. વિ. ભોગવેલું.
૭. વિ. માલિકીનું; કબજાનું.
૮. વિ. વાપરેલું.
૯. વિ. સેવેલું.

ભુક્તકાંસ્ય ન. કાંસાની વાણી.

ભુક્તદોષ ૧. [સં.] ન. બધાં જાણી રહ્યા પછી બાકી રહેલ અન; ઉચ્છિષ્ટાન્ન.
૨. વિ. ઉચ્છિષ્ટ; અષ્ટકું; એઠું.
૩. વિ જોગથી બાકી રહેલ.

ભુક્તભોગ [સં.] વિ. જેણે ભોગ ભોગવેલ હોય તેવું.

ભુક્તભોગી [સં. ભુક્તભોગિન્] વિ ભોગવી ચૂકેલ

ભુક્તભોજ્ય ન. ગણિત
હિસાબ કાઢવાની એક રીત એ છે કે ઉદય સંખ્યાનાં અંત, કળા, વિકળાનું ભુક્તભોજ્ય (ગણિત) કરવું ને દરેકની બાજુ દેખાતી હિસાબ બતિકા આવે છે. જ્યોતિષીય

ભુક્તયોગી [સં. ભુક્તયોગિન્]] વિ. અનુભવી.

ભુક્તરસસંવહન [સં.] ન. ખાધેલો ખોરાક પચીને રસના રૂપમાં ફેરવાઈ જઈ બધે જવાપણું

ભુક્તવાન ૧ [સ ભુક્તવત્] વિ. ખાનાર; ભોજન કરનાર.

૨. વિ. ભોગવનાર

ભુક્તાવું ૧. સ. ક્રિ. ખાવું; જમવું. ને પદમાં જ પ્રયોગ છે

હોય ઈંધણ વણી અપવાસ, કરી બહુ માસ રહી કો કષ્ટ; તે હરિ નૈવેદ્ય ભુક્તત્યાગી જ, કર્યું હરિ સ્પષ્ટ. દયારામ

૨ સ ક્રિ. ભોગવવું. કવિતામાં પ્રયોગ છે.

ભુક્તાશેષ ૧. [સં.] પું. જમ્યા પછી રહેલું ઉચ્છિષ્ટ; છાંડ્યું; છોડેલું અન્ન

૨ પુ. ભોજન કરાવ્યા પછી રહેલું ખાદ્ય.

ભુક્તાસ્તભુક્તિજાત ૧ વિ. ભોગ કરીને સજ્જેલ.

૨ વિ ભોજન કરીને ઓડકાર,

ભુક્તાવવું ૧. સ. ક્રિ. ભોગ કરાવવો; જમાડવું, આરોગાવવું; ખવરાવવું.

૨. સ ક્રિ. ભોગવાવવું; ઉપભોગ કરાવવો

ભુક્તાવશિષ્ટ જુઓ ભુક્તશેષ.

ભુક્તાવશેષ જુઓ ભુક્તશેષ

ભુક્તાવસ્થા [સ] સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર અવસ્થા એ નામની એક અવસ્થા.

ભુક્તાંશ ૧. [સં.] પું ખાધેલ ભાગ.

૨. પુ ભોગવેલ અંશ.

ભુક્તિ ૧. [સં.] સ્ત્રી ઉપભોગ; ભોગ; લહાવો. સંસારસુખ; વિષય ભોગવવા તે; ભોગવવું તે; ભોગવટો, સંસારના લહાવા જેવા તે

૨. સ્ત્રી. એક જાતના જૈન આશ્રિત. કહેવાય છે કે, તેઓ મૂળે બ્રાહ્મણ હતા, પણ એક વખત પાટણમાં આવીને નોકારશી વાળી, ત્યારે તેઓ જમવામાંથી સહજમાં ને ઘડીમાં ઊઠી ગયા. ત્રીજા કાર પ્રહર થાય એ દરમ્યાન તે વખતથી નીકળી.

૩ સ' કામનો

૪ સ્ત્રી ખાવું તે; ભોજન; ભક્ષણ; ભોગવટો.

૫. સ્ત્રી. જિજ્ઞાસા, તાલાવેલી; પ્રાપ્ત.

૬. સ્ત્રી ભૂમિ; રહેણ

૭. સ્ત્રી (જ્યોતિષ) સૂર્ય વગેરે ગ્રહોનું રાશિઓના અંશો વગેરેમાં ગમન.

ભુક્તિન્યાયાસન [સં] ન. કબજા ન્યાયાધીશો; માલિકીના પ્રકારના દાવા ચૂકવવાના અધિકારવાળી કચેરી

ભુક્તિપાત્ર [સં.] પું ખાવાનું વાસણ; ભોજનપાત્ર

ભુક્તિપાલ [સ.] પું. તહસીલદાર; જમીન મહેસૂલ વસૂલ કરનાર માણસ

ભુક્તિપ્રદ ૧. [સ] પું. એક પ્રકારનો જોડ.

૨. પું. મૂગ.

૩. વિ. ભોગ આપનાર; ભોગ દેનાર

૪. વિ. ભોજન આપનાર; ખાવાનું દેનાર.

ભુક્તિમુક્તિ [સં.] સ્ત્રી. ભોગ અને મોક્ષ.

ભુક્તિમુક્તિદાયિની [સં.] વિ સ્ત્રી. ભોગ અને મુક્તિ આપનારી.

ભુક્તિમુક્તિદાયી [સં. ભુક્તિમુક્તિદાયિન્] વિ. ભોગ અને મુક્તિ આપનાર.

ભુક્તિમુક્તિપ્રદા [સં.] સ્ત્રી. બંગાળાનાં કુળદેવી માહેનું એક નામ.

ભુક્તિવાદી [સં. ભુક્તિવાદિન્] પું. એ નામનો એક માર્ગ.

ભુક્તિવાદીના મત પ્રમાણે અવિદ્યામાં જ અવિદ્યા અને સંસારના સમાવેશ થાય છે.

ગુજરાત હિન્દુત્વમીમાંસા

ભુક્ષ વિ. ભૂખથી દુર્બળ થયેલ; સુકાઈ દેહવાળું.

ભુખાવડું (ભુખાવું) વિ. ખાઉધરું

ભુખાળવું ૧. વિ. ગરીબ; તંગીમાં દોષ એવું.

૨ વિ. ગરીબ; દીન; ભિખારી

૩. વિ. જેને સારી ભૂખ લાગવી દોષ અને જેને વારંવાર ભૂખની અસર થવી દોષ એવું, ખાવાની જ ઢાનતવાળું. જેની ભૂખ મરતી ન હોય એવું; જ્યારે ને ત્યારે ભૂખ્યું ને ભૂખ્યું હોય એવું; ખાઉધરું; બુભુક્ષિત; ભૂખાઉ; ખાઉખાઉની ઢાનતવાળું.

ભુખાળું વિ. ભૂખ્યું.

ભુજ્જસ ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩ વિ એ નામની જાતનું.

ભુગડતત ન. ભોગવવું તે

ભુગડતતી (ભુગડતતી) સ્ત્રી એ નામની એક રમત

ભુગતાન ૧. [હિ.] ન. કીમત અથવા રોકડ ભરવું તે

ભુગતાનની મિતિ = વસૂલનો દિવસ; વેપારી માલ્કત કબ્રેલ મોદાનો હિસાબ થઈને નફાનુકસાનની આખરે થાય તે દિવસ

૨. ન. હોય

૩. ન ફંસાયો; ચુકાયો.

ભુગા [હિ.] પું. ઝિદ; મારું.

ભુગ્ગો ૧. [હિ.] પું તલવટ.

૨. પું. ભૂકો; ભૂકો

૩. પું ભોળો અને નિર્દોષ માણસ.

૪ પું. મૂર્ખ; મૂર્ખ માણસ.

૫ પું. સ્થૂળ શરીરનો માણસ; જાડો માણસ.

ભુજ ૧. પું ધનુષ.

૨. પું ઝોકવા જવ.

૩. [સં.] વિ. નમેલ.

૪. વિ. ભાંગેલું.

૫. વિ. રોગી; બીમાર.

૬. વિ. વક્ર, વાંકું

૭. વિ. વાંકું વળી ગયેલ; નમી ગયેલું.

૮. વિ ઝોકવું

ભુજનેત્રસંનિપાત [સં.] પુ (વૈદક) એક જાતનો સન્નિપાત. તે આઠ દિવસમાં જ મૃત્યુ ઉપજાવે એમ મનાય છે. તેમાં આંખ ભુજ એટલે વાકી કરડાયેલા વર્ણ જેવ છે. આ રોગ ત્રિદોષ જ્વર, સખત તાવ, બળહાનિ, સ્મૃતિનો નાશ, શ્વાસ, બડબડાટ, ભ્રમ, શરીરનો ધ્રુજારો, મોતને તથા બેભાનપણું લાવનાર મનાય છે.

ભુજંગ ૧. પું. એક જાતનું કાળું પક્ષી.

૨. પું. સાપનો નામ

ભુજ્જડ (ભુજ્જડ) [હિ.] વિ. મૂર્ખ; બેવકૂફ; સમજાવીએ તોપણ ન સમજે એવું.

ભુજ્જાં ન. બ. વ. જનનેંદ્રિય આગળ ઊગતા વાળ

ભુજ્જી (ભુજ્જી) વિ. સ્ત્રી. (હલકી) ભૂરી.

ભુજ્જો (ભુજ્જો) વિ. પું. (હલકી) ભૂંડો.

ભુજ્જ ૧. [સં.] સ. ક્રિ. આનંદ કરવો.

૨. સ. ક્રિ. રાજ્ય કરવું.

૩. સ ક્રિ. વળવું. વાંકું થવું; વાંક જેવો.

૪ સ ક્રિ (ધાતુ) ઉપભોગ લેવો; ભોગવવું; ભોગ કરવો. તે ઉપરથી થયેલ શબ્દ. ભુક્ત, ભોગ, ભાક્તા, ભોગી.

૫. સ. ક્રિ જમવું; સેવન કરવું.

૬. સ ક્રિ. (ધાતુ) ખાવું. ભક્ષણ કરવું; જમવું. તે ઉપરથી બનેલ શબ્દ. ભોજન.

૭. સ ક્રિ. મરડી નાખવું, વાંકું કરવું.

૮ સ ક્રિ રક્ષણ કરવું; પાળવું; પાલન કરવું.

ભુજ ૧. [સ] પું. (ગણિત) આકૃતિની બાજુ; જેના વડે આકૃતિ બનાવેલી હોય તે લીટી.

૨. પું. (ગણિત) કાટખૂણ ત્રિકોણની કર્ણ સિવાયની દરેક બાજુ કાટખૂણો બનાવનારી બે બાજુમાંની જેને લંબ તરીકે લેવામાં આવે તે કોટિ અને બીજી ભુજ કહેવાય છે

૩. પું. (અયોગ) કોઈ પણ ગ્રહ વસંતસંપાતથી ક્રાંતિવૃત્ત ઉપર ઉત્તરાયણબિંદુ તરફ અથવા વસંતસંપાતથી દક્ષિણાયનબિંદુ તરફ જેટલા અંશે દૂર હોય તેટલા અંશ સુધીનો તે ક્રાંતિવૃત્તનો ભાગ

૪. પું. (અયોગ) કોઈ પણ ગ્રહ શરત્સંપાતથી ક્રાંતિવૃત્ત ઉપર ઉત્તરાયણ અથવા દક્ષિણાયનબિંદુ તરફ જેટલા અંશ દૂર હોય તેટલા અંશ સુધીનો તે ક્રાંતિવૃત્તનો ભાગ.

૫. પું. કોઈ પણ જાતના ઉપકેરાઈ જાય તેવા વાળ; અકરી નામની વનસ્પતિનાં પાંદડાં ઉપર ઊગે એવિયાળા અને જીવડાં પકડનારા વાળ હોય છે તેના જેવા નાજુક વાળ

૬. પું. ખભાથી કોણી સુધીનો ભાગ; બાવડું; હાથ; બાહુ; કર; ભુજ

હસ્ત બાહુ ભુજ પાણિ કર, ધરે ગાય પર વામ;
કમળ નાદ પર મુખવરણે, ભણે કરે આરામ
પિંગલપ્રકાશ

૭. પું. ઝાડની શાખા; ડાળી.

૮. પું. (ગણિત) ત્રિકોણ કે બહુકોણની બાજુ.

૯. પું. પ્રાંત; કિનારો.

૧૦. પું. જેની સત્તા.

ભુજ નયન બે પુરુષ જ જાણો. પિંગલ

૧૧ પું. (ગણિત) ક્ષેત્રમિતિપ્રસિદ્ધ અમુક ક્ષેત્રાંશ. તેના ભુજને ૩ થી ગુણી ૧૦ વડે ભાગવાથી જ્યનીવ આવે.

૧૨. પું. વૃક્ષ કે શાખા; વાંક.

૧૩. પું. સાપ; અહિ; નાગ.

૧૪. પું. હાથ વિનાનાં પ્રાણીની સર્પજેવિ; નાના પ્રાણીના મોઢા આગળના લીસડા જેવા જરાક વાળ, જેમકે, બિલાડીની મૂછ.

૧૫. પું. હાથીની સૂંઢ.

૧૬. સ્ત્રી. જાહ્નવ્યની એ નામની એક અટક.

૧૭. ન. એ નામની અટકનું માણસ.

૧૮. ન. કચ્છની રાજધાનીનું એ નામનું નગર. તેને ફરતા કિલ્લામાં પાંચ દરવાજા છે. શહેરની વચ્ચે રાજમહેલ છે. પશ્ચિમે હમીરસર નામે તળાવ છે. આ તળાવની વચ્ચે નાનો બેટ છે. અહીંથી પોણે દૂર શરદબાગ આવેલો છે આ શહેરમાં મીનાકારી કામ સારું થાય છે. સ્ટેશનથી પોણે દૂર ભુજિયો નામનો ડુંગર છે. તેમાં અગાઉ એક ભુજંગ રહેતો હતો એવા એક ઊંચે ડુંગર ઉપર કિલ્લો બંધાવી તેમાં એક નાનો મોરસ ટાવર બાંધી તેની અંદર ભુજંગની સ્થાપના કરી છે. નાગપાંચમને દિવસે તેની વિધિસર પૂજા થાય છે. રાવ ખેંગારજીએ ભુજ શહેર વસાવ્યું કહેવાય છે ડુંગર ઉપરના કિલ્લાનો ચોરસો એથી ત્રણ માઈલ જેટલો છે. અહીર, કોરી, ઢીંચલો, દોકડો, તાંબિયો એ ક્રમમા ચાલતું નાણું છે. અહીર સોનાનો સિક્કો છે. કોરી ચાંદીનો અને બીજા તાંબાના સિક્કા છે. કોરીમાં પાંચિયો એટલે પાંચ કોરી અને અઢિયો એટલે અઢી કોરી એમ બે સિક્કા છે. રાજઅહીર સોથી કીમતી સિક્કો છે. તેની ૮૦ કોરી આવે છે ભુજ જવા માટે પાસ કઢાવવાનો કાયદો છે. ભુજ સિવાય કચ્છમાં બીજે રહેવા જવા માટે પાસની જરૂર રહેતી નથી.

૧૯ ન. ભોજપત્ર; ભૂર્જપત્ર.

૨૦. વિ. ઉપભોગ કરનાર; ભોગ કરનાર.

૨૧. વિ. એ નામની અટકનું.

૨૨ [સં. ભુજ્ (ખાવું)] વિ ખાનાર; ભક્ષણ કરનાર.

૨૩. વિ. વાંકું વનાર.

૨૪. વિ. વાંકું થયેલ.

ભુજઅંભુજ [સં. ભુજ (હાથ) + અંભુજ (કમળ)] ન. હાથરૂપી કમળ; કરકમળ.

ભુજકંઠ જુઓ ભુજકંઠક.

ભુજકંઠક [સં.] પું હાથના નખ.

ભુજકેતુ [સં.] પું. (પુરાણ) ભારતના યુદ્ધમા દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

ભુજકોટર [સં.] પું. બગલ; કાખલી.

ભુજગ ૧. [સં.] પું. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

૨ પું. એ નામનો એક દ્વીપ. ક્ષીર દ્વીપ સુધીના દ્વીપ સમુદ્રો વર્ષા રહ્યા બાદ અસંખ્યાતા દ્વીપ સમુદ્રો વ્યતીત થાય ત્યારે આ દ્વીપ આવે છે

૩. પું. જોગી; વિલાસી.

૪ પું. (જૈન) મહોરગ નામના વ્યંતરના દસ માંહેનો એક પ્રકાર; નાગકુમાર દેવ. દસ પ્રકાર: ભુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી મનોરમ, મહાવેગ, મહેચ્છ, મેરુકાંત અને ભાસ્વંત.

૫. પું. સર્પ; સાપ: નાગ

૬. પું. સર્પને રમાડનાર બાજીગર.

૭. પું. સીસું.

૮. ન. ભુજથી ચાલનાર પંચેંદ્રિય તિર્યંચ.

ગર્ભજ, જલચર, ઉરગ અને ભુજગની ઉત્પત્તિ પર્વની અવસ્થિતિ છે. તત્ત્વાર્થસૂત્ર

ભુજગહારણ ૧. [સં. ભુજગ (સર્પ) + હારણ (નાશ કરનાર)] પું. ગરુડ પક્ષી.

૨. પું. નોળિયું.

૩. પું. મોર.

ભુજગહારણ જુઓ ભુજગહારણ.

ભુજગાહાર જુઓ ભુજગહારણ

ભુજગાનિસુતા પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેના દરેક ચરણમાં નવ અક્ષર હોય છે.

ભુજગાધિપતિ ૧ [સં.] પું. અનંત; વાસુકિ.

૨. પું (જૈન) મહોરગ નામની જાતનો વ્યંતર દેવ.

ભુજગાપરિસર્પસમૂર્ચ્છિમ [સં.] ન. (જૈન) ભુજાથી ચાલનાર નોળિયા વગેરે તિર્યંચ.

ભુજગાપરિસર્પિણી [સં.] સ્ત્રી. (જૈન) ભુજાથી ચાલનાર તિર્યંચ પંચેંદ્રિયની સ્ત્રીજાતિ.

ભુજગપુષ્પ ૧. [સં.] પું. એક જાતનું ફૂલ.

૨. પું એક જાતનો ફૂલછોડ.

ભુજગભક્ષક ૧. [સં. ભુજગ (સર્પ) + ભક્ષક (ખાનાર)] પું. ગરુડ.

૨. પું. નોળિયું.

૩ પું મોર.

ભુજગભોજિની ૧. [સં.] સ્ત્રી. ગરુડની માદા

૨. સ્ત્રી. નોળિયાની માદા.

૩ સ્ત્રી. મોરપક્ષિણી; ઢેલ.

ભુજગભોજી જુઓ ભુજગભક્ષક.

ભુજગરિપુ જુઓ ભુજગભક્ષક

ભુજગરાજ જુઓ ભુજગભક્ષક

ભુજગશિશુભૃતા જુઓ ભુજગશિશુભૃતા.

ભુજગશિશુભૃતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે પૃહતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ભગણ મળી નવ અક્ષર હોય છે. એમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તેને ભુજગશિશુકૃતા, ભુજગશિશુસ્તા, ભુજગશિશુયુતા, અહિશિશુ, ભુજગશિશુસૂતા અને ભુક્તા છંદ પણ કહે છે

ભુજગશિશુભૃતા નગે. રણછોડકવિ

ભુજગશિશુયુતા જુઓ ભુજગશિશુભૃતા.

ભુજગશિશુસૂતા જુઓ ભુજગશિશુભૃતા.

ભુજગશિશુસ્તા જુઓ ભુજગશિશુભૃતા

ભુજગશિશુસૂતા જુઓ ભુજગશિશુભૃતા.

ભુજગસ્વેદ [સં.] પું. નાગનો પરસેવો

ભુજગહંતા ૧. [સં ભુજગ (સર્પ) + હંતૃ (હણનાર)] પું. ગરુડ

૨. પું. નોળિયું.

૩. પું. મોર.

ભુજગહારિણી પુ (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

ભુજગહારિણી ન ર સી ગ ગે. રઘુપિંગળ

ભુજગાગ્રય [સં] ન. નાગકેસર.

ભુજગારિ જુઓ ભુજગાશત્રુ.

ભુજગારીન જુઓ ભુજગાશત્રુ.

ભુજગાસ્ત્ર [સં. ભુજગ (નાગ) + અસ્ત્ર (હથિયાર)] ન. એક પ્રકારનું અસ્ત્ર; નાગાસ્ત્ર

ભુજગાંતક જુઓ ભુજગાશત્રુ.

ભુજગી ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર

૨. સ્ત્રી. સાપણ; સર્પિણ; સાપની માદા

ભુજગેશ્વર [સં.] પું. શેષનાગ.

ભુજગેરિત પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, નગણ, નગણ, તગણ, બે નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી બત્રીસ અક્ષર હોય એવો એક અક્ષરમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે

મ યા ને ન ન ન, છે ર્ણ ન,
ર સા ને ગ ગ યતિ ધરુ ઉરે, કવે ભુજગેરિત. રઘુપિંગળ

ભુજગેરીત જુઓ ભુજગેરિત.

ભુજગેશ [સં.] પું. વાસુકિ; ભુજગેંદ્ર; નાગરાજ.

ભુજગેશ્વર જુઓ ભુજગેશ.

ભુજગેંદ્ર ૧. [સં.] પું. (પુરાણ) સહસ્રમુખ, તે શેષનાગનો અવતાર હોવાથી ભુજગેંદ્ર કહેવાય છે.

રઘુનંદને વિધિને જવાં,
ભુજગેંદ્ર સાથ ધર્યાં જ. પ્રેમાનંદ

૨. પું વાસુકિ.

૩ પું. શેષનાગ.

ભુજગોત્તમ ૧. [સં. ભુજગ (સર્પ) + ઉત્તમ (શ્રેષ્ઠ)] પું. પૃથ્વીમાં ઉત્પન્ન થનારા સર્પોમાં શ્રેષ્ઠ સર્પ.

૨. પું. વિષ્ણુનાં ઢગર માફેનું એક નામ. ભુજાઓથી ચાલનારામાં ઉત્તમ હોવાથી વિષ્ણુ ભુજગોત્તમ કહેવાય છે.

ભુજજંત્ર ન. હાથરૂપી યંત્ર

બીડતા ભુજજંત્ર માહિ પુકારો જ્યા કુમે
વામણે અમરકવિકૃત

ભુજજુગ ૧. [સં. ભુજ (હાથ) + યુગ (બે)] પું. બાહુ.

અમરસુધા પીતા તેમ પાવા ભુજજુગ બીડી
બીડાવી. ગીતગોવિંદ

૨. પું બે હાથ

ભુજજુગ્મ ન. બે હાથ; ભુજયુગ્મ.

ભુજજ્યા [સં.] સ્ત્રી. (ગણિત) ત્રિકોણમિતિમાં ભુજની જ્યા; ત્રિકોણ ક્ષેત્રની ભુજજ્યા; પંચ અને જ્યાના જે સૂત્રો બે સરખા વિભાગો થાય છે તે દરેક ધનુના વિભાગને ભુજ અને જ્યાના દરેક વિભાગને ભુજજ્યા કહેવાય છે

ભુજતલ [સં. ભુજ + તલ (તળિયું)] ન. હથેળી; હાથનું તળિયું.

પર ભાગ્ય રમિક આડયે તથી બેનુ ભુજ ભુજતલ. પ્રેમાનંદ

ભુજદલ ૧. [સં] ન. હાથ

૨. પું. હાથરૂપી પાંદડું

ભુજદંડ [સં.] પું હાથરૂપી દંડ. દંડ જેવો હાથ; બાહુદંડ.

ભારતવર્ષની આસિયોપણાનું અભિમાન ધરનાર પ્રચંડ ભુજદંડવાળા શરીર સૌંદર્યોમા કુસંપરૂપી રાક્ષસે અંદર પ્રવેશ કરવાથી હું મૂર્છાનો ઓડનાર ; પણ તેનો આધાર કરનાર નથી. રાજચંદ્રકવિ

ભુજના પું. ભૂંજેલા દાણો. ધાણી

ભુજપક્ષી ન. હાથને મળતા પક્ષવાળું પ્રાણી

ભુજપરિસર્પ ૧. [સં.] પું. (જૈન) હાથ વગ ઉપર ચાલનાર પંચેંદ્રિય જીવ. ભુજાથી ગતિ કરનાર પ્રાણી; નોળિયો, ઉંદર વગેરે તિર્યંચ પંચેંદ્રિય.

ભુજપરિસર્પ મરીને પહેલી બે નરક સુધી જઈ શકે છે. વાચકોસૂત્ર

૨. વિ. હાથથી ચાલનાર.

ભુજપાશ ૧. [સં.] પું. આલિંગન

૨. પું. ભગાનાં હાથ નાખવા તે.

૩. પું. બાહુરૂપી બંધન.

ભુજપિંજર ૧. [સં.] ન. પિંજર; બાહુરૂપી પીંજરું; હાથરૂપી બંધન.

૨. ન. બાહુપાશ.

નિવારવા શ્લોક અથી રહી ના.
બીડી જ દીધી ભુજપિંજરે ને. પ્રેમ અને પ્રેમવીર

ભુજપ્રતિભુજ [સં.] ન. સમચ્છ ક્ષેત્રની સમાંતરનર કે આમને સામનેની ભુજા

ભુજફલ [સં.] ન (ગણિત) ભુજાથી આવેલ એક ફળ.

ભુજબલ ૧. પું. સામુદ્રિક અનુસાર એક ભમરી. તે ઘોડાના આગલા પગમાં ઉપરની બાજુએ હોય છે. ઘોડાઓમાં માન્યતા છે કે, જે ઘોડાને આ ભમરી હોય તે વધારે બળવાન હોય છે.

૨. [સં.] ન. હાંડાનું જોર; બાહુબળ.

ભુજબળ જુઓ ભુજબલ.

ભુજબંદ પું બાજુબંધ.

ભુજબંધ ૧. [સં.] પુ. આલિંગન; ભેટ; ભુજામાં ભરીને લેવું તે; ભુજવેષ્ટન.

૨. પુ બાજુબંધ; હાથે પહેરવાનું એક ઘરેણું.

ભુજબંધન જુઓ ભુજબંધ ૧.

ભુજમધ્ય [સં] ન. બે ભુજાની વચ્ચેનો ભાગ

ભુજમંડલ જુઓ ભુજમંડળ.

ભુજમંડળ ન. બે હાથ

સરમાણી સરમાણી પણ ભુજમંડળમાં બીજ
થતી અત્યારે ઉત્તર ન આપ્યા
સરસ્વતીચંદ્ર

ભુજમાલ [સં] ન. (ગણિત) આકૃતિની બાજુનું માપ.

ભુજમાપનરેખા જુઓ ભુજમાપનરેખા.

ભુજમાપનરેખા [સં.] સ્ત્રી. (ગણિત) લંબક્ષ; પાસેખનની આકૃતિમા દોરવામાં આવતી ઊભી લીટી. આલેખનની આકૃતિ દોરવામાં પ્રથમ એક આડી લીટી અને એક ઊભી લીટી દોરવામાં આવે છે. આડી લીટી કોટિમાપનરેખા અને ઊભી લીટી ભુજમાપનરેખા કહેવાય છે.

ભુજમૂલ ૧. [સં.] પું. ખભા.

૨. ન. બગલ.

ભુજમોચક [સં.] પું. સર્પનું વિષ ઉતારનાર મણિ; સર્પનો મણિ.

ભુજમોચકરત્ન [સં.] ન. એ નામનું એક રત્ન; સર્પનો મણિ.

ભુજયુગ્મ જુઓ ભુજયુગલ.

ભુજયુગલ [સં. ભુજ (હાથ) + યુગલ (જોડું)] પું. બે હાથ.

ભુજયુગ્મ ૧. [સં. ભુજ (હાથ) + યુગ્મ (જોડું)] ન. બે હાથ.

૨. ન. (ગણિત) સહનિર્દેશકભુજા; 'કો-ઓર્ડિનેટસ'.

ભુજલતા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ, તગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે

ન સ ભુજલતા ના સા ત લ ગે. રઘુપિંગળ

૨. સ્ત્રી. ભુજવલ્લી; ભુજરૂપી વેલી.

ભુજવલ્લી [સં. ભુજ (હાથ) + વલ્લી (વેલ)] સ્ત્રી. કોમળ હાથ, ભુજલતા.

ભુજવીર્ય જુઓ ભુજબલ.

ભુજશિખર [સં.] પું. ખાંધ; ખભો.

ભુજશિર [સં. ભુજશિરસ્] ન. ખાંધ; ખભો

ભુજસમુદાય [સ.] પું. સંબંધ દર્શાવનારી લીટીઓ; કોઈ જગ્યાના અક્ષાંશ અને રેખાંશ.

ભુજસર્પ [સં. ભુજ (હાથ) + સર્પ (પેટે ચાલનારું)] પું. (જૈન) નોળિયો, ઘો વગેરે ભુજાથી ચાલનાર તિર્યંચ પંચેંદ્રિય.

ભુજસ્તંભ [સ] પું (વૈદક) એ નામનો એક જાતનો વાયુના વધવાથી થતો રોગ; અપવાહક. તેમાં હાથની નસો ખેંચી પડી જઈ હાથ નકામો થઈ જાય છે.

ભુજંગ ૧ [સ , પું (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

૨. પું. આઠની સંખ્યા.

૩. પું. આપત્તિ.

૪. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રામેળ છંદ તે જગણવાળા, ૨૭૫૪ છંદનો ભેદ છે. તેમા ૧૦ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૪ અક્ષરની ૬૪ માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) એ નામનો બેતાલીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ યગણ આવે છે તેને દેવ, મહાનાગ, સુધાપ પણ કહે છે

૬. પું. એક જાતનું હળવું પક્ષી; ' ફિમ ફો '.

૭. [સં. ભુજ (હાથ) + ગમ્ (જવું)] પું. કાળો નાગ; સર્પ, સાપ.

૮. પું (જૈન) મહોરગ જાતનો દેવ

૯. પું. રાજાનો એક અનુચર.

૧૦. પું. (જ્યોતિષ) રાહુ.

૧૧. પું. ભુજ્યો માણસ.

૧૨. પું ભલિયારી પુરુષ; કામીજન, બીનો યાર, ભરથાર; ભામટો.

૧૩. પું. સીસું.

૧૪. પું. સ્વામી.

ભુજંગકન્યા [સં.] સ્ત્રી. સર્પિણી.

ભુજંગગાતક ૧. [સં.] પું. ગરુડ.

૨. પું. નોળિયું.

૩. પું. મોર.

ભુજંગગાતિની ૧. [સં.] સ્ત્રી ગારુડી, સર્પોથી રક્ષતા.

૨. સ્ત્રી. ગરુડની માદા.

૩. સ્ત્રી. નોળિયાની માદા.

૪. સ્ત્રી. મોર પક્ષિણી; ઢેલ

ભુજંગજિહ્વા ૧. [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નકુલેષ્ટા.

૨. સ્ત્રી. સાપની જીભ.

ભુજંગજુષ્ટી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, સગણ, રગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

રા સ રા સ ધરી ઉ ભુજંગજુષ્ટી રત્નાકર પિંગળ

ભુજંગદમની [સ] સ્ત્રી. નાકુલી કંદ; નકુલેષ્ટા વનસ્પતિ.

ભુજંગદારુણ જુઓ ભુજગપ્રયાતક

ભુજંગદારુણક જુઓ ભુજગપ્રયાતક

ભુજંગધારી ૧ [સ ભુજંગ (સર્પ) + ધારિન્ (ધારણ કરનાર)] પું. ગારુડી; સપેરો.

૨. ન. (જ્યોતિષ) રાશિ-કક્ષની ઉત્તરે વિષુવવૃત્ત ઉપર આવેલું એ નામનું એક તારામંડળ, 'સર્પેન્ટેરિયસ'. તેનો આકાર સાપ પકડનાર ગારુડી જેવો હોય છે. તેની પૂછડીના તારા ક્રાંતિવૃત્તથી જરા ઊંચે ૨૬ અંશ પર નમેલી રાશ જેવી, દક્ષિણમાં આકાશગંગાને અડતી મળી ઊભેર તરફ જાય છે. તેની કેડના નવ દસ તારામંડળ અને ગોરીના તારાઓની સમભાસ જોવામાં આવે છે. ભુજગધારિમંડળનો આકાર અર્ધભગ્ન વર્તુળ જેવો છે તેમા વચ્ચે વચ્ચે જોડિયા તારા જોવામા આવે છે વળી વચમા ખભાના બે તારા તથા તેના ઉપર માથાનો એક તારો સુંદર દેખાવ આપે છે ભુજગધારીના એટલે ગારુડીના હાથમાં સર્પ હોય એવી કલ્પના છે. ભુજગધારીની પશ્ચિમે પડેલા તારાઓને ભુજગમુખ કહે છે અને ભુજગધારીની પૂર્વે પડેલા તારાઓને ભુજંગપુચ્છ કહે છે. એમના બીજાં નામ સર્પમુખ અને સર્પપુચ્છ છે.

ઈ. સ. ૧૬૦૯ના સપ્ટેમ્બરથી ૧૬ મહિને ભુજંગધારીમા એક તારો દેખાતો હતો. સુમારે પખ્વાડિયાં તે ગુહની વહુ નીચે હતો.

જ્યોતિર્વિલાસ

ભુજંગનારાચ ૧ [સં] પું ગરુડ.

૨ પું. નોળિયું

૩ પું. મોર.

ભુજંગપર્ણિકા [સ] સ્ત્રી નાગદમની વનસ્પતિ

ભુજંગપર્ણિની જુઓ ભુજંગપર્ણિકા.

ભુજંગપર્ણી [સ.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગદમની.

ભુજંગપુષ્પ [સ.] પું એક જાતની વનસ્પતિ; નાગકેસર.

ભુજંગપ્રયાત ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર યગણ મળી બાર અક્ષરો હોય છે. છઠ્ઠા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તે

ભુજંગ એટલે સર્પની ચાલની પેઠે ગણ છે, માટે તેને ભુજંગપ્રયાત કહે છે.

ધરીદા વદા માત દે વાદવાને,
થયું પ્રાત નમા થયો ચારવાને.
કનૈયા ! સમો થી ગઈ ગોપ સર્વે,
બને આ હવે સર્વ તૈયાર ઇમે.
વદા કૃષ્ણ લે લાકડી હાથમાં ને,
ધરી કામળી અંગ વંદેલ આને.
કહે મા ! અને દેખરાં દેખરાં ને,
દિયો સુખડી મિશ્ર દૈ સાંકરા ને.
વળી ગ્રહ કાળે સખા દાપણોના,
બુલા ને બુલે ને બુલાવે; બહુ ના
રહે હર્ષની. ગોલ સીધાં સવંતાં,
ભુજંગપ્રયાત પ્રમાણે ઝમંતાં

છંદોમંજરી

૨. પું. બીનો યાર.

ભુજંગદેવન [સં.] ન. અફીણ.

ભુજંગનાયક જુઓ ભુજંગનાયન.

ભુજંગનાયન જુઓ ભુજંગભુજ.

ભુજંગભુજ ૧. [સં. ભુજંગભુજ્] પું. ગરુડ.

૨. પું નોળિયો.

૩. પું. મયૂર; મોર.

ભુજંગભૂતા પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તેમજ ત્રીજા પદમાં ચાર સગણ તથા ગુરુ મળી તેર અક્ષર અને બીજા તેમજ ચોથા પદમાં ચાર ભગણ તથા ગુરુ મળી તેર અક્ષર હોય છે.

ભુજંગભોજિની ૧. [સં.] સ્ત્રી. ગરુડની માદા.

૨. સ્ત્રી. નોળિયાની માદા.

૩ સ્ત્રી. મોર પક્ષિણી; ઢેલ.

ભુજંગભોજી ૧. [સં. ભુજંગ (સર્પ) + ભોજિન્ (ખાનાર)] પું. ગરુડ.

૨. પું. નોળિયો.

૩ પું. મોર.

૪. પું. રાજસર્પ.

ભુજંગમ ૧. [સં.] પું. અહિ; સાપ; નાગ; ભુજંગ.

૨. પું આઠની સંખ્યા.

૩ પું (જ્યોતિષ) રાહુ

૪. પું શેષનાગ.

૫ પું. બીનો યાર.

૬. ન. (જ્યોતિષ) અશ્લેષા નક્ષત્ર.

૭. ન સીસું.

ભુજંગમી [સ.] સ્ત્રી. સાપેણ; સાપની માદા.

ભુજંગમુદ્રા [સં] સ્ત્રી હાથની આંગળીઓને સર્પની ફેણ જેવી રાખવાથી થતી આકૃતિ.

ભુજંગમેશ્વર ૧. [સ] પું. પતંજલિ મુનિ.
૨. પું. પિંગલ મુનિ.
૩. પું. બળદેવ
૪. પું. વાસુકિ નાગ.
૫. પું. શેષનાગ.

ભુજંગરિપુ ૧. [સ. ભુજંગ (સર્પ) + રિપુ (શત્રુ)]-પું. ગરુડ.
૨. પું. નોળિયો.
૩. પું. મોર.

ભુજંગલતા [સં.] સ્ત્રી. નાગરવેલ; તાંબૂલ.

ભુજંગવિજૃંભિત પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ, તગણ, જગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી બત્રીસ અક્ષર હોય છે. ૮ અને ૧૧મા અક્ષર ઉપર વિસામો આવે છે.
આઠે રુદ્રે મા મા તા છે, જાણ ન પર ૬ સ પર
ન મા, ભુજંગવિજૃંભિતાંભતે. રણપિંગળ

ભુજંગવિલાસ પું. (પિંગળ) વર્ણદંડક વર્ણનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેને ભ્રમરમાણ, ભારમરમાણ, નીલોત્પલ પણ કહે છે. તેના દરેક ચરણમાં નવ ભગણ અને બે ગુરુ મળી ઓગણત્રીસ અક્ષર આવે છે.

ભુજંગવૃત્તિ ૧. સ્ત્રી. સર્પના જેવી વક્રતા.
૨. [સં.] સ્ત્રી. સર્પના જેવું લક્ષણ.

ભુજંગશત્રુ જુઓ ભુજંગરિપુ.

ભુજંગશયન [સં.] ન. શેષનાગ ઉપર સૂવું તે.

ભુજંગશાયી ૧. [સં. ભુજંગ (સર્પ) + શાયિન્ (સૂનાર)] પું. વિષ્ણુ
૨. વિ. શેષનાગ ઉપર સૂનારું.

ભુજંગશિશર [સં. ભુજંગશિશ્ન] સ્ત્રી. ભાંગો.

ભુજંગશિશુપ્લુતા જુઓ ભુજંગશિશુપ્લુતા.

ભુજંગસંગતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે ભુજંગી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે. સોળ અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
સજ્જા સુરંગમ રંગિણી;
તરલા સુભા હરંગિણી
સજ રાગ ભાગ સંગિની,
પ્રિય કેટલા ઉમંગિની
ખલ કાલિ નાગ સંગતા;
વિષપૂર્ણ વારિ કુંડિતા
અપના વિષાદ ખંગત;
યમુના ભુજંગસંગતા. છંદોમંજરી

ભુજંગહંતા જુઓ ભુજંગખાતક.

ભુજંગહર જુઓ ભુજંગખાતક.

ભુજંગા ૧. [સં.] પું. એક જાતનું કાચું પક્ષી.
૨. પું. કાળો નાગ.

ભુજંગાક્ષી ૧. [સં.] સ્ત્રી. નોળવેલ.
૨. સ્ત્રી. રાસ્નાની વનસ્પતિ. રાસ્નાનાં કંદ ઉપર સર્પનાં જેવાં ચૂંચળા વળેલાં હોય તેવો આકાર હોય છે, માટે તેને ભુજંગાક્ષી કહે છે.

ભુજંગાગ્ર્ય [સં. ભુજંગ (નાગ) + અગ્ર્ય (નામનું)] ન. નાગકેસર. તેની કાંડલી હાથની જેમ ત્રીકુ ને લાંબી હોય છે. જેમ હાથના પોંચામાં પાંચ આંગળાં છે, તેમ રીતે નાગકેસરનું ગુમખું પાંચ ફણનું હોય છે, તેથી તેને ભુજંગાગ્ર્ય કહે છે.

ભુજંગારિ જુઓ ભુજંગખાતક.

ભુજંગાશન જુઓ ભુજંગખાતક.

ભુજંગાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં પહેલાં ઊંધા સૂઈ પગના અંગૂઠાથી નાભિ સુધીનો ભાગ જમીનને સ્પર્શે કરેલો રાખવો. નાભિથી ઉપરનો માથા સુધીનો ભાગ અને બંને હસ્તતલ નાભિને બંને પડખે પૃથ્વી ઉપર ખેંચી ઊંચો રાખવાથી ભુજંગાસન થાય છે. આ આસનથી કુંડલિની જાગ્રત થાય છે, જઠરાગ્નિ વૃદ્ધિ પામે છે અને શરીરમાંના વ્યાધિઓનું શમન થતું મનાય છે. આ આસનની બીજી રીત નીચે પ્રમાણે છે: શવાસનની સ્થિતિમાં જાતી ઉપર સંપિ સૂઈ જવું, પછી બંને હાથને કોણીઓ ઉપર બંને છાતીની ડીંટડીઓની બાજુમાં જમીન ઉપર ગોઠવવા. પછી પગના અંગૂઠાને ધીરે ધીરે અંદર વાળી જમીન ઉપર ટેકવવા. આમ કર્યા પછી માથાને ધીરેથી પાછળ જવા દેવું અને હાથના ટેકાથી છાતી ઊંચી કરવી. પછી પેડુ ઊંચું કરવું. હાથ કોણીઓથી વળેલા રાખવા. પાછું મૂળ સ્થિતિમાં આવવા માટે ઊંધો ક્રમ લેવો. આ આસન પેટના સ્નાયુઓ ઉપર સંકોચ લાવે છે, તેથી તે પાચનતંત્રને સારું કરનાર મનાય છે. દરેક વખતે રથી ૫ વખત કરવું અને ક્રમશઃ વધારવું.

ભુજંગાહ્વ [સં. ભુજંગ (સર્પ) + આહ્વ (ધરાવનાર)] ન. એ નામનું એક અંગ; નાગાંગ.

ભુજંગાંતક જુઓ ભુજંગખાતક.

ભુજંગિની ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ; ગોપાલ.
૨. સ્ત્રી. એ નામની યોનિની એક મુદ્રા. મુખને થોડું ઉઘાડી, જીભ વડે ઉપલા પવનનું આકર્ષણ કરી, તેને યથાશક્તિ રોકી, પછી બંને નસકોરા દ્વારા તેને ધીરે ધીરે બહાર કાઢવાથી ભુજંગિની મુદ્રા થાય છે. આ મુદ્રા વિશેષે કરીને ઉકારરોજ અને અજપાનો નાશ કરનાર ગણાય છે. મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનબંધ, જાલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોની, વજ્રોલી, શક્તિચારિણી, તાડાગી, માંડવી, કાંજરી, પંચધારિણી, અશ્વિની, પાશિની, માતંગી વગેરે યોગની બીજી પણ મુદ્રા છે.
૩. સ્ત્રી. નાગણી, સર્પિણી.

ભુજંગિનીમુદ્રા જુઓ ભુજંગિની ૨.

ભુજંગી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નવ યગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેના છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે. તેને કર્યું કે સેહેલ પણ કહે છે.
ભુજંગી જ કર્યે. ય યા યા લ ગ. રણપિંગળ
૨. પું. (પિંગળ) દરેક ચરણમાં ચાર યગણ મળી બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ભુજંગપ્રયાત. તેની ચાલ સર્પના જેવી છે, તેથી તેને ભુજંગી કહે છે.
ય યા યા યી છે જ સુપ્રયે ભુજંગી,
કરે તેહને શું કુવિદ્યા ભુજંગી. હલપત પિંગળ
૩. સ્ત્રી. (યોગ) કુંડલીની; નાભિ આગળની એક સર્પાકાર સૂક્ષ્મ નાડી.
કુંડલિની, ભુજંગી, શક્તિ, ઈશ્વરી, કુટિલાંગી, કુંડલી, અરુંધતી, બંધનાલ ને ઔષધનાડ એમ નવ પર્યાય છે. યોગશિખોપનિષદ
૪. સ્ત્રી. નાગણી; સાપોણ

ભુજંગીપ્રયાત જુઓ ભુજંગી ૨.

ભુજંગીવરિત પું (પિંગળ) એ નામનો એક છંદ.

ભુજંગેશ ૧. [સં.] પું. પતંજલિ મુનિ.
૨. પું પિંગલ મુનિ
૩. પું. બળદેવ.
૪. પું. વાસુકિ નાગ
૫. પું. શેષનાગ.

ભુજંગોદ્ગત પું. (પિંગળ) એ નામનો બાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે આકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, બે રગણ, સગણ, રગણ, નગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે.
ત જા જા પછી ૨ ૨ છે ભુજંગોદ્ગતે સ ૨ છે ને
ન ગા ચરણમાં. રણપિંગળ

ભુજા ૧. [સં.] સ્ત્રી. કર; હાથ; બાહુ; કોણીથી ઉપરનો હાથ.
૨. સ્ત્રી. (સમિતિ) ત્રિકોણની એક બાજુ; ત્રિકોણ, ચતુષ્કોણ વગેરેવાળા ક્ષેત્રનો એક અંશ.
૩. [સં. ભ્રાતૃજાયા] સ્ત્રી. ભાઈની સ્ત્રી; ભોજાઈ.

ભુજાર્ઈ સ્ત્રી વિનિમયમાં નુકસાન કે ખોટ.

ભુજાર્ઉ જુઓ ભુજકેટક.

ભુજાવટક [સં.] પુ. હાથના નખ.

ભુજાશ્વ [સં.] પું (સ્મૃતિ) આલેખનો એક અશ્વ.

ભુજાસ ૧. [સં.] પું. ખભો.
૨ પું હાથ.

ભુજાણી ન. એક જાતનું હથિયાર.

ભુજાતપુર [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ભુજાદણ્ડ [સં.] પું હાથ.

ભુજાપીડ (ભુજાપીડ) [સં.] પું. ભેટવું તે; આલિંગન.

ભુજાફેલ જુઓ ભુજાદણ્ડ.

ભુજામૂલ [સં.] પું. ખભાનો આગલો ભાગ; હાથ અને ખભાનું જોડાણ થાય છે તે ભાગ.

ભુજામૂળ જુઓ ભુજામૂલ.

ભુજાલરી ૧. [હિ.] સ્ત્રી. કટારી.
૨. સ્ત્રી. દાંતરડું.
૩. સ્ત્રી. નાની બરછી; ભરો.

ભુજાવું અ. ક્રિ. શેકાવું.

ભુજાવરિધ [સં.] ન. ભુજાનું હાડકું; ખભા અને કોણી વચ્ચેનું હાડકું; બાવડાનું હાડકું.

ભુજાળું વિ. હાથવાળું.

ભુજાંતર ૧. [સં.] ન. બે હાથ વચ્ચેનો ભાગ; છાતી.
૨. ન. ભુજનું માપ.

ભુજાંબુજ [સં. ભુજ (હાથ) + અંબુજ (કમળ)] ન. હાથરૂપી કમળ; કરકમળ.

ભુજાંશ ૧. [સં.] પું. (ખગોળ) કાંતરેખ; ' સ્ફીરેક્સિયલ ઑર્જિટ્યૂડ '.
૨. [સં. ભુજ + અંશ] પું. કર્કના ભુજનો પ્રત્યેક અંશ.

ભુજાંશવૃત્ત [સં.] ન. રેખાંશવૃત્ત; ' સર્કલ ઑફ લાજિટ્યૂડ '.

ભુજિ ૧. [સં. ભુજ્ (ભક્ષણ કરવું)] પું. અગ્નિ
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. સ્ત્રી. એક પ્રકારની તરવારની મૂઠ.

ભુજિયું ન. ચીકાશની એ નામની એક જાત; ભઠ્ઠ.

ભુજિયો ૧. પું. પિત્તળનો બે જણ કેર પાણી ભરાય એવો તાંબડી જાતનો ઘોડો.
૨. પું. ભુજ પાસે આવેલો એ નામનો કુંવર.

ભુજિષ્ય ૧. [સં.] પું. રોમ.
૨. પું. સેવક; નોકર; દાસ; ગુલામ દાસેર; દાસેર; ગોખાઃ ચેટક; કિંકર; નિયોજ્ય; પ્રેષ્ય; પરિચારક.
૩. પું. હરતસૂત્ર.
૪. વિ. સ્વતંત્ર

ભુજિષ્યા ૧. [સં.] સ્ત્રી. સ્ત્રિકા; સેવા.
૨. સ્ત્રી. દાસી; ચાકરડી.
૩. વિ. સ્ત્રી. સ્વતંત્ર.

ભુજિસ [સં.] પું. એ નામે એક દેવ.

ભુજી સ્ત્રી. એક પ્રકારની તરવારની મૂઠ.

ભુજીગોલિયા ન. એક પ્રકારનું ગાયન.

ભુજુભ્યા [હિ.] પું. અનાજ શેકનાર માણસ.

ભુજૈલ [હિ.] પું. ભુજના નામનું પક્ષી.

ભુજોત્ક્ષેપ ૧. [સં. ભુજ (હાથ) + ઉત્ક્ષેપ (ઊંચું કરવું તે)] પું. આગલથી કે કોણથી હાથ ઊંચા કરવા તે.
૨. પું. રતિને લીધે આળસ મરડવાની જેમ હાથ ઊંચા કરવા તે.
૩. પું. હાથ ઊંચા કરવા તે.

ભુજોપરિ ૧. [સં. ભુજ (હાથ) + ઉપરિ (ઉપર)] અ. હાથ ઉપર.
૨. અ. હાથથી ઊંચે.

ભુજ્યમાન ૧. [સં.] વિ. ખવાયેલું.
૨. વિ. ભોગવટામાં આવેલું.
૩. વિ. ભોગવાયેલું.
૪. વિ. ચોરેલું.

ભુજ્યુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. અન્ન.
૩. પું. (પુરાણ) એક ઋષિ. એનું નામ ઋગ્વેદમાં પણ છે.
૪. પું. ખાવું તે; ભોજન.
૫. પું. ચિત્રાનું ઝાડ.
૬. પું. પાત્ર; વાસણ.
૭. પું. ભોગ.
૮. પું. વસ.
૯. પુ. વૈદિક કાળનો એ નામનો એક રાજા. તે તુમ્રનો પુત્ર હતો. અશ્વિનીઓ તેને સમુદ્રમાં ડૂબતો બચાવ્યો હતો.
૧૦. પું. સર્પ.

ભુરકણ ન. ખંડાયેલો પથ્થરનો ભાગ કોઈ ખોદનારા બળદ પાસ આવતાં જ્યાં ઊભા રહે છે તે ભાગ.

ભુરકણપાળો પું. પાણી બહાર ન નીકળે તે માટે કરવામાં આવતી આડશ.

ભુરકાવવું ૧. સ. ક્રિ. ખવડાવવું.
૨. સ ક્રિ. ભેગા કરી રેવું.
૩. સ. ક્રિ. મોઢમાં નાખવું.
૪. સ. ક્રિ. સામું આવ એમ કરવું; સામ કરાવવું.

ભુરકો ૧. પું. ક્રમ સાધવું તે; કામ કરી લેવું તે.
૨. પું. મકાઈનો ડોડો.

ભુરાણી ૧. સ્ત્રી. કચ્છમીની એ નામની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

ભુરાફેલ પું એ નામનો એક જાતનો કર.

ભુરાંગ ન. જોરથી; સખત રીતે.

ભુરિયા ૧. [હિ.] સ્ત્રી. ઉત્તર હિંદમાં રહેતી એ નામની એક દલિત કોમ.
૨. સ્ત્રી. એક જાતની કોરી. તે કોરિયા બનાવવામાં વપરાય છે.
૩. સ્ત્રી. ભૂતાન દેશની ભાષા.
૪. ન. એ નામની કોમનું માણસ.
૫. વિ. એ નામની કોમનું.

ભુરિંગ જુઓ ભુરાંગ.

ભુરુ ૧. પું. એ નામનો કુરુવંશીનો એક રાજા. તેમાં જ્યારે સમોવડિયો આપણા બાપ ઉપર જમણો હાથ મૂકે ત્યારે બીજા હાથથી તે હાથને જોર દઈ આપણી જમણી બાજુ તરફ લેવા આપણા શરીરને લેવાનું હોય છે. પછી ઝટ પકડી લેવા ઘૂંટણમાં અ.પણો પગ જોરથી મારવામાં આવે કે જેથી તરત જ તે ચીત થઈને પડી જાય.
૨. પું. પાકા અનાજનું ડૂંડું.
૩. [હિ.] પું. મકાઈ; મકાઈનો ડોડો.

ભુરુચોર ૧. પું. મકાઈના ભુટ્ટા ચોરી જનાર માણસ.
૨. પું. કોઈ ચોરી કરનાર ચોર.

ભુરુની લાંગ સ્ત્રી. એ નામનો કુસ્તીનો એક દાવ. આ દાવમાં જ્યારે હરીફનો એક હાથ જરાક ઉપર હોય ત્યારે તે હાથને આપણા હાથથી દબાવી, બીજે હાથે બીજો હાથ પકડી, જમણા પગની આંટી નાખી જોર કરવાથી તે ચીત થાય છે.

ભુરુ [હિ.] પું. મૂર્ખ માણસ.

ભુરેચોર જુઓ ભુરુચોર.

ભુરો ૧. પું. ગોળ ચંતાક.
૨. પું. મકાઈનો ડોડો.

ભુઆર [હિં.] પું. રેતાળી ભૂમિના પ્રદેશમા ઉત્પન્ન થયેલ છોડ.

ભુઠોર [હિં] પું. એક જાતનો ધોડો ગુજરાત વગેરે રજ્યે તે જાવામાં આવે છે.

ભુડાબોર જુઓ ભુટ્ટાબોર

ભુઢા જુઓ ભુટ્ટો.

ભુડકસ (ભુડકમ) ૧. સ્ત્રી ઘર; ભૂમે; અવકાશ.

૨. સ્ત્રી. છોકરા ને માણસોનો સમૂહ.

૩ સ્ત્રી. પરચૂરણ સેળભેળ થયેલી ઘણી વસ્તુઓનો ખીચડો; પરચૂરણ નકામી વસ્તુઓનો સમૂહ; ભરકુચ્ચ.

૪. સ્ત્રી. ભરકસ; નાનાં છોકરાં; બચ્ચાંકચ્ચાં.

ભુડાવવું (ભુડાવવુ) જુ. ક્રિ. ભડાવવુ.

ભુડભુડ (ભુડભુડ) [હિં.] પું. અવરજ.

ભુડભુડાટ (ભુડભુડાટ) ૧. [બં.] ન. પરપોટા થવાની ક્રિયા.

૨. ન. બડબડવાની ક્રિયા.

ભુડભુડિ (ભુડભુડિ) જુઓ ભુડભુડાટ.

ભુડારી [હિ.] સ્ત્રી. દાટ્યા પછી ઢંકાંમાં રહી ગયેલ દાણો.

ભુડાસ (ભુડાસ) ૧. સ્ત્રી. ગુસ્સો.

૨. સ્ત્રી. દિલગીરી.

ભુણ્ડિ ૧. [બં.] સ્ત્રી. લાંબી કટારી.

૨. સ્ત્રી. વિષ્ણુને પહેરવાનું વસ્ત્ર.

ભુણ્ડિક [સં.] પું. અમુક ઋષિ ગોત્ર.

ભુત્સુ [સં.] પું. (પુરાણ) પુરુવંશના ભરતનો એ નામનો પુત્ર.

ભુતાની ૧. સ્ત્રી. નેપાળ ભુતાનમાં બોલાતી એ નામની એક ભાષા.

૨. વિ. ભુતાનનું.

ભુથ્યનેત્રસન્નિપાત પું. (વૈદક) એક જાતનો સન્નિપાત રોગ.

ભુથ્યનેત્રસંન્નિપાત જુઓ ભુથ્યનેત્રસન્નિપાત.

ભુન [હિ.] પું. અવ્યક્ત ગુંજારવ; માખી વગેરેનો શબ્દ.

ભુન ભુન કરવું = કોચે બરાબરને અસ્પષ્ટ શબ્દોમાં કાંઈક કહેવુ

ભુનગા ૧. [હિં] પું. એક જાતનો નાનો ઊડતો કીડો. તે ઘણે ભાગે ફૂલ અને ફળમા રહે છે અને સિહિર ઋતુમાં બહુખરૂ ઊભા કરે છે.

૨. પું. તુચ્છ કે નિર્બળ મનુષ્ય.

૩.* પું. પતંગિયું.

ભુનગી [હિ.] સ્ત્રી. રોટલીના પાકને હર્ષનકર્તા એક જાતનો નાનો કીડો.

ભુનભાર્ઇ ૧. સ્ત્રી. અનાજ વગેરે ખરીદવા માટે અપાની કોમત; રોકાણનું.

૨. સ્ત્રી. હુંડિયામણમાં વટાવ કે તોટો.

ભુનાર્ઇ જુઓ ભુનભાર્ઇ.

ભુજાસ ૧. [હિં.] પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૨ પું. હાથીને બાંધવા માટેનો બાંભરો

ભુપાલી ૧. પું. (સંગીત) એ નામનો એક ઔડવ ષડ્જાતિ રાગ; કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તેનાં આરોહમાં સા રિ ગ પ ધ એમ પાંચ સ્વર અને અવરોહમાં સાતે સ્વર આવે છે. ગ તીવ્ર છે. તેનો ગ્રહ સ્વર, વાદી સ્વર કે સવાદી સ્વર ગ અને ન્યાસ સ્વર રિ છે. અવરોહમાં નિ ધોડો લેવાય છે. ગ તીવ્રથી કલ્યાણનો ભાસ થાય છે, તેથી તે ભૂપાલી કલ્યાણ કહેવાય છે. તે શાંત, અદ્‌ભુત અને શૃંગારરસ ઉત્પન્ન કરે છે. તે ગંભીર પ્રકૃતિવાળો છે. તે ગાવાનો સમય પહેલો પ્રહર છે.

૨. સ્ત્રી. (સંગીત) પંચમ રાગની એક રાગિણી

૩. સ્ત્રી (સંગીત) મેઘ રાગની પાંચ માંહેની એક રાગિણી. તેના શરીરનો રંગ ગોર, નેત્ર વજ્ર તથા મોતી અને દાંતનાં આભૂષણ પહેરેલાં છે, ચંદ્ર સમાન ઉજ્જ્વલ મુખની કાંતિ, શરીર મધુ માખીનો ત્રણથી લેપ તો કોઈ કેસરે કેસરનો લેપ અને હાથપગ મેંદીથી રંગેલા છે. મધુ આનંદથી પોતાના પ્રિયને માટે હાથમાં પુષ્પના હાર લઈ પતિની વાટ જોતી તે ઊભી રહી છે. કોઈ એમ પણ કહે છે કે, તેણે કાંમાં પુષ્પનો હાર પહેર્યો છે અને પોતાના સ્વામીના અંકમાં આનંદથી બેઠી છે. તે ગાવાનો વખત પહેલી રાત્રિનો છે. કોઈ સવારનો પણ માને છે. તેની જાતિ ઔડવ છે. તેમાં મધ્યમ વર્જ્ય છે, ઋરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર, એ પ્રમાણે ૭ સ્વરો આવે છે. ગ્રહ સ્વર અને વાદી સ્વર પંચમ છે. રિષભ સંવાદી અને ધૈવત અનુવાદી સ્વર છે. તે ભિન્નષડ્જ અને કલ્યાણથી મિશ્ર છે. કોઈ ગૌડ અને કલ્યાણથી મિશ્ર માને છે. કોઈ આ રાગિણીને સંપૂર્ણ પણ કહે છે. તે હાસ્યરસની રાગિણી મનાય છે, પણ કેટલાક માણસો તેને ધાર્મિક ઉત્સવોમાં ગાવાને માટે લાયક જણાવે છે.

૪. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગની આઠ માંહેની એક પુત્રવધૂ આ રાગિણી અને મેઘ રાગની રાગિણી ભુપાલીમાં માત્ર શ્રુતિઓમાં ફરક છે.

ભુ'પાળી જુઓ ભૂપાલી.

ભુકેરડો પું. ઢગલો; ભુસારો; ભુસ્કો.

ભુખિ [હિ.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ભુજાઢ પું. ડોળદમામ.

ભુજાવર જુઓ ભુજાટ.

ભુજી સ્ત્રી. પૃથ્વી; જમીન; ભોંય.

ભુજુકારહુકાર પું. વાનરનો એવો અવાજ; કિકિયારી.

ભુમન્યુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

૨. પું. (પુરાણ) ઋકૃતધ્વજના પુત્ર ભરતનો એ નામનો પુત્ર. સુવર્ણા એની સ્ત્રી હતી. સુહોત્ર એનો પુત્ર હતો. આ ભુમન્યુ ભરદ્વાજનો અંશાવતાર હોઈ તેનું બીજું નામ વિતથ હતું.

૩. પું. (પુરાણ) સોમવંશી જનમેજયના ધૃતરાષ્ટ્રનો એ નામનો પુત્ર.

ભુમરિહા યંત્ર ન. એ નામનું પત્થર ફોડવાનું એક યંત્ર. તે એક ઝડપી પૈડાંવાળી ગાડી હોય છે અને તેમાંથી પત્થર ચોતરફ ફેંકાય છે.

ભુમરેહ સ્ત્રી. અંજારો; ચિનમારી.

ભુયઆમલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. પેટાળના રોગ ઉપર તે કામ આવે છે.

ભુયકોડ (ભુયકોડ) સ્ત્રી. એક પ્રકારની કૂમ વનસ્પતિ.

ભુયચિરડ (ભુયચિરડ) પું. એક જાતનો છોડ. જમીનથી વેંત ઉપરની ઊંચાઈએ તેને પાન આવે છે. તેના કાંદા વેંતભર કે હાથભર લાંબા અને પોલા હોય છે. તેમાંથી દૂધ નીકળે છે. તે આખમાં આંજવાથી કૂવું કપાય તેમ મનાય છે.

ભુયંગ ૧. પું. ભુજંગ; અહિ; નાગ; સર્પ; ભોરિંગ.

૨. પું. એનો વાર

ભુયંગપયાઉ પું. (પિંગળ) એ નામનો બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ભુજંગપ્રયાત. તેના દરેક ચરણમાં ચાર મગણ આવે છે.

ભુરકસ ૧. [હિં.] પું. ભૂકો; ચૂર્ણ.

૨. સ્ત્રી. ઘણી ચીજોનો મિશ્ર ઢગ; પરચૂરણ સારી નઠારી જોડી કરેલ ચીજોનો જથ્થો; ભરકુચ્ચ; પરચૂરણ નકામી વસ્તુઓનો સમૂહ.

૩. સ્ત્રી. નાનાં છોકરાની ટોળી.

ભુરકા ૧. [હિ.] પું. અબીર.
૨. પું. માટીનું પાત્ર. તેમાં નાગલો લખવા માટે ખડી રાખે છે
૩. પું. માટીનો કૂજો.

ભુરકાવવું ૧. સ. ક્રિ. છૂટું છૂટું નાખવું; વેરવું; ભભરાવવું.
૨. સ. ક્રિ. ઉતરાવવું.
૩. સ. ક્રિ. ભડકાવવું
૪. સ ક્રિ. ભુલાવવું

ભુરકુટા ૧. [હિ.] પું. નાનો ઢોડો કે મચ્છર.
૨. પું. નાનો મકોડો

ભુરકુન [હિ] પું. ભૂકો; ચૂર્ણ.

ભુરકુસ [હિ.] પું. ચૂર્ણ.

ભુરખણ ૧. સ્ત્રી. આહીર અને કાઠીની એ નામની એક પેટા જાતિ.
૨. સ. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

ભુરજ વિ. ભૂરું.

ભુરજી [હિ.] પું. શેકનાર પુરુષ; અનાજ શેકનાર માણસ.

ભુરજુ ૧. [સં.] સ. ભરણપોષણ.
૨. વિ. ઉતાવળિયું; ઝીણું; વેરવાળું.

ભુરટા ૧. [હિ.] પું. ડૂંડો.
૨. પું. રાંધેલાં કે તળેલાં ડૂંડો વગેરેનાં ગાઠવાળાં.

ભુરજાંબ પું. ગાંડાનો માર્ગ.
મલ્લિનાથ તે ગ્રહાદ્ય પાસે રે,
જે કોઈ અમો વટે ભુરજાંબે રે. નિષ્કુલાનંદ

ભુરજીઆન પું. એક જાતનો શિકારી કાબરી આંખો.

ભુરભુર [હિ.] સ્ત્રી. રેતાળ ભૂમિમાં થતું એક જાતનું ઘાસ.

ભુરભુરા ૧. [હિ.] વિ. ભરડ.
૨. વિ ભૂકેભૂકા.
૩. વિ. ભૂકો થઈ જાય એવું.

ભુરભુરાવવું સ. ક્રિ. ભાંટવું; ભભરાવવું. ઘીનું વગેરે માટે વપરાય છે.

ભુરભુરાવું સ. ક્રિ. ભભરાવું.

ભુરભુરોઈ [હિ.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

ભુરલી ૧. [હિ.] સ્ત્રી. એ નામનું એક જાતનું ફૂલ
૨. સ્ત્રી. એક જાતની શેરડી. તેની કાતળા દૂબળી અને સરખી જાડાઈની હોય છે. કાતળા ઉપર ગાળા ઠાર હોય છે. તેને બાંધવાં ચીરા લીલા રંગનાં આવે છે.
૩. સ્ત્રી. એક જાતનો ઝીણો. તે ખેતીના પાકને નુકસાન કરે છે.

ભુરંડી પું. એક પ્રકારનો ઝોડ. તે હાથીની સૂંઢની પેઠે વાંકો વળેલ હોવાથી તેને હાથીસૂંઢો કહે છે. એનાં પાનનો રસ એરંડિયા તેલ સાથે ઉકાળી હડકાયા કૂતરાના કરડ ઉપર વપરાય છે.

ભુરા [સં.] સ્ત્રી. ભૂરી કોડી.

ભુરાઈ સ્ત્રી. ભોળાપણું; સીધાપણું

ભુરાટું જુઓ ભુરાયું.

ભુરાયું વિ. રખાયું; ભુરાટું; બાવરું; બિનૈન; બમ; મજારાયેલું; ઉશ્કેરાયેલું; બેબાકળું; ગાંડા જેવું.

ભુરિક [સ.] સ્ત્રી. પૃથ્વી.

ભુરિકરાજરી [સં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ.
આ મંત્રના ઋષિ ઋષિ, દેવતા. ભુરિકરાજરી છંદ અને પૈવત સ્વર છે.
૬૮૮૫૫૫૫

ભુરિગાર્ષ [સં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ
આ મંત્રના આદમા દેવતા, ભુરિગાર્ષ છંદ અને મધ્યમ સ્વર છે.
૬૮૮૫૫૫૫

ભુરિજ ૧. [સં.] સ્ત્રી. ઝાંતર. ઋગ્વેદમાં ઝાંતરને ભુરિજ કહી છે.
૨. [સં. ભુરિજ્] સ્ત્રી. પૃથ્વી.

ભુરીગર્ષણીક [સં.] પું. (પિંગળ) એ નામનો એક છંદ.
આ મંત્રના પ્રજાપતિ ઋષિ, દેવતા, ભુરીગર્ષણીક છંદ અને ગાંધાર સ્વર છે.
૬૮૮૫૫૫૫

ભુરેરેકે અ. ભરરર. પક્ષીઓના ઊડવાના અવાજ માટે વપરાય છે.

ભુરોક [સં.] પું. ભારંડ પક્ષી.

ભુરૂડી (ભુરૂડી) જુઓ ભુરંડી.

ભુરૂત ન. એક જાતનું પક્ષી; ચકોળ પક્ષી.

ભુરૂજ ન. ટેકુ

ભુરૂંડ ૧. [સં.] પું. એક ગોત્રપ્રવર્તક ઋષિ
૨. પું. ભારંડ પક્ષી.

ભુરો [સં.] સ્ત્રી. ભૂરી કોડી.

ભુર્ભુરાટ ન. ભરભર ભૂકો થવાપણું.

ભુર્વેણિ [સં.] પું. કર્તા; કરનાર

ભુર્વસુ [સં.] પું. (પુરાણ) ચંદ્રવંશી નહુષ રાજાનો એ નામનો પુત્ર.

ભુલકણ જુઓ ભુલકણું.

ભુલકણાવેડા (ભુલકણાવેડા) પું. ન. બ. ભૂલી જવાની ટેવ

ભુલકણું વિ. વારંવાર કોઈ વાત, વસ્તુ વગેરે વિસરી જાય એવું; જેની યાદદાસ્ત સારી ન હોય એવું; વારંવાર ભૂલ કરે એવું; ઓછી યાદદાસ્તવાળું; ભૂલી જવાની ટેવવાળું

ભુલકડ (ભુલકડ) ૧. [હિ.] વિ ભૂલી જાય એવું ભુલકણું.
૨. સ્ત્રી. વિચાર વગરનું; બેદરકાર.

ભુલકિયું જુઓ ભુલકણું.

ભુલના ૧. [હિ.] પું. એક જાતનું ઘાસ. લોકોમાં એની માન્યતા પ્રચલિત છે કે, આ ઘાસ ખાવાથી બધી વાતો ભૂલી જવાય છે
૨. સ્ત્રી. ભુલકણું

ભુલભુલા [હિ.] પું. ભરમ રાખ.

ભુલભુલામણી ૧ સ્ત્રી. અટપટું કામ; ગૂંચવણ ભરેલી બાબત.
૨. સ્ત્રી. અનેક વિચારો કર્યા પછી મૂળ વિચાર ઉપર આવવું તે
૩. સ્ત્રી. એ નામની એક દેશી રમત; અક્કલભણી. આ રમત સોનગઢ તરફ રમાય છે.
૪. સ્ત્રી. અણીકૂંચીવાળો રસ્તો; કુટિલ માર્ગ; અટપટો રસ્તો
૫. સ્ત્રી. ચોરાશીનો ફેરો; સંસારની ભુલભુલામણી.
૬. સ્ત્રી ભૂલા પડી જવાય તેવી અટપટી રચના; સહેજે ભૂલ થઈ જાય એવી અટપટી બાંધણી, એવા કે રચના; ભૂલ થાય એવી ગૂંચવણી.

ભુલભુલામણું ૧. વિ. અતિ સહજ અટકાવણા રસ્તા રાખેલા હોય તેવું
૨. વિ ગૂંચવણ ભરેલું; ભૂલ થાય એવું; અટપટું, અઘરું; ગમમા નાખી દે એવું, ભુલાવીને ભૂલમા નાખી દે એવું; ગોળગોળ ફેરવે એવું; ભૂલ કરાવે એવું.

ભુલભુલાવણી જુઓ ભુલભુલામણી.

ભુલભુલાવવું જુઓ ભુલભુલામણું.

ભુલભુલૈયાં જુઓ ભુલભુલામણી.

ભુલવણ જુઓ ભુલવણી.

ભુલવણી ૧. સ્ત્રી. ફસામણી
૨. સ્ત્રી ભૂલવું તે, ભુલાવવું તે; ભૂલ થઈ જવી તે; ભુલાવો; આકુંભણ; ગમખાવી ઉતરવું તે, ભૂલચૂક
૩. સ્ત્રી ભૂલવાનું રમણ.
૪. સ્ત્રી. વિસ્મૃતિ; ભ્રમ.

૫. સ્ત્રી. મરેલે ભૂત થઈ ભય એવી અટપટી ભાષા કે રમતા; ભૂત થાય એવી ગૂજવણી.

ભુલચાડવું (ભુલચાડવુ) ૧. સ કિ. ભૂલ ખવરાવવી.
૨. સ. કિ. ભૂલે એમ કરવું.

ભુલાચૂકા ૧. [હિ.] પું ભુલાઈ અને ચીસરાઈ ગયેલ માણસ.
૨. વિ ભટકતું; ખોટે રસ્તે ગયેલું.

ભુલાચેતા [હિ.] પું. ખરાબ યાદદાસ્ત.

ભુલાભિસરા ૧. [હિ.] પું. ભુલાઈ અને વિસરાઈ ગયેલ માણસ.
૨. ભુંડો ભુલાભટકા ૨, ૩.

ભુલાભટકા ૧. [હિ.] પું. ભૂલો પડેલ ને ભોમિતો મળેલ માણસ.
૨. વિ ભટકતું; ખોટે રસ્તે ગયેલું.
૩. વિ. ભુલાઈ ગયેલું; વિસ્મરણ થયેલું.

ભુલામણું ૧. ન. ભૂલમાં પડી જવાય એવી સ્થિતિ.
૨. વિ. ભુલાવણું.
૩. વિ. ભુલાવે તેવું.

ભુલાવનું વિ. ભંભના કરનાર; બકનાર.

ભુલાવવું ૧. સ. કિ. ગણતાં, કામ કરતાં ક્રમભંગ તોડાવવો; ભૂલ ખવરાવવી; ચૂકવવું.
૨. સ. કિ. ઊતરડવું; ઠગવું; બરબાદ કરવું.
૩. સ. કિ. ભૂલે તેમ કરવું; યાદ ન આવે એમ કરાવવું.

ભુલાવું ૧. અ. કિ. ભૂલી જવાયું; ઊતરાવું; ઠગાવું.
૨. અ. કિ. રસ્તો ભૂલી જવો; ભટકવું.
૩. અ. કિ. વિસ્મરણ થવું; ભૂલી જવું.

ભુલાવો ૧. પું. ઊંધું સમજાવવું તે; ઊતરવું તે; સમજેર; ઠગાઈ; દગો.
૨. પું. ભુલવણી; ભ્રમ.
ભુલાવામાં પડવું-ભુલાવો આવો = ભૂલ આવી; ભ્રમમાં પડવું.
૩. પું ભૂલ પડવી તે; ભૂલચૂક; વિસ્મરણ.

ભુલ્લક ભુલ્લો ભુલક્કડ.

ભુલ્લૂ ભુલ્લો ભુલક્કડ.

ભુવ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. (પિંગળ) ગણત્રીના ચોરીસ માંહેનો એક છંદ.
૩. પું. ચિત્રાનું ઝાડ.
૪. પું. બિલાડીનો ટોપ; કૂતરાનો કાન.
૫. પું. ભમ્મર; નેણ.
૬. પું. ભુવર્લોક.
૭ પું. ભૂમિ; પૃથ્વી. પહેલાં વપરાય છે.
૮. પું. સ્વર્ગ.
૯. ન. વનસ્પતિ.

ભુવદ્વાન ૧. [સં. ભુવદ્વત્] પું. આકડાનો છોડ.
૨ પું. સૂર્ય

ભુવન ૧ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. ન. આકાશ.
૩. ન. ઘર; મહેલ, સદન; મંદિર; ધામ.
૪. ન. જગત; જમની; વિષ્ટપ; પિષ્ટપ; લોક; દુનિયા; સંસાર. લોક ચૌદ ગણાય છે. તેનાં નામ: ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક. એમ ભૂર્લોકથી ક્રમે સાત લોક ઉપર અને સાત પાતાળ નીચે છે. તેનો ક્રમ: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, પાતાલ. આ પ્રમાણે બ્રહ્માંડમાં ચૌદ લોક કે ભુવનો છે. ભૂર્લોકને મધ્યમાં રાખી ઉપર ભુવઃ આદિ લોક અને નીચે અતલાદિ પાતાળ એ પ્રમાણે બ્રહ્માંડની રચના છે. આ ચૌદ ભુવનો પ્રમાણે વેદાંતીઓએ ચૌદ બ્રહ્માંડની યોજના કરી છે.
અગ્નિ પ્રવેશી ભુવને જ એક રૂપે રૂપે તે પ્રતિરૂપ થાય, જેવી રીતે સર્વભૂતાન્તરાત્મા, રૂપે રૂપે જે પ્રતિરૂપ ભાસ. કઠોપનિષદ
૫. ન. (જ્યોતિષ) જન્મકુંડલી કે વર્ષકુંડલીમા આવતું એક સ્થાન.
૬. ન. ભક્તની સંજ્ઞા.
૭. ન. પાણી; જલ; નીર; ઉદક. તેના અમરકોષમાં આપેલ પર્યાય: આપ, અ, વારિ, વાર, સલિલ, સરિત, કમલ, વન, કીલાલ, અમૃત, જીવન, વન, કબંધ, કમંધ, ક્ષ, પાય, પુષ્કર, અર્ણતોમુચ, અંબ, અર્વા, તોય, પાનીય, નાર, ક્ષીર, અંબુ, શંભર, અંબર, મેઘપુષ્પ, ધનરસ.
અંબુ કમલ કીલાલ જલ પય પુષ્કર વન વારિ;
અંબ અમૃત જીવન ક્ષુધ્ન, ધનરસ કૂપ પાપારિ.
વિમલબોધ
૮. ન. ફાગણ મહિનો.
૯. ન. (પુરાણ) આઠ માંહેનો એક આદિત્ય દેવ.
૧૦. ન. માણસ; માણસ જાત.
૧૧. ન. રાજા.
૧૨. ન. શરીર.
૧૩. ન. સભા.
૧૪. ન. સ્વર્ગ.
૧૫. ન. હાથ.

ભુવન આપ્રેય ૧. [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ; સાપનલોવન. તેણે દશમા મંડલનું ૧૫૭મું સૂક્ત રચ્યું છે.
૨. પું. એ નામનો સામવેદનો એક ઋષિ.

ભુવનકોશ જુઓ ભુવનકોષ.

ભુવનકોષ ૧. [સં.] પું એ નામનો જ્યોતિષનો એક ગ્રંથ
૨ પું. ભૂગોલ; પૃથ્વીનો ગોળો
૩. પું. વિશ્વ; પૃથ્વી; ભૂમંડલ.

ભુવનગૌરવ ૧. [સં. ભુવન (જગત) + ગૌરવ (મોટાઈ)] પું. જગત જેને માટે ગર્વ ધરાવે એવો પુરુષ.
૨. ન. જગતની મહત્તા.
૩. ન. જગતનો ગર્વ

ભુવનચંદ્ર ૧. [સં.] પું. ચંદ્રના જેવો સુંદર મહેલ.
૨. પુ. ત્રિલોકપતિ.
અવ ખોળી નાખો દ્વારો, વામો હવે બસ શંખ,
સુજવારી રાજે આવ્યા, આ રમ્યામ ભુવનચંદ્ર.
વિશ્વનાથોક્તિ

ભુવનજ્ઞાન [સં.] ન. રાજિના ધરતી અંદર રહેલ મહો સંબંધી જ્ઞાન.

ભુવનતિલક ૧. [સં.] પું. જગવિખ્યાત પુરુષ.
૨. ન. જગતનું ભૂષણ.

ભુવનત્રય [સં.] ન. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોક.

ભુવનપતિ ૧. [સં.] પું (જૈન) એક જાતના દેવ; ભવનપતિ દેવતા.
૨. પું. માઘ માસ.
ભુવનનું એટલે ભૂત ભવ્યું પલિપવ્યું-પોષકપણું જેનું છે તે ભુવનપતિ માસને માઘ કહો છે. પુષ્યજનકત્વથી માઘ માસનું પાલકત્વ છે.
અદ્ભુતાચારી કવિ
૩. પું. રાજા.

ભુવનપાલક ૧. [સં.] પું. રાજા.
૨ પું. વિષ્ણુ
૩. વિ. જગતને પાળનાર; જગતનું રક્ષણ કરનાર.

ભુવનપાલા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શક્તિ.
૨. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એક કલા.

ભુવનપાલિકા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તે ભુવનેશ્વરીની દૂતી છે.

ભુવનપાવન [સં.] સ્ત્રી. ગંગા.

ભુવનપુત્રિવિશ્વકર્મા [સં. ભુવનપુત્રિવિશ્વકર્મન્] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

ભુવનભુજાવતંસી [સં.] પું. નાકરપુત્રમાં થયેલ ઉદયરત્ન નામના એક જૈન કવિએ રચેલો એ નામનો રાસ.

ભુવનભૂપ [સં.] પું. રાજા.

ભુવનમધ્યસ્થિત [સં.] વિ. જે દુનિયાના ગોળની વચ્ચેનું.

ભુવનમય ૧. [સં.] વિ. જગત જેટલું વિશાળ.
૨ ક્ર. આખા જગતમાં.

ભુવનમંડલ [સં] ન. પ્રાણીઓનું વર્ગીકરણ કરતાં તે પ્રમાણેની પ્રાણીઓનાં શરીરોની ગોઠવણ.

ભુવનમોહન ૧. [સં.] વિ. આખા જગતને મોહ ઉપજાવનાર
૨. વિ ઘણું જ સુંદર.

ભુવનરાજ [સં.] પું. રાજા.

ભુવનવિખ્યાત [સં.] વિ. જગપ્રસિદ્ધ.

ભુવનવિજયી જુઓ ભુવનવિજેતા.

ભુવનવિજેતા [સં. ભુવન (દુનિયા) + વિજેતૃ (જીતનાર)] વિ. દુનિયાને જીતનાર.

ભુવનવિરતિ [સં.] પું. (જૈન) એ નામનો એક વિષમકૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, ભગણ, જગણ અને ભગણ મળી બાર અક્ષર, બીજા ચરણમાં રગણ, નગણ, ભગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, નગણ, જગણ અને ભગણ મળી બાર અક્ષર અને ચોથા ચરણમાં બે નગણ, બે સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

ભુવનવેગા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તે ભુવનેશ્વરીની દૂતી છે.

ભુવનવ્યાપી જુઓ ભુવનમય.

ભુવના [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ

ભુવનાધિપતિ ૧. [સં.] પું. ભાદરવા મહિનો.
૨. પું. રાજા.

ભુવનાધીશ ૧. [સં.] પું. એ નામે એક ઋષિ.
૨. પું. રાજા.

ભુવનાધીશ્વર ૧. [સં.] પું. અગિયાર માંહેનો એ નામનો એક રુદ્ર.
૨. પું. રાજા.

ભુવનાંતર [સં. ભુવન + અંતર (બીજું)] ન. બીજી દુનિયા.

ભુવનેશ ૧. [સં. ભુવન + ઈશ (ધણી)]
૧. ઈશ્વર
૨. પું રાજા.
૩. પું. શિવ.

ભુવનેશા [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠાનું એક તીર્થ

ભુવનેશી ૧ [સં.] સ્ત્રી. અંબાજી માતા.
૨. સ્ત્રી. કાલિકાની એક મૂર્તિ.

ભુવનેશ્વર ૧ [સં.] પું. એ નામના શિવની એક મૂર્તિ
૨ ન પરમેશ્વર
૩. ન. ઓરિસામાં આવેલું યાત્રાનું એક ધામ જ્યાં ભુવનના પતિ ઉપરથી મૂળ આ સ્થળનું નામ ત્રિભુવનેશ્વર હતું. તેના બે ચોરસ માઈલના વિસ્તારમાં નાનાં મોટાં અસો મંદિરો છે. તેમાંનાં કેટલાંક મંદિર નષ્ટ થયાં છે. કહેવાય છે કે, એ બે ચોરસ માઈલના વિસ્તારમાં આજથી સાત હજાર મંદિર હતાં. મુખ્ય મંદિરોની આસપાસ બિંદુસાગર નામનું તળાવ છે. તેની વચ્ચે જલમંદિર છે. કહેવાય છે કે, દરેક પવિત્ર તીર્થસ્થાનોથી જલ મગાવી, આ તળાવ ભરવામાં આવ્યું હતું. પાપ ધોવા માટે આ તળાવમાં સ્નાન કરવાનું મોટું માહાત્મ્ય ગણાય છે. બીજું તળાવ ગૌરીકુંડ નામે ઓળખાય છે. ગૌરીએ પોતે આ તળાવ ખોદ્યું હોવાનું મનાય છે. જે કોઈ આ તળાવનું પાણી પીએ અથવા સ્નાન કરે તેને ખૂબસૂરતી, સારું નસીબ અને પાપમાંથી મુક્તિ મળે છે એમ મનાય છે. ભુવનેશ્વરમાં આવેલ સ્થળનાં મંદિરના શુરુજ શિલાકારમાં છે. કેટલાંક મંદિરોનું કોતરકામ ખરું જ અદ્‌ભુત છે. કલાની દૃષ્ટિએ નીરખનારને પણ મંદિર ઉપર કરેલામાં આવેલી કોતરણીથી આનંદ પ્રાપ્ત થાય છે. સાતમા સૈકાની ૧૦ મે સિંહરાજ મહાદેવનું મુખ્ય મંદિર બાંધવામાં આવ્યું હતું. આ મંદિરની પ્રતિમા સરલ, અડદિયા પથ્થરની, આઠ ઇંચ ઊંચી અને આઠ ફૂટ બેસણી છે. આ મહાદેવની પૂજાવિધિ આખો દિવસ જુદી જુદી રીતે ચાલે છે. મુખ્ય મંદિરો પવિત્ર બિંદુ સરોવરના ચારે કાંઠે આવેલાં છે. ત્યાં અશોકે ધર્મચક્ર શિલો કર્યા છે. આ મંદિરનું બાંધકામ જોવા દુનિયાભરના મુસાફરો આવે છે. હિંદુ શિલ્પકળાનાં નમૂનેદાર મંદિરો તરીકે ભુવનેશ્વર, પુરીમાં જગન્નાથજીનું મંદિર અને કાળું પેગોડા ગણાય છે.

ભુવનેશ્વરી ૧. [સં.] સ્ત્રી. સોળ માંહેની એ નામની એક યોગિની
૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.
૩. સ્ત્રી. મહાવિદ્યા; દસ માંહેની એક મહાવિદ્યા ત્રિપુરા, પંચદશાક્ષરી શ્રી વિદ્યામોટરી અને ભુવનેશ્વરી એ બીજરૂપ મનાય છે.
ગ્રહલાઘવ કેશવકૃત
૪. સ્ત્રી. જગતનું નિયમન કરનાર દેવી. ભુવન એ જગતનું અને ઈશ્વરી એ સ્વામિનીનું નામ છે.
૫. સ્ત્રી. શાક્ત સંપ્રદાયની એક દેવી. ભુવનેશ્વરીનો મણિદ્વીપ નામનો લોક અંતરિક્ષમાં રહેલો છે. સૂર્યલોક, ચંદ્રલોક, મંગળલોક, બુધલોક, કૈલાસ, વૈકુંઠ વગેરે લોકોથી ઉપર તે આવેલો છે અને બધા લોકોથી મોટો છે તેમાં હજારો થાંભલાવાળું, સોના રત્નોથી જડેલું, હજારો માણસો સમાઈ શકે તેવું ચિંતામણિ ગૃહ નામનું દેવનું રહેવાનું સ્થાન છે. ત્યાં બધા દેવતાઓ, મહોના રાજાઓ, દેવીઓ, ઋષો, વિદ્યાધરો વગેરે ભુવનેશ્વરીની સેવામાં હાજર રહે છે. ભુવનેશ્વરી દેવી પોતાની હજારો અનુચરી દેવીઓ માણસ આ પૃથ્વીના પ્રત્યેક મનુષ્યથી અને પૃથ્વીમાં બનતા બધા બનાવોથી વાકેફ રહે છે અને પ્રજાનું રક્ષણ પોષણ કરે છે. એ મણિદ્વીપમાં આવેલા ચિંતામણિ ગૃહમાં ચિદ્‌રજતાં દેવીના સ્વરૂપનું વર્ણન દેવી ભાગવતમાં કરેલ છે. આખી દુનિયામાં ભુવનેશ્વરીનાં ત્રણ મંદિર છે. એક નેપાળમાં છે. બીજું દક્ષિણ હિંદમાં તુંગભદ્રાને કાંઠે હેમકૂટ પર્વતની તળેટીમાં હંપા નામના ગામમાં છે અને ત્રીજું ગોંડલ રજવાડામાં. નાગર જ્ઞાતિના ભુવ કુટુંબના પણ ભુવનેશ્વરી કુળદેવી છે અને તનુ સ્થાન ભૂતનાથમાં છે. એ હજાર વર્ષ પહેલાં શંકરાચાર્ય શ્રી વિદ્યારણ્ય સ્વામીએ તુંગભદ્રાને કાંઠે મંદિર બાંધી ભુવનેશ્વરી દેવીની પ્રતિષ્ઠા કરી હતી. એ વખતે દેવીના પ્રભાવથી મ્લેચ્છોના તાબામાંથી ભારતનો ઉદ્ધાર થયો ને દક્ષિણમાં સ્થપાયેલા બ્રહ્મણી સામ્રાજ્યનું આધિપત્ય આખા હિંદુસ્તાન ઉપર સ્થપાયું, અને વેદના ભાષ્યો પહેલવહેલાં ત્યારે થયાં અને વૈદિક સનાતન ધર્મની પતાકા ભરતખંડમાં ફરકી.
૬. સ્ત્રી. સાત માંહેની એક ઓ શક્તિ.

ભુવનેશ્વરી પીઠ સ્ત્રી. એ નામની ગોંડલ માંહેની એક સહોદરની સંસ્થા.

ભુવનેશ્વરીપાલિકા [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક તીર્થ.

ભુવન્ય ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. આકાશનો ઝોક.
૩ પું. કપૂર.
૪. પું. ચંદ્ર.
૫. પું. ચિત્રાનું નક્ષત્ર.
૬. પું. સૂર્ય.
૭. પું. સ્વામી

ભુવપતિ [સં.] પું. એક દેવતાનું નામ; ભુવર્લોકનો પતિ. તે અગ્નિનો ભાઈ છે

ભુવભર્તા [સં. ભૂર્ભર્તૃ] પું. ભુવર્લોકનો પતિ

ભુવર [સં. ભુવર્] પું. એ નામનો સાત માંહેનો એક લોક; આકાશરૂપ બીજો લોક; ભૂલોક અને સૂર્ય વચ્ચેનો લોક.

ભુવરલોક જુઓ ભુવર્લોક.

ભુવર્લોક ૧. [સ.] પુ આકાશરૂપ બીજો લોક, ભૂર્લોક અને સ્વર્ લોક વચ્ચેનો લોક; સિદ્ધ અને ચારણોને રહેવાનો પ્રદેશ; સાત માંહેનો બીજો લોક.

૨. પુ. જૂનામ સૃષ્ટિ.

૩. પું હરિ

ભુવલોક જુઓ ભુવર્લોક.

ભુવરપતિ [સં.] પું ભુવર્લોકનો સ્વામી

ભુવગ [હિ] પુ. સર્પ; ભુજગ, નાગ

ભુવંગમ જુઓ ભુવંગ.

ભુવંતિ ૧. [સં] પું. તે નામે એક ઋ

૨. વિ જમડાણનો વિસ્તાર કરનાર; વેદમા વપરાયેલું રુદ્રનું એક વિશેષણ.

ભુવ. ૧. [સં] પું ક્રાંતિકમનું એક નામ.

૨ પું. પરમેશ્વર. તે સર્વ દુઃખથી રહિત છે અને તેના સગથી જીવ સર્વ દુઃખોથી છૂટી જાય છે

૩ પું પૃથિ અને સૂર્યની વચ્ચેનો પ્રદેશ; અંતરિક્ષ લોક; સાત માંહેનો બીજો લોક; ભુવલોક, આકાશ.

૪. પું. સાત માંહેની બીજી મહાવ્યાહૃતિ. મનુસ્મૃતિ પ્રમાણે આ મહાવ્યાહૃતિ ઓંકારની ઉદાર માત્રા વડે યજુર્વેદમાથી નીકળેલ છે.

ભુવઃપુત્ર [સં.] પું. ક્રાંતિકમનું એક નામ.

ભુવર્લોક જુઓ ભુવર્લોક.

ભુવાર જુઓ ભુવાલ.

ભુવારિયું ન. પાણીથી જોખમાં પડી ગયેલ ખાડો.

ભુવાલ [હિ.] પું. રાજા.

ભૂવિ [હિ.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ભુવનંદન પું. (જ્યોનિય) પૃથ્વીનો પુત્ર; મગળ

ભુવિષ્ઠ [સં.] વિ. પૃથ્વી ઉપર રહેલ.

ભુવાટિયો વિ. પું. ફેરવાડાંવાળો.

ભુશંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું હથિયાર, અગ્નિચક્ર.

૨. સ્ત્રી ગદા.

૩ સ્ત્રી ગોફણ; પત્થર ફેંકવાની ચામડાની જોકણ

૪ સ્ત્રી. ચારે તરફ કાંટાવાળું એક જાતનું શસ્ત્ર.

૫. સ્ત્રી. ભૂંજળીવાળી એક જાતની બદૂક; 'ટ્રાબ્યુકલ'.

ભુશુંડી ૧. [સં.] પું. કાકભુશુંડી. તેના સબધમાં એવી માન્યતા છે કે, તે અમર છે અને કલિયુગમાં બનારસી બ્રાહ્મણ થઈ જ્ઞાનતો દેખે છે

૨. જુઓ ભુશુંડી.

ભુસ ૧. [હિ.] પુ ભૂસકો

૨. સ્ત્રી. કોતર; ખાલ, ખોડા, ભૂસ

૧. ભસ ભરવી = ઠામવું; ખોખવું.

૨ ભસ ભરાવવી - ચામડી ઉતારી, પરાળ ભરીને બાણી નાખવું.

૩. ત્ર કોઈના પડવાનો કે ભૂસકો મારવાનો અનુકરણદ્યોતક શબ્દ

ભુસખાર [હિ પું. જ્યાં ખડની સંજ્ઞ હોય ત ભાગ

ભુસડા (ભુસડા) જુઓ ભુસખાર.

ભુસરા [હિ] પુ. ઢલરી જાતના પક્ષ.

ભુસંપતિ સ્ત્રી. ભ્રમીર.

ભુસા ૧. ન. એક જાતનું ઘાસ.

૨. જુઓ ભુસા.

ભુસાકો પું. ઉપરથી નીચે પડવું તે; ભૂસકો; નૂસકો, ઠેકડો; પડવું તે

ભુસાડવું (ભુસાડવુ) ૧. સ. ક્રિ. ઉતાવળ કે બેદરકારીથી કામ કરવું

૨. સ. ક્રિ. છોડો કે ઝાડી નાખવું; ભૂંસવું.

ભુસાપો પું. રેડાપો, વૈષમ્ય.

ભુસાર વિ. ભૂસાંવાળું.

ભુસારી પું. કઠિયો; ઘાસનો વેપારી

ભુસાવવુ સ ક્રિ. ભૂસે એમ કરાવવુ.

ભુસાવું અ. ક્રિ. ભૂસવાની ક્રિયા થવી.

ભુસે ૧. સ્ત્રી. એ નામની એક બદૂક.

૨. ન. એ નામની બદૂકનું બારૂદ.

૩. વિ. એ નામની બદૂકનું

ભુસેરા જુઓ ભુસેલા.

ભુસેલા પું. અનાજ અથવા તેનાં ફોતરાં કે નીરણ રાખવાની જગ્યા; ખડની બંધાવાળી જગ્યા.

ભુસ્સહરા જુઓ ભુસેલા.

ભુસૈડ્ય (ભુસૈય્ય) [હિ.] પું. ખડ રાખવાની જગ્યા.

ભુસૌરા [હિ.] પુ. ભૂસુ રાખવાનું ઘર.

ભુસૌરી પું. ઘરમાં ખડ રાખવાની જગ્યા.

ભુસૌલા જુઓ ભુસૌરી.

ભુસૌંડ્ય (ભુસૌંય્ય) પું. કાર્ય; પોલ.

ભુસૌંડા જુઓ ભુસૌરી.

ભુરકો પું આંધળિયાં કરવાં તે.

૨. પું. ઊંચેથી નીચે કૂદી પડવું તે; ભૂસકો, બબાકો, કૂદકો

ભૂસકો મારવો = (૧) કૂદીને નીચે પડવુ. (૨) સાહસ કરવુ, ઝંપલાવવુ.

ભુહાકો (ભુસ્કો) ૧ પું કૂદકો, ઉપરથી પડવું તે; ભુબાકો મારવો તે.

૨. પું. કોઈ કામમાં ઝીલાઈને પડવુ તે; વિચાર કર્યા વગર કોઈ કામમાં પડવુ તે.

ભુંઈ ૧. [હિ.] સ્ત્રી. ખેતર.

૨. [સં. ભૂમિ] સ્ત્રી. ભોય; ભૂમિ; જમીન; પૃથ્વી.

ભુંઈકમરા [હિ] સ્ત્રી. એ નામના એક વનસ્પતિ. પૂર્વ હિમાલય, સિક્કિમ, આસામ અને પેગુમાં તે થાય છે. તેનાં મૂળ, યકૃત, બરોળ અને પેટના રોગો માટે વપરાય છે. તેમાં અમુક કડવો સ્વાદ હોય છે. તે તાવ અને અજીર્ણ મટાડનાર, પૌષ્ટિક, સારક અને પાચનશક્તિ સુધારનાર મનાય છે. તાજાં મૂળ તેલ સાથે વાટી ગોદ ઉપર ચોપડવાથી ઘરતનો ગોદ મટે છે. તેનાં રસથી પ ગ્રેન દૂધો લેવાથી શરીરમાં ઉષ્ણતા આવે છે

ભુંઈચંપો પું. એક જાતની ઔષધિ.

ભુંઈફોડા ૧ [હિ] પું. ભૂગર્ભમા બનારેલો ઓરડો.

૨. પું. ભોંયરું.

ભુંકાર [હિ.] વિ. ભયંકર.

ભુંખરું વિ ઊપરછાય ઓછે ઊડી ગયેલા રંગનું. અસલ રંગની ઝાંખી ઝાંખરનું; રાખોડિયા રંગનું.

ભુંગ ન. ભૃગ; એક જાતનો કીડો; મામણમુંડો.

ભુંગરા ઘોર પું. (હબ્શી) એક પ્રકારનું ગાનું હબ્શીઓ. તે બજાતખમાં ગામ આવે છે. હાલ હિંદમાં તેનાં મોટાં મોટાં મુંડ ડુંગરાળ જમીનમાં થાય છે. કચ્છ, સિંધ, પંજાબ જેવા સૂકા પ્રદેશમાં તે કુદરતી રીતે ઊગે છે. તેમાં કાંટા હોવાથી તે વાડ માટે વવાય છે. તેનાં પાન મૂત્રલ છે. તે ચોમાસે આવી ઘોડે વખતે ખરી પડે છે. પાનના રસની અંદર મરી, પીપર કે હરડે ભીંજવી, એ ચીજને રેચ લેવા નાની માત્રામા વપરાય છે. તે રેચ ઝાડોદર, પાણીનો ભરાવો, ગોદાનો બગાડ વગેરે ઉપર બપાય છે. ભિન્નરા ઘોર જેવા તેના ગુણો છે. ઉકાળાથી મટાડવાનો જેવો તે બને છે.

ભુંગળ જુઓ ભૂગળ.

ભુંગળાકાર વિ. નળાકાર.

ભુંગળાકારપાત્ર ન. નળાકાર પાત્ર; 'સિલિન્ડર'.

ભુંગળી જુઓ ભૂગળ.

ભુંગણું જુઓ ભુંગળું.

ભૂંયા ૧. [હિ.] પું. વસંત ઋતુની શરૂઆતમા દેખાતું એક નહુ જ નાનું જંતુ; કાનખજૂરા જાતનું એક કીટક. આ કીટકની માદા ભોંની નજીક જમીનમાં ઈંડાં મૂકે છે. ઈંડાંમાંથી નીકળતાં બોળાં કૃમિ મજબૂત થઈ જમીનમાં રહી ભોંનાં મૂળને ખાવા માંડે છે. પછી નિદ્રાવસ્થામાં પડે છે અને તેમાંથી જે પ્રૌઢ કીટક નીકળે છે તે પાકનો બીજો ભાગ ખાય છે એટલે અંદરના ભાગમા ભોંગાકાર ખાડો પાડે છે.
૨. જુ. જ ન. (કચ્છી) ભૂખ્યા.
૩. વિ. નબળું; અશક્ત.

ભૂંકું વિ. કરમાઈ ગયેલું. અપમાનિત થયેલું; ઝંખવાણું; ઝાંખું
૧. ભૂંકું પડવું = ઝંખવાણું થવું.
૨. ભૂંકું પાડવું = અપમાનિત કરવું.

ભૂંક ૧. [સ] સ ક્રિ. ચૂંટવું.
૨. સ. ક્રિ. પાલન કરવું.
૩. સ. ક્રિ. પોષણ કરવું
૪. સ. ક્રિ. લેવું.

ભૂંડ જુઓ ભુડ

ભૂંડણ જુઓ ભૂંડણ

ભૂંડણવાળા ન. ભૂંડનાં કપચાંબચ્ચાં.

ભૂંડણાં ન. ન ઘ ઘાસમાં પડતી પનેડાં જેવી જીવાત, તેને પાંખો હોય છે.

ભૂંડણી [હિ.] સ્ત્રી. એક જાતનો કીડો. તેને પીલ્લા પણ કહેવાય છે એના શરીર ઉપર વાળ હોય છે. તેનો સ્પર્શ શરીર ઉપર દીમણાં અને ચળ ઉત્પન્ન કરે છે.

ભૂંડા [હિ.] વિ. બીજાનું બગાડનું.

ભૂંથાણ ૧. પું. ભળતાન માણસોનો સમૂહ.
૨. ન. અજ્ઞાનપણું.

ભૂંયું ૧. ન ભોંયું; ભોંયરું; મુખ્ય મૂળિયું.
૨. વિ. બહારગામ, બેડોળ.
૩ વિ. બોચકું; અણસમજુ.

ભૂંડર પું વાંદરો.

ભૂંડરી ૧. સ્ત્રી. એક જાતની ગાળ.
૨. સ્ત્રી. વાદળી.
૩. વિ. સ્ત્રી. વંદરાના જેવા મોઢાવાળી.

ભૂંડવું ૧. ન. ડુક્કર; ભૂંડ
૨. વિ. મંદ.
૨. સ. ક્રિ. ઉતરવું; ઠગવું; ભરમાવવું.
૩. સ. ક્રિ. મોહમંત્રથી વશ કરવું; મંતરવું; વશીકરણ કરવું; જાદુ કરવું; મંત્રપ્રયોગ કરવું.

ભૂડકાવું (ભૂડકાવું) ૧. અ. ક્રિ. ઉતરાવું; ઠગાવું.
૨. અ ક્રિ. ભૂંડે એમ થવું; ભંભાવું.
૩. સ. ક્રિ. મંત્રપ્રયોગ કરવો.

ભૂડભરૂમંડલ ન. સંયોગીભૂમિ.

ભૂડલ (ભૂડલ) [હિં] પું. અજરખ.

ભૂડલી (ભૂડલી) જી. એક જાતનું ફૂલ.

ભૂડોલ [હિં.] પું. ધરતીકંપ; ભૂકંપ; ભૂચાલ.

ભૂણ [સં. ભૂણ] પું. કાચો ગર્ભ.

ભૂણહત્યા [સં. ભૂણહત્યા] જી. ગર્ભનો નાશ કરવાની ક્રિયા.

ભૂણી જી. ભોંણી.

ભૂત ૧. [સં] પું કાર્તિકેય.
૨ પું. કુમાર
૩ પું. કૃષ્ણપક્ષ.
૪ પું. મતલબ વગરનું માણસ; જડ જેવું માણસ; અક્કલે ઓછું ને શરીરે સાદું માણસ.
૧. ભંજેરીને ભૂત કરવું = ભાંડા જેવું બનાવવું; માટીમાર કરે તેવું બનાવવું; અતિ ઉશેરવું.
૨. ભૂતનો ભાર્યો = (૧) એક ભાગત પાળ વગરનો ભાંભો વખત વગરનો જ રહે એવો માણસ. (૨) ભૂતનો સોબતી.
૫ પું. (વ્યાકરણ) બનેલો કાળ; ભૂતકાળ; અતીત સમય

૬. પું. પિશાચ; પ્રેત
વિદ્યાધર, અપ્સરા, યક્ષ, રાક્ષસ, કિન્નર, પિશાચ, ગુહ્યક, સિદ્ધ, ભૂત એ દેવયોનિની સંજ્ઞા છે.　　અમરકોષ

૭. પું. પ્રાણી; જીવ
એક જ સર્વ ભૂતોને વિષે છે આત્મને વિષે. ને સર્વ ભૂતમાં આત્મા પછી તેને ધૃણા કરી?
ઉપનિષદ્‌પંચક

૮ પું. (પુરાણ) ભૃગુપુત્ર, એ નામના એક ઋષિ

૯. પું. મૂળ દ્રવ્ય કે પદાર્થ

૧૦ પું. યોગોદ્ર; યોગીઓના ક્લેશ.

૧૧. પું. ગરુડ; હંસ.

૧૨. પું. લોભ

૧૩. પું. (જૈન) વનસ્પતિકાયનો જીવ.

૧૪. પું. (પુરાણ) વસુદેવથી રોહિણીને થયેલો એ નામનો એક દીકરો.

૧૫. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૧૬. પું. સત્ય વાત.

૧૭. સ્ત્રી. લેલીમા અને દડવા કાજુની, મેમણ અને વોરાની એ નામની એક અટક.

૧૮. ન. આકાશ વગેરે અકલ નામરૂપાત્મક સત શબ્દવાળુ જગત.

૧૯. ન. આકાશથી પૃથ્વી સુધીનાં ભૂત અને તેનાં કાર્યો.

૨૦. ન. (જૈન) આઠ આઠેના એક પ્રકારના અંતરનિકાય દેવ. ભૂતોના નવ પ્રકાર છે: સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતિછન્ન અને આકાશગ.

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. ન. કદરૂપ માણસ: વિચિત્ર અને નિકામણું માણસ.

૨૩. ન. ચૈતન્ય

૨૪. ન. જેના સેવનથી ભૂત, પિશાચ વગેરેનો ઉપદ્રવ શાંત થઈ જાય તેવું ઔષધ.

૨૫. ન. તત્ત્વાનુસંધાન.

૨૬. ન. દુનિયાની જડ ચેતન સૃષ્ટિ; સૃષ્ટિનો કોઈ જડ કે ચેતન, ચર કે અચર પદાર્થ.

૨૭. ન. ન્યાય.

૨૮. ન. (પિંગળ) પાંચ સૂત્રકે સાંકેતિક શબ્દ: પાંચની સંજ્ઞા.

૨૯. ન. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચમહાભૂત મારેનુ કરેક.

૩૦. ન. હરિયાદીની ખરી હકીકત.

૩૧. ન. બહુ દુષ્ટ કે અનિચારી માણસ.

૩૨. ન. ભયંકર આકૃતિ.

૩૩ ન. ભૂતની જેમ પાછળ ફરનાર માણસ. જેમકે, બાતમીદાર.

ભૂત ભમવું = (૧) ઉન્મત્ત સ્ત્રીઓ પરણ્યા ઉમેદવારો પાછળ પાછળ ફરતા હોવા; પરણ્યા ઉમેદવાર હોવા; બધા લોક ગરજાઉ હોવા. (૨) દુઃખ આવી પડવાનો ભય હોવો. (૩) સ્વાર્થની ખાતર ચૂપકીથી બાતમીદારોનું પાછળ પાછળ ભમ્યા કરવું

૩૪. ન. મનુષ્ય.

૩૫. ન. મરણ પામેલ અને અગ્નિદાહ થઈ ચૂકેલ વ્યક્તિ. સત્યાર્થ પ્રકાશમાં લખે છે કે, શરીરનો દાહ થઈ ચૂક્યો, ત્યારે તેનું નામ ભૂત કહેવાય છે

૩૬. ન. વહેમ; ધૂન.

૧. ભૂત ભરાવું = (૧) ઘેલું લાગવું. (૨) ધૂનમાં ચડવું; ધૂંધવાટ, ધૂન કે વહેમ વળગવા; એકાદ વાત મનમાં ને મનમાં રાખ્યા વિષમ થવું. (૩) ચાકું પકડવું; રિસાવું.

૨. ભૂત ભેરવવું–વળગાડવું = વહેમ કે ધૂન વળગાડવી.

૩. ભૂતની મીઠાઈ કે પકવાન = (૧) વાસ્તવમાં જેનું અસ્તિત્વ ન હોય પરંતુ ભ્રમથી દેખાતો હોય એવો પદાર્થ. (૨) સાહજમાં મળેલું ધન. તે જલદી નાશ પામે છે એમ મનાય છે. (૩) હરામનું આવેલ હરામને રસ્તે જાય.

૪. મનસા–મણ ભૂત ને વંશ વાઘરું = ખોટો વહેમ.

૩૭. ન. વૃક્ષ; ઝાડ.

૩૮ ન. વૃત્ત.

૩૯ ન. શબ; મડદું

૪૦ ન. શરીર.

૪૧. ન. ચાકરનો પરિવાર.

૪૨. ન. સત્ય

૪૩. ન. સત્યપક્ષ.

૪૪. ન. સંસારમાંના કોઈ ભાવમાં મન રહી જવાથી અવગતિ પામેલો જીવ; સ્મશાન, ગાડ વગેરેમાં વસતો પ્રેત. આ સ્થિતિમાં તે જીવ હમેશા ભટક્યા કરે છે. ભૂતની પણ જાત છે: પિશાચ, જીન, શૈતાન, પ્રેત, ડાંખરી, ખવરાક્ષસ, બલીશ. એ બધામાં ગાડમાં રહે છે અને પ્રાણીને પીડા કરે છે એમ મનાય છે.

૧. ભૂત ભરાવું–ચડવું = (૧) અતિ આગ્રહાવેશ ભરાવો. (૨) અતિ ક્રોધિત થવું. (૩) કોઈના ઉપર વિના કારણે અસત્ય આરોપ મનમાં અને મનમાં ચાલી ગયાની નજરે જોવું. (૪) ભૂત વળગવું. (૫) ભૂત વળગ્યું હોય તેવી ધૂન કે ભરાવાળું થવું. (૬) વહેમી મનવું. (૭) વંઠને સ્થાન આપવું.

૨. ભૂત ઉતારવું–મંત્રવું–ભગાવવું = (૧) ભૂતનો વળગાડ દૂર કરવો. (૨) વળગેલાં ભૂત, ધૂન કે વહેમ દૂર કરવાં.

૩. ભૂત ભર્યું ને પલીત ભાગ્યું–ભૂત મરે ત્યાં પલીત ભાગે–ભૂત મૂકે ને પ્રેત ભાગ્યું = એક પીડા ભય ત્યાં બીજી આવે; બહેરું કાઢતાં ઊંઠ પેસે; ખરાબ વસ્તુ કાઢવા જતાં વધારે ખરાબ વસ્તુનું દાખલ થઈ જવું; ખોબામાંથી ચૂલામાં પડવા જેવું થવું; ભલા થઈ ને ભલા આવી; ઘરના ભાગ્યા વનમાં ગયા ત્યાં વનમાં આગ લાગી

૪. ભૂત થવું = (૧) અવગતિવા થવું (૨) ગુસ્સાથી સાંઢા જેવું થઈ જવું

૫. ભૂત પર ચિઠ્ઠી= ભૂંડો વાવટો.

૬. ભૂત ભજવું = (૧) કોઈ કામમાં તન્મય થવું. (૨) નશામાં ચકચૂર થવું. (૩) પ્રેત આવવું. (૪) બહુ જ ગુસ્સે થવું.

૭. ભૂત ભૂખ્યા મારે ને જનમાન હડિયું કાઢે એવું હોવું–ભૂત ભૂખ્યા મારે એવું હોવું = (૧) ખાલી કે સરસામાન વિનાનું હોવું. (૨) ભરીબી હોવી. (૩) અપાર મેદાન હોવું

૮. ભૂત વળગવું = (૧) ભૂતની ચાપટ લાગવી; ભૂતનું શરીરમાં દાખલ થવું; પ્રેતનો વળગાડ લાગવો. (૨) ભ્રમ થવો; ધૂન ભરાવી.

૯. ભૂતનું કેડાયું ભાગવી–ભૂતનો વાસ પીપળો = (૧) જેનું ત્યાં જેમવાનું વધારે થતું હોય ત્યાં તે મળે. માણસ ત્યાં વારંવાર જતો કે રહેતો હોય ત્યાંથી જ. તે બહુબહુ મળી આવે છે. (૨) જેવો માણસ તેવો વાસ.

૧૦. ભૂતને પીપળો મળી રહેવો = જેવાને તેવું મળી રહેવું.

૧૧. ભૂતનો ભડકો = મસાણમાં બળવા બીજા જેજવાણી જગ્યાએ રાતે થતો ભડકો. ભૂતના ભડકા સ્મશાનમાં દેખાય છે, તે વાસ્તવિક રીતે હોસ્પરસ છે.–પ્રમાણભાસ્કરપ્રમેયિકા.

૪૫. વિ. એ નામની અટકનું

૪૬. વિ. ગત; ગુજરેલું; ગયેલું; અતીત; થઈ ગયેલું; ચાલ્યું; વીતેલું; પાછલું, ગુજરત.

૪૭. વિ. સતામ ન હોય એવું; અક્ષમ; અસમર્થ; જડસુ.

૪૮. વિ. ચાલે નહિ તેવું.

૪૯. વિ. ન્યાય ભરેલું.

૫૦. વિ. પ્રાપ્ત થયેલું; મેળવેલું, લબ્ધ.

૫૧. વિ. બનેલું; થયેલું. આ અર્થમાં સમાસને અંતે વપરાય છે. જેમકે, અંગભૂત, પ્રમાણભૂત.

૫૨. વિ. યુક્ત; ઘટતું.
૫૩. વિ. સાચવેલ; રોપ્યું; ઉચિત.
૫૪. વિ. વાસ્તવિક; ખરાબી
૫૫. વિ. વિદ્યમાન.
૫૬. વિ. સત્યરૂપ.
૫૭. વિ. સદૃશ; સમાન; તદ્રૂપદર્શક; સરખું; જેવું

ભૂતમાંજલી સ્ત્રી. જેમાં ભૂત રહેલું હોય તેવી માંજલી.

ભૂતક [સં.] પું. (પુરાણ) સુમેરુ ઉપરના એકત્રીસ માંહેનો એક લોક.

ભૂતકણ પું ભૂતકાળની રહેલી કણી
હા ! કામારિ સરિખા ગિરિ રાજવાંતા,
ને એક ભૂતકણ લાં ચારણે પડેલો
નાનાલાલ

ભૂતકર્તા ૧. [સં. ભૂતકર્તૃ] પું. એ નામનો એક અગ્નિ.
૨. પું બ્રહ્મા.

ભૂતકર્મા [સં. ભૂતકર્મન્] પું. (પુરાણ) દુર્યોધનના પક્ષનો આરતી યુદ્ધમાંનો સભાપતિ નામનો રાજા. તેને શતાનીકે માર્યો હતો.

ભૂતકલા [સં] સ્ત્રી. પૃથ્વી વગેરે મહાભૂતોને ઉત્પન્ન કરનારી એક શક્તિ

ભૂતકાલ જુઓ ભૂતકાળ.

ભૂતકાલીન [સં.] વિ. ભૂતકાળનું; ભૂતકાળને લગતું.

ભૂતકાળ ૧. [સં. ભૂતકાલ] પું. (વ્યાકરણ) ક્રિયાપદનો ભૂતકાળ.
૨. પું. બનેલો બનાવ; ગત કાળ; ત્રણ ભાંહેનો એક કાળ.

ભૂતકૃત ૧. [સં. ભૂતકૃત] પું. દેવતા.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વ ભૂતના કર્તા છે, રજોગુણનો આશ્રય લઈને તે બ્રહ્માપે ભૂતોની રચના કરે છે, અથવા તમોગુણે રુદ્રરૂપે ભૂતોનો સંહાર કરે છે, તેથી તે ભૂતકૃત કહેવાય છે.
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

ભૂતકૃદંત [સં.] ન. (વ્યાકરણ) ભૂતકાળના અર્થનું કૃદંત.

ભૂતકેતુ [સં.] પું. (પુરાણ) દક્ષસાવર્ણિ મનુના અનાર માંહેનો એ નામનો એક પુત્ર.

ભૂતકેશ ૧. [સં] પું. ઉંદરવરણી.
૨. પું. એક જાતનું ઘાસ.
૩. પું. જટામાંસી.
મોહોમી (સ્ત્રી.), ભૂતકેશ (પું.) એ બે નામ જટામાસીનાં છે. અમરકોષ

૪. પું. કાળી તુલસી.
૫. પું. સફેદ દ્રોણ.

ભૂતકેશિકા [સં.] સ્ત્રી. રોહણવિડા નામની વનસ્પતિ.

ભૂતકેશિકા જુઓ ભૂતકેશ.

ભૂતકેશી ૧. [સં.] સ્ત્રી. કાળી તુલસી.
૨. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. દૂધ વાળવાળી ગુગળની જાત.
૪. સ્ત્રી. પુત્રજીવક નામનું વૃક્ષ.
૫. સ્ત્રી. સફેદ તુલસી.

ભૂતકેસરા [સં.] સ્ત્રી. મેથી.

ભૂતક્ષાંતિ [સં.] સ્ત્રી. ભૂતનો શરીરમાં આવેશ; ભૂતનો વળગાડ.

ભૂતખાતું ૧. ન. અમુક ધર્મ સંબંધી હિસાબ કરી બહાર તે સંબંધે મૂકવા રહેનાર મહાજનનું ધર્મસ્થાનક; ફીમેસનના સભ્યોને એકઠા થવાનું મકાન; ફીમેસનનું મથક; ' ફીમેસન લૉજ '. ફીમેસનના સભ્યો અહીં જે મસલત કરે, તે અતિ ગુપ્ત રાખવામાં આવે છે, તેથી ગમખિયા લોકો આને ભૂતખાનું કહે છે.
૨. ન. પિશાચોનું રહેવાનું; ભૂતોને રહેવાની જગ્યા; જેમાં ભૂતનો વાસો હોય એવું રહેવાનું ભૂતનું ઠેકાણું.
૩. ન. બહુ જ મેલું, કચરાથી ભરપૂર અને ઘોર અંધારવાળું ઘર.

ભૂતગણ [સં.] પું. ભૂતોનો સમૂહ; પિશાચોની મંડળી.
શિવે પણ કૈલાસ નામનું ઉત્તમ સ્થાન કર્યું અને તેમાં ભૂતગણની સાથે મળીને રુચિ પ્રમાણે વિહાર કરવા લાગ્યા. જનનતી આમવત

ભૂતગંધા [સં.] પું. પુત્ર નામનું ગંધદ્રવ્ય.

ભૂતગુણ ૧. [સં.] પું. આકાશાદિ મહાભૂતોનો સમુદાય.
૨. પું. પૃથ્વી વગેરેના ગંધ વગેરે ગુણ.
૩. પું. પ્રાણી વર્ગ.

ભૂતગ્રસ્ત [સં] વિ. ભૂતે ગ્રસેલું; જેને ભૂત વળગ્યું હોય એવું; જેનામાં પિશાચ પેઠું હોય તેવું.

ભૂતગ્રહ [સં.] પું. ભૂતનો વળગાડ.

ભૂતગ્રામ ૧. [સં.] પું. આકાશાદિ મહાભૂતોનો સમુદાય.
૨. પું. દરેક આકૃતિ.
૩. પું. પરમેશ્વર.
૪. પું. સર્વ ભૂત પ્રાણીનો સમુદાય; જીવ સમૂહ.

ભૂતઘાતી [સં. ભૂતઘાતિન્] વિ. પ્રાણીઘાતક; જીવોને મારનાર.
ભૂતઘાતી જાણું તેને, પાપણ તે પર્ષ છે.
પ્રાચીન કાવ્યમાળા

ભૂતઘ્ન ૧. [સં.] પું. વેદ.
૨. પું. ગોજપત્ર.
૩ પું. વસચ.
૪. વિ. ભૂતનો નાશ કરનાર.

ભૂતાઘ્નો [સં.] સ્ત્રી. તુલસી નામની વનસ્પતિ.

ભૂતચતુર્દશી [સં.] સ્ત્રી. કાળી ચૌદશ; આસો વદિ ચૌદશ.

ભૂતચારી [સં. ભૂતચારિન્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ભૂતચિત્રકલાશાસ્ત્ર [સં] ન. ચિત્રલેખનના શાસ્ત્રનો એક ભેદ. આ શાસ્ત્રમાં પંચમહાભૂતોના રેખો નકશો કરી બહાર લાવવાની કળા વર્ણવેલી છે અને આ રેખોને ચિત્રોના રૂપમાં રજૂ કરવાની વિદ્યા બતાવેલી છે

ભૂતચિત્રકળાશાસ્ત્ર જુઓ ભૂતચિત્રકલાશાસ્ત્ર

ભૂતજટા [સં.] સ્ત્રી. જટામાસી વનસ્પતિ; જટામાસી. તેનું ઝાડ જંગલમાં એકલું ઊભું હોય તો જાણે કોઈ ભૂત ઊભું હોય તેવું મોટું કાળું બિહામણું દેખાય છે, માટે તેને ભૂતજટા કહે છે.

ભૂતજય [સં.] પું. તરવો ઉપર વિજય કે કાબૂ મેળવવો તે.

ભૂતજીવન [સં.] ન. આખો ભવ; ભૂતકાળનું જીવન.

ભૂતજ્યોતિ [સં.] પું. (પુરાણ) સુવર્ચસી નૃપ રાજાનો એ નામનો પૌત્ર

ભૂતજ્વર [સં] પું. કામણટૂમણની શંકાથી આવેલો તાવ

ભૂતડા (ભૂતડ્ય) ૧. સ્ત્રી. (કચ્છી) મગમણી.
૨. સ્ત્રી. મારવાડીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

ભૂતડિયા (ભૂતડિયા) ૧. પું. ભૂતો; ભૂત કાઢનાર માણસ.
૨. સ્ત્રી. આંજણા ક્ષત્રિય જ્ઞાતિની એ નામની એક અટક
૩ ન. એ નામની અટકનું માણસ
૪. વિ. એ નામની અટકનું.
૫ વિ ભૂતના આવેશવાળું
૬ વિ. ભૂતને લગતું.

ભૂતડિયો (ભૂતડિયો) પું. એક જાતનો ઘોડો

ભૂતડી (ભૂતડી) ૧. સ્ત્રી. એ નામની એક જાતની કૂંદી ભેંસ.
૨. સ્ત્રી. એક પ્રખ્યાત જાતની કાઠિયાવાડી ઘોડી.

૩. સ્ત્રી. ડાકણ; પિશાચણી.
અ.સમ અંદી ભૂતડી, અંતરનો નબચાડ
દલપતરામ
૪. સ્ત્રી. નેત્રોળ સ્ત્રી

ભૂતડું (ભૂતડું) ૧. ન. મંદું અને તરેહવાર દેખાવનું હોવાથી બીક લાગે એવું માણસ.
૨. ન. ભૂત. પિશાચ; અસમતિથી જીવ; ભૂત થયેલો જીવ.

ભૂતડો (ભૂતડો) ૧. પું. એક જાતની ખૂબ; ખડી, માથે નાનવા તથા ધોવાના કામમા આવની ધોળી ધૂળ. કેટલીક સમર્થ ઓષો તે શીશીને ખાય છે
૨. પું. ખારવાણી મટોડી
૩. પું. ભૂત
૪. પું. મેલો તે બિહામણો માણસ

ભૂતતત્ત્વ ૧. [સં.] ન. અણુરચિત..
૨ ન. પદાર્થવિજ્ઞાન

ભૂતતત્ત્વજ્ઞ ૧. [સં.] પું. અણુવિદ્યા જાણનાર મ.ણમ
૨. પું પદાર્થવિજ્ઞાની.

ભૂતતત્ત્વવિદ જુઓ ભૂતતત્ત્વજ્ઞ.

ભૂતતા જુઓ ભૂતત્વ.

ભૂતતૃણ ૧. [સં.] પું. એક જાતનું ઝેર.
૨. પું. એક પ્રકારનું મચ્છરબ્ન.

ભૂતત્રયવિધા સ્ત્રી ભૂતત્રયનો; સ્થિતિરચના વિષેનું જ્ઞાન.

ભૂતત્વ ૧. [સં.] ન. (વેદાંત) આકાશાદિપંચજન્ય જ્ઞાનના વિષયભૂત ગુણ. જેમકે, શબ્દ, રસ, રૂપ, શબ્દ, રપર્શ. આ પાંચ વિશેષ ગુણ કમે કરીને શ્રોત્ર, રસન, ચક્ષુ, ઘ્રાણ, ત્વક્, એ પાંચ બાહ્યેન્દ્રિયના જ્ઞાનના વિષય છે. તે પંચાદિ પાંચ વિશેષ ગુણ મહાભૂતો પૃથ્વી, જળ, તેજ, આકાશ, વાયુ એ પાંચ દ્રવ્યોમાં સમવાય સબધે કરીને રહેલા છે માટે પૃથ્વી આદિક પાચમા રહેલો ધર્મ તે ભૂતત્વ છે.
૨ ન. ભૂત હોવાપણું.
૩. ન. ભૂતનો ધર્મ.

ભૂતદમન [સં.] પું. વેદમાં વખણાયેલું ઋતુ એક નામ. તે ભૂતમાત્રને દિક્ષા કરનાર મનાય છે.

ભૂતદયા [સં] સ્ત્રી. જીવમાત્ર; પ્રાણીમાત્ર ઉપર દયાનો ભાવ; સર્વ જીવો પ્રતે દયા. વિનોબા લખે છે કે: આ ગુણ અત્યંત ઉપયોગી છે, પરંતુ તેની પણ આસક્તિથી દૂર રહેવું જોઇએ. ભૂતદયા આવશ્યક છે, પરંતુ તેની આસક્તિ ન હોવી જોઇએ.

ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,
સમજ્યા તે સંતોએ એ ઉપદેશ્યો એ. પ્રેમ

ભૂતદયામય [સં.] વિ. સર્વ જીવો પ્રતે દયાવાળું.

ભૂતદશા [સં.] સ્ત્રી. ભૂતકાળની સ્થિતિ.
દેશાટન, ભ્રાતિરવભાવ, ભૂતદશા અને વારસામાં મળેલી બાબતોનો, સ્વદેહને કંઇપણ સત્ત્વ છે.
ગુ. સા. પરિષદ

ભૂતદીપ [સં.] પું. ભૂતનો બડકો; રમજાનમાં દેખાતો બડકો.

ભૂતદૃષ્ટિ [સં.] સ્ત્રી. ત્રણ વખત સંબંધી વિચારણા.
ભૂતદૃષ્ટિએ જો જોઇએ તો ત્રણ કાળ વિચારીએ તો મનુષ્યગતિમાંથી અને ઉપરાંતના પહેલાનો બધ ત્રણ કાળ વિચારીએ તો ચારે ગતિમાંથી સિદ્ધ થાય છે
તત્ત્વાર્થસૂત્ર

ભૂતદ્રાવી ૧. [સં.] સ્ત્રી. અગ્નિ, અગ્નિકાર; ક્ષયકાર; હુતાશનિ.
૨. સ્ત્રી. લાલ કણેર; ભૂતાકુશ વૃક્ષ

ભૂતદ્રુમ [સં.] પું. શ્વેતખાતક વૃક્ષ; સાબોટક વૃક્ષ.

ભૂતદ્રોહ [સં.] પું. પ્રાણીમાત્રનું બૂરું કરવાની બુદ્ધિ

ભૂતદ્રોહી [સં. ભૂતદ્રોહિન્] વિ. જીવને દુઃખ આપનાર; પ્રાણીઓને દુઃખ આપનાર.

ભૂતધાત્રી ૧. [સં.] સ્ત્રી. ધાવમાં ઉત્તર ભાવેનું એક નામ.
૨. સ્ત્રી. પૃથ્વી; વિપુલા; મહીરી; ધાત્રી; ગૌરિલા; કુક્ષિણી; ક્ષમા; રત્નગર્ભા, જગતી; સાગરાંબરા.

ભૂતધામા [સં. ભૂતધામન્] પું. (પુરાણ) પૂર્વે થઈ ગયેલો એ નામનો એક ઋષિ.

ભૂતધારિણી [સં.] સ્ત્રી. પૃથ્વી. તે સર્વ પ્રાણીઓને આધાર આપનારી છે.

ભૂતધાવડો (ભૂતધાવડો) પું. એક જાતનું વૃક્ષ. ભૂતબાકરો. જેનાં પાન અમુક અતરે સામસામાં આવેલાં હોય તેવાં દેખાય છે. તે ઘટોમાં અને કકું કરીને બંને છેડે જાડાં હોય છે. તેનાં ફૂલ નાનાં અને સફેદ રંગનાં, તેમ જ ફળ પણ આકરા સોગાઈ લેતાં લાંબી અણીવાળાં હોય છે. તેનું લાકડું ઇમારતી કામમાં તથા સુદર રાચરચીલું બનાવવામા વપરાય છે.

ભૂતનંદ [સં.] પું. (પુરાણ) કલિયુગમાં કિલકિલા નગરમાં થયેલો એ નામનો એક રાજા.

ભૂતના [હિ.] પું. ભૂત; નાનું ભૂત; ભૂતનું સ્ત્રીનામવાચક રૂપ

ભૂતનાથ ૧. [સં.] પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: મંદિરમાં જમ્યુ લિંગ પાસે પાસે છે. અહીં પાણી ન હોવાના કારણે સ્થાન સૂનું પડયું રહે છે.
૨. પું. બટુક ભૈરવ.
૩. પું. મહાદેવ; શંકર; શિવ
૪. સ્ત્રી. જટામસી. કટાક્ષમાં બોલાય છે.

ભૂતનાથમહર્ષિણી [સં] સ્ત્રી. નર્મદાના કાંઠા માહેનું એક નામ.

ભૂતનાથસદામહી [સં.] સ્ત્રી. નર્મદ.નાં કાંઠા માંહેનું એક નામ.

ભૂતનાથસદામૌલી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

ભૂતનાથસુપૂજિતા [સં] સ્ત્રી. નર્મદાના કાંઠા માહેનું એક નામ.

ભૂતનાથા [સં.] સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક યોગિની.

ભૂતનાથક [સ.] પું. મણ.પણ; રુદ્ર.

ભૂતનાથકી જુઓ ભૂતનાયિકા.

ભૂતનાયિકા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી

ભૂતનાશન ૧. [સં.] પું. શિવાપુ
૨. પું. સરસર.
૩. ન. રુદ્રાક્ષ

ભૂતનાશિની [સં.] સ્ત્રી. વજ્ર નામનું ક્ષાર. વજ્ર ખાવાથી ભૂતરોગ નાશ થઈ જાય છે, માટે તેને ભૂતનાશિની કહે છે. વળગાડમાં પણ તેની ધુમાડી દેવાય છે.

ભૂતનિબંધ ૧. [સં.] પું. ગુજરાત વર્નાકયુલર સોસાયટીની પ્રથમપ્રકટ રામાણાનો એ નામનો પ્રથમ મણકો, અર્વાચીન ગુજરાતનો પ્રથમ સ્વતત્ર ગ્રથ; લોકપ્રસિદ્ધિ પામેલો કવિ દલપતરામનો પ્રથમ સાહિત્યવિજય. ભૂતનિબંધ પૂર્વેનું ગુજરાતી મણ સાહિત્ય તે સ્વામીનારાયણનાં વચનામૃતોમાંનું, ને જ્ઞાણા ભાતાના પ્રસિપનીતિ, ભાગમિત્ર આદિક પ્રબોધોનું વચનામૃતોમાંનું તે આપણું પ્રાચીન મણ અને જ્ઞાણાખાતાનું એ આપણે ભાખાંતર મણ. અર્વાચીન ગુજરાતીનો પ્રથમ સ્વતંત્ર મણગ્રંથ તે ઈ.સ ૧૮૪૬માં છપાયેલો દલપતરામનો ભૂતનિબંધ. આ ભૂતનિબંધ દ્વારબધને એટલો પ્રબો કે વળતે જ વર્ષે એટલે ઈ સ ૧૮૫૦મા ભૂતનિબંધનું પોતે અગ્રેજી ભાષાતર કરી પ્રકટ કર્યું. દ્વારબધના અગ્રેજી ભાષાંતર ઉપરથી ભૂતનિબંધના ઉર્દૂ અને મરાઠી ભાષાતરો થયાં.
૨ પું. ભૂત પિશાચાદિના ખોટા વહેમો દૂર કરે તેવું પ્રમાણભૂત બખાણ; ભૂતપિશાચનો વહેમ દૂર કરે તેવી જાતનું બખાણ.

ભૂતનિષેવિત [સ.] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

ભૂતની ૧ જી૰ કદરૂપી સ્ત્રી.
૨ જી૰. ડાકણ; ભૂતડી.
૩. જી. બહુ દુષ્ટ કે બલિયારી સ્ત્રી
૪. જી૰. બિહામણી સ્ત્રી.
૫. જી૰ ભૂતની વહુ
૬. જી૰. રાક્ષસી.

ભૂતપ ૧. પું. (પિતૃ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, નગણ, જગણ, ગુરુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે
૨. પું. મગદળવાળો માણસ.
૩. પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે સોળાર્ધમાં આવેલ એ નામનો એક તારાસમૂહ.ન. એ નામનું નક્ષત્રમંડળ; ' જુટીસ '. તેનો આકાર મગદળવાળા જેવાકાર માણસ જેવો છે

ભૂતપક્ષ [સં.] પું. અંધારિયું; કૃષ્ણ પક્ષ.

ભૂતપતિ ૧. [સં. ભૂત (પ્રાણી) + પતિ] પું. ભૂત, પ્રેત, પિશાચ વગેરેના અધિપતિ; રુદ્ર; મહાદેવ; શિવ. મૃગીરૂપી ઉષા એટલે સરસ્વતી અને મૃગરૂપ પ્રજાપતિ ભાગ્યા થયા. પ્રજાપતિને મારવા કોઈ દેવની હિંમત ચાલી નહિ, ત્યારે બધા દેવો એકત્ર મળી પ્રત્યેક પોતાની અંતર્બાહ્ય શક્તિ એકત્રિત કરી, તેમાંથી રુદ્ર બાપક સ્વરૂપ પ્રકટ કર્યું અને તેણે બાણથી પ્રજાપતિ મૃગને માર્યો. તે દિવસથી તેનું ભૂતપતિ નામ પડ્યું
હમ કપર્દી ભૂતપતિ પશુપતિ મૃડ ઈશાન;
નીલકંઠ શ્રીકંઠ સ્થિતિકંઠ સકલ કલ્યાન.
પિંગળકૃપુલોક
૨. પુ. (પુરાણ) વિશ્વનો પાલનકર્તારૂપે પંચમહાભૂતના આધારરૂપ શિવ
૩. પું સર્પનાં એકસો આઠ માહેનું એક નામ.

ભૂતપત્રી [સં.] જી૰. રાણી તુલસી.

ભૂતપલીત ૧. ન. પ્રેત; પલીત; પિશાચ.
૨. ન એકોગ માણસ.

ભૂતપાદપ [સં.] પું. વડગૂંદનું ઝાડ.

ભૂતપાલ ૧. [સં.] પું. મહાદેવ; શંકર.
૨ પું વિષ્ણુ

ભૂતપાલી [સં.] જી૰. નર્મદાનાં હજાર માહેનું એક નામ

ભૂતપુરી જી૰. મદ્રાસ નજીક આવેલું એ નામનું ગામ; પેનુમ્બુર. ત્યાં રામાનુજાચાર્યનો નિવાસ હતો

ભૂતપુષ્પ [સં.] પું. સ્યોનાક વૃક્ષ.

ભૂતપૂર્ણિમા [સં.] જી૰. આસો સુદિ પૂનમ; શરત્પૂર્ણિમા; શરદ્પૂનમ.

ભૂતપૂર્વ ૧. [સં] વિ. આગળ થઈ ગયેલ; પૂર્વમાં બનેલું; પહેલા થયેલું; વર્તમાન પહેલાનું.
૨. વિ. મરહૂમ; માજી.

ભૂતપ્રકૃતિ [સં.] જી૰. આગળ પડતો ગુણ, વિશેષ લક્ષણ; ' કૅરેક્ટરિસ્ટિક '.

ભૂતપ્રતિબંધ ૧. [સં.] પું. (વેદાંત) ષટ્ વિષયના સ્વતંત્રી તત્ત્વ ન જણાવવામાં આવે તે.
૨ પું. પૂર્વે અનુભવેલા વિષયનું અવલંબીને ફરી ફરીને થતા કરતુ સ્મરણ

ભૂતપ્રલય [સં. ભૂત (પ્રાણી) + પ્રલય (સંહાર)] પુ. સૃષ્ટિનો સંહાર.

ભૂતપ્રસરણ [સં.] ન. પંચમહાભૂતના અણુઓનો દેહની રચનામાં વિસ્તાર.

ભૂતપ્રિયા [સં.] જી૰. રાણી તુલસી

ભૂતપ્રેત [સં] પું. ભૂત વગેરે; પિશાચ.

ભૂતપ્રેતવિનાશક અંજન [સં. ભૂતપ્રેતવિનાશક (ભૂતપ્રેતનો અસર દૂર કરનાર) + અંજન (આંજણ)] ન. (વૈદક) એ નામની એક ઔષધિ. સાપની કાંચળીની રાખ, હિંગ, મનઃશિલ, વિજોરો, પીપલ અને કાળા મરી સમાન ભાગે લઈ, લસણના રસમાં અરધા કલાક તેની ગોળીઓ બનાવવી. પછી તુલસીના રસમાં ઘસીને આ ગોળી લગાવવાથી ત્રિદોષ, વિસર્પિરિઝ, મૂર્છા, વાઈ, ભૂતબાધા, ધનુર્વાત વગેરે રોગ મટે એમ મનાય છે

ભૂતબલિ ૧. પું. (જૈન) એ નામના એક જૈન મુનિ. તેણે ષટ્ખંડાગમશાસ્ત્ર રચ્યું હતું
૨. [સ.] પું. પ્રાણીઓને નિત્ય આપવાનો બલિ.
૩ પું જત માટે બલિદાન, જતને ધરવામાં આવતું નૈવેદ્ય; બાકળા.

ભૂતબલિ જુઓ ભૂતબલિ.

ભૂતબંગલો પું. ફ્રીમેસન સમાજનું કાર્યાલય, 'મેસોનિક લૉજ'

ભૂતબાકરો પુ. એક જાતનું ઝાડ; ભૂતબાવળ. આ ઝાડ ઘણું ઊંચું થાય છે. પોરબંદર તરફના રબારીઓ આ ઝાડને ભૂતબાકરો કહે છે.

ભૂતબાધા [સં.] જી૰. ભૂતની પીડા.

ભૂતબિહામણું ૧. ન. કોઈને જૂદું જૂદું ડરાવવું તે
૨. ન. કોરસ્ટરસ કે રાળના બરડા કરી અત્તરપાને ડરાવવું તે.
૩. વિ ભૂત જેવું; કર જાગે એવું; બહુ કદરૂપ.

ભૂતમહા ૧. [સં ભૂતમહત્] પું દેવપૂનરી.
૨ પું. બાવલાનો પૂજારી

ભૂતમાડકામણું (ભૂતબડકામણ) વિ. બહુ કદરૂપ. કર જાગે એવું.

ભૂતમાડો (ભૂતબડો) ૧. પું દૂરથી દેખાય પણ પાસે જઈએ ત્યારે કોઈ હોય નહિ એવું તે.
૨ પું. સ્મશાન વગેરે સ્થળે ઝાડ માથી નીકળતો દેખાતો બડકો. સ્મશાન કે બીજે કોઈ સ્થળે માણસ, ઢોર વગેરેનાં હાડકાં પડ્યા હોય તેમાંથી અંધારી રાતે ફોસ્ફરસના બડકા નીકળતા દેખાય છે અને લોકો ભૂતબડકા કહે છે

ભૂતભર્તા ૧. [સ ભૂતભર્તૃ] પું ભૂતનો ધણી.
૨ પું શિવ. શંકર
૩ વિ. પ્રાણીનું પોષણ કરનાર

ભૂતભય [સ.] પું રાવનાં હજાર માહેનું એક નામ

ભૂતભવિષ્ય ૧. સં] પું. મત અને આવતો કાળ.
૨ પું. (બાકરણ) ક્રિયાકાળના બોર માહેનો એક પ્રકાર. જેમકે, તેમ બોપડી વાંચી હશે
૩ ન. આગળપાછળની વાત.

ભૂતભવ્ય ૧. [સં] પુ ભૂતકાળ અને ભવિષ્યકાળ.
૨. પું વિષ્ણુ
૩ પું સાપનું એક નામ.

ભૂતભવ્યભવત્પ્રભુ ૧. [સ.] પું વિષ્ણુનાં હજાર માહેનું અઠ નામ ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એટલે ભૂતભવ્યભવત્ એનો તે પ્રભુ છે. તેમજ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમા અસ્તિત્વોને પ્રતીત થતી વૃત્તિઓ અને તેમાં ઉત્પન્ન થતા પ્રાણીઓના સ્વામી અને નિયંતા તે છે
૨ જી૰. રામાના હજાર માહેનું એક નામ.

ભૂતભવ્યભવન્નાથ ૧. સ] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન પ્રાણીઓના નાથ છે, એનાથી સત્યના કારણ છે, એને નાથ કે છે, એના ઈશ્વર છે અથવા એનું શાસન કરે છે, તેથી તે ભૂતભવ્યભવન્નાથ કહેવાય છે
૨. પુ. શિવના હજાર માહેનું એક નામ. ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમા જે હતું, જે થશે અને જે છે, તે સર્વેના તે નાથ છે, સર્વેને નાથીને વશ રાખનારા છે, સર્વેને માયા, સંયમ,

જીવોના તંત્રમાં જોનારા છે, સોહં અને સોઽહંતરૂપ એવા ચોરાસી યોનિની પુનરાવૃત્તિઓ કરાવનારા છે, માટે તે ભૂતબલ્યાબલનાથ કહેવાય છે.

ભૂતબલ્યા [સં.] સ્ત્રી નર્મદાના ઉત્તર માંહેનું એક નામ.

ભૂતભાઈ પું ભલારાત; દયારાત. જેમકે, આરે ભૂતભાઈ ભણે !

ભૂતભાઈ-ભૂતાભાઈ ભણે ? = કોણ ભણે ?

ભૂતભાવ ૧. [સં.] પું. પંચમહાભૂતની સ્થિતિ.

૨. પું. ભૂતપિશાચની દશા.

૩. વિ. પંચમહાભૂત બનેલ.

૪. વિ પ્રાચીન; જૂનું.

ભૂતભાવન ૧. [સં. ભૂત (જીવ) + ભાવના (ચિંતા)] પું. ઈશ્વર

૨. પું. પુરુષોત્તમનાં ઉત્તર માંહેનું એક નામ.

૩. પું. બટુક ભૈરવ.

૪. પું. બ્રહ્મા.

૫. પું. વિષ્ણુ અને બટુક ભૈરવનું સ્તોત્ર.

૬. પું. વિષ્ણુનાં ઉત્તર ૫૭માંહેનું એક નામ. તે પ્રાણીઓને ઉત્પન્ન કરનાર, પાળનાર, સર્વ પ્રાણીઓને સ્વરૂપની પ્રતીતિ ચમત્કારનાર છે, તેથી તે ભૂતભાવન કહેવાય છે. વળી આકાશથી પૃથ્વી સુધીનાં કાર્ય સહિત સર્વ ભૂતોને પોતાની સત્તાથી અને પોતાના પ્રકાશથી સત્તાવાળાં અને પ્રકાશવાળાં કરે છે, માટે પણ તે ભૂતભાવન કહેવાય છે.

૭. પું. શિવ.

૮. વિ. પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરનાર.

ભૂતભાવનભાવિની [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનું એક નામ.

ભૂતભાવિ ૧. [સં.] ન. ભૂત અને ભવિષ્ય કાળની આગત.

૨. વિ. ભૂતકાળનું અને ભવિષ્યકાળનું.

ભૂતભાવિની અવગાહીઓ ભાળતા ભાળતા
અમે યે મહેતા'વાં વર્તમાનના ભોંયમાં

ચમત્કાર

ભૂતભાવિની [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનું એક નામ.

ભૂતભાષા [સં.] સ્ત્રી. પૈશાચી ભાષા.

ભૂતભાષિત જુઓ ભૂતભાષા.

ભૂતભૂત ૧. [સં. ભૂતભૃત્] પું. ભૂતનો ધણી.

૨. પું વિષ્ણુનાં ઉત્તર ૫૭માંહેનું એક નામ. સત્ત્વરૂપ ગુણનો આશ્રય કરીને પ્રાણીઓનું ભરણપોષણ કરે છે, તેથી તે ભૂતભૃત કહેવાય છે.

૩. વિ. પ્રાણી માત્રનું પોષણ કરનાર.

ભૂતભૈરવ [સં.] પું. ભૈરવની એક મૂર્તિનું નામ

ભૂતભૈરવરસ [સં.] પું. (વૈદક) કરતાલ વગેરેમાંથી બનતો એક જાતનો રસ. તે બનાવવા માટે શુદ્ધ કરતાલ અને શુદ્ધ સંખજીરું સમભાગે લઈ, તેની અંદર તે બન્નેના વજનથી નવમા ભાગનું ચોરસપૂરું નાખી, તે બધાંને કુંવારના રસની અંદર ખરલ કરવાં. જ્યારે દર્દ રહિત શીત થાય ત્યારે ઠાકી લેવાથી તે તૈયાર થાય છે. આ રસ દરેક જાતના તાવ ઉપર અકસીર ગણાય છે. તેના સેવનથી દાહ, વાતપ્રકોપ દૂર થાય એમ કહેવાય છે. તે એક સ્ત્રીબારની માત્રામાં સાકર સાથે અપાય છે

ભૂતભૈરવી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ

ભૂતભૌતિક [સં.] વિ. ભૂતતત્ત્વોનું બનેલું.

ભૂતમહેશ્વર ૧. [સં. ભૂત (જીવ) + મહેશ્વર (મોટા ઈશ્વર)] પું. વિષ્ણુનાં ઉત્તર ૫૭માંહેનું એક નામ. તે સર્વ પ્રાણીઓના અધિપતિ, ભૂતોના મહાન ઈશ્વર છે, અથવા સકલ રૂપથી તે અતિ મહાન ઈશ્વર છે, તેથી તેને ભૂતમહેશ્વર કહેવાય છે.

ન જાણ્યું પરં જાય મહાસે ભૂતમહેશ્વર,
આનુની દેહ મારેલા અને મૂકે અનાદરે.

નાગ ભક્ત

૨. પું શિવ; શંકર.

ભૂતમંડલ [સં.] ન. પૃથ્વી વગેરેનું અમુક મંડલ.

ભૂતમાતા [સં. ભૂતમાતૃ] સ્ત્રી. ચોરી.

ભૂતમાત્ર ૧ [સં.] ન. પંચમહાભૂતનું મૂલતત્ત્વ.

૨. ન. પ્રાણીમાત્ર; દરેક જીવ, દરેક પ્રાણી.

સર્વ ભૂતમાત્રમાં આત્મૌપમ્ય બુદ્ધિ અમૃત થઈ
આખરે ચિત્તને વિલક્ષણ શાન્તિ અને સમાધાન
સુખ પ્રાપ્ત થાય છે. ગીતારહસ્ય

૩. ન. સર્વ પ્રાણી; પ્રાણીમાત્ર.

ભૂતમાત્રા [સં.] સ્ત્રી. પંચભૂતની માત્રા અથવા અંશ

ભૂતમારી [સં. ભૂતમારિન્] પું. ચિત્રા નામે એક ઔષધદ્રવ્ય.

ભૂતયજ્ઞ ૧. [સં. ભૂત (પ્રાણી) + યજ્ઞ (સેવાનું કરેલું કામ)] પું. અજ્ઞાનીઓને જ્ઞાનદાન અને પ્રાણીમાત્રને પીડા ન દેવી તે.

૨. પું. પ્રાણીમાત્રનું ભલું ઇચ્છવું એમને પણ આપણા અન્નમાંથી આપવાનો ભાગ; આપવાના પાંચ માંહેનો એ નામનો એક બલિ; પ્રાણીમાત્રને બલિ આપવા તે; ભૂતબલિ; બલિદાન આપવું તે; ગૃહસ્થાશ્રમીએ દરરોજ અગ્નિ, સ્નાન, કાગડા, કીટ, પતંગાદિકને ઉદ્દેશીને અન્નનો બલિ આપવો તે

૩. પું. પ્રાણીમાત્રને ઉદ્દેશીને કરાતો યજ્ઞ; પંચમહાયજ્ઞો માંહેનો એક.

ભૂતયોનિ ૧. [સં.] સ્ત્રી. પ્રાણીમાત્રની યોનિ; ભૂતમાત્રનું ઉત્પત્તિસ્થાન; પરમેશ્વર.

૨. સ્ત્રી. ભૂતપ્રેતની જાતિ.

૩. સ્ત્રી. ભૌતિક સૃષ્ટિનું આદિકારણ; પ્રકૃતિ.

ભૂતયોનિત્વ [સં.] ન. પરમાત્માપણું; ભૂતમાત્રનું ઉત્પત્તિસ્થાન હોવાપણું. લૌકિક જ્ઞાન, અથદૃષ્ટિએ અલૌકિક દૃષ્ટાંત દ્વારા મુંડકોપનિષદમાં પરમાત્માનું ભૂતયોનિત્વ વર્ણવતાં ઋષિ કહે છે કે: કરોળિયો પોતાનામાંથી તંતુઓ ઉત્પન્ન કરી જાળ પાથરે છે અને તેને પોતાની ઇચ્છા થાય ત્યારે સંકેલી લે છે, તેમ પરમાત્મા વિશ્વરૂપી તાંતણાઓને પોતાની ઇચ્છા થાય ત્યારે પોતાનામાંથી જ સરજતો આ સંસારની સમસ્ત જાળ વિસ્તારે છે અને જ્યારે તેની ઇચ્છા થાય ત્યારે તે પાથરેલી જાળને પોતાની ઇચ્છાથી પોતાનામાં જ સંહરી લે છે. પૃથ્વીમાંથી ઔષધિઓ ઊપજે છે અને તેમાં જ પાછી લીન થાય છે, તેમ પરમાત્મામાંથી સૃષ્ટિ ઊપજે છે અને તેમાં જ તે લીન થાય છે. જેમ જીવતા પુરુષમાંથી મસ્તકના વાળ અને કેવાં પેદા થાય છે, તેમ અક્ષરમાંથી સંભવે છે. આ ત્રણે દૃષ્ટાંતોનું રહસ્ય છે. કરોળિયાના દૃષ્ટાંતમાં પરમાત્મા જ આ સૃષ્ટિનું પ્રકૃતિ દ્વારા નિમિત્તકારણ છે. ઔષધિના દૃષ્ટાંતમાં પોતપોતાના બીજમાંથી અંકુરિત થયેલ છે, પણ તેનો આધાર પૃથ્વી છે, તેમ પ્રત્યેક વસ્તુ કર્માદિ બીજમાંથી ઉદ્ભવે છે, પણ તેનો આધાર પરમાત્મા છે આ દૃષ્ટાંતથી પરમાત્મા સૃષ્ટિનું ઉપાદાનકારણ છે અને જેવા દૃષ્ટાંતમાં પ્રભુની સર્વશક્તિમત્તા સૂચવે છે

ભૂતરથ [સં.] પું. (પુરાણ) રૈવત મન્વંતરનો એ નામનો એક દેવ

ભૂતરાજ [સં. ભૂતરાજ્] પું. શિવ.

ભૂતરૂપ [સં.] ન. મોટામાં મોટું ન હોય તેવું દ્રવ્ય.

ભૂતલ ૧. [સં. ભૂ (પૃથ્વી) + તલ (સપાટી)] સ્ત્રી. પૃથ્વીના તળિયા સંબંધી વિદ્યા.

૨. ન જગત; દુનિયા; પૃથ્વી, સંસાર.

ભૂતલ જન્મ તેમો જગદીશે, કરવા જન ઉદ્ધારણ.

૩ ન. પાતાળ; પૃથ્વીની નીચેનો ભાગ.

૪ ન. પૃથ્વીની સપાટી; જમીન; જમીનની સપાટી; જમીનનો ઉપલો ભાગ; પૃથ્વીનું ઉપરનું પડ; ધરાતલ ભૂતલ ઉપર જલ ને રસાતળની વચ્ચેની વટેચણી પણી નમૂનેદાર છે. ભોપીઅન ગ્રીક નામના વિદ્વાને એવી કલ્પના કરી છે કે, એક મોટા ત્રિકોણાકૃતિનો ઘન કલ્પો અને તે ઘનની સપાટી ઉપર ત્રિકોણની બાજુઓ ને ભુજા ઉપર રચલ એટલે જમીન આવેલી છે અને વચલા ભાગમાં સમુદ્ર આવેલા છે. નીચેના ત્રણ ત્રિકોણના મધ્યમાં આટલાન્ટિક, હિંદી અને પાસિફિક મહાસાગર આવ્યા છે અને ઉપરના ત્રિકોણના મધ્યમાં ઉત્તર સમુદ્ર આવેલો છે. ઘનભૂમિતિના ગણિતથી એવું સાબિત થાય છે કે, જો એક ગોળો સંકોચાતો હોય, તેની અંદરની સપાટી પ્રથમ જેટલી જ કાયમ રહે, તો તે આવા અનુપ ત્રિકોણ ઘનસ્વરૂપ પામે અને તે ત્રિકોણો ઉપર એકદર સપાટીના ત્રીજા ભાગ જેટલું પાણી રેડવામાં આવે તો હાલના સમુદ્ર જેવો તેનો આકાર થાય. પણ પૃથ્વીની આ ઘન આકૃતિ કદી સ્થિર ન રહેતાં તે દરરોજ પોતાની ધરી આસપાસ એક વાર ફરે છે, એટલે તેના આ ફરવાના વેગથી આ ત્રિકોણોના ખૂણાઓ ગોળાકારમાં બદલાઈ જાય છે.

૫. ન. (સ્થાપત્ય) મંદિરના અંદરના ભાગની પીઠ ઉપરની અગાશી.

ભૂતલનાલિ જુઓ ભૂતલનાલી.

ભૂતલનાલી [સં.] સ્ત્રી. જમીન ઉપર કરેલી કે બનેલી નીક.

ભૂતલ ભાડક ન. દક્ષ જમીનનું ભાડું; સપાટીનું ભાડું; 'સર્ફેસરેંટ'.

ભૂતલમાન્યા પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો એ નામનો એક છંદ; પંક્તિ; ઠારી. અક્ષરપંક્તિ; હંમ. તેના દરેક ચરણમાં ભગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.

ભૂતલવર્ણન [સં.] ન. પ્રકૃતિવર્ણન; પૃથ્વીવર્ણન.

ભૂતલવાસી [સં. ભૂ (પૃથ્વી) + તલ (સપાટી) + વાસિન્ (વસનાર)] વિ. પૃથ્વી ઉપર રહેનારું.

ભૂતલવિદ્યા ૧. [સં. ભૂ (પૃથ્વી) + તલ (સપાટી) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. પૃથ્વીના તળ ઉપરના કુદરતી પદાર્થોનું જ્ઞાન આપનારી વિદ્યા

૨. સ્ત્રી. પ્રાકૃતિક ભૂગોળ; 'ફિઝિકલ જ્યૉગ્રૉફિ'.

આજુબાજુના વિવિધ પ્રકાર સમજવા અને તે ઉપર વિચાર કરી, પછી તે જ્ઞાનનો ઉપયોગ કરી, જીવનને ઉપયોગ કરાવવો તે પણ આ ઠેકાણે જરૂરનું છે. ને આટલા માટે ભૂતલવિદ્યાનું જ્ઞાન પણ આવશ્યક છે. અક્ષિપ્રસાદ નભુભાઈ

૩. સ્ત્રી. ભૂતળની ભૌતિક સ્થિતિ સંબંધી વિદ્યા.

ભૂતલવેત્તા [સં. ભૂતલવત્ત] પું. ભૂતલવિદ્યા જાણનાર માણસ; ભૂપૃષ્ઠવિદ્યામાં પારંગત પુરુષ.

ભૂતલશયી ૧. [સં. ભૂતલશાયિન્] વિ. જમીન સૂતેલું; ભોંય સૂતેલું.

૨. વિ. ભૂમિ ઉપર સૂનારું

ભૂતલશાસ્ત્ર [સં.] ન. પ્રાકૃતિક ભૂગોળ; 'ફિઝિકલ જ્યૉગ્રૉફિ'.

ભૂતલસ્થ ૧. [સં.] વિ. જમીન ઉપર રહેલું.

૨. વિ. પાર્થિવ.

૩. વિ. લૌકિક, સાંસારિક

ભૂતલસ્થિત જુઓ ભૂતલસ્થ.

ભૂતલા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

ભૂતલાતિલકા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

ભૂતલિકા [સં.] સ્ત્રી. પૃક્કા નામની વનસ્પતિ.

ભૂતલિપિ [સં.] સ્ત્રી. એ નામની એક પ્રાચીન લિપિ; વિશેષાવશ્યકભાષ્યમાં આપેલી અઢાર માંહેની એક લિપિ; પૈશાચી લિપિ.

વૈદમાં ૬૦ માતૃકાલિપિઓ અને ૪૨ ભૂતલિપિનો ઉલ્લેખ કરેલો છે.

મુ. સા. પરિષદ

ભૂતલી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

ભૂતલીય ઝરણું ન. પૃથ્વીની સપાટી ઉપરનું ઝરણું

ભૂતલેશી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

ભૂતલોન્માથ [સં.] પું. એ નામનો એક દાનવ.

ભૂતવત પું. એ નામનો એક દેવ.

ભૂતવરણ ન. એક હોમ.

ભૂતવર્ષ [સં.] પું. ભૂતવિદ્યાઓનો દેશ.

ભૂતવર્તમાન [સં.] પું. (વ્યાકરણ) ભિન્નકાળના ચોદ માંહેનો એક પ્રકાર. જેમકે, તેણે ચોપડી વાંચી છે.

ભૂતવાદ ૧. [સં.] પું. કુદરતી ક્રમ અનુસાર રાજ્યવ્યવસ્થા; "ઇવોલ્યુશન". ફ્રાન્સનો ફ્રાંકોઇસ કેનેનેનો આ સિદ્ધાંત છે. આ સિદ્ધાંત મુજબ ભૂમિ અને તેમાં આવેલ માલ એ સાચી મિલકત છે, બાકીનું નાણું નહિ. વળી રાજ્યનું મહેસૂલ ભૂમિ ઉપરના સીધા કરથી ઉપરાંત અને અનિયંત્રિત વ્યાપાર, વાણીસ્વાતંત્ર્ય અને મિલકતના લોગવટાનો સૌ કોઈને હક્ક હોવો જોઈએ.

૨. પું. વધારેવાદ.

૩. પું. સદ્‌ભૂત વસ્તુનો વાદ.

ભૂતવાદક જુઓ ભૂતવાદિક.

ભૂતવાદિક પું. (જૈન) બાર અંગેના એક પ્રકારનો કાંઈક નામનો અંતર.

આમર્ષના બાર પ્રકારઃ હાહા, હૂહૂ, તુંબુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રેવત, વિશ્વાવસુ, મીનરતિ અને મીનધજ.'

તત્ત્વાર્થસૂત્ર

ભૂતવાદી ૧. પું. એક જાતના બાહ્યાંતર દેવ.

૨. [સં. ભૂતવાદિન્] પું. ભૂતવાદમાં માનનાર માણસ.

૩. વિ. ભૂતવાદના સિદ્ધાંતના કાયદાનો નિષ્ણાત; ફ્રાંકોઇસ કેનેનેનો અનુયાયી; ભૂતવાદમાં માનનાર.

ભૂતવાયુ [સં.] પું. મૂર્ખા; ઉન્માદ; ગોલોન્માદ.

ભૂતવાસ ૧. [સં.] પું. મહાદેવ.

૨. પું. મેંદી.

૩. પું. વિષ્ણુ.

૪. ન. બહેડાં. બહેડાંના ઝાડમાં ભૂતનો વાસો થાય એમ મનાય છે, માટે તેને ભૂતવાસ કહે છે.

ભૂતવાહન [સં.] પું. મહાદેવ.

ભૂતવાહનસારથિ [સં.] પું. શિવનાં કાંઠાનું ઝાડ માંહેનું એક નામ.

ભૂતવિક્રિયા ૧. [સં.] સ્ત્રી. ભૂતનો વળગાડ.

૨. સ્ત્રી. વાર્ધ; અપસ્માર રોગ.

ભૂતવિજ્ઞાન [સં.] ન. પ્રેત વિષેની વિદ્યા.

ભૂતવિદ્યા ૧. [સં.] સ્ત્રી આયુર્વેદનો એક ભાગ; માનસિક વ્યાધિ રાજા. તેમાં મનની વ્યાધિઓની ચિકિત્સા એટલે ક્રમિત થયેલાઓને શાંત કરવાના ઉપાયો બતાવેલ છે. ચિત્તાચરોગ અથવા વળગાડથી થતા માનસિક રોગો પ્રાર્થનાથી, બલિદાનથી અને દવાઓથી મટાડવાનું આયુર્વેદના આ ભાગમાં કોળવવામાં આવેલું છે.

૨. સ્ત્રી. પ્રેત વિષેની વિદ્યા; ભૂત, પ્રેતાદિકને દૂર કરવાની વિદ્યા; મંત્રાદિ પ્રયોગ.

ભૂતવિદ્રાવિણી [સં.] સ્ત્રી. મોચરસ; મોરોચના; નામના હૃદય કે માંસમાંથી નીકળતો એક પદાર્થ. જે માણસ મોચરસનો ચાંદલો કપાળમાં

ભૂતાકાશ

કરે તેની પાસે ભૂત, પ્રેત, પ્રપંચ ફરકતાં નથી અને જેને વળગાડ હોય તેને મૈયરની ધૂમાડી દેવાથી વળગાડ જતો રહે છે, એમ મનાય છે, માટે તેને ભૂતવિદ્યાવિધિ કહે છે.

ભૂતવિનાયક [સં.] પું. શિવ.

ભૂતવૃક્ષ ૧. [સં.] પું. પીપળો.

૨. પું. વડેરાંનું ઝાડ.

૩. પું. કાંચોટ વૃક્ષ; સ્યોનાક વૃક્ષ.

ભૂતવૃક્ષા [સં.] સ્ત્રી. ગુંદી.

ભૂતવૃક્ષા [સં.] સ્ત્રી. મોરખતુડી નામની વનસ્પતિ.

ભૂતવેરી [સં.] સ્ત્રી. નિર્ગુંડી નામની વનસ્પતિ; શ્વેતસૈન્ધવિકા; ધોળાં પુષ્પવાળો નગોડ; શ્વેતસુરસા.

ભૂતવૈદ્ય [સં.] પું. ભૂતને મટાડનાર વૈદ્ય.

ભૂતશર્મા [સં. ભૂતશર્મન્] પું. (પુરાણ) દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

ભૂતશાલા [સં.] સ્ત્રી. ભૂત રહેતું હોય એવું સ્થાન

ભૂતશાળા જુઓ ભૂતશાલા.

ભૂતશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. દેહના આરંભક પાંચેય તત્ત્વોને આત્મનાવિરોધ સંસ્મરણથી દેવરૂપ બનાવવા તે; પૂજા વગેરેમાં મૂળ મંત્રથી શરીર પવિત્ર કરવું તે; શરીરની સ્વચ્છતા. ઇડાથી વાયુ પૂરી કુંભકને વિષે યં વં રે વં હું આ પંચ ભૂતબીજોનું એક વાર આવર્તન કરી, પિંગલા વડે રેચન કરવું, પછી વં અમૃતબીજથી પ્રાણાયામ કરી સાધકનાભાળું દૈવી શરીર ઉત્પન્ન કરવું. પછી સોહં મંત્ર વડે કુંડલિની બ્રહ્મ સાથે ભેગાડી, તેમાં રહેલા જીવને હૃદય વિષે સ્થિર કરી, કુંડલિની મૂળાધાર વિષે ગઈ છે એવી ધારણા કરવી.

પોતાની શક્તિ પ્રમાણે પ્રજનન પદાર્થો સ્થાપન કરી પ્રાણાયામ કરીને ભૂતશુદ્ધિ કરવી.

અમરતી ભાસ્કર

૨. સ્ત્રી. પૃથ્વી વગેરે ભૂતોનું વિશેષ શોધન.

૩. સ્ત્રી. માયા અને કર્મદોષથી દુષ્ટ ભૂતમાત્રાને બહાર કાઢવી અને શુદ્ધ વિદ્યા અને શુદ્ધ કર્મ વડે શુદ્ધ ભૂતમાત્રાનો દેહમાં પ્રવેશ કરાવ્યો તે પદ્ધતિ.

ભૂતશોધની સ્ત્રી. ચંદ્રકળોલી નામની વનસ્પતિ.

ભૂતસત્યપરાક્રમ [સં.] પું. શિવનાં બીજાં નામોનું એક નામ.

ભૂતસભા [સં.] સ્ત્રી. શ્મશાન મહેલ; ભૂતોને રહેવાનું સ્થળ.

ભૂતસમૂહ [સં.] પું. ભૂતદીપ પછી આવેલો એ નામનો સમૂહ.

ભૂતસર્ગ ૧. [સં.] પું. પંચમહાભૂતોની ઉત્પત્તિ.

૨. પું. ભૂતસૃષ્ટિ; પ્રાણીની ઉત્પત્તિ.

સમાજમાં દૈવ અને આસુર એવા બે ભૂતસર્ગ છે. નવલરામ

૩. પું. સંપત્તિ; સંવૃદ્ધિ.

બીજાનાં બીજે ભૂતસર્ગ અથવા સંપત્ત નામ આપ્યું છે, એને જ આપણી આજકાલની ભાષામાં સંસ્કૃતિ અથવા સિવિલિઝેશન નામે ઓળખીએ છીએ. શિક્ષણ અને સાહિત્ય

ભૂતસંઘ [સં.] પું. પ્રાણીનો સમૂહ: જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જનો સમૂહ.

આજ કાર્તિકી પૂર્ણિમાનો પર્વ મહોત્સવ છે; આજ અહોરાત્ર દેવ ભૂતસંઘનું ગમન પૂરું છે.

સરસ્વતિચંદ્ર

ભૂતસંચાર [સં.] પું. ભૂતનો પ્રવેશ; ભૂતનો વળગાડ; ભૂત, પિશાચ વગેરેનો આવેશ.

ભૂતસંચારી [સં. ભૂતસંચારિન્] પું. દાવાનળ.

ભૂતસંતાપ [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

ભૂતસંતાપન [સં.] પું. (પુરાણ) હિરણ્યકશિપુનો એ નામનો એક દીકરો.

ભૂતસંપૃક્ત [સં.] વિ. ભૂતો સાથે મળેલ.

ભૂતસંપ્લવ જુઓ ભૂતસંપ્લવ.

ભૂતસંપ્લવ [સં.] પું. પ્રલય.

ભૂતસંરક્ષી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક તીર્થ.

ભૂતસંસાર [સં.] પું. મૃત્યુલોક.

ભૂતસાધની [સં.] સ્ત્રી. પૃથ્વી.

ભૂતસાર [સં.] પું. સ્યોનાક વૃક્ષ.

ભૂતસિદ્ધ [સં.] પું. ભૂત, પ્રેત વગેરેને વશ કરી લીધાં હોય એવો તાંત્રિક.

ભૂતસૂક્ત ન. શબ્દ આદિ વિષયો.

ભૂતસૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. પરમ શિવની શક્તિથી પ્રગટ થનારી સૃષ્ટિના ચાર પ્રકારો એક પ્રકાર. આત્મસૃષ્ટિ, ભૂતસૃષ્ટિ, શબ્દસૃષ્ટિ અને અર્થસૃષ્ટિ એ સૃષ્ટિના ચાર પ્રકાર મનાય છે.

૨. સ્ત્રી. પ્રાણીમાત્રની ઉત્પત્તિ.

૩. સ્ત્રી. સ્થૂલ જગત.

પ્રજાપતિની ઉત્પન્ન થયેલ બે પ્રકારની ભૂતસૃષ્ટિ છે, એક દેવની અને બીજી અસુરની.

ગીતા પંચામૃત

ભૂતસ્થ ૧. [સં.] વિ. પૃથ્વી વગેરે મહાભૂતોમાં રહેનાર.

૨. વિ. ભૂતો એટલે પ્રાણીઓમાં રહેનાર.

૩. વિ. મરણ પામેલ; મરી ગયેલ; હવે ભૂતગણમાં જ અસ્તિત્વવાળું.

ભૂતસ્થાન ૧. [સં.] ન. ક્ષુદ્ર પ્રાણીઓનું નિવાસસ્થાન.

૨. ન. ભૂતપ્રેતનું નિવાસસ્થાન.

ભૂતહત્યા [સં.] સ્ત્રી. જીવંત પ્રાણીને મારી નાખવું તે.

ભૂતહર [સં.] પું. ગૂગળ.

ભૂતહંત્રી ૧. [સં.] સ્ત્રી. એક જાતની કાકડી.

૨. સ્ત્રી. પીળી કોયડ.

ભૂતહા ૧. [સં. ભૂતહન્] પું. ભોજપત્રનું ઝાડ

૨. [હિ.] વિ. ભયંકર; રાક્ષસી.

૩. વિ. ભૂત વળગેલું.

ભૂતહારી ૧. [સં. ભૂતહારિન્] પું. દેવદાર.

૨. પું. વાય કોણ.

ભૂતહાસ પું. એક જાતનો સન્નિપાત.

ભૂતળ જુઓ ભૂતલ.

ભૂતળવાસી જુઓ ભૂતલવાસી.

ભૂતળવિદ્યા જુઓ ભૂતલવિદ્યા.

ભૂતળવેત્તા જુઓ ભૂતલવેત્તા.

ભૂતા ૧. [સં.] સ્ત્રી. કાળી ચૌદશ.

૨. સ્ત્રી. કૃષ્ણપક્ષની ચતુર્દશી; વદિ ચૌદશ.

ભૂતાકરીકરી [સં. ભૂતાંકુર] સ્ત્રી. ઇમારતી લાકડાનું એક મોટું ઝાડ. તેનાં પાન બસળીને સળગાવી દીધે આવે, તેથી આખું કુળવું હોય તો તેનો ઉપયોગ થાય છે. પાદરાં તરફનાં પાંદડાં જેવાં હોય છે. કોંકણ પ્રાંતમાં આ વનસ્પતિ ખૂબ થાય છે. તે તીવ્ર ગંધવાળી, તૂરી, ઉષ્ણ, અગ્નિદીપક તથા તીખી છે. ભૂતબાધા, શ્રમપીડા, કફ, વાયુ, રક્તવિકાર, કૃમિ અને ધોળા કોઢનો નાશ કરનાર મનાય છે.

ભૂતાકાશ [સં.] ન. પંચભૂત બાદેનું આકાશ જુદાં જુદાં આવરણોને લીધે આકાશનાં જુદાં જુદાં નામો પડેલાં છે. જેમકે, ઘડાની અંદર આવી જતા આકાશને ઘટાકાશ કહે છે, ઘરની અંદર આવી જતા આકાશને મઠાકાશ કહે છે, શરીરની અંદર આવી જતા આકાશને દેહાકાશ કહે છે, પંચભૂત બાદેના આકાશને ભૂતાકાશ કહે છે. આવી રીતે મહાકાશનાં જુદાં જુદાં નામો આવરણને લીધે પડેલ છે અને ઊંચે તો એ આકાશ બધાનું જ પ્રતીક છે.

આકાશનું વર્ણન તે ભૂતાકાશ તરીકે નથી પણ બ્રહ્મ તરીકે છે. બેઠાણ રાવ

ભૂતાક્ષ [સં.] પું. સર્પ

ભૂતાત્મક ૧. [સં.] વિ. તત્ત્વ સંબંધી.
૨. વિ. પંચમહાભૂતોનું બનેલું; ભૌતિક
૩. વિ પ્રાકૃત.

ભૂતાત્મા ૧. [સં. ભૂતાત્મન્] પું. અંતર્યામી; પરમેશ્વર.
૨ પું. જીવન અને કાર્યનું મૂળ કે મુખ્ય કારણ.
૩. પું. જીવનનું કારણ
૪ પું. જીવાત્મા; પોતાની ઉપાધિ સાથે સંસારધર્મને ભોગવતો અને જન્માદિ વિકારોને સેવતો આત્મા. ઉપનિષદ વિચારણામાં શિષ્યો જ્ઞાનદાન ગુરુને પૂછે છે કે, અન્ન પર આત્મા, જે પ્રાણનદ્વારા કર્મો વડે ઉત્પાદેલો, સારીનઠારી યોનિમાં પ્રગટ થઈ ઊંચીનીચી ગતિને ભોગવે છે, તથા ક્ષુધા, તૃષા, શોક, મોહ વગેરે દુઃખોથી હણાયેલો સંસારના ભ્રમમાં ભમે છે, તે આત્મા કયો? ગુરુ કહે છે કે, અરેખર બીજો ભૂતાત્મા છે, જે પ્રાણદ્વારા કર્મો વડે સેવાય છે અને તેને લીધે સારીનઠારી યોનિમાં પ્રવેશી ઊંચીનીચી ગતિને મેળવી ક્ષુધા, તૃષાદિ દુઃખોથી હણાય છે અને સંસારભ્રમમાં પડે છે. તે પ્રકૃતિના ગુણો વડે હણાય છે અને તેથી મોહ પામે છે અને મોહ વડે પોતાના આત્મામાં રહેલા પ્રેરયિતા પરમેશ્વરને અથવા ભગવાનને દેખતો નથી. ગુણોના ઓઘથી તૃપ્ત થયેલો, ભેગો થયેલો, અસ્થિર અને અંધલા, વિષયોમાં લાલુપતાવાળો, રૂપહાવાળો, ભ્રમ, અભિમાની બની હું અને મારું આ જેવું માનતો પોતાની મેળે પોતાને બંધનમાં લાવી મૂકે છે. જેમ જાળમાં પડ્યો હસાય તેમાં કરેલાં કર્મનાં ફળમાં ફસાય છે અને સંસારના ભ્રમને ભોગવે છે. જે કર્તા છે તે આ ભૂતાત્મા અને તેનાં કરણો વડે કરાવનારો તે અંતઃપુરુષ સમજવો. જેમ અગ્નિ વડે લોઢાનો ગોળો તેલેમણ થઈ જાય અને તેને દીપવામાં આવે ત્યારે નાના આકારને ધારણ કરે છે તેમ અરેખર આ ભૂતાત્મા અંતઃપુરુષ વડે બાંધ્યો થયેલો સત્પાદિ ગુણોની હથોટીથી ટિપાતો નાના રૂપને ધારણ કરે છે. આ ત્રિગુણ, ચોરાસી લાખ યોનિના રૂપમાં પરિણામ પામેલું ભૂતોનું રૂપાંતર થયેલું સમજવું. નાના રૂપનું કારણ એ ભૂતત્રિગુણ છે. આ ભૂતમાં પલટાયેલું ત્રિગુણાત્મક કર્મ પુરુષ વડે ત્રેરાયેલું, જેમ ચક્ર ઝડપનાર ચક્રને ગતિ પમાડે તેમ, ગતિ કર્યા જ કરે છે. હવે જેમ લોઢાનો પિંડ બહાર સારે અગ્નિ જેમ પડાતો નથી અથવા ટિપાતો ન નેમ આ અંતઃપુરુષ પડાતો નથી, માત્ર ભૂતાત્મા ત્રિગુણાત્મક દ્રવ્યનો બનેલો પડાય છે.
૫. પું. પરમાત્મા.
૬. પું. બ્રહ્મરુદ્રૈરવ.
૭. પું. બ્રહ્મરુદ્રૈરવનું સ્તોત્ર.
૮. પું. જીવ
બ્રહ્માણ્ડ અને દેહ આ નામો ભૂતાત્મારા છે. અમરકોષ
૯. પું. મુખ્ય સિદ્ધાંત.
૧૦. પું. યુદ્ધ
૧૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વ જીવોનો આત્મા એટલે અંતર્યામી હોવાથી તેમ જ સર્વ જીવોમાં સ્વસંવેદ્ય, સ્વપ્રકાશ અને સ્વઆત્મા જેવા નિજ આત્મા હોવાથી વિષ્ણુ ભૂતાત્મા કહેવાય છે.
૧૨. પું. શરીર; દેહ. ઉપનિષદ વિચારણામાં કહ્યું છે કે, પાંચ તન્માત્રાઓ તે ભૂત શબ્દ વડે સમજવી, તેમ જ રીતે પંચમહાભૂત પણ ભૂત શબ્દ વડે કરીને સમજવાં. તેમનો જે સમુદાય તે શરીર સમજવું. હવે જે શરીર કહ્યું, તેનું જ નામ ભૂતાત્મા. આ શરીર પૈશુનથી ઉત્પન્ન થયેલું, ચૈતન્ય વિનાનું, નરક જેવું, મૂત્રદ્વારથી નીકળેલું, ઘાડકાથી ખિન્નરૂપ બનેલું, માંસથી રચાયેલું, ચામડીથી ઢંકાયેલું, મળ, મૂત્ર, પિત્ત, કફ, મજ્જા, મેદ, વસા વગેરે અનેક મળોથી ભરેલું ગોરા જેવું થયેલું છે. મોહ, ભય, શોક, નિદ્રા, તંદ્રા, ક્ષુધા, જરા, ખેદ, મૂર્છા, પિપાસા, દીનતા, ક્રોધ, નાસ્તિકપણ, અજ્ઞાન, આળસ, કૃપણતા, મૂઢતા, નિર્લજ્જતા, કૃતઘ્નતા, ઉદ્ધતપણું, વિષમતા વગેરે તામસ ભાવો વડે ભરેલો તથા તૃષ્ણા, સ્નેહ, રાગ, લોભ, કૂર અને કોમળ એવા મિશ્ર ભાવની દૃષ્ટિ, કર્મો, કામ, અદ્ધતા, ચંચલતા, અનિષ્ટ પદાર્થો સંઘરવાનો વેગ, ઇષ્ટ પદાર્થને ભેગવવાનો વેગ, મિત્રોને અનુકૂલ થવાનો વેગ, પરિગ્રહ કરવાનો વેગ, અનિષ્ટ વિષયો પ્રતિ દ્વેષ, ઇષ્ટ વિષયોમાં રાગ વગેરે રાજસ ભાવોથી ભરેલો આ ભૂતાત્મા દેખાય છે, તેવો નાના રૂપોને તે ધારણ કરે છે.
૧૩ પું. શિવ
૧૪. પું હિરણ્યગર્ભ.
૧૫. સ્ત્રી. નર્મદાનાં કાંકરા માંહેનું એક નામ.
૧૬. વિ. પવિત્ર આત્માવાળું.
૧૭. વિ. પંચમહાભૂતનું બનેલું

ભૂતાર્ક ૧. [સં] પું અહંકાર તત્ત્વ.
૨. પું. પરમેશ્વર.
૩ પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભૂતો એટલે પ્રાણીઓનું આદિ કારણ એટલે મૂળ કારણ હોવાથી તે ભૂતાદિ કહેવાય છે. તે પંચમહાભૂત અને પ્રાણીઓના આદિરૂપ બીજ, હેતુ અને કારણરૂપ છે સ્થૂળ શરીર અને જીવ સર્વ પણ તે છે, પંચમહાભૂતોના આદિ અસ્તિત્વ છે, માટે વિષ્ણુ ભૂતાદિ કહેવાય છે.
૪. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૫ ન. (જ્યોત્સ) ઉત્તરમાં ષટ્કારવાણી ઓરડી હોય અને પૂર્વ પશ્ચિમ તથા દક્ષિણે ઓરડા પરસાળ હોય તેવું ઘર
ઘરોદ્ય ઘરની આગળ એક અલિંદ વધે તો તે ભૂતાદિ નામે ઘર થાય. રાજવલ્લભ
ભૂતાર્દક જુઓ ભૂતાદિ ૧-૪
ભૂતાધિપ [સં.] પું. શિવ; રુદ્ર; મહાદેવ
ભૂતાધિપતિ [સં.] પું. ભૂતાધિપોના અધિષ્ઠાતા શિવ.
ભૂતાન ન એક જાતનું મોટું અને સ્વાદિષ્ટ તરબૂચ
ભૂતાનંદ [સં.] પું. (જૈન) નાગકુમાર દેવોના બે મહેન્દ્રો એ નામનો એક ઇંદ્ર; નાગકુમાર નિકાયની ઉત્તર દિશાનો ઇંદ્ર.
ભૂતાનુકંપા [સં. ભૂત (પ્રાણી) + અનુકંપા (દયા)] સ્ત્રી. પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી તે; જીવદયા
ભૂતાનુરાગ ૧. [સં.] પું. પૃથ્વી આદિક ભૂતની પ્રાપ્તિ
૨ પું. પ્રાણી પ્રત્યેનો પ્રેમ.
ન ભૂતાનુરાગ સમાન કયારે રે,
અહ એક બીજા થાવે કયારે રે પ્રેમાનંદ
ભૂતાપસારણ [સં. ભૂત + અપસારણ (દૂર કરવું તે)] ન. ઊંઝણી નાખવી તે; ભૂત કાઢવું તે.
ભૂતાપિ ૧. [સં.] પું. (સાંખ્ય) અહંકાર તત્ત્વ, તેનાથી પંચભૂતની ઉત્પત્તિ થાય છે
૨. પું. પરમેશ્વર.
ભૂતાભિષંગ [સં.] પું. સૂક્ષ્મ કોટાણુઓ દ્વારા થતો રોગ
ભૂતાભિષંગજ્વર [સં] પું (વૈદક) રોગના જંતુઓની અસરથી આવતો તાવ. આ તાવમાં ભ્રમ થવો કોપ અને જે જાતનાં જંતુઓ હોય તે જાતનો વિકાર જ્વર આવે. આ તાવમાં દરદીને ખબો ઉદ્વેગ રહે અને સન્નિપાતનાં ચિહ્ન તરીકે હોય, રોવું કે શરીર ધ્રૂજવાનું થાય.
ભૂતાયતન [સં.] પું. પરમેશ્વર; નારાયણ.
ભૂતારે પું. ભૂતને કાઢનાર મંત્રાક્ષર; ભૂતો

ભૂતારિ [સં.] પું. વધારણી; હિંગ.

ભૂતાર્ક ન. ભૂતનો વળગાડ.

ભૂતાર્કે ઝાલવું = ભૂતનો વળગાડ દૂર કરવો.

ભૂતાર્ત જુઓ ભૂતાર્ત.

ભૂતાર્તિ જુઓ ભૂતાર્ત્તિ.

ભૂતાર્ત્ત [સં.] વિ. ભૂત પિશાચથી પીડાયેલ.

ભૂતાર્ત્તિ [સં.] સ્ત્રી. પ્રાણીમાત્રના દુઃખ.

ભૂતાર્થ ૧. [સં.] પુ. આત્મા.

૨. પું. (જૈન) ત્રિકાળ ટકનાર ભાવ.

૩. પું. યથાર્થ અપેક્ષી આપ્તતા; ભૂતકાળની આપ્તતા.

૪. પું. યથાર્થ; સત્ય; સાચી બીના; ખરી ઘટના; તથ્ય; હકીકત; ખરી બીના.

૫. પું. યથાર્થ જ્ઞાન.

૬. પું. સત્ય વસ્તુતા.

ભૂતાર્થદર્શી ૧. [સં. ભૂતાર્થદર્શિન્] વિ. શુદ્ધ દૃષ્ટિથી જોનાર.

૨. વિ. સત્ય વસ્તુનું દર્શન કરવા કે કરાવવાના સામર્થ્યવાળું

ભૂતાર્થદૃષ્ટિ [સં.] સ્ત્રી. (જૈન) શુદ્ધ નય; નિત્ય એકરૂપ જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કરી લેનાર દૃષ્ટિ. જે કર્માધીન જે પુદ્ગલ કે પોતાની સ્થિતિ કૃત્તિ જાય તે અભૂતાર્થ છે, નવતત્ત્વના વિકલ્પ પણ અસ્થાપી સ્થિતિના ભાવ છે, તેથી તે અભૂતાર્થ છે, સ્વભાવમાં ટકનાર નથી. નવતત્ત્વના ભેદ તથા સર્વ વિકારી અવસ્થાના ભેદને ગૌણ કરી નિત્ય એકરૂપ જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કરી લેનાર દૃષ્ટિને શુદ્ધ નય અથવા ભૂતાર્થદૃષ્ટિ કહેવાય છે.

ભૂતાર્થારોપ [સં.] પું. પૂર્વની વસ્તુસ્થિતિને અનુસરતો પણ આજ વસ્તુસ્થિતિને પ્રતિકૂળ હોય તેવો મત.

ભૂતાર્થાનુવાદ [સં.] પું. જાણ્યા માંહેના એક પ્રકારનો અનુવાદ. તેમાં હેતુના સમર્થન માટે ભૂતકાળનો ઉલ્લેખ કરવામાં આવે છે.

ભૂતાલય ૧. [સં.] પું. શિવનાં ડમ્બર માંહેનું એક નામ.

૨. ન. ભૂતને રહેવાનું સ્થાન.

ભૂતાવી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું વૃક્ષ.

૨. સ્ત્રી. ભૂતોની પંક્તિ.

ભૂતાવલોકન [સં.] ન. સિંહાવલોકન; ગઈ ગુજરી વાતનો વિચાર.

ભૂતાવળ ૧. [સં. ભૂત + આવલિ (હાર)] સ્ત્રી. ભૂતોનું ટોળું કે હારબંધ ભૂતોની પંક્તિ.

૨. ન. ભયંકર દ્રાનવ; 'એજિક ઇન્ટર્ન'.

૩. ન. જુદી જુદી જાતનાં ભૂતોનો સંઘાત.

ભૂતાવળી જુઓ ભૂતાવળ.

ભૂતાવાસ ૧. [સં.] પું. પ્રાણીઓનું નિવાસસ્થાન.

૨. પું. બહેડાંનું ઝાડ. બહેડાંનું ઝાડ બહુ જ મોટું હોય છે. તે ભૂતનો આવાસ એટલે ઘર મનાય છે.

અક્ષ વિભીતક કર્ષફલ સંજ્ઞાનિ કલિદ્રુમ:
ભૂતાવાસ બહેડાં તરી ચાર મુખચક્ષ

પ્રિયંગલઘુનિ

૩. પું. વિષ્ણુનાં ડમ્બર માંહેનું એક નામ. પંચમહાભૂતો અને સર્વ ભૂત પ્રાણીઓના નિવાસરૂપ ચિદાકાશ તત્ત્વ હોવાથી તે ભૂતાવાસ કહેવાય છે.

૪. પું. શરીર; દેહ.

૫. પું. ઝાંખોટ વૃક્ષ.

૬. પું. શિવનાં ડમ્બર માંહેનું એક નામ.

૭ પું. સંસાર; દુનિયા

ભૂતાવિષ્ટ [સં.] વિ. જેને ભૂત વળગેલ હોય તેવું; ભૂતના વળગાડવાળું.

ભૂતાવેશ [સં.] પું. ભૂતનો વળગાડ; શરીરમાં ભૂતચિકાચનો પેસારો.

જેને ભૂતાવેશ માનવામાં આવે છે તે ઘણી વાર હીસ્ટીરીઆ કે ચાર્કો હોય છે. પુરાવસ્તુ

ભૂતાવ્યવસ્થા [સં.] સ્ત્રી. અપચીકૃત ભૂતસ્થિતિ; સંપૂર્ણ અવ્યવસ્થા.

ભૂતાશય [સં.] પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

ભૂતાહા જુઓ ભૂતહા.

ભૂતાળું વિ. ભૂતવાળું.

ભૂતાંકુરા ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; ભૂતડાતી.

૨. પું. ઋષભ ઋષિ.

ભૂતાંકુરારસ [સં.] પું. (વૈદક) એ નામનો એક જાતનો રસ. તેથી ભૂતો-આદિ વગેરે રોગ દૂર થવાનું મનાય છે.

ભૂતાંતક ૧. [સં. ભૂત (પ્રાણી) + અંતક (નાશ કરનાર)] પું. યમ.

૨. પું. રુદ્ર.

ભૂતાંતઃકરણ [સં.] પું. સર્વ.

ભૂતાંશ ૧. [સં.] પું. ઋષભ ઋષિ.

૨. પું. પંચમહાભૂતનો ભાગ.

૩. પું. ભૂતોનો અંશ.

ભૂતાંશકારયપ [સં.] પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દસમા મંડલનું ૧૦૧મું સૂક્ત રચ્યું છે.

ભૂતિ ૧. [સં.] પું. એક જાતના પિતૃ.

૨. પું. (પુરા.વ્યુ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો પુત્ર.

૩. પું. વિષ્ણુનાં ડમ્બર માંહેનું એક નામ. તે સર્વ વિભૂતિઓનું કારણ હોવાથી અને ભવન એટલે હોવાપણું, સત્તા અથવા વિભૂતિરૂપ હોવાથી ભૂતિ કહેવાય છે. સર્વ વિભૂતિઓરૂપે, ઐશ્વર્યરૂપે પણ તે છે. નિજ ભક્તોને વિભૂતિ આપનારા પણ તે છે. જાજ્વલ્યમાન અઘોર અને ચતુર, પ્રજ્ઞા, જ્ઞાન્ના અને નટખટને ભૂરકી નાખીને ભૂલ કે ભુલાવો ખવરાવનારા પણ તે છે, વળી મહામાયાની નજરબંધી કરનાર યાદી અને અઘટ ઘટના કરનાર જાદુગર પણ તે જ છે, માટે વિષ્ણુને ભૂતિ કહેવાય છે.

૪. પું. શિવનું એક નામ.

૫. સ્ત્રી. અણિમાદિ આઠ ઐશ્વર્ય.

૬. સ્ત્રી. અભ્યુદય; વૃદ્ધિ; અધિકતા; ઉદય; ચડતી.

૭. સ્ત્રી. અમાનુષિક કલિત; દૈવતાઈ શક્તિ.

૮. સ્ત્રી. અલૌકિક શક્તિવાળો વિજય; સફળતા; કનેહભરી; યશ; સિદ્ધિ.

૯. [સં ભૂ (હોવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અસ્તિત્વ; સત્તા; હોવાપણું.

૧૦. સ્ત્રી. આબાદી; આબાદી; વૃદ્ધિ.

૧૧ સ્ત્રી એક જાતનું ઘાસ; રોહિષ; ઘાસના જેવાં પાદડાંવાળી એક વનસ્પતિ. ભૂતિનાં પાન સ્વાદમાં તીખાં અને તમતમાટ મગાડે એવા હોય છે. આ પાન તાવમાં ઘણાં ઉપયોગી મનાય છે. પાનનો રસ કાઢીને અથવા પાનનો ઉકાળો કરીને આપવામાં આવે તો તાવ મટી જાય એમ કહેવાય છે. કંકણીના સોજા ઉપર પણ આ પાન ખૂબ ફાયદાકારક નીવડે છે. ભૂતિનાં પાન કોઈ પણ જાતના ચેપી દરદને મટાડે છે, એવું આયુર્વેદનું માનવું છે. રક્તપિત્ત ઉપર આ ઔષધિને જટીબુટ્ટી સમાન માનવામાં આવે છે. આ ઔષધિના પાનને ઉકાળી, એમાં બે તોલા મધ નાખી આપવામાં આવે તો તે હૃદયરોગ નાબૂદ કરે છે. સ્વરનળીના કોઈ પણ જાતની મુશ્કેલી, આ ઔષધિનાં પાનના રસને તુલસીના રસ સાથે આપવાથી દૂર થાય એમ આયુર્વેદ કહે છે. ભૂતિનાં પાન નાનાં છોકરાંના વાઈ અથવા ફેફરાનાં દર્દો પણ દૂર કરે છે. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ આ ઔષધિના તેલને સાંધા ઉપર ચોળતા એમ જૂના ગ્રંથોમાંથી જાણવા મળ્યું છે. શાલતનું દર્દ નાબૂદ કરવા માટે પણ આ તેલનો ઉપયોગ સૂચવાય છે.

૧૨. સ્ત્રી. ઐશ્વર્ય; વૈભવ; ધનસંપત્તિ; સમૃદ્ધિ; વિભૂતિ, સમૃદ્ધિ
રૂપ અનમય, તેજ નિપતિ, ભૂતિ રાઇ સમાન. ગાયત્રી
૧૩. સ્ત્રી. કલ્યાણ; ભલું; હિતસિદ્ધિ.
૧૪. સ્ત્રી. જન્મ; ઉત્પત્તિ; ઉદ્ભવ.
૧૫. સ્ત્રી. ગતિ.
૧૬. સ્ત્રી. જીવરક્ષા.
૧૭. સ્ત્રી. તળેટું માસ; પકવ માંસ
૧૮. સ્ત્રી. થડ; તેજ; ચમકારો
૧૯. સ્ત્રી. રહેવાનું સ્થાનક.
મારભૂતિમા ભૂતિ નામનું મારું સ્થાનક છે. જામવતી જામવત
૨૦. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં મારેનું એક નામ.
૨૧. સ્ત્રી. પાપમાસી
ભૂતિ પડેરાવવી = નખોદ કાઢવું; ઓટો લૂંપ લેવો, સર્વસ્વ હરી લેવું; લૂંટી લેવું; પાયમાલી લેવું.
૨૨. સ્ત્રી. પ્રબળતા; જોરચઢ; મોટાઈ; શોભા; ઉત્તરોત્તર રાજ્યકર્તાની ઋદ્ધિ.
૨૩. સ્ત્રી. પ્રૌઢતા; મોટપણું; પ્રૌઢી.
૨૪. સ્ત્રી. જોતેર મારેનો એક આકાશતત્ત્વ દેવતા.
૨૫. સ્ત્રી. ભસ્મ; રાખ; રાખોડી.
ભૂતિ નાખવી = વશીકરણ કરવું; જારમારી નાખવું
૨૬. સ્ત્રી. ભીતિ; બીક.
૨૭. સ્ત્રી. લક્ષ્મી; ધન; માલમતા.
૨૮. સ્ત્રી. વૃદ્ધિકર; વૃદ્ધિ નામની ઔષધિ. વૃદ્ધિ નામનું કંદ પાસે રાખવાથી ડાકણોનો ભગાડ્યો રહે છે અને ખાવાથી ખૂનરોગનું બેસાનપણું જલ્દી વહે છે એમ કહેવાય છે.
૨૯. સ્ત્રી. શિવના અંગ ઉપરની ભસ્મ કે વિભૂતિ.
૩૦. સ્ત્રી. કાયીની મરતી
૩૧. સ્ત્રી. કાયીનો અલંકાર.

ભૂતિક ૧. [સં.] ન. ભસ્મ.
૨. ન. ભસ્મકોઢ; ચમાની.
૩. ન. કરિયાતું.
૪. ન. કાચફળ.
૫. ન. ચંદન.
૬. ન. ભૂતકૃષ્ણ નામનું સુગંધી ઘાસ
૭. ન. રોહિષ નામનું ઘાસ

ભૂતિકતા સ્ત્રી. ભૌતિકપણું, સર્જનતા; સૃષ્ટિજ્ઞાન.

ભૂતિકર્મ ૧. [સં. ભૂતિકર્મન્] ન. દોરાધાગા કરવા તે; રાખની ચપટી આપવી તે.
૨. ન. મંત્રાદિકથી પવિત્ર કરેલ વસ્તુ.
૩. ન. વિવાહ વગેરે મહોત્સવ.

ભૂતિકર્મિક વિ. મંત્રથી દોરાધાગા કરી આપનાર.

ભૂતિકા જુઓ ભૂતિ.

ભૂતિકામ ૧. [સં.] પું. બૃહસ્પતિ.
૨. પું. રાજાનો મંત્રી.
૩ વિ. ઋદ્ધિ ચાહનાર; જેને ઐશ્વર્યની ઇચ્છા હોય એવો વિભૂતિની અભિલાષા રાખનાર; સંપત્તિ કે સમૃદ્ધિની ઇચ્છા રાખનાર.

ભૂતિકાલ [સં] પું. આનંદનો કે શુભ દિવસ.

ભૂતિકાળ જુઓ ભૂતિકાલ.

ભૂતિકીર્ણ ૧. [સં.] પું. ખાર.
૨. પું. ખાડો
૩. પું. પૃથ્વીમાં ખાણ.
૪. પું. ખાબડ.
૫. પું. મોરી; ગટર.

ભૂતિકૃત [સં ભૂતિકૃત્] પું. શિવ.

ભૂતિકૃત્ય જુઓ ભૂતિકર્મ.

ભૂતિગર્ભ ૧. [સં.] પું. ભસ્મભૂતિ કરવું.
૨. પું. વિષ્ણુ

ભૂતિતીર્થા [સં.] સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

ભૂતિદ ૧. [સં.] પું. (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ.
૨ પું. શિવ.

ભૂતિદા ૧. [સં] સ્ત્રી. ગંગા; ગંગાનાં કાંઠાનાં મારેનું એક નામ.
૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં મારેનું એક નામ.

ભૂતિનારાયન [સં.] પું. શિવનાં કાંઠાનાં મારેનું એક નામ.

ભૂતિનિધાન [સં.] ન. (જ્યોતિષ) ધનિષ્ઠા નક્ષત્ર

ભૂતિની ૧. [સં.] સ્ત્રી. ભૂતની સ્ત્રી.
૨. સ્ત્રી. ભૂતયોનિને પ્રાપ્ત થયેલી સ્ત્રી.
૩. સ્ત્રી. ડાકિની; ડાકણ

ભૂતિપુષ્પિકા [સં.] સ્ત્રી. કેવડો.

ભૂતિપ્રજ્ઞ ૧. [સં.] વિ. કલ્યાણની બુદ્ધિવાળું
૨ વિ. જ્ઞાનની વૃદ્ધિવાળું; અનન્ય જ્ઞાની.

ભૂતિભૂષણ [સં.] પું. શિવનાં કાંઠાનાં મારેનું એક નામ.

ભૂતિભૂષણા ૧. [સં.] ગંગાનાં કાંઠાનાં મારેનું એક નામ.
૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં મારેનું એક નામ.

ભૂતિમત [સં. ભૂતિમત્] વિ. ધનવાન; ઐશ્વર્યવાળું.

ભૂતિમા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક જાત.
૨. સ્ત્રી. કાર્ત્તિકેયની એ નામની માતૃકા.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. એ નામની જાતનું.

ભૂતિયુવક ૧. પું એ નામના દેશનો નિવાસી.
૨. પું. કૂર્મ ચક્રના એક દેશનું નામ.

ભૂતિયું ૧. વિ. ભૂતનું; ભૂતની માલિકીનું; ભૂતના વાસવાળું.
ભૂતિયુ મકાન = જેમાં ભૂતનો વાસ હોય તેવું મકાન.

ભૂતિયો પું. વંટોળ

ભૂતિલય [સં.] પું. એ નામનું એક તીર્થ.

ભૂતિવાહન [સં.] પું શિવ.

ભૂતી પું. ભૂતપ્રપંચ.

ભૂતીક ૧. [સં.] ન. ભસ્મ.
૨. ન. અજમોદ.
૩. ન. કપૂર.
૪. ન. કરિયાતું.
૫. ન. કાચફળ.
૬ ન. ચંદન.
૭. ન. ચિત્રાનું ફળ.
૮. ન. ભૂતકૃષ્ણ એક જાતનું ઘાસ.

ભૂતીમાની [હિ.] સ્ત્રી. ભસ્મ-રાખ.

ભૂતૃણ [સં.] ન. એક ગ્રામ્યોપયોગી વનસ્પતિ; એક જાતનું ઘાસ; ગૃહગોધા; છત્રા; ભંજુકપ્રિય; ભૂતિકા; માલાતૃણક; સુગંધ; રોહિષ તૃણ; અતિચ્છત્રા; પાલા; ભૂરતૃણ તે ઉષ્ણ, કાષ્ઠા, દીપન અને પિત્તકર ગણાય છે.

ભૂતે ૧. સ્ત્રી. પૂના, સતારા તરફ ભીખ માગવાનો ધંધો કરતી એ નામની એક જાત.
૨ ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ભૂતેજ્ય [સં.] વિ. ભૂતપિશાચને પૂજનાર.

ભૂતેશ ૧. [સં.] પું. કાર્તિકેય.
૨ પું કામ.
૩. [સં ભૂત (જીવ) + ઈશ (અધિપતિ)]
પું પરમેશ્વર; પ્રાણીઓનો ઈશ્વર પ્રભુ
૪ પું પ્રમથગણનો સ્વામી; શંકર; મહાદેવ; શિવ
૫ પું. બ્રહ્મા.
૬ પું. ભૂતોનો પતિ.
૭ પું. ભૈરવનું એક નામ. તેની ઋતિ ઇંદ્રાવજ્ર નામના પીઠસ્થાનમાં છે.

૮ પુ. વિષ્ણુ
૯ પુ. સવળા પ્રકારનો અધિપતિ કે માલિક.

ભૂતેશ્વર ૧ [સં] પુ. એ નામે એક નેજરતત્ત્વ દેવ
૨ પુ. પરમેશ્વર; સમગ્ર પ્રાણીઓનો ધણી; ભૂતેશ
૩ પુ. પ્રમથગણનો સ્વામી, શિવ; મહાદેવ.
૪ પું. મથુરામા આવેલ એ નામના એક મહાદેવ.
૫. ન. એ નામનું એક તીર્થ.

ભૂતેષ્ટા ૧. [સં.] સ્ત્રી. આસો વદિ ચૌદશ; કાળી ચૌદશ
૨. સ્ત્રી. કૃષ્ણપક્ષની ચતુર્દશી.

ભૂતૌદ્રિયજયી [સં. ભૂતેન્દ્રિયજયિન્] પુ. એક જાતનો સાધુ.

ભૂનૈયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભૂનૈલ [સં] ન. ખનિજ તેલ, અગ્નિતેલ; " પેટ્રોલિયમ ".

ભૂનોઢ [સં.] ન. રોદ્રિક ક્ષાર.

ભૂનોદ્ભાભર [સં.] ન. ચોસઠ આહેનું એક તંત્રશાસ્ત્ર. આ તંત્રમાં ઉચ્ચાટનાદિ પ્રયોગ બતાવેલા છે.

ભૂનોત્તમ [સં.] ન. (કૌન) નવ આહેના એક પ્રકારનું બળ; એક પ્રકારનો ભૂતનિકાય દેવ સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, રતદિક, મહારતદિક, મહાવેગ, પ્રતિછન્ન અને આકાશગ એમ બતના નવ પ્રકાર ગણાય છે.

ભૂતોત્પત્તિ [સં.] સ્ત્રી. પંચભૂતના અણુઓની ઉત્પત્તિ

ભૂનોદ [સં.] પુ. એ નામનો એક સમુદ્ર.

ભૂનોદન ૧. [સં.] ન. તાજા તલ.
૨. ન. દહીં.
૩. ન. શેરડી ડાંગરની બાણી.
૪. ન. સાયરો.
૫. ન. ડાંગર

ભૂનોદ્ભવવિદ્યા [સં.] સ્ત્રી. સૃષ્ટિરચના કેમ ને કેવી રીતે થાય છે તેને લગતું વિજ્ઞાન; ઉત્પત્તિશાસ્ત્ર

ભૂનોન્માદ ૧. [સં. ભૂત + ઉન્માદ] પુ. ભૂત કે પિશાચથી ઉત્પન્ન થતો ઉન્માદ; ભૂત કે પિશાચે કરેલ ગાંડપણ.
૨ પુ. વહેમમાં આવેલું ગાંડપણ; ભ્રમોન્માદ.

ભૂનોપસર્ગ [સં.] પુ. ભૂતનો ઉપસર્ગ; ભૂત વગેરેની પીડા.

ભૂનોપહૃત [સં.] વિ. ભૂતપિશાચથી પિડાયેલ.

ભૂપત્ર પું. સોનું; સુવર્ણ

ભૂપા ૧. [હિ.] ન. અનાજનું કૂંડું.
૨. ન. એક જાતનું અનાજ.

ભૂપ્તિકા [સં.] સ્ત્રી. દીમક.

ભૂપ્યા ૧. [હિ.] વિ. ભૂંડું.
૨. વિ. હલકું; નબળું.

ભૂયર સ્ત્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

ભૂર સ્ત્રી. રેતાળ જમીન.

ભૂરજ ૧. [સ.] પું. ઉંદર.
૨. પું. ડુક્કર, સૂઅર.
૩. પું. નાકરચુકમાં સવત ૧૬૬૨માં થયેલો એ નામનો એક કૌન કવિ, તેનું રચેલું કામકદર્પ સજ્ઞાય નામનું પુસ્તક પ્રસિદ્ધ છે.
૪. પું. પ્રભાતનું એક નામ; ભૂપર.
૫. પું. રોગનામ.
૬. ન. પૃથ્વીમાં પડેલું દર.

ભૂરજઅલી પું. એ નામના ઇસ્લામી ધર્મના પાંત્રીસમા ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૧૪૯૭થી ૧૫૦૬ સુધી તેર વરસ ચાલી.

ભૂરજી ૧. પું. સુરતમાં થઈ ગયેલ એ નામનો એક કવિ. તેની રચેલી ગરબીઓ મળી આવે છે.
૨. જુઓ ભૂપર ૩-૫

ભૂરરી ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી.
૨. સ્ત્રી. પૃથ્વીમાં પડેલ દર
૩. સ્ત્રી. ભૂંડણી

ભૂરરીભરા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભૂરરો પું. પ્રભુ.
દેતે નાખુ તને હીંચકો,
મારો ભૂરરો બીનેવાન. દાસરડા

ભૂરર્શન [સં.] ન. પૃથ્વી અને તેની સપાટીના પદાર્થનું અવલોકન વડે મેળવેલું જ્ઞાન; " જીઓરર્શિપ ".

ભૂરળ ન. પાયલળ; જમીન ઉપર રહેનારું સરસૃપ.

ભૂરાન [સં.] ન. ભૂમિદાન; જમીન દાનમા દેવી તે.

ભૂરાનયજ્ઞ [સં] પું. જમીનનું દાન કરવારૂપી યજ્ઞ; ભૂમિદાનયજ્ઞ. સર્વોદય સમાજના મહામંત્રીના વચનાનુસાર ભૂદાનયજ્ઞનો જે બરાબર અમલ કરવામાં આવે, તો દેશમા જમીનની બધી વહેચણી પાચ વર્ષમા જ પતી જાય. આચાર્ય વિનોબા જાત આ સત્યનો પ્રચાર કરી રહ્યા છે કે, સામાન્યત: આજે કેટલાકની પાસે પોતાની જરૂરિયાત કરતાં અથવા પોતાની કુળસ્થ કરતાં વધારે જમીન હોય છે ને કેટલાકને જરૂર હોય છે છતા તેઓ પાસે પેટપૂરતું મેળવવા પણ જમીન હોતી નથી. આથી જેઓ પાસે વધારે જમીન હોય, તેઓએ નકી વધારાની જમીન અથવા પોતાના આત્મામાંથી પણ ઓછી કરીને પોતાને ઉપયોગી એવી જમીન જેઓને જરૂરિયાત વધારે હોય તેને આપવી તે જ ખરો ભૂદાનયજ્ઞ કહેવાય. જમીન કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓની માલિકીની નથી, પણ ઈશ્વરની છે અને તેથી તે તેના પ્રતિનિધિરૂપ સમસ્ત પ્રજાની માલિકીની હોઈ તે આવી રીતે ભૂદાનયજ્ઞ કરવો એ આપણો ધર્મ છે.

ભૂદાનપત્ર [સં.] પું.ન. દાનમા જમીન આપી હોય તેનું પત્ર.

ભૂધર ૧. [સ.] પું. ઉંદર.
૨. પું. ડુક્કર; ભૂંડ; વરાહ; સૂઅર; ગોલ; શિર; પોત્રી; છિદ્રિ; ચોપ્રી; સ્તબ્ધરોમા; કોડ; પૃથ્વી
ભૂધરક [હિ.] પું. શૂરવીર; બહાદુર.
ભૂધારી ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી.
૨. સ્ત્રી. ભૂંડણી.

ભૂધુર્ગ [સં ભૂ (જમીન) + દુર્ગ (કિલ્લો)] પું જમીન ઉપરનો કિલ્લો

ભૂદૃશ્ય ૧. [સં.] ન. દરજમિ; નજરે પડતી જમીન તથા તે ઉપર આવેલા પદાર્થ; નજરમાહ; દૃષ્ટિગોચર પ્રદેશ
૨. ન. બ્રહ્મદેશનું ચિત્ર

ભૂદેવ ૧. [સં. ભૂ (પૃથ્વી) + દેવ] પુ. બ્રાહ્મણ; દ્વિજ; વિપ્ર; પૃથ્વીનો દેવ; ક્ષિતિદેવ, ક્ષિતિદેવતા; નૃદેવત; દ્વિજાતિ; અગ્રજન્મા; બાડવ; અમર
૨. પું. સિવના હજાર નામોનું એક નામ.

ભૂદેવતા જુઓ ભૂદેવ.

ભૂધ્ન સ્ત્રી. (કચ્છી) કૂંવા.

ભૂધવ ૧. પું. રાજા; નૃપ
૨ [સં.] ન. પૃથ્વીરૂપી ધન
૩. સ્ત્રી. પૃથ્વીરૂપી ધનવાળુ

ભૂધર ૧. [સ. ભૂ (પૃથ્વી) + ધૃ (ધારણ કરવુ)] પું. ઈશ્વર; પરમેશ્વર; પરમાત્મા
૨. પું કૃષ્ણ. તેણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો, તેથી તે ભૂધર કહેવાય છે.

૩. પું. પર્વત; પહાડ.
૪. પું. પારદના સંયુક્ત પદાર્થો બનાવવામાં વપરાતું એક જાતનું યંત્ર.
૫. પું. પુરુષોત્તમનાં ઢગર માંહેનું એક નામ.
૬. પું. (જૈન) પ્રાસાદ એટલે મંદિરના પચીસ માંહેનો એક પ્રકાર.
૭. પું. આઢાપ; બૂદેવ; વિપ્ર.
૮. પું. રાજા.
એમ અર્થ કુલ સેતુમ. એ જ પયોધર આદ; ભૂધર ગિરિ ભૂધર, નૃપતિ ભૂધર આદિ વરાહ. મત્સ્યપુરાણ
૯. પું. બારાહ અવતાર.
૧૦. પું. વિષ્ણુ.
૧૧. પું. શિવ.
૧૨. પું. શેષનાગ
૧૩. પું. સૂર્ય.
૧૪. ન. વાદળું.
૧૫. વિ. પૃથ્વી કે પર્વતને ધારણ કરનાર.

ભૂધરજી જુઓ ભૂધર ૧, ૨, ૭–૧૩.

ભૂધરનાથ ૧. [સં.] પું શેષ.
૨. પું. હિમાલય.

ભૂધરપુટ [સં] પું જમીનની અંદર આડો કરી તેમાં રાખ વગેરે સંપુટ મૂકી, તેના ઉપર બે અંગળ ઘૂળ વાળી દઈને ઉપર અગ્નિ કરી પુટ આપવો તે. એપુટ. પારદના નિયાપન સંસ્કારમાં આવા ચાર પુટ દેવાય છે. તેની રીત: જમીનમાં સવા ફૂટ ચોરસ ઊંડો આડો ખોદવો. આઠ આંગળ ઊંડો તથા છ આંગળ સમચોરસનો વચલો ખાળો રાખો તળે તથા આજુબાજુ ઈંટોથી તે ચણી લેવો. અષ્ટાંતરમાં ગારો વાપરવો. આ ખાડીમા ૭ આંગળ પેરાવાની મૂસ કે સંપુટમાં દવા પેક કરી મૂકવી. ઉપરના ભાગમાં અડામાં ખાખરાં ભેથી ચાર શેર આડો ભઠ્ઠો અ.પવો.

ભૂધરપ્રાસાદ [સં.] પું. એક જાતનું દેવળ.

ભૂધરયંત્ર ૧. [સં.] નં. જમીનમાં આડો કરી તેમાં રેતી વચ્ચે મૂસ મૂકી ઉપર રેતી ઢાંકી દઈ, ઉપર તાપ આપવાનું યંત્ર.
૨. ન. ઠીકરાની હાંડલીમાં ઔષધિ રાખી દવા બનાવવાનું યંત્ર; ધૂપેલ તેલ વગેરે ગાળવાનું યંત્ર.

ભૂધરસુતા [સ. ભૂધર (પર્વત) + સુતા (દીકરી)] સ્ત્રી. પાર્વતી.

ભૂધરા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઢગર માંહેનું એક નામ.

ભૂધરાહાર [સં. ભૂધર (પર્વત) + આહાર] પું. પર્વત જેવા આકારવાળું.

ભૂધરાત્મજા [સં.] સ્ત્રી. નર્મદાનાં ઢગર માંહેનું એક નામ.

ભૂધરાસન [સં] ન. સૂર્યભેદન આસનનું એક આસન. તેમાં ઢીંચણમાંથી વાંકા વાળ્યા સિવાય પગને સેવાય તેટલા પાછળ લેવા. પગનાં તળિયાં અને બે હાથનાં તળિયાં જમીનને અડે અને તે રીતે હાથ પગ ઉપર આખું શરીર તણ આકાર રહે.

ભૂધરી જો ઉંદરકાની; ઉંદરકાર્ણી નામની વનસ્પતિ.

ભૂધરેશ્વર [સં.] પું. પર્વતોનો રાજા હિમાલય.

ભૂધવ [સં ભૂ (પૃથ્વી) + ધવ (પતિ)] પું. પૃથ્વીપતિ; રાજા.

ભૂધાત્રી [સં] સ્ત્રી. ભોંયઆમળીનો છોડ.

ભૂધારક [સં.] ન. બેઠક.

ભૂધારક અધિકાર [સં] પું. ધારકાધિકાર; ક્ષોત્રિકાધિકાર; 'ટેનન્સિ રાઇટ'.

ભૂધારણ પદ્ધતિ [સં.] સ્ત્રી. બેઠકની પદ્ધતિ.

ભૂધારી [સં. ભૂધારિન્] પું. રાજા.

ભૂધૃતિ જુઓ ભૂધારણ.

ભૂધ્ર [સં.] પું. પર્વત; પહાડ.

ભૂન [સં. ભૃષ્ટ] પું. શેકો ગર્ભ

ભૂનગ [સં.] ન પૃથ્વા અને આકાશ.

ભૂનભારક જી રાખપુપી; પલાશ અને સપુષ્પ પ્રાંતમા થની રાખાવલી નામની વનસ્પતિ. તે વિરેચક અને ધાતુપરિવર્તક મનાય છે. અજીર્ણ, ઉન્માદ, મૃગી, કંઠમાળ, જ્ઞાનતંતુની નબળાઈ અને ખોડી પાદદારસ્તમા તે વપરાય છે.

ભૂનમન પદ્માસન [સં.] ન પેટનું એક નામનું એક આસન. પદ્માસન વાળી, પગવાડે હાથ મેળવી સીધુ બેસવું. પછી નીચે નમી ભૂમિ ઉપર શિર લગાવવું. ફરી સીધા થઈ ફરી નમવું એ રીતે વારંવાર કરવું. આ આસનથી કમર મજબૂત થાય અને પેટ વધ્યું હોય તો ઠીક થાય એમ મનાય છે.

ભૂનવકરણ [સં. ભૂ (જમીન) + નવ (નવું) + કરણ (કરવું તે)] ન. જમીનને ફરી તાજી કરવી તે.

ભૂનવું ૧. સ ક્રિ. અગ્નિ ઉપર રાખીને પકાવવું, શેકવું; ભૂંજવું
૨. સ. ક્રિ. કષ્ટ દેવું; તકલીફ આપવી.
૩. સ. ક્રિ. તળવું.
૪. સ ક્રિ. ભૂલવું; બની જવું. રાનીપરજ બોકો બોલે છે.

ભૂનંદિની [સં. ભૂ (પૃથ્વી) + નંદિની (દીકરી)] સ્ત્રી. સીતા, ભૂમિજા; ધરણીસુતા.

ભૂનાગ ૧. [સં] પું. અળસિયું; અહિસર્પ.
અળસિયા-ભૂનાગ જેવાં પ્રાણીઓ જમીનમાં રજાઓ પાડી તેને પચાવી બહાર ઝીણા રજાઓ બનાવે છે. ખેતીવાડી વિજ્ઞાન
૨. પું. એ નામનો એક ઉપરસ.
૩. પું. શેષનાગ.

ભૂનાથ [સં.] પું. પરમેશ્વર.

ભૂનિયા [હિં.] પું. ગામડાનો પટેલ.

ભૂનિર્વિસો [સં.] સ્ત્રી. કાળપાટનો વેલો.

ભૂનિંબ [સં.] ન. કરિયાતું. કરિયાતાના છોડના પાંદડાં ભોંયકાનાં પાનના આકારમાં અને કડવાશવાળાં હોય છે, માટે તેને ભૂનિંબ કહે છે.

ભૂનિંબાદિ કષાય [સં.] પું. (વૈદક) કરિયાતું, લીમડો અને બીજી વનસ્પતિનો ઉકાળો

ભૂનિંબાદિ ચૂર્ણ [સં.] ન (વૈદક) કરિયાતું, કડુકિ, ત્રિકટુ, મુસ્ત, ઇંદ્રજવ, ચિત્રક અને કુતજવાનું ચૂર્ણ. તે જ્વર અને આંતરજ્વરને ઉત્પન્ન કરનાર અને ઝેકાતરો તાવ મટાડનાર મનાય છે. આમ કરીને અજીર્ણ અને જૂના મરડામાં તે અપાય છે. તે ભૂખ લગાડે, અનાજ પચાવે અને આંતરજ્વરને તાબાત આ.વે છે. તાવ, મરડો, કૃમિ અને અતિસારમાં પણ તે ઉપયોગી મનાય છે. રક્તસ્રાવ, ખાંસીનો દુખાવો, દમ અને વ્રણરોગમાં તે અપાય છે. તે બીજથી ત્રીજા ગ્રેનની માત્રામાં દિવસમાં ત્રણ વખત ખાંડમાં અપાય છે.

ભૂનિંબાદ્ય [સં.] ન. (વૈદક) એ નામે એક ઔષધ.

ભૂનીપ [સ.] પું. એક જાતનું કદંબનું ઝાડ; ભૂમિકદંબ.

ભૂનું ૧. ન. એક જાતના ઝાડમાં થતું ફળ; ટેટો.
૨. ન. નદિ ભરાયેલો અને પાકવા પહેલાં સુકાઈ ગયેલો તુવેરનો દાણો; તુવેરનું ફોચલું.
૩. ન. પીળકાનું ફળ.
૪ ન. સુકાયેલી સ્ત્રિ.

ભૂનેતા [સં. ભૂનેતૃ] પું રાજા.

ભૂપ ૧. પું. (પિંગળ) એક પ્રચુર્યુક્તિતિ માત્રામેળ છંદ; ભૂપાલ. તે રહસ્યકનો એક ભેદ છે.
૨. પું. (સંગીત) એક રાગ. તેની જાતિ ઔડવ છે. તેમાં સા, રિ, ગ, પ, ધ સ્વરો આવે છે. મ અને નિ વર્જ્ય છે. આ રાગનો ગ્રહ તથા વાદી સ્વર ગ, સંવાદી સ્વર ધ અને ન્યાસ સ્વર સા છે. કલ્યાણ રાગની જાતિ વિરોધ છે, તેથી આને ભૂપકલ્યાણ પણ કહે છે. ધ, ગ, ધ, ગ, રિ, સા એ સ્વરો ઔડવથી લેવાય

છે. આનો સમય રાત્રિનો પહેલો પહોર છે ને અદ્‌ભુત, શાંત રસવાળો અને ગંભીર પ્રકૃતિનો ગણાય છે.

૩ [સં. ભૂ (પૃથ્વી) + પ (પાળવું)] પુ. રાજા; નરેશ; નૃપ; મહિપતિ; ભૂપાળ; નિયામક; જગપતિ; નરાધિપ; નરેંદ્ર; રાજા. તે પૃથ્વીનું પાલન કરે છે.

નૃ । નરેશ ક્ષિતિશ ક્ષત્ર અધિપતિ મહિપતિ ભૂપ; રાજન્ય નૃપજ્ઞાનની બેડી સમા અનુપ. વિશ્વપ્રકાશકોષ

૪ પું સોળસૂત્રક સાંકેતિક શબ્દ; સોળની સંજ્ઞા.

૫. સ્ત્રી. રાગિણીની એ નામની એક અટક

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ., એ નામની અટકનું.

ભૂપકલ્યાણ જુઓ ભૂપ ૨.

ભૂપગ [હિ.] પુ. રાજા.

ભૂપટ જુઓ ભૂપટલ

ભૂપટલ [સં] ન. પૃથ્વીનું પડ; ભૂપૃષ્ઠ; જમીનનો પોપડો.

ભૂપત ૧. [સં. ભૂપતિ] પું. રાજા.

૨. પું શ્રીકૃષ્ણથી બ્યાશીમી પેઢીએ વિક્રમ સંવતના સાતમા સૈકામાં થયેલ રેવેંદ્ર રાજાના ચાર ભાઈઓ એ નામનો એક દીકરો. ગજપતના વંશના ચંદ્રચૂડ બાદલને તેના મામાનું યમલીનું રાજ મળતાં તેના વંશના ચૂડાસમા કહેવાયા અને ભૂપતના બધી રજપૂતો થયા.

ભૂપતા ૧. સ્ત્રી ઓઢ.ભૂતની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. સ્ત્રી. એ નામની અટકનું.

ભૂપતિ ૧. [સ] પુ. (પુરાણ) એ નામનો એક અગ્નિ.

૨. પું. રેવેંદ્ર રાજાનો એ નામનો એક પુત્ર.
આ રેવેંદ્રને ચાર પુત્રો થયા: (૧) અધિપતિ, (૨) ગજપતિ, (૩) નરપતિ, (૪) ભૂપતિ.
પુજરાજના તીર્થસ્થાનો

૩. પું. ભદ્રકાલેશ્વર.

૪. [સં. ભૂ (પૃથ્વી) + પતિ (ધણી)] પું. ભૂપ; રાજા; પૃથ્વીપતિ; પૃથ્વીપાળ.
સકલ પુત્ર તેમા તિણિ ઠામિ,
ગોવાયલ ભૂપતિ તે નામિ. નવસારંધાવલિ

૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૬. પું. સોળસૂત્રક સાંકેતિક શબ્દ.

૭. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણેનો એક રાગ તે મેઘ રાગનો પુત્ર ગણાય છે.

૮. પું. હિમાલય ઉપર થતો એક જાતનો કંદ; ઋષભક. તેનો આકાર બળદના શિંગડા જેવો હોય છે. બજાર પૃથ્વીનો પતિ છે, કારણ કે તે પૃથ્વીને ખેડનારાઓ છે.

ભૂપતિચર [સં.] પુ. રાજદૂત; એલચી.

ભૂપતિત ૧. [સં] વિ જમીન ઉપર પડેલું.

૨. વિ. પૃથ્વી ઉપર રહેલું.

૩. વિ. જાનુ મર્ડને જમીન ઉપર પડેલું.

ભૂપત્ય [સં. ભૂપતિ] પું. રાજા; પૃથ્વીપતિ.
દાનવમર્દનની મુજ ગરજારી ન હુ જન્મ્યા ભૂપત્ય,
પ્રબંધ કરી પુત્રાર્થે દુષ્યમાં ભલંભરતુ થાત્ય.
ભલણ આખ્યાન

ભૂપદ [સ.] પું. ઝાડ, વૃક્ષ.

ભૂપદી [સં.] સ્ત્રી. તૃષ્ણા-ના; રાતવીત; મલ્લિકા, મોગરો; ચમેલી.

ભૂપપાલિકા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂપપ્રસંગ [સ. ભૂપ (રાજા) + પ્રસંગ (સગાઈ)] અ. રાજા આગળ.
જેની હકીકત આગે કહી ભૂપપ્રસંગ.
દશમસ્કંધ

ભૂપરકેમા જુઓ ભૂપરિક્રમા

ભૂપરતા [સં.] સ્ત્રી નર્મદાના હજાર માંહેનું એક નામ.

ભૂપરા [હિ.] પું ભૂંડ

ભૂપરિક્રમ જુઓ ભૂપરિક્રમા.

ભૂપરિક્રમા [સં.] સ્ત્રી. પૃથ્વીપરિક્રમણ; દેશપર્યટન.
વિદ્યાની પરિસમાપ્તિ કરીને ભૂપરિક્રમા કરવાને તૈયારી કરી. કોહાબાદ સાહ

ભૂપરિધિ [સં.] પું. પૃથ્વીનો ઘેરાવ.

ભૂપલાશ [સ.] પું. એક જાતનો ઝાડ.

ભૂપવિત્ર [સં.] પું. ગોબર; ગાયનું છાણ

ભૂપશ્રી [સં] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂપસંરક્ષી [સં.] સ્ત્રી નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂપસાક્ષી [સ.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂપા સ્ત્રી. રાજાની દીકરી.

ભૂપાટલિ [સ.] સ્ત્રી પાટલિનું ઝાડ; ભોંયપાટલા નામની વનસ્પતિ.

ભૂપાત [સં. ભૂ (જમીન) + પાત (પતન)] પું. બેચક ભરી પડવી તે; પહાડ ઉપરથી બેચક પડવી તે.

ભૂપાતિત ૧. [સં.] વિ. ઊંધેથી નાખેલું.

૨. વિ. ઉઘાડી નાખેલું

૩. વિ. જમીન ઉપર પાડેલું.

૪. વિ. પાડી નાખેલું.

૫. વિ. જાનુ ભર કરેલું.

ભૂપાત્મા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ

ભૂપાલ ૧. પું. (વિજય) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તે રહેમાં ગીતિનો એક ભેદ છે. તેને ભૂપ અથવા ભોજ પણ કહે છે. તેમાં પાંચ ગુરુ અને ચોપન લઘુ મળી ઓગણસાઠ અક્ષરની ચોસઠ માત્રા હોય છે.

૨. પું. (સંગીત) તોડી ઘાટનો ઓડવ પ્રકારનો એક રાગ. તેમાં ષડ્જ, વિષાદ વર્જ્ય છે અને રિષભ, ગાંધાર તથા ધૈવત કોમળ છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર ગાંધાર છે. પ્રાત:કાળે ને ગવાય છે. આ રાગ કેદારા અંશે તોડીનો આભાસ થાય છે.

૩. [સ. ભૂ (પૃથ્વી) + પાલ (પાળનાર)] પુ. ભૂપ; રાજા; ભૂપતિ; પૃથ્વીનો પાલનહાર; મહિપતિ; પૃથ્વીનો ધણી.
કરે કમાળ તો શું કરે ભૂપાળ = નસીબ આગળ કોઈનું ચાલતું નથી.

૪. પું. (સંગીત) ભૈરવ ઘાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ સરિ ૪ ગ ૪ પધ ૪ સા સધ ૪ પમ ૪ રિ ૪ સા ॥ વાદી સવાદી સ્વર ધ ૪ ગ ૪ । સમય દિવસનો પ્રથમ પહોર છે.

૫. ન. ગોપાળનું રાજ્ય. નર્મદા નદી દક્ષિણ બાજુને ભૂપાલ રાજ્યથી બિલકુલ અલગ કરી દે છે. ભૂપાલનું ક્ષેત્રફળ ૬૯૨૮ ચોરસ માઈલ છે.

ભૂપાલન ૧. [સં.] ન. રાજ્યશાસન.

૨. ન. રાજ્યસત્તાથી પ્રજાનું રક્ષણ

૩. ન. સામ્રાજ્યના નિયંત્રણનો વિધિ.

ભૂપાલી ૧. પું. (સંગીત) એ નામનો એક ઓડવ જાતિ રાગ. તેમાં આરોહમાં સા રિ ગ પ ધ એમ પાંચ સ્વરો અને અવરોહમાં સાતે સ્વરો આવે છે. ગ તીવ્ર છે. તેનો ગ્રહ સ્વર તથા વાદી સ્વર ગ, સંવાદી સ્વર ધ અને ન્યાસ સ્વર રિ છે. અવરોહમાં નિ કોમળ લેવાય છે. ગ તીવ્રથી કલ્યાણનો ભાસ થાય છે, તેથી તે ભૂપાલી કલ્યાણ કહેવાય છે. આ રાગ રાતનો પહેલો પહોર છે. તે શાંત, અદ્‌ભુત અને શૃંગારરસ ઉત્પન્ન કરે છે. તે ગંભીર પ્રકૃતિવાળો છે.

૨. પુ. (સંગીત) કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ, જેનું આરોહ, અવરોહ સ્વરૂપ સ, રિ, ગ, ધ, ધ, સં। સ, ધ, પ, મ, રિ, સ॥ વાદિસ્વર ગાંધાર અને સંવાદી સ્વર પૈવત છે. તે ગાવાનો સમય રાત્રિનો પહેલો પહોર છે

૩. સ્ત્રી. (સંગીત) પંચમ રાગની રાગણી.

ભૂપાલી કલ્યાણ પું (સંગીત) બાર આંકેની એક જાતિનો કલ્યાણ રાગ. આ રાગ વીરરસ માટે છે

ભૂપાલી શ્યામ પું. (સંગીત) બાર આંકેની એક જાતિનો શ્યામ રાગ

ભૂપાળ જુઓ ભૂપાલ.

ભૂપીતું વિ મોતને વશ; મરણને આધીન

ભૂપુત્ર ૧. [સ. ભૂ (પૃથ્વી) + પુત્ર] પુ. (પુરાણ) નરકાસુર.

૨. પું. (જ્યોતિષ) મંગલ નામનો ગ્રહ

ભૂપુત્રી ૧. [સં. ભૂ (પૃથ્વી) + પુત્રી] સ્ત્રી. સીતા; જાનકી.

૨. સ્ત્રી. સોનામુખી; મીંઢિયાવળ.

ભૂપુર [સં.] ન. યંત્રની ફરતા રહેલા અમુક રેખાઓમાં ગોઠવાતા રચાન. પ્રથમ ત્રિકોણ, પછી ષટ્કોણ, પછી અષ્ટદલ પદ્મ, પછી ષોડશ દલનું પદ્મ અને છેવટે ભૂપુર આવે એવી રીતનું યંત્ર કરાય છે.

નવ અક્ષરોમાં રહેલ પુત્રી આદિ નવ દુર્ગાઓનું અને ભૂપુરમાં ઇંદ્રાદિક દશ દિગ્પાલોનું પૂજન કરવું. ભગવતી આગમત

ભૂપૃષ્ઠ ૧. ન. કરચલા વગેરેની છીપ.

૨. [સં.] ન. પૃથ્વીનું ઉપલું પડ; પૃથ્વીની સપાટી; ભૂતલ; ભૂપટલ; જમીનનો પોપડો.

૩. ન. રોટલીની કાચી કપોટી; રોટલાનો કડવો કટકો.

ભૂપૃષ્ઠક [સં.] વિ. પૃથ્વીની સપાટી સંબંધનું. પૃથ્વીના પડને લગતું; ફુદરત સંબંધનું

ભૂપૃષ્ઠવિચાર ૧. [સં.] પું. ફુદરતનું વર્ણન; ફુદરતી દરજ્જો, વસ્તુઓ આદિ ઉત્પન્ન વિષે વિચાર કરનારી વિજ્ઞાનની એક શાખા.

૨. પું. પૃથ્વીના પોપડા સંબંધી વિચાર; ભૂતળવિદ્યા.

ભૂપૃષ્ઠવિદ્યા [સં.] સ્ત્રી. ભૂપૃષ્ઠ સંબંધી શાસ્ત્ર; ભૂતળવિદ્યા.

ભૂપેષ્ટ ૧. [સં.] પું. ચારોળીનું ઝાડ.

૨. [સં. ભૂપ (રાજા) + ઇષ્ટ (વહાલું)] વિ. રાજાને પ્રિય.

ભૂપ્રકંપ [સં] પું. ધરતીકંપ; ધરતીકંપ.

ભૂ પ્રાપ્તિ [સં.] ન. જમીન કે ઘર ગીરો મૂકવું કે રાખવું તે.

ભૂપ્લક્ષ ૧ [સં.] પું. એક જાતનો ઉંદર.

૨ પું. લીલા રંગ.

ભૂબરદી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું નાનું ઝાડ.

૨. સ્ત્રી નાની બદરી

ભૂબલ ૧ [હિ] સ્ત્રી. ગરમ રાખ.

૨. [સ.] ન ગાડાના જવનું સાધન હોય એવું એક જાતનું સૈન્ય

ભૂમિજ [સ.] ન. પૃથ્વીનો ગોળો.

ભૂબર સ્ત્રી ' ડી પડી ગયેલ ભાગ કે ભૂમિ.

ભૂભર્તા [સ. ભૂ (પૃથ્વી) + ભર્તા (ધણી)] પુ રાજા

ભૂભલ [હિ] પું ગરમ રાખ કે ધૂળ; ગરમ રાખ

ભૂભંડાર [સ] પું પૃથ્વીનો ભંડાર; જમીનમાં રહેલો ભંડાર.

ભૂભા [સં] સ્ત્રી. પૃથ્વીની જગા; પૃથ્વીના ગોળાનો પડછાયો. તે ચંદ્ર ઉપર પડતાં ગ્રહણ થાય છે.

ભૂભાગ ૧. [સં.] પું. ખંડ; પ્રદેશ; દેશ.

વૈતરણી નદીની અને સંજુલિય નદીની વચ્ચે ભંગાલાના ઉપસાગરની પાસે જે ભૂભાગ હતો તે એ કાળનો કલિંગ દેશ હતો. અશોકચરિત

૨. પું. જમીનનો ટુકડો; પૃથ્વીનો ભાગ.

ભૂભાગવિદ્યા [સ] સ્ત્રી. ભભાગ સંબંધી શાસ્ત્ર; મોટા પાયા ઉપર જમીનની માપણી કરવા વિષેની વિદ્યા.

ભૂભાટક [સં.] ન. જમીનભાડું.

ભૂભાડું (ભૂભાડું) જુઓ ભૂભાટક.

ભૂભાપ્રવેશ [સ.] પું. સંક્રાંતિ.

ભૂભાપ્રવેશકાલ [સં.] પું. સંક્રાંતિકાળ.

ભૂભાર ૧. [સં] પુ પૃથ્વી ઉપર થયેલો પાપનો ભાર; પાપપુંજ; પૃથ્વી ઉપરનો પાપનો બોજો

૨. પું. પૃથ્વી ઉપરનો ભાર

ભૂભારહરણ [સ.] ન. પૃથ્વી ઉપરથી દુષ્ટોનો નાશ કરીને પ્રજાને સુખી કરવી તે ક્રિયા.

ભૂભારપર્વત [સં.] પું. (જ્યોતિષ) ભારપર્વત.

ભૂભુજ [સં., ભૂભુજ્] પું. રાજા.

ભૂભૃત્ જુઓ ભૂભૃત

ભૂભૃત ૧. [સં. ભૂભૃત્] પું. પર્વત; પહાડ.

અગ્ર નગ ભૂભૃત ભૂતધરી શિખરી શૃંગી હોઈ,
રોલ સિલોચ્ચય ગોત્ર હરિ, અચલ અદ્રિને જોઈ.
પિંગળપ્રકાશ

૨. પુ. રાજા; ભૂપાલ; મહિપતિ.

૩. પું. રાજા.

૪. પું. સાનુપ્રયોગ સાંકેતિક શબ્દ

ભૂમેળ સ્ત્રી. જમીનદોસ્ત; પૃથ્વી સમતુ; ભોંયભેગ.

અદા ચૂકી આબ્રો તે વેળ,
ધોબણઘરને કીધો ભૂમેળ.
બ્રહ્મકાલન આખ્યાન

ભૂભૌતિકી [સં. ભૂભૌતિકિન્] ન. ભૂસ્તરપદાર્થવિજ્ઞાન.

ભૂભૌતિકીય [સં] વિ. ભૂસ્તર પદાર્થોનું; ભૂસ્તર વિષેનું.

ભૂભૌતિકીવિદ [સં. ભૂભૌતિકિન્ (ભૂસ્તરપદાર્થવિજ્ઞાન) + વિદ્ (જાણનાર)] પું ભૂસ્તરવિજ્ઞાનશાસ્ત્રી; ' જ્યોફિઝિસિસ્ટ '.

ભૂમ ૧. સ્ત્રી. એકની સંખ્યાનો સાંકેતિક શબ્દ.

૨. સ્ત્રી. (અંકિત) ગમે તે આકૃતિનો પાયો; કોઈ પણ આકૃતિનું મૂળ; ' બેઝ '.

૩. [હિ.] સ્ત્રી. જમીન; પૃથ્વી; ભૂમિ.

૪. ન. (વહાણવટું) એક જાતનું વહાણ; ઈરાની ઢંગી. તેનો આગલો મોરો ઊંચો તથા ખૂબ પહોળો હોય છે. તે આરબ તેમ જ અજમ એટલે ઈરાની વહાવે છે. કચ્છ, સિંધ તથા મરકતમાં બંધાય છે. અઢારસોની સંખ્યા કરતી વહાણોથી અબુઝરી, સઢ મોટા તથા ત્રીજા કાપડના, પણ સઢનો ઘાટ કોયળા જેવો લગભગ ત્રણે ભાગુએ સરખી બંધાઈએ હોય છે. આ વહાણનો મોરો ઝાળો, પગાડ ઢંગીની માફક ગળી અને પેટાશ પાછળથી પહોળું હોય છે. તે મજલ વધારે ઉપાડે છે, પણ સામા પવનમાં થોડુ ચાલે છે. પાછળના પવનમાં તે બઝલાથી વધારે ચાલે છે.

ભૂમકા ૧. [હિ] પું ગ્રામદેવતા.

૨ સ્ત્રી. ભૂમિકા; જન્મભૂમિ.

ભૂમજી ૧. સ્ત્રી. ભંગાણના અસલ વતનીઓની એ નામની એક જાતિ

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું

ભૂમધારી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે

અને ભૂમધારી વ્યા ગી. રણમિત્રણ

ભૂમધ્ય [સં] પુ પૃથ્વીનો વચલો પ્રદેશ.

ભૂમધ્યપ્રદેશ [સ.] પું. વિષુવપ્રદેશ; વિષુવવૃત્તનો પ્રદેશ

ભૂમધ્યરેખા જુઓ ભૂમધ્યરેખા.

ભૂમધ્યરેખા [સ] સ્ત્રી. વિષુવવૃત્ત; વિષુવરેખા.

જે ક્રમે ઉત્તરધ્રુવમા રહેનારને ક્રમ થાય છે, તે ભૂમધ્યરેખાની આસપાસ રહેનારા માણસો પાસેથી અને તો કદાચ અજબમા અજાઈ જાય

મ.પીત

ભૂમધ્યસમુદ્ર [સં.] પું. યુરપ અને આફ્રિકાની વચ્ચે આવેલો સમુદ્ર. એ નામ ઉપરથી તે આખી પૃથ્વીની મધ્યમાં આવ્યો છે એમ નથી તે યુરપ, એશિયા ને આફ્રિકાના પ્રદેશોની વચ્ચ આવ્યો છે અને પશ્ચિમમા એક મોટ આકડી સામુદ્રધુનીથી મહાસાગર જોડે સબધ્યો છે, તે ગ્રીકધુની એ નામ એને મળ્યુ લાગે છે. આશરે એક કરોડ ચોરસ જોટલો તે વાંનો છે. એ દરિયામા ભરતી ઓટ થતાં નથી, એવું કેટલાક માને છે, પણ એ વાત સર્વાનુમત નથી

ભૂમધ્યાધાર [સ.] પ્ર. (ગોલ) ગોલ માર્દનું પદાર્થ આધાર.

પદાર્થ ભૂમધ્યાધાર છે, જમા દૃષ્ટિ અચલ રાખવાનો અભ્યાસ કરવાથી સૂર્યકિરણો સમાન ભ્રાતિ પ્રકાશિત થાય છે. ત્રિકાળદર્શક દર્પણ

ભૂમપાલ જિ. રહેવાસી

ભૂમય ૧ [સ્ત્રિ.] સ્ત્રી. સૂર્યની પત્ની; છાયા.

૨. [સ.] જિ. પૃથ્વીનું; પૃથ્વીમાથી ઉત્પન્ન થયેલું; માટીમય; માટીનુ.

ભૂમયી ૧ [સ.] સ્ત્રી. છાયા; સૂર્યની પત્ની.

૨. જિ સ્ત્રી. પૃથ્વીમાથી ઉત્પન્ન થયેલી; માટીમયી.

ભૂમલી સ્ત્રં. સૌરાષ્ટ્રમાં આવેલ એક ઐતિહાસિક પ્રાચીન ગામ; ધૂમલી. જેઠવા રાજાઓની રાજધાની અગાઉના યુગમાં ધૂમલી કે ભૂમલીમા હતી. ઓખામંડળ, દ્વારકા ને મધ્યપ્રદેશમાં તેની આણ ફરતી વલ્લભીરાજની પડતી થઈ ત્યારે સૌરાષ્ટ્રનો જેટલોક દક્ષિણ ભાગ પણ તેના તાબામાં આવ્યો હતો. જેઠવાઓ આશરે સોએક વરસ ભમલીમાં રહ્યા, પછી પોરબંદર પાસે શ્રીનગરમા જઈ વસ્યા, પણ ભયાત માટે તો તેઓ ભૂમલીના કિલ્લાનો જ ઉપયોગ કરતા ભમલીમા જેઠવાઓની રાજધાની આશરે ૪૦૦ વરસ રહી. આશરે ૬૦૦ વર્ષ પહેલા સિંધની આરબ સેનાએ ભમલીનો નાશ કર્યો. ભમલી પોરબંદરના વાયવ્ય ખૂણામા આશરે ૨૫ માઈલ ઉપર વસેલું હતું. પંડિતો કહે છે કે, ભૂમલી નગરનો આકાર પંખા જેવો હતો. નગરની પહોળાઈ અડધો ને લંબાઈ એક માઈલ હતી. તેમાં પદર હજાર માણસો રહેતાં હતાં. નગરની આસપાસ મજબૂત કોટ હતો. કોટને ફરતી ઊંડી ખાઈ હતી. આજે રાજમહેલની કમાન, નાહવાનો હોજ ને એક નાનું મંદિર, એમ નમૂનાના માત્ર બધુ જ અડરો જોવા મળે છે.

ભૂમરી સ્ત્રી. ચારેતરમાં ઊગતું એક જાતનું ઘાસ

ભૂમસી સ્ત્ર. એકાદ વેત ઊંચુ થતું ડીપ્પી સળીનુ ઘાસ. તે ચિરાગોમાં થાય છે. એને સુવાળુ ફૂમતુ આવે છે.

ભૂમંડ [સં.] ન. જગત; પૃથ્વીપટ; મંડલાકાર ભૂવિભાગ; પૃથ્વી

એમ પરમાત્મા આલે ખિટ,
તે મહાવ ધારણ ભૂમંડ. અખો

ભૂમંડલ ૧. [સં.] ન. પૃથ્વીનો ગોળો; સમગ્ર નમ્રદેશ; ભૂતલ; મહી; વસુધરા; વસુધા; ધરણી; અવનિ; પૃથ્વી

નિપૂર ગયન કુબ્જના સૂબી,
ભૂમંડલે પરી કરિમણી. ભીમ

૨. ન. પૃથ્વીનો પરિધિ

ભૂમંડલ ચક્રવર્તી [સં. ભૂમડલ (પૃથ્વી) + ચક્રવર્તિન્ (સાર્વભૌમ રાજા)] પું. આખી પૃથ્વી ઉપર રાજ્ય કરનાર ચક્રવર્તી.

વિશાળ ભારતનો ઇતિહાસ ઘડનાર હતો એ ભૂમંડલ ચક્રવર્તી ધર્મરાજ અશોકદેવ.

સંપ્રમિત્ર.

ભૂમંડળ જુઓ ભૂમંડલ.

ભૂમંડળ ચક્રવર્તી જુઓ ભૂમંડલ ચક્રવર્તી.

ભૂમા ૧. [સં. ભૂમન્] પું. અતિશયતા; બહુપણુ

૨. પું. અનંતતા; વિશાળતા.

૩. પું. દેશ, કાળ અને વસ્તુના પરિચ્છેદથી રહિત બ્રહ્મ, પરિચ્છેદના અભાવરૂપ બ્રહ્મ. વિરાટપુરુષ

જે ભૂમા છે, તેને જાણવાથી જ પરમાનંદ સ્વરૂપ જણાય છે તેને બ્રહ્મ. પંચદશી

૪. પું. (પુરાણ) પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુલોત્પન્ન પ્રતિહર્તા રાજાથી સ્તુતીને થયેલા બે ભાઇનો નાનો દીકરો અને ઋષિકુલ્યાથી ઉદ્ગીથ અને પ્રસ્તાવ એવા બે પુત્ર થયા હતા

૫. પું સપત્તિ, ધન; દોલત.

૬. સ્ત્રી. એક જાતની અવસ્થા; જેમાં જોવુ, સાભળવુ, જાણવુ આદિ કાર્યો કર્યા કરવાનુ નથી તેની હાલત; જેમાં સ્પર્ધાકોમ કરી શકાતો નથી તેવી એક અવસ્થા આ અવસ્થા મુક્તિ, સમાધિ અને મુક્તિની અમર અવસ્થા છે. આમાં અખોતિક સુખ પોતાની શક્તિથી જ મળે છે. બ્રહ્મા શબ્દનો જ અર્થ બહુ કે વિપુલ થવ.નો ભાવ છે. મનુષ્યનો આત્મા સુષુપ્તિ, સમાધિ અને મુક્તિમાં જોરી વિપુલ વ્યાપક અવસ્થામા લય છે, કે જે અવસ્થા આ જાગૃતિની સકુચિત અવસ્થાથી કેટલીય ઉચ્ચ અવસ્થા છે

૭. સ્ત્રી. (ભૂ ગુ.) વાગ્વિણાની ચોરાસી મ.હેની એ નામની એક જાત.

૮. ન. એ નામની જાતનું માણસ

૯. ન. જમીનનો કટકો.

૧૦. ન. જિલ્લો.

૧૧ ન. પૃથ્વીનો છાપો.

૧૨. ન. પ્રદેશ.

૧૩ ન. પ્રાણી

૧૪. ન. (અ.કરણ) બહુવચન.

૧૫ ન. ભૂમિ; પૃથ્વી

ભૂમા અને બ્રહ્મ બે જેના બબ્બિદુ એક કેન્દ્રને આબ્યાં તો ચંદ્રની આસપાસ બ્રહ્મિડથી દોઢી પહોળાઈનું ભૂમાવેષ્ટન થાય છે. જ્યોતિર્વિલાસ

૧૬ જિ. એ નામની જાતનું.

૧૭ જિ. સર્વવ્યાપી

જે ભૂમા અર્થાત્ સર્વવ્યાપી છે, એ અમૃત અર્થાત્ નિત્ય છે. છાન્દોગ્ય

ભૂમાતા [સં. બહુવ્રી] સ્ત્રી. પૃથ્વીરૂપી મા.

ભૂમાન ૧ પું. રાજા.

૨. [સં ભૂ (જમીન) + માન (માપ)] ન. જમીનનું માપ; જમીન માપવી તે; જમીનની માપણી

૩. [સં. ભૂ (પૃથ્વી) + મત્ (સ્વામીત્વવાચક પ્રત્યય)] જિ. જમીનવાળું

ભૂમાન અધિષ્ઠાતા [સં. ભૂ (પૃથ્વી) + માન (માપ) + અધિષ્ઠાતૃ (ઉપરી)] પુ. માપણી ટેબરેબ્ય અધિકારી; ભૂમાનપર્યવેક્ષક; જરીપ ઉપાધ્યક્ષ; ' સર્વે સુપરિન્ટેન્ડન્ટ '.

ભૂમાનકર્મ [સં. ભૂ (જમીન) + માન (માપ) + કર્મન્ (કામ)] ન. જમીન માપવાનું કામ; વસલેવારી

ભૂમાનકાર્યાલય [સ.] ન જરીપ કચેરી; માપણી કચેરી. ' સર્વે ઓફિસ '.

ભૂમાનપર્યવેક્ષક જુઓ ભમાન અધિષ્ઠાતા.

ભૂમાનવીય [સ , જિ. પૃથ્વી ઉપર રહેનાર હોય તેનુ

ભૂમાનગ્રહક [સં.] ન. માપણીની લાગતા; માપણીનો કર.

ભૂમાનંદ ૧. [સં. ભૂમન્ (બ્રહ્મ) + આનંદ] પું. ઉત્કૃષ્ટ આનંદ; બ્રહ્માનંદ. ભૂમાનંદનો અનુભવ કરનારને વિષય આદિમાંથી મળતો બીજો આનંદ તરણા જેવો તુચ્છ ભાસે છે. સ્વયંપ્રકાશ ને ઉપાધિ રહિત પરમસ્વરૂપનો સાક્ષાત્કાર થવાથી સર્વ પ્રકારની ત્રિપુટીઓનો અભાવ થાય છે, તેથી તે સ્થિતિ ભૂમાનંદ કહેવાય છે

૨. પું. પ્રાકૃત સાહિત્યમાં સહાય આપનાર સ્વામીનારાયણ સમ્પ્રદાયના એ નામના એક કવિ

ભૂમાનાધિકરણ [સં.] ન. મામલતી કચેરી; ભૂમાનઅધિકારીનું કાર્યાલય; 'સર્વે ઑફિસ'.

ભૂમાનાધિકારી [સં. ભૂમાન (જમીનનું માપ) + અધિકારિન્] પું મામલતી કામદાર.

ભૂમાનાધ્યક્ષ જુઓ ભૂમાનાધિકારી.

ભૂમાનાંક [સં.] પું. મામલતી આંક; 'સર્વે નંબર'.

ભૂમાપ જુઓ ભૂમાન.

ભૂમાપક ૧. [સં.] પું. જમીનની માપણી નક્કી કરનાર અધિકારી.

૨ વિ. જમીનની માપણી નક્કી કરનાર.

ભૂમાપનકર્મ [સં.] ન. જમીન માપવાનું કામ.

ભૂમાર્ગ [સં.] પું. જમીનનો રસ્તો.

ભૂમાવેષ્ટન [સં. ભૂમન્ (પૃથ્વી) + આવેષ્ટન (ઢાંકવું તે)] ન. પૃથ્વીની છાયાથી ચંદ્રનું ઢંકાવું તે.

> ભૂમા અને ચંદ્ર એ બેનાં મધ્યબિંદુ એક રેખાએ આવ્યાં, તો ચંદ્રની આસપાસ ચંદ્રબિમ્બથી ઘેરી પહોળાઈનું ભૂમાવેષ્ટન થાય છે.
>
> જ્યોતિર્વિલાસ

ભૂમિ ૧. પું. (ત્રિગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ વૃત્ત. તે જગણવાળી બાવીસ એક ભેદ છે. તેમાં સોળ ગુરુ અને પચીસ લઘુ મળી એકતાળીસ વર્ણની સત્તાવન માત્રા હોય છે.

૨. પું. પરમેશ્વર. તેમાં સર્વનો વાસ છે અને તે સર્વથી મહાન છે.

૩. [સં.] સ્ત્રી. એક સુરક્ષક સાઇનિક શબ્દ.

૪. સ્ત્રી. કાળ, સમય

૫. સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિનું મૂળ, પાયો, પીઠ; આધાર.

૬. સ્ત્રી. ખેતર; ક્ષેત્ર.

૭. [સં. ભૂ (ઉત્પન્ન થવું)] સ્ત્રી. જમીન; ભોંય; જેમાં ભૂતો એટલે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે તે જમીન

> આ ધરણી સર્વ પ્રાણીઓના જીવનરૂપ છે, એટલા માટે ભૂમિ કહેવાય છે. જગતની જાગૃતિ

૮ સ્ત્રી. જમીનરૂપી મિલકત.

૯. સ્ત્રી. છત.

૧૦. સ્ત્રી તટબંધી; સપાટી; તળ; માળની ઓરડીઓ.

૧૧ સ્ત્રી નરકભૂમિ.

> રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા એ સાત ભૂમિઓ છે. તત્ત્વાર્થસૂત્ર

૧૨. સ્ત્રી નાટકની ભૂમિકા.

૧૩. સ્ત્રી. પાત્ર; સ્થાન.

૧૪. સ્ત્રી. પુસ્તકની પ્રસ્તાવના; પ્રસ્તાવ; ભૂમિકા.

૧૫ સ્ત્રી. પૃથ્વી

૧૬. સ્ત્રી. પૃથ્વીની સપાટી.

૧૭ સ્ત્રી પૃથ્વીનો એકાદ પ્રદેશ; દેશ, તાલુકો; પ્રાંત.

૧૮ સ્ત્રી. મર્યાદા; માપ.

૧૯ સ્ત્રી માટી. કાળા વર્ણની માટી

૨૦ સ્ત્રી. મેદો, મજ્જા

> અહંકાર હોવાનું ઘર દાવ છે, તેને એ ભૂમિ (માટી) કરી. સંજ્ઞાવલ્લરી

૨૧ સ્ત્રી. યોનીઓના ચિત્તની અમુક અવસ્થા.

૨૨. સ્ત્રી. સ્થળ; ઠરીઠોર જગ્યા; ઠેકાણું; યુદ્ધ, નાટક, આવજા વગેરેનું સ્થાન.

> કાલ્પદેશે પાત્રનું બધી બીજી ભૂમિ લોગવાઈ બધી. પદ્મનાભ

ભૂમિ અન્યક્રમણ અધિનિયમ [સં.] પું. એકના નામ ઉપરથી બીજાને નામે જમીન ચઢાવવાનો કાયદો; 'લૅન્ડ ઍલાએનેશન ઍક્ટ'.

ભૂમિ અપખંડન [સં. ભૂમિ (જમીન) + અપખંડન (વિભાગે કરવા તે)] ન. જમીનના ભાગ પાડવા તે; 'ડિમાર્કેશન ઑફ હોલ્ડિંગ્સ'.

ભૂમિ અવાપ્તિ અધિનિયમ [સં. ભૂમિ (જમીન) + અવાપ્તિ (મેળવવું તે) + અધિનિયમ (કાયદો)] પું. કોઈ પણ સરકારી અથવા સાર્વજનિક કામ માટે જમીન લેવાનો કાયદો; જમીન સંપાદન નિયમ; 'લૅન્ડ ઍક્વિઝિશન ઍક્ટ'.

ભૂમિ આકાર [સં. ભૂમિ (જમીન) + આકાર (વિધોટી)] પું જમીનનો આકાર; જમીનની ધારો, જમાબંદી, જમીન મહેસૂલ; 'લૅન્ડ ઍસેસમન્ટ'.

ભૂમિઆમલકી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ

ભૂમિઆમલા જુઓ ભૂમિઆમલકી.

ભૂમિઇ પું. મુખી.

> ભૂમાઇ ! તું પણ ઉમાન લાવ કરીનીના રણમ માટે ના. પુરાતત્ત્વ

ભૂમિકદલી [સં. ભૂમિ (જમીન) + કદલી (કેળ)] સ્ત્રી. ચોમાસામાં જમીનમાંથી ઊગી નીકળતી કામચલાની ટોપી કે છત્રી.

ભૂમિકદંબ ૧. [સં.] ન એક જાતનું કદંબ. તે સર્વ પ્રકારના પ્રમેહનું નાશક મનાય છે.

૨. ન મોરબગડી નામની વનસ્પતિ.

ભૂમિકદંબક જુઓ ભૂમિકદંબ.

ભૂમિકર [સં] પું. માલગુજારી; વિધોટી; જમીન ઉપરનો વેરો.

ભૂમિકરજ્ઞાપન [સં] ન. જમીન મહેસૂલની જાહેરાત.

ભૂમિકંદ [સં.] ન. પાણકંદો, જમીનમાં થતો એક જાતનો કાંદો. તે કફ્ર અને મૂત્રલ તરીકે વા, જળોદર, શ્વાસ અને મૂત્રરોગમાં વપરાય છે.

ભૂમિકંદલી [સં.] સ્ત્રી. એક જાતની વેલ.

ભૂમિકંપ [સં.] પું. ભૂમિનો ધ્રુજારો; ધરતીકંપ; ભૂકંપ, પૃથ્વીકંપ.

ભૂમિકંપન જુઓ ભૂમિકંપ.

ભૂમિકા ૧. [સં.] સ્ત્રી. અન્યનું રૂપ ધારણ કરીને રંગભૂમિ ઉપર પ્રવેશ; વેશ બદલવો તે; વયાન્તરપરિગ્રહ.

૨. સ્ત્રી. કક્ષા; પામરી.

> જેણે પોતાની જાતને છતી છે અને જે શાંતિના અવતાર છે, તે સુખમાં અને દુઃખમાં, માનમાં અને અપમાનમાં પોતાની ઉચ્ચ અને દિવ્ય ભૂમિકા ઉપર અચળ રહી શકે છે.
>
> વીણેલાં ફૂલ

૩. સ્ત્રી. ક્ષેત્ર.

૪. સ્ત્રી. (વેદાંત) ચિત્તની અવસ્થા, વેદાંત અનુસાર ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એમ ચિત્તની પાંચ અવસ્થા છે. જે સમયે મન ચંચલ રહે છે તે સમયે તેની અવસ્થા ક્ષિપ્ત. જે સમયે તે કામ, ક્રોધ વગેરેને વશ થઈ રહે છે અને તેના ઉપર તમ કે અજ્ઞાન જ્વાર્ય જાય છે તે સમયની અવસ્થા મૂઢ. જે સમયે મન ચંચલ હોવા ઉપરાંત પણ વચમાં વચમાં કોઈ સમયને માટે સ્થિર થઈ જાય છે તે સમયની અવસ્થા વિક્ષિપ્ત. જે સમયે મન બિલકુલ નિશ્ચલ થઈને કોઈ એકાદ વસ્તુ ઉપર સ્થિર થઈ જાય છે તે સમયની અવસ્થા એકાગ્ર અને જે સમયે મન કોઈ આધારની અપેક્ષા ન રાખતાં સ્વતઃ બિલકુલ શાંત રહે છે તે સમયની નિરુદ્ધ અવસ્થા કહેવાય છે.

૫. સ્ત્રી. જેની અંદર જર્જ રાખવા નહિ એવી મર્યાદિત ભૂમિ.

૬. સ્ત્રી. જ્ઞાનની એક સ્થિતિ; જ્ઞાનની ઉત્તરોત્તર ચઢતી સાત પાયરીની એક સ્થિતિ. જેમ હનેલીમાં પહેલો મજલો, બીજો મજલો એમ ઉત્તરોત્તર ઉપર ચઢતા માળ હોય છે, તેમ ચિત્ત કે જ્ઞાનની ચઢતી ચઢતી પાયરીઓને ભૂમિકા કહે છે.

૭. સ્ત્રી. તળ, તળું; માળ.

રચની પ્રથમ ભૂમિકામાં ચારદ દેવી છે દ્વિતીય ભૂમિકામાં સંયમ દેવ છે. સંયમિતા

૮. સ્ત્રી. નાટકનું પાત્ર, તેનો ભાગ કે રાજપાર્ટ.

૯ સ્ત્રી. નાટ્યશાસ્ત્રોક્ત પ્રપ

૧૦. સ્ત્રી. (વેદાંત) પ્રયોજનને પ્રાપ્ત કરી આપનારી યોજના

૧૧. સ્ત્રી. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; કોઈ ગ્રંથ વગેરેના આરંભમાં પહેલેથી કરેલી સૂચના

૧૨. સ્ત્રી ભૂમિ; જમીન; સ્થળ, પૃથ્વી, જગ્યા, સ્થાન

૧૩ સ્ત્રી મૂળ; બીજમ

૧૪. સ્ત્રી વૃક્ષ, નાટક વગેરનું સ્થાન

૧૫. સ્ત્રી. યોગની એક જાતની ચિત્તવૃત્તિ. યોગની સાત ભૂમિકાઓ છે: શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવિની અને તુર્યા. એ સાત ભૂમિકાને અંતે મુક્તિ પ્રાપ્ત થાય છે સાત ભૂ. જુદા ક્રમે જ્ઞાન મેળવે છે તેને ભૂમિકા કહે છે. પ્રથમ ભૂમિકા શુભેચ્છા એટલે જ્ઞાન કે મોક્ષને માટે ઇચ્છા થવી તે. એ સાધનચતુષ્ટયી કહેવાય છે. શ્રવણ અને મનન એ જ્ઞાનને જમાવવાની ક્રિયારૂપ દ્વિતીય ભૂમિકા તે વિચારણા.. નિદિધ્યાસન એ જ તનુમાનસા નામની મનની એકાગ્ર સૂક્ષ્મ તન્મયતારૂપ તૃતીય ભૂમિકા છે. ત્યારથી જીવ જુદો નથી, અર્થાત્‌રૂપ પરિચ્છેદરૂપ મિથ્યા છે, એમ દૃઢ નિશ્ચય તે ચતુર્થ ભૂમિકા સત્ત્વાપત્તિ. કોઈ પણ રીતની આસક્તિ ન હોવી, કેવળ એકતા જ થવી તે પંચમી ભૂમિકા અસંસક્તિ આત્મમયતા, એકરસતા, પ્રેમ, અભેદ એ જ નિરંતર જ્ઞાન, પોતાપણાનો જ નાશ એટલે પદાર્થમાત્રનો અભાવ તે પદાર્થાભાવિની નામની છઠ્ઠી ભૂમિકા. સાતમી ભૂમિકા તુર્યા તે મોક્ષ, જીવન્મુક્તિ. પહેલી ત્રણ ભૂમિકા સાધનરૂપ છે, ચોથી જ્ઞાનરૂપ છે અને છેલ્લી ત્રણ જીવન્મુક્તિની અવસ્થા સ્વરૂપ છે.

૧૬. સ્ત્રી. રચના.

૧૭. સ્ત્રી. કેળભૂમિ; નાટકશાળા.

૧૮. સ્ત્રી. કેળવી પરિસ્થિતિ; અનુકૂળ વાતાવરણ.

૧૯. સ્ત્રી. સમથળ માટેનું પાથિયું.

૨૦. સ્ત્રી. સમભૂમિ; સમપદ.

૨૧. સ્ત્રી. સીડી; પગથિયું.

ભૂમિકુષ્માંડ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભૂમિકુષ્માંડ [સં.] પું. કોળોળું.

ભૂમિકોષ્ઠ [સં.] પું. (ચણેલ) આધારસ્થ કોઠો; આધારરેખા સાથે બનતો ખૂણો.

ભૂમિખર્જુરિકા [સં.] સ્ત્રી. એક જાતનું ખજૂરીનું ઝાડ.

ભૂમિખંડ [સં.] પું. જમીનનો ટુકડો.

ભૂમિગત ૧. [સં.] વિ. જમીન ઉપરનું; ભૂમિને લગતું.

ભૂમિગત અથવા અંતરિક્ષમાંના જે ભૂલો અહીં જોવા મળ્યા હોય તે બધાં ભૂલો આનંદિત થાઓ. સુવર્ણનિષ્પત્ર

૨. વિ. જમીનમાં દટાયેલું, ભૂગર્ભસ્થ; જમીનની અંદરનું.

ભૂમિગત જલ [સં] ન. જમીન અંદરનું પાણી.

ભૂમિગત દ્રવ્ય ૧. [સં.] ન. દટાયેલું ધન.

૨. ન. નવનિધિમાનું દટાયેલું ધન જમીનમાંથી નીકળતા ચરુ, મૂર્તિ વગેરે દ્રવ્ય સમજવું હોવા હોય છે.

ભૂમિગત નિધિ જુઓ ભૂમિગત દ્રવ્ય.

ભૂમિગત પાણી જુઓ ભૂમિગત જલ.

ભૂમિગમ [સં.] પું. ઊંદર.

ભૂમિગર્ભી [સં.] સ્ત્રી. ઊંટડી.

ભૂમિગર્ત ૧. [સં.] પું. જમીન માંહેનું ઘર.

૨. પું. જમીન માંહેનો ખાડો.

ભૂમિગૃહ જુઓ ભૂમિગર્ત ૨.

ભૂમિગૃહ [સં.] ન. ભોંયરું; ગુફા

ભૂમિગ્રહણનિબંધ [સં.] પું. જમીન સંપાદન નિબંધ, 'લેંડ એક્વિઝિશન એક્ટ'.

ભૂમિઘર જુઓ ભૂમિગૃહ.

ભૂમિચર ૧. [સં.] ન. જમીન ઉપર ચાલનાર પશુ; સ્થળચર તિર્યંચ.

૨. વિ. જમીન ઉપર ચાલતું

ભૂમિચલ [સં.] પું. ભૂકંપ; ધરતીકંપ.

ભૂમિચલન જુઓ ભૂમિચલ

ભૂમિચંપક [સં.] પું. એક જાતનો રોપ; ભોંયચંપો.

ભૂમિચંપો ૧ પું. એક જાતની ખાતરખાજ

૨. જુઓ ભૂમિચંપક

ભૂમિચ્છિદ્ર [સં.] ન. નિતરખાણવાળી પડતર જમીન; ખારખણી જમીન; ખાવક પડતર જમીન; કૂણિયોગ્ય પડતર ભૂમિ.

ભૂમિજ ૧. [સં.] પું. એક જાતનું દરજ્જાનું ઝાડ.

૨. પું. (પિત્તળ) મંજરાવસ્તુની જાતનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૨૨ ગુરુ અને ૨૪ લઘુ મળી ૧૬ ઓછી ૮૮ માત્રા હોય છે.

૩. પું. (પુરાણ) નરકાસુર.

૪ પું. ભૂમિજ જોડ.

૫. પું. મનુષ્ય.

૬ પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

૭. પું. સોનું

૮. વિ. પૃથ્વીમાં કે પૃથ્વી ઉપર થનાર.

ભૂમિજ ગુગ્ગુલ [સં.] પું. એક જાતનો ગૂગળ. તે કફ, વાત, તથા પિત્તાશયવિકારને દૂર કરનાર મનાય છે

ભૂમિજ ગૂગળ જુઓ ભૂમિજ ગુગ્ગુલ.

ભૂમિજનની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠર માંહેનું એક નામ.

ભૂમિજય ૧. [સં.] પું. (પુરાણ) દુર્યોધન પક્ષનો એક રાજા.

૨ પું. (પુરાણ) વિરાટપુત્ર ઉત્તરનું બીજું નામ.

ભૂમિજલ [સં.] ન. વરસાદ થઈ આકાશમાંથી પૃથ્વી ઉપર પડ્યા પછી પૃથ્વીના સંબંધમાં આવનાર પાણી. નદી, તળાવ, વાવ, કૂવો, ટાંકુ વગેરેના ભૂમિજલનો ઉપયોગ ઋતુ પ્રમાણે કરવો જોઇએ. પોષમાં સરોવરનું, માહમાં તળાવનું, ફાગણમાં કૂવાનું, ચૈત્રમાં ઝરણનું. વૈશાખમાં ઝરણનું, જેઠમાં વહેળાનું, અષાઢમાં કૂવાનું, શ્રાવણમાં અંતરિક્ષનું, ભાદરવામાં કૂવાનું અને કાર્તિક માગશરમાં સર્વ જળાશયોનું પાણી ઉત્તમ મનાય છે.

ભૂમિજળ જુઓ ભૂમિજલ.

ભૂમિજંબુ [સં.] ન. એ નામનું એક ઝાડ; મંદારેલા

ભૂમિજંબુક જુઓ ભૂમિજંબુ.

ભૂમિજંબુકા [સં.] સ્ત્રી. ક્ષુદ્ર જાંબુ; ભૂમિજંબુ; નારેપી.

ભૂમિજા [સં.] સ્ત્રી. (પુરાણ) સીતા; જાનકી; ઉર્વીજા; જનકનંદિની.

ભૂમિજાત ૧. [સં.] પું. ઝાડ; વૃક્ષ

૨. વિ. જમીનમાં ઉત્પન્ન થયેલું.

ભૂમિજાતલાલ [સં. ભૂમિ (જમીન) + જાત (થયેલ) + લાલ (ફાવદો)] પું. જમીનમાંથી ઉત્પન્ન થનારો ફાવદો.

ભૂમિજીવી ૧. [સં. ભૂમિ (જમીન) + જીવિન્ (જીવનાર)] પું. ખેડૂત; ખેતી કરનાર માણસ.

૨. પું. વૈશ્ય.

૩. વિ. જમીન ઉપર રહેનાર

ભૂમિતનય [સં. ભૂમિ (પૃથ્વી) + તનય (પુત્ર)] પું. (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ.

ભૂમિતલ [સં. ભૂમિ (પૃથ્વી) + તલ (સપાટી)] ન. જમીન; પૃથ્વીની સપાટી; પૃથ્વીનું પૂઠ; ભૂતલ.

ભૂમિતળ જુઓ ભૂમિતલ.

ભૂમિતિ [સં. ભૂ (જમીન) + મિતિ (માપણી)] સ્ત્રી. (ગણિત) જમીન માપવાની વિદ્યા; જમીન ઉપરનાં અંતર તેમ જ જુદી જુદી જાતની આકૃતિઓનું માપ લેવાની વિદ્યા; પૃથ્વીનું અંતર તથા આકૃતિ માપવાની વિદ્યા. રેખાગણિત; ઘન પદાર્થોની સ્થિતિ, આકાર અને કદનો નિર્ણય કરનાર શાસ્ત્ર. ' જ્યોમેટ્રિ '. વૈદિક કાળમાં વેદની અને વેદકૃત્ય વગેરેની રચનાના વ્યાવહારિક જ્ઞાન ઉપરથી ભૂમિતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાચીન ઋષિઓને પ્રાપ્ત થયું હતું. આ વિષયમાં સર્વથી પ્રથમ ઉલ્લેખ બૌધાયન અને આપસ્તંબનાં શુલ્વસૂત્રોમાં મળી આવે છે. આ શુલ્વસૂત્રો ઈસ્વી સન પૂર્વે આઠમા સૈકા જેટલાં પ્રાચીન મનાય છે.

ભૂમિતિકાર [સં.] પું. ભૂમિતિ રચનાર વ્યક્તિ. પ્રાચીન હિંદના ભૂમિતિકારોની સંખ્યા નાની નહોતી. બૌદ્ધ, આર્યભટ્ટ ઈ. સ. ૪૯૯, બ્રહ્મ ઈ. સ. ૪૬૮, વરાહમિહિર ઈ. સ. ૫૦૫, જ્યેષ્ઠમ, શ્રીધર મહાવીર ઈ. સ. ૮૫૦, નારાયણ આર્યભટ્ટ ઈ. સ. ૬૭૦ અને ઉત્પલ ઈ સ. ૬૭૦ એ બધા આચાર્યોના ગ્રંથો ઉપરથી ભાસ્કરાચાર્યે ઈ. સ. ૧૧૧૪માં એક પુસ્તક લખેલું છે. તેમાં પ્રાચીન ગ્રન્થકારોના જ્ઞાનને અવસ્થિત અને સારરૂપમાં આપેલું છે. ચોરસ ખૂણાવાળા ત્રિકોણની સામેના ભુજનો વર્ગ કાટખૂણાના બે ભુજના વર્ગના સરવાળાની બરોબર થાય છે. પાયથાગોરસના નામે બોલાતો આ સામાન્ય સિદ્ધાંત તો ભાસ્કરાચાર્યે બે રીતે સિદ્ધ કર્યો છે.

ભૂમિતિક્ષેત્ર ૧. [સં.] ન. ભૂમિતિ માટેનું ક્ષેત્ર.

૨. ન. ભૂમિતિનું ચિત્રકામ; ભૂમિતિની આકૃતિ.

ભૂમિતિજ્ઞ ૧. [સં] પું. ભૂમિતિશાસ્ત્રી.

૨ જિ ભૂમિતિનું જ્ઞાન ધરાવનાર.

> યજ્ઞભૂમિ તૈયાર કરવા માટે ભૂમિતિજ્ઞની, શુભ મુહૂર્ત પર આરંભ કરવા માટે જ્યોતિજ્ઞની તથા આવશ્યક વર્ગની આવશ્યકતા હોવાથી બધા વિદ્વાનો યજ્ઞસભામાં હાજર રહેતા હતા. પુરાતત્ત્વ

ભૂમિતિધર્મ [સં] પું. સિદ્ધ સંખ્યથી બતાવાતા ધર્મ; ' જ્યોમેટ્રિકલ પ્રોપર્ટિ '.

> સિદ્ધ સંખ્યથી બતાવાતા ધર્મોને ભૂમિતિધર્મ કહેવામાં આવે છે; તેમ જ કેવળ મુક્તાત્મસંબંધજન્ય ધર્મો, જેવા કે કઠિનત્વ, ભાર ઇત્યાદિ તે પણ ભૌતિક ધર્મ કહેવાય છે. અંબિકાલાલ નાનાભાઈ

ભૂમિતિપ્રમાણ [સં.] ન. ભૂમિતિની દૃષ્ટિએ સાબિતી; ભૂમિતિ મારફત પુરાવો.

ભૂમિતિરચના [સં.] સ્ત્રી. ભૂમિતિને અનુસરીને કરેલી રચના; ભૂમિતિની રચના.

ભૂમિતિશાસ્ત્ર [સં.] ન. જમીન ઉપરના અંતરો તેમ જ જુદી જુદી જાતની આકૃતિઓનું માપ લેવાની વિદ્યા.

ભૂમિતિશ્રેણી [સં.] સ્ત્રી. (ગણિત) ઊતરશ્રેણી. ગુણોત્તરની રીતની શ્રેણી; પ્રમાણશ્રેણી; ' જ્યોમેટ્રિકલ પ્રોગ્રેશન '. જ્યારે બે ચડતી કે ઊતરતી શ્રેણીમાં આજાની કે પાછલની સંખ્યાને ઠોઈ મુકરર સંખ્યાએ ગુણીએ તેની બરોબર હોય ત્યારે તે શ્રેણી ભૂમિતિશ્રેણી કહેવાય છે. જેમકે, ૩, ૬, ૧૨, ૨૪ અથવા ૮, ૨, ½, ⅛

ભૂમિતિશ્રેષ્ઠિ જુઓ ભૂમિતિશ્રેણી

ભૂમિતિશ્રેણી જુઓ ભૂમિતિશ્રેણી.

ભૂમિતુણ્ડિકા [સં.] સ્ત્રી. પાતાળતુંબડી. તે ઉપરથી સાદી જેવી દાળી હોય છે અને તોડતા અંદરથી દૂધ જેવી સફેદ નીકળે છે. દવામાં તે ઓર કે સોપારી જેવડી વપરાય છે.

ભૂમિતૈલ [સં.] ન. ભૂતૈલ; ખનિજ તેલ. ' પેટ્રોલિયમ '.

ભૂમિત્ર [સં.] પું. (પુરાણ) કલિયુગમાંના કરવરાજ વંશના વસુદેવનો એ નામનો એક દીકરો. એનો પુત્ર નારાયણ હતો.

ભૂમિત્વ [સં.] ન. ભૂમિનો ભાવ કે ધર્મ.

ભૂમિદંડ [સં.] પું. બંને હાથ જમીન ઉપર ટેકવી, વારંવાર હાથના ભાગ ઉપર શરીરનો ભાર દઈ એની કસ પીલવાની એક કસરત.

ભૂમિદંડા [સં.] સ્ત્રી. ચમેલી.

ભૂમિદા [સં.] સ્ત્રી. નર્મદાના કાંઠા આદેનું એક નામ.

ભૂમિદાતા ૧. [સં. ભૂમિદાતૃ] પું. પૃથ્વીનું દાન આપનાર માણસ

૨. વિ. પૃથ્વીનું દાન આપવાનો શુભ ધરાવનાર

ભૂમિદાન ૧. [સં.] ન. પૃથ્વીનું દાન; જમીનનું દાન; દાનમાં જમીન આપવી તે.

> મહત્ત્વ બતાવે ભૂમિદાન કર્યું હોય તો બહુ જ પુણ્ય થાય છે. જ્યોતિનિવાસ

૨. ન. જેની પાસે જોઈએ તે કરતાં વધારે ભૂમિ અર્થાત્ ખેડાણ જમીન હોય અને બીજા ખેડૂતોને ખેડવા માટે જમીન ન હોય તો તેવા ખેડૂતોને પોતાની પાસેથી વધારાની જમીન આપવી તે; બૂદાન. ભારતવર્ષમાં ખેડૂતોને ખેડવા માટે જમીન નથી, તો આવી રીતે ભૂમિદાન કરાવીને સૌને ખેડવા જમીન મળે તેવો પ્રબંધ અને પ્રચાર આચાર્ય વિનોબા ભાવે કરી રહ્યા છે. ભૂમિદાનનું મહત્ત્વ એટલા માટે છે કે, હિંદનો અતિ વિકટ પ્રશ્ન અન્નનો છે, તે હોલવામાં આ પ્રવૃત્તિ પ્રજાની ધર્મબુદ્ધિને પ્રેરે છે અને તેને બેરે કરિયે એ સવાલને ઉકેલવાને માટે માર્ગ બતાવે છે. આ દાન સામ્ય આવથી થ.ય, તો આવી પેઠે તેને માટે પણ કહી શકાય કે આ ધર્મનું બીજું પણ પાલન મહા ભયમાંથી રક્ષણ કરે છે. ભારતવર્ષમાં અણોતરધારાને લઈને એક એવું પરિણામ થવા લાગ્યું છે કે, ખાતેદારો પોતાના વરસોથી કે પેઢીથી ચાલુ સાલિયાણો પાસેથી જાતખેડ કરવાને નિમિત્તે જમીન પાછી લે છે અને સાલિયા ખેડૂતને મજૂર બેડૂત થવાની દશામાં મૂકે છે. તેથી ભૂમિદાન એટલે ગણોતદાન છે. કાનપુર જિલ્લાના પુખરાયામાં વિનોબાજીએ પોતાને હાથે પહેલી વાર જે ભૂમિવહેંચણી કરી, તે બધના આદર્શ છે. જેમકે, પુખરાયામાં સવારે નવ વાગ્યે ભૂમિવહેંચણીની જાહેર સભા થઈ. ચુનીપુરના માર અને પુખરાયાના દસ ભૂમિહીન ત્યાં ભૂમિની માગણી માટે હાજર હતા. જે જમીન દાનમાં મળી, તે ભૂમિહીનોને અને ખેડારોને વહેંચવાની દોઈને પ્રાથમિક કાર્યવાહી પછી બધા ભૂમિહીનો ભેગા થઈને પોતાની ભૂમિહીનતાની જાહેરાત કરવા લાગ્યા. આ ભૂમિહીનોને પંચ બનાવીને પુછ્યું તમારામાંથી સૌથી અધિક ગરીબ કોણ છે તે બતાવો. તમે પંચ બનો. પરિણામે તેઓ સૌએ અંદરોઅંદર પોતપોતાની સ્થિતિ અનુસાર આ દાનનો લાભ લીધો.

ભૂમિદાનયજ્ઞ [સં.] પું. ભૂમિના દાનરૂપી યજ્ઞ; જેમની પાસે ખેડવા જમીન હોય નહિ તેમને ખેડવા માટે જમીન દાનમાં દેવાનો વિનોબાજીએ આરંભેલ પ્રબંધ. આ સંબંધે વિનોબાજી લખે છે કે: મને પહેલું ભૂમિદાન તા. ૧૮મી એપ્રિલ, ૧૯૫૧ના રોજ મળ્યું. ત્યાર પછી ભૂમિદાનયજ્ઞની કલ્પના મને સૂઝી અને તેલંગણના પ્રદેશમાં એ તે કલ્પના અજમાવી જોઈ. બે મહિનામાં બાર હજાર એકર જમીન મળી. મને લાગે છે કે, લોકોની પરિસ્થિતિ સુધારવામાં જેથી બહુ મદદ મળી. આખા દેશ ઉપર એની અસર પડી. ભૂમિદાનયજ્ઞના રૂપમાં જેમને અહિંસાનો સાક્ષાત્કાર થયો. ઓછા જમીનદારો અને ખેડૂતો તો જમીન આપે,

પણ નાના નાના બેડૂતો પણ આમાં સાથ આપવા ઉત્સાહ છે. આ વર્ષમાં કેટલી યે સ્ત્રીઓએ પોતાનાં ઘરેણાં આપ્યાં છે અને કેટલા યે સુદામાઓએ પોતાના તાંદુલ સમર્પણ કર્યા છે આ પ્રયાથી બધે સદ્‌ભાવના પેદા થાય છે. વિચાર સમજ્યા વિના કોઈ પણ જાતના દબાણને લીધે કંઈ કોઈ આપે તેનો કંઈ અર્થ નથી, કેમકે આ પ્રયાથી સામ્યયોગ અને સર્વોદયવાદ નિર્માણ કરવો છે. વળી આ એક એવો કાર્યક્રમ છે કે, જેમાં બધા પક્ષોના લોકોને સમાન ભૂમિકા ઉપર કામ કરવાની તક મળે છે. આ પ્રબંધ માટે મારો ત્રણ પ્રકારનો દાવો છે: એક તો એ કે, એ ભારતીય સંસ્કૃતિને માટે અનુકૂળ છે. બીજું, એમાં આર્થિક અને સામાજિક ક્રાંતિનાં બી છે. ત્રીજું એ કે, એનાથી દુનિયામા શાંતિસ્થાપનામાં મદદ મળી શકે તેમ છે.

ભૂમિદાહ [સં.] પું. જમીનને દાટવા તે; દફનાવવાની ક્રિયા; જમીનમાં દફનાવવું તે; દફન; જમીનમાં દાટવું તે.

ભૂમિદુર્ગ [સં.] પું. જમીન ઉપર બાંધેલો કિલ્લો. કિલ્લા ચાર પ્રકારના છે. તેમાં પ્રથમ ભૂમિદુર્ગ, બીજો જલદુર્ગ, ત્રીજો ગિરિદુર્ગ અને ચોથો મનુષ્યદુર્ગ છે.

ભૂમિદુંદુભિ [સં.] ન. એક પ્રકારનું વાદ્ય

ભૂમિદેવ ૧. [સં. ભૂમિ (પૃથ્વી) + દેવ] પું. પૃથ્વી ઉપરના દેવ; વિપ્ર; બ્રાહ્મણ; ભૂદેવ.

૨. પું. રાજા.

ભૂમિદોગ્ધા [સં. ભૂમિદોગ્ધૃ] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ભૂમિધર ૧. [સં.] પું. પર્વત.

૨. પું. રાજા.

૩. પું. શેષનાગ.

૪. પું. સાતની સંખ્યા સૂચક સાંકેતિક શબ્દ.

ભૂમિધારક [સં.] પું. ખાતેદાર બેડૂત; કબજાદાર; 'ટેનન્ટ'.

ભૂમિધારિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માહેનું એક નામ.

ભૂમિનંદન ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ. તે મત્તસમવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૬૦ લઘુ મળી ૭૪ વર્ણની ૮૮ માત્રા હોય છે.

૨. પું. (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ. તે પૃથ્વીપુત્ર મનાય છે.

ભૂમિનાગ ૧. [સં.] પું. પૃથ્વીનો સર્પ; જમીન ઉપર રહેતો સાપ.

૨. પું. વર્ષા ઋતુમાં થનો એક જાતનો કીડો; કેંચુઆ.

ભૂમિનાથ જુઓ ભૂમિપ.

ભૂમિનિષ્કૃ [સં.] ક્રિ. પૃથ્વીને વળગી રહેવું.

ભૂમિનિયામક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ભૂમિની [સં.] સ્ત્રી. (પુરાણ) અજમીઢની ચાર મ.હેની એ નામની એક સ્ત્રી.

ભૂમિનીચ [સં.] ન. (જ્યોતિષ) નીચ સ્થાનઃ ચંદની દક્ષાનો પૃથ્વીની બારેમાં બારેનો ભાગઃ ' પેરિગી '.

ભૂમિપ ૧. [સં. ભૂમિ + પ (પાળવું)] પું. ક્ષત્રિય.

૨. પું. જમીનદાર.

૩ પું. રાજા; નૃપ.

ભૂમિપક્ષ [સં.] પું. એક જાતનો ઉત્તમ ઘોડો.

ભૂમિપતિ જુઓ ભૂમિપ.

ભૂમિપતિતા ૧. [સં.] સ્ત્રી. ક્ષત્રિયતા.

૨. સ્ત્રી. જમીનદારી.

૩. સ્ત્રી રાજપણું.

ભૂમિપતિત્વ જુઓ ભૂમિપતિતા.

ભૂમિપતિત્વ ઉત્સાદન અધિકારી [સં. ભૂમિપતિત્વ (જમીનદારી) + ઉત્સાદન (નાશ) + અધિકારિન્ (અધિકારી)] પું. જમીનદારી નાબૂદ કરનાર અધિકારી.

ભૂમિપત્રિકા [સં.] સ્ત્રી. ભોંયપત્રિકા.

ભૂમિપરીક્ષા [સં.] સ્ત્રી. નવું શહેર બાંધવા માટે કરાતી જમીનની તપાસ.

ભૂમિપા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂમિપાત ૧. [સં.] પું એક જાતની વનસ્પતિ.

૨. પું. ભૂમિ ઉપર પડવાની ક્રિયા.

ભૂમિપાલ ૧. [સં.] પું. ક્ષત્રિય.

૨. પું (પુરાણ) દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

૩. પું. રાજા.

ભૂમિપાલક ૧. [સં.] પું. ક્ષત્રિય.

૨. પું પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. રાજા.

ભૂમિપાલિકા [સં.] સ્ત્રી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

ભૂમિપિત્તાશ્મ [સં.] પું. તાનું ગાય.

ભૂમિપુત્ર ૧. પું. (પિંગળ) એક વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ. તે મત્તસમવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૫૬ લઘુ મળી ૭૨ વર્ણની ૮૮ માત્રા હોય છે.

૨. પું. બેડૂત. તે ભૂમિનું સંતાન કહેવાય છે.

૩. પું. (પુરાણ) નરકાસુર.

૪. [સં. ભૂમિ (પૃથ્વી) + પુત્ર (દીકરો)] પું (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ

૫. પું. કદંબનો વૃક્ષ.

ભૂમિપુત્રી [સં. ભૂમિ (પૃથ્વી) + પુત્રી (દીકરી)] સ્ત્રી. (પુરાણ) સીતા; જનકી

ભૂમિપુરંદર ૧. [સં.] પું. દિલીપ રાજાનું નામ.

૨. પું. રાજા.

ભૂમિપૃષ્ઠ [સં.] ન. પૃથ્વીભાગની જમીન; ઉપરની ભૂમિ.

ભૂમિપ્રતિસંચાર [સં.] પું. પ્રત્યાગામી વાહક તરીકે પૃથ્વીનો ઉપયોગ; ભૂમિપ્રત્યાગમન; 'અર્થ રીટર્ન્સ'.

ભૂમિપ્રત્યર્પણ [સં.] ન. જમીન પાછી આપવી તે.

ભૂમિપ્રધાન ખેતી સ્ત્રી. વિસ્તૃત ખેતી; વધુ જમીનવિસ્તાર પાછળ પૈસો અર્પવો તે; 'એક્સટેન્સિવ ફાર્મિંગ'.

ભૂમિપ્રબંધક [સં.] પું. માલિકની ગેરહાજરીમાં ઘરની જમીનની વ્યવસ્થા કરનાર માણસ.

ભૂમિપ્રરોહ [સં.] પું. એ નામની એક જાતની વનસ્પતિ. આ એક નાનુંક અને જમીન ઉપર ઢળેલી શાખા છે. તેના ઉપર સાંબા અંતરે પ્રથિમય ભાગો આવેલા હોય છે. દરેક ગ્રંથિએ એ મૂળો ફૂટે છે. મૂળ છોડમાંથી માંડે માંડે નવા છોડ ફૂટતા જાય છે અને ચોમેર પથરાય છે. વાનસ્પતિક ઉત્પાદન માટે જ આવા ભૂમિપ્રરોહોનું પ્રયોજન હોય છે. આંબેરી, સુનિષણ્ણક, બાલો વગેરે આ જાતની વનસ્પતિ છે.

ભૂમિપ્રલતા [સં.] સ્ત્રી. ભોંયભાકુ નામની વનસ્પતિ.

ભૂમિપ્લેક સ્ત્રી. કૃત્રિમેક; ' હૉર્સ ઑક ', બેડૂતોને જમીન ઉપર પીરવાર કરવા માટે આવી પડેલી એક જર્મનીમાં ઈ. સ. ૧૮૪૯માં બોલવામાં આવી હતી અને તે પછી બીજા દેશોમાં દાખલ થઈ.

ભૂમિભાગ [સં.] પું. જમીનનો અમુક ભાગ; સ્થાન.

ભૂમિભાકું (ભૂમિભાકુ) ન. ભોંયભાકું; ભોંયકુ.

ભૂમિભાર [સં.] પું. પૃથ્વીનો બોજો.

ભૂમિભારભૂત [સં] વિ. પૃથ્વીને બોજારૂપ.

ભૂમિભારહારી [સં. ભૂમિભારહારિન્] વિ. પૃથ્વીનો ભાર હરનાર.

લીલાથી સ્વીકૃત વિવિધ જન્મે,
દેવો સતો લોકમર્યો નિભાવે,
તું હિંસાથી વર્તતા દુષ્ટ મારી,
તારો આ જન્મે ભૂમિભારહારી.

આનવપુષ્પાંજલિ

ભૂમિભારાવતરણ [સં.] પું. પુરુષોત્તમનાં હલ્લર માહેનું એક નામ.

ભૂમિભુજ ૧. [સં. ભૂમિભુજ્] પું. ક્ષત્રિય.
૨. પું. રાજા

ભૂમિભૃત ૧. [સં. ભૂમિભૃત્] પું પર્વત.
૨. પું. રાજા.

ભૂમિભોક્તા [સં. ભૂમિ (જમીન) + ભોક્તૃ (ભોગવનાર)] પું. ખાતેદાર, ખેડવા માટે સરકાર તરફથી જમીન ધારણ કરનાર માણસ; કબ્જાદાર

ભૂમિભોગ [સં.] પું. જેની પાસે બહુ ભૂમિ હોય તેવું રાષ્ટ્ર કે રાજા. પ્રાચીન આચાર્યો ભૂમિભોગના કરતાં હિરણ્યભોગ એટલે જેની પાસે સોનું કે ધન બહુ હોય તેને સારો માનતા; કારણ કે તેને પ્રબંધનો બધ પણ બોજો કરવો પડે છે અને બચ કરવા માટે તેની પાસે ધન પણ પુષ્કળ હોય છે. પરંતુ ગ્રૅટિલ્યે ભૂમિને જ સર્વ પ્રકારના ધનનો આધાર માનીને ભૂમિભોગને જ સાચો ગણેલ છે.

ભૂમિભોગરતા [સ.] સ્ત્રી. નર્મદાનાં હલ્લર માહેનું એક નામ.

ભૂમિમદ [સં.] પું. તમોગુણપ્રધાનને કપડાં વગેરેની ઇચ્છા કરાવનાર મદ.

ભૂમિમંડ [સં.] પું એક જાતની વનસ્પતિ.

ભૂમિમંડપભૂષણા [સં.] સ્ત્રી. એક જાતની સફેદ ફૂલવાળી વેલ

ભૂમિમંડા [સં.] સ્ત્રી. મોગરાનો છોડ.

ભૂમિમાન [સં.] ન. જમીનની માપણી

ભૂમિયા ૧. [હિં.] પું. કોઈ દેશનો પ્રાચીન અને મુખ્ય રહેવાસી.
૨. પું. ગામદેવતા.
૩ પું. જમીનદાર; જમીનનો માલિક.

ભૂમિયાન [સં.] ન. જમીન ઉપર ચાલે તેવું વાહન

જલયાન, ભૂમિયાન, વિમાન, અગ્નિયાન ને વ્યોમયાન આ પાંચ શબ્દો જે પાંચ રીતે આપણે માર્ગબંધનકાર ગણાવતા તેના સૂચક છે- કુમાર

ભૂમિયાવત સ્ત્રી. સામાન્ય તૂટ.

ભૂમિયાવતી પું. બળવાખોરોનો મુખી.

ભૂમિયુ ૧. વિ. પરિચિત; જાણકાર.
૨. વિ. ભૂમિનું; જમિને લગતું.

ભૂમિયો ૧ પું. જમીનદાર; ગરાસદાર, તાલુકદાર.
૨. પું. ભોમિયો; જાણકાર માણસ.

ભૂમિયોગ્યતા બંધન [સ. ભૂમિ (જમીન) + યોગ્યતા (લાયક હોવું તે) + બંધન (મજબૂતી)] ન. જમિનની કસ, ભૂમિશ્રેણીવિભાગ; 'સોઈલ ક્લાસિફિકેશન'

ભૂમિરક્ષ [સં.] પું ચોકો.

ભૂમિરક્ષક ૧. [સં.] પું. તેજ ચોકો.
૨. પું. દેશનું રક્ષણ કરનાર પુરુષ.
૩. વિ. દેશનું રક્ષણ કરનાર.

ભૂમિરસ [સં. ભૂમિ (જમીન) + રસ] પું ગેરુ.

ભૂમિરુહ [સં.] પું. ઝાડ; વૃક્ષ.

ભૂમિરુહા [સં.] પું. એક જાતની વનસ્પતિ; અગોલા.

ભૂમિરેખા [સં.] સ્ત્રી. જેની ઉપર ત્રિકોણની ઉંચાઈ જેની લીટીઓ પડે તે રેખા; આધારરેખા, આધારરેખા; પાયારૂપ રેખા.

ભૂમિરેખાચિત્ર [સં.] ન. નકશો.

ભૂમિલતા [સં.] સ્ત્રી. સફેદ ફૂલની અપરાજિતા નામની વનસ્પતિ.

ભૂમિલતા [સં.] સ્ત્રી. કોંબડપુષ્પી નામની વનસ્પતિ.

ભૂમિલવણ ૧. [સં.] ન. ખારમાંથી નીકળતું મીઠું; સિંધાલૂણ.
૨. ન. સુરોખાર.

ભૂમિલાભ ૧. [સં.] પું. જમીનની પ્રાપ્તિ.
૨. પું. મૃત્યુ.
૩. પું રજાચર મિલકત મેળવવાની ક્રિયા.

ભૂમિલિકા સ્ત્રી. સૌરાષ્ટ્રના ધૂમલી નામના એક પ્રાચીન શહેરનું અસલ નામ. આ નગર પોરબંદરની પાસે બરડા ડુંગરમાં હતું. પ્રાચીન કાળમાં ભૂમિલિકાનું એક સમયે રાજ્ય હતું. હાલમાં તો ત્યાં મહત્તાના ફક્ત ત્રણ અવશેષો રહ્યા છે: દુર્ગની પશ્ચિમ દીવાલ પાસે એક મંદિર, રાજમહેલની કમાન અને નાકળા માટેનો જળકુંડ. ધૂમલી મેર લોકોનું અથવા જેઠવા વંશનું પાંચ સૈકાઓ સુધી પાટનગર હતું. મેર લોકો અથવા જેઠવા ક્ષત્રિયો વલભીના રાજાઓના સમકાલીન હતા, પરંતુ વલભીના વિનાશ પછી મેર લોકોએ સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગ ઉપર પોતાનું શાસન ચલાવવા માટે ધૂમલીને પાટનગર બનાવ્યું હતું ઈ. સ ના દસમા સૈકા સુધી ધૂમલી જેઠવાઓની રાજધાની હોવા જોઈએ ને પછી જેઠવા રાજાઓએ ધૂમલી છોડી પોરબંદર છાયામાં પોતાની રાજધાની સ્થાપી. તોપણ ઈ. સ ની તેરમી સદી સુધી ધૂમલી જેઠવાઓનો મુખ્ય કિલ્લો અને રક્ષણસ્થાન તો હતું જ.

ભૂમિલુઠિત ૧. [સં.] વિ. જમીન ઉપર આળોટતું.
૨. વિ જમીન ઉપર પડેલું, ધરાશાયી.

ભૂમિલુંઠક પું સોગ માહેનો એક વિદ્યાધર.

ભૂમિલેપ ૧. [સં.] પું. સોનાનું ગાવનું ઘાણ.
૨. પું લીંપણની ક્રિયા.

ભૂમિલેપન ૧. [સં] ન. છાણ.
૨. ન. લીંપવાની ક્રિયા.

ભૂમિવર્ગમૂલ્યપત્રક ન. વર્ગવાર પત્રક; તારતમ્ય પત્રક

ભૂમિવર્ગીકરણ [સં.] ન. બાગ બાત.; ભૂમિશ્રેણી વિભાગ; પ્રત બાતા; ભૂમિયોગ્યતા બંધન

ભૂમિવર્ધન ૧. [સં.] ન. મુકદ્દમ, કામ; કારા.
૨. વિ. જમીન વધારનાર.

ભૂમિવલ્લી ૧. [સં.] સ્ત્રી. ભોંયઆંબલી.
૨. સ્ત્રી. મીઠીબાવળ.

ભૂમિવાત [સં. ભૂમિ (પૃથ્વી) + વાત (પવન)] પું. જમીન તરફથી દરિયા તરફ વાતો પવન; 'લૅંડ બ્રીઝ'.

ભૂમિવિક્રય [સં.] પું. જમીનનું વેચાણ.

ભૂમિવિન્યાસ [સં] ન. નવું શહેર બાંધવા માટે કરવામાં આવતા જમીનના વિભાગની ગોઠવણી.

ભૂમિવિલયન [સ.] ન. જમીનનો ધસારો.

ભૂમિવિશેષવિનિયોગપત્રક [સં] પું. પુરુષોત્તમના હલ્લર માહેનું એક નામ.

ભૂમિવૃત્તિ ૧. [સં. ભૂમિ (જમીન) + વૃત્તિ (આજીવિકા)] સ્ત્રી. ચાકરીના બદલામાં આપેલા જમીન.
૨. સ્ત્રી. જમીનનું દાન.
૩. સ્ત્રી. વતનમાં ઇનામ દાખલ આપેલ જાગીર.

હરે પછી જે કોઈ સામંતને **ભૂમિવૃત્તિ** પ્રદાન કરવામાં આવે તેના દાનપત્ર પર રાજાના હસ્તાક્ષરની ઉપર ચન્દ્રના બરાબર ચિહ્ન કરવામાં આવે. રતિલલિતાભ પંચા

ભૂમિવ્યવસ્થા [સં.] સ્ત્રી. જમીનની આકારણી.

ભૂમિશય ૧. [સં.] પું. જંગલી ઇન્દુર.
૨. પું. પૃથ્વી ઉપર રહેતું અને તે જનાવર.
૩. પુ ખાળક
૪ વિ. પૃથ્વી ઉપર સૂનાર.

ભૂમિશયન ૧. [સં.] ન. જમીન ઉપર સૂવું તે
૨. ન ખાળક

ભૂમિશય્યા ૧. [સં] સ્ત્રી. જમીન ઉપર સૂવું તે.
૨. સ્ત્રી. પૃથ્વીની સ્વામી; ભૂમિપથારી.

ભૂમિશાયી ૧ સં. ભૂમિશાયિન્ ' વિ. જમીન ઉપર સૂતેલું.
૨. વિ. જમીનદોસ્ત થયેલ.
આમલપુરના કિલ્લો હસ્તગત કરવો યા તેને ભૂમિશાયી કરવો એવી તુમરવની પ્રબળ ઇચ્છા હતી. મહિલારોપ્ય

ભૂમિશુદ્ધીકરણ [સં.] ન. ક્ષેત્રોદ્ધરણ; જમીનને સુધારવી તે

ભૂમિશોધક [સં.] પું. દુનિયામાં નવા દેશોની શોધ કરનાર માણસ.

ભૂમિશોધન [સં.] ન. જમીન શુદ્ધ કરવી તે.
ઘર કરતાં પહેલા ભૂમિશોધન કરી શલ્ય કાઢવું અવશ્યનું છે. રાજ્યલક્ષ્મી

ભૂમિશ્રાંતિ [સં.] સ્ત્રી. જમીનનું શોષણ; જમીનનો નાશ કે ક્ષય.

ભૂમિશ્રેણિવિભાગ જુઓ ભૂમિશ્રેણીવિભાગ.

ભૂમિશ્રેણીવિભાગ [સં.] પું. ભાગ આના; પ્રત આના; ભૂમિવર્ગીકરણ; ભૂમિયોગ્યતા અંકન.

ભૂમિશ્રેષ્ઠ [સં.] વિ. ઉમદા ભૂમિ; પવિત્ર ભૂમિ.
ભૂમિશ્રેષ્ઠ પ્રિય ભારત ! નિવાસીઓ ત્હારા આશ્લેષ આજે કુંડમે લગ્ના લાગે છે.
નાનાલાલ

ભૂમિષ્ઠ ૧. [સં.] ન. ભૂમિદાનરૂપી યજ્ઞ.
૨. વિ. પૃથ્વી ઉપર રહેલ.
૩. વિ. ભૂમિ ઉપર પડેલું.

ભૂમિષ્ઠપરમાનંદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ભૂમિસત્ર [સં.] ન. પૃથ્વીના દાનરૂપ યજ્ઞ.

ભૂમિસમાધિ [સં.] સ્ત્રી. કુલ ક્ષેત્રફળ.

ભૂમિસત્ય [સં.] સ્ત્રી. એક જાતનો યજ્ઞ.

ભૂમિસર્પ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. સાપનું ઝાડ.

ભૂમિસંગ્રહ [સં.] પું. નવું ઘર બાંધવા માટે સ્થળ પસંદ કરવાપણું.

ભૂમિસંચારી વિ. (જૈન) ભૂમિ ઉપર ફરનારું.

ભૂમિસંધિ ૧. [સં.] સ્ત્રી. અમુક ભૂમિભાગ આપીને શત્રુ સાથે કરેલી સંધિ. ઐતિહ્યે સાબેત છે કે: આ સંધિમાં શત્રુને જોરી ભૂમિ આપવી જોઈએ કે જે પ્રસારેલા હોય, એટલે કે જના ઉપર શત્રુ અથવા અસમર્થ અને અશક્ત લોકો વસતા હોય અથવા જેના વહીવટમાં ધન અને મનુષ્યનો વ્યય બહુ થયો હોય.
૨ વિ. પરસ્પર મળીને અમુક ભૂમિ પ્રાપ્ત કરવા માટે કરેલી સંધિ

ભૂમિસંપત્તિ ૧. [સં.] સ્ત્રી. જમીન.
- જો સ્થાવર મિલકત

ભૂમિસંપાદન [સં.] ન ભૂમિગ્રહણ

ભૂમિસંપાદન નિર્બંધન [સં.] પું જમીનસંપાદન નિયમ; ભૂમિગ્રહણ નિર્બંધ; ' લેન્ડ એક્વિઝિશન એક્ટ '.

ભૂમિસંભવ ૧. [સં. ભૂમિ (પૃથ્વી) + સંભવ (પુત્ર)] પું. (પુરાણ) નરકાસુર.
૨. પું (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ.
૩ વિ. જમીનથી પેદા થનાર.
૪. વિ. જમીનમાં પેદા થનાર.
૫. વિ. પૃથ્વી ઉપર ઉત્પન્ન થનાર.

ભૂમિસંભવા [સં. ભૂમિ (પૃથ્વી) + સંભવા (પુત્રી)] સ્ત્રી. (પુરાણ) જનકની વૈદેહી; સીતા.

ભૂમિસંલગ્ન [સં.] વિ. જમીન સાથે જોડાયેલું.

ભૂમિસંસ્પર્શ [સં.] પું. (જૈન) હાથથી ભૂમિને છબવી તે.

ભૂમિસાત્ ૧. [સં.] અ. જમીનમાં ઘરીને.
૨. અ. ઓવારવું કરીને; પાડી નાખીને.

ભૂમિસાર [સં.] પું. ખાતર; ખાણ.

ભૂમિસાંકલ્ય [સં.] ન. કુલ ક્ષેત્રફળ.

ભૂમિસુત ૧. [સં.] પું. કૌંચ.
૨. પું. ઝાડ; વૃક્ષ.
૩. પું. (પુરાણ) નરકાસુર.
૪. [સં. ભૂમિ (પૃથ્વી) + સુત (પુત્ર)] પું (જ્યોતિષ) મંગળ ગ્રહ; અહિબાલ; કુજ.
કુજ અંગારક ભૂમિસુત લોહિતાંગ અહિબાલ.
મંગલ સમ જ્યાં ત્યાં ઉદિત રાખ્યા દીવા લાલ.
વિનયચન્દ્રસૂરિ.

ભૂમિસુતા [સં.] સ્ત્રી. (પુરાણ) જનકી; સીતા.

ભૂમિસુધારણા સ્ત્રી. વૈજ્ઞાનિક સાધનો દ્વારા ભૂમિ સુધારણી તે. વૈજ્ઞાનિક સાધનો દ્વારા ભૂમિ સુધારણાનો પ્રયોગ હમણાં હમણાં સફળતાથી ભારતમાં થઈ રહ્યો છે. આ અભ્યાસથી પ્રજાકીય સરકારે અણખેડાયેલી નિરુપયોગી જમીનને મોટાં મોટાં યાંત્રિક હળોથી ફળદ્રુપ વાડીઓમાં બદલાવી નાખી છે. પ્રજાબળમાં આવી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી સુધારેલી જમીનનો દરેક એકર દીઠ ઓછામાં ઓછા આઠ મણ ઘઉંનો પાક ઉતારેલ છે. આ જમીન ઉપરથી અરીઠ પાક કરતાં રવી પાક વધારે અને સારો ઊતરે છે. તે જમીનમાં ઘઉં, ચણા, અને અમેરિકન કપાસ ઉગાડવામાં આવેલ છે અને આખરે વચ્ચે દરેક એકર દીઠ ચાર મણ રૂ ઊતરેલ છે. આ પગલું બહુ સ્તુત્ય અને પ્રશંસનીય છે; પણ એક એવો પક્ષ મત છે કે, યાંત્રિક બળ ને વૈજ્ઞાનિક ખાતરથી ઊંચટે જમીન રસકસ વિનાની થઈ જાય છે, માટે જ્યાં જ્યાં જરૂરિયાત હોય ત્યાં જ યાંત્રિક બળ ને વૈજ્ઞાનિક ખાતર વાપરવા જોઈએ.

ભૂમિસ્પૃક્ [સં.] પું. બ્રાહ્મણ.

ભૂમિસ્પૃચિ [સં.] સ્ત્રી. પોતવણી; બંડાંક સૂચિ; મટરહ્યા.

ભૂમિસેન [સં.] પું. (પુરાણ) દશમ મનુનો એ નામનો એક દીકરો.

ભૂમિસ્તોમ [સં.] પું. એક દિવસમાં પૂરો થતો એક જાતનો યજ્ઞ.

ભૂમિસ્થ ૧. [સં.] વિ. જમીન ઉપર પડેલું.
૨. વિ. જમીન ઉપર મૂકેલું.

ભૂમિસ્થિત જુઓ ભૂમિસ્થ.

ભૂમિસ્થિતા [સં.] સ્ત્રી. નર્મદા નદી માહેનું એક નામ.

ભૂમિસ્નુ [સં.] પું. પૃથ્વીનો ધણી.

ભૂમિસ્પર્શ [સં.] પું. ઉપાસના કરવું બૌદ્ધ લોકોનું એક આસન; વજ્રાસન.

ભૂમિસ્પર્શમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) બુદ્ધ પ્રતિમાની એક મુદ્રા. ભગવાન બુદ્ધે બૌદ્ધ ધર્મમાં બુદ્ધત્વ પ્રાપ્ત કર્યા પછી ભૂમિ દેવીને સાક્ષી માટે બોલાવ્યા હતાં, તે આ મૂર્તિમાં બતાવવામાં આવેલ છે. ભગવાન બુદ્ધદેવ પદ્માસન વાળી બેઠા છે તમા જમણો હાથ નીચેની તરફ લટકતો રાખવામાં આવેલ છે. હાથની હથેળી પણ ભૂમિ તરફ રખાયેલ છે

ભૂમિસ્પૃશ ૧. [સં. ભૂમિસ્પૃશ્] પું. ચોર.
૨. પું. માણસ.
૩. પું. માણસજાત.
૪. પું. વૈશ્ય.
૫. વિ. આખું.
૬. વિ. બધું.

ભૂમિસ્ફોટ [સં.] પું. બિયાંહીનો રોપ.

ભૂમિસ્વાર્થ ૧. [સ] પું. જમીનદારી સ્વાર્થ.
૨. પું ભૂમિસ્વામિ; ભૂમિસ્વત્વાધિકાર.

ભૂમિહર [સં. ભૂમિગૃહ] ન. (બા. પ્ર.) ભોંયરું.

ભૂમિહરિ ન. ભૂમિગૃહ; ભોંયરું; ભગોલ
રત્નજડિત દીઠી ભૂમિહરિ. કાન્હડદેપ્રબંધ

ભૂમિહર્તા [સં ભૂમિહર્તૃ] પું. પુરુષોત્તમનાં દસ્તર માંહેનું એક નામ.

ભૂમિહાર ૧. જી બિહાર અને સયુક્ત પ્રાંતમાં વસતી એ નામની એક જાતિ. આ જાતિના લોક પોતાને બ્રાહ્મણો માંહેના હોવાનું જતાવે છે અને પોતાની જાતિને બ્રાભન કહે છે. આ જાતિની ઉત્પત્તિના સબંધમાં અનેક પ્રકારની વાતો ચાલે છે. કેટલાક લોકો કહે છે કે, જ્યારે પરશુરામે પૃથ્વીને નક્ષત્રો કરી, ત્યારે જે બ્રાહ્મણોને રાજ્યનો ભાર સોંપ્યો હતો, તેના વશના આ ભૂમિહાર કે બ્રાભન છે. કેટલાક લોકોનું કહેવું છે કે, મગધના રાજા જરાસંધે પોતાના વશમાં એક લાખ બ્રાહ્મણોને બોલાવ્યા હતા, પરંતુ જ્યારે એટલી સંખ્યામા બ્રાહ્મણો ન મળ્યા, ત્યારે તેના એક મંત્રીએ ક્ષોટી કે દલકી જાતિના બચ્ચા લોકોને યજ્ઞોપવીત પહેરાવીને મોકલ્યા હતા અને તેનાં સંતાન આ લોકો છે. આ જાતિના બ્રાહ્મણોમાં યજન યાજન વગેરે કર્મોનો બિલકુલ અભાવ દેખવામાં આવે છે અને પણ ભાગે ક્ષત્રિયોની અનેક વાતો તેમનામાં બળી આવે છે. આ લોકો દાન નથી લેતા અને ખેતીવાડી કે નોકરી કરીને પોતાનો જીવનનિર્વાહ કરે છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. સ્ત્રિ. એ નામની જાતિનુ.

ભૂમિહિંસાનિવેદન [સ.] ન. કબાલેલી ભૂમિનું પત્રક.

ભૂમિહીન [સં.] પું. એક માટે જમીન ન હોય તેવો બેડૂતવર્ગનો માણસ. જુઓ ભૂમિદાસ.

ભૂમિંજય [સં.] પું વિરાટ રાજાનો એ નામનો એક પુત્ર.

ભૂમી ૧. જી (વહાણવટું) ખોખો
૨ જુઓ ભૂમિ ૨–૨૨.

ભૂમીંદ્ર [સં. ભૂમિ (પૃથ્વી) + ઇંદ્ર (ધણી)] પું. રાજા.

ભૂમુખ [સં. ભૂ (જમીન) + મુખ (મોઢું)] ન. જમીનમા પડેલી ફાટ; ચિરાડ; મોટું બાકોરું.
અસંખ્ય જગ્યાએ મોટી મોટી ચીરા અને ભૂમુખો પણ તેમાંથી દરરોજ બાર કૂટ જેટલા પાણી ઘરમાં આવ્યાં. અહલ્યાદેવ ડેસાઈ

ભૂમેરા જી. ગરમ રાખ.

ભૂમેશ પું. પ્રભુ; પરમેશ્વર.

ભૂમૌતિક [સં.] સ્ત્રિ. ભૂમિતિને લગતું.

ભૂમ્યન્ડેશ પું. વિષ્ણુ પુરુષના ભેદ.

ભૂમ્ય [સ.] સ્ત્રિ. પૃથ્વીને લોગ; પૃથ્વી સબંધી

ભૂમ્યધિકારી ૧. [સ. ભૂમિ (પૃથ્વી) + અધિકારિન્ (સત્તાવાન)] પું. પૃથ્વીનો રાજ્યાધિકારી
૨. સ્ત્રિ. જમીન ધરાવનાર.

ભૂમ્યવલક્ષાર પું. ભોંયમાંહેલી.

ભૂમ્યવહૃત્તિ [સં.] સ્ત્રિ. જમીન ઉપર આગોટતું.

ભૂમ્યંતર [સં.] પું. પોતાના દેશની પાસેના દેશના રાજાઓનો શત્રુ.

ભૂમ્યંતર્ગત [સં.] સ્ત્રિ. ભૂમિગત; જમીન અદરનુ

ભૂમ્યંતર્વર્તી [સં. ભૂમિ (જમીન) + અંતર્વર્તિન્ (અદર રહેનારું)] સ્ત્રિ. પૃથ્વીની અદર આવેલું.
બીજા પ્રકારના ખનિજદેહોનાં **ભૂમ્યંતર્વર્તી** રમણીય અને સુદર નમૂના આવેલા છે.
બૃહત્સમહળી

ભૂમ્યા ૧. પું. ગામદેવ.
૨. પું. જમીનનો માલિક
૩. પું. ઢાંગા વખતનો રહીસ.
૪. પું. વાળ અને ઝેરિલાવાળો મગ્રો સર્પ.

ભૂમ્યાકાર [સં.] પું. જમીનનો ઘારો.

ભૂમ્યાકૂલી [સં.] જી. અપરાજિતા નામની વેલ.

ભૂમ્યામલકી [સં. ભૂમિ + આમલકી] જી. એ નામની એક વનસ્પતિ; ભોંયઆંબળી.

ભૂમ્યાલીક ૧. [સં ભૂમ્ય (પૃથ્વી સંબંધી) + અલીક (જૂઠું)] પું. (જૈન) ક્રોધની જમીનને પોતાની બતાવવી તે.
૨. પું. ધરતી સબંધી મિથ્યા ભાષણ.

ભૂમ્યાસન ૧. [સં. ભૂમિ (પૃથ્વી) + આસન (બેઠક)] ન. જમીન ઉપરની બેઠક.
૨. સ્ત્રિ જમીન ઉપર બેઠેલું.

ભૂમ્યાહ્લાદ [સં.] ન. એક જાતનો છોડ, બેતુલ

ભૂમ્યુચ્ચ [સં. ભૂમિ + ઉચ્ચ] ન. (જ્યોતિષ) અપભૂ; ચદ્રની કક્ષાનો પૃથ્વીથી દૂરમાં દૂર આવતું ચંદ્રની કક્ષા માંહેનું પૃથ્વીથી છેટામાં છેટું બિંદુ.

ભૂમ્યૈકવાદી [સં. ભૂમ્યેકવાદિન્] સ્ત્રિ. ભૂમિ ઉપર મહેનત કરી મુજરાન ચલાવવું જોઈએ એવો મત ધરાવનાર.

ભૂયજ્ઞ [સ.] પું. ભૂમિદાન માટે જમીન આપી દેવારૂપી યજ્ઞ
આચાર્ય વિનોબા ભાવેને તેઓ વધારી રહ્યા પછી અત્યાર સુધીમા ૧૮૭૬ એકર જમીન ભૂયજ્ઞમાં મળી છે. વૈદેમાતરમ

ભૂયણ [હિં] જી. પૃથ્વી.

ભૂયન ૧. પું. ગામડાનો પટેલ.
૨. પું સરકારી અમલદાર

ભૂયસ્ત્વ ૧. [સ.] ન. પુષ્કળતા; બહુ હોવાપણું, અતિશયતા, બહોળપણું.
૨. ન. પ્રાધાન્ય.

ભૂયઃ ૧. [સં ભૂયસ] સ્ત્રિ. ઘણું.
૨ સ્ત્રિ, વધારે અગત્યનુ
૩ સ્ત્રિ, વધારે મોટું.
૪. સ્ત્રિ, વધારે સંખ્યાવાળુ.
૫. ક્રિ. અખત
૬. ક્રિ સ્વરૂઢ
૭. અ. વધારે.
૮. ન. વળી, ફરીથી.
૯. અ. વારંવાર.

ભૂયિષ્ઠ ૧. [સં.] પું. સભાસદ.
૨. ન. બહુમતી; મોટો ભાગ.
૩. સ્ત્રિ. અગત્યનું; મુખ્ય.
૪. સ્ત્રિ પુષ્કળ; અતિશય; બહુ; બહુવિધ; અધિકતમ.
૫. સ્ત્રિ. ફરી ફરી કરેલું.
૬. સ્ત્રિ. બહુ મોટું.

ભૂયિષ્ઠમત [સં.] પું. બહુમત; બહુમત.

ભૂરી જુઓ ભૂરણ.

ભૂરુજા જુઓ ભૂમિબહુરિકા.

ભૂયોદર્શન [સં.] ન અનેક વાર દેખાવું તે.

ભૂયોદર્શનજનિત જુઓ ભૂયોદર્શનલબ્ધ.

ભૂયોદર્શનલબ્ધ [સં.] સ્ત્રિ. અનુભવસિદ્ધ; અનુદર્શનસિદ્ધ. ' એક્સ્પિરિ '.

ભૂર ૧. પું. દમામદાર માણસ; ભોગો માણસ; અક્કલ માણસ.
આપને શું બળ્યા ભૂર,
જે ઘરમાં હતે તે ઘર. અખો
૨. પું. નવરાત્રિમાં છોકરીઓથી કાઢવામા આવતી ચંદન તથા કંકુની પિષ્ણ.
૩. પું. રાક્ષસ.
૪. પું. રીંગ.

૫. પું. શિયાળાની ઋતુમાં વાતો પવન; ઉત્તર તરફથી આવતો પવન. તેનાથી ઠંડાપી અને જમીનની બીનાઉ સુસાર્ઈ જાય છે અને લોકોને ભખ લાગે છે.
૬. પું. સાત માહેનો એ નામનો એક લોક.
૭. સ્ત્રી. એક જાતની ગાય.
૮. સ્ત્રી. પૃથ્વી; કુદરતી; ફોતરી.
૯. સ્ત્રી. દાન; દક્ષિણા; ભરસી; સમયમાં હસ્તમેળાપ વખતે કન્યાપક્ષને જનોઈ દીઠ ભરી પડતી આપેલી દક્ષિણા.
૧૦. સ્ત્રી. શક્તિ; બળ.
૧૧. ન. પૃથ્વી; ધરતી, જમીન.
૧૨. ન ખાડું; ઠર.
૧૩. વિ. અણસમજુ; મૂર્ખ; ભોથા; અજાણી. બોટ.
૧૪. વિ. ઉન્મત્ત.
૧૫. વિ. કામનાવાળું; વાસનાવાળું.
૧૬. વિ. ખણ, બહુ; અત્યંત.
૧૭. વિ. કાચું; કાની.
૧૮. વિ. નામશેષ.
૧૯. વિ. મૂઢ.
૨૦. વિ. ખુચ્યું; બગાડ કામ પૂર્ણ.
૨૧. વિ. ભમ; બેગાકાળું; ગભરાયેલું.
૨૨. વિ. ગરુ.
૨૩. વિ. સાબરણ.
૨૪. વિ. ઉમરું.

ભૂરઠ ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભૂરઠવું ૧. સ. ક્રિ. ભરાઠવું; બી જવું; ચોંકવું.
૨. અ. ક્રિ. સુકાઈને ખૂબ થાય તેવું થઈ જવું.
૩. સ. ક્રિ. ઉતરવું; ડરવું; ભરમાવવું.
૪. સ. ક્રિ. ભભરાવવું.
૫. સ. ક્રિ. ખૂચવું.
૬. સ. ક્રિ. મંત્રમુગ્ધ કરવું; મોહ લગાડવો; મંત્રતંત્રથી વશ કરવું; ભ્રમિત કરી દેવું; પોતે કરે તેમ સામો માણસ કરે એમ બનાવવું. બીજાને દેખે કે સાંભળે નહિ, માત્ર એક જણને જ દેખે, સાભળે, માને એમ થેલું કરવું.

ભૂરઠાવું અ. ક્રિ. ભૂરકવાની ક્રિયા થવી; ભૂરકાય એમ થવું.

ભૂરડાં ન. બ ક. સ્ત્રીઓ.

ભૂરકી ૧. સ્ત્રી. અનાજ ભરવાની નાની કોઠી.
૨. સ્ત્રી. એક જાતે બીલ્લની ઉપર ફિદા ફિદા થઈ રહેવું તે; બીલ્લને સર્વસ્વ માનવું તે.
૩. સ્ત્રી. કાલું.
૪. સ્ત્રી. પેટાને થતો એક જાતનો રોગ.
૫ સ્ત્રી જમીનનું માપ.
૬ સ્ત્રી. ભાલમત્ર.
૭. સ્ત્રી. નાની કુહાડી.
૮ સ્ત્રી. પાણીનો નાનો હોજ.
૯ સ્ત્રી. ભમક; ચગકાટ.
૧૦. સ્ત્રી. મતરેલી ભરમ; વશ કરે એવી મનાવાળી મંતરેલી રજ કે ભરમ; જેના ઉપર નાખે તે નાખનારના ઉપર મોહ પામી તેના તરફ બાય એવી જાતની બુકી.

ભરકી નાખવી-ભભરાવવી = મોહમત્રથી વશ કરી લેવું; પોતામાં પેલું કરવું; ભ્રમિત કરી નાખવું; ભોગવવું; મોહિત કરવું; મોહિની લગાડવી; ફિદા કરવું; વશીકરણ કરવું.

૧૧. સ્ત્રી. મૂરકો, કાનની પાટમાં પહેરવાનું એક ઘરેણું.
૧૨. સ્ત્રી. મોહિની; પેલું લગાડવું તે

ભૂરકીવાળું વિ. મોહિત; ભ્રમિત; ભોગવાયેલું; જેના ઉપર ભરકી નખાઈ હોય તેવું.

ભૂરખી વિ. જૂઓ.

ભૂરચના ૧. [સં.] સ્ત્રી. પૃથ્વીની રચના; જમીનની રચના.
૨ સ્ત્રી. ભૌમોલિક સ્થિતિ.

ભૂરચનાવાદ [સં.] પું. ભૂસ્તરવિદ્યા; જમીનની રચના તથા બનાવટને લગતી વિદ્યા.

ભૂરજ ૧. [સં. ભૂ (જમીન) + રજસ્ (ધૂળ)] પું. પૃથ્વીની ધૂળ; માટી.
૨. પું. ભોજપત્રનું ઝાડ.

ભૂરજપત્ર પું. ભોજપત્ર.

ભૂરડ વિ. જૂઓ.

ખીજડ ઝાડ ને ભૂરડ ખાડ, ઉંટો નીર અથાડ; દોહો પૂરો આકને, (ચારો) એવડો દશ કામડ.
દાતારાકનો દુહો

ભૂરટી સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં ફળ ચણાની દાળથી નાનાં અને ઉપર ચાંડો અણીવાળા કાંટા હોય છે. આ છોડ ઢોર ખાય છે.

ભૂરટો પું. એક પ્રકારનો છોડ. એનાં પાન ઘા રૂઝવવામાં વપરાય છે.

ભૂરું (ભરું) વિ. પીંજણાં રુવાંટાવાળું; ભૂરા રુવાટાવાળું.

ભૂરલું જુઓ ભૂરું.

ભૂરસ પું. એક જાતનું ઘાસ. તે ચોમાસામાં થાય છે.

ભૂરતિ [સં.] પું કૃશાશ્વનો એ નામનો એક પુત્ર.

ભેદપ્રત્યય ૧. [સં.] વું. જુદાપણાની ખાતરી.
૨. વું. દ્વૈતવાદમાં માનવું તે.
૩. વું. સર્વ ચરાચર ઈશ્વરરૂપ છે એવા વેદના પ્રતિપાદનથી વિરુદ્ધ જ્ઞાન.

ભેદપ્રધાન [સં.] વિ. જેમાં ભેદ મુખ્યપણે હોય એવું.

ભેદપ્રભેદ વું. જાત અને ઉપજાત; પ્રકાર અને ઉપપ્રકાર; આમ અને પેટા આમ; ભેદ અને ઉપભેદ.
મત્સ્યાદિક પણીના શાસ્ત્રકારોએ પુરાણ અસલાની બાબતોનો અને તેના **ભેદપ્રભેદ** ઉદાહરણ સહિત ઘોડાપણું ફેરફાર કરીને લીધેલ છે. કોમુદી

ભેદપ્રિયતા [સં.] સ્ત્રી. ભેદ ઉપરની પ્રીતિ.

ભેદબુદ્ધિ ૧ [સં.] સ્ત્રી જુદાપણું; ભેદભાવ.
માયા બહુરૂપી અસત્ય આત્મમ..
ભેદબુદ્ધિ સત્યેક તણી આ,
નિશ્ચય સુજ્ઞ વણી પાણી સ્પર્શે,
જેવતંત્ર તેને ભગવત જાણીએ. ભ.મીરાંબાઈ પદ ૧૭૫

૨. સ્ત્રી ભિન્નતા પારખવાની શક્તિ.
૩. સ્ત્રી વિવેકબુદ્ધિ.

ભેદભર્યું વિ. ભેદથી ભરપૂર.

ભેદભાવ ૧. [સં.] પું. જુદાઈ. અંતર; જુદાપણું; ભિન્નતા.
૨. પું તફાવતની લાગણી; ભેદની લાગણી. વિદ્યાવિજયજી મહારાજ કહે છે કે, વેદધર્મી વેદ નહિ માનનારને નાસ્તિક કહે છે. જૈનો અર્હંતને નહિ માનનારને મિથ્યાદૃષ્ટિ એટલે નાસ્તિક માને છે. સ્વામી પંચવાળા પોતાના મતને નહિ માનનારને કુમતી યા નાસ્તિક કહે છે. વૈષ્ણવ મતવાળા કહે છે કે, જેઓ વિષ્ણુભક્ત નથી તે બધા અન્યાત્રથી એટલે નાસ્તિક છે. આર્યસમાજ કહે છે કે, આર્યસમાજ નહિ તે બધા અનાર્ય. સનાતની કહે છે કે આર્યસમાજ નાસ્તિક છે. હિંદુઓ મુસલમાનને મ્લેચ્છ કહે છે અને મુસલમાનો હિંદુઓને કાફર કહે છે. આ રીતનો અલગાવ, લગાર્ય, ટંટા અને હિંસાદ ઝેરબીજોને નાસ્તિક કહેવા તે આજે હિંદુસ્તાનની બરબાદીનું કારણ બની રહેલ છે. મોટા મોટા ધર્મોમાં પણ અંદર અંદર પણ ભેદ પડેલ છે એક જૈન સમાજમાં શ્વેતાંબર, દિગંબર, તેરાપંથી, બારાપંથી એવા ભેદ છે. શ્વેતાંબરમાં મૂર્તિપૂજક, અમૂર્તિપૂજક, બારાપંથી, તેરાપંથી એવા ભેદ છે. મૂર્તિપૂજકોમાં અચલગચ્છ, તપાગચ્છ, પાયચંદગચ્છ, અંચલગચ્છ વગેરે ગચ્છ છે. તપાગચ્છમાં પણ ભિન્ન ભિન્ન સમાચા છે અને વપારે બનતા ભાવ છે. પોતે જેને માને તેની આજ્ઞામાંથા બધા ધાર્મિક અને બાકી બધા અધાર્મિક એવું કહી ન બની શકે.
૩. પું. બુદ્ધાઈ; પ્રપંચ; ઊતરપિડી; કપટ.
૪. પું. વિષમતા; અસમાનતા.

ભેદભાવના [સં.] સ્ત્રી. તફાવતની લાગણી; ભેદભાવ; ભેદની લાગણી.

ભેદમયી વિ. ભેદભર્યું.

ભેદમૂલક [સં] વિ. ભેદનીય; ભેદજન્ય.

ભેદરડા (ભેદરડા) ૧ સ્ત્રી. આહીરોની એ નામની એક અટક.
૨ ન એ નામની અટકનું માણસ.
૩ વિ એ નામની અટકનું

ભેદરેખ જુઓ ભેદરેખા

ભેદરેખા સ્ત્રી. મર્યાદારેખા; હદ બતાવનારી લીટી.

ભેદવચન ૧. [સં.] ન. કહેવાનું પણ કરવાનું નહિ, જેવું કપટવચન, ગૂઢ વચન.
૨. ન. સમરથા.

ભેદવાણી [સં.] સ્ત્રી. મર્મિત વચન; સાંકેતિક વાણી.
દા., સમજાઈ એ ભેદવાણી,
જ્યાં મરી બીજી પામ. જયાજયંત

ભેદવાદ ૧. [સં.] પું (વેદાંત) ઈશ્વર અને જીવ જુદા હોવાનો મત
૨. પું. (જૈન) જીવ અને દ્રવ્યના ભેદવાળો મત.

ભેદવાદી ૧. [સં. ભેદવાદિન્] પું. દ્વૈતવાદમાં માનનાર માણસ.
૨. વિ. (જૈન) જીવ અને દ્રવ્યનો એકાંતભેદ માનનાર
નૈયાયિક આદિ **ભેદવાદી** દર્શન જે જીવ અને દ્રવ્યનું, એકાંતભેદ માને છે, એમના મત પ્રમાણે સર્વથા અવિદ્યમાન દ્રવ્યમાં જીવોનું ઉત્પન્ન થવું તથા નષ્ટ થવું એવો પરિણામનો અર્થ ઘટિત થાય છે. તત્ત્વાર્થસૂત્ર
૩ વિ. ભેદવાદને માનનાર. તેમાં આસ્તિક મુખ્ય મનાય છે.

ભેદવાયુ [સં.] પું (વૈદક) બૉંતી માંહેનો એક પ્રકારનો વાયુરોગ. તેમાં સોય ભોંકાવા જેવી પીડા થાય છે.

ભેદવાર્તા [સં] સ્ત્રી. જેમાં કંઈક ભેદભરમનું નિરૂપણ હોય એવી વાત; ભમ્મરી વાર્તા; ' ડીટેક્ટિવ સ્ટોરિ '.
સાહિત્યસૂચિમાં **ભેદવાર્તાનું** (ડીટેક્ટિવ સ્ટોરિનું) સ્થાન જરા કદરૂ છે. વિજયરાય કલ્યાણરાય

ભેદવાસના સ્ત્રી. ભેદરૂપ વાસના; વિકલ્પ પરિણામ.

ભેદવિજ્ઞાન ૧. [સં.] ન. (જૈન) આત્મા અને જડની જુદાઈનું જ્ઞાન.
૨. ન. ભેદ જાણવો તે.

ભેદવિધિ [સં.] સ્ત્રી. વિવેકબુદ્ધિ.

ભેદવિભેદ જુઓ ભેદપ્રભેદ.

ભેદવું ૧. [સં. ભિદ્ (ભેદ્યુ)] અ. ક્રિ. અંદર પેસવું
૨ સ ક્રિ. અંદર પેસી જુદું પાડવું
૩ સ ક્રિ. કાપવું; તોડવું. ફોડવું. ચીરવું.
૪ સ ક્રિ. ભણવું; ભણી જવું.
૫ સ ક્રિ. ભેદમાં ગોઠી અસર કરવી; હદય વિદારવું નાખવું.
૬. સ ક્રિ. પ્રસાર થવું. વળોટવું.
હૃદય ભેદ્યું = હૃદયમાં આરપાર જવું
૭. સ. ક્રિ. લાગુ પડવું
૮. સ. ક્રિ. ફાટ પાડવો; ફાટવું; ભેદવું; ભેદ પાડવું. ખોખીને આરપાર જવું. ચીરવું; ફોડવું.

ભેદબુદ્ધિ [સં.] સ્ત્રી. ભેદ ભરેલું વલણ.

ભેદબુદ્ધિ [સં.] સ્ત્રી. દ્વેષનો વધારો; ભિન્નતાનો વધારો.

ભેદશક્તિ [સં.] સ્ત્રી. દ્રવ્યપ્રેય જણવાની શક્તિ; ઉત્તમ મહાભોમાં હોતી બાર માહેની એક પ્રકારની શક્તિ. આ શક્તિ ધરાવનારો મહા દ્રવ્યપ્રેય જણી શકે અને સામાને જીતી શકે.

ભેદશક્ય ૧ [સં.] વિ. પ્રવેશવાલીય; પેસવા યોગ્ય.

૨ વિ. ઉકેલવા જેવું; ભેદી શકાય એવું.

ભેદશૂન્ય [સં.] વિ. ભેદ રહિત દૃષ્ટિવાળું; ભેદબુદ્ધિ રહિત.

ભેદસંવેદન [સં] ન. જુદાઈ હોવાની સમજણ.
આ આત્મા અજ્ઞાની થકો થકો અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિશ્રિત (એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન-અનુભવ ન હોવાથી , અર્થાત્ પુદ્ગલ કર્મના અને પોતાના સ્વાદનું જૈલસેળભળે એકપે અનુભવ ન હોવાથી ખરે ભેદસંવેદનની શક્તિ બિલકુલ ગયેલી છે એવો અનાદિથી જ છે. સમયસાર

ભેદા ૧. પું. ગુપ્તચર; જાસૂસ.

૨. સ્ત્રી. અગ્નિ.હોત્ર.

૩. સ્ત્રી. એક જાતની માછલી.

૪. સ્ત્રી. હરકોઈ.

ભેદાત્મક [સં.] વિ. તફાવતવાળું.

ભેદાનુભેદ [સં.] પું. પ્રકાર તથા પેટા પ્રકાર; ભેદ તથા પેટા ભેદ.

ભેદાભાવ [સં.] પું. જીવ અને ઈશ્વરનો, જીવ અને જડનો, કે પરસ્પર જીવોનો ભેદ નથી એમ માનવું તે.

ભેદાભેદ ૧. [સં. ભેદ + અભેદ] પું. જુદાપણું.
દયા પ્રીતમની દાસી જણી,
પ્રભુ તમ વચે ભેદાભેદ ન કિમાય દયારામ

૨. પું. જુદાપણું અને એકપણું.

૩. પું. ભિન્નત્વ અને અભિન્નત્વ; મતભેદ અને સમાનતા.

ભેદાભેદવાદ [સં] પું. ભેદ અને અભેદ બન્નેમાં માનવું તે.

ભેદાભેદવાદી [સં. ભેદાભેદવાદિન્] પું. ભેદાભેદવાદમાં માનનાર માણસ.

ભેદાભેદવિપરીતતા [સં.] સ્ત્રી. એ જ્ઞાનથી ભિન્ન છે તથા એ જ્ઞાનથી અભિન્ન છે, એમ યથાર્થ ન ભોગવતાં બીજી રીતે ભિન્ન કે અભિન્નપણ માનવું તે. જેમકે, જીવ જુદો સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન જણવા તે.

ભેદાભેદી સ્ત્રી. અનેકતા; વિવિધતા; વૈચિત્ર્ય; 'ડીફરેન્શિયેશન'.
યુરોપ અમેરિકાના દેશો આપણા કરતાં ઘણી જ ભેદાભેદીમાં અનેક છે. બળવંતરાય ઠાકોર

ભેદાલક વિ. ભેદ જણનાર.

ભેદાવગાહી જ્ઞાન ન. આકૃતિ; તફાવત બતાવનારે જ્ઞાન; જુદા પાડવાનું જ્ઞાન; વિવેક; 'ડિફરન્સિએશન'.

ભેદાવવું ૧. સ. ક્રિ. અસર કરાવવી.

૨. સ. ક્રિ. ભેદવાનું કહેવું.

૩. સ. ક્રિ. ભેદાય તેમ કરવું.

ભેદાવું ૧. અ. ક્રિ. આરપાર નિકળવું.
ભેદાયે ઉરની ભાડા, ઉકરાયે સર્વ સરાય..
હાય ધમે કર્મેન્દ્રિય, ઠીકે ભેદ પરાપર.
ઉપનિષદપ્રવાહ

૨. અ. ક્રિ. પવાવું.

૩. અ. ક્રિ. ઉકેલાવું; કપાવું; બે ભાગે થઈ જવું.

૪. અ. ક્રિ. ફૂટ પડવી; ભિન્ન થવું; વિખરાવું.

ભેદિકા [સં.] સ્ત્રી. વિનાશ.

ભેદિકા પેરી સ્ત્રી. એ નામનો એક રમતુ

ભેદિત ૧. [સં. ભિદ્ (આમ પાડવા) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] પું. (તાંત્રિક) એક મંત્ર. તે નિષ્ફ મનાય છે.

૨. વિ. જુદું પાડેલું; ભિન્ન; જુદું પાડેલ.

૩. વિ. ભાંગેલું; ફાટેલું; ચીરેલું; જે વિભાગ કરેલ.

ભેદિની ૧. [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક જાતની શક્તિ. તે વડે યોગી લોકો પટચક્રને ભેદી શકે છે. તે શક્તિના સાધનથી યોગી બહુ જ ઉન્નતિ સાધે છે એમ કહેવાય છે.

૨. સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય આવાજ માંહેની ઉપલી શ્રુતિ.

૩. ન. ગાડકણું. ગાડકણું આપેલા અનાજને ઝાંડાઝાંડવાળું મુકા માર્ગે કાઢે છે, માટે તે ભેદિની કહેવાય છે

ભેદિયા ૧. [હિં.] પું. ગુપ્તચર; જાસૂસ, ભેદુ.

૨. સ્ત્રી. જુદા જુદા પાક ઉગાડવામાં આવતા હોય એવી જમીન.

૩. વિ. ખાનગી.

૪. વિ. ગુપ્ત રહસ્ય જણનાર.

૫. વિ. ભેદક.

ભેદિયો ૧. પું. ભેદુ; જાની વાત જણનારો માણસ; જાસૂસ; ગુપ્તચર; ગુપ્ત વાત કે રહસ્ય જણનાર માણસ.

૨. [સં. ભિદ્ (જુદું કરવું)] પું. મતભેદ પડાવનાર આદમી.

૩. પું. બ્રાતિયો; સાથી.
અહેવો આપણમાં ભેદિયા. પ્રેમાનંદ

૪. પું. હાસ્યમિત્ર.

ભેદિર [સં.] ન. વજ્ર.

ભેદી ૧. [સં.] પું. અમલવેતસ; અમલબેત નામની વનસ્પતિ.

૨. પું. જાસૂસ; ગુપ્તચર; જાની વાત જણનાર માણસ; ભેદુ.

૩. પું. નદી અથવા તળાવ ઉપર બાંધેલો બંધ.

૪. પું. બાગલીર; 'રેકેટ'.

૫. વિ. ગુપ્ત; છાનું; રહસ્યમય; ફૂટ; ભેદ ભરેલું.

૬ વિ. ગુપ્ત હકીકત જણનાર.

૭. વિ. ચતુર.

૮. વિ. ચીરનાર; ફાડનાર.

૯. વિ. નિરાળું કરનાર; જુદું પાડનાર.

૧૦ વિ. ફોડનાર.

૧૧ વિ. ભેદ કરનાર.

ભેદીય વિ. તફાવતવાળું.

ભેદી સમાધિ સ્ત્રી. એક પ્રકારની સમાધિ. સ્વરૂપાદિ ભેદ આથી પ્રાપ્ત થાય છે.

ભેદીસાર [સં.] ન. આકાશમાં વીજ પડનારું એક ઝેરજ.

ભેદુ ૧. પું. જાસૂસ; બાતમીદાર; ભેદુ.

૨. પું. ફૂટ પડાવનાર પુરુષ; ભેદ પાડનાર માણસ.

૩. પું બ્રાતિયો; સાથી.

૪. પું. રહસ્ય જણનાર પુરુષ

૫. વિ. અંદરનો ભેદ જણનાર; ગુપ્ત વાત કે ભેદ જણનાર; માહિતગાર.

ભેદુર [સં.] પું. વજ્ર.

ભેદેરી [સ.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભેદોદ્ભેદ ૧. [સં. ભેદ + ઉદ્ભેદ (પ્રકટ થવું તે)] પું ભેદ પ્રકટ થયો તેમ ભેદ પાડવો તેમ ભેદજ્ઞાનની ઉત્પત્તિ.

૨. પું. વિવિધતા.

ભેદોપભેદ [સં. ભેદ + ઉપભેદ] પું. ભેદ અને ઉપભેદ; ભેદ અને તેના પેટા ભેદ.

ભેદ્ય ૧. [સં.] પું. કાપીને કાઢી નાખવાનો શસ્ત્રક્રિયાનો એક વિભાગ. મુખ્ય શસ્ત્રક્રિયાના નીચે પ્રમાણે ભાગ પાડે છે: ભેદ્ય, લેખ્ય, છેદ્ય, એષ્ય, સેવ્ય, સિબ્ય, વેધ્ય અને વિસ્રવનીય.

૨. વ. વિશેષ્ય.

૩. વિ. છુપાવવા જેવું
૪ વિ. નિરર્થક ખરચ, લાભદાયક, ખુદ કરવા યોગ્ય, જિજ્ઞાસા કરવા જેવું, જાણવા.ય
૫. વિ. ગણવા જેવું, પોતાની શક્તિમાં જેવું; અંદર દાખલ કરાય એવું.
૬. વિ. ઓછા, લાભક.
૭. વિ. ભીંજાય કે ઓગળે એવું
૮ [સં. ભિદ્ (ભેદવું) + ય (જેવું)]
વિ. ભેદવા યોગ્ય; ભાંગવા જેવું; ફોડવા લાયક; બે વિભાગ કરવા પાત્ર.
૯ વિ. ભેદી શકાય તેવું.

બેધના સ્ત્રી. પ્રવેશ્યતા, પ્રવેશનામાભરેય, પ્રવેશરીયતા.

બેઠા [મ.] પું. દમ.દો.

બેન ૧. [સં.] પું. બાહડો.
૨. પું. કપૂર.
૩. પું. ગદ.
૪. પું. સૂર્ય; ભાનુ.
૫. [હિ.] સ્ત્રી. બહેન; બૈન.

બેના [હિ.] સ્ત્રી. બહેન.

બેબારશા પું. વિચિત્ર વેશનો માણસ.

બેભ ૧. વિ. બાવડાં વગરનું.
૨. વિ. ભોળું.

બેભરુ સ્ત્રી. ગરમ રાખ; ઊની રાખ; બાકસાળ; ઊની રાખોડી.
ગરમ નળિયાથી, **બેભરુથી**, ગરમ નીમકથી વા ગરમ રેતીથી રોગ કરવો. ડૉ. ભરુચ

બેભસ [હિ.] પું. એક જાતનો વાંસ.

બેભરાવું ૧. સ. ક્રિ. ઊની રાખથી ચોળાવું.
૨. સ. ક્રિ. બકરાવું; ઠગાવું.
લોકો બહુ વાર કહે છે, દારૂથી કલેજું **બેભરાઈ** ગયું છે. તે બીજી રીતે જોતા ખોટું નથી.
ડૉ. ભરુચ

બેભીત વિ. (અ. પુ.) બાબલીત.
બેભીલ તો એ હવે નહીં કુંવરપુર આવે પેઢી. નાકર

બેભુત ૧. વિ. રોપે કે રોપે ભરાયેલું.
બલરામા તો સાથે વધાં **બેભુત** ને. નરબેરામ
૨. વિ. બાબલીત.

બેભુત જુઓ બેભુત.

બેભૂર વિ. ભોળો; રોપભર્યું.

બેમડી સ્ત્રી. પોપચું.

બેમડા (બેમડ) [હિ.] પું. ચીકિયો બહેનો

બેમજીરો પું. બીજ જાતનો છોડ. એનાં પાંદડાંનું શાક થાય છે.તથા કામરી ઉપર વાટીને ભંજાય છે.

બેર ૧ [સ.] સ્ત્રી ઠોકીને વગાડવાનું એક જાતનું વાજું. મોટું નગારું; પટહ; ઢોલ; નોબત; પટમ. દુંદુભિ
૨. સ્ત્રી. કમ્મેતી.
૩. સ્ત્રી. ઠેકી. નાળાનું લાખા જુગળા જેવું વ ઢું ખુગળી. ખૂ.ટ.
બેર સંગમ વાસવી રોઝક મંગર ઉપંગ. નિષ્કુળાનંદ
બેર વા ને તીર વા = બેક ઝુંબળ અને બેક તીર જેટલે છેટે; જે જગ્યાએ આવું લક્ષ્યાવ્ય લક્ષ્ય દોષ સાથી બેક બંબળ અને બેક તીર જેટલી વચ્ચ હોય. અમારિતા વખતમ. ધન દઈને નિશાની તરીકે જોવા લેખ લખાતા.
૪. સ્ત્રી. વહાર; મદદ; પક્ષ.
બેર કરવી–બેચવી–તાણવી = મદદ કરવી; તરફદારી કરવી; સાથે મળીને તેનું બેચવું; ઉપરાણું લેવું
૫. અ. તેટલા સાથે જ; વડે જ; માત્ર તે સાથે. જેમકે, પોતિવાબેર, પાણીબેર.
અમુક બેર જીવા રહીને બહારનું ધરે છે ખ્યાલ. વલ્લભ
૬. અ. સાથે; સહિત; થી; પૂર્વક. શબ્દને લાગતા તે સહિત એ અર્થનો અવ્યય બનાવે છે. જેમકે, દર્પબેર, દાક્ષિબેર.
દ.ખ ન બ્રહ્મની દઈ તુને, દઈ આશિષ અનબર. નર્મદાશંકર

બેરઈ સ્ત્રી. ઊની રાખ.

બેરજ અ. વડે.
તમ પળ બાનુ વાસ્યે પૂરણ પુરુષ **બેરજ**. નેમવિજય

બેરજહાર વિ. બેચુ કરવાવાળું; જિજ્ઞાસિત થયેલાને જોવાં કરનાર.

બેરવ ૧. [સં. ભૈરવ] પું. (સંગીત) એ નામનો બેક રાગ. તે સવારમાં ગાવામા આવે છે.
૨. પું. બેક જાતનો મેલો દેવ.
પ્રભો બેચ ત્યારે નહીં જોવી વસ્તી;
ને સામનો **બેરવ** ત્યારે મેલવી ભસ્તી. લોકોક્તિ
૩. પું. બેક જાતનો જોડો. તેનાં બી ખાસ કૃમિનાશક મનાય છે. તેનાં પાન વાલોળનાં પાનની પેઠે ત્રેખડાં હોય છે. પાન ૬થી ૯ ઉંચ ડાંખ અને ડાંખરે અવળા હોય છે. તેમાં ૨થા ૩ ઉંચ ડાંખી અને ફિકાંવાળી ફિલ થાય છે.
૪. પું. ભૈરવ.
૫. પું. શિવનું ભયંકર સ્વરૂપ; ભૈરવ. તેવી મૂર્તિ બેસાડાય છે.
૬. સ્ત્રી. ખીજડી; ખૂજર.

૬ પણ **બેરવ** કહેવાય. જ્યાંનાં ડાંખળા ૫.૫, લોટી બહારાણ ઈ બાણે. (બા) સંધ દુકાન ન બ્રમ. લોકવ ખીમરાળો દુહો
૭. સ. બેક જાતનું ઝાપડ.
બા કે **બેરવના** બોકડ રે, રામળિયાજી. રઢિયાળી રાત
૮. વિ. બાદરો સહન ન થાય બેવું.
૯. વિ. ભયકર.
૧૦. વિ. ભૈરવ સબંધી.

બેરવચડી પું. દેરામાં બેસાડવાની ભૈરવની મૂર્તિ

બેરવજટા ૧. સ્ત્રી. તાડનાં ઝૂમોની લાંબી જટા.
૨. સ્ત્રી. બારમી ઝાડ
૩. વ. બેક જાતનું વૃક્ષ. અરબી સોપારીનું ઝાડ; બેક જાતના તાડનું ઝાડ. આ તાડનાં ઝાડ સુદર થાય છે. એમાંથી તાડી ઝાડે છે. એમાં ઝૂમોની લાંબી જટાઓ નીકળે છે. એનાં ફળ અરબી સોપારી જેવાં હોય છે.

બેરવજપ ૧. પું. ગિરનાર ઉપર મેલાદાસજીના જગ્યા પાસેનો બેક દળનો મોટો પત્થર. લાંબી નીચે પડી આત્મહત્યા કરવાની રીત આગળ હતી. તેને બેરવજપ બાધો તેમ કહેવામાં આવતું
બેરવજપ બાધો = (૧) અતિશય દુ:ખ સહન કરવું. (૨) ઇચ્છિત જન્મની પ્રાપ્તિ માટે ગિરનાર ઉપરના બેરવજપના પાણા ઉપરથી બીજામાં પડવું; મોક્ષ માટે જપ કરતાં કરતાં પર્વત ઉપરથી પડતું મૂકવું. (૩) ઊનાળાથી કામ કરવું. પાનખરથી પશ્ચાત્તાપનો વખત આવે તેવું કામ કરવું. (૪) ખોટનો ધધો કરવો. (૫) જેમાં જાન જોખમો રહેલાતો હોય એવું સાહસ કરવું; આબરૂનાં કરીને ભોગે કામ કરવું; બેકાબેક જબરું મોટું બાર્ય અથવા અને દુર્દશામાં આવી પડાય એવું કામ કરવાને હિમત ધરવી; સાહસ કરવું.
૨. પું. બેરવમના કે વિકટ કામમાં આંધળિયાં કરીને પડવું તે.
૩ પું. સાહસ; સાહસકામ.

બેરવજપ જુઓ બેરવજપ.

બેરવજોડી સ્ત્રી. (બેરવજોડો) કાનમાં પહેરવાનો બેક પ્રાચીન દાગીનો.

બેરવઝોળી સ્ત્રી. બિલ્લાની ઝોળી

બેરવડી (બેરવડો) સ્ત્રી. રેવડી.

બેરવવું ૧. સ. ક્રિ. બાદી દઈને બરબવું; ઘટકવવું, ઘટકતું રહે એમ બનાવવું; બનાવવું; અંદર બાજી બનાવવું; ટિંગાવવું; બાજવો મારવો.

૨. સ. ક્રિ. ઊંચુંનીચું સમજવવું; બંબેસવું; ભમાવવું.

ભેરવશિંગ સ્ત્રી. ચોમાસામાં ઊગતા ક્ષૈવચના વેલામાં થતી એક જાતની શિંગ; મકંડી. તેમાંથી આબલિયા જેવાં બી નીકળે છે. શિંગ ઉપર થતી રુવાંટી છરીથી ભેરીને દૂધ, મધ, દહીં અથવા ગોળમાં ભેળવીને આપવાથી પેટમાંના કરમનો નાશ થતો મનાય છે અને ઝુલાબ આપવાથી કરમ બહાર પડે છે

ભેરવશીંગ જુઓ ભેરવશિંગ.

ભેરવસિંગ જુઓ ભેરવશિંગ.

ભેરવસીંગ જુઓ ભેરવશિંગ

ભેરવા ૧. [હિ.] પું. એક જાતનો ખજૂર.

૨. પું ઘ ર. માંડિયા.

ભેરવામાળડા (ભેરવામાળિયા) પું. એક જાતનો નિહારી ક્રમની આનો

ભેરવાવું ૧. અ. ક્રિ. ગૂચવણમાં પડી જવું. ગૂચવાઈ જવું; સડોવાવું; સાકડમાં આવવું

૨. અ. ક્રિ. ફસી જવું.

પણ મનમાં ભેરવાઈ ગયું હતું કે આપણી આવી સંસ્કૃતિ હવે ચાલી રાકે એમ નથી.
જયદ્રથ ફેરફાળ

૩. અ. ક્રિ. ફસાવું

જ્યારે કોઈ વસ્તુના આ તે સેન્ટરગવરાત્ આ સદાને કારણે ખૂબ વધ્યા હોય છે ત્યારે પણ વ્યાપારીઓ આબ મીંચીને પડે છે અને ભેરવાય છે
મનન અને મંથનો

૪ સ ક્રિ. બંબેસવું; ભમાવું.

૫. અ. ક્રિ. વળગી રહેવું; ચપટવું; ચટકી રહેવું

ભેરવી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ.

૨. સ્ત્રી. (સંગીત) એક રાગિણી. તે પ્રભાતે ગવાય છે. આ રાગિણી ગાવાથી શ્રોતાઓ તમા ક્રમ મટે એમ મનાય છે

ભેરવું ૧. સ. ધમણમાંથી હવા ચૂલમાં લઈ જવાનું સાધન.

૨. અ. ક્રિ. (જુ ગુ.) ભાંગવું; ભેલાડવું; ખડ પાડવું.

ગામ ભેરતાં મોની બહાર;
મરે પ્રાણી તેનું ઓણ જ દ્વાર. કેશવદાસ

ભેરંગી સ. અમેરિકનું એક જાતનું ઝાડ. તેનું ઝાડું દવામા વપરાય છે.

ભેરંગીન પું. ભેરંગી નામના ઝાડનો પાસાદાર ગોંદ જર.

ભેરડ ૧. [હિ] પું. એક પ્રકારનું ઝાડ. તેનાં ઝાડવાંનું ફર્નિચર બને છે.

૨. પુ. ગાડો; એક જાતનો પોપટ.

ભેરાંઠવું અ. ક્રિ. ચકિત થઈ ભમવાનું બંધ.

ભેરિ જુઓ ભેરી.

ભેરિયા સ. ઓળિયાની જાતનું એક ઝાડ. ફરુખજૂર.

ભેરિયો પું. ભેરુ; મિત્ર.

જે'નું એવું જ રંગ કે'નું નહીં રૂડું રમણ;
ચીતરું ઉજ્જવળ ચંગ, ભલા જ ભોઈ ભેરિયા.
દુહો

ભેરી ૧. પું. નદી અથવા તળાવ ઉપર બાંધેલો બંધ.

૨. પું. ભેર બજાવનાર માણસ; ભરવાડ વગાડનાર આદમી.

૩. સ્ત્રી. ઉત્તર અમેરિકામાં થતી એક પ્રકારની વનસ્પતિ; 'સારાસેનિયા'. એ પાણીવાળી જમીનમાં ઉત્પન્ન થાય છે. ઘડાની વનસ્પતિની સાથે સારાસેનિયાનો પણ નિકટનો સબંધ છે. એને ઘડાની વનસ્પતિની એક જાત કહી શકાય. એનાં પણ પાદડાં બંધ થઈને ભેરીની પેઠે એક ચમત્કારિક આકાર ધારણ કરે છે. એ ૩ થી ૪ ઇંચ ઊંડાં અને એક અથવા દોઢ ઇંચ પહોળાં હોય છે. એ ઢાંકણું સુંદર સાકે ઊઘડે છે અને રાત પડવાની વખતે ફરી બંધ થઈ જાય છે. સૂર્યોદયની પહેલા ભેરી સ્વચ્છ પાણીથી પૂર્ણ થાય છે, તે વેળાએ મૂળનું ઢાંકણ બંધ રહે છે. દિવસની ગરમીથી ઉપાડું ભેરીનું સુનિયંત્રણ પાણી પાછું કરીને અડધું વરાળ થઈ ઊડી જાય છે. પરંતુ રાતે ભેરી પહેલાના પ્રમાણે પૂર્ણ થઈ પડે છે. આવી રીતે ભેરીનું દરરોજ કામ થયા કરે છે.

૪. સ્ત્રી ઊની રાખ

૫ [સં.] સ્ત્રી. એક જાતનું ચર્મવાદ્ય; નોબત; દુંદુભિ; મોટું ઢોલક; મોટું નગારું

૬. સ્ત્રી. ખીમડી. વૈષ્ણવમાં બોલાય છે

૭. સ્ત્રી. કૂકડીને વગાડવાનું એક પાત્ર; ભરવાડ નિષાદ સ્વર મોટી ભેરીમાંથી નીકળે છે.

ભરી કુકરી = (૧) બપોરનાં ૧૨વી. (૨) રસુવિશુ કુંકવુ.

૮. સ્ત્રી. બાજની જાતનું એક શિકારી પક્ષી. તે પંજાબથી આવે છે. પાંખના ઝટકાથી તે બંધ કૂટ અંતર કાપે છે અને કલાકના આશરે સવાસો માઈલની ઝડપે ભમે છે. ટેકરીઓ, પર્વતમાળા અને પર્વતની અંદર આ પક્ષી રહે છે.

ભેરીકાર [સં.] પું. ભેરી વગાડનાર માણસ.

ભેરીનાદ ૧. [સં] પું. ભેરીનો અવાજ.

૨. પું. હંસોપનિષદ પ્રમાણે નાદના ૬૪ ભેદનો એક પ્રકાર. તેના અનુભવથી અદ્ભુત સિદ્ધિ તથા દિવ્ય નેત્ર પ્રાપ્ત થાય એમ મનાય છે.

ભેરીસ્વનમહારવના [સં.] સ્ત્રી. કાર્તિકેય સ્વામીની અનુચર એક માતૃકા.

ભેરુ પું. સાથી; ભેરુડિયો; ભેરીદાર; સહાયક, મિત્ર; દોસ્ત; સાથીદાર; બાતમિયો; ભિક્ષુ.

૧. જાત્રાનો-જાત્રાનો ભેરુ = ગરીબનો બેલી; નિર્બળની મદદે જનાર માણસ.

૨. ભેરુનાં ઘાઢાં = રમતમાં સામા પક્ષ પ્રત્યે દાવ ખેલવો તે.

ભેરુડી (ભેરુડી) સ્ત્રી. બહેનપણી

ભેરુતાલ [સં.] પું. એક જાતનું ઝાડ.

ભેરુબંધ જુઓ ભેરુ

ભેરુબંધાઈ સ્ત્રી. ભેરુપણું; દોસ્તી; દોસ્તારી; મૈત્રી.

ભેરુબંધી જુઓ ભેરુબંધાઈ

ભેરુભાવ પું. મિત્રભાવ; ભાઈબંધી, ભ્રાતૃભાવ; 'ટીમ સ્પિરિટ'.

ભેરુરાધ સ્ત્રી. દરિયો વીસ રમનારાથી રમાતી એ નામની એક બાળરમત. આ રમતમાં એક મધ્યબિંદુવાળાં બે નાનાં મોટાં વર્તુળો એકની અંદર બીજું તેમ દોરવામાં આવે. ભરવા બેસાડીઓ અંદરના વર્તુળ ઉપર અને ભરવા બહારના વર્તુળ ઉપર ઊભા રહે. તેઓ એવી રીતે ગોઠવાય કે અંદરના વર્તુળવાળાની પાછળ બહારના વર્તુળવાળો આવે અને તેમ આમળ પાછળ ઊભેલા બેરુઓ બને. સીટી થાય એટલે રમનારાઓ પોતપોતાના વર્તુળ ઉપર ગોળ દોડવા માંડે. પણ દોડવામાં જો નાના વર્તુળવાળા મધ્યિણના કાંઠાની દિશામાં ફરતા હોય તો બહારના વર્તુળવાળા તેથી ઊંધી દિશામાં દોડે. આમ થોડી વાર દોડાદોડ પછી જ્યારે શિક્ષકને એકબીજાના બેરુઓ જરા દૂર ગયેલા માલુમ પડે ત્યારે તે બેરુઓ, કહી ધૂમ મારે. ધૂમની સાથે જ દરેક પોતપોતાનો બેરુ શોધી લે. જે જોડી ન બનેલ હોય તેને એક ગુણ આપવામાં આવે. આમ જેના ત્રણ ગુણ થાય તે જોડી રમતમાંથી રદ થાય. બીજી રીતે આ રમત એમ રમી શકાય છે કે, તેમાં રમનારના બે પક્ષ પાડી એક પક્ષ ઉપર દાવ કરવવો. બને પક્ષ દૂર જઈને સંતાઈ જાય. પછી દાવ લેનાર પક્ષનો બેરુ સનાયેલો રહીને જ અમે સંતાયા રે સંતાયા એવું બોલે તે સાંભળતાં દાવ આપનાર બેરુ કોઈ પણ બેરુને પકડવા દોડે. તે જેની પાસે જાય તે નાસી છૂટે. નાસતાં નાસતાં તે દાવવાળા પક્ષના કોઈ બેરુની નજીક આવે કે તેની પાછળ લાગેલો બેરુ આવી જો રે

આવ્યો છે, એમ જુએ પાડો એટલે તે પક્ષનો બોકરો તેને પકડવા દોડે. આ રીતે દોડે બોકરો દાવ લેનાર બોકરાને પકડે તો તેના ઉપરથી દાવ ઊતરે અને સામા પક્ષની ઉપર જાય.

ભેરુંડ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. (પુરાણ) જટાયુનો એ નામનો એક પુત્ર.

૩ પુ. બોડેલા હાથના ચોવીસ આંહેનો એક પ્રકારનો અભિનય.

૪. પું. શિવ; મહાદેવ.

૫. ન. ગર્ભ ધારણ કરવો તે.

૬ વિ. ભયાનક; ભયંકર.

ભેરુંડા ૧. [સં.] સ્ત્રી. એ નામે એક દેવતા

૨. સ્ત્રી. એક પક્ષિણી.

૩. સ્ત્રી. (તાંત્રિક) પંદર આંહેની એ નામની યોગી નિત્યા.

ભેરે ૧. અ. પાસે.

૨. અ. મારે
તમેય એની ભેરે ઘઈ ગયા હો કે ?
રસધાર

૩. અ. સાથે; જોડે.

ભેરો ૧. પું. કાંસાના વજનનો પોપટ.

૨. પું. રાતા જૂરા પડતા રંગનું કામચલા કરતાં નાનું એક પક્ષી

ભેલ ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન ઋષિ. તેણે વૈદ્યકવિદ્યા ઉપર લખ્યું છે.
આત્રેય, હારિત, પરાશર, ભેલ, જતૂ, સુશ્રુત, વસિષ્ઠ અને કશ્યપ જો પ્રાચીન આયુર્વેદક સાહિત્યને પરિચિત છે.
પુરાતત્ત્વ

૨. પું. (વહાણવટું) તરાપો.

૩. પું. (જૂ. ગુ) ભેગ; ભેલ; મિશ્રણ; અમુદ્દીરણ; કોઈ વસ્તુમાં હલકી વસ્તુ ભેળવી દેવી તે.

૪. વિ. અજ્ઞાની; બુદ્ધિ વગરનું; મૂર્ખ; ભોટ.

૫. વિ. ઊંધું.

૬. વિ. અવળું; અવળા

૭. વિ. ભીરુ; કાયર

ભેલક [સં.] પું.,ન. વહાણ; નૌકા; તરાપો.

ભેલસા સ્ત્રી. એ નામની એક નગરી; વિદિશા. મૌર્ય સામ્રાજ્ય નષ્ટ થયા પછી શુંગવંશીય અગ્નિમિત્રે ઉજ્જયનમાં શાસન કર્યું, પરંતુ તેણે તુર્ત જ અહીંથી રાજધાની ફેરવાને ભેલસા અથવા વિદિશામાં સ્થાપિત કરી હતી.

ભેલા ૧. પું. ચાર કે પાંચ શેરનું ગોળનું ભીલું.

૨. પું. મોટો ગોળો કે પિંડ; ભીલું

૩. પું. ભિલામાનું વૃક્ષ; ભલ્લાતકી વૃક્ષ.

૪. પું. મેળાપ; જોટ; મુલાકાત.

૫. [સં. ભલ્લાતક] પું. દુશ્મન ઉપર નિશાની કરવા માટે વપરાતું હથિયાર; ભિલામું.

ભેલાકૂંપ પું. બીજાનો ભોગ.

ભેલાડ (ભેલાડ) ૧. પું. ભભરાડ; નુકસાન.

૨. પું. ભેલાડવું તે; અવરાવી દેવું તે; અરજાદ કરી કે કરારી નાખવું તે.

ભેલાડવું (ભેલાડવું) ૧. સ. ક્રિ. પકેલા ખેતરમાં ઢોર નાખી અથવા ચૂંટી લઈ ખેતરને પાક સાથે અડાબ કરવું; ખેતરમાંના પાકને અવરાવી, તોડી કે ઉખેડી નાખી ધૂળધાણી કરી નાખવો; અવરાવી દેવું

૨ સ ક્રિ. બેળવવું, ભેદવું કરવું, ભેદ કરવું

૩ સ ક્રિ ચૂંટી કે તોડીને ઠેર અડાબ કરી નાખવું, અડાબ કરી નાખવું, દુરવેર ...

૪ સ ક્રિ ચબૂતરાવું, ચબડવું, ભભરાવી નાખવું

ભેલાણ ૧. ન ભભરાડ, નુકસાન અરજાદ
પરાગમેળ માટેનો રાઈ ગાંજના ખેતર ભેલાણ કરતા સ્વરે ખબરાવ્યા તેનું નિરાકરણ પણ તત્કાલ દરમ્યાનગીરીને અવકાશ થઈ જતા.
પ્રજાબંધુ

૨ ન. ચૂંથણ, ખડન.

ભેલાત ૧. પું. એક ઔષધિ.

૨. પું. દુશ્મન ઉપર નિશાની કરવા માટે વપરાતું હથિયાર; ભિલામું.

ભેલાવવું સ. ક્રિ. ભભરાવવું; નાશ કરવો.

ભેલી ૧. [સં.] સ્ત્રી. ગોળની નાની ભેલી, ગોળનું નાનું ચોસલું.

૨. સ્ત્રી. ભેળસ; ભેળવણ.
પડી ભેલી ઢુંગારેય વરતિકે, ઉદ્ધૃ ૧૫ ૬૪
કાન્હડદે પ્રબંધ

૩. સ્ત્રી. મુખ્યની ગરજ

ભેલું ન. ગોળનું ભાંખેલું ચણદ, ભીલું.

ભેવ ૧. [સં.] પું. આત્મસ્વરૂપ, પોતે

૨. પું ગુપ્ત ભાગ.

૩ પું ભેદ, રહસ્ય, ગુપ્તભાગ; મર્મ.
બહુ હરિ અને હરિના જનની કરી જાઈએ કેટલી સેવ,
એવો કરી ભેવ સિમ્યનુ થાય એવો પુરુષ છે જોય.
નિષ્કુળાનંદ

૪. પું સ્મરણ

૫ પું. વેશ

૬. પું. સ્વભાવ.

ભેષજ [સં. ભેષજ] ન. દરદ્ય અથવા આપેલા ઝેર પ્રમાણે સપડીનોને બેભાનેસરી કરવા માટે વપરાતું, એક છોડ જોડેલા અને કોઈ પણ ખુલ્લા જોડલી ખૂબી થી જોવી બે પછી અજવા હાથનું બનેલું એક સાધન; અમે તેવો ખૂબો બનાવ કે દોરામ એમ બંધબેસતું કરી શકાય એવું એક ઓજાર; 'ભેવલ રહેવેર'.

ભેરી [સ.] સ્ત્રી. ગંગાનાં હજાર આંહેનું એક નામ

ભેર્ [સ.] અ. ક્રિ. ભય પામવું; બીવું.

ભેર [વિ.] પું. વેષ, દેખાવ; નાટક.

ભેષજ ૧ [સં] પું. અથર્વવેદના વૈદક મંત્રો.

૨. પું વિષ્ણુનાં હજાર આંહેનું એક નામ. સંસારરોગને શમન કરવાના ઔષધરૂપ તે છે. જન્મમરણરૂપી પુનરાવૃત્તિ મટાડનારા પણ તે છે. ભગવાનનું નામસ્મરણ, ભક્તિ અને નિજજ્ઞાન મનુષ્યોને અમર કરવામાં ઔષધરૂપ છે. તેથી ભગવાન ભષજ કહેવ ...

૩. ન એક જાતની વનસ્પતિ

૪ ન. (ક્લિષ્ટ) એક જાતનું ત્રિદોષ ઘર. જે ત્રિદોષ ઘરન. મુખ આગળ બે અસ્થિ હોય અને તે અસ્થિ આગળ એક બદ્ધ હોય તથા મધ્યે એક પાટડો હોય, એવા ભવન ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે ભેષજ નામે ઘર કહેવાય.

૫ ન. ઔષધ; દવા; ઔષધ

૬. ન. જલ; પાણી

૭. ન. રોગનિવારણનો ઉપાય અથર્વવેદના વૈદક મંત્રો ભેષજ નામથી, આરોગ્યકર વનસ્પતિ ભેષજ નામથી અને આરોગ્યકર પાણી ભેષજ રૂપ રીતે બહુ પ્રચલિતપણાથી વર્ણવાયેલા છે.

૮. ન. રોગનિવારણનો ઘાત.

૯. [વિ] ન સુખ

૧૦ વિ. સારું કરે તેવું

ભેષજજ્ઞાન [સ] ન. ઔષધ સંબંધી જ્ઞાન.

ભેષજજ્ઞાની [સ. ભેષજજ્ઞાનિન્] પું. ઔષધ સંબંધી જ્ઞાન ધરાવનાર વદ્ય

ભેષજજ્ઞાનીય [સ] વિ. ઔષધવિદ્યા સમર્થ તું

ભેષજ રસાયન [સ.] ન ઔષધને લગતું રસાયણ; 'ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રિ'.

ભેષજવિક્રયી [સ ભેષજવિક્રયિન્] પું ઔષધ વેચનારો માણસ

ભેષજવિદ્યા [સ.] સ્ત્રી. ઉપચારવિદ્યા, દરદની સારવારને લગતું વૈદ્યકવિજ્ઞાન.

ભેષજવૃત્તિક [સં] પું વૈદ્યનું કામ કરનાર વ્યક્તિ.

ભેષજશાસ્ત્ર [સ , ન. ઉપચારશાસ્ત્ર; વૈદ્યકશાસ્ત્ર.

ભેષજાલય ૧. [સં.] ન. દવાસાળા; ઔષધાલય.
૨. ન. રસશાળા, દવા બનાવવાનું કારખાનું.

ભેષજાંગ [સં.] ન. દવા પીધા પછી પીવા લાયક ચીજ; અનુપાન.

ભેષજિદ્ [સં.] વિ. વૈદક સબંધી.

ભેષજી ૧ પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ
૨. સ્ત્રી. આરોગ્યકર વનસ્પતિ.
અથર્વવેદના વૈદક મંત્રો ભેષજ નામથી, આરોગ્યકર વનસ્પતિ ભેષજ નામથી અને આરોગ્યકર પાણી ભેષજ એ રીતે બહુવચનાદિકતાથી વર્ણવેલા છે પુરાતત્ત્વ
૩. ન. જલ; પાણી
૪ વિ. ઔષધિરૂપ.

ભેષજ્ય [સં.] વિ. ઔષધ સંબંધી

ભેષજ્ય જુઓ ભેષજ ૧.

ભેપી [હિં.] વિ. વેરાચારી.

ભેસ ૧. પું. આકાર; સિફત; દેખાવ.
૨. પું. ઢંગ; રીતભાત.
૩. [હિં.] પું. બારેજ કરેલ ખોટો દેખાવ; વેરા; નાટક.
ભેસ પલટવો-બદલવો-બનાવવો-ભરવો = (૧) ઢોંગ કરવો. (૨) વેસપલટો કરવો.
૪. પું. વેશપલટો.
૫. પું. હિંદુ કટીર; જોગી.

ભેસજ [હિં.] પું. દવા; ઔષધ.

ભેસટ (ભેસડ) વિ. સેળભેળ; મિશ્રિત; ભેગવાળું.

ભેસત સ્ત્રી. બીક; ભય.
બાળતાં જ બારણે **ભેસત** ભાળી, રસધાર

ભેસપતવાર [સં. બૃહસ્પતિ (દેવોના ગુરુ) + વાર (દિવસ)] પું. બૃહસ્પતિવાર; ગુરુવાર.

ભેસું ન. ભેંસનું આણું આમડું.

ભેસૂર વિ. ક્રૂર.

ભેસ્ત ન. (ફારસી) સ્વર્ગ

ભેસ્પતવાર જુઓ ભેસપતવાર.

ભેળ ૧. પું. ઝિલમિલ થઈ જવું તે; ભંગ; ભંગાણ; તૂટ.
૨. પું ભેલાડ; ભગાડ; નુકસાન.
૩. સ્ત્રી. ભેટ ભળતું ચલાવું; ભેળવેલું ચલાવું.
૪. સ્ત્રી. એકમાં બીજી વસ્તુ ભેળવી દેવી તે; ભેંસ; ભેળવણી; મિશ્રણ. હરિજન બંધુમા જણાવ્યું છે કે, જો સાચે વનસ્પતિનો ભેગ દુકાનોમાં જ થતો નથી. એ તો ગામડાંઓમાં જ્યાં જ્યાં ગોળ બને છે, ત્યાં ખેડાણને ઘેર જ એની ભેળવણી થઈ રહે છે અને થાય પણ છે.
દૂધમાંથી દહીં જમાવવામાં આવે તે પહેલાં જે તે ભેળવણી થઈ રહે છે એમ કહે છે.
૧. ભેળ કરવી-પાડવી = (૧) એક પ્રકારની વસ્તુ સાથે બીજા પ્રકારની વસ્તુ ભેળવવી. (૨) પાક બગાડવો; માલિકની રજા સિવાય બીજા બોલમાં ઢોર ચારવાં તે. (૩) મદદ કરવી.
૨. ભેળ પડવું = (૧) ભંગાવું. (૨) સાનુને તાબે થવું.
૫. સ્ત્રી. ખેતરમાંથી પાક લણી લીધા પછી ખેતરના માલિકે ગામપક્ષ વગેરેને પોતાના ખેતરમાં ચારવાની આપેલી રજા.
૬. સ્ત્રી. પાકના બીજા ભાગમાં ઢોર વગેરેથી થયેલું નુકસાન.
૭. સ્ત્રી. પાકેલા ખેતરમાં ઢોર પાણી પાક બગડાવી દેવો તે; બીજા મોલ બગવા બદલ ઢોર ચલાવવાં તે; ખેતર ચારાવી દેવું તે.
ભેળ પડવી = બધાએ ભેગા થઈ ને ખાઈ જવું; હડફ પડવું.
૮. સ્ત્રી. મદદ.
૯. સ્ત્રી ભૂલ
૧૦. વિ. મિશ્રિત; ભેળવેલું.

ભેળપ સ્ત્રી. સહવાસ.
અમ કાયમ વસે કામ, ભેણીની **ભેળપ** નહિ.
પરીનો પરવાસ, દાઝું પડે દેખમસી.
દુહો

ભેળભંજવાડ (ભેળભંજાડ) પું. મોલમાં ઢોર ચરવા મૂકી દેવાથી થયેલ નુકસાન.

ભેળભેળા સ્ત્રી મિશ્રણ

ભેળવણ ન. ભેળવણી; મિશ્રણ.

ભેળવણી સ્ત્રી. ભેળવવું કે ભેળવવું તે; મિશ્રણ, ભેળ; ભેળવણી; ઉમેરણ.

ભેળવવું ૧. સ. ક્રિ. ઉમેરવું.
૨. સ.ક્રિ. એક જાતનો બીજી જાત સાથે સમોગ કરાવવો.
જેના નવા નીચા વટાણાના છોડને **ભેળવવાથી** એ બેની વચ્ચેની અથવા મધ્યમ જાતિ પેદા થતી નથી. વિજ્ઞાન પ્રવેશિકા
૩. સ. ક્રિ. એકઠું કરવું; ભેગવવું; મિશ્ર કરવું.
૪. સ. ક્રિ. ખેતરમાં ભેળા અથવા વહાઈ ગયેલા મોલમાં ઢોરને ચરવા મૂકવું; ઊભેલ પાકવાળા ખેતરમા નુકસાન કરવાના ઇરાદાથી ઘેટાં, બકરાં કે બીજાં ઢોરને ચરવા માટે દાખલ કરવાં
૫. સ. ક્રિ. સામેલ કરવું; સાથે રાખવું; જોડવું, સમવાયમા લેવું.

ભેળવું ૧. સ ક્રિ. આસપાસ ફરી વળવું.
અંધો આખો, વટ પડી, ભેળવ્યો મટ ત્રિલ્લાર.
રાવજી રાજેન્દ્રસિંહ દુહા
૨. સ ક્રિ. ગમગાજ, વાત કે વર્તાવમાં ભાગ લેવરાવવો.
૩. સ. ક્રિ. ખાઈ જવું; ઢોરનું ખેતરમાંથી ખાતુમાનું ચરી જવું.
ખેતર ભેળવું-ભેળી દેવું = પાક લણી લીધા પછી ઢોરને ખેતરમાં ચરવા દેવા.
૪. સ ક્રિ. ભેળવાળું કરવું; ભેળવવું.
૫. સ. ક્રિ. ભેગવવું; મિશ્રિત કરવું.
૬. સ. ક્રિ. વસ્ત્રસાદવું; ઝિલમિલ કરી નાખવું; બરાબ કરવું; ઊજ્જડ કરવું.
ભેળી મારવું = બગાડવું.
૭. સ. ક્રિ. સાથે બસવું; સરવાળો લેવો. ઓકું લેવું; સંખ્યાને એકડી મેળવવી; ઓકું કરવું.
કો કાયે સુલોને એ હરખી ન.થતી,
ને નિજ મીઠા રવ તે સંગ ભેળાતી
નરસિંહરાવ
૮. સ. ક્રિ. સામેલ રાખવું; સાથે લેવું.

ભેળસંભેળ સ્ત્રી. સેળભેળ; મિશ્રણ.

ભેળસેળ ૧. સ્ત્રી. બદવાનું ન બદવાનું ભેગું થઈ જવું તે.
૨. સ્ત્રી. એકબીજામાં ઓકાર થઈ જવું તે; ઓકું થઈ જવું તે; ઓક થવું તે.
૩ સ્ત્રી. ગોટાળો.
૪. સ્ત્રી. ભેગ; ભેળવેલું તે.
૫. સ્ત્રી. ભેળવેલું ઢોર એવું તે; ભેળ; મિશ્રણ; ખીચડો.
૬. વિ. ઓકું; મિશ્રિત.

ભેળસેળિયું વિ. જેમાં ભેળ કે મિશ્રણ કરેલું ઢોર એવું; એકથી વધારે જાતની વસ્તુઓ જેમાં ભળેલી હોય એવું. મિશ્ર; ભેળવાળું; ભેળસેળવાળું.

ભેળહીન વિ. ભેળ વગરનું

ભેળા જ સાથે

ભેળાઈસેળાઈ જ. એકમેક થઈ ને.
બધા **ભેળાઈસેળાઈને** કેમ રાજારેતી બનાવીને ખાઈ છે તે જાણ્યું છે. ત્રિભુવનદાસ

ભેળાભેળ ૧. સ્ત્રી. ભેળસેળ.
૨. વિ. સાથોસાથ; એકની સાથે બીજું એમ.

બેળામણ ૧ ન. બેળવવાની વસ્તુ; બેનું મિશ્રણ કરવાનું હોય તે.
૨. ન. બેળવવાનું મહેનતાણું.
૩. ન. બેળવવું તે; બેળવણી.

બેળામણી જુઓ બેળામણ.

બેળાવવું સ ક્રિ. બેળે એમ કરવું

બેળાવું ૧. અ. ક્રિ. ખવાઈ, લૂંટાઈ કે ઝોરાઈ જવું
૨. અ ક્રિ. પરિચય કરવો, મૈત્રી કરવી; મળતા જળતા રહેવું.
બેળાઈ જવું = હલકામણીને ઐકત્ર મર્દ જવું.

બેળાસારો ૧. પું. પરસ્પર સર્દ થયેલું મિશ્રણ. ઓખીજની સ.રે છૂટથી ભળવું તે.
૨. પું. બેયું રહેવું તે.
૩. પું. બેળા રહેવાપણું; મેળાપ; બેળાપેર પણ
૪. પું. મળિયાર હોવું તે; અવિભક્તપણું
૫. પું. મળતાપણું
૬. પું. મૈત્રી; દોસ્તી; ભાઈબારો. મિત્રાઈ, હળતામળતાપણું; સમાગમ; પરસ્પર સારો સબંધ.

બેળિયો ૧. પું. ધોળા વાન્યા ને કાળા તાણાવાળો પાનવો.
૨. પું. માતાજીનો ભૂવો ધૂણની વખતે ઓઢે છે તે અઢિયા રંગનું ઊનનું લૂગડું.

બેળી સ્ત્રી. ખીચડી. પુષ્ટિપાર્સેય સંપ્રદાયમાં આ શબ્દ વપરાય છે.

બેળીદો (બેળીડો) પું. સાથ રહેનાર ભાગીદાર.

બેળીસાડો (બેળીસ.ડો) ૧. પું. ભળો વલસાટ.
૨. પું. મિશ્રણ
૩. પું. સમાગમ; પરસ્પર સારો સંબંધ.

બેળીસારો જુઓ બેળીસાડો.

બેળીહાડો (બેળીહાડો) જુઓ બેળીસાડો.

બેળુ ૧. પું. ઓઢ પક્ષનો બેસાડીદ બ્રહ્મિનો.
૨. પું. સાથી; સોબતી.
૩. પું. સામો રમનાર; સમોવડિયો.

બેળું ૧. વિ. બેયું; બેઠું; બેકત્ર.
૧. બેળું કરવું = (૧) બેઠું કરવું. (૨) મેળાપ કરાવવો; પક્ષા જણને બેઠ ઠેકાણે મેળવવું.
૨. બેળું થવું = બેઠા મળવું.
૨. અ. સાથે, ભેગું; સંગાથે; બેયું.

બેળેલું વિ. બેયું કરેલું; મિશ્રિત; ભેગેલું.

બેં ૧. સ્ત્રી. પેટાનું બોલવું તે.
૨. ન. ગાયનું ભરાવું.
બેં કરવું — કરગરવું; તારી ગાય છું એમ કહેવું.
૩. ન. બોલવાની શક્તિ.
બેં કહેતાં ય ન આવડવું = બોલવાની કશી શક્તિ ન હોવી; કશું બોલવું તેની સમજ ન હોવી; બોલવાની તાકાત ન હોવી
૪. અ. રડતાનો અવાજ.

બેંકડો (બેંકડો) ૧. પું. બાળકનો રાગડો, બાળકનું મોટેથી રોવું તે, બાળકનો રોતાં રોતા નીકળતો મોટો અવાજ.
૨. પું. મોટા સાદે કે અવાજપૂર્વ કહેલ; પોકાર, તાણીને લાંબે સાદે રડવું તે રાગ કાઢીને રોવું કે તેનો સાદ.
બેંકડો તાણવો-મૂકવો મેલવો (૧) મોટેથી રડો પડતા નાખવું; આરડવું. (૨) મોટો અવાજ કરીને રોવું; તાણીને રોવ

બેંકરડા (બકરડું) જુઓ બેંકડો.

બેંકરડો (બેંકરડો) જુઓ બેંકડો.

બેંકવું અ. ક્રિ. રાડ પાડીને રોવું; બેંકડો મૂકવો; બેં બેં કરવું

બેંકાર ૧. પું. બેં બેંની આરડ કે બરાડ
૨ પું લાંબે સાદે રડવું તે
કૌ રોતો સંભાર (બેને) બાયલાએ પાણી પડે, (બહુ) ભૂત કરે બેંકાર (બેને) બોચણીએ બોદી કરે
અપાણી
૩. [સં. ભયકર] વિ. બાપ બતાવનાર.
૪. વિ. ભયકર; બીક લાગે એવું; ભયનો ભાસ થયા કરે એવું.

બેંકારવું અ. ક્રિ. બેંકડો તાણવો; તાણીને રોવું.

બેંગા [હિ.] સ્ત્રી. ખાડું; ઢાંગું; ત્રાંસું.

બેંચો ૧. પું. કમ; દમ.
૨. પું. દબાણ કે છૂટાંબાથી બેરકસ અવયવોનું ઢીલા પડી બહાર નીકળી આવવું તે; કસ નીકળી જવો તે; છૂટાંપેલી વસ્તુ.
૩. પું. ઢાળી નાખવું તે; ઢચરી નાખવું તે; પોતી કે ચટાઈ નાખવું તે; કચરપાણ.
૪. પું. ભરાવો; પક્ષો જમાવ થયો હોય તે; ભરચકપણું. પ્રાચુર્ય.
૫. પું. બેચો. છૂંદાયેલો લાંદો, કૂટો; છૂંદો. માંસનો લોચો.
૧. બેંચો ઊડવો-ઊડી જવો—નીકળી જવો = (૧) કમરાઈ કે ખિસાઈ જવું; કચરાઈને લોટો થઈ જવ. (૨) દમ નીકળી જવો
૨. બેંચો ઉડાડવો-ઉડાડવો = (૧) છૂટો કરી નાખવો; ઢચરી કે પોતી નાખવું (૨) જમીનદોસ્ત કરવું.
૩ બેંચો કાઢવો = (૧) પૂરો કરી નાખવો. (૨) દમ કાઢવો.

બેંદ ૧. પું. લોચો; લોંદો, ગોદો; કુરચો; માંસપેશીનો લોચો

બેંદ ૧. સ્ત્રી. અડવું તે; સ્પર્શ
૨ સ્ત્રી. કોઈ દેવીની સ્તુતિનાં ગાયન.
૩ સ્ત્રી. નજરાણું, ભેટણું; અર્પણ.
૪ સ્ત્રી મુલાકાત; મેળાપ; ભેટ
હે દયાળુ પ્રભુ, અમ પાપીઓ ઉપર દયાદષ્ટિ કર અને વરદાન દે કે, આજ અમ કોઈ એવા આપ્તજનને ભેંટ કરીએ જે પોતાના પાપને ભોંયે દિલગીર થઈ પોતાનો ઉદ્ધાર ઇચ્છતા હોય.
ખાનદુનિયા
૫. સ્ત્રી. લાગ; હિસ્સત.

બેંટવું ૧. સ ક્રિ. આલિંગન કરવું; ગળે લગડવું
૨ સ ક્રિ બેસવું; મગાવવું, મુલાકાત લેવી.

બેંઠ ન બપ બપો, ડબો, ગરબડ

બેંડ ૧. સ્ત્રી ચેટી; બેડ.
૨. સ. ઓઢ જાતની વનસ્પતિ. તેનાં ફૂલ રાતાં તથા પીળાં થાય છે. તેનું ચીકણું અને દૂધવું લાકડું રંગ ભરવામાં વપરાય છે. એનાં ફળ મોપારી જેવડાં થાય છે. આ ઝાડ કોંકણ તરફ ઝાઝે છે. તેની છાયા કડી લાગે છે
૩. સ. ભીંડી. તેમાંથી ગરમી જલદી પસાર થતી નથી, તેથી દારૂની 'બાટલીના ભૂસ વગેરે બનાવવામાં તે ઘણું વપરાય છે

બેંડા સ્ત્રી. સપ્તમહાભૂહિ વર્ગની એ નામની એક આંધણોપયોગી વનસ્પતિ; ભીંડા. મૂત્રકૃચ્છ્ર અને પરમિયા ઉપર તે વપરાય છે. આલી બારીમા તેનો ક્ષય અપાય છે.

બેંડાવ ૧. પું. ઢોલ વગાડવાની એક રીત.
૨. પું. ઢબેનો.

બેંડી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ; પારસપીપળો
૨. સ્ત્રી ભીંડી
૩. સ્ત્રી. ભીંડો.

બેંડો ૧. પું. તડાકો.
૨. પું. ઝાડો, એક જાતના રાક્ષનો જોડ.

બેંત અ. તરફ, બાજુ.

બેંદા વિ .પું. મૂર્ખ
બાની બેંદા ડાળ, જે આધારે ઊભવું.
લોકોક્તિ

બેંદ વિ. મૂર્ખ

બેંબેં ૧. સ્ત્રી. પેટાના બોલવાનો અવાજ.
૨. ન મોટેથી રોવ. નીકળતો એવો અવાજ; બેં બેં કરતા ન આવડવું = જનાવર જેટલું પણ બોલતાં સમજતો ન આવડવું.

ભૈમક્ષ કું. ભક્ષણ

ભૈમર કું. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોષ રાગના આઠ પુત્રો પૈકીનો એક રાગ.

ભૈરા જુઓ ભૈમ.

ભૈરી સ. ભેંસનું બચ્ચું.

ભૈરાભૂંડ જુઓ ભેંસભૂંડ

ભૈરાભૂંડ વિ. ઠોલાભૂડ; મંદબુદ્ધિ; મૂર્ખ.

ભૈંસ ૧. [સં. મહિષી–મહિસી–મઈસી–મઇંસી–ભૈંસ–ભૈંસ] સ્ત્રી. આખા કાળા રંગનું એક ચોપગું પશુ; ઠોલું; મહિષી; દૂધ દેનારું એક ઢોર. દૂધ વી માટે એને પાળવામાં આવે છે. એનો નર પાડો અને બચ્ચું પાડું કહેવાય છે. ભૈંસની ગર્ભવાસની મુદત ૩૧૦ દિવસની હોય છે. એમ પણ કહેવાય છે કે, ભૈંસ આરબી બદ્રસનો અપભ્રંશ છે. ભૈંસની જાતો: (૧) કુજરી (ગુજરાત), (૨) ભદ્રાવાડી (સૌરાષ્ટ્ર), (૩) મહેસાણી (ગુજરાત), (૪) મુરાહ (દિલ્હી), (૫) ભલાયપુરી (નાગપુર), (૬) દેશાવ્ (મહિસાવાડ), (૭) સિંધાવ (સિંધ), (૮) નાગલી (ગુજરાત), (૯) ગુજર (ગુજરાત). ભૈંસની જાત ભોગસાહિત્યમાં નીચે મુજબ કહી છે:

> મણાં નામ કૂંદી તણાં નાગલું, ગોટકયું,
> નેત્રમું, નાનકયું, રીંગ નમણાં.
> ગીબલું, ખૂતકું, ભોજ ભોગાળિયું,
> બીનકું, હાબણી મલ્ય ભમણાં.
> ભીલિયું, ખાવકયું ભાંબકું, ભૂરિયું,
> પૂતળું, દીંગલું, નામ પ્રાજ્ય
> ભગારિયું, વેગડયું, વાજમું, ભાજમ્યં,
> રાજ ખાકું તણા ભાજ રાજ્ય.
> કાડયું, મીબલું, ઢોકકું, ઢકડલું,
> ગેલિયું, ખૂંગલું, રૂપ ગણીએ.
> સાદિયું, ભાપલયું, પ્રાપ્ય ને સાકરૂ,
> પાક ગાહક તણા ક્રમ ગણીએ.

૧. અક્કલ બડી કે ભૈંસ ? = બળ કરતાં બુદ્ધિ મોટી.

૨. ઠોકીની ભૈંસ ને ઠોકી બંનેલ = અયોગ્ય સંબંધ હોવો

૩. નવખાંદરી ભૈંસ = નવ ખોળાં ભિન્નવાળી ભૈંસ: ચાર પગ, પૂછડાનો ઝેબો, એક આંચળ, લલાટમાં ટીલું, એક આંખ અને મોં ધોળાં હોય એવી ભૈંસ.

૪. નવખાંદરી ભૈંસ ને દોઢ પાડી = દરેક રીતે સરખું હોવું છે નથી રીતે સુખસમવડવાળું હોવાપણું.

૫. બજરી ભૈંસ જેવો–ભૈંસનો ભાઈ = મોટા મૂર્ખ; ગાય જેવો; ગમાર; અક્કલ વગરનો.

૬. ભૈંસ આગળ ભાગવત = (૧) આંધળા આગળ આરસી; નકામી ચિજમાલ; મૂર્ખને શિખામણ. (૨) ન સમજે તેવાની પાસે જ્ઞાનની કે પંડિતાઈભરી વાતો કરવી. એક પંડિત ભાગવત વાંચતા હતા. તે સાંભળવા માટે એક દિવસ એક દહ ઠોરીમા આવ્યાં. પંડિતજીની વાણી સાંભળીને ઠોરીમાની આંખોમાંથી આંસુ આવ્યાં. પંડિતજીએ જાણ્યું કે, ઊંડી સમજને લીધે ભાવપૂર્વક સાંભળવાથી ઠોરીમા રડી પડે છે. તેથી કથા પૂરી થતાં, લાગ્યોજીએ ઠોરીમાને કહ્યું કે, ભાગવતનો ભાવ સમજવામાં તો તમારા જેટલી અસર કોઈને થઈ નથી. જવાબમાં ઠોરીમાએ કહ્યું કે, મારે એક પાડી હતી, તે પણ બિચારી આમ જ ઝરાડા પાડી પાડીને મરી ગઈ તમને પણ એવો રોગ થઈ ગયો જણાય છે. તે જોઈ અને રડવું આવે છે. આ ઉપરથી કહેવાયું કે ભૈંસ આગળ ભાગવત.

૭. ભૈંસ મરી ને બજરી બે મણી = બધા સરખાં હોવાં.

૮. ભૈંસ કૂદે તે ખીલા વળુરી = ભૈંસ કૂદે તે ખીલાને જોરે; પાકા ઠોઈનો આધાર કે હાથ હોવો.

૯. ભૈંસ થઈ જવી = ભૈંસને ગર્ભ રહી જવો.

૧૦. ભૈંસ પહેલાં ખૂંટા–ભૈંસ ભાગોજે ને ઘેર ઝેડા = રીખચલ્લીના વિચારો; રીખચલ્લીવેડા જેવી ખોટી ધમાલ. કોઈ એક કુટુંબમાં ભૈંસ લેવાની વાત થઈ. એટલે ઘરવાળીએ કહ્યું કે, તો તો દૂધ, ઘાસ, ચીનું બારે સુખ થઈ જાય અને ઘાસ મારવા જાઈને ઘેર પણ અવાય. પણ્રીએ ઘાસ આપવા ના પાડી આથી બંને વચ્ચે ઝઘડો થયો. ઝઘડો વધતાં ગામના કોઈ ડાહ્યા માણસે તેનો ઉપાય શોધી કાઢ્યો અને તેને ઘેર બોલાવીને કહ્યું કે, તમારી ભૈંસે મારી વંડી ખોદી નાખી. આ સાંભળી પેલા ઘરવાળાએ જવાબ આપ્યો કે ભાઈ, ભૈંસ જ કોને છે ? પેલા ડાહ્યા માણસે કહ્યું કે, તો પછી આ ઝઘડો કેના છે ? બંને માણસો સમજી ગયાં ને ઝઘડાનો અંત આવ્યો. આ ઉપરથી આ કહેવત નીકળી.

૧૧. ભૈંસ પાડે આવવી = ભૈંસ ઋતુમતી થવી. બજરીમાં ખિલાફ થવી માટે વપરાય છે.

૧૨. ભૈંસ પાણીમાં ને લાકડું બારમાં–બારણે = અયોગ્ય ઉતાવળ.

૧૩. ભૈંસ ફાટી જવી = ભૈંસને ગર્ભ રહી જવો.

૧૪. ભૈંસ ભાકાગમવું = ખિલાફ થવું; ખોટું.

૧૫. ભૈંસ ભાગોજે ને ભાઈ ભાગોજે ને ઘરમાં ધમાધમ = રીખચલ્લીવેડા જેવી ખોટી ધમાલ.

૧૬. ભૈંસ ભાગોજે ને લાકું બારમાં = રીખચલ્લીના વિચાર.

૧૭. ભૈંસ ભાંગવી = ભૈંસ સાથે પાડાનો સંયોગ થવો.

૧૮. ભૈંસનાં બજરી ઢોર અને બજરીનાં ભૈંસ ઢોર કરવાં = આડાંઅવળાં કરવાં.

૧૯. ભૈંસનાં શીંગડાં ભૈંસને ભારે ન પડે = પોતાનો ભાર પોતાને ભારે ન પડે; પોતાની ભૂલ પોતાને ન જણાય.

૨૦. ભૈંસો ચોરીને ખીલાનાં દાન કરવાં = ઓરણની ચોરી ને સોયનાં દાન કરવાં.

૨૧. મૂઈ ભૈંસના મોટા ડોળા = મૂએ ઘરમાં ગયેલું.

૨૨. મૂઈ ભૈંસનું બી વાછું = જીવતા બાપના મુખે સવા બાપના.

૨. સ્ત્રી. ચોપાટની રમતમાં કાળા રંગનું સોગઠું.

ભૈંસડી (ભૈંસડી) સ્ત્રી. ભૈંસ.

ભૈંસડું (ભૈંસડું) જ. ભૈંસ.

ભૈંસદડિયા (ભૈંસદડિયા) ૧. સ્ત્રી. ભેડિયા કબૂતરની એ નામની એક જાત.

૨. જ. એ નામની જાતનું મ.બૂલ.

૩. વિ. એ નામની જાતનું.

ભૈંસપતવાર [સં. બૃહસ્પતિવાર] કું. ગુરુવાર; બૃહસ્પતિવાર.

ભૈંસપૂછો કું. એક જાતની સામાન્ય ઓડવાળો ઘોડો.

ભૈંસભૂંડ વિ. મંદબુદ્ધિ.

ભૈંસભૂંડો ૧. કું. અક્કલથી હલકમ.

૨. વિ. કું. બાપ મૂંઠે નેવો; સારી હલકમત ન આવડે તેવો.

૩. વિ. કું બિનજાવાબદારીવાળો.

> ગુજરાતી હિંદુઓમાં મૂર્ખ કે બાવડઢ બિનાનો તે હલકમ કહેવાય છે. અને હલકમ પોતામાંનો જે સારું નરસું ન સમજે તેને કુંભાર કહે છે. અક્કલથી હલકમ તે ભૈંસભૂંડો કહેવાય છે.
>
> ગુજરાત સર્વસંગ્રહ

ભૈંસર [સં. મહિષ] કું. પાડો; ભૈંસનો નર.

ભૈંસરું વિ. મળતાવડું; હસમુખા સ્વભાવનું

ભૈંસલડી (ભૈંસલડી) સ્ત્રી. ભૈંસ. કવિતામાં વપરાય છે.

ભૈંસલાં જ. બ. વ. ઢોરાં.

ભૈંસલી સ્ત્રી. ગાડાવાટમાં બળદોની વચ્ચેનો ટેકરો.

બેંસહું ૧. ન. કૂવાના પરડાના વર્તુલના બારડામનું એક બારું.
૨. વિ. નમાલું; પોચા જેવું; ઠંડું.
પ્રભુ પોતાનો નથી કરે, જે તે જેનું નામ,
તે **બેંસહું** બનાવ, સાચું સારદિયો સામે.
દુહો

બેંસલેહું ન. લેલની જાતનું પક્ષી.

બેંસલો પું. ગાડાચાટમાનો ચડેરો; બે ચીપાની વચમાનો બીજો ભાગ.

બેંસા ૧. પું. પાડો.
સુગ્રીવ, મહિષ, વાતદ્વિપક, કરાર, સૈરિભ આ પાંચ પુલિંગના નામ **બેંસા**નાં છે
અમરકોષ
૨. સ્ત્રી. ભેંસ.
૩. ન. પાડાનું ચામડું.

બેંસાઉત ૧. સ્ત્રી. (જૂ મુ) વૈશ્ય વર્ણની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું

બેંસાગૂગળ પું. પાંચ જાતના એક પ્રકારના ગૂગળ; મહિષાક્ષ ગૂગળ. આ ગૂગળ હાથીને ઉપયોગી છે.
મહિષાક્ષ (**બેંસાગૂગળ**) અને ગજાનીલ હાથીને ઉપયોગી; કુમુદ અને પદ્મ એ ઘોડાને ઉપયોગી; અંત હિરણ્ય એ માણસને ઉપયોગી છે.
આર્યભિષક

બેંસાઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં ઠીમિકેશ્વર શિવજીનું સ્થાન છે.

બેંસાણિયા ૧. સ્ત્રી. મેમણ, ગામેચા, બાબરી, સુતાર અને સેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

બેંસાત પું. ભેંસો રાખનાર પુરુષ; ગોવાળિયો.

બેંસાયત પું. ભેંસ પાળનારો જ્ઞાતી

બેંસાયતવાડ (**બેંસાયતવાડ**) સ્ત્રી. કહેરના જે ભાગમાં બધી વસતા હોય તે ભાગ; બધીવાડ.

બેંસાલો જુઓ બેંસલો

બેંસાસણ પું. મોટો પાડો

બેંસાસુર ૧. પું. અર્ધા માણસના અને અર્ધા ગોધાના આકારવાળો એક કલ્પિત રાક્ષસ; મહિષાસુર.
૨. પું. મહેંડો
૩. પું. પાડા જેવો કદાવર્ણો બળકર માણસ
૪. પું. બળકર માણસ.

બેંસાસુરી પું. ભેંસ જેવો રાક્ષસી અવાજ

બેંસાસૂર પું ભેંસ જેવો ભારો સૂર

બેંસિયાજળો સ્ત્રી. એક પ્રકારની મોટા કદની જળો.

બેંસી સ્ત્રી. ભેંસનું ચામડું.

બેંસું ન. ભેંસનું આખું ચામડું.

બેંસા પુ. દબાણ; ભીંસ; પક્ષપાથી જોર દેવું તે.

બેંસોનૂગળ જુઓ બેંસાગૂગળ.

બેંહડો (**બેંડો**) પું. ભેંસ

બેંહદડિયા (**બેંદડિયા**) ૧. સ્ત્રી. કડવા કચ્છીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું

બેહલો (**બેલો**) ૧. પું. પૈડાંનું પૂંઠિયું.
૨. પું. ભેંસ.

બેંહું (**બેંહ્**) ન. ભેંસનું આખું ચામડું.

બૈ ૧. પું. બાપ.
૨. પું. ભાઈ.

બૈકાર્ડ ન. એક જાતનું ઝાડ.

બૈક્ષ ૧. [સ.] પું. ભિક્ષા માગવાનો ઝોળી.
૨ પું. ભિક્ષાનો સમૂહ.
૩. ન. ભિક્ષા; ભીખ.
૪. ન. ભિક્ષાથી મળેલ વસ્તુ; ભિક્ષાન્ન.
૫ વિ. ભિક્ષુ ઉપર નભનાર.
૬ વિ. ભિક્ષામાં હોનાર કે બનાર.

બૈક્ષકાલ [સં.] પું. ભિક્ષા માગવાનો સમય.

બૈક્ષકાળ જુઓ બૈક્ષકાલ.

બૈક્ષચરણ જુઓ બૈક્ષચર્યા.

બૈક્ષચર્ય જુઓ બૈક્ષચર્યા.

બૈક્ષચર્યા ૧. [સં.] સ્ત્રી. ભીખ માગવી તે.
૨. સ્ત્રી. ભીખ માગીને ચલાવાતું ગુજરાન; ભિક્ષાવૃત્તિ ઉપર ગુજરાન.

બૈક્ષજીવિક [સ.] વિ. ભીખ માગી જીવનાર.

બૈક્ષપ્રવ્રજ્યા [સ.] સ્ત્રી. ભીખ માગી જીવવું તે; બૌદ્ધ માગી ચેલ બનવું તે.

બૈક્ષભુક જુઓ બૈક્ષભુજ.

બૈક્ષભુગ જુઓ બૈક્ષભુજ.

બૈક્ષભુજ ૧. [સં. બૈક્ષભુજ્] પું. ભિખારી.
૨. વિ. ભિક્ષા માગી ખાનાર.

બૈક્ષવ [સં.] પું. ભિખારીનો સમૂહ; ભિક્ષુકનું ટોળું

બૈક્ષવૃત્તિ જુઓ બૈક્ષચર્યા

બૈક્ષાકુલ પું. જ્યાંથી બધા લોકોને ભિક્ષા મળતી હોય તે સ્થાન; ભિક્ષાક્ષેત્ર.

બૈક્ષારી ૧. [સં. બૈક્ષાચિન્] પું ભિખારી.
૨. વિ ભીખ માગી ખાનાર.

બૈક્ષાહાર ૧. [સં.] પું. ભિખારી.
૨. પું બીજાના ખોરાક ઉપર જીવવું તે.

બૈક્ષુક જુઓ બૈક્ષવ.

બૈક્ષ્ય ૧. [સં.] ન. ભિક્ષા માગતાં મળેલું અન્ન; ભીખ માગતા મળેલી વસ્તુ; ભિક્ષા, ભીખ.
૨. ન. ભિક્ષાનો સમૂહ

બૈક્ષ્યચર [સં.] પું. ભંગર.

બૈક્ષ્યચર્યા જુઓ બૈક્ષચર્યા

બૈખ ૧. [સં] પું. શંકરનો અવતાર.
૨. વિ ભયંકર

બૈખી ૧. સ્ત્રી સુથરાની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ
૩ વિ. એ નામની અટકનું

બૈચક [સં ભયચકિત] વિ. (હિંદી) ભયકારક; ભીંજવું.

બૈઠ (**બૈઠ**) ૧. સ્ત્રી. આબરૂ.
૨. સ્ત્રી. ઠોળ ભરડતાં પડેલો ભૂકો; ઝોરમું
૩. સ્ત્રી. ઠોસની વરત અને બળદના ઝોરડાને બાંધવાની લાકડાની મેખ; પાણી ઠાલવાના ઠોસની વરતને બીજે છેડે ટાંડિયાની અંદર બસ્તો લાકડાનો ટટકો.
૪ સ્ત્રી. ભરડા; ભરડો; ભરડવું તે.
૧. **બૈઠ** કાઢી નાખવી–નીકળી જવી–વેરાઈ જવી = ભોપાળું ખદાર પડી જવું
૨. **બૈઠ** બાદવી = આફત વળગાડવી, આફતવાળી સ્થિતિમાં મૂકી દેવું.

બૈઠકાળી (**બૈઠકાળ**) પુ તપોધન.

બૈઠકી (**બૈઠકો**) સ્ત્રી. ભરડકી, ભરડકાથી પાતળી રોટલી; કાચ્ચી રોટલી, બાજરીનો જોટ નાખી ઉકાળી કરેલું પેય.

બૈઠકું (**બૈઠકું**) ન. ભરડકું, જુવાર અથવા બાજરીના જરા જાડા લોટને છાશ અથવા પાણીમાં ઉકાળીને બનાવેલી જાડી રાબ.

બૈડવું (**બૈડવું**) ૧. સ. ક્રિ. ગ્રેજફેર ગમે તેમ બોલવું. સમજ્યું ન સમજ્યું જેમ આવે તેમ કહી દેવું

૨. ન કિ. કહોળ તેમ જ બીજા અનાજને મોટું મોટુ દળવું; દિલ્લી પાનવાનાં બે પડ જુદા પડે તમ કરવું કે પાતળી બંટીએ કે બંટલાએ દળવું. કરડવું

ભૈના [હિ.] પું. નાનો રહી ગયેલો પાક.

ભૈદા [હિ.] કિ. ભયપ્રદ; ડરામણાઈ.

ભૈન ૧. સ્ત્રી. બહેન; બહિની

૨ સ્ત્રી. બહેનને માટે વહાલનો શબ્દ.

ભૈના ૧. [હિ] સ્ત્રી. પંખી નામનું પક્ષી.

૨. જુઓ ભૈન.

ભૈની જુઓ ભૈન.

ભૈને [હિ.] પું. ભાણેજ; બહેનનો પુત્ર

ભૈમ ૧. [સ] પું. (પુરાણ) રાજા ઉમસેન.

૨. કિ. ભીમ રાજાનું; ભીમ રાજા સબંધી

૩ કિ. ભીમ રાજાથી; ભીમનું.

૪ કિ શિવ સબંધી

ભૈમગવ [સં.] પુ. તે નામે એક ગોત્ર.

ભૈમસેનિ જુઓ ભૈમસેના.

ભૈમસેની [સં.] પું. (પુરાણ) ઘટોત્કચ; ભીમસેનનો પુત્ર

ભૈમસેન્ય જુઓ ભૈમસેની.

ભૈમાયન [સ.] પું. ભીમસેનનો પુત્ર.

ભૈમી ૧. [સં.] સ્ત્રી. દમયંતી; ભીમ રાજાની કન્યા

સીતા ભૈમી સુંદરી, નારદ પ્રમુખ વિશારા
ન.ત્રિભોવનસૂરિ

૨. સ્ત્રી ભીમએગિયારસ.

૩. સ્ત્રી. માહ સુદિ અગિયારસ.

૪. સ્ત્રી. માહ સુદિ અગિયારશે થતો ઉત્સવ.

ભૈમેકાદસી સ્ત્રી. મહા સુદિ અગિયારસને દિવસે સભામાં ઊજવાતો એ નામનો તહેવાર.

ભૈમેકાદસી જુઓ ભૈમેકાદશી.

ભૈમ્ય [સ.] પું (પુરાણ) ઘટોત્કચ.

ભૈયક્ક ૧. સ્ત્રી. ભૈયા જાતિની સ્ત્રી.

૨. સ્ત્રી. ભૈયાની સ્ત્રી

ભૈયપત પું. બંધુભાવ.

ભૈયા ૧. [હિ.] પું. ભાઈ; બંધુ.

૨. પું. સોબતી; મિત્ર.

૩. પું. ઘોડાની પદ્ધી કે તબ્લી

૪. સ્ત્રી સુમરાની એ નામના એક અટક

૫ ન. એ નામની અટકનું માણસ.

૬. કિ. એ નામની અટકનું

ભૈયાજી ૧. [હિ.] પું. ઉત્તર હિંદુસ્તાનનો વતની.

૨ પું. ભાઈ

ભૈયાદૂજ [હિ.] સ્ત્રી. ભાઈબીજ.

ભૈયાદોજ [હિ.] સ્ત્રી. કાર્તિક સુદિ બીજ ભાઈબીજ.

ભૈયાપા જુઓ ભૈયપત.

ભૈયાબંદી સ્ત્રી. સોબાદ; સ્નેહ; મિત્રતા.

ભૈયાબાંઢ પું. બંધુત્વ; ભાતૃભાવ.

ભૈયારાઠ વિ. ભૈયાની જેનું.

ભૈયાંસ [હિ] પું. ભાઈબાપ.

ભૈયો ૧. પું. ઉત્તર હિંદુસ્તાનના ભોકરી એક જાતનો પુરુષ; ઉત્તર હિંદનો વતની.

૨. પું. પુરબિયો.

બાર ભૈયા ને તેર ચોલા = મતભેદની વિપુલતા.

૩. પું. ભાઈ; ભાતા.

૪. પું. રક્ષક તરીકે કામ કરનાર માણસ.

૫. સ્ત્રી. મજૂરી કે હલકો નોકરી કરનારી એ નામની એક જાતનો પુરુષ.

૬. ન. એ નામની જાતનું માણસ

૭. વિ. એ નામની જાતનું

ભૈર જુઓ ભોરકૂલ.

ભૈરખાન વિ. બીબિલ.

ભૈરવ ૧. [સં.] પું. એ નામનો એક નદ.

૨. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે પ્રાતઃકાર ઋતુમાં પરોઢિયે ગવાય છે. તે શિવના મોઢામાંથી નીકળતા ગંગા નદીના ત્રિતથી બતાવાય છે અને તેના મોઢામાંથી આ રાગ નીકળે છે એમ મનાય છે.

૩. પું. એ નામનો પર્વત. તેના ઉપર અવનિ નામનું સ્થાન છે. ઉજ્જન પાસે તે છે.

૪. પું. એ નામે એક નાગ.

૫. પું. (સંગીત) એક ઓડવ ષાડ્જાતિ રાગ. તેમાં આરોહમાં સા, ગ, મ, પ, ધ એમ પાંચ સ્વર અને અવરોહમાં સા, નિ, ધ, પ, મ, ગ, રિ એમ સાત સ્વર આવે છે. તેમાં રિ, ધ કોમળ છે તેનો વાદ સ્વર ગ, વાદી સ્વર ધ, સવાદી સ્વર રિ અને ન્યાસ સ્વર ધ છે. ગાવાનો વખત પ્રાતઃકાલ છે. તે શાંત, ભયાનક, રૌદ્ર અને વીર રસ ઉત્પન્ન કરે છે અને અતિ ગંભીર પ્રકૃતિવાળો મનાય છે.

૬. પુ. (સંગીત) એક પ્રકારનો રાગ; મુખ્ય છ રાગોનો એ નામનો એક રાગ. તે શાંત રસથી ઓપ્ત ઋતુમાં પ્રભાતમાં પંચથી સાત સુધી ગવાય છે. તેને ભૈરવી, રામકલી, ગુજરી બંગાળી, ગુણકરી, સૈંધવી એમ છ ભાર્યા છે. તિલક, પંચમ, દિનની પૂરિયા વગેરે આઠ પુત્રો અને સિંધાવલી, સોરઠી, પટમંજરી વગેરે આઠ પુત્રવધૂ છે. તેનું સ્વરૂપ સિંદૂરના સરખું છે, એટલે કે તેના શરીરનો વર્ણ ગૌર છે, શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે, ત્રણ નેત્ર છે, સર્વાંગે વિભૂતિ લગાડેલી છે, માથા ઉપર જટાજૂટ શોભી રહ્યો છે, તેના મસ્તકમાંથી નિર્મળ જેવાં જળ વહી રહ્યાં છે, ખભામાં સર્પનાં કંકણ છે, ગળામાં રુદ્રાક્ષની માળા ઓપી રહી છે, બન્ને મધ્યભાગ નાગ્યુ છે, કવચિત વાઘચર્મ ઓઢ્યું છે એમ પણ કહેવાય છે હાથોટ મારેલો છે. એવો ભૈરવ રાજા મૃગચર્મ ઉપર સિંહાસન કરી એક પર્વત ઉપર ગાઢ નીચે બેઠો છે. ઋતુ શરદ છે, એટલે આસો અને કારતક માસ છે. રાગ ભૈરવને ઓડવ પણ કોઈ લેખે છે, પરંતુ પ્રસિદ્ધ સંપૂર્ણ છે. તેમાં ખરજ શુદ્ધ, રિખભ કોમળ, ગાંધાર ચડી, મધ્યમ કોમળ, કોઈ ચડી ઊતરી બે મધ્યમ પણ લગાવે છે; પંચમ શુદ્ધ, ધૈવત ઊતરી. નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર છે. તેનો વાદ સ્વર ગાંધાર છે, એટલે ગાંધારથી વાદ થાય છે. ન્યાસ સ્વર સા એટલે ખરજ છે, અર્થાત્ રાગ સા સંપૂર્ણ કરવામાં આવે છે. ધૈવત વાદી એટલે પ્રધાન સ્વર છે. રિખભ ધનાશ્રિ સવાદી સ્વર છે. આ રાગ ગાવાથી બિના બળદે ખાણી ચાલવા માટે એનો એનો પ્રભાવ મનાય છે. તે સાંભળવાથી માણસની તબિયત તંદુરસ્ત થાય છે, એટલે ઊંચ આળસ ઊડી જઈ હોંશિયારી આવે છે. આ રાગ હિંડોલ, શુદ્ધ પૂરિયા અને મલ્હારથી મિશ્ર છે એમ કોઈ કહે છે, પણ તેમ નથી. છ રાગ શુદ્ધ છે. એમાં કોઈ રાગનું મિશ્રણ થતું નથી. મહાદેવના દક્ષિણ દિશા તરફ રહેલા મુખથી આ રાગ ઉત્પન્ન થયેલો છે. વળી મુસલમાન લોકોના મત પ્રમાણે આ રાગની ઉત્પત્તિ એમ છે કે, જ્યારે ખુદાનો કહ્ર એટલે ક્રોધ ઊપર એનો હુકમ થયો કે તમે તમામ બહરની અંદર એટલે પૃથ્વી ઊપર જાઓ. તે સાંભળી કહ્ર ગભરાયો અને તે હુકમ પાળતાં આંચકો ખાધો ત્યારે બીજી વખત આકાશમાંથી એવો સુંદર અવાજ ભૈરવ રાગના સરખો આવ્યો કે તે સાંભળી તુરત કહ્ર મૃત્યુલોકમા ખુશી થઈને આવ્યો. પછી તે સ્વર બાનમાં રાખી દુનિયાની અંદર ગાયુ અને તેનું નામ ભૈરવ રાખ્યુ.

૭. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પૂર્વની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ અને બે જગણ મળી નવ વર્ણ હોય છે

ન જ જ થી ભૈરવ થાય. રણપિંગળ

૮. પું. કાળભૈરવ: કપ.લી.

૯ પું. ક્રોધ.
૧૦. પું. (સંગીત) તાલના સાઠ માંહેનો એક ભેદ.
૧૧. પું. (સંગીત) દસ માંહેનો એ નામનો એક થાટ. તેમાંથી ભૈરવ, બંગાલ ભૈરવ, આનંદ ભૈરવ, શિવ ભૈરવ, રામકલી, પ્રભાત, મુખારી, મેઘરંજની, અહીર ભૈરવ, સૌરાષ્ટ્રટક, અસ્વિનકો, નિષાદ રાગો ઉત્પન્ન થાય છે. તેના સ્વર સ રિ ૧ ગ મ પ ધ ૧ નિ સ છે.
૧૨ પું. ધિક્કાર.
૧૩. પું. ભય; બીક.
૧૪. પું. ભયાનક રસ.
૧૫. પું. ભયાનક શબ્દ.
૧૬. પું. (સંગીત) ભૈરવ થાટનો એ નામનો એક સંપૂર્ણ રાગ.
૧૭. પું. હારક; મહાદેવ; શિવ.
૧૮. પું. શિવનું એક ભયંકર સ્વરૂપ. આ સ્વરૂપમાં તેઓ નાશકારક હથિયાર ધારણ કરે છે, ગળામાં નાગ અને કમરે વાઘ નાગ કરે છે. આ સ્વરૂપમાં કપાલિક અને કાલમુખ તેની પૂજા કરે છે. પુરાણાનુસાર જે સમયે અંધક રાક્ષસ સાથે હારને યુદ્ધ થયું, તે સમયે અંધકની સદાયી હારના માથાના ચાર કટકા થઈ ગયા અને એમાંથી લોહીની ધારા વહેવા લાગી. તે પરથી પાંચ ભૈરવોની ઉત્પત્તિ થઈ. તાંત્રિકો અનુસાર અને કોઈ પુરાણો અનુસાર પણ ભૈરવોની સંખ્યા આઠ માનવામાં આવી છે. તેનાં નામોના સબંધમાં કાંઈક મતભેદ છે. કેટલાકના મત પ્રમાણે મહાભૈરવ, સંહારભૈરવ, અસિતાંગભૈરવ, રુરુભૈરવ, કાલભૈરવ, ક્રોધભૈરવ, તામ્રચૂડ અને ચંદ્રચૂડ તથા કેટલાકના મત પ્રમાણે અસિતાંગ, રુરુ, ચંડ, ક્રોધ, ઉન્મત્ત, કપાલ, ભીષણ અને સંહાર એ આઠ ભૈરવ મનાય છે. તાંત્રિક લોકો ભૈરવોની વિશેષરૂપે ઉપાસના કરે છે
૧૯. પું. શિવનો એક અવતાર.
૨૦. પું. હલકી જાતનો એક દેવ.
૨૧. સ્ત્રી. એ નામની એક જાતિ. નિષાદ પુરુષ અને શૂદ્ર સ્ત્રીની પ્રજાને ભૈરવ કહે છે.
૨૨. સ્ત્રી. એ નામે એક દેવી.
૨૩. ન. એ નામની જાતિનું માણસ.
૨૪ ન. એ નામનું એક પ્રાચીન નગર.
૨૫. ન. (શિલ્પ) એક જાતનું ચતુઃશાલયુક્ત ત્રિશાળ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર ઓસરી હોય, તે ઘરની જમણી તરફ અને પછીત એક એક ઓસરી હોય પણ તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો ભૈરવ નામે ઘર કહેવાય.
૨૬. ન. (સંગીત) ઓછામાં ઓછું એક તાનનું સંપૂર્ણ રાગમાં નિષાદ અને ગાંધાર વર્જવાથી ઉત્પન્ન થતું એક તાન.
૨૭. ન. કાચાકલ્પ માટે વપરાતું એ નામનું એક ઔષધ.
૨૮. ન. ધુતરાની જાતનું એક પક્ષી; ચીત્તરી. ભૈરવ. દેખાવમાં તે ધુરડ જેવું જ, પણ કદમા કાબર જેવડું નાનું હોય છે. અરે અપોરે પણ તે ખુલ્લામાં આવતાં અચકાતું નથી અને કોઈ વાર તો અપોરે ઊડતું પણ દેખાય. તેમ છતાં ખોરાક મેળવવાનું કામ તો તે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી જ કરે છે. દિવસે તે કોઈ વાર પોતાના ઘરને આંબલે આવીને બેસે છે ખરું, પણ જો તેને ભલેજ પહોંચે તો જ તે આંબલું છોડીને બહાર પડે છે. આપણે ત્યાં થતી ચીત્તરીઓમાં બી નોધર્ન સ્પોરેડ આફ્રિકાટ મુખ્ય છે. મરાઠીમા તેને પોંગળા કહે છે. કદમાં તે આઠ ઈંચની, ઉપરનો ભાગ ભૂરો, પોળાં ટપકાં અને પટાવાળો નીચેનો ભાગ પોળો અને છૂટાછવાય. ભૂરાં ટપકાંવાળો હોય છે. તેની ચોટી, ધુવડના જેવી, માથાની બંને બાજુ પડતી અને પીળી આંખો હોય છે. ઝાડમાં, ભીંતમાં કે બખોલમાં પોલાણ હોય તેમાં તે ઘર કરીને રહે છે. સૂર્યાસ્ત થાય ન થાય ત્યાં તો તે બહાર નીકળી પડે છે.
૨૯. ન. મહાદેવજીએ રચેલાં આઠ ભૈરવ મંત્રોમાંનું એક યંત્ર. તેની બનાવટ આઠ કાચ હોય છે. દેવ અને અસુરોની લડાઈના વખતે તે રચેલ મનાય છે.
૩૦. વિ. એ નામની જાતિનું.
૩૧. વિ. કમનસીબ.
૩૨. વિ. બીકણ; બીકાળું.
૩૩. વિ. ભયંકર; વિકરાળ; કરામણું; બીજાને દારુણ; ભયાનક.
૩૪. વિ. ભૈરવ સંબંધી.
૩૫. વિ. વીર; બહાદુર.

ભૈરવહારક [સં.] વિ. ભયંકર; ત્રિકામણું

ભૈરવક્ષેત્ર [સં.] ન. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામનું એક ક્ષેત્ર

ભૈરવઘાટી ૧. સ્ત્રી. ઊંચા શિખરની ભયંકર કરાડનું સ્થાન.
૨. સ્ત્રી. ભયંકર પહાડી રસ્તો.
૩. સ્ત્રી. હિમાલયની એ નામની એક પર્વતમાળા. એની મુદ્રામાં અમરનાથ મહાદેવનું પ્રખ્યાત મંદિર છે.

ભૈરવજટા [સં.] સ્ત્રી. તાલાદિ વર્ગની એ નામની એક વનસ્પતિ; શંકરજટા.

ભૈરવજપ ૧. પું. ભોગમના કે મુશ્કેલ કામમાં આંધળિયાં કરીને પડવું તે.
૨. પું. મોક્ષ માટે જપ કરતાં કરતાં પર્વત ઉપરથી પડતું મૂકવું તે; ઊંચેથી પડીને મરવું તે. ગિરનાર ઉપર એ નામની એક ટેકરી છે. તેના શિખર ઉપરથી યાત્રાળુઓ પડતું મૂકીને આત્મહત્યા કરતા એમ કહેવાય છે

ભૈરવજંપ જુઓ ભૈરવજપ.

ભૈરવથાટ પું. (સંગીત) બાર પૈકીનો એ નામનો એક થાટ. તેમાં માલકોષ, આસાવરી, આસાવેલિયા, સિંધભૈરવી, ધનાશ્રી અને ખટરાગનો સમાવેશ થાય છે.

ભૈરવનાથ [સં.] પુ. શૈવમતનો એ નામનો એક વિભાગ.

ભૈરવનાથતંત્ર [સં] ન. આઠ માંહેનું એક ભૈરવતંત્ર

ભૈરવનાથી પંચામૃત પર્પટી સ્ત્રી. (વૈદક) એ નામનું એક ઔષધ. તે હૃદય, શ્વાસ, અર્શ, આંતરડાના રોગ, સંગ્રહણી વગેરે દર્દોમાં ઉપયોગમાં લેવાય છે.

ભૈરવપુરાણ [સં] ન. એ નામનું એક પુરાણ

ભૈરવપ્રીતિમાપન્ના [સં] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માંહેનું એક નામ.

ભૈરવમસ્તક [સં.] પુ (સંગીત) એ નામનો એક તાલ

ભૈરવમંડલ જુઓ ભૈરવયંત્ર.

ભૈરવમુદ્રા [સં.] સ્ત્રી. એક જાતની મુદ્રા.

ભૈરવયંત્ર [સં.] ન. મહાદેવજીએ રચેલાં આઠ માંહેનું એ નામનું એક લડાયક યંત્ર. એનાં નામ: (૧) ભૈરવ, (૨) ચંદ્ર, (૩) અર્ક, (૪) ભીમગજ, (૫) યુગ્મ, (૬) શિખિ, (૭) ચમદંડ અને (૮) મહાભૈરવ. રાજવલ્લભમાં લખ્યું છે કે: દેવો અને અસુરોના સંગ્રામ વખતે મહાદેવજીએ આઠ પ્રકારના ભૈરવયંત્ર રચેલાં. તેમાં જેની બનાવટ આઠ કાચ હોય તેનું ભૈરવ નામ છે, જે યંત્રની સંખ્યા નવ કાચ હોય તેનું નામ ચંદ્રનામાયંત્ર કહેવાય, દસ કાચ બનાવટ હોય તે અર્ક, અગિયાર કાચ બનાવટ હોય તે ભીમગજ, બાર કાચ બનાવટ હોય તે યુગ્મ, તેર કાચ બનાવટ હોય તે શિખિ, ચૌદ કાચ બનાવટ હોય તે ચમદંડ અને પંદર કાચની બનાવટ હોય તે યંત્રનું નામ મહાભૈરવ કહેવાય છે.

ભૈરવરસ પું. (વૈદક) વાતજ્વર અને વાતવ્યાધિની કળતર ઉપર અપાતો રસ. તે નીચે પ્રમાણે બનાવાય છે: શુદ્ધ વછનાગ એક ભાગ, સૂંઠ બે ભાગ, પીપર ત્રણ ભાગ અને

મરી આર ભાગ એ બધાંને આદુના રસની અંદર ખૂબ ઘૂંટી અક્કડ રસીમારની ગોળી કરવી.

ભૈરવસિંગ જી. એક જાતના ઝાડની સિંગ.

ભૈરવાગમ [સં.] ન. એ નામનું એક તંત્ર.

ભૈરવાનંદવધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

ભૈરવાષ્ટક [સં] ન. (તાંત્રિક) આઠ માહેનું એ નામનું એક તંત્ર

ભૈરવાસન ન (યોગ) એ નામનું એક આસન. તેથી કૂર્માસની બાદબળ થાય છે, કમળ ખીલે છે, હરસરોગ, વાયુગોલો અને બરસની વૃદ્ધિ શાંત થાય છે.

ભૈરવાંજન [સં] પું. આંખમાં આંજવાનું એક જાતનું અંજન.

ભૈરવી ૧. પું. (સંગીત) એ નામે એક પ્રકારનો રાગ. ત્રિતાલથી ભૈરવીમાં પણ આઠ સમાય છે

૨. પું (સંગીત) બત્રીસ પૈકીનો સોળમો થાટ.

૩. પું. (સંગીત) દસ માહેનો એક થાટ. તેના સ્વર સ, રિ ઽ ગ ૫ મ ૫ ધ ની ઽ સ છે

૪ [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; દુર્ગાદેવી; પાર્વતી; આદ્યશક્તિ.

૫ સ્ત્રી. એ નામની એક નદીનું નામ

૬. સ્ત્રી. એ નામની એક ઘુડદોડાતા જાતિ.

૭. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગ્રીષ્મ ઋતુમાં સૂર્યોદય પછી પહેલા પહોરમાં શાંતિથી ગવાય છે. ધૈવત અંશસ્વરથી શુદ્ધ ભૈરવી થાય છે. તેમાં સાતે સ્વર આવે છે. રિ, ગ, ધ, ની કોમળ છે. તેનો ગ્રહ સ્વર અને ન્યાસ સ્વર સા છે. ખૂબસૂરતી તરીકે આરોહમાં રિ શુદ્ધ આવે છે. તીવ્ર મ પણ કવચિત્ લેવાય છે. ગાવાનો વખત સવારનો છે. આ રાગિણીનો શરીરનો વર્ણ ગૌર, કોઈ મતમાં શ્યામ પણ કહેલ છે. શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે. તેમાં ઓઢણ શ્વેત છે અને મુખ ઉપર લાલ રંગની કચુકી કહેલી છે. ગળામાં ચંપાનાં ફૂલનો હાર પહેરેલો છે અને હાથથી તાલ બજાવતી એની ભૈરવી નામની રાગિણી શિવના મંદિરમાં હર હર હર એમ ઉચ્ચાર કરતી બતાવે છે. વળી કોઈ મતમાં એમ પણ છે કે ઉપર મુજબ વસ્ત્રાલંકાર પહેરી એક પર્વતના શિખર ઉપર મંદિરમાં બેઠી છે અને આસપાસ કમળનાં પુષ્પ ખીલી રહ્યાં છે અને કાળાં કમળનાં પત્રથી મહાદેવની પૂજા કરી રહી છે.

૮. સ્ત્રી. એ નામ [દેવીનું એક સ્વરાનક.

૯. સ્ત્રી. દશ માહેની એક મહાવિદ્યા; મહાવિદ્યાની એક મૂર્તિ.

૧૦. સ્ત્રી. નર્મદાનાં કાંઠા માહેનું એક નામ.

૧૧. સ્ત્રી. ભૈરવ દેવની પત્ની.

ભૈરવીચક્ર ૧. ન. ઢાઢ પીનારાઓ અને અનાચારીઓનો સમૂહ.

૨. [સં.] ન. નામપત્રમાં કરવામાં આવતું કૂંડાળું

૩. ન. ભૈરવી દેવીની પૂજા માટેનું એક ચક્ર.

૪. ન. ચાર માર્ગનો એ નામનો એક ઉત્સવ. તેમાં તેઓ ખૂબ ઢાઢ પી પુરુષ સ્ત્રીનાં લિંગ કે યોનિના પૂજન વગેરે બીભત્સ ક્રિયાઓ કરે છે.

૫. ન. શાક્ત લોકોનું એક મુખ્ય મંતવ્ય. આમા ઓના ગુરુ આગના ચિત્રની પૂજા થાય છે

ભૈરવી થાટ પું. (સંગીત) બાર માહેનો એ નામનો એક થાટ. તેમાં માલકોષ, ભૈરવી, આશાવરી, આસાવેરિયા, સિંધભૈરવી, ધનાશ્રી અને ભટરાગનો સમાવેશ થાય છે.

ભૈરવેશ [સં.] પું. શિવ.

ભૈરા [હિ.] પું. ભઠેરું.

ભૈરારી સ્ત્રી (સંગીત) એ નામની એક રાગિણી

ભૈરી [હિ.] પું. એક જાતનું બાજ પક્ષી.

ભૈરોં ૧. પું. (સંગીત) ગ્રીષ્મ ઋતુમાં સવારમાં ગવાતો એક રાગ; ભૈરવ. આ રાગ જ્યારે શંકરના માથા ઉપર ગંગા વહે છે ત્યારે તેના મોઢામાંથી નીકળે છે.

૨. સ્ત્રિ.પું. ભપંકર; બીક લાગે તેવો.

ભૈરો ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે.

૨. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; ગીતકા. તેના દરેક ચરણમાં નગણ, નગણ, ત્રણ રગણ, નગણ અને ગુરુ મળી બોતરીસ અક્ષરો હોય છે

ભૈયાડ પું. ભાઈચારો; બિરાદરી.

ભૈષજ ૧. પું. ભવા પક્ષી.

૨. [સં.] પું. વૈદ્યનો શિષ્ય, ચોત્રજ કે છાત્ર

૩. ન. ઔષધ; દવા.

ભૈષજતત્ત્વ ન. ઔષધિઓના મુખ્ય વગેરેનું જેમા વર્ણન કર્યું હોય તે ચિકિત્સાશાસ્ત્રની એક શાખા.

ભૈષજશાસ્ત્ર ન. વનસ્પતિશાસ્ત્ર; ઉદ્ભિજ્જવિદ્યા; જમીનમાંથી ઊગનારી ચીજો સંબંધી હકીકત જણાવનાર વિદ્યા.

ભૈષજિક પું. રાસાયણિક દવા વેચનાર કે બનાવનાર માણસ; ' કેમિસ્ટ '.

ભૈષજિકી [સં.] સ્ત્રી. ઔષધ સંબંધી વિદ્યા.

ભૈષજિકીય [સં.] વિ. વૈદ્ય સંબંધી.

ભૈષજિકીવિદ પું. વૈદ્ય.

ભૈષજ્ય ૧. [સં.] પું. વૈદ્યનો પુત્ર.

૨. ન ઔષધ, દવા.

૩. ન. રોગ, વ્યાધિ.

૪. ન. વૈદું; ઓસડ કરવું તે.

૫. વિ. રોગો અને ભૂતબાધાને લગતું. તેના બે પ્રકાર છે: (૧) રોગ અને ભૂતબાધા (૨) આયુષ્ય, દીર્ઘજીવન અને તંદુરસ્તી માટેના મંત્ર.

૬. વિ. વૈદ્ય સંબંધી

ભૈષજ્યમંત્ર [સં.] પું. રોગ અને ભૂતબાધાને લગતા મંત્રોનો આયુર્વેદનો એક ભાગ.

ભૈષજ્યરત્નાવલી [સં] સ્ત્રી. વૈદ્યકનો એ નામનો એક ગ્રંથ.

ભૈષજ્યસમુદ્ગત [સં.] પું ધોધિસત્ત્વનું એક સ્વરૂપ

ભૈષજ્યાગાર [સં] પું. ઔષધોનો ભંડાર

ભૈષ્મકી [સં] સ્ત્રી. (પુરા.શ) ભીષ્મકની કન્યા રુક્મિણી

ભૈષ્મી [સં] સ્ત્રી (પુરા.શ) કૃષ્ણની મુખ્ય આઠ માહેની એ નામની એક રાણી.

ભૈસા જુઓ ભેંસા.

ભૈહા ૧. [હિ.] પું. જેને ભોંય કેવ કે ભૂતનો આવેશ આવતો હોય તે.

૨ વિ. ભયભીત; ડરેલું

ભૌંડલા સ્ત્રી. મૂર્ખ કે બાલક વયની છોકરી

ભૌંસ [હિ.] સ્ત્રી. ભેંસ.

ભૌંસા [હિ.] પું. પાડો.

ભૌંસાદાહ પું. એક જાતની ધાધર.

ભૌંસાસુર [હિ.] પું. મહિષાસુર.

ભૌંસિયાદાહ જુઓ ભૈંસાદાહ.

ભૌંસોરી [હિ] સ્ત્રી. ભેંસનું બચ્ચું.

ભૌંસોંઢા પું. ભેંસની ચરાઈનો કર.

ભૌ ૧. [સં. ભય-ભઉ-ભો] પું. ભય; ધાસ્તી; બીક; ભીતિ, ડર; ચિંતા; ફિકર.

જો ભાઈ ભો એટલે ઘણું ખરું હમેશા ભયમાં રહેવા કરતાં એક વખત તેનો સામનો કરવો સારો; શરૂઆતમાં જ માત્ર મુશ્કેલી હોય છે

૨. [સં. ભોઃ] અ અરે; હે. હા; ઓ. સંબોધનમાં બોલાય છે.

૩. [હિ.] સ્ત્રિ. ભાયુ.

ભોર્ડ ૧. [સં. ભોજિક; પ્રા. ભોઇઓ; અપ. ભોઅઉ] પું. પાલખી ઉપાડવાનો ધંધો કરનાર માણસ.

૨. પું. હાથીની ચાકરી કરનાર નોકર.

૩. [સં. ભવતી] સ્ત્રી. (પ્રાકૃત) આપ. સ્ત્રીવાચક શબ્દ છે

૪. સ્ત્રી. એ નામની પછાત મચ્છી ઓક થડ કોમ. સૌરાષ્ટ્રમા ભોઈની વસતી ખૂબ છે. ભોઈ લોકો મધ્ય પ્રદેશ, ખંભાળ વગેરે પ્રાંતોમાં રહે છે અને પાસતુ કુછર ઉછેરવાનો ધંધો કરે છે. તેઓ ઢીમરનું પણ કામ કરે છે. મોટા ગામમા જ્યાં ફોનોનું જોર વધુ હોય, ત્યાં જીવહિંસાની મનાઈને કારણે તેમનો ધંધો કરવામાં અડચણ પડવાથી તેમાના ઘણાક એની કરવા લાગ્યા છે. કેટલાક ઓલ્લે ગિયકવ.નું કામ પણ કરે છે અને કેટલાક પાલખી કે ડોળી ઉપાડવાનું કામ પણ કરે છે

ભોઈની પટલાઈ = જગ્યા પણ કામ કરવાનો નહિ કરનાર કામ; નકામી મોટાઈ. ભોઈ લોકો પાલખી ઊચકવાનુ કામ કરે છે. બે કે ચાર ભોઈ પાલખી ઊચકે છે ને તેનો પટેલ હોય તે ઊચકનારના ખેડા ઉપાડી ચાલે છે. તે ઉપરથી આ કહેવત નીકળી છે

૫. સ. એ નામની કોમનું માણસ.

૬. સ (વહાણવટું) વહાણમાં કૂવાને ગોળ રાખવા પકડવું લાકડું.

૭. વિ. એ નામની કોમનું.

૮. વિ પાલખી ઊચકનાર.

ભોઈકબ્રા પું. સ્મશાન.

ભોઈરિંગ સ્ત્રી. મજૂરણ; માંડવી.

ભોઓલ્લી વિ. સ્ત્રી. ભરેલી.

ભોઓલ્લીએ ગ્રમણીએ સુઈ નાઈ.
પ્રાચીન કાવ્ય

ભોક ૧. સ. છિદ્ર; કાણું; બાકું; ચેહ.

૨. સ. ભોકાવાની અસર.

ભોકર સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભોકરી સ્ત્રી. એક જાતનું ફળઝાડ.

ભોકવું ૧. અ ક્રિ. અંધારાળી ચીજ બીજી ચીજમાં પેસાડવી; ભોંકવું; ખોંચવું; ખોસવુ. ઠોંચવુ

૨ સ. ક્રિ. ખરાબ રીતે સીવવુ.

ભોકસ ૧. [સં] પુ એક જાતનો રાક્ષસ.

૨. પું ભટકવું.

૩. વિ. ભૂખ્યુ.

ભોકાર [સં.] સ્ત્રી જોરથી રોવું તે.

ભોકાવું ૧. અ અદરથી પહોળું અને પોલું થવું; ભોકું બખાડું; બાકોરું. મોટું થવું.

૨. સ. ભોપાળું; પોલ્લ

ભોકાવવું સ. ક્રિ. ભોકવાની ક્રિયા કરાવવી; ભોકે એમ કરવુ

ભોકાવું સ. ક્રિ. ભોકવાની ક્રિયા થવી.

ભોકીકિંચડા (ભોકોકિચડા) ૧. સ્ત્રી. ચાલુવાની ચોરાશી માંહેની એ નામની એક જાત.

૨ સ એ નામની જાતનુ માણસ.

૩. વિ એ નામની જાતનું

ભોકુર સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ભોક્તવ્ય ૧. [સ. ભુજ (ભોગવવું) + તવ્ય (વિધ્યર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. ખાવા ભોગવવા ભોજન કરવા લાયક

૨ વિ. ભોગવવા જેવું; ભોગવટો કરવા જોગ.

૩ વિ. વપરાશ કરવા લાયક.

ભોક્તા ૧. [સં. ભોક્તૃ] પું. (વેદાંત) અંતઃકરણની સુખાકાર કે દુઃખાકાર વૃત્તિનો ઉપાધિવાળો ચૈતન્ય.

૨. પું. (વેદાંત) આનંદમય કોશની ઉપાધિવાળો બ્રહ્મ. મુખ્ય કાર અંતઃકરણની વૃત્તિઓનો આત્મા.

૩. પું. ખાનારોવાનો શોખીન

૪ પું નવ સમાસરૂપ વિશ્લેષ માંહેનો એક પ્રકાર

૫ પું પતિ; ભર્તા.

૬. પું પ્રેમી

૭ પુ ભોગવનાર પુરુષ. વિનોબાજી ગીતાપ્રવચનમાં કહે છે કે: પરમેશ્વરના કૃપાપ્રસાદથી કર્મનું જે ફળ મળ્યું, તેને પણ ખુદ ન ભોગવે તેને અર્પણ કરી દેવુ. આ ભૂમિકામાં જીવ પરમેશ્વરને કહે છે કે, તમારું ફળ તમે જ ભોગવો નામદેવ દહ કરીને બેસી ગયા કે, પ્રભુ, દૂધ પીવુ જ પડશે. કેટલો અપૂર્વ પ્રસંગ છે ! તે આખા યે કર્મફળરૂપી દૂધ નામદેવ ભગવાનને અર્પણ કરી રહેલ છે. આ રીતે જીવનની બાજી પૂરી કમાઈ, જે પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થઈ, તેને તે અર્પણ કરી દે છે. ધર્મરાજ જેવા સ્વર્ગમાં પગ મૂકવા જાય છે કે તેની સાથેના કૂતરાને આશ્રય જવા દીધો નહિ, ત્યારે તેમણે પોતાના આખા યે જીવનનું પુણ્યફળ સ્વર્ગ, એક ક્ષણમાં ઓછી દીધુ. એની રીતે ભક્ત પણ આખો યે કૃતલાભ પરમાત્માને અર્પણ કરી દે છે. ઉપદ્રષ્ટા, અનુમતા, ભર્તા એ સ્વરૂપોમાં પ્રતીત થનાર પરમાત્મા હવે ભોક્તા થઈ જાય છે. હવે જીવ એની ભૂમિકામાં આવી જાય છે કે, જ્યારે પરમાત્મા જ શરીરમા ભોગોને ભોગવે છે

ઉપદ્રષ્ટા અનુમતા ભર્તા ભોક્તા મહેશ્વર,
પરમાત્મા કહે તેને દેહે પુરુષ જે પર.
ગીતાનુક્રમણિકા

૮. પું રાજા.

૯ પું. વિષ્ણુ

૧૦ પું શિવનાં હજાર નામોનું એક નામ.

૧૧. પું. સર્પનું એક નામ.

૧૨. વિ. અનુભવ કરનાર.

૧૩. વિ. કબજો ધરાવનાર.

૧૪ વિ. ભોગવટો કરનાર; વાપરનાર; ભોગ ભોગવનાર.

૧૫. વિ. ભોજન કરનાર; ખાનાર.

૧૬. વિ રક્ષણ કરનાર

૧૭. વિ. રક્ષિત

૧૮ વિ ગમન કરનાર.

૧૯. વિ વિષયાનંદી; વિષયી; ભોગી

ભોક્તાપણું ન. ભોગવનારપણું

જેને સુધા સમજે નહિ, જાય ખાય કૂણ ચાખ;
એમ શાસ્ત્રાનુભવ કર્યાનુ, ભોક્તાપણું જણાય
અખંડાનંદ ઉદ્ગારો

ભોક્તાભાવ પું (જૈન) એ નામનો એક ભાવ

હું પરનું કરી શકું, પર મારે કરી શકે, એવો કર્તાભાવ અને ઉપભોક્તા, સુખદુઃખની જાગૃતિરૂપ ભોક્તાભાવ તે તો અંધકરણ છે ને તેથી સુલભ છે, પણ પુરુષપરિણતિ રહિત સ્વરૂપથી પ્રગટ નથી.
સમયસાર

ભોક્તુકામ ૧. [સ] વિ. ભોજન કરવાની ઇચ્છાવાળું; ખાવા ઇચ્છનાર.

૨. વિ. ભોગવવાને ઇચ્છનાર

ભોક્તૃતા ૧. [સં.] સ્ત્રી. ભોક્તા હોવાપણું; ભોગવનારપણું

૨ સ્ત્રી. ભોગવટો

૩ સ્ત્રી. ભોજન કરનારપણું; ખાનારપણું

૪ સ્ત્રી. રક્ષકપણું; રક્ષણ કરનારપણું

ભોક્તૃત્વ ૧ (જૈન) પારિણામિક ચૈતન્યનો એક ભાવ

અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, વસ્તુત્વ, પ્રદેશવત્ત્વ, અસંખ્યાત્ત્વ, પ્રદેશત્વ, અસર્વગતત્વ, અરૂપત્વ વગેરે અનેક પારિણામિક ભાવો છે.
તત્ત્વ સંસૂત્ર

૨. [સ ભોક્તૃત્વ] ન. ભોક્તાપણું

ભોક્તૃશક્તિ [સં] સ્ત્રી. બુદ્ધિ

ભોક્ત્રી ૧. [સં.] સ્ત્રી. પ્રકૃતિ.

૨ સ્ત્રી. ભોગવનાર સ્ત્રી

જેમ કેસરનો બાર ઊંટ બીજાને માટે ખેચે છે તેમ પ્રકૃતિ પોતે ભોક્ત્રી ન હોવા છતા આત્માને માટે અનેકવિધ કામો ઊંટની માફક પરવશ થઈને કરે છે
ન. સ્વાધ્યાય

ભોક્ષ્યમાણ ૧. [સં.] વિ આવાને તત્પર.

૨. વિ ભોગવવાને તૈયાર.

૩. વિ. ભોગવવા માટે પ્રસ્તુત

ભોમ ૧. પું. અપૂર્ણાંકમાં ઉપલો અંક.

૨ [સં.] પું. અમલ

૩. પું. આનંદ; મજા; મોજમજા; મોજશોખ. કેનહ્રિન કહે છે કે, જેમ વધારે ભોગ ભોગવીએ તેમ વાસનાઓ પણ વધે છે અને તેથી સૌ મનુષ્યોના કરતાં સ્વાર્થી સૌથી વધારે અસંતુષ્ટ હોય છે.

૪. પું. આનંદભોજન.

૫ પુ. અ.વ.

૬ પું (જૈન) એ નામનો એક આર્યવંશ; ઋષભદેવ પ્રભુએ ગુરુસ્થાને સ્થાપેલું કુળ.

૭. પું. એક પ્રકારનો વૈભવ.

૮. પુ એક જાતનો સૈનિક વ્યૂહ; રથાકારે ગોઠવેલું સૈન્ય.

૯. પું. (જૈન) એક વાર ભોગવવામાં આવેલી એવી વસ્તુ

૧૦. પું. કામળો.

૧૧ પુ. ક્રાન્તિવૃત્તના ૩૬૦ અંશોનો દરેક વિભાગ, રેખાંશ; 'લૉન્જિટ્યૂડ'.

૧૨. પું. ખરાબ ઉપયોગ, કદરૂપ

૧૩. પુ. ખાતું, ખાતેદારનો હક્ક.

૧૪. પું. ખાવું તે; ભક્ષણ; આહાર; ભોજન.

આ જે સેવા કરવી છે તેને માટે પોતે ભોગ પણ મહત્ત્વ કરવો પડશે. ભોગ પણ યજ્ઞનું એક અંગ છે. આ ભોગને ગીતા આહાર કહે છે.

વિનોબા.

ભોગ લગાવવો = ખાવું; જમવું.

૧૫. પુ. ગાળો; અપમાન
ભોગ દેવો = ગાળ દેવી

૧૬. પુ. ચૂનાળું.

૧૭. પુ. દેવમંદિરમાં થતાં સવારનાં બીજાં દર્શન.

૧૮. પું. દેહ; શરીર.

૧૯. પુ. દેહ અને સુખસાધનાદિકનો ત્યાગ.

૨૦. પું. ધન.

૨૧ પુ. નક્ષત્રનું પ્રસાર થવું તે.

૨૨. પું. (જૈન) નવ ક્ષાત્રિય ગોત્રોનો એક ભાગ

૨૩. પું. નવ પ્રકારના સંસારરૂપવૃક્ષ ગોત્રોનો એક વિકલ્પ.

૨૪. પું. નૈવેદ્ય; દેવને ધરાવવાનો પ્રસાદ.

૧. ભોગ ચઢાવવો-ધરાવવો = નૈવેદ્ય અર્પણ કરવું; બલિદાન આપવું

૨. ભોગ ધરવો = ખાનપાન ધરાવવું.

૨૫ પુ. પાલન; રક્ષણ; પાળવું તે.

૨૬. પું. (જૈન) પાંચ ગોત્રોની એક લબ્ધિ.

૨૭ પુ. પુર.

૨૮. પું. પૃથ્વી વગેરેનો ફળભોગ.

૨૯. પુ પ્રભાતિયું.

૩૦. પુ. પ્રા.મિ.

૩૧. પું. પ્રારબ્ધ; પાપપુણ્યનું ફળ.

૩૨. પું. ફળ; અર્થ

૩૩. પું. ફેણ; સર્પની ફણા.

૩૪. પું. બલિદાન. ગાંધીજી ભોગ વિષે લખે છે કે: કોઈ પણ દેશને કદી અન્યા વિના અને ભોગ આપ્યા વિના સ્વતંત્રતા નથી મળી, નવો જન્મ પ્રાપ્ત થયો નથી. ભોગ શબ્દ તો લાગનો અર્થ સૂચે છે? અંગ્રેજીમાં સેક્રિફિસ શબ્દ પવિત્ર કરવું એ ધાતુમાંથી આવેલો છે.

૧. ભોગ આપવો = બલિદાન આપવું, ત્યાગ કરવું.

૨. ભોગ થઈ પડવું = (૧) બલિ પડવું; બીજો જેમ કરે તેમ સહેવાની હાલતમાં આવી પડવું. (૨) વિનાશ પામવું; હોમાઈ જવું. (૩) શિકાર બનવું; સોસવું પડે એવી હાલતમાં આવવું.

૩. ભોગ લેવો = (૧) બલિ લેવો. (૨) બલિ લેવો

૩૫ પું. બેસવાં માથામાં પડે છે તે પાંખો; જૂવો

૩૬. પું. બાહુ; ભુજા.

૩૭. પું. ભાન; અનુભવ.

૩૮. પું. ભોગવવા યોગ્ય પદાર્થ; સુખદુઃખનો પ્રત્યક્ષ અનુભવ

૩૯. પુ ભોગવવાની સામગ્રી; સર્વ ઇંદ્રિયોનો વિષય.

૪૦ પું. ભોગવવાનું સુખદુઃખ.

૪૧. પું. ભોગવવું તે; ભોગવટો, ભુક્તિ; ઉપભોગ; વહીવટ; ઉપભોગ કરવો તે; સુખાસ્વાદ લેવો તે.

સામટે પૂરું સુખ કાજે,
ચતું સ્વમાયાથી હું ભોગવે;
જાને તનથી મૂલ કર્મ ભોગ,
નમસ્ય પાદાબુજ વહુ નિત્ય.

ભાગવતપુષ્પાંજલિ

૧. ભોગ આવવું = (૧) ઉપભોગમાં આવવું. (૨) સ્વાધીન કે અનુકૂળ આવવું.

૨. ભોગ પડવું = કોઈની માલિકી કે ભોગવટા હેઠળ જવું.

૪૨. પું. મહાદેવ.

૪૩. પું. માઠી દશા; દુઃખાનુભવ; દુર્ભાગ્ય; દુર્દશા.

૧. ભોગ ફરી વળવા-ભળવા-લાગવા = (૧) આકૃત આવવી. (૨) ગાંડી બનવું; કમનસીબી થવી. (૩) કૈંક પ્રતિકૂળ હોવું. (૪) માઠી દશા બેસી; મોટું નુકસાન થવું.

૨. ભોગના ભોગ = માઠી દશાનો ભોગ; કઈ કામ કે બનાવમાં નસીબ જ વચ્ચમાં પડવું એવો સમય.

૪૪. પુ. માન.

૪૫. પું. માનુષપ્રમાણના ત્રણ માંહેનો એક ભેદ.

૪૬. પું. માપ.

૪૭. પું. મિલકત.

૪૮. પું. રાજભાગ.

૪૯. પું. રાજ્ય કરવું તે.

૫૦ પું. વપરાશ; સુખાધિકાર.

૫૧. પું. વિષયસુખ; વિલાસ.

૫૨. પું. વેશ્યા વગેરેના ઉપભોગ બદલ તેને આપવામાં આવતું ભાડું.

૫૩ પું. વેશ્યા સ્ત્રી

૫૪. પું. અન્ન.

૫૫ પું. શરીર.

૫૬. પું. સત્તાવીસ માંહેના દરેક નક્ષત્રે રોહિણી આકાશનો ભાગ.

૫૭. પું. સર્પ, સર્પનું શરીર.

૫૮ પું. સહન કરવું તે.

૫૯. પું. સંકટ; દુઃખ; કષ્ટ.

૬૦. પું. સંતોષ.

૬૧ પું. સંપાતથી અથવા બીજા કોઈ ધારેલા આરંભસ્થાનથી ગણતા જ્યોતિશ્ચક્રથી ક્રાંતિવૃત્ત ઉપર કાઢેલ લંબથી પહેલા આરંભસ્થાનને ઉદાય ત્યા સુધીનું અંતર.

૬૨. પુ. સુખ.

૬૩. પુ. સુખનો લહાવો; સંભોગ; રતિ.
ભોગ કરવો = સંભોગસુખ ભોગવવું.

૬૪. પું. સૂર્ય

૬૫. પું. સૂર્ય વગેરેનો રાશિમાં ગતિનો ભાગ.

૬૬. પું. હાથી, ઘોડા વગેરેનું મૂલ્ય.

૬૭. પું. હિસ્સો; વહેંચાણ.

૬૮. વિ. (જૈન) ભોગકુળમાં જન્મેલું.

ભોગપ્રજ્ઞ ૧. [સં. ભોગ + પ્રજ્ઞ] સ્ત્રી. (જૈન) પાંચ ઇંદ્રિયોને વહાલા લાગવાવાળાં પર દ્રવ્યોની રતિ

૨. સ્ત્રી. ભોગવવાની પ્રજ્ઞા થવી તે.

ભોગપ્રદ [સં.] વિ. ભોગના ફાળનું; ભોગના સમયનું.

ભોગપ્રદ ૧. [સં.] વિ. આનંદ આપનાર; ભોગ આપનાર.

૨. વિ. ઉપભોગ કરનાર.

૩ વિ. આનાર.

૪. વિ. ભોગવનાર; વહીવટ કરનાર.

ભોગપ્રદા [સ.] સ્ત્રી. નર્મદાના કાંઠા પરનું એક નામ.

ભોગપ્રાપ્ત [સં.] પું. (જ્યોતિષ) ભોગવવાનો વખત.

ભોગપ્રાળ જુઓ ભોગપ્રાપ્ત

ભોગપ્રેમ જુઓ ભોગપ્રેમ.

ભોગકુળ [સં. ભોગકુલ] ન. (જૈન) એ નામનું એક કુળ. આદિનાથે પુણ્યસ્થાને સ્થાપના કરી હતી તે કુળ.

શ્રી ઋષભદેવે રાજન્યકુળ, ક્ષત્રિય, ઉગ્રકુળ અને **ભોગકુળ** એવા ચાર કુળો સ્થાપન કર્યા

ગુ. સા. પરિષદ

ભોગગુચ્છ [સં.] ન વેશ્યાને ભોગવવા બદલ તેને આપવામાં આવતું ઘરેણું

ભોગગૃહ ૧ [સં] ન ભોગનું ઘર; સ્ત્રીપુરુષનું રતિગૃહ.

૨. ન. ઓળોનો આવાસ.

ભોગઘાયવિયે (ભોગઓવઇયે) અ. અકરમાત. ભોગવીને

ભોગજન્ય [સં.] વિ. ભોગમાંથી ઉત્પન્ન થતું.

ભોગજસુખ [સં.] ન. ભોગથી થનાર સુખ

ભોગજાત ૧. [સ.] વિ. સુખ અથવા દુઃખ ભોગવવામાંથી ઉત્પન્ન થતું

૨. વિ. વેદના, સુખ અથવા દુઃખમાંથી ઉપજેલું

ભોગજાલ [સં] ન્ન. ભોગરૂપી જાળ.

ભોગજાળ જુઓ ભોગજાલ.

ભોગજોગ ૧. [સં. ભુજ્ (ભોગવવું) + યુજ્ (જોડવું)] પું. અનુભવનો યોગ.

૨. પું. નસીબનો યોગ; આવી ચડેલ કર્મસંજોગ, અકરમાત બનાવ.

ભોગજોગું વિ. નિર્વાહ પૂરતું.

ભોગજોગે ૧. અ અકરમાતથી; કદાપિ; કવચિત્; વેળાએ; કોઈ વાર જ એમ; અમુકવાર કોઈ એમ; ઓચિંતું આવે એમ; કોઈ વાર; કદાચ.

૨. અ. કમઆગમે.

૩. અ. દૈવયોગે; કર્મસંજોગે; સંયોગવશાત્.

ભોગજોગુહાર પું. ઉપભોગકર્તા.

ભોગણી સ્ત્રી. ભોગ કરનારી કે લેનારી સ્ત્રી

ભોગતૃષ્ણા [સં.] સ્ત્રી. સાંસારિક ભોગો ભોગવવાની ઇચ્છા.

ભોગત્યાગ [સં.] પું. ખાવાની વસ્તુનો ત્યાગ; વ્યસનનો ત્યાગ; વિષયત્યાગ.

ભોગદર્શન [સં.] ન. સાંજે ડાહોરજીને ભોગ ધરાવાય તે વખતનાં દર્શન.

ભોગદશા [સં.] સ્ત્રી. વિલાસદશા.

અહીં અભિયોગદશામાંથી **ભોગદશા**માં સંક્રમણ છે. ગીતગોવિંદ

ભોગદા ૧. [સં.] સ્ત્રી. એ નામની સૂર્યની એક કલા.

તપિની, તાપિની, ધૂમ્રા, મરીચિ, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, **ભોગદા**, વિશ્વા, બોધિની, ધારિણી તે સૂર્ય એ સૂર્યની દ્વાદશ કલાના નામો છે. ભોજકૌતુક

૨. સ્ત્રી. નર્મદાનાં દખ્ખર માંહેનું એક નામ.

ભોગદાત્રી [સં.] સ્ત્રી. નર્મદાનાં દખ્ખર માંહેનું એક નામ.

ભોગદાન [સં] ન ભોગવટા; હલ લેવાને માટે કરેલી રેલમછેલ; ખો લેવાને માટે આપેલી બક્ષિસ.

ભોગદાયિની ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં દખ્ખર માંહેનું એક નામ.

૨. સ્ત્રી. સીતાનાં દખ્ખર માંહેનું એક નામ.

ભોગદાર ૧. પું. ભાગીદાર

૨. પું માલિક; 'પ્રોપ્રાયટર'.

૩. વિ. ભોગવવાનો જેને હક્ક કોલ તેવું; ભોગવનાર; કોઈ મિલકતનો ભોગવનાર.

ભોગદારી ૧ પું. ભોગવવાનો જેને હક્ક હોય તે.

૨ સ્ત્રી ભોગવવાની સત્તા; ભોગવવાનો હક્ક.

ભોગદેહ ૧. [સં.] પું મનુષ્યના મરણ પછી સ્વર્ગે નરકે વગેરેમાં જવા માટે ધારણ કરવો પડતો સૂક્ષ્મ દેહ.

૨. પું. સુખદુઃખ વગેરે ભોગવવાનું સાધન દેહ; પુરુષપ્રકૃતિના કૃત્ય ભોગવવાનું શરીર.

ભોગદેહી [સં ભોગદેહિન્] વિ. ભોગદેહવાળું.

નિષ્કામ કર્મ કરનાર જનક આદિ રાજર્ષિઓ વિદેહ કહેવાયા. કર્મદેહી, કર્મફળની ઇચ્છા રાખનારા મનુષ્યો કર્મદેહી અને ઉપભોગદેહી અને પશુપંખી આદિ **ભોગદેહી** કહેવાય છે.

નાગરદાસ

ભોગદોષ [સં] પું. (સાંખ્ય) એક પ્રકારની તુષ્ટિ; વિષયના ઉપભોગથી વિષયની તૃષ્ણા વધે છે એમ સમજવું તે.

ભોગદ્વિગુણ [સં] સ્ત્રી. સરકારને ભરવી પડતી વેરાની એક દિવસની કમાણીથી બમણી રકમ.

ભોગધર [સં.] પું સર્પ; શેષનાગ; દિગ્વસન; ભોગી; કંચુકી; કુલીનસ; હલધર; હરિ.

ભોગન્યાયાસન [સં.] ન. કજિયા-વ્યાયાધીશી; માલિકીના પ્રકારના હક્કો ચૂકવવાના અધિકારવાળી અદાલત

ભોગપતિ ૧. [સં.] પું કોઈ નગર કે પ્રાંતનો શાસન કરનાર અધિકારી.

૨. પું ભોગ કરવા માટે પતિ; ભોગ કરવાવાળો ધણી

૩. પું. રાજાનો પ્રતિનિધિ.

૪. પું. સર્પ.

ભોગપદ્ધતિ [સં.] સ્ત્રી. મહેસૂલ કે રાજભાગ ઉઘરાવવાની પદ્ધતિ.

ભોગપરાઙ્મુખ [સં] વિ. ભોગથી વિમુખ.

ભોગપરાયણ વિ. ભોગમાં મસ્ત.

ગંધારની જમાવટ સાથી બજિતના રૂપકરૂપ **ભોગપરાયણ** નાયિકાની વાણીમાં કરેલી જણાય છે. ગીતગોવિંદ

ભોગપાલ [સં.] પું. મોકાનો રખેવાળ; ખાસદાર.

ભોગાપપત્તિ ૧. [સં.] સ્ત્રી. ભોગ ભોગવવા માટેની આતુર ઇચ્છા.

૨. સ્ત્રી વિલાસિતા

ભોગાપિપાસુ [સં.] વિ. ભોગ ભોગવવાની ઇચ્છાવાળું

ભોગાપિશાચિકા જુઓ ભોગપિશાચી

ભોગાપિશાચી [સં.] સ્ત્રી. ભૂખ

ભોગપુરુષ [સં.] પું. ભોગતત્પર પુરુષ.

ભોગપ્રધાન [સં.] વિ. સુખ તરફ વધારે લક્ષ આપવાવાળું

તત્ત્વજ્ઞાનો નો રૂપકાર ભોગપ્રધાન છે, ત્યાગપ્રધાન નથી. સંસ્કૃતમાં બધે આને **ભોગપ્રધાન** રૂપકાર જ લખાનો આવ્યો છે. પ્રીતગોવિંદ

ભોગપ્રસ્થ [સં] પું. બૃહત્સંહિતા અનુસારે ઉત્તર દિશામાં આવેલ એ નામનો એક દેશ.

ભોગપ્રિય [સં] વિ. ભોગને પ્રિય માનનાર.

નમાજરુમાં કંઈ દોષ નથી, એમ આ **ભોગપ્રિય** કે ભોગને ધર્મ માનનારો સંપ્રદાય માને છે. નવલરામ

ભોગબંધક [સં.] ન. ગીરો મૂકેલ વસ્તુનો ઉપભોગ કરવા દેવા માટેનું બંધનખત; ગીરોખત; ગીરોદક્ક

ભોગભાવના [સં.] સ્ત્રી. ભોગ ભોગવવાની ઇચ્છા

ભોગભૂમિ ૧. [સં] સ્ત્રી. કર્મનાં ફળ ભોગવવાનું સ્થાન; સ્વર્ગ કે નરક; જ્યાં નવો પુરુષાર્થ નથી થઈ શકતો પણ જૂના પુરુષાર્થનાં ફળ જ ભોગવવાનાં હોય છે તેવી કર્મભૂમિથી બીજી સ્વર્ગ વગેરે જગા.

૨. સ્ત્રી આંતાની જમીન.

૩. સ્ત્રી. (જૈન) જુગલિયાનું ક્ષેત્ર, અકર્મભૂમિ; જ્યાં કલ્પવૃક્ષો વડે ભોગોની પ્રાપ્તિ થાય છે તે ભૂમિ

૪. સ્ત્રી. વિલાસ કરવાનો દેશ; ભરતખંડ સિવાયનો ખંડ.

ભારત તો કર્મભૂમિ છે, બીજા દેશમાત્ર **ભોગભૂમિ** છે. ગોવર્ધનરામ

ભોગભૂમિકા [સં] સ્ત્રી. (જૈન) ભોગભૂમિ; અકર્મભૂમિ તથા દેવભૂમિ.

ભોગભૂમિગ [સં] વિ. ભોગભૂમિને પ્રાપ્ત થયેલ. ભુત્રાલિયુ

ભોગભૃતક [સ.] પુ. ખાવા માટે ચાકરી કરનાર માણસ.

ભોગભોગ [સ] પુ. અત્યંત ભોગ; ઉત્કટ ભોગ

ભોગભોગ્ય [સં.] વિ ભોગ ભોગવવા લાયક.

ભોગમંદિર [સ] ન ગ્રામોફોનને ભોગ ધરાવવાનો ઓરડો.

ભોગમાલિની [સં.] સ્ત્રી. (જૈન) અધોલોકવાસિની એ નામની એક દિશાકુમારી.

ભોગમોક્ષદા [સં.] સ્ત્રી. દુર્ગા.

આનંદને ઉત્પન્ન કરનારા તમે વરેણ્યા, વરદા, વરિષ્ઠા, વરારોહા, વરારોહા, વરાહા, વરારાહા, નીલસ્થા, સોમા અને સર્વદા ભોગમોક્ષદા એવી રીતે દશ પ્રકારનાં દુર્ગા કહેવાઓ છે.

ભગવતી ભાગવત

ભોગયા ૧. પું. ભોગી પુરુષ; વિલાસી માણસ. ૨ પું વિષયોનો ભોગવટો કરનાર ભોગસો માણસ

ભોગરત [સં.] વિ. ભોગમાં મસ્ત.

ભોગરત મનની અવસ્થા નિકૃષ્ટ છે. યોગરત મનની અવસ્થા ઉત્કૃષ્ટ છે. ઉમાશંકર

ભોગરાગ [સં.] પું. ભોગમાં રતિ; ભોગવૃત્તિ.

ભોગરાય [સં.] પું. (પુરાણ) યદુવંશી ઉગ્રસેન રાજા.

ભોગલ જુઓ ભોગળ.

ભોગલક્ષાર્ઈ [કિ.] પું. ખેતરમાં રહેલો કપાસનો સૌથી મોટો ડોડ. આજુબાજુ જોઈને ગામડાંના લોકો તેની પૂજા કરે છે.

ભોગલા વિ. ભોળું; મૂર્ખ

ભોગલાભ ૧. [સં.] પું. આપેલું અનાજ પાછું લેતી વખતે અાજના રૂપમાં વધુ અનાજ લેવાય તે.

૨. પું. ખાજના બદલામાં ભોગવટાનો હક્ક. ધરેણે મૂકી વસ્તુનું વ્યાજ આવું તે.

ભોગલાલસા જુઓ ભોગપિપાસા.

ભોગલિપ્સા [સં.] સ્ત્રી. ભોગની ઇચ્છા.

ભોગલિંગ ન. ઇષ્ટલિંગ

ભોગલી ૧ [કિ.] સ્ત્રી. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૨ સ્ત્રી. નાકમાં પહેરવાનું આભૂષણ; ચૂંક.

૩ સ્ત્રી. નાની નળી.

ભોગવટો ૧. [સ નૃજ્ (ભોગવવુ) + કૃત્તિ (ક્રિયાનિ)] પું. વાપરવું ભોગવવું તે ઉપભોગ કરાતો હોવો તે; વાપર; ઉપભોગ, ઉપયોગ

૨. પું. પશુપક્ષી; સ્થાવર; મિલકત.

૩. પું. વહીવટ; વ્યવસ્થા.

૪. પું. વાપરવાનો; સત્તા; કાબૂ.

ભોગવત સ્ત્રી. ભોગવવું તે; ભોગવટો; ભોગવટો

ભોગવતિકા [સં.] સ્ત્રી. અઢાર માત્રાની એ નામની એક છંદ.

ભોગવતી ૧ સ્ત્રી એ નામનું એક તીર્થ.

૨ સ્ત્રી કામુકતા.

૩ સ્ત્રી મંદિરે સ્વામીની અનુચર એક માતૃકા

૪. સ્ત્રી. (જૈન) કુષ્માંડ પક્ષની એક તિથિ.

૫ સ્ત્રી સંગીતનાં કલ્પનાં માત્રાનું એક નામ.

૬ સ્ત્રી. ચંદ્રમાસનો ત્રાદશ દિવસ.

૭. સ્ત્રી. (જૈન) ઉપરના માત્રાની એ નામની એક દિક્કુમારિકા.

૮ સ્ત્રી. (પુરાણ) નાગ લોકોની નગરી, પાતાળમાંની નાગોની નગરી.

૯. સ્ત્રી. (પુરાણ) નવગ્રહમંત્રની એ નામની નદી.

કોઈ પવિત્ર તુજ સ્પર્શ રહ્યાતણી જે,
ભૂમા પ્રસિદ્ધ વનમાલતણા દિલા દીપાવે
મદાકિની ત્રિદિવ ભોગવતી અને ને,
બંધ પડ્યાં બહુ અહીં વિષ કરે પવિત્રે.

ભાગવતપુષ્પાંજલિ

૧૦. સ્ત્રી. બીજ, સાતમ અને બારસ એ ત્રણ તિથિની રાત્રિનું નામ.

૧૧. સ્ત્રી. વનસ્પતિ વેગવંતા.

૧૨. સ્ત્રી. સરસ્વતી નદી.

ભોગવતીતીર્થ ૧. [સં.] સ્ત્રી. નાગ લોકોની એ નામની એક નગરી.

૨. ન. મહાભારતમાં અવાવરું એક પ્રાચીન તીર્થ

ભોગવર્ધન ૧. [સં] પું એ નામે એક દેવ

૨. વિ. ભોગ વધારનાર

ભોગવર્ધિની [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું એક નામ

ભોગવવું ૧. સ ક્રિ. ઉપયોગમાં લેવું. સ્વાદ, રસ અને અનુભવ લેવો; ઉપયોગ કરવો; સુખનો લહાવો લેવો, વાપરવું; આનંદ માણવો. અનુભવવું

૨. સ ક્રિ દુઃખ અને સુખ સહન કરવા

૩. સ ક્રિ. દુઃખ સહન કરવું; ખમવું, વીતવું. સોસવું; સહેવું.

૪ સ. ક્રિ. પકાવવું.

૫. સ ક્રિ. પસાર કરવું.

૬. સ. ક્રિ. પામવું.

૭. સ. ક્રિ. લેવા જવું

૮. સ. ક્રિ. સત્તા કે વહીવટ ચલાવવો; સત્તા રાખવી; વહીવટ કરવો.

ભોગવે તે ભાગ્યશાળી = વાપરે તે આપરે, વાપરે એની દોલત.

૯. સ. ક્રિ. ઓસબોસ કરવો.

ભોગવંત પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

ભોગવાદી [સ. ભોગવાદિન્] વિ. ભોગને માનનાર.

ભોગવાન ૧ પું અભિનય

૨. પું. ગાયન. ગીત.

૩ પુ ગવાનું કાર્ય.

૪. પું. નાચ; નૃત્ય.

૫ પુ નાટક

૬ પુ સ.પ: સર્પ. નાગ.

૭. વિ. અનુભવનાર.

૮. વિ. આનંદ પમાડનાર.

૯. વિ. આનંદ માણનાર.

૧૦. વિ. આનંદજનક.

૧૧ વિ કમાને ખરાવન ૨.

૧૨. વિ. દુઃખ ખમનાર.

૧૩ વિ ભોગવવાવાળુ.

૧૪. વિ. સજા ભોગવનાર

૧૫ વિ. સુખ અથવા દુઃખ ભોગવનાર.

ભોગવાવવું સ. ક્રિ. ભોગવે તેમ કરવું.

ભોગવાવું સ. ક્રિ. ભોગવે એમ કરવું; ભોગવવાની ક્રિયા કરાવવી

ભોગવાવું સ ક્રિ. ભોગવવાની ક્રિયા થવી

ભોગવાસના [સં.] સ્ત્રી. ભોગવવાની કામના કે ઇચ્છા. વિનોબાજી લખે છે કે, તમે પ્રેમનો સબંધ દરેક જગ્યાએ જોવા લાગો, પછી જુઓ, કો ચમત્કાર થાય છે ! પછી અનંત સૃષ્ટિમાં સ્વયં પરમાત્મા અણુરેણુમાં પણ દેખાવા માંડશે. એક વાર એવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ તો પછી શું બાકી રહે ? પરંતુ તેને માટે ઇંદ્રિયોના સંસ્કારની, અભ્યાસ કરવાની જરૂર છે. આપણી ભોગવાસના છૂટીને જ્યારે આપણને પ્રેમની પવિત્ર દૃષ્ટિ પ્રાપ્ત થશે, તો પછી પ્રત્યેક વસ્તુમા ઈશ્વર જ દેખાવા માંડશે

ભોગવિલાસ [સ.] પું. ઇંદ્રિયોને સુખ મળે એવા પ્રકારનો રાજસી આનંદ; આમોદપ્રમોદ; ભોગ અને વિલાસ, અમનચમન ભોગવિલાસના સંબંધમાં મુનિ વિદ્યાવિજયજી જણાવે છે કે: શાસ્ત્રકારોએ પરિગ્રહપરિમાણ વ્રત એટલા માટે બતાવ્યું છે કે, મનુષ્ય પોતાની આવશ્યકતાથી વધારે ચીજ ન રાખે, કારણ કે જરૂરતથી

વધારે ચીજ ભેટી કરવા મનુષ્ય લાગી જાય, તો તે નાના પ્રકારનાં પાપ, અત્યાચાર, જુલ્મ, પ્રપંચ, કપટ કરવા લાગી જાય છે. કોઈ કહેતો કે અમારી પુરુષપ્રકૃતિથી અમે પ્રાપ્ત કરીએ છીએ, ભોગવિલાસ ભોગવીએ છીએ. તેમાં ભાગ પાડવાનો શું હક? તેનો જવાબ એ છે કે, જે મળે છે તે પુરુષપ્રકૃતિથી મળે છે, પણ તે પ્રાપ્ત કરવામાં દુનિયાને જે નુકસાન પહોંચાડવામાં આવે છે, અનીતિ કરાય છે, પાપાચાર કરાય છે, તે કરવાનો શું હક છે?

ભોગવિલાસથી કોને સાંપડ્યું સુખ ના સુરમુ,
ઇતિહાસ પુરાણોમાં તેનો કો દાખલો નથી
ગાંધી ગીતા

ભોગવિલાસિતા [સં] સ્ત્રી. ભોગ ભોગવવાપણું. વિલાસીપણું; કપટપણું.

ભોગવિલાસિત્વ જુઓ ભોગવિલાસિતા.

ભોગવિલાસી [સં. ભોગવિલાસિન્] વિ. આમોદપ્રમોદ માણનાર; જલસાજલસા માણનાર.

ભોગવિષ [સં.] પું. એક જાતનો સર્પ.

ભોગવીર્યા સ્ત્રી. (સંગીત) નાગસ્વાનીય બાવીસ શ્રુતિની એક શ્રુતિ.

ભોગવૃત્તિ [સં.] સ્ત્રી. ભોગ ભોગવવાની પ્રવૃત્તિ.

ભોગવેતન ૧. [સં.] ન. વાપરવા મૂકેલી રકમ કે વસ્તુના બદલામાં તેના માલિકને આપવામાં આવતી રકમ.
૨. ન. વપરાશના બદલામાં આપવાની રકમ.

ભોગવૈભવ [સં.] પું. ભોગ અને વૈભવ; જલસાજલસા; આનંદ.
પ્રત્યેક ભોગવૈભવ પછી દુઃખ તો આવે છે જ. વિવેકાનંદ

ભોગશાલી [સં. ભોગશાલિન્] પું. મોટો સર્પ; એક પ્રકારનો મહોરગ. મહોરગના પ્રકાર આ પ્રમાણે છે: સુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, રહપશાલી, મહાવેગ, મહેશ્વાસ, મેરુકાંત અને ભારવત.

ભોગશીલ [સં.] વિ. ભોગ ભોગવવાના સ્વભાવવાળું; ભોગથી તૃપ્ત થાય તેવું.

ભોગષષ્ઠપદી પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તેને ક્યાંકથી પણ કહે છે.

ભોગસદ્મ [સં. ભોગસદ્મન્] ન. વાસગૃહ; ભોગ કરવાનું ઘર.

ભોગસંક્રાંતિ વ્રત [સં.] ન. એ નામનું સ્ત્રીઓનું એક વ્રત; દરેક સંક્રાન્તિએ સૌભાગ્યવતી સ્ત્રીઓને કંકુ, કાજળ, સિંદૂર, દ્રવ્ય, પુષ્પ વગેરે ભોગોપભોગની ચીજો આપવી તે.

ભોગસંજ્ઞેત્રે જ. દૈવયોગે; ભોગજોગે.

ભોગસાધન [સં.] ન. ભોગવવાની વસ્તુ; પરિગ્રહ
આશા રહિત, અંતરીન્દ્રિયને વશ રાખનારો તથા સર્વ પરિગ્રહ ભોગસાધનોનો ત્યાગ કરેલો મનુષ્ય માત્ર કર્મ કરે તો તે પાપને પામતો નથી
ભગવદ્ગીતા

ભોગસામગ્રી ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ વાની.
૨. સ્ત્રી સુખનું સાધન.

ભોગસુખ ૧. [સં] ન. ઇંદ્રિયના વિષયોના ઉપભોગથી ઉપજતું સુખ
૨. ન ઇંદ્રિયને તૃપ્ત કરવાથી ઊપજતો આનંદ; વિષયાનંદ.

ભોગસુખવાદ ૧. [સં] પું. ઐહિક સુખ ભોગવવાનો જેનો અંતિમ હેતુ છે એવો વાદ.
૨ પું. ચાર્વાકનો મત.

ભોગસુખવાદી [સં. ભોગસુખવાદિન્] વિ. ઐહિક ભોગ ભોગવવાના આદર્શવાળું.

ભોગસ્થાન ૧. [સં.] ન. ભોગના સાધનરૂપ શરીર, સ્થૂલદેહ
૨. ન. વાસગૃહ કે ભોગ કરવાનું ઘર.

ભોગળ ૧. સ્ત્રી. એક જાતનું વાજું.
૨. સ્ત્રી એક જાતનું હથિયાર.
૩. સ્ત્રી દરવો.
૪. સ્ત્રી. બંગળ; બારણાં બીડવાની આડી; કમાડ બીડીને આડો દેવાનો બંધ; આગળિયો; ભોગળ
૫. સ્ત્રી. ભોંપાથરી નામની વનસ્પતિ.

ભોગળબટિયો ૧. પું. ટીપવું લાંબું કરનારો બ્રાહ્મણ; પાઘડીમાં ટીપવાનું બંગળું ખોસેલો જોશી.
૨. પું. મોટું ટીપવું રાખનાર કારકિર્દી; નકામા પારખી દેનાર પુરુષ; ખોટા ખેલ ખેલી ગુજરાન ચલાવનાર નિરક્ષર બ્રાહ્મણ.

ભોગળભટ્ટ જુઓ ભોગળબટિયો.

ભોગળિયો પું. કમાડ બંધ કરવા માટે લોઢાનો કટકો

ભોગંકરા [સં] સ્ત્રી. (જૈન) કલ્પના માંહેની એ નામની એક દિક્કુમારિકા.

ભોગા ૧. પું. અક્ષર માંહેનો એક સિદ્ધ. મૂળ અક્ષર મિટી ગયા. ભોગા તેમાંનો ત્રીજો હતો.
૨. પું. દગો; ઊતરચિઠ્ઠી; ચુગ્ગાર્ડ.

ભોગાકર્ષણ [સં. ભોગ + આકર્ષણ (ખેંચાણ)] ન. ભોગ તરફ આકર્ષણ.

ભોગાધિકાર ૧. [સં.] પું. કબજાહક; ભોગવટાનો હક.
૨. પું. માતાની જમીન વારસ કરવાનો હક.

ભોગાભિલાષ [સં.] પું. ભોગ ભોગવવાની ઇચ્છા; વિલાસીપણું.

ભોગાભોગ ૧ [સં.] પું. આપત્તિ; પીડા.
૨. પું. દુઃખ વેઠવું કે ન વેઠવું તે.
૩. પું. ભોગ ભોગવવો કે ન ભોગવવો તે.

ભોગામી વિ સ્ત્રી. ભોગવટો લેવાની કરતે રાખેલી. જમાન માટે વપરાય છે

ભોગાયતન ૧. [સં. ભોગ + આયતન (આશ્રય)] ન. ભોગ; કર્મભૂમી
૨. ન. ભોગવવું તે
૩. ન. સુખદુઃખ ભોગવવાનું સ્થાન.
૪. ન. સ્થૂલ શરીર

ભોગાર્હ ૧. [સં. ભોગ (સુખનો અનુભવ) + અર્હ (યોગ્ય)] પું. ધન; મિલકત.
૨. વિ. ભોગવવા યોગ્ય.
૩. વિ. મેળવવાને કાબેલ કરવા જેવું
૪. વિ. વહેંચવા લાયક

ભોગાલય ૧ [સં.] ન. ભોગાયતન; ભોગમંદિર.
૨ ન. શરીર; દેહ.

ભોગાવતી ૧. સ્ત્રી. પંજાબનું એક નામ.
૨. સ્ત્રી. ગ્રહ માંહેની એક ગ્રહા.
૩ સ્ત્રી. ભૂજ; નામ ગોદોનું શહેર
૪. સ્ત્રી. પ્રાચીન પાણિનીયમાં આવેલ એક નદી.

ભોગાવર્તી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, બે નગણ, યગણ, સગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.
૨. સ્ત્રી. નાગપુરી; સર્પની નગરી
૩. સ્ત્રી. સ્તુતિ; સ્તુતિપાઠ.

ભોગાવલી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, ભગણ, રગણ, સગણ, જૈનગણ, જગણ અને ગુરુ મળી ત્રાણવ વર્ણ હોય છે.
૨ પું (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, બે નગણ, યગણ, સગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.
૩. સ્ત્રી. એક જાતનું કાવ્ય.
૪. [સં.] સ્ત્રી. નાગપુરી, સર્પની નગરી.
૫ સ્ત્રી. કમાની પંક્તિ.
૬. સ્ત્રી. ભોગની પંક્તિ.
૭ સ્ત્રી. સ્તુતિ; ભાટ લોકનાં વખાણ
૮. ન. (જૈન) એ નામનું કર્મ. તેનાથી ભોગ ભોગવવા પડે છે.

ભોગાવાસ [સં] પું વાસમૃદ્ધ; ભોગ કરવાનું ઘર

ભોગાવો ૧. પું ઠામ પકવવાને કુંભારે ગોઠવેલા નીભાડામાં પડતું બાકોરું કાળો નીભાડો કુંભાર ભોંયો પડવે છે ત્યારે પ્રથમ નીચે કૂંચો ચા કાંટા કે સાંઠીઓ પાથરે છે પછી તેના ઉપર ઠામનો ઢગ કરી મોટો ભરવો કરે છે. તેનો આકાર ગોળાર્ધમા રાખે છે. તે ઉપર કૂંચો નાખી તેના ઉપર પલાળેલી રાખ નાખી દબાવે છે. પછી સળગાવે છે, ત્યારે કેટલેક ઠેકાણે રાખ નીચેનો કૂંચો બળી બાકુ પડે છે.

૨. સ્ત્રી. વઢવાણ પાસેની એ નામની એક નદી ભોગાવો એ મૂળ ભોગાવર્ત ઉપરથી ભોગાવઢ થઈ પછી ભોગાવો થયુ એમ મનાય છે. તેને કાંઠે ગંગાદેવી સતી થયેલ છે.

ભોગાસક્ત [સં. ભોગ + આસક્ત (પ્રેમવાળું)] વિ. ભોગ ભોગવવાની ઇચ્છાવાળું.

ભોગાસક્તિ [સં. ભોગ + આસક્તિ (પ્રેમ)] સ્ત્રી ભોગમાં પ્રીતિ.

ભોગાસન [સં.] ન અડતાલી માહેનું એ નામનું એક આસન.

ભોગાહ ૧ [સ.] ન. ધન.

૨. ન. ધાન્ય.

૩. વિ. ભોગવવા યોગ્ય.

ભોગાંગ [સં.] પું. અંગસ્થાનના ત્રણ માંહેનો એક ભાગ.

અંગસ્થાનના પણ ત્રણ ભેદ છે તે બોનામ, ભોગાંગ અને સ્વામ. બુદ્ધિપ્રકાશ

ભોગાંતરાય ન. (જૈન) ભોગવવામા અંતરાય રૂપ કર્મ. જેના ઉદયથી જીવ એક વાર ભોગવવાની વસ્તુ હોને જોગે ભોગવી ન શકે એવી એક અંતરાય કર્મની પ્રકૃતિ. ભોગમાં જુદા જુદા સાધન મળેલ હોય પણ તેનો ભોગવટો ન થઈ શકાય તેનું નામ ભોગાંતરાય કર્મ છે.

ભોગિ [સં.] પું. ઘોડાનો રખેવાળ; ભોગવાલ.

ભોગિક ૧. [સ.] પું. ગામનો અધિકારી.

૨. પું. ઘોડાનો રખેવાળ.

ભોગિકાંત [સં.] પું. વાયુ

ભોગિગંધિકા [સ. , સ્ત્રી. એક જાતનું વૃક્ષ.

ભોગિન જુઓ ભોગિની

ભોગિની ૧. [સ] સ્ત્રી. નર્મદાના કાંઠાનું એક ગામ.

૨. સ્ત્રી. નાગણી

૩ સ્ત્રી. નાગપુરી

૪. સ્ત્રી. પટરાણી સિવાયની રાણી; અભિષેક રહિત રાણી.

૫. સ્ત્રી ભોગવા; ભાર્યા; વિલાસિની સ્ત્રી

૬ સ્ત્રી. રખાત

ભોગિભુજ ૧. [સં. ભોગિન્‌ભુજ્] પું. ગરુડ.

૨. પું. મોર

ભોગિયા સ્ત્રી. વાઘણીનાં બી રાખવાની નાની ટોપલી.

ભોગિયો ૧. પું. ભોગી પુરુષ; ભોગવનાર માણસ

૨. વિ. ભોગી; ભોગ ભોગવનાર; વિષયી; વિષયસુખ ભોગવનાર.

ભોગિરાજ ૧. [સં.] પું વાસુકિ નાગ

૨ પું. શેષનાગ

ભોગિવલ્લભ [સ.] ન. ચંદન.

ભોગી ૧. [સં. ભોગિન્‌] પું. (જ્યોતિષ) અશ્વિની નક્ષત્ર

૨. પું. આઠ સમય એક સાઠેતિક સમ્યા.

૩. પું. આયક; પ્રોતમ

૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ વર્ણદંડક છંદ. તેને ઉદારપાદ અને વડુ છંદ પણ કહે છે. તેમાં બે નગણ અને અંદર રગણ મળી સાત અક્ષરો હોય છે.

૫. પું. ગામી પુરુષ; અધિકારી માણસ.

૬. પું. ગામનો મુખી.

૭. પું. જમીનદાર.

૮. પું. જિલ્લાનો મુલકી અધિકારી.

૯. પું. નાયિકા; નાયિકા ભેદમાં ૧૦૨.

૧૦. પું. ભમરો.

૧૧. પું. ભોમિયો.

૧૨. પું. મિલકતનો ભોગવટો કરનાર માણસ.

૧૩. પું. ભોજલો માણસ.

૧૪ પુ રાજા; નૃપ

૧૫ પુ વાસુકિ આદિ ચારે જાતિ નો સર્પ. સાપ

૧૬. પુ. શેષનાગ.

૧૭. વિ. આનંદી; રસિક

૧૮ વિ ભોગ લેનાર, ખાનાર, ભોગવનાર.

૧૯. વિ ભોગવનાર, વેઠવી. આવૃત્તિ કરનાર.

૨૦ વિ વિષયી, વિલાસી, વિષયાસક્ત.

૨૧. વિ સમારી; લાગી નહિ એવું; ગૃહસ્થી.

૨૨. વિ. સુખી.

ભોગીનાગ પું. એક પ્રકારનો સર્પ. આ સર્પને ઝેર હોતી નથી. તેનો રંગ કાળો અને એણે કરેલ દંશ પણ કાળો હોય છે.

ભોગીભુજ ૧. [સં. ભોગિન્‌ (સર્પ) + ભુજ્ (ખાનાર)] પું. ગરુડ.

૨. પું. મોર.

ભોગીરાજ જુઓ ભોગિરાજ.

ભોગીવલ્લભ જુઓ ભોગિવલ્લભ

ભોગીશ જુઓ ભોગિરાજ.

ભોગીશ્વર જુઓ ભોગિરાજ.

ભોગીંદ્ર ૧. [સં.] પું. (પિંગળ) એ નામે સમવૃત્ત વર્ણમેળ વર્ણદંડક છંદ. તેને સુરામ છંદ પણ કહે છે.

૨ પું. પતંજલિનું એક નામ.

૩ પું વાસુકિ.

૪. પુ શેષનાગ.

ભોગેચ્છા [સં. ભોગ + ઇચ્છા (મરજી)] સ્ત્રી. ભોગની ઇચ્છા; વિષયની ઇચ્છા.

ભોગેશ્વર ૧. [સ.] પું. એ નામનુ એક તીર્થ.

૨. પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે: કૈલાસ માટે સર્વ દેવોએ તપ કરીને શિવજીને સર્વ રાજભોગ અર્પણ કર્યા. પછી રહ્યને સેનાપતિ બનાવી જય મેળવ્યો.

ભોગોત્ર ન. કોઈ માણસના ભોગવટા માટે અપાની મદદની રકમ

ભોગોપભોગ [સં. ભોગ + ઉપભોગ] પું. (જૈન) એક વખત ભોગવાતી તથા વારંવાર ભોગવાતી ચીજો સંસારની બધી ચીજોને શાસ્ત્રકારોએ ભોગ અને ઉપભોગ નામના બે વિભાગમાં વિભક્ત કરી છે. એક વખત કામમા આવે તે ભોગની ચીજ. જેમકે, રસોઈ. વારંવાર કામમાં આવે તે ઉપભોગની વસ્તુ. જેમકે, મકાન, વસ્ત્ર, આભૂષણ. મુનિ વિદ્યાવિજયજી કહે છે કે, આ બને પ્રકારની ચીજોનું પરિમાણ કરવું જોઇએ. જેટલી ચીજો ઉપયોગી હોય અને જેટલ. ચીજો વિના આપણું કામ ન ચાલે તેટલી ચીજો રાખવાનો નિર્ણય કરી લેવો જોઇએ. જરૂરિયાતથી વધુ ચીજો રાખવાનો આપણને અધિકાર નથી. આ. જૈન ધર્મનો સામ્યવાદ છે. તેને સામ્યવાદ કહો, સમાજવાદ કહો કે ભોગસૌવિજમ કહો, ગમે તે કહો. જૈન ધર્મ આ સામ્યવાદ ઉપર સ્થિર છે. ભોગપભોગની સમગ્ર વસ્તુઓમાં આસક્તિ રાખવી અને તેના પરિણામે પોતાના સ્વરૂપને ભૂલી જવું, ધર્મને ભૂલી જવો, આત્મા પરમાત્મા જેવી કોઈ ચીજ નથી, સ્વર્ગ, પાપ, પુણ્ય, જીવ, અજીવ આદિ નવ તત્ત્વ જેવી કોઈ ચીજ નથી, સ્વર્ગ, નરક, મોક્ષ આદિ પણ નથી એવો ભાવ આવી જાય તેનું નામ મોહ છે.

ભોગોપભોગ નિયમન વ્રત [સં.] ન. (જૈન) એ નામે એક ગુણવ્રત ભોગોપભોગ નિયમન વ્રત એટલે કે શ્રાવક પોતાના ભોગ ઉપભોગની વસ્તુઓનું અમુક મર્યાદામાં નિયમન કરવું. મતલબ કે અઠારેય ન કરવો અહિંસાની સાધના માટે આ જરૂરી છે ધંધાની મર્યાદા પણ બાંધવી જોઈએ ધંધો એ મહારંભ છે અને તેથી જ જૈન ધર્મમાં તેનો વિરોધ કર્યો છે વ્યવહારની સાથે મહારંભ આવી જ જાય છે. મહાવ્રત આપણી શક્તિને વધે છે આપણે જ્યારે મહાવ્રતોથી કામ કરીએ છીએ, ત્યારે આપણે યંત્રોની પાછળ દોડવું પડે છે અને તેથી હૃદય, બુદ્ધિ ને મનની તાલીમ અટકી જાય છે. જ્યારે રેંટિયા જેવાં સાદાં યંત્રો માનવીની પાછળ ભમે છે. શ્રાવકો માટે કૃષિ, વાણિજ્ય અને પોપાસનની છૂટ છે. એ મર્યાદામાં રહીને શ્રાવકોએ પોતાની આજીવિકા મેળવી લેવા જોઈએ.

ભોગોપભોગ પરિમાણ ન. (જૈન) એક વાર ભોગમા આવતા પદાર્થો, જેવા કે, અનાજ, પાણી વગેરે અને વારંવાર ઉપભોગમાં આવનાર વસ્ત્ર વગેરે પદાર્થોનું પરિમાણ કરવું તે.

ભોગોપભોગ વિરમણ વ્રત [સં. ભોગ + ઉપભોગ + વિરમણ (અટકવું તે) + વ્રત (નિયમ)] ન. (જૈન) એક વાર ભોગવવામાં આવે તથા વારંવાર ભોગવવામાં આવે એવી ચીજોના પરિમાણ બાબતનું શ્રાવકનું જ્ઞાનમૂ વ્રત. આ વ્રતના પાલન માટે પ્રતિદિન ચૌદ નિયમ ધારણ કરવા જોઈએ: (૧) સચિત્ત પદાર્થ: અને તેમ જ થોડા સચિત્ત પદાર્થોનો નિર્વાહ કરવો (૨) દ્રવ્યનું પરિમાણ એટલે આવાની ચીજોનું પરિમાણ. (૩) વિગયનું પરિમાણ. વિગયના બે ભેદ છે: વિગય અને મહાવિગય મહાવિગયના માંસ, મદિરા, મધ અને માખણ એ ચાર પ્રકાર છે. આ ચાર ચીજો મહાપાપનું કારણ હોવાથી તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. વિગયના છ પ્રકાર છે: ઘી, દહીં, દૂધ, તેલ, ગોળ અને તળેલી ચીજો. આ ચીજો ઇંદ્રિયોના વિકાર વધારનારી છે, માટે અને તેટલા ઓછા વિગયનો ઉપયોગ કરવો જોઈએ, કે જેથી શરીરનું સ્વાસ્થ્ય રહે. (૪) ઉપાનહ એટલે જોડા, ચપ્પલ વગેરેનું પરિમાણ સિંધ, બંગાલ, પંજાબ અને બીજા પ્રાંતોમાં ગર્મીવાળી રેતી, બરફી અને ગરમીના મોસમમાં અત્યંત ભોંકું થાય એટલે તેને મારી ગરમીના અત્યંત આકરું ઉતારી લે છે. તે બહુ મુલાયમ હોય છે પરિણામે પગ, કમળ પગરખા વગેરે આ ચામડામાંથી બને છે. આવી હિંસામય ચીજો ન વાપરવી જોઈએ. બીજા ચામડાની ચીજોની મર્યાદા કરવી જોઈએ. (૫) તંબોલનું પરિમાણ એટલે કે મુખવાસની ચીજોની મર્યાદા. (૬) વસ્ત્રપરિમાણ: દરરોજ પહેરવાનાં કપડાનો નિયમ કરી લેવો જોઇએ (૭) કુસુમનું પરિમાણ: અત્રમાં તેલ, અત્તર, સાબુ, પાઉડર, ક્રીમ વગેરેનો સમાવેશ થાય છે. તેનું પરિમાણ કરવું જોઈએ. (૮) વાહન: સાયકલ, ઘોડો, મોટર, રેલવે વગેરે વાહનનું પરિમાણ. (૯) શયન: પલંગ, મચ્છરદાની, તકિયા, ગાદલાં, ગોદડાં, ચાદર આદિ ચીજોનું પરિમાણ. (૧૦) વિલેપન: તેલ, સાબુ વગેરે લેપ કરવાની વસ્તુઓનું પરિમાણ. (૧૧) બ્રહ્મચર્ય: પરસ્ત્રીનો તો સર્વથા ત્યાગ હોય છે, પણ સ્વદારામાં સંતોષ રાખવા પ્રતિદિન નિયમ કરી લેવો જોઈએ. (૧૨) દિશા પરિમાણ: દરેક દિશામાં જવાના અંતરની મર્યાદા બાંધવી. (૧૩) સ્નાન: આજ કેટલા વખત સ્નાન કરવું તેનો નિયમ કરવો. (૧૪) ભોજન: દિવસમાં કેટલી વખત ભોજન કરવું તથા કેટલું ભોજન કરવું તેનો નિયમ ધારવો. આ ચૌદ નિયમનું પાલન ભજન સુખી કરવા અને પોતાનું કલ્યાણ કરવા જરૂરી ગણાય છે.

ભોગોપભોગ વ્રત [સં.] ન. (જૈન) ભોગ તથા ઉપભોગનું પરિમાણ કરવાનું શ્રાવકોનું સાતમું વ્રત: એક વાર ભોગવવામાં આવતી તથા અનેક વાર ભોગવવામાં આવતી ચીજોના પરિમાણ સબંધી નિયમ. આ વ્રતનો આશય એ છે કે, મનુષ્યના ઉપભોગમાં આવનારાણી પ્રત્યેક ચીજોની મર્યાદા દરદમેશ ગૃહસ્થ કરે. સંસારના બધા પદાર્થ, જે મનુષ્યના ઉપભોગમાં આવે છે તે બે પ્રકારના છે: (૧) ભોજ્ય, (૨) ઉપભોજ્ય. જે ચીજ એક વાર ઉપયોગમાં આવ્યા પછી બીજી વાર ઉપયોગમાં આવતી નથી તે ભોજ્ય છે. અન્ન, પાણી, વિલેપન આદિ ચીજો એક વાર ઉપયોગમાં આવ્યા પછી બીજી વાર ઉપયોગમાં આવતી નથી. જે ચીજ એકથી વધારે વાર ઉપયોગમા આવે છે તે ઉપભોગ્ય વસ્તુઓ છે. જેમકે, મકાન, વસ્ત્ર, આભૂષણ વગેરે. આ બધી ચીજોનો ગૃહસ્થ પ્રતિદિન નિયમ કરે કે તે ચીજ મને દિવસમાં કેટલી વાર અથવા તો કેટલા પ્રમાણમા ઉપયોગમાં લેવાની છે, તે સાંજુથી કે આસન, સવારી, સ્નાન, વિલેપન, મુખવાસ ઇત્યાદિ પ્રત્યેક ચીજ ઓછામાં ઓછી ઉપયોગમાં લેવાનું લક્ષ રાખીને પ્રાતઃકાલમાં ગ્રહણ વ્રત જ પ્રતિજ્ઞા કરે

ભોગ્ય ૧. [સં] પું. એક પ્રકારનો આધિ.

૨. પું ગીરોખત.

૩. પું. નવ પ્રકારના સંસારભ્રમરૂપ વિક્ષેપ મ.ક્ષેનો એક વિક્ષેપ.

૪. પું. ધન; પૂંજી.

૫. પું ધાન્ય

૬. પું. ભાવિ; નસીબ; તકદીર.

૭. પું ભોગવવાની ચીજ.

૮. પું. (વેદાંત) સુખ અને દુઃખ બેમાંથી એકનો સાક્ષાત્કાર કરનારના જ્ઞાનનો વિષય.

૯. વિ ખાવા.

૧૦ વિ દુઃખદાયક.

૧૧ વિ. ભોગવવા લાયક.

૧૨. વિ લાભદાયક.

૧૩ વિ મદન કરવા યોગ્ય.

ભાગ્ય ગીરો પું. ભોગની રકમ તેવો ગીરો.

ભોગ્યત્વ [સં] ન. ભોગવટાપણું

ભોગ્ય દાન [સં.] ન. નહો લેવાને માટે આપેલી ભક્ષિસ; દાન લેવાને માટે કરેલી દેણગી.

ભોગ્ય બંધક ન. કબજાવાળો ગીરો; ભોગ્ય ગીરો.

ભોગ્ય ભૂમિ ૧. [સં.] સ્ત્રી. કરેલાં પાપપુણ્યોના સુખદુઃખ પ્રાપ્ત થાય તે ભૂમિ; મૃત્યુલોક.

૨. સ્ત્રી. વિલાસની ભૂમિ; ક્રીડાસ્થાન; આનંદનું સ્થાન

ભોગ્યમાન [સં.] વિ. ઉપભોગ થતા ભોગ્ય.

ભોગ્ય સ્થાન [સં.] ન. ભોગવવા જેવું સ્થાન,
ઈશ્વરસિદ્ધ થયા વિના જગતનિયમ નહિ હોય,
પછી ગુણાનુરૂપ કર્મનાં **ભોગ્યસ્થાન** નહિ હોય.
આત્મસિદ્ધિરા.શ

ભોગ્યા [સં.] સ્ત્રી. વેશ્યા; રાંડ.

ભોગ્યાર્હ ૧. [સં.] ન. કબ્ય.

૨ ન. ખાદ્ય.

ભોગ્યાંશ પું. ભોગવવાનો અંશ.

ભોચુ પું રજપૂત.

ભોજ ૧. [સં] પું. અંધક સંઘનો એ નામનો એક રાજકર્તા

૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૩. પું કનોજનો એક પ્રસિદ્ધ રાજા. તે મહારાજ રામભદ્રદેવનો પુત્ર હતો તેણે કાશ્મીર સુધીના પ્રદેશ ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો ને નવમી સદીમાં થઈ ગયો હતો

૪ પું. ખાવાનો પદાર્થ, ખાવાની ચીજ.

ભોજ૪

૫. પું. ગૌતમ બોધિસત્ત્વનું ભવિષ્ય જન્મના માટે બોલાવેલ મુખ્ય આઠ માંહેનો એક બ્રાહ્મણ.
૬. પું. (પુરાણ) દુર્યુ રાજાનો એક પુત્ર.
૭. પું. પ્રાચીન કાળમાં મથુરાના અને જમનાની દક્ષિણ પ્રદેશના રાજા માહેનો કરેક. આ રાજાઓ ભોજ નામથી ઓળખાતા.
૮. પું. પ્રીતિભોજન; મિજબાની; મહા લોકોનું સાથે બેસીને જમવું તે.
૯. પું. જાંગલપુર.
૧૦. પુ. બૌદ્ધ રાજવંશમાંનું પ્રમાણે વહીવટ ચલાવનાર કોક. ભોજ નામ એમના રાજકર્તા ઉપરથી પડ્યું લાગે છે
૧૧. પું. મજૂર
૧૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તેનો રાજા કૃતવર્મા હતો
૧૩. પું. માળવાનો પરમારવંશી એક પ્રસિદ્ધ રાજા. તેના દરબારમાં ૧,૪૦૦ કવિ હતા. કવિ કાલિદાસ ઉપર એને સારી પ્રીતિ હતી. એક વાર કવિ રિસાઈને ચારેગુણ જતા પોતે ભણે ભર્યું તેને બનાવી આવ્યો હતો. વિદ્વાનસિક નૃપતિઓમાં તે પ્રથમ નંબરે આવે છે. તે સંસ્કૃતમાં મહો વિદ્વાન, કવિ અને વિદ્યાપ્રેમી હતો. તે ધારા નગરીના સિંધુલ નામના રાજાનો પુત્ર હતો અને તેની માતાનું નામ સાવિત્રી હતું. જ્યારે તે પાંચ વર્ષનો હતો ત્યારે તેના પિતા પોતાનું રાજ્ય અને તેના પાલનપોષણનો ભાર પોતાના ભાઈ મુંજને સોંપીને મૃત્યુ પામ્યા. મુંજ રાજ્ય પચાવી પાડવા માટે તેને મરાવી નાખવા ઇચ્છતો હતો. તેથી તેણે અંબાણના રાજા વત્સરાજને બોલાવીને ભોજની હત્યા કરવાનું કામ તેને સોંપ્યું. વત્સરાજ તેને મહાનું કાઢી દેવીની સામે બલિદાન ચડાવવા માટે લઈ ગયો. ત્યાં પહોંચવાથી જ્યારે ભોજને પોતાનું બલિદાન ચડાવવાનું છે એ વાતની ખબર પડી, ત્યારે તેણે પોતાની જાત ચીરીને તેના લોહી વડે એક વાઘના પાદડા ઉપર બે શ્લોક લખીને મુંજને આપવાનું કહી વત્સરાજના હાથમાં દીધું. તે સમયે વત્સરાજ તેની હત્યા કરવાનું સાહસ ન કરી શક્યો અને તેને પોતાને ત્યાં લઈ જઈને છુપાવી રાખ્યો. જ્યારે વત્સરાજ ભોજનું કૃત્રિમ કાપેલું માથું લઈને મુંજની પાસે ગયો અને ભોજના લખેલા શ્લોક તેને આપ્યા ત્યારે મુંજને બહુ પશ્ચાતાપ થયો. મુંજને બહુ જ વિલાપ કરતો જોઈને વત્સરાજે તેને ખરી હકીકત જણાવી દીધી અને ભોજને લઈ આવીને તેની સામે ઊભો કર્યો. મુંજે બધું રાજ્ય ભોજને સોંપી દીધું અને પોતે પોતાની પત્ની સહિત વનમાં ચાલ્યો ગયો. કહેવાય છે કે, ભોજ બહો વીર, પ્રતાપી, પંડિત અને મુંજમાહી હતો. એણે અનેક દેશો ઉપર વિજય મેળવ્યો હતો અને કેટલાયે વિષયોના અનેક ગ્રંથ રચ્યા હતા. તે બહુ જ સારો કવિ, દાર્શનિક અને જ્યોતિષી હતો. સરસ્વતીકંઠાભરણ, શૃંગારમંજરી, ચંપૂરામાયણ અલંકારસર્વસ્વ, તત્ત્વપ્રકાશ, વ્યવહારસમુચ્ચય આદિ અનેક ગ્રંથ એના લખેલા છે. તેની સભા હમેશા મોટા મોટા પંડિતોથી સુશોભિત રહેતી. તેની બી લીલાવતી પણ મહાન વિદુષી હતી.

ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી = આકાશપાતાળ જેટલો તફાવત; બહુ જ અસમાનતા. અસમાનતાની અધિક માત્રા હોય ત્યાં એમ બોલાય છે. ધાર શહેરથી અરધા માઈલને અંતરે દક્ષિણ અને પશ્ચિમ દિશાની વચ્ચે એક તૂટેલો લોખંડનો સ્તંભ પડેલો છે અને ગાંગલી માચણની લાટ કહે છે. બરી હકીકત તો એ છે કે, રાજા ભોજે તૈલપ દેશના રાજાને હરાવી ફક્ત મેળવી હતી, તેની નાદરીમાં આ કીર્તિસ્તંભ બંધાવ્યો હતો. તૈલપ દેશના રાજાનું નામ ગાંગુ હતું રાજા ભોજે ગાંગુનું રાજ્ય પોતાના રાજ્ય સાથે જોડી દીધું તે ઉપરથી કહેવત ચાલી કે, ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગુ તૈલપ. કાળ વીતતાં ગાંગુ તૈલપને બદલે ગાંગો તેલી બોલાવા લાગ્યું અને અર્થનો અનર્થ કરવા માંડ્યો.*૬૭૭ પણ આવી ખૂબ ભરેલી કહેવત ગુજરાત અને માળવામાં બોલાય છે.

૧૪. પું. બદુઓનું એક કુળ.
૧૫. પું. વાદરોની એક જાતનો માણસ.
૧૬. પું. વૈદર્ભનો એક રાજા
૧૭. પું. શાંતિદેવીના ગર્ભથી ઉત્પન્ન થયેલ વાસુદેવના એક પુત્રનું નામ
૧૮. પું. શ્રીકૃષ્ણનો સાળા એક યોદ્ધાનામ.
૧૯. પું. સાત્વત સંઘનો રાજકર્તા. સોમવંતી બહુકુલોત્પન્ન સાત્વત રાજાના મહાભોજ પુત્રનો વંશજ.
૨૦. પું. સાધારણ પંક્તિનો સરદાર.
૨૧. સ્ત્રી. એ નામની એક પૌરાણિક કોમ આ કોમનાં માણસો મધ્ય હિંદુસ્તાનનાં મૂળ વતની જણાય છે. કુત્રિમ કોરીથી વૈશ્ય પુરુષ વડે પ્રજાને ઉત્પન્ન કરે છે, તે પ્રજા ભોજ શબ્દથી ઓળખાય છે.
૨૨. સ્ત્રી. એક જાતની ઘાસ.

અહીં નામ કૂદી ગયા.
નાગકું, ગોકરણ, નેત્રપુ, નાનકપુ, સૌંચ નખણા,
ગીધકું, ચૂનકું, ભોજ છોગાળિયુ,
બીનકું હાથણી મલ્લ ભમાણી.

૨૩ ન. એ નામની કોમનું માણસ
૨૪. ન. એ નામનું અશોકના વખતનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.
૨૫ ન. એક જાતનું રાજબંધારણ
૨૬. ન. કુતરમાંની એ નામની એક નગરી.
૨૭. ન. પટણા ને જામનગરના મુલકનું નામ; ભોજપુર.
૨૮. ન. વંશપરંપરાથી ઊતરી આવતી ન હોય તેવી સરદારી
૨૯ ન. (પુરાણ) વિદર્ભ દેશમાંનું એક નગર. તેમાં રુક્મિણી રહેતો હતો.
૩૦. ન. શૂરસેન દેશમાં સાત ચંદ્રવંશી ક્ષત્રિયોનું એ નામનું એક કુળ.
૩૧. ન. હૈહય માહેનું એક કુળ.
૩૨. સિ. એ નામની કોમનું.

ભોજ અધિદેવ ન. ખરચમાં નિયમ રાખવાનું બંધારણ; બધા નિયમ વિષયક બંધારણ; 'સંપ્ચુઅરિ બલ.વન્સ'.

ભોજક ૧. પું. જૈન મંદિરમાં ગાયન કરનારો મવૈયો; ગાવા બજાવવાનું કામ કરનાર માણસ.
૨. [સં.] પું. ભોગવનાર કે ખાનાર માણસ.
૩. પું. સૂર્ય મંદિરનો પૂજારી
૪ જ્ઞો. કાઠીની એ નામની એક અટક.
૫. જ્ઞો. જૈન બ્રાહ્મણોની એ નામની એક જાત. ભોજકો મૂળ શ્રીમાળી બ્રાહ્મણો હતા. કેસરિયાજીના ઓદીચ્ય જૈનોને ત્યાં જમે છે અને મંદિરની કમાઈમાં અમુક હિસ્સો ખરાવે છે. જૈન બ્રાહ્મણોમાં સૈન-વસ્ત, ગોડ, રાજગોર, સેવક, પુષ્કરણા, રાવળ, ભોજક, તપોધન વગેરે બાર કરી જૈનોમાં ગમ કરાવે છે. તેઓ ગાવાનું કામ કરે છે અને જૈન મંદિરોમાં પૂજા કરે છે.
૬. જ્ઞો. તરગાળાની એ નામની એક જાત; બ્રાહ્મણની એક ઊતરતી જ્ઞાતિ. શ્રીમાળીમાંથી દૂણી બ્રાહ્મણ વર્ગ સાથે તેઓ જમે છે.
૭. ન. એ નામની અટકનું માણસ.
૮. ન. એ નામની જાતનું માણસ.
૯ ન. વંશપરંપરાથી ઊતરી ન આવતી કોમ જેવી સરદારી; ભોજ.
૧૦. સિ. એ નામની અટકનું.
૧૧. સિ. એ નામની જાતનું
૧૨. સિ. જમનાર; ભોજન કરનાર.
૧૩. સિ. જમાડનાર.
૧૪. સિ. પાલન કરનાર; પાલનકર્તા.
૧૫ સિ. ભોજનસંપાદક.
૧૬ સિ. ભોગી; વિલાસી.
૧૭ સિ. સેવા કે પૂજા કરનાર.

ભોજકટ ૧. [સં.] પું. એ નામનો એક પ્રદેશ. સહદેવે દક્ષિણના દિગ્વિજય વખતે તે જીતી લીધો હતો. આ દેશમાં કૈલાસના મુક્ત શુક્રાચાર્ય ઉત્પન્ન થયાનું કહેવાય છે

૨. પું. પટના અને ભાગલપુર વચ્ચેનો મુલક.

૩. ન. એ નામનું મહાભારતમાં જણાવેલું એક નગર.

ભોજકટીય [સં.] વિ. ભોજ દેશમાં હોનાર કે બનાર

ભોજકત્વ [સં] ન. કવિતાની ચમત્કારિક ખૂબી

> સાહિત્યદર્પણ ગ્રન્થ અને નાટકમાં ભાવકત્વ અને **ભોજકત્વ** નામના બે માનસિક વ્યાપારો માને છે. કલ્પલતાકાર

ભોજકોદેશ પું. દક્ષિણ દેશ.

ભોજદેવ [સં.] પું. ભોજરાજા. તેણે સમરાંગણ સૂત્રધાર નામનો શિલ્પગ્રંથ રચ્યો છે.

ભોજન ૧. [સં.] પું. એ નામનો કૌંચદ્વીપનો એક પર્વત.

> શુક્લ, વર્દ્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર એ નામના કૌંચદ્વીપના સાત પર્વતો છે. ભાગવતી ભાગવત

૨. પું. વિષ્ણુનાં ઢબ્બર માંહેનું એક નામ.

૩. પું. શિવનાં ઢબ્બર માંહેનું એક નામ.

૪. ન. ઉપભોગ કરવો તે.

૫. ન. અવરાવવું તે.

૬. ન. ખાવાનો પદાર્થ; ખાવાનું તે; જમણ; ખોરાક. ગાંધીજી નવજીવનમાં લખે છે કે: જેવી શ્વાસક્રિયા તેવી જ ખાવાની ક્રિયા છે. અને બેની ક્રિયા છે. તે બેહતે જ કરવા લાયક છે. આપણને ખાવામાં રસ આવે છે તેથી એ વિષયને ઊપાડી રીતે ભોગવી એ શરમ છોડી બેઠા છીએ. પણ મર્યાદિત હિંદુ ખાવાની ક્રિયા પ્રભુનું નામ લઈ શરીરયાત્રાને અર્થે એકાંતમાં કરે છે એ અનુકરણ કરવા જેવું છે ભોજન સંબંધમા મુનિ વિદ્યાવિજયજી લખે છે કે, મનુષ્યનો ભોજનનો સમય દિવસ છે, રાત કહી નહિ. રાતનું ભોજન કરવાનો સર્વથા નિષેધ હોવો જોઈએ. આવશ્યકે પ્રતિદિન પરમાત્માનું પૂજન કરીને જ ભોજન કરવું જોઈએ, એવો નિયમ રહેવો જોઈએ. આ સંબંધે ધર્મસંગ્રહે લખ્યું છે કે, ભારતીય સ્વયં પવિત્ર રહે છે, તે કોઈના હાથથી નહિ. ભોજનની પહેલાં તેઓ સ્નાન કરે છે. ઉચ્છિષ્ટ ભોજન કોઈને નથી અપાતું. ભોજનનું પાત્ર બીજાને નથી અપાતું. માટી અને લાકડાનાં પાત્રો એકથી વધારે વાર નથી વપરાતાં. સોના, ચાંદી અને તાંબાનાં પાત્રો શુદ્ધ કરવામાં આવે છે. ભારતીઓનું ભોજન સામાન્ય રીતે ઘઉં, ભાત, જુવાર, બાજરી, દૂધ, ઘી, ગોળ તથા સાકર હતું. મનુસ્મૃતી લખે છે કે, બ્રાહ્મણો કોઈ પશુનું માંસ ખાતા નથી. કુંભણી અને મસાલાનો પ્રયોગ વર્જિત હતો અને બનાવ પ્રાયશ્ચિતના ભાગી ગણાતા. સ્મૃતિઓમાં પણ બ્રાહ્મણોને માંસ ન આપવાનું વિધાન જતાં, પાછલી કેટલીક સ્મૃતિઓમાં શ્રાદ્ધના સમયે માંસ આપવાની આજ્ઞા કરી છે. બ્રાહ્મસ્મૃતિમાં તો કહેવામા આવ્યું છે કે, શ્રાદ્ધમાં માંસ ન આપવાવાળો બ્રાહ્મણ પતિત ગણાય છે. ધીમે ધીમે માંસ ખાવાની પ્રથા વધતી ગઈ અને બ્રાહ્મણોના એક ભાગે માંસભક્ષણ શરૂ કર્યું. ક્ષત્રિય અને વૈશ્ય પણ માંસ ખાતા હતા. હરણ, ઘેટાં અને બકરાં સિવાયનું બીજું માંસ નિષિદ્ધ હતું. કોઈ કોઈ વાર માછલી પણ ખવાતી. ચાંડાલ દરેક પ્રકારનું માંસ ખાતા, તેથી અસ્પૃશ્ય રહેતા. શીખ ધર્મગ્રન્થોમાં અન્નાહારની પ્રશંસા કરવામા આવે છે પેય વસ્તુઓમાં દારૂ, તાડી, ચરસ, તમાકુ, ગાંજો, અફીણ વગેરે જેવી પદાર્થોનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે. ગુરુગોબિંદસિંહજીએ જણાવ્યું છે કે, ભોજનમાં નિયમિત અને મિતાહારી થવું જોઈએ. તંદુરસ્તી માટે એ એક જરૂરનો નિયમ છે. ખોરાક શુદ્ધ અને સાદો જોઈએ. જમતા મન પ્રસન્ન રાખવા જોઈએ. જમતાં જમતાં વાતો કરવી. આડું, અવળું, ઘસ વગેરે વાપરવાં. જમ્યા પછી મહેનતનું કામ કરવું નહિ. જમ્યા પછી તરત નાહવું નહિ. હરિજનબંધુમાં ગાંધીજી ભોજન બાબતમાં વિષે લખે છે કે, ભોજન બાબતમાં પડે એમાં જે જંગલીપણું અને અવિવેક માનું છું. આને કઠિન સમયે તો નિર્દયતા જેવું છું. કેમકે આ સમયે તો પેટ ભરીને ખાવાનો કોઈને પણ અધિકાર નથી માણી સાદ કરીને ઊડવામાં બહુ વિવેક અને સભ્યતા જોઉં છું. તેથી વધારે ખપે છે અને જેઓને ગમણ સાદ કરવાં પડે છે તેમની મહેનત બચે છે. વિવાહ ને મૃત્યુ પાછળનાં ભોજનો વિષે તેઓ ઓટયે સુધી લખે છે કે, મૃત્યુની પાછળ જમણ એ જંગલી રિવાજ છે એમાં શંકા જ નથી અને વિવાહની પાછળ જે ભોજનો અપાય છે એમાં ઓછું જંગલીપણું નથી વિવાહ એક ધાર્મિક વિધિ છે. તેની પાછળ આટલાં ખરચ શાં ? વિનોબાજી લખે છે કે: બીજાઓને ભોજન કરાવવાને સમયે તેની પાત્રપાત્રતાનો વિચાર કરે છું. પરંતુ પોતાના પેટમાં રોટલી નાખવાને સમયે મને એ અવાજ પણ નથી હોતો કે મને પણ તેનો કોઈ અધિકાર છે કે નહિ ? જે આપણે આંગણે આવે છે તેને અતિથિ ભિખારી શા માટે સમજવો ? જેને આપણે આપીએ છીએ તે ભગવાન જ છે, એવું આપણે કેમ ન સમજવું ? રાજયોગ કહે છે કે, તમારા કર્મનું ફળ કોઈને પણ મળતું જ ને ? તો તેને ભગવાનને દઈ દો. તેને જ અર્પણ કરી દો.

૧. ભોજન આપવું-કરાવવું = જમાડવું.

૨. ભોજન કરવું લેવું = જમવું.

૭. ન. ધન; મિલકત.

૮. વિ. ભોગની વસ્તુ.

૯. વિ. પોષક; બલરાવનાર.

ભોજનકાલ [સં.] પું. જમવાનો વખત.

ભોજનકાળ જુઓ ભોજનકાલ

ભોજનખર્ચ ન. વીશીખર્ચ; જમવાનો ખર્ચ.

ભોજનખંડ [સં.] પું. (સ્થાપત્ય) જમવાનો ઓરડો. સુશ્રુત વાસ્તુશાસ્ત્રમાં લખ્યું છે કે, ભોજનખંડ નિત્યાંક રસોડાની નજદીકમાં હોવો જોઈએ. નાના ઘરનાં રસોડાની નજદીકમાં જ સાત ફૂટ પહોળાઈનો ઓટલો હોય અને તેની બહારના ભાગમાં પડદી રાખી ઉપર બાંધી જડી હોય તો તેનો જમણખંડ તરીકે ઉપયોગ કરી શકાય. આ ખંડમાં આવવાનું બારણું જોઈએ અને બપોરના જમણ વખતે ખંડની હવા તપે નહિ, એવી વ્યવસ્થા જોઈએ. બહોળા કપડાં સૂકવવાને માટે આ ખંડમાં વાંસ અથવા તાર બાંધવાથી સારી સગવડ થાય છે. જમતાં જૂના વિચારનાં માણસો ખુલ્લે શરીરે બેસે છે, તેથી આ ખંડમાં પવન બહુ જોરથી ન વાવો જોઈએ.

ભોજનખાની [હિં.] સ્ત્રી. રસોડું; બાવરચીખાનું.

ભોજનગર [સં.] ન. (પુરાણ) ધારાનગર; શિબિ રાજાના પિતા ઉશીનર રાજાના ઉશીનર નામના દેશની રાજધાની

ભોજનગરી જુઓ ભોજનગર.

ભોજનગૃહ ૧. [સં.] ન. જમવાનો ઓરડો.

૨ ન. ભોજનનો બંદોબસ્ત વાહી

૩ ન હોટલ; વીશી.

ભોજનત્યાગી [સં. ભોજન + ત્યાગિન્ (ત્યાગ કરનાર)] વિ. ઉપવાસ કરનાર; ભોજન તજનાર.

ભોજનદક્ષિણા [સં.] સ્ત્રી બ્રાહ્મણોને ભોજન કરાવ્યા પછી આપવામાં આવતી દક્ષિણા.

ભોજનપત્રક [સં.] ન. રસોઈનું પત્રક.

ભોજનપદાર્થ [સં.] પું. જમવાનો પદાર્થ.

ભોજનપાત્ર [સં.] ન. ભોજન કરવાનું વાસણ.

ભોજનભટ્ટ ૧. પું. ખાવાની વૃત્તિવાળો માણસ.

૨. વિ. ખાવાની વૃત્તિવાળું; ખાઉધરું.

૩ વિ. ખુશામતિયું.

ભોજનમંડપ [સં.] પું. ભોજનશાળા.

ભોજનવિધા [સં] સ્ત્રી. પાકશાસ્ત્ર; રસોઈનું શાસ્ત્ર.

ભોજનવિધિ [સં.] સ્ત્રી. ભોજન તૈયાર કરવાની તથા લેવાની વિધિ.

ભોજનવિપર્યાસિકા [સં.] સ્ત્રી. (જૈન) વિપરીત રીતે ભોજન કરવું તે.

ભોજનવિલાસ ૧. [સં.] પું. આવામાં ચતુરાઈ

૨. પું. પકવાન; મિષ્ટાન્ન.

૩. પું. ભોજનની ઉત્તમ રીતિ.

૪. પું. ભોજનની કીમતી સામગ્રીઓનો ઉપલોગ; મિષ્ટાન્ન વગેરેનો ઉપભોગ.

ભોજનવિશેષ ૧. [સં.] પું. ભોજનની પસંદ કરેલી વસ્તુ.

૨. પું. ભોજનની સ્વાદિષ્ટ વસ્તુ.

ભોજનવ્યગ્ર [સં.] વિ. આવામાં મશગૂલ.

ભોજનવ્યય ૧. [સં. ભોજન + વ્યય (ખર્ચ)] પું. ખોરાકો ખર્ચ.

૨. પું. વ્યયુ; ખોરાકી વ્યયુ.

ભોજનવ્યવહાર [સં. ભોજન + વ્યવહાર (સંબંધ)] પું. એક જાણે કે પંક્તિને એકું જમવાનો સંબંધ.

ભોજનશાલા ૧. [સં.] સ્ત્રી. જમવાનું સ્થળ, જમવાની જગ્યા

૨. સ્ત્રી. રાંધવા તથા જમવા માટેની જગ્યા; રસોઈઘર; પાકશાળા.

૩. સ્ત્રી. ધર્મશાળા; પથિકાશ્રમ; 'હોટેલ'.

ભોજનશાળા જુઓ ભોજનશાલા.

ભોજનસમારંભ પું. પરિવેસના; ભોજન પીરસવાની ક્રિયા.

ત્યાં કૃષિકારદ્વાજ બ્રાહ્મણનો **ભોજનસમારંભ** (પરિવેસના) ચાલતો હતો. સુત્તનિપાત

ભોજનસામગ્રી [સં.] સ્ત્રી. ભોજનની સામગ્રી, જમવાની વાનગીઓ, જમવાના જુદા જુદા પદાર્થ.

ભોજનાચ્છાદન [સં.] પું. અનવસ્ત્ર; ખાવાપહેરવાનાં સાધનસામગ્રી

ભોજનાલય જુઓ ભોજનશાલા.

ભોજનાવશિષ્ટ ૧. [સં.] ન. ભોજનને અંતે વધેલું અન્ન

૨. વિ. ભોજન પછી વધેલું.

ભોજનાવશેષ જુઓ ભોજનાવશિષ્ટ.

ભોજનાંત [સં.] પું. ભોજનનો અંત; ભોજનની સમાપ્તિ.

ભોજનાંતરક્ષિપ્તા જુઓ ભોજનક્ષિપ્તા.

ભોજનાંતરાય [સં. ભોજન + અંતરાય (અડચણ)] સ્ત્રી. (જૈન) ભોજનમાં પડતું વિઘ્ન. દિગંબર જૈન સંપ્રદાય પ્રમાણે ભોજનની અંતરાય નીચે મુજબ છે: ગ્રાહકનામા અંતરાય, અમેધ્ય અંતરાય, રોધ, રુધિર, અશ્રુપાત, જન્તુવધ, પરામર્ષ, જાનુપરિમ્રતિક્રમ અંતરાય, નાભ્યધોનિર્ગમન, પ્રત્યાખ્યાતસેવના, જંતુબંધ, દંશાદિ નિષ્પેરણ, અગ્નિજંતુવધ, કાંસાદિ દર્શન, ઉપસર્ગ, પાત્રસંપાત, ભાજનસંપાત, ઉચ્ચાર, પ્રસ્રવણ, અભોજ્ય ગૃહપ્રવેશ, પતન, ઉપવેશન, સદંશ, ઉદરકૃમિનિર્ગમન, ગ્રહિત ભોજન, પ્રહાર, પાદેન કિંચિત્ ગ્રહણ અને કરેણ કિંચિત્ ગ્રહણ.

ભોજનિયું ન. ભોજન. કવિતામાં વપરાય છે.

ભોજનીય ૧. [સં. ભુજ્ + અનીય (જોવું)] વિ. ઉપભોગ કરવા લાયક.

૨. વિ. ખાવા યોગ્ય; ભોજન કરવા લાયક. ખાવા જોગ; જમવા લાયક.

ભોજનોપયોગી [સં. ભોજન + ઉપયોગિન્ (ઉપયોગી)] વિ. ભોજનમાં ઉપયોગનું.

ભોજપતિ ૧. [સં.] પું. (પુરાણ) ભોજ; ભોજ દેશનો રાજા.

૨. પું. રાજા ભોજ.

ભોજપત્તર જુઓ ભોજપત્ર.

ભોજપત્ર ૧. [સં. ભૂર્જપત્ર] ન. એક જાતના ઝાડની પાતળી અંતરછાલ; ભૂર્જત્વચ; ભૂર્જ; ભૂર્જપત્ર; મૃદુત્વક; કાગળ તરીકે વપરાતી ભૂર્જની છાલ. કાગળ જ્યારે કાગળ ન હતા ત્યારે એની ઉપર લખાણ લખાતાં હતાં. કાલમાં એનાં પાન મંત્રયંત્રમાં કામ આવે છે.

૨. ન. એક જાતનું ઝરિયાલું.

૩. ન. એક જાતનું ઝાડ. આ જાતનાં ઝાડોમાંનાં મધ્યાંતરાંનું ઝાકડું વચ્ચે પાસે આવેલા કણોથી ભરેલું હોય છે અને તેના ઉપર સારો ચળકાટ આવી શકાય છે. તેની જુદી જુદી ઉપજાતિઓના જુદા જુદા અંગ જુદા જુદા ઉપયોગમાં આવે છે તેનાં પાન ઉપયોગી છે. આ પત્રમાં કાગળની પેઠે લખાય છે. મુખ્યમાં તે કડવું, પિત્તકર મનાય છે. રક્તરોગ ઉપર તે ઉપયોગી છે. જ્યાં આ વનસ્પતિ થાય છે ત્યાં સોજો ઉતરો અનાવવા, ઝાપરાં ઝાલવા, વસ્તુઓ બાંધવા તેના પાન વાપરે છે. તેમાં મેદોરોગહર અને વિષઘ્ન ગુણો છે. કાંટરૂપે તે અપાય છે. ક્વાથથી પિત્તકારી ભરી ઝાડ ધોવાથી કર્ણશ્રાવ મટે છે. તેમજ એની ગણો મટે છે. તે સડો અટકાવે છે.

૪. ન. દુકાની નળી કરવામાં વપરાતી એક જાતના ઝાડની છાલ.

ભોજપરી સ્ત્રી. એક જાતની શેરડી. તે રંગે પીળાશ પડતી લીલી અને ગોળાઈ કેળાંના રંગની પણ હોય છે.

ભોજપરીક્ષક પું રસોઈની પરીક્ષા કરનાર.

ભોજપર્ણ ન. અમલ ભોજપત્રા નામની વનસ્પતિનો ફેલો.

ભોજપાયન [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

ભોજપાલ ૧. ન. ભોપાલનું એ નામનું એક મોટું સરોવર. તે આખા હિંદમાં સૌથી ઉત્તમ જણાય છે. આર્યાવર્ત નામમાં ઉલ્લેખ છે કે: અહીં ભોજપાળ નામનું મોટું સરોવર છે. સરોવરને કાંઠે રાજાના બંગલા છે. શહેરને અડીને જ આ તળાવ છે. તળાવને સામે કાંઠે ટેકરીઓવાળો લીલો પ્રદેશ છે અને આ કાંઠેથી એનો દેખાવ રમ્ય લાગે છે. તળાવમાં નાના નાના બગલા ચાલે છે. તળાવને કાંઠે નાના રંગમાં કેવદર્શન થાય છે. આ સરોવરનાં વિસ્તાર અને સુંદરતા ઉપરથી આસપાસના લોકોમાં કહેવાય છે કે, તાલમેં તાલ ભોપાળ ઔર સબ તલૈયાં, એટલે કે તળાવમાં તળાવ તો ભોપાળનું છે અને બીજા બધી તો તળાવડીઓ છે. સરોવરનો દેખાવ સાગર જેવો જણાય છે અને એક તરફ તો ક્ષિતિજ સાથે મળી જતું દેખાય એટલું વિસ્તીર્ણ છે. ભોપાળ શહેરનું અસલ નામ પણ ભોજપાળ હતું. અપભ્રંશ થતાં ભોપાળ થયું છે.

૨. ન. ભોપાળ શહેરનું પ્રાચીન નામ.

ભોજપાળ જુઓ ભોજપાલ.

ભોજપુર [સં.] ન. સિપ્રા પાસેનો મુલક; ભોજ દેશમાં આવેલી ધારાનગરી. ભોજપુરની નજીક એક તળાવનું નિશાન જોવામાં આવે છે. હોશંગાબાદના સંસ્થાપક હોશંગશાહે ૧૪૦૫માં આ તળાવનો બંધ બાંધી નાખ્યો ત્યારે તેનું પાણી ત્રણ વર્ષ વહેતું રહ્યું અને ત્રીસ વર્ષ પછી જમીન રહેવા લાયક બની, જેને તાલ પરમાલ કહે છે. તેમાં આજે ૨૬૫ ગામડાં આબાદ થયાં છે

ભોજપુરી ૧. પું. ભોજપુરનો રહેવાસી.

૨. સ્ત્રી. બિહારના એક ભાગની બોલી.

૩. સ્ત્રી. ભોજપુરની ભાષા.

૪. વિ. ભોજપુરનું; ભોજપુર સંબંધી.

ભોજપ્રબંધ [સં.] ન. બલ્લાલ નામના વિદ્વાને ધારના રાજા ભોજના સમયના બનાવોનું વર્ણન કરવા લખેલું એક પુસ્તક.

ભોજમહત્ત્વ પું. એ નામનો એક રાજા; દંડકય. તેણે બાહ્મણ કન્યા ઉપર બળાત્કાર કર્યો, તેથી તેનો કુટુંબ સહિત સંપૂર્ણ નાશ થયો હતો.

ભોજય્ [સં.] સ ક્રિ. ખવરાવવું.

ભોજયિતા વિ. [સં. ભોજયિતૃ] પુ. યજમાન; ભોજન આપનાર પુરુષ.

૨ વિ. જમાડનાર.

ભોજરાજ જુઓ ભોજ.

ભોજરાજિ વિ. [સં.] સ્ત્રી. અદ્ભુના જેવા.

૨. સ્ત્રી. અદ્ભુવિદ્યા; કામચલાઉ.

ભોજરાજિકર [સં.] પું. અદ્ભુકર.

ભોજલ પું. એ નામનો એક કવિ. તે વૈષ્ણવ કવિ હતો. તેણે લેલેલા આખ્યાન સવત ૧૮૪૧ થી ૧૬૦૬માં રચેલું હોય તેમ જણાય છે.

ભોજવું ન. માંકડું; વાંદરો; લાલ મોંનું વાંદરું.

ભોજવો પું. લાલ મોંનો વાંદરો; માંકડો.

ભોજવંશી [સં. ભોજવંશિન્] વિ. ભોજના વંશનું.

ભોજવંશીય [સં] વિ. ભોજવંશનું; ભોજવંશને લગતું.

ભોજવાણી વિ. સ્ત્રી. એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભોજવિદ્યા [હિં.] સ્ત્રી. ઇંદ્રજાળ; બાજીગરી.

ભોજવૃક્ષ ન. એક જાતનું ઝાડ; 'ભર્જ'.

ભોજવ્યાકરણ [સં.] ન. ભોજ રાજાએ બનાવેલું વ્યાકરણ. માળવા નરેશ ભોજ એક વ્યાકરણકાર હતો અને એ પોતાના દેશમા પોતાનુ જ વ્યાકરણ પ્રસરાવતો હતો.

ભોજા ૧ [સં.] સ્ત્રી. (પુરાણ) આર્યક નામની એ નામની કન્યા. તેનું બીજું નામ હતું. તે વસુદેવ પત્નિ દેવકી અને વસુદેવ પત્નિ રોહિણી પુત્રોની માતા હતી.

૨. સ્ત્રી. (પુરાણ) જ્યામઘે હરણ કરીને લાવેલી કન્યા અને તેના વિદર્ભ નામના પુત્રની સ્ત્રી.

૩. સ્ત્રી. (પુરાણ) પ્રિયવત વંશના વીરવત રાજાની એ નામની સ્ત્રી.

૪. સ્ત્રી. (પુરાણ) મધુ અને પ્રમંધુની માતા; ઋષભદેવ વંશના વીરવત રાજાની સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) સૌવીરની પુત્રી અને સાલ્વની માતા

ભોજાઈ [સં. ભ્રાતૃજાયા; પ્રા. ભાઉજ્જા–ભાવજ્જઈ-ભવજ્જઈ-ભોજ્જાઈ] સ્ત્રી. ભાઈની પત્ની. ભાભી.

ભોજાણી ૧. સ્ત્રી. ભોયણી અને સોનિયાણી કચ્છીની એ નામની એક જાત

૨. ન એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ભોજાધિપ ૧. [સં.] પું. કચ્છ નામે રાજા.

૨. પું કચ્છનું એક ઉપનામ.

ભોજાલિયા [બં.] સ્ત્રી. ઠગારી; મોટી ઠગારી; ઠગારી.

ભોજાવતારી વિ. ભોજ રાજાના જેવી ઉદાર વૃત્તિવાળું અને વિદ્યાપ્રેમી.

ભોજાવશેષ [સં.] ન. કાપેલું ઘાસ

ભાજિક પું. (જૂ. પ્રા.) ભોજક.

ભાજિગ ૧. પું. ચારણ; ભાટ.

૨. સ્ત્રી. રજપૂતોની એ નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ એ નામની જાતનું.

ભાજિયું ન. રાતે મળતું એક જાતનું ઝવડ

ભોજિયો પું. અક્કલની વિનાનો માણસ; કોર પણ હલકો માણસ.

૧. ભોજિયો દેવો = બાર્ય જવું; નુકસાની પમાડવી.

૨. ભોજિયો બજવવો = બરાબ કામ કરવુ

ભોજી [સં. ભોજિન્] વિ. ખાનાર; જમનાર. સમાસને છેડે વપરાય છે. જેમકે, માસભોજી.

ભોજ્ [હિં.] પું. ભોજન; આહાર.

ભોજેરા ૧. [સં.] પું. કંસ.

૨. પું. ભોજ રાજા.

ભોજોત્સવ [સ.] પું. ભોજનસમારંભ; જમણ.

ભોજોત્સવયિત [સં] વિ. ભોજન સંબંધી.

ભોજોત્સવસંક્રાંત જુઓ ભોજોત્સવયિત.

ભોજોત્સવસંબંધીય જુઓ ભોજોત્સવયિત.

ભોજોત્સવીય જુઓ ભોજોત્સવયિત.

ભોજો ભગત પું. ઓગણીસમા સૈકામાં થઈ ગયેલ એક ભક્ત કવિ. તેનો જન્મ ઈ. સ. ૧૭૮૪માં થયો હતો. ઈ. સ. ૧૮૪૬માં તેનું મરણ થયુ. ભોજો અથવા ભોજલ ભક્ત કાઠિયાવાડમાં વીરપુર પાસેના જામકાગોળ ગામનો એક કણબી હતો. તે નિરક્ષર હોવાથી તેનામાં અક્ષરજ્ઞાન ન હતું, પણ સંસારજ્ઞાન સારું હતું. આર કર્મની વય સુધી તો દુઃખ ઉપર જ રહ્યો હતો. પછી ગિરનારમાંથી આવેલા એક સાધુનો તેને પ્રસંગ પડ્યો. તેની છાપ એના જીવન ઉપર પડી. બાર વર્ષ સુધી દરરોજ સો ડગલાનો અભ્યાસ અખંડ ચાલુ રાખી તપશ્ચર્યા કરી. આથી એના અંતરચક્ષુ ખૂલી ગયાં ને એને સંસાર અને અક્ષરબ્રહ્મનો પરસ્પર સંબંધ સમજાયો. ભોજા ભગતની મુખ્ય કાવ્યકૃતિ કટાક્ષ રૂપે છે અને તે ચાબખા કહેવાય છે. દુનિયાના દુષ્ટ રિવાજો ઠોંગ કરનાર બેરાગીઓ, જગતમા ખોટી રીતથી ચાલતા છતાં સારા મનુષ્યનો ઠોંગ બતાવનારા ભેદાયુઓ અને સત્સંગ માટે જરા પણ વિચાર નહિ કરનાર મૂર્ખાઓ વગેરેને ઠેકાણે લાવવા માટે ભોજાએ સખ્તાઈ અને કડકાઈથી ચાબખાઓનું લખાણ કર્યું છે. એનાં પદ આજે પણ સમાજના નીચલા થરમા એક મોટેથી બીજે મોટે પ્રવાસ કરે છે અને ગુજરાત કાઠિયાવાડના શહેરો તેમ જ ગામડાઓમા મહોલ્લે મહોલ્લે ફરતા ભિખારીઓએ તબડા અથવા એકતારા સાથે ગાઈ ગાઈને, તેનાં પદોને અમર કર્યાં છે. એનાં છૂટક પદો ઉપરાંત રેલેલા આખ્યાન સિવાય એણે કોઈ પણ લાંબુ કાવ્ય રચ્યુ જણાતુ નથી.

ભોજ્ય ૧. [સં.] ન. ઉપભોગ

૨. ન. ઓદાર.

૩. ન. આવાનો પદાર્થ; આદ્ય

૪. ન. આર પ્રકારનું એક પ્રકારનું અન્ન અન્નના ચાર પ્રકાર છે: અક્ષત, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય. દાંતના વ્યાપાર વિના જીભથી જમાય તે ભોજ્ય કહેવાય છે. જેમકે, દાળ, દૂધપાક.

૫. ન. ભોજનવાની વસ્તુ

૬. ન. ભોજનાદિ આહારની ચીજ; શ્રાદ્ધમા પિતૃઓને તૃપ્તિ માટે આપવાનું અન્ન વગેરે.

૭. ન. લાલ; નફો

૮. [સં.] વિ. ખાવા જોગ; ખાવા જેવું; ભોજનીય; ખાવા યોગ્ય.

૯. વિ. ભોગવવા લાયક.

૧૦. વિ. શ્રાદ્ધમાં પિતૃને આપવા યોગ્ય

ભોજ્યસંભવ [સં] પું. ખોરાકથી શરીરમા બનારી રસ ધાતુ.

ભોજ્યાન્ન ૧. [સં.] પું. ભોજન સાથી.

૨. ન. જમવામા સામેલ કરવા જોગ

૩. ન. ભોજન યોગ્ય વસ્તુ

ભોજ્યાભિમુખતા [સં.] સ્ત્રી. રાસાયણિક પ્રકૃતિના આસપાસના વાતાવરણની અસરથી જીવતા કોષમાં ઉદ્ભવેલી, પૌષ્ટિક પદાર્થો તરફ જવાની અથવા તેથી દૂર જવાની હલનચલનની ક્રિયા.

ભોજ્યાભોજ્ય [સં. ભોજ્ય + અભોજ્ય] વિ. ખાવા અને ન ખાવા યોગ્ય.

ભોંઠ ૧. [હિં] પું એક જાતનો મોટો પત્થર. તે ઘાણ કરીને અડી દોઢ જાડો, પાંચ ફૂટ લાંબો અને દોઢ ફૂટ પહોળો હોય છે.
૨ પુ. તિબેટની સરહદ ઉપર રહેનારા લોક
૩. પું (બ. ગ્ર) પ્રાચીન હિંદનો એ નામનો એક પ્રાંત; ભૂત દેશ; ભુતાન
૪. પું. સમજ્યા વિનાનો પુરુષ; ભોળો માણસ.
૫. સ્ત્રી. એક જાતની કેરી
૬. સ્ત્રી તિબેટની સરહદ ઉપર રહેતી એ નામની એક જાતિ.
૭. ન. એ નામની જાતિનું માણસ
૮. વિ. એ નામની જાતિનું.
૯. વિ ભોથડ; ભોથડ; ભોળું; મૂરખ; ગમાર; અક્કર વગરનું; મૂઢ; બેવકૂફ. સમા દોડો; દોઢ.

ભોંઠકું (ભોંઠકું) ૧ વિ ઓછી સમજશક્તિવાળું
૨. વિ. ભોળું.

ભોંઠપણું ન. નિર્બળતા; નિષ્પાપીપણું.

ભોંઠવું ૧. ન. અનાજમાં થતી ફુગાત; એક જાતનું અનાજમાનું જીવડું
૨. અ ક્રિ ભોંઠું પડવું; શરમિંદું થવું.

ભોંઠવો પું. પાણી ભરવાનો કૂવો; માટીનો ગાંધુ; પાણીનો કૂવો; ભંભળી

ભોંડંગડી (ભોંડગડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એનાં બી દાદના કુખાવા માટે ઉપયોગી મલમ છે.

ભોંડા પું બ.વ (કચ્છી) મકાઈના ડોડા.

ભોંડાંક પું. એક દેશનું નામ; ભુતાન.

ભોંડાંગ [સં.] પું. ભુતાન દેશ.

ભોંદિયા ૧. પું. ઉત્તર હિંદના એક જાતના ભોકો; ભુતાનના વતની.
૨. સ્ત્રી પંજાબ, સયુક્ત પ્રાંત, બંગાળ અને કશ્મીર તરફના ભાગમાં બોલાતી એક ભાષા.
૩. સ્ત્રી. ભુતાન દેશની ભાષા

ભોંદિયા ભટકમ ૧. સ્ત્રી. ભાલુભુખારા
૨. સ્ત્રી. મકરણી. તેનાં પાકાં બી મેવા તરીકે ખવાય છે. તે પૌષ્ટિક છે અને તેમાંથી ખાદ્ય તેલ મળે છે

ભોંદિયો પું. તિબેટની સરહદ ઉપર રહેનાર ભોટ જાતિનો પુરુષ

ભોંદી ૧. સ્ત્રી. કૂતરી
૨. સ્ત્રી. મેમજની એ નામની એક અટક.
૩ ન. એ નામની અટકનું માણસ.
૪. વિ એ નામની અટકનું
૫. વિ. ભુતાન દેશનુ.

ભોંદીલું ૧. ન. કૂતરાનું નાનું બચ્ચું; કુરકુરિયું.
૨ ન. વરુનુ નાનુ બચ્ચું

ભોંદો ૧. પું. કમલગટો.
૨. પું. મકાઈનો ડોડો.

ભોંઠ વિ મૂર્ખ; બુદ્ધિહીન; જડ.

ભોંઠપ સ્ત્રી ભોઠપ; શરમ; શરમિંદાપણું

ભોંઠા પું. એક જાતનું વૃક્ષ

ભોંઠામણ સ્ત્રી ; ન. ભોઠપ; શરમ; શરમિંદાપણું; નીચાજોણું

ભોંઠું વિ ભાંઠું; ભોંઠપવાળું; શરમિંદુ; ઓશિયાળું; ભાંખું પડી ગયેલું; ઝંખિયાળું.
ભોંઠું પડવું = શરમાવું.

ભોંઠ (ભોંઠ) વિ. સ્ત્રી. પાણી ઉપર આવેલી કે સાથ જોતી. આમળી માટે વપરાય છે

ભોંડકી (ભોંડકી) સ્ત્રી. ભોંડી.

ભોંડકું (ભોંડકું) ૧. ન. ભોંકું.
૨. ન ભોંકુ.

ભોંડર જુઓ ભોંડલ.

ભોંડલ [હિં.] પું. અત્તરમાં; અબ્રક.

ભોંડંગ [બં] ન ઝરણાઈ; ભૂંગળ.

ભોંડંગિયો [બં.] પું. ઝરણાઈ વગાડનાર માણસ

ભોંડાગાર [હિં.] પું. ભંગાર.

ભોંડિયાં રીંગણાં (ભોંડિયાં રીંગણાં) ન. બ. વ. ઝીણાં રીંગણાં.

ભોંડી સ્ત્રી. માથું; ડોકું; મોકું; ગાયું. ખાસ કરીને સર્પને માટે અને અવિવેકમાં માણસના મોઢા માટે પણ આ શબ્દ વપરાય છે.
ભોંડી ભાંગી નાખવી = નાશ કરવો.

ભોંડું ન. પડની ઉપરનો ભાગ; માથું.
ભોંડું કુટીને મરી જવું = માથાકૂટ કરીને મરવું.

ભોંય ૧ [હિં] પું. ઘર; મકાન; ગૃહ.
૨. ન તળાજાંમાં નરસ નર તળકું.
૩. ન. ઘર; કાણું.

ભોંગિયું ૧. ન. તળાવ સાચે બનાવાતું એક વાજિંત્ર, ડોલક
૨ ન. નર તબલું. માટીના પકાવેલા પ્યાલા ભોંદાવાળા તથા ધાતુના વાસણ ઉપર ચામડુ મઢીને તે બનાવાય છે

ભોંસું ૧ ન. જમણ.
૨. ન. ઝાપુ. પારસી ભાઈઓ જોવે છે.

ભોંતર ૧. વિ ભૂંડું; ધાર વગરનું.
૨. વિ. હલકું; નબળું

ભોંતા [હિં] પું. ભૂંડ.

ભોંતી સ્ત્રી. મજૂરી.

ભોંતીદાર પું. મજૂર.

ભોંથડ (ભોંથડ) વિ. મૂર્ખ; ઠોઠ; ભોંઠ; મંદ; ડાબા; બેવકૂફ; ભોંથડ; ભોંઠ.

ભોંથલો પું. (કચ્છી) પતંગ; પડાર્થ

ભોંથળ જુઓ ભોંથડ.

ભોંથો ૧. પું. ભોંટલો.
૨. સ્ત્રી ભોંટલી

ભોંયું ૧ ન. અંકોર; આળ.
૨. ન. કચુંબી, આથર વગેરે બેઠતનું બિનજવાબું.
૩. ન. બેનરમાંથી બાજરી, જુવાર વગેરેનાં ડાંડાં વઢાઈ રહ્યા બાદ બાકી રહેતો મૂળિયાંનો ભાગ.
૪. ન. ગમાર; અડબૂથ માણસ; જડબો; ભૂત.
૫ ન. બાજનુ કૂંડું
ભોંયું ભરવું = પેટ ભરવું.
૬. ન. ગોડ; મૂર્ખ. જડ.
૭. [સં. સ્તંભ] ન. દર્ભ, ઘાસ અને ડાંગર વગેરેના બેઠના મૂળાંકુરોનો ઝુડો; જડિયું; વનસ્પતિની શાખા પ્રશાખાઓનો ખૂબ વિસ્તાર ને ભરાવો; ઘાસની જાતના કેટલાક બેઠમાં ગબ્બરની જેવી જડ; મૂળિયાંનો ઝૂમો; થૂમડું; મૂળિયાંના જેવા.
૮. ન. બેડોળ કે બદરાહલ બી.
૯ ન. રીંગણીના બાંડા ઉપરનાં મૂળિયાંનો જથ્થો. મૂળિયાનું ઝૂમ.
૧૦. ન. સાવરણી વપરાઈ કે વસાઈ જતાં બાકી રહેલો ભાગ.

ભોંદો ૧. પું પેટ. તિરસ્કારમા. બોલાય છે.
૨. વિ. પું. અદોદળા શરીરવાળો
૩ વિ પું ઓછી સમજશક્તિવાળો, ભોળિયો.

ભોંકુ વિ ઉતરતું; ઠોઠ

ભોંપલી ૧. સ્ત્રી. પૂતા પાસે થતી એક જાતની કેરી.
૨. સ્ત્રી મેમજની એ નામની એક અટક
૩ ન એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું

ભોંપવું સ જિ. તાકી તાકીને જોવું.

ભોંપળો પું એક જાતની વનસ્પતિ તેનુ શાક થાય છે.

ભોંપા ૧ પું. એક જાતનો ફકીર.
૨. પું. જાદુગર.
૩ પું. ,કીને વગાડાતું એક જાતનું વાજું
૪. સ્ત્રી. એ નામની એક જાત; રબારી. તે મરઘાં, બકરાં, ભેંસો રાખવાનો ધંધો કરે છે.
૫. ન. એ નામની જાતનું મકાન.
૬ વિ. એ નામની જાતનું.
૭ વિ. મૂર્ખ; બેવકૂફ.

ભોંપાલ ૧ ન એ નામનું એક તળાવ, ભોજપાળ.
૨ જુઓ ભોપાળ

ભોંપાલતાલા ન. ભોપાલનું એ નામનું તળાવ. રાજા ભોજે તે તળાવ બનાવરાવ્યું હતું. તેને આજ સુધી ભોપાલતાલા કહે છે.

ભોંપાલા સ્ત્રી. મોટી દુંવી. એક જાતનું તાડ

ભોંપાલી જુઓ ભોપાલી કલ્યાણ.

ભોંપાલી કલ્યાણ પું (સંગીત) એ નામનો એક રાગ. તેમાં મધ્યમ નિષાદ વર્જ્ય છે. કોઈ વાદ્ય કાયમ રાખી નિષાદ મેળવે છે, તો કોઈ સંપૂર્ણ પણ માને છે. પૈવત ગ્રહ અને પ્રધાન સૂર છે. સાંપ્રત કાળમાં રિ ધ કોમળનો ઢાળ જારી નથી, પરંતુ સર્વ શુદ્ધ સ્વરનો મેળાપ છે વર્ષા ઋતુમાં શૃંગાર રસથી રાતના પહેલા પહોર તે ગવાય છે.

ભોપાળ ન. એ નામનું રાજ્ય ને શહેર. એમ કહેવાય છે કે, રાજા ભોજના એક મંત્રીએ ભોપાલની રક્ષા માટે એક બંધ બંધાવ્યો હતો, તેથી તે શહેરનું નામ ભોજપાલ પડ્યું. પછી તેનું નામ ભોપાલ થઈ ગયું. બરદા, બરદા, બરદા અને નામરદા માટે ભોપાલ પ્રખ્યાત છે. ભોપાળમાંનાં જોવા લાયક સ્થળો: લાલ કોઠી, અહમદાબાદ, સીમલા ચોક બજાર, હમીદિયા ફ્રિપતાલ, લેડિ ફ્રિપતાલ, કાપડ મિલ, પુરાની મિલ, બરફનું કારખાનું, મોટું તળાવ, નાનું તળાવ, મોતિયાં તળાવ, નૂરમહલનું તળાવ, મુન્શી વસેનખાનું તળાવ, સેંદલ જેલ, મિન્ટો હોલ અથવા હમીદિયા કોલેજ, ન્યોરી, મનુવા લાઇનો ટેકરો અને સદર મંજિલ. ભોપાળની ઉત્તર દક્ષિણ લંબાઈ ૧૭૦ માઇલ અને પહોળાઈ પૂર્વ પશ્ચિમ ૯૩ માઈલ છે. ભોપાળનું ક્ષેત્રફળ ૬,૯૧૮ ચોરસ માઈલ છે. પાર્વતી નદી ભોપાળ રાજ્ય, નરસિંહગઢ અને રાજગઢની મધ્યમાં એક કુદરતી સીમા બનાવે છે, પણ જે બાજીનો મધ્ય ભારત અને ઉદોરનાં રાજ્યો છે તેની અને ભોપાળ રાજ્યની વચ્ચે પ્રાકૃતિક સીમા છે નહિ. ભોપાળ રાજ્યના પૂર્વ ભાગમાં મોંડવાન જેવી અને પશ્ચિમ ભાગમાં માળવા જેવી આબોહવા છે. માળવાની રાત્રિઓ ખૂબ ઠંડી છે. જ્યારે ભારતવર્ષના બીજા ભાગમાં લૂ ફેંકાતી હોય છે, ત્યારે ભોપાળમાં ધાબળો ઓઢયા વિના રાત્રિ પસાર કરી શકાતી નથી. દર વરસે વરસાદ પણ જરૂરજેટલો પડે છે. કુદરતી ઝરણાંને લીધે ભોપાળમાં તળાવમાંથી નહેરો ખોદી ખેતરોને પાણી પવાય છે. ભોપાળનાં પ્રાચીન તળાવો જેવા બીજાં તળાવો બનાવાય છે ભોપાળનો વસ્તીભરો ભાગ જાડી કોચવાળી ફરતી જમીન ખેતી માટે અયોગ્ય હતી. ભોપાળ રાજ્યમાં કુદરતી દૃશ્ય અને ઐતિહાસિક સ્થળ ઘણું છે ભોપાળ શહેરમાં કૃતહમદનો કિલ્લો, રાણી કમલાવતીનો મહેલ, જેનો ચોડો ભાગ પાણીની નીચે બનલો છે, તે ઉપરાંત શાહજહાંબાદમાં વેતવા નદીના કિનારા ઉપર ભોજપુરનું મંદિર, રહ્યમનમરનો મહેલ, ત્રિતોર રાયસેન અને ગોંડીગઢનો કિલ્લો જોવા લાયક છે.

ભોપાળસંગ પુ. કમબખ્ત પુરુષ.

ભોપાળા ૧. સ્ત્રી. આદારની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ એ નામની અટકનું.

ભોપાળિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

ભોપાળી ૧. પું. તામ્રરંગનો પ્રસ્તર.
૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે મળસકામાં ગવાય છે અને તેમાં પુરુષ્ઠોઢ રાગોનાં નામાભિધાન આવે છે. તે મેઘ રાગની એક રાગિણી પણ ગવાય છે.

ભોપાળું ૧. ન. ભોપાલ.
૨ ન. કમાડ
૩. ન તકેદારી; સાવચેતી
૪. ન. પોલ; પોકળ; છિદ્ર; ભેદ; અંદરનું પોલાણ.
૧. ભોપાળું કાઢવું = જેવી જેવ કે ટોંચ પકડાઈ જાય એવું કરવું; ગુપ્ત રાખવા જેવું હોય તે ઉઘાડું કરવું.
૨. ભોપાળું ખુલ્લું થવું = હકીકત જણાઈ આવવી. ભરમ ઉઘાડો થવો; ભેદ ખુલ્લો થવો.
૩. ભોપાળું નીકળવું = જાહેરથી જરૂર દેખાતું હોય તે બાજી જણાઈ જવું; પોકળ બહાર પડવું; પોલ પ્રગટ થવી; બાર વેરાઈ જવી કે પડદો ફૂટી જવો
૫. ન. કજોડો.
૬. ન. કેલ; ઠોંસ.

ભોપાં ૧. સ્ત્રી. માલધારી કે એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ભોપી ૧. પું. કમ.
૨. પું ભૂવો
૩. પું. મહાદેવની પૂજા કરનારો પૂજારી; તપોધન; શિવનો પૂજારી, ભરડો.

ભોંપુડ પું. એ નામનો એક પદાર્થ. ઘણામાં વરસાદના પહેલા છ સાત દહાડામાં વનસ્પતિના કમસ વર્ગમાંથી ભોપુડ કરીને બટાટા જેવો ખાવા લાયક પદાર્થ મળે છે.

ભોંપો ૧. પું. અક્કલ વિનાનો માણસ; કહ્યાપણું કે આવડત વિનાનો પુરુષ.
૨. પુ. ઊંટ ચારનાર માણસ.
૩. પુ ચારણ કે રબારીની એક જાતનો પુરુષ
૪ વિ. પું અક્કલ વગરનો; ભોળો; કમઅક્કલ, મૂર્ખ; બેવકૂફ
૫. વિ પુ. દેખાવમાં ભદ્દો, બેડોળ ને કદમો; અવડચટો

ભોંફીડું ૧ ન. ભાડો અને ટૂંકો એક જાતનો સાપ. તેને ધૂળખાયુ પણ કહે છે.
૨. વિ. બહુ જ ભૂંડું; બહુ હરી હરી ન થઈ તેવું, આળેળું.

ભોંબરા [હિં] પુ એક જાતનું ઘાસ.

ભોંભટ્ટું વિ. ઠીબડું.

ભોંભો ૧. પું. સ્તન.
૨ [સં.] ન. એક સંબોધન.

ભોમ ૧. પુ (જ્યોતિષ) મંગળ નામનો ગ્રહ; ભૂમિસુત. મનાય ભૂમિનો દીકરો મનાય છે.
૨ પું મંગળવાર; ભોમવાર.
૩. સ્ત્રી. ભૂમિ; ભૂમિકા; પૃથ્વી; જમીન; મહી; વસુધા
૪ [પ્રા.] સ્ત્રી. મેડી; માળ.
૫ સ્ત્રી. રાષ્ટ્ર.
૬ ન. (જૈન) નગરના જેવું ભવનપતિ દેવને રહેવાનું સ્થાન
૭ ન. નિમિત્તજ્ઞાન; ભૂકંપાદિના ફળ વિચારવાની વિદ્યા.
૮. ન. (જૈન) સજ્ઝાયીગમા મુહૂર્તનું નામ.
૯. ન. સ્થાન.
૧૦. વિ ભૂમિ સંબંધી.

ભોમકા સ્ત્રી. ભૂમિ; ભોમ; ધરતી; જમીન.

ભોંમભીતર ૧ ક્રી. જમીન નીચનો ભાગ; ભોંયરું; ભડક.

૨ વિ જમીનની અંદરનું. મોરકોની ભોંમભીતર રેલવેના બાંધકામમાં દર અઠવાડિયે બે લાખ મજૂરીઓ ગણનો એક હિસ્સ ગમના આ મહાયજ્ઞમા કહ્યા યે બદલ. વિના અર્પે છે. સામ્યવાદી પક્ષના નેતાઓ સરકારી આગેવાનો, રાજ્યપ્રતિનિધિ સભ્યો નાયબપ્રધાનો, ચિંતકો, સાહિત્યકારો, કલાકારો ભેમ દરેક દરેક વર્ગ રાષ્ટ્રના આ સર્જનમા પોતાનો પસીનો સીંચ છે દુષ્કાળનાં સદ્ધનોમાંથી સ કોનો. કતારોનો કતારો ઊતરી પડે છે આ મહાપ્રયાગથી પ્રેરાઈને કામદારો અને અન્ય નાગરિકો આઠ કલાકના રોજિંદા કામ પછી વધારાના કલાકો વેતન લીધા વિના રાષ્ટ્રનાં કર્યો મટે આપે છે

ભોમવાર પું. મગળવાર.

ભોંમવાસર પું. મંગળવાર.

ભોંમાકાશ ન જી અને આકાશ

ભોંમા ૧ [બો.] પું. મૂર્ખ; ઠોઠ માણસ.

૨ ક્રી આખની પાપણ.

૩. વિ કમઅક્કલ; મૂર્ખાઈ ભરેલું.

ભોંમાનુર પ્ર (ન.ક્ષ) પ્રાગ્જ્યોતિષપુરનો એ નામનો એક અસુર રાજા; નરકાસુર. એણે સોળ હજાર સુંદરીઓને કેદમાં રાખી હતી. સુંદરીઓની વિનતિ ઉપરથી કૃષ્ણે પોતાની એક પટરાણી સત્યભામાને સાથે લઈ તેની સામે યુદ્ધ કર્યું અને તેને મારી સોળે હજાર સુંદરીઓને દ્વારકા લાવી રાણીઓ તરીકે રાખી.

ભોંમિયણ ૧. ક્રી. ભાટકાર ઓ.

૨. વિ ક્રી ભાટકાર; માલિકણ.

ભોંમિયા પું. મેર; મેર જ્ઞાતિનું માનભર્યું નામ.

ભોંમિયું વિ. ભાટકાર; માલિકણ.

ભોમિયો ૧ પું. ખંડેર જંગલનો જાણીતદાર જાણીતદાર નજીક મોમિયાઓને બચિયાન ગ.મ.થી મુક્ત રાખવામાં આવેલ તેઓ પાસે બચ્ચા બચિયાર અને દારૂગોળો હતા. ખંડેર અને તેઓના પ્રદેશમાંના લોકો બીજા લોકો છે. તેઓ લડાયક ચારિત્ર્ય માટે પ્રખ્યાત છે

૨ પું. જાણીતો પુરુષ, ઘર, દેશ, મા.ર્ગ વગેરેનો જાણકાર માણસ; વસ્તુસ્થિતિ જાણનારો માણસ; જેને કોઈ બાબતનું સારું જ્ઞાન કે મહિતી હોય તે માણસ; માલિકાર માણસ, અનુભવી માણસ.

૩. પું. વાટ બતાવનાર પુરુષ; રાહબર; માર્ગ દેખાડનાર માણસ; વગાડો.

ભોંમિરા [સં.] ક્રી. એક જાતનું રત્ન.

ભોંમી [સં ભૂમિ] ક્રી (હિંદી) ભૂમિ; જમીન; પૃથ્વી

ભોંમીરહ [સ] ક્રી પરવાળું

ભોંય ક્રી. (જૂ ગુ.) ભૂમિ; જમીન

વમન પવન પાવક જલ ભોંય. પ્રીતમ

ભોંયકોડા (ભોંયકો) પું. જમીનને મોટે અને માથે ખોદવાનું સુતારનું એક સાધન

ભોંયજિયા ૧. ક્રી. અમદાવાદી રાજગિરાની એ નામની એક પેટા જ્ઞાતિ

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનુ માણસ

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ભોંયપડ્યા પુ. એક પ્રકારનો છોડવો. એની શાખા લાંબી થયી વેલાની માફક જમીનની ઉપર ઢળેલી હોય છે.

ભોંયભાડું ૧. ન. ખેતર.

૨. ન. ઝગડા.

૩. ન. જાગીર

ભોંયરિંગ ક્રી. મગફળી; મોંડી; ભોંયમગ; જમીનમાં થતું ઠોટલાવાળું એક જાતનું કઠોળ. એક જાતની ઔષધી વનસ્પતિ કે જેનાં મૂળ ઉપર ભોંયમાં ચિમળો થાય છે.

ભોંયંગ [સં. ભુજંગ] પું. ભુજંગ; નોધિયા; મોટો સાપ; સર્પ

ભોંયંગમ ૧. પું. ભુજાભદ.

૨ પું. શેષનાગ.

ભોંયા ૧. ક્રી. પ્રજાત મહાજની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનુ.

ભોંર ૧. પું. અંબાજી ડોકોથી આરાસણીમાં વપરાતો એક શબ્દ. જેમકે, ત્યાં ભોંર ઢૈબૂસો

૨. પું ઉજેરા; અજવાળું; ઝગારો; પ્રકાશ.

૩ પું એ નામનું એક સ્થાન.

૪. પું. એક જાતનું પક્ષી.

૫. પું. ખમો નામનું સુગંધીદાર વૃક્ષ.

૬. પું. માઠું અશુભ તોફાન થયું.

૭. પું ખાસના પુળાથી ભરેલું ગાદી

૮. પું તમ્બાકુથી ભરેલી ઝોલટી

૯. [હિ] પું. પોલાણ; ભમ; બખ

૧૦. પું પાવભાજી; નૂકસાની.

૧૧. પું. ફેર આપવા તે; તમ્બર; ચક્કર, ભોંય

૧૨ પું ભવ; ભોક.

૧૩ પું આગેવ; કેલવાળો

૧૪ પુ. ક્રી મળસકું; પરોઢિયું; પ્રાતઃકાળ; સવાર, પ્રભાત; વહાણ

૧૫. ન. કુરુક્ષેત્રમાં આવેલું એ નામનું એક પ્રાચીન સ્થળ. ત્યાં લૂરિશ્રવા મરાયો હતો.

૧ નોર થવુ = બહુ જ સહન કરવુ.

૨ ભોગ ભોગવવુ – પરીક્ષામા ન આવડવુ; નાપાસ થવુ

૩. ભોગ ભોલાવવી – (૧) પાયમાલી કરવી, હેરાની થવી. (૨) કે કદાવવી; રાડ પડાવવી

૧૬. વિ. ચકિત.

૧૭. વિ ભોળું; સરળ; સીધું.

૧૮. અ. પૂરું; સમાપ્ત; બસ.સ; જોરેજોર

ભોરકૂલ ન. ભોરડીની જાતનું એક ઝાડ. આ ઝાડવાં ઝાડનાં ફળ બહુ રસદિપ હોય છે. ઓછા વરસાદવાળો પ્રદેશ તેને માટે વધારે અનુકૂળ છે.

ભોરડ (ભોરડ) વિ. પાકવા આવેલું; પુખ્ત વયનુ. કોમળ મટીને પક્વ સ્થિતિનો થવા માંડ્યું કરવું

ભોરડાવું (ભોરડાવું) અ ક્રિ. કોમળ ત્વચાનું સુકાઈને અથવા કઠણ થઈ ને તરડી જવું; તાળવું અને કોમળ અનાજના કણ પાકીને કઠણ થવા.

નોરડાઈ જવું = ઓળખાણ નહિ એવું થઈ જવુ

ભોરડી (ભોરડો) ક્રી. ખેતરના પાકને નુકસાન કરનારું એક પક્ષી.

ભોરવું ન. પશુ, સિંયાળ વગેરે પ્રાણીઓએ જમીન ખોદીને રહેવા સારૂ બનાવેલી બખ; ભોંય

ભોરંજિયા ૧. ક્રી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનુ

ભોરાંજણું ન. દોકડની ભેડમાનું, નાનુ અને ખોણામાં રાખી ચલાવવામાં આવતું એક જન્તુ

ભોરન પું. પરોઢિયું; સવાર.

ભોરસ જુઓ ભોંયરસ.

ભોરસાલ ન. એક જાતનું વૃક્ષ. કાલકડું

ભોરંમ જુઓ ભોરિંગ.

ભોરંગી ક્રી. એક જાતનો છોડ

ભોરંભાર ન. તમામ; પૂરું; બસ.સ. સાફ. સમાપ

ભોરંભાર કરવુ-કરી મૂકવુ = (૧) બાકી જવું; પૈસા ઉઠારી દેવા; ચૂકવી નાખવુ. (૨) બધે તેમ કરીને પૂરું કરવું; સફાયટ કરવું; વેચી નાખવુ; ફનાફાતિયા કરવું; બસ.સ કરવું (૩) બહુ જ મારવુ.

ભોરા ૧. [હિ.] પુ. એક જાતની માછલી.
૨ પુ. ભમરો. ચારણી ભાષામાં બોલાય છે.
૩. ન. એક જાતનું પક્ષી.
૪ વિ. સાદું; ભોળું
ભોરાઈ સ્ત્રી. સીધાપણું; સાદાપણું; સરળતા.
ભોરાર [સં.] પું એક જાતનો ઝેડ.
ભોરિક [સં.] પું. સસલું
ભોરિયો પુ. બાજરાનો પૂળો.
ભોરિંગ [સં ભોગીંદ્ર] પું. જેને મૂછો અને અગ્નિ હોય એવો મજબૂત મોટો નાગ; ભુજંગ; ભોગિપતિ; મોટો ભારે સાપ.
ઉદર ભોરિ ને ભોરિંગ ભોગવે = એકનું કર્યું બીજાને ફળે.
ભોરિંગડી (ભોરિંગડી) સ્ત્રી. એક જાતનો છોડ. એક વનસ્પતિ.
ભોરી ૧. [હિ.] સ્ત્રી. અફીમનો એક રોગ
૨. [સં.] સ્ત્રી. કન્યારાશિ.
ભોરીંગણી ૧ સ્ત્રી. એ નામે એક જાતનું ક્ષુપ ઋતુમતી સ્ત્રીને સૂર્યોદય સમયે બે આનાભાર એ ફળ દૂધ સાથે ખાઈને પતાવી આઠ દિવસમાં ગર્ભ ધારણ કરે એમ મનાય છે.
૨. સ્ત્રી (વૈદ્ય) એક જાતની વનસ્પતિ. મોટી ભોરીંગણી અને ઝીણી ભોરીંગણી એમ તેના બે જાત થાય છે. મોટી ભોરીંગણી જમીન ઉપર પથરાય છે અને તેને ચોતરફ કાંટા હોય છે પાન પણ કાંટાવાળાં અને કાંટાવાળા હોય છે. ફૂલની પાંખડી જાંબુડા રંગની, ફળ ગોળાકાર અને દીવાસળીનાં બી જેવા બીયાળાં થાય છે. ઝીણી ભોરીંગણીનો છોડ મોટો તથા ઊંચો થાય છે અને પાન કાંઈક લાલચોળ, ખુમિયાંવાળાં ગોડા અને નાના કાંટાવાળાં થાય છે. તેનાં ફળ મોટી ભોરીંગણી કરતાં વધારે મોટા અને કાજરચીતરા થાય છે. ભોરીંગણી તીખી, ઉષ્ણ, કફઘ્ન, દીપન, ભેદક, ત્રાસક, પાચક, લઘુ તથા સારક છે અને કૃમિ, ઊધરસ, કફ, જ્વર, હડકરોગ, વાતરોગ આદિ વગેરે ઉપર ક્વાથના રૂપમાં અપાય છે.
ભોરીંમુગ ન. (કચ્છી) જાવરિમાં; મગફળી.
ભોરો પુ. ભમરો; ભૃંગ; ષટ્પદ.
ભોલ ૧. પું કિંદ પાકારામાં વપરાતો ખાડિયો.
૨. સ્ત્રી. કોળીની એ નામની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું
૫. વિ. ભોકું; પોલું; અંદરથી પોલું પણ દેખાવે રૂપાળું; ખાલું; કૂવેલું; મજબૂત નહિ પણ કોરું જેવું; પણ ખાલું.
૬. વિ. કૃષ્ણપુષ્ટ. પણ બરોબર કરીનું
ભોલક પુ. કોળીનું બીજવરુ.
ભોલકા જુઓ ભોલ.
ભોલકી ૧. સ્ત્રી કોળણ.
૨. સ્ત્રી. ખરાબ ઓ, હલકી જાતની ઓ
ભોલકું ન કોળી વગેરે કોમમા નિરક્ષરતાના રૂપમાં વપરાતો શબ્દ
ભોલકો ૧ પુ. કોળી
૨. પું. સિંહ, [illegible]
ભોલાડા (ભોલાડો) પુ. ([illegible]) એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. આ છોડને પાન થતાં નથી. સાખા સાખાવાળી, રુંવાસાવી અને અંદરે આખ હોય છે. તે રસકરી હોય છે. જમીન ઉપર એનો રસ ઉપયોગમાં આવે છે
ભોલાર ૧. ન. એક જાતનું ધાન્ય મરુ-ભોલર એ ભોલરનું અપભ્રંશ રૂપ છે
૨. ન. ખોડામાં થતું ને ખાડિયા બન્યા તરીકે પ્રસિદ્ધિ પામેલ એક ખાસ જાતનું મરચું. ભોલર, આ મરચામાં તેના સ્વાભાવિક ગુણો ને તત્ત્વો તમામ હોવા ઉપરાંત ઔષધયોગ હોય છે, પણ તેમાં જરા યે તીખાશ હોતી નથી. આથી ફરીને દેશપરદેશમા આ મરચા આખા હાજામા. ખૂબ ખાય છે. ભોરાવદર, રામોદ અને ખાડલના આસપાસના પ્રદેશમા તે ખાસ થાય છે.
૩. વિ. ઉપસેલું; ખાડું.
ભોલર મરચું જુઓ ભોલર ૨.
ભોલાંરિયા પુ [illegible] ખાડો પોલવાળો કૂવો.
[illegible] ભોલાંરિયો [illegible]
ભોલરી ચાચ સ્ત્રી [illegible] ખાડાનો ભાગ પહોળો ઊંડાણો હોય [illegible]
ભોલરુ પુ [illegible] પોલવાળો ઉંડાણો પેઠે મજબૂત મારેલો કૂવો
ભોલવું ન. ભળિયું
ભોલા ૧. [હિ.] વિ. ભોળું, નિર્દોષ
૨. વિ. મૂર્ખ; બેવકૂફ.
૩. વિ સાદું; સરળ.
ભોલાઈ સ્ત્રી. ભોળપ; ભોળાપણું.
ભોલાનાથ પું. શંકરનું ઉપનામ; મહાદેવનું નામ; શિવ; શંકર.
ભોલાપન ૧. [હિ.] ન. નાદાની; મૂર્ખતા.
૨. ન. ભોળાપણું; સરળ સ્વભાવ.
૩. ન. સાદાઈ; નિર્દોષતા; સરળતા.
ભોલાભાલા [હિ.] વિ. સરળ હૃદયનું. છળકપટ રહિત; સાવ ભોળું
ભોલિ [સં.] પું ઇંદ્ર
ભોલી વિ. સ્ત્રી ભોળી; નિષ્કપટ
ભોલીકું ન. ભોળપણું; ભોળું.
ભોલીભાલી વિ. સ્ત્રી. નિર્દોષ, તદ્દન ભોળી.
ભોલુ પુ. વાંદરો
ભોલુભાલુ ન. તદ્દન ભોળું
ભોલા ૧. પું. કન્યાનો બરવાડ
૨ સ્ત્રી. નાની ખાડી; ભોલ જેવા ખો.
ભોવન ૧. ન રહેઠાણ; ઠામ, ઘર, ભવન, મકાન, પ્રાસાદ; હવેલી; મકાન; મંદિર
૨ ન લોક, પ્રદેશ, દેશ, જગત, વન
ભોવંન જુઓ ભોવન
ભોવાઈ સ્ત્રી તરવાનારી રમત.
ભોવાનીચારા સ્ત્રી. એ નામની એક જાત, કેરી તેનું ઝાડ ઘણું નાનું થાય છે. કેરી રસ [illegible] અને રેસા વગરનો તથા ઝાડ અને [illegible] પાતળી હોય છે. આ કેરી વજનમાં દોઢ [illegible] હોય છે.
ભોવાયા પું બ વ. તરવૈયા.
ભોશ સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ, સ્ત્રીની કુત, ઇંદ્રિય
ભોશા જુઓ ભોસ.
ભોસ જુઓ ભોસ.
ભોસડી (ભોસડો) જુઓ ભોશ
ભોસડો (ભોસડો) જુઓ ભોસ
ભોસર [વિ વિ. બેવકૂફ; મૂર્ખ
ભોસા જુઓ ભોસ.
ભોહ ૧. સ્ત્રી. પૃથ્વી, ધરતી
૨. ન. વેલાનું, ઘાસનું કે ઝાડનું જમીનમાં ઊંડામાં ઊંડું, વધતી ઉંડાણું.
૩. સ્ત્રી. પા. કુટિલ
ભોહરાવું અ. ક્રિ. મરી જવું
ભોંગ ૧. પું. ફેર કરવો તે, તમ્મર; ફેર; ચક્કર
૨. પું. ફેર આવવાને લીધે થતી બેહારી, તમ્મરથી આવતી બેહોશી
ભોંગપ ૧. ન. ત્રિકુ.
૨. જુઓ ભોળપણ.
ભોંળપણ ૧. ન. જેનું હોય તેનું ન્હોય કેવાની સ્વાભાવિક વૃત્તિ.
૨. ન. તરત માની લેવાનો સ્વભાવ

૩ ન ભોળપ; સાવ્વાલાની ઊંડી સમજ વગરનું હોવું તે; સરળતા; સાદાઈ; સાલમાર્દ; સાધુપણું.
૪. ન. ભોળપણું. કપટ વિનાનું હોવું તે; ભોળ હોવું તે. નિષ્કપટતા
૫ ન મૂર્ખાઈ; મૂડતા; નાદાની; ઠોકરવાદી
ભોળવણી જી॰ ભોળવવું તે.
ભોળવવું ૧. સ ક્રિ. ઊંધુંચત્તું સમજાવી દેવું. ભમવું; છેતરવું; ભરમાવવું; ફોસલાવવું; લલચમા નાખવું. ભૂલથાપ દેવી; તાણવે મોળ ચોટાડવો.
૨ સ ક્રિ. વિશ્વાસ રાખે તેમ કરવું; કરું કરે તેવી રીતે સમજાવવું. બાની વાત કહી દે તેમ કરવું. પોતાના મત માટે મનાવું કરવું.
ભોળવાચવું સ ક્રિ. ભોળવાય એમ કરવું કે કરાવવું
ભોળવાયું સ. ક્રિ. ભોળવવાની ક્રિયા થવી.
ભોળા ૧. જી. સુતારની એ નામની એક અટક
૨. સ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું
૪ વિ. મૂર્ખ
ભોળાઈ જુઓ ભોળપણ
ભોળાનાથ ૧. પું. એ નામના એક ગુજરાતી કવિ. તે કવિ શ્રી નરસિંહરાવના પિતા હતા
૨. પુ. ભોળો માણસ.
૩. પું શંકર; શિવ; મહાદેવ; શશિભૂષણ.
ભોળાભા જુઓ ભોળારામ.
ભોળાભાઈ જુઓ ભોળારામ
ભોળારામ ૧. પું. નિષ્કપટી ને સરલ માણસ. નિખાલસ પુરુષ; સાદું ને ભૂલ્લા દિલનું માણસ
૨ પું ભેખડૂક; દઢો.
ભોળાવવું જુઓ ભોળવવું.
ભોળાશંકર ૧. પું. મહાદેવ; શિવ; શંકર.
૨. પું. વિશ્વાસુ માણસ; વિશ્વાસ રાખી લે તેવો પુરુષ
૩ પું ગાયું માની લેવાની પ્રકૃતિવાળુ માણસ; વગર સમજ્યે તરત માની લે તેવો પુરુષ.
૪ પુ. ઠોલડોલ માણસ. અપ્તરંગી પુરુષ.
૫. જુઓ ભોળારામ.
ભોળાશંભુ જુઓ ભોળાશંકર.
ભોળિયું જુઓ ભોળું.
ભોળિયો ૧. પું. એક જાતનો ભિખારી.
૨ પું ભોળાનાથનું પુજારક રૂપ; શંકર; મહાદેવ.
૩ વિ. પું. ભોગી.
ભોળીડો (ભોળાડો) વિ. પું. ભોગો
ભોળુડી (ભોળુડો) વિ જી. ભોળી.
ભોળું ૧. વિ. કપટ વગરનું; સરલ સ્વભાવનું; નિખાલસ હૃદયનું; ભોળિયું; ભુલ્લા દિલનું; સાદું; સાલસ; સીધું; જેવું હોય તેવું કહી દે તેવું
૨. વિ. કોર્મનું સમજાવેલું બધું જે એમ માનનાર; સમજ વિનાનું.
૩. વિ મૂર્ખ
૪ વિ. વિશ્વાસુ
૫. વિ ઠોલડોલ; ઠોલેઠિલ; તરંગી; ધડીક આમ તો ધડીક આમ વલણ ફેરવનાર; અપ્તરંગી
ભોળુંમડ્યા જુઓ ભોળુંભાતું
ભોળુંભટ વિ. સાવ ભોળુ
ભોળુંભડાક જુઓ ભોળુંભટ
ભોળુંભા જુઓ ભોળારામ.
ભોળુંભાળું વિ. સાવ ભોળુ.
ભોળુંભાળું ૧. વિ. ઊંતરાઈ જાય એવું; મૂર્ખ.
૨. વિ. ભોળું અને ભલું; નિખાલસ ને ભુલ્લા દિલનું
ભોળે ભાવે અ. નિખાલસપણે; શુદ્ધ હૃદયથી; ભોગાપણથી.
ભોળો ૧. પું. ઊંઘને ચારનાર માણસ.
૨. પું. લાકડાને રંજ ચડાવતા ચરણી કણી.
૩. પુ. શંકર; મહાદેવ; શિવ.
૪ વિ પું. કોર્મનું સમજાવેલું બધું માની લે તેવો, સમજ વગર માની લેવાની ટેવવાળો
૫ વિ પુ. નિષ્કપટી, દિલનો નિખાલસ; હૃદયનો મરદ
૧. ભોળે ભાવે ભમેડો = તદ્દન નિષ્કપટી માણસ.
૨ ભોળો ભલા જેવો = (૧) નિખાલસ; મહાદો; ભુલ્લા દિલનો. (૨) ભેખડૂક; મૂર્ખ
૩ ભોળો ભૂકાનો ભાર્યો = ભોગાપણું એ ઠેકાણે વખત ભૂંડાર્યનું કામ કરે છે
૬ વિ.પું મૂર્ખ.
૭. વિ. પું. વિશ્વાસુ
૮. વિ પું. ઠોલડોલ; અપ્તરંગી
ભોળોનાથ જુઓ ભોગાનાથ.
ભોં ૧. જી. આખની ભમર.
૨. [સં. ભૂમિ] જી. લોક; ભૂમિ; જમીન
૧. જેટલું અહાર તેટલું ભોમાં = (૧) ઠગાવું; (૨) ખુચ્ચુ.
૨. ભોં ખોતરવી = (૧) પોતાનું પોકળ ખલેલ થતાં થતી રિસાતિ. (૨) ગરમિજાજપણાની ચેષ્ટા.
૩. ભોં ચાટતુ કરવું = પછડાવું; નીચે પડી બધ ખેટવું માગવુ.
૪. ભોં ભરવી–માપવી = પડવું
૫. ભોં ભારે થઈ પડવી = (૧) કોધ ને લીધે બધામાં અતિશય ગરમાવું; પગ ન ઊપડવા. (૨) મુશ્કેલીમાં આવી પડવુ.
૬. ભોં ખોદ્યુ–ખોતરવું કરવુ = જમીન ઉપર પછડાવું.
૭. ભોંમાં ભંડારવુ = જમીનમા દાટવુ.
૩. જી. મજલો; માળ.
૪ સ. ગાયની બરાડ; પશુનો અવાજ
૫ સ. ભૂતળનો અવાજ; ભોં ભોં એવો અવ.જ.
ભોંઆમલી જુઓ ભોંઆંબલી
ભોંઆમળાં ન. એ નામનો એક છોડ. તે આશરે વેંતેક ઊંચો થાય છે. તેનાં પાંદડાં આમળાનાં પાદડાં જેવાં જ હોય છે. ચોમાસામાં તે વાડની આસપાસ ઊગે છે. તેનો મૂલ મૂલસ કટુપૌષ્ટિક છે. તે કમળામાં અને પ્રમેહમાં વપરાય છે. તેના પંચાંગની માત્રા બેઆનીથી પાવલીભાર છે. તેનાં પંચાંગનું દિમ કરી પીવાથી રક્તાતિસારમા ફાયદો થતો મનાય છે.
ભોંઆવળ જી. એક જાતની આવળ.
ભોંઆંબડી જી. એક જાતની વનસ્પતિ. તે વાયુહર, શીતલ, પિત્તહર, કફમ અને રક્તદોષમાં ઉપયોગી મનાય છે.
ભોંઆંબળાં જુઓ ભોંઆમળાં.
ભોંઈ જુઓ ભોં ૨, ૩.
ભોંક ૧. પું. ભોંકો.
૨. પું ભોંકી દેવુ તે.
૩ ન. છિદ્ર
૪ સ. ભોંકાવાની અસર.
ભોંકડો (ભોંકડો) જી. પું. બહુ જાડો
ભોંકર ન. એક જાતનું ઝાડ તેનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.
ભોંકવું ૧. સ ક્રિ ખાડુ, ખાડવુ.
૨. સ ક્રિ. અણીદાળો ભાગ ખૂપાડવો. આરપાણું હથિયાર વગેરે ખોસી દેવું; ખોદવુ, ખોચવુ, ઘાલવુ
રૂપીતા બાબમા ચાલ કેમ ભોંકાય = હાથે કરીને નુકસાન કેમ ખમાય ?
૩. સ ક્રિ. ખરાબ રીતે સીવવુ

ભોંકણ કું. ડાબ્બો; ભાદુગર.

ભોંકભોંકણું ન. એ નામે એક કંદમૂળ; કુકરકંદ, વિદારીકંદ; ક્ષીરશુક્લા; ઇક્ષુગંધા; ક્ષોદ્રી; ક્ષીરવિદારી; મહાશ્વેતા; ઋતગંધિકા.

ભોંકાભોંક સ્ત્રી. ખૂંચાખૂંચ; ખોસાખોસ; ખોંચાખંચી

ભોંકામ ન. મકાનની જુદી જુદી સપાટી ઉપર થતું કામ. ગૃહવિધાનમાં જણાવ્યું છે કે: ભોંકામની ત્રણ મુખ્ય રીત છે: (૧) લાકડાના પીઢિયાં, (૨) ગરડર, (૩) લોઢાળુ સિમેંટ કૉંક્રેટ. લાકડાનાં પીઢિયાંનું ભોંકામ ઘણી જગ્યાએ સસ્તું પડે છે. પીઢિયાં ઉપર પાટિયાં અગર કોઈ પણ જાતની લાદી કે સિમેંટની પાપડી નાખી, તે ઉપર આંધણ કરી લાદી કે પેટન્ટ સ્ટોન કરી ભોંકામ તૈયાર થાય છે. જે જગ્યાએ ટાઢ, તડકો કે વરસાદ આ ભોંકામ ઉપર સીધાં પડતાં નથી, ત્યાં પીઢિયાં અને પાટિયાં વાપરવામાં હરકત નથી. જ્યાં ઋતુની તીવ્રતાનો સામનો કરવાનો હોય, ત્યાં પાપડી કે લાદી વાપરવી તે સલાહભરેલું ગણાય. કારણ કે લાકડાના કુલવત્ સહોવારાથી ઉપરનો ભાગ ચોડોપણો વિખાય અને તેને પરિણામે ચુવાક કે એવું કંઈ થવાનો સંભવ રહે. જ્યાં અર્થનો અભાવ આડે અનિવાર્ય ન હોય ત્યાં લોઢાના ગરડરમા સિમેંટની કે પથ્થરની પાપડી પરોવી, ગરડર ઉપર સિમેંટનો લોદિયો કરી, તેના ઉપર આંધણ કરી, લાદી કરવાથી નીચે છત જેવું સરસ થાય અને લાકડાની મહેનત બચવા ઉપરાંત બહુ જ વધારે ચુવાકનો સવાલ ઓછો બને છે. ગરડર ઉપર ભેડી કમાન કરી ભોંકામ થઈ શકાય છે, પરંતુ તેમાં છત જેવું બરાબર થતું નથી. ગરડરના ભોંકામમાં ખાસ ખ્યાલ એ જ રાખવાનું છે કે, ગરડરને બિનજરૂરી ચૂનો લાગવો જોઈએ નહિ. સિમેંટનું ભોંકામ છતને હિસાબે તેમ જ સહાર્યની દૃષ્ટિએ બધી રીતે કરતાં ચડી જાય; પરંતુ છતકામ બરાબર થતું નથી, એટલે કાં તો દુરસ્તી આખા-કરે અને કાં તો બરાબર છત કાયમ રહે તેવા હાથવાકાઓ બનવા કરે છે. સિમેંટી ભોંકામ ભીંજે પડે છે અને પછી ભાગે કેમ થતું પણ જોવામાં આવે છે આ ભોંકામ બરાબર ન થયું હોય અને કોઈ ભાગ ભાગે તો તેને દુરસ્ત કરવાની મુશ્કેલી ઘણી પડે છે. ઘણા બંગલોમાં પડવાની તકલીફ બહુ પડે છે, તેનાં કારણો અનેક છે. જેમાંનું કયું છે તે જોખી કાઢવાનું રહે. પરંતુ ભોંકામની છત તેમા બરાબરનો ભાગ ભજવે છે. પડવાની દૃષ્ટિએ લાકડાનાં પીઢિયાનું ભોંકામ સૌથી સરસ. સાર બાદ જુદા જુદા પ્રતિનાદત્વવાળા માલથી બનેલું ગરડરવાળું ભોંકામ. પડવાની દૃષ્ટિએ સિમેંટી ભોંકામ સૌથી બરાબર. સહાર્યની દૃષ્ટિએ સિમેંટી ભોંકામ પ્રથમ, પછી ગરડરનું અને સૌથી ઊતરતું પીઢિયાંનું.

ભોંકાર ૧. કું. અવાજ.

૨. કું. બૂકવું તે.

ભોંકાઠી ૧. સ્ત્રી. જમીનમાં કરેલો સુરંગનો ખાડો

૨ સ્ત્રી. ઓવમાં આડો કરી, અંદર દારૂ ભરી કોતરામાં આવતી દારૂની ભભરાટ; એક જાતનું દારૂખાનું. સુરંગ

ભોંકાળું જુઓ ભોંકણું.

ભોંખાગ જુઓ ભોંયભાગ

ભોંગરા સ્ત્રી. એક જાતની વેલ

ભોંચકણી સ્ત્રી એક જાતનું પક્ષી.

ભોંચમ્મું જુઓ ભોચકણી.

ભોંચાડ પુ નકપ; ખરતીકપ.

ભોં જરૂરી સ્ત્રી વિષ્ટા. મૂ. ઉત્સાર

ભોંટ કું એક જાતનો શિકારી કૂતરા આસો.

ભોંઠા ૧. કું. મકાઈ

૨. વિ. બહુ; કુંઠ.

૩. વિ. ઢસકું; નબળું.

ભોંઠું [હિ.] કું. મૂખ માણસ.

ભોંઠપ સ્ત્રી. ભોંઠા પડવું તે; ભોંઠાપણું; ભાંજગડ શરમ; શરમિંદાપણું.

ભોંઠપ આવવી = શરમ લાગવી.

ભોંઠા [હિ.] વિ. અણી વગરનું; બૂઠું.

ભોંઠાપણું ન.. શરમ; ભાંજગડ; ભોંઠપ.

ભોંઠામણ સ્ત્રી. શરમ લાગવી તે; ભોંઠું પડવું તે; ભાંજગડ; શરમ; શરમિંદાપણું; નીચાજોણું.

ભોંઠી સ્ત્રી ભોંયમાં આડો ખોદી, દારૂ ભરીને ઉડાડવામાં આવતી દારૂની ભભરાટ; સુરંગ.

ભોંડું વિ ભોંઠપભર્યું; ભોંસિયાળું. ક્રમ્યું; શરમિંદું

ભાડું પડવું = શરમાવું; નિસ્તેજ થવું; ઢબકા પડવું.

ભોંઠો વિ કું. બસિયાળો; ઝબવાળો; શરમિંદો

ભોંડા ૧. [સં.] કું. ભુવારની જાતનું એક પ્રકારનું ઘાસ. તે પશુઓના ચારા તરીકે વપરાય છે તેમાં દાણા આવે છે. ગરીબ લોકો તે ખાય છે.

૨. વિ કદરૂપું; બરાબ આકારનું; બેડોળ.

૩. વિ. કમનસીબ.

૪. વિ. દુષ્ટ

૫. વિ ચતુ.

ભોંડાપન [હિ.] ન. કદરૂપાપણું.

ભોંડારા કું. ઉનાળામાં કાલનો એક જાતનો કુલછોડ. તેનાં ફૂલ સફેદ અને સુગંધી હોય છે.

ભોંડી ૧. [હિ] સ્ત્રી. જેની જાતી ઉપરનાં કેરાડાં સફેદ અને બાકીના આખા શરીરે કાળાં ટોપ તેરી પેટી.

૨. વિ. કદરૂપ.

ભોંડું વિ. મૂર્ખ; ઉલ્લુ; ઠોઠ

ભોંદુ ન. ઘર; બખોલ; ઉંદર, નોળિયા વગેરે પ્રાણી જમીનમાં ઊંડાં કાણાં કે ઘર પાડે છે તે.

ભોંદ્રિયું ન. તબલાનો નર; નર તબલું; આયુ; તબલાંનાં બે પૈકોનું કાળા રંગમાં રાખીને વગાડાતું વાદ્ય.

ભોંનરા [હિ.] વિ. બહી બારવાળું; બહુ.

ભોંતળ ન. જમીનનું તળિયું. ગૃહવિધાનમાં જણ્યું છે કે: ભોંતળથી મજલાનું ભોંતળ ૧૧ ફૂટ રાખવામાં આવે તો તે વાજબી થયું ગણાય. અગર જો અગિયારને બદલે તેર, તેના ઉપરના મજલાની ઊંચાઈ બાર અને તેની ઉપરના મજલાની ઊંચાઈ અગિયાર એમ અનુક્રમે રાખવામા આવે તો પ્રમાણ યોગ્ય ગણાય. બાંધણ આરોગ્યની દૃષ્ટિએ કોઈ પણ પ્રણાલી ચૂસે નહિ, જલદી સાફ થઈ જાય, ગરદી ન લાગે, તપે નહિ, વાગે નહિ, ધૂળ ન ભરાય અને અપાંગ ન હોય એવી જાતનું ઢોલું ભોંયતળ. આ બધી બાબતોની તુલના કરતાં બાર પ્રથમ આવે.

ભોંતળિયું જુઓ ભોંતળ.

ભોંતા ૧. કું. દુશ્મનો ન ખાય. હાથ બાબ; ખાસ કરીને રજપૂતનો નકામો બાબ

૨. વિ. ક્રમબદ્ધ.

ભોંથા જુઓ ભાડ.

ભોંદડ (ભાંદડ) [સં.] કું. એક જાતનું તબખીગિરા કરતું હિંસક પ્રાણી. તે પક્ષીનો શિકાર કરે છે.

ભોંદુલાલા કું. જાતી ઉપર ઓર ચડ્યું હોય તો કોમકીને પોતાના મોઢામા નાખવાનું બીજાને કહેનાર માણસ; ખેટી માણસ.

ભોંદુ ૧. કું. બાળક.

૨. [હિ.] વિ. નિર્દોષ; ભોળું.

૩ વિ. મૂર્ખ

ભોંયઆમળાં

ભોંદાડ (ભોંદાડ) [હિ.] સ્ત્રી. સુસવાટાબંધ ઠોકવાની ક્રિયા; વેગવતી ઠોટ

ભોંદો પું. એક જાતનો કુલગોડ. તેને સુગંધી બોળા કુલો આવે છે.

ભોં ધરા [હિ.] પું. ભોંચક. મૂક.

ભોંપ પું. એક જાતનું પવનથી ચાલતું વંચા જિમડું; મોટરનું હોર્ન

ભોંપાતરી સ્ત્રી. એક જાતની ભાજી. તેનાં પાન આગળી જેટલાં પહોળાં હોય છે. જુઓ આપાતરી.

ભોંપાત્રો જુઓ આપાતરી

ભાપાથરી સ્ત્રી. પાથરી; મગજભરી; ભાજણાનાં શોભિનૂ નામની વનસ્પતિ. તેના છોડ જમીન ઉપર પથરાય છે. તેમાં ભાજી સંદર પદાવાળા અને ઠોર ભાગા તથા દાંતાવાળાં પાન અને પાથરીનાં ફૂલ જેવાં ફૂલ આવે છે. આ છોડ મગજ હોવાથી જીનવા અને અકમરીમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. તેનો રસ કરંજના તેલ સાથે મેળવી સધિવા ઉપર લગાડાય છે.

ભાપુ ન. વગાડવાનું ભૂંગળું; ફૂંકને વગાડવાનું વાજું

ભોંફાળી સ્ત્રી. મગફળી; ભોયસિંગ; ભાંડવી.

ભોંબાડું (ભોંબાડું) ન. જમીનની લાકડાં; મૂઠવું બાળવા કે દાટવાને સ્થળે ખોદાતું નાનું.

ભોંભોં ૧. પું. ભંયેડાનો ભૂંકવાનો અવાજ.
૨. પું. ભૂંગળાનો અવાજ.

ભોંમંડળ ન. ભૂમિમડળ; પૃથ્વી.

ભોંય ૧. સ્ત્રી કડિયાની એ નામની એક ઓજાર.

૨. સ્ત્રી. ખેતર; ભોં; જમીન; ક્ષેત્ર

૩. સ્ત્રી. જખમ રુઝાતાં આવતી નવી ચામડી. જા૫ આવ્યા = રુઝાવું; નવી ચામડી આવવી

૪. સ્ત્રી. તળ; સપાટી.

૫. [સં. ભૂમિ] સ્ત્રી. ભૂમિ; પૃથ્વી; ધરતી

૧. ભોંય કૂદાળી લાગવી = નસીબ દેવીએ કપાળમાં મરણપ્રમાણ નિર્માણ કરવું. જે જગ્યાએ ભોંય કૂદાળી લાગી હોય ત્યાં દેહ પડે એમ મનાય છે.

૨. ભોંય ખણવી–ખોતરવી = (૧) બાળસુષ્ટાની જેવી ચેષ્ટા કરવી. (૨) મરમાવું; નીચું જોવું.

૩. ભોંય નખાવું = (૧) ભૂખનું માર્યું મરી જવું; બહુ ભૂખ લાગવી. (૨) મરણ પડવું

૪. ભોંય નાખવું = મરવા સુવાડવું.

૫. ભોંય નાખ્યો = નબ્બા, એ અર્થની ભોકાતે વડીલ જોગી ગાળ

૬. ભોંય પકડવું = (૧) ચિંતામુક્ત બની સાંજ થઈ સૂવું. (૨) મરણની તૈયારીમાં હોવું; ભોંયે નાખવાની કે મરવાની હાલતમાં હોવું (૩) સાપ. થકવું ને નમરમાર કરવ

૭. ભોંય પકડ પોકળ કે ઊંડે ઊંડે ગયો નથી એવા અભિપ્રાય બજ્યા વગર રહે નહિ

૮. ભોંય પડ્યો પોપડો ઊખેડવો નહિ = સૂતો સાપ જગાડવો નહિ; મહ ગુજરી ગયાની નહિ.

૯. ભોંય પર પગ ન મૂકવો = ખૂબ મરિષ્ટ કે મિલ્કત્ત થવું; અતિશય મમરી રાખવી. સર્વમાં ઊંચી જવું

૧૦. ભોંય પર બેઠેલાને કોઈ પડવાની ફિકર છે ? = ચડે તે પડે.

૧૧. ભોંય બરાબર કરવું–બેસતું કરવું = (૧) જમીનદોસ્ત કરવું; સપાટ કરવું; તહેનાતાજાટક કરવું; નાશ કરવો; પાયમાલ કરવું, દુર્દશામાં આણવું. (૨) મારી મારીને સુવાડી દેવું; એટલે સુધી માર મારવો કે પડેલા ઉઠાય જ નહિ

૧૨. ભોંય ભાગવી = ઘોષ કેરો ભાવો; ધરમધક્કો ખાવો

૧૩. ભોંય ભાગવી = ક્ષતવી આસપાસનું માંસ ખોદાઈ જવું.

૧૪. ભોંય ભારે થઈ પડવી = (૧) નાસતા નાસતાં થાકી જવું. (૨) જય અને ગજરાટને લીધે નાસવું બહુ મુશ્કેલ થઈ પડવું; નાસી પણ ન જઈ શકાય એવી રીતે ઘેરાઈ જવું.

(૩) હિંમત જતી રહેવી; ઠર જાવવો.

૧૫. ભોંય ભેગું કરવું = નાશ કરવો

૧૬. ભોંય ભેળું કરવું = દાબી દેવું; પાયમાલ કરવું.

૧૭. ભોંય–ભોંયે સેવું = મરણક્રિયા કરવી, જમીન ઉપર સુવાડવું.

૧૮. ભોંય સાંપેલ = મરી ગયેલ.

૧૯ ભોંય સરસું = બરાબર આવું

૨૦. ભોંય સંભવું કરવું = પરસો પાડવો. કાપી નાખવું

૨૧. ભોંય સૂંઘવી = ભોંયે સુવાની તૈયારીમાં હોવું; આખર વખત આવવો; મરવાની અણી ઉપર આવવું; ભોંયે નાખવાની હાલતમાં આવવું.

૨૨. ભોંયના પગ્ત કાઈ ભોંયે રહેવાના છે ? = ચડતી પડતી તો થયા જ કરે છે.

૨૩. ભોંયમા ઊગવું = નાની ઉમરનું હોવા છતાં જેની યુક્તિ કે તરકટની ખબર ન પડે તેવું હોવું

૨૪ ભોંયમા પેસતા જવું = ઠીંગણું થતું જવું ભોંમાં જે મૂળ હોય છે તે મુખ્ય હોવાથી તે ક્યાં છે, કેટલાં ઊંડાં ગયાં છે, તેની કોઈ ને ખબર પડતી નથી. તે ઉપરથી જેનાં મર્મ કે કપટ ગુપ્ત હોય તેને વિ૰ બોલતાં વપરાય છે

૨૫. ભોંયમાં મૂળ હોવા = બહુ કપટી હોવું.

૨૬. ભોંયમાંથી બાવળો નીકળવો = (૧) અણધારી જગ્યાએથી હુમલો થવો; એકાએક બડાઈ ભાગવી; સળગી ઊઠવું. (૨) એકદમ ગુસ્સામાં કોધ પ્રગટ થવો

૨૭. ભોંયે ઊતારવું = મેડા ઉપરથી અથવા પથારી કે ખાટલામાંથી કોઈ ઊતારી મરનારને ભોંયે નાખવું. આજકાલ જોવો આવે છે ને મોડી મુદતમા પ્રાણત્યાગ કરશે એમ લાગે છે ત્યારે તેનાં સગાંવહાલા બહારે મરવા ન દેવાના ખ્યાલથી તેને જમીન ઉપર લે છે અને જવ, તલ, ગગાજળ, તુલસીપત્ર આદિથી ગાયના પવિત્ર છાણથી લીંપી દીધેલી કોઈ જગ્યામાં પથારી વગર મરતા માણસને અંતકાળે સુવાડવામા આવે છે

૨૮. ભોંયે નાખવું = મરનારને માટે ઓછો કરવો; મરવાની અણી ઉપર આવેલા માણસને નકરાણી તરતની લીંપેલી ભોંય ઉપર સુવડાવવું.

૬. સ્ત્રી. માસ.કુર; માંસલ સપાટી.

૭. સ્ત્રી. રાજ્ય; ખેતરપાદર.

૮. ન. એ નામની બટકનું મ.ષ્ક.

૯. સિ. એ નામની બટકનું.

ભોંયઆમલી સ્ત્રી એક જાતનો વર્ષાયુ છોડ; એ નામની આમલકયાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેની ઊંચાઈ વેંત બે વેંત હોય. પાદડા રિસામણીનાં પાદડાં જેવાં બારીક હોય છે. તેના બારીક ફળનો રંગ લીલો અને સ્વાદ કંઈક ખાટો તથા કડવો હોય છે. ઔષધિ તરીકે તે કામ આવે છે ભોંયઆમલી તૂરી, બાટી, શીત, કડવી, મધુર, રુચિકર, જડ તથા ઉષ્ણ છે અને પિત્તમેહ, મેહ, કૃમિ, પાંડુરોગ, મૂત્રરોગ, દૃષ્ટિરોગ, તૃષા, ઉપરસ, પિત્ત, રક્તદોષ, વાયુ, શ્વેતકુષ્ઠ, કૃમ તથા હેડકીનો નાશ કરે છે.

ભોંયઆમળાં પું. એ નામનો એક છોડ. તે બારીક વેંત જેટલો ઊંચો થાય છે. તેના પાદડા આમળાનાં પાદડા જેવા જ થાય છે તે મુખમાં મૂત્રલ, કટુ અને પૌષ્ટિક ગણાય છે અને કમળામાં તથા પ્રમેહમાં વપરાય છે. તેના પંચાંગની માત્રા બે આનીથી પાવલીભાર છે.

તેનાં પત્રાંગનું હિમ પીવાથી રક્તાતિસારમા ફાયદો થતો મનાય છે. ભોંયઆમળાં પંજાબ, આસામ, સિક્કિમ, સિંધ અને કચ્છમાં ચોમાસામાં વાડની આસપાસ ઊગે છે. ચોખાના ધોવરામણ સાથે આપવાથી અતિસારનું જોર બંધ થાય છે. તેથી પિત્તપ્રકોપ તથા પથરી મટે છે. પથરીને ઑપરેશન વગર મૂત્રરેચ લાગી તે ગાળી કાઢે છે. જળોદર પ્રમેહ અને બીજા મૂત્રરોગોમાં તે ઉપયોગી છે. તેને વાટી, પોટીશ બનાવી સોજાવાળા ઉપર લગાડાય છે તેનાં પાંદડાં પાચનક્રિયાને સુધારનાર, કાર્મિનેટિવ, દીપન, પૌષ્ટિક અને મૂત્રલ કહેવાય છે. તેનો સ્વરસ કે ક્વાથ કરી વપરાય છે. તેથી ગાંડો, આમગાંડો બંધ થાય, પરસવો વહી તાવ દૂર થાય, નિદ્રા સારી આવે, યકૃત્‌વૃદ્ધિ, પ્લીહાવૃદ્ધિ, કમળો, પ્રમેહ મટે. જલોદરમાં તે અપાય છે સ્તન સૂજી ગયાં હોય તો તેના ઉપર લેપ થાય છે. ત્વક્‌દોષમાં બીજા સાથે વાટી ચોપડાય નેત્રરોગમાં તેના ક્વાથ કે હિમમાં કપડું ભીંજવી આંખે રાખવાથી સોજો તથા રતાશ ઊતરી તરત ફાયદો થાય

ભોંયઆમળી જુઓ ભોંયઆંબલી

ભોંયઆમળો જી એક જાતની વનસ્પતિ. તેને મીંડીઆમળ પણ કહે છે

ભોંયઆંબલી જુઓ ભોંયઆમલી

ભોંયઆંબળાં જુઓ ભોંયઆમળાં.

ભોંયઆંબળી જુઓ ભોંયઆમલી.

ભોંયઇંડક (આપઈંડક) જી. એક જાતનો છોડ એનાં પાનને અડવાથી ચિરાઈ જાય છે. ફૂલ પીળાં પતંગિયાં જેવા અને સિમ બાંધવાળા હોય છે.

ભોંયકંદ પું. એક જાતનો કંદ; રાનીકંદ; રાનીકાંદો કમળના કુટુંબનો એક છોડ. તેનાં પાંદડાં લાંબાં અને પોટો રંગે વાદળી જેવા અથવા ગુલાબી અથવા જાંબુડિયા રંગનાં ફૂલોવાળો હોય છે વસંત ઋતુમાં આ ફૂલો સૌથી વહેલાં ખીલે છે

ભોંયકાંકસી પું. એક પ્રકારનો છોડ. તેને ભાયખપાટ પણ કહે છે એથી ત્રણ ફૂટ ઊંચા થતા આ છોડનાં પાન, ફૂલ અને ફળ ખપાટ જેવાં પણ કદમા નાનાં અને રેસા રેશમ જેવા હોય છે. દવમાં તે સર્વાંગ ઉપયોગી મનાય છે

ભોંયકાંદો જુઓ ભોંયકંદ

ભોંયકાંસકી જુઓ ભાયકાંકસી

ભોંયકિલ્લો પું આંધેલું ભોંયકં.

ભોંયકોળું ન એક જાતનું કઠકળ; કોદ્રા: નાકોળ તેની બે જાત છે: સાદુ ભોંયકોળું અને દૂધ ભાયકોળું. સાદા ભોંયકોળાના વેલાનાં પાંદડા ત્રિદળ હોય છે. તેના વેલા પોતાને ભરવાભાર તેથી તેને પોડવેલ પણ કહે છે. સાદું ભોંયકોળું ઉષ્ણ અને પૌષ્ટિક છે એનો પાક શક્તિવર્ધક મનાય છે ખોળા ભોંયકોળાના વેલાને ચિત્રો આવે છે, તેનું શાક થાય છે. કંદનું શાક અને હલવો કરે છે. તે પ્રમેહ અને અરમક રોગ ઉપર વપરાય છે તેનો પાક બનાવવામા આવે છે. તે ખાવાથી ક્ષયરોગ દૂર થઈ મનુષ્ય ઉત્તમ વીર્યવાન થાય એમ મનાય છે

ભોંયખપાટ જી. એક પ્રકારનો છોડ. તેના મૂળની છાલનો ક્વાથ કરી સર્પદંશ ઉપર વપરાય છે. એના રેસા દોરે જેવા થાય છે. આ છોડ ઉત્તર પશ્ચિમ હિંદ, આફ્રિકા, બરમા અને ચીનમા થાય છે. સારા કામ જેવા રેસા મળતા હોવાથી ચીનમાં તેનું વાવેતર થાય છે. વરસમાં એ તરફ ધ્યાન અપાયું નથી. એક એકરમાં એક ટન રેસા મળે એટલો પાક કેનરે છે હાલ અમેરિકામાં તેનું વાવેતર થાય છે.

ભોંયખાળ જ જમીનમા ઊંડો ખાડો ખોદી તેની અંદર ઉતારવામાં આવેલી આગ; ધગધગતા

ભોંયગળી જી. જમીન ઉપર પથરાતો એક જાતનો છોડ. એને ઢાંડી પ્રચલિત આવે છે. તેનું મૂળ ધોળા રંગનું, સુતળી જેવું જાડું, તળિયે ધોડા ઝીણા ફાંટાવાળું અને કાષ્ઠ હોય છે. તેને રાતા રંગનાં, પતંગિયાના આકારનાં ૧૫થી ૨૦ જેવા સુંદર ફૂલ આવે છે. તેની ત્રિજ એ બીજવાળી હોય છે. બીજ પૌષ્ટિક મનાય છે. ચોમાસામાં આ છોડ ઝાઝુ ઊગે છે અબોંથી દોઢ ફૂટ ઊંચો થાય છે તેમાં પાન મધુરક્ત ને આંતરે આવે છે. સર્વાંગ ઉપયોગી છે. ભોંયગળી પૌષ્ટિક ને મૂત્રલ મનાય છે.

ભોંયચંપો પું. એક જાતનો ચંપો. આ છોડને અક્ષતપેર જેવાં સુગંધિત ધોળાં અને ગુલાબી ઝાંયવાળાં ફૂલ હોય છે. રતનરોગ અને ગૂમડાં ઉપર તે વપરાય છે.

ભોંયજંબુ ન એક જાતનું જંબુ.

ભોંયતરવડ (આયતરવડ) જી. સોનામુખી; મીંડી આવળ.

ભોંયતળ જુઓ ભોંયતળિયું.

ભોંયતળિયું ન. ઘર વગરેનો જમીનને લગતો પ્રકાર; તલપ્રદેશ; ઘરનો છેક નીચેનો ભાગ; જમીનની સપાટી.

ભોંયદડી (ભોંયદડી) જી. એક જાતનો છોડ. તેની શાખા અને ઢાંડી ઊભી ચારપાંચ ખરસટ ઢોર છે. પાન ૧થી ૬ ઇંચ લાંબાં અને ફૂલ અરધાથી બે ઇંચ પહોળાઈનાં દીઠા જાંબલી રંગનાં હોય છે તેને કેદેરી કહે છે. તેનાં ફૂલ કાટાવાળી કૂંડીમા આવે છે

ભોંયદંડી જી. એ નામના સદ્ધેઆદિ વર્ગની ઔષધોપયોગી વનસ્પતિ

ભોંયદોડી (ભોંયદોડી) જી જમીન ઉપર થતી એક જાતની દોડી ભોંયદોડીનાં મૂળિયાંનો રસ અને ખાવનું ઘી સરખે ભાગે મેળવી નબટાંક સુધી લેવાથી કૂતરું કરડેલાને અપાય છે.

ભોંયપત્રિકા જી. જમીન ઉપર પ્રસરેલી અગર

ભોંયપાનરી જુઓ ભોંયપાયરી.

ભોંયપાયરી જી ગોજિહ્વા; ગોજિકા; ગોબી, દાવિકા; અરપત્રિણી, ગળજીભી; એક જાતની ભાજી તેના પાંદડાં કરકરિયાવાળાં હોય છે.

ભોંયફરાકો પું. જમીન ઉપર પછાડી દોડવાનો ફટાકડો

ભોંયફૂદડી (ભોંયફૂદડી) જી. છોકરીઓની એ નામની એક રમત. તેમાં બે છોકરીઓ એકબીજીની સામે જોડી, હાથ આજબાજુ કરતાં કરતા બેઠાં બેઠાં જ ઠેક મારીને ખસતાં ખસતા ગોળાકાર કે આજુ પાજુ ચાલે છે.

ભોંયફોગ જી એક જાતની વનસ્પતિ.

ભોંયફોડા (ભોંયફોડા) પું. એક જાતનો સાપ. તે આશરે ૭ ઇંચ ઊંચો એક ઢાંડીએ વધે છે તેના ઉપરના ભાગ ઉપર સફેદ કે કાબરું નાનું છત્ર આવે છે. તેને ભૂછત્રાક પણ કહે છે.

ભોંયબલ્લ જી. એક જાતનો છોડ. તે ત્રણ ફૂટ સુધી ઊંચો થાય છે. તેની શાખાઓ લગભગ ચાર વેલા આકડા ફળેલી, પાન પહોળાં, હૃદયાકૃતિવાળાં તથા કાંસરીવાળાં અને એક સળી ઉપર પાસે પાસે થતાં ઘણાં ફૂલ રંગે પીળા અને રાતા રંગનાં હોય છે. પાંચ ખંડવાળું ફૂલ હોય છે. દરેક ખંડમાં એકેક બી આવે છે. તે સર્વાંગ ઉપયોગી ગણાય છે. તેની ડીટડીને મધ,જેથી પાચથી નવ નસ પાનમા ગયેલી હોય છે

ભોંયબલા જી. એક જાતની વનસ્પતિ.

ભોંયબળ જુઓ ભોંયબલ્લ

ભોંયભાડા પું,બ. અટળક લાલ મેળવવાની કિંમત

ભોંયભાડું ૧. ન. ખરામ; જાગીર.

૨. ન. ભોંય કે ભાડું; જમીન.

ભોંયભાડું (ભોંયભાડું) ૧. ન. જમીનનું ભાડું ૨ મહેસૂલ.

૨. ન. રમઠાનમાં સાપને ખાળવા કે હટવાની જગ્યાનું ભાડું.

ભોંયમગ પું. ન વ. મગફળી; માડવી. તેનું તેલ નીકળે છે. તેના દાણા ફરાળમાં ખવાય છે. તે પચવામાં ભારે મનાય છે. ભોંયમગ ઝાડિલનો મૂળ વતની વેલો છે. તેનાં પાન કુવાડિયાનાં પાન જેવાં અને ફૂલ પીળા હોય છે. જમીનમા સિંગો આવે છે. ભોયમગના વેલા સુકાયા બાદ એટલે સિંગો પાકી સમજવુ. ઉપર ઉપર ભોંયમગના દાણા પાચિનતાના રસમાં બળવા તો પાણીમા બસીને ચોપડાય છે

ભોંયમચ ન. જમીન ફાટી જતાં અંદરના ભોંયમાં થયેલ મચ. ગીરના જંગલમાં તે બહુ જ થાય છે.

ભોંયમયાળ પું. મયાળનો વેલો

ભોંયમુગ જુઓ ભોયમગ.

ભોંયરસ પું. ભોંયપણના પોપડાનો બાહ્ય રસો અને તેના લેપ; માટી, ભીનું વગેરે નાખીને બનાવેલો ખરડ. ભીંયપણ.ળા જમીન ઉપર ગામનું મૂતર બળવા પાણી રેડી પાકુ ઊખરડી લઇ ને તે ઊનું કરી સોજા ઉપર ચોપડાય છે. ગાલપચોરિયાંમાં કે કાર્ડ વાગવાથી સોજો આવ્યો હોય તોપણ ભોંયરસ ચોપડવાથી આરામ થઈ જાય છે.

ભોંયરસો જુઓ ભોંયરસ.

ભોંયરીંગણી સ્ત્રી. એ નામની કેટકાર્યાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; કેટકારિકા, કેટકારિ વૃક્ષ એનો છોડ જમીન સાથે પ્રસરે છે. એના ઉપર ભારીક કાંટા હોય છે. તેને સોપારી જેવાં ગોળ ફળ અને તેમાં બી પુષ્કળ હોય છે. ફૂલ ઉપરથી તેના બે ભેદ પડે છે કાળાં અને ધોળાં. ધોળી ભોંયરીંગણીને લક્ષ્મણા કહે છે તે દવાના કામમા આવે છે.

ભોંયરું ૧ [સં. ભૂમિગૃહ] ન. (સિદ્ધ) જમીન ખોદી તેની અંદર બનાવેલું ગુપ્ત ઘર. ઘરની અંદર જમીન નીચે બનાવેલું ઘર; ભોંયની અંદરનો ઓરડો; તળગૃહ. સુશ્રુત શારીરસ્થાનમા કહ્યું છે કે જ્યાં પાણી ઊંડા ખોદવાની જરૂર હોય ત્યા બેસણીની ઊંચાઈ મોટી વધારવામા આવે તો તળગૃહ એટલે ભોંયરાની સમવડ થઈ જાય છે. તળગૃહનો ભરોભર ઉપયોગ કરવો હોય તો તેમાં વરસાદનું પાણી ભરવુ ન જોઈએ. આ માટે તળિયુ તેમ જ દીવાલો સિમેંટથી ચોખી કરવી જોઈએ. ઘણી વખત તો ફક્ત આમ ચોકસાઈથી જ કામ સરતું નથી, પણ તળિયામાં સિમેંટ કોંક્રેટ નાખી છે કરવી પડે છે અને કેટલેક ઠેકાણે સિમેંટ કોંક્રેટમાં, તેને જલઅભેદ્ય કરવાને પડલો વગરે પદાર્થો ઉમેરવા પડે છે કે જેમા એસ્ફાલ્ટના એકાદ પ્રકારની જરૂર પાથરવા પડે છે. તળગૃહની ઊંચાઈ ઓછામાં ઓછી ૭ ફૂટ તો રાખવી જોઇએ. જરૂરવાળા માટે બહારની જમીન સપાટીથી એકાદ ફૂટ ઊંચે, આડી લાકડા ભારીઓ રાખવી અને તેમાં ઝીણું ઝાંકાની જાળી બેસાડવી; એટલે સાપ, ચીકી વગેરે અંદર પ્રવેશ કરી શકે નહિ. તળગરજવાની દીવાલ માટે પાયો ખોદતી વખતે જ આર્ચ ખોદવી અને કદાચિત્ બહારની જમીનમાંથી પાણી ઝરી તળગરજવામા આવવાનો સંભવ હોય તો આ આર્ચની અંદરની બાજુથી અણઘડ પથ્થર અને ચૂનાનું નક્ષ ઊંચ જડાઇનું ચણતર કરી, બહારની બાજુએ સિમેંટ ૧, રેતી ૨½, ખડી ૪ અને કળીચૂનાની કલ્હી ½ ભાગ એ પ્રમાણમાં મેળવી તેનો કોંક્રેટ કુલ્લાથી દોરી ૬ ઇંચથી ૯ ઇંચ જાડાઇનો ચરમાં ચડાવવાં જરુ. પછી જ્યારે દીવાલ જમીન ઉપર આવી જાય ત્યારે તળગરજવાની અંદરની બાજુ ખોદી કાઢવી, અંદરનો અણઘડ પથ્થરના ચણતરવાળો ભાગ બોર્ડ તેના ઉપર સિમેંટની છે કરી લેવી. આમ કરવાથી બહાર ગમે તેટલો જોર હોય પણ તેનું પાણી અંદર નીતરશે નહિ. જ્યાં ઊનાળો અતિ કડક હોય ત્યાં ભોયરું ઘણું જ કામમાં આવે છે. વળી ગુજરાતના ભર્યના પ્રમાણમાં ભોયરું ચોડા ખર્ચમાં થાય છે સામાન્ય રીતે ઉપરના ઘરના એક ખંડનો જેટલો ખર્ચ આવે તેથી ઘણો ખર્ચ તેટલા વિસ્તારનો તળગરજવાનો ખંડ બાંધતાં થાય છે અને વળી ભોયરું બંધિયાર વધારે હોય છે.

૧. ભોંયરામાં પેસીને નાચીએ તોય જગત તો જાણે = ભોંયરામાં નાચી થઈને નાચે, તોપણ જાનું ન રહે; પાપ પીપળે ચડીને પોકારે.

૨. ભોંયરામાં રાખવું = ભોંયરામાં રાખ્યુ હોય તેમ ગુપ્ત કે જાનું રાખવુ; કોઈના જાણવામાં કે જોવામાં ન આવે તેવી રીતે સંતાડી રાખવુ; ગુપ્ત રાખવુ

૨. ન. ભોંમાં બનેલું કે બનાવેલુ સ્થાન; ગુફા; ગુહા.

૩. ન મુરંગ; ભોંમાં બનાવેલ લાંબો છુપો રસ્તો.

ભોંયરૂંધ ન. (જૂ. ગુ) જાનવરને અડોઅડ બનાવેલ કક.

ભોંયલાંપડો (ભોંયલ.પડો) પુ. એક પ્રકારનું ઘાસ. તે ખોળું થાય છે અને જમીનસરસું ઊગે છે.

ભોંયવેલ સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન લાંબગોળ, ચોટકા, ખૂણાવાળાં, તળિયે પહોળાં ને ટેરવા ઉપર સાકડાં થતાં એમ એક જ વેલા ઉપર જુદા જુદા આકારનાં હોય છે. તેનાં ફૂલ પીળાં થાય છે. ફળ નાનાં અને કાળાં હોય છે આ વેલો ભારે માસ થાય છે. ચોમાસે તે વિશેષ ઊગે છે. આખા વેલા ઉપર ધોળી ફેણ આવે છે. એનાં મૂળ મજબૂત, લાંબાં અને જમીનમાં ઊંડાં બેઠેલાં હોય છે. તેમાં નર અને માદા ફૂલો જુદા જુદા વેલા ઉપર ગળોની પેઠ આવે છે. તે સૂક્ષ્મ લીલા રસ લેતા પીળાં રંગનાં પણ પાક્યા ત્યારે કાળા થઈ જાય છે. એનાં મૂળ સારસાપરીલાને ઠેકાણે જોડી સુધારવા માટે વપરાય છે. એનાં તાજાં મૂળનો કાઢો મરી અને બકરીના દૂધની સાથે મેળવી સંધિવા ઉપર અપાય છે. એ દસ્ત સાફ લાવનાર અને સ્વેદજ્ઞ મનાય છે. એનાં પાન પાણીમાં ઓળવાથી જાની જાય છે, માટે એને ડિહીમ, જળજમની કહે છે. આખો વેલો ઔષધોપયોગી મનાય છે, એનું મૂળ અફીણનું ઝેર ઉતારવા માટે વપરાય છે. એના વેલા ઊંટ બકરાંના ચારા માટે વપરાય છે.

ભોંયરાજ પું. ચોમાસે ઊગતો એક પ્રકારનો છોડવો. તેનાં પાન લાંબાં અને સાકડાં, ફૂલ પીળા ને ટેરવે આંચાવાળાં અને ફળાંથી ભરાયેલાં હોય છે.

ભોંયરાણી સ્ત્રી. એક જાતની ભોરડી. કચ્છમાં તેને પટકેડી કહે છે

ભોંયરિંગડ (ભોંયરિંગ) સ્ત્રી. એક જાતની ઔષધિ.

ભોંયરિંગ સ્ત્રી. મગફળી; માડવી. તેના વેલા જમીન ઉપર પથરાતા ને મૂળ નાખતા ચાલ્યા જાય છે. આ મૂળ ઉપર મગફળીની સિંગો ભોંયમાં બાઝે છે, તેથી તેનું નામ ભોંયરિંગ પડ્યું છે

ભોંયરીંગ જુઓ ભોંયરિંગ.

ભોંયરોંસલી સ્ત્રી. પેટલાદ તરફ રમાતી એ નામની એક રમત.

ભોંયસક્કુ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે ચોમાસામાં ઊગે છે. તેના છોડ ઊભા કે જમીન ઉપર પથરાયેલા, ફળ ખાખાવાળાં અને ફોતરાં ફૂલ રાતાં તો ફોતરાં પીળા હોય છે. તે વિષહર તેમ જ ત્વચારુ મનાય છે.

ભોંયસમેરવો પું. એક પ્રકારનો છોડ, તે એકથી ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેને ગાડરસમેરવો પણ કહે છે.

ભોંયસિમ જુઓ ભાયરિમ.

ભોંયસીંગ જુઓ ભોંયરિંગ.

ભોંયસૂંઘણિયો પું. ભોંજણીદાર; 'સરવેયર'.

ભોંયાર જુઓ ભાયરું.

ભોંયું વિ. માહિતગાર.

ભોંયે હાથ સ્ત્રી. એક જાતની રમત. તે સાતતાળીનો જ એક પ્રકાર છે. એક છોકરા ઉપર દાવ ઠરાવવો ને બીજા છોકરાઓએ નાસતા ફરવું. દાવવાળો કે જેને ચોર ઠરાવવામાં આવે છે તે તેને પકડવા માટે પાછળ પડે. આ પ્રમાણે કોઈ ચોરના સપાટામા આવી જાય કે તરત જ ભોંયે હાથ કરે એટલે બેસી જાય. પછી ચોર તેને ઓઠો હોય ત્યાંથી પકડી શકે નહિ. ચોર ફરી જાય કે તે બે ભોંયે હાથ દીધો, કહાને ઊઠી જાય અને ફરી દોડવા માંડે. આ રીતે બીજા છોકરાઓ પણ આવે હાથ દઈ શકે. કોઈ છોકરો પકડાઈ જાય તો તેના ઉપર દાવ આવે અને ફરી રમત શરૂ થાય.

ભોંયો ૧. [સં. ભૂમ + ઘઢ] પું. (વહાણવટું) કોઈ પણ બંદરમાં ખરાબો વગેરે જાણ્યા જાણનાર માણસ.

૨. વિ પુ. ભોમિયો; ચોકિયાર; સામો રસ્તો જાણનાર; ભાણીતો; અનુભવી; માહિતગાર; ચળાવો, વાટ દેખાડનાર.

ભોંરતિયાં ન.બ.વ. જમીન ઉપરનાં રજકણ.

ભોંરી ૧. [સં. ભ્રમ (ભોગ કરવું)] સ્ત્રી. જળચક્ર.

૨. સ્ત્રી. ભમરી.

ભોંરો પું. ભમરો.

ભોંવાળું વિ. ભેદીવાળું. મકાન માટે વપરાય છે

ભોંસલે ૧. સ્ત્રી. મરાઠા ક્ષત્રિય જ્ઞાતિની એ નામની એક અટક. મહારાષ્ટ્રનો ભોંસલે વંશ એ ઉદેપુરના સિસોદિયા રજપૂતથી ઊતરી આવેલો છે તેમાં શિવાજી મહારાજનો જન્મ ક્ષત્રિયકુલભૂષણ સૂર્યવંશી શ્રી રામચંદ્રજીના વંશમાં થયેલો છે. ચિતોડ શહેરની નજીક ભોંસી નામનો જિલ્લો છે અને તેની નજીકમાં ભોંસાવત નામનુ ગામ છે. સુજનસિંહના વંશમાંથી એ ગામે કોઈ આવીને રહ્યું. તેથી ત્યાં વસનાર વંશજોની ભોંસલે અટક પડી. કેટલાક ઇતિહાસકાર એમ પણ માને છે કે, સિસોદિયા રાણાના વંશના ભોંસાજી નામના પુરુષ ઉપરથી એના વંશનું નામ ભોંસલે પડ્યું પરાક્રમી રાણા ભેરવજીનું બીજું નામ ભોંસાજી હતુ અને તેના વંશને ભોંસાવત અથવા ભોંસલે કહેવાયા.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ભોંસવું ૧. અ. ક્રિ. ભોંકવું; કહેવું.

૨ સ ક્રિ ખૂંપવું, ચૂંથી નાખવું; ઉખેડવું.

ભોંહ સ્ત્રી. આખની ભમર.

ભઃ [સં.] અ. સંબોધન માટે અને પ્રશ્ન ચિહ્નમાં વપરાતો ઉદ્ગાર; અરે; હે.

ઋ ૬. પાદ અંત, હે, હે, ભોઃ એ છ સંબોધનાર્થ અવ્યયો કે ના અર્થના છે.

અમરકોષ

ભોઃકષ્ટમ્ [સં.] અ. અરે કષ્ટ !

કદીપણ નહિ અનેલો એવો જનત જનતાં ભો કષ્ટનો ઉદ્ગાર નીકળી જાય છે પુરાતત્ત્વ

ભૌ ૧. [હિં] પું. જમતાં દુનિયા.

૨. પું બીક; ડર

ભૌકવું ૧. અ. ક્રિ. અર્થ વગરનું બોલવું

૨. સ ક્રિ. નકામી કિંમાયત આપવી.

૩. અ. ક્રિ. બસવું

૪. સ ક્રિ રાડો પાડવી.

ભૌકા [હિં.] પું. ટેકરો.

ભૌગોલિક ૧. [સં.] વિ. પૃથ્વી સંબંધી; પૃથ્વી વિષેનું; પાર્થિવ; ઐહિક.

૨. વિ. ભૂગોળનું; ભૂગોળ સંબંધી; ભૂગોળને લગતું.

ભૌગોલિક અભિયાન [સં.] અ. દેશ વગેરેના વર્ણનનો મંથ; સ્થાનકોષ; સ્થલવર્ણનકોષ; 'ગેઝેટીઅર'.

ભૌગોલિક મંડળ [સં.] અ. ભૂગોળ સંબંધી જ્ઞાન ધરાવનારાંઓનું મંડળ.

ભૌગોલિક મંડળ જુઓ ભૌગોલિક મંડલ.

ભૌચક ૧. [હિં.] વિ. ચકિત; સ્તંભિત.

૨. વિ. ભયભીત; ભડકેલ.

ભૌચક્ક જુઓ ભૌચક.

ભૌચાડ [હિં] સ્ત્રી. ભૂકંપ; ધરતીકંપ.

ભૌજ જુઓ ભૌજાઈ

ભૌજંગ પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરો, બીજા ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને નગણ મળી પંદર અક્ષર, ત્રીજા ચરણમાં બે નગણ, જગણ, સગણ, લઘુ અને ગુરુ મળી સોળ અક્ષર અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ, નગણ, રગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

ભૌજાઈ [સં. ભ્રાતૃજાયા] સ્ત્રી. (હિંદી) ભોજાઈ; ભાભી; ભાઈની વહુ; ભ્રાતૃવધૂ; ભ્રાતૃજયા.

ભૌજ્ય જુઓ ભૌજાઈ.

ભૌજ્યક [સં.] વિ જોજ દેશમાં થનાર કે હોનાર.

ભૌજ્ય ૧. [સં] અ. જેમાં પ્રજાપાલનનો કેવળ પણ વિચાર જ નહિ પરંતુ પ્રજાનો લાભ રાજા ઉઠાવતો હોય તેવુ રાજ્યપ્રકારણ; બ્રાહ્મણ સમયનું એક જાતનું રાજ્યપ્રકારણ; ભોજ સરદારોના એટલે સાધારણ પંક્તિના સરદારોના હાથમા સામ્રાજ્યના અધિકાર હોય એવું રાજ્યપ્રકારણ ભોજ્ય પ્રકારણ માટેનો ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં આવે છે

૨. અ. વંશપરંપરાથી નહિ પરંતુ જાતે થયેલા શાસનકર્તાથી ચાલતી રાજ્યની સત્તા.

૩. વિ. ભોજને લગતું.

ભૌડા [હિં] પું. નાનો પહાડ; ટેકરો.

ભૌડું ન.બ.વ એક જાતના અનાર્ય લોક; ભીલ, કુંજરામાં રહેનાર એક જાતના માણસો; આબુના કોળી કે ભીલ

ભૌત ૧. [સં] પું. ગૃહસ્થે કરવાના પાંચ માંહેનો એક યજ્ઞ.

૨ પું દેવનો પૂજારી બ્રાહ્મણ.

૩. પું પિશાચનો પૂજારી

૪. ન. પિશાચમણ.

૫. વિ. ઉન્મત્ત; ગાંડું.

૬. વિ. પિશાચ સંબંધી.

૭ વિ ભૂત સંબંધી; પ્રાણીનું; પ્રાણી સંબંધી; ભૌતિક.

ભૌતિક ૧. [સં.] પું. ભૂતના અધિકારે થયેલ ઉપદ્રવ કે બાધા

૨. પું મહાદેવ.

૩ પું. મોતી

૪. ન પંચમહાભૂતનો બનેલો કોઈ પણ પદાર્થ

૫. વિ. પદાર્થવિદ્યા સંબંધી

હિંદની પાસે જે કોઈ શક્તિ હોય તો તે નૈતિક શક્તિ છે. ભૌતિક શક્તિમાં તો બીજાં રાજ્યો હિંદુસ્તાન કરતાં ક્યાંય મોટાં છે. જો તે કરે જવું હોય તો તે રાષ્ટ્રોના દાસ અને સાબિંદ બનીને રહેવું પડે શાંતિકાકા

૬ વિ. પંચભૂતોમાંથી એક કે વિશેષ મળીને બનેલું

૭. વિ. પાંચ મહાભૂત સંબંધી કે તેમનું બનેલું. ઇંદ્રિયોના વિષયોને બનતું; જડ; સ્થૂળ.
૮. વિ. પ્રાકૃતિક; પાર્થિવ.
૯. વિ. પ્રાણી જગત સંબંધી
૧૦ વિ, ભૂત કે વિનાશ સંબંધી; ભૂત યોનિ સંબંધી
૧૧ વિ ભૂત કે વિનાશના વળગાડવાળું
૧૨ વિ. ભૂમિનું, દુનિયાનું
૧૩. વિ. શારીર; શરીરક; શરીરનું, શરીર સંબંધી
૧૪. વિ, સંસારી; દુનિયાદારીનું.

ભૌતિક અપૂર્ણાંક [સં.] પું એક પ્રકારનો અપૂર્ણાંક.

પ્રાચીન ભારતીય ગણિતીઓ લાક્ષણિક અપૂર્ણાંક અથવા **ભૌતિક અપૂર્ણાંક** દર્શાવવાને પદાવયવ પદ્ધતિ વાપરતા. પુરાતત્ત્વ

ભૌતિક ઉન્નતિ [સં. ભૌતિક (પંચભૂત સંબંધી) + ઉન્નતિ] સ્ત્રી. સ્થૂલ ઉન્નતિ, દૈહિક આબાદી. તે સંબંધી મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિમાં કહેવામાં આવ્યું છે કે: ભારતવર્ષે કેવળ આધ્યાત્મિક ઉન્નતિમાં બાંધ આપ્યું એટલું જ નહિ પણ ભૌતિક ઉન્નતિ તરફ પણ ધ્યાન આપ્યું તે બતાવે એક બાજુ બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ આદિ આશ્રમોમાં તપશ્ચર્યાને મુખ્ય સ્થાન આપતા, જ્યારે બીજી બાજુ ગૃહસ્થાશ્રમમાં જીવનનો સાંસારિક આનંદ પણ ભોગવતા. સધન લોકો મોટાં મોટાં મકાનોમાં રહેતા. બાવાનો, પીવાનો, સૂવાનો, બેસવાનો, અતિથિઓને રહેવાનો, સંગીત વાદ્ય આદિને માટે બંદોબસ્ત જુદા જુદા ઓરડામાં થતો. ઓરડામાં વાયુ આવવા માટે સારો પ્રબંધ હતો. શહેરના સામાજિક જીવનને આનંદમય કરવા માટે વખતોવખત મોટા મોટા મેળાઓ ભરાતા, જ્યાં હજારો લોકો એકઠા થતા. બુએનસગના કહેવા પ્રમાણે હર્ષના સમયમાં દર પાંચમે વર્ષે ધર્મસંમેલન થતાં, જેમાં હર્ષ પોતે ભિક્ષુઓને દાન આપતો. બીજા ખુશ અવસરો વખતે પણ મેળા થતા. આ મેળાઓમાં દૂરદૂરથી વેપારીઓ આવીને સામાન ખરીદતા. સામાજિક જીવનમાં આ મેળાઓનો મોટો ભાગ હતો. લોકોનાં મનને રમૂજ આપવા માટે નાટકમંડળીનો ઉલ્લેખ છે. આ પ્રમાણે નાનબજનો, ચિત્રશાળાઓ વગેરેનાં વર્ણનો મળે છે. લોકો અનેક પક્ષીઓ પણ પાળતા, મોટા મોટા મલ્લ કુસ્તી કરતા. મનોરંજનને માટે ઘોડા, હાથી, રથનો ઉપયોગ થતો. જલવિહારમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે રહેતાં અને નૌકાનો પ્રયોગ થતો. સ્ત્રીપુરુષો સાથે મળીને ખુશાલી.. ફોલોત્સવ વિશેષતઃ વર્ષા ઋતુમાં થતો. આ ઉપરાંત રોતરંજ અને દ્યૂત વગેરે રમાતાં. ઘતગૃહો ઉપર સરકારી કર બેસાતો.

ભૌતિક અગોળ ન પ્રાકૃતિક અગોળશાસ્ત્ર.

ભૌતિક અગોળવિદ્યા સ્ત્રી. પ્રાકૃતિક અગોળ; સ્થૂળ, જડ, પંચમહાભૂત પદાર્થ સંબંધે તેમ જ નક્ષત્ર વગેરે સંબંધે જ્ઞાન.

ભૌતિક અગોળશાસ્ત્ર ન. અગોળશાસ્ત્રની શાખાઓ પૈકીની મુખ્ય એક શાખા.

ભૌતિક ઘટના સ્ત્રી. શારીરિક બંધારણ; શરીર ઘટના.

ભૌતિક બંધન [સં.] ન. મુક્તાવસ્થા.

ભૌતિક ભાવ [સં.] પું. સંસારી ભાવ.

ભૌતિક ભોગ સ્ત્રી. પ્રાકૃતિક ભોગ.

ભૌતિક માનસશાસ્ત્ર [સં.] ન. મનઃશરીરવિજ્ઞા; 'સાઇકોફિઝિક્સ'

ભૌતિક રસાયન [સં.] ન. દ્રવ્યનું જ્ઞાન આપનાર રસાયન; પંચમહાભૂત સંબંધીનું રસાયન

ભૌતિકવાદ ૧. પું. અનાત્મ મત; ચાર્વાક મત.
૨ પું. જડવાદ.

ભૌતિકવાદી [સં. ભૌતિકવાદિન્] વિ. ભૌતિકવાદમાં માનનાર.

ભૌતિક વિજ્ઞાન [સં.] ન. ભૌતિક પદાર્થને લગતું શાસ્ત્ર; પદાર્થવિજ્ઞાન; પદાર્થોના બંધારણના ગુણો અને તેના નિયમો શીખવનારું શાસ્ત્ર.

ભૌતિક વિજ્ઞાનનિષ્ક્રિયતા [સં.] સ્ત્રી. ભૌતિક જડતા; 'ઇનર્શિયા'.

ભૌતિકવિદ્યા ૧. [સં.] સ્ત્રી. જીવનો અને ચેતનનો જેમાં કાંઈ સંબંધ ન હોય એવાં દ્રવ્ય તથા શક્તિના પરસ્પર સંબંધનું વિવેચન કરનાર વિદ્યા.
૨. સ્ત્રી. દ્રવ્યના ધર્મો ઉપર થતી શક્તિની સામાન્ય અસરનું તથા દ્રવ્યનું જ્ઞાન આપનારી વિદ્યા. હાલ જે અર્થમાં આપણે ભૌતિકવિદ્યા શબ્દનો ઉપયોગ કરીએ છીએ તે જ અર્થમાં એટલે કુદરતનાં દ્રવ્યોનું સામાન્ય વર્ણન એ અર્થમાં, દૈહધર્મવિદ્યા શબ્દનો એક સમયે ઉપયોગ કરવામાં આવતો હતો. કણાદના વૈશેષિક સિદ્ધાંતમાં, જૈન અને બૌદ્ધ મતમાં તેમ જ બીજા તત્ત્વવેત્તાઓના મતમાં પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા, ગતિશક્તિ, જલદતા, નિષ્ક્રિયતા; પ્રવાહિતા, ભિદ્યમતા વગેરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવતું હતું. વનસ્પતિમાં મૂળથી શાખા સુધી જીવનરસના ઉદ્ગમનથી તેમ જ છિદ્રાળુ વાસણોમાંથી પ્રવાહીઓના થતા આપન, આભાસરૂપથી કેશીય ગતિ સમજવામાં આવતી
૩. સ્ત્રી. પદાર્થવિજ્ઞાનવિદ્યા.
૪ સ્ત્રી ભૂતપ્રેત સંબંધી વિદ્યા; ભૂતપ્રેત વગેરેને બોલાવવાની અને દૂર કરવાની વિદ્યા.

ભૌતિકવિદ્યાભિજ્ઞ [સં.] વિ. ભૌતિકવિદ્યા જાણનાર.

ભૌતિકશક્તિ ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વોમાં રહેલી શક્તિ.
૨. સ્ત્રી. વરાળ, વીજળી કે તેલમાંથી પેદા કરવામાં આવતી શક્તિ.

ભૌતિકશાસ્ત્ર ૧. [સં.] ન. જીવનો અને ચેતનનો જેમાં કાંઈ સંબંધ ન હોય એવાં દ્રવ્ય તથા શક્તિના પરસ્પર સંબંધનું વિવેચન કરનાર વિદ્યા; ભૌતિક પદાર્થોને લગતું શાસ્ત્ર. રૂઢિ તથા સગવડને અનુસરી વિજ્ઞાનની ભૌતિકવિદ્યા, જીવવિદ્યા અને મનોધર્મવિદ્યા એમ મુખ્ય ત્રણ શાખાઓ કરાવવામાં આવી છે
૨. ન. પદાર્થવિજ્ઞાન; ભૌતિકવિદ્યા.
૩. ન. પંચભૂતાત્મક પ્રકૃતિની મીમાંસા કરનારી વિદ્યા.
૪. ન. સ્થાવરજંગમવિજ્ઞ..

ભૌતિકશાસ્ત્રવેત્તા [સં. ભૌતિકશાસ્ત્રવેત્તૃ] પું. ભૌતિકશાસ્ત્ર જાણનાર પુરુષ.

ભૌતિકશાસ્ત્રી ૧. [સં. ભૌતિકશાસ્ત્રિન્] પું. પ્રકૃતિશાસ્ત્રો; પદાર્થવિજ્ઞાનશાસ્ત્રો.
૨. પું. ભૌતિક વસ્તુઓને જાણવા રચવાવાળો માણસ.

ભૌતિક સભ્યતા [સં.] સ્ત્રી. સાંસારિક સંસ્કાર.

ભૌતિક સમૃદ્ધિ [સં.] સ્ત્રી. દ્રવ્યમય સમૃદ્ધિ.

ભૌતિકસાવર્ણિ [સં.] પું. કલ્પના મોટા મહેનો એ નામનો એક મનુ.

ભૌતિક સૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. આઠ જાતની દેવ યોનિ, પાંચ જાતની તિર્યંચ યોનિ તથા મનુષ્ય યોનિ એ બધાની બનેલી સૃષ્ટિ.
૨. સ્ત્રી. પ્રાકૃતિક સૃષ્ટિ.
૩. સ્ત્રી. ભૂતસૃષ્ટિ.

ભૌતિકીયતા [સં.] ન. પ્રાકૃતિકપણું; સ્થૂળપણું.

ભૌતિકીવિદ પું. વૈદ્ય; તબીબ.

ભૌતિયાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ.

ભૌતી ૧. [સ.] સ્ત્રી. રાત; રાત્રિ
૨. સ્ત્રી. વહાણનું તાપણું કરવાનું એક સાધન

ભૌત્ય [સં.] પુ. (પુરાણ) ચક્ષુસાવર્ણિ મનુનું બીજું નામ, એ નામનો ચૌદમો મનુ.

ભૌન ૧. [હિ.] પું. ભવન; ઘર; મકાન.
૨. વિ. ભ્રમિત.

ભૌનાસ પું. હાથીને બાંધવા માટેનો મોટો અને મજબૂત બાંધણો.

ભૌમ ૧. [સં.] પું. અત્રિ ઋષિ.
૨. પુ. આકાશ
૩. પું. એ નામનો એક અગ્નિ. વાસ, લાકડાં વગેરેના બળવાથી એ ઉત્પન્ન થાય છે.
૪. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે મંગલસ્વરૂપ છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ તથા ૬૬ લઘુ મળી ૭૭ વર્ણની ૮૮ માત્રા હોય છે.
૫. [હિ.] પું. કેતુ; પુછડિયો તારો
૬. પું. (પુરાણ) તારક નામનો અસુર.
૭. પું. તેજ.
૮. પું. નરકાસુર.
૯. પું. (જ્યોતિષ) ભોમ; મંગળ ગ્રહ, ભૂમિપુત્ર; મહીસુત; લોહિતાક્ષ.
૧૦. પું મંગળવાર
૧૧. પું. યોગનું એક જાતનું આસન.
૧૨. પું. રાતી ચાકોડી નામની વનસ્પતિ.
૧૩. ન. અબ્રક નામે સુપ્રસિદ્ધ દ્રવ્ય; એક જાતનો ક્ષાર
૧૪. ન. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે રાત્રિ દિવસનાં ત્રીસ ભાગેનું એક મુહૂર્ત.
૧૫. ન. પૃથ્વીનું એક વર્ષ. તેમાં ૩૬૦ વખત સૂર્યોદય થાય છે. પૃથ્વીમાન ઉપરથી પિતર તથા દિવ્ય માનનું પ્રમાણ નીચે પ્રમાણે છે:

ભૌમ	પિતર	દિવ્ય
૧ વર્ષ =	૧૨ અહોરાત્રિ =	૧ દિવસ
૧ મહિનો =	૧ અહોરાત્રિ =	૫ ઘડી
૧ અહોરાત્રિ =	૨ ઘડી =	૧૦ પળ
૧ ઘડી =	૨ પળ =	૧૦ વિપળ
૧ પળ =	૨ વિપળ =	૧૦ પ્રતિ વિ
૧ વિપળ =	૨ પ્રતિ વિ =	૧૦ પ્રતિ વિ

૧૬. ન. શૂરસેન દેશમાં ચંદ્રવંશી ક્ષત્રિયોનું સાત ભાગેનું એ નામનું એક કુળ.
૧૭. વિ. પૃથ્વી સંબંધી; પૃથ્વીનું; પૃથ્વીમાં વ્યાપક; પાર્થિવ; ભૌમિક; ઐહિક; ભૂલોકસ્થ; આમુષ્મિક.
૧૮. વિ. મંગળનું; ભોમ સંબંધી.

ભૌમતાપન [સં.] પું. (પુરાણ) ભોર પરાશર કુલોત્પન્ન એ નામે એક ઋષિ.

ભૌમદેય ક્ષિપિ [સં.] સ્ત્રી. લલિત વિસ્તરમાં બ્રહ્મવલી એ નામની લિપિ.

ભૌમન [સં.] પું. (પુરાણ) વિશ્વકર્મા. એણે અમૃતનું રક્ષણ કર્યું હતું એમ કહેવાય છે.

ભૌમપૂજ્યા [સં.] સ્ત્રી નર્મદાનાં હલ્કર ભાગેનું એક નામ.

ભૌમપ્રદોષ ૧. પુ. ચૈત્ર વદિ બારસ
૨ પું મંગળવારના રોજ આવતું પ્રદોષ વ્રત. આ પ્રદોષનું માહાત્મ્ય સામાન્ય પ્રદોષ કરતા વિશેષ મનાય છે.

ભૌમમાન ન. ગ્રહગણનાનું એક માન. બ્રહ્મદેવનું જ્યારે એક વર્ષ એટલે ભૌમમાનથી પૃથ્વીના ૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦૦ જેટલાં વર્ષ થાય છે. ત્યારે ચૌદ લોક કિંવા ભુવનનો પ્રલય થાય છે આ પ્રમાણે બ્રહ્મદેવના આયુષ્યનાં સો વર્ષોનાં એકસો વખત આ ચૌદ લોકનો પ્રલય થાય છે એમ કહેવાય છે.

ભૌમમાંસ [સં.] ન. ભૂમિ ઉપર ફરનારાં પ્રાણીઓનું માંસ.
ભૂમિ ઉપર ફરીને જીવનનો ઉપયોગ કરનારા સસલાં આદિ પ્રાણીઓના માંસને ભૌમમાંસ કહે છે. સુશ્રુતસંહિતા

ભૌમરત્ન [સં.] ન. પરવાળું

ભૌમવતી [સં.] સ્ત્રી. (પુરાણ) ભૌમાસુરની સ્ત્રી

ભૌમવાયુ [સં.] પું. જમીન ઉપરથી સમુદ્ર તરફ વાતો પવન; ' લેંડ બ્રીઝ '.
ખારી પડેલી જમીનને અડકતી ઠંડી હવા સમુદ્રની તરફ વહે છે. આ વહેરોને ભૌમવાયુ કહે છે. એ રીતે પવનની દિશા બદલાય છે. વાતાવરણ

ભૌમવાર જુઓ ભૌમવાસર.

ભૌમવાસર [સં.] પું. મંગળવાર.

ભૌમવિદ્યા [સં.] સ્ત્રી. ભૂમિકંપના વિષયવાળી વિદ્યા; ધરતીકંપ વગેરેને લગતી વિદ્યા.

ભૌમાલીક [સં. ભોમ (ભૂમિ સંબંધી) + અલીક (જૂઠાણું)] ન. જમીન સંબંધી જૂઠું બોલવું તે.

ભૌમાસુર [સં] પું. (પુરાણ) નરકાસુર. તે અદિતિને મણી જવા તૈયાર થયો ત્યારે યુદ્ધમાં જવાને સુદર્શન ચક્રથી તેને મારી નાખ્યો હતો.

ભૌમિ સ્ત્રી. (ભૂ. ધા.) પૃથ્વી; જમીન; ભૂમિ.

ભૌમિક ૧. [સં.] પું. ભૂમિનો અધિકારી કે સ્વામી; જમીનદાર.
૨ વિ. પૃથ્વી ઉપર રહેનાર.
૩. વિ. પૃથ્વી ઉપર રહેનાર; પૃથ્વી ઉપર રહેલ.
૪ વિ. ભૂમિ સંબંધી; ભૂમિનું
૫ વિ જમીનદાર; પૃથ્વી ઉપર અધિકારવાળું.

ભૌમિકાકૃતિ [સં.] સ્ત્રી. ભૂમિતિની આકૃતિ.

ભૌમિકી સ્ત્રી. જ્યોતિષશાસ્ત્ર, ખગોળવિદ્યા; ભૂસ્તરવિદ્યા.

ભૌમિકીવિદ પું ક્ષિતિરચનાવેત્તા; ભૂસ્તરશાસ્ત્રી

ભૌમિતિક [સં.] વિ. ભૂમિતિ સંબંધી; ભૂમિતિનું, ભૂમિતિને લગતું.

ભૌમિતિક આલેખન [સં] ન. ભૌમિતિક આકૃતિઓની મદદથી થતું ચિત્રકામ.

ભૌમી ૧. [સં.] સ્ત્રી. સીતા દેવી; જનકી.
૨ વિ પૃથ્વીને લગતું; પૃથ્વીનું; ભૌતિક

એક નાજુક અને અપરિપક્વ સ્થિતિમાં પાળેલા જનાવરના મગજમાં માર કરે છે અને મગજસોળ એ નામનો રોગ ઉત્પન્ન કરે છે.

ગામ્રીવિદ્યાનુ ઈમાકલન

મગજિયું ન. મગજશક્તિ વધારનાર એ નામે ઓળખાતા પદાર્થ; વિવિધ વસાણાં વડે બનાવેલી પુષ્ટિકારક વસ્તુ; મગજને પુષ્ટિ આપનાર એક વસાણું

મગજી [કા. મગજી] સ્ત્રી. ઝીણી કોર; કાલર, બહુ ઝીણા કાપડનો સાંધો લેતાં વચમાં બીજા ઝીણા કાપડાંની ચીંદરડીની મૂકવામાં આવતી ઝીણી પાતળી કિનાર; સંજ્ઞા; ગોટ; મુગજી. મગજીની સિલાઈ હવે નીકળી ગઈ, પણ એમાં બે બહુ કારીગરી હતી ઓળીની ચોળીઓ અને પુરુષોના બનાતના કમલાઓના સાંધા ઉપર મગજી મેલવામાં આવતી. તેને મગો પણ કહેવામાં આવતો.

મગજી અતલસ સ્ત્રી. મગજી મૂકવાના કામની અતલસ.

મગજીદાર [કા. મગજી + ફા. દાર (વાળું)] વિ. મગજીવાળું; જેને મગજી મૂકેલ હોય તેવું.

મગટ પું. એક જાતનો મોટો.

મગડી સ્ત્રી. ઝીણી મગદળી.

મગડી (મગડી) ૧. સ્ત્રી. એ નામે ઓળખાતી જાતની માટલી. તે ડોકવે બહુ પાતળી અને ઉદર ડોકવામાં બહુ ઢાળાવાળી હોય છે. તેને ઘાટડી પણ કહે છે.

૨. સ્ત્રી. નાના મગ. તે કદમાં મગ કરતાં નાના પણ વધારે મીઠા હોય છે.

મગડો (મગડો) પું. મુખવાસનુ ખી.

મગડોળી સ્ત્રી. ડોળી; મહુવાની બી

મગણ ૧. પું. (પિંગળ) આઠ માંહેનો એ નામનો એક મણ. તેમાં ત્રણે ય અક્ષર ગુરુ હોય છે. મગણનું છંદશાસ્ત્રોક્ત સંજ્ઞા ૨૫ મ છે. આઠ મણનાં ચિહ્ન તથા ઉદાહરણ:

મણ	ઉદાહરણ	ચિહ્ન
યગણ	યશોદા	⏑ — —
રગણ	રામજી	— ⏑ —
તગણ	તાતાર	— — ⏑
જગણ	જાદર	— ⏑ ⏑
મગણ	માનાજી	— — —
સગણ	સમતા	⏑ ⏑ —
જગણ	જમાત	⏑ — ⏑
નગણ	નગર	⏑ ⏑ ⏑

૨. પું. એ નામે એક પ્રકારનો ઘોડ. તેનાં મુખ પીળા રંગના અને ચિબ મગરૂળી જેવી હોય છે.

મગજુજગાજુ ન. મગજ્જંત્ર; મેલી વિદ્યા.

મગતકું (મગતકું) જુઓ મગતકું.

મગતરકું (મગતરકું) જુઓ મગતકું.

મગતકું ૧. ન. ઝીણું પાંખવાળું એક જાતનું જીવડું. આ જીવ નાનુંસુ અને નાનો હોય છે, પણ તેની સંખ્યા એટલી બધી હોય છે કે તેના ઊડવાનો અવાજ હવાને ખનિત કરી મૂકે છે મગતકું એક ક્ષુદ્ર જંતુ હોય છે, તેથી બળવાન અને નિર્બળ ઉપર પોતાની ઓટાઈ અને બળ બતાવનાર માટે આ શબ્દ વપરાય છે.

૨. ન. ક્રમચિનો; ગાલ્લાં ગોદડાં રાખવાનું સાધન.

૩. ન. પાણી તેમ જ તેજાબી જગ્યામાં થતો એ નામનો એક જાતનો મચ્છર; ડાંસ.

૪. ન. માખીનું નાનું બચ્ચું

૫. વિ. ક્ષુલ્લક; નિર્માલ્ય; નિર્બળ

મગતરા જેવું = નિર્બળ

મગતારા સ્ત્રી. ગોકળગાય; છીપી જગ્યા; ખુલ્લો ભાગ.

મગતું ૧. ન. છૂટાપણું; ગોકળગાય.

૨. વિ. પનાહાર; કૃદ; ગોકું.

૩. વિ. પુષ્કળ; બહોળું.

૪. વિ. ગોબ્બું; બાબુંપહોળું; વિકાળ; કમાસ થાય એવું.

મગદ [હિ] પું. એક જાતની મીઠાઈ.

મગદર જુઓ મગદળ.

મગદરી ૧. સ્ત્રી. કસરતનું એક જાતનું સાધનઃ મગદળિયું.

૨. સ્ત્રી. માવો.

મગદલ જુઓ મગદળ.

મગદળ ૧. પું. એક જાતની મીઠાઈ; મગના લોટનો લાડુ કે દળ; મગની દાળ રોકી તથા ઘાટીને બનાવેલી પુખર. ઉત્તરાયન ઉપર બાહ્મણને મગદળ બગરાવવામાં આવે છે

તરિયા તોરણ દ્વારે બંધાનું,
મગદળ બળદાનું સારી રીતે. નરસિંહ

૨ પું. મલ્લવિદ્યાના અભ્યાસ માટેનો એક દાવ. પહેલવાને પોતાનો કબ્જો જીતી, અખાડામાં તાલ ઠોકીને ઊતરી, સલામ કરી, મગદળ પોતાના બંને હાથની મૂઠીમાં પકડી, બળા ઉપર મૂકયા પછી એક હાથ નીચે મુકાવવો અને બીજો હાથ ઊંચો રાખવો. એમ વારેવારુ કરવાથી પોતાના બલામાં તથા કૌવામાં બળ આવે છે. આ દાવના પ્રકાર નીચે પ્રમાણે છે: કમાનીનો હાથ, બગલનો હાથ, પટ્ટાહાથ, કબલ હાથ, કબલ કમ.ની. બીજા પ્રકારની બગલીમાં સાદો અક્કર હાથ, ઊલટ અક્કર હાથ, ઘટકણ હાથ, પટ્ટાનો હાથ, પટ્ટાનો બીજો હાથ, કમાનના હાથ અને સીધો હાથ એટલા પ્રકાર છે.

૩. [સં. મુદ્ગલ] ન. મગદળિયો; કસરત માટે બનાવેલ લાકડાનું ઓજાર.

૪. ન. ઓખરી; હથોડી; ઘોકો.

મગદળ કવાયત સ્ત્રી. એક પ્રકારની કસરત; લોઢીનો બ્યાયામ. મગદળ કે લોઢીની લબાઈ, પહોળાઈ અને બાપ ઉમરના પ્રમાણમાં બદલે છે. ઉમર લોઢી કે ગેરાવો ગોળા પાસેનો રતલમાં

મગદળની લંબાઈ	ગેરાવો	વજન
૧૧-૧૨ ૧૮"	૩"	૭"	૧
૧૩-૧૪ ૨૧"	૪"	૮"	૨
૧૫-૧૬ ૨૪"	૪·૫"	૧૦"	૨·૫

મગદળ પકડવા માટે હમેશ પાતળા ઊડા પાસેની મૂઠ, મૂઠી વડે પકડવી કે જેથી અંગૂઠાની બાદ વડે તે સહેલાઈથી ફરી શકે. મગદળના દાવ જુદા જુદા છે: (૧) લોઢી–મગદળ ઘપેટ: આ સ્થિતિમાં મગદળને જાતી સામેથી લાવવાં ફેરવીને બાજુમાં લાવવાનાં હોય છે. આથી મગદળ જમીનને સમાંતર રહે છે, ઊપસેલો ભાગ બાજુમાં રહે છે અને શરીર ઢોલિયાર સ્થિતિમાં રાખવામાં આવે છે. જ્યારે મગદળ ઘ્યાયતની શરૂઆત કરવાની હોય ત્યારે બાળકો આ સ્થિતિમાં ઊભા રહે છે. (૨) ઢોલિયાર: મગદળ ઘપેટમાંથી ઢોલિયાર સ્થિતિમાં આવવા માટે મગદળને અંદરની બાજુએ વળાંક આપી, ફેરવીને બહારની બાજુએ લાવવાં અને જાતીની સામે સમાંતર સ્થિતિમાં રાખવાં. તેમાં

હાથ સીધા હોવા જોઈએ અને કોણીઓ નીચેની પાસળીને અડકતી રહેવી જોઈએ. (૩) આરામ: આરામની સ્થિતિમાં પગની સ્થિતિ કદમબોસ સ્થિતિની રહે છે. અને મગદળ બગલની ઉપર રહ્યાં. હાથ છાતીની સામે રાખવામાં આવે. બંને મગદળની પકડવાની મૂઠ પાસપાસે રહે. (૪) નાપ લેવા: જ્યારે નાપ લેવાનું કહેવામાં આવે ત્યારે બંને હાથ પહોળા કરીને જોડીઓ હાથમાં જ અને બગલની સીધાઈમાં રાખવામાં આવે છે. (૫) જોસે થવું: આ હુકમ ઉપર પાછું જોડી લપેટની સ્થિતિમાં આવવાનું હોય છે. મગદળના મુખ્ય દાવ નીચે પ્રમાણે છે: (૧) ઝોલે, (૨) કલર્ઈ, (૩) દૂર બગલ, (૪) બગલી કે ઓકેરી બગલ, (૫) દૂહેરી બગલ, (૬) બગલ લપેટ, (૭) ઓકેરી બગલ લપેટ, (૮) ઓકેરી ઝોલેદાર, (૯) દૂહેરી ઝોલેદાર, (૧૦) દૂહેરી ઝોલેદાર કલર્ઈ લપેટ, (૧૧) અણીદાર એક, (૧૨) અણીદાર દો, (૧૩) શીરી, (૧૪) દોહેરી શીરી, (૧૫) કુમાલી એક, (૧૬) કુમાલી દો, (૧૭) પવિત્રા દોહખ, (૧૮) કલર્ઈ લપેટ, (૧૯) કલર્ઈ લપેટ દો, (૨૦) ફેરન સીધી, (૨૧) ફેરન ઊલટી, (૨૨) સીધી તરાઈ, (૨૩) ઊલટી તરાઈ, (૨૪) બજેદાર સીધી, (૨૫) બજેદાર ઊલટી, (૨૬) સીધી કલર્ઈ મોચ અને (૨૭) બજેદાર કલર્ઈ મરોડ. આમાં પહેલા બધા દાવ ધીરે ધીરે કરવાના હોય છે.

મગદળ પાડવો (મગદળ પાડવો) કું. એ નામે એક જાતની દેશી રમત. આ રમત દ્વારા ૧૦ બાળકો રમી શકે છે. આ બાળકો સાંકળ કરીને એક વર્તુલ બનાવે. એ વર્તુલની મધ્યમાં એક મગદળ મૂકવો. વર્તુલમાં ઊભેલા પ્રત્યેક બાળકનો હેતુ પોતાના સિવાય બીજા કોઈ પણ બાળકના પક્ષથી મગદળને પાડવાનો હોય છે. જે બાળકના પક્ષથી તે પડે તે રમતમાંથી દૂર જાય અને બાકી રહેલા બાળકો ફરી વર્તુલ બાંધી રમે. એ રીતે એક છોકરો બાકી રહે ત્યાંસુધી રમ્યા કરે. જે એક છેવટ રહ્યો તે જીત્યો ગણાય. જોર વાપરવું હોય ત્યારે સાંકળ કોઈ પણ રીતે તૂટવી જોઈએ નહિ. સાંકળ તૂટીને જો કોઈ બાળકના પક્ષથી મગદળ પડે તો તે હાર્યો ગણાય નહિ.

મગદળવું ૧. સ. ક્રિ. ક્યારી નાખવી. પક્કમૂક્ક કરી નાખવા; ચૂરેચૂરા કરવા

૨. સ. ક્રિ. મગદળથી પોકાપી નાખે તેમ કરવું.

મગદળિયું ૧. ન. એક જાતની મીઠાઈ

૨ ન. કસરત કરતાં હાથથી પકડી ફેરવવાનો પંટાના આકારનો લાકડાનો પોડો; મગદળિયો; મુદ્ગર; હાથકસરતનું એક સાધન

૩ ન. મગમાં પહેરવાનો રૂપાનો એક દાગીનો' વજુલ.

૪ ન મીઠાઈ રાખવાનું એક વાસણ.

૫ વિ. જેને મગદળ આવતો હોય તેવું.

૬. વિ. જેમાં મગદળ રાખવામાં આવતો હોય એવું

૭. વિ. મગદળવાળું.

મગદળિયો ૧. [સં. મુદ્ગલ] પું. કસરત કરનારાઓને હાથના માંસપિંડો મજબૂત કરવા માટે ફેરવવાનો પંટાકાર આરે કે હાથો લાકડાનો પાટ; કસરત માટે હાથથી પકડી ફેરવવાનો પંટા આકારનો લાકડાનો પાટ; મુગદળિયું.

૨. પું. મોટી સાંકળી પૂરનાર માણસ.

મગડા [હિં] સ્ત્રી. માર્ગ દેખાડનાર; રસ્તો બતાવનાર.

મગદિયા સ્ત્રી. (જૈન) ઓસવાળ વંશના બારહ્યા ગોત્રની એ નામની એક શાખા.

મગદૂર ૧ સ્ત્રી. શક્તિ; ધારણાશક્તિ; ક્ષમતા; સહનશીલતા

૨. સ્ત્રી. જમીનની જાત પ્રમાણે વાવેતર કરવાનું જ્ઞાન

૩. સ્ત્રી. પેદા કરવાની શક્તિ; ઉત્પાદકશક્તિ; ફળદ્રુપતા

૪. સ્ત્રી. બળ; સામર્થ્ય; ગૌરવ; તાકાત; શક્તિ

૫. સ્ત્રી. ભાર; વજન.

૬. સ્ત્રી. વંશની પૂર્વ કાર્યશક્તિ.

અમુક વંશની મગદૂર પાક મજબૂત-ખોડાશક્તિ ઓછી હોય છે. સિક્કણ અને સાદિલ

૭. સ્ત્રી. શૌર્ય; મરદાનગી; પરાક્રમ; સાહસ; બહાદુરી; જવાંમર્દી; ખાતી

૮. સ્ત્રી. સત્તા.

૯. સ્ત્રી. હિંમત; હામ.

મગદૂરી જુઓ મગદૂર.

મગધ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક હાફ છે. તેમાં ૬૧ ગુરુ અને ૩૦ લઘુ મળી ૯૧ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૨. [સં.] પું. ભાટ; બારણું; રાજાની સ્તુતિ કરનાર કવિ. તેનું કામ રાજાનાં, તેના કુળનાં અને તેમોના આપદાદાઓનાં વખાણ કરવાનું હોય છે. તેઓ સરકારની સાથે રહે છે અને લડાયક ગીતોથી સિપાઈઓને ઉત્તેજન આપે છે. વૈશ્ય બાપ અને ક્ષત્રિય માતાથી ઉત્પન્ન થયેલ આ એક ખાસ જાતિ છે. પુરાણમાં તેઓ શિવની જમણથી એકદમ ઉત્પન્ન થયા હોય એમ મનાય છે.

૩. પું. મગધ દેશના લોકો.

૪. પું હિંદુસ્તાનનો એ નામે એક પ્રદેશ; બિહાર પ્રાંત; ગંગાતીર ઉપરનો પટણા અને ગયાની આસપાસનો પ્રદેશ. પૂર્વે અહીં જરાસંધ રાજા રાજ્ય કરતો હતો. પાંડવોના સમયમાં જરાસંધ અને તેની પછી તેનો પુત્ર સહદેવ અહીં રાજા હતો. તેની પશ્ચિમ દિશાની હદ કોઈ નક્કી હતી. તેનું પ્રાચીન પાટનગર રાજગૃહ હતું. તેમાં વૈહાર, વારાહ, વૃષભ, ઋષિ અને ચૈત્યક નામના પાંચ પર્વતો હતા. બુદ્ધના સમયમાં મગધ અને કોશલ આ બે દેશોની બહુ જ ચડતી દશા હતી. બંને રાજ્યો એકસત્તાક રાજ્યપદ્ધતિની અસર નીચે પૂર્વેપથી આવ્યાં હતાં; પરંતુ મગધનો રાજા બિંબિસાર અને કોશલનો રાજા પ્રસેનજિત બંને ઉદાર વૃત્તિવાળા હોવાથી તેમનાં રાજ્યમાં લોકો બહુ સુખી હતા. અશોકના વખતમાં મગધ સર્વોપરી દેશ ગણાતો હતો. ચંદ્રગુપ્ત અને અશોક જેવા મહાવર્તી રાજાઓ થયા હતા. મહાકવિ કાલિદાસના વખતમાં પણ મગધના રાજાઓ સર્વોપરી ગણાતા હતા. તેને કોઈક પણ કહેતા. ત્યાંની ભાષા માગધી કહેવાતી. એ ભાષામાં પણ ઉત્તમ ગ્રંથો લખાયેલા છે.

૫. ન. ભારતવર્ષનું એ નામનું એક પરિવર્ષ. અહીં સતીનો જમણો સાથળ પડ્યો હતો.

મગધકુમારી [સં.] સ્ત્રી. મગધ દેશની રાજકુમારી.

મગધભાષા [સં.] સ્ત્રી. પ્રાકૃત ભાષા.

મગધલિપિ [સં.] સ્ત્રી. હાલિતવિસ્તરમાં બતાવ્યા મુજબ ૬૪ લિપિની એ નામની એક પ્રકારની પ્રાચીન લિપિ. તે લિપિમાં અક્ષરો એકબીજાની નીચે જોડાતા. ગિરનારની શિલાની ઉપર ઈ. સ. પૂર્વેની ત્રીજી સદીની મગધલિપિ હાલ પણ મોજૂદ છે.

મગધા ૧. [સં.] સ્ત્રી. પીપર.

૨. સ્ત્રી મગધ દેશની નગરી.

મગધાધિપ [સં.] પું. મગધ દેશનો રાજા.

મગધાધીશ જુઓ મગધાધિપ.

મગધિક ન. મગધ દેશમાં બનતું એક જાતનું સુતરાઉ કપડું

મગધી ૧. પું. મગધ દેશનો વતની.

૨. સ્ત્રી. મગધ દેશના બ્રાહ્મણ તથા ભોટની એ નામની એક જાત

૩ ન. એ નામની જાતનું માણસ

૪. વિ. એ નામની જાતનું

મગધીય [સં] વિ મગધ દેશનું.

મગરબ

મગધેશ્વર ૧. [સં. મગધ (દેશ) + ઈશ (રાજા)] પું. જરાસંધ

૨. પુ. મગધ દેશનો રાજા.

મગધેશ્વર જુઓ મગધેશ્વર.

મગધોદ્ભવ [સં.] વિ. મગધ દેશમાં ઉત્પન્ન થનાર.

મગધોદ્ભવા ૧. [સં.] સ્ત્રી. પીપર.

૨. વિ સ્ત્રી. મગધ દેશમાં ઉત્પન્ન થયેલી.

મગન ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ કે તે કર્ણની ૭૬નો એક ભેદ છે તેમ. તગણ, ત્રણ નગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.

૨. પું. માગવું જવું; આસન; ઊભવું કે બેસવાની મોકળાશ

૩ પુ. રસ્તો; માર્ગ.

૪. [સં. મગ્ન] વિ. આનંદમાં આવવું; ખુશી. ૨.જી' રળિયાત; આનંદી; સંતોષી; પ્રસન્ન, ઉલ્લાસિત.

મગન થવું = રાજી થવું; હરખાવું.

૫. વિ. ડૂબેલું.

૬. વિ. બેહોશ; મૂર્છા પામેલું

મગનતા સ્ત્રી. ખુશી; આનંદ; પ્રફુલ્લતા.

મગન રેંટિયો પું. એક જાતનો રેંટિયો.

મગફળી સ્ત્રી. ભાવરિયા; માંડવી; તેલાઓની એક શિંગ. તે જમીનની અંદર થાય છે. તેનાં પાન કુવાડિયાનાં પાન જેવાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે. તેને જમીનમાં મૂળિયાં અને નાની શિંગો ચોંટેલી હોય છે. તેને ખોદીને કાઢે છે. શિંગની અંદર લબગોળ, નાનાં, લાલ કોતરવાળા બેકથી ત્રણ દાણા હોય છે. તેનું તેલ કાઢવામાં આવે છે. બીનો કરાળમા ઉપયોગ કરવામાં આવે છે. માંડવીના દાણા મીઠાના પાણીમા પલાળી રાખી' શેકીને ચિનાઈ શિંગ બનાવવામાં આવે છે. મગફળીની ઘણી જાત છે. જેમકે, ઝીલડી, મઠડી, મગડી, માંડવો, સાંઢણી, દેશી. મગફળીની શિંગમાંથી મીઠું તેલ નીકળે છે અને ખોળ બને છે. ખોળ ઢોરોને અવડાવામ છે અથવા શેરડીને માટે ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે. મગફળીનો ખોળ શેરડીને બહુ અનુકૂળ મનાય છે.

મગબાફેલું ૧. ન. વ. વ. બાફ્યાં હોય.

૨. ન. વ. વ. બળતણ; સરપણ. બળતણના ફાડા; બાળવાનાં લાકડાનાં ફાડ્યાં; બળતણનાં લાકડાં; ઈંધણ. લાકડાં શબ્દ અશુભ ગણાય છે, માટે બળતણ માટે મગબાફેલું શબ્દ વપરાય છે.

૩. ન. વ. વ. મનમાં ને મનમાં મૂંઝાતું તે; હૃદયનો ઊંડો પરિતાપ; દેખા કોઈ; મનમાં કલેશ કે સંતાપ થવો તે.

૪. ન. વ. વ. રૂસણું; અણમના રહેવું તે.

મગબ્રાહ્મણ પું. સૂર્યનો પૂજારી બ્રાહ્મણ. સૂર્યના પૂજારી બ્રાહ્મણનું મગ નામ વિચિત્ર છે. એ નામ પરદેશી જણ, ભારી રીતે ઈરાનની મગીને મગાતું કે એ ઉપરથી નીકળેલું લાગે છે. વળી જિલમાળામાં એક જૂના સૂર્યમંદિરનું ખંડેર છે તથા એ ગામમાં ઓસવાળ વાણિયાના ગોર સેવક નામના બ્રાહ્મણોનાં કેટલાંક ઘર છે. આ લોકોની આકૃતિ જરા વિચિત્ર રીતે જુદી પડે છે. આ લોકો જૂના મગબ્રાહ્મણોમાંથી ઊતરી આવેલા લાગે છે.

મગભાર વિ. વજનમાં મગના દાણા જેટલું.

મગમગમાછલું ન. સળેખા તરફ રમાતી એક જાતની દેશી રમત. તેને આપણી ખિસકોલી પણ કહેવામાં આવે છે.

મગમગાટ પું. મઘમઘાટ; ઘમરોટ; સુગંધ; સુવાસ; મઘમઘવું તે.

મગમઠી સ્ત્રી. ખેતરમાં થતું એ નામે એક જાતનું અનાજ.

મગમા [હિં.] પું. કામળ બનાવવા માટે તૈયાર કરેલ ભાવને ધોવાની ક્રિયા

મગમાટલી સ્ત્રી. એ નામે એક જાતની દેશી રમત; ચકાચકલુ. ખુલ્લા મેદાનમાં કે શેરીમાં ખુલ્લી જગ્યામાં આ રમત રમાય છે. પ્રથમ પક્ષ પાડી એક પક્ષને માથે દાવ આપવાનું ઠરાવવામાં આવે. દાવ દેનારામાંથી એક છોકરા સિવાય બાકીના બધા એકબીજાથી ચાર ચાર હાથને છેટે એક હારમાં ઊભે પગે બેસે. બાકી રહેલો સામા પક્ષવાળાને પકડવા દોડે. દાવ લેનારાઓ બેઠેલા છોકરાની આસપાસ દોડ્યા કરે, દાવ દેનારો તેમને પકડવા દોડે. તે છોકરો બાકી બધા તો તે પોતાના પક્ષના બેઠેલા છોકરામાંથી કોઈને ઊભો કરી પોતે તેના જગ્યાએ બેસે અને તે ઊભો થયેલો છોકરો સામાવાળાઓને પકડવા જાય. તે દાવ દેનારા બેઠેલા છોકરાઓની વચ્ચેથી જઈ શકે નહિ. તેણે તો બેઠેલા બધા છોકરાઓને ફરતું ચક્કર મારવું પડે. જ્યારે દાવ લેનાર પક્ષનો કોઈ પકડાય, ત્યારે તે પક્ષને માથે દાવ આવે.

મગમાટલું ન. દીકરીને સાસરે વળાવતી વખતે આપવું માટલું.

મગમાટી સ્ત્રી. મરાઠ દેશમાં નીકળતી એક જાતની પીળાશટી માટી.

મગમાળા સ્ત્રી. મગના આકારના સોનાના મારવાણી ગ્રેકમાં પહેરવાની માળા; મગ જેવડા સોનાના મણકાની માળા.

મગમેથી સ્ત્રી. મગ તથા મેથી મેથીનું ભેગું બનાવેલું શાક.

મગર ૧. પું. આરાકાન પ્રદેશ. ત્યા મગ નામની જાતિ વસે છે.

૨. [સં. મકર] પું. મરોળીના આકારનું એક મોટું જળચર હિંસક પ્રાણી; મગરમચ્છ; ગ્રાહ; અવહાર; મોટો મચ્છ. તેની આયુમર્યાદા ૬૦૦ વર્ષની મનાય છે. તે આફ્રિકા અને એશિયાની મોટી નદીઓમાં હોય છે. તે માંસાહારી છે અને માણસને પણ ભરી જાય છે. તેનાં શરીર અને પૂછડી લાંબાં હોવાથી તેનાથી સહેલાઈથી ફરાતું નથી. તેથી માણસ અને જનાવર નાસી જઈ શકે છે

૩. સ્ત્રી. એ નામની એક જાતની ભરદરિયે રહેતી માછલી. તે પકડાતી નથી. કદાપિ જાળમાં પકડાય તો તે પકડાયેલાં બીજી માછલીને પણ ગળી જાય છે અને જાળ ફરીને બહાર નીકળી આવે છે.

૪. સ્ત્રી. નેપાળમાં બોલાતી એ નામની એક ભા'ષા.

૫. [હિં.] સ્ત્રી. નેપાળીઓની એ નામની એક જાત.

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. ન. ગોરખપુર નજીક આવેલ એ નામનું એક ગામ. ત્યા કબીરનો સમાધિસ્તંભ બાંધ્યો છે. તેથી કબીરપંથીઓનું તે યાત્રાનું સ્થળ છે.

૮. ન. માછલીના આકારનું કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૯. વિ. એ નામની જાતનું.

૧૦. અ. ઉપરાંત; વધારે.

૧૧. અ. તોપણ; છતાં.

૧૨. [હા.] અ. પણ; પરંતુ; લેકિન.

અગર મગર કરવું–લગાવવું = (૧) આનાકાની કરવી. (૨) ચોખ્ખી વાત ન કરવી. .

૧૩. અ. સિવાય.

૧૪. અ. જાણે સુધી

અગરમચ્છ [હિં] પું. સમુદ્ર; દરિયો.

મગરદંડ પું. એ નામે એક પ્રકારનો દંડ. તેમાં લાંબા પડી, હાથને લાંબો કરી આગળ એક પછી એક હાથ બનાવતા જવું. જેવી રીતે પાણીમાં તરીએ તેવી રીતે લાંબા પડી કરતા જવું.

મગરબ ૧ [અ. મગરબ] સ્ત્રી. પશ્ચિમ દિશા.

૨. સ્ત્રી. સૂર્યાસ્ત; સાંજ.

મગરબની નમાજ = સાંજની નમાજ.

૩. ન. પથ્થરો ફેંકવાનું ગોફણનું કામ કરે એવું યંત્ર

યંત્ર અગરબ્બિ ગોલા નાંખણ પદ્મનાભ

અગરબી ૧. સ્ત્રી. એ નામનું એક પ્રાચીન હથિયાર.

૨. સ્ત્રી. એ નામે એક જાતનો વેલો. તેનાં પાન લાંબાં, સાકડા અને તેજસ્વી હોય છે. તેમાં લીલાશ લેતાં પીળાં નાનાં ફૂલ થાય છે તેમ, લાંબલી રેખાની, વેંત એક લાંબી સામસામી બે સિંગો થાય છે, તેમાં ચપટા સફેદ ઉમ વાસણાનાં બી આવે છે. તેને ઊલબો પણ કહેવામાં આવે છે.

૩. [અ. મગરબી] વિ. પશ્ચિમનું.

અગરબો જુઓ અગરબ.

અગરમચ્છ ૧. પું. એ નામે એક જાતની દેશી રમત; અગરમચ્છુ.

૨. પું. નદી, તળાવ અને દરિયામાં થતું એ નામે એક જાતનું મોટું માછલું; મગર; મકર.

અગરમચ્છુ સ્ત્રી. એ નામે એક જાતની દેશી રમત. તે રમવાની જગ્યામાં વચ્ચે પંદર હાથ જગ્યા ખાલી રાખી તેની બંને બાજુએ પૂળાથી લિસોટા કરાય છે. આ વચલી પંદર હાથ જગ્યાને દરિયો કહે છે. પછી દરિયાની એક બાજુએ દાવ આપવાવાળી ટોળીના છોકરા અને બીજી બાજુએ દાવ લેનારી ટોળીના છોકરાઓ ઊભે છે. દાવ લેનારામાંથી એક છોકરો દરિયામાં મચ્છ થઈ ફરવા આવે તેને દાવ આપવાવાળી ટોળીનો એક છોકરો મગર થઈ પકડી જવા આવે. છેટલે મચ્છ થઈ આવેલા છોકરાને સામા પક્ષવાળાઓ પકડી પોતાની હદમાં લઈ જવાનું કરે. મગર થયેલો છોકરો પકડે તે પહેલાં મચ્છ છોકરો પોતાની હદમા આવતો રહે તો તેને પકડી લઈ જવાય નહિ. જો મગર થયેલો છોકરો મચ્છ થયેલાને ખેંચી જાય તો તે મરી ગયો ગણાય અને રમતમાંથી દૂર થાય. તેમ જો મચ્છ છોકરો મગર છોકરાને જોર કરી પોતાની હદમાં ખેંચી લાવે તો તે પણ દૂર થાય. આ પ્રમાણે જે ટોળીના બધા અથવા વધારે છોકરા રમતમાંથી દૂર થાય તે ટોળી હારી ગણાય.

અગરમસ્ત ૧. વિ. ખાઈ પીને નિશ્ચિત પડેલું. બેફિકર રહેલું.

૨. વિ. જાડું; સ્થૂલ કે હૃષ્ટપુષ્ટ, જબ્બર; મજબૂત; બેરાવર.

૩. વિ. મોટું; વિશાળ.

૪. વિ. દ્રવ્યથી મદોદ્ધત, અહંકારી; ગર્વિષ્ઠ; મદોન્મત્ત; ઉદ્ધત

અગરા ૧. સ્ત્રી. દેવની એ નામની એક અપ્સરા

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. [હિં.] વિ. અભિમાની.

૪ વિ. આડું અવળું.

૫. વિ. આળસુ.

૬. વિ. ઉદ્ધત; ઉદ્દંડ.

૭ ન. એ નામની અટકનું.

૮. વિ. ધૃષ્ટ.

૯. વિ. ધુન્નું.

૧૦. વિ. હ. વું

અગરાઈ ૧. સ્ત્રી. અભિમાની.

૨. સ્ત્રી. આળસ.

૩. સ્ત્રી. ઉદ્ધતાઈ.

૪ સ્ત્રી. બડાશ; ઠાઠીબાઠી.

૫ સ્ત્રી. ધમંડ, મોટી મહત્તાની

૬ સ્ત્રી. ધૃષ્ટતા

અગરિઅ ૧. [અ. મઘરિબ] સ્ત્રી. પશ્ચિમ દિશા.

... દિશી. ... દિશ = પૂર્વ કે પશ્ચિમ, આખી દુનિયા

૨ સ્ત્રી. સંખ્યાકરણની અમલ; મૂર્ખાઈ

૩. સ્ત્રી. સાંજની નમાજ.

અગરિયું ન. છાપરા ઉપર જવાનું બારું; છાપરે ચાપવાનાને ઉપર ચડવા માટે ગચ્ચામાં આવતું છાપરામાંનું નાનું બારું; છાપરા ઉપર ચડવાની બારી.

અગરી ૧. સ્ત્રી. એ નામની આસામ, બંગાળ અને સિક્કિમની એક ભાષા.

૨. સ્ત્રી. એ નામની ઇતિહાસપ્રસિદ્ધ એક તરવાર. તે સોળમા સૈકાના છેલ્લા સમયની અથવા તો સત્તરમા સૈકાના પ્રારંભના ગાળાની હોવી જોઈએ. જેલદુર્ગ વંશના ઉત્પાદક અબ્દુલ કુરબાની એ તરવાર હતી.

અગરી એ પણ એક ઇતિહાસપ્રસિદ્ધ તરવાર છે.

ઝાલિકરાવ

૩ સ્ત્રી. ઉત્તરી કારી.

ન. એ અગર. અગરીનો દલપતરામ

૪. સ્ત્રી. અગરની બાંધ.

અગરૂમ [અ.] વિ. અભિમાની; અહંકારી, કુળમાં મત્ત, અહંકાર; ઉન્મત્ત; ઘમંડી; ગર્વિષ્ઠ

અગરૂબી [અ.] સ્ત્રી. અભિમાન; ગર્વ; પતંગજ; મદ; અહંકાર; હિમાગ્ર; ઘમંડ.

અગરૂબી ચડવી = ખુમારી આવવી; અહંકાર ઉત્પન્ન થવો. રાઈ ભરવી.

અગરૂર [અ] વિ. અગરૂમ.

કટે દેખાવે એ અગરતિ જણાવે જગતમાં,
ખરે એ મહોરાનો અગરૂર રહે હેરા નવ કાં ?

નર્મદાશંકર

અગરૂરી સ્ત્રી. અગરૂબી. કોલ્ટન જણાવે છે કે, લોહચુંબકની માફક અગરૂરી એટલે અહંતા હમેશા પોતાના તરફ એકલક્ષી હોય છે, પરંતુ લોહચુંબકની જેમ તે બીજાઓને પોતાની તરફ નહિ આકર્ષતાં દૂર હડસેલે છે.

અગરેઅ જુઓ અગરિઅ.

અગરેલા [હિં.] પું. કલોંજી જીરું.

અગરો ૧. પું. કુંજર.

૨. પું. નદીનો ઊંચો કિનારો.

૩. પું અગરનો નર.

અગરોરા પું નર્મદાના, દક્ષિણ તટ ઉપર આવેલ એ નામના એક ઘાટ સિવ ઘાટ. અહીં અગરોનો બહુ જ વાસ હોવાથી તેનું નામ અગરોરા પડી ગયું છે.

અગરોસન [હિં.] સ્ત્રી. સોનેરી. અબ્બર

અગલટ્ટા સ્ત્રી. મુસલમાનોમા બીજે તલાક આપવાની એક રીત.

અગલિક સ્ત્રી. એક જાતની સુગંધી ફૂલવાળી વનસ્પતિ.

અગલિબ ૧. [હિ.] પું (સંગીત) ચોર્યાસ માર્ગની એ નામની એક હોબા.

૨. વિ. હારેલું; પરાજિત.

અગવલ પું. (કચ્છી) એક જાતની વનસ્પતિ. તેના છોડ જમીન ઉપર પથરાયેલા હોય છે. તેને બેઠી સમેરવી પણ કહે છે.

અગવવું ૧. સ. ક્રિ. આગળ લાવવાનું કહેવું; મગાવવું

૨. સ. ક્રિ. અગાઉ કરવું.

અગવીણો પું. (સંગીત) સરજાર્કની જાતનું એક જાતનું વાજિંત્ર. તે નારિયેળના કોચલામાંથી બનાવવામાં આવે છે.

અગહિયર પુ માગશર મહિનો

માર્ગશીર્ષ, સહ્ય, માર્ગ, અઘહ્યણિક એ બાર પુલિંગ નામ અગહિયરના છે. અમરકોષ

અગાઉલ વિ તહલીલ, મચ્યગૂલ

અગારોલ પું. એક જાતનો કઠણ પથ્થર, તેને અગડિયો પથ્થર પણ કહેવામાં આવે છે.

અગાધ સ્ત્રી. સફેદ ધોળાને બદલે એક જાતનો રોગ. તેથી શરીર ઉપર નાના ડાઘ પડી જાય છે.

અગાસ ૧. પું અશોકના સમયનો એ નામનો એક રાજા.

અગ્ર

૨. પું. ચાલુક્યોના એક પ્રાચીન ચોલા જાતિનું નામ.

૩. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૪. [હિ.] સ્ત્રી. માખી.

અગસગીર ૧. [હિ. અગસ (માખી) + ગીર (પકડવું તે)] પું. કરોળિયાનું જાળું.

૨. પું. કરોળિયો.

અગસરાન [હિ. અગસ (માખી) + રાન (હાંકે તે)] ન. માખીઓ ઉડાડવાનો પંખો.

અબલસરાનની કીમત પણ દામ નક્કી કરવામાં આવે છે આઈને અકબરી

અગસરાની [હિ.] સ્ત્રી. માખીઓ ઉડાડવાની ક્રિયા.

અગસિર ૧. પું. માગશર મહિનો.

૨. [સં. મૃગશિરસ્] ન. (જ્યોતિષ) મૃગશર નક્ષત્ર.

અગસી [હિ.] વિ. માંસ કરડેલું.

અગહ [હિં.] પું. મગધ દેશ.

અગહપતિ ૧. [હિં.] પું જરાસંધ.

૨. પું. મગધ દેશનો રાજા; મગધપતિ.

અગહય જુઓ મગહ.

અગાહી ૧. સ્ત્રી. એક જાતનું અનાજ.

૨. વિ. મગધ સબંધી.

૩. વિ. મગધમાં ઉત્પન્ન થયેલું.

અગૈહ [સં.] વિ. બાજબટાવનો ધંધો કરનાર.

અગોધ સ્ત્રી. લલિતવિસ્તરમાં કહેલી એ નામની એક લિપિ.

અગ્ગા ૧. સ્ત્રી. જગ્યા; મોકળાશ; ખુલ્લાપણું.

૨. સ્ત્રી. સમૂહ; જથ્થો; ઢગ.

વહાણ રેતીના અગ્ગામાં ફસી ગયું અને અનેક પ્રયત્નો કર્યા છતાં તેમાંથી ન નીકળ્યું.
ઉપદેશ સારસંગ્રહ

અગ્ગામઠી સ્ત્રી. જંગલી મહુનો એક જાતનો ઝોડ. તે એકથી બે ફૂટ ઊંચો થયે છે. તેનાં પાન ત્રણ આંગિયાવાળાં ત્રણ ત્રણ જોળાં હોય છે. તેમાં પીળા રંગનાં ફૂલ આવે છે અને મગદળી જેવી પણ પાતળી સિંગ થાય છે. તેમાં મગના જેવાં દાણા જેવા રંગનાં બી હોય છે. અગ્ગામઠી દવામાં બહુ ઉપયોગી છે.

અગ્ગાવવું ૧. સ. ક્રિ. જણાવવું; બંતાવવું; જોવરાવવું.

૨. સ. ક્રિ. આગે કે વાચે તેમ કરવું; વાચના કરાવવી.

અગ્ગાવું સ. ક્રિ. આગે એમ થવું.

અગ્ગાસ [પ્રા.] સ્ત્રી. મેદાનકડી.

અગ્ગિની [સં.] સ્ત્રી. હોળી; મજરો.

અગ્ગિયર ૧. સ્ત્રી. મુસલમાન લોકોની મુખલ લોકોને મળતી એ નામની એક જાત.

૨. સ. એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનું.

અગ્ગિવા ૧. પું. સ. સ. મગ જેવા કટકા

૨. સ્ત્રી એ નામે દક્ષા મીમાણી વાણિયાની એક અટક.

૩. સ. એ નામની અટકનું માણસ

૪. વિ. એ નામની અટકનું.

અગ્ગિયાળળ સ્ત્રી માણસને લાલચથી તેમાંથી પાપ છૂટી ન શકે તેવી જાળ.

અગ્ગિયું ૧. ન. કડી તરફ રમાતી એ નામની એક દેશી રમત; ખોબિરિયું.

૨. ન. ઓઢવાને પહેરવાનું સુતરેણ પોત અને રેશમી કોરનું કપડું; ચંદરવા; ચંદરણા; દેશી સાડી. તેનો રંગ મગના રંગને મળતો હોવાથી તેને મગિયું કહેવામાં આવે છે.

૩. વિ. મગ જેવું; મગ જેટલું નાનું અને નાલુક.

અગ્ગિયો ૧. પું. એ નામે એક જાતનો પક્ષી. મગના રંગનો હોવાથી તેને મગિયો કહેવામાં આવે છે.

૨. પું. એક જાતનો રંગ; મગિયા.

૩. પું. ચૂનાને કૂટી ચાળી કાઢેલો ભાગ.

૪. પું. ચૂનો તથા રેતી બેગરી કરેલ ગારો.

અગ્ગિરિ સ્ત્રી. એક જાતનું વાજિંત્ર; મોરલી.

અગ્ગી ૧. સ્ત્રી. ઈરાનની આજુબાજુમાં રહેતી એ નામની એક જાતિ.

૨. સ્ત્રી. એક જાતનો વેલો. તે એકથી બે ફૂટ લાંબો અને પાતળો, જમીન ઉપર પથરાયેલ અને તેનાં પાન ચિકાશ જણ ત્રણ ત્રણ આંગાવાળાં હોય છે. તેમાં પીળા રંગનાં ફૂલ આવે છે અને મગદળી જેવી પણ પાતળી સિંગ થાય છે. તેના દાણા મરીના જોડો રખપાત્રમને દિવસે આવે છે.

મારો મરચાઈ સ્લો ને અગી અરણી ને મરેઠી.
પ્રેમાનંદ

૩. સ્ત્રી. ત્રીજા દાણાના મગ.

૪. સ. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

અગ્ગીન્સ સ્ત્રી. એ નામે એક જાતની રમત.

અગ્ગીરી સ્ત્રી. (કચ્છી) એક જાતની વેલ. તેને સિંગો થાય છે.

અગ્ગીસન પું. હિંદુસ્તાનમાં ચાલતો એ નામનો એક શક; ભારતીય સવતો માંહેનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૬૨૬થી શરૂ થયો હોવાનું મનાય છે. આ સન બહુધા ભંગાણી સન જેવો છે. ફેર માત્ર એટલો જ છે કે, એનો પ્રારંભ ભંગાણી સન પછી ૪૫ વર્ષે થયો છે. એ ઉપરથી એમ મનાય છે કે, ભગાણી સનના પ્રચાર પછી ૪૫ વર્ષે આ નવો સન લોકોએ સ્વીકાર્યો. ભગાળના ચટસાંવ જિલ્લામા આ સનનો પ્રચાર છે. આ સનને મગીસન કહેવાનું કારણ એ લાગે છે કે, આરાકાનના રાજાએ ઈ સ. નવમી સદીમા ચટગાવ જિલ્લો કબજે કર્યા હતો, ત્યારથી તે ઈ. સ. ૧૬૬૬ સુધી આરાકાનિનો એટલે મગોની હકૂમતમાં તે રહ્યો, એટલે મગોના નામ ઉપરથી આ સન મગીસન કહેવાયો

અગ્ગીસ્તાન [હિ.] ન. ડાહ્યા પુરુષોની સભા; અમીર ઉમરાવો અને લોકોના મુખ્ય માણસોની સભા; 'પાર્લમન્ટ'.

અગ્ગીસ્તાન યાને પાર્લામેન્ટ પ્રથમ સ્થપાયું તેના પણ એક દેશની સહેનશાહતને કાબે હતુ. એ નામીસ્તાનમા ઉમરાવ, સાહુકારો અને રૈયતના મુખ્ય લોકો બેસતા. સાંજવર્તમાન

અગ્ગુ [હિ.] પું. માર્ગ; રસ્તો; પથ; રાહ.

અગ્ગુરી સ્ત્રી. એક જાતની માછલી.

અગ્ગું વિ. આગનાર. જેમકે, નાગમગું.

અગ્ગેચ્ચા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

અગ્ગોટું જુઓ મગોટું

અગ્ગોટું ન. મગના ઝોડનાં પાતની પાંદડી; મગનો પાલો

અગ્ગોડું (અગોડું) ન. સ. સ. મગની દાળનાં વડા

અગ્ગોર [હિ.] સ્ત્રી. એક જાતની માછલી.

અગ્ગોરી સ્ત્રી. સૂકા ઝોળનો ભારવો.

અગ્ઘ ૧. [હિ.] પું. આકાશ.

૨ પું. પથ; મત; સંપ્રદાય.

૩. પું. પ્રતિકમણનું પર્યાયવાચક નામ.

૪. [સં. મુદ્] પું. (પ્રાકૃત) મગ નામનું ધાન્ય

૫. [સં. માર્ગ] પું. માર્ગ; રસ્તો.

૬. પું. મોક્ષમાર્ગ.

૭. પું. (જૈન) સૂયગડાંગ સૂત્રના અભિધારમા અધ્યયનનું નામ.

અગ્ગણ્ય ૧. [સં. માર્ગણા] સ્ત્રી. (પ્રાકૃત) ઢારણકાર્યનો વિચાર.
૨. સ્ત્રી. તપાસ કરવી તે.

અગ્ગદત્ત પું. (જૈન) ઐરવત ક્ષેત્રના વર્તમાન ચોવીસીના ૨૩મા તીર્થંકર.

અગ્ગસિર [સં. માર્ગશિરસ] પું. માગશર મહિનો

અગ્ગસિરી [સં. માર્ગશિરી] સ્ત્રી. માગશર માસની પૂનમ.

અગ્ગી સ્ત્રી. (સંગીત) ષડ્જગ્રામની સાત મૂર્છનાની એ નામની એક મૂર્છના.

અગ્ઘ ૧ [હિ.] પું. કોઈ પણ બીજનો અર્ધો.
૨. પું. હિમાગ; બેન્તુ; અગ્ઘ.

અગ્ઘરોહાન [હિ.] સ્ત્રી. સુવણી, અગ્ઘર.

અગ્ઘ જુઓ અગ્ઘ.

અગ્ઘે આહામ [ફા. અગ્ઘ (બી) + આહામ (અદમ)] પું. બદામનું બી.

અગ્ઘર પું. અગરબત્તી.

અગ્ઘ ૧. [સં] પું એ નામનો એક પર્વત.
૨. વિ. ખુશી; આનંદી; પ્રસન્ન; આનંદમય.
૩. વિ. તલ્લીન; ડૂબેલું; ગરક થયેલું; રચ્યુંપચ્યું; તરબોળ; ઓતપ્રોત; મશગૂલ; લીન; ફુલાઈને; ખૂબ.

અગ્ઘા સ્ત્રી. જગ્યા; સ્થાન; ઘેડ.

અગ્ઘાર્ઈ ૧. સ્ત્રી. અભિમાન; ગર્વ.
૨. સ્ત્રી. ઈર્ષા; દ્વેષ; જલ

અગ્ઘાર્ઈપણું જુઓ અગ્ઘાર્ઈ.

અગ્ઘાર્ઈી જુઓ અગ્ઘાર્ઈ.

અગ્ઘી સ્ત્રી. અરનું અષાઢ ચોમાસ.

અગ્ઘેલા ન. બહુ અરાબ ગંધવાળું એક જાતનું ઝાડ ત્રિકોણાકાર બી.

અઘ ૧. [સં] પું. આરાધાન દેવ.
૨ પું. એ નામે એક ઘેટ.
૩ [પ્રા.] પું. મેઘ
૪. પું. સૃષ્ટિના સાત મન્વંતરો એ નામનો એક ખંડ.
૫. ન. ધનાગમ; પુરસ્કાર.
૬. ન. એક જાતનું ફૂલ.
૭. ન. ધન; સંપત્તિ
૮. ન. (જ્યોતિષ) મઘા નક્ષત્ર
વરસે મઘ ને ચણાનો દમ = જો મઘ નક્ષત્રમાં વરસાદ થાય તો ચણાનો પાક ઘણો જ થાય.
૯. ન. સુખ; આનંદ.

અઘા જુઓ અગ્ઘ.

અઘડી ૧. [અ.] પું. લડાઈનું મેદાન.
૨. [ફા.] સ્ત્રી. ઠોર; મગજ.

અઘડિયા (અઘડિયો) ૧. સ્ત્રી. બીબીપાંસળીનું ચામ કરનાર સોનીની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

અઘદ્વીપ [સં.] પું. એ નામે એક બેટ.

અઘન ૧. ન. મીંઢળ.
૨. ન સુગંધી.

અઘડૂર (અઘડર) ૧. [અ.] વિ. મરી અયેલું, મર્દમ
૨ વિ. માઠ કરેલું.

અઘમઘ સ્ત્રી અઘમઘવું તે; સુવાસ; પરિમલ; પમરાટ

અઘમઘતું વિ. સુગધિત; સુગંધી; કોરતું; ખુશબોદાર; સુવાસિત.

અઘમઘવું અ. ક્રિ સોડમ કે વાસ ફેલાઈ રહેવી; વાસ ફેલાઈ રહેવી; કોરવું; સુગંધ પ્રસરી રહેવી; બહેક બહેક થઈ રહેવું; અઘમઘાટ થવો; ખુશબો ફેલાવી; બહેકવુ.

અઘમઘાટ પું. સુગધી ફૂલ વગેરેની વાસ કોરવી કે ફેલાવી તે; ખુશબોનું બહેક બહેક થઈ રહેવ તે; અઘમઘવું તે; સુગંધનું પ્રસરી રહેવુ તે; સોડમ; સુગધનો બહેકાટ.
અઘમઘાટ થવો-થઈ રહેવો = સુગંધ ફેલાવી; ખુશબો બહેકવી; ખુશબો પમરાઈ રહેવી; સુગંધમય થઈ રહેવુ.

અઘમારગ ન. તાંબેર જિલ્લામાં આવેલું એ નામનું એક પવિત્ર તળાવ.

અઘમૂમ [અ.] વિ. દિલગીર; અફસોસ પામેલું; ગમગીન.

અઘર સ્ત્રી. મઘર; મગરી.

અઘરણ ૧ [અ. ઘરબ (ગરત)] પું પશ્ચિમનો દેશ; આદિક.
૨. સ્ત્રી પશ્ચિમ; પશ્ચિમ દિશા; મગરિબ.
૩. સ્ત્રી. સાંજની નિમાજ
૪ સ્ત્રી સુર્યાસ્ત.

અઘરણી ૧. [અ.] વિ. ઉત્તર અમેરિકનું.
૨. વિ પશ્ચિમનુ.

અઘરા ૧. સ્ત્રી. એક જાતની માછલી. તે મધ્ય મધ્ય વજનની, ચાંદી, વીંસી અને ભાડી થાય છે.
૨ સ્ત્રી. સંધિની એ નામની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.
૫. [હિ.] વિ. ચુસ્ત.

અઘરિયા જુઓ અઘરણ.

અઘરિયું ન. આકારણીની; જકાતમાં કે ધંધામાં ઉપરથી જાજવાનું આવવાને મોટી આવી.

અઘરી ૧. સ્ત્રી. એક જાતની માછલી.
૨. સ્ત્રી. મગરની માદા.

અઘરું વિ. ધીમું; હળવું; ધીરું.

અઘરૂત [અ.] સ્ત્રી. બળજબરીથી લીધેલ વસ્તુ.

અઘરૂર ૧. [અ.] વિ. અભિમાની; ગર્વિષ્ઠ; અહંકારી.
૨. વિ. ઉગ્ર સ્વભાવનું.
૩. વિ. ઉતરાવેલું.
૪. વિ પું. ગેરસમજથી જોને પરણેલ. પુરુષ માટે વપરાય છે

અઘરૂરી [અ.] સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ; મગરૂરી.

અઘરેખી સ્ત્રી. અષાઢ મહિનો એ નામની એક અર્વાચીન લિપિ

અઘરો પું મગરીનો નર.

અઘલતા ૧ [અ. ઘલત (તેણે ભૂલ કરી)] સ્ત્રી. ગેરવાજબી સવાલ.
૨. સ્ત્રી. બોલવામાં ભૂલ.

અઘલુબ [અ. ઘલબ] વિ. જિતાયેલું; હારેલું

અઘલૂબિયત [અ.] સ. તાબે કરવું તે.

અઘવ જુઓ અઘવા ૧.

અઘવત ૧. [સં. અઘવત્] પું. ઇંદ્ર.
૨. ન. ધુપદ પહી.

અઘવતી [સં.] સ્ત્રી. ઇંદ્રાણી.

અઘવત્પ્રાણરક્ષક [સં.] પું. પુરુષોત્તમના કબ્બર માંહેનું એક નામ.

અઘવા ૧. [સં. અઘવન્] પું. ઇંદ્ર; દેવરાજ; શક્ર; પુરંદર. અમરકોષમાં ઇંદ્ર, મઘવાન, અઘવા, બિડૌજા, પાકશાસન, શતક્રતુ, શુનાસીર, પુરુહૂત, પુરંદર, જિષ્ણુ, લેખર્ષભ, શક્ર, શતમન્યુ, દિવસ્પતિ, સુત્રામા, ગોત્રભિદ, વજ્રી, વાસવ, વૃત્રહા, વૃષા, વાસ્તોષ્પતિ, સુરપતિ, બલારાતિ, શચીપતિ, જંબભેદી, હરિહય, સ્વારાજ, નમુચિસૂદન, સહસ્રદ્રગ, દુશ્ચ્યવન, તુરાસાહ, મેઘવાહન, આખંડલ, સહસ્રાક્ષ, મરુત્વા એ ઇંદ્રનાં પર્યાયો નામો છે.
સહ શતક્રતુ શચીપતિ, મેઘવન પુરુહૂત,
કૌશિક વાસવ વૃત્રહા અઘવા મારુતિસુત.
વિશ્વામિત્રકોષ
૨. પું. એ નામનો એક રાજવ.

૩. પુ. (જૈન) ત્રીજા ચક્રવર્તી રાજા.
આવસ્તી નગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રા રાણીના પુત્ર અયશા નામે ત્રીજા ચક્રવર્તી થયા. આર્યકાલ્યમહોદધિ

૪. પું. પરમેશ્વર; પ્રભુ.
જેનામાં સંપૂર્ણ જ્ઞાન છે તે અયશા પરમેશ્વર. નિરુક્ત

૫. પું. સાતમા દ્વાપરના વ્યાસનું નામ.

૬. ન. યુયક્ષ.

૭. વિ. ઉદાર

અયવાજિત [સં. અયવાજિત્] પું. (પુરાણ) રાજાના મોટા પુત્ર ઇર્વાજિત; અયનાદ.

અયવાનકોરેક [સં.] પુ. શિવનાં ઉદાર માઠનું એક ન.મ.

અયવાપતિ [સં.] પું. ઇંદ્ર.

અયવાપ્રસ્થ [સં.] ન. ઇંદ્રપ્રસ્થ નામનું પ્રાચીન નગર.

અયવાર્ષિપુ ૧. [સં.] પું. ઇંદ્રના યજ્ઞ
૨. પું. અયનાદ; ઇર્વાજિત.

અયવા પું. પાછી વહી જવા માટેનું વહેળાનું.

અયા ૧. [સં.] સ્ત્રી. એ નામ એક આર્યાવૃત્ત.
૨. સ્ત્રી. કન્યા, પત્ની.
૩. સ્ત્રી. (પુરાણ) સોમની સત્તાવીસ માઠેની એ નામના એક જો.
૪. ન. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માઠનું એ નામનું દશમું નક્ષત્ર. તેના નામ ઉપરથી માઘ માસનું નામ પડ્યું છે. મઘ માસમાં આ નક્ષત્ર સમ્પ્રાપ્તિ હોય છે અને પરોઢિયામાં અસ્ત થાય છે. તેમાં પાંચ કે સાત તારા હોય છે. તેનો આકાર માંચા, ભાંગેલો મકો, હાથરડું કે હંસાના જેવો દેખાય છે. તેનો સ્વામી પિતર કે પિતૃગણ છે. તેના પાયના અક્ષર મા, મી, મુ, મો છે. આ નક્ષત્રને ઓમેજ્ઞમાં લીઓ કહે છે. તેમાં જે પાંચ તારા છે તેનાં વરપિયન નામ ઇટા-લીઓનિસ, ઇ-લીઓનિસ, આલ્ફા-લીઓનિસ, ઝીટા-લીઓનિસ અને ગામા-લીઓનિસ છે. આલ્ફા-લીઓનિસને અમેજ્ઞના રેગુલસ કહે છે. કાઈ વણી આ નક્ષત્રમાં પાયને બદલે દશ કે સાત તારા હોવાનું માને છે. મઘા પચક બહુ પ્રસિદ્ધ છે. તેના પંચમાંથી ચાર તારા મોટા હોય છે. તેમાનો એક સમાંતર ભુજ ચતુષ્કોણ બને છે. તેને સમભુજ ચતુષ્કોણ કહીએ તોપણ ચાલે. તેમાનો પશ્ચિમ તરફનો બાજુનો દક્ષિણ ઉંડાનો તારો સૌથી તેજસ્વી છે. તે પ્રથમ વર્ગનો છે. તેના દક્ષિણે એક નાનો તારો છે. તે પાયમો તારો હોઈ શકે. પૂર્વ તરફના બે તારા કરતા દક્ષિણ તરફનો તારો વધારે તેજસ્વી છે. બે તારાના આરંભકાળમાં મઘા નક્ષત્ર સવી સાંજે પશ્ચરિતકની દક્ષિણે દેખાય છે. એ નક્ષત્રમાં માખીઓ બહુ ઉત્પન્ન થાય છે અને ગાય, ઘોડા, બળદ વગેરેને બહુ જ હેરાન કરે છે. કહેવાય છે કે, મઘામાં રોગ થાય તો મૃત્યુ થાય છે. આ નક્ષત્રના તારાઓને સિંહની બરદાસ કલ્પવામાં આવેલ છે. તેના છ તારામાનો પહેલો તારો પણ જ તેજસ્વી છે, જે નાવિકોને દરિયાની મુસાફરીમા માર્ગદર્શક થાય છે. તેનો આસ્ત સૂર્યથી થાય બહો છે તથા તેનું તેજ સૂર્યથી અઢારસો ગણું વધારે છે.

૧. જો વરસે મઘા તો ધાન્યના થાય દગા = મઘા નક્ષત્રમા વરસાદ આવે તો પુષ્કળ અનાજ પાકે.

૨. મઘાની ઓરણી = મઘા નક્ષત્રમાં કરેલી ઓરણી. મઘા નક્ષત્રનું વાવેતર.

૫. ન. ચંદ્રમાનું દશમું ભવન.

૬. ન. (જૈન) ભાવી નરકનું નામ.

૭. ન. જ્ઞાનાગૃહ; અભ્યાસનું સ્થાન

અયાત્રયાદશી [સં.] સ્ત્રી ભાદરવા વદિ તેરસ.

અયાપંચક વ. (જ્યોતિષ) મઘા નક્ષત્રના પાંચ તારાનો સમૂહ.

અયાભવ [સં.] પું. (જ્યોતિષ) શુક્ર ગ્રહ.

અયાભૂ [સં.] પું. (જ્યોતિષ) શુક્ર ગ્રહ.
શુક્ર અને મંગળના અનુક્રમે અયાભૂ અને અંગારકભૂ જેવા નામો છે. તે તે વાર, તે તે ગ્રહ અને ચંદ્ર એ ત્રણેના મેળ સાથે થયેલ નિકટ સમાગમથી તે નામો પડ્યા છે. જ્યો. તત્ત્વપ્રકાશ

અયારણ [જા.] સ્ત્રી. ગુફા; ગુહા.

માંચલાપા પું. કોઈ શબ્દના અક્ષરો ઉલટાવી નાખવાથી થતો શબ્દ.

અરી [સં.] સ્ત્રી. ભાદરવામાં થતુ એક જાતનું ધાન્ય કે અનાજ.

અર્મેઘ [સં. માઘવૃષ્ટિ] ન. શિયાળાનો વરસાદ ખાસ કરીને માઘ મહિનામાં આવતા વરસાદને મઘેઘ કહેવાય છે.

અર્ધેયા ૧. પું. મગધનો રહેનારો માણસ.
૨. સ્ત્રી. બિહારના બેતૂતોની એ નામની એક જાત.
૩. સ્ત્રી. બાલણની એ નામની એક જાતિ
૪. ન. એ નામની જાતિનુ માણસ.
૫. વિ. એ નામની જાતિનુ.

અર્ધોની [સં.] સ્ત્રી. ઇંદ્રાણી; મઘવાની પત્ની; શચી, ઇંદ્રપત્ની.

અન્ય ૧. [સં.] અ.ક્રિ. અભિમાન કરવું.
૨. અ ક્રિ. દંભ કરવો; ઢોંગ કરવો.
૩. અ.ક્રિ. ઠીપવું; શોભવું
૪ અ ક્રિ. પ્રકાશવું.
૫. અ ક્રિ. ધુમ્મા થવું, થાક થવું.
૬ સ ક્રિ. ઉત્થાપન કરવું.
૭. સ ક્રિ. દળવું, ભુકો કરવો
૮. સ.ક્રિ. ધારણ કરવું.
૯. સ.ક્રિ. પૂજવું.

અય ૧. પું (કચ્છી) તાપ; ભઠકો.
૨. પું. પ્રાચીન હિંદના એ નામનો એક પર્વત.
૩. પુ. સુસ્તી; આળસ.
૪. [અં.] વિ પંચુ.

અયક ૧. સ્ત્રી. અપહરણ, પડ્યું હોવું કે હતું તે, નમવું આપવું તે, પાછી પડતા કરવી તે; પરાવૃત્તિ.
અયક ન આપવો = ન હતું; પાછી પતી ન કરવા, નમવું ન આપવું.
૨. [હિં.] સ્ત્રી. કપાસ, કાપ; ખોજો.
૩. સ્ત્રી. ધ્યાન ઉપર લેવું તે; હરકાર કરવી તે.
૪. સ્ત્રી. રસથી એકતાન થઈ જવું તે.
૫. સ્ત્રી. સામો જવાબ દેવો તે; પ્રત્યુત્તર.
૬ સ્ત્રી. સામાનો દુબાવો.

અયકણિયા ૧. સ્ત્રી. એ નામની વાણિયાની એક જાત
૨. ન એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનુ.

અયકણિયું ન. કાનના આગલા ભાગને વીંધાવીને પહેરવામા આવતુ એક જાતનું પરેણું; કોકરવું; ડુમખું.

અયકડ પું. એક જાતનો છોડ. તેનાં ફૂલ માથાના દુબાવા ઉપર લગાડાય છે.

અયકા ૧. [હિં.] પું ધક્કો; ઝટકો.
૨. પું. વેપારમા મંદી.

અયકારવું અ.ક્રિ. ધંધારો કરવો.

અયકારો પું. આંખમીંચામણી; આંખ મીંચીને ઇશારો કરવો તે.

અયકારવું સ.ક્રિ. મચકોડવું, મરોડવું; મરડવું.

અયકારું અ.ક્રિ. લક્ષ્યાર્થ જવું.

અયકાળું વિ. મિલનસાર; ભટકાળું; મચકો કરનાર; ઠમકોને ચાહનાર
ઠમકારી કટંબ ચોમાવવા આપ્યું,
ન આવી મયકાળી આપ્યું. કવિતા ૭૫

મચ્છુંદ કું. મોગરો.

ધીરદાંત ધીરણા અતિ અમળે,
ઘાણ વને મમાં જ મચ્છુંદ ફૂલો. ઝવેરદાસ

મચ્છૂર ૧. કું. વિષ.

૨. વિ. મજબૂર; લાચારવું; ગાભરું.

મચ્છો ૧. કું. ગર્વ; અભિમાન.

૨. કું. તરખોડ, ત્રાસ.

૩. કું. ઘાઘરો; ચાળો; ઠમકો; ઠબકો; ઘટકો, ઝબકો; મચકવું અને વળી ઘટકો કરી પગ તથા અંગ મરડીને ચાલવું તે; ઝબકો કરીને હાલવું તે; મુખ, અંગ અને ગતિની એકસાથે જ કરવામાં આવેલી હલક. પોતાનાં રૂપનાં જાનવાળી રૂપાળી સ્ત્રી બીજા કોઈ પુરુષને જુએ ત્યારે જરાક મોં મરડી મજાકમાં ઓહો તારું રૂપ! જેમ ગર્વવાચક ઉદ્ગાર કરે તે મચ્છો કહેવાય છે એક અનુપમ નારી દીઠી, પાંચ પુરુષના મરમાં જેટી, ત્રીસ નરે ચીરી ખાય, એ નારી બહુ મરમ માત; મરતાં મરતાં મચ્છો કરે, તેમ તેમ તે નારી રૂપજ ધરે. ઉખાણું

૪ કું. ઝબકારો; ઠાઠ

મચ્છોડ (મચ્છોડ) ૧. કું. ઠેલો; હડસેલો; પ્રતિઘાત.

૨. કું. ખિજ્મરી વર્તન; તિરસ્કાર; તરછોડ.

૩. કું. હારવું તે; હાર.

૪. સ્ત્રી. મચકાવું તે; અમળાવું કે ઊતરી જવું તે; મરડ; પગ હાથ વગેરેનું જરાક વાંક આવી મરડાવું તે; મોચ; કરમોડ; લચક. પગ આડોઅવળો ઊંચી નીચી જમીનમાં કે ખાડામાં પડે ત્યારે મચ્છોડ થાય છે. જે જગ્યાએ મચ્છોડ થયો હોય તે જગ્યાએ સોજો ચડે છે. તે ભાગ ગરમ હોય છે અને દબાવીએ તો દુખે છે અને પગ ઘંસાય છે. તે મટાડવા ગાયબળદનાં ખરિડાં અને મીંડું પાણીમાં નાખી ગરમ કરવું અને આદીનો કટકો લઈ, તેની ગડી કરી, ગરમ પાણીમાં બોળી તેનો શેક કરવો. આમ સવાર સાંજ બે વેળ કલાક શેક કરવાથી મચ્છોડ મટી જાય છે. અથવા મેદાસકડી, સાજીખાર અને અંજનાઢળદર ત્રણે સરખે ભાગે લઈ તેનું ઝીણું ચૂર્ણ કરવું અને વાટકીમાં ચૂર્ણ અને થોડું પાણી નાખી તે ગરમ કરી લેપ કરવો.

મચ્છોડ ખાવી = મરડાઈ જવું.

મચ્છોડવું (મચ્છોડવું) ૧. સ. ક્રિ. અભાવ કે તિરસ્કારદર્શક ચાળા સાથે મોં ફેરવી નાખવું; મોઢું ઘટાડું કરવું; મોં મરડવું

મોં મચ્છોડવું = (૧) ભડકી જવું; ખરાબ થઈ જવું. (૨) મોઢું બગાડી જવું; મોં ખરાબ કરી જવું.

૨. સ. ક્રિ. ઉડાવવાની મતલબથી હાથમોંના ઇશારા કરી બોલવું.

૩. સ ક્રિ. મચકવું; મરડવું; આમળવું; ઊલટી બાજુ તરફ વળે કે અમળાય તેમ કરવું; ઝબકાવવું; મોચવવું; કરમોડી નાખવું.

મચ્છોડાવવું (મચ્છોડાવવું) સ. ક્રિ. મચ્છોડાય તેમ કરવું.

મચ્છોડાવું (મચ્છોડાવું) ૧. અ. ક્રિ. અમળાવું; મરડાવું, મચકાવું; ઊલટી બાજુ તરફ વળી જવું; વા.રૂ.

૨. અ. ક્રિ. હતપ્રભ ઈન્દ્ર જેવી; દિલગીર કે દુઃખી થવું

મચ્છુકુક ૧. [સં.] કું. (પુરાણ) એ નામનો એક વંશ

૨. સ. (પુરાણ) કુરુક્ષેત્રમાં આવેલ એ નામનું એક તીર્થ

મચ્છ (મચ્છ) જુઓ મચ્છોડ.

મચ્છડમચ્છર (મચ્છડમચ્છર) સ્ત્રી. દરિયા-કિનારાને લગતા ખુલ્લા મેદાનમાં થતી એક જાતની ઝાડી. તેમાં ખારાશ સ્વાભાવિક હોય છે. તે લોહીને શુદ્ધ કરનારી મનાય છે.

મચ્છવું (મચ્છવું) ૧. સ. ક્રિ. ફાળીને ચાંકું કરવું; અમળાવું; મરડવું; ચાળવું; મચકારી નાખવું.

૨. સ ક્રિ. પીસવું; મસળવું; ચોળી નાખવું

મચ્છાવવું (મચ્છાવવું) સ. ક્રિ. મચ્છાય તેમ કરાવવું.

મચ્છાવું (મચ્છાવું) અ. ક્રિ. મરડાવું; ચાંકું થવું; અમળાવું; મચકાય તેમ થવું; મટકી જવું.

મચ્છમચ્છવું અ. ક્રિ. આંખના પલકારા મારવા.

મચ્છમચ્છાવવું ૧. સ ક્રિ. ઉઘાડવું અને બીડવું; ઉઘાડબાસ કરવું; મટમટાવવું; ઊંચું નીચું કરવું.

આંખ મચ્છમચ્છાવી = આંખના પલકારા મારવા.

૨. સ. ક્રિ. ચાળા કરવા.

૩. સ. ક્રિ. હલાવવું

૪. સ ક્રિ. હાથથી બીના કપડાને ધોવાને બહાને પછાડવું; બીનાં કપડાને પથ્થર ઉપર રાખી હાથ વડે ધીરે ધીરે પછાડવું; છમછમાવવું; ધોવું

મચ્છમચ્છિયું વિ. ઓછું; અસલા વજરનું.

મચ્છમચ્છી સ્ત્રી. વિષય; કામાતુરતા.

મચ્છરક ૧. કું. મરડ; મરડાવું તે.

૨. વિ. ઓછું; અસલા વજરનું.

મચ્છરકી સ્ત્રી. જોરથી લાગેલ આંચકો; હચરકો; ભીંસટ.

મચ્છરકો ૧. કું. ઠપકા; હચરકો; આંચકો.

૨. કું. બખડીપત્ર; જપ્તીનામત; લેખપત્ર.

મચ્છરડવું (મચ્છરડવું) સ. ક્રિ. તાણવું; ખેંચવું; મરડવું; મરોડવું; ફાળીને વાંકું વાળવું.

મચ્છરડીને (મચ્છરડીને) ૧. અ. જેમ તેમ કરીને.

મારી મચ્છરડીને = જેમ તેમ કરીને; ગમે તેમ કરીને.

૨ અ. તાણીખેંચીને.

મચ્છરંગ [હિં.] કું. ડિસ્ક્રિક્ટા નામનું પક્ષી.

મચ્છરાણી સ્ત્રી એક જાતની ભેંસ.

આપવાં ઢાળીયું, કીધ આઢાળીયું,
બાળીયું પંખિલા અતિ ઘારે,
મહા મચ્છરાણીયું કુંજરા ઢાળીયું,
હલીયું ગાળીયું ખડાં હારે.
મેઘાણી

મચ્છર્યિકા ૧. [સં.] સ્ત્રી. શ્રેષ્ઠતા; ઉત્તમતા; પ્રકરત.વાચક એક શબ્દ.

૨. વિ. પ્રકરત; વખણાયેલું.

૩. વિ. સર્વશ્રેષ્ઠ; કોપી ઉત્તમ.

મચ્છલ ૧. સ્ત્રી. એક જાતની ઝાડી. તેને બાળીને તેનો ક્ષારવાળો ઉપરનો ભાગ ઉઝરડી લેવામાં આવે છે. પછી રાબેતું, મૂઠિયાં, ભાખરી, ઢેબરાં વગેરે બનાવવાના ઉપયોગમાં લે લેવામાં આવે છે.

૨. સ્ત્રી. ઢાલ; છટ્ટ.

૩. વિ. ઢીલું; દુરાગ્રહી.

મચ્છલપણ ન. ઢાલ; દુરાગ્રહીપણું.

મચ્છલવું ૧. અ. ક્રિ. ઊઝરડી થવા જેવું ભાગવું.

૨. અ ક્રિ. ઢીલા થવું; ઢાલ કરવી; છટ્ટ કરવી.

મચ્છલા ૧. [હિં.] વિ. જાણતો હોય છતાં ન બોલે તેવું.

૨ વિ ઢીલું, જિદ્દી

મચ્છલાઈ સ્ત્રી ઢાલ; છટ્ટ.

મચ્છલાપણ જુઓ મચ્છલાઈ.

મચ્છલાવું અ. ક્રિ. ઊઝરડી થવા જેવું ભાગવું.

મચ્છલાહટ [હિં.] સ્ત્રી. ઢીલાપણું, ઢાલ; છટ્ટ.

મચ્છલી સ્ત્રી સામાન મૂકવા માટેની ચામડાથી મઢેલી પેટી.

મચ્છવવું જુઓ મચ્છાવવું.

મચ્છવા ૧. [હિં.] કું. ખાટલાનો પાયો.

૨. કું. પલંગ; ખાટલો.

૩. કું. હોડી.

મચવું ૧. અ. ક્રિ. ઉશ્કેરાયેલી હાલતમાં આવવું; મસ્તીમાં આવવું, જોરથી તાનમેર આવી રહેવું કે આવ્યા રહેવું.

૨. અ. ક્રિ. કામમાં ગૂંથાવું; ખંતથી લાગવું; ઘૂમવું; તલ્લીન થઈ જવું, મંડવું; રચ્યાપચ્યા રહેવું.

કામમાં મચવું–પાછળ મચવું – ઉપરોઉપરી કામમાં ખંતથી વળગ્યા રહેવું.

૩. અ. ક્રિ. ફાટી જવું, ફેલાવું.

૪. અ. ક્રિ. જમાવ થવો; જામવું; જોસમાં આવવું

રંગ મચવો = રંગ જામવો

૫. અ. ક્રિ. ભડકા થવું.

૬. અ. ક્રિ. ધૂણી જવું; માથું; સમાવું; સમાઈ જવું.

૭. અ. ક્રિ. થવું, બનવું

૮. અ. ક્રિ. જરૂરિયાત હોવું.

૯. અ. ક્રિ. બાંડબાડા, પડાપડી કે હડાહડ થઈ રહેવા.

૧૦. અ ક્રિ. હઠાગ્રહમાં રચ્યુંપચ્યું રહ્યા કરવું; લડાઈમાં કોઈની સામા મક્કા રહેવું.

મચવું દલરાવમાં, મચવું મારનું તહ,
મચવું ધોબાઘાટમાં અને મચવું કામમાં જોઈ.
ભાદવજી

મચાઘાવવું અ. ક્રિ. ચૂમાવું; દોડાવું.

મચા જુઓ મચાન.

મચાડી વિ. ઉશ્કેરનાર; ઉત્તેજન આપનાર.

મચારણ પું. એક જાતનો રોગ.

મચાન ૧. [સં. મંચ] પું. માંચડો; ઊંચું આસન; ઊંચા બેઠક

૨. જી ડીલો રાખવાની ઘોડી.

મચામચ ૧. [હિ.] પું. કાર્ડ પદાર્થને દબાવવાથી થતો મચમચ અવાજ.

૨. વિ. ખૂબ ભરેલું.

મચાવવું ૧. સ. ક્રિ. ઉઠાવવું.

૨. સ ક્રિ. ઉત્પન્ન કરવું.

૩. સ. ક્રિ. ઉશ્કેરવું.

૪. સ. ક્રિ. જમાવવું; જોસબેર ચલાવવું.

ધૂમ મચાવવી = આનંદભેર કોઈ વસ્તુ વગેરેને પ્રવર્તાવવી, ધમાચકડી ચલાવવી; તાન જમાવવું; ખૂબ આનંદપ્રમોદ ઉડાડવો.

૫. સ. ક્રિ. મચે તેમ કરવું.

૬. સ. ક્રિ. કુલ્લા થાય તેમ કરવું

મચિયડ જી. ઘરિયાઘાડે ઊગતી એક જાતની ભારી ભાજી; મચિયેર.

મચિયા [હિ.] પું. માચી; નાનો પલંગ; ખાટલી

મચિયાય જ. મધ.

મચિયેર જુઓ મચિયડ.

મચીમોઢા પું. એ નામે કુસ્તીનો એક દાવ. તેમા હરીફની પાછળ જઈ, તેને એક હાથે પકડી, બીજો હાથ જઘન ઉપર મૂકી, એકદમ ચપળતાથી આપણું માથું તેના બે પગ વચ્ચે લાવવું અને જરા ઊંચકે થઈ એકદમ જોસથી પછાડવો. તેથી હરીફ ચત્તો થઈ જઈ પડે છે.

મચીપચ જી. એક જાતનો છોડ. તેને પાન થતાં નથી. તેની ડાળીઓ ઉપર ખાડી જાલ જેવો, નરમ, લીલો અને ખાટો ગર હોય છે.

મચીર જી એક જાતની ઔષધિ.

મચુંમચું વિ. મસાલા વગરનું; ભોજું; ફિક્કું

મચૈયા વિ. મચાવનાર.

મચોડવું (મચોડું) જ. ક્રિ. મચોડવું; મરડવું.

મચોલા [હિ] પું. એક જાતનો છોડ. તે બંગાળમા થાય છે

મચ્ચુ [પ્રા.] જ. મૃત્યુ; મરણ.

મચ્છ ૧. પું. (પિંગળ) એકવીસ માત્રાની એ નામની એક જાતનો છંદ્રો. તેમાં ૬ ગુરુ અને ૩૬ લઘુ મળી ૪૨ વર્ણની ૪૮ માત્રા હોય છે.

૨. પું. (રાજ્ય) કમાનનો વચલો ટેકો; કમાન કે મહેરાબને ટેકા સારુ મૂકેલો થાભલો.

૩. પું. (વહાણવટું) ખોખાનો મોરાની બંને બાજુએ જતો જરા ઊપસેલો ભાગ.

૪. [સં. મત્સ્ય] પુ. માછલું; મત્સ્ય.

તારી અનિમિષ મચ્છ સ્નિગ્ધ પૂજુકોમા પાતીન,
મકર લહરી અંડભત વેસારિયુ ક્રૂર મીન.
વિજયજયકોષ

૫. પું. (જૈન) રાહુનું એક નામ.

૬. પું. વરસાદના દિવસોમાં આકાશમાં જણાતી સાત રંગની કમાન; મેઘધનુષ્ય; ઇંદ્રચાપ, ઇંદ્રધનુષ્ય. બીજે કોરે વરસાદ પડ્યા પછી તડકે નીકળતાં સૂર્યની સામી બાજુ પાણીની ફરફરમાંથી પસાર થતા કિરણોને લીધે જે સાત રંગનો ધનુષ્યાકાર થાય છે તેને મચ્છ તણાવો કહે છે. મચ્છ તણાવ એટલે વરસાદ ચાલુ રહે અથવા એક માસ બાદ એમ કહેવાય છે.

મચ્છ બેસાવો–તણાવો = બીજો ત્રીજો વરસાદ પડ્યા પછી તડકો નીકળતા સૂર્યની સામી બાજુએ પાણીના ટબૂકમાંથી પસાર થતા કિરણોને લીધે પ્રકાશનું વક્રીભવન અને પરાવર્તન થવાથી સાત રંગનો ધનુષ્યાકાર થવો. ઇંદ્રધનુષ્ય દેખાવું.

૭. પું. (વહાણવટું) વહાણના પડખામા પરીનો બહાર પડતો ભાગ

૮. પું. (પુરાણ) વિષ્ણુના દસ માંહેનો પાંચમો અવતાર. વિષ્ણુ એક નાની માછલીના રૂપમા સત્યવ્રત અને હમગ્રીવને દેખાયા હતા. તેને સામાન્ય નાશની ચેતવણી આપી હતી, ચાર વેદને ઓઢામાં મૂકવાનું કહ્યું હતું અને તેને સાચવવાનું વચન આપ્યું હતું. હયગ્રીવે નાહતાં નાહતાં તે માછલીને પકડી હતી ત્યારે તે મૂઠીના કદની હતી. પાછળથી તે ઓઢણી બની મોટી થઈ જઈ કે તળાવ કે નદીમાં સમાઈ નહિ. તેથા તેને દરિયામાં લઈ જવામાં આવી. ત્યાં પાછળથી તેના શરીરમાં વધે તેણે ઓટીને ટેકો આપ્યો હતો. સત્યવ્રત ઇક્ષ્વાકિવંશના પહેલા રાજા વૈવસ્વત મનુ થવાનું મનાય છે.

૯. જ. (જૈન) આઠ માંહેનું સાતમું આગોલક.

૧૦. જ. પુરાણો સોળ માંહેનું એ નામનું એક રાજ્ય. તે કુરુની આસપાસ હતું.

મચ્છઅસવારી [હિ.] પું. કામદેવ; મદન.

મચ્છકચ્છ પું. ૪ ૧. વિષ્ણુના મચ્છાવતાર અને કચ્છાવતાર.

મચ્છકેશ્વર [સં.] પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ. અહીં મત્સ્યેન્દ્ર નામના ઋષિએ ઘોર તપ કરીને સિદ્ધિ મેળવી હતી.

મચ્છગંધા [સં. મત્સ્યગન્ધા] જી. (પુરાણ) માછલાના જેવી જેના શરીરમાંથી વાસ નીકળતી હતી એવી માછીમારની એક ખૂબસૂરત કન્યા. ભગવાન વેદવ્યાસની તે માતા થાય અને પાંડવોની દાદી થાય.

મચ્છઘાતિની [સં.] જી. માછલાં પકડવાની જાળ.

મચ્છડ (મચ્છડ) ૧. [હિ.] પું. મચ્છર

૨. વિ. કંજૂસ; કૃપણ; લોભી.

મચ્છણ [સં. આચમન–ચમન–મચ્છણ] જ. જમીને હાથ મોઢું ધોવાં તે; ચણ.

મચ્છન ૧. જ. ૪. ૪. માછલાં.

૨. જુઓ મચ્છણ.

મચ્છપુરાણ જ. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ, મત્સ્યપુરાણ

મચ્છયંત્ર [સં. મત્સ્યયંત્ર] જ. લોહચંત્ર; મત્સ્યયંત્ર

મચ્છર ૧. [સં. મત્સર] પું. ઈર્ષા; અદેખાઈ, માત્સર્ય.

૨. [સં. માંસ (માંસ ચરવું) + ક (જનું)] પું. એક જાતનું ચાર ઇંદ્રિયવાળું જંતુ; ડાંસ; ડંખ દેતું ઊડતું જીવડું; મત્કુણ; મછર. તેને રૂપર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એમ ચાર ઇંદ્રિયો હોય છે સુશ્રુતમાં પાંચ જાતના મચ્છર કહ્યા છે. સાધારણ રીતે મચ્છર બે જાતના હોય છે: ઝેરી અને ઝેર વગરના. એનોફિલિસ જાતના મચ્છર બહુ ઝેરી હોય છે, જ્યારે ક્યુલેક્સ જાતના મચ્છર ઝેર વગરના હોય છે. એનોફિલિસ જાતના મચ્છરથી સાવચેત રહેવું જોઇએ, કારણ કે તે મલેરિઆનો વાહક છે. ક્યુલેક્સ મચ્છર જ્યારે બેસે છે ત્યારે જમીનની સમાંતર પાંખોની પેઠે બેસે છે અને એનોફિલિસ મચ્છર પોતાનું માથું નીચું રાખે છે તેમ જ પેટનો ભાગ ઊંચો રાખી બેસે છે. એનોફિલિસ મચ્છરચટાવ કરે છે, ક્યુલેક્સ કરતો નથી. આ ઉપરથી ગમે મચ્છર ઝેરી એટલે એનોફિલિસ છે કે ઝેર વગરનો એટલે ક્યુલેક્સ છે તે જાણી શકાય છે. આ જંતુ મનુષ્યના જીવનમાં ઘણો મોટો ભાગ ભજવ્યા કરે છે. શરીરમાં મલેરિઆ નામનો તાવ આ જંતુના કરડવાથી થાય છે. તે શરીર ઉપર ડંખ મારી લોહી ચૂસી લે છે, પણ તે પહેલાં પોતાની સૂંઢમાંથી એક દાહક ઝેરી રસ શરીરમાં દાખલ કરે છે. તેમાં એક પ્લેઝમોડિયમ નામનું રોગકારક હોય છે બચકું ભર્યા પછી તે સંખ્યાબંધ વધી જાય છે, રક્ત કણોને ખોખલા કરે છે અને પરિણામે મલેરિઆ થાય છે. મારેલા ડંખની જગ્યાએ નાનું, કઠણ, ખોળું દીમણું ઊપડી રહે છે. જો માણસનું લોહી ભમરેલું હોય તો ત્યાં સોજો, પાક, પરુ વગેરે જામ પડે છે. ડંખ ઉપર તુરત જ પાણી કે પાણી અને સરકો ચોપડવાં ફાયદાકારક ગણાય છે. તેથી જ દીમણા ઉપર મૂંડ ચોપડવાની પ્રથા પ્રચલિત છે. મચ્છરના ઘણા પ્રકાર જાણીતા છે. એકને ઘાસ કપાવા વખતે ૨૪ કલાક લાગે છે, જ્યારે બીજા એને અનુક્રમે ૪૮ અને ૭૨ કલાક લાગે છે. તેનાથી લાગુ પડતા તાવો અનુક્રમે (૧) દરરોજનો, (૨) એકાંતરો અને (૩) ચોથિયો કહેવાય છે. સંડાસ, મોરી, ખાબોચિયું જ્યાં ગંદું પાણી એકઠું થાય છે ત્યાં આ જંતુનો ઉપદ્રવ ઘણો હોય છે. આવાં સ્થળે પહેલા, બીજાં પાંખાળાં જંતુની જેમ તેની માદા ઈંડાં મૂકે છે અને તેને ચાર અવસ્થા હોય છે: (૧) ઈંડું, (૨) કૂખળ, (૩) કોશેટો, (૪) મચ્છર. માદા સંખ્યાબંધ ઈંડાં મૂકે છે. એનોફિલિસ મચ્છરની માદા દર વખતે ૫૦ થી ૧૦૦ અને ક્યુલેક્સ મચ્છરની માદા ૨૦૦ થી ૪૦૦ ઈંડાં મૂકે છે. ઈંડાં છૂટાં પાણી ઉપર તરે છે. એક બે દિવસમાં ઈંડાંમાંથી કૂખળ નીકળે છે. તેનું પોષણ પાણીમાંનાં જીવડાં અને વનસ્પતિથી થાય છે. તે સપાટી ઉપર હવા લેવા આવે છે. એનોફિલિસ મચ્છરની કૂખળ પાણી ઉપર તરી આવે છે ક્યુલેક્સ મચ્છરની કૂખળ નીચે માથું લટકતું રાખી લટકતી હોય છે અને પૂંઠડી સપાટીને અટકાવી હવા લે છે આ અવસ્થામાં તે સાતથી ચૌદ દિવસ રહે છે. પછી કૂખળનું કોશેટામાં રૂપાંતર થાય છે. કોશેટાને મોં હોતું નથી એટલે તે હવા જ લે છે, ખાતો નથી. તેની અવસ્થા બેથી પાંચ દિવસની હોય છે. આ ભયંકર જંતુનો નાશ માણસો ડી. ડી. ટી. જેવાં જંતુનાશક રસાયણો છાંટી અથવા ધુમાડો કરી કરે છે.

૧. મચ્છરની મૂલ = નજીવી વસ્તુ.

૨. મચ્છરની ઝૂલનો ગોર = નાનામાં નાની ચીજનો ગોર.

૩. પું. ક્રોધ; ગુસ્સો; રોષ.

૪ પું. ગર્વ; ગુમાન; દર્પ; અભિમાન; ઉન્માદ; ગર્વનો આવેશ.

૫. પું. ઝનૂન; જુસ્સો.

૬. પું. (જૈન) બીજાઓના અવર્ણની સારી અસરને પોતાના દુષ્ટ શબ્દોથી તોડનાર શ્રોતા. મચ્છર જેમ પોતાની તૃપ્તિ ન થતાં છતાં પણ બીજાઓના ક્ષત આગળ અપ્રિય શબ્દ કરી તેમને સ્વસ્થતાથી બેસવા દેતા નથી, તેમ પોતાનું હિત ન થતાં બીજાઓના અવર્ણની સારી અસરને પોતાના દુષ્ટ શબ્દોથી તોડનાર શ્રોતાઓને મચ્છર કહેવામાં આવે છે

૭. સ્ત્રી. નાગર, મેમણ અને બીજી મુસલમાનની એ નામની એક અટક.

૮. સ્ત્ર. એ નામની અટકનું માણસ

૯. વિ. એ નામની અટકનું

મચ્છરતા [વિ] સ્ત્રી. ઈર્ષા; અદેખાઈ.

મચ્છરદાની સ્ત્રી. મચ્છરને અટકાવે તેવો પલંગ ઉપર નાખવાનો જાળીદાર કપડાંનો પડદો કે અનાવટ. રાત્રે પથારીની આસપાસ તેને મચ્છરોથી જંતુઓના ત્રાસથી બચી જવાય છે

મચ્છરદાની પાથરવી-લગાવવી = મચ્છરદાનીની બાંધણી

મચ્છરમાર સ્ત્રી. એ નામની એક ભાજીભાત. તેમાં બેથી દસ ભાજીઓ રમી શકે છે. દુવાજાનો કોરડો અથવા મોજામાં રૂ કે કૂચા ભરીને બનાવેલ કોરડો તથા મેજ અથવા પીઠ વિનાની મોળ મૂડા ખુરશી સાધન તરીકે વપરાય છે. દાવ દેનારને આંખે પાટા બાંધીને મેજ કે ખુરશી ઉપર બેસાડી તેના હાથમાં કોરડો આપવો. બીજા રમનારા મચ્છર બચાવ. સંતા બળતાં મચ્છરોએ દાવ દેનારના કાન પાસે મોં લાવીને બચુબચુ બોલીને બચુબચુટ કરવો. દાવ દેનારે લાગ જોઈને મચ્છરને કોરડા વડે મારવા પ્રયત્ન કરવો. એ રીતે જેને કોરડો વાગે તેને માથે દાવ આવે. મચ્છરોએ કોરડો લાગવા દેવો નહિ.

મચ્છરા ૧. વિ. સ્ત્રી. ઈર્ષાળુ, અદેખી

૨. સ્ત્રી. મત્સરભરી; અભિમાની

મોહ ભરી મોહની મચ્છરા,
ઓપે ઉંદ્ર વાણી અચ્છરા. શામળ

મચ્છરાજ [સં. મત્સ્યરાજ] પું. મોટી માછલી.

મચ્છરાળું ૧ વિ. અદેખું; મત્સરથી ભરપૂર.

૨. વિ. આવેશી; ઝનૂની; ઉન્માદી; ઝાકકું; ઉન્મત્ત; મસ્ત

૩ વિ. મચ્છરથી ભરપૂર.

મચ્છરિયા ૧. [હિ.] સ્ત્રી એક જાતનું પક્ષી

૨ સ્ત્રી માછલી.

મચ્છરિયા આખી સ્ત્રી. એક જાતની મોટી. 'ફ્રુટ ફલાય'.

મચ્છરિયું ૧. ન. મચ્છર.

૨ ન. નાનો કીડો

મચ્છરિયો પું. એ નામે એક જાતનું ધોળા ભમરવાળું પક્ષી. 'કાર્ડિનલ'

મચ્છરિયો વરસાદ પું. ઝીણો ઝીણો આવતો વરસાદ, વરસાદની ઝરમર.

મચ્છરી ૧ [સં. મત્સ્ય] સ્ત્રી. માછલી.

૨. [સં. મત્સર + ઇન્ (વાળું)] વિ. મત્સર કરનાર, દ્વેષીલું. અર્ધ પુ.

મચ્છરું ન. મચ્છરનો ડંખ.

મચ્છલા ૧ સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક

૨. સ્ત્ર. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

મચ્છલી સ્ત્રી. (વહાણવટું) ઘરને પાયું ફરી જતાં અટકાવે તેવી દોરી

મચ્છવેધ [સં મત્સ્યવેધ] પું. માછલું વીંધવું તે.

મચ્છવેધુ વિ. માછલાંનો વીંધનાર.

મચ્છવો [સં. મત્સ્ય + વત્ (વાળું જનું)] પું. (વહાણવટું) ધોબડા વગરનું નાનું વહાણ; હોડી.

મચ્છંડી [પ્રા] સ્ત્રી સાકર કે ખાંડ.

મચ્છંદર જુઓ મત્સ્યેંદ્રનાથ.

મચ્છેંદર સંપ્રદાય પું. મચ્છંદરનાં તત્ત્વો ઉપર ચાલતો સંપ્રદાય.

મચ્છા [સં. મત્સ્ય] પુ. માછલું

મચ્છાઢ વ. આદુ લીલા આદુને જ્યારે પ્રથમ છોલીથી ઢાકવામાં આવે છે ત્યારે તે માછલાના જેવી ગંધની છાપ મારે છે, તેથી તેને મચ્છાઢ કહે છે

મચ્છાહાર ૧. [સ. મત્સ્ય (માછલું) + આહાર] પું. માછલાનો આહાર.

૨. વિ માછલાના આહારનું.

મચ્છાંમિ દોકડો (મચ્છામિ દોક્કડો) ૧. [મા ઁ નમિ) + દુક્કડમિ (દુષ્કૃત પું) + દોકડો (એક જાતનો સિક્કો)] જા ક્ર. (જૈન) કોઈ અ.વા સ.પુ ય.સ તે વખતે મારે દુનિયામાં એક પણ દોકડો લેવાનો નથી, એટલે તેની કિંમત નથી એવો ભાવાર્થ બતાવનાર શબ્દપ્રયોગ

૨ [સં. મિથ્યા મે દુષ્કૃતમ] જા ક્ર. (જૈન) મારાં દુષ્કૃત મિથ્યા થાઓ. મિચ્છામિ દુક્કડમનું અપભ્રંશ. બીજાની માફી માગવા માટે શ્વેતકો આ શબ્દપ્રયોગ કરે છે

મચ્છાવતાર [સં. મત્સ્યાવતાર] પું. વિષ્ણુના ચોવીસ માહેનો એ નામનો એક અવતાર, તેણે રાજા સત્યવ્રતને પ્રલયનો પ્રપંચ બતાવ્યો હતો.

મચ્છિયા ૧. [સં. મક્ષિકા] સ્ત્રી. મધમાખી.

૨. સ્ત્રી. સામાન્ય માખી; મક્ષિકા.

મચ્છિયારી સ્ત્રી. માછલી વેચનાર સ્ત્રી

મચ્છિયું ન. માછલું.

મચ્છી ૧. સ્ત્રી. એક જાતની જીવાત. તે જુવાર, બાજરો, રજકો, કપાસ, દિવેલી, મેથી, રાઈ, મૂળા વગેરે માલાતમાં આવે છે. તે ઘણી જ બારીક કંતવા જેવી હોય છે. જુવારના કૂંપળોમાં આસ કરીને ઢાળી, ભૂરી તથા લીલાશ પડતી એ૬ જીવાત અનુકૂળ હવામાન થાય ત્યારે જ દેખાય છે. જુવારના છોડના બીજા ભાગો ઉપર ભાગ્યે જ તે જોવામાં આવે છે. આ ઝીણાં જીવડાં કૂંપળનાં કૂણાં પાનનો રસ ચૂસી ગુજરાન કરે છે. પરિણામે છોડવા શક્તિ વગરના થઈ, લોહ એ તેવા નીંદેલી જાતા નથી. નીંદેલે તોપણ કબમહું ભરાવદાર થતું નથી. આ જીવાત અલ્પજીવી છે, એટલે તેનાથી ખાસ વધુ પડતી નુકસાની થતી નથી, પણ કુદરતી દુશ્મનોને અભાવે લાંબો વખત ટકે તો નજીવું નુકસાન થાય છે. વરસાદનું ઝાપટું પડે તો કૂંપળમાં પાણી ભરાતાં મચ્છી મોવાઈ જઈ નાશ પામે છે. કેસરી રંગનો પાણીનો ભેગો આ મચ્છીને ખાઈ તેનો નાશ કરે છે. આ બધા તેના કુદરતી દુશ્મનો છે. મચ્છીનો જીવનક્રમ બધો જ અજ્ઞાત છે, પરંતુ પ્રયોગ કરીને જે હકીકત મેળવવામાં આવી છે તે ઘણી જ વિચિત્ર અને રસમય છે. મચ્છીનાં ઈંડાં જમીનમાં, ઢગામાં તથા બીજી સુકાઈ ગયેલી વનસ્પતિમાં હોય છે. પવનથી અથવા બીજી જીવાતના પગે ચોંટી સંસર્ગથી તે જુવારનાં કૂંપળ ઉપર પડી અનુકૂળ હવામાન થતાં તેમાંથી બારીક જીવડું બેદા થાય છે. જન્મ થયા પછી તરતોતરત પોતાની બારીક સૂંઢ વડે પાનમા છિદ પાડી તે રસ ચૂસે છે. રસ ચૂસવાનું શરૂ થતાં કલાક બે કલાકમાં જ બચ્ચાને તે જન્મ આપવાનું શરૂ કરે છે. આ સ્થિતિમાં નર કે માદા એવા વર્ગ નથી. અમુક પેઢીઓ એટલે ગમગમ ગાદીથી દસ પેઢીઓ થયા દરમિયાન ગમે તે નર અને માદા એવા કુદરતી વર્ગ પડે છે. ત્યાર બાદ નર નવ સ્વરૂપ વડે ઈંડાળ ઉત્પન્ન કરી મરી જાય છે. આ ઈંડાં આખું વર્ષ જીવતાં રહે છે અને બીજા અનુકૂળ છોડવાઓ મળે તો ઈંડાળમાંથી જીવનક્રમ શરૂ કરે છે. આ જીવાતને પાંખ હોતી નથી, ક્વચિત્ પાંખો પણ હોય છે. ખોરાકની તાણ પડે તો તરત પાંખો ઊગે છે. આ ઋતુપરિવર્તન છે. પાંખો વડે જીવાત ખોરાક મેળવી લેવા સમર્થ બને છે. ગરમાની ઝાઝી શક્તિ હોતી નથી, પણ જો તેને છંછેડીએ તો કૂદકો મારવો હોય તેમ ઠેકડે ઊડે છે. આ જીવાત મધ જેવો મબમો પદાર્થ ચરક છે. તેમા ઝાણી મસ જેવી કૂચ ઊભરો લે છે, એટલે જે છોડવામાં મચ્છી આવે તે ભાગમાં મસ જેવા ડાઘાઓ દેખાય છે. મચ્છીને ખાઈને બીજી ઘણી જીવાતો નભે છે. મચ્છી કોરી જંતુ નથી તેની મધ જેવી ચરક પણ કોરી કે કેડો નથી. મચ્છીવાળો રજકો કે લીલી નીરણ ઢોરને ખવરાવવામાં આવે તેથી બળવો તંદુરસ્ત અને પુષ્ટ બની ઓલીવાળાં થાય છે. મધમાખી તથા બીજા માખો મચ્છીની મધ જેવી ચરકનો ઉપભોગ તથા આહાર કરે છે.

૨. સ્ત્રી. (જ્યોતિષ) બારમી રાશિ

૩. સ્ત્રી. માળકોને ભરેલું ચુંબન.

મચ્છિયા લેવાં = ચુંબન કરવું.

૪. [પ્રા.] સ્ત્રી માખી; મક્ષિકા.

મચ્છી પ. [સં. મત્સ્યી] સ્ત્રી. માછલી. તેની કેટલીક જાતો આ પ્રમાણે છે: વિંછુડા, આમ, પાલવા, અડદિયા, ચમેડ, પાલરી, ભાપરી, ગોબર, સફરી ગોબર, ઝીરા મચ્છી, તૂરા, તરબલા, ખૂમલા, ભલરી, મચ્છી માંદેલી, દેડકો મચ્છી, કોલમી, જળસો, દાંદિયા, તૂરા સોરલા, ભૂખર, રાજા, કનેર, આગા, મચ્છીપાટી, બમા, મધરા, કૂત, ડાઢવા, ટોટરા, બાંગરા, સગ, ઝાંટી, ડાર્ક, કનેરી, મુસરી, રૂંજન, કેડારી, તરબલા, ખૂર, ગોંડિયો, બરજ, કારજ અને કનર. નદી તળાવના સુંદર સ્વચ્છ પાણીમાં માછલી કલ્લોલ કરતી હોય છે, તે બહુ લોભામણ લાગે છે. તે એટલી ચપળ હોય છે કે કોઈની મગદૂર નથી કે તેને પકડી શકે; પણ જે તેને આવતી મરણ આપે તેની પકડમાં તે આવી જાય છે. માછલી પકડવાની જળમાં એક જોડાનો કાદવ હોય છે. માછીમાર તેના ઉપર લોટની ગોળી કે કોઈ બીજ પદાર્થ લટકાવે છે અને પછી જળ પાણીમાં નાખે છે. રસનેંદ્રિયની લાલચમાં આવી માછલી તે પદાર્થ પોતાના મોઢામાં લેતાં તે કાંટો તેના તાળવાને ભેદે છે અને તે પકડાઈ જાય છે. મુનિ વિદ્યાવિજયજી જણાવે છે કે, સિંધમાં બચ્ચું જન્મે છે ત્યારે, હિંદુ હો કે મુસલમાન હો, માતાની ગોદમાં આવ્યા પછી પહેલાં તે બચ્ચાના મોઢામાં મચ્છી રાખ્યા પછી તેને સ્તનપાન કરાવે છે.

૬. સ્ત્રી. માછલીના આકારનું કાનનું ઘરેણું.

૭. સ્ત્રી. રબારીઓનો હાથ

મચ્છીખાનું ૧. ન. મચ્છીખાડા; માછલીનું બજાર; મચ્છી બજાર.

૨. ન. માછીમારોનો નિવાસ જ્યાં હોય તે સ્થળો; મચ્છીમારનું રહેઠાણ.

મચ્છીદંડ પું. એક પ્રકારનો દંડ કસરત. તેમાં ઊંધા પડી શરીરનું સમતુલ વજન પગનાં આંગળાં અને હાથના પોંચા ઉપર રાખવું અને જેમ માછલી કૂદતી ચાલે તેમ ચાલવું.

મચ્છીપાટી સ્ત્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

મચ્છીપીઠ જુઓ મચ્છી બજાર.

મચ્છી બજાર ૧. ન ખૂબ કોલાહલનું સ્થાન.

૨. ન. જ્યાં માછલીઓ વેચાતી હોય તે બજાર; માછલીઓ વેચવાનું બજાર

મચ્છીભુવન ન. તોશાખાનું. દીવાને આમની પાછળ રાજવાસનની પશ્ચિમે ૧૧૪ ફૂટ લાંબું અને ૧૩૨ ફૂટ પહોળું પોષાકખાનું આવેલું છે. આ મચ્છીભુવનની ઉત્તરે, દક્ષિણે અને પશ્ચિમે ઐવડા માળની હવેલીઓ આવેલી છે. આઇનએહનામામાં જણાવે છે કે શાહી પોષાક, ઝવેરાત અને ઘરેણાંગાંઠાં આદિ અગત્યની આ મચ્છીભુવનમાં રખાતાં હતાં.

મચ્છીમાર ૧. પું. માંથના જેવું એક પક્ષી.
૨. પું. માછી; માછલાં મારનાર પુરુષ; ધીવર; મલ્લાહ; ટીમર.
૩. જી. માછલાં મારવાનો ધંધો કરનારી એ નામની એક જાતિ.
૪ ન. એ નામની જાતિનું માણસ.
૫. વિ. એ નામની જાતિનું.

મચ્છીમારી ૧. પું. એ નામનો એક ઉદ્યોગ; માછલાં મારવાનો ધંધો.
૨. જી. માછલાં મારવાની રમત.

મચ્છીમાંદલી જી. કોઠીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

મચ્છીમાર પું. એક જાતનું કલરીવાળું જળચર પક્ષી; ' કિંગ ફિશર '.

મચ્છીવાડ (મચ્છીવાડ) ૧. જી. માછલીઓનું બજાર; મચ્છીપીઠ.
૨. જી. માછીમારોનું નિવાસસ્થાન.

મચ્છુ જી. કાઠિયાવાડમાં મોરબી પાસે આવેલી એ નામે એક નદી.

મચ્છુકાંઠો જુઓ મછોકાંઠો.

મચ્છુયા ૧. જી. આહીરની એ નામની એક પેટા જાતિ. તેને મછોયા પણ કહે છે.
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતિનું.

મચ્છેરું ન. મચ્છી; માછલું.

મચ્છેંદ્રનાથ [સં. મત્સ્યેન્દ્રનાથ] પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ. આ મહાપુરુષનો જન્મ ચમત્કારિક રીતે થયો હોવાનું મનાય છે. એક વખત શંકર ક્ષીર સમુદ્રને કિનારે પાર્વતીજીને મહાજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. તે એક મગરના પેટમાં રહેલા કોઈ એક સાંભળ્યું. તેથી જન્મતાંની સાથે જ તે જ્ઞાની પુરુષ થયા. તેનો જન્મ મગરના પેટમાંથી થયો માટે મચ્છેંદ્રનાથ નામ પડ્યું આ મહાયોગી પુરુષે હઠપ્રદીપિકા નામે એક ગ્રંથ કર્યો છે. ગોરક્ષ કે ગોરખનાથ તેમના મુખ્ય શિષ્ય હતા. ભર્તૃહરિ રાજાએ તેમની પાસે દીક્ષા લીધી હતી.

મચ્છો જી. રબારી અને ભરવાડ લોકોની એ નામની દેવી.

મચ્છોદરી [હિં.] જી. બાવજીની માતા અને જાતનુની એ સલક્ષણી.

મચ્છંપચ્છું વિ. રચ્છુંપચ્છું; મમ; લીન.
એવો માત્ર જૈવિક અસ્તિત્વમાં જ, આ દુનિયાના સુખમાં જ મચ્છંપચ્છું રહે છે. તેમના આત્મા વસ્તુનું સ્વરૂપ પામવા કરે છે.
હિંદુસ્તાનના દેવો

મછ ૧. પું. કમાનનો વચલો ટેકો; મચ્છ.
૨. પું. ધક્કો.
૩. પું. માછલું.
મછ તે જળનું માછલું. મછ પુરુષને હોય, મછ લોચનમાં હોય તે, મછ અવતારજ હોય.
લોકોક્તિ
૪ પું. મોટું જળચર પ્રાણી. તેને અંગ્રેજીમાં વ્હેલ કહે છે. તેનું કદ પાંચથી સાત વાર જેવું અને ક્વચિત્ તેથી પણ મોટું ૫૦થી ૬૦ ફૂટ જેવું હોય છે. તેનો આકાર મછવા જેવો અને રંગ કાળો હોય છે. પીઠ ઉપર બરડામાં તેને મોટા કાંટા થાય છે. આ પ્રાણી દરિયામાં તરતું હોય તો તે એક નાનો સરખો કુંગર હોય તેવું લાગે છે.
૫. જુઓ મચ્છ.

મછગંધા જુઓ મચ્છગંધા.

મછજ ન. આચમન; જમ્યા પછી હાથ મોઢું ધોવું તે; ઝાળુ; જમ્યા પછી બરાબરનું મોં સાફ કરવું તે; મુખપ્રક્ષાલન.
મતદારમંડળ ન. મતદારોનું મંડળ; ચૂંટણી માટે મતદારોનો નક્કી કરાતો તફો કે સમૂહ.

મતદારવર્ગ જુઓ મતદારમંડળ.

મતદારી સ્ત્રી. મત આપવાની પદ્ધતિ.

મતદેય [સં.] ન. મત આપી શકાય તેવું.

મતદેયપદ [સં] ન મત આપી શકાય તે માટેનું પદ

મતદેયવ્યય [સં.] ન. મત આપવા સંબંધી ખર્ચ

મતધારક [સં.] પું. મત આપનાર વ્યક્તિ; મતદાર.

મતપત્ર ૧. [સં.] પું. અભિપ્રાય સંબંધી કાગળ, ' ઓપિનિયન '. જે કોઈ સભાસદથી જાતે હાજર થવાનું ન બને તે પોતાને બદલે મતપત્ર વાંચે પ્રોક્સિ કોઈ પણ સભાસદના નામની મારફત લે

૨ પું. ન. મત લખી આપ્યો હોય તે કાગળ. મત લખવાનો કાગળ; ખેંચાતા મતનો કાગળ. જુઓ મતપત્ર; ગુપ્તપત્ર; ' બેલટિક પેપર '.

મતપત્રક [સં.] ન. મત આપનારાઓનું લિસ્ટ

મતપત્રનિક્ષેપ [સં.] પું. મતપત્ર પેટીમાં નાખવો તે

મતપત્રિકા [સં.] સ્ત્રી. મત આપવાનો કાગળ. મત આપવાની પત્રિકા; મતપત્ર.

મતપરિજ્ઞાન [સં] ન મત લઈને નિર્ણય કરવો તે. મત લઈને જાણવું તે. મત દ્વારા વિષય જાણવા તે વિનોબા કહે છે કે, અહિંસા જેવા પ્રશ્નના વિષયમાં જનતાના મતપરિજ્ઞાનની જરૂર નથી, તેનું સ્વભાવ પરિજ્ઞાન બસ છે.

મતપંથ [સં] પું ધાર્મિક મતમતાંતર.

મતપેટી સ્ત્રી. ચૂંટણીમાં મતપત્રકો નાખવાની પેટી

મતપ્રકાશક [સં] પું. મત આપનાર; 'વોટર'.

મતપ્રકાશન [સં.] ન. મત આપવાનું; મતદાન; 'વોટિંગ'.

મતપ્રચાર [સં] પું. મતને ફેલાવવો તે; મતને માટે પ્રચાર કરવો તે.

મતપ્રદર્શન [સં.] ન. અભિપ્રાય જણાવવો તે.

મતપ્રવર્તક [સં] પું. ધાર્મિક માન્યતાઓ ફેલાવનાર વ્યક્તિ.

મતફેર પું. મત ભિન્ન હોવા તે; મતભેદ.

મતફેરી સ્ત્રી. મતભેદ; મતોની ભિન્નતા.

મતબખ [અ. તબખ (તેણે રાંધ્યું)] ન. રસોડું

મતબર પું. બંદૂકમાં દારૂ ભરવાનું ઠેકાણું.

મતબાગ ન અભિપ્રાયનું બગીચા જાવ.

મતબા [અ. તબ્અ (છાપ મારેલું)] પું છપાયેલું

મતમાલી જુઓ મતમાળા.

મતમાહુ ૧. વિ. મળજાત; મતેલું.

૨. વિ. હઠીલું તોફાની.

૩. જુઓ મતવાળુ.

મતમાળા ૧. સ્ત્રી. મણકા-મત.

મદમાં ફોરી જાનું જાનું બોલે,
બાજીગર બની **મતમાળા**. નરસિંહ

૨. વિ. સ્ત્રી. મહાન.

મતમિંદુ ન. દૃષ્ટિબિંદુ

મતમૂબ [અ તબ્અ (તેણે રાંધ્યું)] જુ ' મતબખ '.

મતભિન્નતા જુઓ મતભેદ.

મતભેદ [સં. મત + ભેદ (અંતર)] પું. અંતર; મતફેર; મતાંતર; વિચાર કે અભિપ્રાયનું જુદાપણું

જ્યારે મત કરવાને જો બેઠ સંપ હતા દીસે,
મતભેદ ભરે હો ને હૃદયભેદ ના જરા.

ન. દોશીવા

મતભેદસ્વતંત્રતા સ] ન. મતભેદનું ક્ષેત્ર

મતભેદસહિષ્ણુતા [સ] સ્ત્રી. મતાંતરક્ષમા; મતાંતરનિરપેક્ષ., ' ટૉલરેશન '.

અર્થ, ધર્મવાળાનું એમ જ માનવું છે કે ગમે તે પ્રકારે, ગમે તે રીતે, સર્વ ધર્મ એક જ પરમેશ્વરને પામવાના માર્ગ છે. હિંદુધર્મશાસ્ત્રો આ વિચારથી ભરપૂર છે અને **મતભેદસહિષ્ણુતા** એ ધર્મમાં જેવી જણાઈ છે તેટલી આખી દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જણાઈ નથી. મણિલાલ નભુભાઈ

મતમતાંતર ૧ [સં] પું જુદી જુદી જાતની દૃષ્ટિ.

૨. પું મતોની ભિન્નતા; મતભેદ; ભિન્નસંપ્રદાય, તાત્ત્વિક વિચારો, ધર્મિક મતબો વગેરે વચ્ચેનું અંતર કે ભેદ; મત મત વચ્ચેનો ભેદ; ધાર્મિક મતબોનું જુદાપણું; વિચારનું જુદાપણું.

૩ ન જુદા જુદા ધર્મમાર્ગો.

મતમતાંતરક્ષમા [સં] સ્ત્રી. મતાંતરક્ષમા, બીજાનો મત પોતાથી જુદો હોય ત બધી લેવાની શક્તિ. પરમતસહિષ્ણુતા; ' સ્પિરિટ ઑવ ટોલરેશન '.

મતમતાંતરવાચક [સં.] વિ. મતાંતરદર્શક.

મતમતાંતરવાદી [સં. મતમતાંતરવાદિન્] વિ. જુદા જુદા ધર્મનો વિવાદ કરનાર.

મતમતાંતરિયું વિ. વિરુદ્ધ વિચાર દર્શાવનારું.

મતરણ [અ તરબ (તેણે ગાયું)] પું. ગવૈયો.

મતરાઈ સ્ત્રી. સાવકી મા

મતરાયું વિ. અપર માતાનું; ઓરમાયું.

મતરિયા ૧. સ્ત્રી માતા; મા

મતરિયા બહિનિયા કરવા = મા બહેનની ગાળ દેવા.

૨ વિ. મંત્રથી પ્રભાવિત થયેલ; મંત્રિત.

૩ વિ. મંત્રી; સલાહ દેનાર

મતરૂક ૧. [અ.] વિ. કાઢી નાખેલું.

૨. ન. નારિયેલ.

મતલઅ ૧. [અ.] પું. ગઝલની પહેલી કડી

૨. પું. પૂર્વ દિશા

મતલબ [અ.] વિ. પૂર્વ તરફથી વાતું પવનને માટે તપરાવ છે

મતલબ ૧. [અ.] સ્ત્રી. અભિપ્રાય; ઇચ્છા, મુરાદ; ભાવના; અંતરની વાત; અભિલાષા

૨. સ્ત્રી. અરજી

૩. સ્ત્રી. અર્થ; સમઝમ; કવિતાની સમજૂતી.

૪ સ્ત્રી. કોઈ પદ્ય ગદ્યાનુનો સાર; ભાવ; તાત્પર્ય; તાત્પર્યાર્થ.

૫. સ્ત્રી. ઉદ્દેશ; આશય; સાર; હેતુ

૬ સ્ત્રી. ધર્મા

૭. સ્ત્રી. માગેલી વસ્તુ. નુતો.

૮ સ્ત્રી. સરજ્યા; કારણ, જરૂરત; મજબૂર, સવાલ

૯. સ્ત્રી. સંબંધ.

૧૦. સ્ત્રી. સ્વાર્થ.

૧ મતલબ કાઢી લેવી = સ્વાર્થ સાધી લેવો

૨ મતલબ પર આવવું = ધારેલા પાર પડવું; સ્વાર્થ પાર પડવો; કામ પાર પડવું

૩ મતલબ બહેરું = સ્વાર્થ પૂરતું જ સાંભળનાર; બનાવી જોઈને સાંભળવું અણમાંગ્યું કરનાર; એક કાને સાંભળી બીજે કાનેથી કાઢી નાખનાર.

૪ મતલબ રાખવી = સંબંધ રાખવો; સ્વાર્થ રાખવો

૫. મતલબ વગર કોઈ વખાણ કરે નહિ = સહુ કોઈ સ્વાર્થ સાધવા જ ખુશામત કરે.

૬. મતલબની, મોહબ્બત = સ્વાર્થમય પ્રેમ.

૭. મતલબનો યાર = મરજનો યાર; સ્વાર્થી મિત્ર.

૧૧. વિ. પ્રાપ્તકાલ હદથી પહોંચી પહેલ.

મતલબસર ૧. અ. કારણથી; હેતુ ધરતે; હેતુપૂર્વક; મતલબ રાખવાના હેતુથી

૨. અ. સ્વાર્થથી; સ્વાર્થીપણાથી.

મતલબિયું વિ. પોતાની જ મતલબ સાધનારું; સ્વાર્થી; મતલબી

મતલબી ૧. વિ. અર્થસાધુ; એકલપેટુ, સ્વાર્થનિષ્ઠ; સ્વાર્થી. પોતાની મતલબ સાધનારું,

૨ વિ. દમામદાર. પુષ્કળ કપડાં

મતલા ૧. [અ તલ્અ પરથી] વ્યની શરૂઆત.

૨ પું. (વહાણવટું) પૂર્વ દિશા

મતલા સાફ થવું = (૧) સ્પષ્ટતાજ ચોખ્ખી દેખાવી. (૨) મુશ્કેલીઓ દૂર થવી

મતલાઈ સ્ત્રી. પેદની મારણી; જેમણો આવવો તે.

મતલાવું અ. ક્રિ. જેમણો આવવો; જીમય આવવી

મતલાગી [અ.] વિ પું. તપાસ કરનાર

મતલાહટ જુઓ મતલાઈ.

મતલી [હિ.] સ્ત્રી. જેમણો, જીમય.

મતલી થવી = જેમણો આવવો, જીલટી થાય એમ થવું

મતલૂબ ૧. [અ.] સ્ત્રી. ઉપયોગિતા; જરૂર.

૨. વિ. ઇચ્છેલું.

૩. વિ. માગ્યું કરેલું

મતલૂબા જુઓ મતલૂબ.

મતલેખન [સ.] ન. મતની નોંધણી.

મતવિલકા વિ.સ્ત્રી. ગ્રેમ; વખાણવા લાયક.

મતવિલક્ષા સ્ત્રીલિંગ, મધ્યમા સ્ત્રીલિંગ, પ્રકાર પુલ્લિંગ તથા નપુંસકલિંગ, વક્ર પુલ્લિંગ, તલજ પુલ્લિંગ એ પાંચ નામ પ્રશસ્તિવાચક છે.

નમરકોષ

મતવદી [સં.] વિ. ઉત્તમ

મતવા ૧. પું. અવળી લોક.

૨ સ્ત્રી. એ નામની એક મુસલમાન કોમ.

૩. ન. એ નામની કોમનું માણસ

૪. વિ. એ નામની કોમનું.

મતવાદ [સં.] પું. પોતાના મતનો આગ્રહ; પોતાના વિચાર માટેની ચીવટ; સ્વમતાભિમાન; સ્વમતાવલંબન; સ્વમતનો આગ્રહ

મતવાદી [સં. મતવાદિન્] વિ. પોતાના મતનું આગ્રહી; પોતાના વિચારને મજબૂત રીતે વળગી રહેનાર; મતાભિમાની, સ્વમતાગ્રહી; હઠવાદી.

મતવારણું ન. મહેલની ઉપરનો ઊંચો ઓરડો

ગોરા નહિ ગોસીસા પણ
મૂળ્યું મતવારણું મહ મતવારણું.

સન્મહદેમનોય

મતવારા ૧. વિ. અભિમાની.

૨. વિ. ઉન્મત્ત; માંડુ; પાગલ.

૩. [અ.] વિ. દારૂ પીધેલ; નશામાં ચકચૂર થયેલ

૪. [હિ.] વિ. મદમસ્ત; માનેલું.

મતવારી ૧. વિ સ્ત્રી આનંદી; લહેરી; મોજી.

૨ વિ સ્ત્રી. ઉતાવળી; અવિચારી.

૩ [અ.] વિ. સ્ત્રી. દારૂ પીધેલી

૪. વિ. સ્ત્રી. કામકી; મદની ભરેલી; જુસ્સાવાળી ને ચાલાકી ભરેલી.

૫. વિ. સ્ત્રી. બહાદુર; ધૈર્યવાન; પ્રતાપી.

૬. વિ. સ્ત્રી. ભપકાદાર; સુંદર.

૭. વિ સ્ત્રી. લીલી

મતવાલા ૧. પું. કાગળનું બનાવેલું એક રમકડું. તેના નીચલા ભાગમાં માટી ભરેલ હોવાથી તે ગોળું જ રહે છે.

૨ પું. કૂવા ઉપરનો બાંધેલ રસ્તો

૩. પું. નીચેના ગ્રહોને મારવા માટે પહાડ કે કિલ્લા ઉપરથી ફેંકવામાં આવતો પથ્થર.

૪. સ્ત્રી. ભરવાડની કાવડ.

૫. વિ. પું. અભિમાની; અહંકારી.

૬. [અ.] વિ પું. ઉન્મત્ત; પાગલ; માંડુ; નશામાત્ત

૭. વિ. પું. ધર્મ કે સંપ્રદાયવાળું

૮. વિ પું. પીધેલો; નશામાં ચકચૂર બનેલો.

૯. વિ પું. મજબૂત; મસ્ત.

૧૦. વિ. પું. હૃષ્ટપુષ્ટ.

મતવાલી ૧. વિ. સ્ત્રી. અપરા

૨. [હિ.] વિ સ્ત્રી. મદભરી; મદની ભરેલી; કામકી; મતવારી; મદોન્મત્તા; મદમસ્ત.

જોયુનાદ ઝુલ્ફી સર્પ ચાલી,
પ્રેમ પરવશ થઈ મતવાલી. મુક્તાનંદ

મતવાલું ૧. વિ. આનંદી; લહેરી.

૨. વિ. જુસ્સાદાર; કસ્કસ; કામકું

૩. વિ. નશામાં ચકચૂર

૪. વિ. પુષ્કળ; માપ જ; અતિશય.

૫. વિ. મજબૂત; સશક્ત; સદ્ધર; જબરદસ્ત; ભોગવટ; ભક્તિમ.

૬. વિ મદમસ્ત, મસ્તાનું; માનેલું.

૭. વિ. રચ્યુપચ્યું રહેલું.

મતવિરોધ [સં.] પું. અવિહિત મત; પાખંડ મત. વિરુદ્ધ મત હોવો તે.

મતવિશેષ [સં.] પું. ખાસ મત; મંતવ્ય.

એ ચાર પ્રકૃતિઓને પુરુષાર્થ માનનારો મતવિશેષ બહુ પ્રાચીન હોય તેમ લાગે છે.

ઉત્પાર્થસૂત્ર

મતવી સ્ત્રી. મતવા કોમની સ્ત્રી; મતવાની સ્ત્રી.

મતવેલિયું ન. કાળું કપડું. ઓઓ તે સોગના વખતમા પહેરે છે.

મતવૈચિત્ર્ય [સં] ન. મતોની વિચિત્રતા; મતોનું જુદા જુદાપણું.

મતવો વું માનો રાખી તે ઉપર પોતાનો નિર્વાહ ચલાવનાર પંથાદારી મુસલમાની કોમનો માણસ

મતસરવણી જી. આષાઢ વદિ અમિયારસથી આવતા સુદિ ત્રીજ સુધીનું છોકરીઓનું એક વ્રત; મસવણી

મતસહિષ્ણુતા [સં.] જી. અન્ય ધર્મના મતમતાંતરો સાંખવાનો ગુણ.

મતસંખ્યા [સં.] જી. અપેક્ષા મતનો કુલ આંકડો

મતસંગ્રહ [સં.] વું. જુદા જુદા અભિપ્રાયનો સમૂહ. ' સિગ્નેચરિઝમ '

મતસંપ્રદાય [સં.] વું. અમુક મત કે ધર્મનો ફાટો

મતસાદૃશ્ય [સં. મત + સાદૃશ્ય (સરખાપણું)] ન. મતનું સરખાપણું.

મતસૂચિ [સં.] જી. મતદારોની યાદી.

મતસૂચી જુઓ મતસૂચિ.

મતસ્થાન ન. મતદાન કરવાનું સ્થાન; મતદાન કરવાની જગ્યા.

મતહીન ૧ [સં.] વિ. નાદાન; બુદ્ધિહીન; મૂર્ખ; સમજશક્તિ વગરનું.

૨. વિ. નાસ્તિક.

મતંગ ૧. [સં] વું (પુરાણ) એ નામનો એક ઋષિ તે રાજરીનો ગુરુ હતો. મહાભારતમાં લખ્યું છે કે તે ઋષિ નાપિતના પીંયળી એક બ્રાહ્મણીના ગર્ભ વડે જન્મ્યો હતો. તે બ્રાહ્મણીના પતિએ તેને પોતાના પુત્રની જેમ જ અને બ્રાહ્મણ સમજીને પાળ્યો હતો. એક વાર તે ગધેડા જોડેલ રથ ઉપર સવાર થઈને પોતાના પિતાના મામાની સગાઈ લેવા જઈ રહ્યો હતો, તે સમયે તેણે ગધેડાને બહુ જ નિર્દયતાથી માર માર્યો. તેથી ને ગધેડાની માતા ગધેડી પાસેથી તેણે જાણ્યું કે પોતે બ્રાહ્મણનું સંતાન નથી અને ચાંડાલના વીર્યથી ઉત્પન્ન થયેલ છે. આથી તેણે ઘેર આવીને પોતાના પિતાને બધા સમાચાર કહ્યા અને તેની રજા લઈ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવા માટે તે ઘોર તપ કરવા લાગ્યો. જ્યારે ઇંદ્રે આવીને તેને સમજાવ્યું કે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવું સહજ નથી, તેને માટે તો લાખો વર્ષો સુધી અનેક જન્મ ધારણ કરીને તપસ્યા કરવી પડે છે, ત્યારે તેણે વરદાન માગ્યું કે મને એવું પદવી જનારી દો કે બધા મારી પૂજા કરે, હું ધન્યું લોકમાં જઈ શકું અને મારી કીર્તિ અમર રહે. ઇંદ્રે તેને એવું વરદાન આપ્યું અને તે છંદોદેવના નામથી પ્રસિદ્ધ થયો. સોળ દિવસો બાદ તેણે શરીરનો ત્યાગ કરી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી

૨. વું. એ નામે એક દાનવ.

૩. [હિ.] વું એ નામે એક પ્રાચીન તીર્થ.

૪ પુ. એ નામે એક રાજર્ષિ.

૫. વું. (ફૌન) એક ખનનું કપડાંનું તે ભુર્જાસિયાને મીઠા મધુર રસ આપે છે.

૬ પુ કામરૂપના ઉત્તર ભાગમાં આવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૭. પુ. પાતાળમાં કશ્યપથી ઉત્પન્ન થયેલ એક સર્પ

૮. વું માતંગ; મેઘ; વાદળ

૯ વું. ગિરિનાં હજાર મહાદેવનું એક નામ.

૧૦. પુ હાથી; ગજ

મતંગકેદાર ન. (પુરાણ) મહાભારતમાં કહ્યા પ્રમાણે એ નામનું એક પ્રાચીન તીર્થ.

મતંગજ [સં.] વું. હાથી

મતંગજા [સં.] જી હથણી.

મતંગપર્વત [સં.] વું. (પુરાણ) ઋષ્યમૂક અને મલય એ બે ગિરિશ્રેણીનો આધારભૂત પર્વત

મતંગવન [સં.] ન. (પુરાણ) પંપાને પશ્ચિમ કાંઠે આવેલું વન.

મતંગવાપી [સં] જી તે નામે એક તીર્થ.

મતંગસર [સં.] ન. (પુરાણ) પંપા સરોવરની પાસે આવેલું એ નામનું એક સરોવર.

મતંગસરોવર [સં.] ન. મદ્રાસ ઇલાકાના બેલારી જિલ્લામાં પંપા નદીની પાસે આવેલું એ નામે એક સરોવર. તે હોંચારણથી ત્રણ માઈલ અંદર છે

મતંગા [હિ] વું. એક ખનનો વાસ.

મતંગાશ્રમ [સં.] વું. મહાભારતમાં કહ્યાવેલું એ નામે એક પ્રાચીન ક્ષેત્ર; હોંચારણની પૂર્વ બાજુએ આવેલો મતંગ ઋષિનો આશ્રમ. તે મદ્રાસ ઇલાકાના બેલારી જિલ્લામાં પંપા નદીની પાસે આવેલો છે ને હોંચારણથી ત્રણ માઈલ છે.

મતંગાશ્રમવન [સં] ન. રામાયણમાં વર્ણવેલું એ નામનું એક વન. હોંચારણથી પૂર્વે ત્રણ માઈલ ઉપર તે વન હતું

મતંગી [સં. મતંગિન્] વું હાથીનો સવાર.

મતગા ૧ વું. અલેકિયો બાવો શરીર આસપાસ વીંટે છે તે ઊનનું ઢોરવું.

મતા ૧. વું (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને રાસકદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ અને રગણ મળી બાર અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિશ્રામો આવે છે.

ન ર ન ર મતા, છ પર રાસમાં. રણછોડ

૨. જી. જણસ, વસ્તુ; માલ.

૩. [અ.] જી ધન; પૂજી; દોલત; ઠોર માણસ અગર મરવાની સ્થાવર જંગમ મિલકતની એકંદર થતી કીમત; પરમામત

૪ જી. મતિ; બુદ્ધિ.

૫ જી. મૂલ્ય; કીમત; વિસાત

૬. જી. સાર; સરવૈ; દમ; તત્ત્વ.

૭. જી વોહારગરનો સામાન.

મતાગ્ય ૧. [અ] જી. માલમિલકત.

૨ જી વેપારની વસ્તુ

૩. જી. સરસામાન; ' ફર્નિચર '.

મતાઈ ૧. ન જળચર પ્રાણી.

૨. જ. મત્સ્ય; માછલું

સંસાર માંહી મમ મીન મતાઈ ભાગ.

રત્નેશ્વર

મતાગ્રહ [સં મત + આગ્રહ] વું. અમુક મતનો આગ્રહ; પોતાના મતને વળગી રહેવું તે; મતની જીદ; હઠીલાપણું દૃઢ મત.

મતાગ્રહી [સં. મતાગ્રહિન્] વિ. એકવગીયું, દૃઢ મતવાળું; પોતાના મતનો આગ્રહ રાખનાર; દુરાગ્રહવાદમૂલક.

મતાદાર ૧. વું. ગામનો કારભાર ચલાવનારી મંડળીનો સભ્યગણ.

૨. [ફા. મતાગ્રદાર] વું. જેને સાક્ષી તરીકે મદી કરવાનો હક્ક હોય તે માણસ

૩. વું પૈસાદાર માણસ; માલદાર વ્યક્તિ.

૪. વું વસૂલાત ભર્યે તેનું ખરાડું સરકારને મોકલે તેનો સાક્ષીદાર; ગામમાથી સરકારને જવાનું ખરચ તેની સહી સાબ્ય કરનાર માણસ. ઉપરાતદાર. દરેક ગામમા પટેલ અને મતાદાર હોય છે. મતાદારને વારા પ્રમાણે મુખીપણું મળે છે.

૬ વિ. સહીસાબ્ય કરનાર.

મતાદારી ૧. જી. મતાદારની કચેરી.

૨. [અ. મતાગ્ય + દારી] જી. મતદારનું કામ; મતાદારપણું.

મતાધિકાર ૧ [સં. મત + અધિકાર (૬ષ્ઠ)] પું મત આપવાનો અધિકાર; મતનો હક્ક; મતદાર તરીકેનો અધિકાર; ચૂંટણીમાં મત આપવાનો અધિકાર. ગાંધીજી મતાધિકાર વિષે લખે છે કે: મતાધિકારની બાબતમાં ઓછીવત્તી અથવા બેઈ એ તો અઢાર વરસની ઉમ્મરના પુખ્ત વયનાં સર્વ સ્ત્રી અને પુરુષને મતાધિકાર આપવાના સિદ્ધાંતને હું વરેલો છું. મારું ચાલે તો હું મારા જેવાં પોતાના પાનને મતાધિકાર ન આપું. મતદારો તરીકે ધરડા લોકો નકામા છે. જેમનો એક પગ સ્મશાનમાં છે, તેવા લોકોની બાબ દુનિયા નથી તેમની દુનિયા મરણની દુનિયા બનાય, કમકે જીવનની માલિકી જુવાન લોકોની છે. એ કારને અઢારથી નાની ઉમરનાં તેમ ચાલીસી મોટી ઉમરનાં માણસને હું મતાધિકાર ન આપું. અલબત્ત, ગાંડા અને ફોજદાર ગુનેગારો નબર. લોકોને તો મતાધિકાર ન જ હોવ પૂર્ણ સ્વરાજ ભોગવનાર દિલમાં હું કોમી મતાધિકારનો બચાવ કરી શકતો નથી. તેમાં મતદાર મંડળો સંયુક્ત જ હોય; અનામત બેઠકો કાયમ રાખવી પડે; ઉપરાંત મુસ્લિમ, શીખ, પારસી અગર ખ્રિસ્તી જ બીજા સમૂહોને પક્ષપાત કરીને વધારાના હક્કો આપવાનો વિચાર પણ હું કરી શકતો નથી. પક્ષપાત કરવાનો જ હોય તો તે માટે રક્તપિત્તના રોગથી પીડાતાં કરદીઓને હું જુદાં પાડું એમની કરતી સમાજના ગુનાઓની સાબદરૂપ છે. સ્વતંત્રતાનો અમલ કરેલ પ્રાંતમાં એટલે કે આપણા દિલમાં એક જ પ્રકારનો કરી. ૧૯૨૮ની સાલમાં મેં જે કહેલું કે, પુખ્ત ઉમરનાં જે બધાં સ્ત્રી અગર પુરુષો શારીરની મજૂરી વડે રાજની સેવા કરશે તેમને જ ચૂંટણીમાં મત આપવાનો હક્ક મળશે, તે વાત ઉપર હજુ હું કાયમ છું. આ રીતે એક મરીયો સાદો મજદૂર સહેજે મત આપવાનો હક્ક મેળવશે, પણ કોઈ લક્ષાધિપતિ શેઠિયો, વકીલ કે વેપારી અને તેવા બીજા લોકો જે રાજ્યને અર્થ એકત્રીકરણનું કશું કામ નહિ કરે તેમને મતાધિકાર મેળવવાનું કહ્યું પડશે

મતાધિકાર સ્ત્રીઓને મળ્યો જોઈએ જાણે,
પ્રથમ ધર્મ તેનો તો શૌર્ય હિંદ દીપાવવું.
માખીગીત.

૨. પું હકાર; મત; અનુમતિ; સંમતિ, સહી; હા; સમ્મતિ.

મતાધિકારપ્રદાન ન [સં] ચૂંટણીમાં મત આપવાનો અધિકાર આપવો તે.

મતાધિકારી ૧. [સં. મતાધિકારિન] પું. મતાધિકાર ધરાવનાર વ્યક્તિ.

૨. વિ મત આપવાના હકદાર; મતદાર; મતાધિકાર ધરાવનાર; મતાધિકારવાળું.

મતાનંત ૧. [સં.] સ્ત્રી. ત્રિકો

૨. સ્ત્રી. ભ્રેર.

૩. સ્ત્રી. દૃઢતા; વિચારની મક્કમશીલતા

૪ સ્ત્રી. હા

મતાનુજ્ઞા [સં.] સ્ત્રી. (વેદાંત) પોતાના પક્ષમાં પ્રાપ્ત થયેલા દોષને દૂર ન કરતાં પરપક્ષ વિષે દોષનું કથન કરવું તે; એક પ્રકારનું નિગ્રહસ્થાન.

મતાનુજ્ઞાનિગ્રહસ્થાન [સં.] ન (વેદાંત) એક પ્રકારનું નિગ્રહસ્થાન કોઈ કહે કે તું ચોર છે, કારણ કે ચોર પણ પુરુષ છે અને તું પણ પુરુષ છે. તે દૂષણ દૂર કરવાને બદલે સામાને કહે કે તું પણ પુરુષ હોવાથી ચોર છે. આવી રીતે સામાને ચોર સાબિત કરવા જતાં સામાએ પોતા ઉપર મૂકેલા ચોરનો આક્ષેપ સ્વીકારાઈ જાય છે.

મતાનુયાયી જુઓ મતાનુવર્તી.

મતાનુવર્તી [સં. મત + અનુવર્તિન] વિ. મત પ્રમાણે ચાલનાર

શ્રી વલ્લભાચાર્યનું પોતાને શ્રીવૈષ્ણવાસના મતાનુવર્તી જણાવે છે. કેશવલાલ શાહ

મતાનુસાર [સં.] અ. મત પ્રમાણે.

મતાનુસારી જુઓ મતાનુવર્તી.

મતાન્ધ વિ. મિથ્યાંધ; માનમાં; તાલેવાના; ધામના; દ્રવ્યવાનું; ધનાઢ્ય.

મતાભાસ ન. સમાન ભાવ; સમદૃષ્ટિવાદ; સમાજવાદ

મતાભિનિવેશ [સં.] પું. અમુક મતનો અનુયાયી હોવાપણું

મતાભિમાન ૧. [સં. મત + અભિમાન] ન જિ. હઠ; પોતાના વિચાર માટેનો આગ્રહ.

૨. ન. સ્વધર્માભિમાન; સ્વમતાગ્રહ; સ્વમતાવલંબન, સાંપ્રદાયિકમમત્વ; પોતાના ધર્મ કે પોતાને માન્ય હોય એવા મત માટેનું અભિમાન.

મતાભિમાની ૧ [સં. મત + અભિમાનિન્] વિ. આગ્રહી, જિદ્દી; કદીલું; મતવાદી; હઠવાદી.

૨. વિ. પોતાના સંપ્રદાય કે પક્ષને માટે જેને પૂર્ણ ભક્તિ અને આગ્રહ હોય તેનું

૩ વિ. સ્વમત માટે જેને આગ્રહ હોય તેનું; મતાગ્રહી; મતાભિમાનવાળું; પોતાના મત માટે ગર્વ રાખનાર.

મતાભિલાષી [સં. મત + અભિલાષિન] વિ મત આપવાની ઇચ્છા ધરાવનાર.

મતામત સ્ત્રી. એકબીજાના વિરુદ્ધ વિચારોની તકરાર; સામસામી વિરુદ્ધતા; વાદવિવાદ.

મતામતી સ્ત્રી. મત સંબંધી તકરાર.

મતારત સ્ત્રી. લોભતા; પૈસો.

મતારી [સિં.] સ્ત્રી. માં; માતા; મહતારી.

મતાર્કું ન. કચ્છ. ઘાઘરાનો કટકો

કરડ ચઢીને રે બું બું બ કરશો રે,
ઉપર પહરો મતાર્કું કેરો માર.
ભોજાભક્ત

મતારો ૧. [મ.] પું. આધેડપીધેલ વૃદ્ધ બજારો બરડો ગોસો.

૨. [હા. મતારહ] પું ટોટીલાળા ઝારીઃ નાળચાવાળી ઝારી.

૩. પું. કમોરો.

મતાર્થ ૨. પું. ઊંધી જ્ઞાનની પકડ.

૨. પું. ઊંધુ જ્ઞાન.

મતાર્થન [સં.] ન. મતની માગણી કરવી તે.

મતાર્થી [સં. મત + અર્થિન્] વિ. આગ્રહી; જ્ઞાનની ઊંધી પકડવાળું; પોતાની ઊંચાઈ ને પકડી રાખનાર.

મતાલ્લા ૧. પું. આગસની આંકડી

૨. પું. બહુ મરમી લાગવાથી માટીનું વાસણ મરડાઈ જવું તે.

મતાલું નાખ્યું = માટીના કોલાનું ચૂલા ઉપર જ ચિરાઈ જવું.

મતાલો ૧. પું. આગસના કસમોડા.

૨. પું. તાવની લાગણી

૩. પું. બહુ મરમી લાગવાથી માટીના વાસણનું ચિરાઈ જવું તે.

૪. પું. માટીના કલાડામાં પડેલું ઝીણું કાણું.

મતાવલંબન [સં. મત + અવલંબન (આધાર)] ન. અમુક મત ધરાવવો તે; અમુક મતનું અવલંબન કરવું તે; અમુક ખાસ મતનું અવલંબન.

મતાવલંબી [સં. મત + અવલંબિન્] વિ. અમુક મતને માનનાર; કોઈ પણ એક મત, સિદ્ધાંત કે સંપ્રદાયને માનનાર; અમુક પંથનું.

મતાંત પું દુરાગ્રહ.

મતાંતર ૧. [સં.] પું. અન્ય મત કે પક્ષ; મતભેદ.

૨. પું ધર્મ બદલવો તે, ધર્માંતર.

મતાંતરક્ષમતા સ્ત્રી. અન્યધર્મ સહિષ્ણુતા.

મતાંતરક્ષમા જી બીજાનો મત પોતાથી જુદો હોય તે ખમી લેવાની શક્તિ; પરમતસહિષ્ણુતા; ' ટોલરિટ ઑવ ટોલરેશન '.

મતાંતરતિતિક્ષા [સ.] સ્ત્રી. અન્યધર્મ સહિષ્ણુતા.

મતાંતરદર્શક [સં.] વિ. મતભેદ બતાવનાર.

મતાંતર અઠનતાલ પું. (સંગીત) ચતસ્રજાતિ બાર માત્રાનો એક તાલ તેનાં તાલસ્થાન અનુક્રમે ૧, ૩, ૯ માત્રા ઉપર છે. તેના કોટકીના

સમ ૧

બોલ: ધિતા ધિતા ધા ધિન કિટતકતાં તર કિટ ધિન.

મતાંતરલક્ષ્મી સ્ત્રી (સંગીત) એક મતાંતરજાતિ બેતાલીસ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૯, ૧૪, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૩૦, ૩૩, ૩૫, ૪૦ માત્રા ઉપર છે

સમ ૧ ૨ ૩

તેના કોટકીના બોલ: ધિતા ધિતા ધિતા

૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

ધિધિના ધિત. ધિ ધિધિના ધિ ધિ: ધાકિટ

૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

ધિ ધિ ધાકિટ ધિધિના ધિધિના તરકિટ

૧૭ ૧૮

ધિતકિટ ધિ ધિના ધિધિના.

મતાંતરસહન [સં] ન. મતભેદ સહિષ્ણુતા; મતાંતરક્ષમા.

મતાંતરસહિષ્ણુ [સં.] વિ. મતાંતર સહન કરનાર.

મતાંતરસહિષ્ણુતા જુઓ મતાંતરક્ષમા.

મતાંતરસ્થાપક [સં.] પું. નવો સંપ્રદાય સ્થાપનાર; વ્યક્તિ.

મતાંતરાચાર [સં.] પું. બીજો મત પાળવો તે.

મતાતિક વિ. કોઈ મતના પક્ષપાતવાળું.

એ સમાધાન સત્ય અને અમરત્વ જાણવાની દૃષ્ટિથી કહ્યું છે. એકાંતિક કે મતાંતિક દૃષ્ટિથી કહ્યું નથી. રાજચંદ્ર

મતાંધ [સં.] વિ. દુરાગ્રહી; સ્વમતાગ્રહી; પોતાના મતને વળગી રહેનાર; પોતાના મત બાબત અંધ બનેલ.

મતાંધતા [સં.] સ્ત્રી. મતમાં અંધતા; મતાંધપણું; સ્વમતાગ્રહીપણું.

મતિ ૧. [સં] પું. એક બ્રહ્મચારી ઋષિ.

૨. પું. (જ્યો) સંચારી ભાવના તેત્રીસ ભાંહેનો એક ભેદ.

૩. સ્ત્રી. આત્મજ્ઞાન.

આત્મજ્ઞાનરૂપી મતિ એ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણોનો વિષય નથી. કઠોપનિષદ

૪. સ્ત્રી. ઇચ્છા; ભાવના; મનનું વલણ.

બુદ્ધિ બળીયા રોગથી ભેળા ભિખ્યા જોય, ચાલી નિજ મતિ અનુસારી મહાવિચક્ષણ સોય.

પિતાંબરપુરોધ

૫. સ્ત્રી. (સંધિત) એક પ્રકારની બીજ સંધિતની ક્રિયા. કૂકડાનું બચ્ચું બીજ ગોઠવવામાં તે ઉપયોગી છે

૬. સ્ત્રી. છપ્પન ભાંહેની એ નામની એક પાર્થિવ તત્ત્વ દેવતા

૭ સ્ત્રી જ્ઞાન; સમજણ.

૮. સ્ત્રી. (જૈન) જ્ઞાનના પાંચ ભાંહેનો એ નામે એક પ્રકાર. મન ને ઇંદ્રિયોથી વર્તમાન કાળવર્તી પદાર્થને અવગ્રહાદિરૂપ સાક્ષાત્ જણાવે તે મતિ. જ્ઞાનના પાંચ પ્રકાર આ પ્રમાણે છે: મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન

૯. સ્ત્રી. ઇરાદો; નિર્ણય.

૧૦. સ્ત્રી (પુરાણ) દક્ષપ્રજાપતિ ની એ નામની કન્યા અને ધર્મ પ્રજાપતિની સ્ત્રી.

૧૧. સ્ત્રી પૂજા, સ્તવ.

૧૨ સ્ત્રી પ્રયત્ન.

૧૩ સ્ત્રી બુદ્ધિ, અક્કલ, હોંશિયારી. અમરકોષમાં બુદ્ધિ, મનીષા, ધિષણા, ધી, પ્રજ્ઞા, શેમુષી, મત, પ્રેક્ષા ઉપલબ્ધિ, ચિદ્, સંવિદ્, પ્રતિપદ્, ગતિ, મનન. એ ચૌદ ઓલિય નામ મતિના છે.

જે બુદ્ધિથી અધર્મ પણ સારો કાર્યો અકાર્યો થવી, જેનું હેય જણાય તેવું ન, મતિ તે પાર્થ ! છે રાજસી.

ગીતાપદ્યાનુવાદ

૧. અવળી મતિ સૂઝવી = ખોટે રસ્તે જવું

૨. મતિ કરવી = નિશ્ચય કરવો; વિચાર કરવો; બુદ્ધિ કરવી.

૩. મતિ ખસવી = બુદ્ધિ બગડવી; સમજ ઓછી થવી; બુદ્ધિ ભ્રષ્ટ થવી; સમજ જતી રહેવી.

૪. મતિ સૂઝવી = (૧) માર્ગ જડી આવવો. (૨) વિચાર કરવો.

૫. ભમતે મતિ ચડવી = ડહાપણ જવું.

૧૪. સ્ત્રી. મત.

૧૫. સ્ત્રી. મન; હૃદય.

૧૬. સ્ત્રી. માન.

૧૭. સ્ત્રી. માનવું તે.

૧૮. સ્ત્રી. વૈદિક ધર્મ અને કર્મમાં શ્રદ્ધા રાખવી તે; વેદવિહિત યોગાદિમાં અને સત્કર્મમાં સંશય વિપર્યય રહિત સુદૃઢ બોધ.

૧૯. સ્ત્રી. વિશ્વાસપાત્ર; સલાહ.

૨૦. સ્ત્રી. સંસાર.

૨૧. સ્ત્રી. સમતિ.

૨૨. સ્ત્રી. સિદ્ધ વિચાર; અભિપ્રાય.

૨૩ સ્ત્રી. સિદ્ધિ.

૨૪. સ્ત્રી. સ્મૃતિ; યાદશક્તિ.

૨૫. સ્ત્રી. હેતુ; ધારણા

૨૬. વિ. આર્ય

૨૭. વિ બુદ્ધિમાન; ચતુર

મતિ અજ્ઞાન ન. (જૈન) પાંચ ભાંહેનું એક અજ્ઞાન; મિથ્યાત્વમતિજ્ઞાન; કુમતિજ્ઞાન.

મતિકર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઇંદ્રિય છંદનો એક ભેદ છે. તેને ૪૨૨ બદ્ધ પદ્ય કહે છે. તેમાં જ્ઞાન નગણ અને બે રગણ મળી કુલ સત્તાવીસ વર્ણો આવે છે

મતિગતિ સ્ત્રી બુદ્ધિશક્તિ

મતિગર્ભ [સં.] વિ. બુદ્ધિમાન; હોશિયાર; ચતુર.

મતિજ સ્ત્રી. વાત.

મતિજ્ઞાન [સં.] ન (જૈન) ઇંદ્રિય અને મનની સહાયતાથી થતું જ્ઞાન. પોતાના આત્મા તરફનું જ્ઞાન તે મતિજ્ઞાન. તેના સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદ છે. મતિજ્ઞાન પોતાને જણાવા માટે પ્રત્યક્ષ છે, પરને જણાવા માટે પરોક્ષ છે મતિજ્ઞાનના બીજી રીતે ચાર ભેદ છે: (૧) અવગ્રહ એટલે વસ્તુના બોધનું પહેલું. (૨) ઇહા એટલે વસ્તુ શું છે તે નક્કી કરવા વિચારવું. (૩) અપાય એટલે આ વસ્તુ આમ જ છે, અન્યથા નથી એવો નિર્ણય કરવો, અને (૪) ધારણા એટલે જે જ્ઞાનથી જણેલા પદાર્થમાં કાળાંતરમાં સંશય તથા વિસારણ ન હોય તે.

મતિજ્ઞાનાવરણ [સં. મતિજ્ઞાન + આવરણ (રક્ષણ)] ન. (જૈન) મતિજ્ઞાનનું આવરણ; જ્ઞાનાવરણના પાંચ ભાંહેનો એ નામનો એક ભેદ પાંચ ભેદ: મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ.

મતિતંતુ [સં.] પું. મતિરૂપી તંતુ કે તાંતણો.

મતિદ ૧ [સં.] પું. (શિલ્પ) એક જાતનો મોભ: પંદર ભાંહેનો એક જાતનો મોભ.

૨ વિ. બુદ્ધિ આપનાર.

મતિદરિદ્ર [સં] વિ બુદ્ધિહીન.

મતિદર્શન [સં.] સ્ત્રી. જેના વડે જીવાદિકોની યોગ્યતા અને ભાવો જાણી શકાય તેવી શક્તિ.

મતિદા ૧. [સં.] સ્ત્રી. ગંગાનાં કન્યા ભાંહેનું એક નામ.

૨. સ્ત્રી. જ્યોતિષ્મતી નામની વેલ.

૩. સ્ત્રી. આંબાહળદી.

૪. સ્ત્રી. સેમલ નામની વનસ્પતિ.

અતિહીનપક્ષ [સં] ન. બુદ્ધિની દુર્બળતા; કાચી બુદ્ધિ

અતિધીર [સં.] વિ. ઠરેલ મનનું; શાંત.

રામ લક્ષ્મણ બન્યો વીર,
મુનિ પાસે રહ્યા અતિધીર. શિવપર

અતિનીર [સં.] પું. (પુરાણ) નહુષકુળના યયાતિના પુત્રના વંશના રૌદ્રાશ્વના પૌત્ર અને ઋતેયુના પુત્ર અતિનાર રાજાનું બીજું નામ. ઋતેયુના અનાધૃષ્ટિ અને અન્નવસ્રાનું એવાં બીજાં નામો હતાં. અતિનીરને તંસુ, મહાનગ્નિ, દ્રહ્યુ અને અતિરથ એવા ચાર પુત્રો હતા.

અતિપુર [સં.] ન. રામાયણમાં વર્ણવેલું એ નામે એક શહેર; મહાપુર. તે બિજનોરથી આઠ માઇલ દૂર આવેલું છે.

અતિપૂર્વક ૧. અ. બરાબરીબેઠે તે; હેતુપૂર્વક; જાણીબૂજીને.

૨. [સં. અતિ + પૂર્વક (સાથે)] અ. બરાબર વિચાર કરીને; બુદ્ધિપૂર્વક.

અતિપ્રકર્ષ [સં. અતિ + પ્રકર્ષ (મોટાઈ)] પું. ઠકારપણું; ડાહ્યાપણું; બુદ્ધિની તીક્ષ્ણતા કે અધિકતા.

અતિભેદ [સં. અતિ + ભેદ (તફાવત)] પું. વિચારમાં ફેરફાર.

અતિભ્રમ ૧. [સં. અતિ + ભ્રમ] પું. ચિત્તભ્રમ; બુદ્ધિભ્રંશ; ઉન્માદરોગ; ગાંડપણ.

૨. પું. ભેસમજ; મનનું અસ્થિર થઈ જવું તે.

૩. પું. મનની નબળાઈ, વાદાસ્તની નબળાઈ.

૪. પું. વિસ્મરણ; ભુલાવો; ગફલત.

૫. પું. સન્મતિનો નાશ થઈ જવો તે; બુદ્ધિમાં થયેલો વિકાર કે અસ્થિરતા.

૬. વિ. અસ્થિર મનવાળું; ચિત્તભ્રષ્ટ.

અતિભ્રંશ [સં. અતિ (બુદ્ધિ) + ભ્રંશ (નાશ)] પું. મૂઢતા; અતિભ્રમ; પાગલપણું.

અતિભ્રાંતિ [સં.] સ્ત્રી. ભૂલ; અતિભ્રમ.

અતિમંઠ વિ. અતિરૂપી મંદ; બુદ્ધિરૂપી અલંકારવાળું.

પૂરે દિને સ્વયં તેનો થાય છે અતિમંઠ.
પ્રેમાનંદ

અતિમંત [સં. અતિમત્] વિ. બુદ્ધિવાળું, વિચારવાન, ચતુર; બુદ્ધિમાન.

અતિમંદ [સં.] વિ. ઓછી બુદ્ધિનું; કમઅક્કલ; જડ; જેની અક્કલ બહેર મારી ગઈ હોય એવું; મંદ મતિનું; મૂર્ખ; સમજ વગરનું; ઠોઠ.

અતિમંદતા [સં.] સ્ત્રી. બુદ્ધિની ઓછપ કે ઊણપ; બુદ્ધિની ખામી; બુદ્ધિની જડતા.

અતિમાન ૧ [સં. અતિમત્] પું. શિવનાં કુત્તાં પાછેનું એક નામ.

૨. વિ. બુદ્ધિમાન; હોશિયાર; ચતુર; સમજદાર; ડાહ્યું; ડહ્યું.

અતિમાંદ્ય ૧. [સં.] ન. બુદ્ધિની મંદતા.

૨. ન. સુસ્તી. જ ઝ.મ.

અતિમૂઢ [સં.] વિ. બુદ્ધિશૂન્ય; મૂર્ખ કે કમઅક્કલ

ચિત્ત થયું અતિ હોકારૂ,
મન્મથિ અતિ કીધું અતિમૂઢ. આસિત

અતિયા ૧. પું. એ નામે એક પંથ; મતિયા પંથ; પીરાણા પંથ. કચ્છવાહ ક્ષત્રેરીના સંશોધન મુજબ તેના સ્થાપક કચ્છના ધર્મામશાહ ભાટા હતા. તે બોલબોલે ઉપદેશ કરનાર સદરદીનના પુત્ર કુતબુદ્દીનના પુત્ર થાય. એ ધર્મામશાહ અમદાવાદ પાસે પીરાણા ગામમાં રહેતા હતા. એમની દરગાહ પીરમડામાં છે. મતિયા એ પીરાણા પંથનું બીજું નામ છે. એની ગાદી અમદાવાદમાં છે. ગાદી ઉપર બિદ્દુને જ બેસાડવામાં આવે છે. કુમ્ભ, ભીમપોર, નવસારી વગેરે સુરત જિલ્લાના કેટલાક ભાગમાં કોળી લોકો મોટો ભાગ આ પંથને માનનારો છે.

૨. જી એ નામે પીરાણા પંથને માનનાર વટલેલા કચ્છીની એક જાતિ. તેઓ સુરત તરફ રહે છે અને ધંધે ખેડૂત છે. જે લેઉઆ કચ્છીઓ મુજરાત, કચ્છ અને ખાનદેશમાં ફેલાયા તેઓ મતિયા સતપંથી અથવા પીરાણા પંથી કહેવાય છે. આશરે ૫૦૦ વર્ષ પહેલાં સૈયદ ધર્મામશાહ નામના એક ઇસ્લામી પીરે તેમને શિવા મુસલમાન બનાવ્યાનું કહેવાય છે. તેઓ અલ્લમૈયદને માને છે અને પોતાને સતપંથી એટલે સજ્જના અનુયાયી કહેવડાવે છે. અમદાવાદ, નવસારી અને જુનાગઢપુરની મુસલમાન પીરોની કબરોને તેઓ પૂજે છે. તેઓના રીતરિવાજ અર્ધા હિંદુ અને અર્ધા મુસલમાની છે. તેઓ રોજ રાખે છે અને વળી હોળી નાળિયેરી પૂનેમ, દિવાળી વગેરે તહેવારો પણ પાળે છે. ધર્મામશાહ પીર પીરાણા આવે ત્યારે બલોચામનાં દર્શન કરવાં તેથી તેઓ તેમને અનુસર્યા. મતિયા તે પીરાણાના પીરને માનનારા છે. મણકા હિંદુધર્મ પાળે છે, પણ મુડદાને દાટે છે. તે સિવાય પહેરવેશ, રીતભાત વગેરેમાં તે પોતાની મૂળ જાત લેઉઆથી જુદા પડતા નથી. તેઓમાં મરણક્રિયા મુસલમાન સૈયદ કરાવે છે ને તદનુસાર ખાવાપીવા કરાવે છે.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

અતિયાળ ન. મજબૂત બાંધાના ઢોરનું બંધ.

અતિયું ૧. વિ. આગલી; ત્રિકો; ઢીલું; મતી. ૨. વિ. બુદ્ધિવાળું; સમજુ.

અતિરાજ પું. એ નામે એક અમર સાહિત્યકાર.

ભૂમણ્ડિયારી પવાર અને અતિરાજના સમય પછી આજે લગભગ ૨૦૦ વર્ષમાં આ ઇન્દુની જેમ ઝગમગતા રહે તેવો બીજો સાહિત્યકાર આપણી નજરે ચઢતો નથી. કૌમુદી

અતિલીલા [સં.] સ્ત્રી. તરંગલીલા; કલ્પનાલલિત્ય; ' ફેન્સિ '.

અતિવર [સં.] વિ. ઉત્તમ બુદ્ધિવાળું; બુદ્ધિમાં શ્રેષ્ઠ.

અતિવંત જુઓ અતિમંત.

અતિવિભ્રમ ૧. [સં. અતિ + વિભ્રમ] પું. એક જાતનો ઉન્માદ રોગ; બુદ્ધિભ્રંશ, ભ્રાંતિ.

૨. પું. ગોટાળો

૩. પું. બુદ્ધિનું ફરી જવું તે; બુદ્ધિમાં ફેરફાર.

અતિસાગર પું. નાગર યુગનો એ નામનો એક કવિ.

અતિહીન જુઓ અતિહીન.

અતિહીન [સં.] વિ. અક્કલ વગરનું; ઠોઠ; મૂર્ખ; બેવકૂફ.

અતી ૧. [સં. અતિ] સ્ત્રી. બુદ્ધિ

બુદ્ધિ મતીખા રોમુખી, જેમા ખિખના ધીમ,
કરવી બગી મતી સોમવો ચાલિ ખિરચ્છન તિમ.
પિંગલપ્રકાશ

૨. સ્ત્રી. સાળ ઉપર કાપડની કિનારી બેસી રાખનારું સાધનનું ટાલણું; વણાટમાં કાપડનો પનો સરખો તણાય તે રહેવા માટે આરણાની લાકડીની રખાની યોજના.

૩. વિ. સ્ત્રી. વાણી જેવો અર્થદર્શક પ્રત્યય; મતલબી નારીજાતિનું રૂપ. જેમકે, બુદ્ધિમતી.

અતીત ૧. [સં.] વિ. જોરદાર; મજબૂત.

મતીત ઇમારત = મજબૂત રીત.

૨ વિ. વજનવાળું.

૩. વિ. ઢીલું.

અતીર [સં.] વિ. વરસતું.

અતીરા ૧. [હિ.] ન. ગોબરું.

૨. ન. નાનું તરબૂચ.

અતીરી સ્ત્રી. પોળી ખરી.

અતીરું ૧. ન. કાકડી; ચીભડું; પાકું ચીભડું.

૨. ન. ધિંસોડું; તુરિયું

અતીલા ૧. [સં. મથ્ (ઊંચે નીચે તાણવું)] ન (વલોણાપટ્ટું) મરમણની જાડીને ખૂણાના મોર સાથે સંતાણ રાખવાનું દોરડું.

૨. ન. (વલોણપટ્ટ) વલોણાનો એક ભાગ.

મતીહું વિ જાતમહી; આપમતિયું, પોતાના મતને પકડી રહેનારું; મતિયું, હઠીલું; દુરાગ્રહી; મગતી.

મતીસ પું એક જાતનું વાજું.

મતુ ૧. ન. બિહો.
૨ ન. સહી કરવી તે; મતુ.

મતુઇ ન. મૃત્યુ; મોત.

મતુખ [સં.] વિ. બુદ્ધિમાન.

મતુભૂતિ સ્ત્રી. ઐશ્વર્ય; મહિમા.

મતુલંગ ૧. ન. લીંબુનું ઝાડ.
૨. ન. સંતરું.

મતું [સ. મત] ન. સાખ કે કબૂલાતની સહી, દસ્તખત; હસ્તાક્ષર; મારો મત કે સંમતિ છે એનું દર્શાવનારી સહી; દસ્તાવેજ ઉપર પોતાને કબૂલ છે એવી સહી કરી આપવી તે; બિડી બાબત દસ્તાવેજની જમણી બાજુએ 'ઉપર લખ્યું છે તે ખરું છે' એવી સહી કે સાખ કરી આપવી તે; સાખ; સહી.
૧ અત્ર મતું તત્ર સાખ = એક બાજુ સહી કરવી અને બીજી બાજુ સાક્ષી કરવા. દસ્તાવેજમાં દસ્તાવેજ કરનારે ને સાક્ષી રહેનારે સહીઓ કરવાનું સ્થાન જણાવતો પ્રયોગ.
૨. કોરે પાને મતું = કોરા કાગળ ઉપર સહી કરવી તે
૩. મતું કરવું = (૧) સહી કરવી. (૨) સમત થવું.
૪. મતું મારવું = લખાણમાં સાક્ષી પૂરવી; સહી કરવી.

મતૂચ્ય [અ.] પું. ઓછી સમજવાળો માણસ.

મતૂન ૧. [અ.] વિ. કપડો બનાવો હોય એવું
૨. વિ. સ્થાપિત.

મતૂલ [અ] પું કરજ બાબત વચન પાળવામાં ઢીલ કરનાર માણસ.

મતેર્ષ [સિ.] સ્ત્રી. સાવકી માતા.

મતૈક્ય [સં.] ન. મતની એકતા.

મતોત્તર [સં.] ન. ગોસાંઈ માર્ગનું એક તંત્ર. આ તંત્રમાં રસસિદ્ધિ બતાવી છે.

મતૌ પું. સલાહ.

મતૌદાર્ય [સ.] ન. મતની ઉદારતા.

મત્ [સં.] અ. વાળું એવા અર્થમાં નામને લગાડાતો એક પ્રત્યય. જેમકે, નીતિમત્, શ્રીમત્.

મત્ત ૧. [સં.] પું. માંકડ.
૨. વિ. મારું; મારા સંબંધી.

મત્કર્મ [સં. મત્કર્મન્] ન. સર્વ કર્મ પરમેશ્વરનાં છે, આપણાં નથી, એવા ભાવથી કરાયેલ કર્મ.

મત્કર્મકૃત [સં. મત્કર્મકૃત્] વિ. મારે એટલે પરમેશ્વરને ખાતર કર્મ કરનાર.

મત્કુણ ૧. [સં.] પુ. જોધનું અપભ્રંશ.
૨. પું. દાંત વિનાનો હાથી.
૩. પું. નાળિયેર
૪. પું. માંકડ.
૫ પું. મૂળ વિનાનો પુરુષ.
૬. સ્ત્રી. લોકોની એ નામની એક જાતિ
૭. ન. એ નામની જાતિનું માણસ.
૮. વિ એ નામની જાતિનું.

મત્કુણસત્ર [સં.] ન. માંકડનો સહાર.

મત્કુણારિ [સં.] પું. ભાંગ

મત્કુણિકા [સં.] સ્ત્રી. માતિક રજોમાંની અનુચર એક માતૃકા.

મત્કુણી ૧ [સ , સ્ત્રી. જેનો ત્વચા ઉપર વાળ ન ઊગ્યા હોય એવી સ્ત્રી.
૨. સ્ત્રી. નર કે માદાની જનનેંદ્રિય.
૩. સ્ત્રી. માંકડની માદા.

મત્ત ૧. [સં.] પું (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં એકથી આરંભી સોળાય માત્રા સુધીની જાતિઓ છે.
૨. પું. કોયલ.
૩. પું. ધોડાનો એક રોગ
૪. પું ધતૂરો.
૫. પું. પાડો.
૬. પું. મદોન્મત્ત હાથી; મદ ઝરતો હાથી; મદજળ હાથી.
૭. પું. (પુરાણ) લક્ષ્મીનો એક પ્રહરિક્ષ ગ્રહણ; માહાત્મ્યે.
૮. સ્ત્રી. એ નામની એક નીચ જાતિ.
૯. સ્ત્રી. માત્રા
૧૦. ન. મદ; દારૂ.
૧૧. વિ. અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ; ઉદ્ધત; ધૃષ્ટ; મદ ચઢ્યો હોય એવું; ઉન્મત્ત; મસ્ત; મદોન્મત્ત
૧૨ વિ કેફ ચઢેલ હોય એવું; છકેલું; નશામાં હોય તેવું, ઝકડું
૧૩. [સં. મદ્ (આદા થવું)] વિ. ચાકુ; ધેલું, જેને સારાસાર વિવેક રહેલો ન હોય તેવું; અવિવેકી; વિચારશૂન્ય.
૧૪. વિ. જેને ચરબી ચડી હોય તેવું; બેવટ
૧૫ વિ. હર્ષ પામેલ; ખુશ; પ્રસન્ન; આનંદિત.

મત્તકાશિની [સં.] સ્ત્રી. મદોન્મત્ત બનેલી સ્ત્રી.

મત્તકાશિની ૧ [સ.] સ્ત્રી ઉત્તમ સ્ત્રી.
૨. સ્ત્રી મસ્ત સ્ત્રી

મત્તકાસિની જુઓ મત્તકાશિની.

મત્તકોરા [સં.] પું હાથી

મત્તકોકિલ ૧. [સં.] પું (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, સગણ, બે જગણ, ભગણ અને રગણ મળી અઢાર અક્ષર હોય છે

૨. પું એક જાતની કોયલ; ગુજરાત કોયલ. જેની પાસે સર્પ હોય, તો તે કોયલ મરી જાય. મરી હવાથી તેનું મોત થાય છે, તેથી ઝેરી હવા પારખવા માટે તે અગાઉ તબેલામાં રાખવામાં આવતી

૩ પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને વિષ્ણુપ્રિયા છંદ પણ કહે છે.

મત્તકોરા [સં.] પુ હાથી.

મત્તકોરી [સં] સ્ત્રી. હાથણી

મત્તગજ [સં] પું. મદોન્મત્ત હાથી

મત્તગજેંદ્ર ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને મત્તમહ, મત્તાલી, ઉદ્રવિલય, દ્વિપ, મધુમાલતિકા, શોભા કે સવૈયા છંદ પણ કહે છે. તેમાં સાત ભગણ અને બે ગુરુ મળી તેવીસ વર્ણો હોય છે અને બાર અને અગિયાર અક્ષરે યતિ આવે છે.

૨. [સ.] પું મદમસ્ત એવો હાથી.

મત્તગય જુઓ મત્તગજેંદ્ર ૨.

મત્તગયંદ જુઓ મત્તગજેંદ્ર ૨.

મત્તગાન [સં.] ન. ચકચૂર થઈને ગાવું તે.

મત્તચંચરીક પું. (પિંગળ) ઉગણચાલીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૧૦, ૧૦, ૧૦ અને ૬ માત્રાએ યતિ અને ૨૧, ૨૬, ૩૧, ૩૬ અને ૪૧ માત્રાએ તાલ આવે છે.

દરાની પર દરા કરી, તે ઉપર દરા ધરી,
લાવને દરા પૂરી, રસ વિષે મતિ કરી, પ્રતિપદમા.
અમ મતિ પાચ છે, દર ચરણમા જ છે;
તેહ સભાળીને, આણુને જાળીને, દર ચડમા.
મત્તચંચરીક તો, એમ બની બતિ તો;
બધી કલા કુલ મળી, ચાર ચોવીસી ચરણ વિષે
પ્રથમ પર એક તો, તાલ ખૂબ છે;
પાચ ચડતે પછી, નવ સાડત્રીસ તો, ચરણ દિસે,
રણછોડરાય

મત્તચ્છંદ વિ. પ્રચંડ.
ઓ મત્તચ્છંદ સભીરણો, મૂળથાટ ખૂબ કરો ઘણે
નરસિંહરાવ

મત્તતા [સં] સ્ત્રી. મિથ્યાભિમાનપણું; મસ્તી; ઉન્મત્તપણું

મત્તદંતિની [સ] સ્ત્રી. માંદી હાથણી.

મત્તદંતી [સ મત્તદન્તિન] પુ. મદોન્મત્ત હાથી; માદો હાથી.

મત્તબાલા સ્ત્રી. ઉન્મત્ત સ્ત્રી.

મત્તભૃંગ [સ] પુ મસ્ત ભમરો.

મત્તમયૂર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ, મત્તમયૂરી, માયૂર, મત્તા. તે અતિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ, તગણ, યગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આમાં ચોથા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

છે મા લા લા મા ગા ગુમે **મત્તમયૂરે**.
રઘુપિંગળ

૨ [સં] પુ મત્ત બનેલો મોર, વિષયી થયેલો મોર, તાલમ. આવેશો મોર, મોજને વશ થઈને મસ્ત થયેલો મોર.

૩ પું મેઘ; વાદળ.

મત્તમયૂરી જુઓ મત્તમયૂર ૧.

મત્તમાતંગગામિની [સં] સ્ત્રી. એ નામની દેવી; મોનાક્ષી દેવી.

કમુદ પર્વતની તળેટીમાં દેવો અને દૈત્યોથી મીનાક્ષી દેવી **મત્તમાતંગગામિની** નામથી પૂજાય છે. ભગવતી ગાગત

મત્તમાતંગદોલિત પું (પિંગળ) સત્તાવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમા ભગણ રગણ આવે છે.

મત્તમાતંગલીલાહર જુઓ મત્તમાતંગદોલિત.

મત્તવાર પું. મદોન્મત્ત હાથી.

મત્તવારણ ૧. પું આંગણાની ઉપરની છત.

૨. પું. (શિલ્પ) કક્ષાસનના કોણેકોણ; સિંહાસનના ખાલી માદેના પદર ભાગોનો બનેલો એક ભાગ.

પદર ભાગનુ **મત્તવારણ** અથવા કક્ષાસન કરવું જોઈએ. રાજવલ્લભ

૩ [સ મત્ત (માદુ) + વારણ (હાથી)] પું માદો હાથી, મદોન્મત્ત હાથી.

૪ પું. મકાનની આગળનો ઓરડો.

૫ પું મહેલના મથાળાની ઓરડી, મહેલ વગેરે ઉપરનો ચિત્રવિચિત્ર માળ.

૬ પુ મહેલની ફરતી વાડ

૭. પુ. સોપારીનો ઝૂડો

મત્તવારણી સ્ત્રી રેંટપીંજણી પડખેના બે માદેનો દરેક ભાગ

મત્તવૈરાન [સં] ન હડકાયેલું કૂતરું.

મત્તસમક પું. (પિંગળ) ચોપન્ન છંદનો એ નામનો એક ભેદ.

મત્તંગ પું મેઘ; વાદળ.

મત્તા ૧. પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેને માત્રા છંદ પણ કહે છે. તેમાં ભગણ, ભગણ, ભગણ અને ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે. તેમા ૪ અને ૬ માત્રા ઉપર યતિ આવે છે.

મત્તા માંહે, પર ન ન ન ગા,
ચારે છક્કે, યતિ કવિ ! ના ના. રઘુપિંગળ

૨ સ્ત્રી. કવિતામા ગણાતી માત્રા.

૩ [સ માત્રા] સ્ત્રી. (પ્રાકૃત) દ્રવ્યનુ પરિમાણ

૪. સ્ત્રી. મિલકત; માલ.

૫. સ્ત્રી. સુરા; મદિરા.

૬. [હિં.] અ. વાળું હોવાપણું એમ બતાવનારો પ્રત્યય જેમકે, બુદ્ધિમત્તા; નીતિમત્તા.

મત્તાકાંડ પું. (પિંગળ) દરેક ચરણમાં ત્રેવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

મત્તાક્રીડ (મત્તાક્રીડ) પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેને મત્તાક્રીડા કે વાન્તિવાહન છંદ પણ કહે છે. તેમાં બે ભગણ, તગણ અને બાર નગણ, લઘુ તથા ગુરુ મળી તેરીસ વર્ણો હોય છે અને આઠે અને પદરે યતિ આવે છે.

મત્તાક્રીડે બે મા છે લા, અક્ષર ન પર ન ન
વસુ વિધિ યતિ છે. રઘુપિંગળ

મત્તાક્રીડા (મત્તાક્રીડ) જુઓ મત્તાક્રીડ

મત્તાખેલ પુ. હિંદની વાયવ્ય સરહદ ઉપર વસતા અફરિદી પઠાણોનો એ નામનો એક વિભાગ.

મત્તાગ્રય પુ કોયલ પક્ષી.

મત્તામત્ત અ. કટકે કટકે.

મત્તાલંબ [સ.] સ્ત્રી. મહેલને ફરતી વાડ.

મત્તાલી પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, તગણ, યગણ અને ભગણ મળી બાર અક્ષર હોય છે તેમાં બીજા અક્ષર ઉપર વિસામો આવે છે.

મત્તાલીમાં, આ ય આ છેલ્લે ચોથે.
રઘુપિંગળ

મત્તાલીપ્રમદા [સં. મત્ત + અલિ (ભ્રમર) + પ્રમદા (સ્ત્રી)] સ્ત્રી. ભમરી.

મત્તું ૧ ન. ચાકરીના બદલામાં અપાતી જમીન, ખેતર વગેરે. મત્તું એ ચારણિયાત સ્વરૂપનું હોવાથી કહે છે કે ચારણ મુજબ કન્યા વંશમાં તે કદી ઊતરતું નથી.

૨. જુઓ મતુ.

મત્તેભ ૧. પું. (પિંગળ) બાવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, મગણ, જગણ, સગણ, રગણ, નગણ અને ગુરુ મળી બાવીસ વર્ણ હોય છે અને ૭, ૭ તથા ૮ વર્ણે યતિ આવે છે.

મત્તેભ ના તદ્દન, આઠે ત આ ય પર, ન ના ર
ને ન ગ ક્રમ. રઘુપિંગળ

૨. [સં. મત્ત (મસ્ત) + ઇભ (હાથી)] પુ. મસ્ત હાથી.

મત્તેભવિક્રીડિત (મત્તેભ વિક્રીડિત) ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, રગણ, નગણ, મગણ, યગણ, લઘુ અને ગુરુ મળી બીસ અક્ષરો હોય છે. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે.

જ્ઞ છે છેદ સ ભા ર ના મ ય ત ના, **મત્તેભ વિક્રીડિતે**. રઘુપિંગળ

૨. સ્ત્રી. મદોન્મત્ત હાથીની ક્રીડા.

મત્તોત્તર પું. ચોસઠ માત્રાનું એક તંત્ર.

મત્ય [સં. મરણ] ન. (પ્રાકૃત) મોત.

મત્યય જુઓ મત્ય

મત્થા ૧. પું. કપાળ; ભાલ; લલાટ.

૨. પું. કોઈ પણ પદાર્થનો આગળનો કે ઉપરનો ભાગ.

૩ [પ્રા.] પું. માથું; શિર; મુંડ.

ન ધમિ તેજ ભીમ તે સદુ,
મમ **મત્થા** ઉપહર થયું.
ગદાયુદ્ધ સમય

મત્થું ન. (જૂ. ગુ.) માથું

મત્થે અ. માથે; ઉપર.

મત્સ્ય [સં.] પું. એક જાતની ઝીંગરી.

મત્પર [સં.] જિ મારામાં તત્પર; મારામાં મારામા આસક્ત.

મત્પરાયણ [સં] વિ. મારામાં આસક્ત; સલગ્ન; મારા વિષે પરાયણ

મન એક ભક્ત થા તું પૂજ વદ મને વળી,
ને ચિત્ત એક પામીશ **મત્પરાયણ** તુ થઈ.
ગીતાનુવેદન

મત્પરાયણતા [સં.] સ્ત્રી. ઈશ્વરમાં ચિત્તવૃત્તિ રાખવી તે

મત્પ્રસાદ [સ.] પું. મારી દયા; મારી કૃપા.

કર્મે કર્મો સદા કર્મે છતાં મે મુજ આશ્રયી,
મત્પ્રસાદથી પામે શાશ્વત પદ અવ્યય.
ગીતાનુવેદન

મત્પ્રાપ્ય [સ] સ્ત્રી. છાપવાની ઓફિસ.

મત્પ્રેષ [સ] પું. રસોડું.

મત્સ્યખી ૧. [ઓ.] કું. રસોઈયો.
૨. વિ. રસોઈ સંબંધી.

મત્સ્યૂમ્ય ૧. [અ.] વિ. કુદરતી.
૨. વિ. પસંદ આવે એવું.

મત્સ્યૂમ્ય [અ.] વિ. રાંધેલું.

મત્ય ૧. [સં.] સ્ત્રી. ખોડેલા ખેતરને સપાટ કરવાનું સાધન.
૨. સ્ત્રી. બુદ્ધિ; મત; મતિ.
૩. સ્ત્રી. મનોભાવભાવ; વિચાર.
૪. સ્ત્રી. સમજણ કરવું તે; ખેતર સપાટ કરવું તે.
૫ સ્ત્રી. સલાહ.

મત્યા ૧. [સં.] સ્ત્રી. ધન; સાપત્ય; પુંછ; માલમિલકત; મૂડી.
૨. સ્ત્રી ઢોર.

મત્યાનંદ કું. છપ્પન પાર્થિવતત્ત્વ માંહેનો એ નામનો એક દેવતા.

મત્યારર્તભ કું. (વૈદ્ય) ઝેર ઉતારી જવી તે.

મત્યર્થક [સં.] વિ. (વ્યાકરણ) મત્ એટલે વાળુના અર્થનું.

મત્સ્ય જુઓ મત્સ્ય.

મત્સ્યગંધ [સં.] કું. માછલાનું એક પ્રકારનું શાક.

મત્સ્યગંધા સ્ત્રી. એક જાતની ઔષધિ. તેને રતવેલિયો પણ કહે છે. તેના મૂળ અને છોડ પાણીમાં સડી જાય છે અને મંધાય છે, માટે મત્સ્યગંધા કહે છે. તેનાં પાન રતવા ઉપર ચોપડાય છે.

મત્સર ૧. [સં.] કું. અભિમાન; તુંમારી; અહંકારનો તોર; ગર્વ; ગુમાન.
૨. કું આવેશ.
૩. કું. ગુસ્સો; રોષ.
૪. [સં.] કું. દ્વેષ; ઈર્ષા; અદેખાઈ; બીજાના શુભનો દ્વેષ કરવો તે; બીજાની સંપત્તિ નહિ સહન કરવી તે.
બીજાની સંપત્તિ તથા સંતતિને જોઈ પોતાના મનને સહન કરવું નહિ થવું, તે મત્સર વૃત્તિ કહેવાય છે. શ્રીમદ્‌ભાગવત
૫. કું. પોતા ઉપર ધિક્કાર કે તિરસ્કાર.
૬. કું. મચ્છર; એક જાતનું જીવડું.
૭. કું. હંસ.
૮. વિ. અદેખું; દ્વેષી; ઈર્ષ્યાવાળું.
૯. વિ. ઉન્માદક.
૧૦. વિ. કૃપણ; કંજૂસ; લોભી.
૧૧. વિ. ક્રોધી.
૧૨. વિ. દુષ્ટ.
૧૩. વિ. સંતુષ્ટ કરે એવું.
૧૪ વિ. સ્વાર્થી

મત્સરમરત [સં.] વિ. અદેખું; દ્વેષીલું.

મત્સરતા [સં.] સ્ત્રી. ઈર્ષા; અદેખાઈ.

મત્સરબુદ્ધિ [સં.] સ્ત્રી. દ્વેષબુદ્ધિ.

મત્સરા ૧. [સં.] સ્ત્રી. અદેખાઈ
૨. સ્ત્રી. ગુસ્સો.
૩. સ્ત્રી. મચ્છર.
૪. સ્ત્રી. માખી.

મત્સરિણી વિ સ્ત્રી. મત્સરવાળી.

મત્સરી ૧. કું. (જૈન) અદેખો પુરુષ.
૨. સ્ત્રી. મક્ષિકા.
૩. વિ. અહંકારી
૪ વિ. ઈર્ષાવાળું; બારીલું; અદેખું; દ્વેષી. ક્રોધિલ મત્સરગ્રસ્તુ.
૫ વિ. કૃપણ; લોભી.
૬ વિ. ક્રોધી
૭. વિ. દુષ્ટ
૮. વિ. પોતાના સુખ પ્રભાવમાં કોઈને ગણે નહિ એવું.
સહભાગુ કમને કહે છે કે કરો બાબતમાં તમે મને સાથ આપતા પણ આજે આ વહાલ વિશે કેમ મત્સરી થયા. પુરાતત્ત્વ

મત્સરીકૃતા સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની સાત માંહેની પાંચમી મૂર્છના. આ મૂર્છના મધ્યસ્થાની પ્રથમ ષડ્જથી આરોહ કરી તારસ્થાનના પ્રથમ ષડ્જ સુધી જાય છે અને પાછી પ્રથમ ષડ્જ સુધી અવરોહ કરે છે. તેના સ્વરગ્રામ આ પ્રમાણે છે: મ, ધ, ધ, નિ, સ, રે, ગ । ગ, મ, ધ, ધ, નિ, સ, રે, ગ, ગ, ધ, ધ, નિ ।

મત્સરીકૃતા સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની સાત માંહેની એ નામની એક મૂર્છના.

મત્સાદની સ્ત્રી. રતવેલિયો.

મત્સિલ્લ કું. (પુરાણ) ઉપરિચર વસુનો ગિરિકાને પેટે ઉત્પન્ન થયેલો એ નામનો પુત્ર.

મત્સી [સં.] સ્ત્રી. માછલી.

મત્સોયા ૧. સ્ત્રી. એ નામની ભરવાડની એક જાત.
૨. વ. એ નામની ભરવાડની જાતનું માણસ.
૩. વિ. એ નામની ભરવાડની જાતનું.

મત્સ્ય ૧. કું. નારાયણ.
૨ કું. મનુષ્ય.
૩. [સં.] કું. વિષ્ણુના દસ માંહેનો પહેલો અવતાર. સત્યવ્રત રાજાને પ્રલયની ચેતવણી દેવાવા તથા હયગ્રીવ દૈત્યને મારી વેદ આણી આપવા માટે ભગવાને આ અવતાર લીધેલો કહેવાય છે આ અવતાર સત્યયુગમાં થયો હતો. તેનું નીચેનું અંગ રોહુ માછલીના જેવું, ઉપરનું અંગ મનુષ્યના જેવું અને રંગ શ્યામ હતો તેના માથા ઉપર શિંગડાં હતાં, ચાર હાથ હતા, જાતી ઉપર જટાઓ હતી અને આખા શરીરમાં કમળનું ચિહ્ન હતું. મહાભારતમાં લખેલું છે કે, પ્રાચીન કાળમાં વિવસ્વાનના પુત્ર વૈવસ્વત મનુ એક બહુ જ પ્રસિદ્ધ અને મહાન તપસ્વી હતા. એક વખત એક નાની માછલીએ આવીને તેને કહ્યું કે, મને મોટી માછલીઓ બહુ જ સતાવે છે. આપ મારી રક્ષા કરો મનુએ તેને એક ઘડામાં રાખી દીધી અને તે દિવસે દિવસે વધવા લાગી. જ્યારે તે બહુ જ વધી ગઈ, ત્યારે મનુએ તેને એક કૂવામાં રાખી. જ્યારે તેમા પણ વધવા માંડી એટલે તેણે તેને ગંગામાં મૂકી. ઉપરે લાંથી પણ માંડીને સમુદ્રમાં છોડી દીધી. સમુદ્રમાં પહોચતાં જ તે માછલીએ કહ્યું કે, હવે તુરતમાં જ પ્રલયકાળ થવાનો છે. તેથી તમે એક સરી અને મજબૂત હોડી બનાવી લેજો અને તેના ઉપર સપ્તર્ષિઓ સહિત બેસી જજો. બધી ચીજોના બીજ પણ પાસે રાખી લેજો અને તે હોડી ઉપર મારી પ્રતીક્ષા કરજો. વૈવસ્વત મનુએ તેના કહ્યા પ્રમાણે જ કર્યું જ્યારે પ્રલયકાળ આવ્યો અને આખી સૃષ્ટિ જળમગ્ન થઈ ગઈ, ત્યારે તે વિશાળ માછલી તેને દેખાણી. મનુએ પોતાની હોડીને તે માછલીના શિંગડા સાથે બાંધી દીધી. ઘોડા દિવસો બાદ તે માછલી તે હોડીને ખેંચીને હિમાલયના સૌથી ઊંચા શિખર ઉપર લઈ ગઈ. ત્યાં વૈવસ્વત મનુ અને સપ્તર્ષિઓએ તે હોડીને માછલીના કહેવાથી તે શિખર સાથે બાંધી દીધી. તેથી તે શિખર આજે પણ નૌબંધન કહેવાય છે. તે વખતે તે માછલીએ કહ્યું કે, હું સ્વયં પ્રજાપતિ બ્રહ્મા છું. મેં જ તમારી રક્ષા કરવા અને ફરીથી સૃષ્ટિ રચવા માટે મત્સ્ય અવતાર ધારણ કરેલ છે. હવે આ મનુ ફરીથી આખી દુનિયાની રચના કરશે આમ કહીને તે માછલી ત્યાં જ અંતર્ધાન થઈ ગઈ
૪. સ્ત્રી. એ નામની એક મુદ્રા; ચોરીસ માંહેની એ નામની એક આસની મુદ્રા; બેઠેલા હાથના અભિનયના ચોરીસ માંહેનો એક પ્રકાર.
૫. સ્ત્રી. (જ્યોતિષ) મીન રાશિ.
૬. સ્ત્રી. સોનેરી રંગની એક જાતની શિલા. તેનું પૂજન કરવાથી મુક્તિ થવાનું મનાય છે.

૭. ન. અઢાર માહેનું એ નામે એક પુરાણ.

૮. ન. એક પ્રાચીન ચદ્વવંશી આર્ય કુળ. તેનો ઉલ્લેખ ઋગ્વેદમા છે. આ કુળ ઋગ્વેદ જેટલું જૂનું મનાય છે.

૯. ન દશાવતારી સૃષ્ટક્રમા એક જલનું પ્રાણી

૧૦ ન. મચ્છ, જળમાં રહેનારું એક પ્રાણી. માછલું, મીન. એ નાના મોટા અને વિવિધ પ્રકારનાં થાય છે. મીઠા પાણીમા, અને દરિયા મા બેઉ ઠેકાણે થાય છે પૃથુરોમા, ઝષ, મત્સ્ય, મીન, વૈસારિણ, અડજ, વિમાર, ચુડુલિન એ આઠ નામ માછલીના છે

૧૧ ન મનુષ્યની ઢબેણીમાં માછલાનાં આકારનું એક ચિહ્ન. ઢબેણીમાનું એક શુભ ચિહ્ન

૧૨. ન. માછલાનો રાજા.

૧૩ ન. દક્ષિણ દેશની પશ્ચિમે આવેલો એ નામે એક દેશ. હાલના જેપુર અને અલવર રાજ્યો તેમા આવેલાં છે

૧૪ ન શ્રીહરિના ડાબા ચરણ,રવિદમા ત્રિકોણાકૃતિ નામ રહેલ માછલાના આકારનું એક ચિહ્ન

મત્સ્યઉદ્યોગ [સં.] પું દરિયામાંથી માછલા પકડવાનો ઉદ્યોગ.

મત્સ્યદેશ ૧. પું. જેપુરની ઉત્તરે આવેલ વૈરાટના રહેવાસી.

૨ [સં.] પું. મચ્છલું

મત્સ્યકન્યા ૧. [સં મત્સ્ય (માછલું) + કન્યા] સ્ત્રી. જેનું અર્ધ અંગ સ્ત્રી જેવું અને અર્ધ અંગ માછલી જેવુ હોય એવી માછલી; જળપરી; જલકન્યા

૨. સ્ત્રી. માછીમારની કન્યા.

મત્સ્યકરંડકા [સં.] સ્ત્રી. માછલાં રાખવાનો કરંડિયો.

મત્સ્યક્રીડા (મત્સ્યક્રીડ) [સં.] સ્ત્રી માછલાંની પાણીમાં તરવાની ક્રિયા

મત્સ્યખણ્ડ [સં] ન. માછલા સુકવવાનુ સ્થાન.

મત્સ્યખંડી સ્ત્રી. એક જાતની ખાંડ; ખળી ખાંડ

મત્સ્યગર્ભ પું માછલીનાં ઈંડાં.

મત્સ્યગલ્લગલ્લ પું. મોટા માછલાએ નાના માછલાને ખાઈ જવું તે.

મત્સ્યગંધ [સં] પું (પુરાણ) એ નામે એક ઋષિ.

મત્સ્યગંધા ૧. સ્ત્રી. એ નામનું એક દરિયાઈ પ્રાણી

૨ સ્ત્રી. પદ્મકાશ; જલપીપર. તેને રતનેસિયો પણ કહે છે. તેનાં મૂળ અને છોડ પાણીમાં સડી જાય છે અને ગંધાય છે માટે તેને આ નામ અપાયું હશે તેનાં પાન રતવા ઉપર ચોપડાય છે.

૩. [સં. મત્સ્ય (માછલી) + ગંધા (ગંધવાળી)] સ્ત્રી માછલાના જેવી જેના શરીરમાંથી ગંધ નીકળતી હતી એવી ગંગા ઉપર રહેનાર એક નાવીની છોકરી; ભાસમાતા; પાંડવોની દાદી; શાન્તનુની સ્ત્રી સત્યવતી; યોજનગંધા, નીમ્નગા અમ્માન ના.

મત્સ્યગ્રહણ [સં] ન. માછલા પકડવાં તે.

મત્સ્યઘંટ [સં.] પું એક પ્રકારનું માછલીનું ઈંડું

મત્સ્યઘાત [સં.] પું. માછલાં મારવાં તે.

મત્સ્યજયંતી સ્ત્રી. એ નામનો એક ઉત્સવ, મત્સ્યાવતાર જયતી. ચૈત્ર સુદિ પ્રતિપદાએ આ ઉત્સવ ઊજવાય છે

મત્સ્યજાલ જુઓ મત્સ્યજાળ.

મત્સ્યજીવી સ્ત્રી. માછલાં પકડવાની જાળ.

મત્સ્યજીવી ૧. [સં મત્સ્ય + જીવિન્ (જીવનાર)] પું. ખારવો; માછીમાર; માછલાં પકડવાનો ધધો કરનાર કે માછલાં વેચીને ગુજરાત ચલાવનાર નિષાદ જાતિનો માણસ.

૨. વિ. માછલાં વેચવાનો ધંધો કરનાર

મત્સ્યટુમકી સ્ત્રી પાણીમાં ઊંડા ઊંડે તરીને ખૂબ દૂર જઈ પાણીમાંથી નીકળવું તે.

મત્સ્યદગ્ધ [સં.] પું. (પુરાણ) એ નામે એક ઋષિ.

મત્સ્યદેશ પું. એ નામે એક દેશ; ઉદયપુર નજરીને મધ્યમાં આવે તેની પૂર્વ પશ્ચિમ, ઉત્તર દક્ષિણ આવેલ દેશો. તેની અંદર બિરજાપુર પ્રાન્ત, કાનપુર અને પ્રયાગનો સમાવેશ થાય છે.

મત્સ્યદ્વાદશી [સં.] સ્ત્રી. માગશર સુદિ બારસ

મત્સ્યદ્વીપ [સં] પું. એ નામનો એક દ્વીપ.

મત્સ્યધાની સ્ત્રી. માછલાં રાખવાનું પાત્ર.

મત્સ્યનદી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

મત્સ્યનાશક ૧. પું. કુરર પક્ષી; ટિટોડો

૨. વિ. માછલાંનો નાશ કરનાર

મત્સ્યનાશકી [સં.] સ્ત્રી. ટિટોડી.

મત્સ્યનાશન પું ટિટોડો

મત્સ્યનાશની [સં.] સ્ત્રી. ટિટોડી.

મત્સ્યપક્ષ [સં] સ્ત્રી. માછલાની પાંખ

મત્સ્યપાલન ૧. ન. અમુક જગ્યા કે દરિયામાંથી માછલાં પેદા કરવાનો ધધો.

૨. ન. માછલાં પકડવાની જગ્યા; ' ફિશરીઝ '.

૩ ન. માછલાનો ઉછેર; ' ફિશ કલ્ચર '.

૪ ન માછીનો ધધો.

મત્સ્યપિત્ત ન. (વૈદક) પિત્તના પાંચ આંકડાનો એક પ્રકાર; માછલાના શરીરમાંથી મેળવેલું પિત્ત

મત્સ્યપિત્તા સ્ત્રી. કડુ નામે વનસ્પતિ. તે પિત્ત રોગનો નાશ કરે છે.

મત્સ્યપુચ્છ ન. (જ્યોતિષ) ધ્રુવ મત્સ્ય નામના તારાના ઝુમખાનું પૂછડું

મત્સ્યપુર ન. ધોળકાનું પ્રાચીન નામ, વિરાટનગર.

મત્સ્યપુરાણ [સં.] ન. અઢાર મહાપુરાણોમાંનું એ નામનું એક પુરાણ; તામસ પુરાણનો એક પ્રકાર. તેમાં ચૌદ હજાર શ્લોકો છે. આ પુરાણમાં મત્સ્યાવતારનું વર્ણન કર્યું છે. જગતની રચનાનો હેતુ, મત્સ્યાવતાર ધારણ કરવાનું કારણ પ્રલયનું વર્ણન, બ્રહ્માને ફરી મુખ હોવાનું કારણ, મન્વંતરોની ઉત્પત્તિ, સૂર્યવંશ તથા ચંદ્રવંશનું વર્ણન વગેરે કથાઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

મત્સ્યપૃષ્ઠ વિ. બધે નીચું પણ વચ્ચે ઊંચું ને લાંબુ હોય એવું.

મત્સ્યબંધ પું. માછીમાર.

મત્સ્યબંધક ૧. પું. એક વર્ણસંકર.

૨. પું. મચ્છીમાર.

૩. વિ માછલાં પકડનાર.

મત્સ્યબંધન [સં.] ન. માછલાં પકડવાની જાળ.

મત્સ્યબંધિની [સં.] સ્ત્રી. માછલાં પકડવાની જાળ

મત્સ્યબંધી જુઓ મત્સ્યબંધક.

મત્સ્યભેદ પું. માછલાંને વીંધવું તે.

મત્સ્યભોગી [સં. મત્સ્યભોગિન્] વિ. માછલાં ખાનાર.

મત્સ્યમુદ્રા [સં.] સ્ત્રી. મુદ્રાનો એક પ્રકાર. જમણા હાથના પાછલા ભાગ ઉપર ડાબા હાથની હથેળી રાખી, આંગળો સરખી રીતે એકી સાથે આકાશ પાછળ વધાવવાથી તરતી માછલીના જેવો આકાર થાય છે, માટે તેને મત્સ્યમુદ્રા કહે છે.

મત્સ્યમૂર્તિ [સં] પું. ભગવાનના ચોવીસ મહેનો એ નામનો એક અવતાર; મત્સ્યરૂપ ધારણ કરેલ ભગવાનનું એક નામ.

મત્સ્યમૂર્તિધૃતશ્રુતિ [સં.] પું પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

મત્સ્યમોતી ન. એક જાતનું મોતી. તે વધુ ગોળ, વજનમાં હલકું તથા સાધારણ મોટું હોય છે તે મત્સ્યના મુખમાંથી નીકળે છે. આ મત્સ્ય સમુદ્રમાં વસે છે

મત્સ્યયંત્ર ૧. [સં] ન. દ્રૌપદીના સ્વયંવર વખતે મત્સ્યવેધ માટે કરવામાં આવેલી રચના. તેની ઉપર ચઢીને અર્જુને મત્સ્યવેધ કર્યો હતો.

૨. ન. (વહાણવટું) હોકાયંત્ર જેવું પ્રાચીન હિંદની નૌકાઓમાં વપરાતું એક યંત્ર; દિગ્નિર્ણય યંત્ર; ઉત્તર દિશા બતાવે એવું લોહચુમ્બક જોડવેલું યંત્ર; 'મૅરિનર્સ કંપાસ.' આ યંત્ર માછલીના આકારનું હતું. એમાં માછલીનું મુખ અને આંખ ઉત્તર દિશા તરફ હમેશા રહેતાં. ઈ સ.ની શરૂઆતમા હિંદુઓએ જાવા ઉપર ચઢાઈ કરેલી તે સમયે તેમણે જે યંત્ર વાપરેલું તે હજી સુધી હયાત છે આ યંત્રને હિંદુઓ મત્સ્યયંત્ર કહેતા. એમાં એક લોહની બનાવેલી માછલીને એક તેજના વાસણમાં તરતી મૂકવામાં આવતી અને આ રીતે ઉત્તર દિશા સૂચવાતી.

મત્સ્યરંક [સં.] પું. એક જાતનું પક્ષી

મત્સ્યરંગ [સં.] પું. મોટો કલકલાઓ; 'કિંગફિશર.' તે વરપ, અમેરિકા ને આફ્રિકાનું વતની છે. આ પક્ષી માછલાંનું ભક્ષક છે. તેનાં પીંછાં બહુ સુંદર હોય છે.

મત્સ્યરંગક [સં.] પું. એક જાતનું પક્ષી.

મત્સ્યરંગી [સં.] સ્ત્રી. એક જાતની પક્ષિણી.

મત્સ્યરાજ ૧. [સં.] પું. (પુરાણ) ઉપરિચર વસુ રાજાથી મત્સ્યીને ઉદરે થયેલા કન્યાપુત્રરૂપ જોડલા માંહેનો પુત્ર; મત્સ્યગંધાનો ભાઈ.

૨. પું. રોહુ નામની માછલી; રોહિત મત્સ્ય.

૩. પું. (પુરાણ) વિરાટ રાજા; મત્સ્ય દેશનો રાજા.

મત્સ્યરૂપ વિ. માછલાનું રૂપ ધારણ કરેલ.

મત્સ્યવર્ગ ૧ [સં.] પું. મનુષ્યનો એક પ્રકાર.

> બીકણ, અણઘડ, આઠાર સુધ્ધાં, ચંચળ, જરા જરમાં કામ કોકને વરા કનાર, કોઈની બાંયે બરાઈ રહેનાર, લોભ-પ્રેમની લાલસાવાળો, મત્સ્યવર્ગ જાણવો. નાગરિક

૨. પું. માછલાંઓનો સમૂહ કે સમુદાય.

મત્સ્યવર્ષુન ૧. [સં.] ન. મત્સ્યવિદ્યા

૨. ન. માછલાં સંબંધી વર્ણન.

મત્સ્યવાહન [સં] પું. (પુરાણ) વરુણ.

મત્સ્યવિદ્યા સ્ત્રી. માછલાં સંબંધી શાસ્ત્ર.

મત્સ્યવેધ ૧. [સં. મત્સ્ય (માછલું) + વેધ (વીંધવાની ક્રિયા)] પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં અર્જુને ઝાંખીથી માછલીને વીંધવાની કરેલી ક્રિયા

૨ પું ધનુર્વિદ્યાનો એક પ્રયોગ; કપડામાં પડઘાવા ભરી ને માછલીની આંખ વીંધવી તે.

મત્સ્યવેધક ૧ [સં.] પું. બગલો

૨. પું. માછીમાર; માછી

મત્સ્યવેધન ૧ [સં.] ન. એક જાતનું હરિવાર્ષ પક્ષી; કર્કોટ.

૨. ન. માછલાં વીંધવાનો એક જાતનો ભાંટો કે આંકડો.

> ભાંડારકર, મત્સ્યવેધન એ જે નામ માછલા પકડવાના આંકડા માટેના છે

અમરકોષ

મત્સ્યવેધની [સં.] સ્ત્રી. માછલાં વીંધવાનો આંકડો કે ભાલો.

મત્સ્યશાકલા ૧. [સં.] સ્ત્રી. કડુ. તે અનાજનું ભદન કરી તેને ઝાડા વારે ઝાલે છે, તેજ કે કાંતિને વધારે છે અને જખને પ્રદીપ્ત કરે છે

૨. વિ. અનાજનું ભેદન કરી ઝાડા વારે ઝાલી તેજ કે કાંતિને વધારનાર.

મત્સ્યસરઠ [સં. મત્સ્ય + સરટ (કાકીડો)] પું એક જળચર ઉગેચામી પ્રાણી; મરોજા અને મગરને મળતું પેટે માલનાઈ એક પ્રાણી.

મત્સ્યસંઘાત [સં] પું. માછલાંનો સમૂહ.

મત્સ્યસંતાનિક [સં.] પું. એક પ્રકારનું માછલાનું શાક.

મત્સ્યસામક [સં.] પું. ઋગ્વેદના આઠમા મંડલના ૬૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.

મત્સ્યસ્તર [સં. મત્સ્ય (માછલું) + સ્તર (પડ)] ન. માછલાં તથા બીજાં હરિવાર્ષ પ્રાણીનાં હાડકાંનાં બંધાયેલ પડ.

મત્સ્યસ્તરક્ષમ પું. માછલાંના અવશેષોના પડની બનેલી જમીન.

મત્સ્યંડિકા ૧. [સં.] સ્ત્રી. ગોળનો એક પ્રકાર; શેરડીનો વધુ પકવેલો ઘાટો રસ; ખાંડ; મિસરી.

૨. સ્ત્રી. રાબ; કાથિત.

મત્સ્યંડી જુઓ મત્સ્યંડિકા.

મત્સ્યંડીકુલિત [સં.] ન. સાકર.

મત્સ્યા [સં.] સ્ત્રી. માછલી.

મત્સ્યાકૃતિ ૧. [સં.] સ્ત્રી. માછલા જેવી આકૃતિ; બે વર્તુલ એકબીજાને કાપે તેથી બની આકૃતિ

૨. વિ. માછલા જેવી આકૃતિવાળું

મત્સ્યાક્ષ [સં મત્સ્ય (માછલું) + અક્ષિ (આંખ)] પું. મોતીના દસ માંહેનો એક દોષ. તેનું માછલીના ડોળા પ્રમાણે ગોળ વર્તુલ હોય છે.

મત્સ્યાક્ષક જુઓ મત્સ્યાક્ષિકા

મત્સ્યાક્ષિકા ૧. [સં.] સ્ત્રી ઝાકળ

૨ સ્ત્રી સોમલતા

મત્સ્યાદની ૧. [સં] સ્ત્રી. એક જાતની માંધવાળી ફૂલ

૨ સ્ત્રી 'દસ માળી નામની ઔષધિ; મત્સ્યગંધા; મત્સ્યદની; આલ્લિકા વનસ્પતિ

૩. સ્ત્રી. નોણવેલની એક જાત. તેનાં પાન ઉપલોનમાં આવે છે તે મધરી, પિત્તહર અને કફનો નાશ કરનાર મનાય છે

૪ સ્ત્રી. બ્રહ્મી વનસ્પતિ

૫ સ્ત્રી. સોમલતા; દિલમોચિકા વનસ્પતિ.

મત્સ્યાગાર [સં. મત્સ્ય (માછલું) + આગાર (મકાન)] ન માછલાંઓને રાખવાનું સ્થળ

મત્સ્યાગ્રાદ્ય [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ

મત્સ્યાદ [સં. મત્સ્ય (માછલું) + અદ (ખાનું)] વિ. માછલાં ખાનાર.

મત્સ્યાદની સ્ત્રી. એ નામે એક ઔષધિ; જળપીપર; મત્સ્યગંધા; આલ્લિકા, દિલમોચી.

મત્સ્યાધાની [સં.] સ્ત્રી. માછલાં ભરવાનો કરંડિયો

> મત્સ્યાધાની, કુબેરણી, એ બે સ્ત્રીલિંગ નામ માછલી ભરવાના કરંડિયા માટેનાં છે

અમરકોષ

મત્સ્યાપિત્તા સ્ત્રી. કડુ.

મત્સ્યાયિની જુઓ મત્સ્યાદની.

મત્સ્યાવતાર [સં.] પું (પુરાણ) વિષ્ણુના દસ માંહેનો પહેલો અવતાર. બ્રહ્મદેવનો ઘોર નામનો પચીસમો કલ્પ કે દિવસ સમાપ્ત થઈ રાત્રિ પડતાં બ્રહ્મદેવ નિદ્રિત થયા એટલે નિદ્રા પ્રલય થયો, તે કાળે હયગ્રીવ નામના કોઈ અસુરને વેદ હરણ કરી જવાના વિચારથી બ્રહ્મદેવ તરફ જતો જોઈ તેનો નાશ કરવા વિષ્ણુએ આ મત્સ્યરૂપી અવતાર ધારણ કર્યો હતો. જે સંબંધે પુરાણમાં એ પ્રમાણે કથા છે કે: કોઈ એક કાળે સત્યવ્રત રાજા સંધ્યા કરણ

બેઠા હતા. તેમની અંજલિમાં અકસ્માત એક પર્ણ જ નાનું મત્સ્ય પડીને પડ્યું. તે તેણે સંધ્યા પાત્રમાં એટલે તરણાયુમાં નાખ્યું હતા તે જલદી વધવાથી રાજાએ અનુક્રમે તેને કૂવામાં ને પછી સરોવરમાં મૂક્યું. તો પણ તે વધવાથી રાજાએ પોતાના મરજ બળે તેને સમુદ્રમાં મૂક્યુ ત્યાં તે વધીને આખા સમુદ્રમાં આપી શકે ત્યારે રાજાએ તેની સ્તુતિ કરી, ત્યારે મત્સ્યરૂપી ભગવાને તેને કહ્યું કે, પ્રલયકાળ બહુ સમીપ આવી પહોંચ્યો છે. તે પછી નૂતન કલ્પ આરંભાશે. તેમા તું સાતમા વૈવસ્વત નામનો મનુ થઈશ પછી મત્સ્યે તેને એક નૌકા તૈયાર કરવાની અને પ્રલય ઉપસ્થિત થતા તેમાં બેસવાની આજ્ઞા કરી અને કરી હું તારી પાસે આ જ રૂપે પ્રત્યક્ષ થઈશ, એમ કહી તે અંતર્ધાન થયા. પછી જ્યારે પ્રલય થયો, ત્યારે વૈવસ્વત મનુ એટલે પહેલો રાજા ઋષિઓ અને બધાંગા ભૂત પદાર્થોને લઈને વહાણે ચઢ્યો. પૃથ્વી માત્ર જળબંબાકાર થઈ ગઈ અને બધાંનો નાશ થયો, પણ વહાણ તરતું રહ્યું આ વખતે મત્સ્યરૂપે વિષ્ણુ ભગવાન ત્યાં મનુ પાસે આવ્યા. તે મત્સ્યને કપાળમાં શિંગડાના જેવુ શિસ્ત હતુ. મનુએ સર્પ વડે પોતાનું વહાણ મત્સ્યને શિંગડે બાંધ્યું. મત્સ્ય વહાણને લઈને પ્રલય પયોધિમાં સડસડાટ ચાલ્યું. પ્રલયનું જળ ઓસરી જતાં સુધી એણે વહાણને સલામત રાખ્યુ. શ્રીમદ્ ભાગવત આ બાબતમાં જુદીજ રીતે કહે છે કે, પોતાની રાત્રિમાં બ્રહ્મદેવ વિશ્રાંતિ લે છે. એવી એક રાત્રિમાં પૃથ્વી અને બીજા આકાશી ગોલકો મહાસાગરના અગાધ જળમાં ગુમ થઈ ગયા. તે વખતે હયગ્રીવ નામનો દૈત્ય ત્યાં આવ્યો અને બ્રહ્મદેવના મુખારવિંદમાંથી નીકળેલા વેદોનું હરણ કરી ગયો. આ વેદોને પાછા આણવાને વિષ્ણુ ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો અને મનુને ઉગારી લીધો. વિષ્ણુએ હયગ્રીવને મારીને વેદ તેમને પાછા સોંપ્યા. આ અવતાર વખતે દક્ષિણાયન, કાર્તિક કૃષ્ણ બીજ, સોમવાર, મૂલ નક્ષત્ર અને ગોજાત યોગ હતો. તે જન્મ દિવસના ઘડી ૨૦ અને પલ ૫ સમયે થયેલ મનાય છે.

મત્સ્યાશન [સં] વિ. માછલા ખાનાર.

મત્સ્યાશની [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ

મત્સ્યાસન ન (યોગ) ચોરાશી આસનોનું એક નામનું એક આસન પદ્માસનમાં બેઠા પછી બંને હાથના ટેકાથી જમીન ઉપર સૂઈ જવું જમણા હાથથી ડાબા પગના અંગૂઠાને અને ડાબા હાથથી જમણા પગના અંગૂઠાને પકડી રાખવા, આંખ ખુલ્લી રાખવી, શરીરને સાધારણ અક્કડ રાખવુ, બંને નસકોરાથી દીર્ઘ શ્વાસ લેવો અને મૂકવો. શ્વાસ લેતી વખતે ફેફસાં ફુલાવવા અને શ્વાસ બહાર કાઢી નાખતી વખતે ફેફસાં સકોચવાં. બંને પગના ઢીંચણ જમીનને અડાડીને રાખવા. આ આસનમાં ગળું તથા હાથની કોણીઓના ઉપરના ભાગ સિવાય બાકીનો તમામ ભાગ જમીનને અડતો જોઈએ. આસનથી ઊઠતી વખતે હાથના ટેકાની જરૂર ન પડે એવા રીતે ઊઠવુ. ઊઠતાં પહેલાં હાથને માથાના ઉપરના ભાગમાં રાખવા. પગને સહેજ જમીનથી ઉપર ઉપાડવા ને પછી માથુ, હાથ અને પડતા ભાગને એકદમ ઉપર લાવી આવવો. પગને જમીન ઉપર બેસાડી દેવા. આરે શરીરવાળાને આ રીત કદાચ અનુકૂળ નહિ પડે, માટે તેઓએ હાથના ટેકાથી ઊઠીને બેઠા થવાનો પ્રયત્ન કરવો. આ આસન પાંચ દિવસ સુધી એક મિનિટ, પછી ૮ દિવસ સુધી દોઢ મિનિટ, ૧૫ થી ૧૫ દિવસ સુધી બે મિનિટ, ૧૫થી ૨૦ દિવસ સુધી ત્રણ મિનિટ, ૨૦થી ૨૮ દિવસ સુધી ચાર મિનિટ, ૨૮થી ૩૬ દિવસ સુધી પાંચ મિનિટ, અને ૩૬ દિવસ પછી શક્તિ ને લાભ પ્રમાણે પણ ૭ મિનિટ સુધી કરવુ. આ આસનનો એક બીજો પ્રકાર આ પ્રમાણે છે: આસનના પહેલા પ્રકારમાં જણાવ્યા મુજબ સૂઈ ગયા પછી બંને હાથના પંજાને માથાની આજુબાજુ જમીન ઉપર રાખવા અને હાથથી જમીનને દાબીને પીઠ, કમર તથા પગોને જમીનની ઉપર ઊંચાડીને રાખવા જમીનને અડીને ફક્ત પગ, હાથની કોણી તથા તાળવાનો ભાગ રહેવો જોઈએ. આ આસન કરતી વખતે શ્વાસ ચાલુ રાખવો. પગના ભાગને હાથના ટેકા વડે જમીનથી અદ્ધર ઉપાડ્યા પછી હાથને નીચે લાવવા ને જમણા હાથથી ડાબા પગના અંગૂઠાને પકડી રાખવો. આસનથી ઊઠતા પહેલાં હાથના ટેકા લઈને તાળવાના ભાગને જમીનથી દૂર લાવીને પહેલા પ્રકારમા બતાવ્યા મુજબ સૂઈ જવું, ઊઠી જવું. આંખ ઉઘાડી રાખવી અને શરીરને સાધારણ અક્કડ રાખવ. આ આસનથી અનેક લાભ થાય છે આઠ દિવસ સુધી ચોસ સેકંડ, આરથી દસ દિવસ સુધી પિસ્તાલીસ સેકંડ, દશથી તેર દિવસ સુધી એક મિનિટ, તેરથી સોળ દિવસ સુધી દોઢ મિનિટ, સોળથી પચ્ચીસ દિવસ સુધી બે મિનિટ, પચ્ચીસથી ચાલીસ દિવસ સુધી ત્રણ મિનિટ અને ચાલીસ દિવસ પછી અનુકૂળતા મુજબ ત્રણથી ચાર મિનિટ સુધી કરવું. આ આસનનો ત્રીજો એક પ્રકાર નીચે મુજબ છે પદ્માસનની માફક પદ્મબંધ કરીને ચત્તા સૂઈ જવુ. શિર તથા પીઠને ઊંચાં કરીને કમાન જેવું બનાવવુ તથા બંને તર્જનીથી બંને પગના અંગૂઠા પકડવા. આ આસનથી રોગમુક્તિ થાય છે. આ આસનનો મહાવરો કરવાથી પાણી ઉપર સૂઈ રહેતા જલદી આવડી જાય છે.

મત્સ્યાસુર [સં.] પુ એ નામનો એક અસુર.

મત્સ્યાહાર [સં. મત્સ્ય (માછલું) + આહાર (ખોરાક)] પું. માછલાનો ખોરાક

મત્સ્યાહારી [સં મત્સ્ય + આહાર (ખોરાક) + ઇન્ (વાળુ)] વિ. માછલાં ખાનાર

મત્સ્યાંડિકા જુઓ મત્સ્યાંડિકા

મત્સ્યાંડી જુઓ મત્સ્યાંડિકા.

મત્સ્યી સ્ત્રી. માછણી.

મત્સ્યેંદ્રનાથ પું. હઠયોગના આદિ પ્રવર્તક ભગવાન આદિનાથ શ્રી શંકરના એ માહેનો એક મુખ્ય શિષ્ય. તેમના બે મુખ્ય શિષ્ય મત્સ્યેંદ્રનાથ અને જલંધરનાથ કહેવાય છે એક વખતે શંકર પાર્વતીજીને યોગવિદ્યા સમજાવતા હતા ત્યારે સઘળાંતાં સાંભળતાં પાર્વતીજી સમાધિસ્થ થઈ ગયાં તે વખતે ભગવાન વિષ્ણુએ મત્સ્યના રૂપમાં પ્રવેશ કરી પાર્વતીજીને બદલે હોંકારો દેવો શરૂ કર્યો કે જેથી શંકર યોગવિષયક કથનો ખંડ ન કરે. શંકરનું ધ્યાન જ્યારે ને તરફ ગયું, ત્યારે વિષ્ણુ ભગવાન બાલકરૂપમા સામે પ્રગટ થયા. કહેવાય છે કે, એ જ મત્સ્યેંદ્રનાથના નામથી પ્રસિદ્ધ થયા. સ્કંદપુરાણ તથા પૃથ્વીરાજપુરાણમાં તેમની ઉત્પત્તિ વિષે જુદાજુદા બે કથાનકો આપ્યાં છે. અંગુલ નક્ષત્રમાં જન્મ્યાના કારણે આપણે એક બાળકને પાણીમાં ફેંકી દીધુ. તેને માછલી ગળી ગઈ. પછી શિવ પાર્વતીનો યોગવિષયક સવાલ સાંભળી તે માછલે આદેશ આદેશ એમ માછલીના પેટમાંથી પોકાર કર્યો. પાર્વતીજીએ એ બાળકને બચાવ્યો ને તેનું મત્સ્યેંદ્રનાથ એવું નામ રાખ્યુ ભગવાન શંકરે તેને યોગવિદ્યા શીખવી અને પછી તેનો સંસારમાં પ્રચાર કર્યો. આ મત્સ્યેંદ્રનાથને કેટલાક મચ્છિંદર કે મછિંદરનાથ કહે છે મત્સ્યેંદ્રસંહિતા નામનો યોગવિષયક ગ્રંથ એમનો બનાવેલો કહેવાય છે તેના મુખ્ય શિષ્ય ગોરક્ષનાથ હતા. તેના ચમત્કારની એક કથા એવી છે કે: એક વખતે નેપાલનો રાજા વસંતદેવજી પદભ્રષ્ટ થઈ શ્રી ગુરુ મત્સ્યેંદ્રનાથને કરગ્યે અને ગુરુના આશીર્વાદથી તેને ફરી રાજ્યપ્રાપ્તિ થઈ. તેથી મત્સ્યેંદ્રનાથને શિવસ્વરૂપ માની એના મંદિરની સ્થાપના કરી અને નેપાલમાં ઘેરઘેર તેની પૂજનો પ્રચાર કર્યો. નેપાલના ગોરખપતી નામના ગામમાં મત્સ્યેંદ્રનાથનું મુખ્ય ધામ છે. બાર વર્ષે

વૈશાખ મહિનામાં ત્રણ દિવસ સુધી મેળો ભરીને ઉત્સવ થાય છે ને મત્સ્યેંદ્રનાથની સવારી મોટી ધામધૂમથી નીકળે છે. તે હઠયોગી હતા અને ગોરક્ષનાથના ગુરુ હતા. નેપાળમા તે પદ્મપાણિ નામના બોધિસત્ત્વના અવતાર મનાય છે. તેના નામ ઉપરથી યોગીઓમા નાથ સંપ્રદાય નીકળેલા મનાય છે.

મત્સ્યેંદ્રાસન [સં.] ન. (યોગ) ચોરાશી આસનોમાંનું એક નામનું એક આસન. તેની રીત: ડાબા સાથળના મૂળમા જમણા પગને રાખવો, જમણી બાજુને નાભિસ્થાનમાં કે તેથી થોડે જમણી તરફ રાખવી. પગનો અમ ભાગ જમણા ઉપર રાખવો ત્યાર બાદ પછવાડેથી ડાબો હાથ લાવીને બેડીને અંગુષ્ઠ બેઠે ઉપરની બાજુએ પકડવી, તે જેવી રીતે કે દ્વ.થનો અંગૂઠો ગોઠણ તરફ અને કનિષ્ઠિકા બેડી તરફ રહે. પછી ડાબા પગને જમણા ગોઠણથી જરા આગળ બહાર કાઢવો બેઠકે ડાબા પગનો ગોઠણ છાતીને અડીને રહે એમ થઈ જશે તથા ડાબા પગના તળિયાનો અમ ભાગ જમણા ઘૂંટણ નીચ આવી જશે. મોંને જમણી તરફ ફેરવવું અને દૃષ્ટિ ભ્રૂમધ્યમા સ્થિર કરવી. આ આસન બીજી રીતે પણ થઇ શકે છે. પહેલાં જમણા સાથળ ઉપર ડાબા પગનો અમભાગ રાખવો. પછી જમણા હાથને પછવાડેથી બહાર કાઢીને તે વડે ડાબા પગને જરા ઉપરની બાજુએ પકડવો. પછી જમણા પગને ડાબા ઘૂંટણ કરતાં બહાર કાઢવો અને ડાબા હાથને જમણા પગની પછવાડેથી બહાર કાઢીને જમણા પગનો અંગૂઠો પકડી મોંને ડાબી બાજુ ફેરવવું. દૃષ્ટિ ભ્રૂમધ્યમા સ્થિર કરવી. આ બીજી રીત પહેલા રીતથી ઊલટી રીતે થાય છે આ બને રીતથી સરખા સમય સુધી અભ્યાસ કરવો ફક્ત એક જ રીતે અભ્યાસ કરવો એ કાનિકારક છે પશ્ચિમોત્તાનાસન, મયૂરાસન વગેરે આસનોથી નાડીસમૂહને મુલાયમ બનાવ્યા પછી આ આસનનો અભ્યાસ કરવો યોગ્ય છે. આ આસન જેમ બધું અઘરું છે તેમ તેથી દિવ્ય ફળ પ્રાપ્ત થાય છે. સવાર સાજ એક એક કલાક હમેશા અભ્યાસ કરવાથી એક જ વર્ષમા નાડીઓનો સર્વ મલદોષ અને ત્રિધાતુજન્ય બધા રોગ તદ્દન નાશ પામે છે અને વળી દશમો સમુદ્રનદ ખૂલી જવાથી મનોવૃત્તિ એકાગ્ર થાય છે. આ આસનના અભ્યાસથી પ્રાણાયામ વિના પણ કુંડલિની જાગૃત બને છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, આંતરડાં, પડખાનો ભાગ અને મૂત્રાશયનો સકોચ થાય છે અને જ્ઞાનતંતુ અધિકાધિક બળવાન બને છે. આ એક જ આસનથી પીઠ, પેટના નળ, પગ, ઝાંઘ, બાહુ, કેડ, પેટ અને બાજીના સ્નાયુઓને સારો લાભ થાય છે અને પેટના અનેક રોગ સમૂળા નાશ પામે છે. વળી આ આસનના અભ્યાસથી અતિસાર, સંગ્રહણી, મંદાગ્નિ, રક્તવિકાર, કૃમિ, શ્વાસ, કાસ, વાતરોગ, મેદવૃદ્ધિ આંતરવૃદ્ધિ તથા રસ, રક્ત આદિ સપ્ત ધાતુઓની વિકૃતિ દૂર થઈને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આ આસન નિદ્રાને નિયમમાં રાખે છે તથા તાળવાની ઉપરથી ઝરતા ચંદ્રામૃતને નહિ ઝરવા દેતા ત્યાં જ સ્થિર કરે છે. મહાન યોગી મત્સ્યેંદ્રનાથે આ આસનનો ચિરકાલ અભ્યાસ કર્યો હતો, તેથી તેમના નામથી આ આસન પ્રસિદ્ધિમાં આવ્યું છે

મત્સ્યોદકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ
અઠસઠમો મત્સ્યોદકુંડ એક જાતના કૂચના ખાડા જેવો છે અને ચોત્રીસ ધનુષના પ્રમાણનો છે.
ભાગવતી ભાગવત

મત્સ્યોદર ૧ ન નેત્રનો એક પ્રકાર
મત્સ્યોદર નામનું નેત્ર ચાર વર્ષનું કહ્યું છે.
પુરાતત્ત્વ

૨ [સં મત્સ્ય (માછલું) + ઉદર (પેટ)] વિ માછલાની જેમ પાતળા પેટવાળું
મત્સ્યોદર કુલ જેહનું ભલે સરોવર આત.
નેમવિજય

૩. વિ માછલીના ઉદરમાંથી ઉત્પન્ન થનાર.

મત્સ્યોદરી ૧. જી. કાશીમાં આવેલું એ નામનું તીર્થ

૨. [સ. મત્સ્ય (માછલું) + ઉદર (પેટ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] જી. મત્સ્યગંધા; વ્યાસની માતા; સત્યવતી

૩. વિ જી માછલીના ઉદરમાંથી ઉત્પન્ન થનારી.

મત્સ્યોદ્યોગ [સં. મત્સ્ય (માછલું) + ઉદ્યોગ (ધંધો)] પું. માછલા પકડવાનો ઉદ્યોગ.

મત્સ્યોન્મર્દન ન માછલું જેમ જળમાં કૂદી જળમાં પાછી કૂદકી મારે તેવી રીતે વેદન કરવું તે.

મત્સ્યોપજીવી ૧. [સ. મત્સ્ય (માછલું) + ઉપજીવિન્ (જીવનાર)] પું. માછીમાર.

૨. વિ. માછલાં મારી તેને વેચીને પોતાનું ગુજરાન ચલાવનાર

મથ ૧. [સં.] સ. ક્રિ. ઘૂંટવું કરવી.
૨. સ ક્રિ દોવું.
૩ સ ક્રિ. નાશ કરવો.
૪. સ ક્રિ પીડા કરવી.
૫. સ ક્રિ (ધાતુ) મથવું. તે ઉપરથી બનેલ શબ્દો: મથનું; મથન.
૬ સ ક્રિ. હલાવવું.

મથક ૧. ન. ચળી; પીઠ.
૨. ન. જે સ્થળે લોકો નોકરી કરતા હોય તે સ્થળ.
૩. ન. જ્યાં મોટો વેપાર ચાલતો હોય તે બંદર અથવા શહેર
૪. ન. જ્યાં વિદ્યાભ્યાસ અને જ્ઞાનવિષયક ચર્ચાઓ વગેરે ચાલતું હોય તે સ્થાન
૫. ન. મુખ્ય સ્થાન, રહેઠાણ કે ઘર.
૬. ન. લશ્કરના પડાવનું સ્થળ, છાવણી.

મથડ પું. કામદેવ

મથન ૧. [સં.] પું. અરણીનું ઝાડ.
૨. પું કલેશ.
૩. પું કામદેવ
૪. પું. છાશ બનાવવાની ક્રિયા; વલોવવું તે; વલોણું. મથન.
૫ પું દુઃખ. પીડા; કષ્ટ.
૬ પું ભારી નાખવું તે. વધ
૭ પું. (પુરાણ) વિષ્ણુએ મારેલો તારકાસુર પદ્મનો એક અસુર.
૮ ન. અમુક કાર્ય માટે ખૂબ મહેનત સહ કરવી તે; મથવું તે; મથામણ; ગડમથલ, પ્રયાસ; શ્રમ; પ્રયત્ન; મહામહેનત; વ્યવસાય.
૯. ન. એ નામનું એક અસ્ત્ર
૧૦ ન ચર્ચા; વાદવિવાદ
૧૧. ન. દુઃખી કરવું તે; પીડવું તે.
૧૨. ન. નાશ કરવો તે

મથનકાલ જુઓ મથનકાળ.

મથનકાળ પું. કસોટીનો વખત.

મથના ૧. [સં.] પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જુદી જુદી છંદનો એક ભેદ છે. તેને મુખલા, સારંગિકા, સારંગ, કોકિલા, સારંગિક, સારંગિણ અને સારવક પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે

૨. પું રવાર્ણ

મથનાચલ [સં. મથન (વલોવવું તે) + અચલ (પર્વત)] પું. મદાર પર્વત. સમુદ્ર મથન કરતી વખતે આ પર્વતનો રવૈયા તરીકે ઉપયોગ કરાયો હોવાનું મનાય છે.

મથનાચળ જુઓ મથનાચલ

મથનાર્થના ૧ જી મથની; છાશ કરવાની જોળી, વલોણાની જોળી.
૨. જી. માછલા

મથની ૧. જી. ઓરસ વલોવવાની જોળી, વલોણાની જોળી.
૨. જી. દહીં ભાગવાનું કુલડાવાળું ઓજાર, રવૈયો, વલોણાંનો વાંસ
૩. જી. વલોવવું તે; વલોવવાની ક્રિયા.

મથનોત્પન્ન વ. મથન કરતાં ઉત્પન્ન થયેલ.
હવે અત્ર અમો મહીં અમૃત મથનોત્પન્ન.
મજ્જેદમાં ઐરવતો નરમાં હું રાજન્.
જ્ઞાનકોશ

મથમોન ૧. સ્ત્રી. ચાહ્લણની એ નામની એક જાતિ. તેનો ચોરાસી જ્ઞાતિમાં સમાવેશ થતો નથી

૨. વ એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

મથરસી ૧. સ્ત્રી. ચાહ્લણની એ નામની એક અટક.

૨. વ. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

મથરાવટી ૧. સ્ત્રી. પીંજણના માથા ઉપરની ચામડાની પટી તે જેમના ચામડાની હોય છે.

૨ સ્ત્રી. મ.મ. ઉપર રહી મેલો થતો સાડલાનો ભાગ; મથરાવટી

૩. સ્ત્રી. ચોકા માટે ઢાંકીના ઢબાના ઉપર રાખવામા આવતું ઝીણ ઝરેલું મખમલ; સારી

મથરાવવું ૧. સ. ક્રિ. ઢબાવવું; ફુલાવવું.

૨. સ ક્રિ. ખીજવરાવવું.

મથરી સ્ત્રી રવાઇ

મથવાહ [વિ.] પું. ઢાંકીનો મદદગાર

મથવું ૧ [સં. મથ્ (વલોવવું)] સ. ક્રિ. કોઈ કાર્યને વધારે વાર કર્યા કરવું; કોઈ ક્રિયા વારંવાર કર્યા કરવી; મચ્યા રહેવું; લાગ્યા રહેવું

૨. સ ક્રિ. ખૂબ વિચાર કરવો.

૩. સ. ક્રિ. મહેનત કરવી; પોતાની ઇચ્છા પ્રમાણે ઓછું કાર્ય પાર ઉતારવાને માટે આમતેમ ખૂબ પરિશ્રમ લેવો; સહેલાઇ ન મળે તોપણ મહેનત કે ઉદ્યમ જારી રાખવો.
મથી મથીને દહાડા કાઢવા = મુશ્કેલીથી દિવસો પસાર કરવા

૪ સ. ક્રિ. મોયા મારવાં.

૫. સ. ક્રિ. તકરાર ચલાવવી, ચર્ચા કરવી.

૬ સ. ક્રિ. બારીક નજરથી તપાસીને જોવું; ચોકસ કરવું.

૭. સ ક્રિ. કોઈ તપાતા પદાર્થને વાસણની અંદર વગેરેથી વેગપૂર્વક હલાવવું.

૮. સ ક્રિ. ધસવું.

૯ સ ક્રિ. ઘુમરડવું; ચોળવું; કદોળવું, વલોવવું; ઘોસવું, હલાવવું.
મહી મથ્યાની જોળી ફોટી, આ તો કરીએ વાહ રે,
જગદેવા તારા કાનુડાને સાદ કરીને બાર રે.
નરસિંહ

૧૦ સ. ક્રિ. મારવું.

મથાની ૧. [સં.] સ્ત્રી. વલોણાની જોગી.

૨ [ક્રિ.] સ્ત્રી. વલોવનાર સ્ત્રી.

૩. જો વલોવવાનો વાસ; રવૈયો; દહીં વલોવીને માખણ કાઢવા માટે રાખવામા આવતો લાકડાનો દંડો.

મથામણ ૧. સ્ત્રી. મહેનત; મથવું તે; પ્રયત્ન, મહેનત, તકલીફ, આજસ.
તે સમયે, રાજપુત્રો આવિષ્કાર કરવાની તેમની કાર્યવાહી જોઇને કરવા લાગ્યા.
ગોવર્ધનરામ મુનશી

૨. સ્ત્રી. મુશ્કેલી; હરકત.

મથામથ સ્ત્રી. વારંવાર મથામણ કરવી તે.

મથાર [વિ.] સ્ત્રી. (સંગીત) એ નામના એક રાગિણી. તે વરસાદમાં ગવાય છે.

મથાલ વ. મથક; મૂળ સ્થાન

મથાવટી ૧ સ્ત્રી આબરૂ, પ્રતિષ્ઠા; લાગ.
મથાવટી મેલા હોવા = ખરાબ પ્રતિષ્ઠાવાળું હોવું

૨. [સં. મસ્તક (માથું) + વર્તિન્ (હોનાર)] સ્ત્રી ઓના સાડલાનો માથા ઉપર આવતો ભાગ, તે માથા ઉપર જ રહેતો હોવાથી વખારે મેલો થાય છે. અગાઉના વખતમાં ન ધોઈ શકાય તેવા સાડલાને ધોઈ કાઢવા તેવા કપડાની જુદી મથાવટી જોડી ઉપયોગ કરતો અને તે મથાવટી મેલી થયે તે ધોઈ ફરી સાડલામા આવતી.

મથાવવું ૧. સ. ક્રિ. મથાવવું; કરાવવું; ન કરવા દેવું.

૨. સ ક્રિ. મહેનત કે માથાકૂટ કરાવવી; ખૂબ પ્રયત્ન કરવવો, મથે એમ કરવું.

મથાસકું ન [ફા.] ચામડી.

મથાસરો પું. તોડ્યો તોડાય નહિ તેવો મજબૂત સાંધો.
મથાસરો જડ્યો = મજબૂત સાંધો બંધાયો

મથાળો ૧. પું. મોટા માથાવાળો માણસ.

૨. વ. એક જાતનું કૂંજીદાર.

૩. ન. નદીનું મૂળ કે મથક

૪ ન. મોસાળ પક્ષ.

મથાળી ૧. સ્ત્રી. ચામડી, ચિરપેમ.

૨. સ્ત્રી મથાળું; શીર્ષક.

૩. સ્ત્રી. શિખર; ટોચ.

મથાળું ૧. ન. અગ્રભાગ; ઉપલો ભાગ

૨. ન. અંદાજ; આશરો; આપવા લેવાના સમમાં કોઈની બંધાતી હદ.
મથાળું બાંધવું = (૧) અંદાજ કરવો. (૨) આપવો લેવા સંબંધી ઠરાવ નક્કી કરવો (૩) મહત્ત્વનો ભાગ લખી નાખવો. (૪) માથાકૂટ લેણદેણ કરાવવું. (૫) લખાણનું શીર્ષક લખવું કે ઠરાવવું.

૩. ન. ઉપલી બાજુ.

૪. ન. ઉપલુ બખાડ્યું; ઉપલો ઘાટ; શિખર, ટોચ

૫. ન કોઈ લેખ કે વિષયનું સ્વરૂપ દર્શાવનારું નવું ટૂંકું અને મથાળે લખવાનું નામ; લખાણનું માથું; શીર્ષક
મથાળું બાંધવું કરવું = (૧) ઉપલું પાસું સાફ કરવું. (૨) લખાણનું મથાળું બાંધવું.

૬ ન. પાઘડી. તિરસ્કારમાં વપરાય છે.
મથાળું પાલવું-પહેરવું = પાઘડી પહેરવી; પાઘડી માથે મૂકવી

મથાળો પું. અભ્રતર ઉપરનો ભાગ; ચોરેલ પત્થરનો ઉપરનો ભાગ.

મથિકટ સ્ત્રી (સંગીત) એક શ્રુતિજાતિ બતાવેલ માત્રાનો તાલ. તેના તાલ સ્થાન ૧, ૯, ૧૧ માત્રા ઉપર છે. તેના ઠોકડીના બોલ: સમ ૧ ૯ ૧૧
ધીં ધીં ધાકિટ તિ તિ તકિટ ધીં ધીં ધાકિટ તિ તિ તાકિટ તાધિન કિટ તક

મથિન ૧. પું. એ નામના એક ઋષિ

૨. ન. દહીંમાં પાણી નાખ્યા સિવાય બનાવેલ ઝારા; પાણી નહિ નાખેલ ઘાંગેલ દહીં

૩. વિ ઠારેલું; હલવું.

૪ વિ. ઢલોજેલુ

૫. વિ ઢળેલુ

૬ વિ. દુઃખ દીધેલ; પીડેલ.

૭. [સં. મથ્ (વલોવવું)] વિ. મથેલું; વલોવેલું

માથિનયામાયન [સ] પું. ઋગ્વેદના દસમા મંડલના ઓગણીસમા સૂક્તનો કર્તા એક ઋષિ.

મથિતાર્થ ૧. [સં] પું. અનુમાન; ઘટિતાર્થ.

૨. પું. નવનીત; નિચોડ; સાર; ઉપસંહાર.

મથિની વિ. સ્ત્રી. મથનારી; મથવાવાળી.

મથિલ ઉદિદ પું. એક જાતનો વાલ; અનુપ વાલ.

મથિલ નારંગ પું ખાડા વગરો એક જાતનો લાલ રંગ.

મથિલેશ [સ. મિથિલા (એક નગરી) + ઈશ (ધણી)] પું મિથિલાપુરીનો રાજા જનક.

મથી ૧. [સ. મથિન્] પું. રવૈયો.

૨. પું. વજ્ર.

૩. પું વાયુ

૪ પું. વિષ્ણુ

૫. વિ. વલોવનાર.

મથીઅા ન ગો નામનુ એક સ્થળ. તેની પાસેના તીરહતમાં અશોક ઔહ ધર્મની આજ્ઞાઓ મોટા પથ્થર ઉપર કોતરાવેલ છે

મથીમથીને જ. ઘણી ઘણી મહેનતે. મહેનત કરીને.

મથુન પુ. એક વાયુ; અનુપ વાયુ.

મથુરની [સં.] સ્ત્રી. મથુરિયા જાતિની સ્ત્રી

મથુરા સ્ત્રી ;ન એ નામની એક નગરી. આર્યાવર્ત માત્રામાં આ નગરીના નામ સબંધે લખ્યું છે કે: રામાયણ, મહાભારત, હરિવંશ, વિષ્ણુપુરાણ આદિ પ્રાચીન ગ્રંથોમાં મધુપુર, મધુપુરી, મધુરા આદિ નામોનો ઉલ્લેખ છે. કોઈ કોઈ એની વ્યુત્પતિ મધુ ધાતુ ઉપરથી કરે છે. પાપનું અહીં મંથન થાય છે માટે તે મથુરા કહેવાયું. અહીં શ્રીકૃષ્ણનો ભક્ત હૃદયમંથન અને ત્યાગી આત્મમંથન અનુભવે છે એ માટે પણ એનું નામ મથુરા કોઈ કહે ઉત્તર પ્રદેશ અને પંજાબના સંગમ ઉપર આવેલા આ મદાન મોચ્ચમાં દધિનું મંથન મોટે પાયે થતું હશે, એથી પણ એનું નામ મથુરા પડયું હોય. વળી એમ પણ કહેવાય છે કે, રાવણની બહેન કુંભીનસીના પતિ મધુ નામના અસુરે પૂર્વે અહીં તપ કરેલું હોવાથી મધુવનને નામે આ દેશ પ્રખ્યાત હતો પછી તેનું તપ પૂર્ણ થતાં તેણે મથુરા નામની પુરી સ્થાપી. તેના પુત્ર લવણાસુરને શત્રુઘ્ને મારી તે દેશની પ્રજા શૂરસેન પાડયુ અને મધુપુરી તેની રાજધાની થઈ. પાછળથી તેનું મથુરા નામ પડયું. શ્રીકૃષ્ણે અયપણ આ સ્થળે પ્રહાર કર્યું હતું. વિષ્ણુનો રામ અને કૃષ્ણના અવતારને લીધે મથુરા પવિત્ર બન્યુ છે. તે જમુના નદીને કાંઠે આવેલું છે. નદીકાંઠે અનેક ઘાટ અને મંદિરો છે. મથુરાના ઘાટ ઉપર નાહી મંદિરમાં દર્શન કરવાથી ભૂતકાળનાં બધા પાપ ધોવાઈ જાય અને મોક્ષ મળે એમ મનાય છે પુરાણ પ્રમાણે મથુરાના રાજા કૂર કંસને એમ કહેવામાં આવ્યું હતું કે, તે તેના મામાને હાથે મરશે. તેથી કંસ રાજાએ એવો હુકમ કર્યો કે, પોતાના કુટુંબમાં જન્મતા દરેક પુત્રને મારી નાખવો. કંસનો નાશ કરવાને વિષ્ણુએ મનુષ્યનો અવતાર લીધો અને રાજાની બહેનને પેટે જન્મ લીધો. કંસે પોતાનાં બહેન અને બનેવીને જેલમાં પૂર્યાં હતાં. જ્યારે શ્રીકૃષ્ણનો જન્મ થયો ત્યારે જેલના ચોકીદારો સૂતા હતા. ચમત્કારથી કમાડ ઊઘડી ગયા જન્મેલા બાળકને તેમના બાપ નદીના પૂર અને તોફાન વચ્ચેથી લઈ ગયા અને તે જ દિવસે તેને બદલે એક ગોવાળણ પેટે જન્મેલ દીકરી જેલમાં લઈ આવ્યા અને શ્રીકૃષ્ણને ગોવાલણને સોંપી દીધા. તેર વર્ષની ઉમરે શ્રીકૃષ્ણે કંસને મારી મથુરામા અત્યારે પણ જન્મ દેવાસવો અને મહેલો છે. દ્વારકાધીશનું મંદિર સૌથી મોટું છે. નારાયણજી મંદિર અને કેશવદેવ મંદિર એ પણ અગત્યનાં મંદિરો છે. આ ઉપરાંત ગોપીનાથ અને રંગિકા મંદિર વગેરે મંદિરો પણ છે. જૂના વખતમાં મથુરાની આસપાસ એક મોટી દીવાલ હતી, જે હજુ પણ ભાગેલ તૂટેલ હાલતમા દેખાય છે આ દીવાલને પ્રદક્ષિણા કરવામાં આવે છે. આ દીવાલની બારોબાર પરકમા કરવામાં આવે છે આ પરકમાને પગપાળી પરકમા કહેવામા આવે છે. આ પરકમા એકાદશી, પૂર્ણિમા તથા જન્માષ્ટમીને દિવસે કરવામાં આવે છે. દેવોત્થાની અગિયારસ એટલે કાર્તિક સુદિ અગિયારસને દિવસે મથુરા તથા વૃંદાવનની પરકમા કરવામાં આવે છે. અક્ષયનવમી એટલે કાર્તિક સુદિ નવમીને દિવસે મોટો જનસમુદાય આ પરકમા કરે છે મથુરા હિંદુઓનું એક મોટું તીર્થસ્થાન છે. આર્યાવર્તમાં આવી મોક્ષદાયક પુરીઓ માનવામાં આવે છે, તેમાની મથુરાપુરી પણ એક છે. મથુરા એ શ્રીકૃષ્ણના મામા કંસ રાજાની રાજધાની અને મોટું શહેર હતું. તેને જૂના વખતમાં બધુ ને બધુ અગત્ય હતું ત્યાં આવ્યું હતું શ્રીકૃષ્ણે કંસને મારી પોતે ગાદી પોતે ન લેતાં કંસના પિતા ઉગ્રસેનને આપી હતી. શ્રીકૃષ્ણનું તે જન્મસ્થાન છે. ઉત્તરોત્તરમાં દક્ષિણોત્તર જતા મોગીશ્વર શ્રીકૃષ્ણ ભગવાનના આત્મવિદ્યાસ્થાન રૂપ સાંદીપનિ ઋષિના આશ્રમ જેવી આ જન્મસ્થાનની જરીપુરાણી સ્થિતિ છે. આર્યાવર્તની સંસ્કૃતિના ઉત્તમરૂપ આવા ઐતિહાસિક સ્થાન પ્રેરક અને ગૌરવ પ્રબંધ કરનારાં છે. ભારત સ્વતંત્ર બન્યા પછી આવા સંસ્કૃતિધામો થઈ રહ્યાં છે; જેમકે પ્રભાસમાં આવેલ રેહોત્સર્ગ, દિલ્હીમાં આવેલ રાજઘાટ અને સુદામાપુરીમાં આવેલ કીર્તિમંદિર. તેમ જ જેવી જ પવિત્ર બનાતી યમુનાના તટ ઉપર આવેલું આ સ્થાન વિધાન અને કલાની દૃષ્ટિએ પણ અદ્ભુત છે. વિશ્રામઘાટ, ગ્રામ તીર્થ, ધારાપત્તન આદિ અનેક સુંદર ઘાટ અને દ્વારકાધીશ, વિશ્રાંતિ, ગતશ્રમનારાયણ, વેણિમાધવ, ગોવર્ધનનાથ મહાવિદ્યા આદિ અનેક કળામય મંદિરોથી સુશોભિત આ પુણ્ય ધામનો ઉલ્લેખ પૌરાણિક સાહિત્યમાં પણ પુષ્કળ છે. લોલાના જમેજ પુત્ર અને જનમેજયના પિતા મધુ રાજાના અસુર વંશમાં એનું નામ જે મધુપુરી અને એની આસપાસના વનનું નામ મધુવન પડયું તે મૂળ મધુપુરી કે હાલનુ મહોલી એ વર્તમાન મથુરાથી નૈઋર્ત્યમાં સાત્રણ માઈલ છે. આશુતોષ મહાદેવને પ્રસન્ન કરી એમની પાસેથી મળેલા ત્રિશૂળથી નિર્ભય બનેલા એ ધર્માત્મા અસુરે આ નગર વસાવ્યુ. ઔહ મત્ર અટકયામાં પણ મથુરાનો ઉલ્લેખ છે. અવંતીના રાજા ચંદ્રપ્રદ્યોતે પોતાના પુરોહિત મહાકાત્યાયનને બોલાવવા મુહને અવંતી પધારવાનું આમંત્રણ આપવા મથુરા મોકલ્યો હતો જૈન સાહિત્યમાં આવતા તીર્થંકર સુપાર્શ્વનાથની સ્મૃતિમાં દીગાજદિન મોનાનો સ્તૂપ મથુરાની પશ્ચિમે કંકાલી ઉપર રચાયાનો ઉલ્લેખ છે. તેમ જ ત્રેતામા તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં ઈ સ. પૂર્વે સાતમી સદીમાં પણ એક વિશાળ "વેદિકા" નામના સ્તૂપનું નિર્માણ થયું હતું તેની તરફ બંધાયેલા એક મંદિરની મરામત બપ્પભટ્ટસૂરિએ કરી હતી યૂએનસંગે લખ્યું છે કે, તેણે આવેલા બનાવેલા ત્રણ સ્તૂપ અહીં જોયા હતા આમ જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ સંસ્કૃતિની ત્રિવેણી સમુ આ નગર શૂરસેન જનપદની રાજધાની હતું, જેની શૌરસેની પ્રાકૃત ભાષા ઉપરથી ગુજરાતી ભાષા નીકળી છે આ જ નામની યમુનાની પ્રસિદ્ધ નગરી મદુરા પણ પવિત્ર ને પ્રાચીન છે ક્રમિશ્રેષ્ઠ રબિન ગ્રુબ્રત્સ્યાકોશમાં પાંડય સામ્રાજ્યની એ રાજધાનીનો એક ધનધાન્યસપન્ન નગરી તરીકે ઉલ્લેખ છે. પરંતુ કંસવધ આદિ કૃષ્ણ ભગવાનની લીલાના ધામ ઉત્તર મથુરામાં આજે પણ વિશ્રામઘાટ ઉપર એમણે મૂકેલાં મુકુટ અને પાદુકાનાં દર્શન કરાવાય છે અને પવિત્ર યમુના જળની કોટીઓ અહીંથી ભરાય છે. અહીંના તહેવારો પણ એ પ્રમાણે યમુના ઉત્સવ એટલે ચૈત્ર સુદિ છઠ, વનવિહાર એટલે વૈશાખી પૂર્ણિમા, જન્માષ્ટમી, રાધાષ્ટમી એટલે ભાદરવા સુદિ નોમ, ગર્બહિંડોળા એટલે કાર્તિક સુદિ બીજ અને હોળી એટલે ફાગણ સુદિ અગિયારશથી પૂનમ આદિ છે પંચમેશીપરકમા એટલે ગોટની દીવાલના પરિક્રમણનું બહુ પુણ્ય મનાય છે. અનેક ઐતિહાસિક શિલ્પ અને કલાની કૃતિઓ સાંપ્રત પુરાતત્ત્વ સમ્રહાલયમાં મોકલવામાં આવી છે વળી ત્યાં બીરલા કોઠે અદ્યતન દૃષ્ટિથી તૈયાર કરાવેલું મહાભારતના પ્રેરક પ્રસંગોના પ્રતીક રૂપ એક ગીતામંદિર છે. એના આંગણામાં મૂળ કદનો એક મોટો શ્રીકૃષ્ણ બિરાજિત ગીતારથ અને એક ઊંચો સર્વધર્મોપદેશિત ગીતાસ્તંભ છે. આ બધેબર દર્શનીય છે.

મથુરાનો રોહો ન્યારો = પોતાનો જોડે જુદો

મથુરા કળા જી એ નામની એક પ્રકારની શિલ્પકળા. આર્ય સંસ્કૃતિનું ઉદ્ભવ સ્થાન, હારતી, સાકેત અને કન્યાકુબ્જ જેવાં મહાનગરોની ક્રીડાભૂમિ, ગંગા યમુનાના દોઆબનું પ્રવેશદ્વાર, મથુરા ઇતિહાસ અને ભૂગોળની દૃષ્ટિએ અનન્ય છે આકૃષ્ટ એટલે પ્રજાજન દ્વારા આવેલા મધ્ય એશિયાનાં જૂથ પણ ત્યા કરીકામ થયા છે. આ બધાને લીધે ત્યાની કળા અનોખી બની છે પુનાની ભાવ દર્શાવતા સિંહોનાં ચિત્રવાળા સ્તંભ અને ગુપ્તકાલીન કળાના નમૂના રૂપે તોરણની આકૃતિવાળો મોર પણ ત્યાં દેખાય છે. પરંતુ આ બધાના સમન્વયથી એક વિશિષ્ટ કળાનો ત્યા ઉદય થયો. આ કળાને મથુરા કળા કહી શકાય. એનો સુવર્ણયુગ તે કુશાનકાળ, ઇ સ. ૧૦૧થી ૩૦૦. વિહાર, સ્તૂપ, ચૈત્ય, દેવકુળ, પુણ્યશાળા, પુષ્કરિણી, ઉદ્યાન, આરામ આદિની રચનામા અને સપૂર્ણ વિકાસ દેખાય છે. મથુરાનો કંકાલી ટેકરો જૈન ધર્મ અને કળાનું ઉત્તર ભારતમા સૌથી મોટું કેન્દ્ર હતુ બ્રાહ્મણધર્મના દેવ દેવીઓનુ જન્મસ્થાન પણ ત્યા જ હતુ. શિવ, વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય, મત્સ્યાવતાર, કાર્તિકેય, બળરામ, સપ્તમાતૃકા, સરસ્વતી, લક્ષ્મી, સિંહવાહિની, મહિષાસુરમર્દિની વગેરે કુશાનકાળની પ્રતિમાઓ તેમજ દેવોનાં આયુધ અને વાહન આજ પણ સમકાલીનમા જોવામાં આવે છે. મથુરા કળામાં બ્રાહ્મણોનો ઉલ્લેખ મહાકવિ અશ્વઘોષે પોતાના બુદ્ધચરિત કાવ્યમાં કર્યો છે. લોકપ્રપાલ કુબેર અને સ્કંધપ્રપાલ બુદ્ધદેવની મૂર્તિઓમા વાસ્તવિક અને આદર્શનો સુમેળ સાધવામાં આવ્યો છે. વળી ત્યાંથી મળી આવેલા માટીના રમકડાનું પણ ભારતીય કળામા વિશેષ સ્થાન છે. એમની પ્રાચીનતા, વિવિધતા અને સુંદરતા, બાળક સાથે ચાલતા કામદેવ, ભુજગેંદ્રશાયી ભગવાન, બુદ્ધ પ્રતિમાઓ, મધ્યકાલીન યુગના ચતુર્ભુજ સ્વરૂપ વિષ્ણુની મૂર્તિ વગેરેમાં ઝળકી ઊઠે છે. ભારતીય કળાના ભિન્ન ભિન્ન યુગકાળમાં મથુરાની શિલ્પકળા પૂર્ણતાએ પહોંચી હતી. મૂર્તિઓની રચના, સૌંદર્ય, આદર્શ આદિ વિષે વિક્રમાદિત્યના બે લેખ મથુરામાથી મળી આવ્યા છે. આ કળાની ધારા ભગવાન બુદ્ધ અને મહાવીરથી શૌર્ય, શૂંગ, સુકરાત વંશના મહાક્ષત્રપ રાજુલ અને સુબાસ, કુશાન વંશના કુજૂલ કેડફાઇસિસ, કનિષ્ક, વાસિષ્ક, હુવિષ્ક, વાસુદેવ, ગુપ્તકાળ અને મધ્યકાળ સુધી અસ્ખલિત વહી છે. એની બીજી વિશિષ્ટતા એ છે કે, શિલ્પ અને સ્થાપત્યમાં સંગીતનું આલેખન થયું છે. સંગીત જીવનમાં ઓતપ્રોત હાવે છે. ઇ. સ. પૂર્વે ૧૦૦થી ૩૦૦ સુધીમાં પ્રાપ્ત થયેલી પ્રાચીન મૂર્તિઓમાં બંસી, વીણા, મૃદંગ વગેરે વગાડતાં સ્ત્રી અને પુરુષો વિવિધ પ્રકારનાં ભાવપ્રદર્શન સાથે યાત્રા ઉત્સવમાં ભાગ લેતાં કોતરાયેલાં છે. પાંચસો વર્ષ સુધી ત્યાં સંગીતની ધારા વહી હોય એમ લાગે છે. સોળમી સદી પછી પણ ત્યાની બહુમુખી સંસ્કૃતિનુ પ્રધાન અંગ સંગીત હતુ. આ સમયમાં રાસના વર્તમાન સ્વરૂપોનો પ્રારંભ થયો. વલ્લભાચાર્યે કૃષ્ણભક્ત સંગથે સૌથી પ્રથમ રાસ વિશ્રામઘાટે કર્યો અને ધમડદેવ તથા નારાયણ ભટ્ટજીએ વ્રજમાં તેને ફેલાવ્યા એમ મનાય છે. તેમાં ગીત, વાદ્ય ને નૃત્યનું સમિશ્રણ છે. આ રાસપરંપરા આજે પણ જીવંત છે. કલાકૃતિનાં આ અવશેષો મથુરાના સગ્રહાલયમાં વ્યવસ્થાપૂર્વક ગોઠવાયેલ છે. પણ તે સગ્રહાલયથી પુરાતત્ત્વમંદિર માટે પ્રાગ્વર્તન પૂજારીઓની પૂરેપૂરી જરૂરિયાત છે આજની જ પરિસ્થિતિ ઉજ્જૈનના મહાકાલેશ્વર ભગવાનના મંદિરના ખુલ્લા પટાંગણમા પડેલી તેમજ સામી સ્તૂપ પાસેના સગ્રહાલયમા ગોઠવેલી કલાકૃતિઓની છે. સોમનાથ અને શિવપુરી તેમજ નાગપુર અને વર્ધાનાં સગ્રહાલયોમાં જે ભગ્નાવશેષો આવા કલાકૃતિઓનું સંસ્કૃતિરક્ષણ અર્થે રહ્યું છે તે ધ્યાનીય છે અને તેમાંથી મગનસગ્રહાલય દૃષ્ટાંત રૂપે છે

મથુરાનાથજી પું. વ્રજમાં આવેલુ એ નામનું મંદિર આ મંદિર અત્યારે ભાગીતૂટી હાલતમા છે, પરંતુ તેમાં કાળા પથ્થરની બે સુંદર પ્રતિમા છે.

મથુરાપુરનિર્માતા [સં. મથુરાપુરનિર્માતૃ] પું પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ

મથુરાપુરી જી. સાતમોક્ષની સાત મોક્ષદાયક પુરીઃ મથુરા.

મથુરાભાગ્યભાજન [સ] પું પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

મથુરામહા [સ.] પું. પુરુષોત્તમનાં હજાર નામનું એક નામ

મથુરિયા ૧. જી. વાલ્મીકિની એ નામની એક જાત. તે પોતાને સીમાં ઊંચા હોવાનું માને છે. તેઓ જનોઈ બદલે તુલસીની કંઠી પહેરે છે.

૨. ન. એ નામની જાતનુ માણસ

૩. વિ. એ નામની જાતનુ.

૪. વિ. મથુરાનું, મથુરાને લગતું; મથુરા સંબધી.

મથુરિયા સાડી (મથુરિયા સાડી) જી. એક જાતનો સાલ્લો. જયપુરી, જામનગરી, મથુરાની, ઢાકાની, અને બનારસી એવી તેની જાત બધ છે.

મથુરિયો ૧. પું. એક જાતનો મોટો ચોખો.

૨. પું. પુરુષની ગુહ્યેંદ્રિય.

મથુરેશ ૧. [સ. મથુરા + ઈશ] પું. મથુરાનો રાજા

૨ પું. શ્રીકૃષ્ણ

મથુરેશ્વર જુઓ મથુરેશ

મથુરા જુઓ મથુર..

મથૂરચું ન. પ્રૌઢ મથવાનો એક જાતનો સ.ડી.

મથે અ. ઉપર; મથાળે.

મથ્યા પું. (રૂઢિ) મરણ

મથ્યાટી ૧. જી. ઢોરના શિંગડાનો મૂળમાંનો બરછટ શિંગડાનુ મથક; શિંગડામાં પ્રાણીઓનુ કાન.

૨. જી. મથવાનો ઉપલો ભાગ.

૩. જી મથવાનો ઘાટ કે આકાર.

૪. જી. સાબુના મધ્ય આંગળીના ભાગ ઉપર ચીરાનો કે વપરાયનો પડતો ડાઘ; માથાવટી.

મથોટી પડવી = ચીરાનો કે વપરાયનો ડાઘ પડવો

મથોડાપુર (મથોડાપુર) વિ. માપુ ખૂટી જાય અટલું; માપા સુધી ઊંડું.

મથોડામથ (મથોડામથ) જુઓ મથોમથ.

મથોડું (મથોડું) ૧. ન. માણસ ઊભું ને ઊભું ખૂટી જાય એટલું ઊંડાણ; ૭ ફૂટ જેટલું ઊંડાણ; માપુ ખૂટી જાય એટલું ઊંડાણ

૨. ન. માપા સુધી ઊંડુ માપ.

૩. વિ. માપું ખૂટી જાય એટલું; માણસની ઊંચાઈ જેટલું

મથોડાં મથવાં = સખત મહેનત કરવી; ખૂબ પ્રયાસ કરવો

મથોમથ ૧. વિ. આખું; સંપૂર્ણ.

૨. ન ભરોભર ભરપૂર; માપા સુધી પૂરું ભરેલું હોય તે રીતે.

મથૌદ ૧. પું. કાગડો.

૨. [હિ.] પું. માયાવેરો, ' પોલ ટેક્સ '.

મથોરા ૧. [હિ] પું. છત્રી

૨ પું. સુતારનો રંધો.

મથોરી જી. બીજાનું માથામાં પહેરવાનું અર્ધ ચદ્રાકાર ઘરેણું. તેમા લટકણિયા લટકતાં હોય છે.

મદ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઉન્મત્ત થવું; માઝા થવું. તે ઉપરથી બનેલ શબ્દ: ઉન્માદ, મદાધ.

૨. સ. ક્રિ. ગર્વ કરવો; મદવાળા થવું.

૩. સ. ક્રિ. જડ થવું.

૪. સ. ક્રિ. દીનતા કરવી.

૫. અ. ક્રિ. નશામાં ચકચૂર બનવું.
૬ અ ક્રિ. પ્રકાશવું
૭. અ ક્રિ. ભેરવકાર થવું
૮ અ ક્રિ ખૂશ કરવી
૯. અ ક્રિ વિકારવશ થવું
૧૦. અ ક્રિ ચૂવું.
૧૧. અ ક્રિ. હર્ષ પામવું; આનંદ થવો.
૧૨ સ. ક્રિ. તુષ્ટ કરવું; તૃપ્ત કરવું; સંતુષ્ટ કરવું. વેદમાં વપરાયેલ છે
૧૩. સ ક્રિ વખાણવું; સ્તુતિ કરવી

મદ ૧ પું. અજ્ઞાન

૨ [સં. મદ (ગર્વ કરવો)] પું અભિમાન; ખુમારી; અહંકાર; અહંમાનજ; ગર્વ; ધન, યૌવન અગર, વિદ્યા, અધિકાર વગેરેનો નુકસો કે તોર અહંકારના પદાર્થોથી પોતાને મોટો માનવો તે જેમ મદ છે, તેવા રીતે મારી જાતિ હલકી, કુળ હલકું વગેરે પ્રકારે અહંકારના પદાર્થોથી પોતાને હલકો મનવો તે પણ મદ છે. અન્ય વ્યક્તિઓ સાથે પોતાના માનેલા સામર્થ્યાદિની અપેક્ષાથી પોતાને સરખાવીને પોતાનામાં ઉત્તમતાનો ભાવ ધારણ કરવો અને તેની અપેક્ષાથી અન્યને અધમકોટિ મનવાં એ પ્રકારની અંતઃકરણની સ્થિતિનો અનુભવ થવો તેને પણ મદ કહે છે વિદ્યામદ, ધનમદ અને કુળમદ એમ સામાન્ય ત્રણ પ્રકારના મદ કહેલ છે બીજા પણ આઠ જાતના મદ ગણાવાય છે: (૧) ભૂમિમદ, (૨) જલમદ, (૩) અગ્નિમદ, (૪) વાયુમદ, (૫) આકાશમદ, (૬) સૂર્યમદ, (૭) ચંદ્રમદ અને (૮) આત્મમદ. જૈન મત પ્રમાણે આઠ પ્રકારના મદ આ પ્રમાણે છે: (૧) જાતિ (૨) કુળ, (૩) બલ, (૪) તપ, (૫) જ્ઞાન, (૬) રૂપ, (૭) લાભ અને (૮) ઐશ્વર્ય.

૧. મદ ઊતરવો = (૧) અભિમાન ઊતરી જવું. ગર્વ દૂર થવો. (૨) નશો ઊતરી જવો.
૨. મદ ચડવો = ગર્વ થવો
૩. મદમાં આવવું = (૧) અભિમાન થવું (૨) કામોન્મત્ત થવું. (૩) તોફાને ચડવું. (૪) યુવાવસ્થામાં આવવું. (૫) હર્ષ પામવો; રાજી થવું.

૩. પું આઠની સંજ્ઞા.
૪. પું. આનંદ; હર્ષ; આમોદ.
૫. પું. ઘરેણાંનો ઊ-ભાર. ઘરેણાંનો જુસ્સો, ઠામઠિકાર; ઠામ; મદન.
૬. પું. (પુરાણ) એ નામનો એક ઋષિપુત્ર.
૭. પું. એ નામનો એક ભયંકર દૈત્યનાગ. ઇંદ્રનો પરાજય કરવા માટે સ્વયં ઋષિએ તેને અગ્નિમાંથી ઉત્પન્ન કર્યો હતો. એક જાતમાં પૃથ્વી અને બીજામાં આકાશ સમાઈ જાય એવું તેનું મુખ હતું
૮. પું એ નામનો એક ગોત્ર
૯ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભાગ છે તેમાં ૬૪ લઘુ અને ૨૯ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે. પ્રાકૃતમાં તેને મઅ કહે છે
૧૦. પું એક જાતનો મૃગ
૧૧ પું. કલ્યાણકારક વસ્તુ.
૧૨ પું કસ્તૂરી
૧૩ પું કેફ. કેફની ખુમારી; નશો, ઘેન.
૧૪. પું. ગાડપક્ષ
૧૫ પું ભુવાની ખીજવણીથી ઢાંચીના ગડસ્થલમાંથી નીકળતા રસ; મદ, મધુ; ઢાંચીના ગંડસ્થલમાંથી ઝરતું પ્રવાહી

૧. મદ ઝરવો = (૧) હાથણીનું ઋતુમાં આવવું. જે પ્રાણીઓને રજોદર્શન પ્રાપ્ત નથી થતું તેમને કુદરતી રીતે મદ ઝરે છે. રજોદર્શન પછી જેમ ઋતુસમયની લોહિતાભ સ્થિતિ દૂર થઈ જાય છે તેમ મદ પછી પણ તેવું જ થાય છે. (૨) હાથીના ગંડસ્થળમાંથી રસનું ઝરવું.
૨. મદમાં આવવું = ગંડસ્થળમાંથી મદ નામનો રસ ઝરે એવા સ્થિતિમાં હાથીનું આવવું

૧૬. પું ભોજન અને સ્વરૂપનું વિસ્તારથી સવિસ્તર વર્ણન કરવું તે.
૧૭ પું. તોર; ઝાક; ઉદ્ધતાઈ; ઝાકટાપણું.
૧૮. પું. દરેક મહિનો એક લગ્ન, સૌંદર્ય અને યૌવનનો જ્યાં ગર્વ બતાવવામાં આવે એ મદ લાવ કહેવાય છે.
૧૯. [સ મદ્ય પું] દારૂ. મદિરા.

મધુ માદની મદિરા મીરા, સુરસ વારુણી પેય;
આસવ મદ્ય કાદંબરી, મધુવારિ મૈરેય
ધનજીસપુરોપ

૨૦. પું. નદ
૨૧ પું. પ્રમાદ
૨૨ પું. ફળફૂલ પાકતાં તેમાંથી નીકળતો રસ; ફળફૂલમાંથી ટપકતો મીઠો રસ
૨૩ પું. બુદ્ધિનો ભ્રમ.
૨૪ પું. જરજાનવરોની.
૨૫. પું. મનોવિકાર; એક વ્યભિચારી ભાવ
૨૬. પું. મરડ
૨૭. પું (પુરાણ) રામચંદ્રના સુલ નામના મંત્રીનો એ નામનો પુત્ર.
૨૮. પું. વીર્ય.
૨૯. પું. સંચારી ભાવના તેત્રીસ ભાંહેનો એ નામનો એક ભેદ મદિરાદિકના સેવનથી હર્ષાધિક્ય સહિત લોકોને મદસંચારી કહે છે.
૩૦ સ્ત્રી અધિકાર.
૩૧ સ્ત્રી. અમુક શબ્દો હિસાબમાં લખવાની ખાસ રીત.
૩૨ સ્ત્રી અરબી-ફારસીમાં। અલિફ ઉપર તેનો લાંબો ઉચ્ચાર બતાવે એટલે 'આ' કરવા માટે લખાતી નિશાની. જ્યારે અલિફ ઉપર આ નિશાની કરવામાં આવે છે, ત્યારે તેનો ઉચ્ચાર આ ને બદલે આ થાય છે અને આવા અલિફને અલિફે મમદૂદા કહેવામાં આવે છે
૩૩ સ્ત્રી કલમ
૩૪. સ્ત્રી ખાનું.
૩૫ સ્ત્રી પૂરની ભરતી
૩૬ સ્ત્રી કજાની સાફલ્યતા બતાવતી નિશાની.
૩૭ સ્ત્રી લંબાવવું તે; વિસ્તાર.
૩૮ સ્ત્રી રીપક
૩૯ સ્ત્રી. હિસાબનો વિષય.
૪૦ સ્ત્રી હિસાબ લખવાને બદલે ટોરવામાં આવતી લાંબી લીટી

મદઈ ૧. પું. ઢાબી ખાતુ
૨. [અ મદઈ (દાવો કરનાર)] પું. દાવો કરનાર વ્યક્તિ.
૩. પું વેરી; શત્રુ.

મદક ૧. [હિ] સ્ત્રી. (વૈદક) નશો આણનારી એક જાતની ગોળી તે અફીણ છે અથવા ચૂનીમા પીવાય છે
૨. સ્ત્રી. માદક પદાર્થ

મદકડ ૧ [સં.] પું. અંડાણ; વંઠ; નપુંસક.
૨. પું સાદ; બળદ

મદકદંબ પું. તજનું ઝાડ.

મદકમાઝ પું. માદકનો બંધાણી; માદક પદાર્થ પીનાર.

મદકર ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૬૨ લઘુ અને ૩૦ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે. પ્રાકૃતમાં તેને મઅર કહે છે.
૨ પું ચતુરો.
૩ વિ મદ કરે તેવું. માદકારક; બાંધપણ કરનાર.

મદકરણ પું (પિંગળ) અગીઆર માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૧૨, ૧૦ માત્રાએ યતિ આવે છે. તેમાં બે ચતુષ્ક, બે દ્વિકલ અને બે દ્વિકલ આવે છે અને ૨, ૭ અને તે પછી ૬૨ અને માત્રાએ તાલ આવે છે.

ધરો આદમાં બ, તારામતિ મણ તે પર,
બે ૮ ૬ નણ ધરને,
દિશા બાર લાખો, ગતિ વણી દશ પર ચોદ.
ધરી ત્રણ જ કરને,
બીજે સાત લાખો, મળીથી ચડતા ગુતિ ગુવિ.
ષટ લાલ જ રચને,
કલા યાય પૂરી, અગીગ એવી ગતિ.
અદકરણ્ય તમજ્જત

રણછિગણ

અદકરી [સં.] સ્ત્રી. માંદરાનું હાડ.

અદકલ ૧. પુ. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે તેમાં ૧૩ ગુરુ અને ૨૨ લઘુ મળી ૩૫ વર્ણની ૪૮ માત્રા હોય છે તને ત્રણદ કે અદમ્ય છંદ પણ કહે છે.

૨ [સં] પુ. (પિંગળ) એક પ્રચુર્ણીનિ માત્રામેળ છંદ, તે રણદક છંદનો એક ભેદ છે. તેમા ૬ ગુરુ અને ૫૨ લઘુ મળી ૫૮ વર્ણની ૬૪ માત્રા આવ છે

૩. પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને કમનક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ૭ અક્ષરો હોય છે

૪. પું અદ કે કેડને લાગે થતો ખણકાટ

૫ પું. અદગણનો હાથી. મસ્તીમા આવેલો હાથી; મદોન્મત્ત હાથી

૬. વિ અળપક્ત શબ્દ કરનાર; અસ્પષ્ટ શબ્દ બોલનાર.

૭ વિ અતિ ઇષ્ટ છતા મધુર.

૮. વિ. ધોયું, મરતા; પાગલ; મદોન્મત્ત

૯ વિ. પ્રેમના આવેશથી મધુર બનેલ

૧૦ વિ મદથી મધુરુ કૂજન કરનાર, મદને લીધે વાચાળ બનેલું

અદકલ કોકિલના કલરવથી,
ન જ સુણી મુજ કિકારી ન્યાય હર્ષદ

અદકલની પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, નગણ, જગણ, નગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ૨૯ વર્ણ હોય છે.

ન જ ન જ ન ન ન ગ,
કર કવિ! તું અદકલની. રણછિગણ

અદકારિણી [સં.] સ્ત્રી ખુરાસાની અજમો. તે પેટ સાવનાર અને ગુલ્મમા સારે છે. શરીર જોન્ન અણસમી સારે થઈ જાય, તેમ જ આ અજમા ખાવાથી શરીર સારે થાય છે માટે તેને અદકારિણી કહે છે

અદકારી [સં. મદકારિન્] વિ. બુદ્ધિને ભ્રષ્ટ કરી ગાંડુ કરનાર. જે દ્રવ્ય તમોગુણ પ્રધાન હોય અને જેના સેવનથી બુદ્ધિનો લોપ થાય તે મદકારી દ્રવ્ય કહેવાય

અદખોર પું. ડાહ્યિયો

અદગમન પું. પાદો

અદગર [સં. મુદ્ગર] પું; ન. એક જાતનું કસરતનું સાધન; મગદળ.

અદગલ ૧. પું. મગદળ
તખે દેલ ભારી અદગલ.
ન ન ન

મદદકારી વિ. સહાય કરનાર.

મદદખર્ચ ૧. પું. અમાઉથી આપવા પડતા પૈસા, ઘળો.

૨. [અ.] પું. બીજાને મદદ કરવા માટે આપેલ પૈસા.

મદદગાર ૧. [અ] વિ. મદદ કરનાર; મદદ આપનાર; મદાયક; સહાય કરનાર.

૨. વિ. મદદનીશ; 'અસિસ્ટંટ'

૩ વિ. સાધનભૂત.

મદદગાર ઉદ્યોગ પું. મદદરૂપ બનાર ઉદ્યોગ; જેનાથી મદદ મળી શકે તેવો ઉદ્યોગ. અર્થશાસ્ત્ર મદદગાર ઉદ્યોગ વિષે લખે છે કે: કોઈ દેશના ખેડૂતો ખેતી ઉપરાંત બીજા મદદગાર ઉદ્યોગ વિના નભી શકતા નથી અને હિંદુસ્તાન કે જે કેવળ વરસાદ ઉપર જ નભે છે, ત્યાં તો દુષ્કાળને સમયે રેંટિયો અને સાળ કેવળ કામધેનુરૂપ જ છે. એટલે ૨૧ કરોડ ખેડૂતોની દૃષ્ટિએ રેંટિયાની અને હાથસાળની પ્રવૃત્તિની યોજના કરવામાં આવી છે.

મદદગાર વાચન ન. પૂંઠર વાચનનું કાલનું વાચન; વધારાનું વાચન; 'એક્સ્ટ્રા રીડિંગ'.

મદદગારી ૧. સ્ત્રી. કડિયા, મજૂર વગેરે સોબ.

૨. સ્ત્રી. પ્રોત્સાહન

૩. સ્ત્રી રક્ષણ.

૪. [અ. મદ (વિસ્તારવું)] સ્ત્રી. લશ્કરમાં મદતી ભરતી.

૫. સ્ત્રી. સહાય; કુમક.

૬. સ્ત્રી. સાભેલગીરી.

મદદનીશ ૧. પું. આશ્રયદાતા.

૨. વિ. તાબાનું; હાથ નીચેનું.

૩. વિ. મદદ કરનાર; નામના મદદગાર; સહાયક; 'અસિસ્ટંટ'.

મદદનીશ પ્રધાન પું. નામના પ્રધાન; 'અંડર સેક્રેટરિ'.

મદદનીશ મંત્રી પું. નામના મંત્રી.

મદદિયું વિ. મદદ કરનાર; ઉત્તેજન આપનાર; મદદગાર; સહાયક; મદદનીશ.

મદદેમઆશક ૧. [અ મદદ (સહાય) + મઆશ (ગુજરાન)] પું. જોડો પગાર; નિવૃત્તિવેતન; 'પેન્શન'.

૨. પુ. વિદ્વાન અમરા પવિત્ર મુસલમાનો માટે કે ધાર્મિક સંસ્થાઓ માટે કદાતો ઊપજનો ભાગ.

મદધાર પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પર્વત.

મદધ્યા [સં.] સ્ત્રી. કાંસળો જોડ.

મદધીરા ૧. સ્ત્રી. ચોપન માંહેની એક વાયુનત્ત દેવતા.

૨. સ્ત્રી ૬૫૫ન માંહેની એક પાણિવતત્ત્વ દેવતા.

મદન ૧. [સં.] પુ અબ્બરોનું ઝાડ

૨. પુ. આનંદ; આત્મજ્ઞ; કામદેવ, રતિનાથ, રતિપતિ. મદન, મન્મથ, માર, પ્રદ્યુમ્ન, મીનકેતન, કંદર્પ, દર્પક, અનંગ, કામ, પંચશર, સ્મર, કોંપગરિ, મનસિજ, કુસુમેષુ, આત્મજ, પુષ્પધન્વા, રતિપતિ, મકરધ્વજ, અને આત્મભૂ એ ઓગણીસ પુલિંગ નામ અમરકોષમા કામદેવ માટે છે

મદન, મનોભવ, મન્મથ, સ્મર, પંચશર, માર; મીનકેતુ, કંદર્પ અને દર્પક ચિત્ત વિકાર, પુષ્પધાવ, મનસિજ, ચિત્તજ, શૃંગારદારણ કામ, રતિનાથથી રડતાં ઘટે ન તુજને આત

પિંગલપ્રકાશ

મદન પૂતળું = કામદેવ જેવો રૂપાળો

૩. પું. અંકોટક વૃક્ષ

૪. પું. મદક; પ્રેમાં સ્ત્રીપુરુષના મનમાં ઉત્પન્ન થતી સંભોગેચ્છા; કામ; કામવિકાર; વિષયવિકાર

૫. [સં.] પું. એ નામનો એક વાદ્યપુત્ર

૬. પું. એક જાતનું આલિંગન. જેમા નાયક પોતાનો એક હાથ નાયિકાના ગળામાં નાખીને અને બીજો હાથ મધ્યદેશમાં લગાડીને તેને આલિંગન કરે છે.

૭. પું. એક જાતનું કોળા; અડદ.

૮. પું. એક જાતનું ઝાડ. તેને મદનવૃક્ષ કહે છે.

૯. પું (પિંગળ) એક પ્રચૂર્ણપ્રીતિ માત્રામેળ છંદ. તે રહમક છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૨૮ લઘુ મળી ૪૬ અક્ષરની ૬૪ માત્રા હોય છે

૧૦. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે કામબંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૦ લઘુ મળી ૬૬ માત્રા હોય છે.

૧૧. પું (પિંગળ) એક વિષમબ્રાંતિ માત્રામેળ છંદ. તે ચટ્ટપદી ૬૫૫ન છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ લઘુ અને ૪૯ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૧૨. પું (પિંગળ) એક સમબ્રાંતિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૪૮ માત્રા હોય છે.

૧૩. પું. (પિંગળ) એક સમબ્રાંતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૫૧ ગુરુ અને ૧૨ લઘુ મળી ૧૨૪ માત્રા હોય છે.

૧૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રાણવી છંદનો એક ભેદ છે. તેને દમનક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ મળી ૬ અક્ષર હોય છે

૧૫. પું ખંજન પક્ષી

૧૬. પું. બોરનું ઝાડ.

૧૭. પું. (જ્યોતિષ) જન્મથી સાતમા મકનું નામ

૧૮. [સં.] પુ. ધતૂરનો છોડ; ધતૂરો.

૧૯. પું પ્રકબુદ્ધિ પ્રધ્યુમ્નનો એ નામનો જ્યેષ્ઠ પુત્ર

૨૦. પું. પ્રશસ્તપણું બતાવવા નામની આગળ મૂકાતો શબ્દ જેમકે, મદનભેરી

મદનભેર પુગલ બરહદે કાન્હડદેપ્રબંધ

૨૧. પુ ભોરસલ્લીનું ઝાડ; અક્ષત્રક્ષ.

૨૨. પું. ભમરો.

૨૩. પુ. મદિરા. સુર.

૨૪. પુ મીણ

૨૫ પું મીંઢળ. મીંઢળ બાંધવી ચેન કરે છે.

૨૬. પું મેના પક્ષી

૨૭ પું મેણો; મેણાવડો

૨૮. પુ મંત્ર કામનો જોડ.

૨૯. પું વસંતઋતુ

૩૦ પું. જિનના ૬ઠ્ઠા ભાવિ એક નામ; જિનના બાર મુખ્ય અવતાર માંહેના ત્રીજા અવતારનું નામ

૩૧. વિ અતિ દર્પ પમાડનાર.

૩૨. વિ. બેભાન; મૂર્ખ.

૩૩ વિ. મદક; ઉન્મત્ત કરે તેવું.

મદન આકંદ ન. ભમરાનો ગુંજારવ.

બીનાં બોબાતે ત્યા રડલે હી મધકર !
કુતા મદન આકંદ રસિકવર ! વસંત

નાનાલાલ

મદનક ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રાણવી છંદનો એક ભેદ છે. તેને દમનક છંદ પણ કહે છે. જુઓ મદન ૧૪.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને રતિપદ, કમલા, કમ્બલતા, દુલ્યા પણ કહે છે. આ છંદ ભૂજંગી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ અને સગણ મળી નવ વર્ણ આવે છે.

મદનક ન ન સ ગો. પદ્મપિંગળ

૩. પું. બોરનું ઝાડ

૪. પું ધતૂરો

૫ પું ભોરસલ્લીનું ઝાડ

૬. પુ. મીણ

૭ પું મૈનફલવૃક્ષ. મદનવૃક્ષ.

મદનકદારી સ્ત્રી પ્રેમબાણ.

સાધુ જોતામા કામજ કોપ્યું,
મારા રે મદનકદારી દયારામ

મદનકથા સ્ત્રી. પ્રસ્તુત વાર્તા.

મદનકદન [સં. મદન + કદન] પું. કામદેવને મારનાર; મહાદેવ; હર, શંભુ

મદનકર્પા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેમાં નગણ, તગણ, સગણ, નગણ, જગણ, નગણ, સગણ, રગણ, નગણ તથા બે ગુરુ મળી ૨૯ વર્ણ હોય છે.

મદનકંડક ૧. [સં.] પું. એક જાતનો ફોડ.
૨. પું. સાત્ત્વિક રોમાંચ

મદનકાકુરજ [સં.] પું. કપૂતર; પારેવું

મદનકાકુરવી [સં.] સ્ત્રી. કપૂતરની માદા; કપૂતરી.

મદનકાતરતા [સં. મદન (કામ) + કાતરતા (ચંચલપણું)] સ્ત્રી. કામવૃત્તિથી આવતી ચંચળતા

મદનકાય ૧. સ્ત્રી. નર્તકી; નાચનારી.
૨. [સં.] વિ. મદન જેવી જેની કાયા હોય એવું

મદનકૂહ ૧. પું. (પિંગળ) એ નામે માત્રાનો એક માત્રામેળ છંદ; મદનહર છંદ. તેમાં ૧૦, ૮, ૧૪ અને ૮ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે. ત્રીજા અને તે પછી દર ચોથી માત્રાએ તાલ આવે છે.
૨. [સં.] ન. યોનિ; એનું ચિહ્ન
૩. ન. (જ્યોતિષ) જન્મકુંડલી માંહેનું સાતમું સ્થાન

મદનગોપાલ [સં. મદન + ગોપાલ] પું. શ્રીકૃષ્ણ.

મદનગોર પોપટ પું. એક જાતનું કાળી પાંખવાળું પોપટને મળતું પક્ષી; ' પેરેકટ '.

મદનમહા [સં.] પું. (પિંગળ) એ નામના આઠગણ માત્રાનો એક છંદ.

મદનઘંટી ૧. સ્ત્રી. એ નામની કઠળાંડ વગની ઔષધોપયોગી એક વનસ્પતિ.
૨. સ્ત્રી. અરસટ શંખલાનો ફોડ.

મદનચકલેંડી ન. કાંસકીનું ઝાડ.

મદનચતુર્દશી [સં.] સ્ત્રી. કામદેવની ઉપાસના કરવાની ચૌદશ; ચૈત્ર સુદિ ચૌદશ. તે દિવસે ઉત્સવ થાય છે.

મદનચાપ [સં. મદન + ચાપ (ધનુષ)] ન. કામદેવનું ધનુષ.
મદનચાપની જાણ કુંવરા પોતે પીલ્યે ૭ સમસ. નંદશંકર

મદનચોર પું. એક જાતનું પક્ષી; 'બોલ્બુલ્ટ'.

મદનજન્ત્ર [સં.] ન. કામાકુર; યોનિલિંગ; મદનાકુર; 'ક્લિટોરિસ'. તે યોનિના મુખથી જરા અંદરના ભાગમાં ઉપર તરફ નાની ગ્રંથિના રૂપમાં એક સૂક્ષ્મગ્રંથિ રૂપે દેખાય છે. તે પુરુષની પ્રજનેન્દ્રિયને મળતું આવે છે. આ ભાગમાં સંભોગ અભિલાષની ઉત્પત્તિ વખતે અત્યંત પ્રકારનો ગતિસંચાર અને ઉષ્ણતા પેદા થાય છે.

મદનજન્ય [સં. મદન (કામવિકાર) + જન્ય (ઉત્પન્ન થતું)] વિ. મદનભાવથી ઉત્પન્ન થતું; કામભાવથી પેદા થતું

મદનજલ [સં.] ન. સુરત સમાગમ વખતે યોનિમાંથી ઝરતો સ્રાવ

મદનજવનિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, યગણ, બે નગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે
ન ય ન ન ગે મદનજવનિકા. ઇન્દુપિંગળ

મદનજિત [સં. મદનજિત્] વિ. કામદેવને જીતનાર; જેણે કામને વશ કર્યો હોય એવું.

મદનતંત્રી સ્ત્રી કામદેવની વીણા

મદનતાલ પું. (સંગીત) એક ચતસ્ર જાતિ બાર માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન અનુક્રમે ૧ અને ૫ માત્રા ઉપર છે. તેના ક્રોટડીના બોલ
સમ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ધા ધિનકિટ તક ધા ધિનકિટ તક તાં તરકિટ ધિન.

મદનત્રયોદશી [સં. મદન (કામદેવ) + ત્રયોદશી (તેરસ)] સ્ત્રી. ચૈત્ર સુદિ તેરસ

મદનદીપન પું. (પિંગળ) એ નામનો આગીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેને મદનહરા, મદનહર, મદનગૃહ અને મદનહરણ પણ કહે છે. તેમાં ૧૦, ૮, ૧૪ અને ૮ માત્રાએ યતિ એટલે વિસામો અને ત્રીજા અને તે પછી દર ચોથી માત્રાએ તાલ આવે છે.

મદનદૂતી [સં.] સ્ત્રી. કામદેવની દૂતી; કોયલ.
કમીજનો મદનદૂતી વને ગાયે છે. વિક્રમોર્વશીય

મદનદોલા [સં] સ્ત્રી. (સંગીત) ઉદ્ગ તાલના ૭ અંગોનો એક ભેદ.

મદનદ્વાદશી [સં. મદન (કામદેવ) + દ્વાદશી (બારસ)] સ્ત્રી. ચૈત્ર સુદિ બારસ.

મદનનટ [સં.] પું. કામદેવ રૂપી નટ.

મદનનવમી [સં. મદન + નવમી (નોમ)] સ્ત્રી. ચાર સુદિ નોમ.

મદનનાલિકા [સં.] સ્ત્રી વિશ્વાસ ન કરવા લાયક સ્ત્રી; કુલટા સ્ત્રી; બરાબ ચારિત્ર્યવાળી સ્ત્રી.

મદનપક્ષી [સં] ન. ખંજન પક્ષી

મદનપતિ ૧. [સં] પું. ઇંદ્ર
૨. પું વિષ્ણુ

મદનપત્ર [સં.] પું પ્રીતિનો લેખ; પ્રેમપત્ર.

મદનપાઠક [સં.] પું. કોયલ.

મદનપુષ્પ [સં.] ન. પુરુષની જનનેંદ્રિય ઉપરનો ભાગ. તેને ફૂલ કહેવામાં આવે છે.

મદનપૂતળું ન. કામદેવ જેવો રૂપાળો પુરુષ; બહુ જ ખૂબસૂરત પુરુષ

મદનપ્રરોહ ૧ [સં.] પું કામવાસનાનો અંકુર.
૨. પું. મદનવૃક્ષ.
અમારા વિહારમાં મદનવૃક્ષ જેને મદનપ્રરોહ પણ કહીએ બીએ, તેની મૂળ વ્યવસ્થા કામસૂત્રકારોએ સંસાર માટે કરેલા રાજ્યો ઉપરથી કરી છે. સરસ્વતીચંદ્ર

મદનફલ [સં] ન મીઢળ; બંબગોળ, બમ્બઈ અને સામસામે સંયુક્ત પાન અને પાંચ પાદડીદાર સફેદ ફૂલવાળો એક મધ્યમ કદના વૃક્ષનું અખાદ્ય જેવું અને જેવડું ફળ. તે બીજ, ગૂમડાં તથા સોજા ઉપર પાણીમાં ઘસીને ચોપડાય છે. તેનો મર્દ વામક તરીકે ૪૦ ગ્રેનની માત્રામાં અપાય છે.

મદનફલાદિચૂર્ણ સ્ત્રી. (વૈદક) અછર્દ ઉપર ઉપયોગી મનાતી એક દવા. તે મીઢળ, પીપલી, કુટજ, વજ, ઢોલાસ-મૂર્દાશ ને મોગ સમભાગે લઈ ચૂર્ણમાં બધું ભરી બનાવવામાં આવે છે.

મદનફળી જુઓ મદનફલ.

મદનબાટ પું. મેવાડમાં ઉત્તમ કેસાર; મેવા બટકી.

મદનબાણ ૧. ન આંબો.
૨. ન. એક પ્રકારની વેલ.
૩. ન એક સુગંધીદાર ફૂલ.
૪. ન. કામદેવનું એક બાણ
૫. ન. મદિળ.

મદનબીજ [સં.] ન. (તાંત્રિક) સ્ત્રી નામનું બીજ.

મદનભવન ૧. [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં જન્મથી સાતમું સ્થાન.
૨. ન. યોનિ.

મદનભેર ૧. [સં. મદન + ભેર (ઢોલ)] ન. એક જાતનું રણશિંગું; જાડીલ માંહેનું એક વાદ્યિત્ર.
મદનભેર ઘોરમ પર કર્ક. પદ્મનાભ
૨. ન. જાતનું પખાજ.

મદનભેરિ સ્ત્રી. એક જાતનું લાંબું રણવાદ્ય.

મદનમદ [સં.] પું. કામનો મદ.

મદનમદમાં અંગે અંગે પ્રકંપની મૂર્તિથી,
દર્શન દઈ રીતે કીધે સ્વી ? હરિને કૃતી.
નીતમોવિદ

મદનમદમાની સ્ત્રી. (કાવ્ય) એક જાતની પ્રૌઢ નાયિકા.

મદનમધુર વિ. પું કામદેવ જેવો મનોહર

પરમ પુરુષ ચેરે આનિનીને મનાવી,
મદનમધુર તેવો થાઉ કુંજે સિધાવી. નીતમોવિદ

મદનમનોરમા પું (પિંગળ) સત્તેવીસ છંદનો એક ભેદ તેને દુર્મિલા પણ કહે છે.

મદનમનોહર ૧. પું (પિંગળ) દંડક છંદનો એક ભેદ તેને મનહર પણ કહે છે

૨. [સં] વિ કામદેવના જેવું સુંદર, કામદેવના જેવું મન હરનાર

મદનમનોહર મોહ મચવતા સ્રોચનિમા ગલચાની.
નીતમોવિદ

મદનમલ્લિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને મલ્લિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે.

મદનમસ્ત ૧. ન. એક જાતનું કરિયાણું.

૨. ન એક જાતનું ફૂલ.

૩. ન. જંગલી સૂવ્વરનો સુકાયેલો કકડો. તેમાં કાજી પુષ્કળ હોય છે અને કરસ ઉપર કામદાકારક મનાય છે.

૪. વિ. ઉન્મત્ત; ભરેલું; મદમાતું; ફાટેલું.

૫. વિ. કામવ્યાપી; પ્રેમની મસ્તી ઉપર ચઢેલું. વિષયી; વિષયાંધ; કામાતુર; કામ પીડાથી આંધું થયેલું

૬. વિ. પુષ્ટ થયેલું; ઘરબી મટી હોય તેવું.

૭. વિ. પ્રફુલ્લ.

મદનમહોત્સવ પું. પ્રાચીન કાળનો એક ઉત્સવ; કામ; હોલિકોત્સવ; હોળીનો ઓચ્છવ. તે ચૈત્ર સુદિ બારસથી ચૌદશ સુધી ચાલે છે તેમાં મન, કામદેવની પૂજા, ગીત, વાદ્ય અને રાત્રિનું જાગરણ કરાય છે. તેમાં સ્ત્રી અને પુરુષો અને હોય છે. તેઓ બાગબગીચાઓમાં જઈ આમોદપ્રમોદ કરે છે.

મદનમંજરી [સં.] સ્ત્રી (પુરાણ) નીલધ્વજપુત્ર પ્રવીરની એ નામની સ્ત્રી.

મદનમાલા [સં] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેમાં નગણ, રગણ, નગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

નરનગારથી મદનમાલા. સ્વયંપ્રિયા

મદનમાલિકા [સં] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ અને બે રગણ મળી પંદર અક્ષર હોય છે.

મદનમાલિકા નરનગારથી થાય છે.
સ્વયંપ્રિયા

મદનમિત્ર મ ' પુ કોટિલ્યે જણાવેલા ઉત્તમ મિત્રના છ ગુણનો એક ભેદ

મદનમુરત ૧. પું. હાથી.

૨ સ્ત્રી કામદેવની મૂર્તિ

મદનમૃગ [સં] પું. કસ્તૂરી મૃગ.

મદનમોદક ૧. પું. (વૈદક) એ નામનું એક દેશી ઔષધ. તે વાજીકરણ તરીકે વપરાય છે. તેની બનાવટ: ત્રિફળા, ત્રિકટુ, ધાણાજીરી, કૂટ, ધાણા, મિશ્રીચૂર્ણ, કાયફળ, તાલીસપત્ર, કાવકાળ, નાગકેસર, અજમો, જેઠીમધ, મેથીદાણા, ઇસબ, રાસ્નાઇસબ એ સમભાગે લઈ તે બધાંની બરાબર ઘીમાં તજેલી આંબા ગોળી અને જેટલી આંબા તેટલી માવર લઈ તેની ચાસણી કરી ઉપલી બધી ચીજનું ચૂર્ણ તેમાં નાખવું પછી તેમાં તાજું ઘી, મધ, તલ, એલચી, તજ, તમાલપત્ર અને કપૂર બધું બરોબર ભાગ નાખી તેની ગોળી કરવી. તેની માત્રા પાચનશક્તિ અનુસાર ૬

૨ પું. (પિંગળ) સત્તેવીસ છંદનો એ નામનો એક ભેદ. તેને સુંદરી પણ કહે છે.

મદનમોહન ૧. [સં. મદન (કામદેવ) + મોહન (મોહ પમાડનાર)] પું ઉન્માદ અને સંમોહન અસ્ત્રનો પ્રયોજક પુરુષ.

૨. પું કામદેવરૂપ કૃષ્ણ; શ્રીકૃષ્ણ.

૩. પું. રાધાકૃષ્ણની મૂર્તિનું નામ.

રાધાકૃષ્ણની મૂર્તિઓ ગોપીનાથ, વૃંદાવન વિહારી, ગોપીજન વિહારી, રાધારમણ, મદનમોહન વગેરે વિવિધ નામોથી જુદે જુદે ઠેકાણે ઓળખાય છે.
મ. સા. પરિષદ

મદનમોહન માલવિય પું એ નામના ભારતમાં જન્મ પામેલ એક નેતા. અમર ભારતવર્ષમાં એને માટે લખ્યું છે કે: એમનો જન્મ ઈ સ. ૧૮૬૧માં થયો હતો. એક ઋષિની પેઠે તપોમય જીવન ગાળી સનાતની હિંદુધર્મની પેઠે બધી દિશાઓ અને વિધિને તેઓ માન આપતા હતા, છતાં તેમનું હૃદય અસ્પૃશ્યો માટે દયાથી ભરેલું હતું તેઓ ૧૯૦૯માં અને ૧૯૧૮માં મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. મહાસભાની મોર્લે પણ બહારની મંત્રણા એમના વિના થતી નહિ. ઉદારમ અને મવાળ પક્ષ, સરકાર અને પ્રજા, હિંદુ અને મુસલમાન, સૌ એમનો આદર કરતા. જે સાચું લાગે તે એ નીડરતાથી કહેતા. પોતે સનાતની હિંદુ હતા છતાં હરિજનોને મંત્રદીક્ષા આપતા. તેઓ ઋષિ સમા ધર્માત્મા હતા. તેમણે હિંદમાંથી દોઢ કરોડ રૂપિયા એકઠા કરી કાશીમાં હિંદુ યુનિવર્સિટિ સ્થાપી. કાશીમાં સ્થપાયેલ આ અનારસ હિંદુ યુનિવર્સિટિ માલવિયજીની અમરકૃતિ છે. તેમાં વિવિધ પ્રકારનું જ્ઞાન આદર્શ રીતે અપાય છે અને તેમાં વે મુખ્યત્વે કરીને સંસ્કૃત દ્વારા વેદ વગેરેના પ્રાચીન શાસ્ત્રોક્ત શિક્ષણનો પ્રબંધ છે તેવો બીજે ભાગ્યે જ છે. આ ઉપરાંત કળાકારીગરીનું, કુશળ ઉદ્યોગનું શિક્ષણ આપવાનો પણ ત્યાં પ્રબંધ છે. એમના અમર કીર્તિસ્તંભ હમે તે યુનિવર્સિટિનાં વિવિધ મકાનો કે જેમાં મકાનો તે તેમાં અપાઈ રહેલ શિક્ષણ છે એ સંબંધે આર્યાવર્ત બાબામાં ઉલ્લેખ છે કે: આ વિશ્વવિદ્યાલયમાં અપાતી વિદ્યા સાંસારિક આર્થિક, રાજકીય અને ધાર્મિક એમ પ્રત્યેક દૃષ્ટિએ મુક્તિપ્રદ છે. તેમાં આર્ટ્સ, લૉ, એન્જિનીઅરિંગ, કેમિકલ્યરજી, મેડિકલ વગેરે દરેક દરેક કૉલેજનું ઊંચામાં ઊંચું શિક્ષણ પ્રબંધો સાથે અપાય છે ઇંગ્લિશ, સંસ્કૃત વગેરે ભાષામાં પણ શિક્ષણ અપાય છે. હિંદુ યુનિવર્સિટિ હોવા છતાં મુસ્લિમોને પણ દાખલ કરવામાં આવે છે. કોઈ પણ ઊંચી કેળવણીને પામવાનો જિજ્ઞાસુ આ વિશ્વવિદ્યાલયમાં ઊંચી કેળવણી લઈ શકે એવું છે, નાનાં રમકડાંથી માંડીને ઘરમાં ઉપયોગમાં આવતી સુંદર માટી વગેરેની ચીજો બહુ જ સુંદર અને સફાઈવાળી બનાવાય છે, એટલું જ નહિ પણ મોટર વગેરેમાં ઉપયોગમાં આવતી ઊંચી કોમતી ચીજો અને માલ, કારીગીરી વિભાગ બનાવી શકે છે અને તે કારીગરી પ્રયોગ પૂરતી જ નહિ પણ મોટા જથ્થામાં બનાવાય છે. વિદ્યાપીઠને માટે કરવામાં પણ સાથે જ મોટા અર્થથી ચલાવાય છે. એક મોટું સમૃદ્ધ પુસ્તકાલય પણ છે, જેમાં સંશોધન આદિ મહત્ત્વના કાર્ય માટે પુષ્કળ સાહિત્ય છે. આ વિદ્યાપીઠ પાસેની સડકની સામી જ બાજુએ સ્ત્રીઓ માટે ઊંચી કેળવણીની, સ્ત્રીઓને બોજ મહિલાવિદ્યા સંસ્થા છે.

કર્ક કર્ક પડે લોકે નીંખારા પાખરી ના દે,
મદન તણ બોજણે મીઠું મટેલું કૂકડું હિંદી.
વિહારી

મદનયષ્ટિ ૧ [સં. મદન (કામદેવ) + યષ્ટિ (દંડ)] સ્ત્રી. કામદેવની પૂજા માટે મૂકેલી યષ્ટિ.

૨. સ્ત્રી. મદન નામના વૃક્ષનો દંડ.

મદનયા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, તગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
રચ્યુ મદનયા નાનહ ત્રા ન. રઘુપિંગળ

મદનરસ પું. ઝેર.

મદનરાજ [સં.] પું. કામદેવ
નાથ નાથ નીત મદનરાજના સખિ. જગન્નાથ

મદનરેખા સ્ત્રી. નમિ વિદેહની માતાનું નામ.
માતાનું નામ મદનરેખા અને ભાઈનું નામ કંદર્પકેતુ હતું. પુરાતત્ત્વ

મદનલલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, નગણ, મગણ, નગણ અને ગુરુ મળી ૧૬ વર્ણ હોય છે. તેમાં આઠ તથા દશમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે.
આરે રાઝે મદનલાલતા માત્રા ન મન ન. રઘુપિંગળ

મદનલેખ [સં.] પું. નાયક અને નાયિકાનો પરસ્પર મેળાપ થતા એકબીજા ઉપર લખાયેલો પત્ર; પ્રેમપત્રિકા.

મદનવધેકમાદક પું. (વૈદ્યક) એક પ્રકારનો ઔષધીય છોડ. તેમાં ગોખરુ, તજ, આસંધ, શતાવરી, ધોળી મૂસળી, કોંચબીજ, જેઠીમધ, ગિલોય અને બલદાણા નાખે છે. એમાં વાજીકર થતી હોવાનું મનાય છે.

મદનવૃક્ષ ૧. [સં.] ન. મદનપરોઢ
મદનવૃક્ષની સ્થિતિ ત્રણ અને અવતાર અનેક છે કામ, ભાગ અને પ્રીતિ એવી ત્રણ આ વૃક્ષની સ્થિતિ છે. સાસ્વતાનંદ
૨. ન. મીંઢળનું ઝાડ.

મદનશર ૧. ન. આંબાનો છછારો.
૨. [સં. મદન (કામદેવ) + શર (બાણ)] ન. કામદેવનું બાણ

મદનશલાકા ૧. [સં.] સ્ત્રી. (વૈદ્યક) કામોદ્દીપન કરે એવી એક ઔષધિ.
૨. સ્ત્રી. કોયલ
૩. સ્ત્રી. મેના
૪ સ્ત્રી. સારસ

મદનશાલા ૧. [સં.] સ્ત્રી. કામદેવનું ઘર.
૨. સ્ત્રી. મેના.

મદનસદન ૧. [સં. મદન (કામદેવ) + સદન (ઘર)] ન. કામદેવનું ઘર.
૨. ન. યોનિ; એનું ચિહ્ન.
૩. ન. (જ્યોતિષ) લગ્નથી સાતમું સ્થાન.

મદનસરોવર ન. મુબારમાન.

મદનસારિકા [સં.] સ્ત્રી. મેના પક્ષી.

મદનસુંદરી [સં.] સ્ત્રી. (પુરાણ) ઋતુપર્ણી રાજાની એ નામની સ્ત્રી.

મદનહર જુઓ મદનહરા.

મદનહરણ જુઓ મદનહરા.

મદનહરા પું. (પિંગળ) એ નામે ચાળીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૮, ૧૪, ૮ માત્રાએ યતિ એટલે વિશ્રામો અને ત્રીજા અને તે પછી દર બીજી માત્રાએ તાલ આવે છે. તેનાં આદિ બે લઘુ, અને ગુરુ અને વચમા છત્રીસ માત્રાના નવ ચોકલિયા આવતા. તેમા જગણ ન જાયરો. તેને મદનહર, મદનગૃહ, મદનદીપન તથા મદનહરણ છંદ પણ કહે છે.
લઘુ બે ચોકડિયા, નવ ચોકલિયા,
તે પર ગુરુ ચરચે આવે, પદ શોભાવે;
કુલ મળી ફલ ચત્વિરા, પ્રતિપદ બ ત્રીસ,
ગણ્ય જગણ ને નવ ગાવે, ગડ તો આવ
દશ વસુ અષ્ટ વસુએ, વિરતિ કહો વળી
ત્રણ ચર ... વાત ધરો, પદ અમ કર:
વળી મદનહરનને, મદનદ્રવ કહી,
મદનહરા એ મદનહર જ રચી ચિત્ત કરો.
રઘુપિંગળ

મદના ૧. સ્ત્રી. આઠ માતૃકા એ નામની એક પક્ષિણી અષ્ટમાતૃકા. સુરસુંદરી, મનોદરી, કનકાવતી, કનકપરી, રત્નકરી, પદ્મિની, નટી, અનુ... ટી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ચોદ ચક્ષિણીનો સમાવેશ છે.
૨. સ્ત્રી. મેના.

મદનાકુલ ૧. પું. (પિંગળ) એ નામ બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને સારંગ, મેનાવળી, મંજરી, મૈનાકિક, સારંગા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ચાર નગણ હોય છે. તેમા ત્રીજા અક્ષર ઉપર વિશ્રામો આવે છે
૨. સ્ત્રી. [રસ્પબાવનાથી અરવલ્લ. કામ ી ગમનોલ

મદનાગાર ૧. ન. (જ્યોતિષ) લગ્નથી સાતમું સ્થાન.
૨. [સં.] ન. એનું ચિહ્ન; યોનિ

મદનાગ્નિ [સં.] પું. કામજ્વર; કામનો અગ્નિ.

મદનાતપત્ર [સં.] પું. એનો ગુપ્તાંગનો એક અવયવ; મદનાંકુર; 'ક્લિટોરિસ'.

મદનાતુર [સં.] વિ. કામાતુર
ધરી મધુના મદનાતુર હરિને મધિમય કલ્પ કરે.
રણુએ કરી દઈ ચમાઈ, કર રજિત રસ ભરે.
ગીતગોવિંદ

મદનાતુરા ૧. સ્ત્રી. એ નામની દેવી. તે સુનેત્રાદેવીની દૂતી મનાય છે.
૨. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી સોળ મહેલી એ નામની એક દેવી

મદનાનલ [સં. મદન + અનલ (અગ્નિ)] પું. કામાગ્નિ

મદનાનંદ [સં. મદન (કામ) + આનંદ] પું. કામ ભોગવવાથી મળતો આનંદ.

મદનાનંદ મોદક [સં.] પું (વૈદ્યક) એ નામે એક ઔષધીય કાઢો. તે કામોત્તેજકકારક, શક્તિવર્ધક અને ભૂખ ઘણીકારક મનાય છે

મદનાયુ પું. એ નામે એક વનસ્પતિ. આ મોટું સુંદર ઝાડ દક્ષિણ ચીન, જાવા ને ફિલિપાઇનમાં થાય છે. તેના ફૂલ અતિ સુંદર અને મલાઈ રંગના હોય છે. તે બહુ જ સુગંધી હોય છે

મદનાયુધ ૧. પું. એ નામનું એક રાજા
૨. [સં. મદન (કામદેવ) + આયુધ (હથિયાર)] પું. કામદેવનું અંગ
૩. પું યોનિ

મદનાયુષ [સં.] પું કામની વૃદ્ધિ કરનાર એક વનસ્પતિ.

મદનારિ ૧ પું અગિયારની સંખ્યા બતાવનારી એક સંજ્ઞા.
૨. [સં. મદન (કામદેવ) + અરિ (દુશ્મન)] પું. કામદેવનો શત્રુ. શિવ

મદનાલય ૧. [સં] પું. કમળ
૨. પું. રાજા.
૩. પું (જ્યોતિષ) લગ્નથી સાતમું સ્થાન.
૪. પું. સ્ત્રી યોનિ, મદનગૃહ.

મદનાલસા સ્ત્રી. ચપક નામના વિદ્યાધરની એ નામની સ્ત્રી

મદનાંકુર [સં.] પું. કામાંકુર; દક્ષિણો, ભગાંકુર; ભગશિશ્નિકા; યોનિત્વિગ; જેની કેટલાકમિથી મણ કરીને આકારે અર્ધા ઇંચ જેટલા નીચેના ભાગમાં મોણી અથવા બારેકના ઠળિયાને મળતી દેખાતી એક આકૃતિ. નાના છોકરા તેની ઉપર ટાંકણીની મદદ કરી વગાડવા લાગે છે. આ મદનાંકુર પુરુષના ઉપસ્થ એટલે જનનેંદ્રિયને મળતું અંગ છે. એની રચના સબંધી વિચાર કરતા એમ લાગે છે કે, સ્ત્રીઓના શરીરમાં આ મદનાંકુર એ પુરુષાગની આદિ અવસ્થા માત્ર છે, બીજું કશું નથી. એ જ્ઞાનતંતુઓનો તંતુઓ જ બનેલું છે. વળી એવો મત છે કે સંભોગ વખતે આ અવયવને લીધે જ સ્ત્રીઓને આનંદનો અનુભવ થાય છે. ઉપસ્થનો ઝણઝણાટ ભાગ, જે ફૂલ કહેવાય છે, તે પુરુષને અને મદનાંકુર સ્ત્રીને આનંદ આપવાનું કાર્ય કરે છે.

મદનાંકુરા ૧ [સ] પુ. નખક્ષત, મૈથુનકાલમાં થયેલા નખાઘાત

૨. પું પુરુષની ઇંદ્રિય; લિંગ.

મદનાંતક ૧. પું (પિંગળ) પચીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમા બીજા અક્ષર ઠોય છે અને યુક્ત ઠોય છે ૧, ૫, ૮, ૧૨, ૧૬, ૨૧, ૨૪ માત્રાએ તાલ આવે છે.

ચાર ચરણ પ્રતિ પદ પચિસ પરિપૂર્ણ મદનાંતક ચરણ પહેલું સગણ બીજા જ્યમ પદ વિષ ધરે સારે. પ્રતિ પદ પ્રથમ ચરણ ધરી ચરમ મુકે આપજ્ઞત. પાછી નયનયમા ગમ લમ મુકે બધુ કરી જાણજ્ઞે

દલપતરામ

૨. [સ. મદન (કામદેવ) + અંતક (નાશ કરનાર)] પું. શંકર; શિવ, તેણે કામદેવનો નાશ કર્યો હતો.

મદનિકા સ્ત્રી. એ નામની કુલ્યા. તેનું કુલ્યપણું શ્રેષ્ઠ્યે દૂર કર્યું હતું.

મદનિયું ૧. ન ઓછુ ઘી નાખી બાફી કાઢેલો ઢોસાર.

૨. ન ઢાંકવાનું બખ્ખું.

મદની ૧. [સ] સ્ત્રી. અતિપુષ્પ નામનું ફૂલ.

૨ સ્ત્રી. અતિમુક્તક

૩ સ્ત્રી કસ્તૂરી.

૪ સ્ત્રી મોરવી નામની વનસ્પતિ.

૫. સ્ત્રી. મેથી.

૬. સ્ત્રી. સુરા; દારૂ.

મદનીય ૧. [સં.] વિ. કામોત્પાદક; મદ ઉત્પન્ન કરનારું.

૨. વિ. ગર્વ કરવા જેવું.

૩. વિ. હર્ષ પામવા જેવું

મદનુભવવાદ [સં.] પું. અહંવાદ; આત્મવાદ. સ્વાનુભવવાદ.

મદનેત્રાકૃષ્ટ [સ.] પું. કામી આત્માનું ઝાડ

મદનોત્સવ [સ] પું. ચૈત્ર માસની તેરશ અને આસપાસના ૨ાજ કામદેવનો ઉજવાતો ઉત્સવ; મદનમહોત્સવ, હોળીનો ઉત્સવ.

મદનાત્સવા [સ.] સ્ત્રી. સ્વર્ગની વેશ્યા; અપ્સરા.

મદનોદક [સં. મદન + ઉદક (પાણી)] ન. કામસલિલ; મન્મથવારિ.

મદનોદય [સ] પુ કામરાજ ઉપર લખાયેલ એ નામનો એક ગ્રંથ.

મદનોદ્ધરા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રૈષ્ટુભ છંદનો એક ભેદ છે તેમા બે ભગણ અને રગણ મળી નવ વર્ણ હોય છે. ભ ર થી મદનોદ્ધરા. રણછોડ

મદનોન્માદ [સં. મદન + ઉન્માદ] પું. અતિ ઉત્કટ કામવાસના; કામોન્માદ

મદનોન્માદિની સ્ત્રી. એ નામની એક દેવી; મોનાક્ષી દેવી

કૈલાસ પર્વતની તળેટીમા દેવો અને દેત્યોએ સેવેલા મીનાક્ષી દેવી મદનોન્માદિની નામથી પ્રસિદ્ધ છે. ભગવતી ભાગવત

મદનોન્મુખ [સં. મદન + ઉન્મુખ (તત્પર)] વિ. કામપીડિત.

મદપ્રયોગ [સં.] પું. દારૂનો મદ કરવો તે

મદપૂ ન. (જા. મ.) ધૂમ્મસ.

મસ્તકિ ટોપી મદપૂ ભલી,
કરિ કલગિ તે કુણ્ડલ તણી. જાવડસમય

મદભર વિ. મદભર્યું.

નયણ મદભર અર ઋતુ ૨ંગ,
ચેલે કેરી રતિ ઋતુ ચેરી,
અલબેલી સંગ આજ જીવનવિહ

મદભર્યું વિ. અભિમાની; મદવાળું.

મદમોજની સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રામમુની

મદમત્ત ૧ વિ. ઉન્મત્ત, ગર્વિષ્ઠ, મદમાતું, અહંકારી મસ્ત જ પુ. સર્વથા ઘેલ થયેલ

૨ વિ. પૂર્ણ પ્રમાણથી ખૂબ ખાધેલું; પુષ્ટિ કે ટેરો પ્રમાણથી અકડો કે છકી ગયેલું

મદમસ્ત વિ. મદઝમા ચકચૂર; મદમત્ત; મદથી મસ્ત થયેલું, મદમત્ત

મદમસ્તી સ્ત્રી. મદ ભરેલું તોફાન.

મદમંડળી ન. એક જાતનું તંદુરાણ.

મદમાતું ૧. વિ. અહંકારી; અભિમાની; મગરૂર; સર્વથા પ્રકૃતિ ભાન

૨ વિ. અંકુશમા ન રહે તેવું, ઉન્મત્ત

૩ ૨ કરે વર્ધિષ્ણુ; બલવત્તર માન, ભદ્ર ચરબી ચડી હોય તેવું; પુષ્ટ થયેલ.

૪ ૨ મામ ૨, વિષયી, કામી

૫. વિ. કામોત્પાદક, કામ્ય.

૬ વિ ૨૨ પરિપક્વ નશાત્મક, મસ્ત.

૭. વિ મન, રૂપ, બાળ કે યૌવનથી ભરેલું

૮. વિ. નવજુવાન.

૯. વિ. પ્રકૃતિ; બીજાનું

૧૦. વિ. મદથી મસ્ત બનેલું, મદવાળું; મદથી મત્ત બનેલું; મસ્ત થયેલું.

૧૧. વિ. સુંદર; સૌંદર્યયુક્ત.

મદમાદ સારંગ પું. (સંગીત) તેર માંહેની એક ભાતિનો સારંગ રાગ. આ રાગ ગાવાનો વખત બપોરનો છે. ભાતિ ઓડવ એટલે પાંચ, રિષભ તીવ્ર, માંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ અને નિષાદ તીવ્ર કોમળ બંને એ પ્રમાણે ૭ સ્વર આવે છે. વૈવત વર્જ્ય છે. ગ્રહ સ્વર પંચમ અને ન્યાસ સ્વર મધ્યમ છે. વાદી સ્વર પણ મધ્યમ છે.

મદમાધ સ્ત્રી (સંગીત) ભૈરવી રાગની પાંચ માંહેની એ નામની એક રાગિણી; મધુમાધવ; મધુમાધવી.

મદમાંસ ન. દારૂ અને માંસ.

રાચવે મદમાંસ અણાવ્યુ અનતરા હીમા અંબાર.
પ્રેમાનંદ

મદમીણું ૧ વિ. અભિમાની; ઉન્મત્ત.

વસન્ત વિભૂતિમા ખિલ્યા રે,
અમરજ અદિ મદમી ઋતુ. નાનાલાલ

૨. વિ. મદના ઘેનમાં ઘેરાઈ ગયેલ. અનેક.

મદમોહિની સ્ત્રી. મદ રૂપી મોહ પમાડે તેવી વસ્તુ

પાપી બાપપણે મદમોહિની,
મટ્યો મોહ ને પ્રગટ્યો પ્રકાશ રે,
પ્રગટ્યો સ્નેહ તહારી સખિ ! અનસૂયા.
નાનાલાલ

મદયંતિકા ૧. [સં.] સ્ત્રી. મેંદી

૨. સ્ત્રી. મોગરાનો ઝાડ.

મદયંતી ૧. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશી કર્કમાયપાદ અયોધ્યા [મિત્રસહ કે સૌદાસ રાજાની સ્ત્રીનું નામ, તેણે વસિષ્ઠ ઋષિ સાથે સંભોગ કર્યા હતો. કૈલાસકારનો મત એવો છે કે તે સંભોગ પુત્રપ્રાપ્તિ માટે થયો હતો.

૨. સ્ત્રી. મેંદી.

૩ સ્ત્રી. મોગરાનો ઝાડ.

મદયિત્નુ ૧. પું. કંસાલ; દારૂ વેચનાર માણસ.

૨. પું. કામદેવ.

૩. પું. મદ્ય; દારૂ.

૪ પું. મદ્ય પીધેલ માણસ

૫ પું મેઘ

૬. વિ મદ ઉત્પન્ન કરનાર; ગર્વ ઉપજાવે એવું

૭ વિ. મદક.

૮ વિ ગર્વિષ્ઠ

મદરણી સ્ત્રી. મદમતી સ્ત્રી.

મારે મદરણી ચલી ગોરે ગોયા જ સાથી.
નવલરામ

મદરશીર્ષા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઋષિવદની. તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ અને રગણ મળી ૭ અક્ષર હોય છે.

અદરા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મદિરા. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત અમલ્ અને ગુરુ મળી આઠેય અક્ષર હોય છે. તેમાં ૫.૨મા અક્ષર ઉપર વિરામો આવે છે.

અદરાગ ૧. [સં] પું કામ.

૨. પું હુક્કો.

અદરેસા ૧. [અ. મદ્રસા] સ્ત્રી મુસલમાની નિશાળ

૨ સ્ત્રી. વિદ્યાલય; ' યુનિવર્સિટિ '.

અદરેસાં જુઓ અદરેસા.

અદર્થકર્મ [સં.] ન. મને અર્પણ કરીને ફળ રહિત કરેલું કર્મ; ઈશ્વરાર્પણ કરેલું કર્મ.

અદલ [પ્રા] ન. (સંગીત) એક જાતનું વાજિંત્ર.

અદલા જુઓ અદળ

અદલેખ્યા ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નવસરા તે ઉગિણ્હ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં અમલ્, સગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

મો સ્રગે કરી દેખા, તે નારી અદલેખા,
બીજું આભૂષહારી, લોકો વેસ સભારી.

દલપતરામ

૨. [સં.] સ્ત્રી. હાથીઓના મદજળની પંક્તિ; હાથીનાં ગમણાંમાંથી ઝરતા મદની ધાર.

અદલોલ [સં. મદ + લોલ (હાલતું)] વિ. મદમસ્ત; મદથી ઝોલાં ખાતું; મદમાતું

અદવિકાર ૧. [સં] પું. કેફની ખુમારી.

૨. પું. ઇન્દ્રિયોને લીધે સ્વભાવમાં થયેલો અદ્‌ભાવનો ફેરફાર.

૩. પું ગરમીનો વિકાર; ઉન્મત્તતા; ઉદ્ધતાઈ; મત્સર.

૪. પું. મદ ઝરવો તે.

૫. પું. હાથીના ગંડસ્થળમાંથી ઝરતો પ્રવાહી પદાર્થ; મદ

અદવિકારી ૧. વિ. મદિર; મદોન્મત.

૨. વિ. વિષયી.

અદવિક્ષિપ્ત ૧. [સં.] પું. મદોન્મત્ત હાથી.

૨. વિ મદમસ્ત; મદને લીધે ઉન્મત્ત થયેલું; વિકારથી ઉન્મત્ત બનેલ

અદવું ૧. [સં. મદ્ (ભ્વા આ પરુ)] અ. ક્રિ. અહંકાર કરવો; વિવેક ભૂલવો; મદ ઝરવો; મદિર બનવું; ગર્વ કરવો.

૨. સ ક્રિ. મસ્ત બનવું.

સહી ' સાખી હદેરે અનળ પ્રગટાવી તન દહે
મદી મારૂં ભેદે અતિ અગિની કહ્યો કબીર

નીશ્ચલદાસ

અદવૃત્ત [સં] સ્ત્રી. અભિમાનની લાગણી શરીર પર તેના જોર બતાવી જે ચારી ખુશીમા આવ્યો તે કરીશ, તે અદવૃત્ત કહેવાય

પદ્મપંથ શ્રીમદ્‌ભાગવત

અદશાલિ [સં.] પું. ખાર માંહેનો એક મેષ

અદશૌંડ [સં.] વિ. અભિમાની. તેમાં રહેલું તેજ શરીરે અથવા દૃષ્ટિને ચોળવાથી કામ ઉત્પન્ન થાય તે આપણી રતજન થાય એમ કહેવાય છે.

અદસ્થલ ૧. [સં.] ન. કલાલની દુકાન; પાઉ

૨. ન. મદિરાપાન.

અદસ્યુસ્ત્રસિષ્ઠ [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ

અદહેતુ ૧. [સં.] પું. ધાવડીનો છોડ.

૨. પું. મદનું કારણ.

અદળ ૧. પું. (સિલ્પ) મકાનનું એક અંગ.

અધુક ૧ [સં] પું. અશોકનું ઝાડ.
૨. પું એક જાતનું ઝાડ
૩. પું એક જાતનું પક્ષી
૪. પું જેઠીમધનું ઝાડ
૫. ન. કલમ
૬. ન જેઠીમધ.
૭. વિ મધના રંગનું
૮. વિ. મધુર સ્વરવાળું.
૯. વિ મધુરું બોલનાર.
૧૦. વિ. મીઠું; મધુર.

અધુકપ્ત [સં.] પું. મારકેદનું બિંદુ; પરાગ.
આ તે લલિત સુમન અધુકપ્ત પ્રદેશ કે,
અધુરી ગુર્જરીની મહારા મોંથી બની.
પ્રેમાનંદ

અધુકપૈંગ્ય [સં] પું (પુરાણ) એ નામનો એક ઋષિ ઉપનિષદ વિચારણામાં લાવ્યું છે કે સુપ્રજનનશાસ્ત્રને લગતી ગૃહચિકિત્સાની પરંપરા બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય, અધુકપૈંગ્ય, ચૂલભાગવિત્તિ, જનક આરણ્યયુગ, સત્યકામ જબાલ પર્યંત રપષ્ટ ચાલેલી જણાય છે.

અધુકર ૧. પું. ભમરો
૨. પું. આશક; પ્રેમી; કામીજન.
૩. પું. ઇંદ્ર; નામવા; પુરંદર
તાલ હસ્ય ચુની એક સમે, અધુકરને અનમા ના ગમે.
પ્રેમાનંદ
૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, યગણ, નગણ, યગણ, બે જગણ અને ગુરુ તથા લઘુ મળી ૨૦ વર્ણ હોય છે. તેને મહાઅર છંદ પણ કહે છે.
અધુકર આહે નમન મ ના ના ના ના કરાય સધાય.
રણછોડ

૫. પું. એક જાતનો છોડ.
૬. પું. કૃષ્ણના એક સખા ગોવાલનું નામ.
૭. [સં. મધુ (મધ) + કર (કરનાર)] પું. ભમરો; ભ્રમર; પુષ્પલિહ; મધુલિહ; મધુવ્રત; મધુપ; અલી. રિસીમુખ; ભૃંગ; ચંચરીક; રોલંબ; હરિ; કીલાલપ; મારંગ; ષટ્પદ; ઇંદીવર; દ્વિરેફ; રસચોર
મધુલિહ મધુકર મધુપ અલિ અલિનિ રિસીમુખ ભૃંગ, ચચરિક રોલંબ હરિ, કીલાલપ મારંગ; ષટ્પદ ઇંદીવર ભ્રમર. બળી દ્વિરેફ રસચોર, વસંતવાયુ મહરના ચોરથી ચમકયા ભોર.
વિજળકપુકોષ

૮. પું. ભોંગરો.
૯. પું. મધમાખ; મધ બનાવનારું નાનું પાંખવાળું જીવડું.
૧૦. પું. મહુડો.
૧૧. પું. મીણ; મીંજ.

અધુકરવૃત્તિ ૧. સ્ત્રી. સર્વસંહાર ગ્રાહક વૃત્તિ; મધુકરના જેવી સારું સારું વીણી સંગ્રહ કરવાની વૃત્તિ; ભમરાની પેઠે સર્વસંહારનો ગ્રાહ કરવો તે.
તેઓ તેનો ઉપકાર માનતા હતા પણ તેની પાસે મધુકરવૃત્તિ કરવાનો અવકાશ ઓછો મળતો.
સરસ્વતીચંદ્ર
૨. સ્ત્રી. (જૈન) સાધુએ ભમરાની માફક નિર્લેપવૃત્તિએ આહાર લેવો તે.

અધુકરવૃંદ [સં. મધુકર + વૃંદ (ટોળું)] ન ભમરાનું ટોળું.

અધુકરશાસ્ત્રા [સં. મધુકરશાસ્ત્રિન્] પું મધમાખનું જ્ઞાન જાણનાર માણસ; 'એપિયરિસ્ટ'

અધુકરિકા ૧ સ્ત્રી મધમાખી.
મધુકરિકા ના ના ના ના

મધુચંદ્ર [સ] પું લગ્ન પછી દસમીએ આનંદ ભોગવવા મુકાયેલી રાત; ' હનીમૂન '

મધુચંદ્રિકા ૧. [સ] સ્ત્રી. આનંદ માણવા વધૂ-વર લગ્ન થયા પછીનો પહેલો મહિનો; ' હનીમૂન '.

૨. સ્ત્રી પરણ્યા પછીની પહેલી રાત.

મધુચ્છંદા ૧. [સં મધુચ્છન્દસ] પું. એ નામનો એક વૈદિક ઋષિ; ઋગ્વેદના પ્રથમ સૂક્તના અધિકાતા ઋષિ; વિશ્વામિત્ર ઋષિનો એ નામનો પુત્ર. ઋગ્વેદનું પહેલું સૂક્ત, જે અગ્નિદેવ સંબંધી છે, તે તણે બનાવ્યું છે. તે શતર્ચિન્ એટલે સો ઋચા બનાવનાર પણ કહેવાય છે, કેમકે તણે ૧૦૨ ઋચા કથી છે.

૨. પું યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં દ્વારપાલનું કામ કરનાર આઠ માહેનો એ નામનો એક ઋષિ.

૩. પું સામવેદનો એક ઋષિ.

મધુજ [સં મધુ (મધ) + જ (જન્મેલું)] ન. મીણ.

મધુજા [સં] સ્ત્રી પૃથ્વી. પુરાણ પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ મધુ નામના રાક્ષસના મેદથી થઈ હતી. તેથી તેનું આ નામ પડ્યું છે.

મધુતમ [સં. મધુ + તમ (અતિશયતાવાચક પ્રત્યય)] વિ. સૌથી આનંદી; સૌથી ખુશકારક.

તને જે બાદ આ મધુતમ દશા-ની મધુરત.
કલાપી

મધુતર [સં. મધુ + તર (અધિકતાદર્શક પ્રત્યય)] વિ. વિશેષ મધુર; વધારે મીઠું.

તુજ શું તુજથી શું મધુતર છે ?
વળી નિર્મલ શું તુજથી શું પ્રિયે ! કલાપી

મધુતૃષ્ણા [સં.] સ્ત્રી એક પ્રકારની વેલ, તેને પાદડા હોતાં નથી અને તેની મધ જેવી વાસ આવે છે.

મધુત્રય [સં.] ન. મધ, ઘી અને સાકર એ ત્રણ મીઠા પદાર્થ.

મધુત્રિક જુઓ મધુત્રય.

મધુત્વ [સ.] ન. મીઠાપણું; મધુરાપણું.

મધુદ્રુતિકા [સ.] સ્ત્રી. પાકલ વનસ્પતિ; પાટલનું ઝાડ.

રમણી પાટલ કુસુમકા, બામા રમ્યા નામ;
અંબુજસા મધુદ્રુતિકા, પાકલ કરત પ્રણામ.
પિંગળપ્રકાશ

મધુધાતુ [સં] સ્ત્રી. સુવર્ણ અને રૌપ્ય માક્ષિક વગેરે ધાતુ.

મધુધેનુ [સં.] સ્ત્રી. દાન કરવા માટે મધ વગેરે પદાર્થોની બનાવેલી કૃત્રિમ ગાય.

મધુનદી સ્ત્રી. પ્રેતશિલા આદિ પર્વતોની પાસેથી વહેનારી એ નામની નદી. રામચંદ્રજીના શાપથી તે અદૃશ્ય થઈ ગયેલ હોવાનું મનાય છે.

મધુનાડી સ્ત્રી. એ નામની એક જડીબુટ્ટી; મુરમાર. તે અસલ આદિવાસી છે. ગુજરાત તેમજ હિંદુસ્તાનમાં બધે મળે છે. તેના પાતરા આવવાથી જીભની અંદર મીઠાસ પારખવાની જ્ઞાનતંતુ બોડો થવાથી બહેર મારી જાય છે, તેથી કોઈ પણ ચીજ ખાઈએ તો તેમાંની મીઠાશની અસર પડતી નથી. તેના પાદડા મધુપ્રમેહમાં ઉપયોગી મનાય છે.

મધુનિર્દેશક ન. એક જાતનું પંખી; કકડાહોડના વર્ગનું એક પંખી; ' હની ગાઇડ '. એનું શાસ્ત્રીય નામ ' ઇન્ડિકેટર ' એટલે દર્શક છે. એના પુચ્છ નવ અંતર્વસ્ત્રો છે. એમાનો મોટો ભાગ આફ્રિકામાં વસે છે. એક વંશ હિમાલયમાં છે. કેટલાક જંતુઓ ને મીણમાંય પણ વસે છે. નરમાદા ઊભય દેખાવે સમાની જેવા લાગે છે. ચમકમાં ચકલી જેવો તેમનો આકાર હોય છે. રંગ ઝાંખો બદામી હોય છે માથે પીળા રંગની છાંટ અને પાંખો ને પૂંછડીમાં સફેદી હોય છે. હિમાલયનાં આ પક્ષીનું કરાર પીઠ ઉપર કાબરા પડતું, નીચેનો ભાગ ભૂખરો, ઝાંખું કાળું, પેટ ઉપર પીળી છાંટ, પૂંછડી નીચે નારંગી જાતા અને કપાળ સોનેરી હોય છે. કોયલની પેઠે આ પક્ષી પણ બીજા પંખીના માળામાં ઈંડાં મૂકી તેની પાસે સેવડાવે છે. કહેવાય છે કે, ' હની ગાઇડ ' નામ પ્રમાણે આ પક્ષી વટેમાર્ગુને જ્યાં મધપૂડો હોય ત્યાં દોરી જાય છે. બ્રાન પ્રોબ્યાની જેની લાક્ષણિક ઢબ છે. પહેલાં તે કીચી સિસોટી મારે છે. માણસ ભેખાન હોય તો પાંખોનો ફફડાટ પણ કરે છે. આનું મૂળ કારણ તો એ છે કે, તેને પોતાને મધ ખાવું છે. જો માણસને તે ત્યાં ભેગો જાય, તો માણસ જ્યારે મધપૂડામાંથી મધ કાઢી લે, ત્યારે આડો રહેલ પોડામાંથી માખીનાં ઈંડા તેમજ મધ શિયાળના જેમ તે ખાઈ જાય છે.

મધુની પું. એક જાતનો સાપ.

મધુપ ૧. પું. ઉંદર.

૨. પું. (સંગીત) ષાર માહેનો એક વિકૃત સ્વર. મધ્ય સ્વર ગાંધારની પહેલી શ્રુતિ લે છે, ત્યારે તે વિકૃત સ્વર મધુપ કહેવાય છે.

૩. [સં. મધુ (મધ) + પ (પીવું)] પું. ભમરો; ભમરો; ષટ્પદ.

મધુકર અલિક મધુપ અલિ અલિન
રિલીમુખભૃંગ; અચરીક રોલમ હોર હોલાવય
સારંગ. '
પિંગળપ્રકાશ

૪. [સં. મધુ (દારૂ) + પ (પીવું)] પું મદ્ય પીનારો, દારૂ પીનાર માણસ; દારૂડિયો.

૫. પું મધમાખી

૬. વિ મધ પીનારું.

મધુપક્ષી ન. એ નામનું એક જાતનું પક્ષી. જુઓ મધુનિર્દેશક.

મધુપર્ક ૧ [સં.] પું. (પુરાણ) અરુનો એ નામનો પુત્ર.

૨ ન. (તાંત્રિક) ઘી, દહીં અને મધનું મિશ્રણ. તાંત્રિક પૂજનમાં તેનો ઉપયોગ થાય છે.

૩. ન. દહીં, ઘી, પાણી, મધ અને સાકરનું મિશ્રણ. તે સત્કાર અને પૂજનમાં વપરાય છે. તે અતિથિ અને જમાઈને પોતાને ઘેર આવતાં સત્કાર કરી અર્પણ કરવામાં આવે છે. દેવતાને તે અર્પણ કરવાથી તે બહુ સંતુષ્ટ થાય છે. એમ પણ કહેવાય છે કે, તેનું દાન કરવાથી સુખ અને સૌભાગ્યની વૃદ્ધિ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

મધુપર્કનું પાત્ર = દહીં, ઘી, પાણી, મધ અને સાકર એ પાંચ દ્રવ્યનો બનાવેલ પંચામૃત તરફથી અપાતી કાંસાની થાળી.

૪. ન. (શિલ્પ) ધર્મપુરુષ ધર્મા કહેલી બત્રીસ માહેની એ નામની એક કળા.

૫. ન. લગ્નપ્રસંગે કન્યાવાળા તરફથી વરને અપાતાં કન્યાદાનનાં કપડાંનાં જોડાં વગેરે

મધુપર્કિકા જુઓ મધુપર્કી.

મધુપર્ણી ૧. [સં.] સ્ત્રી. કાળા મુખવાળી ચણોઠીનો વેલો.

૨. સ્ત્રી. મગનો છોડ.

૩. સ્ત્રી. મગો.

૪. સ્ત્રી. મજાની વનસ્પતિ.

૫ સ્ત્રી. જેઠીમધ.

૬ સ્ત્રી મધુ બિલ્વ.

૭. સ્ત્રી. વરુહકાતા વનસ્પતિ.

મધુપાકા સ્ત્રી. તરબૂચ.

મધુપાત્ર [સં.] ન. દારૂ પીવાનું વાસણ.

મધુપાન ૧. [સં.] ન. દારૂ પીવો તે; મદ્યપાન; મદિરાપાન; સુરાપાન.

મેય કહે છે મૂરખ સાભળે લો,
કયા કરે છે મધુપાન લો.
વલ્લભ ભટ્ટ

૨ ન મધ પીવું તે.

સુરાપાન અને મધુપાનમાં જે નર લાગેલો રહે છે, તે આ લોકમાં જ આપદાનો મૂળ ખોદે છે.
ધર્મપદ

મધુપાલિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેને મધુમતી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ચાર સગણ અને બે લઘુ મળી કુલ બાર વર્ણ હોય છે.

સ સ સા સ ગ લે મધુપાલિ રચો કવિ' રત્નકવિ પિંગળ

મધુપી [સં] સ્ત્રી. ભમરી.

મધુપ મધુપી મળે ફરે જહીં પિયુ તું અ નીતમ ચિદ

મધુપુટ [સં.] પું. મધપૂડો.

મધુપુર ૧. [સં] ન. મથુરા; શ્રીકૃષ્ણની ચરણરજથી પાવન થયેલું એક તીર્થક્ષેત્ર

૨. ન. મહુવા બંદરનું એક પ્રાચીન નામ.

મધુપુરી ૧ [સં] સ્ત્રી. મથુરા; મધુદૈત્ય નગર; મધુપુર. શત્રુઘ્ને મધુના પુત્ર લવણને મારીને આ શહેર વસાવ્યું હતું. મથુરાથી નૈર્ઋત્ય તરફ મહોલી નામનું સ્થાન છે, તે પ્રાચીન કાલમાં મધુપુરીના નામે પ્રસિદ્ધ હતું

૨. સ્ત્રી. મધુ; મદ્ય

૩. સ્ત્રી. યૌવન.

મધુપુરીઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. આ સુંદર ઘાટ માટે કહ્યા છે કે: રામે કરેલ અશ્વમેધના સમયે શત્રુઘ્ન સાથે અશ્વ અહીં આવ્યો અને નર્મદામાં પાણી પીવા લાગ્યો, તો ત્યાં તે ગુપ્ત થઈ ગયો. આ અશ્વ સૈનિકો દ્વારા શત્રુઘ્નને મળ્યા. બધાએ મળીને ખોડાને શોધ્યો, પરંતુ મળ્યો નહિ. અંતમાં હનુમાનજી અને શત્રુઘ્ન નર્મદામાં કૂદી પડ્યા, તો ત્યાં તેઓએ એક અત્યંત રમણીય વિશાળ ઉદ્યાન જોયું. તેમાં એક યોગિની જો પોતાની સાહેલીઓની સાથે વૈભવથી રહેતી હતી તેણે કહ્યું, અહીં કેમ આવ્યા ? આ સ્થાન દેવતાઓ પણ દેખી શકતા નથી. એવી રીતે શત્રુઘ્નને હરાવ્યા. શત્રુઘ્ને કહ્યું કે, રામકાર્ય માટે અમોને પ્રાણની' ચિંતા નથી. રામભક્તોનો પરાજય યમરાજ પણ કરી શકતો નથી, તો અન્યને માટે તો શું કહેવું ? આ વચન સાંભળીને યોગિનીએ હનુમાનનું કાર્ય સિદ્ધ થવા માટે શત્રુઘ્નને ઘોર મંત્ર આપ્યો અને અશ્વ આપીને અશ્વ સહિત પૃથ્વી ઉપર પધરાવી દીધા. પછી બધાએ નર્મદાજીની પ્રેમથી પ્રાર્થના કરી આનંદ મનાવ્યો. સ્થાનથી આ તીર્થ પ્રસિદ્ધ છે. યોગિનીની ગુફા અહીંથી લગભગ ત્રણ માઈલ છે. તે દર્શનીય છે. અહીંથી આઠ માઈલ દૂર સુંદર વનરાજીયુક્ત વનખંડમંત્રમતીર્થ આવે છે.

મધુપુષ્પ ૧ [સં.] પું. આસોપાલવ

૨ પું. ખોરસલીનું ઝાડ.

૩ પું. મહુડાનું ઝાડ

૪ પું. અરગવાનું ઝાડ.

૫ ન. મહુડાનું ફૂલ.

મધુપુષ્પક જુઓ મધુપુષ્પ ૩.

મધુપુષ્પા ૧. સ્ત્રી. ભાવરીનું ઝાડ.

૨. સ્ત્રી. નાગદમણી વૃક્ષ; દમીરક્ષ

મધુપૂપક [સં.] ન. એક જાતનું પકવાન.

મધુપ્રમેહ [સં] પું. (વૈદક) ઇક્ષુમેહ: મીઠી પેશાબનું દરદ; પેશાબમાં સાકર જવાનો રોગ: પરમિયો, સાકરિયો; મૂત્રનિસાર. બધા ઉંદરી મધુપ્રમેહ નવા સંપિપાતાં દરદો ખાંડના વિશેષ ઉપયોગથી થવાનું જણાયું છે.

મધુપ્રાશન [સં.] ન. નવા જન્મેલા બાળકના મોઢામાં મૂકવામાં આવતું મધનું ટીપું

મધુપ્રિય ૧. [સં.] પું. બલરામ; બળદેવ.

૨. પું. ભમરો.

૩. વિ. દારૂ જેને પ્રિય હોય એવું.

૪. વિ. મધ જેને પ્રિય હોય એવું.

મધુપ્રિયા ૧. [સં] સ્ત્રી એક જાતની ભોંયકુંડી.

૨. વિ સ્ત્રી. દારૂ જેને પ્રિય હોય એવી

૩. વિ સ્ત્રી. મધ જેને વહાલું હોય એવી.

મધુફલ ૧. પું. દ્રાક્ષ

૨. પું. વિકંકત નામનું વૃક્ષ.

૩. ન. મહુડાનું ઝાડ.

૪. ન. મીઠા નાળિયેરનું ઝાડ.

મધુબન ૧. ન. મથુરા.

૨. ન. વૃંદાવન પાસે આવેલું એ નામનું વન; મધુવન.

૩. ન. સુગ્રીવનો બગીચો. તેમાં અંગૂર બહુ જ થતી હતી.

મધુબની સ. નેપાળમાં આવેલું એ નામનું એક શહેર. આખા હિંદુસ્તાનમાં કોકડી જેવા કપાસની ઉત્તમ જાત માટે આ શહેર પ્રસિદ્ધ છે. કોકડી રૂ કુદરતી બદામ રંગનું થાય છે. તે મજબૂત અને સાર્વદાર હોય છે ઉત્તમ કોકડી રૂ રેશમની હરીફાઈ કરી શકે છે. આ રૂનું વાર્ષિક મધુબનીની આસપાસ થાય છે. દોઢ મ.ઉચ્ચ ઉપર આવેલું ઔરાહા એ મધુબનીનો એક ભાગ ગણાય છે.

મધુબિંદુ ન. એક જાતનું વસ્ત્ર.

મધુભર વિ. મીઠાશથી ભરપૂર.

અને મીઠો એનો મધુભર હતો મોહ સઘળે,
હવે સર્વે જહાનું રસ સહિત ખારી રહું જાણે!
ન્હાનાલાલ

મધુભાર પું (પિંગળ) એ નામે આઠ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ત્રણ અને છ માત્રાએ તાલ આવે છે તેને જળી કે વસુકલા પણ કહે છે.

મધુભાષી [સં. મધુભાષિન્] વિ. મીઠું બોલનાર.

મધુભિદ [સં. મધુભિદ્] પું. વિષ્ણુ.

મધુભૂમિક [સં.] પું યોગની બીજી શ્રેણીએ પહોંચેલ યોગી.

મધુભૂમિકા [સં] સ્ત્રી. નિર્વિતર્ક સમાપત્તિવાળી સ્થિતિ.

મધુમક્ષિકા ૧. પું ભમર.

૨ [સં.] સ્ત્રી. મધમાખી; મધમાખ.

મધુમક્ષિકાકૃહ ૧. [સં.] ન મધપૂડો.

૨ ન. મધમાખો રાખવાની જગ્યા.

મધુમત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે તેને મધુમતી છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે નગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે.

મધુમતિ ૧. સ્ત્રી. વેદ પ્રસિદ્ધ નદી ઋચા.

૨. ન. સૌરાષ્ટ્રમાં આવેલું મહુવા શહેર.

આવટ દેવીની સહાયતાથી તસરિફાથી આદિનાથ પ્રભુની સુંદર પ્રતિમા લાવ્યા, તે સહિત વહાણમાં બિરાજી મધુમતિ (મહુવા) આવ્યો.
ગુ. સા. પરિષદ

મધુમતી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેને મધુમત કે ચારુમતી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે. આમાં પાંચમા અક્ષર પછી યતિ કે વિરામો આવે છે.

ન ન ગણી મધુમતી. રત્નકવિ પિંગળ

૨. સ્ત્રી. એ નામની એક દેવી. તેની ઉપાસના અને સિદ્ધિ વડે મનુષ્ય ધારે ત્યાં આવજા કરી શકે એમ મનાય છે.

૩ સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી.

૪. સ્ત્રી. કાશ્મીરી વૃક્ષ

૫. સ્ત્રી. ગંગા નદી.

૬ સ્ત્રી નર્મદાની એ નામની એક શાખા.

૭. સ્ત્રી. મધ પીને તૃપ્તિના હેતુરૂપ પ્રજ્ઞાના યોગથી થતી મધુભૂમિકા નામની સમાધિની એક અવસ્થા; યોગીની એક જાતની ચિત્તવૃત્તિ. તેમાં અભ્યાસ અને વૈરાગ્યને કારણે રજોગુણ અને તમોગુણ દૂર થઈને શુદ્ધ સત્ત્વગુણનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

૮. સ્ત્રી. મધુદૈત્યની એ નામની કન્યા. તે ઇક્ષ્વાકુના પુત્ર હર્યશ્વ સાથે પરણાવી હતી.

૯. વિ સ્ત્રી. મદવાળી.

૧૦. વિ સ્ત્રી. મધવાળી.

૧૧ વિ સ્ત્રી. મીઠી; મીઠાશવાળી.

મધુમાર પું (પિંગળ) એ નામે આઠ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ત્રણ અને છ માત્રાએ તાલ આવે છે તેને જળી કે વસુકલા પણ કહે છે.

મધુભાષી [સં. મધુભાષિન્] વિ. મીઠું બોલનાર.

મધુભિદ [સં. મધુભિદ્] પું. વિષ્ણુ.

મધુભૂમિક [સં.] પું યોગની બીજી શ્રેણીએ પહોંચેલ યોગી.

મધુભૂમિકા [સં] સ્ત્રી. નિર્વિતર્ક સમાપત્તિવાળી સ્થિતિ.

મધુમક્ષિકા ૧. પું ભમર.

૨ [સં.] સ્ત્રી. મધમાખી; મધમાખ.

મધુમક્ષિકાકૃહ ૧. [સં.] ન મધપૂડો.

૨ ન. મધમાખો રાખવાની જગ્યા.

મધુમત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે તેને મધુમતી છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે નગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે.

મધુમતિ ૧. સ્ત્રી. વેદ પ્રસિદ્ધ નદી ઋચા.

૨. ન. સૌરાષ્ટ્રમાં આવેલું મહુવા શહેર.

આવટ દેવીની સહાયતાથી તસરિફાથી આદિનાથ પ્રભુની સુંદર પ્રતિમા લાવ્યા, તે સહિત વહાણમાં બિરાજી મધુમતિ (મહુવા) આવ્યો.
ગુ. સા. પરિષદ

મધુમતી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેને મધુમત કે ચારુમતી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે. આમાં પાંચમા અક્ષર પછી યતિ કે વિરામો આવે છે.

ન ન ગણી મધુમતી. રત્નકવિ પિંગળ

૨. સ્ત્રી. એ નામની એક દેવી. તેની ઉપાસના અને સિદ્ધિ વડે મનુષ્ય ધારે ત્યાં આવજા કરી શકે એમ મનાય છે.

૩ સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી.

૪. સ્ત્રી. કાશ્મીરી વૃક્ષ

૫. સ્ત્રી. ગંગા નદી.

૬ સ્ત્રી નર્મદાની એ નામની એક શાખા.

૭. સ્ત્રી. મધ પીને તૃપ્તિના હેતુરૂપ પ્રજ્ઞાના યોગથી થતી મધુભૂમિકા નામની સમાધિની એક અવસ્થા; યોગીની એક જાતની ચિત્તવૃત્તિ. તેમાં અભ્યાસ અને વૈરાગ્યને કારણે રજોગુણ અને તમોગુણ દૂર થઈને શુદ્ધ સત્ત્વગુણનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

૮. સ્ત્રી. મધુદૈત્યની એ નામની કન્યા. તે ઇક્ષ્વાકુના પુત્ર હર્યશ્વ સાથે પરણાવી હતી.

૯. વિ સ્ત્રી. મદવાળી.

૧૦. વિ સ્ત્રી. મધવાળી.

૧૧ વિ સ્ત્રી. મીઠી; મીઠાશવાળી.

મધુમત્ત ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૧૪ માત્રા હોય છે અને ૧, ૪, ૭, ૧૦ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

સકલ કલા ચૌદનો કરો પ્રથમ ઉપર ત્રણ ત્રણે ધરો. પાંચ તાલ સર્વ આદ્યને મધુમત્ત અંતિ આદ્યને રત્નપિંગળ

૨. પું. (પુરાણ) દાશરથિ રામની સભામાંનો એક દ્વારપાલ.

૩. વિ. મદમસ્ત.

મધુમલ્લિકા [સં.] સ્ત્રી. મધુમાલતી તેનાં ફૂલોમાંથી મીઠી સુગંધ આવે છે. આ વેલ ઉપર જાતજાતના રંગબેરંગી સુગંધવાળાં ફૂલો થાય છે

મધુમલ્લી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભુજની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, ભગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે.

મધુમલ્લી સ ભ ર ને. રત્નપિંગળ

૨. સ્ત્રી. બટમોગરો; માલતી.

મધુમંત ૧. [સં.] પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ; મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

૨. ન. (પુરાણ) દંડક દેશના રાજા દંડકની રાજધાની.

મધુમાધવ સ્ત્રી. (સંગીત) ઓડવ જાતની એ નામની એક રાગિણી. શ્રીષ્મ ઋતુમાં વીર અને શૃંગાર રસથી ભપોરના ગવાય છે.

મધુમાધવ ૧. પું (સંગીત) માલશ્રી, કલ્યાણ અને મલ્હાર રાગના મિશ્રણથી બનેલો એક મિશ્ર રાગ.

૨. સ્ત્રી. (સંગીત) એક રાગિણી; મધુમાધવી.

મધુમાધવી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને વસંતતિલકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, બે જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ. તેનાં પુષ્પ કામમાં આવે છે. તે શીતળ છે અને ત્રિદોષ મટાડનાર મનાય છે.

૩. સ્ત્રી. એક જાતનો વેલો; માધવી; વાસંતિ; મંડા, અતિમુક્તક; વિમુક્ત; કામુક; ભ્રમરોત્સવ. એના પાન મોટાં હોય છે. તેમાં સફેદ સુવાસિત ફૂલ થાય છે

૪. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની પાંચ માહેની એ નામની એક રાગિણી; મધુમાધવ. સોનાના સરખો તેના શરીરનો રંગ છે, કોમળ અને કાંતિવાન અંગ છે, પીળાં વસ્ત્ર પહેર્યાં છે, કપાળે કેસરનું તિલક કર્યું છે, આખામાં કાજળ આંજેલું છે, મધુર કોયલના સરખા કંઠ જોઈ રહી છે, પોતાના પ્રાણપતિના મુખનું ચુંબન કરે છે અને પ્રેમથી ભળીને હાથ નાખી રિમત વદનથી સમુદના કિનારા ઉપર પોતાના સ્વામી સાથે વિલાસ કરે છે, એવી મધુમાધવી નામની રાગિણી છે વળતા સવારનો છે ઋષિ મધુર છે. એટલે ખરજ શુદ્ધ, રિષભ તીવ્ર, ગાંધાર કોમળ, મધ્યમ પૂરો, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર તથા કોમળ એમ સાતે સ્વર આવે છે. અહ સ્વર મધ્યમ છે. તે મલ્હાર, શુદ્ધ કલ્યાણ અને માલશ્રીથી મિશ્ર છે. કોઈ તેને દુર્ગા, બહારવા, રોરાની, જયતિ અને ધનાશ્રીથી મિશ્ર પણ માને છે.

૫. સ્ત્રી. (સંગીત) શ્રીરાગની છ ભાર્યામાંની એ નામની એક રાગિણી. તે હમેશા પ્રાતઃકાળમાં ગવાય છે.

મધુમારક ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે નારદી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ અને જગણ મળી ૭ વર્ણ હોય છે.

મધુમારકે સ જ રત્નપિંગળ

૨. પું. ભમરો.

મધુમાલતિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે તેને મતમયૂરેન્દ્ર પણ કહે છે. તેના દરેક ચરણમાં સાત ભગણ અને બે ગુરુ મળી ત્રેવીસ અક્ષર હોય છે અને ચરમાં અક્ષર ઉપર વિરામો આવે છે.

મધુમાલતી ૧. પું. (પિંગળ) એ નામે એક મિશ્રજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૪ માત્રા હોય છે. સાત માત્રાએ યતિ અને ૩, ૫, ૧૦ અને ૧૪ માત્રાએ તાલ આવે છે.

૨. પું. (પિંગળ) માનવ ચૌદ માત્રાનો માત્રાજાતિ છંદ. તેની પ્રસ્તાર બેદરા ઉપર ઝાડની વગેર ૨૧૦ વૃત્તિ થાય છે.

૩. સ્ત્રી. એક ફૂલવેલ; એ નામની એક જાતની વેલી. આ જાતની વેલીને લાલ સફેદ મિશ્ર રંગનાં ફૂલના ઝૂમખા આવે છે. ફૂલમાં મધ જેવી સુવાસ હોય છે. ઓગસ્ટથી જાન્યુઆરિ સુધી તે ખીલે છે. દરેક ફૂલને ચાર પોગી અને એક સોનેરી એમ પાંચ પાંખડી હોય છે.

૪ સ્ત્રી. હિંદી કવિ જાયસીએ લખેલ એ નામની એક પ્રેમકથાણી

મધુમાવતી સ્ત્રી. સૌરાષ્ટ્રમાં આવેલું મહુવા શહેર.

વિક્રમાદિત્યે તેને સૌરાષ્ટ્રમાં આવેલી મધુમાવતી (મહુવા) નગરી બક્ષીસ આપેલી હતી.

ગ્રા સા પરિષદ

મધુમાસ [સ. મધુ (મહુડો) + માસ] પું. ચૈત્ર માસ. આ માસમાં મહુડાં પાકે છે અને મધપૂડા થાય છે.

મધુમેહન ન. (વૈદક) મધુપ્રમેહ નામનો રોગ.

મધુમેહની વિ મધુપ્રમેહનો રોગી.

મધુર ૧. પું. એ નામનો એક દેશ. હાલનું સુતરાઉ કાપડ વખણાય છે.

૨. પું. એક જાતનો અત્તર; રાજબરણ

૩ પું. કપૂર, કર્પૂર

૪. પું. ગાયનનો એક પ્રકાર; કોયલની પેઠે મધુર સ્વરે ગાવું તે.

૫. પું. ગોળ.

૬. પું. જાયફળ ઝાડ.

૭ પું. ઝરું

૮. પું ડાંગર.

૯. પું. (સંગીત) ધ્રુપદના સોળ ભાંહેનો એ નામનો એક પ્રકાર. તેના દરેક પદમાં ચોદ અક્ષર હોય છે

૧૦. પું. (પિંગળ) નાગપિંગળ માંહેનો એ નામનો એક માત્રામેળ છંદ.

૧૧. પું. મહુડા.

૧૨. પું. (અલ્પ) રસના ૬ માંહેનો એક પ્રકાર; મીઠો રસ; મધુર રસ.

૧૩ પું. લાલ સરગવો.

૧૪. પું વટાણા.

૧૫ પું શાલિધાન્ય; ડાંગના ચોખા.

૧૬ પું. શેરડી; રાતી શેરડી

૧૭. પું. રહના એક સૈનિકનું નામ.

૧૮. ન. એક જાતનું સિંગરફ.

૧૯ ન. જીવક ઔષધિ.

૨૦ ન. બદામનું ઝાડ.

૨૧ ન. ક્ષીર

૨૨. ન વિષ, ઝેર

૨૩ વિ. આખને ગમે એવું; સુંદર; મનોજ્ઞ; મનોહર; મનોરંજક; રમ્ય.

૨૪. વિ. કાનને પ્રિય લાગે એવું, કર્ણપ્રિય; કર્ણિકર.

મધુર બોલવું = મીમેથી ને મીઠાશથી બોલવું.

૨૫. વિ. ઘ્રાણેન્દ્રિયને પ્રિય કે સારું લાગે એવું; ખુશબોદાર; સુવાસિત; સુગંધીદાર.

૨૬. વિ. જેના ગાયનમાં મધુરતા હોય એવું. તે મુખ્યી ગાયકનો એક પ્રકાર છે.

મન્દ્ર મંજુ મનોજ્ઞ મધુ મધુર ચાર સુકુમાર; લલિત ઉદાર ગીતજ્ઞ મજબૂમિ આધાર.

પિંગળશિરોમણિ

૨૭. વિ. ધીમે ચાલનાર; મંદગામી
૨૮ વિ પ્રેમ કે વહાલ ઊપજે એવું; મીઠા લોહીનું; પ્રિય લાગે એવું; પ્રીતિકર.
૨૯ વિ. (સંગીત) પ્રૌઢ, મધુર તથા મનોરંજક સ્વર માટે વપરાય છે
૩૦ વિ. શાંત; સૌમ્ય.
૩૧ વિ સ્વાદે ગળ્યું, મીઠું, સ્વાદિષ્ટ, મધુરું.

મધુરજની [સં. મધુ (મીઠું) + રજની (રાત)] સ્ત્રી. પરિણીત દંપતીની પહેલી રાત્રી, લગ્નની પ્રથમ રાત; ' હનીમૂન '.

મધુરજ્વર [સં] પું. (વૈદક) મીઠીઝરો તાવ; એક પ્રકારનો ટાઢફોર્યાને મળતો મુદતિયો તાવ. તાવમા ઘી આવ.યી કે પસીનો બધ થવ.યી અ. તાવ આવે છે. બળતરા, શ્રમ, મોહ, ગાઢા, ઊલટી, તૃષા, અનિદ્રા, મોં, તાળવું, છાતી વગેરે સુકાવું અને આસ કરીને ડોક ઉપર મોતીના સરસવના દાણા જેવા ફોડલાઓ થવા એ આ તાવનાં આસ લક્ષણ છે. [પત્તાઝમક, શીતળ અને મ.ઠા દવાઓ આ.પવ.યી આ તાવ મટવાનું મનાય છે.

મધુરતમ [સં.] વિ. સૌથી મીઠું

મધુરતર [સં.] વિ. વધારે મીઠું.

મધુરતા ૧. [સં.] સ્ત્રી. કોમળતા; સુકુમારપણું.
૨. સ્ત્રી. પ્રિય લાગવાપણું; આહ્લાદકપણું; મનને ખુશકારક લાગવાપણું.
૩. સ્ત્રી. મનોહરતા; સુંદરતા; મોહકપણું; સૌંદર્ય.
૪. સ્ત્રી. માધુર્ય; મધુરપણું. કાવ્યના આઠ ગુણમા પહેલો ગુણ મધુરતાનો છે. બોલતી વખત ભાષા મધુર હોવી જોઈએ. કઠોરતા, કઠોરતા, તુચ્છતા, હલકાપણું તેમાં ન હોવા જોઈએ. ભાષાનું મહત્વ સમજનારે તો આવી મધુર ભાષા ઉચ્ચારવા જોઈએ.
૫. સ્ત્રી. મીઠાશ; મળપણું.

મધુરતાઈ સ્ત્રી. મધુરતા
અનઅંગ મધુરતાઈ જેતામા ગઈ લોમ.ઈ. દયારામ

મધુરતૃણ [સ.] ન. શતપુષ્પાનું ઝાડ.

મધુરત્રય ૧. [સં.] ન. ગોળ, સાકર અને મધ એ ત્રણ વસ્તુનો સમૂહ.
૨. ન. ત્રણ મધુર દ્રવ્યોનો સમૂહ.

મધુરત્વ જુઓ મધુરતા.

મધુરત્વચ [સં.] પું. ધાવડીનું ઝાડ.

મધુરનમક ન. એક જાતનું મીઠું.
સૌવર્ચલ, અક્ષ, રુચક એ ત્રણ નપુંસક લિંગ નામ મધુરનમકનાં છે. અમરકોષ

મધુરનાદ [સં.] પું. કર્ણપ્રિય અવાજ.

મધુરપ ૧. સ્ત્રી. મધુરતા; મીઠાશ; મળપણ.
૨. સ્ત્રી. મનોહરતા; સુંદરતા.

મધુરપ્રિય ૧. [સં.] પું ચિત્રના હજાર મ.હનું એક નામ.
૨. વિ. મીઠાશ કે મધુરપણું જેને પ્રિય હોય તેવું

૩. સ્ત્રી. માધુર્ય; મધુરપણું

મધુરભાષિણી [સં. મધુર (મીઠું) + ભાષિન્ (બોલનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. મીઠું બોલનારી; મંજુલભાષિણી; મધુર ભાષા બોલનારી.

મધુરમધુરું વિ. સુંદરમાં સુંદર; સાંથી સ.રું.
મધુરમધુરી કળા બીડી ભાભા કરી કરી.
નાનાલાલ

મધુરરસ ૧. [સ] પું. મીઠો રસ; ગળ્યો રસ.
૨ પું. પ્રેમલક્ષણા ભક્તિ.
કૃષ્ણની સાથેની પરમ પ્રેમલક્ષણા ભક્તિ, અર્થાત્ બીજું નામ મધુરરસ છે સા. પરિષદ
૩. પું. સ્વાદ કે ભાષાની મીઠાશ.

મધુરરસા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મધુપર્ણિકા; મધુપર્ણી.

મધુરવ ૧. [સં.] પું મીઠો અવાજ.
૨. વિ. મીઠા સ્વરવાળું

મધુરવલ્લી [સં.] સ્ત્રી. ગળો.

મધુરવિપાકી વિ. જેનો વિપાક મધુર હોય એવું. આપણે જે ષટ્રસ આહારમા છીએ તેના ત્રણ ભાગ કરેલા છે: મધુર વિપાકી, અમ્લ વિપાકી, કટુ વિપાકી. પાચકરસની રાસાયનિક ક્રિયા થયા પછી અન્નરસનું સ્વરૂપ અને તેને વિપાક કહે છે.

મધુરવું વિ મીઠું, કાનને પ્રિય લાગે એવું; મીઠા સ્વરવાળું, મધુર
એ બોલવું રમકડું અવાજે, સારંગીને મધુરવાં સહુ સાજ લાજે. દિલખીર

મધુરસ ૧. [સં] પું. અમૃત રસ; મીઠો રસ.
૨. પું. તાડનું ઝાડ.
૩. પું. દ્રાક્ષનો રસ.
૪. પું. પાણી.
૫. પું. મૂર્છા; મોરવેલ.
૬. પું. શેરડી.
૭. વિ. મધુર; મીઠા રસવાળું.

મધુરસા ૧. સ્ત્રી. એક જાતની વેલ. એનાં પાન પીપળાનાં પાન જેવાં અને ત્રિફળ હોય છે. તેને ગોળ નાના મીઠા ફળ થાય છે.
૨. સ્ત્રી. ગાંભારી વનસ્પતિ.

૩. સ્ત્રી. જેઠીમધ. જેઠીમધનું ઝાડ લીલું હોય ત્યારે તેમાંથી મીઠો ગળ્યો રસ બહુ જ નીકળે છે, માટે તેને મધુરસા કહે છે.
૪. સ્ત્રી દ્રાક્ષ
૫. સ્ત્રી. દ્રાક્ષ; દ્રાણી દ્રાક્ષ
રેવાદી મદ્રીકા, મધુરસા, કાસમેખલા જેટી; નડા, પ્રેમ.ા ગોસ્તની, આકાશ્યા પણ સૌટી.
પિંગળકમુકોષ
૬. સ્ત્રી. પ્રસારિણી; લળમણી વનસ્પતિ.
૭. સ્ત્રી. મોરવેલ; મૂર્વા.
૮. સ્ત્રી. શતપુષ્પી.

મધુરસુરભિ [સં.] સ્ત્રી. મીઠું સૌંદર્ય; મધુર તેજ.
ઇંદ્રિયની મધુરસુરભિ ચિત્ત તેને રમાવી. અદ્વિકા કાવ્ય

મધુરસ્વર ૧. પું. ગંધર્વ.
૨ પું. મધુર વચન.
૩ [સં.] પું. મનોરમ ધ્વનિ; મધુરોચ્ચાર; સ્વર
૪. વિ. મનોરમ સ્વરવાળું

મધુરા ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમા ૫૬ માત્રા હોય છે. બનતાં સુધી નગણ આવે. ચરિએ ચરિએ બની શકે તેટલી યમક આવવી. તેમાં ૧, ૮, ૧૫, ૨૨, ૨૯, ૩૬, ૪૩, ૫૧ માત્રાએ તાલ આવે છે.
ગાત હસના આઠ યતિ કર, એમ કુલ કલ છપ્પન જ ધર, ચર ; ચરિએ, નગણ ચરિએ, બની શકે તો. પૂરી કર; પ્રથમે, દુરત દઈ દે, મુનિ મુનિ પછી, ચડતી કરી દે, ગ ન ગમ જ, તાલ ચરણે.સરસ હરણે, મધુરી કરી ધર; પ્રતિયિરતિમાં, યમક લાવે, ડિંગળ ગાવે, છંદ સુહાવે, બનિ મધુરા, ભાતિ ભાતિ, બહુ વિખાતી ખ્યાતિવાળી.
રણછોડ પિંગળ
૨. પું. મધુરસ્વર.
૩. સ્ત્રી. એક જાતનું રાગ.
૪. સ્ત્રી. કડવોતી વનસ્પતિ.
૫. સ્ત્રી. કેળ
૬ [સં.] સ્ત્રી. જેઠીમધ.
૭. સ્ત્રી. (કાવ્ય) ત્રણ માહેની એક પ્રકારની વૃત્તિ. માધુર્ય ગુણને પ્રકટ કરનારી વૃત્તિ. જેમાં બારેબાર અનુસ્વાર, પર સવર્ણ અને શુદ્ધ અનુનાસિક રૂપે રહેલા ક, ગ, ઘ, ન, ય, તથા લ, ષ, સ, હ, ક્ષ વર્ણોને જોડી દર્શ ટાડે વર્ગના પહેલા, ત્રીજા અને પાંચમા અક્ષરો, ય, ર, લ, વ, જેના પછી હ્રસ્વ સ્વર આવતો હોય તેવા ર અને ઘ તથા બે લ નો સંયોગ, આટલાં વાનાં આવતાં હોય અને વર્ગના બીજા તથા ચોથા અક્ષરનો સંયોગ જેમાં ન આવતો હોય તેવી રચનાને મધુરાવૃત્તિ કહે છે.

૮ જી૦ મથુરા નગરી.
૯. જી૦. મદુરા; મદ્રાસ પ્રાંતનું એક નગર.
૧૦. જી૦ (સંગીત) મધ્ય સ્થાનીય ભારતીય શ્રુતિ માંહેની પાંચમી શ્રુતિ.
૧૧. જી૦. મસૂર
૧૨. જી૦. મીઠી કાકડી; મધૂકી વનસ્પતિ
૧૩. જી૦. પરિવાણી.
૧૪ જી૦. શતપુષ્પા.
૧૫. જી૦. શતાવરી વનસ્પતિ; ખૂરજ જીવંતી.
૧૬. જી૦. સાકર.
૧૭ જી૦. સુરા.
૧૮. ન. મેદાકંદ મેદા નામના કંદમાંથી જે રસ ટપકે છે, તે રસ અદમીઠો હોય છે, માટે તેને મધુરા કહે છે.
૧૯ વિ. મીઠું; મીઠાશવાળું

મધુરાકૃત [સં.] વિ. સુંદર આકૃતિવાળું; કપાળું.
મોહન મધુરાકૃત શ્રી નાથજી નટવર નંદકુમાર.
દયારામ

મધુરાગરુ [સં. મધુર + અગરુ] ન. એક જાતનું અગર. તે તીખું, કરમ અને કડવું, કફ, વાયુ અને વમન મટાડનાર, આમડીનો રંગ સુધારનાર અને પિત્ત હરનાર મનાય છે.

મધુરામૃત ૧. [સં.] ન. મીઠું અમૃત.
૨. વિ. અમૃત જેવું મીઠું.

મધુરાલાપા ૧. [સં.] જી૦. કોયલ.
૨. જી૦. મીઠા શબ્દવાળી સ્ત્રી.
૩. જી૦. મેના.

મધુરાવૃત્તિ જુઓ મધુરા છ.

મધુરિપુ પું. વિષ્ણુ.
સેજ્યા મધુમત મધુરિપુ કુંજવાને. વિહારી

મધુરીજડી (મધુરીજડો) જી૦. એ નામનો એક જાતનો છોડ. આ છોડ જમીન ઉપર પથરાયેલ હોય છે. તેની શાખાઓ ચોખારી રાતા રંગની ને ઘણી ખરસી હોય છે. પાન સામસામાં, જરા જાડાં, પહોળાં અને ગોળાઈ લેતાં દોઢ ઇંચ લાંબાં ને અરધો ઇંચ પહોળા હોય છે. તેમા ધોળાં, જાંબલી કે આસમાની રંગનાં ફૂલ ગુચ્છાઓમાં આવે છે. તેનાં ફળ દરિયાઈ કાંબલાના ફળ જેવાં થાય છે. એના મૂળમાં સુગંધ હોય છે.

મધુરીંછ પું. દક્ષિણ અમેરિકનું એક જંગલી પ્રાણી. તે ઊંચાઈમાં બિલાડી કે કૂતરા જેવડુ અને દેખાવમાં રીંછના જેવું હોય છે. તે પ્રાણીને મધપૂડામાંથી મધ ચૂસવાનો ખૂબ જ શોખ હોય છે, તેથી લોકો તેને મધુરીંછ કહે છે.

મધુરેહ ૧. પું. (પુરાણ) કૌંચદ્વીપના સાત માંહેનો એ નામનો એક ખંડ.
૨. પું. પ્રિયવ્રત પુત્ર ઘૃતપૃષ્ઠના સાત માંહેનો એ નામનો બીજો પુત્ર. તે એ નામના ખંડનો અધિપતિ હતો

મધુરું ૧. વિ. ગળ્યું; મધુર; સ્વાદિષ્ટ.
૨. વિ. પ્રિય, મીઠું, કર્ણપ્રિય; મન અને ઇંદ્રિયોને ગમે એવું.
૩. વિ. શાંત, સૌમ્ય.
૪ વિ. સુંદર; મનોહર; ખૂબસૂરત

મધુરો પું. (વૈદક) એક જાતનો તાવ; અંતરજ્વર. આ એક જાતનો સન્નિપાત જ્વર છે કફસા અને હૃદય ઉપર તેની અસર નુકસાનકારક છે. આ તાવમા દાહ, ભ્રમ, ઝાડા, ઊલટી, તરસ અને બબડવું થાય છે, મોં સતત ચર્યા જાય છે, તાળવું અને ઠળ સુકાય છે, ગોઠ ઉપર મરસલ જેવી ફોડકિયું દેખાય છે, દાંત કાળા પડે છે, પેશાબ પીળો ઊતરે છે અને સાતમે દિવસે ગળામાં મોતી જેવી ફોડકિયુની હાર દેખાય છે. એકવીસ દિવસે આરામ થાય છે

મધુલ ૧. [સં.] ન. દ્રાક્ષનો રસ; કપમૂલાશ્મ, સરેશ, મધુલાશ્મ વગેરેને બીજાં અખ્ખોની સાથે ઉકાળવાથી બનતો મીઠા સ્વાદવાળો કેસાસી નત્રવાયુમય એક પદાર્થ. તેમાં અંગારના બે ભાગ, આર્દ્રજનકના પાંચ ભાગ, નત્રવાયુનો એક ભાગ અને પ્રાણવાયુના બે ભાગ હોય છે.
૨. ન. મધમાંથી બનાવેલો દારૂ; મદિરા.

મધુલતા ૧. જી૦. એક જાતનું ઘાસ.
૨. [સં.] જી૦. કોયીમધ.
૩. જી૦. મીઠી વેલ.
ત્યાં બનાડી વિરહવિહ્વળ રાક્ષસીમાં;
ભલે દિસે મધુલતા વિષ વલ્લરીમાં
રામચરિતામૃત

મધુલાશ્મ [સં.] ન. મનુષ્યના કે બળદના પિત્તમાં માલૂમ પડતો કેસાસી બની. તેના ઉપર બજારોમાં બનાં તેમાંથી મધુલ અને પિત્તાશ્મ જુદાં પડે છે તેમાં અંગારના છત્રીસ ભાગ, આર્દ્રજનકના તેતાળીસ ભાગ, પ્રાણવાયુના ૭ ભાગ અને નત્રવાયુનો એક ભાગ હોય છે.

મધુલિકા ૧. [સં.] જી૦. અતિબલની એ નામની એક માત્રા.
૨. જી૦. ફૂલનો પરાગ.
૩. જી૦. મધુલી જાતના વર્ગમાંથી બનતો એક જાતનો દારૂ.
૪. જી૦. ચાર્ટ.

મધુલિહ ૧. [સં. મધુ (મધ) + લિહ્ (ચાટવું)] પું. ભમરો
મધુકર મધુલિહ મધુપ અલિ અલિન શિલીમુખ,
ભૃંગ ચંચરીક રોલંબ હરિ કીલાલપ સારંગ.
પિંગળપ્રકાશ
૨. પું મધમાખ.
૩. વિ મધ ચાટનાર

મધુલી ૧. ન. એક જાતના ઘાસ.
૨ [સં.] ન. કોયીમધ. કોયીમધનાં ઝાડમાંથી ઝરતો રસ ચૂસવાને ભમરા તથા મધમાખીઓ આવે છે, માટે તેને મધુલી કહે છે.

મધુલેહ જુઓ મધુલિહ.

મધુલેહી જુઓ મધુલિહ.

મધુવતી [સં.] જી૦. એ નામની એક નદી. આ નદીના જળમાં સ્નાન કરવાથી અશ્વાવકનાં વાયાં અંગ સરખા થઈ ગયાં હતાં, તેથી આ મધુવતી નદી સમગા નામથી ઓળખાય છે.

મધુવન ૧. [સં.] ન. (પુરાણ) ત્રિષ્ણિયા નગરની સમીપે આવેલું બહુ મધવાળું એક વન, તે વન વાલીનું હતું
૨. ન. કોયલ.
૩. ન. પ્રેમી અને પ્રેમિકા જે કુંજ કે વનમાં ભેગાં મળે તે વન
૪. ન. મથુરા શહેર પાસેનું અરણ્ય; વૃંદાવન; જ્યાનું એક સ્થળ શ્રીકૃષ્ણે જ્યાં લીલા કરેલ એ વન. પૂર્વે હાલિદીના રમણીય ટાંકા ઉપર આ વન હતું. અહીં મધુ નામના રાક્ષસે તપ કર્યું હતું, એટલે તેનું એ નામ પડ્યું. તેનું પછીથી હરસેન કેમ નામ પડેલ હોય એમ મનાય છે.
મધુ કેમ સ્થળ મધુવન થયું,
તે સહ રજ ચડી તેનું પાપ ગયું.
દયારામ
૫. ન. સૌરાષ્ટ્રમાં આવેલ માધવપુરનું જૂનું નામ

મધુવર્ષી [હિં.] પું ઋતિબલનો એ નામનો એક અનુચર.

મધુવલ્લિકા જુઓ મધુવલ્લી.

મધુવલ્લી ૧. [સં.] જી૦ એ નામે એક વનસ્પતિ. તે જમીનમાં અને જળમા પણ થાય છે.
૨. જી૦. એક જાતની વનસ્પતિ; કેરેલા.
૩. જી૦. ગળો.
૪. જી૦. કોયીમધ.
૫. જી૦. મીઠી વેલ
૬. ન. દ્રાણી દ્રાક્ષ.
૭. ન. મીઠાં બીજોરાનું ઝાડ.

મધુવાર ૧. પું. મદ્ય; મદિરા.
૨. [સં] પું. મદ્ય પીવાની રીત.
મધુવાર, મધુક્રમ આ બે પુલ્લિંગ નામ દારૂ પીવાની પદ્ધતિના છે. અમરકોષ
૩. પું. મદ્ય પીવાનો દિવસ.
૪. પું. વારંવાર મદ્ય પીનો તે.

મધુવારિ ૧. [સ.] પું. (પિંગળ) એક તેના પહેલા અક્ષરસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સગોર્યું ચરણનો છે તથા ત્રીજા ચરણમાં સગણ જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં તગણ, જગણ, રગણ, સગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે
૨. ન. દારૂ
મધુ, આસવ, મદિરા, નારા, સુરા, વારુણી પેય; આસવ, મદ, કાદંબરી, મધુવારિ પેયમ્. પિંગળપ્રકાશ

મધુવિદ્યા [સં.] સ્ત્રી. સુરાવિદ્યા.

મધુવિલતા જુઓ મધુવતી.

મધુવેલ સ્ત્રી. એ નામની એક વેલ આ જાતના વેલા જલદી વધનારા હોય છે. તેનાં પાદડાં દવામાં ઉપયોગી ગણાય છે

મધુશ્રવા ૧. સ્ત્રી. કુરુક્ષેત્રમાંની ગુપ્ત કે પ્રગટ આંગણચાર માઈલના એ નામની એક નદી તેમના નામઃ સરસ્વતી, વૈતરણી, ઉપમન્યા, મંદાકિનીગંગા, મધુશ્રવા, અન્નસ્રવતી, ક્ષેમકરી, વસુદત્તવતી, વસુંધરી, રાકી અને ઓતમ.
૨. સ્ત્રી. શ્રાવણ સુદિ ત્રીજ.

મધુશ્રીલ [સં] ન. મહુડાનું ઝાડ.
માધવ, મધુદ્રુમ, મધુસ્રવસ, મધુશ્રીલ, ગુડપુષ્પ, એ મધુકના ફૂલ તે, તુજ ગંધસ્પર્શ તુલ્ય પિંગળપ્રકોષ

મધુષ્પંદ પું (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર

મધુસંભવા [સં.] સ્ત્રી. દ્રાક્ષ.

મધુસિક્થ ૧. [સં.] પું. માત્ર પ્રસવનાં તાજાં ઈનાં થાય તેટલો ગાદલ.
૨. પુ. મીણ.

મધુસિક્થગોલ [સં.] પું. મધનો ગોળો; મધપૂડો

મધુસુદ્દન [સં. મધુસૂદન] પું. ભમરો.

મધુસૂદન ૧. પું. અદ્વૈતસિદ્ધિ વગેરે ગ્રંથ રચનાર એ નામનો એક પંડિત.
૨. પું. એ નામનો એક ભંગાણી લેખક.
રામનારાયણનું જલાવણી અને મધુસૂદનનું શર્મિષ્ઠા એ બે ઉત્તમ નાટકો ભંગાણી સાહિત્યના નાટ્યરાજાને ગોખરે ઊભાં રહેવાં ગાયણને અને છે. મુ. સા. પરિષદ

૩. પું. ભમરો; ભમ્મર.
૪. પું. ભમરો; ભમરો.
૫. [સં.] પું. મધુ દૈત્યને મારનાર; વિષ્ણુ.
૬. ન. એ નામનું વિષ્ણુનું એક સ્વરૂપ. ચાર સરખા આકારવાળું, બે મુખવાળું, ચાર હાથમાં બ્રહ્મના ચિહ્નવાળું, મેઘ સરખું શ્યામ, ગાયના પગલાના ચિહ્નવાળું અને મધ્યમ રીતે ઊંચું હોય તે મધુસૂદન નામનું રૂપ કહ્યું છે.
૭. ન. એક જાતનું ઝાડ.

મધુસ્કંદ [સં] ન એ નામનું જૈન તીર્થ

મધુસ્થાન [સં.] ન. મધપૂડો.

મધુસ્રવ ૧ [સં.] પું. પિંડખજૂરનું ઝાડ.
૨. પું. મહુડાનું ઝાડ.
૩. પું. મહુડો
૪. ન. (પુરાણ) એ નામનું એક ભારતવર્ષીય તીર્થ.
૫. વિ. મધ ઝરતું.

મધુસ્રવા ૧ [સં. મધુસ્રવસ] પું. મહુડાનું ઝાડ.
૨. સ્ત્રી. એક જાતનો ખજૂર.
૩ સ્ત્રી. મજાના હજાર માઈલનું એક નામ.
૪ સ્ત્રી દ્રાક્ષની વેલ.
દ્રાક્ષા, દ્રાક્ષની, મધુસ્રવા, દ્રાક્ષની એ નામઃ આ સંજ્ઞાની તુલ્ય સમ સખી, તુ સંજીવન સુખદાયક. પિંગળપ્રકાશ
૫ સ્ત્રી. મીઠી ખરબોડી, હબુસાડી
૬ સ્ત્રી. મોરઘેલ જાતા.
૭. સ્ત્રી. મોરવેલ.
૮. સ્ત્રી. સંજીવન ઔષધિ.
૯. સ્ત્રી. સુરેમી નામની વનસ્પતિ.
૧૦. ન. જેઠીમધ. જેઠીમધનું મૂળિયું ચાવીએ તો મધના જેવો મીઠો સ્વાદ આવે છે, માટે તેને મધુસ્રવા કહે છે.

મધુહર [સં.] પું. વિષ્ણુ.

મધુહંતા જુઓ મધુહર.

મધુહા ૧. પું. એક શિકારી પક્ષી.
૨. [સં. મધુ (એક દૈત્ય) + હન્ (હણવું)] પું. વિષ્ણુ.
૩. વિ. મધ જેવું કરનાર.
૪. વિ. મધનો નાશ કરનાર.
૫. વિ. મીઠું બોલીને મારનાર.

મધુહેતુ [સં.] પું. ભમરો.

મધૂ ૧. પું. (પિંગળ) જે નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે અક્ષર હોય છે.
૨. પું. મધ.

મધૂક ૧. [હિં.] પું. મહોડો વૃક્ષ.
૨. પું. એક જાતનું ઝાડ.
૩ પું એક જાતનું પક્ષી
૪ પું. એક જાતનો ઝાડ
૫ પુ. જેઠીમધનો છોડ
૬ પુ મધ જેવો ગળો, મીઠો પ્રવાહી પદાર્થ, કુલની ચરબીઓમાંથી અને તેલોમાંથી સાબુ બનાવવાની ક્રિયા કરવાથી પ્રાપ્ત થતું કેમિકલ, ગ્લિસરિન, તેમાં ઓગારના તબુ જાય, અડજનકના આઠ ભાગ અને પ્રવાહ ત્રણ ભાગ ભરવા હોય તો મતલબ પ્રમાણે કેરિયર બનાવવામાં તે વપરાય છે
૭ પું મધમાખ
૮. પુ. મહુડાનું ઝાડ
૯. પું. મહુડો
૧૦. પુ. [illegible]
૧૧. ન [illegible], તબો [illegible]
૧૨ ન કેસર
૧૩. ન. કલંક
૧૪ ન જેઠીમધ
૧૫. ન. મધ
૧૬ ન. મહુડાનું ફૂલ
૧૭. વિ મહુના રંગનું
૧૮. વિ. મધુર; મીઠું, મજેદાર
૧૯. વિ. મધુરભાષી.

મધૂકડી [illegible] સ્ત્રી. જાડી રોટલી

મધૂલક ૧ [સં.] પું મીઠો રસ.
૨. પુ. ગોળનો મદ્ય
૩ ન જેઠીમધનો, પાણીમાં થતું મહુડાનું ઝાડ
૪ વિ મીઠું; મધુર

મધૂલિકા ૧. સ્ત્રી. એક જાતની માખી [illegible] કરડવાથી બળતરા થાય અને સોજો ચડી આવે
૨. સ્ત્રી [illegible]
૩. સ્ત્રી [illegible] ડાબાના. ખડું
૪ સ્ત્રી. નાના દાણાના ઘઉંનો બનેલો ખરાબ.
૫. સ્ત્રી. પાણીમાં થતી જેઠીમધની એક જાત. એના મૂળિયાંને જેઠીમધ કહે છે
૬. સ્ત્રી મોરવેલ વનસ્પતિ.
૭. સ્ત્રી. રાઈ.

મધૂલી ૧. [સ.] સ્ત્રી. માખી.
૨. સ્ત્રી. એક જાતના મદ્ય
૩. સ્ત્રી. એક જાતના ચોખા.
૪. સ્ત્રી. પાણીમાં થતું જેઠીમધ.
૫. સ્ત્રી. મધુકોરંટી વનસ્પતિ.
૬. સ્ત્રી. મીઠાં બીજનું ઝાડ
૭. સ્ત્રી. મોરવેલ.

અધોમધ જ. વચમાં; વચ્ચે; મધ્યે; વચલા ભાગમાં, વચ્ચોવચ્ચ.

અધ્યે જ (જૂ. રૂ.) મધ્યે; મહીં; અંદર

> અવત અધિક મહિમય પોથી;
> તિહાં રાખ્યા શ્રોતથી ચડી.
>
> વિમલપ્રબંધ

અધ્ય ૧ વું. અંતર; ભેદ; ફરક

૨ પું. (બૌદ્ધ) એ નામનો એક અષ્ટાંગિક માર્ગ. તેમાં આત્મા છે એમ નથી તથા આત્મા નથી એમ પણ નથી. પરંતુ આત્મા કર્મ પ્રમાણે બદલનારો છે, માટે અનાસક્ત બુદ્ધિ ને સત્કર્મનું અખંડિત આચરણ કરવું એ જ મનુષ્યનું શ્રેષ્ઠ કર્તવ્ય છે એમ મનાય છે.

૩ વું (પિંગળ) એ નામે એક વિષમવર્ણવૃત્તિ માત્રામેળ છંદ. તે કુકલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ ગુરુ અને ૨૨ લઘુ મળી ૮૮ વર્ણોની ૧૫૪ માત્રા હોય છે

૪. વું. (જ્યોતિષ) અશ્વિનનો પર્યાયવાચી

૫. વું. (સંગીત) વણ વીણાની એક પ્રકારની ધ્વનિ; વણ વગાડવાની એક રીત. એ માટે ધૃતિ શબ્દ આપ્યો છે. એ વિલંબિત, મધ્ય અને દ્રુત એ ત્રણ પ્રકારની છે.

૬. વું. (સંગીત) વણ વીણાનું એક સ્વરસ્થાન.

> મંદ, મધ્ય, તાર એ ત્રણ સ્વરસ્થાનો માટે મંદ, મધ્યમ અને ઉત્તમ એ શબ્દો આપેલા છે
>
> પુરાતત્ત્વ

૭. વું. પશ્ચિમ દિશા.

૮. વું. બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખનાર એ નામનો એક આચાર્ય.

૯. વું. (જ્યોતિષ) મધ્ય ગતિવાળો ગ્રહ

૧૦. પું. (સંગીત) મધ્યમસર અવાજ કે સ્વર. કોઈ પણ એક સ્વર ત્રણ રીતે ગાઈ કે વગાડી શકાય છે. પ્રથમ તો એ સ્વર, બીજા બધા શબ્દો કોઈ પણ જાતના ફાસ્ત વિના કે મહેનત પડ્યા વિના સરળતાથી બોલી શકાય છે તેવી રીતે ગળામાંથી કાઢી શકાય અથવા કોઈ પણ વાજામાંથી વગાડી શકાય, તો તેને સ્વરની મધ્ય અથવા સાધારણ સ્થિતિ કહેવામાં આવે છે. એ સ્થિતિને અંગ્રેજી સંગીતમાં મીડિયમ કે મેઝો એટલે મધ્યમ કહે છે. જો તે જ સ્વર ધીમેથી એટલે કે નરમાશથી પણ તેનો નાદ મધ્યમ સ્થિતિમાં હોય છે તેના કરતાં નાના નાદથી ગળામાંથી કાઢવામાં આવે અથવા વગાડવામાં આવે તો સ્વરની એ સ્થિતિને મૃદુ કે નરમ સ્થિતિ કહે છે. અંગ્રેજી સંગીતમાં એને પિયાનો કહે છે. હવે જો તે જ સ્વર મધ્યમ સ્થિતિ કરતાં વધારે સ્પષ્ટપણે કે પ્રાણશક્તિપણે બોલાય કે વગાડાય તો તેવી સ્થિતિને કર્કશ કે કઠોર અથવા પ્રબળિત સ્થિતિ કહે છે. એને અંગ્રેજી સંગીતમાં ફોર્ટ કહે છે

૧૧. પું. વિષ્ણુ.

૧૨ પું. સુશ્રુત અનુસાર ૧૬ થી ૭૦ વર્ષ સુધીની અવસ્થા.

૧૩ સ્ત્રી. એકડા ઉપર મૂકવાની મીંડાંવાળી સંખ્યા.

૧૪ સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની એક ગતિ

૧૫. જ. આહત નાદના ત્રણ પ્રકારે એક પ્રકાર. ઉત્પત્તિસ્થાન પ્રમાણે આહત નાદના ત્રણ પ્રકાર માન્યા છે: હૃદયનો તે મંદ, કંઠનો તે મધ્ય અને માથાનો તે તાર.

૧૬. જ. કામદેવ કે કટિપ્રદેશ; કેડ; શરીરનો વચલો ભાગ

૧૭ ન. આવાસ તરીકે ગણવું ગામ; મધ્યમ ગામ.

> સાત આઠહજારનો એક વસ્તુ ગામ, એવા ચોવીસ વસ્તુના ગણવું ગામ મધ્ય અથવા મધ્યમ ગામ કહ્યા છે.
>
> રાજવલ્લભ

૧૮. જ. નાટ્યગૃહનો એક પ્રકાર. તેનું પ્રમાણ ૬૪ હાથનું હોય છે. આ નાટ્યગૃહ રાજાઓ માટે હોવાનું મનાય છે

૧૯. જ. નૃત્યમાં બહુ જ શીઘ્ર અને બહુ જ મંદ ન હોય એવી ગતિ.

૨૦. જ. પાંચ હાથ વર્ષ જેટલો સમય.

૨૧. જ. મધ્ય દેશ; મધ્ય લોક; મધ્ય સ્થાન.

૨૨. જ. વચલો ભાગ; વચોવચ; વચાળું

૨૩. જ. (સંગીત) સાત ભાંતનું એ નામનું એક સમક. નાનો નહિ તેમ મોટો નહિ પણ મધ્યમ રીતે અવાજ લેવામાં આવે ને જેની ૬૪ કાંકરી તાલ સુધી હોય છે, તેને મધ્ય અથવા સ્વાભાવિક સમક કહે છે. તેને કેટલાક પ્રાચારિક સમક પણ કહે છે.

૨૪. વિ. અધમ; નીચ.

૨૫. જ. ન્યાયવાળું; નોખું; ન્યાયી; વાજબી.

૨૬. વિ. વચલી સ્થિતિનું; મધ્ય સ્થિતિનું.

૨૭. વિ વચલું; ઉપરનું કે નીચેનું નહિ એવું; વચમાં આવેલું, વચ્ચેનું.

૨૮. વિ. સામાન્ય.

૨૯. વિ. વચ્ચે પડેલું; તકરાર પતાવનાર; વચાળી.

૩૦. અ. માં; માંહે. મધ્યનું કે મધ્યમ ઉપરથી માર્ગ કે ભાગ અને તે ઉપરથી નાક વગેરે ભાગ કે માં અર્થ સમજાય છે.

અધ્ય કટિબંધ પું. વિષુવવૃત્તની ઉત્તરે તથા દક્ષિણે ૨૩½ અંશથી ૬૬½ અંશ સુધીનો પ્રદેશ; સમશીતોષ્ણ કટિબંધ. ત્યાં સૂર્યકિરણો ઉષ્ણ કટિબંધ કરતાં વધારે ત્રાંસાં પણ શીત કટિબંધ કરતાં ઓછાં ત્રાંસાં પડે છે, તેથી તે પ્રદેશમાંની હવા ઉષ્ણ કટિબંધની હવા જેટલી ઉષ્ણ કે શીત કટિબંધની હવા જેટલી ઠંડી હોતી નથી. આવા કટિબંધો બે છે: એક ઉત્તર સમશીતોષ્ણ કટિબંધ અને બીજો દક્ષિણ સમશીતોષ્ણ કટિબંધ આ કટિબંધ ઉષ્ણ કટિબંધ અને શીત કટિબંધ બંનેની વચ્ચે હોવાથી તેને મધ્ય કટિબંધ કહે છે. જુદા જુદા કટિબંધમાં જાતી જુદી જાતનું વનસ્પતિ દેખાય છે. આ જોવાની શ્રેણીકરણી, વનસ્પતિ, પ્રાણી વગેરે બાબતોમાં ઘણો જ ફેર નજરે પડે છે

અધ્ય કર્કશ સ્વર પું. (સંગીત) મધ્ય સ્વર કરતાં વધારે અને કર્કશ સ્વર કરતાં ઓછા નાદવાળો સ્વર.

અધ્ય કર્ણિકા સ્ત્રી. (યોગ) એ નામે એક સ્થાન શાક્ત સંપ્રદાયમાં નાભિસ્થાનના ષોડશ દલમાં સોળ સ્વરમાત્રાઓ, હૃદયસ્થાનના ષોડશ દલમાં મધ્યકક્ષિકા સાથે પચીસ અક્ષરો અને મૂળાધારકમળમાં અ ક ચ ટ ત પ ય શ એ વર્ણાષ્ટક જોડવી, માતૃકાધ્યાનનું વિધાન કરવામાં આવે છે.

અધ્ય કલ્યાણ જ. (બૌદ્ધ) ત્રણ ભાંતનાં એક પ્રકારનું કલ્યાણ.

> બુદ્ધ ભગવાન આદિ કલ્યાણ, મધ્ય કલ્યાણ, પર્યવસાન કલ્યાણ એવા ધર્મનો ઉપદેશ કરે છે.
>
> સુત્તનિપાત

અધ્યકાલ ૧. પું. પદ્ય સાહિત્યના ચાર ભાંતનો ત્રીજો કાળ. પદ્ય સાહિત્યના ચાર કાળ વર્ષ છે: (૧) પ્રાકૃત કાળ, (૨) આદિકાળ, (૩) મધ્યકાળ અને (૪) અર્વાચીન કાળ. મધ્ય કાળમાં અનેક કવિઓ થયા, તેમાં જો કે પ્રેમાનંદ નાકર, વિષ્ણુદાસ, વિશ્વનાથ ભટ્ટ, વગેરે પોતાના પૂર્વગામી કવિઓનો કંઈક આધાર આખ્યાનની પસંદગીમાં અને શૈલી વગેરેમાં લીધો હતો, તોપણ એ કાળમાં એ કવિચંદ્ર સાહિત્યક્ષિતિજમાં પોતાની પૂર્ણ જ્યોત્સ્નાને સર્વત્ર પ્રસરાવી, અન્ય કવિતારસોને ઝીલ્યા, નિસર્ગને જોવા કરે છે અને રસની જમાવટ, ભાષાનો કાબૂ, વર્ણનની રીતો, મનુષ્ય હૃદય અને કુદરતનું જ્ઞાન આદિ અનેક ગુણોથી વાચકના હૃદયમાં અભીપ્સા રેડી તેને રસળીનું કરી આનંદની લહરીમાં આંદોલન કરાવે છે. મધ્યકાળનું સાહિત્ય મોટે ભાગે ધાર્મિક અને પૌરાણિક વિષયને પકડી બેસી રહેલું તેમાં વચમાં સામળની વાર્તા કે અખાના ચાબખા કે મીરાંની કાવ્યો કે ભાલણ સાહેબનાં ભજનની જાત નજરે પડે છે, પરંતુ તે કાળના સાહિત્યનું મધ્યબિંદુ તો જે હતું તે જ રહ્યું: તેનો વેગ પણ હતો તે જ રહ્યો મતલબ કે, દરેક લેખક પોતાના વિચારોને કવિતાનો

પોશાક જ પહેરાવતો રહ્યો. ગુજરાતી જીવન ઉપર અસર સુધી જૂની હિંદુ સંસ્કૃતિના અને મધ્યકાળના મુખ્ય બે જાતના સરકાગે પડ્યા હતા આજ સુધીના સાહિત્યમા જે રસવૈભવ, જે ઓદાર્ય અને જે ચિત્રાળીતા જણાય છે, તે સર્વ હિંદુ સંસ્કૃતિના દેણ રૂપ લેખાય છે અને બળહીનતા, દૂરની દૃષ્ટિ, કલ્પક ઊતરતા પ્રકારની ભાવનાઓ એ બધું મધ્યકાળનો વારસો છે.

૨. પું. (સંગીત) બહુ ઊતાવળે નહિ તેમ બહુ ધીમે પણ નહિ, તેવી રીતે ગાવા બજાવવાનો વખત.

૩. પું. મધ્ય યુગ; વચલો યુગ; ઈ. સ. ૬૦૦થી ઈ. સ. ૧૨૦૦ સુધીનો વખત. આ કાળની ધાર્મિક, સામાજિક અને રાજકીય અવસ્થા ઘણી ઊતરત હતી. ધર્મની દૃષ્ટિથી તત્કાલીન ભારતવર્ષની દશા આત્મવંચારક હતી. બૌદ્ધ, જૈન અને હિંદુ ધર્મો અને તેમના અનેક ધાર્મિક સંપ્રદાયો પોતપોતાની ઊન્નતિ કરી રહ્યા હતા આ સમયમાં પ્રસિદ્ધ વિદ્વાન શંકરાચાર્ય થયા, જેમણે દાર્શનિક ક્રાંતિ કરી. આ ઉપરાંત આ સમયમા રામાનુજાચાર્ય તથા મધ્વાચાર્ય પણ થઈ ગયા. આ કાળમાં ભારતવર્ષ કેવળ કૃષિપ્રધાન દેશ મટીને વ્યવસાયપ્રધાન પણ થયો હતો. કાપડના વેપાર ઉપરાંત સોનું, લોઢું, કાચ, કાર્પીસાદિ ઉદ્યોગોનો વ્યવસાય પણ ઊન્નત હતો. ભારતવર્ષ વેપારે સંપન્ન અને ઐશ્વર્યશાળી હતો. ભોજનના અને બીજા જરૂરી પદાર્થો સસ્તા મળતા હતા. સર્વ પ્રથમ ચીનના યાત્રી હ્યુએન્સાંગ અને ઇત્સિંગના યાત્રાવર્ણનમાંથી તે સમયની ધાર્મિક, સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતિનો સારો પરિચય મળે છે.

મધ્યકાલિક પ્રાકૃત સ્ત્રી. મધ્યકાળની પ્રાકૃત ભાષા

> અશોકની આજ્ઞાઓ સરકારી લેખો અને દસ્તાવેજોમા પાલિને બદલે **મધ્યકાલિક પ્રાકૃતનો** ઉપયોગ શરૂ થયો — ન્હા. પરિષદ

મધ્યકાલીન વિ. વચલા ગાળાનું, આઠમા કે નવમા સૈકાનું; મધ્યયુગનું.

મધ્યકાલીન અપભ્રંશ સ્ત્રી. વિક્રમ સવત તેરમા સૈકા સુધીના બીજા યુગની અપભ્રંશ ભાષા.

> અપભ્રંશ, મધ્યકાલીન અપભ્રંશ, અંતિમ અપભ્રંશ, આરંભકાળની ગુજરાતી, મધ્ય ગુજરાતી અને આધુનિક ગુજરાતી એ ક્રમમાં આપણી ભાષાનો ઇતિહાસ ચાલ્યો આવેલા જણાય છે. — મુ. સા. પરિષદ

મધ્યકાલીન ગુજરાતી સ્ત્રી. પ્રાચીન અને અર્વાચીન વચ્ચેની એક પ્રકારની ગુજરાતી ભાષા. બીજા યુગની ગુજરાતીને મધ્યકાલીન ગુજરાતી કહે છે. ત્રીજા યુગની ભાષાને અર્વાચીન ગુજરાતી કહેવાય છે. બીજા યુગની ગુજરાતી કે જે, સામાન્ય રીતે હાલમાં જૂની ગુજરાતીના નામથી ઓળખાય છે, તેને મધ્યકાલીન ગુજરાતી કહેવી યોગ્ય છે. તે પંદરમા સૈકાથી સત્તરમા સૈકા સુધી ગણાતી પ્રાચીન ગુજરાતીનું સ્વરૂપ હાલના ગુજરાતી કરતા જુદું હતું એમ તો બધા માને છે, પરંતુ ભાષાના નામ સબંધે અને વિભાગ પાડવામાં મતભેદ છે. ગુજરાતી ભાષાના એક પશ્ચિમવાસી અભ્યાસક ડૉ. ટેસિટોરિના માનવા મુજબ નરસિંહ મહેતાના સમયની ભાષા જૂની પશ્ચિમ રાજસ્થાની, નવયુગના ભાષાશાસ્ત્રી નરસિંહરાવના મત મુજબ અંતિમ અપભ્રંશ, જૂની પશ્ચિમી ભાષાશાસ્ત્રી કેકયવાલાના મતવ્ય પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી અને પ્રાચીન ગુજરાતીના અભ્યાસક મણિલાલ ભટ્ટોરાર્ઈ ભાલના અને જૂની ગુજરાતી ભાષા છે.

મધ્યકાલીન પ્રાકૃત સ્ત્રી. મધ્યકાળની પ્રાકૃત ભાષા. ખ્રિસ્તી સંવતના આરંભથી માંડીને ઈ. સ. ૧૦૦૦ સુધીના સમયમા મધ્યકાલીન પ્રાકૃત, સમસ્ત રૂપની રહી તથા ચાર જુદી જુદી બોલીઓમાં વહેંચાઈ ગઈ. પશ્ચિમમાં સિંધુ નદીની બીજામાં અપભ્રંશ ઉદ્ભવી, મથુરા જેનું મધ્યબિંદુ છે એવા દોઆબના પ્રદેશમાં શૌરસેની ઉદ્ભવી. આ શૌરસેનીના ગુજરાતી ભેટલે ગુજરાતી, અવંતી ભેટલે પશ્ચિમ રજપૂતાની અને મહારાષ્ટ્રી ભેટલે પૂર્વ રજપૂતાની એવા પણ પેટાવર્ગ છે.

મધ્યકાળ જુઓ મધ્યકાલ.

મધ્યકાળવૃત્તિ સ્ત્રી. સ્વરને બે માત્રા સુધી લબાવીને બોલવો તે. આ વૃત્તિમાં યજુર્વેદના મંત્રો બોલાય છે.

મધ્યક્ષમા પું. (પિંગળ) જે નામે રૂપબંધ વર્ગનો ચૌદ રૂપનો સમખંડ છંદ. જેના ચરણનો ન્યાસ, । । । । । । । । । । । । । । જ સ જ સ જ સ જ સ જ ગા ગા ગા ગા છે. મધ્ય સંધિ ૭ લઘુનો હોવાથી એને મધ્યક્ષમા નામ આપ્યું છે.

મધ્યક્ષમા પું. (પિંગળ) જે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો એક ભેદ છે તેમાં મગણ, ભગણ, નગણ, મગણ અને છે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે અને ચોથા અક્ષર પછી યતિ કે વિરામો આવે છે.

મધ્યક્ષમા પુત્ર યતિ મ ભ ન મ ય ગા ગા.

રણછોડ

મધ્યગ સાધારણ રેખાઓ સ્ત્રી. (ગણિત) એક જાતની રેખાઓ. જે રેખાઓ બે વર્તુળને સ્પર્શ કરતી હોય તથા બંને વર્તુળો જે રેખાઓની સામસામી બાજુએ આવેલાં હોય તેને મધ્યગ સાધારણ રેખાઓ કહેવાય. આ રેખાને અંતર સાધારણ રેખાઓ પણ કહે છે.

મધ્યગા ૧ સ્ત્રી. (ગણિત) ત્રિકોણના એક કોણબિંદુમાંથી તેની સામેની બાજુના મધ્યબિંદુ સુધી દોરેલો લીટો; 'મીડિયન'

૨. વિ. સ્ત્રી. વચ્ચે રહેલા.

મધ્ય ગુજરાત પું. મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ

મધ્ય ગુજરાતી સ્ત્રી. એક પ્રકારની ગુજરાતી ભાષા. તે સવત ૧૬૫૦થી ૧૭૫૦ સુધી બોલાતી હતી. અપભ્રંશ, મધ્યકાલીન અપભ્રંશ, અંતિમ અપભ્રંશ, આરંભ કાળની ગુજરાતી, મધ્ય ગુજરાતી અને આધુનિક ગુજરાતી એ ક્રમમાં આપણી ભાષાનો ઇતિહાસ ચાલ્યો આવેલો જણાય છે. નવયુગના ભાષાશાસ્ત્રી નરસિંહરાવ ગુજરાતી ભાષાના નીચે પ્રમાણે વિભાગ કરે છે: (૧) અપભ્રંશ-સંવત ૬૫૦ સુધી, (૨) મધ્યકાલીન અપભ્રંશ-સવતના ૧૪મા સૈકા સુધી, (૩) અંતિમ અપભ્રંશ-સંવતના ૧૪મા સૈકાથી સંવત ૧૫૫૦ સુધી, (૪) આરંભકાળની ગુજરાતી-સંવત ૧૫૫૦થી ૧૬૫૦ સુધી, (૫) મધ્ય ગુજરાતી-સવત ૧૬૫૦થી ૧૭૫૦ સુધી અને (૬) આધુનિક ગુજરાતી-સવત ૧૭૫૦ પછી.

મધ્યગુણક પું. (ગણિત) બાદક: એક પરિમાણને બીજા પરિમાણમાં લાવવા માટે જે ગુણક વડે ગુણવાની જરૂર પડે તે ગુણક. 'મોડ્યુલસ'. કોઈ પણ સંખ્યાના જે પરિવર્તમાનને જે અચલ અવયવ ગુણવાથી તે જ સંખ્યાનું ૧૦ બાદ પ્રત્યેનું માન આવે તે અચલ અવયવને મધ્યગુણક કહે છે.

મધ્યગ્રહ ૧ ન. (ગણિત) અંતરમાન તથા આદિધનના સરવાળાનું અર્ધ

૨. ન. ચયશ્રેઢીના પહેલા અને છેલ્લા પદનો સરવાળો

૩. ન. શ્રેણીનાં પદોમાનું વચલું પદ

મધ્યજીવનયુગ પું. ભૂસ્તરના મુખ્ય ત્રણ માંહેનો ત્રીજો યુગ. મધ્યજીવનયુગમા ભૂસ્તરીય વિષયક ફેરફારો પણ થતા પામ્યા હતા. આલ્પ્સ, કોકેસસ, હિમાલય વગેરે ઊંચા પર્વતો આ યુગમાં બંધાયા હતા.

અધ્યર્ધત્રયયુગ [સં] પું. ભારતના ભૂગોળના મુખ્ય ત્રણ ભાગોનો ત્રીજો વિભાગ જેમાં સમુદ્રગુપ્ત, કનિષ્ક, ભોજદેવ, વિક્રમ પડ્યા, આમપડો, અરિયલૂર, ત્રિચિનોપલ્લી અને ઉતાનૂર પડ્યો બનાવેલા છે

અધ્યર્ધદિન ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણ અને પ્રભાનો એ નામનો બીજો પુત્ર.

૨. પું. મધ્યાહ્ન, બપોર

અધ્યર્ધદિશા સ્ત્રી. બે દિશાઓની વચ્ચેનો ખૂણો અપદિશ, વિદિશા, એ બે નામ દિશાઓની અધ્યર્ધદિશાઓના છે. અપદિશા એ નપુંસકલિંગ અને અવ્યય છે અને વિદિશા શબ્દ સ્ત્રીલિંગ છે અભ્યંતર, અંતરાલ એ બે નપુંસકલિંગ નામ અંદરના અવકાશના છે. અમરકોષ

અધ્યર્ધદેશ ૧. [સં.] પું. એ નામનો એક ભારતવર્ષનો દેશ; દિલ્હી પ્રદેશથી અલ્હાબાદ સુધીનો પ્રદેશ વિંધ્ય અને હિમાલય વચ્ચે તે આવેલ હોય એમ મનાય છે હિમાલય તથા વિંધ્યાચળની મધ્યમાં તથા પ્રયાગક્ષેત્રથી પૂર્વે અને પ્રયાગથી પશ્ચિમે જે પ્રદેશ છે તેને મધ્ય દેશ કહે છે. કનુ પણ ખટમંડુનાં બજારોમાં બજારે કોઈ હિંદુસ્તાની દેખા કે છે, ત્યારે નેપાલીઓ તેને મદેશીયા ઓટલે મધ્યદેશમાં રહેનાર એવા નામથી બોલાવે છે

૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ

૩. પું. સમુદ્ર કિનારાથી દૂરનો દેશ.

૪. પું. વચ્ચે પડનાર પુરુષ; વચાદ.

અધ્યર્દ્ધ [સં.] પું. ઉદર; પેટ.

અધ્યર્ધધ્રુતલય [સં.] સ્ત્રી. (સંગીત) લય માપેની એક પ્રકારની લય.

અધ્યર્ધપટલ [સં.] ન. ઉદરપટલ; પેટ માંહેનો વચ્ચેનો પડદો; હોજરીના ત્રણ માંહેનું વચલું પડ. તેમાં સ્નાયુના તાંતણા હોય છે, જે હોજરીની સર્વ દિશામાં પથરાયેલા હોય છે. તેમના ઉપર હોજરીના સંકોચાવાનો અને ખોરાક ઉપરની અસરનો આધાર હોય છે.

અધ્યર્ધપદ ન. (ગણિત) પ્રમાણ માંહેનું બીજું અને ત્રીજું પદ. જેમકે, ૨ : ૪ : : ૮ : ૧૨ એ પ્રમાણમાં ૪ અને ૮ એ બે મધ્યપદ છે.

અધ્યર્ધપરિમાણ [સં] ન. સરેરાશ; સરાસરી; મધ્યમ; સાધારણ; મધ્યમાન.

અધ્યર્ધપહાડી (મધ્યપહાડી) સ્ત્રી. બંગાળ, આસામ અને સંયુક્ત પ્રાંતના પહાડી પ્રદેશમાં બોલાતી એ નામની એક ભાષા.

અધ્યર્ધપાત ૧. [સં.] પું. (જ્યોતિષ) એક પ્રકારનો પાત

૨ પું. પરિઘ; ઓળખાણ.

૩. પું. પ્રવેશ; માં પડવું તે.

અધ્યર્ધપ્રતિપદા સ્ત્રી. (જૈન) ગૌતમ જુદે જુદે સ્થળેથી નિર્વાણદશા પ્રાપ્ત કરવાનો માર્ગ

અધ્યર્ધપ્રદેશ ૧. પું. (જૈન) ધર્માસ્તિકાયના મધ્ય ભાગ પ્રદેશ.

૨. [સં.] પું. ભારતવર્ષનો મધ્ય પ્રાંત.

અધ્યર્ધપ્રદેશીલિપિ સ્ત્રી. દક્ષિણની તેલુગુની જ એક જૂની એક લિપિ. આ લિપિ મધ્યપ્રદેશ, હૈદરાબાદ સંસ્થાના ઉત્તર વિભાગ ને બુંદેલખંડના કોઈક ભાગમાં ઈ.સ.ની પાંચમી સદીથી આઠમી સદી સુધી ફેલાયેલી હતી. આ લિપિના અક્ષરો ઉપર ચોગઠું કે પેટીની આકૃતિ હોય છે, જેની અંદર બહુધા ખાલી જગ્યા રહે પરંતુ કયારેક કયારેક ભરેલ આકૃતિ હોય છે. અક્ષરોની આકૃતિ બહુધા સમકોણવાળી હોય છે, એટલે કે એને બનાવવામાં આડી અને ઊભી લીટીઓ કામમાં આવે છે

અધ્યર્ધપ્રમાણ [સં.] ન. (ગણિત) વચલું પ્રમાણ; સરાસરી પ્રમાણ; ' મીન પ્રોપોર્શન '

અધ્યર્ધપ્રાકૃત સ્ત્રી. પ્રાકૃતમાંથી ઉત્પન્ન થયેલી ત્રણ માંહેની એ નામની એક ભાષા.

અધ્યર્ધબિંદુ ૧. [સં.] ન. (ગણિત) ગોળ વસ્તુમાંનું વચલું બિંદુ કે કપકું; જેમાંથી નીકળેલી પરિધને અડતી બધી લીટીઓ સરખી હોય તેવું વર્તુળ માંહેનું બિંદુ; કેંદ્ર.

૨. ન. નાભિ.

અધ્યર્ધભાગ ૧. પું અસ્થિમજ્જા.

૨. પું. અંગ; શરીર; ગાત્ર.

૩. પું. મધ્યબિંદુ.

૪. પું. વચલો ભાગ.

અધ્યર્ધભારત પું. ચોવીસ રાજ્યો અને તેરસોથી પણ વધારે ઉપરાજ્યોના સમૂહનો બનેલો ભારતની વચ્ચે આવેલો એક પ્રાંત. આ મહા પ્રદેશના સાંસ્કૃતિક વારસાને કારણે તેનું મસ્તક આજે પણ સર્વથી ઊંચું છે. દેશના વિરાટ રૂપમાં આ પ્રાંતને ' હૃદયેન સ તિષ્ઠતિ 'ની મહાન સ્થિતિ પ્રાપ્ત થઈ છે. ગ્વાલિયર, ઇંદોર અને ધારનાં સમૃદ્ધસ્થાન તથા વિદિશા, દશપુર, ઉદયગિરિ, અવંતિકા, પદ્માવતી, ઝીન અને નાગદા વગેરેનાં ખોદિત કેટલાંક પ્રાચીન સ્મારકો આજે પણ તેની સાક્ષી પૂરી રહ્યાં છે. ગ્વાલિયરના કિલ્લા, નાગની ગુફાઓ અને મંદસોરના મિનારામાં પણ તેના આ મહાન સ્વરૂપનું દર્શન થઈ શકે છે. માલવા સંવતને વિક્રમી સંવતના રૂપમાં સ્વીકારીને આજે દેશે તેના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રદર્શિત કરી છે. મધ્યભારતનાં કુલ ૨૧ હજાર ગામમાંથી પાંચ હજાર ગામ, ૭૧ લાખની વસ્તીમાંથી ૧૧ લાખની વસ્તી અને ૪૫ હજાર ચોરસ માઈલનો વિસ્તાર આ ૧,૩૨૪ જાગીરની અધીનતા નીચે હતો. મધ્યભારતમાં શહેર કુલ ૬૧ છે, જ્યારે ગામડાં ૨૧,૨૦૧ છે. શહેરોની વસ્તી ૧૪,૪૧,૧૩૧ છે, જ્યારે ગ્રામપ્રજાની વસ્તી ૬૫,૧૩,૦૨૬ છે. આ રીતે મધ્યભારતનો જનસમૂહ મોટે ભાગે ગામડાંઓમા વસે છે અને તે પણ મુખ્યત્વે કૃષિપ્રધાન છે. જલસિંચન યોજનાઓમાં ચંબલ યોજના સૌથી મોટી છે. તેમાં ૧૫ કરોડ રૂપિયાનું ખર્ચ થશે અને તે સાત વર્ષમા પૂરી થશે. તેના વડે ૬ લાખ એકર જમીનનું સિંચન થઈ શકશે અને ૪ લાખ ટન અનાજ ઉત્પાદન વધારી શકાશે. આ રાજ્યના ઉજ્જૈન જેવા પુરાતની શહેરો કે જ્યાં સાંદીપનિ ઋષિનો આશ્રમ હતો, ત્યાં વિશ્વવિદ્યાલય સ્થાપવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે

અધ્યર્ધમ ૧. [સં.] પું. (બાહરણ) ઉમ્મારના આઠ સ્થાનો માંહેનો એક ભાગ.

૨. પું (સંગીત) એ નામનો એક રાગ.

૩. પું. એક ઉપપત્તિ ભેદ

૪. પું. એક જાતનું કરણ

૫. પું. ત્રણ માંહેના એ નામના એક પ્રકારનો ગાયક.

૬ પું. (કાવ્ય) નાયકનો એક પ્રકાર.

૭. પું. પ્રિયતમાને માનમાં ભરાયેલી જોઈ સમાન રહેતો પુરુષ.

૮ પું. મનુષ્યોમાં મહાપુરુષ ચરિત્રનો એક ભાગ.

૯. પું. મિતાહાર

૧૦. પું વચલો પક્ષ; વચલો ગાળો.

૧૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૨. પું. સમાન સ્વર.

૧૩. પું. (સંગીત) સંગીતના સાત માંહેનો ત્રીજો સ્વર; મ. મધ્યમ સ્વર બોલતાં વાયુ, નાભિ અને હૃદય એટલે મધ્યસ્થાને સ્પષ્ટ થઈ આનંદ આપે છે તેથી મધ્યમ. તે ક્રમ થી ઉત્પન્ન થાય છે અને ચાલીસ વર્ણની ઉમરે પહોંચીને પૂર્ણ ખીલે નીકળી શકે છે તેનો અવાજ ત્રીસ પક્ષીના અવાજ સરખો છે. ષાડી મધ્યમ સ્વરે બે બે કરે છે. શ્રાવકમાંથી પણ મધ્યમ સ્વર નીકળે છે. સ્વરસ્થાન હૃદ એટલે મનાનું છે અને રંગ શ્યામ, મિશ્રભાવ અને કવચિત્ ભોમરા સરખો છે. તેનો અધિપતા ગ્રહ રવિ અને અધિષ્ઠાતા દેવ પશુપતિ વિષ્ણુ છે. મુખ્ય છંદ બૃહતી છે તેમજ વીરરસ તથા કરુણરસ પ્રધાન છે. આ

સ્વર ઉષ્મ અને શુષ્ક મધ્યાહ્ન છે. તે વર્ષાઋતુને અનુકૂળ છે રાગોમા ત માલકોશ, કેદારો, કૌશકી ધનાશ્રિમા અનુકૂળ અને ભૂપાલી, કલ્યાણ તથા બિભાસ વગેરેમા પ્રતિકૂળ છે.

૧૪. ન. એક પ્રકારનું કાવ્ય. જે વ્યંગ્ય અર્થ વાચ્યના કરતાં ઉત્કૃષ્ટ ન હોય તો કાવ્યને મધ્યમ કે ગુણીભૂત વ્યંગ્ય કહે છે. કાવ્યના સામાન્ય રીતે ત્રણ પ્રકાર મનાયામાં આવે છે: (૧) ઉત્તમ કે ધ્વનિ, (૨) મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય, (૩) અધમ કે ચિત્ર.

૧૫. ન. કમર; શરીરનો વચલો ભાગ; મધ્ય.

૧૬. ન. ચંદ્રની પ્રદક્ષિણાના વખતનું મધ્યમ માન. સર્વ નક્ષત્રોમાંથી ચંદ્રની એક પ્રદક્ષિણા થવાને મધ્યમમાન લેતાં લગભગ ૨૭ દિવસ ૧૬ ઘડી ચંદ્રને લાગે છે. કોઈ કોઈ વાર તેમ કરતાં ૧૮લીક ઘડી કમતી થાય છે, તો કોઈ કોઈ વાર વધારે ઘડી લાગે છે આવી રીતનાં વધતા ઓછાં માનમાંથી સરાસરી જે તારવી કાઢેલું માન તેને જ્યોતિષશાસ્ત્રમા મધ્યમ કહે છે.

૧૭. ન. (સંગીત) ત્રણ ગ્રામોનું બીજું ગ્રામ. જેમ કુટુંબીઓ સાથે એક ઘરમાં રહે છે, તેમ સ્વરો અને શ્રુતિઓ પણ એક સાથે સમૂહોમાં મોહવાળ છે. તેઓના તે સમૂહ ગ્રામ કહેવાય છે. એવા ગ્રામ ત્રણ છે: ષડ્જ, મધ્યમ અને ગાંધાર. મધ્યમ ગ્રામને જીમૂત પણ કહેવાય છે. તેમાં મધ્યમ સ્વર ત્રણ શ્રુતિ લઈ મુખ્ય રહીને રહે છે. પંચમ ત્રણ શ્રુતિ, નિષાદ ત્રણ શ્રુતિ અને બીજા સ્વર પોતાની શ્રુતિ રાખી રહે છે. આ ગ્રામની ઉત્પત્તિ શ્રુતર્લાકમાંથી છે. તેના દેવ વિષ્ણુ છે.

૧૮. ન. શ્રાવણ ચાતુર્માસના ત્રીજા મહિનું નામ.

૧૯. ન. (ગણિત) સરાસરી. સાધારણ: 'મીન'.

૨૦. વિ. મધ્યમસરનું.

૨૧. વિ વચલા વર્ગનું; સાધારણ.

જે ઘરનો સાડાચાર મજલો ઉદય હોય તે મધ્યમ ઉદય કહેવાય. રાજબલ્લભ

૨૨. વિ. વચલું; વચ્ચેનું; બે ઊંચાની વચમાનું.

૨૩. વિ વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ

૨૪ વિ સારું તેમ જ નરસું એવું.

મધ્યમ અંતર્મુહૂર્ત ન. (જૈન) જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત વચ્ચેનો બધો સમય. નવ સમય એ જઘન્ય અંતર્મુહૂર્ત અને એક સમય ઓછી બે ઘડી એ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. વચલા બધા સમયો મધ્યમ અંતર્મુહૂર્ત કહેવાય છે.

મધ્યમ કાવ્ય ન. કાવ્યના ત્રણ ભાંહેનો એક પ્રકાર. તેમાં અંગાર્થે વાચ્યાર્થથી અધિક ચમત્કારયુક્ત હોતો નથી. તેના આઠ ભેદ છે: (૧) પ્રતનોત્ર, (૨) અસુંદર, (૩) સદિગ્ધ, (૪) તુલ્ય પ્રાધાન્ય, (૫) વાચ્ય સિધ્ધ્યા, (૬) અસ્ફુટ, (૭) કાકવક્ષિપ્ત અને (૮) અગૂઢ.

મધ્યમકાળ ૧. પું. જુવાની

૨. પું. પૃથ્વીની વરસ દરમિયાનની સરાસરી એટલે મધ્યમ ગતિ મુજબનો કાળ. સૂર્ય સ્થિર છે, પણ પૃથ્વી ફરે છે, તેથી સૂર્ય ફરતો દેખાય છે. પૃથ્વીને બે ગતિ છે: એક ૨૪ કલાકમાં પોતાની ધરી ઉપર અને બીજી ૧ વરસમાં સૂર્યની આસપાસ. એમાની પહેલી ગતિ એકસરખી છે, પણ બીજી એકસરખી નથી, એટલે પૃથ્વી સૂર્યની આસપાસ કોઈ વાર ધીમેથી તો કોઈ વાર જલદીથી ફરે છે. આ બે મધ્યાહ્ન વચ્ચે કોઈ વાર ઓછો તો કોઈ વાર વધારે સમય જાય છે. પણ ઘડિયાળો તો હમેશા એકસરખી ગતિથી જ ચાલી જાય, તેથી વરસ દરમિયાનની સરાસરી ગતિને હિસાબે ઘડિયાળની ગતિ રાખવામાં આવી છે. ઘડિયાળની આ ગતિ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે: આજના મધ્યાહ્નથી માંડીને આજથી ૩૬૫ મા મધ્યાહ્ન સુધીમાં કુલ જેટલો સમય જાય તેના ૩૬૫ × ૨૪ = ૮૭૬૦ મા ભાગની બરાબર ૧ કલાક લેવામાં આવ્યો છે. આ પ્રમાણે આવેલા ૧ કલાકના ૬૦મા ભાગને ૧ મિનિટ અને તેના ૬૦મા ભાગને ૧ સેકંડ કહેવાની છે. આમ ઘડિયાળથી જણાતો વખત એ પૃથ્વીની વરસ દરમિયાનની સરાસરી એટલે મધ્યમ ગતિ મુજબનો હોવાથી તેને મધ્યમકાળ એટલે મીન ટાઇમ કહે છે.

૩. પું. (જ્યોતિષ) મધ્યમ રવિ ઉપરથી સમજાતો કાળ.

હમેશા સમાન ગતિથી ચાલનાર કલ્પેલો મધ્યમ રવિ જે પ્રમાણે મધ્યમકાળ બતાવે છે તે જ પ્રમાણે ઘડિયાળ પણ મધ્યમકાળ બતાવે છે. જ્યોતિર્વલ્લાસ

મધ્યમકુમારી સ્ત્રી. કુમારીનો એક પ્રકાર. તેના શરીરની આકૃતિ ઠીક ઠીક અને નાસિકા મોટી હોય છે. તેના ભુજ વીર જેવા, નાક પોપટની ચાંચ જેવું અને મુખ લંબતું હોય છે. આવી કુમારિકા આજ્ઞા વિનાની, માપસર આહારવાળી તેમ જ ગુરુ વાહલવાની સેવા કરનારી હોય છે.

મધ્યમ ગ્રહ પું. (સિદ્ધ) મધ્યમ પ્રકારનો ગ્રહ; સાત ગ્રહના એક તસુના પ્રમાણે ચોવીસ તસુનું માપ. સાત આઠ ગ્રહનો એક તસુ માપ, એવા ચોવીસ તસુના ગ્રહનું નામ મધ્ય અથવા મધ્યમ ગ્રહ છે

મધ્યમ ગતિ સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની સાધારણ ગતિ. દરેક ગ્રહ એક વર્ષમા એક વાર વધતામા વધતી ગતિમાં અને એક વાર ઓછામાં ઓછી ગતિમાં હોય છે. તે વધતામાં વધતી અને ઓછામાં ઓછી ગતિના સરવાળાનું અર્ધ થાય તે ગ્રહની મધ્યમ ગતિ છે.

મધ્યમ ગ્રહ પું. (જ્યોતિષ) ગ્રહનું મધ્યમ ગતિનું સ્થાન. મધ્યમ ગતિથી ગણ્યા ગ્રહના ફરવાના માર્ગમા જે સ્થાન આવે, તે સ્થાન મધ્યમ ગ્રહના નામથી ઓળખાય છે.

મધ્યમ ગ્રામ ૧. ન. (સંગી.) મધ્યમ સ્વરથી બની સ્વરરચના

૨. ન. (સંગીત) સંગીતના ત્રણ ગ્રામોનું એક ગ્રામ. જ્યારે ષડ્જ ગ્રામવાળો પંચમ પોતાની ત્રીજી શ્રુતિમાં અર્થાત્ સ્વોપજ્ઞ શ્રુતિમા રહે અને ષડ્જ ગ્રામનો ધૈવત જે ત્રણ શ્રુતિવાળો હોય છે તે ચાર શ્રુતિવાળો થાય ત્યારે મધ્યમ ગ્રામ કહેવાય છે.

મધ્યમ ગ્રામ મૂર્છના સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની મૂર્છના. તે સાત છે: (૧) ઉત્તરમંદ્રા, (૨) રજની, (૩) ઉત્તરા, (૪) ઉત્તરાસમા, (૫) અશ્વક્રાંતા, (૬) સૌવીરા અને (૭) અભિરુદ્ગતા.

મધ્યમ નાડી (મધ્યમ નાડો) સ્ત્રી (જ્યોતિષ) નક્ષત્રનો એક પ્રકાર. ભરણી, મૃગશર, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા અને ઉત્તરાભાદ્રપદ એ નક્ષત્રો મધ્યમ નાડીના કહેવાય છે.

મધ્યમ પક્ષ પું. સામાન્ય પક્ષ; સાધારણ પક્ષ. વચલો પક્ષ.

મધ્યમપદ ૧. ન. (વ્યાકરણ) વચલું પદ. ત્રણ શબ્દોના સમાસમાનો વચલો શબ્દ

૨. ન. વચલું સ્તર.

૩ ન. વચલો વર્ગ, ઉત્તમપદ, મધ્યમપદ અને પ્રથમપદ એ પાંચરાત્રના ત્રણ ભાંહેનો વચલો શિક્ષણ વર્ગ

૪ સં મધ્યમ + પદ] ન હેતુપદ. સાધન.

મધ્યમપદલોપી સમાસ [સં મધ્યમપદ + લોપિન્ (લોપ કરનાર)] પું. (વ્યા.કરણ) સમાસના સાત ભાંહેનો એક પ્રકાર; વચલા પદનો લોપ થઈ બનતો સમાસ, જે સમાસમાં ત્રણ ભાંહેનો વચલો શબ્દ ઊડી જઈ બાકીના બે શબ્દ જોડાઈને બનતો સમાસ. આ સમાસનો વિગ્રહ કરતાં વચ્ચે બીજા શબ્દો ઉમેરવા પડે છે. જેમકે, કલ્પવૃક્ષ એટલે કલ્પપૂરક વૃક્ષ. અહીં પૂરક શબ્દનો લોપ થયેલ છે.

મધ્યમપંચમૂળ ન (વૈદ્યક) એક પ્રકારનું પંચમૂળ. બળદાણા, સાટોડી, મુદ્કપર્ણી એટલે જંગલી મગ, માષપર્ણી એટલે જંગલી અડદ અને એરંડમૂળ એ મધ્યમપંચમૂળ ગણાય છે.

મધ્યમ પીંજણ જી. મોટી પીંજરા પીંજણ અને કામડી પીંજણની મધ્યમાં સ્થાન લેનાર પીંજણ: આરડોલી પીંજણ. આ પીંજણ માટે ૪" × ૧"ની દંડી ૪½ ફૂટ લાંબા લાકડામાંથી વહેરી કઢાય છે અને તેના લગભગ ચોથા ભાગ સાથે ચોંટીને રહે તેવી લાકડાની સૂપડી જડી દેવામાં આવે છે. આ સૂપડી આકારના પણ બનાવેલ વજન જીલી મમતાન [illegible] રાખે છે. દાંડી સાથે બે દોર બાંધી એક નાની દાંડી સાથે તેનો સંબંધ જોડવામાં આવે છે, કે જેથી પીંજણ તોળાઈ રહે છે. નાની દાંડીના મધ્યભાગમાં સરકી શકે તેમ એક દોરી બાંધેલ, ઉપર કમાનની દોરી સાથે તેનો સંબંધ જોડવામાં આવે છે એ કમાન ઉપર એક બીજી કમાન બાંધવામાં આવે છે. તેને વચ્ચેથી ટોચ ઉપર બાંધી દેવામાં આવે છે. આ રીતે મધ્યમ પીંજણ બંધાઈને તૈયાર થાય છે. મધ્યમ પીંજણનાં મુખ્ય અંગો અને તેનું કાર્ય: (૧) ટોચબંધ: પીંજણ ટાંગવાની જગ્યાએ ઉપલી કમાનને વચ્ચેથી બાંધી રાખે છે. (૨) કમાનબંધ: કમાનના બાંધને તંગ રાખે છે. (૩) બાજુબંધ: નીચેની કમાનને આડીઅવળી ફરવા દીધા સિવાય ઉપલી કમાન સાથે જોડી રાખે છે. (૪) બાજુબંધ: કમાનબંધની મધ્યમાં બાંધવામાં આવે છે. (૫) મૂઠ પીંજણ: કાર્ય કરનારને પકડવામાં કરકત ન આવે તેટલી જોડ અને લાંબી છે. પીંજણનું સમધારણ બિંદુ પણ એ જ છે. (૬) દાંડી: તાંત વીંટેલો તેનો ભાગ આરે ખૂણે ગોળ અને લીસો છે. જેથી તાંત વીંટતી વખતે કડી પડતી નથી, તાંતના રેસા ઊકલતા નથી, તેમ જ તાંત સહેલાઈથી સરકે છે. બનાવટી તાંતના ખેંચાણથી કાચ ન આવે અને અક્કડ રહી શકે તેટલી મજબૂત લાકડાની બને છે. (૭) આધારપટ્ટી: તે પાકા કમાવેલા ચામડામાંથી બનાવવામાં આવે છે. તાંતને માલના ઘસારાથી બચાવી લે છે. (૮) બાજુ દાંડીનો આ ટોચનો ભાગ છે. તેમાં ખૂટના નાલના આકારની ખાંચ કોરી કાઢવામા આવે છે. એમાં રહીને તાંત સૂપડી તરફ લંબાય છે. તેનું વજન હળવું છે. તેથી પીંજણ ચલાવનારના હાથને ભારે પડતું નથી. એ હળવા વજનને લીધે તાંતનો વધારે ભાગ પીંજવાના કાર્યમાં વપરાય છે અને પીંજતું રૂ દાંડી અને તાંતની વચ્ચેથી ચાલ્યું જાય તેટલું અંતર પણ જળવાય છે. (૯) તાંત: તે બકરા કે ઘેટાના આંતરડાની બને છે તેની ઉપર મોટીઓ પડે ત્યારે મોટીઓના ખેંચાણથી ન તૂટે તેટલી એ જાડી અને દાંડી સાથે ન ખાય તેટલી તે પાતળી હોય છે. મોટીઓ છટકીને રૂને પીંજે છે અને પીંજતા રૂને અજણ પડેલે છે. આ પીંજણમાં લાંબુંપહોળું પાત્ર આતરડાં વણીને બનાવેલ તાંત વપરાય છે. (૧૦) આધાર: કાકરના ચામડાને વાળીને બનાવવામાં આવે છે. તે સૂપડી અને કાકર વચ્ચે પોલાણ પાડે છે અને એ પોલાણમાંથી અવાજ ઉત્પન્ન થાય છે. આ અવાજ ઉપરથી પીંજનારને પોંજણ બરાબર ચાલે છે કે નહિ તેની સમજ પડે છે. (૧૧) તાંતઆંક: સૂપડીના ખૂણાના ઘસારાથી તાંત કપાઈ ન જાય તેમ જ સાંકળીના નાકામાંથી નીકળી ન જાય તે માટે વચ્ચે રૂનું અંતર મૂકી આ આંક પીંજી બાજુમાં આવે છે. (૧૨) સાંકળી: તે તાંતઆંક અને દાંડી વચ્ચેનો સબંધ જળવી તાંતને તંગ રાખે છે. (૧૩) કાકર: તે બકરાના કાચા ચામડામાંથી બનાવવામા આવે છે. સૂપડીનું પાટિયું જેટલું પહોળું હોય તેટલી તે પહોળી હોય છે. તાંત અને સૂપડીની વચ્ચે રહી એ બંનેને રક્ષણ આપે છે. તે કાચા ચામડાની હોવાથી અવાજ આપે છે અને આત્મા તેને આધારે સચવાઈ રહે છે. (૧૪) પટામાદી: તે સુંવાળી હોય છે, તેથી પીંજતી વખતે પીંજનારના હાથના પંજાની પીડને ખૂંચતી નથી અને તેનાથી પીંજણને ઊંચકવામાં લાગ મળે છે. તેનો એક છેડો સૂપડીને અડકે છે અને બીજો દાંડીની જગ્યાએ ખૂંટીમાં ભરાવેલો હોય છે. આ બંને છેડા સૂપડી અને દાંડીની પકડમાં રહેવાથી પીંજનારનો પંજો માદીની નીચેથી મૂઠ ઉપર જતાં પીંજણ ઢાળ પડતી સ્થિતિમાં આવે છે અને પીંજણકર્મ સહેલું પડે છે. (૧૫) સરકટની સાદડી: આ સાદડી સરકટના રાકાની બનાવવામાં આવે છે. એની ગૂંથણીમાં આવની સાઠો દરેક સળીની વચ્ચે રસ્તો કરે છે. એ રસ્તામાંથી કોટી કચરો નીચે ચાલ્યો જાય છે અને રૂનો પોલ સાદડી ઉપર રહે છે. (૧૬) મોટીસેટ: તે ખેર, સીસમ કે આમલીના સાર જેવા ચીકણા લાકડામાંથી બનાવવામાં આવે છે. તે લીસો હોય છે. તેનો આકાર નાના બાળકની ચૂસણી જેવો હોય છે. તેનો વચ્ચેનો પાતળો ભાગ મૂઠીથી પકડીને તાંત ઉપર ઠોક મારવામાં આવે છે. આ ઠોકથી તાંત ઢીલે છે અને તેથી રૂના રેસા છૂટા અને સીધા થાય છે. (૧૭) પૂણી કાચો: આ કાચા વડે વણાતી પૂણીનો પોલ બધી જગ્યાએ સરખો કાર્યને વણાય છે (૧૮) પૂણી સળિયો: તેની પીઠ ચુંવાળી હોય છે. તેનું શેડ પડતું ઢોળાવ પૂણીને તેના ઉપરથી મદદગારથી સરકવા દે છે તેની ગોળાઈથી પૂણીની અંદર પડેલ પોલાણ તેના રેસાઓને કાતનારની ચપટીનું દબાણ હોવા છતાં પૂણીમાંથી પાછળ વળીને અવસ્થિત બહાર આવવા દે છે. (૧૯) પાટલી: તે ઢાળ પડતી હોય છે અને લાકડાની બનાવવામાં આવે છે. ઢાળને લઈ પૂણી વણવાનું કાર્ય સહેલું બને છે. મોટી પીંજરા પીંજણ ઉપર કાતવા માટેનું રૂ પીંજવામાં નથી આવતું, પણ ફક્ત ગાદલાં, ગોદડાં કે તકિયામાં ભરવા માટેનું રૂ પીંજવામાં આવે છે. તેની તાંત જાડી હોવાથી રૂના એક એક રેસાને રબરીને છૂટા કરવાની શક્તિ તેનામાં નથી. મોટી કામડી પીંજણની માફક ચપટીથી નહિ પણ નાના મોટીઓનો ઉપયોગ કરી તાંત ઉપર ઠોક મારી પીંજવાની ક્રિયા થાય છે. તેથી કાબો હાથ બાકો બને છે અને વખતોવખત થાક આવા અટકવું પડે છે. આવા સંભવિત દોષ દૂર કરવા માટે આરડોલી અથવા મધ્યમ પીંજણનો જન્મ થયો. તેને આરડોલી સરંજામ કાર્યાલયમાં પ્રથમ તૈયાર કરવામાં આવેલી હોવાથી તેને આરડોલી પીંજણ પણ કહે છે.

મધ્યમ માન [સં.] ન. (ગણિત) સરેરાશ. એક જ જાતના અનેક રાશિઓના સરવાળાને તે રાશિઓની સંખ્યાએ ભાગતાં જે આકાર આવે તેને તે રાશિઓનું મધ્યમ માન કહે છે. એને સરાસરી, સરેરાશ અથવા ભારકરના મત પ્રમાણે સમમિતિ કે સરદલ પણ કહે છે.

મધ્યમ માર્ગ ૧. [સં.] પું. કોઈ બાબતના અતિપણા વગરનો વચલો સોનેરી માર્ગ.

૨. પું. બુદ્ધે બતાવેલો સાધનાનો મધ્યમ માર્ગ

મધ્યમમાર્ગી ૧. [સ. મધ્યમમાર્ગિન્] વિ. મધ્યમ માર્ગનું; મધ્યમ માર્ગ પસંદ કરનાર; વચ્ચેનો રસ્તો સ્વીકારનાર.

૨. વિ. બચાવ પક્ષનું; 'મૉડરેટ'.

મધ્યમ રવિ [સં.] પું. મધ્યમ માનવાળા ગતિવાળો સૂર્ય. સૂર્યની ગતિનું મધ્યમ માન કાઢીને શુમારે પદ કલા, ૮ વિકલા, જેટલી જેની એક દિવસમાં ગતિ છે એવો એક મધ્યમ રવિ વિષુવવૃત્તમા ફરે છે એમ માનવામાં આવે છે. તે મધ્યમ રવિ મધ્યાહ્નવૃત્ત ઉપર આવે અને જે ઘડીએ ત્યારથી તે ફરીથી મધ્યાહ્નવૃત્ત ઉપર આવતાં અમર જીમતાં તેને ચોવીસ કલાક લાગે છે. મધ્યમ રવિ ઉપરથી જે કાળ સમજાય છે તેને મધ્યમકાળ કહે છે.

મધ્યમલોક [સં. મધ્યમ + લોક (સૃષ્ટિ)] પું (જૈન) વચલી સૃષ્ટિ; આકાશ અને પાતાળ વચ્ચેનો લોક; પૃથ્વીલોક; મૃત્યુલોક. સમતલની નીચે નવમો યોજન તેમ જ તેની ઉપરના નવમો યોજન અર્થાત્ કુલ અઢારસો યોજનનો મધ્યમ લોક છે, જેનો આકાર ઝાલરની પેઠે ખગોળાકાર સંખ્યાબંધ અને પદોગાકારવાળો છે.

મધ્યમવૃંદ ન (સંગીત) બે મુખ્ય ગ્રામ ચાર સુર પૂરનાર, છ મૂર્છનારીઓ, બે તાનગી વગાડનાર અને બે પખવાજીનો સમૂહ.

મધ્યમસર અ. મધ્યમ રીતે; મર્યાદિત પ્રમાણમાં. સારું તેમ જ ઠીક નરસું પણ નહિ એમ; વચલા માર્ગનું હોય એમ; અંદાજમર; એક અંત તરફનું નહિ પણ બધે હોય એવી રીતનું; વચલા ધોરણનું; સાધારણ પ્રમાણનું.

મધ્યમસંગ્રહ [સં] પું. પરજીને પોતાના અધિકારમાં લાવવાનો એક પ્રકાર; બીજાની જો સાથે ખરાબ વ્યવહાર ચલાવવા માટે તેને વસ્ત્ર, ઘરેણાં, પુરસ્કાર પદાર્થ વગેરે લોભાવવા અને આપીવાની ચીજનો લાભ કરાવવો તે. તેમાં તે તેને વસ્ત્ર, આભૂષણ વગેરે મોકલી પોતાના ઉપર તેને અનુરક્ત કરે છે.

મધ્યમ સાધારણ સ. (સંગીત) કાકલી સાધારણ, અંતર સાધારણ, મધ્યમ સાધારણ અને પંચમ સાધારણ એ ચાર મૂર્છનાનો એક પ્રકાર. મધ્યમ સાધારણ. મૂર્છાર ત્યારે મધ્યમની પહેલી શ્રુતિનો આશ્રય લે અને પંચમસ્વર મધ્યમની અંતિમ શ્રુતિનો આશ્રય લે ત્યારે મધ્યમ સાધારણ થાય છે અને તે મધ્યમ ગ્રામમાં જ થાય છે.

મધ્યમ સાહસ ૧. પું. ઇમારત વગેરે પાડી નાખવાની કરકત કરવી તે.

૨. પું. બીજાનાં કપડાં ફાડવાથી થતો એક મધ્યમ ગુનો.

૩. પું. મનુએ કહેલ એક સભ્ય કે દંડ; પાંચથી પાંચસો પણ સુધીનો દંડ.

૪. પું. વચલા ઘરજાતના ગુનાની યોગ્ય સજા

મધ્યમ સ્થાનિક કાળ પું. નિજ કાળ; 'મીન સોલર ટાઇમ'. હિંદુસ્તાનમાં ઘણીખરી જગાએ હાલમાં સ્ટેન્ડર્ડ ટાઇમ વપરાય છે. રેલવે, તાર અને ટપાલ પણ આ જ સમય વાપરે છે. આ સમયનું ખરું નામ ઇન્ડિયન સ્ટેન્ડર્ડ ટાઇમ એટલે હિંદુસ્તાનનો પ્રમાણકાળ છે. આ સમય ગ્રીનિચના સમય કરતાં સાડા પાંચ કલાક વહેલો રાખવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો આ સમય ૮૨॥ પૂર્વ રેખાંશવાળાં સ્થળોનો સમય છે. આ સમય ઉપરાંત એક બીજો સમય પણ હિંદુસ્તાનનાં બે પાંચ શહેરોમાં વપરાય છે, તેને લોકલ ટાઇમ કહે છે. આ સમય દરેક સ્થળ માટે જુદો જુદો હોય છે. જેમકે, મુંબઈ ટાઇમ અને કલકત્તા ટાઇમ જુદા છે. આ સમયનું બરાબર નામ મીન લોકલ ટાઇમ એટલે મધ્યમ સ્થાનિક કાળ છે. ટૂંકામાં તેને લોકલ ટાઇમ એટલે સ્થાનિક કાળ કહે છે. આ સ્થાનિક કાળ વિષે સામાન્ય સમજણ એવી છે કે, કોઈ પણ સ્થળે કોઈ પણ દિવસે મધ્યાહ્ને તે સ્થળનો સ્થાનિક કાળ ૧૨ વાગ્યાનો હોય છે આ સમજણ લગભગ ખરી છે, પણ બરાબર ખરી નથી.

મધ્યમા ૧. પું. (પિંગળ) ત્રણ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના આઠ ભેદ છે, તેને મધ્યા પણ કહે છે. આ જાતના મદન, નારી અને મૃગી વગેરે પ્રસિદ્ધ છંદો છે.

૨. સ્ત્રી. કમળની દાંડી

૩. સ્ત્રી. કવિતામાં વર્ણવાતી સ્ત્રીઓનો એક પ્રકાર

૪. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.

૫. સ્ત્રી. જેને નવો અટકાવ આવેલો હોય એવી નારી; યુવતી; જુવાનીમાં આવેલી સ્ત્રી; જેને ઋતુધર્મ દેખાતો હોય તેવી સ્ત્રી; પ્રથમ ઋતુ પ્રાપ્ત થયેલ સ્ત્રી; મધ્યવિદ્યા; રજસ્વલા સ્ત્રી.

૬. સ્ત્રી. (ગણિત) ત્રિકોણના ત્રિશ્રોત્રિદૂને સામી બાજુના મધ્યબિંદુ સાથે જોડનારી સીધી લીટી.

૭. સ્ત્રી. નાવિકાનો એક પ્રકાર; નહિ નવોઢા કે નહિ પ્રૌઢા જેવી નાવિકા.

૮. સ્ત્રી. (જ્યો) પતિના ચોથા દોષથી માન ધરે પણ પશ્ચિમાએ માન તજી જનારી સ્ત્રી.

૯. સ્ત્રી. પુષ્પના ગુચ્છા માંહેનું વચલું પુષ્પ.

૧૦. સ્ત્રી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં જનતી દસ માંહેની એ નામની એક જાતની નાની હોડી. તે ૨૪ હાથ લાંબી, ૧૨ હાથ પહોળી અને ૮ હાથ ઊંચી બનાવાતી.

૧૧. સ્ત્રી. મધ્ય પરિમાણ; સરેરાશ.

૧૨. સ્ત્રી. મોંમાં થતો શબ્દોચ્ચાર.

૧૩. સ્ત્રી. યોગીઓની આજ્ઞા.

મધ્યમા એ યોગીઓની આજ્ઞા છે.

નીતાપંચામૃત

૧૪. સ્ત્રી (સંગીત) રાગની સાત માંહેની એક જાતિ.

૧૫. સ્ત્રી. વચલી આંગળી.

૧૬. સ્ત્રી. વાણીના ચાર માંહેનું એ નામનું એક રૂપ; વાણી ઉચ્ચારવાની ચાર માંહેની ત્રીજી રીત; વચલી શબ્દોચ્ચાર પદ્ધતિ; વૈખરી કરતાં માંહેની વાણી. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એમ વાણીના ચાર ભેદ છે. વૈખરીના હૃદયવાસીને પાછી પરયંતી જાય છે, કંઠને પાછી મધ્યમા જાય છે. મુખને પાછી વૈખરી સંજ્ઞાને પામે છે અને પછી અકાર, ઉકાર અને મકાર એ ત્રણ વર્ણ રૂપે થઈ, ઉત્તરોત્તર આવત અક્ષર રૂપે અને વેદ રૂપે થઈ સર્વજ્ઞ.ત્વ રૂપે જાય છે. હૃદયના સંયોગથી ઉત્પન્ન થયેલી વાણી તે મધ્યમા કહેવાય છે. મધ્યમા વાણીનો વાસ મુખમાં હોય છે.

૧૭. સ્ત્રી. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રના પાંચ માંહેના ત્રીજા તારાનું નામ

મધ્યમાદ સારંગ પું. (સંગીત) એ નામનો એક જાતનો સારંગ રાગ. પલાસી બાટના ઓડવ આકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ગાંધાર, ધૈવત વર્જ્ય છે અને કોમળ નિષાદનો પ્રયોગ છે, તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો હોય છે. આ રાગનો વાદી સ્વર નિષાદ અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ મધ્યાહ્ને ગાવાનો પ્રચાર છે.

મધ્યમાદિ ૧. પું. (સંગીત) કાહી બાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ: સરિ, મપ, નિધ્ધપ। સ નિધ્ધપ મ રિ સ ॥ તેનો વાદી સંવાદી સ્વર રિ નિ છે. તેનો ગાવાનો સમય બપોરનો છે.

૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. હાસ્યથી જેના પતિએ આલિંગન કરી જેનું મધ્યભાગ ચુંબન કર્યું છે, નેત્ર કમળ સરખા છે, શરીર કેસર કે કુમકુમની સુગંધથી મઘમઘ કર્યું છે અને શરીરનો વર્ણ સુવર્ણ જેવો છે એવી મધ્યમાદિ રાગિણી સર્વ જનમનરંજની રાગિણી કહેવાય છે.

મધ્યમાન ૧. સ. (ગણિત) પાંચસે ધનુષનું માપ.

જે ક્ષેત્રફળ પાંચસે ધનુષનું હોય તે મધ્યમાનનું કહેવાય. રાજવલ્લભ

૨. સ. (ગણિત) મધ્ય પરિમાણ; સરેરાશ; સરાસરી; મધ્યમ; સમમિતિ. 'એવરેજ'.

મધ્યમાનુમાન [સં. મધ્યમ + અનુમાન] સ. (ન્યાય) પરોક્ષ અનુમાન; 'મીડિયેટ ઇન્ફરન્સ'.

સદ્ધાન એ નામ મધ્યમાનુમાનને આપવામાં આવ્યું છે; અને એ ક્રિયા અવયવન અનુમાનની ક્રિયાથી ભિન્ન છે. અવયવન અનુમાનમાં મધ્યમપદની જરૂર પડતી નથી.

મણિરત્નમાલા

મધ્યમાર્ગ ૧. પું. સમાધાન; બંને પક્ષો વચ્ચેનું સમાધાન.

૨. પું. સુષુમણા; મહા પિંગલા વચ્ચેનો માર્ગ. જ્યારે શરીરમાંની નાડીઓની શુદ્ધિ થઈ કુંડલિની

જાગત થાય છે, ત્યારે પ્રાણ સુષુમ્પૂર્વક સુષુમ્નામા પ્રવેશ કરે છે. સુષુમ્ના એટલે સૂર્યના સુષુમ્ણ કિરણ સાથે જોડનારી, મૂલપદવી એટલે જન્મતનો અભાવ કરવાના માર્ગરૂપ બ્રહ્મરંધ્રનો મહામાર્ગ, રમશાન એટલે નામ રૂપને બાળવાનું સ્થાન, જાગરિ એટલે જ્ઞાનને પ્રાપ્ત કરાવનારી, મધ્યમાગ એટલે ઇડાપિંગલાના વચ્ચેનો માર્ગ, બ્રહ્મનાડી એટલે બ્રહ્મને પ્રાપ્ત કરનારી નાડી અને બ્રહ્મદ્વાર એટલે બ્રહ્મની પ્રાપ્તિનું બારણું એ શબ્દો એક જ અર્થનું બોધન કરનારા છે.

મધ્યમાર્ગી ૧. સિ. મિતાચરણી

૨. વિ વચલા માર્ગનું, 'મોડરેટ'.

મધ્યમાવતી સારંગ જુઓ મધ્યમાદ સારંગ.

મધ્યમાવાણી સ્ત્રી. (વેદાંત) એક પ્રકારની વાણી. જે શબ્દ હૃદયચક્રમાં રહેલા જીવ વડે અભિવ્યક્ત થતો હોય અને મુખોચ્ચારિત શબ્દ જેના કરતાં પણ સ્થૂલ હોય, તે મધ્યમાવાણી કહેવાય છે.

મધ્યમિકા ૧. સ્ત્રી. એ નામનું એક શહેર. તે શિબિ લોકોના રાજ્યની હતી અને હાલ ઉદેપુર રાજ્યમાં આવેલ હતી.

૨. [સં.] સ્ત્રી. રજસ્વલા સ્ત્રી

૩. સ્ત્રી. વચલી આંગળી

મધ્યમોભ પું. (સ્થાપત્ય) મકાનનો વચ્ચેનો મોભ; ઢોળનો મોભ. તે બે બાજુના પડવાસાની વચ્ચે સંકેલામાં આવે છે. એટલે તેની પહોળાઈ કમી હોય તો ચાલે, પણ તેને ઉપરના છાપરાનું વજન તોળી રાખવાનું હોય છે, જેથી તે વંકાય કે તૂટે નહિ, માટે ઊંડાણ વધારે પડે છે. સામાન્ય રીતે બે દીવાલ અથવા કેંચી વચ્ચેના ગાળાના દરેક ફૂટે ફૂટ ઉંચ, એ હિસાબે ઊંડાણ રાખવામાં આવે છે. પહોળાઈ બે ઇંચથી કમી ન હોવી જોઈએ. બે ઢાળ્યાં છાપરાં તદ્દન સાદું છાપરું, બે બાજુના પડવાસાની વચ્ચે મધ્યમોભ એસાડી કરવામાં આવે છે. આ છાપરું ૧૧–૧૨ ફૂટના ગાળા પર્યંત ચાલે છે. પડવાસાને દીવાલ ઉપર ટેકવેલા બે ત્રણ મોભનો આધાર મળે, તો ગાળો જોઇએ તેટલો વધારે રાખી શકાય. બે મોભ વચ્ચે સાધારણ રીતે ચાર ફૂટથી વધારે અંતર રાખવું ન જોઈએ.

મધ્યયુગ પું. ગુજરાતી સાહિત્યનો વચગાળાનો યુગ. મનઃસુખરામ સૂર્યરામની આરંભકાળની કૃતિઓ અને કૃષ્ણજોડભાઈ ઉદયરામની નાટક રચનાઓનો પ્રવાહ આ વચગાળાના સાહિત્યને બે જુદાજુદા રંગ આપતા જણાય છે. અહીં પ્રાચીન અને અર્વાચીન વચ્ચેનો મધ્યયુગ અથવા તો અર્વાચીનનો પ્રથમયુગ એટલે છે કવેરીલાલ ઉમિયાશંકરનું શાકુન્તલ નાટક પણ આ મધ્યખંડમા મુકાશે. કરસનદાસની વાર્તાસાહિત્યમા પહેલ તથા નવાનતાને લીધે એ જમાનામા પયમહાલયના વિશાળ મેદાનમા એકલા ઊભેલા ચારાઝ જેવી સ્થિતિ ભોગવે છે. એ પણ આગામી શુદ્ધ નવીનયુગનો ઠંડો વગાડનાર અગ્રેસર સવારનુ સ્થાન લે છે. ભીમરાવના પૃથુરાજ રાસા અને દેવલદેવી નાટક તથા મેઘદૂતનું ભાષાંતર તે પણ આ ઠંકે સવારની જોડાજોડ ચાલનાર બીજા દદુબિરાદર તરીકે ગણી શકાશે. હરિલાલ હર્ષદરાય ધ્રુવની કવિતામાં નવીન યુગ અને પ્રાચીન યુગનું વિલક્ષણ મિશ્રણ છે. આ યુગમાં મોટા ભાગે સ્થૂળ ધર્મબુદ્ધિ તૃપ્ત કરવા મહાભારત રામાયણનાં અનેક નાનાં મોટા આખ્યાનોના જાહેરમાં ગવાયેલા મળી આવે છે, અથવા તો સામાન્ય જનસમાજની વિનોદવૃત્તિ સંતોષવા વાર્તાઓ ગદ્યપદ્યમા લખાયેલી જોવામાં છીએ.

મધ્યરક્ષિણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠર મહેનુ એક નામ.

મધ્યરાત્રિ જુઓ મધ્યરાત્રી.

મધ્યરાત્રી [સં. મધ્ય (વચલું) + રાત્રી] સ્ત્રી. અર્ધોરાત્રી; અપરાત; રાતના બાર વાગ્યાનો સમય.

મધ્યરેખા ૧. [સં.] સ્ત્રી. પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ બે સરખા ભાગ કરનારી લીટી; વિષુવવૃત્ત.

૨ સ્ત્રી. રેખાગણની મુખ્ય અથવા પ્રથમ લીટી. જ્યોતિષ અને ભૂગોળશાસ્ત્ર પ્રમાણે આ રેખાની કલ્પના દેશો વચ્ચેનું અંતર નક્કી કરવા માટે કરેલી છે. તે રેખા ઉત્તર દક્ષિણ હોવાનું મનાય છે અને ઉત્તર તથા દક્ષિણ ધ્રુવોને જોડીને એક વર્તુળ બનાવે છે

૩. સ્ત્રી. હુતુતુતુની રમતમાં પચીસ ફૂટ લાંબી પહોળાઈવાળા મેદાનના બરાબર મધ્ય ભાગમાં દોરવામા આવતી આડી રેખા

મધ્યરેષા જુઓ મધ્યરેખા.

મધ્યલક્ષ્ય ન. (યોગ) એ નામનું એક પ્રકારનું લક્ષ્ય. અંતર, ભાલ ને મધ્યમ એ ત્રણ પ્રકારનાં લક્ષ્ય છે. સ્વશરીરની શ્વેતવર્ણરૂપે, રક્તવર્ણરૂપે, કૃષ્ણવર્ણરૂપે, અગ્નિજ્વાલારૂપે, જ્યોતિરૂપે, વિદ્યુદાકારે, સર્વમંગલાકારે અથવા અર્ધચંદ્રાકારે જે ધારણા કરવી તે મધ્યલક્ષ્ય કહેવાય છે.

મધ્યલક્ષ્મ ન. સિરોલિટ, 'ઝેનિથ'.

મધ્યલય ૧. પું. (સંગીત) ચાર લઘુવાળો તાલ.

૨. સ્ત્રી. સંગીતનો એક લય; ચાલુ એટલે સરખી લય જેનો એક લઘુ એ સેકંડનો કાળ ધરાવે તેવી લય; સાધારણ ગતિથી આવુ વગાડવું તે

મધ્યલોકાંશ ન. વચગાળાનુ ભાજ, વગેતર કે નફો.

મધ્યલોક [સં] પુ (જૈન) મધ્યલોક; ભૂલોક: અધોલોકથી ઉપર એક રાજુ લાંબો, એક રાજુ પહોળો અને એક રાજુ ચાળીસ યોજન ઊંચો લોક. મધ્યલોકના અત્યંત મધ્યમાં એક લાખ યોજન લાંબો પહોળો મોળ જંબુદ્વીપ છે. જંબુદ્વીપના મધ્યમાં એક લાખ યોજન ઊંચો સુમેરુ પર્વત છે, જેનુ એક હજાર યોજન જમીનની અંદર મૂળ છે. ૯૯ હજાર યોજન પૃથ્વિના ઉપર છે અને ચાળીસ યોજનની ઊંચી ચૂલિકા એટલે ચોટી છે. જંબુદ્વીપના મધ્યમાં પૂર્વ પશ્ચિમ તરફ લાંબા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુકમી અને શીખરી એ છ કુલાચલ પર્વત પડેલા છે. તેનાથી જંબુદ્વીપના સાત ખંડ થઈ ગયા છે. તે સાતે ખંડનાં નામ: ભરત, હૈમવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત. વિદેહ ક્ષેત્રમાં મેરુથી ઉત્તર દિશામાં ઉત્તરકુરુ અને દક્ષિણ દિશામાં દેવકુરુ છે. જંબુદ્વીપની ચારે બાજુએ આઈની માફક લપેટાયેલો બે લાખ યોજન પહોળો લવણ સમુદ્ર છે. લવણ સમુદ્રને ચારે તરફથી લપેટાયેલો ચાર લાખ યોજન પહોળો ધાતકીખંડદ્વીપ છે આ ધાતકીખંડદ્વીપમાં બે મેરુ પર્વત છે અને ક્ષેત્ર, કુલાચલાદિની સંપૂર્ણ રચના જંબુદ્વીપથી બમણી છે. ધાતકીખંડને ચારે તરફ લપેટાયેલો આઠ લાખ યોજનનો પહોળો કાલોદધિ સમુદ્ર છે. કાલોદધિ સમુદ્રને લપેટાયેલો સોળ લાખ યોજન પહોળો પુષ્કરદ્વીપ છે. પુષ્કરદ્વીપની મધ્યમાં કોટના આકારે સોળ માનુષોત્તર નામનો પર્વત પડેલો છે. તેનાથી પુષ્કરદ્વીપના બે ખંડ થઈ ગયા છે. પુષ્કરદ્વીપના પહેલા અર્ધા ભાગમાં જંબુદ્વીપથી બમણી અને ધાતકીખંડદ્વીપની બરાબર બધી રચના છે. જંબુદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને પુષ્કરાર્ધદ્વીપ તથા લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્ર એટલા ક્ષેત્રને નરલોક કહે છે. પુષ્કરદ્વીપથી આગળ પરસ્પર બેકબીજાને લપટાયેલા બમણા બમણા વિસ્તારવાળા મધ્યલોકના અંત સુધી દ્વીપ અને સમુદ્ર છે.

મધ્યવર્તી ૧. [સં. મધ્યવર્તિન] પું. સમાધાની કરાવનાર માણસ; સલાહ; બે જણનું સમાધાન

કરનાર; બાદી પ્રતિવાદી અથવા બંને પક્ષના વિષયનો વિચાર કરી ફેસલો આપનાર; વચલો બાવદારિનો; દલાલ; વચ્ચે રહેનાર; સ્વાર્થ નહિ બગાડી પરાર્થ કરનાર; વચમા પડી સમાધાન કરનાર મધ્યસ્થ.

૨. વિ. મધ્ય સત્તાથી આસતુ.

૩. વિ. મુખ્ય

૪. [સં. મધ્યમ + વર્તિન્ (હોનાર)] વિ. વચમાં આવેલું, મધ્યસ્થ; મધ્યમા રહેલ કે વસેલ; મધ્યગ, વચગામાનું; વચ્ચનું; મધ્યમા વર્તનાર

મધ્યવર્તી ગ્રહ પું. (જ્યોતિષ) અંતર્વર્તી ગ્રહ. પૃથ્વી અને સૂર્યના વચ્ચે આવેલ ગ્રહ. ' ઇન્ફીરિયર પ્લેનેટ '.

બુધ અને શુક્ર એ આપણી અને સૂર્યની વચ્ચે છે; એ કારણથી એમને મધ્યવર્તી ગ્રહ કહે છે બીજાને બહિર્વર્તીગ્રહ કહે છે. જ્યોતિર્વિલાસ

મધ્યવર્તી બૅંક સ્ત્રી ફેડરલ બૅંક; ' સેન્ટ્રલ બૅંક '. બૅંકો પરસ્પર અથવા સહિયારી મૂડીયા નિયત કે લિમિટેડ જવાબદારીને ધોરણે જેની કરવામાં આવે છે. બધી બૅંકો ઉપર દેખરેખ રાખવા માટે સમસ્ત દેશની એક મધ્યવર્તી બૅંક હોય છે. જે કાં તો સહિયારી મૂડીવાળી હોય છે, કાં તો સરકારની પોતાની હોય છે અથવા તો તે સરકાર અને પ્રજાની સહિયારી મૂડીવાળી હોય છે.

મધ્યવિલંબ પું. (સંગીત) એક જાતનું કાળમાન. સોળ ગુરુ અક્ષરોનો ઉચ્ચાર દસ સેકંડમાં પૂરો કરાય તો તેટલા કાળને મધ્યવિલંબ કહે છે.

મધ્યવિષ્કંભ પું. બૃહત્સંહિતા પ્રમાણે સૂર્ય કે ચંદ્રમંડલના બોધનો એક પ્રકાર. તેમાં સૂર્ય કે ચંદ્રનો મધ્યભાગ પહેલાં પ્રકાશિત થાય છે. કહેવાય છે કે, આ પ્રકારના બોધથી ગ્રહણ તો ધાર્યા પ્રમાણે થાય છે, પરંતુ વરસાદ વધારે પડતો નથી

મધ્યશાળા સ્ત્રી (શિલ્પ) ઘરના મકાનનો મધ્યભાગ.

ઘર કરવાની જમીનના પાંચ ભાગો કરી તેમાંથી બે ભાગની મધ્યશાળા કરવી અને બાકીના ત્રણ ભાગની જમીનમાથી દોઢ દોઢ ભાગના બે પાસે બે તરફ થાય તેની પ્રદક્ષિણા અથવા પરશાળ કરવી. રાજવલ્લભ

મધ્યશિલા સ્ત્રી. ચણતરમા વચ્ચોવચ મથ્થર; ' કોર્નરસ્ટોન '.

પાયો અને ઝાડોનો પોલપાલમા માટો સંબંધ છે. આ જોમાથી એકનુ કમી કરવું તે એક પથ્થરની કમાનમાથી મધ્યશિલા કાઢી લીધા જેવું છે.

વનસ્પતિશાસ્ત્ર

મધ્યશ્રુતિ સ્ત્રી શ્રુતિના ત્રણ ભાંડેનો એક પ્રકાર. ત્રણ પ્રકાર: ચંદ્રશ્રુતિ, મધ્યશ્રુતિ અને તારશ્રુતિ

મધ્યસપ્તક ન. (સંગીત) નૈસર્ગિક રીતે માનવ કંઠમાંથી ઉદ્ભવતા સ્વરને વધુ માની તેને અવલંબી રહેલા નિષાદ સુધીના શુદ્ધ વિકૃત સ્વરોનો સમુદાય; જે સ્વરો આપણે રોજ વાતચીતમાં વાપરીએ છીએ તેવી જાતના સાત સ્વરોનો સમૂહ

મધ્યસંકીર્ણ ૧. પું. (સંગીત) તાલની અગિયાર માંહેની એક જાતિ. તેમાં દસ માત્રા આવે છે. પહેલી માત્રા ઉપર તાલ અને બીજી માત્રા ઉપર ખાલી આવે છે.

૨. પું. (સંગીત) વર્ણના સમૂહોનો એ નામનો એક વર્ગ. આમાં દસ વર્ણ હોય છે. તેનો લઘુ દસ માત્રાનો હોય છે. તે વર્ણપ્રકાર જાતિ છે. હાલ પ્રવેણા તેને અદીઅણી ૨૫ એ નામથી ઓળખે છે.

મધ્યસ્થ ૧. પું. તટસ્થ ન્યાય આપનાર પુરુષ; બે પક્ષનું સાંભળી તોલ કરનારો વચાદાં પંચ; સમાધાનિયો; વચમાં પડી સમાધાન કરનાર માણસ; ત્રાહિત

૨. પું. નિઃસ્વાર્થ પુરુષ

૩. પું. પાપીઓ માટે દલાલાલા કરનાર ઈસુ ખ્રિસ્ત.

૪ પું પોતાને નુકસાન ન કરતાં બીજાઓ ઉપર ઉપકાર કરનાર પુરુષ.

૫. પું. (વેદાંત) બે વિવાદીઓમાંથી બંનેનો પક્ષપાતી કે હિતેચી હોય તેવો પુરુષ.

૬. પું. વકીલ; બીજાને બદલે અરજી કરનાર.

૭. પું. શિવનો હજાર મહિનો એક નામ.

૮. પું. (ગણિત) શ્રેણીની બરાબર વચલી રકમ. જો રકમોની કુલ સંખ્યા બેકી હોય તો મધ્યસ્થ વચલી બે રકમોની વચ્ચે હોય છે અને એકી હોય તો બરાબર વચ્ચે હોય છે.

૯. વિ. બેમાં પક્ષનું નહિ એવું; તટસ્થ; ત્રાહિત; પક્ષપાત રહિત કામ કરનાર; તટસ્થ; બે પક્ષનું સમાધાન કરનારું કે ન્યાય તોળનાર.

૧૦. વિ. મધ્યમાં રહેનાર; મધ્યે વર્તનાર.

૧૧. વિ. ગજરૂપ રહિત

૧૨. વિ. વચલું; વચમાંનું; વચ્ચે આવેલું.

૧૩. વિ. સ્વાર્થ નહિ બગાડી પરાર્થ કરનાર.

મધ્યસ્થપક્ષ પું. મધ્યસ્થ તરીકે કામ કરતો પક્ષ; ' ઇમ્પાર્શિયલ સેક્ટ '.

આ કામની વહચણી માટે જવાબી બહારના ઉદ્દીપનનો સ્વીકાર કરવાનું કામ અમુક જ પક્ષો લઈ લે છે, કે આપણા બહુતંત્રના આદિ ઉપલબ્ધિકારો છે હવે આ ઉપલબ્ધિકારો હજી પણ પોતાનું કામ વિશેષ વિશેષ વહચત. બધા કે જેથી પહેલવહેલા કોનું એક કલ ઉપલબ્ધિ પામે છે, તેવું વચ્ચેનો દલાલ મધ્યસ્થપક્ષ આ પામેલી ઉપલબ્ધિ ગ્રહણ કરનારને એટલે માણિક કાનને ઉદ્દીપન કરે છે, કે જાતિ ઉપજાવે છે.

વિજયલાલ દુબ

મધ્યસ્થતા ૧. સ્ત્રી. નિષ્પક્ષપાતતા

૨. [સં. મધ્યસ્થ + તા (પણું)] સ્ત્રી મધ્યસ્થ હોવું તે; તટસ્થતા; મધ્યસ્થપણું; પક્ષપાતરહિતપણું

૩. સ્ત્રી સવારી; પચાયત; સાલમી; અમીની

૪ સ્ત્રી વચમાં પડવું તે; દરમિયાનગીરી

૫. સ્ત્રી. વચલા વર્ગનું હોવું તે; વચની સ્થિતિ.

મધ્યસ્થનાડીમંડલ (મધ્યસ્થનાડીમડલ) ન. જ્ઞાનતંતુઓનો મધ્યપ્રદેશ.

મધ્યસ્થન્યાયાસન [સં.] ન પંચાયત ન્યાયાધિશી; સવાદી ન્યાયધિશી

મધ્યસ્થપણું જુઓ મધ્યસ્થતા.

મધ્યસ્થ યુનિવર્સિટિ સ્ત્રી. વિશ્વભારતી નામની સંસ્થા. બોલાના અમુક કલામ આગાઉ જણાવેલ છે, શાંતિનિકેતનની વિશેષતા એ છે કે, તેમાં ભૂત-વર્તમાનનો સમન્વય છે. વિશ્વભારતીને મધ્યસ્થ યુનિવર્સિટિ તરીકે ઉદ્ઘાટિત કરતાં, શિક્ષણ મંત્રીએ શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને ગુરુદેવનો ' શાંતમ્ શિવમ્ અદ્વૈતમ્ 'નો આદર્શ બધાલમાં રાખવા જણાવ્યું હતું. જાતિ, ધર્મ કે પથની સંકુચિત મર્યાદાઓથી પર રહેલા ઈશ્વરનો સાચો બધાલ આ ત્રણ શબ્દોથી આપણને આવે છે. અદ્વૈતમ્ શબ્દનું અરબી કરવામાં આવે તો, ' વહી દહુવા શરીક ' થાય; જેનો અર્થ પણ એવો જ થાય છે

મધ્યસ્થ સરકાર સ્ત્રી. કેંદ્રિય સરકાર; વડી સરકાર. મોટાં રાજ્યો અને રાજ્યો વચ્ચે ઝઘડાની બારામારી, ઉત્તરનાં બાપારી હિતો અને દક્ષિણનાં કૃષિવિષયક હિતો વચ્ચેનું ઘર્ષણ, કટિબંધસ્તો અને પ્રજાતિસ્તરો વચ્ચેનો મતભેદ, આ બધામાંથી મધ્યમ માર્ગ શોધીને મધ્યસ્થ સરકારની સ્થાપનાની જોગવાઈ ઉદ્ભવી છે. મધ્યસ્થ તથા સ્થાનિક સરકારો વચ્ચે સત્તાની ચોક્કસ વહેચણી થાય છે. જેમાં સૌથી પહેલાં તો સિક્કા પાડવા, જકાતો નાખવી બરાબર અને નૌકાદળની જાળવણી તેમ જ વિદેશી બાબતો અંગેની રાજ્યો હસ્તકની બધી સત્તાઓ મધ્યસ્થ સરકારને સુપરત કરવામાં આવે છે.

મધ્યસ્થી ૧. સ્ત્રી. મધ્યસ્થ હોવું તે.

૨. સ્ત્રી. ઉપાધિ; સમાધાન કરવાને વચમાં પડવાપણું.

૩. સ્ત્રી. વચ્ચે પડવું તે; દરમિયાનગીરી.

અધ્ય સ્વર ૧. પું (સંગીત) જે સ્વરો આપણે અવરોહમાં વાપરીએ છીએ તેવા સ્વર.

૨. પું. (સંગીત) બીજા બધા શબ્દો કોઈ પણ જાતના દાબ વિના કે મહેનત વિના સરળતાથી બોલી શકીએ છીએ તેવી રીતે સ્વરને ગળામાંથી કાઢવા અથવા કોઈ પણ વાજામાંથી વગાડવા તે.

૩. પું. હારમોનિયમના કોઈ એક પડદાને દબાવીને બધાં સાધારણ રીતે જેમ ચલાવવી જોઈએ તેમ ચલાવવાથી તેમાંથી નીકળતા સ્વરની સ્થિતિ

અધ્યા ૧. સ્ત્રી. (ભિગળ) અક્ષરમેળ છંદની એક જાત; મધ્યમા. તેના દરેક ચરણમાં સાત અક્ષર આવે છે. આ જાતના સુંદર, નારી, રાશી અને મૃગી પ્રસિદ્ધ છંદો છે.

૨. સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; નાયિકાનો એક ભેદ. જે નાયિકાની અવસ્થામાં લાજ અને મહનની સમાનતા હોય, તેને મધ્યા કહે છે. આ અવસ્થા ઘણી જ સૂક્ષ્મ અને અસ્થિરસ્થાયી હોય છે. મધ્યા અને મુગ્ધાના ભેદ કેવળ સ્વપ્નિલામાં જ માનવામાં આવે છે. કેટલાક કવિ તેના (૧) ઉન્નતયૌવના, (૨) ઉન્નતમહના, (૩) પ્રગલ્ભયૌવના અને (૪) સુરતવિચિત્રા એવા ચાર ભેદ બતાવે છે.

૩. સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહોની એક જાતની ગતિ.

૪. સ્ત્રી. યુવાન સ્ત્રી; મુગ્ધા અને પ્રૌઢા વચ્ચેની એ કે નાયિકા; મધ્યમા; રજસ્વલા થવા લાગેલી કન્યા; નાની યે નહિ અને આધેડ પણ નહિ એવી જુવાન સ્ત્રી.

મળી'તી મું મધ્યા? નહિ, નહિ, કવિતા કુસુમની. નહાલચંદ સુંદરજી

૫. સ્ત્રી. વચલી આંગળી.

૬. સ્ત્રી. કાનથી ઉચ્ચારવાની ચાર જાતોની એક રીત.

૭. સ્ત્રી. શ્રુતિના પાંચ ભાંગાનો એક પ્રકાર. તેના પાંચ પ્રકાર આ પ્રમાણે છે: દીપ્તા, આયતા, મૃદુ, કરુણા અને મધ્યા.

અધ્યાધ્યાહરણ [સં.] ન. મગજનું વચલું પડ.

અધ્યાધાર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભક્તિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, મગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

મોલો આગે પર અધ્યાધાર. ઝવેરચંદ

અધ્યાર્જુન ન. એ નામનું એક પ્રાચીન તીર્થ.

એ કાવેરી નદીને તટે અત્યંત પ્રભાવવાળાં ત્રણ ઉપાખ્યાનને તૂમ કરનારાં નીચે પ્રમાણે સ્થાનો છે: (૧) શ્વેતારણ્ય, (૨) કુમકોણ, (૩) મધ્યાર્જુન, (૪) આમલીર્ય, (૫) હૃદ્‌સ્થાન, (૬) મંગલવાડ અને (૭) ત્રિકોણ. સૂતસંહિતા

અધ્યાહ્ન ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણને પ્રભા નામની સ્ત્રીથી થયેલા ત્રણ ભાઈનો એ નામનો બીજો પુત્ર.

૨. [સં. મધ્ય + અહન્ (દિવસ)] પું. બપોર; દિવસનો વચલો સમય; સૂર્ય આકાશની મધ્યે આવેલો હોય તે વખત.

પ્રાહ્ણ, મધ્યાહ્ન, અપરાહ્ણ એ ત્રણને ત્રિસંધ્ય કહે છે. પ્રાહ્ણ એ એક પુંલિંગ નામ દિનના પૂર્વ ભાગનું છે. મધ્યાહ્ન એ એક પુંલિંગ નામ દુપહરનું છે. અપરાહ્ણ એ એક પુંલિંગ નામ દુપહર પછીનું છે. અમરકોષ

મધ્યાહ્નનો સૂર્ય = પૂર્ણ આબાદી; પૂર્ણોત્કર્ષ. ખરા સુખની વેળા.

અધ્યાહ્નકાલ [સં.] પું. સૂર્યોદય પછી ૧૨થી ૧૮ ઘડી સુધીનો ભાગ.

અધ્યે ૧. અ. અંદર; માં.

૨. અ. વચ્ચમાં; અંતરાલે; વચ્ચે; વચ્ચોવચ્ચ; અંતરે; અંતરા; અંતરેણ

૩. અ. સંબંધમાં; વિષયમાં; બાબતમાં; વિષે.

અધ્યેજ્યોતિ સ્ત્રી. (પિંગળ) પાંચ ચરણનો એક વૈદિક છંદ. તેના પહેલા અને બીજા ચરણમાં આઠ આઠ વર્ણ, ત્રીજામાં અગિયાર અને ચોથા તથા પાંચમામાં આઠ આઠ વર્ણ હોય છે.

અધ્યોત્સારિણી ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની ગતિ. તેનો નિયમ ગુલેન્સ નામના શોધકે બાંધી કાઢેલો છે.

૨. વિ.સ્ત્રી. મધ્ય તરફથી બહાર જતી.

પાણીની વરાળ અને કાર્બનના મિશ્રણે સૂર્યના વિદ્યુતવાળા વાયુ આળીને અધ્યોત્સારિણી ગતિને લીધે ફરીથી બહાર પડે છે. જ્યોતિવિલાસ

અધ્યોત્સારી ૧. [સં. અધ્યોત્સારિન્] વિ. કેંદ્રોત્સારી; કેંદ્રાપગામી; કેંદ્રોત્તરહરસારી; કેંદ્રોત્સર્ગી; દૂરપાતૂક; મધ્યભિદુત્સાગી; 'સેન્ટ્રિફ્યુગલ'.

૨. વિ. મધ્યભિદુમાંથી બાજુ બાજુ.

અધ્યોત્સારી. અધ્યાકર્ષ એવી બે શક્તિઓ છે. વિક્રમ વિલાસ

અધ્વ ૧. [સં.] પું. એ નામના વૈષ્ણવ સંપ્રદાયના એક તત્ત્વજ્ઞાની આચાર્ય; મધ્વાચાર્ય; વેદાંત દર્શનના એ નામના એક આચાર્ય.

વેદાંત દર્શનનાં અન્ય આચાર્યોમાં રામાનુજ, નિંબાર્ક, મધ્વ અને વલ્લભ કેટલીક મુદ્દાની બાબતોમાં શાંકર સિદ્ધાંતથી જુદા પડે છે.

પુરાતત્ત્વ

૨. પું. એ નામનો એક પ્રકારનો ધાર્મિક પંથ

આધુનિક કાળમાં રામાનુજ, મધ્વ, નિંબાર્ક, રામાનંદી, પુષ્ટિમાર્ગીય આદિ કેટલાએક પંથો વિષ્ણુભક્તની ઉપાસનાના પેટા ભાગમાં આવે છે.

વિશ્વજ્યોતિ

અધ્વક [સ.] વિ. મધની માફક મીઠું.

જે આ અધ્વકનો ભોક્તા બનીને ફરી સનાતન, પ્રાણાધાર સમીપે જે તેની પૃહા કરે ન હો.

કઠોપનિષદ

અધ્વમત પું. મધ્વાચાર્યે ચલાવેલો દૈતવાદ.

અધ્વરાતિ [સં. મધુ (એક દૈત્ય) + અરાતિ (શત્રુ)] પું વિષ્ણુ

અધ્વરિ ૧. [સં. મધુ (એ નામે એક રાક્ષસ) + અરિ (શત્રુ)] પું. કૃષ્ણ ભગવાન.

૨. પું ચંદનો દુશ્મન

૩. પું. ચૈત્ર માસ.

૪. પું. વિષ્ણુ

અધ્વર્ય પું. વારંવાર ખૂબ દારૂ પીવો તે.

અધ્વાચારી પું. વૈષ્ણવોનો એ નામનો એક સંપ્રદાય; બ્રહ્મસંપ્રદાય.

અધ્વાચાર્ય [સં.] પું. વેદાંતસૂત્રના એક ભાષ્યકાર; એ નામના એક તત્ત્વજ્ઞાની આચાર્ય; બ્રહ્મસંપ્રદાયના પ્રવર્તક એક આચાર્ય. મધ્વાચાર્યનો જન્મ ઈ.સ. ૧૧૯૯માં દક્ષિણ ભારતમાં તુલુવ નામના ગામમાં થયો હતો. તેના પિતાનું નામ મધિજ ભટ્ટ હતું. પહેલાં તેમનું નામ વાસુદેવ હતું. તેમણે નવ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ત્યારથી જ તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. વિદ્યાભ્યાસ પૂરો કરીને તથા ભક્તિમાર્ગમાં પારંગત થઈને તેમણે ગીતાભાષ્ય બનાવ્યું અને બદરિકાશ્રમમાં ગયા. કહેવાય છે કે, ત્યાં તેમણે પોતાનું પુસ્તક વ્યાસજીને ભેટ ધર્યું. વ્યાસજી પ્રસન્ન થઈ તેમને બસો શાલિગ્રામ આપ્યા. આ બધે શાલિગ્રામોની પ્રતિષ્ઠા તેમણે ઘણી વિધિપૂર્વક સુવર્ણસરોવર, ઉદિપિ અને મધ્યતલના મંદિરોમાં કરી. ઉદિપિમાં તેમણે શ્રીકૃષ્ણની એક મૂર્તિની પણ સ્થાપના કરી હતી. એમ મનાય છે કે, આ મૂર્તિ કોઈ જહાજમાં ડૂબેલી પડી હતી અને તેનો પત્તો તેમને પોતાની દિવ્ય દૃષ્ટિથી જાણ્યો હતો, તેથી તેને કાઢીને તેની સ્થાપના કરી હતી. આ વખતથી ઉદિપિ મધ્વ સંપ્રદાયનું મુખ્ય તીર્થ મનાય છે.

અગિયારમી સદી તે તેના પછીના વૈષ્ણવાચાર્યોનો મુખ્ય ઉદ્દેશ અદ્વૈતવાદને દૂર કરીને ભક્તિ સંપ્રદાય સ્થાપન કરવાનો હતો. જો કે રામાનુજે વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય ચલાવીને શંકરના અદ્વૈતનો પ્રભાવ નાશ કરવાનો પ્રયત્ન કર્યો, છતાં તેમા તેમને પૂર્ણ સફળતા ન મળી. વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતોથી જીવ અને જીવનો પરસ્પર ભેદ સિદ્ધ ન થયો. આથી બારમી શતાબ્દીના વૈષ્ણવાચાર્ય મધ્વાચાર્યને વિશિષ્ટાદ્વૈતનો સિદ્ધાંત સંતોષ આપી ન શક્યો. તેમણે પરમાત્મા, આત્મા અને પ્રકૃતિ ત્રણેને જુદાં માનીને પોતાના નામ ઉપરથી મધ્વસંપ્રદાય ચલાવ્યો. મધ્વાચાર્યે વેદાંતદર્શન અને ઉપનિષદોનું પોતાના સિદ્ધાંતોને અનુકૂળ ભાષ્ય કર્યું. કોઈ પણ પ્રામાણિક ગ્રંથના આશ્રય વિના સફળતા મળતી મુશ્કેલ હોવાથી, રામાયણમાં વર્ણવાયેલાં રામ અને સીતાની મૂર્તિઓની પૂજા ઉપર તેમણે જોર આપ્યું અને પોતાના શિષ્ય નરહરિતીર્થને જગન્નાથમાંથી રામ અને સીતાની મૂર્તિઓ લાવવાને મોકલ્યા. તેમણે ત્યારથી પણ વધારે ધાર્મિક ગ્રંથો રચ્યા છે. વિદ્વાનો અને પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી તેમણે પોતાના સંપ્રદાયનો પ્રચાર કર્યો. તેમણે વિષ્ણુની ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેમના મત પ્રમાણે પ્રભુમાં અનંત અને અક્ષય્ય ગુણો છે. સર્જન, પાલન, નાશ, સર્વ વસ્તુનું શાસન, વિદ્યાદાન, અવતાર, સંસારમાં મનુષ્યોની આસક્તિ અને મોક્ષ એ ઈશ્વરનાં આઠ કર્તવ્ય છે. ઈશ્વર એક જ છે. આત્મા ઈશ્વરથી અને જગતથી જુદો છે અને ઈશ્વર જુદા જુદા અવતાર કરે છે એમ તેઓ માનતા હતા. મધ્વસંપ્રદાયવાળાઓ વૈરાગ્ય, રામ, કરણાસ્તુતિ, ગુરુસેવા, ગુરુમુખથી અધ્યયન, પરમાત્મભક્તિ, પોતાથી મોટાઓમાં ભક્તિ, સમવયસ્કોમાં પ્રેમ અને પોતાથી નાનાંઓ ઉપર દયા, મદ, સંસ્કાર, બધા કાર્યોનું હરિને સમર્પણ, ઉપાસના વગેરે અનેક સાધનોથી મોક્ષની પ્રાપ્તિમાં માને છે. મધ્વના અનુયાયીઓ કપાળમા ગોપીચંદનની બે સીધી રેખાઓ ખેંચીને વચમા એક કાળી રેખા રાખે છે. વચમાં લાલ બિંદુ એટલે ચાંદલો પણ કરે છે. બે ધોળી લીટીઓ નાકના ઉપરના ભાગમાં મળે છે. તેમનાં વસ્ત્રો ઉપર ઘણી વાર શંખ, ચક્ર, ગદા આદિનાં ચિત્રો અંકિત હોય છે. આ સંપ્રદાયનો પ્રચાર કાનડા, મૈસુર અને મલબારના કિનારા ઉપર વધારે છે. મધ્વાચાર્ય પછી પણ વૈષ્ણવોમાં વલ્લભ આદિ સંપ્રદાયોનો ઉદય થયો. મધ્વાચાર્યનું મરણ સંન્યાસાશ્રમમાં થયું હતું. તેઓ વેદવ્યાસસંપન્ન બુદ્ધિશાળી પ્રાણવંત હતા. વિષ્ણુની ભક્તિથી જ વૈકુંઠ પમાય છે અને મુક્તિ આપે છે એમ એમનું કહેવું છે. જીવતત્ત્વ જુદું નથી, પણ પરમધામમાં ચિત્સ્વરૂપ પરમાનંદ મળી રહે છે એવી એમની માન્યતા છે.

મધ્વાધાર જુ. [સં. મધુ (મધ) + આધાર] પું. મધપૂડો.

જ. ભીંત

મધ્વાસવ [સં. મધુ + આસવ] પું. મહુડાંનો દારૂ.

> મધ્વાસવ, માધવક, મધુ અને માધ્વીક એ ચાર નામ મહુડાના દારૂના છે. અમરકોષ

મન ૧ [સં.] સ. ક્રિ. (ધાતુ) કલ્પના કરવી; વિચારવું, ધારવું, માનવું; કબૂલ કરવું. તે ઉપરથી અનેક શબ્દ: મત, મન, મતિ, માનસ, માનસિક, મનસ્વી, મનોમય, મનોજ્ઞ, માનવું, માની, માન, સમાન.

૨. સ ક્રિ. ગર્વ ધરવો; અભિમાન થવું.

૩. સ. ક્રિ. જાણવું; માનવું.

૪. સ ક્રિ. ધારણ કરવું; ધરવું.

૫. સ. ક્રિ. પૂજવું.

૬. સ. ક્રિ. સમજવું

મન ૧ પું એક જાતની વનસ્પતિ; જટામાંસી.

૨. પું. (પુરાણ) બાર આદેશો એ નામનો એક સાધ્યદેવ.

૩. [હિં.] પું. અણ; આલીસ શેરનું માપ.

૪. પું. મણિ; એક કીમતી પથ્થર

૫. પું. કર્ણભૂષણ અલંકારના વજનનો એ નામે એક સોનાનો સિક્કો. તે ચલણી અને જગાશીનો ચોથા ભાગનો હતો.

૬. સ્ત્રી. એ નામની પ્રખ્યાત ગાદીની એક પેટા જાતિ.

૭. ન. ઇચ્છા, મરજી; ભાવ; ગતિ; કંપના.

૮. ન. ઉત્સાહ

૯. ન. (જૈન) જેનાથી વિચાર કરી શકાય એવી આત્માની શક્તિ; વિચાર કરવામાં સહાયક એક પ્રકારનું સૂક્ષ્મ પરમાણુ. મનની એકાગ્રતામાં વિલક્ષણ શક્તિ હોય છે. એકલવ્ય ધનુર્વિદ્યા મન એકાગ્ર કરીને શીખ્યો હતો. મહાન પુરુષો પ્રયત્નથી અને અભ્યાસથી મનની એકાગ્રતા મેળવે છે

૧૦. ન. (કચ્છી) દાણ.

૧૧. [સં. મનસ્] ન. દિલ; હૈયું; અંતઃકરણ, ચિત્ત. અંતઃકરણ. જનાયી જાગણીઓનો જુસ્સો ઉભરાય છે તે અટકવા; બીજી ઇંદ્રિયોને તેમના કાર્ય કરવાની પ્રેરણા કરનાર ઇંદ્રિય; જ્ઞાનેન્દ્રિય; સમજવાની, વિચારવાની અને ઇચ્છા કરવાની અંતરિંદ્રિય. ડૉ. જગદીશચંદ્ર બોઝની પ્રયોગશાળામાં એક યંત્ર છે. તે ઓરડીમાં આવ્યા આવે કે તરત જ તેના આવવાથી ઓરડીની હવાની ગરમીમાં જે અત્યંત સૂક્ષ્મ ફેરફાર થાય તે તે નોંધે છે. એટલે કે, નોંધનાર યંત્ર જેટલું વધારે ચોકસાઈવાળું, તેટલું તે સૂક્ષ્મ અને ચોક્કસ ગમ કરી શકે. આપણું મન એવું જ યંત્ર છે. વસ્તુમાત્રની અનેકવિધ છાપ આપણા મન ઉપર પડે છે. સાંખ્યદર્શન અનુસાર દસ ઇંદ્રિયો, બુદ્ધિ, અહંકાર અને મન મળી તેર પ્રકારનાં કરણો છે. દસ ઇંદ્રિયો બાહ્યકરણ કહેવાય છે. બુદ્ધિ, અહંકાર અને મન એ અંતઃકરણ કહેવાય છે. ઇંદ્રિયોના વ્યાપારમાં મનનું પ્રાધાન્ય, મનન, વ્યાપારમાં અહંકારનું પ્રાધાન્ય અને અહંકારના વ્યાપારમાં બુદ્ધિનું પ્રાધાન્ય છે મનના સંબંધ સિવાય કેવળ ઇંદ્રિયોથી જ્ઞાન થતું નથી. માટે ઇંદ્રિયો કરતાં મન મુખ્ય છે. ભગવદ્ગીતામાં કહ્યા મુજબ ઇંદ્રિયોમાં એક અંતઃકરણરૂપે પરમાત્માનો પ્રતિનિધિત્વવાળું સત્ત્વાત્મક ઇંદ્રિયોને પ્રેરનારું, સ્વાધીન કરી શકાય નહિ એવું ચંચળ, નિરૂપણ કરી શકાય નહિ એવું અને અદૃશ્ય, જે બુદ્ધિનું રૂપ છે તે મન છે. પદાર્થપ્રવેશિકા અનુસાર સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, સંસ્કાર એ આઠ ગુણો મનના છે. સાંખ્યદર્શન અનુસાર મન જ્ઞાનેંદ્રિય સ્વરૂપ છે અને કર્મેંદ્રિય સ્વરૂપ પણ છે, કારણ કે તે બને પ્રકારની ઇંદ્રિયોનું પ્રવર્તક છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે, અગિયારમું મન પોતાના સંકલ્પરૂપ ગુણથી ઇંદ્રિય પણ છે અને જ્ઞાનેંદ્રિય પણ છે, વૈશેષિક દર્શનમાં મનને એક અપ્રત્યક્ષ દ્રવ્ય માનવામાં આવ્યું છે. સમસ્ત ચેતના વ્યાપારો, વિચારો, જાગણીઓ જેવી કે, રાગ, દ્વેષ, ઇચ્છા, ધ્યાન, સ્મરણ વગેરે સર્વ વ્યાપારોના અધિકરણને મન કહ્યું છે. એનો ધર્મ સંકલ્પવિકલ્પ કરવાનો બતાવ્યો છે તથા તેને ઉભયાત્મક લક્ષેલ છે, અર્થાત્ તેમાં જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય બંનેનો ધર્મ છે. યોગસાહમાં તેને ચિત્ત કહ્યું છે બૌદ્ધ વગેરે તેને છઠ્ઠી ઇંદ્રિય માને છે છાંદોગ્યોપનિષદના કહેલા પ્રમાણે: જે અન્ન ખવાય છે તેનું સ્થૂળ પરિણામ વિષ્ટા, મધ્યમ પરિણામ માંસ અને જે સૂક્ષ્મ પરિણામ છે તે મન છે. પંચદશી સારસંગ્રહમા જણાવ્યા પ્રમાણે તે જ્ઞાનેંદ્રિયોનુ ને કર્મેંદ્રિયોનું પ્રેરક છે અને તે હૃત્પદ્મમાં રહે છે. તે શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિયોની સહાય વિના શબ્દાદિ વિષયોને ગ્રહણ કરી શકતું નથી અને વાગાદિ કર્મેંદ્રિયોની સહાય વિના બહારની ક્રિયા કરી શકતું નથી. એ મન શબ્દાદિ ગુણદોષનો વિચાર કરનારું છે. એ

મનમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એવા ત્રણ ગુણ રહેલા છે. સત્ત્વગુણને લીધે મનમાં વિરાગ, ક્ષમા, ઉદારતા અને શાંતિ આદિ ગુણો ઉત્પન્ન થાય છે. રજોગુણને લીધે ક્રમ, ક્રોધ, લોભ અને દ્વેષ કામનો આવેશ ઉત્પન્ન થાય છે અને તમોગુણને લીધે તેમાં આળસ, ભ્રમ અને તંદ્રા આદિ દોષો જોવામાં છે. વિરાગાદિ સત્ત્વગુણના ધર્મ વડે પુણ્યની ઉત્પત્તિ થાય છે, કામાદિ રજોગુણના ધર્મો વડે પાપની ઉત્પત્તિ થાય છે અને આલસ્યાદિ તમોગુણના ધર્મો વડે પુણ્યપાપની ઉત્પત્તિ ન થતાં આયુષ્ય નકામું વ્યતીત થાય છે. અંતઃકરણ ને ઇંદ્રિયાદિનો સ્વામી જીવ છે. પ્રશ્નોપનિષદમાં જન્મના પ્રશ્નો પ્રકૃતિનાં સૂક્ષ્મ રૂપોમાં મન એક છે. જીવનમાં સર્વેંદ્રિય નાયક છે. મનમાં જેવા તરંગો ઊઠે તેવો આત્મા પોતાને માને છે આત્મા સ્વરૂપને ભાગ્યે જ જુએ છે, આથી એ મનથી જ ભરપૂર રહે છે જ્યારે મનોમય આત્મા વાસનામય રહે છે; કેમકે મન એ વાસનાઓનો અક્ષય સમૂહ છે એ ભોગપ્રધાન વાસનાથી ઘેરાયેલ જીવ અનુપ વાસના ભોગવવાને માટે શરીર ધારણ કરે છે અને આથી એ મનોમય આત્મા જીવાત્માએ કરેલાં કર્મ પ્રમાણે શરીર ધારણ કરે છે. ઈશ્વર અને ગુરુની ભક્તિ સિવાય તમામ વાસનાનો ક્ષય કરવો તે વિશુદ્ધ મન કહેવાય. આ ચૈતન્યરૂપી પરમાત્મા મનથી જ પ્રાપ્તવ્ય છે; પણ મન તો પરમાત્મામાં જઈ શકતું નથી તો પછી જેમ જેમ મને તેનો ખુલાસો કરતા કઠોપનિષદમાં આચાર્યદેવ કહે છે કે, સુસંસ્કૃત મન અર્થાત્ પવિત્ર મન આત્માભિમુખ થાય છે અને તે જ ઊંચે આત્મદર્શન માટે પૂરી સાધકાત આપે છે. શાંખ્યમત પ્રમાણે જેમ લોહામાં અગ્નિ હોવાથી લોહું બાળે છે એમ કહેવાય છે, પણ ખરી રીતે લોહામાં રહેલ શક્તિ અગ્નિને લઈ ને આવી છે; તેમ મન આદિ ઇંદ્રિયો પણ પરમાત્માની શક્તિથી જ પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરવા શક્તિમાન છે. ઉપનિષદમાં પણ લખ્યું છે કે ઇંદ્રિયોમાં શક્તિ મૂકનાર પરમેશ્વર છે તેથી સિદ્ધ થાય છે કે ઈશ્વર જ મહદાદિ અંતઃકરણોના અધિષ્ઠાતા છે.

ખલિયુ ઉદ્વેગી મન દૃઢ પ્રભુ ! ચપળ અને,
કૃ માનું કૃ તેનો નિગ્રહ અમરો બાપુની પાકે.
મહાબાહુ ! નકી નિગ્રહ કપરો ચપળ મન,
તથાપિ અભ્યાસે અધીન થઉ વૈરાગ્યથી ય તે.

ગીતાપંચામૃત

૧. ખરા મનથી = અંતઃકરણપૂર્વક; સાચા દિલથી.

૨. ખુલ્લું મન = નિખાલસ મન.

૩. મન અટકવું-ઊંડાણવું = પ્રેમમાં પડવું

૪. મન અસ્થિર હોવું = જીવ ઊંચક હોવો; ધ્યાન ન લાગવું

૫. મન આપવું દેવું = (૧) કોઈ ઉપર અસક્ત થવું, મોહિત થવું (૨) ધ્યાન આપવું; જીવ આપવો. (૩) પોતાની ઇચ્છા બીજાને જણાવવી; મનનો ભેદ જણાવવો (૪) મન લગાડવું.

૬. મન અંજળ થવું = કશું ન સૂઝવું.

૭ મન ઊપર ધારવું-લેવું = જીવ બાંધીને કામ કરવું; ધ્યાન આપવું, લક્ષ ઉપર લેવું

૮. મન ઊકલવું = મન ખાલવું.

૯. મન ઊઠવું-ઊતરવું-ઓસરવું = (૧) મન ઊતરી જવું; અપ્રીતિ થવી; અભાવ કે ધૃણા થવી; અભાવ આવવો, નહિ ગમવું; નહિ ઓઢવું; ઇચ્છા જતી રહેવી, (૨) વૈરાગ્ય ઉત્પન્ન થવો.

૧૦ મન [illegible] ગમવું = ચિત્ત ન લાગવું; ઓકિતા ધરા, મન થતાં ધંધો કરવો કે આરંભ કરી કરી

૧૧. મન ઊપજવું = મનમાં વિચાર થવો.

૧૨. મન ઊંચું થવું = (૧) નાખુશ થવું; દિલ દુભાવું. (૨) મનમાં જાગવું; ધ્યાનોક્ત પાર ન પડવાથી અસંતોષ થવો. (૩) સ્નેહ તૂટવો, ભેદાતી થવો.

૧૩. મન કરવું = ભાવ કે ઇચ્છા કરવી; ધ્યાનવું; ચાહવું, રચવા કરવી.

૧૪. મન કહે હું માણિયે ભેસું, અને કર્મ કહે હું કોઠીમાં પેસું = જેવું મન તેવો માનવી.

૧૫. મન ખરાબ થવું = (૧) અપ્રસન્ન થવું; નારાજ થવું. (૨) બીમાર થવું; માંદા પડવું.

૧૬. મન ખાટું કરવું = નાખુશ કરવું, દિલગીર કરવું, દિલ નારાજ કરવું

૧૭. મન ખાટું થવું = નાખુશ થવું; દિલગીર થવું; દિલ ઊતરી જવું; મન કચવાવું, નારાજ થવું

૧૮. મન ખેંચવું-ઢોરવું = ધ્યાન ખેંચવું.

૧૯. મન ખોલવું = (૧) નિખાલસ મનથી કહેવું; કપટ કે અંદેશો રાખ્યા સિવાય કહી દેવું; મનની ગુપ્ત વાત બહાર પાડવી. (૨) નિષ્કપટ થવું; શુદ્ધ હૃદયનું થવું. (૩) મનમાં જે હોય તે બધાં આંચકો આપે કહી દેવું; પોતાના મનને જે કંઈ બોજા રૂપ લાગતું હોય તે સામાને જણાવી દેવું.

૨૦. મન ગળવું-પીગળવું = દયાર્દ્ર થવું.

૨૧. મન ચકડોળે ચડવું = (૧) કોઈ પણ નિર્ણય ન થઈ શકે તેવી સ્થિતિમાં મન મુકાવું; મન અસ્થિર થવું. (૨) મનનું ભટકવું.

૨૨. મન ચડવું = યાદ આવવું; સાંભરવું

૨૩. મન ચમા તો ઘેર બેઠાં-કયરોમાં ગંગા = ભાવ તેવી ભક્તિ, ભાવના તેવી સિદ્ધિ; મળે તો દેવ નહિ તો પથ્થર.

૨૪. મન ચાલવું = જીવ ચાલવો; ઇચ્છા થવી.

૨૫. મન ચાહે તે-સો કરે = (૧) મન ઉપર લીધેલું કામ જરૂર થાય. (૨) મન કબારે કરી બેસે તેનો ભરોસો નહિ.

૨૬. મન ચોખ્ખું રાખવું = (૧) મનમાં કપટ કે પાપ ન પેસવા દેવું. (૨) મનમાં કપટ રાખ્યા સિવાય કે બીજાથી કંઈ ગુપ્ત રાખ્યા સિવાય પોતાના મનમાં જે હોય તે બરોબર સંપૂર્ણ રીતે કહી દેવું.

૨૭. મન ચોટવું-લાગવું = (૧) ધ્યાન લાગવું. (૨) પસંદ થવું; ગમવું. (૩) મોહમાં પડવું; પ્રીતિ થવી

૨૮. મન ચોરવું = (૧) દગો દેવો થવું. (૨) દિલગીર થવું; પસ્તાવો કરવો, (૩) ધ્યાન ન આપવું. (૪) મન લગાડીને કામ ન કરવું. (૫) મનની વાત ન કહેવી. (૬) સામાનું મન મુખ કરવું.

૨૯. મન ચોરવું = આનાકાની કરવી.

૩૦. મન જાણે હોબળો = કરેલ પોતાની હોશિયારી બીજા કરતાં વધુ સમજે છે.

૩૧. મન જાણે પાપ અને મા જાણે બાપ = જેની અસર જેને પડતી હોય તેને પડે.

૩૨. મન જોડે વાત કરવી = (૧) ગોખણ વાત કરવી. (૨) તુલનાશક્તિથી ખરાખોટાનો વિચાર કરવો; પરિણામ ઉપર ધ્યાન રાખી વિચાર કરવો.

૩૩. મન જોવું-વર્તવું = (૧) મનમાં શું છે તે તપાસવું. (૨) સામાનો ભાવ જોવો; પારખું જોવું; સામાની મરજી કે મતલબ સમજવી કે જાણવી.

૩૪. મન ઠારું કરવું = મનને તૃપ્ત કરવું.

૩૫. મન ઠરવું = સંતોષ પામવું; ખુશી થવું; રાજી થવું.

૩૬. મન ડોલવું = (૧) મનનું અસ્થિર થવું; મનનું ચંચળ થવું. (૨) આલસ્ય ઉત્પન્ન થવું; લોભ થવો.

૩૭. મન ડોલાવવું = (૧) મન ચલાયમાન કરવું; મનમાં ચંચલતા ઉત્પન્ન કરવી. (૨) લોભ દેખાડવો.

૩૮. મન ઢચુપચ્યું-ઢાચું હોવું = નિશ્ચય વિનાનું મન થવું.

૩૯. મન તો માંકડું છે = મન ચંચળ છે.

૪૦. મન તોડવું = ઉત્સાહ ભંગ કરવો.
૪૧. મન થવું = મરજી થવી; ભાવ થવો
૪૨. મન દઈને = ધ્યાન દઈને
૪૩. મન દઈને કરવું = કાળજીપૂર્વક કરવું.
૪૪. મન દોડવું = (૧) કલ્પનાએ ચડવું. (૨) તીવ્ર ઇચ્છા થવી.
૪૫. મન દોરવું = ધ્યાન ખેંચવું
૪૬. મન ધાર્યું થતું હોય તો પછી જોઈએ છે શું ? = ધાર્યું ધણીનું થાય છે
૪૭. મન નહિ તેની મંછા પણ નહિ = જે વસ્તુ મેળવી ન શકાય તેની ઇચ્છા પણ ન કરવી
૪૮. મન નીચું થવું = નીચ વૃત્તિ થવી.
૪૯. મન પર આવવું-ધરવ-જેવું = (૧) ધ્યાન આપવું. (૨) નિશ્ચય કરવો.
૫૦. મન પરોવવું = ચિત્ત લગાડવું
૫૧. મન પીગળવું = દિલમાં દયા આવવી
૫૨. મન કરવું = (૧) પૃચ્છા થવી; તિરસ્કાર ઉત્પન્ન થવો. (૨) વિચાર બદલવો.
૫૩. મન ફેરવવું = ચિત્તને હઠાવી લેવું; વિચાર બદલવો.
૫૪. મન બહેલાવવું = આનંદ કરવો; ખુશ થવું.
૫૫. મન બળવું = સંતાપ થવો; દુઃખ બળવો.
૫૬. મન બાળવું = દુઃખ બાળવો; સંતાપવું; નાખુશ કરવું કે થવું; ચિંતા કે શોક કરાવવો કે થવો.
૫૭. મન બેસવું-બાજવું = (૧) અનુરાગ થવો; પ્રીતિ બાજવી. (૨) મોકળું; ઇચ્છવું; પસંદ પડવું
૫૮. મન ભમવું = દુઃખ કે ચિંતાથી ન હોવો.
૫૯. મન ભરવું = (૧) તૃપ્ત કરવું; સંતોષ આપવો કે થવો. (૨) વિશ્વાસ બેસવો; નિશ્ચય થવો.
૬૦. મન ભંગ થવું = નાહિમ્મત થવું; હિંમત હારી જવું.
૬૧. મન મારી કરવું = દુઃખી થવું; ઉદાસ થવું.
૬૨. મન ભારે થવું = ક્રોધ થવો; દિલગીરી થવી.
૬૩. મન ભાવવું = મનને ગમવું; પસંદ પડવું.
૬૪. મન ભાંગી જવું = નિરાશ થઈ જવું; નાહિમ્મત બની જવું; નાસીપાસ થઈ જવું.
૬૫. મન મનાવવું = (૧) અંતઃકરણ કબૂલ કરે તેમ કરવું. (૨) ખુશી કરવું; સંતોષ કરાવવો; રાજી કરવું. (૩) સમજાવવું
૬૬. મન માનવું = દિલ લાગવું; એકમત થવું; મિત્રતા થવી; દોસ્તી થવી; પ્રેમ થવો.
૬૭. મન માનવું = (૧) અનુરાગ થવો; પ્રેમ થવો. (૨) અમુક ખાસ્યત મનમાં ઊતરવી; કબૂલ કરવું (૩) ખાતરી થવી. નિશ્ચય થવો; પ્રતીતિ થવી; અંતઃકરણ માનવું. (૪) ખુશી થવું; રાજી થવું. પ્રસન્ન થવું. (૫) ધીરજ આવવી (૬) પસંદ આવવું; ગમવું; માફક આવવું. (૭) સંતોષ પામવો. સંતોષ લેવો.
૬૮. મન માને તેમ = ગમે તેમ; ઇચ્છા મુજબ
૬૯. મન માને ત્યાં = પોતાને ગમે ત્યાં.
૭૦ મન માન્યું = (૧) ઇચ્છા મુજબનું. (૨) પુષ્કળ; મન ફરાવ જેટલું.
૭૧ મન માન્યું ત્યાં ભમત રહી જોવરી ? = વહાલાંમાં વટાળ નહિ; ઘરેઘર આંધળો છે.
૭૨. મન માન્યું = (૧) ઇચ્છા દાબવી. (૨) ઉદાસ થવું; ખિન્નચિત્ત થવું. (૩) મન વશ રાખવું; વૃત્તિઓ અંકુશમાં રાખવી; ઇંદ્રિયોને મોજ હદમાં રાખવી; ઇંદ્રિયો અહેડો ન ભમે એમ કરવું (૪) મનનો નિગ્રહ કરવો; મન ઓટકાવવું; લાગણીના ઝુરમાને દબાવી રાખવો; મનના આવેગ કે વૃત્તિને રોકવાં.
૭૩. મન મારી રહેવું = ધીરજથી દુઃખ સહન કરવું
૭૪. મન મારીને બેસી રહેવું = (૧) ઇચ્છા દાબવી. (૨) ધીરજથી સહન કરવું
૭૫. મન મારેલ = (૧) દુઃખી; ઉદાસ; ખિન્ન હૃદયનું. (૨) મનના નિગ્રહવાળું.
૭૬. મન મિલાવવું = એકમત થવું
૭૭. મન મૂકવું = કૂડકપટ ન રાખવું; ભેદ કે પ્રપંચ ન રાખવો; મન ખોલવું.
૭૮. મન મૂકીને-મેલીને = ખુલ્લા મનથી. મનમાં કંઈ કપટ કે ભેદ રાખ્યા વિના.
૭૯. મન મૂંઝા વિના માણું મૂંઝવું શું ગમવું ? = મનને વશ કર્યા સિવાય બેબ લેવાથી કાંઈ ફાયદો થતો નથી
૮૦. મન મેલું કરવું = (૧) અપ્રસન્ન રહેવું. (૨) ઉદાસ હોવું; અપ્રસન્ન થવું. (૩) કપટ કરવું.
૮૧. મન મેલું હોવું = મનમાં કપટ હોવું.
૮૨. મન મોકળું-મોકું રાખવું = (૧) ઉદાર થવું. (૨) દિલ ખોલીને બોલવું
૮૩. મન મોકું કરવું = (૧) ઉદાર દિલનું થવું. (૨) સખી કે દાનશૂર થવું. (૩) સમદૃષ્ટિ રાખવી.
૮૪. મન મોળું પડવું = (૧) દિલ ઊઠી જવું. (૨) ક્રોધ કમી થવી. (૩) હિંમત થવું.
૮૫. મન રાખવું = કહે તેમ કરવું; બીજાનું કહ્યું માનવું; ઇચ્છા પૂરી કરવી.
૮૬. મન રાજી રાખવું = મન ખુશી રાખવું; મન ખુશી કરવું.
૮૭. મન લગાડવું = (૧) ધ્યાન આપવું (૨) પ્રેમમાં પડવું. (૩) વિનોદ કરવો; મનની ઉદાસીનતા મટાડવી.
૮૮. મન લલચાવું = લોભ થવો; ઇચ્છા થવી.
૮૯. મન લાગવું = (૧) દિલ લાગવું; ગમવું. (૨) મોહમાં પડવું
૯૦. મન લેવું = (૧) કોઈના વિચાર જાણી લેવા. (૨) મોહ પમાડવું.
૯૧. મન વોળાવવું = લલચાવવું.
૯૨. મન વળવું = મન પારખવું.
૯૩. મન વાળવું = (૧) ઇચ્છા મટી જવી. આવનાનો લય થવો. (૨) મનનું સમાધાન થવું; મનને સંતોષ થઈ જવો. (૩) માની લેવું; સંતોષાવું.
૯૪. મન વાળવું = આશ્વાસન આપવું.
૯૫. મન વાળવું = સંતોષે બેસવું; થવું. કોરવું, અનુકૂળ થવું અને હવે મન કરવાની જરૂર નથી એમ માની લેવું; મન જાત રાખવું.
૯૬. મન વિના મળવું ને હેત વિના હળવું = મનનાં કોડો સારું સાગે નહિ; મનનાં પકવાન કરતાં મનનો સૂકો રોટલો સારો, જે ઘેર આદર નહિ, ત્યાં બીજા ઘડા હોય તોપણ જવું નહિ.
૯૭. મન વીખરાઈ જવું = દિલ ઊઠવું; મજારાવું; કોઈ સાથ ન પડે એવી મજબૂરીવાળી સ્થિતિમાં હોવું.
૯૮. મન સાથે વાત કરવી = વિચારી લેવું; અંતરમાં પૂછવું.
૯૯. મન સાંકડું કરવું = કરકસરિયું થવું; કંજૂસપણું કે સંકુચિતપણું દાખવવું.
૧૦૦. મન હરવું = (૧) મોહ પમાડવું; મુગ્ધ કરવું; પોતાના ઉપર આસક્ત કરવું. (૨) હૃદય ચોરી જવું.
૧૦૧. મન હળવું કરવું = (૧) મનમાંથી ચિંતા કાઢી નાખવી. (૨) હૃદય ખોલવું.
૧૦૨. મન હાથ કરવું = વશ કરવું, તાબે કરવું.
૧૦૩. મન હિંડોળે ચડવું = મન સ્થિર ન હોવું.
૧૦૪. મન હોય તો માલવે જવાય = મન ચહે તે કરે; ઇચ્છા હોય તો કાર્ય થાય
૧૦૫. મનથી ઊતારવું = (૧) ભુલાવું; યાદ ન હોવું કે કરવું. (૨) મનમાં પહેલાંના જેટલો આદરભાવ ન રાખવો; તિરસ્કાર કરવો, ધૃણા કરવી.

૧૦૬. મનથી ઊતરી જવું = ગાહકના ઘટથી; ખાર ઓછો થવો કે ન રહેવો; પ્રેમ ઓછો થવો.

૧૦૭. મનના લાડુ ખાવા = નકામી આશા ઉપર રાજી થવું; જે અશક્ય કે દુઃસાધ્ય હોય તેની વાત ઉપર વિચારીને રાજી થવું.

૧૦૮. મનનું કપટી-ખોટું-મેલું = મેલા મનનું; અંદરથી કપટી; લુચ્ચું

૧૦૯. મનનું ખોટું = દિલ વગરનું; ઇનસ્ત વિનાનું.

૧૧૦. મનનું પાણી ઢોળી નાખવું = સરામમાં નાખવું.

૧૧૧. મનનું પોચું-બોળું = (૧) નરીબ; દીન; કુમળી જાતીનું; દિલને જલદી અસર થાય તેવું; નરમ દિલવાળું. (૨) બીકણ; ધીરજ કે હિમત મૂકી દે તેવું.

૧૧૨. મનનું મનમાં રહી જવું = (૧) ધમ્મઓ દર્શાવી ન શકવો. (૨) ધારેલી મુરાદ પાર ન પડવી; ધમ્મ પૂરી ન થવી; ધમ્મઓ પરિપૂર્ણ ન થવી. (૩) મનની વાત જાહેર કરી ન શકવી.

૧૧૩. મનનું મોજી = મરજી મુજબ ચાલનાર; સ્વેચ્છાચારી

૧૧૪. મનનું સૂઝયું = મનમાં આવેલું

૧૧૫. મનનો આબળો-ડામ = (૧) અપમાન. (૨) અંટસ; ઠેસ. (૩) માનસિક બળા.

૧૧૬. મનનો ધાર ધામવો = છૂપું રહસ્ય જાણવું; મનની અંદરની ગુપ્ત વાત જાણવી.

૧૧૭. મનનો ભરમ = શંકા; વહેમ.

૧૧૮. મનનો મલીદો = નકામી આશા.

૧૧૯. મનનો મેલ =(૧) અંતરની ગુપ્ત વાત. (૨) છળકપટ; પેચ; પ્રપંચ. (૩) દુર્ગુણ.

૧૨૦. મનનો રાજા = મરજી પ્રમાણે વર્તનાર; કોઈનું કહ્યું નહિ સાંભળનાર.

૧૨૧. મનમાં આણવું = (૧) ખોટું લગાડવું. (૨) શામરી થવા દેવી. (૩) લેખામાં લેવું, દરકાર કરવી; લેખવવું. માનવું. (૪) સોચવું; ધ્યાન આપવું; વિચાર કરવો.

૧૨૨. મનમાં આવવું-ઊતરવું = (૧) ધમ્મ થવી. (૨) મનને ખરું લાગવું. (૩) મરજી થવી. (૪) સમજ પડવી; ધ્યાનમાં આવવું. (૫) યાદ આવવું. (૬) વિચાર આવવો.

૧૨૩. મનમાં આવે તેમ બોલવું નહિ ને ભાવે તેટલું ખાવું નહિ = જેમ તેમ બરડવું નહિ અને કોઈ બાબતમાં મર્યાદાનું ઉલ્લંઘન ન કરતાં શોભતું કરવું.

૧૨૪. મનમાં ઊગવું = આપોઆપ સ્ફુરણા થવી.

૧૨૫. મનમાં ગાંઠ વાળવી = (૧) ઠરાવ કરવો; મનમાં નિશ્ચય કરવો; નક્કો કરવું. (૨) યાદ રાખવું; વિસરી ન જવાય એમ કરવું.

૧૨૬. મનમાં ઘોળાવું = મનમાં આન્ધા કરવું; મનમાં ગૂંચવાયા કરવું.

૧૨૭. મનમાં ચરેડો પડવો = (૧) ભ્રામકો પડવો. (૨) નિરાશ થવું.

૧૨૮. મનમાં દોડવું = (૧) કલ્પનાવિહાર કરવો. (૨) તીવ્ર ઇચ્છા હોવી. (૩) મનનું ભટકવું.

૧૨૯. મનમાં ધારવું = (૧) કલ્પવું. (૨) નિશ્ચય કરવો.

૧૩૦. મનમાં પરણવું અને મનમાં રાંધ્યું = ખાલે વિચાર કરવો અને માંડી વાળવો

૧૩૧. મનમાં પેસી નીકળવું = પારકાની વાત જાણવી; સામાના મનની તમામ વાતથી જાણીતા થવું; બીજાના મનની વાત જાણી લેવી. .

૧૩૨. મનમાં ફુલાવું-ફૂલવું (૧) = મગરૂરી કરવી. (૨) હરખાવું; ખોટો હરખ આવવો; મનમાં ને મનમાં હરખાવું.

૧૩૩. મનમાં બડબડવું = (૧) ચિંતાનું કારણ ન દર્શાવવું. (૨) પોતાની મેળાએ જ બબડ્યા કરવું.

૧૩૪. મનમાં બળવું = અદેખાઈ થવી.

૧૩૫. મનમાં ભાવવું અને મુઠી વાળવી = મરજી હોય પણ જાહેરથી નામરજીનો દેખાવ કરવો.

૧૩૬. મનમાં મહાલવું = અંતરથી ખુશી થવું; મનમાં ને મનમાં હરખાવું.

૧૩૭. મનમાં મુકાવું = (૧) છૂપી રીતે મંજૂરમણ થવી. (૨) નિશ્ચય ન થવો.

૧૩૮. મનમાં રાખવું = (૧) ગુપ્ત રાખવું. જાહેર ન કરવું; છાનું રાખવું. (૨) યાદ રાખવું; ન ભૂલવું.

૧૩૯. મનમાં રાજી અને આંખમાં આંસુ = ખોટો દેખાવ.

૧૪૦. મનમાં સમાસ હોવો = ધમ્મની હદની અંદર હોવું

૧૪૧. મનમાંથી ઊતરી જવું = (૧) પ્રીતિ ખોવી. (૨) વિસરી જવું.

૧૪૨. મનમાંથી-મન ઉપરથી કાઢી નાખવું = વિસરી જવા પ્રયત્ન કરવો; મનમાંથી દૂર કરવું.

૧૪૩. મને કહ્યું ન કરવું = (૧) આજ્ઞાભંગ થવું. (૨) મન ન માનવું; મન સંતુષ્ટ ન થવું.

૧૪૪. મનોમન સાહો = (૧) એકબીજાના મનમાં પરસ્પર મળવાનો વિચાર થતાં મળી જવું તે. (૨) એકબીજાના વિચાર સરખા આવવાપણું.

૧૪૫. મેલા મનનું = અપ્રામાણિક; કપટી મનવાળું

૧૪૬. મોળું મન = ખુલ્લું કે ઉદાર મન; સંકોચ વગરનું મન.

૧૪૭. મોટા મનનું = (૧) ઉદાર. (૨) પરોપકારી બુદ્ધિનું.

૧૪૮. મોટું મન = ખુલ્લું કે ઉદાર મન; સંકોચ વગરનું મન.

૧૪૯. મોળું મન = નાખુશી

૧૨. ન. ધારણા; વિચાર.

૧૩. ન. (ન્યાય) નવ દ્રવ્યોનું એક દ્રવ્ય. નવ દ્રવ્યો: પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન.

૧૪. ન. મનઃશિલા.

૧૫. ન. સંકલ્પવિકલ્પ વગેરે કરનારી છઠ્ઠી ઇંદ્રિય; સંકલ્પવિકલ્પ કરવાની અંતઃકરણની બાર મુદ્રામાંની એક વૃત્તિ; સુખદુઃખાદિના સાક્ષાત્કારરૂપ ઉપલબ્ધિનું કારણ ઇંદ્રિય.

ચિત્ત, ચેત, હૃદય, સ્વાન્ત, હૃદ, માનસ. મન એ સાત નપુંસક નામ મનના છે. અમરકોષ

૧૬. ન. સોળ માશાનો એક વિકાર.

૧૭. ન. રમરણશક્તિ; યાદદાસ્તશક્તિ.

મનઈ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૫ વર્ણથી ૬૪ માત્રા હોય છે.

૨. [હિં.] પું. મનુષ્ય; માણસ.

૩. પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એક વિષમમાત્રામેળ છંદ. તેના પહેલા પાદમાં રગણ, જગણ અને નગણ મળી નવ વર્ણ, બીજા પાદમાં બે તગણ અને રગણ મળી નવ વર્ણ, ત્રીજા પાદમાં રગણ, જગણ, નગણ અને લઘુ મળી દસ વર્ણ અને ચોથા પાદમાં બે નગણ અને રગણ મળી નવ વર્ણ હોય છે.

મનકલ્પિત ૧. વિ. જૂઠું; ઢોંગી.

૨. [સં.] વિ. નવીન બનાવટ હોય એવું; નવેસરી કાઢેલું.

૩. વિ. મનની કલ્પનાનું; તરંગરૂપ; બનાવટી; તરંગી.

મનકા ૧. [હિં.] પું. જાંબાના ઠાકડાનો મણકો.

મનકા ઢાળવો = મરી જવું; મૃત્યુ વખતે કોઈ દળી જવી.

૨. પું. પારો; મણકો.

૩. [સં. મણિ] પું. મણકો; મણિ.

૪. સ્ત્રી. અવાજ નળી; કંઠનાળ; કંઠનળી
તેને કંઠનાળ અથવા અવાજ નળી અથવા મનકો કહે છે. ભારદ્વાજ

મનકામ ન. મનકામના
મનકામ પૂરી નથી કે કૂળે. કાન્યકુબ્જ

મનકામના [સં મનસ્ (મન) + કામના (ઇચ્છા)] સ્ત્રી ભાવના; મનની ઇચ્છા; મુરાદ; મનોરથ; વાંછના; અભિલાષા.

મનખા [સં મનુષ્ય] વિ. મનુષ્યનું
અહિંથી મોંઘો મનખા જન્મ તમારી સેવા વિના અકારણ જાય છે. વેણીભૂષણ વિવેક

મનખા દેહ [સ મનુષ્ય + દેહ] પું. મનુષ્યદેહ.

મનખો ૧. પું. જિંદગી; જીવન; જીવતર; જન્મ-મરો; અવતાર.
૧. મનખો એળે જવો = જીવન નિરર્થક જવું.
૨. મનખો ભગાડવો = જીવતર એળે ગુમાવવું.
૨. પું. મનુષ્ય તરીકેની જિંદગી; માણસનો અવતાર; નરદેહ
મનખો લેખે = (૧) દોજની કીર્તિને હાનિ કરવી; પ્રતિષ્ઠા ધૂળમાં મેળવવી. (૨) જીવ ખેરો. (૩) ત્રાસ આપવો.
૩. પું. માણસનું ટોળું, માણસની ભેદની. જેમકે, મનખો ભરાણો છે.
૪. પું. માણસપણું; માણસાઈ; મનુષ્યત્વ.

મનખ્યો ૧. પું. મનુષ્ય અવતાર.
મારો મનખ્યો જન્મો એળે ગઈ ગયો. રાવજી
૨. પું. માણસોનો સમુદાય.

મનગઢ સ્ત્રી. એક જાતનું ઘરેણું.
મનમઢ જનને અલેખાની લાગ રે,
કણ સહિત કનક કર મૂડ્યો રે.
દ.ન.રામ

મનગમતું ૧. વિ. મનને ગમે તેવું; મનપસંદ; મોડતું
૨. વિ. રુચતું; ભાવતું; રસભર.
૩. વિ. સંતોષપ્રદ; મનોરંજક.
૪. વિ સુંદર; પ્રિય; રમ્ય લાગે એવું.

મનગમાડો (મનગમાડ઼ો) પું. મનોરંજન; મનરમાડો.

મનગમી વિ. સ્ત્રી. મનગમતી.
બહારવટું કર્યા પૂર્વે મનગમી વાતો સહુ તો ભળી. વડતાલ્યાન

મનગમો પું. મનની રુચિ.
તમારે સૌએ એકબીજાને કેમ સંભાળી લેવાં અને કેમ સુધારવાં કે પાંસરાં કરવાં એ હવે તમારી ચતુરાઈનું અને તમારા મનગમાનું કામ છે. અસ્તવ્યસ્ત

મનગંઠો પું. ઓળાને હાથમાં પહેરવાનું સોનાના પારાવાળું એક ઘરેણું.

મનચક્ર ન. (યોગ) હૃત્પદ્મ: હૃદયરૂપી કમળ તેની આઠ પાંખડીઓ છે, ને દરેક જુદા જુદા રંગની હોય છે. તેમાં ઓગણ્યુંની પાંખડીમાં જોગી પોતાના તૈજસનું અનુસંધાન કરી, તેનો સુષુમ્ણામાં પ્રવેશ કરાવી તેને સહસ્રારમાં અર્પ અર્પ સ્થિર કરે છે

મનચક્રનું કોષ્ટક નીચે પ્રમાણે છે.

પાંખડીની દિશા	પાંખડીનો રંગ	પ્રત્યેક પાંખડીમાં તૈજસની વિશેષ સત્તાના પ્રભાવે જીવમાં જાગતી મનોવૃત્તિઓ
પૂર્વ	ધોળો	ધૈર્ય, ઔદાર્ય, ધર્મબુદ્ધિ ને વફાનો લોભ
અગ્નિ	રાતો	પરિતાપ દીર્ઘસૂત્રતા, નિદ્રા, આલસ્ય ને પ્રમાદ.
દક્ષિણ	કાળો	ક્રોધ, ક્રૂરતા, દ્વેષ ને દુષ્ટ બુદ્ધિ
નૈર્ઋત્ય	નીલ	સમારાસક્તિ, ઓપુત્ર ને વિત્તાદિમાં મોહ તથા પાપ કરવાની ઇચ્છા
પશ્ચિમ	કપિલ એટલે ભૂરાશ પડતો બદામી	હાસ્યવિનોદાદિ રૂપ ક્રીડા
વાયવ્ય	ધૂમ્ર એટલે વિરોધ કાળો	ચિંતા ને પ્રવાસેચ્છા.
ઉત્તર	પીળો	ભોગાદિમાં પ્રીતિ.
ઈશાન	મોર	કૃપા, ક્ષમા, દાન, શાંતિ અને જ્ઞાન.

મનચાહું ૧. વિ. ચિંતિત મનવાળું; ભ્રમિત.
૨. વિ. પોતાની મરજી પ્રમાણે ચાલનાર.

મનછા સ્ત્રી ઇચ્છા.
ઋષિ તમને ધન્ય રે એની મનછા આદરી. વલ્લભ

મનજિલ ૧. [અ. નઝલ (તે ઊતર્યા)]
ન. ધર્મશાળા; મુસાફરખાનું.
૨. ન. નિવાસસ્થાન; રહેઠાણ.
૩. ન. મજલ.

મનડું (મનડું) ૧. [મનસ્ (મન) + ડું (સ્વાર્થવાચક પ્રત્યય)] ન. એક જ્ઞાનેંદ્રિય; મન; સમજવાની, વિચારવાની અને ઇચ્છા કરવાની ઇંદ્રિય. કવિતામાં વપરાય છે.
૨. ન. ભારણું.
૩. ન. રમરણશક્તિ.
૪. ન. હૈયું; હેડ; કાળજું; ચિત્ત; મન.

મનત સ્ત્રી. આજીજી; વિનંતિ.

મનતોરણ પું. એક જાતનું પક્ષી.

મનદરસતી સ્ત્રી. (જ્યોતી) એ નામની એક નદી.

મનદંડ પું. (જૈન) મનથી દુષ્ટ વિચાર કરી આત્માને કર્મથી દંડનો તે
ભગવાનના આ સાધુઓ મનદંડ, વચનદંડ અને કાયદંડને છોડનારા છે. પુરાતત્ત્વ

મનદુરસ્ત ૧. વિ. આરોગ્યપૂર્ણ મનવાળું; નિર્મળ બુદ્ધિવાળું
૨. વિ શુદ્ધ હૃદયનું; સ્વસ્થચિત્ત

મનદુરસ્તી સ્ત્રી. મનનું નીરોગીપણું; હૃદયશુદ્ધિ.

મનદુઃખ ૧. ન. અણબનાવ, અંટસ.
૨. ન. અદાવત.
૩. ન. અસંતોષ
૪ ન. ક્લેશવશ; મનનો કચવાટ.
૫ ન. માનસિક વ્યથા.

મનધાર્યું વિ મનમાં ધાર્યું હોય તેવું; મનવાંછિત

મનન ૧. ન. અનુમાન; અટકળ; તર્ક વડે કરેલું અનુમાન; કલ્પના.
૨ [સ મન્ (વિચારવું)] ન. ઉપાસનાના ત્રણ ભાગોનો એક પ્રકાર, અહર્નીય પ્રભુનું ચિંતન
૩ ન તર્કવિતર્ક.
૪. ન બ્રહ્મવિદ્યાનાં આઠ અંગોનું એક સાધન.
૫. ન. (વેદાંત) ભક્તિના નવ ભાગોનો એક પ્રકાર. ભક્તિરાજ્યમાં મનન, કીર્તન, ધ્યાન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને આત્મનિવેદન એમ નવધા ભક્તિ છે.
૬. ન. મતિ; બુદ્ધિ; સમજ.
૭. ન યુક્તિથી પદાર્થનો નિર્ણય કરવો તે.
૮. ન. વિચારવું કરવું તે; મનમાં ને મનમાં મોખ્યા કરવું તે; વિચારણા; તર્કવ્યાપાર, ચિંતન; મનમાં ફરીફરીને સ્મરણ.
૯. ન. અવધ કરેલાને વિચારી તથા અનુભવી મનમાં જમાવવું તે.

મનનપુર સર [સં] અ. વિચાર કરીને; વિચારપૂર્વક.
સવાલોનો ક્રમબદ્ધપૂર્વક અભ્યાસ અને મનનપુરસર યોગ્ય નિર્ણયો આપવામાં આવ્યા છે. મુ. સા. પરિષદ

મનનપૂર્વક અ. વિચારપૂર્વક.
આજ સ્વભાવનો મનનપૂર્વક અભ્યાસ જરાનો છે. મુ. સા. પરિષદ

મનનયન [સં. મનસ્ (મન) + નયન (આંખ)] ન. મનરૂપી આંખ.

મનનશીલ ૧. [સં. મનન + શીલ (સ્વભાવ)] વિ ચિંતન કરવાના સ્વભાવવાળું; વિચારશીલ; વિચાર કરનાર; વિચારવાન.

૨. વિ. મનન કરવા જેવું; મનનીય; વિચારવા જેવું.

પરિષદની સફલતા સાક્ષરોની ઓરી સંખ્યામા હાજરી અને અનનરીલ નિબંધો ઉપર છે.
ઝ. ગા. પરિષદ

અનનીય વિ. મનન કરવા યોગ્ય; વિચારણીય; વિચારને પાત્ર; મનન કરવા જેવું.

મને શું વિચારે અનનીય નથી ધ્યાન વિષરે;
બધું રહી રીતે તે અતીત સ્મરને અસરથી જે.
વિદ્વાની

અનપતીજ ૧. [સં. મનસ્ (મન) + પ્રતીતિ (પતીજ)] સ્ત્રી. મનની ખાતરી; મનની પ્રતીતિ.

૨. વિ. ખાતરીદાયક; પતીજ કરી આપનાર; સંતોષકારક

અનપસંદ વિ. અનુકૂળ; રુચિકર; મનને ગમતું.

અનપાયો પું. અંતરની સ્થિરતા.

નિકર અનપાયો મુજ ખસી જાય. મહાભારી

અનપૂર્વક અ. ધરાપૂર્વક; ખુશીથી; ખણીમૂળને; મનથી; સ્વેચ્છાએ.

અનપ્રદુષ્ટ અ. (જૈન) ઈર્ષાભાવથી વંદન કરવું તે; વંદનાનો એક દોષ; મનઃપ્રદોષ; મનમાં દ્વેષ રાખી વંદન કરવું તે.

અનફેર ૧. વિ. ગાફ; ચિત્ત ખસી ગયું હોય એવું.

૨ સ્ત્રી. તરંગી.

૩. વિ. વિચિત્ર માનસવાળું.

અનફાવતું વિ. ગમે તેવું; મનને ફાવે એવું

દરેક પોતાના અનફાવતા ઈષ્ટદેવની આરાધના કરતા. કનૈયાલાલ મુનશી

અનફેર ૧. પું અદળાયેલું કે ઓકેલું મન ફીને ફેરવવું તે

૨. વિ. જરાક જ ફેર હોય તેવું; નહિ જેવા તફાવતવાળું; જરાક ફેરવાળું; સહેજ ફેર હોય એવું.

૩. અ. જલ્દીથી તેવી રીતે

અનબર ૧. [હિ.] પું. એક મણ.

૨. વિ. મન ખેંચાતું હોય એવું; ખરા અંતઃકરણનું; હાર્દિક; મનભરેલું; સાચા મનનું.

૩. [સં મનસ્ + ભૃ (ભરવું)] વિ. મનને ગમે તે એવું; મનને તૃપ્ત કરે તેવું

૪ અ. ઇચ્છા પ્રમાણે, દીલથી.

૫ અ. ખરાબ્દને

સંતો આજ ઉત્સવ છે,
પ્રભુની અમાવાસ્યાનો;
માણસો મંદિરમાં અનબર.
જયાજયંત

અનભરિયું [સં. મનસ્ + ભૃ (ભરવું)] વિ. ખરા અંતઃકરણનું; મનભર; મન ભરેલું; સાચા દિલનું

સંત અનભરિયાં અવને રે. ભક્તિ

અનભરેલું જુઓ મનભરિયું.

અનભોગ ૧. [સં. મનસ્ + ભંજ્ (ભાંગવું)] પું. અસંતોષ; નિરાશા; મનનું ભાંગી પડવું તે.

૨. પું. અદરિકાશ્રમમાં આવેલ એ નામે એક પર્વત.

૩. વિ. ઉદાસી; જેનું મન ઊતરી ગયું હોય એવું; નિરાશ; હતાશ.

અનભાવતું ૧. વિ. ગમતું; મોહતું; પસંદ પડતું.

૨. વિ. પચે એવું.

૩. વિ. પ્રિય.

૪ વિ. મનને રુચે તેવું, ગમતું; મનને ભાવે એવું; મનગમતું; મનને માફક એવું; મનપસંદ

અનભાવન ૧. પું ધણી; નાથ; પતિ

વિના અનભાવન ન આવ સુહાય છે
નપુરામ

૨. સ્ત્રી. માશૂક.

૩. વિ. મનને પસંદ પડે એવું; મનગમતું.

અનભાવિત વિ. મનપસંદ.

અનભાવ્યું ૧. વિ. મન તૃપ્ત થાય તેટલું

૨. વિ. મનને ગમે તેવું; મનગમતું.

અનમીજ વિ. મનસ્વી; મનને આધીન; સ્વતંત્ર.

મારા બહુ ખાય છે ધર્મના હીનજ,
વિષય સુખ સારૂં રે છે અનમીજીજી
નિષ્કુલાનંદ

અનમત ૧ સ્ત્રી મનની બુદ્ધિ

૨. વિ. અભિમાની; અક્કડબાજ; મદોન્મત્ત; મસ્ત.

અનમતિ વિ મનમાનું કરનાર; સ્વેચ્છાચારી.

અનમથ [સં. મન્મથ] પું. કામદેવ

નેણના ચાળા જોઈ જોઈ અનમથ મનમાં હાલે.
નરસિંહ

અનમથનિ ૧. વિ સ્ત્રી કામદેવને મથવાવાળી

૨ વિ. જો મન ઊંચુનીચુ કરનારી

કાજળની ઓલી પ્રમેરા કરવાં અનમથનિ તલવારિ.
જાલમ

૩. વિ સ્ત્રી. મનને મથવાવાળી

અનમથમુહા વિ. કામાતુર.

અનમથમુહાને મન ચાતુરી રે હોલ.
દયારામ

અનમદમંજન ૧. [સં.] પું. મનમાં રહેલા ગર્વનો નાશ કરનાર પરમાત્મા.

૨. વિ. ગર્વનો નાશ કરનાર.

અનમહુકે વિ. મનમાં મધુર લાગે એવું.

વસ્ત્ર બહેનને બાંધો પ્રગટી બાલી !
બહે પરિનતની પાંખડીઓ,
અનમહુરી અને વધુ ઝીણેરી. નાનાલાલ

અનમાનતું ૧. વિ. ભોળપણે તેટલું; પૂરું પડી રહે એટલું; પેટપૂર; મન માને તેટલું; પુષ્કળ.

૨. વિ. મનને પસંદ પડે તેવું; મનને પ્રિય; મન માને તેવું કે તેટલું; મનગમતું; મન કબૂલ કરે તેવું; ગમતું; મોહતું; મનપસંદ; ઇચ્છા પ્રમાણેનું. યથેચ્છ

૩. વિ. યોગ્ય; બંધબેસતું.

આ બાદબૂતિ એની અનમાનતી લાગી
સાહિત્યરત્ન

૪. વિ. સંતોષકારક

એમનો સત્કાર અનમાનતી રીતે કરવો
કેશવ હર્ષદ

અનમાન્યું ૧. વિ. ઇચ્છા પ્રમાણેનું; યથેચ્છ; ઇચ્છિત; મનગમતું.

૨ વિ. કલ્પનામય

૩. વિ. ભોળપણે તેટલું; ખૂબ; પુષ્કળ.

૪. વિ. મન ધરાય તેટલું; મન તૃપ્ત થાય કે સંતોષાય તેટલું.

૫. વિ. સભર.

૬. વિ. સંતોષકારક; મન સંતોષાય એવું

ઈ બધ તે જ મઘની હાની,
તેની નિંદા કરે સહુ અનમાની. દયારામ

અનમાન્યો વિ પું. મનમાં જેને વિષે બહુ માન હોય તેવો.

મું અનમાન્યો આવરો, સૂણ સાબળી. પ્રેમાનંદ

અનમીઠું (અનમીઠું) વિ. મનને ગમે તેવું.

મારી ભોમરો એક અમોલ રે,
દેરિયો સખી અનમીઠડો. બે. દાદાર

અનમુખ વિ મુખમુખથી ઊલટું; મનસ્વી

અનમુખી વિ. કોઈનું ન માનતાં પોતાની મરજી પ્રમાણે ચાલનાર; મનસ્વી; સ્વચ્છંદી. સ્વેચ્છાચારી.

અનમુખ્તાર ૧ વિ. અમર્યાદ.

૨ વિ સ્વતંત્ર.

૩. વિ. સ્વૈચ્છક; પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનાર.

અનમુખ્તારિયત સ્ત્રી છૂટ; નિર્બંધતા; સ્વતંત્રતા.

અનમુહાવ પું. અણબનાવ; વૈમનસ્ય

અનમુહા ૧ સ્ત્રી મનનો આનંદ

૨ [સં. મનસ્ (મન) + મુદ્ (આનંદ કરવો)] વિ આનંદી; આનંદ ભરેલું. આનંદરૂપ

અનમુહા મહુ આપેહે પ્રેમાનંદ

૩ અ. આનંદથી, હર્ષથી; આનંદિત મનથી

મનમુરાદ જી. મનની મુરાદ; મનેચ્છા.

મનમેલ જુઓ મનમેળ

મનમેલું (મનમેલડું) વિ. કપટી, મેલા મનનું, દુષ્ટ

મનમેલાપી જુઓ મનમેળાપી.

મનમેળ પું. એક બીજાનાં મન એક હોવાપણું

મનમેળાપી ૧ વિ. મન મેળવી દે એવું, બે પક્ષ વચ્ચેના મતભેદનું સમાધાન કરી દે એવું. ૨. વિ. મળતાપણું રાખે તેવું; મળતાવડું; મળી જાય એવું

મનમોક્ષ પું. મનુષ્યપક્ષના કિંચિત્ રમરણપૂર્વક ઉપાસ્ય દેવભાવની પ્રાપ્તિ

મનમોજી ૧. વિ. આનંદી

૨. વિ. મનમા જેમ આવે તેમ કરનાર કે વર્તનાર; તરંગી. મનસ્વી; સ્વચ્છંદી; તોરી.

૩. વિ. વિલક્ષણ, વિચિત્ર; અજબ તરેહનું.

મનમોહાવ ૧. પું. ગેરસમજ.

૨ પું નાખુશી

મનમોદ [સં મનસ્ (મન) + મોદ (હર્ષ)] પું. આનંદ; મનનો હર્ષ

મનમોદકારિણી વિ જી મનને આનંદ આપનારી.

મનમોદકારી [સ. મનસ્ (મન) + મોદ (આનંદ) + કારિન્ (આપનાર)] વિ. મનને આનંદ આપનાર.

મનમોર પું. વેસણનો મનોર.

મનમોહક વિ. મનને મોહ પમાડે તેવું; દિલપસંદ, ચિત્તને વશ કરનાર; ચિત્તાકર્ષક; મોહક; આકર્ષક

મનમોહન ૧. પું એક પ્રકારનું સુગંધીદાર વૃક્ષ.

૨. પું. (પિંગળ) એક પ્રકારનો માત્રામેળ છંદ તેના દરેક ચરણમાં ચૌદ માત્રા હોય છે. તેમાં છેલ્લો ગણ ન હોય છે અને ૩ અને ૧૦ માત્રાએ તાલ આવે છે. ગણપરતારપ્રકાશમાં આનું નામ મોહન આપ્યું છે.

ઽર ઽલા ચૌદ ચરણ ચરણ,
ધર પ્રતિપદે અંતે નગણ;
ત્રણ દસ પરે તાલો સરસ,
મનમોહન ત્યહિ એ સુરસ. રણછોડ

૩ પું કૃષ્ણનું એક ઉપનામ.

૪ પું પ્રેમપત્ર.

૫ વિ. દિલપસંદ

૬ વિ પ્રિય; વ્હાલું.

૭. વિ. મન મોહ પામે તેવું, મનને મોહ પમાડે એવું; ચિત્તાકર્ષક; મનને લોભાવનારું; મનને મુગ્ધ કરનારું; ચિત્તને વશ કરી લે તેવું.

૮. વિ. હૃદયને ઉત્તેજનારું.

મનમૌ ૧. ન. દિલ.

મનમૌ આપવું = (૧) દિલ આપવું. (૨) ધ્યાન આપવું

૨. ન. ધ્યાનવૃત્તિ

૩. ન. પ્રેમવૃત્તિ

મનયોગ પું. (જૈન) મનદ્વારા આત્માના પ્રદેશોનું હલનચલન

મનરખું વિ. કલાત્મક; પારકાની ઇચ્છા પ્રમાણે ચાલે તેવું; બીજાનું મન સાચવે તેવું. મન સાચવનાર; મરજીરખું; સૌનું મન રાજી રાખવાના સ્વભાવવાળું.

મનરમાડો (મનરમાડે) પું. મન આનંદમાં રહે તેવી રમત; મનગમાડો

કોઈ કામ્યતાજન્ય રસાસ્વાદમાં મનરમાડો કરવા લાગ્યા. જ્યોતિન્દ્રલાલ

મનરમી જી. (જૂ. ગુ.) મનરેચ્છા; મનની ઇચ્છા

મંત્ર કહિજે અમરાવતી.
મેઘનાદ પૂરઈ મનરમી. વિમલપ્રબંધ

મનરંગી ૧. વિ. મનમાં લહેર આવે તેમ.

૨ વિ. સ્વેચ્છાએ

મનરંજન ૧. [સં. મનસ્ (મન) + રંજન (આનંદ)] ન. મનનું રંજન; મનનો આનંદ; મનોરંજન; મજા.

૨. વિ. મનને રંજન કરનાર; મનને ખુશ કરે તેવું; મનોરંજક; મનને આનંદ આપનાર.

૩. વિ. મોહક.

મનરંજની વિ જી. મન ખુશ કરે એવી.

સ્વભાવે સૌમ્ય ને રહેતા સંસારે મનરંજની;
સુધારે કાયમ પીરા વત્સલ દયાપત્તજ
દેરાણજી પરમાર

મનરૂપ ન. મનનો આકાર

ઇચ્છા, સંકલ્પ, સંશય, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૃતિ, અધૃતિ, લજ્જા, ધીજ્ઞાન, ભય એ સર્વ મનરૂપ છે. નિહારી

મનરો ૧ પું. એ નામના અમેરિકના બીજા પ્રમુખપ્રચર. તેઓ અમેરિકને કયમ સલામી પરરાજનીતિનો મહામંત્ર શીખવી ગયા છે કે, અન્યો વિરોધી પ્રજાને અમેરિકે ખંડમાં ભગવત્તાર થવા દેવી નહિ. આજે પણ એ મહામંત્રને અમેરિકવાસીઓ મનરોમંત્ર ભાખે છે.

૨ પું. એ નામનો મનરોએ અમેરિકને પઢાવેલો એક સરક્ષણ મંત્ર.

મનલ ન. (વહાણવટું) નીરમ.

મનવચિયું ૧. વિ. ચિત્તાકર્ષક; મોહક.

૨ વિ મનને મનાવવા જેવું; મન વાળવા જેવું.

૩. વિ. મનાવનાર; મનાવી લેનાર.

મનવલું ન. મનામણું

મનવર ૧. જી. આગતાસ્વાગતા; પરોણાચાકરી; સરભરા; આતિથ્ય

૨. જી. આમહ; ખેંચ; તાણ.

મનવવું ૧. સ.ક્રિ. કબૂલ કરાવવું; કરીકરાવવું.

૨ સ ક્રિ. ખુશ કરવું; રાજી કરવું.

૩. સ ક્રિ. મનાવવું; માને તેમ કરવું

૪ સ. ક્રિ રીસ ઉતારવી; રીસ ટાળવી.

૫. સ ક્રિ. સામાના મનનું સમાધાન કરવું.

મનવળામણું ન મનનું સમાધાન.

મનવા ૧. પું ચિત્ત; મન.

૨. પું. માણસ; મનવાળો જીવ; મન જેનો નાયક છે એવો જીવાત્મા, માનવ

મનવાર ૧. જી. આતિથ્ય; આદરસત્કાર; સરભરા; ખાતદાસ.

મનવાર કરવી = કોઈની પરોણામત કરવી.

૨. જી મનને મનાવવું તે; મનામણી.

૩ જી. મિજબાની; મેમાનગીરી.

મલકાળની મનવાર જમણ જમાડે ચૂરમા,
વામૂમનકમ બેઠવાર રાખ ન પીરસે કાજિયા.
લોકસાહિત્ય

૪. [અં મૅન ઑવ વૉર] જી. મોટું લશ્કરી વહાણ, કરેલકઈલમવાળી દરિયાઈ નૌકા.

૫. જી. સેવાચાકરી.

મનવાં [કિ.] પું. દેવકપાસ; રામકપાસ.

મનવાંછિત જુઓ મનવાંછિત

મનવાંછા [સં] જી. મનની ઇચ્છા; મરજી; વાસના; કામના.

મનવાંછિત વિ આકાંક્ષિત; ઇચ્છિત; વાંછિત; ઇષ્ટ, ઇપ્સિત; મનથી ઇચ્છેલું હોય તેવું

મનવિહોણું વિ મનને ગમતું નહિ એવું; મન વિનાનું.

મનવેગ પું. મનનો વેગ

મનવેગી વિ. અતિ જલદ ગતિવાળું; ખૂબ ત્વરિત; વધુ જ ઝડપી; મનના જેટલા વેગવાળું

મનવેર જુઓ મનવર

મનવો ૧. પું. એકનો એક માણસ પોતાનો સ્વાભાવિક અવાજ બદલીને બીજા વિચિત્ર અવાજનો બનાવે કોઈ જુદો માણસ બોલતો હોય તેવો ખ્યાલ આપે ત્યારે એ બીજા અવાજની ખોરી લેવામાં આવતી કૃત્રિત વ્યક્તિ

મનવો બોલાવવો = બીજા અવાજથી બોલતા આવડવું.

૨ પુ મન. પદમ. વપરાય છે.
૩. પું મનુષ્ય પદમા વપરાય છે.

અનવોહું જુઓ મનવિહોણું.

અનશની પું (જૈનોસ્તી) વિચાર.

અનશા ૧ સ્ત્રી. ઇચ્છાઓ; મનસૂબો; વિચાર; ઇચ્છા

૨. [અ] સ્ત્રી. ઉદ્દેશ. હેતુ.

૩ [સં. મનીષા] સ્ત્રી. તાત્પર્ય; મતલબ; અર્થ

૪ સ્ત્રી મૂળ.

૫ સ્ત્રી સિદ્ધિ.

અનશાંતિ ૧. સ્ત્રી. દુઃખ.

૨ સ્ત્રી મનની શાંતિ; નિરાંત; શાંતિ.

અનશિલ ૧. [સં] પું. પત્થરમાંથી મળેલો લાલ રંગનો ધાતુ જેવો એક ઝેરી પદાર્થ; મનઃશિલા; લાલ રંગનો એક જાતનો ક્ષોભક; એક અનિજ વિષ તે કેટલીક માત્રાઓ અને તેજ બનાવવાના ઉપયોગમાં આવે છે. કોઈ દરદને બાળવું હોય તો દાહક તરીકે તેનો ઉપયોગ થાય છે. હરતાલ, શંખજરમ અને સત્ત્વખારના એક ભાગમાં અરધો ભાગ મનશિલ મિશ્ર કરી પાણી મેળવી હરીરના કોઈ ભાગે લગાડવાથી તે જગાના વાળ નીકળી જાય છે

૨ પુ. હરતાલ.

અનશીલ જુઓ મનશિલ.

અનશીલા વિ. સ્ત્રી, શીળા મનવાળી.

અનશૂર ૧. [અ.] પું. ખાસ હક્ક; સનદ; બાદશાહી હુકમ.

૨. વિ. છાપેલું.

૩ વિ. ઘસેલું; પથરાયેલું.

અનશ્ચક્ષ [સં. મનસ્ (મન) + ચક્ષ] ન. હૃદયની અંદર રહેલું એ નામનું ચક્ષ. તેમાં જ્ઞાનેંદ્રિયના તંતુઓ અને ગંધવહા, રૂપવહા, શબ્દવહા, રસવહા અને સ્પર્શવહા નાડીઓ એકઠી થાય છે.

અનશ્ચક્ષુ [સં મનસ્ (મન) + ચક્ષુ (આંખ)] સ્ત્રી. મનરૂપી આંખ.

અનષા [સં મનીષા] સ્ત્રી. આકાંક્ષા; ઇચ્છા; મરજી.

અનષાદેહ પું. મનુષ્યદેહ; મનુષ્યની જિંદગી. મનુષ્ય તરીકેનો અવતાર.

અનષાદેહ તેહનો અહ્ન છે.
જનમમરણ દુઃખ ખોયુ. દયારામ

અનસદન [સં મનસ્ (મન) + સદન (ઘર)] ન. મનરૂપી ઘર.

અનસબ ૧. [અ. નસબ (તેણે નીમ્યો)] પું. અધિકાર.

૨. પું. કર્મ; ક્રમ.

૩. પું. જગ્યા; પદ; પદવી; સ્થાન.

૪. પું. જમીનની અક્ષિત આવની તે.

૫ [હિ , પુ મુઘલ સલ્તનતમાં દશથી દસ હજાર ઘોડેસવારની સરદારીનો હોદ્દો

૬. પું. મોભો. દરજ્જો.

૭. પું. શક્તિ

અનસબદાર ૧. [અ. મનસબ (પદવી) + દાર (ધારણ)] પું. અધિકારી; હોદ્દેદાર; ઊંચા હોદ્દા ઉપરનો અમલદાર.

૨. પુ ઘોડેસવાર.

૩. પું. ન્યાયાધીશ

૪. પું. લશ્કરની ટુકડીનો ઉપરી; લશ્કરી અમલદાર. મનસબ એટલે જમીનની અક્ષિત આવ અને તેની આવકમાંથી મનસબદારને પોતાનું ચુકવાન ચલાવવાનું હતું તથા અમુક સંખ્યામાં સવારો પૂરા પાડવાના હતા.

અનસબદારી ૧. સ્ત્રી. ઊંચરાવચાહી પદ્ધતિ; સરામદારી પદ્ધતિ

૨. સ્ત્રી. લશ્કરસેવા.

૩. સ્ત્રી. મનસબદારનું કામ; લશ્કરી ટુકડીના અમલદારનું કામ.

૪. સ્ત્રી. મનસબદારનો હોદ્દો.

૫. સ્ત્રી. વતનવ્યવસ્થા.

૬. સ્ત્રી. સામંતસત્તા.

૭. સ્ત્રી. સેન્યસંચાલન.

અનસબી [અ.] સ્ત્રી. મનસબદારનું કામ કે હોદ્દો; મનસબદારી.

અનસમજૂતી સ્ત્રી. તાળે થવું તે.

અનસમોહા વિ. સ્ત્રી. મનને મોહ પમાડનારી.

અનસર [સં. મનસ્ (મન) + સરસ (સરોવર)] ન. મનરૂપી સરોવર.

અનસરસ પું. મનઃશીલ; સોમલ અને મદદનો ક્ષાર.

અનસળી ન. એક જાતનું હરિયાળું.

અનસંતાપ [સં.] પું. મનની પીડા; માનસિક દુઃખ

અનસંતોષ ૧. પું. અનુમોદના; સંતોષથી માન્ય કે મંજૂર કરવું તે.

૨. પું પસંદગી.

અનસા ૧. સ્ત્રી. અભિપ્રાય; તાત્પર્ય; પ્રયોજન; મતલબ.

૨. [સં. મનીષા] સ્ત્રી આંતરિક ઇચ્છા; ઊંડી આકાંક્ષા; મુરાદ; હરકોઈ; મન.

મનસા પૂરણ કરવી = અભિલાષા પૂરી પાડવી

૩. સ્ત્રી એ નામની એક દેવી. હરદ્વારમાં હરકીપેડીની પાછળના પર્વતના શિખર ઉપર તેનું મંદિર છે.

૪ સ્ત્રી (પુરાણ) કશ્યપ ઋષિની એ નામની એક માનસી કન્યા; જરત્કારુની પત્ની; વાસુકીની બહેન. તે ગર્ભની રાણી છે. તેને જગદ્ગૌરી, નિત્યા અને પદ્માવતી પણ કહે છે. તે બહુ જ ઝેરી વિષ પણ ઉતારી શકતી, તેથી તેને વિષહરા પણ કહે છે. તે મૂળ પ્રકૃતિના અંશરૂપ છે અને સદ્ગિવની પ્યારી શિષ્યા છે. તે અજાણ પેટે આવનારાં પ્રાણીથી રક્ષણ કરનારી દેવી તરીકે પૂજાય છે. તે અદેખા સ્વભાવની છે. તેને પ્રસન્ન કરવામાં ન આવે, તો તે સાપને મોકલી વેર વાળે છે.

૫. સ્ત્રી કામના; અભિલાષા; મનોરથ

૬ સ્ત્રી. બુદ્ધિ.

૭. વિ. મનથી ઘડેલું; મનનું.

૮. અ. અંતઃકરણપૂર્વક.

૯. અ. મન વડે, મનથી.

મનસા, વાચા, કર્મણા = મન, વચન ને કર્મથી.

અનસાગર ૧. પું. મનથી છલકાતો પુરુષ.

મળીયા મુહ પ્યારા પણ મનસાગર મળીયા નહિ;
વસ્યું સ્વી જનમાંય, હવ અમારે કેવરા.
રસમાર

૨. પું. મનરૂપી સમુદ્ર.

અનસાચલ પું. એ નામનો એક પર્વત. આ સુવર્ણ પર્વત ઉપર વસિષ્ઠ અને અરુંધતીનો વિવાહ થયો હતો

અનસાદેવી જુઓ મનસા ૩.

અનસાપરિક્રમણ ન. સંધ્યોપાસનાનું એ નામનું એક અંગ; માનસિક પરિક્રમણ; મનને બધી દિશાઓમાં મોકલવું અને દરેકમાં ઈશ્વરનું અસ્તિત્વ જોવું તે.

અનસાપંચમી સ્ત્રી અષાડ વદિ પાંચમ તે દિવસે મનસાદેવીનો ઉત્સવ ઊજવવામાં આવે છે

અનસાપુરી સ્ત્રી. મનુષ્યશરીરરૂપી નગરી.

અનસાબી સ્ત્રી. વશવૃદ્ધિ

અનસાયતન ૧. પું. બગીચો. ઉદ્યાન.

૨. પું. લોકોના મનરંજન કરવા માટેનું કે દિલ બહલાવવા માટેનું સ્થાન.

મનસાયતન કરવું–રાખવું = વાતચીત વગેરે દ્વારા કોઈના મનને જેવી રીતે આનંદ પમાડવો કે જેથી તેને બીજા કોઈપણનું દુઃખ જણાય નહિ.

૩. ય. બૌદ્ધ મતાનુસાર જ્ઞાનસંસારના બાર આહેતું એ નામનું એક સ્થાન.

મનસિકૃત [સં.] વિ. ચિંતિત.

મનસિજ ૧. [સં. મનસિ (મનમાં) + જ (જન્મેલું)] પું. મનમાં; કામદેવ; સ્મર; મદન; મન્મથ.

૨ પું. કામવાસના.

૩. પુ. ચંદ્ર.

૪. [અ.] પું. વધુઘરની દુકાન.

૫. વિ. મનમાં પેદા થનાર; મનમાં ઉત્પન્ન થનાર; મનમાંથી ઉદ્‌ભવેલું.

મનસિજજ્વર પું. કામવાસનાથી ઉત્પન્ન થતો એક જાતનો જ્વર.

મનસિજાનંદ [સં. મનસિજ (કામવાસના) + આનંદ] પું. કામવાસનાનો આનંદ.

મનસિજાય ૧. [સં.] પું. કામદેવ.

૨. વિ. મનમાં હોનાર કે થનાર.

મનસીલ જુઓ મનશિલ.

મનસુખ ૧. પું (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્તરેય વર્ણનો છે. તેના પહેલા ચરણમાં મગણ, સગણ, તગણ, યગણ, જગણ અને મગણ મળી બાર અક્ષર, બીજા ચરણમાં તગણ, નગણ, તગણ, યગણ, જગણ, સગણ અને બે ગુરુ મળી બીજા અક્ષર, ત્રીજા ચરણમાં તગણ, નગણ, મગણ, સગણ, જગણ, સગણ અને બે ગુરુ મળી બીજા અક્ષર અને ચોથા ચરણમાં તગણ, બે જગણ, નગણ, સગણ, નગણ, યગણ અને ગુરુ મળી બત્રીજા અક્ષર હોય છે.

૨. ન. મનનું સુખ.

મનસુફી [અ. મુનસફી] સ્ત્રી. ન્યાય; ન્યાયનિવેડો.

મનસુબદારી જુઓ મનસબદારી.

મનસૂખ ૧. વિ. અપ્રામાણિક કરાવેલું

૨. [અ. નસખ (નકામું કરવું)] વિ. કાઢી નાખેલું; રદ કરેલું

મનસૂખ કરવું = કાપી નાખવું; રદ બાતલ કરવું.

૩. વિ. લાગેલું; તળબેલું.

મનસૂખી ૧ સ્ત્રી. અપ્રામાણિક કરારવું તે.

૨ સ્ત્રી લાગવું તે.

૩. [અ.] સ્ત્રી. રદ કરવું તે; નકામું કરવાપણું.

મનસૂબ ૧. વિ ઉશ્કેરાયેલું

૨ વિ. નક્કી કરેલું.

૩. [અ. નસબ (તેણે નીમ્યો)] વિ. નિમાયેલું.

૪. વિ. કતહની નિશાનીવાળું. અક્ષર માટે વપરાય છે.

૫ વિ. સત્યાર્થ કરેલું.

મનસૂબ કરવું = (૧) સત્યાર્થ કરવો. (૨) સંબંધ બતાવવો.

૬. વિ. સાથે સંબંધ રાખતું.

મનસૂબદાર પું. લશ્કરી અમલદાર; મનસબદાર. બાદશાહ ત્યાં હોય છે ત્યારે એના રેતલાક લશ્કરી અમલદારો ઊભા રહે ત્યાં એમને **મનસૂબદાર** કહે છે. પુરાતત્ત્વ

મનસૂબા જુઓ મનસૂબો.

મનસૂબાજી પું. મનરૂપી સૂબો.

બાદશાહ **મનસૂબાજી**, બાકાની બારે બકવું છે, હિમત હથિયાર બાંધી રે, સત્ત ઘડાઈએ ઘડવું છે, પી રો

મનસૂબી ૧. સ્ત્રી. ધમ્બા; મરજી.

૨. સ્ત્રી. ન્યાય; ન્યાયનિવેડો.

મનસૂબો ૧. [અ. મનસૂબા] પું. ધમ્બા

મનસૂબો કરવો = કોઈ ધમ્બા કરવી; યોજના બાંધવી.

૨. પું. ઇરાદો; ઉદ્દેશ; હેતુ; મતલબ; યોજના; કામ કરવા માટેનો વિચાર.

૩. પું. તદબીર; યુક્તિ. પદ્ધ.

મણીનો માર્યો અહમૂબો હર બલાથી નય ફરે
દયારામ

મનસૂબો બાંધવો = (૧) નિશ્ચય કરવો (૨) યુક્તિ શોધવી કે વિચારવી. (૩) યોજવું.

૪. પું. મનન.

૫. પું. મસલત; સલાહ.

મનસૂર ૧. [અ.] પું. અનલહક એટલે અહં બ્રહ્માસ્મિ કે હું ખુદા છું એમ બોલવા માટે દેહાંતદંડ પામનાર એ નામના એક મુસ્લિમ સંત. તે સૂફી મતના આચાર્ય મનાય છે. તે નવમી સદીમાં બૈજ્દ નગરમાં હુસેનહલ્લાજને ઘેર જન્મ્યા હતા. તે અનલહક અર્થાત્ અહં બ્રહ્માસ્મિ બોલ્યા કરતા હતા. બગદાદના ખલીફા મક્તદિરે તેને ઇસ્લામ વિરોધી સમજીને સૂળી ઉપર ચઢાવી દીધા હતા અને તેના શબને બાળીને રાખ કરાવી દીધી હતી.

૨. સ્ત્રી. રાજાની આજ્ઞાપત્રિકા.

૩. [અ. નસર (તેણે મદદ કરી)] વિ. મદદ મળેલ; રક્ષાયેલ.

૪. વિ. વજનદાર.

૫. વિ વિજયી; ફતેહમંદ; જીતનાર.

મનસૂરીપક્ષ પું. મનસૂર નામના સંતનો સમુદાય. આ પંથના ચોસો વટલેલા બિંદુઓ હોય છે અને પાંચો કે ચોરા કહેવાય છે.

મનસેક્ષણ [સં. મનસા (મન વડે) + ઈક્ષણ (જોવું તે)] ન. માનસિક ચિંતન; મનથી જોવું તે.

મનસ્તરંગ ૧. પું. મનનું અલંકારિક રૂપ. તેનો પ્રયોગ સમાસવાળા પદોમાં જોવામાં આવે છે. જેમકે, મન્મનસ્તરંગ

૨. વિ. બુદ્ધિનું.

૩. વિ. મનનું; માનસિક

૪. વિ. હૃદયનું.

મનસ્કામ [હિ.] પું. મનની અભિલાષા; મનોરથ; ઇચ્છા

મનસ્કાર ૧. [સં.] પું મનના સુખમાં તત્પર રહેવું તે; મનની સુખતત્પરતા.

ચિત્તાબોધ, **મનસ્કાર**, એ બે નામ સુખ અર્થમાં તત્પર મનનાં છે. અમરકોષ

૨ પું. સુખ કે દુઃખનું સ્પષ્ટ ને પૂર્ણ ભાન હોવું તે.

મનસ્કાત ૧. પું. મનની અભિલાષા; મનોરથ.

૨. વિ. પ્રિય

૩. વિ. મનને અનુકૂળ.

મનસ્તત્ત્વવિદ્યા [સં.] સ્ત્રી. ચિંતનશાસ્ત્ર; માનસશાસ્ત્ર.

મનસ્તાપ ૧. [સં.] પું. અકળામણ; આકુળવ્યાકુળતા, ઉદ્વેગ; ક્ષોભ. ક્રમના

૨. પું એક પ્રકારનો ભાવ. તે વિરહ સૂચવે છે.

૩. પું. પશ્ચાતાપ; પસ્તાવો; અનુતાપ.

૪ પું. મનની પીડા; માનસિક દુઃખ; માનસિક રોગ.

મનસ્તાલ ૧. [હિ.] પું. એ નામની એક ઔષધિ; હરતાલ.

૨. પું દુર્ગા દેવીના સિંહનું નામ.

મનસ્તોકા [હિ.] પું. દુર્ગા દેવી.

મનસ્વિકા [સં] સ્ત્રી. નર્મદાના કાંઠા પાસેનું એક નામ

મનસ્વિકુ પું (પુરાણ) સોમવંશી પ્રતીરનો એ નામનો પુત્ર. તેની બે નું નામ રાજસેની અને બીજું નામ સૌવરી હતું

મનસ્વિતા ૧. સ્ત્રી. અપેક્ષા. ધમ્બા.

૨. સ્ત્રી. અભ્યાસ; ધારણા.

૩. [સં. મનસ્વિન્ (સ્વેચ્છાચારી) + તા (પણું)] સ્ત્રી. મનમા તરંગ આવે તેમ વર્તવાપણું; મનસ્વીપણું; સ્વચ્છંદતા.

૪ સ્ત્રી. મનોયત્ન; પ્રેરણા. ક્રિમિ.

૫. સ્ત્રી. જેમ મન હોવું તે; સ્વાધીન મન હોવું તે.

મનસ્વિત્વ જુઓ મનસ્વિતા.

મનસ્વિની ૧. સ્ત્રી. ઉત્તમ મનવાળી સ્ત્રી.

૨. [સં.] સ્ત્રી. (પુરાણ) એક દેવ સ્ત્રી; મધુકુ ઋષિની પત્ની, ચંદ્રમાની માતા.

૩. સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

૪. સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી.

૫. જી. સ્વાધીન મનવાળી સ્ત્રી
૬ વિ જી. ઉદાર; ઐક્ય ચિત્તવાળું
૭ વિ જી. નબળી, સ્વસ્થતી
૮ વિ જી. બુદ્ધિવાળી
૯. વિ જી. માની

મનસ્વી ૧ પુ. સસલા નામનું પક્ષી
૨ જી. ચકલી મા
૩. જી. દુર્ગાનું નામ
૪ [સ. મનસ્ + વિન્ (વાળું)] વિ મનસ્વાવાળું
૫ વિ ઉદાર ચિત્તવાળું; ઐક્ય ચિત્તવાળું; પ્રશસ્ત મનવાળું સુદૃઢ મનવાળું

ઇદં મૂમનસ્વા કિં રાવન ધર્મોક ઉપરે,
ઇદં રાક્ષ કુરી કર્તવ્યદિ શાર્દ્દોલ્લ કવિ.
ઇદં કપાપરી કપાવ્યદિપિ દિમ્બોજ્વર પરી.
મનસ્વી કાર્યો સુખ દુખ્ખ માને તકીર તે.
સુબ્રહ્મણ્ય

૬ વિ જ્ઞાની; પંડિત, બુદ્ધિમાન.
૭. વિ. ક્રાંતિ, ચતુર.
૮ વિ ધીર ચિત્તવાળું; સ્થિર મનવાળ
૯ વિ પરાક્રમી, પુરુષાર્થી.
૧૦ વિ મગરૂર; માની
૧૧ વિ મનમાં આવતા તરંગો પ્રમાણે ચાલનારો, તરંગી; લહેરી, સ્વચ્છંદી; મન પ્રમાણે વર્તનાર, મનમાનીઓ; સ્વચ્છકારી.
૧૨. વિ સુંદર; મનોહર.
૧૩. વિ. સ્વાધીન મનવાળું.

મનસ્વીપણું જુઓ મનસ્વિતા.

મનસ્વીપંથ જ. મનના તરંગ પ્રમાણે.

મનહર ૧. નું. ઘોડાવગો
૨ પું ધણી. પતિ.
૩ [સ મનુષ્ય] પું. મનુષ્ય.

મનહર ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેની દરેક તુકમા ૧૬ મગણ અને ગુરુ મળી એકત્રીસ અક્ષર હોય છે એટલે કે પહેલામાં ચરણમાં આઠ અને બીજામાં પંદર અક્ષર એ રીતે બધાં ચરણની રચના હોય છે. આઠ આઠ અક્ષરે યતિ આવે છે કેટલાક તેને કવિત પણ મનહર પણ કહે છે
૨ પુ (પિંગળ) એક જાતનો છંદ. તેને દરેક લીટીમા ૧૦ + ૮ + ૮ + ૬+૮ એમ ૪૦ માત્રા હોય એવી ચાર લીટી હોય છે. દરેક લીટીનુ છેલ્લુ પદ લઘુ હોય છે.
૩ પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણવૃત્ત કહેવાય છે તેમા તગણ, જગણ, મગણ જગણ, નગણ, જગણ રગણ, મગણ, ભગણ તગણ અને ગુરુ મળી એકત્રીસ અક્ષરનો હોય છે

તાન સજ્ય છે મનહરે બીજે પછી ભગર
તે પછી સજ્ય ચર તા તે પર ના અંતમાં
રણછોડદાસ

૪. વિ. મનને હરી લે તેવુ; મનોહર; સુંદર; ચિત્તહારક; આકર્ષક, આનંદદાયી; આહ્લાદજનક; મોહક

રાધા આંકે તત કપટે પૂતનાએ પ્રભુ ધ્યા.
ન રેતા મનહર રૂપે રાક્ષસીને જગાડ.
ને આકાશા વિષમય સ્તને મારવા પ્રાર્થતા.
નિર્ધે મારે હૃદય રમને એ રમાકાત રમામ
બાદશાહ રણજિત રા.

મનહરણ ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા લઘુ ગુરુનો નિયમ નહિ એવા બેંતાલીસ અક્ષર હોય કે તેમાં આઠમા, સોળમા અને ચોવીસમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. [સં] પુ દિલ હરી લેવુ તે
૩. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તે અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેને રત્ના, ભ્રમર, મનોહરણ, નાગિની, ભ્રમરાવલિકા પણ કહે છે. તેના દરેક ચરણમાં પાંચ સગણ મળી પંદર અક્ષરો હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૪. વિ. મનોહર; સુંદર.

મનહરણી વિ. જી. મન હરણ કરનારી

મનહરપુરી જ્ઞા. મન હરી લે તેવુ સુંદર શહેર

મનહંસ પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેને મનિહંસ કે માનસહંસ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, જગણ અને રગણ મળી પંદર અક્ષરો હોય છે.

મનહંસરૂપ જુઓ મનહંસ

મનહાર ૧. પું. (સંગીત) એક છંદ. તે કલ્યાણ અને અડાણા રાગમાં તથા ગોતાલ તાલમા આવી શકે છે.
૨. [સં મનસ્ + હાર (કરનાર)] પું. કામની અગડી ઉત્તેજના કે ચેષ્ટા કરનાર
૩. વિ મનોહારી; મન હરે એવુ

મનહારી સ વિ [સ્ત્રીલિંગ. મન હરે એવુ

મનહી અ નહી (જેણે મના કરી)]
વિ મના ન કરે

મનહું ૧. અ. જેવુ કે.
૨ [હિ] અ. પારો કે.

મનહૂંસ ૧. [અ. નહ્સ (તે કમનસીબ હતો)] વિ અશિષ્ટ દુર્જન; અપશુકનિયું.
૨. વિ. કમનસીબ; કમભાગી.
૩ વિ. દુખી.

૪ વિ. સુસ્ત; આળસુ; નવરું.

મનઃકલ્પત ૧ [સ] વિ કાલ્પનિક, મનમા કલ્પેલું
૨ વિ ખોટું
૩. વિ જોડેલું

મનઃકાન્તિ જી મનનું તેજ; મનનું સૌંદર્ય.

મનઃચક્ષુ [સં] ન. મનરૂપી આંખ

મનઃતાપ [સં] પુ અનુતાપ; દિલગીરી, અફસોસ

મનઃતાલ પું. જેના ઉપર દેવી સવારી કરે છે તે સિદ્ધ

મનઃતુષ્ટિ [સં] જી. આત્મસંતોષ. વિનોબા કહે છે કે: દાનનો વિનિયોગ ચિત્તશુદ્ધિને માટે કરવો જોઈએ. જે કામ જેનુ ધર્મ હોય, તેવુ જ તેને ભગવાનને અર્પણ કરી દો. પ્રત્યક્ષ ક્રિયા જેમ જેમ વધી જાય, તેમ તેમ તેને ભગવાનને અર્પણ કરીને મનઃતુષ્ટિ પ્રાપ્ત કરતાં રહેવુ જોઈએ. દુનિયા છોડવાનુ નથી, તેને ભગવાનને અર્પણ કરી દેવાનું છે. આ તો શું મનમા ઉત્પન્ન થનારી વાસનાઓ અને કામક્રોધાદિ વિકાર પણ પરમેશ્વરને અર્પણ કરીને મુક્તી મેળવવાની છે

મનઃપર્યયજ્ઞાન જુઓ મનઃપર્યયજ્ઞાન

મનઃપટ જ. મનરૂપી પટ.

મનઃપતિ [હિં.] પું. વિષ્ણુ

મનઃપથ [સં.] પું. મનનો માર્ગ.

ના કલ્પનાઓ, આકારામાં સાહજ રીતે ભ્રમણ કરનાર મનની અવસ્થા, તેમના મનઃપથમાં આવી ન હોય
ચંદ્રિકા

મનઃપરિચારક [સં.] વિ પરસ્પર મને મન મળતા વિષયતૃપ્તિ કરનાર.

મનઃપરિચારણા [સં] જી. મને મન મેળવી વિષયતૃપ્તિ કરવી તે

મનઃપરિચારી [સં.] પું. ૪ ૪ (જૈન) નવ, દશ, અગિયાર અને બારમા દેવલોકના દેવ તેઓ પહેલા બીજા દેવલોકમાં રહેલ દેવોનુ મનથી ચિંતન કરતા જ તેઓની વિષયવાસના તૃપ્ત થાય છે

મનઃપર્યયજ્ઞાન ન. (જૈન) અમુક ક્ષેત્ર મર્યાદામા રહેલા પ્રાણીઓના મનના વિચારો જાણી શકવાનુ એક જ્ઞાનનુ જ્ઞાન. મનની શુદ્ધિથી જ્ઞાનની નિર્મળતા જોવડી તમા એકાગ્ર થતા બીજાના મનની વાત જાણવી તે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી બીજાના મનમા રહેલ ભાવને ચિંતવે કે મનના

નિમિત્ત વિના જ સ્પષ્ટ રીતે જાણવાનું જ્ઞાન. આ જ્ઞાનવાળો જીવ અઢીદ્વીપમાં સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવ જાણી શકે. આ જ્ઞાન સંયમી મુનિને જ થાય છે

મનઃપર્યયજ્ઞાનાવરણ [સં.] ન. (જૈન) જ્ઞાનાવરણ કર્મના પાંચ ભેદોનો એક ભેદ

મન:પર્યવ [સં.] સ્ત્રી. (જૈન) બીજાના મનની વાત જણાવનારું જ્ઞાન.

મનઃપર્યવજ્ઞાન જુઓ મનઃપર્યવ.

મનઃપર્યવજ્ઞાનાવરણ [સં.] ન. (જૈન) મનઃપર્યવજ્ઞાનને આવરનાર એક કર્મપ્રકૃતિ.

મન પર્યવજ્ઞાનાવરણીય [સં] ન. (જૈન) મનઃપર્યવજ્ઞાનને ઢાકનાર કર્મપ્રકૃતિ; જ્ઞાનાવરણીય કર્મની બે નામના એક પ્રકૃતિ.

મનઃપર્યવજ્ઞાની [સં. મનઃપર્યવજ્ઞાનિન્] વિ. મનઃપર્યવજ્ઞાનવાળું. મનઃપર્યવજ્ઞાનને ધારણ કરનાર.

મનઃપર્યવી [સં. મનપર્યવિન્] વિ. મનઃપર્યવ જ્ઞાનવાળું.

મનઃપર્યાપ્તિ [સં.] સ્ત્રી. (જૈન) પર્યાપ્તિનો એક પ્રકાર; જીવ જે શક્તિવડે મનોવર્ગણા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી, અવલંબન લઈને વિસર્જન કરે તે; મનથી સંકલ્પવિકલ્પ કે બોધ પ્રાપ્ત કરવાની શક્તિ; મનોવર્ગણાના પરમાણુઓને હૃદયસ્થાનમાં મનરૂપ પરિણમાવવાને તથા તેમની દ્વારા યથાવત્ વિચાર કરવાના કારણભૂત જીવની શક્તિની પૂર્ણતા

મનઃપર્યાય [સં.] પું. (જૈન) જ્ઞાનનો એક પ્રકાર; મનઃપર્યવજ્ઞાન.

મનઃપર્યાયજ્ઞાન જુઓ મનઃપર્યવજ્ઞાન.

મનઃપર્યાયજ્ઞાનાવરણ [સં.] ન. (જૈન) મનઃપર્યવજ્ઞાનને પ્રગટ નહિ થવા દેવાના સ્વભાવવાળું કર્મ; જ્ઞાનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

મનઃપર્યાયજ્ઞાની [સં] વિ. (જૈન) મનઃપર્યવજ્ઞાનવાળું. મનઃપર્યાયજ્ઞાની મનઃપર્યવજ્ઞાન વડે કોઈના મનની આકૃતિઓને પ્રત્યક્ષ જોઈ પછીથી આ વ્યક્તિએ અમુક વસ્તુનું ચિંતન કર્યું છે એવું અનુમાન કરી લે છે.

મનઃપુણ્ય [સં.] ન. (જૈન) શુભ મન પ્રવર્તાવવાથી થતું પુણ્ય.

મન પૂર્વસર [સં.] અ. મનપૂર્વક.

મનઃપૂત ૧ [સં.] વિ. અંતઃકરણે કબૂલ રાખેલું; મન વડે વિચારી જોયેલું
૨. જે મરજીમા આવે તેવું.
૩. વિ. શુદ્ધ મનવાળું.

મનઃપ્રાંજ્યપાન [સં.] ન. મનની એકાગ્રતા.

મનઃપ્રત્યક્ષ [સં.] ન. મન વડે થતું પ્રત્યક્ષ જ્ઞાન તે ઇંદ્રિયો, મન અને બુદ્ધિ એ ત્રણેયથી થતું જ્ઞાન.

મન પ્રદોષ [સં.] પું. (જૈન) મનમાં દ્વેષ રાખી કરાતી વંદના.

મન પ્રયોગ [સં.] પું. મનની પ્રવૃત્તિ

મનઃપ્રશ્નવિદ્યા [સં.] સ્ત્રી મનના પ્રશ્નોના ઉત્તર આપવાની વિદ્યા.

મનઃપ્રસાદ [સં.] પું. મનની પ્રસન્નતા

મન.પ્રહ્લાદ [સં.] પું. અંતઃકરણની પ્રફુલ્લતા.

મનઃપ્રિય [સં] પું. તજ.

મનઃપ્રીતિ [સં.] સ્ત્રી. મનની પ્રસન્નતા.

મન શરીરશાસ્ત્ર [સં.] ન. માનસશાસ્ત્ર; 'સાઇકોફિઝિક્સ'. પોપટલાલ શાહ પારિભાષિક કોશમા લખે છે કે: જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયોની રચના અને ક્રિયા, શારીરિક અને માનસિક ક્રિયા અને તેમનો સબંધ વગેરેનું સંશોધન કરવાને સાઇકોફિઝિક્સ, મનઃશરીરશાસ્ત્ર નામનું સ્વતંત્ર શાસ્ત્ર જુદું પાડવાના આવ્યું છે. વાદશક્તિ અને બીજી માનસિક શક્તિઓનું સ્વરૂપ, માનસશક્તિનું અંતિમ સ્વરૂપ, વગેરે વિષયોનું તેમાં વધારે અન્વેષણ અને રીતે સાબદાવાર નીવડ્યું છે.

મનઃશલ્ય ૧ [સં.] ન. દુઃખનું કારણ; મનનું શલ્ય.
૨. વિ. મનમાં ખટકતું.

મનઃશાસ્ત્ર [હિં.] પું મનોવિજ્ઞાન. ચેતનશાસ્ત્ર. માનસિકશાસ્ત્ર. જેમા મન અને મનોવિકારનું વર્ણન હોય તેવું શાસ્ત્ર

મનઃશિલ [સં] પું એ નામે એક ખનિજ પદાર્થ; મનઃશિલા. મનોગુપ્તા. મનોજ્ઞા; મનશિલ

મન શિલા ૧ સ્ત્રી. એક જાતનું ચંદન; મનોગુપ્તા, મનોજ્ઞા, નાગજિહ્વિકા; ગેરુ
૨. સ્ત્રી. એક પ્રકારની મહિરા.
૩. જુઓ મનઃશિલ.

મન.શીલ ન. (વૈદક) સોમલ અને મનશ્શીલનો ક્ષાર. તેના લાલ રંગના કટકા આવે છે મનઃશીલને લીંબુના અથવા આદુના રસમા તેમજ સોમલની જેમ ચૂંટવાથી તે શુદ્ધ થાય છે. તે ખારસ, કટુક અને ત્રણદોષહર છે

મનઃશીલા જુઓ મન.શિલા.

મનઃશીલાદિ ધૂમપાન ન (વૈદક) એ નામે એક જાતના ઔષધીય ધૂ.પી. મનઃશીલ, મરી, જટામાંસી, નાગરમોથ, કેરડાની પાંદ તથા ગોળ એ બધાં સમભાગે લઈ તેની વચ્ચે વચ્ચે વાયણની બીડી કરવામાં આવે છે. આ બીડી દમ ઉપર ફાયદાકારક મનાય છે

મન શીલાદિ લેપ પું (વૈદક) એ નામે એક જાતનો લેપ મનશીલ, પારો, મિરૂ, ગંધક, મરી, છાંકે, લાલકંકર, હળદર અને આમલાદિકના મેળવી બીમાં ખૂબ ખરલ કરી તેનો મલમ બનાવાય છે આ લેપ અસ, ખારજ વગેરે ઉપર ચોપડાય છે

મન સમાધારણા [સં.] સ્ત્રી મનમાં ચિત્તની એકાગ્રતા.

મનઃસમિતિ [સં] સ્ત્રી (જૈન) મનનો સંયમ.

મન.સંકલ્પ [સં] પું. કલ્પનાજગાયો કોઈ સારંભ

મન સંગ [સં] પું. કોઈ વસ્તુ ઉપર મનની આસક્તિ

મનઃસંતાપ [સં] પું મનનો સંતાપ

મનઃસંયમ પું. (જૈન) સત્તર ભેદોનો એક સંયમ; મનના વિષયમ સંયમ; મનને કબજામા રાખવું તે

મનઃસંયોગ [સ મનસ્ + સંયોગ પુ. મનનુ એકાગ્ર; મનોયોગ; ધ્યાન; લક્ષ

મન સુખ ૧. [સ ., ન મનનુ સુખ.
૨. વિ મનને ગમે તેવું

મનઃસુખરામ પું. ગુજરાતનો ઓગણીસમા સૈકાનો એ નામનો એક સ.સ્કાર. તેમનો જન્મ નડિયાદમા ઈ. સ. ૧૮૪૯મા અને મરણ ઈ સ ૧૯૦૩મા થયુ હતુ તેમણે ધનની અસ્થિર સ્થિતિમાંથી સ્વાશ્રયે વિદ્યાભ્યાસ કર્યો હતો અને મુબઈ જઈ અંગ્રેજી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. પાછળથી વેપારધંધામાં સોડાઈ સારી સ્થિતિ પ્રાપ્ત કરી હતી તેમણે ગુજરાતી સાહિત્યમા સંસ્કૃતમય શબ્દો પ્રયોજિત કરવા પ્રયત્ન આદર્યો હતો સાહિત્યમાં તથા વેદાંત વિષયમા કેટલાક ગ્રંથો રચી તેમણે પોતાનું વિદ્વત્તા ભર્યું દર્શાવ્યું હતુ તેમ જ અમદાવાદમાં સાહિત્યસભાના ઘણા વરસના મુબઈ ખાતેના એજન્ટ તરીકે કામ કરી પોતાની કર્તવ્યદક્ષતા અને જોખિમદારી બતાવી હતી

મન સુપર્ણ [સં] પું સૂર્યના એકસો આઠ નામોનું એક નામ

મન સૃષ્ટ [સં.] વિ કલ્પિત, કાલ્પનિક, મનમાં સર્જેલું

મન સૃષ્ટિ [સ ., સ્ત્રી કલ્પનાનું જગત

અનઃસ્થ ૧. વિ. શુદ્ધિ સંબંધી.

૨. [સં. મનસ્ (મન) + સ્થા (રહેવું)] વિ. મનજ સ્મરણી; માનસિક; મનમાં રહેલું.

૩ વિ. હૃદયમા રહેલું.

અનઃસ્થિતિ સ્ત્રી. મનોદશા.

અનઃસ્થિતિશાસ્ત્ર [સં] ન. માનસિક ક્રિયાની વધુ સ્થાયી સ્થિતિઓના અભ્યાસનુ શાસ્ત્ર.

અનઃસ્થૈર્ય [સં. મનસ્ + સ્થૈર્ય (સ્થિરતા)] ન મનની સ્થિરતા; મનનું ચલવિચલ ન થવુ તે, મનનું નિશ્ચિતપણું;ધૃતિ; ધૈર્ય.

અનઃસ્થૈર્યા [સં.] સ્ત્રી. નર્મદાનાં હલ્કર માહેનુ એક નામ.

અનઃસ્પન્દ [સં] વ. કલ્પના.

અનઃસ્પાદિત વિ. મનને સ્પાદિષ્ટ લાગે એવું; મનગમતું

અનઃસ્પાસ્થ્ય [સં.] ન. મનની સ્વસ્થતા.

અના ૧. [સ. મનજ] સ્ત્રી. કોઈ કામ કરવાની જરૂરીયાતવાની ના પાડવી તે; નિષેધ; નકારો, અટકાવ; પ્રતિબંધ; ના; અનાર્ઘ; ન કરવાની સૂચના; મંજી.

મના કરવી = અટકાવવુ; નિષેધ કરવો.

૨. સ્ત્રી. નાહું.

૩ સ્ત્રી. હરકત.

૪. વિ. અનુચિત; અયોગ્ય.

૫. વિ. નિષેધ કરેલું; વર્જિત; નિષિદ્ધ; મના કરેલું.

અનાર્ઘ [સ. મનજ (અટકાવ)] સ્ત્રી. નકારતા; ના પાડવી તે; નિષેધ; પ્રતિબંધ; અટકાવ; મંજી; મના.

અનાર્ઘપત્ર જુઓ મનાર્ઘહુકમ.

અનાર્ઘહુકમ હું. મનાર્ઘ કરતો કે જણાવનારો હુકમ; અટકાયતનો હુકમ.

૧. મનાર્ઘહુકમ કાઢવો = અટકાયતનો હુકમ બહાર પાડવો

૨. મનાર્ઘહુકમ નીકળવો = પ્રતિબંધક હુકમ બહાર પડવો

અનાર્ઘહુકમનામું ન. તાકીદનું હુકમનામું; નિરોધાજ્ઞા; નિષેધક હુકમનામું.

અનાક ૧. [સં. મનાક્] વિ. થોડું; જરાક; કિંચિત; ક્વચિત; અલ્પ.

૨. વિ. મંદ.

અનાકાર [સં.] સ્ત્રી. હાજરી.

અનાકાંક્ષ (મનાકાંક્ષ) [સં.] હું.બ.વ. સ્પૃહારહિતો; મુનિ.

અનાકાર ૧ [સં.] વ. ખોટ જાતનું અત્તર

૨. વિ. આકારહિત.

૩. વિ. ખોટું કામ કરનાર.

૪. વિ. મંદ

અનાગ જુઓ મનાક.

અનાગ્નિષ્ટ [સ.] હું. બ.વ. મુકામો

અનાડી (મનાડો) સ્ત્રી. સ્તન ઉપર થતું એક જાતનું ગૂમડું.

અનાત [સ.] સ્ત્રી. ઇસ્લામ ધર્મ ફેલાવો તે પહેલા અરબોથી માનવામાં આવતી એક મૂર્તિ.

અનાતીત ૧ [સં. મનસ્ + અતીત] હું. મનથી પર રહેલું તત્ત્વ; આત્મા.

૨. વિ. મનથી અગમ્ય; મનથી પર; મનની પહેલી પાર.

અનાદી ૧. [સ. મુનાદી] હું. બહેર કરવું તે; દંડેરો.

૨. હું. સાદ.

અનાદિજ્ઞ (મનાદિજ્ઞ) [સ.] હું. બ.વ. નકો; ના; ફાવતો.

અનાદ્રે (મનાદ્રે) ૧. [સ.] હું. ગંભીરની ગોખ્ખી ઊપજ.

૨. જુઓ મનાદિજ્ઞ.

અનાબ્બિર [સ.] હું. બ.વ. જેટી; ' પોટહોર્મ '.

અનામણું ૧. ન. ગભરાવલા; પ્રક્ષિપ્તતા; નમી પડવું તે.

૨. ન. નબેસર હોરતી; બૈરાંઓ સમજાવની સલાહ; અપ્રીતિ અને વૈમનસ્યનું વગેરે મટાડવા કે ટાળી નાખવા માટે સામાના મનનું સમાધાન કરવાની ક્રિયા.

૩. ન. મનાવ તે માટે કરવાની આરાધના; સાંત્વન.

૪. ન. મનાવવું તે; રીસ ઉતારવાને સમજાવવુ તે; વિનવતા, રીસ કે ખોટું લાગ્યું હોય તેનો અભાવ. આ શબ્દ બહુવચનમાં વપરાય છે.

મનામણા કરવાં = રીસાયેલાને વિનવવું.

૫. ન. લાડ; લડુક.

અનામી [સં.] સ્ત્રી. આંગળી પછીનું નામ; અનામિકા.

અનાયુ [સં.] વિ. બુદ્ધિવગરનું.

અનાર [સ.] હું. અરબસ્તાનો મનારો કે મુસ્લિમ તેના ઉપરથી નમાજ માટે બાંગ પોકારાય છે.

અનારા જુઓ મનાર.

અનારો ૧. હું. ઊંચું ઊંચું ગોઠવેલું તે.

૨. હું. દીવો રાખવાની જગ્યા.

૩. હું. મસ્જિદમાં બાંધેલો ગ્રામાવાળો ટોચો. જેથી પ્રાર્થના કરવા સારુ લોકોને બોલાવવામા આવે છે.

૪. હું. મિનારો; બાજલા જેવુ ઘણું ઊંચું બાંધકામ.

અનાર્થે હું. હેતુ; ઇરાદો

અનાલ ૧. [હિ.] હું. એક પ્રકારનું બાજરો પક્ષી. તે સીમલા બાજુ થાય છે. તેના સુંદર પીંછાને લીધે તેનો શિકાર કરવામાં આવે છે.

૨. [સ.] હું. હોલત; મિલકત.

અનાવણું જુઓ મનામણું.

અનાવવું ૧. સ. ક્રિ. આશ્વાસન આપવુ.

૨. સ. ક્રિ. ઇચ્છવું; આતુર હોવુ.

૩. સ. ક્રિ. કબૂલ કરાવવું; સાચેસ.ચું કહેવરાવવુ.

૪. સ. ક્રિ. કોપતા ચહેરાને આરાધવું; કાલાવાલા કરી પ્રસન્ન કરવુ; પ્રાર્થના કરવી; સ્તુતિ કરવી.

૫. સ. ક્રિ. રીસે ભરાયું હોય કે સ્નેહમૈત્રો તોડી નખું હોય કે સહવાસથી આઘું થઈ ગયું હોય તેના મનનું સમાધાન કરવું; રીસ ઉતરાવવી; સમજાવવુ; માને તેમ કરવું; મેળાપ કે સંપ કરવો; મન રાજી કરવું; સાન્ત્વન કરવું.

મન મનાવવું = (૧) છટકી જવુ. (૨) પોતાના પક્ષમાં કરી લેવું. (૩) રાજી કરવું.

અનાવાવું સ. ક્રિ. મનાવું; માની જવું; રીસ ઊતરવી.

અનાવી જુઓ મનાવી

અનાવું ૧. સ. ક્રિ. કબૂલ કરાવું; પોતાના પક્ષમાં છટકી જવાવુ.

૨. સ ક્રિ. હોરતી થવી

૩. સ ક્રિ. માને એમ થવુ.

૪. સ. ક્રિ રીસ તજી દઈ માની જવુ; ફરીને પ્રીતિ કે સ્નેહ સંબંધ બાંધવો, રીસ ઊતારવી

૫. સ ક્રિ. સમજૂતી થવી

અનાહી ૧. [સ.] સ્ત્રી ગુનો.

૨. સ્ત્રી. પ્રતિબંધ; મનાઈ; અટકાયત; નિષેધ

૩. સ્ત્રી બ વ. મના કે નિષેધ કરેલ વસ્તુઓ.

અનિ ૧. [હિ] સ્ત્રી. મણિ

૨. સ. (ભૂ. કૃ.) મને

૩ સ. મનમાં

અનિકા [હિ.] સ્ત્રી. માળામા પરોવેલા પારા; મણકા.

મનિત ૧ વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું.
૨. વિ. જાણેલું, વિદિત.
૩. વિ. વિચારેલું.

મનિયની [હિં.] પું. ઘોડાની એક ખોડ.

મનિયર વિ. હીરાનું બનેલું; મણિમય.

મનિમાલ પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; મોટનઃ મોટનક. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, બે જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

મનિમાલા સ્ત્રી હીરાનો હાર.

મનિયા જુઓ મનિહા.

મનિયાર ૧. પું. ચૂડગર; ચૂડીઓ બનાવી વેચનાર વેપારી; મનીહાર; મણિયાર.
૨. પું. બાવળમાનો એક વેષ.
૩. વિ. ચમકદાર; તેજસ્વી; દેદીપ્યમાન.
૪ વિ. દર્શનીય; શોભાયુક્ત; સુંદર; રોનકદાર.
૫. વિ. બંગડીઓ બનાવનાર.
૬. વિ. સ્વચ્છ.

મનિયારું ન. મણિયારનો ધંધો; હાથીદાંત વહેરવાનું, ચૂડીઓ ઉતારવાનું અને તેના રમકડાં ને બાદ બનાવવાનું કામ; મણિયારું.

મનિહાર જુઓ મનિયાર.

મનિહારી સ્ત્રી. હીરાનો ધંધો.

મની ૧. [અં.] પું પૈસો; નાણું.
૨. સ્ત્રી. કાઠિયાવાડે ઘોડાની એક ઓલાદ.
૩. [અ] સ્ત્રી. ધાતુ; ધાતા; વીર્ય; રેતઃ શુક્ર.
૪. સ્ત્રી. બીજ.
૫. સ્ત્રી. મોની; બિલાડી; મોનડી; મીંદડી; માર્જારી.
૬ સ્ત્રી. ઘમંડ; અભિમાન; અહંકાર.
૭. વિ. મનન કરનાર.

મનીઅ [અ] વિ. ન પહોંચી શકાય એવું.

મનીઓર્ડર ૧. [અં.] પું. ટપાલ ઑફિસ મારફતે મોકલેલાં કે આવેલાં નાણાં; હુંડી.
૨. પું. ટપાલખાતાની એક દેકાણેથી બીજે દેકાણે વટાવ લઈ રૂપિયા મોકલી આપવાની મોઠવણ કે રીત.
૩. પું. પૈસા મેળવવાનો હુકમ.

મનીઓર્ડર ઑફિસ [અં.] સ્ત્રી. ટપાલખાતા મારફત પૈસા મોકલવાની કચેરી.

મનીઠ [સં] પું. એક જાતનું નેત્રાજનઃ આંજણ.

મનીઢા સ્ત્રી. બત્રીસ રૂપિયાભાર જેટલું કયા લોખંડમાં વપરાતું વજન.

મનીખ સ. મનુષ્યઃ માણસ

મનીખા ૧. પું. મનુષ્ય દેહઃ માનખો.
૨. [સં. મનીષા] સ્ત્રી. બુદ્ધિઃ મતિ.

મનીદેવ ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના હાથની કળાઈ પડી હતી.

મનીપર્સ [અં] સ્ત્રી નાણાં રાખવાની કોથળી.

મનીપ્લેંટ જુઓ મનીપર્સ.

મનીબાર્ડર [અં] સ્ત્રી. કરાઇ બખ્તર; નાણાં બખ્તર

મનીયારા ૧. સ્ત્રી કચ્છીની એ નામની એક જાટ
૨ સ. એ નામની જાટકનું માણસ.
૩. વિ એ નામની જાટકનું.

મનીર [હિં.] સ્ત્રી. ટેવ.

મનીલા ૧. [અં.] સ. એક જાતનું શણ. ફિલિપાઈન દ્વીપના મુખ્ય શહેર ઉપરથી આનું નામ આપવામાં આવ્યું છે.
૨. સ ફિલિપાઈન દ્વીપની રાજધાનીનું શહેર
૩. સ ફિલિપાઈન દ્વીપમાં થતું એ નામે એક જાતનું શણનું કપડું. તે ગરમ કપડા નીચે અસ્તરમાં વપરાય છે.

મનીશ સ. મનુષ્યઃ માણસ; આદમી; મનુજ.

મનીષા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; આકાંક્ષા; ધારણા, ધારણા
૨ સ્ત્રી બુદ્ધિ; સમજ.
૩. સ્ત્રી. બુદ્ધિ; મતિ; ધી; ચેતના; અક્કલ
૪. સ્ત્રી. વિચાર; સંકલ્પ.
૫. સ્ત્રી. સ્તુતિ; સ્તોત્ર.
૬. [હિં.] સ્ત્રી. સ્તુતિ; પ્રશંસા.

મનીષાપંચક [સં.] સ. શંકરાચાર્યનું બનાવેલ એ નામનું એક સ્તોત્ર.

મનીષિ પું. (પુરાણ) પ્રત્યૂષ વસુના પુત્ર દેવલના બે ભાંડેનો એ નામનો એક પુત્ર.

મનીષિષ્ઠ વિ બુદ્ધિમાન માણસ; પૂર્વદ્રષ્ટા; વિચારવાન પુરુષ

> મહાભારતયોગમાં ન ભાગ્ય યોગ્ય છે જ જે;
> બહુ, કપ અને દાન પાવનકારી કર્મ મનીષિષ્ઠે.
> નીતાનુશાસન

મનીષિત ૧. [સં.] ન ઇચ્છા.
૨. વિ મનથી ઇચ્છેલું.

મનીષિતા [સં.] સ્ત્રી. બુદ્ધિમત્તાઃ બુદ્ધિશાળીપણું.

મનીષી ૧ [સં. મનીષિન] પું જેનું મન પોતાના તાબામાં હોય એવો માણસ; પોતાના મનની શક્તિ ઉપર પ્રભુત્વ ધરાવનાર માણસ; મનનો સ્વામી
૨ પું વિદ્વાન; ડાહ્યો પુરુષ; પંડિત; જ્ઞાની પુરુષ
૩ પું સૂક્ષ્મ બુદ્ધિવાળો માણસ.
૪ પું સ્તોતાઃ પ્રાર્થના કરનાર પુરુષ.
૫. વિ પ્રાર્થના કરનાર
૬ વિ બુદ્ધિમાનઃ સમજદાર. સજ્ઞ
૭ ■ મનનો પ્રેરક
૮ વિ ડોશિયારઃ ખબરદાર

મનીસ્વર પું. મીંદડીનો અવાજ

મનીહાર જુઓ મનિયાર

મનુ ૧. પું અંતઃકરણઃ મન
૨ પું. એ નામે અઢાર મન્વંતરોનો એક જ્યોતિષી
૩ [સં] પું. (પુરાણ) એ નામે એક આદમ
૪ પું. (પિંગળ) એ નામે એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે રમઝમ્માલ છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૪૦ લઘુ મળી ૪૮ વર્ણોની ૫૬ માત્રા હોય છે
૫. પું. એક પ્રકારનો સમુદાય
૬ પું. કલ્પના ચૌદમા ભાગ જેટલો કાળઃ ૪૩,૨૦,૦૦૦ વરસની એક ચોકડી, તેવી ૭૧ ચોકડીનો કાળઃ મન્વંતર. ચૌદ મનુની ૯૯૪ ચોકડી મળીને બ્રહ્માનો એક દિવસ થાય છે.
૭ પું. (પુરાણ) કૃશાશ્વ ઋષિને ધિષણાથી થયેલા ચાર ભાંડેનો એ નામનો એક પુત્ર.
૮. પું. ચૌદની સંખ્યાનો સંજ્ઞા.
૯ પું. નાટ્યશાસ્ત્રમાં વપરાતું એક જાતનું કરણ.
૧૦ પું પરમેશ્વર
૧૧ પું પ્રાર્થના કે મંત્ર.
૧૨ પું બ્રહ્માઃ પ્રજાપતિ.
૧૩ પું. બ્રહ્માનો ચૌદ ભાંડેનો દેરેક પુત્ર.
૧૪ પું. મનુષ્યનો મૂળ પુરુષઃ વિવસ્વતનો પુત્રઃ આદિમાનવઃ માનવકુળનો ઉત્પાદક.

> આ બોલ સૂર્યને પૂર્વે બે કહેલ જ અબ્જજ,
> સૂર્યે કહ્યો મનુને જે તે મનુએ કહ્યા અને.
> નીતાનુશાસન

૧૫ પું. મન્વંતરનો મૂળ પુરુષઃ મનુષ્યોનો વડો કે રાજાઃ લોકનિયંતા તેમાંનો દરેક એક મન્વંતર સુધી એટલે ૭૧,૪૩,૨૦,૦૦૦ મનુષ્યના વર્ષ સુધી પ્રજા ઉપર રાજ કરે છે. પહેલો મનુ સ્વાયંભુ કહેવાય છે. બ્રહ્માએ પોતાના શરીરના બે વિભાગ કર્યાઃ સ્ત્રી અને પુરુષ. આ જોડામાંથી વિરાજ ઉત્પન્ન થયો અને તેમાંથી મનુ સ્વાયંભુ ઉત્પન્ન થયો. આ મનુએ ૧૦ પ્રજાપતિને ઉત્પન્ન કર્યા. આ દસ

પ્રજાપતિને મહર્ષિ પણ કહેવાય છે. અમુક મત પ્રમાણે બ્રહ્માએ પોતાની દીકરી શતરૂપા સાથે નિયમભંગ કરીને સંભોગ કર્યો અને તેમાંથી મનુ ઉત્પન્ન થયો. ચાલુ જમાનાનો મનુ સાતમો મનુ છે અને તેનું નામ વૈવસ્વત છે. ચૌદ મનુનાં નામ: (૧) સ્વાયંભુવ, (૨) સ્વારોચિષ, (૩) ઔત્તમિ, (૪) તામસ, (૫) રૈવત, (૬) ચાક્ષુષ, (૭) વૈવસ્વત અથવા સત્યવ્રત, (૮) સાવર્ણિ, (૯) દક્ષસાવર્ણિ, (૧૦) બ્રહ્મસાવર્ણિ, (૧૧) ધર્મસાવર્ણિ, (૧૨) રુદ્રસાવર્ણિ, (૧૩) રૌપ્ય અથવા દૈવસાવર્ણિ, (૧૪) ઇંદ્રસાવર્ણિ.

૧૬ પુ. માનવ, મનુષ્ય.

૧૭. પુ માનવયુગના આદિપુરુષ; આર્યયુગના મુખ્ય અને પ્રારંભ વખતનો વિજયી પુરુષ. વિરાટ પુરુષે મનુને ઉત્પન્ન કર્યા. દરેક કલ્પમાં ચૌદ મનુ ઉત્પન્ન થાય છે. આ કલ્પમા સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ એ છ મનુ થઇ ગયા છે. એમ વસતી ની ઉત્પત્તિ ૭ વખત થઈ અને ૭ વખત નાશ પામી. સાતના સાતમા મનુનું નામ વૈવસ્વત એટલે સૂર્ય અથવા બીજું રૈવત અથવા સત્યવ્રત છે. તેનાથી વસતી ઊતરેલી છે, તેથી એ વસતી માનવ કહેવાય છે. જળપ્રલય થતી વખતે વૈવસ્વત મનુનું વહાણ સુમેરુ પર્વત ઉપર બોલ્યું. એ મનુએ પોતાનું એ સુમેરુ પર્વતના પ્રદેશનું રાજ્ય પોતાના ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ એ નવ પુત્રોને વહેંચી આપ્યું. ઇક્ષ્વાકુ સૌથી મોટા હતા. તેણે ભારતવર્ષમાં અયોધ્યામાં સૂર્યવંશી સાદી સ્થાપન કરી અને પોતાની બહેન ઇલાને ચંદ્રના પુત્ર બુધ સાથે પરણાવી, તેનાથી પુરૂરવા પુત્ર થયો. ચાલુ વૈવસ્વત મનુ આર્યોના આદિ પુરુષ અને ચક્રવર્તી રાજા હતા. તેની પાસે ઋષભ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, ભરદ્વાજ અને જમદગ્નિ એ સપ્તર્ષિ હતા.' સૃષ્ટિની વૃદ્ધિ થતી ગઈ ને સૌને પોતપોતાનાં કામ સોંપી દીધાં તેમના સુખકર રાજ્યથી પ્રજા એટલી બધી સંતોષાઈ ગઈ કે પ્રજાએ પ્રેમના ઊમળકાથી તેમને ભગવાન મનુ ઉપપદ આપ્યું. જે હજુ મનુ ભગવાન એવે નામે ઓળખાય છે. મનુ ભગવાન આદ્ય સ્મૃતિકાર હતા. તેમણે રચેલી સ્મૃતિને મનુસ્મૃતિ એટલે માનવધર્મશાસ્ત્ર કહે છે. તેમાનો કાયદો એવો તો સર્વકાળને અનુકૂળ છે કે કાલના મહાન વિદ્વાનો તેની મહત્તા જોઈ આશ્ચર્ય પામે છે. મનુ ભગવાનનો કાયદો એવો તો સિદ્ધ છે કે આજ સુધી કેરવવો પડ્યો નથી. તેમની આજ્ઞાઓ ઉત્તમ નીતિથી ભરેલી છે. તેમાં મનુષ્ય જન્મે ત્યારથી તે મરણ કાળ સુધી વર્તવાની નીતિની આજ્ઞા કરેલી છે. બ્રહ્મિષ્ઠારિષ્ટી ઓને કલ્પાંતે જળપ્રલય વચ્ચે ચાલ પડ્યો ચૂકાવવી એવું સ્પષ્ટ મનુનું વચન છે. તેમણે સમુદ્રમાં ફાટ્યું તરતું જોઈ નૌકાયનની શોધ કરેલી કહેવાય છે. ઋષિ જમતને અગ્નિ અને સર્વ ભૂતિ સમાન ગણી સંસારથી વૈરાગ્ય પામી પુત્રોને સઘળો રાજ્યકારભાર સોંપી પ્રજાને પાળવાની બધામણ કરી વિરક્ત થયા અને બધાં વર્ષ વનમાં તપ કરી પરમ પદને પામ્યા. વિનોબાજી જણાવે છે કે, વેદકાળમાં માંડી મધ્યયુગ સુધીનો ઇતિહાસ નારીપ્રતિષ્ઠાનું ભાન કરાવે છે. સમાજમાં સ્ત્રીનું સ્થાન ઘણું બદલાતું હતું. એક વખત એવો હતો જ્યારે મનુ જમતને બધ્યું હતું કે, પુરુષો અધિક પિતા અને પિતાથી અધિકગણું માતાનું સ્થાન છે. આવી મહાન ગણાતી સ્ત્રીજાતિને પણ આજે આપણે હીન અને રસોડાની મજૂરણ સમજી હડધૂત કરી રહ્યા છીએ. ખરેખર ગૃહ અને સ્ત્રીસમાજ બન્નેની અવદશા જ ભારતની અવનતિનું કારણ છે. વેદોમાં મનુને યજ્ઞોનો આદિ પ્રવર્તક ગણેલ છે ઋગ્વેદમાં કપડાં અને અગ્નિના યજ્ઞપ્રવર્તનમાં મનુને સહાયક ગણેલ છે. શતપથ બ્રાહ્મણમા લખ્યું છે કે મનુ એક વખત જળપ્રલયમાં હાથ ધોતા હતા, તે વખત તેના હાથમા એક નાનકડી માછલી આવી ગઈ. તેણે મનુ પાસે પોતાની રક્ષા કરવાની પ્રાર્થના કરી અને કહ્યું કે મારી રક્ષા કરશો તો હું તમારી પણ રક્ષા કરીશ. તેણે મનુને ભવિષ્યમાં આવનાર પૂર વિષે વાત કહી અને એક હોડી બનાવવાનું કહ્યું. મનુએ તે માછલીની રક્ષા કરી અને તે માછલી થોડા જ દિવસોમા બહુ જ મોટી થઈ ગઈ. જ્યારે પૂર આવ્યું ત્યારે મનુ પોતાની હોડીમા બેસીને પાણી ઉપર ચાલ્યા અને તે હોડીને માછલીના શીંગડે બાંધી દીધી. તે માછલી ઉત્તર દિશા તરફ ચાલી અને હિમાલય પર્વતના શિખર ઉપર તે હોડીને પહોંચાડી દીધી. ત્યાં મનુએ પોતાની હોડી બાંધી દીધી. તે પ્રલય પૂરથી મનુ એકલા જ બચ્યા હતા. ત્યારબાદ તેમનાથી જ મનુષ્ય જાતિની વૃદ્ધિ થઇ. મનુના પ્રલયની વાત યહૂદીના પ્રલયની વાતને મળતી આવે છે. મહાન પ્રલય વખતે મનુ એકલો બચી ગયો હતો અને તેની હોડી હિમાલયને શિખરે બાંધવામાં આવી હતી. જ્યારે યહૂદીમાં નોહા બચી ગયો હતો અને તેની હોડી સિનાઈ પર્વતને શિખરે બાંધવામા આવી હતી. આ બંનેનું મૂળ શોધિયન હોઈ શકે. કેમકે શોધિયનની અંદર પણ સૌથી પહેલા પુરુષનું નામ મેનન છે. મહાન જળપ્રલયનો સમય લગભગ ઈ. સ. પૂર્વે ૭૦૦૦નો ગણી શકાય. ઐતરેય બ્રાહ્મણમાં મનુએ પોતાની સંપત્તિ પોતાના પુત્રોને પહેંચી દીધી હોવાનું વર્ણન મળી આવે છે. તેમાં એમ પણ લખ્યું છે કે તેણે નાભાનેદિષ્ઠને પોતાની સંપત્તિનો ૯/૧૦ ભાગ આપ્યો. વાજસનેય સંહિતામાં મનુને પ્રજાપતિ કહ્યા છે. મનુસ્મૃતિમા મનુને વિરાટનો પુત્ર લખેલ છે

૧૮. પુ. ઘુડાર

૧૯. પું. વિષ્ણુનાં ઢગર માંહેનું એક નામ.

૨૦. પુ. ક્રિયા કહ.

૨૧. પું. શુક્લ યજુર્વેદનો એ નામે એક ઋષિ.

૨૨. પું. સામવેદનો એક ઋષિ.

૨૩. સ્ત્રી. અઢાર માત્રાની એ નામની એક મુખ્ય સ્મૃતિ

૨૪. સ્ત્રી. પૃક્ક. નામે વનસ્પતિ.

૨૫. સ્ત્રી. (પુરાણ) પ્રાચીને થયેલી અપ્સરાઓ કન્યાઓ મહેનીએ એ નામની એક કન્યા.

૨૬. સ્ત્રી. મનુની સ્ત્રી.

૨૭ ત્રિ. તપસ્વી.

૨૮. વિ મનન કરનારા.

અનુઆપ્રેરણ ૧. [સં.] પું. ઋગ્વેદના નવમા મંડલનું ૧૦૬મું સૂક્ત રચનાર એ નામનો એક ઋષિ.

૨. પું. સામવેદનો એક ઋષિ

અનુઆ ૧. [હિં] પું. દેવ કપાસ.

૨ પું. ખિલાડી.

૩. પુ. મત.

૪. પુ. મનુષ્ય.

અનુકુલ [સ.] ન. આર્યપ્રજા; માનવકુટુંબ; મનુષ્ય જાતિ.

બળક ચેતનના કુવારા છે.

અનુકુલના ભાવિ ભડાર છે. નાનાલાલ

અનુકુલાજાતિવાદ ૧ [સં.] પું. નિરીશ્વર વાદ; ' પોઝિટિવિઝમ '.

૨ પું. મનુકુળના આદિ અભ્યુદયાધિકરણનો વાદ.

અનુખ ૧. પું. ધણી, પતિ.

૨. [સ. મનુષ્ય] પું. મનુષ્ય; માણસજાત.

અનુજ [સં.] પું પ્રિયવ્રતનો પૌત્ર અને નુતિમાનનો પુત્ર.

અનુજ ૧ પું. (પુરાણ) દક્ષ માંહેનો એ નામે એક વિશ્વદેવ

૨ [સં. મનુ + જન્ (ઉત્પન્ન કરવું)] પુ માણસ; માનવી, પુરુષ; મનુષ્ય; મનુનો વિસ્તાર, માણસ જાતિ.

૩. વિ. મનુષ્ય સબધી.

મનુજતા [સં.] સ્ત્રી. મનુષ્યતા

મનુજત્વ [સં.] ન. મનુષ્યપણું.

મનુજંતુડું (મનુજન્તુડું) ન. સા. વ. મનુષ્યપ્રાણી વગેરે શબ્દનો અર્થ હાલ ગુજરાતીમાં જીવડા કે નાનાં જીવડાં નમાલા જનાવરો એવો થાય છે પણ સંસ્કૃતમાં મૂળ તેનો અર્થ જન્ એટલે ઉત્પન્ન થવું, જન્મ પામવો એ ઉપરથી જીવવાળું કોઈ પ્રાણી એવો થાય છે.

મનુજા ૧. [સં] સ્ત્રી. કામિની; સ્ત્રી, મનુષ્યની સ્ત્રી

૨. સ્ત્રી. મંત્ર વડે ઉત્પન્ન થયેલી દ્રૌપદી.

મનુજાત ૧. [સ] પું. મનુષ્ય; માણસ.

૨. વિ. મનુથી ઉત્પન્ન થયેલું

મનુજાદ ૧. [સં. મનુજ + અદ (ખાવું)] પું. દૈત્ય; રાક્ષસ.

૨. વિ. માંસ ખાનારું.

મનુજાધિપ [સં.] પું. રાજા.

મનુજી ૧. સ્ત્રી. મનુષ્યની સ્ત્રી.

૨. વિ. માનુષી

મનુજેશ્વર [સં] પું રાજા; નૃપતિ.

મનુજેંદ્ર [સં. મનુજ (માણસ) + ઇંદ્ર] પું. નરેંદ્ર, રાજા.

મનુજયેષ્ઠ ૧. [સં.] પું. તરવાર.

૨. પું. ખાડી.

મનુતીર્થ [સં.] ન. (પુરાણ) સરસ્વતી નદીના તટ ઉપર આવેલું એ નામનું એક તીર્થ.

મનુત્વ ન. મનુષ્યપણું

મનુનેત્ર [સ.] ન. માણસની આંખ; ચક્ષુ.

મનુપણું ૧. ન. મનુની પદવી

અલાપણું, અમરત્વ, ઇંદ્રપણું કે મનુપણું પણ વૈષ્ણવ જનની કરી નજરોમાં નથી.

ભગવતી ભાગવત

૨ જુઓ મનુત્વ.

મનુપરાપુ પું. કાળી કપાસ; વર્ષા ઋતુમાં ઊગતો એક સુંદર છોડ.

મનુપુત્રમતિમેદ [સ] પું. પુરુષોત્તમનાં હનાર માહેનું એક નામ.

મનુષ્યાલિ જુઓ મનુષ્યાળી.

મનુષ્યાળ પું. માનવ બાળ; માણસ.

મનુષ્યાંધવતા [સં] સ્ત્રી જનતાપ્રેમ; જનતાભિમાન; ભ્રાતૃતા

મનુષ્યાજ્ઞ [સ] પુ શિલ્પશાસ્ત્રપ્રવર્તક કર્તા એ નામનો એક ઋષિ

મનુષ્યાવ પું. કામદેવ

વાલ સુંદર સોનામણુ.
મન હર મૂર્ત મનુષ્યાવની નિષ્કુલાનંદ

મનુષ્ય [સં] પું મનુષ્ય

મનુષ્યમંડલ જુઓ મનુષ્યગણ

મનુષ્યમંડળી સ્ત્રી. જનતા; જનસમુદાય

મનુષ્યમંડળી સ્ત્રી. સમાજ

મનુષ્યયુગ , સ.] પુ. મન્વંતર

મનુષ્યરાજ [સં] પુ. કુબેર ભંડારી.

મનુષ્યલોક પું સૃષ્ટિ દુનિયા.

મનુષ્યવર [સં.] વિ. બધા મનુષ્યોમાં ઉત્તમ

મનુષ્યવેરા પુ. માનવવસ્તી

મનુષ્યા ન. મન

મનુષ્યાર સ્ત્રી. તાણ; આગ્રહ; ખેંચ; પ્રબળપણું આગ્રહ; આત્યન્તિકતા.

મનુષ્યૈવસ્વત ૧. [સં.] પું ઋગ્વેદના આઠમા મંડલના ૨૭થી ૩૧મા સૂક્ત રચનાર એ નામનો એક ઋષિ.

૨. પું. માત્રવૈવસ્વત એ નામનો એક ઋષિ

મનુશ્રેષ્ઠ [સં.] પું વિષ્ણુ

મનુષ ૧ પું. પત્ની, પતિ

૨ [સં. મનુષ્ય] પું. માણસ; પુરુષ. મનુષ્ય મનુષ્યદેહ ધારણ કરેલો = માણસ તરીકે અવતરેલ.

મનુષી [સં.] સ્ત્રી મનુષ્ય જાતિની સ્ત્રી

મનુષ્ય પું એ પગ ઉપર ટટ્ટાર રહી ચાલનાર બુદ્ધિશાળી પ્રાણી. માણસ. સર્વ પ્રાણીમા ઉત્તમ કોટિનો આત્મા આદમી; માનુષ; અર્થ: મનુજ; માનવ; નર; પુમ્; પંચજન; પુરુષ; પુમાન, પૃ. જૈન મત પ્રમાણે પંચેંદ્રિય જીવોના આઠ વર્ગ કર્યા છે: નારક, દેવ, તિર્યંચ અને મનુષ્ય. આમાંથી ચારેય એ વર્ગવાળા જીવોમા જન્મપ્રસંગ એટલે કે જન્મસિદ્ધ અવધિજ્ઞાન હોય છે અને પછીના બે વર્ગોમા ગુણપ્રત્યય એટલે કે ગુણોથી અવધિજ્ઞાન થાય છે. પંચેંદ્રિય જીવને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો હોય છે. મનુષ્યની ઉત્પત્તિ સંમૂર્છિમ કહેવાયુ છે કે, જેમ બીજથી ઝાડ, શાખા, પત્ર, ઉપશાખા, ફૂલ, ફળ થાય છે ને નષ્ટ થાય છે, તેમ બીજજોનિ. તેમાંથી પીપળા જાતુ, તેમાંથી રૈડકા, તેનુ રૂપાંતર ગર્ભજમૂરા વગેરે ક્રમિ; પછી કોડી, મકોડા, કાકોડા વગેરે કૃમિ; તે પછી તેનુ રૂપાંતર ભમરાની કરોડવાળી પ્રાણી, જેમા કે માખી ઇત્યાદિ; તેમાંથી દેડકા, સર્પ; તેમાંથી ગોધમાં જનાવર; તેમાંથી વાનર એટલે વન . ચર. તેનું રૂપાંતર લુપ્તકડી એટલે નથી જ ખબર કે એ લુપ્તકડીનું રૂપાંતર જંગલી મનુષ્ય; તેનુ રૂપાંતર મલ્ય મનુષ્ય પુરુષ અને બીજના બીજના મનોરથથી પાકેલાં ઈંડાની એક પેશીમાંથી મનુષ્ય શરીરની શરૂઆત થાય છે ઈંડાની એ પેશીમાથી ગર્ભાશયમાં ૨ માથી ૪, ૪માંથી ૮ એમ ભાગલા પડે છે જુદાં જુદાં કામ માટે આ પેશીઓનો મધુર બને છે અને કામ પ્રમાણે તે ઓડવાઈ જાય છે. એનું આખરી સ્વરૂપ તે મનુષ્ય શરીર અને એ રૂપે એ ગર્ભાશયમાંથી બહાર આવે કે નવી પેશીઓ બનવાની ક્રિયા ત્યારપછી પણ ચાલુ રહે છે. જૂની પેશીઓ નાશ પામે છે, નવી પેશીઓ બાંધે છે. આ ક્રિયા જીવનપર્યંત ચાલુ રહે છે મનુષ્ય જેટલો ઈશ્વરની સમીપ આવે છે, તેટલા ઈશ્વરવત્ બને છે. મનુષ્યમાં પરમેશ્વરનો અને ઇશ્વરનો મેળાપ થાય છે મનુષ્ય એટલે ચેતનમય પરમેશ્વર તેથી જ શાસ્ત્રોએ શીખવ્યું કે, તેજ પૂરો જીવનો જેણે દેહદમન કર્યું. મનુષ્યનું શરીર એટલું કહેવાના સાથે જ જેને મસ્તક, નેત્ર, નાક, કાન, મુખ, હાથ, છાતી, પેટ, લિંગ, ગુદા, પગ ઇત્યાદિ હોય એવી એક કર્મેંદ્રિય અને જ્ઞાનેંદ્રિય તથા પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ઇત્યાદિ સૂક્ષ્મ અને સ્થૂલ તત્ત્વોવાળી આકૃતિઓનો આખાયને ખ્યાલ થાય છે જેનો માને છે કે, આટલા ગુણવાળો મનુષ્ય કહીને કહી મનુષ્ય થાય જેના હૃદયમાં દયાળુ હોય, જે દયાળુ હોય, જેનો પ્રકૃતિ રીતે દાન દેવાનો સ્વભાવ હોય, કોઈના દબાણથી નહિ પણ સ્વતઃ દાનશીલ હોય, દાંત હોય, પોતાની ઇંદ્રિયોને દમનારો હોય, દક્ષ હોય, ચતુર હોય, વરેક શુભ કાર્ય કરવામાં દક્ષ અને જે હમેશા સરલ પ્રકૃતિવાળો રહેતો હોય, લડી કે દુરાગ્રહી ન હોય, સાચી વાત સમજવામાં આવતાં તરત જેનો સ્વીકાર કરનારે હોય, સાચી વાતમા નાન અપમાનની કાંઈ કીમત ન ગણે, આવી પ્રકૃતિવાળો મનુષ્ય હોય તે મનુષ્યયોનિમાથી આવેલો છે અને મનુષ્યયોનિમાં જરૂરી, દુનિયાની સપાટીના જુદા જુદા ભાગ ઉપર મનુષ્યો વસે છે અને તે ભાગ જુદા જુદા ખંડોમાં વહેંચાયેલા છે તે પ્રમાણે મનુષ્ય જાતિના પણ અમુક મોટા વિભાગો પડી ગયા છે વિદ્વાનો કહે છે કે, કાલિદાસમાં એક કેટલાકે મનુષ્યને ઊર્ધ્વપ્રિય કહેલ છે કાલિદાસનું મનુષ્ય સ્વભાવનું જ્ઞાન ઊંડું હતું, અને તેનાથી તે કવિ કહેવાને અધિકારી થયા. બધાનો અનુભવ છે કે, મનુષ્યને ઊર્ધ્વ પ્રિય છે કે શું પ્રિય છે? દુઃખોથી ઘેરાયેલું હલ્લ

ઊત્સવના પ્રારંભે હલકું થઈ જાય છે. મનુષ્ય પાડાબામાં જ પાગલ થઈ રહ્યો છે. આજે તે પાંચ ઇંદ્રિયોનો જ આનંદ લઈ રહ્યો છે. જો આઠ ઇંદ્રિય તેને ન હોત તો તે ચાર જ ઇંદ્રિયોનો આનંદ સંસારમાં માનત. કાલે જો મગજ મહમાંથી કોઈ છ ઇંદ્રિયવાળો મનુષ્ય નીચે ઊતરી આવે, તો આ નિયરો પાસ ઇંદ્રિયવાળો રોવા લાગી જશે અને કહેશે કે, તેના મુકાબલને આપણે કેટલા દીન છીએ ?

અદ્વૈતવાદી કું ઓછો જીવ નીચ મને ન કો.
મનુષ્ય માત્ર માનું હું મમૈકમે સમાન હું.
ગાંધીગીતા

મનુષ્ય ઘરન ઈશ્વર કૃપા = પુરુષાર્થ અને પ્રારબ્ધ સંકળાયેલ હોય છે

મનુષ્યકલા [સં.] સ્ત્રી માણસની બુદ્ધિ; યુક્તિ; ચાતુરી.

મનુષ્યકળા જુઓ મનુષ્યકલા.

મનુષ્યકાર [વિ.] વ્યુ. ઉલ્લોત્ર; પ્રવર્ત.

મનુષ્યકૃત [સ.] સ્ત્રી. મનુષ્યની રચના.

મનુષ્યક્ષેત્ર [સં.] ન. (જૈન) અઢીદ્વીપ; વિશ્વના જેટલા ભાગમાં મનુષ્યની વસતી છે તેટલો ભાગ

મનુષ્યગણ ૧. [સં.] પું. માણસોનો સમૂહ. ૨. પું. (જ્યોતિષ) સત્તાવીસ નક્ષત્રોના દેવ, રાક્ષસ ને મનુષ્ય એવા ત્રણ ભાંહેનો કેટલો વર્ગ. ભરણી, રોહિણી, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા અને આર્દ્રા એ નવ નક્ષત્રો આ વર્ગનાં ગણાય છે અને તે તે નક્ષત્રોમાં જન્મેલો માણસ તે તે ગણનો ગણાય છે. એ ગણાનુસાર સ્વભાવ અને પ્રારબ્ધ કહેવાય છે.

મનુષ્યગણના [સં.] સ્ત્રી. વસતીગણતરી.

મનુષ્યગતિ સ્ત્રી. (જૈન) જીવને પ્રાપ્ત થતી ચાર ભાંહેની એક ગતિ. ચાર ગતિ આ પ્રમાણે છે: નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા.

મનુષ્યગોલક પું એ નામનો એક ગોલક; અંજસક. પૃથ્વીની સપાટી ઉપર બંને પગ દૂર દૂર રાખીને તથા બંને હાથ લાંબા કરી ઊભવું, પછી પગથી માંડીને લાંબા કરેલા બંને હાથની મર્યાદા પૂરી થાય તે મર્યાદાથી એક ગોલક દોરવાથી સંપૂર્ણ થાય તે મનુષ્યગોલક અથવા અંજસક સમજવું.

મનુષ્યજાતિ સ્ત્રી. આદમજાત; માણસજાત; મનુષ્યની જુદી જુદી જાતિ. ગૂંજ્યાં ગૂંજ્યાં જેવા વાળવાળા તે આફ્રિકનો, લીસા પણ પડતા કાળા તે ઓસ્ટ્રેલિયનો, સીધા વાળવાળા તે મોંગોલિયનો, ગૂંજ્યાં ગૂંજ્યાં જેવા વાળવાળા અથવા સીધા વાળવાળા દ્રાવિડિયનોની પૂર્વે થયેલા મનુષ્યો તે હોડેલિયન. મનુષ્યવિદ્યા પ્રમાણે મનુષ્યજાતિના તેમની શારીરિક વિવિધતા અંગે બીજા કોઈ ખાસ ચિહ્નો, જેમકે, ચામડીનો રંગ, વાળની જાત, ખોપરીનો આકાર વગેરેને લઈને જુદા જુદા વિભાગો અગર જાતિઓ પડેલી છે. ડોક્ટર નામના વિદ્વાને આપેલા રંગના વિભાગ પ્રમાણે ચામડીનો રંગ નિશ્ચિત થાય છે અને ચામડીના બહારના પડમાં રંગ આપનારાં જે તત્ત્વો હોય છે તેના ઉપર તે આધાર રાખે છે. વાળની બાબતમાં તેનની ગોગાની પદ્ધતિ ઉપર તે આધાર રાખે છે. જેમકે, કેટલાક વાળ તાર જેવા સાંતા હોય છે, કેટલાક સુંવાળા, કેટલાક ઊન જેવા ગૂંજ્યાં વળેલા અને કેટલાક આમળાવાળા હોય છે. વળી અસ્થિમિતિના પ્રમાણે ખોપરીની લંબાઈ તથા પહોળાઈના પ્રમાણમાં મનુષ્યના વિભાગ પાડવામાં આવે છે. તે પ્રમાણે લાંબા માથાવાળા, મધ્યમ માથાવાળા અને ટૂંકા માથાવાળા એમ પણ મનુષ્યના ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે.

મનુષ્યજાતિશાસ્ત્ર [સં.] ન. નૃકુલવિદ્યા

મનુષ્યજાતિશાસ્ત્રી પું. માણસજાતિના લક્ષણોની મીમાંસા કરનારી વિદ્યામાં નિષ્ણાત પુરુષ. નૃકુલવિદ્યાનો જાણકાર પુરુષ.

મનુષ્યજિંદગી સ્ત્રી. મનુષ્યનું આયુષ્ય

મનુષ્યજીવન ન. મનુષ્ય તરીકેની જિંદગી

મનુષ્યટહર પું. મનુષ્ય તરફનો ભય.

મનુષ્યટહર છોડી જે ઈશ્વરકર રાખતો,
હું બસે એમ.એ. તેને કહું હું અન્યને નહિ.
ગાંધીગીતા

મનુષ્યતા સ્ત્રી. માણસાઈ; માણસપણું; મનુષ્યત્વ. દયાભાવ, મનની કોમળતા, સ્નેહ, પુરુષાર્થપણું, સભ્યતા અને શિષ્ટતા એ માણસોને આજે તેજ મુખ છે

મનુષ્યત્વ [સં.] ન. માણસાઈ, મનુષ્યતા. મનુષ્ય માત્ર બુદ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી. ત્રણેયના એકસરખા વિકાસમાં મનુષ્યનું મનુષ્યત્વ સમાયેલ છે. વિદ્યાવિજયજી મહારાજ જણાવે છે કે, મનુષ્યત્વની ખુમારી જો કાયમ હોય, તો તે માતા પાસે છે. જ્યાં તે જન્મથી ત્રણ વર્ષ સુધી અભ્યસન કરે છે. માતા ત્રણ વર્ષ સુધી પોતાના સંસ્કાર અને આચાર વડે બચ્ચાને જે શિક્ષા આપે છે, તે આજકાલની બી.એ., એમ.એ.થી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. આ ત્રણ વર્ષની શિક્ષાથી પ્રાપ્ત થયેલ સંસ્કાર જીવનભર કાયમ રહે છે.

મનુષ્ય જનવું એ જે બહુતર ખરે બને,
અક્ષરજ્ઞાનથી કંઈ મનુષ્યત્વ ન આવ્યું.
ગાંધીગીતા

મનુષ્યદુર્ગ [સં.] પું. છ માંહેના એક પ્રકારનો કિલ્લો. મનુષ્યના મોટા સમૂહરૂપ દુર્ગ. મદદગાર થઈ પડે તેવાં મનુષ્યનો મોટો જથ્થો.

મનુષ્યદેહ ૧. [સં.] પું. મનુષ્યનું શરીર વિનોબા કહે છે કે: કૂતરાનું બહારનું શરીર સારી જરૂર, પડી જશે, પરંતુ બહારનું શરીર કૂતરાનું સારસર્વસ્વ નથી. તેનું સારસર્વસ્વ એટલે આત્મા તો બીજ છે આવી વાત શરીરની છે શરીર ભલે દૃઢ થઈ ને ચાલ્યું જાય, પરંતુ સ્મરણશક્તિ તો વધતી જ રહેવી જોઈએ, બુદ્ધિ તેજસ્વી થતી જોઈએ

૨. પું. મનુષ્યનો અવતાર. ગાંધીજી કહે છે કે, મનુષ્યદેહ ભોગને સારુ નથી જ, કેવળ સેવાને સારુ છે. જ્ઞાનમાં રહસ્ય છે, જીવન એ ભોગમાં મૃત્યુ છે. નિષ્કામ સેવા કરતા કરતાં બધાયને સવા સો વર્ષ જીવવાનો અધિકાર છે.

મનુષ્યદ્વેષી [સં. મનુષ્યદ્વેષિન્] વિ. માણસ જાતનો ધિક્કાર કરનાર, જનદ્વેષ; લોકદ્વેષી.

મનુષ્યધર્મ ૧. [સં] પું માણસનું ચરિત્ર. ૨. પું. માણસનો ધર્મ એટલે ફરજ.

મનુષ્યધર્મા [સં. મનુષ્યધર્મન્] પું. (પુરાણ) પું. કુબેર; યક્ષરાજ.

મનુષ્યનક્ષત્ર [સં.] ન. કોઈ માણસને જન્મરાશ્તી ગણવા કરેખીથી લઈ જતુ તે. મનુષ્યકરણ.

મનુષ્યપણું ન. માણસાઈ, મનુષ્યત્વ.

મનુષ્યપતિ [સં.] પું. રાજા; નૃપતિ

મનુષ્યપથ [સ.] પું. માણસોએ વાપરવાનો – ખાસ કૂતરાં પહોળાઈનો રસ્તો

મનુષ્યપદ [સ.] ન. માણસપણું

મનુષ્યપર્યાય પું. (જૈન) મનુષ્યનું શરીર; મનુષ્યજન્મ

મનુષ્યભક્ષી [સં. મનુષ્ય + ભક્ષિન્ / ભક્ષણ કરનાર)] વિ મનુષ્યનો ભક્ષ કરનાર.

મનુષ્યમત્સ્ય [સં. મનુષ્ય (માણસ) + મત્સ્ય (માછલું)] ન. કટિથી નીચેનો ભાગ માછલાનો અને ઉપરનો ભાગ મનુષ્યનો હોય એવું એક પ્રાણી તે પૂર્વે આફ્રિકાના કિનારા ઉપરના હિંદી મહાસાગરમાં થાય છે તેના નરને અંગ્રેજીમાં મરમેન અને માદાને મરમેડ કહે છે.

મનુષ્યમાપનવિદ્યા [સં] સ્ત્રી. માનવશા પરિમિતિ; મનુષ્યના શરીરના માપને લગતી વિદ્યા; માનવશાસ્ત્રની એક શાખા; 'ઍન્થ્રોપોમેટ્રિ'

મનુષ્યમૂર્તિ ૧ [સં.] સ્ત્રી. મનુષ્ય જન્મરૂપે વાસુદેવ ભગવાન.

૨ સ્ત્રી. મનુષ્યની મૂર્તિ.

મનુષ્યમેધ ૧. પું. દુષ્કાળ.

૨. પું. મનુષ્યનો હોમ.

મનુષ્યયજ્ઞ પું. (જૈન) તેર માહેના એક પ્રકારનો યજ્ઞ. તેના તેર પ્રકાર આ પ્રમાણે છે: પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિક ભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયજ્ઞ, ધનાધિપતિ, ધનાહાર, રૂપયજ્ઞ અને યક્ષોત્તમ.

મનુષ્યયજ્ઞ ૧ [સં] પું. અતિથિ યજ્ઞ; ઘરમાં આવેલ અતિથિનો અન્નાદિથી સત્કાર કરવો તે

૨. પું. મનુષ્યનો યજ્ઞ.

૩. પું. માણસ માટે યજ્ઞ.

મનુષ્યયોનિ [સં.] સ્ત્રી. મનુષ્ય અવતાર; માનવ જન્મ

મનુષ્ય જીવન એક મનાય છે અને તેનું કારણ એ છે કે મનુષ્યયોનિ જ એક એવી છે કે જ્યાં જીવનવિકાસની પરાકાષ્ઠાએ પહોંચવાની બધી સામગ્રી પ્રાપ્ત થાય છે. વિદ્યાવિનયમ

મનુષ્યરથ પું. માણસો ખેંચે એવો રથ; નરરથ.

મનુષ્યરાશિ સ્ત્રી. (જ્યોતિષ) કન્યારાશિ.

મનુષ્યરૂપધારી વિ. મનુષ્યનું રૂપ ધારણ કરનાર.

મનુષ્યર્ષભ [સં. મનુષ્ય + ઋષભ (શ્રેષ્ઠ)] પું. શ્રેષ્ઠ પુરુષ.

મનુષ્યલક્ષણ ન. ચારિત્ર; 'કૅરેક્ટર'.

મનુષ્યલક્ષણ જ માણસોના વ્યવહાર પર કાબૂ ચલાવે છે સરવાડ ઉપર પેટાં કાબૂ ચલાવે એ જેમ રાજ્ય નથી, તેમ મનુષ્યલક્ષણનો આ કાબૂ નષ્ટ થાય અને દુનિયામાંનાં કાર્યોમાં મનુષ્યલક્ષણ પ્રભાવોને વશ થાય એ પણ રાજ્ય નથી.

રમણભાઈ

મનુષ્યલિપિ [સં.] સ્ત્રી. લલિત વિસ્તરમાં જણાવેલી એ નામની ચોસઠ માહેની એક લિપિ

મનુષ્યલોક [સં.] પું. સૃષ્ટિ; દુનિયા; મનુલોક; માનવી સૃષ્ટિ; મૃત્યુલોક; પૃથ્વી; ભૂલોક.

નીચે વિસ્તરી તેની રાખા, ગુહ્યોથી ભારે વિષયો કુરૂપ, નીચે ભૂલો ભમી પડેલ છે થે, કર્માનુબંધ જ મનુષ્યલોકે

નીલકંઠ

મનુષ્યવધ [સં] પું. નરહિંસા; નરવધ; માણસની હત્યા

મનુષ્યવર્ષ [સં.] ન. મનુષ્યનું વર્ષ. એક મનુષ્ય વર્ષની દેવોની એક અહોરાત્ર થાય છે. ૪,૩૨,૦૦૦ મનુષ્યવર્ષનો એક કલિયુગ, ૮,૬૪,૦૦૦ મનુષ્યવર્ષનો એક દ્વાપરયુગ, ૧૨,૯૬,૦૦૦ મનુષ્યવર્ષનો એક ત્રેતાયુગ અને ૧૭,૨૮,૦૦૦ મનુષ્યવર્ષનો એક કૃતયુગ થાય છે.

મનુષ્યવંશવિદ્યા જુઓ મનુષ્યવિદ્યા.

મનુષ્યવિગ્રહધારી [સં. મનુષ્ય (માણસ) + વિગ્રહ (શરીર) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. મનુષ્યદેહ ધારણ કરનાર.

મનુષ્યવિજ્ઞાન ન. મનુષ્ય વિષેનું વિજ્ઞાન; માનવશાસ્ત્ર; 'ઍન્થ્રોપોલૉજિ'.

મનુષ્યવિદ્યા ૧. [સં.] સ્ત્રી. મનુષ્યના કુદરતી ઇતિહાસનું વિજ્ઞાન; મનુષ્યનું જૌતિક સ્વરૂપ, તેનો ઐતિહાસિક અને ભૂગોળ વિષયક વિસ્તાર, જાતિઓનાં મૂળ, વર્ગીકરણ અને સંબંધ, મનુષ્યના વાતાવરણ, સામાજિક સંબંધ અને સુધારાનો ઇતિહાસ એ બધાને લગતી મનુષ્ય જાતિને લગતી વિદ્યા; 'ઍન્થ્રોપોલૉજિ'.

૨. સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવ્યા પ્રમાણે બત્રીસ માહેની એ નામની એક વિદ્યા. આ વિદ્યામાં ક્ષુરકર્મ, કંચુકાદિ સીવન, ગૃહભાંડાદિ માર્જન, વસ્ત્રસમાર્જન, મનોપ્રસાદન, નાનાદેશીય વર્ણવેષન, ક્રિયુસંરક્ષણ, સુપ્તજનતાડન, રાત્રાન્તરણ, પુષ્પાદિમંથન અને અન્નપાચન નામની અઠિયાર કળાનો સમાવેશ થાય છે

મનુષ્યવિદ્યાભિજ્ઞ [સં.] વિ. મનુષ્યવિદ્યા જાણનાર.

મનુષ્યવૃત્તિ [સં.] સ્ત્રી. મનુષ્યનો સ્વભાવ.

મનુષ્યશાસ્ત્ર [સં.] ન. માનવશાસ્ત્ર; નૃવંશવિદ્યા; મનુષ્યવિદ્યા.

મનુષ્યશાસ્ત્રી [સં.] પું. માનવશાસ્ત્ર જાણનાર.

મનુષ્યસત્ત્વા સ્ત્રી. મૈત્રી આદિ ભાવોની પ્રભાવિતાવાળી, અનુરાગવતી અને નિર્મળ ચિત્તવાળી, નાના મતોમાં દ્વેષ કે દુઃખ ન માનનારી સ્ત્રી.

મનુષ્યસભા ૧. [સં.] સ્ત્રી. મનુષ્યોની સભા; ટોળું.

૨. સ્ત્રી. મનુષ્યોને એકઠાં થવાની જગ્યા.

મનુષ્યસૃષ્ટિ [સં.] સ્ત્રી. માણસની જાત; માનવજાત.

મનુષ્યહત્યા જુઓ મનુષ્યવધ.

મનુષ્યહરણ [સં.] ન. મનુષ્યને ઉપાડીને કરી જવું તે; 'કિડનેપિંગ'. ચૌદ વર્ષથી ઓછી ઉંમરના કોઈ છોકરાને અઢાર સોળ વર્ષથી ઓછી ઉંમરની કોઈ છોકરીને અથવા કોઈ ઠીકાના સભ્યને તેના પ્રત્યેસરના વાલીના કબજામાંથી જે માણસ લઈ જાય અથવા ફોસલાવીને તેડી જાય તેણે તે ગુનો અથવા સભ્યનું હરણ કર્યું એમ કાયદામાં ગણાય છે.

મનુષ્યા [સં.] સ્ત્રી માણસ જાતિની સ્ત્રી

મનુષ્યાણું ન. મનુષ્યપણું.

મનુષ્યાણું મહો સહસ્રો તેમાં તે સિદ્ધ કોય, એવા સિદ્ધ અનંત કોટિ તેમા તત્ત્વનિષ્ઠ એક હોય.

પ્રીતમદાસ

મનુષ્યાનયનાજ્ઞાધિકાર [સં મનુષ્ય + આનયન (લાવવાપણું) + આજ્ઞા (હુકમ) + અધિકાર (સત્તા)] પું. માણસને પ્રત્યક્ષ રૂબરૂ કરવાનો હુકમ આપવાનો અધિકાર.

મનુષ્યાનુપૂર્વી [સં.] સ્ત્રી. (જૈન) પૂર્વભવ અથવા બેતાળીસ માહેની એક પ્રકૃતિ; જીવને મનુષ્યગતિમાં લઈ જનાર કર્મપ્રકૃતિ

મનુષ્યાપનયન [સં. મનુષ્ય + અપનયન (હરણ)] ન. મનુષ્યનયન; મનુષ્યહરણ.

મનુષ્યાયુષ ૧. [સં.] ન. મનુષ્ય તરીકેનો અવતાર

અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વભાવની મૃદુતા અને સ્વભાવની સરળતા એ મનુષ્યાયુષના બંધહેતુ છે. તત્ત્વ ર્થસૂત્ર

૨. ન. મનુષ્યનું આયુષ્ય

મનુષ્યાયુષ્ક [સં.] ન મનુષ્યનું આયુષ્ય; મનુષ્યનો ભવ.

મરણપક્ષાઘા (મરણપક્ષાઘા) પું. જ. જ. મરણકાલ નજીક આવતાં દુઃખને લીધે મરાતા પક્ષાઘા.

મરણ પધારી ૧. સ્ત્રી. મરણની દહેશતવાળો મંદવાડ કે તેવી દશા.

૨. સ્ત્રી. મરવાની તૈયારી કે સંભવ હોય તેવા વખતની સ્થિતિ.

મરણપરક ન. મરણ તથા સબ.

મરણપાન ૧. [સં. મરણ + પાન] ન. મરણ વખતે મંગાવાતા ગંગાજળ વગેરે પવિત્ર વસ્તુઓ મોંમાં નાખવી તે.

૨. સ્ત્રી. મરણ વખતે પીડાવવામાં આવતું સાકર વગેરેનું મધુ પાણી.

મરણપૂંછ જુઓ મરણમૂડી.

મરણપોક ૧. સ્ત્રી. મરણ થતાં તરત મુખની પોક; મરણ જાહેર કરવા મોટેથી રડવું તે; મૃત્યુ સમે મુખની પોક

૨. સ્ત્રી મરતા માણસના કાનમાં મોં ઘાલી તેનું નામ દઈ મોટેથી રોવું તે

મરણપ્રમાણ ૧. ન. મરણનું માપ.

૨. ન. મોતની સરાસરી; મૃત્યુના આંકડાની સેકડે મરણસખ્યા; 'ડેથ રેટ'.

મરણભોજ પું. મરણનો સાર

મરણભય ૧. [સં.] પું મરણ થવાને લીધે ઉત્પન્ન થતો ભય આંધીજી સમે છે કે, બાળક, જુવાન કે બુઢ્ઢા મરે, તેથી આપણે શાને ભયભીત થઈ એ ? એક ક્ષણ એવી નથી કે જ્યારે જગતમાં કયાંયે જન્મ અને મરણ બંધ રહ્યાં નથી. જન્મથી રાજી થવું અને મરણથી કરવું એમાં આપણે મૂખતા છે, એમ આપણને લાગવું જ જોઈએ. દેહ લગી આપણી જાતના જન્મ અને દેહમાં જન્મ થાય તે બધા આપણે જ થયા માનીએ તો કેટલા જન્મ ગિનાઈએ ? દેહમાં મરણ થાય તેને સારુ રુદન કરીએ તો આપણી આંખો જ ફોની રહે. આમ વિચારી આપણે મરણભય છોડવો જ જોઈએ.

૨. પું. મોતની બીક

મરણજ્ઞાન ૧. ન. મરણ વખતની જાગૃતિ. મરણ વખતનું જ્ઞાન.

૨. ન. મરણ સંબંધી જ્ઞાન.

મરણભાવ ૧ પું. મરણ વખતની પ્રજ્ઞા.

૨. પું. મરણરૂપીલક્ષણ.

મરણભાસ જુઓ મરણજ્ઞાન.

મરણભૂમિ [સં. મરણ + ભૂમિ] સ્ત્રી. મરણ થયું હોય તે જગ્યા, સ્મશાનયાત્રા.

મરણમિશ્રિત [સ. મરણ + મિશ્રિત] વિ. મરણની બીકથી ફફડી ગયેલ.

મરણમિશ્રિત જુઓ મરણમિશ્રિત.

મરણમણી [સ. મરણ + મણિ (વિષ્ટા)] ન. મરણ વખતે ગુદામાર્ગે નીકળતો મળ.

મરણમાન ૧. [સં. મરણ + માન] ન. મરણનું માન.

૨. ન. મરણનો યશ.

૩. ન. મરતી વેળાની આબરૂ.

મરણમાર્ગ [સં. મરણ + માર્ગ] પું. મરણનો રસ્તો કે ઉપાય.

મરણમૂડી (મરણમૂડો) ૧. સ્ત્રી. મરણ દિવસ માટે સાચવી રાખેલું ધન; મરણ વખતે ખરચ પછી વાપરવાનું ધન.

૨. સ્ત્રી. મરણપૂજા; અંત લગી સાચવી રાખેલું ધન, મરતાં સુધી ચાલે એમ સાચવેલા વસ્તુ, દહ માણસો પાસે જે જાતની મૂડી હોય તે.

મરણમોં ન. મરણ સુધવવું મોટું.

મરણયાતના ૧. [સં.] સ્ત્રી. અસહ્ય દુઃખ.

૨. સ્ત્રી. મરણ વખતે થતું અસહ્ય દુઃખ.

મરણલાકડાં (મરણલાકડું) ન. બ. ૩. શબને બાળવાનાં લાકડાં.

મરણવશ વિ. મોતને આધીન.

મરણવાદ્ય ૧. [સં.] ન. મરણ દર્શાવનાર વસ્તુ.

૨. ન. મરણ સમયનાં વાજાં.

મરણવાસર [સં. મરણ + વાસર (દિવસ)] પું. મરણતિથિ.

મરણવિભક્તિ ન. (જૈન) એ નામનું એક ઉપાંગસૂત્ર.

મરણશય્યા [સં.] સ્ત્રી. મરણપથારી.

મરણશરણ [સં.] ન. મોતને વશ થવું તે; મોતને શરણે જવું તે.

મરણશીલ [સં.] વિ. મરણ પામે તેવું, મરણાધીન; મર્ત્ય; મૃત્યુ પામવાને નિર્માણ થયેલ

મરણશુદ્ધ [સં.] ન. મૃત્યુપત્રો; મરણકર; મરનારની મિલકત ઉપર તેના વારસો પાસેથી લેવાતો કર; ' ડેથ ડ્યૂટિ '.

મરણશોક ૧. પું. મરનારની પાછળ દિલગીરી દર્શાવવા પહેરવેશ, ખાનપાન વગેરેમાં રખાતો પ્રતિબંધ.

૨. પું. સગાસંબંધીના મરણ સબબ થતી દિલગીરી.

મરણશૌર્ય ૧. [સં] ન. મરણ વખતે દેખાતું શૌર્ય

૨. ન. મરણિયાપણું.

મરણસમુદ્‌ઘાત [સં. મરણ + સમુદ્‌ઘાત (મૂળ શરીર છોડ્યા વગર જીવના પ્રદેશોનું બહાર નીકળવું તે)] પું. (જૈન) સાત પ્રકારનો એક પ્રકારનો સમુદ્‌ઘાત. મરણ સમયે અંતરમુહૂર્ત જેટલું આયુષ્ય બાકી રહ્યું હોય ત્યારે કેટલાક આત્મપ્રદેશોને શરીર બહાર ફાંદી જ્યાં ઉત્પન્ન થવું છે, એ સ્થાન સુધી સ્વદેહ પ્રમાણ જાડા પહોળા દંડાકારે આત્મપ્રદેશોને લંબાવી, અંતરમુહૂર્ત સુધી તેવી જ અવસ્થામાં રહી મરણ પામવું તે

મરણસંકોચ જુઓ મરણક્ષેપ

મરણસંખ્યા [સ.] સ્ત્રી. મરણનો આંકડો

મરણસંજ્ઞા સ્ત્રી. (જૈન) મરણ સમયે કરાતી સલેખણા.

મરણસારણી સ્ત્રી. મરણપ્રમાણ દર્શાવતો કોઠો.

મરણસ્વેદ [સં.] પું. મૃત્યુ સમયનો પરસેવો; મરણ વખતે વળતું શીત.

મરણાકાંક્ષી [સં. મરણ + આકાંક્ષિન્ (ઇચ્છનાર)] વિ. મરણની ઇચ્છા કરનાર, મરવા ઇચ્છનાર

મરણાક્ષેપ [સં.] પું. મરણસંક્ષેપ: મરણ પછી થોડા કલાકમાં શરીરના રંગમાં આવી જતું અક્કડપણું જ્યારે આબાદ મરી જાય છે, ત્યારે માંસપેશીઓમાં રહેલો પ્રવાહી રસ ઘટ્ટ બની જાય છે અને પેશીઓ મજબૂત રીતે સંકોચાઈ જાય છે. થોડી વાર પછી એ સંકોચ જતો રહે છે, પેશીઓ ઢીલી પડે છે અને સહો થઈ જાય છે

મરણાગત ૧. જુઓ મરણની વેળા; મૃત્યુમમત્વ; મરણકાળ.

૨. [સ.] વિ. જેનું મરણ નજીક આવેલું હોય તેવું. મરવાની તૈયારી કરતું

૩. બ. જીવને અંતમાં જીવવાને

મરણાધીન વિ. મરણને તાબે; મોતને વશ

મરણાન્વેષણ [સં. મરણ + અન્વેષણ (તપાસ)] સ્ત્રી એકાએક મરણ થયું હોય તેનું કારણ શોધવા કરાતી તપાસ. 'પોસ્ટમૉર્ટમ'.

મરણાભિમુખ [સં મરણ + અભિમુખ (તત્પર)] વિ. દેહ છોડવાના નૈસર્ગીક હોય તેવું

મરણાવસ્થા ૧. સ્ત્રી. (જ્યોતિષ) ચડતીની બારે માઠેની જે નામની એક અવસ્થા

૨. સ્ત્રી કદી ઊંડી ન થાય તેવી દશા

૩. [સ મરણ + અવસ્થા] સ્ત્રી મૃત્યુ પામવાની સ્થિતિ; મોતની અવસ્થા

મરણાશંસા [સં. મરણ + આશંસા (આકાંક્ષા)] સ્ત્રી. (જૈન) સંથારો કર્યા પછી સેવા, યશ કે અદ્ધિ માટે કોઈને પાસે આવતો ન જોઈ કંટાળીને મરણને ચાહવું તે; વેદનાથી કંટાળી યશ કે રોગ મટવાની ઇચ્છા કરવી તે

> જીવિત શંસા મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ એ અતિચાર સલેખનાના પાંચ અતિચારો છે. તત્ત્વાર્થસૂત્ર

મરણાસન્ન [સ. મરણ + આસન્ન (નજીક)] વિ. જેનું મોત નજીક હોય એવું. મરણોન્મુખ.

મરણાંત ૧. [સ] વિ મરતાં સુધીનું

૨. ન મરણ બાદ તરત લગી

મરણાંતર [સં.] વિ મરણ પછી

મરણાંતરસ્થિતિ [સં] સ્ત્રી. મરતી વખતની સ્થિતિ

મરણાંતિક [સં] વિ. મરણ પાસે આવ્યું હોય ત્યારે કરવાનું

મરણાંતિય પું. (જૈન) સમુદ્‌ઘાતના સાત ભેદોનો એક નામનો એક પ્રકાર. મરણ વખતે કરાતો સમુદ્‌ઘાત. સાત સમુદ્‌ઘાત આ પ્રમાણે છે: વેદનીય, કષાય, મરણાંતિય, વૈક્રિય, આહારક, તેજસ અને કેવલ

મરણિયાપણું ન. મરવાની તત્પરતા.

મરણિયાવૃત્તિ જી. મરવાને તત્પર થયાની જાગણી.

મરણિયું વિ. જીવ પર આવ્યું હોય તેવું; મરવાને તૈયાર થયેલું; સાહસિક; સાહસમાં જીમદી પડનારું, મોતની પરવા વિનાનું.

મરણીક જુઓ મરણિયું

મરણીય [સં. પું (મરણ)] વિ. મર્ય.

મરણ્ય ન. મરણ; મૃત્યુ, મોત

મરણેચ્છુ [સં મરણ + ઇચ્છુ (ઇચ્છનારું)] વિ. મરણની ઇચ્છાવાળું, મરવા તૈયાર થયેલ

મરણોત્તર [સં.] વિ મૃત્યુ પછીનું; મૃત્યુપર્યન્ત

નચિકેતાએ મરણોત્તર આત્માની અસ્તિનાસ્તિને લગતો ગૂઢ અને જટિલ પ્રશ્ન કર્યો. દક્ષાપનિષદ ભા.૫૫

મરણોત્તર અંગસ્તંભ [સં.] પું. મરણ પછી થોડા કલાકમા શબનું અક્કડ થઈ જવું તે.

મરણોત્તર ક્રિયા [સં. મરણ (મોત) + ઉત્તર (પછીનું) + ક્રિયા] સ્ત્રી. દહાડો, કારજ, મરણ પાછળ કરવાની ક્રિયા.

મરણોત્તર તપાસ [મરણોત્તર (મરણ પછીનું) + તપાસ] સ્ત્રી. શબપરીક્ષા, શબ નિરીક્ષણ

મરણોત્તર દશા [સં.] સ્ત્રી. મરણ પછીની સ્થિતિ. ગાંધીજી લખે છે કે, ગીતા કહે છે અને અનુભવ સાબિત કરે છે તેમ મરણોત્તર દશા માણસની આંખોથી અગોચર હોય છે. પરંતુ આપણી આજની દશા અથવા સ્થિતિ પરથી આપણે અનુમાન કરી શકીએ કે એ દશા આજની જ દશાનું સુધારેલું વધારેલું રૂપાંતર હશે.

મરણોત્તર દાન [સં.] ન. મૃત્યુપત્રમાં જણાવેલું દાન.

મરણોત્તર પરીક્ષા [સં.] સ્ત્રી. શબપરીક્ષા; ' પોસ્ટમૉર્ટમ એક્ઝામિનેશન '.

મરણોન્મુખ ૧. [સં. મરણ + ઉન્મુખ (તત્પર)] વિ. આસન્નમરણ; દેહ છોડવાની તૈયારીમાં હોય તેવું

૨. વિ. મરણ તરફ જનાર.

વિષયભોગના મૂળમાં જ મરણોન્મુખ ગતિ રહેલી છે. ગાંધીજી

૩ વિ. મરવાને તૈયાર.

મરણોન્મુખ આહુતિરાત સ્ત્રી. મરવાની અણી વખતે કરેલ જાહેરાત; ' ડાઈંગ ડેક્લેરેશન '.

મરણોન્મુખી [સં.] વિ. સ્ત્રી. મરવા પડેલી.

મરત ૧. [સં. મૃતક] ન મડદું; મડું; મૃત શરીર; શબ.

૨. ન. માણસ

૩ ન. મૃત્યુ; મરણ; મોત.

મરતક જુઓ મરત.

મરતગ વિ મરી ગયેલ. મત

લાકે તો મરતગ જાણિયો,
પણ માત કહે પ્રાણિયો. સામળ

મરતબ ૧. [અ. મુરત્તબ (ગુણ પ્રમાણે વધ પામેલા)] પું. ઊંચી પાયરીનો જરથોસ્તી ધર્મગુરુ; જરથોસ્તી ધર્મની હરકોઈ ક્રિયા કે વિધી કરાવી શકે એવો ધર્મગુરુ.

૨. સ્ત્રી. (જરથોસ્તી) ધર્મગુરુની એ નામની એક પદવી, નાવરથી ઊંચી પદવી.

૩. સ્ત્રી. નાવરથી ઊંચી પાયરીના ધર્મગુરુ તરીકેની ક્રિયા; પારસી ધર્મગુરુની દીક્ષાને લગતી એ નામની એક ક્રિયા.

મરતબા ૧. પું. પદ; પદવી; મોભો.

૨. સ્ત્રી. વ. ન વાર; ફેરો.

૩. સ્ત્રી વ. ન. વેળા.

મરતબો ૧. [અ. મરતબ] પું. આબરૂ; કીર્તિ; પ્રતિષ્ઠા; માન.

૨. પું જગ્યા

૩ પું હરકોઈ. પદવી; અધિકાર; મોભો; પ્રભુતા, દમદમો, મોરલ.

૪. પું. પ્રસિદ્ધિ; નામના.

૫. પું. બારણોજ; મરતબ; અદબ; વજન; મોટાનું માન અને ભેદભ રાખવાં તે.

મરતબો સાચવવો = મોભાને ઘટિત અદબ રાખવી; મોભો જળવવો; સામાના હરકોઈને આંચ ન આવે તેવી રીતે વર્તવું.

મરતમાર પું. મરણતોલ માર.

મરતલ ૧. વિ. આળસુ; સુસ્ત.

૨. વિ. દુબળું.

૩. વિ. નબળું.

મરતલિયું વિ. મડદા જેવું.

મરતુક ૧. [સં. મૃતક] ન. અવસાન; મૃત્યુ; મોત.

૨. ન. મડું; મડદું.

મરતુકલોક [સં. મૃત્યુલોક] પું. પૃથ્વી; મૃત્યુલોક

મરતેહાલ વિ. મરણતોલ.

મરદ ૧. [ફા. મર્દ] પું. નર; પુરુષ; આદમી.

૨. પું. પતિ; ધણી; વર.

૩. પું. પુરુષાતનવાળો માણસ; શૂરવીર કે બહાદુર નર; વીર પુરુષ; બહેલવાન. ગાંધીજી લખે છે કે, લાકડી ઉગામીને મરવા તૈયાર હોય તેનાં હરતાં લાકડી છોડીને મરે તે મરદ છે.

૧. મરદ રડે નામનું નામરદ રડે દામનું = વીરનર આબરૂ માટે અને તે સિવાયના બીજા નાનાં માટે મથે છે.

૨. મરદની મરદમાં રહીએ પણ નામરદની સોબતમાં ના રહીએ = ધણી ધારવો તો ધીંગો ધારવો; મરદની મરદનમાં રહેવું, પણ નામરદોના મગદાર મર્દને રહેવું નહિ. મરદની સભા થવું સારું, પણ નામરદને આસરે રહેવું ખોટું

૩. મરદનું તો એક જ વચન = પ્રા.મ.ક્ષિક માણસનો બોલ એક જ તેના બતપત્ર બરાબર છે

૪. મરદનું રીંગડું = મરદનો બચ્ચો.

૫. મરદનું હૈયું તો ફાટે, આંખ બીતી ન થાય = બહાદુર માણસને અંતરમાં દુઃખ થાય, પણ તેની આબમાંથી આસુ ન પડે.

૬. મરદને પાંપણે પાણી ન હોય = મરદને માથે ગમે તેવું દુઃખ આવી પડે તોપણ તે રડે નહિ

૪. પું. સાથી

૫. [સુ] ન. એક જાતનું પક્ષી; હોમ.

૬. વિ. બહાદુર; વીર.

મરદઈ ૧. સ્ત્રી. મનુષ્યત્વ.

૨. સ્ત્રી. વીરતા; બહાદુરી.

૩. સ્ત્રી. સાહસ.

મરદન ૧. [સં. મર્દન] ન. ચોળવું તે; મસળવું તે; મર્દના; માલિશ; રગડવું તે.

૨. ન. મારી નાખવું તે

કે કે સત્રુ નાખ્યું સંહારિયા,
માવપિતા મરદન કર્યા. સામળ

મરદનિયા જુઓ મરદનિયો.

મરદનિયો પું. ચોળનાર માણસ; મર્દન કરનાર માણસ, શરીરે સુગંધી દ્રવ્ય ચોળવાનું કામ કરનાર નોકર.

મરદની જુઓ મરદનિયો

મરદવું ૧. સ. ક્રિ. કચરવું; દબવું; પગચંપી કરવી

૨ સ. ક્રિ ચૂંદવું.

૩. સ. ક્રિ. ચોળવું; મર્દન કરવું; મસળવું; મસળવું.

૪ સ. ક્રિ ધ્વંસ કરવો; નાશ કરવો; દમન કરવું.

મરદંગ સ્ત્રી. એક જાતનું વાજિંત્ર, એક ચર્મવાદ્ય; મર્દલ, પખાજ.

મરદાર્ય ૧. સ્ત્રી. પરાક્રમ; પુરુષાર્થ, વીરતા. ગાંધીજી લખે છે કે: આફ્રિકામા આવી પડેલા લોકોને મારી સલાહ છે કે, ભારતનો નીડરપણે

સામનો કરો અને કદી મજબૂતને વશ થઈ બેસાડ્યા ન મનો. પ્રજાના જીવનમાં આવા અખેડાઓ એકદંડ વગર થયા વિના રહેતા નથી મરદાનું લક્ષણ એ છે કે, એવા અખેડાનો સામનો કરવામાં જરાયે કમજોરી ન બતાવાય. કમજોરી બતાવવાથી તોફાનીઓ બહેકો બને છે, હિમત રાખવાથી ઠંડા પડે છે.

૨. સ્ત્રી પુરુષતન, મરદપણું.

મરદાન ૧. [ફા] સ્ત્રી. મર્દાનગી, મરદાઈ.

૨. ન. મર્દન. આરબ સ્ત્રીઓ વાપરે છે

મરદાનગી ૧. સ્ત્રી. પુરુષાત્વ, પુરુષાતન; મરદપણું.

મરદાનગીના ખેલ = શરીરબળની કસરતો.

૨. સ્ત્રી. બહાદુરી, કુશૌર્ય, વીરતા.

૩. સ્ત્રી. સાહસ.

મરદાનગીરી જુઓ મરદાનગી.

મરદાનપુર [હિ] પુ વિધ્યાચળનું એ નામનું એક શિખર. તેની ઊંચાઈ ૨,૧૪૮ ફુટ છે.

મરદાના ૧. પુ. ગુરુ નાનકનો એ નામનો એક શિષ્ય.

૨. પું. પુરુષોની બેઠક.

૩. પુ પુરુષોનો વેષ.

૪. [ફા. મર્દાનહ (પુરુષો સંબંધી)] પું. વીર્યવાન પુરુષ; શૂર.

૫. વિ. પુરુષ સંબંધી, પુરુષોને લગતું

૬. વિ. મરદને છાજે તેવું; વીરોચિત; બહાદુરી ભરેલું; મરદને લગતું. મરદ માટેનું.

મરદાની ૧. [ફા.] વિ. જોરાવર; બળવાન.

૨. વિ. તાલીમબાજ; કસરતબાજ.

૩. વિ. નીડર; હિમતવાળું; મરદાઈવાળું; બહાદુર; શૂરું; ઉદ્ધત.

૪. વિ. મરદ માટેનું. મરદને લગતું

૫ વિ મરદને શોભે તેવું; મરદને યોગ્ય. જનાનું. નહિ તેવું.

મરદાની ગત સ્ત્રી. નૃત્યમાં ગતિ ભરવાના મુખ્ય સોળ ભાઠાનો એ નામનો એક પ્રકાર. આ ગત ભરવાની રીત એવી છે કે, માથાના કેશ ખુલ્લા રાખી, માથા ઉપર ટોપી નાખી, દુપટ્ટો કાખ ઉપર દબાતો રાખી, મરદન વાકી રાખી નૃત્ય કરવું આ ગતને કેટલાક કેરબાની ગત પણ કહે છે આંધ્ર લોકોની ગત ભરવાની રીતિ આ પ્રમાણે છે

મરદામ ૧. પું ખોટી બીક.

૨ પુ મરદ, વીર પુરુષ.

૩. પું. વહેમ.

મરદામરદી ૧. સ્ત્રી. શૌર્ય.

૨. સ્ત્રી. સાહસ.

મરદામી જુઓ મરદાઈ.

મરદાલ વિ. મુકદ્દમ જોવું

મરદી ૧ [ફા. મર્દી] સ્ત્રી જરાંમર્દી, જંગલ., મરદાઈ; બહાદુરી.

મરદી હારબરી-ખતરવી = બહાદુરી બતાવવી

૨. સ્ત્રી પુરુષત્વ, મરદનું કૌવત

મરદુમ ૧. [ફા] પુ. આખની કીકી.

૨. પું. મનુષ્ય; માણસ.

૧. મરદુમ આઝાર = ખુલમગાર માણસ

૨. મરદુમ આઝ = મનુષ્યહાની; માણસને મારી જવાર.

૩. મરદુમ શુમારી = વસતી ગણતરી

મરદુમકરા ૧ [ફા.] સ્ત્રી એક જાતની તોપ તે તોપ નાની અને દડાની હતી તેને એક માણસ આગળથી માથા ઉપર મૂકીને, ઊભીને લઈ જતો

૨. વિ માણસને મારી નાખનાર.

મરદુમકી સ્ત્રી શૌર્ય.

મરદુમી ૧. સ્ત્રી દૃષ્ટતા.

૨. સ્ત્રી. મરદાઈ; બહાદુરી

૩ [ફા. મરદુમ (માણસ)] સ્ત્રી. માણસાઈ

૪. સ્ત્રી. વિનય.

૫. સ્ત્રી. સાહસ.

મરદૂદ ૧. [અ. રદ્દ (કાઢી નાખવું)] પુ રદ્દબાતલ થયેલો માણસ; દુષ્ટ માણસ

૨. વિ. કાઢી નાખેલું, તિરસ્કૃત

૩. વિ. ખુચ્ચું; નીચ.

મરદે આદમી ૧. પુ ઊંચા સદ્‌ગુણવાળો માણસ. કુલીન સજ્જન; ખાનદાન ગૃહસ્થ. ખાનદાન કુટુંબનો માણસ

૨. પુ બહાદુર માણસ, વીરનર, જુવાન જોર, હિમતવાન માણસ.

મરદ્‌ન જુઓ મરણ.

મરના [સં. મરુવક , પું એક જાતની વનસ્પતિ

મરનાર વિ મરણ પામેલું; મૃત થયેલું. મૃત; મરી ગયેલ. પરલોકવાસી; સ્વર્ગસ્થ

મરનારને કાંઈ ઊંચકનારની ફિકર ? = મરનારની સાથે તેની બધી ફિકર કે ચિંતાઓનો પણ અંત આવે છે

મરની ૨. સ્ત્રી. કોઈ સંબંધીના મરણ પામવાથી થતો શોક.

૨. સ્ત્રી કોઈના મરણ પાછળ તેના સંબંધીઓથી કરાતું રુદન.

૩ સ્ત્રી દુઃખ; કષ્ટ

૪ સ્ત્રી મૃત્યુ; મોત

૫. અ મારું ફિકર નહિ, અસે. છો

૬ અ ચલાવો ના, દુઃખ ખમ, જતો રહે

મરને અ એવું; જોરે જાણે. હું

મરપંચ [અ] વિ. મોટેથી

મરબૂંચી ૧ પુ મરડ વગડનાર માણસ

૨ વિ મરડો વગાડનાર

મરબો ૧ પુ એ નામે એક જાતનું વાદ્ય તે ત.સ. કરત. તના કદનું હોય છે અને વાતળી દાંડીઓથી વગાડવામાં આવે છે

૨ પુ રમવાનો. એક જાતનું મોટું નગારું.

૩ વિ. પુ. આલ્કો. સારું, રિસાતિનો, રુપી.

મરબૂકા જુઓ મરબુકબા

મરબૂપ્પા ૧ વિ કંગાલ, દરિદ્ર, ભુખ્યું

૨ વિ ભૂખ્યે મારી નાખનાર.

મરબૂમા જુઓ મરબુકબા

મરમ ૧ સ પુ ગુપ્ત અર્થ, રહસ્ય

મરમ કરવો = ગુપ્ત બોલવું, માર્મિક બોલવું.

૨ પુ છુપી વાત; ભેદ; મર્મ

૩ પુ જ્ઞાન

૪ પુ મત, હૃદય

૫. પુ મર્મસ્થાન.

૬ પુ વિશ્વાસ.

૭. પુ રીતક

૮ પુ સન્નિપ.

૯ પુ ત્રિપતિ.

૧૦ પું હરિપો.

મરમઠ પુ એક જાતની વનસ્પતિ; ઝરુખો; મરુમેર તે કહેવું, દીપન શીતલ, ગ્રાહી, વાતહર અને પિત્તહર મનાય છે

મરમત સ્ત્રી જીર્ણોદ્ધાર સમારવું તે

મરમર ૧ સ્ત્રી , પુ. એક જાતનો દાણાદાર આરસી પથ્થર; આરસ પથ્થર; સંગેમરમર. તેના ઉપર ઘસવાથી સારી ચમક નીકળે છે. તેમાં ચૂનાનું પ્રમાણ વધારે હોય છે તે ઘણી જાતના મળી આવે છે. સફેદ રંગના મરમરને લોકો સંગેમરમર કહે છે જે કાળા રંગના હોય છે તને સંગમૂસા કહે છે મરમર પથ્થરની મૂર્તિઓ, રમકડાં, વાસણ વગેરે બનાવવામાં આવે છે અને તે મકાન બનાવવામાં પણ વપરાય છે. સારો મરમર કટલિયાથી આવે છે, પરંતુ હિંદુસ્તાનમાં પણ તે જોધપુર, જયપુર, કૃષ્ણગઢ અને જબલપુર વગેરે સ્થળોમાં મળી આવે છે

મરવું

૨ જ એક જાતનું ઘાસ તે નાનું હોય છે અને રેતાળ તથા ક્ષારવાળી જમીનમાં ઊગે છે. તેની કુલરી ચમરીવાળી ચામર જેવી ચડતી જાય છે. ચમરી ખુલ્લી, મરમટ, ઢળાયેલી અને પહોળી હોય છે. તમામ ઢોર તે ખાય છે

મરમરા ૧ પું. એક જાતનું પક્ષી.
૨. પું મમરા
૩ પું મહેજ ખારાશ પડતું પાણી
૪ વિ. મહેજમાં તૂટી જાય તેવું; જરાક દબાવવાથી પણ તૂટી જાય તેવું

મરમરાવવું ૧. જ ક્રિ. ધીમે ધીમે મસળાવું.
૨ જ ક્રિ. મરમર એવો અવાજ કરવો

મરમાડ (મરમાડ) પું. મરવાડ

મરમાળું ૧. વિ. ગુપ્ત અર્થવાળું.
૨ વિ. મમતાળું; મરમવાળું.

મરમી ૧. વિ જાણકાર.
૨. વિ એક જાણનાર; મર્મ જાણનાર.
૩ વિ. મર્મવાળું; ભેદવાળું; માર્મિક.

મરમૈડ જુઓ મરમાડ.

મરમ્મત ૧. [અ.] સ્ત્રી. જીર્ણોદ્ધાર; દુરસ્તી, મરામત, સમારકામ.
મરમ્મત કરવું = (૧) ભાંગવું. (૨) મારવું; શિક્ષા કરવી. (૩) સમું કરવું; દુરસ્ત કરવું.
૨. સ્ત્રી. સુધારો.

મરમ્મતી ૧ વિ મરામત કરવાની જરૂર હોય તેવું
૨. [અ.] વિ. સમું થયેલું.

મરયલ ૧. વિ. ભર્યું મરેલું
૨. વિ. નબળું; અશક્ત.

મરયાદ વેલ સ્ત્રી. કચ્છ,કાઠે કેસાની એક જાતની સુંદર વેલ, મારવેલ

મરલ વિ. એક જાતની માછલી. તે બે હાથ લાંબી હોય છે અને રોયડ તથા માસ વગેરે હોય એવા માલૂમ પડે છે

મરવ [અ. મુરબ્બત (મરદાનગી)] પું. સહા મર્દર અને સહા મર્દા નામની બકરામા આવેલી બે ભાઠેની કરેક ટેકરી. તે ગામના દરવાજાની પાસે છે. હનુમાનને દિવસે તે બે ટેકરીઓ વચ્ચે દંગલો હોય છે

મરવટ ૧. સ્ત્રી. પટ્ટામાની સુતરેલી ઝાડી ભાત.
૨. સ્ત્રી રામલીલા, વગેરેમા પાત્રોના મોઢા ઉપર અહન કે રંગ વડે ભેંચવામા આવતી રેખા
૩. [ક્રિ.] સ્ત્રી નોસીથી વરરાજાનું મોઢું રંગવું તે
૪ સ્ત્રી લડાઈમાં મરી ગયેલાના કુટુંબીજનોને અપાતી કર વિનાની જમીન.

મરવણ ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક ભટક.
૨. ન. એ નામની ભટકનું માપુસ.
૩. વિ. એ નામની ભટકનું.

મરવત ૧. [અ. મુરબ્બત] સ્ત્રી. ઉદારતા, માણસાઈ.
૨. સ્ત્રી. પ્રીતિ; સ્નેહ.
૩ સ્ત્રી માનવત.
૪ સ્ત્રી. લજ્જા; શરમ; શરમ.
૫. સ્ત્રી. વિનય.
૬ સ્ત્રી. સભ્યતા; ભદ્રમનસાઈ.

મરવા ૧. પું. ભાંખાનો મોર.
૨. [વિ.] પું. એ નામનું માણસી ખાનાર એક પક્ષી.
૩. પું એક જાતનો તુલસી જેવો છોડ.
૪. સ્ત્રી. ખાકરી, મન જેવડી કેરી.

મરવારોડ ૧. પું. દીકરો.
૨. [ફા. મર્યારીદ (મૌક્તિક)] પું. મોતી.

મરવાવું જ. ક્રિ. મારી નખાવવું; વધ કરાવવો.

મરવું ૧. જ ક્રિ. અધીરા થવું.
૨. અ. ક્રિ. અપ્રિય થઈ પડવું.
૧ મરતો નથી ને માંગ્યો મૂકતો એ નથી = (૧) કંટાળારૂપ, અપ્રિય થઈ પડવું. (૨) હા કે ના કહેતો નથી.
૨. મરનારને મર કહેવું = તિરસ્કાર કરવો કે કડવું વેણ કહેવું.
૩. જ ક્રિ. અંદર ઊતરી કે ઓથાર કે સમાધિ જવું. ખાસ કરીને પ્રસાદી કે દૂધના દૂધના અર્થમાં વપરાય છે
૪. જ ક્રિ. આવવું
એને અહીં મરવા દો = એને અહીં આવવા દો.
૫. અ. ક્રિ. કમી થવું, જતું રહેવું
ખુન્નો મરી જવો = ઉત્સાહ જતો રહેવો
૬. અ. ક્રિ. કરમાઈ જવું; સુકાઈ જવું
મરી જવું = (૧) કરમાવું; રસકસ જતો રહેવો. (૨) ઊંડે જઈ અસહ્ય થવું; મરી જવા જેટલું દુઃખ થવું. (૩) ખાધુણા થવું; ખમ થવું. (૪) શાંત પડવું; બંધ પડવું; નરમ પડવું. (૫) રસાનેથી નીચે જવું.
૭ જ ક્રિ કોઈ પદાર્થનું વિકારને લીધે ક્રમનું ન રહેવું
૮. અ. ક્રિ. ખુવાર થવું
૯. અ. ક્રિ. ખોટ સહન કરવી; નુકસાન ખમવું; હર્ષિત ભોગવવી
મરે તો નિયાંનું ને જાય તો મારગીનું = બીજાને નુકસાન થાય તેની પોતાના ઉપર અસર ન થવી
૧૦. અ. ક્રિ. માલનું બંધ થવું.
૧૧. અ. ક્રિ. ઝખવું
૧૨. અ. ક્રિ. ઝૂરવું.
૧૩ અ ક્રિ. ટળવું, દૂર ખસવું કે જવું.
તેને લા મરવા દો = તેને લાં જવા દો.
૧૪. અ. ક્રિ. ઠેકાણેથી ઊડી જવું.
૧૫. અ. ક્રિ. ડૂબી જવું.
૧૬. અ. ક્રિ. થાકી જવું.
કામ કરતાં શું તું મરી જાય છે ? = કામથી તને કંઈ નુકસાન થવાનું નથી.
૧૭. જ ક્રિ. દિવાળું કાઢવું.
૧૮. અ. ક્રિ. ધાતુ વગેરેનું રાખ થવું; ભસ્મ થવું
૧૯. અ ક્રિ. તલપાપડ થવું; નિરાશ થવું.
૨૦. અ ક્રિ. પકડાવું; રમતમાંથી બાદ થવું.
૨૧. અ. ક્રિ. પમવું
૨૨. અ ક્રિ. પરત.વું, ક્ષોભ કરવો; રોવું.
૨૩ અ ક્રિ. પીડાવું; દુઃખ સહન કરવું; દુઃખી થવું; રિબાવું; કષ્ટ સહન કરવું.
૧. મરતાને મારવો નહિ = પડ્યા ઉપર પાટુ ન મારવું.
૨. મરતાને સૌ મારે = નીચી જોરદીએ સૌ ઝૂકે; દુબળાને સૌ દુઃખ દેવા તૈયાર થાય.
૩. મરી મર્યાને = જેમતેમ કરીને; કષ્ટ ભોગવીને.
૪. મરી મસીને દહાડા કાઢવા = મહા મહેનતથી દિવસો પસાર કરવા
૨૪ [સં મૃ] અ. ક્રિ. પ્રાણીનું ચૈતન્ય મુક્ત થવું; જીવ જતો રહેવો; ગુજરી જવું; મરણ પામવું, નાશ પામવું, નષ્ટ થવું ગીતાહરણમાં લખ્યું છે કે, મરતી વેળા એ મારા ને આપુષ્પનો મારે એટલે શું કલિત થયું તે અમ અમળ ઊભું રહે છે. આ જીવનની તે કમાઈ
૧. મરતા મરીને આપ કરે કંઈ જીવે ? = મોત કોઈને મૂકતું નથી. મોત આગળ વૈદ્યનું કંઈ ચાલતું નથી
૨ મરતા જીવતા = અવિચ્છમાં કોઈ દહાડે.
૩. મરતા મરતા ઊગરવું = નજીક આંગળીમાંથી ઊગરવું.
૪. મરવું જીવવું = ગુણાગુણ અવસર; દુઃખદ ખ

૫. મરી પરવારવું-મટવું = મરીને બલાસ થવું
૬. મરીને કાંઈ માળવો લેવાશે ? = આપ તેટલું કરીએ; આકને બાપ જગાતી નથી; પગે બલાય તેટલું ચલીએ, કાંઈ ઉકાપ છે ?
૭ મરૂ કે માળવો લઉં = આ પાર કે પેલે પાર.
૮. મૂર્ખ જેમના મોટા ડોળા = કોઈ વસ્તુનો નાશ થયા કે ખોવાયા પછી તેની ઉપયોગિતાની કીમત થાય છે.

૨૫. અ. ક્રિ. બરાવું.

૨૬. અ. ક્રિ. મહેનત કરવી.
૧. મરી પડવું = (૧) આવકની કરતાં ખર્ચ વધવા કાર્ય કરવું (૨) બળ અંતઃકરણથી પોતાનું સબળું જોર વાપરવું. (૩) પોતાનો નાશ કરવો. (૪) કોઈ વર્ગ જવું; મોહી પડવું; વારી જવું. (૫) બહુ પ્રીતિ બતાવવી. હેત રાખવું
૨. મરી કીટવું = (૧) પોતાનું સબળું જોર વાપરવું. (૨) વારી જવું.

૨૭. અ ક્રિ. રચવું

૨૮. અ ક્રિ. ગલ્લત, સંકોચ કે તિરસ્કાર વગેરેને કારણે મનનું ઊંચું ન કરી શકવું.

૨૯. અ. ક્રિ. લાગણી જતી રહેવી; અસર ઓછી થઈ જવી.

૩૦. અ. ક્રિ. લેણું ખોટું થવું.

૩૧. અ. ક્રિ. વાત પડવું; બંધ પડવું; નરમ પડવું.

૩૨. અ. ક્રિ. હારી જવું; પરાજય પામવો.

અરવેલ સ્ત્રી. એક જાતનું ઝાડ. તે સુંદર લીલોતરીવાળું મેદાન બનાવે છે.

અરવો ૧. પું. એ નામના છોડનું ફૂલ.
૨. [સં. અરવાક] પું એક જાતનો તુલસીના જેવો જંગલી છોડ; ઝમરો. તે તીખો, કડવો, ઉષ્ણ, તીક્ષ્ણ, હલકો, પિત્તકર, કફનાશક, રૂક્ષ તથા લઘુ છે અને કૃમિ, મલાવરોધ, ચેપનું ચડવું, શ્વાસ, કફ, રક્તદોષ, વિષમજ્વર, અગ્નિમાંદ્ય, ત્વચારોગ, અરુચિ, વાયુ, કફ, સોજો, ફોડલા તથા વીંછીના વિષનો નાશ કરે છે. તેના શ્વેત અને કૃષ્ણ એવા બે ભેદ છે. તેમાંથી શ્વેત ઔષધમાં લેવાય છે એમ મનાય છે કે, આ છોડની વાસથી સર્પ તેની પાસે જઈ શકતા નથી.
૩. વ. કાચી નાની કેરી; આકડી; કુમળું નાનું આમ્રફળ.
૪. પું. કોઈ પણ કુમળું ફળ

અરવીંગી ૧. પું. એ નામની એક વનસ્પતિ
૨. પું. મેંદાસીંગનો વેલો

અરષ [સં. મૃષ્] સ્ત્રી. ક્ષમા.

અરષા [હિ] સ્ત્રી. ચોમા

અરસ [અ.] પું. બ વ. દોરડાં.

અરસા પું. એક જાતનો સાગ.

અરસાલ્લા પું એક જાતનો ઘાસ.

અરસિકું વિ. અર્ધિક

અરસિયો [અ. અરસિયા] પું. હોકનું ગીત; [રઘુપત; ધરજિયા; રાજિયા; મહોરમમાં અલીના વંશને તેને યાદ કરીને રડતાં અને કૂટતાં જે હોકના ગીતોદ્વારા કરે છે તે; મરી ગયેલા નામદારોના હોકમાં ગવાતાં ગીત; હોકસુચક કવિતા.

અરસિંગી સ્ત્રી. એ નામની એક કુંવરાણ પ્રદેશમાં ઊગતી વનસ્પતિ; નેતરસીંગ; મેરસીંગ; મોરસીંગ.

અરહટ પું. મસાણ; સ્મશાન.

અરહટા જુઓ અરહટ્ટા.

અરહટી ૧. સ્ત્રી. એક જાતનું ગીત.
૨. સ્ત્રી. મરાઠાઓની કસદી રાજવ્યવસ્થા.
૩ [હિ.] વિ. મહારાષ્ટ્રી; મરાઠા દેશનું.

અરહટ્ટો પું. મરાઠો; મહારાષ્ટ્રનો વતની.
નવાઈની વાત તો એ છે કે, દરગાહનું મકાન બનાવવામાં મુસલમાનોને અરહટ્ટો જેટલે મરાઠાઓ તરફથી ઝાઝી મદદ મળેલી.
ત્રિભોવન

અરહઠ ૧. પું. ગુજરાતની ઉત્તરનો મુલક; મારવાડ.
૨. પું. મહારાષ્ટ્ર.

અરહટ્ટા ૧. પું. (પિંજલ) એ નામનો એક છંદ; મહારાષ્ટ્ર. તેમાં ૨૯ માત્રા હોય છે અને અંતે ગુરુ લઘુ હોય છે.
૨. પું. મહારાષ્ટ્ર દેશનો રહેવાસી; મરાઠી; મહારાષ્ટ્રી.

અરહણ્યા ૧. [અ. અર્હણા] અ. અલબત્તારનો ઉદ્ગાર; બલે પધાર્યા.
૨. અ. સ્વાગત.

અરહમ ૧. [અ. અર્હમ] પું ઇલાજ.
૨. પું. ઔષધિ; જખમ મટાડવા માટે બનાવટમાં આવતી દવા; મલમ, લેપ.

અરહમત ૧. [અ.] સ્ત્રી. દયા.
૨. સ્ત્રી. માફી.
૩. સ્ત્રી. રહેમ.

અરહમપટ્ટી સ્ત્રી. મલમપટ્ટી.
અરહમપટ્ટી કરવી = જખમ ઉપર દવા વગેરે ચોપડી પાટો બાંધવો; જખમ બાંધવો.

અરહુમ [અ.] વિ મત થયેલું; મરેલું પામેલું; મરી ગયેલ, સ્વર્ગસ્થ; મૃત; સ્વર્ગવાસી

અરંઠ ૧. [સં] પું. કૂવાનો રસ.
૨. પું અરંઠ.
૩. પું. બોગરો.
૪. વ. કમળનાં કેસર.

અરંઠક જુઓ અરંઠ

અરાકલ્લી [સં] સ્ત્રી. દ્રમિડાસુ.

અરાઠ પું. ધાતુનો બગેલો કાટ; લવણ દૂધ જોધનાં જસત બાવા કલાઈના અરસે રસ ઉપર તરતો દૂધો.

અરાઠણ ૧. સ્ત્રી. મરાઠા સ્ત્રી; મરાઠેણ.
૨. સ્ત્રી. મહારાષ્ટ્રની સ્ત્રી.

અરાઠા ૧. પું. મહારાષ્ટ્રનો રહેવાસી; મહારાષ્ટ્રી.
૨. સ્ત્રી. મહારાષ્ટ્ર દેશની એ નામની એક જાતિ.
૩. વ. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

અરાઠાખાંત્ર ૧ પું. મરાઠી ભાષા બોલનાર એક લડાકુ જાતિ.
૨. વ. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

અરાઠાશાહી ૧. સ્ત્રી. મરાઠા લોકોનો અમલ; મરાઠી જોર
૨. વિ. સ્ત્રી. મરાઠા લોકો પહેરે તેવી.

અરાઠી ૧. [સં. મહારાષ્ટ્રી] પું. મહારાષ્ટ્રનો વતની.
૨. સ્ત્રી. મહારાષ્ટ્ર દેશના લોકોની ભાષા. ગુજરાતમાં પેશવાના અમલ દરમિયાન મરાઠી શબ્દો ખાસ કરીને રાજ્ય વ્યવહારમાં વધારે પ્રમાણમાં વપરાયા. બાબરના અમલ દરમિયાન મરાઠી ભાષાનો ને મરાઠી સાહિત્યનો સંસર્ગ ગુજરાતના લોકોને વિશેષ થયો.
૩ વ. પગમાં પહેરવાનું એક આભૂષણ.
૪. વિ. મહારાષ્ટ્રનું; મહારાષ્ટ્ર સંબંધી.

અરાઠી સાખી સ્ત્રી. મરાઠી કવિતાનો એક પ્રકાર. મહારાષ્ટ્રી ભાષાના સાહિત્યમાં સાખીનો વપરાશ વધારે છે. ગુજરાતી કવિતામાં પણ તેનો ઉપયોગ થવા માંડ્યો છે. ચાર ચરણની અને બે ચરણની એમ તેના બે પ્રકાર છે. તેનું પહેલું અને બીજું ચરણ ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ માત્રાનું, ત્રીજું ચરણ ૪ + ૪ + ૨ માત્રાનું અને ચોથું ચરણ ૪ + ૪ + ૪ + ૨ માત્રાનું હોય છે.

અરાડો પું. મહારાષ્ટ્રી; મહારાષ્ટ્રનો વતની.

મરાવવું વિ. મરાવનાર.

મરામત [અ. મરમ્મત] સ્ત્રી. જીર્ણોદ્ધાર; નવું કરાવવું તે; દુરસ્તી. બગડ્યું હોય તે સુધરાવવું તે; સમારકામ; ટાપટીપ કે સુશોભિત કરવું તે. ભાંગ્યુંતૂટ્યું સમરાવવું તે.

મરામતી ૧. પું મરામત કરનાર માણસ.

૨ [અ. મરમ્મતી] સ્ત્રી. સમરામણ.

૩ વિ. ઠીકઠાક કરાવવું પડે તેવું; મરામત કરાવવા પડે તેવું.

૪ વિ. મરામત કરનાર; સુધારનાર.

મરા મરા જ રામરામનો મંત્ર બોલતા વાલ્મીકિ ગ્રંથનું ઊંચારણ. ગાંધીજી લખે છે કે: રામનામ એટલે શું ? પોપટની જેમ રટવું તે ? અવશ્ય નહિ. એમ હોય તો આપણે બધા એ નામ મોંમાંને તરી જઈએ. રામનામનું ઉચ્ચારણ હૃદયથી જ થવું જોઈએ. પછી તેનું ઉચ્ચારણ ભલે શુદ્ધ ન હોય. હૃદયની તોતડી બોલાનો સ્વીકાર ઈશ્વરના દરબારમાં થાય છે. હૃદય ભલે મરા મરા પોકારે, છતાં હૃદયપોકારની નોંધ જમે પાસામા થશે. મુખ ભલે રામનો ગુહાચાર કરે પણ હૃદયનો સ્વામી રાવણ હશે તો ચેલો શુદ્ધ ઉચ્ચાર પણ ઉધાર પાસામાં જ લખાશે.

મરાય ૧. [હિં.] પું. એક જાતનું ઘાસ.

૨ પું એક પ્રકારનો પટ

મરાર [સં.] પુ. અનાજનો કોઠાર.

મરાલ ૧. [સ.] પું. કાગડો.

૨ પુ કારંડવ નામનું પક્ષી.

૩ પુ ઘોડો

૪. પુ ઉડમનું વન.

૫ પુ બતક પક્ષી.

૬ પુ નારાયણ

૭ પુ ગરુડ

૮. પુ હંસ.

૯ પુ હંસ.

૧૦ પું કોયલ

૧૧ પું ચીકણું

૧૨ પું દુષ્ટ માણસ

૧૩ પું પીળું મરચું

૧૪ પું નકામું, સુગંધવાળું

મરાલિકા ૧. [સ.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ, શિકાકાઈ

૨. સ્ત્રી હંસી

મરાલી જુઓ મરાલિકા.

મરાલું વિ. રિસાળવું.

મરાવ [અ.] સ્ત્રિ. નાચઘરક.

મરાવવું ૧. સ. ક્રિ. મૃદામૈથુન કરાવવું.

૨. સ ક્રિ. ઘાત કરાવવો; હણાવવું; બીજા પાસે મારી નખાવવું.

૩. સ. ક્રિ. મુકાવવું; કોકાવવું; મારે એમ કરાવવું.

મરાવી સ્ત્રી. (સંગીત) શ્રી રાગની એક રાગણી.

મરાવું ૧. અ. ક્રિ. ઘાત થવો.

૨. અ. ક્રિ. બીજાને હાથે મરી જવું; હત્યામાં કપાઈ જવું.

૩. અ. ક્રિ. નુકસાન થવું.

મરાળવૃત્તિ સ્ત્રી. પરમાત્મા પાસે એકતાપણું.

મરાસ ૧. [અ. મીરાસ] પું. કુટુંબીઓમાં મરા હકનો ભોક્તા.

૨. ન. વારસો; બાપદાદા તરફથી વારસામાં મળેલું તે.

મરાળ ૧. [સં. મરાલ] પું. પરમહંસ; બ્રહ્મચારી. સ્વામીનારાયણ સંપ્રદાયમાં સારા સાધુ માટે વપરાય છે

૨. પું. રાતી ચાંચ અને રાતા પગવાળો હંસ.

૩. જુઓ મરાલ.

મરાળા જુઓ મરાલા.

મરાળી જુઓ મરાલિકા.

મરાંજ પું. મર્દપાત.

મરિક પું. કાજિયો.

મરિચ ૧. [સં.] પું મરચી

૨ પું મરીનો વેલો.

૩ પું.બ. કેકોલ.

૪ ન એ નામનું એક પરાણ

૫ ન મગા મરી; તીખા. તે અગ્નિવર્ધક, પાચક, શ્રાંતિદાયક અને ઉત્તેજક છે. પેટનો દુખાવો, દમ અને કૃમિ ઉપર તે ઉપયોગી મનાય છે. ખાસ કરીને તે મલબાર અને સાવણકોરના દરિયા કિનારે નૈસર્ગિક જાતમા થાય છે.

૬. ન. મરચું.

મરિચપત્રક ૧ પું. ધોળો ગમર.

૨. [સં] ન. સરલ કેવડાનું ઝાડ. તે બહુ મોટું થાય છે. તેનાં પાંદડાં મોટાં હોય છે. ફૂલ તીખાં જેવાં. ગાળા ડાળા જેવા થાય છે.

મરિચ્યન ૧. સ્ત્રી. જ્વાળામુખીની રાખમાંથી બનાવેલ સિમેંટ

૨. સ્ત્રી. જમીને સખત થયેલ જ્વાળામુખીની રાખ

૩. ન. કાળાં અને લાલ તીખા.માંથી મસ કરી ઝાડી લીંબેલ અને પાસા પાડવાની ક્રિય. વડે શુદ્ધ કરેલ રંગીન પાસાવાળું એક મિશ્રણ.

મરિમા [સં. મરિમન્] પું. મૃત્યુ; મોત.

મરિયમ ૧. સ્ત્રી. ઈસુ ખ્રિસ્તની કુમારી માતા; કુંવારી મેરી

૨. સ્ત્રી. એ નામની એક તોપ.

૩. સ્ત્રી. કુમારી; કન્યા; અવિવાહિત સ્ત્રિયા.

૪. સ્ત્રી. પવિત્રતા અને સાધ્વી સ્ત્રી.

મોમની મરિયમ = બહુ જ નાજુક સ્ત્રી.

મરિયમ ગૂહ્ન ન મિસ્રોમાં જોવામાંના મરેલાની નૈઋર્ત્યમા આવેલી એ નામની ભવ્ય ઇમારત. અમરનરેશ રાજા ભગવાનદાસની બહેન અને અકબરની હિંદુ રાણી મરિયમુલ ઝમાની માટે તે બંધાયું હતું. તે ૬૫ ફૂટ લાંબું અને ૪૦ ફૂટ પહોળું છે. તે હિંદુ શિલ્પકળાની દૃષ્ટિએ જોતરાયું છે. તેમાં અનેક દેવદેવીઓની આકૃતિઓ જોવામાં આવે છે. આ ગૃહની ચોપાસ આરસના ચોખંડ ચોક છે

મરિયમનો પંજો પું. એક જાતની સુગંધી વનસ્પતિ તેનો આકાર હાથના પંજા જેવો હોય છે ઈસુ ખ્રિસ્તની માતા મરિયમે પ્રસવ સમયે આ વનસ્પતિ ઉપર હાથ રાખેલ હતો, તેથી તેનો આકાર પંજા જેવો થઈ ગયો એમ કહેવાય છે. આ કારણને લઈને તેના સંબંધમાં એમ પણ પ્રસિદ્ધ થયું છે કે, પ્રસવ પીડાને સમયે સગર્ભાની ઓળી સામે તે રાખવામાં આવે તો પીડા શાંત થઈ જાય અને સહજમાં પ્રસવ થાય.

મરિયલ વિ. બાઠગીથી કૃશળું થઈ ગયેલું; કમજોર.

મરિયલ ટટ્ટુ = બહુ જ સુસ્ત કે કમજોર માણસ.

મરિયા ૧. પું એક જાતનો ઝોક. તેનાં પાન ઉંદરકૃતિવાળા અને નાના હોય છે.

૨. સ્ત્રી ખિજારાની એ નામની એક અટક.

૩. સ્ત્રી મઢિયા; ઢોડીમા રહેતો એક તબક્કો.

૪. [હિં.] સ્ત્રી. ઓઢાની મોટી ઢબોડી.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. ન. એ નામની અટકનું.

મરિયાદ વેલ સ્ત્રી. સમુદ્ર કિનારે થતી એ નામની ઔષધોપયોગી વનસ્પતિ. તેનાં મૂળ ઉત્તમ મૂસલ મનાય છે.

મરિયું ૧. ન. નાનો પણ અણકરો અને તીખો દાણો કે અંકુર

૨. જ. મરી.
૩. વિ. ક્રોધવાળું.
૪. વિ. મરી જેવું તીખું.
તીખું મરિયું = (૧) ક્રુદ્ધ મિજાજનું. (૨) મરી જેવું તીખું

મરી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ભૂત; કમોતે મરેલ દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રીનો પ્રેતાત્મા.
૨. સ્ત્રી. મરડો; મહામરી
૩. [સં. મરિચ] ન. એક જાતનો તેજાનો; એક વેલનાં તીખાં અને તમતમતા ફળાં તુવેર જેવડાં ગોળ બી; તીખાં; મરિચ; કુલ વિગેરેથી એક બીજા. ઔષધમાં અને રસોઈમાં તેનો ઉપયોગ થાય છે મલબાર, ત્રાવણકોર, કોચીન વગેરે દેશોના જંગલોમાં આપમેળે તે ઊગે છે. તે ઘા.માં તેમ જ પુંજ અને વેસ્ટ ઈંડીઝમાં, મલાયા, સિયામ અને સિલોન વગેરે દેશોમાં તેનું વાવેતર કરવામાં આવે છે મલબારમાં તેનો સૌથી મોટો પાક થાય છે. મરી ની વેલ મૂળ ત્રાવણકોરનાં જંગલોમાં ઉત્પન્ન થયેલ છે. પ્રાચીન કાળમાં તથા મધ્યયુગમાં ત્રાવણકોર બાજુથી જ વરપમાં મરી વેચાતા માટે જતાં. ઈ. સ.ના સોથા સૈકામાં સિયોફ્રેસ્ટસ એ જાતનાં મરી તો ઉલ્લેખ કરે છે. ડાયોસ્કોરાઇડ્સે મરીને હિંદની મૂળ પેદાશ જણાવી છે. ગ્રીક અને હિંદ વચ્ચેનો મરીનો વેપાર બહુ મહત્ત્વનો હતો. આરબ વેપારીઓ વેનીસ અને જિનોઆને બંદરે મરી ઉતારતા અને એ બે શહેરોની બહોળાસાથી મરીના વેપારને આબાદી હતી મરીનું મહત્ત્વ વરપમાં બહુ હતું ઈ સ. ૪૦૮માં રોમ રાજા અલેરિક રોમને ઘેરો ઘાલ્યો ત્યારે ખંડણી માગવામાં આવી હતી, તેમાં બીજી વસ્તુની સાથે ૩૦૦૦ રતલ મરી પણ હતાં. ઈ. સ. ૧૧૦૧માં જિનોઆનાએ પેલેસ્ટાઇન સર કર્યું, ત્યારે દરેક સૈનિકને બબ્બે રતલ મરી આપવામાં આવ્યાં હતાં. કોઈ ને ભેટ આપવી હોય તો મરીની ભેટ અપાતી. ઇંગ્લંડમાં તો મરી ઉપર જકાત લેવાની અને છેક ઈ. સ. ૧૮૨૩ સુધી દર રતલે ૨ શિલિંગ ૬ પેન્સ જકાત પડતી, મરીના વેપારમાં સારો નફો મળતો હોવાથી ક્રિશ્ચનોએ હિંદનો ટુકડો ટુકડો હરિયાર્ડ મઢ્યું જોવાની લાલસા થઈ અને તેને પરિણામે તેમના કાફલા પ્રયત્ન કરવા લાગ્યા અને વાસ્કો દી ગામાને સફળતા મળી એ માર્ગ જોવામાં કે તરત જ વરપમાં મરીના ભાવમાં ઘટાડો થઈ ગયો. આમ મરીના વેપારે જગતના વેપાર, ભૂગોળ અને ઇતિહાસમાં ઘણી ઊથલપાથલ કરી છે. મુંબઈ સરકારે પણ શરૂઆતમાં ત્રાવણકોર રાજ્ય સાથે એવા કરાર કર્યા હતા કે, ત્રાવણકોર રાજ્ય તેમને મરી આપે તેના બદલામાં તેઓ હબિયાર, લાકડાંનો ને વરપનો કેન્સી માલ આપે. મરીની વેલને જો વધવા દે તો ૨૦ કે ૩૦ ફૂટ લાંબી થાય છે, પણ ફળ વધારે અને જોરદાર આવે તે માટે ઊપરાઊપરી કાપી નાખી દસેક ફૂટથી વધારે લાંબી થવા દેતા નથી. વાવેતર બીજથી થઈ શકે છે, પણ કાપકલમથી વેલ સારી નીવડતી હોવાથી એ પદ્ધતિએ ઉત્પત્તિ કરવામાં આવે છે. કસદાર જમીનમાં પહેલા વર્ષથી જ ફાલ આવવા માંડે અને ચોથા વર્ષ સુધી તે વધ્યા કરે છે અને પંદરથી વીસ વર્ષ સુધી એ જ વેલમાં કથી ૧૦ રતલ મરી જીતરે છે પછી વેલ કરમાવા માંડે છે. જમીન સાધારણ હોય તો ત્રીજા ચોથા વર્ષથી ફળે છે. અર્ધપક્વ ફળો ઉતારી સૂકવી, વેચવા માટે મોકલાય છે. મરીના ચણા ઉપર જે રીંગો આવે તેને ગજપીપર અને મૂળને ગનક કહે છે. ફળમાં ઉપર મુજબ બંધ પ્રકારો લાગે છે. પાકાં ફળ ભીજવી, સૂકવી તેની ઉપરની છાલ ઉતારી નાખવામાં આવે ત્યારે ધોળાં એટલે સફેદ મરી કહેવાય છે તે ઓછાં વેચાય છે તેમા બહુ વધારે ગુણ કે તીખારા હોતાં નથી. તે દવા તરીકે વપરાય છે. યંત્રો દ્વારા તેની ભારીક ભૂકી બનાવી કળીઓમાં મરી મસાલા માટે વરપ અને અમેરિકામાં વેચાય છે. લીલાં મરીનું અથાણું પણ કરવામાં આવે છે. સંસ્કૃત મરિચ શબ્દ મરીમિ એટલે ફિરવું ઉપરથી નીકળ્યો લાગે છે. તે ખૂબ તીખાં હોય તેથી આ નામ પડ્યું હશે. મરી ઉષ્ણ, વાતહર, કફઘ્ન, તીખાં, દીપન, પાચન, ઉત્તેજક, સારક અને મૂત્રલ છે. કૃમિ રવેદલ, જવર અને જંતુનાશક પણ મનાય છે. જઠરાગ્નિને તેજ કરે છે. તેની અસર મુદ્રા ને મૂત્રેંદ્રિય ઉપર વધુ હોવાથી મૂત્રબાધિમાં તે અપાય તેમ જ ચોપડાય છે અને ઝેર પ્રયોગમાં ક્રમ આવે છે. તે શ્લેષ્મપિત્તને જોર આપે છે. સૂકવી, સલેખમ અને આસીમાં તે ઘરગથ્થુ દવા મનાય છે. ઓકારી, ચક્કર, ઝાડા વગેરેમાં તે હાયલે કરનાર મનાય છે. આમણ બહાર નીકળી ગઈ હોય તો મરીનો કવાથ પીવાથી તથા તેનાથી મુદા ધોવાથી આમણ અંદર બેસી જાય એમ કહેવાય છે. મરીનો જલદ કવાથ પીવાથી હેડકી કે મુખપ્રકોપ મટી જાય છે. પક્ષપાતમાં ઠંડા એમાઈ તોતડાપણ સારે છાલ ઉપર મરીની બુકી ઘસાય છે. મરી ઔષધ તરીકે બધા પ્રાચીન વખતથી વપરાતું આવ્યું છે. આરબો તેને હિલીલ અબજાદના નામથી ઓળખતા આવ્યા છે. આયુર્વેદમાં જણાવ્યું છે કે, નાકરવેલના ૨૦ પાન સવારે રોજ મરીના દસ દાણા બે માસ સુધી ખાય તો કૃશ થયેલ શરીર પુષ્ટ બને.

૧. મગનું નામ મરી ન પાડવું = કામ હાથ દેવો; અલપઝલપ દેખાડવું.
૨. મગને આવે મરી = સાવ સોંઘુ, પાણીને મૂલે
૩. મરી હાકવાં-મચવાં = ચડપુ ચડપુ બોલવું; મગરૂરીમાં બકવા કરવું, તીખું બોલવું
૪. મરી, મીઠું ને રાઈ તેના બક્કત પિત્તાર્ઈ = કુટુંબ વગર કજિયા બતા નથી
૫. રાઈ ઉપર મરી હાંસે ત્યારે ઘર ચાલે = જોગ બાંધડી ને વી બાંધણી; કરકસર તે બીજે બાર્ઈ બગાડ છે.

૪ જ. માબ્બાં પકડવા માટે વાંસની ચીપોનું બનાવેલું ચૂંબળું. તેનું મોં ખુલ્લું અને નીચનો આગ બંધ હોય છે વહેતા પાણીમાં તે બકવું કુબાડી આડું પકડી રાખવાથી પાણીના વહેણ સાથે જતી માબ્બાંઓ તેમાં બરાબર ભરાય છે

મરીઆઈ સ્ત્રી. દેહની એક નામની એક દેવી

મરીઆ ગોળી સ્ત્રી (વૈદક) જોગ અને તીખા અથવા જોગ અને સૂંઠની બી નાખીને બનાવેલ ગોળી. તે શરદી મટાડવા વપરાય છે.

મરીઆદિ ગોળી સ્ત્રી. (વૈદક) પીપર, જવખાર, ઘાડમની છાલ અને મરીના સમભાગી ચૂર્ણની બધમાં વાળેલી ગોળી. તે સલેખમ તથા ઉધરસમાં વપરાય છે.

મરી ઉંદર પું એક જાતનો ઉંદર. આ પ્રાણી પર્વતવાસી છે. તેના શરીરનો રંગ ભૂરો અને પેટે આછો ભૂરો હોય છે.

મરીઓ પું જોના કે ઘઉંનો દાગીનો. ચોર કોળીની આનબી ભાષામાં વપરાય છે.

મરોકાની જ. એક જાતનું કાપડ.

મરોડો પું. એક જાતનું ઊનનું કાપડ; મરીનો.

મરીચ ૧. પું. (જૈન) આદિતીર્થંકર ઋષભદેવનો એ નામનો એક પૌત્ર.
૨. જુઓ મરી ૩.

મરીચ કંકોલ પું. એ નામનો એક છોડ; એ નામની એક વનસ્પતિ.

મરીઆદિ તેલ ન. (વૈદક) ગામડીના રોગ ઉપર ઉપયોગી બનાવું એક જાતનું તેલ. મળા મરી, વજ્રનાગ, હરતાલ, મનઃશીલ, આકડાનું દૂધ, કાનેરનું મૂળ, નસોતરનું મૂળ, ઉંદરકાનીનું મૂળ, ઉપલેટ, કાગદર, દારૂહળદર, દેવદારનું કાષ્ઠ, રસાંજન, રાળનું તેલ વગેરે ઔષધોને ઉકાળી તે બનાવવામાં આવે છે

મરીચ્યાદિ વટિકા જુઓ મરીચ્યાદિ વટી.

મરીચ્યાદિ વટી સ્ત્રી. (વૈદક) એ નામની એક જાતની ગુટિકા. તેમાં તીખાં, પીપર, જવખાર, ક્ષારમ અને સાકર મુખ્ય ઔષધ છે. તે ઉધેજરુ, અજીર્ણનિવારક, મૂત્રલ, કફઘ્ન અને મૂત્રાગ્નિને ઓજાળી નાખનાર મનાય છે. અજીર્ણ, ઝાડીના બળતરા, ખાંસી અને સંધિવામાં ઉપયોગી છે.

મરીચિ ૧. પું. અઢાર માંહેનો એ નામનો એક મુખ્ય જ્યોતિર્ધરી.

૨. પુ. (પુરાણ) ઋષભદેવના વંશના સમ્રાટ રાજાને ઉત્પન્ન થયેલો એ નામનો પુત્ર. તેને બિંદુમતી નામની સ્ત્રીથી બિંદુમાન નામે પુત્ર થયો હતો.

૩. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. સ્વાયંભુવ મન્વંતરમાના બ્રહ્મામાનસપુત્રની જે કર્દમકન્યા કલાથી તેને કશ્યપ અને પૂર્ણિમા એવા બે પુત્ર થયા હતા. બિંદુ નામની એક બીજી સ્ત્રીથી તેને ૭ પુત્ર થયા હતા. પણ જ્યારે સર્વે બ્રહ્મપુત્ર મરણ પામ્યા, ત્યારે આ ઋષિ પણ મરણ પામ્યા. અગ્નિષ્વાત્ત નામનો પિતર પણ તેનો જ પુત્ર હતો.

૪. પું. એ નામનો એક દૈત્ય

૫. પું. એ નામનો એક મરુત.

આદિત્યોમાહિ હું વિષ્ણુ જ્યોતિષાં રવિ અંશુમાન્,
મરીચ્યા મરુતોમા હું નક્ષત્રોમાહિ હું શશી.
ગીતાનુષેપન

૬. પું. કશ્યપનું એક નામ.

૭. [સં.] પું. કિરણ; રશ્મિ.

૮. પું. (જૈન) આવતી અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર ઋષભદેવના પુત્ર ભરતનો એ નામનો એક પુત્ર. તે ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનો જીવ હતો.

૯. પું. (પુરાણ) આવતા વૈવસ્વત મન્વંતરમાં બ્રહ્મદેવે યજ્ઞના અગ્નિમાંથી ઉત્પન્ન કરેલ એ નામનો એક પુત્ર. તેની સુરૂપા નામની કન્યા અત્રિરા ઋષિને પરણી હતી. તેનાથી કશ્યપ નામે પુત્ર થયો હતો.

૧૦. પું. કતુનો એ નામનો એક પુત્ર.

૧૧. પું. પ્રપંચભય દક્ષ.

૧૨. પું. ત્રિગર્ત વંશનો એ નામનો એક રાજા.

૧૩. પું. લોભી માણસ; કંજૂસ માણસ.

૧૪. પું. (જ્યોતિષ) સપ્તર્ષિ મંડળનો સાતમો તારો.

૧૫. પું. સપ્તર્ષિ માંહેનો એ નામનો એક ઋષિ.

૧૬. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૧૭. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; તાલીસપત્ર.

૧૮. ન. ૭ ગ્રહોનું વજન. તે એક રાઈના ૬૪ ભાગ જેટલું થાય છે.

૧૯. ન. ઝાંઝવાં; મૃગજળ.

૨૦. વિ. કૃપણ; લોભી.

મરીચિકા ૧. [સં.] સ્ત્રી. કિરણ.

૨. સ્ત્રી. માયા; ભ્રમદર્શન; આભાસ.

૩. સ્ત્રી. મૃગજળ; ઝાંઝવાં, મૃગતૃષ્ણા; જ્યાભાસ.

મરીચિગર્ભ ૧. પું. (પુરાણ) રૌપ્યાર્ચિ મન્વંતરમાંનો એ નામનો એક દેવ.

૨. પું. સૂર્ય.

૩. પું. (પુરાણ) ઉત્તમ પિતરના ગોત્ર.

મરીચિજલ [સં.] પું. મૃગતૃષ્ણા; ઝાંઝવાંનું જળ.

મરીચિપ પું.ન.વ (પુરાણ) એ નામના દેવલોક ઋષિ. તેઓ હિમાલય પર્વત ઉપરના બ્રાહ્મપદના પુત્ર મહાત્મા ઉપમન્યુના આશ્રમમાં રહેતા હતા અને માત્ર ચંદ્ર કિરણ પીને જ જીવતા હતા.

મરીચિમાન ૧.[સં. મરીચિમત્] પું. સૂર્ય.

૨. વિ. પ્રકાશવાળું.

મરીચિમાલી ૧. [સં. મરીચિમાલિન્] પું. સૂર્ય.

૨. વિ. ચોતરફ પ્રકાશવાળું.

મરીચી ૧. પું. ચંદ્રમા.

૨. [સં. મરીચિન્] પું. સૂર્ય.

૩. વિ. કિરણવાળું; જેમા કિરણ હોય તેવું.

મરીચ્યાદિક ચૂર્ણ ન. (વૈદક) તીખાં અને બીજી ઔષધિઓનું ચૂર્ણ.

મરીજ ૧. પું. આશક; પ્રેમી.

૨ (મરીઝ) [અ.] પું. દરદી; માંદો માણસ.

૩. વિ. રોગિષ્ઠ; બીમાર; આજારી.

મરીનો ૧. પું. ઊન પૌંઆ કરનાર પૈકાની એક જાત

૨. પું. ઊનની એ નામની જાતનું કાપડ.

૩ પું. ઊનની એક જાત. આ ઊન ગૂથવાના કામમાં ઉપયોગી મનાય છે.

મરી મસાલો ૧. પું. અતિશયોક્તિ; કોઈ વસ્તુ અથવા બનાવને ચોળાવવા સારુ તેનું વધારીને વર્ણન કરવું તે.

૧. મરી મસાલો પૂરવો–અમરાવવો = (૧) અતિશયોક્તિ કરીને કહેવું; વધારીને વાત કહેવી. (૨) ઉશ્કેરણી કરવી; ઉશ્કેરવું.

૨. પું. ગરમ મસાલો, મરી તથા બીજો તેજાનો ખાંડીને કરેલો મસાલો

મરીમૂજ [સં.] વિ. વારંવાર સ્વચ્છ કરનાર.

મરીલિયા વિ. મોતને વશ

મરીલી જુઓ મરીલિયા

મરુ ૧. પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં જગણ, જગણ અને જે લઘુ મળી આઠ વર્ણ હોય છે

૨. પું એક જાતનું ઝાડ; એ નામની એક વનસ્પતિ.

૩. પું કુરબક નામનો છોડ.

૪. પું. ઘાસ ન પીનો તે.

૫. પું. નિર્જળ દેશ

૬. પું. પર્વત.

૭. પું. મારવાડ.

૮. પું. ધામક દેશ.

૯. પું. (પુરાણ) વિદેહવંશી કર્દમ જનકનો એ નામનો પુત્ર તેનો પુત્ર પ્રતીપક અથવા પ્રતીપક હતો.

૧૦ પું. (પુરાણ) સારસ્વત અને નહુષાન્તક દેશની વચ્ચે આવેલો એક પ્રાચીન દેશ

૧૧. પું. (પુરાણ) સૂર્યવંશી ધ્રુવસંધુ કુળમાં થયેલા કુવલયથી વંશના રાજા રાજાનો એ નામનો પુત્ર. તેનો પુત્ર પ્રસૂશ્રુત કે પ્રશ્રુત હતો.

૧૨. ન. એ નામનું એક પુરાતની રાજ્ય.

૧૩ ન રણ

૧૪ વિ. ઉજ્જડ; જળરહિત.

૧૫. વિ. નિર્જન

૧૬. વિ. સાવ ખાલી વખતનું; નિર્માલ્ય; ફોગાળ; કમજોર

૧૭ જ નાનાં બહાનાં માણસ પ્રતિ પ્રેમમાં ઉચ્ચારાતો એક નિરર્થક ઉદ્ગાર

મરુઆ ૧. [સં.] પું ખૂબ સુગંધવાળો એક જાતનો છોડ

૨ પું મહાદેવના કાનની સોથી ઉપરની વાલી.

૩. [હિ] પું. વનતુલસી

૪. પું હિંદીઓ અઠવાડિયાની બાકરી

મરુક ૧ [સં] પું એક જાતનો મૃગ

૨. પું. મરવો. એક જાતનું ઔષધિવનસ્પતિ.

૩ પું. મરુ દેશ.

૪. પું ઘોર

મરુકચ્છ પું એ નામનો એક પ્રદેશ

મરુકાંતાર [સં] પું. રણ; મરુભૂમિ.

મરુકુંજ [સં] ન. વેરાન ભૂમિમાનો બગીચો.

મરુક્ષ [સં] પું મરવો.

મરુજ ૧. પું. નખ નામનું સુગંધી દ્રવ્ય; નખલો.

૨. વિ. ઘણી કે બહુ વખત રહી શકનાર આદ.

૩ વિ નિર્જળ દેશમાં થનાર.

૪ વિ મારવાડમા થનાર.

મરુજ [સં] સ્ત્રી. ઉંદરપણું જાતની એક વેલ; મૂસકર્ણી નામની વનસ્પતિ.

મરુજાતા સ્ત્રી કપિકચ્છુ

મરુટા [સં] સ્ત્રી. ગૌરા સલાટવાળી સ્ત્રી

મરુડી (મરુડો) ૧. સ્ત્રી. ઝાડની બખોલમાં બનાવેલો ગોબલો.
૨. સ્ત્રી નાની ઝૂંપડી

મરુઢી સ્ત્રી. પર્ણકુટી. સાધુની ઝૂંપડી.

મરુત ૧ પું. અસલમ્બ.
૨ પું. ઋત્વિજ.
૩. પું એ નામનો એક સાધ્ય.
૪ પું (જૈન) ત્રિપુરુષ નામના બંતરના દસ ભેદનો એક પ્રકાર. ત્રિપુરુષ નામના બંતરના દસ પ્રકાર આ પ્રમાણે છે: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વાન.
૫. પું ગણિત.
૬. પું. અધિપર્ણ નામનો છોડ.
૭ પું દેવ; દેવતા.
૮. [સં. મરુત] પું. પવન; વાયુ; વા; વાયરો; તોફાનનો એક દેવ. તે ઋનો પુત્ર અને ઉંદરો સોળવી છે. ઋગ્વેદમાં ૧૮૦ અને પુરાણમાં ૪૯ વાયુનાં સ્વરૂપ બનાવેલાં છે. તે રંગે રતાસ પડતાં ચળકતાં છે. તેના રથને રાતા ઘોડા જોડેલા છે, તેનાં આભાં વીજળીનાં બનાવેલાં છે. ઉગ્ર, ભીમ, જ્વાંત, ધુની, સાસહાન, અભિયુગ્વા અને વિક્ષિપ એ સાત મરુતરૂપ ગણો છે.
૯. પું પ્રત્યે.
૧૦. પું. મરવો; મરુવક.
૧૧. પું (જૈન) જોકાંતિક દેવોના નવ ભાંડેનો એક પ્રકાર
સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ લોકાન્તિક છે. જીવાભિગમસૂત્ર
૧૨. પું. સામવેદનો એ નામનો એક દેવતા.
૧૩. પું. સૂર્ય.
૧૪. પું (પુરાણ) સૂર્યવંશી દિષ્ટપુત્રોત્પન્ન અવીક્ષિત રાજાનો એ નામનો એક પુત્ર. તે બધો પરાક્રમી, શૂર અને યજ્ઞકર્તા થઈ ગયો છે. તેણે સંવર્ત ઋષિને બોલાવીને યમુના તીર ઉપર આવેલા પ્લક્ષપ્રાવતરણ તીર્થમાં યજ્ઞ કર્યો હતો અને તેમાં બ્રાહ્મણોને એટલી દક્ષિણા આપી હતી કે બ્રાહ્મણોથી ઊપડી શકી નહિ. તેનો યજ્ઞ નિર્વિઘ્ને પરિપૂર્ણ ન થયા દેવા માટે ઇંદ્રે મોકલેલા ઉપદ્રવો બ્રહ્મે બતાવી ઇંદ્રનો ગર્વ ઊતર્યો હતો. તેણે કુલ સો અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. આ યજ્ઞોમાં અંગિરસનો પુત્ર પુરોહિત હતો યજ્ઞ સામગ્રીની સઘળી વસ્તુઓ સોનાની હતી. મરુત્તમ પીરસનાર અને વિશ્વદેવો સભાસદ હતા. યજ્ઞમાં સોમપાન કરવાથી ઇંદ્રને કેફ ચઢ્યો હતો. તેના પછી તેનો પુત્ર દમ રાજ્યનો અધિકારી થયો.
૧૫. [હિ.] પું. સોમવંશી કરંધરના પુત્ર અવીક્ષિતનો એ નામનો એક પુત્ર તેને પ્રજાવતી, સોવીરા, સુકેશી, કેકસી, સૈરંધી વસુમતી અને સુસ્વધા નામની સાત રાણીઓ હતી. તેઓથી ૧૮ પુત્રો થયા હતા. ભાગવતમાં તેને યદુવંશી અને કરંધરનો પુત્ર લખેલ છે.
૧૬. પું. (પુરાણ) સોમવંશી નહુષ કુલોત્પન્ન દુષ્મંતપુત્રોમાંના કરંધમ રાજાનો એ નામનો પુત્ર. તે સંતતિ રહિત હતો, તેથી તેણે પુરુકુલોત્પન્ન રૈભ્યપુત્ર દુષ્મંત રાજાને પોતાનો પુત્ર આપી પોતાનું રાજ્ય આપ્યું હતું.
૧૭. પું સોનું.
૧૮. પું વિરભદ્રા સોનું.

મરુતોભેદક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

મરુદ્ગર [સં.] પું. એક જાતનો આકડો.

મરુદ્ભિયા [સં.] સ્ત્રી. વાયુ તોફાન વા છૂટ થવો તે

મરુત્તક પું. મરવાનો છોડ; મરવો.

મરુત્યલ ન. નિર્જળ પ્રદેશ; મારવાડ.

મરુત્પતિ [સં મરુત્ (દેવ) + પતિ (ઉપરી)] પું. ઇંદ્ર.

મરુત્પથ ૧. [સં.] પું. આકાશ.
૨. પું. પવનનો માર્ગ.

મરુત્પાલ [સં.] પું. ઇંદ્ર

મરુત્પુત્ર ૧. [સં.] પું. ભીમસેન.
૨. પું. હનુમાન.

મરુત્પુત્રી [સં.] સ્ત્રી. અંજની નમોડ.

મરુત્પ્રિય [સં.] પું. ઘેટ.

મરુત્પ્રિયા [સં.] સ્ત્રી ઇન્દ્રી.

મરુત્પ્લવ [સં.] પું. બિલ્વ

મરુત્પ્લવી [સં] સ્ત્રી. સિંહલ

મરુત્પ્રેલ [સં.] પુ. કપો.

મરુત્બાલ ૧. પું. કાળો પવન.
૨ પું પવનની આકરી લહેર

મરુત્વતી ૧ [સં.] સ્ત્રી. ધર્મપત્ની.
૨. સ્ત્રી. પ્રાચેતસ દક્ષની એ નામની કન્યા.

મરુત્વતીય પું. એ નામનો એક હોમ.

મરુત્વાન ૧. [સ. મરુત્વત્] પુ. ઉંદ. મુખ; મઘવા; મરુત્વતીના બે ભાઈનો એક પુત્ર.
૨. પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૩ ગુરુ અને ૬૬ લઘુ મળી ૧૦૯ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.
૩. પું. વાદળ; મેઘ.
૪. પું. હનુમાન.

મરુત્સખ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ઇંદ્ર.
૩. પું. ચિત્રક વૃક્ષ; ચિત્રાનું ઝાડ.

મરુત્સખા ન. એ નામનું એક વિમાન મહર્ષિ ભારદ્વાજના ગ્રંથને આધારે સૌથી પ્રથમ વિમાન, ભારતમાં ભારતીય કારીગર શિવકર બાપુજી તળપદેએ બનાવ્યું હતું. બેદોમાં વિમાનોનો જે ઉલ્લેખ થયો છે, તેમાં આઠ યંત્રોનો ઉલ્લેખ થયો છે. આ સર્વે વિદ્યુત્શક્તિની મદદથી ચાલે છે અને એકમેકને પૂરક બની રહે છે. સૂર્યકિરણોની શક્તિની વિપરાશ અને પારાનો સંયોગ થતાં આઠ પ્રકારનાં યંત્રોને ગતિ મળે છે અને હવાની ઘનદિશા મળતાં વિમાન ઊડે છે, તેનું સ્પષ્ટીકરણ ભારદ્વાજના ગ્રંથમાં છે. એ મુજબ વિમાન તૈયાર કરવામાં આવ્યું અને તેને મરુત્સખા એવું નામ અપવામાં આવ્યું. તેનું સર્વ પ્રથમ ઉડ્ડયન ચોપાટી ઉપર કરવામાં આવ્યું. આ વિમાન લગભગ ૧,૫૮૦ ફૂટ ઊંચું ગયું અને તે પછી તે નીચે ઉતારવામાં આવ્યું. વિશેષ આશ્ચર્યની વાત તો એ હતી કે, આ વિમાનમાં યંત્રોની એવી રીતે રચના કરવામાં આવી હતી કે, નિશ્ચિત મર્યાદા પર્યંત પહોંચ્યા પછી તે આપોઆપ જ પાછું ફરતું હતું. ભારતવર્ષમાં જ નહિ પણ પરપ, અમેરિકામાં પણ જ્યારે વિમાનને એક ચમત્કાર લેખવામાં આવતો, ત્યારે મુંબઈની ચોપાટી ઉપર એક હિંદી કારીગરે ભારતીય શાસ્ત્રોને આધારે તૈયાર કરેલા ભારતીય વિમાનનું ઉડ્ડયન થઈ રહ્યું હતું મરુત્સખા નામનું સર્વ પ્રથમ વિમાન ભારતીય વેદો અને શાસ્ત્રોના મંત્રોને આધારે તૈયાર કરનાર કૈલાસવાસી શિવકર બાપુજી મુળજીના ચીરા બજારમાં આવેલા કુંભર વાડીમાં રહેતા હતા તેમને સંસ્કૃત ભાષા, સાહિત્ય અને શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન હતું તેમનો વેદાભ્યાસ બહુ ઊંડો હતો. તેમની જેમ તેમના પત્ની પણ સંસ્કૃતના જાણકાર હતાં તેમને પણ વેદનો અભ્યાસ હતો શિવકર બાપુજી વેદોના મંત્રોનું અધ્યયન કરી જે પ્રયોગ કરતા, તેમા

તેમનાં પત્નીની અદ્ભુત પ્રેરણા અને અણમોલ સહાય મળતી. સંશોધન કરવાનો તેમનો શોખ જોઈને કરવીર મઠના શંકરાચાર્યે તેમને વિદ્યાપ્રાપ્ત પ્રદીપ જેવી પદવી અર્પણ કરી હતી. તેમણે તૈયાર કરેલ વિમાન બોમ્બે અર્દ સોલાપટિ તરફથી મુંબઈના ટાઉન હોલમા જે પ્રદર્શન ભરવામા આવ્યુ હતું, તેના રાખવામા આવ્યુ હતું. શ્રી શિવકરે વિમાન સબંધી વધુ સંશોધન કરવાનો પ્રયાસ કર્યો અને ઋગ્વેદના ૬ઠ્ઠા અષ્ટકના ૧૬૮મા સૂક્તોમા વિમાનની બનાવટ માટે જે વર્ણન કર્યું છે અને મહર્ષિ ભારદ્વાજે જે ટીકાગ્રંથ લખ્યો છે તેમાંથી પારને જો દબાવી શકાય તો વિમાનને ઇષ્ટ ગતિ સાંપડે એવો ઉલ્લેખ તેમને મળી આવ્યો. મહર્ષિ ભારદ્વાજે લખેલા ટીકાગ્રંથમા સૂર્યકિરણના ઉપયોગનું વર્ણન કરવામાં આવ્યુ છે. પારો અને સૂર્યકિરણનો સયોગ થાય તો ગતિ ઉત્પન્ન થાય છે એવો ઉલ્લેખ મહર્ષિ ભારદ્વાજના પ્રથના વિમાનશાસ્ત્ર પ્રકરણમા મળી આવે છે. તેને અનુસરીને અને બીજી પણ વધુ સંશોધન કરીને શિવકર બાપુજીએ વિમાન તૈયાર કર્યું હતું. કૈલાસવાસી ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેને પ્રથમ આ વિમાન બતાવવામા આવ્યું. તેમણે પરદેશી વસ્ત્રવિચારકોની સલાહ લઈ ને આ પ્રયાસ આગળ ચલાવવાની સલાહ આપી, પરંતુ વેદોમાં સર્વ ઉલ્લેખ છે અને પોતાની શોધ બીજાઓને, આમ કરીને પરદેશીઓને બતાવવામાં ખોટો રસ્તો છે એમ માનીને શિવકર બાપુજીએ સલાહ માની નહિ. પત્નીના કૈલાસગમન બાદ શ્રી શિવકર બાપુજીને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેમનું સંશોધન ત્યારબાદ ત્યાં જ અટકયું. શિવકરના કૈલાસગમન બાદ તેમણે તૈયાર કરેલી સામગ્રી અને તેમનું તમામ સાહિત્ય ૧૮૯૫ની આસપાસમાં એમના સબંધીઓએ રાલી બ્રધર્સને વેચી નાખ્યું હતું. તેના આધારે પશ્ચિમમાં વિમાનની શોધ થઈ. રાલી બ્રધર્સે એ સર્વ સાહિત્ય જર્મનિને અને અમેરિકને વેચ્યુ હતું અને તે ઉપરથી જર્મનિએ અને અમેરિકએ વિમાનો બનાવ્યાં હતાં એમ માનવાને પૂરતા કારણો છે. એ રીતે ભારતમા વિમાન બનાવવાનો અને ઉડાડવાનો આ પ્રથમ પ્રયોગ ભારતના ગર્વમાં વિલીન થયો. ઉપરના વિષયની માહિતી આપતો હસ્તુભાઈ કેસારાનો લેખ પ્રથમ ગુજરાતી દૈનિકમાં પ્રસિદ્ધ થયા પછી મહારાષ્ટ્રના સપ્તાહિક વગેરે અન્ય ભાષાના પત્રોમાં પણ પ્રસિદ્ધ થયેલ છે

અગ્નિસહાય [સ] પુ. અગ્નિ.

અગ્નેસુત વિ. [સં.] પું. ભીમ.
૨. પું. હનુમાન.

અગ્નોમ પું. એક પ્રકારનો એકાહ યજ્ઞ.

અઘડાંદોલ વિ. પું ધમણ. તે પ્રાચીન કાળમાં હવા કે લેસના ચામડાની બનાવવામાં આવતી.
૨. [સં.] ન. ચોજ્યો; પંખો.

અઘેદિષ્ટ [સં.] પું. ચૂલગ.

અઘદેવ વિ. પું ઋષભદેવના પિતાનું નામ.
૨. પું. (જૈન) ત્રિપુષ્ટ નામના અંતરના દસ ભાઈનો એક પ્રકાર. તેના દસ પ્રકાર આ પ્રમાણે છે: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવરપુંજ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વાન.

અઘદેવા સ્ત્રી. (જૈન) વર્તમાન ચોવીસીના પહેલા તીર્થંકર ઋષભદેવની માતાનું નામ; મરુદેવી.

અઘદેવી સ્ત્રી. (જૈન) વર્તમાન ચોવીસીના પહેલા તીર્થંકર ઋષભદેવની માતાનું નામ. તેને પોતાના પુત્રનાં દર્શન કરવા જતાં હાથીની અંબાડી ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ હતું.

અઘેડા વિ. પું. પાણી વિનાનો ઉજ્જડ મુલક; રણ.
૨. પું. મારવાડ.

અઘેદગણ વિ. પું (પુરાણ) દિતિનો એ નામનો એક પુત્ર. દિતિનો પુત્ર હિરણ્યકશિપુ મરણ પામ્યો તેને સંતાપ થયો અને પોતાના પતિ કશ્યપની તેણે પ્રાર્થના કરી કે ઇંદ્રને મારે એવો પુત્ર મને થાય. આ સાંભળી કશ્યપને અરાજી લાગ્યું, પણ દિતિને એક હાડ વ્રત કરવાનું કહ્યું. આથી દિતિએ વ્રતનો આરંભ કર્યો. એકસો સંધ્યા સમયે દિતિ નિદ્રિત થઈ. આ નિયમભંગ જોઈ ઇંદ્ર તેના ઉદરમાં પ્રવેશ કરી ગર્ભના સાત ટુકડા કર્યા. આથી તે રડવાથી ઇંદ્રે તેમને આ રડ, મા રડ એટલે રડ્યો નહિ. રડ્યો નહિ એમ કહ્યું. તે ઉપરથી તેનુ નામ મરુદ પડ્યુ
૨. [સ મરુત્ (જૈન) + ગણ (સમૂહ)] પું દેવોનો સમૂહ

અઘેદભવ [સં] પું માગ્યાથી મળેલ.

અઘેદભવા વિ. પુ. એક જાતનો ઘોડ.
૨. પુ. જવાસો.
૩. સ્ત્રી. કપાસ

અઘેદશ્વ વિ. [સ.] પુ. ઘોડો.
૨. પું દેવનો રથ

અઘેદુમ વિ. [સ.] પુ. એક જાતનો ઘોડ.
૨ પુ આવળ.

અઘેહર્ષે [સ. મરુદ્હર્ષન્] પુ આકાશ

અઘેદ્ધા સ્ત્રી. પલાશની એ નામની એક નદી.

અઘેદ્વાહ વિ. [સં] પું. અગ્નિ; આગ.
૨. પું. ચિત્રક વૃક્ષ.
૩. પું. ધુમાડો

અઘેદ્વીપ પું. ઊંટ

અઘેદ્વીપ પું. મરુભૂમિમાં આવેલ દ્વીપકલ્પ અને પર્વતવાળું લીલુછમ સ્થળ; રણદ્વીપ.

અઘેદ્વૃત્તા [સં.] સ્ત્રી. કાવેરી નદી.

અઘેદ્વૃદ્ધા જુઓ મરુદ્વૃત્તા.

અઘેદ્વૃધા [સં.] પું. ઊંટ.

અઘેદ્વેગ પું. એ નામનો એક દૈત્ય.

અઘેધન્વ પું. (પુરાણ) સારસ્વત અને મરુધા-મરુ દેશની વચ્ચ આવેલો દેશ.

અઘેધન્વા વિ. પુ. ઉદીચ્ય નામના વિદ્યાધરના પુત્રનું નામ
૨. પું. મરુભૂમિ; નિર્જલ પ્રદેશ.

અઘેપર પુ. મારવાડ.

અઘેભાસ્કા પું. પક્ષી નામની વેલ; અક્ષમર્મ; કપૂરીમધુરી.

અઘેપ્રિય [સં.] પું. ઊંટ

અઘેમરુ વિ. [સં.] પું મરવો; ડમરો.
૨ ન. મીઠાગ. ખારાપાટ મરુ એટલે વાયુ અને મરુ એટલે બકારી કે ઊલટી મટે છે, તેથી તે મરુમરુ કહેવાય છે.

અઘેભૂ [સ.] સ્ત્રી. નિર્જળ ભૂમિ.

અઘેભૂમિ વિ. [સં. મરુ + ભૂમિ] સ્ત્રી. મરુદેશ; મારવાડ.
૨ સ્ત્રી. રેતાળ જમીન; રણ જેવી જમીન; પાણી વિનાની કોઈ પણ જમીન; જ્યાં કોઈ વૃક્ષ કે વનસ્પતિ ન ઊગતી હોય તેવી જમીન.

અઘેભૂમી જુઓ મરુભૂમિ.

અઘેભૂરુહ [સ.] પુ. કેરડાનું વૃક્ષ

અઘેમરીચિકા વિ [સં.] ન. ઝાંઝવાનું જળ મૃગજલ.
૨. સ્ત્રી. ભ્રમ; ભ્રમણા; વિભ્રમ.
૩. સ્ત્રી વિપર્યય જ્ઞાન.

અઘેયા ન મ ય તદ્ભવિષ્યા.

અઘેલ વિ. [સં.] પું. એક જાતનો દેવ.
૨. પું જંગલી જનાવર.

અઘેલા સ્ત્રી. કેરલ દેશમાં આવેલી એ નામની એક નદી

અઘેવ પું. મરુભા; મરવો.

મરુવક ૧. પું. કાંટાળું એક જાતનું ઝાડ.
૨ પું. તલનો છોડ.
૩. પું. મરુઆ; નાગરવેલ.
૪. પું. (જ્યોતિષ) રાહુ.
૫. પું. વાઘ; બાઘ.
૬. ન. એક જાતનો મસાલો.
૭. વિ. ભયાનક; ભયંકર.

મરુવા જુઓ મરુઆ.

મરુસંભવા ૧. [સં.] સ્ત્રી. એક જાતની કરેણ.
૨. સ્ત્રી. એક જાતનો બેર.
૩. સ્ત્રી. નાની ઇલાયચી.
૪. સ્ત્રી. મકેન્દ્રવારુણી.

મરુસ્થલ ૧. [સં.] ન. નિર્જળ પ્રદેશ.
૨. ન. મારવાડ.
૩. ન. રણ

મરુસ્થલી ૧. [સં.] સ્ત્રી. મરુભૂમિ.
૨. સ્ત્રી. નિર્જળ પ્રદેશ.

મરુસ્થા [સં.] સ્ત્રી. નાની ઇલાયચી.

મરુંડા [સં.] સ્ત્રી. ઊંચા કપાળવાળી સ્ત્રી.

મરૂ જુઓ મરુ.

મરૂઆ જુઓ મરુઆ.

મરૂક જુઓ મરુક.

મરૂકુંજ જુઓ મરુકુંજ.

મરૂખ જુઓ મરુખ

મરૂઠ પું. નાંદોદના રાજ્યમાં આવેલો એ નામનો એક પ્રદેશ; રાજપીપળા સંસ્થાનના ઝાડિયા તાલુકાનું અને તેની આસપાસના ભાગનું અસલ નામ.

મરૂડિયો (મરૂડિયો) પું સૂથરાર; બખિયાર; બંડીઓ બનાવનાર માણસ.
કૂંડી ચૂડો પહેરવા માઈ આરે મરૂડિયો માડો પકો = ભાગ્ય એ કામમાં આગળનું આગળ; દુઃખ સાથે લાગવું જ આવે છે.

મરૂઢ ન. એક જાતની વનસ્પતિ. આ છોડનું લાકડું ભારે અને સખત છે. તેની હાથમા રાખવાની લાકડી બને.વાય છે.

મરૂઢ સ્ત્રી. દરિયામાં પાણીની ઊંડાઈ તથા તળિયાની જમીન પારખવાનો સીસાનો કે બીજો ભારે કટકો

મરૂરા પું. બળ.

મરૂવો પુ એક જાતનો સુગંધી છોડ; મરવો તે તુલસી જેવો પણ તેથી મોટો ને લાલાશવાળો હોય છે. તે રંગે લાલો કે જાંબુડો થાય છે. કાન દુખતો હોય તો એનાં પાનના રસનું ટીપું નખાય છે. એની સુગંધ મચ્છરને તરત કરે છે.

મરૂસંભવ [સં.] પું. નાનો મૂળો; મારવાડી મૂળો.

મરૂળસિદ્ધ પું. વીરશૈવ ધર્મના પાંચ આદેના એ નામના એક સ્થાપક આચાર્ય. તેમનું સિંહાસન ઉજ્જયિનીમાં હતું.

મરૂં અ. લાડમાં વાપરવાનો નિરર્થક શબ્દ કે ઉદ્ગાર; વારી જવાના અર્થમાં વપરાતો શબ્દ. પારસી બૈરાંમાં વિશેષ વપરાય છે.

મરૂં મરૂં અ. મરતાં મરતાં.

મરે અ. મરા; છોને, ભલે. અર્થમાં વપરાય છે.

મરેઠણ જો. મરાઠણ; મહારાષ્ટ્રની સ્ત્રી. મરાઠા સ્ત્રી

મરેઠી ૧. સ્ત્રી. અભરખો.
૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનો છોડ ગુમારે એક હાથ ઊંચો હોય છે. તે કૂણા અને કચુંબરોમાં વપરાય છે. તેનાં ફૂલ પીળાં અને બાજ ઝાંયવાળાં હોય છે. ઓસ કરીને તેનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે. તે તીક્ષ્ણ, ગરમ અને કડવી હોય છે અને વાતપિત્તની પીડાને મટાડે છે. ઝરવી ઉપર તેમ જ ખાંસી ઉપર તે અકસીર મનાય છે. જૂનાગઢ રોગનો તે નાશ કરે છે.
૩. સ્ત્રી. જેઠીમધ.
૪. સ્ત્રી. મરાઠણ; મરાઠા સ્ત્રી.
૫. સ્ત્રી. મહારાષ્ટ્રની ભાષા; મરાઠાની ભાષા.
૬. વિ. મહારાષ્ટ્રનું; મરાઠી.

મરેઠીપર્વ ન. ગુજરાતના ઇતિહાસમાં ગણની યુદ્ધકર્દક રૂપરેખાના નવ ભાંડેનું આઠમું પર્વ.

મરેઠેણ જુઓ મરેઠણ.

મરેઠો જુઓ મરાઠા.

મરેળી પું. એક જાતનો ફૂલછોડ.

મરે રે અ. ગોપીનું ખરાબ કે અશુભ થાય એમ સૂચવતો એક ઉદ્ગાર.

મરેલું ૧. વિ. મત મળેલું; મૃત.
૨. વિ. નામર્દ.

મરેસ્પંદ ૧. પું. (જરથોસ્તી) એ નામે એક ફિરસ્તો.
૨. પું. (જરથોસ્તી) પાંચમા મુખ્ય ફિરસ્તા અરડારમઇના બાર ભાંડેનો એક હમકાર.

મરૈઠા [હિં.] વિ. વાળેલું.

મરૈયા ન એક જાતનું ફૂલઝાડ. તેને સફેદ ફૂલનાં ગુમખાં-ઝૂમખાં આવે છે. તેની વાસ બહુ સારી હોય છે.

મરો ૧. પું. દુકાળ.
૨. પું. દુર્દશા; બરબાદી; બેહાલી; નાશ; માઠી દશા.
૩ પું. મરણ; મોત.
૪. પું. મોત જેવું દુઃખ; મોટી પીડા કે દુઃખમથી દશા; હેરાનગતિ.
બાઝણનો મરો ને કૂતરાંનો મરો = બાઝણને ત્યાં બરામાં વધારેમાં વધારે હેરાનગતિ કૂતરાને જ થાય છે.

મરોટી ૧. સ્ત્રી. (જૈન) ઓસવાલ વંશની બાદરણા ગોત્રની એ નામની એક શાખા.
૨. ન. એ નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું.

મરોડ (મરોડ) ૧ પું. આકાર; વલણ; ઝોક; સ્વરૂપ; મોડ; તરેહ; ઢોળ.
૧. અંતરનો મરોડ = અંતરનો વળાક.
૨. મનમાં મરોડ કરવો = મનમાં કપટ રાખવું; કપટ કરવું
૨. પું. ટેક; માનાભિમાન; ગર્વ.
૩ પું. દેખાવ.
૪. પું. દંભ
૫ પું. પીડા; બળાપો; ઝોળ.
૬ પું. મર્મ.
મરોડની વાત = આડીઘૂંટીવાળી વાત; પેચદાર વાત.
૭ પું. રાંટ; વાંક.
૮. પું. લહેકો; વળાક; વાટ; વળોટ; મરડવું તે; અંગ મરડીને ઘટો વાળવું તે; બાજરી; ઉમાપ; વરણાગી.
૯. સ્ત્રી. અપચો; અજીરણ.
૧૦. સ્ત્રી. આશ્ચર્ય.
૧૧. સ્ત્રી. મરડવું તે; વકતા.
મરોડ આવો = (૧) ચક્કર આવું. (૨) ચિંતામાં પડવું.
૧૨. સ્ત્રી. રીસ.
૧૩. સ્ત્રી. લટકો; ચાળો.
૧૪. સ્ત્રી. ઘડ.

મરોડદાર (મરોડદાર) ૧. વિ. સારા દેખાવવાળું.
૨. વિ. સારા વળાંકવાળું; મરોડવાળું.

મરોડફલી (મરોડફલી) [હિં.] પું. એ નામનો એક છોડ. તેનું ફળ આંકડી મટાડે એમ મનાય છે

મરોડબ્રાજ (મરોડબ્રાજ) ૧. પું. ભાંડો, ઊભળીસો
૨. [હિં] વિ. ભક્કડ; ઠોળી, મગરૂર.

મરોડવું (મરોડવું) ૧. સ. ક્રિ. આંબળવું; મચરડવું; મરડવું.
૧. અંગ મરોડવું = પડ્યું ચાલવું.
૨. ભવાં મરોડવાં – (૧) આંખથી ઇશારો કરવો. (૨) નાક મોં ચઢાવવાં.
૨. સ. ક્રિ. ઉલટાવવું. ફેરવવું.
૩. સ. ક્રિ. ડોક મરડીને મારી નાખવું.
૪. સ. ક્રિ. દુઃખ દેવું; પીડા કરવી.
૫. સ. ક્રિ. મસળવું.
હાથ મરોડવો = હાથ ઘસવો; પસ્તાવું.
૬. સ. ક્રિ. વળ દેવો.
૭. સ. ક્રિ. વાંકુ વાળવું. વાળી નાખવું.

મરોડા (મરોડા) [હિ.] પું. આંતરડામાં થતું દુઃખ; મરડો; પેટમાં આવતી ચૂંક.
મરોડા ઊપડ્યા = પેટમાં ચૂંક આવવું.

મરોડિયો (મરોડિયો) પું. (વૈદક) વાળાના આકારનો એક સૂક્ષ્મ જીવ.

મરોડી (મરોડી) ૧. સ્ત્રી. કસરતનું એક સાધન.
૨. સ્ત્રી. કોઈ પણ વાળેલી વસ્તુ.
મરોડી ખાવી = વળવું.
૩. સ્ત્રી. આંટ.
૪ [હિ.] સ્ત્રી પેટની પીડા.
૫. સ્ત્રી. જમ ઉપાડવાનો પેચ; ફેરવાળો રમૂ; આંકડી.

મરોડો (મરોડો) પું ઘોરને બતો એ નામનો એક જીવલેણ રોગ.

મરો મરો અ. એ નામનો એક હલકાર્ક અપશબ્દ કર્યક ઉદ્ગાર.

મરોરી [હિ.] સ્ત્રી. ઢુંગરી જમીનમા થતો એક છોડ. તેનાં પાન ખરસટ અને કાગરીવાળાં તથા ફૂલ ખૂબસૂરત, લાલ કસુંબી રંગનાં, પાંચ પાખડીવાળાં, ચકલીના આકારનાં થાય છે. તેની સીંગ પાંચ પાંખડીવાળી વળદાર હોય છે, જેમાં દાણાના રંગ જોવાં, તજના કટકા, બંને બાજુએ આડાવાળાં બી થાય છે. તેનો સીંગ ઔષધિ તરીકે મરડો, અતિસાર, સંગ્રહણી વગેરે માટે ક્વાથ તથા ચૂર્ણના રૂપમાં વપરાય છે. તેનો મૂળો ચાંડા ઉપર પણ લગાડવામાં આવે છે.

મરોલ [સં.] પું. મચરમચ્છ.

મરોલિ [હિ.] પું. એક જાતનું દરિયાઈ મોટું પ્રાણી; મચરમચ્છ.

મરોલી જુઓ મરોલિ.

મરોહ ૧. [હિ.] સ્ત્રી. દયા.
૨. સ્ત્રી. પ્રેમ.

મરોહી ૧. [હિ.] સ્ત્રિ. પ્રેમી.
૨. સ્ત્રિ. માવાળુ.

મર્ક ૧. [સ.] પું એક જાતનો આપદ અને રોગનો અધિષ્ઠાતા દેવ.
બારણી આપદ અને રોગના અધિષ્ઠાતા ચંડ. મર્ક, ઉપરોક્ત બધેરે દેવતાઓને સંતુષ્ટ કરવાના વિધિ બતાવેલા છે. પુરાતત્ત્વ
૨. પું. વાનર; બંદર; વાંદરો.
૩. પું. વાયુ; પવન; હવા.
૪. પું. શરીર; દેહ.
૫. પું. શુક્રાચાર્યનો એ નામનો એક પુત્ર
૬. [કા] પું (વહાણવટું) સાંબો
૭. વિ. નાશ પામતું; મરી જતું.
૮. વિ. ઘાત કરનાર.

મર્કટ ૧. [સં.] પું. કરોળિયો.
૨. પું. મરોડો.
૩. પું. કરચલિયા નામનું પક્ષી

મર્કચા [હિં.] પું. ઘરની ઢાર.

મર્કજ ૧. પું. પૂત
૨ પું કારમી અક્ષર કટ અને ગાદના ઉપલા લીટા.
૩. [અ. રકઝ (તેણે નક્કી કર્યું)] પું મુકામ કરવાની જગ્યા.
૪. અ. (અભિન) વર્તુલનું મધ્યબિંદુ; કેન્દ્ર.
મર્કજે સિકલ = મુખ્યત્વાપત્ર બિંદુ

મર્કટ ૧. પું. અબનો એક રંગ.
૨ પું. એક જાતનું પક્ષી.
૩. પું. એક જાતનું વિષ.
૪. પુ. એક જાતનો બગલો
૫. [સં.] પું. કપિ; માંકડું; વાનર; વાંદરો.
૧. મર્કટને નિસરણી આપવી = ખૂબ ચડાવવું
૨. મર્કટ ને વળી મદિરા પીધી = બલગારીને અમલદાર બનાવવો.
૬. પું. કરોળિયાનું રસાયન; કરોળિયાનું પડ.
૭. પું. કરોળિયો.
૮. પુ. (પિંગળ) દોહરાની બેંતાલીસ માંહેની એક જાત તેમા ૧૭ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૧ વર્ણ હોય છે.
૯. પું. સંભોગનું એક આસન.
૧૦. પું. મસ્તીખોર ઘોડાને આપવાનો પ્રહાર.
૧૧. સ્ત્રી. એ નામે એક વનસ્પતિ.
૧૨. વ. અજમોદ.
૧૩. વિ. અટકચાળું; બડબધું; તોફાની.
૧૪. વિ. બેવકૂફ ભાંખાનું; દુર્બળ; ચાતળું સુકલકડી.

મર્કટક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અક્ષરિણી; નર્કટક; નકુટક.
તે અક્ષરિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, ને જગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે. તેમા સાતમા અક્ષરે યતિ કે વિસામો આવે છે.
૨. પું. એક જાતનું અનાજ.
૩ [સં] પું. એક જાતનું માખણ.
૪. પું. એક રોગનું નામ.
૫. પુ. મકરા નામનું ઘાસ.
૬. જુઓ મર્કટ. ૨, ૩, ૫, ૭.

મર્કટક કરોળિયો પું. એ નામની એક જાતનો કરોળિયો. આશ્વિનના બીજા મહિને તેને ચટાપટા દોર છે. ઉષ્ણ પ્રદેશમાં આ જાત ઘણી થાય છે.

મર્કટતિંદુક [સં.] ન. ગેરટોચણું; વિષમુષ્ટિ; બિબતિંદુક.

મર્કટપાણિ ૧. [સં.] પું વાંદરાનો રાજા.
૨. પું. સુગ્રીવનું એક નામ

મર્કટબિલ્વ [સં.] પું. એ નામે એક જાતનું ઝાડ.

મર્કટબંધ પું. (જૈન) કાકડાના સંધાના બનતો એક પ્રકાર. વાનરનું બચ્ચું પોતાની માના પેટને જેમ મજબૂત રીતે વળગી રહે છે વાનરી ગમે તેટલું કૂદાકૂદ કરે તોપણ બચ્ચું છૂટું પડે નહિ, તેવી રીતે ઔદારીકને મજબૂત રીતે વળગી રહેલ કાકડાંનો સાંધો.

મર્કટમુખી [સં.] વિ. વાંદરા જેવા મુખવાળું.

મર્કટવ [સં] પું. (પુરાણ) એ નામના એક બાર્હત.

મર્કટવાસ ૧. [સં.] પું. કરોળિયાનું જાળું.
૨. પું. વાનરનું રહેઠાણ.

મર્કટવાસક જુઓ મર્કટવાસ.

મર્કટવિદ્યા [સં] સ્ત્રી. વાનરચાળા; વાનરચેષ્ટા.

મર્કટશીર્ષ [સં] ન. હિંગળોક.

મર્કટસંતાનક [સં] ન કરોળિયાની જાળ.

મર્કટા [સં.] સ્ત્રી કવચ નામની ઔષધિ.

મર્કટાકૃ [સ] પુ અપકો

મર્કટાક્ષ [સ] પું જંગલી આંબો.

મર્કટાસન ન. (યોગ) એ નામનું એક આસન. તેથી નાડિની નાડી સારી રહે છે.

મર્કટાસ્ય ૧. [સં.] પું. લાલ રંગ.
૨. ન. વાનરનું મુખ.
૩. વિ માંકડાના જેવા મુખવાળુ
૪. વિ લાલ રંગવાળું.

મર્કટિકા [સં.] સ્ત્રી. લુહારનો પંજનો એક ભાગ. આઠ લુહારના હથોડાને ત્રણ હાથની મર્કટિકા (માકડી) કરવી. રાજવલ્લભ

અર્કટી ૧. પું. (પિંગળ) અમુક છંદ કેટલી માત્રાના કે કેટલા અક્ષરના છે અથવા તેમાં કેટલા ગુરુ, કેટલા લઘુ છે તે પ્રશ્નોના ઉત્તર આવી શકાય તેવી રીતનું છંદશાસ્ત્રમાં પ્રસિદ્ધ મર્કટીચક્ર; છંદશાસ્ત્રમાં લઘુ અને ગુરુની સમજ માટેનું એક ચક્ર.
૨. પું. કુવચ; કવચબીજ.
૩. [સં.] પું. કૌંચનો વેલો.
૪. પું. હાડકે હાડકાં દેખાતાં હોય એવા માણસ.
૫. સ્ત્રી. અધાડો.
૬. સ્ત્રી. અજમોદ.
૭. સ્ત્રી. કરંજ વૃક્ષ.
૮. સ્ત્રી. કરોળિયાની માદા.
૯. સ્ત્રી. વાનરી.

અર્કટીચક્ર જુઓ અર્કટી ૧.

અર્કટીલક્ષ જુઓ અર્કટી ૧.

અર્કતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ વેદાસણમધ્યસ્થિત એક નામનું એક તીર્થ. નર્મદાપ્રભાવમાં લખ્યું છે કે, ત્રેતાયુગમાં સત્યસેન રાજા હતો. તેની રૂપગારવલ્લરી નામે રાણી હતી. તેનું મોઢું વાંદરા જેવું હતું. વનમાં જતાં જ તેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું સર્વત્ર જોવા જાગી ત્યારે પોતાના પૂર્વજન્મના વાંદરારૂપી શરીરના માથાનું હાડકું લતાઓમાં વીંટાયેલ મળ્યું. રાણીએ તેને કાઢીને નર્મદામાં ફેંકી દીધું, તો તત્કાળ રાણીનું મોઢું ચંદ્ર સમાન કાંતિમાન થઈ ગયું. આ કથા કહીને તીર્થપ્રભાવના આનંદમાં ભગવાને ભણીને શિવજીની સ્થાપના કરી. ત્યારથી આ તીર્થમાં સ્નાન કરનારને વાંદરાપણું પ્રાપ્ત કરાવનું ફળ મળે છે. આ તીર્થસ્થાન તપને મોક્ષ અપાવે છે.

અર્કદુગ્ધ ૧. [સં.] પું. અળતરસ.
૨. પું. ધૂમિલતા.

અર્કપત્ત ૧. પું. નીલમ મણિ.
૨. ન. એક જાતનું ઝેર. તે આકારે વજ્ર જેવું હોય છે.

અર્કપર્ણ ૧ [સં. અર્કપર્ણ] સ્ત્રી. (વૈદક) ઊંધ વધારનારી લતા.
૨. સ્ત્રી. અખરુ.
૩. સ્ત્રી. પલાશ.

અર્કપિણ્ય ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. જેના ઉપર બેસીને મુસાફરી થઈ શકે તેવું દરકોઈ પ્રાણી.
૩. પું. જોવાની જગ્યા.
૪ પું. વહાણ
૫. [સં. મુરક્ષક] સ્ત્રી. સાદી; કમાનાર

અર્કર ૧. પું. સાંબરો.
૨ પું વાંસળી.
૩. [હિ] વિ. મરી ગયેલું
૪. વિ. મુરકેલીવાળું.

અર્કરા ૧. સ્ત્રી. લીંબરું
૨ સ્ત્રી. વાંસળી
૩. સ્ત્રી. વાંસળી જો.
૪ સ્ત્રી. સુરંગ.

અર્કર ન. એક જાતનું પ્રાણી; જરખ

અર્કરજ ૧. ન. ઉધાર.
૨. ન. અર્ક પડવો તે.

અર્કોર પું. બકરાની એ નામની એક જાત. તે જાત મોટી હોય છે અને તેનાં શીંગડાં ઝાડ અને પેચદાર હોય છે.

અર્ગ [સં.] પું. અકાળ મૃત્યુ; અચાનક થયેલું મરણ

અર્ગજા પું. એક જાતનો કીમતી પથ્થર.

અર્ગજાદ ન. પારસીઓમાં મુઆને દખમે લઈ જતા પહેલા પારસી લત્તામાં આવી જરૂર જગી ક્રિયા કરવા માટે તેને રાખવાનું ઘર; નસાખાના

અર્ગમૂસ [પુ] સ્ત્રી. એક પ્રકારની ઉપધાતુ; મક્ષિકા.

અર્ગલ [હિ.] વિ. તગેલું. માણસ માટે વપરાય છે

અર્ગલાર [સં.] સ્ત્રી. બીજાં ચરિવાણુવાળી જમીન.

અર્ઘ [હિ.] પું. રમશાન; કબ્રસ્તાન.

અર્ગુલ ૧ [સં.] પું. વાળેલી વાળની લટો.
૨. પું. સંગીતમાં આલાપ લેવો તે.

અર્ઘ ૧. સ્ત્રી. ઊલટીનો ઉબકારો; બકારી.
૨. [સં.] ન. વિ. અવાજ કરવો.
૩. ન. વિ. મહત્ત્વ કરવું; લેવું.
૪. ન. વિ. સાદ કરવું.

અર્ચક [સં.] પું. વેપારી; સોદાગર.

અર્જ ૧. સ્ત્રી ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. રોગ.
૩. સ્ત્રી. વર્તાવ.

અર્જક ૧. [સં.] પું. નિરાશ્રિતગૃહ.
૨. પું. પાણ આવવાની જગ્યા કે વખત.

અર્જન ૧. [સં.] પું. શરીર ઉપર તેલ ચોળવું તે.
૨. પું. સાદ કરવું તે.
૩. પું. સ્નાન.

અર્જહ ૧. [સં.] સ્ત્રી. મર્યાદા.
૨. સ્ત્રી મોભો; માન.

અર્જાદા જુઓ અર્જાદ

અર્જાદિક વિ. માનનીય.

અર્જાદી પું. મરજાદ રાખનાર વૈષ્ણવ. તે પોતાનું જ રાંધેલું જમે છે.

અર્જિતા [સં.] સ્ત્રી. શિખંડ.

અર્જીદાન ૧. પું. કબૂલિયો.
૨ વિ. મરજી પ્રમાણે આપનાર

અર્જુ ૧. [સં.] પું. ધોબી
૨. પું. નામકનો કોઈ એક સહાયક. જેમકે, રામનો સુગ્રીવ
૩. સ્ત્રી શુદ્ધિ.

અર્જુ જુઓ અર્જુમ

અર્જુમ ૧. [અ.] વિ. દરબારમાં રાખવા કરેલ કેસ
૨. વિ. પાછું વાળેલું; પાછું મોકલેલ.

અર્ઝ (અર્ઝ) ૧. [અ] પું. દર્દ; માંદગી; રોગ.
૨. [સં.] પું. પ્રદેશ

અર્ઝબા ૧. [અ.] પું રરતો.
૨. પું. રાજપ

અર્ઝમાન ૧. [સં. અર્ઝ (જમીન) + માન (રાખનાર)] પું. જમીનદાર; સરહદ ઉપરનો સૂબો; સીમાડાના મુલકનો હાકેમ.
૨. પું. પારસીઓનો ગુરુકર્મ.
૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.
૪ ન. એ નામની અટકનું માણસ.
૫ વિ. એ નામની અટકનું.

અર્ઝમૂમ [હિ.] પું. પ્રાર્થના; પ્રાર્થના.

અર્ઝી ૧. પું. મોટા માણસો.
૨. [અ. અર્ઝા] સ્ત્રી. ઇચ્છા; મરજી.

અર્ઝિયતન [અ] અ ઇચ્છાપૂર્વક.

અર્ઝિયાત [અ.] સ્ત્રી. ન ન. આદત આવે તેવી વસ્તુઓ.

અર્ઝી ૧. [અ.] સ્ત્રી ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. પસંદગી.
૩. સ્ત્રી. સ્વીકાર; હા પાડવી તે.

અર્ત ૧ [સં.] પું. મૃત્યુલોક; પૃથ્વીલોક.
૨. પું. મૃત્યુલોકનો જીવ; મનુષ્ય.

અર્તબ પું. મોભો; આબરૂ

અર્તબા ૧. [અ.] પું. પદવી; મોભો. દરજ્જો.
૨. પું. વખત; વાર.
કઈ અર્તબા = વારંવાર.

અર્તમ્યાન [અ.] પું. અમાવજ રાજવાનો ત્રાટલો; બરણી; ચીની માટીનું વાસણ. તેમાં ઝેર પ્રવેશ કરી શકતું નથી.

અર્તવો ૧. [અ. અર્તબા] પું. દરજ્જો; હોદ્દો. ૨ પુ વખત; વાર.

અર્તવ્ય [સં.] વિ. મરજાદીનું; મરવા લાયક.

અર્તુકામ [સં.] વિ મરવાની ઇચ્છાવાળું.

અર્તુલ જુઓ અર્તાલ ૧.

અર્તોલ ૧. પું. બળવાળો ખીલો; 'રૂકુ'.
૨ [સં.] પું. હથોડો.

અર્ત્ત જુઓ અર્ત.

અર્ત્ય ૧. પું મનુષ્ય; માણસ.
૨. પું. માનવસૃષ્ટિ; મનુષ્યલોક; મૃત્યુલોક; પૃથ્વી, ભૂલોક.

કેમને અજ પુરાણો અલે લોક અદ્વૈચર,
તે અસંમૂઢ આ અર્ત્ય સર્વ પાપથી મુક્તો
ગીતાનુવેષ્ણન

૩. પું. શરીર.
૪ સ્ત્રી. એક જાતની કેળ.
૫. વિ જેને મરણ લાગેલું હોય તેવું; મરણશીલ; નાશવંત; મરણાધીન; અનિત્ય.
૬. વિ. પૃથ્વીલોકમાં હોનાર; મનુષ્યલોકનું; મૃત્યુલોકનું.
૭. વિ. મૃત; મરેલું.

અર્ત્યક વિ. મૃત્યુ પામનાર; મરણાધીન.

અર્ત્યજન [સં.] ન. મરણધર્મવાળું માનવી.

અર્ત્યતા જુઓ અર્ત્યત્વ.

અર્ત્યત્વ [સં.] ન. મરણાધીનતા.

અર્ત્યપુરી જુઓ અર્ત્યભૂમિ.

અર્ત્યભૂમિ ન. દુનિયા; સંસાર.

અર્ત્યમહિત [સં] પું. દેવ.

અર્ત્યમુખ ૧. [સં.] પું. એક ઉપદ્રવ.
૨. પું [દોષ]

અર્ત્યરૂપ વિ. મરણશીલ.

અર્ત્યલોક ૧. [સં] પું મર્ત્યલોક; માનવસૃષ્ટિ; મનુષ્યલોક

જે જે વરો તું આજ દુર્લભ એ,
આ અર્ત્યલોકે સહુ આગી છે તે. કોપનિષદ

૨. ન. પૃથ્વી અને તે ઉપરનાં પ્રાણીઓ વગેરે; મરણધર્મવાળી જીવસૃષ્ટિ; મરણને આધીન સૃષ્ટિ.

અર્ધક ૧. સ્ત્રી. અત્રીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

અર્ધ ૧. પું. ધણી; પતિ; ભર્તા.
૨. [સં.] પું. પક્ષનું તે.
૩ પું. પુરુષ, નર; આદમી; માણસ.
૪. પું. વીર પુરુષ; બહાદુર માણસ. બોહો.
અર્ધ તે લો પુરુષ છે, અર્ધ વીર કહેવાય;
અર્ધ બનામર્દ તે, અર્ધ મર્દાનગી જાય.
બદવટભાઈ
૫. પુ. સખત આઘાત
૬. પું સાથી.
૭. ન. પ્રહલ્લના અશ્વિતનું એક ઊપકરણ.
૮. વિ. પીસનાર.
૯. [સં.] વિ. બહાદુર; વીર; શૂરવીર.
૧૦ વિ હોંશિયાર.

અર્ધઆદમી ૧. [સં.] પું. પરાક્રમી પુરુષ; વીર; બહાદુર માણસ.
૨. પું. સદ્ગૃહસ્થ; ભલો મનુષ્ય; સજ્જન પુરુષ.

અર્ધક ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. [સં.] પું. નાની માણસ; હલકો માણસ; દુષ્ટ માણસ.
૩. ન. મર્દન કરવું તે; દાબવું તે; ચૂર્ણ કરવું તે.
૪. વિ. મર્દન કરનાર; દાબનાર.

અર્ધકાર ૧. [સં.] પું. બહાદુર માણસ.
૨. વિ. વીર; બહાદુર.

અર્ધન ૧. પું. અઢાર માઠેનો એ નામનો બીજો રસસંસ્કાર.
૨. પું. શીખ પંથના સ્થાપક ગુરુ નાનકનો એક શિષ્ય.
૩. પું. હાર; પરાજય; પરાભવ.
૪. ન. ચૂર્ણ કરવું તે.
૫. [સં.] ન. ચોળવું, રગડવું કે મસળવું તે; તેલ અને ઔષધ વગેરે ઘસીને મોલિશ કરવું તે; મર્દન કરવું તે; ઘસવું તે.
મર્દન કરવું = (૧) ચૂંટવું; ચોળવું. (૨) ચપી કરવી.
૬. ન. દમનો નાશ; ખંસ.
૭. ન. લટવું, મરડવું તે; મરડાટ; ખૂંદવું તે.
૮ વિ નાશ કરનાર; વિનાશક; સંહારકર્તા.

અર્દનક [સં.] ન. તેલ.

અર્દનકાલી [સં.] પું. કૃષ્ણ; કાલિય નામને વહેલી તાબે કરનાર કૃષ્ણ

અર્દન દ્રવ્ય ૧. [સં.] ન. લેપ; ચોપડવા કે ઘસવાનો પદાર્થ.
૨. ન. સ્નેહ.

અર્દનયન [સં.] પું. બહારવટ; લૂંટ.

અર્દનિયા ૧. સ્ત્રી. (જૂ સ્ત્રી.) વૈશ્ય વર્ણની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

અર્દનીય [સં.] વિ. મર્દન કરવા લાયક.

અર્દબાજ (અર્દબાઝ) સ્ત્રી. અભિચારિણી સ્ત્રી.

અર્દબાજી (અર્દબાઝી) સ્ત્રી. વ્યભિચાર

અર્દરોગન ન વીર્ય

અર્દલ [સં] ન. એ નામનું એક વૃક્ષ

અર્દલક ન. માદળિયું; તાવીજ; માદરડી

અર્દવું ૧. સ ક્રિ. બહુ પાડવું; માન ભાગવું.
૨. સ. ક્રિ. મારવું; ખૂંદવું
૩. સ ક્રિ. ચોળવું; રગડવું; મસળવું; મર્દન કરવું.
૪ સ ક્રિ દાબી દેવું; ધીરે ધીરે નરમ કરવું.
૫. સ ક્રિ પીડવું
૬. સ ક્રિ હરાવવું.
૭. સ ક્રિ હલકું પાડવું; કમજોર કરવું.

અર્દાઈ ૧. [સં.] સ્ત્રી. પુરુષાતન; મરદાઈ
૨ સ્ત્રી. વીરતા.

અર્દાનગી [સં.] સ્ત્રી પુરુષાતન; બહાદુરી; વીરતા.

અહિંસા શાંતિનો અર્થ નામર્દી કદીયે નથી,
ખરૂ અર્દાનગી તેનો અર્થ સ્પષ્ટ બતાવ્યો છે
ગાંધીજી

અર્દાના ૧. [સં] વિ. મરદને લાગે તેવું.
૨. વિ માણસ સંબંધી; પુરુષનું
૩. વિ. વીર; બહાદુર.
૪. ન. બહાદુરીથી.

અર્દાની ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે રાગ ગંભીર, ઉદાસ તથા શાંત પ્રકૃતિનો હોય છે. તે ગાવા માટે પુરુષકંઠની વિશેષ જરૂર પડે છે.
૨. સ્ત્રી. પુરુષાતન; મરદાનગી; મરદાની; મરદાઈ; વીરતા.
૩. સ્ત્રી. બહાદુર સ્ત્રી.
૪. વિ. પુરુષનું. પુરુષ જેવું
૫ વિ પુરુષોને માફક આવે તેવું.
૬. વિ બહાદુર; હિંમતવાન
૭ [સં] વિ. મરદને શોભે તેવું; બહાદુરી ભરેલું. મરદને લગતું

અર્દાની નાચ ૧. પું. તાંડવ નૃત્ય
૨. પું પુરુષોનો નાચ.

અર્દાબ [સં.] ન પાણીનું આબોલિયું

અર્દામી [સં.] સ્ત્રી. મરદાઈ

અર્દિકા સ્ત્રી અફ્રિદીપમાં આવેલી ચોમઠ માંહેની એક કલા.

અર્દિત ૧ વિ મૂકેલ.
૨. વિ. ટુકડે ટુકડા કરેલ
૩. [સં.] વિ દાબેલ

૪ વિ. નાશ કરેલું
૫. વિ મર્દન કરેલું; ચોળેલું, ઘસેલું, ચોપડેલું.
૬ વિ વાટેલું, પીસેલું, ચૂર્ણ કરેલું, મસળેલું.

મર્દિની ૧. [સ] વિ. સ્ત્રી નાશ કરનારી
૨ વિ સ્ત્રી. મર્દન કરનારી.

મર્દી ૧. સ્ત્રી. પુરુષની જનનેન્દ્રિય.
૨. જુઓ મર્દાઈ

મર્દુમ ૧. [ફા.] પું આખી કોમ.
૨. પું. માણસ; મનુષ્ય
૩. વિ. સભ્ય, વિવેકી

મર્દુમક જુઓ મર્દુમ ૧.

મર્દુમકુશ [ફા.] વિ. ખૂની; માણસને મારી નાખનાર.

મર્દુમશુમારી ૧. [ફા] સ્ત્રી મનુષ્ય ગણતરી, વસ્તી ગણતરી; 'સેન્સસ'. જોકે ભારતવર્ષના પંજાબ અને મદ્રાસ પ્રાંતોમાં વખતોવખત લોકો રહેવાસીઓની ગણતરી કરવાની પ્રથા ઘણા જૂના સમયથી ચાલી આવતી હતી, પરંતુ પ્રાચીનતા દેશમાં નવી રીતની મનુષ્ય ગણતરીની પ્રથા રોમમાંથી શરૂ થઈ છે. આ રાજ્યના મનુષ્યોનાં કુટુંબ, સંપત્તિ, નોકરચાકર અને મુખીઓની પરિસ્થિતિ વગેરેનું વિશેષ પર્યાલોચન લક્ષમાં લઈને મનુષ્યોની ગણતરી કરવામાં આવતી હતી. ઇંગ્લંડમાં સત્તરમા પહેલાં મનુષ્ય ગણતરી અને ૧૮૦૧માં ધર્મ અને ૧૮૧૧મા અનુક્રમે મનુષ્ય ગણતરી કરવાનો પ્રયત્ન થયો. પણ સને ૧૮૫૧ સુધીની મનુષ્ય ગણતરી સંપૂર્ણ ધર્મ પ્રેમ કહી શકાતું નથી. સને ૧૮૬૧મા નિયમિતરૂપે ઇંગ્લંડ, આયર્લંડ અને સ્કોટલંડમા મનુષ્ય ગણતરીની શરૂઆત થઈ, જેમાં દરેક ગામ અને નગરના લોકોની આયુષ્ય, વૈવાહિક સંબંધ, ધર્મો, જન્મસ્થાન વગેરેની સવિસ્તર હકીકત લખવામા આવી હતી. સને ૧૮૭૧મા અવસ્થિત રીતે રાજકોપ અથવા સરકારી મનુષ્ય ગણતરી થઈ. બાકીના એ સમયે એટલે કે સને ૧૮૬૭ અને ૧૮૭૨મા હિંદુસ્તાનમા પણ મનુષ્ય ગણતરીની શરૂઆત થઈ. પણ તે વખતે કશ્મીર, હૈદરાબાદ, રજપૂતાના અને મધ્ય ભારતનાં દેશી રાજ્યોમાં મનુષ્ય ગણતરી થઈ નહિ અને ગણતરીનો પ્રબંધ પણ સમુચિત હતો નહિ. હિંદુસ્તાનમાં બરાબર મનુષ્ય ગણતરીની શરૂઆત સને ૧૮૮૧થી થઈ હોવાનું મનાય છે અગાઉ ૬૨ ૬૪ વર્ષ દરેક ગામ અને શહેરના રહેવાસીઓના નામ, ઉંમર, ધર્મ, જાતિ, શિક્ષણ, ભાષા, વેપાર વગેરેની હકીકત લખવામાં આવે છે
૨. સ્ત્રી. વસ્તી; માણસોની સંખ્યા.

મર્દુમી ૧ સ્ત્રી. બૈર્ય; હામ.
૨. [ફા] સ્ત્રી. બહાદુરી; મરદાઈ, મરદાનગી, વીરતા.
૩. સ્ત્રી સભ્યતા

મર્ફો (મર્ફા) [ફા] પું. ઢોલ.

મર્મ ૧. પું અભિપ્રાય
૨. પુ. ઊંડી સમજ; કર્તવ્યાદિકનું અંત કરણમા રહેલું રહસ્ય
૩. પું કટાક્ષનું વેણ; મશ્કરું.
૪. પું. ગૂઢ વૈદ્ય; ગુપ્તભેદ; યુક્તિ; કપટ
૫. પુ. અવ. દેહનું છુપો ભેદ, [illegible]
૬ પુ વિષય; વસ્તુ [illegible]
૭ પુ [illegible]

[illegible] ઐતિહાસિક [illegible] 'મર્મ' અને 'મર્મ [illegible] ગર્ભિત ભાવ પર ઐતિહાસિકોની અભિપ્રાયો ઘણી વખત વિરુદ્ધ થઈ જાય છે. બે અક્ષરનો શબ્દો આવે 'મર્મ', અને 'મર્મ' એ બે શબ્દો ઇક વાચ તો બહુ સરળતા થાય.
પારિભાષિક શેષ

મર્મ કરવો = મશ્કરી કરવી; હાસ્ય કરવું
૮ પુ હાસ્ય, અંત કરણ, કાળજું
[illegible]

૧૦. [સં. મર્મન્] ન. શરીરમાનો અતિ નાજુક અવયવ; જીવનસ્થાન, કોઠ, ગળું, છોળ, કૂખ, સ્તન, ગોઠ, ગુદા, પદ, બસ્તી એ સ્થાનને વૈદ્યકમાં મર્મ કહે છે જુઓ મર્મસ્થાન ૧.

મર્મખાર [સં.] પું મર્મનો ક્ષાર, મહત્ત્વનો ક્ષાર: મુખ્ય ખારો.
જે મર્મખાર અગ્નિને મળે. આપ.

મર્મગ ૧ [સં] વિ. મર્મસ્થ; મર્મભેદક
૨ વિ મર્મિક.

મર્મગામી [સં મર્મગામિન્] વિ રહસ્ય જાણનાર; મર્મ જાણનાર

મર્મગ્રંથ [સં.] પું. રહસ્ય ભરેલી કોઈ તેવો ગ્રંથ; ચાવી રૂપ પુસ્તક.

મર્મગ્રાહી [સં. મર્મન્ (મર્મ) + ગ્રાહિન્ (ગ્રહણ કરનાર)] વિ. મર્મ કે રહસ્ય ગ્રહણ કરનાર

મર્મઘાતઘાત પું. (વૈદક) એક પ્રકારનો ઘાત જોખમ

મર્મજ્ઞ ૧ [સં] વિ. કોમળ અવયવને ઈજા પહોંચાડનાર.
૨ વિ રહસ્યભેદક; ભેદભેદક

મર્મચર [સ] પું હૃદય.

મર્મચ્છેદક જુઓ મર્મભેદક.

મર્મચ્છેદન ૧. [સં] પું. પ્રાણનો ઘાત કરવો તે; જાન લેવો તે
૨. પુ અતુલ દુઃખ દેનુ તે; અતુલ ત્રાસ આપવું તે

મર્મચ્છેદી જુઓ મર્મજ્ઞ

મર્મચ્છિદ્ર [સ] ન. મર્મસ્થાન

મર્મજ્ઞ ૧ [સં.] પુ વિદ્વાન માણસ.
૨ વિ અનુભવી, ઊંડો અર્થ, ભાવ, હેતુ વગેરે તરત સમજી જનાર; આશય જાણનાર
૩ વિ તત્ત્વવેત્તા; તત્ત્વજ્ઞ
૪ વિ બારીકનો, ઊંડાણનો જાણનાર
૫. વિ મનનો ભેદ જાણનાર; મર્મ જાણનાર, સામાના પેટમા શું છે તે સમજી જનાર, રહસ્ય જાણનાર; ભેદ સમજનાર
૬. વિ રસિક, રસ જાણનાર;

મર્મજ્ઞતા સ્ત્રી. મર્મ જાણનારની શક્તિ; અનુભવી.

મર્મપીડા (મર્મપીડ) [સં.] સ્ત્રી અંતરનું દુઃખ

મર્મપ્રહાર ૧. [સં મર્મન્ (ભેદ) + પ્રહાર] પુ મર્મસ્થાન ઉપર મારનો આઘાત. મર્મસ્થાનની ચોટ
૨. પુ. ભેદી વચનોનો મારા; વક્રોક્તિ.

મર્મભાગ ૧. [સં.] પું. ઊંડો ઘા
૨ ન મર્મરૂપ; મર્મમા રહેલું વચનબાણ; ભેદી વચન; કટાક્ષનું વેણ.

મર્મભાગ ૧. [સ] પું. અવયવનો ભાગ, કોમળ ભાગ
૨. પુ. છાની વાત.

મર્મભાષી [સં. મર્મન્ + ભાષિન્ (બોલનાર)] વિ. કટાક્ષમાં બોલનાર

મર્મભિદ [સ. મર્મન્ (શરીરનો કોમલ અવયવ) + ભિદ (ભાંગનાર)] વિ હૃદયને વીંધી નાખે તેવું; મર્મભેદી

મર્મભેદ જુઓ મર્મભેદન

મર્મભેદક ૧. [સં.] વિ. મર્મસ્થાન ભેદી નાખે તેવું.
૨. વિ. હૃદય વિદારક.

મર્મભેદન ૧. [સં. મર્મન્ + ભિદ્ (ભેદવું)] ન. ચુક્યાર્થે ખુલ્લો કરવો તે.
૨. ન. તીર; બાણ.
૩. ન. બીજાની નબળી બાજુ ઉઘાડી પાડવી તે; મર્મનો ભેદ જોવો નાખવો તે; મર્મનો ભેદ કરવો તે; બીજાની છુપી વાત બહાર પાડવી તે.
૪. ન. મર્મસ્થાન ઉપર વાગવું તે.

મર્મભેદી ૧. [સં. મર્મભેદિન્] પું. બાણ; તીર.
૨. વિ. કરુણાજનક.
૩. વિ. બીજાના મર્મનો ભેદ કરનાર; બીજાની છુપી વાત ઉઘાડી પાડનાર.
૪. વિ. મર્મને ખૂબ કરનાર; મર્મસ્થાનને ભેદનાર; અરુતુદ; મર્મસ્પૃક.
૫. વિ. હૃદય ઉપર આઘાત પહોંચાડનાર; આંતરિક દુઃખ દેનાર.

મર્મમય [સં.] વિ. રહસ્યપૂર્ણ.

મર્મર ૧. [બી. મરમર] પું. સૂકાં પાંદડાં કે સૂકાં પાંદડાં ઉપર ચાલવાથી થતો અવાજ
૨. પું. ખરી પડેલાં સૂકાં પાંદડાં ઉપર થઈને વહેતા પવનને લીધે થતો ઝીણો અવાજ.
૩ પું ગુંજન; મંદ ધ્વનિ.
૪. [સં.] પું. પાંદડાં અથવા વસ્ત્રનો અવાજ.
૫. [અં.] ન. પાળણથી બનાવેલું તે; પાળણનો બનાવટ; ગઠનગઠાઢ.
૬. વિ. મર્મર જેવો અવાજ કરતું.

મર્મરધ્વનિ [સં.] પું. ઝાડોની અંદર પવનના વહેવાથી થતો અવાજ.

મર્મરમરનર [સં.] પું. આરસપહાણ.

મર્મરિત વિ. મર્મર કરતું.

મર્મરાટ પું મર્મર અવાજ.

મર્મરાલા [સં.] સ્ત્રી. વડ.

મર્મરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું વૃક્ષ. પીતદારુ વૃક્ષ.
૨ સ્ત્રી. ઝગદર.

મર્મરીક ૧. પું. નીચ માણસ.
૨. [સં.] પું. શિકારી.

મર્મરો પું. પવનનો અવાજ; સુસવાટ.

મર્મવચન [સં.] ન. કટાક્ષમાં સામા માણસની લાગણી દુભાય એવું વચન; કરડાકી; ટોણો, ટોક; મહેણું; અંતરવચન જેમાં ગૂઢાર્થ રહેલો હોય એવું મહેણારૂપ વચન.

મર્મવાક્ય ૧. [સં.] ન. ગૂઢ વાત.
૨. ન. મર્મવચન; વક્રોક્તિ.
૩. ન. હાસ્યરસ; વિનોદ.

મર્મવાદી [સં. મર્મવાદિન્] વિ. ગૂઢાર્થવાદી.

મર્મવિદ [સં. મર્મવિદ્] પું. મર્મ જોનાર; હાસ્યરસ જોનાર; ' હ્યુમરિસ્ટ '.
' વીદ ' અને ' હુમર ' એ બે અંગ્રેજી શબ્દો માટે ' મર્મ ' અને ' મર્મી ' એ બે શબ્દો રૂઢ થાય તો બહુ સરળતા થાય. રમણભાઈ

મર્મવિદારક [સં] વિ. મર્મભેદી; હૃદયભેદક

મર્મવેત્તા જુઓ મર્મજ્ઞ.

મર્મવેદન [સં.] ન. વિનોદવ્યાપ; હાસ્યરસજ્ઞતા; ' સેન્સ ઑફ હ્યુમર. '
બે કૃતિઓમાં જો હાસ્યરસ અને મર્મવેદન જુદા થાય છે, તો સર્વત્ર ઉત્તમ કે પ્રથમ પંક્તિના નહિ તો દ્વિતીયમાં માનવંતું સ્થાન જેળવે તેવા તો હમેશા હોય છે. વિજયરાય વૈદ્યરાજ

મર્મવેદી [સં. મર્મવેદિન્] વિ. બુદ્ધિશાળી; મર્મ અથવા રહસ્ય જાણનાર; વિદ્વાન; સુજ્ઞ; મર્મજ્ઞ.

મર્મવેધ પું. (જ્યોતિષ) જો નામનો જોડ યોગ.
તેમાં જો પ્રથમ હોય તો મર્મવેધ સમજવો જ્યોતિષદીપ

મર્મવેધક [સં.] વિ. મર્મ વેધનાર; મર્મભેદી; મર્મવેધી.

મર્મવેધકતા [સં.] સ્ત્રી. મર્મવેધકપણું; મર્મવેધિતા; મર્મભેદીપણું.
તે ક્રિયાઓ વડે જ આકૃતિમાં કરુણરસ અને ભૈરવ, સુરેખતા અને મર્મવેધકતા, ઉત્તમ સમાયા છે. ગુ. સા. પરિષદ

મર્મવેધિતા [સં.] સ્ત્રી. મર્મભેદીપણું

મર્મવેધી [સં. મર્મવેધિન્] વિ. મર્મભેદી.

મર્મસહ [સં] વ જોર સહિત; મર્મ સાથે.

મર્મસ્થલ જુઓ મર્મસ્થાન

મર્મસ્થળ જુઓ મર્મસ્થાન.

મર્મસ્થાન ૧. [સં.] ન. જીવનસ્થાન; શરીરમાંનું નાજુક સ્થાન; જીવનની સાથે સંબંધ રાખનારાં કોઈ અવયવના અવયવનું રહેવાનું ઠેકાણું; જ્યાં ઘા લાગ્યાથી મરણ થાય તેવો શરીરનો કોઈપણ ભાગ. જેમકે, બૂકડી, ટીચણ, અળો, ઠોક, ભરડો, મુદ્ધ, ચિત્ર, હાડકું, હાથની કોણી, વૃષણ. કુલે મર્મ ૧૦૭ છે: માંસમાં ૧૧, હાડકામાં ૮, સંધિમાં ૨૦, સ્નાયુમાં ૨૭, શિરામાં ૪૧. બીજી રીતે જોતાં બે પગમાં ૨૨, બે હાથના ૨૨, છાતીનાં તથા પેટના ૧૨, પીઠના ૧૪ અને ડોકથી ઉપરના ભાગના ૪૭. ઉંમરની દૃષ્ટિએ સાતવર્ષથી ૧૬, ત્યારપછી પચ્ચીસ ૨૩, ત્રિસપછી ૩, બેંતાલીસ ૬ વેતાલીસ ૪૪, પીસ્તાલીસ ૮. એમ પાંચ પ્રકારનાં મર્મસ્થાનો છે. હસ્તાયુર્વેદમાં હાથીને પણ મનુષ્યથી મોટાં એવાં બાર પ્રકારનાં ૧૦૬ મર્મસ્થાનો બતાવેલા છે.
૨. ન. ઠેકાણું; નજીકનું કે બાજીવાળું સ્થાન.

મર્મસ્પર્શી [સં. મર્મસ્પર્શિન્] વિ. હૃદયને સ્પર્શ કરનાર.

મર્મસ્પૃક ૧. [સં. મર્મસ્પૃક્] વિ. મર્મસ્થાનને પીડનાર.
૨. જુઓ મર્મસ્પર્શી.

મર્મસ્ફુર પું. (વિકાર) જો નામનો જોડ અક્ષર-મેળ છંદ. તે અતિજગતી છંદનો જોડ ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, જગણ, તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.
ના ના જ ના ન ધર દત્ત મર્મસ્ફુરે. રણછોડ

મર્માંત ન. દક્ષિણ હિંદમાં થતું એક જાતનું નાનું ઝાડ. તેને બાવળ જેવાં પણ સુગંધી પાન આવે છે.

મર્માનુઘાત [સં.] પું. ટૂંક સાર.

મર્માન્વેષણ ૧. [સં.] ન. કોઈ વાતનું તત્ત્વ કે ગૂઢ રહસ્ય જાણવું તે; તત્ત્વાનુસંધાન.
૨. ન. ચર્ચા જોવી તે

મર્માહત ૧. [સં.] વિ. ઘાયલ.
૨. વિ. નિરાશ.

મર્માળ ૧. વિ. મર્મ ભાગ ઉપર અસર કરે તેવું.
૨. વિ. મર્મથી ભરેલું; મર્મવાળું; ગૂઢ.ઐક્યુક્ત; અભિપ્રાયવાળું; સંકેત ભરેલું.
૩ વિ મહેણાવાળું; મર્માળું.

મર્માળું ૧ વિ આકરું.
૨. વિ જેમાં મર્મ રહેલો હોય તેવું; મર્મવાળું; નર્મયુક્ત.
કાવ્ય હાસ્ય, મર્માળાં કટાક્ષ, વાક્યોની મીઠાસ અને રચનામાં વિવિધ પ્રકારનાં ચાતુર્ય. એ વડે લઘુપતરોજીના લાંબા ને સુબોધક વર્ણનો ઝળકી રહ્યા છે. નવલરામ
૩. વિ. ભેદભરેલું
૪. વિ. યુક્તિબાજ.
૫. વિ. રહસ્યવાળું.
૬. વિ. કપાળું.
૭. વિ. સારું.

મર્માંતિક ૧. [સં.] વિ. ઝનૂન
૨ વિ. મર્મભેદી.

મર્મિક [સં.] વિ. મર્મજ્ઞ; ભેદ જાણનાર.

મર્મી [સં. મર્મિન્] વિ. રહસ્ય જાણનાર; મર્મજ્ઞ; તત્ત્વજ્ઞ.

મર્મોક્તિ [સં.] સ્ત્રી. મર્મનું વચન.

મર્ય ૧. [સં.] પુ. ઊંટ.
૨. પું. ઘોડો.
૩. પુ. પુરુષ.
૪. પું. પ્રેમી.
૫. પું. મનુષ્ય.
૬. પું. યુવાન.
૭. વિ. પરાધીન.

મર્યા ૧. સ્ત્રી. મરજાદ.
૨. [સં.] વિ. હદ; સીમા.

મર્યાદ ૧. સ્ત્રી. કન્યાપક્ષ તરફથી વરપક્ષને વિવાહને ત્રીજે દિવસે અપાતું ભોજન.
૨. સ્ત્રી. ગાય; ઢોર
૩. [સં.] સ્ત્રી. ઊંડો.
૪. સ્ત્રી. મર્યાદા; હદ; સીમા
૫. સ્ત્રી. રીત, રસમ; પ્રથા.
૬ સ્ત્રી. વખત
૭. સ્ત્રી. વિવેક; અદબ; સભ્યતા.

મર્યાદમર્યંચ [સં.] ન. મર્યંચુબળ. અમુક હદ સુધી રહે તે બળને મર્યાદમર્યંચ કહેવાય છે.

મર્યાદરક્ષક [સં.] પું. સીમાનું ભાન રાખનાર પુરુષ; મર્યાદાનું રક્ષણ કરનાર માણસ.

મર્યાદવલ્લી જુઓ મર્યાદવેલ.

મર્યાદવાળું વિ. મર્યાદાવાળું; અદબવાળું; સભ્યતાવાળું.

મર્યાદવેલ [સં.] સ્ત્રી. એ નામની એક ફરિયાવેલ; મરજાદવેલ. તે પણે આગે સમુદ્ર કાંઠે થાય છે. તે સમભાગ ઓ ફૂટ ઊંચી થાય છે. તેને આસુંદરાનાં જેવાં પાન હોય છે. તે ગૂમડાં અને ભડા ઉપર બંધાય છે. તેમાં રાતાં ફૂલ થાય છે, તે ઉપરસ ઉપર પણ ઉપયોગી મનાય છે.

મર્યાદશીલ ૧ [સ.] વિ. નિરહંકારી; નિરભિમાની.
૨ વિ. વિનયી; અદબવાળું; સભ્ય, વિવેકી; માન અદબ રાખનાર; નમ્રતાવાળું; આદરશીલ; મર્યાદાવાળું.
૩. વિ. ઠરમાળ.

મર્યાદશીલતા [સં] સ્ત્રી. મર્યાદામાં રહેવાપણું. વિનય

મર્યાદા ૧. [સ.] સ્ત્રી. અવધિ, અવધિ, પરિમિતતા; પ્રમાણ
૨ સ્ત્રી. કિનારો; તટ. કાંઠો.
૩. સ્ત્રી. ઢાળ; ગોપન; બંધ, અટકાવ; પ્રતિબંધ. આડ.
૪. સ્ત્રી. ધર્મ.
૫. સ્ત્રી. નિયમ.
૬. સ્ત્રી. નિર્બંધ, નિયંત્રણ; પ્રબંધ.
૭. સ્ત્રી. (વેદાંત) જ્ઞાનના માર્ગમાં સ્થિતિ
૮. સ્ત્રી. બે અથવા વધારે મનુષ્યની વચ્ચે સ્થપાતી પ્રતિષ્ઠા.
૯. સ્ત્રી. લાજ; આબરૂ; પ્રતિષ્ઠા; ગૌરવ.

> **મર્યાદા** રાખવા હિંદુ બળ દે અર્થ મુસ્લિમ,
> મર્યાદા રાખવા જે તે બળ દે અર્થ હિંદુઓ.
> આપીમીળા

૧૦. સ્ત્રી. વલ્લભાચાર્યે સંપ્રદાયનો એ નામનો એક માર્ગ.
૧૧. સ્ત્રી. વિવેક; વિનય; અદબ; મોટપણ જોઈ માન રાખીને વર્તવાની રીત; સદાચાર; શિષ્ટાચાર; યોગ્ય વર્તણૂક; સદાચાર. પવન, અગ્નિ, જળ, વીજળી, મરણ વગેરે કોઈ પણ પ્રકૃતિનાં બળો મર્યાદા બહાર બળ, ત્યારે કોઈ રીતે કાબૂ કરતાં નથી, તેમ મર્યાદા બહારનું કોઈ પણ કામ સારાને બદલે માઠાં પરિણામો જ નિપજાવે છે. પરમેશ્વરે સમસ્ત જગતને મર્યાદાથી બાંધી લીધું છે. દિવસ, રાત, ઋતુ, સૂર્ય, ચંદ્ર વગેરે કુદરતના નિયમ પ્રમાણે જ ચાલે છે. નિયમ વગર કે મરજી વગર એક પંદરું પણ હાલીચાલી શકતું નથી. નિયમન અને મર્યાદાના ઉલ્લંઘનથી જીવન વધી વાર મરણના મુખમાં જઈ પડે છે. પંખી પણ નિયમમાં રહીને જ કામ કરે છે જીવનને જેટલું વધારે ઉચ્ચ કોટિનું બનાવવું હોય, તેટલું મર્યાદાનું અધિક પાલન જરૂરનું છે ગીતા હરવમાં કહ્યું છે કે, તમારી જે નૈસર્ગિક ભૂખ તેને તદ્દન મારી નાખો એમ ધર્મનું કહેવું નથી, પરંતુ તેની મર્યાદા આંકો એમ ધર્મનું કહેવું છે. ભગવાન રામચંદ્રને મર્યાદાપુરુષોત્તમ કહે છે. જેને પુરુષોત્તમ બનવું હોય, નરના નારાયણ બનવું હોય, તેમણે મર્યાદા પાળવી જ જોઈએ એ.

> ૧. મર્યાદા ઉલ્લંઘવી–ઓરવી–તોડવી–મૂકવી – અદબ કે સભ્યતા તજવી
> ૨. મર્યાદા રાખવી–સાચવવી = અદબ જાળવવી; વિવેકથી વર્તવું.

૧૨. સ્ત્રી. હદ; સીમા; ઊંડો

> જેમ ગોવ અને નીચ ગોત્ર એમ બોલની જે **મર્યાદા** બાંધવામાં આવી છે, તે ગોત્રબંધના કારણથી જ; તે આત્મા ઉપર ત્રાજવું બોજકર્મ પરિણામ છે. વિદ્યાવિજયજી
> મર્યાદા આવવી ઓરવી આવવી = હદ કરવવી.

મર્યાદાકાળ પું. સીમાનો વખત.

મર્યાદાતિક્રમ [સં.] પું. મર્યાદા ઓળંગવી તે.

મર્યાદાતિક્રમણ [સં.] ન હદને ઓળંગી જવાપણું.

મર્યાદાતિક્રમી [સં. મર્યાદા + અતિક્રમિન્] વિ હદ વટાવી જનાર

મર્યાદા નિયમો પું ન વ પ્રથા-ના નિયમો; ' કન્વેન્શન્સ '.

મર્યાદાપુરુષોત્તમ ૧- [સં] પું. પરમાત્માના અમુક અંતરંગે પૃથ્વી ઉપર થયેલ અવતાર. માનવીએ મર્યાદાપુરુષોત્તમને આદર્શ માની ભગવાન મરણ છે. યોગસૂત્રમાં ભગવાનની આપ્યા રાગદ્વેષ રહિત પુરુષ વિશેષ, એમ છે એવા પરમ પિતાની ઉપાસના કરવાથી માનવી ધીમે ધીમે નિરહંકારી બની જાય છે.
૨. પું. ઋષિ.
૩. પું રામચંદ્ર.

મર્યાદાપુષ્ટિભક્તિ [સં] સ્ત્રી. વલ્લભ મત પ્રમાણે કૃષ્ણની ભક્તિ કરવાનો માર્ગ. તે મતાનુસાર સંસારમાંથી વિમુક્ત થવું માણસે ઈશ્વરની સેવા કરવામાં મમ રહેવું જોઈએ

મર્યાદાબંધ ૧. પું. અધિકારની રક્ષા
૨. પું. નાજરબંધી

મર્યાદાભક્ત પું. એક પ્રકારનો ભક્ત. પ્રેમાત્મક ભક્ત

> અર્જુન **મર્યાદાભક્ત** હતો, સાધન દશામાં હતો.
> અણુભાષ્ય

મર્યાદાભક્તિ સ્ત્રી. મરજાદોતન; પ્રેમાત્મક ભક્તિ. સાધન રૂપે કરવું ભગવદ્કીર્તન **મર્યાદાભક્તિ** કહેવાય છે. પુષ્ટિમાર્ગોપદેશિકા

મર્યાદાભંગ [સં.] પું. વિનયલોપ; વિવેકલોપ; સભ્યતાલોપ.

મર્યાદાભિજ્ઞરાજ્ઞકૃત [સં મર્યાદાભિજ્ઞરાજ્ઞકૃત] પું. પુરુષોત્તમના હસ્તાક્ષર માલેનું એક નામ.

મર્યાદામાર્ગ [સં] પું. એ નામનો એક ભક્તિમાર્ગ. રાજાના નિયમ પાળીને પ્રભુને ભજવા તે.

મર્યાદામાર્ગીય વિ. મર્યાદામાર્ગનો અનુયાયી

મર્યાદારીતિ [સ.] સ્ત્રી. મરજાદ સાચવવાની રીત. પોતાનાં સાધનોનો આશ્રય કરવાનો ઉપદેશ છે તે **મર્યાદારીત** છે. અણુભાષ્ય

મર્યાદાલતા જુઓ મર્યાદવેલ

મર્યાદાલેખન [સં.] ન. સભ્ય લખાણ. વિવેકભર્યું લખાણ.

મર્યાદાલોપ જુઓ મર્યાદાભંગ.

મર્યાદાવાચક [સ.] વિ. હદ સૂચવનાર **મર્યાદાવાચક** તરીકે પંચમી વિભક્તિનો ઉપયોગ થાય છે. જેમકે, તે મહિનાથી મારી પાસે આવ્યો નથી.

મર્યાદાવાદ [સં.] પું. સભ્યતા ટળવળનો સિદ્ધાંત.

મર્યાદાવેલ જુઓ મર્યાદવેલ.

મર્યાદાશીલ [સં.] વિ, વિનયી; અદબવાળું.

મર્યાદાસર ૧. અ. વિનયસર.
૨. અ હદમાં રહીને

મર્યાદાસ્થાપન [સં.] ન. સીમા વિવાદ, હક સંબંધી તકરાર; ' બાઉન્ડરિ ડિસ્પ્યુટ '.

મર્યાદાહીન [સં.] વિ. મર્યાદા વગરનું.

મર્યાદિત ૧. વિ. ટૂંકું
૨. વિ. નિયત; નિર્ણીત; સ્પષ્ટ; નિર્બંધાત્મક.
૩. [સં.] વિ. પરિમિત
૪ વિ. મર્યાદાવાળું; હદવાળું.

મર્યાદિત અધિકાર [સં.] પું. મર્યાદિત સ્વામિત્વવાળી મિલકત; ' લિમિટેડ ઇસ્ટેટ '.

મર્યાદિત જવાબદારીવાળી કંપનિ સ્ત્રી કંપનિના દેવા માટે દરેક હિસ્સેદાર પોતાના હિસ્સા પૂરતો જ જવાબદાર ગણાય તેવી પેઢી કે કંપનિ.

મર્યાદિતતા [સં.] સ્ત્રી. મર્યાદિત હોવાપણું.

મર્યાદિત રાજરાજ્યાસન ન. કામચલાઉ રાજવ્યાસન; જેમાં રાજની સત્તા નિયંત્રિત હોય તેવી રાજ્ય કરવાની પ્રથા; ' લિમિટેડ મોનાર્કિ '.

મર્યાદિત સંરક્ષણ ન. અમુક નક્કી કરેલા ધોરણે અમુક સંજોગોમાં જ દેશના વેપારને આપવામાં આવતું સંરક્ષણ; ' ડિસ્ક્રિમિનેટિવ પ્રોટેક્શન '.

મર્યાદિત સ્વામિત્વ જુઓ મર્યાદિત અધિકાર.

મર્યાદિત હક્ક જુઓ મર્યાદિત અધિકાર.

મર્યાદિતાંહિત સંબંધ પું. પરિમિત હિત સંબંધ; ' લિમિટેડ ઇન્ટરેસ્ટ '.

મર્યાદી ૧. વિ. મરજાદી; મરજાદા પાળનાર.
૨. [સં. મર્યાદિન્] વિ. મર્યાદાવાળું; હદમાં રહેનાર.

મર્યોસેટ પું. એક જાતનો વાંદરો તે કદમાં નાનો અને લાંબી નરમ રુવાંટીવાળી પૂંછડીવાળો હોય છે. સૂતી વેળા તે પૂછડીમાં વીંટળાઈ જાય છે.

મર્રી [હિ.] સ્ત્રી. ડેલ્ટાના પ્રદેશમાં આવેલી જમીન.

મર્લિન ન. શકરાના વર્ગનું એક જાતનું નાનું પણ બહાદુર પક્ષી. તે જંગલમાં માળો બાંધે છે અને ધોળા કે ભૂરા ઝાંટવાળાં ઈંડાં મૂકે છે.

મર્વ ૧. [સં.] ન. કિ. જવું; ખસવું.
૨. ન કિ. ચારવું; ખૂબ કરવું

મર્વ ૧. ન. તુરાનમાંનું એ નામનું એક પ્રાચીન શહેર. હાલ તેને મારી કહે છે.
૨. સ્ત્રી. (જરથોસ્તી) એ નામે એક નદી.

મર્વા [અ.] પું. મક્કા નજીક આવેલ એ નામનો એક પર્વત.

મર્શ ૧. [સં] પું. ઉપદેશ.
૨. પું. વિચાર

મર્શક ૧. [સં.] વિ. ઉપદેશ કરવાપણું.
૨. ન. વિચાર ચલાવવો તે.

મર્ષ ૧. [સં.] પું ક્ષમા આપવી તે.
૨. વિ. સહનશીલ.

મર્ષક ૧. [સં] વિ. ક્ષમા માફી.
૨. ન. ધર્ષણ
૩. ન સહન કરવું તે.
૪. ન. સુખ
૫. વિ. દૂર કરનાર; રોકનાર.
૬. વિ નાશ કરનાર; ભંસ કરનાર.

મર્ષણીય [સં.] વિ. ક્ષમા કરવા જેવું; ક્ષમ્ય.

મર્ષિત [સં] વિ. સહન કરેલ.

મર્ષિતવાન [સં. મર્ષિતવત્] વિ. સહન કરનાર.

મર્સરાઇઝેશન [અં.] ન. કપડાને ચળકાટ આપી મજબૂત બનાવવાની ક્રિયા. કપડાના એક ટુકડાને વર્ષ તેને ચોડીક મિનિટ સુધી પથી ૬ અમ એટલે કે ૧૨થી ૧૩ના વિશિષ્ટ ગુરુત્વવાળા દ્રાવણમાં ડુબાડી રાખતાં તેનો રેખાવ બદલાઈ જાય છે અને તેની સપાટી ઉપર એક જાતનો ચળકાટ પથરાઈ રહે છે. કપડાને બહાર કાઢતાં તેની સપાટી પહોળાઈમાં ચોડી ઓછી વર્ષ ગયેલી અને કાપડ વણાટમા સહેજ ઢાકુ જણાય છે. આવા કાપડમાંથી સુતરના એક તાંતણાને જુદો પાડી સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતાં તાંતણાનો અસલ ગુણ નાશ પામેલો જણાય છે. એટલે કે તે તાંતણો વળ ચડાવેલો અને આડોઅવળો હતો, તેને બદલે એકદમ ખાડો, સીધો અને ચળકતો જોવામાં આવે છે

મર્સરાઇઝ્ડ [અં.] વિ. દાહા ક્ષાર વડે વધારે મજબૂત અને ચળકાટ મારતું બનાવેલ. સુતરાઉ કાપડ માટે વપરાય છે

મર્સિયા ૧. [અ. રસી (તેણે અફસોસ કર્યો)] પું. મરણ પ્રસંગે ગવાતું ગીત.
૨. પું. મોહરમમાં ગવાતું ગીત; હસન અને હુસેનના માનમાં ગવાતાં ગાજિયાં.

મર્સિયાખાન પું. મર્સિયા ગાનાર માણસ; ગાજિયાં ગાનાર માણસ.

મર્સિયાખાની સ્ત્રી. મર્સિયા ગાંયવાની ક્રિયા.

મર્સૂમ ૧. [અ.] વ. આદ્યા.
૨. વ. જાહેરનામું.
૩. વ. ફરમાનનામું
૪. વિ. જાહેર કરેલું.
૫. વિ. સમજાવેલું.

મર્હૂ સ્ત્રી. વિધવા સ્ત્રીને અપાતી ખોરાકપોશાકી.

મર્હમ [અ.] પું. મલમ; લેપ

મર્હમત ૧. સ્ત્રી. છૂટછાટ.
૨. સ્ત્રી. અક્ષિક્ષ
૩. સ્ત્રી. સમારકામ.
મર્હમત કરવું–દેવું = સમારકામ કરવું કે કરાવવું

મર્હમનિહ [અ.] પું. મલમ ચોપડનાર માણસ.

મર્હમપટ્ટી ૧. સ્ત્રી. મલમ ચોડેલ કપડાની પટ્ટી.
૨. સ્ત્રી. સમારકામ

મર્હામત ૧. [અ.] સ્ત્રી. દયા; કૃપા.
૨ સ્ત્રી ભેટ.
૩. સ્ત્રી. સમારકામ

મર્હૂન [અ.] વિ. ગીરવી મૂકેલું.
મર્હૂને મિલ્કત = ઉપકારથી વશ થયેલું.

મર્હૂમ [અ.] વિ. ભયંકર.

મર્હૂમ ૧. [ફા. રહમ (તે દયાળુ હતો)] વિ. દયાળુ.
૨. [અ.] વિ. મરી ગયેલ; વૈકુંઠવાસી; કૈલાસવાસી; સદ્‌ગત; પરલોકવાસી; સ્વર્ગસ્થ.

મલ્ [સં.] સ. ક્રિ. ધારણ કરવું; પહેરવું.

મલ ૧. પું. એક જાતનો કઠિયાવાડી ઘોડો.
૨. [સં.] પું. કપૂર.
૩. પું કેળનું ઝાડ.
૪. પું. ઝાટ.
૫. પું. કુસ્તીબાજ માણસ; પહેલવાન; કસરતી જવાન; મલ્લ; જાડ આદમી
૬. પુ. ગુમડાનો પોપડો
૭. પું જીવચેતનને મર્યાદામાં મૂકનાર દોષ
૮. પું. (જૈન) દિગંબર મત પ્રમાણે આહાર માટેનો પ્રતિબંધિત પદાર્થ. તે આ પ્રમાણે છે. નખ, વાળ, પ્રાણ રહિત શરીર, હાડકું, પરુ વગરના ઘાવ્રણ, ચોખાના દાણા, અશુદ્ધ ચોખી, ચામડું, ચોખી, માસ, સચિત્ત બીજ વગેરે, કેરી વગેરે ફળ અને કદમૂલ વગેરે ચૌદ પદાર્થો મલ કહેવાય છે
૯ પુ પરસેવો
૧૦ પું. પ.પ; મલક.

૧૧. પું. મળ; શરીરનો કચરો; મેલ.
૧૨. પું. મૂત્ર, વિષ્ઠા વગેરે મલિન પદાર્થ.
૧૩. પું. મૃદુગર્ભદંડ વર્ગના પ્રાણીઓની ચામડીમાંથી નીકળતો ચીકણો પદાર્થ
૧૪. પુ. વાત, પિત્ત અને કફ.
૧૫. પું. શરીરમાંથી નીકળતો મેલ કે વિકાર. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) વસા, (૨) શુક્ર, (૩) રક્ત, (૪) મજ્જા, (૫) મૂત્ર, (૬) વિષ્ઠા, (૭) કાનનો મેલ, (૮) નખ, (૯) કફ, (૧૦) આસુ, (૧૧) શરીર ઉપર જામેલો મેલ અને (૧૨) પસીનો.
૧૬. પું. સંભવ.
૧૭. ન. (જૈન) ઔદારિક શરીર.
૧૮. [અ.] ન. એક જાતનું મસાલીનું; મલમલ.
૧૯. ન. (જૈન) આવરણ.
૨૦. ન. મિશ્રધાતુ.
૨૧. વિ. નાસ્તિક.
૨૨. વિ. મજબૂત; કસરતી; જોરાવર; સદ્ધ
૨૩. વિ. મેલું; ગંદું; દુષ્ટ
૨૪ વિ. લોભી, કંજૂસ
૨૫ અ. પાસે.
૨૬. અ. સૂચવે કે બોલીને ઉડાડવા કે ઊભો કરવા માટે વપરાતો શબ્દ. હાંકીને અન્ય ચાલ એમ કહેવા માટે વપરાતો શબ્દ.
૨૭. સ. હિંદુ નામ આગે લગાડાતો એક પ્રત્યય.

મલ અપવહન ન. શહેરના પાણીના નિકાલની વ્યવસ્થા; 'સ્યુએજ ડિસ્પોઝલ'.

મલાઈ ૧. સ્ત્રી દૂધ કે બીજું કંઈ પ્રવાહી ઊકળી, ઠંડું પડ્યા પછી ઉપર બાઝતી તર; મલાઈ; તરનો પડદો.
૨. સ્ત્રી. બખેડો; ઝગડો; ખટપટ. **મુહાવરો**
૩. વિ. નાત બહાર મૂકેલું.
૪. વિ. શાપ આપેલું.

મલાઈદાલા ન. એક જાતનું પીળું કેળું. આ જાતનાં કેળાં મદુરા, સાલેમ, રાજ્યાલા વગેરે સ્થળે થાય છે

મલાઉન ૧. વિ. તુચ્છકારને પાત્ર.
૨. [અ.] વિ. શાપિત

મલક ૧. [અ.] પું દેવદૂત; ફિરસ્તો.
૨. [અ. મુલ્ક] પું દેશ, મુલક, દુનિયા
૧. મલકનો ઉતાર = હલકું મનુષ્ય; દુર્જન; અવળા ધંધા કરનાર માણસ.
૨. મલકનો ચોર = આખા મુલકમાં ચોર તરીકે પંકાયેલ માણસ.
૩. સ્ત્રી. કજોડું; બેમેળપણું
૪. [અ.] અ. ક્રિ. (ધાતુ) તેના કર્મણમાં વપરાતું આ ધાતુ ઉપરથી બનેલ શબ્દ: મલિક, મમલક, મમલકત.

મલકટ પું. કાપડા કે કાંચળીમાં સિવાતો જરિયેલ કપડાનો એક ટુકડો; કાંચળીનો છાતી ઉપરનો ભાગ; તાલુ

મલકડું (મલકડું) ૧. ન. મલકાટ; મંદ હાસ્ય.
૨. વિ. મલકતું હસતું.

મલકતું વિ. હસતું, મલકાતું; આનંદી; ખીજ્યું

મલકમલક ૧. અ. ખૂબ મલકાય તેવી રીતે, મંદ મંદ હસતું હોય તેમ
૨. અ. અવાજ કર્યા વિના માત્ર અંદર આનંદ બતાવી હસવાની રીતે.

મલકરન [વિ.] પુ વાસણ ઉપર નકશી કરવાનું એક ઓજાર.

મલકવું ૧. અ. ક્રિ. ખીલવું; ફૂલવું
૨. અ. ક્રિ. કુરસાથી ચાલવું, નખરા કરવાં.
૩. અ ક્રિ. મલકાવું.
૪ અ ક્રિ મોં ઉપર અંતરનો રાજીપો દેખાવો. મોં હસું હસું થઈ રહેવું; અંતરની પ્રસન્નતાને લીધે મુખ હાસ્યવાળું થઈ રહેવું, મંદ હસવું. મલકવું
૫ અ ક્રિ હસવું. ડોલવું

મલકા ૧ સ્ત્રી. પ્રતિબિંબ
૨. સ્ત્રી. ખુશી
૩. [અ મલેક.] સ્ત્રી મહારાણી; બાદશાહ કે મહારાજાની પટરાણી.
૪. સ્ત્રી વિદ્વાન સ્ત્રી
૫ ન. એ નામનું અંક ગણિત.

મલકાઈ સ્ત્રી. મલકવું તે

મલકાઉ ૧. પું. મંદ સ્મિત.
૨ પુ. મલકવું તે; હાસ્ય; આનંદ.

મલકાણી ૧ સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું

મલકાન પુ. ખોજા મજહબ મુજબ એ નામે ઓળખાતા એક અંશાવતાર

મલકાના ૧. [હિ] સ્ત્રી. જે લોકો મુસલમાન ધરમમાં આવેલી એ નામની એક હિંદુ જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩ વિ એ નામની જાતિનું

મલકાની ૧ સ્ત્રી. સિંધી લોહાણી એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું.

મલકામલકું વિ મલકતું હોય તેવું; હસતું, આનંદિત.

મલકાસૂર ન. ઉત્તમ કોળ.

મલકાવવું સ ક્રિ. ખુશી કરવું; ખુશખુશ થઈ જાય તેમ ખીલવવું; તાન ચઢાવવું; મોં આનંદમાં આણવું; મોં હસાવવું; મુખ ઉપર હાસ્ય તરી રહે તેમ કરવું; ખિલાવવું; હરખાવવું; હસાવવું; મલકાય તેમ કરવ
૨. સ ક્રિ. ચલાયમાન કરવું, હલાવવું; ડોલાવવું.
૩. સ ક્રિ. બતાવીને વાત કરવી

મલકાવું અ ક્રિ. મંદ મંદ હસવું; અંતરના આનંદથી મો ઉપર હાસ્ય તરી રહે તેમ રાજી થવું; હસી જવું કે મુખ ઉપર આનંદ ઊભરાવો; હરખાવું; હસવું; ખીલવું; મલકવું; ખુશ થવું.

મલકિયાં ન ન. વ. હસતા ગાલમાં પડતા ખાડા

મલકી [અ] સ દેવદૂતને લગતું

મલકુલમોત જુઓ મલકુલમૌત

મલકુલમૌત . અ. મલક (દેવદૂત) + અલ (તે) + મૌત (મરણ)] પું. યમદૂત; મુસલમાનની માન્યતા પ્રમાણે મરણ સમયે જીવ લેવા આવનાર ફિરસ્તો

મલકુસ્તી ૧ સ્ત્રી એ નામનો એક ભારતીય વ્યાયામ. કાદવથી શરીરિક શિક્ષણની નોંધ મુજબ ભારતમા મલકુસ્તી વેદના વખતથી ગેનરી આવેલ છે. આખી દુનિયામા પ્રથમ સ્થાન ભારતના મલ્લ ગામા અને ગુલામનું છે. મલકુસ્તીથી શરીરના સ્નાયુઓ અને અંગઉપાંગને પૂરતી કસરત મળે છે તેનાથી અમુક જાતની ચપળતા અને યુક્તિ શીખી શકાય છે. તેની યુક્તિથી કુસ્તી જાણનારો માણસ બળવાન માણસને પણ હરાવી શકે છે તેનાથી આત્મવિશ્વાસ, સમયસૂચકતા, હિંમત અને લડવાની શક્તિ પ્રાપ્ત થાય છે કુસ્તી માટેનો અખાડો ૧૪ ફૂટ લાંબો અને ૧૪ ફૂટ પહોળો દોરો જોઈએ આવા બનેલા અખાડામા એક કે બે જોડી સાથે કુસ્તી કરી શકે છે. આ અખાડામા રેતીનો થર બધાજ ઓછામા ઓછો એક ફૂટનો હોવો જોઈએ. થરનું મિશ્રણ નીચેની વસ્તુઓનું હોવુ સારુ છે.

૧ ચીકણી માટી	૧૦૦	શેરણા
૨ ગેરુ	૧૦	કોથળા
૩ નમરમોથ	૪૦	પાઉંડ
૪ કપૂરકાચલી	૪૦	,,
૫ કપૂર	૧૦	,,
૬ ગવલા કચારી	૨૬	,,
૭ બે-ડોબન તેલ	૪૧	,,
૮ કવાલ દેવદર	૨૦	,,

૯	તેલિયો દેવદાર	૨૦ પાઉંડ
૧૦	ખસનું તેલ	૨૦ ,,
૧૧	ચંદન	૨૦ ,,
૧૨	હીનો	૨૦ તોલા
૧૩	તલનું તેલ	૧૨ મધ

મુખ્ય પકડ વડે હરીફને હરાવી શકાય છે. તેવી પકડ ચાર પ્રકાર છે: (૧) બીમસે ટી. તેમાં બળની બહુ જરૂર પડે છે. (૨) હનુમાની તેમાં ખાસ ચાતુર્યની જરૂર પડે છે. (૩) કંઠમુરલી. તેમાં અ.ડાબરણી પકડની ખાસ યુક્તિઓની જરૂર પડે છે. (૪) જરાસંધી. તેનાથી ભયંકર ઈજાઓ કરી શકાય છે. મલયુદ્ધના મુખ્ય પેતરાઓ આ પ્રમાણે છે: (૧) કુલ એટલે છેતરવાનો પેતરો, (૨) દાવ એટલે પકડ, (૩) રોખા એટલે સામા માણસની ચોટનો પ્રતિકાર, (૪) બંદી એટલે સામો માણસ પકડ લઈ શકે નહિ તેવી જાતની પકડ, (૫) તોડ એટલે પ્રતિપ્રહાર અને (૬) નીકમ એટલે સામા માણસને હરાવવાનો સંપૂર્ણ દાવ. કુસ્તીની અંદર પવિત્રા સ્થિતિ, શરીરને સમતોલ રાખવાની યુક્તિ, જમીન ઉપર રમાડવાની યુક્તિ અને સામાવાળાની પકડ ઢીલી કરવાની યુક્તિનો સમાવેશ થાય છે. પવિત્રા સમ અને વ્યસ્ત એમ બે જાતના હોય છે. સમ પવિત્રામાં બંને હરીફનો એકસરખો જ પગ આગળ હોય છે, જ્યારે વ્યસ્ત પવિત્રામાં બંને હરીફનો જુદો જુદો પગ આગળ હોય છે. કુસ્તી ચાલુ થતા પહેલા સલામી કરવામાં આવે છે. આ એક જાતનું માન છે. તેમાં દરેક મલ્લ કોક્સિયાર સ્થિતિમાં લગભગ ૭ ફૂટ દૂર સામસામા ઊભા રહે છે. પછી દરેક પોતાનો ડાબો હાથ છાતી ઉપર આડો રાખીને જોરથી જમણા હાથના ઉપરના ભાગમાં એટલે લગભગ બગલ ઉપરના ભાગમાં પોતી હથેળીથી ઘડાકો બોલાવે છે. પછી તરત જ તેઓ ડાબો પગ આગળ રાખી પવિત્રા લે છે અને જોરથી પોતાના જમણા હાથથી પોતાના જમણા માંગળ ઉપર અવાજ કરે છે. પછી બંને આગળ વધીને સામસામાના જમણા હાથની હથેળીને અડીને સલામ કરે છે. સલામ કરતી વખતે તર્જની આંગળી કપાળે અડે છે અને હથેળી અંદરની બાજુએ વળેલી હોય છે. દંડકો પકડ, મુંડકો પકડ, મરડનીકો પકડ, કલાઈરોખ, સેનારોખ, સામને કાનની ચોટના, ફેરકલાઈ, ગુકાન, કોનીનાક, ફુલ, કસ્તી, ઘૂસ, પટાકમ, પટાકમતોડ, કો કસ્તી, લેંટના, ઊભેડ, તંગતોડ, કસરંગ, બડી કનકો, નેડી કનકો વગેરે મલ્લકુસ્તીના બીજા અમલના દાવો અને પકડો છે.

૨. સ્ત્રી. કસરતી માણસોનું દાવપેચ વાળું તેડું મલ્લયુદ્ધ હથિયાર વડે નહિ પણ હાથપગના જોર વડે એકબીજા સાથે બચ્ચંબથ્થાં કરવી તે.

અલકું ન. મરકલું; મલકવું તે.

અલકુંડું જુઓ મલકૂંડું ૧.

અલકુંડું (મલકૂંડું) ૧. ન. ભમરની દોળી.
૨. વિ. ગંદું
૩. વિ. મગજમુખું; નહિ ખાડું નહિ મોળું તેવું; કુચાપાણી વગર ખપેલું; બેસ્વાદ; તરેહવાર સ્વાદવાળું.
૪ વિ મદેજમાં મલકાઈ જાય કે ન.ખ જાય તેવું; આનંદને નહિ પારખી કરી શકે તેવું; ઠરેખ.ઠ બનાવ.

અલકૂબ ૧. [અ.] પું. ગિરસ્તાઓનો મુકાદમ; દેસાઈ
૨. સ્ત્રી. દેવદૂત.
૩. સ્ત્રી. સામ્રાજ્ય.

અલકુપ [સં.] પું. મળ કે ચિંતાનો ખાડો.

અલકોરી [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

અલક્ષાલન [હિં.] ન. પ્રક્ષાલન; ધોઈ સાફ કરવું તે.

અલખમ ૧. પું. એ નામનો એક ભારતીય વ્યાયામ; મલ્લવિદ્યાની એક પ્રકારની અંતઃકસરત. કાંઈવણી શારીરિક શિક્ષણ સંસ્થાની નોંધ મુજબ મલખમની કસરત લગભગ ૧૨૫થી ૧૩૦ વર્ષ જૂની છે. એવી કથા છે કે, પેશ્વા બાજીરાવ બીજાના વખતમાં અલી અને ગુલામ નામના દૌદરાબાદના બે મલ્લોએ આવી પેશ્વાના દરબારમાં ખુલ્લો પડકાર કર્યો કે અમને હરાવી શકે તેવા મલ્લોએ અમારી સાથે કુસ્તી કરવી. પેશ્વાના શારીરિક શિક્ષણના ગુરુ બાલમભટ્ટ દાદા દેવધર સિવાય કોઈ તેઓને હરાવી શકે તેવું હતું નહિ બાબા એવી છે કે, દેવધર દાદાને રાત્રે ભગવાન હનુમત સ્વપ્નમાં આવ્યા અને બાકડાનાં અમુક બાબતો ઉપર પૂર્વ તૈયારી રૂપે અમુક કસરત કરવા કહ્યું. તેમ કર્યાથી તેની શ્રુત થઈ. આથી તે કસરતનો પ્રચાર તેણે તેના શિષ્યોમાં કર્યો અને ત્યારથી મલખમ અને તેની કસરતોમાં પણ ઉત્તરોત્તર ફેરફાર થતા છે. મલખમની કસરતના મુખ્ય ફાયદાઓ એ છે કે, તેનાથી શરીરનો વળાંક, મજબૂતા, અમુક જાતની પકડો, હાથના ઝટકા વગેરે સુધરે છે, શરીરમાં સ્ફૂર્તિ આવે છે અને શરીર મજબૂત તથા હિંમતવાન બને છે. વધારે વજન ઊંચકવાની તાલીમ મળે છે અને લોહીનું ભ્રમણ પણ વધે છે. મલખમની કસરતો ઉંમરના પ્રમાણમાં વધારે ઓછી કરવાની હોય છે. મલખમ અને તાલુકી ઉપરથી ઢાકણી જમાવ્યાં બોડવો અને ઉપરોક્ત પછી તેને હમેશા ઢાંકી દેવો જોઈએ. મલખમની કસરતના મુખ્ય પ્રકાર આ પ્રમાણે છે: સાધી ઊંડી, બગલ ઊંડી, દોહાની ઊંડી, ઢોકાપકડ (બગણી), કતારપકડ, મોક્ષ ઊંડી, બંધા ઊંડી, કાનપકડ ઊંડી (બગણી), ન ઢોકાસ એક, નાકોકાક દો, નાકોકમ તીડી, કમાણી ઊંડી, બોદ્ર ઊંડી, સલામી (બગણી), બગલ તીડી, સીધી તીડી, સાદા કસરંગ, કૈચી, ફીરકી, કાનસલી, ખોપરી, મરાઠ, સાદો ચીત મલખમ, બગરકડી, ઊતરતી મલખમ, બગલી મલખમ, શિરચંક મલખમ, નિસરણી મલખમ અને મ.ખ્યુ મલખમ.

૨. પું. કંઈ આકારનો જમીનમા બોકાસો લાકડાનો લાંબો બાકસો.

અલખંજ જુઓ મલખમ.

અલગજ ૧. પું. રોંઝવાનાં બચ્ચિયાં.
૨. [હિં.] વિ. કરચલી પાડેલું.
૩. વિ. મંદું; બેસુ

અલગરી સ્ત્રી. મુલકગીરી

અલગિરી ૧. પું. એ જાતનો કબાર્ડ રંગ.
૨. વિ. કબાર્ડ રંગનું.

અલગુગડો (મલગુગડો) પું. મળિયામરુ નામના સુગંધીદાર લાકડાનું ઝાડ.

અલગોબા ૧. પું. બાંતરડું.
૨. પું. એક જાતનો બાંબો. તેનાં ફળનું વજન બેથી બાર રતલ હોય છે.
૩. પું. કચરોપૂલો.
૪. પું. બાકો ઉકાળો
૫. પું. દહીં સાથે મેળવેલું દહોળ.
૬. પું. પરુ.
૭. સ્ત્રી. એ નામની એક જાતની કેરી તે રેસા વિનાની અને ફળાહાર હોય છે. તેનું વજન અઢીર સુધીનું હોય છે. છાલ સાંબેલીજી અને રસ પીળો તથા રેસા વગરનો હોય છે. તે જૂન માસમાં પાકે છે

અલગોબા જુઓ મલગોબા ૨, ૭.

અલજ ૧. પું. લાલમણીનો ક્રોડ. સીમળાનું મૂળ
૨. [સં મલ (મેલ) + ઘ (નાશ કરનાર)] વિ. મળનાશક; મેલનો નાશ કરનાર.

અલજી [સં] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગદમની.

અલજ્જક [સં.] વ. પાપના અધિષ્ઠાનરૂપ શરીર માટેનું કલ્પિતપદ.

અલજ્જ ૧. પું. (પુરાણ) એ નામે એક રૈદ્ય રાક્ષસ પાસે આવેલો મહાભારત વખતનો એક

દેશ: બિહાર પ્રાંતના હાલના શાહાબાદ જિલ્લાના પશ્ચિમ ભાગનો પ્રદેશ. મલદ દેશ.

૨. [સં] વ. પર

૩. વિ પાપમાંથી બનાર

૪. વિ મેલથી બનાર: ગંદકીમાંથી ઉત્પન્ન બનાર

મલબ્રાત્રા [સ] સ્ત્રી. મલ્લકુસ્તીની હરીફાઈ

મલભિત્ત [સં] સ્ત્રી ઓ; ઔરત.

મલભી ૧. પું. વિદૂષક

૨. સ. હિંદુ ગૃહસ્થ માટે સંબોધનનો એક શબ્દ.

મલમુદ્ગ [સં. મલ્લમુદ્ગ] ન. મલ્લકુસ્તી

મલજ્વર [સં.] પું. (વૈદક) મળના અટકાવથી આવતો એક જાતનો તાવ

મલટ [હિં.] પું. લાકડાનો ઢબોડો

મલડાવટ (મલડાવટ) સ્ત્રી. બે વહેલા દોરાને ઊલટતા જઈ તેમાં ત્રીજો દોરો ભેગવતો કરવો તે

મલણ ૧. સ્ત્રી મલણ

૨. સ. મર્દન કરવું તે: મસળવું તે.

મલણું ન. મળના આવતી વખતે ગાયે આફ્રિકા ખેટ

મલત [હિં.] પું મસાઈ ગયેલો સિક્કો.

મલતાલ પું. (સંગીત) એકવીસ માત્રાનો એક ચતસ્રજાતિ તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, ૧૭ અને ૨૦ માત્રા ઉપર છે. તેના

સમ ૧ ૨

ઠોકડીના બોલ: ધા ધિલાંગ તક ધા ધિલાંગ

૩ ૪ ૫

તક ધા ધિલાંગ તક ધા ધિલાંગ તક ધા

૬

ધિલાંગ ધા ધિ.

મલતાવવું (મલતાવવું) જિ. મિલનસાર.

મલત્યાગ [સં.] પું. પેટમાંનો મળ ગુદા વાટે બહાર કાઢવો તે: ઝાડે ફરવું તે

મલદ ૧. પું. તાડકાએ ઉત્પન્ન કરેલ એ નામનો એક દૈત્ય: મલજ.

૨. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૩. ન. શ્લેષ્મ.

મલદલ ૧. [સં.] ન. પસવું તે.

૨. ન. ઇળવું તે.

મલદલ કરવું = (૧) અનાજ ખરવું. (૨) પસવું. (૩) ખોડાને ખરેરો કરવો.

મલદૂષિત ૧. [સં.] જિ. પાપી.

૨. જિ. મલિન: મેલું.

મલદોષ ૧. પું. અશુદ્ધતા.

૨. પું. ખોળવાના ઢીંગ પકડવાથી થતી એક જાતની માઠી અસર.

૩ પું. પાપરૂપી મેલ. વિદ્વાનો જણાવે છે કે: કર્મના ફળની ઇચ્છા છોડી દેવાથી બુદ્ધિ સતેજ રહે છે, ચિત્તશુદ્ધિ થાય છે અને મલદોષ દૂર થાય છે. ચિત્તશુદ્ધિ થતાં પ્રભુભક્તિ સૂઝે છે. શરણાગતિ લાધતાં પ્રભુની કૃપાને તે પાત્ર થાય છે. આ રીતે ઈશ્વરાર્પણ બુદ્ધિથી પ્રભુકૃપા થાય છે.

૪. પું. (વૈદક) સામાન્યિકમાં જાણતા કાયના બાર માઠેના એક પ્રકારનો દોષ: સામાન્યિકમાં સ્થિરતે થરડ થરડ કરી મેલ બેસવાથી આવતો દોષ

૫. પું હીરાનો એક દોષ કે ખામી.

મલદ્વારી ૧. [સં. મલદ્વારિન્] પું. જમાલગોટો. તપાગો

૨. જિ. રેચક.

મલદ્વાર [સ.] ન ગુદા, ગુદા, નાદા આંતરડાનો નીચલો ભાગ. દર પી ઝાડો બહાર આવે છે.

મલદ્વારવેદના [સં] સ્ત્રી. ગુદાદ્વારમાં થતી વેદના

મલપાત્રી [સં.] સ્ત્રી. બાળકોનાં મળમૂત્ર ઝીલવા માટે રાખેલ પાત્ર.

મલધારી [સં. મલધારિન્] પું. એક પ્રકારનો સાધુ. તે હમેશ મેલો રહે છે

મલન ૧. પું. મસળવાની કે દબાવાની ક્રિયા: મેળ કરવો તે

૨. [હિં.] પું. રસ્તો.

૩ [સં.] ન. તનુ: રાખડી

મલનકરા ન. એક પ્રકારનું ઝાડ. તે દક્ષિણ હિંદમાં થાય છે. તેમાં તે ઘણું જ મોટું હોય છે. તેનાં ફળ ચમકે છે. તે કેફલાનાં દર્દ, સંધિવા, વધુ, ગોઠ, પાણીના ભરાવા અને અર્શ માટે વપરાય છે

મલનિષ્કાસ [સં.] પું. ગંદકીની સાફસૂફી, ગંદીવી સાફ કરવી તે.

મલની ૧ સ્ત્રી બિલાવાની એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. જિ. એ નામની જાતિનું.

મલપતું (મલપતું) જુઓ મલપતું.

મલપતું જિ. મોઢ પ્રમાણે તેવી ચાલવાળું: રાજપા કે ભોનરના ડોળથી ડોલીને ચાલતું: આરેખમપણે આનંદભેર ધીરે ધીરે ડોલતી ભરદાર ચાલે ચાલતું હોય તેવું: અંતરના આનંદ, અભિમાન અને મરોડથી જોનારની દૃષ્ટિ ખેંચાય તેમ લહેરથી ચાલ ચાલવાવાળું: ઉમંગમાં ડાબી ધીમે ધીમે ચાલતું: મીની ડોલતી ચાલતું

મલપરીષહ પું (જૈન) બાવીસ પરીષહો એ નામનો એક પરીષહ. જેમે તેટલો શારીરિક મળ થાય છતાં, તેમાં ઉદ્વેગ ન પામવો અને સ્નાનાદિ સંસ્કારો ન પામ્યા તેને મલપરીષહ કહે છે

મલપવું ૧ અ. ક્રિ. આનંદ માણવો: ખુશી થવું, મદ્દ નદ્દ થવું.

૨. અ ક્રિ આનંદથી છટાદાર રીતે ચાલવું, જોનારની દૃષ્ટિ ખેંચાય તેમ છટાદાર ચાલવું.

મલપંકી ૨ [સં. મલપંકિન્] જિ. કીચડમાં, ખરડાયેલું

૨. જિ. મલિન: મેલું.

મલપાક [સ] પું. (વૈદક) મળનું પરિપક્વ થવું તે ત્રિદોષ જન્યમાં વાત, પિત્ત અને કફ દોષોનો કોપ શાંત થઈ અપક્વ કે આમદોષયુક્ત મલ નાશના પ્રભાવથી જ પાકો બને તેને મલપાક કહે છે. તેના લક્ષણો આ પ્રમાણે છે: દોષનાં ચિહ્નો દેખાતાં હોય તે અટકાઈ જાય, તાવ હલકો પડે, શરીર બધું હલકું લાગે, ઇંદ્રિયો બધી શુદ્ધ થઈને પોતાનું કામ યથાર્થ રીતે કરે.

મલપિંડ [સં.] પું. કેટલાંક પક્ષીઓના ગળા નીચે લટકતો માંસનો લોચો.

મલપૂ ૧. [સં.] ઘણો ઉનરો: કપૂત.

૨. પું. નાનો ઉખરડો.

મલપ્રિયતા [સં.] સ્ત્રી. ગંદવાડ ગમે તેવો સ્વભાવ.

મલપ્રેક્ષ ૧. [સ. ક્ષત્ર] પું. ઇતિહાસ

૨. પું. પવિત્ર કે ધાર્મિક માણસનું વચન.

૩. પું. ખોબેની વસ્તુ.

મલબદ્ધતા [સ] સ્ત્રી. આંતરડાનો અવરોધ

મલબ્ધ [સં] સ્ત્રી. એ નામની એક ઔષધિ, ડોકામારી. ઝાડો ન બંધાતો હોય તેને ડોકામારી અવરાવવાથી ઝાડો બંધાય છે, માટે તેને મલબ્ધ કહે છે.

મલબ્યા ૧. [હિં.] પું. કમરો.

૨. પું. ગામડામાં રોઈ અધિકારી કે અમલદાર આવે તેના ખર્ચ સારુ ગામલોકો પાસેથી લેવામાં આવતી રકમ.

મલબ્યા ખર્ચ = ગામડાનું ખર્ચ.

૩. પું. પડી ગયેલા ઘરની ઈંટ, પથરા, માટી વગેરે માંહેનું કરકટ.

અલબ્બાર ૧. પું. દક્ષિણ ભારતનો એક પ્રદે- તેમાં ટ્રાનાતોર, તેલાચરી, કેરોકટ અને ટેલ્ લિ એ મુખ્ય શહેરો તથા બંદરો છે મલબારમા મલયાલમ ભાષા બોલાય છે લોકો દિવસમા બે ત્રણ વખત સ્નાન કરે છે સ્ત્રીઓ સ્નાન કરતી વખતે તેમના અંદર કપડા મરી અને શરીરનો ઘૂમે મેળવી મસ્તકમા ચોળે છે, શરીરે પણ લગાડે ઓળે છે. મલબારમા મત્સ્યની મિલકતનો ખરો વારસ નાયર, નંબૂદ્રિ પણ ગણાય છે. બાલ્યવયે પરણેલ સ્ત્રી સિવાય બીજી અન્ય જ્ઞાતિની સ્ત્રી સાથે સંબંધ જોડી શકે છે તેને માટે જ્ઞાતનો પ્રતિબંધ હોતો નથી, તમ પરણેતર સ્ત્રી પણ વધુ ઉઠાવી શકતી નથી, કારણ કે ઉપલક્ષના મરણ પ્રસંગ સિવાય પતિને ઘરમા ન રહેતાં પોતાના બાપને ઘરે રહે છે. આ રીતે પુત્ર થાય તે મામાના વારસાનો હકદાર ગણાય છે કેટલીક જ્ઞાતોમા એક સ્ત્રી પાંચ પુરુષ કરી શકે છે, પણ તે પાંચે પુરુષ એકજ માબાપના સંતાન હોવાં જોઇએ. આવા લોકોનું એવું કહેવું છે કે, પૂર્વે પાંચાલીને પાંચ પતિ હતા તેથી તેમા દોષ ન હોય. પ્રથમ ભાઈ વચ્ચે એક પત્ની હોય, જ્યાં પાંચ પુરુષ સાથે ન રહેતા અમુક માસની મુદત પ્રમાણે જ્યાં સાથે રહે છે. ઉત્તર મલબારમા નંબુરી બ્રાહ્મણોની વધુ વસતી છે. તેમનામાંના કેટલાકને વધુ જમીન હોવાથી ગુજરાનનો ફિકર હોતી નથી, તેથી તેઓ દિવસનો વધુ ભાગ કર્મકાંડમાં ગાળી શકે છે. શૂદ્ર જ્ઞાતિની સ્ત્રીઓ આવા નંબુરી બ્રાહ્મણો અને નાયર જ્ઞાતિના લોકોને ત્યાં સેવાચાકરી કરી ગુજરાન ચલાવે છે. જ્યાં મલબારમાં રહેતી આર્યા જાતિ ની સ્ત્રીઓ માત્ર કમરે કપડું વીંટી શરીરનો ઉપલો ભાગ ખુલ્લો રાખે છે. નાયર જ્ઞાતિમા પણ વધુ જમીનદાર હોય છે. તેઓનાં મકાન જોવા લાયક છે. આવાં મકાનો ભાગ કરીને ગામડાંઓમાં હોય છે. આ જમીનદારની સ્ત્રીઓ બાળકે જ બહાર નીકળે છે. આ ભાગની મુખ્ય પેદાશ ચોખા, નાળિયેર, કોફી અને તીખા છે અને માછલા પકડવાનો ધંધો પણ અહીં ચાલે છે.

૨. જ. દક્ષિણ ભારતમાં આવેલું એ નામનું એક શહેર. તે શંકરાચાર્યની જન્મભૂમિ છે

અલબ્બારી ૧. પું એ નામના પ્રથમ પંક્તિના એક ગુજરાતી કવિ. તેમનું આખું નામ અહેરામજી મેરવાનજી મલબારી હતું એ પારસી હતા. તેમણે શુદ્ધ ગુજરાતી ભાષામાં ઘણી કવિતા લખી છે. તેઓ રિયતિએ મરીળ હતા. પારસી હોવા છતાં તેમની ભાષા અસલ ગુજરાતી છે. કવિ જોવી જ છે. તેમની કવિતાનો સમય ૧૯૫૫ નો છે. તેઓ ફિરદોસી નામે અખબાર ચલાવતા હતા. તેમણે ગુજરાતી નામના પુસ્તકથી તેઓ વધારે આગળ આવ્યા હતા. તેમણે અંગ્રેજીમા પણ કાવ્યો રચ્યાં છે. તેમણે અંગ્રેજીમા ઇન્ડિયન સ્પેક્ટેટર નામે છાપું કાઢ્યું હતું. તેઓ અવલ નંબરના સમાજ સુધારક હતા. આ દેશની વિધવાઓ સ્વતંત્ર અને સ્વાધીન જીવન ગાળે તે હેતુથી સેવાસદન નામક સંસ્થાની સ્થાપના કરી હતી. તેમનું આગલમ અટકાવવા ખૂબ ખૂબ પ્રયત્ન કર્યા હતા. સને ૧૯૧૨મા તેમનું મૃત્યુ થયું.

૨. સ્ત્રી એક જ્ઞાતની રોટલી. તે ખૂબ જાડી તથા ખોટી હોય છે. તેનો રંગ પીળાશ પડતો લીલો હોય છે. તે ખાસ કરીને સુરત તરફ વપરાય છે

૩. વિ. અલબાર પ્રાંતનું; મલબારનું વતની; મલબારનું.

મલબારી ઠોકુ = નામનું માણસ. તિરસ્કારમા વપરાય છે.

અલબારી લાલ પું. (ઇ-છી) અગ્નિ જુઓ

અલબૂરી સ્ત્રી એક જાતની એક વનૌષધિ

અલબેરો [ ] પું. [ ]
નલબેરી [ ] પું. [ ]

અલભુજ ૧. [સં. મલ (મળ) + ભુજ (ખાનાર)] પું. કાગડો
૨. સ્ત્રી. કાગડી.

અલભોંની સ્ત્રી [ ] પું. કડુ તરબૂચી ઔષધિ. કડવું સેવન પેટના જામી ગયેલા મળ કાઢી નાખે છે, માટે તને મલભેદિની કહે છે

અલભેદી [સં. મલભેદિન્] વિ. મલનો નાશ કરનાર; મલનાશક.

અલભોગ ન. કેળાની એક નામની એક જાત. તે આસામ પ્રાંતમાં સપાટ મેદાનમા થાય છે.

અલભોજ્ય પું. એક જાતનો ઝોડ ઉદ્ભિજ્જ અથવા પ્રાણીજ્ય હોવા છતા સંદિગ્ધ પદાર્થોથી સમૃદ્ધ બનેલ ભૂમિમાં આ ઝોડ ઉગે છે અને તેમાંથી પોતાનું પોષણ મેળવે છે. સાચા અથવા સંપૂર્ણ મલભોજ્ય તદ્દન સફેદ રંગી હોય છે, જ્યારે અર્ધપાકા મલભોજ્ય લીલા રંગના હોય છે. તેના મૂળ કુમળા રેસાળ કમૂલ સાથે સંબંધમા આવે છે. એ રેસાળ કમૂલ મૂળ કેશની મરજ સારે છે અને સડેલા સેંદ્રિય પદાર્થોમાંથી જ ખોરાક મેળવે છે.

અલમ્ [અ. મરહમ] પું. ગડગૂમડ ઉપર ચોપડવાનું ચીકાશ વાળું ઔષધ. ઘાવ અને ગડગૂમડ વગેરે ઉપર લગાડવાનું ઔષધયુક્ત મીશ્રણ; દવાને બદલે અથવા મીશ્રણમાં કાજરીને બનાવેલી ચામડી ઉપર લગાડવાની દવા; લેપ.

અલમપટી સ્ત્રી મલમવાળી લગાડવાની પટી; ઘારાં અને ચાંદાં વગેરે ઉપર ચોકવાની મલમ લગાડેલી કાગળ કે કપડાની નાની કાગળી; આગળી; મલમપટો

મલમપટી કરવી-મારવી-લગાવવી = (૧) ઘા, ચાંદાં વગેરે ઉપર તેના બે ભાગ મળી બને એમ મલમ વગેરેની આગળી ચોકવી કે પટી મારવી. (૨) બંધુર લબ્દો બોલી સામાનું મન જીતવું; કટકાવ્યા પછી પાછું મન મનાવી લેવું; ખુશામદી કે મનાવી લેવું; ખુશામદ કરવી. (૩) રૂઆબ આવે કે રોષ ઉતરે તેમ કરવું.

અલમપટ્ટી જુઓ મલમપટી.

અલમપટ્ટો જુઓ મલમપટી.

અલમપટ્ટો જુઓ મલમપટી.

અલમલ ૧. સ્ત્રી.બ. એક જાતનું બારીક, મુલાયમ, સુરેખ વસ્ત્રાવરણ સુતરાઉ કાપડ; મસ્લીન.

ઢાકાની મલમલ = ઊંચા પ્રકારની મલમલ. બંગાળમાં ઢાકા નામનું શહેર છે, જ્યાંની મલમલ અગાઉના વખતમાં બહુ વખણાતી.

૨. જ. કાર્યને ચાલવાનો હુકમ આપવામાં વપરાતો શબ્દ.

અલમલા ૧ વિ. ઉદ્ધત.

૨. [હિ] વિ. બારાય પડતું; બાજરું.

અલમલાટ ૧. સ્ત્રી આરાપત્ય.

૨. સ્ત્રી. પશ્ચાત્તાપ.

મલમલાટ આવવો = પશ્ચાત્તાપ કરવો; દિલગીર થવું

અલમલાપવું ૧. સ અ ક્રિ. પશ્ચાત્તાપ કરવો; અફસોસ કરવો

૨. સ. ક્રિ. મોંમાં રાખી હલાવવું; ચગળવું.

૩. સ. ક્રિ. વારંવાર આલિંગન કરવું.

૪ સ ક્રિ વારંવાર ખોલવું ને ઢાંકવું.

૫ સ ક્રિ વારંવાર સ્પર્શ કરાવવો.

અલમલાહટ જુઓ મલમલાટ.

અલમલી ૧. વિ. બહું બારીક.

૨. વિ મલમલનું બનેલું

અલમલ્લક [હિં.] પું. કૌપીન; લંગોટ; લંગોટી.

અલમા જુઓ મલબા.

મલમાસ ૧. [સં] પું. અધિક માસ; પુરુષોત્તમ માસ; સૂર્યની સંક્રાંતિના અભાવવાળો માસ સાધારણ રીતે બાર મહિનાનું વર્ષ માનવામાં આવે છે. પરંતુ કોઈ કોઈ વખત તેર મહિનાનું પણ વર્ષ થાય છે. આવું ફક્ત ચાંદ્રમાસમાં જ થાય છે અને માસ હમેશાં વર્ષમાં બાર જ હોય છે. ચાંદ્રમાસની ગણતરીનું કારણ એ છે કે, દિવસરાત્રિનું માન જેને દિનમાન કહે છે તે ૬૦ ઘડીનું મનાય છે પરંતુ એક તિથિનું માન ૫૮ ઘડીનું હોય છે તેથી ૩૦ દિવસમાં ૩૧ તિથિઓ આવે છે. આ હિસાબે ચાંદ્રવર્ષ અને સામાન્ય વર્ષમાં ૧૨ વર્ષે બાર દિવસનો તફાવત પડે છે જે પાંચ વર્ષમાં પૂરા બે મહિનાનો થઈ જાય છે. આવા અધિક માસને મલમાસ કહે છે જે ચાંદ્રમાસમાં સૂર્યની સંક્રાંતિ આવતી હોય તે શુદ્ધમાસ કહેવાય છે, પણ સંક્રાંતિ વગરનો માસ જાનુલંઘિત, ક્ષય અને મલમાસ એમ ત્રણ પ્રકારનો મનાય છે. જે માસમાં સૂર્યસંક્રાંતિ ન આવે, તેને જાનુલંઘિત અને મલમાસ કહે છે, પણ જો સૂર્યસંક્રાંતિ શુક્લ પ્રતિપદાને દિવસે આવે તો તેને ક્ષયમાસ કહે છે આ મહિનાઓને બે અયનોમાં વહેંચવામાં આવ્યા છે એક વૈશાખથી આસો સુધીનો ને બીજો કારતકથી ચૈત્ર સુધીનો. મલમાસ સામાન્ય રીતે કાર્તિકથી માગશર સુધીના દસ મહિનામાં જ આવે છે. આકીના બે મહિનામાંથી પોષમાં તો કદી મલમાસ આવતો જ નથી અને માહ માસમાં બહુ જ ઓછો આવે છે. જો દક્ષિણાયન અને ઉત્તરાયણ બંને અયનોમાં બે માસ મલમાસલક્ષણયુક્ત આવે તો દક્ષિણાયનનો માસ જાનુલંઘિત અને ઉત્તરાયણનો માસ મલમાસ કહેવાય છે. પણ જો એક જ અયનમાં બે માસ મલમાસલક્ષણયુક્ત આવે તો પહેલો મલમાસ અને બીજો જાનુલંઘિત કહેવાય છે પરંતુ એવા બે માસ બે જ વર્ષમાં આવે છે, જેમાં ક્ષયમાસ પણ આવતો હોય. પણ કારતક, માગશર અને પોષ મહિનાઓમાં ક્ષયમાસ આવતો નથી. વિવાહ વગેરે શુભ કાર્ય જે પ્રકારે મલમાસમાં વર્જિત છે, તે જ પ્રકારે જાનુલંઘિત અને ક્ષયમાસમાં પણ વર્જિત છે.

૨. પું. તેર; તેરની સંખ્યા.

મલમૂત્ર ૧. [સં.] ન. મળ અને મૂત્ર; વિષ્ઠા તથા પેશાબ.

૨. વિ. ગંદકીવાળું; ગંદવાડ સંબંધીનું

મલમૂલ [સં.] ન. પાપનું મૂળ.

મલમેટ ૧. વિ. નાશ પામેલું.

૧. મલમેટ કરવું = નાશ કરવો; ઉન્મૂલન કરવું

- મલમેટ થવું = નાશ પામવું.

૨. [હિ.] સ્ત્રી. કેંસલો આપેલ.

મલમો પું. એક જાતનું પાટિયું.

દુષ્ટ નોકરોનાં પરિવારને બાજો પાસા મલમલના પરિવાર ને તરવાના છે દલિત

મલય ૧. પું. અઢારમાનો એ નામનો એક દ્વીપ

૨ પું. (પુરાણ) ઋષભદેવના નવ મહેનો એક અધિપતિ પુત્ર

૩. ન. મકરંદનો એ નામનો એક પુત્ર.

૪. [સં.] પું. ચંદનવૃક્ષ

૫ પું. (પિંગળ) છપ્પયની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૨૫ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૨૭ વર્ણની ૧૫૨ માત્રા અથવા ૨૫ ગુરુ અને ૯૮ લઘુ મળી કુલ ૧૨૩ વર્ણની ૧૪૮ માત્રા હોય છે.

૬. પું નંદનવન

૭. ન. પદ્મરાગની જાતનો ભાત; પદ્મરાગની કોર્મ પણ ભાત

૮. પું (પુરાણ) ભારતવર્ષના નવ ભાગોનો કોઈ એક ખંડ

૯. પું. (પુરાણ) ભારતવર્ષનો એક ઉપપર્વત. તેમાંથી કૃતમાલા, તામ્રા, પુષ્પજા અને ઉત્પલાવતી વગેરે નદીઓ નીકળે છે

૧૦. પું. (પુરાણ) મનસ પર્વતનું શૃંગ.

૧૧. પું. મલબાર.

૧૨ પું. મલબાર દેશનો રહેવાસી આદમી.

૧૩. પું મેરુની દક્ષિણથી લગાતો પ્રાટનો પર્વત; મલબાર પ્રદેશમાં આવેલો ચંદનનાં જંગલોવાળો મલયપર્વત; મલયાચળ. તે ત્રાવણકોરની પૂર્વ હદ કરીને રહ્યો છે. એલચી, સોપારી, મરી, સુખડ વગેરે પદાર્થો એ પર્વતની શ્રેણી ઉપર ઊગે છે

૧૪. પું સફેદ ચંદન

૧૫. ન. (ગિરબ) એક જાતનું ભાતીગળ ઘર.

ચંદ્ર મરતી કાળી ઘરફ એક કુલ્લ વખારવાળા આવે તો તે મલય નામે ઘર થાય

ગરબાવલિયા

૧૬. ન. મલબાર દેશના સૂતરનું બનેલ વસ્ત્ર

મલયગંધિની [સં.] સ્ત્રી. પાર્વતીની એ નામની એક સખી

મલયગિરિ ૧. પું. મલયાચલ

૨. પું. એક નામનો એક જૈન ટીકાકાર. તેણે લખેલી તત્ત્વાર્થાધિગમ ઉપરની ટીકા સિવાય બીજી મળતી નથી. તે વિક્રમના બારમા, તેરમા સૈકામાં થઈ ગયેલા વિદ્વાન શ્વેતાંબર વિદ્વાનોમાંનો એક છે. આચાર્ય હેમચંદ્રના સમકાલીન અને સર્વશ્રેષ્ઠ ટીકાકાર તરીકે તે ગણાતો છે.

૩. [સં] પું દક્ષિણમા આવેલો ચંદનનાં જંગલવાળો પર્વત; મલય નામનો પર્વત.

૪ પું. દાલચીનીની જાતનું એક મોટું અને ઊંચું વૃક્ષ તે આસામ અને દાર્જિલિંગમાં થાય છે.

૫. સ્ત્રી એ નામની જંગલ કે ડુંગરની એક દેવી.

મલયજ ૧. [સં. મલય (મલય પર્વત) + જ (જન્મ થયેલું)] પું મલય દેશનો વાયુ.

૨ પું ગંધ

૩ ન ચંદનનું ઝાડ; ચંદન; સુખડ

પ્રસાર શ્રી ખડ હરિ મલયજ અદ્ર પરીર,
ચંદનને કંપન ગાવું મલયાચળના બીર.

પિત્રભક્તપ્રકોપ

૪ ન. મલયદેશની બનાવટનું વસ્ત્ર

૫ વિ. મલય પર્વત કે દેશમાં ઊપજેલું; મલય પર્વત કે દેશમાં ઉત્પન્ન થનાર.

મલયજસુરભિ પું. (પિંગળ) એ નામે બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ભગણ, બે નગણ અને ભગણ મળી બાર અક્ષર હોય છે.

ઉદાહરણમાં **મલયજસુરભિમા** છે

ઇન્દુપિંગળ

મલયદ્રુમ ૧. [સં.] પું ચંદન વૃક્ષ.

૨. પું. મૈનીની નામનું ઝાડ; મદન.

મલયધ્વજ પું. (પુરાણ) પાંડવેશ્વર. તે ચિત્રાંગદનો પિતા અને અર્જુનનો સસરો થાય. પ્રાંડીર અને ચિત્રવાહન એવાં એનાં બીજાં નામ પણ છે.

મલયપર્વત જુઓ મલયગિરિ.

મલયભૂમિ [સં.] સ્ત્રી. હિમાલયનો એ નામનો એક પ્રદેશ.

મલયલમ જુઓ મલયાલમ.

મલયવાસિની [સં] સ્ત્રી. દુર્ગા દેવી

મલયસમીર [સં. મલય + સમીર (પવન)] પું મલય પર્વત તરફથી આવતો પવન. તેના ઉપર પુષ્કળ ચંદન વૃક્ષો આવેલાં છે, માટે તેમાંથી આવતો પવન સુગંધમિશ્રિત હોય છે

મલયા ૧. [સં.] પું. એ નામનો એક પર્વત. પશ્ચિમઘાટ.

૨. પું (પિંગળ) જગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સમ્વર્ણી. તેના દરેક ચરણમાં બાર રગણ મળી બાર અક્ષર હોય છે

૩. પું. મલબાર દેશ

૪ સ્ત્રી. એક જાતનો છોડ.

૫. સ્ત્રી. નસોતર; નિસોથ.

૬. સ્ત્રી. સોમરાજી.

મલયાગરુ ૧ [સં.] ન. મલય પર્વત અને મલબારમા થતું એક જાતનું ચંદનવૃક્ષ; રક્તચંદન; બહુ જૂનું સુખડનું ઝાડ.
૨. ન. મલયનું સીસમ.
૩. ન. સારામાં સારી સુખડ

મલયાગિરિ જુઓ મલયગિરિ

મલયાચલ [સં. મલય + અચલ (પર્વત)] પું. મલય નામનો પર્વત; મલયાદ્રિ; મલયગિરિ; દક્ષિણમાં આવેલ એ નામનો એક પર્વત.

મલયાચળ જુઓ મલયાચલ

મલયાદ્રિ જુઓ મલયગિરિ.

મલયાનિલ [સં. મલય + અનિલ (વાયુ)] પું. મલય પર્વતમાંથી આવતો પવન મલય પર્વતમાં સુખડ બહુ જ થાય છે, તેથી તે પવન શીતળ અને સુગંધમય હોય છે.

મલયાલમ ૧. [હિ.] પું. દક્ષિણનો એક પહાડી દેશ.
૨. જી, અઢારમા સૈકાની એક અર્વાચીન લિપિ.
૩. જી. કેરલ પ્રાંતની ભાષા. આ ભાષામાં કેટલાક સંસ્કૃત શબ્દોનું મિશ્રણ છે. દક્ષિણ હિંદમાં આ ભાષા બધે સ્થળે બોલાય છે.

મલયાલિ ૧. [હિ.] જી. મલબાર તરફ બોલાતી એક ભાષા
૨. વિ. મલબાર દેશનું; મલબાર દેશ સંબંધી.
૩. વિ. મલબાર દેશમાં ઉત્પન્ન થયેલું

મલયાલી જુઓ મલયાલિ

મલયુગ [હિ.] પું. કલિયુગ.

મલયુદ્ધ ન. કુસ્તી.

મલયૂ [હિ.] પું. નાનો ઉંમરડો; નાવલી વનસ્પતિ.

મલયોદ્ભવ [સં.] પું. અગર.

મલવહુનઆર્યંત્ર પું. (સંગીત) સારેગમ રાગની તેર માંહેની એક ધ્વનિ.

મલવહુનમલ્હાર જી. (સંગીત) મલ્હાર રાગિણીની અગિયાર માંહેની એક રાગિણી.

મલવૈજાક ન વિષ્ટામાં માલુમ પડતું એક દ્રવ્ય.

મલવ્રુચિ [સં] વિ. દુષ્ટ સ્વભાવનું; પાપી.

મલરોધ [સં] પું. કબજિયત; અટકોઠ; મલાવરોધ; બાદી; અટકજી.

મલરોધક ૧. [સં.] ન. જેને, તે ઝાડાને રોકે છે, તેથી તેને મલરોધક કહે છે.
૨. વિ. મળને રોકનાર; કબજિયત કરનાર.

મલરોધન [સં.] ન. કબજિયત; બંધકોશ.

મલવણી જી. સરખામણી.

મલવર્જિતા [સ.] જી. સીતાનું હજાર માંહેનું એક નામ.

મલવાઈ [હિ.] જી. બસવાની કીમત.

મલવાહન ૧. [સં.] ન. મલવાહનવાળા; મટર; ' કેરેવન્સી '.
૨. ન. મળ વહી જવો તે.

મલવાહનપદ્ધતિ [સં.] જી. મટર મોજના.

મલવિધ્વંસા [સં.] જી. નર્મદાનાં હજાર માંહેનું એક નામ.

મલવિનાશિની ૧. [સં.] જી. એક જાતનો ક્ષાર.
૨. જી. કંમપુષ્પી નામની વનસ્પતિ.

મલવિસર્ગ [સં.] પું. ઝાડે ફરવું તે; મલોત્સર્ગ.

મલવિસર્જન જુઓ મલવિસર્ગ.

મલવું ૧. [સં. મૃદ્] સ. ક્રિ. પીસવું.
૨. સ. ક્રિ. ઘસવું; ઠબરવું; મસળવું; ચોળવું; ઇત્યાદિ.
૩. સ. ક્રિ. માખવું.

મલવેગ [સં.] પું. અતિસાર.

૫. પું. હેતુ.

અસલિન ન. એક જાતનું ભારીક સુતરાઉ કાપડ; મલમલ.

અસલું [સં. મસક] ન. કાંસ; મજ્જર.

અસલો ૧. પું. કસ; સત્ત્વ.
૨. પું. વસ્ત્રાભાત મુદ્રણસર ન ભરવાથી કરાતો દંડ.

અસલ્લો [અ. મુસલ્લા] પું. નમાજ પઢવા માટે પાથરવામાં આવતું કપડું.

અસવણી સ્ત્રી. જવારા વારી તેનું પાંચ દિવસ પૂજનઅર્ચન કરી પાળવાનું બેહરીઓ માટેનું એક વ્રત; ગૌરીપૂજન; અનસરવણી વ્રત.

અસવાડ (અસવાડા) ૧. પું. ગમ.
૨. પું. ગર્ભ રહેવો તે; દહાડા રહેવા તે; હમલ.
૩ પું બ.વ. ગર્ભાવસ્થાના મહિના

અસવાડી (અસવાડી) સ્ત્રી. પારકો બકરા લોહીને તેમનાં ઢોર ચરાવવા ગોચર આપીને લેવામાં આવતો કર; રબારી ભરવાડ વગેરે પાસેથી ઢોર ચરાવવા બદલ લેવામાં આવતો કર; અરાઈ કો.

અસવાડું (અસવાડું) ન. ઘરની પછીત પાળની જમીન; ભીંડી; ઘરનો પાછલો વાડો કે ભાગ; પછવાડું; નવેણું.

અસવાડો (અસવાડો) ૧. પું. ગર્ભ રહેવો તે; ગર્ભ.ધાન.
૨ પું. ગામ પાછળનો ભાગ; ઉપવાડો; પાદર; ભાગોળ; ગામનું પછવાડું.
૩. પું. મહિનો. માસ.

અસવારા [હિ.] પું. પ્રસવ પછી એક મહિનો પૂરો થયે પ્રસૂતા સ્ત્રીએ કરવાનું સ્નાન.

અસવાસી ૧. પું. એક જગ્યાએ એક જ માસ સુધી રહેનાર વિરક્ત સાધુ.
૨. સ્ત્રી. કોઈ પુરુષ પાસે એક મહિનાથી વધારે ન રહેનારી સ્ત્રી; ભક્ષિકા.

અસહરી ૧ સ્ત્રી પલંગ.
૨. [સં. મશક (મચ્છર) + હ (હરતુ)] સ્ત્રી (હિંદી) મચ્છરદાની.

અસહામુરસ ન. હિમાલય પર્વતમાં થતુ એક જાતનું જનાવર.

અસળવું ૧. સ કિ. મસળવું; દાબીને કચરી નાખવું
૨ સ કિ. ચોળવું; ઘસવું; રગડવું.
૩. સ કિ. દાબવું; ચાંપવું
૪. સ. કિ. માર મારીને અધમૂઉ કરવું, ગૂંદવું.

અસળાવવું ૧. સ. કિ. ચંપાવવું; દબાવવું.
૨. સ કિ. ચોળાવવું; રગડાવવું; માલિસ કરાવવું; મર્દન કરાવવું
૩. સ કિ. દાબીને કચરી નખાવવું.
૪. સ. કિ. માર મરાવવો.

અસળીવું ૧. અ. કિ. ચંપાવું; દબાવું
૨. અ. કિ. દુંપાવું.
૩. અ કિ. અસળાઈ જવાનું; ચોળાવું.
૪. અ. કિ. ચાંપી શકાવું; દાબી શકાવું.
૫. અ કિ. ચોળી શકાવું; અસળી શકાવું.
૬. અ કિ. દાબીને કચરી નાખી શકાવું.
૭. અ. કિ. માર મારીને અધમૂઉ કરી શકાવું.

અસળિયું ન. અનાજ અસળવામા ઉપયોગી ખેતીનું એક ઓજાર તે ત્રણ કૂટ લાંબા અને બે કૂટ વ્યાસવાળા ગોળાકાર લાકડા પદાર્થનુ બનાવવામા આવે છે. દક્ષિણ ભાગમાં તે વપરાય છે

અસંઢ ન સ્ત્રીએ ધર્મપ્રચારકને અપાતુ નામ.

અસાઈ ૧ સ્ત્રી. આદિવાસમાં વસતી અને ચૂંદકાટ કરી જીવન ગુજારતી એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ
૩ વિ. એ નામની જાતિનું

અસાજ [અં] ન રસાયણ તથા ધાતુની ક્રિયાને ઉત્તેજિત કરવા માટે તેને વપરાય છે એવાની ક્રિયા.

મસાણ ૧. [સં. श्मशान] ન. દહનસ્તાન; દેવમું; મડદાં બાળવા કે દાટવાની જગ્યા; સોનાપુરી; પ્રેતસંસ્કારની જગ્યા; પ્રેતભૂમિ.
૧. મસાણ જગાવવું = અવંતો ઉત્પન્ન કરે તેવું કામ કરવા પિશાચ વગેરેને બોલાવવું.
૨. મસાણના લાકડામાં એલચીની ગંધ ન હોય = કુટુંબીમાંથી એલચીની વાસ ન આવે; હલકા પાસેથી સારાની આશા ન હોય.
૩. મસાણમાં જવું = (૧) કોઈ મરી ગયેલાને બાળવા કે દાટવા સ્મશાનમાં જવું. (૨) મરી જવું.
૪. મસાણમાંથી ખેંચી કાઢેલું = ઉંચા જાતકુળ કે નરમ; ઉંચા મડદા જેવું.
૫. મસાણે ગયાં મડદાં પાછાં ન આવે = મૂએલાં આવું ન ઊંચકે.
૬. મસાણે મજળ = અપરિણત બનાવ.
૨. ન. ચૂનો. નિભાડના ઘોડોની બોલીમાં કોઈ કોઈ શબ્દો ઊલટા અર્થમાં વપરાય છે. એ સોડો ચૂનો સળગાવવો હોય તો મસાણ પકાવો એમ કહે છે

મસાણખડી (મસાણખડો) જુઓ મસાણ ૧.

મસાણખંભી વિ. મસાણમાં રહી લાગો લેનાર.

મસાણિયું ૧. વિ. અશુભ; અપશુકનિયું.
૨. વિ. બોડા બીનું.
મસાણિયા લાડુ = (૧) કોઈના મરણ વખતે મસાણમાં કૂતરાંને અવરાવવાના બોડા બીના લાડુ. (૨) દિલગીરીનું મિષ્ટાન્ન; પ્રેતાન્ન.
૩. વિ. મસાણનું; મસાણને લગતું.
૧. મસ.ણિયું જ્ઞાન = (૧) મસાણને લગતું જ્ઞાન. (૨) માત્ર બોડો વખત રહે તેવું જ્ઞાન.
૨. મસાણિયો લાકડો = જમને બાળ્યા પછી મૂકવાનો લાકડો.
૪. વિ. સ્મશાનમાં જઈ આવેલું.
૫. વિ. હલકા પ્રકારનું.

મસાણિયો ૧. પું. દુષ્ટ માણસ; મેલોઘેલો માણસ.
૨. પુ. મડદા સાથે સ્મશાનમાં ગયેલો માણસ; લાકુ.
૩. પું. મસાણનો ભંગી.
૪. પું. મસાણમાં રહીને સાધના કરનાર માણસ.
૫. વિ પું. મસાણમાં રહેનારો. જેમકે, મસાણિયો બાબો.

મસાણી ૧. [સં. મહાસાધનિક (મુખ્ય સેનાપતિ); પ્રા. મહાસાદણિઅ] પું. બોડાનો ઉપરી અમલદાર; રાવત; અધ્યપાલ; અધ્યક્ષાણાનો ઉપરી; મસાઇણી.
૨. પું. મડદાને લગતો મરણક્રિયા માટેનો સામાન વેચનાર માણસ.
૩. પું. મડદું બાળતી કે દાટતી વખતે ધાર્મિક ક્રિયા કરાવનાર માણસ.
૪. પું. મસાણમાં રહેનાર માણસ.
૫. પું. મોટો સાધક; મસાણમાં રહીને સાધના કરનાર બા.ક્ષી.
૬ સ્ત્રી. પારસી તથા દશા બીમાણી વણિકોની એ નામની એક અટક.
૭. ન. એ નામની અટકનું માણસ.
૮. વિ. અપશુકનિયું.
૯. વિ. એ નામની અટકનું.
૧૦. વિ. બાબાવૂથા જેવું.
૧૧. વિ. ચીડિયું.
૧૨. વિ. દુઃખી.
૧૩ વિ. મસાણિયું; મસાણને લગતું.
૧૪. વિ. મેલુંઘેલું.
૧૫. વિ. સોગિયું

મસાણીરજપૂત ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક પેટા જ્ઞાતિ.
૨ ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

મસાત ૧. સ્ત્રી. ખેડવાની જમીનની માપણી
૨. સ્ત્રી. ખેડવાની જમીનનો આકાર.
૩. સ્ત્રી. મદદેસલ.
૪ સ્ત્રી. ગાયને આપવાનો ઠેર

મસાદ જુઓ મસાત

મસાન ૧. પું. બાળકો ઉપર બરાબ અસર કરતું મનાતું પ્રેત; રાક્ષસ.
૨. [હિ.] પું. મસાણ; સ્મશાન
૩. પું. મોટી ઉપરસ.

મસાના [અ.] પું. મૂત્રાશય; મૂતની કોથળી.

મસાની ૧. સ્ત્રી. શીતળા, ઓરી, અછબડા વગેરેની સાત માઠેની એક દેવી.
૨. [હિ.] સ્ત્રી. સ્મશાનમાં રહેનારી ડાકણી, પિશાચણી વગેરે

મસાર ૧. [સં.] પું. ઉંદરીય ભસ્મ; નીલમ.
૨. પું. એક પ્રકારની વનસ્પતિ. તે કમળિયત અટકાવે છે. તે જ્વરનાશક અને તાકાત આપનાર મનાતી દવાઓમાં વપરાય છે. તેની દાળનું ઓસામણ બહુ સ્વાદિષ્ટ લાગે છે.
૩. પું. કસોટીનો પત્થર.
૪. ન. કડિયા લોકોનું પ્લાસ્ટર સરખું કરવા માટેનું એક ઓજાર; લાકડાનો રંધો.

મસારક જુઓ મસાર ૧.

મસારગલ્લ ન. એક જાતનું રત્ન.

મસારો પું. પ્રસાર; વરસની બાંધી આપેલ પગાર.
રહ્યું ચૂલ્યાં મસારસ દાહડે.
કાન્હડદેપ્રબંધ

મસાલ જુઓ મશાલ.

મસાલચી જુઓ મશાલચી.

મસાલદુમ્મા પું. એક જાતનું પક્ષી. તેની પૂંછડી લાંબી હોય છે. તે સિવાય શરીરનો રંગ કરકોશ રંગનો હોય છે.

મસાલા ૧. પું. આતશબાજી.
૨. પું. કોઈ પદાર્થ તૈયાર કરવા માટેની આવશ્યક સામગ્રી; જેની સહાયતા વડે કોઈ વસ્તુ તૈયાર થઈ રાકે તેવી ચીજો.
૩. પું. દવા કે રાસાયણિક પદાર્થોનો સમૂહ
૪. પું. સાધન.
૫ સ્ત્રી. નવયૌવના અને સુંદર સ્ત્રી.

મસાલાદાર વિ. મસાલાવાળું.

મસાલિયા ૧. સ્ત્રી. સરવણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

મસાલિયા રાવળ ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

મસાલી ૧. પું. મશાલચી.
૨. સ્ત્રી. સોદરી; કોરી.

મસાલેદાર [અ મસાલેદાર] વિ. મસાલાવાળું; મરી મસ.લા નાખીને સ્વાદિષ્ટ બનાવેલું

મસાલેહ ૧. [અ.] પું. કામકાજ.
૨ પું. તેલનો; મસાલો.
૩. પું. વસ્તુ

મસાલો ૧ પુ. કોઈ ચીજ બનાવવા માટે જોઈતા જુદા જુદા પદાર્થો; કોઈ ચીજ તૈયાર કરવાને જોઈતી બીજી સહાયકારી ચીજો; સામગ્રી
૨. પું. ચણતર માટે રેતી ચૂનો વગેરેનો ભેળવેલો માલ
૩. પું તપેલા ઉપર ઢાંકવામાં આવતો કાળો પદાર્થ.
૪. [અ મસાલેહ] પું. તેલનો; હવેજ; રસોઈ બનાવવાની કે સ્વાદિષ્ટ બનાવવા માટે નાખવાનો તેલનો. મસાલા બે જાતના છે: એક જાતનો મસાલો ખારા કે ખાટા પેયમાં નાખવામાં વપરાય છે. જેમકે, મીઠું, [illegible]

હળદર, હિંગ, રાઈ, મેથી, તેલ વગેરે. આ સાત મસાલામાં મેથી કૃમિનાશક અને ઉનાળાની લૂથી બચાવતા તાવને હરનાર મહા ઔષધ છે. રાઈ શરીરમાં ઉપદ્રવ પામતો કફ મટાડનાર અને કુદરતી ગોઠવણી સારું હોવા છતાં પેટ સરતું ઔષધ છે. હિંગ આંતરડાંની ગરબીને હરણે થતા દોષને હરનાર અને ઋતુના ફાડા અટકાવનાર છતાં પેટ ગોઠના બળનારૂપ છે હળદર શરીરમાં વિકાર પામતા ખોરાકના ઉપદ્રવને કફ મારફત બહાર કાઢનાર ગણ્ય છે. મીઠું ગોઠો શુદ્ધિ માટે અને શરીરમાં રસાદને ,કારણે પાચક રસોને ઉત્તેજનાર ખોરાક છે. મરચું કે પ્રજ્વલક તત્ત્વથી ભરેલું છે અને રાઈના મિશ્રણ સાથે શરીરમાં વહેતા ગોઠને લાલ કરવા માટે બહુ ઉપયોગી છે. તેલ આપણા મરબીવાળા ભરપૂર ખોરાકમાંથી શરીરમા ખૂટતી ચરબી ભરી શરીરને નરી તાકાત આપનાર ગરીબોનું ઘી છે. બીજી જાતનો મસાલો ગણ્યા કે મીઠાં પેઠ કે પાકની અંદર નાખવામા આવે છે, જેમકે, બદામ, પિસ્તાં, ઇલાયચી, તજ, જાયફળ, જાવંત્રી વગેરે. આ મસાલો પુષ્ટિકારક મધુમ છે.

૧. મસાલો કાઢવો = (૧) અઘરાળો કાઢવો; મારવું. (૨) કૂટવું. (૩) ચટકવું.

૨. મસાલો ચડવો-ચવો = મસાલાની અસર થવી.

૩. મસાલો પૂરવો-ભભરાવવો = (૧) ઉશ્કેરવું; ચડાવવું; (૨) રસદાર કે સહેજતદાર બનાવવુ (૩) રસિક કરવું. (૪) વધારવું; બહેલાવવુ; ઉમેરણ કરવું; અતિશયોક્તિ કરવી.

૪. મસાલો વાટવો = (૧) કોઈ વિરુદ્ધ હકીકત કહેવી; કોઈ વિરુદ્ધ ઉશ્કેરવું. (૨) મરચું, મીઠું, લસણ વગેરે વાટીને ચટણી બનાવવી

મસાહ જી જજ પદવા જનાર મુસલમાનોથી થતી એ નામની એક ક્રિયા

મસાહણી [સ. મહાસાધનિક (મુખ્ય સેનાપતિ); પ્રા. .મહસાહણિઅ] પું. અધ્યક્ષાળાનો ઉપરી; મસાણી આ શબ્દનો પ્રયોગ કાન્હડદેપ્રબંધમા ઘણુ વાર મળે છે અને તેનો રપષ્ટ અર્થ અધ્યક્ષાળાનો ઉપરી અથવા અધ્યપાલ એવો થાય છે. કાન્હડદેપ્રબંધમા સાધન ઉપરથી બ્યુત્પન્ન થયેલો સાહણ શબ્દ સૈન્યના અર્થમાં વારંવાર વપરાયેલો છે. જેમ વ્યક્તિ અને દેશની અટકીપટકી થાય છે, તેમ શબ્દની પણ અટકીપટકી થાય છે અને જૂની ગુજરાતીમાં તો આ શબ્દ આખી સેનાનો નહિ પણ તેના માત્ર એક ભાગનો એટલે અશ્વસૈન્યનો ઉપરી ગણવા લાગ્યો. વળી પૃથ્વીચંદ્રચરિત અને માધવાનલ કામકંદલાપ્રબંધના અવતરણમાં આ રીતે મસાહણી એ રાજપુરુષ તરીકેનું કંઈક માનારપદ સ્થાન હોવાનું જણાય છે. પારસીઓમા મસાણી અટક હોય છે, તે આ મસાહણીમાંથી થઈ હોવાનું માનવામા આવે છે. મસાણ એટલે રમશાન સાથે એને કંઈ સંબંધ નથી.

અમાત્ય મડલ પ્રધાન, સામંત, મહત્તિઅ, શૌડરણા, બલઅણા, મુકુટ, વર્દલ, અંગરેહ, મસાહણી. હાથી, બારણીયો, એવ વધિ પુરુષિ બારેહ છઈ. કાન્હડદેપ્રબંધ

મસિ ૧. જી. કલમ; લેખણ.

૨. જી. મગજ કે શરીરમાં થતો એક રોગ. તેથી વનસ્પતિ ઉપર કાળા ડાઘ પડે છે.

૩. જી. ઝાડ અને વેલા ઉપર થતા એક જાતના જંતુ.

૪. જી. દંતમંજન; અમુક વનસ્પતિને બાળી બનાવેલો દાંતે ઘસવાનો કાળો ભૂકો

૫. જી. દાંત કાળા કરવાનો ભૂકો

૬. જી. નિર્ગુંડીનું ફળ.

૭. [સં. અમિ] જી. અમિ; કાજળ; મેલ.

૮. જી. કાલી; રકતનાર્ઈ

૯. જ. બદામ; મસે

મસિકઠ [સં.] પું. સાપનું ઝેર.

મસિકર્મોપાધ્યાર્ય પું. (જૈન) આવશ્યકનો હિસાબ રાખવામાં હોશિયાર માણસ.

મસિકા ૧. જી. નિર્ગુંડી નામની વનસ્પતિ; શેફાલિકા

૨. [સં.] જી. કાલી

મસિકૂપિકા [સં.] જી. કાલીનો ખડિયો

મસિકૂપી જુઓ મસિકૂપિકા.

મસિજલ જી. કાલી; રકતનાર્ઈ

મસિધાન [સં.] ન. કાલીનો ખડિયો.

મસિધાની જુઓ મસિધાન.

મસિન [સં.] ન. ક્ષેત્રને પિંડદાન માટે અધિકારવાળો સંબંધ

મસિપત્ર પું લેખક; લખનારનું કામ કરનાર માણસ; લહિયો

મસિપથ [સં.] જી. કલમ.

મસિપ્રસૂ [સં] જી. કલમ.

મસિબિંદુ ન. કાજળનું ટપકું. દુષ્ટ નજરથી બચાવવા માટે બાળકને તે કરવામાં આવે છે.

મસિમષિ પું. કાલીનો ખડિયો.

મસિમુખ ૧. [સં.] વિ. કાળા મોઢાવાળું; મોઢા ઉપર કાલું લાગી હોય એવું.

૨. વિ. ખરાબ કામ કરનાર; દુષ્કર્મ કરનાર.

મસિયા ૧. જી. કચ્છી અને પીંજારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

મસિયાર્ઈ વિ. મારીનું કે માસી તરફનું; મામી બહેન તરફની સગાર્ઈનું

મસિયાર્ઈ ભાર્ઈ = માસીનો દીકરો.

મસિયેણ જુઓ મસિયાર્ઈ.

મસિવર્દ્ધન [સં.] ન. એક જાતની વનસ્પતિ; ગધરસ

મસિહરી જી પડતો.

મસી ૧. પું. એક જાતનો ગોડો

૨. પું. મસીહ; ઈસા મસીહ

૩ જી. અમેરી નામની વનસ્પતિ.

૪ જી એક જાતની માછલી. તે ઓખા પાસેના સમુદ્રમાંથી મળે છે.

૫. જુઓ મસિ.

મસીઆરહું (મસીઆરહું) ન. દ. ક. બળદની આંખો આગળ બાંધવામાં આવતો તોરણ જેવો શણગાર.

મસીકા ૧. પું. આઠ રતીભારનું વજન; માસો.

૨. પું ચાર આની. દલાલ આ શબ્દ વાપરે છે.

મસીકુંઠ પું. એ નામનો એક નરકકુંડ.

જે બ્રાહ્મણ અસત્યબદમાં મોટાઈની સેવા કરે અથવા રાજી રેખાને કરે તે બ્રાહ્મણ પોતાનાં કરેલા જેટલા વર્ષો સુધી મહારૌરવથી મસીકુંડમાં વસે છે. ભગવતી ભાગવત

મસીકૂર્ચ [સં.] પું. કાલીની પીંછી.

મસીજલ [સં.] ન. કાલી.

મસીત જી. મુસલમાનોનું ધાર્મિક સ્થળ; મસ્જિદ.

મસીતખાનીબાજ પું. (મસીત) સિતારના બોલોને આલાપવા અમુક તાલના નિયમમાં જોડીને વગાડતાં ઉત્પન્ન થતા બે માર્ગનો એક બાજ; દલખની બાજ. તેમાં દા દા દા દિ દા દિ દાદિ દાદિ દા દા એમ સીધા બોલ આવે છે, પણ તેમાં બહુ વિલંબિત રહે છે. તેથી તેમાં મીંડ જમઝમા દાસીટ, ગમક ઇત્યાદિ દશવિધ ગમકનું કૌશલ સારી રીતે પૂર્ણ થઈ શકે છે અને તેથી રાગનું સોબ્બું સ્વરૂપ જણાઈ આવે છે. માટે આ બાજને મુરકેબ કહ્યો છે.

મસીતલપ [સં.] ન. શાહીની આદી; મસીની દલ્લી; ' દવાત પેડ '.

મસીતિયર ૧. પું. બ. ૧. મસીદમાં જનારો ખોજાનો એક વર્ગ.
૨. સ્ત્રી. વતણિયા અને ખોજાની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

મસીદ ૧. સ્ત્રી. બંદૂકની માખી; બંદૂકની નાળ ઉપર અવિંગને બેસે બેસાડેલી ઝોડાની કટકી તે બંદૂકથી નિશાન તાકવામાં નિશાન સારૂ જોવામાં આવે છે.
૨. [અ.] સ્ત્રી. મસ્જિદ; મુસલમાનોને નમાજ પઢવાને બાંધેલી જગ્યા; મુસલમાનોનું ધર્મસ્થાન.
૧. મહતનું આવું ને મસીદે સૂનું = બિલકુલ બેદરકાર રહેવું; આવાપીવા કે ઘરબારની જેને જરૂર ન હોય તેવું; નફિકરું.
૨. નમાજ પઢવા જતાં મસીદ બહાર વળગવી= (૧) પારકી પીડા વળગવી; ઉપ વળગવી. (૨) બહું કરવા જતાં પંચાતમાં ફસાવાનું થવું.

મસીધાની જુઓ મસિધાની.

મસીના ૧. [હિં.] પું. એક કઠોળ; મઠાઉ.
૨. [સં.] સ્ત્રી. અળસી.

મસીપત્ર [સં.] ન. અડિયો.

મસીર ૧. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ
૨. [અ. સૈર (મુસાફરી)] ન. મુસાફરીએ જવું તે.

મસીરોષક [સં.] પું. સાદીચૂસ ક્ષારણ; ' બ્લાટિંગ પેપર '.

મસીસો પું. મરસીમો, મરનારની માફિક તિમિત્તે કરવામાં આવતી ક્રિયા

મસીહ ૧. [અ.] પું. ઈસા મસીહ; ઇસુ ખ્રિસ્ત. જ્યારે એમને ખીલાઓ ઠોકો ઠોકીને મારી રહ્યા હતા, ત્યારે તેમના મોંમાથી આ ઉદ્ગાર નીકળ્યા: ઓ ઈશ્વર, આટલી વાતનાઓ કેમ આપે છે? પરંતુ નરત જ ઈશ્વર ઈસાએ પોતાના મનનો તોલ સંભાળ્યો અને કહ્યું: ઠીક, જેવી તારી મરજી, તારી જ ઇચ્છા પૂર્ણ થવા દે. આ લોકોને ક્ષમા કર. એ નથી જાણતા કે પોતે શું કરી રહ્યા છે. હજરત ઈસાના આ ઉદ્ગારમાં મોટું રહસ્ય ભરેલું છે. દેહથી આત્માને કેટલો અલગ કરવો જોઈએ, તેનું આ ચિહ્ન છે. કયાં સુધી મજહબ નિર્મોહ કરવો જોઈએ, કયાં સુધી નિર્મોહ કરી જાવ છે, તે ઈસા મસીહના જીવનથી માલૂમ પડે છે.
૨. પું. જીવનદાતા; મડદાને જીવતા કરનાર મહાપુરુષ.

મસીહા જુઓ મસીહ.

મસીહાઈ ૧. [અ.] સ્ત્રી. ઈસુ ખ્રિસ્તની દૈવી શક્તિ.
૨. સ્ત્રી. મરેલાને જીવતા કરવાની શક્તિ.
મસીહાઈ કરવી = સજીવન કરવું.
૩. જો મસીહની પદવી.
૪. સ્ત્રી મસીહનો અનુયાયી; ઈસાઈ.
૫. વિ. ઈસા મસીહ સંબંધી.
૬. વિ. ઈસુ ખ્રિસ્ત જેવું

મસીહી જુઓ મસીહાઈ.

મસીહુલ્લાહ જુ ઈસુ ખ્રિસ્ત.

મસુદી ૧. પું. એ નામનો એક મુસાફર. તે ઈ સ. ના નવમા સૈકામાં નવસારી શહેરમાં આવ્યો હતો
૨. વિ ખોજણી; તપાસિક.

મસુર ૧. [સં.] પું. ઓશીકું.
૨. સ્ત્રી. એક જાતની દાળ. તે વટાણાની દાળ જેવી પણ લાલ રંગની હોય છે. મુસલમાન લોકો તેનો બહોળો ઉપયોગ કરે છે. આ રંગને લીધે બધાખરા હિંદુ લોકોમાં વપરાતી નથી. તે આવી, શીતળ, પિત્તહર અને વાતહર છે. જવરમાં તેનો ઉપયોગ થાય છે.
૩. ન. એક જાતનું કઠોળ; મંગલ્લક. તેનાં પાન અળીયાંમાં ખોળ થાય છે.

મસુરક ૧. [સં.] પું. ઓશીકું; ગાલમસૂરિયું.
૨. પું. મસૂર ધાન્ય.

મસુરચોડી (મસુરચોડી) સ્ત્રી. એ નામની એક રમત. તે ખુલ્લી જગ્યામાં રમાય છે. દાવ ઠરાવ્યા પછી કોઈ એક રમનાર જમીન ઉપર બેસે અને એક પગ લાંબો કરી તેનો પંજો જમીન ઉપર ઊભો કરે. પછી બધા રમનારાઓ તેના ઉપર કૂદીને બીજા બાજુ જાય. એમ કૂદતી વખતે તેના કોઈ ભાગને તેણે અડવું ન જોઈએ. અહીં જવાબ તો અડનાર ઉપર દાવ આવે. જેના ઉપર દાવ આવે તેણે બેસી જવું પડે.

મસુરતી ૧. [ફા. મુસત્તર (અભિપ્રાય)] સ્ત્રી. મસલત; મત. સલાહ
માંહોમાંહિ બીસીનઈ,
મોટ મસીખી મસુરતી બીજી.
કનકકટેમ્પબંધ
૨. સ્ત્રી. મસૂરની દાળ.

મસુરા ૧. [સં.] સ્ત્રી ગોખાની એક જાત.
૨. સ્ત્રી. વેશ્યા; રંડી.

મસુરિકર જુઓ મસૂરિક.

મસુરિયક સ્ત્રી. એ નામની એક ધાતુ.

મસુરી ૧. સ્ત્રી. મસૂર ધાન્ય.
૨. ન. એક જાતનું ઘાસ.
૩. ન. દેહરાદુનથી તેર માઈલ દૂર હિમાલયના પહાડ ઉપર આવેલું એ નામનું એક રમણીય સ્થાન.

મસુરોબ્બા ૧. સ્ત્રી. વાળંદની એ નામની એક પેટા જાતિ. સુરત તરફ તેને મનકા કહે છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

મસુલ સ્ત્રી. કીમત.

મસુંદવું સ. ક્રિ. ગાલ જેવું કરીને ચૂંથવું; ખોતરવું.

મસૂ [હિ.] સ્ત્રી મુસકેલી; મહનાઈ.

મસૂડા (મસૂડ) [હિં.] પું. બ. વ. પેઢાં; અવળું.
કાંસકીઓનાં ઝોડાં બાળીને રાખ કરી સમાન ભાગ સિંધવ મેળવી સરસીઆ તેલમાં ચૂંદી દાંત ઘસવાથી દંતરોગ, મસૂડા ફૂલવા વગેરે મોંના રોગ મટે છે. વૈદ્યકલ્પતરુ

મસૂઢી [હિં.] સ્ત્રી. ધાતુ ગાળવાની કૂંડી.

મસૂદ ૧. [અ.] વિ. આબાદ.
૨. વિ. નસીબદાર; સુખી

મસૂદા [અ.] પું. કાચું લખાણ; મુસદ્દો; ' ડ્રાફ્ટ '.

મસૂદી સ્ત્રી (જુ. ગુ.) મુસદ્દી.

મસૂદો જુઓ મસૂદા.

મસૂર ૧. પું.;ન. રોમરાજની પાંખવાળા પક્ષીની એક જાત.
૨ જુઓ મસુર.

મસૂરકર્ણ [સં.] પું. એ નામનો એક ઋષિ.

મસૂરચંદ્ર સ્ત્રી. મસૂરની દાળ.

મસૂરા ૧. [હિં.] પું દાંતનાં પેઢાં.
૨. જુઓ મસુરા.

મસૂરાકાર વિ મસૂરની દાળ જેવા આકારવાળું.

મસૂરિકા ૧. [સં.] સ્ત્રી. કાળું નસોતર; નમોતર
૨. સ્ત્રી. કુદરતી સ્ત્રી, પર પુરુષ સાથે પર ઓને મેળાપ કરાવનાર સ્ત્રી; દૂતી
૩ સ્ત્રી. નસનો રોગ; વસંત રોગ.
૪ સ્ત્રી મચ્છરદાની.
૫. સ્ત્રી મસૂર
૬. સ્ત્રી. શરીર ઉપર તુવેરના દાણા જેવા ફોલ્લા ફૂટી નીકળવા તે; શીતળા; સૈવ.

અસૂરિયા ૧. જી. ઓરી.
૨ જી. મંતા, શીતળા.

અસૂરિયું [સં. અસૂરક] ન. ઓળ ઓરીકું. જેમકે, માલમસૂરિયું.

અસૂરી જુઓ અસૂરિયા.

અસૂરીલસ જી શીતળાની રસી; 'વેકિસન'.

અસૂલા પુ. એક જાતની પાતળી લાંબી હોડી.

અસૂસ ૧ જી. આંતરિક દુઃખ; પીડા, વ્યથા.
૨. જી. કલ્પના

અસૂસા જુઓ અસૂસ ૧.

અસ્તૃત્ય ૧. [સ.] પું એ નામના એક ઋષિ.
૨ પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રુટુપી છંદનો એક ભેદ છે. તેમા બે નગણ અને તગણ મળી નવ અક્ષર હોય છે
અસ્તૃપ્ત ન ન ત ય. યાય રસ્તુપ્તગણ
૩ વિ. કર્કશ નહિ તેવું; મધુર
૪. ૧ કોમળ, નરમ
૫ વિ. અકર્યક્ષિત.
૬ વિ આકળું; વિનગ્ર
૭ વિ. મનોરમ.
૮ વિ લીનું; સુવાળુ.

અસ્તૃપ્તતલ [સ.] ન. લીસી સપાટી.

અસ્તૃપ્તા [સ.] જી. અળસી; અાતસી.

અસ્તૃપ્તિત [સ.] વિ. લીસું કરેલું.

અસેવરા પું. અાસની બનેલી ગોજ.

અસૈ [હિ.] જી. પહલી જુવાનીમાં દેખાતા ઉપલા હોઠ ઉપરના વાળ.

અસૈહરો ૧. જી. પલગ.
૨. [સ. મશ્ક (મચ્છર) + હ (હર્ષ જવુ)] જી. મચ્છરદાની.

અસો ૧ [સં. અસ] પું ચામડીની સપાટી ઉપર ઘુવેરના દાણા જેવો નીકળતો કઠણ ગાંઠો કે અંકુર; ચર્મકોલ; ચામડી ઉપર ફૂટેલો માંસનો મો વગરનો કઠણ ડાઘો. કેટલાક રોગીને આખે શરીરે મસા નીકળે છે.
૨. પુ. હરસ; અર્શ. તે ગુદાની કુંડીને આશ્રયે વાત,પત્તાદિ દોષથી ઉત્પન્ન થાય છે. વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ, લોહી અને સહજ એમ છ કારણથી ઉત્પન્ન થતા હોવાથી હરસ છ પ્રકારના છે. વાયુના હરસમાં ગાઢો ખુશાસાથી આવતો નથી, પિત્તના હરસમાં લાલી પડે, કફના હરસમાં ગુદા ઉપર સોજો અને ખરજ આવે, ત્રિદોષના હરસમાં એ સર્વ ચિહ્નો હોય અને સહજમાં ત્રિદોષનાં લક્ષણો હોય.
૩. જી. ઝાડના પાંદડાં ઉપર થતી ગાંઠ.
૪. જી. લાંછન.

અસોગ્યાઈ જી. મરવાડની પુરોણી.

અસોઝાઈ પું. હિંદની વાયવ્ય સરહદ ઉપર વસતા ઓરકઝાઈ લાયદાવાળાઓનો એ નામનો જથ્થો; એ નામની એક પઠાણ કોમ.

અસોડા (અસોડ) ૧. પું. સોનું, ચાંદી વગેરે ગાળવાની કઢી.
૨. પું. બ. વ. ગર્ભના મહિના.
૩. પું. બ. વ. પેટાં; મસવાડા.

અસોડું (અસોડું) [હિ. અસડા] ન. દાંતનું પેઢું; અવળું.

અસાઢા જુઓ અસોડા.

અસોતું ૧. ન. ભીંતે માટી પોળવાને કૂચડા તરીકે વપરાતો ઘાસનો કટકો.
૨. ન. રસોઈ કરતી વેળા ચૂલા ઉપરના ઊના વાસણ વગેરે પકડવાને માટે રાખવામાં આવતો લૂગડાનો કટકો કે ચીંથરું; નહો લૂગડાનો નાનો કાપલો. મેલ, ચૂનો,પેવું અને કાદો નાખેલું છાણ કપડું

અસોદા [અ. મસોદા] પું. કાચું લખાણ; કાચો ખરડો; મુસદ્દો.

અસોયા ૧. જી. આહેરની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

અસોયું વિ. સૂપડા વડે કસ્તર મોટા ભાગે આવે તેવી રીતે કરાયેલું

અસોર જી. માખી.

અસોસણું ૧. ન. કિ. એક કરવો.
૨. ન. કિ. મનમાં અમળાવું; મનમાં પીડાવું.
૩. ન. કિ. ચોરવું; સંઘરવું
૪. ન. કિ. ઉતરવું
૫. ન. કિ. મરડવું.

અસોસા ૧ પું. અફસોસ; પસ્તાવો.
૨. [હિ.] પું. દબાયેલી લાગણી
૩. પું. માનસિક દુઃખ.
૪. વિ. દુઃખી થયેલું.

અસૌદા ૧. પું મગજનું મૂળ લખાણ.
૨. [અ] પું. ખરડો; મુસદ્દો
૩. પું. દીકરો.

અસૌદેબાજ ૧. વિ. ચાલાક; ધૂર્ત.
૨. વિ. સારી યુક્તિ સૂઝી આવનાર.

અસ્ક [સં.] ન. કિ. જુઓ.

અસ્ક [અં] જી. કસ્તૂરી.

અસ્કત [અ.] ન. એ નામનું અરબસ્તાનનું એક બંદર. લાંબો સૂકો મેરો તેમજ ઘાટમ વખણાય છે

અસ્કતિયા ૧. જી. મેમણની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

અસ્કતી ૧. જી. આરબ અને બોરાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. [અ. અસ્કત (અરબસ્તાનનું એક બંદર)] વિ. અસ્કત બંદરનું; અસ્કત બંદર સંબંધી.

અસ્કતી ખજૂર પું. એક જાતનો ખજૂર.

અસ્કન [અ. સ્કન (તે વસ્યો)] ન અસ્કન

અસ્કનફ જી. કસ્તૂરી. તે ઉત્તેજક અને કામેન્દ્રિયકારક હોવાથી નબળાઈમાં અપાય છે. તે કસ્તૂરી મૃગમાં મળી આવે છે. તે મૃગ તિબેટ અને આસામમાં અત્યંત હિમાલયના ભાગમાં ૮૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર રહે છે.

અસ્કર ૧. પું. અતિ.
૨ પુ જ્ઞાન.
૩ પુ પોલો વાંસ.
૪. [સં.] પું. વાંસ; વંશ.

અસ્કરી ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. પું. સંન્યાસી.

અસ્કલ્હીના ન. એ નામનું એક જાતનું પવિત્ર અત્તર. તે દેવપૂજામાં વપરાય છે

અસ્કા ૧. [અ.] પું તાજું માખણ.
૨. પું. મલાઈ.

અસ્કાદાર ૧. [અ.] વિ. ખુશામદિયું; ખુશામદથી ભરેલું.
૨. વિ. માખણ ચોપડેલ; માખણવાળું.

અસ્કાપોલિસી જી માખણ લગાડવાની કે ખુશામદ કરવાની પદ્ધતિ.

અસ્કાબાજ ૧. પું. ખુશામદખોર માણસ.
૨. વિ. ખુશામદખોર

અસ્કાબાજત જુઓ અસ્કાબાજ.

અસ્કાબસ્કી જી. દબાવવુ અને નીચોવવુ તે.

અસ્કાલ (અસ્કાલ) [અ.] પું. એ નામનું એક જાતનું વજન.

અરફીન [ફા. મિરફીન] ક્રિ. મરીએ.
કહે નામજી વિષ્ણ રહીમ, અરફીન રીજો
નામજી

અરબો ૧. [અ. મરહા] પું. ખુશામદ.
૨. પું. નવનીત; માખણ.
૧. અરબો છંટવો = ખુશામદ કરવી; હા જી હા કરવી.
૨. અરબો લગાડવો = જૂઠાં વખાણ કરીને પલાળવું; પ્રશંસા કરીને કે બીજી કોઈ રીતે પોતાના વિચાર સામાના મનમાં ઉતારવા.

અરજ ૧. [સં.] સ્ત્રી. ક્રિ. દુઃખનું; તકલિફે જવું કે એમવું.
૨. સ ક્રિ. (ધા.તુ) નાહવું; ડૂબકી મારવી. તે ઉપરથી અપેક્ષ શબ્દ: મજ્જના; નિમજ્જના; મગ્ન
૩. સ્ત્રી. ક્રિ. ક્ષય પામવું; અદશ્ય થવું.
૪. સ. ક્રિ. પાણીમાં નાખી દેવું; બોળવું; ડુબાડવું.

અરજદ જુઓ મસ્જિદ.

મસ્જિદ [અ. સજ્દ (તે ઘૂંટણીએ પડીને નમ્યો)] સ્ત્રી. મસીદ; મુસલમાનોનું બંદગી કરવાનું ખાસ મકાન; નિમાજ પઢવાનું સ્થાન; સિજદો કરવાનું ઠેકાણું.
નિમાજ પઢતાં મસ્જિદ કોરે વળગવું = સારું કામ કરવા જતાં બેતરું જોરવાવું; પુણ્ય કરવા જતાં પીડા વહોરી.

મસ્જિદ અબાબીલ સ્ત્રી. ચકલી જેવું એક જાતનું પક્ષી. હિંદમાં ત્રણ જાતનાં અબાબીલ છે: સામાન્ય અબાબીલ, તારોડિયું અથવા તારી અબાબીલ અને મસ્જિદ અબાબીલ. રંગ અને પૂછડીના આકાર ઉપરથી તે પહેલાં બે અબાબીલથી જુદું તરી આવે છે. તેની પૂછડી આંચાવાણી હોય છે, પણ એ આંચો સામાન્ય અબાબીલની પૂછડી જેટલો લાંબો અને ઊંડો હોતો નથી. ઉપરથી તેના ચળકતા રંગ વચ્ચે પીઠ ઉપર ભેગ જેવો રતૂમડો રંગ હોય છે. બધાં અબાબીલની રીતભાત સરખી છે. તેઓ જમીનથી બોડે જ ઊંચે હવામાં ઊડ્યા કરે છે. તેની આંખ ટૂંકી હોય છે મોઢું ઉઘાડીને જીવડાંને આંખમાં હવામાં જ પકડી લે છે. પાણીના પટ ઉપર પણ તેઓ ઊડ્યા કરે છે અને પાણી ઉપર તરતાં જીવડાં જીવડાંને પકડી લે છે તે શરમાળ પંખી નથી. રાજમાર્ગો ઉપર પણ તેઓ ઊડતાં દેખાય છે. બેતરો અને બંધિયાર પાણી ઉપર જ્યાં હવામાં ખૂબ જીવડાં હોય ત્યાં પણ તે જોવામાં આવે છે. તે ઊંધાડો માળો બનાવવાને બદલે બે ઊંચના આસની અને દશ ઊંચ લાંબી નળી બનાવે છે અને તેમાં છેડે દશ જેવો માળો બનાવે છે. ચૈત્રથી શ્રાવણ સુધીનો ભાગ તેમની પ્રજનન ઋતુ ગણાય છે.

મસ્જિદી [અ.] વિ. મસીદ સંબંધી.

મસ્જિદીઆ વિ. ખોજાઓના એ નામના એક પંથનું. તે આગાખાનને ઇમામ તરીકે માને છે.
ઇસ્માઈલિ પંથમાંથી નીકળી અનેક ફાંટાઓ છે મસ્જિદીઆ પંથમાં જોડાયા છે.
ઇસ્માઇલી આફ્રિકા

અરજૂદ [અ] વિ. પુષ્કળ.

અરજેદુલહરામ [અ. મસ્જિદ + અલ (તે) + હરામ (પવિત્ર)] સ્ત્રી. એ નામની મક્કાની એક મસ્જિદ. તેના આસપાસના માણસનું ખૂન, પશુઓ તરફ ક્રૂરતા, ઝાડ પાડવું, ઘાસ કાપવું વગેરે ગમે કરવાની મના છે. રજબ માસની ૨૭મી રાતે હજરતે દેવી સુગટ તરફ આ સ્થાનમથી પ્રયાણ કર્યું હતું

અરજ્ર [અં.] ન પત્રક.

અરટર્ડ ગેસ [અં.] પું પાપણ અને ચામડી ઉપર ખરાબ અસર કરતો એક જેરી વાયુ તેની વાસ હસણ અને ઝેરીને મળતી હોય છે. તેની અસરથી ફોલ્લા ઊડી બળતરા થાય છે.

અરટેલા ગ્રેમાનીઆ પું. એક જાતનું જનાવર તે હિંદુસ્તાન, બરપ અને અમેરિકામાં વસે છે. રાજવંશીઓ પોતાને ઓળખાવવા માટે માથા ઉપર નિશાની તરીકે તેના વાળની ચમરી રાખે છે. તેનાં રંગોમાં ઋતુ પ્રમાણે ફેરફાર થાય છે.

અસ્ત ૧. પું. ગાંડો માણસ.
૨. પું. દારૂડિયો માણસ.
૩. પું. ભર જુવાનીમા આવેલો પ્રથમ દરજ્જાનો હાથી.
૪ સ્ત્રી. હાથીની એક જાતની બિમારી દશા.
૫. ન. માથું; શીર્ષ
રાખ્યાં અસ્ત ગયાં તે, ધરનારીને સંત
પ્રેમાનંદ
૬ વિ. આનંદગ્રસ્ત; ઉલ્લાસી; રંગપ્રધાન; રંગરોળી. રંગરસી. આનંદિત; મગ્ન.
૭. વિ ઇમારતના રંગમાં આવી ગયેલ; રસમગ્ન
૮. [સં.] વિ. ઉન્મત્ત; ચકચૂર; મદમાતું; નશો ચઢેલું; મસ્તીવાળું; મદવાળું.
૯. વિ. બેભાન; મશગૂલ.
નયનો પ્રભુનો નાચું રહું તે જેમ રાખજો,
અખલિત કથા તેની રહું પેં અસ્ત કાર્યમાં.
નાપીગીતા

અસ્ત ૧૦. વિ. ગાંડું.
રોજ શાદીના ગુલિસ્તાને વસંતની કોકિલા સમો મધુર ટહુકાર કરી આખા શિરાઝને મસ્ત બનાવી દીધું.
પુરાવસ્તુ
૧૧. વિ. ભમેલ; જોરવાળું; પુષ્ટ; જોરાવર.
૧૨. વિ. તલ્લીન.
૧૩. વિ પૈસાથી ફુલાતું.
૧૪ વિ. બહુ ફાટી નીકળેલું.
૧૫ વિ. બેદરકાર; જેને કોઈની ચિંતા કે પરવા ન હોય તેવું.
૧૬. વિ. મગરૂર; અભિમાની; ઘમંડી
૧૭ વિ. વિષયી.

અસ્તઆસન ન. કસરત જેટલાં બાળકોથી રમાતી એક બાળરમત. તેમાં બાળકોએ કૂંડાળામાં ઊભા રહેવું. સીટી વાગતાં રમત શરૂ થાય એટલે વર્તુળમાં કોડાકોડી કરવી. તેમ કરતાં ધોંધાટ કરવો નહિ કે એકબીજા સાથે અથડાવું નહિ. બીજી વારે બીજી સીટી વાગે ત્યારે બધાએ ઝડપી ચાલે બેસી જવું. જે બાળક સૌથી ઉતાવળે બેસે તે રમતમાંથી બાદ થાય. એ રીતે બાદ થતાં બે બાળકો રહે ત્યાંસુધી આ રમત ચાલુ રહે. આ રમતથી શરીર ઉપર કાબૂ કેળવતાં શીખાય છે.

અસ્તક ૧. ન. કપાળ.
૨. ન. કોઈ પણ ચીજનો ઉપલો ભાગ.
૩. ન. ખોપરી; મગજ.
૪. ન. ટોચ; શિખર.
૫. [સં.] ન. માથું; શીર્ષ; શિર; મુંડ.
૬. ન. મોટું મગજ; ઉત્તમ રા.
૭. વિ. ઊંચું.

અસ્તકચર્મ ન. ખોપરી.

અસ્તકશૂલ પું. માથાનો એક રોગ.

અસ્તકજલોદર ન. એ નામનો એક રોગ.

અસ્તકતનુ પું. મસ્તક, કાન અથવા ખોપરીનું તળિયું,માથી નીકળતા ભાર માંહેનો કરેક તંતુપુરુષ

અસ્તકદહ વિ ઠીંગણું

અસ્તકદાન ન મથું ઢાંકીને આપવું તે
જે હજાર વર્ષ પૂર્વના નાગજ્ઞ જોઈવાના અસ્તકદાનથી માંડીને આજના બહારવટીઆના લોખંડી સપીત બખ્તર, એ રીતે સંબધાય છે.
કૌમુદી

અસ્તકપદી પું. એક જાતનાં પ્રાણીનો વર્ગ. દશપાદિયાં, સમુદ્રકોશ, અષ્ટપદી આદિ જુદુ.ય પ્રાણીઓનો ઊંચા પ્રકારનો વર્ગ તેમના માથાની આસપાસ સ્પર્શપુંવિષયક હાથ હોય છે એ હાથને ચૂમણી અથવા સાંડી હોય છે. માથાનો

વિકાસ સારો થયેલો હોય છે. તેને આંખ, કાન અને કોમલાસ્થિવાળું મગજનું ઘર હોય છે.

અસ્તકર્પિંડ પું. પીયૂષગ્રંથિ.
ગર્ભનો અસ્તકર્પિંડ કુલપી પણ કોમળ હોય છે. ભાગવિદ

અસ્તકપુટ [સં.] ન. માથું
શાહજહાંના હૃદયકમળ સમીપે રા.હજદા અસ્તકપુટ મૂકે છે. નાનાલાલ

અસ્તકપૂજા [સં.] સ્ત્રી. નાહી ધોઈ શુદ્ધ થઈને શિવલિંગ ઝમળી પોતાનું માથું વાઢવું તે
મસ્તકપૂજા કરવી = (૧) કમળપૂજા કરવી; માથું ઉતારીને મહાદેવને અર્પણ કરવું. (૨) મ.મહોદ કરવો; માથું કૂટવું.

અસ્તકપૃષ્ઠ ન. ઊર્ધ્વપૃષ્ઠ.

અસ્તકપ્રિમ પું. ચેલકા; ગાંડપણ
ગાંડપણ અથવા અસ્તકપ્રિમ સિવાયનાં બધાં દર્દોમાં વૈદ્યોએ હિપ્નોટિઝમ અથવા સૂચનનો ઉપયોગ કરવો જોઈએ. જીવન વશીકરણ

અસ્તકમાપન [સં] ન. ખોપરી માપવાની કળા અથવા રીત; ' ક્રેનિઓમેટ્રી '

અસ્તકરેખા સ્ત્રી. (જ્યોતિષ) હાથ માફેની એ નામની એક રેખા. હસ્તરેખાશાસ્ત્રમાં તેનું મહત્વ ઠીક ગણાય છે.

અસ્તકવિજ્ઞાનશાસ્ત્ર [સં.] ન અસ્તિષ્કશાસ્ત્ર; ' ક્રેનિયોલોજિ '.

અસ્તકવિદ્યા સ્ત્રી. મસ્તકને લગતું જ્ઞાન; મસ્તક જોઈ ને ગુણ વગેરે પારખવાની વિદ્યા; માથાના ઘાટ ઉપરથી અંતઃકરણની જાગણીઓ પારખવાની વિદ્યા; ' ક્રેનોલૅજિ '.

અસ્તકશાસ્ત્ર [સં. મસ્તક (માથું) + શાસ્ત્ર (વિદ્યા)] ન. મસ્તક ઉપરથી માણસનાં લક્ષણ જાણવાની વિદ્યા.

અસ્તકસંખ્યા સ્ત્રી. માથાદીઠ મણતરી; ' ક્રેનિયેશન '

અસ્તકસામુદ્રિકશાસ્ત્ર [સં.] ન. અસ્તિષ્કવિદ્યા; ' ક્રેનોલૅજિ '.

અસ્તકસામુદ્રિકશાસ્ત્રી પું. કપોલશાસ્ત્રી; કપોલશાસ્ત્રમાં પ્રવીણ પુરુષ.

અસ્તકસ્થાન [સં] ન. મસ્તવિદ્યામાં જણાવેલ માથા માફેનું એક સ્થાન; માથાનું ઠેકાણું.

અસ્તકસ્નેહ ૧. [સં.] પું. મસાજ.
૨. પું. માથા માફેનો ચીકણો પદાર્થ; મગજ.

અસ્તકાકારશાસ્ત્ર ન. કપાલશાસ્ત્ર; 'ક્રેનિઅમ્ન્ટોમિ'.

અસ્તકાકાર શાસ્ત્રવેત્તા પું. કપાલશાસ્ત્ર જાણનાર માણસ.

અસ્તકાસ્થિ [સ. મસ્તક + અસ્થિ (હાડકું)] ન. માથાનું હાડકું.

અસ્તકી ૧. સ્ત્રી. (વૈદક) રમી મસ્તકી નામનું ઝાડ આ ઝાડ ભૂમધ્ય સમુદ્રના કિનારાનાં જંગલો, ઉત્તર આફ્રિકા અને પશ્ચિમ એશિયામાં થાય છે. નર ઝાડના થડમાં રાળ હોય છે. તે પીળા રંગની, ચળકતી, સુગંધી અને સ્વાદે મિષ્ટ હોય છે. અગાઉ આપના દર્પેન્ટાઇનને બદલે ઉત્તેજકતા માટે દવામાં અને વાર્નિશ બનાવવામાં વપરાતી. પણ હમણાં સસ્તી રાળ સોધાતાં તેની બજાર ઓછી થઈ છે, જો કે તેમાં બીજા વાર્નિશ કરતાં ચળકાટ વધુ થાય છે. દિવસમાં ખરી મસ્તકી આગ્યે જ આવે છે. વરખમાં તે મુખવાસ તરીકે ચવાય છે દાંતના દુઃખતા દાતમા પડી ગયેલ કોતરની અંદર તેને ભરે છે, તેથી દાતની કોતરના બનાજ કે કોતરાં બગડ્યા જતા નથી. તેને પાણીમા ઉકાળી ચૂનામાં નાખવાથી તે ચૂનો સિમેંટ કરતાં વધુ ટકાઉ થાય છે. તેનાં પાદડામાંથી ટેનિન મળે છે તેથી ચામડા કોરે અને બહુ નરમ બને છે અને મુકાવા પછી પણ કડક થતાં નથી. આ ટેનિન આસ કરીને ઘેટાં બકરાંનાં પાતળાં ચામડાં કે બીજાં જનાવરોના જાડચરીતરા ચામડાં ઉપર ચડાવી તેમાંથી ઓદીતરિયા, હાથપગનાં મોજાં, ચોપડીનાં પૂઠાં, હાથબેગો કે હાથપાકોટો વગેરે ચામડાની ફેન્સી વસ્તુઓ બનાવાય છે. તેની અંદર ગેલોટેનિક એસિડ સારા પ્રમાણમાં હોવાથી ચામડાં બહુ સુંવાળાં અને ચળકતાં થાય છે. આ ટેનિન કાઢવાનો ઉદ્યોગ ૧૯૧૪ની લડાઈ પહેલાં ઇટલિ, જર્મની, ઇંગ્લિશ, સીરિઝ, આરટ્રેલિઅમાં હતો, પણ લડાઈ ને લીધે એ મુલકોમાંથી ઇગ્લાને ટેનિન મળી શકવામા મુશ્કેલી થતાં સાઉપ્રસ દાપુઓમાં મોટા પ્રમાણમાં તે કાઢીને બાજાર ઘણું લાલ મોટે ભાગે ઇગ્લંડ, ઇટલિ ને બેલ્જિયમ એ ઉદ્યોગ માટે અગ્ર ગણાય છે. સાઇપ્રસનાં દવાખાણી અને જમીનથી ટેનિન ઇટલિ જેવું સારું અને તેના જેટલું બીજે મળી શકતું નથી ઇટલિમાં પાદડામાંથી તે બજારે ૧૮થી ૨૮ ટકા મળે છે, ત્યારે સાઇપ્રસમાંથી ૧૨થી ૧૬ ટકા મળે છે આ ટેનિનમાં ગ્રાઈ ગુણ નથી હોતો. બાલમાંથી પણ ઉપર જેવું ટેનિન ઓછા પ્રમાણમાં મળે છે. લાકડું અને પાંદડાં તુર્કસ્તાનમાં લાંબા કાળથી મરકોસના વિકારો, નષ્ટાર્તવ, અસાર્તવ, અદર, કમુવાયુ વગેરે રોગ માટે વપરાય છે

અસ્તકીગુંદ પું. એક જાતનો સુંદર પીળા રંગનો ગુંદ.

કોબર, કુલાનેલ કટકી, અસ્તકીગુંદ અને ચિરાયો, ઓપરી એ સર્વ પદાર્થો સમાન લઈ સૂક્ષ્મ ચૂર્ણ કરવું. યોગચિંતામણિ

અસ્તગ ૧. પું. કુમ્ભગિરિ; કાર.ગોરમ અથવા કાળો પર્વત.
૨. ન કપાળ; આસ કરીને હાથીનું કપાળ.

અસ્તગી સ્ત્રી અસ્તકી તે ભૂમધ્ય સમુદ્રના પ્રદેશમાં થાય છે. તેનું ઉત્પત્તિસ્થાન રૂમ હર્યું તેને રૂમી મસ્તગી પણ કહે છે. તેનો ગુંદ વાર્નિશના કામમાં આવે છે અને દવામાં પણ તેનો ઉપયોગ થાય છે. દાંતના રોગ માટે તે કાર્યકારક મનાય છે. તેનાથી દાંતનું હલવું, પીડા, દુર્ગંધ વગેરે દૂર થાય છે

અસ્તગારુ [સ.] પું ટેવદાર.

અસ્તનાથ પું. પીધેલ અને બેદરકાર માણસ.

અસ્તભ્રા [સ.] સ્ત્રી. ધર્મકાળા.

અસ્તભ્રાક પું. વિષની બકરો.

અસ્તમલ્લિકો પું ફેણુગ્રંથિ અને માર્ગ મલિનો. તે મલિનાઓમાં વિષયેચ્છા વધારે બની હોવાનું મનાય છે

અસ્તમૂલક [સં.] ન. કોક.

અસ્તમૌલા પું. પીધેલ અને બેદરકાર માણસ.

અસ્તર ન. બાપડી. બાંધી; દીવાલ વીસી કરવાનું પકોળા લાકડાનું કડિયાનું એક ઓજાર.

અસ્તરી [હિ.] સ્ત્રી. ધાતુ માપવાની કટ્ટી.

અસ્તવાલ વિ. મસ્ત; ઉન્મત

અસ્તા સ્ત્રી. સપાટી.

અસ્તાઈ ૧. સ્ત્રી ધ્રુવ.
૨. સ્ત્રી. ગાંડપણ.
૩. [સ. અસ્ત (ભોંયરું)] સ્ત્રી. તોફાન; ધાંધલ; ધિંગાણું
આહોમાહે લડી અસ્તાઈ કરતા રે. હેમીદાસ
૪ સ્ત્રી. મસ્તી, મસ્તપણું. ઉછાંજવાવેડા; ઉન્મત્તતા.

અસ્તાન ૧. વિ. અધિકારી; ઉદમાતિયું; ઉપદ્રવી, નુકસાનકારક
૨. વિ. કામમાં મશગૂલ.
૩. વિ. કામી; રંડીબાજ; નાડીછૂટ; માળીછૂટ; અતિ વિષયી.
૪. વિ. ટીખળી; તોફાની
૫. વિ. દુષ્ટ
૬. વિ. પીધેલ; બકરુ
૭ [સ.] વિ. મદથી ઉન્મત્ત; પીધેલ; ચુપ, બળ અથવા પ્રેમમાં ચકચૂર.
૮. વિ મસ્ત; ઉન્માદી.

અસ્તાના ૧. પું. માંડો મજલ્લમ.

૨. પું. દારૂડિયો

૩. [ફા.] વિ. પીધેલ.

૪. વિ. મસ્ત.

૫. વિ. મસ્તના જેવું

૬. અ. માંડી રીતે; ધેલછાથી; પીધેલ માણસની જેમ.

અસ્તાની ૧. સ્ત્રી. એ નામની એક મુસ્લિમ સ્ત્રી. બહાદુર ભાજીરાવ પેશ્વા અને મુસ્લિમ મસ્તાનીનો સંબંધ ઐતિહાસિક અપવાદ કહી શકાય. મસ્તાનીનાં બાળકો માનો ધર્મ પાળતાં અને મુસ્લિમ હતાં એમ મનાય છે.

૨. [ફા. મસ્ત (બેદોશ)] વિ. મસ્ત; બકચૂર; અહંકાર કે અભિમાનમાં ખૂબ ચકચૂર; ખૂબ વીફરેલું; તોફાની; ઉન્માદી. મદોદ્ધત.

૩. વિ. સ્ત્રી પીંખેલી

૪. વિ. સ્ત્રી. વ્યભિચારિણી.

અસ્તાનું [ફા.] વિ મદમાતું; ઉન્મત; બકચૂર.

જેમ ઉનરડે દારૂ પીધો મસ્તાનો થઈ ડોલે છે; અહંકાર તાણી રહી બિલાડી, જેતાં વાર ન લાગે છે.

અખાનંદ

અસ્તિ [સં.] સ્ત્રી. માપવું તે; મોજણી.

અસ્તિઆરા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

અસ્તિક ૧. ન. મગજ; માથું; મસ્તિષ્ક.

૨. ન. મસ્તકનું જેવું; માથામાં ઉત્પન્ન થતો ચીકણો પદાર્થ.

અસ્તિષ્ક અથવા અસ્તિક અને માર્દ અથવા ઓજ આ બે નામ મસ્તકના જેવાં છે.

અમરકોષ

અસ્તિકપ્રભવા [સં.] સ્ત્રી. મોટા મગજમાં આવેલ શિરા.

અસ્તિકવિદ્યા [સં.] સ્ત્રી. માથાના ઘાટ ઉપરથી અંતઃકરણની લાગણીઓ પારખવાની વિદ્યા; માથાની આકૃતિ ઉપરથી ભવિષ્ય ભણવનાર શાસ્ત્ર; ચહેરા ઉપરથી મનુષ્યની પરીક્ષા કરવાની વિદ્યા; 'ફ્રેનોલોજિ'. માણસના અંતઃકરણમાં જે જે વૃત્તિઓ થાય છે તેનાં નિયતસ્થાન માણસના મગજમાં રચાયેલાં છે, તે આ વિદ્યાથી જાણી શકાય છે.

અસ્તિકાતુમા સ્ત્રી. એ નામની એક ધમની; અંતર્માતૃકા ધમનીની એ નામની એક પ્રશાખા.

અસ્તિષ્ક ૧. [સં. અસ્ત (માથું) + ષ્ક (જવું) + ક (કર્તૃવાચક પ્રત્યય)] ન. મગજ, બુદ્ધિને રહેવાનું સ્થાન; જ્ઞાનકેંદ્ર; જ્ઞાનાધાર.

૨ ન. મગજ અને કરોડરજ્જુને ઢાંકતી ત્રણ માંદેની બખ્તરી ચામડી.

૩. ન. મગજ ઉપર અસર કરનારી કોઈ પણ દવા

૪. ન. મગજનો પાછળનો ભાગ; નાનું મગજ; ચેતનાસ્થ

૫. ન. મસ્તકનું જેવું, માથામાં ઉત્પન્ન થતો ઘી જેવો પદાર્થ; માથામાંનો ચીકણો પદાર્થ.

૬. ન. માથું; મસ્તક

અસ્તિષ્કજ [સં.] વિ. મગજમાંથી નીકળેલું.

અસ્તિષ્કજન્યજ્ઞાનવાદ પું. મનના કોઈ પણ વિકાસો મગજમાં જ ઉત્પન્ન થાય છે તેવો મત.

અસ્તિષ્કમાતૃકા સ્ત્રી. એ નામની શિરા. તે એ નામવાળી ધમની સાથે મુસાફરી કરે છે. તે મોટે ભાગે મગજના મૂળમા રહેલી શિરાઓ તેમ જ કોકમા આવેલી કરોડરજ્જુની શિરાનું લોહી વહી જાય છે અને ખોપરીનાં છિદ્રોમાં થઈને ધમની સાથે પસાર થતી મૃદુમૂર્ધિકાશિરામાં જઈ જાય છે.

અસ્તિષ્કમાતૃકાધમની [સં.] સ્ત્રી. કોકની કરોડ બાજુએ આવેલ અક્ષાધરા ધમનીની શાખા, 'વર્ટબ્રિલ આર્ટરિ'. તે મોટે ભાગે મગજને લોહી પૂરું પાડે છે

અસ્તિષ્કવિદ્યા જુઓ અસ્તિકવિદ્યા.

અસ્તિષ્કસામુદ્રિક સ્ત્રી કપાલવિદ્યા.

અસ્તિષ્કસુષુમ્નાજ્વર [સં.] પું. (વૈદક) મગજ તથા કરોડરજ્જુ તેમ જ તેમના જ્ઞાનતંતુને અસર કરતો કરકોઈ રોગ.

અસ્તી ૧. સ્ત્રી. અતિ આનંદ.

૨. સ્ત્રી. અભિમાન.

૩. સ્ત્રી. ઇર્ષા; કરકસ; નુકસાન.

૪. સ્ત્રી. ઉન્મત્તાઈ; ખુમારી.

૫. સ્ત્રી ઉન્માદ; અંધપણ.

તે વખતે હું નિરક્ષતાની અસ્તીમાં હતો.

કાલેલકર

૬. સ્ત્રી. કામવાસના; વ્યભિચાર.

૧. અસ્તી કાઢવી = સંકોચ કરીને વીર્યને સ્ખલિત કરવું

૨. અસ્તીમાં આવવું = સંભોગની ઇચ્છા થવી.

૩. અસ્તીમાં હોવું = કામવૃત્તિનું જાતુમાં આવવું.

૭. સ્ત્રી. નશાબાજી; મદ્યપાન.

૮. સ્ત્રી પશુઓનાં અસ્તર, કાન, આંખ વગેરેમાંથી મદ ઝરવો તે.

૯. સ્ત્રી. મસ્ત હાલત; ઉન્મત્ત આવેશ; ઉન્માત.

૧૦. સ્ત્રી. મસ્તાઈ; તોફાન; ધમાલ; મસ્તક.

૧૧. સ્ત્રી. વૃક્ષ અથવા પથ્થરમાંથી પડતું રસ જેવું તે.

અસ્તીઆ ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

અસ્તીખોર [ફા.] વિ. મસ્તાઈ કરનાર; તોફાની; ઉદ્ધતાઈવું; મસ્તાના; ટીખળી.

અસ્તીખોરું વિ. તોફાની

મેઘ જેવો અસ્તીખોરો મુજને કંટાવા.

સરસ્વતીચંદ્ર

અસ્તીસા ન વગધિયન બાપ અને હિંદી માનું અર્ધસંકર બાળક.

અસ્તુ ૧ [સ] ન ખટાઈ મપેલો મલ ધ

૨. ન. દહીંની તર

૩. ન. દહીંનું દહવું.

અસ્તૂરી [હિ.] સ્ત્રી. ધાતુ ગાળવાની કટ્ટી

અસ્તૂલ ૧. [પોર્ટુ.] સ્ત્રી. (વહાણવટું) વહાણની કાડી; વહાણનો કે બોટનો કૂવાસ્તંભ; તહ બાંધવાનો વહાણનો બાંબલો; કૂપક; ગુલ્મસ્તંભ.

૨. [અં.] સ્ત્રી. સાળમાં વપરાતી રેશમી તારની ગૂંથણી કે કોકડી; અમુક ચોક્કસ તાર અને વણાટનું રેશમનું બાડલ.

અસ્તૃત [ફા. મસ્નદ] સ્ત્રી. બેઠક; ગાદી, સિંહાસન; પાટ.

પ્રજાવત્સલ શાહ બાબર એક ઊંચી મખમલી અસ્તૃત પર પોતાના કેટલાક મોતેબર મુસાહબો, સરદારો અને સાહબદા હુમાયુન વગે પોતપોતાની કરસો બેઠો હતો.

ન.રાયણ વિસનજી

અસ્તૃતનશીન ૧. [ફા.] સ્ત્રી. ગાદી ઉપર બેસવું તે; સિંહાસનારોહણ.

કહે છે કે મજનું લખ્યા જે અસ્તૃતનશીન થે ગુ.

ગુજરાતી ગઝલિસ્તાન

૨. સ્ત્રી. રાજધાની.

અસ્તૃનશીં [અ.] ન. એક જાતનું ઘરસામી ઝિલ્લાનું કાપડ.

કવિતા જે ફિક્કસૂરી.
ઝિલ્લાઓને જખદેવ છે.
જે ઇસ્લામનો હાકીમ નથી?
હનફિપદ્ધમા છે જે અસ્તૃનીમા છે.

નાનાલાલ

મસ્લહત ૧. [અ.] સ્ત્રી. ડહાપણ ભરેલું પગલું.
૨. સ્ત્રી. યુક્તિ.
૩. સ્ત્રી. મસલત; સલાહ આપવી કે લેવી તે.
૧. મસ્લહત કરવી = સાથે મળીને સલાહ લેવી દેવી
૨. મસ્લહત માલૂમ થવી = બોધ થવું.
૩. મસ્લહતે વક્ત = મોકાનું પ્રમાણેનું.
૪. સ્ત્રી. યોગ્યતા; પ્રસંગ.
૫. સ્ત્રી. સભા; મંડળી.
૬. સ્ત્રી. સારી નીતિ.

મસ્લહતન [અ.] અ. પ્રસંગે; યોગ્ય સમયે.

મસ્સરત [અ. મસર્રત] પું. આનંદ.

મસ્સલ ન. બે કહાની અને ચળકતા પૂંછવાળી છીપમાં રહેનારું દરિયા કિનારાનું એક પ્રાણી. તેને એક જ પગ હોય છે. તે બરમ અને અમેરિકને દરિયા કાંઠે વસે છે.

મસ્સાહ [અ.] પું. બુદ્ધિમત્તાવાળો.

મહ્ ૧. સ ક્રિ. પ્રકાશવું.
૨. સ. ક્રિ. બોલવું
૩. [સં.] સ ક્રિ (ધાતુ) માન આપવું; પૂજવું; સન્માન કરવું, તે ઉપરથી અનેક શબ્દ: મહાન, મહા, મહત્ત્વ.
૪. સ. ક્રિ. વધારવું; વૃદ્ધિ કરવી.

મહ ૧. પું. કાચ બનાવનારાઓનો પરવર.
૨. પું. ખુશી, સદા આનંદ દેનાર વ્યાપાર.
૩. [ફા.] પું. ચંદ્રમા.
૪. પું. ઓઢની સંજ્ઞા.
૫. પું. તેજ; કાંતિ.
૬. પું. પાડો.
૭. પું. પૂજા.
૮. પું. બાનું; મસ.
મહ વિના પહ નહિ = પ્રસંગ વિના કાંઈ શોભતું નથી.
૯. પું. મસો, ચામડી ઉપર બાઝતી માંસની ગાંઠ.
૧૦. પું. મહાન પુરુષ.
૧૧. પું. મહિનો.
૧૨. પું. મહોત્સવ; ઓચ્છવ.
૧૩. પું. યજ્ઞ.
૧૪. વિ. ચૌદ.
૧૫. [ફા. મિહ] વિ. મોટું; મહાન; શ્રેષ્ઠ.
૧૬. વિ. વડીલ.

મહક ૧. પું. બ્રાહ્મણી પુરુષ.
૨. પું. કામળો.
૩. પું. વિષ્ણુનું એક નામ.
૪. પું. શ્રેષ્ઠ મનુષ્ય.
૫. [હિ.] સ્ત્રી. અત્તર.
૬. [સં.] સ્ત્રી. સુગંધ; વાસ.
મહક આવવી-મારવી = સુગંધ આવવી

મહકદાર [હિ.] વિ. સુગંધી.

મહકમા ૧. [અ. હકમ (સત્તા ચલાવવું)] પું. ખાતું; વિભાગ.
૨. પું. ન્યાયની અદાલત.

મહકવું અ. ક્રિ. વાસ પ્રસરવી; સુગંધ આવવી.
હમે પૈસો વાધુ તુજ સહ લપેટાઈ ઊડતો,
પરાણે બીજાઈ સાથ દિલ રહેતો મહકતો
કલાપી

મહકાર સ્ત્રી. સુગંધ.

મહકાવું અ ક્રિ. સુગંધ આવવી

મહકીપ્રસ્થ [સં.] ન. એ નામનું પ્રાચીન હિંદનું એક શહેર.

મહકીલા વિ. મસાલેદાર; સુગંધી, ખુશબોદાર.

મહકૂફ [અ. મૌકૂફ] વિ. મુલતવી રાખેલું

મહકૂબ [અ.] વિ મુલતવી રાખેલું; ઓડા દિવસ પછી હાથ ધરવા માટે તરત વેગા બંધ રાખેલું કે પડતું મૂકેલું, કાયમ રાખેલું; મોકૂફ.

મહકૂબી સ્ત્રી. મહકૂબપણું

મહક્ક [હિ.] પું. બહુ જ ફેલાતી સુગંધ.

મહચક [હિ.] પું. સૂર્ય.

મહચા ૧. [કા.] પું. બળદમાં બીજાના ગળની નિશાની.
૨. પું. બીજનો ચંદ્રમા.

મહચ્ચંદ્ર પું. (પિંગળ) એ નામે સત્તર માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં અંતે ભગણ આવે છે. ૮ અને ૯ માત્રાએ યતિ અને ૧, ૫, ૯, ૧૨ અને ૧૬ માત્રાએ તાલ આવે છે
પહમા સત્તર પ્રથ્વ કલા આવો,
આઠે યતિ ને નવી નવે આવો.
૧ ૫ ૯ ૧૨ ૧૬
રાહિ, સર, નવ, રવિ, નૃપ મહચ્ચંદે,
તાલ ધરો ઠીક કવિ અરે વંદે
રણછોડ

મહજ ૧. [હિ.] વિ. મોટું..
જો તું એ જાણતો મારી આગળ ખુલાસો કરીશ, તો આ ગરા દોસ્ત પર મહજ મેહરબાન થશે નારણજી વિસનજી
૨. વિ. શુદ્ધ.
૩. [અ.] અ. માત્ર; ફક્ત; કેવળ.

મહજબ સ્ત્રી. મસ્જિદ.

મહજર [અ. મહ્ઝર] પું. તુમાર; કરારનામું.

મહજરનામા [અ. મહજર (ખૂન) + નામહ (લેખ)] પું. ખૂનની સાબિતી આપનાર દસ્તાવેજ; ખૂન સાબિત કરનાર ખત.

મહજૂદ [અ. મૌજૂદ] વિ. વિદ્યમાન; હયાતું.

મહજ્જ ૧. વિ. સ્વચ્છ; ચોખ્ખું; સેળભેળ વગરનું.
૨. અ. પૂરેપૂરી રીતે.
૩. [અ.] અ. માત્ર; ફક્ત; તદ્દન; સાવ.

મહજ્જકૈદ સ્ત્રી. સાદી જેલ; આસાન કેદ

મહજ્જબ [અ. મજ્હબ] પું. ધર્મપથ; ધર્મ.

મહજ્જબી [અ. મજ્હબી] વિ. ધાર્મિક

મહજ્જર ૧. [અ] પું. અરજી
૨. [અ. હઝર (તે હાજર હતો)] સ્ત્રી. ખાદેરમાશો; નજરે જોનાર
૩. પુ રવજાવ
૪. પું હાજરી.

મહજ્જરખાના [અ.] સ્ત્રી. પોલીસ ચોકી.

મહજ્જરનામા ૧. [અ. હઝર (તે હાજર હતો)] પું. હાજરીપત્રક.
૨. સ્ત્રી ખાદેરમાશો; નજરે જોનાર અક્ષિત..

મહજૂર (મહ્જૂર) [અ હજ્ર (કાપી નાખેલું)] વિ. ઊંડાણી દીધેલું; પડતું મૂકેલું; કાપી નાખેલું; અખત્યાર.

મહજ્જુ પું. સમુદ્ર

મહત ૧. પું. અભિમાન.
૨. [સં. મહત્] પું. ઊંટ.
૩. પું. મઠનો અધિકારી સાધુ.
૪. પું. નામ કે રૂપ માત્રમાં રહેલા પરાપૂર્વ, અપરાપૂર્વ, સાપુલ્ય, વૈપુલ્ય, સહમતા આદિ ધર્મો માંહેનો ધર્મ.
૫. પું. પાણી; જળ.
૬. પું. બુદ્ધિ. ઉપનિષદ વિચારણામાં લખ્યું છે કે: ઈશ્વર સાથે અભેદ્ય અથવા કારણદ્રવ્ય જોડાયેલું રહે છે; હિરણ્યગર્ભ સાથે અવ્યક્તાત્મક દશાનું મહત અને તેને ભળતાં જ્ઞાનધર્મની ઇંદ્રિયોનો વર્ગ જોડાયેલો રહે છે અને વિરાટ સાથે પંચમહાભૂત અને તેનાં ભૌતિક કાર્યોની સામગ્રી જોડાયેલી રહે છે. બીજી ભૂમિકામાં મૂલ અજ્ઞાનાત્મક દ્રવ્ય અવ્યક્ત દશામાં આવે છે. તે દશામાં પ્રથમ મહત એટલે બુદ્ધિ દ્રવ્ય પરિણામ પામે છે. આને મહાન આત્મા પણ કહે છે. તે મહતમાંથી અહંકાર દ્રવ્ય પ્રકટે છે અને અહંકારમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એવી પાંચ તન્માત્રાઓ જાગે છે. આ પાંચ તન્માત્રાઓના પ્રત્યેકના સાત્ત્વિક અંશમાંથી પાંચ જ્ઞાનેંદ્રિયો, પ્રત્યેકના રાજસ અંશમાંથી પાંચ કર્મેંદ્રિયો, તે પાંચ તન્માત્રાના એકત્ર સાત્ત્વિક અંશમાંથી અંતઃકરણ અથવા મન અને તે પાંચ તન્માત્રાના એકત્ર રાજસ અંશમાંથી જીવનનિર્વાહક પ્રાણ. એમ એકંદર સત્તર

તત્ત્વોનું સમષ્ટિ લિંગ શરીર પ્રકટ થાય છે અને તે હિરણ્યગર્ભનો ઉપાધિ બને છે.
૭. પું. મહત્ત્વ; પ્રકૃતિનો પહેલો વિકાર.
૮. પું. શંકરનું એક નામ.
૯. સ્ત્રી. (વેદાંત) સમષ્ટિબુદ્ધિ; જગતનું મૂળ બુદ્ધિતત્ત્વ, વિક્ષેપશક્તિ; સાંખ્યદર્શન અનુસાર પચીસ માંહેનું બીજું તત્ત્વ, મૂળ સત્ત્વગુણાત્મક આવરણ શક્તિ જે કર્તા સ્વરૂપ છે, જનાથી રજોગુણાત્મક જગતના સાધનરૂપ મહત્ લિંગ છે એને જ વિક્ષેપશક્તિ કહે છે, કેમકે બુદ્ધિ.યા અનેક કલ્પનાઓ રૂપી વિક્ષેપો ઉપજે છે.

ઈશ્વર જેનું અધિષ્ઠાન છે, એવી આવરણશક્તિમાંથી રજોગુણપ્રધાન મહત્ નામની વિક્ષેપશક્તિ ઉત્પન્ન થઈ છે. સિદ્ધાંતદર્શન

૧૦. ન. પવિત્ર જ્ઞાન.
૧૧. ન. બ્રહ્મ

મહત્ એટલે અભ્યદ્ભુત બ્રહ્મ; અવિદ્યા, અજ્ઞાન, પ્રકૃતિ, ત્રિગુણાત્મિકા માયા ઇત્યાદિ નામથી કહેવાયેલ અવ્યકૃત. ગીતા રહસ્યામૃત

૧૨. [હિ.] ન. મોટાઈ; મહત્ત્વ; મ.ભો.
૧૩. ન. રાજ્ય.
૧૪. ન. સામવેદનું એક ઉપનિષદ.
૧૫. વિ. અગત્યનું.
૧૬. વિ. ઉમદા; ઊંચું; ઉત્તમ.
૧૭. વિ. ખૂબ; અત્યંત.
૧૮. વિ. તીવ્ર
૧૯. વિ. પુષ્કળ; વધારે.
૨૦. વિ. બળવાન.
૨૧. વિ. બહુ જ અયોગ્યવાળું.
૨૨. [સં. મહત્] વિ. મોટું; વિશાળ.

મારી યોની મહત્ બ્રહ્મ છે તેમાં ગર્ભ મૂકું છું, ઉત્પત્તિ સર્વ ભૂતોની તે થકી થાય ભારત. ગીતાનુવચન

૨૩. વિ. લાંબું, વિસ્તૃત.
૨૪. વિ. વધારે મોટું.
૨૫. વિ. વધારે વહેલું.
૨૬. વિ. સરસ.
૨૭. વિ. સર્વોત્તમ
૨૮. વિ. રધૂળ; ભારે.

મહતમઃપ્રભા સ્ત્રી. (જૈન) સાતમું નરક; તમઃતમઃપ્રભા.

મહતવીણા પું. એ નામનું એક વાદ્ય. એ વાદ્ય નારદમુનિએ શોધી મહતું હતું. એમાં બે બાજુએ બે તાર અને વચમાં મુખ્ય બાજ તારો દોર છે. આ વીણા નખીથી વગાડી શકાય છે, તેથી તેને બીન પણ કહે છે.

મહતા ૧ [સં મહત્ (મોટું)] પું. શેરડીનો નોકર; મહેનો
૨. પું. જમીનદારનો અહલિયો.
૩. પું. ખેપાદાર માણસ.
૪. પું મુખી; ગામનો મુખ્ય માણસ.
૫. પું. લખનાર; લહિયો. મુનશી.
૬ સ્ત્રી. અભિમાન; ઘમંડ
૭. સ્ત્રી. મહત્તત્ત્વ; વિજ્ઞાનશક્તિ
૮ સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી.
૯. સ્ત્રી હિંદના મૂળ વતનીની એ નામની એક જાતિ.

મહતાઈ સ્ત્રી. મોટાઈ; મોટાપણું; વડાઈ; મોટપ.

મહતાપી જુઓ મહતાણી ૩.

મહતાબ ૧ પું એક જાતનું દારૂખાનું, એક જાતની આતશબાજી.
૨. પું. એક જાતનો જમણી ક્રમવાળો.
૩. [ફા.] પું ચંદ્રમા; ચંદ
૪. સ્ત્રી. ચંદ્રમાનો પ્રકાશ; ચાંદની; ચંદ્રમાનું અજવાળું
૫. સ્ત્રી વહાણમાં રાતના વખતે નિશાની માટે બાજની રાખવામાં આવતી આકાશમાની જેવી મશાલ.
૬. સ્ત્રી સુંદર સ્ત્રી.

મહતાબી ૧. પું. ઊંચુની જાતનું એક જાતનું કપડું.
૨. સ્ત્રી ચારકોણી પદાર્થોની સોનારૂપાની આકૃતિઓ ચોડેલી દોર તેનું કપડું.
૩. સ્ત્રી. આતશબાજી પ્રકાશ
૪. [ફા.] સ્ત્રી એક જાતની આતશબાજી
૫. સ્ત્રી. ઊંચા ખુલ્લા અગાશી. તેના ઉપર બેસીને લોકો ચંદ્રમાનો ખુલ્લો પ્રકાશ મેળવી આનંદ પામે છે.
૬. સ્ત્રી ચિનગારી.
૭. સ્ત્રી. માંડવો.
૮. વિ. ચંદ્રમાનું.
૯. વિ. સોનારૂપાથી સજાવેલું.

મહતારી [હિ.] સ્ત્રી. માતા; જનની.

ત્યજ્યો પિતા અનુવાદ,
વિભીષણ બંધુ, ભરત મહતારી. પ્રસાદ

મહતી ૧. સ્ત્રી. (યોગ) અનાહતનાદના બાર અંકનો એક ભેદ.
૨. સ્ત્રી. એક જાતની વીણા; નારદમુનિની વીણાનું નામ; જાતની વીણા; સો તારવાળી વીણા

મહતી વીણા નારદમુનિની. હમ્મીર સારંગની વાણી. બૃહતી વીણા નિશ્વમુનિની, જે વડી સોહામણી; ચોથી વીણા તુંબરુ મુનિની, નામ જેનું કલાવતી. એ ચાર વીણા જગતમાં, પ્રાચીન સમયથી છે ખરી. મંજુલાલ સાઓ

૩. [સં] સ્ત્રી. મંગળાનાં ઢગર માદેનું એક નામ.
૪ સ્ત્રી નર્મદાનાં ઢગર માદેનું એક નામ.
૫ સ્ત્રી (પુરાણ) પવિત્ર પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી
૬. સ્ત્રી મુલતી નામની વનસ્પતિ.
૭ સ્ત્રી. મહત્તા; મોટપ
૮. સ્ત્રી. મહાન ગુણવાળી સ્ત્રી.
૯. સ્ત્રી મોટી સ્ત્રી.
૧૦ સ્ત્રી બ્રહ્મિણી
૧૧. સ્ત્રી માનિનું બહુ જ પહોળું થઈ જવું તે એક જાતનો રોગ મનાય છે.
૧૨ સ્ત્રી ચંદનકડી.
૧૩ સ્ત્રી. વૈરવોનો એક જાતિ
૧૪. વિ.; સ્ત્રી. બધી જ મોટી; વિશાળ; મહાન.

મહતી દ્વાદશી [સં.] સ્ત્રી. ભાદરવા સુદિ બારસ.

મહતો ૧. [સં] પું. શેરડીનો નોકર.
૨. પું. બંગાળા પ્રાંતમાંની એક ઉપાધિ.
૩ પું ગામડાનો મુખી.
૪. પું જમીનદારનો આહલિયો; ગામડામાંથી કર ઉઘરાવવા જમીનદારે રાખેલો માણસ.
૫. પું વણકરનું એક અટક. પૂર્વ

મહત્કર્મ [સં.] પું. મહત્ (મોટું) + કર્મન્ (કામ) = મોટું કામ

મહત્કર્મ કીધું અવતાર પ્રેમાનંદ

મહત્કારી કાર્ય ૧ પું. [સં.]
૨. પું મોટું મહત્ત્વનું કાર્ય 'મોમિન્ટસ ઈમ્પોર્ટન્સ'

મહત્પ્રાણ સ્ત્રી. બહુ ઢાકું; સારો અવસર.

મહત્તત્ત્વ ૧. ન જુઓ મહત્.
૨. ન. પચીસ તત્ત્વો માંહેનું ત્રીજું તત્ત્વ. તે પ્રકૃતિનો પહેલો વિકાર છે અને તેમાંથી અહંકારની ઉત્પત્તિ થાય છે
૩. ન. પરમેશ્વર.
૪. [સં] ન. (સાંખ્ય) બુદ્ધિતત્ત્વ; હિરણ્યગર્ભનો લિંગ દેહ; માયામાંથી ઉત્પન્ન થયેલું જગતનું કારણરૂપ તત્ત્વ; સાંખ્યમાં કહેલ પ્રકૃતિ વગેરે ચોવીસ તત્ત્વોમાં પ્રકૃતિથી થતા અહંકારના મૂળ કારણ એટલે નિશ્ચય કારણરૂપ શક્તિવાળું એક તત્ત્વ. પરમાત્મામાંથી માયાશક્તિ વિષે પોતાનું બીજ પ્રેરણ કર્યું, તેથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. એ મહત્તત્ત્વ વિજ્ઞાન

સ્વરૂપ છે, પોતાના દેહમાં રહેલા જગતને પ્રકાશ કરનાર છે અને અજ્ઞાનને દૂર કરનાર છે.
મહત્તત્ત્વ અટલ પ્રધાનથી પેદા થયલું તત્ત્વ. ગુ૦ ભા૦ ભ૦ . ગીતાપંચમૂત

૫ ન (તાદ્વિ૦) મત મહેનું, સૌથી વધારે મહિમા વગેરે

મહત્તત્ત્વરાહિત્ય [સં] ન એ નામની ત્રી૦ સાંખ્યી ભૂમિકા સર્વમિ અવસ્થાઓ જેમ સામાન્ય અહંકાર હોતા નથી કારણ કે તે વખતે હું એવું જ્ઞાન પણ સ્પષ્ટ થતું નથી, તેમ જ રીતે સુષુપ્તિ ન હોવા છતાં જે સામાન્ય અહંકરની સ્થિતિ તે મહત્તત્ત્વરાહિત્ય નામની ચોથી ભૂમિકા છે

મહત્તમ ૧. [સં] વિ. પરમ સીમા; સૌથી મોટી સંખ્યા.
૨. પું. (ગણિત) સૌથી મોટું પરિમાણ. 'મક્સિમમ' અર્થમિતિના અનંત વિકાર પામતા કોઈ પણ પરિમેયનું આપેલી શરતો અનુસાર ઓછામાં ઓછું જે પરિમાણ હોય શકે તે પરિમાણને મહત્તમ પરિમાણ કહે છે. જ્યારે કોઈ પણ પરિમેય પરિમાણ વધતું વધતું અમુક સ્થિતિએ પહોંચીને વધતું બંધ થાય અને ઘટવાની શરૂઆત થાય, તે સમયના પરિમાણને તે પરિમેયનું મહત્તમ પરિમાણ કહેવાય, અને જ્યારે કોઈ પરિમેયનું પરિમાણ ક્રમે ક્રમે ઘટતું અમુક સ્થિતિએ પહોંચીને ઘટતું બંધ થાય, અને વધવાની શરૂઆત થાય, તે સમયના પરિમાણને તે પરિમેયનું અલ્પતમ પરિમાણ કહે છે.
૩. વિ. અતિશય મોટું; સૌથી મહાનું સૌથી મોટું
૨ નું પુરવીથી મહત્તમ અંતર ૨૫૬૦ લાખ માઈલ છે. નર્મદાશંકર
૪ વિ સૌથી વધારે.

મહત્તમ ઘનત્વબિંદુ ન. વધારેમાં વધારે ઘનતા જણાવતું બિંદુ; 'પોઇંટ ઑફ મેક્સિમમ ડેન્સિટિ'.

મહત્તમ તાપમાપક યંત્ર [સં.] ન. સૌથી વધારે ગરમી માપવાનું યંત્ર; 'મેક્સિમમ થર્મોમિટર'.

મહત્તમ લઘુતમ ઉષ્ણતામાપક યંત્ર ન વધુમાં વધુ અને ઓછામાં ઓછી ગરમી માપવાનું યંત્ર; 'મક્સિમમ ઍન્ડ મિનિમમ થર્મોમિટર' દિવસે જેમ જેમ ઉષ્ણતામાન વધે છે, તેમ તેમ આ યંત્રની જમણી બાજુની નળીમાનો પારો ઉપર ચડતો જાય છે અને પારાની સાથે ટાંકણી પણ ઉપર ચડે છે. પણ ઉષ્ણતામાન ઓછું થાય, ત્યારે ટાંકણી તો જ્યાં ત્યાં રહે છે અને પારો નીચે નીચે ઊતરવા લાગે છે તે ટાંકણી જે અંશ પાસ અટકે તે તે દિવસનું વધુમાં વધુ ઉષ્ણતામાન સમજાય છે. તે જ પ્રમાણે દિવસનું ઓછામાં ઓછું ઉષ્ણતામાન જાણવા માટે યંત્રની ડાબી બાજુની નળીમાં પારો ચડવા લાગે છે. પણ ફરી ઉષ્ણતામાન વધવાનો પારો નીચે ઊતરે . આ વખતે લોખંડની ટાકણી નીચે ઊતરતી નથી પણ તે જ સ્થળે સ્થિર રહે છે. જે જગ્યાએ ટાંકણી સ્થિર રહી હોય, ત્યાં જે અંશનો આંક લખ્યો હોય તેટલું તે દિવસનું ઓછામાં ઓછું ઉષ્ણતામાન સમજવું છે દરેક યોગીય કલાકે આ બંને ઉષ્ણતામાનના આંક નોંધી લીધા પછી લોહ ચુંબકની કાંટી પારાને અડકાડી દેવામાં આવે છે, આ યંત્ર ઉપરથી એક દિવસનું મહત્તમ એટલે વધારામાં વધારે અને લઘુ ન એટલે ઓછામાં ઓછું ઉષ્ણતામાન જાણી શકાય છે, તેથી આ યંત્રને મહત્તમ લઘુતમ ઉષ્ણતામાપક યંત્ર કહે છે.

મહત્તર ૧. [સં.] પું. કંચુકીઓ અંતઃપુર રક્ષક.
૨ પું. ગામનો મુખી.
૩. પું તામ્રશાસનનો અમલ કરવા રાજાએ નીમેલ એક અમલદાર.
અર્વે અનુયુક્ત, વિનિયુક્તક, ક્રાંમિક, મહત્તર, સૈનિક, મુનાધિકરણિક, દાણ્ડપાશિક આદિ સર્વને દેહને તેમના ક્રમ અનુસાર જણાવે છે. ગુજરાતના ઐતિહાસિક લેખો
૪. પું. નાયક, પ્રધાન.
૫. પું મહત્ત.
એ વખતે પાટણના મહમા પરમ પ્રભુતાચાર્ય મહાપંડિત બંધ શ્રી પરમ ઉદ્ધ મહત્તર (મહેતા) હોવાનો ઉલ્લેખ છે. ગુજરાતનાં તીર્થસ્થાનો
૬ પું. વડીલ; મુરબ્બી
૭ પું. વૃદ્ધ; માનનીય પુરુષ; ગ્રેઢ પુરુષ.
૮. પું. ચંદ્ર
૯ પું મહાદેવ.
૧૦. પું. હનુમાન
૧૧. વિ. અધિક; વધારે મોટું કે સારું.
અને રાજકુળો મહત્તર છે એમ માનવામાં આવે. પુરાતત્ત્વ

મહત્તરાગાર પું (જૈન) મોટેરાના કહેવાથી કરવું પડે તેનો પ્રત્યાખ્યાનમાં રાખેલ આગાર.

મહત્તરિકા ૧. [સં] સ્ત્રી. મોટી દેવી.
૨. સ્ત્રી. રાજમહેલ અને ખાસ કરીને ગણીવાસ ઉપર નીમવામાં આવતી સ્ત્રી અમલદાર.

મહત્તરી સ્ત્રી. સોપન સાંકેતી એક વાયુતત્ત્વ દેવતા.

મહત્તા ૧. સ્ત્રી. અગ્રત્વ
૨. સ્ત્રી ઐશ્વર્ય, પ્રભાવ, ગૌરવ; પ્રતિષ્ઠા
૩ [સં.] સ્ત્રી મોટાઈ; મોટાપણું; મહિમા.
૪ સ્ત્રી. વિસ્તાર; કદ.
૫ સ્ત્રી. શ્રેષ્ઠતા
કરી બતાવ્યું સિદ્ધ વર્તનથી,
પદ્ધતિએ કોઈ નથી મહત્તા;
છે સર્જને શક્તિ ભરેલ આત્મા,
મરેલમાં ચેતન રેડ તે છે
ન.પોનીતા

મહત્તાલ ૧. પું. એક પ્રકારની આતશબાજી.
૨ પું. ચંદ્ર
૩. પું. ચાંદની.

મહત્તાશાલી [સં. મહત્તાશાલિન્] વિ. મોટાઈવાળું)

મહત્તાશાળી જુઓ મહત્તાશાલી.

મહત્ત્વ ૧ ન. અગ્રત્વ.
૨ ન. ઐશ્વર્ય; વૈભવ; પ્રભાવ; પ્રતિષ્ઠા; મોભો.
૩. ન કદ, વિસ્તાર, વિશાળતા.
૪ ન ગુરુત્વ.
૫ ન. નમ્રતા
૬. ન દમ, વિસ્તાર; મજબૂતી.
૭. ન પરિમાણ; વજન.
૮. ન. મોટાપણું; મહિમા.
૯ ન. લોભ; મોટાપણાનું માન; મોટાઈનું સ્વરૂપ.
૧૦ ન. શ્રેષ્ઠપણું.

મહત્ત્વદર્શક ૧. વિ. તેજસ્વી.
૨ વિ. મોટાઈ દેખાડનાર; કોઈ વસ્તુ કેટલી છે તે માપ બતાવનાર.

મહત્ત્વમાપન [સં.] ન. (ગણિત) કોઈ પણ આકૃતિ કે પદાર્થનું પરિમાણ, જથ્થો, પદોગાર્ય, જડાર્ય, ક્ષેત્રફળ, ઘનફળ ઇત્યાદિ જાણી કાઢવું તે.

મહત્ત્વયુક્ત વિ મહત્ત્વવાળું)
તે લેખના પ્રાચીનપણા સિવાય તેનું પ્રામાણ્ય સ્થાપવાનું એક બીજું મહત્ત્વયુક્ત કારણ છે. કેતકી

મહત્ત્વશક્તિ સ્ત્રી ચક્ષિની એક ભાત; શરીરને વધારવાની શક્તિ.

મહત્ત્વાકાંક્ષા [સં. મહત્ત્વ + આકાંક્ષા (ઇચ્છા)] સ્ત્રી મહત્ત્વની આકાંક્ષા; મોટાઈ મેળવવાની ઇચ્છા; મહાકાંક્ષા.

મહત્ત્વાકાંક્ષી [સં. મહત્ત્વ (મોટાઈ) + આકાંક્ષિન્ (ઇચ્છાવાળું)] વિ. ઉચ્ચ અભિલાષાવાળું; મોટી ઇચ્છાવાળું; મહાન ઇચ્છા ધરાવનાર; મહત્ત્વાકાંક્ષાવાળું; મોટી આશાવાળું

મહત્ત્વેચ્છુ [સં. મહત્ત્વ + ઇચ્છુ (ઇચ્છનાર)] વિ. મોટાઈ મેળવવાનો ઇચ્છા રાખનાર

મહત્ત્વેપેક્ષા [સં. મહત્ત્વ (મોટાઈ) + અપેક્ષા (ઇચ્છા)] સ્ત્રી. મહત્ત્વાકાંક્ષા.

મહત્પુણ્ય ૧ ન. મહત્તા, કીર્તિ.
૨. [સં.] ન. મોટું પુણ્ય.

મહત્પુરુષ [સં.] પું. પુરુષોત્તમ.

મહદ્ધ્ય પું. મહોદધિ, સાગર; દરિયો
મુવા પછે, મરૂ મરીએ, **મહદ્ધ્ય** મલે માણ,
જંતના કો જલી કરે, અનોપર ઝુમાણ
સાખી ભક્તકવિઓ

મહદંતર ૧ [સં] ન (સંગીત) ત્રણ અંતર પ્રમાણ માર્દવનું મોટું અંતર.
૨. ન. મોટું અંતર.

મહદંશ [સં.] ન. (ખગોળ) મોટામાં મોટો અંશ. જે ગ્રહ સૂર્યથી વધુ દૂર હોય તે ગ્રહની કક્ષા મોટી હોય છે અને પાસે હોય તે ગ્રહની કક્ષા નાની હોય છે. તે કક્ષાઓના ૩૬૦ ભાગો કરતાં મોટી કક્ષાના ભાગો અમરા અંશો મોટા હોવાથી તે દરેક ભાગને મહદંશ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે નાની કક્ષાના અંશો અલ્પાંશ કહેવામાં આવે છે.

મહદાકાશ [સં.] ન. મોટું આકાશ.

મહદાક્ષેપ [સં] પું. મોટો આક્ષેપ.
તદપિ સાવધ રહી અતી શાન્તિ,
કરી **મહદાક્ષેપ** વહી વજ્રી. પ્રેમાનંદ

મહદાત્મા ૧. [સં. મહત્ + આત્મન્] પું. પરમાત્મા
ઇંદ્રિયથી પર વિષયો, વિષયોથી પર મનઃ
મનથી તો પરા બુદ્ધિ, **મહદાત્મા** બુદ્ધિથી પર.
ઉપનિષદપ્રકાશ
૨. પું. હિરણ્યગર્ભ

મહદાધાર [સં] પું. મોટો આધાર.

મહદારંભ ૧. [સં.] પું. મહત્ત્વનો આરંભ.
૨. પું. (જૈન) મોટો આરંભ, મોટો પાપકારી વ્યાપાર.

મહદાશય [સં.] પું. મોટો હેતુ, ઉચ્ચ હેતુ.

મહદાસૌખ્ય ન. મોટું સુખ.
કંગાળ **મહદાસૌખ્ય** નહિ એ કર્મના અધિકાર.
દયારામ

મહદી ૧ [અ. હદી (તેણે બોજ હોરવણી આપ્યો)] પું. ભોમિયો.
૨. પુ હજરત અલાયી ગૌતરેલા આગમ. કલમ. તેમને શિયા મુસલમાનો અદ્યાપિ હયાત હોવાનું માને છે

મહદુપાસન [સં. મહત્ + ઉપાસન] ન. મોટી સેવા, મહાન ભક્તિ, ઉપાસનાનું મહાન સાધન.
મહદુપાસન ન હોય ત્યાં. દયારામ

મહદ્ગત ૧ વિ. નક્કી.
૨. [અ. મદ્દ (નિશ્ચિત સીમા)] વિ મર્યાદિત; હદ બાંધેલું; હદ આંકેલું; પરિમિત; સીમાબદ્ધ.

મહદ્ગુમ વિ. તદ્દન નાશ પામેલું

મહદ્ગેરુંચર પુ. એક જાતનો જાનવર

મહદ્ગ્રૈમ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

મહદ્ગ્રહ્મ [સં.] પું. પ્રકૃતિ; અવ્યાકૃત.

મહદ્ભાગ્ય ૧. [સં.] વું મોટો ભેગ; ભારે ક્ષેત.
૨. પું. વિશ્વવ્યાપી ધર્મભાવના.
આત્મજ્ઞાન પોતાને લાભ પડે છે, પરોપકાર બીજાને લાભ પડે છે અને **મહદ્ભાગ્ય** એ સત્યતા, સૌંદર્ય અને સારસાઈના વિચારોને લાગુ થાય છે. હરગોવિંદદાસ

મહદ્ભુત [સં.] વિ. બહું અદ્ભુત, અસાધારણ; અસાધારણ; અલૌકિક; વિલક્ષણ; ચમત્કારી.
તે **મહદ્ભુત** સર્વમાન્ય અને કેવળ મંગલમય છે. રાજચંદ્ર

મહદ્ભ્રમણ [સં.] ન. દૂરની મોટી પ્રદક્ષિણા. જે ગ્રહ દૂર હોય તેની કક્ષા મોટી હોવાથી તેની એક પ્રદક્ષિણા ઘણો વખતે થાય છે. તે પ્રદક્ષિણા **મહદ્ભ્રમણ** કહેવાય છે.

મહદ્યોનિ [સં.] સ્ત્રી. વિશાલ ઉત્પત્તિસ્થાન.
સર્વ યોનિ વિષે પ્રાણ, મૂર્તિમાં ઉદ્ભવે છે,
પ્રકૃતિ છે **મહદ્યોનિ**. તું છું બીજપ્રદ પિતા
ગીતાનુવેદન

મહદ્વૃક્ષ [સં.] પું. વડનું ઝાડ.

મહદ્વૃત્ત ન. (ખગોળ) મોટું વર્તુળ.

મહત્ત્વ [અ.] સ્ત્રી. ઉત્તમ; ખાંત; ઇજ્જત; માન

મહનીય [સં.] વિ. પૂજવા લાયક; પૂજ્ય; પૂજનીય.

મહનીયા પું (બિલ્લા) ઉજ્જૈનની જાતનો એ નામે ઓળખાતો સમસ્ત વર્ણસંકર છંદ. તેના દરેક ચરણમાં ૧૭મો, ૨૪મો અને ૩૧મો સાત અક્ષરો હોય છે
૫ સા ગે **મહનીયા**. સ્યુપિંગળ

મહર્ષિલ ૧. સ્ત્રી. આનંદ.
૨. સ્ત્રી ઉજાગરો.
વળી માત્ર ઇશ્વરની **મહર્ષિલ**માં જ્યમ પર જ્યમ ચઢાવી, તે કેવા બેઠાગ બની જાય છે.
પુરાતત્ત્વ
૩. સ્ત્રી. હર્ષ.
૪. સ્ત્રી. નામ.

મહર્ષિલ કરવી = (૧) ગોકકુ થવું, મશ્કરું. (૨) નાચવું

૫ સ્ત્રી નાચગાન કરવાનું સ્થળ.

૬ સ્ત્રી મનુષ્યોને ભેગા મળવાની જગ્યા

૭ [અ.] સ્ત્રી. મેળાવડો; સમાજ; મંડળી; સભા; મિજલસ; જલસો.

મહાબુલ્કેલવા પું. એક જાતનો શિકારી કલગી વાળો.

મહબૂબ ૧. [અ. હબ્બ (તે ચાહતો હતો)] પું. માશૂક; પ્રિયા; વહાલી સ્ત્રી; પ્યારી; પ્રેમિકા.
૨. વિ. ચાહેલું; પ્રિય; વહાલું
મહબૂબ મીઠાશ તારા મુખ પર બિરાજે
મલબારી

મહબ્બત [અ.] સ્ત્રી. પ્રેમ; સ્નેહ; મત્રી.
મહાદાની **મહબ્બત** નહિ પામ્યા જા જહા
ખાઈબંધી વચ્ચે જે મહબ્બત હોય છે તે.
નવલરામ

મહબ્બત અંજામ વિ. સપ્રેમ
મહ મ્ બ્-મહબ્બત-અંજામ = પ્રેમપૂર્વક પરત

મહમદ પુ મુસલમાની ધર્મસંસ્થાપક એ નામના પયગંબર તેમનો જન્મ મક્કામાં આશરે ઈ. સ. ૫૭૦માં થયો હતો અને મરણ મદીનામાં ઈ સ ૬૩૨માં થયેલ મનાય છે. તેમના પિતા પ્રતિષ્ઠિત પણ ઉમદા કુળના હતા. તેઓ નાની વયમાં નિરાશ્રિત થયા હતા અને તેમનાં સમયહાલાઓએ તેમને ઉછાર્યા હતા. પ્રથમ લડવૈયા તરીકે જીવન ગુજાર્યું પછી તેમણે એક વેપારી તરીકે જીવન ગુજાર્યું. પચ્ચીશમે વર્ષે તેમનો પરણ્યા. તેમના સહવાસથી તેમને ખૂબ પૈસાદાર મોરત મળી હતી. પણી વખત જતાં તેઓ સમાજસુધારી નાસી જતા અને ત્યાં મનુષ્ય ન પહોંચી શકે એવી ગુફામાં એકાંતવાસમાં રહેતા. અહીં તેમણે વિચાર કરતા અને આખરે પોતાને આતરી થઈ કે તેમને એક સાચા ખુદા ત-રફથી પેગમ્બર તરીકે દુનિયામાં મોકલવામાં આવ્યા હતા. તેમની ઓ ફક્ત તેમના આ પેગામમાં માનતી, પણ ત્રણ વરસ પછી તેમના ૪૦ અનુયાયીઓ થયા. જ્યારે આ નવા મઝહબની ખબર જાહેરમાં થઈ, ત્યારે તેમના ઉપર ઘણો જુલમ થયો તેથી તેમને મક્કા થી મદીના નાસી જવું પડ્યું. ત્યાંથી સુધી તેમણે ધર્મના ઉપદેશક તરીકે કામ કર્યું. પણ હવે તેમણે લડવૈયા જેવા કર્યા અને ઘણી લડાઈઓ થઈ ધીમે ધીમે જે ધર્મનો તે ઉપદેશ કરતા હતા, તે ધર્મનો ફેલાવો થયો. તેમના જીવનને અંતે તે ધર્મનો ફેલાવો

ગયો અને તેમણે અરેબકે રાજ્ય સ્થાપ્યું. મક્કા પવિત્ર શહેર મનાયું અને મૂર્તિપૂજનો નાશ થયો તેમના ઉપદેશની કુરાને શરીફ નામની એક ચોપડી બનાવવામાં આવી છે અને તે ચોપડીને મુસલમાનો પવિત્ર માને છે

મહમદઅલી પું. મૌલાના મહમદઅલી. તેમનો જન્મ ઈ સ. ૧૮૭૮માં થયો હતો. હિંદુ મુસલમ નોમા ધર્મ અને રાષ્ટ્રની ચેતનાના પ્રાણ પેદા કરનાર મહમદઅલી હિંદના સાચા હિતૈષી, અને સ્વતંત્ર ભારતના પરમ પૂજારી અને ચુસ્ત રાષ્ટ્રવાદી હતા. સ્વતંત્ર ભારત એ તેમનો જીવનમંત્ર હતો. પ્રજાએ તેમને ૧૯૨૩માં દોકોનાડાની મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટી કાઢી તેમની સેવાઓ માટે મોટામાં મોટું માન આપ્યું ઈ સ. ૧૯૩૧માં તેઓ મરણ પામ્યા.

મહમદઆકર પું. ખોજા ધર્મના ચોથા ઇમામ.

મહમદ બિન ઇસમાઈલ પું. ખોજા ધર્મના સાતમા ઇમામ.

મહમદ બેગડો (મહમદ બેગડે) પું. ગુજરાતનો એ નામનો એક સુલતાન. તે એક બળવાન મલ્લ હતો અને ઘોડાને ઊંચકી શકવાની શક્તિ ધરાવતો હતો. તેણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે મહ જીત્યા હોવાથી તે બેગડો કહેવાતો.

મહમદિયત વિ. મહમદ સાહેબ સાથે સંબંધ રાખનાર.

મહમદિયાન વિ. મુસલમાનનું.

મહમદી ૧. પું. મહમદ પેગમ્બરથી ફેલાયેલા ધર્મનો અનુયાયી; મુસલમાન.

માતા મુજેરના સહ પુત્ર સમાન,
ખરે હિંદ જરથુસ્તી કે મહમદી નામ.
ગુ સા પરિષદ

૨. ન કાપડની એક જાત. આ કાપડ મહમદે માણ કર્યું હતું.

૩. વિ. મહમદનું; મહમદનું અનુયાયી.

મહમદીઝમ ૧. [અ. મુહંમદી (મુસલમાન)] વિ ઇસ્લામી; મુસલમાની.

૨. વિ. મહમદ સાહેબ સાથે સંબંધ રાખનાર.

મહમદીદીન પું ઇસ્લામ ધર્મ.

મહમદી નિશરણી સ્ત્રી. એ નામની એક તરવાર. આ તરવાર મહમદ બિજની વાપરતો, તેથી તેનું આ નામ પડ્યું.

મહમદીય વિ. ઇસ્લામી.

મહમલ પું. એ નામનો ઇજિપ્તમાં રહેતો ઇસ્લામી ધર્મનો પવિત્ર માણીગો.

મહમહ વિ. મઘમઘ; પરિમલયુક્ત; સુગંધી.

આશા વિશ્વને મહમહ કરી મૂકે છે.
કેશવ હર્ષદ

મહમહણ ૧ પું વિષ્ણુ.

૨. ન. સમુદ્ર મંથન.

મળ થયે લી મહમહણ આવિષ્ટ હા અંત.
હરિરસ

મહમહતું [સં મિદ્ (ભીનું થવું)] ભ ક્રિ પરિમલ પ્રસરાવવી; સુગંધ મહેકાવવી. મહમહકવું, મહેમવું, ખુશબો આપવી; મઘમઘવું; વાસ ફેલાવવી; ફોરવું.

મહમહા વિ. સુગંધી; ખુશબોદાર.

મહમહાટ પું મઘમઘાટ; પમરાટ; સુગંધ.

જગતી હાથીઓએ માણ પરવાથી જ્યાં જ્યાં એ ઝાડના વડે મદ ઝમ્યો હતો, ત્યાં ત્યાં તેના મહમહાટથી આકર્ષાઈ ભમરા લાગ્યા હતા.
કેશવ હર્ષદ

મહમહાવું જુઓ મઘમઘવું.

મહમા જુઓ મહિમા.

મહમાન ૧. [ફા.] પું. જમાઈ.

૨ સ્ત્રી. પનોતો.

મહમાનવતા સ્ત્રી. મહાનુભાવતા.

એવા ઊભા છે ઇતિહાસ ભરીને,
મહમાનવતાના હિમાદ્રિ બુદ્ધ ભગવાન.
સંધમિત્રા

મહમૂદ પું. એ નામનો એક મુસલમાન રાજા.

મહમૂદ બિજની ૧. પું. બિજનીનો એ નામનો એક રાજા. એ જમાનામાં હિંદનો જમીન અને દરિયા માર્ગે પરદેશ સાથે પીઢતો વેપાર ચાલતો. હિંદમાંથી કીમતી જવાહીર અને ચીનેથી જરેસી વસ્તુઓ બિજનીને પાદરેથી પસાર થતી. તે વરપ અને એશિયાના દેશોમાં જતી. મહમૂદ નાનો હતો, ત્યારે બિજનીના પાદરે જઈ આ વસ્તુઓ જોઈ રહેતો. વસ્તુઓને પૂછીને ભારત દેશ વિષે માહિતી મેળવતો. વસ્તુઓ તેને ભારતનાં સમૃદ્ધ મંદિરો, વેપાર, રોજગાર અને અઢળક ધનદોલતની વાતો કરતા. મહમૂદે ત્યારે જ મનમાં ગાંઠ વાળી હતી કે, ભારતની અઢળક ધનદોલત હું એક દિવસ બિજની ખસડી લાવીશ. સુલતાન બનીને મહમૂદે એ મુરાદ પાર પાડી. તેણે ભારતની દોલતથી બિજનીની આબાદી અને વિદ્યામાં વધારો કર્યો.

૨. વિ. લાયક; યોગ્ય.

૩. [અ. હમદ (તેણે સ્તુતિ કરી)] વિ. સ્તુતિ કરાયેલ.

મહમૂદી ૧. પું. રૂપાનો એક જાતનો સિક્કો. તે આઠ પેન્સની કીમતનો હોય છે.

૨૮૰ મહમૂદી = ૧૬૨ રૂપિયા

૨. [અ.] સ્ત્રી. એ નામની એક અમદાવાદ જાત

૩ સ્ત્રી એક જાતનું ભારીક મલમલ.

મહમેજ સ્ત્રી. એક જાતની લોઢાની નાલ. તે ઘોડામાં નાખવામાં આવે છે અને તેના વડે ઘોડેસવાર ઘોડાને ચલાવવા માટે એડી મારે છે.

મહયોધી સ્ત્રી. (જૂ ગુ) મથુરાની આસપાસના પ્રદેશની હિંદની એક લિપિ

લાડી બોલી નિ સોરઠી, હાડી મહયોધી મારુડી.
ભાષાવતાર

મહર ૧ પું. અરબસ્તાનમ થતું એક જાતનું કરિયાણું

પું. એ નામનું એક સ્વર્ગ.

૩. પું. એ નામનો જરથોસ્તી મહિનાનો સોળમો દિવસ.

૪. પું. એક જાતનું પક્ષી.

૫. પું. કરિયાવર; ઓષન

૬. પું રાય; રાજા.

૭ પું. લગ્ન પરેલા સ્ત્રીને આપેલી બક્ષિસ.

મહર બાંધવો = સ્ત્રીને ધન કે સંપત્તિ બક્ષિસ આપવી.

૮. પું. ગામનો કરાર

૯ પું. મજૂરો જમીનદારોને માટે બોલાતો એક આદરસૂચક શબ્દ. કોઈ વાર શ્રીકૃષ્ણના પિતા નંદને માટે પણ તેનું નામ લીધા વગર આ શબ્દ વપરાય છે.

૧૦. પું સરદાર.

૧૧. સ્ત્રી. મર્મમાં કહેવું તે; મર્મ; બોંગ; કટાક્ષ; મહેણું; ઓછું; મર્મ વચન.

૧૨. [અ.] સ્ત્રી. મહેર; કૃપા; દયા; ઉમદાદૃષ્ટિ; મહેરબાની.

૧૩. સ્ત્રી. બૌ; પત્ની

૧૪. વિ. દયાળુ; કરુણાવાન.

૧૫. વિ. સુગંધિત

મહરક સ્ત્રી વાસ; મધ; સુગંધ; સોરમ.

મહરકવું અ. ક્રિ. વાસ આવવી; મધ મારવી. મહમહવું; મઘમઘવું; સુગંધ ફેલાવવી.

વરની જનમાં મહરકે રૂડો રેવડો રે, વરને નાદર ઘણેરી.
લગ્નગીત

મહરકું ન. સામા માણસને રીસ ચડે તેવું માર્મિક વચન કહેવું તે; મરકું; ટોકું; માર્મિક વચન; તાનો.

મહરનામા [અ.] પું. ઓષનનો દસ્તાવેજ.

મહરબાન ૧. પું કોસ્ત; મિત્ર.

૨. [ફા.] વિ. કૃપાળુ. દયાળુ.

મહરમ ૧. [અ.] પું. જનાનખાનામાં જવા આવવાની છૂટવાળો માણસ; કંચુકી.
૨. પું. બાયલો માણસ.
૩ પું. પતિ; ધણી.
૪. પું. પાકો મિત્ર; પ્રિય મિત્ર.
૫. સ્ત્રી. ચોળી; કાપડું.
૬. વિ. ભેદ જાણનાર; રહસ્ય જાણનાર.

મહરા ૧. [હિ.] પું. એક જાતનો પાણી ખેંચનાર અને ઢોળી ઉપાડનાર હિંદુ; પાલખી ઉપાડનાર ભોઈ
૨. પુ. બોર્ડ માટે માન અથવા વિવેકમાં વપરાતો શબ્દ.
૩. પું. રસોઈના વાસણ માંજનાર માણસ.
૪. પું. સરદાર; નાયક.
૫. પું. સસરા માટે વપરાતો આદરસૂચક શબ્દ.
૬. પું. બૈરા જેવો પુરુષ.
૭. વિ. શ્રેષ્ઠ; પ્રધાન; મોટું.

મહરાઈ ૧. સ્ત્રી. ગોવાળનું એક જાતનું ગીત.
૨. [હિ.] સ્ત્રી. પાલખી ઉપાડવાનો ધંધો.
૩. સ્ત્રી. મૈયતા; પ્રધાનપણું.

મહરાના ૧. [અ.] પું. લગ્નમા કાજીને અપાતી ફી.
૨. પું. મહરને રહેવા માટેનું સ્થાન.

મહરામણ પું. દરિયો.

મહરિ ૧. સ્ત્રી. ગ્વાલિન નામનું પક્ષી.
૨. સ્ત્રી. ઘરવાળી; ગૃહસ્વામિની.
૩ સ્ત્રી. લગ્નમાં પ્રતિષ્ઠિત બૈરાંઓને માટે વપરાતો માનવાચક શબ્દ. આ શબ્દનો પ્રયોગ કોઈ વાર ફક્ત મહોદરને માટે પણ તેનું નામ લીધા વગર થાય છે

મહરી ૧. સ્ત્રી. ગ્વાલિન નામનું પક્ષી
૨. સ્ત્રી. માન અથવા વિવેકથી કહેવાતી બોલી આ.
૩. [હિ.] સ્ત્રી. બૈરી; પત્ની.
૪. સ્ત્રી. બૈરા જેવો પુરુષ.

મહરું ન. મહોરું.
મહરા બોલવાં = બોકું બોલવું; મહેમાં મારવાં.

મહરૂ ૧. પું. એક જાતનું વૃક્ષ
૨. પું ચંડૂલ પીવાની નળી.
૩. [ફા.] વિ. ચંદ્ર જેવા સુંદર મોઢાવાળું; ચંદ્રમુખું; ચંદ્રવદનું; સુંદર.

મહરૂમ ૧. વિ કમનસીબ.
૨. વિ. નિરાશ.
૩. વિ ખાલ કરેલું
૪. [અ. હરમ (મના કરવું)] વિ. મના કરેલું.
૫. વિ. વંચિત.

અને નાહક આરોપ દિયર વે કુટુંબની આબરૂ સત્યનાશ્યો અને તારા વસ્ત્રથી મહરૂમ બનાવ્યો.
નારાયણ વિસનજી

મહરૂમી ૧. [અ.] સ્ત્રી. નિરાશા; નાઉમેદી.
૨. સ્ત્રી. નુકસાન.
૩. સ્ત્રી. મના.

મહરેરા ૧. પું. મહરનો પુત્ર.
૨. પું. મીરજ્યું.
૩. પું. સારી રીતે રાજ્ય ચલાવેલો દેશ.

મહરેમિરલ સ્ત્રી કિનારા ઉપરના દરજ્જા પ્રમાણે ફરવાનું પદ.

મહર્ઘ [સં.] વિ. અત્યંત મૂલ્યવાળું; કીમતી; મોંઘું.
રજા કમલ રવિનિ દેઈ અર્ઘ,
પરિમા બનકલ પૌલ મહર્ઘ. જાયસ

મહર્ઘતા [સં.] સ્ત્રી. મોંઘવારી; મોંઘાપણું.

મહર્દ્ધિ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. ગંગાનાં હજાર માંહેનું એક નામ.
૩. વિ. સઘળી વાતે પૂર્ણ.

મહર્દ્ધિક [સં.] વિ. ઘણી સંપત્તિવાળું; મોટી ઋદ્ધિવાળું.

મહર્લોક ૧. [સં.] પું. અંતરિક્ષના સાત માંહેનો ચોથો લોક; ચૌદ માંહેનો એક લોક; ભારતીય ધાર્મિક સાહિત્યમાં કલ્પેલા સાત માંહેનો એક લોક; સૂર્ય તથા ધ્રુવ જ્યાં છે તે લોક; સૂર્યલોક. ઉપનિષદ વિચારણામાં સાંભળ્યું છે કે: લિંગ શરીરના પ્રધાન વ્યાપારના લોકને મહર્લોક કહે છે અને તે મહેંદ્ર લોક પણ કહેવાય છે.
ભૂરાદિ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક ચારે ઊર્ધ્વલોકોને ઉત્પન્ન કર્યા. પુરુષોત્તમગીતા
૨. પુ. એ નામની એક ઋગ્ભાતિ

મહર્ષ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂતની છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ અને ચગણ મળી નવ વર્ણ હોય છે.
મહર્ષ જ ભ ચ થકી છે. રત્નપિંગળ

મહર્ષભ [સં.] પું. મોટો ઋષભ

મહર્ષભી [સં.] સ્ત્રી. ક્ષવક નામની વનસ્પતિ; ઋષભકપર્ણ.

મહર્ષિ ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે સંધ્યાના આઠ માંહેનો આઠ પુત્ર હોવાનું મનાય છે
૨. [સં.] પું. બ્રહ્મદેવના પુત્રોની સંજ્ઞા સ્વાયંભુવ મન્વંતરમાં પ્રજાપતિ અત્રિ આદિક પુત્રોને ઉત્પન્ન કરેલા. તે જ મન્વંતરમાં તેમને મહાદેવનો શાપ થવાથી મરણ પામ્યા, એટલે બ્રહ્મદેવે ચાક્ષુ મન્વંતરમાં તેમને પુનઃ ઉત્પન્ન કર્યા.
૩. પું. મોટો ઋષિ; ધાર્મિક અને જ્ઞાની પુરુષ.
ઉત્પત્તિ સમયે મહર્ષિ મુજ નાના દેવના યે ગયો,
આદિ હું જ છું દેવનો સદ્ગુરૂ રીતે ને છું મહર્ષિ વળી.
ગીતાપદ્યામૃત
૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહર્ષિકલ્પ [સં. મહર્ષિ + કલ્પ (સરખું)] વિ. મહર્ષિ જેવું.

મહર્ષિકા [સં] સ્ત્રી એ નામની એક વનસ્પતિ; જટકટૈયા; ધોળી રોંજણી.

મહર્ષિગણ [સં.] પું. મહર્ષિનો સમુદાય.

મહર્ષિપદ [સં.] ન. મહાન ઋષિ તરીકેની યોગ્યતા.

મહર્ષિ રમણ પું ભારતના એ નામના એક મહાત્મા અને તત્ત્વજ્ઞાની, તેમનો જન્મ સને ૧૮૭૯માં મદ્રાસ પ્રાંતમાં મદુરાથી ૩૦ માઈલ દૂર તિરુચુળી ગામમાં થયો હતો. તેમણે અલ્પવય પ્રાયઃ સ્વર્ગ કર્યો હતો. તેમણે અનેક વર્ષો ચિંતનમાં ગાળ્યાં. સત્તર વર્ષની સુકુમારવયે દક્ષિણ હિંદમાં તિરુવન્નામલાઈ ગામની નજીકની અરુણાચલની પવિત્ર ટેકરીએ ગયા. ત્યાં જ તેમણે આશ્રમ વસાવેલ છે. તેઓ વેદાંતના ધુરંધર ઉપદેશક હતા. સેલ્ફ રીઅલિઝેશન નામના પુસ્તકમાં તેમનું જીવનવૃત્તાંત છે. તે આશ્રમ તરફથી જ પ્રસિદ્ધ થયું છે. 'હું કોણ?' એ સનાતન પ્રશ્નના આત્મસશોધનનો માર્ગ તેમણે ઉપદેશેલ છે

મહલ ૧ પું. જનાનખાનું; રાણીવાસ
૨ પું તક; અવસર; મોકો.
૩. પુ. પરમાત્મા
પિયા અંદર **મહલ** બિર જ રહે,
પર કામનમે અડચાઈ ઘણી
અખાનંદ
૪ પુ. શરીર રૂપી ઘર.
૫ પુ સ્થળ; જગ્યા.
૬. [અ.] પુ. મહેલ, રાજા કે જમીનદાર વગેરેને રહેવા માટેનું મોટું મકાન.
૭. સ્ત્રી પહાડી મકમાખી.
૮ સ્ત્રી રાણી
મહેલખાસ = પટરાણી

મહલદાર જુ અમુક ભાગનો મોદિદાર

મહલદારની ૧. સ્ત્રી. કુટુમ્બખાનાની ઉપરી
૨. સ્ત્રી સુબાવડખાનાની ઉપરી

અહુલસરા [અ] પું. રાણીવાસ; જનાનખાનું; સ્ત્રીઓનો ખંડ; અંતઃપુર.

અહુલસરાઈ જુઓ અહલસરા.

અહુલા [હિ.] પું. બ્યક્તિ

અહુલાક [હિ.] પું. એક જાતનું પક્ષી

અહુલાનોબીસ પું. એ નામના એક પ્રખર હિંદી આંકડાશાસ્ત્રી. તેમનું આખું નામ પી. સી. મહલાનોબીસ છે. તે રોયલ સોસાયટિ ઑવ લંડનના ફેલો, ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયના ડૉક્ટર ઑવ લૉઝની ડિગ્રીથી વિભૂષિત ભારતની મધ્યસ્થ સરકારના આંકડાશાસ્ત્રના સલાહકાર અને આંતરરાષ્ટ્રીય આંકડાશાસ્ત્રની સંસ્થાના ઉપ-પ્રમુખ છે. તે ભારતીય આંકડાશાસ્ત્રની સંસ્થાના મંત્રી અને સ્થાપક છે. આ સંસ્થાએ આખા વિશ્વમાં અત્યારે તે વિષય માટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમણે ભૌતિક શાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે ઘણાં વરસ કામ કરેલ છે. અર્થોપયોગશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્રના પણ તે અભ્યાસી છે તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. ભારત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રને લગતી ઘણીખરી મોજણીઓ તેમની દેખરેખ નીચે આકાર લઈ રહી છે. તેઓ નેશનલ સેમ્પલ સર્વેના નિયામક છે. આ જાતનું માર્ગદર્શન કરનાર વિશ્વમાં તેઓ પહેલા છે. સને ૧૯૫૦માં ભારતમાં ભરાયેલ અખિલ ભારતીય વિજ્ઞાન કૉંગ્રેસના તે પ્રમુખ હતા.

અહુલાર પું. (સંગીત) એ નામનો એક રાગ; મલ્હાર; મહદાર

અહુલાવડો (મહલાવડો) પું. હર્ષ; આનંદ; મનોરંજન.

અહુલાવવું ૧. સ. ક્રિ. મહાલે તેમ કરવું; મલ્હાવવું; આનંદ આપવો.
૨. સ. ક્રિ. રમાડવું.
૩. સ ક્રિ. રંજ પૂરવો.

અહુલાવું અ. ક્રિ. મહાલે તેમ થવું.

અહુલી પું. નપુંસક; ખાનેપો.

અહુલ્લ ૧. [અ.] પું. એ નામનો એક સુંદર છોડ. તે ૪,૫૦૦ ફૂટની ઊંચાઈએ ઊગે છે. તેને સુંદર ધોળાં ફૂલો આવે છે.
૨. પું. જગ્યા.
૩. પુ. પ્રાંત.
૪. પું. મહેલ.
૫. પું. વખત; તક.

અહુલ્લા ૧. પું. પ્રાંત.
૨. [અ.] પું. ટોરી; મહોલ્લો; વાંટો; શહેરનો વિભાગ.

અહુલ્લાદાર [અ] પું. શહેરના અમુક ભાગ જેના હવાલામાં હોય તે અમલદાર.

અહુલ્લિક [સં.] પું. જનાનખાનાનો રક્ષક. નાજર; ક્લબ અને લિંગ વિનાનો ઓના રવભાવવાળો મનુષ્ય.

અહુલ્લી [અ.] પું. પંદર દીવસો.

અહુલ્લેદાર ૧. પું. ગામડાનો મુખી.
૨. વિ. વાળનાર.

અહુવર ૧. [અ.] પું. લાકડાની પરી.
૨. [કા.] સ્ત્રી. આસિક પત્થર.
૩. સ્ત્રી. આસિક કઠણાઈ વિગેરેની ગરબાનું નક્કી કરતો દસ્તાવેજ.

અહુવરા ૧ સ્ત્રી. સુંદર અને મોહક સ્ત્રી.
૨. [કા.] વિ. ચંદ્રમા જેવું.

અહુવા પું. મધુક; મહુડાં.

અહુવારા જુઓ મહવર ૨, ૩.

અહુશુર [અ. માહુર] વિ. મશહૂર; પ્રખ્યાત; લોકપ્રિયતા; જાહેર; જાણીતું; નામાંકિત.

અહુસ્સાર [અ.] પું. કયામતનો દિવસ.
અરસા યે મહસ્સર = કયામતનું સ્થળ.

અહસ્સા [અ.] વિ. સદીઓ; દીર્ઘાવાળું.

અહસ ૧. [સં.] ન. જ્ઞાત.
૨. ન જ્ઞાન
૩ ન. સમજ.

અહસ્પિલ [અ.] પું. મરેલાને વસ્ત્ર કરનાર અધિકારી; વસ્ત્રપાતી અધિકારી.

અહસીર સ્ત્રી. હિંદુસ્તાનમાં થતી એક જાતની માછલી.

અહમૂલ ૧. વ. ઊપજ; ઉત્પન્ન; નીપજ; આમદાની.
૨. [અ. વસ્લ (તેણે જમા કર્યું)] ન. કર; ભાડું; વિધોટી; મરેલાને.
૩. ન. ખર્ચ
૪ ન. નફો.

અહસૂલદાર ૧. વિ. કર ઉઘરાવનાર.
૨. વિ. કર ભરનાર.
૩. વિ કરને યોગ્ય.
૪. વિ. નફો આપનાર.

અહસૂલી ૧. વિ. કર ભરવું. જમીન માટે વપરાય છે.
૨. [હિ.] વિ. લાવવાને પાત્ર; કરને યોગ્ય.

અહસૂસ ૧. વિ. અનુભવેલું.
૨. [અ.] વિ. ખાસ યાદ તેવું.
૩. વિ. લાગેલું.
૪. વિ. બરાબર સુરક્ષા.

અહસેન [સં.] પું. કાર્તિકેય.

અહળવું (મહળવુ) સ. ક્રિ. ચોળવું; ઘસવું; મસળવું.

અહુંગાઈ [હિ.] સ્ત્રી. મોંઘાઈ

અહુંગી ૧ [હિ.] સ્ત્રી. અછત.
૨ સ્ત્રી. દુકાળ.
૩. સ્ત્રી. મિત્રતા; પ્રેમ.
૪. સ્ત્રી મોંઘવારી. મોંઘાઈ
૫. વિ મોંઘું.

અહંત ૧. [સં. મહત. અપ. મહંત)] પું મોટો સાધુઓ અને બીજા સાધુઓનો ઉપરી, મહાધિકારી સાધુ; મોટો સાધુ. મઠાધિકારી; મુખ્ય ગુરુ.
૨. પું. સિંહ; મોટો પુરુષ
સત મહંત અનંત વીરોની વદાવી અમારી માત, જય જય કરતા તારી જગતમાં અર્પીશું કરીએ જાત. બળવંતરાય

૩. વિ. પ્રધાન; મુખ્ય.
૪. વિ. વિશાળ; મોટું
૫. વિ ક્રિય.

અહંતપંથ પું. મહાધિકારીથી ચલાવાતો સંપ્રદાય. મહેતો કોઈ બીજા સંપ્રદાયના ઇતિહાસો ન હતો, તેમ કોઈ મહંતપંથ સ્થાપવાની તરફેણી પણ પર હતો. અંબાલાલ ભટ્ટ

અહંતાઈ ૧. સ્ત્રી. મહંતની જગ્યા કે મોભો.
૨. સ્ત્રી. મહંતપણું; મહાધિકારીપણું.

અહંદી [હિ.] સ્ત્રી. મેંદી.

અહંમદ પું. ઇસ્લામ ધર્મના પૈગમ્બર.

અહંમદ ઘોડો (મહંમદ ઘોડો) પું દુલદુલ. આ અજબરી ઇસ્લામદરિયાના હાકેમે મહમદ સાહેબને ભેટ આપી હતી. સાધારણ લોકો તેને ઘોડો મગજે છે. મહર્રમના દિવસોમાં ઇસ્લામીઓ તેની નકલ કાઢે છે. મુહર્રમની આઠમી તારીખે અબ્બાસના નામનો અને નવમી તારીખે હુસેનના નામનો સવાર વગરનો ઘોડો કાઢવામાં આવે છે.

અહંમદી જુઓ મહમદી.

અહંમદીય વિ મહમદનું; મહમદને લગતું
આજના દેવતામા પૂજનઅર્ચા અને માનપાન જુઓ જો તેમા શુદ્ધ હિંદુ ધર્મને અથવા અહમ્મદીય ધર્મને માન્ય ન હોય એવા અનેક વિધિ ને પ્રકાર આવતા જણાશે. આનંદશંકર

અહંમાયા સ્ત્રી. મોટી દેવી.

અહઃ ૧. [સં.] ન. આનંદ.
૨. ન. ઉત્સવ.

૩. ન. કાંતિ; તેજ.
સત્ય, અહિંસા, જગત, ધન, વિશ્વ મહદ્ (તેજ), ક્રીડ, હર્ષ, જાત (પુત્ર), જનિષ્યમાણ (આવિ પુત્રાદિ), સુક્ત અને સુકૃત યજ્ઞથી પ્રાપ્ત થાઓ! ૭૬૭
૪. ન. કીર્તિ.
૫. ન. પુષ્કળતા.
૬. ન. પાણી.
૭. ન. પ્રાર્થનાનો એક મંત્ર.
૮. ન. યજ્ઞ
૯. ન. સત્ય, મહત્ત્વ.
૧૦. ન. સત્ત્વ આદિનો ચોથો લોક.

મહા ૧ [સ] પું. ઉત્સવ.
૨. પુ. ઢાર.
૩. પુ. તેજ.
૪. પુ. બિકાનેરના તાબેદાર પેટેદાર તરફથી બેકુંઠો પાસેથી લેવાતો એ નામનો કર.
૫. પું. ભૈરવ.
૬. [સં. માઘ] પું. માઘ માસ; વિક્રમ સંવતનો બારમો મહિનો.
૭. પું. યજ્ઞ
૮. પું. શિવ.
૯. સ્ત્રી. એ નામે એક જાતનો વેરો.
૧૦. સ્ત્રી. ગંગાનાં કાંઠાર આદનું એક નામ.
૧૧. સ્ત્રી. માય.
૧૨ સ્ત્રી. સીતાનાં કાંઠાર માંહેનું એક નામ.
૧૩. સ્ત્રી; ન. એકાક્ષોપાદ માંહેની એ નામની એક ઉપનિષદ
૧૪. વિ. ગંભીર
૧૫ વિ તાજું.
૧૬. વિ. પવિત્ર.
૧૭ વિ. બહુ; ઘણું.
૧૮. વિ. મોટું; વિસ્તાર; ઉન્નત; ઊંચું; શ્રેષ્ઠ ક્રમવાચક અને બહુનોંધ સમાસ તથા કેટલાક અનિયમિત શબ્દોના આદિમાં વપરાય છે
૧૯. અ બહુ કાંઈ તેના રીત.

મહાઅમાત્ય ૧. પું. અમલનાં તથા બિન અગત્યના ખાતાનો ઉપરી.
અગત્યના અને બિન અગત્યનાં ખાતાના ઉપરીઓ અદાર તીર્થને નામે ઓળખાતા. એને માટે રામાયણ તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં મહાઅમાત્ય તરીકે ઉલ્લેખ આવે છે
હિંદુરાજ્યતંત્ર
૨. [સં] પું. મુખ્ય દીવાન; વડો કારભારી.

મહાઅર્ઘમૂલ્ય [સં.] ન. કીમતી અલંકાર; કીમતી બાબતો; ' વેલ્યુએબલ કન્સિડરેશન '.

મહાઅર્બુદ ન. મધુક; પર્વ, ગુલ્મ; 'સેન્ડાઇસ'.

મહાઅવતારી પું. (પિંગળ) પચ્ચીસ માત્રાનો એક માત્રામૂર્તિ છંદ. તેની પ્રસ્તાર જોડથી ૧,૨૧,૬૯૩ વૃત્તિ થાય છે.

મહાઅષ્ટમી [સં.] સ્ત્રી. આશ્વિન સુદિ આઠમ. તે દિવસે દેવીનાં મંદિરોમાં દર્શનની મોટી ભીડ જામે છે.

મહાઅહિ [સં. મહત્ (મોટું) + અહિ (સર્પ)] પું. શેષનાગ
શોભે મહાઅહિ સર્પપતિ ફણીશ્વર અનંત,
સહસ્ર વદનથી ગુણ ગટે પણ નહિ આવત અંત.
પિંગળપ્રકાશ

મહાઉત [સં. મહામાત્ર] પું. હાથીનો રખેવાળ; મહાવત.

મહાએકાદશી ૧. સ્ત્રી. અષાઢ માસમાં કરવામાં આવતું એ નામનું એક વ્રત ગુજરાત અને કાઠિયાવાડમાં કુમારિકાઓ સળંગ પહેલા ચાર વરસ સુધી અને લગ્ન પછી એક વરસ સુધી ભોગાયત નામનું વ્રત પાળે છે આ વ્રત અષાઢ સુદિ બારશથી વદિ પ્રતિપદા સુધી આવે છે પહેલા ચાર દિવસ સુધી કોઠિયામાં અથવા બાટકીઓમાં અનાજ વાવી જવારાની પૂજા કરે છે. એ પૂજા પ્રકૃતિ અને પુરુષની અથવા હરપાર્વતીની છે એવું માનવામાં આવે છે તે દિવસોમાં પહેલું અથવા બીજા બારામાં આવે છે. ચોથે દિવસે રાત્રે જાગરણ કરવામાં આવે છે અને પાંચમે દિવસે જવારાને નદીમાં અથવા તળાવમાં પધરાવવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે બાલ સૂરની કન્યા ઉષાએ બોમ્બ વર મળવા માટે આ વ્રત આચર્યું હતું.
૨. સ્ત્રી. અષાઢ સુદિ એકાદશી. તે દિવસે વિષ્ણુ શયન કરે છે એમ માનવામાં આવે છે.

મહાઔષધિ ૧. [સં. ઔષધિ] સ્ત્રી. બીલી. સ્વયંભુ પ્રતીકરૂપ બીલીપત્ર શિવકર્તાએ પોતાના કપાળમાંથી ઝરતી કપર્દી જટાધારને સમાવવા માટે પસંદ કર્યું છે. બારે માસ આ પત્ર કાયાને નીરોગી રાખનાર છે અને મનને ઉત્તમ પદાર્થોમાંથી દૂર કરી નિયમ કરનાર છે બીલીનો સ્પર્શ આખને તેજ અને આંખોના તેજને વધારનાર છે. શિવની આંખોનું તેજ જગતમાં કોઈથી જીરવ્યું નથી એ હકીકત છે. એટલે માનવદેહનાં સર્વ સુખોનું પ્રતીક, આંખોનું તેજ વધારનાર, સ્મૃતિને તાજી રાખનાર અને એકચિત્ત કરનાર આ મહાઔષધિ કાયાના પસીના અને મરડીના વિકાર દૂર કરે છે અને આંતરડામાંથી બંદા જંતુઓનો નાશ કરી મરડા જેવા મહારોગને મટાડી શરીરને સ્વાસ્થ્ય આપે છે બીલીપત્ર આખના તેજ ઉપરાંત વિશ્વવ્યક્તિનો શરીરમાંથી સંચાર કરે છે, એટલે જ એક પછી એક હજાર બીલીપત્ર મહાવરાની પ્રથા હિંદુ ધર્મે દાખલ કરી છે. તેનો સ્પર્શ રક્તની પણ શુદ્ધિ કરે છે. આમ હોવાથી પેટના, નેત્રના અને લોહીના રોગને દૂર કરનારી આ મહાઔષધિ પુષ્પનાં અર્ઘ કલ્પો કરતાં વધારે ઉપયોગી છે, કારણ કે તે મનના મળને પણ દૂર કરે છે. મનને શુદ્ધ કરવા માટે કેવળ તેનો સ્પર્શ અને તેનાં દર્શન પૂરતાં છે.
૨ સ્ત્રી. સાડ.
વિશ્વા નામર જગન્નિવજ, મહાઔષધિ નામ;
સુણી, સુણી ગુણ તણી, સર્વ સુખનું ધામ.
પિંગળપ્રકાશ

મહાકચ્છ ૧. પું એ નામે એક પ્રાચીન દેશ.
૨ [સં] પું. પર્વત; પહાડ.
૩. પું. વરુણ.
૪. પું. સમુદ્ર
૫. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.
૬. ન. એ નામની જાતનું મત્સ્ય.
૭. વિ. એ નામની જાતનું

મહાકથા સ્ત્રી. ઇતિહાસ.
સમસ્ત દુનિયાના ઇતિહાસનું
અબ્ધિબિંદુ એશિયા છે;
ને એશિયાના ઇતિહાસનું કેન્દ્ર
હરવખતની મહાકથા છે.
નાનાલાલ

મહાકપાલ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
૨. પું. એ નામનો શિવનો એક અનુચર.

મહાકપાલી ૧. [સં.] પું. ખોપરીનો હાર રાખનાર મહાદેવ.
૨. પું મહાન શિવભક્ત અઘોરી બાબો

મહાકપિત્થ ૧. [સં.] પું. બીલીનું ઝાડ
૨ પું. મોટો મૂળો
૩ પું રોતુ લસણ.

મહાકપોત [સં] પું. એક જાતનો ઝેરી સાપ. સુશ્રુત અનુસાર ઝેરી સાપ છત્રીસ પ્રકારના છે.

મહાકર ૧ પું એ નામનો એક બોધિસત્ત્વ.
૨ [સં. મહત્ (મોટું) + આકર (ખાણ)]
પું. મોટી ખાણ.
૩. પું. મોટો હાથ
૪. વિ મોટા હાથવાળું.
૫. વિ મોટી ખાણવાળું.
૬ વિ. મોટી મહેસૂલી આવકવાળું

મહાકર્દજ [સં.] પું. મોટાં કરમાનું ઝાડ; મોટું કરંજ વૃક્ષ તેની છાલ બાસીને પાણીમાં નાખવાથી માછલાં બેભાન થવાનું કહેવાય છે.

મહાકંજર ન. એક જાતનું સ્થાવર વિષ.

મહાકર્ણ ૧ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨ પું. એ નામનો એક નાગ
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

મહાકર્ણી [સં] સ્ત્રી. કર્તિકેયની એ નામની એક માતૃકા.

મહાકર્ણિકાર [સં.] પું. મરમાળો. મરમાળાની શિંગ મોટી, લાલ રંગ અને કાળા રંગની થાય છે, માટે તેને મહાકર્ણિકાર કહે છે.

મહાકર્તા ૧. [સં. મહાકર્તૃ] પું. નિષ્કામ મન વડે કર્મ કરનાર જ્ઞાની પુરુષ.
રાગદ્વેષ, સુખદુઃખ, ધર્માધર્મ અને ઇષ્ટાનિષ્ટ ઉત્પન્ન કરનારા કર્મોને જે નિષ્કામ મન વડે કરે છે તે મહાકર્તા કહેવાય છે. ત્રિમળદરાંકદર્પણ
૨ પું. શિવનાં હજાર નામ પૈકીનું એક નામ.

મહાકર્મ ૧ [સં મહાકર્મન] ન. મોટું કર્મ.
૨. વિ. મોટા પ્રમાણનું.

મહાકર્મા ૧. [સં. મહાકર્મન્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. શિવનાં હજાર નામ પૈકીનું એક નામ.
૩. વિ. મહાન કાર્ય કરનાર.

મહાકલાપ પું. (પુરાણ) દૂષણ રાક્ષસનો એ નામનો અમાત્ય.

મહાકલ્પ ૧. [સં] પું. (પુરાણ) બ્રહ્મદેવના આયુષ્યનો સમય; બ્રહ્મકલ્પ. અનાદિ કાલમાન એમ છે કે:

૨	પરમાણુ	= અણ્વ
૩	પરમાણુ	= ત્રસરેણુ
૩	ત્રસરેણુ	= ત્રુટિ
૧૦૦	ત્રુટિ	= વેધ
૩	વેધ	= લવ
૩	લવ	= નિમેષ
૩	નિમેષ	= ક્ષણ
૫	ક્ષણ	= કાષ્ઠા
૧૫	કાષ્ઠા	= લઘુ
૧૫	લઘુ	= નાડી અથવા ઘડી
૨	નાડિકા	= મુહૂર્ત
૬૦	નાડિકા	= અહોરાત્ર (માનવ રાત્રિદિવસ)
૮	પ્રહર	= યામ
૧૫	યામ	= પક્ષ
૨	પક્ષ	= માસ (પિતૃનો યામ)
૨	માસ	= ઋતુ
૩	ઋતુ	= અયન
૨	અયન	= વત્સર (વર્ષ)
૧૦૦	વત્સર	= માનવ આયુષ્ય
૧	વત્સર	= દિવ્યયામ
૪,૮૦૦	દિવ્યવર્ષ	= કૃતયુગ
૩,૬૦૦	દિવ્યવર્ષ	= ત્રેતાયુગ
૨,૪૦૦	દિવ્યવર્ષ	= દ્વાપરયુગ
૧,૨૦૦	દિવ્યવર્ષ	= કલિયુગ
૧૨,૦૦૦	દિવ્યવર્ષ	= ચતુર્યુગી
૭૧	ચતુર્યુગી	= મન્વંતર
૧,૦૦૦	ચતુર્યુગી	= બ્રાહ્મયામ (કલ્પ)
૧૪	મન્વંતર	= બ્રાહ્મયામ (કલ્પ)
૫૦	કલ્પ	= પરાર્ધ
૨	પરાર્ધ	= મહાકલ્પ
૧	મહાકલ્પ	= પૌરાણનિમેષ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. પું. સંસારનો પ્રલયકાળ.
મહાકલ્પ સમયનાં સર્વત્ર જળમય દર્શનનાં બાહ્ય તેનો આભાસ છે. વિવિધાર્ણવ

મહાકલ્પસૂત્ર ન. (જૈન) એ નામનું એક ઉત્કૃષ્ટિક સૂત્ર.

મહાકવિ [સં.] પું. મોટો કવિ; ઉત્તમોત્તમ કવિ; શિષ્ટ કવિઓમાં સ્થાન પામેલો કવિ.

મહાકષાય [સં.] પું. કાવડિયું.

મહાકષ્ટ [સં.] ન. મોટું દુઃખ.

મહાકંકર [હિં.] પું. જૈન મત પ્રમાણે બહુ મોટી એક સંખ્યા.

મહાકંટકિની [સં.] સ્ત્રી. ગોહની એ નામની સાતમી કરોડરજ્જુ. આ કરોડરજ્જુનો પૃષ્ઠકંટક અત્યંત મોટો હોવાથી તેનું નામ મહાકંટકિની પડ્યું છે.

મહાકંઠ ૧. [સં.] પું. મોટી કુમળી.
૨. પું. મોટો મૂળો.
૩. પું. વસવ.

મહાકંઠિત પું. (જૈન) એ નામના એક પ્રકારના વાણવ્યંતર દેવ.

મહાકાત્યાયન પું. એ નામનો એક પુરોહિત. બૌદ્ધ સાહિત્યથી જાણવા મળે છે કે, અવંતિપુત્રના રાજ્યકાળમાં રાજા ચંડપ્રદ્યોતે પોતાના પુરોહિત મહાકાત્યાયનને મથુરામાં વસતા ભગવાન બુદ્ધને ઉજ્જયિની આવવાનું આદર નિમંત્રણ દેવા મોકલ્યા. મહાકાત્યાયને ત્યાં જઈને બુદ્ધના દર્શન કર્યાં અને એમનો ઉપદેશ સાંભળ્યા પછી તેમણે તરત જ બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કરી લીધી. મહાત્મા બુદ્ધ મહાકાત્યાયન પ્રતિ સંપૂર્ણ સંતુષ્ટ થતાં તેમણે તેને કહ્યું કે, હવે મારે ઉજ્જયિની આવવાની જરૂર નથી. હવે તમે જાઓ ને ત્યાંજ ધર્મપ્રચાર કરી રહો જો. મહાકાત્યાયન તે આદેશાનુસાર મથુરાથી ઉજ્જયિની પાછા વળ્યા

મહાકાદંબ પું. (જૈન) અંધિર્ય નામના અંતરના બાર માંહેનો એ નામનો એક પ્રકાર અંધિર્યના બાર પ્રકાર: હાહા, હૂહૂ, તુમુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કદંબ, મહાકદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ

મહાકાપિ પું (પુરાણ) એ નામના એક ઋષિ

મહાકામુક [સં.] પું કૂતરો

મહાકાય ૧. પું (પુરાણ) એ નામનો એક રુદ્રગણ
૨ [સં.] પું. એ નામે એક ભૈરવ.
૩. પું. એક જાતનો વેધો.
૪ પું (વિજાગ) એક વિષમજ્વરનિ માત્રામેળ ૭૬ ને મંત્રસાધ્યવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૬૮ લઘુ મળી ૭૮ વર્ણની ૮૮ માત્રા હોય છે
૫. પું. ભીમ.
૬ પું. (જૈન) મહોરગ જાતના અંતર દેવના બે માંહેનો એ નામનો એક ઇંદ્ર.
૭. પું. (જૈન) મહોરગ જાતના અંતરના દશ માંહેનો એ નામનો એક પ્રકાર. મહોરગના દશ પ્રકાર: ભુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેષ્વક્ષ, મેરુકાંત અને ભાસ્વંત
૮. પું (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૯. પું. મોટું શરીર.
૧૦. પું રાવણ
૧૧ પું (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૩. પું. શિવનો અનુચર નંદી.
૧૪ પું હાથી
૧૫. વિ મોટી કાયાવાળું; મોટા શરીરવાળું.

મહાકાયેંદ્ર પું (જૈન) મહોરગ નિકાયના દેવનો ઉત્તર દિશાનો એ નામનો ઇંદ્ર.

મહાકારુણિકોત્તમ [સં.] પું. સૂર્યનું એક નામ.

મહાકારુણ્યસંપન્ના [સં] સ્ત્રી. તંત્રના હજાર નામ પૈકીનું એક નામ.

મહાકાર્તિકી [સં] સ્ત્રી. રોહિણી નક્ષત્રયાળી કારતકી પૂનમ.

મહાકાલ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો એક ગ્રહ
૨. પું. અનવચ્છિન્ન કાળ; જુદો નહિ તેવો સમય.

મહાકરંભ ન એક જાતનું સ્થાવર વિષ.

મહાકર્ણ ૧ [સં.] પું. (પુરા.) એ નામના એક ઋષિ.
૨. પું. એ નામનો એક નાગ
૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

મહાકર્ણી [સં.] સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

મહાકર્ણિકાર [સં.] પું મરમાળો. મરમાળાની શિંગ મોટી, લાલઝોળ અને કાળા રંગની થાય છે, માટે તેને મહાકર્ણિકાર કહે છે

મહાકર્તા ૧. [સ. મહાકર્ટ] પું. નિષ્કામ મન વડે કર્મ કરનાર મહાત્મા.

રાગદ્વેષ, સુખદુઃખ, પ્રમાદકર્મ અને ઇષ્ટાનિષ્ટ ઉત્પન્ન કરનારા કર્મોને જે નિષ્કામ મન વડે કરે છે તે મહાકર્તા કહેવાય છે. વિમળદર્શોદર્પણ

૨ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહાકર્મ ૧ [સં મહાકર્મન] ન. મોટું કર્મ.
૨. વિ. મોટા પ્રમાણવાળું.

મહાકર્મા ૧. [સં. મહાકર્મન્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. વિ. મહાન કાર્ય કરનાર

મહાકલાપ પું. (પુરાણ) દૂષણ રાક્ષસનો એ નામનો અમાત્ય.

મહાકલ્પ ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્મદેવના આયુષ્યનો સમય; બ્રહ્મકલ્પ. અનાદિ કાલમાન એમ છે કે:

૨	પરમાણુ = અણ્વ
૩	પરમાણુ = ત્રસરેણુ
૩	ત્રસરેણુ = ત્રુટિ
૧૦૦	ત્રુટિ = વેધ
૩	વેધ = લવ
૩	લવ = નિમેષ
૩	નિમેષ = ક્ષણ
૫	ક્ષણ = કાષ્ઠા
૧૫	કાષ્ઠા = લઘુ
૧૫	લઘુ = નાડી અથવા ઘડી
૨	નાડિકા = મુહૂર્ત
૬૦	નાડિકા = યામ (માનવ રાત્રિદિવસ)
૮	પ્રહર = યામ
૧૫	યામ = પક્ષ
૨	પક્ષ = માસ (પિતૃનો યામ)
૨	માસ = ઋતુ
૩	ઋતુ = અયન
૨	અયન = વત્સર (વર્ષ)
૧૦૦	વત્સર = માનવ આયુષ્ય
૧	વત્સર = દિવ્યયામ
૪,૮૦૦	દિવ્યવર્ષ = કૃતયુગ
૩,૬૦૦	દિવ્યવર્ષ = ત્રેતાયુગ
૨,૪૦૦	દિવ્યવર્ષ = દ્વાપરયુગ
૧,૨૦૦	દિવ્યવર્ષ = કલિયુગ
૧૨,૦૦૦	દિવ્યવર્ષ = ચતુર્યુગી
૭૧	ચતુર્યુગી = મન્વન્તર
૧,૦૦૦	ચતુર્યુગી = બ્રાહ્મયામ (કલ્પ)
૧૪	મન્વંતર = બ્રાહ્મયામ (કલ્પ)
૫૦	કલ્પ = પરાર્ધ
૨	પરાર્ધ = મહાકલ્પ
૧	મહાકલ્પ = પ્રોક્તનિમેષ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. સંસારનો પ્રલયકાળ

મહાકલ્પ સમયનાં સર્વત્ર જળમય દર્શનનો આપ તેનો આભાસ છે. વિશ્વજ્યોતિ

મહાકલ્પસૂત્ર ન. (જૈન) એ નામનું એક ઉત્કૃષ્ટિક સૂત્ર.

મહાકવિ [સં.] પું. મોટો કવિ; ઉત્તમોત્તમ કવિ; શ્રેષ્ઠ કવિઓમાં સ્થાન પામેલો કવિ.

મહાકષાય [સં.] પું. કાવકણ.

મહાકષ્ટ [સં.] ન. મોટું દુઃખ.

મહાકંકર [હિં.] પું. મોટા મત પ્રમાણે બહુ મોટી એક સંખ્યા.

મહાકંટકિની [સં.] સ્ત્રી. રોકડની એ નામની સાતમી કરીકલા. આ કરીકલાનો પૃષ્ઠકંટક અત્યંત મોટો હોવાથી તેનું નામ મહાકંટકિની પડ્યું છે.

મહાકંઠ ૧ [સં.] પું. મોટી કુમળી.
૨. પું. મોટો મૃગો.
૩. પું. સસલું.

મહાકંદિત પું. (જૈન) એ નામના એક પ્રકારના વાણવ્યંતર દેવ.

મહાકાત્યાયન પું. એ નામનો એક પુરોહિત. બૌદ્ધ સાહિત્યથી જાણ થાય છે કે, અવંતિપુત્રના રાજ્યકાળમાં રાજા ચંડપ્રદ્યોતે પોતાના પુરોહિત મહાકાત્યાયનને મથુરામાં વસતા ભગવાન બુદ્ધને ઉજ્જયિની આવવાનું સાદર નિમંત્રણ દેવા મોકલ્યા. મહાકાત્યાયને ત્યાં જઈને બુદ્ધના દર્શન કર્યાં અને એમનો ઉપદેશ સાંભળ્યા પછી તેમણે તરત જ બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કરી લીધી. મહાત્મા બુદ્ધ મહાકાત્યાયન પ્રતિ સંપૂર્ણ સંતુષ્ટ થતાં તેમણે તેને કહ્યું કે, હવે મારે ઉજ્જયિની આવવાની જરૂર નથી. હવે તમે જઈને ત્યાંજ ધર્મપ્રચાર કરી રાજા ચંડપ્રદ્યોત અને તેના પરિવારને બૌદ્ધ ધર્મમાં દીક્ષિત કરો. મહાકાત્યાયને તે આદેશાનુસાર મથુરાથી ઉજ્જયિની પાછા વળ્યા

મહાકાદંબ પું. (જૈન) ગાંધર્વ નામના વ્યંતરના બાર માંહેનો એ નામનો એક પ્રકાર ગાંધર્વના બાર પ્રકાર: હાહા, હૂહૂ, તુમ્બુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ

મહાકાપિ પું (પુરાણ) એ નામના એક ઋષિ

મહાકામુક [સં] પું કૂતરો

મહાકાય ૧. પું (પુરા.) એ નામનો એક રુદ્રગણ
૨ [સં.] પું. એ નામે એક ભૈરવ.
૩. પું. એક જાતનો વેધો.
૪ પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે મત્તલવરતુ છંદનો એક ભેદ છે તેમાં ૨૦ ગુરુ અને ૬૮ લઘુ મળી ૭૮ વર્ણની ૮૮ માત્રા હોય છે
૫. પું. ભીમ.
૬ પું. (જૈન) મહોરગ જાતના અંતર દેવના બે માંહેનો એ નામનો એક ઇંદ્ર
૭. પું. (જૈન) મહોરગ જાતના અંતરના દશ મહેનો એ નામનો એક પ્રકાર. મહોરગના દશ પ્રકાર: ભુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેષ્વક્ષ, મેરુકાંત અને ભાસ્વંત
૮. પું (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૯. પું મોટું શરીર.
૧૦. પું રાવણ
૧૧. પું (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૩. પું. શિવનો અનુચર નંદી.
૧૪ પું હાથી
૧૫. વિ મોટી કાયાવાળું; મોટા શરીરવાળું.

મહાકાયેંદ્ર પું (જૈન) મહોરગ નિકાયના દેવનો ઉત્તર દિશાનો એ નામનો ઇંદ્ર.

મહાકારુણિકોત્તમ [સં.] પું. સૂર્યનું એક નામ.

મહાકારુણ્યસંપન્ના [સં] સ્ત્રી. તંત્રનાં હજાર માંહેનું એક નામ.

મહાકાર્તિકી [સં] સ્ત્રી. રોહિણી નક્ષત્રવાળી કારતકી પૂનમ.

મહાકાલ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાસી માંહેનો એ નામનો એક ગ્રહ.
૨. પું. અનવચ્છિન્ન કાળ; જુદો નહિ તેવો સમય.

મહાકાલેશ્વર ૧ [સં.] પું ઓંકારેશ્વરના મંદિરની પ્રતિષ્ઠિત કરતા આવતુ મહાદેવનુ એ નામનુ એક તીર્થસ્થાન

૨. પુ. મહાદેવના બાર મોટામાં એક સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ઉજ્જયિનીનું આરાધ્ય મંદિર સ્થાનમા છે. પણ મંદિર એટલુ નાનુ અહીં મહાકાલેશ્વરને પ્રમુખ દેવતા ગણવામા છે સુપ્રસિદ્ધ બાર જ્યોતિર્લિંગમા મહાકાલેશ્વરની ગણના છે. તે નિત્ય સમસ્ત મૃત્યુલોકના સ્વામીના રૂપમાં મહાકાલેશ્વરનુ મહત્ત્વ ગણી ગયા આવે છે. સ્મશાન, ગિરિ, ક્ષેત્ર, વન, પાઠ વગર હોવાને કારણે અન્ય તીર્થોમા ત અધિક પુણ્યપ્રદ મનાય છે. ત્યા મૃત્યુલોકના મહારાજ રૂપમ વિદ્યમાન છે. તે ભારતનુ મધ્ય છે અને તેના ઉપરથી ગણના જ્યોતિષ ગણના અનુસાર મધ્યરેખા ગણી છે. પ્રાયઃ અઢારે પુરાણોમાં મહાકાલેશ્વરનુ ભિન્ન ભિન્ન પ્રકારે વર્ણન મળે છે. મહાભારતના વનપર્વ, સ્કંદપુરાણ, મત્સ્યપુરાણ, શિવપુરાણ, ભાગવત, શિવલીલામૃત આદિ ગ્રંથોમા તથા કથાસરિત્સાગર, રાજતરંગિણી, કાદંબરી, મેઘદૂત આદિ કાવ્યગ્રંથોમા ઘણે જ રોચક તથા અત્યંત સુંદર ભાવમય વર્ણન કરેલુ છે. તેના મહાકાલ, કાલનાથ, કાલપ્રિયનાથ વગેરે ઘણાં નામ છે. પુરાતન મંદિર કયા હતુ અથવા જ્યાં આજે છે ત્યાં હતુ તેનો બરોબર પત્તો મળતો નથી, પરંતુ તેના વૈભવશાલિતા, સુંદરતા અને વિશાળતાનુ વર્ણન સર્વત્ર છે. અલ્મેરુની અને ફરિશ્તાએ પણ અહીંના વૈભવસંપન્નતાનું સુંદર ચિત્ર અંકિત કર્યું છે. દિલ્હીના મુસ્લામધરીય અહતમમે ઈ.સ. ૧૨૬૫માં ઉજ્જૈન ઉપર સવારી કરીને અહીંનું સોમ્યમ લૂટી મારીમા મેળવ્યા હોવ. તે પહેલાં પણ સિંધના અમીર અને અહમદના સુલ્તાનોએ અહીં લૂંટ કરી હતી શકરના આ શાસ્ત્રોક્ત જ્યોતિર્લિંગ વિષે અર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: ઉજ્જૈનની પશ્ચિમ તરફ શિપ્રા નદીને કાંઠે પહેલા મહાકાળ નામનું મોટુ વન હતુ અને ત્યાં સ્વયંભૂ જ્યોતિર્લિંગ મહાકાલેશ્વરનુ પ્રાચીન સ્થાન હતુ. મહાકાળેશ્વરનું બાણ ઊંચુ અને તેજસ્વી છે તેની પાસે બીજુ મોટુ મંદિર છે, તેમા ઓંકારેશ્વર મહાદેવ છે. અને મંદિરોન શિખરો ઊંચા અને ભવ્ય છે અને બંને સ્થાન વચ્ચે એક સુંદર કુંડ બાંધેલો છે. આ મંદિરની આજુબાજુમાં નદીના ઘાટ ઉપર પિશાચમુકતેશ્વર, અમનેશ્વર વગેરે શંકરનાં મંદિરો છે અહીં પ્રાતઃકાળમાં જે ભસ્મપૂજા થાય છે, તે અતિ દર્શનીય છે સાધકને પણ જે પૂજા થવા છે તેનુ વર્ણન મેઘદૂતમાં વહે મેઘને કરી બતાવ્યુ છે ને એ રમણીય સ્થળે બર દિવસો સેવાનુ પણ સૂચન કર્યું છે અ. નદિ અવંતિ ભારતમાં કોટિ તીર્થ નામનો કુંડ છે અને ત પ્રથમ સર્વ તીર્થોન જળ લાવી તેમાંથી જળ સર્વ રાજા રામનો અભિષેક કર્યાનુ કહેવાય છે ૩. પું. સદા સુંદર કરનાર ઈશ્વર

મહાકાલેંદ્ર પું (જૈન) વિદ્યાધર નિકાયના દેવનો ઉત્તર દિશાનો ઇંદ્ર

મહાકાવ્ય [સ. મહત્ + કાવ્ય (કવિતા)] ન. ઊંચા ભાવવાળી કવિતા; વીરરસ કાવ્ય; શિષ્ટ સાહિત્યમા સ્થાન પામેલું કાવ્ય; મોટો પદબંધ ગ્રંથ, મોટું કાવ્ય; કર્ણપ્રદ કાવ્ય. તેમાં અઢાર કરતાં વધારે સર્ગો હોય છે. સંસ્કૃતમા પાંચ મુખ્ય મહાકાવ્યો છે: (૧) રઘુવંશ, (૨) કુમારસંભવ, (૩) કિરાતાર્જુનીય, (૪) શિશુપાલવધ અને (૫) નૈષધીયચરિત. જગતનાં મહાકાવ્યોમા વાલ્મીકિ અને વ્યાસનાં રામાયણ અને મહાભારત સૌથી જૂનાં છે. મોટા કાવ્યને મહાકાવ્ય અને નાનાને ખંડ કાવ્ય કહે છે. મહાકાવ્ય સર્ગબંધ હોય છે એટલે તેમાં સર્ગ હોય છે. આરંભમા આશીર્વાદ, નમસ્કાર કે વસ્તુનિર્દેશ એટલે વર્ણ્ય વિષયની સૂચના હોય છે. તેમા ઐતિહાસિક કથા કે અન્ય કથા પ્રસંગોને આશ્રયે કલ્પવામાં હોય છે. ગ્રીક કવિ હોમરના પ્રસિદ્ધ અને ઓડાસીમાં, રોમન કવીઓમા, અંગ્રેજ કવિ મીલ્ટનની પેરેડાઇઝ લોસ્ટમાં, ટેનિસનના આર્થરીઅસ ઓફ ધી બ્રિટમાં, ફારસી કવિ ફિરદોસીના શાહનામા અને એવા બીજા કવિઓના મહાકાવ્યોમા ક્રિમનાં કાવ્યો રચાતાં પહેલાં પ્રચલિત એવા કેટલીક લોકકથાઓનો ઉપયોગ થયો છ મહાકાવ્યમા નગર, અર્ણવ, શૈલ, ઋતુ ચન્દ્રોદય ને સૂર્યોદયનુ વર્ણન હોય છે. એમાં અનેક પ્રકારના વર્ણન અલંકારયુક્ત ને રસભાવથી પરિપૂર્ણ હોય છે. અર્વાચીન મહાકાવ્યમાં મહાભારતાદિમાં સર્ગોને સ્થાને અધ્યાય હોય છે. પ્રાકૃત કાવ્યમાં સર્ગને સ્થાને આશ્વાસ અને અપભ્રંશ નિબદ્ધ કાવ્યમાં કડવક હોય છે. ગીતાહૃદયમા લખ્યુ છે કે: મહાભારત અને રામાયણ આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. એ બંને મહાકાવ્યો છે એવું નથી, પણ એ કાવ્યો આપણા જીવન સાથે એકરસ બનેલ છ રામ લક્ષ્મણ, સીતા, કૃષ્ણ, અર્જુન, દ્રૌપદી વગેરે આપણાં જીવનમા ભળી ગયેલા છે જગતના બીજા દેશોમાં પણ મહાકાવ્યો છે, પરંતુ તે તે દેશોના મહાકાવ્યોમાંના પાત્ર, તે તે દેશોનાં જીવન સાથે આ પ્રમાણે એકરૂપ બનેલા જોવામા આવતાં નથી. રામાયણ અને મહાભારત, આ બંને ગ્રંથોએ ભારતીય જીવન મધ્યુ છે વાલ્મીકિની પ્રતિભા, વ્યાસની પ્રજ્ઞા અને શુકાચાર્યની વૈરાગ્ય, એની જગમા જડી નથી. રામાયણમા પ્રતિભાનો અપૂર્વ વિલાસ છે, કાવ્યશક્તિની પરાકાષ્ઠા છે, પરંતુ મહાભારતમાં જાણે વિશ્વદર્શન છે. વ્યાસની પ્રજ્ઞા સર્વ સંસારનુ, અંતરનુ અને બહારનુ દર્શન પામે છે. મહાભારતમા મોટાઓના પણ દોષ બતાવેલા છે. ત્યાં દુષ્ટોના ગુણ બતાવેલા છે, સજ્જનોની ઉણપ બતાવેલી છે ત્યાં ધર્મરાજા પણ નરો વા કુંજરો વા, કરે છે. વ્યાયમા રાજા નહિ ઉપકારનો કૃષ્ણનો સર્વ માણે બને છે. કર્ણની ઉદાર શૂરતા દેખાય છે. સાવજ ભાગીને પડેલા દુર્યોધનની ટેક જણાઈ આવે છે. એમ એ મહાકાવ્યમાં એક પ્રકારનું જીવન દર્શન છે

મહાકારા ન. આકાશના બાર ભાગોનો એક ભેદ: મહાકાશના કલ્પેલા બાર ભાગોનો એક વિભાગ.

> મહાકાશ અને મહાકારા બંનો જીવાત્મા અને પરમાત્માનો સંબંધ છે, એમ શાકારાચાર્ય સ્પષ્ટ કરે છે. પુરાતત્ત્વ

મહાકાળી ન. એ નામનુ એક પ્રાચીન તીર્થ. અર્વાચીન યાત્રામાં ઉલ્લેખ છે કે: ઉજ્જૈનના પશ્ચિમ તરફ શિપ્રા નદીને કાંઠે પહેલાં મહાકાળ નામનું મોટુ વન હતુ અને ત્યાં સ્વયંભૂ જ્યોતિર્લિંગ મહાકાળેશ્વરનું પ્રાચીન સ્થાન હતું. એ જગ્યાએ પૂર્વે ઋષિમુનિઓએ આશ્રમ સ્થાપ્યા હતા. ત્યા દેશદેશથી વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ માટે આવતા અને બ્રહ્મચારી કે આજન્મસ્વરૂપ પ્રાપ્તિ સુધી વિદ્યાભ્યાસ કરતા. આ કારણથી આ ઉજ્જયિનીની જૂના વખતથી પ્રસિદ્ધ તીર્થસ્થાન અને વિદ્યાવિદ્યાલય ગણાતું.

મહાકાળી જુઓ મહાકાલી.

મહાકાળેશ્વર જુઓ મહાકાલેશ્વર.

મહાકાંક્ષા [સં.] સ્ત્રી. મોટી ઇચ્છા; મહતી આકાંક્ષા. બારે ઇચ્છા; જબરી ઇચ્છા.

મહાકાક્ષી [સ. મહાકાક્ષિન્] વિ. મોટી આકાંક્ષા રાખનાર; મહત્ત્વાકાંક્ષી; આગ્રાવારી, મહાન કરવાવાળ.

> મહાકાંક્ષી કવિઓ અને લેખકોને મહાકાર્યની સિદ્ધિ માટે જે જે ગુણની આવશ્યકતા છે, તેમા ધીરી પ્રજ્ઞાની જ પ્રધાનપણે જરૂર છે ખબરદાર

મહાકાંત [સં.] પું શિવ

મહાકાંતા [સં.] સ્ત્રી. પૃથ્વી

મહાકાંતાર [સં. મહત્ (મોટું) + કાંતાર (જંગલ)] ન મોટું અરણ્ય; મોટું જંગલ.
આર્ય લોકોના ઉત્કર્ષના પ્રકાશની દક્ષિણમાં દંડકારણ્યનું મહાકાંતાર આવી ગયું છે.
પરાતત્ત્વ

મહાકાંતિ [સં] પું પારિજાત.
કરી ચેર દીજે મહાકાંતિ ગીત પ્રેમાનંદ

મહાકી [ ] સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીસ માંહેની દસમી શ્રુતિ.

મહાકુમાર [સં] પું. રાજાનો સૌથી મોટો પુત્ર, યુવરાજ.

મહાકુમારી ૧ [સં.] સ્ત્રી. ગુલાબ.
૨. સ્ત્રી. ગુલબકી કેવડી; મોટી કેવડી.

મહાકુમુદા [હિ.] સ્ત્રી. મંકોડી નામની વનસ્પતિ.

મહાકુલ ૧. ન. દસ પેઢીથી વેદનો અભ્યાસ કરનાર કે કરાવનાર વંશ, દસ પુરુષ સુધી વેદનો અભ્યાસ કરનાર વંશ.
૨. [સ મહત્ (મોટું) + કુલ] ન. મોટું કુળ; ખાનદાન કુળ
૩. વિ. ઊંચા કુળમાં જન્મેલું; ખાનદાન; કુલીન; મોટા કુળવાળું; ખાનદાન કુળનું; પ્રશસ્ત કુળમાં ઉત્પન્ન થયેલ.

મહાકુલીન ૧. [સં.] વિ. ઊંચા કુળમાં જન્મેલું; ખાનદાન.
૨ વિ દસ પુરુષ સુધી વેદનો અભ્યાસ કરનાર વંશમાં પેદા થનાર
૩. વિ મોટા કુળમાં પેદા થનાર.

મહાકુષ્ઠ [સં.] પું. (વૈદક) કોઢ; કુષ્ઠ ચામડીનો મૂળ રંગ અદશ્ય થઈ ગયો હોય તે સાત પ્રકારનો ગણાય છે: (૧) કપાળ, (૨) ઉદુંબર, (૩) મંડળ, (૪) ઋષ્યજિહ્વ, (૫) પુંડરીક, (૬) સિધ્મ અને (૭) કાકણ

મહાકુશુમ્બિકા સ્ત્રી. નવલમ

મહાકૂર્મ [સં.] પું. એ નામનો શિવનો એક અનુચર

મહાકૂર્મી [સં.] સ્ત્રી કાચબી

મહાકૂલ ૧ પું. એ નામનો એક દેશ
૨ સ્ત્રી ખોનેર માંદેસી એ નામની એક આદિવાસી બોલી.
૩. વિ. ઘણું અધરું

મહાકૃચ્છ્ર ૧ [સં.] પું વિષ્ણુ
૨. ન. મોટું તપ.

મહાકૃષ્ણ ૧ પું. એક જાતનો ઉંદર.
૨ પું. એક જાતનો ઝેરી સાપ.

મહાકૃષ્ણા [સં.] સ્ત્રી. ગોકર્ણનો વેલો.

મહાકેત [સં] પું. મોટી ધજારૂપ બાંધેલ.
વસ્ત્રમયમહાકેત પાર ઉતાર્યો જે.
દયારામ

મહાકેતુ ૧. [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૨. પું. સૂર્યનું એક નામ.

મહાકેશ જુઓ મહાકોશ ૧

મહાકોઢ [સં] પું. (વૈદક) એક જાતનો કોઢ; કોઢનું ખરાબમાં ખરાબ સ્વરૂપ.

મહાકોશ ૧ [સ પું વિષ્ણુ.
૨ પું શિવ

મહાકોશલ ન એ નામનું એક પ્રાચીન રાજ્ય.
મૌર્ય રાજ્યની દક્ષિણે મહાકોશલ અને આંધ્ર રાજ્ય હતાં. કેશવ ઠક્કર

મહાકોશા સ્ત્રી. એ નામની એક નદી

મહાકોશી ૧. પું. એ નામે એક ઘોષ
૨. ન. એ નામનું એક સરોવર. તેમાંથી કોશિકી નદી નીકળે છે.

મહાકોષ [સં.] પું. શરીરનું એ નામનું અવયવ.
ઉદરની મહાકલાનો અક્ષરનો આકાર 'લેટર કૅપિટલ'

મહાકોશાતકી [સં.] સ્ત્રી. હસ્તિબોલા વનસ્પતિ

મહાકૌશીતક પું. આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એક અધ્યાય

મહાક્રતુ ૧ [સં] પું મોટો યજ્ઞ; અશ્વમેધ યજ્ઞ.
૨. પું વિષ્ણુ.

મહાક્રમ [સં મહત્ (મોટું) + ક્રમ (પગલું)] પું વિષ્ણુ ત્રણ પગમાં ત્રિલોકી જગતને પૂરી દેનારા એવા વામન રૂપમાંથી સમષ્ટિ વિરાટ રૂપ બનનારા પણ વિષ્ણુ છે, તેથી તે મહાક્રમ કહેવાય છે

મહાક્રાંતા સ્ત્રી. ઓવીસ માંદેની એ નામની એક જાતની મદ્રા

મહાક્રોધ ૧ [સં] પું શિવનાં હજાર માંહેનું એક નામ
૨ વિ અતિ ક્રોધ; ઘણો ગુસ્સો

મહાક્ષ ૧. [સ. મહત્ (મોટું) + અક્ષિ (આંખ)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. લીલાવતારમાં મોટા નેત્રોવાળા, દીર્ઘદૃષ્ટિવાળા અને દરેક કર્મના દ્રષ્ટા હોવાથી વિષ્ણુ મહાક્ષ કહેવાય છે
૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. વિ. વિશાળ નેત્રવાળું.

મહાક્ષત્રપ ૧. [સં.] પું. એક લોહોનો અધિકારી.
૨. ન એ નામનું એક રજપૂત કુળ.

મહાક્ષત્રપ સિક્કો પું. મહાક્ષત્રપ વંશના સમયનો સિક્કો.
કુમારગુપ્ત પહેલો ઈ. સ. ૪૧૩-૪૫૫ અને સ્કંદગુપ્ત ઈ. સ. ૪૫૫-૪૮૦ના સિક્કાઓની બનાવટ, આકાર હલકા હોવા છતાં તેઓ મહાક્ષત્રપ સિક્કાઓને મળતા આવે છે
ગુ. સા. પરિષદ

મહાક્ષપટલિક પું. સરનોંધણીકામદાર.
દસ્તાવેજો કે શિલાલેખોનો મુસદ્દો સભ્યના મહાક્ષપટલિકો (સરનોંધણીકામદાર) કરતા હતા. ગુ. સા. પરિષદ

મહાક્ષીર [સં] પું. ક્ષીરડી

મહાક્ષેત્ર [સં] ન એ નામનું એક તીર્થ.

મહાખર્વ પું. એક મોટી સંખ્યા.

મહાખાલ [સં] પું. સપાટ પ્રદેશ ઉપર દરિયાનું ધસી આવવું તે.

મહાખ્ય [સં] પું ધતૂરાનો અર્કરસ

મહાગજ ૧. [સ. મહત્ (મોટું) + ગજ (હાથી)] પું. ગજરાજ; મોટો હાથી.
૨. પું સિંગજ

મહાગણ ૧ પું. મહા સમૂહ.
૨ [સં.] પું. લોકોનો સમૂહ; ભીડ.

મહાગણપતિપંથ ૧. પું એ નામનો એક પંથ તે પંથના લોકો મહાગણપતિ એ જ જગતકર્તા છે અને તેણે જ બ્રહ્માદિ દેવ તથા એકંદર વિશ્વ ઉત્પન્ન કર્યું છે એમ માને છે
૨ પું શિવનો એ નામનો એક અનુચર.

મહાગતિ સ્ત્રી. જેની ગતિ બાધા ન પામે તેવું. આ વિશેષણ વિષ્ણુ માટે વપરાય છે.

મહાગદ ૧. પું. તાવ; જ્વર.
૨ [સં મહત્ (મોટું) + ગદ (રોગ)] પું મહાન રોગ

મહાગર્ત ૧ [સં] પું વિષ્ણુ. ભગવાનની માયા અર્થાત્ એટલે બ્રહ્મની જેમ અતિ દુસ્તર છે, તેથી તે મહાગર્ત કહેવાય છે. વળી ગર્ત શબ્દ રથનો પર્યાય છે, તેથી મહારથ હોવાથી બ્રહ્મવત્ મહાગર્ત પણ કહેવાય છે
૨. પું. શિવ

મહાગર્ભ ૧ [સં.] પું. એ નામનો શિવનો એક અનુચર.
૨. પું. કાર્તિકેયનું એક નામ.
૩. પું. મોટા પોલાણવાળા બ્રહ્મસ્થ. જેમાં છે, આમારામ, પદ્મારામ, મૂત્રારામ, મહાંકાસ્થ.

૪ પુ. વિષ્ણુ
૫. પું શિવના ઢબ્બર માંહેનુ એક નામ.

મહાગહન [સ.] સ્ત્રી. શિવનાં ઢબ્બર માંહેનું એક નામ.

મહાગંગા [સ] સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી.

મહાગંધ ૧. [સ.] પુ. ગંધરસ
૨. પુ. બોલ.
૩. ન. કુટજ.
૪. ન. જાયફળનું વૃક્ષ
૫ ન હરિચંદન
૬ વિ. તીવ્ર ગંધવાળું

મહાગંધા ૧. [સ] સ્ત્રી. કેવડો.
૨. સ્ત્રી. ચામુંડા.
૩. સ્ત્રી. નાગબલા. નામની વનસ્પતિ.

મહાગંધી ૧. સ્ત્રી. કવિઠા વનસ્પતિ.
૨. સ્ત્રી આમુંડા દેવી.
૩. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.

મહાગંરિ ૧. પું. કુબેરના આઠ માંહેનો એ નામનો એક પુત્ર.
૨. પુ. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક પર્વત.
૩. પુ. મેરુ પર્વત.
૪. [સં. મહત્ (મોટું) + ગિરિ (પર્વત)] પું. મોટો પર્વત

મહાગ્નીની [સં.] ન. અમેરિકનું વતની શોભા વર્ધનું એક ઝાડ.

મહાગુજરાત ન. કાઠિયાવાડ, ગુજરાત અને કચ્છનો સમૂહ; બૃહદ્ ગુજરાત. કનૈયાલાલ મુનશીના કથનાનુસાર મહાગુજરાતની ઉત્તરે મારવાડ અને રજપૂતસ્થાન, પૂર્વે મધ્યપ્રાંત, દક્ષિણે મહારાષ્ટ્ર અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલ છે. ગુજરાતી ભાષા બોલતા પ્રદેશની ઉત્તરમા મારવાડી અને રજપુતસ્થાની ભાષા બોલાય છે, દક્ષિણે મરાઠી ભાષા બોલાય છે અને વાપરમા ખૂણામા સિંધી ભાષા બોલાય છે મહાગુજરાતમાં મુખ્યત્વે ગ્રાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાધનપુર, ડીસા, સિરોહી, પાલનપુર વગેરેનો સમાવેશ થાય છે

> હું કાઠિયાવાડ અને ગુજરાત વચ્ચે ભેદ જાણતો નથી કાઠિયાવાડ નાનું ગુજરાત છે. ગુજરાતમા કાઠિયાવાડ કચ્છ વગેરે ભેળવ. એટલે મહાગુજરાત થયું ગાંધીજી

મહાગુજરાતી પુ મહાગુજરાતનો વતની

મહાગુરુ ૧ [સ] પું. અપરિણીત કન્યાના પિતા, માતા અને આચાર્ય એ ત્રણે મોટા ગુરુ ગણાય છે
૨. પું પતિ તે સ્ત્રીનો મોટો ગુરુ ગણાય છે.
૩ પું. મનુષ્યના પિતા વગેરે

મહાગુર્જરી સ્ત્રી ગુજરાતી ભાષા.
> વસન્તવિલાસના ભરતકાવ્યમાં ગુર્જર ભાષાને મહાગુર્જરી કહી છે. નરસિંહરાવ

મહાગુલ્મા [સ.] સ્ત્રી. ગોમવલ્લી.

મહાગુહ [સ.] વિ. મોટી ગુફાવાળું

મહાગુહા ૧. સ્ત્રી. પોલવાળુ વનસ્પતિ; પૃથ્વિપર્ણી વનસ્પતિ.
૨. [સ.] સ્ત્રી. મોટી ગુફા.

મહાગૃષ્ટિ [સં.] સ્ત્રી. મોટી ખૂંધવાળી ગાય

મહાગોકુમ પું મોટા રાજાવાળા વર્ષ

મહાગોપ ૧. [સ.] પુ (જૈન) તીર્થંકર દેવ
૨. પુ મહાન રક્ષક.
૩ પું. સંસારના સર્વ પ્રાણીઓના મોક્ષદાતા પ્રભુ; મહાગોપાલ.

મહાગોપા [સ] સ્ત્રી. હરિવા; અનંતમૂલ.

મહાગોપાલ જુઓ મહાગોપ ૨.

મહાગોપાળ જુઓ મહાગોપ ૨.

મહાગૌરી ૧. સ્ત્રી. દુર્ગા.
૨. સ્ત્રી. (પુરાણ) વિંધ્યાચલમાંથી નીકળતી એ નામની નદી.
૩. સ્ત્રી. સાત માંહેની એ નામની એક જ્યોતિષ્ક.

મહાગ્રહ ૧. પું. (જ્યોતિષ) મોટા ગ્રહ; જ્યોતિષ અઠ્યાસી મોટા ગ્રહ.
૨. પું. રાહુ.
૩. [સ.] પું. શનિ ગ્રહ

મહાગ્રીવ ૧ [સ મહત્ (મોટું) + ગ્રીવા (ડોક)] પું. ઊંટ
૨. પું. એ નામનો એક દેશ
૩ પું શિવનાં ઢબ્બર માંહેનુ એક નામ.
૪ પું. શિવનો એ નામનો એક ગણ
૫. વિ. લાંબી ડોકવાળું; મોટી ડોકવાળું.

મહાઘૃણા [સં.] સ્ત્રી. ઘોરાતિઘોર ઘૃણા; ઘોરાતિઘોર ધૃણાનો ભાવ.

મહાઘૃત [સં.] ન એકસો અગિયાર વર્ષનું ઘૃત ઘી

મહાઘોર ૧ [સં] પું. નરક.
૨. પુ શિવના ઢબ્બર માંહેનુ એક નામ.
૩ વિ. અતિ ભયંકર.

મહાઘોષ ૧. પું. (જૈન) સ્તનિતકુમાર દેવોના બે માહેનો એ નામનો એક ઇંદ્ર.
૨. ન. મેળો, ગુજરી.
૩. ન. હાટ; દુકાન, બજાર.
૪ [સં. મહત્ (મોટું) + ઘોષ (અવાજ)] વિ. મોટા અવાજવાળું; મોટા નાદવાળુ.

મહાઘોષા ૧. [સં.] સ્ત્રી કાકડાશીંગ.
૨. સ્ત્રી. રોષગુડનું ઝાડ

મહાઘોષેન્દ્ર પુ (જૈન) સ્તનિતકુમાર નિકાયના ઉત્તર ભાગનો ઇંદ્ર.

મહાચપલા પું. (પિંગળ) એક આર્યા છંદ.

મહાચપલા અંતર્વિપુલા આર્યાગીતિ પું. (પિંગળ) એક આર્યાગીત માત્રામેળ છંદ; બન્ને દલમાં ચપલામા નિયમ અને બીજા દલમાં વિપુલા પ્રમાણે યતિ આવે એવી આર્યાગીતિ. આવા રીતે અનેક પ્રકારના આર્યા છંદ છે. જેમકે, મહાચપલા અંતર્વિપુલા, ઉદ્દગતિ, મહાચપલા અંતર્વિપુલા ઉપગીતિ વગેરે.

> દ્વિદલે રચાય ચપલા,
> યતિ વિપુલા જઘન વિષે છે સ્થિતિ,
> અંતર્વિપુલા મહાચપલા,
> કહિલ તો રચાય આર્યાગીતિ.
>
> છંદોવિગ્રહ

મહાચંચુ [સં] પું એક જાતનો કાગ.

મહાચંદ્ર ૧. [સ.] પું યમનો દૂત.
૨. પું. શિવનો એક મંત્રી.
૩. વિ. અત્યંત ઉગ્ર; ઘણું જ ગરમ.
૪. વિ. પ્રચંડ; ભયાનક.

મહાચંડા [સં.] સ્ત્રી. ચામુંડા.

મહાચંડી પું. નરક.

મહાચંદ્રકલારસ સ્ત્રી. (વૈદક) એ નામે એક પ્રકારનું ઔષધ

મહાચંદ્રકળારસ જુઓ મહાચંદ્રકલારસ.

મહાચાપ [સં.] પું. શિવનાં ઢબ્બર માંહેનું એક નામ

મહાચાર્ય [સં.] પું શિવ.

મહાચિત્તા સ્ત્રી. એ નામની એક અપ્સરા.

મહાચ્છદ [સં.] પું. દેવતાડ વૃક્ષ

મહાચ્છાય ૧. પું વડ. વડલો, વડલાનું ઝાડ.
૨. [સ મહત્ (મોટું) + છાયા (છાંયો)] વિ. મોટી છાંયવાળુ.

મહાચ્છિદ્ર [સં.] ૧. ન મોટું છિદ્ર; મોટો છેદ
૨ વિ. મોટા કાણાવાળું; મોટા છેદવાળુ

મહાછંદ પું. મહાકાવ્યોચિત છંદ. નાનાલાલ કવિ લખે છે કે, વિ. સં. ૧૯૫૪ના વસંતોત્સવની વરખોમાં, જાણે એ વસંતચંદ્રિકામાંથી નિર્ઝરતી હોય એવી, ગુર્જર સાહિત્યવાટીઓમાં ડોલનશૈલી જન્મી. ગીતાજીમાંના કે ઉપનિષદોમાંના વિશ્રબ્ધસ્વતંત્ર અનિયમિત ચતુષ્પાદ શ્લોકો ત્યારે વાંચ્યા ન હતા. કરીમ મહમ્મદ માસ્તર કહે છે કે, કુરાને શરીફનો બાબારેહ નાનાલાલની ડોલનશૈલીના જેવો છે એ ત્યારે જાણ્યું ન હતું. મૂળ બ્રિસ્ટૉ બાઇબલના અભ્યાસી થોમસ એ કેમ્પિસ અજાણ્યો સંત હતો. વરપની વીરો લિખે કે અમેરિકનો વૉલ્ટ વ્હિટમેન ત્યારે જ્ઞાનપરા હતાં. એડવર્ડ કાર્પેન્ટરની ટોવર્ડઝ્ ડેમોક્રસી ત્યારે વાંચી કે સાંભળી યે ન હતી. મહાછંદની શોધના મારા અખતરાઓ તો ૨૫ વર્ષોથી ચાલતા હતા. મહાછંદની રસમમુક્ષુતા ને સાહિત્યઊર્મિકા તો ૧૮૯૪માં નર્મકવિતા વાંચી ત્યારનાં જન્મ્યાં હતાં. પણ આ ઊમરતો કવિ ત્યારે શું શોધતો હતો ? એક થોમસ હેમાઉત્તર સદા સંભળાતો કે, 'મહાકવિતાને થોમ સો મહાછંદ શોધું છું'. દલપતપ્રિય સવૈયાના પ્રસંભધ્વનિ આરોહ અવરોહને અજમાવી જોયા હતા. નર્મદપ્રિય રોળાછંદને કસી જોયો હતો આત્મા અહ્લાદતો નહિ, જોઈતું હતું તે જડતું નહિ. કેવીપુત્રોનાં ગાજંતાં કવિત ગુજરાતીમાં ઠીક લાગ્યા. અનનુપ્રાસી ઉપજાતિનો પ્રયોગ તો કનેહમુદ્રામાંના નતબંધ સમો ખટકતો લાગતો. પછી ચોકડા, અનુગ્રિતવ્યો ને એકાક્ષરો, સહસા, પાતાળકૂવાની અખંડ ધારા કૂટી અને વસંતવર્ષા ચંદનીની ચૂંદડી ઓઢેલી એક રાત્રિએ ઇન્દુકુમારનો કાવ્યપ્રવાહ કવિદેવામાંથી પ્રગટી નીકળ્યો. દલપતકવનના ઉત્સવા અજવાળિયામાં ગુજરાત ખોળે નાનાલાલની ડોલન શૈલી જન્મી.

આ કવિણી મહાછંદ માટે મથતા હતા તેમાંથી જઈ પડ્યા ડોલન શૈલીમાં. તેમ હું કવિઓ વિષે લખતાં જઈ પડી વિવેચનની ક્ષણભૂમિમાં.

જયમલ્લમોરી પારકર

મહાજંતુ ૧. [સં.] પું. શિવનાં કાન્દર ગાંજેનું એક નામ.

૨. વિ. જેનું હાંસડીનું હાડકું બહુ મોટું હોય તેવું.

મહાજન ૧. [સં.] પું. આગેવાન; જ્ઞાતિનો મુખી.

ભારી વ્યાપારી મહાજન થૈ ગયું રાવણ સારા-
વિહારી

૨. પું. જનતા.

૩. પું જમાત; નાતના મોટા માણસોનો સમુદાય, નાતનો વર્ગ

અરી વાત સજ્જન જાણઈ,
બીજિ દિવસ મહાજન મુચઈ.

કાન્હડદેપ્રબંધ

૪. પું. માણસોનું ટોળું; જનસમૂહ; ઘણાં માણસોનો સમુદાય.

૫. પું મોટો માણસ; લોકખ્યાત કે પરાક્રમી માણસ; મહાપુરુષ; સજ્જન. વિનોબાજી કહે છે કે, પુરાણા યુગમાં વૈશ્યો સમાજના સાચા સેવક હતા. તેઓ પોતાના પૈસા, બુદ્ધિ વગેરે તમામ સાધનો અને જેટલાં સમાજની સેવામાં અર્પતા, એથી જ એમને મહાજન કહે છે. સમાજમાં વેપારીઓની ઉચ્ચ પ્રતિજ્ઞા ન હોય તો તેમને મહાજન કહી શકાય જ નહિ વૈશ્યો સત્યનિષ્ઠ અને સાચા સેવાપરાયણ ન હોત તો મહાજન એવી ઊંચી પદવી તેમને આપી ન શકત.

૬. પું. સેવકદાર.

૭. પું લોકસભા આધીજી કહે છે કે, આવી સભાઓ જેમી મળીને, વિચાર કરીને અને સભામહોનો મત જાણીને નિર્ણયો પર આવતી. હું માનું છું કે અમને અંગ્રેજી પરિભાષામાં મતજ્ઞાયતરી કહેવાય.

૮. પું. વાણિયો

૯. પું. નેતરાક્ષ ઉપર મહા રાજનાર પુરુષ; મહાળુ માણસ.

૧૦. પું વેપારી.

૧૧. પું. કરાડ; નાણાવટી; પેઢીવાળો; પૈસાની લેવડદેવડ કરનાર માણસ; 'બૅંકર'.

૧૨. પું. સરખા ધંધાદારીઓનો સંઘ; આગેવાન વેપારી વગેરેનો સમૂહ.

૧૩. પું સારો અને વિશ્વાસ કરવા યોગ્ય પ્રામાણિક માણસ.

મહાજન પંચાયત સ્ત્રી. મોટા માણસોની પંચાયત.

મહાજનસત્તાક વિ. મહાજનની સત્તાવાળું. આ શબ્દ રાજ્ય માટે વપરાય છે જુદે જુદે કાળે પામ્યા પહેલાં જંબુદ્વીપ એટલે હિંદુસ્તાનમાં જુદાં જુદાં સોળ રાજ્યો હતાં: (૧) અંગ, (૨) મગધ, (૩) કાશી, (૪) કોશલ, (૫) વજ્જી, (૬) મલ્લ, (૭) ચેતી, (૮) વંસ, (૯) કુરુ, (૧૦) પંચાલ, (૧૧) મત્સ્ય, (૧૨) સૂરસેન, (૧૩) અસ્સક, (૧૪) અવંતી, (૧૫) ગંધાર અને (૧૬) કમ્બોજ. તે મહાજનસત્તાક હતાં. તેના મહાજનોને રાજા કહેતા અને અધ્યક્ષને મહારાજા કહેતા.

મહાજન સમાજવાદ પું. એ નામનો એક રાજનૈતિક મત; જુદા જુદા ઉદ્યોગોમાં ઓદ્યોગિક સંઘોના એકને બંધારણથી ઉદ્યોગો ચલાવવા, તે તંત્ર રાજકીય તંત્રથી અને તેટલું સ્વતંત્ર રાખવું અને તે રીતે ઓદ્યોગિક અને રાજકીય એવાં બે તંત્રો દ્વારા દેશનો વહીવટ ચલાવવો એવો મત; 'ગિલ્ડ સોસ્યલિઝમ'.

મહાજન સમાજવાદી વિ. મહાજન સમાજવાદને માનનાર; 'ગિલ્ડ સોસ્યલિસ્ટ'.

મહાજનિયું ૧. વિ ઘણી વસ્તરનું; રખ્યાતિ; ઠરાયું.

૨. વિ. મહાજનને લગતું; મહાજન સંબંધી.

૩. વિ. સાર્વદેશિક; જાહેરનું; ગ્રામવિષ; સાર્વજનિક.

મહાજનિયો પું. ધોકડો; બકરો.

મહાજની ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી બટક.

૨. સ્ત્રી. નાગરી લિપિનો રજપૂતાનામાં વપરાતો એક પ્રકાર. દક્ષિણમાં નાગરી લિપિને નહિ નાગરી લિપિ કહે છે. તેનો પ્રચાર દક્ષિણમાં ઈ. સ.ની ૮મી સદીમાં થયો. સંસ્કૃત લિપિ તે નાગરી લિપિ છે. રજપૂતાનામાં એ લિપિના પ્રકારને મહાજની લિપિ કહે છે.

૩ સ્ત્રી એકનું નામ; હરાજી; નાણાં લેવડદેવડનો ધંધો

૪. [સં.] સ્ત્રી. મહાજનનો ધંધો; વેપારીનો ધંધો

૫ સ્ત્રી. બ્યાજ; 'કમિશન'.

૬. ન. એ નામની બટકનું માણસ.

૭. વિ. એ નામની બટકનું.

૮. વિ વેપાર સંબંધી.

મહાજમ ૧. [સં. મજ્જન્ (ખાવું)] સ્ત્રી. (વૈદક) દવાઓને વાટી, ખાંડી, ભરીને મધ અથવા ખાંડની ચાસણીમાં મેળવી કરેલ બટક.

૨. સ્ત્રી. ખાંડમાંથી બનાવેલો ખૂબ કેફી પદાર્થ.

૩. વિ. ઘોર અંધારાવાળું; ભયંકર.

મહાજમ રાત સ્ત્રી. મધ્યરાત્રિ.

મહાજયા ૨. સ્ત્રી દુર્ગા.

૨. ન વાસ્તુ માંહેનું એક જાતનું નગર; જે નાલુકાએ નદી હોય તેવું શહેર; બે નદીની વચ્ચે આવેલ નગર.

મહાજયા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

મહાજરીન ૧. પું. જુલમથી કંટાળી પોતાનો દેશ છોડી જનાર માણસ.

૨. સ્ત્રી. અરબ રાજ્યમાં વસતા મુસલમાનની એ નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામનું. જતનું.
૫. [ફા. મુહાજર] વિ. પું. હિજરત કરનારો, હિજરતી.

મહાજલ જુ. સમુદ્ર

મહાજલધિ [સં. મહત્ (મોટું) + જલાધિ (સમુદ્ર)] પુ મોટો સમુદ્ર

મહાજલપ્રલય પું. મોટો પ્રલય. દરેક મન્વન્તર સંધિ એટલે આમ પૃથ્વીનાં ૧૭,૨૮,૦૦૦ વર્ષો થાય છે એટલે એક મહાજલ પ્રલય થાય છે એ ઉપરથી બ્રહ્મદેવના એક દિવસમ. પંડિતોએ વખત મહાજલપ્રલય થાય છે.

મહાજત્રુનિકા સ્ત્રી. રોગમડપમાં મોટો પડદો 'ડ્રોપ સીન', તે અંદર પૂરો થતાં પડે છે.

મહાજ્ઞાન સ્ત્રી અજ્ઞાનની સાત માઠેની એ નામની સાત ભૂમિકા. આ ભૂમિકામાં અહત્વમમત્વબુદ્ધિ વિશેષ પુષ્ટ હોય છે.

મહાજ્ઞાનુ ૧ [સ.] પુ પુરુષ) એ નામના એક ઋષિ.
૨. પું. શિવનો એક ગણ.

મહાજ્વાલ ૧ પુ જુઓ
૨. સ્ત્રી. મોટી જ્વાલા.

મહાજ્વાલિ સ્ત્રી સોનમુખી નામની વનસ્પતિ

મહાજ્વાલિની ૧ [સં.] સ્ત્રી. કડવા તુરિયા, કડવી ઘિસોડી
૨. સ્ત્રી પીતપર્ણી ધોષા
૩. સ્ત્રી ગોજીભ તરી વનસ્પતિ.
૪. સ્ત્રી સોનમુખી નામની વનસ્પતિ.

મહાજ્વાલિ સ્ત્રી.,ન. એ નામનું એક ઉપનિષદ્.

મહાજ્વિની સ્ત્રી. એક જાતની સિદ્ધિ.

મહાજ્વિહ્વ ૧. પું. એ નામનો એક દૈત્ય.
૨. [સં.] પું શિવનાં હજાર માઠેનું એક નામ.

મહાજુગ પુ મહાયુગ; અનેક વર્ષોનો સમય. ચાર યુગ મળીને એક મહાજુગ થાય છે. મહાજુગમાંનો પહેલો સારો અને સતયુગ તે સત

મહાજોગંદર પુ મોટો યોગી

મહાજ્ઞાની ૧ [સ] પું (જૈન) તીર્થંકર.
૨ પુ મહર્ષિ
૩. પું મોટો જ્ઞાની
૪ પું શિવ

મહાજ્યેષ્ઠી [સ.] સ્ત્રી રવિવારયુક્ત જેઠ માસની પૂર્ણિમા.

મહાજ્યોતિષ્મતી [સં] સ્ત્રી. માલકાંગણી. માલકાંગણી ખાવાથી મહાજ્યોતિ એટલે ખરી અગ્નિ તથા મતિ એટલે બુદ્ધિ વધવાનું મનાય છે, તેથી તેને મહાજ્યોતિષ્મતી કહે છે.

મહાજ્વર [સં.] પું. (વૈદક) વ્યાધિના આદિથી અંત સુધી ટકતો તાવ; ચૌદોષનો તાવ. તેમા શરીર બહુ જ્વલંતથી કૃશ થાય છે, બગાસાં આવે છે, દરદ થાય છે, મસ્તક દુઃખે છે, અરુચિ થાય છે અને મહિના માસમા દેહ પડી જાય છે.

મહાજ્વરાંકુશ રસ [સ.] ન (વૈદક) મલેરિયા વગેરે તાવ ઉપર વપરાતું એક જાતનું ઔષધ.

મહાજ્વરાંકુશ ચાક પુ. (વૈદક) મુહૂર્તના તાવ ઉપર વપરાતું એક જાતનું ઔષધ.

મહાજ્વાલ ૧ પુ. એ નામનું એક નરક પોતાની પુત્રવધૂ કે પુત્રી સાથે સહવાસ કરનાર મનુષ્ય આ નરકમા પડે છે.
૨ પું. મહાદેવ.
૩. [સં.] પું વડવાનો અગ્નિ.
૪. વિ. અતિ તેજસ્વી.

મહાજ્વાલા [સ.] સ્ત્રી મોટી જ્વાલા.

મહાટ (મહાડ) ૧ પું અટારીવાળું ઘર; બારીનો મેડો
૨ પું (સંગીત) એ નામનો એક રાગ. મ.ઢ
૩. પુ જેજાના પારડાની ત્રણવેણ મદિર.
૪ પું ગોટવાળો નહાલ્લો, પોગ; વાસ
ઘર લખના મહાટ તરફ જઈને તપાસ કરવા તો મહેમાનજીને પત્તો લાગશે. મેઘાણી
૫. પુ નાગિયેરીનું ઝાડ; નાગિયેરી.
૬ [સ. મહાલય] પું. મોટું મકાન; કિલ્લા જેવી આબરૂનું કે મેડાઆવાળું મંચુ, વિદ્યા (મકાન, જ્ઞાનમંદિર
૭. પુ. રજાઈની દેરી

મહાડી (મહાડી) ૧. સ્ત્રી ડાકરની એક જાત કાળા જાડલામા થતી મહાડીને. લાલ રંગ અને જાડરીના પોણા ફળ હોય છે.
ગોવીવાડી વિજ્ઞાન
૨. ન. ઉપલો મ.ઢ

મહાડોલ ૧ પુ. મોટી અને સુંદર પાલખી.
૨ પુ રાજાઓ અને મોટા પુરુષો માટેની પાલખી.

મહાદગ્ધ ૧. પું કરમનું ઝાડ.
૨. વિ મહાન; સમર્થ

મહાણી પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, વિષ્ણુ-માલા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા બે મગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષરો હોય છે.

મહાત ૧. સ્ત્રી. કેદ કરવા તે; અટકમાં રાખવું તે.
૨. સ્ત્રી. પાકુ પડી નાખવું તે, શરમિંદુ કરી નાખવું તે
મહાત કરવુ = (૧) કેદ પકડવું; કબજે કરવું (૨) પાકુ પાડવું, હરાવવું, આબરૂ વખતાં અટકાવી દેવું (૩) શરમિંદુ કરી નાખવું.
૩ સ્ત્રી ગોતરજની રમતમા આદ્યાક્ષરનું કેદ પકડાવું તે
૪ સ્ત્રી. ઢોર, ઢોરાંની પીડેહાક જેવી શરમિંદી હાલત.
૫. વિ કેદમાં પડેલું, અટકમ. રોકેલું.
૬ વિ. હાર આપનાર, હરાવનાર, જીતનાર.
૭. વિ. હારેલું; તાબે થયેલું; હતાશ

મહાતત્ત્વ ન. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું જ્ઞાનનું તત્ત્વ. મહત્તત્ત્વ
દેહધર્મ,વધતા ખીલ બ ન. આવતા જિંદગી એ નામનું મહાતત્ત્વ આપણને મળે છે.
વિજ્ઞાનપ્રવેશિકા

મહાતપ ન. મોટું તપ
ઇ ખરેખર આ આ મહાતપ છે.
સરસ્વતીચંદ્ર

મહાતપા ૧ પું. (પરાણ) પ્રજાપતિનો મોટો ઋષિ અને ઉતથ્ય ઋષિનો દીકરો; અંધક. તેની માતાનું નામ મમતા હતું
૨ પુ મહાન તપસ્વી.
૩. પુ. વિષ્ણુ
૪. પું. શિવ; શંકર.
૫. [સં. મહાતપસ્] વિ. મોટા તપવાળું.

મહાતપેકૃચ્છ્ર [સં.] પું એ નામનું એક વ્રત. તેમા ત્રણ દિવસ સુધી ગરમ દૂધ, ગરમ ઘી કે ગરમ પાણી પીને ચોથે દિવસે ઉપવાસ કરવામાં આવે છે.

મહાતમ ૧ પુ કોઈ પણ સારા ક્રમમાંથી મેળવેલ હપતો; સત્કાર્યનો બદલો.
૨ પુ માહાત્મ્ય.
૩. પુ. મોટાઈ, મોભો.
૪ [સં મહાતમસ્] ન. અજ્ઞાન.
તે મનદ્વારાએ મહાતમ પર. અખો
૫ ન વખાણ.

મહાતમઃપ્રભા [સં. મહત્ (ઘણું) + તમસ્ (અંધકાર) + પ્રભા (તેજ)] સ્ત્રી. (જૈન) સાત મહેની છેલ્લી નરકભૂમિ. તેમા કેવલ પાંચ નરકાવાસ છે. તેની જઘન્ય એક લાખ આઠ હજાર યોજન છે.
ઘનપ્રભા, ઘનોદધિપ્રભા, વાયુપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા એ સાત ભૂમિઓ છે.
જગદીપકુમ

મહાતરુ ૧. ન. મોરનો ઝોડ.
૨. [સં.] ન. મોટું ઝાડ.
૩. ન. સ્નુહી વૃક્ષ.

મહાતલ ૧. પું ઓસ્ટ્રેલિઅ.
૨. [સં.] ન. સાત પાતાળનું એ નામનું પાંચમું પાતાળ. તે વિરાટ સ્વરૂપના ઘૂંટણની જગ્યાએ આવ્યું છે. તેની અધના ત્રિકસ્થાન એટલે ભૂપૃષ્ઠની નીચેના સ્વર્ગમાં છે. તેમાં ઘણી જાતના અસુરો, જેવા કે, નાગ, અસુરો, દૈત્યો વગેરે રહેતા મનાય છે. સાત પાતાળ આ પ્રમાણે છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ.

મહાતળ જુઓ મહાતલ.

મહાતંત ન. ધિક્કાર; ફિટકાર.

મહાતારા ૧. સ્ત્રી. એ નામની એક તાંત્રિણી.
૨. સ્ત્રી. જૈનોની એ નામની એક દેવી.
૩. સ્ત્રી. બૌદ્ધની એ નામની એક દેવી

મહાતાલી [સં.] સ્ત્રી. મોટું તાડનું ઝાડ

મહાતાંડવ [સં.] ન. મોટો વિનાશ.
હે મહાતાંડવથી પ્રસન્ન બનારાં તમે અમારા ઉપર પ્રસન્ન થાઓ. અમરની આરાધના

મહાતિક્ત ૧. [સં.] પું. કડવો લીમડો.
૨. પું. મોટું લીમડાનું ઝાડ.
૩. વિ. અત્યંત કડવું.
૪. વિ બહુ તીખું.

મહાતિક્તા ૧. [સં.] સ્ત્રી. કરિયાતાનો ભેદ.
૨. સ્ત્રી. વર્ષતિક્તા વનસ્પતિ; પાઠા વનસ્પતિ.

મહાતિથિ [સં.] સ્ત્રી. અમલનો સમય.

મહાતીક્ષ્ણ ૧. [સં.] વિ. અતિશય તીક્ષ્ણ; મહાતીવ્ર.
૨. વિ. અત્યંત તીખું.

મહાતીક્ષ્ણા [સં] સ્ત્રી. જિલ્લામાનું ઝાડ.

મહાતીર્થા [સં.] સ્ત્રી. મંત્રમાં દેવતા આદેનું એક નામ.

મહાતુ સ્ત્રી. એક જાતની ધાતુ; મહાધાતુ; 'પ્લેટિનિયમ'.

મહાતુરા પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્તરેક વર્ણનો છે. તેના પહેલા ચરણમાં સગણ, નગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર, બીજા ચરણમાં સગણ, જગણ, નગણ અને રગણ મળી બાર અક્ષર, ત્રીજા ચરણમાં તગણ, જગણ, નગણ અને રગણ મળી બાર અક્ષર અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

મહાતુષ વિ. અતિ સંતુષ્ટ.
હીમ મહાતુષ ખૂબ બની,
પવિત્ર ધમારત છે રવા ઝરી વલ્લેશ

મહાતુંબી [સં.] સ્ત્રી. મોટી તુંબડી

મહાતેજ ૧. [સં. મહાતેજસ] પું. અગ્નિ
૨. પું હાલિકેર
૩. પું ચિત્રાનું ઝાડ
૪. પું. પારો
૫. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.
૬. પું. વીર નર.
૭ પું શિવનાં હજાર નામોનું એક નામ.
૮. પું. સૂર્યનું એક નામ
૯ વિ પ્રકા[illegible] અગ્નિ તેજસ્વી
૧૦. વિ પ્રતા[illegible] ભગવાન

મહાતેજિષ્ઠ પું (પિંગળ) એ નામનો ત્રીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેની પ્રસ્તારસંખ્યા ૧૩,૪૬,૨૧૬ જેટલી થાય છે.

મહાત્મા ૧. પું. અગ્નિ.
૨. પું. કુબેર.
૩. વિ. ઉત્તમ ઇત્યાદિની જોડે રાખવાને મહાત્મા કુબેર જેવા થવેલા હોય છે.
૪. સ્ત્રી. પરિષદ
૩. [સં. મહાત્મન] પું. જેની અંદર મોટો, ઉદાર અને ઉન્નત ભાવનાવાળો આત્મા રહેલો હોય તેનો આત્મા; મહાન આત્માવાળો પુરુષ; સંત; સાધુ; ઓલિયો; મહાન પુરુષ.
૪. પું. પરમાત્મા.
૫. પું. (સાંખ્ય) બુદ્ધિતત્ત્વ.
૬. પું. મહત્તત્ત્વ.
૭. પું. મોટા મનનું માણસ; સખી માણસ; ઉદાર દિલનું માણસ
૮. પું. મોટો આત્મા; મહાનુભાવ.
૯. પું. મોહનદાસ કરમચંદ ગાંધી, મહાત્મા ગાંધીજી
મહાત્મા ગાંધીજી જે ક્યાં ક્યા જવાહર વલ્લભ, પૂર્ણ સ્વરાજ લિખે લાં અહિંસા સત્યને અંજે
ગાંધીગીતા
૧૦. પું ચંદ્રવંશો
૧૧. પું. વિરક્ત પુરુષ
૧૨ પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૧૩. પું. સૂર્યનું એક નામ.
૧૪. પું. સુવિખ્યાત માણસ.
૧૫. વિ. ઉચ્ચ મુખ્યવાળું.
૧૬. વિ. ઉદાર; સખી; મોટા મનનું; મોટા જે ઉદાર ખુલ્લા હૃદયનું, પરાર્થે અને પરમાર્થે જેની અંદર ઉન્નત ભાવનાવાળો આત્મા રહેલો હોય તેનું; ધીર; ધૈર્ય વગેરે ગુણથી સંપન્ન.
૧૭ વિ. દુષ્ટ. પાજી.
૧૮. વિ પ્રસિદ્ધ
૧૯ વિ મહાન આત્માવાળું.
૨૦ વિ મારું; પવિત્ર

મહાત્મ્ય ૧. [સં.] ન. ઐશ્વર્ય; ગુણોત્કર્ષ
૨. ન. ગુણગાન; સ્તુતિપાઠ.
૩. ન. મોટપણ; પ્રતાપ; પ્રભાવ
૪. ન. મોટાઈ; મહત્તા; મહિમા.
૫. ન યશ; કીર્તિ.

મહાત્યાગ ૧. [સં] પું. દાન.
૨. પું. મોટો ત્યાગ; કોઈ મોટી વસ્તુનો ત્યાગ કરવો તે.
૩. પું. શિવ
૪. વિ. મહાન ત્યાગ કરનાર

મહાત્યાગી ૧. પું. (યોગ) એક પ્રકારનો યોગી. ધર્મ અને અધર્મ સુખ અને દુઃખ, મરણ અને જન્મ સર્વનો જેણે બુદ્ધિ વડે ત્યાગ કર્યો હોય છે તે મહાત્યાગી કહેવાય છે.
૨. પું. શિવ.
૩. [સં. મહાત્યાગિન] વિ. મહાન ત્યાગ કરનાર; અતિ ઉદાર

મહાત્રિપુરસુંદરી સ્ત્રી. એ નામની એક દેવી.

મહાત્રિફલા સ્ત્રી. હરડાં, બહેડાં ને આંબળાનો સમવાય.

મહાદક્ષ [સં.] પું. બધા ચતુર એવા બ્રહ્મા.
તે વડે નિર્બંધ થાય.. પુરુષ જેવા વિષે મહાદક્ષાદિ પ્રેમાનંદ

મહાદર્શક ૧. [સં] ન. દૂરબીન; દૂરેક્ષ યંત્ર જોઈ દેખાય તેવું યંત્ર.
૨ વિ સ્તુતિ કરનાર.
૩. વિ ક્રોધ તેથી મોટું કરી દેખાડનાર.

મહાદર્શકકાચ પું બંને બાજુએ વચ્ચેથી ઊપસેલો કાચ; ' મેગ્નિફાઇંગ ગ્લાસ '

મહાદશા ૧ [સં.] સ્ત્રી. અવદશા, જીવન્મુક્તિ.
૨. સ્ત્રી (જ્યોતિષ) મુખ્ય ગ્રહની મનુષ્યના જીવન ઉપર ચાલતી અસરનો વખત; જન્મપત્રિકામાં મુખ્ય ગ્રહની પ્રાણી ઉપર જેટલો વખત સત્તા ચાલતી હોય તેટલો વખત. માણસની પૂરી આવરદા ૧૨૦ વર્ષની માની છે, તેમાં દરેક ગ્રહના ભોગને માટે વર્ષોની જુદી જુદી સંખ્યા નક્કી કરેલી છે.

મહાદંડ ૧. [સં.] પું. મોટો દંડ; મહાન શિક્ષા.
૨. પું. મોટો હાથ.

૩. પું. યમના હાથનો દંડ; પ્રાણદંડ.

૪. પું. યમનો દૂત.

મહાદંષ્ટારી [સં. મહાદંષ્ટારિન્] પું. યમરાજ.

મહાદંડનાયક [સં.] પું. મુખ્ય પ્રધાન. મુખ્ય પ્રધાનના હાથમાં રાજ્યનું સૂત્ર હોવાથી તે મહાદંડનાયક કહેવાતો.

મહાદંત ૧. [સં.] પું. ગજપતિ.

૨. પું. મોટા દાંતવાળો હાથી.

૩. પું. મોટો દાંત.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. પું. હાથી.

૬. પું. હાથીદાંત.

૭. વિ. મોટા દાંતવાળું.

મહાદંતા [સં.] સ્ત્રી. નાગવેલ.

મહાદંષ્ટ્ર ૧. પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.

૨. પું. વિઘ્નકર.

૩ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહાદાન ૧. ન. મહત્ત્વ સમયે ભંભી વગેરેને અપાતું દાન.

૨. [સં.] ન. મોટું દાન; પુરુષના વજન જેટલું સોનું તોળીને દાનમાં આપવું તે. મહાદાન સોળ જાતનાં છે.

મહાદીક્ષિત ૧. [સં.] પું. દેવદાર.

૨. પું. સાગનું ઝાડ.

૩. વિ. અત્યંત ઊંચું.

મહાદુમિલા પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેના દરેક પાદમાં ૩૦ માત્રા હોય છે. દરેક પાદમાં ૧૦, ૮, ૮ અને ૪ માત્રાએ યતિ અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩ અને ૨૭ માત્રાએ તાલ આવે છે.

મહાદુરી સ્ત્રી. રાજીનામું.

મહાદુર્ધર [સં.] વિ. બહુ મુશ્કેલ.

મહાદુષ્કર [સં.] વિ. બહુ કઠણ; ન થઈ શકે તેવું.

મહાદુંદુ [સં.] પું. મોટું રણવાદ્ય.

મહાદુંદુભિ [સં.] ન. મોટું નગારું; મોટી નોબત.

મહાદૂષક પું. એક જાતના ચોખા.

મહાદેવ ૧. [સં.] પું. અગિયારની સંજ્ઞા.

૨. પું. મોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

૩. પું. (જૈન) તીર્થંકર. જૈન ગ્રંથોમાં તીર્થંકરને ઈશ્વર માને છે, પરંતુ આ તીર્થંકરને મહાદેવ પણ કહે છે. ઈશ્વર, મહાદેવ અને તીર્થંકર એનામાં કોઈ ભેદ નથી. જૈનાચાર્યો મહાદેવનાં લક્ષણ આ પ્રમાણે બતાવે છે. જેનામાં કલેશ ઉત્પન્ન કરનાર રાગ ન હોય, જેનામાં દ્વેષ લવલેશ ન હોય, સમ્યગ્જ્ઞાનને આવરણ કરનાર મોહ જેનામાં ન હોય, જેની ત્રણ લોકમાં ખ્યાતિ હોય, રાગદ્વેષની વૃત્તિ જેનામાંથી ચાલી ગઈ હોય, જે સર્વજ્ઞ હોય, જેણે અક્ષય આત્યંતિક અનંત મોક્ષસુખ પ્રાપ્ત કર્યું હોય, સર્વ કર્મોથી મુક્તિ પ્રાપ્ત કરી હોય, જે સર્વજ્ઞ નિષ્કલંક હોય, જેને દુઃખદારિદ્ર રહ્યું ન હોય, દેવતા જેને નમસ્કાર કરતા હોય, જે મહાયોગીઓના ધ્યેય હોય, જે દુનિયાને કલ્યાણનો માર્ગ બતાવનારા હોય, જે નવિને ઉત્પન્ન કરવાવાળા હોય, જે શાંત અને કુશલ હોય, જન્મમરણને જેણે જીતી લીધાં હોય, જે મહાજ્ઞાની એટલે સર્વજ્ઞ હોય એવા શાંત, દાંત અને ધીમાન દેવ મહાદેવ કહેવાય છે.

૪ પું. જગતના સંહારશક્તિનું સ્વરૂપ.

૫. પું. મોટો દેવ; જેમાં સર્વ દેવનો સમાવેશ થતો હોય તેવો દેવ.

૬. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૭. પું શંકર; શંભુ; શિવ; ભોળાનાથ; ગિરિજાપતિ; પાર્વતીપતિ; વૃષાકપિ; અજિત; અજપત્ત; અજ; ચંદ્રશિખણ્ડ. તેનાં બીજાં નામો નીચે મુજબ છે: ઈશ્વર; ઈશ; પશુપતિ; શર્વ; મહેશ્વર; ઈશિત; સર્વ; સર્વ; મૃત્યુંજય; ત્રિલોચન; પિનાકી; પ્રથમાધિપ; ઉમા; કપર્દી; શ્રીકંઠ; શિતિકંઠ; કપાલભૃત; વામદેવ; વિરૂપાક્ષ; કૃત્તિવાસ; સર્વજ્ઞ; ધૂર્જટિ; નીલલોહિત; હર; હોર; નીલકંઠ; સ્મરહર; ભર્ગ; ત્રિપુરાન્તક; મંગલાકર; અંધકરિપુ; કન્દર્પસી; વૃષધ્વજ; ભાલનેત્ર; ક્ષત; ભીમ; સ્થાણુ; ચંદ્રશેખર; ભૂતેશ; ઈશાન; અંધકરિપુ; ગિરીશ; મૃડ; રુદ્ર; મહાકાળ; ઉમાપતિ અને ત્રિલોચન. મહાદેવ એ અહંકારનો દેવ મનાય છે. તેનો વર્ણ શુદ્ધ સ્ફટિકના જેવો છે, પ્રભા સો કરોડ સૂર્યના જેવી છે, ત્રિનેત્ર અને પાંચ મુખ છે, વાઘના ચર્મરૂપી વસ્ત્ર પહેરેલાં છે, શુદ્ધતા તપાવેલા સોના જેવી છે, માથે મોટી જટા છે, મસ્તકમાં ગંગારૂપી ચમત્કાર ધરેલાં છે, મુકુટમાં ચંદ્રમા છે, સમય ઉપર નાગ રહે છે, કંઠ શ્યામ છે, સૂર્યરૂપી ત્રણ નેત્ર છે, જમણા હાથમાં સરકાર આપેલો અક્ષમાલા ધરે છે અને પાછે મોહામાંથી પ્રણવ અને માયાબીજ આદિ મંત્રોનો જપ કર્યા કરે છે આ સ્વરૂપમાં તેમને દયાળુ ને સાદિલ, ભલા, નાલ્ય વગેરેને પ્રોત્સાહન આપનાર તરીકે વર્ણવેલ છે. એટલા માટે પાણિનિ, ભવભૂતિ, કાલિદાસ વગેરે લેખકોએ પુસ્તક લખતાં પહેલાં તેમનું અનુસંધાન કરેલ છે.

૧. મહાદેવજીની માયા = ભ્રાન્તિ; વિદ્યા.

૨. મહાદેવના મુખ પાર્વતી-તપોધન જ્યારે = જે જેનાં સંપર્કમાં રહેનો હોય તે તેને વિશેષ જાણી શકે

મહાદેવ કોળી ૧. સ્ત્રી. એ નામની એક જાત; સોન કોળી. મલ્હાર કોળી; ડોર કોળી.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

મહાદેવ ગોવિંદ રાનડે (મહાદેવ મોવિંદ રાનડે) પું. એ નામના એક હિંદી ગ્રંથકાર. તેઓ ઈ. સ. ૧૮૪૨માં નાસિક જિલ્લાના નિફાડ ગામે જન્મ્યા હતા. તેમના પિતાનું નામ ગોવિંદરાવ અને માતાનું નામ ગોપિકાબાઈ હતું. બાલ્યકાળમાં તેઓ હોશિયાર અને તરવરી હતા. અભ્યાસમાં તેઓ બહુ જ મહેનતુ હતા. મેટ્રિકમાં ઊપલે નંબરે પાસ થયા તેમને રૂા. ૬૦ના માસિક પગારે દક્ષિણ ફેલોની જગ્યા મળી હતી. તેઓએ બા. એ. ઓનર્સની પરીક્ષા પ્રથમ નંબરે પસાર કરી સોનાનો ચાંદ મેળવ્યો હતો. તેમના અગાધ વાચન અને જ્ઞાનને લીધે કેટલાક તેમને ઝવેરી લાઇબ્રેરિ અને એન્સાઇક્લોપીડિઅની ઉપમા આપતા. તેઓ દરેક વાંચેલા પુસ્તકની નોંધ રાખી મગજમાં ઊતારી લેતા. આમળ જતાં તેઓ મુંબઈ હાઈ કોર્ટના બહા ન્યાયાધીશ થયા હતા. તેઓ મહાન દેશસેવક, સમાજસેવક અને સાહિત્યસેવક હતા. ઈ સ. ૧૯૦૧માં એમનું અવસાન થયું. તેમના સ્મારક તરીકે પૂનામા રાનડે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ છે.

મહાદેવમત પું. (સંગીત) સંગીતના ચાર માર્ગનો એ નામનો એક મત.

આપણામાં રાગોની ઉત્પત્તિ વિશે ઘણાય વાદો ચાલે છે. **મહાદેવમત**, વિષ્ણુમત, ભરતમત અને હનુમતમત. આમાંના મતાનુસાર મુખ્ય છ રાગ મનાય છે. કૌમુદી

મહાદેવચાર્યહારિણી [સં.] સ્ત્રી મગજનાં હજાર માંહેનું એક નામ.

મહાદેવી ૧ [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન શાલગ્રામમાં છે.

શાલગ્રામમા **મહાદેવી** નામની દેવીની પીઠ છે. ભગવદી ભાગવત

૨. સ્ત્રી મગજનાં હજાર માંહેનું એક નામ.

૩. સ્ત્રી દુર્ગા.

૪. સ્ત્રી. નર્મદાના કાંઠાનું એક નામ.
૫. સ્ત્રી. પાર્વતી
૬. સ્ત્રી. બોતેર માંહેની એ નામની એક આઠ ગ્રામદેવતા.
૭. સ્ત્રી. મોટી દેવી.
૮. સ્ત્રી. રાજની પટરાણી.
૯. સ્ત્રી. સીતાનાં કાંઠાનું એક નામ.

મહાદેવી વર્મા સ્ત્રી એ નામની એક હિંદી લેખિકા તેના સાહિત્યના પદ્ય અને ગદ્ય એમ બે વિભાગ છે. પદ્ય સાહિત્યમાં તે પોતાના પ્રારંભિક સમયથી આજ સુધી સંપૂર્ણ રહસ્યવાદી રહેલ છે. તેના કાવ્યમાં વેદના અને કરુણાનું પ્રાધાન્ય છે. તે આધુનિક મીરાં પણ કહેવાય છે. વિરહ તેનું સર્વસ્વ મનાય છે. કાવ્યમાં તે વ્યક્તિચેતની ઉપાસિકા છે. તે પોતાની વાત વધારે કહે છે અને પોતાનાં જ સુખદુઃખના અનુભવોમાં દૂનની આલમ પડે છે. પરંતુ ગદ્યમાં તે એકદમ બદલી જાય છે. વિચારની ક્ષણોમાં તેને ગદ્ય સ્વભાવ પસંદ પડે છે, તેમા દુઃખોથી પરેશાન થયેલ નારીનો તે પક્ષ લે છે.

મહાદંડિક પું. (પિંગળ) વીસ માત્રાનો એક માત્રાવૃત્તિ છંદ; અન્યથા પ્રસ્તારભેદથી તેની યોગરૂપ, નંદી વગેરે ૧૦૬૪૪ જાતિઓ થાય છે.

મહાદોહા પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેના પ્રત્યેક કલમાં ૨૮ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે. તેને સમદ્વિપદી છંદ પણ કહે છે

મહાદ્યુતિ ૧. પું. (પુરાણ) રુદ્ર; શિવ; શંકર.
૨. [સં.] પું. વિષ્ણુ.
૩ પું. સૂર્યનું એક નામ,
૪. સ્ત્રી. મણી ખાંતિ.

મહાદ્રાવક્ષાર પું. (વૈદક) એ નામે એક ખનિજ ક્ષાર. તે ખરોળ તથા મૂત્રનાં કરડ ઉપર વપરાય છે અને પેટની આંતને માણા ન.ખી ભૂખ લગાડે એમ મનાય છે.

મહાદ્રિ ૧ [સં.] સ્ત્રી. (જૈન) પરિગ્રહ.
૨. સ્ત્રી. મોટી પાલખી.

મહાદ્રુમ ૧. પું. એ નામનો એક રોગ; ઘડિયોર, કોલણીઆ કે વેનેઝુએલા.
૨. [સં.] પું. તાડ.
૩. પુ. પીપળાનું ઝાડ; અશ્વત્થ.
૪. પું. મહુવાનું ઝાડ.
૫. પું. મોટું ઝાડ.

મહાદ્રોણ્યા ૧. [સં.] પું. શિવ.
૨. પું. સુમેરુ પર્વત.

મહાદ્રોણ્યા ૧. [સં.] સ્ત્રી. દ્રોણપુષ્પી.
૨. સ્ત્રી. મોટો કૂવો.

મહાદ્વાર [સં.] ન. મુખ્ય દ્વાર; મુખ્ય દરવાજો.

મહાદ્વિજ ૧ [સં મહત (મોટું) + દ્વિજ (બ્રાહ્મણ)] પું. મોટો બ્રાહ્મણ.
૨ પુ. બ્રાહ્મ.
પછી નારદે નારાયણ કેરું નિજજ્ઞાન કહ્યું મહાદ્વિજને. અખા

મહાદ્વીપ ૧. પું. પૂર્વ અને પશ્ચિમ ગોળાર્ધ.
૨. [સં. મહત્ (મોટું) + દ્વીપ (બેટ)] પું. મોટો દ્વીપ; ખંડ; વર્ષ; પૃથ્વીના ગોળા ઉપર મોથી મોટો જમીનનો ભાગ.

મહાધન ૧. પું. વિષ્ણુનાં કાંઠાનું એક નામ. લોકસાધનરૂપ મહાન ધન હોવાથી તે મહાધન કહેવાય છે. તેમના સ્વરૂપની પ્રાપ્તિ એ મહાન ધન છે, એટલે કે મનુષ્યજન્મની સાર્થકતા, સાર્થકતા અને કૃતકૃત્યતા છે. વળી તેમનું નામસ્મરણ એ જ સિદ્ધિ, સિદ્ધિ અને દ્રવ્ય છે, માટે તે મહાધન કહેવાય છે.
૨. પું. હિરણ્યગર્ભ.
૩. પું. શિવ; શંકર.
૪ પું. સંગ્રામ.
સંગ્રામનું જ નામ મહાધન છે. નિઘંટુ
૫. પું. સૂર્યનો ધૂપ
૬. પું. સોનું; સુવર્ણ
૭. ન. સુંદર વસ્ત્ર.
૮. ન. ખેતી; કૃષિ.
૯. ન. મોટી કીમત.
૧૦. વિ. કીમતી; મૂલ્યવાન.
૧૧. વિ. ઘણું ધનવાનો પૈમાદાર.

મહાધમની સ્ત્રી. મુખ્ય નાડી; શરીર માંહેની સોથી મોટી ધમની; " એઓર્ટા ". આ સોથી મોટી ધમની, હૃદયના ડાબા નિલયમાંથી ઉત્પન્ન થઈ ને પોતાની વિવિધ શાખાઓ દ્વારા શરીરને લોહી પૂરું પાડે છે. તેના મૂળ ભાગ આગળ તેનો વ્યાસ લગભગ સવા ઇંચ છે, પરંતુ તે ક્રમે ક્રમે પાતળી થતી જાય છે અને પેટમા ઊતરતાં તેનો વ્યાસ અર્ધોઅર્ધ ઓછો થઈ જાય છે. દરેક મનુષ્યની મહાધમનીની લંબાઈ આશરે તેના હાથ જેટલી હોય છે. હૃદયમાંથી બહાર નીકળ્યા બાદ તે પહેલાં સહેજ ઊંચે જાય છે અને પછી અધોમુખ હંસના ડોકની માફક વાંકી વળી પૃષ્ઠવંશ તરફ જાય છે. પૃષ્ઠવંશની આગળ પહોંચ્યા બાદ તેની ડાબી બાજુએ તે ક્રમે ક્રમે નીચે ઊતરે છે અને સોથી કટિકશેરુકા સુધી નીચે આવ્યા પછી તે જમણા ભાગમાં વહેંચાઈ જાય છે: આરોહી ભાગ, તોરણ ભાગ તથા અવરોહી ભાગ. આરોહિણી, તોરણી તથા અવરોહિણી આ તે ભાગનાં ટૂંકાં નામ છે. મહાધમનીનો આરોહી ભાગ આશરે બે ઇંચ લાંબો અને સવા ઇંચ જાડો હોય છે. તે હૃદયના ડાબા નિલયમાંથી ઉત્પન્ન થઈ ત્રાંસી રીતે સહેજ ઊંચે જાય છે અને તોરણ ભાગ સાથે મળી જાય છે આ મૂળ ભાગમાંથી સહેજ ઊંચે જતાં બે પાતળી કાંડશાખા નીકળે છે. તેમાંથી ઉત્પન્ન થતી અનેક ઝીણી ઝીણી શાખા હૃદયની આસપાસ વીંટળાઈ હૃદયને તાજું લોહી પૂરું પાડે છે. મહાધમનીનો તોરણ જેવો ભાગ તોરણી મહાધમની તરીકે ઓળખાય છે. આ ભાગ જાડો અને લાંબો છે અને તે મહાધમનીના આરોહી તથા અવરોહી ભાગને જોડે છે. તેની શાખાઓ કોર, માથું, ડાબી તથા હાથને લોહી પૂરું પાડે છે. મહાધમનીનો નાનો ઊતરતો ભાગ અવરોહિણી મહાધમની તરીકે ઓળખાય છે તે સોથી કટિકશેરુકા સુધી આવે છે અને પછી બે વિભાગમાં વહેંચાઈ જાય છે. તેની શાખાઓ જાંઘ તથા પેટમાના અવયવોને લોહી પૂરું પાડે છે સોથી કટિકશેરુકા સુધી આવ્યા પછી મહાધમનીની બે અગ્રશાખા પડે છે અને તે બે અગ્રશાખા વળી બે ભાગમાં વહેંચાઈ જાય છે. આ નાની મોટી શાખાઓ આખા પગને લોહી પૂરું પાડે છે. મહાધમનીની બીજી બે શાખા અધિશ્રોણિકાઆભ્યંતરા તરીકે ઓળખાય છે અને તેઓ અસ્થિગુહાની અંદર તેમ જ આસપાસ રહેલા અનેક નાના મોટા અવયવોને લોહી પૂરું પાડે છે.

મહાધમની છિદ્ર ન. મહાપ્રાચીરા પેશીનાં બને મૂળની વચ્ચે સ્નેયુ નીચે તથા પાછળ ભાગમાં આવેલું છિદ્ર. તેમા થઈને મહાધમની ઉદરગુહામાં પેસે છે

મહાધાતુ ૧. [સં.] પું એક પર્વત.
૨. પું. મોટી ધાતુ
૩ પું. શિવનાં કાંઠાનું એક નામ.
૪. પું. સોનું, સુવર્ણ

મહાધામ ૧. [સં. મહાધામન્] ન. મહાભાગ; મહાપુરુષ.
૨ ન. તેજપુંજ.
૩. ન. મોટું સ્થળ
૪. વિ. પુષ્કળ તેજવાળું.

મહાધિનાવિક પું. નૌકાનો ઉપરી.

મહાધિપોતિક પું. નૌકાનો ઉપરી.

મહાકૃતિ પું. (પુરાણ) સ્વિષ્ટકૃતના વિષ્ણુ જજ્ઞકર્તા એ નામનો પુત્ર. વાલ્મીકિ રામાયણમાં તેને મહાકૃતિ કહ્યો છે.

મહાન ૧. પું. પ્રકૃતિ કે વિકૃતિનું એક તત્ત્વ.

૨. [સં. મહત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ તે મોટામ અને માહાત્મ્યવાળા, સર્વત્ર, સર્વવ્યાપક, અનંત અને અપાર તેમ જ સર્વથી મોટા અને મહત્તાવાળા હોવાથી મહાન કહેવાય છે.

૩ પું વિષ્ણુ; રુદ્ર.

૪. વિ. ઉત્તમ.

૫ વિ. મોટું; વિશાળ; ભવ્ય.

૬ વિ. મહત્તાવાળું

૭. વિ. સમર્થ; શ્રીમાન.

મહાનક [હિ] પું. પ્રાચીન કાળનું એક વાદ્ય.

મહાનક્ષત્ર ન. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર; મૂર્ય નક્ષત્ર.

મહાનગ્ન ૧. [હિ] પું. પ્રાચીન કાળના ઊંચી પદવી ધરાવતો એક અધિકારી.

૨. પું પ્રેમી; પ્રેમ કરનાર પુરુષ.

૩ પું. સ્ત્રીનો યાર; ઉપપતિ; જાર પુરુષ.

મહાનગ્ની સ્ત્રી. અગ્નિષ્ટોમ કરતી સ્ત્રી. આ શબ્દ વેદકાળમાં વપરાતો.

મહાનટ [સં.] પું. શંકર; શિવ; મહાદેવ; અષ્ટમૂર્તિ; મહાદેવ; અગ્નિર્ભૂમ્યા; ભૂતેશ; શંભુ.

મહાનતા સ્ત્રી. મોટાઈ; મહાન હોવાપણું.

મહાનદ ૧. [હિ.] પું. એ નામનું એક તીર્થ.

૨. પું. એ નામનો એક નદ.

મુખથી માંડીને એ **મહાનદ**ની આખી બીજી કાંબે સેનાનો કૂવારે દાબો કર્યો.

બળવંતરાય ઠાકોર

૩. [સં.] પું. મોટી નદી.

મહાનદી ૧. સ્ત્રી. અર્જુને પોતાની વનવાસદીક્ષા દરમિયાન લીધેલી મુલાકાતનું એક તીર્થસ્થાન.

૨ સ્ત્રી (પુરાણ) અલકનંદા; ગંગા નદીનો એક ફાંટો.

૩ સ્ત્રી. બંગાળના ઉપસાગરને મળતી એ નામની એક નદી

૪. [સં.] સ્ત્રી. મોટી નદી; આખું પર્વ જેમાં વહાણ ફરી શકે તેવી નદી. પ્રાચીન સાહિત્યમાં તેવી ચૌદ મહાનદી જણાવેલી છે: ગંગા, સિંધુ, રોહિતાસ્યા, રોહિતા, હરિકાંતા, હરિસલિલા, સીતોદા, સીતા, નારીકાંતા, નરકાંતા, રૌપ્યકૂલા, સુવર્ણકૂલા, રક્તવતી અને રક્તા.

મહાનન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહાનના [સં.] સ્ત્રી. પાર્વતી

સર્વ દેવતાઓના ઈશ્વરી. એ મારેયની દક્ષિણ પુત્ર દક્ષયજ્ઞમાં, મહાદેવાદા, કાલકેશ, **મહાનના** ઉમેદ્રા, કાતાર વસ્તે જ નાખી થાય છે

ભાગવતી ભાગવત

મહાનરક [સં.] ન. એકવીસ માંહેનું એ નામનું એક નરક.

મહાનલ ૧. પું. અગ્નિ

૨. [સં] પું. ભાંગ.

મહાનવમી [સં.] સ્ત્રી. આસો સુદિ નોમ; નવરાત્રિનો છેલ્લો દિવસ.

મહાનવલ સ્ત્રી કથા; આખ્યાન.

નાયક નાયિકા એક જ જોડું જુદા જુદા ચોરસે, પશ્ચાદ્ભૂમાં આ વૃત્તાન્તમાં બને નવેસરનાં ચિત્ર પાત્રો હોય, પણ આખું ચિત્ર એક દૃશ્ય અને તેના અવયવ પ્રકાશવૈદ્યમાં એક નાયક યા નાયિકા યા એક જ યુગલ હોય તે નવલ, અને જેના આવી ચમારે સમારંભ તે **મહાનવલ**.

ભોગીલાલ ઠાકોર

મહાનસ ૧. પું. (પુરાણ) શાકદ્વીપના સાત માંહેનો એ નામનો એક પર્વત.

૨. ન. મોટું વાહન.

૩. ન. રસોઈનું વાસણ.

૪. [સં.] ન. રસોડું; રાંધણી; પાકશાળા.

મહાનસશાલા [સં.] સ્ત્રી. ભોજનગૃહ; રસોડું.

મહાનસિક [સં.] પું. રસોઈયો.

મહાનસિનિકા [સં.] સ્ત્રી. રસોઇણ.

મહાનસિની [સં.] સ્ત્રી. ભોજનશાળામાં કામ કરનાર દાસી; રાંધનારી સ્ત્રી.

મહાનંદ ૧. પું. દસ આગળની મોરલી. તેના દેવતા મહા મનાય છે.

૨. પું. પરમ સુખ; મોટો આનંદ.

૩. પું. મગધ દેશનો એ નામનો એક પ્રતાપી રાજા. તેના કરથી સિકંદર પંજાબથી આગળ વધી શકયો ન હોતો અને પોતાને વતન પાછો ફર્યો હતો.

૪. [સં.] પું. મોક્ષ; નિર્વાણ; મુક્તિ.

૫ સ્ત્રી. ચોપન માંહેની એ નામની એક વાયુતત્ત્વદેવતા.

૬. વિ. બહુ આનંદવાળું; અતિશય આનંદવાળું.

મહાનંદા ૧. સ્ત્રી. (જૈન) એ નામની એક દેવી. તેનું સ્થાન અટ્ટહાસમાં છે.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક નામાંકિત વેશ્યા. તેણે વેશ્યાના યોગ્ય ધર્મ પ્રમાણે વર્તીને ઈશ્વરકૃપા પ્રાપ્ત કરી હતી એમ કહેવાય છે.

૪. સ્ત્રી. મંગળનાં હજાર માંહેનું એક નામ

૫ સ્ત્રી મહા સુદિ નોમ.

૬. સ્ત્રી મહા સુદિ નોમને દિવસ થતો એક ઉત્સવ

૭. સ્ત્રી શરાબ; મદ્ય; દારૂ

મહાનંદિ ૧ [સં.] પું ક્ષત્રિયકુળમાં ક્ષત્રિયોનો નાશ કરનાર મહાપદ્મ નામના રાજાનો બાપ.

૨. પું. ક્ષત્રિયકુળમાં શિશુનાગવંશીય નંદિવર્ધનો એ નામનો પુત્ર. તે આ વંશનો છેલ્લો રાજા હતો

મહાનદા પું. સિંધમાં નદીમાં હોડી ફેરવનાર જાતિ. તે સિંધના જૂનામાં જૂના વતની હોવાનું મનાય છે

મહાનાગ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દેવ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ યમક્ષ મળી ચોવીસ અક્ષર હોય છે.

૨ [સં.] પું. મોટો નાગ.

મહાનાટક ૧ [સં] ન. દશ રૂપકમાંનું એક રૂપક

૨. ન. નાટકનાં લક્ષણોયુક્ત દશ અંકવાળું નાટક; મોટું નાટક.

૩. ન. હનુમાન.

મહાનાદ ૧. [સં.] પું. ઊંટ.

૨. પું. એ નામનું એક કોકરાક્ષિત્ર.

૩. પું કાન.

૪ પું. ગાજતું વાદળું; ગાજતો મેઘ.

૫. પું. ભયંકર અવાજ; મોટો અવાજ.

૬ પું. મોટો ઢોલ.

૭. પું. શંખ

૮. પું. શિવ; શંકર; મહાદેવ.

૯ પું. સિંહ.

૧૦. પું. હાથી

૧૧. વિ. મોટા અવાજવાળું

મહાનાદી ૧. [સં] સ્ત્રી. ઊંટડી.

૨. સ્ત્રી સિંહણ.

૩ સ્ત્રી હાથણી.

૪ વિ. મોટા અવાજવાળું

મહાનામ ૧. પું. એ નામનો એક દાનવ.

૨ પું. કાત્યાયને કેટલ શ્રાદ્ધ નક્ષત્રમાં થઈ જાય એવો એક જાતનો મંત્ર.

૩. પું. (પુરાણ) હિરણ્યાક્ષને થયા દાનવીયા થયેલો એ નામનો એક પુત્ર.

મહાનામ ૧. પું. શુદ્ધોદન રાજાના ભાઈ અમૃતોદનનો એ નામનો પુત્ર. તે ગાદી ઉપર હતો ત્યારે બુદ્ધ તેને ઉપદેશ આપી સન્યાસી કર્યા હતો

૨. [સ. મહત્ (મોટું) + નામન (નામ)] વિ. મોટા નામવાળું. મોટી આબરૂવાળું.

મહાનામી વિ ઊંચા નામવાળું; મહાયશસ્વી.

મહાનામ્નીવ્રત ન. હિંદુના ધાર્મિક સાત મહિનો અગિયારમો સપ્તાહ.

મહાનારાચ પું (પિંગળ) એ નામે વર્ણવૃત્ત વર્ગનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દ્વિનારાચિકા. તેના દરેક ચરણમાં સોળ લઘુ અને સોળ ગુરુ મળી બત્રીસ અક્ષર હોય છે.

મહાનારાયણ ૧. [સં.] પું. વિષ્ણુ

૨. જો ,ન અથર્વવેદની એ નામની એક ઉપનિષદ; અથર્વશિર વેદાપનિષદ.

મહાનાયિક ૧. [સ] પું. ઉત્તમ ખલાસી

૨. પું. (જૈન) ગ્રામણ્ય ભગવાન મહાવીર

મહાનિદ્રા [સં. , સ્ત્રી. મરણ; મોત

મહાનિધિ ૧. પું. (જૈન) ચક્રવર્તીનું મોટું નિધાન. તેમ. ચક્રવર્તીની સર્વ સંપત્તિના સમાવેશ થાય છે

૨. સં. મહત્ (મોટું) + નિધિ (ભંડાર)]

૧. મોટો ભંડાર

૩ પું. વિષ્ણુ

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહાનિધ્ય ૧. પું. મોટો ભંડાર.

૨. પું. બુદ્ધ.

૩. પું વિષ્ણુ

૪. પું. સાગર.

નિરવધના સર્વે અવેર,
મહાનિધ્યમા જો સરખો જેમ. અખો

મહાનિબંધ પું. પ્રબંધ; ' થિસિસ '.

મહાનિબંધા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. વંશસ્થ; વશરથવિલ; વશરતનિત. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

મહાનિરય [સં.] પું. (જૈન) એ નામનું એક નરક.

મહાનિર્જરા [સં.] સ્ત્રી. (જૈન) કર્મની મોટી નિર્જરા; બધા કર્મોનો ક્ષય કરવો તે.

મહાનિર્વાણ ૧. ન. (તાંત્રિક) એ નામનું તંત્રનું એક પુસ્તક. આ પુસ્તકમાં શિવપાર્વતીના સવાલ દ્વારા સુબ્રહ્મ, અનેક તંત્ર, દેવતા, સંપ્રદાય, પરબ્રહ્મોપાસના, શક્તિની ઉપાસના, ગોત્રપ્રશંસા, વર્ણાશ્રમવિધિ, ભૈરવીચક્ર, સન્યાસવિધિ, સંસ્કારનિધિ, દીક્ષાવિધાન, શિષ્યોને અમૃતદાનવિધિ, શાંતિ, પ્રાયશ્ચિત્ત ધર્માધર્મ, આચારવિચાર વિભાગ, રાજધર્મનો અધિકાર, મહાકાલી મંત્રોદ્ધાર, શિવપૂજાવિધાન, સાધુલક્ષણ, અવધૂતલક્ષણ, સર્વધર્મનિર્ણયસાર જણાવેલ છે

મહાનિર્વાણ. કુલ ખૂબ. ધર્મવિચાર અને તેના જ્ઞાન. જ્ઞાનથી ભરપૂર છે. બુદ્ધિપ્રકાશ

૨. [સં.] ન. (બૌદ્ધ) સંપૂર્ણ મોક્ષ. મનુષ્ય પાંચ સ્કંધોનો બનેલો વિશેષ પ્રકારનો એક સ્કંધ છે. તેમાં વિજ્ઞાન સ્કંધની પ્રધાનતા છે વિશેષ સાધનોના અનુક્રમથી આ સ્કંધોનો અભાવ મોક્ષિક તત્ત્વોમાં અંતર્ભાવ તેને મહાનિર્વાણ કહેવાય છે.

મહાનિવેશ ૧. [સં.] વિ. અલંકૃત; સુશોભિત.

૨ વિ. ધાડ

૩ વિ. ધાડ. પાડુ.

મહાનિશા ૧. [સં.] સ્ત્રી. કલ્પાંત કે પ્રલય; નાશ

૨. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

૩. સ્ત્રી. રાત્રિના વચ્ચેના બે પ્રહર; મધ્યરાત્રિ; બાર પ્રહર રાત્રિમાંથી બીજા અને ત્રીજા પ્રહરના સાંધાનો સમય

મહાનિશા સ્ત્રી. રાત્રિના વચલા બે પ્રહર.

નિરિ નિરાકિની મહાનિશિ મહા ઘર્ઘ અપરાત.
અપરાતે કોણ આવતુ આવે ઊઠી પ્રભાત.
પિંગળપ્રકાશ

મહાનિશીથ ૧. સ્ત્રી. મધ્યરાત્રિ.

૨. ન. (જૈન) એ નામનું એક ગ્રાહ્મિક સૂત્ર.

મહાનિશ્ચ ૧ [સ.] પું. એક જાતનો લીમડો; બકાન લીમડો. તેનાં પાન બહુ કરી લાંબાના છેડા પાસે લીમડાની પેઠે આવેલાં હોય છે. તેના ફૂલ પીળાશ પડતાં લીલાં અને ફળ લીબોળીના જેવાં થાય છે. તે દવામાં વપરાય છે.

૨ પું. મોટો અફરૂમો.

મહાનીચ ૧. [સં] પું. પોબી.

૨. વિ. અત્યંત નીચું

૩. વિ. બહું નીચ.

મહાનીલ ૧. પું. એ નામનો એક પર્વત.

૨. પું. એ નામનો એક મણિ.

૩. પું. એક જાતનો ગૂગળ.

૪. [સં.] પું. એક જાતનો નાગ.

૫. પું. ભાંભરો.

૬. પું. ભૃંગરાજ પક્ષી.

૭. પું. મોટા જાંબુનું ઝાડ.

૮ ન. એ નામનું એક તંત્ર

૯. વિ. ઘેરા આસમાની રંગનું.

મહાનીલ ભૂગળ પુ. પાંચ માહેના એક પ્રકારનો ગૂગળ. તે બધાને ઉપયોગી છે ગૂગળના પાંચ પ્રકાર આ પ્રમાણે છે: મહિષાક્ષ, મહાનીલ, કમુદ, પદ્મ અને હિરણ્ય

મહાનુકંપી [સં. મહત્ (મોટું) + અનુકંપા (દયા) + ઇન્ (વાળું)] વિ. મણી દયાવાળું; મહા દયાળુ.

મહાનુભાગ વિ. મહા ભાગ્યશાળી; અત્યંત ભાગ્યવાન; પુણ્યવાન

મહાનુભાવ ૧ [સં] પું. ઉદાર પુરુષ; મોટા મનનો પુરુષ, મહારાજ; મહાપુરુષ, મહાત્મા; પ્રભાવશાળી અર્થ

૨. પું એ નામનો એક સંપ્રદાય. મુનિ દત્તાત્રેયે તે સ્થાપ્યો હોય એમ મનાય છે. આ પંથના લોકો કૃષ્ણને માને છે. તેઓ મૂર્તિપૂજક નથી. તેઓના બે વિભાગ છે: વૈરાગી અને ઘરબારી.

હરી સહુ મહાનુભાવા,
અવા અહીં અંતરવા જ ઇચ્છે
હ ા કમા ા રે અવા.
રમાયો જનો જોતવતા જ જોવા
ગીતાનુવેખન

૩. પું પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

૪. પું. પ્રતિષ્ઠિત ગૃહસ્થ; સદ્‌ગૃહસ્થ; માનનીય વ્યક્તિ.

૫. પું. મોટા સામર્થ્યવાળો જીવ

૬. પું. મોટો અનુભવી માણસ; વીર; પ્રવીર; વિભૂતિ

૭. પું. વિશાળ અને દયાપૂર્ણ મનનું માણસ.

૮. ન ઉદાર મન.

૯. વિ. અતિ પ્રભાવશાળી, તેજસ્વી, મહા પ્રતાપી; મહા પ્રભાવશાળી

૧૦. વિ. અલૌકિક ગુણવાળું

૧૧ વિ ઉદાર; ખુલ્લા મનવાળું; ઉદારતા અને દયાથી ભરેલ મનવાળું; મોટા મનનું.

૧૨. વિ. ક્રમબોધાદિ રહિત.

૧૩. વિ. શ્રેષ્ઠ.

૧૪. વિ સદ્‌ગુણી.

મહાનુભાવતા [સં.] સ્ત્રી. મનનું મોટાપણું; મહા પ્રભાવશાળીપણું; મોટાઈ.

મહાનુભાવના જુઓ મહાનુભાવતા.

મહાનુભાષા પું. (સંગીત) એક પ્રકારનો રાગ.

મહાનુભાવિતા સ્ત્રી. ઉદારતા; મહાનુભાવતા.

નમર નમરને એક અભિદોષ ગાઢવી.
મહાજનની મહાનુભાવિતા મહોત્સવી.
નાનાલાલ

મહાનુભાવી ૧. પું. એ નામનો એક પંથ.

૨. વિ. ઉદાર; ખુલ્લા મનવાળું; દયાપૂર્ણ મનનું.

આપો વિત્ત, પૂજકનો જ મહાનુભાવી
ચિત્ત જ આપું પણ ઉત્તમ લોક માંડિ.
ગીતાર્પણામૃત

મહાનુભાવ વિ. મોટા પાવા ઉપર, જબ્બાળપ.

મહાનેમિ [સં.] પું. કામદેવ.

મહાપક્ષ ૧ [સં] પું. (પુરાણ) અક્રૂર યાદવનો એ નામનો એક પુત્ર.

૨ પું. એક જાતનો રાજહંસ.

૩. પું ગરુડ પક્ષી.

૪ પું ઘુવડ

૫. વિ. પાંખો આવેલું.

૬. વિ. મોટા કુટુંબવાળું

મહાપક્ષી [સં.] સ્ત્રી. ઘુવડ.

મહાપગા [સં] સ્ત્રી. એ નામે એક પ્રાચીન નદી.

મહાપતિ [સં.] પું. એ નામે એક મહર્ષિ.

પૂર્વે હિમાલય પર્વતની નિકટમાં ઘણા જ્ઞાનઓ એકત્ર મળ્યા હતા. તેમાં **મહાપતિ**, કાશ્યપ, કણ્વ, અગ્નિ તથા અન્ય પણ, મહર્ષિઓ જેવા થયા હતા. સૂતસંહિતા

મહાપદ્મ ૧. પું. એકવીસ આંકનું એ નામનું સોળમું નરક

૨. પું. કેદારનાથની યાત્રાના પ્રભાવથી શિવતત્ત્વનું જ્ઞાન થયું તે.

૩. પું. પરલોકનો માર્ગ; મૃત્યુ; મોત.

૪. [સં. મહત્ + પથિન્ (રસ્તો)] પું. મોટો રસ્તો; મુખ્ય રસ્તો; રાજમાર્ગ; સરિયામ રસ્તો.

૫. પું. શિવનાં ઝભ્ભર માંકેનું એક નામ.

૬. પું. શેષ પદ.

૭. પું. સુષુમ્ણા નાડી.

૮. પું. સ્વર્ગગમનના હેતુથી જેના ઉપરથી બ્રહ્મણો ભૂસકો મારતા તેવાં અમુક ગિરિશિખરો મેરુનું એ નામનું એક ગિરિશિખર.

૯. પું. હિમાલયમાં કેદારનાથ સુધી જવાનો લાંબો રસ્તો

મહાપયોગમન [સં.] ન. મરણ; મૃત્યુ.

મહાપથિક [સં.] પું. મરવા માટે હિમાલય પર્વત ઉપર જનારો પુરુષ.

મહાપદ્મ ૧. પું હાથી, તેની કેળવણી તથા તેના રોગ વગેરેનો જાણકાર એ નામનો એક પ્રાચીન વૈદ્ય.

૨. ન મોટી આપત્તિ.

૩. ન. મોટી જગ્યા; મોટી પદવી; મહાન પદ.

૪ ન. વૈકુંઠધામ; મોક્ષપદ.

તલાળ મહાપદ મોકલ્યા, સહુ નમ્યા જોડ પાણ.
દયારામ

મહાપદ્મ ૧. [સં.] પુ. એ નામે એક રાજા.

૨. પું. (પુરાણ) એ નામનો કદ્રુપુત્ર એક નાગ

૩. પું. (પુરાણ) કુબેરના નવ મહાનિધિનો ચોથો નિધિ; કુબેરનો એક સંભાર.

નધિ અને શેવધિ એ બે પુલ્લિંગ નામ ખજાનાનાં છે. પદ્મ અને શંખ એ બે પુલ્લિંગ નામ નિધિ અર્થાત્ ખજાનાનાં છે. **મહાપદ્મ**, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ અને ખર્વ એ નવ પુલ્લિંગ નામ નિધિ અર્થાત્ ખજાનાનાં છે
અમરકોષ

૪. પું. કુબેરનો એ નામનો એક અનુચર.

૫. પું. દક્ષિણ દિશાનો લોકપાલ; યમનો ઐરાવત

૬ પું. નંદનું એક નામ

૭ પું. નામનાં આઠ માંકેનું એક કુળ.

૮ પું નરકનું એક નામ.

૯. પું. મહાભારતમાં જણાવેલું ગંગાને કિનારે આવેલું એ નામનું એક નગર.

૧૦. પું. (જૈન) મહાહિમવાન પર્વત ઉપર આવેલ એ નામનું જળાશય.

૧૧. ન. (સિદ્ધ) અગ્નિ અને મત્સ્ય પુરાણમાં વર્ણવેલું એક પ્રકારનું ગોળાકાર ઘર.

૧૨. ન. એક પ્રાચીન જહેરનું નામ.

૧૩. ન. ખોળું કમળ.

૧૪. ન. બ્રહ્મસ્થાન. જે મસ્તકમાં બ્રહ્મરંધ્રમાં રહેલું છે.

પ્રાણાપાન વાયુને એકત્ર કરી મણિપૂરક અનાહત ચક્રનું ઉલ્લંઘન કરીને **મહાપદ્મ** (બ્રહ્મસ્થાન)માં પ્રાપ્ત કરીને યોગીનું શરીર ઉક્ત અમૃતપાનથી અમૃતમય બને છે.
ત્રિશતદર્શનદર્પણ

૧૫ ન. મોટું કમળ.

૧૬. ન. રુદ્રાક્ષ પદ્મ

૧૭ ન. સહસ્ર અબજ જેટલી સંખ્યા; લીલાવતીમાં કહેલ અયુતકોટિ સંખ્યા; ૧૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦.

૧૮. વિ સહસ્ર અબજની સંખ્યાવાળું.

મહાપદ્મવિસર્પ પું. (વૈદક) એક જાતનો ત્વચારોગ; રક્તવા. બાળકના શરીરને અમળવા જેવું પાચક થાય છે. તેથી બાળક ખમતું નથી. તે પાચક રાતા કમળના પાંદડા જેવું લાલ હોય છે. એ ગાંઠો ઉપર ઉત્પન્ન થઈ બની મુખી આવે છે.

મહાપનસ [હિં.] પું. એક જાતનો સાપ.

મહાપરિગ્રહી ૧. વિ. (જૈન) ઘણી જ તૃષ્ણાવાળું, આસક્તિમાનઃ પરિગ્રહ માટે બહુ મૂર્છા રાખનાર.

૨. વિ. ધન, કંચન, સ્ત્રી આદિ ઘણો પરિગ્રહ રાખનાર

મહાપંચમૂલક [સં.] ન. (વૈદક) બીલી, અગિયો, સોનાગ, કાશ્મરી અને પાટલા એ પાંચ વૃક્ષનાં મૂળનો સમૂહ.

મહાપંચવિષ [સં.] ન. સુંઠી, કાલકૂટ, મુસ્તક, વછનાગ અને સંખ્યાહ્વી એ પાંચ ઝેરનો સમૂહ.

મહાપંથ ન. હિમાલયનું એક મુખ્ય ઊંચું શિખર.

મહાપંથા સ્ત્રી. સંયુક્ત પ્રાંતમાં મરઠાઇ જિલ્લામા આવેલી એ નામની એક ટેકરી.

મહાપાઠશાળા સ્ત્રી મહાવિદ્યાલય; 'કૉલેજ'

જ્યારથી **મહાપાઠશાળાઓ**માં સંસ્કૃત દાખલ થયું, ત્યારથી તે આપણા વિદ્વાનોની સંખ્યા ઘટતી ગઈ, તેની સાથે ગુજરાતીમાં સંસ્કૃત શબ્દો ઠસેરવાનું અને વ્યાકરણ રાખીને ગુજ. કરવાનું કામ વધી પડ્યું. હરગોવિંદદાસ

મહાપાત પું (જ્યોતિષ) ચંદ્ર અને સૂર્ય એ બંનેની ક્રાંતિ સમાન હોય ત્યારે જતા અતીપાત અને વૈધૃતિ યોગમાંનો દરેક. એવા યોગો લગભગ તેર દિવસને અંતરે આવે છે.

મહાપાતક [સં. મહત્ (મોટું) + પાતક (પાપ)] ન. મોટું પાપ. બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણની ચોરી, ગુરુપત્નીગમન અને એ ચાર મહાપાતકીઓનો સંગ એ પાંચ મહાપાતક ગણાય છે.

મહાપાતકરાશિમ [સં.] સ્ત્રી. ગંગાનાં ઝભ્ભર માંકેનું એક નામ.

મહાપાતકી [સં. મહત્ (મોટું) + પાતક (પાપ) + ઇન્ (વાળું)] વિ. મોટું પાપ કરનારઃ અતિ દુષ્ટ; મહાપાતક કરનાર.

મહાપાત્ર ૧. [સં.] પું. ઊંચા સંસ્કાર કરાવનાર બ્રાહ્મણ; પ્રેતક કર્મનું દાન લેનાર બ્રાહ્મણ.

૨. પું પ્રધાન મંત્રી; મહામંત્રી.

મહાપાન ન દારૂ પીવો તે.

મહાપાર્શ્વ પું (પુરાણ) ચિત્રા ઋષિને પુષ્પોત્કટાથી થયેલો એ નામનો એક રાક્ષસ. તે રાવણનો મોરચાન ભાઈ અને અમાત્ય હતો. તેને અંગદે યુદ્ધમાં માર્યો હતો.

મહાપારાપત ૧. [સં.] પું. મોરમલ્લીનું વૃક્ષ, ભકુમ.

૨. પું. શૈવનો એ નામનો એક સંપ્રદાય.

મહાપાસક [સં.] પું. અમલ્લ; જોર બિછુક.

મહાપિત્ત [સં.] પું. આપનો મોટો ભાઈ; જ્યેષ્ઠ.

મહાપિંડ પું મોટી ગ્રંથગાંઠ.

મહાપિંડક પું. ગુરુ અર્જુન; પ્રમેશ્વરિયના ઉપલા ઉંડાના મધ્યની સહેજ નીચે બ્રહ્મરની બાજુએ આવેલો એ નામનો ઉત્સેધ.

મહાપીઠ ૧. જો દક્ષપુત્રી પાર્વતીના શબનો ડોઈ ભાગ વિષ્ણુના ચક્રથી કપાઈને જ્યાં પડેલ હોય તે સ્થળ

૨ [હિ.] સ્ત્રી. દેવળમાં પલાંઠીનો ભાગ.

મહાપીલુ [સં.] પું. એક જાતનું વૃક્ષ

મહાપુટ પું. ઔષધ પકાવવાની એક પદ્ધતિ. આ પુટ માટે બે હાથ ઊંડો, પહોળો અને બોખલો ખાડો જમીનમાં ખોદી તેમાં એક કલ્પર છાણાં નીચે નાખી વચમાં ઓસડનો સપુટ મૂકી ઉપર બીજાં ૫૦૦ છાણાં ભરી અગ્નિ ચેતાવવામાં આવે છે

મહાપુણ્યા [સં.] સ્ત્રી. ગંગાનાં કલ્પર માંહેનું એક નામ.

મહાપુણ્યોદયપ્રાપ્યા જુઓ મહાપુણ્યા.

મહાપુત્ર પું. પૌત્ર; દીકરાનો દીકરો.

મહાપુર ૧. પું. એ નામનું એક તીર્થ

૨. [સં.] પું. ઠિકાણાંવાળું નગર.

મહાપુરાણ ન. વ્યાસપ્રણીત પુરાણો માંહેનું દરેક. શિવ પુરાણના ઉત્તર ખંડમાં મન્યમેશ્વરના માહાત્મ્યમાં શિવ પાસેથી વરદાન માગીને વ્યાસે મહાપુરાણો રચ્યાં એમ કહીકત છે. પુરાણોની સંખ્યા અઢાર મનાય છે. તે આ પ્રમાણે છે: બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, દેવીભાગવત પુરાણ, નારદીય પુરાણ, માર્કંડેય પુરાણ, અગ્નિ પુરાણ, ભવિષ્ય પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, લિંગ પુરાણ, વરાહ પુરાણ, સ્કંદ પુરાણ, વામન પુરાણ, કૂર્મ પુરાણ, મત્સ્ય પુરાણ, ગરુડ પુરાણ અને બ્રહ્માંડ પુરાણ. ભાગવતી ભાગવત અને વિષ્ણુ ભાગવત નામથી જાણીતા બે ભાગવત ગણે છે. તેમાં એક મહાપુરાણ અને બીજું ઉપપુરાણ છે. બ્રહ્મ પુરાણ દસ હજાર, પદ્મ પુરાણ પંચાવન હજાર, વિષ્ણુ પુરાણ ત્રેવીસ હજાર, શિવ પુરાણ ચોવીસ હજાર, શ્રીમદ્ ભાગવત પુરાણ અઢાર હજાર, નારદ પુરાણ પચ્ચીસ હજાર, માર્કંડેય પુરાણ નવ હજાર, અગ્નિ પુરાણ પંદર હજાર ત્રણસો, ભવિષ્ય પુરાણ ચૌદ હજાર પાંચસો, બ્રહ્મવૈવર્ત પુરાણ અઢાર હજાર, લિંગ પુરાણ અગિયાર હજાર, વરાહ પુરાણ ચોવીસ હજાર, સ્કંદ પુરાણ એકાશી હજાર બસોવીસ, વામન પુરાણ દસ હજાર, કૂર્મ પુરાણ સત્તર હજાર, મત્સ્ય પુરાણ ચૌદ હજાર, ગરુડ પુરાણ ઓગણીસ હજાર અને બ્રહ્માંડ પુરાણ બાર હજાર શ્લોકોનું છે.

મહાપુરી [સં.] સ્ત્રી રાજધાની

મહાપુરુષ ૧. [સં] પું. અમીર; ઊમદા કુટુંબનો માણસ.

૨. પું. ઈશ્વર.

૩. પું. ઋષિ.

૪. પું (વેદાંત) સમાધિક વડે જેના મનને ક્ષોભ ન થાય તેવી વ્યક્તિ.

૫. પું. (જૈન) ત્રિપુરુષ જાતના અંતર દેવોના બે માંહેનો એ નામનો એક ઉદ.

૬. પું. (જૈન) ત્રિપુરુષ નામના અંતરના દસ માંહેનો એ નામનો એક પ્રકાર. ત્રિ ૫ નામના અંતરના દસ પ્રકાર આ પ્રમાણે છે: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવરાગ્ર, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વાન

૭. પું. દુષ્ટ માણસ; પાજી; લુચ્ચું માણસ.

૮. પુ. નારાયણ

૯. પુ. પવિત્ર માણસ.

૧૦ પુ મોટો માણસ; મહાપુરુષ; મહાત્મા; ઉચ્ચ પુરુષ; ઉચ્ચ નર. ગાંધીજી મહાપુરુષ વિષે લખે છે કે, મહાપુરુષો કદી મરણ પામતા નથી અને તેથી તેમણે જે કરેલાં કાર્યો આપણે રાખી તેમને અમર કરવાની આપણી સૌની ફરજ છે. મનુ મહારાજે ભવિષ્ય ભાખી રાખ્યું છે કે આ દેશમાં જે મહાપુરુષ પેદા થશે તેનામાં એવી શક્તિ હશે કે તેની માગ્યત આખી દુનિયાના લોકો પોતાના ઉત્થાનને માટે આદર્શ લેખશે.

૧૧. પું. વિષ્ણુ.

૧૨. પું. વીર; પ્રવીર; મહાનુભાવ પુરુષ; વિભૂતિ; 'હિરો'

મહાનુભાવ પુરુષની-મહાપુરુષ(હિરો)ની મોક્ષ જાવના હોમર આદિ કવિઓને સદીથી સામાન્ય રીતે પ્રવૃત્તિમય રહેતની હતી.

ભગવતસિંહ કાકોર

૧૩. પું. સજ્જન; સત્પુરુષ.

મહાપુરુષદંતા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાતાવરી.

મહાપુરુષવિદ્યા પંચક પું. એ નામનો એક પંચ. આ પંચના સ્થાપક આસામના શંકરદેવ હતા. તે બધે પ્રવાસ કરતા. તેની સામાજિક દૃષ્ટિ બહુ ઉદાર હતી. તેના શિષ્યોમાં કેટલાક જંગલી જાતોના અને કેટલાક મુસલમાનો પણ હતા. દેવદેવીની પૂજા, મંદિરોમાં જવું, પ્રસાદ ચાખો વગેરે તેના મત પ્રમાણે મિથ્યાચાર મનાય છે. આ પંચમાં શુદ્ધ ગુરુઓના જાહેરાત શિષ્યો પણ જોવામાં આવે છે.

મહાપુષ્પ ૧. [સં.] પું. એક જાતનો ડોડો.

૨. પું. કાળા અગર.

૩. પું. કાળા અગરનો છોડ.

૪ પું. મોગરો; કુંદવૃક્ષ.

૫ પું. સવિતાનો છોડ.

૬ ન. લાલ કરેણનું ફૂલ

મહાપુષ્પા [સં.] સ્ત્રી. અપરાજિતા વનસ્પતિ.

મહાપુંડરીક ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.

૨. ન. શ્વેત કમળ.

મહાપૂજા ૧. [સં] સ્ત્રી. આસો મહિનામાં નવરાત્રિના દિવસોમાં દુર્ગા દેવી કે કરાતી પૂજા.

૨. સ્ત્રી. મોટી પૂજા; આમ પ્રસંગે કરાતી પૂજા; ષોડશોપચારથી કરવામાં આવતી પૂજા.

મહાપૂત [સં.] વિ. બહું પવિત્ર.

મહાપૃષ્ઠ [સં] પું. ઊંટ

મહાપૈંગ્ય પું. આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદના એક આચાર્ય

મહાપૌરાણિક પું. (વિમળ) તમાલ; ઓગણીસ માત્રાનો એક માત્રાબ્રાંતિ છંદ. પ્રસ્તાર જોઈને તેની જોધા, મોહની વગેરે ૬૭૧૫ વૃત્તિ થાય છે

મહાપ્રજ્ઞ સ્ત્રી. મોટી પ્રજ્ઞા; મહાન પ્રજ્ઞા.

મહાપ્રજાપતિ [સં.] પું વિષ્ણુ.

મહાપ્રજ્ઞ [સં.] પું. મહા બુદ્ધિવાળા; મહાપુરુષ.

મહાપ્રતાપી [સં. મહાપ્રતાપિન્] પું. કાર્તિકેયનું એક નામ

મહાપ્રતિભાસ પું. જ્યોતિષશાસ્ત્રનું એક સ્વરૂપ.

મહાપ્રતિહાર ૧. પું. નગરમાં શાંતિ રાખનાર અધિકારી. કોટવાળ.

અમાત્યે, મહાપ્રતિહારે કે બીજા કોઈ હોદ્દેદાર પરરાજ્યના એજન્ટોની મુલાકાત કરવાની બેદરકારી.

કિસન કર્ણ

૨. પું. મહેલાતનો વડો અધિકારી.

મહાપ્રબંધ પું. સાહિત્યિક રચનાનો એક પ્રકાર.

મહાપ્રભ [સં.] વિ. અત્યંત તેજસ્વી.

મહાપ્રભા [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

મહાપ્રભાવા [સં.] સ્ત્રી. ગંગાનાં કલ્પર માંહેનું એક નામ.

મહાપ્રભુ ૧. [સં.] પું. ઈંદ્ર.

૨. પું. ઈશ્વર; મોટો પ્રભુ; પરમેશ્વર.

૩. પું. તપસ્વી.

૪. પું. પવિત્ર માણસ.

૫. પું. બંગાળના પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય ચૈતન્યની એક માનવાચક પદવી.
૬. પું. મહાદેવ; શિવ.
૭. પું. મહા સમર્થ પુરુષ.
૮. પું. મોટો ધણી
૯ પુ. રાજા
૧૦ પું વલ્લભાચાર્યની એક માનવાચક પદવી.
૧૧. પું. વિષ્ણુ.
૧૨ પું સન્યાસી; સાધુ.
૧૩. પું સૂર્ય; રવિ; આદિત્ય.
૧૪. જિ પું ઘણો સમર્થ; મહા સમર્થ.
બધ્ધ ને હપનો મોક્તા, સૌ જીવોનો મહાપ્રભુ; સુકૃત સૌ ભૂતનો ભણી મહને, પામે જ શાંતિ તે.
કવિચરિતા

મહાપ્રભુજી [સં.] પું. વૈષ્ણવાચાર્ય શ્રી વલ્લભાચાર્ય.

મહાપ્રમાણ [સં.] જિ. અનહદ; અનિશ્ચય; બેસુમાર.

મહાપ્રયાણ ૧. [સં] ન. મૃત્યુ.
૨. ન. મોટી મુસાફરી.
એમના મહાપ્રયાણમાં એમને વિશ્રાંતિ આપવાને છળી પું અને છળીરા.
સરસ્વતીચંદ્ર

મહાપ્રલય ૧. પું. (વેદાંત) અનિત્ય દ્રવ્ય, અનિત્ય ગુણ અને કર્મ તે સર્વ જીવકર્મનો ધ્વંસ.
૨. [સં. મહત્ + પ્રલય (વિનાશનો કાળ)] પું કલ્પને અંતે વિશ્વનો સંપૂર્ણ નાશ; બ્રહ્માના એક દિનને અંતે થતો પ્રલય; કલ્પને અંતે થતો પ્રલય; ચાર અબજ અને બત્રીસ કરોડ વર્ષને અંતે થતો કહેવાતો સૃષ્ટિનો સમૂળગો નાશ; મોટો પ્રલય; ચાર માહેનો એક પ્રલય. સતયુગનાં વરસ ૧૭,૨૮,૦૦૦, ત્રેતાયુગનાં ૧૨,૯૬,૦૦૦, દ્વાપરનાં ૮,૬૪,૦૦૦ અને કલિયુગનાં ૪,૩૨,૦૦૦ મળીને ૪૩,૨૦,૦૦૦ વરસનો ચતુર્યુગ થાય છે. તેવા ૭૧ ચતુર્યુગનો ૧ મન્વંતરનાં ૩૦,૬૭,૨૦,૦૦૦ વરસ થાય છે. તેવા ૧ મન્વંતરો અતીત થઈ ગયા છે. તેનાં ૧,૮૪,૦૩,૨૦,૦૦૦ વરસ પસાર થઈ ગયાં છે હાલના સમયમાં ૭ મા મન્વંતરનો ૨૮ મો ચતુર્યુગ ચાલે છે, એટલે કે તે ૭૧ કલિયુગ પૈકીનો ૨૮ મો કલિયુગ ચાલે છે. તેવા ૧૪ મન્વંતરો આવે છે. ૧૦૦૦ ચતુર્યુગ તે બ્રહ્માનો એક દિવસ તથા બીજા ૧૦૦૦ ચતુર્યુગની એક રાત્રિ થાય છે. તેમાં દિવસ તે સૃષ્ટિની સંજ્ઞા અને રાત્રિ તે પ્રલયની સંજ્ઞા છે, એટલે કે બ્રહ્માના એક દિવસમાં ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વરસ થાય છે. તેવાં બ્રહ્માનાં ૧૦૦ વરસ તે વિષ્ણુનો એક દિવસ થાય છે. તેવાં વિષ્ણુનાં ૧૦૦ વરસ તે શિવનો એક દિવસ થાય છે. તેવાં શિવનાં ૧૦૦ વરસ પૂરાં થાય, ત્યારે સૃષ્ટિનો મહાપ્રલય થાય છે. આ સમયે સાત લોકો અને તેના રહેવાસીઓ, માલમત્તો, સાધુઓ, દેવતાઓ અને બ્રહ્મા પોતે નાશ પામે છે પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે, જેમ પક્ષીઓ દિવસભર જુદી જુદી દિશાઓમાં પોતાનો માર્ગ લેવા ઊડે છે અને સૂર્યાસ્ત સમયે પાછાં પોતાના મૂળ રહેઠાણના વૃક્ષ ઉપર આવીને એકત્રિત થાય છે, તેમ પૃથિવી આદિ સમસ્ત બ્રહ્માંડ બ્રહ્મતત્ત્વરૂપમાં પ્રકૃતિના પ્રદેશમાં જુદી જુદી દિશામાં વિહરી રાત્રિકાળે અર્થાત્ સુષુપ્તિ અને મહાપ્રલય અવસ્થામાં સૌથી પરમ આત્મા અક્ષરબ્રહ્મ પરમાત્મારૂપી મૂળ નિવાસસ્થાનમાં એકત્ર થઈને રહે છે; અર્થાત્ સૌની છેવટની પ્રતિષ્ઠા પરમાત્મા છે. સુષુપ્તિકાળે અને મહાપ્રલયકાળે સમસ્ત સ્થાવર જંગમ જગત તે પરમધામરૂપ પરમાત્મામાં એકત્ર થાય છે અને તેમાં ઠરેઠામ વસે છે, એટલે કે અક્ષરબ્રહ્મ પરમાત્મા સૌની છેવટની આરામભૂમિ છે. ફક્ત કર્મિતા સાથે હોય છે તેને બ્રહ્મ ફરવું પડે છે ને બ્રહ્મત અવસ્થામાં જ્ઞાનની દશામાં સૌ પહોંચે તેને બ્રહ્મ ફરવાપણું રહેતું નથી.
કલ્પને અંતે થતા પ્રલયને મહાપ્રલય કહે છે
મીમાંસાન્યા.મુત

મહાપ્રસાદ ૧ પું અન્નાદિ પદાર્થે પવિત્ર તરીકે માંગલ્ય અર્થમાં આ શબ્દ વપરાય છે.
૨. [સં.] પું. જગન્નાથજીને ધરેલો ભાત
૩ પું. દેવનું નૈવેદ્ય; મોટી પ્રસાદી; મૂર્તિને ધરેલો ભોગ; દેવની પ્રસાદી.
૪. પું. મીઠું ભોજન
૫. પું. મોટી કૃપા; ઘણી મહેરબાની.
૬. પું મોટી પ્રસન્નતા.
૭. પું. રાંધેલા ચોખાનું બપોરનું જમણ. કબીરપંથી માણસોમાં આ શબ્દ વપરાય છે
૮. પું. ભિક્ષા; ભાર.
૯. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

મહાપ્રસ્થાન ૧. [સં] ન. મરણ.
૨. ન મરણને માટે હિમાલય તરફ ગમન કરવું તે; દીર્ઘયાત્રા
પાંડવોએ સ્વર્ગને માટે મહાપ્રસ્થાન કર્યું
સરસ્વતીચંદ્ર

મહાપ્રાચીરા સ્ત્રી. ઉર અને ઉદર વચ્ચેની પડદા જેવી પેશી. 'ડાયફ્રામ'. સાપની ફેણ જેવા આકારની આ વિશાળ પેશી ઉરોગુહા અથવા છાતીને તળિયે તથા ઉદરગુહા અથવા પેટને બરાબર આવેલી છે. તેની ઉપલી બાજુ હૃદયાની હાલની બાજુ બહિર્ગોળ અને નીચલી બાજુ અંતર્ગોળ છે. આ પેશીનો મધ્ય ભાગ સમતળ છે. આ પેશીનો આખો પરિઘ નેમજ મૂળ ભાગ માંસમય તંતુઓનો બનેલો છે અને તેનો અદ્યવચ્છદાકાર મધ્ય ભાગ મજબૂત કલાકરાનો બનેલો છે. મધ્ય ભાગનાં રજ્જુસૂત્રો પરસ્પર એવી વિચિત્ર રીતે ગોઠવેલાં છે કે, તે ભાગ પંદડા જેવા આકારના બધા વિભાગોનો બનેલો હોય એમ દેખાય છે. આ પેશીનો મૂળ ભાગ એ મૂળનો બનેલો છે આ મૂળનો કરોડાતનો ભાગ સ્નાયુમય અને બાકીનો ભાગ માંસમય છે. એમાનું કાયુ મૂળ ટૂંક અને નાનું હોઈ પહેલી બે કટિકશેરુકાઓના પિંડની આગળની બાજુ ઉપરથી, જ્યારે જમણું મૂળ કાયુ અને મોટું હોઈ પહેલી ત્રણ કટિકશેરુકાઓના એ જ ભાગ ઉપરથી ઉદ્ભવે છે. ઉદરગુહા તથા ઉરોગુહા વચ્ચેના સમપ બનાવી રાખવા આ પેશીમા ઠેકાણે છિદ્ર છે. તેમાં મુખ્ય છિદ્ર બધ્ધ છે: મહાશિરાછિદ્ર, અન્નનલિકા છિદ્ર તથા મહાધમની છિદ્ર. આ ઉપરાંત બીજાં કેટલાંક નાનાં છિદ્રો પણ છે. મોટાં છિદ્રોની આસપાસ મજબૂત રીતે વીંટળાયેલા આસતંતુઓ તેના છિદ્રવાળા પ્રદેશને નબળો પડવા દેતા નથી મહાપ્રાચીરા પેશી પ્રાણવાયુને અંદર ખેંચવાનું મુખ્ય સાધન છે. તેનો પરિઘ તથા મૂળ ભાગ સંકોચાતાં આ પેશી નીચે આવે છે અને તેની મધ્યે જ ઉરોગુહાનો વિસ્તાર વધે છે ફાંકીની અંદર વધેલી જગ્યામાં હવા દાખલ થવાથી ફેફસાં ફૂલે છે. ગૌડો શ્વાસ લેવામાં આ પેશીને છાતી ઉપર રહેતી બીજી કેટલીક પેશી મદદ કરે છે. આ ઉપરાંત આ પેશી ગોદાં બીજાં કામો જેવાં કે, ઠેંકડો ખાવો, હસવું, રોવું, બગાસું ખાવું, ઓકવું, ઝાડો પેશાબ કરવો, બચ્ચાંનું બતેરમાં પણ આમ એ છે, કારણ કે આ બધી ક્રિયાઓ એક ઉચ્છ્વાસ પછી જ થઈ શકે છે અને ઉચ્છ્વાસ આ પેશીના સંકોચ સિવાય બની શકતો નથી

મહાપ્રાચીરોત્તરા સ્ત્રી. ઓરસી પ્રમદીની એ નામે એક શા.ભા. તે મહાપ્રાચીરા પેશીના ઉપલા તળિયાના પાછલા અર્ધા ભાગમાં ફેલાયેલી છે.

મહાપ્રાજ્ઞ જિ. મહા પ્રજ્ઞાવાળું; 'માસ્ટર માઇન્ડ'.

મહાપ્રાણ ૧. [સં] પું. (વ્યાકરણ) અક્ષરનો ઉચ્ચાર કરવાના મહારના પ્રયત્નના અગિયાર ભાંગેનો એક ભેદ તેનો ઉચ્ચાર કરવામાં શ્વાસને વધારે ઘૂંટવો પડે છે. જેમકે, ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ, ષ, સ, ઘ અને હ.
૨. પું. એક પ્રકારનો કામદો; ફ્રોસ્પ.
૩. પું હિરણ્યગર્ભ
૪ જિ ઘણું બળવાન.
૫. જિ. બહુ સત્તાવાળું.

મહાપ્રાર્થના [સં.] સ્ત્રી. જગતની મોટી પ્રાર્થના. ગાંધીજી મહાપ્રાર્થના વિષે કહે છે કે જે મને પત્ર, પુષ્પ, પાણી ઇત્યાદિ ભક્તિપૂર્વક આપે છે, તે મારો સેવક છે, એમ ભગવાને કહ્યું છે ભગવાન કંગાળને વેર વધારે વસે છે એ તો આપણું નિરંતર સિદ્ધ થતું જોઈએ છીએ કંગાળને અર્થે કાંતવું એ મહાપ્રાર્થના છે, એ મહાયજ્ઞ છે, એ મહાસેવા છે

મહાપ્રાંત પુ. પ્રાન્ત; 'પ્રોવિન્સ'.

મહાપ્રેત પું પંચ દેવ

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ એ પાંચ **મહાપ્રેત** મારા ચરણની નીચે રહેલા છે

જનની આગવત

મહાફેલ ૧ [સં] પું કોઢનું ઝાડ

૨ પું તાડનું ઝાડ.

૩ પું. નેજવાળ

૪. પું. નાળિયેરી.

૫ પું ખજૂરીનું ઝાડ.

૬. પું. મોટું પીપરનું ઝાડ.

૭. પું. મોટું ફળ કે ફળનો.

૮. વિ ખૂબ સારો ફલ આપનાર.

૯. વિ. વધારે ફળ આપનાર.

મહાફેલા ૧ [સં] સ્ત્રી. ઉદુમ્બરવૃક્ષનું ઝાડ.

૨. સ્ત્રી કડવી તુળસી

૩ સ્ત્રી. જાયફળ.

૪. સ્ત્રી તુરિયાં.

મહાબત ૧ [ઝ] પું ઝબ; બીક.

૨. પું. હાથીનો મહાવત.

મહાબન પું. પેશાવરથી ઉત્તરમાં આવેલ એ નામનો એક પર્વત. તેની ઉપર શારદાકોટ આવેલું છે

મહાબલ ૧ [સ પું. એ નામનો એક નાગ.

૨. પું તામસ અને રૌદ્ર મન્વંતરનો રુદ્ર.

૩ પુ. (પુરાણ) દનુપુત્ર એક દાનવ.

૪ પુ (પુરાણ) દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

૫. પુ. પિતૃઓનો એક ગણ.

૬. પું. બુધ.

૭ પું. બૃહસ્પતિ.

૮. પું. વાયુ.

૯ પુ વિષ્ણુના કલ્પર માહેનું એક નામ.

૧૦. પુ વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

૧૧. પું. શિવ; ઇશ્વર.

૧૨. પું શિવનો એ નામનો એક પાર્ષદ.

૧૩. પું. સીસું.

૧૪ પું (પુરાણ) સોમવંશી મધુપુત્ર કોણના વંશના હરિદ્ર રાજાનો એ નામનો એક પુત્ર.

૧૫. વિ. પ્રચંડ શક્તિવાળું

૧૬ વિ બળવાળું; મોટા જોરવાળું; ઘણું બળવાન.

મહાબલા ૧. [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ

૨ સ્ત્રી. બલા નામની વનસ્પતિ.

૩ સ્ત્રી. નાગદમનો છોડ.

૪ સ્ત્રી. ઉંબરો.

૫ સ્ત્રી ખજૂરાહોની એક જાત

૬. ન. સહદેવીનું ઝાડ

૭ વિ ઘણા બળવાળું

મહાબલાધિપતિ [સં] પું. એ નામનો એક લશ્કરી હોદ્દો. 'કર્નલ'.

મહાબલિ ૧. [સં] પું. આકાશ

૨. પુ પૃથ્વી

૩. પું. (પુરાણ) અગ્નિ

૪ પુ. મન.

મહાબલી ૧. [સં. મહત્ (ઘણું) + બલ (જોર) + ઇન્ (વાળું)] પું હનુમાન

૨. વિ. અતિ સામર્થ્યવાળું; બહુ બળવાન; ઘણા બળવાળું.

મહાબલેશ્વર ૧. [સં.] પું. કલિયુગ આરંભમાં મુખ્ય નષ્ટ થયેલું એ નામનું હતા બારમાનું એક સ્થાન કોંકણિક નામના અંશોએ ૧૮૨૪માં પહેલાં અહીં પગ મૂકયો, ત્યારથી આ નામનો વિકાસ થયો એક પછી એક જાદી જાદી દિશાઓમાં ખીણો ઉપર ડોકાતી ઘોડા ઉપર 'પોઈન્ટ' બંધાતા ગયાં ને જંગલો સાફ થતાં જતાં મકાનો બંધાતાં ગયાં. અહીં સૌથી વધારે મજા વિક્ટન પોઈન્ટના શિખર ઉપરથી દરવ જોવામા પડે છે. આ સૌથી ઊંચું શિખર છે અને તે ૪૯૧૦ ફૂટ ઊંચું છે અહીંથી ચોતરફ દૃષ્ટિ ફેંકીએ તો દૂરબીન વડે પશ્ચિમે દરિયો દેખાય છે ને આગળ કોંકણની પડ્યો, નજીકમાં અકરંદગઢ, પશ્ચિમ પ્રતાપગઢ, ઉત્તરે રાજગઢ, તોરણા ને કમળગઢ અને પૂર્વ પયગની ને આજુબાજુના, વચલેજ વસેરે દુર્ગા દેખાય છે આજુબાજુ આખી સહ્યાદ્રિની પર્વતમાળા દેખાય છે, બસ મહાબલેશ્વરની બોગી કટિબંધ્યા.

૨ કું. મહાબલેશ્વર નષ્ટક આવેલ શકરના એક લિંગનું નામ મહાબલેશ્વર વિષ પુરાતન કથા આવી છે કે, અહીં પહેલા વસ્તીમાં રાક્ષસો ત્રાસ આપતા હોવાથી તેમણે ત્યાં શકરની સ્થાપના કરી અને તેનું નામ મહાબલેશ્વર આપ્યું.

૩. ન. (પુરાણ) સહ્યાદ્રિ પર્વતનું એ નામનું એક ક્ષેત્ર અહીં પાર્વતીને સતી પડ્યાં હતો. કુબ્જા નદી અહીંથી નીકળે છે. તે સતારા જિલ્લામાં કરવતી તાલુકામાં સમુદ્રની સપાટીથી ૪,૫૦૦ ફૂટની ઊંચાઈએ છે. મહાબલેશ્વરનું દેવાલય ૪,૩૮૫ ફૂટની ઊંચાઈએ આવેલું છે

મહાબલેશ્વર જુ મહાબલેશ્વર.

મહાબંધ ૧ પું (યોગ) એ નામની યોગની એક મુદ્રા. યોગની કેટલીક મુદ્રાઓ આ પ્રમાણે છે: મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનમુદ્રા, જાલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરણી, યોનિ, વજ્રોલી, શક્તિચાલિની, તાડાંગી, માંડવી, શાંભવી, પંચધારણી, અશ્વિની, પાશિની, કાકી, માતંગી, ભુજંગિની

૨. સ્ત્રી. (યોગ) હાડપોગની એક ક્રિયા. ડાબા પગની એડીથી ગર્ભસ્થાનને દબાવી જમણો પગ ડાબા પગ ઉપર સ્થાપવો મૂલબંધ કરી પછી જાલંધરબંધ કરીને વાયુને પૂરી મનને મધ્ય નાડી સુષુમ્ણામાં પ્રવૃત્ત કરી યથાશક્તિ કુંભક કરી મહામુદ્રા રેચક કરવો. એવી રીતે વારંવાર અભ્યાસ કરી અને અંગોના અભ્યાસની સંખ્યા મારવી કરવી.

મહાબાર્હત [સં] પું. એક વૈદિક છંદ. વેદની કુલ ૨૫૭ ઋચાઓમા આ છંદ વપરાયો છે.

મહાબાહુ ૧. [સં. મહત્ (મોટું) + બાહુ (હાથ)] પું અર્જુન

૨. પું કૃષ્ણ.

૩ પું (પુરાણ) દનુપુત્ર એક દાનવ

૪. પું (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પુત્રોનો એ નામનો એક પુત્ર.

૫. વિ. મોટો બાહુ મોટા હાથ.

૬ પુ વિષ્ણુ

૭ વિ. વિક્રમ અને પરાક્રમ કરવામા જેની ભુજા સમર્થ હોય એવું

૮. વિ. બળવાન, શૂરવીર.

૯ વિ મોટા બાહુવાળું, જેના હાથ મોટા હોય એવું

દ્રુપદ દ્રૌપદેયાશ્ચ સૌભદ્ર પૃથિવીપતિ;
સર્વએવ **મહાબાહુ**રે રથા: પૂર્વં પૃથક્પૃથક્.

ગીતાનુક્રમણિકા

મહાબિરહ ન જોગે છંદપ્રકાર

લાવણીમાં 'ધીર કલપત'નું **મહાબિરહ** સાત સાત્વ્યો કુલાબોત છે. ઉપનિષદ પ્રાચીન છે. સ્વયંપ્રભુનું સંભારણ છે. પ્રાચીન કાલમા સત્યાનેશ્વ મહાબિન્દુનું એ બિરુદ હતું. નાનાલાલ

મહાબિલ ૧ [સં.] પુ આકાશ. વ્યોમ; બિલ

૨ પું. શિવનાં કલ્પર માહેનું એક નામ.

૩. ન ગુફા.
૪ ન પડો. કુલો.
૫. ન મોટું જલાશય.
૬. ન. હ્રદય.

મહાબિસી ન. એક જાતનું ચામડું. તે ખરબચડું અને સફેદ હોય છે.

મહાબીજ ૧. [સ] પું. પારો; પારદ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. સ્ત્રી. મોટી બીજ.
૪ ન. મોટું બીજ.

મહાબુદ્ધિ ૧. [સં] પું. વિષ્ણુનાં હજાર નામોમાંનું એક નામ. બુદ્ધિમાનોમાં પણ મહાન બુદ્ધિમાન હોવાથી તે મહાબુદ્ધિ કહેવાય છે.
૨. પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૩. વિ. પૂર્ણ.
૪. વિ. બહુ જ બુદ્ધિમાન; અત્યંત બુદ્ધિશાળી.

મહાભો [અ. મુહાબા (કોઈનો પક્ષ કરવો તે)] પું ભાર; વજન; બોજ.

મહાભોધિ ૧. [સં.] પું. બુદ્ધ દેવ; બુદ્ધ ભગવાન.
૨. ન. બૌદ્ધ જ્ઞાન; બુદ્ધનું જ્ઞાન.

મહાભ્રાતૃઘ્ન ૧. [સં.] પું. વેદ જાણનાર બ્રાહ્મણ; વિદ્વાન બ્રાહ્મણ.
૨. પું. હજારો કોષ્ટિનો જથ્થો.

મહાભદ્ર [સં.] પું. મોટો પોહો.

મહાભદ્ર ૧. [સં.] પું. એ નામનો એક પર્વત
૨. પું મેરુ પર્વત ઉપરનું એ નામનું સરોવર.

મહાભદ્રા ૧. સ્ત્રી. કરમદી નામની વનસ્પતિ.
૨. [સં.] સ્ત્રી. ભાગીરથી નદી; ગંગા.

મહાભય ૧. પું. (પુરાણ) અધર્મને નિર્ઋતી સ્ત્રીથી થયેલો એ નામનો એક પુત્ર.
૨. [સં.] પું મોટો ભય.
૩. ન. અતિ અદ્ભિત.

મહાભયંકર [સં.] વિ. મોટો ભય ઉપજાવનાર.

મહાભરા [સં.] સ્ત્રી. કુલજનનું મૂળ.

મહાભાગ ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. વિ. ભાગ્યશાળી; સારા નસીબનું; ભાગ્યવાન.
૩ વિ. સદ્‌ગુણી; સદાચારી; સદાચારસંપન્ન.
૪. વિ. સુવિખ્યાત; ખ્યાતિ પામેલું; પ્રખ્યાત.

મહાભાગતા ૧. [સં.] સ્ત્રી. ઉચ્ચ ગુણ; ઉમદા ચારિત્ર્ય.
૨. સ્ત્રી. ઊંચું સ્થળ કે પદ.
૩. સ્ત્રી. સારું નસીબ; ઉજ્જ્વળ ભાગ્ય.

મહાભાગવત ૧. [સં.] પું (પિંગળ) છત્રીસ માત્રાનો એક માત્રામેળ છંદ
૨. પું પરમ વૈષ્ણવ
૩ પું ભાર માંહેના પ્રત્યેક અઢારમા. નેતા. નામ: મનુ, મનઃદિ, નારદ, જનક, કપિલ, પ્રહ્લાદ, બલિ, બીષ્મ, પ્રહ્લાદ, શુકદેવ, ધર્મરાજ અને શંભુ.
૪. ન અઢાર માંહેનું એક પુરાણ. શ્રીમદ્ ભાગવત

મહાભાગા ૧ [સં.] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ; દાક્ષાયિણી
મહાલયમા મહાભાગા નામની દેવીનું સ્થાનક છે. જામવતી જામવન્ત
૨. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષનું નદીરૂપ એક તીર્થ.
૩. સ્ત્રી મોટાં ભાગ્યવાળી સ્ત્રી

મહાભાગ્યજનાશ્રિતા [સ સ્ત્રી] મહાના હજાર માંહેનું એક નામ

મહાભારત ૧ ન કૌરવ અને પાંડવ વચ્ચે થયેલા યુદ્ધ ઉપર વ્યાસે લખેલું એક લાખ શ્લોકવાળું એક સંસ્કૃત વીરરસ પ્રધાન મહાકાવ્ય તેના અઢાર પર્વ આ પ્રમાણે છે. (૧) આદિપર્વ. પ્રસ્તાવના, ઋણ્વાખ્યાન, પાંડવકૌરવ જન્મ, દ્રૌપદીસ્વયંવર. (૨) સભાપર્વ. હસ્તિનાપુરમા રાજપુત્રોની સભા, યુધિષ્ઠિરે રાજ્ય ખોવું, વનવાસ. (૩) વનપર્વ: રામચંદ્ર અરણ્યમાં પાંડવનિવાસ, નળ રાજાની વાત, (૪) વિરાટપર્વ. તેરમા વર્ષમા પાંડવોનાં પરાક્રમ, (૫, ઉદ્યોગપર્વ: પંડવ અને કૌરવ બંને પક્ષની લડાઈની તૈયારી, (૬) ભીષ્મપર્વ: ભીષ્મના સેનાધિપતિપણા નીચે લડાઈ, (૭) દ્રોણપર્વ: દ્રોણના સેનાધિપતિપણા નીચે લડાઈ, (૮) કર્ણપર્વ: કર્ણના સેનાધિપતિપણા નીચે લડાઈ, (૯) શલ્યપર્વ: શલ્યના સેનાધિપતિપણા નીચે લડાઈ, દુર્યોધનનું પાયમાલ થવું, પક્ષ સિવાય બધા કૌરવોનું મરવું જવું. (૧૦) સૌપ્તિકપર્વ: બાકી રહેલા પક્ષ કૌરવોનો રાત્રિનો અણચિતવ્યો હલ્લો, (૧૧) સ્ત્રીપર્વ સ્ત્રીઓનો શોક, (૧૨) શાંતિપર્વ: રાજધર્મ ઉપર ભીષ્મનો સંવાદ, યુધિષ્ઠિરને આશ્વાસન, (૧૩) અનુશાસનપર્વ: ભીષ્મસંવાદ ચાલુ, ભીષ્મ મૃત્યુ, (૧૪) અશ્વમેધિકપર્વ: યુધિષ્ઠિર અશ્વમેધ યજ્ઞ કરે છે, (૧૫) આશ્રમપર્વ: ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીનું વનવાસમાં જીવન અતીત કરવા જવું, તેઓના મરણ, (૧૬) મૌસલપર્વ: કૃષ્ણ અને બલરામનું મૃત્યુ, દ્વારકા ઉપર દરિયો ફરી વળ્યો, યાદવોનો નાશ, (૧૭) મહાપ્રસ્થાનિકપર્વ: યુધિષ્ઠિરનો રાજ્યત્યાગ, હિમાલય તરફ પ્રયાણ, (૧૮) સ્વર્ગારોહણપર્વ: યુધિષ્ઠિરનું પાંડવો અને દ્રૌપદી સાથે સ્વર્ગમાં દાખલ થવું. મહાભારતમાં ૨,૮૮,૦૦૦ લીટીઓ છે. તે સુંદરતા તેમજ સત્યપ્રેમમા બધાં મહાકાવ્યોમાં ઉત્તમ છે શ્રી ચિન્તામણરાવ વૈદ્ય આ ગ્રથનાં ત્રણ રૂપ માને છે અને તેના સમર્થનમાં પ્રમાણ બતાવે છે કે, મહાભારતમાં જ કહેવું છે કે, મહાભારત સૌતિએ નૈમિષારણ્યના સત્રમા શૌનકાદિ ઋષિઓને કહ્યું, જે સૌતિએ વૈશંપાયન પાસેથી સાભળ્યું હતું. વળી વૈશંપાયન જનમેજયને કહે છે કે, પોતે જે કહે છે, તે એમણે વ્યાસ પાસેથી સાભળ્યું હતું. મહાભારતના નામ.લિંગાદિ વિષે કહેવાય છે કે, સુરમણે એક પડખે ચારે વેદ અને એક પડખે ભારત તળી જોયા, તો વેદ કરતા ભારત અધિક નીકળ્યું, એટલે તેને મહાભારત કહેવા માંડ્યા. તેમજ ભરત મહારાજના કુળનો ઇતિહાસ હોવાથી તે મહાભારત કહેવાયું. ભારતનું યુદ્ધ ઈ.સ. પૂર્વે ૩૧૦૨માં થયું, તેના ઉપર વ્યાસે ૨૪ હજાર શ્લોકની કવિતા કરી. વૈશંપાયને તેને વધારીને ભારત નામની કવિતા ઈ.સ પૂર્વે ૧૨૦૦મા બનાવી હતી અને તેમાંથી સૌતિએ ઈ.સ પૂર્વે ૨૫૦ના સમયમાં મહાભારત બનાવ્યું સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે કે: મહાભારત એક મહાન રાષ્ટ્રીય ગ્રંથ છે એ ગ્રથમા ભારતનો આત્મા જળવાયેલો છે. એ ગ્રથમા લોકોના દુઃખો અને પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે અને શાંતિ મરણનો માર્ગ પણ બતાવવામા આવ્યો છે આ ગ્રથ સૈકાઓ સુધી માનવજાતના લાભ માટે એક મહાન સ્મારક તરીકે રહેશે મહાભારત પ્રસંગોમા જ્ઞાન પૂરે છે અને માનવના સમક્ષ પડેલા અધકારમય માર્ગો ઉપર પ્રકાશ પાથરે છે આનદશંકર ધ્રુવ કહે છે કે: મહાભારતના યુદ્ધમા દુર્યોધન અને તેના પક્ષનો વિનાશ થયો છે, એટલું જ નહિ પરંતુ ત્રિજયવત પાંડવો અને કૃષ્ણની નેતાગીરી નીચેના એમના મિત્રો જીવતીઓ પણ નાશ પામે છે યુદ્ધમા કરેલાં સંહિરયા ખરાબ કર્મોનો પશ્ચાતાપ થવાથી પાંડવો અવસાન પામે છે અને જીવતીઓ મદિરાથી મત્ત બનીને પરસ્પર વિનાશ કરે છે અમર આત્મોત્કર્ષ. સમજાય છે કે મહાભારત ગ્રથ બહુ જ મહત્ત્વનો હોઈને હિંદુ લોકો તેને પાચમો વેદ ગણે છે રામાયણની માફક મહાભારત પણ દરેક હિંદુ કુટુંબમા. રસપૂર્વક સભળાવવામા આવે છે, કેમકે પાંડવોકૌરવોના યુદ્ધના વર્ણન ઉપરાંત તેમા બીજા ઘણી રસિક અને સુબોધ આડકથાઓ આપેલી છે જિજ્ઞાસુ

મહારાજને હિંદુ રાજ્ય સ્થાપવાનું મન મહાભારતની કથા સાંભળીને થયું હતું. મહાભારતમાં ભીષ્મ અને શ્રીકૃષ્ણ ખાસ તરી આવે છે. ભીષ્મપિતામહ કૌરવોના પક્ષમાં હોવા છતાં શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તે અત્યંત સ્વાર્થત્યાગી, પ્રતિજ્ઞા પાળનાર, બ્રહ્મચારી અને તપસ્વી હતા. મરણ થતા પહેલાં જેમણે બાણની પથારી ઉપર સૂતાં સૂતાં યુધિષ્ઠિર વગેરેને રાજધર્મ તથા મોક્ષધર્મ બહુ સારી રીતે સમજાવ્યા હતા. મહાભારતના શાંતિપર્વ માંહેનો ભીષ્મપિતામહનો આ બોધ અપૂર્વ જણાય છે. મહાભારત વંચવાથી તે સમયના એટલે ગીત-યુગના આર્યોની સ્થિતિનો ખ્યાલ આવે છે. તે વખતના આર્યો ક્રમક્રમ આખા હિંદુસ્તાન ઉપર ફરી વળ્યા હતા. બ્રાહ્મણો પૂજ્ય મનાતા અને બ્રહ્મચારી બ્રાહ્મણો યુદ્ધમાં લડવા જતા, વિદ્યાર્થીઓના આશ્રમો ચલાવતા. દ્રોણ અને અશ્વત્થામા બ્રાહ્મણ છતાં ક્ષત્રિયોથી પણ ઘણું સારું લડી જાણતા. રાજાઓ ધર્મ અને નીતિ પ્રમાણે રાજ્ય ચલાવતા. જ્ઞાની બ્રાહ્મણોને તેઓ સન્માન આપતા. તેઓ મોટાં મોટાં સૈન્યો રાખતા. તે વખતનું સૈન્ય ચતુરંગ એટલે હાથી, ઘોડા, રથ ને પાયદળનું એમ ચાર અંગનું બનેલું હતું. સૈન્યની રચનામાં મહાનો વગેરે જાતજાતના વ્યૂહ ગોઠવવામાં આવતા. મોટા યોદ્ધાઓ રથમાં બેસીને લડતા અને દરેક યોદ્ધો પોતાના રથ તથા ઘોડાઓને પણ વગેરેથી સજ્જ રાખતો. મહાભારતમાં દિવ્ય અસ્ત્ર એટલે બંદૂક અને તોપ જેવાં લડવાનાં હથિયારોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. વૈશ્યોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. ઘોડો વેપારમાં પણ સારી રીતે આગળ વધેલા હતા. કપાસ, ઊન, ઊન, રેશમ, સાખ, રંગ વગેરેના હુનરો તેઓ જાણતા. તે વખતે આર્યો દેશાવરનો વેપાર પણ ખેડતા. સ્ત્રીઓ ભણેલી હતી અને સંગીત, નૃત્ય વગેરે કળા જાણતી દ્રૌપદી, કુંતા, સુભદ્રા વગેરે સ્ત્રીઓ નીડર, ચતુર અને કળામાં કુશળ હતી. પુરુષો પોતાનાથી હલકી જાતિની સ્ત્રી પરણી લાવતા, પણ ઊંચી જાતિની સ્ત્રી હલકી જાતિના પુરુષ સાથે રમ કરી શકતી નહિ. શ્રીકૃષ્ણ જેવા સરજનહાર, ભીષ્મપિતામહ જેવા પ્રતિજ્ઞાપાલક, દ્રોણાચાર્ય જેવા આચાર્ય, યુધિષ્ઠિર જેવા ધર્મરાજા, અર્જુન જેવા બાણાવળિયા, ભીમ જેવા યોદ્ધા, દ્રૌપદી જેવા દાનેશ્વરી, અભિમન્યુ જેવા વીર, વિદુર જેવા નીતિમાન સદ્ સભા સદાને માટે પ્રકાશિત છે. ગીતા જેવો સર્વ કાળમાં સર્વને માટે સર્વ ક્ષેત્રમાં અતિ ઉપયોગી એવો અમૂલ્ય વારસો પણ ચંદ્રવંશ તરફથી મળેલ છે

૨. ન. બહુ જ મોટો કોઈ ગ્રંથ.

૩. ન મહાન યુદ્ધ કે લડાઈ.

મહાભારત માંડવું = કજિયો થવો.

૪. વિ. મહાન; બહુ અથવા ઘણું.

૫. વિ બહુ મોટું; જબરું.

૬. વિ. ભયંકર; ઘોર.

મહાભારતકાર [સં.] પું. મહાભારત રચનાર; વ્યાસ દ્વૈપાયન

મહાભાવ ૧. [સં.] સ્ત્રી. ભક્તિની એક અદ્‌ભુત અવસ્થા. તેનાં અશ્રુપ્રવાહ, શરીરકંપન, રોમાંચ, પ્રસ્વેદ વગેરે ઓગણીસ ભાવ લક્ષણો મનાય છે.

૨. વિ. મોટા ભાવ કે ભાવનાવાળું.

મહાભાષ્ય ૧. [સં] ન. ભાષ્યકાર પતંજલિએ પાણિનિસૂત્રના ભાષ્યરૂપ બનાવેલો ગ્રંથ

૨. ન મહાન ભાષ્ય; વિસ્તૃત ટીકા.

મહાભાષ્યકાર [સં] પું. મોટું ભાષ્ય લખનાર પુરુષ

મહાભિક્ષુ [સં] પું. બ્રહ્મજ્ઞાની બુદ્ધ; શાક્ય મુનિ

મહાભિનિષ્ક્રમણ ૧. ન. બુદ્ધનો મહાન ત્યાગ કે સંન્યાસ.

૨. ન. મોટી મુસાફરી

૩. [સં] ન. સંસારના હિત માટે બુદ્ધ ભગવાન સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા તે મહા પ્રસંગ.

મહાભિષ પું (પુરાણ) ઇક્ષ્વાકુ વંશમાં થયેલો એ નામનો એક ચક્રવર્તી રાજા; મહાભિષ

મહાભિષક્ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન એક રાજા. તે સત્યવાદી અને પરાક્રમી હતો. તેણે હજાર અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞ કર્યા હતા, તેથી તે રાજાને સ્વર્ગનું પદ પ્રાપ્ત થયું હતું. એક વખત દેવતાઓ બ્રહ્મદેવની સેવામાં ગયા હતા, જેમાં કેટલાક રાજર્ષિઓ અને મહાભિષક પણ હતો. એટલામાં ગંગા પિતામહ બ્રહ્માની પાસે આવી. તેનું વસ્ત્ર વાયુથી ઊડી ગયું. તે વખતે સઘળા દેવ એકદમ નીચું જોઈ ગયા, પણ મહાભિષક ગંગાના સામું જોઈ રહ્યો. તેથી બ્રહ્માએ શાપ આપતાં કહ્યું કે, તું મૃત્યુલોકમાં જન્મ ધર્મ ને પછી પાછો ઉત્તમ લોકને પ્રાપ્ત થઈશ. જે ગંગાથી તારું મન આસક્ત થયું છે, તે ગંગા મનુષ્યલોકમાં અવતરી તને અપ્રિય પ્રસંગ કરશે અને ત્યારે તને ક્રોધ ઉત્પન્ન થશે, ત્યારે તું શાપથી મુક્ત થઈશ. પછી મહાભિષક પ્રતીપ રાજાને ત્યાં પુત્રરૂપે અવતાર લીધો અને ગંગા પ્રતીપ રાજાના તે પુત્ર શાંતનુની સ્ત્રી થઈ. પરણતી વખતે ગંગાએ બોલી કરી હતી કે, હું જે કરું તેમાં તમારે વચ્ચે આવવું નહિ. જે વખતે તમે મારા રમમાં આવ્યા કે મારા ઉપર ક્રોધ કર્યો, ત્યારે આપણો સંબંધ પૂરો થશે. તેને પેટે આઠ વસુઓએ અવતાર લીધો. સાતને તો એણે જન્મીને તરત બુડાડી દીધા, પણ આઠમા પુત્રને બુડાડવા જતાં શાંતનુને ક્રોધ આવ્યો અને એને મના કરી. કરાર પ્રમાણે ગંગાએ કહ્યું કે, હવે આપણો સંબંધ પૂરો થયો, માટે હું જાઉં છું. આ આઠમા પુત્રને મારે ન. રહેવા દો એમ કહી પુત્રને લઈ તે ચાલી ગઈ. આ પુત્ર તે ભીષ્મ.

મહાભિષવ [સં.] પું. મંત્ર સહિત સોમનો રસ કાઢવાનો વિધિ.

મહાભિષેક [સં.] પું. પંચગવ્ય, તીર્થોદક વગેરેથી વિધિપૂર્વક કરાતો દેવનો અભિષેક.

મહાભીત ૧ પું જૂની નામનો શિવનો દ્વારપાળ.

૨. પું રિસામણીનો છોડ.

૩. [સં.] પું. શાંતનુ રાજાનું એક નામ.

૪. વિ. આવેત બાંધેલું; બહુ જ બીકણ.

મહાભીતા [સં] સ્ત્રી. રિસામણી નામની વનસ્પતિ; લજ્જામણી.

મહાભીમ ૧. [સં.] પું. એ નામે એક રાજા; શાંતનુ

૨. પું જૂની નામનો શિવનો દ્વારપાળ.

૩. પું. (જૈન) રાક્ષસ જાતના અંતર દેવોના જે માંહેનો એ નામનો એક ઇંદ્ર.

૪. પું. (જૈન) રાક્ષસોના સાત માંહેનો એ નામનો એક પ્રકાર. ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જળરાક્ષસ, રાક્ષસરાક્ષસ અને બ્રહ્મરાક્ષસ એમ રાક્ષસોના સાત પ્રકાર છે.

મહાભીરુ [સં.] વિ. અતિશય બીકણ; ભાવવું

મહાભીષ્મ ૧. [સં] પું. ભીષ્મના પિતા શાંતનુ

૨. વિ. અતિ ભયંકર.

મહાભુજ ૧ [સં] પું. અર્જુન.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩ વિ. ભારે હાથવાળું; બળવાન.

મહાભુજંગ ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો સંસ્કૃતની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; જેમ. તેના દરેક ચરણમાં આઠ યગણ મળી ચોવીસ અક્ષર હોય છે.

૨. પું. મોટો સર્પ.

મહાજુજંગ પ્રયાત જુઓ મહાજુજંગ ૧.

મહાભૂત ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. [હિ.] પું. મહાન વિગ્રહ.
૩. પું. મોટું પ્રાણી.
૪. પુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૬. ન. જગતની ઉત્પત્તિના મૂળ કારણરૂપ ગણાતાં પાંચ આદિતત્ત્વ માંહેનું દરેક. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂત કહેવાય છે.
૭. ન. પાંચ સૂચક સાંકેતિક શબ્દ.
૮. ન. સ્થૂલ ઇંદ્રિયોને ઉત્પન્ન કરનારાં પાંચ તત્ત્વ. તે ઇંદ્રિયોથી ગ્રહિયાતા છે, એ મહાભૂતોથી મન ગ્રહિયાતું છે, મનથી બુદ્ધિ ગ્રહિયાતી છે, બુદ્ધિ કરતાં મહત્તત્ત્વ, મહત્તત્ત્વ કરતાં અવ્યક્ત પ્રકૃતિ ને અવ્યક્ત પ્રકૃતિ કરતાં આત્મા ગ્રહિયાતા છે આત્માથી કોઈ વસ્તુ ગ્રહિયાતું નથી.

મહાભૂમિ સ્ત્રી. ભરતખંડ
હે નચિકેતા! સર્વથી પૂજ્ય મહાભૂમિ અર્થાત્ ભારતભૂમિના તું રાજા હો!
કઠોપનિષદ ભાષ્ય

મહાભૃંગ ૧. [સં.] પું. ગાલમાની રેખાનાં ફૂલવાળા ભાગરો.
૨. પું. કાળો ભમરો.

મહાભેદા સ્ત્રી. (વૈદક) અષ્ટવર્ગ માંહેની એક ઔષધિ.

મહાભૈરવ ૧. પું. ઉજ્જયિનીમાં આવેલ એ નામના અષ્ટ ભૈરવ. તેનું સ્થાન સિંગપુરીમાં છે.
૨. [સં.] પું. શિવ.
૩ ન. દેવ અને અસુરના સંગ્રામ વખતે મહાદેવજીએ રચેલ ગદા માંહેનું એક પ્રકારનું પહેર હાથવડે ચલાવાતું ભૈરવચક્ર.

મહાભૈરવી [સં.] સ્ત્રી. (તાંત્રિક) એ નામની એક વિદ્યા

મહાભોક્તા પું. (યોગ) એક પ્રકારનો ભોક્તા.
જે પુરુષ કરાતો દ્વેષ કરતા નથી, કોઈ ઇચ્છા પણ કરતા નથી અને પ્રારબ્ધયોગથી જે આવી મળે તે સર્વે ભોગવી લે છે, તે **મહાભોક્તા** કહેવાય છે.
ત્રિકાળદર્શકદર્પણ

મહાભોગ ૧. [સ.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨ પુ. મોટું ગૂંચળું કે વેષ્ટ.
૩ પું મોટો ઉપભોગ.
૪. પું સાપ.

મહાભોગા [હિ.] સ્ત્રી. દુર્ગા.

મહાભોગી ૧. [હિ.] પું. મોટી વેષ્ટણવાળો સાપ.
૨. પુ. મોટો ભોગ ભોગવનાર વ્યક્તિ
જેવી જ છે જગતના **મહાભોગી**.
દલપતરામ

મહાભોજ ૧. પું. એ નામના એક જાતના હાથ.
૨. પું. ઉચ્ચ પંક્તિનો સરદાર.
૩. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના શશબિંદુ રાજાનો એ નામનો પુત્ર.
૪. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત માંહેનો સોળ નામનો પુત્ર. એના વંશજો ભોજ કહેવાય છે.

મહાભૌમ પું. (પુરાણ) સોમવંશી પુરુવંશના આરહના એ નામનો પુત્ર

મહાભ્રમ ૧. [સ.] પું. ગંભીર મિથ્યાજ્ઞાન.
૨. પું. મોટી ભૂલ.

મહાભ્રાંત ૧. [સ.] વિ. જેણે ગંભીર ભૂલ કરી હોય એવું
૨. વિ. મિથ્યાજ્ઞાનથી જેને ખોટા ભ્રમ ઊપજ્યા હોય એવું

મહાભ્રાન્તિ જુઓ મહાભ્રમ.

મહામંડયા પું. (પિંગળ) એ નામે એક આર્યા માત્રામેળ છંદ; મહામાયા. તે આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ લઘુ અને ૧૫ ગુરુ મળી ૪૨ વર્ણો ને ૫૭ માત્રા હોય છે.

મહામંત્ર ૧. [સં.] પું. પંચ મહાપદ્મ માંહેના એક પદ્મ
૨. પું. પંચ મહાપદ્મના અભિમાની દેવ
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેમને અર્પણ કરેલ મંત્ર અક્ષત ફળ આપવા ઉપરાંત મુક્તિ દેનાર મહાન થઈ ગયા છે, તથી તે મહામંત્ર કહેવાય છે
૪. પું. (પુરાણ) સોમવંશી સોમના નામના પાયના આદિત્ય અને પૃશ્નિનો એ નામનો પુત્ર

મહામણિ ૧. [સ.] પું. કૌસ્તુભ મણિ
૨. પું. ચમ્પો હોમની મણિ
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૪. વિ. મહાન પ્રકાશિત, તેજસ્વી
રૂપગર્વી શી? ખૂબસૂરત, તમ રૂપ દીસે **મહામણિ**
પ્રેમાનંદ

મહામાંત ૧. [હિ.] પું એ નામનો એક વૃક્ષ
૨ પું. મહેશ
૩. પુ. ગુરુ, બૃહસ્પતિ
૪ પુ. મંજુશ્રી; જ્ઞાનસ્વરૂપનું એક સ્વરૂપ
૫. પુ વાસુદેવ
૬. [સં.] પું સર્પનું એક નામ.
૭. સ્ત્રી. તીવ્ર બુદ્ધિ
૮. વિ. ઉદાર ચિત્તવાળું.
૯. વિ. ઘણી બુદ્ધિવાળું; બુદ્ધિશાળી.

મહામતી ૧. સ્ત્રી. (પુરાણ) અગ્નિમતી એ નામની પુત્રી
૨. સ્ત્રી. (પુરાણ) બૃહસ્પતિની સાત માંહેની સૌથી નાની કન્યા; બૃહસ્પતિને યુક્તા નામની બીજી પત્નીથી થયેલ એ નામની કન્યા.

મહામદ ૧. [સ] પું. ઘણો અહંકાર.
૨. પું. મસ્ત હાથી
૩. વિ. અત્યંત મસ્ત બનેલું; મોટા મદવાળું

મહામના વિ. મોટા કે ઉદાર મનવાળું

મહામના ૧. પું. (પુરાણ) એ નામનો એક પ્રથમ
૨. [સં. મહામનસ્] પુ ક્રાંતિકેયનું એક નામ
૩. પું. કેકય દેશના અદ્વયજ્ઞી રાજા મહામાલાના એ નામનો પુત્ર.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ
૫. પું સરભ નામનું એક કાલ્પનિક પ્રાણી.
૬. પું. (પુરાણ) સોમવંશી યયાતિપુત્ર અનુરાજાના વંશના જનમેજય રાજાનો એ એ નામનો પુત્ર. તેને ઉશિનર અને તિતિક્ષુ એવા બે પુત્ર હતા.
૭. વિ અભિમાની ગર્વી
૮. વિ. મહાશય; ઉદાર હૃદયનું; મોટા મનનું.

મહામયી વિ સ્ત્રી મહાશક્તિશાળી
કાલની કાલદેવતા **મહામયી** તમસ્વી
આદ્યપુરીએ બે અનુજોને પ્રજાત્વનું આપ્યા
સ ગ. ગાંધીર

મહામહાયજ્ઞ પું સૌથી મોટો યજ્ઞ
તમારા **મહામહાયજ્ઞની** અદ્વૈત વેદ ઉપર
મહાજ્વાલા.ઓ પ્રકટ થશે. સરસ્વતીચંદ્ર

મહામહાવારુણી સ્ત્રી. (જ્યોતિષ) એક પ્રકારનો યોગ; શનિવાર અને શતભિષા નક્ષત્રના રાજ યોગવાળા ચૈત્ર વદ તેરસ.

મહામહોદધિ [સ.] પું. મોટો મહાસાગર
આમોતર્ત રહુ ને દુ:ખે ય તપશે તેને શબ્દ કમાણો,
આંટે ને ભરતીથી જે ખેલનારો કયારેયુંથી વાકેનિધિ;
ધર્મે તીરાલ્ **મહામહોદધિ** સમો જે એકનો એક જો.
આપાનતં અમડ ને અમર હો! આદર્શ સામાન્યનો
ત્રિવેદી

મહામહોપદેશક ૧. [સં.] પું. એ નામની એક પદવી
૨ પું એક મોટો ઉપદેશક

મહામહોપાધ્યાય ૧ [સં.] પું. અંગ્રેજી રાજ્યના સમયમાં સરકૃતના મોટા પંડિતને અપાતો એક ઇલકાબ.

૨. પું બહુ મોટો ઉપાધ્યાય; મુખ્ય અધ્યક્ષ

૩. પું મોટો મૂર્ખ અને વિદ્વાન માણસ.

રત્નજડિત છત્રિયાળી સોનાઅંબાડીમાં એક ઇસ્કંદર મૌલવી ને બીજો હિંદુ **મહામહોપાધ્યાય** બેમ બે મહાપંડિતો સંગાથે મહારાજ અકબરશાહની જગપ્રસિદ્ધ જાહોજલાલીની ભવ્ય સવારી પધારે છે. નાનાલાલ

૪. પું. શાસ્ત્રવિશારદ પંડિત.

મહામંગલ [સં] ન. મોટું મંગળ.

મહામંગલમંગલ [સં] સ્ત્રી મંગળાનાં દેવતા અદિતિ એક નામ.

મહામંડપ પું (શિલ્પ) મોટો મંડપ.

એક **મહામંડપ** અને બીજો અમ્રમંડપ એવા તેના દેશી સ્થાપત્યમાં નામ આપેલા છે.

ગુ. સા પરિષદ

મહામંડલિક જુઓ મહામાંડલિક

મહામંડલેશ્વર જુ. [સં.] પું. મોટો માંડલિક રાજા; મોટો ખંડિયો રાજા; મોટો સામંત

૨. પું સંન્યાસીઓની એક પદવી વર્ણાશ્રમ ધર્મોનુસાર પદ્મનાભ સર્વથી એક અનાથ છે અને બહારગોધા પણ વીંધું સ્થાન સંન્યાસીઓનું છે. પરિવ્રાજકાચાર્યમાં પણ સર્વોચ્ચ સ્થાન મહામંડલેશ્વરનું ગણાય છે. એ પદ શંકરાચાર્યના પદ સમાન છે શંકરાચાર્ય અને મહામંડલેશ્વર એકત્ર થાય, ત્યાં બંને સમાન આસન ઉપર બિરાજે. આ ઉપાધિ જેમણે આર્યધર્મ, હિંદુ સંસ્કૃતિ તથા દેશની ધાર્મિક જનતાની ઉપકાર કર્યો હોય તેમને આપવામાં આવે છે.

મહામંડળિક પું. એક અમલ કે લાખ ગામનો રાજા; મોટો માંડલેશ્વર રાજા

જે રાજાને એક અયવા બે લાખ ગામો હોય તેને **મહામંડળિક** કહેવ.. તે મહામાંડલિક રાજાના ઘર આડત્રીસેર હાથનું ગોળાકારમાન હોય.

રાજવલ્લભ

મહામંત્ર [સં] પું. મોટો મંત્ર; મોટામાં મોટો મંત્ર.

આ ઐશ્વર્યની સિદ્ધિ અર્થે પ્રભુને,
જોવા સકળમાં નિજ આત્મભાવે;
એવા **મહામંત્ર** દીવા સકળને,
પછી જ નારાયણ સત્યને જ.

ગાંધી ગીતા

મહામંત્રી જુ. [સં.] પું. મોટો મંત્રી; મહા અમાત્ય; પ્રધાન મંત્રી.

૨. પું. હાથીના સૈન્યનો અધ્યક્ષ.

મહામંત્રીપદ [સં.] ન. મહામંત્રીનો દરજ્જો; પ્રધાનમંત્રીનું પદ.

પાટણમાં ભીમને પોતાની બાહુકમાઈ ખુશી કરીને ધીમે ધીમે પોતાની ચતુરાઈથી વિમળશાહે પોતાનું વંશનું નવું **મહામંત્રીપદ** પાછું પ્રાપ્ત કર્યું. ગુજરાતનાં તીર્થસ્થાનો

મહામાઈ જુ. સ્ત્રી. કોળી માતા.

૨. સ્ત્રી દુર્ગા

૩. સ્ત્રી. શીતળા દેવી

મહામાઠું ન. પાપડ, સુખડી વગેરે ઘરી કરવાને ઘેરથી બનાવતી વખતે વરને ઘેર મોકલવામાં આવતું માટકું; ભામાટ.

મહામાતૃક [સં.] પું પાનદાન માતાનું સંતાન.

મહામાતૃકા જુ [સ] સ્ત્રી એ નામની એક ધમની

૨ સ્ત્રી મોટી મોટી બહેન

૩. સ્ત્રી મોટી મા

મહામાતૃકા ધમની સ્ત્રી ઉપર કુકુમંતરાલ પ્રદેશમાં આવેલ એ નામની ધમની. કાળી મહામાતૃકા તથા કાળી અષ્ટાધરા ધમની લોબ્રી મહાધમનીમાંથી નીકળે છે, જ્યારે જમણી મહામાતૃકા તથા જમણી અષ્ટાધરા ધમની રોબ્રી મહાધમનીમાંથી ઊત્પન્ન થયેલી કાંડમૂલા નામની ધમની બે આગમાં વહેંચાઈ જવાથી ઉત્પન્ન થાય છે. આ વિભાગ જમણા અક્ષરોત્ સમાનની પાછળ થાય છે. આ નામની અને મોટી ધમનીનો સૌમ્યો નાની મોટી શાખાઓ વડે માથું તેમજ ડોકને લોહી પૂરું પાડે છે. બંને મહામાતૃકાની પાછળી બાજુ ઉપર, દીર્ઘગ્રીવિકા તથા દીર્ઘશિરસ્કા નામની ફૂમ્બંરાની બ્રમણી બાજુ ઉપર પેશીઓ આવેલી છે આ પેશીઓ તેમજ ધમની વચ્ચે, ડોકની કાળી બાજુએ ઇંડા નાડી તથા તેના કંદો અને જમણી બાજુએ પિત્તવા નાડી તેમજ તેના કંદો રહેલા છે.

મહામાત્ય [સં.] પું મોટો અમાત્ય; મહામંત્રી; મુખ્ય પ્રધાન.

મહામાત્ર જુ. પુ. (પુરાણ) કંસના કુવલયાપીડ નામના હાથીનો મહાવત

૨. પું મુખ્ય અધ્યાપક

૩. [સં] પું મુખ્ય અમાત્ય; મુખ્ય મંત્રી; મુખ્ય પ્રધાન; વડો અમાત્ય

મહામાત્ર માણસ ઉદાર પણ હોવો જોઈએ. કારણ કે ઉદાર માણસ પણ જ્યાં સુધી રકમ જોઈ રીતે ખર્ચતો આવ રકમ અને રીત બાબતમાં હોય, ત્યારે ઉદારતા [જેના અર્થનું ક્ષેત્ર પણ એ જ છે

અને મહામાત્રતામાં તાવત મહત્તાથી પડે છે, અર્થાત્ ખરચેલી રકમની વાસ્તવિક મહત્તાથી

મણિશંકર રત્નજી

૪. પું. મોટો અધિકારી; મોભાદાર અમલદાર. આથી કરીને એવું અનુમાન થઈ શકે છે કે, મહામાત્ર શબ્દનો અર્થ મોટો અધિકારી અથવા મોભાદાર અમલદાર જ હોઈ શકે !

અશોકચરિત

૫. પુ. વિલાપીદનો મંત્રી; ' રજિસ્ટ્રાર '.

૬. પું. શિવનો દરજ્જો ધરાવનું એક નામ

૭. પું. હાથી ચલાવનાર કે રાખનાર માણસ.

૮. પું. હાથીખાનાનો ઉપરી અમલદાર.

૯. વિ. ઉમદા; ઘણું મોટું.

૧૦. વિ. ધનવાન; અમીર.

૧૧. વિ. પ્રધાન; મુખ્ય.

૧૨. વિ. મોટા મનવાળું

૧૩. વિ. સાધનસંપન્ન; સમૃદ્ધ.

મહામાત્રી જુ. [સં] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી ગુરુપત્ની.

૩. સ્ત્રી મહામાત્યની પત્ની; મુખ્ય મંત્રીની સ્ત્રી.

મહામાનસ [સં.] વિ. મોટા મનવાળું.

મહામાનસિકા [સ.] સ્ત્રી. (જૈન) એ નામની એક વિદ્યાદેવી

મહામાનસી જુઓ મહામાનસિકા.

મહામાન્ય [સ.] પું. નગરાધ્યક્ષ; નગરશેઠ; ' મેયર ' અંગ્રેજી શબ્દ મેયર માટે ગુજરાતી બધા શબ્દ સૂચવવા છે, તેમાં એક શબ્દ મહામાન્ય છે. આ મહામાન્ય શબ્દ શુદ્ધ છે, ભાષાંતરીઓ નથી અને મેયર શબ્દના અર્થનો દ્યોતક છે. મેયર એટલે જ મહામાન્ય, માત્ર નગરશેઠ નહિ. એ શેઠ હોય પણ ખરો, અમર ન પણ હોય. એ ચૂંટાય તેથી માન્ય અને બહુમતીથી ચૂંટાય તેથી મહામાન્ય બહુમાન્ય નહિ, કેમકે બહુમતીથી ભલે ચૂંટાય પરંતુ ચૂંટાયા પછી તે સૌને માન્ય અને એટલે મહામાન્ય જ બહુધા મેયર એટલે શહેરનો પહેલો ગૃહસ્થ. પહેલો ગૃહસ્થ તે જ કહેવાય કે જેને પ્રજાની બહુમતી નકો કરે. આવો માણસ મહામાન્ય જ કહેવાય મહામાન્ય શબ્દ જો મેયર માટે પણ વાપરી શકાય

મહામાય જુ. [સ.] પુ. વિષ્ણુનાં દરજ્જો ધરાવનું એક નામ માયાવીઓ ઉપર પણ માયા ફેલાવે છે, તેથી તે મહામાય કહેવાય છે

૨. પું. શિવનો દરજ્જો ધરાવનું એક નામ.

૩. સ્ત્રી ચોસઠ માંહેની એક માનસતત્ત્વ દેવતા.

મહામાયા ૧. પું. એ નામનો એક અસુર.

૨. પું. (પિંગળ) એ નામે એક આર્યા માત્રામેળ છંદ; મહામર્કટા. આ છંદ આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ લઘુ અને ૧૫ ગુરુ મળી ૪૨ વર્ણની ૫૭ માત્રા હોય છે.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શિવ.

૫ [સં.] સ્ત્રી. આદિ માયા; દુર્ગા; ભગવતી; અંબા; જગતના કારણભૂત અધિષ્ઠાત્રી દેવી.

૬. સ્ત્રી. કાળિયાખોર ઝીંડ; કર્કેટા.

૭. સ્ત્રી. કંસ નામના રાજાના રાજા ઉગ્રસેનની એ નામની દીકરી. તેને શૂદ્રકાન રાજાથી સિદ્ધાર્થ શુદ્ધ નામનો પુત્ર જન્મ્યો હતો.

૮. સ્ત્રી. કુદરતી મૂળ પ્રકૃતિ.

> જે મૂળ પ્રકૃતિ મહામાયા એના નામથી ઓળખાય છે, તે જ આ સંસારમાં સર્વ પ્રાણીઓને બંધનનું અને મોક્ષનું કારણ છે.
>
> ભગવતી ભાગવત

૯. સ્ત્રી. ગળાનાં કાનર માંદેનું એક નામ

૧૦. સ્ત્રી. ગોકુલના નંદ રાજાની એ નામની દીકરી. તેનો બદલ કૃષ્ણનો જન્મ સાથે થયો હતો અને કૃષ્ણ સાથે તેને અદલાબદલા કરવામાં આવી હતી.

૧૧. સ્ત્રી. ચોસઠ માંદેની એ નામની એક યોગિની.

૧૨. સ્ત્રી. જગતનું મિથ્યાપણું.

૧૩. સ્ત્રી. જેનાથી ભૌતિક જગત સતત ભ્રમણ છે તે માયા.

૧૪. સ્ત્રી. નખતાનાં કાનર માંદેનું એક નામ.

૧૫ સ્ત્રી. બ્રહ્મ. તેને બે રીતે કલ્પવામાં આવે છે. એક તો તેના ભયંકર રૌદ્ર સ્વરૂપમાં નાકારક મૂર્તિ તરીકે અને બીજામાં ઉત્પાદક કલ્યાણકારી કોમળ તરીકે. તેના કલ્યાણકારી સ્વરૂપમાં તેને સરસ્વતી અને લક્ષ્મી તરીકે ઓળખવામાં આવે છે.

૧૬. સ્ત્રી. મધ્યરાત્રિનો સમય.

૧૭. સ્ત્રી. મહાનિર્વાત.

૧૮. સ્ત્રી. લક્ષ્મી.

૧૯. સ્ત્રી. સંસારનો ખોટો મોહ

૨૦. સ્ત્રી. સીતાના કાનર માંદેનું એક નામ.

૨૧. સ્ત્રી. સ્મૃતિની નિમિત્ત.

મહામાયાપરા સ્ત્રી. ચોસઠ માંદેની એક માનસતત્ત્વ દેવતા.

મહામાયાવિદ્યા [સં.] સ્ત્રી. અવિદ્યા.

મહામાયાશંભર [સં.] ન. ચોસઠ માંદેનું એ નામનું એક તંત્ર.

મહામાયી ૧. સ્ત્રી. દુર્ગા.

૨. [સં. મહત્ (મોટું) + માયિન્ (માયાવી)] વિ. અત્યંત માયાવી.

મહામાયૂરીવિદ્યા સ્ત્રી. એ નામની સર્પવિષહર એક વિદ્યા. બૌદ્ધ સૂત્રગ્રંથમાં તેનો ઉલ્લેખ છે.

મહામાર સ્ત્રી. મરકી; 'પ્લેગ'

મહામારી ૧. સ્ત્રી. એ નામની દેવી; દુર્ગા; મહાકાળી.

૨. સ્ત્રી. કોલેરિયાની દેવી.

૩. [સં.] સ્ત્રી. બધાં મરણ થાય તેવો ભયંકર છૂતકેણ રોગ. જેમકે, કોલેરિયા, મરકી. જ્યારે જ્યારે આ રોગ જણાય છે, ત્યારે કેટલેક સ્થળે દૂધ અને લાકની ધારાથી ગામને પ્રદક્ષિણા કરી ચતુંગ હોરાય છે. તે કોલેરિયાના દૈત્યથી ઓળંગી શકાતું નથી એવી માન્યતા છે. કોઈ કેકાણે ભયંકર ઉપર રોગને મૂકો તેને લાક રંગી જંગલમાં લાકો મકે છે. કોઈ કેકાણે કોલેરિયાના રાક્ષસનું પૂતળું બનાવી ગામ બહાર લઈ જઈ તેની પૂજા કરે છે. આ રોગ અંત્યજ લોકો પૂતળા કાઢી કરે છે, તેવો વહેમ પણ કેટલેક સ્થળે પ્રચલિત હતો

૪. સ્ત્રી. દુષ્કાળ.

મહામારીચ પું. ભારતવર્ષનો એ નામનો એક દેવ. મધ્યભારતીય શાસનપ્રણાલિમાં જણાવ્યું છે કે, મહામારવની વર્તમાન ભૌગોલિક સીમામાં કોઈને મતભેદ ભલે હોય, પણ તેના મહાન ઐતિહાસિક સાંસ્કૃતિક સ્વરૂપના સંબંધમાં બે મત નથી. આ મોટાઈ મેળવવામાં આ પ્રાંતના મોટા ભાગનો હિસ્સો છે, તેથી જ તેને દેવનું કારણ એવું ઉપનામ મળ્યું છે. ગઢ.શિવર, ઉદેપુર તથા બારનાં અદ્ભુતાલયો અને વિદેશા, દશપુર, ઉદયગિરિ, અવંતિકા વગેરેનાં પ્રાચીન સ્મારકો આજ પણ તેની સાક્ષી પૂરે છે.

મહામારુષા જુઓ મહામાલિકા.

મહામાલિકા સ્ત્રી (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મહામાલા; નારાચ; નરાચ નારાચ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી અઠાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર ઉપર યતિ આવે છે

> ૦ ૦ ૦ વિરતિ, ૦ મહામાલિકા. ના ન રા રા
> ૨ ૨. રત્નપિંગળ

મહામાલિની સ્ત્રી. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; તારકા. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. છે તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ મળી અઠાર અક્ષર હોય છે. તેમાં આઠમા અને બારમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે. મહાકાળીના ટીકાકાર મલ્લિનાથે શિશુપાલવધના અગિયારમા સર્ગના ઉલ્લા. ૬૭મા શ્લોકના વૃત્તને મહામાલિની કહેલ છે.

મહામાલી ૧. પું. (પુરાણ) અર રાક્ષસના બાર ભાઈનો એ નામનો એક અમાત્ય.

૨. પું. (પુરાણ) રાવણ પક્ષનો એક રાક્ષસ.

મહામાષ [સં.] પું. એક જાતના મોટા અડદ.

મહામાંસ ૧. પું. સુવાવડનો વેપાર.

૨. [સં] ન. ગોમાંસ; બાપનું માંસ. કેટલાક લોકો મનુષ્ય, ગાય, હાથી, ઘોડા, બૈલ, સૂવર, ઊંટ અને સાપ એ આઠ જીવોના માંસને મહામાંસ માને છે. મહામાંસ બાવું પરમ નિષિદ્ધ કહેવાય છે.

૩. ન. માણસનું માંસ. જે માણસ કન્યાવિક્રય કરે છે, તે મહામાંસ વેચનારો કહેવાય છે.

મહામીન [સં.] પું. પુરુષોત્તમનાં કાનર માંદેનું એક નામ

મહામુક્ત ૧. પું. પૂર્વ અર્વાચીનો સ્વતંત્ર શ્લોક.

૨. પું. મહાન સાધુ; સિદ્ધ પુરુષ.

૩. [સ] વિ. મહામુક્તિ પામેલ.

મહામુખ ૧. પું. કુંભીર નામનું જલજંતુ.

૨. પું. નદીનું સંગમસ્થાન.

૩. પું. મગર

૪. [સં. મહત્ (મોટું) + મુખ (મોઢું)] ન. મોટું મુખ.

૫ પું. શિવનાં કાનર માંદેનું એક નામ.

૬. વિ. મોટા મુખવાળું.

મહામુખ્યા સ્ત્રી. ચોસઠ માંદેની એ નામની એક યોગિની.

મહામુદ્રા ૧. સ્ત્રી. (યોગ) મુખ્ય બાવીસ માંદેની એ નામની એક મુદ્રા. બાવીસ મુદ્રાઃ મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનબંધ, મૂલબંધ, જાલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોની, વજ્રોલી, શક્તિચારિણી, તાડાંગી, માંડવી, શાંભવી, દ્રાવણી, પંચધારિણી, અશ્વિની, પાશિની, કાકી, માતંગી અને ભુજંગિની. આ મુદ્રા નીચે મુજબ થાય છે. ડાબા અથવા જમણા પગની પાનીથી મુદ્રા અને શિશ્નેન્દ્રિય ની વચ્ચેનો ભાગ જે યોનિસ્થાન તેને બોજ રીતે દબાવીને, જમણો કે ડાબો પગ તેની પાની ભૂમિને અડી રહે તેવી રીતે સીધો લાંબો કરવો અને તેની આંગળીઓ ઊંચી રાખી પછી તે પગના અંગૂઠાને જમણા કે ડાબા હાથના અંગૂઠા તથા તર્જની આંગળીથી પકડી રાખવો. પછી ચહરથી કે સુવેથી પૂરક કરી કુંભક જાલંધરબંધ કરીને ડાબા કે જમણા હાથના અંગૂઠા ને તર્જની આંગળીથી બાંધા

કરેલા પગના અંગૂઠાને પકડી વાયુને ઉપર સુષુમ્ણામાં ધારણ કરવો. તે રોકેલા પવનને ધીમે ધીમે રેચક કરી બહાર કાઢવો. દરમ્યાનમાં રેચક કરવાથી બળતી હાનિ થાય છે. મહામુદ્રા સિદ્ધ કરવાથી કુષ્ઠરોગ, કોઢ, મુદ્દાવર્તો, ગુલ્મરોગ, અજીર્ણ, જ્વર, પ્રમેહ અને ઉદરરોગ નાશ પામવાનું મનાય છે. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ ને અભિનિવેશ રૂપ મહાક્લેશ, તથા શોકમોહાદિ તેના ધર્મ, તેમજ જડતાવસ્થા તથા મૃત્યુ એ શરીરના ધર્મ પણ આ મુદ્રાથી આત્મસાક્ષાત્કાર દ્વારા નાશ પામે છે, માટે જ આ મુદ્રાને સિદ્ધ લોકો મહામુદ્રા કહે છે.

૨. સ્ત્રી. મોટી સ્ત્રી.

મહામુદ્રિકા સ્ત્રી. એક જાતનો બાદશાહી સિક્કો
એ પ્રમાણે સવળો મળી ૫૨૦૦ **મહામુદ્રિકા** (તે સમયમાં ચાલતો બાદશાહી સિક્કો)નો વ્યય શ્રી વિજયદેવસૂરિના આચાર્યપદના મહોત્સવમાં થયો. પુરાતત્વ

મહામુનિ ૧. [સં.] પું. અગસ્ત્ય.
૨. પું. કપટી માણસ.
૩. પું. કાગ.
૪. પું. કૃપાચાર્ય.
૫. પું. તુલસી વૃક્ષ.
૬. પું. બુધ.
૭. પું. મોટો મુનિ.
૮. પું. વ્યાસ મુનિ.
૯. પું. શિવનાં જબ્બર માંહેનું એક નામ.
૧૦. પું. શ્રીનારાયણ; નરનારાયણ.
૧૧. ન. કોઈ પણ ઔષધિ.
૧૨. ન. ચિરાયતું. તે વૃક્ષ ઊંટથી જોવામાં આવે તો જાણે કોઈ મુનિ તપસ્યા કરતા હોય તેમ તેનાં પાંદડાં નીચાં નમી ગયેલાં, આંખો જાણે કેમ મીંચી ગયા હોય અને તેની ડાળીઓ જાણે કેમ અદબ વાળી હોય તેમ એકબીજાને બેસાતી બે હાથ જોડ્યેલા હોય તેવી હોય છે. માટે આ વૃક્ષને મહામુનિ કહે છે.

મહામુંડી [સં] પું. એક પ્રમાણનો ઘોડ; મોરબમુંડી. તે આખા ઘોડ ઉપર રંગાળ હોય છે. તેને જાજમો રંગનાં ફૂલોની કડી હોય છે.

મહામૂર ૧. [અ. મામૂર (કુકમણક)] વિ. તાકીદવાળ.
૨. વિ ભરપૂર; વિપુલ.

મહામૂરી ૧. [અ. મામૂરી] સ્ત્રી. તાકીદ.
૨. સ્ત્રી વિપુલતા.

મહામૂર્તિ ૧. પું. વિષ્ણુ. શેષશય્યા ઉપર સૂતાર ભગવાનની મૂર્તિ મહાન હોવાથી તે મહામૂર્તિ કહેવાય છે.
૨. સ્ત્રી. મોટી મૂર્તિ; મોટું રૂપ; મહાન સ્વરૂપ.

મહામૂલ ૧. [સં.] પું. એક જાતની કુંવળ.
૨. ન. પતાળ તુંબડી.
૩. વિ. કીમતી

મહામૂલા સ્ત્રી. એક જાતનો વેલો.

મહામૂલું વિ. કીમતી; ઘણી કીમતવાળું

મહામૂલ્ય ૧. [સં.] પું એક જાતનું રત્ન; હીરો
૨. વિ. બહુ કીમતી; મૂલ્યવાન.

મહામૂષા સ્ત્રી. મોળા ચપટા તળિયાવાળી, મોટી લાખી, પહોળી અને પહેળા મોંની મૂષા; રથૂલમૂષા. તે પુટ આપવામાં તથા ધાતુને ચોખવાના કામમાં વપરાય છે.

મહામૃગ ૧. [સં.] પું. અષ્ટાપદ જનાવર.
૨. પું. કોઈ પણ મોટું પ્રાણી.
૩. પું. શરભ નામનું કાલ્પનિક પ્રાણી
૪. પું દાણી

મહામૃગી ૧. [સં] સ્ત્રી. અષ્ટાપદની માદા.
૨. સ્ત્રી. હાથણી.

મહામૃત્યુ ૧. [સં.] પું. શિવ; મહાદેવ.
૨. ન. મૃત્યુલોક; પૃથ્વી; સંસાર.

મહામૃત્યુંજય ૧. [સં.] પું. શિવ.
૨. પું. શિવનો એક મંત્ર.

મહામેદા ૧. [સં] પું. વેલામાં થતો એક જાતનો આદા જેવો સફેદ કંદ. તે વીર્યવર્ધક, સ્તનમાં દૂધ વધારનાર, કફવર્ધક, શરીરમાં તરવની વૃદ્ધિ કરનાર, શીતળ અને પિત્ત, રક્તદોષ તથા વાતજ્વરનો નાશ કરનાર મનાય છે. તે મોટા કંદમાં ચરબી જેવો રસ ઘણો હોય છે, માટે તે મહામેદા કહેવાય છે
૨. સ્ત્રી. (વૈદક) અષ્ટવર્ગ નામે ઓળખાતી ઔષધિઓ માંહેની દરેક. તે સ્થાવર વિષ ગણાય છે. જીવક, ઋષભક, મેદા, મહામેદા, ઋદ્ધિ, વૃદ્ધિ, કાકોલી અને ક્ષીરકાકોલી એ આઠ ઔષધિઓને અષ્ટવર્ગ કહે છે.
૩. સ્ત્રી ઘોડા આદિ
૪ સ્ત્રી. વનુમિશ્રા; ત્રિપર્ણી; દેવમણિ; સુરમેદા; દિવ્યા; સોમા

મહામેધ ૧. [સં.] પું (પુરાણ) બ્રાહ્મણ ઋષિનો એ નામનો એક પુત્ર. તે મહાદેવના શાપથી દુષ્ટ નામનો રાક્ષસ થયો હતો.
૨ પું શિવનું એક નામ.

મહામેધા ૧. સ્ત્રી ઉત્તમ જ્ઞાન
તમે રાજગૃહના વેભારગિરિ પર્વત સંયમ સાધનાએ તે **મહામેધા** કાજે એ જાણ્યાં છે. સંમતિત્ર

૨. [સં.] સ્ત્રી. જબ્બાનાં જબ્બર માંહેનું એક નામ.
૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

મહામેરુ [સં.] પું. (પુરાણ) જંબુદ્વીપનો એ નામે એક પર્વત; ઉત્તરમાં શૃંગવંત પર્વતથી દક્ષિણમાં નિષધાચલ પર્વત સુધી અને પૂર્વમાં માલ્યવંત પર્વતથી પશ્ચિમમાં વિપુલ પર્વત સુધીનો પર્વત.

મહામૈત્ર [સં.] પું. બુદ્ધ દેવ

મહામોગલાન પું. એ નામનો એક પ્રસિદ્ધ બૌદ્ધ ધર્મપ્રચારક.

મહામોજ ૧. ન. મોટું મોજું; પાણીનો મોટો ઘોડાવાળું.
એ પ્રેમવર્ધનો **મહામોજ** ઘડીને સાગર ઘૂમરો હો
નાનાલાલ
૨. વિ. મોટા મોલદારું; પાણીના મોટા ઘોડાવાળું.

મહામોદ ૧. પું. આનંદ.
બહ પ્રાર્થનુતિ કર્યું તે વે **મહામોદ** માન્યો અદેવ.
પ્રેમાનંદ
૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ: હોડચદ્ર: હોડાક્ષ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૭ યગણ મળી અઠાર અક્ષર હોય છે.

મહામોદકારી જુઓ મહામોદ ૨.

મહામોહું વિ. અમૂલ્ય; કીમતી; મહા મૂલ્યવાળું.
રજપૂતાણીના **મહામોઝ** ચોરાશી હાજર કર્યા.
રસપ્રદ ૨

મહામોહ ૧. [સં.] પું. (વેદાંત) અવિદ્યાનાં પાંચ માંહેનું એક લક્ષણ: વાસ્તવિક અનિત્ય વસ્તુઓ ઉપર પણ પ્રીતિને લીધે થતો રાગ: સંસારનું કારણ એક અજ્ઞાન.
૨. પું. (જૈન) ભારે મોહકર્મ: મહામોહનીય.
૩. પું મનનો વિભ્રમ
૪ પું મોટો માનસિક પ્રમાદ.
૫. પું. સંસાર અને સાંસારિક વિષયોમાં અત્યાસક્તિ: મૈથુન વગેરે સુખોપભોગની ઇચ્છારૂપ અંતઃકરણની વૃત્તિ

મહામોહપ્રશામની [સં.] સ્ત્રી. જબ્બાનાં જબ્બર માંહેનું એક નામ.

મહામોહવિનાશિની [સં.] સ્ત્રી. નર્મદાના જબ્બર મહેનું એક નામ.

મહામોહા [સં.] સ્ત્રી. દુર્ગા દેવીનું એક નામ.

મહામોહિની ન. (જૈન) આકરા મિથ્યાત્વરૂપી કર્મ

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જે કાંઈ.
મહામોહિની કર્મથી, બૂડે ભવજળ માંહિ
આત્મસિદ્ધિશાસ્ત્ર

મહામોહી ૧. [સં.] જી. ધતૂરો.

૨. વિ. મહા મોહવાળું

મહામ્લેચ્છ ૧. [સં.] પું. આળસીનું ઝાડ.

૨. ન. મગી બટાસ.

૩. વિ. ઘણુ ખાટું.

મહાયક્ષ ૧. પું. એક પ્રકારનો બૌદ્ધ દેવતા

૨. પું. (જૈન) બીજા તીર્થંકર અજિતનાથનો સેવક એક વાસુદેવ.

૩. [સં] પું. યક્ષોનો રાજા.

મહાયક્ષિણી જા. ચૌદ માંહેની એ નામની એક યક્ષિણી.

મહાયક્ષિણીઓ. સુરસુંદરી, અનાહરી, કનકાવતી, કામેશ્વરી, વિજયારી, પદ્મિની, લક્ષ્મી, અપ્રતિચક્રિણી, ચિરંતના, ચાંડાલા, નરદત્તા, કાલના અને મહાકાલા એ બીજ યક્ષિણીઓ છે. [ ] પણ

મહાયજ્ઞ ૧. પું. દેવ, ઋષિ અને પિતૃ એ ત્રણના ઋણમાંથી મુક્ત થવા માટે કરાવેલા પાંચ યજ્ઞ. ખાંડણિયો, ચૂલો, ઘંટી, સંમાર્જની અને પાણીવાસણ એ પાંચ સૂનારખાને થતા પંચ સૂનાદોષના પરિહાર માટે પંચમહા નિત્ય કરવાની જરૂર છે. ગાંધીજી લખે છે કે: બરાબર જોતાં મહાયજ્ઞ બે જ છે: ચૂલો ને રેંટિયા. ત્રણ વધતા તે ચેટાયજ્ઞ છે. જો ચૂલો અને રેંટિયો બરાબર છે, તે શુદ્ધિપૂર્વક યજ્ઞ કરે છે. ગૃહસ્થને, સંસારીને હિંદુસ્તાનમાં પાંચ યજ્ઞ આવશ્યક છે: ચૂલો, સાવેણું, ઘંટી, ખાંડણું, અને રેંટિયો. આમાંથી જેટલું ઓછું તેટલી ઓછી બરકત સમજવી

પાંચ યજ્ઞો ગૃહસ્થોને આવશ્યક બતાવ્યા છે,
છતાં બે રેંટિયા ચૂલા **મહાયજ્ઞ** દીસે જ છે.
ગાંધીગીતા

૨. પું. નિત્ય કરવાના પાંચ માહનો દરેક યજ્ઞ. આ પાંચ યજ્ઞ બ્રાહ્મ, પિતૃ, દેવ, ભૂત અને નૃયજ્ઞ છે. (૧) બ્રહ્મયજ્ઞ અથવા અધ્યાપન: ઋષિઓના વિદ્યાજ્ઞાનના ઋણથી મુક્ત થવાનો યજ્ઞ. (૨) પિતૃયજ્ઞ અથવા તર્પણ: નિત્યશ્રાદ્ધ, તર્પણ, ગૃહ્યોક્ત વિધિપૂર્વક કરવું તે. (૩) દેવયજ્ઞ અથવા હોમ: વિવાહ સમયથી રાખેલા અગ્નિમાં વિધિપૂર્વક હોમ કરવો તે. (૪) ભૂતયજ્ઞ અથવા બલિ: ભૂમિ ઉપર બલિદાન વગેરે મૂકવા તે. (૫) નૃયજ્ઞ અથવા અતિથિપૂજન: અતિથિને જમાડી પછી ગૃહસ્થે જમવું તે. પિતૃયજ્ઞ, દેવયજ્ઞ અને ભૂતયજ્ઞ એ ત્રણે વિશ્વદેવવિધિમાં સમાવી શકાય છે

૩. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે મહાન છે અને યજ્ઞ પણ છે, તેથી મહાયજ્ઞ કહેવાય છે. મોટા મોટા યજ્ઞસ્વરૂપ પણ તે જ છે.

મહાયજ્વા [સ. મહત્ (મોટું) + યજ્વન્ (યજ્ઞ કરનાર)] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે મહાન છે અને લોકસંગ્રહ માટે યજ્ઞાનુષ્ઠાન કરવાથી યજ્વા પણ છે, તેથી તે મહાયજ્વા કહેવાય છે

મહાયમ [હિ.] પું. યમરાજ.

મહાયવનિકા [સ.] જી. મોટો પડદો, નાટકમાં આબાળનો પડદો

અંકની સમાપ્તિવેળાએ જ્યારે **મહાયવનિકા** પડે છે તેની સાથે તે અંકનો પ્રસંગ અને કાળ પૂર્ણ થઈ જાય છે. પારસ. કે.પ

મહાયશા ૧. [સં. મહાયશસ્] પું. શિવનાં હજાર માહેનું એક નામ

૨. પું. સૂર્યનું એક નામ

૩. વિ. અતિ પ્રસિદ્ધ, સુવિખ્યાત

મહાયશારક [સ] વિ. ૬ તૈલ પું અળસી દા

મહાયાત્રા ૧. [સં.] જી. કાયમની યાત્રા

૨. જી. દેહાંત; મરણ; મૃત્યુ

જ્યારે કોઈ આદમખોરનો દેહાંત થાય ત્યારે તેને તો આપણે **મહાયાત્રા** જ કહીએ ગાંધીજી

મહાયાત્રાએ સધાવવું = મૃત્યુ થવું.

મહાયાન ૧. [હિ.] પું. એ નામનો એક વિદ્યાધર

૨. પું. પવિત્ર માર્ગ.

૩. [સં મહત્ (મોટું) + યાન (વાહન)] પું. બૌદ્ધ ધર્મનો એક ભેદ કે શાખા; એક બૌદ્ધ સમ્પ્રદાય; બૌદ્ધ ધર્મના મહાયાન અને હીનયાન એવા બે માહેનો એક ભેદ. મહાયાનપંથ નેપાલ, તિબેટ, ભુતાન, ચીન અને જપેનમા પ્રવર્તે છે. અફઘાનિસ્તાનમાં નવો પંથ ચાલે છે. સિંહલદ્વીપ અને સિયામમાં હીનયાનપંથ ચાલે છે. હીનયાનમાં બાહ્યાકર તત્ત્વજ્ઞાન છે. તે પ્રાપ્ત કરવા માટે પંચશીલ, અષ્ટશીલ, દશશીલ અને આર્યાષ્ટાંગ માર્ગ અવલંબ કરવામાં આવે છે. આ માર્ગમા મનુષ્યે પોતે જ મુક્ત થવું એ ધ્યેય મનાય છે. જ્યારે મહાયાનમા બુદ્ધ દેવને મૂર્તિરૂપે માની એમના દિવ્ય સ્વરૂપની ભક્તિ કરવાનો માર્ગ અવલંબી પોતે મોક્ષ પામવો, તેની સાથે જગતને મોક્ષ પમાડવો એ ધ્યેય મનાય છે હીનયાન કરતાં મહાયાન ઉત્તમ કહેવાય છે, કારણ કે, આ પરમ લોકહિતલક્ષી, સનાતન ભક્તિમાર્ગને સંપૂર્ણ અનુસરતું છે. નવા જમાનાને અનુકૂળ અને જનસમાજને ચિત્તાકર્ષક થવા એવો સુધરેલો બૌદ્ધ ધર્મ અથવા નવો પંથ નિર્માણ થયો એને લોકો મહાયાન અથવા મોટું વહાણ કહેવા લાગ્યા, કેમકે તેની અંદર ઘણા લોકોનો સમાસ થઈ શકતો હતો તે ઉપરથી બૌદ્ધ ધર્મનું હીનયાન અથવા નાનું વહાણ અવું નામ પડ્યું. બૌદ્ધ ધર્મ ઉપરની લોકોની શ્રદ્ધા ઊડી ગઈ અને ધીમે ધીમે તે ધર્મ હિંદુસ્તાનમાંથી લુપ્ત થયો. નાગાર્જુનની સરદારી નીચે પહેલા કે બીજા સૈકામાં કનિષ્કના અમલ દરમિયાન હીનયાન મતોના સમ્પ્રદાયથી જુદો પડ્યો.

૪. પું. મુક્તિ: મોક્ષ

૫ ન. ચારિત્ર્ય સંયમ.

૬. ન. મોટું વાહન.

મહાયાનગ્રંથ પું. બૌદ્ધ ધર્મનો મહાગ્રંથ

સૂત્રનો બીજો અર્થ સૂત્રજ બરાબર છે એમ મહાયાનગ્રંથોની પરંપરા ઉપરથી જણાય છે
ધર્મપદ

મહાયાનપ્રદીપ પું. એ નામનો એક બૌદ્ધ ભિક્ષુ. તે ચુએનભાગનો શિષ્ય હતો. એનું ચીની નામ તા-ચાઅ-તાઅ હતું. તે લંકા અને દક્ષિણ ભારતનું ભ્રમણ કરતો કરતો તામ્રલિપ્તિ આવ્યો હતો. ત્યાંની વિદ્યાપીઠમા તેણે તેર વર્ષ અધ્યયન કર્યું હતું. સંસ્કૃત ભાષા ઉપર તેણે સારો કાબૂ મેળવ્યો હતો. તે નાલંદા અને બીજા તીર્થસ્થાનોમાં ગયો હતો. તે ચીન પાછો ફરી શક્યો નહિ. કુશીનગરમાં તે મરણ પામ્યો હતો

મહાયાની વું મહાયાન પંથ માનનાર બૌદ્ધ. ઉત્તર તરફના દેશોમા રહેનારા બૌદ્ધ લોકો. દક્ષિણના બૌદ્ધો હીનયાની મનાય છે.

મહાયામ્ય [હિ.] પું વિષ્ણુ.

મહાયાયી [સં.] જી. દુર્ગા દેવી

મહાયુગ [સ.] પું. મોટો યુગ. ચાર યુગનો સમૂહ. ચાર યુગ મળીને એક મહાયુગ થાય છે. તેને ચતુર્યુગી પણ કહે છે અને તે કલિયુગથી ઉલટાવી છે. કલિયુગ ૪,૩૨,૦૦૦ વર્ષનો, દ્વાપરયુગ ૮,૬૪,૦૦૦ વર્ષનો, ત્રેતાયુગ ૧૨,૯૬,૦૦૦ વર્ષનો અને કૃતયુગ ૧૭,૨૮,૦૦૦ વર્ષનો છે. તે ચારેના વર્ષ જેટલો એક મહાયુગ મનાય છે. એક મહાયુગ ૪૩,૨૦,૦૦૦ વર્ષ સુધી ચાલે છે. આજ સુધી ૨૭ મહાયુગ ગયા અને હાલમાં ૨૮ મો મહાયુગ ચાલુ છે.

મહાયુગ્મ [સ.] ન. એક પ્રકારની સંખ્યા.

મહાયુદ્ધ [સ.] ન. મોટી લડાઈ; વિશ્વયુદ્ધ. વરસના જુદાં જુદા રાજ્યો વચ્ચે ઈ. સ. ૧૯૧૪થી ૧૯૧૮ સુધી ચાલેલી વિશ્વવ્યાપી લડાઈ માટે

આ શબ્દ ખાસ વપરાય છે. વિનોબા લખે છે કે: ઘરપમાં મહાયુદ્ધની આગ ભડકી. શૌર્ય, સાધનસંપત્તિ, સંગઠન, સાહસ આદિ ગુણોને માટે પ્રસિદ્ધ શક્તિશાળી રાષ્ટ્ર પાંચ પાંચ, દસ દસ દિવસોમાં સ્વતંત્રતા ગુમાવી બેઠાં. વીસ વરસ પહેલાં વૈભવના શિખર ઉપર પહોંચેલ ફ્રાન્સ જેવું રાષ્ટ્ર પણ ત્રીસ લાખની ફોજ તૈયાર કરીને, ઇંગ્લંડ જેવા રાષ્ટ્રનો સહયોગ પ્રાપ્ત કરીને અને શૂરતાની પરાકાષ્ટા કરીને યુદ્ધામથી પણ યુદ્ધામ થઈ ગયું. જે હાથોએ પંદરા મહાયુદ્ધમાં ફ્રાન્સને વિજય પ્રાપ્ત કરાવી આપ્યો, તે જ હાથ શરણપત્ર લખવાને માટે કામ આવ્યા.

મહાયુધ [સં.] પું. શિવનાં હળર માહેનું એક નામ.

મહાયુપ પું. એ નામનો એક બૌદ્ધ સ્તૂપ, તે સિહલદ્વીપ પાસે છે.

મહાયોગ ૧. [સં.] પું. કુલ; એકંદર સરવાળો.
૨. પું. યોગનો એક પ્રકાર.
આ તેના મહાયોગને જોઈ રાજા, પરખી રાજા જડ જનતા ધર્મચક્ષુમાં તાકાત ન હતી.
સરસ્વતીચંદ્ર

મહાયોગરતા [સં.] સ્ત્રી. નર્મદાનાં હળર માહેનું એક નામ

મહાયોગરાજ ગુગળ પું. (વૈદ્ય) ગૂગળની બનાવટની એક દવા. તે પક્ષાઘાત, સંધિવા, લકવો, અર્દિતવા, ઉચ્ચસ્તંભ, વામ તથા વિરિટરિઝ ઉપર મધ, દૂધ કે પાણી સાથે અપાય છે.

મહાયોગિની સ્ત્રી. સંસારથી વિરક્ત સ્ત્રી.

મહાયોગી ૧. પું. કૂકડો.
૨. પું. બૌદ્ધ ધર્મનો શિવને મળતો દેવ.
૩. [સં. મહાયોગિન્] પું. મોટો યોગી.
નિરવર દુઃખોને સૌ ન્હોવરવો અનુજ એ, એસિયાના મહાયોગી ઈશુનો એક નાનડો.
ગાપીગીતા
૪. પું. શિવ.
૫. પું. સૂર્યનું એક નામ.

મહાયોગીશ્વર જુઓ મહાયોગેશ્વર.

મહાયોગેશ્વર ૧. [સં. મહત્ (મોટું) + યોગેશ્વર (મહાન યોગી)] પું. પરમાત્મા; મોટા યોગેશ્વર.
એમ સ્તવી પછી રાજન્ મહાયોગેશ્વરે હરિ, દેખાડ્યું પાર્થને સાં જો. પરમ રૂપ ઈશ્વરી.
ગીતાનુવેખન
૨. પું. પિતામહ, પુલસ્ત્ય, વસિષ્ઠ, પુલહ, અંગિરા, ક્રતુ અને કશ્યપ એમાંના દરેક.
૩. પું. વિષ્ણુ.

મહાયોગેશ્વરી ૧. [સં] સ્ત્રી. એ નામે એક વનસ્પતિ; નાગદમની.
૨. સ્ત્રી. દીપ્તી.
૩. સ્ત્રી. દુર્ગા.

મહાયોધ [સં.] પું. મહાન લડવૈયો.

મહાયોનિ સ્ત્રી. (વૈદ્યક) યોનિનો એક રોગ.

મહાયૌગિક પું. (પિંગળ) બોતેરમાત્રાનો એક માત્રાવૃત્તિ છંદ. પ્રસ્તાર ભેદથી તેની ૮,૩૨,૦૪૦ વૃત્તિ થાય છે.

મહાર ૧. [મ.] પું. ભંગી; ચાંડાલ.
૨. પું. લગ્ન; વિવાહ
૩. સ્ત્રી. ઊંટની નાત; નરેસ; ઊંટના નાકમાં રાખવામાં આવતા ચાંદીના કટકા સહિત દોરી. તેથી તે દોરાય છે.
૪. સ્ત્રી. મહારાષ્ટ્રમાં વસતી એક દલિત કોમ; નવાગ્રહની એક અંતેવજ કોમ. તેઓ દક્ષિણમાંથી મરાઠાઓ સાથે સરકારમાં નોકરી કરવા આવેલા.
નરસિંહ મહેતાની હુંડી સિકારનાર, બોબાબાને ત્યાં કાપડ ભરીને લાવનાર, રામાણને માટે મહાર બનનાર, મહારાષ્ટ્રની પ્રિય જનાબાઈને કૂવાપીસવામાં મદદ કરનાર ભગવાન સજ્જન કસાઈને પણ એટલા જ પ્રેમથી મદદ કરવા હતા, એમ તુકારામ કહે છે.
વિનોબા
૫. [ફા.] સ્ત્રી. ગમાર.
૬. ન. એ નામની કોમનું માણસ.
૭. સિ. એ નામની કોમનું.

મહારકાઠી [હિ.] સ્ત્રી. ઊંટનું કાઠું.
મહારકાઠીનાં પાટ અને માથ પુર રાહેનસાહે મોક્યાં હતાં.
આપને અકબરી

મહારક્ષા [સં.] સ્ત્રી. (બૌદ્ધ) મહાપ્રતિસરા, મહામાયૂરી, મહાસહસ્રપ્રમર્દિની, મહાશીતવતી અને મહામંત્રાનુસારિણી નામની પાંચ દેવી.

મહારજત ૧. [સં.] પું. ધતૂરો.
૨. ન. રૂપાના જેવી એક ધાતુ, પ્લેટિનમ
૩. ન. સોનું.
અલબત્ત કલ્પવૃક્ષ ને ચાનીકર લાવણીય,
કિન્તુ રજત રીતન કલ્પ મહારજત રમણીય.
વિજયસાગરોપ

મહારજતબ્રૈદ્ધ ૧ પું. એ નામની એક ધાતુ; ' પ્લેટિનમ ક્લોરિડમ '
૨. જુઓ મહારજત.

મહારજન ૧. [સં.] પું. કમળો.
૨. ન. કસુંબાનું ફૂલ.
૩. ન. સોનું.

મહારત ૧. [અ.] સ્ત્રી. અનુભવ; આવડત; ઉસ્તાદી; કામ કરવાની સૂઝ; ચાલાકી.
૨. [સં.] સ્ત્રી. શુદ્ધિપ્રભાવ; શુદ્ધિકુશળતા.
૩. સ્ત્રી. રીત; રિવાજ.

મહારત્ન [સં.] ન. નવ પ્રકારનાં રત્ન માંહેનું કોઈ એક જાતનું રત્ન.

મહારથ ૧. પું. (પુરાણ) ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથનું બીજું નામ.
૨. [સં.] પું. કૃષ્ણ.
૩. પું મનોરથ; મહત્ત્વાકાંક્ષા
૪. પું. મોટો યોદ્ધો; ૧૦,૦૦૦ ધનુર્ધર સામે યુદ્ધ કરી શકે એવો શસ્ત્રવિદ્યામાં કુશળ યોદ્ધો
એમાં સૂર ધનુર્ધારી બીજાઓને સમા ગણે,
યુદ્ધકાલ વિરાટ છે ને દ્રુપદે મહારથ.
ગીતાનુવેખન
૫. પું. મોટો રથ.
૬ પું. વિશ્વામિત્ર ઋષિનો એ નામનો પુત્ર.
૭. પું. શિવનાં હળર માહેનું એક નામ.
૮. સિ. મોટા રથવાળું

મહારથી [સં. મહારથિન્] પું. મોટો લડવૈયો; રાજકાજ વિષે અત્યંત કુશળ યોદ્ધો. તેણે રાજાનું અભ્યયન કરવું જોઇએ, યુદ્ધવિદ્યામાં પ્રવીણતા સંપાદન કરવી જોઈએ અને એકલે હાથે દસ હજાર ધનુર્ધારી યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવાની શક્તિ ધરાવવી જોઇએ એમ મનાય છે.
જે પુરુષ એકલો ધનુષ્યવાળા દસ હજાર શૂરવીરોનું સામે યુદ્ધ કરે છે તથા રાજકાજ વિષે અત્યંત કુશળ હોય છે, તે પુરુષને મહારથી કહે છે.
ગીતાપંચામૃત

મહારથ્યા [સં.] સ્ત્રી. પહોળો રસ્તો; સડક.

મહારપુંજ [મ.] પું. અળાવાડમાંથી મહારને અપાતો અનાજનો ભાગ

મહારબા ૧. [અ.] સ્ત્રી. દંદપુદ.
૨. સ્ત્રી. લડાઈ.

મહારભ ૧. પું. (પુરા.લુ) એ નામનો એક યાદવ.
૨. [સં. મહત્ (મોટું) + રવ (અવાજ)] પું. મોટો શબ્દ; મોટો ધ્વનિ.

મહારવાડા (મહારવાડ) ૧. [મ.] પું. મહાર લોકોનો વાસ; ઢેઢવાડો; ભંગીવાડ.
૨. સ્ત્રી. અજોરાની બૌદ્ધ ગુફાઓમાની પાંચમી ગુફાનું નામ.

મહારસ ૧. [સં] પું. બ્રહ્માનંદ; પરમાનંદ
ખલિત ગુલાલ ચૂવા ને ચંદન મહાલે મહારસ
માહે ૨.
નરસિંહ
૨. પું. અમૃત.
૩. પું. કાંજી રાખ.

૪. પું. ગાતબોહ.
૫. પું. ખજૂર.
૬. પું. ભંભુડાનું ઝાડ.
૭. પુ. (પિંગ) ન.મ્રપિંગળ માંહેનો અક માત્રામેળ છંદ.
૮. પું. પારો.
૯. પું. રૌપ્યમાક્ષિક.
૧૦. પું. રોરડી.
૧૧ પું. સુવર્ણમાક્ષિક.
૧૨. પું. હિંગળોક.
૧૩. વિ. પુષ્કળ રસવાળું.

મહારંભ ૧. [સં.] પું. (જૈન) અત્યંત પાપહિંસાવાળું કામ.
૨. પું. એક જાતનું વલણ.
૩. પું. મોટી પ્રવૃત્તિ.
ગુજરાતી સાહિત્યના હર્ષે અર્થે પ્રેમાનંદ અદરેલા **મહારંભમાં** સદ્‌ગુરુ રામચરણનો બોધ, સાહિત્યબોધ કવિમંડળની યોજના, રામળકૃત સાથેનો ઝઘડો, વ્યાસ પુરાણી સાથે વિરોધ, હિંદુસ્તાની સાહિત્યના હિમાયતી સાથે રસાકસી, અને સંસ્કૃત સાહિત્યની પ્રતિસ્પર્ધા, એ મુખ્ય સ્થાન ધરાવે છે. કેરાવ હર્ષદ
૪. પું. મોટો આરંભ.
૫. વિ. મોટા આરંભવાળું.
૬ વિ. સાહસિક; મહાન કાર્યો પાર પાડવાનું માથે લેનાર.

મહારંભી ૧. વિ. (જૈન) મહાપાપના આરંભ સમારંભને કરનારો; અનેક જીવોની હાનિ જેમાં રહેલી હોય એવા દુષ્ટ ભયંકર કાર્યોને આરંભનાર
૨. વિ. મહારથી.
૩. વિ. હિંસક.

મહારાઉલ વિ. મહારાવળ; મોટો રાવ; રાજા. ભાવિયા અને છોટાઉદેપુરના રાજાને મહારાઉલ કહેવામાં છે.

મહારાઓ પુ. કચ્છના મહારાજાનો ઇલકાબ.

મહારાગ પું. (વેદાંત) સાધન રહિત છતાં પણ મને સર્વ સુખનું સાધનપણું જે કાંઈ હોય તે ભ્રમ થવો એવા પ્રકારનો એક વિપર્યય, અવિદ્યાના પાંચ ભાંડનું એક પર્વ એટલે લક્ષણ.

મહારાજ ૧. પું આમંત્રણનો નમ્ર.
૨. પુ જૈન સાધુ માટે વપરાતું સંબોધન.
૩. પું પ્રજા
૪. પુ ખાલસા રસોઇયો. ભટ
૫. પુ. બ્રાહ્મણ, સંત, રાજા વગેરેના સંબોધન તરીકે વપરાતો શબ્દ
૬. [સં મહારાજન્] પું મોટો રાજા; શહેનશાહ; સર્વભૌમ રાજા; ચક્રવર્તી રાજા; સમ્રાટ. આ શબ્દ મોટા પુરુષને, રાજાને, બ્રાહ્મણને અને સંત, સાધુ તથા આચાર્ય વગેરેને સંબોધવામાં આવે છે.
૭. પું. (જૈન) લોકપાળ દેવ.
૮. પું. જ્ઞાતિપ્રમુખનો પુત્ર; મોસાળજી મહારાજ; વૈષ્ણવોના ધર્મગુરુ; વૈષ્ણવોના આચાર્ય મોસાળજીનો બાલક.
૯. પું. સભામાં થતા કામકાજની નોંધ રાખનાર વ્યક્તિ.
૧૦. પું. સાહેબ માટે વપરાતું સંબોધન.
૧૧. પું. સૂરજ; સૂર્ય.
મહારાજનું મેર બેસવું = સૂર્યનું અસ્તાચળ ઉપર જવું; સૂર્યનું મેર ઉપર અસ્ત પામવા જવું, સૂર્યનું અસ્ત પામતી વખતે ક્ષિતિજ ઉપર દેખાવું.
૧૨. પું. હિંદુયુગમાં પ્રજાતંત્ર ભોગવતો એ નામનો એક સમાજ.
૧૩. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.
૧૪. ન. (પોસ) શરીરની અંદર રહેલા વાયુનો એક પ્રકાર.
બિંદુ બે પ્રકારનું છે. એક તે પાંડુપ્રભુનું વીર્ય કહે છે, બીજું લાલ પદ્મનું વીર્ય મહારાજ કહે છે. ત્રિભોવન,કદર્પણ

મહારાજક પું દેવતાનો એક નામનો એક સમુદાય. તે ૨૨૦ દેવોનું બનેલ છે.

મહારાજચૂત [સં.] ન. એક જાતના રસાલ આંબાનું ઝાડ.

મહારાજચૂતક જુઓ મહારાજચૂત.

મહારાજદ્રુમ [સં.] પું. મરુમ તે. ઝાડમાં સરગવો રાજા છે અને તેનો રાજા એટલે તેનાથી મોટું બીજું વૃક્ષ નથી, માટે તેને મહારાજદ્રુમ કહે છે.

મહારાજપસંદ જો. દરબારી એ નામની એક પ્રખ્યાત જાતની કેરી.

મહારાજપુરઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ; ભાલપરીઘાટ. તેની આસપાસનું ક્ષેત્ર શરસ્વતી પ્રભાસપાટણ કહેવાય છે.

મહારાજમૃગાંકરસ પું. (વૈદ્ય) હરસરોગ, કૃમિરોગ, બરડો, ઝીર્ણજ્વર તથા છાતીની નબળાઈ દૂર કરનાર એક ઔષધ તે મધ, દૂધ કે પાણી સાથે બે રતીભારની માત્રામાં લેવાય છે.

મહારાજા ૧. પુ એ નામનો એક જાતનો કેળવેરિયો, જુદી જુદી જાતનો, સુંદર, શોભાદાયક છોડ; ' ડ્રેસીના '.
૨. પું. પ્રાચીન પ્રજાસત્તાક રાજ્યનો મુખ્ય રાજા. આ બધા મહારાજા પ્રજાથી નીમાતા હતા. અને તે મહાસેનાપતિ પણ હતા.
પુરાતત્ત્વ
૩. પું. મહાજનનો અધ્યક્ષ; મુખ્ય મહાજન.
એક સમયે આ દેશો મહાજનસત્તાક હતા એના મહાજનોને રાજા કહેતા અને અધ્યક્ષને મહારાજા કહેતા. પુરાતત્ત્વ
૪. [સં. મહત્ + રાજન્ (રાજા)] પું. મોટો રાજા; રાજાઓનો રાજા; સમ્રાટ; બાદશાહ.
૫. પું. શુક્રનીતિમાં બીજા પ્રમાણે બતાવેલી રાજાની એક પાયરી.
૬ વિ. આનંદી; મહેરબાન; ઉદાર.
૭. વિ. ભોળું; ઊંડી મતલબ વગરનું; ઓલિયું.

મહારાજાધિરાજ પું. એક પ્રકારનો ઇલકાબ.
૨. [સં. મહત્ (મોટું) + રાજન્ (રાજા) + અધિ (માં) + રાજન્ (રાજા)] પું રાજાઓમાં શ્રેષ્ઠ રાજા; મહારાજાઓનો પણ મહારાજા; સાર્વભૌમ રાજા; ચક્રવર્તી મહારાજા; સર્વોપરી સમ્રાટ. બધા રાજાઓમાં સૌથી મોટો રાજા બાદશાહ

મહારાજિક ૧. પું. કોઠારીમણ; ભંડારીમંડળ; માલ પૂરો પાડનાર મંડળ; ' સપ્લાયર્સ ઍન્ડ્રોસિએશન '.
૨. પું. નવ ગણદેવો માંહેનો એક દેવ.
૩ [સં.] પું. બસો વીસની સંખ્યાનો એક દેવગણ; મહારાજક

૪. પું. વિષ્ણુનું એક નામ.
૫. વિ. બાદશાહી.

મહારાજ્ઞી ૧ [સં.] સ્ત્રી. દુર્ગા.
૨. સ્ત્રી મહારાણી

મહારાજ્ય [સં] ન. પાડોશીના કરતાં મોટું અને રાજ્યલક્ષ્મીને લગતા વિશિષ્ટ લક્ષણવાળું રાજ્ય; સામ્રાજ્ય; મોટું રાજ્ય
જૈન વસ્તુત મહારાજ્ય પણ ઇ.સ. એવું રાજ્ય તો પ્રથમ ચંદ્રગુપ્તે (ઈ. સ. પૂર્વે ૩૨૧-૨૯૭)જ સ્થાપ્યું હતું પુરાતત્ત્વ

મહારાણા પું. મેવાડ, ચિતોડ અને ઉદેપુરના રાજાઓની પદવી.

મહારાણી ૧. સ્ત્રી. મહારાણા ની સ્ત્રી
૨. સ્ત્રી. મોટા માણસની સ્ત્રીનું એક સંબોધન.
૩ સ્ત્રી રાણીઓમાં સૌથી મોટી અને માનીતી રાણી; વડી રાણી.

મહારાણીજી સ્ત્રી. જમનાજી; જમના નદી. વૈષ્ણવ સંપ્રદાયનો આ શબ્દ છે

મહારાત્ર [સં.] પું. મધ્યરાત્રિ.

મહારાત્રિ ૧. સ્ત્રી. આસો વદિ ચૌદશની રાત. ૨. સ્ત્રી. આસો સુદિ આઠમની રાત્રિ. ૩. સ્ત્રી. ઈશ્વરની રાત્રિ. ૪. સ્ત્રી. દુર્ગા; શક્તિનું એક નામ. ૫. સ્ત્રી. મધરાત પછી બે મુહૂર્તનો સમય. ૬. સ્ત્રી. મધ્યરાત્રિ; મધરાત. ૭. [સં.] સ્ત્રી. મહા વદિ ચૌદશની રાત્રિ; શિવરાત્રિ. દક્ષ પ્રજાપતિને ત્યાં સતીનું દહન થયું તે કાલરાત્રિ અને સતીના ભીલ ઉમાના અવતારમાં કામનું પુનર્જીવન કરી કુમારનો અવતાર થવાની જે રાત્રિએ યોજના થઈ તે મહારાત્રિ કહેવાય છે. એટલે કે આશ્વિન વદિ ચતુર્દશીએ સતી દહન અને મહા વદિ ચતુર્દશીએ શિવનો હૈમેશ્વરરૂપે આવિર્ભાવ થયો. કાલરાત્રિ એટલે આશ્વિન વદિ ચતુર્દશીએ ઉમાએ પોતાના દેહનું દહન કર્યું અને મહારાત્રિએ પુનઃ પ્રાદુર્ભાવ થયો એ ઉપલક્ષમાં શિવરાત્રિ વ્રત પ્રચલિત થયું. ૮. સ્ત્રી. મહાપ્રલય. ૯. સ્ત્રી. મહાપ્રલયની રાત્રિ; કાળરાત્રિ; કાળી રાત; વિશ્વના સર્વનાશની મોટી રાત. ૧૦. સ્ત્રી. મોટી રાત; વર્ષમાં લાંબામાં લાંબી રાત.

મહારાત્રિએ અધિકર્ષિણા,
સહમી સાથ સીતા કરે. સામળ

મહારાત્રી જુઓ મહારાત્રિ

મહારામાયણ [સં.] ન. યોગવાસિષ્ઠ; વસિષ્ઠે રામને આધ્યાત્મિક જ્ઞાન તથા યોગ સમજાવ્યો તેના સંગ્રહનો એ નામનો ગ્રંથ.

મહારાયા જુઓ મહારાજા.

મહારાવ જુઓ. કચ્છના રાજાઓની ઉપાધિ.

મહારાવણ જુઓ. (પુરાણ) એક લાંબા મુખ અને બે લાંબા હાથવાળો રાક્ષસ. અવધૂત રામાયણમાં સીતાએ તેને માર્યો હતો એવું વર્ણન છે.

મહારાવલ જુઓ જેસલમીર, કુંવરપુર વગેરેના રાજાઓની ઉપાધિ.

મહારાષ્ટ્ર ૧. જુઓ. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; મરહઠ્ઠા. તેની ૨૯ માત્રામાં ૧૦, ૮ અને ૧૧ માત્રાએ યતિ આવે છે અને અંતે ગુરુ લઘુ હોય છે. વળી ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩ અને ૨૭ માત્રાએ તાલ આવે છે.

૨. જુઓ. દક્ષિણી બ્રાહ્મણ; પ્રશસ્તિપત્ર માંહેની એક જાતનો બ્રાહ્મણ.

૩ [સં.] જુઓ. મરાઠાઓના રાજ્યવાળો દેશ; મરાઠી ભાષા જ્યાં મુખ્ય બોલાય છે તે મુલક; ભારતનો દક્ષિણ પશ્ચિમ તરફનો મોટો પ્રદેશ; ગુજરાતની દક્ષિણે અને કર્ણાટકની ઉત્તરે આવેલો અરબી સમુદ્રના કિનારા ઉપરનો પ્રદેશ. તેની અજંતરી ગરમ પ્રદેશમાં થાય છે. પરંતુ સમુદ્ર નજીક હોવાથી ત્યાં ગરમી કદી વધતી નથી તેમ જ સિવાણામાં ગરમ કપડાં પહેરવાં પડતાં નથી. ત્યાં ચોમાસું જૂનથી શરૂ થાય છે અને ૮૦થી ૧૦૦ ઇંચ વરસાદ પડે છે. પુષ્કળ વરસાદને લીધે ત્યાં વનસ્પતિ ઘણી થાય છે. સાગ, સીસમ, વાંસ, મહુડા, આંબરો, સેવરી વગેરે અનેક જાતનાં ઝાડ ત્યાં ઊગે છે.

૪. જુ.ન. મોટું રાજ્ય.

૫. સ્ત્રી. ઉત્તમ પ્રકારની એક જાતની ખાંડ.

૬. સ્ત્રી. મહારાષ્ટ્રની ભાષા.

૭ વિ. મરાઠી

મહારાષ્ટ્ર આતા ૧. સ્ત્રી. કૃષ્ણા નદી

ગોદાવરી સાથે કૃષ્ણાને પણ મહારાષ્ટ્ર આતા કહી શકાય. કાલેલકર

૨. સ્ત્રી. ગોદાવરી નદી

મહારાષ્ટ્રઘાદી વિ. મહારાષ્ટ્ર માટે અભિમાન ધરાવનાર.

કશું કેવળ મહારાષ્ટ્રઘાદી ન હતો પણ મહત્તર રાષ્ટ્રવાદી અથવા વિદ્વપદ પાકરાવીનો અભિમાની હતો. મરાઠી રિયાસત

મહારાષ્ટ્રિક [સં.] વિ. મહારાષ્ટ્ર દેશમાં જન્મેલ; મરાઠી.

મહારાષ્ટ્રી ૧. [સં.] જુ. મહારાષ્ટ્ર દેશનો વતની; મહારાષ્ટ્રનો રહેવાસી પુરુષ.

૨. સ્ત્રી. એક પ્રકારની લિપિ.

૩. સ્ત્રી. મજીપીપર નામની ઔષધિ.

૪. સ્ત્રી. અજપીપર નામની વનસ્પતિ

૫ સ્ત્રી. દક્ષિણી સ્ત્રી

૬. સ્ત્રી. મરેડી વનસ્પતિ.

૭. સ્ત્રી. મહારાષ્ટ્રમાં બોલાતી ભાષા; મરાઠી ભાષા; પ્રાકૃત ૭ માંહેની એક બોલી. મહારાષ્ટ્ર કે દક્ષિણમાં બોલાતી એક પ્રાકૃત ભાષા. ૭ બોલીનાં નામઃ (૧) મહારાષ્ટ્રી, (૨) શૌરસેની, (૩) માગધી, (૪) પૈશાચી, (૫) ચૂલિકા પૈશાચિ અને (૬) અપભ્રંશ.

૮. વિ. મહારાષ્ટ્ર દેશનું; મહારાષ્ટ્રને લગતું

મહારાષ્ટ્રીય વિ. મહારાષ્ટ્રનું.

મહારાસ જુ. સૌથી મોટો રાસ.

તાલ અનુસાર છનકું એ મહારાસ. નાનાલાલ

મહારિત્રા સ્ત્રી. ઉરઃપંજર અને બંધસ્થાનની વચ્ચે આવેલી ચામડી જેવી એક પેશી.

મહારિષ્ટ ૧. જુ. એક જાતનો પહાડી ચીનડો. ૨. [સં.] વિ. અત્યંત અશુભ.

મહારુદ્ર ૧. [સં.] જુ અતિચાર વખત લઘુરુદ્ર કરવો તે; એકસો એકવીસ વખત રુદ્રીનો પાઠ કરવો તે.

૨ જુ શિવનું એક નામ. તેની મૂર્તિ પંચમાત્રર નામના પીઠસ્થાનમાં છે.

૩. જુ. મહાદેવ; હરકર; શિવ.

૪. જુ શંકરનું એક સ્વરૂપ.

મહારૂખ ૧. [મ.] જુ એક જંગલી વૃક્ષ; મોટો અરડૂસો.

૨. જુ. ધૂપેર; કાંટાળી એક વનસ્પતિ. તે બહુ સુંદર હોય છે. તેના લાકડામાંથી અરાયરી સામાન બને છે. તેની છાલમાં સુગંધ હોય છે. મદ્રાસ અને મધ્ય પ્રદેશમાં તે વધારે ઊગે છે.

મહારૂજ જું. કફમાંથી પેદા થતા એક જાતના કરમ.

મહારૂપક ન. રૂપકાર્થિ: રૂપકમય દૃષ્ટાંત; ' એલેગરી. '

રૂપકાર્થિ અથવા મહારૂપક એ શબ્દ જ અમારી ભાષાનો નથી છે. નવલરામ

મહારેખા સ્ત્રી. (આકારણ) – આકૃતિ વિશે પ્રસ્થિક. મહારેખા કે ગુરુરેખા વિશ્વપ્રસિદ્ધનો એક પ્રકાર છે. બૃહદ્ આકારણ

મહારોગ ૧ [સં.] જુ. બહુ મોટો રોગ. જેમકે, પાગલપણું, કુષ્ઠ, કોઢ, ભગંદર.

૨. જુ. મહાપાપ કર્મોથી ઊપજેલ મરકો, ઉન્માદ વગેરે રોગ.

મહારોગી ૧. [સં. મહારોગિન્] જું. જેને મહારોગ લાગુ પડ્યો હોય એવો માણસ.

મહારોગીએ દિવ્ય ઔષધનો લાભ ન કરવો જોઈએ. નીતાપમાયુર્વ

૨. વિ. મોટા રોગવાળું

મહારોગી સેવા મંડલ ન. રક્તપીતિયાની સારવાર કરનાર મંડળ તેની સ્થાપના સને ૧૯૪૬માં પતરોગના ઉપચાર અર્થે થઈ. દત્તપુર સ્થળે એક પંતિયા લોકોનો આશ્રમ આવે છે. દત્તપુરને એક આદર્શ ગામ બનાવ્યું છે. સ્વાવલંબન આશ્રમવાસીઓનું ધ્યેય છે. પંતિયા બાળકો માટે કેળવણી ની જોગવાઈ છે. વર્ધા અને આજુબાજુના પ્રદેશમાંથી ઘણાખરાં રોગીઓ આવે છે.

મહારોમા ૧. જું. (પુરાણ) વિદેહવંશી કૃતિરાત અથવા કીર્તિરાત જનકનો એ નામનો પુત્ર. તેને સ્વર્ણરોમા જનક નામે પુત્ર હતો. ૨. [સં. મહાતેમન્] જું શિવના કાનનું એક નામ.

મહારૌદ્ર ૧. [સં.] પું (પિંગળ) એ નામે ખાસીસ માત્રાનો એક માત્રામ્બનિ છંદ; કમનદ. તેનાં પ્રસ્તાર બેસથી મહાદીપ, લાલા વગેરે ૨૮,૬૫૬ કૃતિ થાય છે.

૨. પું. મહાદેવના એક નંદિનું નામ.

ત્યા દારપાળ કરીને બેઠેલ, **મહારૌદ્ર** નંદિને બ્રહ્મર્ષિએ કહ્યું કે તું ધરમા જઈને મહાદેવને ખબર આપ કે તમને મળવા માટે બ્રહ્મર્ષિ આવેલા છે. પુરાતત્ત્વ

૩ પું. શિવ

૪ વિ. અતિ ભયંકર

મહારૌદ્રી [સં] સ્ત્રી. દુર્ગા દેવી.

મહારૌરવ ૧. ન. એક નરકનું નામ; જેમ્બથી પણ બીજું નરક. જે માણસ ઘરડીની પાસેથી મૂલ્ય લઈ ને તેના કામમાં અડચણ કરે છે, તે માણસ મહારૌરવ આદિ નરકમા પડે છે તેમ જ જે માણસ પોતાને, કેહનું જ પોષણ કરે છે તે પણ મહારૌરવ નર્કમાં પડે છે એમ મનાય છે.

૨. ન. મહા દુઃખ ઉપજવાને એવું મટું અને ભયંકર સ્થાન.

મહાર્ઘ ૧. પું. એક જાતનું પંખી

૨. પું મહા સોમ લતા.

૩. [સં.] વિ. મોટી કીમતનું; મોંઘું; બહુ મૂલ્યવાળું

મહાર્ઘતા [સં.] સ્ત્રી. મોંઘવારી; મોંઘાપણું.

મહાર્ણવ ૧. પું. એ નામનો એક દૈત્ય. તેને વિષ્ણુએ પોતાના કૂર્મ અવતારમાં જમણા પગથી ઉત્પન્ન કર્યો હતો

૨. [સં.] પું. મોટો સમુદ્ર; મહાસાગર.

૩ પું. શિવ.

મહાર્થ ૧. [સં] પું. મોટું પ્રયોજન.

૨. પું. મોટો અર્થ; વિશાળ તત્ત્વ.

૩. વિ કીમતી; મોંઘુ

મહાર્થતા [સં.] સ્ત્રી. વાણીનો એક ગુણ.

મહાર્દ્રક ૧ [સં.] ન. એક જાતનું જંગલી આદુ

૨. ન. સૂઠ

મહાર્બુદ ૧. [સં.] પું. સો કરોડ કે ૯૦ અર્બુદની સંખ્યા.

૨. પું હાડકાનો ઊપસતો અથવા ભયંકર મોટો ગોળાકાર ભાગ; ઉત્સેધ.

મહાર્હ ૧. [સં.] પું. વિષ્ણુનાં હથિયાર માંહેનું એક નામ. વિષ્ણુ ભગવાન મહાપુરુષને યોગ્ય છે, તેથી તે મહાર્હ કહેવાય છે.

૨. પું એક ઝાડનું વૃક્ષ. આ વૃક્ષના જંગલોમાં મોટા મોટા વર્ષો રહે છે, માટે તેને મહાર્હ કહે છે.

૩. વિ અમૂલ્ય; મોટી કીમતવાળું; કીમતી

૪. વિ મબ્રી યોગ્યતાવાળું; અતિ યોગ્ય.

૫. વિ. પૂજા કરવા યોગ્ય; મહાપૂજ્ય.

મહાલ ૧. પું. ખરી જાગીર.

૨. [અ. મહલ] પું. ઘર; મકાન.

૩. [અ] પું પરગણા કે તાલુકાનો એક ભાગ; સરવાનનો એક ભાગ

૪. પું મધપૂડો

૫ [અ. મુહાલ] વિ. અલગ; અસંબંધિત.

૬. વિ. ભયંકર.

મહાલકારી [અ. મહાલ + ફારી] પું. મહાલનો રેવન્યૂ બાતાનો ઉપરી અધિકારી; મહાલનો વહીવટદાર; મામલતદાર; મહાલનો સરકારી અધિકારી.

મહાલક્ષ્મી ૧. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બુદની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બધા રગણ મળી નવ અક્ષર હોય છે.

૨. સ્ત્રી અપાર સંપત્તિ.

૩. સ્ત્રી. એ નામે એક દેવી; મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલી એ ત્રણ માંહેની એક મહાદેવી, મહાલક્ષ્મીનો અવતાર આદરવા વદિ ચૌદશને દિવસે થયો હતો. તેણે આસો સુદિ આઠમને દિવસે મહિષાસુરને માર્યો હતો. નવમીને દિવસે દેવતાઓએ પૂજા કરી હતી, દરબારમાં મહાલક્ષ્મીદેવીની પીઠ છે.

૪ સ્ત્રી એ નામે એક યોગિની.

૫. સ્ત્રી. ગંધાનાં હજાર માંહેનું એક નામ

૬. સ્ત્રી. દુર્ગા દેવી.

૭. સ્ત્રી. નારાયણની મોટી લક્ષ્મી અથવા શક્તિ.

૮. સ્ત્રી મોટી શોભા.

૯. [સં.] સ્ત્રી. માર્તિકીના અંશથી ઉત્પન્ન થયેલી એ નામની દેવી.

૧૦ સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

મહાલક્ષ્મીકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ભૌરિક. તે બુદની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બધા રગણ મળી નવ અક્ષર હોય છે.

મહાલક્ષ્મીવ્રત ન. એ નામનું એક વ્રત. આદરવા સુદિ આઠમથી સોળ દિવસ સુધી લોકો આ વ્રત કરે છે અને મહાલક્ષ્મીનું પૂજન કરે છે

મહાલદાર ૧. પું. અમલદાર; કારકૂની

૨. [અ.] પું. પરગણાનો ઉપરી.

૩ પું. મહાલનો વસૂલાતી અથવા પોલીસ અમલદાર.

મહાલન્યાયાધીશ [મહાલ્ (જિલ્લો) + ન્યાયાધીશ] પું. મુનસફ

મહાલપંચાયત સ્ત્રી. તાલુકા લોકલ બોર્ડ.

મહાલય ૧. [સં.] પુ. આશ્રયનું સ્થાન; રક્ષણનું ધામ

૨. પું. પરમાત્મા; ઈશ્વર, નારાયણ, આદિ દેવ.

૩. પું [મહાલય વિ. સં. ૧૦૪૬માં ૨.મહાલય દેવને પૂજ્યને મૂળરાજે દાન આપ્યાનું એક તામ્ર લેખમાં લખ્યું છે. પણ મહાલય અધૂરો હતો

૪ પું વિહાર; બૌદ્ધ.

૫ ન. ઉત્સવોનું સ્થાન.

૬ ન નિરાશ્રિતગૃહ.

૭ ન. પવિત્ર વૃક્ષ

૮. ન. ઝાડોનો.

૯ ન. ભાદરવા માસમાં આવતું આદ પક્ષ, પિતૃપક્ષ.

૧૦. ન (પુરાણ) ભારતવર્ષીય એક ક્ષેત્ર

૧૧. ન. મહેલ.

૧૨. ન. મોટું ઠેકાણું; મોટું સ્થળ

૧૩. ન. મોટું ધામ; દેવાલય; પવિત્ર ધામ; તીર્થસ્થાન.

૧૪. ન. મોટો નાશ

૧૫. ન. સ્મશાન.

૧૬. ન સરોવર; ધર્મશાળા

૧૭. વિ. મોટા શરીરવાળુ

મહાલયપક્ષ પું. આદપક્ષ; ભાદરવા મહિના.નો કૃષ્ણપક્ષ. પિતૃકાર્ય માટે યોગ્ય હોવાથી તે પિતૃપક્ષ કે મહાલયપક્ષ તરીકે પણ ઓળખાય છે.

મહાલયા ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન દક્ષિણમાં મહાકારીમાં છે.

૨. સ્ત્રી. પિતૃપક્ષની ઉત્તમ તિથિ; જે દિવસે પિતૃ વિસર્જન થાય છે તે તિથિ; ભાદરવા વદિ અમાસ

મહાલયારંભ [સં.] પું. ભાદરવા વદિ પડવો.

મહાલયેશ્વર [સં] પું. ઉજ્જૈનના મહાકાલ ઘનમાં આવેલ મુખ્ય આગારી માંહના એક મહાદેવનું લિંગ. તેનું સ્થાન ખત્રીવાડા અંતરજ દાનોદરની પાસે છે.

મહાલરક્ષક પુ. ફોજદાર.

મહાલવારીપદ્ધતિ સ્ત્રી. મામલેવાર પદ્ધતિ; જેમાં જમીન મહેસૂલની જવાબદારી આખા ગામ ઉપર હોય તેવી પદ્ધતિ

મહાલવું ૧ અ ક્રિ. માલવું, ઘૂમવું; સ્વચ્છંદે ખાવું, પીવું, રમવું અને ધીંગામા આવે તેમ મોજમાં હરવુંફરવું, આનંદ અનુભવવો, ઠાઠમાઠથી આનંદમાં મહીતહીં ફરવું. માણવું

૨ સ ક્રિ મોજ કરવી, લહેર કરવી.

મહાલસા સ્ત્રી. એ નામની એક રેવી. તેનું સ્થાન દક્ષિણમાં મલ્હારી છે.

મહાલાક્ષાદિ તેલ ન. (વૈદક) એ નામનું એક ઔષધ. તે માલિશ કરવાથી છર્યું જલ્દર મટવાનું મનાય છે.

મહાલાધિકારી પું. મહાલકારી; મહાલનો વહીવટદાર.

મહાલાનિહાય ૧. વિ. જ્યાં જ્યાં મહાલોની સીમા હોય ત્યા સુધીના બધા પ્રાંતો ઉપર અમલ ભોગવનાર; બીજા મહાલના મુકાદમ જાતા ઉપર અધિકાર ભોગવનાર.
૨. જ. બીજા રાજ્યમાં; તમામ પ્રાંતોમાં; પોતાના અધિકારની તમામ સરહદોની અંદર.

મહાલિયા સ્ત્રી. સરવણની એ નામની એક જાત.

મહાલિંગ ૧. [સં.] પું. શિવનું એક નામ
૨ ન. (પુરાણ) ભારતવર્ષમાં એક ક્ષેત્ર.

મહાલિંગા [સં.] સ્ત્રી. એ નામની એક રેવીનું રમ્ય સ્થાન. તે કપિલામાં છે.

મહાલી પું. મહાલનો અધિકારી.

મહાલુબ્ધક પું (જ્યોતિષ) હરિણી નક્ષત્રને છેડે દક્ષિણ તરફ દેખાતો કરોળો તારાઓમાં સૌથી વધારે તેજસ્વી જણાતો તારો; તારાના તેજ પ્રમાણે પાડેલા સાત માંહેના પહેલા વર્ગનો એ નામનો પહેલો તારો.

મહાલુંગ ૧. ન. એક જાતનું આયુધ.
૨. ન. બિલોરું.

મહાલુંગા સ્ત્રી. એ નામનું એક ફળ.

મહાલુંગી એ નામની એક જાતની કેરી. તેનું ફળ દોઢ શેર સુધીનું થાય છે.

મહાલેખાપરીક્ષક પું. મુખ્ય હિસાબ તપાસનાર અધિકારી. ' ઑડિટર જનરલ '.

મહાલોક પું. સાત માંહેનો એક લોક; મહર્લોક.

મહાલોધ્ર [સં.] ન. એક જાતનું લોધ્રનું ઝાડ.

મહાલોભ [સં.] પું. કાગડો.

મહાલોલ [સં.] પું. કામડો.

મહાલોહ [સં.] પું. લોહચુંબક.

મહાલ્લ ૧. [અ.] પું. પ્રાંત.
૨ પું. સરકારને ઉપજ આપતું કોઈ પણ જાહેર ઠેકાણું.

મહાવક્ર વિ. અતિ વાંકું.

મહાવક્ષ [સં. મહાવક્ષસ] પું. શિવનાં જલ્દર માંહેનું એક નામ.

મહાવગ્ગ [સ.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન નગર. તે નોમતીને તીરે આવેલું છે.

મહાવજ પું. (સંગીત) બાજાવન માંહેનો બેતાલીસમો બાજાકાર.

મહાવજ્રેશ્વરી સ્ત્રી. (તાંત્રિક) પદર માંહેની એ નામની છઠ્ઠી નિત્યા.

મહાવટ ૧. [સં.] પું. મોટો વડ
૨. પું. ચિમાળાનો વરસાદ; માવઠું. તે આસ કરીને માહ મહિનામાં થાય છે.

મહાવડ જુઓ મહાવટ ૨

મહાવડ (મહાવડ) [હિં.] પું. બાજનો. બીજો પત્ર લાલ કરવા માટે તે વાપરે છે.

મહાવડલો (મહાવડલો) પું. મોટો વડ

મહાવણ ન. મહાલનું તે, માણનું તે

મહાવત [સં. મહામાત્ર] પું. હાથી હાંકનારો માણસ; માવત

મહાવતનારી ૧. [સં.] પું. પચીસ માત્રાઓના છંદોની સંજ્ઞા.
૨. જે મહાન બનનાર પરાક્રમ કરનાર.

મહાવતી ૧. સ્ત્રી. ચોસઠ માંહેની એક યોગિની
૨. સ્ત્રી મહાવતની સ્ત્રી.

મહાવતીનો હાથ પું. મલ્લવિદ્યામાં કરાતો એ નામનો એક જાતનો હાથ. પહેલવાને તાલ ઠોકી સામસામે ઊભા રહેવું. એકબીજાના હાથ મળતાં જ એકદમ સામાવાળાના બંને પગ વચ્ચે માથું નાખી એક હાથે કમર ઉપરથી તેના કમ્મામાં હાથ નાખી બંને હાથે તેના પગનું ઓલું તથા કાકું પકડી તેને ઊપાડવો. બીજા પહેલવાને પોતાનો બચાવ કરવા તેનું માથું દાબી નીચે ઝુકાવવું.

મહાવધ ૧. પું. વજ્ર.
૨. જુઓ મહાવત.

મહાવન ૧. [સં.] ન. જૂનું ગોકુળ; વજમાં આવેલું દર્શનીય સ્થાન. ગોકુળથી એક માઈલ દૂર મહાવન આવેલું છે. આ જગ્યાએ જૂનું ગોકુળ હતું. જૂનાં વખતનાં ઘણાં ખંડેરો મહાવનમાં જોવામાં આવે છે.
૨. ન. મોટું જંગલ.

મહાવપા વિ. ખૂબ ચરબીવાળું.

મહાવર ૧. પું. લાખનો બનાવેલો એક પ્રકારનો રંગ; જલતોડ લાક્ષા; અલક્ત. તે વડે બ્રાહ્મો પોતાના પગ રંગે છે.
૨. [સં.] વિ. મોટું; શ્રેષ્ઠ.

મહાવરા ૧. [હિં.] પું. ટેવ. આદત.
૨. પું. રિવાજ.
૩. સ્ત્રી. કોઈ નામનું ઘાસ

મહાવરાહ ૧. [સં. મહા + વરાહ (શૂક)] પું. મોટું ભૂંડ; મોટું કુકર.
૨. પું. વરાહ અવતાર; વિષ્ણુનો ત્રીજો અવતાર.
૩. પું. વિષ્ણુનાં જલ્દર માંહેનું એક નામ.

મહાવરો ૧. [અ.] પું. અભ્યાસ.
૨. પું. પ્રચાર; બજવાર.
૩. પું. શિરસ્તો; આણ વહીવટ; આણ કામ કરવાની ટેવ કે આદત.
૧. મહાવરો કરવો = (૧) ટેવ પાડવી; અનુભવ મેળવવા કરવો. (૨) મન, અંગ વગેરેને કેળવવાં.
૨. મહાવરો નાખવો = આદત નાખવી; અનુભવ આપવા કરવો.
૩. મહાવરો પડવો = (૨) આદત પડવી. (૨) કુશળતા વધવી.
૪ પું સહવાસ; પરિચય; અંતથી નિત્ય પરિશ્રમ કરવો તે

મહાવરોહ ૧. પું. પલાશ.
૨ [સં.] પું વડનું ઝાડ

મહાવર્તન [સં.] પું. મોટો પ્રચાર.

મહાવર્ત્ત પું. મહાશિરા વર્ત્ત; પશ્ચિમ કપાલાસ્થિની અંદરની બાજુના કેન્દ્ર સ્થાન ઉપર આવેલું, પાંચ શિરા સરિતાઓનું સંગમસ્થાન. દીર્ઘિકા ઉત્તરા, દીર્ઘિકા અપરા, દીર્ઘિકા યોજની, અનુપસ્થિકા અને પશ્ચિમ કપાલિકા એ નામની પાંચ શિરા સરિતાઓ ખોપરીના તળિયામાં આવેલી છે. આ સ્થળને પ્રાચીન ચિકિત્સકોએ અધિપતિ નામના સન્નોમારક મર્મ તરીકે વર્ણવ્યું છે

મહાવર્ત્તપદ્મિકા પું. બે ઊભી અને બે આડી એમ સાથિયાના આકારમાં ગોઠવાયેલી શિરાપરિખાનું મધ્યબિંદુ; પશ્ચા.ત્ કપાલની અંદર આવેલા ચાર શિરાપરિખાઓના સંગમનો ભાગ.

મહાવર્ષાભૂ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સાટોડી

મહાવલ્લી ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની વેલ. આ વેલ પોળા અને તેનાં પાંદડાં લાંબ હોય છે. આ ઔષધિ દિવ્ય છે. તે પારદબંધન માટે ઉપયોગી મનાય છે.
૨. સ્ત્રી. માપણી લતા.
૩. સ્ત્રી. મોગરાની વેલ

મહાવલી પું (પુરાણ) વિરોચનનો કૃતિસતાવાળા જનકનો પુત્ર.

મહાવસ્ત્ર [સં] કું. એક જાતનું માળખું.

મહાવસુ ૧. પું ઇંદ્રાવરુણનું એક નામ.

૨ ન. રૂપું

મહાવસેસ સ્ત્રી વરનાં બોસાળિયાં તરફથી બોસાળું ભરી વરનું ચડાવવામાં આવતું કપડું

મહાવંશ પું. સિંહલદ્વીપનો ઇતિહાસ.

મહાવા પું. શ્રીકૃષ્ણ

મહાવાક્ય ૧. ન. (વ્યાકરણ) એક પ્રકારનું [મંત્રવાક્ય. [મંત્રવાક્યમાં એક યા બંને અથવા સમગ્ર ક્રિયાપદનો વધારો કરનાર ગૌણવાક્યો આવી મહાવાક્ય બને છે.

૨. ન. એકસો આઠ મંત્રોનું એક ઉપનિષદ.

૩. [સં.] ન. કોઈ પણ સુયોજિત સાહિત્યિક રચના..

૪. ન. ચાર વેદોના પ્રત્યેક વેદનું મુખ્ય વાક્ય એ ચાર વાક્યો આ પ્રમાણે છે· સામવેદ: તે તું છે. યજુર્વેદ: હું બ્રહ્મ છું. ઋગ્વેદ: પ્રજ્ઞા બ્રહ્મરૂપ અને આનંદરૂપ છે. અને અથર્વવેદ: આ આત્મા બ્રહ્મ છે.

સર્વ સિદ્ધાંતનો સાર ધર્મોનો દૃઢનિશ્ચય, સનાતન મહાવાક્ય વેદનું મુખ્ય વાક્ય છે.
ગીતાનુવેચન

૫. ન. દાન વગેરેમાં અભિલાષ વાક્ય; સંકલ્પ.

૬. ન. (વેદાંત) પરસ્પર સંબંધવાળાં વાક્યના સમુદાયના રૂપમાં એક મુખ્ય વાક્ય; મોટું વાક્ય

મહાવાચક [સં. મહાન્ (મોટું) + વાચક (ઉપાધ્યાય)] પું. (જૈન) મોટો ઉપાધ્યાય; જૈન ઉપાધ્યાયની એક પદવી.

મહાવાજિકયદૂત પું. એલચી; 'ઍમ્બેસડર જનરલ'.

મહાવાણી [સં.] સ્ત્રી. દુર્ગા દેવીનું એક નામ

મહાવાત [સં] પું. ઘોર વાયુ; તોફાની પવન; પ્રચંડ વાત; વાવાઝોડું; ઝંઝાવાત; આંધી; તોફાન.

પ્રકંપન, મહાવાત એ બે પુલ્લિંગ નામ આંધીનાં છે અને જે વૃષ્ટિ કરવાની સાથે હોય છે તેને સવૃષ્ટિક કહે છે. તે ઝંઝાવાત પણ કહેવાય છે.
અમરકોષ

મહાવાદ્ય ૧. ન. ભજનને સાંભળવાને કાન આગળ મૂકવામાં આવતું ભૂંગળું; ' મેગાફોન '. તેમાં અવાજનાં મોજાંનું પરાવર્તન થઈ મૂળ અવાજમાં વૃદ્ધિ થાય છે.

૨. ન. વાજું, વાજિંત્ર.

મહાવાયુ ૧. [સં.] પું. તોફાન.

૨. પું. પાંચ ભૂતોનું એક; મહાભૂત; પવન.

મહાવાયુપતિ [સં.] પું. મુખ્ય હવાઈ અધિકારી; 'ઍરમાર્શલ '.

મહાવારી ક્રિ. માસિક; દર માસે પ્રગટ થતું મુખપત્ર.

મહાવારુણિ [સં.] સ્ત્રી. એ નામનો એક ઉત્સવ. તે મહાવારુણિ યોગને વખતે કરવામાં આવે છે. આ વખતે ગંગામાં સ્નાન કરવાથી દસહજાર સૂર્યગ્રહણોને વખતે સ્નાન કરવા જેટલું પુણ્ય મળે છે અને ત્રીસ લાખ પૂર્વજોનો ઉદ્ધાર થાય છે એવી હિંદુઓની માન્યતા છે.

મહાવારુણિ યોગ [સં.] પું. એ નામનો એક પ્રસિદ્ધ યોગ. ચૈત્ર વદિ ૧૩ને દિવસે શતભિષા નક્ષત્ર હોય તો વારુણિ યોગ કહેવાય ને જો રવિવાર સાથે હોય તો મહાવારુણિ યોગ કહેવાય છે.

મહાવાર્તા [સં.] સ્ત્રી. મહાન વાત.

ઇતિહાસ એટલે મનુષ્ય જાતિની મહાવાર્તા.
નાનાલાલ

મહાવિકૃતિ સ્ત્રી. (જૈન) માંસ, મદ્ય, માખણ, મધ વગેરે વિકારજનક વસ્તુ.

મહાવિક્રમ ૧. પું. એક નામ.

૨. પું. સિદ્ધ.

મહાવિદેહ ૧ ન (જૈન) એ નામનું કર્મભૂમિનું એક ક્ષેત્ર. ત્યાં સદા ચોથા આરા જેવો અવસ્થિત કાળ વર્તે છે.

૨. ન. (જૈન) એક પ્રકારનું વિમાન. વિમાનના પંદર ભેદ આ પ્રમાણે છે: કુમાંડ, પદ્મ, ક્ષેમ, આનંદક, કમલ, મહાકમલ, ભોજ, અમોઘ, તાલવિમાન, મુખરવિમાન, અપરતારક, દેવ, મહાવિદેહ, તુષ્ણીક અને વર્ધમાન વિમાન.

૩. [સં] ન. જૈનોમાં મનાતી એક પવિત્ર જગ્યા. ત્યાં દેવપ્રસાદી દેહત્યાગ કરતા મનુષ્યપ્રાણીમાં જન્મ થાય ને મુનિપણું અંગીકાર થાય.

મહાવિદેહા ૧. સ્ત્રી. કોઈ પણ રમણીય વિષયમાં, સુષમા, તેના વિરહમાં, વિષ્ણુની પ્રતિમામાં, અનાહત ધ્વનિમાં કે નીલમા મણિ આદિ મનને હરનારું તે.

૨. સ્ત્રી. (જૈન) પંદર કર્મભૂમિમાંનું એ નામનું એક ક્ષેત્ર.

૩. સ્ત્રી. (યોગ) મનની એક ખાસ અવસ્થા કે વૃત્તિ; યોગશાસ્ત્ર અનુસાર મનની એક ભાવિવૃત્તિ.

મહાવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર આઠેનું એક નામ

૨. સ્ત્રી. દશ માહેની પ્રત્યેક કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તિકા, ધૂમાવતી, બગલા, માતંગી અને કમલાત્મિકા એ દશ મહાવિદ્યા ગણાય છે.

૩ સ્ત્રી. દુર્ગા.

૪. સ્ત્રી. સીતાનાં હજાર આઠેનું એક નામ.

મહાવિદ્યાનુમાનત્વ ન. (ન્યાય) પક્ષમાં સાધ્યનો ઉપસંહાર એક રીતે કર્યો હોય અને દૃષ્ટાંતમાં બીજી રીતે કર્યો હોય એવું અનુમાનપણું.

મહાવિદ્યાલય [સં. મહત્ + વિદ્યાલય (શાળા)] સ્ત્રી. ઊંચો અભ્યાસ કરવાની મોટી શાળા; માધ્યમિક શાળા પછીની ઉચ્ચતર કેળવણી આપનાર સંસ્થા; 'કૉલેજ'. ગાંધીજી કહે છે કે: મારી કલ્પનાના મહાવિદ્યાલયમાં કડિયા, સુતાર, વણકર એ સાદા બુદ્ધિશાળી સમ જમેરા હશે, માત્ર આઠદિવા કમાવા પૂરતું મેળવવા કડિયા, સુતાર, વણકર નહિ હોય. મહાવિદ્યાલયના વણકરમાંથી કબીરની, મોચીમાંથી રોહિદાની, સોનીમાંથી અખાની, ખેડૂતમાંથી ગુરુ ગોવિંદની આશા રાખું છું. આ સૌને હું ઔદ્યિક કેળવણી પામેલા ગણું છું

મહાવિનાયક [સં] પું. મહાવિઘ્નનિવારક દેવ; ગણપતિ

મહાવિભૂતિ ૧. [સં.] પું વિષ્ણુ

૨. પું. શંકરનું એક નામ.

૩. સ્ત્રી. મહાન વિભૂતિ; મહાન પુરુષ

મહાવિરામ ન. (વ્યાકરણ) વાક્યમાં અર્ધવિરામ કરતાં વધારે અટકવાની જરૂર જણાય ત્યાં વપરાતું ચિહ્ન: 'ફોકત'. તે આવું : હોય છે. અમુક બાબત પૂરેપૂરી વર્ણવી હોય અને તેની પછી બીજી બાબતોને અનુસરી, દાખલા, પરિણામ, કારણ કે વિરોધ તરીકે વર્ણવી હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે.

મહાવિલ ૧. [સં] પું અંતરીક્ષ

૨ પું આકાશ

૩ પું મોટો રસ્તો

મહાવિવર ન ખોપરીના પશ્ચિમ ભાગની વચમાં રહેલું મોટું છિદ્ર તેમાં ધર્મ તે સુષુમ્ણા નાડી જ્યાં ને પૂરવહારમાં રેમે છે

મહાવિષ્ણુતાયોનિ સ્ત્રી મોનિનો વીસ માહેનો એક પ્રકાર; મોટા મુખવાળી યોનિ.

મહાવિષ્વ [સં.] ન. સમમ જગત

મહાવિષ્વદેવ [સં.] પું. એ નામનો એક દેવ.

મહાવિષ ૧. [સં] પું. બહુ ઝેરી સર્પ. તેના કરડવાથી તુરત જ મરણ થાય છે.
૨. પું એ મોઢાંવાળો સાપ.
૩. ન. એક જાતનું ઝેર. તેનો રંગ રાતો હોય છે.
૪ વિ. મહા ઝેરી; બહુ ઝેરવાળું.

મહાવિષુવ પું.,ન. (જ્યોતિષ) સૂર્ય મેષ રાશિમાં દાખલ થાય તે વખત; મેષ વિષુવ; વસંત વિષુવ; મેષસંપાત; મેષ સંક્રાંતિ; ચૈત્રની સંક્રાંતિ; તા. ૨૧મી માર્ચનો સમય. ત્યારે દિવસ અને રાત સરખાં હોય છે.

મહાવિષ્ણુ ૧. [સં] પું. વિષ્ણુ ભગવાન.
૨. પું સાત માંહેની એક પુરુષશક્તિ.

મહાવીથિ ૧ [સં.] પું. બત્રીસ માંહેનું એ નામનું એક નગ્ન.
૨ પું પાતાળના એક ભાગનું નામ.
૩. વિ સુખ રહિત.

મહાવીર્ય ૧. [સં.] ન. પારો.
૨ ન શુક્ર; વીર્ય.

મહાવીત [સં.] પું. પુષ્કરદ્વીપનો એ નામનો એક પર્વત.

મહાવીથિ ૧. સ્ત્રી. (જૈન) મોક્ષમાર્ગ.
૨. સ્ત્રી મોટો માર્ગ.

મહાવીર ૧. [સં.] પું. (જૈન) એ નામના છેલ્લા એટલે ચોવીસમા તીર્થંકર. તે ક્ષત્રિયકુંડ નગરીના સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીથી જન્મ્યા. તેમનો જન્મ ચૈત્ર સુદિ તેરસને દિવસે થયો મનાય છે. તેમનું નામ વર્ધમાન હતું. તેમનું જન્મસ્થાન વૈશાલી પણ મનાય છે. તેમનું વાહન સિંહ છે. પોતાનો રાજવંશી વૈભવ છોડી ત્રીસ વર્ષની ઉમરે સંયમ લીધો. પાર્શ્વનાથના પંથથી સંતોષ નહિ મળતાં બેતાલીસ વર્ષની ઉમરે તેમણે પોતાના મતનો જુદો જ સંપ્રદાય ચાલુ કર્યો. ત્રીસ વર્ષ લગી મગધ અથવા દક્ષિણ બિહાર, વિદેહ એટલે તિરહુત અને અંગ અથવા ભાગલપુરના પ્રદેશમાં ગામેગામ ફરી તેમણે લોકોને પોતાના સંપ્રદાયનો ઉપદેશ કર્યો. ઈ. સ. પૂર્વે ૫૨૭મા જ્યારે પટણા જિલ્લાના પાવા ઉપર તેઓ બોતેર વરસની ઉમરે મરણ પામ્યા, ત્યારે ચૌદ હજાર સંતો તેમના અનુયાયી મંડળમાં હતા. તેઓ નાનપણથી જ બહુ ક્ષમાવાન, ધાર્મિક અને જ્ઞાની હતા. એક વખત ઝાડ નીચે એ ધ્યાન ધરતા હતા, એટલામાં એક ભરવાડ જંગલને મારગનો સો ગાયો ભરવાડને કર્મ ક્રમ યાદ આવવાથી જંગલ તેમને ભળાવી ગામમાં ગયો. પોતે તો ધ્યાનમાં હતા એટલે જંગલ ચરતા ચરતા દૂર નીકળી ગયા. ચોડી વારે ભરવાડ આવીને જુએ છે તો જંગલ ન મળે. તેથી તેણે ગુસ્સે થઈને મહાવીર સ્વામીના કાનમાં ખેતરી ખીલો ઠોક્યો, છતાં એમને જરા પણ કોપ થયો નહિ. છતવા મુશ્કેલ એવા અંદરના બધા શત્રુઓને એમણે જીતી લીધા, તેથી એમનું નામ મહાવીર પડ્યું. ત્રીસ વર્ષની ઉમરે તેમણે દીક્ષા લીધી અને સાડાબાર વર્ષ સુધી સખત તપ કર્યું, ત્યાર બાદ તેમને સત્ય જ્ઞાન થયું. તે પછી તે જૈન ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. જગતમાં રાગદ્વેષ અને વેરઝેર રુમી સમદૃષ્ટિ અને સમભાવ પ્રસરે એ હેતુથી પોતાના જીવનમાં ઉતારેલા સ્યાદ્વાદ સિદ્ધાંતનો મહાવીર સ્વામીએ ભારે પ્રચાર કર્યો હતો. એ સિદ્ધાંત પ્રમાણે દોષ કરનાર પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે વેરઝેર ન રાખતાં અનુકંપા અને ક્ષમા રાખવી એમાં જ આત્માની શુદ્ધિ છે. મહાવીર સ્વામીના ઉપદેશમાં કોઈ પણ જીવને હણવો નહિ એટલું જ નહિ પણ કોઈ જીવને દુઃખ પણ દેવું નહિ અને સર્વ પ્રાણી ઉપર દયા રાખવી એ મુખ્ય છે. આથી જૈન ધર્મ અહિંસા ધર્મને નામે ઓળખાય છે. જિનેન્દ્રિય એટલે જેણે ઇંદ્રિયો જીતી છે તે. એ ઉપરથી તીર્થંકર જિનેંદ્રિય ને જીનેંદ્ર અને જિન કહેવાયા. જિન એટલે તીર્થંકરને જે માને તે જૈન કહેવાય છે. વનસ્પતિમાં, હવામાં અને પાણીમાં પણ જીવો જીવ રહેલા હોઈને તેનો નાશ ન થાય એ માટે આ ધર્મમાં અહિંસા રાખવામાં આવે છે. મહાવીર સ્વામીનો એક એવો નિયમ હતો કે નાના ગામમાં પાંચ રાત કરતાં વધુ રહેવું નહિ. ચોમાસામાં નાનાં જંતુઓ પગ તળે દબાઈને મરી ન જાય એટલા માટે એક જ જગ્યાએ તેઓ રહેતા. અત્યારે પણ જૈન સાધુઓ ચોમાસામાં એક જ જગ્યાએ રહીને ચાતુર્માસ પાળે છે. આ ધર્મ ૧૧ જીવદયા અને અહિંસાના સિદ્ધાંતોનો પ્રચાર હિંદમાં ખૂબ થયો છે. સર્વ જીવો ઉપર દયા રાખવી, હિંસા ન કરવી, આચરણ રાખવું, પરલોકમાં પુણ્યપાપનાં ફળ ભોગવવાં પડે છે તેવો એમનો ઉપદેશ છે. મહાન મનોમંથન કરીને અનીંદિય જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેઓએ એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો કે, સર્વ પ્રાણી જીવવા ઇચ્છે છે, મરવાનું કોઈને ગમતું નથી. સૌને સુખ ગમે છે, દુઃખને કોઈ ઇચ્છતું નથી. આપણા સુખને માટે બીજાને નુકસાન કરવું એ હિંસા છે, પાપ છે આપણને એમ કરવાનો કોઈ અધિકાર નથી તેઓની આત્મભક્તિ વિષે કહેવાય છે કે, મહાવીર સ્વામી ગર્ભમાં હતા, ત્યારે તેમણે વિચાર કર્યો કે હું ગર્ભમાં હલનચલન કરીશ તો મારી માતાને દુઃખ થશે. તેથી બહેતર છે કે હું સ્થિર થઈ જાઉં. તેથી તેઓ સ્થિર થઈ ગયા. માતાને ખબર ન હતી કે મારા ગર્ભમાં તીર્થંકરનો જીવ છે અને તેણે મારાં કષ્ટનો ખ્યાલ કરીને હલનચલન બંધ કર્યું છે. ગર્ભને સ્થિર દેખી તેણે વિલાપ કરવા માંડ્યો. ભગવાનના સ્થિર થવાની ઊલટી અસર થઈ. માતાને વિલાપ કરતી જોઈને ભગવાન ફરી હલનચલન કરવા લાગ્યા. માતાને સંતોષ થયો કે મારો ગર્ભ મોજૂદ છે. પણ ભગવાને વિચાર્યું કે હજુ મારો જન્મ થયો નથી અને હું માતાના ઉદરમાં છું, ત્યાં મારા માટે આટલો મોહ છે, પણ હું જન્મીશ ત્યારે માતાને કેવો અને કેટલો મોહ થશે, મારા ઉપર કેટલો વાત્સલ્યભાવ થશે. હું મોક્ષગામી છું, તીર્થંકર છું. પણ પ્રતિજ્ઞા કરું છું કે જ્યાં સુધી મારા માતાપિતા જીવતા રહેશે, ત્યાં સુધી દીક્ષા નહિ લઉં વળી એમ પણ મનાય છે કે, મહાવીર સ્વામી આજથી અઢી હજાર વર્ષ પહેલાં આ ભૂમિ ઉપર જન્મી ગયા હતા. એમણે જે બોધ આપ્યો હતો, એ નાશવંત ન હતો. મહાવીર સ્વામી જૈન ધર્મના સ્થાપનાર ગણાય છે, પણ જૈનો માને છે કે તેમનો ધર્મ ઘણો જૂનો છે. એમના જન્મ પહેલાં પણ હજારો વર્ષ અગાઉ જૈનવિચારસરણી હયાત હતી. ઋગ્વેદમાં ભગવાનની પ્રાર્થનામાં એકાદ જગ્યાએ કહેવાયું છે કે: હે અર્હ, તું આ તુચ્છ દુનિયા ઉપર દયા કરે છે. આ વાક્યમાં અર્હ અને દયા બંને શબ્દો જૈન લોકોના માનીતા શબ્દો છે. ગાયીજી લખે છે કે: જે દુનિયાને જીતે છે તે વીર કહેવાય છે. અને મહાવીર તે કહેવાય કે, જે પોતાની જાત ઉપર જીત મેળવી દુઃખમાં સાગર ભળી જાય તેમ દુનિયાના હૃદયમાં ભળી જાય.
૨. પું એ નામનો એક અમિતિયાર. તે ઇ. સ. ૮૦૫માં થઈ ગયો મનાય છે.
૩. પું એક પ્રકારનું ઝાડ; વીર વૃક્ષ.
૪. પું (જૈન) કામાદિ દોષને જીતનાર પુરુષ
૫. પું. કાનો બોડો
૬. પું. કોયલ
૭. પું. ગરુડ
૮. પું. ગૌતમ બુદ્ધનું એક નામ
૯. પું. તીરંદાજ; ધનુર્ધર.
૧૦ પું. દેવતા.
૧૧. પું બોળો બોડો; સફેદ બોડો
૧૨. પું (પુરાણ) મહાભારતમાં જણાવેલ દુર્યોધન પક્ષનો એક રાજા.

૧૩. પુ. મોટો વીર એટલે પરાક્રમી પુરુષ.
૧૪ પું મદનું પાત્ર
૧૫. પું. મદનો અગ્નિ.
૧૬. પું. વજ્ર.
૧૭. પુ. વિષ્ણુનું એક નામ.
૧૮. પું સિંચાણો; બાજ.
૧૯. પું. સિદ્ધ.
૨૦. પુ. (પુરાણ) સ્વાયંભુવ મનુના દીકરા પ્રિયવ્રતના દસ માંહેનો મોખો પુત્ર. પ્રિયવ્રત વિશ્વકર્મા નામના પ્રજાપતિની બર્હિષ્મતી નામની કન્યાને પરણ્યા, તેથી તેને આગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ નામના દસ પુત્રો અને ઊર્જસ્વતી નામની કન્યા થઈ
૨૧. પું. હનુમાન.
૨૨. વિ. બહુ જ બળવાન; મહાન શરીર.
૨૩. વિ. (જૈન) ભાવવીર્યવાળું.

મહાવીરચરિત ૧. [સં.] ન. જૈનના તીર્થંકર મહાવીર સ્વામીના જીવનચરિત્રનું પુસ્તક
૨. ન. ભવભૂતિએ રચેલું એક વીરરસ નાટક. તેમાં રામચંદ્રજીના જન્મથી રાવણના વધ સુધીનું રામનું પરાક્રમ વર્ણવેલું છે. આ નાટકને પૂર્વરામચરિત પણ કહે છે.

મહાવીરજયંતી ૧ સ્ત્રી. (જૈન) મહાવીર સ્વામીનો જન્મદિવસ; ચૈત્ર સુદિ ૧૩.
૨. સ્ત્રી. હનુમાનનો જન્મદિવસ.

મહાવીર રાઇ પું. મહાવીરથી થઈ ગયેલ રાજા.

મહાવીરસ્વામી પુ. (જૈન) એ નામના એક તીર્થંકર. જુઓ મહાવીર ૧.

મહાવીરા [સં] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ. વીરા એટલે ઉંબા. ક્ષીરકાકોલીને મોટા મોટા ઉંબાની જેમ પીંછાના આકારનાં પાદડાં થાય છે, માટે તેને મહાવીરા કહે છે.

મહાવીર્ય ૧. પું. તામસ મન્વંતરનો એ નામનો એક ઇંદ્ર.
૨. [સં.] પું. પરમેશ્વર.
૩. પું. બહ્મા.
૪. પું. વારાહીકંદ; કુક્કુરકંદ; એક જાતની વનસ્પતિ.
૫. પું. (પુરાણ) વિદેહવંશી ધૃષ્ટકેતુ અથવા દેવરાતિ જનકનો એ નામનો એક પુત્ર. તેના પુત્રનું નામ સુપ્રતિ હતું.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે મહાન પરાક્રમી હોવાથી મહાવીર્ય કહેવાય છે. સંસારની ઉત્પત્તિના કારણરૂપ અવિદ્યા ભગવાનનું મહાન વીર્ય છે, તેથી પણ વિષ્ણુને મહાવીર્ય કહે છે.
૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૮. પું. સૂર્યનું એક નામ.
૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન મનુ રાજાના પાંચ માંહેનો ત્રીજો પુત્ર. તેનો પુત્ર દુરિતક્ષય હતો.
૧૦. વિ. મહા વીર્યવાળું; મહા પરાક્રમી; મોટા બળવાળું; બહુ જોરાવર.

મહાવીર્યા ૧. [સં.] સ્ત્રી. જંગલી કપાસ.
૨ સ્ત્રી. મહાશતાવરી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. સૂર્યની પત્ની; સંજ્ઞા.

મહાવૃક્ષ ૧. [સં.] પું. કરંજનું ઝાડ.
૨. પું. તાડનું ઝાડ.
૩. પું. થોર.
૪. પું. મોટું ઝાડ.
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

મહાવૃત્ત [સં.] પું. ઊભા આકડાના ૭ માંહેનો એક જાતનો સાંધો.

મહાવૃત્તી [સં. મહાવૃત્તિન્] પું. તપસ્વી; સાધુ.

મહાવૃષા [સં.] સ્ત્રી. કાળી મૂસળી.

મહાવૃહતી [સં.] સ્ત્રી. રીંગણી; રીંગણી.

મહાવેગ ૧. પું. ગરુડ.
૨. પું. (જૈન) મહોરગ નામના વ્યંતરના દસ માંહેનો એક પ્રકાર. ભુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેત્પક્ષ, મેરુકાંત અને ભાસ્વંત એવા વ્યંતરના દસ પ્રકાર છે.
૩ [સં.] પું. મોટો વેગ
૪ પું. વાંદરો.
૫. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૬. ન. (જૈન) એક પ્રકારનું ભૂત. ભૂતના નવ પ્રકાર છે: સરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતિછન્ન અને આકાશગ.
૭. વિ મોટા વેગવાળું.

મહાવેગવતી [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર માંહેનું એક નામ.

મહાવમા [સં.] સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

મહાવેધ [સં.] સ્ત્રી. હઠયોગની એક મુદ્રા. મહાબંધ મુદ્રા કર્યા પછી ઊંડુપ્રાનબંધ મુદ્રા કરી કુંભક પ્રાણાયામથી વાયુનો નિરોધ કરવો તેને મહાવેધ મુદ્રા કહે છે. વળી મહાબંધ મુદ્રાની જેમ પગની સ્થિતિ રાખી એકાગ્ર થઈ

મોગીએ નાસિકાનાં બંને છિદ્રોથી પૂરક કરી વાયુની ઉપર નીચેની ગતિને જાલંધરબંધથી રોકવી અને દૃષ્ટિ ભ્રૂમધ્યમાં રાખવી. પછી બંને હાથની હથેળીઓ બંને પડખે ભૂમિને અડાડીને તે વડે શરીરને ઓછું ઊંચું નીચું કરવું, મૃગબંધ મુદ્રા રાખવી અને અનુક્રમે બંને પગની પાનીથી મીંઢણીને દબાવવી. આમ કરવાથી પવન મોટા પ્રમાણમાં લાભ કરી સુષુમ્હામાં પ્રવેશ કરે છે. તેથી પણ આ મુદ્રા થાય છે. તેનો અભ્યાસ કરવાથી અણિમાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તથા શરીરમાં પક્ષઘાતની ગાંમડીની કરમલી વગેરે દોષ તે તથા પ્લીહા અને ગુલ્મરોગ પણ મટે એમ કહેવાય છે.

મહાવેધા સ્ત્રી પાંચ કરતાં વધારે પુરુષોનો સમાગમ સાધનારી સ્ત્રી

મહાવ્યથા ૧ [સં] સ્ત્રી. ઘણી વેદના; મોટી પીડા.
૨. સ્ત્રી. મોટા પ્રકારની શરીરને થયેલી ઈજા. અને ૧૮૬૦ના વિક્રુતાનના ફોજદારી કાયદાની કલમે નીચેના પ્રકારની વ્યથાને મહાવ્યથા એવું નામ આપેલું છે: પરપત્નીનો નાશ; જેમ થી કોઈ પણ અંગની જોવાની શક્તિ અથવા બોલવાની શક્તિ અથવા કોઈ અવયવ અથવા સાંધાની ગતિ કાયમ માટે જતી રહે, કોઈ અવયવ અથવા ચહેરાની કાયમને માટે બદસૂરત કરવી. કોઈ હાડકાનું અથવા દાંતનું ભાંગવું અથવા ખસી જવું. જે વ્યથાથી જિંદગી જોખમમાં આવે અથવા જેથી વીસ દિવસની મુદત સુધી વ્યથા થયેલા માણસને શરીરનું દુઃખ ભમવું પડે અથવા તે પોતાનો હમેશાનો ધધો કરવામાં અશક્ત રહે.

મહાવ્યાધિ ૧. [સં.] પું. કોઢનો રોગ.
૨ પું. ક્ષય રોગ
૩ પુ મહાન રોગ.

મહાવ્યાહૃતિ ૧. [સં] સ્ત્રી. ઉપરના સાત માંહેના ભૂઃ, ભુવઃ અને સ્વઃ એ ત્રણ લોક
૨ સ્ત્રી. હવનવિધિમાં બોલાતો એ નામનો એક મંત્ર
૩. સ્ત્રી વૈદિક પ્રયોગમાં ભૂઃ, ભુવઃ અને સ્વઃ એ ત્રણ મંત્ર.

મહાવ્યૂહ [સં.] પું. એક પ્રકારની સમાધિ.

મહામજ્જ ૧. પું. વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.
૨. [સં.] ન. મોટો જબ્બર; મોટું ગૂમડું; દુષ્ટ વ્રણ

મહાવ્રત ૧. [સં.] ન અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતનો સમૂહ.
૨. ન કોઈ પણ મુખ્ય નૈતિક ફરજ કે ધર્મ, જીવનની અનિવાર્ય ફરજ.
૩. ન. (જૈન) મોટું વ્રત; જૈન સાધુનાં પાંચ મોટાં વ્રત; ખૂબ કડક વ્રત. અલ્પ અંશે વિરતિ તેને અણુવ્રત અને સર્વાંશે વિરતિ તે મહાવ્રત કહેવાય છે જૈન સાધુનાં મહાવ્રત પાંચ છે:—પ્રાણાતિપાત વિરમણ એટલે કોઈ જીવનો વધ કરવો નહિ, અહિંસા પાળવી, મૃષાવાદ વિરમણ એટલે મને તેવું કષ્ટ આવી પડે તેમ હોય તોપણ અસત્ય બોલવું નહિ, અદત્તાદાન વિરમણ એટલે કોઈની અણઆપેલી નજીવી ચીજ પણ લેવી નહિ; મૈથુન વિરમણ એટલે મન, વચન, કાયાએ કરી બ્રહ્મચર્ય પાળવું, વિષય સુખ ભોગવવું નહિ. અને પરિગ્રહ વિરમણ એટલે કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, પદાર્થ ઉપર મૂર્છાભાવ રાખવો નહિ જૈન સાધુએ આ પાંચ મહાવ્રત પાળવાનાં હોય છે.
૪ ન. વેદની એક ઋચાનું નામ.
૫. ન. શારદકાળમાં દુર્ગાપૂજન વગેરેનું બાર વર્ષનું એક વ્રત. તે બાર વર્ષ સુધી પાલે છે.
૬. ન. (સંગીત) પાંચનું એક તાન; ષડ્જ ગ્રામમાં ઋષભ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.
૭. ન. સૂર્યનું રશ્મિમંડલ
૮. વિ. મહાન વ્રત પાળનાર

મહાવ્રતધારી [સં. મહાવ્રતધારિન્] વિ મહાવ્રત અંગીકાર કરનાર; સર્વથા અહિંસા પાલન, સૂક્ષ્મ તિસૂક્ષ્મ સત્યપાલન, ચોરીનો ત્યાગ, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન અને પરિગ્રહનો ત્યાગ એ પાંચ મહાવ્રત પાળનાર.

મહાવ્રતી ૧. [સં. મહાવ્રતિન્] પું. શિવ તેમજ મનુષ્યની ખોપરીમાં ખોરાક ખાવાનું મહાવ્રત સેવ્યું હતું
૨. વિ. જેણે મહાવ્રત ધારણ કર્યું હોય એવું.

મહાશંકર ૧. પું. કર્તિકસ્વામી.
૨. પું. (પુરાણ) કૃષ્ણને સત્યભામાથી થયેલો એ નામનો પુત્ર.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિષ્ણુને સર્વશક્તિઓમાં મોટી એવી ચૈતન્યશક્તિ અથવા મોટી શક્તિવાળા કહેવામાં આવ્યા છે.
૪. પું. શિવ.
૫. [સં.] સ્ત્રી. મોટી શક્તિ.
૬. સ્ત્રી. મોટી શક્તિવાળી દેવી.
૭. સ્ત્રી. શિવની પત્ની.
૮. ન. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું રસાયણ.
૯. વિ. મોટી શક્તિવાળું.

મહાશાક ૧ [સં.] પું. એક જાતની વનસ્પતિ; રાજબતૂહો; પીળો બતૂહો.
૨. વિ. ઘણું ખુચ્ચું

મહાશતાવરી [સ ` સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શતમૂલી; અર્ધકટિકા; સહસ્રમૂલિકા. તેનાં મૂળ દવામાં ઉપયોગી છે.

મહાશત્રુ ૧. પું. (પુરાણ) કંસના પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૨. [સં] પું. વિષ્ણુનાં હજાર મહેનું એક નામ. કહ્યાને સર્જીને તે અમે છે તેથી તે મહાશત્રુ કહેવાય છે.
એ જ છે કામ ને ક્રોધ રજોગુણ થકી થયો.
મહાશત્રુ મહાપાપી જાણ એને જ વેરી તું
નીલાનુપ્રેક્ષણ
૩ ન અત્યંત શત્રુ
૪. વિ અતિ ખરાબ

મહાશરીર ન. મોટું શરીર.
વનસ્પતિમાં દર્ભ, ઔષધિમાં વડ, શાકમાં વટાણા, ઝરેયમાં મહાશરીર ભાટવા પદાર્થો માણસોને આહ કરવા યોગ્ય છે.
પ્રાણ.ન.ટી

મહાશાખ ૧. [સં.] પું. પંખેર.
૨. પું મોટી શાખા.

મહાશય ૧. [સં. મહા + આશય] પું ઉચ્ચ આશયવાળો માણસ. મહાશય શબ્દ હાલમાં ગુજરાત લેખકો વગેરેમાં બહુ રૂઢ થયો જણાયો છે. સર એટલે સાહેબ એ અર્થમાં તેની રૂઢતા બંગાળીમાં છે. મૂળ સંસ્કૃતમાં તેવી રૂઢતા છે જ નહિ. તેમાં તો ઊંચા આશય એટલે મનોરથ, ઉદ્દેશ, સદ્‌ભાવો કે એવો જ અર્થ થાય. આ બંગાળી રૂઢ થયેલા અર્થમાં મહાશય શબ્દ પહેલવહેલાં સ્વ. નારાયણ હેમચંદે ગુજરાતી સાહિત્યમાં અને નિત્ય વાર્તાલાપમાં દાખલ કર્યો. એ પછી દેખાદેખી વગેરે ગ્રન્થોથી મહાશય એ સાહેબના અર્થમાં પણ લોકો વાપરવા લાગ્યા છે.
૨. પું. જી જેવો એક માનવાચક શબ્દ. જેમકે, માસ્તર મહાશય.
૩. પું. સમુદ્ર.
૪. પું. સાહેબ; સદ્‌ગૃહસ્થ; સજ્જન; ગૃહમાન; આર્ય.
૫. વિ. કુલીન; ખાનદાન.
૬ વિ. મોટા ઉદાર મનનું; ઉચ્ચ મુખ અને ઉચ્ચ વિચાર કે હેતુવાળું.
૭ વિ. શ્રેષ્ઠ; સોથી સારું.

મહાશયતા [સં.] સ્ત્રી. મહાશય તરીકેના ગુણ કોસ તે; મહાશય હોવાપણું.

મહાશયત્વ જુઓ મહાશયતા.

મહાશયા [સં.] સ્ત્રી. ઉચ્ચ આશયવાળી સ્ત્રી.

મહાશયી જુઓ મહાશય

મહાશય્યા ૧. [સં.] સ્ત્રી. મોટી શય્યા; સેજ.
૨. સ્ત્રી સિંહાસન
૩. સ્ત્રી. ઢોલી.

મહાશર [સં.] ન. મોટું બાજુ.
પ્રેમની પખિણી ઉચ્ચારતાં જ ભૂકુટિ આપમાંથી
મહાશર છોડયું ને ઉઘાડું દેવું થંધ્યું.
નાનાલાલ

મહાશરયંત્ર [સં] ન બાજુ હેઠળનું એક મોટું યંત્ર. ખાનદાન્ય

મહાશલ્ક [સં.] ન. એક જાતનું માછલું.

મહાશંકુ [સ.] ન. દશ મહાપદ્મ જેટલી સંખ્યા. ચૌદમા અંકડાની સંખ્યા.

મહાશંખ ૧ પું. એક મોટી સંખ્યા; અબજ.
૨. [સં] પું. (પુરાણ) કદ્રુ પુત્ર એક નાગ. તે માગશર માસમાં આપતા સૂર્યની સાથે સંચાર કરે છે
૩. પું. કુબેરનો એક ભંડાર.
૪. પું માણસની ખોપરીનાં હાડકાની બાજુ.
૫. પું મોટો ખીલો
૬ પું મોટો શંખ.
૭. પું તલવાર, કપડી
૮ ન કાન અને આંખની વચ્ચેનું હાડકું.

મહાશઃ પું. (પુરાણ) કૃષ્ણને સત્યભામાથી થયેલો એ નામનો પુત્ર

મહાશા [સં] સ્ત્રી. મોટું ખાનદાની ઘરાણું.

મહાશાખા ૧ [સં.] સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ
૨. સ્ત્રી મોટી ડાળી

મહાશાલ ૧. [સં] પું કેકય દેશના અધિપતી રાજા જનમેજયનો પુત્ર
૨. પું. મોટો ગૃહસ્થ
૩. પું સંપ્રદાય પ્રવર્તક આચાર્ય.
૪. ન. હિમાલયના દક્ષિણ ભાગનું એ નામનું એક વન.

મહારાલા [સં મહત્ + (મોટું) + શાલા (નિશાળ)] સ્ત્રી. મોટી નિશાળ; 'કૉલેજ'

મહારાલી ૧ પું ગાળાનો મહોર.
૨ [સં] પું ચોખાની એક ઊંચી જાત.

મહારાસન ૧ [સં] પું. રાજાનો મંત્રી.
૨ ન રાજાની આજ્ઞા
૩ વિ જેના ફરમાન મહાન હોય તેવું.
૪ વિ મહા સત્તાધારી

મહારાળા જુઓ મહારાલા.

મહારિશ્યશૃંગ [સં.] ન. સાથળના હાડકાંના મધ્ય ભાગના ઉપલા ભાગ ઉપર આવેલું લગભગ ચોખંડું હાડકું.

મહારિશિરા ૧ [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. પું (પુરાણ) વરુણ લોક મહેનો એક નાગ.
૩. સ્ત્રી મુખ્ય શિરા.

મહારિશિરાછિદ્ર [સં.] ન. મધ્ય પ્રાચીરા નામની પેશીમાં સૌથી ઊંચી જગ્યાએ તથા મહેજ જગ્યાથી બાજુ ઉપર આવેલું છિદ્ર. તેમાંથી અધરામહારિરા ખોપરીની અંદર પેસે છે.

મહારિરાલા [સં.] સ્ત્રી. એક જાતનું હથિયાર

મહારિરાચરાત્રિ [સં.] સ્ત્રી. મહા વદિ ચૌદશની રાત્રિ. તે હરખાની રમણ રાત્રિ છે. તેના વર્ણના પ્રભાવે પારધી અને હરણાં શિવલોક સિધ્યાં હતાં. એક વિશાળ વનમાં રંગિયામણા તળાવ પાસે ઘેટલાંક હરણ રહેતાં હતા. તળાવને કાંઠે એક બીલીનું ઝાડ હતું. ઝાડ નીચે મહાદેવનું લિંગ હતું. માઘ માસની કૃષ્ણચતુર્દશીની સાંજે એક ભૂખ્યો પારધી ત્યાં આવી ચઢ્યો. શિકાર ન મળવાથી ઘરનાં બચ્ચાં ભૂખ્યાં રહેશે એ વિચારે તે દુઃખી થતો હતો. કોઈક શિકાર મેળવવાની આશાએ રાત્રિ તે બીલીવૃક્ષ ઉપર ગાળવા જોડે નિશ્ચય કર્યો. રાત પડી એટલામાં આગ હરણનું ટોળું તળાવમાં પાણી પીવા આવ્યું. હરણ શિવભક્ત હતાં. પારધીને દિસા કરતો અટકાવી પોતાના બાળબચ્ચાને મળી આવી, સૂર્યોદય પહેલાં આવી જવા હરણોએ પારધીને વચન આપ્યું પારધીએ ઘેટલીક રટક ફળી રહ્યા આવી. સૂર્યોદયનો સમય થતાં જ હરણનું એક મોટું ટોળું ત્યાં આવી પહોંચ્યું. બાળબચ્ચાં અને સગાંવહાલાંને પોતાનો નિશ્ચય જણાવતાં બીજાં હરણો પણ સ્વેચ્છાએ જીવન બલિદાન આપી મોક્ષ મેળવવા તૈયાર થયાં. આથી પારધીની હિંસાવૃત્તિ ગળી ગઈ. આખા દિવસના ઉપવાસ અને જાગરણથી પારધીને તથા પ્રતિબોધાયેલા પશુઓ હરણોને શિવ પ્રસન્ન થયા. કૈલાસથી એક મોટું વિમાન ઊતરી આવ્યું. પારધી અને હરણાં તેમાં બેસી શિવલોક ગયાં. આજે પણ આકાશમાં તેઓ દિવ્યરૂપે પ્રકાશી છે. દરેક મહિનાની અંધારી ચૌદશ શિવરાત્રિ કહેવાય છે, પણ મહા મહિનાની અંધારી ચૌદશ તો શંકરને અતિ પ્રિય દિવસ છે તેથી તેને મહાશિવરાત્રિ કહેવાય છે. આ દિવસે દ્વાદશ જ્યોતિર્લિંગની ઉત્પત્તિ થઈ છે. વળી દ્વાપર યુગનો પ્રારંભ પણ તે જ દિવસે થયો છે.

મહારિરાળી [સં.] સ્ત્રી. અર્જુનનો વેલો.

મહારીત ૧. [સં.] ન. ઘણી ઠંડક; બહુ ટાઢ
૨. વિ. અત્યંત શીતળ; બહુ ઠંડું

મહારીતા [સં.] સ્ત્રી. ગળતમૂલી વનસ્પતિ

મહારીલ પું. (પુરાણ) સોમવંશી અનુકુળના જનમેજયનો એ નામનો પુત્ર.

મહારુક્ષ ૧. [સં.] સ્ત્રી. મોટી છીપ.
૨. સ્ત્રી. મોતીની છીપ.

મહારુક્ષ ૧. પું. (જૈન) બાર માહેનો સાતમો કલ્પ. આ દેવલોકમાં દેવોની સ્થિતિ સત્તર સાગરોપમની છે. બ્રહ્મલોકની ઉપર ક્રમથી લાંતક, મહાશુક્ર અને સહસાર એ બધા કલ્પ આકાશીગંગાની ઉપર છે
૨. પું. (જૈન) સાતમા દેવલોકમાં રહેનાર દેવતા.
૩ ન. (જૈન) સાતમા દેવલોકનું એક વિમાન.

મહારુક્લ [સં.] પું. અતિ ઉજ્જવળ સર્પ અને ચંદ્ર.

મહારુક્લા [સં.] સ્ત્રી. સરસ્વતી; શારદા.

મહારુદ્ર ૧. પું. (સંગીત) રાગનો એક પ્રકાર. જે રાગરાગણીમાં કોઈ પણ બીજો રાગરાગણીનું મિશ્રણ ન થતું હોય અને તેની એક પણ શ્રુતિ બીજા કોઈ રાગમાં બનતી ન હોય અને તમામ શ્રુતિ પોતપોતાના સ્વર ઉપર કાયમ હોય તેવા રાગને મહારુદ્ર કહે છે.
૨ ન. રૂપું, રજત.
૩. [સં.] વિ. અત્યંત શુદ્ધ; બહુ પવિત્ર

મહારુજાદાચી [સં. મહારુજાદાચિન્] વિ. ઘણું સારું કામ આપનાર.

મહારુજાસ્થાન [સં.] ન. ઘણું સારું ઠેકાણું.

મહારુજા ૧. [સં.] ન. રૂપું; રજત; ચાંદી.
૨ વિ. ઘણું ધોળું.

મહારુદ્ર ૧. [સં.] પું. ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત થયેલ શૂદ્ર.
૨. પું. ગોવાળ; ભરવાડ.
૩. પું. મોટો નોકર.

મહારુદ્રી ૧. [સં.] સ્ત્રી. આહીરણ; રબારણ; ગોવાળણ; આભીરી.
૨. સ્ત્રી. ભરવાડણ; ભરવાડની સ્ત્રી; ભરવાડની જાતિમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.

મહારુન્ય [સં.] ન. આકાશ.

મહારુર [સં] વિ. ઘણું પરાક્રમી.

મહારુંગ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રલય સમયે ભગવાને મત્સ્યરૂપ ધારણ કરીને પોતાના જ મુખમાં નાવ બાંધી પ્રલય સમુદ્રમાં ક્રીડા કરી હતી, તેથી તે મહામુખ કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે, મત્સ્યાવતાર લેનારા મોટા શિંગડાવાળા તથા હજારના મસ્તક ઉપર શિંગડા જેવી અર્ધચંદ્રાકાર બિંદુ માત્રા ધારણ કરનાર વિષ્ણુને મહામુખ કહે છે
૨. ન. મોટું શિંગડું
૩. ન. સાગર; એક જાતનું મોટાં શિંગડાંવાળું હરણ.

મહારુંગી ૧. [સં. મહામુંગિન્] વિ. મોટા શિંગડાંવાળું
૨. જુઓ મહામુગ.

મહારૌક્ષ પું. કુકુમિ પ્રદેશમાં આવેલો એ નામનો એક પર્વત.

મહારાણ [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી; શોણ નદી.

મહારશાન ૧. [સં.] ન. કાશી નગરીનું એક નામ; અનારસ.
૨. ન. મોટું સ્મશાન.
૩. ન સમગ્ર કર્મ સહિત જીવનનો નાશ થાય તેવું ક્ષેત્ર.

મહારશાખા ૧. [સં.] સ્ત્રી. કાળી ઉપલસરી.
૨. સ્ત્રી. સીસમનું ઝાડ.

મહારશ્રમ ૧. [સં.] પું. કર્તિક સ્નાની
૨. પું. ઘણી મહેનત.
૩. પું. વિષ્ણુ.

મહારશ્રમણ ૧. [સં.] પું જૈન સાધુ.
૨. પું ભગવાન બુદ્ધનું એક નામ.

મહારશ્રમતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

મહારશ્રાવક પું. મુખ્ય જૈન શ્રાવક.

મહારશ્રાવણિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોરખમુંડી.

મહારશ્રાવણી જુઓ મહાશ્રાવણિકા.

મહારશ્રેષ્ઠી [સં. મહાશ્રેષ્ઠિન્] પું ધનાઢ્ય વેપારી.

મહાધ્યાસ ૧ પુ છેલ્લો શ્વાસ તે મનુષ્ય મરણે ચડે છે.

૨ પુ. નિ:શ્વાસ; ઊંડો નિસાસો નાખ્યો તે.

૩. પુ. શ્વાસ રોગનો પાંચ ભાંદેનો એક પ્રકાર.

મહાધ્વેતા ૧. [સં.] સ્ત્રી અપરાજિતા નામની વનસ્પતિ.

૨. સ્ત્રી અપ્સરા.

૩. સ્ત્રી. એક જાતનું કોળું; ભારોઠું.

૪. સ્ત્રી કાદંબરીની એ નામની સખી.

૫ સ્ત્રી ખડ

૬. સ્ત્રી દુર્વા

૭ સ્ત્રી વિદારી નામની વેલ, ક્ષીરવિદારી. ભૂમિકુષ્માંડવલ્લરી.

૮. સ્ત્રી, સરસ્વતી; શારદા.

૯. વિ સ્ત્રી. ધોળી ચોળી.

મહાધ્વજસિંદુ તૈલ [સં.] ન. (વૈદક) એક પ્રકારનું આયુર્વેદિક તેલ. તે માથાના રોગ મટાડવું મનાય છે

મહાધષ્ઠી [સં.] સ્ત્રી. દુર્ગા.

મહાષ્ટમી [સં] સ્ત્રી આસો સુદિ આઠમનો દિવસ. તે દિવસે ભદ્રકાળીનું પૂજન થાય છે

મહાસતી ૧. [સં.] સ્ત્રી. અતિ પવિત્ર સ્ત્રી.

૨. સ્ત્રી. આરણ્યા; જૈન સાધ્વીજી

મહાસત્તા સ્ત્રી. મુખ્ય સત્તા; વિશ્વવ્યાપી સત્તા. સમસ્ત પદાર્થોના અસ્તિત્વ ગુણને પ્રકાશ કરવાવાળી સત્તાને મહાસત્તા કહે છે. તેમાં બધા જીવો અને પદાર્થોની સત્તાનો સમાસ થાય છે.

મહાસત્ત્વ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. રાજા; મહાદેવ.

૩. પું. બોધિસત્ત્વમુનિ.

૪. વિ. ઘણું જ સાત્ત્વિક; મહાપુરુષ.

૫. વિ બહુ ભાગ્યવાન.

મહાસત્ય [સં.] પુ. યમરાજ.

મહાસત્ર [સં.] પું. મોટો યજ્ઞ.

> મહારાષ્ટ્રના **મહાસત્રની** શરૂઆત થયા બાદ ન. કાશિનાથ દીક્ષિતે પોતાના પ્રદેશનાં ઐતિહાસિક સાહિત્ય, લોકસાહિત્ય વગેરેની કીમત પૂરેપૂરી આંકી તેને પ્રસિદ્ધિમાં લાવવા માટે એકસામટો પ્રયત્ન આદર્યો છે. કુમુદશંકર મનેરી

મહાસન ૧. પું. શાકદ્વીપનો એક પર્વત.

૨. [સં.] ન. સિંહાસન.

મહાસખ [સં.] પું કુબેર

મહાસખો ૧. પું. સમજૂતી; ખુલાસો

૨ [અ. મુહાસ્બહ] પું. હિસાબ

મહાસભા ૧ [સં] સ્ત્રી પ્રજાજનોની મોટી બેઠક; પ્રજકીય પરિષદ. મોટી વિદ્વત્સભા.

૨ સ્ત્રી હિંદની રાષ્ટ્રીય સભા; 'કૉંગ્રેસ.' તે હિંદની જનતામાં જૂની રાજદારી કાર્ય કરનારી રાષ્ટ્રીય સંસ્થા છે. અનેક લડતો કરી તેણે અહિંસાને રસ્તે આઝાદી મેળવી. કૉંગ્રેસે રાજકીય સ્વતંત્રતા સિદ્ધ કરી, પણ દેશની આર્થિક વગેરે સ્વતંત્રતા, સામાજિક સ્વતંત્રતા તેમ જ નૈતિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું હજી ઘણું બાકી છે એ બધું પ્રાપ્ત [illegible] કરવાનું કામ મહાસભા કરે કે મહાસભાને ટેકો આપનાર પક્ષ કરે, [illegible] મહાસભા પ્રજાની નોંધ લે છે. મહાસભા પ્રજાને સામાન્ય રીતે નવો માર્ગ નથી બતાવતી, એ મહાસભાનું કામ મહાસભાનું નથી. મહાસભાની પ્રતિષ્ઠા જ તેના પ્રજામતનું પ્રતિબિંબ હોવામાં રહેલી છે મહાસભા એ પ્રજાસત્તાકનું પ્રતિબિંબ છે મહાસભાના ઠરાવો આખા દેશને સારુ દરબારીકના જેવા હોય છે. અમુક પ્રજાની જરૂરિયાતો માટે તેમાં બહુ ઊંચોય રહેતી હોય એ સમજી શકાય એવું છે. મહાસભાના એક પ્રતિનિધિ વિશેનો માર્ગ આદર્શ એવો છે કે એનું ખાનગી તેમ જ જાહેર ચારિત્ર્ય સંપૂર્ણ નિષ્કલંક હોવું જોઈએ, તેને મહાસભાના કાર્યક્રમની દૃષ્ટિએ પોતાના જિલ્લામાં કેટકટલું કામ થયું છે અને શી સ્થિતિ છે એની વિગતવાર ખરી માહિતી હોવી જોઈએ. તેને બીજાને કાંઈ આપવામાં મુકેલી ન જણાય એટલું કાંતતાં અને વણતાં આવડવું હોવું જોઈએ. પોશાકમાં તે હમેશા હાથ કતામણી ખાદીનો જ ઉપયોગ કરનારો હોવો જોઈએ. રાષ્ટ્રીય ધ્વજની મૂર્તિને સારુ તેમ જ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી એકતાને સારુ અહિંસા એ જ એક માત્ર ઉપાય છે એની એને દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ.

> **મહાસભા** જ એની સંસ્થા છે, એની પાસે તો બધા સરખા છે, હિંદુ હો કે મુસલમાન કે કોઈ પણ જાત. તો પછી મહાસભાએ જે નીચે રહ્યા હોય, તેને ઊંચે લાવી જગાવવા, ને સરખા થવાને સારુ, જે ઉંચે ચઢી બેઠા હોય તેને નીચે ઉતારવા, ને જે પાછળમાં હોય, તેને તેમાંથી ખેંચી લેવા રચ્યા. આમ થતાં ગમખ્વાર માર ખાતી રહેશે. નથી હિમાલયની ટોચ પર રહેવાનું, નથી પાતાળમાં, બધાએ પૃથ્વીની સુંદર સપાટી પર રહેવાનું છે. આ મહાસભાની પ્રતિજ્ઞા છે
> ગાંધીજી

મહાસભાવાદ [સં.] પું. મહાસભાનો મત કે સિદ્ધાંત.

મહાસભાવાદી [સં. મહાસભાવાદિન્] વિ. મહાસભાના ઉદ્દેશને માનનાર.

મહાસમસ્ત [સં.] પું. આખી પ્રજા. કુલ વર્ણાશ્રમ

મહાસમિતિ ૧. [સં.] સ્ત્રી મહાસભાને લગતું મહત્ત્વનું મંડળ.

૨. સ્ત્રી મોટી સમિતિ

મહાસર [સં] ન. છ માઇલનું એક જાતનું તળાવ

> જે તળાવ ચારે બાજુએ આવેલ હોય તેને **મહાસર** કહેવાય છે. રમણલાલ

મહાસરટી [સં. મહત્ + સરટી (ગરોળી)] સ્ત્રી પૃથ્વી ઉપરથી નાબૂદ થયેલું એક જાતનું પ્રાણી; 'મેગાલોસૉરસ'.

મહાસરસ્વતી [સં.] સ્ત્રી ત્રણ બહેનોમાં એક મુખ્ય દેવી; પહેલી સ્ત્રી. મહાકાળી, મહાલક્ષ્મી ને મહાસરસ્વતી એ ત્રણ મુખ્ય દેવીઓ છે

મહાસરી સ્ત્રી. ચંદનનું સુખડ

મહાસર્ગ [સં.] પું. મહાપ્રલય પછી ફરીથી થતી જગતની રચના

મહાસર્જ [સં.] ન. અસનવૃક્ષ. કણસનું ઝાડ.

મહાસર્વજ્ઞ [સં.] વિ જેનાથી કોઈ બાબત મૂલ્ય છાની નથી એવું; કેવળજ્ઞાની.

મહાસર્વતોભદ્ર [સં.] ન. (જૈન) તપસ્યીઓ તપશ્ચર્યા આચરવામાં આવતું એક પ્રકારનું વ્રત

મહાસાલ ૧. [સં.] ન. અસનવૃક્ષ. કણસનું ઝાડ.

૨ વિ. બહુ સહનશીલ.

મહાસહા ૧. [સં] સ્ત્રી અતિબલા નામની વનસ્પતિ.

૨ સ્ત્રી. મોટી પ્રપૌત્રી. વડવાઈ અડદ

મહાસંગીતિ [સં] પુ (સંગીત) રાગની ઓડવ, ષાડવ, સંપૂર્ણ એ ત્રણ જાતિઓમાંથી નીપજતી બીજી સાત મહેફીમાંની એક જાતિ. જે રાગરાગણી શુદ્ધ અને સાતેય સ્વરોથી અથવા શુદ્ધ અને સાલંગ અથવા સાલગ અને સંકીર્ણ રાગની મિશ્ર હોય તેને મહાસાકીર્ણજાતિ કહે છે.

મહાસંક્રાંતિ [સં.] સ્ત્રી. મકરસંક્રાંતિ.

મહાસંઘિક ૧. [સં.] પું. બૌદ્ધ ધર્મના મહાયાન પંથનો અનુયાયી.

૨. પું બૌદ્ધ સંઘનો એ નામે એક વિભાગ.

મહાસંમોહન [સં] ન એક મોટા મંત્રનું એક તંત્ર.

મહાસંસ્કારી ૧ પું. (પિંગળ) એ નામે સત્તર માત્રાનો એક માત્રાબ્રાંતિ છંદ. પ્રસ્તાર ભેદથી તેની ૨૫૮૪ વૃત્તિઓ થાય છે.
૨. પું. ચંદન.

મહાસંસ્કૃત [સં] સ્ત્રી. વેદના વખતની સંસ્કૃત ભાષા. વેદનું મહાસંસ્કૃત ઉદાત્તાદિ સ્વરયુક્ત હોવાથી ઋક્સંહિતાની પદરચનાનું બંધારણ સ્વરવિશિષ્ટ અક્ષરનું બનેલું છે. એ તો હવે નિર્વિવાદ સિદ્ધ થયું છે કે, પ્રાચીન આર્યો હિંદુકુશની પેલી તરફથી આવેલા. કોઈ શીત પ્રદેશમાંથી આવીને તેઓ પ્રથમ પંજાબમાં વસ્યા. તે વખતે તથા ત્યાર પછી કેટલાક કાળ સુધી તેઓ વૈદિક એટલે જૂની સંસ્કૃત અથવા મહાસંસ્કૃત એ નામથી ઓળખાતી ભાષાનો ઉપયોગ કરતા હતા. જેમ વાતચીતમાં તળપદી ભાષા કાલ જેમ પણ જગાએ દાખલ આવે છે તેમ વ્યાકરણનાં બંધનોથી આ જૂની સંસ્કૃત કંઈક મુક્ત અને સ્વચ્છંદ હશે; અને લખવાની ભાષા શુદ્ધ અને વ્યાકરણના નિયમોને અનુસરતી હશે. તે વખતે બોલવાની કળા તો બાલ્યાવસ્થામાં રહી, પણ લખવાનાં સાધનોની પણ પૂરતી સગવડ ન હોતી. તાડપત્રો અને ભૂર્જપત્રો ઉપર અણીદાર કલમ વડે ક્રમશ લખવાનો રિવાજ હજુ નીકળ્યો ન હોતો. આથી સંજોગો વચ્ચે લખવાની ભાષા બોલી શકાય જ નહિ તેથી વાતચીતની ભાષાનું પ્રાબલ્ય સ્વાભાવિક જ વધુ હોવું જોઈએ. ભાષાનો મુખ્ય આધાર જ્યાં માત્ર જિહ્વા અને સ્મરણશક્તિ ઉપર જ હોય ત્યાં વિકાર થતાં વાર લાગતી નથી. આ નિયમાનુસાર વૈદિક ભાષામાં અનેક વિકાર થતા ગયા. ઈ. સ. પૂર્વે ૪૦૦ વર્ષની વાત ઉપર પ્રખ્યાત વ્યાકરણકાર પાણિનિનું આ વિષય ઉપર ધ્યાન ખેંચાયું પરિણામે તેણે ભાષાનો ઉદ્ધાર કરવા એક મોટું વ્યાકરણ રચી ભાષાને સુધરી સંસ્કૃત એવું નામ આપ્યું પરિણામે આ વ્યાકરણનો સર્વને ઉપદેશ કરવા લાગ્યા, અને તેને પ્રતાપે શિષ્ટ વર્ગમાં એ ભાષાનો પ્રચાર થવા લાગ્યો. અલબત્ત લોકો જૂની વપરાતી આવેલી ભાષા જે હવેથી પ્રાકૃત એ નામથી ઓળખાવા લાગી તેને જ વળગી રહ્યા. તાત્પર્ય કે, મહાસંસ્કૃતમાંથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષા ઉદ્ભવી. સંસ્કૃતમાંથી પાલી થઈ અને પ્રાકૃતમાંથી કાલીને પશ્ચિમ પ્રાકૃત અને પ્રાચ્ય થઈ; પશ્ચિમ પ્રાકૃતમાંથી અપભ્રંશ અને તેમાંથી ગુજરાતી ભાષા કેવી રીતે ઉદ્ભવી છે તેનો ખ્યાલ મહાસંસ્કૃત ભાષાનું નીચેનું વંશવૃક્ષ પરથી આવે છે:—



મહાસાગર પું. મોટો સમુદ્ર, મોટા દરિયો પૃથ્વી ઉપર પોણો ભાગ જેટલા મહાસાગરોના નામ આ પ્રમાણે પાડવામાં આવ્યાં છે: એક પેસિફિક મહાસાગર, તે પૃથ્વીના ૬૪,૮૦૦,૦૦૦ ચોરસ માઈલ પર પથરાયો છે. બીજો એટલાંટિક મહાસાગર, તે ૩૧,૫૦૦,૦૦૦ ચોરસ માઈલ પર ફેલાયો છે અને ત્રીજો હિંદી મહાસાગર છે તે ૨૯,૦૦૦,૦૦૦ ચોરસ માઈલ પર હતો છે આ ઉપરાંત નદીઓ ને સરોવરોના પાણી ૧,૦૦૦,૦૦૦ ચોરસ માઈલ ઉપર પથરાતાં પડ્યાં છે.

કાળ મહાસાગરને તળિયેથી રત્નો શોધી વર્તમાન સંસ્કૃતિમાં મૂલ્યવાન રત્નભંડારીઓ પણ કરિયા જ છે. ગો.વર્ધનરામ

મહાસાર [સ] પુ એક જાતના ખેરનું ઝાડ.

મહાસારથિ [સ] પુ સૂર્યનો સારથિ અરુણ

મહાસાર્થવાહી પુ ભમણ ભગવાન મહાવીર.

મહાસાહસ ૧ [સં.] ન નિર્દય કુમળો.
૨ ન મોટું સાહસકામ

મહાસાહસિક ૧ [સ] પું. ચોર.
૨ પું લૂંટારો; ધાડપાડુ
૩ વિ. મોટું સાહસ કરનાર.

મહાસાંતપન [સ] ન. સાત દિવસ સુધી કરવાનું એક જાતનું વ્રત. તેમાં પાંચ દિવસ સુધી ક્રમ પ્રમાણે પંચગવ્ય અને છઠ્ઠે દિવસે કુશોદક પીવામાં આવે છે અને સાતમે દિવસે ઉપવાસ કરવામાં આવે છે. આ વ્રત પંદર દિવસનું પણ કરવામાં આવે છે.

ત્રણ દિવસ ગોમૂત્ર પીને, ત્રણ દિવસ છાણ ખાઈને, ત્રણ દિવસ દૂધ પીને, ત્રણ દિવસ દહીં પીને અને ત્રણ દિવસ ઘી પીને રહેવું એવું પંદર દિવસનું મહાસાંતપન વ્રત કહેવાય છે.

અનાવરી આચરણ

મહાસાંધિવિગ્રહિક [સં.] પું. પરરાજ્યો સાથે સંધિ કે વિગ્રહ કરવાના અધિકારવાળો પ્રધાન કે મંત્રી

મહાસિ [સ.] સ્ત્રી. મોટી તલવાર.

મહાસિદ્ધાંત [સં.] પું. મોટો સિદ્ધાંત. વિનોબા ભાવે ગીતા પ્રવચનમાં લખે છે કે બીજા અધ્યાયમાં જીવનનાં પણ મહાસિદ્ધાંત રજૂ કરેલા છે: (૧) આત્માની અમરતા અને અખંડતા, (૨) દેહની ક્ષુદ્રતા અને (૩) સ્વધર્મની અબાધ્યતા. એમાં સ્વધર્મનો સિદ્ધાંત કર્તવ્યરૂપ છે અને બાકીના બે જ્ઞાતવ્ય છે

મહાસિદ્ધિ ૧. [સં] સ્ત્રી. એક જાતની ચમત્કારિક શક્તિ. મહાસિદ્ધિ આઠ છે: અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ

૨. સ્ત્રી. મોટો કે ઉત્કટ સિદ્ધિ

૩ સ્ત્રી. મોટી કોઈ પણ કાર્ય પૂરું થવું આખરમાં આવે તે; ઉપાયમાં ગોઠવી પ્રાપ્તિ

મહાસિદ્ધિવિનાયકી [સ.] સ્ત્રી. ભાદરવા સુદિ ચોથ.

ભાદરવા સુદિ ચોથ એ મહાસિદ્ધિવિનાયકી કહેવાય છે. તહેવારોનો ગામીઓ

મહાસિલ્લ [અ.] પું ય.વ. નક્કર; કાયદાનું જ્ઞાન

મહાસિંહ ૧. [સં.] પું. મોટો સિંહ.

૨. પું ગરબા; બદ્રાપદ જનાવર

મહાસિંહવિક્રીડિત (મહાસિંહવિક્રીડિત) [સં.] ન. (જૈન) સાધુઓથી આચરવામાં આવતું એ નામનું એક તપ.

મહાસીર [હિ] સ્ત્રી. એક જાતની માછલી.

મહાસુખ ૧ પું. બુદ્ધદેવનું એક નામ.

૨. ન. ઘણું સુખ; મોટું સુખ.

૩. [સ.] ન. મૈથુન; સંભોગ.

૪. ન. ચૂનાર; સજ્જાટ

૫. વિ ઘણું સુખી

મહાસુખવાદ [સં] પું. (બૌદ્ધ) નિર્વાણ પ્રાપ્ત થયા પછી પણ શાશ્વત સુખ આપી રહે છે એવો મત.

મહાસુગંધષટ્ક [સં.] ન. કસ્તૂરી, ચંદન, કાળુ અગર, કપૂર, કેસર અને મોમરો વગેરે ૭ સુગંધી વસ્તુનો સમૂહ.

મહાસુગંધા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; ગજનાકુલી નામની લતા.

મહાસુગંધીષટ્ક જુઓ મહાસુગંધષટ્ક.

મહાસુરી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા.

૨. સ્ત્રી. નર્મદાનાં કાંઠાનાં ઝાડવાં માંહેનું એક નામ.

મહાસૂક્ષ્મ ૧. [સં.] સ્ત્રી. રેતી

૨. વિ. અતિ બારીક; અત્યંત સૂક્ષ્મ.

મહાસૂક્ષ્મા [સં.] સ્ત્રી. રેતી

મહાસૂચિ [સં.] સ્ત્રી. યુદ્ધના સમયની એક પ્રકારની વ્યૂહરચના

મહાસૂત [સં] પું. પ્રાચીન કાળમાં યુદ્ધક્ષેત્રમાં વપરાતાં આવતું એક પ્રકારનું વાદ્ય.

મહાસૂતિકાવટ્ટલભરસ [સં] પું (વૈદક) સુવાવડ ઉપર અપાતો એ નામનો એક રસ.

મહાસૂત્ર [સ.] ન. શ્રાદ્ધપ્રયોગના ગ્રંથમાં મહત્ત્વનું મૂળ સંસ્કૃત વાક્ય

મહાસૂર્ય [સ.] પું. મોટો સૂર્ય. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે [illegible] સૂર્ય અને તેના જેવા તારારૂપી અનંત [illegible] એક મહાસૂર્યની આસપાસ ફરતા હશે એવું માનવામાં આવે છે. [illegible] માંના સર્વ ગ્રહ અને ઉપગ્રહ ક્રાંતિવૃત્તની નજીકના ફરે છે. તેવી રીતે સર્વે તારા [illegible] આકાશી સપાટીમાં એક મધ્યબિંદુની આસપાસ ફરતા હશે અને કાન્ટનો મત હતો પરંતુ આવો મહાસૂર્ય હોય તો તે એટલો મોટો હોવો જોઈએ કે તે દેખાવા વગર રહે જ નહિ. આવો કોઈ પદાર્થ દૃષ્ટિએ પડતો નથી અને તારાની ગતિ પણ અનિયમિત છે. આ ઉપરથી એમ અનુમાન છે કે સર્વે તારાનું એક મધ્યબિંદુ નથી

મહાસેન ૧ [સં] પું. કાર્તિકેય; ષડાનન; ષટમુખ; અગ્નિનંદન; રુદ્રસુત

૨. પું મોટા સૈન્યનો અધિપતિ કે માલિક.

૩. પું. શિવનાં ઝનૂની માણેનું એક નામ

૪. વિ. મોટા લશ્કરવાળું

મહાસેવા સ્ત્રી મોટી સેવા.

જે મને ધન, પુત્ર, પાણી વગેરે ઇચ્છિત વસ્તુ આપે છે, તે આપે સેવક છે એમ સમજીને

કશું છે. અજ્ઞાન કપાળને ઉર વધારે વસે છે એ તો આપણે નિરંતર સિદ્ધ થતું જોઈએ છીએ. કપાળને અર્થે કાવતું એ મહા અર્થના છે, એ મહત્ત્વના છે, એ મહાસેવા છે. આપીજી

મહાસોમ પું. સોરીશ માંહેનો એક જાતનો સોમ.

મહાસૌષિર [સં] પું (વૈદક) એક જાતનો રોગ. તેમાં કાંતનાં પેઢાં સડી જાય છે અને મોઢામાંથી દુર્ગંધ છૂટે છે. જેને આ રોગ લાગુ પડે તે સાત દિવસમાં મરણ પામે એમ મનાય છે

મહાસ્કંદિક [સં.] ન. (જૈન) જીવના નવ ભાંગાનો એક પ્રકાર.

જીવોના નવ પ્રકાર આ પ્રમાણે છે:—સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, જીવોનમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાચેત્ય, પ્રતિમ્ય અને આત્મારક્ષ.

તત્ત્વાર્થસૂત્ર

મહાસ્કંધ ૧. [સં] પું. (જૈન) અસંખ્યાત પરમાણુઓનું બનેલું દ્રવ્ય. પરમાણુઓનું સૂક્ષ્મત્વ અને જગવ્યાપી મહાસ્કંધનું સ્થૂલત્વ અંત છે, કેમકે અન્ય પુદ્ગલોની અપેક્ષાએ પરમાણુઓમાં સ્થૂલત્વ અને મહાસ્કંધમાં સૂક્ષ્મત્વ ઘટી શકતું નથી

૨. વિ મોટી આબરૂવાળું.

મહાસ્કંધા ૧. [સ.] પું. ઊંટ

૨ વ [illegible]

મહાસ્નંભરોગ [સં.] પું. ઘોડાનો એક રોગ

મહાસ્થાનગઢ ન બંગાળમાં બોગરાની ઉત્તરે સાત માઈલ ઉપર આવેલ એક સ્થળ. એમ કહેવાય છે કે અહીં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો. પરંતુ આશ્રમને બદલે પરશુરામનો આશ્રમ પણ કહે છે

મહાસ્નાન [સં] પું (પિંગળ) એ નામે એક અમલદાર બહાદુરોની છઠ્ઠી પંક્તિ છઠ્ઠો [illegible] છે તેમાં સમજવું, જગણ, તગણ, નગણ સમજવું, બે રગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર આવે છે

મહાસ્રોત [સં] પું જલપ્રણાલી. અમુક પ્રત્યાવર્તન મંત્રનો ઓછામાં ઓછો સુદ્ધા સુધી જપાયેલ સ્વતંત્ર માંસપેશીઓનો બનેલો રસ્તો તેની લંબાઈ લગભગ ૨૦ ફાઇબર અથવા ૩૦ ફૂટ છે. આ નળી અમુક ખાસ હિસા માટે કોઈ કોઈ જગાએ પહોળી, તો કોઈ જગાએ સાંકડી બનેલ છે. ઉપલા છેડાની રાઇબાતમાં જ તે પહોળી ઘંટ જેવી અથવા મગફળી તરીકે ઓળખાય છે જ્યાં બનાજના બારીક ટુકડા મળે તે તેમાં ભાળ ભજે છે. ત્યારબાદ તે મસાનકામાં

બને છે તે ખોરાકને તેના પછી આવતા અન્નનલિકા નામથી ઓળખાતા નળી જેવા માર્ગમાં ધકેલી દે છે. અન્નનલિકા દ્વારા ખોરાક, મહાસ્રોતના એક બીજા પહોળા ભાગ આમાશયમાં જઈ પહોંચે છે. ત્યાં મનુષ્યે લીધેલો ખોરાક પાણી વગેરે એકઠું થાય છે અને પાચનક્રિયાની શરૂઆત થાય છે. ત્યારબાદ પાછો મહાસ્રોત એક પાતળી લાંબી નળીના સ્વરૂપમાં પક્વાશય નાના આંતરડા તરીકે ઓળખાય છે અહીં પાચનક્રિયા ધીરેધીરે આગળ વધે છે અને પાચન થયેલા અનાજનું સત્ત્વ શિરાઓ તથા રસાયનીઓ મારફતે શુદ્ધ થાય છે ત્યારપછી આગળ ચાલતાં વળી પાછો તેની આકૃતિમાં ફેરફાર થઈ ને, મહાસ્રોત જાડી નળીના રૂપમા ફેરવાઈ જાય છે, જે મોટા આંતરડા તરીકે ઓળખાય છે. અહીં પાચનક્રિયા પૂરી થતાં મળના રૂપમાં રહેલો ખોરાકનો પ્રવાહી ભાગ શુષ્ક જાય છે. બાકીનો કચરો મળ ત્યાંથી આગળ ધકેલાઈ ગુદાદ્વાર નામના મહાસ્રોતના છેડા નીચલા છેડા દ્વારા બહાર નીકળી જાય છે. આ પ્રમાણે વિચિત્ર રચનાવાળો, મુખથી ગુદા સુધીનો આ નળીના જેવો માર્ગ, મહાસ્રોત તરીકે ઓળખાય છે, કારણ કે તે બહુ મોટો છે, તેમ જ શરીરના બાહ્ય સ્રોતોના આધાર રૂપ છે. શરીરની બધી ધાતુઓના પોષણનું મૂળ અન્નરસ છે અને તે આ મહાસ્રોતમાં પેદા થાય છે. ત્યાંથી આમ્નેયરસ આંતરડાંની શિરાઓ દ્વારા પ્રતીહારિણી શિરામા અને ત્યાંથી યકૃતમાં જાય છે, જ્યારે સૌમ્યરસ રસાયનીઓ દ્વારા રસપ્રભામા અને ત્યાંથી બાકી રસકુલ્યા દ્વારા હૃદયમાં દાખલ થાય છે.

મહાસ્વરૈક્ય ૧. [સં.] પું. એક પ્રકારનો દોષ; એક જાતનું રખવાલ

૨. ન. (સંગીત) વાદી, અનુવાદી અને સંવાદી એ ત્રણે સ્વરોનું ઐક્ય.

મહાહનુ ૧. પુ. એ નામનો એક રાક્ષસ.

૨. [સં.] પું. તક્ષક જાતિનો એક નાગ.

૩. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

મહાહૃદય પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર સહસ્રાજિતના શતજિત્ નામના પુત્રના ત્રણ માહેનો મોટો પુત્ર

મહાહ્રાદ ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેમાં પાંચ જગણ મળી પંદર વર્ણ આવે છે

૨. પું. ભયંકર ગર્જારવ.

મહાહ્લવિ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે મહાન છે અને હરિ પણ છે. કારણ કે પરમાત્મામા જ બધાંનો લય થઈ સર્વ જગત હોમાય છે. એ રીતે એ મહાહ્વિ કહેવાય છે. વળી મહા એટલે મોટા અને હરિ એટલે દુઃખનાશ, યજ્ઞમાં જે હુતદ્રવ્ય હોમાય છે તે વિષ્ણુ છે, એટલે એ રીતે પણ તે મહાહ્વિ કહેવાય છે.

૨. ન. ઘાયનું ઘી

મહાહ્લરેત [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

મહાહ્લંસ ૧. [સં.] પું. એક જાતનો હંસ

૨. પું. વિષ્ણુ.

મહાહ્લંસપદ [સં. મહત્ (મોટું) + હંસ (એક જાતનું પક્ષી) + પદ (પગ)] ન. (સંગીત) તાલનું માપ માત્રાનું એક માપ; આઠ મોટા હંસને એક કોષ્ઠકથી પગ ઉપાડી બીજા કોષ્ઠકમાં ને જ પગ મૂકવા સુધીમા સાધારણ રીતે જેટલો વખત લાગે તે વખત.

મહાહ્વારી વિ. બહુ બોલનાર; બકિયેરું

કામ એછું, ડોળ એજ, રમેગુણથી જન્મતાં: **મહાહ્વારી**, મહાપાપી આ સારે બધું શત્રુને

કવિ મીતા

મહાહ્વાસ [સં] પું. બડબડાટ હસવું તે; મોટેથી હસવું તે; અટ્ટહાસ્ય.

મહાહ્વિભવાન [સં.] પુ. (જૈન) જંબુદ્વીપનાં સાત ક્ષેત્રોને જુદા કરતા છ માહેનો એ નામનો એક પર્વત. હિમવાન ક્ષેત્ર પૂરું થયા બાદ તુરત જ પૂર્વક્ષેત્રથી દક્ષિણે ૪૨૧૦ યોજન ૧૦ કળા વિસ્તારવાળો અને ૪૨૧૦ યોજન ૧૦ કળા પ્રમાણનો ૮ અંશ પ્રમાણ ૨૦૦ યોજન ઊંચો પીતસુવર્ણનો ૮ કૂટ એટલે શિખરવાળો લક્ષ્મણોમ, પૂર્વથી પશ્ચિમ સુધી ગયેલો, ચર્દિશા અને વનથી સુશોભિત મહાહિમવત નામનો પર્વત આવેલો છે. તેના દેવમત અને હરિ નામના બે વિભાગ છે

મહાહુતાશ [સં.] પુ. મોટો અગ્નિ

મહારા પ્રભુમાં જે પ્રગટ્યા છે પરમાત્માના **મહાહુતાશ.** નાનાલાલ

મહાહૃદ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે આનંદરૂપ પરમાત્મામા લીન થઈને યોગીજનની જેમ આરામથી બેસે છે, તેથી તે મહાહૃદ કહેવાય છે.

૨. પું શિવનાં હજાર માહેનું એક નામ.

૩. ન. મોટું સરોવર; પાણીનો મોટો ઝરો.

મહાહ્રસ્વ [સં.] વિ. બહુ નાનું. અત્યંત ટૂંકું

મહાંકુરા [સં.] પું. (યોગ) યોગની એક મુદ્રા.

કુંભકથી પ્રાણનું નાભિ આગળ કેન્દ્રીકરણ કરી અનરથી હાથોને ઘણા કરવા તે મહાંકુરા મુદ્રા છે.

ત્રિકાળદર્શકદર્પણ

મહાંકેક્ષક [સં.] પુ. આંકડા તપાસનાર ઉપરી અધિકારી; 'ઑડિટર જનરલ'.

મહાંગ ૧. [સ.] પું. ઊંટ; ઉષ્ટ્ર

૨. પું. એક પ્રકારનો ઊંદર

૩. પું. ગોખરુ.

૪. પું. મોટું અંગ

૫. પું. રાતા ચિત્રાનું ઝાડ.

૬. પું. શિવનાં હજાર માહેનું એક નામ

૭. વિ. મોટા અંગવાળું

મહાંગી [સં.] સ્ત્રી. ઊંટડી.

મહાંત ૧. પુ. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. ન. (સ્થાપત્ય) એક પ્રકારનું ત્રિકોણ ઘર. ત્રિકોણ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ હોય અને તે ત્રણ અલિંદ આગળ એક મંડપ હોય તથા તે જ ઘરને એક અલિંદ જમણી તરફ, એક અલિંદ ડાબી તરફ, એક અલિંદ પછીને હોય અને તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તેવા ઘરનું નામ મહાંત કહેવાય છે.

૩. વિ. જેના કાળ આદિથી જેનો નાશ થતો ન હોય એવું.

૪. [સ. મહત્] વિ. મોટું; મહાન.

મહાંતક ૧. [સં.] પું. મૃત્યુ.

૨. પું. યમરાજ.

૩. પું. શિવનું એક નામ.

મહાંતકા [સ.] સ્ત્રી. એ નામની એક દેવી. મહેંદ્રમાં મહાંતકા દેવીનું સ્થાન છે.

ભગવતી ભાગવત

મહાંબુજ ૧. [સં.] ન. દશ નિખર્વની સંખ્યા.

૨. ન. મોટું કમળ.

મહાંભોધિ [સં.] પું. મહાસાગર.

અનંતના કહ્યા મુજબ કર્યા છે બધા તે **મહાંભોધિના** ઉદર જેવા ને તેવાં રહ્યા છે.

નાનાલાલ

અહિ ૧ [સં.] પુ. જંબુદ્વીપના નવ માંહેનો એક ખંડ.

૨ પું મહિના.

૩ સ્ત્રી પૃથ્વી.

૪. સ્ત્રી બુદ્ધિ.

૫. સ્ત્રી મહત્તત્ત્વ.

૬. સ્ત્રી. ચંદ્રિકા.

૭ ન. દહીં.

અહિલ્યા ૧. [સં.] સ્ત્રી પુરુષમ.
૨. સ્ત્રી મોસાળ
૩ સ્ત્રી. હિમ; બરફ.

અહિલ્યાર પું હીરા ઉપર પહેલ પાડનાર માણસ.

અહિલ્ય [સ. અહિલ] પું. પાડો.

અહિલ્લ ૧. [સં.] પું એક જાતના પિતૂરિયા
૨. ન. હાંકરનું ત્રિશૂલ.
૩. વિ. પુલાયેલ; પુલ્લ
૪. વિ. સુગોભિત; વિભૂષિત.
૫. વિ. સ્તુતિ કરેલ.

અહિવલ્લ [સં.] ન. પૃથ્વીની સપાટી.

અહિવાગ જુઓ અહિવલ્લ.

અહિવ્રત [સં.] પું. અજાજી.

અહિશ્વર પું. પર્વત.

અહિના ૧. [હિ.] પું અહિનાનો પમાર.
૨. પું. માસ.
૩. પું બ. વ. કાવ્યનો એક પ્રકાર. તેમાં બારે અહિનાને અનુલક્ષતો વિષય હોય છે. સોરઠી સાહિત્યમાં આવી સામગ્રી બે રીતે પેદા થઈ છે. એ એકની એક વિપ્રલબ્ધ વેદનાના બે પ્રવાહો બંધાયા છે. એક સ્ત્રીઓને આવતા અહિના નામથી ઓળખાતા રાસડા અને બીજા ચારણી સાહિત્યના રચનારાઓએ રચેલા બારમાસા નામે ઓળખાતા ઋતુવર્ણનના છંદો. બંને પંથ નિરાળા છે. સ્ત્રીજનોને કંઠે લોકના અહિનામાં મૂકતા નીતરે છે. ચારણોના બારમાસામાં પ્રતાપ અને ઝડઝમક ગાજે છે. અહિનામાં ભાષે કે સ્વરો, શબ્દો અને ભાવોમાં પરસ્પર હળવાં ગુંજનો સંભળાય છે, જ્યારે છંદબદ્ધ ચારણી બારમાસામાં ભાવ અને ભાષાનાં આલિંગનો વિલસે છે.
૪. પું બ. વ બાર માસના ગીત; બાર માસની ખૂબીઓનું વર્ણન કરનાર કાવ્ય.
૫ પું. બ. વ. હમેલ કે ગર્ભ રહ્યા પછી પ્રસવ થતાં સુધીના દિવસ કે દહાડા; ગર્ભાવસ્થા.
અહિના ચડવા–રહેવા–હોવા = ગર્ભ રહેવો.

અહિનાથ પુ રાજા.

અહિનાદાર પું. માસિક પગારે નોકરી કરનાર માણસ; માસિક પગારદાર નોકર.

અહિનાભર અ. આખો અહિનો; અહિના સુધી.

અહિનામાસ પું. બરાબર એક માસ જેટલો સમય.

અહિનારી સ્ત્રી. રજોદર્શન; ઊંટે બેસવું તે.

અહિનાવાણી વિ.સ્ત્રી. ગર્ભવતી; ભારેવાઈ, બે ઋતુવાણી, સગર્ભા; હમેલવાળી.

અહિનેદારી ૧. સ્ત્રી. માસિક પગાર; દરમાયો
૨. જુઓ અહિનેચારી.

અહિને અહિને અ દર માસે; દર અહિને

અહિનેચારી ૧. સ્ત્રી. અહિના અહિનાનો આંકડો કાઢવો તથા અહિનાવાર હિસાબ જોડવો તે.
૨. સ્ત્રી. માસિક પગાર; દરમાયો.

અહિનો ૧. પું અટકાવની મુદત; ભળકાવાનો સમય; રજોદર્શનનો સમય
૧. અહિનો રહેવા–હોવા = ગર્ભ હોવો કે રહેવો; હમેલ કે દહાડા રહેવા.
૨. અહિનાનું સ્નાન = રજસ્વલા થયા પછી નાહવું તે.
૩. અહિનો આવવો–થવો = (૧) અહિના સુધી કામ કર્યા બદલનો પગાર આવવો; માસિક પગાર આવવો. (૨) ઓને ઋતુ કે અટકાવ આવવાની મુદત પૂરી થવી; ઓને ઋતુનું આવવું.
૪. અહિનો ચડવો = (૧) અટકાવનો વખત થઈ જવો. (૨) ગર્ભ રહેવો. ઓઓને સત્તાવીસમે દિવસે અથવા અહિનાની ભગભગ અટકાવ આવે છે. તે અટકાવ બંધ થાય, ત્યારે ગર્ભ રહે છે. તેથી ગર્ભ રહેવાને અહિના ચડ્યા અથવા અહિના રહેવા કે અહિના હોવા એમ કહેવામાં આવે છે. (૩) અહિના જેટલી મુદત વીતી જવી
૨. પું. ગર્ભ રહ્યા પછીથી પ્રસવ થતાં સુધી જેટલા માસ થાય તે દરેક
૩. પું. દરેક પહેલી તિથિએ અથવા તારીખે નોકરને તેના મહેનતાણાનો અપાતો દરમાયો; માસિક પગાર; અહિને આપવાનો પગાર.
૧. અહિનો કરવો–કરાવવો–બાંધવો = માસિક પગાર ઠરાવવો
૨. અહિનો ઠરાવવો = પગાર નક્કી કરવો.
૪. પું. માસ; વરસના બાર ભાંહેનો એક માસ કે તેટલો સમય; ત્રીસ દિવસનો સમય કે મુદત; બે પખવાડિયાં કે ચાર અઠવાડિયાં જેટલો વખત. કેટલાક સૂર્ય અને કેટલાક ચંદ્રની ગતિ પ્રમાણે અહિનાની ગણતરી કરે છે. હિંદુઓ એક અમાસથી બીજી અમાસ લગીના ગાળાને અહિનો કહે છે મુસલમાનો અમાસ પછી ચંદ્રદર્શન થાય તેના બીજા દિવસથી ફરીને ચંદ્ર દેખાય ત્યાં લગીના સમયને અહિનો કહે છે. ક્રિસ્તીઓ રોમીક કલાકનો એક દિવસ જેવા ૩૦ કે ૩૧ દિવસના ગાળાને અહિનો કહે છે. હિંદુ અહિનાઓનાં નામ જેવી રીતે પાડવામાં આવ્યાં છે કે, જે અહિનાની પૂનમે મૃગશીર્ષમાં ચંદ્ર હોય તે માર્ગશીર્ષ, પુષ્યમાં હોય તે પોષ, મઘામાં હોય તે માઘ, ઉત્તરાફાલ્ગુનીમાં હોય તે ફાલ્ગુન, ચિત્રામાં હોય તે ચૈત્ર, વિશાખામાં હોય તે વૈશાખ, જ્યેષ્ઠામાં હોય તે જ્યેષ્ઠ, પૂર્વાષાઢામાં હોય તે અષાઢ, શ્રવણમાં હોય તે શ્રાવણ, પૂર્વાભાદ્રપદમાં હોય તે ભાદરવો અને અશ્વિનીમાં હોય તે આશ્વિન. નક્ષત્રો ઉપરથી આ પ્રમાણે અહિનાનાં નામ ઈ. સ. પૂર્વે ૨૯૦૦થી ૧૯૦૦ સુધીના સમયમાં પડ્યાં હોવાં જોઈએ. બાર અહિનાનાં પ્રાચીન નામ આ પ્રમાણે છે: મધુ, માધવ, શુક્ર, શુચિ, નભસ, નભસ્ય, ઈષ, ઊર્જ, સહસ, સહસ્ય, તપસ અને તપસ્ય.

અહિનોમાસ પું. એક અહિનો.

અહિપ ૧. પું. ચોરાશી માહેના એ નામના એક સિદ્ધ.
૨. [ઈ. અહિ (પૃથ્વી) + પ (પાલન કરનાર)] પું. રાજા; પૃથ્વીપાલ; નરેશ.

અહિપડ પું. ગાડામાંથી નીકળતો પોલો મોટો ખીલો

અહિપત [સં. અહિપતિ] પું. રાજા; મહીપતિ.

અહિપતિ [સં. અહિ (પૃથ્વી) + પતિ (સ્વામી)] પું. પૃથ્વીને પાળનાર; રાજા; પૃથ્વીપતિ; ભૂપતિ; ભૂપાલ; ભૂભૃત; ભૂપ; નરેશ.

અહિપત્ય જુઓ અહિપતિ.

અહિપાલ [સં.] પું. રાજા.

અહિપાળ જુઓ અહિપાલ.

અહિબાલ [સં. અહિ (પૃથ્વી) + બાલ (પુત્ર)] પું. (જ્યોતિષ) ભૂમિસુત; મંગળ ગ્રહ.

અહિભુજ જુઓ અહિપાલ.

અહિમન જુઓ અહિમા.

અહિમહાદેવ [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર મહેનું એક નામ.

અહિમા ૧. [સં. અહિમન્] પું. ઇચ્છાનુસાર વૈરાટરૂપ ધારણ કરવાની શક્તિ; યોગીની આઠ ભાંહેની એ નામની એક સિદ્ધિ; આઠ ભાંહેનું એક ઐશ્વર્ય. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એ આઠ મહાસિદ્ધિ કહેવાય છે.
૨ પું. ઉપમા.
૩. પું ઊંચો ટોચો.
૪. પું. (પુરાણ) ભગ નામના આદિત્યને સિદ્ધિ નામની બીજી પત્નીથી થયેલ એ નામનો એક દીકરો.

૫. પું. વર્ણન કરવા જેવો પ્રતાપ; મોટાપણું; યશ; કીર્તિ; પ્રભાવ; મોટાઈ.

પીરનો મહિમા. એમનો પૂજારી વધારે = દેવનું દેવત્વ પૂજારી વધારે. માણસની મહત્તા તેનો હાજત કરનારા વધારે.

૬ પું. વિસ્તાર; ફેલાવો

૭. પું. વૈભવ; મહત્ત્વ; માહાત્મ્ય; ગૌરવ

૮. પું. મહત્તા.

અહિમાલ્લું ન. માતાના ઘરની બેઠ ભરેલી ઢોર તે માટલું; મહિયર તરફનું માટ કે માટલું; માતાના ઘરની બેઠનું માટલું; મહીમાટલું.

અહિમાન પું (પુરાણ) જગ નામના છઠ્ઠા અદિત્ય અને મિહિનો એ નામનો એક પુત્ર

અહિમાપક [સં.] ન. મોટાઈ આપવાનું સાધન; 'હાઇનામિટર'

અહિમાયસાયી પું. [પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે તેમાં સગણ, જગણ, રગણ અને લઘુ મળી દરેક વર્ણ હોય છે.

સ જ ર ગે અહિમાયસાયી. રત્નપિંગળ

અહિમાર્વત જુઓ મહિમાવાન.

અહિમાર્વતું જુઓ મહિમાવાન.

અહિમાવાન ૧. વિ. પરાક્રમી

૨. [સં. મહિમન્ + વત્ (વાળું)] વિ યશસ્વી; પ્રતાપી; કીર્તિવંત; મહિમાવાળું.

૩ વિ. વિસ્તારવાળું.

૪ વિ. વૈભવવાળું.

૫ વિ. શ્રેષ્ઠ

૬. વિ. સૌથી સારું.

અહિન્ન ૧. [સં.] પું. એક જાતના પિતૃવર્ગ.

૨. પુ. શિવનું એક મુખ્ય સ્તોત્ર, તે પુષ્પદંતાચાર્યે રચ્યું છે

અહિન્નસ્તોત્ર [સં.] ન. શિવમહિમાનું વર્ણન કરતું પુષ્પદંતાચાર્યે રચેલું સ્તોત્ર. આ સ્તોત્ર ગંધર્વરાજ પુષ્પદંત વિરચિત છે. પોતાના મહિમાથી ભ્રષ્ટ થઈ જતાં આ સ્તોત્રથી તેમણે શિવની સ્તુતિ કરી છે, જેમા એક એક પ્રસંગને માત્ર એક જ શ્લોકમા ટૂંકમાં સમાવી દીધેલ છે. તેના તત્ત્વદર્શક નમૂનારૂપે કહીએ તો:—

રમશાનોમા ક્રીડા પરિકર વિપાચ્યો સહચરો,
નૃમુંડોની માળા મરદન વિતાજારમનું કરો;
બધે હોયે એવાં સહુ તુજ અમંગલ્ય ચરિતો,
તથાપિ સ્મર્તાનું વરદ અનિશે મંગલ કરો.
હરિ તું ભાનુ તું પવન જલ તું અગ્નિ પણ તું,
ભૂમિ તું છે ને છે ગગન પણ આત્મા પણ તું તું;
ત્રિરા જોઇયેલી પણ તુજ વિષે એમ વિરમે,
અમે ના જાણીએ તું કયુ જગતમા તત્ત્વ નથી તે.

અહિયર ૧. પું. લાકડામાં પડતો એક જાતનો કોડો; મેઢ.

૨ [સં. માતૃગૃહ] ન. બીજા માબાપના ઘર; બીજા બાપનું ઘર; પિયેર.

જ્યાં ઉરનાં આપોઆપ કૂણાં કૂણે રે,
બે ઘડીની અહિયર માણ્ય પનઘટ પૂરે રે

બોટાદકર

અહિયરિયું ન. અહિયર; મોસાળ.

અહિયા ૧. [હિં] પું. ગોરડીના રસનાં હોજ.

૨. સ્ત્રી. મન વડે કરાતી ભક્તિ કે સ્તુતિ.

અહિયારણ સ્ત્રી. દૂધ કે દહીં વેચવા આવતી ભરવાડની સ્ત્રી; ગોવાલણ; ગોપી; અહિરાણી.

અહિયારી ૧. સ્ત્રી. ગોવાલણી; ગોપી; ભરવાડ સ્ત્રી.

૨. સ્ત્રી. દૂધ દહીં વેચનારી ગોવાલણી; ગોપી; ભરવાડ સ્ત્રી.

૩. સ્ત્રી. ફોઈ

અહિયારું ન. દૂધ દહીં વેચવાનો ધંધો.

અહિયેર જુઓ અહિયર.

અહિર ૧. [સં] પું. આકડાનો છોડ.

૨. પું સૂર્ય; સૂરજ.

અહિરાવણ [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. કહેવાય છે કે, તે રાવણનો પુત્ર હતો અને પાતાળમાં રહેતો હતો. તે રામ લક્ષ્મણને પોતાની ગુંફડીમાંથી ઉપાડીને પાતાળમાં લઈ ગયો હતો. રામ લક્ષ્મણની શોધ કરતાં કરતાં હનુમાનજી પાતાળમાં ગયા હતા અને મહિરાવણને મારીને રામ લક્ષ્મણને લઈ આવ્યા હતા. આ કથા વાલ્મીકિ રામાયણ અને પુરાણોમાં નથી.

અહિરે [સં. માતૃગૃહ] ન અહિયર; પિયેર.

અહિલા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ

૨. [સં.] સ્ત્રી. ગર્ભાશયનાં હલકર માંહેનું એક નામ

૩. સ્ત્રી. બાયડી; ઔરત; સ્ત્રી; નારી

૪. સ્ત્રી. મત્તા સ્ત્રી; ઘરની સ્ત્રી

૫. સ્ત્રી. રાણી; રાજાની સ્ત્રી

૬ સ્ત્રી. રેણુકા ગંધદ્રવ્ય; પ્રિયંગુ લતા. જેમ દરણું પૃથ્વી ઉપર ચટકવા કરે છે, તેમ રીતે રેણુકા જગતમાં જ્યાં ત્યા જોવેલી હોય છે, માટે તેને મહિલા કહે છે

અહિલા આશ્રમ ૧ [સં.] પું ;ન. સને ૧૯૨૩માં શેઠ જમનાલાલ બજાજ અને આચાર્ય વિનોબા ભાવેએ વર્ધામાં શરૂ કરેલ એ નામનું એક આશ્રમ. જ્યા સ્ત્રીઓ અને બાળકો સાદુ પવિત્ર જીવન ગાળી સ્વાશ્રયી જીવન વ્યતીત કરી શિક્ષણ મેળવે છે. આ શિક્ષણનું ધ્યેય સ્વાવલંબી શિક્ષણ આપી રચનાત્મક કાર્ય દ્વારા રાષ્ટ્રનો ઉદ્ધાર કરવાનું છે. શિક્ષણનું માધ્યમ હિંદી છે. ફાનિના અથવા વર્ધાના બેઠ વિના સંસ્થામાં દાખલ થઈ શકાય છે.

૨ પું ;ન. સ્ત્રીઓ માટેની સંસ્થા.

અહિલાપાઠશાળા જુઓ અહિલાવિદ્યાલય

અહિલાવિદ્યાપીઠ સ્ત્રી. સ્ત્રીઓ માટેની વિદ્યાપીઠ.

અહિલાવિદ્યાલય [સં.] ન. સ્ત્રીઓ માટેની ઊંચી કેળવણી લેવાની સંસ્થા

અહિલાહૃદયા ૧. [સં] સ્ત્રી. એક જાતનું ગંધદ્રવ્ય.

૨. સ્ત્રી. મેંદી; ચિત્રમૂ લતા; રેણુકા. મેંદીને સ્ત્રીઓ પોતાના હાથ માટે બહુ જ હર્ષ આપે છે, માટે તેને અહિલાહૃદયા કહે છે.

અહિલ્ય ૧. [સં.] પું. (પુરાણ) અત્રિઋષિને સુમતિ પેટે અવતરેલા બે ભાઈઓ પૈકી એ નામનો એક પુત્ર.

૨. પું એ નામનો એક દૈત્ય

૩. પું એ નામનો એક રાક્ષસ; મહિષાસુર.

૪. પું પાડો; ભેંસનો નર. તે યમનું વાહન મનાય છે.

૫. પું. રાજા.

૬. ન. (શિલ્પ) ઝવેર માંહેનું એ નામનું એક રત્ન.

અહિલ્યકંદ [સં.] ન એક જાતનું કંદ

અહિલ્યમી [સં.] સ્ત્રી. દુર્ગા. તેણે મહિષાસુર રાક્ષસનો સંહાર કર્યો હતો.

અહિલ્યરાજ ૧. પું. (જૈન) એ નામના એક અર્હંત

૨. [સં. મહિષ (પાડો) + ધ્વજ (ધજા)] પું યમરાજ; તેની ધજામાં પાડાનું ચિહ્ન હોય છે.

અહિલ્યપુર ન. હાલના મ્હેસુરનું પ્રાચીન નામ.

અહિલ્યમથની સ્ત્રી. દુર્ગા દેવી.

અહિલ્યમર્દિની [સં.] સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ વડોદરા નામના પીઠસ્થાનમાં છે. મહિષ એટલે પાડો કે પશુબળ. પશુબળ કે પાશવી વૃત્તિ ઉપર કેવી શક્તિનો કેવી સરળતાથી વિજય થાય છે, તે આ શક્તિસ્વરૂપ સૂચવે છે.

મહિષમસ્તક [સં.] પું. એક જાતના ચાલી બોખા.

મહિષવાહન [સ] પું. યમ. તે પાડા ઉપર બેસે છે

મહિષવૃત્તિ [સં.] સ્ત્રી. પાડાની જેવી વૃત્તિ; મૂર્ખતા; ગમારવૃત્તિ.

મહિષા ૧ [સં.] સ્ત્રી. પટરાણી.
૨. સ્ત્રી. ભેંસ

મહિષાઉરુ ન મૈસુર શહેરનું પ્રાચીન નામ મૈસુરથી ત્રણ માઈલ દૂર ચામુડી પહાડ ઉપર ચામુડી માતાનું મંદિર છે. અહીં અસુરોના વખતમાં ભેંસાના જેવો એક રાક્ષસ મરાયો હતો. તેના ઉપરથી આ મહિષાઉરુ નામ પડ્યું છે

મહિષાક્ષ [સં.] પું ગુગળનો એક પ્રકાર; ભેંસાગુગળ. તે હાથીને ઉપયોગી છે. મહિષાક્ષ, મહાનિલ, કુમુદ, પદ્મ અને દિવ્યરસ એમ ગુગળના પાંચ પ્રકાર છે.

મહિષાક્ષક જુઓ મહિષાક્ષ

મહિષાગતિ [સં.] પું. પોડો.

મહિષાસુર ૧ પું. (પુરાણ) અનુહ્લાદ દૈત્યના બે માંદેનો નાનો પુત્ર; તારકાસુરના દસ માદેનો એક સેનાપતિ તેને ક્રાંતિકર્યે મર્યો હતો.

૨. [સં.] પું. (પુરાણ) રંભ નામના રાક્ષસને મહિષીથી થયેલો પુત્ર; જંબુકે મારેલો પોતાના સ્વરૂપવાળો રાક્ષસ; ભેંસાસુર. તેણે હિમગિરિ ઉપર વાયુ ભક્ષણ કરીને તપ કર્યું તેથી બ્રહ્મદેવે પ્રત્યક્ષ થઈ વરદાન માગવાનું કહ્યું. તેણે માગ્યું કે પુરુષ વ્યક્તિથી મારું મૃત્યુ ન થાય એટલું આપો. બ્રહ્મદેવે તે આપવાથી એ પ્રાણી માત્રને પીડા કરવા લાગ્યો એટલે અહાર લુબ્ધવાળાં આદરાંકિત તેનો સંહાર કરવા અઘોર રૂપ ધારણ કરી પ્રગટ થયાં. આથી તેણે પોતાના અસુરોને તેની સાથે યુદ્ધ કરવા મોકલ્યા. તે બધા મરાયા સારે તે પોતે શક્તિની સાથે યુદ્ધ કરવા ગયો, પરંતુ તેનું રૂપ જોઈ તું અને વર ભૂલાદિ કહેવા લાગ્યો. આથી દેવીએ તેનો વધ કર્યો. પુરાતન વખતમાં મૈસુર એ મહિષાસુર રાક્ષસની રાજધાની હતું. જનમેજયે જે સર્પસત્ર કર્યો હતો, તે પણ મૈસુરમાં જ થયો હતો.

મહિષાસુરમર્દિની [સ] સ્ત્રી. દુર્ગા; અંબા.

મહિષાસુરસંભવ [સ] પું. એક જાતનો ચૂગળ; મહિષાક્ષ.

મહિષાસુરી [સં.] સ્ત્રી. મહિષાસુરને મારી નાખનારી એ નામની એક દેવી; દુર્ગા; અંબા

મહિષી ૧. સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૨. સ્ત્રી. (શિલ્પ) ચાર માંદેની એક જાતની શાળા

નૈઋર્ત્ય અને પશ્ચિમ એ બે દિશાઓના બે કોણોમાં બે શાળા-ઓ હોય અને તે બને શાળાઓનાં મુખ પૂર્વ દિશામાં હોય તેનું નામ મહિષી કહેવાય. રાજવલ્લભ

૩ સ્ત્રી. પટ્ટરાણી

૪. સ્ત્રી. પટરાણી; અભિષેક થયેલી રાણી; મુખ્ય રાણી, વડીયા રાણી.

૫. સ્ત્રી. પત્નીના અભિચારમાંથી બનેલા પૈસા.

૬. સ્ત્રી ભેંસ; ડોબુ.

મહિષી આગળ મીમાંસા = ભેંસ આગળ ભાગવત

૭. સ્ત્રી. અભિચારિણી સ્ત્રી

૮. સ્ત્રી ઇન્દ્રિયો; હાથી; સેવિકા.

મહિષીક્રિયા [સં] સ્ત્રી. હાથની એક જાત; ચલીચામ

મહિષીયોનિ [સં.] સ્ત્રી (જ્યોતિષ) ભેંસની ઓલાદ; ભેંસજાત, સ્વાતિ અને હસ્ત એ બે નક્ષત્રોની મહિષી યોનિ છે

મહિષીસંભવ ૧. [સં.] પું. પાડો
૨. પું. રાજા.

મહિષેશ ૧. [સં.] પું. મહિષાસુર.
૨. પું. યમરાજ

મહિષ્ઠ સર્ગ [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ.

મહિષ્ઠ [સં.] વિ. સૌથી મોટું.

મહિષ્મતી ૧. સ્ત્રી. (પુરાણ) અગ્નિષ્મતી એ નામની પુત્રી
૨ સ્ત્રી એ નામની એક નગરી; નર્મદા કાંઠે આવેલું એ નામનું શહેર; હાલનું મંડલાગ્રામ હાલનું મડલાંગ્રામ તે પ્રાચીન મહિષ્મતી નગરી હોવાનું મનાય છે.
૩ સ્ત્રી. (પુરાણ) કુબેરપતિની શુંભાને થયેલી સાત માદેની એ નામની એક કન્યા

મહિષ્માન પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર મહાભોજિનના વંશના દૈવત કુલોત્પન્ન સોદાજિ રાજાનો એ નામનો પુત્ર.

મહિષ્ય [સં.] સ્ત્રી વૈશ્ય સ્ત્રીને ક્ષત્રિય પુરુષથી થયેલ પુત્ર. વૈશ્ય સ્ત્રી ક્ષત્રિય પુરુષ સાથે સંબંધ કરીને મહિષ્ય અથવા અંબિષ્ઠ પ્રજાને ઉત્પન્ન કરે છે આ પ્રજા જો ચોરીથી થયેલી હોય તો અધિર કહેવાય છે.

મહિસૂત [સં.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે પૃથ્વીનો દીકરો હોવાનું મનાય છે.

મહિહ્વ પું. અશોકનો એ નામનો પુત્ર. બૌદ્ધ ધર્મના ફેલાવા માટે તેણે તથા તેની બેન સંઘમિત્રાએ લંકાના અનુરાધાપુરમાં જઈ બુદ્ધભગવાના પવિત્ર પીપળાના ઝાડની ડાળી વાવી હતી. લંકાના મહાવિહારમાં આ ઝાડ મોજૂદ છે.

મહિહક ૧. [સં.] પું. ઉંદર.
૨. પું. ભોળે ભેંસનું દોરડું.

મહી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત માત્રામેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં લઘુ ગુરુ મળી બે વર્ણ હોય છે.

ઉ૦ મા મહી. રત્નપિંગળ

૨. [સં. મહ્ (પૂજવું) પ્રા મહિઆ (પૂજિતા)] પું. એકની સંજ્ઞા.
૩ સ્ત્રી. ગાય.
૪. સ્ત્રી. ગુજરાતની ૨૮૦ માઈલ લાંબી એક મોટી નદી. ગુજરાતમાં આ નદી મોટામાં મોટી છે. ગુજરાતની બહારથી તે ફળદ્રુપ કાંપ ખેંચી લાવી ગુજરાતમાં પાથરે છે અને તેને ફળદ્રુપ બનાવે છે. મહીમાં પાણી વધુ છે. આ નદીનાં કોતર બહુ ઊંડાં અને કાંઠે રહેનારી જાત ચોરી કરનારી હોવાથી જૂના કાળમાં કહેવત હતી કે, આવી મહી તે ફિકર વગર ઊતરવા વખત ચોમકરણી મહીના કાંઠા ઉપરથી જવાબ તો કરેવાતુ કે, ઊતર્યા મહી અને વયાં મહી.
૫. [સં. મથિતઃ મથિત] સ્ત્રી. છાસ. મથુ એટલે વલોવવું ઉપરથી એમ બતાવાય છે કે, મહી એટલે વલોવેલું દહીં એમ અર્થ થતો હશે. તથી અમર બાપજીને કહે છે કે વલોવેલા દહીં સાથે કુલ છાસ પાણી મેળવ્યું હોય તો તક કહેવાય, કુલ છાસ પાણી મેળવ્યુ હોય તો ઉદ્ધચિત કહેવાય અને જરા પણ પાણી મેળવ્યું ન હોય તેને મથિત કે મહી કહેવાય
૬. સ્ત્રી પૃથ્વી; ભૂમિ; ધરા; ધરણી.

અમુકેટલના ભેદના સંબોધને લીધે મેદની, ધારણ કરવાને લીધે ધરા, વિસ્તીર્ણ હોવાને લીધે પૃથ્વી અને અત્યંત મોટી હોવાને લીધે પૃથ્વી મહી કહેવાય છે. ભાગવતી ભાગવત

૭. સ્ત્રી. ભેંસ; મહિષી
૮ સ્ત્રી મિલકતના રૂપમાં જમીન
૯. સ્ત્રી મોટું લશ્કર.
૧૦. સ્ત્રી. (ગણિત) સપાટ આકૃતિનો પાયો કે નીચેની બાજુ.
૧૧. સ્ત્રી સમૂહ; ઝુંડ.
૧૨ ન દહીં, મહીડું
૧૩. ન અંતર; માંહ; મારું

મહીજા પું બ. વ. ઓરમાના કુંવરની આસપાસ વસતી રજપૂતની એ નામની એક જાત. આ કુંવરની પાસે આવેલ ચિચોડ નામના ગામમાં

મુખ્ય વસતી મહીઆની છે. તેઓ હિંમતવાળા અને મૂળ મારવાડના મનાય છે

મહીઉદ્દીન વું. ચિશ્તી સંપ્રદાયના ઓ નામના એક સંત.

મહીકાંઠો પું. મહી નદીના કાંઠા ઉપર આવેલો પ્રદેશ. વન, નદીઓ, ડુંગર, ટેકરાનો અને ઇતિહાસ અવશેષોથી ભરેલો મહીકાંઠો ગુજરાત દેશનો એક અનોખો પ્રાંત છે. રાજપૂતો તેને નાની મારવાડ કહે છે. કવિ નાનાલાલ કહે છે કે, વાત્રક, માજમ, મેશ્વો, રોઢી, ખારી, હાથમતી અને સાબરમતીનાં પાણી ગુજરાતના એ સમસિંધુને ફળદ્રુપ કરે છે. આરાસુરી અંબા ને સરસ્વતીનાં મૂળસ્થાનનાં કોટેશ્વર, કુંભારિયા ને તારંગાનાં સદીઓ જૂનાં જૈન મંદિરો, માંધાતાનાથનો કુંડરગુફા, બહુચાની બેટ, સામળાજી ઉત્તરેશ્વરનો ઉત્તુંગ ઘાટ, કુદરતી જળાધારી ધરતા ગુપ્તવાસી કેદારેશ્વર વગેરે દેવસ્થાનો ઐતિહાસિક ને રમણીય છે. બેતરે બેતરે પર્વતપટ્ટી ખાંધી વેલા વાપી વસતા સ્વતંત્રતાપ્રિય આર્યપ્રાચીન ભીલોના વાસ, વાંધાઓમાં વસતા દીપડા જેવા ઠાકોરો, કુંડરબેરાવાની વચ્ચે કુંગરી ઉપર રહેતી ચિશ્તી પાદરણો, સરસ્વતી ને બનાસની જળરેખાઓ અને સમીપમાની કુંડરમાળની ઝુલઝુલામણીઓ અને એ સૌને શિરે મેરરૂપે વિરાજતો સીમાડાપરનો ને સીમાડાપારનો, જટાજૂટ જોગંદર રુમો બેઠેલો અર્બુદાચળ એ મહીકાંઠાના બહારુરો છે.

મહીકિલ્લો વું. કામ પડ્યે મહોડીના દમ કરી તુરતાતુરત બનાવેલો કુદરતી કિલ્લો.

મહીક્ષિત [સં. મહીક્ષિત] વું. રાજા; ભૂપ, ભૂપતિ; પૃથ્વીપતિ.

ભીષ્મ દ્રોણાદિ સર્વેની સમક્ષે સહુ મહીક્ષિત.
બોલ્યા પાર્થ ' તું જોને આ અંકિત સહુ કેમ.
નીલાનુજેપ્રસન

મહીગીરી સ્ત્રી. દહીં વેચવાનો ધંધો.
મને મહીગીરીએ ચડાવે. નરસિંહ

મહીચા ૧. સ્ત્રી. સોનીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

મહીચારી [સં. મહીચારિન્] વું. શિવનાં હજાર માઠેનું એક નામ

મહીજ ૧. [સં. મહી (પૃથ્વી) + જ (જન્મેલું)] વું. ગ્રહ.
૨ વું. નરકાસુર.
૩. વું. (જ્યોતિષ) મંગળ ગ્રહ. તે પૃથ્વીનો પુત્ર મનાય છે.
૪. સ્ત્રી. ભાજી.
૫. ન. ભૂદુ. તે પૃથ્વીમાં થાય છે અને અંદરના ભાગમાં દટાયેલ હોય છે. માટે તેને મહીજ કહે છે.
૬. વિ. પૃથ્વીમાં ઉત્પન્ન થનાર.

મહીજા [સં] સ્ત્રી. જનકની સીતા.

મહીડા (મહીડો) સ્ત્રી. રજપૂતની એ નામની એક શાખા.

મહીડું (મહીડું) ન. દહીં.

મહીડાં વલોણે ઘણી રહી
માખણ ! આકાર ધો ને રતાદે
વાંકિયાં મેલ્યા માત્ર દોહ્યલાં. મેવાસી

મહીતલ ૧. ન પૃથ્વી; ભૂમિ; ધરા; ધરણી
૨. [સં. મહી (પૃથ્વી) + તલ (સપાટી)] ન. પૃથ્વીની સપાટી, ભૂતલ.

મહીતળ જુઓ મહીતલ

મહીધ્રન [સં.] વું. પર્વત.

મહીદાસ ઐતરેય [સં.] વું. એ નામના એક મહર્ષિ તે ઋગ્વેદના ઐતરેય આરણ્યક અને ઐતરેય ઉપનિષદના મુખ્ય શાખાપ્રવર્તક અને બ્રહ્મ શુદ્ધ જ્ઞાનમય તત્ત્વ છે એ મહાવાક્યના સમર્થક હતા. ઉપનિષદ વિચારણામાં કહ્યું છે: એક ઋષિને પોતાના વર્ણની સ્ત્રી ઉપરાંત ઇતર વર્ણની સ્ત્રીઓ હતી. તેમાંની એકનું નામ ઇતરા હતું. તેના પુત્રનું નામ મહીદાસ ઐતરેય હતું. મહીદાસના પિતાનો આ પુત્ર ઉપર અન્યોના પુત્રો ઉપર જેવો ભાવ હતો તેવો ન હતો. એક યજ્ઞમંડળીમાં પુત્રો સાથે તે ઋષિ ગયા. ત્યાં મહીદાસ વિના સર્વ પુત્રોને વાત્સલ્યથી તેણે ખોળામાં લીધા. આ પ્રસંગ વડે મહીદાસને પણ ખોટું લાગ્યું તે પોતાની માતા પાસે રડતો ગયો અને હકીકત કહી માએ મહી એટલે પૃથ્વી પોતાની કુલદેવતા હતી તેને પ્રાર્થના કરી. એમ કહેવામાં આવે છે કે, યજ્ઞપતિ બ્રાહ્મણ પૃથ્વીદેવીએ એવી બાંહેધરી કરી કે, મહીદાસ સર્વ કુમારોમાં શ્રેષ્ઠ છે બધી તેને આશીર્વાદ આપ્યો કે તું બ્રાહ્મણ વાઙ્મયનો દ્રષ્ટા થઈશ. ત્યારપછી ઓમ્ મે દેવાનામવમઃ એ મંત્રથી આરંભ પામતા અને રતૂહને રતૂહુતે એ મંત્રથી અંત પામતા ચાળીસ અધ્યાયના બ્રાહ્મણોની તેને સ્ફૂર્તિ થઈ. આ મંથને ઐતરેય બ્રાહ્મણ કહે છે. તે શાખાપ્રવર્તક મહર્ષિ થયા, અને ઋગ્વેદની શાખાનું ઐતરેય આરણ્યક અઢાર અધ્યાયનું અને ત્રણ અધ્યાયનું ઐતરેય ઉપનિષદ તેમના તરફથી સ્વાધ્યાય ક્રમ વડે પ્રચલિત થયું બ્રાહ્મણ ઉપનિષદ ઉપરથી સમજાય છે કે, આ ઋષિ ૧૧૬ વર્ષ જીવ્યા હતા. ગોપીમ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળી તેમણે વેદાભ્યાસ કર્યો હતો. બીજાં ચુંમાળીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ પાળી કર્માનુષ્ઠાન કર્યું હતું અને છેવટનાં અઠતાલીસ વર્ષ વની તરીકે તેમણે તપમાં ગાળ્યાં હતાં. જીવનના બીજા ખંડમાં ઐતરેય બ્રાહ્મણ અને ત્રીજા ખંડમાં આરણ્યકની રચના તેમણે કર્યાનું અનુમાન થાય છે. મહીદાસ સૃષ્ટિવિજ્ઞાન સંબંધમાં ઐરિસ્ટોટલની પેઠે પદાર્થોમાં જાતિભેદ માને છે. મહીદાસની ભાવનામાં આખું દશ્ય જગત એ જીવનું રૂપ છે અને તે ત્રિલોકીમય છે. મહીદાસ કહે છે કે, અગ્નિસુધી પૃથ્વી અને અગ્નિ, સ્વર્લોક અને સૂર્ય, દિશાઓ અને ચંદ્રમા, જળ અને સમુદ્ર વિદ્યમાન રહે છે, ત્યાંસુધી વિશ્વની મૂર્તિ જગત્પ્રાણ કાયમ જેવી રહે છે.

મહીદીપ [સં.] વું (પિંગળ) એક પ્રકારનો માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં અગિયાર માત્રા હોય છે. તેમાં અંતે બે ગુરુ હોય છે. તેમાં દશ અને બાર માત્રા ઉપર યતિ આવે છે અને ૧, ૭, ૧૩ અને ૧૯ માત્રાએ તાલ આવે છે.

ચરણ ચરણમાંહે અગી આગીશ કલ ગમે,
અંતમાંહ ગુરુત્રય ગુરુ, રવિ દશે વિશ્રામે,
લઘુ એક ભાવ તેર, બે ત્રણીશ કમે,
લલિત લો અને રસાલ, મહીદીપ નામે.
રણજિત પટેલ

મહીદુર્ગ [સં] વું. બાર હાથ પહોળો અને ઓગણીસ હાથ ઊંચો કિલ્લો.

મહીદેવ [સં.] વું. બ્રહ્મા; પૃથ્વીનો પુત્ર. કેટલાક મહીદેવનો અર્થ બ્રાહ્મણ ન કરતાં રાજા કરે છે. મહીદેવનો ચૌમિકાર્થ રાજા અર્થ કોક ખરો, પરંતુ સંસ્કૃત સાહિત્યમાં તેનો સામાન્ય પ્રયોગ જોવામાં આવતો નથી. આપે કોશમાં મહીપુર, ભૂસુર અને ભૂદેવ એ ત્રણે શબ્દોનો અર્થ બ્રાહ્મણ કર્યો છે. મહીસુર એ ત્રણ શબ્દોનો પર્યાય છે તેથી તેનો કદાચ તો બ્રાહ્મણ જ થતો જોઇએ. અમરકોષમાં નૃપતિના પર્યાયોમાં ભૂપ અને મહીપતિ, શબ્દરત્નાવલિમાં ભૂપાલ, ભૂભૃત્ અને મહીપતિ તથા જટાધરકોષમાં અવનીપતિ અને ભૂભુક્ શબ્દો આપ્યા છે. અર્થાત્ રાજાના અર્થમાં ભૂ, ભૂમિ, મહી અને અવની એ પર્યાયો સાથે દેવપદ જોડવું નથી, પણ પતિ, ભાત્ વગેરે પદો જોડ્યા છે. જ્યાં દેવ અમરા તેનો પર્યાય સુર પદ જોડેલ છે, ત્યા તેનો અર્થ બ્રાહ્મણ જ કરવામાં આવ્યો છે

મહીધર ૧. પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અનંતશેખર. તેના દરેક ચરણમાં પ્રથમ ગુરુ ચૌદ વાર આવી ત્રેપનરે અઠ્ઠાવીસ અક્ષર હોય છે

૨. પું. નાગ; સાપ.
૩. પું. પર્વત, પહાડ.
૪. [સ મહી + ધૃ (ધારણ કરવું)] પું. પૃથ્વીને ધારણ કરનાર શેષનાગ.
૫. પું. રાજા
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૭. પું. શુક્લ યજુર્વેદ ઉપરના એક ભાષ્યનો કર્તા.

મહીધરિયા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક બોલી
૨. ન. એ નામની બોલીનું માણસ.
૩. વિ. એ નામની બોલીનું.

મહીધ્રક પું. (જુ ગુ.) પર્વત; ગિરિ.

મહીપ્રકૃત [સં. મહીપ્રકૃત] પું. (પુરાણ) મહાપૃથિ જનકનું બીજું નામ.

મહીભૃ ૧. [સં. મહી (પૃથ્વી) + ભૃ (ધારણ કરવું)] પું પર્વત.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૩. પું. સાતની સંખ્યા
૪. વિ. પૃથ્વીને ધારણ કરનાર.

મહીમક [સં.] પું. એ નામનો એક રાજા.

મહીન ૧. [હિ] વિ. નાજુક.
૨. વિ. બહુ જ ઝીણું; સૂક્ષ્મ; બારીક.

મહીનસ [સં. મહાનસ] પું. (પુરાણ) અગિયારે માંહેનો એ નામનો એક રુદ્ર.

મહીનાથ [સં.] પું. રાજા.

મહીનો જુઓ મહિનો.

મહીપ જુઓ મહીનાથ.

મહીપત જુઓ મહીનાથ.

મહીપતિ જુઓ મહીનાથ.

મહીપાલ જુઓ મહીનાથ

મહીપાળ જુઓ મહીનાથ.

મહીપુત્ર ૧. [સ.] પું. નરકાસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

મહીપુત્રી [સ] સ્ત્રી. સીતાજી જનકની.

મહીપૃષ્ઠ [સં.] ન. પૃથ્વીની સપાટી.

મહીપ્રકંપ [સ.] પું. ધરતીકંપ.

મહીપ્રાચીર [સં.] પું. સમુદ્ર.

મહીપ્રાચર જુઓ મહીપ્રાચીર.

મહીભાલ જુઓ મહીપુત્ર.

મહીભર્તા ૧. પું. રાજા.
૨. [સં. મહીભર્તૃ] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રલયકાલીન જળમાં ડૂબેલી પૃથ્વીને વિષ્ણુએ ધારણ કરી હતી, તેથી તે મહીભર્તા કહેવાય છે.
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

મહીભવ [સં.] વિ. પૃથ્વીમાં ઉત્પન્ન થનાર, પૃથ્વીમાં બનેલ.

મહીભુજ [સં. મહીભુજ્] પું. રાજા.

મહીભૃત ૧. [સં. મહીભૃત્] પું. પર્વત.
૨. પું. રાજા.

મહીમ પું. કોરડીની એક જાત.

મહીમયવા [સં. મહીમયવન] પું. રાજા.

મહીમથન [સં.] ન. આખલો.

મહીમયનિધું ન. વલોણાનો વાંસ; રવાઈ.

મહીમય [સં.] વિ. પૃથ્વી કે માટીનું બનેલું.

મહીમહેન્દ્ર જુઓ મહીનાથ.

મહીમંડલ [સં.] ન. પૃથ્વી.

મહીમાટલું [મહિયર + માટલું] ન. કન્યાને વળાવતાં અપાતું સુખડી વગેરે ભરેલ માટલું. આજમાટલું; આમાટ.
મહીમાટલું પૂરવું = આમાટ પૂરવો.

મહીમાન [સ.] વિ. પૂજ્ય; મૈલ.

મહીમૃગ [સં.] પું. એક જાતનો જંતુ.

મહીર ૧. [સં.] સ્ત્રી. કીડી.
૨. સ્ત્રી. રાયણ ચોખા.

મહીરજ ૧. [સં.] પું. ઉધઈ.
૨. પું. પૃથ્વીમાંથી ઉત્પન્ન થતો રસ

મહીરાવણ જુઓ મહિરાવણ

મહીરુહ [સં.] ન. ઝાડ; વૃક્ષ.
રાખી વિટપી અનોકહ કુજ દ્રુમ પાદપ કહેવાય,
અહિ દલી પત્રો ફલી વૃક્ષ મહીરુહ જાય
પિંગળપ્રકાશ,૫

મહીરું જુઓ મહિયર.

મહીલતા [સં.] સ્ત્રી. એક જાતનો કીડો

મહીવાસી ન. મહી નદીના કાંઠા ઉપર રહેનાર અમુક જાતનું માણસ. આ લોકો અસલ લૂટવાનો જ ધંધો કરતા હતા અને તે ઉપરથી કોઈ પણ લૂંટારાના ગુણકને મેવાસ કહે છે.

મહીશ ૧. પું. નર્મદા ઉપર આવેલા નિમારની આસપાસનો મુલક: દક્ષિણ માળવાનો ભૈકમ: માહીશ.
૨. [સં.] પું. રાજા નૃપ.

મહીષક [સં.] ન. હાલનું મહિસુર શહેર.

મહીસાગર [સં.] પું. ગુજરાતની એ નામની એક નદી; મહી.
મહીસાગર પીવો = સહનની કસોટી તરીકે મહી નદીનું પાણી સોગદ ઉપર પીવું.

મહીસાગરસંગમ [સં.] પું. એ નામનું એક પવિત્ર તીર્થ. જ્યાં ભગવાન શંકર સાત બિંદુરૂપે પ્રગટ થયા તે પછી નારદજીની પ્રાર્થનાથી જ્યાં શ્વેતદ્વીપમાં વસનારા ભગવાન શ્રીહરિ ૨૬ વાસુદેવરૂપે પ્રગટ થયા. હારીત નામના મુનિના કુટુમ્બનું આ પવિત્ર સ્થળ રહેઠાણ હતું.

મહીસુત ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ભાવન બધુ અને અઢાર ગુરુ મળી સિત્તેર વર્ણની અનુપાથી માત્રા હોય છે.
૨. [સં.] પું. નરકાસુર
૩. પું. (જ્યોતિષ) પૃથ્વીનો દીકરો; મંગલ ગ્રહ: ભૌમ; લોહિતાંગ

મહીસુતા [સં.] સ્ત્રી મહીરૂપી સીતા, જનકી.

મહીસુર [સં.] પું બ્રાહ્મણ: ભૂદેવ.

મહીસૂનુ જુઓ મહીસુત ૨, ૩.

મહીં [સં. મિમસ્; પ્રા. મિઅ, મિઇ, મિહો] અ. માં. અંદર; માહે
બાદીને બાલદાનીનો પોરાયો ના બતાવીએ,
ત્યાસુધી મજાનું ના સ્વરાજ હિંદની મહીં.
ગાંધીમીમાંસા
મહીં પડવું = કામ કરવા દોડીને સામેલ થવું.

મહીંદ્ર પું. મલિમ દેશમા આવેલો એ નામનો એક પર્વત.

મહીં મહીં ૧. અ કોષ્ઠક વાર: વખતે વખતે.
૨. અ વચ્ચે વચ્ચે.

મહુ ૧. સ્ત્રી. મોટું મહોં; કેળાળ હોકનું ટોળું. મારવાડ તરફ બોલાય છે
૨. વિ. મંદું અને કંગાલ માણસ
૩. [હિ.] ન. મહુડાનું ઝાડ

મહુઅર ૧. સ્ત્રી. ઘેરી
૨. સ્ત્રી. મહુડાના ફૂલના રસમાં પકાવેલા રોટલી
૩. ન. ઉદ્દાળાનો એક જાતનો ખેલ.
૪. ન. વાદીની વાસણી; મદારીનું તુંબીવાદ્ય; મદારીની મોરલી

મહુઅરી [સં.] સ્ત્રી. મહુડાંના રસમાં પકાવેલ રોટલી.

મહુઆ [હિ.] પું મહુડાનું ઝાડ. તેને મીઠા ફૂલ આવે છે. તેમાંથી એક જાતનો દારૂ બનાવાય છે. તે સામાન્ય રીતે પારસી દારૂ કહેવાય છે.

મહુઆરી [સ] સ્ત્રી. મહુડાંનું જંગલ.

મહુકેલ્યા સ્ત્રી. બંગાળનો એક હિંદી જાતનો આદમી.

મહુડી (મહુડી) ૧ પું નશામાં મકચૂર માણસ

૨ સ્ત્રી. ઢાર

મહુડી ચઢી = ઢારના નશામાં આવવું

૩ સ્ત્રી. નાનું મહુડાનું નાનું નાનો મહુડો.

૪ વિ. મહુડાનું

૫ વિ મહુડાનો અર્ક પીનાર; ઢોર પીનાર; દારૂડિયું

મહુડું (મહુડું) ૧ [સં. મધૂક] ન. એક જાતનું મોટું ઝાડ; મહુડો

૨. ન મહુડાનું ફૂલ.

મહુડાની ખોટ જાંબુમાં = એકમાં નહીં તો બીજામાં.

મહુડો (મહુડો) [સં મધૂક] પું. એક જાતનું મોટું ઝાડ; મવડો; મધૂક; ગુડપુષ્પ; મધુદ્રુમ, વનપ્રસ્થ, મધુશ્રેષ્ઠ; મધુસ્રવ. તે ઠરાળ જમીનમાં થાય છે. બહુ ઢાઢ હોય ત્યાં તે થતું નથી. તે મુખ્યત્વે ઉંબાળો, બંગાળ, સંયુક્ત પ્રાંત તથા દક્ષિણ ભારતના જંગલોમાં થાય છે. તેનાં પાન પાંચ સાત આંગળી પહોળાં, દશ બાર આંગળ લાંબાં અને બંને બાજુ અણીવાળા બદામનાં જેવાં અને આકાં હોય છે. પાનનો ઉપલો ભાગ આછા લીલા રંગનો અને નીચલો ભાગ ભૂરા રંગનો હોય છે. પાંદડાંનાં પતરાળાં થાય છે. પંજાબમાં તો લોકો તેને બગીચામાં વાવે છે. તે સિવાય તે ઝાડ લગભગ બત્રીસ આઠત્રીસ હાથ ઊંચું થાય છે અને તેની ડાળીઓ ચારે તરફ ફેલાય છે. તેનાં ફૂલ, ફળ, બીજ, લાકડું બધું કામમાં આવે છે. પંદર પચીસ વર્ષમાં ફળવા લાગે છે અને તે સેંકડો વર્ષ સુધી થાય રહે છે. જ્યારે તેનાં પાંદડાં ખરી પડે છે, ત્યારે લાં કળીઓ ફોગી નીકળે છે. તે કળીઓ બીજવાથી તેમ થી સફેદ પ્યાલા જેવા આકારના ફૂલ નીકળે છે ને ફૂલ આવતા કામમા આવે છે અને તેને મહુડાં કહે છે તેના ફળ લગભગ અને લીલા હોય છે. મહુડાનાં ફૂલ બીજ ત્રીસ દિવસ સુધી લગાતાર ટપકે છે. તેનાં ફૂલમાં ઘણે ભાગે ખાંડનો અર્ધો ભાગ રહેલો હોય છે તેથી પશુ, પંખી અને મનુષ્યો તેને ઘણા જ પ્રેમથી ખાય છે. તેના રસમ. વિશેષતા એ છે કે તેમા ગેટલીઓ પૂરીની માફક પકાવી લગાય છે. લીલાં અને સૂકાં બંને પ્રકારના મહુડાનો ઉપયોગ કરી શકાય છે. લીલાં મહુડાંના ફૂલને કચરીને રસ કાઢીને તેમાં લોટ મેળવીને રોટલીઓ બનાવી લગાય છે તેને મહુઆરી કહે છે. સૂકાં મહુડાંને શેકીને તેમા ઘિસાર, પોસ્તના દાણા બેગરીને કુટવામાં આવે છે, તેને લાટા કહે છે. લીલાં અને સૂકાં મહુડા લોકો શેકીને પણ ખાય છે. ગરીબોને માટે તે બારૂ જ ઉપયોગી ખજાનો છે. તે ગાય ભેંસને પણ ખવરાવાય છે. તેથી તે ઘણી થાય છે અને તેનું દૂધ વધે છે મહુડાંનો દારૂ બનાવવામાં આવે છે. મહુડાંના દારૂને સંસ્કૃતમાં માધ્વી કહે છે. મહુડાંના ફૂલ બધા દિવસો સુધી રહે છે અને બગડતાં નથી લેનાં ફળ પરવલના આકારનાં હોય છે અને તેને કલેંદી કહે છે. તેની વચમાં એક બીજ હોય છે. તેમાંથી તેલ નીકળે છે વૈદકમાં મહુડાનાં ફૂલને મધુર, શીતલ, ધાતુવર્ધક તથા દાહ, પિત્ત અને વાતનો નાશ કરનાર, અને ફળને બિનકર કહેલ છે. તેના ફળ શીતળ, શુક્રજનક, ધાતુ અને બળવર્ધક, તથા વાત, પિત્ત, તૃષા, દાહ, શ્વાસ, ક્ષય વગેરેને દૂર કરનાર મનેલ છે. તેની છાલને રક્તપિત્તનાશક અને વ્રણશોધક કહેલ છે. તેનું તેલ કફ, પિત્ત, દાહનાશક અને ભૂતબાધાનિવારક મનેલ છે. મહુડાનું લાકડું પૈડાંની ધરી કે ગરેડી કરવા વપરાય છે.

મહુર [પ્રા.] વિ. મધુર.

મહુરત ૧. ન. અડતાલીસ મિનિટનો સમય.

૨. ન. ક્ષણ; પળ.

૩. [સં. મુહૂર્ત] ન. શુભ સમય; મુહૂર્ત

૧. મહુરત કરવું = સત્કાર્યનો આરંભ કરવો; શુભ વખતે કામની શરૂઆત કરવી.

૨. મહુરત જોવડાવવું = સારા કામનો વખત નક્કી કરવો.

૩. મહુરત જોવું = જ્યોતિષની દૃષ્ટિએ યોગ્ય સમયનો નિર્ણય કરવો

૪. મહુરત દેખવું-વિચારવું = કોઈ સારા કામ માટે શુભ વખત નક્કી કરવો.

મહુર્ણો [હિં] પું. મહોત્સવ.

મહુલ્લા ૧ [હિં.] પું. શરીર ઉપર લાલ અને કાળા રંગના વાળ હોય તેવો બગદ. આવો બગદ નિરુપયોગી સમજવામાં આવે છે

૨. વિ. મહુડાનાં ફૂલનું. આ શબ્દનો પ્રયોગ ઘણું ખરું બગદ, વાળ વગેરેના સબંધમાં થાય છે.

મહુવર ૧. [સં. મધુકર; પ્રા. મહુઅર] પું ઝાડનો મોર.

૨. સ્ત્રી. મધુકરી; મોવર; મોહ લગાડે તેવા સ્વરનું વાજું, ચંદ્રી, મદારી કે ગારુડીની વાંસળી; તૂંબડીને એક બેડે બે પોલા લગાડીને બનાવેલું કૂંકીને વગાડવાનું વાજું; મોરલી

૩. વિ. મીઠું; મધુર.

મહુવા પું. એક જાતનું ઝાડ; મહુડો.

મહૂઅર પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મધુકર. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, મગણ, મગણ, યગણ, ભગણ, જગણ, ગુરુ અને લઘુ મળી પીસ અક્ષર હોય છે

મહૂખ ૧. [હિં.] ન. જેડીમધ.

૨. ન. મહુડાં; મહુડાનું ફૂલ.

મહૂર્ત જુઓ મહુરત.

મહેક [સં. મદક] સ્ત્રી. બહેક; વાસ; સુગંધ; ફોરમ; સોડમ; પરિમલ

મહેક આવવી-મારવી = સુગંધ આવવી

મહેકમ ૧. [અ. મહેકમા] પું. હિસાબ તપાસનાર અમલદાર; ' ઑડિટર. '

૨. ન. કચેરીની વ્યવસ્થા કરનાર નોકરમંડળ.

મહેકવું સ. ક્રિ. સોડવું; ફોરવું; વાસ ઊડવી; સુગંધ ફેલાવી; બહેકવું.

મહેકાર પું. મહેક મહેક થઈ રહેવું તે; ગંધપ્રસાર; બહેકાટ; સુગંધનો ફેલાવો

મહેખી [હિં.] સ્ત્રી. બેસવા બલિની.

મહેચ્છ ૧. [સં.] પું. વિષ્ણુ

૨. વિ. મહાકાંક્ષી; મહત્ત્વાકાંક્ષી.

૩. વિ. મોટા મનવાળું; ઉદાર મનવાળું; મહાશય; મહેચ્છાવાળું.

મહેચ્છત્વ ન. મહાકાંક્ષીપણું; મોટી મોટી ઇચ્છા રાખવી તે.

મહેચ્છા [સં.] સ્ત્રી. મોટી ઇચ્છા; મોટા બધાની ઇચ્છા; મહાકાંક્ષા

મહેચ્છુ [સં.] વિ મહત્ત્વાકાંક્ષી; મોટી અભિલાષાવાળું

મહેજય ૧. [સં.] પું વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.

૨. વિ. સૌથી વધારે પૂજ્ય હોય તેવું; અતિશય પૂજ્ય.

મહેડ્યુલિયું ન. મહેણું; ટોણું; મર્મનો ઘોણ.

અવા મહેડ્યુલિયાં નવ હાલ રે.

મુ દિવ્યપ્રકાશ

મહેણાંટાંણળ વિ. મહેણા સાંભળી જાતું હોય તેવું.

મહેણાંટાંણાં જુઓ મહેણાટોણા.

મહેણાટોણાં ન ન વ. મર્મવચનો; મહેણાં.

મહેણું [સં મહન્; પ્રા. મરહુ (અપમાન કરનાર)] ન. કરેલો ઉપકાર સામાને કહી સંભળાવવો તે; સામાને માઠું લાગે એવી રીતે

તેની કોઈ પ્રત્યેની ગાલનો ટપ્પો મારવો તે; ટોણો; મર્મવચન; હોક; બોલ; ટૂંણો; ટપલો.
મહેણું મારવું = દોષ દેખાડી આપી કરેલો ગુણ કે ઉપકાર હોડને રૂપે કહી સંભળાવવો; ટોણો મારવો; મર્મવચન કહી સંભળાવવું.

મહેત પું. મોટો સાધુ.

મહેતર ૧. [સ. મહત્તર] પું. ઝાડુ મારનાર ભંગી; અંત્યજ; હરિજન.
૨. પું. દેહાત્મોનો વડો; દેહનો મુખી; દેહનો પટેલ; દેહનો મુકદ્દમ. દેહના દરેક જ્યામાં અમેક મુખી હોય છે તે ઉત્તર ગુજરાતમાં મહેતર અને દક્ષિણ ગુજરાતમાં પટેલ કહેવાય છે.
૩. પું. તડવાર્ડ; આગેવાન; મુખ્ય નેતા; નાતનો પટેલ; મુખી.

મહેતરજી જુઓ મહેતરાણી

મહેતરાઈ ૧. સ્ત્રી. દેહની પટલાઈ; મહેતરનું કામ કે હોદ્દો
૨. સ્ત્રી મહેતરનો ધંધો

મહેતરાણી સ્ત્રી. મહેતર કે દેહની સ્ત્રી; દેડી.

મહેતરિયો જુઓ મહેતર.

મહેતલ [અ. મુહ્લત)] સ્ત્રી. અમુક જવાબ દેવા કે કામ પૂરું કરી આપવાને આપાતો વખત; તહકૂબી; મુદત; અમુક બાબતને માટે અમુક નક્કી કરેલો સમય
૨. સ્ત્રી. મુકરર કરેલું થોડી વાર રહેવા દેવું તે.
૩. સ્ત્રી. વાર; ઢીલ; વિલંબ.

મહેતા ૧. સ્ત્રી. બ્રાહ્મણ, દશાશ્રીમાળી વાણિયા નાગર, બોબા, આહિર, લોહાણા અને દક્ષિણી લોકોની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

મહેતાગીરી ૧. સ્ત્રી. મુમાસ્તાગીરી; મહેતાનું કામ; કારકુની,
૨. સ્ત્રી. મહેતાજીનો ધંધો; શિક્ષકનું કામ.

મહેતાજી ૧. પું. છોકરાંને ભણાવનારો માણસ, ઉપાધ્યાય; ગુરુ; શિક્ષક; બોધ આપનારો વિદ્યાગુરુ.
૧. મહેતાજી ભણ્યા, એટલે નિશાળિયાને મળ્યા = ગુરુ ભણ્યા જોકુળ અને વાસે ગઈ મોકળા, સમ્બન્ધી વગર જિસ્સ ભણવાતી નથી
૨. મહેતાજી મારે પે નહિ અને ભણાવે ય પણ નહિ = (૧) કોઈને લાભે ય ન થાય અને હાનિ પણ ન થાય તેવી રીતે રહેવું. (૨) પોતાના કામમાં ઉદાસીન, નિષ્ક્રિય કે નહિવત્ રહેવું.
૨ પું. નામાદામાનું કે હપ્પાનું કામ કરનારો માણસ; મહેતો. મુનીમ; મુમાસ્તો; કારકુન

મહેતાજીપદ ન. મહેતાજીપણું; મહેતાજીનો દરજ્જો.

મહેતાનું પદ ન. એ નામનું નરસિંહ મહેતાનું એક અપ્રસિદ્ધ પદ. નરસિંહ મહેતાનું આ અપ્રસિદ્ધ પદ પાટણના હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં રાખેલા શુભવીર જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિ નં. ૬૨૨ નામાંથી લેવામાં આવ્યું છે. એવી કૃતિને અંતે નીચે પ્રમાણે પુષ્પિકા છે: પ્રતિષ્ઠી બહોતરિ વર્ષ સુપન વિચાર સવત ૧૭૭૨ વર્ષે માગશિર સુદિ સોમે લિખિત એટલે કે અહીં આપેલા પદની નકલ પણ સંવત ૧૭૭૨માં થઈ હતી એવું અનુમાન કરી શકાય. આ પદની ભાષામાં જૂની ગુજરાતીનાં લક્ષણો ઠીક ઠીક જળવાઈ રહ્યાં છે.

મૂળ પદ
રામ આશાવરી
જો રી બાઈ પાંડરી પટોલીઈઆ કોલ રે,
નવલ નારી કોઈ દીસિ રે;
જે આગલી આપણ ઊલપાવાં,
તો આપણા નાગજ્જાલ કિમ ગમીસિ રે લે રે.

મહેતાબ ૧. [ફા. મહતાબ] સ્ત્રી. ચટ; ચાંદ.
૨. સ્ત્રી. ચાંદની; ચંદનું અજવાળું.
૩ સ્ત્રી. પરી; અપ્સરા.
૪ સ્ત્રી. ભપોરિયાની રોશની; એક જાતનું દારૂખાનું.

મહેતી ૧. સ્ત્રી. અધ્યાપિકા, શિક્ષિકા; ઓરિયક.
૨. સ્ત્રી. મહેતાજીની સ્ત્રી

મહેતીજી સ્ત્રી. શિક્ષિકા; ઓરિયક; મહેતી. માનાર્થે વપરાય છે

મહેતો ૧. પું. (બીજા) તલાટી
બ્રાહ્મણ અને બ્રાહ્મણ), બ્રાહ્મણ), હોક (વાણિયા) મહેતો (તલાટી) કે અમલ (પોલીસ) કોઈ કનડી શકે નહિ. સારદા
૨. પું. નરસિંહ મહેતા; ગુજરાતી ભાષાનો આદ્યકવિ.
૩. પું. નામું કે હિસાબ રાખનાર મુમાસ્તો; વાણોતર; હિસાબી કારકુન.
૪ પું શિક્ષક; ગુરુ; ઉપાધ્યાય.

મહેદવી વિ. મહેદીનું; મહેદી સમ્બંધી. જેવા ધર્મમાં મહેદી જે હજુ પ્રગટ થવાના છે, તેના નામનો સૈયદ મહમદ જૌનપુરી નામના એક ઉપદેશકે ઈ. સ. ૧૪૯૯માં મહેદવી પંથ ચલાવ્યો હતો. પોતે જ મહેદી હોવાનો તેણે દાવો કર્યો હતો.

મહેદી પું. બોલ્ય ધર્મના આરબો અથવા જેવા ધર્મમાં ધર્મ. જિયા મત પ્રમાણે તે જીવતા પણ અદૃશ્ય મનાય છે

મહેદીમહમદ પું. બોલ્ય ધર્મના અભિયારમા ધર્મગુરુ. તેમની ધર્મગુરુતની કારકિર્દી ઈ. સ ૮૭૧થી ૯૩૪ સુધીની હતી

મહેનત ૧. [અ. મિહનત] સ્ત્રી કામ કરવામાં તનમનને જોર આપવું તે, તનમનથી કામ કરવામાં જે જોર કે બળ વાપરવું તે; શ્રમ; આયાસ; પુરુષાર્થ; મહા પ્રયાસ; પરિશ્રમ; જહેમત. આજની ઉત્પત્તિ માટે જે શારીરિક કે માનસિક મહેનત કરવામાં આવે છે તેને મહેનત કહે છે. તેને કેટલાક શ્રમ કે મજૂરી પણ કહે છે પરંતુ હદ કરતાં વધારે મહેનત માટે શ્રમ શબ્દ વપરાતો હોવાથી અને શારીરિક મહેનત માટે મજૂરી શબ્દ વપરાતો હોવાથી બધી જાતની મહેનત માટે મહેનત શબ્દ પસંદ કરવા જેવો છે. તે જ પ્રમાણે મહેનત કરનાર માટે મજૂર કે મજૂરી શબ્દ વાપરવાને બદલે કામકાર શબ્દ પસંદ કરવા જેવો છે. જે મહેનત માટે અગાઉથી તૈયારીની ખાસ જરૂર ન હોય તેવી મહેનતને કુશળ મહેનત અથવા કારીગીરી અને જેને માટે શારીરિક કૌશલ સિવાય બીજી તૈયારીની ખાસ જરૂર ન હોય તેવી મહેનતને સાદી મહેનત અથવા મજૂરી કહી શકાય. ધંધાની જરૂરિયાત પ્રમાણે કે મજૂરોની ઇચ્છા કે અનુકૂળતા અનુસાર મજૂરો એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ શકે તેવી સ્થિતિ હોય, તો તેમાં મજૂરી ગતિશીલ છે અને તેમ ન હોય તો સ્થિર છે એમ કહેવાય. જે મહેનત ધનની ઉત્પત્તિમાં મહદંશે ગૌણ અથવા નહિવત્ ધન પેદા કરવામાં રહીને આડકતરી રીતે મદદ કરે, તેને ઉત્પાદક મહેનત અને જેની અસર તેથી ઊલટી ગૌણ અથવા ઉત્પાદક ન હોય તેને અનુત્પાદક મહેનત કહે છે. કાર્યવ્યવસ્થાની દૃષ્ટિએ એક કામને જુદા જુદા મનુષ્યો વચ્ચે વહેંચી નાખવામાં આવે તેને કાર્યવિભાગ અને તે કાર્યવિભાગનું તત્ત્વ જુદાં જુદાં રાષ્ટ્રો કે દેશો કે પ્રદેશોને લાગુ પાડવામાં આવે, તેને પ્રાદેશિક કાર્યવિભાગ કે રાષ્ટ્રીય કાર્યવિભાગ કહે છે. ભારે વજન ઉપાડવા માટે કે કોઈ કામ કરવા માટે બધા માણસો જેમાં ભાગ લે તે સાદો કાર્યવિભાગ કહેવાય, અને એક કિલ્લાના બધા પેટા વિભાગો કરી નાખવામાં આવે તેને સૂક્ષ્મ કાર્યવિભાગ કહેવાય. કામકાજ તરીકે ઘંટણીના કારખાનામાં કોઈ તાર કાપે, કોઈ ઘંટણીનું માથું બનાવે, કોઈ અણી કાઢે, કોઈ પાલીશ કરે, કોઈ ચોકસે વગેરે. સૂક્ષ્મ કાર્યવિભાગ યંત્રને લીધે થાય છે.

તેને બીજે કારખાનાં ઊભાં થાય છે. તેથી એક જગ્યાએ બધા કામદારોને એકઠા થવું પડે છે, તેને કામદારોનું કેંદ્રીકરણ થયું કહેવાય. તે જ પ્રમાણે મૂડી અને ઉદ્યોગ મૂઠીભર માણસોના હાથમાં એકત્ર થાય, તેને મૂડીનું કેંદ્રીકરણ થયું કહેવાય. વિનોબા કહે છે કે, ગીતાનું રહસ્ય ગીતાની પોથીમાં છુપાયેલું નથી. તે તો ખુલ્લું છે. ભગવાન પોતે જ કહે છે કે, મેં મુઠ્ઠને કહેલ છે. એટલું ખુલ્લું છે કે, આંખો હોય તે તેને જોઈ શકે છે અને જો છુપાયેલું જ છે તો ગીતાની પોથીમાં તો નિશ્ચય જ છુપાયેલું નથી. તે હૃદયની ગુફામાં છુપાયેલું છે. આ ગુફાના મોઢા ઉપર દુર્યોધનના પત્થરોનો ઢગલો પડેલો છે. તેને હટાવીને અંદર જોવું જોઈએ. તેને માટે મહેનત કરવી પડશે. ગીતા કુરુક્ષેત્રમાં કહેલી છે. સંસ્કૃતમાં કુરુનો અર્થ કર થાય છે. કુરુક્ષેત્ર આની કર્મની ભૂમિ છે. આ કર્મની ભૂમિમાં ઉપર ગીતા કહેલી છે અને ત્યાં તેને મહેનતના હાથોથી સાંભળવાની છે. ભગવાનનો કાનૂન છે કે, દરેક મનુષ્ય પોતાની મહેનતથી જીવે. દુનિયામાં શારીરિક શ્રમ વગર બિલ્લા માણવાનો અધિકાર કેવળ સાચા સંન્યાસીને છે.

૧. મહેનત કરવી = શ્રમ સેવો
૨. મહેનતનાં ફળ મીઠાં = કષ્ટ વિના ફળ નહિ; ખમે એ ખાય; દુઃખ ખમે એ સુખ પામે.

૨. સ્ત્રી. જે ઉપર મહેનત કરવાની હોય તે કામ.
૩. સ્ત્રી લોર; ખળા; કણિત.
૪. સ્ત્રી. દુઃખ; સંકટ; પીડા સહેવી તે
૫. સ્ત્રી. મહેનતાણું.
૬. સ્ત્રી. વૈતન; મજૂરી; મજૂરીનું કામ; ચાકરી.

મહેનતકરા વિ. મહેનત કરનાર; પુરુષાર્થી.

મહેનતમજૂરી સ્ત્રી. શારીરિક શ્રમ. રશિયામાં શારીરિક મહેનતમજૂરીને હીન કે ઊતરતું કાર્ય લેખવામાં નથી આવતું, પરંતુ તેને બદલે આરામ અને બેઠાડુ જીવન ધિક્કારપાત્ર ગણાય છે. શ્રમ એટલે મજૂરીનું મહત્ત્વ ત્યાં ખૂબ અંકાય છે. શ્રમને નવું ગૌરવ પ્રાપ્ત થયું છે. શ્રમશિરત ઉપર પણ ખૂબ ભાર મૂકવામાં આવે છે. શારીરિક શ્રમની તાલીમ વિદ્યોથી કળવણી અપૂર્ણ મનાય છે. સોવિયેટ શિક્ષણ શારીરિક અને બૌદ્ધિક શ્રમ વચ્ચે પડેલી ખાઈને પૂરી રહે છે અને માટે ત્યાં શિક્ષણની નવી પદ્ધતિ અમલમાં આવી છે. આનું નામ છે પોલિટેકનાઇઝેશન. આ પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓ કાર્યક્ષેત્રમાં તાલીમ મેળવે છે અને કારખાનાં, બાગો, ખેતરો કે પ્રયોગશાળાઓમાં જઈને ઓજારોનો ઉપયોગ, યંત્રોનું સંચાલન શીખે છે ને ઉદ્યોગોમાં રહેલી વૈજ્ઞાનિક કિયાપ્રક્રિયાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આની સાથોસાથ પ્રત્યેક ઉદ્યોગનું દેશના અર્થકારણમાં સામાજિક દૃષ્ટિએ શું સ્થાન છે, કયા સર્જનનું કેવું મહત્ત્વ છે, સમાજ ઉપર તેની કઈ અસર પડે છે વગેરે બાબતોનું જ્ઞાન અને માહિતી સર્વાંગી દૃષ્ટિકોણથી અપાય છે

મહેનતમસાયત જુઓ મહેનતમજૂરી.

મહેનતાણું ૧. [અ. મેહનત] ન. કામદારોને તેમની મહેનતના બદલામાં આપવામાં આવતી રકમ; મહેનતનો બદલો; મજૂરીના પૈસા; રોજી. કામદારના નિર્વાહ માટે જેટલી રકમ જરૂરી હોય તેટલી રકમ તેને આપવામાં આવે તો તે નિર્વાહ પૂરતું મહેનતાણું કે નિર્વાહવેતન કહેવાય. આવી ઓછામાં ઓછી મહેનતાણાની રકમ ઠરાવાઈ હોય તેને અલ્પતમ મહેનતાણું કહેવાય. આવી હદ બધી વખત કામદારથી નક્કી કરવામાં આવે છે અને તે નિર્વાહ પૂરતું ઓછામાં ઓછું નક્કી કરવાના ધોરણથી ઠરાવવામાં આવે છે. પરંતુ તે હદ નિર્વાહ પૂરતી રકમથી વધતી કે ઓછી હોઈ શકે છે. આવી જ રીતે વધુમાં વધુ મહેનતાણાની હદ ઠરાવી હોય તેને અધિકતમ મહેનતાણું કહેવાય. દાખલા તરીકે, રાષ્ટ્રીય મહાસભાએ ઠરાવી હતી તેવી માસિક રૂા. ૫૦૦ની અધિકતમ મર્યાદા. કેટલીક વખત અમુક ટોપલીઓ ભરવાના અમુક પૈસા એ પ્રમાણે મહેનતાણું આપવામાં આવે છે અને કેટલીક વખત ટોપલીઓની જે કીમત ઊપજે તે પ્રમાણે ઓછુંવત્તું મહેનતાણું આપવામાં આવે છે. પહેલા પ્રકારને કામ પ્રમાણે મહેનતાણું અને બીજા પ્રકારને કમિશ મહેનતાણું કહેવાય.
૨. ન. પગાર; દરમાયો.

મહેનતાનાબક્ષ જુઓ મહેનતાણું

મહેનતી ૧. [હિ.] પું. મજૂર
૨. વિ. ઉદ્યોગી, મહેનત કરનાર.

મહેનતુ [અ. મેહનત] વિ. ખૂબ ખંતથી મહેનત કરનાર; તન, મન ને ધનથી કામ કરનાર; શ્રમજીવક; ઉદ્યમી; ઉદ્યોગી; અરસાયી.
મહેનતુને ખોટ નાની ? = મહેનતુ ભૂખે ન મરે.

મહેનતુડું (મહેનતુડું) જુઓ મહેનતુ

મહેફિલ (મજલિસ) ૧. સ્ત્રી. ઉજાણી.
૨. [અ. મહફિલ] સ્ત્રી. ગમત કે આનંદાનનો મેળાવડો.
૩. સ્ત્રી. મિજલસ.

મહેબૂબ ૧. સ્ત્રી. ગોરત; બાનુ; બાઈ; ઓ.
૨. [અ. હબ્બ (તેણે ચાહ્યું)] સ્ત્રી. બાનુ; પ્રિયા.
૩. વિ. પ્રિય; પ્રેમી; માનીતું; વહાલું.

મહેમદાવાદ ન. મહમદે વસાવેલું ગુજરાતનું એ નામનું એક ગામ

મહેમદાવાદિયા સ્ત્રી. સુતારની એ નામની એક જાત

મહેમા જુઓ મહિમા.

મહેમાન ૧. પું. જમાઈ.
૨. [ફા. મિહ્ (મહાન) + માન (ના જેવો)] પું. પરોણો; આવેશિક; આગંતુ; ગૃહાગત; પ્રાપૂર્ણિક; પ્રાપુર્ણક; અતિથિ; અભ્યાગત.

મહેમાનખાનું [ફા. મિહ્માનખાના] ન. મહેમાનો માટેનું મકાન; અતિથિગૃહ.

મહેમાનગત જુઓ મહેમાનગીરી.

મહેમાનગતિ જુઓ મહેમાનગીરી.

મહેમાનગીરી ૧. સ્ત્રી. પરોણાગત; પરોણાગારી; આગતાસ્વાગતા; અતિથિસત્કાર; આદરસત્કાર; ખાતરદારત; આતર.
૨. સ્ત્રી. પૂજા; સેવા.

મહેમાનઘર ન. મહેમાનો માટેનું મકાન.

મહેમાનદાર [ફા. મિહ્માનદાર] પું. યજમાન.

મહેમાનદારી જુઓ મહેમાનગીરી

મહેમાનસરા [ફા.] સ્ત્રી. મહેમાનોને માટેનું મકાન; અતિથિગૃહ

મહેમાનિયક સ્ત્રી. ઓ મહેમાન.

મહેમાની [ફા. મિહ્માની] સ્ત્રી. મહેમાનગીરી; આતિથ્ય; પરોણાગત; પરોણાગારી.

મહેમુદી પું. મહમદ બેગડાના વખતનો એ નામનો સિક્કો. એક મહેમુદીના ચાળીસ દોકડા બનતા.

મહેર ૧. પુ ચડ.
૨. પુ ઝપડો; કબ્જિયો.
૩. [ફા. મિહ્ર] પું સૂર્ય.
૪. સ્ત્રી ઉપકાર, બાજ ૨
૫. [ફા. મિહ્ર] સ્ત્રી. કૃપા; દયા; મહેરબાની; અમીદૃષ્ટિ. અનુગ્રહ
૬. સ્ત્રી. બાપ દુખમાં ઉકાળેલ ચોખા કે બીજા અનાજની બાવાની એક વાની.
૭. સ્ત્રી. નરમાશ
૮. સ્ત્રી. પારસીઓનો બાર મહેનો સાતમો મહિનો, ફરવરદિનથી સાતમો મહિનો.
૯. સ્ત્રી. રાજીપો, સદ્‌ભાવ; માયા.
૧૦. સ્ત્રી. લગ્ન આપવું તે
૧૧. સ્ત્રી. સૌરાષ્ટ્રમાં રહેતા લોકોની એક જાત. કર્નલ વોકરના મતે તે શબ્દ મહેમ્બાની ઉપરથી આવ્યો છે. પણ વિદ્વાનો એમ માને છે કે,

તે શબ્દ મિદ્ર એટલે મૂર્ખમાંથી આવ્યો છે અને તે વધુ સજીવિત છે. આજે પણ તેમાંના ઘણાખરા મૂર્ખપૂજનો છે અને તેઓ જે જગ્યાઓમાંથી અહીં આવ્યા છે ત્યાં પણ મૂર્ખપૂજનનાં મથકો છે

મહેરબણ [સ] સ્ત્રી. એક જાતનું ઝાડ.

મહેરનજર સ્ત્રી. કૃપાદૃષ્ટિ; દયાળુ ઇરાદો નજર.

મહેરબાન ૧. [ફા. મિહ્ર્ (પ્રીતિ) + બાન (કરનારું)] પુ. સદ્ગૃહસ્થ

૨. વિ. અનુકૂળ; મરજીના આવે તેવું.

૩ વિ. દયાળુ, કૃપાવંત; માયા રાખનાર; સહાનુભવવાળું; માયાળુ, કૃપાળુ

૪. વિ. પોષિંદું; કુરબાની

૫ વિ માનવ કરનાર. આશ્રય આપનાર; હિમાયતી; પક્ષપાતી.

૬. વિ સરકારી પત્રવ્યવહારમાં મોટા અમલદારને માનવંત બોલાવો શબ્દ.

મહેરબાની ૧ સ્ત્રી. આધાર; ટેકો; આશ્રય.

૨. સ્ત્રી. ઉપકાર; આભાર.

૩ [ફા મિહ્રબાની] સ્ત્રી. માયા, કૃપા, સદ્ભાવના; ખુશી કે રાજીપો રાખ્યો તે; દયાભાવ, બક્ષા નહિ વેરાખપણું, અનુગ્રહ સોરેટિસે કહ્યું છે કે, કોઈ ઉપર તમે મહેરબાની કરો તો ભલી જાણે, કોઈ તમારી ઉપર મહેરબાની કરે તે યાદ રાખજો.

મહેરમ ૧. [અ. મહ્રમ] વિ. જેની સાથે ગમ કરવાનું નાદુરસ્ત હોય તેવું.

૨ વિ મનથી મનેલું, મનનો મેર; અંતઃકરણથી વહાલું

મહેરા ૧. પું ઝાડ.

૨. જુઓ મહેરી.

મહેરાણ પું. મહેરામણ; સમુદ્ર.

મહેરાપ ૧. પું કદાહ; કમાનો અર્ધવર્તુળાકાર આકૃતિ, લાકડાનું કે પથ્થરનું કમાનદાર ગમ; કમાનના આકારનું પથ્થર.

૨ [અ. મેહરાબ] પું. ઘૂમટ.

મહેરાપદાર [અ.] વિ. ઘૂમટવાળું; મહેરાબવાળું; અર્ધગોળાકાર; અર્ધચંદ્રાકાર; તોરણાકાર; કમાનદાર

મહેરાબી જુઓ મહેરાબદાર.

મહેરામણ ૧. [સં. મહાર્ણવ] પું. સમુદ્ર; દરિયો

૨. વિ. મોટા પેટવાળું.

મહેરામજી પું રાજકોટના એ નામના એક ગૃહસ્થ. તેમણે પ્રતીક્ષામાત્ર નામનું પુસ્તક રચ્યું છે. આ પ્રતીક્ષામાત્ર એટલે સામર્થ્યવાળો ને સામર્થ્યયુક્તસંજીવી મધ્યપુત્રનો હિંદી ભાષાનો ગુજરાતી મહાગ્રંથ. એક રજપૂત, એક દેવીપુત્ર, એક જતિ, એક શાકો-એમ કાર્બનિકારક સમર્પિનકર્તા વણજવાળા સમી ગણી, કરાણી, વાદગલ્લામણી, કાગમીટી આદિ નદીના આસપાસના દરબારગઢની અગાસીઓમાં વિ. સ. ૧૮૬૮માં એ મહાકાવ્ય રચ્યું.

અદ્વયવસ્તુમાં જન્મેલા, દ્વિરાચસ્તુમાં રહિવાળા, રાજકોટ નામના પુરના **મહેરામજુષ્ટ** નામના રાજવી. તેમણે રજપૂતો જનોની પ્રીતિને અર્થ પ્રતીક્ષામાત્ર ગ્રંથ રચેલો છે.

_દલપતરામ

મહેરી ૧ [હિં મહી (છાશ)] સ્ત્રી. ખાટા દૂધમાં ઉકાળેલ ચોખા કે બીજા અનાજની વાની.

૨. સ્ત્રી. બીજાની સ્ત્રી; પર સ્ત્રી.

૩. સ્ત્રી ઘિના જેવું એક જાતનું ઝાડ.

૪. વિ. અટચણ કરનાર.

મહેરુણ [સ] સ્ત્રી એક જાતની વનસ્પતિ; મારસ

મહેરો પુ પ કમ્પી ઊંચકનાર, આર્મી.

મહેલ [અ મહલ] પુ રાજાને રહેવાનું મોટું બાંધવામાં આવતું મકાન; રાજમંદિર; રાજમહેલ; વૈભવી; ઇમારત.

મહેલકોટા ન. રામેશ્વરની પાસે આવેલું એ નામનું એક તીર્થસ્થાન.

મહેલવાસી વિ. મહેલમાં રહેનાર.

મહેલા ૧. પું. ઉકાળેલા ભાતનો ચોખાને બદલે અપાતો ખોરાક.

૨. સ્ત્રી. ઓરત; બૈરી; ભાર્યા, માંદણા.

દ્રાવિક પરણ્યા કરે,
મહેલા મનમા નવ ધરે પ્રેમાનંદ

મહેલાણ ન. મુકાવાની ક્રિયા; છૂટવાની ક્રિયા; છુટકારો.

મહેલાતા જુઓ મહેલ.

મહેલિકા [સં.] સ્ત્રી. ઓરત; બાઈ; બૈ.

મહેલ્લાદાર પું. મહેલ્લાવાળો; મહેલ્લાનો ભાગદાર.

મહેલ્લો [અ. મહલ્લા] પું. મહોલ્લો; વાસ; પોળ; પાડો; શેરી; ચકલો; ગલ્લી; કુટિયુ.

મહેવાસ પું. મહી નદીના કાંઠા ઉપરનો પ્રદેશ; મેવાસ.

મહેવાસી વિ. મહી નદીના કાંઠા ઉપરના પ્રદેશનું.

મહેશ ૧ [સં] પુ. મોટો ઇશ; પરમેશ્વર; પ્રભુ.

૨. પું. શંકર; શિવ; મહાદેવ

૩. પુ. સાહુકાર

મહેશખંડુ ૧. [સ] પું બળદ.

૨. પું બીલીનું ઝાડ

મહેશમૂર્તિ [સં.] સ્ત્રી. શંકરની મૂર્તિ. તે શંકરને પ્રલયપતિ, રક્ષક અને સંહારક તરીકે બતાવે છે.

મહેશરી [હિં] પું. હરિગીત છંદ.

મહેશાન [સ] પું. શિવ.

મહેશી [સં.] ૧ સ્ત્રી દુર્ગા દેવી; પાર્વતી.

૨. સ્ત્રી. મહા સમર્થ સ્ત્રી.

૩. સ્ત્રી. સીતાનાં બનવર માંધેનું એક નામ.

મહેશ્રી ૧. સ્ત્રી. ચાણિયાની એ નામની એક જાતિ. મેશ્રી

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

મહેશ્વર ૧ પું. આદિનાથ ભગવાન

જૈનશાસ્ત્રમાં નિપુણ જૈનો શ્રી આદિનાથને (મહેશ્વરને) ચોવીસથી છાપ બનવા આવતાં હલ્લા છે એમ જોગીઓ કહે છે. _નર્મદ રેવાપ્રસ

૨. પું. દેવ.

૩ પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક કોપકાર.

૪ [સં મહા (મોટું) + ઇશ્વર] પું મહાદેવ; શિવ સર્વજ્ઞપણું, આત્મસંતોષ, અનાદિજ્ઞાન, સ્વતંત્રતા, દમેશા અવિનાશી દૃષ્ટિ અને અનંતશક્તિ એ છ ગુણો મહેશ્વર એવા પરમાત્માનાં છ અંગ છે એમ વિષ્ણુને ભગવાન પુરાણે કહે છે. આ છ ગુણો જેનામાં હોય તેજ મહેશ્વર કહેવાય વિનોબા લખે છે કે કર્મમાં પણ મીઠીઓ આવે છે. પહેલાં આપણે સંકલ્પ કરીએ છીએ, પછી કાર્ય કરીએ છીએ અને પછી ફળ આવે છે. કર્મને માટે પ્રભુની સહાયતા લઈને જે ફળ મળ્યું, તે પણ તેને અર્પણ કરી દઈએ કર્મ કરનાર પરમેશ્વર, ફળ આપનાર પણ પરમેશ્વર ! હવે તે કર્મના સંકલ્પ કરનાર પણ પરમેશ્વર થઈ જવા દો આ પ્રકારે કર્મના આદિ, મધ્ય અને અંતમાં સર્વત્ર પ્રભુ જ થઈ જવા દો આવી રીતે જીવનની તમામ ક્રિયાઓ કરે તે પરમાત્મા જ થઈ જાય છે. પોતાના જીવનના તે મહેશ્વર જ બની જાય છે

૫. પુ. મહાન રાજા

૬. પું. વિષ્ણુ.
ઉપદ્રષ્ટા અનુમંતા ભર્તા ભોક્તા મહેશ્વર,
પરમાત્મા પરાત્મે તે દેહે આ પર પુરુષ.
ગીતાનુક્રમણિકા

૭ પું. શિવનો ભક્ત.

૮. પું. સ્વામી.

૯. ન. એ નામનું એક ઉપકરણ.

૧૦. ન. સૂર્યનું મધ્યાહ્નનું સ્વરૂપ.

૧૧. ન. સોનું; શુવર્ણ.

અહેંચૈરકરચ્યુતા [સં.] સ્ત્રી. કરતો ભા નહીં.

અહેંચૈરજ્ઞ પું. મહાન જ્યોતિષ, ગ્રહોગવેત્તા, અને જ્યોતિષી ભાસ્કરાચાર્યના પિતા.

અહેંચૈરી ૧. [સં. મહા (મોટું) + ઈશ્વર + ઙી (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ. તેનું સ્થાન મહાકાલમા છે.

૨. સ્ત્રી. એ નામની એક યોગિની. તેનું વાહન ઘુવડ છે

૩. સ્ત્રી. ગોકર્ણી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. ગૌરી; પાર્વતી

૫. સ્ત્રી દુર્ગા

૬ સ્ત્રી. નર્મદાનાં કાંઠા પાસેનું એક નામ.

૭. સ્ત્રી. મહા સમર્થ સ્ત્રી.

અહેંધુ [સં.] ન. મોટું બાણ.

અહેંધ્વક્ષ પું (જૈન) મહોરગ નામના ભવનના ૬૪ ભાંડેનો એક પ્રકાર.

અહેંધ્વાસ ૧. [સં.] પું. યુદ્ધમાં મહાધનુષ્ય ધારણ કરનાર યોદ્ધો; મોટો ધનુર્ધારી; મોટો બાણાવાળો.

૨. પું. વિષ્ણુનાં કાંઠા ભાંડેનું એક નામ. મહાધનુષ્ય તથા પ્રચણ્ડ ધનુષ્યને ધારણ કરતા હોવાથી તે મહેષ્વાસ કહેવાય છે.

૩. પું. શિવ; મહાદેવ.

અહેંસરી જુઓ મહેંશ્રી

અહેંસાણા [સં. મહીશાસન] ન. કચ્છી પ્રાંતનું મુખ્ય શહેર. પૂર્વ ગુજરાતના કોઈ રાજાએ અથવા સુબાએ આ જગ્યાએ રહી મહીનું શાસન કર્યું એટલે અમલ ચલાવ્યો હોય તેવો અર્થ ઉદ્ભવને છે. એક પુરાણી વાવમાં આવું અરપણ લખેલ છે.

અહેંસાણી સ્ત્રિ. એક જાતની ભેંસ.

અહેંસિયા [હિં.] પું. એક જાતનું ઉત્તમ પ્રકારનું આગલર આમમાં થાકનું અનાજ.

અહેંસુર ૧. [હિં.] પું. મહેશ્વર; શિવ.

૨. પું. મહેશ્વર નામનો શિવ સંપ્રદાય.

અહેંસૂલ ૧. [અ. મહસૂલ] સ્ત્રી. જમીનપ્રકરણ; નાણાં સંબંધી વિષય.

૨. સ્ત્રી. માલ ઉપર લેવામાં આવતી જકાત; દાણ; કર; વેરો

૩. સ્ત્રી રાજ્યની કુલ આવક.

૪. સ્ત્રી સરકાર તરફથી જમીન ઉપર લેવાતો કર; વગે; વિઘોટી; આકાર; જમાબંદી.
મહેસૂલ પડવી = વિઘોટી નાબૂદ થવી

અહેંસૂલચસૂલ સ્ત્રી. મહેસૂલ ઉઘરાવણી તે.

અહેંસૂલવેરો પું. વિઘોટી; જમીન ઉપરનો કર.

અહેંસૂલી [અ. મહસૂલી] વિ. મહેસૂલ સંબંધી; મહેસૂલ ખાતાનું; મહેસૂલને લગતું.

અહેંસૂલી ચણ્ડર પું. મહેસૂલ ખાતાનો ઉપરી.

અહેંદીયલાવર સ્ત્રી. લાલ રંગ તૈયાર કરવામાં વપરાતી એક વસ્તુ.

અહેંદ્ર ૧. પું. અણોકનો એ નામનો પુત્ર. તેને બૌદ્ધ ધર્મના પ્રચાર માટે સિલોન અને દક્ષિણ હિંદમાં અશોકે મોકલ્યો હતો.

૨. પું. એ નામનો એક પર્વત; મહેંદ્રગિરિ; ઉદ્રગિરિ. લંકા જતી વખતે હનુમાન આ પર્વત ઉપરથી ઊભા હતા. પરશુરામ અહીં રહેતા.

૩. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગુર્જરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં અગણ, સગણ, જગણ, ભગણ અને બે ગુરુ મળી કુલ વર્ણ આવે છે.

૪. [સં.] પું. દેવલોકના રાજા ઇંદ્ર.

૫. પું. નાયક; અગ્રણી

૬ પું. પરમેશ્વર; પ્રભુ.

૭. પું. મહા ઐશ્વર્યવાળો રાજા; ચક્રવર્તી રાજા.

૮. પું. વિષ્ણુનાં કાંઠા ભાંડેનું એક નામ. ઇંદ્રના પણ ઇંદ્ર અને ઉપાસ્ય દેવના પણ ઉપાસ્ય દેવ હોવાથી વિષ્ણુને મહેંદ્ર કહેવામાં આવે છે.

૯. ન. કાલિંજર પર્વતનું એક શિખર.

૧૦. ન. (જૈન) સાતમું મુહૂર્ત.

અહેંદ્રકદલી [સં.] સ્ત્રી. એક જાતની કેળ.

અહેંદ્રનગરી [સં.] સ્ત્રી. સ્વર્ગની અમરાવતી નગરી; ઇંદ્રની નગરી.

અહેંદ્રનીલમ ન. વીરબાહુ મુનિએ રચેલું એ નામનું એક શાસ્ત્ર. તેમાં ૧૧૫ જાતનાં રત્નભવન, જેવાં કે, અગ્નિરત્નભવન એટલે અગ્નિમાં કૂદવું કે બેસી રહેવું અને તેમાંથી કાંઈ પણ ઈજા વગર બહાર નીકળવું, જલરત્નભવન એટલે પાણીમાં પડવું, પાણીમાંથી સલામત બહાર નીકળવું વગેરે જેવા ભાવાથી પ્રયોગો સમજાવેલા છે.

અહેંદ્ર પટેલ પું. એ નામના એક અજબ આફ્રિકાબેદુ. તેમનું આખું નામ મહેંદ્રકુમાર નરસિંહભાઈ પટેલ છે અને નડિયાદ પાસેના ઠસાણ ગામના વતની છે માત્ર ચૌદ વર્ષની વયે તેમણે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા ત્રીજે નંબરે આવીને પાસ કરી છે. ગણિતમાં તો ૧૦૦માંથી ૧૦૯ ગુણ મેળવી એ વિષયમાં તે પ્રથમ આવેલ છે. તે આંકડાઓ ઉપર ભારેખમ કામ કરવાને છે. આંકડા ઉપર કામ મેળવવાની લગની એમને દક્ષિણ હિંદના કુ. શકુતલાના ઉદાહરણ ઉપરથી લાગી અને પછી માત્ર ૨૫થી ૩૦ કલાકના પરિશ્રમમાં જ તેમણે પોતાની આ શક્તિ વિકસાવી. પરિણામે આજે હવે ૧,૯૯,૦૨,૫૧૧ જેવી મોટી રકમનું ઘનમૂળ ૨૩૧ છે એમ બે સેકંડમાં જ દે કહી શકે છે. ૬૫૨૮૰૬૭૫૬૧૬૨૭નું અભિપારમું મૂળ ૨૩ છે એમ પુનાના વિદ્વાનો સમક્ષ તેમણે ફક્ત ૬૫ જ સેકંડમાં મનોમન ગણી આપેલું. એ જ વિદ્વાનોએ પૂછેલા કૂટનું દલાંત ૨૫ -૧૨૭૬૫૬૫૦૪૪૬૮૰૮૫૧૰૬૮૨૬૭૮ ૭૨૪૪૰૪૨૫૫૪૧૬૧૪૮૬૪૬૧૭૰૨૧ છે એ જોખી કાઢતાં એમને માત્ર પંદર જ સેકંડ લાગેલી. આપણે સાદા વર્ગ ૫૨ = ૨૫ કાઢીએ છીએ તેમ ૪૨.૫૧૨ ૪૭૪ = ૪૮૭૨ એ જોખી કાઢતાં કે એથી અવળું √૪૮૭૨ = ૧૰૬૫૪ એમ ગણી કાઢતાં તેમને માત્ર દશ સેકંડ જ લાગે છે. વળી ૪૧૰૭૪૪૪૨૭૬૧ = ૧૧૰૮૨૭૪૪૮માં ખૂટતો આંકડો ૨ છે એમ એ પાંચ જ સેકંડમાં કહી દે છે. ૬૧૪૬૪૬૪૬૪૪૬૧૬૨૪૧ જેવડી સોળ આંકડાની રકમનું વર્ગમૂળ ૭૮૪૫૪૬૨૧ હોવાનો ઉકેલ તેમણે ૭ મિનિટ ને બાર સેકંડમાં આપેલો. ૧૰૧૫૰૮૭૨૪૫૪૮૨૪૰૰૬૪ આ ઓગણીસ આંકડાની લાંબી રકમનું ઘનમૂળ ૧૰૮૫૰૰૪ હોવાનું એમણે ત્રણ મિનિટ અને પાંત્રીસ સેકંડમાં ગણી આપેલ. એમનું કહેવું છે કે, તેઓ બધા મોટા મોટા ગુણાકાર ભાગાકાર વગેરે આપણી માફક જ કરે છે પણ તેમની વાદશક્તિની સાદગતા એટલી ઝડપવાળી છે કે એ બધા આંકડાઓ તે વાદ રાખી શકે છે.

અહેંદ્રપુરી જુઓ મહેંદ્રનગરી

અહેંદ્રલાહ [સં.] ન. અમરભવન

અહેંદ્રવજ્રા પું. (પિંગળ) એ નામનો એક છંદ.

અહેંદ્રવારુણી [સ] સ્ત્રી એ નામની એક વનસ્પતિ. મોટી ઇંદ્રવારુણ. મોટા ઇંદ્રવારણાંનો વેલો.

અહેંદ્રવિક્રમવર્મા પું એ નામનો એક નાટ્યકાર.

અહેંદ્રસદન [સ] ન ઇંદ્રનું ઘર.

મહેંદ્રા ૧. [સં.] જુઓ ઇંદ્રાણી; ઇંદ્રની સ્ત્રી.
૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી

મહેંદ્રાચલ પું (પુરાણ) ભારતવર્ષનો એક ઉપપર્વત; મદ્રિસુર રાજ્યમા આવેલ એક પર્વત; ઇંદ્રગિરિ.

મહેંદ્રાણી [સં.] સ્ત્રી. ઇંદ્રની સ્ત્રી; ઇંદ્રાણી; ઇચી

મહેંદ્રાલ જુઓ મહેંદ્રી ૧.

મહેંદ્રી ૧ સ્ત્રી એ નામની એક નદી; મહેંદ્રાલ.
૨. સ્ત્રી. વેદમાં વપરાયેલુ ગાયનું એક નામ.

મહૈતરેય ૧. પું. આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એક આચાર્ય.
૨. ન. ઐતરેય ઉપનિષદ.

મહોલા [સં.] સ્ત્રી. મોટી ઇલાયચી.

મહૌશ્વર્ય ૧. [સં.] ન. ઈશ્વરપણું
૨. ન. મોટો વૈભવ.

મહોક્ષ [સં. મધુક] ન. હિમાલયના ઊંચા પ્રદેશમાં નજરે પડતું એક જાતનું પક્ષી. તે મોર જેવું સુંદર અને અઢી ફૂટ લાંબું હોય છે.

મહોક્ષ [સં] પું. મોટો બળદ.

મહોગની [હિં.] ન. એક જાતનું ઝાડ અને તેનું લાકડું. તે ભારત, મધ્ય અમેરિકા અને મેક્સિકોમાં થાય છે.

મહોગ્રહ સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

મહોગાંવ ન નર્મદા કિનારે આવેલ એ નામનું એક તીર્થસ્થળ. સાથી નવ માર્કંડ કર શુક્લેશ્વરસંગમ અને જન્મદગ્નિતીર્થ આવે છે.

મહોજ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

મહોત્સવ જુઓ મહોત્સવ ૨.

મહોદધિ ૧. [હિં.] પું. ખતરીઓમાં થતું મહાત્માનું પૂજન. તે શ્રાવણ વદિમાં થાય છે.
૨. પું. વીરોમાં થતું મરણ પછવાડેનું જમણ.
૩. પું. મોટો ઉત્સવ.

મહોજ્જલા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ: મહોજ્જવલા; ઉજ્જવલા. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

મહોજ્જવલા જુઓ મહોજ્જલા.

મહોતી [હિં] સ્ત્રી. મકુડાનું ફૂલ; કુલેદી

મહોત્કટ [સં.] વિ. અત્યંત ઉત્કંઠિત; બહુ જ આતુર

મહોદરા [સં.] સ્ત્રી. વીજળી.

મહોત્તરિકા સ્ત્રી ગણિકા અથવા નાયનારીઓમાં મુખ્ય સ્ત્રી.

મહોત્પલ ૧. [સં.] ન. મોટું નીલકમળ. પદ્મ; નલીન; અરવિંદ; સહસ્રપત્ર.
૨. ન. સારસ પક્ષી

મહોત્પલા ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી. હિરણ્યાક્ષીમાં મહોત્પલા નામની દેવીની પીઠ છે. જામવળી જાગવ
૨. સ્ત્રી ગંગાના હત્યર માંહેનુ એક નામ.

મહોત્પાત [સં.] પું. મોટું તોફાન; મોટી આફત; મહા સંકટ.

મહોત્સવ ૧. [સં.] પું. ઇંદ્રદેવ.
૨. પું. મોટો ઓચ્છવ; મોટો સાંવત્સરિક સમારંભ. જલસો. મોટો ઉત્સવ. કોઈ પણ સંસ્થા કે પ્રવૃત્તિને ૨૫ વર્ષ પૂરાં થતાં તેના માનમાં રૌપ્ય મહોત્સવ, ૫૦ વર્ષે સુવર્ણ મહોત્સવ અને ૬૦ વર્ષે હીરક મહોત્સવ ઉજવાય.
૩. પું. સંભોગ; મૈથુન.

મહોત્સંગ [હિં.] પું. સોથી મોટી સંખ્યા.

મહોત્સાહ ૧. [સં.] પું. બહુ ગર્વ; ઘણું અભિમાન.
૨. પું. મોટો ઉત્સાહ કે આનંદ; ઊમળકો; હોંશ
૩. પું. મોટો ઉદ્યમ; યત્ન.
૪. પું. વિષ્ણુનાં હત્યર માંહેનું એક નામ. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા માટે તત્પર હોવાથી તેમ જ સંસારક્રમ ચાલતો રાખવામાં અને સંસારમાં મોટો ઉત્સાહ રાખતા હોવાથી વિષ્ણુ મહોત્સાહ કહેવાય છે.
૫. પું. શિવનાં હત્યર માંહેનું એક નામ
૬. વિ. ઉદ્યમી; અત્યંત ઉદ્યમવાળું.

મહોત્સાહા સ્ત્રી. એ નામની એક દેવી; પરમેશ્વરી.

મહોદધિ ૧. પું. ઇંદ્રનું એક નામ.
૨. પું. બંગાળનો ઉપસાગર.
૩ [સં. મહા (મોટું) + ઉદધિ (સમુદ્ર)]
પું. મહાસાગર. મોટો સમુદ્ર.

મહોદધિશય [સં.] પું. વિષ્ણુનાં હત્યર માંહેનું એક નામ.

મહોદય ૧. પું. અહંકાર; ગર્વ.
૨. પું. કાન્યકુબ્જના એક રાજાનું નામ.
૩. પું. જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક જાતનો યોગ.
૪. પું. મધ્યમણિત હરી.
૫. પું મહત્તા; મોટાઈ
૬. [સં] પું મહાન ચડતી.
૭. વિ. મહાશય; મહાનુભાવ
૮. પું મોક્ષ; નિર્વાણ
૯. પું. મોટું નસીબ.
૧૦. વિ. મોટો આનંદ
૧૧. પું. (પુરાણ) વિશ્વામિત્રના શાપથી નિષાદ થયેલો વસિષ્ઠ પુત્ર.
૧૨. પું. (પુરાણ) સોમવંશી પુરૂનાભ રાજાએ સ્થાપેલું નગર. તે કાન્યકુબ્જ દેશની રાજધાની હતી.
૧૩. પું. સ્વર્ગ
૧૪. પું. સ્વામી; માલિક
૧૫. ન. (પુરાણ) એક પર્વતનું શિખર. ગવલ્ગણી શક્તિ લક્ષ્મણને વાગવાથી લંકામાં તે મૃતપ્રાય થયા હતા. તેને માટે ઔષધિ લાવવા મારુતિ ગયા હતા. પરંતુ પર્વતદેવે તું ઔષધિ ક્યાંય નહિ એવુ ઉદ્ધત રીતે કહેવાથી તેઓ આ આખુ શિખર જ ઊંચકીને લઈ ગયા હતા.
૧૬. વિ. મહા ચડતીવાળું; મોટા ઉદયવાળું.

મહોદયપર્વ [સં મહોદયપર્વન્] ન. માઘ અથવા પોષ મહિનામાં સોમવારે સૂર્યોદય વખતે અમાસનો પ્રથમ ભાગ, શ્રવણ નક્ષત્રનો મધ્ય ભાગ અને વ્યતિપાતનો છેલ્લો ભાગ આવે તેવો એક યોગ. તે વખતે પુરુષ કરવાથી બહુ જ ફળ મળવાનું મનાય છે.

મહોદયા ૧. [સં.] સ્ત્રી. ગંગાનાં હત્યર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. મેરુ પર્વત ઉપર આવેલી કુબેરની એ નામની એક નગરી.

મહોદર ૧. [સં] પું. (પુરાણ) એ નામના એક ઋષિ તેમની ગેરહાજરીમાં રામચંદ્રજીએ મારીને દેશી દીધેલા રાક્ષસનું ભંભાતું માથું મોટી થયું હતું. ગૌતમસ તીર્થમાં સ્નાન કરવાથી તે માથું ખરી જઈને તે સારા થયા હતા.
૨. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૩. પું. ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એક પુત્ર. તેને ભીમસેને યુદ્ધમા માર્યો હતો.
૪. પું. મોટા પેટવાળા ગણેશ
૫ પું. (પુરાણ) વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાથી થયેલા પુત્રોમાંનો એક. તે ગજબનો ઓરમાન ભાઈ અને અધિપ હતો. તેનું યુદ્ધોન્મત્ત એવું નામ હતું. તેને યુદ્ધમાં નીલ વાનરે માર્યો હતો.

૬. પું. (પુરાણ) સુમાલી રાક્ષસનો એ નામનો એક પુત્ર. તે રાવણનો મામો હતો અને અયોધ્યા વનના નાશ વખતે મારુતિએ તેને માર્યો હતો.
૭. ન. એક જાતનો રોગ; જળોદર
૮. ન. મોટું પેટ
૯. વિ. મોટા પેટવાળું.

અહોદરી ૧. સ્ત્રી. એક પ્રકારની સહાંતિ. તે ચોરોનો ભય ઉપજાવનારી છે.
૨. સ્ત્રી. ચોસઠ માઠેની એ નામની એક યોગિની.
૩ સ્ત્રી. મહાશતાવરી નામની વનસ્પતિ.

અહોદા ૧. [સં.] સ્ત્રી. કુબેરની નગરી; મહોદાપુરી. તે અઠી હજાર યોજન વિસ્તારવાળી છે.
૨. ન. ચંદ્રના સંપૂર્ણ ઉદયવાળું પર્વ.

અહોદાર ૧. [સં.] વિ. બહુ ઉદાર; સખાવતી.
૨. વિ. પાણીવાળું; જળથી ભરાઈ ગયેલું.

અહોદ્ધતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેને કુમારિકા છંદ પણ કહે છે. તેમાં જગણ, જગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે
૫ ન ગે અહોદ્ધતા. સ્વરૂપિંગળ

અહોધમ ૧. [સં.] પું. મોટો ઉદ્યમ; મોટો પ્રયત્ન.
૨. વિ. ઉદ્યોગી; મોટા ઉદ્યમવાળું

અહોરૂપક ૧. [સં.] પું. જગતનું ઝાડ.
૨. પું. લીમડો.

અહોધિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે
અહોધિકા જ ન ગે. સ્વરૂપિંગળ

અહોના [હિં.] પું. પશુઓને થતો એક જાતનો રોગ.

અહોન્નત ૧. [સ.] પું. તાડનું ઝાડ.
૨. વિ. માથું ઊંચું, અત્યંત મોટું.
૩ વિ. મોટી ઉન્નતિવાળું

અહોન્મુખી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે
મા છ ગે અહોન્મુખી. સ્વરૂપિંગળ

અહોપચારિકા [સં.] સ્ત્રી. સારવાર કરનારી મુખ્ય સ્ત્રી, મુખ્ય પરિચારિકા.

અહોપરચન [સં.] ન. પુત્રનો એક પ્રકાર.
કોઈ ઊભા થઈ બને બાહુ ઊંચા કરી સુબંધાક્ષરે અહોપરચન કરે છે.
કવિ છોટમ સુબંધરામ

અહોપધ્યાય ૧. [સં] પું. મહાન ગુરુ.
૨. સ્ત્રી. એ નામની એક પત્ની.

અહોપાયા [સં.] સ્ત્રી. બંગાળાં હજાર માઠેનું એક નામ.

અહોબ્બત ૧. પું. પિછાન; ઓળખાણ.
૨. [અ. મુહબ્બત] પું. પ્રેમ; પ્યાર; સ્નેહ; હેત.

અહોબ્બતી [અ. મુહબ્બતી] વિ. મહોબ્બતવાળું; પ્રેમી.

અહોબ્બા ન. બુંદેલખંડના પ્રાચીન નગરનું નામ.
અહોબ્બા એટલે જૂનું મહોબ્બતનગર—ચંદેલ રાજાઓનું પાટનગર. પ્રસ્થાન

અહોર ૧. પું. બાળાનાં કપડાં.
૨ [દ્વા. મોહર] સ્ત્રી. ચળકી સિક્કો જેમાં, રૂપામહોર.
૩. સ્ત્રી. છાપ; સિક્કો; છાપ પાડવાનું બીબું; 'સીલ'. ન્યાયકોર્ટ, બહેર સંસ્થાઓ, દેવળનાં સત્તાવાર ધર્મવિષયક સાહિત્ય, ધર્મમઠો, શહેરસંરક્ષણ કે સુધરાઈખાતું અને સરકારી અધિકારીઓ એ બધાં પાસે સૌ સૌનાં કામકાજને સત્તાવાર સાબિત કરવા મહોર હોવી જોઈએ. મ્યુનિસિપાલિટિ અને બીજી સ્થાનિક સત્તાઓ દરેક કરારનામા ઉપર સીલની મહોર મારે છે. કામદા પ્રમાણે દરેક પોરવૃત્તરના જાતને સીલ હોવું જ જોઈએ.
મહોર મારવી કે લગાવવી = (૧) અમલ બેસાડવો. (૨) ખાસ કદર કરવી કે વિશિષ્ટતા આપવી. (૩) છાપ મારવી.
૪. સ્ત્રી. મોટાં ચોપગાં પ્રાણીઓમાં આગળી તથા કરોડ વચ્ચે આવેલો સ્નાયુ
૫. સ્ત્રી સોનાનો ચળકી સિક્કો; સોનૈયો; ગીની

અહોરકી સ્ત્રી. સરકારી; નેતાગીરી

અહોરગ ૧. [સં.] પું મોટો સર્પ; શેષનાગ.
૨. પું વિષ્ણુનાં હજાર માઠેનું એક નામ.
૩ પું. (જૈન) અંતરનિવાસના આઠ માઠેના એક પ્રકારના દેવ અહોરગના દસ પ્રકાર આ પ્રમાણે છે: ભુજગ, ભોગશાલી મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેત્પક્ષ, મેરુકાન્ત અને જાજ્વલ્ય.
૪ સ્ત્રી બીજા સ્તરમાં વર્ણવેલ ચોસઠ મહેની એક લિપિ
૫. ન તમરનું ઝાડ. આ ઝાડના થડમાં મોટી મોટી ફણો હોય છે.

અહોરગવિભૂષણા [સં.] સ્ત્રી. બંગાળાં હજાર માઠેનું એક નામ

અહોરગી [સં] સ્ત્રી. નાગણી; મોટી સર્પિણી.

અહોરક્ષા સ્ત્રી. દસ્તાવેજ કે ખતપત્ર ઉપર અધિકાર સૂચવતું બીબું લગાડવું તે.
શાસનપત્રો ઉપર રાજની અહોરક્ષા વગર બિનિ ગેરકે.
પુરાતત્ત્વ

અહોરદાર ૧. પું. આગેવાન.
૨. સ્ત્રી. પત્ની; સ્ત્રી. બેયમ.

અહોરબંધ [ફા. મોહ્રબંદ] વિ. સીલ કરીને તેના ઉપર છાપ મારેલું; રક્ષિતબંધ; બહુ જ સાચવણીથી બંધ કરવામાં આવ્યું હોય તેવું.

અહોરવાડ (મહોરવાડ) ૧. સ્ત્રી. વણિકપાની ઓરાશી માઠેની એ નામની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

અહોરવું ૧. સ. ક્રિ. બીજાનું કૃત્ય આવવાં.
૨. સ. ક્રિ. બળતામાં ઊભરાતાં દાણા જોઈ દૂધમાં પડે તેને ચાળીને દૂર કરવું.

અહોરસ્ક ૧. [સં] પું. શિવનાં હજાર નામોનું એક નામ.
૨. વિ. વિશાળ છાતીવાળું.

અહોરું ૧. ન. માનવીના રક્ષણ માટેનું સાધન. રસાયણો તૈયાર કરતી વખતે, ઓપરેશન સમયે તથા ગેસના કુંભમાંથી બચવા તેનો ઉપયોગ કરાય છે.
૨. ન. મૂર્તિમાન કે મૂર્તિ સ્વરૂપ હોય તે.
૩. ન રમકડું.
૪. ન. રૂપમાં, ગુણમાં, ચતુરાઈમાં અને વિદ્યામાં સોળી નીકળેલું કે શોભારૂપ એટલે કે સર્વોપરી ગુણોત્કર્ષવાળું હોય એવું જે તે; નોખાદાર માણસ.
૫. ન. શેતરંજનું સોગઠું; બાકી શેતરંજમાં જુદા જુદા આકારની સોગટીઓ, પૂતળાં કે આકાર હોય છે.

અહોરો ૧. પું. (સંગીત) અરતાલની કડી
૨. પું. કુસ્તીની રાગ્રાતમાં અંતમેળ કરવું તે.
૩. પું. ઘસીને ચળકાટ આપવો તે; ઓપ આપવો તે.
૪ પું તરવારનો ધા.
૫. પું તાલની પદ્ધતિ
૬. પું. નગારે વગાડવાની એક રીત.
૭. પું. વહાણનો આગળનો ભાગ
૮. પું સાપના તરણામાં થતો મોટો ચટકો પડાય, સાપના મોઢા રહેલા બનાતો બધિ.

અહોર્મિમાલિની [સ] સ્ત્રી. બંગાળાં હજાર માઠેનું એક નામ.

મહોલ પું. રાજમહેલ.

મહોલા ૧. [હિં.] પું. દગો, પ્રપંચ.
૨. પું. બહાનું.

મહોલાત જુઓ મહોલ.

મહોલ્કા [સં.] સ્ત્રી. મોટું ઉલ્કાપિંડ
તે જોઈને દેવોએ મૂકેલી મહોલ્કા નામની શક્તિ વડે તેનો નાશ થયો. સમ્મતી

મહોલ્લાદાર પું. મહોલ્લાનો પ્રબંધકર્તા.

મહોલ્લાસા સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક યોગિની.

મહોલ્લો [અ. મહલ્લા] પું. શેરી; પોળ; વાડો; વાસ; કુટુંબસું; ચકલો; ગામ કે શહેરની વસતીના જુદા જુદા ભાગને લગતું જુદું જુદું ઠેકાણું.

મહોવાસો પું. હોરનો એક જાતનો રોગ. તેમાં તે બાવાનું બંધ કરે છે, તેનું મોઢું ગળે છે અને નાકમાંથી બીટ નીકળે છે

મહોષ્ટી સ્ત્રી જેની ઓરિગડી; એક જાતની વનસ્પતિ.

મહોક્ષ ૧. [સં.] પું. શિવનાં બહુ બાંહેનું એક નામ
૨. વિ. મોટા હોઠવાળું.

મહૌઘ ૧. [સં.] પું મોટો પ્રવાહ.
૨. પું. સમુદ્રની ભરતી.

મહૌજ ૧. [હિં.] પું. એ નામનો એક અસુર. તે કાળનો પુત્ર હતો.
૨. વિ. અતિ તેજસ્વી; બહુ તેજવાળું.

મહૌજસી [સં.] સ્ત્રી. તેજબલા નામની વનસ્પતિ. તેની જડ પોણી હોવાથી તેને મહૌજસી કહે છે.

મહૌજા ૧. પું. (પુરાણ) ભારત યુદ્ધમાંનો પાંડવપક્ષનો એક રાજા.
૨. [સં:] પું. મહાન મોહો.
૩. ન. શૂરવીરતા; મોટું પરાક્રમ; મોટું બળ.
૪. ન. સુદર્શનચક્ર.
૫. [સં. મહૌજસ્] વિ. બહુ તેજવાળું; અત્યંત તેજસ્વી
૬. વિ. મહા બળવાનઃ બહુ પરાક્રમી.

મહૌદવાહ્ની પું. આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદના એક આચાર્ય

મહૌલી [હિં.] સ્ત્રી ખપરી નામનું વૃક્ષ.

મહૌષધ ૧. [સં.] પું. શિવનાં બહુ બાંહેનું એક નામ.
૨. સ્ત્રી. ગંગાનાં બહુ બાંહેનું એક નામ.
૩. ન. અતિવિષની કળી.
૪. ન. રામબાણ દવા.
૫. ન. વસચ.
૬. ન. બીડીપીપર.
૭. ન. વછનાગ.
૮. ન. ચારાદીકંદ.
૯. ન. સૂંઠ.

મહૌષધિ ૧. સ્ત્રી. કંદ નામની ઔષધિ.
૨ [સં.] સ્ત્રી. દુર્વા ઘાસ; દૂબો.
૩. સ્ત્રી. ખાખરો; કંખપુષ્પી.
૪. સ્ત્રી. રામબાણ દવા; સંજીવની ઔષધિ.
૫. સ્ત્રી, સહદેવી વનસ્પતિ; સહદેવી.

મહૌષધી જુઓ મહૌષધિ.

મહૌસર ૧. [હિં.] સ્ત્રી. મહાભારત અનુસાર એ નામની એક જાતિ.
૨ ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

મળ ૧. [સં. મલ] પું. કચરો; મેલ; ગંદવાડ.
૨. પું. ખરાબ ખુરાશો.
૩. પું. પાપ.
૪. પું. પેટમાંનો કચરો; વિષ્ટા; ગાડો.
૫. પું. મનના વિકારી ભાવ; વિકારની લાગણી.
૬. પું. વલખું; ધખના.

મળકવું ૧. અ. ક્રિ. મલકવું; મહોલ્લાસ કરવું.
૨. અ. ક્રિ. ભોજનના માર્યા વખતોવખત આવવું.
૩. અ. ક્રિ. હરખાવું; આનંદ પામવું.

મળકી સ્ત્રી. નદીના પ્રવાહથી ધસડાઈ આવેલ કાંઠા, રેતી પ્રમાણે ખેતી જમીન.

મળકું વિ. જરા ભોળું; સ્વાદમાં સહેજ ભોળું.

મળકુમિ પું. મળનું કીડવું.

મળગૂમળું ૧. વિ ગંદું; મેલું
૨. વિ. જરા ભોળું

મળગૂમળું જુઓ મળગૂમળું.

મળચૂસિયું વિ. મળ ચૂસી લે તેવું.

મળચૂંબણું ૧. વિ. કેન્દ્રમાં ભોળી.
૨. વિ જગે તેને નાનાં ધીરી તેની પાસેથી વધુ કહાવે તેવું.
૩. વિ. બહુ ધુરચું.
૪. વિ. મળ કર્યા પછી ચૂસે તેવું.

મળચૂંબિયું જુઓ મળચૂંબણું

મળજન્ય વિ. મળમાંથી ઉત્પન્ન થતું.

મળજળ ન. ગંદું પાણી.
ખાડામાંનું **મળજળ** પીએ, કાં ન પીએ જળ ગંગા રે ? નર્મદાશંકર

મળણ ૧. ન. મેળ; સંપ; ઐક્ય.
૨. ન. મેળાપ; સહવાસ; મુલાકાત.
૩. ન. સ્નેહ; પ્રીતિ.

મળતર ૧. [સં. મિલ્ (મળવું)] ન. આમદાની; મળવું તે; મળતું હોય તે; રળતર; કમાઈ; લાભ; નફો; ચેકાસ; પ્રાપ્તિ; 'રિટર્ન'. મૂડી અને મજૂરીના રોકાણના બદલામાં ઉદ્યોગમાંથી જે આવક થાય તેને મળતર કહે છે. આ મળતર રોકાણના પ્રમાણમાં વધ્યે ઘટ્યે તેને વધતું મળતર, ઘટતે ઘટ્યે તેને ઘટતું મળતર અને સરખું રહે તેને સરખું મળતર કહી શકાય. કોઈ ઉદ્યોગમાં પાંચ હજાર રૂપિયા રોકવાથી જેટલું મળતર થાય તે જ પ્રમાણમાં દસ હજાર રોકવાથી મળતર જાતું હોય તો તે સરખું મળતર કહેવાય. તે જ પ્રમાણે ઘટતા અને વધતા મળતર વિષે કહી શકાય.
૨. ન. કીમત; મૂલ્ય.

મળતાપણું ૧. ન. મેળ; બનતું હોવું તે; સંપ; ઐક્ય.
૨. ન. સમાનતા; મળતું હોવું તે.

મળતાવડું (મળતાવું) વિ. સૌમાં હળીમળી જાય એવું; મિલનસાર; મિલાપી; માવાળું; ગમતી

મળતાવરોક ૧. પું. પ્રહ અને રાશિ વગેરે બંધબેસતાં આનુકૂલ્યવાળાં હોવાં તે; વરકન્યાના ગ્રહાદિકનો સુયોગ હોવો અને તેને અંગે કપતી વચ્ચે બહુ સારો મેળ હોવો તે.
૨. પું. મેલજોલી.

મળતિયજ્ઞ સ્ત્રી. એક જ વિચારની મળતિયા સ્ત્રી.

મળતિયાઈ ન. સ્નેહ; પ્રેમભાવ.

મળતિયું ૧. વિ. અમુક પક્ષમાં મળી ગયેલું; પક્ષકાર.
૨. વિ. સાથે મળી કામ કરનાર; સાથી
૩ વિ. હળીમળી જેવું; મળતાવડા સ્વભાવનું.

મળતિયો ૧. પું મળીને કે સાથે રહીને કામ કરનાર માણસ; સોબતી; સાથી; મિત્ર; ભોડીઓ; બાપંબંધ.
૨ પું મેળાપી; અમુક કાર્ય અથવા પ્રપંચાદિકમાં બીજાના મત સાથે મળી ગયેલો હોય તે માણસ; દુષ્કર્મકર; ગુનામાં મદદગાર પુરુષ

મળતી સ્ત્રી. એક જ વિચારની મળતિયા સ્ત્રી. મળતિયજ્ઞ.

મળત્યાગ પું. ગાડો; દસ્ત. મુદ્રા દ્વારા નીકળતો મેલ
સહુએ પોતપોતાના મળી વસ્તુ જ જોઈએ.
બાળકને મળત્યાગ કરવાનો રહે જ છે.
ગાંધીગીતા

મળદ્વાર ન. ગુદા; જ્યાંથી મળત્યાગ થાય છે તે અવયવ; ગાંડ, સરરો; અપદ્વાર.

મળનિઃસારણ [સં.] ન. મળ કાઢી નાખવો તે.

મળપરીક્ષા સ્ત્રી. (વૈદક) મળ જોઈને રોગનો નિર્ણય કરવાપણું.

મળપાક પું. ઝાડો પાકો જવો તે. જે તાવમાં મળ પાકે છે તે સાધ્ય અને રોગ મટવાની નિશાની ગણાય છે.

મળબદ્ધતા સ્ત્રી. કબજિયત; બંધકોશ; મળનું બંધાઈ જવું તે; મળાવરોધ; બાદી.

મળમળવું અ. ક્રિ. અકડી આવવી; ચૂંક આવવા

મળમાર્ગ જુઓ મળદ્વાર.

મળમાસ પું. જે ચાંદ્રમાસમાં સૂર્યની ઓક્ય સંક્રાંતિ થતી ન હોય તે માસ; અધિકમાસ; પુરુષોત્તમ માસ; દર બત્રીસ વર્ષે આવતો એક મહિનો.

મળરોધક વિ. કબજિયત કરનાર; બંધકોશ કરે તેવું.

મળવમન ન. કામ કરતી વખતે કપડાં બરાબર ન થાય તે માટે શરીરના બાકીના ભાગ ઉપર રાખવામાં આવતું મેલું કપડું.

મળવાહી [સં. મલવાહિન્] વિ. મળને બહાર જનાર.

મળવિકાર પું. કબજિયતને લીધે થતા ખૂજલી વગેરે રોગ. બંધકોશને લીધે થતી શારીરિક વ્યાધિ; બંધકોશથી થતો રોગ.

મળવીક્ષણ [સં. મલવીક્ષણ] ન. રોગના નિદાન માટે કરવામાં આવતી મળની તપાસ.

મળવું ૧. અ. ક્રિ. અંતર મટી જઈ પાસે પાસે થવું

૨. [સં. મિલ્] અ. ક્રિ. એકઠા થવું; આવે કે લોટ થવું; ભેગાવું, ભળવું, એકાકાર થઈ જવું; એકરૂપ બનવું.

૧. આવી મળવું = અચાનક પ્રાપ્ત થવું. દૈવસંજોગે આવી ચડવું.

૨ કુળ મળવો = એકબીજાને ગોઠવું.

૩. મળતી પંક્તિ = બનતી રાહ; મેળવણ; સંપ; ઐક્ય

૪. મળી જવું = સામાના મતમાં ભળી જવું; કૂટી જવું; એક થઈ જવું.

૩ અ ક્રિ. ગુંદાઈ કચરાઈ ને એકરસ થવું.

૪. અ ક્રિ. ઘટ્ટ કે જાડું થવું; જામી જવું.

૫. અ. ક્રિ. પ્રાપ્ત થવું; પેદાશ કે કમાણી થવી; લાભ થવો.

૬. અ ક્રિ. મુલાકાત થવી; ભેટવું; સામસામા આલિંગન કરવું; છાતીએ લગાડવું.

મળવા જવું = મુલાકાત લેવા જવું.

૭. અ. ક્રિ. સરખા કે સમાન હોવું; એકબીજા માટે બહુ થાય એવા હોવું.

૮. અ ક્રિ. અનુકૂળ આવવું; ગમતું આવવું

૯. અ ક્રિ. ગોળવું; બસવું.

૧૦. અ ક્રિ. જડવું; હાથ લાગવું.

૧૧. અ. ક્રિ. વિચારમાં ઐક્ય થવું; એકમતના થવું.

૧. મળતું આવવું = (૧) બંધબેસતું આવવું. (૨) સરખું હોવું.

૨. મળતું કરવું = (૧) બંધ બેસાડવું. (૨) સમાધાન કરવું

૧૨. અ. ક્રિ. સંભોગ કરવો; મૈથુન કરવું

૧૩. અ ક્રિ. સ્નેહ થવો; દોસ્તીમાં ભેળવું; મળબ થવો; એક થવું.

મળ્યા ભાઈની પ્રીત = માત્ર નામનો સ્નેહ; મેળાપ વખતે જ બતાવવાની પ્રીત.

૧૪ અ. ક્રિ. સ્વભાવ, રુચિ કે વિદ્યામાં ઐક્ય થવું

મળશંકા સ્ત્રી. દીર્ઘશંકા; ઝાડે જવાની ઇચ્છા.

મળશુદ્ધિ ચૂર્ણ ન. (વૈદક) પેટને હસ્ત દ્વારા શુદ્ધ કરવાનું ઔષધ. તે બનાવવા કરડે બે ભાગ, સોનામુખી બે ભાગ, રેવંચી બે ભાગ, સિંધવ બે ભાગ તથા સઘળા, બધી મળે સહુ ભારનો ભાગ લઈ તેનું ચૂર્ણ કરવું. આ ચૂર્ણ રાતે ગરમ પાણીમાં લેવાય છે.

મળસકું ન. પરોઢિયું; પ્રભાત; સવાર; વહાણું; પ્રાતઃકાળ

મળસૂત્ર ૧. પું. પેચનો ખીલો.

૨. પું. ફેર; પેચ.

મળસૂત્રાકાર વિ. પેચવાળું.

મળસૂત્રી વિ. સ્ક્રૂના જેવા પેચવાળું.

મળસ્તંભ પું. કબજિયત; બંધકોશ.

મળહર ૧. વિ. પાપ મટાડનાર; પાપનો નાશ કરનાર.

૨. વિ. મળનો નાશ કરનાર; શુદ્ધ કરનાર

મળાવડો પું. મલાવવું તે; મલાવડો

મળાવરણ ન. અસ્વચ્છતા કે અજ્ઞાનનું ઢાંકણ.

મળાવરોધ [સં. મલાવરોધ] પું. બંધકોશ; કબજિયત.

મળાશય ન. મલાશય; શરીરમાં મળને રહેવાનું સ્થાન; મોટું આંતરડું.

મળાહારી ન. મળ ઉપર નભનાર કૃમિ.

મળિયાગર ન. સુખડ; સુગંધી લાકડું; રક્તચંદન; મલયાગર. તે મલયાચલ પર્વત ઉપર મલબારમાં ઊગે છે

મળિયાગરો જુઓ મળિયાગર.

મળી ૧. સ્ત્રી ગોદડાં ભરવાનો કોથળો; માલડો.

૨. સ્ત્રી. તેલનો કચરો કે મેલ.

૩. સ્ત્રી પૈડામાં ઊંજેલા દિવેલ તથા ગોબરનો ઘટ્ટ મેલ; ગાડા કે ગાડીની ધાટનો દિવેલ ને ગોબરનો ચીકણો ધાતુ ઊંજ

૪. સ્ત્રી બાજઠ પાટલાનું પાંજરા જેવું સાધન.

૫. સ્ત્રી. હનુમાનની મૂર્તિ ઉપરનો તેલ અને સિંદૂરનો ચીકણો રગડો કે મેલ.

મળી હનુમાનની મળી ચમરબંધની તેહ,
મળી જરી કહેવાય છે મળ જેની એહ.

નરસૈયો મોદી

મળીમળ પું. ગાડાનાં પૈડાંની મળીનો મેલ.

મળોત્સર્ગ [સં. મલોત્સર્ગ] પું મળ જવાની ક્રિયા; મળત્યાગ. શરીરમાં મોટા વા.ટે જ ખોરાક દાખલ થાય છે. તેમાંથી લોહી બને છે અને નકામો. ભાગ મળરૂપે બહાર નીકળી જાય છે. શરીરમાંથી કચરો કાઢવાનાં ચાર સાધન છે: (૧) ફેફસાં. શ્વાસોશ્વાસ વાટે લોહીનો કેટલોક કચરો અંગારવાયુ અને વરાળરૂપે બહાર નીકળે છે એટલે ફેફસાંમાં મળનિઃસારણનું કામ થાય છે. (૨) ચુરદા. આ અંગ નાભિની નીચે આવેલું છે. કીડની જે કામ જેવો તેનો આકાર છે. લોહીનો કેટલોક કચરો ચુરદામાં જમા છે અને તે પેશાબરૂપે બહાર નીકળે છે. પેશાબમાં ક્ષારતત્ત્વના તેલ્વ, ક્ષાર, અરણ્ય અને રસ હોય છે. ચુરદાની ક્રિયા સારી રીતે ચાલુ રાખવાની ખાસ જરૂર છે. જે લોકો ચુરદાના રોગથી પીડાતા હોય તેની તંદુરસ્તી બગડી જાય છે કારણકે તેના શરીરમા કચરો વધી જાય છે. (૩) ચામડી. ચામડીની રચના એવા પ્રકારની છે કે શરીરનો કેટલોક કચરો તે દ્વારા બહાર નીકળે છે. ચામડીના ત્રણ થર છે. તેમાં નીચલો થર તે ખરી ચામડી છે. વચલો થર રંગદર્શક છે, તેથી માણસના શરીરનો વાન નક્કી થાય છે. ઉપલું પડ પારદર્શક અસ્તર છે તે અંદરની ચામડીનું રક્ષણ કરે છે. આ ચામડીના મૂળમાં કેટલીક ગ્રંથિ હોય છે. તે નખીના ગૂંબડાની બંધાયેલી હોય છે. નળીનું મુખ ચામડીમાં આવેલ છિદ્રો વાટે બહાર સપાટી સુધી આવેલું છે. આ નળીમાંથી પરસેવો નીકળે છે. પરસેવો એ લોહીમાંથી નીકળેલો કચરો છે,

તેમાં કેટલાંક લવણ તથા ગરમી જેવો ચીકણો તેલી પદાર્થ હોય છે. તેને લીધે ગંદકી સુવાળી રહે છે. પરસેવાને લીધે શરીરનું ઉષ્ણતામાન અમુક અંશ ઉપર ટકી રહે છે. બહારનું વાતાવરણ ગરમ હોય તેટલા પ્રમાણમાં શરીર પણ ગરમ થવું જોઈએ પણ પરસેવાને લીધે શરીરનું ઉષ્ણતામાન ઓછું રહે છે. માણસને તાવ આવે ત્યારે જ્યાં સુધી પરસેવો ન વળે ત્યાં સુધી નિરાંત વળતી નથી. કારણકે બોદીનો કચરો પરસેવા વાટે બહાર નીકળ્યા સિવાય તાવ ઊતરે નહિ. ચામડીને હમેશ સાફ રાખવી જોઈએ, તેથી તેનાં છિદ્રો પુરાઈ ન જાય અને સાફ રહે. નાહતી વેળા શરીરના બધા ભાગ સાફ થઈ જાય, છિદ્રો પુરાઈ ન જાય અને ચામડીમાંથી નીકળતો ચીકણો પદાર્થ સાફ થઈ જાય (૪) નિકષોગી અંગવર્ધન. શરીરનાં કેટલાંક અંગનું વર્ધન થયા કરે છે. તે આપણે દૂર કરીએ છીએ. હાથનાં અને પગનાં આંગળાંના નખ કાપી નાખીએ છીએ. માથાના, મૂછના તથા દાઢીના વાળ અતરતા કાઢીએ છીએ. આવી રીતે શરીરમાંથી મળનો ઉત્સર્ગ ભિન્ન ભિન્ન રીતે થઈને શુદ્ધિકરણ થાય છે

ભંડ્ ૧. [સં.] ક્રિ. વિ. બસવું; જડવું.
૨. ક્રિ. વિ. શણગારવું; વિભૂષિત કરવું

ભંડ [અ.] પું. સાધુ.

ભંડકમારી (ભંડકમારી) સ્ત્રી. એક પ્રકારનો ફોડ, તેના પાનના રસથી માંડ્ય મરી જતા મનાય છે.

ભંડણઋષિ પું. (પુરાણ) માતરિશ્વાથી સુકન્યાને પેટે જન્મેલ એ નામનો એક ઋષિ; કશ્યપનો એક માનસપુત્ર. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલા સારસ્વત તીર્થમાં તે તપ કરતો હતો. ત્યાં એક દિવસ તેના હાથમાં દર્ભ વાગવાથી લોહી નીકળ્યું અને દોરડીના રસની પેઠે વહેવા લાગ્યું. આ ઉપરથી પોતાના તપની સિદ્ધિ થઈ સમજી તેણે નાચવા માંડ્યું. તેના નેજ વડે આખુ જગત નાચવા માંડ્યું ને બધા દુખી થયાં. તે ઉપરથી ઋષિઓએ શિવની પ્રાર્થના કરી. શિવે તેની પાસે જઈ પોતાના અંગૂઠા ઉપર થા કર્યો એટલે તેમાંથી શુદ્ધ ધોળી ખાંડ નીકળવા લાગી જોઈ એ નિરહંકારી થઈને મહાદેવની પ્રાર્થના કરવા લાગ્યો. શિવ તેને વરદાન આપી સ્વસ્થાને પધાર્યા.

ભંડણેશ્વર પું. ભંડણ ઋષિએ નર્મદાના દક્ષિણ તટ ઉપર સ્થાપેલ શિવલિંગ.

ભંડર ૧. સ્ત્રી. મધ્ય હિંદમાં વસતી નીચલી એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ભંડલક ૧. [હિં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક પ્રકારના વસ્ત્રનું નામ.

ભંડિ ૧. પું. (પુરાણ) એ નામનો એક એકૂત. એક વખત તે પોતાના બે બગલની બાંધ ઉપર ધૂંસરી નાખી બેતર તરફ જતો હતો. તેવામાં સામે એક ઊંટ આવ્યું. તેણે પોતાની લાળી ડોક બગલ તરફ ધરી. તે જોઈને બગલો બગલીને બોલ્યા. બગલની ધૂંસરી તેની ડોકમાં ભરાતાં અને ઊંટ ચાલતાં બગલ બે જાણે ઘટકવા લાગ્યા. ઊંટને તે બહુ વિચિત્ર લાગતાં ડોક બંધેરી તેઓ બગલ નીચે પડી મરણ પામ્યા. ભંડિને આથી વૈરાગ્ય ઉત્પન્ન થયો
૨. [સં.] પું. ધનની ઘન્ઝવણવાળો વાણિયો.

ભંડિલ [સં.] પું. હવનકુંડ.

ભંડી [અં] પું. વાંદરો; વાનર.
ભંડી કેપ = વાંદરાટોપી; એક જાતની કાનટોપી.

ભંડી કૂટ [અં] ન. દક્ષિણ ભારતમાં નીલગિરિ પર્વત ઉપર વસું વૃક્ષલમ નામનું ફળ.

ભંડુ [સં.] વિ. ઝલની ગતિવાળું.

ભંડુર ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ અને જગણ મળી ૭ અક્ષર હોય છે.
૨. [સં] પું. દર્પણ; આરસી; અરીસો.

ભંકોડી (ભંકોડી) ૧. સ્ત્રી. નાગરની એ નામની એક અટક.
૨. સ્ત્રી નાની ભાંકડી.
૩. સ્ત્રી. નાનો મકોડો
૪. સ્ત્રી. મોટી કાળી કીડી. ભંકોડાની માદા.
૫ ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું

ભંકોડો (મકોડો) ૧ પું કરોડનો મણકો
૨. પું. કીડીની જાતનો મોટો કાળો ડંસતો એક જીવડો; એક કાળો જંતુ; મકોડો. એક વખત મટકો લીધા પછી વચ્ચેથી અથવા માથા પાસેના કે કમર આગળના ભાગમાંથી તે તૂટીને કટકા થઈ જાય પણ જીવડતો નથી. તેની આ મજબૂત પકડનો ઉપયોગ પશુ કે પંખીને કોઈ ભાંગો થા કે ચીરો પડ્યો હોય તો તેની ઊતરડાઈ ગયેલી ચામડીને સર્જન જેમ ટાંકા લે છે તેમ ટાંકા લેવામાં ભંકોડાનો ઉપયોગ કરવામાં આવે છે. ચિરાઈ ગયેલી ચામડીની કિનારી સાફ કરીને ઝીણી મેળની સોઈ, તેના ઉપર લગલગ અર્ધા ઇંચને અંતરે આવા મોટા ભંકોડા પકડી ચીપટીની માફક ચોટાડી દેવાય છે. ચામડી રુઝાઈને મળી જાય ત્યાં સુધી આ ટાંકા ઊખડતા નથી.
ભંકોડાથી માટલાં ખેંચાય નહિ = નાના માણસથી ગંભીરથ કામ થાય નહિ.
૩. પું. ચાળો; ઠાંસો.
૪. પું ચુપડની ભૂમ.
૫ પું. ચિંતા; ભાર.
૬. પું. તોફાનો અંકોડો.
૭ પું. ધિક્કાર; તિરસ્કાર.

ભંજણ [સં.] ન. સાજણનો બગાડ કરવાનું બખતર

ભંજુ ૧. [સં.] વિ. અલ્પતા; લઘુ.
૨ વિ. અરેખર.
૩ વિ. તરત જ; બહાદી; એકદમ.

ભંજુમતિકા સ્ત્રી. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર; બીજા ચરણમાં જગણ, જગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર; ત્રીજા ચરણમાં નગણ, ભગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર અને ચોથા ચરણમાં જગણ, જગણ, તગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

ભંખ ૧. પું. એ નામે એક માણસ. તેની કોનું નામ બદા હતું. તેઓ ચિત્રામણ દેખાડી ગુજરાન ચલાવતાં. મોઢાવા તેનો પુત્ર થાય.
૨. [સં] પું. એક પ્રકારનો ભિક્ષુક.
૩. પું દસમી શત.દિમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.
૪. પું. રાજાનો ભાટ.
૫. પું. શીઘ્રકવરિત નામના સંસ્કૃત કાવ્યનો રચનાર એ નામનો એક ઋષિ.
૬. વિ. ચિત્રોની પેઠે બતાવી આજીવિકા મેળવનાર.

ભંખલિ પું. મખનો પિતા.

ભંખલિપુત્ર પું મખ કે મખલિનો પુત્ર ગોસાલો.

ભંગ ૧ પું ખાસ સૂચક સાંકેતિક શબ્દ.
૨. પું ડુંગર; મોટો ટેકરો.
૩. પું ધર્મ
૪ [સં.] પું (વહાણવટું) નૌકાનું મસ્તક; પોપડો. હોડીનો આગળનો ભાગ.
૫. પુ રસોઈનો. ભંગ.ભગા ચોલાય છે.
૬ [પ્રા] પું. ઘુઘારો કે ઝોર
૭. પું. સેવો
૮. વિ. બાદ

મંગણી સ્ત્રી. સમપણ; સંબંધ; સગાઈ; ઓળખાન.

મંગન ૧. [હિં.] પું. ભિખારી; ભિક્ષુક.

૨. ન. દેવું; કરજ.

૩. ન. માગણી, યાચના; માગ

મંગન સબો ન આપકો જો પ્રભુ રાખે ટેક.
ભારતેંદુ

૪ વિ. માગનાર; માગણ.

મંગની જુઓ મંગણી.

મંગરિહા સ્ત્રી. એક જાતનું ઘાસ.

મંગરિયું ન. હેરિયું; ખપરામાંથી પડતો સૂર્યનો પ્રકાશ.

મંગરો પું. કુંજરો; પહાડ; ટેકરો; ટીંબો.

મંગલ ૧. [સં.] પું. અગ્નિ

૨. પું. આઠ મુખવાળું સાંકેતિક શસ્ત્ર.

૩ પું (પુરાણ) આદિવરાહથી જુદેવીને થયેલો એક પુત્ર. તે કર્પારકના મંગલમંડલનો અધિપતિ હતો. કાલ તેને ઠેકાણે વીરભદ્ર નામનો શિવગણ મંગલ થયો કહેવાય છે.

૪ પું (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ; મંગળ. તે સૂર્યથી ૧૪,૧૫,૦૦,૦૦૦ માઈલ દૂર છે. તે પૃથ્વીથી પણ જ નાનો અને ચંદ્રથી લગભગ બમણો છે. તેનું વર્ષ અથવા સૂર્યની એક વાર પ્રદક્ષિણા કરવાનો સમય ૬૮૭ દિવસનો છે અને તેનો દિવસ આપણા દિવસ કરતા આશરે અર્ધો કલાક વધારે છે. તેની સાથે બે ઉપગ્રહ કે ચંદ્રમા છે. તેમાંનો એક ૮ કલાકમાં અને બીજો ૩૦ કલાકમાં તેની પરિક્રમા કરે છે. તેનો રંગ ઘેરો લાલ છે. તેમાં રણ અને નહેરો વગેરે પુષ્કળ હોવાનું અનુમાન કરી શકાય છે. આંખો અને પૃથ્વીનાં દૂરબીનથી પણ આજે સરખાં છે. આપણે માનવીઓ મંગલના ગ્રહની મુલાકાત 'અર્ધ કલાકમાં એવા સહરની સગવડ આજના વૈજ્ઞાનિકોએ શોધી છે. બધા મળીને પચાસ જણ આ મુસાફરી કરી શકશે. ડૉ ઓન જેવા એક સહર વૈજ્ઞાનિકની આ વાણી છે, એટલે તેને આપણે તરંગ તરીકે ન ગણીએ; પણ આપણે મંગલની મુલાકાત કરીને પૃથ્વી પર પાછા ફરતાં બે વર્ષ અને ૨૩૯ દિવસ લાગશે કારણ કે, મંગલનો ગ્રહ પૃથ્વીથી બમણો દૂર છે. આ મુસાફરીના ત્રણ ટપ્પા નક્કી થયા છે. પૃથ્વીની ઉપર ૩૦૦ માઈલ દૂર એક ખાસ અંતરમુકામ યોજવામાં આવશે. ત્યાંથી રોકેટ દ્વારા મુસાફરી બીજા ટપ્પામાં દાખલ થશે. ત્રીજા ટપ્પામાં એવું રોકેટવિમાન કામે લગાડવામાં આવશે કે જે મંગળ ઉપર બરાબર ઊતરી શકે. રોકેટ જે ઝડપે દોટ મૂકશે એ દોટ માનવદેહ ત્રીરણી શકે એ માટેની ખાસ તરકીબો તેમાં રાખવામાં આવશે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાંથી જ્યારે રોકેટ બસો જશે પછી તો, ઉપર અને નીચે જવું, પડવું અને ઊંચા જવું એવો કોઈ અનુભવ નહિ થાય. અવકાશની અંદર આવી અવસ્થા જળવાશે પુરાણ અનુસાર આ ગ્રહ પુરુષ, ક્ષત્રિય, સામવેદી, ભરદ્વાજ મુનિનો પુત્ર, ચતુર્ભુજ, ચારે ભુજાઓમાં શક્તિવાળો, વર, અભય તથા ગદાને ધારણ કરનાર, ચિત્ત પ્રફુલ્લિતવાળો, યુવાન, ક્રૂર, વનચારી, જેના વગેરે ધાતુઓ તથા લાલ રંગના બધા પદાર્થોનો સ્વામી અને ઓછો અંગહીન મનાય છે. તેનો અધિષ્ઠાતા દેવતા કાર્તિકેય કહેવાય છે. ગ્રહ આ અંધકાર રીતે સૂર્યની આસપાસ ફરે છે. સૂર્યથી સૌથી વધારે દૂર તે હોય ત્યારે તે ૨૫,૧૦,૦૦,૦૦૦ માઈલ દૂર હોય છે. સૌથી ઓછું અંતર ૧૨,૮૦,૦૦,૦૦૦ માઈલનું છે. જ્યોતિષશાસ્ત્રીઓએ ઘણી વાર આ ગ્રહના ફોટા લીધા છે. કેટલાક જ્યોતિષશાસ્ત્રીઓએ તેની ઉપર ટપકાં, લીટીઓ અને ચોરસ વાદળાં પણ જોયાં છે. એ નવાઈ ભરેલી વાત છે કે, આ ગ્રહ ઉપર જેવડી લીટીઓ પચ્ચીસ માઈલ સુધી માલૂમ પડે છે. આ જેવડી લીટીઓ જ્વાળામુખી પર્વતનાં મુખ નથી પરંતુ નિયમિત નહેરો છે. આ નહેરો સાગરમાંથી રાતા રંગના પાણી લઈ જાય છે અથવા ધ્રુવ ઉપર પીગળેલા બરફનું પાણી આ નહેરો સૂકા ભાગમાં લઈ જાય છે એમ માનવામાં આવે છે. આ ગ્રહ પૃથ્વીને અનેક રીતે મળતો છે; પરંતુ એ બે ગ્રહ વચ્ચે ઘણો તફાવત છે. તેનું વાતાવરણ પૃથ્વીના વાતાવરણ કરતાં પાતળું છે અને તેથી જ આપણે તેની સપાટી સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. તેનો દિવસ ૨૪ કલાક, ૩૭ મિનિટ અને ૨૩ સેકંડનો છે. મંગલ પૃથ્વી કરતાં નાનો અને હલકો છે. મંગલ ઉપર કોઈ પણ વસ્તુનું વજન અહીં કરતાં ઓછું થાય છે. આ ગ્રહની સપાટી આબાદ નથી પણ તોય વરસ જેવડાં ટપકાંઓ છે. તે જોનારાની જરૂર હોય એમ મનાય છે. જો ત્યાં પાણી હોય તો વનસ્પતિ હોવી જ. જે લીટીઓ દેખાય છે તે વનસ્પતિ હોવાનો ભ્રમ એ જે સ્થિતિમાંથી મંગલ પસાર થઈ ગયો છે તે સ્થિતિમાંથી પૃથ્વી પસાર થઈ રહી છે. મંગલની પોઢ આપણી પૃથ્વીના પ્રાણવાયુનો જથ્થો પૃથ્વીથી ચુમ્માલીસ ભાગ છે. મંગલનો પ્રાણવાયુ લોખંડ સાથે ભળી ગયો અને તેથી તે ગ્રહ લોહાના ગાટ જેવો રંગે રાતો દેખાય છે. મંગલ ગ્રહમાં માણસ વસી શકે નહિ. કેમકે તેનું પાતળું વાતાવરણ અહીંના લોકોને અનુકૂળ ન પડે. જો આપણે એવરેસ્ટ શિખર ઉપર રહેવા ટેવાઈ જઈએ તો જ મંગલનું વાતાવરણ આપણને અનુકૂળ પડે. સૂર્યમાળામાં પૃથ્વીની પેલી પાર મંગલ છે. આ ગ્રહના લાલ રંગ ઉપરથી તેને અંગારક, લોહિતાંગ, અગ્નિ વગેરે નામ મળેલાં છે. તેના રાતા તેજને લીધે જ્યોતિષશાસ્ત્રની શાખામાં મંગલને ક્રૂર ગ્રહ માનેલો છે. પ્રાચીન પાશ્ચાત્ય લોકોએ તેને યુદ્ધનો દેવતા એવા અર્થનું માર્સ એવું નામ આપ્યું છે. મહાભારતયુદ્ધની વખતે આ ક્રૂર ગ્રહ વક્રમાં હતો. આપણા ગ્રહ ઉપર પ્રાણી છે કે નહિ તેની આપણને નિશ્ચયપૂર્વક કંઈ માહિતી નથી; પરંતુ મંગલ ઉપર કોઈ લોકો હોય અને તેમની પાસે આપણા જેવાં દૂરબીન હોય તો તેમને તેમના ગ્રહ ઉપર માણસ છે કે નહિ એ સહજ દેખાતું હશે. કલ્પના તરંગથી કોઈ માણસ મંગલ ઉપર જઈ આવ્યા એવા વર્તમાન લઈ આવેલ છે કે, ત્યાંનાં હવાપાણી આપણાં હવાપાણી કરતાં સુખકર છે. ત્યાની વનસ્પતિ તાજવર્ણી છે. ત્યાંના મનુષ્યનાં આયુષ્ય આપણા કરતા વધારે છે, તે આપણા કરતાં બહુ જ જ્ઞાનવૃદ્ધ છે. તેઓએ બહુ મોટી મોટી નહેરો ઓદી કાઢેલ છે. મંગલ ઉપર મોટા મોટા ગણિત જાણનારા જ્યોતિષીઓ છે. તેમના મનો આપણા મનો કરતાં વધારે સૂક્ષ્મ છે. પૃથ્વી ઉપર આપણાં જેવાં બુદ્ધિમાન પ્રાણી છે એ તેમણે ઘણા વખતથી જાણ્યું છે; એટલું જ નહિ પણ મંગળ ઉપર કેટલીક ભૂમિતિમાંની આકૃતિ દેખાય છે, તે તેમણે આપણી સાથે બોલવાનું કર કરવા સારુ યોજેલાં ચિહ્નો છે. આ સર્વ વર્તમાન ખોટાં જ હશે એમ કહી કાઢવું નથી. સને ૧૯૨૪ના ઓગસ્ટની ૨૩મી તારીખે મંગલ આપણી ઘણી જ નજીક આવેલ હતો. તે વખતે તેની સપાટીનું નિરીક્ષણ કરવા અને તેના કોટોગ્રાફો તે ફક્ત કોઈ માઈલ દૂર હોય તેવી રીતે પાડવા માટે અમેરિકની એક મોટી આલુમાં રાક્ષસી દૂરબીન ગોઠવવાની તજવીજ કરી હતી. મંગલ સુધીના બધા નાના મહો ગણાય છે. તેની પત્ની સેકડો અદ્ભુત મહત્મયુદ્ધો આવે છે. તે કોઈ મોટો ગ્રહ તૂટવાથી કે બીજી રીતે હસ્તીમાં આવ્યો હશે તે કહી શકાતું નથી. ત્યાર પછી ચાર મોટા ગ્રહો આવે છે. ભાગવતવર્ણન પુરાણમાં લખ્યું છે કે, એક વાર પૃથ્વી વિષ્ણુ ભગવાન ઉપર આસક્ત થઈ ને યુવતીનું રૂપ ધારણ કરી તેની પાસે ગઈ હતી. જ્યારે વિષ્ણુ તેનો શૃંગાર કરવા લાગ્યા, ત્યારે તે મૂર્છિત થઈ ગઈ. તેની આ દશામાં વિષ્ણુએ તેની સાથે સંભોગ કર્યો અને તેનાથી મંગલની ઉત્પત્તિ થઈ. પણ પુરાણમાં લખ્યું છે કે, એક વાર વિષ્ણુનો

પરસેવો પૃથ્વી ઉપર પડ્યો હતો અને તેમાંથી નગરની ઉત્પત્તિ થઈ. આ વર્ણન પુરાણમાં લખ્યું છે કે, દક્ષનો નાશ કરવા માટે મહાદેવે ઉત્પન્ન કરેલો વીરભદ્ર પાસેથી નગર થયો. આ પ્રમાણે ભિન્ન ભિન્ન પુરાણોમાં તેની ઉત્પત્તિ સંબંધમાં અનેક પ્રકારની કથાઓ આપવામાં આવેલી છે. મંગલનું જન્મસ્થાન ઉજ્જૈનમાં છે. કુંભમેળા વખતે ત્યાંથી માધુસ્નાતની સવારી ધર્મધ્વજ લઈને મહાકાલેશ્વરના મંદિર પાસેના ક્ષિપ્રા નદીના પુરાણ પ્રસિદ્ધ રામઘાટ ઉપર સો એકડાં આવે છે

કુજ અંગારક અવનિસુત ભૌમાદિતામ મહીજાત,
મંગલમય નામોના ઉદિત રાખ્યા રીષા ગાત.
પિંગળપ્રકાશ

મંગલની દશા = જન્મકુંડલીમા જો મંગલની અસર હોની તે.

૫. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તે નવ છંદનો એક ભેદ છે. તેમાં ચૌદ ગુરુ અને દસ લઘુ મળી ચોવીસ વર્ણ હોય છે.

૬ પું. એ નામનો એક વાર; રવિથી ગીજો વાર; મંગળવાર; ભોમવાર

૭. પું. (પિંગળ) એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં નવ ગુરુ અને બ્યાસી લઘુ મળી પંચાસી વર્ણની અઠ્યાસી માત્રા હોય છે.

૮. પું. મૂર્તિક સ્વામી.

૯. પું. (પુરાણ) ઇક્ષ્વાકુવંશી રામની સભામાંનો એ નામનો એક દાસનાયર કે મરકરો માણસ.

૧૦. પું. (પુરાણ) ભારતવર્ષીય એક પર્વત.

૧૧. પું. રઘુદેવતા; મુદ્દનો દેવ.

૧૨. પું. વિષ્ણુનાં કલ્પવર માંહેનું એક નામ.

૧૩. પું. સુખોપભોગ.

૧૪. પું. સૂર્યનાં એકસો આઠ નામોનું એક નામ.

૧૫. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંડોલ રાગના આઠ પુત્રોનું એક પુત્ર.

૧૬. ન. આનંદ; મોજમજા; ખુશખુશાલ રહેવું તે.

૧૭. ન. આશીર્વાદ.

૧૮. ન. આશીર્વાદ કે ખુશાલીનું ગીત કે શ્લોક.

૧૯. ન. (વેદાંત) ઇષ્ટાર્થ સિદ્ધિ; ધારેલા અર્થની સિદ્ધિ.

૨૦. ન. ઉત્સવ.

૨૧. ન. કલ્યાણ; ભદ્ર; શુભ; કુશલ; ક્ષેમ.

૨૨. ન. (વેદાંત) કોઈ અર્થની સમાપ્તિ થવામાં પ્રતિબંધરૂપ બનનાર અમુક પાપોનો નાશ કરવાપણું.

૨૩. ન કોઈ પણ પ્રાચીન રિવાજ.

૨૪. ન. ખુશાલીનો અવસર કે પ્રસંગ; વિવાહ વગેરે શુભ કર્મ; આનંદનો અવસર.

મંગલ ગાવાં = (૧) આનંદનાં ગીત ગાવાં; ધોળ ગાવાં; શુભ ગીત ગાવાં. (૨) વખાણ કરવાં.

૨૫. ન. ગ્રંથની શરૂઆતમાં કરાતી ઈષ્ટદેવસ્તુતિ; મંગલાચરણનો શ્લોક

૨૬. ન. અહોભ્યલાલી; વૈભવ.

૨૭. ન. (જૈન) નવકાર મંત્ર.

૨૮. ન. નિઃશ્રેયસ કર્મોનું આચરણ અને દુષ્ટ કર્મોનો ત્યાગ. તેને તત્ત્વદર્શી મુનિઓ મંગલ કહે છે.

૨૯. ન. પવિત્ર વસ્તુ.

૩૦. ન. માંગલિક વસ્તુ

૩૧. ન. માંગલિક વસ્તુઓ જોવી કે વાત કરવી તે.

૩૨. ન. રક્ત; કુંકુમ; સિંદૂર

૩૩. ન. કપિલ; લોહી.

૩૪. ન. (વેદાંત) વિદ્યાથી અને વિદ્યાનો નાશ કરનારને અટકાવનાર જે પ્રતિબંધક તેના અભાવથી પણ ભિન્ન હોઈને પ્રારંભ કરવા ધારેલા કાર્યના વિઘ્નના નાશનું અસાધારણ કારણરૂપ; મંગલત્વ. મંગલ ત્રણ પ્રકારનું છે: આશીર્વાદાત્મક મંગલ, નમસ્કારાત્મક મંગલ અને વસ્તુનિર્દેશાત્મક મંગલ. ગ્રંથકર્તા પુરુષે પોતાના અથવા પોતાના શિષ્યના વાંચ્છિત પદાર્થની સિદ્ધિ માટે જે પરમેશ્વરની પ્રાર્થના કરી તે આશીર્વાદાત્મક મંગલ; નમસ્કાર કરવાને યોગ્ય જે ગુરુ અને ઈષ્ટદેવ વગેરે છે તેમનાથી નમસ્કાર કરનાર પુરુષમાં જે ન્યૂનતા છે, તે ન્યૂનતા હોઈને જણાવનારો નમસ્કાર કરનારાના શરીરનો એક પ્રકારનો વ્યાપાર તે નમસ્કારાત્મક મંગલ અને નાટકની વસ્તુ સૂચવનારું મંગલ કે નાંદી તે વસ્તુનિર્દેશાત્મક મંગલ કહેવાય છે.

૩૫. ન. વિઘ્નોનો નાશ.

૩૬. ન. શુકન.

૩૭ ન. શુભ કામ; મંગળ કાર્ય.

૩૮. ન. ક્ષેમ આચરણ.

૩૯. ન. સદ્‌ભાગ્ય.

૪૦. ન. સુખ.

૪૧. ન. હિંદની ઉત્તરે આવેલ ઉદ્યાન નામના જૂના દેશની રાજધાનીનું નામ.

૪૨. વિ. આનંદ કે હરખનું

૪૩. વિ. કલ્યાણકારક; શુભ કરનારું.

૪૪. વિ. પવિત્રતા આપનાર; પવિત્ર.

૪૫ વિ. પાપને ગાળી નાખનાર; પાપને દૂર કરનાર.

૪૬. વિ. બહાદુર.

૪૭ વિ. શુભ; માંગલિક.

૪૮. વિ. ક્ષેમ: સૌથી સારું

૪૯. વિ. સુલક્ષણ; સારાં લક્ષણવાળું

મંગલકામ પું. (પિંગળ) એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાસનાં મિશ્રણથી બનેલ છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મંગલવસ્તુની ૮૮ માત્રા અને કામ ઉલ્લાસની ૬૦ માત્રા મળી કુલ ૧૪૮ માત્રા હોય છે.

મંગલકામના [સં.] સ્ત્રી. શુભેચ્છા; સારી ભાવના.

મંગલકારક [સં.] વિ. મંગળ કરનાર; શુભકારી; કલ્યાણ કરનાર.

મંગલકારી જુઓ મંગલકારક

મંગલકાર્ય ૧. [સં.] ન. કલ્યાણ કરનારું કર્મ; શુભ કામ.

૨. ન. શુભ પ્રસંગ; સારો અવસર.

મંગલગિરિ પું. દક્ષિણ હિંદમાં આવેલ એ નામનો એક પર્વત.

મંગલચંડી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તે પ્રકૃતિના મુખમાંથી ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે

મંગલપાઠક ૧. [સં.] પું. પ્રશંસા કરનાર માણસ; ભાટ્ટજન; રાજની સ્તુતિ કરીને જગાડનાર માણસ; ભાટ.

૨. વિ. આશીર્વાદ આપવાવાળું.

મંગલપારિકા સ્ત્રી. શુભ કાર્યને માટે જનાર પુરુષના શુકનને માટે માટીના કૂંભમાં વાવેલા જવ કે ઘઉં. તેને લોકભાષામાં જવારા કહે છે.

મંગલપુર [સં.] ન. સૌરાષ્ટ્રમાં આવેલ માંગરોળ નામનું ગામ. આ સ્થાન ઘણું પ્રાચીન છે. પૂર્વકાળમાં અહીં વ્યાપાર કરવા માટે મોટું બંદર હતું અહીંના પ્રાચીન અવશેષો તો અત્યારે છિન્નભિન્ન થઈ ગયા છે. અત્યારે અહીં જોઈએ અને ચૂડાસમા રાજાઓનાં વર્ચસ્વ હતાં ત્યારે આ નગરની શોભા કોઈ ઓર જ હશે એ કહે છે. ઘણો પ્રાચીન ઇતિહાસ મળતો નથી; તોપણ મમણાદ માતા અને માત્રો માતાના ભોપરાનું સ્થાપત્ય જોતાં તેમ જ સમુદ્રતટનાં રેખાંકન જોતાં માંગરોળ દ્વિતીય પ્રસ્તર યુગનું હોઈ શકે. નગરની પૂર્વમાં એક પ્રાચીન તળાવનાં અવશેષ મળે છે. તેમા હિંદુ સ્થાપત્યના અવશેષો નજરે પડે છે.

મંગલપુરી ૧. [સં.] સ્ત્રી. મંગલકારી જેમ. થયું છે એવી નગરી.

૨. સ્ત્રી. સુરત શહેર.

મંગલ્ય

મંગલપ્રભાત જુઓ મંગળપ્રભાત.

મંગલપ્રસ્થ [સં.] પું. ભરતખંડનો એ નામનો એક પર્વત

અમરાવતી મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, મોલ્લ, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, અક્ષદ્રિ, અહોક, વારિધાર, વિષ્ણ, મુક્તિમાન, ઋક્ષપર્વત, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવતક, કકુભ, નીલપર્વત, ગોકામુખ, ઇંદ્રકીલ, કામગિરિ વગેરે અનેક પર્વતો છે.

અમરાવતી ભાગવત

મંગલફેરા જુઓ મંગળફેરા.

મંગલભોગ પું. હનેલીમા મગળાનાં દર્શન વખતે ધરાતો પ્રસાદ

મંગલમંગલ [સં.] પું. કાર્તિકેયનું એક નામ.

મંગલમૂર્તિ ૧. [સં.] સ્ત્રી. ઈશ્વર; પ્રભુ.

૨ સ્ત્રી. કલ્યાણકારી સ્વરૂપ.

૩ સ્ત્રી. મધુપર્તિ; મળતન.

૪. સ્ત્રી જેનાં દર્શન શુભ છે એવા દેવની પ્રતિમા.

૫. વિ. કલ્યાણ કરે એવું.

૬. વિ. જેનું દર્શન સ્મરણાદિ મંગળકારી છે તેવું.

૭. વિ. જેનું મોં હમેશ હસતું કે આનંદી લાગતું હોય એવા મહેરાનું; હસતા મહેરાવાળું.

૮. વિ. જેને જોતાં દિલખુશ થાય એવું; જેનાં દર્શન આનંદ ને ઉત્સાહ ઉપજાવે એવું.

૯. વિ. શુભ અને આનંદ ઉપજાવે એવા સુંદર મુખનું.

૧૦. વિ. શુભ અને શુભકારક જે કાર્ય હોય તેવું.

મંગલરસ પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાસના મિશ્રણથી બનેલો છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મંગલવસ્તુની ૮૮ અને રસઉલ્લાસની પર મળી કુલ ૧૪૪ માત્રા હોય છે.

મંગલરોજ સ્ત્રી. એ નામની વાસ્તુકાદિ વર્ગની ઔષધોપયોગી વનસ્પતિ. સ્વાદમાં તે બીટરૂટ જેવી છે. પ્રદર, ધાતુસ્રાવ, પ્રમેહ તથા મૂત્રાશયના રોગને તે મટાડતી મનાય છે

મંગલવસ્તુ [સં] પું (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તે વસ્તુછંદનો એક પ્રકાર છે તેના એકતાલીસ ભેદ છે. આ છંદમાં ૮ લઘુ અને ૪૦ ગુરુ હોય છે.

મંગલવાર પું. અઠવાડિયાનો ત્રીજો વાર; મગળવાર.

મંગલવીથિ [સં.] પું. શહેર અથવા ગામ નજીક આવેલ ગોળાકાર રસ્તો

મંગલશ્યામ પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ વસ્તુ અને ઉલ્લાસના મિશ્રણથી બનેલો છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મંગલવસ્તુની ૮૮ માત્રા અને શ્યામ ઉલ્લાસની પર માત્રા મળી કુલ ૧૪૦ માત્રા હોય છે.

મંગલસૂત્ર ન. એક જાતનું ગળામાં પહેરવાનું સોનાનું ઘરેણું; લગ્ન વખતે વર તરફથી કન્યાના ગળામાં દોરો પહેરાવાય છે તે; પરણતી કન્યાને કે વર જે સોનાસૂત્ર પહેરાવે છે તે. કન્યા પણીની હયાતી સુધી તે પહેરી રાખે છે.

મંગલસ્તુતિ [સં.] સ્ત્રી. શુભ પ્રાર્થના.

મંગલહંસ પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાસના મિશ્રણથી બનેલ છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મંગલવસ્તુની ૮૮ માત્રા તથા હંસઉલ્લાસની ૪૮ મળી કુલ ૧૩૬ માત્રા હોય છે.

મંગલા ૧. પું મગળવાર.

શનિ રવિ રે મંગળા જે પાંદે જદુરાય,
આઠ અઢારે મેદની પુરણી પ્રગટ થાય.

અદાણીવાક્ય

૨. સ્ત્રી (જ્યોતિષ) આઠ માઠેની એ નામની એક દશા.

૩. સ્ત્રી. એ નામની એક દેવી તેનુ સ્થાન નવમાં છે

૪. [સં. મઞ્ચા] સ્ત્રી. એક જાતનું કરંજ વૃક્ષ

૫. સ્ત્રી. કલ્યાણ કરનારી મૂર્તિ.

૬ સ્ત્રી. યોગેશ્વર. મંગલ ગ્રહમાં તે વધારાનો છે માટે મગળા કહેવાય છે.

૭. સ્ત્રી. દુર્ગાદેવી; પાર્વતી.

૮. સ્ત્રી. પ્રોક્ષણ; દુર્વા; દાભડો

૯ સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું માઠેનું એક નામ.

૧૦ સ્ત્રી પતિવ્રતા સ્ત્રી

૧૧. સ્ત્રી. પવિત્રતા.

૧૨ સ્ત્રી (જૈન) પાંચમા તીર્થંકરની માતા.

૧૩. સ્ત્રી. રાતની પાછલી દશ ઘડી

૧૪ સ્ત્રી. વૈષ્ણવ મંદિરોમાં ઠાકોરજીના પ્રભાતની પહેલી આરતી.

૧૫. સ્ત્રી સફેદ ઘાસ.

૧૬. સ્ત્રી. દાડમ.

૧૭. વિ સ્ત્રી. મગળ કરનારી; શુભ કરનારી, આનંદકારી.

મંગલાકાર [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું માઠેનું એક નામ.

મંગલાગુરુ [સં.] ન. એક જાતનું અગરચંદન.

મંગલાચરણ ૧. [સં.] ન. આશીર્વાદ.

૨. ન. પંચ કે કોઈ ગ્રંથને આરંભે કરાતી ઈશ્વરસ્તુતિ. જુઓ મગળાચરણ.

૩. ન. મંગળ કરવું તે; માંગલિક આચરણ; શુભાચર્ય.

૪. ન. સ્નાન.

મંગલાચાર ૧. [સં] પું. આશીર્વાદ.

૨. પું. ઉત્સવ.

મંગલાત્મા [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠાનું માઠેનું એક નામ.

મંગલારંભ [સં.] પું. ગણેશ.

મંગલાલય [સં.] પું. પરમેશ્વર.

મંગલાવાસ ૧. [સં.] પું. શિવ; હર.

૨. ન. એક જાતનું ઘર. તે સ્ત્રીઓ પાર્વતીને ઉદ્દેશીને કરે છે.

મંગલાષ્ટક ૧. ન. લગ્ન વગેરે પ્રસંગે અંતે બોલાતા આશીર્વાદના આઠ શ્લોક.

૨. [સં.] ન. શુભ કર્મની સમાપ્તિમાં દેવાના આશીર્વાદના આઠ શ્લોક. જુઓ મગળાષ્ટક.

મંગલી ૧. પું. (પિંગળ) બોલ અક્ષરનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં બે સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ ગુરુ હોય છે.

૨. ન. મંગળગ્રહના યોગમાં જન્મેલ માણસ.

૩. વિ. આનંદી.

મંગલેશ્વર [સં.] પું. ઉજ્જૈનના મહાકાલ વનમાં આવેલ મુખ્ય ચોરાસી માઠેનું મહાદેવનું એ નામનું એક લિંગ.

મંગલેશ્વરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપ્રાંતમાં કહ્યા છે કે: મગળની ઉત્પત્તિ જ્યારે પૃથ્વીમાંથી થઈ ત્યારે તેણે અહીં એમીને સો વર્ષ શિવજીની આરાધના કરી. શિવજી પ્રસન્ન થયા. મગળે વરદાન માગ્યું કે, આપની ભક્તિ મારા હૃદયમાં સદૈવ વસી રહે અને મને ગ્રહોમાં સ્થાન મળે. શંકરજીએ તે આપ્યું. પછી મગળે શિવની પૂજા કરી. આ તીર્થનું દર્શન કરનારને મહપીડા નહિ થવાનું વરદાન આપ્યું. ચૌદશ ને મગળવારનું બહુ જ માહાત્મ્ય છે

મંગલ્ય ૧. [સ.] પું. સૂર્યનું એક નામ.

૨. ન. અમરચંદન.

૩. ન. અરીઠાનું ઝાડ.

૪ ન ડોહનું ઝાડ

૫. ન. જુઓ.

૬. ન. દહીં

૭. ન. નાળિયેર

૮. ન. પીપળાનું ઝાડ.
૯. ન. બીલીનું ઝાડ.
૧૦. ન. બોડ; ટાલ.
૧૧. ન. મસૂડ; એક જાતનું કઠોળ.
૧૨. ન. રાજ્યાભિષેક માટે આણેલું પવિત્ર જળ.
૧૩. ન. સિંદૂર.
૧૪. ન. સોનું.
૧૫. વિ. પવિત્ર.
૧૬. વિ. શુભકારક; માંગલિક.
૧૭. વિ. સુંદર.

મંગલ્યા ૧. [સં.] સ્ત્રી. અગરુચંદન; મોગરાના જેવી સુગંધવાળો અગર.
૨. સ્ત્રી. ઋદ્ધિ નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. દ્રાક્ષ.
૪. સ્ત્રી. ખીજડાનું ઝાડ.
૫. સ્ત્રી. ગોરોચન.
૬. સ્ત્રી. જીવંતી નામની ઔષધિ.
૭. સ્ત્રી. દુર્વા.
૮. સ્ત્રી. ધોળો વજ.
૯. સ્ત્રી. પ્રિયંગુ; દુર્વા; દર્ભ.
૧૦. સ્ત્રી. મસૂર.
૧૧. સ્ત્રી. માષપર્ણી વનસ્પતિ.
૧૨. સ્ત્રી. શતપુષ્પી વનસ્પતિ; સુવાદાણા.
૧૩. સ્ત્રી. સુવાદાણા.
૧૪. સ્ત્રી. હળદર.

મંગળ જુઓ મંગલ.

મંગળકામના જુઓ મંગલકામના.

મંગળકારક જુઓ મંગલકારક.

મંગળકારી જુઓ મંગલકારક.

મંગળકાર્ય જુઓ મંગલકાર્ય.

મંગળગિરિ જુઓ મંગલગિરિ.

મંગળગુજરી સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગની આઠ માંહેની એક પુત્રવધૂ.

મંગળગૌરી સ. એ નામનું એક વ્રત. કન્યાઓએ લગ્ન પહેલે વર્ષે શ્રાવણ માસના મંગળવારને દિવસે આ વ્રતનો આરંભ કરવો અને પાંચ વર્ષ સુધી આ વ્રત કરવું. તેથી સૌભાગ્ય, સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત થતાં મનાય છે.

મંગળગ્રંથિ સ્ત્રી. બાળકને બાંધવામાં આવતો એક જાતનો દોરો. પ્રાચીન સમયમાં બાળકોને એક દોરો બાંધવામાં આવતો. દરેક વર્ષગાંઠને દિવસે તેમાં એક ગાંઠ ઉમેરવામાં આવતી. દોરામાં જેટલી ગાંઠ તેટલાં વર્ષ જીવવામાં આવતાં.

મંગળદ્રવ્ય ન. બ. ક. ફૂલ, ફળ વગેરે પૂજનનાં સાધન.

મંગળપ્રભાત ન. સાબરમતી આશ્રમના ભજનમાં વધુ ચેતન રેડવાની દૃષ્ટિએ ગોવીજીએ પરદેશ જેલમાંથી લખી મોકલેલાં પ્રવચનોનો સંગ્રહ. આ પ્રવચનો મંગળવારે સવારે લખાતાં હતાં, તેથી આ પ્રવચનસંગ્રહનું નામ મંગળપ્રભાત રાખેલ છે.

મંગળફેરા પું. ન. બ. વરવધૂનાં વરરાજાને સમપદીએ ફરવું તે; લગ્ન વખતે વરરાજાએ અગ્નિની ચાર વખત પ્રદક્ષિણા કરવી તે; પરણી ઊઠી વરવધૂ ચોરીની આસપાસ ચાર વાર ફરે છે તે.

> મંગળ ગાયે માતિનાં હરખ્યા સૌ સમાંય,
> મંગળફેરા જ્યાં ફર્યાં, આરોગ્ય કંસાર.
> પદ્માવતીની વાર્તા

મંગળફેરા ફરવા = પરણવું.

મંગળબહાદ્દરી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, જગણ, સગણ, નગણ, ભગણ, જગણ, સગણ, નગણ અને બે ગુરુ મળી છવ્વીસ વર્ણ હોય છે.

મંગળમૂર્તિ જુઓ મંગલમૂર્તિ.

મંગળરેખા સ્ત્રી. મનુષ્યના હાથ માંહેની એક જાતની લીટી. તે મંગળનો લક્ષાવક સ્વભાવ અને શક્તિસૂચક છે

મંગળવાર જુઓ મંગલવાર.

મંગળસૂત્ર જુઓ મંગલસૂત્ર.

મંગળસ્તુતિ જુઓ મંગલસ્તુતિ

મંગળા જુઓ મંગલા.

મંગળાક્ષત પું. માંગલિક અક્ષત; કંકુ લગાડેલા ચોખા કે ડાંગર. તે વધાવવાના કામમાં આવે છે.

મંગળાચરણ [સં. મંગલાચરણ] ન. પદ્ય અને નાટક વગેરેમાં આરંભે જે ઈશ્વર સ્તુતિ કરવામાં આવે છે તે; નાંદી. ગ્રંથ પરિસમાપ્તિ માટે આરંભમાં કરાતો સ્તુતિપાઠ; કાર્યનો આરંભ કરતાં પહેલાં કરવામાં આવતું શુભ આચરણ; કામમાં કુનેહ મળે માટે દેવને વિનંતિ કરવી તે. જુઓ મંગલાચરણ.

મંગળાષ્ટક [સં. મંગલાષ્ટક] ન. કલ્યાણદાયક આઠ શ્લોકનો સમૂહ; વિવાહ અને જનોઈ વગેરેમાં મુહૂર્ત વખતના અવસરમાં અંતે બોલાતા આઠ કલ્યાણકારક આશીર્વાદાત્મક શ્લોક. જુઓ મંગલાષ્ટક.

મંગળાસૂત્ર ન. કલકલેનની સાંકળી નીચે પારા અને તેની નીચે પાંદડી જોડેલ હોય તેવું સ્ત્રીઓની કેડમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

મંગળિક ૧. વ. (જૈન) 'મંગલં' મંત્ર 'થી શરૂ થતો એ નામે એક સૂત્રપાઠ.
૨. વિ. શુભ; મંગળકારક; આનંદ ઉત્સવવાળું.

મંગળીટોડી સ્ત્રી. (સંગીત) ટોડી રાગિણીની એક જાત.

મંગલ્યાગુરુ વ. એક જાતનું ચંદન. તે તીખું, ગરમ અને કડવું હોય છે. તે વા, કફ, વાયુ અને વમન મટાડનાર, ચામડીનો રોગ સુધારનાર અને પિત્ત કરનાર મનાય છે

મંગાવવું સ. ક્રિ. મગાવવું; અણાવવું; લાવવાને કહેવું, લખવું વગેરે.

મંગાવાવું અ ક્રિ. મગાવે તેમ થવું; મગાવાવું.

મંગાળો પું. પથ્થરો ગોઠવીને બનાવેલો કામચલાઉ ચૂલો, બળિયા વગેરેનો કામચલાઉ ચૂલો.

> મંગળે મદ્ય ન વજ્ય દેવી = કોઈ સ્થળે સ્થિર થઈ ન રહેવું; ચંચળપણાથી અનેક સ્થળો બદલવાં. જેમ મુસાફર રાંધવા માટે મંગાળો કરે છે પણ તે લાંબુ રાંધવાથી મેલવળો ન થયો હોય ત્યાં તે બીજે સ્થળે ઊપડી જાય છે અને એક જ સ્થળે ટકતો નથી, તેવી રીતે જે માણસ નોકરી ચાકરી કે ધંધારોજગારમાં ફરતો રહે છે તેને માટે કહેવાય છે કે, તે મંગાળે મદ્ય વજ્ય દેતો નથી, મતલબ કે તે અસ્થિર પ્રકૃતિનો છે.

મંગિની [સં.] સ્ત્રી. નોકર; ચોકરી

મંગુસ્તાન ન. મલાયામાં થતું એક જાતનું ઝાડ. ફાલમાં તેનું વાવેતર ઉષ્ણ કટિબંધમાં થાય છે. દા.ત. મદ્રાસ ઇલાકો, નીલગિરિ અને તેનાસરીમમાં તે બહુ થવાય છે. ઉત્તર હિંદની હવા તેને માફક આવતી નથી. ફ્રેન્ચ ગિયાના, ચીન, જાવા અને સિંગાપુરમાં તેનું પુષ્કળ વાવેતર થાય છે. ફળોમાં બીજ ઉપર સફેદ ગર્ભ હોય છે અને તે બહુ સ્વાદિષ્ટ હોય છે. ગરમિયનો પૃથ્વીના ઉષ્ણકટિબંધના પ્રદેશના ગારપંચ ભેદ ફળો ગણાવે છે તેમાનું આ એક છે તેમણે કેરીને શ્રેષ્ઠ ફળોમાં મૂકી નથી એ અજાયબ જેવું છે ફળ નીચી સપાટીએ મે થી જૂનમાં અને ઊંચી ટેકરીઓ ઉપર જુલાઈથી સપ્ટેમ્બર સુધીમાં પાકે છે ઝાડ બહુ ધીમુ વધે છે. નવથી દસ વરસ પહેલા ફળતું નથી. ગરમ હવા અને ભેજવાળી જમીન તેને બહુ માફક આવે છે. તેના બીજથી નવા ઉત્પન્ન થાય છે કલમોથી તે આગળ જ વધે છે બીજ બોજાંની પેટીમા વાવ્યા પછી બેત્રણ વરસે એક ફૂટ ઊંચો છોડ થઈ જમીનમા વાવવા લાયક બને છે ખાળોના ઝાડા, મરડો, ઓઢામા પડતી ચાદી અને મૂત્રાશયના દર્દોની આ

દવા છે. તબીબોના મત પ્રમાણે આ ઔષધિ જૂના મરડાના રોગ પર જડીબુટ્ટી સમાન નીવડે છે. આ ઔષધિનો ઉકાળો બનાવીને મરડાના દર્દીને આપવામાં આવે તો તે ખૂબ અસરકારક નીવડે છે જો ખૂબ જ ઝાડા થતા હોય તો આ ઔષધિના પાનનો રસ કાઢી તે પાવાથી ઝાડા થતા અટકી જાય છે. આ ઔષધિનો ઉકાળો કરીને નાનાં બાળકોને તે આપવામાં આવે તો તેમને વારંવાર થતો મરડો મટી જાય છે. આ ઔષધિની ડાળી અને કૂણા મરડાના રોગ પર આપવામાં આવે છે. આ ઔષધિના થડનો ભાગ અને કુમળાં પાદડાનો ભાગ લઈ તે બારીક વાટીને થડના ભાગ સાથે ઉકાળીને મરડા ઉપર અપાય છે. જૂના ઝાડનો રોગ આ રીતે નાબુદ થાય છે. મૂત્રાશયનાં દર્દો પર પણ આ ઔષધિ અકસીર છે. મોઢામાં ચાંદી થતી હોય ત્યારે આ ઔષધિને ઉકાળીને ઠંડી પાડી તેના કોગળા કરવાથી ચાંદી થતી અટકી જાય છે અને મોઢામા પડેલી ચાંદી દૂર થાય છે. આ ઔષધિનો ખૂબ કડક ઉકાળો અઠવાડિયા સુધી સવાર-સાંજ પીવાથી શરીર ઉપર થતી ગરમી દૂર થાય છે. આ ઔષધિનાં કળીની ભૂકી બનાવીને તે મરડા તેમ જ ઝાડાના રોગ પર આપવાના પ્રયોગો પણ થાય છે.

અંગેતર ૧. [વિ.] પુ.; સ્ત્રી. જેની સાથે સગપણ કરવામાં આવ્યું હોય તે પુરુષ કે સ્ત્રી. ૨. વિ. જેનું માગું થયું હોય તેવું.

અંગેશ [સં.] પું. મહાભારત વિષ્ણુ. અંગેશ શબ્દની વ્યુત્પત્તિની એક કલ્પના એવી છે કે, આદિ માતા પાર્વતીએ જંગલમાં વાઘથી ડરીને ત્રાહિ મામ, ત્રિરીશ, એવા ચીસ પાડી. બીકથી વાણી અસ્પષ્ટ થવાથી ત્રાહિ મા ગીત એવો જ ઉચ્ચાર થયો. મહાદેવને એ જ નામ ગમી ગયુ અને અંગીય ઉપરથી અંગેશ થયુ એમ મનાય છે. અંગેશ ઉપરથી પણ અંગેશ થયુ હોય એવી પણ માન્યતા છે.

અંગો સ્ત્રી. એક જાતની શેરડી. તે પીળા લીલા રંગની, સીધી અને મુલાયમ મળતી આવે છે. ગોર્યા વાર તેમાં ગાળા ગાંઠા થાય છે.

અંગોરા ૧. સ્ત્રી. બાવિયાની ચોરાસી માંહેની એક જાત.
૨ ન. એ નામની જાતનું માવજસ.
૩ વિ. એ નામની જાતનું

અંઘ ૧. [સં.] અ. ક્રિ. ચાલવું.
૨ અ. ક્રિ. જવું; ખસવું.
૩ સ. ક્રિ. ફરવું; પડવું; ધારણ કરવું.
૪. સ. ક્રિ. પૂજવું; સન્માનવું.
૫. સ. ક્રિ. પ્રકાશવું; દીપવું.

અંચ ૧. [સં.] પું. ઊંચો મંડપ.
૨. પું. ખેતરમાં બાંધેલો માળો; ઊંચે બેસવાને માટે બનાવેલી બેઠક; મેડો.
૩. પું. ચાર પાયાનું બેસવાનું સુંદર સુખાસનવાળું ઉચ્ચાસન.
૪. પું. પર્વત; ખાટલો; ઢોલ; માંચો; ઢોલકી; સૂવાબેસવાનું ઊંચુ આસન.
૫. પુ. ફ્રેન્ચફાળકા જેવી ફરતી નેઢક. અમેરિકામાં ભાવા મચનો ઉપયોગ માથે ઢોલવામાં કરવામા આવે છે. તે સબધે એવો ઉલ્લેખ છે કે: નવીનતા સારી ચીજ તો કૂપ ઢોલવાના ફ્રેન્ચફાળકાની છે. મોટી મોલાણમાં ૧૫૦૦ માણોને કડપભેર ઢોલવા માટે ફ્રેન્ચફાળકાની જેમ આપમેળે ગોળગોળ ફરતા યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. આમાં ગોળ ફરતા મચ ઉપર એકસામટી પચાસ ગાબોને ઊભી રાખીને ઢોલવામા આવે છે. તેમને ઢોલતાં માત્ર ૧૨½ મિનિટ લાગે છે. મચ ઉપરથી એક ગાય ઊતરે છે અને બીજી ચડે છે.
૬. પું મચકો; હીંચકો.
૭. પુ. માચડ'; બાસપીઠ. ' કાપસ '.
૮. પું. વાસનું બનાવેલું ઊંચું આસન; ઊંચું કરેલું પ્લેટફોર્મ

અંચક જુઓ મચ.

અંચકરચાચી ૧. પું. માંકડ.
૨. [સં. મચકરચાચિન્] વિ. ખાટલા ઉપર રહેનાર કે બેસનાર.

અંચકારોહણ [સં.] ન. રાજ્યારોહણ; ગાદી ઉપર બેસવુ તે

અંચકાશ્રય [સં] પુ. ખાટલાનો આશ્રય લેનાર માંકડ.

અંચકાસુર [સં.] પું. એ નામનો એક અસુર.

અંચલેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં કાંઠા પરનું એક નામ.

અંચાલી જુઓ મચલચરી.

અંચિકા [સં.] સ્ત્રી. ખાટલી; નાનો ખાટલો.

અંચુ ૧. સ્ત્રી. ચીનમાં વસતી એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માનુસ.
૩. વિ. એ નામની જાતિનું.

અંચુરિચ્ચ ૧. ચીન તાબાનો હાલનો એક દેશ.
૨. પું. વિષ્ણુ પુરાણમાં જણાવેલ કાદાષ નામનો દેશ.

અંજ ૧. [સં. મનીષા] સ્ત્રી. અંતરનો ભાવ; મનનો વિચાર.
૨. સ્ત્રી. ઇચ્છા; મરજી; ઉમેદ
૩. સ્ત્રી. મથુરામાં આવેલ એ નામની એક દેવી.

અંજાન પું. શિકાર માટે ઝાડ ઉપર બાંધેલો માચડો.

અંજાભૂત ન. પોતાની ઇચ્છારૂપી ભૂત; બીજા પેટે બળગેતા ઇચ્છા કે વિચાર.
મજાભૂત અને ઇંજા ડાકણ = ભૂત અને ડાકણ એ આપણી જ મનીષાઓ અને કલ્પનાઓ છે.

અંજ ૧. અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો.
૨. અ. ક્રિ. માંજવુ.

અંજન ૧. પુ. (પિત્તળ) એ નામનો એક માત્રામેળ વૃત્ત તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૪૬ લઘુ મળી ૭૧ વર્ણની ૯૬ માત્રા હોય છે
૨. ન. ચોળીને નાહવું તે; સ્નાન.
૩. ન. દાંત સાફ કરવાનું ચૂર્ણ; દાતણને કોલસે વપરાતો હાલે વસવાનો એક જાતનો ભૂકો; ' ટૂથ પાઉડર '.
૪. ન. દાંતે વસવાની મરી કે ભૂકો.
૫. ન. દાંતે પીઠ મૂકવી તે; દાંતને ઝળા કરવા તે.
૬. ન. માંજવુ તે; ઊટકવું તે; સાફ કરવું તે; ચોળીને સ્વચ્છ કરવુ તે; માંજવાની ક્રિયા.
૭. ન. સાફ કરનારો કોઈ પદાર્થ.

અંજર ૧. [આ અંજર] પું. દરજ; કોચાણ.
૨. ન. ઝોળું; કલગી
૩. [સં.] ન. ઝાડનો ક્રોધ; મોર.
૪. ન. તિલકવૃક્ષ
૫. ન. કૂકડાની કળાઓનો ઝુમખો.
૬. ન. મોની.
૭. ન. વેલો, લતા

અંજરે જુઓ મજરી

અંજરિત જુઓ મજરિયાળું.

અંજરિયાળું વિ. મંજરીવાળું; માંજરો આવી ગયેલ હોય તેવું; મહોરાયેલું; મોરલું, મંજરિત.
કોયલ કૂકે રે આંબે મંજરિયાળિ,
કે વાલુડાં ભલા વાયાં રે. લોકગીત

મંજરી ૧. [સ.] ગુ. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ; કલિકા.

૨ ગુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સડોવું વર્ણનો છે. તેને અમનચમરા છંદ પણ કહે છે. તેના પહેલા ચરણમાં દશ લઘુ અને બે ગુરુ મળી બાર અક્ષર, બીજા ચરણમાં ૧૪ લઘુ અને બે ગુરુ મળી સોળ અક્ષર, ત્રીજા ચરણમાં ૧૮ લઘુ અને બે ગુરુ મળી વીસ અક્ષર અને ચોથા ચરણમાં ૬ લઘુ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મધરિકા; કોક, સરેસા; ગાયવી; મકરંદ; વામ, બામ; વામા ને સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત જગણ અને વળણ મળી એકવીસ અક્ષર હોય છે.

જ સાત પળી ય પદે ધરી મંજરી,
મધવિકા રચ કેક સરેખા. દલપતરામ

૪. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વસુપ્રા; પદ્મમા. તેના દરેક ચરણમા સગણ, જગણ, સગણ, વગણ, લઘુ અને ગુરુ મળી બોર અક્ષર હોય છે. પાંચમા અક્ષર ઉપર યતિ કે વિરામો આવે છે.

૫ સ્ત્રી. એક જાતની વેલ; પુષ્પમંજરિકા; દીપમાલા; ચિલકલતા.

૬. સ્ત્રી કૂંપળ; ડાળનો મોર.

૭ સ્ત્રી. ગૂથેલી માજર; માળા.

૮ સ્ત્રી. ઝોળ; ઝબ્બી.

૯ સ્ત્રી. તુલસી.

૧૦. સ્ત્રી. ફૂલનો ગુચ્છો; ફૂલની કળીઓનું ઝૂમખું; માજર; મોર.

૧૧. સ્ત્રી. ફૂલઝરી પાંખડી; મહોરવાળી ડાળી.

૧૨. સ્ત્રી. ખિલાડી.

૧૩. સ્ત્રી. મોતી.

૧૪. સ્ત્રી. વેલ; લતા.

મંજા ૧. પું. કેડ.

૨. [હિ.] પું. ખોડાની આખમાં ચતો તાંતણા જેવો દોરડો.

૩. પું તાજ.

૪. પું પલંગ

૫. પું ખાનેદાર.

૬ પું. રેંટિયાનો વચલો ભા.ગ. જ્યાં દોરી બંધાય છે.

૭. પું. ઝબ્બોટો.

૮. [હિ.] સ્ત્રી. પીઠી ચોળવી તે.

૯. સ્ત્રી. ફૂલનું ઝૂમખું; માંજર; મહોર.

૧૦. [સં.] સ્ત્રી. ઝરી.

૧૧. સ્ત્રી. લતા; વેલ.

મંજાની રમત સ્ત્રી. લખોટીની રમત. તેના નવ પ્રકાર છે: (૧) આરે ટપ્પા, (૨) આરીસ ટોચે ખેટો, (૩) ફૂટક બીલસ, (૪) ઝાંસકો દા, (૫) અડાયુ, (૬) પોસાપોસ દીરચું, (૭) ખોદલો, (૮) છત્તા લખોટા અને (૯) સિત્તા દાવ

મંજામજૂ ૧. સ્ત્રી. ઉઠકામજૂ; ઉઠકાવવાની મજૂરી

૨. સ્ત્રી. જેનાથી વાસણ ઉઠકાય તે વસ્તુ જમકે, રાખ, માટી વગેરે.

મંજામણી સ્ત્રી. સ્વચ્છ કરવાની ક્રિયા.

સ્વચ્છ ને સ્વાસ્થ નિવાણ જે ટાણાં હતી. સાતમને દિવસે બારણા મંજામણી થતી, કોરી ખડી ધરણી સહુ લાવે તે નિવાણમા પખાળીને પાની ઉપર ચોપડાતી. દલપતરામ

મંજર પુ. બિલાડો, માંજર.

મંજરી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બે મગણ, જગણ, તગણ, વગણ અને બે ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

૨. સ્ત્રી બિલાડી; માજરી

તેવારે સિંચારો પકઓ, સારો સપટાઓ સિદ્ધ
કવર ખડગ કાડીન હાઓ રારે પાડી ચિદ્ધ
મંજરી ચુવે મારી રે, કેવળ શું રાજ કરે
પીતા ભગત

મંજરીપદ્ધતિ સ્ત્રી. વખારે અર્ચ ન આવે અને કારકસરથી કામ લેવાય તેવી ખેતીની રીતિ. તેમાં ઢાય મહેનતને બદલે બળદની મહેનત દાખલ કરવામાં આવે છે. આશાવત જમીનમા બબ્બે ફૂટને બદલે પાચ ફૂટ છેટે ચાસ પડાય છે અને પાણી પાવાની નીકો સો ફૂટને અંતરે રાખવામાં આવે છે. આટલા અંતરને લીધે વચ્ચેના ભાગમા નીંદામણ કરવામાં બળદનો ઉપયોગ કરી શકાય છે. વખર જરૂરની જમીનને પાણી પાવું પડતું નથી, તેથી એ પદ્ધ બચાવ થાય છે. પૂરતી જગા હોવાથી રોપ મજબૂત અને ઉગ્ય થાય છે. આ પદ્ધતિ પ્રમાણે ખાતરમાં દર એકરે ૬૦થી ૮૦ ગાડાં બળદને બદલે માત્ર ૧૨ ગાડા જેટલું બસ થઈ પડે છે અને પાક સારો થાય છે.

મંજાવવું સ.ક્રિ. સાફ કરાવવું; ઉઠકાવવું; બબ્બાવવું.

મંજાવું સ. ક્રિ. સાફ થવું; ઉઠકાવું.

મંજિ [સં.] સ્ત્રી. માંજર.

મંજિકા ૧. [સં.] સ્ત્રી. મોરપીંછની વચ્ચેનો ચાદલો

૨. સ્ત્રી. વેરખા.

મંજિર સ. ઝાંજર; તોડા; નાની નાની ઘૂઘરીઓવાળું ઓજોને પગે પહેરવાનું ઘરેણું.

મંજિલ ૧. [અ. મંઝિલ] પું. માળ; મેડી; મજલો.

૨ ન્યા અંતર

૩. સ્ત્રી, મકાન; મકાનનો ખંડ.

૪ સ્ત્રી મુસાફરી.

૫. સ્ત્રી મુસાફરીમા રોકવાને માટેનું સ્થાન; મજલ; જ્યાં પહોચવાનું હોય તે સ્થાન

મંજિલખાનું જુઓ મંજિલગાહ.

મંજિલગાહ સ્ત્રી. મુસાફરખાનું; ઉતારો; ધર્મશાળા.

મંજિષ્ઠ જુઓ મંજિષ્ઠા.

મંજિષ્ઠા ૧. [સં.] સ્ત્રી મજીઠ; એક જાતની વનસ્પતિ. તે વેલની માફક ઊંચે ચઢે છે એમાથી લાલ રંગ નીકળે છે. દવામાં વપરાય છે. વાયવ્ય હિમાલય, નીલગિરિ અને દિક્ષણ પહાડી પ્રદેશમાં તે થાય છે તેનાં મૂળ પંજાબમાં અને દિક્ષણી બજારોમાં મોકલાય છે

૨. વિ ઊંડા લાલ રંગનું

મંજિષ્ઠાદિધૂપ [સં.] ન બળવાથી પડેલ ધારાં ઉપર લગાડવામાં આવતું ઔષધીય ચી. મજીઠ, કાજળી અને મરચાં સમભાગે લઈ તેનો ઢસ કરી રીતસર ઘી સિદ્ધ કરવામાં આવે છે

મંજી ૧ [સં.] સ્ત્રી. માચી; ખાટલી

૨ સ્ત્રી માજર, મંજરી; મહોર.

૩. સ્ત્રી લતા.

મંજીર ૧. પું (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મંજરા. તેના દરેક ચરણમાં બે મગણ, જગણ, મગણ, સગણ, મગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિરામો આવે છે.

૨. પું. ઝાંઝર; પગનો દાગીનો; નૂપુર.

૩. પું. દહીં વલોવતી વેળા સ્વૈયો બાંધવાનો માટલો

૪. જુનો મંજિર

મંજીરક [સ.] વિ. પગના દાગીનાના જેવા શબ્દવાળું

મંજીરવ ૧. પું. એ નામનું એક વાદ્ય. આ વાદ્યમાં એક નર અને બીજી નારી એમ બે વિભાગ છે. નૃત્ય કરતી વખતે આ વાદ્ય વપરાય છે. તેને વગાડવા માટે બાંસ જોડો બનાવેલ છે. તેમાં દરેક દરેક તાલ વાગે છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ધૃતિ છંદનો એક ભેદ છે. તેને મંજીર છંદ પણ કહે છે

૩. જુઓ મંજરા.

મંજીરાં ન. ૧. ૨. બાસણિયું.. કરતાલ; ઝાંઝરી; બાવાંગતાં તાલ પુરવા તેમ વગાડવાનાં કાંસાનાં બે છલ્લૈયા.

મંજીરું ન. (સંગીત) એક પ્રકારનું વાદ્ય. તેમાથી એક જ સ્વર નીકળે છે.

મંજીલ ૧. પું. મજલ; માળ.

૨. [સં] પું. મુખ્યત્વે ધોબીથી વસાયેલું ગામ.

મંજીષા ૧. પું. (પિંગળ) બાવન વર્ણનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અસહોનું વર્ગનો છે. તેમાં ચાર પદ હોય છે. પ્રથમ પદમાં ચાર સગણ અને ગુરુ મળી તેર વર્ણ, બીજા પદમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી તેર વર્ણ, ત્રીજા પદમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ અને ચોથા પદમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

૨. સ્ત્રી. મજીઠ

મંજુ ૧. [સં.] પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં બે ગુરુ અને ૧૫૨ લઘુ મળી ૧૫૪ વર્ણ હોય છે.

૨. વિ. સ્ત્રીનું; મૃદુ; નરમ.

૩. વિ પ્રિય; ઇષ્ટ

૪ વિ. મધુર, મજુલ; કોમળ

મંજુલ મંજુ મનોજ્ઞ મધુ મધુર બાલ સુકુમાર, લલિત હારુ મીઠ્ઠમધુર મજ્જુમિ આબાલ.

પિંગલપ્રકોષ

૫. વિ મંદ; ધીમું; ધીરું.

૬. વિ. રમણીય; સુંદર; મનોહર

મંજુગીતિ પું. (પિંગળ) એક પ્રચુર્ગીતિ માત્રામેળ છંદ. તેના પહેલા દલમાં ૧૨, ૧૭ મળી ૨૯ માત્રા અને બીજા દલમાં ૧૨, ૧૫ મળી ૨૭ માત્રા હોય છે.

મંજુઘોષ ૧. [સં.] પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ ઉપાસના કરવા યોગ્ય એક દેવ.

૨. પું. તે નામનો એક જિનબાધુ.

૩. પું. તે નામનો એક પ્રસિદ્ધ બૌદ્ધ આચાર્ય તે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ચીન ગયો હતો. તેને મંજુશ્રેય અને મંજુશ્રી પણ કહે છે.

૪. પું. મનોહર અવાજ.

૫. વિ. સુંદર અવાજવાળું.

મંજુનાદિની ૧. [સં.] સ્ત્રી. ઉંદરણી.

૨. સ્ત્રી. દુર્ગાદેવી.

૩. સ્ત્રી. સુંદર સ્ત્રી.

મંજુપદ્મક ન નેપાળની રાજધાની કાઠમંડુનું એક પ્રાચીન નામ. તે પ્રથમ તો મંજુશ્રીએ વસાવ્યું હતું, તે ઉપરથી આ નામ પડયું છે આ શહેરના બૌદ્ધો મંજુશ્રીને વિશ્વકર્મા માનતા.

મંજુપાઠક ૧. [સં.] પું. પોપટ.

૨. વિ સુંદર બોલનાર.

મંજુભાષિણી ૧. પુ (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સુનંદિની; પ્રમોદિતા. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આમાં છઠ્ઠા અક્ષર પછી યતિ ૬.વિશ્રામો આવે છે.

સ જ સા જ સે સ ર થી મંજુભાષિણી.

સ્વયંપ્રભ

૨. વિ. સ્ત્રી. મધુર બોલનારી.

મંજુમાલતી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે

રા જ સા જ સે રગ વું મંજુમાલતી.

સ્વયંપ્રભ

મંજુલ ૧. [સં.] પું. એક જાતનું જળપક્ષી.

૨. પું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ ગાહિની કુમ્બિની છંદનો એક ભેદ છે. તેમાં ૫૫ ગુરુ અને ૪૮ લઘુ મળી ૧૦૩ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્તિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમા ૫૭ ગુરુ અને ૧૦ લઘુ મળી ૬૭ વર્ણ હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ વિદ્યુન્મતિ છંદનો એક ભેદ છે. તેમાં ૭ જગણ, ગુરુ અને લઘુ મળી ૨૩ વર્ણ હોય છે. તેમાં ૧૨મા અક્ષરે યતિ કે વિશ્રામો આવે છે.

૫. પું. કુંજ.

૬. પું. નદી કે જળાશયનો કિનારો.

૭. ન. લતાગૃહ.

૮. ન. જંગલ, રોવાળ

૯. વિ. નરમ; મૃદુ; કોમળ.

૧૦. વિ પ્રિય; ઇષ્ટ

૧૧. વિ મધુર; મિષ્ટ.

૧૨ વિ મંદ; ધીમું

૧૩. વિ. સુંદર; મનોહર; ખૂબસૂરત.

મંજુલતા સ્ત્રી. માધુર્ય; કોમળતા.

મંજુલા ૧. સ્ત્રી. કેટની એ નામની એક જાત.

૨. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી

૩. ન. એ નામની જાતનું ઝાડ

૪ વિ. એ નામની જાતનું.

મંજુલી ૧ સ્ત્રી. એક જાતની ચોકાબાડી

૨. સ્ત્રી. એક જાતની જળપક્ષિણી

મંજુવાદિની ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેને મંજુદાસિની છંદ પણ કહે છે. તેમાં તેર અક્ષર હોય છે. તેના દરેક ચરણમાં જગણ, નગણ, સગણ, જગણ અને ગુરુ એ પ્રમાણે ગણભાર છે.

૨. વિ. સ્ત્રી. મીઠું બોલનારી; મૃદુભાષિણી; મીઠે બોલનારી.

મંજુવાણી [સં. મંજુવાદિન્] વિ. મધુર બોલનાર

મંજુશ્રી ૧. પું. પૂર્વાશ્રમના એક જૈન તીર્થંકર.

૨ પું. મહામતિ; બુદ્ધ ભગવાનનું એક સ્વરૂપ, તે દિવ્ય જ્ઞાનનું સ્વરૂપ છે. મંજુશ્રીનો જાપામાં વિશ્રામ ઘણો છે.

૩ પું મહાયાન પંથના બોધ.

૪ સ્ત્રી. બૌદ્ધ ધર્મતમાં ચીનમાં આવેલ ગુફાની દીવાલ ઉપર કોતરવામાં આવેલ બુદ્ધની શિલ્પા.

૫. સ્ત્રી. સુંદર શોભા

૬. ન. એ નામે એક બૌદ્ધગ્રંથ.

૭. વિ. સુંદર શોભાવાળું

૮. જુઓ મંજુઘોષ.

મંજુસ ૧. સ્ત્રી. નાનો પલંગ.

૨. સ્ત્રી. મંજૂસ; મોટી પેટી; નાનો પટારો.

મંજુસૌર (પિંગળ) એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સત્રીનું વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, બે જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, નગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

મંજુસ્વર ૧. [સં] પું. મીઠો અવાજ, મધુર નાદ.

૨. વિ. મધુર અવાજવાળું.

મંજુહાસિની [સ. પું. (પિંગળ) તેર અક્ષરના ચરણવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

મંજૂર ૧. [અ. મઝૂર] વિ. કબૂલ; માન્ય; સ્વીકારેલ, સંમત, બહાલ.

મંજૂર રાખવું = માન્ય કરવું

૨. વિ. કાયમ રાખેલ.

૩. વિ કરાવેલું

૪ વિ પસંદ કરેલ

મંજૂરે ખુદા = ઈશ્વરની ઇચ્છા

મંજૂરી ૧. [અ. મઝૂરી] સ્ત્રી. મંજૂરાત; અનુમતિ; પસંદગી; અનુમોદન; સંમતિ; હા પાડવી તે

૨. સ્ત્રી. પરવાનગી; રજા આપવી તે. (૨) રવીકાર.

૧. મંજૂરી આપવી = પરવાનગી આપવી.

૨. મંજૂરી મેળવવી-લેવી = પરવાનગી લેવી.

મંજૂષમૂષા સ્ત્રી. છ આંગળ ઊંચી, છ આંગળ લાંબી ચોરસ પેટીના ઘાટની મૂસ. તે પારદની ભસ્મ કરવામાં ઉપયોગી છે. આ મૂસને જમીનમાં દાટીને પકવાય છે.

મંજૂષા ૧ સ્ત્રી. પટ્ટર.

૨. સ્ત્રી. પાંજરું.

૩. [સં.] સ્ત્રી. પેટી; કોઈ વસ્તુ મૂકવાનું મજબૂત ઘર કે પડ; નાનો પટારો; ભંડાર; સંદૂક; મંજૂસ.

૪. સ્ત્રી. મંજીઠ.

૫. સ્ત્રી. સંમહસ્થાન; ઊભતા અને મોંઘી વસ્તુ રાખવાનું પાત્ર

મંજેખાના [ફા.] પું. લગ્ન કરનાર જુવાન માણસને અમુક દિવસ બેસાડી રાખવામાં આવે છે તે ઓરડો.

મંજો ૧. પું. ખાટલો.

૨. પું. માંજો; કાચની બૂકો મઢાવેલી પતંગની દોરી કે દોર.

૩. પું. રમવાની ગોળી; છોકરાઓને રમવાનો રંગીન મોટો લખોટો; છોકરાઓને રમવાનું હાથીદાતનું અથવા લાખનું લઢમનું ગોળ રમકડું; ટેરો.

૧. મજો દીવવા-મજો રમવું = લખોટાની રમત રમવી.

૨. મજો ઉતારવા = મર્યાદપણું કે પ્રમરી કાઢી નાખવી.

મંજોસા ૧. સ્ત્રી. કચ્છીની એ નામની એક ભટક.

૨. ન. એ નામની ભટકનું માણસ.

૩. વિ. એ નામની ભટકનું.

મંજ્ઝધાર ૧. [હિં.] પું. મઝધરિયો.

૨. સ્ત્રી. નદીની વચ્ચેનો પ્રવાહ.

મંજા ૧. [સં. મઞ્ચ] પું. (હિંદી) એક જાતનું તખ્તા; પાઠળ ટેકવાળું તખ્ત.

૨. પું. ઢોલ.

૩. પું. ચોકી.

૪. પું. નીચી જમીનનો મોટો પ્રદેશ.

૫. પું. પલંગ; ખાટલો.

૬. પું. બાજોઠ.

૭. પુ. માળો. તે પતંગના દોરને પવાય છે.

૮. પુ. મોટી વિશાળ જગ્યા.

૯. પુ. રટિયાનો વચલો ભાગ જ્યાં દોરી બંધાય છે તે.

૧૦. વિ. વચ્ચેનું; મધ્યનું.

મંજાર જ. વચમાં; મધ્યમાં; મોજાર.

મંજિલ ૧. પું. એક દિવસની મુસાફરી જેટલું અંતર; મજલ.

૨. પું. (જ્યોતિષ) ચંદ્રનું એક ઘર.

૩ પું. પડાવ.

૪. પું. માળ; મજલો.

૫. પું. સંખ્યા; સમૂહ. તે ઢોરી કે ગાય માટે વપરાય છે.

૬. સ્ત્રી. ઓંધતણિયું.

૭ [અ.] સ્ત્રી. મુસાફરખાનું; ધર્મશાળા.

૮. સ્ત્રી મોજો.

૯ સ્ત્રી. વહાણનો ભૂતક.

૧૦. સ્ત્રી. હદ

૧૧. સ્ત્રી. હવેલી.

૧૨. ન. મજૂર થયું તે; નક્કી થયું તે.

૧૩. વિ. મધ્ય.

મંઝી ન. (વહાણવટું) મલબારે કાંઠાનું વહાણ.

મંઝૂર જુઓ મંજૂર.

મંઝૂરી જુઓ મંજૂરી.

મંઝોલી સ્ત્રી. બે પૈડાંવાળી બળદોથી ખેંચાતી એક નાની ગાડી; ઉતારુઓ માટેની હલકી નાની ગાડી.

મંઢોકું (મઢોકું) ન. મટોકું.

મંઢ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) આતુરતા હોવી; જિજ્ઞાસા રાખવી; ઉત્સુકતા હોવી.

૨. સ. ક્રિ. હિંમતપૂર્વક વાત કરવું.

મંઢ પું. પ્રાચીન કાળનો એક પ્રકારનો પકવાન; એક જાતનું રાંધેલું અન્ન; માંડવો.

મંઢતાલ પું. (સંગીત) એક જાતનો તાલ; મઠતાલ

મંઢ ૧. [સં.] સ. ક્રિ. કપડાં પહેરવાં.

૨. સ. ક્રિ. ધારી રાખવું.

૩. સ. ક્રિ. ચિંતવવું; વિચારવું.

૪ સ. ક્રિ. વિલાસ કરવો; વર્તવું.

૫. સ. ક્રિ. શોભાવવું; શણગારવું; અલંકૃત કરવું. તે ઉપરથી મંડપ, મંડિત.

૬. સ. ક્રિ. ધર્મ પામવો.

મંઢ ૧. [સં.] પું. અલંકાર; શણગાર; શોભા.

૨. પું. એક પ્રકારનો તાલ.

૩. પું. કાજ; આર; ખેળ.

૪. પું. ઘૂંક.

૫. પું. દેડકો.

૬ પુ. નીલગિરિ ઉપર રહેતા ટોડા લોકોના પાંચ કે વધારે ઝૂંપડાનો સમૂહ.

૭. પુ. પાણી નાખ્યા વગરનું વલોવેલું દહીં; દહીંનું ઘોળતું; પાણી નહિ નાખેલ ઘાટેલું દહીં.

૮. પું. પીંપ

૯. પું. પ્રવાહી ઉપરનું ફીણ

૧૦. પું. (પુરાણ) ભૃગુકુળના એ નામના એક ઋષિ.

૧૧. પું. મલાર્જ.

૧૨. પું. મિદિર; મૈત્રક; મેર

૧૩. પુ.,ન. દાદ; દાદનો માઠક ભાગ.

૧૪ પું.;ન. ભાતનું જાડું ઓસામણ; ચોખા વગેરેને ચૌદગણા પાણીમાં રાંધીને કરેલી રાબ; માત્ર ચોખાને ચોગણા પાણીમાં રાંધી તેમાંથી કાઢેલા ઓસામણમાં સિંધવ, મરચું, દૂધ, મૂંડ વગેરે યોગ્ય પ્રમાણમાં નાખી તેને રુચિકર બનાવવામાં આવે છે.

૧૫ પું.;ન. રસ; સર્વ અન્નનો અગ્ર રસ.

૧૬. પું.;ન સાર; તત્ત્વ.

૧૭. [હિ.] સ્ત્રી. કૂવાનો ઊંચો કરેલ ઓટો.

૧૮. ન આમળાં

૧૯. ન. એક જાતનું ઘાસ

૨૦. ન. એરંડો.

૨૧. ન. ઘીની ઉપર બન બનેલ ક્ષારભૂત ચી.

૨૨. ન. રમતા; મોજમજા.

મંડઈ ૧. સ્ત્રી. માંડવી.

૨. [અ.] સ્ત્રી (જૂ. પ્ર.) ધાન્ય બજાર.

ખેતા દેવી મંડઈ મેહ
બાપ જાયુ નમ્રઈ આંહેહ. ગાગ્રપ્રસમય

મંડક ૧. પુ એ નામે એક મીમાંસક.

૨. પું. એક જાતનું રાંધેલું અન્ન; મઢવો.

૩. સ્ત્રી. મધુમાખી.

૪. સ્ત્રી મેંદાની બનાવેલી એક જાતની રોટલી; માંડો; મોટી રોટી

૫ ન. દેડકું. તે કાદવમા ઉત્પન્ન થાય છે, પાણી તેમ જ જમીન બંનેમાં રહી શકે છે અને જીવડાંનો આહાર કરે છે. તેના પાછલા પગ લાંબા હોય છે તેમ જ આખો મોટી હોય છે

મંડકટક વિ. મઢ બનાવનાર

મંડજ ૧. [સં. મંડ + જ (જન્મેલું)] ન. કાંજી; આર; ખેળ. જાતનું ઓસામણ. બીજ, કંદ, ગાંઠ વગેરેમાં ખાસ કરીને માલૂમ પડતો એક પુષ્કળ પ્રસાર પામેલો વનસ્પતિને બનતો પદાર્થ. તે પોળો, ચળકતો, કણદાર કે ચૂર્ણના

જેવો હોય છે. તેમાં સ્વાદ કે ગંધ હોતાં નથી. તે આર દેવાના કામમાં વપરાય છે. તેમાં અંગારના ૭ ભાગ, આર્દ્રજનકના ૬૫ ભાગ અને પ્રાણવાયુના પાંચ ભાગ હોય છે.

૨. ન. તેજ.

ભંડણ ૧. ન. અલંકાર; શણગાર.

૨. [સં. મંડન] ન. એક મતનું ખંડન કરી બીજા મતનું સ્થાપન કરવું તે.

૩. ન. ભૂષણ; ઘરેણાં.

ભંડણી સ્ત્રી. (જૂ. ગુ.) રચના; બંધારણ.
સ્વર્ગનરે ઝડપ ભંડણી, નિરખી થયા મગ્ન.
જ્ઞાનવિમલસૂરિ

ભંડણું જિ. ચોરીનું

ભંડદ્રવ્ય ન. બાર; ખેરાત; 'રેટાર્ચ'.

ભંડન ૧. [સં. મંડ્ (શોભાવવું)] પું. એ નામનો એક શિલ્પશાસ્ત્રી. તેણે શિલ્પનો ઉદ્ધાર કરી રૂપ મંડન, વાસ્તુ મંડન, પ્રાસાદ મંડન, આયતત્ત્વ, વાસ્તુસાર વગેરે ગ્રંથો રચેલા છે. તેમ જ તેના નાના ભાઈ નાથુએ પણ વાસ્તુ મંજરી ગ્રંથ રચેલો છે.

૨. પું. શંકરાચાર્ય સાથે સંવાદ કરનારો એક પ્રસિદ્ધ મીમાંસક; મંડનમિશ્ર.

૩. ન. અલંકાર; આભૂષણ; ઘરેણું; શણગાર.

૪. ન. એ નામે પ્રાચીન શહેર.

૫. ન. પુષ્ટિ

૬. ન. પોષાક.

૭. ન. મૃગ; શરીરાંત.

૮. ન. મૂંડાવવું તે.

૯. ન. વાદવિવાદમાં અમુક વિચારને દાખલા દલીલોથી પુરવાર કરવો તે; અમુક વિચારને સિદ્ધ કરવો તે; એકના મતનું ખંડન કરી બીજા મતનું સ્થાપન કરવું તે.

૧૦. ન. શણગારવું તે.

૧૧. ન. ઘરેણાં; ઝવેરાત.

૧૨. જિ. અલંકારપ્રિય.

૧૩. જિ. ખૂલતું; ઉત્પન્ન થતું.

૧૪. જિ. ઘરેણાં પહેરનાર.

૧૫. જિ. શણગારતું; શોભા આપતું.

ભંડનમિશ્ર [સં.] પું. માહિષ્મતી નગરીમાં રહેતો એ નામનો એક પંડિત. કુમારિલ ભટ્ટાચાર્ય પાસેથી શિક્ષણ લઈ તે સર્વ શાસ્ત્રમાં નિપુણ થયો હતો. તે વેદયજ્ઞ કરતો, વેદધર્મ પ્રમાણે અનુસરતો પણ ઈશ્વરને માનતો નહિ તેની સ્ત્રી ભારતી અથવા સરસ્વતી એ સાક્ષાત્ સરસ્વતીનો અવતાર મનાતી તે મંડનમિશ્ર બ્રહ્મનો અંશ મનાતો. તે અદ્વૈત મતનો વિરોધી હતો. વાણીની કુશળતામાં તે એવો તો ઉત્તમ હતો કે તેની સાથે વાદ કરવાની કોઈની હિંમત ચાલતી નહિ. એક વખત શંકરાચાર્ય તેની નગરીમાં આવી પહોંચ્યા. તે દિવસે મંડનમિશ્રને ત્યાં શ્રાદ્ધ હોવાથી કોઈ ભિક્ષુક ઘરમાં ન આવે તેથી દ્વાર બંધ કર્યાં હતાં. શંકરાચાર્યે પોતાની યોગશક્તિથી અંદર પ્રવેશ કર્યો. મંડનમિશ્રે નોતરેલા વ્યાસ અને જૈમિની સમક્ષ તેણે શંકરાચાર્ય ઉપર ક્રોધ કર્યો. આખરે મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતીને મધ્યસ્થ રાખી વિવાદ શરૂ કર્યો. શંકરાચાર્યે પક્ષ સત્ય છે એ સિદ્ધ કરી આપવાની અને મંડનમિશ્રે કર્મકાંડને સિદ્ધ કરી આપવાની પ્રતિજ્ઞા લીધી. હારે તેણે શિષ્ય થવું એમ પણ એકબીજાએ કબૂલ્યું. સરસ્વતીએ બંનેના ગળામાં કમળની માળા પહેરાવીને કહ્યું કે જેની માળા કરમાશે તેને હું હારેલો સમજીશ. એક બીજા ખંડનમંડન કરવા લાગ્યા. તેમાં શંકરાચાર્યે જીવ અને ઈશ્વરની એકતા હોવાનું સિદ્ધ કરી મંડનમિશ્રના પક્ષનું ખંડન કર્યું. તેના ગળાની માળા કરમાઈ ગઈ. સરસ્વતીએ પણ શંકરાચાર્યના મતને મળતો મત આપ્યો જેથી મંડનમિશ્ર તેના વરણમાં પડ્યો. મંડનમિશ્ર હાર્યો પણ તેની સ્ત્રી સરસ્વતીને આચાર્ય જાણે ત્યારે તે પૂર્ણ હાર્યો ગણાય, કારણકે સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ છે. એવા શાસ્ત્ર નિયમથી સરસ્વતીએ પણ બાર દિવસ સુધી શંકરાચાર્ય સાથે વાદવિવાદ ચલાવ્યો, તેમાં આચાર્યને જીતી શકાય તેમ ન હોવાથી સરસ્વતીએ કામશાસ્ત્રના કેટલાક પ્રશ્ન કર્યા. આચાર્યે એક માસની મુદત માગી. તે દરમ્યાન તે પરકાયા પ્રવેશ કરી અનુભવ લઈને આવ્યા. સરસ્વતીને જે શ્રાપ આ વિવાદમાં સાક્ષી પૂરવા સુધીનો હતો તે પૂર્ણ થવાથી અંતર્ધાન થઈ તે ચક્રતીર્થમાં ગયાં. મંડનમિશ્રે ગુરુજી આચાર્ય પાસે સંન્યાસ લઈ દીક્ષા લીધી ને સુરેશ્વર નામથી આચાર્યનો મુખ્ય શિષ્ય થઈને રહ્યો. તેમણે નૈષ્કર્મ્યસિદ્ધિ નામે ઉપનિષદના ભાષ્ય ઉપર વાર્તિક વગેરે ગ્રંથો કર્યા છે ઉત્તમ ગુણોથી એ આચાર્યની પદવી પામીને અદ્વૈતનો ઉપદેશ કરવા ઘણાં વર્ષો મઠપ દેશમાં તે રહ્યો હતો અને તે જ દેશમાં તે વધુ પ્રસિદ્ધ થયેલ છે.

ભંડનવાદ પું. મંડન કરવાનો વાદ.

ભંડનવિધિ [સં.] સ્ત્રી. અલંકાર ધારણ કરવાની વિધિ.

ભંડનશક્તિ [સં.] સ્ત્રી. મંડન કરવાની શક્તિ.

ભંડનાત્મક જિ. રચના કરનારું, રચનાત્મક. નવીન કાર્ય કરનારું.

ભંડપ ૧. [સં. મડ (શોભાવવું)] પું. ઘર.

૨. પું. જળ, ઝાર કે દરા અગર તેના દ્વિગુણ ત્રિગુણ પ્રમાણમાં બંધાયેલ ગોરસ પ્રાસાદ

૩. પું. ચોરા વગેરે માટે બંધાયેલ ઓટલો.

૪ પું. બાગ કે ઉપવનમાં લીલી વેલીઓ ચઢાવીને કરેલી કુંજ; લતામંડપ.

૫. પું. મંદિર; દેવમંદિરની ઉપરનો ગોળ ભાગ.
મંદર મંડપ આયતન વસ્તિ નિકાયસ્થાન;
ભુવન ભૂપ મખશાનને ગઈ સડસરી ગુજન.
પિંગળશીધુકોષ

૬ પું. સમિયાણો; વાંસ અને કપડાં બાંધીને બનાવેલો કામચલાઉ સુંદર તંબૂ કે વસ્ત્રગૃહ.

૭. પું. સુંદર છતવાળી બાજુઓમાં કે ખુલ્લી જગામાં ઓઢણ બનાવવી તે; માંડવો; ઉત્સવ પ્રસંગે ઊભો કરેલો માંડવો; લગ્નાદિક મંગળ પ્રસંગે પોર બાંધતા પરોણાઓને જેમાંહ્યનને ઊતરું કરેલું કામચલાઉ દીવાનખાનું, સભા કે સાજનસ્થાન.

૮. ન. રેશમી ઓઢણ દૂર જે ઓઢણ કરી હોય તે.

૯. ન. માણસોનું વિશ્રામસ્થળ; જનાશ્રય.

૧૦. જિ. જાતનું ઓસામણ પીનારું.

ભંડપક્ષેત્ર ૧. [સં.] ન. રણભૂમિ; લડાઈની જગા.

૨. ન. સ્વયંવરનો મંડપ
પ્રેમ પારા બીજો પ્રેમદા નામના મંડપક્ષેત્ર.
પ્રેમાનંદ

ભંડપપક્ષી ન. ઓસ્ટ્રેલિઆનું એક જાતનું પક્ષી. ક્રીડાકાલ માટે તે જાણીતું છે. તેનો નર એક નાનો મંડપ રચે છે. વિવિધ રંગની છીપલીઓથી તે મંડપનો બહારનો ભાગ બારીકાઈપૂર્વક શણગારે છે. મંડપના પ્રવેશદ્વારમાં પેસતાં તે વર્તુલ બનાવે છે. તેના પરિધ ઉપર તે પુષ્પો મૂકે છે, જેથી તે એક ઉદ્યાન જેવું બની રહે છે. એ ફૂલો જ્યારે કરમાય ત્યારે તે ફેંકી દઈ નવાં પુષ્પો ફરી ગોઠવે છે. પછી પેલા વર્તુલમાં બેઠી તે નર જેવો છે કોઈ માણી મેળવવાની તેની ઇચ્છા બધુ અને વધુ તીવ્ર બને છે. મસ્જિદના મિનારા ઉપર મોટી કોઈ મુએઝ્ઝીમ બાંગ પોકારે તેમ આ મંડપનું પક્ષી બાંગ મારે છે, જાણે અંતરમાંથી ઊઠતી કો મૂર્તિગત નિઃશ્વાસ સમી એ નાની બાંગ. આ ઘડભરી ચીસ સાંભળી માદાનું હૃદય મઘડે છે અને દૂર સંતાયેલી તેનો આછો પ્રત્યુત્તર સંભળાય છે. જેમ જેમ એ અવાજ નજીક આવતો જાય છે તેમ તેમ આ નરના રવમાં જોર ઊભરાતું જાય છે પછી જોમમાં પોતાની પ્રિયતમાના દર્શનનું સ્વપ્ન પાસે આવતું તે જુએ છે. ફૂલમો ઉપર આછો વાયુ લહરાય તેમ ધીમે ધીમે અપ્સરા

સમી તે પાસે આવે છે અને પોતા ઉપરનાં નજીક જઈ મોહકતાથી ઊભી રહે છે. આવળનું આકર્ષણ તેના સુંદર પિંજામાં મૂકી પ્રસારી તેની પ્રિયતમાને જ્યારે તે આવકાર આપે છે, ત્યારે ચારે ચારે અને પાંખે પાંખે ઊન્મત્ત તોફાન આદરે છે અને સાં પાંખરનું મુગ્ધ ભાન ભૂલે છે.

મંડપમુહૂર્ત ૧. ન. ઘરની બાતાની પૂજા.
૨. ન. મંડપનું મુહૂર્ત

મંડપવિધાન [સં] ન. મંદિર કે તેવા ધાર્મિક મકાનો રચવાની રીત.

મંડપારોપણ [સં. મડપ + આરોપણ] ન. માંડવો નાખવાની ક્રિયા.

મંડપિકા ૧. [સં.] સ્ત્રી. ચોકી.
૨. સ્ત્રી. નાનો તંબૂ.
૩. સ્ત્રી. નાનો મડપ.
૪. સ્ત્રી. પાલખી.

મંડરવું સ ક્રિ. ચોતરફથી ઘેરવું.

મંડરાય પું. ભમર.

મંડરાવું ૧. અ ક્રિ. કોઈ વસ્તુની ચોતરફ ઘૂમવું કે ફરવું; અક્કર લગાવતાં ઊતરું; અક્કર અક્કર ઘૂમવું.
૨. સ. ક્રિ. પરિક્રમા કરવી; ચોતરફ ફરવું.

મંડરી ૧. પું. (પિંગળ) એ નામે ઓક વિષમવૃત્ત વર્ણમેળ છંદ; મજરી; ઢલિકા. તેના પહેલા ચરણમાં દસ લઘુ અને બે ગુરુ મળી બાર વર્ણ, બીજા ચરણમા છ લઘુ અને બે ગુરુ મળી આઠ વર્ણ, ત્રીજા ચરણમાં ચૌદ લઘુ અને બે ગુરુ મળી સોળ વર્ણ અને ચોથા ચરણમાં અઢાર લઘુ અને બે ગુરુ મળી વીસ વર્ણ હોય છે.
૨. [સં.] સ્ત્રી. ઘૂમરી.
૩. સ્ત્રી. અટારી.

મંડલ ૧. પું. આકારના વખતનો ઓક જાતનો સહજી મંડપ
૨. [સં.] પું. અલંકાર.
૩. પું. આકાશ.
૪ પું. (પિંગળ) એ નામનો ઓક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, લઘુ અને ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.
૫. [હિ] પું. ઓક પ્રકારનો તબુ; ગોળ તંબૂ કે ઘર.
૬. પુ. ઓક પ્રકારનો સાપ. તે કાળા સર્પથી ઉત્પન્ન થાય છે. તેનો દસ પીળો અને સોળયુક્ત હોય છે. તે સર્વ પ્રકારના પિત્તવિકારને ઉત્પન્ન કરે છે.
૭. પું. કક્ષ; ગ્રહને ફરવાનો માર્ગ; કોઈ પદ્ય આકારથી વર્તાઈને ફરવાનો ગોળાકાર રસ્તો.
૮. પું. કૂતરો.
૯. પું. ગામડામાં દાણ લેનાર અમલદાર.
૧૦. પું. જમીનના તબેનું ગામ; રાજ્યનો મર્યાદિત ભૂપ્રદેશ.
૧૧ પું. પકવાન.
૧૨. પું. બાર ચક્રવર્તીઓએ જેના ઉપર રાજ્ય કર્યું હોય તેવો દેશ.
૧૩. પું બાર રાજાઓનું મડળ.
૧૪ પું. બાર રાજ્યોનો સમૂહ.
૧૫ પું. યુદ્ધ
૧૬. પું. રંગભૂમિ.
૧૭. પું. વાસુદેવ અને બળદેવની જોડી.
૧૮. ન. અમુક હદમાં ફેલાયેલો રાજ્યનો અમલ.
૧૯. ન. ઋગ્વેદના દસ મોટા ભાગોનો દરેક ખંડ.
૨૦. ન. ઓક જાતનું ગંધદ્રવ્ય.
૨૧. ન ઓક જાતનું વાજિંત્ર
૨૨. ન. ઓક જાતનો કોઠ. તેમાં ગોળ આડાં પડે છે. જે કોઠલી ચામડીનો રંગ પોળો અને રાતો જણાય તથા જે કાચ રસીયુક્ત અથવા ચીનાશયુક્ત ચીકણો હોય અને જેનો આકાર ચકામાં જેવો હોય તથા ઓકબીજાની સાથે મકામાં મળી ગયેલ હોય તેને મડળકોઢ કહે છે.
૨૩. ન. ઓક પ્રકારનું માપ.
૨૪. ન. ઓક પ્રકારનો બૂહ; સેનાની વૃત્તાકાર સ્થિતિ; ધનુર્ધારીઓનું અમુક સ્થાન.
૨૫. ન કુંડાળું; ગોળ, ગોલક અથવા કોઈ પણ નિયમસર આકૃતિનો ઘેરાવો; ચકરડું, વર્તુળ; ચક્કર; ઘેરો.
૨૬. ન. ગોળાકાર ચકતું; ચકામું; ધાબું
૨૭. ન. મહમડળ
૨૮. ન. ચકલો; મહોલ્લો; લત્તો.
૨૯. ન. ચક્ર; ચાક; પૈડું
૩૦. ન. ચાલીસ યોજન લાંબો અને વીસ યોજન પહોળો ભૂમિખંડ કે પ્રદેશ.
૩૧. ન. જિલ્લો; પ્રાંત; તાલુકો; પરગણું; મહાલ.
૩૨. ન. ટોળું; જૂથ; સંઘ; સમૂહ; સમુદાય. જેમકે, મત્રીમડળ.
૩૩. ન. દેવતાનું આહ્વાન કરવા માટે ઘોરવામાં આવતું રહસ્યમય કુંડાળું; યંત્ર; કૃત્રિમ રેખાઓથી કરેલ મડળ.
મડળ પૂરવું = વેદિ ઉપર ધાન્યની આકૃતિ કે રચના કરવી.
૩૪. ન. નક્ષિત્રો, અમુકક્રમ હતા ગોળાકાર નક્ષત્ર. જેમકે, નક્ષત્રમડળ.
૩૫. ન. નિશાન મારતી વખતે ધનુષ્યધારીનું ઓક આસન
૩૬. ન. પદ્ધતિ.
૩૭. ન. ઓતાળીસ દિવસની દત. સેવની મુદત.
૩૮. ન. મુલક; પ્રદેશ; દેશ.
૩૯. ન. મોટો ગોળાકાર સમૂહ; મોટો ગોળાકાર વિસ્તાર. જેમકે, નભોમડલ.
૪૦. ન. રાજાના નજીકના તેમ જ દૂરના સબધીઓનો સમૂહ.
૪૧. ન. ઝાડુ.
૪૨. ન. વર્ગ
૪૩. ન. વર્તુળાકાર ઘેરા; પરિધ; ગોળ રચના; અમુક આકારની પુરણ; ગોળ ઘેરાવ.
૪૪. ન. વર્તુળાકાર પાટો આંખનો તે.
૪૫. ન. શરીરની આઠ મોટી એક સધિ
૪૬. ન. શરીરનો કોઈ વર્તુળાકાર ભાગ, અવયવ કે ચહેરો. જેમકે, નાભિમડલ, મુખમડલ વગેરે.
૪૭. ન. શીતળ
૪૮. ન. સામાજિક મડળી.
૪૯. ન. સીમાડો.
૫૦ ન. સૂર્ય કે ચંદ્રના આસપાસનું તેજોમય વર્તુળ; બિબ.

મંડલઆરાધન ન. ચાલીસ દિવસની પૂજા.

મંડલક ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો ઓક નાગ.
૨. પું. ઓક જાતનો કોઢ.
૩. પું. કૂતરો.
૪ પું. દર્પણ; આરસી.
૫. પું. શીતળાનો રોગ
૬. ન. ગોળ ચામડાનો સફેદ કોઢ.
૭. ન. પ્રાત.
૮. ન. બિબ.
૯. ન. વર્તુળ.
૧૦ ન. સમૂહ
૧૧. ન. સૈન્યની ગોળાકાર રચના.

મંડલનૃત્ય ન. ગ્રહ આદી તેમા નૃત્ય કરવુ તે; ગોળ નાચ. જેમકે, કૃષ્ણ અને રાધાની આસપાસ ગોપીઓનો નાચ.

મંડલબ્રાહ્મણ [સં.] ન. ઓકસો આઠ માહેનુ ઓક ઉપનિષદ; અમુક ઓક વેદવિભાગ.

મંડલસંધિ સ્ત્રી હડે, હાથ કે નાડીઓનો સાધો

મંડલાકાર વિ. ગોળાકાર. ચક્રાકાર. ગોળ.

મંડલિક ૧. [સં. મડલિક] પું. મડલેશ્વર રાજા.
૨. પું (જૈન) વાઉડાવનો ઓક પ્રકાર.
૩. પું સાગેલ; ખંડિયો રાજા. સામ્રાજ્યમા આવેલ ઓકાદ પ્રાતનો રાજા; રાજ્યમડળમાનો ઓકાદ રાજા; મડલનો સભ્ય.

મંડલી ૧ પું અંજીરનું ઝાડ.
૨. પું કૂતરો
૩ પુ મોનસ સર્પ. તામ્ર રંગનો સાપ.
૪. પું. ચકરડાવાળો સર્પ.
૫. પુ પ્રાંતનો સુબો. માંડલિક રાજા.
૬. પું ભિલાડો.
૭. પુ વડનું ઝાડ.
૮. પુ સેવનું એક ન.મ.
૯ સ્ત્રી. કુવાર.
૧૦. સ્ત્રી. ઝાડો.
૧૧. સ્ત્રી. ગોળાકાર ગતિ; ગોળ ફરવુ તે.
૧૨. સ્ત્રી ગોળાકાર મંડળ
૧૩. સ્ત્રી. ચક્ર.
૧૪. સ્ત્રી. ટોળી, મંડળ; સભા; સમૂહ; સમુદાય.
૧૫ સ્ત્રી દુર્વા ઘાસ
૧૬. સ્ત્રી. બિંબ
૧૭ વિ. ચક્રાકાર; ગોળ.
૧૮. વિ. પ્રદેશ ઉપર શાસન કરનાર.

મંડલીક જુઓ મંડલિક

મંડલેશ ૧. [સં.] પું. એક મંડલ એટલે પ્રાંત રાજ્યનો અધિપતિ; ચક્રવર્તી રાજા.
૨ પુ. પ્રાંતનો શાસક.
૩. પું સને ૧૬૩૮માં અમદાવાદ આવેલ એ નામનો મુસ.ફર.
મંડલેશ કહે છે કે દુનિયાની બાબી જ કોઈ પ્રજા અને એશિયાનો બાબી જ કોઈ ભાગ એવો હશે કે જે આ શહેરમાં જોવામા ન આવે.
પુરાતત્ત્વ

મંડલેશ્વર જુઓ માલેશ ૧, ૨.

મંડવું ૧. [સ. મદ્ (પીરવુ)] અ ક્રિ. મચવુ; મચ્યા રહેવું; જાગવુ; ભારી કર્યે જવું; બીજા રહેવુ; બીડવુ; ખંતથી વળગવુ; ખંત અને ઉત્સાહથી કોઈ કાર્ય વગેરે કરવામાં લાગ્યા રહેવુ, પાળ્યા પડવું.
૧ મંડી પડવુ = લાગી પડવું.
૨ મચ્યા રહેવુ = વળગી રહેવુ; મચ્યા રહેવુ, બીજા રહેવું; ખંતથી પાળ્યા પડવું.
૨. સ. ક્રિ. પરિપૂર્ણ કરવુ, ભરવું.
૩. સ ક્રિ. શણગારવું. ચોખા ભારે તેમ કરવું.
૪ સ. ક્રિ ઘડ કરવુ; ખંતથી આરંભવું
૫. સ ક્રિ. સમર્થન કે પુષ્ટિ આપવી.

મંડવ્ય સ્ત્રી. (સંગીત) ષડ્જસ્થાનીય આવીશ માંહેની પાંચમી શ્રુતિ.

મંડહારક [હિ.] પું. ઘાસનો વેપારી; કલાલ.

મંડળભૂમિ ૧ પું. એક જાતનું ગોળાકાર કરમ.
૨. પું. શરીર ખંડવાળું, ઘાણું વધેલું અને ઉપાંગ સ.ધારાળા ન હોય તેવુ પ્રાણી; ' એનેલિડા '.

મંડળાકાર ૧. પું. ગોળ આકાર
૨. વિ. ગોળાકાર; ચક્રાકાર; ગોળ.

મંડળિક પું. સામંત; મંડળનો સૂબો

મંડળી ૧. સ્ત્રી ફૂંડાળું; ચક્રાકાર વર્તુળ.
૨. સ્ત્રી. ટોળા; મંડળ; જૂથ; સમુદાય; સમૂહ; સંઘ
૩. સ્ત્રી. પેઢી; પંજાળો વેપાર કે કોઈ મોટુ કાર્ય કરવાને એકત્ર થયેલા વ્યક્તિઓનો સમૂહ; 'કંપની'.
૪. સ્ત્રી. મિજબાની; રાવણું; સમાન સ્થિતિના માણસોનુ ભોજનમાન અને ભોજન વગેરે માટેનું એકઠુ થયેલુ ટોળું; મેળાવડો
૫. સ્ત્રી સભા; પરિષદ, સારાં માણસોનુ કોઈ હેતુથી એકઠું મળવુ તે.

મંડળીક જુઓ મંડલીક.

મંડળેશ જુઓ મંડલેશ.

મંડળેશ્વર જુઓ મંડલેશ.

મંડા ૧ પું આંખનું પડળ.
૨. [હિ.] પું. એક જાતની મીઠાઈ.
૩ પું. ભૂમિનું એક માપ.
૪. પુ. બ. વ. રોટલી.
૫ સ્ત્રી. આમલકી; આંબલી
૬. સ્ત્રી. ખજૂર.
૭. સ્ત્રી. મદિરા; સુરા.

મંડાઈ ૧. સ્ત્રી. જકાત વિનાનુ પાણું
૨. સ્ત્રી. મંડામણ; મંડામણી, નાણું ધીરનાર વ્યાજ ઉપરાંત જે સુખડી કે બક્ષિસ લઈને ચોપડામાં ખાતું પાડે છે તે, વ્યાજ ઉપરાંતની રકમ.
૩. સ્ત્રી. મદી; બજાર; પીઠ.

મંડાઉ વિ માંદી એટલે મૂકી શકાય એવુ. ખાસ કરીને પથ્થર માટે વપરાય છે. જેમકે, મંડાઉ પથ્થર.

મંડાણ ૧ ન. આધાર.
૨. ન. આરતી.
૩. ન. આરંભ; શરૂઆત; માંડવુ તે; પ્રારંભ.
મંડાણ કરવુ-માંડવું = શરૂઆત કરવા; આરંભ કરવો.
૪ ન. કૂવા ઉપરનાં લાકડાં સાંધેનો ચાક; પાણી ભર્યો કોશ જે ઉપર રહે છે તે લાકડા
૫. ન કોઈ મિલકત ગીરો વગેરેમાં મૂકી કે સખી આપવાનો લેખ; દસ્તાવેજ.
૬. ન. પ્રશસા; સ્તુતિ.
૭ ન મૂળ; પાયો.
૮. ન. વાદળાંઓનું પથરાવુ કે વેરાવુ તે; વરસાદનો આદર થયો તે.
૯ ન. વૈષ્ણવ લોકોને જમવા માટેની વ્યવસ્થાનું ઘર.
૧૦. ન (જૂ. ગુ) રોબા; મકાન
૧૧. ન. સારેગમા નીચેનો પદોનો ભાગ. તે ઉપરથી આમડાપી મરેલો હોય છે

મંડાપો પુ ઘરઘરાઉ; ફરીને ઘર માંડવુ તે.

મંડામણ ન. નાણા ધીરનાર વ્યાજ ઉપરાંત ચોપડામાં ખાતું પાડવા બક્ષિસ લે છે તે, મંડાઈ; કોથળી કોડામણ; ખાતું પાડનારની સુખડી.

મંડામણી જુઓ મંડામણ.

મંડાર [હિ.] પુ. ખાડો

મંડાલિયા પું રીવડાના ચોરાશી મ.ઢેનો એક પેટા સમ્પ્ર.

મંડાવલી સ્ત્રી એક જાતનું કટુ ઔષધ.

મંડાવવું ૧ સ. ક્રિ. નંખાવવુ. ચખ.વવુ.
૨ સ. ક્રિ. (જૂ. ગુ) બંધાવવું; તૈયાર કરાવવુ.
૩ સ ક્રિ રાડ કરાવવુ. આરંભ કરાવવો; માંડે એમ કરાવવુ

મંડાવું ૧ અ ક્રિ આવી બનવુ
૨ અ ક્રિ ખડા થવું
૩. અ ક્રિ ખરાબ સ્થિતિમા આવવુ.
નામું મંડાઈ જવુ – (૧) બહુ ઠારી જવું. (૨) વ.ત પૂરી થવી
૪ અ ક્રિ ચૂકવુ
૫ અ ક્રિ પરણેલી કન્યાનુ આવવુ. ઠામ બેસવુ, ઠેકાણે પડવુ; વિવાહ થવા.
ઘર મંડાવુ = પરણીત કુટુંબસંસાર શરૂ થવો.
૬. અ ક્રિ. પ્રજ્વલ થવુ.
૭ અ ક્રિ મંડાવ એમ થવુ. મંડેલું થવુ.
૮. અ ક્રિ. મોઢામાં ચરી, વારસદાર વગરનું થવુ
મંડાઈ ચૂકવુ = (૧) ઉત્સો વારસદાર ખોવો; નિર્વંશ થવુ (૨) દેવાળું કાઢવુ. નાદાર થવુ.
૯ અ ક્રિ સમાવુ, નોંધાવેલ થવુ.
૧૦ અ ક્રિ શરૂ થવું' પ્રારંભ થવો
મંડાય ત્યા છડાય = કોઈ કાર્યનો આરંભ થાય તો તેનું કાર્ય પણ પરિણામ આવે
૧૧ અ ક્રિ. સારી સ્થિતિમા આવવુ.

મંડાવેરા ૧. પું. (જૂ. ગુ) મંદિરનો એક ભાગ.
૨ સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક જાત.
૩ ન એ નામની જાતનુ માણસ
૪ વિ. એ નામની જાતનુ

મંડિકુક્કુર સ્ત્રી એ નામની મગજીની એક જાત.

મંડિત ૧ પું. મહાવીર સ્વામીના ત્રે નામના છઠ્ઠા ગણધર.
૨. [સં.] વિ. અલંકૃત; શણગારેલું; શોભાવાળું; શોભીતું, ભૂષિત; શોભેલું.
૩. વિ. આચ્છાદિત બનાવેલું.
૪. વિ. ભરેલું.
૫. વિ, વાળુ એવા અર્થમાં વપરાતું એક વિશેષણ. જેમકે, ગુણમંડિત.

મંડિતા વિ. સ્ત્રી. ભૂષણરૂપા; શોભાવાળી.
ધર્મદી તણ મંડિતા પંડિતા યે,
દયા રણે રાખણે ધીર દૃ. પ્રેમાનંદ

મંડિલ જુઓ મંડીલ

મંડી ૧. [હિં.] સ્ત્રી. બજાર; મોટું બજાર. જ્યાં રહેવાનથી આમ દૂર હોય ત્યાં નાની નાની મંડીઓ કરવામા આવે છે. ત્યાં જોઈતા માલની બજાર હોય છે ને માલ વેચાય છે.
સબ્જી મંડી = શા.ક માર્કેટ.
૨. સ્ત્રી. ભૂમિ માપવાનું એક માપ.
૩. સ્ત્રી. મંડળી.
૪. સ્ત્રી. વેપારનું મથક.

મંડીલ [અ.] ન. મદીલ; કસબી ભારીક વસ્ત્રાદની પાયડી; જરિયેલ દોરનો ઢેટો; તાણામાં થોડે થોડે અંતરે કસબની પટીઓ હોય એવા સુતરાઉ પાયડી.

મંડુ ૧. પું. એ નામે એક ઋષિ.
૨. સ્ત્રી. (વહાણવટું) માળવા.
૩. ન. સુભાન.

મંડુવા પું. (પિંગળ) એક અર્દસમવૃત્ત માત્રામેળ છંદ તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૨ લઘુ મળી ૩૦ વર્ણની ૪૮ માત્રા હોય છે

મંડૂક ૧. પું. એ નામે એક મુનિ.
૨. પું. એક જાતનું ફૂલ
૩. પું એક જાતનું વૃક્ષ.
૪. પું એક જાતનો ઘોડો.
૫. પુ. એક જાતનો બાજ.
૬. પુ એક પ્રકારનું તૃણ.
૭. પું કૂદનો
૮ [સં.] પુ દેડકો; ભેક.
કૂપ મંડૂક = કૂવાનો દેડકો.
૯ પું. (પિંગળ) પિંગળાચાર્ય અનુસાર ત્રૈમાસીય માંહેનો એક જાતનો દોહરો. તેમાં ૧૮ ગુરુ અને ૧૨ લઘુ મળી ૩૦ વર્ણ હોય છે.
૧૦. પુ પ્રાચીનકાળનું એક વાદ્ય.
૧૧. ન સંભોગનું એક આસન.
૧૨. વિ. અત્યંત તેજવાળું.

મંડૂકકન્યા સ્ત્રી. (પુરાણ) મંડૂકરાજ આયુની પુત્રી સુશોભના; ઇક્ષ્વાકુ વંશના પરીક્ષિતની સ્ત્રી અને રુરુ, કવ અને બલ નામના પુત્રની માતા.

મંડૂકદૃષ્ટિ સ્ત્રી. સંકુચિત ભાવના.

મંડૂકપર્ણી ૧. ન. બરડુસો; રસોનાકલ્પ.
૨. ન. એ નામનું એક જંગલી ઝાડ; દિંડા.
૩. ન. રેડું; બરનું મૂળ.
૪. ન. પત્રની વૂટી અને દીંચણ વચ્ચેનો માંસલ ભાગ.

મંડૂકપર્ણા જુઓ મંડૂકપર્ણી.

મંડૂકપર્ણિકા જુઓ મંડૂકપર્ણી.

મંડૂકપર્ણી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક ભાંખોડપગી વનસ્પતિ; ખાડી.
૨ [હિં.] સ્ત્રી. મજીઠ.

મંડૂકપિપ્પલી જુઓ મંડૂકપર્ણી.

મંડૂકપ્લુતિ ૧. [સં.] સ્ત્રી. દેડકાની કૂદકો.
૨. સ્ત્રી. અલંકારમાં કેટલાક સૂત્ર વચ્ચે મૂકી દર્શ આપણીના સૂત્રમાંથી પદ લેવું તે.

મંડૂકપ્લુત્યભાવ પું. મગની સઘળી સ્થિતિઓમાં ચઢ તે પસાર થયા વગર બીજી પણ કોઈપણ એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જઈ શકતો નથી એનો નિયમ.

મંડૂકભક્ષી [સં. મંડૂકભક્ષિન્] વિ. દેડકાં ખાઈ જનાર

મંડૂકરાજ ૧. પું. (પુરાણ) આયુ નામનો રાજા; સુશોભનાનો પિતા
૨. પું. મોટો દેડકો; દેડકામાં શ્રેષ્ઠ.

મંડૂકસર [સં.] પું. જેમાં દેડકાં વધુ હોય એવું સરોવર.

માણુંમીંડું ન. એ નામની એક બાળરમત. તે રમવામાં એક મોટું અને એક નાનું એમ બે બાળકો હોય. સાત નાના બાળકને ગુણની જેમ પીઠ ઉપર ઊંચકીને ઘરમાં અહીંથી તહીં ફરવું અને સૌને કહેવું: માણુંમીંડું લેવું છે માણુંમીંડું ? કોઈ કહે, ના નથી લેવું, કોઈ કહે, લેવું છે. પછી પૂછવું ક્યાં ઊતારું ? લેનાર કહે, અહીં ઊતારો. પછી મોટાએ નાના બાળકને ગુણ ઢાલવતા હોય તેવી નકલ કરીને ઝરરર એમ બોલી ઊતારવું. આમ વારંવાર કરવું. આ રમતથી બાળકને મોટાની પીઠ ઉપર બેસવાની મજા પડે છે

માણેક ૧. પું ઘોડાની એક જાત.
૨. સ્ત્રી લોઢાણાની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. [સં માણિક્ય] ન. નવ મણેનું એ નામનું એક રત્ન; લાલ રંગનું હીરામાંની રત્ન; લાલ જવાહિર કે હીરો. રાતો મણિ. લોહિત મોતી; સૂર્યમણિ; પદ્મરાગ; રોહણરત્ન. તેના રંગ ફિરમજી, સિંદૂરીઓ, ગુલાબી તેમ જ કંકુવરણો પણ હોય છે. તે રવિ નામના ગ્રહનું રત્ન છે, અને વૈદ્યકીય ગુણમાં પણ વપરાય છે. તે કઠણ અને ઊમદા જાતનો પથ્થર કહેવાય છે.

તેને અગ્નિમાં નાખવાથી ઈજા થતી નથી. સિયામ, અફઘેશ, સિલોન તરફ તેની મોટી આબો છે. અફઘેશમાં આવેલા મોગોક રજામા આલેકની બણી આબો છે. સિયામના મુલકમાથી આવતા આલેકને રયામ કહે છે અને તેનો રંગ ફિરમજી ઘેરો ફાળાશ ઉપર હોય છે. તે સિલોનના પથ્થર જેવું દેખાય છે. પાંડરી, નમમલ, સાર્ધ ફિરમજી મુલાયી વગેરે આલેકની જુદી જુદી જાતો છે. ઘેરું ફિરમજી આલેક સર્વથી મૂલ્યવાન ગણાય છે. મોટી જાતના આલેકની બણી અછત છે અને તેના ચાર ગ્રેન જેટલા વજનની કીમત તેટલા જ વજનના સારા હીરાની કીમત કરતાં ઝાઝી થાય છે. મણીમાં સૂર્ય જેમ અતિ તેજસ્વી છે, તેમ આલેક પણ રત્નોનો રાજા કહેવાય છે. આ નંગની એક ખાસ વિશિષ્ટતા એ છે કે, બણુંખરું તેનામાં ખુલ્લી કે ખૂણેખાંચરે એક સફેદ ફરકતી છાંય હોય છે, તેને દૂધક કહેવામાં આવે છે. જ્યારે નંગને આંગળીના ટેરવાથી અગર બીજી રીતે પકડીને ફેરવવામાં આવે છે, ત્યારે આ દૂધામાં ચેતન હોય એ રીતે ફરતી જાય છે. અસારના જમાનામાં નીડળેલાં બનાવટી લાલ નંગથી અલગ પાડીને આલેક ઓળખી કાઢવાનો આ એક સચોટ ઉપાય છે. આલેક બણા આકારોનાં મળે છે. આલેકના ઘાટ બનાવવાનાં કારખાનાં સિલોન, અરબ અને હિંદમાં જયપુર તથા ખંભાતમાં મુખ્યત્વે છે. ખંભાત એ આવાં રંગીન રત્નો અને ઇમિટેશનનું એક સુવિખ્યાત મથક બન્યું છે. આલેકનો ઉપયોગ ગ્રહ તરીકે તેમ જ અતિ કીમતી હીરા સાથેના દાગીનામાં થાય છે. લોખંડ કરતાં પણ આલેક બસારાને વધુ પ્રતિકાર આપે છે, તેથી સૂક્ષ્મયંત્રોના હિટિંગ તરીકે ઘડિયાળ જેવાં યંત્રોમાં તે વપરાય છે. ગ્રહ તરીકે સવા રતી ઉપરનાં જ નંગ વપરાય છે. આલેકની કીમત રતીના બે કે પાંચ રૂપિયાના ભાવથી માંડીને હજારો સુધીની હોય છે.

૫. વિ. એ નામની જાતનું.

આલેકકેળ [સં. માણિક્ય કદલી] સ્ત્રી. એક જાતની કેળ.

આલેકચૂની સ્ત્રી. એક જાતનું રત્ન.

આલેકચોક ૧. પું. અમદાવાદમાં આલેકનાકના સ્થાનક પાસેનું બજારનું સ્થાન.

૨. પું. દરબારી લોકોનાં મકાનો વચ્ચેનું મેદાન.

આલેકજમાની સ્ત્રી. બણી આપે તો આપું એવા કારણે કરેલી જમાની.

આલેકડમરી સ્ત્રી. આસો સુદિ પૂનમ; કારતકની પૂર્ણિમા; કારતપૂનમ.

આલેકમંડપ ૧. પું. માંડવો નાખવાનું મૂહૂર્ત કરતી વખતે જેની ઉપરોક્ત રીતે પૂજા કરી પ્રથમ રોપાય છે તે બકેલો લાકડાનો કટકો. લગ્ન વખતે મંડપ માટે રોપાતો થંભ. પ્રસંગ નિર્વિઘ્ને ઉકેલાય એવા હેતુથી પ્રજાપતિ બ્રહ્માના પ્રતીકરૂપે આ સ્તંભને પસંદ કરવામાં આવે છે.

૨ પું વિજયસ્તંભ.

૩. પું. હીરા કે આલેક જડેલો થાંભલો.

આલેક નોતરું ન. માનને ખાતર આપેલું નામનું નોતરું; સિફારસને ખાતર કરેલું નોતરું કે આમંત્રણ; નામનું નોતરું.

આલેક રેતી સ્ત્રી. દરિયાની લાલ રેતી. તે સોની લોકો ઘરેણાં ઊજળવામાં વાપરે છે.

આલેકલટ સ્ત્રી. ઘોડાના કપાળ પર ઝૂલતા વાળનો ગુચ્છ.

કપાળ ઉપર આલેકલટ લાપટા ખાઈ રહી છે. દલાણની વાર્તા

આલેકસ્તંભ જુઓ આલેકમંડપ.

આલેકિયા ૧. સ્ત્રી. વાંસળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

આલેરો ૧. પું. રા'ખેંગારનો એ નામનો એક પુત્ર.

આલેરા મ રોય, મ કર આંખો રાતીજોડ;
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારીએ.
દુહો

૨. વિ.પું. મોંઘો.

આલો ૧. પું. એક જાતનું માપ.

૨. પું. ગર્વ; અભિમાન.

આવે મૂછી આલો હો સજન.
ઋષભદેવ

૩. પું. ભોગ; ભોજનો અનુભવાતો આનંદ.

૪. પું. મોટી ગાગર; હાંડો.

લઈ હાંથે આલો રજપૂત ઘરે પાણી દુખના.
મરજાદ ઉખાણ

આલ્હડવૃત્ત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, તગણ, લઘુ તથા ગુરુ એમ ચાર વર્ણ હોય છે.

ન ત લ ગા આલ્હવૃત્તે. રણછોડદાસ

આલ્હોપનિષદ ૧. પું. એક પ્રાચીન વૈષ્ણવગ્રંથ.

૨. સ્ત્રી. ઋગ્વેદની એ નામની એક શાખા.

આલ્હોપનિષદ ન. એ નામનું અથર્વવેદનું એક ઉપનિષદ. તે ટૂંકમાં ટૂંકું છે. તેમાં ઈશ્વરને વર્તમાન, ભૂત ને ભવિષ્યની આખી દુનિયારૂપ કહેવામાં આવ્યો છે.

આવ્ય ૧. સ્ત્રી. મોજ; વિલાસ; ગમ્મત.

પાપ એટલે આજની જ લહાણ;
પુણ્ય એટલે કાયમની આવ્ય. નાનાલાલ

૨. ન. મોજ.

આત ૧. સ્ત્રી. ઢાળી દેવું તે; રોટલામાં લેવું તે.

૨. સ્ત્રી. દેવી.

૩. [સં. માતૃ] સ્ત્રી. મા; જનની; જનુની; માતા; માઈ; છ.

માતકી જય = માતાની જય એવો પોકાર.

૪. સ્ત્રી ગેતરેજની રમતમાં સામા બેઠાડીનાં રમકડાં હાલી ન શકે તે રમત બહાલ થાય તેમ કરવું તે; ગેતરેજની રમતમાં ગેમ.

૫. સ્ત્રી રવર.

૬. [અ.] સ્ત્રી. હાર; પરાજય; મહાત; પીછેહઠ; પતન; પાત.

૧. માત કરવું = છતવું; હરાવવું.

૨. માત ખાવી-ખવી = હારવું.

૩. માત દેવી = (૧) ઢાળી દેવું. (૨) હરાવવું

૭ વિ. ચકિત થયેલું.

૮. વિ હારી થયેલું; જોર વિનાનું થયેલું.

માતકી (માતકી) સ્ત્રી. માતા; મા; દેવી.

માતતાત પું ન.વ. માબાપ; માતાપિતા; માતપિતા.

માતદિલ [અ. બોઅતદિલ] વિ. મધ્યમ પ્રકૃતિનું; ગુણના વિચારથી જે બહુ ઉંચું કે બહુ નરમ ન હોય એવું આ શબ્દનો પ્રયોગ ઘણા વગેરેમાં આમ કરીને થાય છે.

માતપ પું. વડીલની મિલકતની વહેંચણીમાં મોટા પુત્રને મોટેરા તરીકે અપાતા કરતાં બળતો વધારે હિસ્સો કે ભાગ. કાઠીઓમાં સ્વર્ગવાસીની મિલકતના સરખા ભાગ કરી વહેંચણી કરવામાં આવે છે. માત્ર મોટા છોકરાનો ભાગ સહેજ વધારે હોય છે, તેને માતપ કહે છે.

માતપિતા ૧. પું ન.વ. બણી. માલિક.

૨. [સં માતૃ + પિતૃ] પું. ન.વ. માબાપ; માતતાત માતા, પિતા, આચાર્ય, અતિથિ તથા પ્રભુ એ પાંચ દેવો તૈત્તિરીયોપનિષદમાં મનુષ્યને ઉપાસના કરવા યોગ્ય કહેલ છે. તેમાંના પહેલા ત્રણ વિગ્રહારાધન અર્થાત્ મૂર્તિપૂજા કરવાના દેવતા છે. માત્ર પ્રભુ નિરાકાર હોવાથી તે અવિગ્રહવાન અર્થાત્ અમૂર્ત છે અને તે જ સર્વેનું ઉપાસ્ય છે.

માતબર ૧. [અ. મુઅતબર] વિ. આધાર રાખવા જેવું
૨ વિ આબાદ; સમૃદ્ધ.
૩. વિ. કરજ કેડી હોય એટલા છૂટવાળું; કરજ ફીટે એટલું
૪ વિ. બરાબર; સાચું
માતબર ખબર = સત્તાવાર સમાચાર
૫ વિ તાજું; ભારપૂર; ભર્યુંપૂર્યું હોય તેવું. પ્રપૂર્ણ.
૬. વિ. તાલેવાન; ધનાઢ્ય; પૈસાવાળું; શ્રીમંત; પુંજીવાળું; દ્રવ્યવાન; શ્રીમાન; ઝબ્બર; પૈસાદાર.
આપે માતબરને સહુ માન,
તેની તરફ રાખે સહુ ધ્યાન.
દલપતરામ
૭. વિ. પ્રામાણિક; આબરૂદાર
૮. વિ. મેલું અને ઘટ્ટ. જેમકે, અતિ માતબર લોહામાંથી એ પદાર્થો ઘર્ષ બપ પડે છે તેમ લોઢાને તે પાછા આપે છે
૯. વિ. મોટું. પુષ્કળ.
આવવું ત્યારે બહુ જ બબરદારીથી **માતબર** જેજની સાથે આવવું. મરાઠી વિષાકૃત
૧૦. વિ. મોભાવાળું; લાયક.
૧૧. વિ. વિશ્વાસ કરવા યોગ્ય; વિશ્વાસપાત્ર
માતબરાઈ સ્ત્રી. માતબરપણું
માતબરી ૧. [અ મુઅતબર] સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા; ગૌરવ; પ્રતિષ્ઠા.
૨. સ્ત્રી. યોગ્યતા.
આ જેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગની યોગ્યતા અથવા **માતબરી** વિશેષ છે.
ગીતારહસ્ય
૩. સ્ત્રી, શ્રીમાનતા; માતબરાઈ; માતબરપણું; ધનાઢ્યતા; પૈસાદારપણું; શ્રીમંતાઈ, સંપત્તિ.
માતમ ૧. સ્ત્રી. ચોકારો લેવાની જગ્યા.
૨. ન. કીર્તિ; ખ્યાતિ.
૩. ન. પ્રભાવ; જબરી શક્તિ.
૪ [અ.] ન. મહાતમ; શોક; વિલાપના; રોકકૂટ. શોકકર્મ; રડારોળ; શોક; મોહરમનો શોક; મૃત્યુશોક; મરણ પ્રસંગે રોવા કૂટવાની ક્રિયા.
લોઓ **માતમ** કરે છે અને મરસિયા ગાય છે.
ઇસ્લામની ખોજ
માતમ કરવું = રડવું
૫. ન. માન.
૬. ન મોટાઈ, માહાત્મ્ય; મહિમા; વડાઈ, મોટપ; સામર્થ્ય.
માતમ રવુ કેવાય છે, **માતમ** દેવદેવીનું તેહ.
માતમ મહીના તીર્થનું, માતમ નદીઓનું જેહ.
જ્ઞાનસાગર
માતર ૧. પુ. ખેડા જિલ્લાનો એ નામે એક તાલુકો
૨. પું (ચારણી) માસ્તર.
૩. પું. લોઢીમા ઉત્પન્ન થતો એક જાતનો કૃમિ.
૪. [સં. માતૃ] સ્ત્રી. મા; માતા; જનની.
૫. સ્ત્રી. માતાજી; દેવી.
સિદ્ધનાથ, હરિસિદ્ધ, અંબિકા **માતર** મુખથી ચંડિકા.
લોમ
૬ સ્ત્રી. ચેપરાગોની ઘણાલ ઓળો.
૭. સ્ત્રી સુખડી.
૮. સ્ત્રી. સોળ માંહેની એ નામની એક માતૃકા.
૯ ન. એક જાતની મીઠાઈ. ઘટ્ટ; ગુંદના લાડુ; ઘઉંનો લોટ, ઘી, ખાંડ ને ગુંદ નાખીને બનાવેલી મીઠાઈ. તે ઉપર બદામ પીસ્તાં વગેરે મસાલો ઉંટાય છે.
૧૦. ન **માતર** તાલુકાનું એ નામનું એક ગામ.
૧૧. ન. માત્ર; કક્ત.
માતરપિતા પું. બ. વ. માતાપિતા.
માતરિશ્વા ૧. પું. (પુરાણ) બ્રહ્મ પુત્ર.
૨. પું પરમેશ્વર, ઈશ્વર કે તે વાયુ જેટલા પ્રમાણ છે.
૩. [સં. માતૃ (આકાશ) + શ્વિ (કરવું)] પું. પવન; વાયુ.
૪. પું. પ્રકૃતિ; માયા; મહદ્‌બ્રહ્મ; મહદ્‌યોનિ.
ધરે અર્ભ તેથી જ **માતરિશ્વા**. ઉપનિષદ
૫. પું. પ્રાણતત્ત્વ; પ્રાણશક્તિ.
૬. પું. મન, કેમકે તે જગતના પોતા આકારમાં ફરે છે.
૭. પું. બ્રહ્મા; એક વૈદિક દેવતા.
૮. [સં માતરિ (આતામાં) + શ્વા (રહેનાર)] પું. માતાના ગર્ભમાં રહેનાર અથવા પુનર્જન્મ પ્રાપ્ત કરનાર જીવ.
માતરી સ્ત્રી. એ નામની એક રેતી. ઓઢામના કુંવર ઉપર તેનું રજાલ છે. આ બતરી લોઢાનો મોટો મેળો ભરાય છે. જુઓ માત્રોમાતા.
માતર્દે ૧. ન. (જૈન) પેશાબ; લઘુશંકા; મૂતરવું તે.
માતર્દે કરવું = પેશાબ કરવો
૨. વિ. મૂત્રકૃચ્છના રોગવાળું.
૩ વિ. સહેજ સહેજમાં જેનાથી મૂતરાઈ જવાનું હોય તેવું
માતલિ ૧. [સં.] પું. ઇંદ્રનો સારથિ. તેને સુધર્મા નામની ઓથા સોમુખ નામનો પુત્ર અને ગુણકેશી નામની કન્યા થઈ હતી.
૨. પુ સારથિથી યુક્ત ઇંદ્ર
આ શબ્દનો ઉલ્લેખ ઋગ્વેદમંડલ ૧૦, સૂક્ત ૧૪મી ઋચા ૩ માંજ છે. સારથિ અને **માતલિ**નું પ્રથમનું ઓળખાણ આપી, માતલિ (ઇંદ્ર સારથી) તેનાથી પુત્ર એટલે ઇંદ્ર એવો અર્થ કરે છે, પણ ઇન્દ્ર અંતવાળા નામોમાં ઇન્દ્ર ઉદાત્ત આવે છે, એટલે કે તેમ હોય તો બી ઉદાત્ત થવો જોઈએ, જ્યારે અહીંયાં તો આ ઉદાત્ત છે. પુરુષિયામા ઇકારાન્તના સાત રાખ્યા છે, તેમાં આ એક છે. વૈદિક પ્રયોગો
માતલિસૂત [સં.] પું. માતલિ જેનો સારથિ છે તેવો ઇંદ્ર; શક્ર; શચીપતિ
શક્ર શતક્રતુ શચીપતિ સંક્રંદન પુરુહૂત,
કૌશિક વાસવ વજ્રધર અમર **માતલિસૂત**.
પિંગલપ્રકાશ
માતલી ૧. પું. ઇંદ્રનો સારથિ; માતલિ.
૨. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેમાં નગણ, બાર રગણ અને લઘુ મળી સાડીસ વર્ણ હોય છે
૩. [સં] પું એક પ્રકારના વૈદિક દેવતા. તે યમ અને પિતૃઓની સાથે ઉત્પન્ન થયેલા મનાય છે
૪. સ્ત્રી. પાર્વતીની એક સખી.
માતલોક પું. મનુષ્યલોક.
માતવછોયું વિ. માતાથી વિખૂટું પડેલ.
વન્ય વછોયાં કર્યાં હશે મુરલિ,
માતવછોયાં બાળ,
નીર વછોયાં મારવાં;
તે પડ્યો બીજો કપાળ.
બ્રહ્મભટ્ટ આખ્યાન
માતવું ૧. અ. ક્રિ. ભડકા થવું; મેદ ચડવો; ચરબી વધવી; હૃષ્ટપુષ્ટ થવું; ફાલવું.
કૂકડી માતી થાય તેમ પૂંઠ સાકડી થાય = જેમ જેમ સંપત્તિ વધતી જાય તેમ તેમ લોભ પણ વધતો જાય.
૨. અ. ક્રિ. પૈસા વગેરેના મદથી મિજાજ કરવો
૩. અ. ક્રિ. મરત થવું; મસ્તીમાં આવવું.
માતહત [અ.] વિ. હાથ નીચેનું; તાબાનું.
માતહતી [અ. માતહત + ઈ (પ્રત્યય)] સ્ત્રી. કોઈના તાબામાં રહેવાની સ્થિતિ; કોઈના હાથ નીચે કામ કરવું તે.
માતંગ ૧ પું (જ્યોતિષ) અઠ્ઠાવીસ મહિનો એ નામનો એક યોગ
૨ પું. આઠ સૂચક સાંકેતિક શબ્દ. વાસ્તવિક રીતે તે આઠ હોય છે.
૩. પું. એ નામના એક ઋષિ. તે શબરીના ગુરુ અને માતંગી દેવીના ઉપાસક હતા. તે મૌન રહેતા હતા, તેથી જે પર્વત ઉપર તેઓ રહેતા હતા તે પર્વતનું નામ ઋષ્યમૂક પડી ગયું હતું

૪. પું. એ નામનો એક પ્રજાપતિ.
જબૂખંડમા માતંગ નામે જે અવતાર લીધો છે.
શ્રી. સા. પરિષદ

૫. પું એ નામનો એક નાગ.

૬. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; મદિરા. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, નગણ, સગણ, નગણ, ગુરુ અને લઘુ એમ બોદ અને બીજા તથા બોથા ચરણમા મગણ, બે જગણ, બે નગણ અને યગણ એમ અક્ષર અક્ષર હોય છે.

૭. પું. એક જૈન.

૮. પું. (પુરાણ) ક્રોધવશાની પુત્રી માતંગીનો દરેક પુત્ર; ગજરાજ.

૯. પું માંડલા; ભંગી; ચંપચ; પ્લવ; હિવાર્હતિ; અન્તેજ; નિષાદ; અંત્યેવાસી; પુક્કસ; એક નીચ જાતિ.
વૈશ્ય સ્ત્રી x x x મૈત્ર વડે સાત્વતમૈત્રને, તે વડે વૈદેહકને ઉત્પન્ન કરે છે. આ વૈદેહક માતંગ નામથી પણ ઓળખાય છે. સૂતસંહિતા

૧૦. પું. (પુરાણ) ત્રિશંકુ રાજાનું ચાંડાળપણાને લીધે પડેલું નામ.

૧૧. પું. નાગકેસર.

૧૨. પું. પાનવેલ.

૧૩. પું. (પુરાણ) મતંગ ઋષિનો પુત્ર.

૧૪. પું. રામાયણ પ્રસિદ્ધ એ નામનો એક પર્વત. માતંગની ટેકરીઓ હેમ્પીસી ગામની નજીક આવેલ છે. કિષ્કિંધા વગેરે તેની પૂર્વે આવેલ છે.

૧૫. પું. સર્પ

૧૬. પું. સંવર્તક મેઘનું એક નામ.

૧૭. [સં.] પું. હાથી; ગજ; કુંજર.
ચાર પગવાળામાં મોટેરો માતંગ.
બ્રહ્માનંદજી

૧૮. સ્ત્રી. દેહની એ નામની એક અટક.

૧૯. સ્ત્રી. બીજાની એક જાત.

૨૦. ન. એ નામની અટકનું માણસ.

૨૧. ન. પીપરનું ઝાડ.

૨૨. ન. પીપળો, અશ્વત્થ.

૨૩. વિ. એ નામની અટકનું.

૨૪. વિ. જંગલી, રાની.

માતંગકુમારી સ્ત્રી. એ નામની ચાંડાલ કન્યા. વસિષ્ઠના પુત્રોના શાપથી ત્રિશંકુ ચાંડાલપણાને પામ્યો હતો. એ ચાંડાલ રાજાની હડસેલી પાડેલી રાજલક્ષ્મીની ચાંડાલ કન્યાને માતંગકુમારી કહે છે. માતંગ ઉપરથી ભંગડો, ભગીઓ, ભંગી શબ્દ થયા મનાય છે.
મદિર માદે તેડી આણી તમ માતંગકુમારી.
ભાલણ

માતંગકુલ ૧. ન. ચંડાલ જાતિ.

૨. [સં.] ન. હાથીનું કુલ.

માતંગા ૧. પું. એક જાતનો ઘોડો.
માતંગા મોતીસરા માણક મોયા મૂલમ.
પ્રેમાનંદ

૨. વિ. હાથી જેવું.

માતંગાશ્રમ [સં] પું. શુદ્ધ જળની સામે કલ્યુ નદીને કિનારે આવેલ એ નામનો આશ્રમ.

માતંગિન પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

માતંગિની સ્ત્રી. યોગની એક મુદ્રા. અપકારક જંતુ વિનાના પાણીમાં ગળા સુધી પાણી આવે તેવી રીતે મોમી પ્રથમ નાકથી પાણીને અંદર ખેંચી પછી નાકના બંને છિદ્રોથી બહાર કાઢવુ. એ પ્રકારે વારંવાર ખેંચવું અને કાઢવું તેને માતંગિની મુદ્રા કહે છે.

માતંગી ૧. પું (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; મારંગી. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, નગણ, સગણ, નગણ અને બે ગુરુ એમ બોદ વર્ણ હોય છે અને બીજા તથા બોથા ચરણમાં મગણ, નગણ, જગણ, બે નગણ અને લઘુ મળી સોળ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૪૧ ગુરુ ને ૨૦ લઘુ મળી ૭૧ વર્ણની ૧૧૨ માત્રા હોય છે.

૩. [સં.] સ્ત્રી. એક જાતની ચાંડાલણી.

૪. સ્ત્રી. (પુરાણ) દક્ષપને ક્રોધાથી થયેલી એ નામની એક કન્યા; ક્રોધવશાની દીકરી

૫. સ્ત્રી. ગણિકા કે નર્તકીઓનો એક વર્ગ.

૬ સ્ત્રી ચોસઠ યોગિનીઓ એ નામે એક યોગિની.

૭. સ્ત્રી. છપ્પન માદેની એક પાર્થિવતત્ત્વદેવતા.

૮. સ્ત્રી. દસ માદેની એ નામની એક મહાવિદ્યા.

૯ સ્ત્રી ઋત્વિજા.

૧૦. સ્ત્રી. યોગની એ નામની એક મુદ્રા.
યોગની આ પ્રમાણે મુદ્રાઓ છે: મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનબંધ, જલધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોની, વજ્રોલી, શક્તિચાલિની, તાડાંગી, માંડવી, શાંભવી, પંચમાધિની, અશ્વિની, પાશિની, કાકી, માતંગી અને ભુજંગિની. પ્રાણતોષિણી

૧૧. સ્ત્રી. રાજમાતંગી નામની એક દેવી. એ પાર્વતીજીનું જ એક રૂપ છોઈ સંગીતની દેવી કે સંગીતમાતૃકા પણ મનાય છે. અમદાવાદના ઓરમ સારાભાઈના કલા સંગ્રહમાનો આ દેવીની ચાંડાલની પ્રતિમાનું વર્ણન માનસી નામના માસિકમાં એમ આપવામાં આવ્યું છે કે: મૂર્તિશાસ્ત્રના માનવર્ણનના લાવણ્યપણાનો અંશભંગના જે પ્રકારો વર્ણવ્યા છે તે પૈકી આભંગ એટલે જેમાં શરીરનો કિંચિત્ જ ભંગ થઈને દેહ એક બાજુ નમેલો હોય છે એવી સ્થિતિમાં એ જીભાં છે એમાં દેહભાર ડાબા પગ ઉપર આવી જઈને જમણો પગ સહેજ આગળ પડતો વળેલો છે, અને કમર આજાનુથી અંશભંગ થઈને દેહ મધુર વળાક લે છે. બંને હાથ જાણે પીંછા ધારી રહ્યા હોય એવી સ્થિતિમાં છે. કેશકલાપ ઉપર જટામુકુટની શોભા છે, જેમાં મુકુટનો નીચલો ભાગ કપાળ ઉપર સહેજ ઢળે છે અને વાળની નીચલી લટો સુંદર ભૂંજળાં લેતી પીઠ ઉપર ઝૂલે છે. મુકુટ ચોમેર અલંકારોથી અચેલો છે અને પાછળના ભાગમાં માથાને અડીને પ્રભોળું સુશોભિત શિરસ્ત્રાણ આવેલું છે. કાનમાં પણ અલંકારો છે. ગળામાં બે હાર છે, જે પૈકી બહારનો કેરી આતનો હોર્ય તેની મધ્યમાં આસ શોભાનું ચક્રવું છે એ ઉપરાંત ગળાનું એક સુવાળપણ બે રત્નની વચ્ચે થઈને નીચે ઊતરેલું છે, જેની વચ્ચેથી તેમ જ રત્નની ઉપરની તથા નીચેની તેની બાજુઓમાંથી સુશોભન ઝૂમતાં લટકે છે અને તેને નીચેની બાજુએથી પીઠ પાછી ખેંચી લઈને એક અલંકારથી બાંધી દીધેલું છે. હાથ ઉપર કેયૂર એટલે બાજુબંધ છે, જે બહારની બાજુ જણાતી મોટી ગાંઠો વડે બાંધેલો છે. એ ઉપરાંત હાથની કોણી ઉપર બરખાં છે, કાંડા ઉપર કંકણ છે ને બંને હાથની આર આર આંગળીએ વેઢ છે. કમર ઉપર કટિબંધ છે, જેની આગલી તથા પાછલી બંને બાજુ ઉપર મધ્યમાં એક એક અલંકાર છે, તેના છેડા ડાબી તરફ પાટલી વાળીને બેસેલા છે અને વચ્ચે વચ્ચે વળેલા તેના નાના નાના વેરમાંથી ઝૂમતાં લટકે છે. તેમાંથી અંગ ઉપરનું વસ્ત્ર બંને પગની ઢૂંટી સુધી ઝૂલે છે અને તેના ઉપર મોટી મોટી અનુપ્રસ્થ કમળ તથા ચક્રની ભાત છે વસ્ત્રનો સીવેલો પાટલીવાળો છેડો અંદરની બાજુથી નીકળી આવી ડાબા પગ ઉપર લટકે છે અને પગમાં પાદસરના આભૂષણો છે તેના આગલા ભાગમાં એક એક રોહિત છે અને બંને પગની આર આર આંગળીએ વીંટીઓ છે. પદ્મપીઠ ઉપર તે ઊભેલાં છે આંખ ઉપર ભમર જરા પણ ઉઠાવદાર ન હોવા છતા નેત્રોને જે વિશિષ્ટ રીતે નિમીલિત બનાવ્યા છે તે આશ્ચર્ય જનક રહે છે.
આમા કુલિની ક્રિયા અધુમતી કાલી કલા મતિની, માતંગી વિજયા જયા જયવતી દેવી સિવા શામળી; રાત્રિ રાકરવલ્લભા ત્રિનયના ચારૂપાદિની ભૈરવી, કૂર્માકારી ત્રિપુરા પરા પરમયી આના કુમારીત્વસિ.
માતૃસ્તવન

૧૨ સ્ત્રી. વસિષ્ઠની પત્ની.

૧૩. સ્ત્રી. દારૂડી

જાણઈ જિ અસોડિક રૂપિ રચતાં એ તન્નંગી, અહ્મા કામબાણથી બીહીના વિદ્યિ સરજ્ય માતંગી. નાલસુ

૧૪. સ્ત્રી. હાથિણી.

૧૫. સ્ત્રી દાર્યોના વાહનવાળી દેવી; દુર્ગા

કાલિકા, વારાહી, અંબા, ત્રિપુરા, માતંગી, ત્રિપુરસુંદરી, કામાખી એ નામની શક્તિઓ સતીની દેહોના શરીરનાથી નીકળી ભાગવતી ભાગવત

૧૬. વિ. સ્ત્રી. મોટેલા શરીરવાળી.

માતંગીવિદ્યા સ્ત્રી એ નામે એક વિદ્યા. કહેવાય છે કે, આ વિદ્યામાં માનનાર વામમાર્ગી સમે તેની સાથે સંભોગ કરવામાં પાપ માનતો નથી.

માતંગેશ્વર [સં.] પું. ઉજ્જૈનમા આવેલ મુખ્ય ચોરાશી માહના એક મહાદેવ. તેનું સ્થાન પિલ્લરવાડીમાં છે.

માતા ૧ પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મત્તા. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, સગણ અને ગુરુ એમ કુલ અક્ષરો આવે છે. તેમાં ચોથે અક્ષરે વિસામો આવે છે.

૨. પું ગિરનાર હજાર માહેનું એક નામ.

૩ સ્ત્રી. આકાર.

૪. સ્ત્રી. ઉદવાઈણી નામની વનસ્પતિ.

૫. [હિં.] સ્ત્રી. ઓરમાન મા.

૬. સ્ત્રી. કુંવર.

૭. સ્ત્રી. ગાય; બેદ માહેનુ ગાયનું એક નામ.

૮. સ્ત્રી. ગોચંદન. તે ગાયના મસ્તકમાંથી નીકળે છે, માટે તે પણ માતા કહેવાય છે.

૯. સ્ત્રી. ચંડી દેવી.

૧૦. સ્ત્રી. દેવી, રાક્ષસ.

૧. માતા તેડવા = કજાના માથે નાળિયેર મૂકી રાક્ષસ નોતરવા

૨. માતા વળગવાં = ભાજક ઉપર વઝાંટી દેવી જેવો આકાર કરી તેમા ભરાવા લઈ ધાંજણેગાંજણે માતાને દેરે લઈ જવાં

૩. માતા થાપવા–સ્થાપવાં = શુભ પ્રસંગે જ્યારા બારી ઢાંકો માતાનુ સ્થાપન કરવુ.

૪. માતાનો કૂકડો = બહુ બોલકણો માણસ.

૫. માતાનો ભગત = ઢીંગડો

૬. માતાનો મઢ = માતાનું નાનું દેરું.

૧૧. સ્ત્રી. પરમેશ્વર. સત્યાર્થપ્રકાશમાં લખે છે કે: જેમ પૂર્ણ કૃપાયુક્ત જનની પોતાનાં સંતાનોના સુખ ને ઉન્નતિ ચાહે છે, તેમ પરમેશ્વર પણ સર્વ જીવોની ઉન્નતિ ચાહે છે, માટે તે માતા કહેવાય છે.

૧૨. સ્ત્રી. પોલાદ

૧૩ સ્ત્રી. પ્રૌઢ વયની કોઈ પૂજ્ય અને આદરણીય સ્ત્રી.

પ્રૌઢ સ્ત્રિયો આદિથી સંસ્કારી દયતી સહુ. માતાને કેળવો ભાવ હૃદય સદ્ગદ્ગિએ. ગોપીગીતા

૧૪. સ્ત્રી. ચામુંડી, વારાહી, માહેશ્વરી, ચંડી, વૈષ્ણવી, કૌમારી, ચામુંડા અને ચર્ચિકા એ આઠ મહાદેવની પ્રત્યેક દેવી

૧૫. સ્ત્રી ભૂમિ

૧૬. સ્ત્રી. મણિદ્વીપમાંની સોળક માંહેની એ નામની એક કલા.

૧૭. [સં. માતૃ] સ્ત્રી. મા; જનની; માવડી; જન્મ દેનારી; જી; જનેતા; જનયિત્રી; જનિત્રી, પ્રસૂ. પિતા આ જગનો હું છું માતા માતા પિતામહ. વેદ પવિત્ર ઓંકાર ઋક્ સામ મનુર્ ઋષી. નીલકંઠેશ્વર

૧૮ સ્ત્રી. રેવતી

૧૯. સ્ત્રી. લક્ષ્મી

૨૦. સ્ત્રી. વનસ્પતિની એક જાત; ઉદરકાની

૨૧. સ્ત્રી. વનસ્પતિની એક જાત; ગોરખમુંડી

૨૨. સ્ત્રી વનસ્પતિની એક જાત; જટામાંસી. તે છોડથી એવા નિકામણી લાગે છે કે જાણે વિકરાળ મહાકાળી માતા પહાડ ઉપર જંગલમાં એકલા વાસ કરી રહ્યા છે. તેના આવા દેખાવને લીધે તેને માતા કહે છે

૨૩. સ્ત્રી. વિભૂતિ; આબાદી.

૨૪. સ્ત્રી. શરીરમાં થતો દેવીનો આવેશ

માતા આવવાં = માતાએ શરીરમાં પ્રવેશ કરવો; ધૂણવું; ધ્રૂજવું; કંપવું. કેટલાક લોકો પોતાના અંગમાં માતા આવ્યાનો ઢોંગ કરે છે અને ઢોંગથી ધુતારાને લોકો ભોળે છે કે એને તો માતા આવ્યાં છે.

૨૫. સ્ત્રી. શિવની એ નામની એક સહચરી.

૨૬ સ્ત્રી. [સં.] શીતળા; મસૂરિકા; ક્ષેપક

૧. માતા ગોપાવવાં = ભણિયા કઢાવવા.

૨. માતા દળવા-નમવાં = શીતળાના દાણા રૂઝાઈ જવા કે કરમાવા.

૩. માતા નીકળવાં પધારવા = શીતળા કે ઓરી નીકળવા

૪. માતા પૂજવા = શીતળા માતા પૂજવા.

૫. માતાના વાસરા = શીતળાના દિવસો

૨૭. વિ. જેમ ચકચકેલ

૨૮. વિ. પ્રમાણુ કરનાર

૨૯. વિ મદમાતું; મત્ત; મદમસ્ત

૩૦. વિ માપનાર; મોજનાર

માતાઈ સ્ત્રી. બળિયા; શીતળા

માતાકુખી વિ. (જુ ગુ) સહોદર

માતાકુખી બિના સારી, ભાઈ કિહાં ન ભરી જે આનંદઘનમહોદધિ

માતાજી ૧ સ્ત્રી. ગોમડ માહેની દરેક દેવી. તેમાંની મુખ્ય અનસૂયા, અંબાજી, આશાપુરી, ઓમમ, કાળિકા, ખોડિયાર, ચંડી, દ્રૌપદી, બહુચરા, બાલાની અને બેરખી છે.

૨. સ્ત્રી. જુવાર; એક જાતનું અનાજ. આ શબ્દ સંકેતમાં બોલો બોળવા માટે વપરાય છે.

જુવારને કેટલાક વિદ્વાનોની તો કેવલ માતાજી કહી વાત કહે છે. શારદા

૩ સ્ત્રી. દેવી; દેવતા; માતા

૪ સ્ત્રી. પૉંડિચેરિ અરવિંદ આશ્રમનાં સર્વોપરી અધિષ્ઠાત્રી. ફ્રેન્ચ ચિતક પૉલ રિશારનાં પત્ની; 'મધર', દિલીપકુમાર રોયના સખત્વ પ્રશ્નોને અરવિંદે ઉત્તર આપ્યો કે: આંદોલનો દ્વારા ઘણા સારો માતાજી પ્રત્યે આવતા હોય છે. કેટલીક વાર એક પછી એક, એમ સેકડો પણ—અને હમેશા એમના પ્રત્યુત્તર અપાય છે. જે દોર્ઘ સાદ કરે તેના તરફથી ભૌતિક વાણીના વ્યવહારની જરૂર પડતી નથી. ચૈત્ય ભૂમિકામા આપોઆપ થાય. એટલાથી જ દિવ્ય શક્તિ પોતાના કાર્યનો આરંભ કરી દે છે. એ શક્તિ કોઈ નિરાકાર શક્તિ કે એવી કોઈ પ્રભુની દિવ્ય શક્તિ નથી. એ શક્તિ માતાજીની એક અંગત શક્તિ છે. આ પ્રકારની શક્તિ અને તેનુ કાર્ય તેમનામા હોય નહિ તો એમને અહીં જે કર્મ કરવાનુ છે તે તેઓ કરી શકે નહિ. જુઓ મધર.

૫ સ્ત્રી. મા; જનની; જનેતા.

૬. સ્ત્રી બહુ ગોસ, મરુ

માતાપત્રી સ્ત્રી. એક પ્રકારનો છોડ; બોડો મકાર. તે આખા છોડ ઉપર ફેલાય અને ચીકણા હોય છે.

માતાપંથો વિ. માતાજીના પંથવાળું; દેવીમાં માનનાર, દેવીભક્ત. માતાપંથીઓ માને છે કે નવલાખ કે હજારો અવતાર સાથે પાડવો આવશે.

માતાપિતા ૧ પુ ૧ ૧ ઘણી; માલિક.

૨ [સ માતૃ (મા) + પિતૃ (પિતા)] પું ૧ ૧ માબાપ; માતપિતા; માતતાત. વિદ્યાવિજયજી કહે છે કે, જે મનુષ્ય જીવનનો વિકાસ કરવા, ધર્મને લાયક બનવા ચાહતા હોય તેણે માતાપિતાના પૂજક બનવુ જોઈએ.

માતાપૂજન ન શક્તિની પૂજા.

માતામહ ૧. [સ. માતૃ (માતા) + મહ] પું માનો બાપ; નાનો; વડવો; આજો.

૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

માતામહત્રયી સ્ત્રી. માતામહ એટલે માતાનો પિતા, પ્રમાતામહ એટલે માતાનો પિતામહ અને વૃદ્ધપ્રમાતામહ એટલે માતાના પિતામહનો પિતા, એ ત્રણનો સમૂહ.

માતામહશ્રાદ્ધ [સં. માતામહ (માનો બાપ) + શ્રાદ્ધ] ન. માતામહના શ્રાદ્ધનો દિવસ; આસો સુદિ પડવો.

માતામહી સ્ત્રી. માની મા; વડી બાઈ; નાની.
મના કરતા માતામહીનો સ્નેહ ન્યૂન નથી.
ગોવર્ધનરામ

માતાલ વિ. એકધ્યાન; તલ્લીન.

માતાવાલ પું ઓરારી મહેની એ નામની જાતિનો વણિયો

માતાવૃત્તિ સ્ત્રી. માતૃસ્વભાવ
અમુક માણસોને માતાવૃત્તિ કેળવવી પડે છે. થિયસૂ અને સાહિત્ય

માતિ ૧. સ્ત્રી અસદિગ્ધ જ્ઞાન.
૨. સ્ત્રી. માપ; માન.
૩. સ્ત્રી. વિચાર.
૪. વિ. મગરૂર; મદમાતું; મત્ત.

માતીબર [અ.] વિ. બોબાણું; પ્રતિષ્ઠિત

માતુ સ્ત્રી. મા; માતા. જેમો, પિતુમાતુ

માતુકાર [સં.] પું. વાચાકાર; હલકી પંક્તિનો મનુષ્ય.
બે પ્રમાણે વાચાકાર એટલે માતુકાર-અધમ, ત્રણ એટલે માતુકાર-અધમ અને ધાતુ માતુકારને ઉત્તમ ગાયક ગણ્યો છે. સંગીતપ્રકાશ

માતુઆની સ્ત્રી. આંસ.

માતુલ ૧. [સં.] પું. એક જાતનો સર્પ.
૨. પું. મનુષ્ય.
૩. પું. મામો ભાઈ; મામો.
આ જોયા અર્જુને ઊભા પિતૃ અને પિતામહો, આચાર્યો ભ્રાતૃ માતુલો પુત્રો પૌત્રો તથા સખા.
ગીતાનુવેદન
૪. સ્ત્રી. ઓખાની એક જાત.
૫. ન. મીંઢળનું ઝાડ.
૬. ન. મોસાળ; માતૃપક્ષ.
મારી બાયણ માતુશ્રી અને ભઈ મારા માતુલ પક્ષમાં જઈને રહી.
ઇચ્છારામ સૂર્યરામ

માતુલક જુઓ માતુલ.

માતુલા ૧. [સં.] સ્ત્રી. પ્રિયંગુ.
૨. સ્ત્રી ભાંગ
૩. સ્ત્રી. મામી, મામાની સ્ત્રી.
૪. સ્ત્રી. રાસ્ના.

માતુલાદિ [સં.] પું. કાળરાત્રીનો સર્પ.

માતુલિ પુ. ઇંદ્રનો સારથિ.

માતુલિંગ ન. એક જાતનું ફળ; બિજોરું.
નાળિયેર, કેરી, પનસ, કલા, ખજૂર, નારંગી, માતુલિંગ, બોરાં, દ્રાક્ષ, લવણ, જંબીર, શેરડી વગેરે ગિલને ખરાબ કરનારા ફળો છે
પંચાક્ષર મુક્તાવલિ

માતુલી ૧. સ્ત્રી. ભાંગ
૨. [સં.] સ્ત્રી. મામી
૩. વિ. માતુલ સંબંધી; મામાના પક્ષનું. મામાનું
માતુલી કન્યામાં દોષ દક્ષિણમાં ન હોય.
હરગોવિંદદાસ

માતુલુંગ ૧. [સં.] ન. દાડમ.
૨. ન. બિજોરું.
૩. ન લવિંગ

માતુલુંગક [સં.] ન. બિજોરું

માતુલુંગા [સં.] ન મીઠું લીંબુ; મોસંબી. તે દિશાના વાયવ્ય ભાગ, પંજાબ અને દક્ષિણ ચરપમાં થાય છે. ખાસ કરીને અમરીચમાં આ ઝાડ વાવવામાં આવે છે

માતુલુંગી ૧. [સં.] સ્ત્રી જંગલી બિજોરું.
૨. સ્ત્રી મીઠી લીંબુડી

માતુલેય [સં.] પું મામાનો દીકરો; મામાનો દીકરો ભાઈ

માતુશ્રી ૧. સ્ત્રી. મા; જનની; માતા.
૨. સ્ત્રી. માતાજી
માતૃશ્રીજીના અગ્રહથી જવું – પરલોકવાસી થવું. મુજરી જવું; પેંડુકામા જવું
૩. સ્ત્રી. માતાને માટે વપરાતો માનસૂચક શબ્દ.

માતું ૧. વિ. અભિમાની; અહંકારી; અવિવેકી.
૨. વિ. ભાડું; માનેલું. પુષ્ટ; હષ્ટપુષ્ટ
૧. ઉનાળે રાતા નહિ ને ચિત્રાળે માતા નહિ = એકસરખી મધ્યમ સ્થિતિ.
૨. બળદ માતો તો બેકુ માતો = બે ૧ લિ. સ્થિતિ બળદ ઉપરથી પરખાય
૩. વિ. મદથી ભરપૂર; મદોન્મત્ત; મદવાળું
નવયૌવનમાં આવી રહેલી મંજરીના હાવભાવ આકર્ષક ચેષ્ટામાં જણાય છે કે નહીં તેનું ભાન પણ ભૂલી ગયો.
મનોહરલાલ મુનશી
૪ વિ. માલદાર; પામતું કે પહોંચતું; પૈસાદાર.
સોની સોનું ચોરણ, દયાવત દેખાય; દુબળાના કમ ખાય નાહ, માતાના કમ ખાય.
લોકોક્તિ
૫. વિ. મોંઘું; કીમતી
રેવતીનો સાળુ કાળો સુંદર ચોલીતો ભૂરો માતો.
દયારામ
૬. વિ. સમાતું; સમાઈ રહેનું.

માતુંમાતું ૧. વિ ગર્વભરી ને વળી તુંમિનજી.
૨. વિ. માનેલું; ભાડું; લોહિવાળા અને તેજદાર.

માતુપુર ન. સહ્યાદ્રિ પર્વતમા આવેલું રેણુકા દેવીનું એક સ્થાન
બીજું સહ્યાદ્રિમાં માતુ-પુર કે જેમાં રેણુકા રહે છે તે માટે મોટું સ્થાનક છે.
ભગવતી ભાગવત

માતૃ ૧. [સં.] પું. આકાશ.
૨. પું. જીવ
૩ પું જ્ઞાતા
૪ પું માપનાર આદમી
૫ પું સર્જક કે ઉત્પાદક પુરુષ
૬ સ્ત્રી ઇલાવરણી.
૭ સ્ત્રી ઉદુમ્બરની નામની વનસ્પતિ.
૮. સ્ત્રી કુલદેવી કુલદેવીને પણ માતૃ કે માતૃકા કહે છે. તેમાંથી મા, માર્ય વગેરે શબ્દ બન્યા છે.
૯. સ્ત્રી. દુર્વાર.
૧૦. સ્ત્રી કોઈ પણ પ્રત્યે આદરનો ઉદ્ગાર.
૧૧. સ્ત્રી. ગાય.
૧૨. સ્ત્રી. મુખ
-આ માતૃની આઠ માતૃઓ છે, જેમ પરીક્ષકો વટે છે. સોળ ભાતીમાં આશ્લેષવર્ધક મુખો સોંપી પધારે છે અને મજ મોતીમાં સોંપી આવ્યા છે.
ચિત્રમય જગત
૧૩ સ્ત્રી. ગોરખમુંડી વનસ્પતિ.
૧૪. સ્ત્રી ગૌરી; અદીપ્રમિહ એક શક્તિ.
૧૫ સ્ત્રી. જટામાસી
૧૬ સ્ત્રી. હિંગ માતા.
૧૭ સ્ત્રી. દુર્વાનું એક નામ.
૧૮ સ્ત્રી પૃથ્વી.
૧૯. સ્ત્રી. મનુષ્યને પીડા કરનારી એક શક્તિ.
માતુપાલ. પ્રમથ. પ્રેત, માતૃ. પિશાચ અને અસુરરાક્ષસ વગેરે ઘોર દુશ્મનોથી નજાતી મેલ.
ન.રામજી કવચ
૨૦ સ્ત્રી માં; માતા; જનની.
૨૧. સ્ત્રી. રેવતી
૨૨. સ્ત્રી. લક્ષ્મી
૨૩ સ્ત્રી (સંગીત) વાચા; વાણી.
૨૪ સ્ત્રી ઋદ્ધિ; ઐશ્વર્ય; સમૃદ્ધિ.
૨૫. સ્ત્રી શિવની સાથે રહેનાર આઠ માતા. તે બ્રાહ્મી, માહેશ્વરી, ચંડી, વારાહી, વૈષ્ણવી, કૌમારી, ચામુંડા અને ચર્ચિકા અષ્ટમાતૃ છે.
૨૬. ન. જેડા જિલ્લાના માતર ગામનું પ્રાચીન નામ
૨૭. વિ માપનાર; પ્રમાણ કરનાર.
૨૮ જુઓ માતૃકા.

માતૃક ૧. પું મામો
૨ ન પ્રમાણક માપ.
૩ ન. માતાના મુખ.
૪. વિ મા પાસેથી વારસામાં લીધેલ.
૫. [સં. માતૃ + ક (વાળું)] વિ. માતાનું; માતા પક્ષનું. મા સંબંધી

માતૃકર્ષિક [સ] પું. પરશુરામ.

માતૃકર્મ [સ. માતૃ + કર્મન્ (કામ)] ન માતાપણું; માતા તરીકેની ફરજ.

માતૃકા ૧. [સ] સ્ત્રી. અઢાર વગેરે ઓગણપચાસ વર્ણનું મૂળાક્ષર.

આપણા મૂળાક્ષરો માતૃકા નામથી ઓળખાય છે.
મુ. સા. પરિષદ

૨. સ્ત્રી. ઇંદ્રવારણી વનસ્પતિ.

૩. સ્ત્રી. ઉંદરકાની વનસ્પતિ.

૪. સ્ત્રી. ઓરમાન મા.

૫. સ્ત્રી. પુળદેવી; બહાણી વગેરે દેવીની મૂર્તિ.

૬. સ્ત્રી. બાતરી આપે તેવા શબ્દસમૂહના પચાસ પ્રકાર.

વાત્રિકોનું માનવું છે કે વાક્‌શક્તિ શબ્દસમૂહમાંથી –પ્રસવમાંથી સ્ફોટ પામી, પચાસ માતૃકા રૂપે સ્થૂળ શરીરમાં વિકસિત થાય છે અને સામાન્યત: જીવનું બંધન કરનારી છે.
કાકાસાહેબ દેસાઈ

૭. સ્ત્રી. માપ

૮. સ્ત્રી. ગૂઢ શક્તિવાળા કેટલાક અક્ષર.

૯. સ્ત્રી. ગૂઢ શક્તિવાળી કેટલીક આકૃતિ.

૧૦. સ્ત્રી. ભોરમજુરી

૧૧. સ્ત્રી. ગૌરી; ચંડી પ્રસિદ્ધ એક શક્તિ.

૧૨ સ્ત્રી. જટામાંસી

૧૩. સ્ત્રી. દાદી મા.

૧૪. સ્ત્રી. દિવ્ય માતા.

૧૫. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

૧૬. સ્ત્રી. દ્વાદશ આદિત્યમાંના અર્યમા નામના આદિત્યની સ્ત્રી.

૧૭. સ્ત્રી. ધાત્રી; ઉપમાતા; ધાવ; બાળકને ખવડાવા રાખેલી સ્ત્રી

૧૮. સ્ત્રી. પૃથ્વી.

૧૯. સ્ત્રી. મા; માતા; જનની.

૨૦. સ્ત્રી. મંત્રોચ્ચાર; શ્રુતિખંડ; વર્ણશ્રુતિ, શબ્દાંશ.

૨૧. સ્ત્રી. આયામાં રહેલી એ નામની ધમની; માતૃકા પરિખા નામની આંખમાં રહેલી એ નામની ધમની.

૨૨. સ્ત્રી. માયા; ખોટો દેખાવ.

પાંડા પોતાની માતૃકામાં વિલીન થયો.
ભગવાનદાસ ઠાકોર

૨૩. સ્ત્રી. માહેશ્વરી, બાલા, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી અને ઐંદ્રી એ સાત માંહેની દરેક શક્તિ.

૨૪. સ્ત્રી. મૂલના પોલા.

૨૫. સ્ત્રી. મૂળ; જડિ

૨૬. સ્ત્રી. રૂપહીન બની ગયેલ ઋગ્‌ગુણ.

૨૭. સ્ત્રી. રેવતી.

૨૮ સ્ત્રી. લક્ષ્મી

૨૯ સ્ત્રી. વનસ્પતિની એક જાત કુંવાર

૩૦. સ્ત્રી વર્ણમાળા; બારાખડી

૩૧. સ્ત્રી. વિભૂતિ; ઐશ્વર્ય; સમૃદ્ધિ.

૩૨. [સં.] સ્ત્રી. વિવાહ વગેરે ઉત્સવમાં જેની પૂજા કરવામાં આવે છે એવી દેવી કે દેવતા; દેવી. માતા.

૩૩. સ્ત્રી ચેરવાઓની દલાલ સ્ત્રી

૩૪. સ્ત્રી. સખી

૩૫. સ્ત્રી. સોળ માંહેની પ્રત્યેક માતા કે દેવી; માતાજી.

માતૃકાઓ સોળ આ ક્રમાનુસાર ગણવામાં આવે છે: ૧. ગૌરી, ૨. પદ્મા, ૩. શચી, ૪. મેધા, ૫. સાવિત્રી, ૬. વિજયા, ૭. જયા, ૮. દેવસેના, ૯. સ્વધા, ૧૦. સ્વાહા, ૧૧. માતર, ૧૨. લોકમાતર, ૧૩. ધૃતિ, ૧૪. પુષ્ટિ, ૧૫. તુષ્ટિ, ૧૬. કુલદેવતા. અધિકમા અધિપતિ સાથે પોડશ માતૃકાઓ પૂજવાની છે.
શબ્દકલ્પદ્રુમ

૩૬. સ્ત્રી. સ્વરૂપનું જ્ઞાન આપવા પ્રમાણ.

૩૭. જુઓ માતૃ

માતૃકાકંચુક સ્ત્રી. ગોદની ખાલુ ઉપર મોવા પ્રારબ્ધોત્તરી બે શાખાઓ પરસ્પર મળીને બનતી એક દોષણી

માતૃકાકુંડ [સં.] પું. નાના બાળકને સુવાડવાં થતો કુંડાળો કે ખાડો.

માતૃકા ધમની સ્ત્રી. માતૃકા પરિખા નામની આંખમાં થઈને પસાર થતી એક ધમની.

માતૃકાપરા સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક મા-સતત્ત્વ દેવતા.

માતૃકા પરિખા સ્ત્રી. મધ્યમ મહાખાતમાં આવેલ એ નામની એક આંખ

માતૃકાપીઠ સ્ત્રી. માતૃકાનું સ્થાનક.

આ પાંચ સ્થળની ઘડાયેલા -મુજબ્યારમા માતૃકાપીઠ, સ્વાધિષ્ઠાનમા કુંડલીપીઠ, મણિપુરમા કિરણપીઠ, અનાહતમાં મુદ્રાપીઠ, અને વિશુદ્ધમા ભોગપીઠ એવી પાંચ શક્તિપીઠોની સાધના કરવી.
સાક્ત ક્રમદર્શન

માતૃકામના [સ.] સ્ત્રી. માતા માટે અત્યંત પ્રેમ હોવો તે.

માતૃકારક પું (જ્યોતિષ) મંગળ ગ્રહ.

માતૃકાલિપિ સ્ત્રી વર્ણોચ્ચાર; મૂળાક્ષર

તંત્રમાં પચાસ માતૃકાલિપિનો અને બેતાલીસ બૃહલિપિનો ઉલ્લેખ કરેલો છે. મુ. સા. પરિષદ

માતૃકાસુરંગ સ્ત્રી. કાપારિની અંદર માતૃકા નામની ધમનીને પસાર થવાનો માર્ગ.

માતૃકુલ [સં. માતૃ + કુલ] ન. માતાનું કુટુંબ; મહિયર; પોસાળ.

માતૃકુળ જુઓ માતૃકુલ.

માતૃકેરાહ [હિ.] પું. મામા.

માતૃગણ ૧. [સં.] પું. એ નામના દેવ. તે શિવના અનુચર છે. અંધક નામના રાક્ષસને મારવાને અઘોરે માતૃગણ ઉપજાવ્યા હતા એમ કહેવાય છે.

૨ પું. ભાવનોના મોવીસ મહેના એ નામે એક દેવતા

૩. પું. (પુરાણ) સ્કંદની માતાઓ.

૪. પું. સ્વર્ગીય માતાઓનું મંડળ. તેમાં સાત દેવીઓ છે

માતૃગમન [સં] ન. માની સાથે અમર્યાદગમન.

માતૃગયા ન. સિદ્ધપુર; માનું શ્રાદ્ધ કરવાનું એક સ્થાન.

તો સિદ્ધપુર તીર્થસ્થાન છે પણ માતૃગયા તરીકે એની ખ્યાતિ વધારે બીજા પ્રાંતોના પણ ઘણા યાત્રાળુઓ માતૃશ્રાદ્ધ કરવા અહીં આવે છે.
ગુજરાતના તીર્થસ્થાનો

માતૃગોત્રની ૧ [સં] સ્ત્રી. ઓરમાન માતા; વિમાતા.

૨ સ્ત્રી. પિતાની ઉપપત્ની.

માતૃગામી [સં. માતૃગામિન્] વિ. માની સાથે જારકર્મ કરનાર.

માતૃગુપ્ત પું. એ નામનો એક પ્રાચીન રાજવિ.

માતૃગૃહ ૧. [સં. માતૃ + ગૃહ (ઘર)] ન. મોસાળ; પિયર; માતાનું ઘર.

૨. ન. સુવાવડખાનું; પ્રસૂતિગૃહ

અનેક માતૃગૃહો એમના જ પ્રતાપે આજી રહ્યાં છે.
આર્યકુમાર મહાસભા

માતૃગોત્ર [સં.] ન માનું ગોત્ર.

માતૃગ્રંથિ [સં.] સ્ત્રી. માતૃવૃત્તિ.

માતૃઘાત ૧. [સ. માતૃ + ઘ્નત (મારી નાખવું તે)] પું માતાનો ઘાત; માતાનો વધ; માતાની હત્યા, માને મારી નાખવી તે.

૨ પું માતાનો વધ કરનાર પુરુષ.

૩. વિ માતાનો વધ કરનાર.

માતૃઘાતક ૧ [સ] પું. ઉંદ

૨. પું. પરશુરામ.

૩. વિ. માને મારી નાખનાર; માની હત્યા કરનાર; માતૃઘાતી

માતૃઘાતી [સં. માતૃ + ઘાતિન્ (ઘાત કરનાર)] વિ. માનું ખૂન કરનાર; માતૃઘાત કરનાર; માને મારી નાખનાર; માતૃઘાતક; માનો વધ કરનાર.

માતૃઘાતુક જુઓ માતૃઘાતક.

માતૃઘ્ન જુઓ માતૃઘાતક.

માતૃજ [મં] વિ. માતાથી ઉત્પન્ન થયેલ. માતામાંથી જન્મેલ

માતૃતીર્થ ૧ [મ.] ન. મહારાષ્ટ્રમાં, જાલના પાસે એક પ્રાચીન તીર્થ

૨ ન. ઘઉંના લોટમાં મોણ નાખી નાની આંબળા જેવડી ગોળીનું રાંધેલું

માતૃત્રયી [સં] સ્ત્રી. માતા, પિતાની માતા અને પિતામહની માતા એ ત્રણનો સમૂહ

માતૃત્વ [સં] ન. માતાપણું; માતા તરીકેનો ધર્મ

સતતિ નિયમન, સારા માટે અને કદરતી ઉપાય અજમાવ્યે છે કૃત્રિમ સાધનનો ઉપયોગ સ્ત્રીત્વને અને માતૃત્વને ઘાતક છે. ઢેબરભાઈ

માતૃત્વવિજ્ઞાન [સં.] ન. માતૃપદ પ્રાપ્ત થયા પછી પાળવાના નિયમોનું જ્ઞાન

માતૃદત્ત [સં.] ન. કોઈ પ્રસંગે દીકરીને માતા તરફથી આપવાની ભેટ; કન્યાદાન

માતૃદિન ૧. [સં.] પું. માતૃભૂમિના માનમાં ઊજવાતો દિવસ.

૨. પું. માનો દિવસ; મધર્સ ડે; મધર્સ.

માતૃદેવ ૧ [મં] પું માતાને દેવ ગણવાની ભાવના; માતા એ જ દેવ છે એવી ભાવના.

અને માતૃદેવ ને પિતૃદેવની ભાવના અનુભવ જ્ઞાનમાં રહેવી ત્યાંસુધી ચિરંજીવ રહેવાની. નાનાલાલ

૨. વિ. માતાને દેવ તરીકે પૂજનાર.

માતૃદેશ [સં] પું જન્મભૂમિ; 'મધર લેન્ડ'.

માતૃદ્રોહી [સં. માતૃદ્રોહિન્] વિ. માતાનો દ્રોહ કરનાર

માતૃપક્ષ ૧. [સં.] પું. માનાં માબાપ તરફના સગાસબંધી વગેરે; મોસાળિયાં; મોસાળ તરફનાં સગાં; માતાનો પક્ષ; મોસાળ.

૨. વિ. માતાના પક્ષનું

માતૃપદ ૧. [સં.] ન. માતા તરીકેનો ધર્મ; માતાપણું

૨. ન. માતા થવું તે; માતા બનવાપણું.

૩. ન માતાનું સ્થાન; માતાનો દરજ્જો

માતૃપિતૃજ શરીર [મં] ન. પંચભૂતનું બનેલું નારવંત શરીર.

સાંખ્યકારિકામાં તથા તત્ત્વકૌમુદીમાં ત્રણ પ્રકારનાં શરીરો માન્યાં છે: સૂક્ષ્મ શરીર, માતૃપિતૃજ શરીર અને મહાભૂત શરીર. માતૃપિતૃજ શરીરને પાર્થિવ શરીર પણ કહે છે: કેમકે તે શરીર લોમ, લોહિત, માંસ, સ્નાયુ, અસ્થિ અને મજ્જાથી બનેલું છે. સાંખ્યદર્શન

માતૃપિતૃસંઘ પું ધરતાળા સમાજમાં સ્થાપવામાં આવેલ એ નામનો એક સંઘ આ સંઘના સભ્યોમાં ધરતાળામાં કેળવણી લેતા બાળકના સર્વાંગી વિકાસની ચર્ચા થાય છે અને માબાપો તથા શિક્ષકો એકબીજાની નજરોનો ફોકસ સાધે છે

માતૃપિતામહી [સં] સ્ત્રી માતા બાપાના બાપાની મા

માતૃબીજ [સં. માતૃ + બીજ (બી)] ન માતાનું બી; માતાનું રોહિત; ગર્ભ રચવામાં કામમાં આવતું સ્ત્રીનું રોહિત; ગર્ભબીજ

બાપુની પોરુષ નિદુષી **માતૃબીજ** સમર્થ બનતું નથી ત્યાંસુધી પુરુષપ્રજા કઈ પણ સર્જનકાર્ય થઈ શકતું નથી. પરિ. કોષ

માતૃભક્તિ [સં] સ્ત્રી. માતાની સેવા; માતા પ્રત્યે પુત્રભાવ

માતાના મૂઆ પછી, એમનાં સગાવહાલાંઓ ઘરની એમનો અગ્નિદાહ કરવા પણ ન આવ્યા ત્યાં ગાંધારથી પોતે સંન્યાસી હોવાથી પોતાને ત્રિવાર ધિક્કાર છતાં, **માતૃભક્તિથી** અગ્નિદાહ કર્યો. આનંદશંકર ધ્રુવ

માતૃભવન [સં.] ન. માવતર; માવજ.

એ પ્રમાણે એને બાળકોને વઢારાવવાથી અસંતુષ્ટ કરીને અપ્સરાઓએ તેમને **માતૃભવન**માં મોકલ્યો. આદિત્યચરિત્ર

માતૃભાષા ૧. [મં] સ્ત્રી. બચપણમાં જ બાળક માતાપિતાના બોલવા ઉપરથી શીખે છે તે ભાષા. ગાંધીજી લખે છે કે: મારી માતૃભાષા ગમે તેવી અધૂરી હોય તો યે મારી જાનીએથી હું બીજી ન થાઉં તેમ **માતૃભાષા**થી પણ ન થાઉં. મારા જીવનને બદનાઈ દૂર મને તેના સિવાય બીજે ક્યાંથી મળે ? જે સ્થાને બીજી બોલીનો હું આશક છું, પણ જે સ્થાન તેનું નથી તે પડાવી લેવાને તે નીકળે, તો હું તેનો કટ્ટો વિરોધી થાઉં. સૌ કોઈ સ્વીકારે છે કે, અંગ્રેજ આજે આખી દુનિયાની ભાષા બની છે, તેથી હું તેને નિકામાના નહિ, પણ નિકામીકના અભ્યાસક્રમમાં મરજિયાત શીખવાનો વિષય તરીકે બીજી ભાષાનું સ્થાન આપું અને તે પણ પસંદગીના થોડા લોકો માટે હોય, કરોડોને માટે તો કયાંથી હોય ? આજે આપણી પાસે મરજિયાત પ્રાથમિક પ્રાથમિક દાખલા કરવાનાં પણ સાધન નથી, તો અંગ્રેજ શિક્ષક માટેની જોગવાઈનાં સાધનો કયાંથી લાવવાં ? રશિયાએ વિજ્ઞાનમાં પોતાની બધી પ્રગતિ અંગ્રેજી વગર જ કરી છે. આપણી મનોવૃત્તિ એવી ગુલામ બની ગઈ છે કે, અંગ્રેજી વગર આપણું ચાલે જ નહિ એવું આપણને લાગ્યા જ કરે છે. કામ ચાલે કર્યા પહેલાં આગળથી હારી બેસવાની આવી માન્યતાને હું કદી નહિ સ્વીકારું.

૨. જ્ઞા. મૂળ ભાષા; પોતાના દેશમાં બોલાતી ભાષા; બીજી ભાષાને જન્મ આપનાર ભાષા; સ્વભાષા; મારી જબાં; 'મધર ટંગ'. ગાંધીજી લખે છે કે: મેં સાંભળ્યું છે કે, માબાપ સ્વાભાવિક શિક્ષણક્રમથી ડાહ્યા છે. છોકરાને માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય છે, તે તેમને સાલે છે ! આ સાંભળી હું ઠરબો. દુઃખ નો પાર ગયું. મને થયું કે, આ કેટલી બધી અધોગતિ ! માબાપોને ભય છે કે, છોકરાં અંગ્રેજી સારું ન બોલી શકે અરાબ ગુજરાતી બોલશે તે તેમને નથી સાલતું, ગુજરાતી ભણશે તો કેળવણી કાંઈક વધ્યા પામ્યા એનો એમને વિચાર શૌનો હોય ? મને પોતાને ભૂમિતિ, બીજગણિત, ભૂગોળની પરિભાષા નથી આવડતી. સર્કલ શબ્દનું ગુજરાતી પૂછે તો મારે વિચાર કરવો પડે. ત્રિકોણ વગેરે જુદાં જુદાં અંગ્રેજી નામ હું જાણું, પણ ગુજરાતી નામો એક પણ આવડે આ તે કેવી સ્થિતિ ! આવી કંગાળ સ્થિતિ છે ત્યાં સુધી કલેજામાં આવે છે, અંગ્રેજી માધ્યમ સિવાયનો તો હું ના પાડું જેટલું કબૂલ કરી લઉં ખરો કે, માતૃભાષા દ્વારા શિક્ષણ એ કાંઈ અમલદારનું અંગ નથી.

માતૃભૂમિ જ્ઞા જન્મભૂમિ.

જે ધરી ચિર સ્વીકારે મરણજની વેદના,
માતૃભૂમિ કહેવામાં મને હર્ષ નહિ જરી.
ગાંધીગીતા

માતૃભૂમી જુઓ માતૃભૂમિ.

માતૃભોમ જુઓ માતૃભૂમિ.

માતૃમંડલ ૧ [સં.] ન. જિજ્ઞ માતાઓનો સમૂહ.

૨. ન. ઝુંડુરી: બે આંબળાનો મધ્યભાગ.

અડધી કહેવાં છતાંનું ટેરવું, મુખ કહેતાં નાકનું ડાબોડું, ચિરકાળ કહેતા બે ભમરો વચ્ચેનો ભાગ અને **માતૃમંડલ** કહેતા બંને ભમરો—આ ચાર વસ્તુમાં, જેનું માપ રામીપ આવ્યું હોય તેના જેવામાં આવતી નથી. યોગચિંતામણી

માતૃમાન [સં. માતૃ (મા.તા) + મત્ (વાળું)] પું ધાર્મિક અને વિદ્વાન માતાનો પુત્ર

માતૃમુખ ૧ [સં.] પું. માવડીમુખો પુરુષ.

૨. વિ. માવડિયું

૩. વિ મૂર્ખ. બેવકૂફ

માતૃરેખા સ્ત્રી. (જ્યોતિષ) હાથમાં આવેલ એ નામની એક રેખા

માતૃલતા [સં] સ્ત્રી માતૃત્વ, માતાનું મમતારૂપી લતા

આજનો મહિમા અદ્ભુત છે,
રે એથી યે અદ્ભુત છે ભવિષ્ય
માનવમંજરીએ ભાવિની આતુરતાના
નાન ભાવ

માતૃવત [સં માતૃ (મા) + વત્ (જેવું)] અ. માની પેઠે

બને આત્મ.ઓના સંબંધમાંથી જ પુત્ર પ્રગટ થયો છે, માટે પુત્રે પુત્રની માતાને સંતાનની માતાને **માતૃવત** ગણવી જોઈએ.
અ કા. શાસ્ત્ર

માતૃવત્સલ ૧. [સં.] પું. ગાયનો બળદ
૨. વિ. માતા પ્રત્યે સ્નેહાળ

માતૃવધ ૧. પું. ગોવધ; ગોહત્યા.

અજાજરા કાળમાં કેટલા-એક મારવાડી બાલ ભાવનગર આવ્યા. એ દુકાળિયા-ઓએ રાજ્યહદમા ભારોભાર કીધો, વસ્તીમા હાહાકાર થયો, બજારમા અરેરાટી વછૂટી, મહાજનને હડતાલ પાડી હિંદુસ્તાનમાં ગોહત્યા એટલે **માતૃવધ**
દલ્પતરામ

૨. [સં.] પું. માનો વધ; માની હત્યા.

માતૃવંશ [સં.] પું. જનેતાના વંશ ઉપરથી ઓળખવાની પદ્ધતિ.

પાશ્ચિમીકારોની વંશપદ્ધતિ એ સ્વતંત્રી હતી. પિતૃવંશ તથા **માતૃવંશ**.
વસંત રજતમહોત્સવ

માતૃવાત્સલ્ય [સં.] ન. માનો સ્નેહ; માતાનો પ્રેમ.

નથી એ વિસર્યો હારી ટૂંપો હજીનની હલા,
વિસારી વિસરે કેમ **માતૃવાત્સલ્ય** લીલા.
નાનાલાલ

માતૃવૈભવ [સં. માતૃ + વૈભવ (પ્રભાવ)] ન. માતા તરીકે અપાતી ગૌરવ; માતૃત્વને માટે ઘેલાની ક્રિયાઓ

માતૃવેદી [સં. માતૃ + વેદી (યજ્ઞકુંડ)] સ્ત્રી. માતૃત્વ

માતૃવેદીમાં પ્રાણ અરપીને
જય જય બોલ. હિંદુસ્તાન.
રાષ્ટ્રીય મરણો

માતૃવ્યંજના સ્ત્રી. બ્રહ્માર્યમા બોધ કરવાની માની શક્તિ

કૂખે હતા હૈદ્રબનુષ્ય રૂપી આ,
બોલી શકે અંતર જે અભિપ્રાય;
તે છે પ્રજા બ્રહ્મરની મુજ **માતૃવ્યંજના**.
દક્ષિણા

માતૃશક્તિ ૧. [સં.] સ્ત્રી. માતા તરીકેની શક્તિ.
૨. સ્ત્રી માતારૂપ શક્તિ.

માતૃશ્રાદ્ધ [સં.] ન. મરનું શ્રાદ્ધ; માની પાછળ કરવામાં આવતી ધાર્મિક ક્રિયા

માતૃષ્વસીય [સં.] સ્ત્રી. માસીની દીકરી.

માતૃષ્વસેય [સં] પું. માસીનો દીકરો.

માતૃષ્વસેયી [સં.] સ્ત્રી. માસીની દીકરી.

માતૃસત્તા સ્ત્રી. સ્ત્રીરાજ્ય; માદી ઉપર જો રાજસત્તા તરીકે હોવું તે

માતૃસત્ત્વ [સં.] ન. જો રાજ્ય ચલાવતી હોય તેવું રાજ્ય.

માતૃસંસ્થા [સં.] સ્ત્રી. જ્ઞાનદાત્રી સંસ્થા; 'આલ્મા મેટર'

માતૃસ્થાન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાંનું ચોથું ભવન; મિત્ર, મા, મોસાળ વગેરે સુખ જણાવનાર જન્મકુંડળી માહેનું સ્થળ.

માતૃહત્યા [સં.] સ્ત્રી. માતૃઘાત; માતાનો ઘાત; માની હત્યા; માને મારી નાંખવી તે.

માતૃહન્યારો વિ. પું માતાને મારી નાખનારો.

માતૃહા [સં. માતૃ (માતા) + હન્ (હણવું)] વિ. માને મારી નાખનાર; માતૃઘાતક; માતૃઘ્ન.

માનેલું ૧. વિ. માનપાનથી પુષ્ટ; ભલું; રૂપાળું; લોંદીમાંથી ભરેલું; મજબૂત; મસ્ત: માતું
૨ વિ. ગર્વિષ્ઠ, ગ્લેષ જો તે કરતાં વધારે મળેલું હોવાથી આવેલા અભિમાનવાળું; અહંકારી; અભિમાની; ગર્વથી ફૂલેલું. ઉદ્ધત.
૩ વિ રસથી ભરપૂર; તરબતર.
૪. વિ. વધારેલું.
૫. વિ. સાદ્યકાર

માત્મ્ય ૧. [સં. માહાત્મ્ય] ન. આબરૂ; લાજ; ઓબો

હાથે કરીને **માત્મ્ય** ખોવા શીદ ચડો છો ?
સ.રહી બહારવટિયા

૨. ન. મહિમા.

માત્ર ૧. પું. માતરું; જો સ્વરનું ચિહ્ન.

કૂડી અક્ષર ઉતર્યો માત્ર આત્ર લઈ આ છ ૧
દેવ વેરણ થાદ્યાર્થે પાડિકબ્યા છે સમજાણ કરતા.
ભટ્ટ મણ

૨. પું. માત્રા; માપ; માન.
૩. ન. ઔષધ.
૪. ન. નિશ્ચય; અવધારણ.
૫ ન. સૃષ્ટિ; કોટિ; યોનિ.
૬. ન. કે તરત જ.
૭. [સં.] અ. ના માપ કે જથા જેટલું હોય એમ
૮. અ. નામને લાગતાં તે જાતું, સઘળું જેવો અર્થ બતાવનાર શબ્દ. જેમકે, માત્રમાત્ર.

વિષય **માત્ર** નિરસ એ જ આ બ્રહ્મચર્ય છે;
તેથી તો બ્રહ્મચારીએ દમની ઉક્તિ કહી.
મામીરીલા

૯. અ. પૂરતું કોઈ જેમ
૧૦. અ. પ્રત્યેક. જેમકે, શરીરમાત્ર
૧૧. અ. ફક્ત; કેવળ, તે જ; એકલ જે જ; નિર્દુ.
૧૨. અ. બહુવ્રીહિ સમાસમા ઉત્તરપદ તરીકે માપ કે પ્રમાણનું એ અર્થ બતાવતો એક શબ્દ. જેમકે, અંગુષ્ઠમાત્ર; રજમાત્ર.
૧૩. અ. સરખું; સમ. જેમકે, બિંદુ માત્ર.
૧૪. અ. સિવાય.

માત્રક ૧. ન. પેશાબ કરવાની કૂંડી.
૨. વિ. માપવાળું
૩. અ. માત્ર; ફક્ત.

માત્રતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: એક સમય સપ્ત માતૃકાઓએ હરનું તપ કર્યું. હરજી પ્રસન્ન થઈ તે વરદાન દેવા લાગ્યા. તેઓએ દેવોના શત્રુ રાક્ષસોનો નાશ કરવાનું અને જે સ્થાનમાં તેઓ પ્રસન્ન થયા તે તીર્થે સર્વ જગાનું વરદાન માગી લીધું. તે સમયથી હરજી અહીં વિદ્યમાન છે. પછી સપ્ત માતૃકાઓએ પોતપોતાનો અલગ સ્થાપન કર્યો. અહીં જે લોક દુર્માનવમીનું સ્નાન દાન કરે છે, તેથી સર્વ દેવીઓ પ્રસન્ન રહે છે, વંધ્યા તથા મૃતપુત્રા સ્ત્રીની ઇચ્છા પૂર્ણ થાય છે. અહીં દેવો તથા પિતરોનાં શ્રાદ્ધ કર્મ સુલભ થાય છે. ઓજાને બલવાન, સૌભાગ્યવાન બલાદિ ગુણસંપન્ન પુત્ર થાય છે.

માત્રમેળાગંદ પું. (પિંગળ) ફક્ત માત્રાની ગણતરી ઉપર જ રચાયેલો છંદ.

માત્રમ્ [સં.] અ. માત્ર; ફક્ત; કેવળ.

માત્રસહસાંક પું. મેટ્રિક પદ્ધતિમાં સંજ્ઞાઓના ગુણકનો હજારમો ભાગ; ૧ મિલિમિટર = ૧૦૦૦ મિટર.

માત્રા ૧. પું. એક હ્રિદી સ્વર.

૨. પું. જ્ઞાનેંદ્રિયના વિષયો વાટે જે પમાય તે; આખ વગેરે ઇંદ્રિયોથી વિષયોનો થતો અનુભવ; ઇંદ્રિયવૃત્તિ; જ્ઞાન વગેરે ઇંદ્રિયોથી અનુભવાતા શબ્દ વગેરે વિષય. માત્રા શબ્દથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ રૂપી પાંચ વિષયો સમજવા એમ કહ્યું છે. ગીતારહસ્યમાં લખ્યું છે કે: જેનાથી બાહ્ય પદાર્થનું માપ થાય છે તે ઇંદ્રિયો એવો માત્રાનો અર્થ શાંકરભાષ્યમાં કરેલો છે, પણ માત્રા એટલે ઇંદ્રિયો એ અર્થ ન લેતાં, ઇંદ્રિયોથી સમજવામા આવતા જે શબ્દ રૂપાદિ બાહ્ય પદાર્થો તેનું નામ માત્રા એવો અર્થ કરી તેનો ઇંદ્રિય સાથે સ્પર્શ એટલે સમોગ તે માત્રાસ્પર્શ એવો કેટલાક અર્થ કરે છે અને તે આ કોકાએ સ્વીકારેલો છે

૩. પું (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, બે નગણ, અને બે ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે.

માત્રા માહ મનન ગ્રંથ ગાણો. રણછોડજી

૪ પું. રિંગણા ઉપર માંડેનું એક નામ

૫ સ્ત્રી અલ્પતા.

૬. સ્ત્રી અલ્પ

૭. સ્ત્રી અલંકાર; ઘરેણું; કાનનું ઘરેણું.

૮. સ્ત્રી અહંપણું.

૯. સ્ત્રી. અવસ્થા, ઉંમર

૧૦. સ્ત્રી. અરા.

૧૧. સ્ત્રી. (વેદાંત) ૐકારનો ઉચ્ચાર કરતા કે ચપટી વગાડતા લાગે તેટલો કાળ

૧૨. સ્ત્રી. ઔષધનું પ્રમાણ; માપ; એક વાર આવા જેટલું ઔષધનું પ્રમાણ; 'ડોઝ'.

૧૩. સ્ત્રી. કારણરૂપ તે

પૃથ્વી અને પૃથ્વીની માત્રા બંને, પાણી અને પાણીની માત્રા બંને, વાયુ અને વાયુની માત્રા બંને ઇત્યાદિ રામરૂપ પરબ્રહ્મ પરમાત્મામા સમ્પ્રતિષ્ઠિત થાય છે અર્થાત્ એકરૂપ થઈને લીન થાય છે. પ્રશ્નોપનિષદ

૧૪. સ્ત્રી કાલાંતર; અંતર; અરસો; ઝાળો.

૧૫ સ્ત્રી. કાળ.

૧૬. સ્ત્રી. લઘુ; નિમિષ

૧૭ સ્ત્રી. સંજ્ઞા ઉપરના પ્રથમના અંગ્રેજીનું નામ; તબ્બુનું માપ; છ આઠા જવની એક માત્રા.

એક મુનિઓએ આઠ પર્વનો એક દારુ અથવા મજ્જ કહ્યો છે. એમાં એક પર્વ જેટલું માત્રાનું થાય છે. બે માત્રા આઠેક, જેના ઉપર કાંઈ અધવા હોતાં ન રહે એવા ઉત્તમ પ્રકારના છ આઠા જવની એક માત્રા થાય. રાજવલ્લભ

૧૮. સ્ત્રી. મજ્જતરી, વિચારણા.

૧૯. સ્ત્રી. જરથી; પ્રયત્ન.

દ્રવ્ય અને શક્તિને અવિનાશી મજ્જનામા આવતી. તેમનામા વધઘટ થતા છતાં અને વૃદ્ધિ અને નાશ થતા છતા પણ ઉભટે તેમની એકંદર માત્રા સ્થિર રહે છે એમ પારસામા આવતું

પોપટલાલ શાહ

૨૦. સ્ત્રી. તત્ત્વ.

૨૧. સ્ત્રી. (સંગીત) તાલના મુખ્ય છ માંહેનું એ નામનું ત્રીજું અંગ; લઘુ અંગ; ચતુરસ્ર; દ્વિ; અક્ષર; જાણવું. વિભુ; હ્રસ્વ; લ; ગુરુ; સરલ; ભાત્રિક; વ્યાપક. ચાર માત્રાને અંતરે તાલ આવે તે ભાગ; ચાર માત્રાનું અંગ

૨૨ સ્ત્રી. ધન; પૈસો; દોલત.

૨૩. સ્ત્રી. ધાતુ વગેરેની ખાખ; ધાતુનું ખાખવાળું ઓસડ; અગ્નિમાં સિદ્ધ કરેલી ધાતુ કે મોતી અને બીજા પાર્થિવ દ્રવ્યોની દવા રૂપ બનાવટ; રસાયન; ધાતુની ભસ્મ.

૨૪. સ્ત્રી. નાગરી લિપિના અક્ષરોમાં શિરોરેખા ઉપર આવતુ એક ચિહ્ન કે એક ભાગ

૨૫. સ્ત્રી. નાનો ભાગ; નાનો જથ્થો

૨૬. સ્ત્રી. પરિચ્છેદ; ઉપકરણ.

૨૭. સ્ત્રી. પૃથ્વીના પરિઘના ચોથા ભાગનો અથવા પા વર્તુલનો એક કરોડમો ભાગ

૨૮. સ્ત્રી (વેદાંત) પોતાના ઘૂંટણને ત્રણ વાર અડકીને અપટી વગાડવામાં લાગે તેટલો કાળ.

૨૯. સ્ત્રી. પ્રકૃતિ; પ્રાકૃતિક જગત; પ્રાકૃતિક તત્ત્વ. આ જ માત્રા શબ્દ ઉપરથી અંગ્રેજીમાં મેટર શબ્દ તેમ જ ઉર્દૂનો માદ્દા શબ્દ પણ બન્યો છે.

૩૦ સ્ત્રી. પ્રમાણ; 'ડોન'.

૩૧. સ્ત્રી. ભાગ; ટુકડો.

૩૨. સ્ત્રી. ભૌતિક જગત.

૩૩. સ્ત્રી. માપ; પરિમાણ.

૩૪. સ્ત્રી. માપવાનું સાધન; એક અલ્પ પ્રમાણ; નાનું પ્રમાણ.

૩૫. સ્ત્રી. રૂપ.

૩૬. સ્ત્રી. લઘુ અક્ષરને બોલવાનાં લાગે તેટલો કાળ; અક્ષરનો ઉચ્ચારણ કાળ; અક્ષરનો અમુક અવયવ; કાવ્ય કે સંગીતમાં સમયની ગણનાનો એકમ; હ્રસ્વ અક્ષરનો ઉચ્ચારણ કાળ; એક અક્ષરનો ઉચ્ચાર કરવામા જેટલો વખત લાગે તેટલું માપ. પિંગળમાં લઘુની એક અને ગુરુની બે માત્રા એમ જે માપ ઠરાવ્યું છે તે. તેને મત્તા, મત્ત, કળા, કલ પણ કહે છે. લઘુને બોલતાં એક પળ લાગે, ગુરુને બોલતાં બે પળ લાગે અને પ્લુત એટલે લાંબુ જ લંબાવી બોલતાં ત્રણ પળ લાગે. લઘુની એક માત્રા ગણીએ તો ગુરુની બમણી એટલે બે માત્રા ગણાય, પણ કોઈ વખતે ગુરુ અક્ષરને ઉચ્ચાર મુજબ લઘુ કરતાં માનીને જ તેની એક માત્રા ગણાય છે.

૨ ૧૧ ૨ ૨૧ ૧ ૧૨ ૨૨ ૧૧ ૨૨૧
હે પ્રભુ તું એક જ અંધે, મોને તું જ આધાર;
૨ ૨૨ ૨ ૨૧૨ ૨ ૧૧૨ ૧૧૨૧
મોટામાં મોટો વળી, આ જગનો કરનાર

બેકડી માત્રાના અને અધે માત્રાના અક્ષરો મળી પહેલા અર્ધમાં ૧૩ માત્રાના અક્ષરો છે અને બીજા અર્ધમાં ૧૧ માત્રાના છે. આમ પહેલી એક માત્રાનો અવાજ કાઢે છે, બગડો બે માત્રાનો, અને ત્રણ માત્રાનો અને નોળીઓ અરધી માત્રાનો અવાજ કાઢે છે.

૩૭. સ્ત્રી લાંબુ; જેમકે, મારે આજે બે માત્રા કાંઈ પણ હજુ પેટમાં જાંતિ નથી.

૩૮. સ્ત્રી. વર્ણનો એક અવયવ.

૩૯. સ્ત્રી વિસ્તાર.

સ્થિર કે અર્ધજાગૃતિમાં આંદોલનના ઘેરા સુરીના અંતરને આંદોલનનો 'વિસ્તાર' કે માત્રા કહે છે. પદાર્થવિજ્ઞાન

૪૦. સ્ત્રી. શક્તિ

૪૧ સ્ત્રી સૂક્ષ્મતા

૪૨ સ્ત્રી. સ્વરનું અંજન ઉપર મુકાતું ચિહ્ન; બારાખડીમા ઉપર મુકાતુ (ા) આવું ચિહ્ન; અક્ષરના ઉપર મુકાતો લીટો. પહેલાં અધા સ્વરોનું સાધારણ નામ માત્રા હતું. પછીથી આ ચિહ્નને જ માત્રા શબ્દ લાગુ પડ્યો. પાલી લિપિમાં આનું ચિહ્ન અક્ષરને માથે ઢબી તરફ અડી સીધી લીટી છે.

માત્રા ભ્રમાવરી = માત્રાનો સ્વર ભમરો

૪૩. સ્ત્રી હાથી, ઘોડા વગેરે

૪૪. સ્ત્રી. હ્રસ્વ વર્ણનો ઉચ્ચાર.

માત્રાછંદ પું. (પિંગળ) માત્રિક છંદ; માત્રિ જાતિ; માત્રાના મેળથી રચવામાં આવતો છંદ; માત્રામેળ છંદ.

માત્રાત્મક વિ. જેમા માત્રા હોય એનું; માત્રાવાળું.

પ્રાકૃતમાં લાંબા **માત્રાત્મક** છંદ અને અપભ્રંશમાં મોટે ભાગે, અથવા બે છંદ પ્રાસનો પક્ષપાત ધરાવે છે. નીતિગ્રંથિદ

માત્રાત્મક પદ્ધતિ ન. પરિમાણાત્મક પદ્ધતિ

માત્રાર્ધક પું. (પિંગળ) છંદ માત્રાની સંખ્યા સુધી એકાદિ માત્રાના જે ભેદાક થાય છે તે

માત્રાર્ધકક પું. (પિંગળ) છંદનો એ નામનો એક પ્રકાર.

માત્રાર્ધોષ પું માત્રાની અભ્યંતરીમાં થતી ભૂલ અથવા રહેતી ઉણપ,

પહેલું, પહેલું વગેરેમાં **માત્રાર્ધોષ**-ઉચ્ચારનો માત્રાર્ધોષ આવે છે. કુસુમમાળા

માત્રાર્ધક પું. (પિંગળ) જેનું માપ હ્રસ્વ અમુક માત્રાનું કહેવામા આવે તેવો છંદ.

માત્રાર્ધંધ પું. (પિંગળ) પજ્ઝંઝના પાંચ માંહેનો એ નામનો એક પ્રકાર; માત્રામેળ છંદ. માત્રામેળ જાતિ. પજ્ઝરચનાનો એક પ્રકાર; છંદનો એક વિશ્રામ. લઘુ અને ગુરુનો ઉચ્ચાર કરતાં તેનો જે અવકાશ પડે છે તેના એકમને માત્રા કહી, તેની રચનાથી માત્રાળવ પદ્યો રચાયાં. તેમાં માત્રાનો સવાદ પ્રધાન રાખી તે પ્રમાણે સંધિ, યતિ, અનુપ્રાસ એ બધુ જળવાયુ હોય એ એમ નક્કી થયું. છતાં દરેક અક્ષરનું રૂપ નહિ પણ દરેક સંધિની એકદર કીમત નક્કી કરેલ હોય છે.

આપાઈ, દોહરો, અડીલ્ય, હરિગીત, ઝુલણા વગેરે અક્ષરબંધ, **માત્રાબંધ** અને **માત્રાર્ધબંધ** એ ત્રણ રચના આપણા સાહિત્યમા ૧૬ વર્ષ છે. કેશવ બર્વદ

માત્રામેળ ૧. પું (પિંગળ) પ્રાકૃત અને ગુજરાતી કવિતાનો એક વર્ગ. તેમા એક લીટીમાના સ્વરની સંખ્યા ધ્યાનમા લેવાય છે.

૨. વિ. જેમાં ઓછી વધારે માત્રા ઉપર બંધનનો આધાર હોય એવું.

માત્રામેળછંદ પું. (પિંગળ) એ નામનો એક છંદ. માત્રા અને અક્ષર એ બેના નિયમોથી થતી સંખ્યા ઉપરથી જે શબ્દનો સમાસ થાય તે રચનાને કવિતા, છંદ અથવા વૃત્ત કહે છે છંદરચના બે પ્રકારની છેઃ માત્રામેળ અને અક્ષરમેળ. માત્ર માત્રાના નિયમ ઉપરથી કવિતાની જે રચના થાય છે, તેને માત્રાવૃત્ત અથવા માત્રામેળ છંદ કહે છે, પછી અક્ષર ગમે તેટલા આવે. બોલા અથવા લખા અક્ષરો ગણવાને કહેલી માત્રા પૂરી કરવી, પણ એ માત્રા ગણી મુકવામા અક્ષરોની ઓછવધ કાનને નડારી ન જાય એની જોઈએ તથા પાણીના રેલાની પેઠે વહેતી હોવી જોઇએ. એને સારુ કોઈ પણ તાલ ધરવો જરૂરનો છે. દોહરો, સોરઠો, હરિગીત, ચોપાઈ, સવૈયો, છપ્પો, ગીતિ વગેરે માત્રામેળ છંદો છે. આ સિવાય સંગીતનાં રાગરાગણી, ભજનકીર્તન, પદ, ગરબા મરબી વગેરેના છંદનો સમકામ બધો આમ માત્રામેળ છે.

માત્રાલોપ પું. (સંગીત) ગાયન ગાતી વખતે કે વગાડતી વખતે જ્યારે વચમાં કોઈ અક્ષર કે સ્વરનો ઉચ્ચાર થતો નથી ત્યારે તે સ્થળે અમુક માત્રાઓનો વખત નાખી દેવો પડે છે, અથવા માત્રાનો લોપ કરવો પડે છે તે.

માત્રાવલી સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન નાનાં, સાંકડાં અને રેસાદાર હોય છે. તેને અરસણ પણ કહે છે.

માત્રાવૃત્ત ન. (પિંગળ) માત્રામેળછંદ; જેમાં માત્રા ઉપર આધાર હોય તેવો છંદ.

માત્રાવૃત્ત મુખારથી, રચાય તે પદબંધ,
માત્રાવૃત્તો અક્ષર તે, મુખાનંદના કંદ.
નર્મદ

માત્રાશક્તિ ૧. સ્ત્રી મસ્કોજે સંપાદન કરવાની ક્યા ધાતુની એ નામની એક પ્રકારની શક્તિ.

૨. સ્ત્રી. માત્રા પ્રાપ્ત થાય એવી મહેનત કરવાની શક્તિ

માત્રાશિતા સ્ત્રી. એ નામનું એક આચરણ. જૈનમત અનુસાર તે એક સદાચાર મનાય છે.

માત્રાશ્રેણી સ્ત્રી. સરખે અંતરે આંકા ચોકઠાનો અમુક ભાગ. ' રેલ્વે આંખ હિમો '.

માત્રાસમક પું. સરખી માત્રાના છંદોનો વર્ગ તેમાં દરેક ચરણમાં સોળ માત્રા હોય છે, પરંતુ તેમાં કર્ણ હ્રસ્વ અને કર્ણ દીર્ઘ એમ જુદી જુદી રીતે જુદા જુદા પ્રકાર થાય છે. તેમાં નવમી માત્રા લઘુ ને છેલ્લી ગુરુ એ વધુ સામાન્ય પ્રકાર છે.

માત્રાસંગ ૧ [સં.] પું. ઔદિક મિશ્રણ ઉપર આધારિત.

૨. પું માત્રાસ્પર્શ.

માત્રાસ્પર્શ [સં.] પું ઇંદ્રિયોનું વિષયોમાં જોડાવું તેઃ બાહ્ય પદાર્થોનો સંયોગઃ ઇંદ્રિયોનો સ્પર્શ. ગીતાપંચામૃતમાં લખ્યું છે કેઃ જેણે કરીને વિષય જણાય છે તે માત્રા. તે નેત્રાદિક ઇંદ્રિયો છે. તે નેત્રાદિક ઇંદ્રિયોનો રૂપ આદિ વિષયોની સાથે જે યથાયોગ્ય સંબંધ છે, તેનું નામ માત્રાસ્પર્શ. નેત્રાદિક ઇંદ્રિયજન્ય જે જે, તે તે વિષયાકાર અંતઃકરણના પરિણામરૂપ વૃત્તિઓ છે, તેનું નામ માત્રાસ્પર્શ છે; અથવા વાગાદિક કરણ ઇંદ્રિય અને શબ્દાદિક વિષયરૂપ માત્રાઓનો જે પરસ્પર વિષયવિષયીભાવ સંબંધ છે, તનું નામ માત્રાસ્પર્શ.

હે માત્રાસ્પર્શા કૌંતેય ! શીતોષ્ણ સુખદુઃખદા,
આવે જાય અનિત્ય એ તું વો તે સહી સર્વને.
ગીતાનુશ્લોક

માત્રિક ૧. સ્ત્રી. નર્સ.

૨. [ઉ.] સ્ત્રી. માતા બાપનું ઘર.

૩. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેનું એ નામનું ત્રીજું અંગ. ચતુરસ્ર; દંડ; માત્રા; અક્ષર; ભાગ; વિભુ; હ્રસ્વ લઘુ; કર; કરસ્ર; બાપક; ચાર માત્રાનું અંગ; ચાર માત્રાને અંતર તાલ આવે તે ભાગ.

૪. વિ. પરિમાણાત્મક; ઉપલક્ષમક.

૫. વિ. માત્રાને લગતું; માત્રા સંબંધી.

૬. વિ. માત્રામેળવાળું.

૭. વિ. બાપવિષયક; બાપ સંબંધી.

માત્રિકભાષાછંદ પું. (પિંગળ) જેનું બાપ માત્રાઓથી કહેવામાં આવે તેવા છંદ.

માત્રિકછંદ પું. (પિંગળ) માત્રા છંદ; માત્રામેળ; માત્રાના મેળથી રચવામાં આવતો છંદ

માત્રિકવૃદ્ધિ પું. (પિંગળ) ત્રણીથી ઉપરાંત માત્રાની વૃદ્ધિ; વૃદ્ધિદક્ષ

ત્રણીથી ઉપરાંત માત્રાની વૃદ્ધિઓને વૃદ્ધિદક્ષ કે માત્રિકવૃદ્ધિ કરીને કહી બતાવે છે.
નાનાભાઈ

માત્રિકવૈદર્ભ ન. પરિમાણાત્મક વૈદર્ભણી.

માત્રિકસવૈયા પું (પિંગળ) માત્રામેળ સવૈયાછંદ.

માત્રિકા ૧. [સં. માતૃક] સ્ત્રી. દેવી; માતા.

૨. સ્ત્રી. (પિંગળ) માત્રા.

૩. સ્ત્રી. મૂલઃ વર્ણમાલા; કમળ.

માત્રિકાયર [સ માત્રિકમ્ર] પુ સિંહાસનનો એક ભાગ. તેમાં માત્રિકો કોતરેલા હોય છે

સિંહાસનમાં ગજવા, માત્રિકાયર, બેઠિકા, આસન અને છાયા હોય, એવું જે સિંહાસન હોય તેનું દીપચંદ્ર નામ કહેવાય. રાજવલ્લભ

માત્રિકાધિમની સ્ત્રી એ નામે એક ધમની.

માત્રીન્તાત જુઓ માત્રિકછંદ

માત્રીમાતા સ્ત્રી સૌરાષ્ટ્રમાં આવેલ પાટણવાવના ડુંગર ઓશમ ઉપરનાં એ નામનાં પ્રસિદ્ધ માતાજી. આ સ્થળ પુરાણ પ્રસિદ્ધ છે. પાંડવગોરવ સમયનાં પણ ત્યાં કેટલાંક ઐતિહાસિક ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે. જેમકે, હિડમાનો ઢીંચકો, ઘટોત્કચની મુદ્રા વગેરે. ત્યાંની ગર પણ એવી જ જણાય છે. જગ્યામા ગમથ કુંડ ત્યાં ટપકેશ્વર મહાદેવની જગ્યા અને પાણીના ઝરા પણ છે. ગુફામાં મહાદેવ ઉપર કુંડમાંનું પાણી ટપકે છે તેથી તે ટપકેશ્વર કહેવાય છે. માત્રીમાતા નાગર અને ખતરીઓનાં કુળદેવી છે ત્યાં આસો માસની અમાસને દિવસે મેળો ભરાય છે. નાતના ઠરાવિયાઓ પણ ત્યાં પતાવાય છે. આ ડુંગર વાળવકથી છવંત છે અને કપ રેક કયારેક અંધારીકર આદિ ભયંકર સ્વપ્નો પણ મહારવટિયા વગેરેથી ભાગતાં પડ્યા છે. માતાજીની મૂર્તિ ભવ્ય છે અને તે મંદિરની આજુબાજુના વીરડા વગેરે ઉપરથી લાગે છે કે. પુરાણા વખતમાં આ સ્થાનનું માહાત્મ્ય કોઇક અસાધારણ યે વિશેષ હશે; શક્તિ ઉપાસનાનું આ એક આદર્શ સ્થળ એ વખતે અવશ્ય મનાતું હશે. અત્યારે પણ નવરાત્રિના દિવસોમાં ત્યાં વસવાટ થાય છે અને તે મંદિરના મહંતની સેવાપૂજાથી તે સ્થાનનું ગૌરવ દિનપ્રતિદિન વધતું જાય છે. ઉપર ચઢવા માટે ખતરીની ખાતે પગથિયાં બંધાવ્યાં છે અને ઉપર કોઇ સુધી મોટર જઈ શકે એવી યોજના પણ થયેલ; છતાં આદર્શ અપૂરાં રહે એ ન્યાયે તેનો અમલ થઈ શકયો નથી. જુઓ ઓશમ.

માત્રોચ્ચાર પું. માતૃકા; મુતિખંડ.

માત્સર્ય ૧. [સં.] પું. (જૈન) મનુષ્યથી થતો એક પ્રકારનો દોષ. કોઈ સમર્થ સારુ વગેરેનો વધો જાની હોય અને બીજાને શીખવી શકે તેવો હોય તોપણ ન શીખવાડવાથી થતો દોષ

૨. પું. (જૈન) શ્રાવકના અતિથિસંવિભાગ વ્રતનો એક અતિચાર; દાન કરવા છતાં આદર ન રાખવો, અક્ષર બીજાના દાનમુખની અદેખાઈથી દાન કરવા પ્રેરાવું તે

સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિચાર બાવશ્યસંવિભાગવ્રતના છે. તત્ત્વાર્થસૂત્ર

૩. ન. તોર; છક; ઉદ્દંડપણું; મારા જેવું કોણ છે ? એવો અભિમાનનો ઉદ્ધત ઉઠાવો; ગર્વ.
૪ ન. નાખુશી; નારાજી
૫. [સં.] ન. બીજાનું સારું દેખી નહિ ખમાવું તે; ઈર્ષા; અદેખાઈ; બીજાનું સુખ દેખી બળવું તે; બીજાના ગુણનો દ્વેષ કરવો તે.
૬. ન. મચ્છર.

માત્સર્યે કલુષિત વિ. અદેખાઈથી ડહોળાયેલું.

માત્સિક [સં.] પું. માછીમાર.

માત્સિકી ૧. સ્ત્રી. અમુક જગ્યા કે દરિયામાંથી માછલી લેવાનો હક.
૨. સ્ત્રી. માછલા પકડવાની જગ્યા.
૩. સ્ત્રી. માછલાંનો ઢગલો.
૪. સ્ત્રી. માછીનો ધંધો.

માત્સ્ય ૧. પું. એક નામનો એક ઋષિ.
૨. પું. મત્સ્ય દેશમાં રહેનાર માણસ.
૩. પુ; સ્ત્રી. ન બ. બીકણ, મૂર્ખ, ભોજનની લાલસાવાળું, અસ્થિર ચિત્તવાળાં, ક્રોધ લોભ આદિમાં લાગી રહેલ વૃત્તિવાળાં અને હમેશાં પેય પદાર્થોની છલકાવાળાં પિપાસુ વૃત્તિવાળાં સ્ત્રી અને પુરુષો.
૪. ન. અઢાર માહેનું એ નામનું એક પુરાણ
૫. વિ મત્સ્ય દેશમાં રહેનાર.
૬. વિ. માછલી સબંધી; માછલીને લગતું.

માત્સ્યન્યાય [સં.] પું (ન્યાય) મોટું માછલું નાનાને ખાય છે તે રીતનો ન્યાય.
દેશનું બેકાબુ ટોળાંનો દાબો પુરોપ તેમ જ હિન્દ બંને માટે બોટો છે. **માત્સ્યન્યાય** બંધ અક્કલખમો જ પ્રવર્તતો છે. પુરાતત્વ

માત્સ્યિક [સં.] પું. માછલી મારનાર; માછીમાર.

માથ્ ૧. [સં.] સ. ક્રિ. દુઃખ ભોગવવું.
૨ સ. ક્રિ. દુઃખ દેવ
૩. સ ક્રિ મારી નાખવું, વધ કરવો.

માથ ૧. [હિં.] પું. માથું.
૨. પું. રસ્તો; માર્ગ
૩. પું. વધ; નાશ.
૪. [સં.] પું. વલોવવું તે; મથવું તે.

માથડિયું (માથડિયું) ન. માથું; શીર્ષ; મસ્તક.
મારા કહ્યા વિના માથડિયાં મા કુંચલે રે લોલ.
રઢિયાળી રાત

માથું (માથડું) ન. માથું.

માથેર ૧. સ્ત્રી. (જૂ. ગુ.) મોરશી મહિનો એ નામની વાણિયાની એક જ્ઞાત.
૨. ન. એ નામની જ્ઞાતનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતનું.
સુરહિયા, માથેર, કંબોજ, કરહિયા.
ત્રિભોવનપ્રબંધ

માથેરાવટી સ્ત્રી. માથા ઉપર આવતું કપડું; માથેરી, મથરાવટી
એ એનું નામ કૂવ ને આનું નામ માથેરાવટી ને આ કહેવાય રાંધિકામો. ગોન્તુભાઈ

માથેરોટવું સ. ક્રિ. બપાળી જેવાં બેતીના ઓજરના છતાના ઉપલા ભાગમાં વીંધણા વડે બાણા પાડી લાકડાની ફાડ નાખી મજબૂત ક્રમ કરવું.

માથેરોટી જુઓ માથેરાવટી.

માથલું વિ (કચ્છી) ઉપરનું; ઉપલું

માથસૂનો પું. માથા ઉપર ભમરી હોય તેવો ઘોડો, ભમરીવાળો ઘોડો

માથળિયું ન. ઓવતળિયું

માથા ૧. પું. એક પ્રકારનું રેશમી કાપડ.
૨. [હિં] પું. કપાળ.
૩. [સં.] પું. ઝૂપડીનો બોજારો.
૪. પું. મસ્તક; બાવું; શિર.
૫ પું. મુસાફરી; યાત્રા
૬. પુ. વહાણનો આગલો ભાગ.

માથાઉતાર ૧ વિ. માથેથી ઉતાર્યું હોય એવું; બેદરકારીથી ભરેલું; બેબાકળાપણું સમજ્યા વગરનું; હરકાર કે લક્ષ વિનાનું; બેદિલ
૨. અ. બેદરકારીથી; બેબાકળાપણું સમજ્યા વિના.
આમકાં-બોનો રાજામા નિરાંતે **માથાઉતાર** કામ કરે છે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

૪. સ્ત્રી. મધમાથી બનાવવામાં આવતો એક જાતનો દારૂ.

૫. સ્ત્રી. મધુરકેટક નામની માછલી.

૬ સ્ત્રી. મદ્યોનો દારૂ; પાંચ મકારમ માહેનો એક મકારમ.

મધુ આધ્વી મદિરા, મૈરા સુરા વારુણી પૈચ;
આસવ મદ કાદમ્બરી, મધુવાદિ મૈરેય
ત્રિકાણકોષ

૭. સ્ત્રી માધવી લતા

૮. સ્ત્રી. ધવાનિ રાજાની એ નામની કન્યા; આયુર્વેદ પ્રવર્તક ધન્વંતરિની સ્ત્રી.

માન્વીક ૧ [સં] ન દાઢ.
૨. ન દાઢનો દાઢ
૩. ન મર્મ.
૪ ન મદ્રાસનો દાઢ.

માન્વીક ટેલ [સ.] ન મીઠું નાળિયેર

માન્વીમધુરા [સ.] સ્ત્રી એક જાતની બળતી. મીઠી બળતી

માન ૧ [સ.] સ. ક્રિ. જાણવું.
૨. સ ક્રિ. માન આપવું.
૩. સ ક્રિ વિચારવ

માન ૧. [સં] પુ. અનુરાગ પામેલ સ્ત્રીપુરુષની એક જાતની અવસ્થા.
૨. પું. અભિનય.
૩. પું. પ્રતિયુક્ત કોપ.
૪. પું .(પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અનુષ્ટુપ છંદનો ભેદ છે. તેમા સમણ્ણ, નમણ્ણ, ભણુ અને ગુરુ મળી આઠ વર્ણ આવે છે.
૫. પું ક્રિયા
૬. પું. મદ
૭ પુ. ચિત્તની એક જાતની સમુન્નતિ; ઘમંડ; મોટપ. ગાંધીજી લખે છે કે: માન એટલે ઉપાંજ્યાપણુ નહિ, પણ કરવી કે આજમથી જે આપણને ઘરે છે તે જવા જોઈએ દેવુ એવી મનની સ્થિતિ અને તે પ્રમાણેનુ આચરણ. આવુ માન તેજ માણસ લેખે રાખે છે કે જેનો ખરો વિશ્વાસ કે આધાર ખુદા કે ઈશ્વર ઉપર છે.
૮. [હિ.] પું. જમાર્ક.
૯. પું. નૃત્યનો એક પ્રકાર, દેશઋદ્ધિ પ્રમાણે તાલ, માન, સમરસાનુસાર, સવિલાસ, ભાવભાવ સહિત શરીરથી થતી ક્રિયા.
૧૦. પું. બીજાનું કુ કરી થકું એવુ અભિમાન.
૧૧. પુ. મત.
૧૨. પું. મીણો.
૧૩. પું મોભો.
૧૪. પું વિચાર; મત.
૧૫. પું. હેતુ. આશય.
૧૬. સ્ત્રી. માનની; સ્ત્રી
૧૭. ન. અવિવેકયુક્ત ચેષ્ટા; નખરાં.
૧૮. ન. (વેદાંત) અવિવેકી મનુષ્યે જીવા માત્ર ને નમસ્કારપૂર્વક સત્કાર કરવાપણું.
૧૯. ન. અહંકાર; અભિમાન; પોતાના વિચાર અને સુજનતા માટેનું અભિમાન; પોતાની આબરૂની ટેક; સ્વાભિમાન; સ્તંભ; દર્પ; ગર્વ, મદ; દુરાગ્રહ છોડવો નહિ અને પતિત વચન માનવું નહિ તે. માન દૂર કરવાની સામ, દામ, ભેદ, દાન, નમન અને ઉપેક્ષા એમ છ રીતિઓ છે. તેમ જ કાવ્યશાસ્ત્રમાં માન જોડાવવાના પ્રકૃતિ, ઈર્ષ્યા, ઈર્ષ્યા સામીપ્ય, દ્વાનોપાય અને પ્રમાદ-વિપ્રલંભ એમ ૬ ભેદ કહ્યા છે

ન્યાયે દીધો પડકાર મહ વર્ષ સમય અતિક્રાન્ત,
માન ... કુરુરાજ સત્ય કરત કરવાનુ.
વિનયેન્દ્રયુકાવ્ય

૧ માન કરવુ = ગમગીર થવુ
૨. માન મૂકવું – (૧) અભિમાન છોડવુ. (૨) તાબે થવું; નમવુ આપવુ.
૩. માન મોડવુ = અભિમાન ઉતારવુ.
૪. માનનું ટૂંકું = (૧) બધા જ માની સ્વભાવવાળું. (૨) જેનું સ્વમાન ઘડી ઘડીમા ઘવાઈ જતું હોય તેવુ.
૫. માનમાં રહેવુ = અભિમાનમા રહેવુ. નોટાર્હમાં રહેવુ

૨૦. ન. પ્રાપ્યતા; પ્રતિષ્ઠા; સ્વમાન; આબરૂ; યશ, કીર્તિ; ગૌરવ; મોટાઈ.
૧. માન આપવુ = મોટાઈ આપવા
૨. માન રહેવુ = આબરુ રહેવી; આબરો રહેવો
૩. માન રાખવુ = (૧) આદરસત્કાર કરવો; પૂજ્યભાવ દર્શાવવો (૨) સામાનુ માન રહે તે ખાતર તે કહે તે કરવું. (૩) આબરૂ રાખવી; પ્રતિષ્ઠા જાળવવી.
૨૧. ન. ઉપાધિ.
૨૨. ન. એક જાતનું કરવુ.
૨૩. ન. (ગણિત) એક સંખ્યાનો જેટલામો ઘાત કરવાથી તે બીજી સંખ્યાની બરાબર આવે તે ઘાત બતાવનાર અંક; 'લોગેરિધમ'. પહેલી સંખ્યાને બીજી સંખ્યાના માનનું અંક કહે છે. જેમકે, $3^4 = 81$ એમાં 81 એ સંખ્યાનું "3" સંખ્યારૂપ અંક પ્રત્યેનું માન 4 છે. એ સંક્ષેપમાં આ પ્રમાણે લખાય છે: માન $3^{81} = 4$.
૨૪. ન. કાટલું.
૨૫. ન. કાલાવાલા.
૧. માન આપવું = (૧) કાલાવાલા કરવા; વિનતિ કરવી; પ્રાર્થના કરવી. (૨) વિશેષ આજીજીની અપેક્ષા રાખવી; અંદરથી નમવુ હોવા છતાં બહારથી ના ના કરીને કાલાવાલા કરાવવા.
૨. માન માગવુ = નમ્ર બનવુ કે થવુ.
૨૬. ન. કાળની ગણતરી. જ્યોતિષવિદ્યામાં વર્ષની કાલગણના માટે છ પ્રકારનાં માન કહ્યા છે: સૌર, ચાંદ્ર, સાવન, નાક્ષત્ર, દૈવ અને પૈત્ર.
૨૭. ન. ટેક; બાર; ખોજ.

અહુ આણુ નવિ મૂકઈ આન,
મુઉ કિરવું કરઈ સુરતાન્.
કાન્હડદેપ્રબંધ

૨૮ ન (સંગીત) તાલના ચાર મહેનુ એક સ્થાન. સમ. તાલનુ એક આવૃત્તિ આવી બીજુ આવૃત્ત થઈ જવાનુ ઠેકાણુ
૨૯. ન (સંગીત) તાલના વિરામનો કાલવ્યાપાર.
૩૦. ન. પુષ્કર દ્વીપનો એ નામનો એક પર્વત.
૩૧. ન પૂજ્યભાવ; આદર; બીજા પ્રત્યે નમતા, વિવેક અને અધીનત્વ બતાવા વર્તન તે; પૂજા; સન્માનના; અર્ચા; સદ્ભાવ, સન્માન.

સ્વરાજ આવશે તો કે આપણું માન સૌ કોને,
માતા બહેન માનોને ઉમરના પ્રમાણમા.
ગાંધીગીતા

૧. માન આપવુ દેવુ = સત્કાર કરવો.
૨. માન ઊતરવું = માન પ્રતિષ્ઠા ઓછાં થવા.
૩ માન માગવુ = (૧) વિદાય વખતે સમારંભથી સત્કાર થવો. (૨) સત્કાર થવો
૪. માન મેળવવુ = સત્કાર પામવો; માન પામવુ
૩૨. ન. પ્રત્યક્ષ પ્રમાણ
૩૩. ન. પ્રમાણ, લંબાઈ અને પહોળાઈનું પ્રમાણ, પરિમાણમહત્તા; ક્ષ.
૩૪. ન. ચોકોના કદ માંહેનું એક સવોજ્જન.
૩૫. ન. માન સરોવર.
૩૬. ન. માપવાનું પોરબ્બુ; ગુજ; એકમ; 'યુનિટ'.
૩૭. ન માપવુ કે જોખવુ તે; માપણી; માપ.
૩૮. ન. રીતિ
૩૯. ન. રસાડું; પ્રિયપ્રિયાનું રિસાવું તે.
૪૦. ન (સંગીત) લયપ્રમાણ; ક્રિયાની વચ્ચેનો અંતરવિશ્રામ.
૪૧. ન. ત્રિપ્રહલનો એક ભેદ; આઠ પ્રતિકૂલ ત્રિગનો અપરાધજનિત પ્રભુપકોપ. તેના ત્રણ ભેદ છે: લઘુ, મધ્યમ અને ગુરુ.
૪૨. ન. ક્ષમતા; સામર્થ્ય.
૪૩. ન શરીરનું શાસ્ત્રોક્ત પરિમાણ.
૪૪ ન અપમાનતા. સન્માનપણું; બળતાપણું
૪૫. ન (વેદાંત) સર્વત્ર નહિ નમવાપણું
૪૬ ન (જૈન) સાત માંહેના એ પ્રકારનો અનુરાગ
૪૭. ન ઘરો ક.
૪૮. ન (વ્યાકરણ) વર્તમાન કૃદંત બનાવનાર પ્રત્યય
૪૯ ન. (વ્યાકરણ) વાળું, ધરાવનાર એ અર્થનો નામ ઉપરથી વિશેષણ બનાવનાર પ્રત્યય જેમકે. બુદ્ધિમાન.

માનઅકરામ ૧ ન અબજી; માનપત્ર. સારા આચાર માનપાન અને ગૌરવ કરવુ તે.

૨. ન. પ્રસન્નતા; ખિતાબ વગેરેથી ગૌરવ આપવું તે; માનનો ખિતાબ.
માનઅકરામની માદી = ખિતાબોની યાદી.

માન અધિકારી [સં.] પું. આપણી ગ્રામદાર.

માનઈ સ્ત્રી. (દેશ્ય) તાવડી; કલેડું.

માનકરી ૧. પું. આગરૂદાર ગૃહસ્થ
૨. પું. જેને માન આપવામાં આવે તેવો પુરુષ. માનને લાયક પુરુષ.
૩. પુ. દક્ષિણના મુસલમાની અમલ દરમિયાન સારો હોદ્દો ભોગવ્યો હોય તેનો વંશજ.
૪. પું. રાજાનો સોબતી.
૫. પું. સરકારી હોદ્દેદાર.
૬. વિ. આનંદ આપનાર.

માન કષાય [સં.] પું. (જૈન) અહંકારરૂપી કષાય; ચાર માઠાંનો એક કષાય.

માનકારી પું. માનને લાયક પુરુષ, જેને માન આપવામાં આવે તે પુરુષ.

માનકીડા (માનકીડ) [સં.] સ્ત્રી. (પિંગળ) એક પ્રકારનો છંદ.

માનખુલાસ સ્ત્રી. એક જાતની કેરી.

માનખેહુ વિ. માનમાં મેલુ થયેલ; માન મેળવવા બાબત અત્યંત લાલચુ; ભારે માનેચ્છુ.

માનચાંદ ૧. ન. માન અને ચાંદ મેળવવો તે.
૨. ન. માનપાન.

માનચિત્ર [સં.] ન. નકશો; આકૃતિ; પ્રદેશબાબ આપસર ઉપસાવેલા દર્શાવી કરેલ નકશો, ' રિલીફ મેપ '.

માનચિહ્ન [સં.] ન. પરીક્ષામાં પાસ થવાથી માનને માટે આપેલું નામ; પ્રમાણપત્ર; ચાંદ; 'ડીગ્રી'.

માનછું ન. જેમને બેસવા માટે કાઢવાળો આહો, મંડણ.

માનત ૧. પું. માનતા; બાધા.
૨. ન પ્રતિજ્ઞા
૩. સ્ત્રી. મળતુ તે; મિલન.
૪ સ્ત્રી. માનતા; બાધા; આખડી.
૫. [અ.] ન. સરખાપણું.

માનતા ૧ [અ મિન્નત (ઉપકાર)] સ્ત્રી. કોઈ ખાસ નિશ્ચય કરવા અથવા કોઈ ઇચ્છા પૂરી કરવાને કોઈ દેવ દેવીને કાંઈ અર્પણ કરવાનો નિયમ કે વ્રત; બાધા, આખડી; પન્નુ, પ્રતિજ્ઞા, નિયમ, નેમ માગીએ લાગે છે કે માનતા માનવાનો રિવાજ ધણો જ પુરાણો છે. તેમાં શ્રદ્ધાનું તત્ત્વ રહેલું છે, એ ભલે ઠીક ગણાતું હોય, પણ આ રિવાજ ઉત્તેજન આપવા લાયક નથી.
૧. માનતા કરવી = (૧) ઇચ્છા પરિપૂર્ણ કરવી. (૨) બાધ.આખડી રાખ્યાં હોય તે પૂરાં કરવા.
૨. માનતા માનવી કે રાખવી = ઇચ્છા પૂરી કરવા દેવ દેવીને કાંઈ અર્પણ કરવું.
૩. માનતા મૂકવી = વચન કે પ્રતિજ્ઞામાંથી પોતે મુક્ત થવું; માનતા પૂરી કરવી.
૨. સ્ત્રી. ગૌરવ; પ્રતિષ્ઠા; આબરૂ; કુરમત. માનું મુરવત.
૩. સ્ત્રી. ભક્તિ
૪. સ્ત્રી. માનવું તે; માન્યતા; માનકુમ; સમજૂત.

માનતુપરૂ સ્ત્રી. માનની લાલસા.

માનત્તા ન. કોઈ પણ જાતનો વિશેષ નિયમ.
જેનાથી સંબંધવિશેષ નામના દોષ થવો હોય તે ભિક્ષુણીએ બંને સભાથી પક્ષ દિવસનુ માનત્તા લેવુ જોઈએ. પુરાવસ્તુ

માનદ ૧. [સં. માન + દા (આપવુ)] પું. માન એટલે સોબાગ્યનો આધાર; રવામી
૨. પુ. વિષ્ણુનાં હજાર માઠેનું એક નામ.
૩. વિ. અભિમાની.
૪. વિ. બિનપગારી; વેતન લીધા વગર કામ કરનાર; બિનવારસી; અવૈતનિક; 'ઓનરરી'.
આપી જ આનર્ર આંઠ માનદ શબ્દ નરસિંહરાવે દરાવ્યો છે. પારિ. કોષ
૬. વિ. માન આપનાર; સત્કાર કરનાર; માન આપે તેવું; માન આપતુ
૭. વિ. માન દરાવનાર, માનપ્રદ.
૮. વિ માનને લાયક; માનનીય, માન્ય; સન્માનિત; માનર્હ.
૯. વિ. માનભગ કરનાર; ગર્વને તોડનાર.

માનદકર્યા પુ. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા નગણ, તગણ, જગણ, નગણ, ભગણ, નગણ, જગણ, રગણ, નગણ અને બે ગુરુ એમ બોલ્યુ કુલ અક્ષર હોય છે.

માનદમંત્રી [સં.] પું. માનનીય મંત્રી કે કારભારી; અવૈતનિક પ્રધાન.

માનદંડ ૧. પું. કસોટીનો પથ્થર; નિકષ.
૨. પું. મુખ્યતા લક્ષણ.
૩. પું. ચિહ્ન; નિશાન સત્તા.
૪. પુ. માપવાનો સળિયો. માપવાનું એક સાધન, પ્રમાણપટ્ટી, માપન.

માનદા ૧. [સ] સ્ત્રી. ચંદની સોળ માઠેની એ નામની એક કળા. ગોસ્વામીતુલસીમાં ચંદની સોળ કળા આ પ્રમાણે છે: અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા.
૨. સ્ત્રી. નર્મદાના કાંઠા માઠેનુ એક નામ

માનદાર વિ. માનનાર; માને તેવુ; કબૂલ કરે તેવુ, સ્વીકારનાર

માનદેય ૧ [સં.] ન. નામનો અવેજ.
૨ ન. માનવતન
૩. ન વિદ્વાન ધંધાના માણસોને તેમની મહેનતનો અવેજ કે ફી, 'ઓનરેરિઅમ'.
૪. ન. સભાવના.

માનધાતા [હિ.] પું. મોટો રાજા; માંધાતા.

માનધાતા તીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. તે પુણ્યઘાટ તીર્થની પશ્ચિમે એક માઈલ દૂર આવેલ છે. નર્મદા પયાગમાં લખ્યું છે કે: આ સ્થાન અત્યંત રમણીય છે. નર્મદાજીનો જલસ્રોત ઊપરથી પડવાથી નાનો સરખો ધોધ બની ગયો છે. અહીં મુચકુંદી રાજા માને તપ કર્યું હતું. તેના પ્રભાવથી આ તીર્થ પ્રગટ થયેલ છે.

માનધાતા પર્વત પું. એ નામે એક પર્વત; સુમેરુ પર્વત.

માનનિયમ [સ.] પું. માપ અને વજનની ચોક્કસતાનું નિયંત્રણ કરનાર કાયદો.

માનની ૧. [સં.] સ્ત્રી. પ્રિય ઉપર રીસે ભરાયેલ સ્ત્રી.
૨. સ્ત્રી. બૈરી; નારી
૩. સ્ત્રી. માનિની; માનવતી સ્ત્રી; માન માગતી કે અભિમાની સ્ત્રી.
૪. સ્ત્રી. માનુની; સુંદર સ્ત્રી.

માનનીય ૧. [સં.] વિ માનવા જેવુ; પ્રતિષ્ઠિત; સત્કાર કરવા યોગ્ય; માન આપવાને યોગ્ય; સમાન્ય; માનને યોગ્ય; પૂજ્ય યોગ્ય; પૂજનીય; માનપાત્ર, માન્ય; સન્માનિત, આબરૂદાર; ઇજ્જતદાર.
૨. વિ. સમર્થ; પોતાને કબૂલ હોય તેવુ.

માનન્યા વિ. રાજકુ.
હોય મુજ જે કી માનન્યા હો મુખ પોતારે.
વ્યાસ વસ્ત્રહરણ

માનપટ્ટ [સ.] પું. માપપટ્ટી, ફૂટપટ્ટી.

માનપત્ર [સં.] ન કોઈ રાજ્યસને તેના સારા કામ બદલ કે આભાર માનવા માટે કે એવાં બીજા કામ માટે પ્રશસ્તિ તથા શુભો વગેરેની નોંધ જેમાં લખાયેલ હોય એવી ગદ્યાત્મક પ્રશસ્તિ; સ્તુતિપત્ર, સન્માન કે ધન્યવાદનો જાહેર રીતે અર્પણ થતો લેખ. પ્રશસ્તિપત્ર; પ્રતિજ્ઞાપાત્ર; ' એડ્રેસ'.

માનપાન ૧. ન. મ.ન અને પાન; આદર માથે ખારાપીરાનું; માન અને ઇનામ, ઇજ્જત, આબરૂ; મોભાગ્ય; પ્રતિષ્ઠા; વહાલભર્યો સદ્‌ભાવ અને યોગ્ય. માનમકરામ; માન કરીને અપાયેલા હક્ક, વકર, મુમતજુ.

૨. [મ] ન માન આપવું તે; આદર.

માનપૂર્વક અ. માન સાથે.

માનપ્રિયા સ્ત્રી. એ નામની એક દેવી; મીન સ્ત્રી. મેરુ પર્વતની તળાટીમાં આવેલા મીનાક્ષી દેવી માનપ્રિયાના નામથી પુજાય છે.

ભાગવતી આમ્નાય

માનમિશ્ર પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધોરેય. તે સરકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, બે સગણ, બે નગણ, સગણ અને ગગણ એમ ચોવીસ અક્ષર હોય છે.

માનબુદ્ધિ સ્ત્રી. માન આબરૂની લાગણી કે ભાવના.

માનબોધ પું. અજિત સબંધી જ્ઞાન આપતું સિદ્ધપ્રાભૃતનું એ નામનું પુસ્તક.

માનભંગ ૧. [સં.] ન. અપમાન; હિણપત; અવજ્ઞા; માનહાનિ; બેઆબરૂ.

માનભંગ કરવું = હલકું પાડવું; નમાવવું, અવજ્ઞા કરવી; પદવી ઉતારવી; હોઠું પાડવું.

૨. વિ. અપમાનિત.

માનભાવ ૧. [હિ.] પું. નખરાં.

૨. પું. મહારાષ્ટ્રનો એ નામનો એક સંપ્રદાય.

૩. પું માનની લાગણી.

૪. સ્ત્રી. ખાનદેશ તરફની એ નામની એક જાતિ. તેનો ધર્મો ધાર્મિક ભિક્ષાવૃત્તિનો વ્યવસાય છે.

૫. ન. એ નામની જાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતિનું.

૭. વિ. મહાનુભાવ; મોટું.

માનભાવમત પું. એ નામનો એક મત. આ મતનો સ્થાપક કૃષ્ણ ભટ્ટ હતો. તે મતવાળા પોતાને ભજરામના સંપ્રદાયી કહેવરાવે છે. મહાનુભાવ કે મોટાં ભાવવાળા હોવાનો તેઓ ગોળ કરે છે. વરાડ જિલ્લામાં એના સેવકો વધુ જ છે. તેઓના પાંચ મુખ્ય મઠ તથા પાંચ ઉપમઠ છે. સાધુઓના ગૃહસ્થી અને સંન્યાસી એમ બે ભાગ છે. તેઓ ધોળાં વસ્ત્રો પહેરી તે ઉપર કાળું થીગડું દે છે. બાળલીલા અને ગોપીવિજય આ બે ગ્રંથો ઉપર તેઓને વધારે પ્રીતિ છે. તેઓ કૃષ્ણચરિતામૃત નામના પુસ્તકને માને છે.

માનભાવી વિ. માનભાવનું; માનભાવને અનુસરતું કે લગતું.

માનભેર અ. માનપૂર્વક; માનભરેલી રીતે; માનપ્રદ રીતે.

માનભોગ [સ. મોહનભોગ] પું. શીરો; એક જાતનું પકવાન; મહાપ્રસાદ.

માનમ ૧. સ્ત્રી. ગર્વ; અભિમાન.

૨. સ્ત્રી. મોટપ; મોટાઈ.

૩. વિ. માનની મૂર્તિવાળું.

માનમરતબો [માન + મર્તબહ (પદવી)] પું. માન; આબરૂ; પ્રતિષ્ઠા; મોભો, આબરૂ અને દરજ્જો

માનમર્યાદા [સં. માન + મર્યાદા (હદ)] સ્ત્રી આબરૂ; વિવેક; શરમ; માનપૂર્વક મર્યાદામાં રહીને કરવાનું વર્તન; આબરૂ રાખીને માન જાળવવું તે; મુરવત; આરબોજ.

માનમંજરી સ્ત્રી. વૈષ્ણવાનંદજીએ લખેલ એ નામનું એક પુસ્તક.

વૈષ્ણવાનંદજીએ પણ જૂનાગઢમાં આવેલા બે ગ્રંથોમાંથી **માનમંજરી** અને અનેકાર્થી, દલપતરામને ઉતારી લેવાને આપ્યાં હતાં.

દલપતરામ

માનમંદિર [હિં.] ન. વેધશાળા; માનમૂહ.

માનમાંડ પું. શોભાવાળાં પાનનો એક જાતનો છોડ.

માનમુખી પું. (પિંગળ) સંસ્કૃતિ વર્ણનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં બે નગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર, બીજા ચરણમાં જગણ, સગણ, નગણ અને ગગણ મળી બાર અક્ષર, ત્રીજા ચરણમાં નગણ, ગગણ, નગણ અને ગગણ મળી બાર અક્ષર અને ચોથા ચરણમાં જગણ, તગણ, નગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

માનમોડણ (માનમોડણ) વિ. માનને તોડી નાખનાર; માનને મોડી રાખનાર; માનને ભાંગી નાખનાર; માન તળવનાર.

માનમોભો પું. માન અને મોભો; આબરૂ; પ્રતિષ્ઠા.

માનમોંઘું વિ. માનને લીધે મોંઘું.

માનરંધ્રા સ્ત્રી. ઘટીયંત્ર; કાલપ્રમાણ જાણવાની તાંબાની ઘડી; જલઘડી. પ્રાચીન કાળમાં સમય જાણવા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેમાં એક નાનો વાટકો લઈને તેમા એક નાનું છિદ્ર પાડવામાં આવતું તે એક મોટા પાણીથી ભરેલા વાસણમાં મૂકવામાં આવતો અને તે છિદ્ર દ્વારા તેમા ધીમે ધીમે પાણી ભરાવા લાગતું. તે વાટકો બરાબર એક દંડ કે ઘડીમાં ભરાઈ પાણીમાં ડૂબી જતો હતો પાછો તેને કાઢીને ખાલી કરી ફરી તે જ રીતે પાણીમાં મૂકવામાં આવતો. આ રીતે સમયનું માપ કરવામાં આવતું.

માનવ ૧. પું (પુરાણ) એ નામે એક ઋષિ.

૨. પું (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રા મેળ છંદ. તે જગણવાળી અર્ધા છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૪૭ લઘુ મળી ૫૨ વર્ણની ૫૭ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માલતિકા; માલતી; માનવક; વસંત. તે માનવી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ મળી ૯ અક્ષર હોય છે.

૪ પું. (પિંગળ) ચૌદ માત્રાનો એક માત્રાજાતિ છંદ; મધુમાલતી. પ્રસ્તાર ભેદથી તેની ૬૧૦ વૃત્તિઓ થાય છે.

૫. [સં.] પું. બાળક.

૬. પું. ચૈત્રના શ્રીજા માહેનો બીજાનો દિવસ.

૭. પું મનુ.

૮. [સં. મનુ + અ (અપત્યવાચક પ્રત્યય)] પું મનુથી ઉત્પન્ન થયેલ માણસ, મનુષ્ય; માણસ જાતિ; આદમ; માનવી. વસતી મનુથી ઊતરેલી છે. તેથી એ વસતી મનુષ્ય નામ ઉપરથી માનવ કહેવાય છે. આર્ય પ્રજાને ધર્મશાસ્ત્ર આપનાર મહાન નરપતિ મનુની બધી પ્રજા માનવ કહેવાતી. દેવો અને આર્યો જુદી પ્રજા હતી પણ માનવો એટલા બધા હતા કે ત્રણે પ્રજા મળી ગઈ, ત્યારે બધા માનવો કહેવાયા ને મનુસ્મૃતિને સહુ ધર્મશાસ્ત્ર માનવા લાગ્યા. વિનોબા લખે છે કે: પહેલાં આપણે માનવની સૌમ્યતમ અને પાવન મૂર્તિઓમાં પરમાત્માનાં દર્શન કરતાં શીખીએ.

મનુષ્ય માત્રે મનુષ્ય નર, માનવ મનુજ પ્રમાણ;
લાયક સહુજન સાપને, હરિ ઈશ્વર ભગવાન.

વિજાતપુરોષ

૯. પું મનુના ધર્મને કે મતને અનુસરનાર.

૧૦. ન. અઠાર માહેનુ એ નામનુ એક ઉપપુરાણ.

૧૧. ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર

૧૨. ન. એક પ્રકારનો દંડ કે શિક્ષા.

૧૩. ન. કૃષ્ણયજુર્વેદનું એક કલ્પસૂત્ર.

૧૪. વિ. મનુનું; મનુ સંબંધી.

૧૫. વિ. માણસ સંબંધી; માણસનું

માનવક ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માલતિકા; મનોહર; માલતી; માનવ; વસંત. તે માનવી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ મળી ૯ અક્ષરો હોય છે

૨. [સં.] પું. ગોરો.
૩ પુ. મુગ્ધ માણસ.
૪ પુ. ચમત્કાર; ડિંગિયો માણસ.

માનવકલ્પ ૨. પુ. (પુરાણ) બ્રહ્મદેવના આયુ નામના પુત્ર મનેસ વીસમો કલ્પ.

૨. પું. બ્રહ્માના ત્રીસ માસેનો એક દિવસ

માનવગૃહ્યસૂત્ર ન. વૈદિક વિધિ ઉપર મનુએ લખેલું એ નામનું એક પુસ્તક; કલ્પસૂત્ર.

માનવક્ષ પું. પામર મનુષ્ય.

માનવકોટિ [સં. માનવ + કોટિ (જાત)] સ્ત્રી. મનુષ્ય જાત.

માનવક્રીડા (માનવક્રીડા) પું. (વિશ્રામ) એ નામનો અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ; સુરક્રીડા; માણવક; માણવક. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષરો હોય છે.

માનવક્ષતિ [સં. માનવ + ક્ષતિ (ક્ષિપ્ત)] સ્ત્રી. મનુષ્યપણામાં ક્ષિપ્ત.

માનવગુણારોપણ [સં.] ન. અચેતન વસ્તુમાં મનુષ્યના જેવાં લક્ષણો કલ્પવાં અથવા માની લેવાપણું.

માનવગ્રામ [સં.] સ્ત્રી. મનુષ્યજાત; તમામ પ્રકારના માણસોનો સમૂહ.

માનવજાતિ [સં.] સ્ત્રી. મનુષ્યની જાત; માણસજાત; મનુષ્યજાતિ.

માનવજાતિશાસ્ત્ર [સં.] ન. મનુષ્યજાતિ વિષયક વિદ્યા.

માનવજીવન [સં.] ન. મનુષ્યજીવન, માણસની જિંદગી કે જીવનચર્યા.

માનવડું (માનવડું) ન. મનુષ્ય. કવિતામાં વપરાય છે.

માનવતત્ત્વવિજ્ઞાન [સં.] ન. માનવજાતિ સંબંધનું જ્ઞાન આપતું શાસ્ત્ર.

માનવતત્ત્વશાસ્ત્ર જુઓ માનવતત્ત્વવિજ્ઞાન.

માનવતનુધારી [સં. માનવતનુધારિન્] વિ. મનુષ્યસ્વરૂપી; મનુષ્ય અવતાર ધારણ કરનાર.

માનવતા ૧. [વિ.] સ્ત્રી. મનુષ્ય ઉપર પ્રેમ; હિતબુદ્ધિ; જનતા ઉપર પ્રેમ; આત્મભાવ; જનતાહિતતા, માનવહિતતા; મનુષ્યત્વતા; 'હ્યુમેનિટિ'.

૨ સ્ત્રી. માણસાઈ; મનુષ્યત્વ; મનુષ્યપણું.

માનવતાવાદ [સં.] પું. માનવકલ્યાણ એ જ ઉચ્ચ કર્તવ્ય છે એવો વાદ; માનવત્વવાદ; 'હ્યુમેનિઝમ'.

માનવતી ૧ [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; જેના અપરાધસૂચક ચિહ્નો પતિ સામે જાહેર કરી પોતાના પ્રેમની ખાતરી આપે અને અભિમાનમાં રહેનારી સ્ત્રી; પ્રિય ઉપર રીસે ભરાયેલી કે ક્રોધે ભરાયેલી સ્ત્રી.

૨. સ્ત્રી. આરંભમાં રહેતી

૩. પ્રા. માનની કન્યા સાથેની સ્ત્રી.

૪ ન. પતિ તરફનું જોને માન હોય એવું, માનિનીપણું.

માનવત્વ ન. માનવપણું

માનવી દરેક પ્રકારના **માનવત્વને** વિષે પણ ઉત્કટ પ્રેમ વિનાના થઈ ગયા છે.

પુરાવૃત્ત

માનવત્વવાદ [સં] પું. માનવભાવનાવાદ; માનવહિતવાદ; માનવાર્થવાદ; માનવભક્તિવાદ; જનતાપ્રેમના; 'હ્યુમેનિઝમ'.

માનવદેય [સં.] પું. રાજા.

માનવદેહ [સં માનવ (મનુષ્ય) + દેહ (શરીર)], પું. મનુષ્યનો દેહ. માનવદેહ ઉત્તમ કહેવાય છે. તેનું કારણ એ છે કે દેવ, તિર્યંચ કે નરક એ ત્રણ ગતિથી મોક્ષ નથી, માત્ર માનવદેહથી મોક્ષ છે. અતિ પુણ્યના પ્રભાવથી એ દેહ સાંપડે છે. કોઈ પણ બીજા દેહમાં પૂર્વ કર્મનિર્જરાનો ઉદ્યમ કરી શકાતો નથી અને મોક્ષના માર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી.

માનવદેહધર્મવિદ્યા [સં.] સ્ત્રી. મનુષ્યના શરીરના ધર્મ સંબંધી વિદ્યા

માનવદેહવિજ્ઞાન [સં.] ન. માણસના શરીર સંબંધનું વિજ્ઞાન.

માનવદોષદર્શી [સં. માનવદોષદર્શિન્] વિ. માનવીમાં દોષ કે અપૂર્ણતા જ જોવાની ટેવવાળું કે તેનું દીક્ષાશીલ; 'સિનિક્સ'.

માનવદ્વેષી [સં માનવદ્વેષિન્] વિ. જનશત્રુ; વિશ્વશત્રુ; જનાપકાર બુદ્ધિનું; માણસ જાતને વિક્ષુબ્ધ કરનાર; વિશ્વદ્રોહી.

માનવધર્મ [સં] પું. મનુષ્યનો ધર્મ. કોઈક કહે છે કે, સનાતન હિંદુ ધર્મ કૃપણ નથી. એ ઉદાર ધર્મ છે એ કૂવાના દેડકાની જેમ કૂવાને દેશ માનતો નથી. એ માનવધર્મ છે. મહાભારતનો મહાવાણી દીક્ષાકાર એને માનવીનો ક્ષાંતિધર્મ કહે છે એ જ બરાબર છે. પણ જેમ હોય કે ન હોય. હિંદુ શબ્દ સંસ્કૃત નથી. સિંધુની આર પારના રહેનારને પરદેશીએ હિંદુ કહ્યા તે આપણે એ શબ્દ પચાવ્યો. મનુ કોઈ એક પુરુષનું નામ નથી. જેણે રચેલું શાસ્ત્ર માનવધર્મશાસ્ત્ર કહેવાય છે એ શાસ્ત્રી માનવી છે. તેમાંના અસલ શ્લોકો કેટલા છે તે અનુમાનની વાત છે. બાકી જગન્નાનદાસે કેટલાક ક્ષેપક માન્યા છે તેના અર્થ કરવામાં પણ મોટો વાદવિવાદ ચાલ્યો છે. મારી દૃષ્ટિએ એમાનું જે બુદ્ધિ અને હૃદયગમ્ય છે, તે માનવધર્મશાસ્ત્ર છે એમાં સુધારાવધારાને હમેશા અવકાશ રહ્યો છે. ક્ષેપક શ્લોકો તેના યુગના પોતાને સુધારક પામનારનો સહજ કે નિષ્ફળ પ્રયત્ન છે એવું માનવધર્મશાસ્ત્ર માનવી માત્રને લાગુ પડવું જોઈએ તેમાં જરા પણ ભેદ ન હોય, નથી. હું મન, કોઈ હિંદુ નથી, મુસલમાન નથી, પારસી નથી, ક્રીશ્ચિયન નથી; બધા ધર્મો માનવી છે. એનું શાસ્ત્ર માનનારા ભેદભાવ જાને રાખે !

માનવધર્મશાસ્ત્ર [સં.] ન. મનુએ લખેલ કહેવાતું પુસ્તક; મનુસ્મૃતિ.

માનવધર્મશાસ્ત્રી [સં. માનવધર્મશાસ્ત્રિન્] પું. માનવધર્મશાસ્ત્ર ભણનાર માણસ.

માનવધર્મારોપક વિ. અચેતન વસ્તુમાં સચેતન મનુષ્યના ગુણોનું આરોપણ કરનાર.

માનવપતિ [સં.] પું. રાજા.

માનવપરિવાર પું. જનતા

માનવપૂજા સ્ત્રી. નરપૂજા; માણસની પૂજા.

માનવભક્તિ [સ] સ્ત્રી. માનવસમાજની સેવા કરવાની વૃત્તિ; બધુભાવ.

માનવભક્તિવાદ જુઓ માનવભાવનાવાદ.

માનવભાવનાવાદ પું. માનવભક્તિવાદ; માનવત્વવાદ; જનતાપ્રેમ; માનવતા; ભૂતદયા; 'હ્યુમેનિટિ'.

માનવમિતિ સ્ત્રી. મનુષ્યના શરીરનું માપ.

માનવમુદ્રા સ્ત્રી. માણસની છાપ કે મહોરાની આકૃતિ.

માનવમેદની [સં. માનવ (માણસ) + મેદની (સમૂહ)] સ્ત્રી માણસોનું ટોળું.

માનવરાજ પું. મોટો માણસ; મનુષ્યોનો રાજા.

માનવર્જિત ૧. [સં.] વિ. નમ્ર.

૨. વિ. નીચ; બેબાકરું.

૩. વિ. માન વિનાનું

માનવલીલા સ્ત્રી. માણસ તરીકેનું કર્તવ્ય; મનુષ્યધર્મ.

માનવલોક પું. મૃત્યુલોક.

માનવલોકેશ [સં] પું. બ્રહ્માલોકેશ્વરનું એક નામ. પુરાણોમાં બ્રહ્માલોકેશ્વરના મોહમાનું મહત્ત્વપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે માનવસૃષ્ટિનું આરોગ્યરક્ષણ અને અવતિકા નગરીને બનાવેલ છે. તેથી માનવલોકેશ નામથી તેનું

મહત્ત્વ પહોંચેલું છે. આ સ્થાનની ભારતના સંપૂર્ણ ધાર્મિક સ્થાનોમાં વિશેષ મહત્તા તેમ જ શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. મહાત્મા હાજિદાસે પોતાની લેખિનીથી આ સ્થાનનું ઘણું મોહક વર્ણન કરેલું છે. મહાકાલેશ્વરના મંદિર ઉપર સાયંકાલીન શોભાથી નયનસુખ લેતાં ચતુરજનો દ્વારા નમારાઓનું અનુકરણ કરવાનો આગ્રહ મહા મેળને કરે છે. જુઓ મહાકાલેશ્વર.

માનવ વંશ પું. માનવ પરિવાર. કવિ નાનાલાલ કહે છે કે, પૃથ્વી ઉપરનો આજનો માનવ પરિવાર આશરે બે અબજ જનતાનો છે. આર્ય વંશ, દ્રાવિડ વંશ, મોંગોલ વંશ, સેમેટિક અને હેમેટિક વંશ, પ્રશિયોપિઅન વંશ, બોડાકે રાતા અમેરિકનો અને જૂજ ઑસ્ટ્રેલિયમાના, સિલહટ્ટોપમાના પુરાણા માનવ વંશો એ પ્રધાન માનવ ગોત્રો છે. દ્રાવિડ વંશ આજ બલોખરો આર્ય વંશમા ભળી ગયો છે. જાપાનિઝ, ચીન, જપાન, પૂર્વ રશિઅન, કારમર, મોંગોલિઅન, તિબેટ, સિયામ, ફ્રેન્ચાડિઅન, એ દેશોમાં મોંગોલ વંશજોનો વાસ છે. તેમની વસતી આશરે પાંસઠેક કરોડની છે. ફિનીશિઅન, સિરિઅન, અરબિઅન, યાહૂદી જોમ, પેલેસ્ટાર્ઇન, ઉત્તર આફ્રિકનો કિનારો, એ દેશોમા સેમેટિક, હેમેટિક, વંશજોનો વાસ છે. તેમની વસતી આશરે પંદરેક કરોડની છે. સહરાનું રણ અને પૂર્વ કાંઠાથી પશ્ચિમ કાંઠા સુધીનો મધ્ય આફ્રિકા તે દેશોમાં પ્રશિયોપિઅન વંશજોનો વાસ છે અને તેમની વસતી આશરે કરોડની છે. રાતા અમેરિકનો દક્ષે બાર એક કરોડ છે. અન્ય મૂળ જાતો આશરે આરેક કરોડ હશે. એમ પૃથ્વી પરમારે આર્ય વંશથી અન્ય વંશોની વસતી આજ આશરે ૬૭ કરોડની છે અને એક આર્ય વંશની વસતી આશરે ૬૬ કરોડની છે. આમ જગતવાસી બધો માનવ વંશ આજે આર્ય ગોત્રોઓનો છે, બધો માનવ વંશ અનાર્ય ગોત્રોઓનો છે. વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ગૃહસૂત્રો, ઉપનિષદોનો વારસ, બાર હજાર વર્ષોથી આર્ય સંસ્કૃતિને અને તેટલા શુદ્ધ સ્વરૂપમાં જાળવતો અને જતન કરતો, પૃથ્વીના આર્ય વંશનો સગભગ એક ચતુર્થાંશ ભાગ, ત્રણસો કરોડ આર્ય જનતા, આજે આર્યાવર્તમા વસે છે. આર્ય સંસ્કૃતિના રક્ષણ, વિકાસ, પ્રચાર જાણે પરમેશ્વરે આર્યાવર્તની આર્ય મહાપ્રજાને જગાવેલાં હોય ને! સત્તાણુ કરોડ અનાર્ય ગોત્રોઓમાથી તિબેટ, ચીન, જપાન, મોંગોલિઅન, બ્રહ્મદેશ, સિયામ, ફ્રેન્ચોડિઅન, બ્રહ્મા, સુમાત્રા, પૂર્વ ઑસિઅવાસી પાસઠેક કરોડ મોંગોલ વંશજો શુદ્ધ ભગવાનની આર્યભાષામા છે. આફ્રિકવાસી પ્રશિયોપિઅનો અને આફ્રિકના ઉત્તરપૂર્વ અને દક્ષિણ કિનારાવાસીઓ આજે ફ્રેન્ચ, ઇટાલિઅન, જર્મન, રોમન ગ્રેવી વરપ્રવાસી આર્ય પ્રજાની સંસ્કારછાયામાં છે. એમ સગભગ બેથી ક્રોડ અનાર્ય ગોત્રોઓ આજે આર્યભાષામા છે. સમસ્ત પૃથ્વીસ્તરમાં માંડ વીસેક કરોડ અનાર્યગોત્રોઓ આજે આર્યભાષામાં નહિ હોય. પ્રતિહાસ કહે છે કે, આજ પૃથ્વીવાસી બે અબજ માનવ વશમાથી છન્નુ કરોડ આર્ય મહાપ્રજાના વરાજે છે અને સત્તાણુ કરોડ અનાર્ય વસાહતોમાંથી સગભગ બેથી કરોડ આર્યસરકાર અને આર્યસસ્કૃતિની છાયામાં છે. બે અબજ માનવ વંશમાથી આર્યવરાજ કે આર્યસરકારી નહિ ગ્રેવી માત્ર વીસેક કરોડ જનતા ઠરી

માનવવંશ રાજ્ય ન. મનુષ્યજાતિને ઓળખવાનું રાજ્ય; અનેક જાતનાં મનુષ્યોનાં રૂપ, રંગ, કદ, ગુણ, અવગુણ વગેરે નક્કી કરીને મનુષ્યજાતિને ઓળખાવનાર રાજ્ય; મનુષ્યની ઓલાદને લગતુ રાજ્ય

> હાલમાં યુરોપમાં **માનવવંશ રાજ્ય** વસ્ત સરકારી ખાતાંનું વહન વધારે છે. કાલેલકર

માનવવંશ રાજ્યી સ્ત્રિ. મનુષ્યવર્ગનું જ્ઞાન પરાવનાર

માનવવંશી વિ. માનવવશને લગતું; માનવ વશનું; મનુષ્યના વંશનું

માનવવિકાસ રાજ્ય ન. માણસની શક્તિનો વિકાસ કરવાનું રાજ્ય.

માનવશક્તિ સ્ત્રી. મનુષ્યની શક્તિ; મનુષ્યની ટોળિશાહી, તાકાત, જથ્થા, ટોળબળ વગેરે. કોઈ પણ રાજ્યની મોટામાં મોટી તાકાત એ તેની માનવશક્તિ જ છે. ધન, વૈભવ, સાધન, સંપત્તિ, બુદ્ધિ, સુરાજ્ય, અવરચા, બધાં ઇષ્ટ વસ્તુના ખોળિયાં છે. તેમાં પ્રાગ્‌પુરાતત્ત્વ તો માનવશક્તિ જ છે. આ માનવ સમુદાય જેટલે અંશે શિક્ષિત અને સસ્કારી તેટલે અંશે રાજ્ય કલ્યાણકારી બની શકે.

માનવશાસ્ત્ર ન. માનવજાતિની ઉત્પત્તિ અને વિકાસ વગેરેનુ વિવેચન કરતું શાસ્ત્ર; મનુષ્યની અંદર રહેલી શારીરિક, માનસિક, આધ્યાત્મિક શક્તિઓ તેમ જ તેનાં કાર્યો અને પ્રકૃતિઓની જ્ઞાનાનુસાર વિવેચના કરનાર શાસ્ત્ર; મનુષ્યની ચામડીના રંગ, ભાષા, માથાનો ઘાટ વગેરે ઉપરથી મનુષ્યની મુખ્ય જાતોનું વર્ણન કરતું શાસ્ત્ર. દુનિયાના જુદા જુદા ભાગોમાં મનુષ્યની કેટલી જાતિઓ છે, સૃષ્ટિના પરસ્પર જીવોમા મનુષ્યનું શું સ્થાન છે, મનુષ્યોની સૃષ્ટિ કયારે અને કેવી રીતે થઈ, તેની સભ્યતાનો વિકાસ કેવી રીતે થયો વગેરે બાબતો આ શાસ્ત્રથી જાણી શકાય છે.

માનવસાહસ ન. માણસોએ કરેલ જોખમ ભરેલ સાહસ

માનવહક્ક પું ન. મનુષ્યને જન્મ સાથે જ પ્રાપ્ત થતા સમાન અને અબાધિત હક્ક. આ હક્કો સબધી સંયુક્ત રાષ્ટ્રોની સરવાની સામાન્ય સભાએ વિશ્વવ્યાપી ઉદ્‌ઘોષણા કરીને જે ઠરાવ્યુ છે તે કલમવાર નીચે પ્રમાણે છે: (કલમ ૧) મનુષ્યમાત્ર જન્મથી સ્વતત્ર છે અને માન અને હક્કની દૃષ્ટિએ પણ બધાં સરખાં છે. તેમનામાં વિચારશીલતા અને અંતઃકરણ છે અને તેમણે એકબીજા પ્રત્યે ભ્રાતૃભાવથી વર્તવુ જોઈએ. (કલમ ૨) (૧) વંશ, રંગ, જાતિ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય માન્યતા, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્‌ભવ, મિલકત, જન્મ અથવા બીજા કારણના કોઈ પણ ભેદભાવ વિના આ ઉદ્‌ઘોષણામાં લખેલા બધા હક્કો અને સ્વાતંત્ર્ય ભોગવવાનો દરેકને હક્ક છે. (૨) વિશેષતઃ કોઈ પણ મનુષ્ય જે દેશ અથવા પ્રદેશનો હોય તેના રાજકીય, હકૂમતી અથવા આંતરરાષ્ટ્રીય દરજ્જાને કારણે કોઈ પણ ભેદભાવ દાખવવામાં આવશે નહિ. પછી આ પ્રદેશ સ્વતંત્ર હોય, વાલીપણા નીચે હોય, સ્વશાસિત ન હોય અથવા તેની સાર્વભૌમ સત્તા કોઈ પણ પ્રકારે મર્યાદિત હોય. (કલમ ૩) દરેક મનુષ્યને જીવનનો, સ્વાતંત્ર્યનો અને આત્મરક્ષણનો હક્ક છે (કલમ ૪) કોઈ પણ માણસને ગુલામ અથવા કોઈ પ્રકારના બંધન તળે રાખવામાં આવશે નહિ. ગુલામી અને ગુલામોનો વેપાર બધાં સ્વરૂપે પ્રતિબંધિત કરવામા આવશે. (કલમ ૫) કોઈ માણસને ત્રિરાવવામાં આવશે નહિ. તેમના પ્રત્યે નિર્દય, અમાનુષી કે હીચકારાભરેલું વર્તન બતાવવામાં આવશે નહિ. (કલમ ૬) સૌને સર્વત્ર કાયદાની સમક્ષ વ્યક્તિ તરીકે સ્વીકારવાનો હક્ક છે (કલમ ૭) કાયદાની દૃષ્ટિએ સૌ સરખાં છે અને કોઈ પણ જાતના ભેદભાવ વિના કાયદાનું સમાન રક્ષણ મેળવવાનો સૌને હક્ક છે. આ ઉદ્‌ઘોષણાની વિરુદ્ધ જઈને કોઈ પણ ભેદભાવ દર્શાવાય અથવા એવા ભેદભાવ માટે કોઈ ઉશ્કેરણી કરવામાં આવે તો તે સામે સમાન રક્ષણ મેળવવાનો સૌને હક્ક છે (કલમ ૮) બધારણ દ્વારા અથવા કાયદેસર રીતે જે મુખ્ય હક્કો મનુષ્યને આપવામા આવેલા છે, તેનુ ઉલ્લઘન કરનારાં કૃત્યો માટે નિષ્પાત રાષ્ટ્રીય પચો દ્વારા દરેકને અસરકારક ઉપાયો લેવા હક્ક છે. (કલમ ૯) કોઈને તેમ સ્વેચ્છાએ કોઈને પકડી શકાશે નહિ, બાંધી રાખી શકાશે નહિ અને દેશનિકાલ કરી શકાશે નહિ. (કલમ ૧૦) કોઈ પણ મનુષ્યના હક્ક અને જવાબદારીઓના

નિર્દોષ ઠરે અને તેની સામે કોઈ પણ ફોજદારી આરોપ આવ્યા હોય તે માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ પંચ પાસે સંપૂર્ણ સમાનતાથી ન્યાયપૂર્વક અને જાહેર રીતે પોતાની હકીકત સાંભળવાનો સૌને હક્ક છે. (કલમ ૧૧) (૧) ગુનેગારને પોતાના બચાવને માટે જરૂરિયાતની બધી સગવડો પૂરી પાડવામાં આવેલી હોય એવી જાહેર તપાસમાં કાયદા પ્રમાણે ગુનેગાર સાબિત ન થાય ત્યાંસુધી ફોજદારી ગુનાના આરોપવાળા દરેક જણને નિર્દોષ મનાવાનો હક્ક છે (૨) બનાસુધી કોઈ પણ કૃત્ય અથવા દોષ તે થયો તે વખતે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદાની દૃષ્ટિએ ફોજદારી ગુના તરીકે લેખાતો ન હોય ત્યાંસુધી કોઈ પણને ફોજદારી ગુના માટે દોષિત ઠરાવી શકાશે નહિ. તેમ જ એવો ફોજદારી ગુનો કરવામાં આવ્યો તે સમયે લાગુ પાડી શકાની હોય તેટલી રકમના કરતાં વધારે રકમનો દંડ પણ કરવામા આવશે નહિ. (કલમ ૧૨) કોઈ પણ માણસની ખાનગી, કૌટુંબિક ઘરબારવહાર અથવા પત્રબારવહારની બાબતોમાં કાયે તેમ દખલગીરી કરવામાં આવશે નહિ; તેમ તેનાં માન અને પ્રતિષ્ઠા ઉપર આક્રમણ કરાશે નહિ. આવી દખલગીરી અથવા આક્રમણો સામે કાયદેસર સંરક્ષણનો દરેકને હક્ક છે. (કલમ ૧૩) (૧) દરેક રાજ્યની હદમાં દરેકને હરવાફરવાની અને રહેવાની સ્વતંત્રતા છે. (૨) દરેકને પોતાનો તેમ જ બીજો કોઈ દેશ છોડી જવાનો અને પોતાના દેશમાં પાછા આવવાનો હક્ક છે. (કલમ ૧૪) (૧) બીજા દેશોમાં જેરજુલમમાંથી બચવા માટે આશ્રયસ્થાન શોધવાનો અને તે ભોગવવાનો દરેકને હક્ક છે. (૨) સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના હેતુઓ અને સિદ્ધાંતોની વિરુદ્ધ જે કૃત્ય કરાયેલાં હશે અથવા તો બિનરાજકીય ગુનાઓને અંગે કાયદાની કોર્ટમાં યથાર્થ રીતે કામ ચાલતું હશે તેવા કિસ્સામાં આ હકનો લાભ માગી શકાશે નહિ. (કલમ ૧૫) (૧) પ્રજાત્વનો દરેકને હક્ક છે. (૨) પ્રજાત્વનો કોઈને હક્ક કાયે તેમ બદલી લેવામાં આવશે નહિ અથવા તો પ્રજાત્વ બદલાવવાના કોઈના હકનો ઇન્કાર કરવામાં આવશે નહિ. (કલમ ૧૬) (૧) પૂરી ઉંમરે પહોંચેલાં પુરુષો અને સ્ત્રીઓને વંશ, પ્રજાત્વ અથવા ધર્મના કોઈ પણ પ્રતિરોધ વિના પરણવાનો અને કુટુંબ સ્થાપવાનો હક્ક છે. લગ્નની બાબતમા, લગ્ન દરમિયાન અને છૂટાછેડા વખતે તેઓ સમાન હકના અધિકારી છે. (૨) લગ્ન કરવા ઇચ્છનારાઓની સ્વતંત્ર અને સંપૂર્ણ સમતિથી લગ્ન કરી શકાશે. (૩) સમાજનું કુદરતી અને મુખ્ય સામુદાયિક એકમ કુટુંબ છે અને તેને સમાજ તથા રાજ્ય તરફથી સંરક્ષણ મેળવવાનો હક્ક છે. (કલમ ૧૭) (૧) પોતાની સ્વતંત્ર માલિકીની તેમ જ બીજાની સાથે સંયુક્તપણે મિલકત ધરાવવાનો દરેકને હક્ક છે. (૨) કોઈની મિલકત આપખુદી ભરેલી રીતે છીનવી લેવામાં આવશે નહિ. (કલમ ૧૮) વિચાર, અંતઃકરણ અને ધર્મના સ્વાતંત્ર્યનો દરેકને હક્ક છે. ધર્મ અથવા ધાર્મિક માન્યતા બદલવાના સ્વાતંત્ર્યનો અને એકાકિ રીતે અથવા તો અન્યોની સાથે રહીને જાહેરમાં અથવા ખાનગી રીતે ઉપદેશમાં, આચરણમાં, પૂજનમાં અને પાલનમાં પોતાનો ધર્મ અથવા ધાર્મિક માન્યતા વ્યક્ત કરવાના સ્વાતંત્ર્યનો આ હકમાં સમાવેશ થાય છે. (કલમ ૧૯) કોઈ પણ વિચાર ધરાવવાના અને તે દર્શાવવાના સ્વાતંત્ર્યનો દરેકને હક્ક છે. દખલગીરી વિના મત ધરાવવાના સ્વાતંત્ર્યનો અને સીમાઓના પ્રતિરોધ વિના કોઈ પણ માધ્યમ દ્વારા માહિતી અને વિચારોના શોધન, સંપાદન અને આપલેના સ્વાતંત્ર્યનો આ હકમાં સમાવેશ થાય છે. (કલમ ૨૦) (૧) શાંતિપૂર્વકની કોઈ પણ સભા કે મંડળમાં જોડાવા બનાના સ્વાતંત્ર્યનો દરેકને હક્ક છે. (૨) કોઈ પણ મંડળમાં જોડાવાની કોઈને ફરજ પાડી શકાશે નહિ. (કલમ ૨૧) (૧) સીધી રીતે અથવા સ્વતંત્રપણે પસંદ કરેલા પ્રતિનિધિઓ મારફત પોતાના દેશના શાસનમાં ભાગ લેવાનો દરેકને અધિકાર છે. (૨) પોતાના દેશમાં જાહેર નોકરી સમાન ધોરણે પ્રાપ્ત કરવાનો દરેકને હક્ક છે. (૩) પ્રજાની ઇચ્છા એ સરકારની સત્તાનું અવલંબન છે. આવી ઇચ્છા નિયત વખતને આંતરે યોજાતી ચૂંટણીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવશે. ચૂંટણીઓ સાર્વત્રિક અને સમાન મતાધિકારના ધોરણે ખાનગી મત દ્વારા અથવા એવી જ રીતના સ્વતંત્ર મતપદ્ધતિના ધોરણે કરવામાં આવશે. (કલમ ૨૨) સમાજના સભ્ય તરીકે સામાજિક સરક્ષણનો દરેકને હક્ક છે. અને રાષ્ટ્રીય પ્રયાસ તથા આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા તેમ જ દરેક રાજ્યના બંધારણ તથા સાધનો અનુસાર આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક્ક કે જે તેના ઘરબાર માટે તથા તેના વ્યક્તિત્વના સ્વતંત્ર વિકાસ માટે આવશ્યક છે તેના સંપાદન માટે તેને અધિકાર છે. (કલમ ૨૩) (૧) કામ કરવા માટે, પોતાની પસંદગી માટે, કામની ન્યાયી અને સાનુકૂળ કરતો માટે અને બેકારી સામે રક્ષણ મેળવવા દરેકને હક્ક છે. (૨) ભેદભાવ વિના એકસરખા કામ માટે એકસરખો પગાર મેળવવા દરેકને અધિકાર છે. (૩) કામ કરનાર દરેક જણ પોતે અને પોતાનું કુટુંબ મનુષ્યના ઘરબારને લાયે તેવું જીવન જીવી શકે તે માટે વાજબી અને અનુકૂળ મહેનતાણા માટે હક્ક ધરાવે છે. જરૂર જણાય તો સામાજિક રક્ષણનાં અન્ય સાધનો દ્વારા તેમાં ઉમેરો કરી શકાય. (૪) પોતાના હિતના રક્ષણ માટે કામદાર મંડળો ઊભા કરવા અને તેમાં જોડાવા દરેકને હક્ક છે. (કલમ ૨૪) કામગીરીના કલાકોની યોગ્ય મર્યાદા બાંધી રહને પગારે પ્રસંગોપાત્ત તહેવારો મળવાની સાથે આરામ અને કુરસદ મેળવવાનો દરેકને હક્ક છે. (કલમ ૨૫) (૧) પોતાની અને પોતાની કુટુંબની તંદુરસ્તી અને કલ્યાણને યોગ્ય એવું જીવનધોરણ હોવાનો દરેકને હક્ક છે. તેમાં અન્નવસ્ત્ર, ઘરની સગવડ, વૈદકીય સંભાળ, આવશ્યક સામાજિક સેવાઓ, બેકારી, માંદગી, શારીરિક ખામી, વૈધવ્ય, ઘડપણ અથવા નિર્વાહ સંબંધીનાં અન્ય સંયોગોમાં ગુજરાનનો અભાવ હોય ત્યારે રક્ષણના હકનો સમાવેશ થાય છે. (૨) માતૃત્વ અને બાલ્યવસ્થાને ખાસ સંભાળ અને સહાયનો અધિકાર છે. લગ્નબંધનથી કે તે વિના જન્મેલાં બધાં બાળકો એકસરખું સામાજિક રક્ષણ ભોગવશે. (કલમ ૨૬) (૧) સૌ કોઈને કેળવણીનો હક્ક છે. પ્રાથમિક અને મુખ્ય શ્રેણીઓમાં તો કેળવણી મફત રહેશે. પ્રાથમિક કેળવણી ફરજિયાત રહેશે. ઔદ્યોગિક અને વ્યાવસાયિક કેળવણી માટે સામાન્યતઃ પ્રબંધ કરવામાં આવશે. ઉચ્ચ કેળવણી પણ બાબતના ધોરણે સૌ કોઈ સરખી રીતે સંપાદન કરી શકશે. (૨) કેળવણી એવી રીતે આપવામાં આવશે કે જેથી મનુષ્યના વ્યક્તિત્વની સંપૂર્ણ ખિલવણી થઈ શકે અને માનવહકો તથા મૂળભૂત સ્વાતંત્ર્યો પ્રત્યેનું માન દૃઢતર બને. બધી પ્રજાઓ અને જાતીય કે ધાર્મિક મંડળો વચ્ચે આપસઆપસમાં સમજણ, સહિષ્ણુતા અને મૈત્રીને તે પ્રોત્સાહન આપે અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની શાંતિ જાળવવાની પ્રવૃત્તિઓને વેગ આપે. (૩) પોતાનાં બાળકોને કઈ જાતની કેળવણી આપવામાં આવે તે પસંદ કરવાનો અગ્ર હક્ક માબાપોને છે. (કલમ ૨૭) (૧) સમાજના સાંસ્કૃતિક જીવનમાં મુક્તપણે ભાગ લેવાનો, કલાઓનો ઉપભોગ કરવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિઓમાં અને તેના ફાયદાઓમાં હિસ્સો પ્રાપ્ત કરવાનો દરેકને અધિકાર છે. (૨) પોતાની મહેનતના પરિણામ રૂપે ઉદ્ભવેલ કોઈ પણ વૈજ્ઞાનિક, સાહિત્યવિષયક અથવા કલાત્મક કૃતિમાથી ઉત્પન્ન થતા નૈતિક અને ભૌતિક લાભના રક્ષણ માટે દરેકને હક્ક છે. (કલમ ૨૮) સામાજિક અને આંતરરાષ્ટ્રીય માનને માટે દરેકને હક્ક છે, જેને અનુસરીને આ ઉદ્દેશે રજૂ કરવામાં આવેલા હકો અને સ્વાતંત્ર્યો પૂર્ણપણે પ્રાપ્ત કરી શકાય. (કલમ ૨૯) (૧)

દરેકને સમાજ પ્રત્યે કરવાં કર્તવ્યો છે, જેમાં જ માનવ જીવન, વ્યક્તિત્વનો સંપૂર્ણ અને સ્વતંત્ર વિકાસ શક્ય છે. (૨) પોતાના હક્ક અને સ્વાતંત્ર્યોના, તથા દરેક વ્યક્તિ માત્રના એવા જ અધિકારોને અધીન રહેવું કે જે બંધનો ચારિત્ર્ય, હક્ક તથા સ્વતંત્ર્ય માટે યોગ્ય સંરક્ષણ તથા માન મેળવવા કરવાનાં, તથા લોકશાહી સમાજમાં નીતિ જળવાઈ રહેવા અન્યથા અને સામાન્ય હિતનાં. વાજબી જરૂરિયાતોને સંતોષવાના હેતુથી જ કાયદા વડે નક્કી કરાય. હાલ (૩) અયુક્ત રૂઢિઓ/અંધશ્રદ્ધાના ક્ષેત્રોમાં અને સિદ્ધાંતોને બાદ કરીએ તો કોઈ પણ વિચારક કે સંસ્થા રાષ્ટ્રીય નહિ (કલમ ૩૮) એ ઉદ્દેશ જાહેરમાં જણાવવા હક્કો તથા સ્વાતંત્ર્યોમાંનો કોઈનો નાશ કરવાના હેતુવાળી કોઈ પ્રવૃત્તિમાં [illegible] અથવા તો તેવું કોઈ કાર્ય કરવામાં [illegible], સમૂહનો અથવા વ્યક્તિનો હક્ક છે એવો આ બોલ્યા. મહેનતાણા કોઈ બાબતનો અર્થ બદલવાનો નથી.

માનવહિત ન. જનસમાજનું હિત; જન કલ્યાણ. માનવનું હિત.

માનવહિત વાદ [સં. માનવ + હિત (ભલું) + વાદ (મત)] પું. મનુષ્યના હિત સંબંધી વાદ; તત્ત્વજ્ઞાનમાંનો એક સિદ્ધાંત, માનવજીવનના વાદ; માનવાર્થે વાદ; 'હ્યુમેનિઝમ'.

માનવાકાર ૧. ન. મનુષ્યની કીમત

૨. ન. મનુષ્યનું સત્ત્વ.

માનવંતું વિ. માનનીય; માનયુક્ત, માનભર્યું; આદરકાર; પ્રતિષ્ઠિત; પ્રભાવશાળી; સભાવિત; પુજ્ય, માન આપવા લાયક

માનવાચલ [સં] પું (પુરાણ) એ નામનો એક પર્વત.

માનવાર્થે વાદ પું માનવજીવનના વાદ; માનવહિત વાદ; ' હ્યુમેનિઝમ '.

માનવાલ [સ. માનવ + અજ] ન. પ્રાચીન કાળનું એ નામનું એક પ્રકારનું અજ.

રામે મારીચના વક્ષ:સ્થળના **માનવાજ** નામનું બાણ માર્યું. બાલ રામાયણ

માનવારિમતા [સ. માનવ + અરિમતા] સ્ત્રી. જનતારિમતા; જુનવાણી; જનતાપ્રેમ, માનવતા., અપુબાવ.

માનવાહાર [સ. માનવ + આહાર] પુ મનુષ્યનું ભક્ષણ કરવું તે; ' કેનિબાલિઝમ '.

માનવાગપરિમિતિ સ્ત્રી. મનુષ્યમાપન વિદ્યા.

માન વિજ્ઞાન ન. (શિલ્પ) મૂર્તિના સંબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

માન વિધિ જ્ઞા માન કરવ [illegible]
[illegible] સખી સાથી સ્વજનને માનાદરપૂર્વક બોલાવવાની [illegible]

માન વિપ્રલંભશૃંગાર પુ (કાવ્ય) મિલન દરમ્યાન ખુલ્લા થયેલા થતુ દુ:ખ.

માનવી ૧ [સ.] પુ. (જૈન) એક [illegible] અનુદિશ

૨ પુ. મનુષ્ય, મનુષ્ય; માણસ જાતિ; આદમ કે બનાવ [illegible]. મનુજ

માનવી એ [illegible]

[illegible]

કાગા બધાનો માનવી શું ન કરે ? = પૂર્વી કોઈ કંઈ અકાર્ય નથી.

૩. જ્ઞા. એ નામની દેવી.

૪. જ્ઞા મનુની સ્ત્રી; મનાણી

૫ સ્ત્રી. મનુષ્ય જાતિની સ્ત્રી; સ્ત્રી; નારી; ઔરત.

૬. જ્ઞા મહાભારતમાં જણાવેલી ભારતવર્ષની એક પ્રાચીન નદી.

૭. જ્ઞા સ્વાયંભુવ મનુની પુત્રી

૮. વિ [illegible] સંબંધી

માનવીય વિ મનુષ્ય સંબંધી; મનુષ્યનું; મનુષ્ય રૂપ

માનવીય ગાત્રક પું. મનુષ્યાદિ સ્તનધારી પ્રાણીઓની ઉત્પત્તિનું સ્થાનક; ગોલકની અંદરનો પ્રદેશ; ભ્રૂણકોષનો ગોલક

માનવીય ચાંદ્રલોક પું. (જ્યોતિષ) મનુષ્યાદિ જીવોના શુક્રકોષ ફળોનો કાળ અથવા સમય જણાવવાનો જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ. નાક્ષત્રિક માંદનો ગોલક લઈને તે ઉપરથી મનુષ્યાદિ જીવોનો શુભ શુભ ફળોનો કાળ અથવા સમય જણાવી શકાય છે. નક્ષત્ર ઇત્યાદિ પદ્ધતિની ઉત્પત્તિ આ યોગને મહર્ષિઓએ કરી બતાવેલ છે.

માનવીય પ્રદેશ પુ. ભ્રૂણકોષનો ગોલક. તેમાં યોગ્ય સ્થળે યોનિઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે

માનવીય વાદ પું. માનવજીવનના વાદ; માનવહિત વાદ; માનવાર્થે વાદ; ' હ્યુમેનિઝમ '.

માનવી સંભૂતિ [સં.] સ્ત્રી. અહલ્યા ઋષિની એ નામ [illegible]

માનવુ ૧ સ [illegible] માનવું અને [illegible]

૨. સ ક્રિ. અનુકૂળ થવું

૩ સ ક્રિ. સ્વીકારવું, પૂજવું, શ્રદ્ધા કે ભાવ રાખવો.

૪ સ ક્રિ કબજામાં જવું.

૫. સ. ક્રિ. કહ્યું કરવું, રાજી ખુશી ધર્મ ન પ્રમાણે વર્તવું કે આચરવું

૬ સ ક્રિ કીમત કરવી; અંદાજ કરવો, કરકસર કરવી, બચાવવું

૭ સ ક્રિ. કોઈ કાર્યમાં પાકેલાપણ સમજવું; દક્ષ સમજવું

૮. સ ક્રિ. કોઈની ઓકાત કબૂલ કરવી; કબૂલવું; સમજ પડવું; સ્વીકારવું; હા પાડવી.

૯ સ ક્રિ. બરાબર, સાચ અને હિતકર છે એમ સમજવું કે સ્વીકારવું.

૧૦ સ ક્રિ. કરવું. જેમકે, મન માનવું એટલે મન કરવું.

૧૧. સ ક્રિ ધારી લેવું; કલ્પના કરવી.

માનો તો દેવ નહિ તો પથ્થર = ભાવના તેવી સિદ્ધિ.

૧૨. સ ક્રિ. ધ્યાન આપવું

૧૩. સ ક્રિ. પાળવું; ગોઠવવું.

૧૪ સ. ક્રિ. ભરોસો રાખવો; વિશ્વાસ મૂકવો.

૧૫. સ ક્રિ. મનમાં રાખવું.

૧૬ સ ક્રિ. માન આપવું; મઢવું; લેખવવું, ગણવું

૧૭ સ. ક્રિ માનતા માનવી; માનતા રાખવી.

૧૮ સ ક્રિ રાજીપો બતાવવો

૧૯ સ ક્રિ લેવું

૨૦ સ ક્રિ, સાબજાવું.

૨૧ સ. ક્રિ. સેવા કરવી

૨૨. સ. ક્રિ. હુકમ પ્રમાણે ચાલવું; ધણીની આજ્ઞા પ્રમાણે વર્તવું; તદનુસાર આચરણ કરવું; નાંખે વર્તવું; હુકમ માનવો.

માનવૃત્તિ સ્ત્રી. માનની દૃષ્ટિ; માનની લાગણી; આદરભાવ

માનવૃદ્ધિ સ્ત્રી મોટી પદવી.

માનવેતન ૧. ન. નામનો અવાજ.

૨. ન માનદેય

૩ સ. વિદ્વાન ધંધાના માણસોને અપાતી તેમની મહેનતની લાગત

માનવેતર [સ] વિ. માનવથી જુદું.

માનવેતર પ્રાણી [સ. માનવ (મનુષ્ય) + ઇતર (અન્ય) + પ્રાણિન્ (પ્રાણી)] ન. મનુષ્યથી બીજું પ્રાણી. અર્વાચીન શુક્રકોષના સંશોધન ઉપરથી એટલું તો માલૂમ પડયું જ છે કે: પાતાળ પ્રદેશમાં માનવેતર પ્રાણીઓ તો વસે જ છે. બે, ત્રણ કે ચાર કલર કૂવા ઊંડી ગુફાઓમાં વસતા પ્રાણીઓને પાતાળ પ્રદેશના પ્રાણીઓ

કે માનવેતર પ્રાણીઓ કહે છે. આ ગુફાઓ લાખો વર્ષોની પાણીની પ્રવૃત્તિને કારણે સરળતા છે. પાણીમાં દરેક ચીજને ઓગાળવાનો ગુણ છે. ખડકની અંદર વધુ ને વધુ નીચે અને વધુ ને વધુ આગળ વધતું પાણી લાખ જે લાખ વરસે પેલા ખડકને કોરીને એની નીચે ગુફા જેવું બનાવે છે. આવી ગુફા અરબો, ખોરબો કે એક માર્ગ જેટલી ઊંડી અને માઇલો સુધી લાંબી હોઈ શકે આજ આપણો પાતાળ પ્રદેશ. આવા પાતાળ પ્રદેશનું જે સરોપન ક્રમશઃ ક્રમણું થયું છે, તે ઉપરથી જણાય છે કે એ પ્રદેશમાં વસનારા પ્રાણીઓની સંખ્યા પણ કરોડોની છે એમાં મોટી માછલીથી માંડીને નાનાં જંતુઓનો સમાવેશ થાય છે. યુરોપમાવીઆમાં પોડપેરાની આ ખાને એક ૭ થી ૮ કરોડ વર્ષ જૂની ગુફા આવેલી છે આ ગુફાના નિગૂઢ અંધકારમાં કરોડો વર્ષથી અનુભાર્ષ મહેનાના 'અખંડાનંદ'માં લખવા પ્રમાણે એક તિરણ પણ પેઠું નથી. એનું ઉષ્ણમાન લાખો વર્ષથી એકનું એક જ એટલે કે ૫૦ ડિગ્રી જેટલું રહ્યું છે. આ અંધારી દુનિયાનાં પ્રાણીઓમાં વૈવિધ્ય છે, છતાં એક વસ્તુ એ સૌમાં સામાન્ય છે. એક તો એ કે પ્રાણીઓમાંથી મહાને તો બિલકુલ આંખો નથી. જ્યારે કેટલાકને જે આંખો છે, તે બિલકુલ નાની, ઉપયોગમાં ન આવે એવી છે. બીજું આ માનવેતર પ્રાણીઓ ચામડીનો કોઈ પણ પ્રકારનો રંગ ધરાવતાં નથી. સાથોસાથ આ પ્રાણીઓમાં કરચાનો નાનામાં નાનો પ્રવાહ પારખવાની શક્તિ પણ અતિ તીવ્ર અની ગયેલી હોય છે. તેનો ખોરાક તો મુખ્યત્વે કરીને અંધારેથી જ આવે છે. 'જીવ જીવને આધાર' એ નિયમે નાનાં પ્રાણીઓને ખાઈને જીવે છે. ગુફામાં પાણી સાથે ઘસડાઈ આવતો ઝાડપાંદડાં ખાઈને પણ જીવે છે. આ પ્રાણીઓનું સવનન અને સવર્ધન પણ અમુક અપવાદોને બાદ કરતાં લગભગ સતત જ ચાલ્યા કરતું હોય છે. પૃથ્વી ઉપરના પ્રાણીઓનાં સવનન અને સવર્ધનમાં રંગ ઘણી વાર અગત્યનો ભાગ ભજવે છે; પણ ગુફામાં તો સતત અંધકાર જ હોવાથી આ રંગની જરૂરત બિલકુલ રહેતી નથી. કેટલાક પ્રાણીવિદોનું તો માનવું છે કે વસ્તુસ્થિતિ આથી હોવાને કારણે જ ગુફાઓના અંધારામાં માનવેતર પ્રાણીઓનો રંગ ઊડી ગયો છે અને તેઓ ધોળાં થઈ ગયાં છે. ગુફામાં આવેલા કોઈક નાનકડા સરોવરના પાણીમાંની માછલીઓ પણ તદ્દન સફેદ હોવાનું પણ કિસ્સામાં માલૂમ પડ્યું છે

માનવેરા [સં. માનવ + ઈડા] પું. રાજા.

માનવેંદ્ર [સં.] પું. નૃપતિ; રાજા; માનવપતિ.

માનવોચિત વિ. [સં માનવ + ઉચિત] વિ માણસ જાતને લગતું; મનુષ્ય જેવું બનાવું; માનુષીય; માનવીય; મનુષ્યધર્મક.
૨. વિ. માનવને યોગ્ય.
૩. વિ. માયાળુ; કૃપાળુ; દયાળુ; દયાવાન.

માનવોત્તર [સં.] પું. શ્રેષ્ઠ પુરુષ.

માનવોન્નતિ [સં.] સ્ત્રી. મનુષ્યની ઉન્નતી; માનવ શ્રેય; માનવ કલ્યાણ.
માનવોન્નતિનો અર્થ માર્ગ યુરોપે પણ હિંદ પાસેથી જ શીખવાનો છે. અનંતરાય ઠાકોર

માનવ્ય વિ. [સં.] ન. છોકરાંઓનો સમૂહ. છોકરાઓનું ટોળું.
૨. ન. માનવજાતિ.
૩. ન. માનવતા; મનુષ્યપણું.

માનશકુન જુઓ માનશુકન.

માનશાસ્ત્ર [સં.] ન. તોલ, માપ વગેરે સંબંધી શાસ્ત્ર

માનશાહી સ્ત્રી. ઝવેરદાર પોલાદની બંનાઈમાં બે ૧૬ સાત ઇંચ અને પહોળાઈમાં દોઢ ઇંચ પાનાની એક જ બાજુએ ધારવાળી શિરોહીની મૂઠમાં ભેરાવેલી એક જાતની તરવાર, તેને રજપૂત લોકો જ વાપરતા.

માનશુકન વિ. ન. અપશુકનઃ અશુભ ટેખાવું તેઃ અરાળ લક્ષણઃ માઠાં શુકન.
અને આજ છે માનશુકનઃ આજે કૂણો જમાઈ ભોજન. પ્રેમાનંદ
૨. ન. શુભ લક્ષણઃ સુચિહ્નઃ સારું શુકન.

માનશૂન્ય [સં.] વિ. માન વગરનું; નિરભિમાની.

માન શૃંખલા સ્ત્રી. (ન્યામ) અનુમાન શૃંખલા; ન્યાય શૃંખલા. જેમકે, આત્મા એ વિચાર કરવાનું સાધન છે. વિચાર કરવાના સાધનના કટકા ન થઈ શકે. જેના કટકા ન થઈ શકે તેનો નાશ ન થાય. તેથી આત્માનો નાશ ન થાય.

માનશ્રેણી [સં.] ન. મિટરનું માપઃ 'મિટર રેકૉર્ડ'.

માનસ ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. પું. એલિસિનિન્જા.
૩. પું. (પુરાણ) જ્યોતિર્ભાસ નામના લોકમાં રહેનાર એ નામના પિતર.
૪. પું. હંસ.
૫. પું. પક્ષી, પંખી.
૬. પું. પરમેશ્વર.
૭. [સં. મનુષ્ય] પું. માણસઃ જનઃ મનુષ્યઃ આદમી.
૮. પું. વિષ્ણુનું એક સ્વરૂપ.
૯. પું. સંકલ્પવિકલ્પ.
૧૦. ન. અંતઃકરણઃ અંતરઃ હૃદયઃ મનઃ મનોવૃત્તિઃ ચિત્તઃ બુદ્ધિઃ ચિત્તવૃત્તિ. ચિતવ્યાપારઃ આત્માઃ સ્વાંત.

સ્વાંત હૃદય મન્મથપિતા, આત્મા માનસ માર્ગ,
મનથી વિચારે સહચરી, અંદર કર્ણ પેર નર્મ.
પિંગલપ્રકોપ

૧૧. ન. એક જાતનું મીઠું.
૧૨. ન. કૈલાસમાં આવેલું માન સરોવર તે હિમર અને રાજહંસનું નિવાસસ્થાન હોવાનું મનાય છે. એક હાથે બ્રહ્મદેવે મન વડે કરીને નિર્માણ કર્યું હતું, તેથી તેનું નામ માનસ, માનસર કે માન સરોવર પડ્યું છે. તે સરોવરનું પાણી સુંદર, સ્વચ્છ અને મુક્તાહારી છે તથા તેની ચારે તરફની કુદરતી શોભા બહુ જ અદ્ભુત છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ તેની આસપાસની ભૂમિને સ્વર્ગ કહ્યું છે. આ સરોવરમાંથી રોજ સહસ્ર કમળ તોડી રાવણ કૈલાસનાથ શિવજીની પૂજા કરતો હતો. હિમાલય ઉપરના વૈદુત શિખરની તળેટીમાં આવેલા આ સરોવરમાંથી સરયૂ નદી નીકળી છે.
૧૩. ન. તુલસીદાસકૃત રામચરિત માનસ નામનું પુસ્તક
૧૪. ન. (પુરાણ) દેવોનો એ નામનો એક અગ્નિ. જ્યાં કર્દમ ઋષિએ દેવહૂતિ સાથે વિહાર કર્યો હતો.
૧૫. ન. (પુરાણ) પ્રયાગમાં આવેલું એ નામનું એક તીર્થ.
૧૬. ન. મંત્રી અનુમતિ; આડકતરી રીતે હા પાડવી તે. કાવ્યમાં વપરાય છે.
૧૭. ન. (યોગ) શરીરમાંનાં ૭ માંહેનું કોઈક ચક્ર. શૈવતંત્રમાં પાર્થિવ, આપ્ય, આનલ, વાયવ્ય, નાભસ અને માનસ એમ ૭ ચક્રો જણાવેલાં છે.
૧૮. વિ. અભ્યાહારઃ શબ્દદ્વારા વ્યક્ત નહિ થયેલ.
૧૯. વિ. મન સંબંધીઃ મનનું; માનસિક.
૨૦. વિ. મનથી ઉત્પન્ન થયેલ
૨૧. વિ. મનથી વિચારેલ.
૨૨. વિ. મનમાં હોનાર કે થનાર
૨૩. વિ. માત્ર મન વડે વિચારી શકાય તેવું.
૨૪. વિ. માન સરોવરમાં રહેતું.
૨૫. અ. મન વડેઃ મનદ્વારા

માનસ અવયવ [સં] પું મગજનો ભાગઃ મગજનું દરેક અંગ. માનસિક શક્તિ કે પુષ્ટિને પ્રગટ કરવા સારુ અલગ અલગ પાડેલા મનુષ્યના મસ્તિષ્કમાના ભાગોને માનસ અવયવ કહે છે.

બેટલા પ્રકારની મનની મૂળ શક્તિઓ કે વૃત્તિઓ છે તેટલા જ તે શક્તિઓને પ્રગટ કરનાર કે તે વિષયને અવલંબ કરનાર પરિતપ્તની અંદર માનસ અવયવના વિભાગ છે.

માનસકક્ષા [સં.] સ્ત્રી મનની સ્થિતિ.

માનસક્રીડા (માનસક્રીડા) [સં.] સ્ત્રી. માન સરોવર માહેની ક્રીડા.

માનસક્ષેત્ર [સં.] ન. મનનો વિસ્તાર; માનસિક ફેલાવાની મર્યાદા.

માનસગ્રંથિ [સં] સ્ત્રી. મનની વિચારસરણી.

માનસચારી [સં. માનસચારિન્] પું. માન સરોવરમાં થતો એક પ્રકારનો હંસ.

માનસચિકિત્સક [સં.] વિ. મનના વ્યાપાર, વિકાર, વેગ વગેરે જાણનાર કે પારખનાર; 'સાઇકોલોજિસ્ટ'.

માનસચિકિત્સા સ્ત્રી. મનની ચિકિત્સા; માનસિક વ્યાધિનો પ્રલાજ.

માનસચિકિત્સાલય ૧. [સ.] ન માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ રાખીને કામ કરનાર સસ્થા
૨. ન. માનસિક વ્યાધિનો પ્રલાજ કરનાર સસ્થા.

માનસચિત્ર [સં.] ન. કાલ્પનિક ચિત્ર.

માનસજપ [સ.] પું. એક પ્રકારનો જપ. શાસ્ત્રમાં જપ ચાર પ્રકારના કહેલામાં આવેલ છે: (૧) વાચિક, (૨) ઉપાશુ, (૩) માનસ અને (૪) પ્રાનજ. ઇષ્ટ અને ઓછ હલાવ્યા સિવાય શબ્દ અને અર્થનુ ચિતન કરવુ તે માનસજપ કહેવાય છે. તેના પણ મનન તથા ધ્યાન નામ બે પ્રકાર છે. મનનમાં પ્રયત્ન વડે મંત્રમાં કહેલા સ્વરૂપને વિચારશક્તિ દ્વારા ઘડીએ ઘડીએ ફરી ફરી બધું કરવુ છે અને પાછું તે સ્વરૂપ વિલીન થઇ જાય છે. ધ્યાનમાં તે જ મત્રનું સ્વરૂપ માનસ પ્રદેશમાં નિષ્કપિત સમય સુધી પ્રતીત થતું રહી રહે છે.

માનસજાપ જુઓ માનસજપ.

માનસતત્ત્વદેવતા [સં.] સ્ત્રી. એક પ્રકારની દેવતા. તે પરા, અપરા, જ્ઞાન, અજ્ઞાપરા, ચિત્, ચિત્પરા, મહામાયા, મહામાયાપરા, ઇચ્છા, ઇચ્છાપરા, સૃષ્ટિ, સૃષ્ટિપરા, સ્થિતિ, સ્થિતિપરા, નિરોધ, નિરોધપરા, મુક્તિ, મુક્તિપરા, જ્ઞાન, જ્ઞાનપરા, સત્ય, સત્યપરા, અસત્ય, અસત્યપરા, સદસત્, સદસત્પરા, ક્રિયા, ક્રિયાપરા, આત્મા, આત્માપરા, ઇંદ્રિયગ્રામ, ઇંદ્રિયગ્રામપરા, ગોચર, ગોચરપરા, લોકમુખ્ય, લોકમુખ્યપરા, વેદવિત્, વેદવિત્પરા, સંવિત્, સંવિત્પરા, કુંડલિની, કુંડલિનીપરા, શોષુમ્ણ, શોષુમ્ણપરા, પ્રાણસૂત્ર, પ્રાણસૂત્રપરા, રજસ્, રજસ્પરા, માતૃકા, માતૃકાપરા, સ્વરોદ્ભવ, સ્વરોદ્ભવપરા, વ્યંજન, વ્યંજનપરા, શબ્દજ, શબ્દજપરા, વર્ણોત્તત્ત, વર્ણોત્તત્તપરા, વર્ણજ, વર્ણજપરા, સંયોગ, સયોગપરા, મત્રવિગ્રહ અને મંત્રવિગ્રહપરા એમ ચોસઠ ભણાવ છે

માનસતપ [સં. માનસ + તપસ્] ન. માનસિક તપ; મનનું તપ. મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્મનિગ્રહ અને ભાવની શુદ્ધતા એ મનનું તપ કહ્યું છે.

માનસતીર્થ [સં.] ન. રાગદ્વેષ વગેરે સંપૂર્ણ રીતે રહિત મન.

માનસદર્શન [સં] ન. મનનું દર્શન માનસિક વિચાર પિછાણવો તે; મન પારખી લેવુ તે; ચિદાભ્યાસ; માનસિક શક્તિ અને પ્રકારનો અભ્યાસ કે સમજણ. મોન્ટેસોરી પદ્ધતિ પ્રમાણે મનુષ્યના માનસનું વિશુદ્ધ દર્શન સાદામા સાદા રૂપે આપણને મનુષ્યના બાલ્યકાળમાં થાય છે

માનસદાસ્ય [સં.] ન. મનની પરાધીનતા આ આખી વે વર્ષો એ માનસદાસ્ય વ્યક્ત કરતી હતી. કૌમુદી

માનસદૈન [સં.] ન. મનથી ઊપજેલ દૈન્ય જગત; કલ્પરચિત જગત

માનસપુત્ર ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્માના મનથી ઉત્પન્ન થયેલ પુત્ર. સનક, સનદન વગેરે બ્રહ્માના માનસપુત્ર કહ્યા છે
૨. પું. મનથી માનેલ કે પસદ કરેલ પુત્ર; કાલ્પનિક પુત્ર

માનસપુત્રી [સં.] સ્ત્રી. કાલ્પનિક પુત્રી.

માનસપૂજા [સં. માનસ (મનમા ઉત્પન્ન થયેલ) + પૂજા] સ્ત્રી. માત્ર મનથી જ પૂજન કરવું તે; માનસી પૂજા; બાહ્ય પુજાપા વગર મનની કલ્પનાથી કે કલ્પિત સામગ્રીથી કરાતી દેવપૂજા.

માનસપૃથક્કરણ [સં.] ન. મનનું વિશ્લેષણ; ચિત્તપૃથક્કરણ; મનનું પૃથક્કરણ

માનસપૃથક્કરણશાસ્ત્ર [સં.] ન. મનનુ વિશ્લેષણ કરવાનું શાસ્ત્ર; મુખ્ય માનસ કે ચિત્તનું શાસ્ત્ર; ચિત્તપૃથક્કરણ શાસ્ત્ર; મનનુ પૃથક્કરણ કરવા સબંધી શાસ્ત્ર; 'સાઇકોએનેલિસિસ'.

માનસપૃથક્કરણશાસ્ત્રી પું. માનસપૃથક્કરણ શાસ્ત્ર જાણનાર માણસ; મનુષ્ય સ્વભાવનો અભ્યાસ કરનાર કે જાણકાર માણસ

માનસપ્રત્યક્ષ [સં.] ન. આત્મબોધ; નિજબોધ. પ્રત્યભિજ્ઞાન

માનસપ્રત્યય [સં.] ન. સામાન્ય કલ્પના, વિચારણ; વસ્તુકલ્પના.

માનસપ્રપંચ [સ.] પું મનથી ઊપજેલું જગત, કલ્પરચિત જગત

બાહ્ય પ્રપચ માનસપ્રપંચના નિમિત્ત હોવથી અમો તેનો સ્વીકાર કરીએ છીએ. પ્રમારથી

માનસ મોતી ન. માન સરોવરનુ મોતી.

માનસ યજ્ઞ ૧. [સં.] પું ક્રાનયજ્ઞ. જે જપમાં મંત્રના અર્થરૂપ દેવતાનું ધ્યાન કરતાં તે રૂપ મન થઈ રહે તે રૂપી યજ્ઞ
૨ પું મનની કલ્પનારૂપી યજ્ઞ

માનસ યોગ [સં.] પું. વશીકરણ વિદ્યા. માનસિક યોગ

માનસર જુઓ માનસ ૧૨.

માનસ રસ પું (કાવ્ય) જ્ઞાનેંદ્રિય દ્વારા ઉત્પન્ન થતી ભિન્ન ભિન્ન માનસિક લાગણી તેમા શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત એમ નવ રસ છે.

માનસરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનુ.

માનસરોગ [સં] પું. મનનો વ્યાધિ

માનસરોગચિકિત્સક [સં.] પું. માનસિક રોગની ચિકિત્સા કરનારો પુરુષ.

માનસરોગશાસ્ત્ર [સં.] ન. નિદાનવિદ્યા; રોગનિદાન; માનસવૈદક; આધિચિકિત્સા; 'પેથોલોજિ'.

માન સરોવર જુઓ માનસ ૧૨

માનસવિગ્રંથિ [સં] સ્ત્રી. માનસિક ગૂંચવણ.

માનસવિજ્ઞાન [સં] ન. માનસિક શાસ્ત્ર; ચેતનશાસ્ત્ર; 'સાઇકોલોજિ'.

માનસવિદ્યુત ૧. સ્ત્રી. પુરુષની શક્તિ
૨. [સં.] સ્ત્રી મેગ્નેટિઝમ અને હિપ્નોટિઝમના પ્રયોગની મદદ મનુષ્યના રોગની સુધારણા કરવામાં વપરાતો મનુષ્યમા રહેલો એક જાતનો વીજળીક પ્રવાહ. તે વડે મનુષ્યના માનસિક અને શારીરિક રોગને સુધારવામા આવે છે.

માનસવિશ્લેષણ [સં.] ન. મનના વિચારોનું પૃથક્કરણ. ચિત્તપૃથક્કરણ.

માનસવૃત્તિ [સં] સ્ત્રી. કામવૃત્તિ.

માનસવેગ ૧. પું. મનનો વેગ
૨. પું. માનસ નામના સરોવર તરફનો વેગ
૩. પું. સેનાપતિ.
૪. [સં. માન (મદ) + સવેગ (ગતિવાળુ)] વિ. અહંકારને લીધે તીવ્ર ગતિવાળુ

માનસવેધક જુઓ માનસરોગચિકિત્સક.

માનસવ્રત [સ] ન. મનનું વ્રત; માનસિક વ્રત. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય વગેરે માનસ વ્રત ગણાય છે

માનસશાસ્ત્ર [સ] ન. મનનું શાસ્ત્ર; મનોવિજ્ઞાન. માનસિક ક્રિયાઓનું શાસ્ત્ર. માનસિક બાબત. પ્રજ્ઞાબાબત એટલે મનની શક્તિઓ જાણવાનું શાસ્ત્ર. મનોવિજ્ઞાન સમજાવનાર શાસ્ત્ર: મનની વૃત્તિઓ, મુખ્યધર્મ, ક્રિયાઓ તથા સ્વરૂપનું શાસ્ત્ર. 'સાઇકોલૉજિ'. રાજ અને રાજકારણમાં ઊંડા ઊતરતા શુક્લ લખે છે કે: માનસશાસ્ત્ર એ મનુષ્યનાં મન, વિચાર, લાગણી અને પ્રજ્ઞાની કાર્યપ્રવૃત્તિને લગતું શાસ્ત્ર હોવાથી વ્યક્તિગત અને સામાજિક રીતે મનુષ્યનાં સામાજિક જૂથોની રાજકીય પ્રવૃત્તિ ઉપર પ્રકાશ ફેંકી શકે છે. માનસશાસ્ત્રના બે વિભાગ છે: પ્રથમ વિભાગને સામાજિક માનસશાસ્ત્ર કહેવામાં આવે છે; જેમાં સમાજના વર્ગમાનસનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય છે. રાજની ભૂમિકા મનુષ્યની સમૂહવૃત્તિ ઉપર રચાયેલ છે. સામાજિક માનસશાસ્ત્રના અભ્યાસમાં લોકોની કેટલીક રાજકીય સમસ્યાઓ અને પ્રશ્નોનો તોડ નીકળી શકે છે. આજના મુત્સદ્દીઓ ટોળાના માનસને સારી રીતે પિછાને છે અને તે માનસનો સ્પર્શ કરી લોકો પાસેથી કેમ કામ લેવું તે સારી રીતે જાણે છે. માનસશાસ્ત્રનો બીજો વિભાગ વિચારો બાબતનો છે. માણસનું મન માત્ર લાગણીપ્રધાન જ નથી, પરંતુ તે બોધાત્મકનો વિચાર પણ કરી શકે છે. આ વિચારશક્તિને લઈને રાજકીય સરવાળો, સિદ્ધાંતો અને વિચારો તેની ભૌગોલિક મર્યાદા બહાર જઈ શકે છે. જે વિચારોમાંથી જીવન અને શક્તિ મળે છે તે વિચારો પાંખોવાળા હોય છે અને તે બધી જ તીવ્ર ઝડપથી મોટા સમુદ્રો પણ ઓળંગી શકે છે. આજે સમાજવાદ, સામ્યવાદ કે રાષ્ટ્રવાદના વિચારો જર્મની, રશિયા કે ફ્રાન્સમાં જ ગૂંજતા રહેલા નથી, તે તો બજારમાં પ્રસરી ચૂક્યા છે. મનની એવી લાક્ષણિકતા છે કે, તે મોટા અને વધુ ગણવાન મનથી દૂરસ્થિત બને છે. મનની શક્તિ જ્વાળામુખીથી પણ અધિક છે. આજે એક મન કરોડોનો સંહાર કરાવી રહેલ છે, બીજું મન ૪૦ કરોડ મનુષ્યોને હિંસાથી અલગ રહેવા ઉપદેશ આપી રોકી રહે છે. મન ઉપર અસર કરનારી વસ્તુ વિચાર છે અને વિચાર એ સર્વ શાસ્ત્રોની જન્મભૂમિ છે. રાજકારણનો વિષય જેટલો મહત્ત્વનો છે તેટલું જ તેનું માનસશાસ્ત્રની દૃષ્ટિએ થયેલ પૃથક્કરણ રસિક છે. રવ.પ્રાધ્યા શિક્ષણમાં લખ્યું છે કે: માનસશાસ્ત્રમાં અભ્યાસક્રમના કોઈ વિષય જેવું નથી, એ આપણા ધર્મનું સર્વવ્યાપક વિજ્ઞાન જ છે અમે શિક્ષકોને એની અગત્ય છે. કેળવણીનાં બધા ક્ષેત્રમાં એની અસર છે. આ શાસ્ત્રનું આપણા ઉપર મોટું ઋણ છે. આખી નૂતન કેળવણીનો પાયો તેના ઉપર જ રચાયો છે.

માનસશાસ્ત્રજ્ઞ [સં.] પું. માનસશાસ્ત્ર જાણનાર માણસ.

માનસશાસ્ત્રવિદ જુઓ માનસશાસ્ત્રજ્ઞ.

માનસશાસ્ત્રી [સં. માનસશાસ્ત્રિન્] પું. મનની ક્રિયાઓનું જ્ઞાન જાણનાર પુરુષ; માનસશાસ્ત્ર જાણનાર પુરુષ; જન સ્વભાવનો જાણકાર માણસ.

માનસશાસ્ત્રીય [સં.] વિ. માનસશાસ્ત્ર સંબંધી.

માનસ સર [સં.] ન. માન સરોવર; હિમાલય ઉપર કૈલાસ પાસે આવેલું એ નામનું એક સરોવર.

માનસ સંન્યાસી પું. (હિંદી) એક પ્રકારનો દંભનામી સંન્યાસી તેનો વેરાગ્ય બતાવી સંસારનો ત્યાગ કરી જંગલમાં ચાલ્યા જઈને તપશ્ચર્યા કરે છે અને ભગવાં કપડાં પહેરતા નથી.

માનસ સંશોધનશાસ્ત્ર [સં.] ન. મનની શક્તિ ખોળવાનું શાસ્ત્ર.

માનસ સ્નેહ પું. અપરિણત સ્નેહ; નિર્વિકલ્પ પ્રણય; વિષયવિકાર કે સ્વાર્થની વાસનાથી રહિત, શરીરની ઉપાધિથી તદ્દન સ્વતંત્ર અને કેવળ મનમાં વાસ કરનાર સ્નેહ; 'પ્લેટોનિક લવ.'

માનસ સ્વભાવ [સં.] પું. મનુષ્ય સ્વભાવ; માનવ સ્વભાવ; જનસ્વભાવ; પ્રકૃતિ.

માનસ સ્વરૂપ [સં.] ન. મનોવિજ્ઞાન; માનસિક શાસ્ત્ર; ચેતનશાસ્ત્ર.

માનસહંસ પું. (પિંગળ) અતિશક્તિની ગતિનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મણિહંસ. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

માનસહિત ૧. ન. આત્મપ્રેરણા; માનપ્રેરણા.
૨. ન. નમ્રતાથી.
૩. ન. સહાયથી.

માનસંગ્રહ પું. (શિલ્પ) મણિત સંબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

માનસંજ્ઞા સ્ત્રી (જૈન) મોહનીય કર્મના ઉદયથી જીવને થતી માનની બહુ સંજ્ઞા.

માનસા [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી. તૃણબિંદુ નામના ઋષિ તેને માન સરોવરમાંથી લાવ્યા હતા એમ કહેવાય છે.

માનસાતા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું

માનસાર ૧. પું. એ નામનો એક શિલ્પશાસ્ત્રી. દક્ષી કવિના દશકુમાર ચરિતમાં માનસારને માળવાના રાજા તરીકે જણાવેલ છે.
૨. [સં. માન (માપ) + સાર (તત્ત્વ)] ન. આધારભૂત માપણી: 'સ્ટાન્ડર્ડ મેઝરમેન્ટ'.
૩. ન. એક જાતનું કૂલ.
૪. ન. પ્રમાણની પદ્ધતિ; 'સિસ્ટમ ઑવ પ્રોપોર્શન્સ'.
૫ ન માનસાર નામના રાજાએ લખેલું શિલ્પ સંબંધી એ નામનું એક આધારભૂત પુસ્તક.

માનસારાજ્ય [સં.] પું. હંસ.

માનસિક ૧. પું. (હિંદી) વિષ્ણુ
૨. સ્ત્રી. જડતા; ઊંડ-મતતા.
૩. વિ. આત્મલક્ષી.
૪. વિ. તાર્કિક; તર્કથી; કલ્પિત; તર્કજાણું.
૫. વિ. મગજ સંબંધી; બુદ્ધિ સંબંધી.
૬. [સં.] વિ. મન સંબંધી; મનને લગતું.
૭. વિ. મનમાં ઊપજતું; મનમાં હોનાર.

માનસિક અનુભાવ પું. (કાવ્ય) અનુભાવના ચાર ભેદોનો એક ભેદ; મનોગત પ્રમોદાદિ અનુભાવ.

માનસિક અવયવ પું. મગજના તંતુઓને વશમાં રાખી કાર્ય કરનાર જે અવાવનારા મગજની અંદરના અવયવ.

માનસિક ચિકિત્સા [સં.] સ્ત્રી માનસિક શક્તિઓ વડે કરાતી રોગની ચિકિત્સા. પ્રાચીન ઋષિઓ માનસિક શક્તિઓના અદ્‌ભુત પ્રભાવોથી પરિચિત હતા. મનોવિજ્ઞાનની આધુનિક અન્વેષણાઓથી એમ માલૂમ પડેલ છે કે, જુદી જુદી શારીરિક ક્રિયાઓ ઉપર માનસિક શક્તિઓનો બહુ જ સરળ પ્રભાવ પડે છે. આજકાલ કેટલાક રોગની ચિકિત્સા માનસિક શક્તિઓ મારફત થાય છે. માનસિક રોગ ઉપર આ ચિકિત્સા બહુ જ અસર કરે છે

માનસિક તપ [સં] ન. મનનું તપ; મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, મન ઉપરનો કાબૂ, અને અભિપ્રાયની શુદ્ધિ, એ માનસિક તપ કહેવાય છે.

માનસિક દુર્બલતા [સ.] સ્ત્રી. માંસપટલ અવસન્નતા; 'કેનારપેનિયા'.

માનસિક નગરી જી. માનસિક નગરરચના. માનસિક પૃથક્કરણની પદ્ધતિએ નગરરચનાની રચના કરવાનું, અમુક કાર્ય કે અભાવ વર્તુલરૂપ તેની આંખે તે કરનાર માણસની કર્તવ્યબુદ્ધિ અને તેનું રુચિતંત્ર જણાવવું છે. એટલું જ નહિ પણ એ વ્યક્તિનાં કર્તવ્યબુદ્ધિ અને રુચિતંત્ર જેવા કેમ બદલાં તે પણ દર્શિત રીતે સમજાવવામાં આવે છે

માનસિક પૂજા [સં.] જી. મનમાં મૂર્તિ કલ્પીને કરાતી પૂજા; માનસપૂજા; માનસીપૂજા.

માનસિક યોગ પું. પ્રાણ્ય સ્થિતિમય તેમાં મનની એકાગ્રતા પ્રયત્ન પ્રમાણમાં કરવી પડતી હોવાથી તે વિદ્યાને માનસિક યોગ કહે છે

માનસિક રોગ [સં.] પું. મનના સંકલ્પ વિકલ્પથી થયેલો રોગ.

ચોરી કરવાની ટેવ એ પણ એક જાતનું દરદ છે -એને એ માનસિક રોગ હોઈ વખતે મુરબ્બેત સમજી તેના નિદાન ચિકિત્સાનું કામ આપ ! હાથ ધર્યું જ નથી. આપી૭

માનસિક શાસ્ત્રો ન. માનસશાસ્ત્રો; મનોધર્મવિદ્યા; મનના ધર્મ સંબંધી શાસ્ત્રો; અધ્યાત્મશાસ્ત્રો; અધ્યાત્મવિદ્યા; આત્મતત્ત્વવિદ્યા; 'સાઈકોલૉજિ'.

માનસિક શિક્ષા [સં.] જી. મનની તાલીમ; મનની કેળવણી

માનસિક સંસ્કારપ્રેષણ [સં.] ન. ચિત્તની શુદ્ધિ વિનોબા લખે છે કે: નિષ્કામતા મનનો ધર્મ છે. તેની ઉત્પત્તિને માટે કોઈ સ્વધર્માચરણરૂપી સાધન જ બળ નથી. બીજાં સાધનોની પણ સહાય લેવી પડશે. એકલી તેજસ્વીતાથી દીવો નહિ બળી શકે, તેને માટે જ્યોતિની જરૂરત છે. જ્યોતિ હશે તો અંધારું દૂર થશે. આ જ્યોતિ જ કેમ જગાવવી ? તેને માટે માનસિક સંસ્કારપ્રેષણની જરૂર છે. આત્મપરીક્ષણ દ્વારા ચિત્તની મલિનતા, કૂચો કચરો ધોઈ નાખવો જોઈએ.

માનસિક સૂચન [સં.] ન. વિષયમાં મોહનિદ્રા ઉત્પન્ન કરવા માટે વિષયક તેને ત્રિચાર માન્યતા જે સૂચન આપે તે.

માનસિકીવિદ [સં માનસિકીવિદ્] પું. વૈજ્ઞાનિક; આત્મજ્ઞાની પુરુષ; આત્મવિદ્યા જાણનાર પુરુષ; અધ્યાત્મશાસ્ત્રજ્ઞનો અભ્યાસી; અધ્યાત્મવિદ્યા જાણનાર પુરુષ; ' સાઈકોલૉજિસ્ટ '.

માનસિંહ પું. અકબરના દરબારમાંનાં નવરત્ન માહેનો એક માણસ માનસિંહ એ અકબરની સેનાનો એક મહાન હિંદુ સેનાપતિ હતો. તે અકબરનો ખાસ જ વિશ્વાસુ અને રાજભક્ત તથા મિત્ર હતો માનસિંહનું મૃત્યુ અકબરના રાજમહાલયમાં થયું હતું બાદશાહે આજ્ઞા આપી હતી કે માનસિંહનાં અસ્થિ ગંગાજીમાં પધરાવવામાં આવે, તેથી તેની ઇચ્છા અનુસાર હરદ્વારની પાસે ભદ્રકુંડની પાસે રાજા માનસિંહની યાદગીરીમાં એક ઇમારત બંધાવવામાં આવી હતી

માનસી ૧. [સં] જી. એ નામની એક દેવી.

૨. જી. નર્મદાનાં ઝળર આવેલું એક નામ.

૩ જી. ભક્તિ; સેવા.

૪ જી મન સંબંધી સિદ્ધિ મેળવવા એવી એક જાતની વિદ્યા.

૫. જી. માનસપૂજા; મન વડે કરાતી પૂજા.

૬. વિ. મનમાંથી ઉત્પન્ન થયેલ; કલ્પિત; મનનું; મન વડે કરેલ.

માનસી કાવ્યકૃતિ જી. ચોસઠ કાંકેની એક કળા; મનમાં કવિતા રચવાની ક્રિયા

માર્કંડેય ૧. [સં.] પું. (જુલ્યું) એ નામના એક ઋષિ. તેણે બધા વર્ષ તપ કર્યાથી ભગવાન પ્રસન્ન થતા આપની મારા કેવી હશે ત જોવાની મારી ઇચ્છા પૂર્ણ કરો એવું કહેતાં ' તથાસ્તુ ' કહી ભગવાન અંતર્ધાન થયા. બધા સમય પછી એક વખતે નિત્ય નિયમ પ્રમાણે પોતાના આશ્રમે બેઠેલા હતા તેવામાં એકાએક પ્રચંડ વાયુ વાવા લાગ્યો અને જોતજોતામાં ચારે તરફથી સમુદ્ર ઊછળ્યો અને પૃથ્વી જળબંબાકાર થઈ ગઈ હોય એવો ભાસ થયો. તેટલામાં સમુદ્રજળમાં એ એકલા આમથી તેમ તરવા લાગ્યા. તેવામાં ત્યાં એની દૃષ્ટિએ એક વડનું ઝાડ પડ્યું. તે વડના પાંદડા ઉપર એક સુંદર બાળકને સૂતેલું તેણે જોયું. તે બાળકની પાસે જતા જતામાં તેના શ્વાસના વાયુના આકર્ષણને લઈ તે ખેંચાઈ ને એ બાળકના ઉદરમાં જઈ ને પડ્યો. ત્યાં તેણે પૃથ્વી, નગરો, ગામ, નદીઓ વગેરે સર્વ કાંઈ અદ્ધારની પેઠે જ દીઠું. એટલામાં જ ફરી એ બાળકના શ્વાસની સાથે જ બહાર આવી પડીને જુએ છે તો સમુદ્ર વડનું ઝાડ, બાળક વગેરે કશું યે ન મળે અને પોતે પોતાના આશ્રમમાં બેસી સ્વસ્થ રીતે તપ કરી રહ્યા છે આથી આ વખતે પાછી સ્વસ્થ બેઠા હતા ત્યાં ફરી ભગવાન પ્રગટ થયા અને એને અનેક પ્રકારના વર આપી અંતર્ધાન થયા.

૨ પું. (પુરાણ) દશરથ રાજાનો એ નામનો એક ઉપક્રાંતિવંશ.

૩. પું (પુરાણ) દાશરથિ રામના આઠ ધર્મશાસ્ત્રકારોમાંનો એક ઋષિનું.

૪. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતર માંહેના બ્રહ્મમાનસ પુત્ર ભૃગુના ખ્યાતા નામના પુત્રનો પૌત્ર અને ભૃગુ પ્રજાપતિના પૌત્ર મૃકંડનો એ નામનો દીકરો. શિવના વરદાને કરી તેનું ચૌદ કલ્પ જેટલું આયુષ્ય થયું હતું. આશીર્વાદમાં માર્કંડ ઋષિનું આયુષ્ય આપ્યું એમ કહેવાય છે. તેને દીર્ઘાયુ પણ કહે છે.

૫. ન. અઢાર માહેનું એક મહાપુરાણ. તેમાં ૯૦૦૦ શ્લોક છે. તે માર્કંડેયે રચેલ છે

માર્કંડેય પુરાણ [સં] ન. માર્કંડેય મુનિકૃત અઢાર માહેનું એ નામે સાતમું મહાપુરાણ; બ્રહ્મના ૭ માહેનું એ નામે ત્રીજું પુરાણ. તેમાં ૯૦૦૦ શ્લોક છે. ક્રૌષ્ટુકિપ્રબ દુર્ગામાહાત્મ્ય અથવા ચંડીપાઠ આ પુરાણનો એક ભાગ છે. તે ૯ અથવા ૧૦મી સદીમાં લખાયું હોય એમ માની શકાય.

માર્કંડેયાશ્રમ [સં] પું. મહાભારતમાં બતાવેલું પ્રાચીન સ્થાન; નોમતી અને સરયૂ

નદીઓના સંગમ આગળ હાલના કુમાઉન પ્રાંતમાના બાગેશ્વર પાસે આવેલું પ્રાચીન ક્ષેત્ર. ત્યાં માર્કંડ ઋષિએ તપ કર્યું હતું

માર્કંડેયેશ્વર [સ.] પું. ઉત્તરાંચલમાં આવેલ મુખ્ય ચાર શિવલિંગ પૈકીનું એક શિવલિંગ

માર્કંડેયેશ્વરતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું તીર્થ નર્મદા પ્રવાસમાં કહ્યા છે કે: એક રાજાએ મૃગયા વેળાએ ઋષિનો વધ કર્યો. પછી તે દોષનિવૃત્તિને માટે માર્કંડેયજી પાસે ગયો. ત્યાં આઠ દિવસ રહ્યો. પછી તે ભગવાનનું ભજન કરતો કરતો સર્વ તીર્થોનાં દર્શને ગયો, તોપણ નર્મદા તેના મનમા વસી રહી અને જ્યારે નાગેશ્વર પહોંચીને કરંજમાં સ્નાન કર્યું ત્યારે તેની ચિત્તશુદ્ધિ થઈ અને ભય મટી ગયો જ્યારે રાજાએ શિવજીની પૂજા કરી ત્યારે શિવજીએ અથવા માર્કંડેયજીએ શિવરૂપ થઈને તેને અનુભવજ્ઞાન આપ્યું, તે આ તીર્થ છે. અહીં સર્વ કર્મ સફળ થાય છે. અષ્ટમીનો દિવસ અહીં પવિત્ર મનાય છે. અહીંથી એક માઇલ દૂર જતાં કોટિનાર અથવા કોરેશ્વરતીર્થ આવે છે.

માર્કો [અ. માર્ક] પું. છાપ; નિશાની; આંકડો; ચિહ્ન.

માર્કોની પું. આકાશને વાચા આપનાર એ નામનો ઇટાલીનો એક વૈજ્ઞાનિક. તેનો જન્મ ઇટલિના બોલોનામા ઈ. સ. ૧૮૭૪ના એપ્રિલની ૨૫ મી તારીખે થયો હતો. તેને બાળપણથી વિજ્ઞાનનો શોખ હતો. સને ૧૮૯૫માં તેને હર્ટ્ઝ વીજળીથી, તારની મદદ વિના સંદેશા મોકલવાનો વિચાર આવ્યો અને તેની સિદ્ધિ પાછળ પોતાનો સમગ્ર પ્રાણ રેડ્યો અને એકવીસ વર્ષની વયે તે સફળ થયો. ઈ. સ. ૧૮૯૬માં એ વિલાયત ગયો. ત્યાં બ્રાંત તારથી સંદેશા મોકલવાનો પ્રયોગ સફળતાથી કરીને તેની શોધની પેટન્ટ નોંધાવી. આ પછી તેણે ઉત્તરોત્તર પ્રગતિ સાધી અને ૧૦૦૦ માઈલ સુધી દરિયાપાર સંદેશા મોકલવા લાગ્યા. ઈ. સ. ૧૯૦૯માં ભૌતિકશાસ્ત્રનું નોબલ પુરસ્કાર આપી જગતે એમની કદર કરી. ઇટલિએ ખિતાબ આપી તેને માર્કેનીસ બનાવ્યો હતો. ઈ. સ. ૧૯૩૭ના જુલાઈની ૨૦મી તારીખે તેણે દેહ છોડ્યો

માર્ક્સેયાદ પું. એ નામનો એક વાદ. પ્રતિવાદી સમાજવાદ; મૂડીવાદી અર્થરચનામા ક્રાંતિનો સમાજવાદ લાવવાનો સિદ્ધાંત; 'માર્કિસઝમ' તેનો પ્રથમ ફેલાવો રશિયન કાર્લ માર્ક્સે કર્યો હતો તેથી માર્કસવાદ કહેવાય છે. તેની વિશેષતાઓ આ પ્રમાણે છે: (૧) કવિતાનો જનક્રાંતિ માટે હથિયારના રૂપમાં ઉપયોગ કરવો અને તેમા મજૂરોને વર્ગહીન સમાજની સ્થાપના કરવા માટે વિદ્રોહી બનાવવા માટે ઉશ્કેરવા. (૨) નીચલા વર્ગોની સમસ્યાઓનુ ચિત્રણ કરવું અને ઊંચા વર્ગોની શોષકનીતિ ખુલ્લી પાડવી (૩) યથાર્થ વસ્તુનું ચિત્રણ અને આદર્શનો અહિષ્કાર. (૪) સમાજની પ્રાચીન માન્યતાઓનો વિરોધ. (૫) નારી સ્વાતંત્ર્યનો પડકાર. (૬) ભાષા અત્યંત સરળ અને પ્રસાદગુણયુક્ત હોય છે. કારણ કે આ સાહિત્યને સામ્યવાદ જનતા સુધી પહોંચવાનું છે. (૭) વિશ્વસાહિત્યના નિષ્પક્ષોની અવગણના કરવાથી કલાની ખાતર કલા રહેતી નથી પણ શુદ્ધરૂપમાં જીવનને માટે રહે છે. માર્ક્સવાદના યુગમાં આર્થિક સમસ્યાનું સમાધાન અકલ્પ કરવું છે. તેનો આધાર પૈસો છે જ

આદર્શવાદ - હિંસા = આદીવાદ
આદીવાદ + હિંસા = ૦
∴ આદર્શવાદ = ૦ વિનોબા.

માર્ક્સેવાદી પું. કાર્લ માર્ક્સના સિદ્ધાંતોને માનનારો; કાર્લ માર્કસનો અનુયાયી. આવો માણસ પદાર્થ જગતને યથાર્થ માને છે. જે સાહિત્ય જીવન પ્રત્યે સાચું અને ઈમાનદાર હોય છે તેને જ માર્ક્સવાદી માને છે. તેથી તેનો વિશ્વાસ કાર્ય કરવામા છે, બોલવામા નહિ. જે સાહિત્યો પૂંજીવાદનો નાશ કરવામાં અને સમાજવાદને સ્થાપવામાં કામ કરી રહી છે તેને માર્ક્સવાદી ક્રાંતિવાદી ક્રાંતિ કહે છે. આ જ કારણથી માર્ક્સવાદને સમાજવાદ કહેવામા આવે છે.

માર્ખ્યું ન. મૂર્ખતા; મૂર્ખાઈ, બેવકૂફી
શો કહાડું મૂર્ખનો હોય, શીદ સોંપુ આખ્યું તોય
બોબડદાસ

માર્ગ ૧. [સં.] પું. કિ (ધાતુ: જવું; અસનુ તે ઉપરથી બનેલા શબ્દો: માગ, માર્ગિત, માર્ગશીર્ષ, માર્ગદર્શક.
૨. સ કિ. તૈયાર કરવું.
૩ સ કિ પાછળ પડવું, શિકાર પાછળ પડવું
૪. સ કિ માગણી કરવી; અરજ કરવી.
૫ સ કિ. મેળવવા યત્ન કરવો
૬ સ કિ. શમ માટે માગણી કરવી; માગ નાખવું
૭. સ કિ. શણગારવું; શોભાવવું.
૮ સ કિ શોધવું; ખોળવું; તપાસવું.
૯. સ કિ સંસ્કૃત કરવું.
૧૦ સ કિ સિદ્ધ કરવું.

માર્ગ ૨. [સં.] પું. અભિનય, નૃત્ય અને સંગીતની ઉચ્ચ કોટી કે પદ્ધતિ.
૨ પું. અવકાશ.
૩. પું. (સંગીત) એકથી ચાર સ્વર સુધીના રાગ.
૪. પું. (સંગીત) ઓડવ, ષોડવ અને સંપૂર્ણ એ ત્રણ રાગની જાતિઓમાંથી નીકળતી બીજી સાત જાતિની એ નામની એક જાતિ
૫. પું. ઉપાય; સાધન. મોક્ષ પામવાના પાંચ માર્ગ છે: મોક્ષ માર્ગ, ભક્તિ માર્ગ, કર્મ માર્ગ, ઉપાસના માર્ગ અને જ્ઞાન માર્ગ. વળી કેટલાક જ્ઞાન માર્ગ, અર્ચિરાદિ માર્ગ અથવા ઉત્તર માર્ગ ધૂમ માર્ગ અથવા દક્ષિણ માર્ગ એમ માર્ગો ભાખ્યા છે. અર્ચિમાર્ગ એટલે જ્યોતિરૂપ સૂર્યમાં પ્રવેશ થવાનો માર્ગ દેવયાન કહેવાય છે. તેને ઉત્તરાયન પણ કહે છે. ચંદ્રમાં ગતિ થાય તે માર્ગને પિતૃયાન કહે છે એમણે, તે માર્ગ પિતૃલોકમાં જવાય છે. તેને દક્ષિણાયન કહે છે

ધ્રુવ કૃષ્ણની ગતિ એ બે વિશ્વની માના શાશ્વત,
અજન્મા ધ્રુવિજ એકે, ને બીજાથી જન્મવું ફરી;
આ બંને ભાખ્યો માર્ગો, મોગી મોહે ન મર્મ ! હો,
તે માટે સર્વ કાળે થા, યોગયુક્ત હું, અર્જુન !
ગીતાપદ્યામૃત

૬. પું કસ્તૂરી
૭. પુ. કાનદેમર પગલાં સેવાનું કારણ.
૮. પું. ગમન-મર્યાદા. કાર્ય-મર્યાદા.
૯. પુ. યુદ્ધ
૧૦. પું (જ્યોતિષ) ગ્રહનો ગતિપથ.
૧૧. પું ઘોડાની ટ્રોટ નામની ચાલનો એક પ્રકાર
૧૨ પું. (બૌદ્ધ) ચાર આર્યસત્યો પૈકીનું એક આર્યસત્ય. બૌદ્ધ દર્શનમાં દુઃખ, સમુદય, નિરોધ અને માર્ગ એ ચાર આર્યસત્યો છે
૧૩. પું. કાપડ વાનુ ચિહ્ન
૧૪ પું (સંગીત) તાલના દસ પ્રકારો પૈકીનો એક પ્રકાર. તેના ૭ પ્રકાર નીચે પ્રમાણે છે: દક્ષિણ, વાર્તિક, ચિત્ર, ધ્રુવ અથવા ચિત્રતર, ચિત્રતમ અને અતિચિત્રતમ.
૧૫ પું. (સંગીત) દિવસના જેમા કોઈ ફેરફાર કરવાની છૂટ નથી, દેવતા. બધે એક જ રીતે ગવાય તેવા રાગ રાગિણી.
૧૬ પું. નકશેર
૧૭. પું. નાટકમા આગળ જતાં શું થવાનું છે તેનુ સૂચન
૧૮ પુ. પથ; સંપ્રદાય. મતાં રાખ્યાં કાંટો
૧૯ પું ભાવમય નૃત્ય. તાલ અને લયથી યુક્ત નૃત્ય
૨૦ પું. માગશર મહિનો
૨૧. પું મૃગશીર્ષ નક્ષત્ર
૨૨ પું. રસ્તો; વાટ; સેરડો, વર્ગમાં કેડો; પથ.

અયન; અધ્વન; પથિન; પદવી; સૃતિ, સરણિ, પદ્ધતિ; પદ્યા; વર્ત્મની; ઓકપદી. નવું ઘર બાંધવા માટે માર્ગની સંખ્યા તથા માપ જુદાં જુદાં હોય છે. જ્યોતિષના મત પ્રમાણે: રથ્યા, રાજપથની પહોળાઈ ૨૪ હાથ, ગરગર અથવા રમશાન માર્ગની પહોળાઈ ૪૮ હાથ, ગલીચાના રસ્તાની પહોળાઈ ૨૪ હાથ, ઘરેણ વાહન માટે ૭½ હાથ અને ઢોરના ધણ માટે ૬૧ હાથ જોઈએ છે. શુક્રાચાર્યના મત પ્રમાણે: પહેલા વર્ણના રાજમાર્ગની પહોળાઈ ૪૮ હાથ, બીજા વર્ણના રાજમાર્ગની પહોળાઈ ૩૦ હાથ, ત્રીજા વર્ણના રાજમાર્ગની પહોળાઈ ૨૨½ હાથ, વણકરોની પહોળાઈ ૪½ હાથ, નાવિક અથવા ગલીની પહોળાઈ ૭½ હાથ, રસ્તાની બાજાની પહોળાઈ ૧૫ હાથ હોવી જોઈએ. દેવી પુરાણ પ્રમાણે: દેવ માર્ગની પહોળાઈ ૧૮૦ હાથ, ગ્રામ માર્ગની પહોળાઈ ૧૨૦ હાથ, સીમ માર્ગની પહોળાઈ ૬૦ હાથ, રાજપથની પહોળાઈ ૬૦ હાથ, બાજારવાળાની પહોળાઈ ૨૪ હાથ, ઉપરવાળાની પહોળાઈ ૧૮ હાથ, ઉપરવિહારની પહોળાઈ ૧૨ હાથ, જંઘપથની પહોળાઈ ૪ હાથ હોવી જોઈએ. બ્રહ્માંડ પુરાણ પ્રમાણે: દેવ માર્ગની પહોળાઈ ૩૧૫ હાથ, ગ્રામ માર્ગની પહોળાઈ ૨૧૦ હાથ, સીમ માર્ગની પહોળાઈ ૧૦૫ હાથ, રાજપથની પહોળાઈ ૧૦૫ હાથ, બાજારવાળાની પહોળાઈ ૪૨ હાથ, ઉપરવાળાની પહોળાઈ ૩૧½ હાથ, ઉપરવિહારની પહોળાઈ ૨૧ હાથ અને ચંદ્રપથની પહોળાઈ ૭ હાથ હોવી જોઈએ.

૧. જેવી જેની ભાવના તેનો તેવો માર્ગ = ભાવના પ્રમાણે આચરણ હોય છે.

૨. માર્ગ કરવો = (૧) ચૂંચવણમાંથી નીકળવું; તોડ કાઢવો; અટકેલી વાતને આગળ વધવાનો રસ્તો કોઢવો; વચમાંની અડચણ કે અટકાવ હોય તે દૂર કરવો; અંતરાય દૂર કરવો; ઉપાય કરવો. (૨) જગ્યા કરવી; રસ્તો પાડવો; માર્ગ કાઢવો (૩) રસ્તે પડવું. (૪) રસ્તો બતાવવો. (૫) રસ્તે ચઢને ચાલવા જવું.

૩. માર્ગ કાઢવો = તોડ કાઢવો; ચૂંચવણીમાંથી રસ્તો કે ઉપાય કાઢવો; અટકેલી વસ્તુ કે વાતને આગળ વધવાનો રસ્તો કાઢવો; વચમાંની અડચણ કે અટકાવ હોય તે દૂર કરવો; નિકાલ કરવો.

૪. માર્ગ દેખાડવો-બતાવવો (૧) = ઉપાય કે ઉકેલ બતાવવો. (૨) ખરો રસ્તો બતાવવો. (૩) ચૂંચવણમાંથી નીકળવાનો રસ્તો બતાવવો. (૪) ધંધા રોજગારનો રસ્તો બતાવવો.

૫. માર્ગ પાડવો = નવો રસ્તો કાઢવો કે બતાવવો.

૬. માર્ગે લેવો = (૧) ઉપાય લેવો. (૨) રસ્તો પકડવો; નીકળી પડવું. (૩) રીત પકડવી કે અનુસરવી.

૭. માર્ગે ચઢવું = (૧) નીકળી પડવું; રસ્તો પકડવો; ચાલવા માંડવું. (૨) મૃગશીર્ષ નક્ષત્રનો ગુરુ થવો. મૃગશીર્ષ નક્ષત્રનો ગુરુ આવે ત્યારે પંચાગમાં માર્ગે ગુરુ એમ લખાય છે. એ માર્ગનો અર્થ રસ્તો કરીને ચાલવા માંડનારને માટે બોલવાની રૂઢિ પડી હોય તેમ જણાય છે.

૨૩ પું. રૂઢિ; ઢબ; રીત; આચાર; ચાલ; વર્તનક્રમ.

૨૪. પું. લાલ અપામાર્ગ.

૨૫ પું. વાહિની; નાળી; 'ડચૂબ'.

૨૬. પું. વિલાસ; શોભા; પ્રકરણ.

૨૭. પું. વિષ્ણુનાં ઢબનાં બાંધેનું એક નામ. મુમુક્ષુ જન તે પરમાત્માનું માર્ગણ એટલે ખોજ કરે છે તેથી તે માર્ગ કહેવાય છે.

૨૮. પું. ક્રોધ.

૨૯. પું. કોણી; ખૂણો; કોટિ.

૩૦. પું. (સંગીત) સંગીતના બે બાંધેનો એક પ્રકાર; ભૂત કે સિદ્ધ સંગીત. તેની ઉત્પત્તિ વિષે એમ કહેવાય છે કે, બ્રહ્મદેવે માર્ગ સંગીત ભરતમુનિને શીખવ્યું. ભરતમુનિએ અપ્સરાઓ તથા ગંધર્વ સાથે મહાદેવની આગળ બજાવી બતાવ્યું. એથી મહાદેવે ખુશ થઈ પોતે ભરતને તાંડવ શીખવ્યું અને પાર્વતીએ લાસ્ય શીખવ્યું. પાછી ભરતે પોતાના બધા શિષ્યોને શીખવ્યું.

૩૧. પું. સાચો રસ્તો; યોગ્ય ઉપાય; તોડ.

હિત સ્વરાજ્યે માર્ગ બતાવો બાપુજી ! તમે,
આતરરાષ્ટ્રદશિ બનવી હિત વિશ્વનું.
બાપીગીતા

૩૨. વિ. ભૃગુ સંબંધી.

આર્ગકમલ્લ [સં.] ન. બળવા; બળબૂ; અટકનું મુસાફરી કરવી તે; પ્રવાસ; સફર; યાત્રા; કૂચ.

આર્ગચિહ્ન ન. સીમા નક્કી કરનાર નિશાની; સીમા નિર્ણાયક ચિહ્ન.

આર્ગજિન પું. (જૈન) એક બ્રતનો બળબૂ.

આર્ગણ ૧. પું. પંજની સંખ્યા.

૨. પું. બાણ; શર.

બ્રત હોમ અજિરાગ્ર આજુબ વિવિધ સિદ્ધીબુધ બ્રાત;
કર આર્ગણ નારાચ ધનુ પરી સોબત બ્રાત.
ચિત્રબલપુરોત્ત

૩. પું. ભિક્ષુ.

૪. પું. યાચક; ભિખારી.

તુજ બ્રભુવિદ્યા નૃપતિ વખાણી,
આર્ગણ આવી બ્રત્ન ગ્રહણ બણી.
બ્રબ્ધબાસ

૫. ન. તપાસ; શોધ; શોધવું તે.

૬. ન. પ્રેમ કરવો તે; પ્રેમ; સ્નેહ.

૭. ન. માગણી; યાચના; પ્રાર્થના; અરજ; માગવું તે.

૮. વિ. તપાસ કરનાર; શોધક.

૯. વિ. માગનાર.

૧૦. વિ. સસાર પ્રવાહમાં પડેલું.

આર્ગણ જીવ = સસાર પ્રવાહમાં પડેલા જીવ.

આર્ગણક ૧. [સં.] પું. દાવો કરનાર માણસ. દાવેદાર; કજ્જ ઘરાવનાર વ્યક્તિ.

૨. પું. પ્રાર્થના કરનાર યાચક; માગણ; ભિખારી.

આર્ગણપ્રીતા [સં] સ્ત્રી. નર્મદાનાં કબર માંધેનું એક નામ.

આર્ગણી [સં.] સ્ત્રી. નર્મદાનાં કબર માંધેનું એક નામ.

આર્ગતત્ત્વ ન. (બૌદ્ધ) બુદ્ધે પોતાના જ્ઞાનમાં કહેલાં દુ:ખ, સમુદય, માર્ગ અને નિરોધ એમ ચાર માંધેનું ત્રીજું તત્ત્વ; અહીંના સર્વ પદાર્થો ક્ષણિક છે, કોઈ આત્મીય નથી એવી વાસના.

આર્ગદર્શક ૧. [સં. માર્ગ + દર્શક (બતાવનાર)] પું. અધિકારી; અગ્રણી; 'ગાઇડર'.

૨. પું. નેતા; અગ્રેસર.

૩. પું. પથદર્શક; ભોમિયો.

૪. વિ. માર્ગ બતાવનાર; રસ્તે બતાવનાર; મદદગાર; રસ્તે બતાવવામાં મદદગાર થાય તેવું.

આર્ગદર્શન [સં.] ન. રસ્તો બતાવવો તે; સૂચના આપવાપણું.

આર્ગદર્શિકા ૧. [સં.] સ્ત્રી. માર્ગ દર્શાવનાર એટલે પ્રવેશ કરાવનાર પુસ્તક.

૨. સ્ત્રી. માર્ગની બાતમી આપનાર પત્રિકા.

આર્ગદર્શી [સં. માર્ગદર્શિન્] વિ. રસ્તો બતાવનાર; ભોમિયો.

આર્ગદા [સં.] સ્ત્રી. નર્મદાનાં કબર માંધેનું એક નામ.

આર્ગદાયિની [સં.] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ. તેનું સ્થાન કેદારમાં છે.

આર્ગદેશક પું. (જૈન) એક બ્રતનો બળબૂ.

પરમ પરમાત્મની બ્રાપ્તિને જે ધર્મોપદેશ કરે છે, ધર્મનું વિવેચન કરે છે તે રાગ દ્વેષ કબ્રાદ તૃષ્ણારહિત મુનિને આર્ગદેશક ભિક્ષુ કહે છે.
સુત્તનિપાત

આર્ગદ્રષ્ટા [સં.] પું. માર્ગ જોનારો હોય તેવો માણસ.

માર્ગધેનુ [સં] પુ. ચાર કોશ; એક યોજન

માર્ગધેનુક જુઓ માર્ગધેનુ

માર્ગનિર્દેશ [સ] પુ રસ્તો બતાવવો તે

માર્ગપત્ર [સં] પુ. ઇરતિપુ. માલની ઠીપ; જાપત્ર; મલ્લમિટો

માર્ગમાપકયંત્ર [સ.] ન. રસ્તાનું ૧૮ માપવાનું યંત્ર. રસ્તો માપવાનું સાધન. ૨૦ ૮ યંત્ર; પૈડાવાળી ગાડીઓ કેટલું અંતર કાપે છે તે માપવાનું યંત્ર; 'ઓડોમીટર'. આ યંત્ર ગાડાંઓને આગળ હોય છે. તેમાં એક મોટો કાટો અને એક નાનો કાટો હોય છે. મોટા કાટો અંતરાલો રસ્તો વારમાં અને નાનો કાટો માઈલમાં બતાવે છે આ યંત્ર ખિસ્સામાં રખ છે અને અંતરાયો કોટલા. આયકા લાગે ત પ્રમાણે સિયર પદ્ધતિથી બારનો કાટો આગે છે આ યંત્રને પેડોમીટર પણ કહે છે.

માર્ગરક્ષિણી [સ.] સ્ત્રી. નવરાત્રના બીજા મહેનું બીજ નામ.

માર્ગરેટ સ્ત્રી. ભગવાનમાં રહી જનસેવા કરનાર એ નામની એક અંગ્રેજ કન્યા; ભગિની નિવેદિતા. તેમનું મૂળ નામ અંગ્રેજ કુમારી માર્ગરેટ નોબેલ હતું તે એક મોટા અધિ . અમલદારની પુત્રી હોવા છતા, વિલાસમાં મહાલ સેવિકા અને વિદ્વાન જ્ઞાનપ્રકાર તરીકે પ્રખ્યાતિ મેળવવા શક્તિમાન હોવા છતા, સ્વામી વિવેકાનંદનાં વિચારોનાં જ્ઞાનપૂરી પ્રેરાઈ, તેની સાથે ચર્ચા કરી, તેના લેખો વાંચી, વિવેકાનંદ સાથે જ હિંદ આવા આવાને પણ કલકત્તાના ઉત્તર ભાગમાં આવેલા મંદિરમાં બંદા લતાનાં દરિદ્રોની સેવા કરવાની જ પ્રથમથી શરૂઆત કરી. દરિદ્રનારાયણના સેવામાં જ તેણે પ્રભુસેવા જોઈ. દુષ્કાળ વખતે, પ્લેગને સમયે કે એવા બીજા સંકટને સમયે ગરીબ અને દુઃખીઓને સહાય આપવા પોતે હાજર થઈ જતી ગરીબોને તો તેણે જાતે મહેનત કરી પુસ્તકો લખી લેખો લખી ફડફાળો ઉઘરાવ્યા બસર જ શિક્ષણ આપ્યું. હિંદુસ્તાન પર તેને ખૂબ પ્રેમ હતો. હિંદુ ધર્મ તેને બહુ વહાલો હતો. તેણે હિંદુસ્તાનનાં જાતાના પ્રસિદ્ધ સ્થળોની મુલાકાતો કરી હતી. હિંદુસ્તાન અને હિંદુ ધર્મ વિષે તેણે સુંદર પુસ્તકો લખ્યાં છે માર્ગરેટની સેવા અદ્ભુત હતી એ પરદેશી છતાં હિંદીઓના દુઃખે દુઃખી થતી કહેવાય છે કે, બંગાળામાં દેશપ્રેમ ઉત્પન્ન કરવામાં તેનો ફાળો બહુ મોટો હતો દેશસેવાના વિષ્ટ અને કપરા કાર્યમાં સખત તપશ્ચર્યા કરવાથી તેનું શરીર લથડ્યું હતું જે ઉંમરે અંગ્રેજ બાળો યુવાન અવસ્થાએ પહોંચે તે ઉંમરે તો એ દેવલ : પા૮.

માર્ગાવરોધન ન શરીરમાનું એક પ્રકારનું કૃત્ય તે શરીરના સ્રોતોને ખુલ્લા કરી તેનું શોધન કરે છે અથવા નાડીવ્રણ, ભગંદરની નાળ વગેરેનું રોપણ કરે છે

માર્ગનિર્ણયપત્ર [સ] પુ રસ્તા અંગેના અર્થનું અરજીપુ. 'પે ત્રિસ'

માર્ગશિર [સ] પુ. હિંદુઓના બાર મહિનાનો નિયમ સવાનો બીજો મહિનો. માગશર માસ. અગહનનો મહિનો. આ માસનું નામ માગશીર ૨૦ ૮ પરથી પડેલું છે તે નક્ષત્ર આ માસમાં મધ્યાકાશે રોગ છે અને પ૦ દિવસે અસ્ત થાય છે

માર્ગશીર્ષ સ.] પુ [વિક્રમ સવતનો બીજો માસ; માગશર માસ. વિનોબા લખે છે કે: કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર અર્જુનને ગીતાનો ઉપદેશ જે દિવસે દેવામા આવ્યો તે માર્ગશીર્ષ શુક્લા અગિયારશનો દિવસ હતો, એમ વિદ્વાનોએ [ન કરેલ છે, તથી અંધકારોમા માર્ગશીર્ષ મહિનો મારી વિભૂતિ છે, તે વચનને વિશેષ અર્થ પ્રાપ્ત થાય છે. તે દિવસે દિવસમાં અવશ્ય [ીતાનો સ્વાધ્યાય અથવા પ્રવચન થાય

માસોમા માર્ગશીર્ષ હું ઋતુમા કુસુમાકર

ભગવદ્ગીતા વિભૂતિ

માર્ગશીર્ષી [સં.] સ્ત્રી. ભ ગ૨ મહિનાની પૂનેમ

માર્ગસૂચક [સં] વિ. રસ્તો બતાવનાર

માર્ગસૂચક સ્તંભ પું કોશ મિનાર; પ્રગતિદર્શક નિશાની.

કવિઓ આ અનુપ વતની ૫ । ૫ ૫ ૫ ૫ માર્ગસૂચક સ્તંભ છે. । સા. પરિષદ

માર્ગસ્તંભ ૧. [સ] પું. માર્ગદર્શક સ્તંભ, ચિહ્ન કે પથ્થર

૨. પું રસ્તાનું અંતર બતાવનાર પથ્થરનો કે ઝાડવાનો આભલો. 'માઈલ સ્ટોન'

માર્ગસ્થ ૧. [સં.] પુ. મુસાફર; વટેમાર્ગુ, માર્ગી, પંથી

૨ વિ. માગમાં રોનલ, માર્ગે ચાલી ચૂકેલ

માર્ગસ્થાપત્ય [સ.] ન માર્ગનું બાંધકામ; રસ્તાનું સ્થાપત્ય.

દક્ષણ અને મલાબારને કારણે કેટલાક વહ જેવી આડચ કરે છે. આમ થવાથી માર્ગસ્થાપત્ય અને ગૃહસ્થાપત્ય બને જરૂરે છે. ગૃહનિર્માણ

માર્ગાધિકાર [સં માર્ગ + અધિકાર] પું ગમનાધિકાર; પ્રયાધિકાર; જવા આવવાનો અધિકાર.

માર્ગાધિકારી [સં માર્ગાધિકારિન્] પુ રસ્તાઓની દેખરેખ રાખનાર મુખ્ય અધિકારી; રસ્તા અને સડક ખાતાનો અમલદાર

માર્ગી ૧. [સં માર્ગિન્] પું અનુયાયી, સંપ્રદાયને માનનાર પુરુષ.

સર્વ સુખ તુચ્છબુદ્ધિ કુ જના નિવારણમાંથી ઉત્પન્ન થાય છે, એ સિદ્ધાંતના માર્ગીઓનું કહેવું. સંસારી માન્યા રાખી શકાય નહિ. ગીતારહસ્ય

૨. પું આ નામનો એક ધર્મપંથ

૩. પુ. માર્ગ પથનો અનુયાયી

૪ પું મુસાફર; પથ્થ; વટેમાર્ગુ; રાહગીર; રસ્તે જનાર માણસ

૫ સ્ત્રી. (સંગીત) એકવીસ મૂર્છનાની એક મૂર્છના; સંગીતમાં મધ્ય ગ્રામની સાત મૂર્છનાની એક મૂર્છના, મંદ્રસ્થાનની કોમળ નિષાદથી શરૂ કરી મધ્યસ્થાની કોમળ નિષાદ સુધી આરોહ કરવાથી અને પાછા મૂળ સ્વર પર અવરોહ કરવાથી આ મૂર્છના બને છે.

૬ સ્ત્રી. ભવાની એ નામની એક અટક.

૭ વ. એ નામની અટકનું માણસ

૮. ન. સંગીતના બે માર્ગનો એક પ્રકાર; વૈદિક સંગીત

૯ વિ. અમક સંપ્રદાય અથવા મતનું; અમુક મત કે ધર્મના કાંટા પ્રમાણે ચાલનારું; અમુક મને ચડેલું; માર્ગ એટલે પથનું અનુયાયી જેમકે, ચિત્રમાર્ગી

૧૦. વિ એ નામના એક પથનું; માર્ગી પંથનું.

૧૧ વિ. એ નામની અટકનું.

૧૨. વિ ની તરફ લક્ષ્યવાળું

એકમાર્ગી = જેને બીજાની સાથે કોઈ પણ પ્રકારની નિસ્બત નથી એવું.

૧૩. વિ માર્ગ નામના સંગીત પ્રકારને લગતું.

૧૪. વિ માર્ગ સબંધી

૧૫ વિ. માર્ગે ચાલનારું

૧૬. વિ. (જ્યોતિષ) વક્ર ગતિ છોડીને સીધી ગતિએ ચાલનાર. ગ્રહ મારે બોલાય છે

સુખ ચારે પાસ ગ્રહો, બોડા દિવસ વક્ર ગતિથી ચાલ્યા પછી પાછા સીધી ગતિએ ચાલવા માંડે છે. તે વખતે તેઓ માર્ગી થયા એમ કહેવાય છે.

જ્યોતિર્વિલાસ

માર્ગી પદ્ધતિ સ્ત્રી (સંગીત) સંગીતની બે માર્ગોની એક પદ્ધતિ. તેની મુખ્ય બે ભ્રમરોની આ પદ્ધતિ ભરતે બ્રહ્મા પાસેથી મેળવી સિદ્ધ કરેલી છે. અત્યારે તે લગભગ નાશ પામી મનાય છે

આપણા દેશમા માર્ગી એટલે શિષ્ટ અને દેશી એટલે લૌકિક એ બે જાતની સંગીત પદ્ધતિ પ્રાચીન કાળથી ચાલી આવેલ છે. કૌમુદી

માર્ગીપંથી વિ માર્ગી નામના સંપ્રદાયનું

માર્ગીસંગીત ન (સંગીત) શાસ્ત્ર અને પ્રમાણથી બંધાયેલું સંગીત; શાસ્ત્રીય સંગીત. આ દેશમાં માર્ગી અને દેશી એ બે જાતની સંગીત પદ્ધતિઓ બહુ પ્રાચીન કાળથી ચાલી આવેલી છે. શાસ્ત્ર પ્રમાણથી બંધાયેલું ઉચ્ચ સંગીત તે માર્ગીસંગીત અને દેશી એટલે દેશકાલ, લોકોની રુચિને અનુસરીને જે ઘડેલું છે તે દેશી અર્થાત્ લોકસંગીત કહેવાય છે.

માર્ગોપદેશક ૧ [સં. માર્ગ + ઉપદેશક (બોધ દેનાર)] વું. માર્ગનો બોધ દેનાર માણસ; રસ્તો બતાવનાર પુરુષ; માર્ગ બતાવનાર માણસ.

૨. વિ. રસ્તો બતાવનાર

માર્ગોપદેશિકા ૧ [સં.] સ્ત્રી. માર્ગ દર્શાવનાર એટલે પ્રવેશ કરાવનાર પુસ્તક.

૨ જા બી ભાંડારકરકૃત એક સંસ્કૃત પાઠ્યપુસ્તક. તેના બે ભાગ છે

માર્જ્ય ૧. [સં] વિ. બોળવા યોગ્ય.

૨ વિ. સાફ કરવા લાયક.

માર્ચ ૧. [અં.] વું. ઈસવી સનનો ત્રીજો મહિનો. તેના ૩૧ દિવસ હોય છે. રોમન લોકોના યુદ્ધ દેવતા માર્સના નામ ઉપરથી તેમના ત્રીજા માસનું નામ માર્ચ પડ્યું કહેવાય છે.

૨. [હિ.] સ્ત્રી. કૂચ; પ્રયાણ; ઊપડવું તે.

૩. સ્ત્રી. ગતિ; ગમન.

૪. સ્ત્રી. ઘોડાની એક જાતની ચાલ.

૫. સ્ત્રી. કદમ.

માર્ચિંગ [અં] ન. કુચ. કવાયતી શારીરિક શિક્ષણસંસ્થાની નોંધ મુજબ વ્યવસ્થિત રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ સમૂહમાં જવા માટે માર્ચિંગની ખાસ જરૂરત છે. કૂચની સાથે જો તાલ આપવામાં આવે તો કૂચ સુંદર અને વ્યવસ્થિત લાગે છે તેના મુખ્ય હુકમો નીચે પ્રમાણે છે: ૧. ફોલ ઇન–એક કતાર: બધા એક કતારમાં, જોયો ઊંચો જમણી તરફ અને જોયો નીચો ડાબી તરફ એમ ચડઊતર ઊભા રહે છે. ૨. ઓટે-સન-ફોલિગાર: પગને ભેગા કરે છે એટલે કે ડાબો પગ ઊપાડી જમણા પગને મેળવે છે. હાથ શરીરને અડકેલા પૂર્વ સંસ્કારમાં રહે છે અને મૂઠી વાળેલી રખાય છે બંને પગની એડી પાસે લગભગ ૪૫"નો ખૂણો થાય. છાતી ઠલ્લાર, માથું સીધું અને નજર સામી હોય. ૩ રાઇટ ટુ ટ્રેસ–દાહિનેસે નાચ લેવ: જોયો જમણા માણસ સિવાય દરેક વ્યક્તિ પોતાનો જમણો હાથ, પોતાના ખભાની સીધાણમાં ઊંચકે છે અને જમણી બાજુએ નજર રાખી પોતાની જાતને લાઈનમાં બરાબર કરે છે ૪ આઇઝ ફ્રન્ટ–સામને નિહાલ. દરેક જમની બાજુએથી નજર ફેરવી સીધી કરવાની હોય છે ૫ રેન્ડ એટ ઈઝ–આસાન હો: દરેક પોતાનો ડાબો પગ જમણા પગથી ઉપાડી બાર ઇંચ દૂર મૂકે અને માથેમાથે અને હાથ બાજુ આંખે એટલે કે શરીર પાછળ જમણો હાથ ડાબા હાથમાં મૂકે. દષ્ટિ જોયો વિરુદ્ધ દિશામાં ખુલ્લી રહે છે. ૬. રેટ-ડ ઈઝી-આરામ: રેસ્ટ એટ ઇઝ સ્થિતિમાં જ ઊભા રહેવાનું છે પણ ફક્ત હાથ થોડી વારને માટે છૂટા રાખી શકાય છે. ૭. કોમ પ ન્ટ નમર્સ દાહિનેસ મિનતી, ઇન થ્રિસ, એક સે તીન, ઇન ફોર્સ એક સે ચાર, ઇન ટ્રેક એક દો વગેરે: પ્રથમ કોલિયારની સ્થિતિમાં ગયું હુકમ પ્રમાણે, એક દો, એક સે તીન, એક સે ચાર, અમલદારી કરે છે જો કાંઈ પણ સૂચના આપવામાં ન આવી હોય તો અમલદારી સલામ કરવામાં આવે છે. જો કોલિયારની સ્થિતિમાં હોય તો કોલિયાર બદલાયું રહેવું નથી. ૮. સ્ટાર્ટિંગ–કદમ આગે-પીછે-બાજુ: કોલિયારની સ્થિતિમાં ડાબો પગ પ્રથમ ઉપાડી, આગે, પીછે કે બાજુ પર કદમ ભરી શકાય છે. ફક્ત જમણી તરફ કદમ લેવાનું કહેવામાં આવે તો જ જમણો પગ પહેલો ઊપાડવાનો હોય છે. આગે કદમમાં એક પગલું લગભગ ૩૦ ઇંચનું અને પીછે કદમમાં એક પગલું ૨૪ ઇંચનું સાધારણ રીતે લેવામાં આવે છે. ૯. રાઇટ ટર્ન અને લેફ્ટ ટર્ન: રાઇટ ટર્ન–દાહિને ફ્રંટ: લેફ્ટ ટર્ન–બાંયે ફ્રંટ: જમણા કે ડાબા હાથ તરફ ફરવાનું હોય છે ફરની વખતે શરીર ટટ્ટાર અને હાથ શરીરની લગોલગ હોવા જોઈએ. જે બાજુએ ફરવું હોય તે પગની એડી અને બીજા પગના પંજા ઉપર ફરી, બીજી દિલચાલમાં પહેલા પગ જોડે બીજો પગ ઉપાડીને મેળવવો. ડાબી કે જમણી બાજુ ૯૦ અંશને ખૂણે ફરાય છે. ૧૦. એબાઉટ ટર્ન ઘૂમ ફર: દરેક ૧૮૦ અંશને ખૂણે ૧૮૦ અંશ ફરવાનું હોય છે. ઘૂમની વખતે શરીર ટટ્ટાર અને હાથ શરીરને લગોલગ રખાય. ફરવાનું જો બીજી રીતે ન કહેલ હોય તો હંમેશ જમણી બાજુથી ફરવાનું હોય છે ૧૧. હાફ રાઇટ ટર્ન અથવા હાફ લેફ્ટ ટર્ન–નીમ દાહિને ફ્રંટ અથવા નીમ બાંયે ફ્રંટ: આ હુકમથી જમણી કે ડાબી તરફ આખું ફરવાને બદલે ૪૫ અંશ જ ફરવું. ૧૨. માર્ક ટાઇમ-તાલસે કદમ: પોતાનો ડાબો પગ જમીનથી લગભગ ૬ ઇંચ ઊંચો કરે છે. પછી ડાબો પગ નીચે મૂકી જમણો પગ ઊંચો કરે છે આમ વારાફરતી પગ ઊંચો નીચો કરે છે છાતી ટટ્ટાર, ખોળ્યું સીધા અને પંજા જમીન તરફ હોવા જોઈએ. જો કુચ કરતાં કરતાં આ હુકમ આપવામાં આવે તો પણ આ જ પ્રમાણે એક જગ્યાએ ઊભા રહી તાલસે કદમ ફરવામાં આવે છે ચાલતાં ચાલતાં જ્યારે કદમ ખોટા પડવા માંડે ત્યારે પણ ત્રીજે માર્ક ટાઇમનો હુકમ આપવામાં આવે છે અમલ તો આગળ ચાલવાની જગ્યા ન હોય તો પણ તાલસે કદમ ફરવામાં આવે છે. ૧૩ ક્વિક માર્ચ ગેસ કદમ: ઝડપની સાથે ડાબો પગ લગભગ ત્રીસ ઇંચ દૂર આગળ મૂકવામાં આવે છે ને માથેમાથે જમણો હાથ પણ સીધો બહાર આવે છે, પછી જમણો પગ અને ડાબો હાથ આગળ લાવીને ઉતાવળી ગતિથી ચલાય છે. એક મિનિટમાં ૧૨૦ પગલાંની ગતિ હોવી જોઈએ. માર્ક ટાઇમમાંથી આગળ વધવા માટે કોરવર્ડ માર્ચ એટલે કે આગેકૂચનો હુકમ આપવામાં આવે છે. ૧૪. ડબાસ હોલ્ટ–ફ્રંક ટનર: ચાલતા ચાલતાં કે તાલમે કદમ કરતાં અટકી જવું. અગ્રેજી હુકમ ડબાસ શબ્દ ડાબો પગ જમીન ઉપર પડતાં બોલાય છે અને હોલ્ટ શબ્દ જમણો પગ જમીન ઉપર પડતાં બોલાય છે, જ્યારે હિંદી હુકમમાં ફ્રંક અને ટનર અનુક્રમે ડાબો અને જમણો પગ પડતાં બોલાય છે. ૧૫. બેકવર્ડ માર્ચ–પીછે કૂચ: પરેલાં ડાબો પગ પાછળ કાઢી નાનાં પગલાંથી પાછળ ચાલવું. ૧૬. ટુ રેટેપ્સ લેફ્ટ સાર્જન્ટવર્ડ માર્ચ અથવા રાઇટ સાજન્ટવર્ડ માર્ચ–બે પગલા આગે બાજુ કૂચ અથવા દાહિને બાજુ કૂચ: જે બાજુએ કૂચનો હુકમ મળે તે બાજુનો પગ બારેક ઇંચ તે બાજુમાં સાર્જ બીજો પગ મેળવાય અને જેટલાં કદમ કીધું હોય ત્યાં સુધી ચાલવું. ૧૭. ડબલ ટાઇમ માર્ચિંગ–ડબાસે ગ્લેસ કદમ: આમાં ચાલવાને બદલે દોડવાનું જ હોય છે. એક મિનિટમા ૧૮૦ પગલાંની ઝડપે દોડવું. હાથ કોણીથી વળેલા રખાય. આ સ્થિતિમાંથી હોલ્ટ થવાને માટે થ્રી પગલે એટલે કે ડાબા પગ ઉપર એક, જમણા ઉપર દો, પાછા ડાબા ઉપર તીન અને જમણા ઉપર ચાર કહીને બને પગ મેળવી દેવામાં આવે છે; અને આ સ્થિતિમાંથી ડબલ ટાઇમ માર્ચિંગ કે ક્વિક માર્ચ કરવાને માટે ડાબા પગ ઉપર ક્વિક અને જમણા પગ ઉપર માર્ચનો હુકમ આપવામાં આવે છે. હિંદી હુકમમા ગ્લેસ અને કદમ અનુક્રમે ડાબા અને જમણા પગ ઉપર અપાય છે. ૧૮. માર્ક ટાઇમ એટલે તાલસે કદમમાંથી ડાબુ કે જમણું કરવા માટે લેફ્ટ ટર્ન કે રાઇટ ટર્ન–બાંયે કે દાહિને કૂચ: તાલસે કદમમાં જ્યારે ડાબો પગ જમીન ઉપર પડે છે ત્યારે રાઇટ કે લેફ્ટ કહેવામા આવે છે અને જમણા પગ

ઉપર ટર્ન કહેવામાં આવે છે આ હુકમ જો ચાલતા ચાલતાં આપવામાં આવ્યો હોય તો હુકમ પ્રમાણે ફરીને ચાલવાનું હોય છે અને તાલમ કદમમા અપવો હોય તો જે તે બાજુ ફરીને તાલસ કદમ ચાલુ રાખવાનું હોય છે. ૧૯ એબાઉટ ટર્ન-ધૂમ બસ: ચાલતાં ચાલતાં આ હુકમ આપવાનો હોય ત્યારે એબાઉટ કાપ્યા પગ ઉપર અને ટર્ન જમણા પગ ઉપર બોલવામા આવે છે. તે પછી જમણી બાજુથી ફરતાં, આ પદ્ધ સર્ધને આખુ પાછું ફરવાનું પૂરું કરાવ છે અને પાછા ફર્યા પછી ડાબો પગ બહાર કાઢી પાછુ ચાલવાનું શરૂ કરાવ છે જો તાલમે કદમમાં આ હુકમ આપવામાં આવ્યો હોય તો કૂચ પછી તે કાર્ય ચાલુ રખાય છે આમ સજાઓમાં ના બાજુએ પણ ધૂમ જાય ૨૦ રાઇટ ટર્ન-ધૂમ જમણે લેફ્ટ એબાઉટ ટર્ન છે ૨૦ લાર્જ સ્ટેપ્સ કે ૨.૬૮ સ્ટેપ્સ-નીમ આપે ફક્ત કે નીમ કાદિને ફક્ત આ હુકમથી ડાબી બાજુ કે જમણી બાજુએ ૪૫° ફરવાનું હોય છે. આ હુકમ ચાલતા ચાલતાં કે તાલમે કદમ કરતા, કરતા પણ આપ્યા છે. ૨૧. સેકન્ડ ટુ પ સેકન્ડ કે સેકન્ડ ટુ પ રાઇટ-સલામી આપે કે સલામી લાકિનઃ ચાલતાં ચાલતા ડાબો કે જમણો પગ પહતા સલામ કરવામાં આવે છે પછી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ એમ મનમા ગણી સલામ મૂકી દેવાની હોય છે. ૨૧ ચેઇન્જ સ્ટેપ-કદમ બદલ- જ્યારે કોર્ડ બ્યક્તિનો કદમ ડાબા કે તાલમે જમણા અને જમણાને બદલે ડાબો પડતો હોય ત્યારે આ હુકમ આપવામા આવે છે જેથી પહેલો પગ જરા લાંબો લઈ પાછળનો પગ જરા ટૂંકા સાથે પાછળ લઈ પગ મેળવી દેવાનો હોય છે ૨૨. ચેઇન્જ ડિરેકશન ૨.૬૮, રાઇટ ઓબ્લ કે ચેઇન્જ ડિરેકશન લેફ્ટ, લેફ્ટ ઓબ્લ લાકિને એક કે બીજે એકઃ ચાલ્યા કદમમાંથી જે બાજુ કે જમણી બાજુ વાળવાનું હોય તો જે બાજુ વાળવાનું હોય તે બાજુ એક લેવાનો હુકમ આપવામાં આવે છે. ૨૩ ઓપન ઓર્ડર માર્ચ-ખૂલ બસ: ત્રણ કતારો વચ્ચે અંતર વધારવાનું હોય ત્યારે આ હુકમ આપવામાં આવે છે. હુકમ મળતાં આગલી કતારે બે કદમ આગળ અને પાછલી કતારે બે કદમ પાછળ ચાલવા. વચલી કતારે જેમનું તેમ ઊભા રહેવું. માર્ચિંગના મુખ્ય હુકમો ઉપર જણાવ્યા પ્રમાણે છે, તેમાંથી વર્ગના કેટલાક અને બીજા પ્રમાણમાં તેના જુદા જુદા બીજા ફેરફાર થઈ શકે છે. જો સ્કવોડ એટલે ટુકડીને અને વર્ગ એટલે કલાસને હુકમ આપવો હોય તો દરેક હુકમની પહેલાં જે તે શબ્દ ઉમેરાય છે જેમકે સ્કવોડ રાઇટ ટર્ન કે ક્લાસ એટેન્શન.

માર્જ્ ૧ [સ] અ ક્રિ. અલોપ કરવો

૨ સ ક્રિ (ધાતુ) માફ કરવું. શુદ્ધ કરવું. તે ઉપરથી અનેક શબ્દોઃ માર્જન, માર્જિત, સમાર્જની વગેરે

માર્જ ૧ [સ] પું બોળી

૨. પુ માર્જન

૩ પુ વિષ્ણુ

માર્જન ૧ પું એ નામનો એક ઋષિ. તેનાથી કમારો જાતિ ઉત્પન્ન થયો મનાય છે

૨. પું મુખ્ય અદરે માણસનો અક ઉપયોગ

૩. [વિ] પુ લાયનું દેવ, લોક પક્ષ

૪ ન. જુ. નહાવું; સ્નાન

૫ ન ધા ૧ શુદ્ધ, સજ્જ કરવું, દૂર કરવું તે.

ઉત્પત્તિકા લેખ બનક માર્જનની કદરી વૃક્ષ છિન્નક. મરકત પેરી ઉપરિ પેરિ કર માર્જન ત્યાદ ભા ૧૨

૨. ન શુદ્ધ કરવા મંત્ર ભણીને પાણી છાંટવું તે; મંત્રાદિકથી માણસ કે વસ્તુ વગેરેને પવિત્ર કરવા આચમનથી. દર્ભથી કે એવી બીજી પવિત્ર વસ્તુથી પાણી છાંટવું તે.

૩. ન સંધ્યા કરતી વખતે ડાબા હાથથી કમંડળીમાં ભણી લઈ જમણે હાથે છાંટવામાં આવે છે તે ક્રિયા. પાતંજ

૪. [સં ક્રિયા (માજ કરવું)] ન આકૃષ્ટિ કરવું તે. માર્જન કરવું તે; સ્વચ્છ કરવું તે, શોધનઃ શુદ્ધિ; ધોવું તે; શુદ્ધિને માટે કરવું તે.

માર્જન કરવું ક્ર (૧) માંજવું; માફ કરવું, સ્વચ્છ કરવું; ઘોટવું (૨) શુદ્ધ કરવું, પવિત્ર કરવા પાણી છાંટવું; દેહ ઉપર જમણી છાંટ નાખીને દેહની શુદ્ધિ કરવી અને તેનાથી સુચવાતી આત્માની શુદ્ધિ કરવી પ્રાયશ્ચિત્તમયમા સધ્યા મુજબ માર્જનનું રૂપ આ પ્રમાણે છે. જમણા હાથમા જેમ કર્ક મોગ પદાર્થ જોવોકે, અમધા રોગનો લાડુ પકડ્યો હોય ને તે બધુ પૃષ્ઠ વિધાયક તરફ રહે ને આગળ્યાઓના ટેરવાં બરાબર વિધેયના શરીર સામે તાકેલા નીચની પેરે આવી બધ તેમ રાખવો. પછી વિધેયના માથા આગળ આ હાથ ધરવો ને તે રથળેથી ધીમે ધીમે હાથ નીચે લાવી જવો.

માર્જનકૌશલ્ય ક્રિયા જો ચોમઠ માંહેની એ નામની એક કળા કોર્ટ સ્થળે રંગ.દિક પદાર્થ પાથરેલ હોય ને તે ઉપરાયાપરી હોય અને તેમાંથી એક ઉપલો રંગ કાઢી નાખતાં નીચલાને કાંઈ અસર ન આવે તેમ કરવું તે માર્જનકૌશલ્ય કળા કહેવાય. તેમજ બાયુ ઓળવું, કેશ સ્વચ્છ કરવા, શરીરે માર્જન કરવું, બધા ઉપર તેલ લગાડવું તે આ કળાનો બીજો આમ છે પછી ત્રિનોડ એ એનો ત્રીજો આમ છે. આ કા. ભગવાન સમ તેને ક્રમાવી રહ્યા છે. એ કળાનો બોધો આમ બોગવિદ્યા છે નેતિમૌતિ એટલે મોઢા વાટે બોકું બોકું કપડું ગળવું. પછી તેના બહાર રહેલ છેડાથી બધા ચડાવી શરીરની અંદરના હાડકાં, આતરડાં સ્વચ્છ કરવા તે આ કળા બાબતની છે. આ કળા શરીરની આરોગ્યતા માટે બહુ કામની છે

માર્જન ક્રિયા [સં] સ્ત્રી વસ્ત્રોચ્છ કરનાર એટલે વિધાયક જે ક્રિયા વડે પોતાના અનત બળમાંથી થોડીક શક્તિ સામા માણસને એટલે વિધેયને આપે છે તે ક્રિયા. 'ડિમોટિઝમ.'

માર્જનરતા [સં.] સ્ત્રી. નર્મદાના ઉત્તર માંહેનુ એક નામ

માર્જના ૧ [વિ] સ્ત્રી. ક્ષમા; માફી

૨ [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનુ એક નામ

૩ સ્ત્રી. બાજુનો અવાજ

બાજ દૂને થયે માર્જના બધુ અંગ ચડી **માર્જના.** પ્રેમાનંદ

૪ સ્ત્રી. મુરજ વાજિત્રનો શબ્દ.

૫ સ્ત્રી સફાઈ; માજવું તે; સાફ કરવું તે; લૂછવું તે

માર્જની ૧. [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનુ એક નામ

૨. સ્ત્રી. (સંગીત) ષાડીશ માંહેની એ નામની તેરમી શ્રુતિ

૩. સ્ત્રી (સંગીત) મધ્યમ સ્વરની ચાર શ્રુતિ પૈકી ઉપરની શ્રુતિ.

૪. સ્ત્રી. સાવરણી; પુજરણી; ઝાડુ; ઝુડરી

માર્જનેશ્વરી [સં.] સ્ત્રી. નર્મદાનાં ઉત્તર માંહેનુ એક નામ.

માર્જનીય ૧. [સં] પું અગ્નિ.

૨. [સં.] વિ. માર્જન કરવા યોગ્ય; માજવા લાયક; સાફ કરવા યોગ્ય.

માર્જર [સં. માર્જાર] પું. બિલાડો

ઓલે તોરી બરાઈ બાલમાહીં,
દોરે આહિ તાહિ ખેલે **માર્જર.** સોમેશ્વરકૃત

માર્જર ૧. પું બિલાડું
૨. પું પુષ્પિસારવા નામની વનસ્પતિ
૩. [સ] પું. બિલાડો. તે સર્પને મારનાર હોવાથી અગાઉ તેને ઘોડાના તબેલામાં રાખવામાં આવતો ઓતુ, બિડાલ, માર્જાર, ખદિરક, આખુલજ આ પાંચ શબ્દો બિલાડાના છે અને અલા પુલિન છે.
૪ પું. લા.ક વિત્રક નામની વનસ્પતિ.
૫. ન. મુખ્ય અઢાર માંદેનું એક ધન.
૬. વિ શુદ્ધિ કરનાર.

માર્જારક ૧. [સં] પું. બિલાડો.
૨ પું મોર

માર્જારકર્ણિકા [સં.] સ્ત્રી. દુર્ગાદેવીની એક મૂર્તિ

માર્જારકર્ણી જુઓ માર્જારકર્ણિકા.

માર્જારકંદ [સં.] પું. મોગરબી

માર્જારકી [સં.] સ્ત્રી. મોર પક્ષિણી.

માર્જારગંધા જુઓ માર્જારગંધિકા

માર્જારગંધિકા [સં.] સ્ત્રી. જંગલી મગ; મુદ્ગપર્ણી ઔષધિ.

માર્જારી ૧. [સં] સ્ત્રી. કસ્તૂરી.
૨. સ્ત્રી. બદામ જંતુ
૩. સ્ત્રી ગંધનાકુળી.
૪ સ્ત્રી. બિલાડી

માર્જારીય ૧. [સ.] પું. બિલાડો.
૨. પું. શરીર સાફ કરવું તે.
૩. પું શબ્દ
૪. વિ શરીર શુદ્ધ રાખનાર.

માર્જારેલડી જુઓ માર્જારડી.

માર્જાલીય ૧. પું. એ નામના એક ઋષિ.
૨. [સં.] પું. બિલાડો.
૩ પું. વેદોની જમણી બાજુએ કરેલો માટીનો ઢગલો. જ્યાં યજ્ઞનાં પાત્રો સાફ કરવામાં આવે છે.
૪ પું શરીરની સ્વચ્છતા; શરીર સાફ કરવું તે.
૫. પું. શિવનું એક નામ.

માર્જિત ૧. [વિ.] પું એક પ્રકારનું ભક્ષ્ય. તેમાં દહીં, ઘી, ખરી, મધ વગેરે ચીજો તથા કપૂરનો સુગંધી હોય છે
૨. વિ પવિત્ર કરેલું; માર્જન કરેલું; શુદ્ધ કરેલું.
૩. વિ ધોઈને નિર્મળ કરેલું.
૪ વિ. સ્વચ્છ કરેલું; માંજેલું; સ્વચ્છ.

માર્ટિન [અં.] ન. એ નામનું એક પક્ષી.

માર્તંડ ૧. [સં] પું. આકડાનો છોડ.
૨. પું (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. તેનું પહેલું પદ ઉપદોહાનું અને બીજું દોહાદોહાનું છે. દરેકમા ૪૮, ૪૮ મળી ૯૬ માત્રા છે. તેમા ૪૪ ગુરુ અને ૮ લઘુ હોય છે લઘુગુરુની વધઘટ થતાં તેના ૪૩ ભેદ થાય છે
૩. પું કાશ્મીરના લલિતાદિત્યમુક્તાપીડે ૭૬ સ.ના આઠમા સૈકાના પહેલા ભાગમા કાશ્મીરમા બંધાવેલું એ નામે એક મંદિર; માર્તંડમંદિર. આ મંદિરનો ભગ્નાવશેષ હજી બીજો છે અને પોતાની પ્રાચીન ભવ્યતાની ઝાંખી દેખાડે છે.
૪. પું બાર સૂર્યો એક સંજ્ઞા. કેમકે, વાસ્તવિક રીતે માર્તંડ બાર છે.
૫. પું ભૂંડ; સૂવર; ડુક્કર
૬. પું (પુરાણ) મૃત ઈંડાને ચૈતન્યમય કરનાર પરમાત્મા.
૭. [સં. મૃત + અ (અપત્યવાચક પ્રત્યય)] પું. મૃતાંડનો પુત્ર; સૂર્ય; પ્રથમ ઉત્પત્તિ સમયે બ્રહ્માંડ અચેતન હતું, ત્યારે સૂર્યે વિરાટસ્વરૂપે તેમાં પ્રવેશ કર્યો હતો તેથી એ માર્તંડ એવા નામથી કહેવાય છે તેનાં આદિત્ય, સવિતા, મિત્ર, ભાનુ, રવિ, દિનકર, દિવાકર, પ્રભાકર, ભાસ્કર વગેરે પ્રસિદ્ધ નામો છે
ઋષિ વિશ્વેજન વિભાવસુ માર્તંડ ત્રયી બ્રહ્મ,
દિનમણિ અંબરમણિ તરણિ સવિતા પવિત્ર પતંગ.
પિંગળપ્રકાશ
૮. પું. સ્વર્ણમાક્ષિક ધાતુ.

માર્તંડપુરાણ ન. અઢાર માંદેનું એ નામનું એક મહાપુરાણ

માર્તંડભૈરવાષ્ટકચરી [સં.] સ્ત્રી. ગંધર્વનાં હજાર માંદેનું એક નામ.

માર્તંડરાજ [સં.] પું. સૂર્ય; પ્રભાકર.

માર્તંડવલ્લભા [સં.] સ્ત્રી. સૂર્યની પત્ની;

માર્દંગિક [સં.] પું. મૌરજિક; મૃદંગ વગાડનાર માણસ.

માર્દવ ૧. [સં.] પું. એક જાતનો વર્ણસંકર.
૨. ન. અંતઃકરણ, વાણી કે વ્યવહારમાં તદ્દન કોમળતા ધારણ કરવી તે; અભિમાનરહિતપણું; અભિમાનનો ત્યાગ.
ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય એ દસ પ્રકારનો ઉત્તમ ધર્મ છે. તત્ત્વાર્થસૂત્ર
૩. ન. આદુ.
૪. [સં. મૃદુ (કોમળ) + અ (નામ બનાવનાર પ્રત્યય)] ન. કોમળતા; આર્જવ; મૃદુતા; પોચાશ; નરમાશ; અક્કરપણું; ઢીલાપણું; નમ્રતા.
૫. ન. બીજાને દુઃખી જોઈને દુઃખી થવું તે.
૬. ન. માદક પદાર્થ.
૭. ન. વિનય; સરળતા
૮. ન સુવાણાપણું

માર્દવકર ૧. [સ. માર્દવ + કૃ (કરવું)] વિ નરમ કરનાર, પોચું કરે એવું.
૨. વિ શાંત પાડનાર; દરદ ઓછું કરનાર

માર્દવપ્રક્રિયા સ્ત્રી. શબ્દમા કોમળતા લાવવાની ક્રિયા; દીક્ષાલ કે પોચ.ણ લાગ આવવાપણું.

માર્દંગી પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; માતંગી. તેના પહેલા અને ત્રીજા ચરણમા સગણ, નગણ, સગણ, નગણ, ગુરુ અને ગુરુ મળી ચૌદ અક્ષરો અને બીજા અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ, નગણ નગણ અને ગગણ મળી અઢાર અક્ષરો હોય છે

માર્દો પું. જાડી માનસ

માર્મિક ૧. [સં. મર્મ (છુપો ભાવ) + ઇક (ને લગતું)] વિ. ઊંડા ગંભીર પણ મર્મવેધક અર્થનું; સૂચક; મર્મવાળું; સાંકેતિક; છુપા ભાવવાળું; વિશેષ પ્રભાવશાળી; મર્મસ્થાન પર પ્રભાવ પાડે એવું.
૨. વિ. જિજ્ઞાસુ; શીખવા કે જાણવાને આતુર; કોયડા.
૩. વિ. તીક્ષ્ણ; ચીટકી જાય એવું; મહેણારૂપ; કટાક્ષમય
૪. વિ. મર્મજ્ઞ; મર્મવાળું; રહસ્યવાળું
૫. વિ. મર્મભેદક; પ્રાણઘેષક; મર્મભેદી.
૬. વિ. રમૂજ ભરેલું; વિનોદી.

માર્મિકતા ૧. સ્ત્રી. અર્થમાંનો અર્થ જાણવાની શક્તિ.
૨. સ્ત્રી. ઊંડું સમજ અર્થમાંનો હોવાપણું; મર્મને અસર કરે એવી વાક્ચાતુરી; જેમાં ઊંડો કટાક્ષ ભરાવવા જેવો ચમત્કારી અર્થ આવે એવી બોલવાની કે લખવાની મતલબ; અર્થમાંનો.

માર્મિકનિર્ગ્રંથ પું જૈનના પ્રકારનો કટાક્ષમય નિર્ગ્રંથ; નિર્ગ્રંથિકા.
દુનિયાના સ્વાર્થમય તરફના મોહને અનુસરીને કોઈ એને 'વ્યાનિગ્રન્થનિર્ગ્રંથ' કહે છે. કોઈ એની ચલ્લના કટાક્ષ કે મશ્કરીને અનુસરીને એને માર્મિકનિર્ગ્રંથ કહે છે. કોઈ એની કોઈ તરફ પ્રબ.તદ્રષ્ટિ રાખી એને 'હલકી કોમીના નિર્ગ્રંથો' એવું ગાળું નામ આપે છે. અને કેટલાક નરન્તરિતા નિર્ગ્રંથને 'નિર્ગ્રંથિકા' એવું નારીજાતિનું નામ આપે છે—જેમ કેટલાંક માણસ ભોકરાને ભોકરી એવું નામ દઈ બોલાવે છે તેમ.
પાલિ. કોષ

માર્યું ૧. વિ. મરાયેલું.
૨. વિ. ગાળેલું. જેમકે, વખાનું માર્યું

માર્શલ [અ.] પું. સેનાનો મોટો અમલદાર; પ્રધાન સેનાપતિ

માર્શલ લૉ [અં. માર્શલ (લશ્કરી) + લૉ (કાયદો)] પું. લશ્કરી કાયદો. તે કટોકટી વખતે દાખલ કરવામાં આવે છે.

માર્શલ લૉ અદાલત સ્ત્રી. લશ્કરી ગુનાઓના ફેસલા કરનારી અદાલત.

માલ ૧. પું. અંત; છેડો.

૨. પું ધનાઢ્ય માટે હરીફાઈ કરનાર માણસ.

૩. પુ ઊંચાણનો પ્રદેશ.

૪. પુ. એક જાતનો ખેલ.

૫. પું. કપટ.

૬. પુ. કીમત; વસ્તુનું જે અરૂં મૂલ્ય તે; તત્ત્વ.

૭. પું. કીમતી પદાર્થ; કીમતના સબંધમાં જે કાંઈ વસ્તુ હોય તે.

૮. પુ. ખેતર; ક્ષેત્ર.

૯. પુ. ગાન્ને.

૧૦. પું. (પિંગળ) ગુરુ.

૧૧. પું. જરૂરિયાતની વસ્તુઓ; સામાન; સામગ્રી; રાચરચીલું.

૧૨. પું. જંગમ કે સ્થાવર મિલકત.

૧. માલ ઉડાવવો = (૧) બધા રૂપિયાનો અર્થ કરવો; ધનનો અપવ્યય કરવો. (૨) બીજાના ધનને ગેરરીતિથી પડાવી લેવું.

૨. માલ કમાવો = ચોરાઈ જવું.

૩. માલ ચીરવો = બારનું ધન પડાવી લેવું; બીજાની સંપત્તિ દબાવી દેવી.

૪. માલ માલને ઠેકાણે રહેવો = માણસે પારકું કાંઈ ન લેવું બીજાનું કાંઈ.

૧૩. [હિં] પું. જંગમ; ધન; રાચ.

૧૪ પું ટપાલની થેલી.

૧૫. પું. ઢોર; પશુ; પશુધન.

માલ વાળવો = ઢોરનાં ઢોર ચોકીપહેરીથી અથવા બંદીની ગેરહાજરીમાં હાંકી જવાં.

૧૬. પું (જૂ. ગુ.) દંડ.

પમલગી આજ્ઞતિઈ, કિ લહિ સુપ ૬ માલ
ભાવદેવસૂરિ

૧૭. પું. દેખાવડી અને જુવાન ઓ.

૧૮. પુ. પહો

૧૯. [હિં] પું. પહેલવાન માણસ; મલ્લ; કુસ્તી કરનાર માણસ

માલ તણી પરિ આવી આવઈ.
કાન્હડદેપ્રબંધ

૨૦. [સં.] પું. પૂંજી; સંપત્તિ; મિલકત; ધન; દોલત; વિસાત.

૧. માલ ખાઈ જવો–પચાવવો–હજમ કરવો–માલનુ પાણી કરવું = કોઈની દોલત કે વસ્તુ પચાવી જવી.

૨. માલ ખરચો માટીનો ને જીત મારા વીરાના વિવાહનાં = ખર્ચમાં જરાયે પારકે પૈસે મોજમજા કરવી.

૩. માલ મારવો = (૧) ઉચાપત કરવું; (૨) કોઈના પૈસા લઈ નાસી જવું. (૩) કોઈના પૈસાથી મોજ માણવી. (૪) ખોટી રીતે બારે લાભ કરી વિસાત ભેગી કરવી

૪. માલમાલનો ભૂકો ને પૈસા પાણીમા = હરામનું હરામમાં

૨૧ પું. (પુરાણ) ભારતવર્ષના એ નામનો એક દેશ; નંદાલની પશ્ચિમે કે દક્ષિણ-પશ્ચિમે આવેલ એ નામનો એક પ્રાંત.

૨૨. પું (જૂ. ગુ.) ભેટ; બક્ષિસ; ઇનામ.

મથુરા લહુઈ આલ પાઠવઈ,
અર્થ અબોલ્યાનું આદર ઈ ભાવદેવસૂરિ

૨૩. પું. મજલો; માળ; માંચો; મેડી.

૨૪. પું. મિષ્ટાન્ન; મીઠાઈ; પકવાન; માલમલીદા.

૧. માલ ઉડાવવો–ઝાપટવો = મીઠાઈ ખાવી.

૨. માલ સાથે કામ = ભોજન વખતે સૌથી મોંઘી વસ્તુને બાજી બાજોની વસ્તુઓ છોડી દેવી તે; બધી બાજુ મીંડાળું; મુખી સાથ જવું.

૨૫. પું મોટાઈ; ઠાઠ.

૨૬. પું. રહસ્ય.

૨૭. પું રાજાની અંદેર ઊપજ.

૨૮. પું લાભ; કંઈલ.

૨૯ પું. લીમડો.

૩૦. પું વજન; ભાર

૩૧ પું. (ગણિત) વર્ગનો બાજુ; વર્ગ ક્ષેત્ર.

૩૨ પું. વહાણમાં ભરેલ વસ્તુ

૩૩ પું વિષ્ણુ

૩૪. પું તૈયાર કે વિનિમયની વસ્તુ

પાકો માલ = તૈયાર થઈ બજારમાં વેચાણ માટે તૈયાર માલ; કાચી વસ્તુમાંથી બનાવી કાઢેલો માલ; યંત્રમાં તૈયાર થયેલ માલ.

૩૫. પું. સત્ત્વ; સાર; કસ; દૈવત; શક્તિ; છટા; દમ.

૧. માલ જોવો = સત્ત્વ છે કે નહિ તે જોવું.

૨. માલ વગરનું = અસાર; તુચ્છ; જેની કાંઈ કીમત ન હોય એવ.

૨. માલ વાળું = (૧) ધનદોલતવાળું. (૨) સત્ત્વવાળું; સારા ગુણવાળું; સારભૂત.

૩૬. પું. હરતાલ; એક જાતનો ખનીજ પદાર્થ.

૩૭ સ્ત્રી. એ નામની એક જાતિ

૩૮. સ્ત્રી. ચરખાની દોરી; રેંટિયાની માળ.

૩૯. સ્ત્રી. દિવેલી.

૪૦ સ્ત્રી. પંક્તિ, આવલિ, હાર

૪૧. ન. એ નામની જાતિનું માણસ.

૪૨. વિ. એ નામની જાતિનુ

૪૩ [ફા. માલીદન (ઘસવુ)] વિ. પૂ.ર; ઘસનાર; મસળનાર. જેમકે, રૂમાલ

માલઆમાની પું. ખંડણી, પેશકશ

માલક ૧. પુ. ઈશ્વર; માલિક.

૨. [ઓ.] પું. ગામડા નજીકની ગ.ડી કે જમીન

૩. પુ. નોકરીમાં રાખનાર માણસ.

૪. પું. પતિ; ધણી.

૫. પું. બાગવાન; રખેવાળ.

૬. પુ. મુખલાર.

૭. પું સોરાષ્ટ્રના જરેડા કુમરનો એ નામનો એક બેટા કુમર.

૮. ન નાગિયેરનું બનાવેલું એક પાત્ર; કાચલી.

૯ ન. માળા.

૧૦. ન. ગૌળાનું ઝાડ.

૧૧. ન સ્થલપદ્મ; સ્થળકમળ.

માલકગની [હિં] સ્ત્રી. માલકાંગણી નામની એક વનસ્પતિ.

માલકકા ૧. પું. (પિંગળ) માત્રાથી પિંગળ પ્રમાણે સાટકની જાતનો એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૮ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

૨. સ્ત્રી. માળા.

૩. સ્ત્રી. રત્નો; રાહો; મલેકા.

માલકારી પું. મહાલનો ઉપરી અધિકારી; મહાલનો વહીવટદાર; મામલતદાર; મહાલકારી.

માલકાલેરો પું. (સંગીત) એ નામનો એક રાગ.

માલકાંકણાં [સં. માલકાંગુની] ન બ વ. વાતડિયને મળતાં એક જાતની વનસ્પતિનાં બી. તે ખરડ વગેરેના ગામમા વપરાય છે. તે અજીર્ણ અને સન્નિપાતમા બનાવ છે. પક્ષઘાત, અપસ્માર, વાતરોગ તેમજ મગજના ફેર, ચકરી, ઢોળ વગેરે ઉપર પણ તે અપાય છે. જુઓ માલકાંકણી

માલકાંકણી [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ અને તેનુ બી તેના વેલા લાબા, પાન સહેજ લંબા અને અણકતાં, ફૂલ પીળાશ પડતા લીલા રંગનાં, નાનાં ને સહેજ મધુરી વાસવાળા હોય છે. ફળ ત્રાવણ આસમા પાકે છે. તેમાથી કેસરિયા રંગનાં બી પોતાની મેળે બહાર દેખાય છે. આ ઔષધિ સારક, કફઘ્ન, વાતહર, ઉષ્ણ અને દીપક છે. તે ઉત્તેજક, દાહક અને

જ્ઞાનતંતુને શક્તિ આપનાર છે તેના જ્યોતિષ્મતી, કટલી, જ્યોતિષ્કા, કાની, પારસવતપદી, પરવા, સતા કટુકની, સ્વર્ણલતા, સુમેધસ, પારાવતાંઘ્રિ વગેરે બીજાં નામો પણ છે. અંગ્રેજીમાં તેને 'સ્ટાર્ક ટો' કહે છે. ઝાડીવાળા વિષ ઉપર માલકાંગણીનાં પાંદડાનો રસ પણ છે. તેના પાંદડાના રસથી શરીરનું જડપણું નાશ પામે છે. પાંદડાનો રસ આપવાથી સ્ત્રીઓનો નષ્ટ થયેલ આર્તવ ફરીથી આવે છે. ખસ ઉપર તેનું તેલ ચોપડાય છે. તેનું તેલ કડવું, વાજિકારક, અતિ ઉષ્ણ અને અગ્નિદીપક છે. તે પાકું ગરમ હોવાથી સવિષ ઉપર વપરાય છે. આ તેલ બીનામાયી જલદી નીકળતું હોવાથી તેમાં તલી મેળવીને તેલ કાઢે છે. તેલમાં માલકાંગણી કકડાવવાથી પણ આ તેલ બને છે

આલકાંગણી જુઓ માલકાંગણી.

આલકી ૧ [અ] સ્ત્રી. માલિકપણું, ધણીપણું, સત્તા; સ્વામિત્વ; માલિકી.

૨. સ્ત્રી. સુન્ની મુસલમાનોનો એ નામનો એક ફાંટો. આ સાખ્યા મઝા તરફ વસે છે.

આલકી હુક પુ. માલિકીનો હક; કબજાનો હક.

આલકી હુક્ક જુઓ માલકી હક.

આલકું વિ ત્રાસી આંખે દેખે તેવું, ભેંગી નજર ત્રાંસી દોષ નેનુ. માલખું; ત્રાંસું. આલું.

માલકું જોવું-જાણવું = ત્રાંસું જોવું; ત્રાંસી આંખે દેખવું

આલકેફ [દિ. માલકિન] સ્ત્રી. માલિકણ; સ્ત્રી માલિક.

આલકોશ [સં] પુ. (સંગીત) કનુમંત મત પ્રમાણે સંગીતના મુખ્ય ૭ રાગોનો એક રાગ જેના શરીરનો વર્ણ શ્યામ છે. ક્વચિત ગૌર પણ કહ્યો છે. શ્વેત વસ્ત્ર પહેરેલાં છે. ક્વચિત આમળાની વેલનાં કપડાં પહેર્યાં છે એમ પણ મનાય છે હાથમાં સુવર્ણયિત પુષ્પની કળી છે, માથા ઉપર મુકુટ શોભી રહ્યો છે, ગળામાં મોતીના હાર પડેલા છે અથવા ક્વચિત માલતીની ખોપરીની માળા ગળામાં છે એમ પણ મનાય છે સુંદર યુવાનસ્ત્રીઓનું યૂથ સાથે છે, તે સાથે અજબથી નૃત્ય કરી રહ્યું છે, અને પોતે વિવિધ વિલાસ કરવામાં અતિ નિપુણ છે. કોઈ મતમા તેના ડાબા હાથમાં શત્રુનું શીશ છે, અને જમણા હાથમા ખુલ્લી તરવાર છે, અને તેની આજ્ઞા કોઈ ભાઈ અથવા ગુરુજી તેનું મન કથન કરી રહ્યો હોય એવી પણ માન્યતા છે, બ્યારે કોઈ મતમાં માલકોશ રાજનું સ્વરૂપ શ્રીકૃષ્ણ જેવું હોય છે. તેમાં પોતે બંસરી બજાવી રહ્યો છે અને સાથે પાસ સ્ત્રીઓ છે તેની સાથે વિલાસ કરે છે. ઋતુ શિશિર એટલે મહા અને ફાગણ માસની છે. આ રાગ રાત્રીથી અગ્નિ જેની મેળે પ્રગટ થાય છે અથવા પાણીનો ડોસ જેની મેળે આલવા માંડે છે એવો તેનો પ્રભાવ છે. વળી એમ પણ મનાય છે કે આ રાગ ગાવાથી ઝાડીના દરતો અને ક્ષય રોગ નાશ પામે છે અને સાલ્વવાથી આંખમાં ચેન આવી જાય છે આ રાગ કોઈથી મિશ્ર નથી, શુદ્ધ છે. જાતિ ઓડવ છે એટલે તેમાં ધરજ શુદ્ધ, મધ્યમ કોમળ, મધ્યમ કોમળ, પૈવત કોમળ અને નિખાદ કોમળ એમ પંચ સ્વર આવે છે. રિષભ અને પંચમ એ બે સ્વર વર્જ્ય છે. ગ્રહ સ્વર ધરજ છે, વાદી સ્વર મધ્યમ છે, ન્યાસ સ્વર પૈવત અને સંવાદી સ્વર નિખાદ છે. કોઈ આ રાગને ઓડવ એટલે ૭ સ્વરથી પણ ગાય છે. તેમાં પંચમ વર્જ્ય છે અને રિષભ ઉતરી છે અને કોઈ સંપૂર્ણ પણ ગાય છે. તેમાં સાતે સ્વર આવે છે પણ ઓડવ અને સંપૂર્ણ મતથી બરાબર માલકોશ રાગનું સ્વરૂપ થતું નથી. ઓડવથી બરાબર ચોખ્ખું સ્વરૂપ થાય છે. આ રાગની પાંચ રાગિણીઓ, આઠ પુત્ર અને આઠ પુત્રવધૂઓ છે. પાંચ રાગિણી: ૧. સુઘા, ૨. ખંભાવતી, ૩. ઉમાલી ગોરી, ૪. ગોંડી ગૌરી, અને ૫. શ્યામ ગુજરી છે. બીજા મતે: ૧. ગૌરી, ૨. પુષ્પાણી અથવા રિષભવતી, ૩. ટોડી, ૪. ખંભાવતી અને ૫. કુકુભ છે. આઠ પુત્ર: ૧. ગંધાર, ૨. શુદ્ધ, ૩. પરીક્ષણ, ૪. ગવાના, ૫. નરપાલ, ૬. મંગલ ગુર્જરી, ૭. માલીગૌરી અને ૮. પ્રમોદ છે. આઠ પુત્રવધૂ: ૧. ધનાશ્રી, ૨. માલશ્રી, ૩. જૈતશ્રી, ૪. સુખરાજી, ૫. ગંધારી, ૬. ભીમપલાસી, ૭. દુર્ગા અને ૮. પ્રમોદી છે.

આલકોશ જુઓ માલકોશ.

આલખાતું ન. જુદી જુદી વસ્તુઓનું એકઠું ખાતું; માલનો હિસાબ ખાતું.

આલખું ૧. ન. કામળો, મિલ્ટ વગેરેનો ઢારડો; માળખું; માળાની પેઠે સળિયા કે દોરામાં પરોવી ગાંઠેલો મણકો તથા મિલ્ટીઓનો સમૂહ.

૨. ન. ખાવટાનો પાસ બાંધેલો પૂળો; ખાવટાનું પાસ

૩ ન. લીલું અને સત્ત્વવાળું ખુવારનું ઝાડ.

૪ ન. લાકડિંજરો; લાકડાંનું ખોખું; ખાલી માળો કે પાંજરા જેવું ખોખું.

૫. ન. ઢારડો; ઝુમખો.

૬. વિ માલકું; ત્રાંસી આંખે દેખે તેવું.

આલખાડી સ્ત્રી બારમાસનું; રેલને રસ્તે આવતો માલ સામાન સારવા માટે ચલાવવામા આવતી ગાડી, માલ લાવતી લઈ જતી બાગગાડી; 'ગુડ્સ ટ્રેઇન.'

આલગુજરી સ્ત્રી. (સંગીત) કનુમંત મત પ્રમાણે દીપક રાગની આઠ ભાર્યાની એક પુત્રવધૂ આ સ્ત્રિણી રામકલી, શ્યામ, ગ્રહાર અને ગુજરીથી ભિન્ન છે પરંતુ પ્રસિદ્ધ નથી.

આલગુજર જુઓ માલગુજાર.

આલગુજરી જુઓ માલગુજારી

આલગુઝાર ૧ [ફા.] પું ખેડૂત

૨. પું. જમીન ઉપર મુજરો કરનાર; ગરાસિયો

૩ પુ જમીનદાર; સરકારની વસૂલાત જમા કરી દેનાર; મહેસૂલ ઉઘરાવી આપનાર જમીનદાર.

૪. વિ. માલેતુજાર; મીલ્કત; પૈસાદાર.

ગૌરવમાં કદાચ કોઈ ગોળા કરે, બાબર આલગુઝાર ચેહૂલ ને રાજવંશનું સિવિલ સિરિલ એ કૌ છે. નાનાલાલ

આલગુઝારી ૧. [અ. માલ + ફા ગુઝારી (વસૂલ ઉપરાવવાપણું)] સ્ત્રી જમીન વસૂલ કરવી તે; સરકારી વસૂલાત.

૨. સ્ત્રી જમાબંધી મિલકતની કે નફાની અંકણી.

૩. સ્ત્રી. જમીન ઉપરનો કર; લગાન; ભૂમિકર; વિખોટી; જમીન મહેસૂલ

૪ સ્ત્રી. જમીનદારે ઉઘરાવી આપેલી મહેસૂલ.

૫ જે નુકસાની કરાવવી તે.

૬. સ્ત્રી. વિખોટી આપતી જમીન.

૭. સ્ત્રી. વિખોટી મરી જવી તે.

આલગુંજ ૧ પું. (સંગીત) કાહો ચાટમાંથી ઉત્પન્ન થતો મધરાતે ગવાતો એક રાગ.

૨. પું. (સંગીત) પલાસી ચાટના ચાડવ પ્રકારનો એ નામનો એક રાગ. તેમાં શુદ્ધ નૈષધ કોમળ આધાર અને કોમળ નિષાદનો પ્રયોગ થાય છે પંચમ વર્જ્ય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગને વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડજ છે. રાત્રે બીજે પ્રહરે ગાવાનો પ્રહાર છે આ રાગમાં કેટલેક સ્થળે રાગેશ્વરી, દુર્ગા, અને વાસેશ્વરી રાગોનો ભાસ થાય છે પરંતુ તેથી આ રાગ જુદો પડે છે

આલગોમ્બા ૧. સ્ત્રી. કેરીની એ નામની એક ઉત્તમ જાત. તે સુંદર દેખાવવાળી, સારા સ્વાદવાળી, ગોળ અને મોટી હોય છે. તે વહેલી પાકે છે. આ જાત મદ્રાસ તરફ વધારે પ્રમાણમા થાય છે.

૨. સ્ત્રી. કુલાવરનો છોડ; કુલકોપી.

આલગોદામ ૧ પુ. મ.લ ૨.ખવ માં આખનો ડોળ કે રખાના; વખ ૨

૨ પુ. રેલ્વે સ્ટેશને માલ રાખવા માટેનો ઓરડો; સ્ટેશનની ગોળ

આલચિંદો સ્ત્રી. ભગંદિપુ. માલની દીપ.

આલજાદી ૧ સ્ત્રી. દલાલ્ત

૨ સ્ત્રી ગેરમા; કલ્પનાઃ પાતરે

૩ વિ. સ્ત્રી દરામનો માલ આનારી.

આલજામિન જુઓ માલજામીન

આલજામીન [અ] પું મારા, ખોટા માલની જોખમ આંટ રાખેલી હોય તે; માલને માટે જોખમ જમીનગીરી આપી હોય તે, મારા, ખોટા માલને માટેનો જમીનઃ માલ માગે ત્યારે હાજર કરવાની શરતે રહેલો જમીનઃ મિલકત કે પૈસા માટેનો હકદાર. તેનાંથી ઊલટો શબ્દ હાજર જમીન

આલટા [અં. માલ્ટ] સ્ત્રી એક પ્રકારની લાલ ઈંટની નાઈગી ને દેખાવમા સુંદર અને સ્વચ્છ હોય છે. તે બખનાં તરફ વપરે થાય છે

આલડા (માલડા) પુ. માડાનો એક ભાગ. તે ઊંચમાં હોય છે

આલડિયા (મા.લડિયા) સ્ત્રી જૈન ઓસવાળ વણિકોની એ નામની એક પેટા જ્ઞાતિ.

આલડી (માલડી) ૧. સ્ત્રી. એક જાતનું વૃક્ષ તેનાં પ.ન સાંબા અને અકુ ચમડાનાં હોય છે. તેમાં લાબી નળીવાળાં મોટા સુગંધિત પીળાં ફૂલ થાય છે અને અણીવાનાં ડોડવાં જેવાં, દાંત બેબાર્ડ જાય તેવાં ખાટાં ફળ થાય છે. ફળની ઉપર પાચ સાત દાંતાવાળો મુગટ હોય છે. ફાગણ માસમાં આ ઝાડમાં ખિલડીના મૂત્ર જેવી અણગમતી ઉદ્ધામરાળો ગુંદર આવે છે

૨. સ્ત્રી ગાડા કે ગાડી બાંધેના પૈડાની બહારની ઊંધોને જોડવામાં વપરાતો માલડો.

૩. સ્ત્રી. રોગચારીનો ઉપદ્રવ તે અરડુસી જેવડો થાય છે. તેને બરડામાં માલડી કહે છે

આલડો (માલડો) ૧ પુ ગાડા કે ગાડીની ઊંધ ઉપરનો એક ભાગ. ગાડાની ઊંધ તથા સગાધિયાં જોડવા માં વપરાતું એક લાકડું માલડા ત્રણ હોય છે: (૧) મોટો માલડોઃ ગાડાની આકડી પાસે ઊંધોને જોડવા માટે વપરાતો લાકડાનો કકડો, (૨) ઊંટડાની રૈડનો લોંડિયો જડવાનો માલડોઃ મોટા માલડા પાસેનો ઊંધને જોડવાનો લાકડાનો કકડો. (૩) ખોરી માલડોઃ લોંડિયાના માલડાની પાસેનો માલડો. ઊંચોમાં વીંધ પાડી તેમાં આ માલડાનાં સાત ભેમાડાય છે તેથી તે ખોરી માલડો કહેવાય છે

૨. પું. જોડવાં ભરવાનો પચ્ચેલ મોટો ટોપલો, માલડો.

આલણ ૧ સ્ત્રી ગીરની એ નામની એક નદી

૨ સ્ત્રી ચૌદાણ રજપૂતોની એ નામની એક શાખા.

૩ સ્ત્રી. ડેકામારી નામની વનસ્પતિ.

૪ સ્ત્રી. નાકમાં થતો એક રોગ. તેમાં નાકનાં કોરણની અંદર નાની ફોલ્લી થાય છે. તેમાં પ્રથમ લસકો બુલાબ્ય જણાય છે અને ગુલાબનું કે બીજું કુલ સૂધવાનું કહેવાય છે.

૫ [સં. માલિની] સ્ત્રી માળીની સ્ત્રીઃ માળીનો ધધો કરનાર સ્ત્રી. ફૂલ વીણવા, વેચવા, આપવાનું કામ કરનારી સ્ત્રીઃ માલેત્ય

૬. ન. ચૌદાણ રજપૂતોની એ નામની શાખાનું માણસ

૭. ન. માગ ઉપર જવાનો સામાન; ખેડા ઉપર પાથરીને મજબૂત કરવાની ચીજઃ માળણ.

૮. વિ. એ નામની એક શાખાનું.

આલતિ જુઓ માલતી

આલતિકા ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. વસંત; માલતી. તે માત્રા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ મળી ૭ અક્ષર હોય છે.

૨. સ્ત્રી ક્રાંતિકેતની એ નામની એક માતૃકા.

આલતી ૧. પું (પિંગળ) ઉકૃતિની જાતનો એ નામે એક અક્ષરમેળ છંદ; વસંત; માલતી. તેના દરેક ચરણમાં ૮ લગણ અને બે લઘુ મળી છવ્વીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી વિસામો આવે છે

૨ પું (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ તેના દરેક ચરણમાં ચૌદ માત્રા હોય છે ૫ ૬ માત્રાએ યતિ અને ૬, ૧૦ માત્રાએ તાલ આવે છે.

દ્વ ચૌદ પદમાં જાણજો, યતિ રાખે નવમે જાણજો;
એ જાતિ જાણો માલતી, ગાવે દસે તાલા ગાવતી
રણછોડકવિ

૩ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણદંડક છંદ. તેના દરેક ચરણમાં નગણ, ગુરુ અને અગિયાર રગણ મળી સાડત્રીસ અક્ષર હોય છે.

નગણ પ્રારંભમાં તે પરે, ગા કરો વાર પૂરે તમે,
માલતી માંહ લો રદ અગિયાર ગણો પદે મોહની.
રણછોડકવિ

૪. પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નખપદા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે

૫ પું (પિંગળ) ૭ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વસંત. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં દરેક ચરણમાં બે જગણ મળીને ૭ અક્ષર હોય છે. તેને બેવડવાથી મોતીદામ થાય છે.
જુઓ માલતી છાંદ. રણછોડકવિ

૬ પું (પિંગળ) જગતીની જાતનો એક અક્ષરમેળ છંદ. શુક્ર, વસંતનું; યમુના તેના દરેક ચરણમાં નગણ, બે જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે

યતિ સાર છે, ન જ ન ર માલતી
રણછોડકવિ

૭. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક વર્ણમેળ છંદ; માત્રા; ભારવી; હીમાલી; મારતી. તેના દરેક ચરણમાં ત્રણ મગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૮. પું. (પિંગળ) નિકૃતિની જાતનો એક વર્ણમેળ છંદ; મત્તગજેંદ્ર. તેના દરેક ચરણમાં સાત જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૯. સ્ત્રી. અપરિગૃહીત સ્ત્રીઃ કન્યા

૧૦. સ્ત્રી. એ નામની એક નદી

૧૧. સ્ત્રી. એ નામની એક કુલ વેલઃ મોગરા જેવા ફૂલની એક વેલ તેનાં પાન અણીવાળાં, જોળ ને પાતળાં હોય છે. તેને બીજા કરતાં પીળાં ફૂલનાં ઝૂમખાં આવે છે. તે સહેજ ખટાશ પડતી સારી સુગંધી આપે છે.

૧૨ સ્ત્રી. એ નામની વેલનાં ફૂલ

૧૩ સ્ત્રી. કળી

૧૪ સ્ત્રી. કાકમાચી વનસ્પતિ.

૧૫ સ્ત્રી. ચાકળી.

૧૬ સ્ત્રી ખાર્ડ

૧૭ સ્ત્રી અવંતી.

૧૮ સ્ત્રી જુવાન સ્ત્રીઃ યુવતી.

૧૯ સ્ત્રી. પદ્મકમૂળ નામની વનસ્પતિ.

૨૦ સ્ત્રી રાતઃ રાત્રિ

૨૧ સ્ત્રી (પુરાણ) રાજુમાતી રાજાની મુખ્ય સ્ત્રીનું નામ.

૨૨. સ્ત્રી (સંગીત) શ્રી રાગની એ નામની એક રાગિણી

૨૩ ન મોસક મારેનું એક તંત્ર. તેમાં મયુરવાદનના ઉપાયનું કથન છે.

૨૪. ન. જાયફળનું ઝાડ

૨૫ [વિ] ન માલવીનું અત્તર

આલતી માધવ [સં.] ન મહાકવિ ભવભૂતિએ રચેલું એ નામે એક સંસ્કૃત નાટક.

આલતી આલા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ નગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

ન ના ના ન બે આલતી માલા જે
રણછોડકવિ

આલચાલ પું. સ્થાવર અને જંગમ મિલકતઃ સરસામાનઃ ચીજવસ્તુ.

માલદા જી. બનારસી કેરીની એક જાત. ઘરમા. તેની ડાલ બહુ જ પાતળી, રસ ભરાવો, પીળો, રેસા વગરનો અને સ્વાદિષ્ટ છે મોટું બહુ જ નાનું છે

માલદાર ૧ [ફા. માલ (પૈસો) + દાર (પ્રત્ય.)] વિ. પૈસાદાર માણસ.
૨ વિ કીમતી
૩. વિ પૈસાદાર; ધનવાન; તવંગર
૪. વિ. માલધારી; ઢોરઢાંખરવાળુ
૫. વિ. સત્વવાળુ

માલદારી જી પૈસાદાર હોવાપણું. ઠાકુઆરી; પૈસાદારી

માલધણિયાણી ૧. જી. જેના કબજામાં માલ ઢોર તેની સ્ત્રી: સ્ત્રી માલધણી.
૨. જી મલિક સ્ત્રી; સ્વામિત્વ ભોગવનાર સ્ત્રી.
૩. જી. માલિકની સ્ત્રી.

માલધણી ૧. [સ માલ + ધણી] પું. જમીનનો માલિક
૨. પું. જેના કબજા કે ભોગવટામાં માલ ઢોર તે માણસ; બીજાનો માલિક; માલનો માલિક.
૩. પું. જેને માલ મોકલવામાં આવ્યો હોય તે વેપારી
૪ પું. ધણી; સ્વામી; સત્તાધીશ; અધિકારી

માલધારી ૧. પું માલ એટલે ઢોરઢાંખર રાખી, ઉછેરી, તેના ઉપર ગુજરાત ચલાવનાર માણસ. જનારોના જથ્થાવાળો માણસ; ઢોરઢાંખર ઉપર નભનાર રબારી, ભરવાડ, ગાડી, આહીર વગેરે.
૨. પું. માલિક.
૩. વિ. ઘણાં ઢોરની માલિકી ધરાવતુ.

માલપઓ જુઓ માલપૂડો.

માલપાણી ૧. જી. મારવાડ તરફની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. ન. ન. ન. સારું ભોજન; મિષ્ટાન્ન; ઘારે જમણ.
૧. માલપાણી ઉડાવ્યાં = (૧) મિષ્ટાન્ન જમવું; પકવાન્ન ઘરાઈને ખાવું (૨) લહેજત માણવી; મજા લૂટવી; મોજ ઉડાવવી.
૨. માલપાણી કરવાં = (૧) મારકી મિલકત ભોગવી નાખવી ખર્ચ જવું. (૨) મિષ્ટાન્ન જમવું.
૪. વિ. એ નામની અટકનું.

માલપીવિયા જી. એક પ્રકારની કુલવેલ. તેનાં પાન મખમલ જેવાં લીસાં હોય છે અને સુંદર પીળાં ફૂલો આવે છે. તેની એક બીજી નાની જાત પણ થાય છે. તેમાં ઝાંઝરવાળા પણ ફૂલો થાય છે. તે કમાન ઉપર બહુ શોભે છે.

માલપૂઓ જુઓ માલપૂડો

માલપૂડો પું એક જાતનો ખાવા પદાર્થ; એક પ્રકારનો તળેલો મોળો પુડલો, ઘઉંનો લોટ અને ગોળના પાણીનુ ખીરું બનાવી, ઘીમાં તળી સીરપવેડ નરમ રોટલી. માલપૂઓ, ઝાંગી રોટી. પૂપ; અપૂપ; (પ્રાકૃ. બહુખર્ચે તે કુપપાક સાથે અભાવ છે

માલબારિણી પું. (પિંગળ) સાતેયું વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; ઔપચ્છંદસિક; વસન્તમાલિકા; પરિપુત્રા. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, અને વગણ એમ બાર અક્ષર હોય છે
વિષમે સ સ ન ન ન ગા ગા ઘરે છે.
સમમાં સા ગ્રમ માલબારિણી મા. રત્નપિંગળ

માલમ ૧. [અ] પું. (વહાણવટું) પાણી તથા તારાઓને જાણનાર માણસ
૨. પું ખંભાતમા હતા એક મુખ્ય જાતના ચોખા.
૩. [ફા.] પું (વહાણવટું) જાતદરિયે વહાણનું સ્થાન જોતવાનો હિસાબ જાણનાર માણસ
૪. પું વહાણનો સુકાની; વહાણનો મુખી; કપ્તાન; સારંગ; વહાણનો દોરનાર; ટોપ; જહાજ પરિચાલક; 'પાઈલટ'.
૫. પું. વહાણવાના માલનો હિસાબ રાખનાર માણસ; ખલાસીઓનો ઉપરી; કપ્તાનના હાથ નીચેનો એક અમલદાર.
૬. [ફા. માલૂમ] વિ. જાણેલુ. પાકેલ. અભિજ્ઞાત; જાણકાર; જાણકુ.
માલમ થવુ-પડવુ = જાણવામાં આવવુ

માલમતા જી. પૂજી; રોકું ચૂકવવામાં કામ લાગે તેવો માલ; પૈસોટકો; માલ મિલકત વગેરે ભોગવ; હાથ ઉપરનો માલ ભંડાર; વિક્રયભાડ; ખોખું માલ, કારખાનાં વગેરે; સ્થાવર અને જંગમ મિલકત; ધન, જમીન, સરસામાન વગેરે કીમતી વસ્તુ; ઘરવખરી; માલ અસબાબ

માલમલીદો પું. ઘારે મિષ્ટાન્ન; મિષ્ટભોજન; બીજી સુંદર મીઠાઈ.
માલમલીદા ઉડાવવા = મિષ્ટાન્ન ઉડાવવુ; માલપાણી જમવુ.

માલમસાલો ૧. [અ.] પું. ઉપયોગની સાધનસામગ્રી
૨. પું. ઘટકદ્રવ્ય; વસાણુ
૩. પું મિષ્ટાન્ન.

માલમરત્ત ૧. પું. પૈસાનો અભિમાની માણસ; પૈસાનો પૂજારી.
૨ [અ.] વિ. ધનદોલતના મદમાં ભરી ગયેલ કે તેમા જ સુખ માનનાર; ધનોન્મત્ત; પૈસાના મદવાળુ કે ગર્વવાળુ
૩ વિ પૈસાદાર; ધનેશ્વર; લક્ષ્મીવન્ત; કુબેરભંડારી

માલમિલકત [અ. માલ + મિલકત] જી. રોકાણ અને જંગમ મિલકત; માલમતા; ધન, જમીન, સરસામાન વગેરે.

માલમિલકત જુઓ માલમિલકત

માલમી ૧. પું. વહાણનો દોરનાર; 'પાઈલટ'.
૨. પું વહાણનો ભોમિયો
૩. પું વહાણમાના માલનો હિસાબ રાખનાર; માલમ
૪ જી. સૂર્યચંદ્રની ગતિ ઉપરથી સરવાળા બાદબાકી કરી વહાણને નિયત બંદરે દોરવાના વિષેનું જ્ઞાન. માલ માલમ નક્ષત્રોનો ઉપયોગ કરે છે. પરંતુ અગાઉ જ્યારે નકશા અને એવાં સાધનો નહોતા ત્યારે એ માલમી વિદ્યા ઉપરથી જ વહાણ હંકારાતા હતા.
૫. વિ માલિકનું, માલનો; ઢોરિયાર; જાણકાર.

માલમી હોકો પું હોકાનંત્ર; ધુમપાન.

માલય ૧. પું. (પુરા.) ગરુડપુત્ર
૨. પું ચંદન.
૩. [હિ.] પું. વેપારીઓનો સમૂહ.
૪. વિ મલયાચલનું; મલયસંબંધી
ત્યારે માલય વાયુની લહરી આ
જેની પ્રભાવના... મીરાંબાઈ પદ

માલવ ૧. પું એ જાતિનો રાજકીય સમૂહ; માલવ સમનો ક્ષત્રિય સમૂહ.
૨. પું. (પિંગળ) મૂર્તિની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, લઘુ અને ગુરુ મળી વીસ અક્ષર હોય છે.
૩ પું સોદા ઉપર.
૪. પું (સંગીત) હનુમત મત પ્રમાણે શ્રી રાગના બાર ભેદોનો એક પુત્ર રાગ. આ રાગને કોઈ માલવા પણ કહે છે. તે સિંધવ, ગૌરી અને પંચમથી મિશ્ર છે. આ રાગ ત્રીજા પ્રહર પછી મધ્યરાત્રિ સુધી ગવાય છે.
૫. પું. હિંદુસ્તાનના મુખ્ય બાર ભેદનો એક દેશ; માળવા દેશ; મહાભારત કાળનો એક દેશ; પુરુજનપદ. તેનું પાટનગર ઉજ્જયિની હતું. તેમ જ ભોજરાજાના સમયમા ધારાનગરી હતું. તે અનુપદેશના વાયવ્ય ખૂણામાં આવેલ છે.
૬. જી. એ નામના લોકોની એક જાતિ.

૭ [સં. મા (લક્ષ્મી) + લવ (થોડું)] જુ૦ થોડી લક્ષ્મી

૮ જી (સંગીત) હિંડોલ રાગની સ્ત્રી

૯ ન. એ નામની જાતનું માણસ

૧૦. ન એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય; એક જાતનું પ્રજાતંત્ર

૧૧. ન. એક જાતનો વૈરાગ.

૧૨. વિ એ નામની જાતિનું

માલવ કૌશિક પું (સંગીત) એ નામનો એક ગ્રામ રાગ. તેનો વર્જ્ય રાતો છે અને તેણે રાતી છઠ્ઠી ધારણ કરેલી છે વળી એમ પણ જણાય છે કે, તેણે મહાન વીરોમાં પોતાનો પ્રભાવ દેખાડ્યો છે તેથી બધા વીરો તેને માન આપે છે. તેણે દુશ્મનોના અસ્ત્રોની માળા પહેરેલી છે.

સંગીતરત્નાકરમાં પણ માલવ કૌશિક ગ્રામ રાગમાંથી જ માલવી ઉત્પન્ન થઈ છે એમ લખ્યું છે.

પુરાતત્ત્વ

માલવો (માલવડો) ૧. પું. ઓરસાં ગોરડ વગેરે ભરવાનો કોથળો; મ.લ.

૨. પું. સૌરાષ્ટ્રમાં ભાવનગર પાસે આવેલ એ નામનો ડુંગર

માલવણ ૧. સ્ત્રી. કાચુની એક જાત

૨. સ્ત્રી. ખાખરાની લુવારની એક જાત

માલવશ્રી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ: માલશ્રી. આ રાગ પ્રાતઃકાળે ગાવામાં આવે છે.

૨. સ્ત્રી. (સંગીત) શ્રી રાગની એ નામની એક રાગણી.

માલવ સંવત પું. ભારતીય ગ્રેગોરિયન મહિનાનો એક સવંત; વિક્રમ સવંત; અષાઢાદિ સંવત. માલવના રાજા વિક્રમના જય પછી માલવાની સ્વતંત્રતા થઈ એટલે તેને માલવસવત કે માલવકાળ કહે છે. તેની શરૂઆત ઈ. સ પૂર્વે ૫૬ થી થયેલ છે.

માલવળો ૧ પું આધાર.

૨. પું મકાનમાં વળી, આડસર જેવી જ જાય તે માટે આડો નખાતો જાડા લાકડાનો ટુકડો. આડી ટેકાવવા માટે નાખવામાં આવતો મૂળ આધાર.

માલવા ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ આ છંદ કુડલિયા છંદનો એક ભેદ છે તેમાં ૪૫ ગુરુ અને ૬૨ લઘુ મળી ૧૦૭ વર્ણ આવે છે.

માંડુકા [સં] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ. તેનું સ્થાન માંડવ્યતીર્થમાં છે.

માંડુકિ [સં.] પું. ઉદ્ગિત નામના મુનિના કુટુંબમાં ઉત્પન્ન થયેલ એક શ્રેષ્ઠ બ્રાહ્મણ. એ વેદવેદાંગમાં પારંગત હતો. આરે બાબુએ તેણે પંડિતાઈ માટે સારી ખ્યાતિ મેળવેલી હતી.

માંડુકેય ૧. [સં.] પું. એ નામના એક મુનિ. તે અથર્વવેદની એક શાખાના પ્રવર્તક, બ્રહ્મવિદ્યાના સંગ્રાહક અને સમષ્ટ્યાત્મા બ્રહ્મ, એટલે આ આત્મા બ્રહ્મ છે એ મહાવાક્યના સ્થાપક કહેવાય છે. ઉપનિષદ વિચારણામાં લખ્યું છે કે: ભૃગુવંશની કેવલભૃગુ અને જમદગ્નભૃગુ એવી બે શાખા છે. તેમાં જમદગ્નવંશના વત્સ અને વિદ એવા બે ભેદ છે. તેમાં વત્સવંશમાં માંડૂક ગોત્ર આવે છે. ઋગ્વેદી બૃહદ્ય બ્રાહ્મણમાં સહિતોપનિષદમાં ફૂરવ માંડૂકેય મુનિનો ઉલ્લેખ આવે છે. આ ગોત્રની કન્યાઓ યજુર્વેદી બ્રાહ્મણોને મળતી હતી, એવું શતપથ બ્રાહ્મણની ઓપ્તાલવલિમાંથી સમજાય છે કારણ કે તેમાં માંડૂકીપુત્રનો ઉલ્લેખ છે. માંડૂક વંશના કોઈ મહર્ષિએ સમગ્ર વેદાર્થના સમાહરૂપે એક આગમ પ્રકારનું બ્રહ્મવિદ્યાનું બાર મંત્રનું રચેલું છે તેને માંડૂક્ય ઉપનિષદ કહે છે. આ ઉપનિષદ સમગ્ર પ્રમાણે અથર્વવેદનું મનાય છે. પરંતુ બ્રહ્મવિદ્યા સર્વ વેદની સમાન હોવાથી આ ઉપનિષદ સર્વ વેદવાદીઓની પરમ માનનીય થઈ પડી છે.

૨. સ્ત્રી એ નામની એક ઉપનિષદ.

માંડુક્યોપનિષદ સ્ત્રી. એ નામની એક ઉપનિષદ. ભગવાન ગૌડપાદાચાર્યે માંડુક્યોપનિષદની કારિકા લખી છે.

માંડો ૧. પું એ નામનો એક ચારણ. કહેવાય છે કે, સાંગો, માંડો અને માલો એ નામના ત્રણ ચારણ ભાઈઓ હતા. સાગાના નેસડામાં ભળતર તાગાનું સામણવા ગામ વરધું. માંડાના

નેસડામાં કોઈ ગામ વસ્યું નથી. પણ સાંજણવા આગળ માંડાસર તળાવ છે અને માલાનો નેસડો હતો ત્યાં માખાવાડ વસ્યું. કહેવાય છે કે, આ ચારણોની દેવી ખોડિયાર દેવીનું સ્થાન હાલ માગરવામાં છે.

૨ પું રોટલાનું ઊપસેલું ઉપલું પડ; કપોટી. રોટલાનો પોપડો; કોપડી.

૩ વિ. પું. રોટલાની કપોટી જેવો.

આંડો [હિ.] પું. હમ્મડપ; માંડવો.

આંડપ જ્ઞા. રચના.

એમ ચેખિયું ચિંદ બ્રહ્માંડ;
મરી નમ દીઠી એની આંખ્ય. નિષ્કુલાનંદ

આંડુ ૧. જી. એક જાતની માગર; પાણી ઝીલી કે ભરી રાખવાને ઘડેલું પાત્રવિશેષ; પાણી ભરવાનું પહાળી મોઢું વાસણ.

૨. જી. માગરવાળા જેટલું તાબ બનાવવાનું મોટું વાસણ.

૩. ન કોબીતી રીતે મોડવેલાં વાસણ.

૪. ન. મોખણ; મોવણ; બનનાર ચીજ સુંવાળી અને પોચી થાય તે માટે ઘોટ બાંધતાં પહેલાં તેમાં નાખવામાં આવતું તેલ, ઘી વગેરે; કણકમાં પાણી નાખતાં પહેલાં આટાને તેલ, ઘીનો હાથ દેવામાં આવે છે તે.

૫. ન. ઘેરદી, જુવાર વગેરેમાં જે ઝેર કે મેલ હોય છે તે.

૬. ન. ઘેરદીના માંડાનો ઊપલો ભાગ.

૭. જુઓ માણ.

આંડુમાંડુ ૧. ન. સહેજસાજ; ખાલી ઊપરછોટિયું; માંડમાંડ.

૨. જુઓ માણુમાણુ

આંણુહી જી. વાવરણ.

આંણુહો પું. વ્યાવહારિક જ્ઞાનથી માહિતગાર ન હોય તેવો વાપરી શકતિનો માણસ.

આંણું ૧. ન. અનાજ માપવાનું એક માપ; અર્ધો મણ અનાજ માપવાનું સાધન; માપ.

૨. જુઓ માણ.

આંત્રિક ૧. [સ] પુ. ગારુડી; સાપ ઉતારનાર પુરુષ.

૨. પું. મંત્ર તંત્ર કરનાર પુરુષ.

૩. વિ. અઘ ઘઘ સંબંધી મંત્રવિદ્યા જાણનાર; મંત્રવિદ.

૪. વિ. મંત્ર સંબંધી.

૫. વિ. મંત્રવિદ્યા જાણનાર.

આંત્રિકી [સ.] જી. નર્મદાના હાલર મહેતુ એક નામ.

આંત્રો વિ (સામ) આરંભથી તે અંત સુધીની મંત્રની સર્વ પ્રયોગપદ્ધતિ વડે ઇષ્ટ દેવતાઓનો સાક્ષાત્કાર કરાવનાર.

આંદગી ૧. જી. યાક

૨. જી. દુઃખ, પીડા; રોગ; બ્યાધિ; મહામારી.

૩. [ફા.] જી. બીમારી; મદવાડ; રોગવાળી હાલત; બ્યાધિગ્રસ્ત સ્થિતિ; બાજરીપણું.

આંદણું ન. ઢોરોને બેસવાનું કાદવવાળું બાબેલિયું; ચીકણી જમીન ઉપર ભરાઈ રહેલ પાણીની પાટમા ઢોરોએ પડી પડીને કરેલો કાદવવાળો રગડો.

બાળોટ જાદીમાં બલ્લે બલ્યે આંદણે બેસ પડ્યા.
ત્રિભુવન વ્યાસ

૧. આંદણું મમવું = ખૂબ દીચક થવો.

૨ આંદણે પડવું = ઢોરનું કાદવકીચડના આબેલિયામા પડવું.

આંદરિયા હાર પું. ડાકનો એક જાતનો સોનાનો દાગીના.

આંદલું વિ. આંદું; બીમાર; રોગવાળું; રોગિષ્ટ; માંદા જેવું; રોગીષ્ટું; નિર્બળ. અશક્ત.

આંદળ ન. એક પ્રકારનું રમવાનું.

આંદણું ૧. ન. ખારો અને પાણીનું મિશ્રણ કરેલું હોય તેવો ખાડો.

૨. ન. પડદામાં વીંટાયેલું અવતરેલ બચ્ચું

આંદાડોળી જી. માણસને ફેરવવાનું સાધન: 'સ્ટ્રેચર'.

રેલ્વેસ્ટેશનો આંદાડોળી (સ્ટ્રેચરો) લઈને દોડ્યા. ત્રિભુવન

આંદી પું (જ્યોતિષ) એ નામનો એક ઉપગ્રહ.

આંદું ૧. [ફા. માદા (માદું)] વિ. બાજરી; બીમાર; રોગી; મદવાડવાળું; બ્યાધિગ્રસ્ત; રોગથી પીડાએલું.

૧. માંદા થવા પહેલા વૈદ = બીમાર થવા પહેલાં દવા; અવિચારી ઊતાવળું પગલું ભરવું તે.

૨. માંદું મરે ન નહિ ને આગડો મૂકે ન નહિ = સારા કે નરસા પરિણામનો અંત ન આવવો.

૨ [સં મંદ] વિ મંદ. ધીમુ. રોગથી પીડાએલું ને તેથી કામમા ધીમુ.

આંદુસાજું ૧. ન. નરમ ગરમ તબિયતવાળુ માણસ.

૨. વિ. નરમ ગરમ તબિયતવાળુ.

આંદેસાજે જ્ઞા. માદુ પડે તે વખતે; બીમારીમાં તથા બીજે વખતે, માદગીના કે દુઃખના પ્રસંગે.

માંદેસાજે જવુ = કોઈ માંદુસાજું હોય તેને જોવા માટે જવુ.

આંધ ૧. ન. ઓજપ. કમીપણું.

૨. ન. દ્વેષ.

૩ ન. નબળાઈ

૪. ન. બીમારી; રોગ.

૫. ન. બુદ્ધિહીનતા.

૬. [સં.] ન મદતા; મંદપણું; શિથિલતા.

આંદ્રિલ પું. એક જાતનો બબુન. તે ગુસ્સે થાય ત્યારે તેના મોનો રંગ વાદળી થઈ જાય છે.

આંધાતા ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પુ. મુનિવર.

૩. પુ. મોટો પ્રતાપી માણસ

૪ પુ. મોટો રાજા

૫. પુ વાયુપુરાણ પ્રમાણે વિષ્ણુનો એક અવતાર

૬ પુ. શિવનાં હજાર માહેનું એક નામ.

૭. પું. સૂર્યવંશી પ્રસેનજિત પુત્રનાશ્વ રાજાનો મહાપ્રતાપી દીકરો; સત્યયુગમાં થયેલો એક મહાપ્રતાપી સૂર્યવંશી રાજા. તે યુવનાશ્વ રાજાએ ભાર્ગવ ઋષિએ યજ્ઞ વેદી ઉપર રાખેલ પાણી બુલશી પીતા તેને ગર્ભ રહ્યો. પૂર્ણ કાળે તેની કુખ ચીરીને ગર્ભ બહાર કાઢ્યો. પરંતુ તેને પ્રસવવાની ચિંતા થઈ, એટલામાં ઇંદ્ર આવીને કહ્યું કે આ પુત્ર મં ધાસ્યતિ એટલે મને ધાવશે, એમ કહીને પોતાનો અમૃતજર્યો અંગૂઠો તેના મોમાં આપ્યો તેથી તે માંધાતા કહેવાયો. આગળ જતાં તે માંધાતા સર્વ વિશ્વમાં ચારેબાજુ થયો તેણે વનમાં જઈ કેટલાંક વર્ષ તપ કર્યું તેનાથી તેને અજગવ ધનુષ્ય અને દિવ્યાસ્ત્ર પ્રાપ્ત થયાં હતાં. તે સર્વ ભૂમિ પોતાની આણ નીચે લાવીને અતિ પ્રખ્યાત ચક્રવર્તી રાજા થયો. તે પોતાના પરાક્રમથી મેળવેલું સઘળું દ્રવ્ય દાન દેવામાં અને વિદ્વાનોને અન્નજ આપવામાં, યજ્ઞપાત્રમાં અને પ્રજા ઉપયોગી કાર્યોમાં વાપરતો. તેણે સો અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞ કર્યા. આ રાજા મોટો દાનવીર હતો. તેણે કુબેરને વસિષ્ઠ જેવા મહાત્માઓની સલાહ પ્રમાણે વર્તી પ્રજાની પૂર્ણ પ્રીતિ મેળવી હતી. તેના બળથી રાવણ જેવા રાજાએ અને ચોર લોકો ત્રાસ પામતા તેથી તેનું નામ ત્રસદસ્યુ પણ પડેલું હતું. આ રાજા હર્યશ્વિદુ રાજાની બિંદુમતી નામે પુત્રી સાથે પરણ્યો હતો તેને પુરુકુત્સ, ધર્મસેન કે અંબરીષ અને મુચકુંદ નામના પરમ પરાક્રમી પુત્ર ઉત્પન્ન થયા હતા અને પચાસ પુત્રોઓ થઈ હતી. માંધાતાના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ થયો ન હતો ત્યારે રાજાએ પોતાના તપોબળથી વરસાદ વરસાવી પ્રજાને સુખી કરી હતી.

માંધાતાના અતુલ બળ, પરાક્રમ અને મોટા દાનશૂરપણાનો અહાપિપર્યંત દાખલો આપવામાં આવે છે કે, તું તે કોઈ મોટો માંધાતા થયો ? ભલે તારો માંધાતા આવે તો પણ શું થયું ? વગેરે પ્રકારે બોલવામાં આવે છે

૮ ન. મધ્ય ભારતમાં નર્મદાને ઉત્તર કાંઠે આવેલું એ નામનું એક ગામ. ત્યાં માંધાતા રાજાએ બંધાવેલું ઓંકારેશ્વરનું મંદિર છે.

૯ વિ. અહંકારી; મગરૂર.

માંધાતાક્ષેત્ર ન. નર્મદાના ઉત્તર કિનારા ઉપર આવેલા વૈદૂર્યમણિ નામના પહાડ ઉપર આવેલું એ નામનું એક તીર્થ. નર્મદાના ઉત્તર કિનારા ઉપર વૈદૂર્ય પહાડની કુદરતી રચના ઓંના આકારની હોવાથી તેને ઓંકાર પહાડ કહે છે. માંધાતા રાજાએ ત્યાં ગામ વસાવ્યું હોવાથી તે ઓંકારમાંધાતા પણ કહેવાય છે. માંધાતા રાજાએ આ વૈદૂર્ય પર્વત ઉપર ઓંકારક્ષેત્રમાં ઓંકારની સામે એકસો યજ્ઞ કર્યા તથા શિવની ભક્તિ કરી તેથી ઓંકારેશ્વર પોતે પ્રગટ થયા અને વરદાન માગવાનું કહ્યું એ સાંભળી રાજા માંધાતાએ માગ્યું કે, આ જ વૈદૂર્ય પહાડ તે માંધાતાના ક્ષેત્રના નામથી જાહેરમાં આવે અને અહીં આપ બિરાજમાન થઈ બધા દેવતા સહિત બાર જ્યોતિર્લિંગ વાસ કરે અને અહીં કોઈ પણ માણસ દાન કરે, પૂજન કરે, તપસ્યા કરે, પિતૃશ્રાદ્ધ કરે અથવા મરી જાય તે બધા શિવલોકમાં જાય. વળી અગ્નિથી બળી મરી જાય, પાણીમાં ડૂબી મરી જાય, પહાડ ઉપરથી પડી મરી જાય અથવા કોઈ પણ રીતે અકાલ મૃત્યુ પામે તે બધાં કૈલાસમાં વાસ કરે, તેનું કોઈ પણ વખત જન્મ મરણ થાય નહિ અને બધાની કામના પૂર્ણ થાય. એવું ઓંકારેશ્વરે વરદાન આપ્યું કે તે પ્રમાણે થશે.

માંન જ. (જૂ. ગુ.) જોતું; પ્રમાણે
જાણ અમિ જાગઈ મર વરઈ
લાવણ્યસમય

માંનત જું. મોટો સાધુ; મહાધિકારી; મહંત.

માંનમુહુત જુ. (જૂ. ગુ.) માન મરતબો.
અણ તોરિક પરમરિ જઈ
માંનમુહુત નવિ પામઈ કોઈ
વિમલપ્રબંધ

માંનું વિ. પૈકીનું; માંહેનું

માંધુષિ જું. (પુરાણ) વિશ્વામિત્રના કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ

માંમાંફોંફોં ન.વ.ક્રિ. મનના ખોટા વિચાર; ફાંફાં

માંય ૧. અ. અંદર; મહીં; મા; મધ્યે; માહીં; માહે.

માંય ભવું = એક જાતની જાગ.

૨ જ તરત જ.

માંયકાંકલું જુઓ માંયકાંગલું.

માંયકાંગલું ૧. વિ. નિર્માલ્ય; કમજોર; તાકાતહીન; નબળું; દુબળું.

૨. વિ. બાવડિયું.

૩ વિ. દ્રિમત વગરનું.

માંયમરામણું ૧. વિ. આલીતાળી કરનાર; અણબોદ કરનાર; અંદર અંદર અટપટ કરાવનાર.

૨. વિ. ઘરની આબરૂ લેનાર; ઘરમાં જ છીનાળું કરનાર

૩. વિ. ઘરની છાની વાત બહાર પાડનાર.

માંયરું જ. મંદિરમાં ઊંચો કરેલ સભામંડપ; મ.ભરું

માંયલીકોર જ. અંદરના ભાગમાં.

માંરું જ. ઝાડીનો ઝાંખો.

માંસ ૧. પું. એક પ્રકારનો જંતુ.

૨. પું. એમનો એક ભાગ. તેને વરત બાંધવામાં આવે છે.

૩. પું. સમય; વખત.

૪. સ્ત્રી. માંસ વેચનાર એક મિશ્ર જાતિ.

૫. ન એ નામની જાતિનું માણસ.

૬. ન. ઠેકું; ઠામ.

૭. [સં. આમિષ] ન. પ્રાણીઓના શરીરમાંનો ચામડી નીચેનો અને હાડકાંની ઉપરનો લોહી જેવો રાતો પેશીદાર પદાર્થ; શરીરની સાત માંહેની એ નામની એક ધાતુ; માદી, ગોસ, માસ, આમિષ, તરસ, પરમાદી, પિશિત, કવ્ય, પલલ, પલ, પલાલ, ગોત્ર, હરિણામાંસ, તક્ષિતમાંસ, શૂલ્યમાંસ, તલમાંસ, સહદ્ર માંસ એમ તેના બધા પ્રકારે છે. આપણે ત્યાં માંસ બે પ્રકારનું મનાય છે: જંગલ અને આનૂપ. જંપાલ, વિષ્કિર, બિલેશય, પ્રસહ, પક્ષીમૃગ, ચિત્રિક, પ્રતુદ, પ્રસહ અને ગ્રામ્ય એ આઠ પ્રકારના જંગલી જીવોનું માંસ જંગલ કહેવાય છે. વૈદક અનુસાર તે મધુર, કષાય, સ્નિગ્ધ, લઘુ, બળકારક, વીર્યવર્ધક, અગ્નિ પ્રદિપ્ત કરનાર, દોષો અને મેદનાશક, ઋત્વિજ, પ્રમેહ, મૃત્યુરોગ, ત્રણદોષ વગેરેનો નાશ કરનાર મનાય છે. કુલેચર, પ્લવ, ગોધાજ, પાદી, અને મત્સ્ય, આ પાંચ પ્રકારના જીવોનું માંસ આનૂપ કહેવાય છે. વૈદક અનુસાર તે સામાન્ય રીતે મધુર, સ્નિગ્ધ, ગુરુ, અગ્નિને મંદ કરનાર, કફકારક, તથા બૃંહણપોષક છે. પક્ષીઓમાં પુરુષ જાતિ અથવા નરનું અને ચોપગા પ્રાણીઓમાં સ્ત્રીજાતિ અથવા માદાનું માંસ સારું કહેવાય છે. આ સિવાય ભિન્ન ભિન્ન જીવોના માંસના ગુણ પણ ભિન્ન ભિન્ન હોય છે સામાન્ય રીતે દરેક દેશમાં જંગલી જાતિઓમાં કોઈ ખાસ પશુ, પક્ષી અને માછલાંનું માંસ અધિક પ્રમાણમાં ખાવામાં આવે છે, પરંતુ ભારતના કેટલાક ધાર્મિક સંપ્રદાય અનુસાર માંસ ખાવું બહુ જ નિષિદ્ધ છે. પુરાણોમાં માંસ ખાવું પાપ મનાયું છે. કેટલાક આધુનિક વૈજ્ઞાનિકો અને ચિકિત્સકોનો એવો અભિપ્રાય છે કે, માંસ મનુષ્યનું સ્વાભાવિક ભોજન નથી અને તે ખાવાથી અનેક પ્રકારના ઘાતક તથા અસાધ્ય રોગ ઉત્પન્ન થાય છે. વિદ્યાવિજયજી મહારાજ લખે છે કે, માંસ ખાવું એ મનુષ્યજાતિ માટે સર્વથા અનુચિત છે. પશુજાતિમાં પણ બધાં પશુ માંસ નથી ખાતાં. પ્રકૃતિએ દાંત, આંત તથા બીજા અનેક બાબતો ભિન્ન બનાવી છે, જેને કારણે માંસભક્ષી અને વનસ્પતિ આહારી એટલે નિરામિષભોજી એમ જનાવરના બે ભેદ પડે છે સિંહ, કૂતરો, બિલાડી આદિ માંસાહારી જનાવર અને ગાયો,ગાય, ભેંસ, બોકડા આદિ વનસ્પતિ આહારી જનાવરોમાં મનાય છે મનુષ્યની રચના મુદ્દે નિરામિષભોજીની છે. ગાંધીજી લખે છે કે, આ રહસ્ય સૂક્ષ્મ છે તે ખ્યાનમાં રાખવા યોગ્ય છે. વિલાયતમાં માંસની ત્રણ બાબતો મેં વાંચેલી. એમાં માંસ એટલે પશુપક્ષીનું માંસ. તેથી તે બાબતોમાં તેનો ત્યાગ કરે, પણ માછલી ખાય, ઈંડાં તો ખાય જ. બીજી બાબતો પ્રમાણે, જેને સામાન્ય મનુષ્ય ઇષ્ટ તરીકે ગણે છે તેનો ત્યાગ હોય, એટલે માછલાં ત્યાજ્ય પણ ઈંડાં માંસ ત્રીજી બાબતમાં સામાન્યપણે મનાતા દ્રવ્યમાત્ર અને તેમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓનો ત્યાગ. આ બાબતો પ્રમાણે ઈંડાંનો અને દૂધનો પણ ત્યાગ બંધનકર્તા થાય છે.

૧. માંસ ખાઈ હાડકાં કોટે ન બંધાય = કોઈની ગુપ્ત વાત લાંબે ત્યાં ટાંટી દેવી.

૨. માંસનું બી = ચરબી.

૮. ન દૂધમાંનો માંસલ ભાગ; માવો; ગર, મરજ

૯ ન. માપ; અડદ

૧૦. વિ. એ નામની જાતિનું.

માંસક ન મૂત્રોપકના વિઘટન વિષે ઉત્પન્ન થતો એ નામનો કૈલાસી નત્રવાયુકણો પદાર્થ; 'ક્રાર્બોસન'.

માંસકુંડ જું. છાપરી માંડેનો એ નામનો એક નરક કુંડ.

સ્મરણો માંસકુંડ ચીબ્યાં માંસોટે ભરેલ છે, વાસ જેવડા પ્રમાણમાં છે અને ભયાનક છે.
ભાગવતી ભાગવત

માંસગત જ્વર પું. તાવનો રોગ માંસ સુધી પહોંચવાથી આવતો તાવ. પીઠીમાં મોઢામાં ચાંદાં પડવાં, તરસ બહુ લાગવી, ઝાડો પેશાબ બંધ થઈ જવા, અંદર તથા બહાર દાહ થવો, હાથ પગ પછાડવા અને બેચેની રહેવી એ તેનાં ચિહ્નો છે.

માંસગાંઠ [સં.] સ્ત્રી. મૂત્રપિંડ ઉપર થતું ગૂમડું.

માંસગોળી સ્ત્રી. હોજરીની નીચે પાછળના ભાગમાં આવેલ એ નામે ઓળખાતો અવયવ : 'પેનક્રિઆસ'. તે પાચનગ્રંથિઓ માંહેની એક મહત્ત્વની ગ્રંથિ છે.

માંસગોળરસ પું. માંસગોળમાં બનતો અને જઠરમાંથી ખોરાક બહાર નીકળ્યા પછી તેમાં ભળતો એક જાતનો પાચનરસ.

માંસગ્રંથિ ૧. [સં.] સ્ત્રી. માંસની ગાંઠ; માંસપિંડ; વરસોળી. માંસમાં બંધાયેલી ગાંઠ.

૨. સ્ત્રી. મોટું કઠણ ગૂમડું.

માંસજ ૧. [સં.] વિ. માંસમાંથી ઉત્પન્ન થયેલ અથવા; મેદ.

૨. વિ. ડુક્કરનું માંસ.

માંસજનક [સં.] વિ. માંસ ઉત્પન્ન કરનાર

માંસજન્ય [સં.] વિ. માંસમાંથી ઉત્પન્ન થયેલ.

માંસજીવી [સ. માંસજીવિન્] વિ. માંસભક્ષી. માંસાહારી. કસાઈ.

માંસજ્વર [સ.] પું. માંસ સુધી ગયેલો તાવ.

માંસતાન ૧. [સં.] સ્ત્રી. કઠોરીઓના સત્તર માંહેનો એક પ્રકાર; ગળામાં બંધે ફેલાયેલો સોજો. તે અસહ્ય પીડા કરે છે. તે ત્રિદોષના પ્રકોપથી થાય છે તેથી કરીને બોલ કલાકમાં મરણ પામે છે.

૨. સ્ત્રી. સ્નાયુઓનું ખેંચાવું તે; આંકડીનો રોગ.

માંસદ [સં.] પું. શરીરમાં માંસ અને ચેરી બનાવનાર મુખ્ય પદાર્થ; આહાર વિનાના મૂત્રજમુવાળા તત્ત્વોના વર્ગનો એક ભાગ; પ્રાણી અને વનસ્પતિની કોમળ ચેરીઓ બાંધનાર એક જાતનો રાસાયણિક પદાર્થ; ચેરીદ; 'પ્રોટિન'. તેમાં હમેશા નાઇટ્રનો મોટો ભાગ હોય છે. દૂધમાં રહેલો દુગ્ધક જેવો તે એક સફેદીવાળો પદાર્થ છે. તે અનેક જાતના પ્રકારના પ્રાણીરસમાં હોય છે અને પ્રાણીઓની ચેરીઓ તથા તેમના અવયવો મોટે ભાગે તેનાથી બંધાયેલ હોય છે. વનસ્પતિની ચેરીઓનો તે એક મહત્ત્વનો ઘટક છે.

માંસદક્ષ વિ. જોઈતા પાકી દીધેલ અન્નના કર્બથી સ્નાયુના સફેદીવાળા દ્રવ્યમાંથી ઉત્પન્ન થતો એક માંસદ પદાર્થ, 'સિન્ટોનિન'.

માંસદખંડી સ્ત્રી. શરીરમાંનો એક પદાર્થ, 'પ્રોટીઓલિટિક'. આ ઉલ્લેચક માંસદ પદાર્થોમાંથી પ્રથમ અનુક્રમસર એટલે પ્રોટિઓસ બનાવી તેમાંથી ઍમિનજ એટલે પેપ્ટોન અને પછી તેમાંથી અન્તઃસ્રાવિક્ષ અને તેમાંથી ઝેરરૂપ દ્વિયુક્તાક્ષ ઉત્પન્ન કરે છે

માંસદ દ્રવ્ય ન. પ્રાણી તથા વનસ્પતિની કોમળ પેશીઓ બાંધનાર પદાર્થ.

માંસધરા કલા [સં] સ્ત્રી. માંસપેશી ઉપર વીંટળાયેલું આવરણ પડ; માંસ બાંધવું કરનારી કલા; ચામડીના જાત માંહેનું એક પડ એ જરાના દાબના જેવડું જાડું હોય છે. માંસધરા કલા અધિપ્રાવરણી પડ છવાયેલા હોઈ હોઈ ચાર જાતરાવરણી અથવા મજીપ્રાવરણી નામથી પણ ઓળખાય છે. તે પેશીઓને આધાર આપે છે. માંસપેશીઓના વચ્ચે જેટલી તેની અંદર જેવી પહોળી અને પાતળી શાખાઓ પેશ્યન્તરાલ તરીકે ઓળખાય છે. હાથ અને પગની અંદર માંસધરાકલાની આ શાખાઓ પેશીઓની આજુબાજુ વીંટળાઈને રહેલી હોય છે. દરેક પગમાં જઘનોદરીય ૨, નિતંબીય ૬, ઊર્વી ૧૬, જઘાગત ૧૨ અને પાદગત ૧૮ મળી કુલ ૫૮ માંસપેશીઓ હોય છે.

માંસનિવૃત્ત [સ.] વિ. શાકાહારી. વિનોબાજી લખે છે કે: આપણા દેશમાંથી માંસાહાર કાઢો, માંસનિવૃત્ત બનવું હોય તો, આપણે બીજી કોઈ જાતના ખોરાકનું ઉત્પાદન વધારવા પ્રયત્ન પડશે એ માટે દૂધ, દૂધ, શાકભાજી પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન કરવા જોઈએ. ગરીબ લોકોને એ વસ્તુ પૂરતા પ્રમાણમાં મળતી ત્યારે જ માંસનિવૃત્ત બનશે. માંસનિવૃત્ત બનવા માટે, ઉપનિષદોના આદેશ અનુસાર, અનાજ ઉત્પાદનું પ્રમાણ વધારવું પડશે જ.

માંસપાકી [સ] ન દાડમ દલ, દાડમ બીજપર્ણ

માંસપિંડ ૧. [સં.] પું. માંસનો લોચો. માંસગ્રંથિ; પેશી. ગંડ; માંસની ગાંઠ હૃદય નીચે કુક્ષીની અંદર રહેલા માંસપિંડને ત્રિલક અને કલોમ કહે છે. વળી યુક્રા અને આમાશય એ બે નામ હૃદયમાં રહેલા કમળના આકારના માંસપિંડનાં છે

૨. પું. શરીર; દેહ.

માંસપિંડી સ્ત્રી. શરીરની અંદર રહેલી માંસની ગાંઠ. કહેવાય છે કે, પુરુષના શરીરમાં આ પ્રકારની ૫૦૦ અને સ્ત્રીઓના શરીરમાં ૫૨૦ ગાંઠ હોય છે.

માંસપુટ પું. દોરા જેવી કોષની બહારની ઢીલાશ.

માંસપુષ્પી ન વેલની માફક ઊંચે ચડે અથવા ટટ્ટાર રહ્યા રહે તેવો એક જાતનો નાનો છોડ. તે ઊપજે કટિબંધમાના છોડની જાતનો છે તે આખા ઉપર ગોળ છે. તેના પાંદડા સીધા અને હૃદયના આકારના હોય છે. તેનાં ફૂલ સુગંધી અને રંગે સફેદ, પીળાં અથવા જાંબુડિયાં હોય છે

માંસપેશી ૧. સ્ત્રી. ગર્ભ બારમાના સાત દિવસ પછી થતી પ્રજાની એક અવસ્થા. તે બહુ કરીને એક અઠવાડિયા સુધી રહે છે

૨. સ્ત્રી. માંસની ગોટી; માંસનો લોચો; સ્નાયુ; માંસની 'ટિસ્યૂ'. માંસપેશીનો કદીય સકોચાય છે અને મજ્જામાં વિશિષ્ટ થાય છે. પેશીઓના છેડાઓ બાજુ કરીને સ્નાયુમય હોય છે. પુરુષના દેહમા ૫૦૦ અને સ્ત્રીઓના દેહમા ૫૨૦ માંસપેશીઓ હોય છે સ્ત્રીઓની માંસપેશી કોમળ હોય છે, પુરુષોના જેટલી મજબૂત નથી. ડૉ. વાઘજી જણાવે છે કે સ્ત્રીઓની માંસપેશીમા જગાનો ઓછા પુરુષોની માંસપેશીઓમા હોય તેના કરતા વધારે હોય છે

માંસબીજ ન. સરેખ સ્નાયુના તંતુનું બટક; માંસજન્યુ તત્ત્વ; માંસજતત્ત્વ; પ્રજ્વલિત પ્રાણુરસરૂપી રજકણ.

માંસમાંટી સ્ત્રી. માંસ કે માટી; પરમાણી

માંસમાટી ખાવા ન જણાય ખાવું

માંસયાન [સ.] પું. રક્ત કે માંસથી ઉત્પન્ન થયેલ છત્ર.

માંસરસ ૧. [સં.] પું. માંસનો રસો; અકની.

૨. પું. સરેખ સ્નાયુના તંતુમા આવતો કાચના જેવા ચળકતો પ્રાણુરસને મળતો પદાર્થ; 'સારકોપ્લેઝમ'.

માંસરોહિણી ૧. સ્ત્રી. એક જાતનો જરમણી છોડ. તે બીજા વનસ્પતિને વળગીને તેમાંથી પોતાનું પોષણ મેળવે છે.

૨ [સં] સ્ત્રી (હિંદી) રોહિણી, રોગી

માંસલ ૧ [સં.] પું. આકડ. માખ

૨. [સં] વિ. પોચું, પોટ અવાજ માટે વપરાય છે

૩ વિ. બાદુ; જાડું.

૪ વિ. બળવાન, મજબૂત.

૫ વિ. મજબૂત

૬ વિ. માંસ ૬. પુષ્ટ, જાડું; સ્નાયુવાળું; બળવાન, માંસલ, ભરપૂર, હૃષ્ટપુષ્ટ.

માંસલેસરી વડ (માંસલેસરી વડ) સ્ત્રી. (કચ્છી) એક પ્રકારનું ઝાડ, નકુડો; પ્રાણવડ.

આંસવિદ્યા [સં] સ્ત્રી શરીરના કોઈ પણ ફુમણા ભાગ સબંધી વિદ્યા: વૈદ્યકશાસ્ત્રવિદ્યાની એક શાખા. તેમાં શરીરની મુલાયમ પેશીઓના રચનાનું વર્ણન હોય છે

આંસસાર ૧. [સં] પુ. શરીરની અંદર રહેલી મેદ નામની ધાતુ

૨ વિ હૃષ્ટપુષ્ટ; જાડોદાર

આંસાઝ પુ કેટલાક જાતના પ્રાણીના શરીરનો રસ; પ્રાણી શરીરનો પાયો બાંધનાર પદાર્થ; પ્રાણિપ્રોટોપ્લાઝમ.

આંસાઝ [સં.] ન. માંસનો ખોરાક; માંસ ભોજન

આંસારી વિ માંસાહારી.

રંગન આસારી ઘણી. ક.બખ્તરવત

આંસાર્બુદ ૧. પું. ઓઝરીમાં થતો એક જાતનો રોગ તે બરફ કરીને ખરાબ કાનવાળા અને બાંઝીના બચ્ચાંઓમાં જોવામાં આવે છે.

૨. પું. માંસ ઉપર થતું મૃદુ કંદ; પેશ પેશીઓનું બનેલું ગાંઠ. તે બેપી તેમ જ નુકસાનકારક હોય છે. તેમાં હોય કે મૃદુતન્તુ મુખ્ય ભાગ ભજવે છે.

આંસાલ વિ ઘણા માંસવાળું; ખરાબકાર.

આંસાવરણ [સં.] ન. મગજનું ઝીણું પારદર્શક ઢાંકણ કે વેષ્ટન; માંસ ઉપરનું રનાયુના તાંતણાઓનું પડ; બ્યૂહન વિનાનું રિયતિસ્થાપક પડ. તે સપાટી ઉપર સ્નાયુના તાંતણાઓની સીધી લીટીની દિશાનું વિનિયોજન કરે છે

આંસારાન ૧. સ્ત્રી. ઘાતનારાં પ્રાણીઓની એક જાતિ, તેને અનેક પ્રકારના દાંત હોય છે અને તેને માંસનું ભક્ષણ કરવાની ટેવ હોય છે.

૨. [સં] ન. માંસ ખાવું તે વિનોબા લખે છે કે: સંસારના પ્રતિકૂળસમાં એકલા ભારતવર્ષમાં જ અહિંસાપ્રયોગ થયા. કરોડો લોકોએ માંસ આજ છોડી દીધું. પહેલાંના ઋષિ માંસ ખાતા હતા, એવું જો આપણે કહીએ કે ભણીએ તો આપણને આશ્ચર્ય માલૂમ પડે છે કે શું બકે છે ? ઋષિ! અને માંસ ખાતા હતા ! કોઈ દિવસ નહિ. પરંતુ માંસાશન કરતાં કરતાં તેઓએ સંયમ કરીને તેનો ત્યાગ કર્યો છે. તેનું કારણ તેને છે. પહેલાં તેઓ માંસાશન કરતા હતા અને આજે આપણે કરતા નથી, તેનો અર્થ એવો નથી કે, આપણે આજે તેનાથી ઊંચા થઈ ગયા છીએ. તેમના અનુભવનો લાભ આપણને અનાયાસે મળી ગયા છે. આપણે તેમના આ અનુભવનો વિકાસ કરવો જોઈએ. આપણે દૂધ બિલકુલ જ છોડી દેવાનો પણ પ્રયોગ કરવો જોઈએ. માણસે બીજાં પ્રાણીઓનું દૂધ પીવું તે અનુચિત જ છે. દસ હજાર વર્ષ પછી આવનાર માણસો આપણા વિષયમાં કહેશે, શું આપણે પૂર્વજોને દૂધ ન પીવાનું વ્રત લેવું જરૂર હતું ? રામ રામ, તેઓ દૂધ કેમ પીતા હશે ? એવા તેઓ જંગલી હતા ?

આંસાહાર [સં] પું માંસનો ખોરાક; માંસભોજન; માંસ ખાઈ રહેવું તે; આમડી પિંડનો અને હાડમ ઉપરનો લાલ પેશીકર આમનો ખોરાક. વિનોબાજી લખે છે કે: પ્રાચીન કાળમાં તમામ લોકો માંસાહાર કરતા કેટલીક અત્યંત વિચારશીલ આત્માના ઋષિમુનિઓએ જાણ્યું કે, પશુને મારી આપણે તેના ઉપર જાણ્યું એ શોભાસ્પદ નથી. આથી ઋષિમુનિઓ ખોરાક માટે કોઈક નવીન વસ્તુની શોધ કરવા લાગ્યા. એટલામાં ખેતીની શોધ થઈ. લોકો એની મારફત અનાજ ઉત્પન્ન કરવા લાગ્યા અને માંસાહાર ઘટવા લાગ્યો ત્યારથી કોઈ પણ જગની દિશા નજર લોકોને ખુશ કિસ્મત થવા લાગી. સાયોસ્ત્રમ લોકો ગોમાંસને બાજુ મૂકવા, દૂધનો ઉપયોગ કરવા શીખ્યા, જેથી માંસ ધીમે ધીમે બિલકુલ નહિવત્ બની ગયું તેથી જ વેદમાં કહેવાયું છે કે, ગોસેવા કરવાથી આપણે માંસાશન રૂપી રાક્ષસી વૃત્તિ ટળી શકવા અને સાચા આર્ય બની શકીએ. અત્ર જ તે જન્મ આપે છે. બાકી આપણને બેનાં ઉપજોગી નીવડે છે. માંસાહારને બદલે દૂધ પીવાથી આપણને અગાધ જોરદાર જ પોષણ મળી રહેવું. આમ વિજ્ઞાન માંસાશનત્યાગનો યશ સૌથી પ્રથમ જૈનોને ફાળે જાય છે. ત્યારપછી બ્રાહ્મણો અને વૈષ્ણવોએ એ વિચાર અપનાવ્યો. આપણા દેશમાં આજ લગભગ નવ કરોડ લોકો એવા છે જે માંસાશનથી બિલકુલ પર છે અને બાકીના જે લોકો માંસાહાર કરે છે તે, એ કંઈક સારું કામ છે એવું માનીને નથી કરતા, પરંતુ ન છૂટકે ટેવને આધારે જ કરે છે. જે જાતિઓ માંસભોજી છે તેના પણ ભોજનમાં માંસ મુખ્ય અને નિત્યની વસ્તુ નથી. જે માંસ ખાય છે તેઓ પણ તેમાં કાંઈક હીનતા અનુભવે છે. બનશે તો તેઓ પણ માંસનો ત્યાગ કરી ચૂક્યા છે. માંસાહારની પ્રવૃત્તિઓને રોકવાને માટે વધ પ્રચલિત થયો અને તેને માટે તે બધા પણ થયા નથી. બીજાઓ બાજરાને તો વધની જરૂરિયાત જ ઘટવી નાખી

આંસાહારી [સં. માંસદ+ઇન્] વિ માંસ ખાનાર; માંસભક્ષી. ક્રિયાદ.

આંસાહારી પશુ ન. માંસ ખાનાર પશુ; માંસથી જીવન ચલાવનાર પ્રાણી. માંસાહારી અને ઘાસ ફળ ખાનારાં એમ પ્રાણીઓના બે વર્ગ છે. માંસાહારી પશુના લક્ષણ આ પ્રમાણે છે (૧) તે જીભથી પાણી પીએ છે, (૨) આંખ આગળ પણ દેખે છે, (૩) તેના શરીરમાંથી પરસેવો છૂટતો નથી, (૪) જન્મ વખતે તેના બચ્ચાની આંખો બંધ હોય છે અને (૫) તેના દાંત ધારદાર અને લાંબા હોય છે.

આંસાહારી વનસ્પતિ સ્ત્રી. બીજી વનસ્પતિને પચાવીને તેમાંથી પોતાનું પોષણ મેળવનાર વનસ્પતિ. જેમકે, માંસરોહિણી

આંસાહારી વિ. માંસખાઉ; માંસપુષ્ટ; જાડું; હૃષ્ટપુષ્ટ; માંસલ. જુઓ. ઉપા માંસલક્ષ્ય, દેહકા અને આમડીની વચમાંનો લાલ પેશીકાર ભાગ વધ્યો હોય તેવું

આંસાંકુર [સં.] પુ. જન્મમતી કે વધતે માંસ ઉપર થતા રાઈ જેવડા કણમાંનો દરેક

આંસી ૧. પુ. સુતરાઉ કાપડનો ઝીણો રેસ.

૨ સ્ત્રી ઝેલગી

૩ સ્ત્રી જટામાંસી નામની વનસ્પતિ

૪ સ્ત્રી જટામાંસીનું ફળ. તે ભીંડા અને માંસ જેવા લાલ રંગનાં હોય છે

૫. સ્ત્રી માની. મામાની પત્ની.

૬ સ્ત્રી માંસરોહિણી વનસ્પતિ.

૭. સ્ત્રી વંશિયાળી

આંહિ જ માં; અંદર; મહીં; માંય; મધ્યે.

આંહિઆંહે જુઓ મહીં

આંહી જ. અંદર; આંહીં; માંય; માંય; મધ્યે

આંહેં [પ્રા. આહિ] જ. અંદર; આંહીં; માંય; મધ્યે; માં

આંહેનું આંહે તે અહારનું અહાર જ બંને પક્ષમાં હોનારી બનાવનાર; યુક્તિથી અને પક્ષનું મન સાચવનાર; એક પગ દુઃખમાં અને એક પગ દરીમાં રાખનાર, ચોરના ચોર અને વખાવાનાં વખા; બણીને કહેરો પા અને ચોરને કહેરો નાસ, એમ આચરનાર.

આંહેયું જ અંદરથી

એ તંબડુ આંહેયું મરે,
જો જે બઈ પેસે તે તરે અખો

આંહેઆંહે જ અ.રો.મા.હે અંદરઅંદર; પોતપોતામાં; પરસ્પર.

આંહેરું જ મ.ગુ.હિ. લગ્ન વખતે વરકન્યા માટે તલાવ કરેલ મંડપ

આંહેલું વિ. અંદરનું, આંહેનું; આંતરિક; વચલું.

આંહોમાં જ મ.હોમાહે; અંદરોઅંદર; અ.પક્ષમાં.

નહિ આંહોમાં વેર વેર દયારામ

આંહોમાંહી જ અંદરોઅંદર

કહેવા જેવી પાસે કે આંહોમાંહી પણ હવે સ્વરે આ વાત બિલે ઓછ કૃષ્ણકાંત સહજ નહિ.

સરસ્વતીચંદ્ર

આંહોમાંહે જ અન્યોન્યમાં; એકબીજામાં; અંદર અંદર; અરસપરસ, પરસ્પરે, પરસ્પર.

આંહ્યે ૧. જ. અંદર; માં; માહે.
૨. જ. તરત જ

આંહ્યમાંહ્યે જુઓ માહોમાહે.

આંહ્યું ન. માણસે; સ્નાનવિધિ માટે કૂવાને ચોર તૈયાર કરેલી જગ્યા. આ શબ્દ સંસ્કૃત શબ્દ મધુપર્ક ઉપરથી થયો મનાય છે. વર આવે કે તરત તેના સ્વાગત તરીકે મધુપર્ક નામનું મિષ્ટપાન પીવા આપવામાં આવે છે તે ઉપરથી જગ્યાનું નામ માંહ્યું પડ્યું હોય એમ લાગે છે.

આંહ્યલી ઠોર જ. અંદરની બાજુ.

આંહ્યલી પા જુઓ આંહ્યલીઠોર.

આંહ્યલું વિ. અંદરનું; અંદરનું; પોલું.

આંહ્યોમાંહ્યે જ. અંદરઅંદર.

મિ ૧. પું. મિસ્તરનું ટૂંકું રૂપ. આ રૂપ સિદ્ધાવાર રૂપે વપરાય છે.
૨. સ. ક્રિ. જોવું; નિરીક્ષણ કરવું; અવલોકન કરવું.
૩. સ. ક્રિ. ફેંકવું; વિખેરવું.
૪ સ. ક્રિ. બાકવું; ભેળ કરવું.
૫. સ. ક્રિ. (ધાતુ) મ.પ્ર. તે ઉપરથી બનેલ શબ્દ; મિત, મિતભાષી, મિતાહાર.
૬. સ. ક્રિ. રચાવવું.

મિઆઉં જુઓ મિંઆઉં.

મિઆઉં જ. બિલાડીનું બોલવું તે; મિયાઉં.

મિકદા [અ.] સ્ત્રી. હજામની અણી બસીને બારીક બનાવવા માટે વપરાતું લોખંડ જેવા હાથીદાંતનું એક જાપડું ઓજાર.

મિકાડો ૧. પું. એક જાતનું ટમેટું. આ જાતનાં ટમેટાં મોટાં થાય છે. તેને ઊભતાં વખત લાગે છે. તેનો રંગ ઝળકતો રાતો અને જરા ઘાટો હોય છે.
૨. પું. જપાનના શહેનશાહનો ઇલકાબ.

મિકેનિક [અં.] પું. યંત્રવિદ્યાનો કારીગર.

મિકેનિકલ ૧ [અં.] વિ. યંત્રવિદ્યાને લગતું.
૨. વિ. યાંત્રિક રીતે કરાતું.

મિકેનિકલ એંજિનીઅર [અં.] પું. યંત્રોદ્વારા સઘળી પૂરતું જ્ઞાન ધરાવનાર માણસ.

મિક્સ [અં.] વિ. મેળવેલ.

મિક્સ્ચર ૧. [અં.] જ. મેળવણી; મિશ્રણ.
૨. જ. વિવિધ ઔષધિ અને ક્ષાર વગેરે ભેગાં કરી તેમાં પાણી મેળવી પીવા લાયક બનાવેલું ઔષધ; બે કે વધારે દ્રવ્યનું મિશ્રણ.

મિચકારવું સ. ક્રિ. મિચકારો કરવો; ઉઘાડવું અને મીંચવું; પટપટાવવું.

મિચકારો ૧. પું. ઇશારો.
૨. પું. મીંચવું કે મીંચાવું તે.

મિચામણું ૧. જ. સ. ક. આંખ સહેજ બંધ કરીને ઇશારો કરવો તે.
૨. જ. સ. ક આખો વારેવારે ઉઘાડવી અને બંધ કરવી તે; મીંચામણું; આંખ વારેવારે મીંચવી તે.

મિચાવવું સ. ક્રિ. મીંચે તેમ કરવું.

મિચાવું જ. ક્રિ. બીડાવું; બંધ થવું; સંકોચાવું; આંખ મિચાવી = મરણ થવું; આખર આવવું; દેહ પડવો; મરી જવું.

મિચિતા [હિ.] સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી.

મિચ્છિમેઠ પું. મેડિસાઓનો મૂળ વતની.

મિચ્છત્ત [પ્રા.] જ. મિથ્યા.
મિચ્છત્ત શબ્દ જો મુજને નડ્યો.
ખોડિદાસકૃત

મિચ્છા જ. (જૂ. ગુ.) મિથ્યા; નકામું.
મિચ્છા દુક્કડં એહ વિચાર
વિનતિ છે વર્તમે વાર અપાર.
જ્ઞાનસમય

મિચ્છામિદુક્કડં [સં. મિથ્યા મે દુષ્કૃત] જ. જ. (જૈન) મારું દુષ્કૃત મિથ્યા થાઓ. પરસ્પર માફી માગતાં બોલાય છે.

મિજમાન ૧. [જા. મેજ (ટેબલ) + માન (વાળો)] પું. મહેમાનગીરી કરનાર માણસ, યજમાન; જેને ઘેર જમવાનું હોય તે માણસ. મેજ એટલે જમણ માટે પાથરવામાં આવતું વસ્ત્ર. પાછળથી ટેબલ ઉપર જમવા લાગ્યા તેથી મેજનો અર્થ ટેબલ થયો. જેને ઘેર જેતુ ટેબલ જોડવાનું હોય તે મિજમાન કહેવાય.
૨. પું. મહેમાન; અતિથિ; પરોણો.

મિજમાની ૧. [જા. મેજમાની] સ્ત્રી. પરપણીથી થતી પરોણાની આકરી; મહેમાની; આગતાસ્વાગતા; યજમાનનું કર્તવ્ય.
મિજમાની કરવી = (૧) આગતુ. (૨) મહેરબાની કરવી.
૨. સ્ત્રી. બે ચાર સ્નેહીએ મળી ખાનપાન અને રમતગમત કરવી તે; ઉજાણી; જલત; જિયાફત.

મિજમાન ૧. પું. જમાઈ
૨. [જા.] પું. પરોણો
૩. પું. મહેમાનગીરી કરનાર માણસ.

મિજમાની જુઓ મિજમાની.

મિજરાફ [અ. મિઝરાબ] જ. સિતાર વગાડવાની અંગૂડી; તંતુવાદ્ય વગાડવાની નખી; તબલે વગાડનારની આંગળીમાં પહેરવાની તારની વીંટી; તંતુવાદ્ય વગાડવાની હાથીદાંત કે એવી કોઈ વસ્તુની ચાંપ.

મિજરાબ જુઓ મિજરાફ.

મિજલસ ૧. [અ. જલસ (તે ટોળામાં બેઠો)] સ્ત્રી. અધિકારીઓનો સમૂહ
૨. સ્ત્રી. કચેરી
૩. સ્ત્રી. મજલનો મેળાવડો; ગોઠડા મિત્રો વગેરેએ ભેગા થઈ બેઠક કરવી તે; રાવણ; જલસો; ગમ્મો; વાદનોત્સવ.
૪. સ્ત્રી. મહેણી; સભા; પરિષદ, મજલિસ.
૫. સ્ત્રી. મેળો.

મિજલસિયું ૧. [અ.] વિ. મિજલસ સંબંધી.
૨. વિ. મિજલસમાં બેઠ બીજા સાથે બેસનાર; સોબતી; સાથી
૩. વિ. મિજલસમાં ભાગ લેવાનો શોખ ધરાવનાર; ઉજાણીનું શોખીન.
૪. વિ. સભાસદ, મિજલસમાં ભાગ લેનાર.

મિજલસિયો ૧. [અ. મિજલસ] પું. મિજલસમાં ભાગ લેનાર પુરુષ; મિજલસમાં બેઠ બીજાની સાથે બેસનાર વ્યક્તિ; સોબતી; સાથી.
૧. પું. સભાસદ; ' મેમ્બર '.

મિજલસી ૧. પું. મિજલસિયો.
૨. વિ. મિજલસનું

મિજલ્લા સ્ત્રી. મળું; શક્તિ.

મિજલગરું જ. બરડું; જેને બીજે બારણું ઉઘડવાને ભાગ ઓરી બનાવેલ; નરમાડા. ગૃહવિદ્યાનમાં જણાવ્યું છે કે: આ રીત ફ્રેંચની હોવી જોઈ આવ્યા. મિજલસ શબ્દ જ પોર્ટુગીઝ ઉપરથી છે. આ રીત સૌથી નબળી છે. તેમાં તાણ અને ઝાપ બંને આવે છે અને તે સહેલા તાનઝાપ રહે આવે; તેમાં વળી રહેતા પેઠ અને ઝાપના પડ ઉપર જ બધો આધાર હોય છે. મતલબ કે, ઝાપ અને બારણાના જોડાણ માટે નબળામાં નબળી ચીજ જોઈએ હોય તો તે આ મિજલસ છે.

મિજાજ ૧. [અ. મઝજ (ભેળવેલું)] પું. અભિમાન; મગરૂબી; મગરૂરી.
૨. પું. ગુસ્સો; તામસ; આકરી તબિયત.
૩. પું. તબિયત; સ્વભાવ; તાસીર; પ્રકૃતિ; મરજી; મુખ; લક્ષણ; મનની અમુક હાલત; મનનો રંગ; આવેશ.

૧ ખુશ મિજાજ = આનંદી; સારા સ્વભાવનું
૨. ગરમ મિજાજ = મીંડિયું.
૩. તેજ મિજાજ = ક્રોધી, ગરમ સ્વભાવનું
૪ તેફ મિજાજ = આનંદી
૫. બદ મિજાજ = ખરાબ સ્વભાવનું.
૬. મિજાજ કરવો = (૧) આનંદ કરવો. (૨) તપી જવું; તામસ ચઢાવવો; ગુસ્સે થવું. (૩) મશ્કરી કરવી.
૭. મિજાજ ખરાબ થયો = (૧) અપ્રસન્નતા કે ક્રોધ થવો (૨) અસ્વસ્થ થવું.
૮. મિજાજ બગડ્યો-ખોરો-જવો = ક્રોધે ભરાવું; ગુસ્સે થવું; આવેશ પર ચડી જવું.
૯. મિજાજ ઠેકાણે ન હોવો = મિજાજ કાબૂ કે અંકુશમાં ન હોવો; મિજાજ જવો, રીસ ચડવી; ગુસ્સામાં હોવું.
૧૦. મિજાજ ન મળવો = ક્રોધ ને સમજવાને અટકાવ થવું.
૧૧. મિજાજ પૂછવો = (૧) તબિયતના ખબર પૂછવા. (૨) ઠંડ દેવો; સારી રીતે ખબર લઈ નાખવી
૧૨. મિજાજ ઠારવો = મિજાજ કાબૂમાં ન રહેવો; ગુસ્સો ઊછળી આવવો.
૧૩. મિજાજ બગાડવો = (૧) ગુસ્સે થવું; સ્વભાવ ગરમ થવો (૨) માંદુ પડવું
૧૪. મિજાજ સરિયો થયો = (૧) તબિયત ઠેકાણે આવવી. (૨) પ્રસન્ન થવું.
૧૫. મિજાજ હાથથી જવો = (૧) આકરી તબિયત થવી. (૨) ગુસ્સા પર કાબૂ ન રાખી શકવો.
૧૬. મિજાજનું ઝાડકાયું = બહું મગરૂર ને તામસી માણસ; બહું મિજાજી માણસ.
૧૭. મિજાજમાં આવવું = (૧) અભિમાન કરવું; ઘમંડ થવો; મગરૂર થવું. (૨) ધ્યાનમાં આવવું; ગમવું. (૩) સમજમાં આવવું.
૧૮. મિજાજે આલી–શરીફ = આપની તબિયત?
૪. પું. આંખો; શરીરનું બંધારણ.

મિજાજપુરશી સ્ત્રી. ખુશાલી.

મિજાજદાન [અ. મિજાજ (સ્વભાવ) + ફા. દાન (ઓળખવો તે)] વિ. સ્વભાવને ઓળખતું. સ્વભાવ જાણતું

મિજાજદાર [અ.] વિ. અભિમાની; મગરૂર, ઘમંડી.

મિજાજપીઠા જુઓ મિજાજદાર.

મિજાજપુરસી [અ. મિજાજ (તબિયત) + પુર્સીદન (પૂછવું)] સ્ત્રી. તબિયતના સમાચાર પૂછવા તે.

મિજાજમાંદગી સ્ત્રી. પ્રકૃતિનું અસ્વાસ્થ્ય.

મિજાજી ૧ વિ. આકરા સ્વભાવનું; ચીડિયું; અદેખાઈ ગુસ્સે થવું તેવું; સહેજ વારમાં જેના મન ઉપરનો કાબૂ જતો રહેતો હોય તેવું; સહેજ વારમાં ગુસ્સો કરે તેવું; તામસી. ક્રોધી; મિજાજવાળું

મિજાજી મિજાજીને બને નહિ = નરમ ગરમ થયા વિના બને નહિ.

૨. વિ. ઐહિક.

ઘરેડ મિજાજી = ઐહિક પ્રેમ; જગતનો પ્રેમ.

૩. વિ. ઘડીએ ઘડીએ તબિયત ફરે તેવું; તબિયતી.

૪. વિ. તરંગી; લહેરી; મનમોજી; સ્વાભિમાની; પોતાના તોરમાં કે રંગમાં મગરૂર રહેનારું.

૫. વિ. મગરૂર; અભિમાની; ઘમંડી; રોબીલોર, ઠોલો; દમામવાળું; ભપકા.

૬. વિ. રજોગુણી સ્વભાવનું; આવેશી.

૭. વિ. સુંદર, સ્વાદિષ્ટ.

મિજાજે ઘરક કું. ઐહિક પ્રેમ; જગતનો પ્રેમ; ખરો પ્રેમ નહિ તે.

મિજાસ જુઓ મિજાજ.

મિજાસદાર જુઓ મિજાજદાર.

મિજાસી જુઓ મિજાજી.

મિટાવ કું. દૂર થવું તે; મટી જવું તે.

મિટાવવું ૧. સ. ક્રિ. ખરાબ કરવું; બરબાદ કરવું
૨. સ. ક્રિ. નાશ કરવો; ન રહેવા દેવું.
૩. સ. ક્રિ. રદ કરવું
૪. સ. ક્રિ. રેખા, ડાઘો કે ચિહ્ન વગેરે દૂર કરવું.

મિટાવું અ. ક્રિ. મીટે તેમ થવું.

મિટિયા [હિ.] સ્ત્રી. માટીનું વાસણ.

મિઠતભરો વ. દારૂબંદન નામનો ઝોડ. તેને પીળાં ફૂલ અને અણીદાર પીળા પાન થાય છે. તે બરજના ઉપર ઓપડવામાં આવે છે.

મિટ્ટી ૧. સ્ત્રી. કચરો
૨. સ્ત્રી. માંદી વસ્તુ
૩. સ્ત્રી. ચંદનની જમીન.
૪ સ્ત્રી. જમીન; ભૂમિ. માટી કે જમીન ઉપર ખણી જનાર એક પ્રકારના ક્ષારને મિટ્ટિનું ફૂલ કહે છે. તે કપડાં ધોવામાં અને કાચ બનાવવામાં વપરાય છે.
૧. મિટ્ટી પકડવી = (૧) જમીન કરડવી (૨) ઢીલા થવું. (૩) હારવું
૨. મિટ્ટી પર લાવવું = જમીન માટે તકરાર કરવી.
૫. સ્ત્રી. ભરમ; રાખ.
મિટ્ટીમાં મેળવવું = ધૂળધાણી કરવું
૬. [સં મૃત્તિકા] સ્ત્રી. (હિંદી) માટી; મટોડી. મટોડું; ધૂળ; મૃત્તિકા. અનિજ તેલ. જેવાં કે, વાસલેટ, પેટ્રોલિયમ વગેરે મિટ્ટીનું તેલ કહેવાય છે
૧. મિટ્ટી કરવું = (૧) નંદુ કરવું. (૨) નાશ કરવું. (૩) બગાડવું
૨. મિટ્ટી દેવી = (૧) દાટવું; છુપાવવું. (૨) મુડદા ઉપર માટીની મૂઠી નાખવી
૩. મિટ્ટીના મૂલ્યે = બહુ સસ્તી કીમતે; માટીના ભાવમાં
૪ મિટ્ટીની મૂર્તિ = (૧) માટીનું પૂતળું. (૨) મૂર્ખ માણસ.
૫. મિટ્ટીમાં મળવું–મળી જવું = (૧) કર્યું કારવ્યું બગડવું (૨) જમીન સાથે સપાટ થવું; માટી સાથે મળી જવું. (૩) પંચમહાભૂતમાં ભળી જવું; મરણ પામવું; મરી જવું. (૪) પામમાલ થઈ જવું; નાખૂદ થઈ જવું
૬. મિટ્ટીમાં મિટ્ટી મળી જવી = (૧) કબરમાં દટાવું; મરણ થવું. (૨) ધૂળમાં મળી જવું; મરી જવું.
૭. સ્ત્રી. માંસ.
૧. મિટ્ટી ખરાબ થવી = (૧) દુર્દશામાં આવી પડવું. (૨) માર આવો.
૨. મિટ્ટી આપી = માંસ ભક્ષણ કરવું.
૩. મિટ્ટી થવી = નબળા થવું
૪. મિટ્ટી ઠાણાઠાણ થવી = હેલહવાલ થઈ જવું; ખરાબખસ્ત થવું, પામમાલ થઈ જવું; હેરાન થવું.
૫. મિટ્ટી પલીત કરવી = (૧) કમોતે મારીશ । અવનતિ પમાડીશ । એવા અર્થમાં ધમકી બતાવવા વપરાય છે. (૨) દુર્દશા કરવી; બરબાદી કરવી.
૬. મિટ્ટી બગડવી = (૧) કાદવમાં ખસડાવું. (૨) ખરાબ હાલત થવી. (૩) નાશ થવો. (૪) સખત માર ખાવો.
૭. મિટ્ટીનો માધો = મૂર્ખ માણસ.
૮. સ્ત્રી. મુડદું; શબ.
૧. મિટ્ટી ઠેકાણે પાડવી = દફન કે દહન ક્રિયા કરવી.
૨. મિટ્ટી ઠંડી થવી = મરી જવું.
૯. સ્ત્રી. શરીરનો બાંધો; શરીરની બનાવટ.
૧. મિટ્ટીની સૂરત = માનવ શરીર.
૨. મિટ્ટીનું પિંજર = મનુષ્ય દેહ; શરીર.
૧૦. સ્ત્રી. સ્વભાવ.

મિઠું ૧. [હિં.] પું. પોપટ.
૨. પું. પોપટ કે બાળક માટે વહાલનો શબ્દ.
૩. વિ. ચૂપ રહેનાર; ન બોલનાર.
૪ વિ. મધુર અને પ્રિય બોલનાર.

મિઠોરી [હિં.] સ્ત્રી પાસેલા અડદ કે અથાની બનાવેલી એક વાની.

મિઠ્ઠાડો ન. ખરું બોલું; સાચવેલ; પોલાદ.

મિડ ઑન [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતમાં દાવ લેનારની પીઠ તરફની બાજુએ વચ્ચે ઊભા રહેવાની જગ્યા.

મિડ ઑફ [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતમાં દાવ લેનારની સામી બાજુની વચ્ચેની જગ્યા.

મિડવાઈફ [અં] સ્ત્રી. પ્રસવવેદની સુશ્રૂષા; દાયણ. તેના લક્ષણો અને લાં સુધી જે જાતિનું બાળક હોય તે જાતની દાઈ હોવી જોઈએ. તે વીસ વર્ષથી મોટી અને પાંત્રીસ વર્ષથી નાની હોવી જોઈએ. તે સ્વભાવે નમ્ર, સ્વાધ્યાન, મધુરભાષિણી, ઉદાર સ્વભાવવાળી તથા નીચ કર્મ નહિ કરનારી અને બાળકો પર પ્રીતિવાળી હોવા જોઈએ. તેનાં પોતાના બાળક છતાં અને નીરોગી હોવાં જોઈએ. તે બહુ ઊંઘણી કે પડી રહેની ન હોવી જોઈએ. ઊંઘતી વખતે જેના નસકોરાં બોલતાં હોય તથા બૌ પહોળું રહેતું હોય તેવી બાઈને દાઈ તરીકે પસંદ કરાતી નથી. તે નીચ જાતિની ન હોવી જોઈએ. તેને નીચ લોકોનો સંગ ન હોવો જોઈએ તથા તેને સારી પેઠે બાબત આવડતું હોવું જોઈએ.

મિડિયાન શિરા સ્ત્રી. મણિબંધની પાસે કરતલના ઉપરના ભાગમાં રહેલી નસ.

મિઢિયો પું. વળેલાં શિંગડાવાળું ઢોર.

મિણાવું ૧. અ ક્રિ. કોઈ પદાર્થની અસર થવી; ગીલો થવો; ભારે અસર આથી આંખનું ઘેરાવું; ભાગલ જરાવી; આંખ મીંચાવી; ઘેન આવવું; ભાગલાવું.
મિણાઈ રહેવું = ઘરઘર રહેવું.
૨. અ ક્રિ. ઢોરે પાનો ચોરી કે ખેતી અનો; દુઃખ નહિ સૂકવું.
૩. અ. ક્રિ. દુબળવું; દુબળો થવો.

મિત ૧. પું ગણપતિ.
૨. [સં. મિત્ર] પું. (પ્રાકૃત) દોસ્ત; મિત્ર; ભાઈબંધ
૩. પું. પિંડ; વ્યક્તિ; શરીર
૪ પું. માપ; હદ.
૫. પું. (પુરાણ) સોમવંશી પુરૂરવા રાજાના જય નામના દીકરાનો દીકરો.
૬. વિ. થોડું; ઓછું.
૭. વિ. નિયમિત.
૮. વિ. પરીક્ષા કરાયેલ; તપાસાયેલ.
૯. વિ. ફેંકેલ.
૧૦. વિ. ખાધેલ.
૧૧. વિ. બોલેલ; બોલાયેલ; શબ્દ કરેલ.
૧૨. વિ. માપ, હદ કે નિયમ બતાવનાર.
૧૩. [સં. મા (માપવું)] વિ. માપેલું; તોળેલું.
૧૪. વિ. માફકસર હોય તેટલું; પરિમિત; પ્રમાણસર; માપ કે પ્રમાણસરનું; જોઈએ તેટલું; આપનું; યથાપ્રમાણ. પટ્ટુ હોય તેટલું જ. મર્યાદિત. આયુર્વેદ કહે છે કે, જે થોડું ખાય છે તે બહુ ખાય છે. મિત ખાનાર કદી બિમાર પડતા નથી કમેલા થોડું થોડું ખાતા રહેવું.
૧૫ વિ. મિતાહારી.
૧૬. વિ. રક્ષમેલ

મિતજ્ઞાન [સં.] ન. એકબાથી અટકાળ કરેલી બીજી હકીકત.

મિતતા ૧. સ્ત્રી મધ્યમતા, વિવેક; આહારવિહાર નિયમ.
૨. સ્ત્રી. મિત રહેવું તે; સંયમ; નિયમ.

મિતદીપ્ત ન ખાનું જ્ઞક. તેનો દાબો ફોલીએ તો અંદરથી દોષાવમાન અને ધોળો હોય છે તથા બાજામાં દીપ્ત ઓદને અગ્નિ વધારનાર છે, માટે તે મિતદીપ્ત કહેવાય છે.

મિતપણું ન. પ્રમાણસર હોવું તે.

મિતપરિગ્રહ પું. (જૈન) પરિગ્રહ પરિમાણ. પરિગ્રહ બા પ્રમાણે નવ પ્રકારનો છે: ધન, ધાન્ય, દાસો તથા ઉપાડી જમીન, ચાંદી, સોનું, અન્યધાતુ, દાસદાસી, ઢોરઢાંખર અને ધનબખરી. વિદ્યાવિજયજી લખે છે કે, તે નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું જોઈએ. (૧) ધનનું પરિમાણ બરાબર પ્રમાણ રહેવાની છૂટ રાખી દિવેક થાય તો ધર્મકાર્યમાં વાપરવું. (૨) ધાન્યનું પરિમાણ. અમુક મણ કે માપની છૂટની હદ બાંધવી. (૩) ખેતર: ખેતી કરનારે અમુક વીઘા જમીન રાખવાનો નિયમ કરી લેવો. (૪) ચાંદીનું માપ અમુક તોલા ચાંદી રાખવાનું પરિમાણ બાંધવું. (૫) સોનાનું પરિમાણ કરવું. (૬) પિત્તળ, તાંબા વગેરે ધાતુનું પરિમાણ કરવું. (૭) બે પગવાળા એટલે દાસ, દાસી વગેરે નોકરની સંખ્યા નક્કી કરવી. (૮) ચાર પગવાળા પશુનું પરિમાણ બાંધવું કે, હું આટલાં પશુ રાખીશ. (૯) પરંતુ મકાન વગેરેની સંખ્યા નક્કી કરી લેવી. આ નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવાથી અર્થાત્ મિતપરિગ્રહથી વૃત્તિઓ અંકુશમાં રહે છે, શાંતિ બંધે છે અને સંતોષવૃત્તિ ઉત્પન્ન થાય છે. મનોદંડનો દૂર કરવાનો આ એક ઉપાય છે.

મિતપાન ન. પ્રમિતપાન, મિતાચાર; 'ટેમ્પરન્સ'.

મિતભાષિણી ૧. પું (પિંગળ) સડોતેર વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, અને બે સગણ એમ બાર અક્ષર હોય છે
૨. [સં.] વિ. સ્ત્રી. ઓછું બોલનારી.

મિતભાષિતા ૧. [સં] સ્ત્રી ઓછું બોલવાપણું.
૨ વિ સ્ત્રી. ઓછું બોલનારી

મિતભાષી [સં. મિતભાષિન્] વિ. બોજ બોલું; ઓછા બોલું; ઓછું કે ઘટિત હોય તેટલું જ બોલનાર; પ્રમાણસર બોલનાર.

મિતભુજ [સં. મિતભુજ્] વિ. માપસર ભોજન કરનાર

મિતભોજી વિ. મિતાહારી.

મિતયાગ પું. અમુક અમુક મુદતે કો સારા સરોગ કરવો તે; કોઈયોગમા નિયમિત સંયમ રાખવો તે.
સઘળી મુહપત્તિનો અર્થ બરાબર નહિ પણ મિતયાગ એનો જ કરાયેલા લાગે છે.
અમિતગ્રહ કમલાશંકર

મિતરીતિ [સં] સ્ત્રી. માફકસરની રીત; માપસરની રીત; મધ્યમ રીત; બોજ પ્રમાણ આવે તેવી રીત

મિતવાહ પું. નિર્વાહ; 'મોડરેશન'.
, બે બિકોરીગણ પ્રણાલી એટલે સર્વત્ર મિતવાહ (મોડરેશન). કૌમુદી

મિતવાદી ૧. [સં. મિતવાદિન્] વિ. મિતભાષી; પ્રમાણસર બોલનાર
૨. વિ. મિતભાષી; સૌમ્યમાર્ગી; વિનીત.

મિતવ્યય [સં મિત (માપસર) + વ્યય (ખર્ચ)] પું. નિયમિત કે ઘટિત ખર્ચ; નીતિનો ખર્ચ; કરકસરથી જોઈએ તેટલું જ ખર્ચ કરવું તે; ઓછું ખર્ચ. કરકસર; બોજ ખર્ચ; માપ પ્રમાણે ખર્ચ. ઘર ખર્ચની વાજબી બવસ્થા.

મિતવ્યયિતા [સં.] સ્ત્રી. કરકસર; સંભાળીને જરૂરી બધા વાપરી દેવું તે; ત્રેવડ.

મિતવ્યયી [સં. મિતવ્યયિન્] વિ. અદપવ્યયી; ઓછું ખર્ચ કરનાર; બોગ્ય ખર્ચવાળું; કરકસરિયું. કસરિયું.

મિતસંચિય પું. (પિંગળ) અતિશર્કરીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, બે સગણ અને બે જગણ એમ બદર અક્ષર હોય છે.
મિતસંચિયમા ન સ સ જ જ પદ બાય.
ચંદ્રવિજય

મિતસ્થિતિ [સં] સ્ત્રી. માફક આવે તેવી સ્થિતિ; પ્રમાણસર સ્થિતિ; મધ્યમ સ્થિતિ.

મિતંગ ૧. [સ.] પું. હાથી.
૨. વિ. ધીમે ધીમે ચાલનાર.
૩. વિ. નિયમિત ચાલનાર; આપસર જનાર.

મિતંગમા [સ.] સ્ત્રી. પુરુષ પાસે આપસર એટલે સન્માનપૂર્વક જનારી સ્ત્રી.

મિતંગમી [સ.] સ્ત્રી હાથણી.

મિતાઈ [હિ.] સ્ત્રી. મિત્રતા; દોસ્તી.

મિતાક્ષર ૧ પું. માપવાળું અક્ષરજ્ઞાન.
૨. વિ. પદમાં અક્ષરજ્ઞાન.
૩. [સ.] વિ. માપેલા અક્ષરવાળું; સક્ષિપ્ત; ટૂંકું અને સમજી શકાય તેવું; પરિમિત; સારરૂપ.

મિતાક્ષરતા ૧. સ્ત્રી. અક્ષરનું માપ.
૨. [સ.] સ્ત્રી. સક્ષિપ્તતા.

મિતાક્ષરા ૧. [સં.] સ્ત્રી. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ઉપર વિજ્ઞાનેશ્વરે કરેલી માપવા અક્ષરવાળી એ નામની મહાપ્રસિદ્ધ ટીકા.
૨. સ્ત્રી. બારસાદક અંગ્રેજ જૂનો ઢાપરો.

મિતાક્ષરાશાસ્ત્રી [સ.] ન. યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ ઉપર ટીકાનું એ નામનું કાયદાનું પુસ્તક.

મિતાક્ષરી ૧. સ્ત્રી. પ્રસ્તારપ્રત્યયે બે ભેદ.
૨. વિ. નિયમિત અક્ષર બોલનાર.
૩. વિ. સક્ષિપ્ત, મિતાક્ષર

મિતાક્ષરીભાષા [સ.] સ્ત્રી. શબ્દો વડે ટૂંકામાં બોલી ભાષા, ' કાર્ટ હેન્ડ '.

મિતાચરણી [સ. મિતાચરણિન્] વિ. સૌમ્યમાર્ગી; ત્રીતી; મિતવાદી.

મિતાચાર ૧. [સ.] પું. પ્રમિતતા; મિતપાન; પ્રમિતપણું; ' ટેમ્પરન્સ '.
૨. પું. માપ પ્રમાણે નિયમસર આચાર.

મિતાચારી [સ. મિતાચારિન્] વિ. આચારોમાં માપ રાખનાર

મિતાજ્ઞ [સં] ન. કૂવો. તે આવામાં બીજાવાળું અને ઊતરવામાં બુદ્ધ ક્રમણની પેઠે નીચે કાયમી ઉપર ઉતરવાનું તથા ઘોળા રંગનું હોય છે માટે તેને મિતાજ્ઞ કહેવામાં છે.

મિતાયેજ્ઞાયી ૧. પું. એક પ્રકારનો કૂત. તે બુદ્ધિપૂર્વક ઓછી વાતો કહીને પોતાનું કામ પૂરું કરે છે
૨. [સ. મિતાર્યેજ્ઞાયિન્] વિ. ઓછું બોલનાર.

મિતાલેખન [સં.] ન. એક જાતનું મિત્રક્રમ આપેલ માપ પ્રમાણે બરાબર કાઢવો તે; માપપૂર્વક કરવામાં આવેલ આલેખન; ' મેટ્રિકલ ગ્રાફોમેટ્રિ '.

મિતાશી [સં. મિતાશિન્] વિ. ઓછું ખાનાર; મિતાહારી.

મિતાહાર ૧. પું. ઓછું જમવું તે; નિયમિત ભોજન કરવું તે; નિયમસર ભોજન; બરાબર તેટલો જ ખોરાક લેવો તે; અનિયમિતપણે બરાબરીનાને બદલે માટે નહિ પણ માત્ર શરીરના રક્ષણ માટે જરૂરનો ઔષધ માફક પ્રસન્ન મનથી સૂક્ષ્મ આહાર કરવો તે
૨. [સં.] પું. પ્રમાણસર ખોરાક; પોષણ માટે જોઇએ તેટલો ખોરાક
૩. વિ. જોઇએ તેટલું જ ખાનાર. [મિતાહારી, બરાબર નિયમ નહિ તે; અજપાહારી.

મિતાહારપણું ન. આહારમાં નિયમિતપણું; જરૂરના તેટલો ખોરાક લેવા તે સ્થિતિ.

મિતાહારી [સ. મિત (માપવું) + આહાર (ખોરાક) + ઇન (વાળું)] વિ. માફકસર ખાનાર. મિતાહાર કરનાર; ઓછું ખાનાર; જોઇએ તેટલું જ ખાનાર; બરાબરી; બરાબરીનું નહિ પણ પૂરા તેટલું ખાનાર.

અપારમહ અસ્તમદે પ્રહરાન્તે જિતેન્દ્રિય.
માનમતી મિતાહારી આરક્ત બ્રહ્મચારી છ
નારીતીરથ

મિતાહારીને વૈદ્ય શું કરવો છે ? = બરાબર ખાનારને વૈદ્યની જરૂર હોતી નથી.

મિતિ ૧. [સ.] સ્ત્રી. અવચ્છેદ.
૨. સ્ત્રી. બરાબરપણું કે બોધક્રમ જ્ઞાન.
૩. સ્ત્રી. એ નામની એક વિદ્યા; આપવાની વિદ્યા. આ વિદ્યા મિસર દેશમાંથી નાઇલ નદીના ખારા જમીન માપવાને અર્થે જ નીકળી હતી.
૪. સ્ત્રી. કાળની મર્યાદા, બાંધેલો સમય.
૫. સ્ત્રી. તારીખ; તિથિ; રોજ, મહિનાનો અમુક દહાડો. આપસરની તિથિ, મહિનામાંનો દરેક રોજ કે દિવસ.

૧. કાચી મિતિ = (૧) પૂરી નહિ બાંધેલી મુદત. (૨) પૈસા બાબે આપ્યાના બારણા દિવસથી બબૂચામા આવતું બ્યાજ.
૨. પાકી મિતિ = (૧) પાકેલા બોલ્યે પૂરી બાંધેલી મુદત. (૨) સરાફને પૈસા પાછા બબ્યા પછી બીજા દિવસથી બબૂચાનું બ્યાજ.
૩. મિતિ કાપવી = બ્યાજ કાપી લેવું.
૪. મિતિ બદલવી = (૧) મુદત પૂરી કરવી (૨) તારીખ બાબવી
૫. મિતિ પૂરવી = બિલ પાકું બનું
૬. મૂળ મિતિ = જે દિવસે બબાવેલ બર્ય હોય તે મૂળ તારીખ.

૬. સ્ત્રી. નિશ્ચય; નિર્ણય.
૭. સ્ત્રી. માપ; પરિમાણ; માપવું તે; મોજવું તે; માપણી.
૮. સ્ત્રી. વિશ્લેષ.
૯ [હિ.] સ્ત્રી. બાજ.
૧૦. સ્ત્રી સાક્ષી.
૧૧. સ્ત્રી સાબિતી; પુરાવો.
૧૨ સ્ત્રી સીમા; હદ

મિતિકાક્ષર બ્રહ્મ [સં.] ન બ્રહ્મના ચાર મંત્રનું એક નામ; ૐ

મિતિવાર અ. તારીખ પ્રમાણે

મિતિશાસ્ત્ર [સં.] ન. માપારણ; માપણી; ક્ષેત્રમિતિ

મિત્ર ૧ પું (જ્યોતિષ) અઠ્ઠાવીસ નક્ષત્રોમાંનું એ નામનો એક યોગ
૨. પું. [સ.] આદિત્યનો છોડ.
૩ પું. આદિત્ય; બારમું સૂર.
૪ પું (જ્યોતિષ) એ નામનો એક દેવ તે વિશાખા નક્ષત્રનો સ્વામી છે
૫ પું. એક વૈદિક દેવતા. આખાયની આદિત્ય તનું અને વરુણનું જોડકું બચ્ચું છે.
૬. પું. (પુરાણ) કશ્યપને અદિતિથી બાબેલ બાર આદિત્યોમાંનો એક એ નામનો એક અદિત્ય
૭ પું. કોપકર્તારી શિવના મુખ્ય બાર મહાનો એક શિવ.
૮. પું. (પિંગળ) આઠની કંડલિની જાતનો બબક વિષમબતિ માત્રામેળ છંદ. તેમાં ૧૧ ગુરુ અને ૬૬ લઘુ મળી ૧૨૭ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.
૯ પું. (પુરાણ) જોકે મહિનામાં અત્રિ અપિ, પૌરુષેય રાક્ષસ, તક્ષક નાગ, મેનકા અપ્સરા, કાલા ગાંધર્વ અને રથસ્વન યક્ષના સમાગમમા કરનારો સૂર્ય
૧૦. પું. દોસ્ત; દોસ્તદાર; સખા; ભેરબબ; સોબતી. સાથી; બાર્યસબ; સમાન વયનો સ્નેહી; સુહૃદ. સંસ્કૃતમા મિત્ર નામનેતર જાતિમા હોય ત્યારે સખા અને નરજાતિમાં હોય ત્યારે સૂર્યના બર્થમાં વપરાય છે.

તાળામિત્ર = કૃત્રબકારી કરી તાળી દેનારો ઉપર ઉપરનો મિત્ર; બરાક ન કરે તેવો દોસ્ત. ઘેરી મિત્ર સો મળે, તાળામિત્ર બનેક; જેમા સુબદુઃબ તાળીએ તે લાબોમા એક –લોકોક્તિ

૧૧. પું. પડોસથી દૂર બાવેલા દેશનો રાજા.
૧૨. પું. પરમેશ્વર; પરમાત્મા
૧૩. પું. બાજુવૃત્તિ તથા દિવસના બભિમાની દેવ.
૧૪. પું. ક્ષાત્રવર્ણનો એ નામનો એક પ્રસિદ્ધ પ્રાચીન રાજવંશ. તેનું રાજ્ય ઉદુમ્બર અને પંચાલ વગેરે સ્થળોમા હતું. કોઇ તેને શુંગ વજ્રની એક શાખા બતાવે છે ત્યારે કોઈ બા વજ્રવંશને

ગણદેવી પાસેનું ગામ અને કે વળી રોઝ ગામ પણ આવે છે. હંસવીસનની પહેલી અને બીજી શતાબ્દીમાં આ વંશનું બહુ જોર હતું. ભાનુમિત્ર, સૂર્યમિત્ર, અગ્નિમિત્ર, જયમિત્ર, ઇંદ્રમિત્ર વગેરે આ વંશના મુખ્ય રાજા હતા. તે વખતના સિક્કાઓ મળી આવ્યા છે, તેમાંના કોઈમાં શિવનાં, કોઈમાં વિષ્ણુનાં, તો કોઈમાં સૂર્યના ચિહ્ન મળી આવે છે.

૧૫ પું. બારમાસ બારમાંનો સૂર્ય.

૧૬ પું (પિંગળ) માર્તંડની જાતનો એક માત્રાવૃત્ત માત્રામેળ છંદ

૧૭ પું યજમાન.

૧૮. પું. રાજાનો ખુશામત પડોશી રાજા.

૧૯. પું. (પુરાણ) વસિષ્ઠ અને ઊર્જાનો એ નામનો એક પુત્ર.

૨૦. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૨૧ પું શિવે સંભિલા અનુકૂલિત નામના અવતારમાં લીધેલો તેનો એ નામનો શિષ્ય.

૨૨. [સં] પું સૂર્યનું એક નામ. સમસ્ત સ્થાવર જંગમનો આત્મા ચરાચરનો આધાર દ્યોદ્ય ને ઋષિઓએ સૂર્યને મિત્ર એવું નામ આપ્યું છે. આદિત્ય, સવિતા, માર્તંડ, મિત્ર, ભાનુ વગેરે સૂર્યનાં પ્રસિદ્ધ નામ છે.

૨૩. પું. સ્નેહવશથી ઉપકાર કરનાર માણસ; પ્રેમથી હિતચિંતુ

૨૪. ન. એક જાતનું ઘરકરું; સંરક્ષણયુક્ત સૈન્ય

મૌલ, કૃત, મિત્ર અને શ્રેણી મિત્ર એવા પ્રકારનું સૈન્ય પ્રાચીન કાળમાં હતું મિત્ર મહામાત્ર, કૌટિલ્યના અર્થશાસ્ત્ર વગેરે ઉપરથી માલૂમ પડે છે.
પુરાતત્ત્વ

૨૫. ન. (જૈન) રાત્રિ દિવસનાં ત્રીસ ભાગોનું એ નામનું એક મુહૂર્ત.

૨૬. વિ. સ્નેહવાળું. સ્નેહી.

૨૭. વિ. હિતકરણી. સુખેચ્છક.

મિત્રકાર્ય ન. મિત્ર તરીકે કરેલું કામ. મિત્ર કૃત્ય.

મિત્રકૃત [સં. મિત્રકૃત્] પું. (પુરાણ) બારમા મનુનો એ નામનો એક પુત્ર.

મિત્રકૃત્ય જુઓ મિત્રકાર્ય.

મિત્રજન ન. મિત્ર

મિત્રજા [સ.] સ્ત્રી. યમુના નદી

મિત્રજ્ઞ ૧ પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ વિશેષ.

૨. પું. યજ્ઞની સામગ્રી ચોરી જનાર એ નામનો એક રાક્ષસ.

મિત્રતનયા જુઓ મિત્રજા.

મિત્રતા ૧. સ્ત્રી. ઘરોબો; ઘરવટ.

૨. [સં. મિત્ર (સ્નેહી) + તા (પણું)] જી દોસ્તી; દોસ્તારી; આઈબંધી; મૈત્રી; સખ્યતા. સ્નેહ; પ્રીતિ. અનુરાગ.

મિત્રતાઈ જુઓ મિત્રતા

મિત્રત્વ જુઓ મિત્રતા

મિત્રદેવ ૧. પું. (હિંદી) બારમા મનુનો એ નામનો એક પુત્ર.

૨. પું બારતબુદ્ધ આઠેનો દુર્યોધન પક્ષનો એક રાજા.

મિત્રદ્રોહ [સં] પું. મિત્રની સાથે દગો કરવો તે; મિત્રનું બરાબર મિત્રપણું તે; મિત્ર પ્રત્યે નિમકહરામી.

કદિ તે ન કરે એવું લોભ મોહિત માનસે,
કૃતઘ્નપણે બહુ દોષો પામતા દ્રોહકારીના.
નીતાખ્યાન

મિત્રદ્રોહી વિ. મિત્રદ્રોહ કરનારું; મિત્ર પ્રત્યે નિમકહરામ.

મિત્રપંચક ન. (જૈન) ઘી, મધ, ગોળ, ચણોઠી અને ટોકણખાર એ પાંચેનો સમૂહ. આવશ્યકમાં લખ્યું છે કે: કોઈ પણ જાતના લોટાની અંદર બરોબર તૈયાર થયેલ છે કે નહિ તેની પરીક્ષા આ મિત્રપંચકમાં તપાસવાથી થાય છે. બે તપાસવાથી ઘાટું પાણી ઉત્પન્ન થાય નહિ અને પાણી ઉપર તરે તો સારી સમજવી.

મિત્રભાવ પું. મિત્રચારી; મિત્ર પ્રત્યેનો ભાવ; મૈત્રી; દોસ્તી. મિત્રતા; સ્નેહ; અનુરાગ.

મિત્રભુવન ન. (જ્યોતિષ) લગ્નકુંડળીનું બારમું ભાવનું એક ભુવન.

મિત્રમંડળ ૧. ન. દોસ્તારોની ટોળી; મિત્રોનો સમુદાય; મિત્રોનું મંડળ.

૨. ન. વિદ્વાસંવાદ મંડળ

૩. ન. સૂર્યનું મંડળ

મિત્રયુ ૧ પું (પુરાણ) ઋક્ષકુલોત્પન્ન એક ઋષિ; મૈત્રેયીના પિતા.

૨ [સં] પું મિત્ર.

૩. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર બૃહદ્વસુના દિવોદાસ રાજાના બે ભાઈનો નાનો દીકરો તેને મૈત્રેય અને મૈત્રવન એવા બે પુત્ર હતા.

૪ વિ મળતાવડા સ્વભાવનું.

૫. વિ. મિત્રવત્સલ; મિત્ર ઉપર સ્નેહ રાખનાર

મિત્રરાજ્ય ૧. ન. મિત્રનું રાજ્ય.

૨. ન. મિત્રાચારી રાખનાર રાજ્ય

મિત્રરાષ્ટ્ર જુઓ મિત્ર ત્ય

મિત્રલાભ ૧. [સં.] પું મિત્ર પ્રાપ્ત થવો તે.

૨. પું. હિતોપદેશ નામના પુસ્તકના પ્રથમ ભાગનું નામ.

મિત્રચક્ષુ વિ. મિત્ર વિનાનું; મિત્ર વિહોણું.

વમે સર્વ બહુ હો કે હું તો મિત્રચક્ષુ હું ને
સાદે સાદું ભોજનારો હું.
કેરવ હર્ષદ

મિત્રવત્સલ [સં.] વિ. મિત્ર પ્રત્યે માયાળુ.

મિત્રવર્ય પું ઉત્તમ મિત્ર; સાચો સોબતી.

મિત્રવિંદા જુઓ મિત્રવિંદા.

મિત્રવિંદ ૧. પું. એ નામનો એક નાનો વૃક્ષ.

૨. સ્ત્રી. (પુરાણ) કૃષ્ણદ્વૈપાયનની એ નામની એક નદી.

૩. સ્ત્રી. (પુરાણ) શ્રીકૃષ્ણની આઠ પટરાણીમાંની એ નામની એક પટરાણી. અવંતીના રાજા જયસેનને રાજાધિરાણીથી થયેલી એ નામની કન્યા. હતી. તે શ્રીકૃષ્ણને પરણવા ચાહતી હતી પણ તેના ભાઈઓએ તેને અટકાવી હતી તેથી શ્રીકૃષ્ણે સ્વયંવરમાંથી તેનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યું હતું. તેને ૬૪ વગેરે દસ પુત્રો થયા હતા

મિત્રસપ્તમી [સં.] સ્ત્રી. (હિંદી) માગશર સુદિ સાતમ. આ દિવસે કશ્યપના વીર્યથી અદિતિના ગર્ભથી મિત્ર નામના દિવાકરનો જન્મ થયો હતો તેથી આ નામ પડ્યું કહેવાય છે.

મિત્રસહ ૧. પું. (પુરાણ) સૂર્યવંશી કલ્માષપાદ રાજાનું બીજું નામ.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી સૌદાસ રાજાનું બીજું નામ.

૩. [સં.] વિ. મિત્ર પ્રત્યે માયાળુ.

મિત્રહીન ૧. વિ દોસ્ત વિનાનું; મિત્ર સહાયક વગરનું; એકાર.

૨. વિ. નિરાધાર; અનાથ; નિરાધાર; અનાશ્રિત.

મિત્રા ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમપ્રવૃત્તિ માત્રામેળ છંદ. તે જગણથી આવો છંદનો ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૫૧ લઘુ મળી ૬૪ વર્ણની ૧૭ માત્રા હોય છે.

૨. પું. મિહિર.

મિત્રાની ઓટલે મિહિરની આ ઉપાસના તેમણે પુરાણકાળથી ચાલુ કરી હશે એમ કેટલાકો ગ્રેબો ઉપરથી અનુમાન છે.
આર્યોના વહેવારોનો ઇતિહાસ

૩. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક અપ્સરા.

૪ સ્ત્રી મિત્ર નામના દેવતાની સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) મૈત્રેય નામના મુનિની માતાનું નામ

૬ સ્ત્રી. (જૈન) યોગની પહેલી દૃષ્ટિ

૭. સ્ત્રી. રામચંદ્રની માતા; સુમિત્રા.

૮. સ્ત્રી. મહદૃષ્ટિના આઠ માઠેના એક વિભાગ. આ દૃષ્ટિમા ઓષ કે વાંસનુ બળ તૃણાગ્નિની પ્રભા જેવુ હોય છે

૯. ન. વધારે ઉષ્ણતામાનના સમુદ્રમાં રહેતુ નિવાસિન સમપનુ માંસરૂપી પ્રાણી.

મિત્રાઈ ૧. સ્ત્રી. મિત્રના જેવો સબંધ, સ્નેહ અને વ્યવહાર

૨. સ્ત્રી. મૈત્રી; ભાઈબંધી; મિત્રતા; દોસ્તી, સ્નેહભાવ.

૩. સ્ત્રી. મેળ; મળતાપણું

મિત્રાક્ષર [સં] પું. (હિંદી) છંદના ૩૫માં બનેલુ પદ

અપભ્રંશના સહજાસમા પદને અંતે મિત્રાક્ષરની મૈત્રી રાખે છે. ગીતગોવિંદ

મિત્રાચાર ૧. [સં.] પું. મિત્ર તરફનુ વર્તન.

૨. પું. મિત્રચારી.

૩. ન. એ નામનુ એક ગોત્ર.

મિત્રાચારી ૧. સ્ત્રી. મિત્રવ્યવહાર; ભરવટ; સ્નેહદૃતા; મિત્રના જેવો સબંધ, સ્નેહ અને વ્યવહાર.

૨. સ્ત્રી. મૈત્રી; ભાઈબંધી; દોસ્તી; સ્નેહવૃત્તિ.

મિત્રાનુરાગ પું. (જૈન) મિત્રો ઉપર કે મિત્રની પદ્ધ પુત્રાદિ ઉપર સ્નેહ.

ઇચ્છિતદાંસા, મણાદાંસા, મિત્રાનુરાગ, સુખ તુમ્બક અને નિદાનકરણ એ આસ્રવાતિક સૌંદર્યનના પાંચ અતિચારો છે.

તત્ત્વાર્થસૂત્ર

મિત્રાયજ્ઞ પું. (પુરાણ) એ નામના એક પ્રહર્ષિ.

મિત્રાયજ્ઞુ ૧. પું. (પુરાણ) અત્રિના ઋષિના પિતાનું નામ

૨. પું. ગ્રહનક્ષત્રોના ચોર્યાશ મંડલોનો એક દેવતા.

૩. પું. (પુરાણ) મિત્ર અને વરુણ નામના આદિત્યના બે દેવતા

મિત્રિણ સ્ત્રી. સખી.

મિત્રી [સં.] સ્ત્રી. (હિંદી) દશરથ રાજાની પત્ની સુમિત્રા; લક્ષ્મણ અને શત્રુઘ્નની માતા.

મિત્રુ પું. (જૂ. ગુ.) મિત્ર દોસ્ત.

દૂર અદૃશ્ય, જ્ઞા. અજ્ઞાત, મૃત અમૃત, સ્વજન પરજન. મિત્રુ ૨ ન. પ્રબંધ પારે સ્ત. જે કર્મ ... ચતુર્વર્ગ સાધવા, ન ઊપજે અનુકૂલતા સંસાર ... ભમતા ... મૂકવા વધિયા ... નિંદિયા ... મિત્રુમિત્રુ ... ગતિ વચનકાર્ય રીઢ નવેસર મિત્રુમિત્રુ કુમ:

અખેગીત (સ ૧૩૮)

મિથરછેદન ૧. [સ.] ન. પરસ્પર વસ્તુ કે કાપવુ તે

૨. ન. બે ભાગ કરવા તે

૩. ન. વચ્ચમાંથી કાપવુ કે ભાગવુ તે

મિથઃ ૧. [સં.] અ. અરસપરસ; પરસ્પર; અન્યોન્ય

૨. અ. એકાંતમા; ખાનગી રીતે

૩ અ. વારાફરતી

મિથઃશિષ્યા ૧. [સં.] સ્ત્રી. ગુરુ શિષ્ય

૨. સ્ત્રી. પત્ની

મિયાનાકાનહરા સ્ત્રી. (સંગીત) કાનહરા રાગિણીની અહાર માંહેની એક જાત.

મિથિ [સં.] પું. (પુરાણ) નિમિ રાજાના દેહનુ મથન કરવાથી તેમાંથી ઉત્પન્ન થયેલ પુત્ર તેના નામ ઉપરથી વૈજયંતી નગરીનુ નામ મિથિલા પડ્યું. મિથિ રાજા માતા વગર કેવળ આપોઆપ જ જન્મ્યા તેથી એ જનક અથવા વિદેહ કહેવાયો. ત્યારથી તેના વંશના સર્વે રાજાઓ જનક અથવા વિદેહ કહેવાય છે

મિથિલ ૧. પું કુંડલિયાની જાતનો એક વિષમબલિ માત્રામેળ છંદ. તેમાં ૬૦ ગુરુ અને ૬૨ લઘુ મળી ૬૨ વર્ણની ૧૫૨ માત્રા હોય છે

૨. પું. (પુરાણ) ભરતવંશનો ક્ષેત્રક નામનો રાજા, એક જનક. તેના પુત્રનું નામ જનક હતુ.

મિથિલા ૧. પું. એ નામનો દ્વારનો ઉત્તર બિહાર પ્રાંતનો જનકપુર જેનું પાટનગર હતું તે દેશ

૨. સ્ત્રી. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો ડાબો ખભો પડ્યો હતો.

૩. સ્ત્રી. મથુરા નગરીનું એક નામ.

૪ સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની પ્રાચીન નદી

૫. [સ.] સ્ત્રી. વિદેહ અથવા ઉત્તર બિહારનુ મુખ્ય શહેર; નિમિ રાજાના પુત્ર મિથિના નામ ઉપરથી પડેલું વૈજયંતી નગરીનું નામ. જનકપુર; જનક રાજાની રાજધાની; જ્યાં સીતાજીનો સ્વયંવર થયો હતો તે નગરી. મડાઓ અને કોશી નદીની વચ્ચે આવેલ દ્વારના તિરહટ અને પુર્ણિયા પાસે તે આવેલ હતુ

મિથિલેટેડ સ્પિરિટ [અં. , પુ એક પ્રકારનો મદ્યાર્ક. આ દારૂ પ્રયોગશાળામા સ્પિરિટના દીવા બળતામાં અથવા સ્ટવ સળગાવવા માટે વપરાય છે.

મિથ્યા ૧. [સં.] પું. અસત્ય; જૂઠ. મિથ્યા.

૨ [સં] અ. ખોટી રીતે

મિથ્યુઆ સ્ત્રી. એ નામની એક જાતની કેરી. તે મોટી અને રસદાર હોય છે.

મિથુન ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) બાર માંહેની ત્રીજી રાશિ. સ્ત્રી અને પુરુષ બને સાથે હોય તેવી આકૃતિનું તાંબાનું ઝૂમખું. આ રાશિમાં મૃગશીર્ષ અર્ધ, આર્દ્રા અને પુનર્વસુનો પોણોભાગ આવે છે. તેમા ૮૬ તારા છે તેમાના તારાઓ ચોડા અંતરે હોઈ ચતુષ્કોણાકૃતિના છે. આ નક્ષત્રપુંજની આકૃતિ ત્રિકોણા જેવી છે. તેમના એકના હાથમાં દંડ અને બીજાના હાથમાં ખરડી છે. આ રાશિ પૂર્વોક્ત ધ્રુવદર્શક ઋક્ષમાંથી કે સપ્ત ઋષિના અંતથી ૨૫ અંશ લાગે છે. બને ભુજાઓ, ઢેઢણ અને કાંસડી ઉપર આ રાશિનો પ્રભાવ કહ્યો છે. અમદ્યપણ એ તેનું બીજું નામ છે. આ ઉપરથી પશ્ચિમ દેશના લોકોમા ઓગસ્ટ એ નામ પડી ગયુ છે. લોકમાન્ય તિલક પોતાના પુસ્તક ઓરાયનમાં તેની ઉત્પત્તિ વિષે જણાવે છે કે, પ્રજાપતિએ પોતાની કન્યાની અભિલાષા કરી. તે કન્યા શુ એટલે આકાશ પૃથ્વી, ઉષા કે રોહિત થઈ તેનાથી પ્રજાપતિ લુબ્ધ થયા. તેમને દેવોએ જોયા અને પ્રજાપતિ અકૃત્ય કરે છે એમ તેઓ કહેવા લાગ્યા. પ્રજાપતિને મારે તેવો પુરુષ તેઓ શોધવા લાગ્યા. પણ તેવો પુરુષ તેને મળ્યો નહિ ત્યારે તેમણે પોતાનાં અતિ ઘોર તનુઓ એકઠા કરી એક દેવ તૈયાર કર્યો. તેનું નામ ભૂતવત. તેને દેવોએ કહ્યું કે, આ પ્રજાપતિએ અકૃત કર્મ કર્યું છે, તેથી તું તેને બાણથી વીંધી નાખ. ભૂતવતે જવાબ આપ્યો કે, જેવી આજ્ઞા; પણ તેણે તેમ કર્યા પહેલાં પશુઓના અધિપતિનો વર માગ્યો. ત્યારથી તેનું નામ પશુમાન પડ્યું. આ પશુમાને પ્રજાપતિને વીંધ્યા. વીંધાયેલા પ્રજાપતિ ઉપર ગયા. આ પ્રજાપતિને મૃગ કહે છે. તેને વીંધનારને મૃગવ્યાધ અને તે રોહિત કન્યાને રોહિણી કહે છે. તેણે ત્રણ કાંડીનું બાણ માર્યું હતું. તે જ ત્રિકાંડ બાણ હાલ આકાશમાં છે. આ હકીકત ઋગ્વેદ ૧૦૬૧માં વિગતે આપવામા આવી છે.

૨. ન. એકસાથે જન્મેલ બે બાળકો.

૩. [સ.] ન. જોડું; જોડ; જોડકું; દંદ; યુગ્મમાં યુગ્મ.

૪ ન. દંપતી; સ્ત્રીપુરુષનું જોડું.
૫. ન. યોગ; જોડાણ.
૬. ન. સ્ત્રી પુરુષનો સંબંધ.
૭. ન. સ્ત્રી પુરુષનો સંભોગ; મૈથુન.
૮ ન હસ્તમૈથુન.
૯. વિ. જોડકું બનાવવું હોય તેવું.

મિથુનમાલા સ્ત્રી. (જ્યોતિષ) તારકાસમૂહ નક્ષત્ર આસપાસ ફરતી તેની મહમાલા કે તારાની જોડી જે જે જોડામાં બહુ જ થોડી વિકલાનો અંતર છે તેમના તારાઓને કોઈ પણ જૌતિક સંબંધ હોવો જોઈએ એવું દેખાય છે. તેમાના તારાઓ પોતાના ગુરુત્વ મધ્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે. આવી જોડીને મિથુનમાલા કહે છે.

મિથુનમાલી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે મગણ મળી બાર અક્ષર હોય છે.
સ્વ૦ ૬ મિથુનમાલી ના ના મા મે, ૬૫પિંગળ

મિથુનાર્ક [સં] પું. સૂર્યનું મિથુન રાશિમાં આવવું તે. તે તારીખ ૧૪ જૂન લગભગ આવે છે

મિથુની ૧. વિ. મૈથુનથી ઉત્પન્ન થયેલ.
૨. વિ. મૈથુની; મૈથુન સંબંધી.

મિધોલાવી વિ. સમાન આકારનું; મળતા સ્વરૂપનું.

મિન્ય પું. (પુરુષ) એ નામનો એક અગ્નિ.

મિથ્યા ૧. સ્ત્રી અધર્મની સ્ત્રી
૨. [સં.] વિ. ખોટું; જૂઠું; અવાસ્તવિક; કૃત્રિમ; અસલ; કલ્પિત; અયથાર્થ; મૃષા; અસત્ય; ખોટા પ્રકારનું
મિથ્યા મોહ મૃષા અનૃત અર્થ અલીક નિરત્ય,
અરી અહં દુજ પતિ ઉપર ખોટા નહિ વિસ્તય.
૬૫પિંગળપ્રકાશ
૩ વિ નકામું; ફોગટ; વ્યર્થ. વૃથા.
૪ [સં.] અ ખોટી રીતે
૫. અ. ફોગટ; ખાલી.

મિથ્યાગ્રહ [સં.] પું. ગેરસમજ.

મિથ્યાચાર ૧. પું. અવળી મિક્રિયા.
૨. પું દંભ. ઢોંગ.
૩. [સં. મિથ્યા (જૂઠું) + આચાર (આચરણ)] પું. મિથ્યા આચાર; ખોટું આચરણ.
૪. વિ. ખોટા આચરણવાળું; ઢોંગી; દંભી; પાપાચારી; મિથ્યાચારી.

મિથ્યાચારી ૧. [સં. મિથ્યાચારિન્] વિ. ખોટા આચારવાળું; મિથ્યા આચરણવાળું. તન અને મનથી જુદા આચરણવાળું
જે કરે બળ રુંધી, જે વાસના આવે જરા,
પાપ અયોગતિ તેની મિથ્યાચારી કહ્યાય તે.
ગાંધીજીના
૨. વિ દંભી. પાપાચારી; દંભિક; ધર્મને નામે પવિત્ર ગણાતનાર
સંયમ સધ કર્મેંદ્રી જે રોકે મનથી રખરે,
વિષયો ઇંદ્રિયોની તે મિથ્યાચારી કહ્યાય છે.
ગીતાનું રૂપાંતર

મિથ્યાજળ [સં. મિથ્યા + જલ] ન. મૃગજળ; ઝાંઝવાનું જળ.

મિથ્યાજ્ઞાન ૧. [સં.] ન. અસત્ય જ્ઞાન; ખોટું જ્ઞાન; મિથ્યાત્વજન્ય જ્ઞાન.
૨. ન (વેદાંત) જે ધર્મથી રહિત હોવું પદાર્થ છે તેને તે ધર્મવાળો માનવારૂપ બુદ્ધિ) જેમકે સમજ; અધ્યાસ; અયથાર્થ જ્ઞા ન

મિથ્યાત્વ ૧. ન. (જૈન) અઢાર પાંદેનું એક દૂષણ
૨. ન. (જૈન) મોહ પાંદેનું એ નામનું પહેલું ગુણસ્થાન. આ ગુણસ્થાનમાં રહેવાવાળો જીવ વિપરીત શ્રદ્ધા કરે પરંતુ સાચા ધર્મ તરફ તેની રુચિ હોતી નથી.
૩. ન. જ્ઞાનથી ભાષવોગ્ય અજ્ઞાનપણું.
૪ ન. ધર્મમાં અવિશ્વાસ; અશ્રદ્ધાયુક્ત ભ્રાંતિ; મિથ્યાદર્શન; સમ્યગ્દર્શનથી ઊલટું હોવાપણું
૫. ન. ખોટાપણું તે.
૬ ન વિપરીત જ્ઞાન
૭. ન. વિભ્રમ; ખોટાપણું; મિથ્યાપણું.

મિથ્યાત્વી ૧. વિ (જૈન) જૈન ધર્મ ન પાળનાર.
૨. વિ. દુરાગ્રહી; હઠાગ્રહી

મિથ્યાદર્શન [સં. મિથ્યા (ખોટું) + દર્શન (જોવું તે)] ન (જૈન) વિપરીત માન્યતા; વિપરીત બુદ્ધિ; આત્મામાં તત્ત્વનું જ્ઞાન; નાસ્તિકતા; સમ્યક્ત્વનો અભાવ; સમ્યગ્દર્શનથી ઊલટું તે; વિપરીત દર્શન; એકરીય માહનો એક ઔદયિક ભાવ.
ચાર મતિઓ, ચાર કષાય, ત્રણ લિંગ એટલે વેદ, એક મિથ્યાદર્શન, એક અજ્ઞાન, એક અસંયમ, એક અસિદ્ધત્વ અને છ લેશ્યાઓ એ એકરીય ઔદયિક છે. તત્ત્વાર્થસૂત્ર

મિથ્યાદુષ્કૃત જુઓ મિથ્યાદુષ્કૃડ.

મિથ્યાદુષ્કૃડ [સં. મિથ્યા દુષ્કૃતં] ન. પ્ર. (જૈન) દુષ્કૃત મિથ્યા થાઓ એવ પાપની ક્ષમા માગતાં બોલવામાં આવતો શબ્દ; દુષ્કૃત્યની માફી કે પશ્ચાત્તાપ સૂચવતું વાક્ય આવકો દર વર્ષની સંવત્સરીને દિવસે પોતાના પ્રતિપક્ષીઓની માફી માગે છે અને કહે છે કે અ. ગયા વર્ષ મારામાં જે કોઈ બોલ્યા ચાલ્યા હોઈએ અથવા મોરાથી કાયા વગેરેનિમ કે મારા જીવે જે કોઈ જીવ હણ્યો હોય, દુભાવ્યો હોય અથવા દુભવ્યા પ્રત્યે અનુમોદ્યો હોય તે સર્વે મન, વચન, કાયાએ કરીને નિષ્ફળ થાઓ.

મિથ્યાદૃષ્ટિ ૧. સ્ત્રી. (જૈન) ખોટી સમજ; અજ્ઞાનદૃષ્ટિ; મિમૂઢદૃષ્ટિ; વસ્તુતત્ત્વના યથાર્થ જ્ઞાનનો અભાવ; ઔદ માંદેનું એક ગુણસ્થાન.
૨. સ્ત્રી. નાસ્તિકતા.
૩. સ્ત્રી નાસ્તિક મત.
૪. વિ. ખોટી માન્યતાવાળું; સમ્યક્દૃષ્ટિ નમ્રનું. આત્મજ્ઞાન વિનાનું.
૫. વિ. જૈનથી ઇતર મત માનનાર; જૈનેતર.
૬. વિ. સદ્ગુણને પણ નિષ્ફળ જોનાર.

મિથ્યાપવાદ [સં મિથ્યા + અપવાદ (આરોપ)] પું. આક્ષેપ; આળ; ખોટું તહોમત; ખોટું દોષારોપણ.

મિથ્યાપવાદી [સં. મિથ્યાપવાદ + ઇન્ (વાળું)] વિ ખોટું તહોમત મૂકનાર; મિથ્યાપવાદ મૂકનાર; ખોટું આળ ચઢાવનાર.

મિથ્યાબુદ્ધિ સ્ત્રી. ભ્રાંતિ.

મિથ્યાભાષી વિ. અસત્ય ભાષણ કરનારું; ખોટું બોલનારું; જૂઠું બોલનારું.

મિથ્યાભિમાન ૧ [સં. મિથ્યા (ખોટું) + અભિમાન] ન ખોટું અભિમાન; ખોટો ગર્વ, ખોટી બડાઈ; પોતામાં જે શક્તિ ન હોય તે શક્તિનો દેખાડો કરવો તે; શેખી.
૨. વિ મિથ્યાભિમાની; બડાઈખોર.

મિથ્યાભિમાની [સં. મિથ્યાભિમાન + ઇન્ (વાળું)] વિ મિથ્યાભિમાન કરનારું; ખોટો ઢોંગ ચાલનારું; ખાલી ઢોંગ કરનારું; ઢોંગી; ગર્વિષ્ઠ; ગુમાની. પતરંજિયું. બડાઈખોર.

મિથ્યારોપ ૧. [સં.] પું. ખોટો આરોપ; મિથ્યાપવાદ; ખોટો આક્ષેપ.
૨. પું ચારિત્રપદ્ધતિમાં; નીતિની આજ્ઞા હમણાં કરવી તે; બદનક્ષી; ' લાઇબલ '.
અમે તો આ અપવાદને આપણા દેશી અધિકારીઓ ઉપર દુષ્ટ મિથ્યારોપ (લાઇબલ) ગણીએ છીએ.
નવલરામ

મિથ્યાલાપ પું. જૂઠું બોલવું તે.

મિથ્યાવર્તન ન. અવળું આચરણ.

મિથ્યાવાદ ૧. [સં.] પું. ખોટું; ખોટું બોલવું તે; ખોટું બોલવું તે; અયથાર્થ બોલવું તે.
૨. પું. ચવારી; ચવચવ; ગપ્પાંગપ્પાં; નકામો વાદવિવાદ; બકવાદ; બકવાટ

મિથ્યાવાદી [સં. મિથ્યાવદિન્] વિ. ખોટું બોલનાર, જૂઠું બોલે એવું; અસત્ય બોલનાર

મિથ્યાવાસુદેવ પું. મિથ્યાભિમાની કે આડંબર રાખનાર માણસ. પુંડરીક નામનો રાજા લાકડાના બે હાથ ચોટાડી ચતુર્ભુજ સ્વરૂપે શંખ, ચક્ર, ગદા, પદ્મ ચારે હાથમાં રાખી પોતાની પ્રજા પાસે પોતાને કૃષ્ણનો અવતાર કહેવડાવતો અને પોતાની પૂજા કરાવતો. ઉપટે કૃષ્ણ તેના બે હાથ છૂટા પાડી, પરાજય કરી મારી નાખ્યો. તે ઉપરથી મિથ્યાભિમાની અથવા આડંબર રાખનાર માણસને વિષે બોલતા આ શબ્દ વપરાય છે.

મિદ્ય પું. (જરથોસ્તી) પ્રકાશ, ન્યાય અને સત્યતાનો એ નામે ફિરસ્તો. જરથોસ્તીઓ તેને મનુષ્ય અને ઈશ્વર વચ્ચે મધ્યસ્થ તરીકે કામ કરનાર દેવતા તરીકે માને છે.

મિનહા [અ.] વિ. આંધળું કરવા બોલ્યા; બહાનું, ઢાંપણું.

મિનકુન વિ. આંધળું, જેમકે, માટે મિનકુન એટલે આંધળા માટે, એમ અર્થમાં વપરાય છે.

મિનાકસો ૧. પું. અજ્ઞાનતા; કૂડ; વિનાશ
૨. પું. અકાયદા; વેરઝેર; ફીતા, ખા૦, દ્વેષ, વેરઝાવ
૩. પું. ઊંચું મન; ગર્વ, ગરૂર, આ લીટી, ભગાડ, અટપટ.

મિનાકેસા જુઓ મિનાકસો.

મિનાર ૧. પું પ્રખ્યાત કુતુબમિનાર. કુતુબમિનાર ઉપર ચઢવા માટે ૪૬૯ પગથિયાંનો ગોળાકાર સીડી છે. તેને ત્રીજે માળે આરસના પથ્થર ચણેલા છે. પાંચમા માળે પિત્તળનો ઢોલ બાંધેલો છે. તેની ફરતે કુતુબના વારસો કોતરેલા છે. પૃથ્વીરાજની કન્યા આ મિનારા ઉપર ચઢીને જમનાજીનાં દર્શન હમેશ કરતી એમ કહેવાય છે. એટલે આ મિનારાનું બાંધકામ રાજપ્રાસાદમાં છિદ્રોનું હતું અને પાછળથી તેમાં મુસલમાનોએ સુધારા વધારાઓ કર્યા હોય એમ લાગે છે.
૨. [અ. મનાર] પું. મિનારો; ઝુરજ; ગોળાકારનું અક્ષ જાતનું બાંધકામ.

મિનારો ૧. [ફા.] પું. ઊંચો ઢગ; કુંડલ; ટેકરો.
૨. [અ. મિનારા (દીવો રાખવાની જગ્યા કે સ્તંભ)] પું. કંથુરો, પ્રકાશ; પૂંજ; મોટું ઊંચું મકાન.
૩. પું. મનારો; ટોડો, બુરજ; ખૂબ ઊંચો વસ્તુતરનો સ્તંભ; ટાવર; મોજલાના આકારનું એક જાતનું બાંધકામ
૪ [હિ.] પું. હદ બતાવતો થાંભલો.

મિનિટ ૧. [અં.] સ્ત્રી કલાકના સાઠમા ભાગ જેટલો વખત; અડી પલ જેટલો વખત.
૨. સ્ત્રી. સભામાં ચર્ચાએલા વિષયોની ટૂંકી નોંધ

મિનિટકાંટો ૧. પું. એ નામે એક દેશી રમત. ઉદર મિલાડી
૨ પું. ઘડિયાળમાં મિનિટ દર્શાવનારા કાંટા.

મિનિટબુક [સ.] સ્ત્રી. કોઈ સભા, સમિતિ કે અધિવેશનમાં આવેલી કામનારોની નોંધની ચોપડી.

મિનિમ ૧. [અં.] વિ. ઠીકુ
૨. ન. ઠિંગણું માણસ, વામનજી, દેહિલુ માણસ.
૩. વિ. નાનો માણસો.

મિનિમમેક્ષર [અં.] વિ. મિનિમનું આપ દર્શાવનું અવયવ ખાનું

મિનિસ્ટર ૧. પું. પાદરી; ધર્મોપદેશક, ધર્મનો ઉપદેશક.
૨. પું. રાજદૂત; એલચી.
૩ [અં.] પું. વજીર; પ્રધાન; મંત્રી; સચિવ; દીવાન

મિનોર્ડ ૨. સ્ત્રી. અર્વાચિક, હિજ્ય
૨. સ્ત્રી. પરચોક સભાની

મિન્નત ૧. [હિ.] સ્ત્રી. કૃપા; ઉપકાર; અહેસાન; કૃતજ્ઞતા.
૨. સ્ત્રી. દીનતા
મિન્નત ખુશામદ = દીનતાપૂર્વક કરેલી પ્રાર્થના
૩. [ફા.] સ્ત્રી આભાર; માનતા
મિન્નત માનવી = બાધા રાખવી.
૪. સ્ત્રી. વિનય; પ્રાર્થના; નિવેદન

મિન્નતજારી સ્ત્રી આજીજી; કાકલૂદી.

મિન્ના [અં.] સ્ત્રી. મલબારની એક જાત. તે મલબારની નદીઓમાં વધારે પ્રમાણમાં દેખાય છે. તે લગભગ બધે ઊંચે સપાટીનું નાનું માછલું છે. કાકરવાળી નદીમાં થાય છે.

મિન્નાકર પું (પિનાક) એક માત્રાવૃત્ત માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે તેમાં ૧૪ ગુરુ અને ૬૮ લઘુ મળી ૮૨ વર્ણની ૬૬ માત્રા હોય છે.

મિમાંસ પું. (જ્યોતિષ) શનિના દશ માર્ગનો એક ઉપમાર્ગ. તેની કોણ ૧૭૮૯મા વર્ષ હતી. શનિથી તેનું અંતર ૧૧૬ હજાર માઈલ છે તેનો વિક્ષેપ ૨૮ અંશ છે. તેનો વ્યાસ ૧૦૦૦ માઈલ છે અને પ્રદક્ષિણામાર્ગ ૨૨ કલાક ૩૭ મિનિટ છે

મિમોઝાફ્રે ન. એ નામનું એક પત્ર. તેની શોધ એડિસને કરી હતી. તેનાથી એકના અનેક કાગળ સમકાલે લખાતા હતા. એ માટે તેણે 'એડિસન ઈલેક્ટ્રિક પેન' એટલે વીજળીક કલમ તૈયાર કરી, જે વિદ્યુતપ્રવાહ સાથે જોડત કલમની મદદ કરવી પડતી હતી. તેણે ટાઈપરાઈટરમાં સુધારા કર્યા ને આજનો રેમિંગ્ટન ટાઈપરાઈટરનો જન્મ થયો.

મિમ્બર ન. એક જાતનું પ્લેટફોર્મ

સારી આલમને ઉપયોગ કાબાલવાળા,
મક્કા મસ્જીદના મિમ્બરને પગથિયેથી
નાનાલાલ

મિયાઉં ન. બિલાડીનો અવાજ; ચ્યાઉં
તને ખબર મિયાઉં = જેણે પ્રપંચ કીધાનો દોષ તેની ઉપર જ તેનો પ્રયોગ કરાતો બતાવવાના અર્થમાં વપરાય છે.

મિયાણા સ્ત્રી એ નામની પંજાબ ગણાતી એક મુસલમાન કોમ. સોરઠમાં માણિયા તરફ આ કોમ વિશેષ છે તેમના રીતરિવાજો બધા મુસલમાનો જેવા છે. મિયાણા નામની ઉત્પત્તિ માટે જુદા જુદા મત છે. એક માન્યતા એવી છે કે, એ નામના મિયાણાનો કોઈ પૂર્વજ હતો તેના નામ ઉપરથી પડયું છે, અને તે સોરઠની અટક છે. બીજો મત એવો છે કે: મિયાણાનું નામ જૂના કાળમાં મહે હતું. મહે એ મિધી શબ્દ છે અને તેનો અર્થ નીચ જાતિ થાય છે. તેનો મજબૂત અને પડછંદ બાંધો અને પહોળાઈએ ચહેરા હોય છે. બોલવાની અને હિસાબ કરવા માટે આ કોમ જાણીતી છે. તેઓ અતિશય હિંમતવાન અને બુદ્ધિશાળી છે તેઓ મારા લડાયક સિપાઈ તરીકે કામ કરી શકે છે. તેઓમાં જેઠા, માણકજાદી, ભાણ, મનોસરે, દેવા-દીપા, ભડાદાની, સવરણા, મકરાણી, અદીમા એવા તેમના મળતા વર્ગ છે. એમનામાં મોટી જાતો દોષ છે. તે દરેકનો અક્ષ મુખી હોય છે. ખૂનામરકી માટે તેમની કોમો જાણીતી છે. સ્ત્રી અને પુરુષ બન્નેના વાળ વાંકડિયા, મુખાકાર કાળા, મુખાકૃતિ દમામદાર અને ચામડી શ્યામળી હોય છે.

મિયાન ૧. [ફા. નિયામ] ન. અંદરથી લાકડાની ચીપ ને ઉપરથી ચામડે મઢેલ હોય એવું ગજ રાખવાનું ખોખું; કોશ; આવાન; જરી કે તલવારની ખોલી; ગજ રાખવાની ખોલી; તલવાર વગેરેનું ઘર; 'કવર'.

૨. પું. કમર. ૩૬; મધ્યભાગ.
૩. ન વચ્ચ; માં. દરમિયાન.

મિયાના કાન્હરા જી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર નાદેની એ નામની એક જાતિ. આ રાગિણી માટાનો વર્જ્યત રાત્રિનો છે. જાતિ સંપૂર્ણ એટલે ખરજ, રિષભ તીવ્ર, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે

મિયાનો પું. પેટીના માદની પાલખી; સુખપાલ. નરમાનું; પેટીનાનું વાહન. તે માણસોથી ઊંચકાય છે. જુઓ મંચનો

મિયાર [હિં] પું. કૂવા ઉપર બે સૂતામાં ઓમેલ લાકડી; દીંગલા. તેમા મરેડી રહે છે

મિયાં ૧ પું. કુબરાઉ પ્રદેશના રાજપૂત કુંવરોના દીકરાઓનો ખિતાબ

૨. પું. પતિ; ધણી

૩ પુ પગ

૪ પું. પગવેરો.

૫ પું. બાપ; પિતા.

૬. પું ભૂત; પ્રેત.

૭. પુ મુસલમાન ગૃહસ્થનું સંબોધન. મુસલમાનોમાં માનનો ખિતાબ; મુસલમાન ગૃહસ્થ

૧. મિયાં બોડા ને બીજી ઝમરૂ = નકટીનો વર જોગી, જોને કોઈ ન પરણે તેને બેતરબાળ પરણે; વર કાણો ને કન્યા આપણી; જુગતે જોડું મળવું; જુગને પીપળો પણ મળી રહે છે.

૨. મિયાં ચોર જોગ ને બીજી ઘર જોગ = વૃદ્ધ પતિ અને યુવાન પત્ની.

૩. મિયાં આઠે ગાઠ = હા જી હા; ખુશામત; એક હોડે તે પ્રમાણે બધામાં હોડવું તે.

૪. મિયાં ચોરે મુકે ને અલ્લા ચોર ઊંટે = અલ્લાકનું ગમે તેટલું જોરનું કર્યું હોય છતાં પણ તે સમજાયું ન્યાય છે

૫. મિયાં જોડે પણ બીજી કેમ જોડે ? = પ્રજ્ઞા વિરુદ્ધ અનિચ્છિત વસ્તુને વળગી રહેવાની ફરજ.

૬. મિયાં તેરી ચોર = આવક પ્રમાણે ખર્ચ, પહેડી તેવડી સોડ.

૭. મિયા નવાં ને લેખાં પૂરાં = બંને બાજુ બરાબર જમા ઉધાર સરખુ થવું.

૮ મિયા પડ્યા પણ ટંગડી ઊંચી = (૧) ખોટી બડાઈ હાકવી, મિથ્યા પતરાજી કે શેખી કરવી (૨) હાર્યા છતાં હઠ ન મૂકવી, પજાત પડે પણ પોતાની જીદ ન મૂકે.

૯. મિયાં જોયે ત્યારે દાઢી હાલે = ખિસકોલી જોયે જેવી એની પૂંછડી પણ હાલે; સોય પકવાડે દોરો; ગાય પકવાડે વાછડી.

૧૦. મિયાબાઈના અરધા દાણા = જેમા હોય તેમા ઘરાર ભાગ પડાવનો તે

૧૧. મિયાલાલની મોટલી કોઈ હાથમાં આવે = બધી ભોગવ્યા બાદ કોઈ; જોને જોયે જવ નહિ તેને કયાં પકડવો; ત્રિપદે ત્રાણીએ તો ખડો અને પુગ્યે ઢાલીએ તો ખાંડો.

૧૨. મિયા મરે ને મસીદે દીવા થાય = જે તમારે ખપને કરવુ જોઈએ તે માટે બીજા ઉપર આધેપો કરી કરવો નહિ

૧૩. મિયા મમાલા ઘરમાં રહેવા = બધાં મુખી પૈસા મળે નહિ પણ મુખી રીતિયા ઘણાનુ પણ પણ મળના એટલે તનમનિયાં કરવા.

૧૪. મિયાં મહાદેવને ખનવુ નહિ = ઉંદર ને બિલાડીના જેવો મેળ; બે વિરોધી બાબતોનો સબંધ

૧૫. મિયાં મહાદેવનો ભોગ = અણબનાવ ઉત્પા

૧૬. મિયાં, મુશા ને ચા પણી = નાહ; પાયમાલી.

૧૭ મિયાં ગાદે ગધા ન મારીએ = આવક પ્રમાણે ખર્ચ રાખવુ.

૧૮. મિયાં સુકાઈ ને સાલ ચર્ચ જ્યા = માણસ દિવર કે દુઃખને લીધે સુકાઈ જાયો; હાડકાનો માળો થઈ જવો

૧૯. મિયાંની જેમને ડોબું ભોંકે = પોતાનું એટલું સારું કરી બીજાની નિંદા કરવી; ડોઈનો તિરસ્કાર કરવો ને પોતાની પ્રશંસા કરવી.

૨૦. મિયાની મીનડી = બીકણ માણસ; નામર્દ; નાહિમત માણસ.

૨૧. મુખ મિયાં સાંઢા ને બાજ પીંછી = મિયાં સ્વભાવના ઉદ્ધત હોય છે તેમાં કેટ કરે એટલે શું બાકી રહે ? વઢાણી વહુએ દીકરો જણ્યો.

૮. પુ. સજ્જન; સભ્ય પુરુષ.
મિયાં આદમી = સજ્જન માણસ.

૯ પું શિક્ષક, ગુરુ.

૧૦. પું સાહેબ; શેઠ; મહારાજ.

૧૧. પું. હિંદુઓ જાતુ માન આપતા હોય તેવો મુસલમાન ઓલિયો; ફકીર.

મિયાંજોડી (મિયાબોડી) જી. એ નામની એક રમત. તે કન્યા તરફ રમાય છે. જુઓ મિયાંજની બોડી.

મિયાંજની બોડી (મિયાંજની બોડો) જી. એ નામની એક દેશી રમત. આ રમતમા એક જણને બીજો જણ પોતાની પીઠ ઉપર ઊંચકી રહે છે. જેની પીઠ વજેરેને ડીક કસરત મળે છે.

મિયાંજી ફોતહું ન. એ નામની ઉત્તર ગુજરાત તરફ રમાતી રમત.

મિયાંની દોડી જી (સંગીત) દિવસના બીજા પ્રહરમાં ગવાતો દોડી રાગનો પ્રકાર; દોડી રાગિણીની એક જાત

મિરગચિદ્ય (મિરગચિંડો) [હિં] પું. એક પ્રકારનું નાનું પક્ષી.

મિરગી [હિં] જી. એ નામનો એક રોગ; અપસ્માર; વાઈ

મિરધી જી (જૂ. ગુ.) મરડી, પ્રેત
નર મિરધી લિયાં અતિ ઘણી રે,
તે બાલે બી જિનવર પાસી રે
આનંદઘનચોવીસી

મિરજા ૧. પું. મુસલમાનોની એક જાતનો માણસ.
૨. પું. મુસલમાનોમાં એક ઊંચો ખિતાબ; અમીર; ઉમરાવ.
૩. [સ. મિર્ઝ (અમીરનો દીકરો)] પું રાજકુમાર; કુંવર.
૪. વિ. કોમળ; નાજુક.
૫ જુઓ મીરજા.

મિરજાન ૧. પું. મુસલમાનોમાં એક ઊંચો ખિતાબ; અમીર; ઉમરાવ
૨. ન. માંસનો એક જાત.
૩. ન ન. સમુદ્રમાં રહેતાં એક જાતનાં કૃમિ; મૂગાં પ્રવાલ.

મિરજોગી જી. એ નામની એક વનસ્પતિ. તેનાં પાંદડાં મોટાં, ચળકી વાલવાળાં, મરીના જેવા હોય છે. તેનો રસ નાકમાં નાખવાથી છીંકો આવે છે.

મિરજ્યા જુઓ મિરજા.

મિરશિકાર પું. શિકારમાં નિપુણ માણસને મુસલમાની રાજ્યઅમલ દરમિયાન અપાતો એક ખિતાબ. તેનો અપભ્રંશ થઈ મીરશ્કીકાર શબ્દ બનો છે.

મિરા ૧. પું. એક રૂપવિકારી તારો. તે નિર્મિત્ર પુંજમાં છે. જન્યુઅરિની ૮ મી તારીખે સાત વાગે તે મધ્યાકાશ ઉપર આવે છે. તેનો રૂપવિકાર ૬૬ સુમારે દસ બાર મહિને થાય છે. તેમાં કેટલાક દિવસ તે નરી આંખે દેખાતો નથી. પછીથી દેખાવા માંડે છે, ત્યારે એટલે આશરે ૪૦ દિવસે તે બીજા કે ત્રીજા પ્રતિનો થાય છે. ત્યાર પછી લગભગ બે મહિને તે પૂર્વાવસ્થા પામે છે
૨. [હિ.] જી મદિરા; શરાબ; દારૂ.
૩. જી. મૂળો.

મિરાગબહાર પું. વરસાદ થયા પછી નારંગીમાં આવતો પહેલો ફાલ.

મિરાત ૧. [અ.] સ્ત્રી અરીસો
૨. સ્ત્રી. જાગીર; પૂંજી; આપણ; મૂડી; ધન; માલ; દોલત; પૈસોટકો; મિલકત; વરસ.
૩. સ્ત્રી. મીર કે ઉમરાવનો વૈભવ.
૪. સ્ત્રી. બીજી ચીજ; હમિવાણી.

મિરાતે અહમદી ન. એ નામનું ઇતિહાસનું એક પુસ્તક. તે મૂળ ફારસી ભાષામાં લખાયેલું છે

મિરાતે સિકંદરી ન. એ નામનું ઇતિહાસનું એક પુસ્તક. તે મૂળ ફારસી ભાષામાં લખાયેલું છે.

મિરાંય સ્ત્રી. મૂડી; પૂંજી; દોલત; આપણ; ધનમાલ; સમૃદ્ધિ.
તારી મૂડ઼ મારી મિરાંય દન દોવલા તા...
...ન કુળ નંદ

મિર્ગી જુઓ મિરજી.

મિર્ચ ૧. [હિ] સ્ત્રી. મરચાં.
૨. સ્ત્રી. મરી; તીખા.

મિર્ઝી જુઓ મિરજી.

મિલ ૧. [અ.] સ્ત્રી. ઝોક્યું; ઝોકાનું; ઝોકવાળી આવતું, સ્વભાવ પ્રમાણે, સહવાસમાં આવતું
૨. સ્ત્રી. ભાટવું.
૩. સ્ત્રી. મળતું; મુલાકાત લેવી
૪. સ્ત્રી. (ધાતુ) મિશ્ર થતું; મળી જવું. તે ઉપરથી યોગ્ય રીતે મળ, મિલન, મિલનસાર.

મિલ ૧. [અ] સ્ત્રી કપડાં વણવાનું મોટું કારખાનું; પૂતળાંઘર.
૨. સ્ત્રી. મોટું કારખાનું, યંત્રથી ચાલતું કારખાનું; કાપડ વણવાનું કારખાનું; ચીરણી.

મિલ એજંટ [અં.] પું. મિલના શેરહોલ્ડરો કે ભાગીદારો તરફથી મિલનો સમગ્ર વહીવટ સંભાળવા નિમાતો વટો ભાગીદાર.

મિલક ૧. સ્ત્રી. જમીન જાયદાદ; જમીનદારી
૨. સ્ત્રી. જિંદગી
૩. [અ. મલક (તેના કબજામાં હતું)] સ્ત્રી. માલમતા; ધરકામતા; મિલકત.
૪. સ્ત્રી. વિદ્વાન અને તેના ચેલા, સંસાર તજેલાઓ, ગરીબ, નિરાધાર અને નાળગા પડી ગયેલા અમીરો વગેરેને આપેલી જમીન કે જાગીર

મિલકત ૧. [અ.] સ્ત્રી. ધરકામતા; ધનમાલ; પૈસોટકો, રોકડ; માલ અને કીમતી સરંજામ વગેરે બરક તે; દોલત; પૂંજી.
૨. સ્ત્રી. જરાસ; જાગીર.

મિલકતી આવક સ્ત્રી. મિલકતમાંથી થતી આવક. મિલકતમાથી કે આત્મપરિશ્રમથી થતા ઉપાર્જનને અવધ કહે છે, ત્યારે મિલકતમાથી થતી આવકને મિલકતી આવક કહે છે. પોતાની મહેનતથી થયેલી આવકને ઉપાર્જિત આવક અને પોતાની મહેનત વગર સામાજિક ફેરફારોને લીધે આવકનો વધારો થાય તે અનુપાર્જિત આવક કહેવાય છે. જેમકે, રેલવે અને રસ્તાઓના સમયમા વધવાથી જમીન અને ઘરોની કીમત વધે અને તેમાથી થતી આવક વધે તે અનુપાર્જિત આવક કહેવાય.

મિલકદાર પું. મિલમા કામ કરતો મજૂર.

મિલકદ્દ (મિલકદ) સ્ત્રી. મિલનું ભોજન, આ.ત.વસ અને ખાડલા. ભોજા માટે વપરાય છે

મિલકબુલકર [હિ.] સ્ત્રી. હળીમળીને.

મિલખારો પું. મિલના કામદા કાનુનો મિલનો નિવાજ.

મિલન ૧. ન. ભેટવું તે.
૨. [સં. મિલ્ (ભળવુ)] ન. મળવુ તે; મુલાકાત; સંગમ; મેળાપ; મિલાપ; સાક્ષાત્કાર; સમાગમ; સંપર્ક; મળી જવુ તે.
મિલન સત્ર સંત્ત ધન સંગમ અને મિલાપ,
એ મોહન એ મોહની મળે કુબ્જમા આપ.
પિંગળગ્રકોષ
૩. ન. મિશ્રણ.

મિલનક્ષેત્ર ૧. જ્યોતિષનું એકબીજામાં ભળી જતુ ત.
૨. [સં] ન. મળવાનું સ્થાન.

મિલનસાર ૧. વિ. મળતાવડું; બધા સાથે હળીમળી જાય તેવું; સહેલી સ્વભાવનું
૨. વિ. મોળાવું.

મિલનસારી ૧. સ્ત્રી. હસમુખસાઈ; સુશીલતા.
૨. સ્ત્રી. મળતાવડાપણું; બધા સાથે હળીમળીને રહેવા આવડવાનો સ્વભાવ અથવા રીતભાત.
૩. વિ. મળતાવડું; હળીમળીને ચાલે તેવું.

મિલની ૧. [હિ.] સ્ત્રી. એક બીજાને મળવું તે; મુલાકાત.
૨. સ્ત્રી. મળવા આવનાર તરફથી આસ કરીને કન્યાના સગા તરફથી મળતી ભેટ.

મિલપત્ર [હિ.] પુ. બહેડાનું ઝાડ

મિલમજૂર પું. મિલમાં કામ કરતા ચોક કે મજૂર

મિલમાલિક ૧. પું. મિલનો માલિક.
૨. પું. મિલનો વહીવટદાર એજંટ. તેને સામાન્ય રીતે માલિક કહેવામાં આવે છે.

મિલમાલિકમંડળ ન. મિલ એજંટોનું મહાજન કે મડળ.

મિલમાલેક જુઓ મિલમાલિક.

મિલમાલેકમંડળ જુઓ મિલમાલિકમંડળ.

મિલર પું એ નામનો સ્કોટલંડનો એક જમીનદાર. તેનું નામ પેટ્રિક મિલર હતું. તેણે એક આગબોટ બનાવી હતી. પંખા વડે ચાલતાં બ્રિટિશ વહાણોમાં આ વહાણ પહેલું ગણાય છે. આ વહાણ પચીસ ફૂટ લાંબુ અને સાત ફૂટ પહોળું હતું અને તેમાં હલેસા. મારવાને પંખા હતા. એક પંખો વજની આગળ અને બીજો વજની પાછળ હતો. સીસાની બાબતમાં કામ કરનાર એક કુશળ વણકાર વિલિયમ સીમિંગ્ટનને આ આગબોટનું યંત્ર બનાવવું હતું. આ યંત્ર બનાવવાના કામમા મિલરના બાળકોના શિક્ષક મિ. ટેલરે મદદ કરી હતી તેથી આગબોટની કારભાર કર્યાનું માન મિલર, સીમિંગ્ટન અને ટેલર એમ ત્રણ જણ વચ્ચે વહેંચી દેવું પડે છે.

મિલરેસ પું. દક્ષિણ અમેરિકના આર્જિલ રેકના ચલણનો સિક્કો. તેની કીમત ૨૬ રશિયન પેન્સ અને ૧ ફ્રા. ૧૦ આ ૬ પા. બરાબર છે.
૧ મિલરેસ = ૧૦૦૦ રેસ

મિલલૂના સ્ત્રી એક વિદેશી વેલ. તેને મોટાં માંસલ ફૂલ આવે છે.

મિલવાકુલા ૧. [હિ.] વિ. સ.માજિક.
૨. સ્ત્રી. એક સંપર્ક, હળીમળીને.

મિલાપ ૧. પું. (સંગીત) એક જાતનો રાગ.
૨. [સં. મિલ્ (ભળવુ)] પું એકથી વધારે વસ્તુઓનું એકમેકમાં ભળાઈ રહેવું તે.
૩. પું. કબૂલ થવું તે; કબૂલાત.
૪. પું મિત્રતા
૫. પું. મિલન; મેળાપ; સંયોગ; સમાગમ.
મિલન સત્ર સંત્ત ધન સંગમ અને મિલાપ,
એ મોહન એ મોહની મળે કુબ્જમા આપ.
પિંગળગ્રકોષ
૧. મિલાપ કરવો = (૧) મેળાપ કરવો, (૨) સમાધાન કે સુલેહ કરવી
૨. મિલાપ કરાવવો = (૧) મેળાપ કરાવવો, (૨) સમાધાન કે સુલહ કરાવવી.
૬. પું. મુલાકાત; ભેટ; પરિચય.
૭. [હિ.] પું. મેળ; સપ; બનાવ.
મિલાપ રાખવા = સપીને રહેવું
૮. પું. રામ; પ્રેમ.
૯. પું. વિચારોમાં એકતા હોવી તે; એકવાક્યતા; સમજ કે વિચારમાં મળવું તે.
૧૦. પું. સમાધાન, સધિ.
૧૧. પું. સલાહ
૧૨. પું. સહકાર.
૧૩. પું. સભોગ.

મિલાપી ૧. પું. મિત્ર; સોબતી.
૨. વિ. ઓળખીતું; જાણીતું.
૩ વિ મેળાપ રાખનાર; સંપીલું, મિલનસાર; મળતિયું.
૪ વિ. સભ્ય
૫. વિ. સામાજિક.

મિલાવ જુઓ મિલાપ.

મિલાવટ ૧ સ્ત્રી મિશ્રણ; ભેળસેળ; કોઈ વસ્તુમાં સસ્તી વસ્તુ ભેળવી દેવી તે. આ શબ્દનો પ્રયોગ કેવળ વસ્તુઓના મિશ્રણ માટે થાય છે, પ્રાણીઓના સંયોગ માટે નહિ.
૨ સ્ત્રી મિશ્રણક્રિયા; ભેળવણી.
૩. સ્ત્રી ભેળ; મિલાપ; ઓરસચોરસપણું; મિલન

મિલાવડો (મિલાવડે) ૧. પું. જમાવ
૨. પુ મિજલસ, રાવણ; સભાડ મંડળ, 'પાર્ટિ'.
૩. પું. ભેળાવડો, સ્નેહી, સગાંવ્હાલ અને મિત્રો વગેરેનું એક સાથે ગમત માટે ભેગા થવું તે. મંડળીમાં વાદવિવાદથી ગાવું બજાવવું તે.
૪. પું. મેળો, ટોળું

મિલાવવું ૧. સ. ક્રિ. જોડવું; સાંધવું.
૨. સ ક્રિ. પોતાના પક્ષમાં કરી લેવું.
૩. સ. ક્રિ. ભેદ કે પ્રતિબંધ કરાવવો.
૪ સ. ક્રિ. ભેળવવું; મિશ્ર કરવું; ભેગવવું, ભેગું કરવું
૫. સ. ક્રિ. વગાડતા પદોમાં વાદ્યોનો સુર કે અવાજ ઠીક કરવો.
૬. સ. ક્રિ. સરખામણી કરવી
૭. સ. ક્રિ. સંપ કરાવવો; સંધિ કરાવવી.
૮. સ. ક્રિ. સ્ત્રી અને પુરુષનો સંયોગ કરાવવો; સંભોગ કે સંભવ કરાવવો.

મિલિટરી ૧. [અં.] સ્ત્રી. પલટણ; ફોજ; સૈન્ય.
૨. વિ. યુદ્ધ સંબંધી; જંગને લગતું
૩ વિ. લશ્કરી; ફોજી.

મિલિત ૧. પું. (અલં) એ નામનો એક અલંકાર.
જ્યાં નીર ક્ષીરની પેઠે ભળી જાય છે એ મિલિત અલંકાર. કાવ્યપ્રકાશ
૨. વિ. એક સાથે મૂકાયેલ કે લેવાયેલ.
૩ વિ. ની સાથે જોડાયેલું; સંયોગ પામેલ. સંયુક્ત અધિકાર.
૪. [સં. મિલ્ (ભળવું)] વિ. ભેગું; ભળી ગયેલ; ભેટેલ.
૫. વિ. મિશ્રિત; ઓતપ્રોત થયેલું.

મિલિંદ [સં.] પું. ભમરો.

મિલિંદક [હિં.] પું. એક જાતનો સાપ.

મિલિંદાયમાન વિ આસક્ત; લીન; મગ્ન.

મિલું વિ. (જુ પ્રા.) મલિન; મેલું.
મતિ મિલ્યા વિણ કર્મ સલામ. સાયબરસમય

મિલ્ક ૧ [અં] સ્ત્ર. દૂધ.
૨. જુઓ મિલક.

મિલ્કત જુઓ મિલકત.

મિલ્કપંચ [અં] પું. સિરપરવ, દૂધ, ઘાંડ, તેમના વગેરેથી બનતો એક જાતનો ઘાટો.

મિલ્કી ૧. [અ] પું. ખેડુત.
૨. પું. જમીનદાર; જમીનદાર.
૩ વિ જમીનની માલિકી સંબંધી

મિલ્કીયત ૧ [અ] સ્ત્રી જમીનમા માલિકી હક
૨ સ્ત્રી જાયદાદ
૩ સ્ત્રી મિલકત, સંપત્તિ; ધનદોલત; ઇસ્કામત.

મિલ્લત ૧. [અ. મલ્લ] પું. ધર્મ; મઝહબ, દીન; પંથ; સમુદાય.
૨. સ્ત્રી. ધાર્મિક માન્યતા.
૩ સ્ત્રી પ્રજા
૪ સ્ત્રી મિલ્લતા
૫ સ્ત્રી. મિલનસારી.
૬. સ્ત્રી, મેળ; સંપ; મિલાપ.
૭. સ્ત્રી. સમાજ; સમૂહ; મંડળી.

મિલ્લું વ. બે પાસિવા બેજુમિાંની પ્રત્યેક.

મિશ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો; ગરબડ કરવી
૨. સ ક્રિ. ગુસ્સે થવું; ખોટું.

મિશન ૧. ઉદ્દેશ; હેતુ.
૨. સ. ખ્રિસ્તી ધર્મપ્રચારકનું કામ
૩. સ. ખ્રિસ્તી ધર્મ ફેલાવનાર મંડળ; ખ્રિસ્તી મંડળી.
૪ [અં] સ જીવનધ્યેય; મહત્ત્વાકાંક્ષી વલણ.
૫ સ ધર્મોદ્દેશ કરનાર મંડળ; ધર્મનો ફેલાવો કરવાને મોકલેલા માણસોનું મંડળ; પ્રચાર મંડળ, પ્રેષિતમંડળ.
૬. સ. મિશનરિઓ અને તેમની દેખરેખ નીચે ચાલતા ખ્રિસ્તીઓને રહેવાનાં મોટાં સ્થળ.
૭ સ. રાજનૈતિક હેતુથી મોકલાયેલું દૂતમંડળ
૮ સ. સંસ્થા.
૯ સ સંસ્થા
૧૦. સ. સોંપવામાં આવેલું કે હાથ ધરેલું કામ.

મિશનરિ ૧ [અં.] પું. ખ્રિસ્તી ધર્મોપદેશક, પાદરી; ધર્મપ્રચારક; ધર્મનો ફેલાવો કરવા સારુ મોકલેલ માણસ.
૨. પું મિશનનો કે મિશનવાળો માણસ.
૩ વિ. મિશનને લગતું

મિશનરિસ્કૂલ [અં] સ્ત્રી. મિશનરિઓ કે ખ્રિસ્તીઓને સરકારી કેળવણીની સાથે નૈતિક અને પોતાના ધર્મનું શિક્ષણ આપવા માટે સ્થાપેલ ખાસ કરીને શાળા, કૉલેજ કે ટ્રેનિંગ સ્કૂલ

મિશ્મર સ્ત્રી એ નામની ઘણાના કદની એક ગાઢવાળી ઔષધિ. સુંદર પુષ્પોથી સુશોભિત આ વનસ્પતિ હિમાલય, કાશ્મીર, કુમાઉ અને અફઘાનિસ્તાનમાં નજરે પડે છે. મિશ્મરના પાનને ઉકાળીને દર્દી દરરોજ સવાર સાંજ આપવામાં આવે તો દૂર સમયમા ગરમીની ગાઠ મટી જાય ને આરામ થાય છે તેના પાનનો રસ લાંબી દિવસમા ત્રણ વખત મધ સાથે આપવામા આવે તો ત્રણ મહિનામાં કરમાળા અદૃશ્ય થાય છે

મિશારૈ [અ. મિશ્ર] અ. ની જેમ.

મિશ્રા ૧ [સં] સ્ત્રી જટામાંસી.
૨. સ્ત્રી. મધુશિખા.
૩ સ્ત્રી. પરિવ્રાજી.
૪. સ્ત્રી. શતપુષ્પી
૫. સ્ત્રી. સુવા.

મિશ્રી જુઓ મિશ્રિ.

મિશ્રક [સં. મૃગ] પું. કસ્તૂરી.

મિશ્રિમ ૧. સ્ત્રી. એ નામની આસામની મૂળ જાત તેઓ તેમની ભાષા મુખાકૃતિ અને ઢંગ ધડા રંગઢંગથી સાની જાત જણાય તેવી આવે છે. તેમની સ્ત્રીઓ બહુસહ્ય ચીની સ્ત્રીઓને મળતી હોય છે. સ્ત્રીઓ માણસની પેઠે બીડી, ચૂની વગેરે કૂકે છે
૨. સ. એ નામની જાતનું માણસ.
૩ વિ. એ નામની જાતનું.

મિશ્ર ૧. [સં.] સ. ક્રિ હળેરવું
૨ સ ક્રિ (ધાતુ) ભેગવવું; મિશ્રણ કરવું, ભેજવું, ભેળવું. કરવું. તે પરથી અનેક શબ્દ મિશ્ર, મિશ્રણ, મિશ્રિત.

મિશ્ર ૧ [સં.] પું. એક ખિતાબ.
૨ પું એક પ્રકારનો પ્રબંધ.
૩. પું. એક પ્રકારનો ઢાળ
૪. પું (જ્યોતિષ) કૃત્તિકા અને વિશાખા નક્ષત્રનો યોગ કે સમૂહ.
૫ પું. (સંગીત) તાલની અગિયાર માંહેની એક જાતિ તેમાં સાત માત્રા આવે છે. પહેલી માત્રા ઉપર તાલ અને પાંચમી માત્રા ઉપર ખાલી આવે છે.

૬. પું નાટકમાંની વસ્તુનો એક પ્રકાર.
૭. પું. (જૈન) પાંચ માઠેનો એક ભાવ; ક્ષાયોપશમિક; ક્ષય અને ઉપશમ એ બેના મિશ્રણવાળો ભાવ.
૮. [ફિ.] પું ખાડાવાળી માટે વપરાતું સંબોધન.
૯ પું. માન આપવા યોગ્ય પુરુષના નામને અંતે લાગતો શબ્દ. જેમકે, મહનમિશ્ર, આર્યમિશ્ર.
૧૦. પું. મિસર દેશ
૧૧ પું. રક્ત; લોહી
૧૨ પું. શબ્દનો એક પ્રકાર; બોલાતું. શબ્દના મુખ્ય ત્રણ પ્રકાર છે: સંસ્કૃત, પ્રાકૃત અને દેશ્ય. પુનઃ ત્રણ પ્રકાર છે: પૌરુષિક મિશ્ર અને ૩૮
૧૩. પું. સન્નિપાત.
૧૪. પું (સંગીત) સાત માત્રાને અંતરે પડતો તાલ; માપનમાં આવતા તાલનો પ્રકાર. તાલના પહેલા ભાગમાં સાત માત્રા આવતી હોય તો તેને મિશ્રજાતિ તાલ કહેવાય છે
૧૫. ન. મિશ્રણ.
૧૬. વિ. જેમાં બે અર્થ સમાયેલા છે તેવું; દ્વિઅર્થી
૧૭. વિ. જોડાયેલ
૧૮. વિ. અનેકવિધ; વિવિધ.
૧૯. વિ. ભળેલું; એકરૂપ થઈ ગયેલું; બીજા સાથે ભળેલું; મેળ સેળ કરેલું; મિશ્રિત.
કર્મથી અધિકી બુદ્ધિ મારો છો એ, જનાર્દન ! તો મુને કમમાં ઘોર ઘોળે છો કેમ ! કેશવ ! મિશ્ર સા વાક્યથી ભાંજે મોહો જો બુદ્ધિ મારી, નિર્ધારી એ કહો એક, જે થકે શ્રેય પામું હું
કબિરીતા
મિશ્ર કરવું = (૧) ઉમેરવું. (૨) ભેળવવું; ભેળસેળ કરવું; એકરૂપ કરવું; જોડવું. (૩) મંદ કરવું; પાતળું કરવું
૨૦. વિ. મુખ્ય.

મિશ્ર અપૂર્ણાંક પું. જેમાંથી અંશ અને છેદ બંને કે એમાંથી એક અપૂર્ણાંક હોય તે; જેમાં પૂર્ણાંક તથા અપૂર્ણાંક બને હોય તે.

મિશ્રઅંગ ન. (સંગીત) એ નામનું તાલનું એક અંગ. તાલના એક, બે, ચાર, આઠ, બાર અને સોળ માત્રાનાં મુખ્ય છ અંગો હોય છે. તેમાંથી તે સિવાયની માત્રાનું અંગ બનાવવા હોય પણ બે કે વધુ મુખ્ય અંગ એકઠાં કરી બનાવેલ અંગને મિશ્રઅંગ કહેવામાં આવે છે.

મિશ્રક ૧. [સં.] પું દવાનું મિશ્રણ તૈયાર કરનાર માણસ; 'કંપાઉંડર'.
૨. પું. માલમાં ભેળસેળ કરનાર વેપારી.
૩. સ્ત્રી. એક જાતની કસ્તૂરી.
૪. ન. ઇંદ્રનું વન
૫. ન. એ નામનું એક તીર્થ
૬. ન. બારી જમીનનું મીઠું
૭. ન. મૂળો.
૮. વિ. પરચૂરણ.
૯. વિ. ભેળવનાર; મિશ્રણ કરનાર.
૧૦. વિ. ભેળભેસ; ભેળસેળ કરેલ.

મિશ્રકર્મ ૧. પું. યોગના સંકેત પ્રમાણે કર્મના ચાર માઠેનો એક પ્રકાર.
૨ ન. (વેદાંત) પુણ્ય અને પાપમિશ્રિત એક કર્મ; જેમાં પુણ્ય અને પાપ બંને હોય તેવાં સોમયાગાદિ કર્મ.

મિશ્રકર્મત્રય ન. (વેદાંત) ત્રણ પ્રકારનું મિશ્ર કર્મ. ઉત્કૃષ્ટ, મધ્યમ અને સામાન્ય ભેદથી મિશ્રકર્મ ત્રણ પ્રકારનું છે. તેમાં નિષ્કામ કર્માદિ કરવા યોગ્ય શરીર આપનાર ઉત્કૃષ્ટ મિશ્ર, પોતાના આશ્રમને ઉચિત કામ્ય કર્માદિ કરવા યોગ્ય શરીર આપનાર મધ્યમ મિશ્ર અને માંસાદ ખાવાદિ અધમ શરીર આપનાર સામાન્ય મિશ્રકર્મ જાણવું.

મિશ્રકાળી ૧. પું. (વ્યાકરણ) એ નામનો એક કાળ. તે બહુધા કૃદંતને અંત મળી તેની સાથે સહાયકારક ક્રિયાપદનાં કાળનાં રૂપ વાપરવાથી થાય છે.
૨. પું. (વ્યાકરણ) સંયુક્ત ક્રિયાપદમાં કોઈ પણ બે કાળ સાથે આવવાથી બનતો કાળ.

મિશ્રકેશી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. (પુરાણ) પ્રાધાની નામની એક અપ્સરાકન્યા.

મિશ્રકોદન [સં.] ન. ખીચડી.

મિશ્રખાદી સ્ત્રી. તાણામાં દેશી માલનું સૂતર અને વાણામાં હાથે કાંતેલું સૂતર વાપરીને બનાવેલી હાથ વણાટની ખાદી.

મિશ્રગણિત ન. (ગણિત) ભેળવું ગણિત; સંયુક્ત ગણિત; એક જાતની ગણિતની મિશ્રરાશિ; મિશ્રનિયમ; સજાતીય પણ ચઢતા ઊતરતા ભાવની વસ્તુનાં મિશ્રણની રીત.

મિશ્રગુણસ્થાન [સં] ન. (જૈન) ચૌદ માઠેનું એ નામનું ત્રીજું ગુણસ્થાન. કાંઈક આત્મજ્ઞાન હોય અને સાથે કંઈક મિથ્યાત્વ પણ હોય તેવો જીવ આ ગુણસ્થાને હોય છે.

મિશ્રજ ૧. [સં.] પું ખચ્ચર.
૨. પું. વર્ણસંકર
૩. વિ. ભિન્ન ભિન્ન જાતિઓના મિશ્રણથી જન્મેલ.

મિશ્રજાતિ ૧. પું. (સંગીત) જાતિના દસ માઠેનો એક પ્રકાર; સાત વર્જ્ય સ્વરોનો સમૂહ; વર્જ્યના સમૂહોનો વર્ગ.
૨. સ્ત્રી (સંગીત) સાત કે સમભંગ માત્રાના બંડારણા તાલની ધ્વનિ.
૩. વિ. વર્ણસંકર; ભિન્ન ભિન્ન જાતિઓના મિશ્રણથી જન્મેલ.

મિશ્રજાતીય વિ. વિષમજાતીય; વિજાતીય; અનેકજાતીય; પરજાતીય.

મિશ્રણ ૧. ન. એક જ જાતના સારાનરસા પદાર્થો અથવા જુદી જુદી જાતના પદાર્થો ભેગભેગા કરવા તે; મિશ્ર કરવું તે; ભેળસેળ કરવું તે. જેમકે, દલકાબારી અથવા ન્યૂનાધિક ભાવવાળો ચા ભેળભેળ કરવો અથવા દૂધ અને પાણી ભેગભેગ કરવાં તે મિશ્રણ કર્યું કહેવાય.
૨. ન. જુદા જુદા દ્રવ્યો અને ઔષધો એકઠા કરીને બનાવેલો દ્રવ્ય; વિવિધ ઔષધિ અને અર્ક વગેરે એકત્ર કરી તેમાં પાણી ભેળવી પીવા લાયક બનાવેલું ઔષધ; 'મિક્સ્ચર'.
૩. [સં.] ન. ભેગવણી; ઘણી વસ્તુઓ જેમાં ભેગી કરેલી હોય તે; જે વસ્તુઓ ભેળવ્યા પછી ઓછી મહેનતે જુદી પાડી શકાય તે; સમિશ્રણ.
૪. ન. વધારો; ઉમેરો.
૫. ન. (ગણિત) સરવાળો; 'ઍડિશન'.

મિશ્રતંતુ પું જ્ઞાન અને ગતિની બને શક્તિ ધરાવતા તંતુ. તે કરોડરજ્જુમાંથી છિદ્ર વાટે બહાર આવે છે. તેમાંના કરેકને એક આગલું અને એક પાછલું એમ બે મૂળ હોય છે. એક મૂળ રજ્જુના આગળના ભાગમાંથી નીકળે છે અને બીજું તેના પાછળના ભાગમાંથી ઉત્પન્ન થાય છે. આગલા મૂળમાં ગતિવાહિતા અને પાછલામાં જ્ઞાનશક્તિ રહેલી છે. છિદ્ર વાટે બહાર પડતાં બને મૂળ એક બીજા સાથે ભેળભેળ થવાથી આખો તંતુ મિશ્રતંતુ બને છે. આમ હોવાથી બહાર નીકળેલા એક આખા તંતુને મિશ્રતંતુ કહે છે.

મિશ્રદેશ ૧. પું. ઇજિપ્ત દેશ; મિસર.
૨. પું. જે દેશની આબોહવામાં અનૂપ અને જાંગલ દેશની હવાના કુણાંશો ભાગ કરી ફક્ત ગુણો જ રહેલા છે તેવો દેશ. તે ઘણો ભેજવાળો નથી, તેમ ઘણો ગરમ પણ નથી. તેથી તે ઉત્તમ દેશ કહેવાય છે.

મિશ્રદોષ પું (જૈન) ઉદ્ગમદોષના સોળ માઠેનો એક ભેદ; સાધુને માટે ખોરાક બનાવતાં ગૃહસ્થને લાગતો એક દોષ.

મિશ્રધન ૧. ન. રકમ.
૨. ન. રાજા; મુદ્દલ અને વ્યાજ મળીને થતી રકમ

મિશ્રધાતુ ૧. સ્ત્રી. બે ધાતુઓના મિશ્રણથી બનેલી ધાતુ

૨. સ્ત્રી. મેળવણીવાળી ધાતુ; મિશ્રણવાળી ધાતુ.

મિશ્રનિયમ પું. (ગણિત) મિશ્રરાશિ; મિશ્ર ગણિત; સભ્યતીય પણ ગહના ભીતરના ભાગની વસ્તુના મિશ્રણની રીત.

મિશ્રપદી ૧. પું. (ગણિત) સંયુક્ત પ્રમાણ; 'કંપાઉંડ એક્સ્પ્રેશન'.

૨. સ્ત્રી. ત્રણથી વધારે પદવાળી પદી.

મિશ્રપાંતી સ્ત્રી. (ગણિત) સયુક્ત પંતી; એક વસ્તુની કીમત વિવિધ એકમમા આપેલી હોય તે ઉપરથી તે જાતની વસ્તુના વિવિધ પરિમાણની સામટી કીમત એકમ પાડીને જોવી કાઢવાની રીત.

મિશ્રપિલુ પું. (સંગીત) એ નામનો એક રાગ.

મિશ્રપુનરાવર્ત દશાંશ વ. દશાંશ મિશ્ર પછી જોડા એક અંશ અંતવાન આવે અને પછી પુનરાવર્ત પ્રકાર થયા જાય તેવો દશાંશ

મિશ્રપુષ્પા [સં.] સ્ત્રી. મેથી

મિશ્રપ્રકૃતિ સ્ત્રી. કફ, પિત્ત અને વાયુ એમ ત્રણમાંથી બે અથવા વધારેની મળેલી પ્રકૃતિ

મિશ્રભાષા સ્ત્રી. એક ભાષાના મિશ્રણથી ઉત્પન્ન થયેલી ભાષા.

> યાદવોનું મૂળ સ્થાન મથુરા હતું. ત્યાંથી તેઓ ગુજરાતમા આવ્યા. આ બધા પ્રદેશની ભાષા પર મધ્યદેશની ભાષાની અસર થઈ અને તેથી એમાં બોલાતી ભાષા મિશ્રભાષા છે.
>
> બૃહદ્ ભારતીય

મિશ્રમિશ્ર ૧. વ. (ગણિત) અપૂર્ણાંકનું અપૂર્ણાંક. બે અથવા વધારે અપૂર્ણાંક 'ના 'થી જોડાયેલા હોય ત્યારે તેને અપૂર્ણાંકનું અપૂર્ણાંક કહે છે.

૨. વ. (ગણિત) મિશ્ર અપૂર્ણાંક. જ્યારે અપૂર્ણાંકના અંશ અને છેદ બંને અથવા એમાંથી એક અપૂર્ણાંક હોય ત્યારે તેને મિશ્ર અપૂર્ણાંક કહે છે.

મિશ્રમૈરવ પું. (સંગીત) એ નામનો એક રાગ

મિશ્રમત પું શાક્તમતનાં ત્રણ મહેનું એક રૂપ. શંકરાચાર્યના સમયમા શાક્ત મતનાં ત્રણ રૂપો પ્રચલિત હતાં. (૧) કૌલ મત, (૨) મિશ્ર મત અને (૩) સામયિક મત.

મિશ્રમનોયુમિ સ્ત્રી. (જૈન) સત્યમાં થોડું અસત્ય હોય તેને સત્ય પ્રકારે માની ચિંતવવું તે.

મિશ્રમાંડ પું (સંગીત) એ નામે એક રાગ.

મિશ્રમુદ્રાચલન વ. સોના તથા રૂપાના એમ બંને જાતના સિક્કા ચાલતા હોય તેવું ચલણ.

મિશ્રમોહનીય વ. (જૈન) દર્શનમોહનીયકર્મની એ નામની એક પ્રકૃતિ. તેના ઉદય વખતે યથાર્થપણાની રુચિ કે અરુચિ ન થતાં ડોલાયમાન સ્થિતિ રહે છે.

મિશ્રયોનિ ૧. સ્ત્રી. સ્ત્રીનોખ્યુ ઉત્પત્તિસ્થાન.

૨. સ્ત્રી. (જૈન) સચિત્તાચિત્ત યોનિ; સચિત્ત અને અચિત્ત પુદ્ગલોના સંબંધવાળી યોનિ; કેટલાક ભાગમા જીવ પ્રદેશોથી અધિષ્ઠિત અને કેટલાક ભાગમા અધિષ્ઠિત ન હોય તેવી યોનિ.

૩. સ્ત્રી. (જૈન) સંવૃતવિવૃત યોનિ; બોડો ભાગ ઢકાયેલો તથા બોડો ભાગ ખુલ્લો હોય તેવી યોનિ કે ઉત્પત્તિસ્થાન.

મિશ્રરચના [સં.] સ્ત્રી. બે ત્રણ છંદો એકઠા કરીને બનાવેલા છંદની રચના.

મિશ્રરેખ પું. એક રેખામાં બીજો રેખ ઉમેરવાથી બનતો રેખ.

મિશ્રરાશિ ૧. સ્ત્રી. (ગણિત) એક જ જાતના સાદારસા પદાર્થો જેવા કે, ન્યૂનાધિક ભાવના અથવા જુદી જુદી જાતનાં, કુલ અને પાણીના જેવાં મિશ્રણને લગતા હિસાબોમા મિશ્રણના ભાવ કાઢવાની રીત; મિશ્રણના ભાવ પરથી મિશ્રણમાંના પદાર્થો કયા પ્રમાણમા લીધા છે તે જોવી કાઢવાની રીત.

૨ સ્ત્રી. (ગણિત) સભ્યતીય પણ ગહના ભીતરના ભાગની વસ્તુનાં મિશ્રણની રીત; મિશ્રગણિત, મિશ્રનિયમ; 'કંપાઉંડ પ્રપોર્શન્સ'.

મિશ્રવર્ણસમીકરણ [સં.] ન સમીકરણનો એ નામનો એક પ્રકાર. ભાવા સમીકરણના એક જ અજ્ઞાત રાશિ બે જાતનો હોય છે અને તેની સાથે તે જ રાશિના પ્રથમ ઘાતનું પણ પદ આવેલું હોય છે. જેમકે, અરે + ૨ ક્ષ = ૨૮

મિશ્રવર્ણ ૧. [સં.] પું. મિશ્ર રંગ.

૨. ન કાચું અભ્રક.

૩. વ. ચોરડીનો સાહો

૪ વિ મિશ્ર રંગવાળું

મિશ્રવર્ષુપ્રેલા [સં.] સ્ત્રી. રોમણી; ચંદાકડી

મિશ્રવસ્તુ [સં] સ્ત્રી. વસ્તુના ત્રણ મહેનો એક પ્રકાર. વસ્તુના ત્રણ પ્રકાર છે: (૧) પ્રખ્યાત, (૨) ઉત્પાદ્ય અને (૩) મિશ્ર. જેમાં પ્રખ્યાત અને ઉત્પાદ્ય બંને વસ્તુનું મિશ્રણ હોય તે મિશ્રવસ્તુ છે

મિશ્રવાક્ય [સં.] ન. (વ્યાકરણ) વાક્યના મુખ્ય ત્રણ મહેનો એક પ્રકાર; એક મુખ્ય અને બીજું એક કે અનેક ગૌણ વાક્યોવાળું મોટું વાક્ય. વાક્યના મુખ્ય ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: (૧) સાદું વાક્ય, (૨) મિશ્ર વાક્ય અને (૩) સયુક્ત વાક્ય.

મિશ્રવેલ પું એ નામનો લાંબી ખમાશનો એક પ્રકાર

મિશ્રવ્યવહાર ૧. [સં.] પું (ન) લીલાવતીમા કહેલ એક પ્રકારની સંખ્યા

૨. પું લીલાવતીમાં કહેલ ગણિત; ગણિતની એક ક્રિયા

મિશ્રશાળા [સં. મિશ્રશાલા] સ્ત્રી. જેમાં બાળકો અને બાળિકાઓ સાથે ભણતાં હોય તેવી શાળા. કવિવર દલપતરામના જીવનવૃત્તાંતમા ઉલ્લેખ છે કે: અમદાવાદમાં એક બાનની શાળા હતી. જ્યા.બા.ઈ કલ્યાણદાસને મઠે એ બાનની શાળા બેસતી. આજ જાણીને આશ્ચર્ય થશે કે, એ ૧૮૪૬ની બાનગી શાળામા બાળકો અને બાળકીઓની મિશ્રશાળા હતી. ૧૮૫૧ના સાલમાં એ શાળામાં ૬૨ બાળકો ને ૧૮ બાળાઓ ભણતા. એ શાળાના મહેતાજી કલ્યાણજીકર કરીને હતા. બાળકોને બેસવા શાળામા પાટલીઓ કરાવી હતી ને સરકારી શાળાઓમાં ચાલતાં પુસ્તકો એ બાનગી શાળામા પે ભણાવાતા. શાળામાનો શિક્ષણક્રમ લોકોપયોગી હતો. પ્રથમ અક્ષરોને અક્ષરના ને ભણ્યે અક્ષરના શબ્દો અને સાથે આંક શીખવાતા. પછી બાળગ્રંથકર શ્રીજીનું ગુજરાતી બારાક્ષરનું કોષવાંચન. તે પછી બસપનીતિ ને કાવ્યપોથી અને છેલ્લે પંચોપાખ્યાન ને બાળબોધ ભણાવાતા. અભ્યાસક્રમ અટપટો ન હતો. ફી હતી નહિ ને વિદ્યાર્થીઓને પુસ્તકો અપાતાં. ઉત્તમ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ મળતી. શિક્ષણક્રમ સાત વરસનો હતો.

મિશ્રસત્ત્વગુણ પું [સં] પું રજોગુણના મિશ્રણવાળું તમોગુણનું સત્ત્વ

મિશ્રસહોદ્યોગ [સં.] પું. જુદા જુદા માણસો જુદા જુદા પ્રયત્નોમા એકબીજાને મદદ કરીને કામ કરે તે.

મિશ્રસંખ્યા ૧ સ્ત્રી. (ગણિત) પૂર્ણાંક અને અપૂર્ણાંક મળીને બનેલી સંખ્યા. જેમકે, ૧૪૬.

૨- સ્ત્રી. (ગણિત) ભાગાનુબંધ અપૂર્ણાંક.

મિશ્રસંજ્ઞા સ્ત્રી. (જ્યોતિષ) વિશાખા અને કૃત્તિકા એ બે નક્ષત્રને આપવામાં આવતી સંજ્ઞા. સાધારણ સંજ્ઞા.

મિશ્રસંયોગ પું (વ્યાકરણ) શબ્દના મુખ્ય ત્રણ મહેનો એક પ્રકારનો સંયોગ. આ ત્રણ સંયોગ

આ પ્રમાણે છે: (૧) પ્રબળસંયોગ, (૨) નિર્બળ સંયોગ અને (૩) મિશ્રસંયોગ.

પ્રબળસંયોગ ક્ત, જ્ઞ, દ્ધ, ષ્ણ, ત્ન વગેરે નિર્બળસંયોગ- શ્ર, ર્મ, ર્ષ્ટ વગેરે. મિશ્રસંયોગ ગ્ધ, ક્ષ્ણ, ક્ષ્ણ, ક્ષ્ટ્ર, ક્ષ્ટ્ર વગેરે. જુઓ વ્યાકરણ

મિશ્રહરિગીત પું. એક પ્રકારનો હરિગીત છંદ.

મિશ્રા સ્ત્રી. (જ્યોતિષ) એક પ્રકારની સંક્રાંતિ.

મિશ્રાકૃતિ [સં.] સ્ત્રી. વાંકી તેમજ સીધી લીટીઓથી બનેલ આકૃતિ.

મિશ્રાત્મા [સં. મિશ્ર + આત્મન્] પું દ્વૈત અને અદ્વૈતનું મિશ્રણ.

મિશ્રિત ૧. વિ. (સંગીત) પંદર માત્રાનો એ નામનો એક ગમક.

૨. પું. શબ્દના ત્રણ માત્રાનો એ નામનો એક પ્રકાર. જે શબ્દની આકારણીની રીતિ મુજબ વ્યુત્પત્તિ થઈ હોય અને તે રૂઢની માફક અન્ય અર્થમાં ન વપરાય તે યૌગરૂઢ અર્થાત્ મિશ્રિત કહેવાય છે

૩. વિ ઉમેરેલું; ભરવાળું વગેરે

૪. [સં] વિ. ભેળામેળ કરેલું; મિશ્ર થયેલ. ઓલપોલ; મલેલ; મિશ્ર; ભેળવેલું; ભેળસેળ થયેલું; મળેલું.

૫. વિ. માનનીય; પ્રતિષ્ઠિત; ગૌરવિત.

૬. વિ રંગબેરંગી; વિચિત્ર.

મિશ્રિતકલ્પ [સં.] પું.; ન. ઔષધોના ચાર મહેનો એક પ્રકાર. તેમાં મૂલ, પાન અને ક્ષીર કોરેક્ષ હોય છે તથા રત્ન જડેલાં હોય છે. ઔષધોનાં ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) પત્રકલ્પ, (૨) ચિત્રકલ્પ, (૩) રત્નકલ્પ અને (૪) મિશ્રિતકલ્પ.

મિશ્રિતગોપલૈંગ [સં] પું. પુરુષ અને સ્ત્રી બંનેના નામ ઉપર સાથે લીંગેલ વીભો; દંપતિનો સાથે ઉતરનેલ વંશો

મિશ્રી ૧. પું. એક નાગ

૨. સ્ત્રી. શેરડી.

૩ [અ. મિસ્રી] સ્ત્રી સાકર; ખોરસ; ખાંડ; સાકરગા; સિતા, મિસરી, મિસર દેશની ખાંડ.

૪. [સં. મિશ્રિત] વિ મિશ્રણ કરનાર; ભેળવનાર.

મિશ્રીકરણ [સ.] પું. ભેળવવું તે; મિશ્રણ કરવું તે.

મિષ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) આંખ ઉઘાડવી; મટકું મારવું.

૨. સ. ક્રિ. પ્રોક્ષણ કરવું; સીંચવું; છાંટવું.

૩. અ ક્રિ. ભરાભરી કરવી; સરસાસરસી કરવી; પ્રતિસ્પર્ધી થવું.

મિષ ૧. પું. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર. તેમાં કોઈ મિષ બતાવી વર્ણન કરવામાં આવે છે

૨ [સં.] પું. સ્પર્ધા; હોડ; હરીફાઈ; સ્પર્ધન.

૩ ન. બહેકાવું; ઘેલાં.

૪ ન. હોંસ; ઠોંગ.

૫ ન દર્શન

૬ ન બહાનું; નિમિત્ત; મકર; ખોટું કારણ; બાનું.

મિષ કરવું = બહાનું કરવું.

૭ ન. યુક્તિ; જબ; કપટ.

૮ ન. સીંચવું તે

મિષિ ૧. [સં] સ્ત્રી. આજ્યમોદ.

૨ સ્ત્રી. અસ; ઉશીર; સુગંધી વાળો.

૩. સ્ત્રી. જટામાંસી.

૪ સ્ત્રી. વસિષ્ઠાણી.

૫ સ્ત્રી. સુવા.

મિષિકા જુઓ મિષિ.

મિષે અ. બહાને; નું બહાનું કરીને.

મિષેમિષે અ. બહાને બહાને; નવું બહાનું કાઢીને.

મિષોન્મિષ ૧. ન. આંખનું મટકું.

૨. વિ મટકું મારતાં વિલંબ નહિ તેવું.

૩. અ. ક્ષણવાર.

મિષ્યાન્મેષ પું. આંખ ઉઘાડવી ને મીંચવી તે.

મિષ્કાલ પું. અઢારના વખતનું એક વજન. તે ૬૬ જવ બરાબર થાય છે

૧૨ ક્ષરા = ૧ તિમીર
૧ તિમીર = ૧ નકોર
૬ નકોર = ૧ કરીલ
૧ કરીલ = ૧ કુલ
૧૨ કુલ = ૧ રાઈનો દાણો
૬ રાઈના દાણા = ૧ જવ
૨ જવ = ૧ ગુંજા
૨ ગુંજા = ૧ તટકુજ
૪ તટકુજ = ૧ દાંગ
૪ દાંગ = ૧ મિષ્કાલ

મિષ્ટ ૧ પું ખાવા કે ખાનારને અમર કરે તેવો અનાજ

૨ પું. મીઠો રસ.

૩. ન. મનગમતું સ્વાદિષ્ટ ભોજન.

૪. ન. મિષ્ટાન્ન; મીઠાઈ.

૫. ન. મીઠાશ; મિષ્ટપણું.

૬. વિ. ગોઠવેલું; સીંચેલું.

૭. વિ. પ્રિય; વહાલું લાગે તેવું; આનંદ ઉપજાવે તેવું; મધુર; રમણિક.

૮. [સં.] વિ. મીઠું; મજેનું; જેમાં ગળપણ હોય તેવું.

૯ વિ શોધેલું; પખાલેલું.

૧૦. વિ. સુગંધીદાર.

૧૧. વિ સ્પર્ધા કરેલ.

૧૨. વિ સ્વાદિષ્ટ

મિષ્ટકર્તા [સં મિષ્ટકર્તૃ] પુ મીઠાઈ બનાવનાર; હલવાઈ

મિષ્ટતા ૧. સ્ત્રી. તીખાશ; તીવ્રતા.

૨. [સં] સ્ત્રી. મિષ્ટપણું; મીઠાશ; ગળાશ; મિષ્ટ હોવાનો ગુણ; મીઠાપણું.

મિષ્ટદ ૧. પું. એક જાતનો પ્રાણીના શરીરમાં રહેલો મહત્ત્વવાળો પદાર્થ; મનુષ્યના યકૃતમાં નજરે આવતી પ્રાણીની કાંજી; 'ગ્લાઈકોજેન', તેની શુદ્ધ અવસ્થામાં તે ધોળો, આકાર રહિત, સ્વાદહીન અને મદાર્કમાં પણ મળી જાય તેવો બૂકો હોય છે. તેને ભોગા પાડેલા પંખીના તેજાબ કે લવણાજની સાથે ઉકાળવાથી તે ગ્લુકોઝ ખાંડના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે.

મિષ્ટન્નિષ્ણુ [હિ] સ. મીઠું લીંબુ.

મિષ્ટપણું જુઓ મિષ્ટતા.

મિષ્ટપાક [સં.] પું. મુરબ્બો.

મિષ્ટભાષી [સં. મિષ્ટભાષિન્] વિ. મીઠાબોલું; મધુભાષી.

મિષ્ટાન્ન ૧. [સં. મિષ્ટ + અન્ન] ન. ગળપણવાળું ભોજન; અન્નમાં ગળપણ નાખી બનાવેલ ખાવાનો પદાર્થ; મજ્યા સ્વાદવાળું અન્ન કે ભોજન.

૨. ન. ગળી ને પૌષ્ટિક વાની; મીઠાઈ; પકવાન, લાડુ વગેરે.

મિષ્ટાન્ન મારવાં = અકરાંતિયાપણે મીઠાઈ ખાવી.

મિસ ૧. [હિં.] પું. ભઠાનું; હોંસ; મસ.

૨ [અં.] સ્ત્રી કુંવારી કન્યા; છોકરી.

૩. [ફા.] સ. તત્ત્વ.

૪. ન મુસળની રાખવું તે

૫. ન. યુક્તિ.

૬. અ. જેમ.

મિસકાલ [અ. મિસ્કાલ] પું. સાડાચાર માશા ભારનું એક વજન. તે હીરા, મોતી વગેરે તોળવામાં વપરાય છે.

મિસકિન જુઓ મિસ્કીન.

મિસકીલ [અ. મિસ્કીન (મરીજ)] વિ. દેખાવમાં મરીજ જેવું પરંતુ અંદરખાનેથી મહાધૂર્ત; ધુત્ત્યું.

મિસગર [ફા. મિસ (તાંબુ)] પું. કંસારો.

મિસર ૧. પું. આફ્રિકાની ઉત્તરે આવેલ એક પ્રસિદ્ધ મુલક; ઇજિપ્ત.

૨. પું. મુસલમાનોમા માથે બાંધવામાં આવતો રેશમી કે સુતરાઉ છાપેલો ત્રિકોણાકાર કાપડનો ટુકડો.

૩. પું. મોટુ શહેર.

મિસરી ૧. પું. ઇજિપ્ત દેશનો રહેવાસી

૨. સ્ત્રી. ઇજિપ્ત દેશની ભાષા.

૩. સ્ત્રી. એ નામની એક લિપિ.

૪. સ્ત્રી એક જાતની મર્દમાખી.

૫. સ્ત્રી. તરવાર.

૬. સ્ત્રી. શિકારની છરી

૭ સ્ત્રી શેરડી.

૮. સ્ત્રી. સાકર, દાણાદાર ખાડ; ખડી સાકર.

૧. મિસરી ખરડાવી = (૧) મારી નાખવું. (૨) સગપણ કરવુ. મુસલમાનોમાં વપરાય છે.

૨. મિસરીની ડાલી = સાકરનો ટુકડો; મીઠો પદાર્થ.

૯. ન. અફુ જાતનુ અફીણ

૧૦ વિ. ઇજિપ્તનું; ઇજિપ્ત સબંધી.

૧૧. વિ. મિસરનું; મિસરથી આવતી વસ્તુને લગતું

૧૨. વિ. સાકર જેવુ મીઠુ.

મિસરી પુલાવ પું. એક જાતની સ્વાદિષ્ટ વાની. પ્રથમ સાકરનો પાક કરવો. પછી પુલાવ જો પીળો કરવો હોય તો ચોખો રંગ નાખવો અને લીલો કરવો હોય તો તેમા પાલકની ભાજીનો રસ ઝાઝી નાખવો. પછી મિશ્રણને કપડછણ કરી, ખાજી તપેલીમાં નાખી, તપેલી ચૂલા ઉપર મૂકી, ધીમો તાપ કરવો. ફીણ આવે તો તેને ઝારાથી એક વાસણમા ઝાઝી લેવુ. પછી તે ફોણ સાકરના પાકમાં નાખવુ. પછી દૂધની મલાઈમાં આડેલી અને નિચોવેલી બદામ તેમાં નાખવી અને કેસરનો રંગ જોઈતી બરાબર રીતે અડધા દેવી. પુલાવ ચડી તૈયાર થાય એટલે વાસણ નીચે ઉતારી લેવુ

મિસરી લિપિ સ્ત્રી એક પ્રકારની લિપિ; મિસર દેશની લિપિ

મિસરો [અ. મિસ્રઅ (કવિતાની એક લીટી)] પુ. કવિતાની ટૂક. કવિતાનું અર્ધ ચરણ; બેત કે શેરનો અર્ધો ભાગ

સુલતાન મહમદશાહની પેઠે બંગાળા ના હાકેમ સુલતાન ગ્યાસુદીનના કાને જ્યારે હાફિઝની પ્રતિજ્ઞાનો ધ્વનિ સંભળાયો ત્યારે તેણે એક મિસરો મોકલી આપી તે ઉપર આખી ગઝલ રચવાની વિનંતિ કરી પુરાતત્ત્વ

મિસલ ૧. સ્ત્રી. ઉદાહરણ; પ્રતિમા; પ્રતિરૂપ; દૃષ્ટાંત.

૨. સ્ત્રી. મુકાબલો; તુલના; ઉપમા.

૩. [અ. મિસ્લ (સમાન)] સ્ત્રી. રીત; તરેહ; ઢબ; પ્રકાર

૪ સ્ત્રી. વ્યવસ્થા; ગોઠવણ; દરબાર પ્રમાણે કોણે કઈ જગાએ બેસવું જોઈએ તે માટેની વ્યવસ્થા.

૫. સ્ત્રી. શીખોનો એક સમૂહ. તે અલગ અલગ સરદારો નીચે સ્વતંત્ર થઈ ગયા હતા. ગુરુ નાનકના બંદા નામના શિષ્યની દેખાદેખીથી બાબા પણ અને શીખ સરદારોએ પોતપોતાના સમૂહ સ્થાપિત કર્યા હતા. તે દરેકને તેઓ મિસલ કહેતા. જેમકે, રામગઢિયા મિસલ, અહલુવાલિયા મિસલ વગેરે

૬. સ્ત્રી. હુકમ.

૭. [અ. મિસાલ] ન. દફ્તર; બેખાગાર.

૮. અ. પેઠે; માફક; જેવુ.

મિસલબંદી ૧. સ્ત્રી. ગામની વહેંચણી અને બંદોબસ્ત.

૨. સ્ત્રી. દરબારબેસણી

મિસલસર અ. બંદોબસ્તસર; રીતસર.

મિસલો પું. અર્ધવિરામ; ' સેમિકોલન '

મિસાલ ૧ વિ પું સ્ત્રી નામનો એક હિંદુસ્તાની કવિ

૨ સ્ત્રી ઉપમા

૩ સ્ત્રી કહેવત.

૪ [અ ના જેવુ] સ્ત્રી. દાખલો; નમૂનો; દૃષ્ટાંત; ઉદાહરણ

મિસાલ આપવી–દેવી = દાખલો આપવો

૫. સ્ત્રી. બાદશાહનો હુકમ; બાદશાહ હુકમનામુ, રજાચિઠ્ઠી

૬ સ્ત્રી રીત; તરેહ; પ્રકાર; મિસલ; બુનાદી; બંદોબસ્ત

૭. સ્ત્રી સરખામણી

૮. અ. પેઠે; માફક; ની જેમ

મિસાલે અ. પ્રમાણે; રીતે.

મિસિ જુઓ મિસી

મિસિસિપિ સ્ત્રી એ નામની અમેરિકની એક મોટી નદી. તે આઠ મહાવાહોને સાથે લઈને દક્ષિણમાં મેક્સિકોના અખાતમાં જઈને ઠરે છે. મિસિસિપિ પૃથ્વી પરના સૌથી વિશાળ મેદાનની તરસ છિપાવે છે અને ફળદ્રુપ બનાવે છે. આ મોટી નદી અમેરિકના પૂર્વીય ગોળ ભાગને, પશ્ચિમના બે તૃતીયાંશ ભાગથી જુદો પાડે છે.

મિસી ૧. સ્ત્રી. અજમોદ.

૨. સ્ત્રી કુતરાની ટોપી.

૩. સ્ત્રી. ખસ

૪. સ્ત્રી જટામાસી.

૫. [સં ર્મિસ] સ્ત્રી. દાંતે દેવાની બુકી; દંતમંજન; ' ટૂથ પાવડર '.

૬ સ્ત્રી બકરાનુ ચામડુ

૭. સ્ત્રી. વરિયાળી

૮ સ્ત્રી. રાતપુષ્પા વગેરે વનસ્પતિ.

૯ સ્ત્રી સુશ્રુ. તેના દાણા ત્રાંબે ફોતરી હોય છે દાણા ચળીએ એટલે તેમાંથી બી નીકળે છે

૧૦. [ફા.] વિ. તાજાનુ અનેકુ

૧૧. જુઓ મિસરી.

મિસીવિદ્યા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ સબંધી વિદ્યા; કુતરાની ટોપી સંબંધી વિદ્યા

૨. સ્ત્રી. દાંત કરવા રેંગવાની બુકી તૈયાર કરનારું જ્ઞાન

મિસીવિદ્યા ૧. પું. કુતરાની ટોપી સબંધી વિદ્યા જાણનાર માણસ

૨. [સ. મિસીવિદ્ + ઇ] વિ. કુતરાની ટોપી સંબંધી વિદ્યા જાણનાર.

મિસીશકરિયા સ્ત્રી. એક જાતની વનસ્પતિમાંથી બનેલ સાકર

મિસ્કાલ [અ.] પું. હીરામોતીનો એક તોલ કે વજન

મિસ્કીન ૧. વિ. ખર્ચ ન કરે તેવું; કરકસરિયું.

૨. વિ. ગરીબ; ભિખારી; મુફલિસ; દરિદ્ર; કંગાલ

૩. [અ. સકન (તે નમ્ર હતો)] વિ. નમ્ર; દીન; અનાથ; બિચારુ.

મિસ્કીનથી મિસ્કીન છું જહાંગીર હું મને,
ખલકની દયા નથી, સુલતાન છું મને.
હલાકી

મિસ્કીની [અ.] સ્ત્રી. ગરીબાઈ; નમ્રતા.

મિસ્ટર ૧. [અં] પું. અંગ્રેજી ભાષામા પુરુષના નામ આગળ માનાર્થે ટુકાવીને લખવામાં તથા બોલવામા વપરાતો શબ્દ; મહારાય; મહોદય; શ્રી

૨. પુ. ભાઈ; અંગ્રેજી જાણનાર કોઈ પણ અજાણ્યા માણસને સંબોધવામા વપરાતો શબ્દ.

મિસ્તર ૧. ન. કોની સપાટી સરખી કરવાનું ઓજાર.

૨. જુઓ મિસ્ટર.

મિસ્તરી જુઓ મિસ્ત્રી.

મિસ્ત્રી ૧ [હિ.] પું. કુશળ કારીગર; મિસ્તરી; સારો કારીગર; મજબૂત; સુથાર કે કડિયા કામની દેખરેખ રાખનાર મજૂર.

૨ પું. ખુશામદ.

૩. [જ્ઞા. મિસ્તરી] પું. રેખાલેખન પટ્ટી; કુપટ્ટી કૃષ્ણલાલ ઝવેરી લખે છે કે: મિસ્તરી, એટલે મિસ્તર વાપરનાર. મિસ્તર એ સતર એટલે લીટી ઉપરથી બનેલ છે સતની વચને કાગળ ઉપર સીધી લીટીઓ દોરવા ને માટે લીટીઓ દોરવાનું એક જાતનું સાધન તે મિસ્તર ને વાપરનાર મિસ્તરી કરેણામો

૪. પું. સુતાર

૫. સ્ત્રી. એ નામની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું

મિસ્ત્રીખત [અ] અ. ક્રિ. કામચલા તરીકે

મિસ્સી ૧. સ્ત્રી. ઠોર્યું ચેરવાનો પહેલવહેલાં કોર્ય પુરુષ સાથે સમાગમ થયા પછી. તે સમયે આવા બનાવનો જલસો કરવામાં આવે છે

૧. મિસ્સી સમાર્ઈ = વેશ્યાઓમાં કરાતી એક ક્રિયા. નામ કર્યા પછી નવી વેશ્યા તરફથી બીજી વેશ્યાઓને જમણ આપવામા આવે છે અને તે પછી નવી વેશ્યાને તેના ઠાત કાળા, રંગવાની છૂટ આપવામા આવે છે

૨. મિસ્સી લગાડણી = ઉમર લાયક છોકરીને પહેલી વાર વેશ્યાના ધધામાં વાળવી; બાનારી વેશ્યાઓમા ઉમરે પહોંચેલી છોકરીને પહેલવહેલો દાને મિસ્સી લગાવી ધધામાં સામેલ કરવી.

૩. મિસ્સી લગાવણી = મિસ્સી વડે દાત કાળા કરવા.

૨. [જ્ઞા. મિસ (તાંબું)] સ્ત્રી. તાબુ, જસત, સોકુ, ગંધક વગેરેની બનાવેલી ભૂકી.

૩. [જ્ઞા. મિસી (દાંતોને કાળા કરવા માટે મસ્તાની એક દવા)] સ્ત્રી. મસી; મેશ; કાજળ આપનારો ભૂકો; દાંતને કાળા રંગવાનો ભૂકો. તે વડે સ્ત્રીઓ દાત કાળા રંગે છે.

૪. સ્ત્રી. વનસ્પતિ વગેરેના કોલસા વાટીને બનાવેલું દંતમજન; દાત સાફ કરવાનું ચૂર્ણ; એક જાતનું દાતનું મજન.

૫. સ્ત્રી શાહી.

૬. જુઓ મિસી.

મિસ્સીરોટી સ્ત્રી. ચણાનો લોટ, ચણાનો લોટ, મેથી, દૂધ, ઘી, માખણ વગેરેની મેળવણીવાળી બનતી રોટલી.

મિહ્ ૧. [સં] સ. ક્રિ. છાટવું; પ્રોક્ષણ કરવું; સિચવુ.

૨ ન ક્રિ. (ધાતુ) પેશાબ કરવો; મૂતરવું ને ઉપરથી બનેલ શબ્દ: મેહ; પ્રમેહ.

મિહતર ૧. પું. કુંવર.

૨ [જ્ઞા.] પું. સરદાર.

૩. વિ. વધારે મોટુ

૪ વિ વાળનાર; કાઢુ કાઢનાર

મિહતરાઈ [જ્ઞા.] સ્ત્રી. મરદારી.

મિહનગરાની ૧. સ્ત્રી. ધર્મશાળાની માલિક સ્ત્રી.

૨. [જ્ઞા.] સ્ત્રી. મહેતરાણી. કાઢુ વાળનારી બાઈ

મિહનતાના [હિ.] પું. મહેનતાણું

મિહનતી ૧. [અ.] પું. મજૂરી કરનાર માણસ.

૨. વિ. શ્રમ કરે એવું

મિહમાન [જ્ઞા.] પું. મહેમાન.

મિહમાનદારી ૧ સ્ત્રી. મિહમાનદારની સ્થિતિ.

૨. સ્ત્રી મિજબાની; આતિથ્ય; અતિથિસત્કાર.

મિહમેજ [અ.] સ્ત્રી ધોબીઓના જૂતની એકીએ સમાડાતું ધોબીને ઓઢાડવાનું એક સાધન; "કપડ"

મિહર ૧. [જ્ઞા.] પું ઈરાની મહિનાનું એક નામ. તેમાં સારુ અજવાળું આવે છે.

૨ પું પ્રેમ.

૩. પું. સૂર્ય.

૪ સ્ત્રી (વિદી) મહેરબાની; કૃપા; અનુગ્રહ; મહેર.

મિહરબાન ૧. [જ્ઞા] પું. પ્રેમી. મિત્ર.

૨ વિ. કૃપાળુ; દયાળુ; અનુગ્રહ કરનાર.

મિહરબાનગી [જ્ઞા.] સ્ત્રી. મિત્રતા.

મિહરબાની સ્ત્રી. દયા; કૃપા; અનુગ્રહ.

મિહરબાની કરવી = કૃપા કરવી.

મિહરાબ ૧. સ્ત્રી દરવાજા ઉપર કરવામા આવતો મોગ કમાન જેવો ભાગ; કમાનના આકારનું ચણતર

૨ સ્ત્રી બારસાખી ઓરડો

૩. [અ] સ્ત્રી મસ્જીદમાંની મુખ્ય જગ્યા. ત્યાં મિયાં પોતાનું મોઢું મક્કા તરફ રાખી નમાજ પઢે છે

મિહરાણી સ્ત્રી ટમેટાંના રસને દૂધની બનાવેલ એક પકાર્થ પાણીમાં આદુવાં પાડેલ ટમેટાની ખાલ કાઢી નાખી, તેને હાથે ચોળી, રસ કાઢવો. તે રસમાં જીરુ, કોથમીર, લીલાં મરચાની કુચ્ચુંદર, આદુ, મીઠું અને ઘીનુનો રસ નાખવાં. પછી સળગતા કોલસા ઉપર તેનું ઠીબું પાડી ને ધુમાડાવાળો કોલસો તે રસમાં નાખી માથે જરાક ઘી ઝાકી દેવું. તે રીતે ટમેટાંનો રસ સ્વાદિષ્ટ બનાવવો આ શબ્દ પંજાબ તરફ બોલાય છે.

મિહરાફો [જ્ઞા.] પું. ઊંટ ઉપર નાખવાની પાલખી આકારા ઓબાડી જેવી બેઠક.

બે ઊંટ વચ્ચે સરખે ભાગે રાખી લાકડાના બે થાભલા વડે મિહરાફાની બેઠક ગોઠવવામા આવે છે. તે બહુ સગવડવાળી હોય છે. આપણે અકબરી

મિહિર ૧ [સં] પું. આકડાનો છોડ

૨ પું કપૂર

૩. પું ચદ્ર; ચદ્રો

૪. પું તાંબુ

૫. પું બુદ્ધ ભગવાનનાં ગૌતમસિંહ

૬ પું. રાજા

૭ પું વરસાદ; મેઘ

૮ પું વાદળ, મેઘ

૯ પું. વિક્રમાદિત્યની સભાનો એ નામનો પંડિત.

૧૦ પું સૂર્ય

સૂર દિવાકર વિભાકર દિનકર ભાસ્કર હંસ, રવિહિર તિમિરહર સહસ્રકર ગ્રહપતિ તિમારિ, પિતૃગણ .ોક

૧૧. સ્ત્રી (બૃ ગ) મહેર; કૃપા

૧૨. વિ. ઠંડુ; ઘરાયું

મિહિરશાહ પુ. એ નામના એક હિંદુ સંત, તેનું નામ આગા આહના હતું તે મુસલમાનના ચેલા બની સિદ્ધ થયા તેથી તેનું નામ મિહિરશાહ પડ્યું હિંદુ મુસલમાન મહાપુરુષ તેને પૂજે છે.

મિહિરા પુ (પિ.ગ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને બે ગુરુ મળી બાર અક્ષર આવે છે. તે જગતી છંદનો એક ભેદ છે

મિહિરામણ પું મહેરામણ; સમુદ્ર.

મિહીણું ન. મહેનું.

મિ જ (બૃ. મુ.) મેં

મિંકસ ન નોર્વિજિયને મળતું ઊનનું અમેરિકનું પોલકેટ નામની જાતનું એક પ્રાણી. તેનાં રૂવાં કીમતી મનાય છે

મિંજ ૧. સ્ત્રી. કેળાથી નવો છોડ, ઝાડ વગેરે ઉત્પન્ન થાય છે એવો બીજાંકુર; બીજાંકુર

૨ સ્ત્રી મીજ; મગજ; બિયનો ગર્ભ; બિયના કોટલામાંનું માવા જેવું દળ.

મિંજ ૧. [પ્રા.] સ્ત્રી. બીજ.

૨ સ્ત્રી મગજનાં હાડકામાનો માવો.

૩. જ્ઞા. મીજ; સત્ત્વ

મિંજિક પું (પુરાણ) રુદ્રસંભવ; રુદ્રે ઉમામાં સિચન કરેલા વીર્યમાંથી કેટલુંક પૃથ્વી ઉપર પડ્યું તેમાંથી ઉત્પન્ન થયેલ પુત્ર અને પુત્રીના કેડકા ખાવેનો પુત્ર. સંતાનની ઇચ્છાવાળા તેને પૂજે છે.

મિટ ૧ પું. એક પ્રકારનું ઉત્તમ સોનું.

૨. [અં.] પું. ટકશાળ; જે સ્થળે સિક્કા પાડવામાં આવતા હોય તે સ્થાન.

મિડી સ્ત્રી એક વનસ્પતિ. વાડ બનાવવા માટે તે ઉગાડવામાં આવે છે. ૩૦૦૦થી ૬૦૦૦ ફૂટ ઊંચે તે ઊગી શકે છે.

મિહદી સ્ત્રી. એક છોડનું નામ; મેંદી.

મી સ. મેં; હું.

મીઅજ્ઞ ૧. [અર. મિઝ્ (આપવું)] સ્ત્રી. પવિત્ર વસ્તુ, દૂધ, ફૂલ, પાણી, દૂધ વગેરેની આકૃતિ. જે. જે. મોદી લખે છે કે, અહૂરમઝદને આપવામાં આવતી દ્રાક્ષ, ફૂલ, પાણી, ઘાસ, દૂધ વગેરેની આકૃતિમાં ખાસ કરીને દ્રાક્ષને મજ્ઞજઃ તરીકે જણાવવામાં આવે છે. હાલ પારસીઓ મીજ્ઞજઃ શબ્દથી સાધારણ રીતે ફૂલ સમજે છે. મીજ્ઞજઃનું અપભ્રંશ ' મેજ ' થયું છે. ફારસીમાં ' મીજ્ઞજઃ 'નો અર્થ ખાસ થાય છે. નવસારીમા પારસી ધર્મગુરુઓ આ શબ્દ વાપરે છે.

૨. ન. (જરથોસ્તી) મંદિરમાં પધરાવાનું ફૂલ.

મીઆદ ૧. પું. કદ.

૨. [અ.] પું. વચનનો વખત અને સમય.

૩. સ્ત્રી. કદ.

૧. મીઆદ કાપવી = સજા ભોગવવી; જેલ ભોગવવી.

૨. મીઆદ બોલવી = કેદની સજા કરવી, જેલનો હુકમ દેવો.

૪. સ્ત્રી. મુદત; વખત.

૫. સ્ત્રી. રિવાજ; રૂઢિ

મીઆદી [હિ.] વિ. મુદતબંધી

મીઆદી ફૂંડી સ્ત્રી. જેનાં નાણાં તરત ન ચૂકવવાં પડે પરંતુ અમુક નક્કી કરેલ સમયે આપવાં પડે તેવી હૂંડી; મુદતી હૂંડી

મીઆં પું. બ. વ. અલવર રાજ્યમા વસતા એ નામના મુસલમાન લોકો.

મીકાયલ જુઓ મીકાયેલ.

મીકાયેલ પું. એ નામનો એક દેવદૂત. ખ્રિસ્તીઓમા મુખ્ય મીકાયેલ એટલે વિષ્ણુ, જીબ્રાયલ એટલે બ્રહ્મા અને એઝરાઈલ એટલે શંકર કહેવાય છે

મીકાલ જુઓ મીકાયેલ.

મીગનોનેટ ન. એક જાતનું ફૂલઝાડ.

મીગ્રેસ સ્ત્રી. એક જાતની માછલી. આ જાતની માછલીની કોમળીઓ બહુ મોટા પ્રમાણમા દિલના ડિસ્પેપ્સી આમપાચક તરીકે વપરાય છે. ઇન્સીક્લાસના ઉદ્યોગ માટે પરપ મોકલવામા આવે છે.

મીચવું ૧. સ. ક્રિ. મિંચાવું; બંધ થવું.

૨. [દે. મિચ્ચઇ] સ. ક્રિ. આંખો બંધ કરવી.

૩. સ. ક્રિ. અંધ કરવું; બીડવું; સંકોચવું.

૧. આખ મીચવી = (૧) આપઘાત કરવો; જે જવાનું હોય તે માટે એવા નિશ્ચયો થઇને પડવું કે ઘૂસવું; સાહસ કરવું. (૨) મરણ થવું; અંતમ થવું; મરવું. (૩) વારંવાર આંખ ઉઘાડવી અને બંધ કરવી.

૨. આખ મીચાઈ કે નજરી લટકાઈ = આપ મુઆ પછી દુનિયા સૂની જેવી જ નથી; આંખ બહાર તે ઓટ બરાબર.

મીજ ૧. સ્ત્રી. આરાધ; મુઠી.

૨. સ્ત્રી ભીંતમા; હથના બિયા માફેનો આરો; ઠીકઠાંની ઢાળ.

૩. [સં. મજ્જા] સ્ત્રી મીંજ; બિયાંનો ગર; મગજ; ગોટલી; વનસ્પતિ બીજના પડ, જેમ કે ડોટલામાનો ગર, મર્મ

મીજા ૧. સ્ત્રી. અનુકૂળતા.

૨. સ્ત્રી. સમર્થતા; અભિપ્રાય.

૩. [અ. મિજાજ] સ્ત્રી. (હિંદી) સ્વભાવ.

મીજાન ૧. સ્ત્રી એક.

૨. સ્ત્રી. તુલા રાશિ

૩. [અ. મિઝાન; સ્ત્રી (અસ્થિર) સરવાળો

૪ ન. અદાજ. રુમરુ, ધડો, અટકળ.

૫. ન. કાટો, ત્રાજવું.

૬. ન, જથ્થો.

૭. ન. માપ; પ્રમાણ

૮. વિ. અદલ.

મીજાનસર ૧. અ. અદલ રીતે; વાજબીપણે

૨. અ. જેને જેટલું જોઈએ તે તેટલું મળે તેમ

૩. અ. માપસર; અદાજસર; પ્રમાણસર, પાત્રને અનુસરીને

મીજ્રસ (મીઝલ્સ) [અં.] સ્ત્રી. ઓરીનો રોગ.

મીઝાલ [અ. મજ્લ] સ્ત્રી. તાકાત; મજદૂર.

મીટ ૧. [સં. મિષ્ (જોવું)] સ્ત્રી. આખ પલકાવ્યા વગર એક દૃષ્ટિએ જોઈ રહેવું તે, કોઈ વસ્તુની સામે નજર માંડી જોઈ રહેવું તે, તાકી જોવું તે. એકાગ્ર દૃષ્ટિ; અનિમેષ દૃષ્ટિએ જોવું તે; દૃષ્ટિ.

૧ મીટ ભરવી = નજર માંડવી

૨. મીટ માંડવી = આખ બંધ કરવી

૩. મીટ મારીને ઘૂર્યા રહેવું = રાતિયો ઘૂર્યા જવું

૪. મીટ મંડવી = (૧) તાકી રહેવું; જોયા કરવું; એક દૃષ્ટિએ કે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહેવું તે. (૨) નીચપણે ધારવું; આશા રાખવી

૫. મીટ મેળાપો = આખે આખ મળવી તે; દૃષ્ટિમિલન

૩. સ્ત્રી કૃપાદૃષ્ટિ; મહેરબાની.

૪. સ્ત્રી. (કચ્છી) ગાલ

૫. સ્ત્રી. દુ:ખ સહન કરવું તે; સબૂરી; ધીરજ; શાંતિ; સહનશીલતા.

૬. સ્ત્રી. નજર; દૃષ્ટિ; આલોચના.

૭. સ. મસ

૮. સ. સ.ક્ષ.ત્ર.

મીટડલી ૧. સ્ત્રી. મીટ; દૃષ્ટિ; નજર.

૨ સ્ત્રી. મીટડી, આખનું મટકું

મીટડી ૧. સ્ત્રી. આસામમા વસતી એ નામની એક જાતિ.

૨. સ્ત્રી. આખનો ઇશારો કે મટકું.

૩ સ્ત્રી, મીટ; નજર; દૃષ્ટિ; ધ્યાન

૪. સ. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

મીઢર ૧. પું. છંદ.

૨. [અં.] સ. પાણી, વીજળી શક્તિ વગેરે માપનાર યંત્ર.

૩ સ. પૃથ્વીના ગોળા ઉપરના પરિધના એક કરોડાંશ ભાગ જેટલું અંતરનું માપ; ૩૯૩૭૦૮ ઇંચ અથવા ૧ વાર અને ૩૩૭ ઇંચનું માપ.

૪. સ. માપનાર યંત્ર.

૫. સ. વાયુમાપક યંત્ર.

મીઢર જેજ [અં] પું. કયી કક્ષે ઊંચના માપની કૂટ.

મીટલિયું સ્ત્રી બ વ. આંખો.

મીટવું ૧. અ ક્રિ. આંખ મીંચાવી.

૨. અ ક્રિ. નાશ પામવો; મટવું.

૩. [દે. મિટ (લોપ કરવો] સ. ક્રિ. બરાબર થવું, બરબાદ થવું

૪ અ. ક્રિ. નિકાલ થઈ જવો; છેડો આવવો.

૫. અ ક્રિ. ખૂંસાઈ જવું; નાશદ થવું; ઘસાઈ જવું; જતું રહેવું; રદ થવું, રેખા, ગ્રંથ કે ચિહ્ન વગેરે ન રહેવું

૬ અ ક્રિ. મટવું; સાફ થવું; ઓછું થઈ જવું રહેવું. ફેર પડવો

મીટામીટ ૧ સ્ત્રી સામસામી મંડાયેલી નજર.
૨. પ્ર. નજરોનજર; દૃષ્ટિ સમક્ષ

મીટાવવું સ. ક્રિ. મટાડવું; મટે તેમ કરવું

મીટાવું અ. ક્રિ. મટે તેમ થવું.

મીટિંગ [અં.] સ્ત્રી. સભા; પરિષદ; જલસો; મેળાવડો; અધિવેશન; મહફી.

મીટમીટ જુઓ મીટામીટ.

મીઠ (મીઠ) સ્ત્રી જોસનું એક નામ. જેમને વહાલમાં જોવા સંબોધનથી બોલાવાય છે.

મીઠાં (મીઠાં) ૧. ન. બ. ક. દુખણાં; વારી જવું તે; ઓવારણાં; મીઠી નજરના ઓવારણાં.
૧. મીઠાં કરવાં = ઓવારણાં લેવાં, દુખડા લેવાં. ઓઓમાં માન આપવાની એક રીત છે.
૨. મીઠાં હાથનાં = બહારથી હેત બતાવવું પણ અંદરથી કુચેષ્ટા કરવી
૨. ન. બ વ વહાલનાં આલિંગન; ભેટ; હેતમાં દેવાં લેવાં સહજ આપવું તે.
૩. વિ. મીઠું

મીઠડી (મીઠડી) ૧. સ્ત્રી. (હિંદી) એક જાતની મીઠાઈ.
૨. સ્ત્રી. છાબ; ઝિઙ્ગો.
૩. સ્ત્રી. જોસનું એક નામ; મીઠ.

મીઠડું (મીઠડું) ૧. ન. ઓવારણાં; દુખણાં
૨. ન. મીઠો શબ્દ; વહાલ કે હેતનો બોલ; મધુર ભાષણ
૩. ન. વહાલનું ચુંબન કે આલિંગન.
૪. વિ. ભલું, સારું.
૫. વિ. મીઠું; વહાલું લાગે એવું; મધુર; પ્રિય; લલિત; મિષ્ટ
૬ વિ. મીઠું મીઠું બોલી ખુશ કરે એવું.
૭. વિ. સ્વાદિષ્ટ.

મીઠળાં જુઓ મીઠડાં

મીઠપ સ્ત્રી. મીઠાશ; મીઠાપણું; સ્વાદ; રસપણું.

મીઠબંદર ન. દરિયા કિનારાનો મીઠું પાકતું હોય તે ભાગ; મીઠું પકવાતું હોય તે બંદર.

મીઠલું વિ. મીઠું; મધુર.

મીઠાઈ ૧ સ્ત્રી. ખુશાલીમાં આવતો કોઈ પણ રસપદાર્થવાળો પદાર્થ
૨. [મિષ્ટ (મીઠું) + આઈ (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ખાંડ પાયેલી કોઈપણ વસ્તુ; ગળ્યું ભોજન; મિષ્ટાન્ન; મીઠાશવાળો ખોરાક; સુખડી; સ્વાદિષ્ટ વસ્તુ; ખાદીમ; ગળી વાની; સુખડિયાને ત્યાં વેચાતી કે એવી કોઈ પણ ગળી વાની.
૩ સ્ત્રી દૂધ-સાકર-ખાંડનો ગળ્યો ખાવાનો પદાર્થ; ગળપણવાળો દૂધ કે તેના આવામાંથી બનાવેલો પદાર્થ; બરફી પેંડા વગેરે.
૪. સ્ત્રી મીઠાશ; મધુરતા

મીઠાઈવાળો [મીઠાઈ + વાળો (ધરાવનાર)] પું મીઠાઈ વેચનારો પુરુષ. મીઠાઈની દુકાન ચલાવનાર માણસ; સુખડિયો, મીઠાઈ બનાવનાર કારીગર; હલવાઈ.

મીઠા ઉંદરજવ ૧. પું. ઉંદરજવની એક જાત; કુષ્ણકૂટજ. ઘરસના દરદમાં તે વપરાય છે.
૨. પું એક વનસ્પતિ. તેને દુધલો કહે છે. તેમાં ધોળાં સુગંધિત ફૂલ થાય છે.

મીઠાકંદ (મીઠાકંદ) ૧. પું. એ નામનો જોડ; દધિફળ. તે દિવસ દરેક ઋતુમાં થાય છે. દરેક ઘરમાં તે આસ બાબતનું ઔષધ છે.
૨. પું. રાતું બેળું; રાતું બોપલું; કુષ્ઠઘ્ન.

મીઠાકંદ જુઓ મીઠાકંદ.

મીઠાકાંદુ પું. સીતાફળ.

મીઠાગર ૧. [મ.] પું. મીઠાનો અગર.
૨. પું મીઠું બનાવનાર માણસ.
૩. પું; ન. મીઠાની બનાવટનું સ્થાન.

મીઠાગરી [મ.] સ્ત્રી મીઠું પકવનાર; અગરિયો.

મીઠાચટું ૧. વિ. જમતાં મીઠાબાઈ કરનારું; ખાતાં સ્વાદની બાબતમાં ચીકણાઈ કરનાર.
૨ વિ. જેને મીઠું મીઠું આવે એવું; ગળી વસ્તુઓ ખાનારું; મીઠું ખાવાનું ઝોખીનું; ગળ્યું ખાવાની ટેવ જેને પડી હોય એવું; ગળપણ ખાવાની ટેવવાળું

મીઠાજ ૧. ન. ગળપણ; ગળ્યો સ્વાદ.
૨. ન. ગોળ ખાંડ જેવી ગળી વસ્તુ.

મીઠાજી ૧. સ્ત્રી. એ નામની બોબાની એક બટક.
૨. ન. એ નામની બટકનું માણસ.
૩. વિ. એ નામની બટકનું.

મીઠાતેલિયા ૧. પું. બહુ જ અસર કરે તેવું વનસ્પતિનું ઝેર
૨. [હિ.] પું. વત્સનાભ; કુષ્ઠિવાવિષ.

મીઠાની રાજ સ્ત્રી. ખર કે બાજવાનો લોટ પાણીમાં ગાળી તેમાં પુષ્કળ મીઠું નાખી કરેલ પ્રવાહી.

મીઠાનો તેજાબ સ્ત્રી. એક જાતનો તેજાબ; આર્દ્રહરિતક્ષાર; ' હાઈડ્રોક્લોરિક ઍસિડ '.

મીઠાબોલું ૧. વિ. મધુરભાષી; વહાલું તેમ જ સારું લાગે તેવું બોલનાર; પ્રિય ભાષણ કરનાર; મીઠું બોલનાર; મિષ્ટભાષી.
૧. મીઠાબોલા હોઠ અને કડવાબોલી મા = મોઢા ઉપર કહે તે મિત્ર
૨ મીઠું બોલ્યે શું રંધાય = વાત પકવાનથી ભૂખ ન ભાંગે; મીઠા શબ્દોથી કંઈ પેટ ભરાતું નથી. વાતથી વડાં થાય નહિ
૨. વિ મનમાં કપટ રાખીને ઉપરથી મીઠી વાતો કરનાર.
૩. વિ. મીઠું–પસંદ પડે તેવું બોલનાર. માત્ર જણાવરને અથવા અરેબરા વિશેષમાં વપરાય છે.
મીઠરા ખારા દેશ, મીઠાબોલાં માનવી,
વળતાં વિશ્વાસે લેશ, બોરી કર મા મીઠરા.
અંબરચંદ મેઘાણી

મીઠા વગરનું વિ. નમાલું; માલ વિનાનું; બાવલું; બીબલું; નામદ

મીઠાવેરો પું. મીઠા ઉપર લેવાનો કર.

મીઠાશ ૧. સ્ત્રી. આનંદ ઉત્પન્ન કરે એવો રસારસ્વાદ; મધુરતા; માધુર્ય; પ્રિય ભાગવાપણું.
૨. [મીઠું + આશ (ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ગળપણ; ગળપાપણું.
૩. સ્ત્રી. ગળી વાની.
૪. સ્ત્રી. પ્રસન્નતા.
૫. સ્ત્રી ઝલાઈ
૬ સ્ત્રી સારા શબ્દ
૭. સ્ત્રી. સ્વાદિષ્ટતા; મીઠાપણું.

મીઠી ૧. સ્ત્રી. નિદ્રા.
૨. સ્ત્રી. વહાલથી છાતી સાથે ચાંપવું તે; રનેહાલિંગન; કોટી કરવી તે; હૈયા સરસું ચાંપવું તે; ભેટ
મીઠી મારવી = (૧) કોટી કરવી; હૈયા સરસું ચાંપવું. (૨) કોઠેકોઠાની ચૂમી કરવી.
૩. સ્ત્રી. વહાલની ચૂમી; બોકી; બચ્ચી; કોઠેકોઠાની બોકી; ચુંબન; બાવડચુંબન.
મીઠી લેવી = બચી કરવી. જુઓ મીઠીમારવી.
૪. વિ સ્ત્રી. કૂણી; પ્રેમભરી.
૫. વિ સ્ત્રી. ગળી; સ્વાદિષ્ટ.
૬. વિ.સ્ત્રી. વહાલી. પ્યારી
૧. મીઠી છબ = મીઠું મીઠું, મધુર મધુર બોલનારી છબ; ખુશામદ કરી મનરંજન કરે એવી મધુર ભાષણ કરનારી છબ.
૨. મીઠી છબ રાખવામાં કાંઈ જતું નથી = માયાળુ શબ્દો ગુસ્સાને ઠંડો પાડે છે. નમતા કોઈને ઈજા કરતી નથી; માયાળુ શબ્દો કામની હોવા છતાં તેની કીમત આપવી પડતી નથી.
૩. મીઠી મારે = ધીમે ધીમે મારવું તે.
૪. મીઠી વાત = સારા શબ્દો.

મીઠીઆર ૧. વિ મીઠ રાખનાર; સ્વાદ આપનાર.

૨. વિ સ્ત્રી. એક વાર વિયાણ લાયકી બીજી વાર વિયાણ સાં સુધી દોહવા દે તેવી ગાય કે ભેંસ માટે વપરાય છે.

મીઠી આંબલી સ્ત્રી. આંબલીની બે માલેની એક જાત. મીઠી આંબલી નાની થાય છે પણ પાન બંનેનાં સરખાં થાય છે. મીઠી આંબલીના કચ્ચા ટુકા અને કાળા રંગના થાય છે.

મીઠી ખરખોડી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં હરચૂદોડી, ડોડી, વિષમુષ્ટિ, ડોડિકા, સમુષ્ટિકા, છુવંની, છુવની, છુવા, છુવનિયા, મધુસ્રવા, ગાકશ્રેણી અને પ્રસ્થિની એવાં બીજાં પણ નામ છે.

મીઠી ગાર સ્ત્રી. લગ્ન વગેરે મંગલોત્સવ વખતે ઘરમાં કરવામાં આવતું માટીનું લીંપણ

મીઠી જાળ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે હિમાલય પર્વત પર ઊગે છે. તેનાં ફૂલ પીળાશ પડતાં લાલ કે ભોળાં હોય છે. તેનાં પાન સાબુ ઉપર ઘસાય છે

૨. સ્ત્રી. પીલુની એક જાત, એ નામની પીલુ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; 'સાલ્વેડોરા ઓલિઓઈડીસ'. તેનાં પાકડાં સાકડાં અને લાંબાં હોય છે. મીઠી જાળમાં પણ એક રાતાં ફળવાળી ને બીજી ભોળાં ફળવાળી એમ બે જાત છે

મીઠી તુંબડી સ્ત્રી. એક જાતની ઔષધિ; તુંબી; અલાબુ.

મીઠી પેશાબ ૧. સ્ત્રી. એક જાતનો દવામાં ઉપયોગી છોડ

મુઇનસાઈ સ્ત્રી. દત્તક તરીકે અપાયેલી ગરીબ કુટુંબની કન્યા. દક્ષિણ ચીનના ગરીબ કુટુંબમાં એક એવો રિવાજ પડી ગયો છે કે, સધન કુટુંબો ગરીબ કુટુંબને પૈસા આપે અને ગરીબ કુટુંબની કન્યાને એ પૈસાના બદલામાં પોતાને ત્યાં દત્તક રાખે. ગરીબ કુટુંબની એની છોકરીને બરાબર ખાવાની, કપડાં આપવાની અને સારી રીતે રાખવાની ફરજ દત્તક લેનાર સધન કુટુંબની ગણાય. છોકરી ઉંમર લાયક થાય એટલે તેને પરણાવી દેવામા પણ આવે છે. આના બદલામાં તે બાળકોને મફતમ કરવું પડે છે, છતાં પરિસ્થિતિ નોકરડી કરતાં ઊંચી રહે છે. કુટુંબનાં માણસો સાથે બેસીને તે જમી શકે અને તેની ગણના ઘરનોકર અને કુટુંબના માણસ વચ્ચેની સહજ વધારે માનપાત્ર ગણાય છે. એનાં માબાપ વખતોવખત આવી તેને મળી જઈ શકે છે.

મુઇનઅલદીન પું એ નામના એક મહાન સત. ચિસ્તિયા સૂફી પથને સૌથી પહેલાં હિંદમાં લાવનાર એ હતા. તેમનો જન્મ ઈ સ ૧૧૪૨માં સીસ્તાનમાં થયો હતો. સને ૧૧૯૬માં તેઓ દિલ્હી આવ્યા. ત્યાંથી તેઓ અજમેર જારી ત્યા વસ્યા. ઈ સ. ૧૨૩૬માં તેમણે દેહત્યાગ કર્યો. હિંદી મુસ્લીમો તેમને દિલના પીરોના શહેનશાહ અજમેર બાદશાહ માને છે. તેઓ અધ્યાત્મને મુકામે હિંદ એટલે દિલના સર્વ કહેવાય છે. તેમની દરગાહ આજની હિંદુ મુસલમાન યાત્રાળુઓની ભીડ જામેલી રહે છે. મહાન અકબર દિલ્હીથી પગે આવી અહીં સુધી યાત્રાએ આવતો. અહીં હિંદુ મંદિરોની માફક દરગાહના નોબતખાનમાં પહોર પહોર નોબત વાગે છે. ત્યાં નીર્દેસ્થાનમાં એક જાતના બાદાઓ પણ આવે છે તેઓ પોતાની જાતને કુરેશના બાદાઓ ઓળખાવે છે.

મુકટ [સ. મકુટ] પું. મુગટ; તાજ.

મુકટેશ્વરી સ્ત્રી. એક દેવીનું નામ.

મુકટો [સં મુક્ત] પું. મુગટો; નાહીને પહેરવાનું ઊનનું લૂગડું; આછી કોરનું રેશમી વસ્ત્ર; ખભોટમાં પહેરવાનું એક રેશમી વસ્ત્ર.

મુકદ્દમ (મકદ્દમ) ૧ પું. ગામડાનો મુખી

૨ પું. મુકાદમ, નાયક; જમાદાર; અગ્રેસર.

૩. [અ. કદમ (તે બોજને વહનો)] પું. બોજને વહનાર મજૂરોનો મુકાદમ; મુખી; નેતા.

૪ પું સિપાઈઓ, મજૂરો અને કારીગરો વગેરેનો ઉપરી

૫. વિ ઉપરી; મુખ્ય.

૬. વિ. સર્વ શ્રેષ્ઠ.

મુકદ્દમા (મુકદ્દમા) ૧. [અ.] પું. ઓળખાણ

૨ પું કામકાજ; 'પ્રોસીડિંગ્સ'.

૩ પુ. દાવો. 'કેસ'

૪ પું. પૂર્વ ભૂમિકા.

૫ પુ પ્રસ્તાવના

૬ પું. બાબતનું દિગ્દર્શન

૭. પું. મુદ્દાની બાબત.

મુકદ્દમી ૧. સ્ત્રી. મુકદ્દમની પદવી કે હક.

૨. સ્ત્રી. મુકાદમી; મુખીપણું; અગ્રેસરપણું, આગેવાની

૩. સ્ત્રી. મુખીપણાનું હકદારપણ

૪. (મુકદ્દમી) [અ.] એ મુકદ્દમ સંબંધી.

મુકદ્દમેબાજ [હિ] વિ. કજાખોર; ટંટાખોર; કજિયાખોર, મુકદ્દમો લડનાર.

મુકદ્દમો જુઓ મુકદ્દમા

મુકદ્દર (મકદ્દર) ૧. [અ. કદર (તેણે ગોઠવ્યું)] ન. નસીબ; ભાગ્ય. પ્ર ૨૦૫.

૧. મુકદ્દર આજમાવવું = ભાગ્યની પરીક્ષા કરવી.

૨. મુકદ્દર ચમકવું = ભાગ્યોદય થવો.

૨ વિ. અભાગ્યહીન.

૩ વિ. ભાગ્યથી નસીબમાં લખેલું.

૪. વિ. કદરદાન.

૫. વિ. વિકાસેલું.

૬. વિ. નાખુશ થયેલું

૭ વિ વિખાતું.

મુકનો [અ મકનઅ] પું. મુખ પર નાખવાનો પડદો; ઓઢણું ઓઢવું.

મુકબરા (મકબરા) જુઓ મકબરો.

મુકબરો ૧ [અ. કબર (તેણે દાટ્યું)] પું. કબર; મકબરો.

૨. પું. સમાધિ મંદિર.

મુકમ્મલ ૧. [અ. કમલ (તે પૂર્ણ હતો)] વિ પૂરેપૂરું; સંપૂર્ણ

૨. વિ. પ્રવીણ.

મુકમ્મલ આઝાદી સ્ત્રી. પૂર્ણ સ્વાતંત્ર્ય.

મુકમ્મિલ જુઓ મુકમ્મલ.

મુકર વિ. રજાકારનાર; કબૂલ કરનાર.

મુકરજી પું. એ નામના એક દેશભક્ત; આશુતોષ મુકરજી. સને ૧૮૬૪માં તેનો જન્મ થયો હતો. તે મોટા ગણિતજ્ઞાઓ, ગણિતજ્ઞાઓ અને વિજ્ઞાનજ્ઞાઓ હતા. શિક્ષણક્ષેત્રમાં પણ એ મહાન ગણાય છે. કલકત્તાની વિદ્યાપીઠના એ મુખ્ય વાઇસ ચેન્સલર હતા. એમની મુખ્ય તો એ વિદ્યાપીઠને વિજ્ઞાનું મુખ્ય ધામ બનાવવાની હતી. તેઓ રહેણીકરણીમાં સાદા અને નિરાડંબરી હતા. તેઓ ધોતું અંગરખું અને બોનિયું માત્ર પહેરતા. વરિષ્ઠ અદાલતના ન્યાયાધીશ બનવા છતાં વિદ્યાર્થી અને સાહિત્યની સેવાને તેઓ વળગી રહ્યા. એમનો બોડકો ઓરડો જાણે અભ્યાસખંડ હોય એમ લાગતું. તેમાં ચારે બાજુ વિજ્ઞાન, સાહિત્ય, સાહિત્ય, ધર્મ એમ અનેક વિષય પરનાં પુસ્તકો જ જ્યાં રહેતાં. તેઓ એક નીડર સમાજ સુધારક હતા. સુધારાને વેગ આપવા પોતે પોતાની પુત્રીનું પુનર્લગ્ન કરાવી મુસ્લિ કુટુંબમા લગ્નસંબંધ બાંધ્યો. દેશમાં વિદ્યા વધે એ માટે એમણે અથાગ મહેનત સેવી હતી. સને ૧૯૨૪માં તેઓ અવસાન પામ્યા.

મુકરદ્દમ જુઓ મુકદ્દમ.

મુકરદ્દમી જુઓ મુકદ્દમી.

મુકરદ્દમો જુઓ મુકદ્દમા.

મુકરબો જુઓ મકબરો.

મુકરમ [અ. મુકરરમ (આભર વધારનાર)] વિ. માન આપનાર; શ્રેષ્ઠ.

મુકરર ૧. [અ. મુકર્રર] વિ. નિયમિત, નક્કી કરેલું. [નક્કિત; નિર્માણ; સ્થાપિત; નિર્ણીત; ઠેરવેલું, નિયત કરેલું; ખાતરીવાળું.
૨ અ. ચોક્કસ; જરૂર; નક્કી; ખરેખર; ખાતરીથી; ખચીત.
મુકરર કરવું = (૧) નક્કી કરવું. (૨) નીમવું; ઠેરવવું.

મુકરવું ૧. અ.ક્રિ. ના પાડવી; ફરી જવું, કહીને ફરી જવું; ઇનકાર કરીને ના કહેવા; ના કબુલ જવું; અસ્વીકાર કરવો, નામુકર થવું
મુકરી જવું = ના પાડવી; કહીને ફરી જવું; કહ્યું ન જવું; નામુકર જવું
૨. અ.ક્રિ. મુક્ત થવું; છૂટવું.

મુકરી [હિં] સ્ત્રી. એક પ્રકારની કવિતા. તેમાં ત્રણ ચરણનો અર્થ બેઉ ત્રણ ચરણથી મુકરી જાય છે. તેમાં પહેલાં ત્રણ ચરણનો અર્થ દ્વિઅર્થી હોય છે. તેમાંથી પ્રત્યુત્તરે જે પદાર્થનો આકાર નીકળે છે, તેનો બીજા ચરણમાં બીજા કોઈ પદાર્થનું નામ લઈને ઇનકાર કરવામા આવે છે. વ્રજ ભાષામાં તે ઘણી પ્રચલિત પ્રકાર છે.

મુકર્રર જુઓ મુકરર

મુકલ્લ ૧. ન. એ નામનો એક છોડ; કોદરા; ગ્રામપાલમ; લાલ ઉંદરાયણ. તેનું ફળ નારંગી જેવડું અને લાલ હોય છે. તેને બીજાં મસાલાઓ સાથે ખાવામાં ઉપયોગ કરે છે. પશ્ચિમઘાટમા તે પુષ્કળ થાય છે.
૨. [હિં.] ન. મુગળ.

મુકંદ ૧. ન. એક જાતનું અનાજ; સાઠી ધાન્ય.
૨. ન. કુંભણી.

મુકંદક જુઓ મુકંદ.

મુકાઅ ૧. ન. માલ છોડાવતી વખતે આજમુદલમાંથી આઠ કરાની નાનીસૂની રકમ; સેલ્લામાં છોડી દેવાતી અમુક રકમ; છૂટ આપી મજરે લેવું તે.
૨ ન. મૂકવું તે; જતું કરવું તે.

મુકાતી ૧. પું. રૂપિયા વગેરે પારખવાનું કામ કરનાર માણસ
૨. સ્ત્રી. વાણિયાની એ નામની એક જાત
૩. ન એ નામની જાતનું માણસ.
૪. વિ એ નામની જાતનું.

મુકાદમ ૧. [અ. મુકદ્દમ (આગળ મનાર)] પું. આગેવાન; મુખી; જમાદાર; નાયક; ગલજર; મુખ્ય આદમી; અગ્રેસર, સરદાર, મજૂર, કારીગર, શિપાઈ વગેરેના નાયક માટે વપરાય છે.
૨. પું ઠારોગો
૩. પું. બંદર કે સ્ટેશનનો મારફતિયો
૪ પું. મજૂરો પાસેથી કામ લેનાર માણસ; મજૂરોનો ઉપરી
૫. પું. રેલવે, સ્ટીમર કે બજારમાં માલ ચઢાવવા ઊતરવાનું કામ કરનાર માણસ.

મુકાદમી ૧. સ્ત્રી. અગ્રેસરપણું; મુખીપણું; સરદારી; ઉપરીપણું
૨. સ્ત્રી. મારફત
૩. સ્ત્રી મુકદ્દમ તરીકેનું કામકાજ.
૪. સ્ત્રી મકાદમની કચેરી
૫ સ્ત્રી મુકાદમની સ્ત્રી
૬ સ્ત્રી સત્તા
૭ વિ અધિકાર ભોગવે એવું.

મુકાદ્દમ જુઓ મુકાદમ.

મુકાબલ (મુકાબલ) ૧ [અ. મુકાબિલ (કરીને)] સ્ત્રી મુકાબલો; સરખામણી. મેળવણી; બરાબર અને નકલ બંને જોડે તપાસવાં તે
મુકાબલ કી = મેળવણી કર્યા બરાબર ખાત્રી.
૨. વિ. મેળવેલું; બરાબર સાથે સરખાવેલું. મુકાબલો કરેલું; મુકાબલામાં આવતું; સામસામુ જોઈ તપાસેલું, મેળવી જોયેલું.

મુકાબલત ૧. [અ.] સ્ત્રી. સરખામણી.
૨. સ્ત્રી. હરીફાઈ.

મુકાબલો ૧. [અ. મુકાબલત] પું. બીજી ચીજની સરખામણી.
૨ પું. કોઈની સાથે બરોબરી કરવી તે; સરખા કે સામોવડિયા થવું તે.
૩ પું. જોટો; જોડ
૪. પું. દૃષ્ટાંત; દાખલો; ઉપમા
૫ પું. બે ચીજ જોડાજોડ મૂકી તેમાંથી કઈ ચીજ સરસ નરસ છે તેની તુલના કરવી તે; સરખામણી
૬ પું. રમ્યુમાત; બરાબર પ્રમાણ નાપ છે કે નહિ એ જોવું તે.
૭. પું. સરસાઈ, હરીફાઈ
૮. [અ] પું. સામનાની ભેટ; સામે જવું તે; સામનો કરવો તે
મુકાબલો કરવો = (૧) સામસામુ આવી જવું. (૨) હરીફાઈ કરવી.
૯ વિ. સરસાઈ કરનાર.

મુકાબિલ ૧. [અ.] વિ. મુકાબલામાં આવતું
૨. જુઓ મુકાબલો.

મુકાબિલા જુઓ મુકાબલો.

મુકામ ૧. [અ.] પુ ઉતારો; પડાવ; જાવણી; તળ દર્શ રહેવું તે; 'કેમ્પ'.
૧. મુકામ ઉઠાવવો-ઊપાડવો = બીજી જગ્યાએ જવા માટે પડાવની જગ્યા હોય તે ખાલી કરવી; એક જગ્યા છોડી બીજે જવું.
૨. મુકામ કરવો-નાખવો = પડાવ નાખવો; રોકાવું; ઉતારો કરવો; ઊતરવું.
૨. પું. કબરસ્તાન.
૩. પું. જ્યાં રહેવાનું થતું હોય તે શહેર કે ગામ. કામગ શહેરમા વપરાય છે
૪. પું. ઘોડા દહાડાને સારુ રહેવાનું હોય તે ઘર; ઊતરવાનું ઠેકાણું; વિશ્રામ.
૫. પું. મેલાપ. સેલ્લામાંથી છોડી દેવું તે.
૬. પું હમેશ રહેવા કે બેસવા ઊઠવાની જગ્યા.

મુકામી ૧ વિ. કાયમ
૨. વિ. રહેવાસી
૩. [અ. મુકામ] વિ સ્થાનિક.
૧. મુકામી અંજમન = સ્થાનિક પંચ.
૨. મુકામી આફત = સ્થાનિક આવદો.
૩. મુકામી જમાત = સ્થાનિક સંસ્થા.
૪ મુકામી મકેસલ = સ્થાનિક કર

મુકાય ન. મુકાણ; સેલ્લામાંથી છોડી દેવું તે.

મુકાવવું ૧. અ.ક્રિ. ટોચની ખરાબ આદત છોડાવવી.
૨ સ ક્રિ. પાયણ છોડાવવું.
૩. સ.ક્રિ. મેલાવવું; છૂટું પડાવવું; મૂકે તેમ કરવું

મુકાવું ૧. અ. ક્રિ. ઓગળવું; નરમ થવું.
૨. અ ક્રિ. મુક્ત થવું; છૂટું થવું.

મુકુ ૧. પું. ઉત્તરાર્ધ; લાભ.
૨. પું. મૂકવું તે; છોડવું તે.
૩ [સં.] પું. મોક્ષ; છુટકારો.

મુકુટ ૧. પું (પુરાણ) એ નામનો એક દેશ.
૨. [સં] પું કલગી.
૩ પું. ટોચ; અગ્રભાગ.
૪ પું રેવોને માથે પહેરાવવામાં આવતો મુગટ. મુકુટ ત્રણ જાતના હોય છે: (૧) કિરીટ મુકુટ, (૨) કરંડ મુકુટ અને (૩) જટા મુકુટ. કિરીટ મુકુટ દેવોમાં વિષ્ણુને માથે અને રાજાઓમાં મહાવીરને જ માથે હોય છે. કિરીટ મુકુટનો ઘાટ વેણુપર્ણ એટલે વાંસનાં પાનને મળતો કે ઉંડાના ઘાટનો, કમળના દોડાના ઘાટનો, છત્રી જેવો કે કાચબાના આકારનો હોવો જોઇએ. કિરીટના બીજા ભાગો પૂરિતતંત, ચક્રપટ્ટા, ત્રિસેદિકા, ત્રિવેત્રક, પદ્મ, કમળ, શિખામણ્ય આદિ હોય છે. પૂરિત જડેલું રત્ન તે મગરથી પકડેલું હોય અને તેની આસપાસ હીરા તથા વેલબુટ્ટો હોય પદ્મબંધ કે જે કપાળ પર આખા માથાને ફરતો આવે છે તેમાં બરોબર ઝબર

પર એક ઊંચુ નગ હોય છે. કિરીટ મુકુટમાં કાન ઉપર મોતીના તોરા લટકાવેલા હોય છે. તેને કર્ણપુષ્પ પણ કહે છે. કરંડ મુકુટનો ઘાટ કરંડ ઘાટનાં વાસણને મળતો હોય છે. તેમાં ઉપરાઉપરી નાના મોટા વાટકા ગોઠવ્યા જેવો આકાર થાય છે. એ સિવાય તેમાં પૂરિત પદ્મપત્ર વગેરે હોય. ગૂથેલ અથવા વળ આપેલ વાળના જૂથની બે ત્રણ જટાને ગૂચળાવી ઊંચી ટોપી જેવો ઘાટ થાય તેને જટામુકુટ કહે છે. તેમાં મકરકુંડ બરાબર કપાળની ઉપર રખાય છે. શિવ માટે જટામુકુટ હોય તો તેમાં ધંતૂરાંના ફૂલ, નાગ તથા ગંગાની આકૃતિઓ કોતરી જોવામાં આવે છે.

૫. પું. ભેરુ; ઉપરી; વડીલ; સર્વોપરી હોય એવો પુરુષ

૬. પું. મૌલિ; ચોટલી

૭. પું. રાજા વગેરેના માથાનું સુંદર અને કીમતી વેષ્ટન; શિરોભૂષા; શિરેભૂષણ; મુગટ; મુકુટ; તાજ; કલગીદાર સુંદર ટોપ.

૮. પું. (જ્યોતિષ) સ્વાતિ નક્ષત્રથી છઠ્ઠાને આવેલું ૭ તારાઓનું એક મંડળ. તેનો આકાર ચોડાની બરી જેવો હોવાથી તેને મુકુટ કહે છે. તેનો વચલો તારો મુકુટના કોહિનૂર સમાન દેખાય છે. મુકુટ ભૂપતમંડળ એટલે મુગીસ કે જેમાં સ્વાતિનો પ્રકાશિત તારો આવેલો છે. તેની તથા શૌરી એટલે હરકપુણસની વચ્ચે આવેલ છે.

૯ સ્ત્રી. તુલામાં ગતિ ભરવાના સોળ મહિના એક પ્રકારની ગત. બે હાથના પંજા મેળવી માથે રાખી મુકુટ જેવી કૃતિ કરી નૃત્ય કરવું તે. એ ત્રિભંગી નૃત્યનો એક ભેદ છે. આ ગત ભરવાની બે રીત છે.

૧૦. ન. ભારતવર્ષમાં એક પ્રાચીન તીર્થ.

મુકુટમણિ [સં. મુકુટ + મણિ] પું. મુગટનો મણિ; શિરોમણિ.

મુકુટી ૧. સ્ત્રી. આંગળી મરડવી તે.
૨. સ્ત્રી. ચપટી વગાડવી તે.
૩. [સં. મુકુટિન્] વિ મુગટ ધારણ કર્યો હોય એવું.

મુકુટોદ્ઘાર્પણ [સં.] પું પ્રાચીન કાળમાં રાજાનો મુગટ બનાવવાને રાજ્ય તરફથી લેવામાં આવતો એક પ્રકારનો કર.

મુકુટેશ્વર ૧. પું. એ નામનું એક પ્રાચીન તીર્થ.
૨. પું. એક શિવલિંગ.

મુકુટેશ્વરી સ્ત્રી. એ નામની એક દેવી.
માહોટમાં મુકુટેશ્વરી નામની દેવીનું સ્થાનક છે.
ગામવતી ગાગવત

મુકુલોદ્વાસ પું. (જૈન) ચક્રીય માંહેના એક પ્રકારનો પ્રાસાદ.

મુકુના ૧. [હિં] પું. કાચી વજરનો કકડો.
૨. પું. કાચીકાંત વજરનો કાચી.

મુકુષ ૧. સ્ત્રી. ઘોબીની એ નામની એક ઝટક.
૨. ન. એ નામની ઝટકનું માપુસ.
૩. વિ. એ નામની ઝટકનું.

મુકુર ૧. [સં] પું. દર્પણ; અરીસો; આરસીઃ આમનોઃ આદર્શ

પ્રતિબિંબ આદર્શ અને મુકુર મુકુરમાં હોય,
નેત્રમાંહિ પતિ જોઈને નીરખી લાખી હેત.
પિત્રજીવધુકોષ

૨ પું કુંભારનો ચાક ફેરવવાની લાકડી.
૩ પું કૂવાની કળી
૪. પું. ભોંદી
૫. પું ભોરસલીનું ઝાડ, બકુલ વૃક્ષ
૬. પું મલ્લિકા જાતિ
૭ પું. માલતી જાતિ.
૮ પું. મોગરો કે મોગરાનો વેલો.

મુકુરનિવાસ [સં. મુકુર (અરીસો) + નિવાસ (સ્થાન)] પું. અરીસા જેવું.

મુકુલ ૧. પું. આત્મા.
૨. પું. એક હાથથી બતા ૨૮ માંહેનો એક જાતનો અભિનય.
૩. પું. કળીના આકારની કોઈપણ વસ્તુ.
૪ પું કળીના આકારની હાથની એક મુદ્રા.
૫ પું કોલ; આંખનો ખૂણો.
૬ પું કોલ.
૭ પું. નેપાળો; જન્માષ્ટમીનો.
૮. પું. શરીર; દેહ.
૯ સ્ત્રી. ઈંડાના આકારની આકૃતિ.
૧૦. સ્ત્રી ભૂમિ; પૃથ્વી.
૧૧. [સં.] ન. ફૂલની કૂદતી ખીલતી કળી, નવું પુષ્પ; જરા ખીલેલી કળી; અર્ધ ખીલેલી પુષ્પની કળી
૧૨. ન. આજરમાંનાં બીજનાં ફૂલ.
૧૩. વિ. કાણું

મુકુલિત ૧. [સં] વિ. અડધું ઊઘડેલું અડધું બંધ
૨. વિ. ફૂલેલું; ખીલેલું
૩. વિ કળિયેલું; કળીઓવાળું; માંજર આવી ગયેલ હોય એવું; પુષ્પિત; મહોરાઈ ગયેલું; અધાર ખીલેલી કળીવાળું.

ગો આ જોના જોડ પું પુલકિત બાહુ વિશાલ,
મુલિ સ્વયંવરમાં કર્યો મુકુલિત રાખી રસાલ.
કાન્યસાર

૪. વિ. બંધ થયેલું

મુકુલિતકલિકાવલી પું. (પિંગળ) જગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, નગણ, નગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

મુકુંદ ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સરકૃતિ છંદનો એક ભેદ છે. તેને દુમિલા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ સગણ એમ ચોવીસ અક્ષર હોય છે.
૨. પું. એક જાતના ચોખા.
૩. [સં.] પું કીમતી પથ્થર; રત્ન.
૪. પું. કુબેરના નવ માંહેના એક નિધિનું નામ; એક જાતનો ખજાનો

મહાપદ્મ પદ્મ અને કચ્છપ મકર મુકુંદ,
શંખ મકંદ નીલ વળી નવમો કહીએ કુંદ.
પિંગળપ્રકાશ

૫ પું. કુંદરુ; શીશગુંદર.
૬ પું કમ્બ
૭ પું. મંજારી નામનું વૃક્ષ.
૮. પું પારો.
૯ પું ચોખાન.
૧૦. પું. વિષ્ણુના નવ માંહેનો એક ભંડાર.
૧૧. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૧૨. પું. (પુરાણ) શાકમલિ દ્વીપ માંહેનો એ નામનો એક પર્વત.
૧૩. પું. સફેદ કબેર.
૧૪. પું. સોળમા કે સત્તરમા સૈકામાં થઈ ગયેલ એક કવિ
૧૫ ન. (સંગીત) એક જાતનું વાદ્ય; મૃદંગનો એક પ્રકાર.
૧૬. ન. એક જાતનું ઝાડ.
૧૭. ન. દિવ્ય વસ્ત્રવિશેષ.

મુકુંદતાલ પું. એક ચતુરસ્રજાતિ બીજ માત્રાનો તાલ. જેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૯, ૧૧ સમ અને ૧૩ માત્રા ઉપર છે. કોષ્ટકોના બોલઃ–ધા ૧ ૨ ૩ ૪ ૫ ૬
ધિકતક ધિટ ધાધિટ ધધિટ ધાધિટ ધાધિટ ધા ધિકતક ધિટ તા તત્રિત્ર તિટ.

મુકુંદરામ પું. સત્તરમી સદીમાં થઈ ગયેલ એ નામનો એક પ્રખ્યાત કવિ. તેને કવિ કંકણનું ઉપનામ આપવામાં આવ્યું હતું. આ કવિ અંબીનો ઉપાસક હતો અને તેથી તેનાં કાવ્યો તે ઉપાસનાના સંબંધમાં લખાયેલાં છે. પારધી કાલકેતુ અને તેની કુલવરાવાળું કાવ્ય બંગાળીમાં બનેલું છે. મુકુંદરામની મોટામાં મોટી ખૂબી તેનું રમૂજીપણું અને વિનોદ છે.

મુકુંદાનંદ પું. સ્વામિનારાયણ સંપ્રદાયના એ નામના એક મુખ્ય બ્રહ્મચારી; સંપ્રદાયમાં તેને મૂળજી બ્રહ્મચારી કહે છે.

મુક્તખારા

મુકે સ. (હ્રસ્વી) મને.

મુક્ત ૧. વિ. મુક્તાત્મા; સિદ્ધ ભગવાન.
૨. [સં. મુક્ત] વિ. મુકાયેલ; છૂટી ગયેલ.

મુક્તર ૧. વિ. ઠરાવેલું
૨. અ. નક્કી કરેલ ઠામે; અમુક સ્થળે
૩. [અ. મુકર્રર (નક્કી કરેલ)] અ. મુકરર; નક્કી, જરૂર; અચીત; ખરેખર.

મુક્તરર જુઓ મુકર.

મુક્કા ૧ [સં. મુષ્ટિકા] પું. મૂઠીથી મારેલો ફટકો; ગડદો; ઘુસતો, મુષ્ટિપ્રહાર; ધબ્બો
૨. [હિ.] સ્ત્રી. મુક્કી, મૂઠી.
૩ સ્ત્રી. હાજર; મર્યાદ.
જોપી મુક્કા લે ૨ બુક્કા કાવ્યરામાયણ
૪. વિ. મૂગું

મુક્કાટવું જુઓ મુક્કે મુક્કે મારવું.

મુક્કાબાજ પું. મુક્કાબાજી કરનાર માણસ

મુક્કાબાજી સ્ત્રી. મુક્કા મારીને લડવું તે; મુક્કાથી કુસ્તી કરવી તે; સામસામી મૂઠીઓ મારી લડવું તે.

મુક્કામુક્કી સ્ત્રી. ઠોંસાઠોંસી; ઠોંસાબાજી; મુક્કે મુક્કે પ્રહાર કરી થાકે તેવું યુદ્ધ

મુક્કી ૧. [સં.] સ્ત્રી મૂઠી.
૨ સ્ત્રી મૂઠીઓ વાળીને ઠોકેલા શરીરને ચાંપવું તે. તથી શરીરની ઢિલિયતા દૂર થાય છે
૩. સ્ત્રી. હાથનાં આંગળાની મૂઠી વાળી જોરથી મારવું તે; મૂઠીનો માર; મુક્કો; ઠોંસો; મૂઠીનો ઘા; ઘૂસતો.
મુક્કી ઠોકવી-મારવી-લગાવવી = ઠોંસો મારવો.

મુક્કેબાજી જુઓ મુક્કાબાજી.

મુક્કૈશ ૧. [હિ.] પું. સોનેરી કે રૂપેરી તારનું કપડું; તારવાળું જરકસદાર.
૨. પું. સોનેરી કે રૂપેરી તારનું કપડું; તારવાળું જરકસદાર.

મુક્કૈશી ૧. [હિ.] વિ. જરીનું બનેલું
૨. વિ. ભાતવાનું બનેલું

મુક્કો પું. જબરી મુક્કી; ગડદો; ઠોંસો, ઘૂસતો; આઘાત; હાથની મૂઠી, મુક્કો; મુક્કોપ્રહાર.

મુક્ખ ૧. પું. (જૈન) નવ માહેનું છેલ્લું તત્ત્વ.
૨. [પ્રા.] પું. મોક્ષ.

મુક્ત ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨ પું. (જૈન) જીવના બે ભાદેનો એક પ્રકાર.
૩ પું. ધનુર્વેદમાં વર્ણવેલ ઝાપુધના ઉપયોગનો એક પ્રકાર
૪ [સં મુચ્ (છોડવું)] પું. (જૈન) પરમેશ્વર; પરમાત્મા; સિદ્ધ ભગવાન. તે સર્વદા અશુદ્ધિઓથી અલગ હોય છે અને સર્વ મુમુક્ષુઓને ક્લેશથી છોડાવી દે છે
૫ પું. મોક્ષ.
૬. પું. મોતી
૭. પું. સંત; સાધુ.
૮. પું. સંસારના બંધનથી મુક્ત થયેલ આત્મા.
૯ વિ. અબદ્ધ; સ્વતંત્ર, અટક; અમર્યાદ
૧૦. વિ. આનંદિત, ખુશી થયેલ.
૧૧. વિ. આપેલ, દીધેલ
૧૨ વિ. છીનવી લેવાયેલ
૧૩ વિ. છૂટું, મોકળું.
૧૪. વિ. છૂટેલું, બંધન રહિત; સંસારની માયાથી મોક્ષ, થયેલું, પરબ્રહ્મરૂપી સિદ્ધ; અકર્મી; અજર; અમર, પરમાનંદી; પરમસુખી; અક્ષય, અવિનાશી; અધિકારી, નિરંજના; નિરાકાર; નિર્વેર; નિષ્કામી; નિર્મોહી; સંસારના બંધનમાંથી કે માયાપાશમાંથી છૂટેલું; મોક્ષ પામેલું

> આત્મા તો હૃદયથી, સૂક્ષ્મ ધમનિથી અને એકાગ્ર મનથી કર્મ કરીને જાણે એમ પ્રકાશિત હોય એવો દેખાય છે. જે એને જાણે છે તે મુક્ત અર્થાત અમર થઈ જાય છે.
> કઠોપનિષદ

૧૫ વિ. તજી દેવાયેલ; ત્યક્ત; મૂકાયું; છોડેલું.
૧૬ વિ. દેવી અસ્ત્ર સાથે ભાગી થયેલ.
૧૭ વિ. નગ્ન પડેલ.
૧૮ વિ. પોચું કરવામાં આવેલ; નરમ કરાયેલ.
૧૯ વિ. ફેંકાયેલ.
૨૦. વિ. મોક્ષ પામેલું; મુક્તિ પામેલું.
૨૧ વિ. સ્ત્રિયિલ; અપ્રવૃત્ત.

મુક્તક ૧ વ. પૂર્વ અપેક્ષાએ સ્વતંત્ર શ્લોક કે અન્ય પ્રબંધની દૃષ્ટિએ કાવ્યના કરવામાં આવતા બે માહેનો એક ભેદ. મુક્તક એ એવી કાવ્યની છંદોબદ્ધ રચના છે કે, તેમાં એક છંદનો આખ બીજાથી મુક્ત રહે છે. મુક્તકના બે વિભાગ હોય છે: પ્રબંધાત્મક અને પદ્યાત્મક. તેમાં કોઈનું જીવનવૃત્તાંત વર્ણન હોતું નથી અને પ્રાસંગિક કથા પણ હોતી નથી. એક છંદ પોતાનામાં પૂર્ણ હોય છે અને તેમાં કવિના હૃદયની એક જ વૃત્તિ અથવા ઉદ્ગારને અભિવ્યક્તિનું સ્વરૂપ મળે છે આ કારણથી એક જ પદ કે ગીત સ્વતંત્ર રચનાનું અધિકારી બને છે. તે પદ કે ગીતનો વિસ્તાર જેટલો ઓછો થાય તેટલું તે પદ સફળ મનાય છે મુક્તકમાં ભાષાના વિવિધ રૂપોનું દર્શન થતું નથી. એક પદમાં કથાનું એક જ રૂપ મળે છે. મુક્તક મુખ્યત્વે શૃંગાર અને વિનયના જ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. તેમાં કવિના આત્મનિવેદન, એક દૃશ્ય અથવા એક ભાવનું જ વર્ણન મળે છે. મીરાંના પદ, બિહારી, તુલસી, રહીમ વગેરેના પદો મુક્તક કાવ્યના ઉદાહરણ છે આધુનિક સમયમાં છાયાવાદી રચનાઓ અને ગીતોના રૂપમાં મુક્તક કાવ્યનો સુંદર વિકાસ થયો છે. મુક્તકની મુખ્ય ખાસિયત એ છે કે, તેમાં ક્યાં લાં પુનરાવર્તનનું દર્શન થાય છે. એક જ શ્લોકનું કાવ્ય મુક્તક કહેવાય છે, બે શ્લોકનું યુગ્મક, ત્રણનું સંદાનિક, ચારનું કલાપક અને પાંચનું કુલક કહેવાય છે. આવા કાવ્યકારોએ જુદાં નામ પણ આપ્યાં છે. એક શ્લોકનું કાવ્ય મુક્તક, બેનું યુગ્મક, ત્રણનું યુગ્મવતી, ચારનું પ્રકાશક, પાંચનું બાણાવલી અને છનું કરહાટક કહેવાય છે. કેટલાક બે શ્લોકના કાવ્યને સંદાનિક, ત્રણને વિશેષક, ચારને કલાપક અને પાંચને કુલક કહે છે. કેટલાકને મતે ગદ્ય ચાર પ્રકારનું છે. સર્વથા સમાસ રહિત ગદ્ય તે મુક્તક, જેમાં મધ્યે મધ્યે દસેક કોઈ કોઈ પદની છાયાની આવી જાય તે વૃત્તગંધી, દીર્ઘ સમાસયુક્ત ગદ્ય તે ઉત્કલિકાપ્રાય અને અલ્પસમાસયુક્ત ગદ્ય તે ચૂર્ણક છે

૨. વ. પ્રાચીન કાળનું એક જાતનું અસ્ત્ર, તે ફેંકીને મારવામાં આવતું હતું
૩. [સં. મૌક્તિક] ન મોતી.

મુક્તકંઠ ૧. [સ.] વિ. જોરથી કે એકધારું બોલનાર કે ગાનાર.
૨. અ. જોરથી; મોટે અવાજે.

મુક્તકંઠે [સં. મુક્ત + કંઠ (અવાજ)] અ. ખુલ્લે ગળે; મોટે અવાજે; મોટે ને છૂટે મોઢે; સહોષ વદને; ખુલ્લા દિલથી કે છૂટથી; ખુલ્લે અવાજે; ખરા અંતઃકરણથી.

મુક્તકેશી ૧. સ્ત્રી. એ નામની અસુર રાક્ષસી.
૨. સ્ત્રી. દેવી, દુર્ગા
૩ વિ સ્ત્રી. જેના છૂટા વાળ છે તેવી; છૂટા વાળવાળી.

મુક્તજીવ ૧. [સ. મુક્ત + જીવ] પું. કર્મબંધનથી છૂટો થયેલ આત્મા; કર્મરહિત જીવ.
૨. પું. દેહ જતા જ મોક્ષ પામેલ જીવ.

મુક્તતા ૧. સ્ત્રી. છૂટ, રજા.
૨. સ્ત્રી છૂટાપણું, છુટકારો.

મુક્તદ્વાર વ્યાપાર [સ.] પું. અપ્રતિબદ્ધ વ્યાપાર; દેશના ગીનને માટે બિનકુશ ખુલ્લો વ્યાપાર.

મુક્તધારા ૧. પું કવિશ્રી ખબરદારે યોજેલ એક પ્રકારનો નવો છંદ.
૨. પું. રવીંદ્રનાથ ટાગોરનો 'વૉટર ફોલ' નામનો નાટ્ય પ્રયોગ
૩. સ્ત્રી. ધોધ

મુક્તપદ્માસન ન. યોગનું એ નામનું એક આસન; અર્ધપદ્માસન. જમણા પગને ડાબા સાથળ ઉપર અને ડાબા પગને જમણા સાથળ ઉપર રાખવો તથા બંને પાની ઉપર પ્રથમ ડાબો હાથ ચત્તો રાખવો. ચિબુકને હૃદયસમીપ રાખવી. મુદાને ધીરે ધીરે સંકોચી અપાન ઊંચો ચઢાવવો ને જિહ્વાને ઉપરની દાઢોના મૂળના મધ્ય ભાગમાં ઊંચી સ્થાપન કરવી તથા નાસાગ્ર ઉપર દૃષ્ટિ રાખવી તે અર્ધપદ્માસન કિંવા મુક્તપદ્માસન કહેવાય છે પગ અરસપરસ એકબીજા પર ગમે તેમ રાખવાથી પણ આ આસન થઈ શકે છે. આ આસન સર્વ પ્રકારના વ્યાધિઓનું શમન કરનાર તથા ચિત્ત, પ્રાણ ને ઇંદ્રિયોને સ્થિરતાની પ્રાપ્તિ કરનારું છે.

મુક્તપુરુષ [સં] પું જેનો આત્મા મુક્ત થઈ ગયો હોય તેવો પુરુષ; મોક્ષ પામેલ પુરુષ તેને મુક્તાવસ્થાનો અનુભવ થાય એટલે જીવ અને પ્રકૃતિની ભિન્નતાનો ભેદ આપોઆપ જ ઊઠી જાય અને સ્વરૂપ સંસ્થિતિનો અનુભવ સ્વાનુભવી થાય. જ્યારે આ પરમ ઐક્યનો ગૂઢ ભેદ ઊકલ્યો ન હતો, ત્યારે જીવ અને શિવ એ બે જુદાં જણાતાં હતાં; પરંતુ જીવનું પુરેપુરું કલ્યાણ એટલે વેદાંતશાસ્ત્રમાં જેને દેહાભિમાન કહે છે તે દેહાભિમાન શિવમાં વિલય થવાથી રહી જાય છે ત્યારે એ મુનિની અખંડાનો રમરૂપતાનો તેને અખંડ સ્વાનુભવ થાય છે.

મુક્તભૂમિ સ્ત્રી. સિદ્ધક્ષેત્ર; ધર્મના; મોક્ષ પામેલ જીવોનું રહેઠાણ.

મુક્તાકૃષ્ણાસન ન. હસ્ત કૃષ્ણાસનની આકૃતિ અને હાથ ખંજરાની પેઠે ઊભા રાખવા તે.

મુક્ત વ્યાપાર ૧. [સં.] પું. આયાતિત વ્યાપાર; 'ફ્રી ટ્રેડ'.
૨. વિ સંસાર ત્યાગી; સંસારના બધા કર્મોથી મુક્ત.

મુક્તશસ્ત્ર [સં] ન. હાથમાંથી છૂટું ફેંકી શકાય તેવું હથિયાર

મુક્તસંગ ૧. પું. પરિવ્રાજક; સન્યાસી; યતિ
૨. વિ. વિષય ત્યાગેલું; સમગ્રહિત; આસક્તિ રહિત; રાગરહિત.
यज्ञार्थं कर्मं विनानो બંધનરૂપ લોક આ
यज्ञार्थे કર્મ કૌંતેય ! મુક્તસંગ થઈ કર.
ગીતાનુવેચન

મુક્તહરા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંસ્કૃત છંદનો એક ભેદ છે તેને સુખદા છંદ કહે છે તેના દરેક ચરણમાં આઠ જગણ એમ ચોવીસ અક્ષર હોય છે તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

મુક્તહસ્ત ૧. [સં. મુક્ત + હસ્ત (હાથ)]
ન. મનોભાવ; ઉદારતા.
૨. વિ ઉદાર; છૂટે હાથે દાન કરનારું.
૩. વિ નિષ્ણ અંતરાય; મોટા જથ્થામાં.
૪. ન. ઉદારતાથી, છૂટે હાથે.

મુક્તાહસ્તવૃક્ષાસન ન યોગનું ચોરાશી આસનનું એ નામનું એક આસન; વૃક્ષાસન કરી બે હાથ ભૂમિ ઉપર રાખી ઝુકીને ઊંચું તોલી રાખવું તે.

મુક્તહિંદી પું. મિશ્રમિટમુક્ત હિંદી, 'ફ્રી ઇન્ડિયન'. ગાંધીજી લખે છે કે: આ મિશ્રમિટોના પાસ વરસના કરારથી જતા હતા. પાસ વર્ષ રીત્યા બાદ મજૂરી કરવા તેઓ બંધાયેલા ન હતા. પોતાને સ્વતંત્ર મજૂરી અથવા વેપાર કરવો હોય અને નાતાલમાં રહેવા ઇચ્છતા હોય તો તેને તેમ કરવાનો હક હતો આનો ઊપલોક કેટલાક કર્યો અને કેટલાક હિંદુસ્તાન પાછા ફર્યા. જેઓ નાતાલમાં રહી ગયા તેઓ ફ્રી ઇન્ડિયન્સ એ નામે ઓળખાતા. તેમને મિશ્રમિટમુક્ત અથવા ટૂંકમાં મુક્તહિંદી કહેતા.

મુક્તા ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને સુખદા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ જગણ એમ ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે
૨. સ્ત્રી. એ નામની સંત સ્ત્રી; નિવૃત્તિનાથ અને જ્ઞાનદેવના બહેન.
મુક્તાબાઈ નમોં અમરત્વ,
હરિનું નામ ન હૃદય વિસાર્યું રાસરસ
૩. સ્ત્રી અધિકા. કારણ કે, તે બંધન રહિત હોય છે.
૪. સ્ત્રી. મંગળાનાં હજાર માહેનું એક નામ.
૫. સ્ત્રી. મુક્તિ.
૬. [સં.] સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.
૭. ન. ચાંદી જસતનું હાથીના કુંભસ્થળમા પહેરવું જવાહિર.
૮. ન એક જાતનું હથિયાર
૯. ન. મોગ દાબો; મબલકો.
૧૦. ન. છીપમાનાં જાજમ; મોતી; કાળુ માછલીની છીપમાંથી મોકળું થયેલ મોતી.
તસિ મોતી મોતી મુક્તિ જાજમ છીપીસુત નામ,
મુક્તા તોરણ આમથી શોભે સુંદર ધામ.
પિંગળપ્રકાશ
૧૧. ન. નવ માહેનું એક રત્ન
૧૨. [સં. મુત્ર (ભોકવું)] સ્ત્રી. ઝોડી દીધેલી
૧૩. [હિ.] વિ. મબલક; સંખ્યાબંધ.
૧૪. વિ. પૂરતું

મુક્તાકલાપ [સં] પું. મોતીની માળા
મુક્તાકલાપનેપથ્યા [સં] સ્ત્રી. ગંજનાં હજાર માહેનું એક નામ.
મુક્તાગજ [સં] પું જેના ગંડસ્થળમાં મોતી પાકે તેવો હાથી
મુક્તાગાર ૧. [સં] ન. મોતીની છીપ.
૨. ન. મોતીનું ઘર.
મુક્તાગુપ્ત [સં] પું મોતીનો હાર
મુક્તાગુંફે પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સીર્યા. તે ઉષ્ણિકનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ, મગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે
મુક્તાત્મા ૧. [સં.] પું. જીવનમુક્ત; વિદેહી. મુંડકોપનિષદમાં લખેલ છે કે, મુક્તાત્માઓની પંદર કલાઓ પોતપોતાના અનુગ્રાહક દેવોમાં લીન થઈ જાય છે. તેમનાં કર્મ અને વિજ્ઞાનપ્રચુર આત્મા આ બધું તે પરમ અવિનાશી જગતમાં એક થઈ જાય છે.
૨. પું. મુક્ત આત્મા; કર્મરૂપી બંધન રહિત આત્મા
૩ પું. (જૈન) સિદ્ધ ભગવાન
૪ વિ. જેમનો આત્મા મુક્તિ પામ્યો હોય તેનું.
મુક્તાદ ૧. [સં. મુક્તાત્મા] પું. (જરથોસ્તી) મુક્તિ પામેલ પવિત્ર આત્માની યાદ માટેના દિવસો. જરથોસ્તી વર્ષના ઊલ્લા દસ દિવસ; મૃતાત્મા પારસીઓના પિતૃઓને યાદ કરવાના દિવસો
મુક્તાદ ગોડવવાં-માંડવાં = મરી ગયેલના પવિત્ર આત્માને યાદ કરવાની તૈયારી કરવી
૨. ન. વાર્ષિક શ્રાદ્ધ; પારસીઓમાં મુઆ પછી વરસી કરવામાં આવે છે તે.
મુક્તાદ જરદોસ્ત (જરથોસ્તી) ન એ નામનો એક પારસી તહેવાર જે. જે. મોદી લખે છે કે: જરથોસ્તી વર્ષના બારમા મહિના અરદવાદના ૨૬મા દિવસથી ચાલુના પાંચમા દિવસ સુધી એટલે કે છ દિવસ સુધી તે ચાલે છે.
મુક્તાધારા પું (પિંગળ) એ નામનો એક નવો છંદ
મુક્તાનંદ ૧ પું ઈશ્વર.
૨ પું. દુનિયાથી મુક્ત થઈ આનંદ ભોગવનાર માણસ; સાગ્રી પુરુષ
કરતા કરણ પ્રગટ પ્રભુ દેખુ રે,
મન જ્યાં સકળ મન લેખુ રે,
મુક્તાનંદન નાથ બિહારી રે,
ન. ન. જીવનદોરી હમારી રે. સમયસાર

૩. પું. મુક્ત જનનો આનંદ; મોક્ષનો આનંદ; જ્ઞાનની અવસ્થાએ થતો આનંદ.

૪. પું સંસાર બંધનથી છૂટેલા કે મોક્ષ પામેલા એવા પુરુષોનું આનંદનું ઠેકાણું.

૫. પું. સ્વામિનારાયણ સંપ્રદાયના એક સાધુ કવિ. આ કવિનાં કાવ્યોમાં ઊંદકગીતા સંગીત અથવા છે. તેનું રુક્મિણી વિવાહનું કાવ્ય સૌથી વધુ પ્રિય થઈ પડયું છે કે એક પણ લગ્નોત્સવ એવો નહિ જતો હોય કે જ્યાં મુક્તાનંદનું રુક્મિણી વિવાહ ગીતોમાં ગવાયા વિના રહે. તે સહજાનંદના શિષ્ય હતા. ઈ. સ. ૧૭૬૦માં તેમનો જન્મ થયો હતો અને ઈ. સ. ૧૮૫૧માં મહા મુકામે તેઓ અક્ષરધામ સિધાવ્યા.

મુક્તાનંદી જિ. મુક્તાનંદના પક્ષનું.

મુક્તાનાં પરમાગતિ પું. વિષ્ણુનાં ઉત્તર માર્ગનું એક નામ. મુક્ત પુરુષોની તે પરમ એટલે સર્વ શ્રેષ્ઠ ગતિ હોવાથી તે એમ કહેવાય છે.

મુક્તાપુંજ પું. મોતીનો ઢગલો.

વિસાળ દુનિયા બીડી ભૂમે છે સિંધુ બબ્બેજો,
તે સિંધુનાં ઊંડાં નીરે, મુક્તાપુંજ વિરાજતો. નાનાલાલ

મુક્તાપ્રસૂ [સં.] સ્ત્રી. છીપ.

મુક્તાપ્રાસ્તી જિ. મોતી પાનાર; મોતી આનાર.

મુક્તાફલ જુઓ મુક્તાફળ.

મુક્તાફળ ૧. ન. આત્મા.

૨. [સં.] ન. એક જાતનું ફળ.

૩. ન. કપૂર.

૪. ન. જોપદેવે બનાવેલ એ નામનો એક શક્તિપ્રધાન ગ્રંથ.

૫. ન. મોતી; મૌક્તિક.

૬. ન. સીતાફળ.

૭. ન. સુંદર અક્ષર, લિપિ કે લખાણ.

મુક્તાબિંદુ ન. તુંબેરની દાળ જેવું અને જેવડું આખની કીકી ઉપરનું પડળ; મોતિયા બિંદુ. નીલિકા ક્રમ.

મુક્તાભરણવ્રત [સં.] ન. ભાદરવા સુદિ સાતમને દિવસે થતું હરપાર્વતીના પૂજનનું વ્રત.

મુક્તાભસ્મ [સં. મુક્તા + ભસ્મ (રાખ)] સ્ત્રી મોતીની ભસ્મ; એક જાતની ઔષધિ; એક જાતનું મોતીનું બનાવેલ રસાયન. તે મગજની નબળાઈ, ક્ષય, ખાંસી, હૃદયરોગ અને ખોટી ગરમી મટાડનાર છે. તેનાથી આંખનું તેજ અને સ્મરણશક્તિ વધે છે. ફેફસાં, હૃદય અને આંતરડાં બળવાન થાય એમ કહેવાય છે. તે ૧થી ૨ રતીની માત્રામાં મધ, દૂધ કે ઘીમાં લેવાય છે.

મુક્તામણિ ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આ છંદ ચોથો મહાઅવતારી.

૨ પું. એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણની ૨૫ માત્રામાં ૧૩ ઉપર યતિ અને ૩, ૭, ૧૧, ૧૪, ૧૮, ૨૨ માત્રા ઉપર ત.ત આવે છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. સુખદાયક. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ જગણ એમ ચોવીસ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૪. [સં.] પું. મોતી

મુક્તામાતા [સં.] સ્ત્રી. છીપ

મુક્તામુક્તા ૧. [સં.] પું. પ્રત્યેકના એક પ્રકાર, તેમાં આયુષના ઉપયોગ વર્ણવ્યા છે.

૨. ન. લાડવાનાં ચાર સરનોના ચાર આંદેના એક વર્ગ; બાધું આવે એવું રાજ. તેમાં આશા વગેરે આવે છે.

૩. જિ. ભોગવેલું અને નહિ ભોગવેલું.

૪. જિ. મુક્ત અને નહિ મુક્ત.

મુક્તાલય [સં.] પું. (જૈન) સિદ્ધશિલા.

મુક્તાવલિ [સં.] સ્ત્રી. મોતીની માળા; મુક્તાહાર; મોતીનો હાર.

મુક્તાવલી ૧. [સં.] પું. સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક તાલ.

૨. સ્ત્રી. મોતીનો હાર; મોતીની માળા; મુક્તાહાર.

મુક્તાવળિ સ્ત્રી. મોતીનો હાર.

મુક્તાવળી જુઓ મુક્તાવલિ.

મુક્તાવાસ [સં.] પું. છીપ.

મુક્તાશુક્તિમુદ્રા સ્ત્રી. બંને હાથ કમળના ડોડાની માફક પોલા રાખી જોડીને હાજરે બતાવવા તે.

મુક્તાસન ૧. ન. યોગનું એક આસન. ડાબા પગને આડો રાખીને તેની પાની સીવનીમાં એટલે ગુપ્તાંગના મૂળ તથા મુદાના છિદ્રની વચ્ચેના ભાગમાં રાખવી અને જમણા પગની પાની લિંગ ઉપર રાખી, ડોકને નીચે નમાવી, હડપચી હૃદયની સમીપના દેશમાં એટલે હૃદયની ઉપર ઘર આસન ઉપર હથેળી સરસ અને નિશ્ચલ સ્થિતિ વડે ઇંદ્રિયોને વશીભૂત કરીને બેસવું તથા આંખને ઉઘાડી રાખીને દૃષ્ટિને ભ્રમધ્ય ભાગમાં રાખવી અને ડાબા હાથના અંગૂઠા પંજા ઉપર જમણા હાથનો અંગૂઠો પગે રાખવો. તે સિદ્ધ અવસ્થાને આપનારું સિદ્ધાસન કહેવાય છે. ડાબા પગની પાની સીવનીમાં રાખી તે પગની ઉપર જમણા પગની પાની રાખી પૂર્વવત્ બેસવું તે મુક્તાસન. આ આસન શરીરને મુક્તાવસ્થાની પ્રાપ્તિ કરાવનારું છે. તેથી મુક્તાસન કહેવાય છે સીવનીની નીચે ડાબું ગુહ્ય રાખવું અને તેની નીચે જમણું ગુહ્ય મૂકવું અને તેના ઉપર હડપચી બેસવી એ મુક્તાસન કહેવાય છે. સીવનીની નીચે જમણું ગુહ્ય મૂકવું તેની નીચે ડાબા ગુહ્યને જોડવી તે ઉપર બેસવાથી મુક્તાસનનો બીજો પ્રકાર થાય છે. વળી જનનેંદ્રિયથી ઉપર ડાબા ગુહ્યને જોડવી તેના ઉપર જમણા ગુહ્યને મૂકવાથી મુક્તાસનનો ત્રીજો પ્રકાર થાય છે અને પ્રથમ જમણું ગુહ્યને તે સ્થાને મૂકીને તેના ઉપર ડાબા ગુહ્યને મૂકવાથી મુક્તાસનનો ચોથો પ્રકાર થાય છે. કામનો જય કરવામાં આ આસન બહુ ઉપયોગી છે. તેનાથી વીર્યસ્ખલન થતું અટકે છે.

૨. [સં.] જિ. આસન ઉપરથી ઊઠેલ.

મુક્તાસર જો. મોતીની હાર; હારડી.

મુક્તાહરા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિનો એક ભેદ છે. તેને સુખદા છંદ કહે છે. તેના દરેક ચરણમાં આઠ જગણ એમ ચોવીસ અક્ષરનો દોષ છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો હોય છે

મુક્તાહાર [સં.] પું. મોતીનો હાર; મોતીની માળા.

મુક્તિ ૧. [સ.] સ્ત્રી. અભેદબુદ્ધિ.

૨. સ્ત્રી. ખોલવું તે.

૩ સ્ત્રી. ચારની સજા; ગોગડો.

૪ સ્ત્રી બાસઠ મહાદેવી એક માનસતરદેવતા.

૫. સ્ત્રી. છૂટકારો; છુટકારો; મુક્તપણું; સ્વતંત્રપણું, છૂટ.

૬ સ્ત્રી. છોડી દેવું તે; મૂકી દેવું તે; ત્યાગ.

૭. સ્ત્રી. જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો ક્ષય.

૮. સ્ત્રી. દેવું વગેરે ચૂકવવું કે ભરપાઈ કરી દેવું તે.

૯ સ્ત્રી. દેવું તે.

૧૦. સ્ત્રી. બંધથી છુટકારો; બંધનક્ષય-પણું.

મુક્તિ આપવી–છૂટવી = (૧) છુટકારો થવો, (૨) છોડી મૂકવું; છૂટું કરવું.

૧૧. સ્ત્રી ભય.

૧૨. સ્ત્રી. માફી, નિર્ભયત્વ.

૧૩ સ્ત્રી. મોક્ષાપણું.

૧૪. સ્ત્રી. મોક્ષ; દેહ તથા ઇંદ્રિયોથી આત્માનો છુટકારો; આત્યંતિક દુઃખનિવૃત્તિ અને નિત્ય સુખની પ્રાપ્તિ; સંસારબંધનથી રહિતપણું; બ્રહ્મસ્વરૂપ પ્રાપ્તિ.

મુક્તિ પામવી = મોક્ષ થવો; સંસારના બંધનમાંથી છૂટા થઈ જવું તે.

૧૫. જી રાજસરાના ઘોટ ઉપર આંક ચડાવી બનાવેલી વાની અપવાસમાં કેટલાક લોકો તે આપે છે.

૧૬. જી સંસારબંધનથી કે પાપ છૂટવાથી થતી ઈશ્વરપ્રાપ્તિ, મોક્ષ, નિર્વાણ; કૈવલ્ય; પાપમુક્તિ; અપવર્ગ; સંસારના માયાના બંધનમાંથી અને જન્મમરણના ફેરામાંથી સદાના છૂટા થઈ જવું તે; બ્રહ્મરૂપને પ્રાપ્ત કરવું તે. આત્માનું દેહ અને ઇંદ્રિયોના બંધનથી મુક્ત થવું તે. વેદાંતના મત અનુસાર જે બંધને શરીરમાં કોઈ દુઃખનો પ્રાદુર્ભાવ ન રહે તે બંધને બનાવો દુઃખધ્વંસ એ જ મુક્તિ છે. સાંખ્ય મત પ્રમાણે ત્રિવિધ દુઃખના અત્યંત નિરોધપૂર્વક પુરુષ પોતાના અહંતા, ઉદાસીન, કૂટસ્થપણે રહે છે એ મુક્તિ કહેવાય છે. અષ્ટાંગ યોગ વડે પંચક્લેશ-દોષની નિવૃત્તિ થવાથી સ્વતંત્રતાની જે પ્રાપ્તિ તે મુક્તિ. પાશુપત શાસ્ત્રમાં પશુપતિનાં પૂજન અર્ચન આદિક ધર્મોના અનુષ્ઠાનથી જીવરૂપ પશુના બંધનરૂપ પાશની નિવૃત્તિ થયે પુનરાવૃત્તિરહિત પશુપતિની સમીપ ગમન તે મુક્તિ એમ કહ્યું છે. વૈષ્ણવો માને છે કે, વિષ્ણુના પ્રસાદથી જીવનું પુનરાવૃત્તિથી રહિત વિષ્ણુલોકમાં ગમન તે મુક્તિ. ભગવાનના યથાર્થ સ્વરૂપનો અનુભવ તે જ જીવની મુક્તિ એમ રામાનુજ સંપ્રદાયવાળા માને છે. જગત્કર્તૃત્વ, લક્ષ્મી અને શ્રીવત્સ આ બધું સિવાય બીજા જે ભગવાનના નિરતિશયાનંદાદિ ધર્મ છે તે ધર્મો જેવા ધર્મોની જીવને પ્રાપ્તિ થાય તેનું નામ મુક્તિ એમ શ્રી મધ્વાચાર્યનો મત છે. ગોલોકમા જે હાથવાળા કૃષ્ણ ભગવાન રાધે તેના અંશરૂપ જીવોને જે રાસલીલાનો અનુભવ તે મુક્તિ એમ શ્રી વલ્લભાચાર્યજીનો મત છે. મુક્તિના બીજા પ્રકાર આ પ્રમાણે છે: જે વૈકુંઠલોકમાં ભગવાન રહે છે તે લોકની પ્રાપ્તિ તે સાલોક્ય મુક્તિ. વૈકુંઠ લોકમાં પણ વિષ્ણુ ભગવાનની સમીપતાની પ્રાપ્તિ તે સામીપ્ય મુક્તિ. સમીપતા પ્રાપ્ત થયા પછી પણ વિષ્ણુ ભગવાનના જેવા રૂપની પ્રાપ્તિ તે સારૂપ્ય મુક્તિ. વિષ્ણુ ભગવાનના સ્વરૂપમાં જીવાત્માનો લય તે સાયુજ્ય મુક્તિ. પ્રશ્નોપનિષદમાં લખેલ છે કે, ઉપનિષદમાં મુક્તિ સંબંધવત. મટે સાપનું દૃષ્ટાંત આપેલ છે. જેમ સાપ જૂની કાંચળીને સ્વયં ત્યાગે છે તેમ પાપપુણ્યથી પર થયેલ પુરુષ મુક્તિ સુખનો જીવતા જીવત અનુભવ કરતો છોડે ને જાણે કાંચળી જેવા શરીરને તજે છે. તેને શરીર વગેરેનું અભિમાન રહેતું નથી. અર્થાત્ તેને સશરીર મુક્તિ જ મળે છે. આ છે પરિપૂર્ણ પરમાત્માના નામ સ્મરણનું અર્થાત્ ૐકાર કે પ્રણવ જપનું ફળ. વિષયોથી ઇંદ્રિયો ઉત્તમ છે ઇંદ્રિયોથી મન ઉત્તમ છે, મનથી બુદ્ધિતત્ત્વ ઉત્તમ છે, એ બુદ્ધિતત્ત્વથી મહત્તત્ત્વ ઉત્તમ છે. એ મહત્તત્ત્વથી પ્રકૃતિ ઉત્તમ છે અને એ પ્રકૃતિથી પણ પુરુષ અર્થાત્ આત્મા ઉત્તમ છે. ઉત્તમતાની અવધિ આત્મામા છે. આત્મા સર્વવ્યાપક છે, ચેતન છે, આનંદ સ્વરૂપ છે, અક્ષિય છે એટલે કે કાર્યકારણ ભાવ સિવાયનો કોઈ ને નિત્ય સિદ્ધ સ્વભાવ છે; આથી સમજુ પુરુષ વિષયાનંદમા ન રાચે, ઇંદ્રિયાનંદમાં ન મહાલે, બૌદ્ધિક આનંદમાં ન લહેર માને, મહત્તત્ત્વ અને કાર્યકારણ ભાવની અવધિરૂપ પ્રકૃતિમા સમાધિમય થઈ તે પરિણામી નિત્ય અનાત્મ તત્ત્વોમાં આનંદ ન પામે. તે તો આ બધાનો દોષદર્શી કોઈ ને બધાં પરિણામ, તાપ કે સંસાર દુઃખની આશા પણ નથી પણ કેવળ આનંદ છે, નિત્ય આનંદનું ધામ છે. એવા કૂટસ્થચિત્ત આત્મામા જ પ્રીતિ બાંધી તે બ્રહ્માનંદનો અનુભવ કરશે અર્થાત્ પરમુક્તિને પામશે.

નિરોધના વિના સહજ સંભરે જ નાહ કહી.
સત્યાચરણ તેથી જ મુક્તિનું નિજદ્વાર છે
આત્મસીતા

મુક્તિક ૧. [સં.] ન. મોતી.

૨. ન. શુક્લ યજુર્વેદની એક ઉપનિષદ

મુક્તિકોપનિષદ ૧. [સં.] ન. એકસો આઠ ઉપનિષદો આદેની જે નામે એક ઉપનિષદ. જુઓ ઉપનિષદ.

૨. ન. કાવેરી નદી પાસે આવેલું એ નામનું એક તીર્થ

મુક્તિક્ષેત્ર ૧. ન. કાશી; વારાણસી.

૨. ન. જ્યાં રહેવાથી મુક્તિ મળે એવી જગ્યા.

મુક્તિગીતગિણી [સં.] સ્ત્રી. ગંગાનાં ઉત્તર આવેલું એક નામ.

મુક્તિદ વિ. મુક્તિ આપનાર.

મુક્તિદાતા ૧. [સં. મુક્તિ (મોક્ષ) + દાતૃ (આપનાર)] વિ. જ્ઞાન આપનાર; માફી આપનાર.

૨. વિ. મુક્તિ અપાવનાર; છૂટકારો મેળવી આપનાર

૩. વિ. મુક્તિ આપનાર; મોક્ષ આપનાર; ઈશ્વર પાસે લઈ જનાર.

મુક્તિદાત્રી સ્ત્રી. મુક્તિ કે મોક્ષ આપનારી શક્તિ.

મુક્તિનારાયણ ન. નેપાળમાનું એક કાંકરીના મૂળ આકાર આવેલું એક તીર્થધામ. ચૈત્ર વૈશાખમાં અહીં મોટી યાત્રા ભરાય છે. આ ક્ષેત્રમાંથી કાંકરીમાં સાલીગ્રામ જડે છે. કાંકરીના ઝાળ ઉપર તુલસીનું પાન મૂકતાં તરતજ તેમાંથી સાલીગ્રામ આવી તે પાન લઈ જાય છે આ પથ્થરમાં એક જાતનો કીડો થાય છે. તેને તુલસીનાં પાન બહુ ભાવે છે, જેથી તેને તુલસીની વાસ આવતા જ તરતજ તેમાંથી ઉપર આવી પાન ખેંચી જાય છે

મુક્તિપત્ર [સં.] પું.ન. ક્ષાન્તીનો લેખ.

મુક્તિપત્રિકા સ્ત્રી. ક્ષમાપત્રિકા; પાપમોચની પત્રિકા; મોક્ષપત્રિકા.

મુક્તિપદ ન. પરમ નિવૃત્તિનું સ્થાન. બ્રહ્મ ; કૈવલ્ય પદવી; જેમા કોઈ માયા કે કોઈ જાતનું બંધન રહેલું ન હોય એવો જ્ઞાનનો મોક્ષની જ્ઞાનની મુક્તાવસ્થા; મોક્ષ; મુક્તિ મેળવવા કોવાની સ્થિતિ. મુક્તિપદ. મુક્તિ થયેથી જે સ્થિતિ પમાય છે તે

દાનોને પણ મુક્તિપદ આપનાર આપતા જ્ઞાનમાનો મદા વધ્યા ચહે પણ કેટલા સૌમ્ય જણાય છે.
ગીતાપંચામૃત

મુક્તિપુરી ૧ સ્ત્રી મુક્તિનું સ્થાન; સ્વર્ગ

૨ સ્ત્રી. મોક્ષ

૩ સ્ત્રી. મોક્ષની નગરી; જ્યાં જવાથી મુક્તિ મળે તેવી નગરી. જેમકે, અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા ને દ્વારિકા એ સાત મોક્ષની નગરી કહેવાય છે.

મુક્તિફોજ ૧ સ્ત્રી. દુઃખી માણસોની મદદ કરનાર એક અમેરિકન ધાર્મિક સંસ્થા

૨. સ્ત્રી ધાર્મિક ઉદ્ધાર કરવા માટે રચવામાં આવેલું મંડળ; લશ્કરી ઢબે સંગઠિત કરવામાં આવેલું એક જાતનું ખ્રિસ્તી મિશન. બ્રહ્મના કેમાજ તથા પતિત દુઃખી જનોના ઉદ્ધાર માટે તનતોડ મહેનત કરનાર જનરલ બૂથે એક લશ્કર જેવું કર્યું. તેના કેપ્ટનોઓએ દુઃખીને દિલાસો આપવાનું, પતિતને પાવન કરવાનું ભૂખ્યાંને ખવડાવવાનું, માંદાની સારવાર કરવાનું, થાકેલાને આરામ આપવાનું, ઠરીને ઠામ આપવાનું, બેકારને કામ સોંપી આપવાનું, ગુનેગારોને સુધારવાનું, અજ્ઞાનીજનને બ્રહ્મ આપવાનું કામ ઉપાડ્યું. આજે આ લશ્કર આખી દુનિયાના દરેક ખૂણામાં કામ કરી રહ્યું છે. તેમની મારફત લાખો અજ્ઞાનોને ફરીથી જીવતદાન મળ્યું છે. આ લશ્કરી શાખા આપણા દેશમાં છે અને બીજા ખ્રિસ્તી મિશનરીઓ કરતાં તેમની રહેણીકરણી વધારે સાદા અને આત્મભોગી કહેવાય છે. જે દેશમાં જાય તેમના જેવો પહેરવેશ ધારણ કરે છે અને જે લોકમાં કામ કરે છે તેમના જેવું જીવન ગાળે છે. ઈ સ. ૧૮૬૫મા જનરલ બૂથે આ મંડળ સ્થાપ્યું. તે ખ્રિસ્તી સંપ્રદાયની સંસ્થાનો ઉદ્દેશ લંડનના પૂર્વ ભાગના

નરીઓ જેમને કેવળીમાં સ્થાન નહોતું તેમને સંગઠિત કરવાનો હતો. પહેલાં તો વહેમ અને સાકદૃષ્ટિથી સાકો લેવા લાગ્યા. ધર્માધિકારીઓ સામા પણ થયા. પણ તેને છેવટે સફળતા મળી ૧૮૭૮માં તેને બરકરી દૃષ્ટિએ સગકુળ અને બ્યવસ્થા અપનાવી અને સારથી તેની કાર્યવહનિ અને પ્રચારશ્રેણી જગજાહેર છે. તેના અનેક કાર્યકર પામસો મુખ્ય કાર્યકરો જુદા જુદા ઠામના દેશો તેમ જ સંસ્થાનોમાં કાર્ય કરે છે તેમનો વડો સેનાપતિ ખૂબ છે અને તે સંસ્થાના આદિ સ્થાપક જનરલ બૂથનો પુત્ર છે. તેનું વડું આંતરરાષ્ટ્રીય મથક લંડનમાં છે સ્વામી દયાનંદના શિષ્ય લાલા લજપતરાયે પણ આર્યસમાજના મંત્ર તરીકે આજ પદ્ધતિ ઉપર મુક્તિફોજની સ્થાપના કરેલ

મુક્તિમાન પું. એ નામનો ભારતખંડનો પર્વત.

મુક્તિમાર્ગ [સં મુક્તિ + માર્ગ (રસ્તો)] પું. મોક્ષનો માર્ગ; જેથી સંસારની માયા છોડી શકાય તે માર્ગ; ધર્મસંપ્રદાય; જ્ઞાનમાર્ગ; મુક્તિનો માર્ગ. બાહ્ય ભેળવટનો રસ્તો; જે સાધન કે રસ્તે જન્મમરણ છૂટે તે.

મુક્તિમુક્તા ૧. [સં.] પું. ડોલાન.
૨. પું. ત્રિફળારસ.

મુક્તિયજ્ઞ ૧. પુ. છુટકારા માટે અપાતી આહુતિ.
૨. [સં. મુક્તિ (છુટકારો) + યજ્ઞ] પું સ્વાતંત્ર્ય મેળવવા માટેનો પ્રયત્ન.

મુક્તિરમણી ૧. [સં.] સ્ત્રી. ગંગાનાં હજાર મહેનું એક નામ.
૨. સ્ત્રી. મુક્તિરૂપી સ્ત્રી

મુક્તિશિલા સ્ત્રી. (જૈન) ઊર્ધ્વલોકમાંથી; લોકના અંતમાં આવેલી એક રાજૂ પહોળી, સાત રાજૂ લાંબી અને આઠ જોજન મોટી પૃથ્વી એટલે ભૂમિ.

મુક્તિસાધનપાદ પું ત્રેવીસ પાદ માંહેનો એ નામનો એક પાદ. જેમાં, બીજું નવિ આપ્યાથી મોક્ષ મળે છે દંડા પાણીના સેવનથી મોક્ષ મળે છે, હવન કરવાથી મોક્ષ મળે છે વગેરે આમ જુદા જુદા લોકોના જુદા જુદા પાદ છે.

મુક્તેશ્વર [સં] પું. ઉત્કલમાં આવેલ મુખ્ય ચોરાસી માહેનું એ નામનું મહાદેવનું એક લિંગ.

મુખ ૧. [સં.] ન. અગ્રભાગ; આગળનો કે ઉપરનો ભાગ.
૨. ન આયુધ; રત્નનો અગ્રભાગ
૩. ન ઉપાય, પ્રણાલ.
૪ ન એક જાતનું ઝાડ, બકુલ વૃક્ષ
૫. ન મોગલો.
૬. ન. (જ્ઞાનેન્દ્રિય) મોવડો.
૭. ન. છિદ્ર
૮. ન. દિશા.
૯ ન નાટક
૧૦. ન. નાટક વગેરેની એક સંધિ; નાટકનું મુખ દ્વારમુખ કે બીજ
૧૧. ન. નાટક વગેરેમાં એક જાતનો શબ્દ
૧૨. ન પક્ષીની ચાંચ
૧૩. ન પહેલી ત્રૈરાશીની નિમાન સંખ્યા.
૧૪ ન પ્રસ્તાવના
૧૫. ન પ્રાણીનું નાક.
૧૬. ન. બારણું વાટ; રસ્તો; નાકું; દરવાજો; દ્વાર; ઘરમાં પેસવા નીકળવાનું પ્રથમ દ્વાર.
૧૭. ન. માથાના આગલા ભાગનો આખો દેખાવ; ચહેરો; વદન. વક્ત્ર; આસ્ય; તુંડ; આનન; વપત્ર.

આનન આસ્ય વપત્ર વદન, વક્ત્ર તુંડ જની માય,
મુખની શોભા જોઈને, લાજત કોટિક કામ.
વિમળબાપુ.૫

૧૮. ન. મોકું; મોં. બારણાનો ભાગ
૧ મુખ માકવું = મુખથી સવિસ્તર હકીકત કહેવી.
૨. મુખ રાખવું = શરમ રાખવી.
૩. મુખનાં અજવાળાં કરવાં - માત્ર મોંડું મીઠું જોવા સારું ભગાડવું; સવારમાં કરવાં; ઉપર ઉપરથી મીઠું મીઠું બોલી ખુશ કરવું
૪. મુખમેં રામ બગલમેં છૂરી, બગલ બચ્ચા પણ દાનત બૂરી = બોડો આડંબર કરી દગો દેવો
૫. રજની મુખ = સંધ્યાકાળ
૧૯. ન. રહસ્ય
૨૦. ન વેદ.
૨૧. ન. શબ્દ; અવાજ.
૨૨ ન. શરમ.
૨૩. ન. શરૂઆત; આરંભ
૨૪. ન. કબજે કે બોજાનો અણીદાર ભાગ.
૨૫. ન. (ગણિત) ગ્રેડીમાં પહેલી સંખ્યા તે. જેમકે, ૧, ૩, ૫ માં ૧ મુખ કહેવાય છે. ગ્રેડી અવળાસવળામાં ગણવાની હિસાબ કરવો હોય તો ૨કમને પદ કે સમ્મ કહે છે. જેટલી જેટલી રકમ નિયમિત વધે તેને ચય અથવા ઉત્તર કહે છે. શરૂઆત જે રકમથી થઈ તે રકમ મુખ અથવા આદિધન કહેવાય છે.
૨૬ ન સપાટી. ઉપરનો ભાગ.
૨૭ ન. સમુદ્રને મળતો નદીનો ઊંડો ભાગ. નદી જ્યાં સમુદ્રને જઈ મળે છે તે નદીનું મુખ કહેવાય છે.
૨૮. ન. સંચિના પંચ માંહેનો એક પ્રકાર.
૨૯. ન. સમુખપણું.
૩૦. ન. સાધનો ઉપાય.
૩૧. ન. ઓફિસરના અમલાનો ભાગ.
૩૨. વિ. અગ્રોદરનું; અગ્રોદરાકાર.
૩૩. વિ. મુખ્ય; પહેલું; આદ્ય; પ્રથમનું આદ્ય.

મુખઆદિવિપુલા પું. (પિંગળ) એ નામે એક અર્ધમાત્રામેળ છંદ. તેમાં આદિ એટલે પૂર્વાર્દ્ધનો બીજા અક્ષરનો શબ્દ અર્થ બોધ; અક્ષરની માત્રા ગણીને પૂરો થાય, ત્યાં વિરામ આવે છે માટે આદિ વિપુલા કહેવાય છે. ઉત્તરાર્દ્ધમાં પણ પ્રમાણે છે

મુખક ૧ [સં. મુષક] પું ઉંદર; ચોર
૨. પું. ટેકો.

મુખકગામી પું અધુપતિ

મુખકમલ , સં. મુખ + કમલ] ન. કમળના જેવું મુખ; મુખારવિંદ; દેખાવડું મોઢું; મુખરૂપી કમળ; સુંદર ચહેરો

મુખકમળી જુઓ મુખકમલ

મુખકળા સ્ત્રી મોંનો કે ચહેરાનો ઘાટ કે દેખાવ; ચહેરાનો સુયોજિત ચક્કો, મોંની શિલ્પકલા, ચોળા, ઘાટ ઘડામણ. મુખમુદ્રા.

મુખકલ્પિત ન. (ગણિત) મોઢેથી બોલાતું ગણિત; લેખું; પાટી કે કાગળ ઉપર આંકડો માંડ્યા વિના માત્ર મનથી જ ગણતરી કરી મોઢેથી હિસાબ કરવામાં આવે તે.

મુખકલ્પિતક પું. એક ગણિતક પ્રકારનો છંદ.

મુખકંથા સ્ત્રી. મુખરૂપી કંથા; મુખ એ જ ગજ્ઞ નદી.

મુખકંધક ૧. [સં] સ્ત્રી. કુંવારી; ખાજા; કાંદા; વીસનખરી; વેગવતી.
૨ સ્ત્રી. મુખકણ્ડ

મુખકુહર પું. આગળ રહેલી દંતપંક્તિ તથા પાછળ રહેલા મસ્તિષ્ક દ્વાર વચ્ચેનો પોલો ભાગ

મુખકૃહ ન દીવાનખાનું

મુખખંટા [સં] સ્ત્રી મોટી ધૂમ; ધૂમાટ.

મુખચપલતા [સ] સ્ત્રી. વાચાળતા

મુખચપલા ૧ પું એક અર્ધા માત્રામેળ છંદ.
૨. સ્ત્રી. વહરણી સ્ત્રી; ઝખરણી.

મુખચપેટિકા ૧. [સ.] સ્ત્રી. ગાલની અંદરનો એક અવયવ.
૨. ગાલ મોઢા ઉપર તમાચો મારવો તે.

મુખચર્યા ૧ સ્ત્રી અંતરમાં રહેલો ભાવ. કોઈક સમજી જવાય એવો મુખનો દેખાવ
૨ સ્ત્રી. મુખની કાંતિ. મોનો દેખાવ; મુખમુદ્રા.

૩. સ્ત્રી. મોઢેથી બોલવું તે; મોઢેથી વાત કરવી તે

મુખચંગ ન. ફૂંકથી વાગતું સુષિર જાતિનું એક વાદ્ય; મુરચંગ, મુરચગ

મુખચંદ્ર [સં.] પું. ચંદ્રમાના જેવું સુંદર મુખ, મુખરૂપી ચંદ્ર, દેખાવડું મોઢું

મુખચિત્ર ન મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર; ચોપડીમાં પહેલે પાને મૂકેલું ચિત્ર; પ્રથમ સામયિક વગેરેનું પ્રારંભમાં મુકાતું ચિત્ર

મુખજ ૧. [સં.] પું. બ્રહ્માના મુખમાંથી જન્મેલ બ્રાહ્મણ; વિપ્ર

૨. વિ મુખમાંથી જન્મેલું; મુખ વડે પેદા થનાર

મુખજબાની જ્ઞા મોઢાની સાક્ષી

મુખતલ્લી સ્ત્રી. એ નામે ઓળખાતું એક ઝાડ. ભારતમાં વધુ ભાગે હિમાલય, નીલગિરિ, દખ્ખણ વગેરે સ્થળે તે થાય છે. તેનાં પાન જંતુઘ્નક છે. તેનો ચોખ્ખો રસ દૂધમાં નાખવાથી દહીં જલ્દ જામે છે ને વધારે નાખવાથી દહીં જલ્દ છે ઠોર ખાય તો તરત મરે છે એમાં સોનાની ભસ્મ જેવી તે ગુણકારી બને છે તે કડવા, ઠંડક, શ્વાસમાં ફાયદા, પાચન અને ગરમી છે અને ઝેરના ફાયદા પહોંચાડે છે મોટી માત્રામાં પેશી નીકળે છે. ખાવાપચારમાં ઠંડક અસર કરે છે. મસા ઉપર ચોપડવાથી મસા ખરી પડે છે. એકલા કે બીજા સાથે બગડેલા ઘોડાઓના ઘાવ, સોજા, ચળવા, ગાંઠ, ગૂમડાં, નખ વગેરે ઉપર ચોપડાય છે.

મુખજુબાની સ્ત્રી. મોઢાની સાક્ષી; લેખથી નહિ પણ બોલીને આપેલી સાક્ષ; મોઢેથી જે કહેલું કે બોલેલ તે

મુખટોપ પું. અન્નનળીનો જે ભાગ મોં ઉપર આવતો હોય અને મોં બતાવવા માટે આઘોપાછો થઈ શકતો હોય તે ભાગ.

મુખડલું (મુખડલું) જુઓ મુખડું

મુખડું (મુખડું) ન. ચહેરો; મોં, મુખ; વદન.

મુખડો (મુખડો) ૧. પું. (સંગીત) કોઈ પણ તાલનો ઠેકો વગાડવો તે; સંગીત જલસા કરતાં પહેલાં પ્રથમ ફેલાવો બોલ વગાડી સમના તાલ ઉપર આવવા જે બોલ વગાડવામાં આવે છે તે

૨. પું. મુખ.

૩. પું. (વહાણવટું) મોં આગળનો ભાગ.

> જમીની જમીન કરતાં વહાણનો મુખડો વાગતો જ નથી. ન. ઘ. ઠાકર

મુખતપ ન. નીચલા જડબાનો ભાગ; હનુકટિકા.

મુખતલપેશી સ્ત્રી. મુખભૂમિકટિકાપેશી, હનુકટિકાપેશી.

મુખતાલિફ [અ. મુખ્તલિફ] વિ જુદું, વિરુદ્ધ

મુખતાહ ન. (જરથોસ્તી) મૃત પુરુષની બાદગીરીમાં કરવામાં આવતી વાર્ષિક ધર્મક્રિયા; પારસીઓની ઝહરિયા; વાર્ષિક ઝહ; મરનારની વરસી.

મુખત્યાર જુઓ મુખ્તાર.

મુખત્યારનામું જુઓ મુખ્તારનામું.

મુખત્યારપત્ર જુઓ મુખ્તારપત્ર.

મુખતાલ પું. (સંગીત) ઠેકો; કોઈ પણ ગીતનું પહેલું પદ.

મુખતેસર ૧. વિ. અસલ જેવું; અસલનું

૨ [અ. મુખ્તસર (સક્ષિપ્ત)] વિ. ટૂંકું; ઓછામાં; સંક્ષિપ્ત; સારરૂપ; સંક્ષેપ.

મુખત્યાર ૧. [અ. મુખ્તાર (અધિકૃત)] પું એજન્સી; પ્રતિનિધિ, કોઈ તરફથી સત્તા મેળવીને તેના વતી કામ કરનાર વકીલ, મારફતીયો, બદલે કામ કરનાર માણસ; એજાદુ કામ કરવાને જેને કોઈના તરફથી સત્તા કે અખત્યારી મળી હોય તે માણસ; ' એજન્ટ '.

૨. વિ કુલ અખત્યારવાળું; સત્તાવાળું; પોતાની મરજીમાં આવે તેમ કરવાને અધિકૃત; સર્વ હકવાળું, અખત્યારી લેખ.ર.

૩. વિ. સ્વતંત્ર; કુલ્યા કે સત્તા બજાવવાને કોઈના બંધનમાં નહિ તેવું; આપ અખત્યાર; પોતાની કુલ્યામાં આવે તેમ કરી શકનાર.

મુખત્યારનામું [અ. મુખ્તાર + નામા] ન. અખત્યારપત્ર; વકીલાતનામું; પોતા તરફથી કામ કરવાની બીજાને હક કે સત્તા આપનારું લખાણ; મુખત્યારપત્ર; પ્રતિનિધિલેખ.

> મુખત્યારનામું આપવું-કરી આપવું-લખી આપવું = પોતા તરફથી કામ કરવાની સત્તા આપનારું લખાણ આપવું

મુખત્યારપણું ન. કુલ સત્તાધીશ હોવાપણું, અધિકૃતતા.

મુખત્યારપત્ર ન. અખત્યારપત્ર; અધિકારપત્ર; પ્રતિનિધિલેખ; મુખત્યારનામું; વકીલપત્ર

મુખત્યારપત્રક જુઓ મુખત્યારનામું

મુખત્યારસરસ [અ. મુખ્તાર + પારિસ] પું. જેને મિલકત સોંપાઈ હોય એવો વારસ; વારસ તરીકેની મુખત્યારી ભોગવતો માણસ; મુખત્યારીથી નીમેલો માણસ; ' એસાઈની '.

મુખત્યારી ૧. [અ મુખ્તારી] સ્ત્રી આપ અખત્યાર; કુલ અખત્યાર તે, અખત્યારી; સત્તા પરવાનગી; કુલ સત્તા.

> ૧. મુખત્યારી આપવી-લખી આપવી = કુલ સત્તા આપવી.
>
> ૨ મુખત્યારી કરવી = કુલ મુખત્યાર તરીકે વર્તવું; કોઈના વતી કામ કરવું.

૨. સ્ત્રી. પસંદગી; મરજી

૩ સ્ત્રી. મુખત્યાર તરીકે કામકાજ કરવું તે; વકીલાત; બીજાની પરવાનગીથી તેનું કામ કરવું તે, મુખત્યારપણું

૪ સ્ત્રી સ્વતંત્રતા; અપરાધીનતા; સ્વમતાનુસમન; ગ.વ.

મુખદુર્ગંધી સ્ત્રી. મુખ ગબડાનો એક જાતનો રોગ

મુખદૂષક વિ. મોઢામાં દુર્ગંધ આપે તેવું.

મુખદૂષણ [સં.] ન. કુંગળી તેમ જ લસણ વગેરે વસ્તુ

મુખદોષ [સં.] પું. મોઢાનો રોગ; વાણીદોષ; જીભનો રોગ

મુખદ્રાક્ષિકા પું. એ નામનો એક અલંકાર.

મુખદ્વાર ૧. ન [જી.

૨ ન બીજાઓ વતી બોલનાર માણસ.

૩. ન મુખ્ય દ્વાર; સિંહદ્વાર.

> આવિષ્ટ આર્કમ.થી મુખદ્વારમાં પેસતાં તરત વિદ્યુત્પ્રકાશ નામનો ભારો ખંડ આ.વતો.
>
> સારસ્વતીચંદ્ર

૪. ન મોખરો; ઇમારતનો આગળનો ભાગ; મુખભાગ.

૫ ન મો

મુખનિવાસિની ૧. [સં] સ્ત્રી. સરસ્વતી.

૨ વિ સ્ત્રી. મુખમાં વાસ કરનારી

મુખપટ ૧. [સં. મુખ + પટ] પું. ઘૂમટો; આખો ચહેરો ઢાંકવો તે.

૨ પું. મોઢું ઢાંકવાનું કે મોઢા પર નાખવાનું કપડું; બુરખો.

૩ ન ગલ., 'ડાયેલ'

૪ ન. મોઢું, મોં; વદન

મુખપત્ર ૧. ન અખબાર.

૨ ન. અમુક મંડળનું છાપું; અમુક મંડળની હિમાયત કરનાર પત્ર.

૩. ન. ઉપલું પૃષ્ઠ. મુખભાગ; નામપૃષ્ઠ.

મુખપદ્મ [સં] ન મુખરૂપી કમળ.

મુખપરીક્ષકયંત્ર ન. મુખપરીક્ષા કરવાનું એક જાતનું યંત્ર.

મુખપરીક્ષા ૧. સ્ત્રી ચહેરા ઉપરથી દરદ જાણવાનું તે; મુખનિદાન; ચહેરા ઉપરથી રોગનો નિર્ણય કરવો તે

૨ સ્ત્રી મૌખિક પરીક્ષા, લિખિત નહિ પણ મોઢામોઢ સવાલ જવાબ આપ તે પ્રમાણેની તપાસ.

મુખપાક [સં.] પું. એક પ્રકારનો મુખરોગ. મોઢાનું પાકવું તે, મુખનું પાકી જવું તે, હોઠમાં તથા પેઢામાં હોઠની કોપરી અથવા ત્વચામાંથી ફોલ્લા પડવા તે; મોઢું આવી જવું, મોંમાં ફોલ્લા ને ચાંદીઓ પડી જવા એવો એક મોઢાનો રોગ. મોઢાનું ચાંદું અવાળુ આવવા તે. નાનાં બાળકોને આ રોગ ઘણીવાર નીવડે છે

મુખપાઠ સ્ત્રી. મોઢે કરવું તે, મોઢે યાદ રાખવા કરવું

એક પણ અક્ષર કે સ્વરના ભાગ કે ફેરફાર સિવાય સામોપામ મુખપાઠ દ્વારા ઊતરી આવેલી ઋચાઓ ખરા પ્રતિહાન માટે બહુ સહાયકારક છે. નૃપશંકર શાસ્ત્રી

મુખપાઠ ૨. [સં.] પું હોઠનો ભાગ કરવું તે; હોઠ હોવું તે; પાનાં કે પુસ્તક ભાષા વગર મોઢે બોલી જવાય એવો અભ્યાસ; મોઢે બોલવાનું તે; સ્તોત્રો, સ્તુતિઓ, શ્લોક વગેરે મોઢે કરવા તે.

૨. પું ગોખવું તે; યાદ કરવું તે.

૩. વિ. મોઢે થઈલું; યાદ રાખેલું.

૪. વિ. સ્મરણશક્તિ વડે મોઢે બરાબર જવાબ એવું.

મુખપાઠ પદ્ધતિ સ્ત્રી. શિક્ષણસાહિત્યની એ નામની એક શિક્ષણ પદ્ધતિ; હોશિયાર કરવાની પદ્ધતિ; 'રેસીટેશન મેથડ' શિક્ષક મોઢેથી વિદ્યાર્થીને પાઠ આપે અને વિદ્યાર્થીઓ તે પાઠ લીધા પછી પોથી કે પુસ્તકમાં જોઇને મોઢે કરી લાવે તેનું નામ મુખપાઠ પદ્ધતિ. કેટલાક અધિકારીઓથી માંડીને વેદનું શિક્ષણ પણ પરાપૂર્વથી આ પદ્ધતિએ ચાલ્યું આવે છે પ્રાચીન કાળમાં જ્યારે પુસ્તકો ન હતાં ત્યારે આ એક જ પદ્ધતિ હતી. જે જ્ઞાન અક્ષર કોરે જ અમરી રાખવા જેવું હોય તે જ્ઞાન આ મુખપાઠ પદ્ધતિથી કેળવવું જોઈએ પણમાં ગદ્યના વિષયો આ પદ્ધતિથી શીખવવા વધારે અનુકૂળ પડે છે; જ્યાં ગદ્યનો પાઠ કરવાની મુશ્કેલીને લીધે જ ગદ્ય વિષયોમાં સ્મરણ રચવાં પડ્યાં હતાં અર્વાચીન સમયમાં કવિતા, મુખપાઠ અને લેખનાં આ આ પદ્ધતિના અવશેષો જણાય છે.

મુખપાઠી વિ. મોઢે કરેલું

મુખપાલ ન. મોઢા ઉપર ઢાંકેલું વસ્ત્ર.

મુખપિંડ [સં] પું. (હિંદી) મરેલ વ્યક્તિની અંત્યેષ્ટિ ક્રિયા પહેલાં આપવામાં આવતો પિંડ.

મુખપીડા સ્ત્રી. મોઢાની અંદર થતી પીડા; મુખનો એક રોગ.

મુખપુટ પું. મોઢારૂપી સંપુટ

મુખપુટને આ સંસારમાં અહાર કહાડવા જેવો કોઈ અક્ષર ન જડતો હોય તેવી કૃતિ થઈ નથી. ગાંધીચંદ્ર

મુખપુંડરિક પું. મુખરૂપી પોતું કમળ.

મુખપૂરણ ૧. [સં.] ન. ભોગવો; ધુટ. ઘુંટડો

૨ ન મોઢું ભરવું તે.

મુખપૃષ્ઠ પું. પુસ્તકના નામવાળું પહેલું પાનું; પ્રથમનામપૃષ્ઠ; ગ્રંથ કે સામયિકનું પુરાનું પાનું

પુસ્તિકાઓ, મુખપૃષ્ઠો આદિ ઘડીને આઠ હજાર છાપવા માટે રૂા. ૮૮ અને કવરોની બંધમાળી માટે રૂા ૨૭૦ મંજૂર કરવામાં આવે છે. ગુજ. મુ. સા. પરિષદ

મુખપ્રદાહ પું. મોઢાનો એ નામનો એક રોગ

મુખપ્રિય ૧ [સં.] વિ. નારંગી.

૨. ન. લવિંગ

૩ વિ. મુખને પ્રિય લાગે તેવું, સ્વાદિષ્ટ.

મુખબ્રહ્મ [અ મખમલ] ન. એક જાતનું ઘટ્ટ વણાટવાળું કપડું; 'વેલ્વેટ'.

મુખબંધ ૧. [સં. મુખ + બંધ (બાંધવું તે)] ન. ગરદન મારવાનો એક જાતનો સંચો, 'ગિલોટાઇન'.

૨. ન. પ્રસ્તાવના; આમુખ

૩. ન. મોઢું ખુલ્લું નહિ હોવાપણું.

૪. ન. મોઢું બાંધવાનું સાધન

મુખબંધન ૧. [સં.] ન. ઢાંકણ

૨. ન. પ્રસ્તાવના.

૩. ન મોઢું બાંધવું તે.

૪ ન મોરકો, સીંકણી.

મુખબંધની સ્ત્રી. સીંકણી.

મુખબંધમુદ્રા સ્ત્રી. (યોગ) યોગની એક મુદ્રા. મુદ્રાન ઊર્ધ્વ અને નાભિને મેરુદંડ સાથે પ્રયત્નપૂર્વક સંયોજન અપાન વાયુને ઊર્ધ્વ ચઢાવવાથી તે મુદ્રા બને છે.

મુખબાર ન. પ્રવેશનું રસ્તાનું બારું.

હસ્તાની વાસણનું આ મકાનું મુખબાર. નાનાલાલ

મુખભેદ ૩ હજારમો ભાગ, વીસમું નૂર વજનનું, વિ.

મુખભાગ ૧. પું. ચહેરાનો ભાગ.

૨. પું. મુખદ્વાર; ઇમારતનો આગલો ભાગ; મોખનો

૩ પું. મૌખિક ભાગ

મુખભાવ પું. ચહેરા ઉપર થતો ફેરફાર; ચહેરાનો ભાવ.

એમને નવાઈ લાગી હોય તેવો મુખભાવ થયો. કૌમુદી

મુખભૂમિ સ્ત્રી. ગળાના ઉપલા મૂળનો કે મોંનો નાચલો ભાગ.

મુખભૂમિકર્કટિકા સ્ત્રી. ગળાના મૂળની બાજુ ઉપર આવેલી એક ત્રિકોણાકાર પાતળી પેશી. તે હનુમંડલની આંતરનિરસ્થી નામની રેખામાંથી ઉત્પન્ન થાય છે

મુખભૂષણ ૧ [સં.] ન. તાંબૂલ; પાનબીડું.

૨ ન. મુખનું ઘરેણું

૩ વિ. મોઢાને શણગારનાર

મુખમર્કટ ૧ [સં] પું. પરમાત્માનું એક નામ

૨ પું મુખરૂપી વાંદરો

મુખમલ ૧. [અ] ન. ઊભું ઢોમળ પાન. ઝીલમલી ઘરનાં મુખમલ. નાનાલાલ

૨. ન. એક જાતનું મુંવાળું કપડું; મખમલ; મખમલ

નહિ કિનખાબ મુખમલ મસરૂ કેરી તારી પનાકા. મેઘાણી

મુખમસા [હિં] પું હજામો; નખરો.

મુખમંડના ૧ ન. સોળહ શણગારના એક પ્રકારનું વિલેપન

૨. [સં.] ન. તાંબૂલ; નાગરવેલનું પાન.

તાંબૂલ પિએ અધિવલરી દ્વિજ મુખમંડન પાન, નવ ખતી અનુપાની અતિ શોભા ભરી મન માન. પિંગળશપુરિષ

૩. ન. મુખનું શણગારવું.

૪ વિ મોઢાને શણગારનાર.

મુખમંડનક ૧. [સં.] પું તલનો ખોડ.

૨ બધો મુખભૂષણ.

મુખમંડનિકા સ્ત્રી. એ નામનો એક બાળરોગ.

મુખમંડપ [સ] પું. ઘર કે દેવાલયનો આગલો ચોક.

મુખમંડલ ૧. ન. ચહેરાનો આગલો ભાગ.

૨. [સ.] ન ચહેરો.

મુખમંડલવિદ્યા સ્ત્રી. ચહેરાની આકૃતિ ઉપરથી સંકેત કે ભવિષ્ય બતાવનારી શાસ્ત્રીય મુખાકૃતિ ઉપરથી માણસનું ભવિષ્ય કે ચારિત્ર્ય બતાવનારું શાસ્ત્ર; મુખસામુદ્રિક; મુખલક્ષણશાસ્ત્ર; 'ફિઝિયોગ્નોમિ'.

મુખમાકુર્યા [સં.] સ્ત્રી. મોઢામાં મીઠાશ કે ચીકાશ જણાવાનો રોગ.

મુખમાર્જન ૧. ન. ખુશામત.

૨. [સં.] ન. મોઢું સાફ કરવું કે ધોવું તે.

સૂર્યોદય પહેલાં ઊઠી શૌચ, મુખમાર્જન, સ્નાન વગેરે ક્રિયાઓ આટોપી જે મનુષ્ય નિર્મુદ્ધ થવાનો આનંદ લે છે તેના જીવનને ધન્ય છે.

વિનયમાં

મુખમાંગલિક ૧. પું. શણગાર; ભાટ.

૨. [સં] વિ. મોઢે વખાણ કરનાર

મુખમુદ્રણી સ્ત્રી. એ નામની એક જોગાનુકાર પેશી. મુખસકોચની પેશી. તે મોંની ફરતા આસપાસ બને હોઠને ઘેરીને રહેલી છે.

મુખમુદ્રા ૧. સ્ત્રી. હોઠ પણ ફરતું કાંડાં

૨. [સં] સ્ત્રી. ચહેરો; મોંનો દેખાવ; મુખાલોક; મુખવટો. મુખભાવ; મુખાકૃતિ.

નિરાશાના દરેક ઓછાયાની મુખમુદ્રા અને રીતભાતથી તે વાકેફ હતો. શિક્ષણયાત્રા

૩. સ્ત્રી. દેખાવ; આકાર; સૂરત.

૪. સ્ત્રી. ઉપરેખા; આમુખ.

નર્મદાશંકર પોતાના પ્રખ્યાત નર્મકોશની મુખમુદ્રામા જણાવે છે કે ઈ.સ ૧૦૦ ગુજરાતી શબ્દોમા ૨૩ સસ્કૃત, ૧૧ અરબ્બી ને ૧૧ પારસીના શબ્દો આવે છે. ઈ. સ. ૧૮૭૩મા એમણે આ ગણતરી કાઢી છે. મુ સા. પરિષદ

મુખરક્ષાન [સ.] વિ. ઊતરી ગયેલ મુખવાળો; ઊદાસીન; ગમગીન; ઝિલગીર.

મુખયોનિ પું. બીજનું વીર્ય પોતાના મુખમાં લેનાર નપુંસક; પરમૂતરો

મુખર ૧. [સં.] પું. ભાગડો.

૨. પું. નેતા.

૩ પું ઋષ

૪. વિ અત્રે બોલનાર

૫. વિ ઠાલાજા; મશરૂ

૬. વિ. દુર્મુખ; અપ્રિય બોલનાર; અપશબ્દ બોલનાર

૭ વિ ધમાલિયું; બાકી વરતીવાળું.

૮. વિ. બોલકણું; વાચાળ; કટકટ આવે તેવુ.

૯. વિ. વાગતું; ખખડતું; ગાજતું

૧૦. વિ સૂચક; સૂચન કરતું.

મુખરતા ૧. [સં] સ્ત્રી. ઋષભ; શ્રેષ્ઠતા

૨. સ્ત્રી. ઉચ્ચાર કરીને વાંચવું તે.

૩. સ્ત્રી. નૂપુરનો ખણખણાટ.

૪. સ્ત્રી. બબડાટ; વાચાળપણું.

મુખરપિશાચ ન. (જૈન) એક પ્રકારનું પિશાચ.

મુખરસ [સં.] પું. સ્વાદ; ચૂંક.

મુખરસમાં રાસાયણિક ફેરફાર કરવાની શક્તિ છે. શરીરક્રોનું રેખાદર્શન

મુખરાગ ૧. પું. તબાસ.

૨. [સં.] પું મુખ ઉપરની લાલાશ કે રતાશ.

મુખરિત ૧. [સં.] વિ. અવાજવાળું. અવાજ કરતું.

૨. વિ. બબડતું; વાચાળ; બોજાવું.

૩. [સં.] વિ. વાચાળ; બોલકણું; મુખર.

મુખરેખા સ્ત્રી. ચહેરા ઉપરની લીટીઓ. મુખલક્ષણ

મુખરોગ ૧. પું. હોરમાં થતો એક જીવલેણ રોગ; મરોડો

૨ [સં. મુખ + રોગ] પું. મોઢાનો રોગ. માથેરે ૬૫ પ્રકારના મુખરોગ વર્ણવેલા છે, તેમા આઠ દંતરોગ, આઠ ઓષ્ઠરોગ, પંદર દંતમૂલરોગ, નવ તાળવાના રોગ, પાંચ જીભના રોગ, સત્તર કાનોગ તથા નવ સર્વસર રોગ છે.

મુખરોગહર ૧. ન. તાલીસપત્ર વૃક્ષ. તેનાં પત્રોના ચાવણથી મોઢાના સર્વે રોગ મટે છે એમ કહેવાય છે

૨. [સં] વિ. મોઢાનો રોગ મટાડનાર.

મુખલક્ષણ ૧. ન. મોઢા ઉપરનું ચિહ્ન.

૨. ન. શુભ લક્ષણોથી ભરપૂર મુખ.

મુખલક્ષણજ્ઞવેત્તા જુઓ મુખસામુદ્રિકવેત્તા.

મુખલક્ષણજ્ઞશાસ્ત્ર જુઓ મુખસામુદ્રિક

મુખલક્ષણજ્ઞશાસ્ત્રી [સં મુખલક્ષણજ્ઞશાસ્ત્રિન્] પું ચહેરા ઉપરથી માણસના ગુણ, લક્ષણ, ચારિત્ર વગેરે જાણનાર પુરુષ.

મુખલું (મુખલું) ન. મોઢું

મુખલટે અમી ઝરે રે લોલ. લોકગીત

મુખલા પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ વૃત્ત, સારનિકા; સારંગ; સારંગિક; સારંગિયા; સારવક; મલ્લા. તે જગતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ અને સગણ એમ નવ અક્ષર હોય છે.

નવ સ જાણે મુખલા. અખિંગળ

મુખલાલી સ્ત્રી. મુખની રતાશ; મોઢા ઉપરની મુલાયમી, સુરખી

મુખવચન ૧. [સં] ન. મુખપાઠ; મુદ્રાલેખ, જીવનસૂત્ર; સૂત્રવાક્ય.

૨. ન. વચનામૃત.

મુખવટો ૧. પું ઢબ્બ; ડોળ; મિષ.

૨. પું. ઘૂંઘટ; લાજ કાઢવી તે; ઘૂમટો.

મુખવટો ઢાકવો = ચહેરો ઢાકી દેવો. જુરબો નાખવો

૩ પું ચહેરો; વદન; મુખાકૃતિ; મુખમુદ્રા.

૪ પું ડોકું.

૫. પું નાટકનું મુખ; પ્રસ્તાવના.

૬. પું. પેટથી ઉપરનો ભાગ; ' બસ્ટ '.

૭. પું. મદોકમાં કૃત્રિમ મુખ. રંગભૂમિ અને રાજપથ પર મુખવટાનો ઉપયોગ સારા પ્રમાણમાં થાય છે. પ્રાચીન સમયના માનવીઓ બાંહેધરી, બડાઈ, મરણ અને ભયાનક જનાવરોથી પોતાનું રક્ષણ કરવા વિવિધ પ્રકારના મુખવટાઓ પહેરતા. અત્યારે પણ જાપાનની રંગભૂમિ ઉપર મુખવટાનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે

૮. પું મોઢા ઉપર આડું રાખવાનું લૂગડું; ચહેરો ઢકવા માટે બાંધવાનો લૂગડાંનો ટુકડો; જુરબો

મુખવસ્ત્રિ ૧. ન. અંચળો.

૨. ન. મૂમતી; મુંહપતિ. મુખવસ્ત્રિકા.

૩ ન. મોઢું લૂછવાનું કપડું.

મુખવસ્ત્રિકા સ્ત્રી. મુંહપતિ. મોઢા આડું રાખવાનું વસ્ત્ર. મૂમતી

જૈન સાધુઓની પેઠે તેઓ પણ બોલતી વખતે મુખવસ્ત્રિકા રાખે છે. પુરાતત્ત્વ

મુખવાચન [સં.] ન. ઉચ્ચારણ કરીને વાચવું તે; મોઢેથી વાંચવું તે.

મુખવાદ ૧. [સં મુખ + વદ (બોલવું)] પું. ભાષણ

૨. પું. મોઢાની ચર્ચા

મુખવાદ્ય ૧. [સં.] ન. ફૂંકીને વગાડવાનું વાદ્ય; મોઢેથી વગાડવાનું વાદ્ય; બંસી, મુરલી, વાંસળી વગેરે મુખવાદ્ય ગણાય છે.

૨. ન. મોઢેથી સંગીતમય અવાજ કરવો તે

મુખવાસ ૧. પું એ નામનું એક સુગંધિત ઘાસ; નખતૃણ

૨. પું તરણસનો વેલો

૩. [સ] પું. પૂજનના સોળ ઉપચારોનો એક પ્રકાર.

૪ પું. ભોજન લીધા પછી મુખશુદ્ધિ માટે વપરાતી ચીજ

૫. પું. મુખને સુવાસિત કરવાને વપરાતી ચીજ; સોપારી, પાન, એલચી વગેરે વસ્તુઓ. તાબૂલ; જે ખાવાથી મોં સુગંધી થાય તેવા પદાર્થો

મુખવાસિની [સં.] સ્ત્રી. સરસ્વતી.

મુખવિકૃતિ જી. એ નામનો એક મુખરોગ.

મુખવિલાસ ૧. જી. એક જાતના ગલ્યા પડલા.

૨. જી ધૂપરા; ભદામ, માવો, ખાંડ વગેરેની બનાવેલ એક જાતની મીઠાઈ મેદાની પૂરી બનાવી અંદર પુરણ પુરી બનાવાતી મીઠાઈ.

મુખશાસ્ત્રો ન. મોં ઉપરથી મનુષ્યનો સ્વભાવ પારખવાની વિદ્યા; મુખભરલક્ષવિદ્યા; મુખલક્ષણશાસ્ત્ર; મુખસામુદ્રિકશાસ્ત્ર.

મુખશાસ્ત્રોની શરૂઆત ઉક્ત એરીસ્ટોટલના વખતથી થયેલી મનાય.માં આવે છે.

નૂરે એલમ

મુખશુદ્ધિ વિ. શુદ્ધ મુખવાળુ

નવા બંધારણના કેટલાક રાજ્યો અદ્યાપિ હોય છે. એવા રાજ્યો વાપરવા એ દોષ છે. છતા એવા રાજ્યો આપણાં વધુ ને વધુ બંધારણ ને વપરાતા જાય છે. 'પાર્લિમાલ', 'સદ્ગુરુ', 'આયત', 'ઉપરણ', 'અનુપસ્થ', 'કનૂપસ્ત', 'ડિમ.પુર્ણી', 'સાહજિક', 'ચટ્ટો', 'દુષ્ટી', 'વોરી', 'અદીક', 'આત્મન્ તૃપા', 'મુખશુદ્ધિ' ઇત્યાદિ રાજ્યો છે. મણિલાલ હાલિલાલ ભટ્ટ

મુખશુદ્ધિ ૧. [સં.] જી. દાતણ વગેરેથી મોઢું સાફ કરવાની ક્રિયા; મોઢું સાફ કરવું તે.

૨ જી. મુખ શુદ્ધિમાટે પાન, સોપારી, એલચી, લવિંગ, તજ ઇલાદિ વાપરવા તે; ભોજન લીધા પછી મુખ શુદ્ધ કરવું તે.

મુખશોધન ૧. [સં.] પું. કટુરસ.

૨. [સં.] ન. તજ; દાલચીની. તે મોઢામાના રોગનું શોધન કરી મોઢું સાફ રાખે છે.

૩. ન. મુખ સાફ કરવું તે.

૪. વિ. કડું

૫. વિ મુખ શુદ્ધ કરનાર.

મુખશ્રી ૧. [સં] જી મુખની કાંતિ; મુખની શોભા.

૨ જી. સુંદર મુખ

મુખસજ્જાવહ [સં.] જી. નાટક; રજતપટ વગેરેમાં ઊતરતા પહેલા રંગઅદિ સાધનોથી કરવામાં આવતી નટનટીઓના ચહેરાની સજાવટ; 'મેક-અપ'

જ્યારે આપણે મુખસજ્જાવહની વાત કરીએ છીએ ત્યારે તે નિમે જે એક મુદ્દો વિચારવાનો છે તે આ કે નટ પ્રેક્ષાગારમાંથી કેવો દેખાય છે.

દિનકરરાવ મહેતા

મુખસંદેશ [સં.] પું. મોંનો સદેશો.

તમે એમને લેખ જણાવો, મુખસંદેશ આ માણસ કહેશે.

કેરાવ દવંદ

મુખસંધિ ૧ જી. નાટકની પાંચ માહેની એક સધિ. નાટકની વસ્તુના મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્શ અને ઉપસંહાર એમ પાંચ સંધિ એટલે ભાગ પાડવામાં આવે છે

૨. જી. વસ્તુના આરંભમા જુદા જુદા પ્રકારના અર્થ અને રસનો આશ્રય કરીને જે બીજની ઉત્પત્તિ વર્ણવાય છે તે. એના બાર અંગ છે ઉપન્યાસ, પરિકર, પરિન્યાસ, વિલોભન, યુક્તિ, પ્રાપ્તિ, સમાધાન, વિધાન, પરિભાવના, ઉદ્ભેદ, ભેદ અને કરણ.

મુખસામુદ્રિક ૧. [સં.] પું. ચહેરા ઉપરથી ભવિષ્ય જોવાની વિદ્યા; મોંના દેખાવ ઉપરથી સ્વભાવ પારખવાની વિદ્યા; 'ફિઝિયોગ્નોમિ'.

૨. પું મુખલક્ષણ કે ચહેરો જોઈ ભવિષ્ય કહેનાર માણસ; મુખાકૃતિનિરૂપક; વદનલક્ષણનિરૂપક.

૩ ન. ચહેરો; આકૃતિ; આકાર; વદન

મુખસામુદ્રિકવેત્તા [સં.] પું. મુખાકૃતિજ્ઞ; મુખલક્ષણસૂચના.

મુખસામુદ્રિકશાસ્ત્ર જુઓ મુખસામુદ્રિક ૧.

મુખસૂત્ર જુઓ મુખવચન ૧.

મુખસૌષ્ઠવ ૧. [સં.] ન મોંનું ઉત્કૃષ્ટપણું

૨. ન. મોંનું સુરેખપણું; મોંની સુંદરતા.

એવું જ મુખસૌષ્ઠવ કાર્લાની ગુફાની મૂર્તિઓમા છે. પ્રસન્નકુમાર

મુખસ્થ [સં.] વિ. મોઢે રહે તેવું; કંઠસ્થ.

મુખસ્થવિદ્યા [સં.] જી. મોઢેથી બોલવી શકાય તેવી વિદ્યા.

મુખસ્રાવ ૧. પું મોંનો એક રોગ.

૨ જુઓ મુખરસ.

મુખાકૃતિ ૧. [સં.] જી. ચહેરાનો દેખાવ; મોઢાનો આકાર; ચહેરો.

૨. જી. બાહ્યસ્વરૂપ.

મનુષ્ય આત્મામા એવું સામર્થ્ય રહેલું છે કે, આત્મા આત્માની સન્નિધિ આવતાં માત્ર મુખાકૃતિ, દષ્ટિ કે વાણીથી જે એવી વિલક્ષણ અસર ઉત્પન્ન કરી શકે છે કે જડજગતથી પણ થઈ શકતી નથી. પણ આ વાત અસાધારણ આત્મા પરત્વે જ ખરી છે. આપણા ધર્મ

મુખાકૃતિજ્ઞ [સં.] પું. મુખરેખાઓ ઉપરથી ચારિત્ર્ય કળવામા નિષ્ણાત પુરુષ; મુખ ઉપરથી ચારિત્ર્ય અથવા ભવિષ્ય કહેનાર માણસ

મુખાગ્નિ ૧. પું. ઉલ્કા; ખરતો તારો.

૨. [સ.] પું. મિત્રા સબધવની બળતે શબના મોઢામાં અગ્નિ મૂકવો તે.

૩. પું. દાવાગ્નિ; દાવાનળ.

૪ પુ. વિસ્ફોટ; ઝેર. કેમકે તેનાં મુખ ઝમિના બનેલ છે એમ મનાય છે.

૫. પું. ચાહ્યગ્ન.

૬ પું યજ્ઞનો અગ્નિ

મુખાગ્ર ૧ પું. કોઈ પદાર્થનો આગલો ભાગ.

૨ [સં] પું. ઠોઠ.

૩ વિ. કઠસ્થ.

મુખાબ્જ જુઓ મુખાબુજ.

મુખારવિંદ [સં. મુખ + અરવિંદ (કમળ)] ન. કમળ જેવું સુંદર મુખ; મુખરૂપી કમળ; મુખકમળ.

મુખાવિલોચન ન. કાનના ચાટકામા થી ઊર્ધ્વ, અંદર મુકદાન નાખી, મોઢું બોવર.થી દાન કરવું તે.

મુખાંબુજ [સ] ન. વદનકમળ.

મુખિયાજી પું હવેલીમા ઠાકોરજીની પૂજા કરનાર માણસ

એવી પૂજા કરવા માટે કોઈ ખાસ મોર, તપાચન, આસણ, બાવા કે મુખિયાજીની જરૂર નથી. કાકેલકર

મુખિયું ૧. ન. કોથળા કે ગાભડાંનાં મોં સીવી લેવાનું સૂતળીનું ગૂંચળું; ગાભડાના મોં સીવવાની સૂતળી.

૨. વિ. મુખ્ય.

મુખિયો ૧. પું. ઠાકોરજીની સેવા-પૂજાની સામગ્રી ભરનારાઓનો ઉપરી; ઠાકોરજીની સેવાનો સામાન, ભોજન વગેરે તૈયાર કરાવનારો મુખ્ય માણસ; હવેલીમા ઠાકોરજીનો પૂજારી. દેવમંદિરના સેવકોમાં મુખી

કેટલા હિંદુ સેવકો-મહંતો, મુખિયાઓ, મહારાજો, બહુજ મહારાજો વગેરે આમ હિંદુ મંદિરોને આશ્રયે જઈ જઈને તેમને આર્થિક, આંકડા કે પૈસાની મદદ કરતા હતે? કૌમુદી

૨. પું મુખ્ય માણસ; મુખી

મુખી ૧. પું. ગ્રામની સંપ્રદાયમા મળતો એ નામનો એક હોદ્દેદાર. આ હોદ્દાનો મેળવનારને જમાતનો કારભાર ચલાવવાની સત્તા હોય છે.

૨. પું. એક સમુદાય કે વર્ગમાંનો મુખ્ય માણસ; મુખ્ય માણસ; ઉપરી; આગેવાન; અગ્રેસર નાયક.

૩. પું. બીજા ધર્મના મંડળનો મુખ્ય આગેવાન માણસ

૪. પું પટેલ; પોલીસ ખાતામાં સૌથી હલકા દરજ્જાનો અમલદાર; પોલીસ પટેલ; વસૂલાતી અમલદારને મદદ કરનાર અને ગામની જવાબદારી રાખનાર ગામનો વડો તે; એક સરકારી અધિકારી; મુકદ્દમ

મુખી ઉપરીને કહે, મુખી ગામનો જેહ
મુખી નાતનો હોય ને મુખી ટોળીનો જેહ.

અરવિંદ મોદી

મુખીપદું ન. મુખીનું પદ; મુખીનું કામ.

મુખીશોષ જુઓ. એ નામની એક રમત; નેતરશોષ. કાર્દિવાલ શારીરિક શિક્ષણસરસ્વતીની નોંધ મુજબ, બાળકો બીજી રમતો રમી રમીને થાકી ગયા હોય ત્યારે આ રમત રમાડવામાં આવે છે. રમતની શરૂઆતમાં બધા રમનારાઓ વર્તુળ આકારે બેસી જાય છે, ફક્ત જે એક જણને તેમનાથી બાદ કરવામાં આવ છે તેના ઉપર દાવ આપવો પડતો હોય છે અને તે બધા બેઠા હોય ત્યારે પાછળ જોવા વગર બોડે દૂર ચાલ્યો જાય છે. પાછળથી શિક્ષક વર્તુળમાં બેઠેલાઓમાંથી એક જણને મુખી તરીકે ચૂંટી કાઢે છે અને બીજા બેઠેલાઓને તે જેમ હિલચાલ કરે તેનું અનુકરણ કરવા કહે છે; બોલવા કે, મુખી જો તાળી પાડે તો બીજા બધા તાળી પાડે છે. તે જો પોતાના હાથે બબડાટો લગાવે તો બીજા પણ તેમ જ કરે છે. આમ સમજાયું આપ્યા બાદ તે સંતાડી મારી જેની ઉપર દાવ હોય છે અને જે ચાલતો ચાલતો દૂર ગયેલો હોય તેને બોલાવે છે. તે બોલાવે વર્તુળમાંથી તે વર્તુળનો મુખી હોય છે તે જાણવાનો પ્રયત્ન કરે છે. તેને ત્રણ વખત મુખો જાણવાની તક આપવામાં આવે છે. જો આ ત્રણ તકની અંદર દાવ આપનાર મુખી ઓળખી શકતો નથી તો તેના ઉપર રમનારાઓ કહે તે સજા ફરમાવવામાં આવે છે.

મુખોદ્ગય પું. એ નામની એક પ્રકારની પ્રસવની સ્થિતિ. તે સ્થિતિમાં પ્રસવકાળની પહેલા ગર્ભનું માથું પાછળ જાણું નમેલું હોય છે અને પશ્ચાત અસ્થિ કમરને અડેલી હોય અને મુખ બહારના મુખમાં પહેલા આવે છે. મુખોદય થવાનું મુખ્ય કારણ પહોળો અસ્થિપ્રદેશ છે તેમ માલમ પડ્યું છે.

મુખોદ્ગત [સં. મુખ + ઉદ્ગત] વિ. કંઠસ્થ, મુખપાઠ.
એવું સાહિત્ય મુખોદ્ગત રહે એવી વ્યવસ્થા કરવી એ અત્યંત આવશ્યક છે. કાલેલકર

મુખોમુખ જ. મોઢામોઢ.

મુખ્તલિફ (મુખ્તલિફ) [અ. ખલફ (તે જુદો પડ્યો)] વિ. જુદું; ભિન્ન; અલગ; પૃથક્

મુખ્તલિફા (મુખ્તલિફ) જુઓ મુખ્તલિફ

મુખ્તસર ૧. [અ. ખસ્ર (તેણે ટૂંકું કર્યું)] વિ. ટૂંકું કરેલું. ટૂંકું; સંક્ષિપ્ત.
૨. વિ ઓછું, અલ્પ.

મુખ્તાર ૧. પું. કાયદાનો સલાહકાર; સનદી વકીલ. તે ફોજદારી મુકદ્દમા ચલાવે છે અને દીવાનીના વકીલ કરતાં ઊતરતા દરજ્જાનો છે.
૨. [અ.] પું. કાયદેસર અધિકાર પામેલ આડતિયો; સત્તા આપેલ પ્રતિનિધિ; અધિકૃત પુરુષ.
૩. સ્ત્રી. અખત્યાર; અધિકાર.
૪ વિ. પસંદ કરેલું
૫ વિ. મોજ; સૌથી ચડિયાતું
૬. વિ સ્વતંત્ર સત્તાવાળું

મુખ્તારનામા [અ.] પું મુખત્યારનામું.

મુખ્તારી જુઓ મુખત્યારી

મુખ્તિયાર જુઓ મુખત્યાર.

મુખ્ય ૧. પું. આગેવાન; મુખી.
૨ પુ. વાદનો પહેલો કક્ષ.
૩. પું. વેદનું અધ્યયન કે અધ્યાપન.
૪. [સં.] પુ. ક્ષિતિનાં ઉત્તર માર્ગનું એક નામ.
૫. વિ. આદ્ય; અગ્ર; આદિનું; પ્રથમ
૬ વિ. ઉત્તમ; સૌથી સારું; પ્રકૃષ્ટ, ઉમદા.
૭ વિ. પ્રધાન; વિશિષ્ટ; અમુક મહત્ત્વ તેનું.
જેની પહેલી જરૂરત પતી હોય તેનું.
નિર્બંધતા વિના કોમા નિર્બંધતા ન સંભવે,
તેથી અગ્રમ છે મુખ્ય દ્વાર આપણી મુક્તિનું
શ્રીમદ્ભગવદ્ગીતા

મુખ્ય અધ્યાપક [સ.] પું. મુખ્ય આચાર્ય; પ્રિન્સિપાલ

મુખ્યતમ [સં.] વિ. સૌથી વધારે જરૂરનું.

મુખ્યતયા જ. ખાસ કરીને.
વૈદિક અસ્પર્શન કાલતત્ત્વપણ મુખ્યતયા પ્રકૃતિપરિણામને અવર વેરાતની દૃષ્ટિએ આધિક વિલાસને કે અક્રમવિવર્તને કાળ કહે છે.
પુરાતત્ત્વ

મુખ્યતઃ [સં.] જ આમ કરીને.

મુખ્યતા ૧. [સં.] સ્ત્રી આગતા; અગ્રગણ્યતા, વડપણ; મોભો.
૨. સ્ત્રી મુખ્યપણું. મુખીપણું

મુખ્યત્વ [સં] ન. મહત્ત્વ, જરૂરિયાત. ગૌરવ; પ્રભાવ; અગ્રતા

મુખ્યત્વે ૧. જ. ખાસ કરીને; વિશેષે કરીને.
૨ જ. પ્રધાનપણે; મુખ્યપણે

મુખ્યત્વે કરીને જ. વિશેષે કરીને; ખાસ કરીને.

મુખ્યદ્વાર [સ.] ન. ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર. આપણા શાસ્ત્ર પ્રમાણે ઘર બનતાં સુધી દક્ષિણાભિમુખ આપવું નહિ જોઈએ; પણ શહેરમાં જગ્યા સાંકડી હોય અને સામેનું ઘર ઉત્તરાભિમુખ હોઈ વચ્ચે માર્ગ હોય તો, દક્ષિણ તરફ મુખ્યદ્વાર મૂકવામાં કાંઈ હરકત નથી આ બાબતમાં એક સામાન્ય નિયમ ધ્યાનમાં રાખવાનો છે કે, જે ગામમાં ઘર બાંધવાનું હોય તે પૃથ્વીની મધ્યરેખાથી જેટલા અક્ષાંશ ઉપર હોય તેટલા અંશનો ઉત્તરથી પૂર્વ તરફ ખૂણો કરી ઘરનું મુખ્યદ્વાર રાખવું. ઉષ્ણપ્રદેશમાં આથી ઊલટું એટલે દક્ષિણ અને પૂર્વ આ બેની વચ્ચે દ્વાર રાખવું. પણ આ વાત જ્યાં જગ્યા છૂટી વિપુલ હોય, ત્યાં જ બની શકે તેમ છે. ગીચ વસતીવાળા સ્થળમાં જે દિશાથી પવન આવતો હોય તે દિશામાં મોં રાખવાથી ઉનાળામાં આરામ રહે છે; પરંતુ ઘર જો ઊંડાણમાં વધારે હોય અને પહોળાઈ પ્રમાણમાં કમી હોય તો બધા ઓરડામાં પવન રમી શકે. માટે મોં પવનથી કાટખૂણે આવતી દિશામાં રાખવું સારું. લંબાણ વધારે અને ઊંડાણ કમી હોય તો, મોં પવનની દિશામાં રાખવું સારું. જે જગ્યા ઘરમાંથી સૌમરો પવન નીકળી જાય. જે મુલકમાં વરસાદનું પ્રમાણ વધારે, એટલે ૫૦, ૬૦ ઇંચથી અધિક હોય ત્યાં પશ્ચિમાભિમુખ ઘર બાંધવું નહિ, પણ બાંધવાની જરૂર જ પડે તો તે બાજુ આગળ કૂદ પદોગાર્ડનો ઓટલો રાખવો, જેથી વાછટથી હરકત ન થાય. દક્ષિણે કે ઉત્તરે મોકળું રાખી બાંધેલી ઇમારત તપતી નથી અને દક્ષિણ તરફથી પવન વાતો હોય તો હવાણી હોય છે. બંગી મદ્રારાષ્ટ્ર અને ગુજરાતમાં વરસાદની મુખ્ય દિશા દક્ષિણપશ્ચિમ અને પંજાબના વરસાદની દિશા ઉત્તરપૂર્વ હોવાથી, વરસાદને લીધે પણ આવી રીતે દ્વાર રાખવાથી હરકત ઓછી થાય છે. તે ઉપરાંત વરસાદની દિશા તરફ ઓટલા ઓસરી રાખવાથી, મુદ્દલ અડચણ રહેતી નથી ને સુખ મળે છે.

મુખ્યધમની જી. હૃદયમાંથી નીકળતી મોટી વિશુદ્ધ રક્તવાહિની

મુખ્યપંચ [સ.] પું પંચાગ્રણી; સરપંચ.

મુખ્યપ્રધાન [સં] પુ મહામાત્ર; પ્રધાનાગ્નિ.

મુખ્ય અધ્યક્ષ પું. મુખ્યપંચ; સરપંચ.

મુખ્યરસ પું. પારદ, પારો

મુખ્યવક્તા [સ.] પુ અધ્યક્ષ વક્તા; 'સ્પીકર'. વૉશિંગ્ટનના હાઉસ ઑફ રેપ્રિઝન્ટેટિવ્ઝના પ્રમુખને પણ સ્પીકર કહે છે. ૧૭૬૭માં પહેલો સ્પીકર સર થોમસ હનર હોર્ડ હતો. તે અને તેની પછીના બીજા સ્પીકરો સભ્યો વતી રાજા પાસે બોલતા. તે ઉપરથી આ નામ ચાલ્યું આવ્યું છે. પાર્લમેન્ટની શરૂઆતમાં સભ્યો પોતાનામાંથી એકને સ્પીકર તરીકે ચુંટી કાઢે છે.

મુખ્યશઃ [સં.] જ. મુખ્યત્વે કરીને.

મુખ્ય શિક્ષક પું. વડો શિક્ષક: 'હેડ માસ્ટર'.

મુખ્ય શિક્ષિકા સ્ત્રી. મુખ્ય શિક્ષિકા: 'હેડ મિસ્ટ્રેસ'.

મુખ્ય સમાહર્તા [સં] પું. સરસૂબો: 'રેવન્યુ કમિશ્નર'.

મુખ્યસર્ગ [સં] પું. સ્થાવર સૃષ્ટિ

મુખ્ય સંપાદક [સં.] પું. મુખ્ય તંત્રી

મુખ્યસૂર પું વાદી સ્વર, મૂળ સ્વર

મુખ્યા [સં.] સ્ત્રી સંગીતનાં હજાર મૂર્છનામાંનું એક નામ.

મુખ્યાકૃંકારણ ન. કોઈ પણ લીટીને સમાંતરે મંડી કોરવા તે.

મુખ્યાજી પું. જમાવનારી સેવા કરનાર મુખ્ય માણસ; હવેલીમાં ઠાકોરજીનો પૂજારી.

મુખ્યાત્મા પું. (વેદાંત) પાંચકોશના અધિષ્ઠાનરૂપ સત્, ચિત્, આનંદ, એકરસ સાક્ષી આત્મા.

મુખ્યાનંદ [સં] પું બ્રહ્માનંદ; આત્માનંદ, નિજાનંદ; યોગાનંદ; અદ્વૈતાનંદ.

મુખ્યાનુવાદી પું. (સંગીત) સાત શુદ્ધસ્વરોમા અંશસ્વરથી આરોહમાં ત્રીજો ન અને અવરોહમાં બીજો ધ એ સ્વરોમાંનો પ્રત્યેક.

મુખ્યામાત્ય [સં. મુખ્ય + અમાત્ય] પું. મુખ્ય અમાત્ય.

> મા.ગ.નો સુબેદાર અહાદેવ પછીથી કુમારપાળના વખતમાં તેનો **મુખ્યામાત્ય** થયો હતો.
>
> પુરાતત્ત્વ

મુખ્યાર્થ [સં] પું. શબ્દનો પ્રધાન અર્થ. શબ્દના અનેક અર્થ રહેલા છે પણ જ્યાં એક જ અર્થ થાય તે મુખ્યાર્થ; પહેલવહેલો અર્થ અર્થ. અમુક શબ્દ સાભળતાં વારને જે અર્થ મનમાં ઉપસ્થિત થાય તે; મુખ્ય અર્થ મુખ્ય અર્થ એ સાંપ્રતિક અર્થ છે. તેના ત્રણ વિભાગ છે: યૌગિક રૂઢ અને યોગરૂઢ. જોતથી જે શબ્દનો અર્થ થાય તે બોધ કહેવાય છે. તે અર્થ વાચ્યાર્થ કે મુખ્યાર્થ કહેવાય છે.

મુખ્યાલય [સં.] ન. મુખ્ય અધિકારીની રહેવાની જગ્યા; વડું મથક; 'હેડક્વાર્ટર્સ'.

મુખ્યાંક [સં. મુખ્ય + અંક] પું. મુખ્ય આંકડો; મુખ્ય સંખ્યા.

મુખ્યાંશધારી [સં. મુખ્યાંશધારિન્] વિ. મુખ્ય ભાગદાર; મુખ્યાંશભાગી

મુખ્યાંશભાગી જુઓ મુખ્યાંશધારી

મુગજી સ્ત્રી. મગજી; બાંધ્યા વૈરની ત્રીજી પાતળી કિનાર

મુગટ ૧. પું. મસ્તકની ટોપી.

૨. પું માજર નામની એક વનસ્પતિ.

૩. પું. મુગળી, મુખી; વડીલ.

૪. [સં. મુકુટ] પું. રાજાનો તાજ; તોરાદાર પાઘડી; કલગી શિરપેચ, કેવા, રાજાઓ વગેરેને પાઘડીને સ્થાને પહેરવાનો હીરારત્નજડિત સોનાનો શણગાર કે અલંકાર; માથે પહેરવાનો સુંદર અને કીમતી ટોપ; શિરોવેષ્ટન

મુગટધારી ૧. પું. મુકુટ ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

૨. વિ. મુખ્ય; શિરોમણિ; શ્રેષ્ઠ.

૩ [સં] વિ. મુકુટ ધારણ કરનાર.

મુગટમણિ ૧. પું. આગેવાન; અધિપતિ. [તિરસ્કાર.

૨. પું. માથાનો મુગટ.

મુગટી સ્ત્રી ઘોડાનું અળોટિયું; નાનો મુગટો; ઘોડાને પહેરવાનો મુગટો.

મુગટો [સં. મુકુટ (કોઈ નીકળી ગયા પછીના રેશમમાંથી વણેલું)] પું. અળોટમાં ઓ પુરુષ ભને પહેરી શકે તેવું રેશમી વસ્ત્ર; અળોટમાં નાહીને પૂજા કરવા તથા જમવા બેસતા બ્રી, પુરુષ, બાળકો વગેરેને પહેરવાનું હોરનું વસ્ત્ર; રાંધ્યું અથવા રેશમી વસ્ત્રાદનું વસ્ત્ર; રેશમી અળોટિયું; મુકટો. મુગટાનું રેશમ પીતાંબરના રેશમ કરતાં સસ્તું અને કનિષ્ઠ પ્રકારનું હોય છે. આથી મુગટા કીમતમા પીતાંબર કરતાં સસ્તા હોય છે અને તેથી તેનો ઉપયોગ પણ પ્રમાણમાં વધારે થાય છે.

મુગડી (મુગડી) ૧ સ્ત્રી. કુંડી; પિત્તળ માળવામાં વપરાતું માટીનું કોઠારનું એક સાધન.

૨. સ્ત્રી. જપેલા દેવાનું ભીનું નામ.

૩. સ્ત્રી. ઓળોનું ભનતું મોતીનું વલેણું; મુગડી.

મુગણી સ્ત્રી રાખેલા ઓબામાં મસાલો ભેળવી ભનાવેલી એક ભનતની પુરી

મુગતિ સ્ત્રી મુક્તિ; મોક્ષ.

> સુમરિતના ચારે રે વાસાં. મેવાણી

મુગત્ય [પ્રા.] સ્ત્રી. મુક્તિ; મોક્ષ

> નાકાર નહિ નર કે નવા,
> નારી મુગત્ય ન હોય. પ્રીતમદાસ

મુગલ ૧. [તુ.] સ્ત્રી. મોગોલિયાના મુસલમાનની એક ભનત; ઈરાન અને તાર્તાર તરફના મુસલમાનની એક ભનત; ઈ. સ. પછી ગુજરાતમાં આવેલી એક પ્રજા. બાબરબીન મહમદ છઠ્ઠી પેઢીએ મુગલ નામે એક માણસનો જન્મ થયો. તેના વશજો મુગલ કહેવાયા.

૨. સ્ત્રી. સિપાઈ અને સિપોની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ

૪. વિ. એ નામની અટકનું.

મુગલાઈ ૧. સ્ત્રી. આપખુદ સત્તા; મુગલોની જોહુકમી; સ્વેચ્છાચારી રાજ્ય; અંધાધૂંધી

૨. સ્ત્રી ઠાઠમાઠ; અપરોક્ષ સભ્યતા.

> મુગલાઈ ચલાવવી = (૧) અનિયમિતતાથી કામ કરવું. (૨) મોટા ઉપર રાજ્ય ચલાવતા પોતાના કાર્યમાં અવ્યવસ્થા રહેવા દેવી; અધેર ને અવ્યવસ્થા ચલાવવાં (૩) સ્વેચ્છાચારે વર્તવું; આપખુદ અમલ ચલાવવો.

૩. સ્ત્રી. નકરી, કોનરકમ.

૪ સ્ત્રી, મુગલરાજ કે બાદશાહોની કારકિર્દી; મુનલનું રાજ્ય; મુગલોનો રાજ્યઅમલ.

> મુગલાઈ એટલે મુલાક ને મુલાકનું અત્તર. નાનાલાલ

૫. વિ. મુગલ સબંધી. મુગલ લોકોનું.

૬. વિ ધીમું, સુસ્ત, કંટાળા.

૭. વિ. લુચ્ચાઈ; ઠગબાજી; ઠગવિદ્યા; ધૂર્તતા.

મુગલાઈબેદાણા ૧. પું. એક ભનતના ઘોડાનાં બીજા; એક ભનતનું ઓસડ

૨ પું. બી વગરની કાળી દ્રાક્ષ મુખ્યમાં તે પૌષ્ટિક અને શીતળ છે ઉપરાંત ઔષધ તરીકે મોબરની માફક ધાતુક્ષય, અશક્તિ, મગજ કે ઝાડો, તબિયતના તેમ જ ઊલટા ઉપર વપરાય છે.

મુગલાણી ૧. સ્ત્રી કપડાં સીવનારી સ્ત્રી.

૨. સ્ત્રી. દાસી; મજૂરણ.

૩. સ્ત્રી. મુગલ સ્ત્રી; ભોગલાણી

મુગલી સ્ત્રી. મૂગલી.

મુગા ૧. ન. આસામમાં થતું એક ભનતનું રેશમ. તે ભારેક અને સફેદાર થાય છે પણ તે ધોવું ટકાઉ હોતું નથી.

૨. ન. એક ભનતના કોકડામાંથી નીકળતું રેશમ.

૩. ન. એક ભનતનો કીડો.

૪. ન. નર મોતીનું એક રત્ન.

મુગાસાડી (મુગાસાડી) [સ. મુગા (મુગાનો એક પ્રકાર)] સ્ત્રી મુગાની ભનતનું ઓઢોને અળોટમાં પહેરવાનું કિરમજી રેશમી વસ્ત્ર; ચોકડીવાળી ભનતનું વસ્ત્ર; ચોકડીદાર મુગટો; અમદાવાદી એક ભનત

મુગિયું ન વનસ્પતિની એક ભનત.

મુગી ન. બિહાર પ્રાંતનું એ નામનું એક શહેર. ત્યાં બૌદ્ધધર્મી અશોક રાજા યુધિષ્ઠિરશક ૧૭૬૧ના વિજય નામના સવત્સરમાં કારતક વદ ૯૩મને શનિવારે સાજને વખતે મરણ પામ્યા હતા.

મુગીજ વ. મગ જેવડો કદનો.

મુગું જુઓ મુગ.

મુગો ૧. પું. ગાડામાં જોતરની પટીનો વાંકો વળેલ ભાગ.
૨. પું બે નસકોરાં વચ્ચેની ચામડી.
૩. પું. બે હોઠ વચ્ચનો ભાગ.
૪. પું બોલી તેમ જ સાંભળી શકે નહિ તે.

મુગ્ધ ૧. પું. આસો માસ. તુષાર કે ઝાકળ વગેરેથી મોહરૂપ માસને તુષારના આધિક્યથી આશ્વિન માસ કહ્યો છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રોપાળ છંદ. આ છંદ પ્રતિજ્ઞા છંદનો એક ભેદ છે. તેમાં ૧ ભગણ ને ૧ ગુરુ મળી ૪ વર્ણ હોય છે.
મી ના મુગ્ધ. રણુપિંગળ
૩. પું. મર્મ આવેલ હાથી.
૪. પું. મૂર્ખ માણસ; મૂઢ; બેવકૂફ
૫. વિ. અજ્ઞ; અજાણ; અણસમજુ; બાલિશ.
૬ વિ. ઓછું ભાન થયેલું.
૭. વિ. મૂંઝવણ. મૂંઝવાડભર્યું. અવઢ.
૮. વિ. નિષ્પાપ; નિર્દોષ; નિષ્કલંક; સીધું સાદું; ભોળું.
૯ [સં.] વિ. પ્રેમઘેલું; મોહ પામેલું; મોહિત થયેલું.
૧૦. વિ. બેભાન થયેલ
૧૧. વિ. મૂંઝાયેલું.
૧૨. વિ. સુંદર; મોહક; રમણીય.

મુગ્ધગલિતક પું. (સંગીત) એક ગલિતક માત્રામેળ છંદ. તેમાં ૧ ભગણ (૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪) + ગુરુ મળી ૨૬ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

મુગ્ધતા ૧. સ્ત્રી. અજ્ઞાનતા; અણસમજુપણું.
૨. [સં.] સ્ત્રી. ઓછી સમજ કોરી તે; બાલિશતા
૩. સ્ત્રી નિર્ભાગ્યપણું; કોળપણ.
૪. સ્ત્રી. મૂઢતા; મૂઢપણું, ઘેલછા
૫ સ્ત્રી. મોહ પામવું તે. આસક્ત થવું તે.
૬. સ્ત્રી. સાદાઈ
૭. સ્ત્રી. સુંદરતા; સૌંદર્ય; ખૂબસૂરતી.

મુગ્ધત્વ જુઓ મુગ્ધતા.

મુગ્ધપ્રાય વિ. લગભગ મોહિત થયેલ.

મુગ્ધભાવ પું. મુગ્ધપણાનો ભાવ; કરમાળપણું.

મુગ્ધમનોહર વિ. મોહિત કરે એવું સુંદર.

મુગ્ધમાલાગલિતક પું. (પિંગળ) એ નામે એક ગલિતક માત્રામેળ છંદ. તેમાં ૬ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ મળીને ૩૮ માત્રા હોય છે. અને ૧, ૫, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧ અને ૩૫ માત્રાએ તાલ આવે છે.

મુગ્ધમુખી વિ સ્ત્રી. ભોળા જેવા નિર્વિકાર મુખવાળી.

મુગ્ધા ૧. પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૮ લઘુ અને ૬૦ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.
૨. સ્ત્રી. અવિદ્વાન; ગોરી; કુમારિકા.
૩ સ્ત્રી કામચેષ્ટાન્વિત યૌવના. તેના બે ભેદ છે (૧) અજ્ઞાતયૌવના અને (૨) જ્ઞાતયૌવના. એક કવિ મુગ્ધાના ભેદ નીચે પ્રમાણે માને છે:—(૧) અંકુરિતયૌવના (૨) કિશોરયૌવના (૩) અજ્ઞાતયૌવના (૪) જ્ઞાતયૌવના (૫) નવયૌવના (૬) નવપ્રસન્નતમા (૭) અવિદિતપ્રમા (૮) વિદિતપ્રમા (૯) નવપ્રવયૂ (૧૦) નવોઢા (૧૧) નિષ્પન્ન નવોઢા (૧૨) લબ્ધા આસક્ત રતિ કોવિદી
૪. [સં.] સ્ત્રી. જેને જુવાની નવરાની કૂટી હોય એવી સ્ત્રી; યૌવનમાં પ્રવેશતી પણ ભોળી અને રતિમાં થોડી સમજણવાળી સ્ત્રી; પ્રેમઘેલી સ્ત્રી; મુગ્ધ સ્ત્રી
૫ સ્ત્રી. નાયિકાનો એક ભેદ; નાયિકાના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા તેમાં મુગ્ધાનાં પાંચ લક્ષણ છે: નવું વય, કામ, રતિમાં નામતા, ક્રોધમાં કોમળતા અને લજ્જા

> નથી પારખેલી મુગ્ધાએ જેમ દક્ષનાયક વશ કરે
> છે અને મુગ્ધાનો રસ વખારે તેમ જ જ્ઞાનાની
> બુદ્ધિને પણ કેળવવાની છે. સરસ્વતીચંદ્ર

૬. વિ સ્ત્રી અજ્ઞાન; મૂર્ખ
૭. વિ. સ્ત્રી. ભદ્ર કાબેલ; ચતુર.
૮. વિ. સ્ત્રી. મોહ પામેલી; મોહિત.

મુગ્ધાક્ષી [સં.] વિ. સ્ત્રી. સરળ આંખવાળી

મુગ્ધાભાવ પું. ભોળપણ.

મુગ્ધાભિનય વ. નાટકનો ડાઘમાઘ. આ નામ મૃત તો એક જાતના નટોને આપવામાં આવ્યું હતું, અને નહિ કે નાટક અથવા દશ્ય જોમાં તે ભાગ લેતો હોય. આજના જમાનામાં તેનો અર્થ નાટક નહીં થાય છે કે જે નાટકમાં ડાઘમાઘ કે અભિનય પ્રધાન છે અને નહિ કે નાટકની વસ્તુ આધુનિક મુગ્ધાભિનય નાટકનું મૂળ મધ્ય યુગના ઈટલિના હાસ્ય રસિક નાટકો છે. અઢારમી સદીની શરૂઆતમાં મુગ્ધાભિનય નાટક પ્રથમ ઈગ્લંડમાં દાખલ થયાં. વીસમી સદીનાં મુગ્ધાભિનય નાટકો ભાવનામય નૂતનો, ડાઘમાઘ, બજારૂ દશ્યો, લોકપ્રિય ગીતો અને ખાસ પ્રકારનાં હાસ્યો એ બધાંનું મિશ્રણ હતાં. મોટાં અને નમૂનેદાર મુગ્ધાભિનયોનાં નાટકો ૬૨ વર્ષે લંડનના કૂરીસેન થિયેટરમાં ભજવવામાં આવે છે.

મુગ્ધાવસ્થા સ્ત્રી. બોઠનિદા

મુગ્ધરત (મુગ્ધરત) [અ.] સ્ત્રી. માફી; ક્ષમા.

મુગલ ૧. પું. મુગલજાતનો માણસ; મોગલ, તાર્તર અથવા તુરાન દેશનો વતની.
૨. [અ] પું. મુસલમાનનો ત્રીજો પંથ.
૩. સ્ત્રી. મુસલમાનની એક જાત.
૪ વ. એ નામની જાતનું માણસ.
૫. વિ. એ નામની જાતનું

મુગલબાદશાહ પું. મુગલ વંશનો બાદશાહ. નાનાલાલ કવિ લખે છે કે, સોના-રૂપાળો, મલમલ, કિનખાબ, મિત્રો, મહેલાતો, કુર્સી, મખ્મલો, મોભરાઓ, સિરાઝીઓ, દેશમાંથી ચંદરવા મંગી બનરાઝીઓ, યમુનાવિહાર, કરમીરવિહાર, ગુલ, ગુલબાગો, ગુલનું અત્તર, નાનાવિધ કલાઓના ચમત્કાર, કામદારમનૂન, રાજમહેલમુલમપર્યંક, રાજદરબાર, અખાડા, શિકારમાહ, અગડ સાઢમારી, ન્યાય, દયા, દુઆંરેશી, કવીરો, કલંદરો, ઓલિયાઓ, પયંબરો, સુંદરીની સૌંદર્યજ્યોત, રાજ્યોની રાજ્યજ્યોત, સમગ્ર સંસ્કૃતિ, વિધવિધ સંસ્કારજ્યોત, આબ્યા, ઝલ્યા, આવ્યું ને અમર્યા, અમર પ્રીતિલેખ લખ્યા ને અમૃતમયું મૃત્યુ પીને ભારતની ધરતીને હૈયે મુગલ બાદશાહો સદાના સમાયા.

મુગલાઈ ૧. [અ] વિ. જુલમી
૨. વિ. મનસ્વી
૩. વિ. મોરલાઈ.
૪. વિ. સોનેરી રૂપેરી કોરદાર.

મુચ્ ૧. [સં.] સ ક્રિ. (ધાતુ) છોડવું; છૂટા કરવું. એ ઉપરથી અનેક શબ્દો: મોચન, વિમોચન, મુક્ત.
૨ સ. ક્રિ. દૂર કરવું, ઉતરવું
૩ સ. ક્રિ ઢીલું કરવું.
૪ સ ક્રિ દાનવું, અર્પણ કરવું.
૫ સ ક્રિ. દંભ કરવો; સહતા કરવી.
૬ સ ક્રિ પાપમાંથી છોડાવવું
૭ સ. ક્રિ. ફેંકવું.
૮ સ. ક્રિ ઓકવું.

મુચકુંદ જુઓ મુચકુંદ.

મુચકુંદ વ. દિંદ, સિલોન તથા બ્રહ્મદેશમાં થતું એક જાતનું ઝાડ. તેનાં ફૂલો લાંબાં, માંસલ,

પીળા રંગનાં અને મોટી મુખેથવાળાં હોય છે. રસિક યુવતીઓ તેની વેણી ગૂંથી અંબોડામાં પહેરે છે. તેની અંદર રસકુપીઓ હોય છે. તે પોષિત હોઈ જ્ઞાનતંતુ ઉપર અસર કરી માથાનો દુ:ખાવો મટાડે છે અને જ્ઞાનતંતુઓની નબળાઈ દૂર કરે છે, તે અલ્પવર્ધક અને પ્રદર મટાડે છે. તે રક્તશોધક છે. તેને વાટી શીતળાના ફોલ્લા ઉપર ચોપડવાથી જલદી સુકાઈ જાય છે તેના ફૂલ ફોલ્લામાં નખાતા છે. ચોખાની માંડ સાથે આધાશીશી માટે માથા ઉપર ચોડાય છે ફોલ્લામાં તેની છાલ વાટી શીતળાના ફોલ્લા ઉપર પણ ચોપડે છે. રક્તસ્રાવ થતો હોય તો પાંદડાનો પાઉડર ઘાવ બાંધવાથી તુરત અટકે છે. તેનું ધૂમ્રપાન કરવાથી આયુ દૃઢ થતું મટે છે

૨. જુઓ મુચુકુંદ.

મુચરકો [જુ. મુચ્ચકાર (કરારનામું)] પુ. જમીનખત; કબુલાત; મુનેસારે વચન પાળવા માટે કરી આપવાનો લેખ; કરાર

૧. મુચરકો આપવો = જમીનખત આપવું. ન્યાયકોર્ટમાં કબુલાત દેવા.

૨. મુચરકો લેવો = ન્યાયની અદાલતથી લેખિત બંધણીથી કબુલાત લેવા.

૩. હાથ મુચરકો = તુરતના જમીન, જવાબદારીનું ખત.

મુચલકો જુઓ મુચરકો.

મુચુકુંદ ૧. [સં.] પું. (પુરા.) એ નામે એક પ્રાચીન રાજા; માંધાતા રાજાને બિંદુમતીથી થયેલ ત્રણ માંહેનો એક જ્યેષ્ઠ દીકરો. તે તેના પિતા જેવો જ પરાક્રમી હોવાથી, દેવ અને દૈત્યોનું યુદ્ધ થતા, દેવો તેને સહાય માટે બોલાવી લેતા હતા. પછી દેવોનો જય થઈ યુદ્ધ સમાપ્ત થયું એટલે દેવોએ તેના કહ્યા પ્રમાણે તેને શાંતિ મળે તે માટે પર્વતમાં એક ગુફા આપી. તેણે શ્રીકૃષ્ણની પાળા પડેલા કાળયવનનો નાશ કર્યો હતો.

શ્રીકૃષ્ણજન્મકાલ, મુચુકુંદ, અરીઠો, કેદારમાર, સુદર્શુમ્ન, સૌભનસેન, સુદાસના રાજાઓ દેવાયત વધ નખત્રણ, રાજેગાર, રાજકોટેશ્વી, પરાક્રમી ૬૨' રાજાઓ, નરસિંહ મહેતા, અમરજી તથા રેવાકાંઠાના દીવાન, મહાત્મા ગાંધીજી અને બીજા અનેક મહાપુરુષો આ પ્રદેશમાં થઈ ગયા છે.

સોરઠ અને સાહિત્ય

૨ પું. એક સુતર.

૩. પું. બાંગોમાં થતું એ નામનું એક વૃક્ષ

૪. પું સુવાસિત પુષ્પ; ચંપાની જાતનું એ નામનું ઘોળું ફૂલ.

મુચ્છ સ્ત્રી (વહાણવટું) નાના વજેરાના મોટા જહાજનો ભાગ.

મુછાળો ૧. પું. જેને મૂછો આવી હોય એવો ઉંમરલાયક પુરુષ; મરદ; બાપડો.

૨. વિ પું. મૂછવાળો.

મુછેલ ન. એ નામનું ઘાસ. આ ઘાસ જિંજવા ને સન્નિપાતની જાતનું ઊંચું ગણાય છે. તેના છોડા મૂળ જેવા પાતળીઆર્યા અણીવાળા હોઈને તેને મુંડલ કહેવાતું હશે. તેને કોઈ કોઈ મંજરી પણ કહે છે. જ્યાં પાણીનો પૂરવઠો વધારે હોય ત્યાં એ થાય છે. તે લીલવરણી ઘાસ ગણાય છે

મુઠો ૧. પું. લાકડાને અદરયો સાંધ કરવાનો લાકડાનો ટુકડો

૨ પું. જ્યારી લાકડું કોનુ ફાડી રાકમ છે ત ઠંડા.

૩. પું. પાટડાનો છેડો; પાટડો પેલો છે કે કેમ તે તપાસવા માટે તેના મુખ ઉપર કોલ મારવામાં આવે છે.

મુજ ૧ [સં. અમ-મુજ્જુ-મુજ] સ. સર્વ. હું નું છઠ્ઠી વિભક્તિનું રૂપ. એ શબ્દને હું ની માફક જ એ વિભક્તિના પ્રત્યય લાગે છે. હુંના અર્થમાં વિભક્તિના પ્રત્યય સાથે પણ વપરાય છે. જેમકે, મુજમાં, મુજથી.

૨. સ. મુજને; મુને, મને

મુજને જુઓ મુજ.

મુજજાસ ૧. [સં.] પું. પાડાનો એક પ્રકાર. આ ઘોડો ઈરાની ઘોડાને મળતો આવે છે. તે ઈરાની અને તુર્કી ઘોડાના મિશ્ર ઘોડાની પેદાશ છે.

૨. વિ જુદી જુદી જાતનું અનેકું વસ્તુસંકર.

મુજજેફેરે વિ. વિજયી

મુજજેફેરજંગ વિ. લડાઈમાં વિજય મેળવનાર; વિજયી.

મુજજ્મ ૧. વિ સમાન; સરખું; જેવું; તુલ્ય.

૨. [અ. મુજ્જિમ] અ અનુસાર, પ્રમાણે, મુજબ, રીતે, છે તેમ; જેમ.

મુજરા ૧. પું કોઈ મોટા પુરુષ કે ધનવાન વજેરની સામે જઈને તેને સલામ કરવી તે, અભિવાદન મુજરો

૨ પું માનનો જલસો, નામ આનનો જલસો

૩. પું બડાઈ; કબાત

૪ પુ બક્ષિસ

૫ વં ભેટ, નજરાણું

૬. પુ. મુસલમાનોમાં મરણી વખતે ગવાતા ગીત, મર્સિયા

૭. પું વર્ણસંકર ' અલ્બત્તસ '.

૮. પું બેસવા બોલીને માન તેઃ જેમાં તેનો નામ ન હોય પણ અંગ નજરે હોય તેવું નાણું

૯. પું સન્માનનું માનનું પૂજનભાવ.

મુજરાઈ ૧ પું. માને આપવાની આજરી

૨. પુ જે કેવળ સલામ કરવા માટે જ વેતન મેળવતો હોય તેવો પુરુષ

૩. પું મરસિયા ગાનાર માણસ.

૪ પુ મુજરો કરનારઃ ગરૈયો.

૫ પું. ત્રિપોટીમાં બટાકો. મહેસૂલ.

૬. પુ દિવસમાં પેટે આવતી રકમ; પટ.ડેલી કે કપાત કરેલી રકમ

મુજરિમ ૧. પું. પાપી.

૨. [અ. જરમ] પું. ફોજદારી ગુનેગાર; અપરાધી; અપરાધી

મુજરે [અ , અ માનવામાં વાગોને, પેટે, મજરે, બાતરમાં હિસાબે.

મુજરો ૧ [અ. મુજરા (સલામ)] પું. નમનાં મજરો. વદન. સલામ; માન સહિત પ્રણામ. બહુ વિવેકાર વદન.

૨. પું. નર્તકીના વજેરનું ગાનું તેઃ રામજણીએ બેસીને ગાવું તે.

૩. પું. ભેટ કે મહેરબાનીની આશાએ બહુ વિવેકપૂર્વક વદન કરી રજા કે મોટા માણસ પાસ બેસવું તે.

૪. પું. વાજતાગાજતા વજેરે સલામ ફાખલ જે નમત આપ છે ત

મુજવાન ૧ પું. એ નામે એક પર્વત, તેના ઉપર થયેલા સોમનો રસ ઉત્તમ ગણાય છે.

મુજવાન ઉપર થયેલા સોમની જેમ.
બોલ પાંચમો

૨. [સ મુજ (એક જાતનું ઘાસ જેની મંજણ, બને છે તે) + વત્ (વાળું)] વિ. મુજ ઘાસથી છવાયેલું; મુંજ ઘાસથી યુક્ત.

મુજવાહામત ૧. સ્ત્રી. ખુશામત

૨. સ્ત્રી. ખોટરણી, ચિકાન્વેષણ.

૩. સ્ત્રી. ટીકા; વિવરણ; વર્ણ; આખ્યાન; ટિપ્પણ, વિવરણ

૪ [અ. અહમ (તેણે હાંસ આલે નહિ એવો કર્યો)] સ્ત્રી. પ્રતિબંધ, અટકાવ; નકતરઃ બાધા, અડચણ

મુજાખા ૧. પુ. અગત્ય, ગૌરવ; મહત્ત્વ.

૩. પુ અ.જ

૨. પું. દરકાર, ગણતરી; લખુ.

૪ પુ વજન, કિંમત

૫. [અ. ન્નમખદ્ધ (અવયવ)] પું કરકત.

મુજાફેલ (મુજાફેલ) [અ. મુજાઅફત (બેવડું)] વિ. બમણું; દુપટ્ટ; બેવડું રેવન્યૂખાતામાં વપરાય છે

મુજાર અ નજર, મોજાર.

નથી આવ્યો મજાર મુજાર પ્રેમાનંદ

મુજાવર ૧. [અ. મુજાવિર (દરગાહમાં કામ કરનાર)] પું. કબર ઉપર ફૂલ ચઢાવનાર; કબર વગેરેની સંભાળ રાખી બંદોબસ્ત વગેરે કરનાર માણસ; પૂજારી જેવો કબરનો રખેવાળ.

૨. પું. મસ્જીદમાં ઝાડુ કાઢનાર માણસ.

મુજાવરી ૧. સ્ત્રી. મુજાવરની પદવી; મુજાવરનો ધંધો.

૨. સ્ત્રી. મુજાવરની મિલકત

મુજાહિદ પું. ધાર્મિક સ્વયંસેવક

મુજિબ ૧. [અ.] પું. કારણ; હેતુ

૨. અ. મુજબ, પ્રમાણે

મુઝ ૧. [અ.] વિ. કઠોર હૃદયવાળું.

૨ વિ. કંજૂસ; લોભી; કૃપણ

૩. વિ. ખલ, દુષ્ટ

૪ વિ પાજી; બદમાશ; વઠેલ

૫. વિ મૂંગું; બોલે નહિ તેવું; મુજી.

૬. વિ. સમજ વગરનું. અક્કલ વગરનું.

૭. વિ. હોંસ વગરનું

મુઝવણ સ્ત્રી અકળામણ; મૂંઝવણ; બેચેની; ગભરામણ; ભ્રમતા; ક્ષોભ; ઉચાટ; ઘેંસ.

મુઝાર અ. અંદર; માં; મધ્યે; બીજાર; વિષે.

ઠોલો વળાઈ ઠું વળી આવી નમર મુઝાર
સાહિત્યરત્ન

મુઝારી ૧. સ્ત્રી. અકળામણ; ગભરામણ.

૨. સ્ત્રી. કોડિયા જેવો એક ઘાટ.

જી ત્રિવેદ.

મુઝારીસ ન. આધુનિક મૅગેઝીન સાહેર.

તે વખતે વેપારી વહાણો મુખ્યત્વે કરીને મુઝારીસ આવતાં.
પુરાતત્વ

મુઝારો ૧. પું. એક તરેહનું કાંડવનું કોડિયું.

૨. પું. કોડિયા જેવો એક ઘાટ.

૩. પું. જાતનો એક રોગ; હૃદયનું અટકવું તે. મુઝારાની માંદ = કાળજામાં થતી એક જાતની તે ઉપર તલ, કુરાડિયાનાં બી, ઉપલેટ, હળદર તથા રાઈ એ સર્વ સમ ભાગે લઈ બારીક વાટી લેપ કરવાથી લોહીનો થયેલો જમાવ તૂટે છે.

૪. પું ત.પ, ઉંચરસ તે કેફમાંનાં સોળનો રોગ; ત્રિદોષ.

૫. જુઓ મુઝારી.

મુઝાવર પુ. પૂજારી; મુજાવર.

દલપત, નર્મદ, મોવર્ધન આ નવયુગના મુઝાવર વિનાના લોકપૂજ્ય સાહિત્ય સેવકો છે.
નાનાલાલ

મુઝાવું ૧ અ. ક્રિ. અકળાવું; ગભરાવું; રીસાવું.

૨ અ ક્રિ. કંટાળવું; કોઈ મુશ્કેલીનો તોડ નહિ જડવાથી મનમાં ને મનમાં ચૂસવાવું.

૩. અ ક્રિ. શ્વાસ બરોબર નહિ લેવાવો ને ગભરામણ થવી; શ્વાસ ન લેવાવાથી ચૂંગળાવું.

૪. જુઓ મૂંઝાવું.

મુઠીલો પું. તાજને બાંધેલું રોગનું બિંબવા કે ઠીલું કરવા જમણા હાથે દારૂનો બીજો.

મુઠ્ઠી ૧. [સં. મુષ્ટિ] સ્ત્રી. આંગળાં વાળેલા સાથે બાળવાથી બનો ઘાટ.

૧. બાંધી મુઠ્ઠી = (૧) પ્રકટ નહિ કરેલ વસ્તુ કે બાબત. (૨) બાંધેલી વસ્તુ. (૩) બાહ્યની બાજી

૨ મુઠ્ઠી ગરમ કરવી = (૧) રૂપિયા કે ધન આપવું (૨) લાંચ આપવી.

૩. મુઠ્ઠી આપવી-દાબવી = (૧) લાંચ આપવી. (૨) હાથ દાબવો; સંકેત કરવો.

૪. મુઠ્ઠી ફૂટે તેવું = બોદું અને નકામું; દગાદાર

૫. મુઠ્ઠી બંધ ઘોરી = ઘરનો ભેદ કોઈ ને માલૂમ ન પડવો; રહસ્ય પ્રકટ ન થવું.

૬. મુઠ્ઠી ગરમ નેજવું = પુષ્કળ ખૂબ

૭ મુઠ્ઠી વાળવી = (૧) આપવાની ના પાડવી; આપવું બાકી ન રાખવા નિર્ધાર કરવો. (૨) મુઠ્ઠી બંધ કરવી; આંગળીઓ ભેગી સાથે બીડવી.

૮. મુઠ્ઠીઓ ભરવી = પત્રંપી કરવી.

૯. મુઠ્ઠીઓ વાળીને નાસવું = જેટલું બળ હોય તેટલા બળથી નાસવું.

૧૦. મુઠ્ઠીઓ વાળીને બેસી જવું = હામ મારીને અટકી જવું

૧૧. મુઠ્ઠીમાં = (૧) કોઈની સત્તા નીચે, કબજામાં; કાબૂમાં. (૨) પંજામાં. (૩) હાથચેતમાં.

૧૨. મુઠ્ઠીમાં દેવું = (૧) કોઈના હાથમાં મૂકવું. (૨) મૂઠી ભરવવી.

૧૩. મુઠ્ઠીમાં માવ તેટલું = થોડું; ખૂબ.

૧૪. મુઠ્ઠીમાં રાખવું = હાથમાં કે કબજામાં રાખવું.

૨. સ્ત્રી. પોચાની બની અને જોડી ઉપર નીકળેલી હાડકાંની ગાંઠ બચ્ચનો ભાગ.

૩. સ્ત્રી. ચાર આંગળી ભરાવરનું એક માપ

૪. સ્ત્રી. દાણાની મૂઠી ભરાઉ દરેક ખેતરમાંથી તે લેવાતી અને ગરીબને દાન તરીકે દેવાતી.

૫. સ્ત્રી. ધર્માદા લેખે અપાતો મડીભર લોટ કે અનાજ

૧. મુઠ્ઠી આપવી = મુઠ્ઠીભર અનાજ કે લોટ જેવું સવારે દાનમાં આપવું

૨. મુઠ્ઠી બંધ થવી = (૧) આપવાનું બંધ કરવું. (૨) ધર્માદાની મૂડી અપાતી કે મળતી બંધ થવી.

૬. સ્ત્રી બચ્ચાંને ચૂસવા આપવાની ડાબલી.

મુઠ્ઠીભર ૧. વિ અલ્પપ્રમાણવું; થોડું જ; ખૂબ.

૨. વિ. મુઠ્ઠીમાં માય તેટલું; મુઠ્ઠી ભરાય તેટલું.

મુઠ્ઠો ૧. પું. ચીન વગેરે દેશોમાંથી આવતો રેશમની આંટીઓનો ગઠ્ઠો, ઢગો કે ગાંઠો

૨. પું. ઘટ્ટ સાગમાં ગાંઠનો બનાવવા માટે દોરી સાથે બાંધવામાં આવતી હાથમાં પકડી રાખવા તેવો ગાંઠડાનો ગઠ્ઠો.

૩. પું બાજરો; બીડી મુઠ્ઠી; આંગળાં ઉપર અડકેલાં નહિ પણ હથેળીથી બોચાં દૂર હોય તેવી રીતે ભરેલ મુઠ્ઠી.

મુઠ્ઠો ભરવો = મુઠ્ઠીમાં માય તે કરતાં વધારે આપવું.

મુઠ્ઠારશિંગ (મુઠ્ઠારશિંગ) [હિં. મુરલાસિંગી] સ્ત્રી. એક જાતની ઔષધિ; આમળાવાળી એક શીંગ; ખોદારશીંગ.

મુઠ્ઠારશીંગ (મુઠ્ઠારશીંગ) જુઓ મુઠ્ઠારશિંગ.

મુઠ્ઠારસિંગ (મુઠ્ઠારસિંગ) જુઓ મુઠ્ઠારશિંગ.

મુઠ્ઠારસીંગ (મુઠ્ઠારસીંગ) જુઓ મુઠ્ઠારશિંગ.

મુઠ્ઠાલ (મુઠ્ઠાલ) ૧. [ફા. મુર્દાર] વિ કંગાલ; અકકલ; નિર્બળ; નિર્માલ્ય; કામ વગરનું; સેવ્ય ગયેલું; નિઃસત્ત્વ; મરવા પડવું હોય તેવું; ક્ષીણ; કૃશ.

૨ વિ કાપનિયું; કુકાળિયું.

૩. વિ. મડદાનું; મરેલા ઢોરનું. માંસ માટે વપરાય છે.

૪. વિ. મરી ગયેલ હોય તેવું; શુષ્ક; રૂક્ષ

૫. વિ સડેલું; પાતળું

મુઠ્ઠું (મુઠ્ઠુ) ૧ [ફા મુર્દા (મરેલું)] ન. ચૈતન્ય વગરનું કલેવર; મડદું; લાશ; ક્ષોભ; જેમાંથી જીવ જતો રહ્યો હોય તેવું શરીર; પ્રેત; માણસનું ચૈતન્ય કે જીવ ગયા પછીનું જે બોખું તે. જોગમંડળ પરિક્રમામાં લખ્યું છે કે, ખુરાબોદાર પદાર્થોને ભરીને મુડદાને સાચવી રાખવાનો કુનેહ મિસરના લોકોમાં બરાબર હતો. તેના નમૂના સંગ્રહસ્થાનમાં ઘેરાયા કીધા છે. હજારો વરસના શબને સાચવીને રાખવામાં કઈ જાતના મસાલા વાપરવામાં આવ્યા છે તે હજી જણાયું નથી. તેથી એમ સિદ્ધ થઈ શકે છે કે, અર્વાચીન લોકોની કેટલીક કળા પ્રાચીન લોકો જાણતા તેમ પ્રાચીન લોકોની કેટલીક

મુદરા

ઠળા અવયવોને પ્રાપ્તના હલ્લુ કાળમાં આવી નથી.

૨. ન. દુર્બળ કે નિર્માલ્ય તે; ચેતન રહિત હોવ તે; દમ વગરનું હોવ તે.

મુડસાઈ (મુડસાઈ) ૧. સ્ત્રી. (કન્નડી) અહંકાર; અભિમાન; પોતાની મોટાઈ બતાવવી તે; શેખી. આપવડાઈ

મને ખાતો છે કે આવ મુડસાઈ (અભિમાન આવ્યું અથવા મારા જોખાના કબજાની વાતો વારે છે, પણ સ્વભાવથી વધારે બખ્યો જોવેલો નથી. કાન્તાકુમાર ન. જોશી

૨, સ્ત્રી. બહાદુરી.

૩. સ્ત્રી. વાયડાઈ.

મુડસાયું (મુડસાયુ) વિ. અભિમાની; મિજાજી.

મુડાસા (મુડાસા) [હિ.] સ્ત્રી. ટોપી પાઘડી.

મુડી (મુડી) જુઓ મુઠી.

મુડો (મુડો) ૧. પું. અનાજ માપવાનું ઠરિઢ્ય રૂપનું એક માપ કોઠ્યુમાં ૩૦ શેર વજનને મુડો કહે છે.

૨. પું. પાણીમાં વજન વધારવા બળદની પાછળી બાજુ બાઝવાની ચીજોમાં માટી પથ્થર વગેરે ભરેલું હોય તે.

૩. પું ઘણ કળશીનું એક માપ.

૪. પું. વાળનો મુડો.

૫. પું. સો મણ ભાર; સો મણનું એક માપ. ગુજરાતમાં સો મણના માપને મુડો કહે છે.

મુડો પું સો મણનો ભાર; સો મણનું એક માપ; મુડો.

મુતરડી (મુતરડી) સ્ત્રી. પેશાબખાનું; મુતરવાની જગ્યા; 'યુરિનલ'.

મુતરણી ૧. સ્ત્રી. જિંદગીમાં અગર પહ્યા સિવાય પેશાબ થઈ જવો તે રોગ; મૂત્રાશયમા પેશાબ બહુ પડતો ભરાવાથી ન પડાતાં ટીપે ટીપે વહ્યો જાય તે રોગ.

૨. સ્ત્રી. પેશાબ કરવાની ઇંદ્રિય.

૩. સ્ત્રી. પેશાબ કરવાની હાજત.

૪. સ્ત્રી. બહુ પેશાબ કરનાર સ્ત્રી.

મુતરણું ૧, ન. જનાવરનું મૂત્રાશય; કુકો

૨. ન. મૂત્રેંદ્રિય.

૩. વિ. ખાટલામાં કે પથારીમાં મૂતરી રહેનાર.

૪. વિ. પેશાબની બહુ હાજતવાળું.

૫. વિ. બીકણ.

મુતરાણું વિ મૂતરવાની તાકીદ થઈ હોય તેવું, મૂતરવાની હાજતવાળું; મૂતરવું હોય તેવી સ્થિતિવાળું.

મુતરાવવું ૧. સ. ક્રિ. કરાવવું; પથપથમાંથી નાખવું; દબાવવું. મૂતરી જાય તેવો ભય દેખાડવો; બિવરાવવું

૨ સ ક્રિ. મૂતરે તેમ કરવું; પેશાબ કરાવવો

મુતરાળું વિ. મૂતરવાળું

મુતરિયું ૧. ન. પેશાબખાનું; મુતરડી.

૨. ન. બગદાનો મૂતરવાનો ભાગ.

૩ ન. મૂતરવાનું વાસણ, મૂત્રદાની.

મુતલક (મુતલક) [અ.] અ. તદ્દન; બધા જ બધા; બિલકુલ; તમામ; સર્વથા; મુદ્દલ.

મુતલગ જુઓ મુતલક

મુતવલ્લી ૧. [અ.] પું ખજાનદાર; આપત્ય રાખનાર; ' ટ્રસ્ટી '.

૨. પું નિયામક, બંદોબસ્તક; કારભારી.

૩. પું. મહાધિપતિ

મુતાબિક ૧. (મુતાબિક) [અ.] વિ. અનુકૂળ.

૨. અ અનુસાર; પ્રમાણે.

મુતારો પું. કંસોરો.

મુતાલિક (મુતાલિક) [અ. મુતઅલ્લિક]

૧. નાપત્ય દીકરા; દીકરાની મિલકત હોદ્દાનો અમલદાર; કારખાનામાં મુખ્ય કારભારીની નીચેનો અને તેની વતીનું કામ કરનાર માણસ

મુત્સદ્દી ૧. [અ.] પું. કારકુન; અરજિસ્ટ; કારીગરી અથવા નોકરી તે મહેનતાણું લઈને કામ કરનાર માણસ

આપીગીરી

૨. પું. ખટપટિયો માણસ; દાવપેચ જાણનાર માણસ

૩. પું. દરેક બાબતનું વિચારપૂર્વક મનન કરનાર માણસ

૪ પું દુનિયાની દરેક બાબતનો જાણકાર માણસ.

૫ પું. રાજકાજમા કુનેહવાળો માણસ; રાજકીય માણસ; રાજનીતિજ્ઞ પુરુષ; રાજદ્વારીપુરુષ; રાજનીતિમા પ્રવીણ માણસ; રાજનીતિવિશારદ

૬. પું. હિસાબ રાખનાર; મુનીમ.

૭. વિ. ખટપટિયું; પેચી; દાવપેચ જાણનાર; પહોંચેલું

મુત્સદ્દીગીરી જુઓ મુત્સદ્દીપણું.

મુત્સદ્દીપણું ૧. ન. દાવપેચ જાણવાપણું

૨. ન. મુનીમપણું, હિસાબ રાખવો તે.

૩. ન. રાજનીતિમાં પ્રવીણતા.

મુદ ૧. [સં.] ન કિ (ધાતુ) આનંદ પામવો, આનંદમા આવવું, ખુશી થવું હર્ષ પામવો તે ઉપરથી બનેલા શબ્દો: મુદા; મુદિત; મોદ, પ્રમોદ.

૨. સ. ક્રિ. પવિત્ર કરવું; સાફ કરવું

૩. સ. ક્રિ. ભેળવવું; ભેળસેળ કરવું

મુદ ૧. [સં. મૂદ] સ્ત્રી. આનંદ; મોદ; હર્ષ પ્રસન્નતા.

૨. સ્ત્રી. વહિ નામની એક ઔષધિ.

મુદ્દામા ૧. [અ. કમ્બ (તંબૂ માગું)]

૧. ખરાદો, હેતુ.

૨ પું. ચોરેલો માલ.

૩. પું. ભોકરી; દીકરી.

૪. પું વલણ.

મુદઈ જુઓ મુદઈ

મુદગર જુઓ મુદ્દગર

મુદત ૧ [અ. મુદત (સમય)] સ્ત્રી. અમુક નક્કી કરેલો વખત; અવધિ; કાલમર્યાદા; મુકરર કરેલો સમય

૧. કેદની મુદત = મુદત પાકતાં પહેલાંનો વખત

૨. પાકી મુદત = કરારેલ વખત પૂરો થયો હોય તે સમય

૩. મુદત વધી = (૧) મુદત પાકી. (૨) સમય વધ્યો

૪. મુદત પાકવી = કરારેલો સમય થવો.

૫. મુદત પાડવી = હરીફાની મુદત મુકરર કરી.

૬. મુદત ખોટવી-મારવી = મુદત કબજાવવી.

૨. સ્ત્રી. દાવો હરિયાદ વગેરે કરવાને માટે કાયદાએ આપેલો વખત.

મુદત પડવી = અદાલતમાં હરિયાદની સુનાવણી માટે બીજે દિવસ કરાવવો.

૩ સ્ત્રી વખત; કાળ; સમય.

મુદતબંધી વિ. અમુક વખત સુધીનું.

મુદતસર અ. ઠરેલ્યા વખતે; મુદત મુજબ, વાયદા પ્રમાણે. વખત મુજબ; મુદતે; વખતસર.

મુદતિયું વિ. મુદત કરારી હોય તેવું; મુદતી.

મુદતિયો તાવ પું. અમુક મુદતે ઊતરતો એક તાવ; ' ટાઇર્ટિયન '.

મુદતી જુ. મુદત કરારી હોય તેવું; મુદતિયું.

મુદમદ [સં.] વિ. આનંદ આપનાર.

મુદમાતું (મુદ (આનંદ) + મત્ત] વિ. આનંદિત; આનંદમાં મસ્ત હોય તેવું.

મુદર પું કુહાડી, પાવડો વગેરેનું મોટું; લાંબિયા રામાં લાકો બેસાડવાનો મોટાનો ભાગ.

મુદરા ૧. પું એક પ્રકારનું માદક પીણું.

૨. સ્ત્રી. ચટ્ટા

૩. સ્ત્રી બંગડીઓની કાનમાં પહેરવાની વાળી

૪. સ્ત્રી. મહોર; છાપ; સીલ, સીલ કરવાની વીંટી.

૫. [સ. મુદ્રા] સ્ત્રી સિક્કો.

મુદરાશાલા જી. ટંકશાળ.

મુદરિસ જુઓ મુદર્રિસ.

મુદરી જુઓ મુદરા.

મુદર્રસ [અ.] પું. વિદ્યાર્થી.

મુદર્રિસ [અ. દરસ (તેણે વાંચ્યું)] પું. શિક્ષક; અધ્યાપક.

મુદર્રિસી [અ.] જી. અધ્યાપકપણું

મુદલ જુઓ મુદ્દલ.

મુદલિયાર ૧ જી. પૂના બેલગામ તરફ રહેતી એક કોમ.

૨. ન જે નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

મુદા ૧. [સં. મુદિતા] જી. આનંદ; ઉલ્લાસ, ખુશાલી; હરખ; હર્ષ; પ્રસન્નતા; પરમ સંતોષ.

સુખાનંદને સરખું સદા હાસ્ય વિના તે પામ્યો મુદા.
અખાની વાણી

૨. જી. માટી; મૃત્તિકા.

૩. જી. વૃદ્ધિ નામની ઔષધિ.

૪. અ. આનંદથી; રાજી થઈને; હરખથી; ઉલ્લાસથી

કરગરીને કૃષ્ણ આગે તો હું પણ આપું મુદા.
બ.ક.ઠા.

મુદાકરી [સં.] જી. ગંગાનાં કાંઠાનાં ઝાંઝર માંઢેનું એક નામ.

મુદામ જુઓ મુદ્દામ.

મુદામી જુઓ મુદ્દામી.

મુદિત ૧. પું. (સંગીત) પંદર માંઢેનો એ નામનો એક પ્રકાર.

૨. પું. શિવ.

૩ ન. આનંદ; સુખ; હર્ષ; ખુશી.

૪. ન. (શિલ્પ) એક પ્રકારનું ઘર.

આવા ઘરને બીજા આગળ ઓટલો પૂર્વ કે ઓશરી અને પશ્ચિમે એક ઓશરી હોય છે. કાંઈ ઘરના મુખ આગળ એક અતિરિક્ત ઘરાશીએ તો તે મુદિત ઘર કહેવાય.
રાજવલ્લભ

૫. ન કામશાસ્ત્ર અનુસાર એક પ્રકારનું આલિંગન. નાયિકાએ નાયકની ડાબી તરફ જઈને તેની બંને જંઘાની વચમાં પોતાનો ડાબો પગ રાખવો તે

૬. [સં.] વિ. આનંદિત; હરખાયેલું; પ્રસન્ન; રાજી કે ખુશી થયેલું.

મુદિત થઈ લાં આદુની લગ્ન વિધુની પરઠરી.
નરસિંહ

૭. વિ. ખીલેલું; પ્રફુલ્લ, ફૂલેલું.

મુદિતા ૧. [સં.] જી આનંદ, હર્ષ.

૨. જી. (વેદાંત) બીજા કોઈ સામા જનું, આપણ આપણું કુશલાદિ ઉપચારોથી પુણ્યવાન પુરુષોનો સત્કાર કરવો તે

૩. જી. એક પ્રકારની નાયિકા; સાખ્યા પરકીયા નાયિકાનો એક ભેદ.

૪ જી બીજાનું સુખ દેખી સંતુષ્ટ થવું તે.

૫. જી. (યોગ) સમાધિ યોગ્ય સંસ્કાર ઉત્પન્ન કરનાર એક પરિકર્મ મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર પરિકર્મ કહેવાય છે

મુદિર ૧. [સં.] પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં આઠ સગણ અને ગુરુ મળી પચ્ચીસ અક્ષરો હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે

૨. પું. કામી જન

૩. પું. દેડકો

૪. પું એક્કો; વાદળું

મુદ્ગ ૧. [સં.] પું. એક દરિયાઈ પક્ષી, જળકાગડો

૨. પું. જંગલી કાગડો.

૩. પું. જંગલી મગ

૪. પું. હાથીનું. પેટ

મુદ્ગપર્ણી ૧. [સં] જી. અડવાણ મગવેલ.

૨. જી એક જાતનું ઘાસ.

૩. જી. જંગલી મગ; અડવાણ મગ; વન મગ.

૪. જી. મુગણી; મુગણી

૫. જી. દહીંની જેવું ખાંડવાનું કે વલોવવાનું લાકડાનું એક ઓજાર.

મુદ્ગર ૧. [સં] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંઢેનો એ નામનો એક યોગ.

૨ પું. એ નામનો એક મુનિ.

૩. પું. એ નામનો એક રાજા.

૪. પું. એક જાતનું માછલું

૫. પું. એક કુલાબો; મોગરો.

૬. પું ગદા જેવું એક પ્રાચીન હથિયાર

૭. પું. કાંગ; ભાડી ઘાસડી.

૮ પું. મગદળ.

૯. પું. મોગરી; દહીંહોડ; ઘોડો

૧૦. જી ગોવીશ માંઢેની એ નામની એક મુદ્રા; ગાયત્રી મુદ્રા.

૧૧. જી ભૂર્પ. એક કુલવેલ.

૧૨. જી અશ્વિલતા; માતરી.

૧૩ ન. એક જાતનું ઘાસ.

૧૪. ન એક વૃક્ષ; કમરી; કમખ. તે અઠ્ઠાવીસમાં નક્ષત્ર છે, મૈત્રેય પ્રાંતમાં ત્રણ તારા છે. આ ઝાડ બહુ મોટું થતું નથી. તેનાં પાદડાં પાનરાં હોય છે ઝાડ સદૈ લીલું રહે છે એને ફૂલ પડતાં આવે છે તેનું અથાણું અને મુરબ્બો થાય છે તેનાં ફળ મુદ્ગર ગુણકારી હોય છે. તેનો રંગ પીળો હોય છે. તેને ચારે બાજુએ રેખા હોય છે બીજા મુદ્ગર વાતનાશક અને પિત્તકારક છે. પાકેલાં મુદ્ગર પુષ્ટિપ્રદ અને રુચિકારક છે.

૧૫ ન. મુદ્ગર નામના ઝાડનાં ફળ

મુદ્ગલ ૧ પું (પુરાણ) અંગિરસ કુલોત્પન્ન કુરુક્ષેત્રમાં રહેનો એક બ્રાહ્મણ. તે શીલોંછવૃત્તિ કરતો (બીજી વીણીને એકઠા કરેલા દાણા ઉપર નિર્વાહ કરનારો) ઇંદ્રિયનિગ્રહી અને ધર્માત્મા હતો આવી રીતે પ્રાપ્ત કરેલા અન્નમાંથી જ બ્રાહ્મણોને અન્નદાન કરતો હતો એક વાર દુર્વાસા ઋષિએ તેની પાસે આવી અન્ન માગ્યું. તે પોતે આપ્યું પરંતુ તે અપૂરે અન્ન અદૃશ્ય કરી ગયા. આ પ્રમાણે પાંચવખા દુર્વાસા તૃપ્ત થયા તમારે તેને તું ઉત્તમ લોકમાં ગમન કર એવો આશીર્વાદ આપ્યો તેથી તરતજ ત્યાં એક વિમાન પ્રાપ્ત થયું તેમાં બેઠેલા દેવદૂતને તેણે પૂજ્યું કે, સ્વર્ગના ગુણદોષ જ્ઞા જ્ઞા છે, દેવદૂતે કહ્યું કે પુણ્યક્ષીણ થતાં પ્રાણીને ત્યાંથી પાછું મૃત્યુલોકમાં આવવ પડે છે પછી બ્રહ્મલોક વિષે પૂછતાં દેવદૂતે કહ્યું કે ત્યા પતનની ભીતિ છે જ નહિ; કારણ કે તે સ્થાન ઉત્કૃષ્ટ વૈરાગ્ય વિના કોઈને પ્રાપ્ત થતું નથી આ સાભળીને તેણે દેવદૂતને વિમાન પાછું લઈ જવાનું કહ્યું. પછી તીવ્ર વૈરાગ્યપૂર્વક બ્રહ્મવિદ્યા સંપાદન કરી તે અક્ષય્ય અવ્યા બ્રહ્મભાવને પામ્યો

૨. [સં] ન. બોતેર માંઢેનું એ નામનું એક ઉપનિષદ્.

૩. જુઓ મુદ્ગર.

મુદ્ગલક જી વનસ્પતિનો એક વર્ગ.

મુદ્ગલપુરાણ ન. એ નામનું એક લઘુપુરાણ.

મુદ્ગલભાર્મ્યશ્વ પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૦૨મા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

મુદ્ગલિષ્ટ [સં.] પું. જંગલી મગ; અડવાણ મગ

મુદ્ગલિષ્ટક જુઓ મુદ્ગલિષ્ટ.

મુદ્દઈ ૧. [અ.] પું. દાવો કરનાર માલમ; વાદી; પ્રતિપક્ષી.

૨. પું. શત્રુ, દુશ્મન.

મુદ્દત જુઓ મુદત.

મુદ્દતસર જુઓ મુદતસર

મુદ્દતી જુઓ મુદતી

મુદ્દતીકૂંચી જી મિતિની કૂંચી

મુદ્દલ ૧ [અ. મસ્દલ] ન. મૂડી, પૂજી; ઓરોગ.

મુદ્દલ પર આવવું - જાતિ સ્વભાવ ઉપર આવવું; પોતાની જાત દર્શાવવી; પોત પ્રકાશવું.

મુદ્દા

૨ પું આજે કીધેલ કે આપેલ મૂળ રકમ; મૂળ આપણ

૩. જ જરીએ જરી, લગારે લગાર; તમામ. મુદ્દસે મુદ્દલમા = સંપૂર્ણ, પૂરેપૂરું.

૪. જ. સાવ, બિલકુલ; તદ્દન.

મુદ્દા પું. (બિહા) એ નામે એક છંદ. આ છંદને મિદ્દિ છંદ પણ કહે છે. તે અર્યા છંદનો એક ભેદ છે. તેમા ૨૧ લઘુ અને ૧૨ ગુરુ મળી ૪૪ વર્ણ અને ૫૭ માત્રા હોય છે

મુદ્દામ ૨. વિ પક્કા વખતનું; આશુ.

૨. [અ. મુદ્દામ (આસ જરૂરી કામ)] જ દામસર

૩. જ. ખુલ્લું, સાફ

૪ જ. ચોક્કસ, નિ:સંદેહ; નક્કી

૫. જ. નિશ્ચયપૂર્વક, વિચારપૂર્વક

૬. જ. મુખ્યત્વે કરીને; આમોખામ; આસ; ખરાબ કરીને.

૭. જ હમેશા

મુદ્દામાલ ૧. પું. ગુનાની સાબિતીરૂપ મહેસૂલ ચીજ; પુરાવા તરીકેનો માલ, મૂળ માલ.

૨ પું. મુદ્દાનો એટલે આસ મહત્વનો માલ

મુદ્દામી વિ. સક્ષ વખાત.

મુદ્દાસર અ. જથ્થેબંધનું હોય તેમ; પોગ્ય રીતે

મુદ્દાસરપહ વિ. પુરાવાને લાયક; પ્રમાણ આપવા જેવું

મુદ્દે અ. મુદ્દાની વાતમાં, મૂળે, વસ્તુતઃ. યુદ્ધ અને હિંસા અયોગ્ય છે એ વાત તો મુદ્દે સાચી જ છે. નવજીવન

મુદ્દો ૧. પું. ફૂચો; પત્તો, પગલું, નિશાની; ચિહ્ન; નામ નિશાન; અવશેષ

૨. [અ. મુદ્દઆ (જરૂરી વસ્તુ)] પું. આસ બાબત; મહત્વની બાબત.

૩. પું ગુનાનું મૂળ; જેને માટે ગુનો થયો હોય તે ચીજ કે વાત વગેરે; જેથી ગુનો પુરવાર થાય એવું, બાબત, મુદ્દામાલ.

૪ પું. મૂળ; પાયો; તાત્પર્ય

૫ પું સાબિતી, પ્રમાણ; પુરાવો; દાખલો

મુદ્દક ૧. [સં.] પું છાપનાર, છાપકામ કરનાર માણસ

૨. સ્ત્રી. મલેકની એ નામની એક અટક.

૩. જ. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું

મુદ્દડી [સં. મુદ્રા + પ્રા. ડી (લઘુતાવાચક પ્રત્યય)] સ્ત્રી. અંગૂઠી; મુદ્રા; વીંટી

મુદ્રણ ૧ ન મોહરવણી; મોહરવું તે.

૨. [સં.] ન. છાપવું તે, છાપકામ; છાપવાની ક્રિયા.

૩. ન. સીલ મારવું તે.

મુદ્રણકળા સ્ત્રી. છાપવાનો હુનર, છાપવાની કળા.

મુદ્રણકાર જુઓ મુદ્રક ૧.

મુદ્રણકાર્ય [સં.] ન છાપવાનું કામ, છાપકામ.

મુદ્રણદોષ [સં. મુદ્રણ (છાપવું તે) + દોષ] પું છાપકામની અશુદ્ધિ; છાપવામાં ભૂલ.

મુદ્રણનિર્યંતા પું છાપખાનામાં ચોપડી કે લખાણ છપાવા આપતાં પહેલા કાર્ય મના કરેલ તેમા છે કે નહિ તે જોઈ જનાર અધિકારી; 'સેન્સર'.

મુદ્રણનિર્યંતૃત્વ ન. છાપખાનામાં ચોપડી, પુસ્તક કે કોઈ લખાણ છપાય આપતાં પહેલા કાર્ય મના કરેલ તેની અંદર છે કે નહિ તે તપાસવાનો અધિકાર; 'સેન્સરશિપ'.

મુદ્રણનિયામક ૧. છાપખાનાનો નિયામક; મુદ્રણ સંચાલક

૨. પું. લેખનનિર્યંતા; મુદ્રણશાસ્તા.

મુદ્રણનિરીક્ષક પું. છાપખાનામા પ્રૂફ વાંચનાર માણસ, મુદ્રણ તપાસનાર માણસ, 'પ્રૂફ રીડર'.

મુદ્રણયંત્ર ૧. [સં. મુદ્રણ + યંત્ર] ન. મુદ્રણયંત્ર; છાપવાનો સંચો

૨. ન. મુદ્રા એટલે અક્ષર ઉપર હાથ મારતા મારતો છાપવાનું યંત્ર; 'ટાઇપરાઇટર'

મુદ્રણવિષયક [સં.] વિ છાપકામ સંબંધી.

મુદ્રણશાસ્તા પું. મુદ્રણનિયામક; મુદ્રણાધિકારી; સરકારી પ્રેસપરીક્ષક

મુદ્રણસ્થાન ન. છાપખાનું

મુદ્રણા [સં.] સ્ત્રી વીંટી; અંગૂઠી.

મુદ્રણાધિકાર ૧. પું પ્રકાશનાધિકાર.

૨ [સં. મુદ્રણ + અધિકાર] પું. પ્રકાશનાધિકાર કાયદા દ્વારા હક્ક; કૃતિ પ્રકાશિત કરવાનો હક્ક. 'કોપીરાઇટ'

મુદ્રણાધિકારી પુ છાપખાનાનો નિરીક્ષક, સરકારી પ્રકાશનનિરીક્ષક. 'સેન્સર'.

મુદ્રણાલય [સં. મુદ્રણ + આલય (સ્થાન)] ન. છાપખાનું; જે ઠેકાણે છાપકામ થતું હોય તે. 'પ્રિન્ટિંગ પ્રેસ'.

મુદ્રણધાતુ સ્ત્રી. છાપવાના બીબાં બનાવા માટે વપરાતી ધાતુ; 'ટાઇપ મેટલ'.

મુદ્રલિપિ ન મુદ્રણયંત્ર; છાપેલ અક્ષરથી છાપવાનું યંત્ર; 'ટાઇપરાઇટર'.

મુદ્રલેખક પું ટાઇપ કરનાર, છાપવાનું કામ કરનાર; 'ટાઇપિસ્ટ'.

મુદ્રલેખન ન છાપવાનું કામ; ટાઇપ કરવાનું કામ, 'ટાઇપિંગ'.

મુદ્રા ૧ પુ અંક

૨ પુ (પિંગ.) એ નામે એક સમગ્ર વર્ણમેળ છંદ આ છંદ પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને વાગ્વિભવ પણ કહે છે

૩. પુ. એક પ્રકારનું યોગ સાધનાનું સાધન; ચિંતન ચિહ્ન. તે ચાર અથવા પાંચ છે:—૧. મોચરી, ૨. અમોચરી ૩. ખેચરી અને ૪. જ્ઞાન અથવા ૧. ખેચરી, ૨. ભૂચરી, ૩. યોચરી, ૪ અગોચરી અને ૫. અજપા

૪ પું (કાવ્ય) એક પ્રકારનો અલંકાર.

૫ પું. ચહેરો

૬. સ્ત્રી. અક્ષર કાતરેલા સીલ મારવા માટેની વીંટી. અંગૂઠી.

૭. સ્ત્રી અમરસ જાતની સ્ત્રી; લોપામુદ્રા.

૮. સ્ત્રી અવસ્થા, સ્થિતિ

૯. સ્ત્રી અભિનય

૧૦ સ્ત્રી અંજલિ; હાથનાં આંગળાંના ફેરવાથી પ્રત્યેક અંગને સ્પર્શ કરીને પરમાત્મસ્વરૂપ બનવાની એક વિધિ

૧૧ સ્ત્રી. આકાર, ઘાટ; તરેહ, નમૂનો; લક્ષણ.

૧૨. સ્ત્રી ઉપરના દેખાવની સુંદર છટા તે; છાપ, આલેખ, સુંદર ચિહ્નથી આલેખિત દેખાવ,

૧૩. સ્ત્રી. એક જાતની લિપિ

૧૪. સ્ત્રી. એક પ્રકારનું યોગાસન; અંગવિન્યાસ, પવિત્રા, મુદ્રા વગેરેના. અભ્યાસ કરવાથી સુષુમ્હાનું મુખ એટલે અપાનચક્ર રોકીને કુંડલિની સૂતી છે તે જાગ્રત થાય છે તે પ્રાણને બ્રહ્મરંધ્રમાં પ્રવેશ કરવાનો માર્ગ ખુલ્લો થાય છે.

૧૫. સ્ત્રી કડી.

૧૬. સ્ત્રી કપાળમાં કે છાતી ઉપર સ્નાન કર્યા પછી ગોપીચંદનનું જે ટીલું ટપકું કરે છે તે

૧૭. સ્ત્રી. ગંભીરતા; ચહેરાનો ગંભીર દેખાવ; નુખમુદ્રા

૧૮. સ્ત્રી. ગોસાંઈઓની કાનની કડી; ગોસાંઈ લોકો કાનમાં જે કુંડલાદિક બટકાવે છે તે; બંગાળીઓ કાનમા પહેરે છે તે વીંટી

૧૯. સ્ત્રી ચહેરાના ભાવ., ચિત્ર.

૨૦ સ્ત્રી. ચાંદા બિલ્લો

૨૧. [સ.] સ્ત્રી ચિહ્ન, નિશાન; છાપ, નિશાની, રેખા.

૨૨. સ્ત્રી. છાતીએ કે હાથે મારેલો ડામ કે છાપ; નામમુદ્રા. અમુક દેવતાના મંત્ર અને નિશાનીઓ અથવા કોતરેલા ધાતુનાં બીબાંને ગરમ કરીને ચામડી ઉપર તેનો ડામ દેવડાવવો તેને છાપતિલક લીધા એમ કહેવાય છે.

૨૩ સ્ત્રી છાપખાનું.

૨૪ સ્ત્રી. છાપવાના ધાતુના અક્ષરો અને તેના ઠારખાનાં

૨૫. સ્ત્રી છાપવાનાં બીબાં અને તેનાથી છાપવું તે. ' ટાઇપ '

૨૬ સ્ત્રી ઠોંગી યોનિ

૨૭. સ્ત્રી. તંત્રપ્રસિદ્ધ મુદ્રા; તંત્રમાં એક પ્રકારનું પાંચ પ્રકારવાળું દ્રવ્ય

૨૮. સ્ત્રી. (ન્યાય) ન્યાયની એક પ્રણાલિ.

૨૯. સ્ત્રી. પૈસા; નાણું.

૩૦. સ્ત્રી. બધ કરવું તે

૩૧. સ્ત્રી. મહેંદી ગાનિનો એક પેટા પ્રકાર

૩૨ સ્ત્રી. મહોર; છાપ; સિક્કો; રૂપિયો; દ્રવ્યનો ચોથો ભાગ.

૩૩. સ્ત્રી. મજૂરી. ' પાસ '.

૩૪. સ્ત્રી. યુક્તિ.

૩૫. સ્ત્રી. સ્થિતિ, સ્થિતિ કે ઉપરની પદવી

૩૬ સ્ત્રી. સંકોચ.

૩૭. સ્ત્રી. સંખ્યામાં આચમનમાં આવતો એક વિધિ; સંખ્યાદિ મુદ્રા; કર્મકાંડમાં બતાવ્યા પ્રમાણે પૂજાવિધિ, અર્ચન, સંખ્યા, આચમનીપાત્ર વગેરે કરતી વખતે કરવામાં આવતી આંગળીઓની જુદી જુદી રચના; સંખ્યા વખતે હાથ કે આંગળીનો બનાવાતો આકાર. આચમનીના જપ પાઠમાં મળીને કુલ ચોવીસ અક્ષરોની સંખ્યા પ્રમાણે મુદ્રાઓની સંખ્યા પણ ચોવીસની છે. તેઓ સંખ્યાદિમુદ્રા પણ કહેવાય છે. તેનાથી સર્વ દેવોનું યજન થાય છે અને બધા પાપોનું દ્રવણ થાય છે માટે તે મુદ્રા કહેવાય છે તે આ પ્રમાણે છે: કેશવમુદ્રા; અંગન્યાસમુદ્રા; અજમુદ્રા; ધેનુમુદ્રા; આવાહનમુદ્રા; ગંધાદિમુદ્રા (ગંધમુદ્રા, પુષ્પમુદ્રા, પુષ્પમુદ્રા અને નૈવેદ્યમુદ્રા); પાંચ પ્રાણાદિમુદ્રા (પ્રાણમુદ્રા, અપાનમુદ્રા, વ્યાનમુદ્રા, ઉદાનમુદ્રા અને સમાનમુદ્રા); આત્મમુદ્રા; શંખમુદ્રા; ગરુડમુદ્રા; યોનિમુદ્રા, પ્રાર્થનામુદ્રા અને યોગમુદ્રા. આટલી મુદ્રાઓ મત્સ્યસંહિતા બ્રાહ્મણકાંડમાં આપેલી છે. યોગની મુખ્ય મુખ્ય મુદ્રાઓ આ પ્રમાણે છે: (૧) મહામુદ્રા, (૨) મહાબંધ, (૩) મહાવેધ, (૪) ખેચરી, (૫) ઉડ્ડીયાન, (૬) મૂલબંધ, (૭) જાલંધરબંધ, (૮) વિપરીત કરણી, (૯) વજ્રોલી, (૧૦) શક્તિચાલન, (૧૧) સાંભવણી, (૧૨) દશમી, (૧૩) આશ્વિની, (૧૪) પાશી, (૧૫) કાકમુદ્રા, (૧૬) મહાંકુશ, (૧૭) યોનિ, (૧૮) તપાસી, (૧૯) માંડવી, (૨૦) ભુજંગિની, (૨૧) નભો અને (૨૨) માતંગિની

૩૮. સ્ત્રી. ઠાવભાવ.

મુદ્રાઅલંકાર પું. અલંકારનો એક પ્રકાર.

મુદ્રાકપાટિકા પું. ઠોબરીના નીચલા મુદ્રિકાદ્વાર પર આવેલો સંકોચ કે વિકાસશીલ માંસતંતુઓનો બનેલો એક સ્નાયુએ બૂચે તેવો પડદો; ' પાયલોરિક વાલ્વ '.

મુદ્રાક્ષર ૧. [સં] પું અક્ષરનું બીજું. ટાઇપ મુદ્રાક્ષરોમા જે ચિત્રલક્ષ રાખી છે તે ચિત્ર પૌનિ અર્થ સુલભ કરશે કમળાશંકર ત્રિવેદી

૨ પું કોઈ પણ વસ્તુ ઉપર કોતરેલ અક્ષર; ' મોનોગ્રામ '

૩. પુ. સીલનો અક્ષર

મુદ્રાક્ષર વિન્યાસક પું. બીબાં ગોઠવનાર; ' કંપોઝિટર '.

મુદ્રાગૃહ ન. જ્યાં સિક્કા પાડવામાં કે હાગવામાં આવે તે જગ્યા; ટંકશાળ: ' મિંટ '

મુદ્રાચર્ચણ ન. સિક્કાનું ઘસાઈ જવું તે સુપ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ પ્રો જેવન્સે અઢારમા કરી હતી કે, એક સોવરીન (ઈંગ્લંડનો સોનાનો સિક્કો) દર વર્ષે ૦.૪૩ ઘસાય છે, તેથી તે સિક્કો આશરે ૧૪-૧૭ વર્ષમાં કાયદા પ્રમાણે ચલણી સિક્કારૂપ ગોળો થઈ જાય છે

મુદ્રાદલાઈ સ્ત્રી સિક્કાઓ નાખવામાં આવતી ઢાળની ધાતુ. ' પ્લાસ્ટેજ '.

મુદ્રાતત્ત્વ [સં.] પું. કોઈ પણ દેશના પ્રાચીન સિક્કા વગેરેની સ્વભાવ વગે તે દેશની ઐતિહાસિક બાબતો બાબતી શોધ કરવાનું શાસ્ત્ર.

મુદ્રાતત્ત્વજ્ઞ જુઓ મુદ્રાતત્ત્વવિદ

મુદ્રાતત્ત્વવિદ ૧. [સં] પું. જૂના સિક્કા વિશે જાણકાર પુરુષ

આમ સિંધુ બીજાની સંસ્કૃતિ અને બ્રહ્મદેશની આસપાસની સંસ્કૃતિનો સમન્વય એક સારખા નીકળે છે. આ બધા સિક્કાઓ ઈ. સ. પૂર્વે એક હજાર વર્ષ ઉપર બનેલા, એમ મુદ્રાતત્ત્વવિદોનું કહેવું છે. ૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત

૨. વિ. સિક્કા સંબંધે ખારીકાઈથી જાણનાર; પુરાતત્ત્વ વૃત્તિવાળું.

મુદ્રાદોષ [સં] પું છાપકામની અશુદ્ધિ; છાપવામાં ભૂલચૂક.

મુદ્રાધારી ૧. [સં] પું. જેની જાતી વગેરે પર છાપ કે ચિહ્ન હોય તે.

૨. વિ. જેની પાસે કામે તે બધાની નિશાની હોય તેવું.

મુદ્રાધ્યક્ષ ૧. પું. ચલણી નાણાંના વિભાગની દેખરેખ રાખનાર

૨. પું. પ્રાચીન કાળનો એક અમલદાર

૩ પું મુદ્રા એટલે પાસપોર્ટ સંબંધી દેખરેખ રાખનાર અધિકારી

મુદ્રાપરીક્ષકશાસ્ત્ર ન. નિષ્કવિદ્યા; નિષ્કશાસ્ત્ર; સિક્કાશાસ્ત્ર

મુદ્રાપાઠ પું. જોડવેલાં બીબાંનો મુકવાનો તકતો કે ચોકઠું; મથિત મુદ્રાપત્ર: ' ગેલી '.

મુદ્રાપિત વિ છપાયેલું

મુદ્રાપીઠ સ્ત્રી પાંચ મહેંદી એક શક્તિપીઠ

આ પાંચ સ્થાનથી ઘડવૈયા મુખ્યાલયમાં માતૃકાપીઠ, સ્વાધિષ્ઠાનમાં કુંડલીપીઠ, મણિપુરમાં કિયાપીઠ, અનાહતમા મુદ્રાપીઠ અને વિશુદ્ધમાં ઓમપીઠ એમ પાંચ શક્તિપીઠોની સ્થાપના કરવી. ૨.ત્ન સંપ્રદાય

મુદ્રાપ્રહ્વા પું. મુદ્રાશાસ્ત્ર; સિક્કાશાસ્ત્ર.

મુદ્રાબદ્ધવેષ્ટન [સં] ન. સીલબંધ બખોટો; મોલબંધ લિફાફો

મુદ્રાબંધ ન મંત્રેલી મુદ્રા કે વીંટી બાંધવી તે.

મુદ્રાબસ્તિ સ્ત્રી વીંટીમાં રહેલ બસ્તિ.

ત્યારે મંત્રણાસૂત્ર આવા મુદ્રાબસ્તિ સાથે પસાર કે તેના પ્રતાપથી જાતુ આ નવું જ દર્શન થાય છે, તે જો. સરસ્વતીચંદ્ર

મુદ્રામંત્ર ૧. પું. આદર્શ; મુખ્ય સિદ્ધાંત.

૨. પું ગર્ભારોપન; જીવનસૂત્ર; ' મોટો '.

૩ પું મુદ્રાલેખ

મુદ્રામાર્ગ [સં] પું. ગલકંઠ; મરતાની અંદરનો ભાગ. ત્યાં પ્રાણવાયુ ચઢે છે.

મુદ્રામૂલ્ય ન સિક્કાની ખરી કીમત; 'ડિનોમિનેશન ઑફ વેલ્યૂ'

મુદ્રાયંત્ર [સં.] ન. છાપવાનું યંત્ર; છાપખાનું; છાપવાનો સંચો, ' પ્રિંટિંગ પ્રેસ '.

મુદ્રાયોનિ સ્ત્રી. ગાય વગેરે ઢોરની આકૃતિ જેવો બનાવો એક પ્રકાર.

મુદ્રારાક્ષસ ૧. પું છાપભૂલ; ' પ્રિન્ટર્સ ડેવિલ '.

પણ સુધારને બાજે થોડું ઘણું સચવાઇ રહેલું છે અને મુદ્રારાક્ષસની ચિતારાઓ પ્રવૃત્તિઓથી ભરી પડ્યું છે. કૈલાસ

૨. પું. મુદ્રા વડે હાથ આવેલો રાક્ષસ—એ નામનું એક સંસ્કૃત નાટક. તે વિશાખદત્ત નામના કવિએ રચેલ છે. તેમાં મુખ્યપાત્ર ચાણક્ય છે. તે અભિનયમાં અથવા ભારતી સદીમા લખાયું છે

મુદ્રાલય [સં] ન. છાપખાનું, 'પ્રિંટિંગ પ્રેસ',

મુદ્રાલંકાર ૧ [સ] પું. અન્ય પાત્રની સ્તુતિ કરતાં કરતાં બીજાનાં પાત્રોનો નામનિર્દેશ કરવાની પદ્ધતિ.

૨ પુ. નાટકમાં મંગળશ્લોકમાં પાત્રોનું અને વસ્તુનું સૂચન કરવાની એક પદ્ધતિ. આ પદ્ધતિ ક્રમેક્રમે ગૂઢતામાં પરિણામ પામે છે.

મુદ્રાલિપિ ૧. સ્ત્રી. છાપેલા અક્ષર. 'ટાઇપ'.

૨. સ્ત્રી. છાપેલી લીટી.

૩. સ્ત્રી. પામ આદિનું એક પ્રકારનું લખાણ.

મુદ્રાલેખ ૧. પું. આગલો અભિલેખ; મથાળે લખેલું વાક્ય.

૨ પું. આગલો ભાગ; અગ્ર ભાગ.

૩ પું. કટેવત.

૪. પું. ગર્ભલક્ષન. જીવનસૂત્ર; આદર્શસૂચક વાક્ય: 'મોટો'.

મુદ્રાલેખન ન. ટાઇપરાઇટર નામના છાપામંત્રની મદદથી લખવું તે.

મુદ્રાલેખનયંત્ર ન. અક્ષરયંત્ર; લિપિયંત્ર; 'ટાઇપરાઇટર'

મુદ્રાવિદ્યા સ્ત્રી. સિક્કાશાસ્ત્ર; મુદ્રાવિજ્ઞાન

મુદ્રાવિષયક વિ. સિક્કા શાસ્ત્રને લગતું; ટંકવિષયક; નાણ્ય

મુદ્રાશાસ્ત્ર ન. નિષ્કવિદ્યા; મુદ્રાપરીક્ષણશાસ્ત્ર; સિક્કાશાસ્ત્ર; મુદ્રાતત્ત્વ.

મુદ્રાશુલ્ક [સં.] ન. છાપ; સાગત; 'સ્ટેમ્પ'.

મુદ્રાસંકુચન ન. અક્ષર ઓછા કરવા તે.

મુદ્રાસ્થાપનાપત્ર ન. પૈસાના અવેજમાં મૂકેલી વસ્તુ; પૈસાનો અવેજ.

મુદ્રાંક ૧. [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨ ન. છાપ; મુદ્રા

૩. વિ છાપ કે સીલ મારેલું.

મુદ્રાંકન ૧ ન. છાપવું તે; છાપકામ.

૨, ન. સિક્કા ઢાળવા તે.

મુદ્રાંકના સ્વાતંત્ર્ય ન. છાપવાની છૂટછાટ.

મુદ્રાંકશુલ્ક [સં.] પું. એક પ્રકારનો સરકારી ટિકિટના રૂપમાં ભરાતો કર; 'સ્ટેમ્પ ડ્યુટી'.

મુદ્રાંકિત ૧ [સ. મુદ્રા + અંકિત] વિ. છાપ મારેલું; છાપેલું; ટાઇપ ઉપર રાખી લખાડી કાગળ ઉપર જે અક્ષરાદિકની છાપ લેવામા આવે છે તે; ટાઇપ કોડી કે જોડની છાપેલ.

મુદ્રાંકિત કરવું = છાપવું

૨. વિ. મહોરની છાપેલ; મહોરની નિશાનીવાળું. સીલ મારેલું; મુદ્રા વડે છાપેલું.

મુદ્રાંકિત પત્ર [સં.] ન. છાપ કાગળ; 'સ્ટેમ્પ'.

મુદ્રાંકિતશુલ્કપત્ર [સ] પું. છાપેલો સ્ટાંપ કાગળ.

મુદ્રિ [સ. મુદ્રિકા] સ્ત્રી વીંટી.

મુદ્રિ મારુ તહા હાર મુક્તનો આપે,
જરા ઉદાસી જોઇ તુરત મુજ ચરણે ચાપે.

દામોદરદાસ

મુદ્રિકા ૧. [અ. ૬૨૬ (તે બુદ્ધિશાળી હતો)]

પુ. બુદ્ધિ; સમજશક્તિ.

૨. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન લાંબા તથા ધારની પહોળાઈ વાળા છે. પાનના ડીંટ પાસે સોપારી જેવડાં ફળ હોય છે અને તેનાં બી મીઠા હોય છે.

૩. સ્ત્રી. કાંસકાનું ઝાડ.

૪ સ્ત્રી. કોઈ પણ વસ્તુની વીંટી

૫. [સં.] સ્ત્રી. છાપ; સિક્કા.

૭ સ્ત્રી. જેની ઉપર નામ કોતરેલું હોય એવી વીંટી; મહોરની વીંટી, જે વડે છાપ મારી તથા સિક્કો પાડી શકાય એવી વીંટી કે મુદ્રા; છાપના અક્ષરવાળી વીંટી.

૮. સ્ત્રી પરવાનો.

૯. સ્ત્રી. પવિત્રી; કોઈપણ વિધિપ્રસંગમાં આત્મિક આજ્ઞાઓમાં પહેરવાની કુશ કે દર્ભની વીંટી.

૧૦. સ્ત્રી. પૂજા કે આરાધના કરતી વખતે હાથની આંગળીઓને અમુક ખાસ સ્થિતિમાં રાખવાની ક્રિયાનું નામ.

૧૧. સ્ત્રી. મહોર; રૂપિયો.

૧૨. સ્ત્રી. સહીવિદ્યાનું એક ઓજાર.

૧૩ સ્ત્રી. (પુરાણ) શ્રીમુખ વાક્ય.

૧૪. સ્ત્રી. સિક્કો મારેલ કે સહી કરેલ કાગળ.

મુદ્રિકાદ્વાર ન. હોજરીનું નીચલું દ્વાર; 'પાયલોરિક ઓરિફિસ'.

મુદ્રિત ૧. [સં.] વિ. છાપેલ; મુદ્રાંકિત કરેલ.

૨. વિ. છપું; પ્રકાશમા નહિ આપેલું.

૩. વિ. લાગેલું, જોડી દીધેલું.

૪. વિ. બંધ કરાયેલ; સીલ મારી દેવાયેલ.

૫. વિ. સિક્કો કે છાપ મારેલ; મહોરથી નિશાની કરેલ; છાપેલ.

મુધા ૧ પુ. અસલ; જૂનું, અસત.

૨. સ્ત્રી. આનંદ; મુદા; સુખ.

અજાણ્યા મુધા આવતુ અહું.'

દયારામ

૩. અ. ખોટી રીતે; ખૂટતારેલા રીતે.

૪. અ. (જૈન) નિરાલંબપણે; આલંબની અપેક્ષા પણ રાખ્યા વિના.

૫. [સ.] અ. ફોગટ; વૃથા; અર્થ; નિષ્પ્રયોજન.

મુન ૧. પું. ઋષિ; મુનિ.

૨ [સં.] પું. ડાહ્યો માણસ.

૩. સ્ત્રી. અકબરના વખતની એક સોનાની મહોર.

૪. ન. એક જાતનો દીવો.

૫. ન. ચૂપકીદી; મંદુ રહેવું તે; મૌન.

૬. વિ. મૂંગુ; મૌનવ્રત.

મુનક્કા (મુનક્કા) [અ.] સ્ત્રી. એક પ્રકારની મોટી સૂકી દ્રાક્ષ; ઠળિયા કાઢી લીધેલી દ્રાક્ષ.

મુનમા [હિ] પું. સલ્લિજન; સરમણો.

મુનશા ૧. [અ. મનશા] પું. ઇરાદો.

૨. સ્ત્રી. એ નામની મુસ્લમાની વાણિયાની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ

૪. ન. મનુષ્ય અવતાર.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. મનુષ્યનું.

નહિ નહિ દેખ મુનશા મળે વારંવાર.

બ્રહ્માનંદસ્વ

મુનશી ૧. પું. અકબરના વખતનો રેવન્યુ ખાતાના એક અમલદારનો હોદ્દો.

૨. પું ઉર્દૂ ફારસી, હિંદુસ્તાની વગેરેનો શિક્ષક

૩. પું કેળવણી ખાતાનો એક અમલદાર કે શિક્ષક.

૪. [અ. નશા (તેણે રચ્યું)] પું. મસાદાર; ચોપડી લખનાર; લેખક.

૫. પું. પંડિત; વિદ્વાન.

૬. પું. મંત્રી; કારભારી, એક અથવા બધા જ્ય તરફથી બોલેર કે આનગી કાગળ પત્ર, હુકમ વગેરે લખનારો કારભારી; 'સેક્રેટરી'.

૭. પું. માનવાચક એક પ્રત્યય.

૮. પું. લખિયો; લખવાનું કામ કરનાર; લખનાર; લખાણપત્તરનું કામ કરનાર; કારકુન.

૯. સ્ત્રી. કચ્છી મેમણ, વાળણ અને નાગરની એ નામની એક અટક

૧૦. ન. એ નામની અટકનું માણસ.

૧૧. વિ. એ નામની અટકનુ.

મુનશીગરી ૧. સ્ત્રી. કારકુની.

૨. [અ.] સ્ત્રી. પત્રઅલંકારની ગ્રામ્યતારી.

૩. સ્ત્રી. મુનશીનો ધધો.

૪. સ્ત્રી. લહિયાનો ધધો.

૫. સ્ત્રી. શિક્ષકનો ધધો.

૬. સ્ત્રી. સારું લખાણ કે કાવ્ય.

મુનશીગીરી જુઓ મુનશીગરી.

મુનસફ (મુનસફ) ૧. [અ. મુન્સિફ] પું. ન્યાયખાતાના બીજા વર્ગના અમલદાર; ન્યાયાધીશ; દિવાની કચિયા સાંભળી ન્યાય આપનાર દેશી અમલદાર.
૨. પું અકલ ન્યાયબુદ્ધિ; 'સબજજ'.

મુનસફ કોર્ટ સ્ત્રી. ન્યાય કચેરી; મુનસફની અદાલત.

મુનસફી (મુનસફી) ૧. સ્ત્રી. અધિકાર; સત્તા.
૨. સ્ત્રી. મુનસફ; મરજી; આદેશ.
૩. સ્ત્રી. કોઇને પૂછવાગાછવા વિના પોતાની મરજી પ્રમાણે વર્તવા કરવાની છૂટ; સારા પરવાનગી; પોતાના મનમાં આવે તેમ કુલ અમલદારે કામ કરવાની છૂટ.
૪ સ્ત્રી. ન્યાયબુદ્ધિ.
૫. સ્ત્રી. પસંદગી.
૬. સ્ત્રી. મુખત્યારી.
૭. [અ. મુન્સિફ (ન્યાયાધીશ)] સ્ત્રી. મુનસફનું કામ કે દરજ્જો; ન્યાયાધીશી.

મુનાદી ૧. [અ.] પું. જાહેર કરવું તે.
૨. પું. ઢંઢેરો.
૩. પું. ઢંઢેરો પીટનાર.
૪. પું. નાનો ઢોલ.

મુનાસબ જુઓ મુનાસિબ.

મુનાસિબ ૧. [અ. નસબ (તેને સંબંધ હતો)] વિ. અનુકૂળ; ઉચિત; યોગ્યસર; ઘટિત; દુરસ્ત; બંધ બેસતું; બોજા; મદારતા; લાયક; વાજબી; માફક આવતું.
મુનાસિબ સમજવું = ઠીક જણવું.
૨. વિ. નેક; પ્રમાણિક.
૩. વિ. મસલતવાળું.

મુનિ ૧. પું. અત્રયિયો
૨. [સં.] પું. અમરસ. વ્યાસ, શુક, પાણિનિ, જૈમિનિ, કપિલ, પતંજલિ વગેરેમાંનો કોઇ.
૩. પું. અંતઃકરણ.
૪ પું. આંખો.
૫. પું. મંધર્વની એક જાત; દેવગંધર્વ; વૈવસ્વત મન્વંતરમાં કશ્યપ ઋષિએ પ્રાચેતસ દક્ષને આપેલી તેર માહેની એક કન્યાથી જે ગંધર્વ ઉત્પન્ન થયા તે.
૬. પું. ચારોળીનું ઝાડ.
૭ પું. જિનદેવ; જિન.
૮. પુ. જોગી.
૯. પું. દમનક, પરાશર વગેરે ઋષિ.
૧૦. પું. દક્ષ વિશ્વદેવો માહેનો એક.
૧૧. પું. મુનિવ્રતવાળો સાધુ પુરુષ.
૧૨. પું. (પિંગળ) મુનીશ્વર; ઓગણીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, મગણ, નગણ, સગણ, નગણ, સગણ અને ગુરુ એમ ઓગણીસ અક્ષરો હોય છે.
૧૩ પું ચોતરફથી માગ્યા જે ચોકતો નથી તે; પોતાની શક્તિનો અંત ન કરે તે
મુસંબી ૧. સ્ત્રી. એક જાતનું ફળ.

૨. સ્ત્રી એક જાતનું ફળઝાડ.

મુસાબ્બી ૧. સ્ત્રી. મેમબત્તી એ નામની એક બટક.

૨. સ. એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

મુસાફર [અ. સફર (તેલે મુસાફરી કરી)] વું. પ્રવાસી; મુસાફરી કરનાર; થોડા દિવસ ઉતારો કરનાર; પંથી; પાંથ; ચોમાસું; અભ્યાગત; અભ્યંગ; અભ્યન્ત; પથિક. નાંધીજી લખે છે કે, મુસાફરોના કૂટેલો સુધર્મ મુસાફરોને સ્વકર્મ યોગ્ય ધર્મની મુસાફરી સલાહ કરી નાખે છે. અમે ક્યાં જૂંબવું, અમે ક્યાં કમરો નાખવો, અમે તેમ ને અમે તે વખતે બીડી ફૂંકવી પાત્ર, જરદો મારવાં ને તેની પિચકારીઓ જેટા હોય ત્યાં જ મારવી. એકબાજ લોક ઉપર નાખવો, ભરતા પાઠીને વાતો કરવી, એકે બોલાંની દરકાર ન કરવી અને ભાષાની મંદતો, આ તો સાર્વત્રિક અનુભવ છે. આ મહાવ્યાધિનો ઉપાય એ એક જ જણ્યો છે, તે એ કે વિક્ષિપ્ત વર્ગ ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરવી અને લોકોની રૂચી સુધારવા પ્રયત્ન કરવો

મુસાફરખાનું [અ. મુસાફિર + ફા. ખાના] સ. ધર્મશાળા; વિશ્રાંતિગૃહ; ધર્મશાળા; પ્રવાસીગૃહ; મુસાફર ઊતરે તે જગ્યા; મુસાફરોને પડાવ નાખવાનું સ્થાન.

મુસાફરીઝેળ સ્ત્રી. એક જાતનું વૃક્ષ. કેળાનાં જેવા તેને લીલાં પાન થાય છે. ઝાડ લાંબું અને સીધું હોય છે. તે ૩૦થી ૪૦ ફૂટ વધે છે. ઝાંડળીને પાન સામસામાં થાય છે. ફૂળની ઘૂમ જેવી ફળની ઘૂમ થાય છે. ફૂળ બેસતાં નથી. થડમાંથી સ્વચ્છ અને પીવા લાયક પાણી નીકળે છે તેથી આ વૃક્ષ વેરાન જંગલમાં મુસાફરોને કુદરતી મરજ સારે છે માટે તેને મુસાફરનું ઝાડ પણ કહે છે.

મુસાફરશાળા જુઓ મુસાફરખાનું.

મુસાફરી [અ.] સ્ત્રી. રેલાટન; યાત્રા; પરિભ્રમણ; ભ્રમંટન; પ્રવાસ; સફર; સફેલ; દેશપરદેશ ફરવું તે; પંથ.

મુસાફરીબંગલો વું. ધર્મશાળો; વિશ્રાંતિગૃહ; મજારીમાં ફરતા અમલદારો માટે રખાતો સરકારી બંગલો

મુસાફિર જુઓ મુસાફર.

મુસાફિરખાનું જુઓ મુસાફરખાનું.

મુસાફિરી જુઓ મુસાફરી.

મુસાર ૧. સ્ત્રી. રત્નારીની એ નામની એક બટક.

૨. સ એ નામની બટકનું માણસ.

૩. વિ. એ નામની બટકનું.

૪. જુઓ મુસારો.

મુસારણ સ્ત્રી. એવામાં થતી એ નામની કેરીની એક જાત. તેનું વજન રાજા કેસિયાબાર થાય છે. તેનો રસ સફેદ પણ સ્વાદિષ્ટ અને સુગંધીદાર હોય છે.

મુસારાહોડોળ સ. મુસારા આપવામાં વપરાતું દ્રવ્ય.

મુસારિયું વિ. પગારદાર; ભાડૂતી.

મુસારી વું. મલબારના કેસારાઓ માટે વપરાતો શબ્દ

મુસારો [અ. મુસાહિરા] વું પગાર; દરમાયો; વેતન; રોજ; અવેજ; સાહિયું

મુસાહબ જુઓ મુસાહિબ.

મુસાહિબ ૧. વું. નકીબ; અંગરક્ષક.

૨ [અ. સહબ (તેલે સોબત કરી)] વું. મિત્ર; સાથી; સાથી. મકસારી

૩. વું મુસાહેબ; હજૂરી; કોઈ રાજા કે ધનવાન પુરુષની પાસે તેનું મનરંજન કરવા કે એવા બીજા કામ માટે રાખેલ વ્યક્તિ

૪ વું. સેનાપતિનો સરેરો લાઈ જનાર માણસ.
અમોએ આપણા ચોકાને ચાર માલવર મુસાહિબોના હાથમાં સોંપીને અહીંથી દસ માઈ પરના એક ગામ તરફ ઘોડવી ભર્યા છે.
નારાયણ વિસતરજ

મુસાહિબત [અ.] સ્ત્રી. મિત્રાચારી; સોબત.

મુસાહેબ ૧. [અ. સહબ (તે સાથે હતો)] વું દેખરેખ રાખનાર શિક્ષક; ગૃહપતિ; ' હાઉસ માસ્તર'.

૨ વું સાહેબીવાળો અમલદાર.

૩. જુઓ મુસાહિબ.

મૂસિયો સ્ત્રી. પોલા કૂટ લંબાઈની સહેજ ઝળા રંગની લીલી સામડીવાળા મજબી. તેને એક જ મોટો કોલ છે અને સ.બારણ તાજાતની હોય છે. તે મધ્ય દરિયામાં રહે છે અને જળથી પકડાય છે

મુસી ૧. સ્ત્રી. એક જાતની ખારેક; દલદીનફલા; મૃદુફલા; મુસેમાની.

૨. સ્ત્રી કોટીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી

મુસીબત ૧. [અ.] સ્ત્રી. આફત; તકલીફ; મુશ્કેલી; દુઃખ; કષ્ટ
૧. મુસીબત ઊઠાવવી = મુશ્કેલી વેઠવી; દુઃખ ભોગવવું
૨. મુસીબત પાડવી = મુશ્કેલીમાં નાખી પાડવું.

૨. સ્ત્રી. જુલમ.

૩. સ્ત્રી. વિપત્તિ; આફત; સંકટ.

મુસેસ્ત સ. કૂલપાસની જાતનું એક ઘાસ. તે ખાવામાં સારું ગણાય છે. તેને મુસેલ પણ કહે છે, કેમકે તેને ઊંડે મૂળ જેવાં કૂલાં હોય છે. તે ઢોરને બહુ ભાવે છે.

મુસો [ફા. મૂશ] વું. ઉંદર
મરે ન મુસા સિહ કે મારે વાલી માંતર.
હનમંતરાય

મુસ્કાવું ૧. અ. ક્રિ. મલકાવું; મંદ સ્મિત કરવું; મંદ હાસ્ય કરવું.

૨. અ. ક્રિ. રાજી થવું; રાજી થવું

મુસ્કિ વું. કસ્તૂરીના જેવો એક જાતનો રંગ.

મુસ્ત જુઓ મુસ્તક.

મુસ્તક ૧. [સં.] સ્ત્રી. કેવડીમોથ; મોથ. નાગરમોથ. મુસ્તા, કસેરિદા; મોથનામા. મોથને એક જાડુ મોળ મળ્યુ હોય છે એટલે તે મુસ્તક કહેવાય છે મોથનો જોડવો આકાશ હાથથી દોઢેક હાથ ઊંચો વધે છે

૨. ન. એક જાતનું ઝેર.

૩. ન. એક જાતનું સુગંધી ઘાસ.

૪ ન. મસ્તક; માથું
મુસ્તક ઉપર જોસે ચડી,
એમ દાઝણ દુખ દીધું જે બહે. પ્રેમાનંદ

મુસ્તકીન ૧. વિ. કાયમ; મક્કમ; દૃઢ; મજબૂત
ગીતે ચોટી રહેનાર
૨. [અ. મુસ્તકીમ] વિ. મજબૂત; ઐસાવર;
મક્કમ; જબરું.
૩. વિ. મજબૂતપણે રચાયેલું.

મુસ્તકીમ (મુસ્તકીમ) જુઓ મુસ્તકીન.

મુસ્તધીસ [અ. ધસ (મદદ માટે બોલાવવું)]
પું. કાવતરું; ફરિયાદી; વાદી.

મુસ્તનદ ૧. [અ. સનદ (તેણે ટેકો આપ્યો)]
વિ. ટેકો અપાયેલ
૨. વિ. ભરોસાપાત્ર; વિશ્વાસપાત્ર.
૩. વિ. આનવા લાયક; આધારભૂત.
૪ વિ. સનદી; પરવાનાવાળું.

મુસ્તફા (મુસ્તફા) ૧. [અ] પું. પયગમ્બર.
૨. પું. દુર્ગુણ રહિત પુરુષ.
૩. વિ. બૂરી કાર્યોથી પસંદ કરેલ.
૪ વિ શુદ્ધ.

મુસ્તફી ૧. પું અકબરના વખતનો એક અમલદાર. જકાત તમામ કામકાજની હકીકતો દર કરે છે અને મુસ્તફી તેને મદદ કરી માહિતી પૂરી પાડે છે.
૨. પું. કરની મુક્તિ આપનાર માણસ.
૩. પું. નોકરીનું રાજીનામું આપનાર નોકર.
૪. પું. બીજાનો હિસાબ તપાસનાર અમલદાર.

મુસ્તા ૧. સ્ત્રી. કાંઠની જાતનું એક ઘાસ
૨. [સં.] સ્ત્રી. નાગરમોથ; મોથ; મોથા. તે બેજવાળી જમાલે બતા એક જાતના છોડનાં મહા જોખાં મૂળ છે. તે સ્વેદક, કાર્ડી, જ્વરહર અને મૂત્રલ તરીકે તાવ, પિત્ત, કૃમિ, વાયુ, તૃષા, દાહ, અતિસાર, અરુચિ અને રક્તદોષ ઉપરાંત રોગોમાં બીજી દવાઓ સાથે વપરાય છે.

મુસ્તાક ૧. [અ મુસ્તાક] વિ. અતિ આતુર,
દિલા
૨. વિ. દૃઢ, મક્કમ; મજબૂત.
મુસ્તાક રહેવું = મક્કમ રહેવું.

મુસ્તાદ ૧. [સં.] પું. જરૂરી સુથાર. તે મોથનાં મૂળ આમ છે
૨. પું. ભૂત; કુશ્કેર.

મુસ્તાફી ૧. પું. હિસાબ સરખાવવા, રજિસ્ટર રાખવા અથવા તે તપાસવા નીમેલો અમલદાર; ' કોમ્પ્ટ્રોલર '.
૨. સ્ત્રી. બીજણી ગાડીની બક્ષિસ અને કાયમ નિયમિત રાખવા માટેની યોજના.

મુસ્તાંગ પું. કાશ્મીરમાં આવેલો એક નામનો એક પર્વત; કારાકોરમ. તેનો અર્થ જરૂરનો કે મોટો રેખનો પર્વત એવો થાય છે.

મુસ્તૈદી ૧. [હિં.] સ્ત્રી. ચાલાકી, તત્પરતા.
૨. સ્ત્રી. સૂર્તિ; ઉત્સાહ.

મુસ્લિમ ૧. પું. એ નામનો એક સહીહ; મહમદની જમાઈ અને મોટા વારસ અલીનો એક સાથીને.
૨. [અ.] પું. મુસલમાન ધર્મ પાળનાર; ઇસ્લામનો અનુયાયી; મુસલમાન. આપીછ એમ છે કે: મુસ્લિમોમા પણ પેટા ભાગો કંઈ કમી નથી. તેમના અનેક વર્ગ થયા છે, તેમાંના મુખ્ય શિયા અને સુન્ની છે; ઉપરાંત સમ્રાટોમ દરિયા રાજ્યવાદી મુસ્લિમો છે ને લીમરાળા છે: વળી બહુમી, સિપી, પઠાણ, પંજાબી, બંગાળી અને દિલ્લી રાજ્ય સંપમાં રહેનારા મુસ્લિમો પણ છે. સ્વાભાવ એટલે શું કે હિંદુ મુસ્લિમ ને શીખ, પારસી વળી ઈસાઈ વહુની આદિ ધર્મો શી.
ગાંધીગીતા
૩. વિ. મુસલમાનને લગતું; મુસલમાનનું.
૪. વિ. વિનમ્ર; આજ્ઞાનું પાલન કરનાર.

મુસ્લિમ લીગ સ્ત્રી. મુસલમાનોનું મંડળ; મુસ્લિમ રાજકીય પરિષદ.

મુસ્સબ્બર [અ.] પું. એગિયો. તે એલોઈ વગેરે કાંટાના પાંદડાંને કાપી તેમાંથી રસ કાઢીને સૂકવવાથી બનાવે છે. જમાનામા કાળા રેચનો મુસ્સબ્બર મળે છે. તે સુખત કબજિયાત માટે અકસીર ઈલાજ છે. પિત્તના જખ્મોને તે સુધારે છે. તે ગરમ હોવાથી ઋતુ બંધ થઈ ગઈ હોય ત્યારે અપાય છે. તે રજોધ અથવા અટકેલું અને દબાયેલું કબજિયાત અંગે ઋતુસ્રાવ બંધ થયો હોય ત્યારે આપવામા આવે છે. પાચનક્રિયા અને રજોરોધમા તેને હોઠની સાથે બેગાડીને અપાય છે. આંખે ઝબેલ હોય કે બાળક પાવતું હોય ત્યારે એગિયો આપવો હિતકર નથી

મુહ્ ૧ [સં.] અ ક્રિ. મૂંઝવવું; મુગ્ધ કરવું.
૨. અ ક્રિ. બેભાન થવું
૩. અ ક્રિ. ભૂલ કરવી
૪. અ. ક્રિ. મૂર્ખ થવું; બેવકૂફ થવું.
૫ અ. ક્રિ. (ધાતુ) મોહ પામવો. તે ઉપરથી અનેક શબ્દો: મોહ; મોહિત; મુગ્ધ.

મુહ [સં. મુખ] ન. (જૂ પ્રા.) મોઢું; મુખ; મોં.
કમલિ કમલિ હું અરવું.
પાખ વિના મુહ જાવી આખું ભાલ્યુ

મુહકમ [અ.] વિ. મજબૂત; દૃઢ; સ્થિર.

મુહકમા ૧. [અ] પું. વિભાગ; ખંડ.
૨ વિ. મજબૂત; પાકું દૃઢ.
૩. અ. મજબૂતીથી; દૃઢતાથી.

મુહકમી [અ.] સ્ત્રી. દૃઢતા; સ્થિરતા; મજબૂતી

મુહકુચ પું. સાગર; સમુદ્ર; દરિયો
નામના મેયાં કરી મેરને નોંધીઓ
મુહકુચ મરીઓ, વો ખબર મુને.
દેવીદાસ ભટ્ટ

મુહતકિર [અ.] પું. ભવિષ્ય જાણનાર માણસ; ભવિષ્યવેત્તા.

મુહતમલ ૧ [અ. મુહતમિલ] વિ. શક્ય; સભવિત.
૨. વિ સહનશીલ
૩. વિ. સહનશીલ; સહન કરે એવું.

મુહતમિમ ૧. [અ.] વિ. બંદોબસ્ત કરનાર; વ્યવસ્થાપક
૨. વિ. વિચારશીલ.

મુહતાજ ૧. [અ.] વિ. આકાંક્ષી, માગનાર; ખપતર.
૨ વિ ગરીબ, કમનસીબ; દરિદ્ર
૩ વિ લાચાર, પરાધીન; પરતંત્ર; આશ્રિત.
હિંદ આજે હજારો વરસ મુહતાજ છે.
નવજીવન

મુહતાજી ૧. [અ.] સ્ત્રી. આકાંક્ષા; ઇચ્છા; માગણી.
૨. સ્ત્રી. લાચારી; પરાધીનતા; પરતંત્રતા.

મુહપત્તી [સં. મુખપત્રી] સ્ત્રી. મૂપતી; કોનો માંની કાડ સા.મે સાત્રાભ્યાસ વખતે મુખકાનો નાનો કટકો બાંધે છે તે. સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તી છે તેનો લાભ કરનાર કાનજી સ્વામીની હકીકત એમ છે કે: તેઓ સં. ૧૯૮૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા; પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુભાન અને યથાર્થ નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સહ્ય લાગતો હોવાથી તેમણે સૌરાષ્ટ્રના સોનગઢ મુકામે સ્થાના એક મૃદસ્થના બાંધી મકાનમાં સં. ૧૯૮૧ના ચૈત્ર સુદિ ૧૩ને મગળવારે પરિવર્તન કર્યું; એટલે કે સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તી તેનો ત્યાગ કર્યો. આ પરિવર્તન પછી તો ત્યાં એક જૈન સ્વાધ્યાયમંદિર સ્થાપ્યું છે કે જ્યાં આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે, સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે, ઉપરાંત બપોરે ભક્તિ થાય છે ને રાત્રે ધર્મચર્ચા થાય છે. સ્વાધ્યાયમાં ભગવાન કુંદકુંદાચાર્યના ગ્રંથો, તત્ત્વાર્થસૂત્ર, મોક્ષપાહુડ, ષટ્પાહુડ, પંચાધ્યાયી, પદ્મનંદિમ પંચવિંશતિ, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક શ્રીમદ રાજચંદ્ર વગેરે વગેરે પુસ્તકો વંચાય છે. જે દિવસે સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન થયું તે જ દિવસે સ્વાધ્યાય મંદિરમાં

શ્રી સમયસારની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. સ્વાધ્યાય સમયે કરાતા ઉપદેશોની અકાલજનો નોંધ કરે છે અને વિવિધ પુસ્તકો ને પત્રોદ્વારા તેનો મુમુક્ષુઓમાં સસ્તામાં સસ્તી રીતે બહારથી પણ ઓછી કીમતે પ્રચાર કરે છે. એમનાં જે બધા અભ્યસનીય સાહિત્યમાંથી જૈન ધર્મની અનેક મૌલિક આખ્યાઓ જ્ઞાનપદ્મોમંડલમાં ખાસ આપવામાં આવી છે; કેમકે આ ગ્રંથનો પ્રથમ જ્ઞાન જ્યાતો હતો ત્યારે મુનિવરનો મુકામ ગોંડલમાં હોઈને ગ્રંથકાર મહારાજશ્રીએ એમનો સંપર્ક સધાવી એમનાં મૌલિક મતવ્યો સંગ્રહવાનો પ્રબંધ પણ કરાવેલ છે.

મુહરેર જ. મોહોરકાટ: હાથે તેમ: વગર વિચારે

મુહબ્બત ૧. [અ.] સ્ત્રી. દોસ્તી: મૈત્રી.
૨. સ્ત્રી. પ્રેમ: પ્યાર: પ્રીતિ

મુહમ્મદ ૧. પું મુસલમાની ધર્મના સંસ્થાપક એ નામના પેગંબર: મહમદ.
૨. [અ. હમ્દ (તેણે સ્તુતિ કરી)] વિ. સ્તુતિને યોગ્ય.

મુહમ્મદાબાદ જ. કાંપાનેર: ગુજરાતનું એ નામનું એક શહેર.

મુહમ્મદી ૧. [અ.] પું. મુહમ્મદનો અનુયાયી: મુસલમાન.
૨. વિ. ઇસ્લામ સંબંધી. ઇસ્લામી.

મુહર ૧. [અ.] સ્ત્રી. કુવારાપણું.
૨. સ્ત્રી. છાપ.
૩. સ્ત્રી. સોનાનો આશરે સોળ રૂપિયાની કીમતનો સિક્કો: સોનામહોર.

મુહરકન [અ.] વિ. સિક્કા કોતરનાર.

મુહરકની [અ.] સ્ત્રી. સીલ કોતરવાની કળા

મુહરકો (મુહરકો) પું. બોડા કે બળદને બોદા ઉપર કોળા માટે બંધાતું કપડું.

મુહરદાર ૧. [અ.] પું. છાપ કે સીલ રાખનાર અધિકારી.
૨. વિ. ચોસલું: ચળકાટ મારતું.

મુહરિ ૧. [હિ.] સ્ત્રી. ખાણ: મોરી.
૨. વિ. છાપ મારેલ

મુહરિકન વિ. બળતું: સળગતું.

મુહરિયું ન. બોકાનું: મુખ, દાઢી વગેરે બાંધી રાખવાનું કપડું.

મુહર્રમ ૧. [અ. હરમ (તેણે મના કરી)] પું. મુસલમાન વર્ષનો પહેલો મહિનો. તે કુરેનના મરજાને લીધે પવિત્ર મનાય છે.
મુહર્રમની પેદાશ હોવી = સદા દુઃખી અને ચિંતાતુર રહેવું.
૨. પું. રોવું કકળવું તે.
૩. વિ. પવિત્ર.
૪. વિ. મના કરેલું.

મુહર્રરી ૧. [અ.] વિ. મુહર્રમ સંબંધી.
૨. વિ. સેવું કકળતું.
૩. વિ. બોકાદાર

મુહલ્લત [હિ.] પું. ચોરી: લાંચ.

મુહલ્લેદાર પું. ચોરીનો લાંચ અથવા મુખી.

મુહવટો પું. મુખવટો: હાથીના કુંભસ્થળ ઉપર બાંધવામાં આવતી સુંદર અંધારી.

મુહસરિ [સં. મુખ (મોં) + થી (બોલવા)] સ્ત્રી. (જૂ. ગુ.) મુખ
મુહસરિ વિણ મુખ એહવું;
રીસ અલ્યે અતિ વિણ પલ. જ્ઞાનપ્ર

મુહસાલિ જ (જૂ. ગુ.) મોસાળ: માતૃપક્ષ.
મોલ્હણ! તું મનિ ઝૂંખિરી આલ,
હવિ આવઈ માહઉ મુહસાલ. પ્રાકૃતપૈંગલમ

મુહસિલ જુઓ મુહસ્સિલ.

મુહસ્સિલ ૧. [અ. વસલ (તેણે એકઠું કર્યું)] પું. કર ઉઘરાવનાર માણસ
૨. પું વસૂલાતી અધિકારી
૩. વિ એકઠું કરતું

મુહસ્સિલી [અ.] સ્ત્રી. કર ઉઘરાવવાનું કામ.

મુહાજરત ૧. [અ. હજ્ર (તે નાઠો)] સ્ત્રી. ભુલાઈ: વિસ્મૃતિ.
૨. સ્ત્રી. ભાગવું તે: ભોકી રેવું તે.

મુહાજિર (મુહાજિર) [અ.] વિ. હાજર.

મુહાડી (મુહાડો) ૧. [અ.] વિ. અભાંતર.
૨. વિ. સામુ.

મુહાના ૧. પું. નદીની શાખા.
૨. પું. નદીનું મુખ.
૩. પું. નદીનો પટ
૪. પું મોટું: મોં.

મુહાફેઝત (મુહાફેઝત) ૧ [અ.]
સ્ત્રી. યાદ રાખવું તે
૨ સ્ત્રી. રક્ષણ
૩. સ્ત્રી. સંભાળ: ધ્યાન.

મુહાફેરા (મુહાફેરા) [અ.] પું. ઓળખને બેસવાનું પાકખી જેવું ચાકળા: રથ: માહોલ: ખાસ કરીને બીજો માટે વપરાતો બિછાનો.

મુહાફિઝ (મુહાફિઝ) ૧ [અ. હિફ્ઝ (તેણે યાદ કર્યો)] પું. ચોકીદાર: રક્ષક: રક્ષણ કરનાર
૨. પું વાલી.

મુહાબ્બા ૧. [અ.] પું. માન.
૨. પું. મિત્રતા.

મુહાર ૧. [હિ.] સ્ત્રી. ઊંટને દોરવાને નાકમાં પરોવેલી દોરી
૨. સ્ત્રી. એક જાતની મધમાખી. તે ઝાડના પોલાણમાંજ મધપૂડો બાંધે છે. ભમરી અને મકરવા મધમાખીનું કુટુંબ કરતાં એકજ મધપૂડો બાંધે છે, જ્યારે મુહાર મધમાખીઓ તો નજીક નજીક સાત આઠ મધપૂડા બાંધે છે. તેનું મધ મકરવા કરતાં વધારે પણ ભમરી કરતાં ઓછું છે. મુહાર મધમાખી ભમરી કરતાં નાની અને મકરવા કરતાં મોટી હોય છે. તેના પેટ ઉપર કાળા અને તપખીરિયા ચટાપટા હોય છે.

મુહાવરત જુઓ મુહાવરા.

મુહાવરા ૧. [અ.] પું કહેવત: બોલાનો રૂઢિપ્રયોગ.
૨. પું. મહાવરો: આદત.
૩. પું. સવાદ.

મુહુર ૧. પું. જ્યોતિષી મહિનાનો એ નામનો બારમો વિભાગ.
૨. [દે. મોહર] સ્ત્રી. સિક્કો: સીક્કા.
૩. [સં. મુહુઃ] અ. હરિફેરી: વારંવાર.
મુહુર મુહુર વિચારી બ્યાજ આપ્યું.

દયારામ

મુહુરા પું. (પિંગળ) એ નામે ઓળખાતા સમદત્ત વસુમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ અને લઘુ મળી સાત વર્ણ આવે છે
મુહુરા સગે લઘુ

વસુવિલક

મુહુર્ભાષા [સં.] સ્ત્રી. વારંવાર બોલવું તે.
અનુલાપ પુનરુક્ત અને મુહુર્ભાષા સરખિયા એ ત્રણ નામ વારંવાર બોલવાનાં છે.

અમરકોષ

મુહુલ [પ્રા.] ન. દૃષ્ટિ: દેખાવ: દર્શન.

મુહુવટ જ. (જૂ. ગુ.) મુખમુદ્રા: ચહેરો.
પૂર્ણચંદ્ર કરણ મુહુવટ કટિનું તટ ત્રિહિ કવિ ત્રિપુ.

જ્ઞાનપ્રકાશમય

મુહુવટી સ્ત્રી બોકાની: મોં ઢાકવાનું કપડું

મુહુઁ [સં] અ. હરીથી: પુનઃ પુનઃ: વારંવાર: અભીક્ષ્ણમ્: અસકૃત્: વારંવાર.
રાજ સંભારી સંભારી ૨ આ સંવાદ અદ્ભુત,
કેકયાનંદનનાં પુણ્ય કર્મ પામું મુહુ મુહુઃ.

સીતાસ્વયંવર

મુહૂર્ત ૧ [સં.] પું. જ્યોતિષી.
૨. પું. (પુરાણ) ધર્મકર્મને મુહૂર્તોથી થયેલ પુત્ર

૩. પુ. સૂર્યના એકસો આઠ માહેનુ એક નામ.
૪. ન. અપરણ્ડી; સીમંત.
૫ ન. અંતઘડી, મરણનો વખત.
૬. ન. આરંભ; શરૂઆત.
૭. ન. કોઈપણ ટૂકો સમય.

૮. ન. કોઈ સારું કામ આરંભવાનો અનુકૂળ ને શુભ દિવસ કે વખત; શુભ ચોઘડિયું. કામારંભનો શુભ વખત; મુરત. આર્યોમાં જન્મથી અંત સોળ સંસ્કાર કરવામા આવે છે. આ સંસ્કારોનાં નામ અનુક્રમે ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, વ્રતબંધ, વેદવ્રત, કેશાંત, સમાવર્તન, વિવાહ વગેરે છે. ગર્ભાધાનથી અંત દરેકનાં અનુક્રમે મુહૂર્ત આપ્યાં છે. વેદવ્રત, કેશાંત તથા સમાવર્તન સંસ્કાર હાલમાં જનોઈની સ.થેજ અંત્ય થાય છે. પહેલા જ્યારે બટુક જનોઈ બાદ ગુરુને ઘેર ભણવા જતો ત્યારે વેદવ્રતાદિ સંસ્કારો થતા તેમજ સોળમે વર્ષે કેશાંત સંસ્કાર થતો અને વિદ્યાભ્યાસ પૂરો થયા બાદ સમાવર્તન સંસ્કાર થતો

૧. મુહૂર્ત જાણવું-વીતવું = કાર્ય સમારંભ માટેનો સમય આવ્યો જાણો.
૨. મુહૂર્ત જાણવું—સાચવવું = નિયત શુભ સમય વીતી ન જાય તેમ કરવું; નિર્ણયો વખત જવા ન દેવો.
૩. મુહૂર્ત જોવું = કાર્ય સમારંભ માટેનો મંગળ સમય પંચાંગ વગેરેથી નક્કી કરવો; શુભ સમયની રાહ જોવી; મોખ્ખો શુભકારી વખત શોધવો.

૬. ન. જ્યોતિષની ત્રણ માહેની એક શાખા. મહિત, જાતક અને મુહૂર્ત એ જ્યોતિષની ત્રણ શાખા છે.

૧૦. ન. બાર ક્ષણ જેટલો કાળ દિવસનો પંદરમો ભાગ; બે ઘડી જેટલો સમય; ૪૮ મિનિટ જેટલો વખત; જૈન મત પ્રમાણે બે ઘડી, ૭૭ લવ કે ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ પરિમિત કાળવિભાગ; ૨૦૨૫ કલા જેટલો વખત. એક વર્ષનાં ૧૦,૮૦૦ મુહૂર્ત હોય છે, કેમકે વર્ષના દિવસ ૩૬૦ અને બે ઘડીનું એક મુહૂર્ત અને ત્રીસ મુહૂર્તનો એક દિવસ છે.

૨ નાડિકા = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર

નિમેષ પુલ્લિંગ નામ આંખ બંધ કરવાનું અને ખોલવાનું છે. અઢાર નિમેષને કાષ્ઠા કહે છે. ત્રીસ કાષ્ઠાને કલા કહે છે. ત્રીસ કલાને એક ક્ષણ કહે છે. બાર ક્ષણનું નામ મુહૂર્ત છે. મુહૂર્ત શબ્દ પુલ્લિંગ અને નપુંસકલિંગ બંને છે.

અમરકોષ

મુહૂર્તગતિ [સં.] સ્ત્રી. સર્વમાન્ય મંડળના ૩૧૮૩૧૫ યોજનના પરિધિ પ્રમાણને ૬૦ વડે ભાગતાં આવતું ૫૩૰૫૧૧૬ યોજનનું માપ.

મુહૂર્તચિંતામણિ [સં.] ન. એ નામનો એક જ્યોતિષ ગ્રંથ.

મુહૂર્તનિર્ણય [સં] પું. વિવાહાદિ અનેક ધાર્મિક ક્રિયાનાં વિધિપૂર્વક અનુષ્ઠાન તથા બીજ શુભ કાર્ય માટે સારો સમય નક્કી કરવો તે.

મુહૂર્તમાત્ર [સં.] વ. સહેજવાર પણ; થોડો વખત પણ.

મુહૂર્તમાર્તંડ [સં.] પું. એ નામનો જ્યોતિષનો એક ગ્રંથ.

મુહૂર્તરાજ [સં.] પું. સૌથી ઐક મુહૂર્ત

મુહૂર્તસાલ સ્ત્રી. પહેલું વરસ; પ્રથમ વર્ષ.

મુહૂર્તસુખ [સં] ન. ઓછા વખતનું અલ્પ ક્ષણિક સુખ.

મુહૂર્તા સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે ધર્મઋષિને આપેલી દશ માહેની એક કન્યા.

મુહૂર્તી વિ મુહૂર્તવાળું; મુહૂર્તનું

મુળચી સ્ત્રી. અપચાથી થતા ઝાડા અને ઊલટી. અપચાથી કે બગડું ખાવાથી થતું અપનું, ઓકરું કે દુખનુ તે; મોરચી.

મું ૧. સ. મને.

જબ જેટલાં અબ, વાળા મું જો વતન,
તો આવીએ ઉંચાળા પાદર લખજે પોરસા.
સોરઠની રસધાર

૨. વ. ક્રમ દર્શાવનાર પ્રત્યય. જેમકે, પાંચમું.

મુંગડી (મુંગ્ડી) સ્ત્રી. ધાતુનો રસ કરવાની કુલડી

મુંગણ પું. બાજરો.

મુગણી સ્ત્રી. રાંધેલા ચોખાને ચોળી, મરચું મીઠું નાખી બનાવેલી રોટલી.

મુંગણીઆર પું. (કચ્છી) એક પ્રકારનો વેપો. તેની ચિત્ર નાની વાલોળ જેવી હોય છે.

મુંગરચાળી ૧ સ્ત્રી. (જૈન) ઓસવાળ વંશના બાદશાહ મોતીની એક શાખા.
૨. ન. એ નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું.

મુંગરા ૧. [સં. મુદ્ગર] પું. હથોડો.
૨. પું. ભીંડાનો છોડ.
૩ પું મોગરદ મોગરાનું ફૂલ.
૪. પું. મોટી મોગરી; ઝાડવાનું જમીનમાં રહેલું થડોડાના આકારનું એક ઓજાર.
૫. ન. એક જાતનું ઘરેણું કેસર.

મુંગરી જુઓ મુંગરા ૪.

મુગરેચા જુઓ મુંગરચાળ

મુગલપુરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું.

મુંગરી સ્ત્રી એ નામની એક કૂંડી જેમ.

ઘડમું, મીણનું, લાકડું, દડવું,
ગેલિયું, મુંગલું, રૂપ ઘણીએ.
સાદિયું, ભાભરનું માખને સાડરૂ
પાઇ ગાડલ તણા કેમ ગણીએ મેઘાણી

મુંગવન ૧. [હિ] પું. જંગલી ભત.
૨ પું મોથ.

મુંગવેલ સ્ત્રી એક જાતની વનસ્પતિ; નોળવેલ.

મુંગળા જુઓ મુગલપુરા

મુગિયા [હિ] પું એક જાતનું લીલીયાળું કે ઓલીયાળું કપડું

મુંગરી ૧. સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં ફૂલ પીળા રંગના અને ચિત્ર મંજરણી જેવી હોય છે.
૨. સ્ત્રી કોડી

મુંઘા [હિ] વિ મોંઘુ; બહુ જ કીમતી.

મુંછાળું ૧. વિ ઉમર લાયક; આપેક્ષ; વૃદ્ધ.
૨. વિ. મરદ; પ્રતાપી. જોનાર.
૩ વિ. મુછોવાળું; જેને મુછ હોય તેવું.

મુંજ ૧. પું આંખની અંદર તારા જેવું દેખાય તેવો ધોળાનો એક રોગ
૨. પું. (પુરાણ) દૈતવનમાં પાંડવો હતા ત્યારે તેમની સાથેના એ નામના એક ઋષિ,
૩. પું. માલવાનો એ નામનો એક પ્રસિદ્ધ રાજા.
૪. [સં.] ન. એક જાતનું ઘાસ જેનુ પવિત્ર ઘાસ. તેની દોરીઓ, દોરાં વગેરે બનાવે છે. પ્રાહ્મચારી તેનાં દોરડાનો કંદોરો રાખે છે. તેની ઈંઢોણી પણ બને છે. જૈનોમાં ઊંચુ તરરજાન સરળતાથી સમજાવવા માટે આ મુંજનુ ઘ-ગમ્યુ દૃષ્ટાંત ઋષિમુનિઓએ નીચે પ્રમાણે આપ્યું છે.

અમૂર્ત માત્ર પ્રભુ અંતરાત્મા,
સહુ જનોનાં હૃદયે નિરાજે,
શરીરથી તે ભણ ભિન્ન જૈમ
કાઢે ઋષિઓ જમ મુજમાંથી.

અમૂર્ત જેવડો આત્મા સહુ પ્રાણીઓના હૃદયમા વસે છે. તે આત્માને શરીરથી જ્ઞાનદક્ષિએ ભિન્ન જાણવો. અર્થાત્ તે આત્માને પોતાના શરીરથી, વીરજપૂર્વક, મુંજમાંથી જેમ ઋષિઓને તેમ પીરજથી અલગ કરવો.

કઠોપનિષદ્

૫. ન. કેડે બાંધવાની મુજ ઘાસની મેખલા.
૬ ન. બાજુ.
૭. ન. મુકાં માટે બાંધવામાં વપરાતી દોરી.

મુંજક [હિં] પું. ઘોડાની આંખનો એક રોગ જ્યારે તે ખૂબ જ વધી જાય છે ત્યારે મુજ્જલક કહેવાય છે

મુંજકાર [સ.] વિ. મુંજનાં દોરડાં બનાવનાર.

મુંજકૂટાવાડો (મુજકૂટાવાડો) પું. શહેરના જે ભાગમાં મુજકૂટા અટલે મુંજના વેપારી લોકો વસતા હોય તે મોટું

મુંજકૂવો પું. મુંજ કૂટવાનો ધંધો કરનારો માણસ

મુંજકેતુ પું. (પુરાણ) પાંડવોનો મિત્ર એ નામનો એક રાજા.

મુંજકેશ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. શિવ

મુંજકેશા [સ મુજકેશિન્] પું. વિષ્ણુ.

મુંજજલક જુઓ મુંજક.

મુંજપત્ર ૧. સ્ત્રી. એકબીજા કણખીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

મુંજબંધ ૧ પું. કેડે પહેરવાનો મુંજનો કંદોરો, જનોઈ દેતી વખતે તે પહેરાવાય છે. ઉપનીત પરિધાન કરાવવા અગાઉ બ્રહ્મચારીને મુંજનો કંદોરો પહેરાવાય છે; તેનો હેતુ એ છે કે, ઉપનીત અપનાવ્યા પછી બાળો મન, વાણી ને કર્મથી સતત બ્રહ્મચર્ય પાળવાનું છે. કેમકે, આ વ્રત અખંડ પાળ્યા વિના બ્રહ્મજ્ઞાન અને સંગીત કાંઈ પ્રાપ્ત થતાં નથી. બાળકના કાચા વીર્યનું કમરે ય રક્ષણ થવા ન પામે અને ઓજસ દિન પરદિન વધતું રહે તે માટે કમરમાં મુંજની દોરી પહેરાવવાનો મહિમા છે. મુંજમાં સ્વાભાવિક શીતળતા અને ધાતુરક્તજનનો ગુણ હોવાથી બાળકની ગ્રામોત્તેજક સસ્રગ્રંથી તેમ જ રક્તવાહીનીથી રક્ષા કરે છે. આજે બધા લાગી સંન્યાસીઓ તથા બ્રહ્મચારી બાળો એ મુંજને આદરપૂર્વક અપનાવે છે, તેનું કારણ મુખ્યત્વે વીર્યરક્ષા જ છે.

૨. પું. જનોઈ દેવું તે; ઉપનયન વિધિ.

મુંજબંધન [સં.] ન. જનોઈ દેવાનો વિધિ.

મુંજમણિ [સં.] પું. પુખરાજમણિ, પોખરાજ; એક જાતનું રત્ન.

મુંજમેખલા [સં.] સ્ત્રી. મુંજ મટ્ટનો કંદોરો. જુઓ મુંજબંધ ૧.

મુંજમેખલી જુઓ મુંજમેખલા.

મુંજવટ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

મુંજવાન ૧. પું. (પુરાણ) એ નામનો એક પર્વત

૨. પું. સોમવલ્લીનો એક પ્રકાર.

મુંજા ૧. ન. ત્વચા પ્રસારવાનું જાળ જેમાં ભાપી રહે તેવું શરીર

મુજ્જાથી તંતુની પેઠે ઝટ્ટે દેહથી આત્મને,
કોણે ધીર કરે જુદો તે પામે પરમાત્મને.
સંસ્કૃત પુષ્પાંજલિ

૨. ન. એક જાતનું ઘાસ; મુંજ.

મુંજાત ૧. ન. ખાડે ઝાડનારું ઘાસ.

૨. વિ. ઝાખમાં ઉદ્ભવ; ઉગેલું.

મુંજિયો પું. તરતમાં જ જનોઈ દીધેલો બ્રહ્મચારી. કેમકે તેણે કેડે મુંજનો કંદોરો પહેરેલ હોય છે.

૧. મુંજિયો કરવો = જનોઈ દેવી.

૨. મુંજિયો રોઝારવો-બનાવવો = જનોઈ દેતી વખતે બટુકને અમુક અંતર સુધી દોડતા કર્યા, તેને બાજનેબાજતે પેર બાવવો. સમાવર્તન વિધિ કરવો.

૩. મુંજિયો રાખવો = જનોઈ ને સમાવર્તન વચ્ચે બટુકને જે વિધિએ રાખવામાં આવે તેમ કરવું.

મુંજીબંધન જુઓ મુંજબંધન.

મુંઝણ [સં.] પું. વેદાંત; ખુલાસો. ફિરસ્તો.

મુંઝારી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનું લાકડું બહુ મજબૂત હોય છે. થાન ત્રણથી પાંચ ઇંચ લાંબા અને ત્રોફથી બે ઇંચ પહોળાં, લંબગોળ અને ઠોર ઉપર ઉંતારાયાં હોય છે. તેમાં લીલા રંગનાં ફૂલ આવે છે. ફળ ચોમજના જેવું હોય છે. તેમાં રાતા રંગનો ગર દેખાય છે. એ ગરમાં બી હોય છે.

મુંડ [સં.] વ કિ. કબરનું; જાતું; ચૂર્ણ કરવું.

મુકાકડી (મુંડાકડી) [સં. મુખ + આકર્ષણી] સ્ત્રી. સામે પવને જતાં વહાણનું સપાટાબંધ જવું તે.

મુંઠિયું ન. ચોખાના પત્રનો કાગલાવાળો ભાગ.

મુંડ [સં.] વ. કિ. (ધાતુ) કબજત કરવી તે ઉપરથી શબ્દ: મુંડિત; મુંડન થયેલ.

મુંડ ૧. [સં.] પું. એ નામનો એકલો એરણી માઠેનો એક શિવાવતી સાધુ.

૨. પું. મનુષ્યોનો સમૂહ

૩. પું. દુર્ગાએ હણ્યો એ નામનો એક રાક્ષસ.

૪ પું. પશુને બાંધવાનો ખીલો.

૫. પું. મસ્તક મુંડન કરેલ માણસ, સંન્યાસી.

૬. પું. મુખ્ય; મુખ્ય માણસ.

૭ પું. રક્તાલ્પતા.

૮. પું (પુરાણ) રાજા બલિનો એક દૈત્ય સેનાપતિ

૯. પું રાહુ ગ્રહ.

૧૦. પું શિવનાં હજાર માઠેનું એક નામ.

૧૧. પું હજામ; નાપિત

૧૨. સ્ત્રી. ખોપરી

૧૩ સ્ત્રી., ન. એ નામનું એક ઉપનિષદ.

૧૪ સ્ત્રી., ન. શિર; મથુ. કોડું; મસ્તક.

૧. મુંડ કરવી = હજામત બનાવવી

૨. મુંડ ફોડાવવી-મૂંડાવવી = (૧) નિરર્થક શ્રમ વિનાવવો. (૨) સંન્યાસી થવું. (૩) હજામત કરાવવી.

૧૫. ન. એક જાતનું ઘોડું

૧૬. ન. ભાર ઊંચકવું માપ; મૂડી

૧૭. ન. ખાડું

૧૮. ન. (જૈન) ધર્મની દીક્ષા માટે મુંડન કરાવવું તે.

૧૯. ન. પાંદડાં અને ડાળી વગરનું ઝાડ; ઠૂંઠું; રૂખાણ

૨૦. વ મમ.

૨૧. ન. મૂડવેલું માથું; મુંડો.

૨૨ વિ. અજ્ઞાન; અજ્ઞાની; મૂર્ખ; મૂઢ.

૨૩ વિ મુંડિત; જડું; મંદ બુદ્ધિનું.

૨૪ વિ મૂંડાવેલું, ખોડું

૨૫. વિ. દબાયું. નીચું; અધમ.

મુંડક ૧. પું. અજો. હજામત કરવાનું સાધન.

૨. પું. મૂંડેલા માથાવાળો સાધુ; સંન્યાસી.

૩. [હિં.] પું. વાળંદ; હજામ.

૪. [સં.] સ્ત્રી.;ન. એકલો ખાડ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

૫. ન. ભગાસ્થિનો એ નામનો એક ભાગ. તેને કેટલાક ભગપીઠ કે સ્ત્રિપીઠ કહે છે

૬ ન. મસ્તક; શિર; માથું.

મુંડકાવેરો પું. માથાવેરો; માથા દીઠ લેવાતો કર.

મુંડકોપનિષદ [સં.] સ્ત્રી ; ન. અથર્વવેદની શૌનકીય શાખાનું એ નામનું એક ઉપનિષદ. મુંડક શબ્દના બે અર્થ છે: પહેલો અર્થ મુંડન કરનાર એટલે અજો અને બીજો અર્થ મુંડન કરેલો એટલે સંન્યાસી થાય છે. આ ઉપનિષદનું નામ કોઈક પહેલા અર્થ ઉપરથી અને કોઈક બીજા અર્થ ઉપરથી પડેલું માને છે. આ ઉપનિષદ વેદત્રયીના મુખમા કે તે પછી રચાયેલું મનાય છે. આ ઉપનિષદ બૌદ્ધ પ્રમાણભૂત હોવાથી તેનું મુંડક એવું નામ છે અથવા આ ઉપનિષદ ભણનારના મસ્તક ઉપર અગ્નિ ધારણના વતથી આ અર્થનું મુંડક એવું નામ

પ્રખ્યાત છે. સામાન્યતઃ પ્રત્યેક ઉપનિષદનું નામ અન્વર્થ છે. મુણ્ડન ક્રિયામા પાવરધો માણસ અજાણે જો માથા ઉપર ફેરવે તો તે જેમ માથાના વાળ સાફ કરે છે તેમ આ ઉપનિષદમાં ઉપદેશવામા આવતા આત્મવિદ્યા રૂપી તીક્ષ્ણ અસ્ત્રને, એ વિદ્યામાં પાવરધો પુરુષ જો પોતાના હૃદય ઉપર અજમાવે તો હૃદયમાં ઊગેલાં રાગદ્વેષરૂપી ઝાંખરાંને તે સાફ કરી પૂર્ણ આત્મદર્શનને પ્રત્યક્ષ કરે છે. અવિદ્યાની સંતતિ સહિત ઉન્મૂલના માટે આત્મવિદ્યા એક જ સાધન છે તેથી આ ઉપનિષદનું મુણ્ડક એવું નામ આપવામાં આવ્યું છે. મુણ્ડક શબ્દનો સન્યાસી એ અર્થ સ્વીકારીએ તોપણ ઉચિત છે; કેમકે ક્રોધ અને ત્યાગમાં ગાઢનિષ્ઠ આદરી ત્યાગનો છે. પ્રેય અને શ્રેયમાથી ગાઢતની સાધના શ્રેયને જ સ્વીકારતા શીખવે છે આ ઉપનિષદમાં ત્યાગમય જીવનની મહત્તા શીખવવામાં આવેલ છે. ગૃહસ્થજીવન એક દૃષ્ટિએ સર્વોત્તમ છે. સમુદ્ર જેમ મેઘજળનો અને મેઘજળ જેમ સંસારનો આધાર છે, તેમ ગૃહસ્થાશ્રમ ઇતર આશ્રમોનો અને તે દ્વારા સમસ્ત સંસારનો એક માત્ર આધાર છે; છતાં મનુ મહારાજે કહ્યું છે કે, સમસ્ત પદાર્થોની પ્રાપ્તિ કરતાં તેમનો ત્યાગ જો ચઢિયાતો છે. આથી જ વિવેકો ગાઢને સંન્યાસ જીવનનો ખૂબ મહિમા ગાયો છે. આ ઉપનિષદમાં પણ આત્મજ્ઞાન મૂલક ભક્તિભાવપ્રધાન નિષ્કામ કર્મયોગનું ઔચિત્ય છે સંન્યાસયોગનું આમહપૂર્વક વિધાન કર્યું છે. આથી આ ઉપનિષદનું મુણ્ડક એવું નામ અતિ ઉચિત છે. બધા ઉપનિષદોમાં સરલતા, સ્પષ્ટતા, બ્રહ્મવેધી શૈલીની દૃષ્ટિએ આ ઉપનિષદ અજોડ છે. આ ઉપનિષદ અથર્વવેદના મંત્ર ભાગમાં સમાવિષ્ટ બ્રાહ્મણ છે. તેમાં ત્રણ મુણ્ડક છે અને એક એક મુણ્ડકને બબ્બે ખણ્ડ છે. પુરાતની ગુરુશિષ્ય પરંપરામાં ચાલતી વિદ્યાની ઐતિહાસિક હકીકત આપેલી છે; તેમાં બતાવવામાં આવ્યું છે કે, આ વિદ્યા બ્રહ્માથી અથર્વાને પ્રાપ્ત થઈ અને અથર્વાથી અનુક્રમે અંગી અને ભારદ્વાજથી અંગિરાને પ્રાપ્ત થઈ. આ અંગિરા મુનિને મહાવિદ્વાન શૌનક ઋષિએ વિનયથી આવીને પૂછ્યું કે, હે ભગવન એવી કઈ વિદ્યા કઈ છે, જે જાણવાથી બધી વિદ્યા જાણી જાય છે. આ મહર્ષિ શૌનકનો પ્રશ્ન બધા પ્રાણીમાત્રને બહુ જ આશ્ચર્ય પમાડે તેવો છે, કેમકે આ દુનિયાના બધા જીવ સર્વશ્રેષ્ઠ વિદ્યા જાણવા માટે ઉત્સુક હોય છે. આના ઉત્તરમાં મહર્ષિ અંગિરાએ પરા અને અપરા નામની બંને વિદ્યા સમજાવેલી છે, જેને લીધે ઐહિક અને આમુષ્મિક અનાદિમ પદાર્થોનું જ્ઞાન થાય છે, તેને અપરા વિદ્યા કહેવામાં આવે છે અને જેનાથી અખંડ અવિનાશી નિષ્પ્રપંચ પરમાર્થ તત્ત્વનો બોધ મળે છે તેને પરા વિદ્યા કહેવામાં આવે છે આખો સંસાર અપરા વિદ્યાનો વિષય છે, તથા સંસારી પુરુષોની પ્રવૃત્તિઓ પણ તેમજ છે. તેનાથી એવા જ્ઞાનનો ઉપદેશ થતો નથી કે જેમાં સંપૂર્ણ જ્ઞાન સમાઈ જાય, કેમકે તેનાથી વિષયભૂત જેટલા પદાર્થ છે તે બધા એક બીજાથી છૂટા છૂટા છે. અપરા વિદ્યા એ અવિદ્યા પણ છે. વ્યવહારમાં ઉપયોગી હોવાથી તેને વિદ્યા કહેવામાં આવે છે અખંડ અને અવ્યય તત્ત્વના જિજ્ઞાસુ માટે તે ત્યાજ્ય છે. એટલા માટે આચાર્ય અંગિરાએ આ જગ્યાએ તેનો ઉલ્લેખ કરેલો છે. આ પ્રમાણે વિદ્યાના બે ભાગો કરી કરી પછી તેને સમ્પૂર્ણ પુસ્તકાકારે ગૂંથી લેવામાં આવેલ છે. પ્રથમનો પૂર્વાર્ધ ભાગ કરીને અપરા વિદ્યાનું નિરૂપણ કરે છે, અને ઉત્તરાર્ધમાં ભાગ કરીને પરા વિદ્યા અને તેની પ્રાપ્તિનાં સાધનોનું વિવેચન કરેલું છે. આ ઉપનિષદની વર્ણનશૈલી ખૂબ જ ઉદાત્ત અને હૃદયને હરી લે તેવી છે, કે જેથી કરીને જિજ્ઞાસુઓનું હૃદય ખૂબ જ આકર્ષિત થાય છે. ઉપનિષદોનો જે સામાન્ય ક્રમ છે, તેને અનુસરી પ્રશ્નોપનિષદની પાછળ આ ઉપનિષદનો પાઠ કરવામાં આવે છે પરંતુ ભગવાન શંકરાચાર્ય લખે છે કે, પહેલાં મુંડકનો અભ્યાસ કરવો જોઈએ અને પછી પ્રશ્નનો અભ્યાસ કરવો. પ્રશ્નોપનિષદના ભાષ્યનો આરંભ કરતાં એમણે આવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે એટલે શાંકરસંપ્રદાયના વિદ્યાર્થીઓએ ઉપનિષદનો આ ક્રમથી અભ્યાસ કરવો જોઈએ.

મુંડચક્રક ૧. [હિં.] પું. બગલા; એક જાતનું ઝાડ.

૨. પું. વટાણા.

મુંડચીરા ૧. [હિં.] પું. બાવા કે ફકીરની એક જાત. તે પોતાને ધર્મ કરવાની ધમકી આપીને ખેરાત લે છે.

૨. વ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

૪ વિ. પરાણે પૈસા કઢાવનાર.

૫. વિ. લેભાદેખમા હઠ કરે તેવું.

મુંડન ૧. વ. કોઈની પાસેથી છેતરીને પૈસા પડાવવા તે.

૨. વ. બાળકના પ્રથમ વાળ ઉતરાવવાનો સંસ્કાર.

૩. વ. બોડાવવું તે; વાળ લેવરાવવા તે; હજામત કરાવવી તે; માથું મૂંડાવવું તે.

મુંડમાલ [સં.] સ્ત્રી. માથાંની કે ખોપરીઓની માળા. શંકર તે પહેરતા હોવાનું મનાય છે.

મુંડમાલા ૧. સ્ત્રી. બંગાળાની એ નામની એક નદી.

૨. જુઓ મુંડમાલ.

મુંડમાલી ૧. [સં. મુંડમાલિન્] પું. ખોપરીની માળા ધારણ કરનાર શિવ.

૨. વિ. ખોપરીની માળા પહેરનાર.

મુંડમાળ જુઓ મુંડમાલ.

મુંડમાળા જુઓ મુંડમાલ.

મુંડમાળી જુઓ મુંડમાલી.

મુંડમુક્તાવલિ [સં.] સ્ત્રી. ખોપરીની માળા; મુણ્ડમાલ.

મુંડમહારણ્ય [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું જંગલ.

મુંડિત ૧. [સં.] પું. વાળંદ.

૨. વિ. મૂંડેલા માથાવાળું.

મુંડિની ૧. પું. કસ્તૂરીમૃગ.

૨. [સં.] સ્ત્રી. ચોસઠ યોગિનીઓ એ નામની એક યોગિની.

મુંડી ૧. પું. અણી વગરનો લોઢાનો મૂકિયો ખીલો.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. સીમડાં વગરનો મૃગ.

૪. પું. સંન્યાસી.

૫. [સં. મુંડિન્] પું. હજામ; ક્ષુરી; શિવાકીર્તિ. નાપિત; અંતાવસાયી.

૬. સ્ત્રી. અડદી બાજરાનું વજન.

૭. સ્ત્રી. કમોદનાં ઉપલાં કુમળાં પાન ખાઈ જનાર એક જીવડું.

૮. સ્ત્રી. મોરખમુડી નામની વનસ્પતિ.

૯. સ્ત્રી. ઠોઠો; ખોખી; બરડનું; ખાખી.

૧૦. સ્ત્રી. નાકની અણી.

૧૧. સ્ત્રી. નાનું પોટકું.

૧૨. સ્ત્રી. પૂંજી; થાપણ; ઠોઠો; રોકડ પૈસો.

૧૩. સ્ત્રી. ભારા કે પૈતાનું કપેલું માથું.

૧૪. સ્ત્રી. માથું; મુંડ; મૂડી

(૧) મુંડી નીચી કરવી = લજ્જાવું; શરમાવું.

(૨) મુંડી મરડવી = ગળું દબાવી મારી નાખવું.

૧૫. સ્ત્રી. મુદ્દો; અસલ રકમ.

૧૬. સ્ત્રી. મોં; મુખ.

૧૭. સ્ત્રી. વિધવા સ્ત્રી, રાંડ, બોડી સ્ત્રી; વિધવા થવાને કારણે જેણે માથું મૂંડાવેલ છે તેવી હિંદુ સ્ત્રી.

૧૮. વિ. ઓકાવેલ માથાવાળું; મોકળું; મુક્ત કરાવેલું.

મુંડીકવાચ પું. (વૈદક) એક જાતનો ધાતુ પરિવર્તક અને લાલક ઉકાળો. ક્ષય, ગૂમડાં, સંધિવા અને બારામા ધાતુ પરિવર્તક તરીકે આ ક્વાથ દેવાય છે. મૂત્ર નળીના રોગમા લાભક્ર તરીકે પણ તે અપાય છે મુંડી ઓકડમાંથી પણ જાતના અર્ક ગાળવામાં આવે છે અને તે લોહીના વિકારમા દેવાય છે. તેની માત્રા અરધાથી બે તોલા દિવસમાં બે વખતની છે.

મુંડેચા ૧. જી. ચૌહાણ રજપૂતની એક શાખાનું નામ.

૨. જ. એ નામની શાખાનું માણસ.

૩. વિ. એ નામની શાખાનું.

મુંડેશ્વરતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામે એક તીર્થ. તે શિવજીના મથ મુકે પ્રગટ થયું હતું. નર્મદા પંચાગમાં કહ્યા છે કે, એક સમય પાર્વતીજીના રક્ષણ માટે મુકને મોકલવાની જરૂર જણાઈ, પરંતુ જંગલમાં હાથીઓની લડાઈ જોવાને માટે મુંડ આવ્યો અમો. તે સમયે શિવજી આવ્યા. તેણે મુંડને જોયો નહિ. ક્રોધિત થઈને શંકરે શાપ આપ્યો કે, તું મનુષ્યોમાં જન્મ લઈશ. આ સાભળી મુંડ ગભરાયો અને અપરાધની ક્ષમા માગવા લાગ્યો. ત્યારે પાર્વતીજીએ શિવજીને સમજાવ્યા. શિવજીએ કહ્યું, તેને બ્રાહ્મણકુળમાં જન્મ મળશે, અને ત્યાં તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન રહેશે. તે રેવાતટ ઉપર જઈને તપ કરશે અને મારી સ્થાપના કરીને મારા પદને પ્રાપ્ત કરશે, પછી મુકે જન્મ લઈને તેમ જ કર્યું અને શિવજીની સેવામા પહોંચી ગયો.

મુંઠો જુઓ મૂઠો.

મુંઠ ૧. પું. ત્રિલીટવાની રમતમાં વપરાતો એક શબ્દ, હાથની મૂઠી વાળી તેના ઉપર બોર્ડ રાખી પછી ઊછાળી દાડિયો મારવો તે; મૂઠ

૨. જ. મોટું

૩. વિ. જડ; બોલ્યા; બોલે નહિ એવું; મૂઢ

૪. વિ. બહારી પાણીને કૂટે નહિ એવું. ગૂમડા માટે કહેવાય છે.

મુંઢકણું ન. પુરુષ કે સ્ત્રીના કુટુંબમાં વૃદ્ધ મરણ થતાં સસરા તરફથી અપાતી પાઘડી કે કપડાની રકમ અથવા પાઘડી કે કપડું

મુંઢબેતરપાળ પું. જવાબ ન આપે અને બેસી રહે તેવો માણસ.

મુંઢ ઘા પું. ધા વાગે પણ લોહી ન નીકળે તેવી રીતે પડેલ મારનો ઘા.

મુંઢડું (મુઢડું) વિ. જડ; બોલે નહિ એવું.

મુંઢમાર પું. ચોટ; શરીર ઉપર મારની નિશાની ન દેખાય તેવો માર; ચામડી ઉપર જખમ થયા વિના શરીરનો કોઈ ભાગ કચરાય કે પકડાય તે. મુઢમાર પડે તેના ઉપર એક ભાગ સ્પિરિટ અને બાર ભાગ પાણીનાં પોતાં મુકાય છે, સોજો કે દરદ હોય તો રોક અને સુજેલો ભાગ પાકે તો ફોડવા કે ફેલાવવાના ઉપાય કરાય છે. જુઓ મૂઢમાર.

મુંઢવું અ. ક્રિ. ગૂમડાં કે ખીલનું વકરવું

મુંઢાઉઘાડ (મુંઢ.ઉઘાડ) પું. વહેવાર.

મુંઢાકડી (મુઢાકડી) [સં. મુખ + આકર્ષણી (કરી)] સ્ત્રી. (વહાણવટું) સામે પવને જતાં થતી વહાણની વાંકીચૂકી ચાલ; ઉઘાડણી.

મુંઢાવું ૧. અ ક્રિ. ગૂમડાનું બગી જવું.
મુંઢાઈ જવું ૦ ઘર કરી જવું

૨. અ. ક્રિ. મોવાળો તૂટી જવાથી તેના મૂળ આગળ મોલે ચડવો

મુંઢાહથું વિ. મુંઢાહડ્યની ઊંચાઈનું.

મુંઢિયું ન. ધોડિયાનું પગાં ઉપરનું તથા ઢીંચણી નીચનું આડું લાકડું

મુંઢિયો પું. ઘરના બારણાંથી બારી ઉપર રાખેલો લાંબો બારસટિયો.

મુંઢી સ્ત્રી. એ નામની મોઈદાની એક રમત.

મુંઢે ન. (જુ. મુ.) મોટું.
નદી રે કિનારે ઊભા એક બગલો રે,
હસલા નજીને કીધી પ્રીત રે,
મુંઢામાં લીધી માછલી હો જી. ભીખાભાઈ

મુંઢો ૧. પું. કપડાં રાખવાનો કરંડિયો.

૨. પું. (વહાણવટું) વહાણનો બારણાં ઊંડો.

૩. પું. બારણાનો ભાગ.

૪. પું. બારુ અને સૂતળીની બુરસી.

૫. પું. બારણાંમાં કડિયાંની ઉપરના ભાગમાં ઓડવામાં આવતું કપડું; પાણાળથી કૂડતામાં બહા ઉપરનો બાંધનો ગોળાકાર ભાગ.

મુંઢાહાથ ૧. પું. મૂઠી વાળેલા હાથની મૂઠીથી હાથની કોણી સુધીની લંબાઈ.

૨. પું. મૂઠી વાળેલો હાથ.

મુંદડી (મુદ્રી) [પ્રા.] સ્ત્રી. મુદ્રિકા; વીંટી.
દેઉં મુંદડી દેવ, આવી અમો તવભેવ
કેશવરાજ મુનિ

મુંબઈ ૧. સ્ત્રી. ઉત્તમ કેરીઓમાં સૌથી વહેલી પાકનારી કેરીની એક જાત. તે ચડ્યી મીઠી, મધુર અને ખુશબોદાર હોય છે. તેનું કદ સાધારણ હોય છે. દરેક કેરીનું વજન ૬થી ૧૨ ઔંસ જણાય છે.

૨. જી. એ નામનું ભારતનું એક શહેર. મુબઈમાં સાત ટાપુઓ આ પ્રમાણે હતા: (૧) કોલાબા, (૨) બલ્લ ઓમાનીસ, (૩) મુબઈ, (૪) મઝગામ, (૫) પરેલ, (૬) મ.દિમ અને (૭) વરલી. નાની નાની ખાડીઓ આ સાને ટાપુઓને છૂટા પાડતી અને મધ્યમાની નીચાણવાળી જમીન ઉપર સમુદ્રનાં પાણી ફરી વળતાં. ધીમે ધીમે કુદરતી રીતે જ કેટલીક ખાડીઓનો ભાગ કાંપ અને રેતીથી પુરાતો ગયો અને રહેવા લાયક જમીનમા ફેરવાઈ ગયો. (૧) કોલાબા: આ ટાપુનો અણીવાળો ભાગ સમુદ્રમાં દૂર સુધી પથરાયેલો હતો અને ત્યાં કોળી લોકો વસતા. (૨) બલ્લ ઓમાનીસ: પાસેના ઊંડા સમુદ્રમાં કોળી લોકો માછલી પકડવા જતા તેથી આ ટાપુ બલ્લ ઓમાનીસ નામે ઓળખાવા લાગ્યો. પાછળથી કોલીમાના ટાપુને ન.મે તે ઓળખાવા લાગ્યો. દોરવાઓ અને નાના મછવાઓ દ્વારા આ બીજા અને ત્રીજા ટાપુઓ વચ્ચે આવજા થતી. અને દિવસે આ ટાપુ અને કોલાબા વગેરેનો આઠે પુરાતો ગયો. કોલાબા પોલીસથાણાના ચોગાનમાં એક વૃક્ષ સિવાય અત્યારે એ ટાપુનો એક પણ અવશેષ મળતો નથી. ઈ. સ. ૧૮૩૪માં કોલાબાના ટાપુને મુખ્ય ટાપુ સાથે કોઝવેથી જોડવામાં આવ્યો. આ બંધ ઈ. સ. ૧૮૬૩માં ફરી બધાયો. કોલબાર કોલાબામાં ફેરવાઈ ગયું. આ ટાપુના ભૂતકાળના અવશેષરૂપે અત્યારે કોળીગલી અને કોલાબા કોઝવે નામના રસ્તાઓ અને ત્યાં વસતા કોળીઓ રહ્યા છે. (૩) મુખ્ય ટાપુ: મુબઈ:—બીજા ટાપુ પરથી ત્રીજા ટાપુનું સ્વરૂપ IIનુ જેવું દેખાતું હતું. તેની પશ્ચિમે વિશાળ મેદાન અને પશ્ચિમને છેડે પથરાળ ઊચ્ચ ભૂમિરૂ તથા પૂર્વે નીચાણવાળી જમીન અને ધૂધાનમાં કુદરતી હાર આવેલ હતાં. તેના દક્ષિણના કિનારા ઉપર પાલાનાં ઝૂમખાં અને વૃક્ષોથી ભરપૂર એવી ઠલગી જમીન હતી કે જેથી તે જગા પાલો અથવા પાલવાળાર તરીકે ઓળખાવા લાગી. પછી તે અપોલોમાં ફેરવાઈ ગયું. પાછળનું વિશાળ મેદાન કે જ્યા તાડ અને આમલીની વાડીઓ હતી તે જગ્યા પાછળથી એસપ્લેનેડ તરીકે ઓળખાવા લાગી. કૂકે રાઉ કરેલ અને જેને ચાલુ રાખેલ ફોર્ટ ને અપોલોગેટ, અર્ચગેટ અને બજારગેટ એમ ત્રણ દરવાજા હતા. ઈ. સ. ૧૮૪૪ સુધી કોટનગ્રીન અત્યારનાં એલ્ફિન્સ્ટન સર્કલના ભાગની નજીક હતું. મુખ્ય ટાપુના દક્ષિણનાં બાજુના લાયક રસ્તાઓમા મેનહામ પોઈંટ, આપ્પરસ્ટ્રેન્ડ રોડ, બિયેટર અને બાબ્બાપોર હતાં. મૂળ શહેર અને કોટની

મધ્યમાં આવેલું પશ્ચિમનું મેદાન ઑસપ્લેનેડ કહેવાતું. તે ઉપર પશ્ચિમે સમુદ્ર સુધી ફેલાયેલું હતું. તેના કિનારા ઉપર આજનું ગેઇટવે ઑફ ઇન્ડિયા બંધાતાં જતાં ચાર ખોરિયાનું સ્નાનસ્થાન કે ખોદાદી આવતું અને તે સહી બાદર કહેવાતું. ટાપુનો અંદરનો ભાગ ફળદ્રુપ હતો અને ત્યાં વાડીઓ તથા ખેતરો હતાં. તેના પુરાણપ્રસિદ્ધ આજે ખેતવાડી, બંગલવાડી, કેલવાડી, કાચમવાડી, ઠાંદાવાડી પીપળાવાડી, હોલવાડી, ખોરબાટ અને મુગબાટ જેવાં નામો મળી આવે છે. પશ્ચિમમાં તળેટી પાસે આવેલી વલાહલ ગિરિમાળા અત્યારનું ગીરગામ કહેવાતું. તેમાં મામલ્લીનું મંદિર પણ હતું. મુખ્ય ટાપુના મધ્યભાગમાં મારવાડી તથા ગુજરાતી વ્યાપારીઓ વસતા. અન્ય ટાપુઓ પરથી અહીં આવી મોટા વિભાગ તરફ જનારા ઊતરીને પોતાના પગ પરનો ભાર પોતા તેથી તે જગ્યાનું નામ પાયધૂની પડ્યું. પૂર્વમાં સમુદ્ર કિનારાની પાસે જ આમલીનાં ઝાડોની ઘટા હતી. આ ઘટાને લીધે તે જગ્યા ચિત્ર ભંડર તરીકે ઓળખાવા લાગી. આ ટાપુની પશ્ચિમે આવેલ મલબાર હિલ તે વખતે મોટ જંગલથી છવાયેલ હતું. મલબાર પોઇંટના અંતિમ ઊંચા પર પરબતની ગિરાહ કે ખોમુડી હતી. બાણગંગા તળાવની નજદીક આવેલા વાલકેશ્વર મંદિરના કેટલાક થાંભલાઓ જ માત્ર રીખકાલયુગના અવશેષ તરીકે રહ્યા છે. નજદીકમાં જ આવેલિયાનાં ઝાડ હતાં અને ત્યાં બાલુકનાથનું નાનું મંદિર બાજુથી બંધાવાયું હતું. બીજી ટેકરીની બાજુમાંનાં તળાવમાં પુષ્કળ કમળો ઊગતાં હતાં. તેથી તે જગ્યા કેવાતા કે ખંભાતા હિલ તરીકે ઓળખાઈ. તેને ઊંચે મહાલક્ષ્મીનું મંદિર આવ્યું હતું (૪) મઝગામ: ક્રિસ્ટોફર એટલે બંદર પાછી પાછળ મઝગામનો ચોથો ટાપુ હતો. ત્યાં આગરીઓ વસતા હતા. ઊતરમાં આગળ જતાં બાયા નામના ભાગોનું બળુ હતું તે પરથી તે જગ્યા બાયખલા કહેવાઈ. તેની અગાઉ આમલીની મોટ ઘટા હતી આજે તે જગ્યા મૉચપોકસી તરીકે ઓળખાય છે. (૫) પરેલ: ચોથા ટાપુની પાછળ પાંચમો પરેલ નામે ઓળખાતો ટાપુ હતો પૂર્વમાં નાની ટેકરી ઉપર શિવનું મંદિર હતું અને તે સ્થાન શિવરી તરીકે અત્યારે ઓળખાય છે. ન્યાયાલયની ઉત્તરે વડની ઘટા હતી. આજનું વરલા નામ હતું પણ તેનો માટે આપે છે. પાસે જ પશ્ચિમમા કોળીઓનો તબેલા હતા. આ તબેલાઓ ભીમદેવના હતા અને આજે પણ તે સ્થાન માદુમા તરીકે ઓળખાતું છે. (૬) માહિમ: માહિમ નામે છઠ્ઠો ટાપુ ભીમદેવની રાજધાની મહિકાવતી હતો. આજે તેના અવશેષ મળતા નથી માત્ર રાજધાનીના નામનો ભોગ બાજ મહિમ નામમાં જળવાઈ રહ્યો છે. (૭) વરલી: માહિમની દક્ષિણે ઊલ્લો ટાપુ વરલી હતો ત્યાં આવેલી વડના ઝાડની ઘટાને લીધે તેનું નામ વરલી રાખ્યું છે મુંબઈ ભારતનું પહેલા નંબરનું શહેર છે. આર્યાવર્ત વાત્રમાં ઉલ્લેખ છે કે: મુબઈમાં આશરે ચારસોક માંગે છે મૂલેશ્વરના જનામાં આશરે ત્રણસો મંદિરો જુદાં જુદાં દેવદેવીઓનાં છે. પ્રસિદ્ધ મંદિરોમાં મમ્મારેવી, વાલકેશ્વર, પ્રભાદેવી, બાબુલનાથ, મહાલક્ષ્મી, બંગલેશ્વર છે. આ સિવાય સ્વામિનારાયણ, બાંધરાવ, મોપુલનાથ, નરનારાયણ વગેરેનાં મંદિરો તથા નાની મોટી હવેલીઓ પણ જડી છે. મંદિરમાં બધા સ્વરૂપ, મૂર્તિઓ તેજસ્વી ઓજસવાળી અને ચમત્કારોથી વિભૂષિત હોય છે. વિક્ટોરિયા ગાર્ડન એ બહેર મોટો બગીચો છે તેમા જુદી જુદી જાતનાં પ્રાણીઓ તેમ જ નજા નવા છોડવા, ઝાડો અને ફળ ફારીકરીના આદર્શ નમૂનાઓ જોવામાં આવે છે. હેંગિંગ ગાર્ડન નામના બગીચાની રચના પાણીના મોટા ટાંક ઉપર કરવામાં આવ્યા છે. તે મલબાર હિલ નામની ઊંચામા ઊંચી ટેકરી ઉપર આવેલ છે અને આ ટેકરી ઉપરથી આખું મુબઈ શહેર, મુબઈ બંદર અને મુબઈ બેટ સ્પષ્ટ રીતે દેખાય છે. આ ગાર્ડનની નીચેના પાણીના જળાશયથી મુંબઈના પશ્ચિમ તરફના ભાગને પાણી પૂરું પડે છે. પ્રિન્સ ઑફ વેલ્સનું મ્યુઝિયમ કે સંગ્રહસ્થાન પણ જોવા લાયક છે. તેમાં દરેક વિભાગમાં જુદી જુદી જાતનાં જનાવરોના નમૂના, અનેક ધાર્મિક ચીજો, અનેક કારીગરીની ચીજો, જુદા જુદા વસ્ત્રો, કીમતી વસ્ત્રો, ઓલાદારી કુટુંબનાં કીમતી વસ્ત્રો અને કેટલી યે બજારૂ વસ્તુઓ દર્શિયાનો, જાપાનો વગેરે છે. મુબઈ હાઇ કોર્ટનું અને યુનિવર્સિટિનું આલીશાન મકાન પ્રસિદ્ધ રાજાબાઈ ટાવર સાથે જોવા લાયક છે રાજાબાઈ ટાવર આવેલો છે તેની ઊંચાઈ અઢી પચાસ ૨૮ છે. મુબઈની ચોપાટીનો સાંજનો દેખાવ બહુ રમણીય લાગે છે. હવા જનસમૂહ ઊભરાઈ રહે છે. આ ચોપાટીથી ઘોડે ગાડે ત્યાં બોરબેનો દરિયો મોટે ચક્કર પૂરીને જમીન કરી હતી ત્યાં અત્યારે મોટી આલીશાન નવી ઇમારતો ઊભી થઈ છે અને મુબઈની શોભા અને સમૃદ્ધિમાં ઓર વધારો કરે છે. મુંબઈનો દરિયો ચોતરફ આવેલો દોરવણી અને નાના મોટાં બંદરોથી વેપાર રોજગારની છોળો ઊડતી હોવાથી તેને દુનિયાના દરેક દેશો સાથે સંબંધ છે. એટલે મુબઈ કહો કે જગતનો વેપાર કહો, તે સર્વ મુંબઈનાં જુદાં જુદાં બંદરો નીરખવાથી જણાઈ રહે છે. મુંબઈનું પાલવા બંદર મોટું ગણાય છે, ત્યાં તે બંદર ઉપર પાંચ દરવાજાનો ગેટ વે ઑફ ગેટવે વે છે. વિલાયતથી ઊતરનારી કટીમરો અહીં આવે છે. આ બંદરની સામે જ મોટામાં મોટી તાજમહાલ હોટેલ છે. તેને પણ આગળ અને તેમાં પણ વિલાસ છે. તાન્સાનું મોટું સરોવર મુબઈથી વીસ માઈલ છે અને ત્યાંથી આખા મુબઈ ને પાણી પૂરું પડે છે.

૧. મુબઈનું ચપ = મુબઈમાં જે પાપ થાય તે બધું શિર ઉપર લેવા સોમંદ.

૨. મુંબઈનું મુડદું = સૂકું પાતળું માણસ. મુબઈનું પાણી બીજી જગ્યાઓને મુકાબલે સારું નથી તેથી ત્યાના લોકો મુડદાં જેવા ગણાય છે. તે ઉપરથી સૂકા લાકડા જેવા શરીરવાળા માણસને માટે આમ બોલાય છે.

૩. સ્ત્રી કેન્સર વગેરેના માટેની એક ઔષધિ.

મુંબઈગરું ૧. વિ. કાયદેસર, કરવા માટે વપરાય છે

૨. વિ. મુંબઈનું.

મુંબઈ ટાઈમ પું મુબઈનો રવ નિરક્ષમય. મુંબઈમા વેધશાળા છે. તેમાં આકાશસ્થજ્યોતિના વેધ ઉપરથી ઘડિયાળ મેળવાય છે તે પ્રમાણેનો વખત મુંબઈ ટાઈમ કહેવાય છે. આ વખત મદ્રાસ ટાઈમથી ત્રીસ અને સ્ટાન્ડર્ડ ટાઈમથી ઓગણચાલીસ મિનિટ પાછળ હોય છે.

મુંબાઈ સ્ત્રી. ૧. સ્ત્રી. એકેશ્વર કચ્છની એ નામની એક જાત.

૨. જ. એ નામની જાતનું માણસ.

૩. વિ એ નામની જાતનું.

મુંબાપુરી જુઓ મુંબઈ

મુંબી ૧. સ્ત્રી બીજની એક જાત.

૨ સ્ત્રી. મુબઈ શહેરનું એક નામ.

મુંબારુ સ્ત્રી કબજ વાગેલા માટેની એક વનસ્પતિ.

મુંસાઉ જ. મોસાળ; માતાના પિયરનું ઘર.

મુંસફ [અ. મુન્સિફ] પું. ન્યાયાધીશ; મુનસફ; ન્યાય કરનાર અમલદાર

મુંસિફી ૧. [અ. મુન્સિફી] સ્ત્રી. ન્યાય કરવાનું કામ; મુનસફનું કામ.

૨. સ્ત્રી. મુનસફની કચેરી.

મુંહ ૧. જ. આબરૂ; માન.

૨. જ. ઉપરનો ભાગ; છત.

૩. જ. અક્ષરો

૪. જ. છિદ્ર; કાણું.

૫. જ તરફદારી; પક્ષપાત.

૬. જ. બળ; તાકાત; શક્તિ; સામર્થ્ય.

૭. જ. ભાવ; કીમત.

૮. ન. માગણી.
૯. ન. મૂળ.
૧૦ [હિ. ન મોઢું; મુખ; વદન.
૧. મુહ અંધેરે–કાલે મુહ અંધેરે = પરોઢિયે; મળસકે, વહેલી સવારે; પ્રભાતમાં
૨. મુહ આવવું–આવી જવું = (૧) ભેટો મારવું. (૨) મોઢામાં ચાલું પડવાં. (૩) મોઢામાં થૂંક આવવું; મોઢામાંથી થૂંક ગળવું.
૩. મુહ ઊતરી જવું = (૧) અશક્તિથી મોઢું કરમાઈ જવું. (૨) નિરાશ કે ઉદાસીન થવું. (૩) પાતળા થવું.
૪. મુહ કરવું = (૧) કોઈ બાલ બગડ્યા કે વસ્તુ તરફ પોતાનાં પગલાં ભરવાં. (૨) માળ દેવા (૩) ચૂમકું પુરસ્કૃત કરવું. (૪) પક્ષપાત કરવો. (૫) પાકો જવું; સમય બરાબર જવો. (૬) મોઢું ફેરવવું. (૭) બાવચું હોવું. (૮) ઉદ્ધારમાં પહેલો વસ્ત્ર કરવો. (૯) સત્કાર કરવો; માનસન્માન આપવું. (૧૦) સરખાવવું. (૧૧) હુમલો કરવો.
૫. મુંહ કાળું કરવું = (૧) કર્મો વહોરવું; બદનામી વહી. (૨) ઉલ્લંઘ કરવી.
૬. મુહ કાળું થવું = કર્મ લાગવું.
૭. મુહ ખુલ્લાવવું = (૧) ભોજન લૂટે તેમ કરવું. (૨) બહાર પાડવું. (૩) ભોજના ઉરારવું.
૮. મુંહ ખૂલવું–ખૂલી જવું = બંદા મોઢાવાળું થવું
૯. મુહ ખોલવું = (૧) માળ દેવી. (૨) મોઢું; મોઢું ઉઘાડવું. (૩) મોઢા ઉપરથી પડદો વગેરે દૂર કરવો; ઘૂમટો દૂર કરવો.
૧૦. મુહ ચડવું = ગર્વ મૈત્રીમાં હોવું.
૧૧. મુહ ચઢાવવું = (૧) ગુસ્સે થવું. (૨) રિસાવું.
૧૨. મુહ ચલાવવું = (૧) કરવું. (૨) ખાવું. (૩) બોલવું (૪) માળ દેવા
૧૩ મુંહ ચાટવું = (૧) કોઈનું મોઢું ચાટવું. (૨) ખુશામત કરવી. (૩) વહાલ કરવું.
૧૪. મુહ ચાલવું = (૧) ખાવા કરવું (૨) મોઢેથી બરાબર શબ્દ બોલવા.
૧૫. મુંહ ચિડાવવું = ખાવા ખસવા.
૧૬. મુહ ચૂમવું = ચુમન કરવું.
૧૭. મુહ ચૂમીને જોડી દેવું = શરમિંદુ કરવું
૧૮. મુહ છુપાવવું = (૧) દૂર ખસી જવું (૨) લાજ કાઢવી. (૩) શરમાવું; શરમથી મોઢું સંતાડવું. (૪) સંતાવું.
૧૯. મુહ જોઈ ને વાત કરવી = (૧) કોઈની સામે તેની મોજતા જોઈ ને વાત કરવી. (૨) ખુશામત કરવી.
૨૦. મુહ જોવું = ધીમે ધીમે વાત કરવી, કાનાફૂસી કરવી.
૨૧. મુંહ ઢાંકવું = ની પરવા છોડ કરવો કે રોવું.
૨૨. મુહ તાકવું = (૧) અવાક થવું; આશ્ચર્ય પામવું. (૨) તાકીને જોવું. (૩) મૂર્ખ દેખાવું.
૨૩. મુંહ તોડવું = (૧) અપમાન કરવું. (૨) કોઈનું મોઢું જોવું. (૩) હેરાન કરવું
૨૪. મુહ દેખતા રહી જવું = અચંબામાં બરાબર થવું.
૨૫. મુંહ દેખવું = (૧) અચકાયો તાકીને જોવું (૨) અવાક થવું; આશ્ચર્ય પામવું. (૩) અરીસામાં મોઢું જોવું. (૪) આધાર રાખવો (૫) આબરૂપણે આમતેમ જોવું. (૬) કોઈ ને માટે ધ્યાન રાખવું. (૭) મદદ માટે સામે જોવું. (૮) સામે જવું; સામનો કરવો.
૨૬. મુહ દેખાડવું = સામે આવવું.
૨૭. મુહ દેવું = (૧) કોઈ પણ વસ્તુ વગેરે બે કોઈ વસ્તુ કે બાજુ પદાર્થમાં મોઢું નાખવું. (૨) પરિચય કરાવવો. (૩) મહેરબાની કરવી. (૪) હોઠ બકાડવા.
૨૮. મુહ પકડવું = મોઢું બંધ કરવું, બોલતાં અટકાવવું.
૨૯. મુહ પર = મોઢામોઢ; રૂબરૂ; સામે; પ્રત્યક્ષ
૩૦. મુહ પર કહેવું = મોઢામોઢ કહેવું
૩૧. મુંહ પર મારવું = (૧) મુકાબલો કરવો. (૨) લડવા માટે સામે આવવું.
૩૨. મુહ પર જવું = કોઈ ને માટે માનથી દબાવું.
૩૩. મુહ પર ધૂળ દેવું = (૧) બદનામ બનાવવું; લજ્જિત કરવું. (૨) મોઢા ઉપર ધૂંકવું
૩૪. મુહ પર નામ ન હોવું = શરમ બચવું બવું; નિર્લજ્જ થવું.
૩૫. મુહ પર પાણી ફરી જવું = મોઢા ઉપર તેજ ન રહેવું.
૩૬. મુહ પર મહોર કરવી = હોઠ બંધ કરવા; બોલતા બંધ કરવું, ન કહેવા દેવું
૩૭ મુહ પર વાગવું = (૧) મુખથી બોલવું, કહેવું કે બોલવું. (૨) હોઠ સુધી લાવવું.
૩૮. મુંહ પર હવાઈ ઊડવી–છૂટવી–ફરવી = ભય કે શરમને લીધે ચહેરો ફિક્કો પડી જવો.
૩૯. મુહ પસારવું = (૧) અવળવા થવું. અંકિત થવું. (૨) કરમાવું.
૪૦. મુહ ફરવું = (૧) તૃપ્તિ થવી; ધરાવું. (૨) નાખુશ થવું. (૩) પક્ષપાત થવો. (૪) મોઢું ફરવું થવું. (૫) સામેથી હટી જવું; દૂર ચાલી જવું.
૪૧. મુંહ ફાટવું = ચૂના વગેરેથી મોઢામાં ચાલાં પડવાં.
૪૨. મુહ ફુલાવવું = ગુસ્સે થવું; નારાજ થવું.
૪૩. મુહ ફેરવવું = (૧) અસ્વીકાર કરવો; ઇનકાર કરવો. (૨) ત્યાગ કરવો. (૩) દૂર રહેવું.
૪૪. મુહ ફેલાવવું = (૧) બગાડવું બગાડવું. (૨) બહુ વધારે ઇચ્છવું. (૩) વધારે કીમત માગવી
૪૫. મુહ બગાડવું = (૧) ગુસ્સે થવું. (૨) ચહેરો બદલાવી નાખવો. (૩) નાપસંદગી દર્શાવવી. (૪) મોઢું બદલવું કરવું. (૫) મોઢું બગાડવું; રિસાવું. (૬) મોઢામાં બરાબ સ્વાદ મૂકી જવો.
૪૬. મુહ બંધ કરવું = (૧) બોલતું બંધ કરવું; શાંત પાડવું (૨) લાંચ આપવી.
૪૭. મુહ બાંધીને બેસવું = ચૂપ બેસવું.
૪૮ મુહ ભરવું = (૧) ખવરાવવું; ભોજન કરાવવું. (૨) બોલતાં અટકાવવું. (૩) મોઢું ભરવું. (૪) લાંચ આપવી.
૪૯. મુહ ભરાઈ આવવું = (૧) ઊબકો આવે તેવું થવું; ભોગ આવવી. (૨) મોઢું પાણી પાણી થવું.
૫૦. મુંહ મચકોડવું = મોઢું મરડવું; નારાજ થવું
૫૧. મુંહ મીઠું કરાવવું = (૧) જમાડવું; મોઢું ગળ્યું કરાવવું; મહેમાનગતી કરવી. (૨) લાંચ આપવી.
૫૨. મુહ મીઠું થવું = (૧) ખાવાને મીઠાર્યું મળવી. (૨) માગણી થવી. (૩) લાભ થવો; પ્રાપ્તિ થવી.
૫૩. મુંહ મોડવું = કોઈ વસ્તુથી દૂર રહેવું.
૫૪. મુહ રાખવું = સારો સંબંધ રાખવો.
૫૫. મુહ લાલ કરવું = (૧) તમાચો મારવો. (૨) હોઠ લાલ કરવા.
૫૬. મુહ લાલ થવું = (૧) ગુસ્સાથી લાલચોળ થવું (૨) લાંચ આપવી (૩) હોઠ લાલ થવા
૫૭. મુહ વારવું = બોલતા અટકાવવું
૫૮. મુંહ સંકેલ થવું = ભય કે શરમને લીધે મોઢા પરનો રંગ ઊડી જવો; ઉદાસી થવું.
૫૯. મુહ સંભાળવું = કોઈની શરમ બંધ કરવી
૬૦. મુહ સીવવું = (૧) કોઈનું મોઢું સીવવું. (૨) ચૂપ કરવું (૩) લાંચ આપવી. (૪) હોઠ બંધ કરવા.
૬૧. મુહ સુકાવું = (૧) દુબળા થવું. (૨) ભય કે શરમને લીધે ચહેરાનું તેજ જતું રહેવું. (૩) મોઢું સુકાઈ જવું.

૧૨. મુહ સુજવવું = (૧) તમાચો મારી મોઢું સુજવવું. (૨) મોઢું ચડાવવું. રિસાવું.
૧૩. મુહમાં પાણી આવવું = (૧) આતુરતાથી ઇચ્છવું (૨) લલચાવું.
૧૪. મુહમાં પાણી ભરાઈ આવવું = (૧) મોઢામાંથી પાણી નીકળવું (૨) લલચાવું.
૧૫. મુહમાંથી દૂધ દાંપવું = (૧) અકકલ વગરનું હોવું. (૨) બાળક હોવું.
૧૬. મુહમાંથી કૂલ ઝરવાં = (૧) માગો આપવો. (૨) મધુર ભાષણ કરવું.

૧૧. ન. લાયકાત; યોગ્યતા.

૧૨. ન. હિમત; સાહસ.

મુંહખર કું. પશુઓના પગ અને મોઢાનો એક રોગ.

મુંહચોર વિ. ઘરમાં રહેતું; ઘરમાળ.

મુંહચોરી સ્ત્રી. ઘરમાળપણું

મુંહછૂટ વિ. માગો આપે તેવું.

મુંહફાટ જુઓ મુહછૂટ.

મુંહભરાઈ [હિં.] સ્ત્રી. લાંચ; રિશ્વત.

મૂ ૧. [ફા.] કું. વાળ.
૨. ન. એક પ્રકારનું ઝાડ. તેની છાલમાંથી રેસા નીકળે છે. તેની છાલ રંગવાના કામમાં આવે છે.

મૂઈ ૧. ન. (કચ્છી) એક પ્રકારનું ઝાડ; મૂ.
૨. વિ.સ્ત્રી. મરેલ.

મૂઉં ૧. [સં. મૃત] વિ. ક્રોધ કે વહાલમાં બોલાતું વિશેષણ કે ઉદ્ગાર.
૨. વિ. મૂએલું; મરેલું.
૧. મૂઆ નહિ ને પાછા થયા–મૂઆ નહિ ને માઠા પડ્યા = કાંઈ ખાસ ફરક ન પડવો; ઠેરના ઠેર રહ્યા; એકનું એક જ.
૨. મૂઆના મા સુધી = મરતાં સુધી
૩. મૂઆ પછવાડે બંધારું–ભીંત ચાગ્યો = આપ મૂઆ પછી દુની ગઈ દુનિયા.
૪. મૂઆ પછી વૈદ = આમ આગી રહ્યા પછી પાણી.
૫. મૂઆ પછી સો વખણાય = મૂઆ પછી કીમત વધે; જીવતાં લાખ, મૂએ સવા લાખ.
૬. મૂઆ પડ્યા જો = (૧) મર્યા જાઓ. (૨) શક્તિ મારી મર્યા છે ? મરી ગયા જો ? પ્રજા.વૈ વપરાય છે.
૭. મૂઆ પહેલાં મોર–મોક્ષાણ = સરજાતનું ઠેકાણું નહિ ને અંતની તૈયારી કરવી; માંદા પડ્યાં પહેલા વૈદને આમંત્રણ દેવું.
૮. મૂઆં મડદા જીવે નહિ = મૂએલું માયું ન ઊભેકે; મસાણ ગયા મુકદાં પાછાં આવે નહિ
૯. મર્યા બેસણા મોટા ડોગા = જીવતાં કોઈ ભાવે નહિ ને મૂઆ પછી ધડાપીટ; મૂઆ પછી કીમત વધે
૧૦. મર્યા બેસનું ચી પણ = જીવતા લાખ, મૂએ સવાલાખ.
૧૧. મૂર્ખ આગે બાવવું = નિષ્ફળ પ્રયત્ન કરવો; અક્કરમ આગ્રા રાખવી.
૧૨. મૂએલા માણસ પર બેસીને ખાય તેવું = ઘણું ક્રૂર ને લાગણી વિનાનું.
૧૩. મૂએલાના ઉપર ઘા કરવો = જાણમાં તલવાર મારવી; નિર્બળ ઉપર જુલમ કરવો
૧૪. મૂઓ વર ને બળી બત = બળી એ વાત ! મારે શી પીડા ? બીજાને નુકસાન થાય તેમાં મારે શું ?

૩. ન. જળવું, દળવું, ઘોવું, ભાંજવું વગેરે ક્રિયાઓ કરવાનું સાધન. ઘંટી, ચક્કી, ધોબીનો પાટ વગેરે.

મૂએલું [સં. મૃત] વિ. મરેલું; મૃત; મરી ગયેલું; મરણ પામેલું; મૂઉં.

મૂક ૧. કું. એ નામનો એક દૈત્ય.
૨. કું. ગરીબ માણસ.
૩. પુ. નમો માણસ.
૪. ન. મત્સ્ય; માછલું.
૫. વિ. દીન; લાચાર; વિવશ.
૬. વિ. બોલવાને ન ઇચ્છતું.
૭. વિ. મૂંગું; જેને વાણી કે વાચા ન હોય તેવું; અવાચક; વાચા વિનાનું. મૂકને લખ્યું છે;
૮. જરૂરવાળી જોઈતી હોય વસ્તુ આપવાની ઇચ્છા થાય તો ન આપે તો વાયુપ્રકોપ થાય છે અને જર્જામાં રહેલું ખાવાનું કુલ્યું કે મંદું થાય છે.
૯. વિ. મૂર્ખ.
૧૦. વિ. શાંત.

૧૦. ન. મુખપડુપ; અનુમાનું; નિઃશબ્દ.

૧૧. ન. વાચા ધરાવતાં પણ બોલી બોલને ન બોલે તેવા રીતે.

મૂક કાર્યકર કું. શાંત કાર્યકર; મૂંગો સેવક; બોલવામાં નહિ કાર્યમાં માનનારો સેવક

મૂકચિત્ર [સં.] ન. નહિ બોલતું દશ્ય. રસની ચિત્રકળાઓ પણ પ્રજાને નૂતન સંસ્કારની દીક્ષા આપવામાં અને જ્ઞાનનો પ્રચાર કરવામાં એક હથિયાર તરીકે કામ આપ્યું છે. રાષ્ટ્રીય પુનરુત્થાન, સમાજનું સર્જન અને આર્થિક નવરચનાના ભગીરથ કાર્ય માટે પ્રજાના પુરુષાર્થને જાગૃત કરવામાં તેનો મહત્વનો ફાળો છે. પ્રજાના દુર્ગુણો, સામાજિક અનિષ્ટો, વહેમો, કુરૂઢો, જડ રૂઢિઓ ને વિચિલતાઓ દૂર કરીને તેમનામાં નૂતન જીવનની ભાવનાઓ ખીલવવામાં રસના મૂકચિત્રોની અજોડ વાણીએ ભજવ્યું છે. સોવિયેટના કટાક્ષ ચિત્રો વેધક હોય છે. યુદ્ધના સમયમાં સ્વદેશાભિમાન જગાડવામાં અને દુશ્મન સામે વેરની આગ સળગાવવામાં ચિત્રનો મોટો હિસ્સો હતો

મૂકત્વ ૧. [સં.] ન. નહિ બોલવું તે; મૂંગાપણું, અવાચકતા; ન બોલી શકાય તેવી સ્થિતિ.
૨. ન શાંતિ; ખામોશી.

મૂકદોષ [સં] કું. ગાઉસગ્ગ કરતાં મગાની ચોટ દૂર કરે તે.

મૂકધારી ૧. કું.; સ્ત્રી. જેણે ન બોલવાનું વ્રત લીધું હોય તેવી વ્યક્તિ.
૨. વિ. મૌનવ્રતધારી; નહિ બોલવાના વ્રતવાળું.

મૂકપ્રયોગ [સં.] કું. કાંઈ પણ બોલ્યા વિના ભજવાતું નાટક.

મૂકપ્રાર્થના [સં.] સ્ત્રી. આંખો મીંચીને શાંત ચિત્તથી અનંત અને અભેદ પ્રભુનું સ્મરણ.

મૂકભાવ [સં.] કું. મૂંગાપણું

મૂકવવું સ.ક્રિ. મૂકે એમ કરવું; મેલાવવું; છોડાવવું

મૂકવાચન ૧. [સં.] ન. ચિઠ્ઠી કે પાટિયા ઉપરની અક્ષરો વાંચી બોલે તે પ્રમાણે કરવું તે. વાચનના શિક્ષણમાં મુખવાચન અને મૂકવાચન બંનેનો સમાવેશ થાય છે. મુખવાચન સાધારણ રીતે બીજાને વાંચી સંભળાવવા માટે છે. મૂકવાચનથી વાંચનારને શ્રમ ઓછો પડે છે, ઝડપ વધે છે ને સમજણપૂર્વકનું વાચન વધારે થાય છે. હજી શાળામાં મૂકવાચનને જોઈએ તેટલું સ્થાન મળ્યું નથી.
૨. ન. મનમાં વાંચવું તે.

મૂકવું ૧. સ ક્રિ. છોડવું; તજવું.
૧. આશા મૂકવી = આશા છોડવી; નિરાશ થવું
૨. ઊંચું મૂકવું = (૧) પૂરું કરવું. (૨) રહેવા દેવું; છોડી દેવું.
૩. ઊંચે મૂકવું = (૧) છોડી દેવું. (૨) ધ્યાન ન આપવું. (૩) મિલકત પડાવી પાડવી.
૪. નિરાશ મૂકવી = અભ્યાસ છોડી દેવો.
૫. મૂકીએ બસતું તો આવે હસતું = બાકે લાકે પાકે; વાર્યા ન રહે, હાર્યા રહે; સમા રહ્યા દૂધ ન પીએ, વાકા રહ્યા મૂતર પીએ; કાંઈ ઉપાય ન ચાલે ત્યારે આકરણ ઠેકાણે આવે; કૂતરું કરડ્યું ને ખાસડાં પણ વાગ્યાં..

૬. મૂકી દેવું = (૧) છટું કરવું; કેદમાંથી છૂટું કરવું. (૨) અટ્ટ કરવું; છોડી દેવું. (૩) માફ કરવું. (૪) મૂકવાની ક્રિયા પૂરી કરવી. (૫) રદ કરવું. (૬) વેચે જવા દેવું.

૭. વહેતું મૂકવું = (૧) પલાયન કરવું. (૨) પાણીના વહેનમાં તરતું મૂકવું.

૮. વાત મૂકવી = (૧) વાત, ચર્ચા કે ઉલ્લેખ છોડવાં. (૨) વાત રજૂ કરવી. (૩) વિચાર જતો કરવો

૨. સ ક્રિ. જોરથી કે મોટે સાદે કાઢવું. પોક, રાડ વગેરે માટે વપરાય છે. અન્ય ક્રિયા સાથ આવતાં તે ક્રિયાની પૂર્ણતા સૂચવે છે.

પોક મૂકવી = મોટેથી રડવું.

૩. સ ક્રિ. ને ભૂમિએ નાખવું કે રાખવું

૪. સ ક્રિ પહેરવું; ધારવું. ટોપી કે પાઘડી માટે વપરાય છે.

માથે ટોપી–પાઘડી મૂકવી = માથા પર ટોપી કે પાઘડી પહેરવી.

૫. સ. ક્રિ. બંધન ખોલવું; બંધન દૂર કરવું; બંધનમાંથી મુક્ત કરવું

૬. સ ક્રિ. બાકી રાખવું.

૭. સ. ક્રિ. ખોઠવવું; મેલવું; રહીખપા કે ખોઠવવા માંડવું. ઝરાણની દુકાન કે નિશાળ માટે વપરાય છે

નિશાળે મૂકવું = નિશાળે બોઠવવું.

૮. સ. ક્રિ. રંધાવા કે ચડવા માટે ચૂલા ઉપર મેલવું. ખીચડી, દાઢ કે દાળ વગેરે માટે વપરાય છે.

૧. ખીચડી–દાળ મૂકવી = ખીચડી કે દાળ ચઢવા માટે ચૂલા ઉપર મૂકવી.

૨. પાણી મૂકવું = (૧) ગરમ થવા પાણિ ચૂલે મૂકવું (૨) મક્કમ નિર્ણય કરવો; નિયમ લેવો; કરવા અથવા ન કરવાનો સંકલ્પ કરવો.

૯. સ ક્રિ. રાખવું; નીમવું; સ્થાપવું; બોઠવવું.

૧૦. સ ક્રિ. બાળે કે ગીરો રાખવા અથવા સાચવવા સોંપવું

૧. ગીરો મૂકવું = બરેબે મૂકવું.

૨. થાપણ મૂકવી = અનામત રકમ રાખવી.

૧૧. સ ક્રિ. સબરી રાખવું; અનામત રાખવું.

મૂડી રાખવું = રાખી મૂકવું.

૧૨. સ ક્રિ. ઠોકમા મેલવું.

મૂકપ્રવૃત્તિ [સ.] સ્ત્રી. કાર્ય પણ નહિ બોલવાની રિમતિ.

મૂક સેવક [સં.] પું. મૂકી સેવા કરનાર; બદલા કે પ્રશંસાની આશા રાખ્યા વિના સેવા કરનાર.

મૂકસેવા [સં.] સ્ત્રી. મૂકી સેવા; બદલા કે પ્રશંસાની આશા રાખ્યા વિના થતી સેવા.

મૂકો ૧. [હિં.] પું. આકાશચારી; અજવાળિયું.

૨. પું. કાચું.

૩. પું. પત્તેદાર છાપો.

૪. પું. મૂડી.

મૂકાક્ષ ન. મૂકવાનું તે; છૂટ; માફી.

મૂકાભિનય [સં.] પું. ચિત્રરૂપ દેખાવ; મૂગું નાટક; મૂક નાટક

મૂકાવવું સ ક્રિ. છોડાવવું; મૂકે તેમ કરવું

ટેવ મૂકાવવી = આદત છોડાવવી.

વ્યસન મૂકાવવું = વ્યસન છોડાવવું.

મૂખકગામી પું. ગણપતિ.

મૂખકગામી મુજ આપે. ગાગવત

મૂગડી (મૂગડી) સ્ત્રી. ઓળોનું કાનનું ઘરેણું.

મૂગડું (મૂગડું) વિ. મંગ કાર્યક્રમ દુષ્કાળમાં બોલાય છે

મૂગણી સ્ત્રી. ભાતની બનાવેલી પૂરી જેવા ઘરેણાની

મૂગતુમાણું સ્ત્રી. મૂગુંડાક નામની એક દેશી રમત

મૂગા ૧. પું. મૂગા નામના ઝીંડાએ બનાવેલા રેશમનું નામ

૨. પું. રેશમ બનાવનાર એક જાતનો કીડો.

મૂગું ૧. વિ. જેને વાચા નથી તેવું; અવાચક; મૂક; બોલી ન શકતું.

૧. મૂગું બેસવું = (૧) શાંત રહેવું. (૨) વાત કરતાં અટકવું.

૨. મૂગો માર = બચાવ ન આવે તેવો માર; ગુપ્ત માર; ધબ્બામાર.

૨. વિ જાત

૩ ક્રિ વિ ચૂપ; ગુપચુપ.

મૂગુંડાક (મૂગુંડાક) ન. એક જાતની દેશી રમત; દસ કે વધારે પણ બેકી સંખ્યાના બાળકોની બે ટોળીની મૂખી પણ બહાદુરી ભરેલી બેદાની રમતનું નામ. તેને મુનિયન, મૂગતુમાણું, મૂખી પારધી પણ કહે છે. રમવાની જગ્યાની આરે તરફની હદ મુકરર કરી તેમાં વચ્ચોવચ લીટો કરી બે ભાગ પાડી એક ભાગમાં દાવવાળી ટોળીના છોકરા અને બીજા ભાગમાં દાવ લેનારી ટોળીના છોકરા ઊભા રહે છે. દાવવાળી ટોળીનો એક છોકરો સામી ટોળીના છોકરાને તેની હદમાં જઈ અડકવાનો પ્રયત્ન કરે છે. અડકતી વખતે તેણે કાંઈ બોલવાનું હોતું નથી. એ રીતે જેટલાને અડકે તે દૂર બેસે છે. જો દાવવાળો છોકરો સામાની હદમાં પકડાઈ જાય તો તેને મોઢેથી મીન શબ્દ બોલાવે ને તેની વારો પૂરો થાય છે. એ રીતે જે ટોળીમાંથી બધા અથવા વધારે છોકરા કામી જાય તે હાર્યા કહેવાય છે.

મૂખ ૧. સ્ત્રી. કેટલી પ્રાણીઓનાં શરીરનો એક નાજુક ભાગ. તે રપર્શેંદ્રિય તરીકે વપરાય છે.

૨. સ્ત્રી. મર્મ; બાકાર્ષ

૩. સ્ત્રી. બકરી ઉપર ઊગતી સળી.

૪. [સં. રમશ્રુ; પ્રા. મસ્સુ; અપ. મહ] સ્ત્રી. નાક નીચે અને ઉપલા હોઠ ઉપર પુરુષને આવતા વાળ; હોઠ ઉપરના વાળ

૧. મૂખ આવવી–ઊગવી–ફૂટવી = (૧) છોકરાનું જુવાનીમાં આવવું. (૨) છોકરાના ઉપલા હોઠ ઉપર મૂછના વાળ ઊગવા.

૨. મૂખ ઊંચી કરવી = કુંપદ દર્શાવવી.

૩. મૂખ ઊંચી રહેવી = ટેક આબરૂ સાચવવાં.

૪. મૂખ ઊંચી રાખવી = આબરૂમાં રહેવું; ટેક બળવી રાખવી; નીચાબેલું ન થાય તેવું વર્તન રાખવું.

૫. મૂખ ચડાવવી = (૧) બડાઈ કરવી. (૨) મૂછે તા દેવો; પોતાની વીરતા બતાવવી

૬. મૂખ નીચી કરવી = (૧)નમી જવું. (૨) મિજાજ ગરમી જવો; નમવું.

૭. મૂખ નીચી પડ જવી = હોબા કે આબરૂ ઓછી પડ જવી; નીચાબેલું થવું.

૮. મૂખ પર ઘીંજુ ફેરવવો—ચમાવવો–રાખવો = (૧) મૂછનો આંકડો નમવા ન દેવો. (૨) બરજોરિયા થવું. ધરકી જવા અથવા ગર્વિષ્ઠ માણસને વિષે બોલતાં વપરાય છે.

૯. મૂખ પર ઘીંજુ ચઢકવું–ઢોવું = ઇજ્જત આબરૂ સારી હોવી

૧૦. મૂખ પર હાથ દેવો = મૂછે હાથ દેવો.

૧૧. મૂખ પહેલો આવવો = પુરુષનું નાની ઉમરમાં કન્યાના બાપ થવું.

૧૨. મૂખ મરડવી = (૧) અભિમાન ધરવું; મૂછના આંકડા વાળવા; કોઈની સામે મરદાની બતાવવાને અથવા મમરીમા મૂખ વાળવી. (૨) કરડાગી કરવી. (૩) ગરાનપન બતાવવું.

૧૩. મૂખ મુડાવવી = નામર્દી સ્વીકારવી.

૧૪. મૂછના આંકડા વાળવા = ફાંકડા દેખાવાને અથવા કોઈની સામે મરદાની બતાવવાને મૂછના વાળ ઊભા રહે તેમ આમળવા; મૂછો ઉમેરવી વાકડી કરવી; મૂખ પર તાલ દેવો.

૧૫. મૂછનાં ઘીંજુ સોંઘાં થવાં = પોતાની કીમત ઘટવી.

૧૬. મૂછનું પાણી = ઇજ્જત; આબરૂ; ટેક.

૧૭. મૂછનો આકડો નમવા ન દેવો = ગર્વ રાખવો; મૂછ ઊંચી ને ઊંચી રાખવી.
૧૮. મૂછનો દોરો દેખાવો = જુવાની આવવી.
૧૯. મૂછનો દોરો ફૂટવો ન હોવો = મૂછો ઊગી ન હોવી, બહુ નાની ઉંમર હોવી.
૨૦. મૂછનો બાલ-વાળ = (૧) કોમળ ચીજ. (૨) માનીતો માણસ; બહુ જ પ્યારો માણસ. (૩) મરદને મૂછના વાળ જેવું ઝિણ હોય તે.
૨૧ મૂછમાં હસવું = (૧) મનમાં રાજી થવું. (૨) મશ્કરી કરવું; ટિખળ કરવું; મોં મલકાવવું
૨૨. મૂછે તા-તાલ-તાવ દેવો = (૧) પોતાની વીરતા બતાવવી; મશ્કરીમાં મૂછના વાળ ઊંચા ચડાવવા (૨) બડાઈ મારવી
૨૩. મૂછે હાથ દેવો-ફેરવવો = (૧) ફાંકડાઈ કે મદોન્મત્ત દેખાડવા મૂછના વાળ પર આંગળીઓને ફેરવવી (૨) બડાઈ કરવી.

૫. સ્ત્રી. સ્વભાવ; મિજાજ.

મૂછવેરો પું. સોળ વરસની ઉપરની ઉંમરના માણસો પાસેથી લેવામાં આવતો કર

મૂછાળું ૧. વિ. ઉંમર લાયક; બાપેડ; વૃદ્ધ.
૨. વિ. બહાદુર; શક્તિવાન; મરદ; પ્રતાપી.
૩. વિ. મૂછવાળું; મુછાળુ.

મૂંઝેલ ન. એ નામનું એક ઘાસનું ઘાસ. તે છાજવા અને બ્રાહ્મણોની જાતનું ઊંચું જનોઈ છે. તેના ઊંડા મૂળ જેવા પાંદડીઓમાં અણિવાળા હોઈને તેને મૂંઝેલ કહેવાતું હશે. તેને કોઈ કોઈ મહુરી પણ કહે છે. આ ઘાસ જ્યાં પાણીનો પુરવઠો વધારે હોય ત્યાં થાય છે અને તે ચોમાસાથી વાસ્ત્ર સધાય છે.

મૂઈ ૧. વિ કંજૂસ; કૃપણ; અખીલ.
૨. વિ. દુષ્ટ; ખલ; લુચ્ચું.
૩. વિ. મૂરખ, ખોલે નહિ તેવું.
૪. વિ. રસ વગરનું.
૫. વિ. ઢોંગ કે અક્કલ વગરનું; સમજે નહિ તેવું, ઠોઠ; જડ; મૂર્ખ; અનિમદ; મૂઢ.

મૂઈ જુઓ મૂઇ

મૂઠ ૧. સ્ત્રી. કોડીઓથી ભરેલી મૂઠી.
૨. [સં. મુષ્ટિ] સ્ત્રી. ઝિલ્લીદડાની રમતનો એક દાવ; મ ભલાડિયાની રમતમાં ત્રીજો દડો ભરાય તે
૩. સ્ત્રી ઘોડાના ચાલવાનો અવાજ.
મૂઠ દેવા = ઘોડીને ઝડપ સમયે ઘોડાનો સંયોગ કરાવવો; ઘોડીને ઘોડો બતાવવો
૪ સ્ત્રી. જુવાર.

૫. સ્ત્રી તલવારને હાથમાં રાખવાની આવડ; જાથી તલવાર, મુદ્ગર વગેરે પકડાય કે મૂઠીમાં રખાય છે તે ભાગ કે દાબો.
મૂઠ ઝાલવી-પકડવી-ઉપર હાથ મૂકવો = તલવાર ખેંચવાની તૈયારી કરવી; તલવારની મૂઠ ઉપર હાથ મૂકવો; તલવાર ખેંચવી.
૬ સ્ત્રી. પકડ.
નાં મોંવરો લઈને મંડવું = ફેરે પડવું, ખતરી પીઠે પકડવો.
૭. સ્ત્રી. પીડા કરવાનો કે મારી નાખવાનો એક તાંત્રિક પ્રયોગ; ચોટ
૧. મૂઠ ઉતારવી-વાળવી = માન્યું મંત્રનું નિવારણ કરવું; મંત્ર પ્રયોગની શાંતિ કરવી.
૨ મૂઠ ચલાવવી-મારવી = (૧) મારણ મંત્રનો પ્રયોગ અજમાવવો; બાદુ કરવું; ચોટ લગાવવી; મંત્ર પ્રયોગ અજમાવવો. (૨) મૂઠીમા કપડાનું પકડવું. (૩) હસ્તમૈથુન કરવું.
૩. મૂઠ લાગવી = બાદુની અસર નીચે આવવું; મંત્રતંત્રનો પ્રભાવ પડવો.
૮. સ્ત્રી. હાથની મૂઠી
૯. વિ. જબ્બર.
૧૦. વિ મૂઠીમાં બેસેટું સમાય તેટલું.
પછી આ વિદ્યા મહારી મૂઠે, દયારામ
મૂઠે નાખવું = પૂરા મેળવવું.

મૂઠીધી સ્ત્રી. ઘોડાની એ નામની એક જાત.

મૂઢફેરેલ વિ પું. જેના આગલા બે પગ બરી આગળથી વાંકા વળી ગયા હોય એવો. બળદ માટે વપરાય છે.

મૂઠિયા ૧. [હિ.] પું. બિસ્કરાનો ખોખો.
૨. પું. મુક્કો; ઘાયો.
૩ પું મૂઠી.
૪ પું. લાકડીનો બાકી બેઠો.
૫. પું. વાવેલાં બીની પહેલી મૂઠી.
૬ પું. શેરડીના ઢોલુમાં રોપવી નાખનાર માણસ.
૭. પું. ગાડરનો આંગડો કે બાંડનો જોગો.
૮. પું. હલનો હાથો.

મૂઠિયાંકચાયત સ્ત્રી. એ નામનો ઝુંબેસનો એક અખાડા. કંદોવલી સારીગિરિસિક્ષણ સરકારની નોંધમાં કહ્યા મુજબ આ કવાયત બે રીતે કરવામાં આવે તો સ્નાયુઓ સુદૃઢ બને છે અને શરીરમાં સ્ફૂર્તિ ને ચપળતા આવે છે. તેની જોડીનું વજન સરખામણ ૧૬ પાઉંડ હોય છે અને પકડનો પરિઘ ૪ ઇંચનો હોય છે. સામા-બંને મૂઠિયાં લાકડાનાં બનેલાં હોય છે. મુખ્ય સ્થિતિ હોશિયાર અને આરામની હોય છે. તેની મુખ્ય કસરતો આ પ્રમાણે છે:-૧. ઉપર નીચે ઠોક:-આ પ્રકારની કસરતમાં હાથને બાજુ ઉપરથી માથા ઉપર લાંબો કરી, બેઠકની સાથે જોડી ઊંચી લાંબી પકડેલો અવાજ કરવો અને બે નંબરની સાથે હાથ બાજુબેથી શરીરની સામે લાવી જોડી નીચે લાવી નીચે અવાજ કરવો. ત્રણની સાથે નંબર બેઠકની સ્થિતિ લાવવી અને ચારની સાથે મૂળ સ્થિતિમાં આવવું. ૨. ક્રમઝૂક:-આ પ્રકારમાં બેઠકની સાથે જોડી ઊંચી કરી, માથા ઉપરના ભાગમાં હાથ બાજુબેથી ઊંચા કરી પહેલો અવાજ કરવો અને બેની સાથે કમર આગળ ઝુકાવીને નીચે કરવો, ત્રણની સાથે નંબર બેઠકની સ્થિતિ પ્રાપ્ત કરવી અને ચારની સાથે મૂળ સ્થિતિમાં આવવું. ૩ આરે દાહિને ઠોક:-તેમાં ડાબો પગ ડાબી બાજુ બાજી હાથ બાજુબેથી ઊંચા કરી, બેઠકની સાથે ઉપર અવાજ કરવો, નંબર બેની સાથે હાથ બાજુબેથી નીચે લાવી હાથ તદ્દન સીધા શરીર પાસે રાખી શરીરની બાજુના ભાગમા અવાજ કરવો. નંબર ત્રણની સાથે નંબર બેઠકની સ્થિતિમાં અવાજ કરવો અને ચારની સાથે ડાબો પગ જમણા સાથે મેળવી મૂળ સ્થિતિમાં આવવું. પછી જમણા પગથી પણ ઉપર પ્રમાણે ચાર બાર લેવા. ૪. આરે પીછે ઠોક:-આ પ્રકારની કસરતમાં પહેલો અવાજ બેઠકની સાથે ઉપર નીચે ઠોકની જેમ લેવો. બેની સાથે હાથ કોણીની સીધાઇમાં સીધા કરી બીજો અવાજ કરવો અને જોડી નીચે લાવવી, ત્રણની સાથે બેઠકની સ્થિતિમાં આવવું અને ચારની સાથે મૂળ સ્થિતિમાં આવવું. ૫. આડંગા આગે:-તેમાં પહેલો અવાજ, બેઠકની સાથે ડાબો પગ આગળ લેતાંની સાથે, માથા ઉપર હાથ સીધા રાખીને કરવો. બીજો અવાજ બેની સાથે ડાબા પગના ઘૂંટણ નીચે કરવો. ત્રીજો અવાજ ત્રણની સાથે નંબર બેઠકની સ્થિતિમાં કરવો અને ચારની સાથે મૂળ સ્થિતિમાં આવવું. પછી બીજા ચાર બાર જમણા પગથી કરવા ૬. આડંગા બાજુ:-આ પ્રકારમાં આડંગા આગળને બદલે બાજુમાં લેવાના છે. ૭. ચો ફેર ઠોક:-તેમાં ડાબી બાજુ ફરતાં ડાબો પગ આગળ, જમણાની જોડી ઊંચી અને ડાબા પગની પાછળ, માથા ઉપર હાથ સીધા ઊંચે લાંબો અવાજ કરવો અને બેની સાથે જમણો પગ, ડાબા સાથે મેળવી નીચે અવાજ કરવો આમ આખું ચક્ર પૂરું કરી મૂળ સ્થિતિમાં આવવા ૮. પેટ ગુડન ઠોક:-આ પ્રકારમાં ડાબો પગ શરીરથી ફાટખૂણે ઊંચો કરવો એટલે અંગૂઠાની સ્થિતિ જમીન તરફ રાખી બેઠકની સાથે પહેલો અવાજ માથા ઉપર હાથ સીધા રાખીને કરવો

અને બેની સાથે બીજો અવાજ ઊભા થયેલા પગના ઘૂંટણ નીચે કરવો. ત્રણની સાથે બેકની સ્થિતિમા આવવું અને ચારની સાથે ત્રણ સ્થિતિમા આવવું. આ પછી જમણા પગની સાથે પણ ચાર ભાગ લેવા. આમ વારાફરની કરવુ આ સિવાય, પંજા શ્રેણી, કદમ રખ શ્રેણી, કદમ ઉઠાવ શ્રેણી, પવિત્ર શ્રેણી અને ઘૂંટણ શ્રેણી એમ જુદી જુદી ઘણી જાતની કસરતો થાય છે

મૂડિયું ૧. ન. ઘોડાગાડીની ફોરીમાં જુદો જુદો એસારેસ પદોનો માલનો ખીલો. તેમા સામાનના પટાનો છેડો નખાય છે

૨. ન. ચાર ઝાડની અને અંગૂઠાથી મૂઠી વાળીને બનાવેલો કણક વગેરેનો સંયમોળ આકાર

૩. ન. જનવરના ગોદ્યની નીચેના ઉદ. નીચેનો ગાંઠ જેવો ભાગ. તેનો આકાર માણસની મૂઠી જેવો હોય છે તેથી મૂડિયું કહેવાય છે

૪. ન તાળાની એક જાત. ને ગોળ હોય છે.

૫. ન ખંજરી, દડાં, વગેરે ગોળ ઘરેણાં રાખવાનું સાધન

૬. ન. મૂઠીથી ઢાંકીને બનાવેલું ઢોકળા કણકને મૂઠી વાળીને કરાતો એક ખોરાક

મૂડિયાં જુદાજુદા પ્રકારનાં બને છે. જેમકે, (૧) ચણાના લોટનાં મૂડિયાં—૨૫ રૂપિયાભાર ચણાની દાળ બાફી તેમાંથી પાણી નિતારી કાઢવું. પછી ૨૫ રૂપિયાભાર ખાંડ કે ગોળ તેમાં નાખી ઝીણી વાટવી અને તેની સોપારી જેવડી ગોળીઓ વાળી મૂકવી. પછી ૧૨॥ રૂપિયાભાર ચોખાનો લોટ અને તેટલો જ અડદનો લોટ એકઠો કરી તેમાં બે રૂપિયાભાર ઘી નાખી મસળવું. ચૂલા ઉપર પેણી મૂકી તેમાં ૨૫ રૂપિયાભાર ઘી નાખવું, અને તે તપે એટલે પેલા પૂરણની ગોળીઓ તૈયાર રાખેલા લોટમાં બોળી કે બેકના લોટના કુલડામાં વાળી પેણીમા નાખવી અને બદામી પ્રમાણે તળી કાઢવી. આ મૂડિયાં જુદા જુદા કદોળનાં અને ચોખાનાં પણ આવી જ રીતે થાય છે. (૨) ચોખાના લોટનાં મૂડિયાં—બીજા રૂપિયાભાર ચોખાનો લોટ તથા અડધા રૂપિયાભાર અડદનો લોટ એકઠો કરી તેને ૪ રૂપિયાભાર ઘીથી મોદોચો. પછી ૨૫ રૂપિયાભાર ગોળ અને ૭ માસા એલચીનો જૂકો તેમાં મેળવી જરાક પાણી રેડવુ ને તેને ગોળી કાઢવ ગોળ કરવા. પછી ચૂલા પર પેણી મૂકો તેમાં ૨૫ રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં પેલા લોટની આમળા જેવડી ગોળીઓ કરી નાખો દેવા અને તળાય એટલે કાઢી પીરસવી. (૩) તલ ને ગોળનાં મૂડિયાં—૧૨॥ રૂપિયાભાર તલ શેકી તેમાં ૧૫ રૂપિયાભાર ગોળ ગોળીને તેનાં નાનાં નાનાં મૂડિયાં કરવાં. પછી ૬ રૂપિયાભાર અડદનો લોટ અને તેટલોજ ચોખાનો લોટ એકઠો કરી તેને પાણીથી પલાળવો. પછી ચૂલા ઉપર પેણી મૂકવી. તેમાં ૨૦ રૂપિયાભાર ઘી નાખી ઘી કકડતા તેમાં પેલાં મૂડિયાં પલાળેલા લોટમાં બોળી તળી કાઢવા. (૪) તુવેરનાં કોરનાં મૂડિયાં—૫ રૂપિયાભાર તુવેરની દાળ અધબફ્યા પાણીમાં ઓરવી તે ચડે એટલે તેને ઓસાવી નાખવી પછી તેમાં ૨૫ રૂપિયાભાર ખાંડ અથવા ગોળ નાખી ઝીણી વાટી પૂરણ કરી નાખવું અને પછી ૧૦ રૂપિયાભાર અડદનો લોટ અને તેટલો જ ચોખાનો લોટ એકઠો કરી તેને બે રૂપિયાભાર ઘીથી મોઢી પલાળી તેને કકડી વડે એકસરખી કરી નાખવો અને પર ઘેણી મૂકી તેમાં ૨૫ રૂપિયાભાર ઘી નાખી તે નખાય જ તેમાં પેલા પૂરણની સોપારી જેવડી ગોળીઓ કરી લોટમાં બોળી તળી કાઢવી. (૫) તુવેરની દાળનાં મૂડિયાં—૭ રૂપિયાભાર તુવેરની દાળ પાણીમાં પલાળવી ને પલળે એટલે નિતારી કાઢી એક લીંબુ નાળિયેરનું કોપરું છીણી તેમાં નાખવું પછી પરજનના બાંડિયામાં તે દાળ નાખી મારી પૌંઢ ઘૂંટવી. પૂરાઈ એક રસ થાય એટલે તે કઢી તેમાં ત્રણ માસા મીઠું નાખી તેની નાની નાની ગોળી કરવી. પછી ચૂલાપર પેણી મૂકી ગોળી ઘીમાં તળી કાઢવી. (૬) ભાજેલા મૂડિયાં—૧૨॥ રૂપિયાભાર ચણાની દાળ ભાજી ઝીણી વાટવી પછી તે વાટેલી દાળમાં ૨૫ રૂપિયાભાર ચોખાનો લોટ, ૭ માસા મીઠું અને ૪ રૂપિયાભાર ઘી નાખી પાણી રેડી લોટ સારી પૌંઢ ગોળવો પછી એક તપેલામાં પાણી ભરી કકડાવી તેનું ગોદ્ય બાંધી ચૂલા પર મૂકવું, ને તે કકડ્યા પર પેલા લોટના મૂડિયાં કરી મૂકવાં ને ઉપર ઢાંકણું ઢાંકવું. મૂડિયાં બફાઈ તૈયાર થાય કે જમીન પર ઘાસ પાથરી તેના પર કાઢ પાથરી પછી આપવાં. (૭) મગની દાળનાં મૂડિયાં—૨૫ રૂપિયાભાર મગની દાળ દળી તે લોટમાં ૨૦ રૂપિયાભાર ખાંડ, એક રૂપિયાભાર જાયફળ, ૧ રૂપિયાભાર જાવંત્રી, ૧ રૂપિયાભાર સૂંઠ, ૧ રૂપિયાભાર એલચી એ ચાર ચીજોનો જૂકો મેળવી તેને પાણીથી પલાળી ગોળવો ને કકડ્યા ગોળા કરી રાખવા. પછી ચૂલા ઉપર પેણી મૂકી તેમાં ૨૫ રૂપિયાભાર ઘી મૂકી તે કકડતાં જ પેલા લોટની આમળા જેવડી ગોળીઓ કરી તળી કાઢવી.

૭. ન. બાળ બચાવવા માટે મૂકમાં પહેરવાનો દુપટ્ટો.

મૂડિયું ઘસેલ કૌ૰ (મૂડિયું ઘસ્યા કૌ૰) સ્ત્રી ઝૂ નામની એક રમતમાં રમત. આ રમતમાં લાકડી અને મૂડિયાંનો એકી સાથે ઉપયોગ કરવામાં આવે છે. હરીફ ટુકડીઓ એક બીજાથી સમાંતરે જમીન ઉપર ત્રીજી રાખવામાં આવે છે. બધી ટુકડી ઉપડવાની લીટીની પાછળ ત્રીજી રાખવામાં આવે છે. આ લીટીઓ ૪૦થી ૫૦ ફૂટ દૂર બીજી એક રેખા તેની સમાંતરે દોરેલી હોય છે. આ લાઈન ઉપર એક મજબૂત કરેક લાઈનની સામે ઓઠવામાં આવે છે દરેક ટુકડીના પહેલા નંબર પાસે એક નાની લાકડી કે કાઠી રાખવામાં આવે છે અને તેના પગની આગળ એક મૂડિયું રાખવામાં આવે છે સિસોટી કે કરવાની નિશાનીની સાથે દરેક પક્ષનો પહેલો નંબર કાઠીથી મૂડિયાને આગળને આગળ ધકેલે છે અને સામે દૂર મૂકેલા મંગદળને ફરી પાછો આવે છે. ત્યારે મૂડિયું રાકની રેખા ઉપરથી પસાર થાય છે ત્યારે પહેલો નંબર પોતાની લાકડી બીજા નંબરને આપે છે. આમ બધાનો વારો આવે છે. જે ટુકડી પહેલું તે દાવ પૂરો કરે તે જીતેલ જાહેર થાય છે. એવરીત કરનારને જીતવાને અભિનંદ જાહેર કરવામાં આવે છે

મૂઠી ૧. સ્ત્રી. ધર્માદા મેળે અપાતો મુઠીભર લોટ કે અનાજ.

૨. [સં. મુષ્ટિ અપ. મુટ્ઠિ] સ્ત્રી. આંગળીઓ એકમાં વાંકવિાને બનાતી એક જાતની બેતરી; બાજો.

૩. સ્ત્રી. મૂઠીમાં જેટલું સમાયું હોય તેટલું માપ હથેળાને આંગળામાં સમાય તેટલું માપ.

૪. સ્ત્રી. મેળવેલ વસ્તુમાંથી વપરાતાં બચેલ ભાગ.

૫. સ્ત્રી. હાથની ચાર આંગળી વાળીને હથેળાને અડકી હોય તેવો હાથનો આકાર; હથેળી સાથે જોરથી આંગળી વાળવાં તે.

૧. બાંધી મૂઠી = (૧) જળવાયેલ રહેલો પ્રતિજ્ઞાનો બોજો. (૨) જેનો ભેદ બહાર ન પડી જાય હોય એવું: ગોપ્ય રાખેલું.

૨. મૂઠી ઉઘાડવી–ખોલવી = (૧) ઉદાર થવું. (૨) ભેદ ખુલ્લો કરવો.

૩ મૂઠી ચાપવી–દાબવી = (૧) લાંચ આપવી. (૨) સંકેત કરવો.

૪. મૂઠી બંધ કરવી–વાળવી = (૧) કંજૂસાઈ કરવી. (૨) જાનો સંગ્રહ કરવો. (૩) જાતું રાખવું.

૫. મૂઠી બંધ થવી = આપવું અટકવું; આપવાનું બંધ રાખવું.

૬. મૂઠી ભરવી = મૂઠીમાં સમાય તેટલું લેવું
૭. મૂઠીઓ ભરાવવી = નિષ્ફળ પ્રયત્ન કે માથાકૂટ કરાવવાં; જેમાંથી કાંઈ ન નીપજે એવી મહેનત કે કામમાં જોડવું.
૮. મૂઠીમાં રાખવું = સત્તા કે હાથમાં રાખવું.
૯. મૂઠીમાં સમાય એટલું = થોડું; ઝાઝું.
૧૦. મૂઠીવાળીને દોડવું—નાસવું—આવવું = બનતા બધા જોરથી, ઉતાવળે પાછું જોવા વિના દોડવું; છેક હર્દ નાસવું; જલદી નસાય એટલું નાસવું.

મૂઠીચપટી સ્ત્રી. ખેતરમાં અનાજ તૈયાર થયે અપાતી એક જાતની ખેતરી. તે વહીવટદારના સિપાઈ માટે લેવાય છે.

મૂઠીફૂંક જ. મૂઠી મૂઠી અનાજ માગીને ઉઘરાવેલ કાળો.

મૂઠીફોડ વિ. મૂઠી ફાટે એવું. બધા દાણા માટે બોલાય છે.

મૂઠીભર ૧. વિ. થોડુંક; જૂજ.
૨. વિ. મૂઠી ભરાય તેટલું; મૂઠીમા માય તેટલું.

મૂઠેમૂઠા જ. બહોળા પ્રમાણમાં; મૂઠીઓ ભરી ભરીને; મોટા જથ્થામાં.
આપ જ્યારે બહાર નીકળો છો ત્યારે સોનારૂપાના મૂઠેમૂઠા ઉડાવો છો.
જ. કે. ઝવેરી

મૂઠો ૧. [સં. મુષ્ટિ; અપ. મુટ્ઠિ] પું. બોબો; મોટી મૂઠી.
મૂઠો ભરવો = મોટા પ્રમાણમાં લેવું; મૂઠામાં માય તેટલું લેવું.
૨. પું. ઢોરની ખરી તથા પગ વચ્ચેનો ભાગ.

મૂઠાવેરો પું. માથા દીઠ લેવાનો વેરો.

મૂઠું જ. માપ.

મૂડણ જ. મુંડન; ચૌલસંસ્કાર; હજામત.

મૂડવું (મૂઢવું) ૧. સ. ક્રિ. ચોળો કરવો.
૨. સ. ક્રિ. ધૂતવું.
૩. સ. ક્રિ. બોડવું.

મૂઢાવું ૧. સ. ક્રિ. ચોળા થવું.
૨. સ. ક્રિ. ઊતરાવું.
૩ સ. ક્રિ. બોડાવું.

મૂડિયો (મૂઢિયો) ૧. પું. માથું મૂડેલો સાધુ.
૨. વિ. મૂડી ન.ણ કરનાર.

મૂડી (મૂઢી) ૧. સ્ત્રી. ચોટલી.
૨. સ્ત્રી. બોચી; ગરદન; જાળવી.
૩. સ્ત્રી. ભાંડ.
૪. સ્ત્રી. મોં; મુખ; માપાનો ભાગ.
૧. નીચી મૂડીએ = માન કે શરમ મળી જઈ ને.
૨. મૂડી નીચી કરવી = (૧) અત્યંત ટેક જતાં કરવાં. (૨) શરમાવું; ઝંખવાણા પડવું.
૩. મૂડી નીચી થવી = ટેક અળકૂ જવાં.
૪. મૂડી મતરવી = ઊતરીને કંઈ કાઢી લેવું; આડુંઅવળું સમજાવવું; સમજાવીને કંઈ લેવું.
૫. મૂડી મોચન કરવું = (૧) હજામત કરવી. (૨) બનવું પાડવું, છેક કરમાવી નાખી ઊંચું લેવા ન પામે તેમ કરવું; છેક જ માનભંગ કરવું.
૬. મૂડી હાથમાં હોવી = મોટલી હાથમાં હોવી; હાથ કે કબજામા હોવું.

મૂડી સ્ત્રી. વેપારઉદ્યોગમા રોકાતી આપણું; પૂંજી; ઝોક; મૂળ ધન; મૂહમ; વેપારમાં નાખેલ નાણાં. સામાન્ય રીતે જોતાં ઘરમાં પડેલા રોકડ રકમ અથવા વસ્તુઓને મૂડીમાં ગણે છે; પણ અર્થશાસ્ત્રમાં જે સંકુચિત અર્થમાં આ શબ્દ વપરાય છે તે અર્થમાં જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને મૂડી કહે છે. આવી મૂડીમાંથી જે મૂડી ઉત્પન્ન કાર્યમા સાધનરૂપ થઈ પડે એવી વસ્તુઓમાં રોકવામાં આવી હોય તેને સહાયક મૂડી, જે મકાન અને સાધનો જેવી સ્થાવર મિલકતમાં રોકવામા આવ્યા હોય તેને સ્થિર, બાંધી કે સ્થાવર મૂડી અને જે મૂડી કાચો માલ ખરીદવા અને પગાર આપવા જેવા કામો માટે રોકવામાં આવી હોય તેને ફરતી કે ચાલુ મૂડી કહે છે. જ્યારે ધંધામાં મૂડી નાખી હોય તે જરૂર પડયે બીજા ધંધામાં ફેરવી શકાતી નથી; ત્યારે કાર્યમાં ફેરવી શકાય છે. ન ફેરવી શકાય તેને ડૂબી કે સ્થગિત મૂડી કહેવાય અને ફેરવી શકાય તેને તરતી મૂડી કહેવાય. મરનાળુ કે જાડો ભાગવામાં નાખેલી મૂડી ડૂબી કહેવાય; ત્યારે પ્રવા માલમા રોકેથી નદી તરતી કહેવાય છે. ઉદ્યોગો જે લોકોના હાથમાં હોય તે મૂડીવાળાઓને સામાન્ય રીતે મૂડીદારો કે મૂડીવાદીઓ કહે છે અને માલની ઉત્પત્તિમાં માનસિક કે શારીરિક મહેનત કરીને ફાળો આપનારને કામદારો કે મજૂરો કહે છે. આ રીતે ઉત્પત્તિનું કામ કરનારના બે વર્ગો પાડવાને બદલે કેટલાક જ્ઞાતમહેનત કરનાર અને શારીરિક મહેનત કર્યા વિના પૈસા કમાનાર વર્ગ એવા બે વર્ગ પાડે છે. તેઓ જ્ઞાતમહેનતને વિશેષ મહત્ત્વ આપે છે અને જ્ઞાતમહેનત કર્યા વગર કમાણી કરનાર વર્ગની ઘૃણા કરે છે. આ વર્ગોને આપણી ભાષામાં અનુક્રમે ઉજળિયાત વર્ગ અને મજૂર વર્ગ કહી શકાય અથવા અનુક્રમે બુદ્ધિજીવી અને શ્રમજીવી વર્ગ કહી શકાય. આ બે વર્ગ વચ્ચે અગર મૂડીદાર અને મજૂર વચ્ચે જે પરસ્પર હિતવિરોધ માની લેવામા આવ્યો છે તેને આપણે વર્ગવિગ્રહ કહી શકીએ. જે સમાજમાં મૂડીદારોના હાથમાં ઉદ્યોગની વ્યવસ્થા હોય તેને મૂડીવાદ સમાજ, તે પ્રકારની વ્યવસ્થાને મૂડીવાદી તંત્ર અને તે વ્યવસ્થા યોગ્ય છે એવા મતને મૂડીવાદ કહેવાય. કિશોરલાલ મશરૂવાળા લખે છે કે: મજૂરીના સાથ વગરની નાણાની મૂડીથી કશું કામ નીપજવું નથી; પરંતુ મજૂરીની સાથે એક બે પ્રકારની બીજી મૂડી પણ સેવક પાસે હોવી જરૂરની છે, એ મૂડી છે આરોગ્યવાન શરીર, પવિત્ર ચરિત્ર, ઉદાર દિલ અને નીતિને વિષે ચાહનારાઓ અને નાના મોટા, અમીર, ગરીબ, અમીર સૌની સાથે નિઃસ્વાર્થભાવથી હળીમળી જવાનો સ્વભાવ. સેવા કરવાની લગનીવાળા માણસમા આમાંથી બે ગુણ ગુણો હોવા જ જોઈએ.
૬. સ્ત્રી. સંપત્તિ; દ્રવ્ય; ગરથ

મૂડીઆંદોલન (મૂડીઆંદોલન) નું અકરીઆકરી નામની એક દેશી રમત. જુઓ આકરીઆકરી.

મૂડીકેંદ્રીકરણ (મૂડીકેંદ્રીકરણ) ન મૂડી અને ઉદ્યોગ નજીકના માણસના હાથમાં એકત્ર થવું તે.

મૂડીદાર ૧. (મૂડીદાર) વિ. મૂડીપક્ષી; મૂડીવાદનું પ્રતિપક્ષ; મૂડીવાળો; પૈસાદાર. વાણિજ્ય શબ્દ વાસ્તવિક ઉદ્યોગના અર્થમાં વપરાય છે. વ્યાપારવાણિજ્ય શબ્દનો અર્થ વેપાર થાય છે. નાના મોટા વેપારમાં આપણે જેની જરૂરો તે વસ્તુ જ એટલે વાણિજ્યનો માલ કહેવાય છે. સખ્યાબંધ મજૂરો, સાંત્રાઓનાં કારખાનાં અને લાખો કરોડોની મૂડી વડે ચાલતા ઉદ્યોગોને માટે વાણિજ્ય શબ્દ ખોટો છે, ઉદ્યોગ શબ્દ અપૂરતો છે. કારખાનાં, મિરજીઓ આદિ શબ્દો પણ ઠીક નથી એક જ શબ્દ બધા યે અર્થમાં વાપરી શકાય એવો પણ મળતો નહિ. સામાજીક ઉપર ભાર દેવો હોય ત્યારે સમાજવાદ, મૂડી ઉપર ભાર દેવો હોય ત્યારે મૂડીવાદ,ઉદ્યોગ એવા એવા પારિભાષિક શબ્દો વગર ચાલતું નથી. તેમ મૂડીપક્ષો, મૂડીદાર, મજૂરો કે કામગરોના પક્ષનાને માટે કામગાર પક્ષો, કામગાર સંઘ, એવા એવા શબ્દો પણ જોઈશે જ. વળી કામ વગર રખડનો જે બેકાર કહેવાય તો કામે લાગેલા મજૂરને કામગારને બદલે કામદાર પણ શા માટે ન કહેવાય.
૨. વિ. પૈસાદાર

મૂડીપક્ષી (મૂઢપક્ષી) જુઓ મૂડીદાર.

મૂડીવાદ (મૂડીવાદ) કું. ધનિકતંત્ર; વૈશ્યપ્રકોપ; મૂડીદારોની સત્તા; અર્થવાદ; 'પ્લુટોક્રસિ'. મૂડીવાદને વિષે 'ધ ઈકોનોમિસ્ટ' તેમ જ 'ધ નેક્સ્ટ સ્ટેન્ડ ઓ-યેનિથમ'ના સંપાદક પ્રખ્યાત બ્રિટિશ અર્થશાસ્ત્રી, શ્રી. કે. એમ. કીન્સ પોતાના નાના પુસ્તક 'ધ એન્ડ ઓફ લેસે ફૅર'માં લખે છે કે, મૂડીવાદને જો ક્રાંતિપૂર્વક અટકાવવામાં આવે તો આજે નજરે પડતી બીજી કોઈ પણ પદ્ધતિ કરતાં તે દ્વારા અધિક ઉન્નતિ વધુ સારી સધાય. બાકી મૂડીવાદ પોતે તો અત્યંત દોષપૂર્ણ છે. આજનો આપણો પ્રશ્ન આપણને ગમતા ક્રાંતિમાર્ગના ખ્યાલોથી વિરોધી નહિ અને છતાં વધુમાં વધુ કાર્યકર જેવો સમાજ અવસ્થા ઊભી કરવાનો છે પ્રગતિનું હવે પછીનું પગલું રાજકીય ધાંધલ કે ઉતાવળિયા પ્રયોગને પરિણામે નહિ પણ વિચારને પરિણામે ભરાવું જોઈએ. આપણે આપણી લાગણીઓ માનસિક પ્રયત્નથી સ્પષ્ટ રીતે સમજવી જોઈએ. આજે તો આપણી સહાનુભૂતિ અને આપણી વિવેકબુદ્ધિ બે વિરુદ્ધ પક્ષોમાં વહેંચાઈ જવાનો સંભવ છે.

મૂડીવાદી (મૂડીવાદી) વિ. કું. અઢળક પૈસાનો માલિક; શોષણ ઉપર ઠસ્સો પરાવનાર માણસ.
૨. વિ. મૂડીદારોની સત્તામાં માનનાર.
૩. વિ. મૂડીવાદને લગતું કે તેમાં માનતું; મૂડી ઓકડી કરવામાં માનતું.

મૂડીશાહી (મૂડીશાહી) સ્ત્રી. મૂડીદારોની સત્તા; 'પ્લુટોક્રસિ'.

મૂઠો (મૂઠો) ૧. કું. આખું વગેરે જોવા જતાં અપાતી રકમ.
૨. કું. પાણીનું ભરવાનું; આનું; બાટલી. તેમાં પાણા રખાય છે.
૩. કું. લીંબુથી ઘૂંટી સુધીનો ભાગ.
૪. કું. મુંબઈમાં વપરાતું પચીસ શેરનું અનાજનું માપ.
૫. કું. સરકસ કે નેતરની ઓક જાતની ગોળ ખુરસી; માચી જેવું આસન.
૬ કું. સો મણનું ઓક માપ.
૭. સ્ત્રી વાણિયાની એ નામની ઓક અટક.
૮. વ. એ નામની અટકનું માણસ
૯. વિ. એ નામની અટકનું.

મૂઢ ૧. [સં. મુહ્ (મોહ પામવો)]
કુ. (કાવ્ય) ઓક પ્રકારનો ઉપપતિ; પરદારાથી ઉત્પન્ન થયેલ પ્રીતિ જાદેર કરી કે તે પુરુષ.
૨ કું. નાના કદૂપણવાળો હાથી. આવા હાથીને યદ્ધપ્રસંગ વખતમાં પકડવામાં આવતો ન હતો.
૩ કું મૂર્ખ માણસ.
૪. કું. (વેદાંત) હું કર્તા છું, ભોક્તા છું વગેરે કર્તાદિપણાના અહંકાર ભાવમાં આરૂઢ થયેલો માણસ.
૫. સ્ત્રી. રૅટિયાની ચાંલડી
૬. વ. ચિત્તની પાંચ માંહેની ઓક ભૂમિકા. તેમાં ચિત્ત તમોગુણના પ્રાબલ્યથી નિદ્રાવૃત્તિવાળું બને છે.
૭. વિ. અચતન; અજાણ; અજ્ઞાન; અભણ; કંઈ સમજે નહિ એવું; મૂર્ખ; જડબુદ્ધિ; બેવકૂફ; ઠોઠ; મતિમંદ; જડમતિ અદ્દા; કંઈ જ સૂઝેલું નહિ તેવું. જડ અને મૂઢ આ બે શબ્દ અર્થતંત્ર નહના છે
૮. વિ. ગભરાયેલ
૯. વિ. મૂંઝું; ગૂંચું; કોને આજ્ઞા પાળવાનું સમજવું ન હોય એવું. સૂઝે નહિ પણ ટકટક જોયા કરે એવું; જડરૂપ; અજ્ઞાની; બુદ્ધિહીન; બહી અકલનું
૧૦. વિ. બહાર નિશાની ન રેખાય એવું.
૧૧. વિ. બેભાન.
૧૨. વિ. મોહવશ; વિવેકરહિત; મોહમાં પડેલું.
૧૩. વિ. સ્તબ્ધ; નિશ્ચેષ્ટ

મૂઢક કું. અજ્ઞાન માણસ.

મૂઢગર્ભ ૧. [સં.] કું. કસુવાવડ.
૨. કું. પેટમાં સૂકાઈને ભરાયેલો ગર્ભ. તેથી ગર્ભસ્રાવ થાય કે પ્રસવમાં વિઘ્ન આવે છે. સુશ્રુતમાં લખ્યું છે કે રસ્તે ચાલતાં, સવારી પર ચડતાં, પડવા આખડવાથી, ચોટ લાગવાથી, ભીંસટા સૂવાથી, મળમૂત્રનો વેગ રોકવાથી, ખાડા, કાદવ કે તીખું ખાવાથી, ઊલટી, વિરેચન, કે હાલ્યા ચાલવા વગેરેથી ગર્ભનું બંધન ઢીલું થઈ જાય છે અને તેથી સ્થિતિ બગડે છે. તેનાથી પેટ, પ્રજ્યે, બસ્તિ વગેરેમાં પીડા થાય છે અને અનેક પ્રકારના ઉપદ્રવ કે રોગ થાય છે. મૂઢગર્ભ ચાર પ્રકારના હોય છે:—ગોલ, પ્રતિખુર, બીજક અને પરિઘ. જો ગર્ભ ગોલની જેમ આવીને યોનિનું મુખ બંધ કરી દે તો તેને ગોલ કહે છે. જો ઓક હાથ, ઓક પગ અને માથાસર બહાર નીકળે અને બાકીનું શરીર અટકાઈ જાય તો તેને પ્રતિખુર કહે છે. જો ઓક હાથ અને માથું નીકળે તો બીજક કહેવાય છે અને જો ઢાલ્યડાની માફક આવીને પડે તો તે ગર્ભ પરિઘ કહેવાય છે. આમાં બધું કરીને સહજ ચિકિત્સા કરવામાં આવે છે.
૩. વિ. મૂઢ અર્થવાળું; ગૂઢ આશયવાળું.

મૂઢજર્ભા [સં.] સ્ત્રી. જેને ઓક વખત રહી ગયું હોય એટલે ગર્ભ સુકાઈ ગયો હોય તેવી સ્ત્રી. આવી સ્ત્રીને પ્રસવકાળનો સમય થયા છતાં બાળક જન્મતું નથી અને તેથી તેને ઘણી જ વેદના થાય છે.

મૂઢગ્રાહ ૧. [સં.] કું. ગેરસમજ.
૨ કું. મૂઢતામાં પડી રાખેલી માન્યતા; દુરાગ્રહ.
૩. કું. મોહ.

મૂઢ ઘા કું. જખમ નહિ થયેલો પણ બહુ વાગેલો ઘા.

મૂઢચિત્ત વિ. વિવેક રહિત થયેલા મનવાળું.

મૂઢતા ૧. [સં.] સ્ત્રી. અવિવેક; મિથ્યાત્વપણું; મૂઢ હોવું તે
૧. સ્ત્રી. ગભરામણ
૨. સ્ત્રી. બેભાન દશા.
૩. સ્ત્રી. મૂર્ખતા; જડપણું; અજ્ઞાન; બેવકૂફી.

મૂઢત્વ જુઓ મૂઢતા.

મૂઢદૃષ્ટિ [સં.] સ્ત્રી. અજ્ઞાન.

મૂઢબુદ્ધિ [સં.] વિ. ઓછી અકલનું; અણસમજુ; અજ્ઞાની, અણઘડ; મૂર્ખ.

મૂઢમતિ જુઓ મૂઢબુદ્ધિ.

મૂઢમન જુઓ મૂઢબુદ્ધિ.

મૂઢમાર કું. શરીર ઉપર ન જણાય એવો માર; કૂટ થયા વગરનો માર.

મૂઢયોનિ સ્ત્રી. પશુ આદિ યોનિ.
ઘણે પ્રયત્ન પામીને જન્મતો કર્મે ભૂમીમાં,
વમે પ્રાણ થઈને જન્મતો મૂઢયોનિમાં.
ભોજાકુમોદન

મૂઢવાત જુઓ મૂઢવાયુ.

મૂઢવાયુ [સં.] કું. તોફાની પવન.

મૂઢા ૧. કું. અંગરખાની કણી.
૨. કું. ઠોબણીનું ઓકું.
૩. કું. ખભો.
૪. કું. સળીઓ અને દોરડાનું બનાવેલું ઊંચું આસન.

મૂઢામહ કું. મૂઢતાભેર રખાતો આગ્રહ; મૂઢાગ્રહ; 'ડોગ્મેટિઝમ'.

મૂઢાત્મા ૧. [સં] કું. મૂઢ પુરુષ.
કરે જે મહિમા કેરા ગુણોથી કર્મ સર્વસ.
અહંકારથી મૂઢાત્મા હું કરું એમ માનતો.
ગીતાપંચામૃત
૨. વિ. બેભાન.
૩. વિ. મૂર્ખ; અણસમજુ.

મૂઢાવસ્થા [સં.] સ્ત્રી. નિદ્રા, તંદ્રા વગેરેથી ઘેરાયેલી અવસ્થા; ચિત્તની પાંચ માંહેની ઓક અવસ્થા; જે અવસ્થામાં નિદ્રા આળસ વગેરે પ્રકૃત ચિત્ત કૃત્યાકૃત્યના વિચાર રહિત થઈ જાય તે અવસ્થા.

મૂઠિયું ન. મોઢે અથવા હેરે જવામાં આવનાર વસ્તુ.

મૂઢું વિ. મુખ્યું; થાક. પ્રપચી.
મૂઢા મૂરતી નાગરી હાન્ડરૈટપ્રબંધ

મૂણ [સં. મૌન] ન. બોલવું નહિ તે; ચૂપકીદી.

મૂત ૧. પું. દીકરો; સંતાન.
૨. [હિ.] પું. પેશાબ; મૂત્ર.
જેમ મૂત ન.હીં = જે વસ્તુ પ્રત્યે પહેલા સૂગ હોય તે સૂગ જરૂરિયાત ઉત્પન્ન થતા પાછળથી પોતે જ ઝાંખી નાખવી.
૩. ન. ઘાસ.
૪. વિ. અથડાયેલ; કેદ થયેલું.

મૂતખડો (મૂતખડો) પું. પથરીનો રોગ.

મૂતપાત્ર ૧. ન. જનનેંદ્રિય.
૨. ન. પેશાબનું વાસણ.

મૂતર [સં. મૂત્ર] ન. પ્રાણીઓના શોષકમાંથી રૂધર પડીને બહાર નીકળી જતું પ્રવાહી પદાર્થ; મૂત્ર. ત એક સરલ પદાર્થ છે. તે ગુદામાંથી ગવાની મારફત મૂત્રાશયમાં જમા છે અને ત્યાંથી જનનેંદ્રિય વાટ આઠ કોઠ કલાક બહાર નીકળે છે. એક દિવસમાં એક સાધારણ મનુષ્ય પ૦ ઔંસ મૂતર બહાર કાઢે છે. મૂતરદ્વારા શરીરના બિનજરૂરી અને હાનિકારક ક્ષાર, બદબો કે ઝેરી વસ્તુઓ બહાર નીકળે છે, તેથી મૂતરના વેગને રોકવો એ બહુ જ નુકસાનકારક છે. કટલાક પ્રકારના રોગોમાં મૂત્રમાર્ગમાં ઝેરી વસ્તુઓ ઉપરાંત સાકર અને કરિતની બીજી ધાતુઓ આવીને પડવા લાગે છે તેથી મૂત્રપરીક્ષા ચિકિત્સાશાસ્ત્રનું એક મુખ્ય અંગ ગણાય છે. ભારતવર્ષમાં ગોમૂત્ર પવિત્ર મનાય છે અને પંચગવ્ય સિવાય ધાતુઓ અને ઔષધિઓ શોધવામાં પણ તેનો ઉપયોગ થાય છે. વૈદકમાં ગોમૂત્ર, માંહ્યમૂત્ર, છાગમૂત્ર, મેષમૂત્ર, અશ્વમૂત્ર વગેરે જુદાના ગુણોનું વિવેચન કરવામાં આવ્યું છે. મૂત્રદોષથી પથરી મૂત્રકૃચ્છ્ર વગેરે અનેક રોગ થાય છે.
૧. મૂતર અટકવું = પેશાબ બંધ થાય એમ સખ્ત કામ કરવું; મૂત્રકૃચ્છ્રનો રોગ થવો.
૨. મૂતર કરવું = (૧) હોરે પેશાબ કરવો. (૨) બળદનું કામ મૂજી જવું.
૩. મૂતર ઓદી નાખવું = બાપમાર થાય એવી સ્થિતિમાં લાવવું.
૪. મૂતરમાંથી નીકળીને ગૂમાં પડવું = પહેલાં કરતાં વધારે ખરાબ દશામાં પડવું; ઊંધમાંથી ચૂલમાં પડવું
૫. મૂતરે ઝાડું કરાવવું = નામાઈ કરવી; મર્યાદા ન રાખવી
૬. મૂતરે દીવો બળવો = બહુ ચલાવું હોવું; ઘણી સત્તા હોવી.

મૂતરકરી સ્ત્રી. મૂત્રપિંડમાંથી પેશાબ આવવો તે.

મૂતરખાનું ન. પેશાબખાનું. મૂતરડી.

મૂતરગદો પું મૂતરના બેજની મટકો.

મૂતરચળો જુઓ મૂતરખાનું.

મૂતરવું ૧. અ ક્રિ. મજરાવું; ઘરઘરવું; મૂંજવું.
૨. અ.ક્રિ. પેશાબ કરવો; લઘુશંકા કરવી; મૂત્ર કરવું.
૧. એક બાજુ મૂતરવા તો બીજે બાજુ બેતરવા = આગળ આડે મૂતરવા જતાં તેને ગાડા સાથે બેતરવા અંતર પડી જાય. આવું પ્રવૃત્તિમાંથી અટકો બાજુ તો તે પછી ઘણું પાછળ રહી જાય.
૨. મૂતરી દેવું-પડવું= (૧) કરે કે બારણીથી મજરાઈ જવું, બી જવું; ડરી જવું; મજરાવું. (૨) બાળકે અજ્ઞાનમજબૂમાં અથવા મોટાએ બારણી કે બીકથી પેશાબ કરી જવો.
૩. મૂતરી રહેવું = જુઓ મૂતરી દેવું
૪. માં પર મૂતરવું = (૧) અપમાન કરવું. (૨) નહિ માંડવું; નહિ લેખવું.
૫. વટાણી બાંગણી પર ન મૂતરવું = કશા બદામાં નહિ આવવું.

મૂતરાણી ૧. સ્ત્રી. ઇંદ્રિય; ઉપસ્થ.
૨. સ્ત્રી. પેશાબ લાગવો તે.

મૂતરાવું અ ક્રિ નરને એમ કરવું.

મૂતરી [હિ] પું એક પ્રકારનો જંગલી ઝાડો.

મૂતરેડવું (મૂતરેડિવું) ન. ઢોરનું મૂતર ઉલેચવાનું માટીનું વાસણ.

મૂતી સ્ત્રી. ઓષ; એક જાતની વનસ્પતિ.

મૂત્ર જુઓ મૂતર.

મૂત્રકુંડ પું. એ નામનો એક નરકકુંડ. જે માણસ જાહેરજગામાં મૂત્ર નાખે તે મૂત્રકુંડમાં પડે છે એમ કહેવાય છે.

મૂત્રકૃચ્છ્ર જુઓ મૂત્રકૃચ્છ્ર.

મૂત્રકામ્લ [સં.] પું. મૂત્રમાંથી બનતો તેજાબ. તે સફેદ, સ્ફાટનશીલ અને ચમકદાર હોય છે. તે મુખ્યત્વે સર્પો અને પક્ષીઓની ઉત્સર્જનમાંથી ઉત્પન્ન થાય છે. તેમાં પાણાના સિદ્ધાંત પ્રમાણે અમ્લતા મિશ્રિત થયેલી હોય છે. ૨૪ કલાકમાં કરેલા પેશાબના કુલ જથ્થામાં ૬ થી ૧૨ ગ્રેઈન સુધી તે હોય છે. મનુષ્યના પેશાબમાં બીજા પ્રમાણમાં તે માલૂમ પડે છે. તેમાં સોડીઅમ અને ઓર્ગેનિયમના ક્ષારો પણ હોય છે. તેની અદ્રાવ્યતાને લીધે તે પેશાબને મળતા ફોસ્ફેટો બનાવે છે. સાંધામાંનો ઓદાંની અસર એ પદાર્થ કરીને આ મૂત્રકામ્લોની હાજરીનું પરિણામ છે. મૂત્રકામ્લ એ પ્રાણીઓની અપૂર્ણ પેશીઓ અને આહારના સયોજનની ઉત્પત્તિ છે. રક્તાભરોલ અને યુરીઆ જેનાં મિશ્રણને તપાવવાથી પણ મૂત્રકામ્લ ઉત્પન્ન થઈ શકે છે

મૂત્રકૃચ્છ્ર [સં.] પું. પીડા સાથે પેશાબ થવાનો રોગ. વારંવાર પેશાબ થયા કરે એવો રોગ; મૂત્રપિંડને લગતો એક રોગ; પેશાબ એકદમ ન છૂટતાં ટપકે ટપકે છૂટે તેવો રોગ. તે બાવાસ, નીલ્યૌષધ, ક્ષારપદાર્થ, દરરોજ મદ્યપાન, નિરંતર ઘોડા ઉપર બેસી પ્રવાસ, મત્સ્ય, જળ નજીક સમય કરનારા પક્ષ્યાદિકોનું માંસ, જમ્યા ઉપર જમવું અને ક્ષારો પદાર્થ પ્રલ્યાદિનાં સેવનથી થાય છે. આ રોગ આઠ પ્રકારનો મનાયો છે. (૧) સાથળ અને પેડુની સંધિમાં તથા પેડુ અને ઇંદ્રિયમાં ઘણી પીડા થાય અને થોડું થોડું વારંવાર મૂત્ર ઊતરે તે વાયુનો, (૨) પીળું લાલ અને બહુ ગરમ મૂત્ર બહુ કષ્ટે ચીસો પાડીને ઊતરે તે પિત્તનો, (૩) પેડુ અને લિંગ એ બંને જરા ચડ અને ત્યાં સોજો હોય, મૂત્રમાં શ્લેષ્મ હોય અને મૂત્ર કષ્ટથી ઊતરે તે કફનો, (૪) ત્રણેનાં મિશ્ર ચિહ્ન દેખાય તે સન્નિપાતનો, (૫) મૂત્રને બહુ ખાજનારી નસોમાં કોઈ પણ પ્રકારે ચોટ લાગવાથી વાયુના મૂત્રકૃચ્છ્રના જેવાં સર્વ લક્ષણો દેખાય છે તે ચોટ લાગવાનો, (૬) ઝાડો રોકવાથી બધુ કુપિત થઈને પેડુ અને પેટમાં આફરો કરે છે અને ત્યાં પીડા કરે છે તે મલાવરોધનો, (૭) પેડુમાં ઘણી ચાલી વાર્યે મહિત મહા કષ્ટથી મૂત્ર ઊતરે તે વીર્ય રોકવાનો અને (૮) પથરી અને કરંગ એ બંને અંડમાં રહે છે. તેનાથી ' ૬ મૂત્રકૃચ્છ્ર થાય છે મૂત્રકૃચ્છ્રને મટાડવા માટે ગોખરૂ, મરમાળો, કર્ણ, કાશ, ધમાસો, આમળાં અને પાષાણભેદનો ઉકાળો મધ નાખીને પિવડાવવાથી મૂત્રકૃચ્છ્ર અને કઠણ પથરીનો પણ નાશ પામે એમ મનાય છે. આ સિવાય વિશેષ ઉપચારો પણ હોવાનું મનાય છે. ગાયના દૂધમાં જીરું નાખી જરા ગરમ કરીને આપવાથી બાળકોને પેશાબ છૂટે છે. એરંડિયા તેલમાં અથવા ગોમૂત્રમાં દૂધ તથા જરા ચૂનો નાખી પણ પવાય છે. નાગરવેલીનાં પાનનો તાજો રસ અકેક તોલો સવારસાંજ લેવાથી મૂત્રકૃચ્છ્ર દૂર થાય એમ કહેવાય છે.

મૂત્રકૃચ્છ્રારિરસ પું. (વૈદક) મૂત્રાવરોધ મટાડનાર એક ભાતનું ઔષધ

મૂત્રકૃચ્છ્રાંતક ન. (વૈદક) મૂત્રાવરોધ ઉપર ઉપયોગી બનતું એક ઔષધ

મૂત્રકૃચ્છ્રાંતર રસ [સં] પું. મૂત્રકૃચ્છ્ર દૂરનો મટે બનાવવામાં આવતી એક ભાતની ઔષધિ. તે બનાવવા ચિત્રકરીનો મૂકો, ગોખરુ, જેઠીમધ અને નાગોરનું એ દરેક ચીજ અર્ધો અર્ધો તોલો લઈ તેને બત્રીસ ગુણિયાભાર પાણીમાં નાખી તેનો ક્વાથ કરવામાં આવે છે, ચોથો ભાગ રહે ત્યારે ઉતારી લેવામાં આવે છે તેની માત્રા ૪થી ૬ તોલાની છે.

મૂત્રકોષવતી સ્ત્રી. મૂત્રાશય; કુખે.

મૂત્રકોષ પું મૂત્રને એકઠું થવાનું સ્થાન; પેશાબની કોથળી, મૂત્રાશય.

મૂત્રક્ષય પું. મૂત્રાઘાતના તેર ભેદોનો એક પ્રકાર; પેશાબ ઓછો ઊતરે તેવો એક રોગ. રક્ત શરિરવાળા પુરુષના શરીરમાંનો અપક્વધાતુ મૂત્રનો ક્ષય કરે છે.

મૂત્રક્ષાર [સં.] પું. મૂત્રિત: મૂત્ર માંહેનો ક્ષાર પદાર્થ

મૂત્રખાડો (મૂત્રખાડો) પું. પથરીનો રોગ, મૂત્રકૃચ્છ્ર.

મૂત્રગાંઠ સ્ત્રી મૂત્રકૃચ્છ્ર; પેશાબની અટકાયત કે બહુ કષ્ટથી પેશાબ થવાનો રોગ

મૂત્રગોલ જુઓ મૂત્રગોલપિંડ.

મૂત્રગોલપિંડ પું. મૂત્રનલિકા સંબંધી ગ્રંથિ.

મૂત્રગ્રહ [સં.] પું. ઘોડાનો મૂત્રનો એક રોગ.

મૂત્રગ્રંથિ સ્ત્રી. મૂત્રાઘાતના તેર ભેદોનો એક પ્રકાર

મૂત્રચિકિત્સા [સં] સ્ત્રી. પેશાબની પરીક્ષા કરી રોગ પારખવો તે

મૂત્રજ જુઓ મૂત્રજન્ય.

મૂત્રજઠર [સં.] પું.ન. મૂત્ર ભરાઈ રહેવાને કારણે પોલ્લરી કુક્ષા જવાનો એક રોગ; મૂત્રાઘાતના તેર ભેદોનો એક પ્રકાર.

મૂત્રજન્ય [સં.] વિ. મૂત્રમાંથી ઉત્પન્ન થતું.

મૂત્રજ્ઞ ન. પેશાબ કરવો તે.

મૂત્રત્યાગ [સં.] પું. પેશાબ કરવો તે.

મૂત્રદારક [સં.] ન. (વૈદક) હાથી, ભેંસ, ઊંટ, ગાય, ખચ્ચર, ઘોડો, બકરો, ઘેટું, પુરુષ અને સ્ત્રી એ દશનાં મૂત્રનો સમૂહ.

મૂત્રદર્શન [સં] ન. પેશાબની પરીક્ષાથી રોગ પારખવો તે; મૂત્રચિકિત્સા.

મૂત્રદોષ જુ. પું. પ્રમેહ.

૨. [સં.] પું. મૂત્રમાં કોઈ પણ જાતનો રોગ હોવો તે.

મૂત્રદ્વાર [સં] ન. શિશ્નના અગ્રભાગે આવેલું દ્વાર; મૂત્રમુખ

મૂત્રદ્વાર સંકોચની [સં.] સ્ત્રી. એ નામની એક પેશી. આ પેશી મૂત્રપ્રસેકના દ્વારાગ્ર ભાગની આસપાસ આવેલી છે. તેનું આજ્ઞામૂત્ર કૃકદરાસ્થિના અધ:સ્તુમ ઉપરથી ઉત્પન્ન થઈ મૂત્રપ્રસેકની આજુબાજુ થઈને આગળ જાઘાગ્રંથિ આવેલા બીજા મૂલભાગને સીવનીમાં મળી જાય છે અને તેનું આંતરમૂત્ર અનાવશ્યક તંતુઓ, એ જ પ્રમાણે ઉત્પન્ન થઈને, મૂત્રપ્રસેકની આજુબાજુ ગોળ ગોળ વીંટાય છે. મૂત્રાશયમાંથી પેશાબ બહાર નીકળી જવા આ પેશી મૂત્રપ્રસેકના દ્વારાગ્ર ભાગને દબાવી પેશાબનું ટીપું બહાર પડી જાય છે.

મૂત્રધુસર [સં.] ન. પેશાબમાં રહેલ પીળો રંગ, રંજક.

મૂત્રનલિકા [સં] સ્ત્રી. ઉપરથના મોઢાથી તે મૂળ સુધીની આંતરી મૂત્રનળી; મૂત્ર માટેનો એક અવયવ. તે મૂત્રાશયમાં જે ક્ષાર દોષ તે ઓછો કરે છે અને વીર્યદોષમાંથી વીર્ય વહન કરે છે. આ નળી ઘસું કરીને ઠોઠકે ઊંચ આંબી દોષ છે અને ઉપસ્થમાંસની ઉપરની દીવાલ આગે આગેથી છે. યોનિમાર્ગ તપાસવાથી તેના ઉપલા ભાગને મૂત્રનળીનો ખ્યાલ આવ છે એ રીતે તેનું અસ્તિત્વ બરાબર સમજાય છે. આ મૂત્રનળી નીચેથી ઉપરની બાજુએ થઈ મૂત્રાશય અથવા બસ્તિ સાથે જોડે છે મૂત્રનળીની રચના બહુ સ્થિતિસ્થાપક તંતુઓથી બનેલી હોવાથી તે પોતાની સ્વાભાવિક રીતે કુદરતી સ્થિતિ કરતાં ઘણો વિસ્તાર પામી શકે છે. એ જ કારણથી પુરુષને મૂત્રાશયમાં પથરી થઈ હોય તો તે ભાગીને અથવા ઓપરેશન કરીને કાઢવી પડે છે; પણ સ્ત્રીઓનો મૂત્રમાર્ગ લંબાઈમાં ઘણો ટૂંકો હોવાથી તેમ જ બીજી રીતે તેમાં બંધબેસે તેટલું સ્થિતિસ્થાપકપણું હોવાથી, સ્ત્રીઓને થયેલી પથરી ઘણી સહેલાઈથી મૂત્રમાર્ગમાંથી આગળને આગળ કાઢી શકાય છે

મૂત્રનષ્ટતા [સં] સ્ત્રી. મૂત્રનો નાશ થવો તે; મૂત્ર નહિ હોવું તે.

મૂત્રનળી [સં. મૂત્રનલ] પું. મૂત્રપિંડમાંથી મૂત્રકોથળીમાં પેશાબ લાવનાર નળી; મૂત્રપિંડમાંથી પેશાબને મૂત્રાશયમાં વહેવાનો માર્ગ; તે આશરે અઢાર ઇંચ લાંબો અને સહેજ જાડો છે. મુરદાની અસ્તિમાંથી નીકળ્યા તે પેશુમાં રસપડની પાછળ ઊતરે છે અને મૂત્રાશયને મળે છે. તેની બે બળ આંતરડાં હોય છે.

મૂત્રનળી જુઓ મૂત્રનલિકા

મૂત્રનાડી જુઓ મૂત્રનળી.

મૂત્રનાસૂર [સં મૂત્ર + સ નાસૂર (કાણું)] ન. મૂત્ર સંબંધી નાસૂરનો રોગ; મૂત્રને લગતા ભાગમાં થતું અંદરનું દરદ

મૂત્રનાળ પું. મૂત્ર નીકળવાનો માર્ગ.

મૂત્રનીલ [સં.] પું. પેશાબમાં નીકળતો મણી જેવો પદાર્થ. જ્યારે મૂત્રાશય બગડે છે ત્યારે આવો પદાર્થ નીકળે છે.

મૂત્રપથ ૧. [સં] પું. પેશાબનો માર્ગ; પેશાબની નળી કે દરવો.

૨. પું. યોનિ.

૩ પું. લિંગ.

મૂત્રપરીક્ષા [સં.] સ્ત્રી. રોગનો નિર્ણય કરવા માટે મૂત્ર તપાસવું તે; પેશાબની પરીક્ષા. તે (૧) પેશાબનો રંગ અને વાસ જોવાથી તેમ જ (૨) રસાયન પરીક્ષા વડે પણ થાય છે. તેમાં પેશાબમાં નીકળતા સ્વાભાવિક, અસ્વાભાવિક પદાર્થો તથા તેમનો જથ્થો નક્કી કરી શકાય છે અને (૩) સૂક્ષ્મદર્શકયંત્રની મદદથી પણ થાય છે; તેનાથી પેશાબમાં પમાર થતા જુદા જુદા પરમાણુ ઉપરથી વ્યાધિનો નિર્ણય થઈ શકે છે.

મૂત્રપાત્ર ૧. [સં] ન. પેશાબની પરીક્ષા કરવા માટે વપરાતું વાસણ; પેશાબ તપાસવાની કાચની અમુક આકારની શીશી.

૨. ન. મૂત્રાગાર; બગીચા અગર બહેર જગ્યા ઉપર લોકોની સગવડતા માટે રાખ્યું બાંધ બંધ હોય તેવી ઊભી કરેલી કોટડી.

મૂત્રપાર્થક્ય [સં.] ન. મૂત્રપરીક્ષા; પેશાબનું પૃથક્કરણ.

મૂત્રપિત્તાગ્ન [સં.] ન. મૂત્રપીત: પેશાબમાં રહેલ પીળો રંગ

મૂત્રપિંડ પું. (વૈદક) મૂત્રાશય; કુરદા બહાર પોચા તંતુમય પડદાની, કરોડની બાજુએ કમરના ભાગમાં, પેટની પાછળ દીવાલ ઉપર આવેલ પિંડ; શુદ્ધ લોહી અને મૂત્રને જુદા પાડનાર એ આંબલ પિંડ; 'કિડની'. એને વૃક્કો અથવા મૂત્રપિંડો મૂત્રસ્થાનમાં મોટામાં મોટા અવયવ છે કારણકે. તેઓ મૂત્ર ઉત્પન્ન કરે છે. મૂત્રપિંડનો આકાર સિંગતા મોટા દાણા જેવો છે. પુરુષના તેમ જ સ્ત્રીના મૂત્રપિંડમાં કોઈ ફરક નથી.

ઉદરગુહામાં કેડના ભાગમાં કરોડની દરેક બાજુએ એક એક મૂત્રપિંડ આવેલ છે તેમનો ઉપલો છેડો અધિવારની તથા અંત્રની પાસપાસેની નહિવત પાસે છે. જ્યારે બાજુના મૂત્રપિંડ કરતાં જમણી બાજુનો મૂત્રપિંડ સહેજ નીચે છે કારણકે તે બાજુમાં તેના ઉપર યકૃત રહેલું છે દરેક મૂત્રપિંડને બહારની અને અંદરની એમ બે કારાઓ હોય છે. બહારની કોર મનુષ્યના જેવી વાકો હોય છે અને તે બહિર્ગોળ હોઈ કેડની બાજુ તરફ આવેલી છે; જ્યારે અંદરની કોર અંતર્ગોળ હોઈ કરોડની તરફ રહેલી છે. અંદરની કોર ઉપર એક મોટો ખાડો છે. તે દ્વારદ્વાર તરીકે ઓળખાય છે. દરેક મૂત્રપિંડ અરધીયાળા પટ વડે પીંટળાયલો હોઈ કરોડની બાજુ ઉપર રહેલો છે; જમણા મૂત્રપિંડની આગળની બાજુ યકૃતનો જમણો પિંડ, પ્લીહાનો નીચલો ભાગ તથા મોટા આંતરડાના આરોહી ભાગના સંબંધમાં આવે છે, જ્યારે ડાબા મૂત્રપિંડના આગલી બાજુ અગ્નિ, અગ્ન્યાશયનું પુચ્છ તથા આમાશયના સંબંધમાં આવે છે. મોટા આંતરડાનો અવરોહી ભાગ પણ ડાબા મૂત્રપિંડની આગલી બાજુના સહવાસમાં આવે છે. દરેક મૂત્રપિંડના ઉપલા છેડા પર અધિવૃક્ક નામની એક ત્રિકોણાકાર નિ:સ્રોતરહિત રહેલી છે. તેમાની જમણી ગ્રંથિ યકૃતની નીચલી બાજુ સાથે, જ્યારે ડાબી ગ્રંથિ અગ્નિની નીચલી બાજુ સાથે સંબંધ ગણે છે. દરેક મૂત્રપિંડને ઊભો કાપ મૂકી ચીરી જોવાથી તેનું સ્થૂલ બંધારણ સમજાય છે અને સૂક્ષ્મદર્શક યંત્ર વડે તપાસવાથી તેનું સૂક્ષ્મ બંધારણ જોવાય છે. બધા દૃષ્ટકોણ ઉપરાંત મૂત્રપિંડની આસપાસ એક બીજે અરધીયાળો કોષ છે. આ અરધાનું પડ દૂર કરીએ ત્યારે મૂત્રપિંડ નજરે પડે છે બીજા આકારોની માફક મૂત્રપિંડોને તેમના સ્થાનમાં નિયત રાખવા કોઈ ખાસ બંધનો નથી. આસપાસના અવયવોનું દબાણ તથા આ અરધાનું ઢીલું પડ માત્ર તેમને નમની જગ્યાએ રાખે છે આ અરધીયાળા પડને લીધે જ પ્રાચીન શારીરવિદોએ તેમને મેદાવહસ્રોતના મૂળ તરીકે માન્યા હતા. મૂત્રપિંડનું સૂક્ષ્મ બંધારણ ઘણું વિસ્તૃત પમાડનારું છે. દરેક મૂત્રપિંડ અસંખ્ય નાના નાના મૂત્રઉત્પાદકોનો બનેલો છે. જાનુષ્કા નામની ધમનીઓ મહાધમનીની બાજુ ઉપરથી ઉદ્‌ભવ થઈ ને વૃક્કદ્વાર મારફતે મૂત્રપિંડોમા પેસે છે અને તેમને તાજું લોહી પૂરું પાડે છે. કોઈવાર જન્મથી જ એક મૂત્રપિંડ અત્યંત નાનો હોય છે અથવા તેના નિયત સ્થાનમા હોતો નથી. કોઈવાર બંને મૂત્રપિંડો પરસ્પર જોડાયેલા હોય છે. કેટલાકોક દુર્લભ કિસ્સાઓમાં નેમાં મોટે ભાગે ઓળામાં મૂત્રપિંડોની આસપાસ રહેલું અરધીનું પડ અત્યંત પાતળું થઈ જતા તે સ્થાનભ્રષ્ટ થઈ પેટમાં નીચે ઊતરી આવે છે. ગર્ભક્રિયાવડે મૂત્રપિંડને તેના સ્થાનમાં પાછો ગોઠવવામા આવે છે. બાજુ કે મોટરગાડી અથડાઈ જવાને પરિણામે અગર ઊંચેથી પડતા કે બહારથી સખત માર પડવાને લીધે મૂત્રપિંડને ઈજા થાય છે. તેથી પેટમાં લોહી તેમ જ પેશાબ ફેલાય છે. દરદીને તીવ્ર આઘાત લાગે છે અને પેટમા સોજો આવવાને લીધે કે અતિશય અધિરાઈવને પરિણામે અગર નજીકના અવયવને ઈજા પહોંચવાને પરિણામે દરદી મરણ પામે છે જો ઘા સામાન્ય હોય તો, દરદીને મૂત્રપિંડની જગ્યાએ થોડો દુખાવો થાય છે અને પેશાબમાં લોહી આવે છે. બહારની ઇજાને પરિણામે, મૂત્રપિંડના પોતાના રોગને પરિણામે અગર આસપાસ આવેલા આકારોના વ્યાધિઓને પરિણામે મૂત્રપિંડની આસપાસનાં અરધીયાંમાં પરમાં પરુ થાય છે. આ ગૂમડું પણ વૃક્કવિદ્રધિના એક પ્રકાર તરીકે ગણાય છે. મૂત્રપિંડની અંદર અરધી થયાથી, નીચે જણાવેલી વસ્તુઓથી સોજા ઉપર ફેલાવાથી, મૂત્રપિંડ.ન. કૃમિના જંતુઓ દાખલ થવાથી અથવા લોહી મારફતે તેમાં અન્ય જંતુઓ દાખલ થતાં નવી કોષ અંદર પરુ થાય છે, તે નીચે ઊતરી મૂત્રમાં ઠલવાય છે. આ વિકૃતિમાં દરદીને ઠંડી વાય ને તાવ આવે છે, પડખામા સૂળ કે દુખાવો થાય છે, દર્પો દર્પકે વારંવાર પેશાબ થાય છે તથા પેશાબમા લોહી અને પરુ જણાય છે. આ વિકૃતિનો સમાવેશ પણ વૃક્કવિદ્રધિમાં કરી શકાય. તેનું પ્રાચીન ગ્રંથોમા આકૃતકર્ણે સુશ્રુત કરવામા આવ્યું છે. તેવી એક અગ્નલની વિકૃતિ તે વૃક્કાસ્મરી છે, જેમાં મૂત્રપિંડની અંદર નાની મોટી એક કે અનેક પથરીઓ થાય. કોઇવાર તેઓ પોતા કરે કે ખાત પડી રહે. મૂત્રપિંડનો વરમ એટલે કે ગુરદાનો સોજો મધ્ય કાર પીવાથી કે મૂત્રપિંડ ઉપર વાગવાથી, તાવ કોલેરા કે ઓડિયા તાવથી, બહાર દવાઓ અને પદાર્થો વખતોવખત ખાવાથી અથવા ઝેરી લાગવાથી થાય છે. તેમાં વૃષણની ગોળી ઊંચી ચઢી જાય છે, તરસ ઘણી લાગે છે, પેશાબ લાલ, કાળો, થોડો થોડો ઊતરે છે અને ઝાડો કબજ થાય છે. ઝાકવાદ, જેશુદ્દિ અને બાવળો જેવાં ચિહ્નો જણાય છે.

મૂત્રપિંડપ્રદાહ [સં.] પું. મૂત્રપિંડમાં કોઈ પણ રોગને લઈને થતી બળતરા.

મૂત્રપીત [સં.] પું. સુવર્ણફૂલ વગેરે પીળાં ફૂલમાંથી કાઢેલો, પીળાશ પડતો તેવો પીળો રંગ.

મૂત્રપુટ [સં.] ન. મૂત્રાશય

મૂત્રપ્રદ [સં.] વિ. મૂત્રલ. મૂત્ર ઉત્પન્ન કરે કે વધુ કરે તેવું

મૂત્રપ્રસેક નલિકા [સં.] સ્ત્રી. મૂત્રની નળી. તે અસ્તિમાનું મૂત્ર શરીર બહાર લાવે છે. પુરુષની આ નળી એક વેત લાંબી હોય નસ્તિની અંદરના દ્વારથી જનનેંદ્રિયના અગ્રભાગ સુધી જનનેંદ્રિયની નીચેની બાજુની અસ્થિરેખામાં થઈને પસાર થાય છે તેની દીવાલ અત્યંત પાતળી હોઈ કુલ કેટલાની જ બનેલી છે. તેના ત્રણ ભાગ છેઃ તેમાનો પહેલો અસ્તિપારિક, વચલો મૂત્રજનનિક અને છેલ્લો શૈશ્મિક ભાગ તરીકે ઓળખાય છે. આ ત્રણમાનો પહેલો ભાગ સાથી પહોળો તથા બધારે વિસ્તૃત કરી શકાય તેવો હોઈ માત્ર બે આંગળ લાંબો છે તે અસ્તિના દ્વારથી પૌરુષગ્રંથિને મધ્યમાં ભેદીને આરપાર નીકળે છે તેને જોવાથી તેમાં ઊપરતા બંને શુક્રપ્રસેક નલિકાઓનાં છિદ્રો તેમ જ પૌરુષગ્રંથિના સૂક્ષ્મ સ્રોતોનાં છિદ્રો નજરે પડે છે. મૂત્રપ્રસેકનો વચલો ભાગ ફક્ત બે આંગળ લાંબો હોઈ મૂત્રાધાર પ્રદેશમાંથી પસાર થાય છે. તેની દીવાલ ઘણી પાતળી હોવાથી તે કર્ચાયત્ કલામય ભાગ તરીકે પણ ઓળખાય છે. ભગાસ્થિઓના સંધાન નીચે થઈને બહાર આવતા આ ભાગની આસપાસ મૂત્રદ્વાર સંકોચની નામની પેશીના તંતુઓ વીંટળાયેલા છે. ઔપસ્થિક ત્રિકોણને ઢાકનારી ત્રિકોણપ્રાવરણી નામની સ્થૂલ કલાને ભેદીને તે બહાર આવે છે. મૂત્રપ્રસેકનો છેલ્લો ભાગ સૌથી લાંબો હોઈ કલામય ભાગના ઊંડાથી મૂત્રપ્રસેકના બહારના દ્વાર સુધી લંબાયેલો છે. તેની બાજુની આજુબાજુ નવ આંગળ છે આ ભાગ જનનેંદ્રિયના તાંચણા ભાગને લાગેલો છે. જનનોંદ્રિયના મૂળમાં રહેલો તેનો શુક્રજાતનો ભાગ ગોળ દડા જેવો છે. તેની બહાર દરેક બાજુએ મજબૂત કાપ્પા જેવડી ત્રિઅનુલિપ્ત નામની એક એક ગ્રંથિ રહેલી છે. તેમના સ્રોત આ ભાગમાં ઊઘડે છે. ત્રિઅનુપ્તની અંદર રહેલો મૂત્રપ્રસેકનો ભાગ બધારે પહોળો થાય છે, પરંતુ તેનું બહિર્દ્વાર ઘણું સાંકડું છે. મૂત્રાધાર પ્રદેશમાં સખત ઈજા થવાથી કે ઓળિયાકાના હાડકાં ભાંગીને તેમાનો એકાદ કટકો મૂત્રપ્રસેકમા પેસી જવાથી તે તૂટે છે અને દરદીને તીવ્ર આઘાત લાગે છે તથા દુખાવો થાય છે અને આખા વૃષણકોષ પર ફરી વળે છે. તાત્કાલિક સારવારને પરિણામે દરદીને બચાવી શકાય છે; પરંતુ ઈજાવાળી જગ્યાએ મૂત્રપ્રસેક હમેશને માટે સાંકડો થઈ જાય છે. કોઈવાર નાનાં છોકરાઓ પેનસિલનો ટુકડો કે

દાંણથી આ માર્ગમાં ખોસી દે છે. કોઈવાર ત્યાં નાની પથરી પણ અટકી રહેલી માલૂમ પડે છે. આ પદાર્થોને લીધે દરદીનો પેશાબ વખતોવખત પ્રમાણમાં રોકાય છે. મૂત્રપ્રસેકમાં નાડીબંધ અથવા ક્ષારાર્શબંધ દાખલ કરીને તેમનું સ્થાન નિશ્ચિત કરી શકાય છે અને તેનો પદાર્થ બહારના દ્વાર નજીક હોય તો ચીપિયાદ્વારા અથવા તો મૂત્રપ્રસેકને ચીરીને પણ તેને બહાર કાઢી શકાય, નહિ તો ત્યાં પાકીને ગૂમડું થવાનો સંભવ રહે છે. પ્રદરથી પીડાતી સ્ત્રીના સંસર્ગથી, અશુદ્ધ મૈથિનારો દાખલ કરવાથી, પથરીને લીધે અથવા અતિક્ષાર આમ્લગુણવાળા મૂત્રથી મૂત્રપ્રસેકમાં સોજો આવી જાય છે. આ સોજામાં પૂયમેહનાં લક્ષણો હોવા છતાં એ પૂયમેહ નથી એ ખ્યાનમાં રાખવું. પૂયમેહમાં તો તેનાં જંતુઓ તેમાં દાખલ થઈને ઉપર જાય છે, દરદીને સખત બળતરા થાય છે તથા પેશાબ કરતાં મુશ્કેલી પડે છે અને પેશાબમાં પુયકણ પડ્યા થાય છે. ઉપર જતાં પૌરુષગ્રન્થિ, બસ્તિ, મૂત્રપિંડો તેમ જ શુક્રવિકારોમાં, શુક્રવાહિનીઓ તેમ જ વૃષણો વગેરે તેમાં ક્રમે ક્રમે સપડાય છે. શસ્ત્રવિદોની દૃષ્ટિએ મૂત્રપ્રસેકનલિકાનો સંકોચ બહુ ભયાવહ જેવી વિકૃતિ છે, કારણ કે મૂત્રસંગનું એ સૌથી વધારે આપક કારણ છે. કોઈવાર પૂયમેહ જેવા રોગને પરિણામે આકોપયુક્ત સંકોચ માલૂમ પડે છે. તે ચોડી ક્ષારવારને પરિણામે જતો રહે છે, પરંતુ જ્યારે એ રોગ જૂનો થાય છે ત્યારે તો મૂત્રપ્રસેકનો કાયમનો સંકોચ થઈ જાય છે ઉપરાંત એ માર્ગમાં ક્ષત કે ચાંદું પડે, અગર તે માર્ગ તૂટી જઈને દરીથી સંધાય તો તે જગાએ પણ કાયમનો સંકોચ થાય છે. મોટે ભાગે ત્રિકોષ્ઠ પ્રાવરણીની નીચે સંકોચ માલૂમ પડે છે, જ્યારે કોઈવાર કૈમિક ભાગમાં પણ માલૂમ પડે છે. કોઈવાર આ માર્ગ એક કરતાં વધારે સ્થળે સંકુચિત થયેલો હોય છે. પરિણામે દરદીને પેશાબ કરતાં મુશ્કેલી પડવા માંડે છે. પેશાબની ધાર એક સરખી હોતી નથી. તેને વારંવાર પેશાબ કરવા જવું પડે છે, છતાં તે બરાબર ઊતરતો ન હોવાથી, બસ્તિમાં તે જમા થાય છે. છેવટે મૂત્રસંગ થાય છે અને બસ્તિ કે મૂત્રપ્રસેક ફાટવાનો પ્રસંગ ઊભો થાય છે. જો ત્રિકોષ્ઠ પ્રાવરણીની ઉપર મૂત્રપ્રસેક ફાટે તો, પેશાબ શ્રોણિગુહાના તળિયામાં ફેલાય છે, પરંતુ જેમ મોટે ભાગે બને છે તેમ, તે પ્રાવરણીની નીચલી બાજુએ ફાટે તો, આખો મૂત્રાધારપ્રદેશ, વૃષણકોષ તથા ઉપરના તેના ઘણે ઠેકાણે છે અને પેશાબ ઊંચે, પેટની દિવાલ પર જમા છે. એ ભાગોની ચામડી સોજી પડી જાય છે દરદીને તાવ આવે છે. તેની નાડી ઊતાવળી આવે છે અને મૂત્રજન્ય વિષ તેના શરીરમાં ફરી વળે છે. આ સંકોચની સારવાર શસ્ત્રક્રિયા વડે કનેહદારીથી કરી શકે છે. ક્ષારાર્શ કે નાડીબંધ પસાર કરતાં, મૂત્રપ્રસેકની દિશા ખાસ ખ્યાનમાં રાખવા જેવી છે. ગુદનલિકા, બસ્તિ, મૂત્રપ્રસેક વગેરે અત્યંત પાસે હોવાથી ગુદનલિકામાં માંસાર્બુદ થતાં તેમની વચ્ચેની દીવાલ તૂટે છે અને પેશાબ સાથે મળમિશ્રિત મૂત્રપ્રસેકદ્વારા બહાર આવે છે. એ જ પ્રમાણે બસ્તિમાં અર્બુદ થતાં અગર પૌરુષગ્રન્થિના અર્બુદમાં પણ ઘણો પેશાબ પરસ્પર મળી જાય છે. ઓજોમાં આ નળી બહારે બે આંગળ લાંબી અને બાજુના અભ્યાસ જેટલી પહોળી હોય છે. તે બસ્તિની અંદરના મૂત્રદ્વારથી શરૂ થઈ, નીચે ઊતરી આગળ આવે છે. તે યોનિમાર્ગની આગલી દીવાલની બેડો લાગેલી કોર્ડ, ભગાસ્થિ સંધાનની નીચે થઈને પસાર થાય છે અને આગળ વધતા યોનિદ્વારની ઊંચે તથા સુહેજ આગળ, ભગાસ્થિમિત્રા નામના અવયવની નીચે તેનું બહિર્દ્વાર રહેલું છે

મૂત્રઆપક [સં.] પ્ર. પેશાબનું વિશિષ્ટ ગુરુત્વ નક્કી કરવા માટે વપરાતું નાનું, પાતળું, પ્રવાહી ભારમાપક યંત્ર. તેના ઉપર ૧,૦૦૦થી ૧,૦૪૦ સુધી વૈજ્ઞાનિક રીતે આંક પાડેલા હોય છે.

મૂત્રમાર્ગ [સં.] પું. અંદર શ્લેષ્મા અને બહાર સ્નાયુમય પડદાનો મૂત્રાશયથી તે છેક સ્ત્રીઓના ઉદા સુધીનો આશરે આઠ ઇંચ લાંબો પેશાબને વહેવાનો માર્ગ. તેના બહુ માઠેનો પહેલો ભાગ એક ઇંચ ઉપરાંત લાંબો છે. પ્રોસ્ટેટગ્રંથિમાં ઘોઢા આ ભાગમાં આવેલાં છે. બીજો ભાગ બેસણીના બંધનનાં બે પડની વચમાં હોય છે, જેની લંબાઈ એક ઇંચથી પણ ઓછી હોય છે. ત્રીજો ભાગ જે ૭ ઇંચ લાંબો છે, તે શિશ્નની મધ્યમાં આવેલ હોય છે. આનો મૂત્રમાર્ગ માત્ર દોઢ ઇંચ લંબાઈનો હોય છે. મૂત્રમાર્ગનો વરમ એટલે મૂત્રમાર્ગમાં તીક્ષ્ણ દાહ સાથે સોજો થવાનો રોગ. પરમાના ચેપથી, ગરમ પદાર્થો આવાથી, દારૂથી, મલિનતાથી, ક્ષારના ઝોબચિકાશની હદ નહિ રાખવાથી આ રોગ થાય છે. તે મટાડવા આદોણના કોરા તથા સોડા નાખ્યા ઉકાળેલા પાણીમાં બેસવું, ગરમ પાણીનું, પીપરીનું લેવું, હલકો ખોરાક લેવો, સારો ખોરાક રાખવો અને ગરમ પાનબસ્તિનો લાભ કરવો.

મૂત્રમુખ જુઓ મૂત્રદ્વાર.

મૂત્રરક્તસ્રાવ [સં.] પું. મૂત્રમાં લોહી જવું તે.

મૂત્રરંજક [સં.] પું પેશાબમાં રહેલો પીળો પદાર્થ પેશાબનો રંગ જરા પીળાશ પડતો હોય છે. આનું કારણ મૂત્રરંજક વગેરે પેશાબમાંના રંગો છે મૂત્ર એ મૂળ લોહીના રંગમાંથી નીકળે છે અને પિત્તના રંગની માફક તેમાં લોહીના તત્ત્વો હોતાં નથી. લોહી કલેજામાં ફરે છે ત્યારે ઘરડા રક્તકણ ત્યાં મરી જાય છે અને રક્તરંજક જુદું પડે છે. તેમાંથી લોહનો ભાગ કલેજામાં વપરાય જાય છે. લોહ સિવાયનો રંગીન પદાર્થ પિત્તમાંથી નીકળે છે, જે આંતરડામાં મલરંજક થાય છે મલરંજક ઝાડા વાટે બહાર નીકળે છે. પણ તે નીકળે તે પહેલાં લોહીમાં ફરતું ફરતું પેશાબ વાટે બહાર નીકળે છે. આને જ મૂત્રરંજક કહે છે.

મૂત્રરાગ [સં.] પું પેશાબનો રોગ. બાજ ફરીને મૂત્ર ઊપરાઊપરી થતું હોય તે; મધુપ્રમેહ; મૂત્ર સાથે વીર્ય જતું હોય તે.

મૂત્રલ ૧. વિ. મૂત્ર વધારે કરાવે તેવું; મૂત્રવર્ધક; નવ ભાવનાર

૨. વિ. મૂત્ર સબંધી.

મૂત્રલા સ્ત્રી. કાકડી. કેમકે તે મૂત્ર લાવે છે.

મૂત્રવર્ધક જુઓ મૂત્રલ.

મૂત્રવહસ્રોત [સં] પું. શરીરમાંથી પેશાબ લઈ જનારો માર્ગ. તેનો મૂળ ભાગ વાટકા જેવો મૂત્રજાલ ગોળ હોય છે. આ ભાગ દ્વારા મૂત્ર લોહીમાંથી છૂટું પડીને મૂત્રવહસ્રોતમાં ટીપે ટીપે દાખલ થતું હોવાથી તે મૂત્રોત્સિક્ત નામે ઓળખાય છે. એક આંગળી જેટલા પ્રદેશમાં આવી જેવું મૂત્રોત્સિક્તાઓ હોય છે. દરેક મૂત્રોત્સિક્તાઓનો વાટકા જેવો ભાગ ઋજુપટ નામની ઓળખાતી ઘમનીની એક અત્યંત ઝીણી શાખાના ગુચ્છાની આસપાસ ફરી વળેલો હોય છે. આ ઝીણી શાખા દ્વારા લોહી મૂત્રોત્સિક્ત પાસે આવે છે. અહીં શરીરને નુકસાનકારક અને એટલા જ માટે શરીરની બહાર જવા લાયક પ્રવાહી પદાર્થો તેમાંથી છૂટો પડે છે અને મૂત્ર તરીકે ઓળખાય છે. મૂત્ર તૈયાર કરવામાં આ મૂત્રોત્સિક્તના તળિયામાં તેમ જ કિનારાને વળગેલી સૂક્ષ્મ કલા મુખ્ય ભાગ ભજવે છે. આ મૂત્રભાગ વટાવ્યા પછી મૂત્રવહસ્રોત આંતરઢાની બાજુ ગૂંચળાં વાળે છે વક્રનલિકા તરીકે જાય છે. દરેક સ્રોતના આલંકુર્ધલિકાભાગ, પાશ્વભાગ, અંતઃકુર્ધલિકાભાગ તથા ઋજુભાગ એમ મુખ્ય ચાર ભાગ છે. આમાનો છેલ્લો ભાગ તદ્દન સીધો છે અને મૂત્રપિંડના અંદરના ભાગમાં એટલે કે અંતર્વસ્તુમાં નજરે પડે છે.

મૂત્રવાહિનીછેદન [સં.] ન. મૂત્રને લઈ જનારી નળીમાં વાઢકાપ.

મૂત્રવિજ્ઞાન [સં.] ન. મૂત્રપરીક્ષા ઉપર આયુર્વેદનો એ નામનો ગ્રંથ. તે અનુક્રમે ઋષિએ બનાવ્યો હોવાનું મનાય છે.

મૂત્રવિરેચન [સં.] ન. પેશાબનો છુટ્ટાબ.

મૂત્રવૈદ્ય [સં.] પું. મૂત્રવિજ્ઞાનો જાણનાર, વિકારક કે મિકિત્સક

મૂત્રશલાકા [સં.] સ્ત્રી. મૂત્ર ઉતારવા માટેની સળી.

મૂત્રશુક્ર [સં.] પું. પેશાબ સાથે વીર્ય જવાનો રોગ.

મૂત્રસાદ [સં.] પું. ઓના મુખ્યપણનો એક રોગ. તેમાં વાત, પિત્ત, કફના દોષથી મૂત્ર ખાટું બની પીળું, લાલ, ધોળું કે મોગેરંગના જેવું બળતરા સાથે થોડું થોડું ઊતરે છે.

મૂત્રસ્રાવ [સં.] પું. અનિચ્છાએ પેશાબ થવાનો રોગ: મોટી ઉમરનાં બાળકો કે માણસોનું ઊંઘમાં મૂતરી જવું તે. તે અટકાવવાને પીપર, સૂંઠ, મરી, એરંડમૂળ અને સિંધાલૂણનું ચૂર્ણ સાકરના પાકમાં ચટાડાય છે. ઝેરકોચલાંની રાખી પણ બહુ જ થોડી માત્રામાં અપાય છે.

મૂત્રા સ્ત્રી. દેવડાં પ્રાણીઓની માદાની જનનેંદ્રિય.

મૂત્રાગાર ૧. [સં.] ન. પેશાબ કરવાનું અને કરેલો પેશાબ થઈ જવા માટે સગવડતાવાળું વાસણ.

૨. ન. પેશાબ તપાસવા માટે કાચની અમુક આકારની શીશી.

૩. ન. બત્તીયો બનવા બહેર જગ્યા ઉપર ઘોડાની પેશાબ કરવાની સગવડતા સાચવવા માટે બનાવેલ બંધ હોદ જેવી ઊભી કરેલી બારસાના ઓપતળિયાવાળી કોટડી

મૂત્રાઘાત [સં.] પું. (વૈદક) પેશાબ બંધ થઈ જવા તેવો રોગ: મૂત્રાવરોધ: મૂત્રની ગાંઠ પડી જવાથી અથવા પથરી આડી આવવાથી પેશાબ બંધ થતો તે. આ રોગ મટાડવા સહેલ થાય તેવા ગરમ પાણીમાં કરદીને બેસાડવામાં આવે છે. આ રોગના ચાર પ્રકાર છે: (૧) વાતકુંડલી: તેમાં વાયુ કુપિત થઈને પેડુમાં કુંડાળાના આકારે ટકી રહે છે, જેથી પેશાબ બંધ થઈ જાય છે. (૨) વાતષ્ઠીલા: તેમાં વાયુ મૂત્ર દ્વારા કે પેડુમાં ગાંઠ કે ગોળાના આકારમાં થઈ પેશાબ અટકાવે છે. (૩) વાતબસ્તિ: તેમાં મૂત્રના વેગ સાથે જ પેડુનો વાયુ મૂત્રાશયનું મુખ રોકી રાખે છે. (૪) મૂત્રાતીત: તેમાં વારંવાર પેશાબ લાગે છે અને થોડો થોડો ઊતરે છે. (૫) મૂત્રજઠર: તેમાં મૂત્રનો પ્રવાહ રોકાવાથી અધોવાયુ કુપિત થઈને નાભિની નીચે પીડા ઉત્પન્ન કરે છે. (૬) મૂત્રોત્સંગ: તેમાં ઊતરેલો પેશાબ વાયુની અધિકતાથી મૂત્રનાલ કે પેડુમાં જોર વખત રોકાઈ જાય છે અને પછી બહુ વેગથી રોઈ રોઈ ચાર ચોઘડી સાથે નીકળે છે. (૭) મૂત્રક્ષય: તેમાં શુષ્કતાને કારણે વાયુ અને પિત્તના દોષથી દાહ થાય છે અને મૂત્ર સુકાઈ જાય છે. (૮) મૂત્રગ્રંથિ: તેમાં મૂત્રાશયના મુખની અંદર પથરીના જેવી ગાંઠ થઈ જાય છે અને પેશાબ કરવામાં બહુ જ કષ્ટ પડે છે. (૯) મૂત્રષ્ઠીલા: તેમાં મૂત્રની સાથે આમળા જેવડા વીર્ય પણ નીકળે છે. (૧૦) ઉષ્ણવાત: તેમાં આમાશય કે અંદરના પવિત્રમ કરવાથી અને ગરમી કે તડકો સહન કરવાથી પિત્ત કુપિત થઈને મૂત્રસ્થાનમાં વાયુ સાથે ભરાઈ થઈ જાય છે. તેમાં બળતરા થાય છે અને પેશાબ કાળકરના જેવો પીળો અને ઘોડ વાર ઘોડી ઘણેલો આવે છે. (૧૧) પિત્તજ મૂત્રોકસાદ: તેમાં પેશાબ કાર્ક બળતરા સાથે ઘાટો થઈને નીકળે છે અને સુકાઈ જવાથી ઓરોચનના ચૂર્ણ જેવો થઈ જાય છે. (૧૨) સહજ મૂત્રોકસાદ: તેમાં ગર્ભમાં અને બીજાનો પેશાબ પીડા સાથે ઊતરે છે.

મૂત્રાઘાતહરયોગ [સં.] પું. મૂત્રાઘાત ઉપર બનાવી એ નામની દવા. કાકડીનાં બીજ, ગોખરાનું ચૂર્ણ અને સિંધાલૂણ એ ત્રણ પાણીમાં પીવાથી મૂત્ર છૂટે એમ કહેવાય છે.

મૂત્રાતીત [સં.] પું. મૂત્ર કરવાની ઈંદ્રિયમાં બહુસ થવા છતાં મૂતર ઊતરે નહિ અથવા થોડું થોડું ઊતરે તેવો રોગ.

મૂત્રાધાર [સં.] પું. પેશાબની અને જનનની ઈંદ્રિયો જેમાં ખૂલે છે તેવો શરીરનો ભાગ.

મૂત્રાશ્મ [સં.] પું. મૂત્રનો તેજાબ. બધાંનો અને કૂટલાક પેટ ચલાવનારાં પ્રાણીઓના પેશાબમાં આ તેજાબ બધો જોવામાં આવે છે. તે મૂત્ર કેલ્કમાં બને છે. માણસમાં તો કોબમાંથી બનેલા પદાર્થમાંથી જેને કોલેસ્ટ્રૉલ જ કહે છે, તેમાંથી તે થાય છે. મૂત્રાશ્મ શરીરના બધાં જ્યાંથી તેમ જ ખોરાકમાંથી થાય છે. ઈંડાં વગેરેના ખોરાકથી તે પુષ્કળ બને છે. મૂત્રાશ્મ શરીરમાં બધો થાય તો પથરી, સંધિવા વગેરે રોગ થાય છે.

મૂત્રાવરોધ [સં.] પું. મૂત્રાઘાત: પેશાબ બંધ થવાપણું.

મૂત્રાશય ૧. [સં.] પું.ન પરપોટા: કોથળીના કુલેલી બીજ.

૨. પું.ન. (વૈદક) મૂત્રપિંડે કોહામાંથી છૂટું કરેલું મૂત્ર બહાર નીકળતાં પહેલાં એકઠું થાય છે તે કોથળી: મૂત્રને એકઠું થવા માટેનો અવયવ: કુકાં: 'બ્લેડર'. બહાર રસપડ, અંદર સ્નાયુ તથા અંદર શ્લેષ્માવરણની બનેલી આ થિલોબાકાર થેલી તેની અંદર પેશાબ ભરેલો હોય કે ખાલી હોય તેના પ્રમાણમાં નાની મોટી થાય છે. બધુ ચાર ઔંસ પ્રવાહી પદાર્થ ભરાય ત્યાંસુધી તે ફૂલી શકે છે. પેશાબ બહુ ભરાય ત્યારે તે ઊંડે નાભિથી પણ ઉપર જાય છે. તેની આગળ માત્ર અસ્થિ અને પાછળ સાદરો હોય છે. સ્ત્રીઓમાં તેની પાછળ ગર્ભાશય તથા યોનિ હોય છે મૂત્રાશયના ઉપરના ભાગને ઊર્ધ્વ ભાગ, વચ્ચેના ભાગને મધ્યભાગ અને નીચેના ભાગને ગ્રીવા કહે છે. મૂત્રાશયનાં દરવો બહારના ચોપડી થાય છે તે મટાડવા માટે અફીણ, ભાંગ, આમ્બે, ધતૂરો, સોમલ વગેરે દવાઓનો ત્યાગ કરવો જોઈએ. સદાચાર, સદ્વિચાર ને સાત્વિક ખોરાક સદ્યોતમ ઉપાય બધુ.ય છે.

મૂત્રાહ્વ ૧. ન ગાય, ભેંસ વગેરે ઢોરની યોનિ.

૨. ન. જ્યાંથી મૂત્ર બહાર પડે છે તે મૂત્રદ્વાર.

મૂત્રિત ૧. [સં.] ન. મૂત્રાશ્મનો ક્ષાર: મૂત્રક્ષાર: કોઢામાં રહેલો યુરિક એસિડનો ક્ષાર.

૨. કિ. મૂતરેલું: પેશાબ કરેલ.

૩. કિ. મૂતરવે નીકળી ગયેલું.

મૂત્રિલ જુઓ મૂતીવ

મૂત્રી સ્ત્રી. પેશાબખાનું: મુતરડી.

મૂત્રીય [સં] ન. માંસદ પદાર્થનું વિભાજન થાય તે વખતે પેશીમાં બનતો સફેદ્યર્થી દ્રવિત થઈ શકે તેવો રંગહીન સ્ફટિકમય સમુપ્રત પદાર્થ. આ પદાર્થને ગોઠવી ગુરદામાં લઈ જાય છે અને ત્યાં તે લોહીથી છૂટો પડીને મૂત્રરાટે બહાર નીકળી જાય છે. જે તત્ત્વોયુક્ત ખોરાક ખાધો હોય, તેમાંથી મૂત્રીય ઊદ્ભવે છે અને જરૂર પડી ત્યારબાદ વધુ કાર્ય પેશાબમાં પુષ્કળ જોવામાં આવે છે. સ્તનધારી પ્રાણીઓના પેશાબમાં પુષ્કળ રીતે અને તેમની જુદી જુદી ઈંદ્રિયોમાં, લોહીમાં અને બીજા પ્રવાહીઓમાં ઓછા જથ્થામાં સમાવેશ જરૂરી ઓજણી થાય તેવું રંગહીન પાસાવાળું સ્ફટિમય મૂત્રીય કહેવાય છે.

મૂત્રોત્સર્ગ ૧. [સં.] પું. મૂતરવું તે: પેશાબ કરવો તે.

૨. પું મૂત્રનું અત્યંત બીકું આવવું તે.

મૂત્રોત્સંગ [સં.] પું. બાર પ્રકારના એક પ્રકારનો મૂત્રઘાત.

મૂત્રોદર [સં.] ન. પેશાબની કોથળીમાં અને તેની કોષમય પેશીઓમાં પેશાબ જવાથી પેશાબમાં થતું ગૂમડું

મૂદર્શ ન. જાદુ; પ્રતિપક્ષી.

મૂન [અં] સ્ત્રી. ચંદ.

મૂનલાઇટ [અં.] ન. ચંદનું અજવાળું; ચાંદની.

મૂનલાઇટ ગેમ્બરિંગ [અં.] ન. ચંદના અજવાળામાં ઓઢા થઈને રમતો રમવી તથા પ્રીતિભોજન કરવું તે.

મૂનિયું ન. ઉપરચોટિયું આમઝાડ; મોનિયુ

મૂન્ય ન. ચૂપકી; મૌન.

મૂપાં ૧. સ્ત્રી. દક્ષિણ હિંદમાં વસતી એ નામની એક કોમ

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું

મૂમતી [સં. મુખપત્રી] સ્ત્રી. (જૈન) મુખ ઉપર બાંધવાનો લૂગડાનો ટુકડો.

મૂર ૧. પું. (પિંગળ) એ નામે વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં સત્તાવીસ ગુરુ અને દસ લઘુ મળી સાડત્રીસ વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.

૨. ન. અસલ કે મૂળ ધન.

૩. ન. એક જાતની વનસ્પતિ; જડીબુટ્ટી.

૪. [હિં.] ન. મૂળ, જડ.

૫. ન. મૂળ નક્ષત્ર.

૬. વિ. જીવ, જિંદગીરૂપી રમતમાં જીવને જીતવે મૂર બોલાય છે.

મૂરકવું ૧. અ. ક્રિ. અટકવું.

૨. અ. ક્રિ. નાશ પામવું; નષ્ટ થવું.

૩. અ. ક્રિ. પાણ કરવું; ચાંદુ થવું.

૪. અ. ક્રિ. દુરવું; ઘૂમવું.

૫. અ. ક્રિ. મરડાવું

મૂરકાવું ૧. અ ક્રિ. હસવું

૨. અ ક્રિ. નાશ કરવું.

૩. અ. ક્રિ. પાણ કરે તેમ કરવું.

૪. અ. ક્રિ. ફેરવવું; ઘુમાવવું.

૫. અ ક્રિ. મરડવું.

મૂરકી સ્ત્રી. (સંગીત) સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઉપજતો એક અલંકાર; મીંટકડી, મુરકાન.

૬. વિ. અભણ; અવિદ્વાન.

૭. વિ. અર્થ રહિત

૮. વિ. જ્ઞાનનો રહિત.

૯. વિ. રસાસ્વાદ સમજે નહિ તેવું.

૧૦. વિ. રીતભાત કે વિવેક વગરનું; અવિવેકી; અસભ્ય.

મૂરખ જુઓ મૂર્ખ.

મૂરખમાંડ સ્ત્રી. હઠ; જક્કોપણું.

મૂરખાઈ સ્ત્રી. મૂર્ખતા; મૂર્ખપણું

મૂરખું વિ. મૂરખ; અક્કલ વગરનું; બેવકૂફ.

મૂરછી ૧. સ્ત્રી. એ નામનો એક રોગ; કોસેરા

૨. સ્ત્રી. બેહોશી; મૂર્છા.

મૂરજાવું ૧. અ ક્રિ. કરમાવું; ગ્લાનિ પામવું; સુસ્ત થવું

૨. અ. ક્રિ. નબળા પડવું.

૩. અ. ક્રિ. ઝૂરવું.

૪. અ. ક્રિ. નિરાશ થવું; ખિન્ન થવું.

મૂરત ૧. સ્ત્રી. મહેરો.

૨. સ્ત્રી. ચિત્ર; છબી.

૩. [સં મૂર્તિ] સ્ત્રી. મૂર્તિ; પ્રતિમા.

૪. સ્ત્રી. બાંધણી; બાંધો; માણસ.

૫. ન. મુહૂર્ત; શુભ સમય.

પુનેમનો પડવો અને અમાસની બીજ,
બાકીનું મૂરત તેરસ ને બીજ.
ગોકુળ ગેરસ

૧. મૂરત કરવું-મંડાવું = (૧) કોઈ કામ આરંભવાનો શુભઘડી અનુકૂળ વખત નક્કી થવો. (૨) તેની ઉપર જ આધાર હોવો.

૨. મૂરત સાચવવું = નીમેલા કે બોલ્યા કરેલા સમયે કામ થઈ કરવું.

મૂરતી જુઓ મૂર્તિ.

મૂરતીવંતું ૧. વ. પોતે; ખુદ.

૨. વિ. મૂર્તિમંત; મૂર્તિમાન.

મૂરમ પું. રસ્તામાં વપરાતાં રોડાં કે પથ્થરના ટુકડા; મરડ; પહાડો તથા ખડક વગેરે મથાડીને બનેલાં કાંકરી

મૂરલી સ્ત્રી. મંદિરમાં દેવ પાસે નૃત્ય કરનારી સ્ત્રી, દેવદાસી

મૂરિ ૧. સ્ત્રી મૂળ; જડ.

૨. સ્ત્રી. વનસ્પતિ; જડીબુટ્ટી.

મૂરિયા ૧. સ્ત્રી. ખાંડણી એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

મૂર્ખ ૧. પું. (હિંદી) અડદ.

૨ પું. જંગલી મગ.

૩. પું નીચ માણસ.

૪. પું. બુદ્ધિ વગરનો માણસ.

૫. વિ અક્કલહીન; હોંશ; બેવકૂફ; મૂરખ, નાદાન; અજ્ઞાન; આવડત વગરનું; અણસમજુ; ઓછી બુદ્ધિનું; અલ્પ મતિમંદ; મૂઢ; અજાજ્ઞ. બીજાનું કહ્યું ન માનનું, ગર્વી, દુર્વચની, હઠાગ્રહી અને અવિચારી એ મૂર્ખના પાંચ લક્ષણ ગણાય છે

૧. મૂર્ખ દોસ્ત વેરીને ઠામ = મૂરખ જોડે કામ પાડે તે જ મૂરખ; નાદાનની દોસ્તી ઓર જ્ઞાન બન્ને નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો.

૨. મૂર્ખ માથે શિંગડાં ન હોયાં = મૂર્ખતાની ખાત્રી નિશાની કોની નથી; મૂર્ખનાં શિંગડાં જુદાં વસતાં નથી; મૂર્ખ જાતા રહેતા નથી; મૂર્ખ સારાસાર તારવી શકે નહિ; બેવકૂફ બોલી જાણે નહિ ને મૂંગો રહી જાણે નહિ

૩. મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો = મૂર્ખ મિત્ર દુશ્મનની ગરજ સારે.

૪. મૂર્ખની પણ શિખામણ સાંભળવી = મૂરખ પણ કયારેક જ્ઞાનીને ઉપયોગી થઈ પડે છે.

૫. મૂર્ખનું નામું ભીંતે = મૂરખ કોઈ દિવસ હિસાબ સમજતો નથી.

૬. મૂર્ખને કેટલી શીંગડાં હોય છે ? = મૂર્ખ જાનો રહેતો નથી.

૭. મૂર્ખને જ્ઞાન હોય, પણ ભાન ન હોય = સમજ્યા વિના બીજાનું કહ્યું માની લે પણ પોતાની અક્કલ વાપરે નહિ.

૮. મૂર્ખને ધીરજ રહે નહિ = મૂરખ કાર્યું કાચે; ઉતાવળા સો આવરા, ધીરા સો ગંભીર; ધીરજ ન રાખે તો મૂરખ કહ્યાય છે.

૯. મૂર્ખને હાથ ધન = જે કદી ઠરી ઠામું નથી એવું ધન. મૂરખ પાસે કદી ધન રહી શકતું નથી.

૧૦. મૂર્ખનો જમ-સરદાર = બહુ મોટો મૂરખ; બહુ જ ઓછી અક્કલવાળો.

મૂર્ખતા જુઓ મૂર્ખાઈ.

મૂર્ખત્વ જુઓ મૂર્ખાઈ

મૂર્ખચાડ પું. ચાપારો; ભકવાટ.

મૂર્ખશિરોમણિ વિ. મૂર્ખનો સરદાર; મૂર્ખનો શિરતાજ; બધો મૂર્ખ

મૂર્ખાઈ ૧. સ્ત્રી. અસભ્યતા; અવિવેક.

૨. સ્ત્રી. મૂર્ખતા; નાદાની; બેવકૂફી; મૂઢતા; અત વગત; અજ્ઞાન.

મોક્ષવિલાસ અર્થે જે પીંછહાનિ કરાય છે,
નરી મૂર્ખાઈ તે તો છે શરીરનો નિષેધ એ.
ગાપીગીતા

મૂર્ખાનંદ જુઓ મૂર્ખશિરોમણિ

મૂર્ખામી સ્ત્રી. મૂર્ખાઈ, નાદાની.

બંદૂકથી સરકારને પહોંચવાની વાત એ મૂર્ખામી છે. વીસમી સદીમાં

મૂર્ખું જુઓ મૂર્ખ.

મૂર્છે ૧. [સં.] અ ક્રિ. મૂર્છા પામવી; બેભાન થવું; બોહી વાર અગત કે બેભાન થઈ જવું; મતિભ્રમ થવો.
૨. સ. ક્રિ. વધવું.

મૂર્છક [સં.] વિ. મૂર્છા પમાડનાર.

મૂર્છન ૧. [સં.] ન. મૂર્છા પામવી તે; બેભાન થવું તે.
૨. ન. મોહ પામવો તે
૩. ન. વધવું તે.

મૂર્છના ૧. સ્ત્રી. ઔદીચ્યની સંજ્ઞાની સાર્થકતા સત્તા
૨. [સં. મૂર્છ્ (બેભાન થવું)] સ્ત્રી. ઘણા બોહી વાર માટે જ્ઞાન રહ્યું હોય તેવી સ્થિતિ; મૂર્છા; અચેતના; બેભાન અવસ્થા; મોહના; બેહોશી
૩. સ્ત્રી. મોહ પામવું તે.
૪ સ્ત્રી. સાત સ્વરોનો ક્રમસર આરોહઅવરોહ કે ચઢાવ; રાગ પ્રતિપાદક વાદી સ્વરને તેની જોડેના સ્વર સુધી લઈ જવો તે કે તેને કેળવવો તે. મૂર્છના શબ્દમાં ' મૂર્છ્ ' ધાતુ છે એનો અર્થ મોહ પામવું, વધવું, વ્યાપવું એવો થાય છે. એ ધાતુ ઉપરથી નારીજાતિવાચક મૂર્છના એ શબ્દ ઉત્પન્ન થયેલ છે. ગાયનશાસ્ત્રમાં એ શબ્દનો અર્થ એવો કરીબરાબો છે કે, જેના વડે રાગ મૂર્છા પામે, ઓટપે કે વધે, વિસ્તાર પામે અને વ્યાપે તે મૂર્છના. આ શબ્દના અર્થ પ્રમાણે એવી સ્વર રચના કરવામાં આવે છે કે જેથી કરીને રાગ વધે, તેનો પ્રસાર વધારે વિસ્તારવાળો થઈ શકે અને એ વિસ્તારથી સાંભળનારને આનંદ કે મોહ ઉત્પન્ન થાય. સંગીત રત્નાકરમાં તેને માટે એવી રીત આપી છે કે, પાંચ, છ કે સાત એમ આપણી મરજીમાં આવે તેટલા સ્વરો લઈને તેમનો ક્રમથી જે આરોહઅવરોહ કરવામાં આવે તે મૂર્છના કહેવાય. આપણે સાત સ્વર લઈને તેના ક્રમથી નીચે પ્રમાણે આરોહઅવરોહમાં સંગીતના ગ્રંથોમાં કરેલી રીત પ્રમાણે મૂર્છના કરી શકીએ:

ક્રમ	મૂર્છના	આરોહ	અવરોહ
૧	ઉત્તરમંદ્રા	સરિગમપધનિ	નિધપમગરિસ
૨	રજની	નિસરિગમપધ	ધપમગરિસનિ
૩	ઉત્તરાયતા	ધનિસરિગમપ	પમગરિસનિધ
૪	શુદ્ધષડ્જ	પધનિસરિગમ	મગરિસનિધપ
૫	મત્સરીકૃતા	મપધનિસરિગ	ગરિસનિધપમ
૬	અશ્વક્રાન્તા	ગમપધનિસરિ	રિસનિધપમગ
૭	અભિરુદ્ગતા	રિગમપધનિસ	સનિધપમગરિ

આ પ્રમાણે સાત પ્રકારે આરોહઅવરોહ થઈ શકે અને તે દરેક પ્રકાર તે એક એક મૂર્છના તરીકે ગણાય. આ ઉપરથી સમજી શકાશે કે, કોઈ પણ એક રાગ લઈ તેના જે સ્વર કોઈ તેને ઉપરના ક્રમથી ગાવા વગાડવામાં આવે તો તે રાગ વધે, વિસ્તાર પામે અને તેનો સાંભળનાર આનંદ પામે, માટે આવી અવસ્થાવાળા સ્વરોના આરોહઅવરોહને મૂર્છના એવું ખાસ નામ આપવામાં આવેલું છે. એવી જ રીતે પાંચ સ્વરો લઈએ તો તેની પાંચ મૂર્છનાઓ થશે, ૬ સ્વરો લઈએ તો ૬ મૂર્છનાઓ થશે. તે પાંચ, ૬ કે સાત સ્વરો જે ચઢાવ લેવામાં આવે અને તે ગાવામાં જે જે સ્વરો કોમળ કે તીવ્ર હશે, તે તે પ્રમાણે એ સ્વરો ક્રમથી રાખીને તેવા કોમળ તીવ્ર સ્વરોની મૂર્છનામાં યોજના કરવામાં આવે છે. ખાસ કરીને પદ્ધતિના ભેજરે માણસ રાગોની સરખામણી કરીને આ મૂર્છનાના તત્ત્વ સાથે કરી શકાય તેમ છે, પરંતુ સર્વ રીતે તો નહિ જ. આ પ્રમાણે આ તત્ત્વ ઉપર પ્રાચીન કાળમાં મૂર્છનાની રચના સ્વીકારાએલી હતી. પરંતુ ત્યાર પછીના તાનસેનાદિ પ્રયોગકારોએ જુદો જ માર્ગ સ્વીકારીને એમ બતાવેલું છે કે જ્યાં શ્રુતિનો વિશ્રામ હોય છે ત્યાં જ મૂર્છના વસે છે. એ જ આશયને લઈને સંગીત દામોદર નામના ગ્રંથમાં રાગનો પ્રતિપાદક સ્વર જ્યાં મૂર્છા પામે તે મૂર્છના એમ કહ્યું છે. હનુમાનના મત પ્રમાણે, એક સ્વરનું તેની જોડેના સ્વર સુધી જઈ વિશ્રામ પામવું તે મૂર્છનાનું લક્ષણ છે. ભરતના મત પ્રમાણે ગાયનમાં અથવા વાદ્યોમાં સ્વરોને જે કેળવવો તે મૂર્છના કહેવાય છે એમ જુદા જુદા ગ્રંથોનો આશય ધ્યાનમાં લેતાં સાત સ્વરોનો ક્રમથી આરોહઅવરોહ કરવાથી રાગ વધે છે અને તે વિસ્તાર પામે છે. ગ્રામના સાતમા ભાગનું નામ મૂર્છના છે.ભરતના મત પ્રમાણે જાતી વખતે ગ્રામને કેળવવાથી જ મૂર્છના થાય છે. કોઈ કોઈનો મત છે કે સ્વરના સપ્તમ વિશ્રામને જ મૂર્છના કહે છે. ગ્રામ બધ્ધ હોવાથી તેની ૨૧ મૂર્છનાઓ થાય છે, જેનાં નામ આ પ્રમાણે છે: ષડ્જ ગ્રામની સાત મૂર્છના ઉત્તરા, રજની, ઉત્તરાયણી, શુદ્ધષડ્જા, મત્સરીકૃતા, અશ્વક્રાંતા, અભિરુદ્ગતા, સૌવીરી, હરિશ્વાસા, કપોલનતા, શુદ્ધમધ્યા, માર્ગી, પૌરવી, અદાક્રિની, નંદા, વિશાલા, સોમપી, વિચિત્રા, રોહિણી, સુખા અને અલાપી

મૂર્છા ૧. સ્ત્રી. કુંભક પ્રાણાયામનો એ નામનો એક પ્રકાર. પદ્માસને બેસી, ઠોક સીધી રાખી પ્રથમ ઈડા નાડી વાટે પૂરક કરીને તેના અંતમાં દૃઢ જલંધરબંધ કરવો અને બંને હાથના બંને અંગૂઠાથી બંને કાન, બંને તર્જનીથી બંને આંખો, બંને મધ્યમાથી નાક ને બાકીની આગળીઓથી મોઢું બંધ કરી યથાશક્તિ કુંભક કરવો તે પછી ધીમે ધીમે જલંધરબંધ સહિત જ નાસિકારંધ્ર જીભના છિદ્ર દ્વારા રેચક કરવો. આ કુંભક મનને મૂર્છા પમાડે છે, માટે તેનું નામ મૂર્છા એવું પાડેલું છે. કોઈ યોગીઓ આ કુંભકને પશુમુખીમુદ્રા પણ કહે છે. આ કુંભક સાધકને ચિત્તસંક્ષોભના નાશ દ્વારા સાત્વિક સુખ આપનાર છે. આ પ્રાણાયામમાં રેચક વખતે બંધ નેત્રનો ભ્રૂસ્થાનમાં પ્રાણતત્ત્વનો શ્વેત, લીલો, કાળો અને લાલ પ્રકાશ દેખવામાં આવે છે.
૨ સ્ત્રી. ધાતુઓનું મિશ્રણ કરવું તે.
૩. [સં.] સ્ત્રી. મૂર્છનાનું; બેસુધી; બેભાન અવસ્થા; કોઈ રોગાદિકને કારણે અથવા એવો કોઈ આઘાત લાગવાથી બેભાન થઈ જવું તે; તંદ્રા; અચેતના; બેહોશી; નષ્ટ ચેતના. આયુર્વેદમાં મૂર્છા રોગના કારણ કહેલાં છે કે વિરુદ્ધ પદાર્થનું ખાવું, મણમૂત્રના વેગને રોકવો, અભિઘાત વડે શિર વગેરે નર્મસ્થાનોમાં ચોટ લાગવી અથવા સત્ત્વગુણોનો સ્વાભાવિક અભાવ થવો. આ બધાં કારણોને લીધે વાતાદિ દોષ મનમાં પ્રવિષ્ટ થઈને અથવા જે નાડીઓ દ્વારા ઇંદ્રિયો અને મનનો વ્યાપાર ચાલે છે તેમાં અધિષ્ઠિત થઈને તમોગુણની વૃદ્ધિ કરી મૂર્છા ઉત્પન્ન કરે છે. મૂર્છા આવતાં પહેલાં શિથિલતા આવે છે, બગાસાં આવવા માંડે છે અને કોઈ કોઈ વાર માથામાં તથા હૃદયમાં પીડા પણ થાય છે. મૂર્છા રોગના સાત પ્રકાર કહેલા છે: વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, રક્તજ, મદ્યજ અને વિષજ. વાતજ મૂર્છામાં દરદીને પહેલાં આકાશ આસમાની કે કાળું દેખાય છે અને તે બેહોશ થઈ જાય છે. પછી ધીરેધીરે હોશમાં આવે છે. તેનાં કંપ અને અંગમાં પીડા થાય છે અને શરીર દુબળું તથા કાળું પડી જાય છે. પિત્તજ મૂર્છામાં ભાન થતા પહેલા આકાશ લાલ, પીળું કે લીલું દેખાય છે, મૂર્છા છૂટતી વખતે આંખો લાલ થઈ જાય છે, શરીરમાં ગરમી જણાય છે, તરસ લાગે છે અને અને શરીર પીળું પડી જાય છે. શ્લેષ્મજ કે

કરજ મૂર્ચ્છામાં રોગી સ્વસ્થ આકારને પણ વાદળાઓથી ઘેરાયેલું અને અંધકાર દેખતાં દેખતાં બેભાન થઈ જાય છે અને ઘણીવાર પછી ઠોકમાં આવે છે. મૂર્ચ્છા ક્ષણની વખતે શરીર ઠંડું અને બારે જણાય છે અને પેશાબ તથા ઊલટી કરવાની ઇચ્છા થાય છે સન્નિપાતજમાં ઉપર્યુક્ત ત્રણે લક્ષણો મરણકાળ પ્રકટ થાય છે અને વાઈના રોગીની જેમ દરદી અકસ્માત જમીન ઉપર પટકાઈ પડે છે અને ઘણીવાર પછી ભાનમાં આવે છે વર્ષના દરદમાં ને આમાં ફેર એટલો કે આમાં મોઢામાંથી ફીણ નીકળતાં નથી અને દાંતની ઠોઢ વળી જતી નથી. રક્તજ મૂર્ચ્છામાં આંખ ઝાંખી બને છે, દૃષ્ટિ સ્થિર થઈ જાય છે અને શ્વાસ બરાબર આવતો જણાતો નથી. મજ્જા મૂર્ચ્છામાં દરદી હાથપગ પછાડતો અને જેમ તેમ બકતો ભૂમિ ઉપર પડી જાય છે. વિષજ મૂર્ચ્છામાં કંપ, તરસ અને ઊંઘ આવતી જણાય છે તથા જેવું વિષ હોય તે અનુસાર ભીન્ન પણ લક્ષણ દેખાય છે. મૂર્ચ્છાનાં કારણ અનેક હોય છે. તે માટેનું એક એ છે કે, મજ્જાના અમુક ભાગને લોહી મળતું નથી. એકાએક આવેશ અથવા લાગણીથી રક્તવાહિનીઓ સંકોચાઈ જાય છે. ગાંઠ વગેરે લોહી પહોંચવું ન હોવાથી પરિણામ એ આવે છે કે માણસ લોહી વગરનું ફિક્કું માલૂમ પડે છે. આમ થવાથી માણસ જમીન ઉપર પડી જાય છે. જમીન ઉપરનું પતન મૂર્ચ્છાને માટે કુદરતી ઉપચાર છે. કારણ કે, જ્યારે માણસ ઊભું હોય તેના કરતાં જમીન ઉપર સપાટ પડ્યું હોય ત્યારે મજ્જામાં લોહી જલ્દ વધારે સહેલું થઈ પડે છે. જ્યારે માણસને મૂર્ચ્છા આવે ત્યારે તેને નીચે સુવડાવી રાખવો જોઈએ. જ્યાંસુધી ભાન ન આવે ત્યાંસુધી માથું નીચું રાખવું જોઈએ. સામાન્ય રીતે મૂર્ચ્છા મજ્જાને લોહી ઓછું મળવાથી થાય છે. જ્યારે હૃદય ધીમે અથવા નબળી રીતે કામ કરે છે અને રક્તવાહિનીઓ મંદ પડી જાય છે ત્યારે આપણે ગરમીદ્વારા અથવા કોઈપણ જ્ઞાનેંદ્રિયથી મજ્જાને સહેલા મોકલી હૃદયને ઉત્તેજિત કરી શકીએ. ગરમી ઉપર વાતો કરો પવન અથવા મોટો અવાજ મૂર્ચ્છા દૂર કરશે. મૂર્ચ્છાને સમયે તાત્કાલિક ઉપાય તરીકે દરદીને અનુકૂળ સ્થળે સુવાડો. જો પછી આજુબાજુ ઊભેલા ઘણાં માણસોને દૂર કરો. દરદીને શુદ્ધ હવા મળે તે માટે તેમને હાથના પંખાથી હવા નાખો. કપડાં સખ્ત પહેરેલાં હોય તો બટન ઢીલાં કરીને કપડાંને ખુલ્લાં કરો અને પૂરતી હવા આવા કરીરને મળે તેવી ગોઠવણ કરો. દરદીના મોં ઉપર થોડું થોડું પાણી છાંટો. પાણી છાંટતી વખતે એક વાત યાદ રાખવા જેવી છે કે, વરસે પડતું ઠંડું પાણી છાંટવાથી દરદીને ફાયદો ન થાય પણ ઊલટા ગેરલાભ થવા સંભવ રહે છે. (વખતે એમોનિયા મીઠું અથવા સુંઘવાનું બીજું જે દવાખાનાંમાં હોય છે તે) સુંઘાડવું અથવા દુઃખીને ઢૂંઢીને સુંઘાડવી અત્તર સુંઘવું અત્તર નાક પાસે ધરીને શ્વાસ લે તેમ કરવું જ્યારે દરદી શુદ્ધિમાં આવે ત્યારે ઠંડા પાણીથી ભરેલા પ્યાલામાં અર્ધું લીંબુ નીચોવીને એને પીવા આપવું. આટલું કરવાથી મૂર્ચ્છા પામેલ માણસને રાહત મળશે.

૧. મૂર્ચ્છા આવવી–ખાવી = બેભાન અવસ્થા થવી

૨. મૂર્ચ્છા વળવી = બેભાન અવસ્થામાંથી મુક્ત થવું. ભાન આવવું. ચેતન આવવું

૪. સ્ત્રી [સં.] આર્કંદ્રા

૫. સ્ત્રી. વધારો. વધવું તે

૬. સ્ત્રી. (સંગીત) સ્વરોનો આરોહ અવરોહ; મૂર્ચ્છના; અવાજ કે સૂરનું ઊંચે ચડવું તે

મૂર્ચ્છાર્દ્ર સ્ત્રી. ભડાર્દ; ખોટાં વખાણ

મૂર્ચ્છાકુંભક (સં.) પું. પ્રાણાયામનો એક પ્રકાર. જુઓ મૂર્ચ્છા ૧.

મૂર્ચ્છાજિત [સં.] પું. જ્ઞાનમાં આવવું તે.

મૂર્ચ્છાલિ [સં.] વિ. બેહોશ; મૂર્ચ્છા પામેલું; બેભાન

મૂર્ચ્છાવસ્થા વિ. મૂર્છિતતા; મૂર્ચ્છા આવેલી હોય એવું

મૂર્ચ્છાવસ્થા [સં.] સ્ત્રી. બેહોશદશા; મૂર્છાવસ્થા; બેભાન સ્થિતિ.

મૂર્ચ્છાવું જ વિ. મૂર્ચ્છામાં પડવું

મૂર્ચ્છા ગત [મૂર્ચ્છા (મોહ) + ગત (ગયેલું)] વિ. મૂર્ચ્છામાં પડેલું; મૂર્છિતતા; બેભાન. મૂર્છિત. પામેલું. મગજ ઉપર કોઈ જાતનો આઘાત કે આવેશ જાગવાથી અચેત થઈ ગયેલું. બેહોશ

મૂર્છિત ૧. વિ. ઊંચે ચડેલું

૨. વિ. પૂર્ણ. ભરેલ

૩. વિ. મિશ્રિત.

૪. વિ. મૂર્ખ. અક્કલ વગરનું.

૫. [સં.] વિ. મૂર્ચ્છામાં પડેલું. બેભાન; અચેત થઈ ગયેલું. બેહોશ; બેસુધ.

૬. વિ. ચડેલું; વૃદ્ધિ પામેલું

મૂર્છક [સં.] વિ. મૂર્ચ્છા પમાડનાર

મૂર્છતા સ્ત્રી. કામશાસ્ત્ર પ્રમાણે વ્યસનનો એક પ્રકાર.

મૂર્છના જુઓ મૂર્ચ્છના.

મૂર્છાઈ ૧. સ્ત્રી. ગાંડપણ; ઉન્માદ.

આપણે આ પ્રશ્નને મૂર્છાઈ તરીકે જ ઓળખી શકીએ. આપીલ

૨. સ્ત્રી. ભડાર્દ; ખોટાં વખાણ; મૂર્ચ્છામાં આવી જવું તે.

મૂર્છાવું જુઓ મૂર્ચ્છાવું

મૂર્છિત ૧. [સં.] વિ. મૂર્ચ્છા પામેલું; બેભાન.

૨. વિ. મૂઢ

૩ વિ. વધેલું; વૃદ્ધિ પામેલું.

મૂર્છી સ્ત્રી. એક જાતનો રોગ.

મૂર્ત ૧. ન. બે ઘડીનો કાળ; મુહૂર્ત.

૨. વિ. ઘટ્ટ.

૩. વિ. મૂર્ખ. અજ્ઞાન.

૪. વિ. મૂર્ચ્છિતતા; બેભાનતા; બેસુધ.

૫. [સં.] વિ. મૂર્તિમાન; જેને આકાર હોય એવું; સાકાર; દેહ ધારણ કરેલું; સ્વરૂપ ધારણ કરેલું; રચેલું.

૬ વિ. વાસ્તવ; વાસ્તવિક; પ્રત્યક્ષ.

૭ વિ. સખ્ત. કઠણ

૮. વિ. સાચું; સત્ય

મૂર્તઅર્થશાસ્ત્ર [સં.] ન. વર્તમાન અર્થશાસ્ત્ર.

મૂર્તતા જુઓ મૂર્તત્વ.

મૂર્તત્વ [સં.] ન. ચોક્કસ આકાર, મૂર્તિ કે પ્રમાણ હોવાપણું; મૂર્ત હોવું તે.

મૂર્તમાપકયંત્ર [સં.] ન. ત્રિપરિમાણ જાણવાનું એક યંત્ર.

મૂર્તય પું. (પુરાણ) સોમવંશી વિજયકુલોત્પન્ન કૃત અથવા કૃતિકા રાજાના ચાર ભાઈનો બીજો પુત્ર. તેનું કોઈ પુરાણમાં અમૂર્તરજા અને કોઈ પુરાણમાં અમૂર્તરજા એવું નામ મળી આવે છે. તેના સ્થાપેલા નગરનું ધર્મારણ્ય એવું નામ હતું

મૂર્તરાશિ પું. વર્તમાન અંકનો

મૂર્તસંજ્ઞાત્મકકાળ [સં.] પું. કાળનું એક માપ; અતિસૂક્ષ્મ કાળમાપ. માનવીય ગોલક અથવા સમચક્ર ગોલકનું અતિસૂક્ષ્મ કાળમાપ આ પ્રમાણે છે: સૌર પૃથ્વીને એક અંક ગણવા માટે સાધનમાન પ્રમાણે સ્થૂલ દૃષ્ટિએ એક અહોરાત્રિ થાય છે. તેટલા સમયમાં માનવીય ગોલક અર્થાત્ ૩૩ ગોલક ૪૬૦ અંશે ફરી રહે છે. એટલે ૩૩ ગોલકનાં ૪૬૦ અંશે થાય છે.

પુદ્ગલ નિમેષાદિ અપૂર્વ સંજ્ઞાત્મક કાળ તથા પ્રમાણાદિ પૂર્વ સંજ્ઞાત્મક કાળનું પરસ્પર પ્રમાણ

ક્રમ	સૂક્ષ્મ માનવીય કાળ દર્શાવતી કલ્પનાઓ	પ્રતિ પ્રતિવિકલ્પ	નિમેષ	પ્રતિવિકલ્પ	કાષ્ઠા	વિકલ્પ	ઘડી	ક્ષણ	ક્ષણોત્પત્તિ	પૂરી ક્રિયા નાડી	પલ્ય ક્રિયા વિનાડી	અયુત ક્રિયા પ્રાપ્ત	વિપલ ક્રિયા પુર્વેક્ષર	પ્રતિવિપલ્પ	પ્રતિપ્રતિવિકલ્પ	લક્ષ ક્રિયા મનુષ્ય કાળ દર્શાવતી કલ્પનાઓ	ક્રમ
૧	પ્રતિપ્રતિવિકલ્પ	૧ માનવીય સોહક ક્રિયા અંશાત્મક તથા લક્ષ સોહક અને સૌરસાધનનું સોહકનું પરસ્પર પ્રમાણ = માનવીય સોહક ક્રિયા અંશ ગણના ૩૧૦													૧	પ્રતિપ્રતિવિકલ્પ	૧
૨	નિમેષ	૧૨½	૧ અંશ માત્ર ૧ વર્ષ = લક્ષ સોહક ૧ અંશ ક્રિયા વિવક્ષા લક્ષ સોહકના ૩૧૦ અંશો ક્રિયા સોહ વર્ષ =										૧		૧૦	પ્રતિવિકલ્પ	૨
૩	પ્રતિવિકલ્પ	૧૦	૮૦	૧ સૌરનો સોહ અંશ ક્રિયા જ્ઞાપનનો ૧ દિવસ અહોરાત્રિ = ૧ × ૩૧૦ × ૩૧૦ અર્થાત્ સોહ									૧	૧૦	૩૧૦૦	વિપલ ક્રિયા પુર્વેક્ષર	૩
૪	ક્ષણ	૨૪૦	૧૮	૧૪	૧ સૌર અંશ ક્રિયા જ્ઞાપન અહોરાત્રિ ચારસ અંશ ચક્ર પ્રમાણે							૧	૧૦	૧૦૦	૩૧૦૦૦	અયુત ક્રિયા પ્રાપ્ત	૪
૫	વિકલ્પ	૩૧૦૦	૨૩૦	૧૦	૧૫	૧ માનવીય સૂક્ષ્મમાનના ૩૧૦ વર્ષો						૧	૧૦	૩૧૦૦	૨૩૧૦૦૦૦	પલ્ય ક્રિયા વિનાડી	૫
						થાય ત્યારે છે. આ પોલ્લે વિકોતરી											
૬	ઘડી	૨૩૧૦૦૦	૧૬૨૦૦	૩૧૦૦	૬૦૦	૧૦	૧ દશની રચના બનેલી	૧	૧૦	૩૧૦	૩૧૦૦	૨૩૧૦૦૦	૨૩૧૦૦૦૦	૧૨૬૧૦૦૦૦	૭૭૭૧૦૦૦૦૦૦	પૂરી ક્રિયા નાડી	૬
						છે. એક અહોરાત્રિમાં											
૭	અહો	૧૨૬૧૦૦૦૦	૪૩૨૦૦૦	૨૩૧૦૦૦	૪૪૦૦૦	૩૧૦૦	૧૦	૧	૧	૧૦	૩૧૦૦	૨૩૧૦૦૦	૨૩૧૦૦૦૦	૧૨૬૧૦૦૦૦	૭૭૭૧૦૦૦૦૦૦	અહોરાત્રિ	૭

૨૭ નક્ષત્રો અને ૨૮ ૬ નક્ષત્રે ૧૨૦ વર્ષો એ પોલ્લે ૨૭ નક્ષત્રમા ૩૧૦ વર્ષો આવેલ છે

સૂચના—૧) આ કોષ્ટકથી માનવીયોના અતિ સૂક્ષ્મ કાળની કલ્પના આવી શકશે. ૨) સૌર અહનો એક અંશ ક્રિયા જ્ઞાપનમાન પ્રમાણે એક અહોરાત્રિ થાય છે. તદ્દન વખતમા આ અગત્યર માનવીય કાળોના એકત્ર લક્ષ સોહકના ૩૧૦ અંશો થાય છે. અર્થાત્ એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય પર્યંત ભ્રમણે પ ઘડિ ક્રિયા નાડીએ એક ક્ષ ભ્રમણ થાય છે, પૂર્વ જે શશિમંડલમાં ૬૫ ને લક્ષ સૂર્યોદય વખતે રહ્યા થાય છે એ, માન પૃથ્વી મધ્યેના મરાત્તર-અભ્યન્તર-મનુષ્યોને માટે બધુ નેમા અસ્તિત્વમાન ૬૫૨ માનવીય કાળોના, અસંખ્ય સોહકોનો સમાવેશ થાય છે. તાત્પર્ય આ પ્રકારના અસંખ્ય ૫ માણ ક્રિયા ચારિત્ર સૂક્ષ્મકાળ કલ્પોના પુંજનો સમૂહ જાણી જેમ પલક ક્રિયા ફેરવી જલેલી જોવામાં આવે છે, તેમ અત્યાર મનુષ્ય પ્રાણીઓના અસંખ્ય ગોલકોના સમકક્ષરૂપ પુંજથી આ સત્વન ક્રિયા સૌરમાળનો સોહક બનેલો છે તેને લક્ષમાન ક્રિયા માનવીય ના સોહક કહે છે. તે સોહકની અંદર પરમાણુ ક્રિયા રજકણોની આઠ ૬૫૬ મનુષ્યનો એક સોહક એવા અસંખ્ય સોહકો મળી આ લક્ષમાન ક્રિયા સમસ્ત માનવીઓનો સોહક બનેલો છે. ૩) મનુષ્ય સોહક ક્રિયા અંશમાન—પૃથ્વીની સપાટી ઉપર બંને ધ્રુવો ૬૫.૨ ૦ પહોળે જાણુ રહેલુ તથા બંને ધ્રુવ લક્ષ્ય કરવા આઠ પત્રથી માંડીને આવા કરોડા અને લક્ષથી અર્થાત્ પૂરી આઠ છે તે મર્યાદાથી એક સોહક કોલ્પે એટલે જે લક્ષસોહ થશે તે મનુષ્ય સોહક ક્રિયા અંશમાન સમજવુ આ સોહક ૩૧૦ વખતે એટલે એક આખું અહ કરી રહે છે ત્યારે ઉપરના સમસ્ત માનવીય સોહક ક્રિયા લક્ષમાન સોહકનો કુલ એક અંશ ક્રિયા. ૧ માનવીય અહોરાત્રિ થાય છે. તથા આ લક્ષમાનનો સોહક અત્યારે ૩૧૦ અંશો ક્રિયા માનવીસોહ એક વર્ષ જેટલુ કરી રહે છે ત્યારે સૌરમાનનો એક અંશ ક્રિયા જ્ઞાપનમાન પ્રમાણે એક અહોરાત્રિ અર્થાત્ વ્યવહારમાં જે દિવસ રાત્રિ કહેવાય છે તે થાય છે. ટીપ—આમા આપેલું સૌર તથા જ્ઞાપનમાન એકસરખુ જ સમજવાનું નથી તે સ્પષ્ટતા સિદ્ધ રીતે સમજવા આ પત્રક તો ઓરોની સ્થૂલ કલ્પનાને માટે જ આપવામા આવેલું છે. આ ઉપરથી બુદ્ધિમાનોને સૂક્ષ્મકાળની કલ્પના આવી શકશે

મૂર્તિ ૧ પું (પિંગ) એ નામે એક અર્ધસમમાત્રામેળ છંદ. તે જગણવાળી આર્યા છંદનો બેદ છે. તેમાં અગિયાર ગુરુ અને પાંત્રીસ લઘુ મળી છેતાળીસ વર્ણ હોય છે

૨. પું. વસિષ્ઠને અરુંધતીથી થયેલ સાત ઋષિનો એક પુત્ર.

૩. પું. હવે પછી થનારા વૈવસ્વતમન્વંતરના સપ્તર્ષિ ઋષિનો એક ઋષિ.

૪. સ્ત્રી. એ નામની એક રમત. તેમાં બે થી વીસ બાળકો રમી શકે છે. સાધનમાં કોઈ પણ વાદ્ય ખંજરી, હોકો અથવા વાજું રાખવામાં આવે છે. સભ્યોના પ્રમાણમાં અથવા અગાઉ વર્તુળની અંદર રમનાર સૌ આડાઅવળા ઊભા રહે છે. રમત શરૂ કરતાં ત્રિપુટક વર્તુળ બહાર ઊભા રહીને ખંજરી વગાડે છે. ખંજરી વાગે એટલે રમનાર બાળકો નાચવા કૂદવા માંડે. થોડીવારે ખંજરી બંધ કરવામાં આવે છે એ વખતે જે સ્થિતિમાં હોય તેમજ સૌ બાળકોના વજન રિયર થઈ જાય છે. જે કોઈ જણ તેને રમતમાંથી બાદ કરવામાં આવે છે. આ પ્રમાણે થોડીક વાર રિયર રહ્યા પછી વળી પાછી ખંજરી વગાડવામાં આવે છે. ખંજરી વાગતાં સૌ નાચવા કૂદવા માંડે છે. આમ વારંવાર ખંજરી વગાડવામાં આવે છે અને બંધ કરવામાં આવે છે. આ પ્રમાણે એક જણ રહેતાં સુધી રમત ચાલુ રાખવામાં આવે છે. રમતી વખતે કોઈએ કોઈનું જોવું જોઈએ નહિ કે કોઈએ એકબીજા સાથે અથડાવું કે પકડાપકડી કરવી જોઈએ નહિ એટલું જ નહિ કોઈએ રહેવું નહિ. વર્તુળની બહાર જવું નહિ. કૂદવું, દોડવું, ચાર પગે ચાલવું, નાચવું વગેરે ક્રિયા કરી શકાય છે. આ રમતથી અતિમાન શરીરને રિયર રાખી હાનુ મેળવી શકાય છે. છૂટથી શરીરનું હલનચલન કરી શકાય છે

૫. સ્ત્રી. કઠિનતા; કઠણપણું.

૬. સ્ત્રી. ઢાલ; તરવાર

૭. સ્ત્રી. જાવા; પ્રતિ રૂપ; કોઈ પણ ચીજનો તેને મળતો આકાર.

૮. સ્ત્રી. જણ, વ્યક્તિ.

૯. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની દીકરી. તે ધર્મ નામના પ્રજાપતિને વરી હતી. તેને વિષે નારાયણ અને નર એવા બે સ્વરૂપે જગન્નાથ ઉત્પન્ન થયા હતા.

૧૦. સ્ત્રી. ધાતુ, પથ્થર, દાંત, લાકડું કે માટીની દેવદેવી વગેરેની શરીરપ્રતિમા; આકૃતિ. મૂર્તિની આવશ્યકતા સંબંધમાં વિદ્યાવિજયજી મહારાજ જણાવે છે કે, અમૂર્ત વસ્તુ આપણી પાસે નથી, તો તેની પિછાણ માટે તેની આકૃતિ એક મોટું સાધન છે. સાધુની પિછાણ તેના ભેખથી થાય છે. જુદા જુદા પ્રાંતના લોકોને તેના પહેરવેશથી ઓળખી શકીએ છીએ તે પ્રમાણે સાક્ષાત્ પરમાત્મા અહીં નથી અને મૂર્તિ તેની સાક્ષાત્ પ્રતિકૃતિ ન હોવા છતાં પણ શાસ્ત્રોમાં વર્ણવેલ તેમના રૂપ અનુસાર તેની મૂર્તિ બનાવી, તે મૂર્તિમાં તેમનો આરોપ કરીને એ મૂર્તિ અમારા પરમાત્મા સમાન છે અને આ મૂર્તિથી અમે વીતરાગ દશા પ્રાપ્ત કરી શકીએ છીએ એમ માનવું જોઈએ. પરમાત્માથી જેટલો ફાયદો છે તેટલો તેની મૂર્તિથી પણ છે. શાસ્ત્રકારોએ ત્રણ પ્રકારની પૂજા બતાવી છે. (૧) સ્મરણપૂજા, (૨) દર્શનપૂજા અને (૩) સ્પર્શનપૂજા. એકાંતમાં શાંત બનીને જેવી પરમાત્માનું સ્મરણ કરવું. તેની મુદ્રા ફેરવવી તે સ્મરણપૂજા. જેનું સ્મરણ કરીએ છીએ, તેનાં દર્શનની ઇચ્છા થાય છે. સાક્ષાત્ પરમાત્માનું દર્શન થવું તો દુર્લભ છે, તેથી તેની મૂર્તિના દર્શનથી આપણે પ્રસન્ન થઈએ છીએ. દર્શન પછી તે વસ્તુ ઉપર અત્યંત પ્રેમ ભક્તિ થાય તો તેને ભેટવાની ઇચ્છા થાય છે. તેને ભેટીને આપણે તલ્લીન થઈ જઈએ છીએ. આ સ્પર્શનપૂજા છે. વિનોબાજી કહે છે કે, ભગવાનની મૂર્તિ બધાને કામની પથ્થર જ છે. તે નિર્વિકાર છે, શાંત છે. અંધકાર હોય, પ્રકાશ હોય, ગરમી હોય, ટાઢ હોય તો બે પથ્થર જેવો ને તેવો જ રહે છે. એવો એ નિર્વિકારી પથ્થર જ પરમેશ્વરનું પ્રતીક બનવાને યોગ્ય છે.

૧૧. સ્ત્રી. પૃથ્વી; ભાચકું.

૧૨. સ્ત્રી. સિંહ; ઝેરનું બાણ.

૧૩. સ્ત્રી. શરીર; દેહ.

૧૪ સ્ત્રી સાધુ; સંત.

મૂર્તિકર્મ [સં. મૂર્તિકર્મન્] ન. કોતરકામ; કોતરણામ; નકશી; કોતરણી; શિલ્પકામ.

મૂર્તિકર્મા જુઓ મૂર્તિકર્મ.

મૂર્તિકાર [સં.] વિ. મૂર્તિ બનાવનાર કે બનાવનાર; શિલ્પી.

મૂર્તિજ [સં.] પું. શિવનું એક નામ.

મૂર્તિજ્ઞાન [સં.] ન. પ્રતિમા બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

મૂર્તિપુરુષ વશારદકર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માથાંનું એક નામ.

મૂર્તિપૂજક વિ. મૂર્તિને પૂજનાર; મૂર્તપરસ્ત; પ્રતિમા ઉપાસક. ગાંધીજી મૂર્તિપૂજક વિષે લખે છે કે, ભલે ખ્રિસ્તી કે મુસલમાન પોતાને મૂર્તિપૂજક ન માને, પણ પોતાની કલ્પનાને પૂજનાર પણ મૂર્તિપૂજક જ છે. મસ્જિદ કે ગિરજાઘર એ પણ એક પ્રકારની મૂર્તિપૂજા જ છે. ત્યાં જે કાંઈ હું વધારે પવિત્ર માઉં એ કલ્પનામાં મૂર્તિપૂજા છે ને તેમાં કંઈ દોષ નથી. કુરાનમાં જ કે બાઇબલમાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે, એવી કલ્પના એ પણ મૂર્તિપૂજા છે ને તે નિર્દોષ છે. હિંદુ તેથી આગળ જઈ કહે છે કે, જેને જે રૂપ ગમે તે રૂપે તે ઈશ્વરને પૂજે પથ્થર કે સોનારૂપાની મૂર્તિ બનાવી તેમાં પરમેશ્વરનું આરોપણ કરી તેનું ધ્યાન ધરી જે મનુષ્ય ચિત્તશુદ્ધિ કરે છે, તેને પણ મોક્ષનો સંપૂર્ણ અધિકાર છે.

મૂર્તિપૂજન [સ.] ન. મૂર્તિની પૂજા કરવી તે; મૂર્તપરસ્તી

મૂર્તિપૂજા [સં.] સ્ત્રી. મૂર્તિનું પૂજન કરવું તે; મૂર્તિને દેવ માની તેની પૂજા કરવી તે. મૂર્તિપૂજા એટલે આધુનિક જે ચંદનાદિ ચડાવે છે તે નહિ, પણ તે દેવતાઓને સ્નાન, ભોજન તથા વસ્ત્રાદિ આપી તથા તેમની શુશ્રૂષા કરી સંતોષ આપવો અને તેની પાસેથી જ્ઞાન મેળવવું. વેદ તેમ જ ઉપનિષદ સમયમાં મૂર્તિપૂજા જોવામાં આવતી નથી. તે પાછળથી દાખલ થઈ છે પણ તે બુદ્ધ અને પાણિનિના સમય પહેલાં જોવામાં આવે છે. આ સંબંધે હિંદુ સમકાલીન નામના ગ્રંથમાં લખ્યું છે કે, વેદોમાં ક્યાંય બહુ ઈશ્વરવાદ કે મૂર્તિપૂજાનો ઉલ્લેખ નથી અનેક દેવદેવીઓ જે હિંદુ મંદિરોમાં હોય છે તેનો વસ્તુતઃ વેદોમાં કયાંય ઉલ્લેખ નથી. તે પછીના સાહિત્યમાં પણ જ્યાં સુધી બુદ્ધના તેમ જ પુરાણોના જમાનામાં આરંભે છીએ ત્યાં સુધી તેમનું નામનિશાન જોવામાં આવતું નથી. ધર્મપાલ નામના દસમી સદીના મહાન બૌદ્ધ પ્રચારક બુદ્ધ જેનો અર્થ મૂર્તિ થાય છે તે ફારસી શબ્દ સરકૃત શબ્દ બુદ્ધ ઉપરથી અપભ્રંશ થઈ ને બનેલો છે એમ સાબિત કર્યું છે. વળી કે ઈરાન કે પશ્ચિમ એશિયાના બીજા દેશોમાં બુદ્ધની મૂર્તિઓની પૂજા થતી નથી. મૂર્તિપૂજાને ફારસી ભાષામાં બૂતપરસ્તી કહે છે. મૂર્તિપૂજા વિષે ગાંધીજી કહે છે કે, દેવળમાં મૂકેલી પથ્થરની કે ધાતુની મૂર્તિને નહિ, પણ તેમાં વસનારા ઈશ્વરને પૂજવાને આપણે દેવળોમાં જઈએ છીએ. માણસ જેવી બનાવટી તેવી તેની મૂર્તિ થવાની. જડ મૂર્તિમાં જેટલી પવિત્રતા રહે તેથી વધારે પવિત્ર તે કાંઈ થોડી થવાની હતી ? અને તે પવિત્રતા સિવાય મૂર્તિની બીજી શક્તિ થોડી જ છે ? તેથી બાળકો સમેત સર્વેએ પ્રાર્થનાને વખતે સંપૂર્ણ શાંતિ જાળવવી જોઈએ. મૂર્તિપૂજા પ્રત્યે મારી અનાસ્થા નથી. મૂર્તિ મારા મનમાં કદી પૂજ્યભાવ પણ પેદા નથી કરતી. છતાં હું

મનનું છું કે, મૂર્તિપૂજા એ મનુષ્ય સ્વભાવનું જ એક અંગ છે. આપણે કંઈ ને કંઈ સ્થૂળ વસ્તુને માનવા પૂજવાના તરસ્યા રહ્યા છીએ. માણસ બીજી જગ્યાના કરતાં મંદિર કે દેવાલયમાં જ કંઈક વધારે શાંતિ અને સાત્ત્વિક મનોવૃત્તિવાળો બને છે. એનું રહસ્ય બીજું શું છે ? મૂર્તિ એ ઉપાસનાની સહાયક છે. કોઈ હિંદુ મૂર્તિને ઈશ્વર નથી સમજતો કે મૂર્તિપૂજાને પાપ માનતો નથી. વિનોબાજી સમે છે કે, મૂર્તિપૂજાનો અર્થ શું છે ? એક નાની સરખી ચીજમાં આખા યે વિશ્વનો અનુભવ કરવાની વિદ્યા મૂર્તિપૂજા છે એક નાના સરખા આકારમાં આખા યે બ્રહ્માંડને જોવાની વિદ્યા શીખવા એ વાત શું અસત્ય છે? આ કલ્પના નહિ, પ્રત્યક્ષ અનુભવની વાત છે. શું હિંદુ, શું ઈસાઈ કે શું ઇસ્લામ વગેરે બધા ધર્મોમાં કાંઈને કાંઈ રૂપમાં મૂર્તિપૂજા પ્રચલિત છે મૂર્તિપૂજા જ્યાંસુધી નિર્ગુણની સીમામાં રહે છે, ત્યાંસુધી તે નિર્દોષ રહે છે. આ મર્યાદાથી છૂટતાં જ તે સદોષ અને હેય બને છે. વિનોબાજી શાંતિયાત્રામાં કહે છે કે, મંદિરોની બાબતમાં તો મોટો આક્ષેપ મૂર્તિપૂજાના તાત્ત્વિક વિચાર સંબંધનો છે બીજા ધર્મમાં કહેવાયું છે કે રામ સર્વમાં વસી રહ્યો છે. સચરાચર પ્રભુ જગવ્યાપી છે એને અનુભવી આત્માનંદ મેળવીએ. આ કથનથી ઊલટું મૂર્તિઓમાં ઈશ્વરનું સ્થાન માની લેવાથી ઈશ્વર બીજા કોઈ જગ્યાએ વસેલો નથી અને તે માત્ર મૂર્તિમાં જ સમાયેલો છે, એવો મિથ્યા અર્થ લોકો સેવવા માંડે છે. તેથી મૂર્તિપૂજા કરવી એ ઉચિત નથી એ બાબતની વિચારણા હાલમાં ઘણા ઘણા ધર્મમાં આપણે અનુભવી રહ્યા છીએ. વિનોબાજીના માનવા પ્રમાણે ઉક્ત અર્થ માત્ર ભ્રાંતિ જ છે. અલબત્ત બ્રહ્મશક્તિ સર્વવ્યાપી છે. બ્રહ્મરૂપી ઈશ્વરનું વર્ણન વાણી અને બુદ્ધિથી પણ પર છે. છતાં પણ માનવી પોતાના માનસિક સમાધાન ખાતર પવિત્ર ભાવથી કોઈ એક મૂર્તિ મનમાં કે પ્રત્યક્ષ ઘડી કરી તેનું પૂજન કરી તેનાં ગુણગાન ગાઈ વર્ણન કરે તો તેમાં કંઈ અનુચિત તો નથી જ. કારણ કે પરમેશ્વર સર્વવ્યાપક હોવા છતાં સગુણબ્રહ્મ મૂર્તિમાં વિશેષ પડતું અભિવ્યક્ત બની જાય છે કોઈ એક વસ્તુના ચિંતન માટે તેનું સ્વરૂપ કે આકાર મનમાં કે બાહ્યદૃષ્ટિ પડે એમ બધું રાખવું પડશે જ. એટલે કે પ્રભુની ભક્તિમાં લીન બનવા પ્રતીક તો નજર આગળ ધરી રાખવું પડશે. એ જ ભક્તિનું પહેલું પગથિયું છે. સર્વત્ર ઈશ્વર દેખાવા લાગે, એની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી જ મૂર્તિપૂજાની આવશ્યકતા નહિ રહે

મૂર્તિભંજક [સં.] વિ. પ્રતિમા ભાંગનાર.

મૂર્તિમત [સં. મૂર્તિમત્] સ્ત્રી. ગંગાનાં કિનારા પરનું માહેનું એક નામ.

મૂર્તિમતી વિ., સ્ત્રી. શરીરવાળી; સાક્ષાત; મૂર્ત.

મૂર્તિમત્તા [સં.] સ્ત્રી. સાક્ષાત્પણું; શરીર ધારણ કરેલું હોવું તે.

મૂર્તિમંત ૧. [સં. મૂર્તિમત્] વિ. અભેદ્ય; વધારે; સાચેસાચું.
૨. વિ. પ્રત્યક્ષ જોવામાં આવતું; સ્થૂલ.
૩ વિ. નક્કરવાળું, આકારવાળું.
૪ વિ. શરીરવાળું; સાક્ષાત; મૂર્ત
૫ વિ. સખત; કાયું.

મૂર્તિમાન ૧. [સં. મૂર્તિમત્] વ. શરીર.
૨. જુઓ મૂર્તિમંત.

મૂર્તિમાલા ૧. સ્ત્રી. પડદા ઉપર પડેલાં, નજરે જોયેલાં, જાણે પાડવાના દૂરબીનથી બીજા કોઈ પણ રીતે જોયેલાં અજવાળાનાં રંગબેરંગી ચિત્રો
૨. [સં.] સ્ત્રી. પ્રતિમાઓની હાર.

મૂર્તિલક્ષણ [સં] ન. મૂર્તિનું બહારની દૃષ્ટિએ ચિત્ર કે તેનો દેખાવ. ચિત્રશાસ્ત્રમાં જુદી જુદી મૂર્તિઓનાં લક્ષણો નીચે પ્રમાણે બતાવ્યાં છે: રાજાની મૂર્તિનાં લક્ષણ: રાજાઓની મૂર્તિ મજબૂત પુરુષનાં લક્ષણવાળી કરવી. આકર્ષી રાજાના હાથ અને પગ જાનથી યુક્ત કરવા. તેમનાં બાજુની વચ્ચે રૂપાં કરવાં. રાજાઓના હાથમાં ચક્ર મનોહર રેખા કરવી. તે પાતળી, વાંકી અને સલગાના જોડી જેવી હોય. તેને કમાળ આઠ આંગળનું, ઝમખો ચાર આંગળનો, આઠ ચાંચ આંગળના, ચાર આંગળનો હનુ, બે આંગળના કાન, કાનનો વચલો ભાગ એક આંગળનો, નાક ચાર આંગળનું, કોણની વચ્ચેનો ભાગ અરધા આંગળનો અને ઉપલો હોઠ એક આંગળનો હોય છે. પુરુષની મૂર્તિનાં લક્ષણ: પગથી ઢૂંટી સુધીની ઊંચાઈ ચક્ર આંગળ, ઢૂંટીથી ઢૂંટણ સુધીનો ભાગ ૨૪ આંગળ, સાથળ ૨૪ આંગળ, સિત્રથી નાભિ એક તાલ એટલે ૧૨ આંગળ, તેટલું જ નાભિથી હૃદય પણ ૧૨ આંગળ, કપાળના ઉપર માથું તાલના છઠ્ઠા ભાગનું રાખવું. સ્ત્રીની મૂર્તિનાં લક્ષણ: પુરુષની સમીપ રહેલી સ્ત્રી માણસના બાકી બરાબર કરવી. સ્ત્રીનો મધ્ય ભાગ પુરુષના કરતાં બે આંગળ પાતળો કરવામાં આવે છે અને કટિપ્રદેશ ચાર આંગળ વધારે હોય છે તેનો નીચલો હોઠ એક આંગળનો અને ચિબુક બે આંગળની હોય છે તેને ચોરસ હાથ અને આઠ દાઢ હોય છે. દાંત બરાબર આંગળના ઊભા ગોઠવાયેલા હોય છે. આંખના આરમા ભાગની દાઢ હોય છે. તેને ચાર આંગળ લાંબા કરવા, વચ્ચેનું અંતર બે આંગળનું, આંખના ખૂણાથી કાનના છિદ્ર સુધી ચાર આંગળનું અંતર, દશ આંગળ વિસ્તારવાળો ને બત્રીસ આંગળના ઘેરાવાવાળો કોક, બાકુનો ઘેરાવો મૂળ બગલ કે આંગળ સોળ આંગળ, સાત આંગળની દંષ્ટ્રા, પાંચ આંગળના વિસ્તારવાળી વચલી આંગળી, તેનો ઉપલો વેઢો બાર કરીએ તેવડી પ્રદેશિની એટલે અંગૂઠા પાસેની આંગળી, તેના જેવડી અનામિકા, તેનાથી નાની ટચલી, દરેકના ત્રણેય વેઢા સરખા, વેઢાથી અરધા આકાના નખ, ત્રણ આંગળનો અંગૂઠો, બારનો ઘેરાવો બેતાળીસ આંગળ, એક આંગળની નાભિ, કેડ વિપુલતામાં બાર આંગળ અને તેનો ઘેરાવો ચુમાલીસ આંગળ હોય છે. દેવની મૂર્તિનાં લક્ષણ: દેવની આખની પાંપણો અને ભવામાં માત્ર વાળ કરવા બાકીના ભાગમાં દેવોને વાળરહિત કરવા. દેવોને સોળ વરસના કરવા. તેઓ પ્રસન્ન વદનવાળા, હમેશ હસતી આંખોવાળા, મુકુટ, કુંડળ, હાર, કેયૂર બાજૂબંધ અને કંઠાથી સુશોભિત હોય, મોટી કટિમેખલાથી યુક્ત, યજ્ઞોપવીતવાળા, કંઠમાં ધરેલાં, બાંધી બાકુ ઘૂંટણ સુધી લટકતા સુંદર કટિવસ્ત્રવાળા હોય છે. દેવોના સંબંધમાં ઊર્ધ્વદૃષ્ટિ, અધોદૃષ્ટિ, ત્રાંસી દૃષ્ટિ, અધૂરી જોયા કરે પડતી દૃષ્ટિ તથા સ્કંધદૃષ્ટિનો ત્યાગ કરવો. કારણકે ઊર્ધ્વથી મરણ થાય છે, નીચેથી ચોર, ત્રાંસીથી ધનવિનાશ, અધૂરીથી મૃત્યુ, અગ્નિથી શોક, દીનથી પણ શોક અને સ્કંધથી ધનક્ષય થાય છે. દુઃખ બધા કરે છે. દેવોની મૂર્તિ બેસી ગયેલા પેટવાળી તેમ જ મોટા પેટવાળી ન કરવી તેમ જ કૃતઘ્નવાળી પણ ન કરવી. ઓજવાળા બાવડાવાળી, સ્કંધવર્ણવાળી, નમેલી, પ્રમાણથી ઓછા અથવા વધારે અંગોવાળી ન કરવી. બેસી ગયેલા પેટવાળી મૂર્તિ ભૂખ અને ભયને આપનારી છે. મોટા પેટવાળી મૂર્તિ મરણ આપનારી છે કૃતઘ્નવાળી પણ તેવી જ છે. ઓજ પ્રમાણવાળી ધનક્ષય કરનારી છે. વધતા પ્રમાણવાળી કોક કરનારી, સ્કંધ વર્ણવાળી ભય આપનારી, વધેલાં મોટા બાકી કુળનો નાશ કરનારી છે. તેમના મસ્તક ઉપરનું પ્રભામંડળ પૂર્વમાં હોય તો ધનનો નાશ કરે છે, દક્ષિણમાં હોય તો મૃત્યુ કરે છે, પશ્ચિમમાં હોય તો પુત્રનાશ કરે છે, ઉત્તરમાં હોય તો ભય વધારે છે પ્રમાણથી ઓછી દેવની મૂર્તિ નાશ કરે છે.

પ્રમાણથી અધિક દેશનો નાશ કરે છે. અમૂ મૂર્તિ મરણ માટે કરેલી છે. કુલ રૂપનો નાશ કરે છે. પ્રમાણમાં ઓછી અને અમૂર્તથી રહિત મૂર્તિમાં જીવાત્માઓ આવ્યાન કર્યા છતાં દેવો પ્રવેશ કરતા નથી તેમાં હમેશ પિશાચો, રૈત્ર અને દાનવો પ્રવેશ કરે છે. પ્રાણ વિનાની મૂર્તિનો નાશ કરવો. દેવો હમેશ શોભાવાળા, સિદ્ધ, ગ્રહો, હાથી અને હંમની મૂર્તિની સમાન મૂર્તિવાળા કરવા.

મૂર્તિવાદી [સં. મૂર્તિવાદિન્] વિ. મૂર્તિમાં માનનાર.

મૂર્તિવાળું વિ જેમાં મૂર્તિ હોય તેનું; મૂર્તિમંત.

મૂર્તિવિદ્યા [સં.] સ્ત્રી મૂર્તિશાસ્ત્ર.

મૂર્તિવિધાન [સં.] ન. મૂર્તિનું શિલ્પશાસ્ત્ર.

મૂર્તિવિધાયક [સં.] વિ મૂર્તિ ઘડનાર.

મૂર્તિશાસ્ત્ર [સં.] ન. મૂર્તિઓ બનાવવાનું શાસ્ત્ર, શિલ્પ

મૂર્ત્ય જુઓ મૂર્ત.

મૂર્ત્યંત્વ ૧. [સં.] ન. સ્વરૂપનો એક પ્રકાર. કર્મરૂપ ક્રિયા સમવાય સંબંધે કરીને પૃથ્વી આદિક પાંચ દ્રવ્યોમાં રહે છે આકાશાદિક ચાર વિભુ દ્રવ્યોમ સમવાય સંબંધથી તે રહેતી નથી માટે સમવાય સંબંધે કરીને ક્રિયાવાળા હોવાપણું તે પૃથ્વી આદિકમાં મૂર્તત્વ કહેવાય છે. પરમ મહત્વ પરિમાણવાળાં આકાશ, કાળ, દિશા, આત્મા એ ચાર વિભુ દ્રવ્યો છે. એ ચાર વિભુ દ્રવ્યોમા નહિ રહેનારું જે પરિમાણ તે પરિચ્છિન્ન પરિમાણ કહેવાય છે. આવું પરિચ્છિન્ન પ્રમાણપણું મૂર્તત્વ કહેવાય છે.

૨. જુઓ મૂર્તત્વ.

મૂર્ત્તિ જુઓ મૂર્તિ.

મૂર્ત્તિકાર જુઓ મૂર્તિકાર.

મૂર્ત્તિનિર્માણ [સં.] ન. એક જાતની શિલ્પકળા; મૂર્તિ ઘડવાની કળા.

મૂર્ત્તિપ [સં.] પું. પૂજારી.

મૂર્ત્તિપૂજક જુઓ મૂર્તિપૂજક.

મૂર્ત્તિપૂજા જુઓ મૂર્તિપૂજા

મૂર્ત્તિભંજક જુઓ મૂર્તિભંજક.

મૂર્ત્તિમતી જુઓ મૂર્તિમતી

મૂર્ત્તિમત્તા જુઓ મૂર્તિમતા.

મૂર્ત્તિમંત જુઓ મૂર્તિમત.

મૂર્ત્તિમાન જુઓ મૂર્તિમંત.

મૂર્ત્તિવિદ્યા [સં.] સ્ત્રી. મૂર્તિ ઘડવાની કળા.

મૂર્ત્તિશાસ્ત્ર જુઓ મૂર્તિશાસ્ત્ર.

મૂર્ત્ય સ્ત્રી. મૂર્તિ; પ્રતિમા.

મૂર્દ્ધ ૧ ન ટોચ.

૨ [સ મૂર્ધન્] ન મસ્તક; શિર; માથું

> મૂર્ધ્ન મહત્તમા લીન સ્વયમ્ પ્રભુનેશ્વર,
> આ સ્તુતિસ્વર સુણીને શોભીપુરુષ બ્રહ્મને.
>
> શોભા

મૂર્દ્ધક [સં.] પું. મૂર્ધ્નિય.

મૂર્દ્ધરુહ પું. માથા ઉપર ઊગતા વાળ; કેશ

મૂર્દ્ધા ૧. વ. શબ્દોચ્ચારની આઠ માંહેનું એક સ્થાન. તેનાથી ટ વર્ગ, ર, ષ અને ક્ષ નો ઉચ્ચાર થાય છે.

૨. જુઓ મૂર્ધ

મૂર્ધજ [સં.] પું. વાળ.

મૂર્ધન્ય ૧ [સં.] પું. મૂર્ધસ્થાની વર્ણ.

૨. વિ. મૂર્ધસ્થાનથી ઉચ્ચારાતું; તાળવે જીભ અડકાવીને બોલાતું; મૂર્ધસ્થાની; મોંની અંદર માથા બાજીના ઊપલા ભાગથી તે મોંના પાછલા ભાગથી બોલાતું. ટ, ઠ, ડ, ઢ, ણ, ષ, ર, ળ અક્ષર મૂર્ધન્યસ્થાની છે.

૩. વિ. માથાને લગતું; તાળવા ઉપરના ભાગનું

૪. વિ. મુખ્ય

મૂર્ધસ્થાન [સં] ન. તાળવાની વચ્ચેનો ભાગ.

મૂર્ધસ્થાની ૧. વિ. મૂર્ધસ્થાનનું.

૨ જુઓ મૂર્ધન્ય

મૂર્ધા ૧. [સં. મૂર્ધન્] પું. માથાનો ભાગ.

૨. પું દાંતના મૂળ અને તાળવાની વચ્ચેનો ભાગ.

૩ પું નેતા.

૪. પું. (સંગીત) પારો

૫. ન. કપાળ.

૬. ન. મથાળું; ટોચ.

૭. ન. મસ્તક; માથું. હાથની નિચ્ચે એકસો ને એક નાડીઓ છે. હાથની આ એકસો એક નાડી માંહેની જે નાડી મૂર્ધા અથવા મસ્તકને મેળવે ભાગ છે તે ઊર્ધ્વનાડી કહેવાય છે, કેમકે તે દ્વારા જે પોતાનું રમેશ્વરમાં ઉત્સર્જન કરે છે તે અમૃતત્વને પામે છે. બીજી નાડીઓ દ્વારા પરવશ થઈ અહાર ભટકતો અહમા વધારમાં ભિન્ન ભિન્ન ગતિને પામે છે.

મૂર્વા [સં.] સ્ત્રી મોરવેલ. તેમાં સાત આઠ ડાળખાં નીકળીને જમીન પર વેલની જેમ ફેલાય છે. તેનાં ફૂલ નાના અને લીલાશ પડતાં સફેદ રંગના થાય છે. તેના રેસા બહુ જ મજબૂત થાય છે તેથી પ્રાચીન કાળમાં તેને વણીને ધનુષ્યની દોરી બનાવતા હતા. ઉપનયન સંસ્કાર વખતે મૌંજિ બોકો મૂર્વાની મેખળા પહેરતા હતા. એક મધ્ય પાકડામાંથી લગભગ અર્ધો ફેર સુધા રેસા નીકળે છે. તેની બળ પણ બનાવવામાં આવે છે. ચિકિત્સાપદ્ધતીમાં મૂર્વાના રેસાઓમાંથી બહુ જ સારો કાગળ બને છે. તે રેસા રેશમની જેમ ચમકદાર તથા સફેદ હોય છે. તેનું મૂલ દવાના કામમાં વપરાય છે. વૈદ્ય લોકો તેને મરડા તથા ખાસી ઉપર આપે છે. આયુર્વેદમાં તે અતિ તીખુ, કસવાળું, ઉષ્ણ તથા હરોગ, કૃમિ, વાત, પ્રમેહ, કુષ્ઠ અને વિષમજ્વરને દૂર કરનાર મનાય છે.

મૂલ ૧. પું. શિવના હજાર માંહેનું એક નામ.

૨. સ્ત્રી. (પુરાણ) સોમની એ નામની એક સ્ત્રી

૩. ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

૪. ન. કોઈ વસ્તુની કીમત; દામ; કર; ભાવ; મૂલ્ય.

૧. પાણીને મૂલે વેચવું = બહુ જ થોડી કીમતે વેચવ.

૨. મૂલ બેસવું = કીમત પડવી, દામ કે ભાવ આવવાનું હોવું.

૩. મૂલ મૂલવવું = કીમત કરવી.

૫. [સં.] ન. ચરણ; પગ.

૬ ન. ટીકા વગેરેથી ખ્યાખ્યા કરવા યોગ્ય ગ્રંથ.

૭. ન. દિવસ; રોજ

૮ ન. નજીકતા; પડોશ.

૯. ન. પારખાં પરીક્ષા; તુલના.

૧૦. ન. પેઢી દર પેઢીનો નોકર

૧૧. ન. મજૂરી; મહેનતાણું; રોજિંદી મજૂરી.

મૂલે જવું = પૈસા ખર્ચ ને કોઈ કામ કરવા જવું; ઘાડીએ જવું.

૧૨. ન. મુદ્દલ; અસલ મૂડી; મૂળધન.

૧૩. ન. મૂળ શબ્દ; મૂલ.

૧૪. ન. રાજધાની; પાટનગર.

૧૫. ન. રાજાનો પોતાનો અસલ પ્રદેશ.

૧૬. ન. ઔષધિરૂપ

૧૭. ન. સત્તાવીસ માંહેનું ઓગણીસમું નક્ષત્ર. મૂળ નક્ષત્ર.

૧૮. ન. હાથના આંગળાઓની અમૂક મુદ્રા.

૧૯. વિ અસલનું; પાયાનું; સમીપનું

૨૦ વિ પાંચ.

૨૧. વિ. પોતાનું; ખુદનું; આસનું

૨૨. વિ. ઝીણી, નવ વગેરેમાં ઉપયોગી

૨૩. અ. પાસે, સમીપ.

૨૪. જુઓ મૂળા

મૂલક ૧. પું. મૂળો.
૨. પું (પુરાણ) સૂર્યવંશી પ્રતરાક્ષ કુલોત્પન્ન અશ્મક રાજાનો પુત્ર. તે પરશુરામના ભયનો માર્યો સ્ત્રીઓના સમુદાયમાં સતત સંતાઈ રહેતો હતો તેથી તેનું નારીકવચ એવું નામ પડ્યું હતું. સૂર્યવંશમાં પુત્રની વૃદ્ધિનું આ જ મૂળ થયો માટે તેનું મૂલક એવું નામ પણ હતું. તેને દશરથ અને શતરથ નામના પૌત્ર હતા.
૩. ન. ઋદ્ધિ કારણ.
૪. ન. એક જાતનું ઝેર.
૫ ન. બીજા ઘોડાના બીજાજર્જામા પહેલા પાડા નીચે બીજાજર્જાની ઢાંકણીનો ભાગ.
૬. વિ. અસલ કારણરૂપ; ઉત્પત્તિ થવામાં જે પાયા કે આધાર રૂપ હોય તેવું; મૂળરૂપ.
૭. વિ. ઉત્પન્ન કરનાર; જનક.
૮. સ્ત્રી. મૂળ નક્ષત્રમાં જન્મેલ
૯ વિ મૂળવાળું. બહુવ્રીહિ સમાસને અંતે વપરાય છે. જેમકે, દંતકાષ્ઠમૂલક.

મૂલકક્ષાર પું. એક જાતનો ક્ષાર; મૂળકનો ક્ષાર. આ ક્ષારથી વિષવિકાર, કૃમિ અને વમન મટવાનું મનાય છે.

મૂલકર્મ ૧. ન જાદુગીરી; ભાટઈરની વિદ્યા.
૨. ન. મુખ્ય કર્મ.
૩. [સં મૂલકર્મન્] ન. મૂઠ, ચોટ, ઉચ્ચાટન, સ્તંભન, વશીકરણ વગેરેનો જોર પ્રયોગ. તે વનસ્પતિઓના મૂળદ્વારા કરવામાં આવે છે. મનુએ તેને ઉપપાતકમાં ગણ્યું છે. જુઓ મૂળકર્મ.

મૂલકર્મદોષ [સં.] પું. (જૈન) ઉત્પાદન દોષની સોળ બેડીની એક જાત; વશીકરણ વિદ્યા. કોઈ પુરુષ વચ્ચે અણબનાવ દૂર કરવા વગેરેના મંત્રતંત્રના ઉપાય બતાવી ગૃહસ્થો પાસેથી આહાર લેવો તે મૂલકર્મદોષ કહેવાય છે.

મૂલકષણી [સં.] સ્ત્રી. આગમાર સુધ જાત.

મૂલકાકાર [સં.] વિ. નીચે નાનું અણી પાતળું અને ઉપર મોટું હોય તેવા આકારનું.

મૂલકારણ [સં.] ન. મુખ્ય કારણ; અસલ કારણ; આદિ કારણ.

મૂલકારિકા ૧. [સં.] સ્ત્રી. કામણ કરનાર સ્ત્રી; મંત્ર, જંત્ર અને ઔષધિ પ્રયોગથી સ્ત્રી પુરુષોને વશ કરી એકબીજાને મેળવી આપનાર સ્ત્રી.
૨. સ્ત્રી. ચટ્ટી.
૩. સ્ત્રી ભાટ્ટી; ચૂલો.
૪. સ્ત્રી મૂળ પ્રયત્ન કાર્ય.
૫. સ્ત્રી. વડીલોના ધનની વૃદ્ધિ થવી તે.

મૂલકૃચ્છ્ર [સં.] ન. આઠ કૃચ્છ્રમૂળ ખાઈને રહેવાનું એક વ્રત.

મૂલકેંદ્ર ન. (ગણિત) કેંદ્રનો એક પ્રકાર; 'રેડિકલ સેન્ટર'.

મૂલકોણ [સં.] પું. (ગણિત) કાટખૂણો.

મૂલકોણત્રિકોણ [સં.] પું. (ગણિત) જેનો એક ખૂણો કાટખૂણો હોય તેવો ત્રિકોણ.

મૂલકોણીય [સં.] વિ. (ગણિત) જેના બધા કે એક ખૂણો કાટખૂણો હોય તેવું.

મૂલખૂણો સ્ત્રી. મંદિરમાં નંદીની બંને બાજૂનો ભાગ.

મૂલગત [સં.] વિ. મૂળમાં રહેલું.

મૂલગામી ૧. વિ. મૂળભૂત; અસલનું; વિશિષ્ટ.
૨. [સં. મૂલગામિન્] વિ. મૂળ સુધી જનાર; બહુ ઊંડું
૩. વિ. વિકટ; મુશ્કેલ.

મૂલગું જુઓ મૂળગું.

મૂલગ્રંથ ૧ [સં.] પું. અસલ ગ્રંથ; જેનાં ભાષાંતર, ટીકા વગેરે થયાં હોય તેવો ગ્રંથ.
૨. પું. ગ્રંથકારમુનિએ પોતે સ્વમુખે ઉચ્ચારેલા શબ્દો, સૂત્રો, વગેરે.

મૂલચિહ્ન [સં.] ન. (ગણિત) √—આવું સંખ્યાનું મૂળ સૂચવવું ચિહ્ન; 'રેડિકલ સાઈન'.

મૂલજ ૧. [સં.] ન. આદું.
૨. વિ. મૂળમાં પેદા થનારું.
૩. વિ. મૂળથી પેદા થનાર.
૪. વિ. મૂળ નક્ષત્રમાં જન્મેલું.
૫. વિ. વૃક્ષના મૂળ ભાગથી ઉત્પન્ન થનાર; મૂળમાં પેદા થનાર.

મૂલજ સ્ત્રી. મજૂરણ; મજૂરી કરનાર સ્ત્રી.

મૂલતત્ત્વ ૧. [સં.] ન. અમુક વિષયની રૂપરેખા.
૨. ન. અવયવરહિતપણાને કારણે સ્થૂલ ભાંડેનો સૌથી નાનો ભાગ.
૩. ન. કુદરતની ક્રિયાપ્રક્રિયાના મૂળભૂત ભાગો મહેનો જોર; પીરિયા.
૪. ન. પંચમહાભૂત; પંચીકરણ; પંચતન્માત્રા.
૫. ન. પાંચ મહાભૂતો ભાંડેનું કરેક.
૬. ન. મૂળ; બીજા કોઈ બીજનું મૂળ કે પટક તત્ત્વ.
૭. ન. ન ન. શાસ્ત્ર કે કલાના પ્રાથમિક સિદ્ધાંત
૮. બહુવ્રી મૂલતત્ત્વ.

મૂલતઃ [સં.] અ. મૂળમાંથી; અસલથી.

મૂલતાની પું. (સંગીત) એક જાતનો રાગ. તોડી બાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ઋષભ, ગાંધાર, મધ્યમ તથા પૈવત વિકૃત છે બાકીના શુદ્ધ સ્વરો છે. આ રાગમાં આરોહે ઋષભ તથા પૈવતનો લોપ છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષડજ છે. દિવસે ત્રીજે પ્રહરે તે ગવાય છે.

મૂલતાલ પું. ત્રિતાલ.

મૂલત્રિકોણ [સં] પું (જ્યોતિષ) સૂર્ય વગેરે ગ્રહોની કોઈ વિશેષ રાશિમાં સ્થિતિ. ગ્રહ જ્યારે મૂલત્રિકોણમાં રહે છે ત્યારે મધ્યમ બળના મનાય છે. સૂર્યનો મૂલત્રિકોણ સિંહ રાશિ, ચંદ્રનો વૃષભ, મંગળનો મેષ, બુધનો કન્યા, ગુરુનો ધન, શુક્રનો તુલા અને શનિનો કુંભ રાશિ છે. સાર એ છે કે, જ્યારે જ્યારે આ રાશિમાં તે તે ગ્રહો હોય છે ત્યારે તે મૂલત્રિકોણમાં હોવાનું કહેવાય છે.

મૂલદ ૧. [સં.] સ્ત્રી. મૂળને આપનારી સંખ્યા; જે સંખ્યાનું મૂળ જરાબર નીકળી શકે તેવી સંખ્યા. જેમકે, ૪, ૯, ૧૬ વગેરે.
૨. વિ. જેનું મૂળ જરાબર નીકળે તેવું; 'રેશનલ.'

મૂલદાર વિ. કીમતી; મોંઘું; મૂલ્યવાન.

મૂલધાતુ [સં.] સ્ત્રી. શરીરમાં રહેલ રસધાતુ; મજ્જા.

મૂલનાયક પું. (જૈન) જિન; તીર્થંકર. જે તીર્થંકરની વાદીમાં મંદિર બાંધ્યું હોય તે તીર્થંકર તે મંદિરના મૂલનાયક કહેવાય છે.

મૂલપડી (મૂલપડી) વિ. પંદરની સંખ્યા માટે વપરાતો સંકેત.

મૂલપુરુષ ૧. [સં.] પું. કુટુંબનો મુખ્ય માણસ.
૨. પું. વંશનો આદિ પુરુષ

મૂલપ્રકટ [સં.] પું. મૂળ પુરુષ; પરમાત્મા.

મૂલપ્રકૃતિ [સં.] ૧. સ્ત્રી (જૈન) કર્મની મૂલપ્રકૃતિ; જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકૃતિ.
૨. સ્ત્રી. દુર્ગા; આદ્યશક્તિ; સંસારની બીજશક્તિ
૩. સ્ત્રી. પ્રકૃતિ; જગતનું આદિ કારણ.
૪. સ્ત્રી. સર્વના કારણભૂત અને સામ્યાવસ્થાને પામેલી ત્રિગુણાત્મક પ્રધાન માયા. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની સામાવસ્થાવાળી અવસ્થા કે જે ચિદાનંદરૂપ પરમના પ્રતિબિંબવાળી હોય છે તે મૂળપ્રકૃતિ છે. તે માયા અને અવિદ્યા એમ બે પ્રકારની છે.

મૂલપ્રત સ્ત્રી. જાપવાનું મૂળ સાધનઃ 'રેસકોર્સ'.

મૂલબંધમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) આરીસા મ.હેની એક મુદ્રા; કડયોગની એક ક્રિયા. એમાંની કોઈ પણ એક પાની વડે સીવની ઢાબી તથા બીજી પાની સામળાના મૂળ પર રાખી ગુદાને ઊર્ધ્વ તથા નાકિને બેરદંડ બરાબર સારી રીતે બળપૂર્વક સકોચી અપાનવાયુને ઊર્ધ્વ ચડાવવો તે મૂલબંધમુદ્રા કહેવાય છે કે તથા કમરાને આગળ કાઢી એક પગની પાનીથી ગુદાને દબાવી બીજો પગ સામળાના મૂળ પર રાખી સીધી રીતે બેસી અપાનને ઊર્ધ્વ બેંચવાથી પણ આ બંધ થાય છે. સ્વાભાવિક રીતે જેની નીચી ગતિ છે એવો જે અપાનવાયુ તેનું પ્રસારણ એટલે કે ગુદાનું સંકોચન કરી બલથી ઊર્ધ્વગમન કરાવવું તે આ મુદ્રા છે. અર્થાત્ પ્રાણાયામનો સયોગ કરાવી તેની સુષુમ્ણામાં ગતિ કરાવવી તેનું નામ મૂલબંધ છે. આ ક્રિયાથી મૂલસ્થાનનું સારી રીતે બંધન થાય છે. મૂલબંધથી ધાતુપુષ્ટિ, સમ્યક્ મલશુદ્ધિ, જઠરાગ્નિની પ્રદીપ્તિ ને નાડીની ઋજુગતિ થાય છે.

મૂલબિંદુ [સં.] ન. આરંભ; ઉત્પત્તિ.

મૂલભાગ [સં.] પું. ખોપરીના પશ્ચાત્કપાલનો એ નામનો એક ભાગ; મસ્તિષ્કર નામના છિદ્રથી આગળ અને નીચે રહેલો સાપની ફેણ જેવો સાંકડો અને લાંબો ભાગ.

મૂલભૂત [સં.] વિ. અસલનું; મૂળભૂત; મૂળનું.

મૂલભૂત અધિકાર [સં.] પું. આધારભૂત અધિકાર; મૂળરૂપ અધિકાર; મૂળ અધિકાર.

મૂલવણી સ્ત્રી. કીમત આકારી તે.

મૂલવર્ગ [સં.] પું. મૂળ રૂપ કે જાત.

મૂલવવું ૧. અ. ક્રિ. મક્કમ રહેવું.
૨. સ ક્રિ. કદર કરવી; આકવું.
૩. સ. ક્રિ. કીમત કરવી; મૂલ્ય નક્કી કરવું.
૪. ક્રિ. ખરીદવું

મૂલવાવું ૧. અ. ક્રિ. કદર કરાવી; જાજ થવી.
૨. અ. ક્રિ. ખરીદાવું
૩. અ ક્રિ. મક્કમ રહી શકાવું
૪. અ. ક્રિ. મૂલ્ય કરાવું; કીમત થવી.

મૂલવિધિ ૧. [સં.] પું. કોઈ પણ સંખ્યાનું મૂળ શોધી કાઢવાની રીત; ' પ્રવોલ્યુશન '.
૨. પું. મૂળ નક્ષત્રમાં જન્મેલ બાળક અને તેનાં માબાપ ઉપર કરવામાં આવતો વિધિ.

મૂલવું ૧ અ ક્રિ. મક્કમ થવું
૨. સ ક્રિ. કીમત નક્કી કરવી; કીમત આકવી.

મૂલશોધનપદ્ધતિ [સં.] સ્ત્રી. (યોગ) પોતિના ચાર બાંધનો એક પ્રકાર. મળત્યાગ કરી રહ્યા પછી મધ્યમા આંગળી વડે મુદ્રાચક્રમાંનો સર્વ મળ બહાર દ્વારા પોછી નાખવો તે મૂલશોધનપદ્ધતિ કહેવાય છે. આ ક્રિયા વડે અપાનની ક્રૂરતા, કોઠાની કઠિનતા એટલે પેટની અંદરનું કઠિનપણું અને અશક્તિ દૂર થાય છે, તથા શરીરની કાંતિ અને જઠરાગ્નિની વૃદ્ધિ થાય છે.

મૂલસૂત્ર [સં.] ન. (જૈન) જેમાં પદનપદાનથી સમજિત કરી વસ્તુનું મૂળ સિદ્ધાંત તે સૂત્ર. તેવાં સૂત્ર ચાર છેઃ દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નદીજી અને અનુયોગદ્વાર.

મૂલસ્થાન ૧. ન. આકાશ.
૨ [સં.] ન. ઉપર
૩ ન. પાયો.
૪ ન આપદાકાળની જગ્યા; આદિસ્થાન.
૫. ન અંત; દીવાલ.
૬ ન મુખ્ય સ્થાન
૭. ન. મુલતાન નગર.
૮. ન. રાજધાની.
૯. ન વાયુ.

મૂલસ્પર્શી [સં. મૂલસ્પર્શિન્] વિ. વસ્તુના છેક અંતરાત્મા સુધીને સ્પર્શતું; ' રેડિકલ '.

મૂલહર ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ
૨. વિ. ચંદ્રોપાસ્તિ મંત્રોનો અનીતિને રસ્તે ઉપયોગ કરનાર.
૩. [સં.] વિ. સમળો નાશ કરનાર.

મૂલા ૧. [બ.] પું મૂળો.
૨. [વિ.] સ્ત્રી. પુત્રી.
૩. [સં.] સ્ત્રી. મૂળ નક્ષત્ર.
૪. સ્ત્રી. એક નામની વેલ. તે ઝાડ ઉપર ચઢીને તેને નુકસાન કરે છે.
૫. સ્ત્રી. શતાવરી નામની વનસ્પતિ.

મૂલાક્ષ [સં.] પું (અંકિત) જે અક્ષર સિદ્ધમાંથી જે અક્ષરો સ્થિત વર્તુળોને દોરેલા રપર્શ કરતાં આપ તે અક્ષર સિદ્ધનો પક્ષ; ' રેડિકલ એક્સિસ '

મૂલાક્ષર ૧. [સ] પું. મૂળાક્ષર; વર્ણમાળાના મૂળ અક્ષરો.
૨. પું. ઓરમાન.

મૂલાજ્ઞાન [સં.] ન. દેહનું કારણરૂપ અજ્ઞાન.

મૂલાત્મક ૧. [સં] વિ. કારણભૂત; અંગભૂત.
૨. વિ. પ્રધાન; મુખ્ય.

મૂલાધાર ૧. [સ.] પું ગુદા; નાભિ.
૨. પું. નાભિ અને લિંગ વચ્ચેનો ભાગ. તે સમગ્ર નાડીઓનું મૂળસ્થાન મનાય છે.
૩. પું. પાયો; મૂળ આધાર
૪. ન. ગુદા અને ઉપસ્થની વચ્ચે આવેલું એક ચક્ર. જુઓ મુલાધારચક્ર

મૂલાધારચક્ર ન. (યોગ) મુલાધારમાં આવેલું પીળા રંગનું અધોમુખ કમલ. તે દેદીપ્યમાન ત્રિકોણાકાર ગણાય છે. તેના મધ્યમાં પશ્ચિમમુખ સ્વયંભૂલિંગ છે, તેની વચમાં વીજળી સમાન ચમકતી, સાડા ત્રણ આંટાવાળી સુષુમ્ણાના દ્વારને રોકીને સૂતેલી સર્પિણી જેવી કુલકુંડલિની નામની મહાશક્તિ રહેલી છે.

મૂલાયતન [સં. મૂલ + આયતન (રહેઠાણ)] ન. વતન; જન્મભૂમિ

મૂલાવિદ્યા [સં.] સ્ત્રી. અવિદ્યાનો એક પ્રકાર. ઉપનિષદ વિચારણામાં લક્ષ્યું છે કે વેદાંતમાં મૂલાવિદ્યા અને તૂલાવિદ્યા એવા બે ભેદ પાડવામાં આવ્યા છે. તેનું બીજ જૈનદર્શન આરહતકમાં છે મહીદાસની પરિભાષામાં પ્રકૃતિ મૂલવસ્તુનો વિસ્તારવાળો આવિર્ભાવ છે, અથવા મૂલવસ્તુનું પ્રકટ રૂપ છે. વસ્તુની કારણ અવસ્થાને મહીદાસ મૂલ કહે છે અને કાર્ય અવસ્થાને તૂલ કહે છે. જગત, દેહ અને જીવ એ ત્રિપુટી અવસ્થારૂપ ખરી છે, પરંતુ એ બધે એક વસ્તુનાં ભિન્ન નામરૂપો છે મહીદાસ આ દૃશ્ય જગતને અજ અને અજ્ઞ એવા બે વિભાગમાં વહેંચે છે. અજ્ઞ જગત એટલે કર્મકારણના સંઘાત વિનાનું, દેહ અને ઇંદ્રિયની વિશિષ્ટ રચના વિનાનું જગત. અજ્ઞ જગત એટલે કર્મકારણ સંઘાતવાળું એટલે સચેતન શરીરવાળું જગત. કાણની આપણી વિદ્વાનની પરિભાષામાં કારણ અને કારણ પદાર્થો માનીએ છીએ તેવા વિભાગ મહીદાસે સ્વીકાર્યા જણાય છે.

મૂલાહાર [સં] પું. કંદમૂળ ખાઈને રહેવું તે.

મૂલાહારી [સ. મૂલાહારિન્] વિ કંદમૂળ ઉપર જીવન ગુજારનાર; મૂળિયાં ઉપર ગુજરાન ચલાવનાર.

મૂલાંક [સં.] પું. મૂળ અંક; એકાંક.

મૂલાંગ ૧. [સં] ન. મૂળતત્ત્વ; કારણ; બીજ; મૂળ.
૨. વિ. મૂળ જેવું; મૂળને મળતું.

મૂલિક ૧. [સં.] પું. કંદમૂળ ખાઈને રહેનાર સન્યાસી.
૨. પું. વૃક્ષ.
૩ વિ કંદમૂળ ખાઈને જીવનાર.
૪. વિ. પ્રાથમિક.

૫. વિ. મૂળનું; મૂળ સંબંધી.

૬. વિ. મૌલિક; મુખ્ય; અસલ.

મૂલિનીવર્ગ [સં.] પું. (વૈદક) સોળ પ્રકારનાં મૂળ કે જડનો સમૂહ. તેનાં નામઃ નાગદંતી, શ્વેતવચા, રક્તા, ત્રિવૃત, વૃદ્ધદારકા, સોમવલ્લી, પીતાપરાજિતા, વયઃસ્થા, ગોદંતા, છત્રપુષ્પી, જ્યોતિષ્મતી, વિષાણિકા, અમૃતસંધા, ક્ષિપ્રી, દ્રવંતી અને ક્ષીરિણી.

મૂલિનીશાખા સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. ભૂમિપ્રરોહ અને મૂલિનીશાખા બંને બધી વાતે સરખાં છે. ફક્ત એક જ બાબતનો બેને વચ્ચનો ભેદ ધ્યાનમાં રાખવા જેવો છે. ભૂમિપ્રરોહ ભૂમિ ઉપર જોષણરસો આપે છે, ત્યારે મૂલિનીશાખા જોષણી અંદર રહે છે

મૂલી ૧. પું. મજૂર; વૈતરો.

૨ સ્ત્રી. એક જાતની મરઘી.

૩. સ્ત્રી. એક પ્રકારનો વ.સ.

૪ સ્ત્રી. કોઈ પણ નકામી ચીજ.

૫. સ્ત્રી. મગેળી

૬. સ્ત્રી. (પુરા.) મહેંદ પર્વતમાંથી નીકળતી એ નામની નદી

૭. સ્ત્રી. મૂળો.

૮. [સં. મૂલિન્] ન. ઝાડ; વૃક્ષ

૯. વિ. (અક્ષિત) જેની બ્રાહ્મણ વર્ગમાંના વનમૂળ ઇત્યાદિ નિશાની હોય તેવું

૧૦. વિ. મૂળનું; આરંભનું; અસલનું; પાયાનું.

૧૧. વિ. મૂળવાળું; જેને મૂળ હોય તેવું

૧૨. વિ. સ્વાભાવિક; ખરેખરું; યથાર્થ

મૂલેય પું. એ નામનો એક પર્વત. લોકનો વિશ્વાસણ પર્વતની જગ્યાએ તે હતો એમ મનાય છે.

મૂલોપરિ પરોપજીવી સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. સંપૂર્ણ પરોપજીવી છોડ કદી રંગે લીલા હોતા નથી; કારણકે તે પોતાનો સંપૂર્ણ આહાર ઝાડમાંથી જ મેળવે છે. અહપારી પરોપજીવી છોડમાં હરિદ્રવ્ય દ્રવ્ય હોય છે, એટલે તે પોતાનો આહાર પચતા ઓછા અંશે પોતે જ પેદા કરી લે છે. તેઓ પ્રકાંડ અને શાખાઓ ઉપર હોય છે કે મૂળિયાં ઉપર પણ હોય છે. એટલે તેમને પ્રકાંડોપરિ પરોપજીવી કે મૂલોપરિ પરોપજીવી તરીકે ઓળખવામાં આવે છે.

મૂલ્ય ૧. [સં] ન. કીમત; દામ; કર; મૂલ; ભાવ, નિરખ વસ્તુનો ઉપયોગ અને તેને પેદા કરવામાં પડતી મહેનત ઉપરથી બીજી વસ્તુઓની સામે તેનો જે ધોરણે અદલોબદલો થઈ શકે તેને તેનું મૂલ્ય કહેવાય. અદલ મૂલ્ય એ અમુક વસ્તુનું બીજી વસ્તુ સાથેનું અદલાબદલીનું પ્રમાણ છે. વસ્તુ પાછળ ગયેલા અર્થ મુજબ તેનું જે મૂલ્ય થાય તેને ખરું મૂલ્ય કહે છે. કોઈ કારખાનદાર આ મૂલ્ય કરતાં વધારે કે ઓછું મૂલ્ય આંકામ તેને નામનું મૂલ્ય કહે છે. વસ્તુ પેદા કરવામાં થતા અર્થ ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને વિનિમયાપેક્ષી મૂલ્ય, વસ્તુના ઉપયોગ ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને ઉપયોગાપેક્ષી મૂલ્ય કે ઉપયોગમૂલ્ય અને વસ્તુ પેદા કરવા માટે જરૂરી સામાજિક મહેનત ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને શ્રમમૂલ્ય કહે છે. માર્કસવાદીઓ એમ માને છે કે, બધી સંપત્તિ માનવી મહેનતનું જ પરિણામ છે, કારણકે જમીન કુદરતી છે. તેની ખરીદમાં અને ઉદ્યોગમાં રોકાતી મૂડી એ તો કામદારોને ચૂસીને મૂડીદારોએ ભેગી કરેલી હોય છે; એટલે કે મૂડી એ તો ભૂતકાળના શ્રમનું પરિણામ છે, અને તેના ઉપર મૂડીદારો પ્રમાણમાં થડો ઓછો શ્રમ કરીને મોજશોખ ભોગવે છે અને કામદારોને ચૂસવાની પદ્ધતિ ચલાવે છે. આ રીતે કોઈ પણ વસ્તુનું મૂલ્ય શ્રમમૂલક છે અને મહેનત કરનારા જ વસ્તુની પેદાશમાંથી બધી આવકના ખરા હકદાર છે એમ તેમનું કહેવું છે. આ કારણસર મૂલિન એ કહ્યું છે કે, ઉત્પત્તિની બધી આવક કામદારોને ન આપતાં, તેમને થોડી નિભાવ પૂરતી રકમ આપીને, બાકીની જે રકમ મૂડીદારો પોતાનાં ખિસ્સામાં મૂકે છે તે મૂલ્યનો વધારો કહેવાય. આનો અર્થ એ થયો કે, કામદાર આઠ કે નવ કલાક કામ કરે છે ત્યારે તેના નિભાવખર્ચ માટે એટલી મહેનતની જરૂર ન પડે તેને બોજ કલાકની મજૂરી ચૂકવીને બાકીનું વધારાના કલાકનું ઉત્પન્ન મૂડીદારો લે છે. એ રીતે જે શ્રમ માટે કામદારને બદલો ન મળે તે મૂલ્યનો વધારો મૂડીદાર કાઈ લે છે એવી ઉપરના વિચારની કલ્પના છે.

૨. ન. બરીશ વસ્તુ

૩. ન. નફો.

૪ ન. પગાર

૫. ન. પારખ; પરીક્ષા, પરખ

૬. ન. મજૂરી; મહેનતાણું

૭. ન. મણ કીમત

૮ ન. નગ નકી, મુદ્રણ

૯. વિ. અમૂલ્ય યોગ્ય

૧૦ વિ. પ્રતિષ્ઠાને યોગ્ય; કદર કરવા લાયક.

૧૧ વિ. મૂળમાં રહેલું; નજ પ્રમાણે.

૧૨ વિ. મૂળમાંથી ઉપજેલા યોગ્ય.

૧૩ વિ. મોંઘા કદરનું

મૂલ્યક [સં.] પું. કીમત આંકનાર માણસ.

મૂલ્યકરણ [સં.] ન. આકાર; આકારણી; કીમત નક્કી કરવી તે.

મૂલ્યગતિ [સં] સ્ત્રી. ભાવમાં ફેરફાર; ભાવમાં ચઢઊતર.

મૂલ્યનિવેદન [સં.] ન. કીમત જણાવી સામની માગણી કરવી તે; ' ટેંડર '.

મૂલ્યપત્રિકા [સં.] સ્ત્રી. લિસ્ટ.

મૂલ્યપાત [સં.] પું કીમતમાં ઘટાડો અથવા કપાત

મૂલ્યવંત વિ. મૂલ્યવાળું; કીમતી; મોંઘું; ઊંચા ભાવનું.

મૂલ્યવાન જુઓ મૂલ્યવંત.

મૂલ્યસૂચી સ્ત્રી. વસ્તુની કીમતની વાદી.

મૂલ્યહ્રાસ જુઓ મૂલ્યપાત.

મૂલ્યાંક [સં.] પું. કીમતનો આંકડો.

મૂલ્યાંકન [સં] ન. કીમત આંકવી તે.

> જ્યારે જ્યારે લોકોત્તર પુરુષોને જ્ઞાનારતી કરવામાં આવે છે, ત્યારે ત્યારે તેની ઉપયોગિતા પોતાના ક્રમમાં, તેઓ જે નવા મૂલ્યાંકન ઊભાં કરે છે તેમાં છે. અમૃત આનંદ

મૂશલી [હિ.] સ્ત્રી તાલમૂરી નામની વનસ્પતિ.

મૂશળ ન. સાંબેલું.

મૂશળધાર વિ. સાંબેલાની ધાર જેવું. ઘણા જોરથી ઝાર વરસાદ પડે તેને મૂશળધાર કહે છે.

મૂશળી સ્ત્રી તાલમૂરી.

મૂશાહીરો પું. પારિતોષિક; પુરસ્કાર; મહેનતાણું.

મૂષ્ [સં.] ક્ર. ક્રિ. (ધાતુ) લૂંટવું; ચોરવું. તે ઉપરથી બનેલ શબ્દ મૂષક, મૂષિકા, મૂષણ, મૂષિત વગેરે

મૂષક ૧. [સં.] પું. ઉંદર.

> અખોમતા, બભરુ, કૃકલાસ, પુષ્પભદ્ર, ચેન્દુર, ચેન્દુક, મૂષક (મુષક) અને આખુ આ આઠ નામ મૂષકના છે અને પુંલિંગના છે. અમરકોષ

૨ પું. ચોર.

૩ પું. શિરીષ વૃક્ષ

મૂષકદંશજ્વર [સં.] પું. ઉંદરના કરડવાથી આવતો તાવ. ચીન અને જપેનમાં આ તાવ વધારે પ્રમાણમાં આવે છે. તેના દરદવાળી જગ્યા પરોવર સોજો આવ્યા પછી કેટલાક મહિના પછી આ જગ્યાએ સોજો ચડી ચમકી લાલ થઈ જાય છે. તાવ બહુ જ જોરથી આવે છે. સાંધા અને સ્નાયુઓમાં પીડા થાય છે. બોડાક દિવસો પછી રોગીને આરામ થઈ જાય છે.

મૂષકરિપુ [સં.] પું બિલાડી.

મૂષકવાહન સં. મૃષક (ઉંદર) + વાહન] પું. ગણેશ; ગણપતિ. ઉંદર તેમનું વાહન છે.

મૂષક વિહાર પું. મહારાજા કુમારપાળે બંધાવેલ એ નામનું ભવ્ય મહાલય તેને બંધાવવા સંબંધે એવી માહિતી મળે છે કે: મહારાજા સિદ્ધરાજથી નાસતો ફરતો કુમારપાળ એક વખત એક ઝાડ નીચે આરામ કરવા બેઠો હતો. એ વખતે એક અજબ કૌતુક તેની નજરે પડ્યું. થોડે દૂર આવેલા એક દરમાંથી એક ઉંદર વારંવાર બહાર આવતો અને દરેક વખતે એક કાદીનો સિક્કો મૂકી જતો. આમ ઉંદર એકવીસ સિક્કા બહાર મૂકી ગયો ત્યાર બાદ સિક્કા ઉપર બે પગે ઊભા રહીને ઉંદર આનંદથી નાચ્યો અને સિક્કાની બાજુમાં મજા બની ડોલી રહ્યો. પરંતુ બાજુમાં ખડખડાટ થતાં તે એક સિક્કો લઈ દરમાં પેસી ગયો અને બાકીના વીસ સિક્કા બહાર રહ્યા. કુમારપાળ તે વખતે કડકાભાંગિયા હતો. તેને આ સિક્કાની કીમત રાજના ખજાના જેટલી હતી. તેથી તેણે બધાંના સિક્કા ઉઠાવી લીધા અને થોડે દૂર સંતાઈને ઉંદરનો તમાશો જોવા લાગ્યો. થોડી વારે ઉંદર દરમાંથી બહાર આવ્યો. પરંતુ કાદીના સિક્કા જોવા નહિ. તેથી તે મોટા જોખો બનીને આમતેમ દોડવા લાગ્યો ઘણી બેર વિષવા વિલાપ કરે તેમ માથું કૂટવા લાગ્યો. થોડીવારમાં તે નાજુક પ્રાણી પથ્થર સાથે માથું પછાડીને મરણને શરણ થયું. કુમારપાળને આ દૃશ્ય જોઈ ઘણું દુઃખ થયું અને ત્યારે મને ત્યાંથી રવાના થયો. સમય જતાં જ્યારે કુમારપાળ રાજા થયો ત્યારે તેનાથી પેલા ઉંદરનું કરુણ મૃત્યુ ભુલાતું ન હતું. તેને ખૂબ પશ્ચાત્તાપ થયો અને પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે આચાર્ય હેમચંદ્રની સલાહ માગી. આચાર્યે જવાબ આપ્યો કે, જ્યાં કોઈ પ્રાણીનું અકસ્માત થયું હોય ત્યાં સર્વનું કલ્યાણ થાય એવું દેવમંદિર બાંધો. આ સલાહને અનુસરી મહારાજા કુમારપાળે એ સ્થળે સુંદર મૂષક વિહાર બંધાવ્યો અને આ પ્રમાણે તે કરીબ પ્રાણી મરીને અમર બની ગયું.

મૂષિક ૧. [સં.] પું ઉંદર.
૨. પું. ચોર. લૂંટારો.
૩. પું તે નામનો એક દેશ.
૪. પું. સિરીષ વૃક્ષ

મૂષિકપર્ણી [સં.] સ્ત્રી ઉંદરકની નામની વનસ્પતિ. તે દવામાં વપરાય છે.

મૂષિકા ૧. [સં.] સ્ત્રી ઉંદરકની નામની એક વનસ્પતિ
૨ સ્ત્રી. ઉંદરડી
૩. સ્ત્રી. ચોર સ્ત્રી.
૪. સ્ત્રી. ધાતુ ગાળવાની કુલડી
૫. સ્ત્રી. ચાટલી.
૬. સ્ત્રી. હવા આવવા કરે તેવું કાણું.

મૂષિકારિ [સં.] પું બિલાડો.

મૂસ ૧. પું. ઉંદર.
૨. સ્ત્રી. ગર્ભાશય.
૩. સ્ત્રી. ધાતુ ગાળવાની કુલડી; ધાતુનો રસ કરવાને કહીમાં મૂકવાનું વાસણ.
૪. સ્ત્રી. બીબું; કરમો; ઓકું.
૫. ન. હરણની જાતનું સિમડાવાળું અમેરીકન પ્રાણી. તેના સિમડાનું વજન સવામણ હોય છે.

મૂસલ ૧. પુ. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માહેનો એ નામે અઠ્ઠ પં.મ
૨. ન. કરનો; ભત્તો
૩. ન પુરુષની જનનેંદ્રિય.
૪. ન. રામ કે કૃષ્ણના પગલાંનું એક ચિહ્ન.
૫. ન. સાબેલું

મૂસલપાઢ પુ હાથીપગું. પગ મૂળ જવાનો રોગ.

મૂસળ જુઓ મૂસલ.

મૂસળી ૧. સ્ત્રી એક જાતની ઔષધિનું મૂળ; વસાણાના કામનું એક મૂળ. તાલમૂલી વાસના પ્રકારના એક છોડનાં મૂળ. આ છોડમાં પીળાં ફૂલ આવે છે તથા કંદ જાંબો તથા ચીકણો થાય છે. તેના કાળો અને ધોળો એવા બે પ્રકાર છે. કાળાને કાળી અને ધોળાને ધોળી મૂસળી કહે છે. ધોળી મૂસળી મુખ્યત્વે ઔષધ તરીકે વપરાય છે. તે પૌષ્ટિક તથા ગુંદર અને સ્ટાર્ચવાળી હોઈને ધાતુપુષ્ટિ ઉપર અપાય છે. પાકમાં તથા બીજી પૌષ્ટિક દવાઓ સાથે તે દૂધમાં નાખવામાં આવે છે. તે હિંદ અને સિલોનમાં થાય છે તથા દક્ષિણાયન અને કોંકણપ્રાંત જેવા ભીનાશવાળા પ્રદેશમાં ઉગાડવામાં આવે છે. નાનાં ઝાડ ચોમાસામાં વગડામાં ઊગે છે. તેનાં પાંદડાં અરેરાના નાના રોપા જેવાં પરંતુ તે કરતાં જાતમાં અને પહોળાં હોય છે. તેના કંદ થાય છે. તેનો રંગ કાળો હોય છે. તે પૌષ્ટિક છે. પથરી ઉપર બાવળની પથરી જેવી ગણ છે. વીર્યવૃદ્ધિ અને ધાતુપુષ્ટિ માટે નવા પ્રકાર અને સંમલણી ઉપર તે વપરાય છે. નપુંસકતામાં તાકાત આપનારી ઔષધિ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

૨ સ્ત્રી. નાનું મુસળ; સાબેલી; કરતો; ભત્તો, કડો

૩. સ્ત્રી પગલું.

મૂસળીપાક પું. મૂસળી વગેરે ઔષધિ નાખી શક્તિ માટે બનાવેલ એક પૌષ્ટિક પાક. તેમાં મૂસળી ઉપરાંત બીજી બલવર્ધક અને કામોત્તેજક દવાઓ અને શતાવરિના કુમળા કૂણા પણ નાખવામાં આવે છે તેનાથી ધાતુક્ષીણતા, ઉધરસ, દમ અને વિષમજ્વર મટે છે.

મૂસા ૧ પું. ઉંદરો
૨. [અ.] પું. બહુદી ધર્મ પ્રવર્તક પેગમ્બર સાહેબનું નામ. તેનો જન્મ મિસરમાં થયો હતો. યહૂદી લોકની સંખ્યા ન વધે માટે તેઓમાં બાળકોને મારી નાખવાનો રિવાજ હતો. અકમાંથી આ બાળક–મૂસા જન્મતાં રાજાની દીકરીએ ઊછેરી મોટો કર્યો હતો. તે પોતાના જ્ઞાતભાઈઓને અજ્ઞાતસ્થાનમાં લાવીને સિનાઈ પહાડમાં પથ્થર પાટી ઉપર ઈશ્વરી આજ્ઞા કોતરાવી લાવ્યા અને મૂર્તિપૂજા જોડાવી તોપણ એ લોકો તોફાન કરતા રહ્યા નહિ. અંતે નીનો પર્વત ઉપર ચડી પેલેસ્ટાઈનનાં દર્શન કરી તેણે દેહ છોડ્યો.

મૂસાભાઈના વા પાણી = પોતાને ભાગે કોઈ અરબ નહીં કે કરી મિલકત નહીં

મૂસાસુહાગ પું. એ નામનો એક મુસલમાની સંત. તેના ભક્તો નારીયેલ ધારણ કરે છે.

મૂળ ૧. [સં. મૂલ] પું. પર્વજ આદિ પુરુષ; જેના વીર્યથી ચલ વિસ્તાર પામ્યો હોય તે પુરુષ.
૨. ન અસલ કે મુખ્ય ચીજ
૩. ન. આદિકારણ; ઉત્પત્તિસ્થાન; મૂળકારણ.
૪ ન. આરંભ; શરૂઆત.
૫. ન. (જ્યોતિષ) એ નામનું સત્તાવીસ માહેનું ઓગણીસમું નક્ષત્ર. તે ભૂત માસના ઉત્તરાર્ધમાં સંધ્યાકાળે ઊગે છે. સપ્ટેમ્બરના આરંભમાં સંધ્યાકાળે અને ઓક્ટિબરના મધ્ય ભાગમાં પરોઢિયે તે મધ્યાકાશવૃત્ત ઉપર આવે છે. મૂળ નક્ષત્ર માહેના તારા કોઈ ગ્રંથોમાં અગિયાર આપેલા છે ને કોઈમાં નવ છે અને ગ્રંથમાં તો છ જ છે. નવ તારા સ્પષ્ટ દેખાય છે. તેની આકૃતિ સિંહના પૂછડા જેવી છે. મૂળ નક્ષત્રમા રોગ થાય તો રોગીનું મૃત્યુ થાય એમ મનાય છે આ નક્ષત્રનો અધિપતિ નિર્ઋતિ છે. આ અધોમુખ નક્ષત્ર છે. ગ્રહિત જ્યોતિષ અનુસાર આ નક્ષત્રમાં જન્મ લેનાર બાલ્યાવસ્થામાં દરિદ્ર, શરીરે રોગી, કલહપ્રિય, માતૃપિતૃહંતા અને આત્મીય લોકોને ઉપકારક થાય છે. આ નક્ષત્રમાં જેનો જન્મ થયો હોય, તે તેનાં માબાપને મૂળમાંથી ઉખેડી નાખે એવી માન્યતા હોવાથી આ નક્ષત્રની શાંતિ માટે ઘણી મોટી શાસ્ત્રીય ક્રિયા કરાવવામાં આવે છે. મૂળરાજનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો.

૬. ન. એક જાતની મૂર્ચ્છા; ચિકારનો એક પ્રકાર. મૂર્ચ્છાના જુદા જુદા પ્રકાર નીચે પ્રમાણે છે: પિત્ત, વાત, ઝેર, કંઠ, મૂત્ર, ઘાવ, પશુ, પક્ષી, ષટ્ચક્રિ અને વેગ. આ પ્રકારમાં મૂત્ર, પશુ, પક્ષી ષટ્ચક્રિ અને વેગ એ નામો તો સંસ્કૃત જોવાં જ સ્પષ્ટ છે.

૭. ન. કંદમૂળ.

૮. ન. જડ.

૯. ન. જ્યાંથી નદી નીકળે છે તે ડુંગરાળું, નદી નીકળવાનું સ્થળ; નદીનું ઉત્પત્તિસ્થાન.

૧૦. ન. ટીકા વિનાનું, અસલ લખાણવાળું પુસ્તક; ટીકા વગરનો ગ્રંથ.

૧૧. ન. પશ્ચિમ.

૧૨. ન. પર્વતની તળેટી.

૧૩. ન. પહેલી નકલ. મૂળ લખાણ.

૧૪. ન. પાયો; બંધારણ; આધાર; રહો.

૧૫. ન. વ્યાંગ સૂચક સંકેતિક શબ્દ.

૧૬. ન. પીપરીમૂળ નામની ઔષધિ

૧૭. ન. પુષ્કરમૂળ.

૧૮. ન. બીજ; કોઈ દેવતાનો મૂળમંત્ર.

૧૯. ન. વનસ્પતિની જડ; ઝાડ, છોડવા વગેરેની પૃથ્વીમાંથી રસ ચૂસવાની જડ; જમીનમાં રહી વનસ્પતિને પોષણ એવી આપનાર મુખ્ય અવયવ; જૂડાબાંધ મૂળિયું.

૧. મૂળ ઊખડી જવાં = (૧) અસર કે અવશેષ ન રહે તેમ ખતમ થવું. (૨) વંશ નિર્મૂળ થવું.

૨. મૂળ ઊંડાં હોવાં = (૧) પારખી ન શકાય તેવું યુક્તિબાજ કે ગૂઢ હોવું. (૨) મૂળ કારણ જાણી મુદ્દતનાં કે કળી ન શકાય તેવાં મહેનત હોવાં. (૩) મૂળ મજબૂત હોવા.

૩. મૂળ કાઢી નાખવું = નાશ કરવો; ફરીને થાય નહિ એમ કરવું; જડ ઊખેડી નાખવી; સમૂળો નાશ કરવો

૪. મૂળ કાપવું-ઊખેડી નાખવું = (૧) જડામૂળ કાઢવું; સમૂળો નાશ કરવો; જડ ઊખેડી નાંખવી; ફરીને થાય નહિ તેમ કરવું. (૨) ઊંડે જ પાયમાલ કરી નાખવું

૫. મૂળ ખોદવાં = બીજની અણખોદ કર્યા કરવી; નિંદા કરવી.

૬. મૂળ ઘાલવું-નાખવું = (૧) જડ ઘાલવી; ઊંડા રહ્યા ઘર કરવું; મૂળ ફૂટવા અને જમીનમાં બેસવાં. (૨) અચળ થવું; દૃઢ થવું; કાયમ થવું

૭. મૂળનાં પાણી = ખુરસા વિનાનું; કોમત વિનાનું

૮. મૂળમાં-મૂળે કોઈ તે = પહેલી તકે, પહેલું; અસલ. (૨) શંકાકુમાં; કારણમાં.

૯. મૂળમાં માટી નહિ ને સાસરે સદેહે = માથા વગર પાઘડી કેવી ? બુદ્ધિ વગર વાવવું તે વ્યર્થ મહેનત છે.

૧૦. મૂળ શોધવું = ઉત્પત્તિ સ્થાન શોધી કાઢવું; અસલ કારણની શોધ કરવી.

૧૧. મૂળે જે મૂળમાં જ = કારણથી; જન્મથી.

૨૦. ન. (ગણિત) સંખ્યાનો ઘાત; અંકગણિત કે બીજગણિતમાં જે સંખ્યાનો ઘાત કર્યો હોય તે ઘાતનો સંખ્યાનો મૂળ અંક; '૬'. જેમકે, ૫ × ૫ × ૫ = ૧૨૫. એમાં ૧૨૫ એ ૫ નો ઘાત છે અને ૫ એ ૧૨૫નું મૂળ છે.

૨૧. ન. સત્ત્વ.

૨૨. વિ. ખરું; સાચું.

૨૩. વિ. પહેલાનું; અસલનું; મૂળભૂત; આદ્ય.

૨૪. અ. તદ્દન; બિલકુલ.

૨૫ જુઓ મૂલ.

મૂળકર્મ ૧. [સં. મૂલ (મૂળ) + કર્મન્ (કામ)] ન. (ગણિત) કોઈ પણ સંખ્યાનું વર્ગમૂળ, ઘનમૂળ કે બીજું કોઈ મૂળ કાઢી કાઢવાની રીત અથવા કાર્ય

૨. ન. પહેલું કામ.

૩. ન. મંત્ર કે ઔષધ વગેરેથી બીજાને વશ કરવાનું કામ.

મૂળકારણ ન. આદિ કારણ; મુખ્ય કારણ.

મૂળ પ્રકૃતિનું કોઈ પણ કારણ ન હોવાથી તેને નિષ્કારણ મૂળકારણ કહે છે. ગીતારહસ્ય

મૂળકીમત સ્ત્રી. કોઈ પણ વસ્તુ ખરીદવાને જે કીમત આપવી પડે તે.

મૂળગત ૧. વિ. પ્રાથમિક; કારણનું.

૨. વિ. મૂળમાં રહેલું.

મૂળગરાસિયા પું. ન બ. વંશપરંપરાથી જેને વારસામાં ગરાસ મળતો આવે તેવા ક્ષત્રિય.

મૂળગામી જુઓ મૂલગામી.

મૂળગું ૧. વિ. અસલી; મૂળનું.

૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૩. વિ. પ્રથમનું

૪. વિ. બધું, સઘળું, તમામ.

૫. અ. તદ્દન; સાવ, જરાએ જરાય તમામ; બિલકુલ.

૬. અ. મૂળ; અસલ.

મૂળગ્રંથ પું. ભાષાદિ કારણથી ભાષાંતરો આવતો મૂળ; આદિપુસ્તક; અસલ ગ્રંથ. તેનાં ભાષાંતર, ટીકા વગેરે થયાં હોય છે. જુઓ મૂલગ્રંથ.

મૂળચંદ સોની પું. એ નામનો અજમેરનો એક સોની. તેણે જૈન માન્યતા મુજબનું લાખો રૂપિયા ખર્ચીને એક સુંદર મંદિર બંધાવેલ છે. પચાસેક લાખ રૂપિયાને ખર્ચે તૈયાર થયેલું તે મંદિર ખાસ જોવા લાયક છે. તેમાં જૈન માન્યતા મુજબનાં સ્વર્ગ, મૃત્યુ, પાતાળ ઇત્યાદિની રચનાના દેખાવો આકર્ષક છે. મંદિરને ઉપલે માળે એ બધી રચના કોર્ય આજુબાજુનાં કામનાં બારણાં વગેરેમાં જરાએ જરા દેખાય એવી ગોઠવણ રાખી છે. તેનાથી ઉપરે માળેથી પણ આ બધું સ્પષ્ટ દેખાય છે. ચિત્રો વગેરે કામમાં સોનાનાં છે. ઘણાં ચિત્રો સોનેરી છે. ચિત્રે ચિત્રે નવીનતા છે

મૂળચંદ્ર પું. (પિંગળ) તેર માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં અંતે જગણ હોય છે અને ૧, ૪, ૮, ૧૧ માત્રાએ તાલ આવે છે.

તેર કલ મુનિ, પર વિશ્રામ,
જગણ અંતે પદ તમામ;
રાજા કૃતિ વસુ શિવ મુવાળ,
એ મૂળચંદ્ર ભણિ આમ. સ્વરૂપિત

મૂળચિહ્ન ન. સંખ્યાનું મૂળ સૂચવતું ચિહ્ન; $\sqrt{\ }$. 'રેડિકલ સાઈન'.

મૂળજ ૧. પું. મૂળ સંખ્યા.

૨ વિ. મૂળ નક્ષત્રમાં જન્મેલું. જુઓ મૂલજ.

મૂળતત્ત્વ ૧. ન. કોઈ ચીજનું મૂળ કે પ્રાથમિક ઘટક તત્ત્વ

૨. ન. પાંચ ભાહેનું એક મહાભૂત.

૩. ન. મુખ્ય સિદ્ધાંત.

૪. ન. મૂળ. બીજ. જુઓ મૂલતત્ત્વ.

મૂળતાલ પું. (સંગીત) એ નામનો એક તાલ; ત્રિતાલ. તેની સોળ માત્રા હોય છે. તેમાં પહેલી, પાંચમી અને તેરમી માત્રા ઉપર તાલ અને નવમી માત્રા ઉપર ખાલી આવે છે.

મૂળદાસ પુ સૌરાષ્ટ્રના એ નામના એક સંતપુરુષ. મહાત્મા મૂળદાસ. તેમનો જન્મ વિક્રમ સંવત ૧૭૩૧ના ફાગણ સુદિ ૧૧ને સોમવારે સૌરાષ્ટ્રના લીલીકુંજ સમા નાપેર પ્રદેશમાં જૂનાગઢ સંસ્થાનના ગામ ઉના પાસેના આમોદરા ગામે થયો હતો. તેમના પિતાનું નામ કૃષ્ણજી અને માતાનું નામ ગંગાબાઈ હતું. જ્ઞાતે સોનગિરા સુથાર અને શાખે વાધેલા હતા. સોળ વર્ષની ઉમરે પર્વાયતાં તેમનાં લગ્ન થયાં હતાં. તેમની સ્ત્રીનું નામ વેણુબાઈ હતું. ગુરુ જીવણદાસજી પાસે તેમણે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તેઓ ગોંડલમાં રહ્યા. તેમનાં પત્ની તેની સેવા કરતાં કરતાં ગોંડલ આવ્યાં અને મૂળદાસજીના કહેવાથી એક મહાત્મા પુરુષ પાસે

ગુરુદીક્ષા લીધી. સૌરાષ્ટ્રમાં ઘેટલોક સમય ગાળ્યા પછી ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે તેઓ સંવત ૧૭૬૮–૬૯ના અરસામાં અમરેલી આવ્યા અને જગ્યા બાંધી. મૂળદાસના ચમત્કારિક પરચા અનેક છે. તેઓ કૂવે પડતી વિધવાની જિંદગી બચાવી હતી. છેવટે વિક્રમ સંવત ૧૮૩૫ના ચૈત્ર સુદ ૬ ને દિવસે એકસો ને ચાર વરસની વયે અમરેલીમાં આવેલ પોતાની જગ્યામાં છતાં સમાધિ લીધી.

મૂળદેવી સ્ત્રી. એક પ્રકારની લિપિ. નાગરી લિપિને કોઈ કોઈ વાર મૂળદેવી લિપિ એ નામ આપવામાં આવે છે. તે સંબંધે મનાય છે કે, મૂળદેવ અર્થાત્ પાટણના સોલંકી વંશના મહારાજા મૂળરાજના વખતમાં આ લિપિ ચાલતી હશે ને તેથી તેને મૂળલિપિ એ નામ આપવામાં આવ્યું હશે.

મૂળધર્મ પું. સનાતન ધર્મ.

મૂળધાતુ પું. ક્રિયાપદનું ટૂંકું રૂપ. જેમકે, કર, ભેસ, હો વગેરે.

મૂળપાઠ પું. ટીકા સિવાયનું ગ્રંથનું મૂળ લખાણ; કોઈ પણ પુસ્તકનું અસલ લખાણ

મૂળપીઠિકા સ્ત્રી. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; ગ્રંથનું પ્રતિજ્ઞારૂપ લખાણ; પારિભાષિક કથન; આગામી સમાચાર; ભૂમિકા.

મૂળપુરુષ પું. કુટુંબનો મુખ્ય માણસ; પૂર્વજ; જે પહેલા પુરુષથી વંશની ઉત્પત્તિ થઈ હોય તે; વંશ કે કુળનો આદિપુરુષ. જુઓ મૂલપુરુષ.

મૂળપ્રકૃતિ ૧. સ્ત્રી. અતિસ્વભાવ.

૨. સ્ત્રી. દુર્ગા.

૩. સ્ત્રી. પ્રકૃતિ; જગતનું આદિ કારણ; મૂળ માયા. જુઓ મૂલપ્રકૃતિ.

મૂળબત સ્ત્રી. જાપવાનું મૂળ લખાણ; 'પ્રેસકોપી'

મૂળબેળાઉ વિ. મૂળ અને ફળ સાથે હોય એવું. સામાન્ય રીતે આ જાતનું ફળ ખાસવાળા છોડને લાગુ પડે છે, કારણકે આ છોડવાઓ વર્ષોવર્ષ ચાલે છે અને વર્ષે ખીલે છે અને ફળ આપે છે.

મૂળબહાલી સ્ત્રી. કાયમ થયાની મૂળ સ્થિતિ.

મૂળ બહાલી તારીખ = નોકરીમાં દાખલ થયાનો દિવસ.

મૂળબંધ પ્ર. (યોગ) એ નામનું એક આસન. તે જમણો પગ નીચે રાખી તે વડે ગુદાસ્થી ગુહ્યસ્થાન પર્યંત રહેલી એકત્ર રેખાને વચ્ચે દબાવી ડાબા પગને જમણા પગ ઉપર સ્વાભાવિક રીતે મૂકવાથી કરી શકાય છે.

મૂળબંડાર પું. મૂળનું ઝાડોળ; ચારઆનાની પેઠ

મૂળભૂત વિ. મુખ્ય; પહેલામાં પહેલું; બીજરૂપ; અત્યંત જરૂરી; આધારરૂપ; મૂળરૂપ; મૂળનું

મૂળમાયા સ્ત્રી. પ્રકૃતિ; મૂળ પ્રકૃતિ.

મૂળમૃગયા સ્ત્રી. ઝાડના ચક્ર સાથે શિકારી ચોટી ગયો હોય તેમ સજ્જડ ચોટી રહી લાગ હાથે લાગે શિકારને મારવો તે; ઝાડના મૂળમાં સંતાઈ શિકાર કરવો તે.

ઝાડના મૂળમાં બાંધી ભેઈ બકે,
લાગ પામી હણે નરસુર ને,
મૂળમૃગયા કહે નામ જન તેહને. પ્રેમાનંદ

મૂળરંગ પું. મેળવણી વગર તૈયાર થયેલો રંગ. લાલ, પીળો અને વાદળી એ મૂળ રંગ કહેવાય છે. બાકીના બીજા બધા રંગ મેળવણીથી થાય છે

મૂળરાજ પું. ગુજરાતનો એ નામનો એક સોલંકી રાજા. આજથી આશરે ૯૫૦ વર્ષ પહેલાં ગુજરાતમાં અણહિલપુરની ગાદીએ તે રાજા હતો ત્યારે સૌરાષ્ટ્રમાં વંથલીની ગાદીએ ચૂડાસમા ગ્રહરિપુ રાજ કરતો હતો. મૂળરાજ મહાદેવનો ભક્ત હતો. ગ્રહરિપુ સોમનાથના યાત્રાળુઓ ઉપર જુલમ ગુજારતો હતો. જંજુમાલી નદીને કાંઠે આટકોટ આગળ મૂળરાજ અને ગ્રહરિપુ વચ્ચે લડાઈ થઈ. ગ્રહરિપુની મદદે કચ્છનો લાખો ફુલાણી આવેલ હતો. તે આ લડાઈમાં મરાયો અને ગ્રહરિપુ છતનો કેદ પકડાયો સૌરાષ્ટ્રમાં આટકોટ પાસે લાખા ફુલાણીનો પાળિયો છે તે આ લડાઈની યાદ આપે છે. મૂળરાજ સેના સાથે સોમનાથ ગયો તેણે મહાદેવની દાઢમાંથી પૂજા કરી. ત્યાંથી સેના સાથે લડાઈમાં મળેલ લૂંટ અને હાથીઓ લઈ ને અણહિલપુર પાટણ ગયો. મૂળરાજે બાર અને ત્રીજમ ગામના મહાલો કબજે કર્યા મૂળરાજ ગુજરાતનો મહારાજા બનાવ્યો. તેણે સરસ્વતી નદીને તીરે મહાદેવનું મંદિર બંધાવવું શરૂ કર્યું પણ તે પૂરું થાય તે પહેલાં જ તે મરણ પામ્યો.

મૂળરેખા સ્ત્રી. પાયાની લીટી; જે લીટી ઉપર બીજી લીટી કે આડી લીટી પડતી હોય તે મૂળની લીટી.

મૂળવતની વિ. અસલનું વતની.

મૂળવાડિયું (મૂળવાડિયું) ૧. ન. ત્રીજું મૂળ

૨. ન. ભીંત કે ગોલ ચબૂતરાના પાયા નજીકનો ભાગ.

મૂળવૃંત ન. મળિયાનું દીટું અને ઘડિયાળનું મૂળનું દીટું.

મૂળશોધન ન (યોગ) એક જાતનું ધૌતિકર્મ. તેમાં કાચી હરડેની જડથી અથવા અધવા આદુથી વારંવાર ઘસી કરી જીભ વડે મુદ્દાદ્વાર સાફ કરવું જોઈએ. તેથી કોઠાની કઠિનતા એટલે પેટની અંદરનું કઠિનપણું અને આમની અશુદ્ધતા દૂર થતી મનાય છે.

મૂળાક્ષર પું. વર્ણમાળાના મૂળ અક્ષર; બોલવા તથા લખવાનો આધાર જે અક્ષરો ઉપર રહ્યો છે તે અ આદિ સ્વર ને ક આદિ વ્યંજન. ગુજરાતી ભાષાના મૂળાક્ષર જેતાળીસ છે. પણ ઋ, ૠ, ઌ અને ૡ ને બાદ કરતાં પચાસ થાય છે. ગુજરાતી મૂળાક્ષરો કુદરતી વિભાગમાં વહેંચાયેલા છે જેવા કે, તાલુસ્થાની, દંતસ્થાની, ઓષ્ઠસ્થાની, મર્ધન્ય, કંઠસ્થાની વગેરે. આ વિભાગો વિજ્ઞાનની દૃષ્ટિએ સંપૂર્ણ અને ચોકસ છે. બીજી ભાષામાં આવું વર્ગીકરણ માલૂમ પડતું નથી.

મૂળાડિયું (મૂળાડિયું) જ. નાનું બાળ મૂળ; જડ.

મૂળાડું (મૂળાડું) જુઓ મૂળાડિયું.

મૂળાધાર ૧. [સં. મૂલાધાર] પું. પહેલાંનો આધાર; મૂળ આધાર.

૨. પ્ર. (યોગ) મુદ્રા અને ઉપરથીની વચમાં આવેલું ચક્ર; શરીરમાંનાં સાત માહેનું એક ચક્ર. તેનું સ્થાન મુદ્રા, પાંખડી ચાર, વર્ણ રક્ત, દેવ બ્રહ્મા, શક્તિ ડાકિની અને વાયુ અપાન છે. તેનાં તત્ત્વ પૃથ્વી, ઇંદ્રિય નાક અને સમય ૧ ઘડી ૪૦ પળનો છે. આ ચક્રના જપની સંખ્યા ૬૦૦ છે.

મૂળાપાણી સ્ત્રી. મૂળાનાં છોડ અને પાંદડાં; મૂળાના પાનની ભાજી; મૂળાની પત્રી.

મૂળાંકુર ૧. પું. મૂળનો ફણગો.

૨. વિ. મૂળમાંથી ફોડેલું; પાયામાંથી ઉત્પન્ન થયેલું.

મૂળિયા ૧. સ્ત્રી. એ નામની ખાંટની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

મૂળિયું ૧. ન. મૂળ; જડ; ઝાડનો એક અવયવ. તે ઝાડને જમીનમાંથી પોષણ મળે છે.

૨. વિ. મૂળ નક્ષત્રમાં જન્મેલ

મૂળી ૧. સ્ત્રી. નકામી ચીજ.

૨. સ્ત્રી. મૂળનો ત્રીજો ફણગો; ત્રીજું મૂળ; કેતું કુમળું મૂળ; સાદોડી.

મૂળી મૂકાડવી = (૧) અજબ્બ તરેહનો ગુણ દેખાડો પોતાના તરફનું કરવું, આડું અવળું સમજાવી ભમાવવું; ભમાડીને પોતાનસ્થી કરવું; વશ કરવું; જોગવી નાખવું. (૨) જડીબુટ્ટી સુંઘાડવી; બાદ કરવું.

મૂંગું ઝાડ
૪. જી. ઝાડવાનો ભારો.
૫. વિ. મૂળ નક્ષત્રમાં જન્મેલ.

મૂળીદેડા પું. ન. ઘ. ગિલ્લીદડાની રમત.

મૂળે ૧. અ. આદિ; આરંભમાં; શરૂઆતમાં.
૨. અ. નામ માત્રે; કંઈ હોય જ નહિ એમ.
૩. અ. પહેલેથી; અસલથી.

મૂળો [સં. મૂલક] પું. એ નામનું એક | ઝાડ; ઝાડમાં વપરાતું એક મૂળ; મૂળામાં | થતા ખોળા કંદની જાત; એક જાતના તીખા સ્વાદવાળું, ધોળા રંગનું અને લેડે જાતરાયણુ કંદ. સાધારણ મૂળો એક વેંત લાંબો અને બે અઢી આંગળ જાડો હોય છે. પરંતુ મોટો મૂળો હાથ હાથ લાંબો અને ત્રણ પાંચ આંગળ જાડો હોય છે. નેપાલ દેશમાં ઉત્પન્ન થયેલા તને નવાડ કે નેવાર પણ કહે છે તે આપણા મૂળા કરતાં મોટા હોય છે અને તેમાં કડવાપણું હોતું નથી. તેનો રંગ સફેદ હોય છે; પરંતુ લાલ રંગના મૂળા પણ હાલ હિંદુસ્તાનમાં વાવવામાં આવે છે જેને વિલાયતી મૂળા કહે છે. તેને મૂળા એટલે કાકડામાંથી સરસવના જેવાં લાંબા લાંબા પાંદડા ઉપરની બાજુએ ઊગી નીકળે છે બીજા નાના અને કાચા હોય છે. મૂળા કાચા કે શાકના રૂપમાં પકાવીને ખાઈ શકાય છે બીજા દવાના કામમાં આવે છે. મૂળા વરસમાં બે વખત વાવવામાં આવે છે તથી તે દરરોજ મળી શકે છે. તેનું મૂળ નીચે પાતળું અને ઉપર જાડું હોય છે. તેની મુખ્ય બે જાત છેઃ દેશી અને વિલાયતી. દેશી મૂળાના લાંબા કંદ હોય છે અને વિલાયતીના કંદ ઘણા જુદા આકારના થાય છે, ઢોરી, રેતાળ અને પોચી જમીનમાં તે ચાલે છે. ઘોડ અને ખારાવાળી અને પાણીવાળા તરબાણ રહેતી જમીન તને માટે ઉત્તમ મનાય છે. ખાતર છાણ અને લાકડાની રાખથી જમીનને સારી રીતે ભરી દઈ ને ફળદ્રુપ બનાવ્યા પછી તેના બી વાવવામાં આવે છે. દેશી મૂળાના બી આસોમાં બે વખત કયારામાં ચરીને વાવવા છે. પહેલું વાવતર ઑક્ટોબર આખરથી નવેમ્બર સુધી થાય છે. આ પહેલાં ઓગસ્ટ મૂળા કહે છે. ઓગસ્ટ મૂળા કંદને પખવાડિયાને અંતરે વવાય છે અને તેને નિરંતર પાણીની જરૂર પડે છે. વિલાયતી મૂળા ત્રણ ચાર ઇંચના ગાળે પાડો ઑગસ્ટની અખરમથી જાન્યુઆરિ સુધી વવાય છે. તેના બી જમીનમા આશરે એક ઇંચ ઊંડા વવાય છે અને જ્યારે મૂળા ઘોડા સારે તેને નવથી બાર ઇંચને અંતરે રહેવાં દેવા જોઈએ. ઘોડને પૂરતુ પાણી પાતુ અને જમીન સુધાર કરેલા કે કાચુ થયેલા જણાય ત્યારે તેને પખવાડીયે ચારણી કરવી જોઈએ. આ મૂળા નાના અને કુણા હોય ત્યારે વાપરવા જોઈએ. વાવ્યા પછી તે ૫૦ થી ૬૦ દિવસમા વાપરવા લાયક બને છે. જો ઘોડને લાંબો વખત જમીનમા રહેવા દેવામાં આવે તો દરેક ઘોડના મધ્ય ભાગમાંથી બીયાળું કાણુ નીકળે છે. દેશી સિવાળુ મૂળા સાધારણ રીતે મોટા થાય છે અને તે સુંદર અને મીઠા હોય છે. ચીન, કોચીન ચીન, જપાન અને હિંદના આયુર્વેદિક જૂના ગ્રંથોમાં મૂળાનું નામ નથી. ચરક માટે હિંદમા તેનું વાવેતર થાય છે. તેનાં ફૂલમાં બીજામૂળ કરતાં કરી બનાવ છે. કમૂતર પણ સ્વાદિષ્ટ લાગે છે મૂળાના ગુણ વાતલ છે. તેમા સફેદ, મોટા કદના, નાના કદના, લાલ, મોળ વગરે જાત છે સફેદ મોટા વાતપ્રકોપ કરે છે, પણ તેલ કે ઘીમાં વઘારી ખાઈને ખાવાથી માઠા આવે છે. આમાં પૌષ્ટિક તત્ત્વ બિલકુલ નથી. આમાનો એક જાતનો મૂળો વાટણીમા માઠક પાણી ચૂસી લે છે. તે ખાવા લાયક નથી તેમાં સારક, મદોત્પાદક, રક્તપિત્તશામક અને મૂત્રલ્ય મદાકરનાર ગુણો છે. મૂળા સામાન્ય રીતે ઉત્તેજક, મૂત્રકારક અને પચારી દૂર કરનાર મનાય છે મૂત્રકૃચ્છ્ર વગેરે રોગોમા તનુ સવન હાપકારક છે. આયુર્પ્રકાશ અનુસાર કુણા પાના મૂળા કડવા, ઉષ્ણવીર્ય, રુચિકારક, શ્વાસકાસક, વિદોષનાશક, સ્વર પ્રસાદક તથા તાજા, શ્વાસ, નાસારોગ, કફરોગ અને આંખના રોગ દૂર કરનાર છે. મોટા મૂળા રૂખી, ઉષ્ણ, વીર્ય, ગુરુ તથા વિદોષનાશક છે અર્શ અને જઠરના રોગ, ગુલ્મ, હૃદ્રોગ અને કફરોગને તે મટાડે છે. પિત્તપ્રકોપ માટે મૂળો અકસીર છે. મૂળાનાં મૂળ અને બીજમાંથી બે જાતનાં તેલ મળે છેઃ લાલ તેલ અને ઉકુનત તેલ. આ તેલમાંથી મંધક અને ફોરફેરિક ઍસિડ મળે છે. તેલ મૂત્રલ, સારક ને અરમરીય છે.

૧. કંઈ વાડીનો મળો = કંઈ હિસાબમાં કે વિસાતમાં નથી
૨. ધોળેલ મૂળા જેવું = (૧) કોરકટ, જેવ હતું તેવું; ખાલી કે સિદ્ધિ વિનાનું. (૨) સરમથી ફિક્કા પડી ગયેલું
૩. મૂળાના ખોરને મુક્કાનો માર = ગુન્હાના પ્રમાણમાં વધારે પડતી સજા.
૪. મૂળાના પરીકા જેવુ = (૧) ગોળમટોળ અને સુંદર. (૨) રૂપિયો; નગદ; કલદાર.
૫. મૂળાનાં પાણી હોવુ= દમ, શૌર્ય, ખુરસા કે હિંમત વિનાનું હોવુ.
૬. મૂળામાં મીઠુ ને કેળામાં ખાંડ = દરેક વસ્તુ પોતપોતાને સ્થાને શોભે.

મૂંગલ પું. ઘોડાની એક જાતનું નામ.
મઈ મારી મૂગલ દલ લાગા ચીલ ઉચ મુલતાન
કાન્હડદેપ્રબંધ

મૂંગા ૧. પું. એક જાતનો રેશમનો કીડો. તે આસામમાં થાય છે
૨. જી. લીલા રંગની, ખાટા સોંઠાવાળી ચોરડીની એક જાત. તેના રસનો મોળ સારો બને છે
૩. [હિ.] ન. પરવાળું. સમુદ્રતળમાં એક પ્રકારનાં જીવડા બખોલ જેવું ઘર બનાવીને એકબીજા ઉપર જમી જાય છે. તે જીવડાં અબર જીવોમાના છે. જેમ જેમ તેની વંશવૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તેમનો સમૂહપિંડ ચોરસ, વૃક્ષના આકારે વધતો જાય છે. સુમાત્રા અને જવાની આસપાસ પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીમા આવા સમૂહપિંડો હજારો માઈલ સુધી ફેલાયેલા દેખાય છે. તે બહુ જલદી વૃદ્ધિ પામે છે. તે એક ઉપર એક એમ વધતા થાકીને સમુદ્રની સપાટી ઉપર એક આસો દ્વીપ નીકળી આવે છે. આવા દ્વીપ પ્રશાંત મહાસાગરમા ઘણા છે. તેને પ્રવાલદ્વીપ કહે છે તે પરવાળાની બનેલી ચીજો અને છે. ઘરેણાંના રૂપમાં પણ તેનો ઉપયોગ મોતીની બરાબર ઘણા વખતથી થતો આવે છે. રત્નપરીક્ષાના પુસ્તકોમાં પણ તેનું વર્ણન આપેલું છે. સાધારણ રીતે તેના ઝાડા જેમ મોટા હોય છે તેમ તેની કીમત વધારે હોય છે. કવિઓએ તેને જૂના સમયથી હોઠની ઉપમા દેતા આવ્યા છે.

મૂંગાઅબ્ધિ પું. પ્રવાલ; પરવાળુ

મૂંગાશાળા જી. મૂગાઓ માટેની નિશાળી.

મૂંગાસ્વપ્ન ન. કાંઈ પણ નહિ જોવાનો નિયમ. ગાંધીજી મૂગાવ્રત વિષે લખે છે કેઃ આપણે સ્વરાજ્ય લેવું જ હોય તો આપણે મૌન કામમાં જ રોકાઈ જવું જોઈએ. તમારા, સગાંઓ વગેરે જેટલે દરજ્જે લોકોમાં ચૈતન્ય જેવાને સારૂ જોઈએ તેટલે દરજ્જે ઠીક છે; પણ જ્યાં ચૈતન્ય આવી ગયું છે, ત્યાં તો મૂગે મોંએ કામ જ કરવાનું છે. પ્રજા આખી મૂગાવ્રત લઈ કાર્ય જ કરે તો પોતાની ધારણા પૂરી પડે જ. બોલવાથી નહિ, પણ કરવાથી જ સ્વરાજ્ય મળે.

મૂંગું ૧. [સં. મૂક] વિ. જેને વાચા ન હોય એવું; અવાચક; જેને બોલતાં ન આવડતું હોય એવું; મૂગું; મૂક; મૂઅ
૨. જી. મૂંગુપણું; મૂંગાપાનું, ચૂપ

મૂંગું ઝાડ ન. એ નામની એક દેશી રમત. દસ અથવા તેથી વધારે બેકી છોકરાઓથી તે રમાય

ઉ. રમવા માટે ચોતરફ હદ નક્કી કરવામાં આવે છે અને વચ્ચે એક લીટો કરવામાં આવે છે. લાંબી એક પક્ષ ઉપર દાવ કરાવવામાં આવે છે. દાવ આપવાવાળો એક બેક મૂંગો મૂંગો સામા પક્ષની હદમાં જઈને કોઈને મૂંગો મૂંગો અડકે તો તે બાદ થયો મનાય અને જે સામા પક્ષવાળા તેને પકડીને બીજા કહેવરાવે તો તે બાદ થયો મનાય. આ રીતે જે પક્ષમાંથી વધારે રમનારા બાદ થાય તે પક્ષ હાર્યો મનાય.

મૂંગેમોઢે અ. ક્રાંતિથી; ચૂપકીથી.

મૂંગો ૧. વું. હોરને મોઢે બંધાતી જીંડલી.
૨. વું. તાળવા ઉપર લોહીનું જામવાનો એક જાતનો રોગ
૩. વું. નાક નીચેનો અને ઉપલા હોઠની વચ્ચેનો બાકા જેવો ભાગ; બે મૂછની વચ્ચમાંનો હોઠ ઉપરનો ભાગ.
૪. વું. મોઢે રેવાનો દૂહો.

મૂંગોમાર વું. કોઈ દેખે કે સાંભળે નહિ એમ મારવું તે.

મૂંછી સ્ત્રી. (હિંદી) બકાના હોઠની કટી.

મૂંજી ૧. વિ. બાજ કાળા રંગનું.
૨. વિ. કંજૂસ; કૃપણ; લખીલ; લોભિયું.
૩ વિ. ખલ; દાક; દુષ્ટ.
૪. વિ. મૂઢ; અક્કલ કે હોંસ વગરનું; જડ.
૫. વિ. મૂંગુ; બોલે નહિ એવું.

મૂંજીપણું ૧. ન. કોઈ પણ બોલવું નહિ તે.
૨. ન. કંજૂસાઈ; કૃપણતા.
૩. ન. દાકતા; દુષ્ટતા.

મૂંઝ સ્ત્રી. બાસતું કેળવવું તે; અકળામણ.

મૂંઝડો (મૂઝડો) વું. મોટે કાળા અને શરીરે ધોળા વાળવાળો બાબરો; જેમે મોટે કાળા અને શરીરે ધોળા વાળ હોય એવો બાબરો કે નાનો બળદ.

મૂંઝણ સ્ત્રી. મૂંઝાવું તે; મૂંઝવણ.

મૂંઝણું વિ. ફેરે કાબરચીતરું અને વગેરે રીંગડાંવાળું.

મૂંઝવણ સ્ત્રી. અકળામણ; બકરાણ; બેચેની; ભ્રમતા; ક્ષોભ; ઊચાટ; ઉદ્વેગ; આકુળતા; અશાંતિ; ગટપટી

મૂંઝવણી ૧. સ્ત્રી. મુશ્કેલી; ગૂંચવણ.
૨. સ્ત્રી. મૂંઝવણ; અકળામણ; બકરાટ.

મૂંઝવવું સ. ક્રિ. મૂંઝવણ કરવી; બકરાણ જેમ કરવું; મૂંઝારવું.

મૂંઝારી ૧. સ્ત્રી. કોડિયા જેવો એક ઘાટ.
૨. સ્ત્રી. બાતીની અંદર મૂંઝાવું તે; બકરાણ; અકળામણ
૩. સ્ત્રી. કેફ્સાના સોજાનો રોગ; ત્રિદોષ.

મૂંઝારો જુઓ મૂંઝારી

મૂંઝાવવું સ. ક્રિ. મૂંઝાવ જેમ કરવું.

મૂંઝાવું ૧. અ. ક્રિ. અકળાવું; બકરાવું; રિબાવું.
૨. અ ક્રિ. અટકોઅટકીને શ્વાસ લેવો.
૩. અ. ક્રિ. ચૂંથાવું.
૪. અ ક્રિ. ત્રાસવું; ત્રાકવું; કંટાળી જવું.
૫. અ. ક્રિ. મનમાં ને મનમાં ગૂંચાવું; સમજણ ન પડવી.

મૂંડક્ક સ્ત્રી. મોટી ઓ; મોટા માથાવાળી ઓ.

મૂંડકી ૧. સ્ત્રી. એક જાતનો કર; મુંડમવેરો.
૨. સ્ત્રી. ખોટા કે ઊંટના પગાચુના મોઢાના આગલા ભાગનું માપ.
૩. સ્ત્રી. મોટા માથાવાળી ઓ; બિબલા.
૪. સ્ત્રી. માથું; મસ્તક.

મૂંડકીવેરો વું. માથાદીઠ લેવાતો કર.

મૂંડકું ૧. ન. માથાવેરો.
૨. વિ. રોતલ; રોઈ પડે તેવું.

મૂંડકો વું નગારું; મુસલમાનને માટે વપરાતો તિરસ્કારદર્શક એક શબ્દ.

મૂંડણ ૧. ન. ઉતરાવું તે; મૂંડાવું તે.
૨. ન. ધાર્મિક દીક્ષા લેવી તે.
૩. ન. વાળ લેવરાવવા તે; હજામત; માથું મૂંડાવવું તે; માથેથી વાળ ઉતરાવી નાખવા તે; હોર; બદારકરણ; વપન

મૂંડવું ૧. સ. ક્રિ. ચૂસવું.
૨. સ. ક્રિ. ઉતરવું; ધૂતવું; ઠગવું; હોમલાવવું.
૩. સ ક્રિ. દીક્ષા દેવી; પોતાના મતમાં લેવા; ચેલો કરવો; અનુયાયી બનાવવું; શિષ્ય કરવો.
ચેલો મંડવો = કોઈ માણસને પોતાના પક્ષમાં લેવો; કોઈ માણસને પોતાના સંપ્રદાયમાં લેણવવો; શિષ્ય કરવો.
૪. સ. ક્રિ. પૈસા પડાવવા.
આડે અક્કે મંડવું = મરજી માફક લૂંટવું; ખૂબ પૈસા પડાવવા
૫. સ. ક્રિ. બહુ ઝીણી ધારવાળા હથિયારથી વાળ લેવા; ઓડવું; હજામત કરવી; વપન કરવું; મુંડન કરવું.
૧. ભોડાં ભોડા માથાં મૂંડ્યા ? = આળસુની પેઠે બેસી રહેવું
૨. માથું મૂંડવું = હજામત કરવી

મૂંડા ૧ સ્ત્રી. ગોળ જમરી, એક જાતની વનસ્પતિ.
૨ સ્ત્રી ઢાંક વગેરેની એક જાતની પાલખી.
૩. સ્ત્રી. બિહાર, ઓરિસા, બંગાળ અને આસામમાં વસતી એ નામની એક રાનીપરજ કોમ.
૪ સ્ત્રી. મજીઠ.
૫. સ્ત્રી માથું ઓડાવેલી સ્ત્રી.
૬. સ્ત્રી. મુસલમાનની છૂટીછવાઈ રજળતી એક કોમ આ કોમનાં માણસો સોરાષ્ટ્રમાં રજળતાં છૂટાંછવાયાં આવી ચડે છે. તે એક કરતી માગણ કોમ છે બોલમના વખતમાં બહારથી તેઓ આવી ચડે છે અને સોરાષ્ટ્રમાં બેડુનો પાસેથી અનાજની માગણી કરે છે. તેઓ સ્વભાવે કંજૂસ અને અજ્ઞાની હોય છે. શરીરે પડછંદ હોય છે બોલાચમાં લુંગી જેવી મોટી પછેડી પહેરે છે. ઉપર મોટો ભગવા કપડાનો ઝબ્બો અને કાનમાં બીંટી જેવું પહેરે છે માથે ઉભાડા રહે છે, મુંડન કરાવે છે. દેખાવમાં તેઓ કરડા જણાય છે. ધારી માગણી ન મળતાં બેડુનોને ફેન્કડે છે તે કોમ અજ્ઞાની અને અસંસ્કારી છે. એમ કહેવાય છે કે, પાવૈયાઓ તેનાથી બહુ જ કરે છે. કેટલાક મુંડાઓ વાંદરા પણ રાખે છે. આ ઉપરથી કોઈ જ્યાં ત્યાં રખડનારને માટે કહેવત તરીકે કહેવાય છે કે તે મુંડાના વાંદરાની માફક રખડે છે
૭. વ. એ નામની કોમનું માણસ.
૮. વિ. એ નામની કોમનું.

મૂંડાઈ ૧. સ્ત્રી. હજામત; મૂંડાવવું તે.
૨. સ્ત્રી. હજામતની મજૂરી.

મૂંડામણ ૧. ન. ચેલા તરીકે દાખલ થવા બાબતની રકમ
૨. ન. હજામતનું મહેનતાણું; હજામત કરાવવાની મજૂરી
ઠકાની ઠોરી ને હજુ મૂંડામણ = માગ કરતાં મડામણ મોંઘું; મૂળ વસ્તુ કરતાં તેના ઉપરની ડાપટીપમાં વધુ ખર્ચ થતું તે.

મૂંડાવવું ૧ સ. ક્રિ. ઉતરાવવું; હોમલાવવું.
૨. સ ક્રિ. દીક્ષા અપાવવી.
૩. સ ક્રિ. હજામત કરાવવી; વાળ ઉતરાવવા; વતું કરાવવું; ઓડાવવું.

મૂંડાવું ૧. અ. ક્રિ. ઉતરાવું; ઠગાવું
૨. અ. ક્રિ. ઠંડ વગેરે આપવો.
૩. અ. ક્રિ. માથેથી વાળ ઊતરવા; ઓડાવવું. હજામત થવી
૪. અ. ક્રિ. વેપારમાં નુકસાન થવું; ખોટ આવવી
૫ અ ક્રિ. શિષ્ય તરીકે સ્વીકારાવું; ચેલો બનવું, દીક્ષા લેવી.

મૃગ

મૂંડાવેડા (મૂંડવેડ) કુ. ધૂર્તતા; લુચ્ચાઈ, ઠગાઈ.

મૂંડાસન ન. યોગનું એ નામનું એક આસન; પદ્માસન.

મૂંડાસા [સં. મુક (માથું)] પું. એક જાતની નાની પાઘડી; માથા ઉપર બાંધવાનો સાફો.
મૂંડાસા બાંધવો = (૧) ફેંટાનું કાઢવું; (૨) પાઘડી પહેરવી.

મૂંડાસાબંધ [હિ.] પું. પાઘડી બનાવવાનું કામ કરનાર.

મૂંડિયું ૧. ન. ઢોરના માથાનું તાલકું.
૨. ન. ઘેનું; એક જાતનું ઝવું.
૩ વિ. મૂંડાવેલું; માથું બોડાવેલું.

મૂંડિયો ૧. પું. બોળ માથાવાળો સાદો જોગી.
૨. પું. માથું મૂંડાવેલ સાધુ; સંન્યાસી; યતી.

મૂંડી ૧. સ્ત્રી. કોઈ વસ્તુનો શિરોભાગ.
૨. સ્ત્રી. બોડી સ્ત્રી.
૩. સ્ત્રી. માથું; જીવ.
૧. નીચી મૂંડીએ = (૧) નીચું મોં કરીને. (૨) શરમાઈ ને.
૨. મૂંડી કાટવી = (૧) તિરસ્કારાયેલું. (૨) માથું કાપી નાખેલું.
૩. મૂંડી મરોડવી = (૧) ગળું દબાવીને મારી નાખવું. (૨) ચોખ્ખો દગો ને હાનિ પહોંચાડવી
૪. મૂંડી હલાવવી = ના કહેવી.
૪. સ્ત્રી. શિખર.
૫. સ્ત્રી. સાખી; દીક્ષા લીધેલી સ્ત્રી.

મૂંડું વિ. માથું બોડાવેલું; વાળ ઉતરાવી નાખેલું.

મૂંઢો ૧. પું. બકો.
૨ પુ ચેલો
૩. પું. ટોળો.
૪ પું. નામો આપે.
૫. પું. બોડા માથાવાળો માણસ; મૂંડિયો; માથું સાફ બોડાવ્યું હોય તેવો આદમી.
૬. પું. બદારી જેવો ભિખારી.
૭. પું. માથા વિનાનો બખીસ.
૮. પું. માથું; શિર; મસ્તક.
૯. પુ મુસલમાન માટે વપરાતો તિરસ્કારદર્શક એક શબ્દ.

૧૦. પું. વિધવા; માથાના વાળ ઊતરાવ્યા હોય તેવી સ્ત્રી.

મૂંઢર પું. જોસના આગલા બે પગ વચ્ચે લાકડાનો ભાગ

મૂંઢડી (મૂંઢો) સ્ત્રી. પીંછી.
કરિ મૂંઢડી રૂપ જિન લહુઢ.
અવર ન ઠર નમિ આવહુ. જ્ઞાનમંજરીમય

મૂંદી સ્ત્રી. પીંછી.

મૂંસલ ન. સાંબેલું
ઉખલ મૂંસલ નીસા ચાટિ કોલ્હ ઘાણી ઘરી ઘાટ. જ્ઞાનમંજરીમય

મૃ [સં.] ભા. ક્રિ. (ધાતુ) મરવું; નાશ પામવું. તે ઉપરથી બનેલ શબ્દ: મૃત, મરણ, મોત, મૃત્યુ, માર વગેરે.

મૃકંડ [સં.] પું. માર્કંડેય ઋષિનો પિતા, ઘણા નામના ઋષિનો પુત્ર.

મૃકંડુ જુઓ મૃકંડ.

મૃક્ષણ ૧. ન. તેલ ચોળવું તે.
૨. ન. માખણ; નવનીત.

મૃક્ષાર્યંત્ર ન. મૃદંગના આકારનું પારદની મોટા જથ્થામાં કજ્જલી બનાવવાનું યંત્ર તે માટે લોઢાના કે લાકડાના પેચદાર ઢાકણવાળા પીપમાં પારદ અને ગંધકના ચૂર્ણને ભરીને પીપની બાજુમાં રાખેલી બોજાઓમાં સ્થાપેલી દોરી ફેરવીને કે પીપની બાજુમા રાખેલી ભમર ફરીઓથી તેને બે બાજુ વચ્ચ ગોઠવી ખૂબ ફેરવવાનું બની શકે તેવા રીતે ગોઠવણ થાય છે.

મૃક્ષિતદ્રાવ પું. (ટૅનિન) લીબ્બા ઢાક, બાવળ તથા કડાયીથી ગાલ વનરે બાજ્જ ચામડાને દેવાથી ચડો હોય.

મૃજ્ ૧. [સં.] ભા ક્રિ. (ધાતુ) ખોળવું; શોધવું. તેના ઉપરથી બનેલ શબ્દ: મૃગ, મૃગરાજ, મૃગજાલ, માર્ગ, માર્ગશીર્ષ, મૃગાક્ષી, મૃગયા, માર્ગી, મૃગલોચના વગેરે
૨. ભા. ક્રિ. સિંગાર કરવો

મૃગ ૧. [સં.] પું. એ નામનો એક વૃક્ષ.
૨. પું. (પિંગળ) એક અર્ધ સમમાત્રિક માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે. તેમા ૧૧ ગુરુ અને ૨૬ લઘુ મળી ૩૭ વર્ણ હોય છે.
૩. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૧૪૨ લઘુ મળી ૧૪૭ વર્ણ આવે છે.
૪ પુ કસ્તૂરીનો મૃગ.
૫. પું. ગ્રામણીઅગ્રરે ચારેલા પુરુષના ચાર વર્ગ માંહેના એક વર્ગનો પુરુષ. તે મધુર વાણીવાળો, દેખાવડો, વિશાળ નેત્રવાળો, ભદ્ર પ્રકૃતિ, ચપળ મતિવાળો, સુંદર શરીરવાળો, ઝડપી ચાલનાર અને રતિસમારંભમા અતિ ઉત્સાહવાળો હોય છે. તે પાપથી ડરનાર, અતિથિસત્કારમાં સદા તત્પર, આજ્ઞાંકિત, હમેશ મુખ ઉપર હાસ્યવાળો દેખાવ છે. તેની આખો હરણ જેવી, શરીર સિંહ અને બોડુ ઠું અને તેના રમરાજીમાં કમળ જેવી સુગંધી હોય છે. તેનુ ૧૬ વર્ષ હોય છે. તે સંગીતમાનો શોખીન હોય છે તેનો આહાર મધ્યમસર હોય છે. તે સ્ત્રિણી સ્ત્રી માટે લાયક પતિ ગણાય છે
૬. પું. કશ્યપ દેવના ચંદ્રવંશી રાજા ઉશીનરનો એક પુત્ર.
૭. પું. ઘોડાને થતો એક જાતનો વાતરોગ.
૮. પું. ચાર ઉપરનું કરજના આકારનું ચાકું.
૯. પું. ચાર જાતના હાથીમાનો એક. તે આઠ હાથ ઊંચો હોય છે. તેની આખો મોટી અને લમણા ઉપર સફેદ ચિહ્ન હોય છે
૧૦. [સં. મૃજ્ (શોધવું)] પું. તપાસ; અન્વેષણ; શોધ; તાત્પર્યથી વસ્તુઓ શોધવી તે;
૧૧. પું. પશુ, જનાવી જનાવર.
૧૨. પું. પાળવા પશુ તે.
મૃગાચર્યની માધવા = સંતાન ન હોવું; દીકરીએ દીધો ન હોવો.
૧૩. પું. પશુ તે
૧૪ પું મકર રાશિ
૧૫ પું માગશર મહિનો.
૧૬ પું રમત; ક્રીડા.
૧૭ પું વૈષ્ણવોના તિલકનો એક ભેદ.
૧૮ પું. (જ્યોતિષ) શુક્રની નવ ગતિની આઠમી ગતિ તે અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળમા પડે છે
૧૯. પું કસ્તૂર; કુરંગ; વનમાં રહેનારું એક ચોપગુ જનાવર પ્રાણી, કૃષ્ણસાર. તેના નવ પ્રકાર છે: અજર, રોહિત, સંબુ, બબ્બર, પૃષ્ઠ, કુરંગ, રાસ, એણ અને કસ્તૂર. બરી રીતે કસ્તૂરીમૃગમાથી જ સાચી કસ્તૂરી નીકળે છે. આવા કસ્તૂરીમૃગ ચીન, રશિયા, આસામ અને મધ્ય એશિયામાં તથા આઠ હજાર ફૂટથી વધારે ઊંચાઈ ઉપર હિમાલયમાં જોવામાં આવે છે. પણ બીજી આશ્ચર્યની વાત એ છે કે, એવાં બધાં બીજાં પ્રાણીઓ છે કે જેના બોદીમાં, માંસમાં, વિષ્ટામાં અને ગ્રંથિઓમાં કસ્તૂરીની વાસ છે, પણ અસલ કસ્તૂરી નથી હિંદુસ્તાનમા બોજા સર્પો છે તેમા પણ આ વાસ ભરપૂર રહેલી છે અને છતા એ તે કસ્તૂરી સાચી નથી. કારણ કે, તે વાસમા નથી કસ્તૂરીની આબોહવા શુદ્ધ કરવાની તાકાત કે નથી દેહને દઢ બનાવવાની શક્તિ. બોજા વનસ્પતિજન્ય બોડવાઓ પણ બાય છે કે જેમા કસ્તૂરીની આવી વાસ આવે છે. મોટે ભાગે આવા બોડવાઓ ભીંડીના વર્ગના, સૂરજમુખીના વર્ગના અને અફ્રિકના તુલસીના વર્ગના તથા જમૈકામાં લીમડાના વર્ગના જાણવામા આવ્યા છે; છતા એ કુદરતની આ લીલી વાડીમા કસ્તૂરીમૃગમાથી નીકળતી કસ્તૂરીની બરોબરી કરાયે નથી.

૨૦. સ્ત્રી (પુરા.વ) સોમની સત્તાવીસ માહેની એક સ્ત્રી.

૨૧. ન. એ નામનું એક નક્ષત્ર: મૃગશીર્ષ. તે તેર તારાઓનો સમૂહ છે. મૃગ નક્ષત્રમા તારાઓનો એક ચતુષ્કોણ બને છે તેને મૃગના ચાર પગ કલ્પ્યા છે. આ ચાર તારાઓની ઉત્તરે ત્રણ ઝાખા તારા છે તે મૃગનું માથું છે. દક્ષિણ તરફના બે પગ વચ્ચે ત્રણ તારાની પૂછડી છે. પેટમાં આવે એટલે શિકારીએ મારેલું સાંપી લીટીમાં આવેલા ત્રણ તારાનું બાણ છે. આ ત્રણ તારામાં સોપી ઉત્તર તરફનો લગભગ પૂર્વ બિંદુમાં જેની પશ્ચિમ બિંદુમાં આયમે છે. આ બાણની પાછળ તેની લગભગ સીધી લીટીમા બહુ જ ઝળકતો બાણનો તારો છે.

૨૨. ન. શાકદ્વીપના એક પ્રાંતનું નામ

૨૩. ન. (વહાણવટું) હર્ષ્ય.

મૃગકેશરી જી સ્ત્રી. (બ. વ્ર.) હરણના જેવી સુંદર આંખવાળી

મૃગનયની મૃગકેશરી સુકુમાર. કાવ્યસંગ્રહ

મૃગકાંતા સ્ત્રી. (પુરા.વ) માનસ સરોવરમાંથી નીકળેલી એ નામની એક નદી

મૃગકેતુ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

મૃગગામિની ૧. [સં.] સ્ત્રી. વાયડિંગ. હરણ તેની વાસ ઉપરથી તે ખાવા માટે આવે છે

૨. સ્ત્રી. હરણની માફક ચાલનારી સ્ત્રી

મૃગચર્મજ ૧. [સં.] પું (હિંદી) કસ્તૂરીનો દૂધો

૨. પું. જવાદિ નામનું ગંધદ્રવ્ય.

મૃગચારિણ જુઓ મૃગચારી.

મૃગચતુષ્પદ [સં.] ન. શિકારનું પ્રાણી.

મૃગચર્મ [સં. મૃગચર્મન્] ન. હરણનું ચામડું; અજિન; ચર્મન; કૃત્તિ. બ્રહ્મચારી અને ઋષિ વગેરે તપસ્વીઓ તે ઓઢવા પાથરવાને રાખે છે.

મૃગચર્યા [સં.] સ્ત્રી. હરણ જેવી રીતે નિર્વાહ કરે તે રીતે નિર્વાહ કરવારૂપ બ્રહ્મચર્યનું આચરણ; મૃગની પેઠે નિષ્પાપ જીવન ગાળવું તે.

મૃગચારી પું. દસમી રાત.ન્દ્રિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામનો એક ધર્મ

મૃગજલા [હિં] સ્ત્રી. મૃગનું ચામડું.

મૃગજ [સં.] ન. હરણની નાભિથી બનેલો પદાર્થ. કસ્તૂરી.

મૃગજરસ [સ] પું એક રસૌષધિ. તેનો ઉપયોગ રક્તપિત્તમાં થાય છે. શેવેલો પારો માલીમાંથી કાઢેલ મીઠાના રસમાં એક દિવસ સુધી ઘૂંટવાથી તે તૈયાર થતો કહેવાય છે

મૃગજલ ૧ [સં.] ન. રેતાળ જમીન ઉપર ઊંચા સૂર્યકિરણ પડતાં, દૂરથી પાણી જેવો દેખાવ થાય છે તે; મરીચિકા; ઝાંઝવાંનું પાણી મૃગજળ એ કુદરતની વણી વિચિત્રતાઓ માંહેની એક વિચિત્રતા છે. તેનું કારણ આમ એટલું જ છે કે, હવાનાં ગરમ અને ઠંડાં પડોમાં પ્રકાશને પસારતિત કરવાનો જુદો ગુણ હોઈ, દૂરની વસ્તુમાંથી નીકળીને જોનારને પહોંચતાં પ્રકાશનાં કિરણોને એ જાંસાં બનાવી દે છે અને તેને પરિણામે જોનારને એ વસ્તુના કદ અને અંતર સંબંધે ભ્રમ ઉપજાવે છે. તે વાતાવરણની જુદી જુદી પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે

૨. ન. સવારમાં પાણીનો દેખાવ આપી મૃગોને લોભમાં નાખે તે ઝાકળ.

મૃગતૃષ્ણા, મરીચિકા એ બે સાંવિંગ નામ મૃગજળ અર્થાત્ મરુદેશમાં ફેલાયેલી રેતી ઉપર સૂર્યનાં કિરણો પડવાથી જે ઝગમગી જતો ચળકાટ થાય છે તેના છે. અમરકોષ

મૃગજળા જુઓ મૃગજલ

મૃગજાગરિતાન ૧. ન. અધુરપવું શરીર પક્ષઘે તેમ નાહવું તે.

૨. ન. મૃગજળમાં નાહવું તે.

૩. ન સંપૂર્ણ અસફળતા.

મૃગજ્ઞ [સં.] સ્ત્રી. કસ્તૂરી.

મૃગજ્ઞલિકા [સં.] સ્ત્રી. હરણને પકડવાની જાળ

મૃગજ્ઞ [સં.] ન. તપાસવું તે: શોધવું તે: શોધ: તપાસ.

મૃગજ્ઞા [સં. મૃગ્ (શોધવું)] સ્ત્રી. તપાસ: શોધખોળ: તાદ્પર્યથી શોધવું તે.

મૃગતિલકા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ: અમૃતગતિ: ત્વરિતગતિ: અમૃતતિલક: કુમતિ: સુધામત. તેના દરેક ચરણમાં નગણ, જગણ, નગણ અને ગુરુ મળી કુલ અક્ષર હોય છે. તે પંક્તિ છંદનો એક ભેદ છે.

મૂમતિલકા ન જ ન ગ ગો. રત્નમિલ

મૃગતૃષ્ણા ૧. [સં.] સ્ત્રી. ઝાંઝવાંનું જળ: મૃગજળ: રેતાળ જમીન ઉપર સૂર્યનાં કિરણ પડતાં દૂરથી પાણી વરસતું હોય એવો જે ભાસ થાય છે તે: મરીચિકા: ઝાંઝવાં. રેતીવાળા રણ અથવા ઉજ્જડ પ્રદેશમાં દૂરથી ઝાકળનું જળ દેખી મૃગ એટલે હરણ વગેરે પશુઓ તૃષાને લીધે દોડે છે તેની રીતે ખોટી અથવા મિથ્યા વસ્તુમાં ગૂંચવાવું તે મૃગતૃષ્ણા અથવા ઝાકળનું જળ કહેવાય છે.

૨. સ્ત્રી. સવારમાં પાણીનો દેખાવ આપી મૃગોને લોભમાં નાખે છે તે ઝાકળ.

૩. સ્ત્રી હરણને મારવાની ઇચ્છા.

મૃગદાવ ૧. ન. કાશીથી ઉત્તરે ત્રણ માઈલ દૂર આવેલું સારનાથ નામનું એક પ્રાચીન સ્થળ. ત્યાં સિદ્ધાર્થ ઘણો વખત રહ્યા હતા.

૨. [સં.] ન. જેમાં ઘણાં હરણ રહેતાં હોય એવું વન.

મૃગધર ૧. [સં.] પું. કપૂર

૨. પું. ચંદ્ર

મૃગનક્ષત્ર [સં.] ન. મૃગશીર્ષ નામનું નક્ષત્ર. તે આખાની પશ્ચિમે છે અને સાંજે ઊગે છે. આ નક્ષત્રમાં ચમકારા તારા તેજસ્વી છે, તેને લીધે તે બહુ જ સુંદર, શોભાયમાન અને રમણીય દેખાય છે.

મૃગનયન [સં.] ન. હરણના જેવી આંખ.

મૃગનયના ૧. [સં] સ્ત્રી. મૃગલોચના: મૃગાક્ષી: મૃગનેણી: સુંદર આંખવાળી સ્ત્રી; હરણના જેવી સુંદર અને ચંચળ આંખવાળી સ્ત્રી.

૨. વિ સ્ત્રી. મૃગ જેવાં સુંદર અને ચંચળ નેત્રવાળા

મૃગનયની જુઓ મૃગનયના.

મૃગનાથ ૧. [સં.] પું. વાઘ.

૨ પું. સિદ્ધ. મૃગ શબ્દની પછી પતિ, નાથ, રાજ વગેરે શબ્દો લાગવાથી સિદ્ધસમાસ શબ્દ બને છે.

૩ ન. વિંધ્યાચળનું એ નામનું એક શિખર. તે ૨,૧૪૮ ફૂટ ઊંચું છે.

મૃગનાભિ ૧. [સં.] પું. કસ્તૂરીમૃગ.

૨. સ્ત્રી. કસ્તૂરી. કસ્તૂરીમૃગના નાભિપ્રદેશમાંથી તે જડે છે માટે તેને મૃગનાભિ કહે છે.

૩. સ્ત્રી. જેમાં કસ્તૂરી હોય તેવો મૃગના શરીરનો ભાગ.

મૃગનાભિજા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

મૃગનાભિભદ્ર [સં.] પું. કસ્તૂરી. મૃગની નાભિ કે દૂધીમાંથી કરતો મદ.

મૃગનેત્રા ૧. [સં] સ્ત્રી. માગશર મહિનાની રાત્રિ. લગ્ને મૃગશીર્ષ નક્ષત્ર આંખની જેમ ભમારે છે.

૨. સ્ત્રી. હરણ સમાન ચંચળ નેત્રોવાળી સ્ત્રી

મૃગપતિ ૧. [સં.] પું. વાઘ.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. પુ. સિંહ; વનરાજ.
૪ પુ. સિંહ રાશિ.

મૃગપદ ૧. [સં] પુ. હરણના પગનું ચિહ્ન
૨. પું હરણનો પગ.

મૃગપાલિકા [સં] સ્ત્રી. કસ્તૂરી મૃગ.

મૃગપિપ્પલ ૧ [સં.] પું. (હિં) કપૂર.
૨ પુ. ચંદ્ર.

મૃગપુરોગ પુ કામશાસ્ત્રમાં જણાવેલો હરણની જાતનો પુરુષ. જુઓ મૃગ ૫.

મૃગપ્રજ ૧ [સં.] પું. પાંચમા નક્ષત્ર મૃગશીર્ષનું ઝૂમખું
૨. પું હરણનું ટોળું

મૃગભક્ષા ૧. [સં] સ્ત્રી કડવાસૂંઢી નામની વનસ્પતિ.
૨ સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ. તેનાં મૂળ, પેશી તથા જટાને હરણ બહુ જ આપ છે તેથી તે મૃગભક્ષા કહેવાય છે.

મૃગમદ ૧ [સં] પુ. કસ્તૂરીમૃગ.
૨. પું હિમાલયમાં થતા એક જાતના મૃગની નાભિમાંથી મળતું બહુ જ ઊંચ સુવાસવાળું એક દ્રવ્ય; કસ્તૂરી
મૃગમદ ચંદન ભસિમાસ્ત્ર, પૂજે નારી હરખ વહાલ પ્રેમાનંદ

મૃગમંદક પું મહાનો એક પ્રકાર. તેનું શરીર પાતળું હોય છે. ચપળતા વધારે હોય છે આમાના હાથમાં ન આવતાં તે ઠોર્ધક વખતે દાવ મારી દે છે તે ઊંડો અને ચોટો ઘા કરી શકે તેવો હોય છે.

મૃગમંદા સ્ત્રી. (પુરાણ) દક્ષપ્રજાપતિ થકી ક્રોધાને થયેલી એ નામની એક કન્યા.

મૃગમંદ્ર [વિ.] પું. એક જાતનો હાથી.

મૃગમાંસ [સં.] પું. આમલકર મહિનો.

મૃગમુદ્રા સ્ત્રી. અંગૂઠો, મધ્યમા અને અનામિકા આંગળીના ટેરવા જોડી તર્જની અને કનિષ્ઠિકાને કાનની પડે સીધી રાખવાથી બની આકૃતિ.

મૃગયા [સં.] સ્ત્રી. શિકાર; આખેટ; પારધ; મૃગવ્ય; મૃગયાના ઘેર, ગઢ, ડોર, કૂદ, મૃગ, ઢાળ, પશુ, પક્ષી પંદરવાળી, બેત્ર વગેરે જુદાં જુદા સ્વરૂપ છે
મૃગયા કરવી-રમવી ⊂ શિકાર ખેલવો.

મૃગયાગમન [સં] ન. શિકારે જવું તે.

મૃગયુ ૧ [વિ.] પું હરણનું બચ્ચું.
૨ [સં.] પું. બલા. કેમકે, તેનું માથું હરિણના સ્વરૂપમાં કપાયું હતું.
૩. પું. વેદમાં વખણાયેલું ઋષિનું એક નામ.
૪ પું. શિકારી; બાણ; મૃગવધાકાર; લુબ્ધક.
૫. પું શિયાળ.

મૃગરસા [સં.] સ્ત્રી. સહદેવીનો વેલો.

મૃગરાજ ૧ પું. કપૂર.
૨. પુ. ચંદ્ર.
૩. પું. મૃગશીર્ષ નક્ષત્ર.
૪ પુ. વાઘ
૫ પું સિંહ મૃગ.
૬ [સં.] પું. સિંહ; મૃગપતિ.
૭ પું. સિંહ રાશિ.

મૃગરિપુ [સં.] પું. સિંહ.

મૃગરોગ પું. પોપાનો એક રોગ. તેમાં તે બગડી જાય છે ને તેના નાકનાં કોરણાં સૂજી જાય છે.

મૃગરોચના [સં.] સ્ત્રી. ગોરોચના; હરણના મસ્તકમાંથી નીકળતો એક પદાર્થ.

મૃગલક્ષણ [સં.] પું. ચંદ્ર

મૃગલડી (મૃગલડી) સ્ત્રી. મૃગલી; હરણી

મૃગલાંછન ૧. પું. કપૂર
૨. [સં] પું. ચંદ્ર; ચાંદો.
૩. પું. મૃગનું ચિહ્ન; ચંદ્રમાંનો કાળા મૃગના જેવું ચંદ્રમાં દેખાતું ચિહ્ન.
૪ પું. મૃગશીર્ષ નક્ષત્ર

મૃગલિયું ૧. ન. નાનું મૃગ. બચ્ચામાં વપરાય છે.
૨. ન. હરણનું બચ્ચું

મૃગલી સ્ત્રી. મૃગની માદા; હરિણી.

મૃગલું ન. હરણ
ભરતનું મૃગલું ⊂ અતિ પ્રેમથી જોડી ન શકાય તેમ પાળેલું પ્રાણી.

મૃગલેખા [સં.] સ્ત્રી. ચંદ્રમાંનું કાલું.

મૃગલો પું. હરણ.

મૃગલોચના [સં.] સ્ત્રી. મૃગ જેવી ચંચળ અને સુંદર આંખવાળી સ્ત્રી; મૃગનયની.

મૃગલોચની જુઓ મૃગલોચના.

મૃગવધાકાર પું. શિકારી.

મૃગવનતીર્થ [સં] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપર્યાંતમાં લખ્યું છે કે, અહીં ચતુર્ભુજ શ્રી વિષ્ણુ ભગવાન હમેશ સ્થિત રહે છે. અહીં એક ઘાસવાળાને ભોજન કરાવવાથી પણ વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે અને અહીં કર્યાનું ફળ એક હજારગણું વધી જાય છે.

મૃગવર્ગ [સં.] પું. અક્ષરનો એક વર્ગ. ચ, ૨, લ, ચ એ ચારમાંથી ગમે તે એક અક્ષરથી તે ગ્રહ થાય છે.

મૃગવલ્લભા [સં.] ન. એક જાતનું ઘાસ.

મૃગવારિ [સં.] ન. કસ્તૂરીનું જળ; મૃગજળ

મૃગવાહન ૧. [સં] પુ વાયુ; પવન.
૨. ન સ્વાતિ નક્ષત્ર.

મૃગશીર્ષ સ્ત્રી. અહોના દક્ષિણ માર્ગના ત્રણ માહેનો એ નામનો એક ભાગ; કૃત્તની ત્રણ માંહેની એક વીથી; અવણ, ધનિષ્ઠા ને શતભિષા એ ત્રણ નક્ષત્રોની મૂસરથી કહેવાય છે.

મૃગવ્યાધ ૧ [સં] પું. (પુરાણ) અગિયાર માહેનો એ નામનો એક રુદ્ર.
૨. પું આર્દ્રા નક્ષત્ર.
૩. પું બાજ તારો. તેને પશ્ચાલો મોટો કૂતરો કહે છે. તેમને મત મૃગશીર્ષ નક્ષત્ર એ શિકાર છે અને તેની પાછળ પડતો આ વ્યાધ કૂતરો છે. શિકારની સાથે તે નીકળેલો તેથી તેને આકાશમાં સ્થાપવામાં આવ્યો છે. અને વળી તેના વિષે ઘરઘમાં એક બીજી પણ કથા છે કે, પુરાણ કાળમાં આ પ્રથ્વી પર એક અદ્ભુત કૂતરો પેદા થયેલો. તેને માનવીઓએ દેવોને અર્પણ કરેલો. એ કૂતરાનો વેગ અને તાકાત જોઈને ભગવાન બ્યુપિટર તેના પર ખુશ થઈ ગયા અને તેને આકાશમાં સ્થાપી દીધો. ઘરઘમાં શું, મિસરમાં પણ આ તારાને કૂતરાને નામે જ ઓળખવામાં આવતો અને હજી યે તેનાં ચિત્રો મિસરના અવશેષોમાં મળી આવે છે. ઊનાળાની અધરચ્ચે જ્યારે આ તારો મિસરમાં દેખાતો ત્યારે તેની મદદ નદી નાઈલમાં પાણીનાં પૂર આવતાં. આ પરથી લોકો એમ માનતા કે, આ તારો પોતે આકાશમાંથી જલવર્ષા કરે છે અને નાઈલમાં પાણી ઊભરાય છે. મૃગવ્યાધના આ પ્રકાશિત તારાઓ પેલા મૃગશીર્ષની જેમ જ પોતાની આસપાસ કથા અને કલ્પનાઓની ભણભૂંસણી ઊભી કરી દીધી છે, પણ એ તો બધાં બાલ સ્વરૂપો થયાં. એના આંતરિક સ્વરૂપો પણ આપણને ઓઢીક વિશેષ વાતો અને હકીકતો કહી જાય તેમ છે. આ વ્યાધના તારાઓ આકાશમાં સૌથી વિશેષ પ્રકાશિત તારા તરીકે સ્થાન લીધું છે. તારાઓના વર્ગ પાડવામાં આવ્યા છે. તેમા સૌથી વિશેષ પ્રકાશિત પહેલો વર્ગ કહેવાય, પણ વ્યાધનો આ તારો તો પહેલા વર્ગ કરતાં યે વધારે પ્રકાશિત છે.
૪. પું. શિકારી.

મૃગશાર [સં.] ન. એ નામનું એક નક્ષત્ર. તેનો આકાર હરણના માથા જેવો છે. તેમાં ત્રણ તારા છે.
કૃત્તિકા કરશે કજક રોહિણી કરે સુકાળ.
કર્મમોરે મૃગશાર ભલે નિશ્ચય પડે દુકાળ.

મૃગશાયક [સ.] વ. હરણનું બચ્ચું

મૃગશિર ૧. પું. માગશર માસ.

૨. [સં. મૃગશિરસ્] વ. અકવીસ મોંદનું પાંચમું નક્ષત્ર; મૃગના મસ્તકના આકારમાં રહેલા ત્રણ તારાઓનો સમૂહ.

૩. ન. હરણનું માથું

મૃગશિરા વ. મૃગશિર નક્ષત્ર; સત્તાવીસ મોંદનું પાંચમું નક્ષત્ર. જુઓ મૃગશીર્ષ.

મૃગશિલા [સં.] સ્ત્રી. હરણને બેસવાનો પથ્થર.

મૃગશીર જુઓ મૃગશીર્ષ.

મૃગશીર્ષ ૧. [સં.] પું. માગશર માસ

૨. વ. એ નામનું એક નક્ષત્ર; સત્તાવીસ મોંદનું એક નક્ષત્ર; મૃગશિર નક્ષત્ર. તેના દેદીપ્યમાન તથા જ્વલ તારકપુંજને ફ્રાંતિવૃત્તની ઉત્તર દિશિએ વહેંચાયેલા છે. તે માગશર અદિનામાં સમી સાંજે ઊગે છે તથા પોષ માસમાં આકાશમાં સહેજ ઉપર આવે છે. તેનો દેખાવ ઘણો જ રમણીય લાગે છે, તેથી નિરીક્ષકનું ધ્યાન સહેજ રવભાવે તે તરફ ખેંચાય છે મૃગ નક્ષત્રને આપણા ઘોડો હરણીના નામથી ઓળખે છે. ચાર બાજુએ ચાર તારા હરણીના માથા જેવા લાગે છે. માથાની મધ્યમાં ત્રણ ત્રીજા તારા છે, તેને તીર કલ્પવામાં આવ્યું છે. તે તીરની બરાબર સામે દક્ષિણ આકાશમાં સૌથી તેજસ્વી બાણનો તારો જોવામાં આવે છે. હરણીના માથામાં તીર મારનાર આ બાણ છે. બાણની દક્ષિણે અગસ્તનો પહેલા વર્ગનો તારો ઝળહળે છે. મૃગ અને બાણ સંબંધી એક વાર્તા એવી છે કે, પ્રજાપતિએ પોતાની કન્યા ઉપર નજર લગાડી. દેવો આ અનર્થ જોઈને ક્રોધ્યા અને તેમણે એક રાક્ષસને ઉત્પન્ન કર્યો. તે પ્રજાપતિની પાછળ દોડ્યો. પ્રજાપતિએ હરણીનું રૂપ ધારણ કર્યું. રાક્ષસનું નામ પશુવાન આપ્યું હતું. તેણે હરણીને તીરથી હણી. એટલે તીર મારનાર બાણ અને મરનાર હરણી કહેવાયાં. જેનાથી હરણી હણાઈ તે ત્રિકાંડ બાણ કહેવાયું. વળી એવું પણ અનુમાન કરવામાં આવ્યું છે કે, મૃગ તે પ્રજાપતિ તથા બાણના ત્રણ તારા તે તેનું વક્ષોપવીત છે. પારસીઓની માન્યતા પ્રમાણે હોમ દેવ અને તેની પત્નીને મૃગશીર્ષ કહે છે. આમ મૃગશીર્ષ સંબંધી તેના આકાર ઉપરથી કલ્પનાઓના ઘોડા દોડાવવામાં આવ્યા છે. એક આખ્યાયિકા એવી પણ છે કે, પહેલાંના વખતમાં હિરણ્યકશ્યપ નામનો એક રાક્ષસોનો રાજા થઈ ગયો. તે ક્રોધી, દુષ્ટ અને અત્યાચારી હતો, પણ હરિ ભગવાનનો પરમ ભક્ત હતો. એક વખત તે તપના પ્રભાવથી કૈલાસને ડોલાવવા લાગ્યો. ભગવાને ગુસ્સે થઈ શાપ આપ્યો કે, ‘ન, હરણનો અવતાર ધરી પૃથ્વી પર પડી રહે રાત્રિએ માંહી માંહી ભગવાને કહ્યું કે, એક અઘોર વનમાં મારા ભિક્તને એક બાણ્યુ રોજ બીલી ચડાવતો હતો, તે બાણ રોજ તું તપના પ્રભાવથી બીલીપત્ર ચડાવવા જઈશ. એટલું કહી ભગવાન ચાલ્યા ગયા પછી પાછા આવીને બોલ્યા કે, એક પારધીથી તારો મોક્ષ થશે. ભગવાનના કહેવા પ્રમાણે રાજા હરણ બની પોતાની હરણીઓ સાથે જંગલમાં ભમવા લાગ્યો અને રોજ પેલા ભિક્તને બાણાવળી સાથે બીલીપત્ર ચડાવવા લાગ્યો આ પ્રમાણે તેમનો નિત્યક્રમ ચાલવા લાગ્યો એક વખત એક પારધીને કાંઈ શિકાર નહિ મળવાથી તે પેલા ભિક્તની ઉપરના બીલીપત્રના ઝાડ પર ચડી શિકારની રાહ જોતો બેઠો અને બાજુપોરે બીલ્વો તે ભિક્ત પર નાખવા લાગ્યો. તેટલામાં તેની નજર સામે ગઈ. એક હરણી દોડી રહી હતી તેણે તીર ચડાવ્યું. હરણી બોલી: મને મારા નાનને દોષી આવવા દે પછી ભલેને મારજે. સવાર પડતાં બધી હરણીઓ પેલા હરણ સાથે ત્યાં આવી પહોંચી અને બાણવ પણ આવી પહોંચ્યો. હરણે, શિકારીએ અને બાણવે પૂજા કરી અને શિકારીએ તીર છોડવા હાથ ઉપાડ્યા. તે વખતે ભગવાન આવ્યા અને સઘળાનો મોક્ષ કર્યો. સારથી હરણની પાછળ ફિરતી ઊભો છે તેવો તારો આકાશમાં રહી ગયો અને સારથી મૃગશીર્ષનો જન્મ થયો છે. ગ્રીકલોકોએ મૃગ એ તારકપુંજને ઓરાયન એવું નામ આપ્યું હતું આપણા દેશમાં મૃગનું અગ્રહાયન એવું એક પ્રાચીન નામ છે. તેનો જ અપભ્રંશ ઓરાયન નામ હોય એમ દેખાય છે. તેની આકૃતિ વિષે દેશદેશના વિદ્વાનોના ભિન્ન ભિન્ન મત છે. પ્રાચીન ગ્રીક લોકો તેને ઓરાયન કહે છે. તેનો આકાર મોટા રાક્ષસ જેવો છે. તેના એક હાથમાં ભયંકર તલવાર આપેલી છે અને ત્રણ ઝગકતા તારાઓ કમરબંધ રચાને છે. તેણે સિંહનું ચામડું ઓઢેલું છે અને બીજા હાથમાં એક મોટી ગદાથી કૃષ્ણ રાક્ષિને કટકો મારતો હોય તેવો કલ્પેલો છે. અર્વ લોકોએ તેને કેવળ મૃગના માથાની આકૃતિ આપી છે. આ નક્ષત્રને હરણ તરીકે પણ ઓળખે છે. મૃગની ઉપમા કવિ લાકોએ છે તેવો ઉલ્લેખ પુરાણોમાં પુષ્કળ આવે છે. મહાકવિ કાલિદાસની પણ એ ભાવની ઉક્તિ જાણીતી છે. વળી એમ પણ કહેવાય છે કે, તેનો અધિપતિ ચંદ્રમા છે અને તે આર્દ્રા કે તીર્યમુખ નક્ષત્ર છે. તે ત્રણ તારાઓ મળીને બનેલું છે અને ત્રિશાળીના પત્રના આકારનું છે. આકાશમાં આ નક્ષત્ર કન્યા લગ્નની ત્રાંસીક્ષ પર, બીજા પછી ઊદય પામે છે. મૃગશીર્ષ નક્ષત્રના પૂર્વાર્ધમાં વૃષભ રાશિ અને અપરાર્ધમાં મિથુન રાશિ હોય છે. આ નક્ષત્રમાં જન્મેલ મનુષ્ય મૃગના જેવી આંખોવાળો, અતિ ભગવાન, સુંદર કપોલવાળો, રમણુક, સાહસી, સ્થિરપ્રકૃતિવાળો, મિત્રપુત્રવાળો અને ઘોડા ધનવાળો થાય છે. ૩ ન. એ નામનું શ્રી ઘોડમાન્ય તિલકે લખેલું મૌલિક, પ્રમાણભૂત ને અભ્યસનીય પુસ્તક. તેમાં સંશોધન દૃષ્ટિનો અંતે આખરે આપી જણાવેલ છે કે, વેદોના કેટલાક મંત્રો ઉપરથી એમ સાબિત થાય છે કે, સૂર્ય જ્યારે મૃગશીર્ષ નક્ષત્રની ઉત્તરમાં હતો ત્યારે દિવસ અને રાત સરખાં હતાં; એટલે તે વખતે વસંતસંપાત આ તારાઓ પાસે હતો. આપણે ઉપર કહી ગયા છીએ કે, મૃગશીર્ષ ઉપરથી માગશર માસ નામ પડ્યું છે; એટલે વસંતસંપાત માગશર માસમાં તે વખતે થતો હોવાથી વર્ષનો આરંભ માગશર માસ લેખાતો હતો. વેદોમાં માગશર માસને અગ્રહાયન એટલે વર્ષનો પહેલો માસ કહ્યો છે. ‘માસોમાં માર્ગશીર્ષ હું’ ગીતા વાક્ય ઉપરથી માનવાને કારણ મળે છે કે, શ્રીકૃષ્ણના વખતમાં માગશર માસમાં વર્ષનો આરંભ થતો હતો. આજે વસંતસંપાત લાથી અસીને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં આવ્યો છે, એટલે મૃગશીર્ષ અને ઉત્તરાભાદ્રપદા વચ્ચે આશરે ૮૩ અંશનું અંતર છે. આગાઉ બતાવ્યા પ્રમાણે સંપાતને એક અંશ આવતાં બોતેર વર્ષ લાગે છે, તે હિસાબે ૮૩ × ૭૨ = ૫૯૭૬ વર્ષ થાય. અર્થાત્ વેદકાળનો ત્રિશીષ પ્રસ્તિકાળ ઈ. સ. પૂર્વે ચાર હજાર વરસ પર હતો એમ કહેવાય છે. ગ્રીક અને જર્મનીમા વર્ષના આરંભને ઓરાયન કહે છે. ઓરાયન શબ્દ અગ્રહાયન શબ્દનો અપભ્રંશ લાગે છે. ભારતવર્ષમાં સંપાતથી જ વર્ષનો આરંભ થતો હતો. ઓરાયન અને અગ્રહાયન શબ્દો વર્ષારંભને બંધબેસતા છે. એ ઉપરથી એવું અનુમાન કરવામા કશો જ બાધ નથી કે, સૂર્ય જ્યારે મૃગશીર્ષ નક્ષત્રમાં હતો તે પછી ભારતીય, ગ્રીક અને જર્મન વગેરે અત્યારે ઓગણીસથી છૂટા પડ્યા.

મૃગશૃંગી [સં.] સ્ત્રી. મરડાશીંગી નામની વનસ્પતિ.

મૃગશૃંગી હંસરાજ પું. પરપમાં જોવા મળતી હંસજાતની એક જાત. તેનાં પાંખો સાકડ અને છેડે અણીવાળા હોય છે

મૃગસાલ ૧. પું. ભારતીય ગોત્રીસ માહેનો એક સંવત. તે ઈ સ. ૬૦૦થી શરૂ થાય છે. તેને શાહુર સન, સૂર સન અને અરબી સન પણ કહે છે. આ સન હિજરી સનનો એક ભિન્ન પ્રકાર છે હિજરી સનમાં ચાંદ્રમાસ મુજબ ગણતરી થાય છે જ્યારે આ સનમાં સૌરમાસ મુજબ ગણતરી થાય છે. આ સન સુલતાન મહમદ તઘલખે જ્યારે પોતાની રાજધાની દિલ્હીથી દેવગિરિ લઈ જવાનો પ્રયત્ન કરી ત્યારે શરૂ થયો છે.
૨. ન. બે મહિનાથી બેઢસે ચોમાસાની શરૂઆતથી ગણવું પ્રાચીન નવું વર્ષ

મૃગાક્ષી ૧. [સં.] સ્ત્રી. અમિશિખા નામનું ઝાડ.
૨. સ્ત્રી નાગદમની નામની વનસ્પતિ.
૩ સ્ત્રી. મૃગનયની, હરણના જેવાં લાંબાં અણિયાળાં ચંચળ નેત્રવાળી સ્ત્રી; મૃગલોચના; સુંદર આંખોવાળી સ્ત્રી.
૪ સ્ત્રી. વિશાલા નામની વનસ્પતિ.
૫. વિ. મૃગના સરખાં નેત્રવાળું.

મૃગાજિન ૧. [સં.] પું. મૃગનું ચામડું ધારણ કરનાર શંકર.
૨. ન. મૃગચર્મ; હરણનું ચામડું

મૃગાનેત્રી જુઓ મૃગાક્ષી.

મૃગારિ ૧ [સં.] પું. કૂતરો.
૨. પું. રાતો સરસવો.
૩. પું. વાઘ.
૪. પું. સિંહ.
૫. પું. (જ્યોતિષ) સિંહ રાશિ.

મૃગાવતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક મહાશક્તિ તેનું સ્થાન યમુનામાં છે.
૨. સ્ત્રી. જૈનોમાં મુખ્ય ગણાતી સોળ સતીઓની એક સતી કૌસાંબીના શતાનિક નામે રાજાની તે પટરાણી હતી.

મૃગાવર્ત પું. ઘોડાને થતો એ નામનો વાયુરોગ.

મૃગાંક ૧. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ

તેરીસ કલનું પદ છે, બાર શિવે યતિ આવ,
અંતે ગુરુ લઘુ જેમાં મૃગાંક જાતિ ભાવ.
રણપિંગળ

૨ [સં] પું. કપૂર.
૩. પું. ચંદ્ર; હિમાંશુ; નિશાપતિ; ઓષધીશ; સોમ; ઇંદુ; ચાંદો; તેના બિંબમાં મૃગનું ચિહ્ન હોવાનું મનાય છે.
૪. પું. વાયુ.

મૃગાંડજા [સં.] સ્ત્રી. કસ્તૂરી

મૃગિત ૧ સ. વિ. તપ્યા કરેલ, રાંચેલ.
૨ સિ ચમેલ; માગેલ.

મૃગી ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્તરીયું વર્ણનો છે. તેને વધારી ૭૮ પણ કહે છે.
૨ પું (પિંગળ) એક જાતનો વર્ણમેળ છંદ. તેને પ્રિયા કે વિષ્ણુ ૭૮ પણ કહે છે તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેમાં એક રગણના બધા વર્ણ હોય છે.
રી મૃગી. રણપિંગળ
૩. સ્ત્રી. એ નામનો એક રોગ. વાઈ; ફેફરું.
૪ સ્ત્રી એક જાતની વનસ્પતિ; મરડાશિંગ તેનું બી વાયુના રોગ ઉપર વપરાય છે
૫. સ્ત્રી. (પુરાણ) કશ્યપને કોધાથી થયેલી એ નામની એક કન્યા
૬. સ્ત્રી. કસ્તૂરી.
૭ સ્ત્રી ગાય કે ભેંસની એક જાતની કોડી. તેનું પેટ સફેદ હોય છે.
૮. સ્ત્રી. સુંદર સ્ત્રી; સુંદરતાની પૂતળી કે દેવી.
૯. [સં.] સ્ત્રી. હરિણી; કુરંગી

મૃગીપતિ [સં.] પું. બીરબલ.

મૃગીમુદ્રા [સં.] સ્ત્રી. તાંત્રિકોની એક મુદ્રા; ટચલી અને તર્જની જોડાયેલી અને બીજી આંગળીઓ જેમાં સંકોચ પામેલી હોય તે મુદ્રા. તે શાન્તિકર્મમાં કરાય છે.

મૃગીરાજ પું. કેસરી; વાઘનો રોગ.

મૃગેક્ષણા જુઓ મૃગાક્ષી.

મૃગેલ [હિ.] સ્ત્રી. એક જાતની માછલી.

મૃગેશ [સં] પું. સિંહ

મૃગેંદુ ૧. પું. (પિંગળ) એ નામે સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; નરેંદુ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં એક જગણ હોય છે.
૨ [સં.] પું. ચંદ્ર

મૃગેંદ્ર ૧ પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે જગણવાળા સંકીર્ણ છંદનો ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૨૨ લઘુ મળી ૪૩ વર્ણ હોય છે

૨ [સં.] પું. સિંહ; વનરાજ; કેસરી
પ્રહ્લાદ દેવમાં છું હું જણનાર વિષે કહ્યા,
મૃગમાં વળી મૃગેંદ્ર ગરુડ પક્ષીઓ વિષે.
નીલાનુકિમન

૩. જુઓ મૃગેંદુ ૧.
૪. પું. (જ્યોતિષ) સિંહ રાશિ.

મૃગેંદ્રચટક [સં.] પું. ભાજપક્ષો.

મૃગેંદ્રમુખ ૧ પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; હરિમુખ. તે અતિજગતી જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

૨. [સં.] ન. સિંહનું મોઢું.

મૃગેંદ્રી સ્ત્રી. સિંહણ.

મૃગોરગ [સ મૃગ + ઉરગ (પેટે ચાલનાર પ્રાણી)] ન. પુરાતની ઉરોગામી પ્રાણી; ' ડેરોબોઈ '. આ પુરાતની ઉરોગામી પ્રાણીઓનાં બખ્તરિયાં હાડકાં સ્તનધારી પ્રાણીઓનાં હાડકાંની સાથે બધાં જ મળતાં આવે છે, તેથી આવા ઉરોગામી પ્રાણીઓ મૃગોરગ કહેવાય છે

મૃચ્છકટિક [સં.] ન. શૂદ્રકે લખેલું એક પ્રસિદ્ધ સંસ્કૃત નાટક. તેમાં વસંતસેના ગણિકા નાટકની નાયિકા બની રહે છે. ચારુદત્ત નામનો અતિ ઉદારતામાં મરીઝ બની ગયેલો આદર્શ નાયક છે. આ યુવકના પ્રેમમાં પડેલી ગણિકા વસંતસેના ચારુદત્ત સાથે પણ લગ્ન કરે છે. આ હકીકત નાટકમાં બહુ સારી રીતે વર્ણવેલી છે. તેમાં દસ અંક છે તે પહેલી અથવા બીજી સદીમાં લખાયેલું મનાય છે

મૃજ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો
૨. સ. ક્રિ. ઘસવું
૩. સ. ક્રિ. પવિત્ર કરવું; નિર્મળ કરવું.
૪. સ. ક્રિ. લીંપવું બનાવવું.
૫. સ. ક્રિ. શણગારવું; સુશોભિત કરવું.
૬. સ. ક્રિ. સાફ કરવું; ધોઈ નાખવું તે ઉપરથી માર્જન, સંમાર્જન, સંમાર્જની વગેરે શબ્દ બનેલ છે.

મૃજા ૧. સ્ત્રી. ગહેરો.
૨ [સ.] સ્ત્રી. ચોખ્ખાઈ
૩. સ્ત્રી. સાફ કરવું તે; શુદ્ધ કરવું તે; નિર્મળ કરવું તે; ધોવું તે.

મૃડ ૧. [સં.] સ. ક્રિ. સંતુષ્ટ કરવું.
૨. સ ક્રિ. સુખ આપવું

મૃડ [સં.] પું. શંકર; શંભુ; શિવ, મહાદેવ; ત્રયી; ભૂતેશ

મૃડાંડજ ૧. [સં.] પું. ભાગક; ભોકરું.
૨. પું. શિષ્ય; ચેલો.

મૃડા [સં.] સ્ત્રી. પાર્વતી.

મૃડાની સ્ત્રી. પાર્વતી; શિવની પત્ની; દુર્ગા.

મૃડીકવાસિષ્ઠ [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

મૃણાલ ૧. ન. એક જાતનું સુગંધી ઘાસનું મૂળ; ખસ; ઉશીર; સુગંધી વાળો.
૨. [સં.] ન. કમળતંતુ; કમળનાળ; કમળની દાંડી
૩. ન (શિલ્પ) કોતરકામનો એક પ્રકાર.
૪. ન. પદ્મમૃગ

મૃણાલદેવી સ્ત્રી. પુરુ રાજાની એ નામની મહારાણી

મૃણાલસૂત્ર [સં.] ન. કમળના દાંડાનો રેસો.

મૃણાલિકા ૧. [સં.] સ્ત્રી. કમળનાં અવાવ તેવાં કૂણાં કૂણાં મૂળ; કમળનાળ.
૨. જુઓ મૃણાલ

મૃણાલિની ૧. સ્ત્રી. કમળની દાંડી.
૨. સ્ત્રી. કમળનો સમૂહ.
૩. સ્ત્રી. જ્યાં કમળ હોય તેવું સ્થાન.
૪ [સં.] સ્ત્રી. નલિની; કમલિની; કમળનો છોડ.

મૃણાલી જુઓ મૃણાલિની.

મૃણ્મય [સં.] વિ. માટીનું.

મૃત ૧. [સ. મૃ (મરવું)] ન. પ્રેત; શબ; મુડદું
૨. ન. ભિખારીની વૃત્તિ; ભીખ; નિત્ય માગી લાવીને આજીવિકા ચલાવવી તે.
૩. ન. ભીખ માગીને આણેલું અન્ન.
૪. ન માગનારને અન્ન આપવું તે.
૫. ન. મૃત્યુ; મરણ.
૬. વિ. નકામું.
૭ વિ જાળીને જરમ કરેલું.
૮. વિ આગેલું; ગાળેલું
૯. વિ. મુડદાલ થઈ ગયેલ
૧૦. વિ. મૂંગું; મરી ગયેલું; પ્રાણ રહિત; વૈકુંઠવાસી; પરલોકવાસી; સ્વર્ગવાસી; ગત થયેલું; મરહૂમ

મૃતક ૧. ન. મરણ નિમિત્તનું સૂતક.
૨. [સં.] ન. મુડદું; શબ; પ્રેત.
૩. ન. મરેલા પાછળ કરાતું કર્મ; પ્રેત કર્મ.
૪. ન મૃત્યુ
૫. ન. વિષ, ઝેર.
૬ વિ. મરનાર સંબંધી; મરનારને લગતું; મૂએલાનું.
૭. વિ. મરેલું, મરી ગયેલું.
૮. વિ. હલકું, તુચ્છ.

મૃતકભૂમિ [સં.] સ્ત્રી. સ્મશાન; કબરસ્તાન.

મૃતકદાહ [સં.] પું. ચિતા, ચેહ.

મૃતકધૂમ [સં.] પું. રાખ; જરમ.

મૃતકલ્પ [સં. મૃત (મરેલું) + કલ્પ (સમાન)] વિ મૂવા જેવું; મૂવા જેવું અચેતન; લગભગ મરેલું; મૂર્છિત; બેભાન

મૃતકસેજા સ્ત્રી. મરણ પછી તેરમે દિવસે અપાતુ ખાટલા વગેરેનું દાન; સજ્જા.

મૃતકંબલ [સં.] પું. કફન; મરેલા માણસને ઓઢાડવામાં આવતું કપડું.

મૃતકા સ્ત્રી. મૃત્તિકા; માટી.

મૃતકાલશિક્ષા [સં.] સ્ત્રી. મરણ પથારીએથી આપેલી શિખામણ.

મૃતખનિભારક ન. ખાડે રાખનાર માણસ પાસેથી વસૂલ ન થઈ શકે તેવું ભાડું.

મૃતગ ૧. [સં. મૃતક] ન. શબ; મુડદું.
૨. વિ. મૃત્યુ પામેલું; મરેલું

મૃતગર્ભ [સં] પું. ગર્ભમાં મરી ગયેલું બાળક. ગર્ભાવસ્થાનાં પડેલાં અઠવાડિયાઓમાં મૃતગર્ભનું નિદાન કરવું બહુ કઠિન છે. વખતોવખત પરીક્ષા કર્યા બાદ જણાય કે ગર્ભાશય વધતુ નથી સ્તન વધવાનું બંધ કરી પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે. વળી ગર્ભની હલનચલન ક્રાંતિ બંધ થઈ ગઈ હોય અને ઉદર વધતું હોય અને તે ન જણાય ત્યારે વારંવાર પરીક્ષા કર્યા પછી તેની અનુપસ્થિતિ ક્યારે નાખી દે છે. વખતોવખત ગર્ભના મૃત્યુ બાદ માતાનું પેટ શીતળ, સ્તબ્ધ, ભારેરાયાળું અને શરીર દુર્બળ થવા લાગે છે. એ લક્ષણોની સાથે સ્તન સુકાઈને પોતાની અસલ સ્થિતિમાં આવી જાય તો ગર્ભનું મૃત્યુ નિશ્ચય માની લેવું જોઈએ. ગર્ભના મૃત્યુ પછી એક દુર્ગંધયુક્ત ભૂરા રંગનો સ્રાવ થઈ જાય છે અને થોડો સમય ગયા પછી ગર્ભાશય મૃતગર્ભને બહાર ફેંકી દે છે. જો યોનિમાર્ગ વારે પરીક્ષા કરી જોઈએ તો જરાયુ ઓવાના મુખ ઉપર નરમ પદાર્થ માલૂમ પડે છે. ત્યાર બાદ ગર્ભના મૃત્યુ બાબત સંદેહ રાખવો નહિ કોઈ કોઈ વખતે તો તે લાંબા સમય સુધી ગર્ભાશય મૃતગર્ભને બહાર ફેંકતું નથી અને પ્રસવની અવધિ સુધી તેને રોકી રાખે છે

મૃતચેલ [સં.] ન. મૂએલાનાં કપડાં.

મૃતજાત [સં.] વિ. મૂએલ જન્મેલું.

મૃતજીવ ૧ [હિં.] પું. નિસ્તત્ત્વ.
૨. પું મરેલું પ્રાણી.

મૃતજીવની ૧. સ્ત્રી. દુધિયું પાષ.
૨. સ્ત્રી. મડદાંને સજીવન કરવાની વિદ્યા.

મૃત જ્વાળામુખી પું. જેમાંથી જ્વાળા કે લાવા નીકળતો બંધ પડ્યો હોય તેવા જ્વાળામુખીનો એક પ્રકાર. જ્વાળામુખીમાંથી લાવા, જ્વાળા, ધૂમાડો, રાખ વગેરે નીકળ્યા કરે છે ત્યારે તે જાગ્રત જ્વાળામુખી કહેવાય છે. જ્વાળા, રાખ કે લાવા નીકળતો બંધ થાય પણ અંદર ત્યારે આ ક્રિયા કરી રહે એવાનો સંભવ હોય તો તેવા જ્વાળામુખીને સુપ્ત જ્વાળામુખી કહે છે અને જ્વાળા, રાખ કે લાવા નીકળવાનો સંભવ બિલકુલ ન રહે અને પર્વતની ફાટ લાવા રસથી ભરાઈ જાય ત્યારે તેને મૃત જ્વાળામુખી કહે છે.

મૃતદંડ [સં.] પુ. ફાંસીની શિક્ષા.

મૃતદાન [સં.] ન. મરણ પથારીએથી કરેલું વસિયતનામું

મૃતદેહ [સં.] પું. શબ, મુડદું; નિર્જીવ દેહ.

મૃતધર્મા [હિં] વિ નકામું; નાશ પામેલું.

મૃતધાતુ [સં] સ્ત્રી. જરમ બનાવેલી ધાતુ.

મૃતપક્ષા સ્ત્રી જેને છોકરાં થઈ મરી ગયાં હોય તુરી બો.

મૃતપત્ર ૧ પુ. પત્તા વિનાનો કાગળ; 'ડેડ લેટર',
૨. [સં] પું. મરી જવાનું પ્રમાણપત્ર; 'ડેથ સર્ટિફિકેટ'
૩ પું વસિયતનામું

મૃતપત્ર કાર્યાલય ન. પત્તા વગરના કાગળ સાચવવાનું સ્થળ; 'ડેડ લેટર ઓફિસ'. પૂરેપૂરું સરનામું ન હોય અગર જેના ઉપર પૂરા સરનામાવાળો કાગળ હોય તે વ્યક્તિનો પત્તો ન મળે અને તે બંધ કાગળ હોય તો તેવા પત્રો મૃતપત્ર કાર્યાલયમાં મોકલાવી આપવામાં આવે છે અને પત્ર ફોડીને જોને જરૂર હોય તે માલૂમ ઉપર પાછા મોકલાવવામાં આવે છે.

મૃતપિંડ [સં.] પું. મરનારની પાછળ ત્રીજે કે નવમે દિવસે સ્મશાનમાં અર્પણ કરવામાં આવે છે તે પિંડ.

મૃતપ્રાય [સં.] વિ. મરેલ જેવું; નષ્ટપ્રાય; મરવાની અણી ઉપર આવેલું; લગભગ મૃત.

મૃતભારક ૧. [સં.] ન. વહાણમાં કે આગગાડીના ડબામાં ભરેલો નથિ્ચમાતો માલ.
૨. ન. વહાણમા કે આગગાડીમાં મોકલ થઈ જવાનું વસૂલ ન થઈ શકે તેવું ભાડું કે નૂર.

મૃતભાર [સં] પું. જેમાંથી કાંઈ વળતર કે ઉત્પન્ન ન થઈ શકે કે ન મળી શકે તેવું રાષ્ટ્રીય દેવું, 'ડેડ વેઈટ'.

મૃતભ્રૂણ જુઓ મૃતગર્ભ.

મૃતલેખ [સં] પું. વસિયતનામું.

મૃતલેખક [સં.] પું. વસિયતનામું લખનાર માણસ.

મૃતલેખા [સં] સ્ત્રી. કોઈ પણ ચોકમાં ખાતું ખોલાવેલ હોય અને બારનાદ અમુક મુદત સુધી ખાતામાં પૈસા જમા ઉધાર કરવામાં ન આવે અગર બાજુ મંડાવવા ચોપડી રજૂ કરવામાં ન આવે તો ખાતું બંધ થઈ જાય તેવી સ્થિતિ; ' ડેડ એકાઉંટ '.

મૃતલેખાર્પિતદાન [સં.] ન. મોત વખતે અર્પણ કરેલ વસ્તુનો લેખ.

મૃતલોક [સં.] પું. પૃથ્વી; દુનિયા.

મૃતવત્સા ૧. [સં.] સ્ત્રી. જન્મ્યા પછી સંતાન મરી જવું હોય તેવી સ્ત્રી.
૨. સ્ત્રી. બાળક મરી ગયેલું હોય તેવી માતા.

મૃતશૌચ [સં.] ન. મૂએલાનું સૂતક.

મૃતસમુદ્ર પું. પેલેસ્ટાઈનનું ખારા પાણીનું એ નામનું મોટું સરોવર; મૃત સરોવર. હામરના જેનો ગ્રીકનો પહાડ આજુબાજુના વખતમાં તેના પાણીમાં બધો રહેતો. વળી તેના પાણીમા મીઠાનો જથ્થ બહુ છે, માટે માછલીઓ તેમાં જીવી શકતી નથી અને માણસો તેમાં ડૂબી શકતાં નથી પણ જૂઠની માફક તરે છે. આ દેશે અગાઉ સદોમ, ગમોરાહ, સબોઇમ અને આદામાહ નામે નગરો હતાં અને બહુ ફળદ્રુપ મેદાન હતું પણ આ શહેરોનાં અતિ ઘણાં પાપને લીધે આકાશમાંથી અગ્નિ પડીને તેમનો નાશ થયો. દેવના કોપથી બરસેબ આ આજ અને ગેમહ તથા બીજાંથી પ્રથમ તો આંનો પુષ્કળ હામર બળીને ભસ્મ થયો. પછી આ ખાડામા પર્દન નદીનાં પાણી વહી આવવાથી તે બાજ ખારો સમુદ્ર કે મૃત સરોવર બની રહ્યો. આ નદીનાં પાણી વહી જવાનો કોઈ દેખ માર્ગ ન હોવા છતાં આ સરોવર કદી ઉભરાતું નથી માટે એમ મારવામાં આવે છે કે, ભૂગર્ભમાં કોઈ છૂપો માર્ગ હશે, જાં થઈને આનું પાણી રાતા સમુદ્રમા કે ભૂમધ્ય સમુદ્રમાં ઠલવાતું હશે. ઇતિહાસકાર યોસીફસના લખાણ પ્રમાણે તેની લાંબાઈ ૬૬ માઈલ અને પહોળાઈ ૧૫ માઈલ છે

મૃતસજીવન ૧. [સં] ન મરી ગયેલાને ફરી જીવતું કરવું તે.
૨ વિ. મરેલાને જીવતું કરનાર.

મૃતસંજીવની ૧ [સં.] સ્ત્રી કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક રસાયણ
૨ સ્ત્રી. મરેલાને જીવતાકરનાર જેવી એક વનસ્પતિ કે દવાનું નામ.
૩. સ્ત્રી. મૂએલાને જીવતું કરનારી વિદ્યા. તે વિદ્યા દૈત્યગુરુ શુક્રાચાર્ય પાસે હતી, તેથી સુરગુરુ બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે આ વિદ્યા શીખવા મોકલ્યો હતો
૪. વિ. સ્ત્રી. મરેલાને જીવતું કરનારી.

મૃતસંજીવિની જુઓ મૃતસંજીવની.

મૃતસંભોગ [સં.] પું. મૃત સ્ત્રી સાથે સંભોગ કરવો તે. આ એક ભયંકર વિકૃતિ છે. તેનો ભોગ બનેલા પુરુષોની કામેચ્છા મૃત સ્ત્રીઓનાં શરીર જોઈને જ ઉદ્ભવે છે. અને એ મૃતા સાથે સંભોગ કર્યા પછી જ તેની કામેચ્છા શાંત થાય છે. જગતભરમાં આથી અધમ વિકૃતિ આજે જ નથી; પણ સદ્ભાગ્યે એ વિકૃતિનું પ્રમાણ અત્યંત સૂક્ષ્મ છે.

મૃતસૂતક ૧. વિ. ભરમ કરેલો પારો.
૨. [સ.] સ્ત્રી. મૃતવત્સા જે સ્ત્રીને સંતાન જન્મ્યા પછી મરી જવું હોય તેવી સ્ત્રી.

મૃતસ્તંભ [સં.] પું. નિર્જીવ વસ્તુઓનો જથ્થો; ' ડેડ સ્ટોક '.

મૃતસ્નાત ૧. ન. અગ્નિસંસ્કાર પહેલાં સ્નાન કરાવવામાં આવેલું હોય તેવું શબ.
૨. વિ. મરણ નિમિત્તે સ્નાન કરેલ

મૃતસ્નાન [સં.] ન. મરણ નિમિત્તે કરાતું સ્નાન.

મૃત્તાલક ૧. [સં.] ન. એક જાતની સુગંધી માટી; મોરીચંદન.
૨. ન. કાકડી; તુવરિકા.
૩. ન. કટકડી; આકડી.

મૃત્તાશૌચ [સં. મૃત (મરેલું) + અશૌચ (સૂતક)] ન. મરી ગયેલાનું સૂતક. મૃતાશૌચમાં બ્રાહ્મણ દશ દિવસે, ક્ષત્રિય બાર દિવસે અને વૈશ્ય પંદર દિવસે શુદ્ધ થતા ગણાય છે.

મૃત્તાસન [સં.] ન. (યોગ) બંને હાથ તથા પગ લાંબા કરી મોં આકાશ તરફ રાખી સ્વસ્થપણે પીઠ પર પડ્યું રહેવું તે. બીજા આસન કરતાં થાક લાગે ત્યારે આ આસન કરવાથી વિશ્રાંતિ મળે છે ને થાક દૂર થાય છે

મૃત્યુંજુલિરોગ પું. એ નામનો એક રોગ. આ રોગ આંતરડીમાં થાય છે. તેમાં આંતરડી એકદમ કડી પડી જાય છે પહેલાં તેનો ઘેરો રંગ હોય છે. પછી તે ભૂરો નીલો પડી જાય છે. તેમાં પીડા તીવ્ર હોય છે. આ રોગથી કોઈ વાર મૃત્યુ પણ નીપજે છે

મૃત્યુ [સ. મૃ (મરવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. મરણ; અન્તુ; જરાદિક વ્યાધિ અને સર્પ, વિષ, શસ્ત્ર, અગ્નિદિકથી થયેલા અભિઘાતથી થયેલી મરણની પૂર્વાવસ્થા. વ્યાધિથી થયેલ મૃત્યુ હિક્કા, શ્વાસ, ગ્રંથિસંગ્રાદિક અને શીતજ્વરાદિક અનુભાવ વડે વર્ણવાય છે અને અભિઘાતથી થયેલાં મૃત્યુ કૃશત્વ કંપ, દાહ, હિક્કા, ફેન, ગ્રંથિગ્રહ, જડતા અને મરણ આદિ અનુભાવ વડે વર્ણવાય છે.

મૃત્યોદ્ભવ [સં.] પું. સમુદ્ર.

મૃત્કર ૧. પું. કુંભાર.
૨. [સં.] પું સમુદ્ર.

મૃત્કેરા [સં] સ્ત્રી. એક જાતનો કીડો.

મૃત્તિકા [સં] સ્ત્રી. માટી; મટોડી; એક જાતની ખુશબોદાર માટી.

મૃત્તિકાકર્દિક [સં.] ન. ખાંસિયું.

મૃત્તિકાદ્રોણી ૧. [સં.] સ્ત્રી. માટીની બાળી કે કથરોટ.
૨. સ્ત્રી. માટીની પાણી-ની પરનાળ

મૃત્તિકાપાત્ર [સં.] ન. માટીનું વાસણ.

મૃત્તિકાપાષાણ [સં.] પું. એક જાતનો પથ્થર

મૃત્તિકાપિંડ ૧ [સં.] પું. માટીનું શરીર; દેહ.
૨. પું. માટીનો ઢોકો.

મૃત્તિકાભાંડ [સં.] ન. શરીર.

મૃત્તિકામય [સં.] વિ. માટીથી બનેલું.

મૃત્તિકામ્લ [સં.] ન. એક જાતનો તેજાબ.

મૃત્પિંડ ૧. [સ.] પું. કુંભારનો ચાક.
૨. પું. માટીનો પિંડો.
૩. પું. શરીર.

મૃત્યુ ૧. પું. અશ્વિનાર માંહેના એક અશ્વનું નામ
૨. [સં] પું. (પુરાણ) અધર્મને નિર્ઋતિ નામની સ્ત્રીથી થયેલ પુત્ર.
૩. પું (પુરાણ) એ નામના એક ઋષિ. તે આયુ મન્વંતરમાં સપ્ત ઋષિ થઈ ગયા છે.
૪. પું. એક જાતનો સામમંત્ર.
૫. પું. અગ્નિ.
૬. પું. કંપ.
૭. પું. કામદેવ
૮. પું ભીષ્મદેવના પક્ષપાતિનો એક અનુચર.
૯. પુ. યમ:
૧૦ પુ. યમરાજ; યમદેવતા.
૧૧. પું. વિષ્ણુ
૧૨ પું. સૂર્યનું એક નામ.
૧૩ સ્ત્રી. (પુરાણ) એ નામની દેવી. પૃથ્વીદેવ અન્યા ભારથી પીડાઈને બ્રહ્માને શરણે જાય ત્યારે શું કરવું તેનો વિચાર કરતાં બ્રહ્માદેવ કાંઈ સૂઝયું નહિ. તેથી તેમને ક્રોધ ઉત્પન્ન થયો

આ ક્રોધથી અવળી સૃષ્ટિ બનવા લાગી. એ જોઈને સર્વ પ્રાણનું હિત ઇચ્છી, રુદ્ર બ્રહ્મદેવને શરણે ગયા. તેથી બ્રહ્મા જ્યારે અગ્નિનો ઉપસંહાર કરવા મંડ્યા ત્યારે તેની સમય ઇંદ્રિયોના છિદ્રોમાંથી ઝેર સ્રવી પ્રસ્વેદ રૂપે ફાગી અને કાંઈક રતાશ પડતી હતી તેની જ્વાળ, મુખ અને નેત્રો વિકરાળ અને લાલ રંગનાં હતા. પછી બ્રહ્મદેવે તેને મૃત્યુદેવીનું નામ આપી પ્રજાનો નાશ કરવા કહ્યું; પરંતુ મૃત્યુદેવીએ પેનુ-પ્રમાણમાં ખૂબ ઘોર તપ આદર્યું તેથી બ્રહ્મા રાજી થયા અને મૃત્યુદેવીએ માગ્યું કે લોભ, ક્રોધ, દ્રોહ, નિર્લજ્જપણું અને પરસ્પરમાં તીક્ષ્ણ વાણીનો પ્રયોગ, આ બધી વસ્તુઓ પ્રાણીઓના હેતનો નાશ કરે એમ હું માગું છું. બ્રહ્મદેવે તથાસ્તુ કહ્યું અને ઉમેર્યું કે રોગો મનુષ્યને નિર્જીવ કરી નાખશે તેથી તને કોઈ વખોડશે નહિ. આ મૃત્યુદેવી પોતે કામ ક્રોધનો સ્વામી કરી, ક્રોધના પર આધિપત્ય રાખ્યા બાદ, અતઃકાલે પ્રાણીઓના પ્રાણનું હરણ કરે છે. જેનાથી પ્રાણીઓ પીડાય છે એ સર્વ વ્યાધિઓ તેનાથી ઉત્પન્ન થયા છે. આયુષ્ય તથા કર્મભોગ પૂરા થતાં સર્વ પ્રાણીઓનું મૃત્યુ થાય છે.

૧૪ ન. મરણ; મોત, નિધન; અદર્શન. પ્રાણના વિયોગ; પ્રાણીઓમાં જે ચૈતન્ય હોય છે તેનું નીકળી જવું તે. માર્કંડેય જણાવે છે કે: મૃત્યુ કોઈ પણ રીતે આવે તો પ કષ્ટદાયક છે. પણ સ્વધર્મ અર્થાત્ સત્યને કારણે જે મરે છે તે વીરપુરુષનું તો તે જેવું કલ્યાણ કરે છે. મૃત્યુ કોઈ રાક્ષસ નથી, પણ પરમ મિત્ર છે. એ આપણને પીડાથી મુક્ત કરે છે; આપણામાં રહેલા આસુરી સંપત્તિની સામે આપણને સહાય થાય છે. આપણને નિદ્રા નથી તક તથા આરામ આપે છે, મીઠી સાકર જેવી નિદ્રાની પેઠે આપણો થાક ઉતારે છે. કોઈ મિત્ર મરી જાય તો શોક કરવાની રૂઢિ છે, પણ ધર્મને કારણે જે પોતાના શરીરની આહુતિ આપે છે તે પુરુષના સંબંધમાં આ રૂઢિ ખોટી છે. આનંદશંકર ધ્રુવ આયુષ્ય પુરુષે કહ્યું છે કે જો આ વિશ્વમાં કાંઈ જ મૃત્યુ ન હોય તો મનુષ્યજીવનના વિકાસનું મહાન સાધન વૈરાગ્યનું અસ્તિત્વ ન રહે. વૈરાગ્યની ભાવના દ્વારા જ મનુષ્યજીવનની ઉન્નતિ થઈ શકે છે. કાલમૃત્યુને જીતવા માટે પરમાત્મા-ની વિશુદ્ધિ અને શાંતિનો સાક્ષાત્કાર કરવો જોઈએ. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે: અક્ષર એટલે આત્માના સંપૂર્ણ જ્ઞાનથી જેનું મૃત્યુ મરી ગયું છે એજ આ જગતમાં જાગ્રત્યું, બીજો નહિ એમ નિશ્ચય થાય છે.

અમરપણું પ્રગટયું પછી જગમાં
મૃત્યુ મરી ગયું રે લોલ.
જોતાં દિવ્ય નયનથી નિશ્ચય.
મૃત્યુ મરી ગયું રે લોલ.
નરસિંહરાવ

મૃત્યુકર [સં.] પું. કોઈ માણસના મરણ ઉપર સરકારને આપવો પડતો કર; 'ડેથ ડ્યુટિ'.

મૃત્યુકંટ [સં.] પું. મોતનો ફંદ; મરણનો ઠંડો

મૃત્યુદંડ પું મોતની શિક્ષા; દેહદંડ; દેહાંતદંડ; ફાંસી; જેનાથી દેહનો અંત આવે એવી કોઈ પણ સજા

મૃત્યુનાશક ૧. [સં.] પું. પારો. રસાયન ક્રિયાથી શુદ્ધ કરી તેનું સેવન કર્યું હોય તો તે મૃત્યુનો નાશ કરે છે.
૨. વિ. મરણનો નાશ કરનાર.

મૃત્યુપત્ર ૧. ન. મૃત્યુ; મોત.
૨. [સં.] ન વસિયતનામું; 'વિલ'.

મૃત્યુપ્રસૂતા [સં.] સ્ત્રી. રોગ

મૃત્યુપ્રસૂતી જુઓ મૃત્યુપ્રસૂતા.

મૃત્યુબીજ [સં] ન. વાંસ.

મૃત્યુભય [સં.] પું. મરણનો ભય.

મૃત્યુભંગુરક [સં.] પું. મરણકાલે બનાવવાનું નજરાણું

મૃત્યુભંજકાસન [સં] ન. યોગનું એક નામનું એક આસન. તેથી આયુ ક્ષીણ થાય છે.

મૃત્યુભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાનું આઠમું ભુવન. આ ભુવનમાં મૃત્યુ, જિંદગી, મુશ્કેલીના કષ્ટ વગેરે જોવામાં આવે છે.

મૃત્યુમય [સં.] વિ મૃત્યુથી ભરપૂર.

મૃત્યુમીમાંસા [સં.] સ્ત્રી પ્રાણીનાં જન્મનું મૂળકારણ. પ્રાણીના મૃત્યુ સમયે જે મુખોનો ઇંદ્રિયાગ્ર ભાગનો હોય તેવી યોનિ તે મૃત મનુષ્ય પામે છે. આ મીમાંસા શ્રીકૃષ્ણે ગીતાના ચૌદમા અધ્યાયના ચોદમા અને પંદરમા શ્લોકમાં સમજાવી છે. સત્ત્વરજોગુણે મરનાર ઉત્તમવિદ્ વોકોના વાસસ્થાન સત્યલોકમાં જાય છે, જ્યારે રજોગુણી બ્રહ્મલોક પામે છે. રજોગુણોગુણે મરનાર ગામડા કે કર્મસંગી કુટુંબમાં જન્મે છે અને તમોગુણકાળે મરનાર અધમ યોનિ પામે છે.

મૃત્યુયોગ [સં.] પું (જ્યોતિષ) જ્યોતિષ પ્રસિદ્ધ એક યોગ. રવિવારે અનુરાધા, સોમવારે ઉત્તરા, મંગળવારે શતભિષા, બુધવારે અશ્વિની, ગુરુવારે મૃગશિર, શુક્રવારે અશ્લેષા, શનિવારે હસ્ત જેવી રીતે નક્ષત્રો આવ્યાં હોય ત્યારે શાસ્ત્રજ્ઞ જ્યોતિષીઓ તેને મૃત્યુયોગ કહે છે એવા યોગમાં જેને વ્યાધિનો આરંભ થયો હોય તે રોગીને આરામ થતો નથી માટે એ નષ્ટયોગ કહેવાય છે

મૃત્યુલેખ [સં] પું. વસિયતનામું; 'વિલ'.

મૃત્યુલેખપ્રમાણ [સં.] ન. વસિયતનામાને સાબિત કરવાનો પુરાવો વિલ અને તેની એક નકલ સહિત રજિસ્ટ્રાર પાસે કાર્ય જવામાં આવે છે. જ્યાં મરનારની મિલકત અને તેના મરણની સંમિતી માટે સોગંદનામું લેવાય છે. વિલ દાખલ થઈ સાબિત થયા પછી આજ્ઞાપત્ર આપવામાં આવે છે, જે વિલની સંમિતી માટે પૂરેપૂરું પ્રમાણ બનાવ છે.

મૃત્યુલોક ૧. [સં.] પું. મરણ ધર્મવાળા પ્રાણીઓનું નિવાસસ્થાન; જગત; મર્ત્યલોક; સૃષ્ટિ; દુનિયા; પૃથ્વી
૨ પું મરેલા જ્યાં જાય છે તે લોક; યમલોક.

મૃત્યુવત્સા [સં.] સ્ત્રી. સંતાન થઈ મરી જતાં હોય તેવી સ્ત્રી

મૃત્યુવીજ (સં.] પું. વાંસ.

મૃત્યુવેરો પું. મરનારની મિલકત વારસદારને મળે તે ઉપર લેવાનો વેરો

મૃત્યુશય્યા [સં.] સ્ત્રી. મરણપથારી.

મૃત્યુષડષ્ટક [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. વિવાહમાં તે વર્જિત છે. જેમકે, મેષ અને કન્યા એ પરસ્પર છઠ્ઠે અને આઠમે હોવાથી મૃત્યુષડષ્ટક છે. એ રીતે તુલા અને મીન, મિથુન અને વૃશ્ચિક, મકર અને સિંહ, કુંભ અને કર્ક, વૃષભ અને ધન એ બધે રાશિઓનો મૃત્યુષડષ્ટક યોગ થાય છે.

મૃત્યુસૂતક ન. મરી ગયેલાં પાછળ પાળવાનું સૂતક. કુટુંબમાં કોઈનું મરણ થતા જે સૂતક લાગે તે.

મૃત્યુસ્તંભ [સં.] પું. પાચળિયો; ખાંભી.

મૃત્યુસ્થાન [સં] ન. જન્મકુંડળીમાનું આઠમું સ્થાન; આયુષ્ય બતાવનાર ભુવન.

મૃત્યુહારી [સં. મૃત્યુહારિન્] પુ સૂર્યનું એક નામ

મૃત્યુંજય ૧. [સં.] પું. મહાદેવ; શિવ; શંકર; શંભુ; પશુપતિ.
૨ વિ. મૃત્યુને જીતનાર, અમર બનાવ તેવું

મૃત્યુંજયમંત્ર [સં.] પું. મૃત્યુને હરનારો મંત્ર. એ મંત્રના જપથી મહાદેવ પ્રસન્ન થાય છે અને મનુષ્ય મૃત્યુના પાશમાંથી બચી જાય છે.

મૃદુતા

મૃત્યુંજયરસ [સં] પું. (વૈદક) એ નામનો એક રસ. આ રસ કસ્તૂરી, વછનાગ અને ટંકણખારનો બનેલો છે તે તાવ અને પેટનો દુઃખાવો મટાડનાર મનાય છે. દાઢિયો તાવ, શરદી, ગળાનો દુખાવો, સ્નાયુશૂલ, કાકડા અને તીક્ષ્ણ સંનિપાત વગેરેમાં તે અપાય છે. નાળિયેરના પાણી સાથે આ રસ આપવાથી મૂત્ર ખૂબ છે. તેની માત્રા ૧ થી ૨ ગ્રેન છે. દિવસમાં બેથી ત્રણ વાર મધ, માનનો રસ અથવા આદુના રસ સાથે તે અપાય છે. આ રસ લેવાથી ૭૫ વરસ સુધી જુવાની આવે છે. શરીર પુષ્ટ થાય છે અને શરીર તેજસ્વી કામદેવ જેવું મનોહર થાય છે

મૃત્યુત્તરપત્ર [સં.] ન વસિયતનામું; મૃત્યુપત્ર; મૃત્યુલેખ; 'વિલ'

મૃત્સા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ખુશબોદાર માટી, સુંદર માટી

૨ સ્ત્રી ૦મીન.

મૃત્સાધન [સં.] ન. શિલ્પ સંહિતામાં વર્ણવેલી સોળહ માદેની એક ક્રિયા.

મૃત્સેના જુઓ મૃત્સા

મૃદ્ [સં] જ ક્રિ. (ધાતુ) ચૂરો કરવો; કચરવું; દળી નાખવું, મર્દન કરવું; ચૂરેચૂરા કરવા.

મૃદ ૧. સ્ત્રી. એક જાતની મુલતેની માટી.

૨. [સં. મૃદ્] સ્ત્રી. માટીનું ઢેકું

મૃદ્દુર્ગ [સં.] પું. કિલ્લાનો છ મહિનો એક પ્રકાર; ધૂળનો કિલ્લો.

મૃદંગ ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા પદમાં પંદર, બીજામાં ચૌદ, ત્રીજામાં પંદર અને ચોથામાં સોળ વર્ણ હોય છે.

૨. [સં] ન. દોષમિશ્રિત મુક્તા.

૩. ન. દોષોનું મુક્તારૂપે અને મુક્તોનું દોષરૂપે વર્ણન.

મૃદરમ ૧. પું. અબરખ જેવી એક જાતની બનીજ વસ્તુ.

૨ [સં મૃદ્રમન્] પું. પોચો માટી જેવો પથ્થર

મૃદંકુર [સ.] ન. એક જાતનું કણસર

મૃદંગ ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, બે જગણ અને રગણ મળી પદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર યતિ આવે છે.

ત્યા ત્યા જ જ ર વસુને, મુનિથી મૃદંગ છે.

મૃદ્ગિણ

૨. પું ઘોંઘાટ

૩. [સ] પું. વાંસની મોટી.

૪ ન અને ભાલુ વગાડવા તેવું તબલા જેવું એક વાદ્ય; પખવાજ; આનક; પખાજ; એક જાતનું ઢોલક. આ વાજાની બને બાજુએ ચામડું મઢેલ હોય છે. તેમાં નર અને માદા એવા બે વિભાગ હોય છે. માદા તરફના વિભાગને શાહી નામનો કાળો પદાર્થ લગાડવામાં આવે છે અને નરને સ્વર નીકળે તેટલા પ્રમાણમાં ઘઉંનો લોટ લગાડવામાં આવે છે. બને હાથ વડે આ વાદ્ય વગાડવામાં આવે છે. ડમરુ ઉપરથી આ વાદ્ય મહાદેવે બનાવ્યું મનાય છે. તેનો આકાર સંભોગ છે. આ વાદ્ય વગાડવું બધું જ મુશ્કેલ છે

૫ વિ. માટીનાં બનેલું.

મૃદંગનાદ ૧. [સં.] પું. પખવાજનો અવાજ.

૨. પું હઠયોગપ્રદીપિકા પ્રમાણે નાદના દસ માહેનો એક પ્રકાર.

મૃદંગફેરુ [સં.] ન. કપૂર.

મૃદંગયતિ [સં] સ્ત્રી. (સંગીત) યતિ કે વિશ્રામના પાંચ માહેનો એક ભેદ; મૃદંગા. જે તાલના ઠેકા દેવામાં પ્રથમ દ્રુત લયથી બેહલે બલાડીને અને છેવટે પણ દ્રુત લયથી અને વચમાં મધ્ય અથવા પ્લુત લયથી બેહલે મધ્યથી પણ ધીમી લયથી જો ઠેકા દેવાના હોય તો તે મૃદંગના આકાર પ્રમાણે મૃદંગયતિ સમજવી.

મૃદંગા જુઓ મૃદંગયતિ.

મૃદંગી ૧. [સં.] સ્ત્રી. વનસ્પતિ ઔષાતકો.

૨. વિ. તબલાં વગાડનાર

૩. વિ સ્ત્રી. માટીનાં બનેલાં બંગલાણી.

મૃદા ૧. સ્ત્રી. દુર્વા.

૨. [સં.] સ્ત્રી. માટી; મૃત્તિકા; મુલતેની માટી.

મૃદાની સ્ત્રી. દુર્વા.

મૃદામૂલ [સં.] ન. જમીનનું મૂળ કે ઉત્પત્તિસ્થાન.

મૃદારાન [સં. મૃદ્ (માટી) + અગ્રન (ખાનું તે)] ન. માટી ખાણી તે

મૃદુ ૧ [સં.] પું. શનિ ગ્રહ.

૨. પું શિવનાં હજાર માહેનું એક નામ.

૩. સ્ત્રી. ઘૃતકુમારી; ગીકુવાર નામની વનસ્પતિ.

૪ ન. કોમળતા; મૃદુતા.

૫. વિ. ઉદ્ધત

૬. વિ કોમળ; નરમ; પોચું; સુવાળું; અતીક્ષ્ણ; સુકુમાર; નાજુક; મુલાયમ.

૭. વિ. દયાળુ.

૮. વિ. ધીમું; મંદ.

૯. વિ. નબળું.

૧૦ વિ. નમ્ર

૧૧ વિ. મધુર; મીઠું.

૧૨. વિ સ્ત્રી. (સંગીત) શ્રુતિની બાર માહેની એક જાતની

૧૩ ન. ધીમેથી.

મૃદુ અવસ્થા [સ.] સ્ત્રી. તેત્રીસ વર્ષ સુધીની ઉમર.

મૃદુકાય ૧. [સં] ન. એક જાતનું સખત પીઠવાળું માછલું

૨. ન. એક પડવાળું પ્રાણી; ' મોલસ્ક ' તેમાં ઓઈસ્ટર, મોલ્સગાય, શુક્તિ, કાંઠિયાં, કાળુ માછલી, સમુદ્રફીણ, વળિયાં વગેરે પ્રાણીઓ આવે છે. તેમને નરમ અંગ વિનાનું શરીર હોય છે. પરંતુ બહારામાં શરીર ચૂર્ણમય બખેલું હોય છે. આ પ્રાણીઓમાં સારી રીતે વિકાસ પામેલું હૃદય અને નાલિમય તંત્ર હોય છે. કોઈવાર તેને ડાબર હોય છે અને તે અદૃશ્ય થયે બીજા પ્રાણીનાં અંગ હોય છે તેમની આંખનો વિકાસ થયો હોય છે. તેઓ સાઝણી હોય છે.

મૃદુકીકા પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ અને રગણ મળી છ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે માત્રાથી છંદનો એક ભેદ છે.

મૃદુકીકા સ ર રણઝિણ

મૃદુકૃષ્ણાયસ [સં.] ન. સીસું.

મૃદુકેશી સ્ત્રી. જેના વાળ એકદમ મુલાયમ હોય તેવી સ્ત્રી

મૃદુકોપા [સં] વિ. સ્ત્રી. એકદમ ગુસ્સે થાય નહિ તેવી

નાટકમાં મુખ્યાનું મૃદુકોપા પણ એક લક્ષણ છે. પ્રેમાનંદ

મૃદુક્ષાર [સ.] પું. સોડાનું નરમ રૂપ.

મૃદુગણ [સં.] પું. નક્ષત્રનો એક ગણ. તેમાં મિત્રા, અનુરાધા, મૃગશિરા અને રેવતી એ ચાર નક્ષત્ર હોય છે.

મૃદુગતિ પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તેમાં ૧ અને ૭ માત્રાએ તાલ આવે છે

આપજો એક કલા રવિ જ,
સાર હજે ધરી યતિ જ,
શશિ મુનિ કરી સુતાલ,
મૃદુગતિ સુલતિ બાલ. રણઝિણ

મૃદુગેરુ પું એક જાતનો ગેરુ. તે બધ જાતનો બાવ છે: સોનાગેરુ, ચામાણગેરુ અને મૃદુગેરુ

મૃદુતા ૧. [સ.] સ્ત્રી. કોમળપણું, નરમાશ; કોમળતા

૨ સ્ત્રી. મધુરતા

૩. સ્ત્રી. મંદતા; ધીમાપણું

મૃદુત્વ જુઓ મૃદુતા.

મૃદુત્વક ૧ [સં. મૃદુત્વક્] પું. ભોજપત્રનું ઝાડ, ભૂર્જપત્ર.

૨ વિ. કોમળ ચામડીવાળું

મૃદુત્વચ જુઓ મૃદુત્વક

મૃદુપત્રી વિ જેનાં પાદડાં બહુ જ કોમળ હોય તેવું

મૃદુપંચમ [સં] પું (સંગીત) બાર માંહેનો એક વિકૃત સ્વર.

મૃદુપુચ્છપત્રી [સં] સ્ત્રી. એક જાતની ભાજીમી તે ઘણી ભગવાન મનાય છે. તે જે તરફ ફાલ્યા હોય છે. નીલ નદીમાં તે થાય છે. તેની પાંખ અને પૂછડી કોમળ હોય છે.

મૃદુપુષ્પ ૧. ન. કોમળ ફૂલ.

૨. [સં.] ન. સરસડિયો; શિરીષ વૃક્ષ.

૩ વિ કોમળ ફૂલવાળું

મૃદુભાષી ૧. [સં. મૃદુભાષિન્] વિ કોમળ બોલનાર; મધુર બોલનાર.

૨. વિ. ધીમું બોલનાર.

મૃદુમધ્યમ [સં.] પું. (સંગીત) બાર માંહેનો એક વિકૃત સ્વર.

મૃદુમાલતી પું (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાતેનું વર્ણનો ૭૬ છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, બે જગણ અને રગણ એમ બાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

મૃદુર્ણ પું. ઇંદ્રનીલ રત્નના સાત માંહેનો એક દોષ. જુઓ ઇંદ્રનીલ.

મૃદુલ ૧. [સં.] ન. એક જાતનું ઘાસ.

૨. ન. પાણી.

૩. ન. ઘી.

૪. વિ. કૃપાળું; દયાળુ.

૫. વિ. નરમ; બહુ કોમળ; મૃદુ. મુલાયમ; નાજુક; સુકુમાર.

૬ વિ. મધુર.

મૃદુલકઠી વિ સ્ત્રી. કોમળ કંઠવાળી, મધુર અવાજવાળી

મૃદુલતા ૧. [સ] સ્ત્રી. કોમળતા; નાજુકતા; કોમળપણું

૨ સ્ત્રી. સુકોમળ વેલ

મૃદુલા સ્ત્રી. મુસી બારેક.

મૃદુષડ્જ [સં] પું. (સંગીત) બાર માંહેનો એક વિકૃત સ્વર.

મૃદુસંજ્ઞા [સં] સ્ત્રી. (જ્યોતિષ) ચિત્રા, અનુરાધા, રેવતી અને મૃગ એ ચાર માંહેનું દરેક નક્ષત્ર તેઓ મૃદુ અથવા મૈત્રી સંજ્ઞાવાળા છે.

મૃદુહાસ્ય [સં. મૃદુહાસ્ય] ન. સ્મિત; ઓછું હસવું તે.

કથી પણ કરી મૃદુહાસ્ય અનિલ સંગ ચેતની. ન. ઓ. દી

મૃદ્વી ૧ સ્ત્રી ઋતિની પાંચ માંહેની એક જાત, તેમાં મદા, ગતિકા, પ્રીતિ, સ્થિતિ, ક્ષોભવતી, રંજની અને માર્જની શ્રુતિઓનો સમાવેશ થાય છે

૨ સ્ત્રી. સફેદ દ્રાક્ષ

૩. વિ. મૃદુ; કોમળ

૪. વિ સ્ત્રી. કોમળ અંગવાળી; કોમલાંગી.

મૃધ [સં.] ન. યુદ્ધ; લડાઈ.

આયોધન રણ આહવ મૃધ આહવ સંખ્ય સમીક, સંપરાય સંગર સમર સંયુગ કલહ અનીક રણપિંગળ

મૃન્મય [સં મૃદ્ (માટી) + મય (વાળું)] વિ. તદ્દન માટીનું; મૂર્તિકામય; માટીનું બનાવેલું, માટીનું

મૃશ ૧ [સં.] સ વિ. (ધાતુ) અડવું; અડકવું; સ્પર્શ કરવો

૨. સ. વિ. જોવું

૩. સ વિ. વિચારવું. તે ઉપરથી બનેલા શબ્દો પરામર્શ, અભિમર્શ, વિમર્શ, પરામૃષ્ટ વગેરે છે

મૃષા ૧. [સ.] સ્ત્રી. (પુરાણ) અધર્મની પત્ની. તેને દંભ અને માયા એમ બે સંતાન હતાં

૨. સ્ત્રી. અસત્ય; જૂઠું.

મિથ્યા બોધ મૃષા અનૃત વ્યર્થ અલીક વિતથ; ખરી બધી તુજ પહિ ઉપર બોલો નહિ નિરત્થ. પિંગળપ્રકાશ

૩. વિ નકામું; મિથ્યા; વ્યર્થ.

૪. અ. મિથ્યા; અસત્ય જોડી રીતે.

મૃષાત્વ [સં.] ન. મિથ્યાત્વ જૂઠાપણું; અસત્યતા

મૃષાદૃષ્ટિ [સં.] સ્ત્રી. ખોટી નજર.

મૃષાનંદ [સં. મૃષા (જૂઠ) + આનંદ] પુ. (જૈન) જૂઠું બોલીને આનંદ માનવો તે.

મૃષાપ્રત્યયિક [સં.] પું. (જૈન) અસત્યથી લાગતો દોષ; એ નામનું જૂનું ક્રિયાસ્થાનક.

મૃષાભાષી [સં. મૃષાભાષિન્] વિ. ખોટું બોલનાર.

તેનાં બધાં બાણો ખાલી ગયાં તે પુરુષ મૃષાભાષી થાય છે. પુરાણત્વ

મૃષાવાદ ૧ [સં.] પું. અસત્ય બોલવું તે; જૂઠું બોલવું તે; અસત્ય વચન; મિથ્યાવાદ.

૨. પુ. કટાક્ષ; વ્યંગ.

૩. પું. ખુશામદ.

મૃષાવાદ વિરમણ વ્રત [સં.] ન. (જૈન) જૈન સાધુનાં પાંચ માંહેનું બીજું મહાવ્રત; જેમાં તેનું કષ્ટ આવતાં પણ અસત્ય વચન બોલવું નહિ તે.

મૃષાવાદિતા [સં.] સ્ત્રી. જૂઠું બોલવું તે; અસત્ય ભાષણ

મૃષાવાદી ૧ વિ. ખોટું બોલવાના મતવાળું.

૨ [સં મૃષાવાદિન્] પું. જૂઠું બોલનાર.

મૃષ્ટ ૧. [સં] ન. તીખાં

૨. વિ ઝાટેલું

૩ વિ રાંધેલું

૪ વિ લેપ કરેલ; મર્દન કરેલ.

૫ વિ. વિચાર કરાયેલ.

૬ વિ. સ્પર્શ કરેલ; અડકેલ

૭ વિ. સ્વચ્છ; નિર્મળ; સાફ કરેલ; શોધેલ.

મૃષ્ટપાદા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં રગણ, તગણ અને ગુરુ આવે છે.

મૃષ્ટપાદા સ ત ગ. રણપિંગળ

મૃષ્ટિ ૧. [સં] સ્ત્રી. ઝાટવું તે.

૨. સ્ત્રી. તૈયારી

૩. સ્ત્રી. પરિશુદ્ધિ; શોધન.

૪. સ્ત્રી. રસોઈ કરવી તે.

૫. સ્ત્રી. સ્પર્શ.

મૃસમૃસતું વિ. મધમધતું; હોરતું; સુગંધ ફેલાવતું; વાસ ફેલાવતું.

મૃસમૃસતા મોહનછ પધાર્યા કમમતે કમરે. નરસિંહ

મૃંગ સ્ત્રી આસામ અને બંગાળ તરફ બોલાતી એ નામની એક ભાષા.

મે ૧ [અં.] પું. ખ્રિસ્તી વર્ષનો પાંચમો મહિનો. રોમન માન્યતા મુજબ પૃથ્વીનો ભાર ધારણ કરનાર દેવ એટલાસની પુત્રી મર્ક્યુરીના નામ ઉપરથી તેમના પાંચમા માસનું નામ મે પડ્યું હોવાનું મનાય છે.

૨. પું. દાબ; રૂઆબ.

૩. [સં. મેઘ] પું. મેઘ; મેહ; મે; વરસાદ; મેઘલો.

ક્યાં મે ક્યાં ગારો. લોકોક્તિ

૪. સ્ત્રી. એ નામની કચ્છમાં રહેતી એક જાત. તેમનો ધંધો શિકાર કરવાનો તથા પક્ષી મારવાનો છે.

૫. જી. જૅમ.
૬ જી સના; અમલ.
૭. ન. એ નામની જાતનું માણસ.
૮. વ અમારું.
મે મે કરતા એ (અમારી)
બીજાંડું બર્ડ બિયુ
સોરઠી ગીતકથાઓ
૯. વિ. એ નામની જાતનું.
૧૦. વિ. મહેરબાનનું ટૂંકું રૂપ; ઉપરી અધિકારી માટે તુમારમાં લખવામાં આવતું સંબોધન તથા અભિવાદન. જેમકે, સાહેબ મે
૧૩ અ. મનાં; વાળું; ભરેલું. જેમકે, રસમે એટલે રસમય

મેઅમાર [અ. અમર (તેણે આપ્યું)] પું વિદ્યાર્થીવૃત્તિ

મેઇકઅપ ૧. [અં.] પું. ચહેરાની ટાપટીપ.
૨. પું. મુકરર કરેલ સમય કે મર્યાદા અમે તેમ કરી પૂરાં કરી લેવાં તે.

મેઇદરા ૧ જી. બાયોની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

મેઇરી પું. એ નામનો ચીન અને જાગકાર્ડનો અક્ષરથી સિક્કો; તેની કીમત લગભગ ૯૬ પૈસા જેટલી ગણાય છે

મેઇલ [અ.] જી. ટપાલ; ડાક.

મેઇલ ટ્રેન [અં.] જી ટપાલ લાવી જનારી આગગાડી

મેઇલિંગ્પુન [અં.] પું. ટપાલને ટપાલ લાવી જનાર તથા લાવનાર માણસ.

મેઇલસ્ટીમર [અં] જી. ટપાલ લાવી જનારી આગબોટ.

મેઉં [હિ] પું. મેવો.
મન ચાહે તો માનવો,
માની કાહે મેઉ નિરાત

મેઘડંબર ન. હાથીના હોદા ઉપરનું છત્ર.

મેકજી પું કચ્છમાં થયેલ એ નામના એક મહાત્મા; મેકણદાદા. તેના આત્મસાક્ષાત્કારની અપૂર્વ ઘટના ઉપર આજે સવા બસો વર્ષનાં વહાણાં વાઈ ચૂકયાં હોવા છતાં જનતાના હૃદયપટ ઉપર મેકણદાદાનું નામ ટકોરબંધ કોતરાયેલું છે. કચ્છના રણને કાંઠે આવેલા ધ્રંગ નામની ગોદમાં બાર બાર સતપુરુષોની જીવતસમાધિ સાથે જીવત સમાધિ ધારણ કરનાર દાદા મેકજીના અદ્‌ભુત આત્મવિસર્જનને લોકો કદી પણ વીસરી શકે તેમ નથી. જીવતા જાગતા ધરતીના પેટમાં સમાધિ જનાર આ મરદબચ્ચા મંડળમા એક હરિજન ભાઈનો પણ સમાવેશ થાય છે. એ સમયમાં પણ મેકજીદાદાની આ સમદૃષ્ટિનું દૃષ્ટાંત એમના ભક્તહૃદયની સાચી સાક્ષિની આપી જાય છે. મેકજીદાદાના મૂંગા મિત્રો લાખિયો અને મોતિયો પણ એ જ મંડળી સાથે સમાધિસ્થ થયેલા છે. લાખિયો એ દાદા મેકજીનો બળેડો અને મોતિયો એમનો વહાલો કૂતરો. દાદાનાં પરોપકારી કાર્યોમાં આ બે પ્રાણીઓનો ફાળો પણ નોંધ લેવાને પાત્ર છે. મધ્યકાળ મેકજીદાદા એક યોગનિષ્ઠ મહાપુરુષ હતા. એમનું સમસ્ત જીવન પોત્રમય અને પરોપકારમય હતું. કચ્છી વાણીમાં એમણે ઉત્તમ પ્રકારના તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો છે. એમનું કચ્છી સાહિત્ય કાળની કસોટી ઉપર ચઢીને અમર બન્યું છે. કચ્છ અને કાઠિયાવાડમા ઠેર ઠેર એમનાં ભજનો અને સાખીઓ ભાવપૂર્વક ગવાય છે. એમની રસપૂર્ણ વાણીની થોડી ઘણી ઝાંખી અહીં આપવામાં આવે છે. રાતદિવસ પૈસાને માટે વલખાં મારતા માનવસમાજને જોઈ દાદા કહે છે કે,

કોનિયું કોરિયું કુરો કર્યો, કારિયેમેં આય દુઃ
મરી વેંધા માડુમા, માંમેં પાંવી ધૂડ.

ભાવાર્થ: કોરીઓ અર્થાત્ પૈસા પૈસા શું કરી રહ્યા છો ? એ પૈસામાં અમલ વસે છે. આખરે તો તમે મરી જવાના છો અને મોઢામાં ધૂળ પડવાની છે. એક વખત મેકજીદાદાએ કોઈકને પીપળાનું પૂજન કરતો જોયો. દાદાએ તેને પીપળાને પૂજવાનું પૂછ્યું. જવાબ મળ્યો કે પીપળામાં પરમાત્માનો વાસ રહેલો છે. દાદાએ પ્રત્યુત્તરમા જણાવ્યું કે, પીપળામાં પરમાત્મા છે, તો લીમડામાં કોણ છે ?

ડિખર મેં પણ પાણ્, નાંવ ભાવર મેં ભેમો;
નિમ મેં જી નારાણ્, પોય કંદે મેં કેમો

ભાવાર્થ: પીપળામા પરમાત્મા જોતે વસે છે તો ભાવળમાં પણ બીજો કોઈ નથી. લીમડામાં પણ એ જ નારાયણનો નિવાસ છે. તો પછી કહા અર્થાત્ બીજડામાં બીજો કોણ છે ? સવત ૧૭૮૬ના ભાદરવા વદ ૧૪ ને શનિવારે સવારે કચ્છના ધ્રંગ ગામે પોતાના બાર સંસારીઓ સહિત જીવત સમાધિ ધારણ કરી એ સ્વેચ્છાપૂર્વક સદાને માટે ધરણીમાં સમાઈ ગયા છે. આજે એ સ્થાનનું વાતાવરણ હૃદયની પવિત્ર ભાવનાઓને જાગૃત કરી દે એટલી સજીવતા ધારણ કરી રહે છે. એમનું શિખરબંધ મંદિર પણ ભવ્ય અને દર્શનીય છે. હરિજનો ઉપર એમને કેટલું વહાલ હતું તે નીચેના એમના શબ્દોથી સિદ્ધ થાય છે

કેકે વસ્યિયુ કચ્છિ, કેકે વલા વેદ;
વલેકનાં વલા મુકે, ઢાઢી ને બ્યા ઢેદ.

ભાવાર્થ: કોઈને કોરિયો વહાલી છે ને કોઈને વેદ, વીંટી વગેરે અલંકારો વહાલા છે પણ મારા માટે તો વહાલા ઢાઢી અને ઢેદ એવા અછૂત ભાઈઓ છે

મેકર ૧. પું. એક જાતનો સામડીઆઓએ ભમવાનો ઊંચો ટૂંટો.
૨ [અ.] પું. બનાવનાર માણસ. જેમકે, સારા મેકરનો માલ.
૩. ન. કસબી રોકું.

મેકલ ૧. [સં.] પું. (પુરાણ) અમરકંટક આગળનો એ નામનો એક પર્વત, નર્મદા નદી તેમાંથી નીકળે છે.
૨. પું (પુરાણ) અમરકંટકના મેકલ પર્વતની અને ઉત્કિષાની દક્ષિણે આવેલો દેશ, તેની રાજધાની માદિમતી હતી
૩ પું. બકરો

મેકલકા-ચકા જુઓ મેકલકન્યા.

મેકલકન્યા [સં.] જી. મેકલની કન્યા; નર્મદા નદી. જેમ જાગીરમના સંબંધને લઈને ગંગાનું નામ ભાગીરથી પડયું છે. તેમ મેકલ પર્વતમાંથી નીકળવાને કારણે આ નામ પડયું છે.

મેકલા ૧. જી. નર્મદા નદી
૨. જી. (પુરાણ) મેકલ દેશની રાજધાની.

મેકોલે પું ઇગ્લંડનો સમર્થ ઇતિહાસકાર અને વિદ્વાન. હિંદુસ્તાનમા સરકારી કામોમાં હાલમા ચાલતી કેળવણીની પદ્ધતિ તેણે દાખલ કરાવી હતી.

મેક્ષાક્ષ ૧. [સં] ન. એક જાતનું યજ્ઞપાત્ર.
ઘીનું પાત્ર મૂક્યા નાનાવિધ, મૂક્યું નહિ મેક્ષાક્ષ.
પ્રેમાનંદ
૨. ન. કમાર કમાવવાનો લાકડાનો ઢાળો; લાંબો ઓટલો

મેક્ષાંતર [સ. મિષ (બહાનું) + અંતર (બીજું)] અ બહાનાંતર; બહાનું; મિષ.
૦ મેક્ષાંતર દઈનું કીધું, મનમા દુ:ખ કોઈ આવ્યું; ઊખળનું બંધન આજ સંભાર્યું તે માટે કેપાવ્યું.
પ્રેમાનંદ

મેક્સથીલર પું. પીળા તાવ સામે રસી શોધી કાઢનાર વૈજ્ઞાનિક. મેક્સથીલરને પીળા તાવ સામે રસી શોધી કાઢવાના તેમના કાર્ય માટે શરીરવિજ્ઞાન અને ઔષધ માટેનું ૧૯૫૧નું નોબેલ પારિતોષિક એનાયત કરવામા આવ્યું છે. દક્ષિણ આફ્રિકામા જન્મેલ થીલરે પીળા તાવ સામેની રસી અંગેનું કાર્ય ૩૨ વર્ષ કર્યું હતું. જ્યાં અમેરિકા શોધ કરી કે શ્વેત ઉંદરોને પણ આ પીળો તાવ લાગુ પડી શકતો હતો આ શ્વેત ઉંદરોને પીળા તાવની રસી મૂકવાથી એની સારી અસર થઈ

અને તેને લીધે એમ લાગ્યું કે, માનવ શરીરોમાં પણ તેનો ઉપયોગ કરવાનું શક્ય બનશે. ફ્રેંચ આર્મોમ્ય ખાતાના સત્તાવાળાઓ આ શોધને અપનાવીને આગળ વધ્યા અને છેવટે તેઓ સફળ રસી શોધી શક્યા. તેનો ઉપયોગ આફ્રિકાનાં ફ્રેંચ સંસ્થાનોમાં વિશાળ પાયા ઉપર થઈ રહ્યો છે. આ રસીને કયે '૧૭ डी'નું નામ આપવામાં આવ્યું છે. તેનો આપક ઉપયોગ દક્ષિણ અને ઉત્તર અમેરિકામાં તેમ જ આફ્રિકાના કેટલાક ભાગોમાં થઈ રહ્યો છે. રસીની શોધ થયા પછી પણ પીળા તાવને અટકાવવા માટે સ્વચ્છતા જરૂરી છે. એની આવશ્યકતા દૂર નથી થઈ પીળરના મતે રસી અને બહેતર સ્વચ્છતાથી માનવી વસવાટના સ્થળોમાંથી આ રોગને નાબૂદ કરી શકાશે. એમ છતાં યે, જંગલમાં તો રોગ લાગવાનો ભય રહેશે જ અને એટલે જ જંગલમાં જનારે પ્રથમ રસી મુકાવવાની તકેદારી રાખવી જ રહી.

મેખ ૧. [सं मेष] पुं. મેષ; ઘેટો

૨. સ્ત્રી. ખીલો; ડાંગ; ચૂક, ખૂંદ; ખીલો; અણીવાળો ખીલો

૧. મેખ ઠોકવી-મારવી = (૧) કોઈ અટકાવ કે સ્થગિત વચ્ચે આણી મૂકવી; બનેલા કરાર કે વચનમાં વચ્ચે અકલ્પ્ય નાખવી; ફાસ મારવી. (૨) કોઈ એની વાત બોલવી કે એથી કોઈનું કામ થતું હોય તે બાબ નહિ; હરરોજ આવતા કામમાં અટકાવ કરવો (૩) બહું જ દુઃખ દેવું; સંતાપવું. (૪) જરા અસકાય કે અસાય નહિ તેવાં રોકાણ કે નિયમથી બાંધવું; ફેરફાર ન થઈ શકે તેવું કરવું; અટળ કરવું. (૫) ફાસર મારવી; આડખીલી કરવી. (૬) સકોચ કરવો. (૭) હદ બાંધી નક્કી કરવું. (૮) હાથમાં કે પગમાં ખીલા ઠોકવા; ખીલી મારવી

૨. મેખ બેસવી = અટકવું; વિલબ થવો

૩. બહ ઘોડાની મેખ = દીર્ઘસૂત્રી લોક; વામન લોક; તોફાની ઘોડાને ખૂબ ઊંડા અને બહાર બહુ જ ઓછા દેખાતા ખીલા સાથે બાંધવામા આવે છે. તે ઉપરથી આ પ્રયોગ નીકળ્યો છે.

૪. સોનાની થાળીમા લોઢાની મેખ = ન ઘટે તેવું; અપરિહત કાર્ય

૩. સ્ત્રી મેષ રાશિ

૪. સ્ત્રી. ખીંટી; ભીંત કે જમીનમાં મારેલી લાકડાની ખીલી; ફાંસ, ફાચર

૫. સ્ત્રી. ઘોડાનું લગડાપણું. તે નાલ જડતી વખતે ખીલો ખોટો થઈ જવાથી થાય છે

૬. સ્ત્રી. ચૂક; ભૂલ

મેખચું ૧. ન. બીજાની માલિક જમીનમાં ઠોકી બેસાડાય તેવી દીવી. નીચે અણી અને ઉપર બે બાજુએ ચાકાંવાળી બોબમાં લટકાવી દીવી.

૨. ન. નાના પૂતળા જેવું છોકરું; પૂતળું; મેચકુ; નાનું બાળક.

મેખડીવી ૧. સ્ત્રી કટિબધ; કમરબધ; કટિમેખલા; કંદોરો; મુંજના વાસની કે બાંધવાની દોરી.

૨. સ્ત્રી. મેખચુ; બે બાજુએ ચાકાંવાળી બોબમાં લટકાવી દીવી

મેખચ સ્ત્રી ભીંતનું મૂળિયું; પથીતની નીચેની જમીન સાથેની સંધિ.

મેખમાર જુઓ મેખમારખા

મેખમારખાં ૧. पुं. બહુ કનડગત કરનારાઓ માણસ

૨. વિ. બીજો મારનાર

૩ વિ. ઘોડાને નાલ જડનાર; ખીલાઠોક.

૪. વિ. પરાણે કામ લેનાર.

૫. વિ. બહુ લાગવગવાળું. સત્તાધીસ; કર્તુકારવતું

મેખમારે જુઓ મેખમારખાં

મેખર સ્ત્રી જ્યોષ

મેખરાશિયો पुं. ચિત્રા; મરદની જનનેંદ્રિય.

મેખરું ન. ખાકરે.

મેખલ ૧. पुं. અમરકંટક પર્વત. જે નર્મદા નદીનું ઉદ્ગમસ્થાન છે

૨. સ્ત્રી. પવિત્રી; મેખલા; કંદોરો.

મેખલકન્યકર સ્ત્રી. મેખલ પહાડમાંથી નીકળેલી નર્મદા નદી

મેખલકન્યા જુઓ મેખલાકન્યા.

મેખલા ૧. पुं. (लो॰) ચોરાસી માંહેનો એ નામનો એક સિદ્ધ.

૨ [सं.] સ્ત્રી. કટિસૂત્ર; કમરપટો; કેડનું ઘરેણું; કેડનો કંદોરો; કટિમેખલા; સેર; રસનાદામ; ઝીની કેડે બાંધી રહેલી, મોતી અને રંગીન મણિ જડેલી મેખલા. ઉદ્ર પતુષ્ય જેવી લાગતી હતી. મોવર્ધનરામ

૩. સ્ત્રી. કફની; અબડો; સાધુ લોકોને પહેરવાનું કપડું

૪. સ્ત્રી. છળ; કપટ; દગો.

૫. સ્ત્રી તલવાર, ખડ્ગ વગેરેની મૂઠ ઉપર બાંધવાનું ચામડાનું બંધન; તલવારના બખાન ઉપર વીંટવાનો પટ્ટો

૬ સ્ત્રી તલવારનું બખાન.

૭. સ્ત્રી. નર્મદા નદી.

૮. સ્ત્રી. નિતંબ; કૂલો; ઢગરો.

૯. સ્ત્રી પર્વતનો મધ્ય ભાગ.

૧૦. સ્ત્રી. ફરતી વર્તુલાકાર રેખા કે મર્યાદા; આસપાસની ખુલ્લી જગ્યા. ક્ષત્રિયના ઘર આગળ પાંચ હાથની, વૈશ્યના ઘર આગળ ચાર હાથની અને શૂદ્રના ઘર આગળ ત્રણ હાથની મેખલા જોઈએ

૧૧. સ્ત્રી. બ્રહ્મચારીએ યજ્ઞ કર્મ કરતી વખતે કે બાંધવાનું મૂજમય કે મુજનું કટિસૂત્ર.

૧૨ સ્ત્રી મધ્યવર્તુ તેં; ભોંયથી આસમાનનું તે.

૧૩. સ્ત્રી માળા, હાર.

૧૪ સ્ત્રી. યજ્ઞકુંડની ઉપર ચોતરફ બનાવેલ માટીનો ઘેરો

૧૫ સ્ત્રી. રતિકાલ વખતે સ્ત્રીઓ પતિને કેડના કંદોરાથી બાંધે છે તે.

૧૬. સ્ત્રી. વજ્રિપર્ણી નામે વનસ્પતિ

૧૭ સ્ત્રી. સફેદ કાકવા બેસાડવાનું હથિયાર; આરી; કૂચી

મેખલાપદ [सं.] ન. કમર; કેડ.

મેખલાબંધ ૧. [सं.] पुं બ્રહ્મચારીએ પોતાની કેડની આસપાસ મુંજનો કંદોરો બાંધવો તે

૨ पुं. રતિકાલ સમયે સ્ત્રીઓ પતિને કેડના કંદોરાથી બાંધે છે તે.

મેખલારચ્છલન [सं.] ન. કેડનો કંદોરો ઢીલો પડી નીચે ઊતરી જવા તે સ્થિતિ.

મેખલી ૧. [सं. मेखलिन्] पुं. બ્રહ્મચારી.

૨. पुं. શિવનું એક નામ.

૩. સ્ત્રી. કટિબંધ; કમરની.

૪. [हि.] સ્ત્રી. કફની; સાધુએ પહેરવાનું કપડું.

૫. વિ. કમરપટ્ટાવાળું; માંજના કટિસૂત્રવાળું.

મેખલો જુ કંપિલો

મેખવા [हि] पुं. સવારી ચાલતી વખતે બાજુએ રસ્તામાં કોઈ ખીલો કે ખૂંદો મળે ત્યારે આગળ ચાલનાર પુરુષ બોલે તે શબ્દ.

મેખળ ૧ ન કંદોરો

૨. ન તરીકું; હળમેખળ.

૩. ન લડાઈનું એક હથિયાર

૪. ન કમર; કાકે.

૫. ન. વચમાં અવકાશ ને અડખડતા કરે તેવું જે તે.

મેખળા જુઓ મેખલા.

મેખા ૧. पुं. નાનો ખાડો, રતજ.

૨. સ્ત્રી. પલકારો, નિમેષોન્મેષ, આંખ ઊઘડવા બીડાવી તે

૩ સ્ત્રી. મેખળા; ફરતી વર્તુલાકાર રેખા કે મર્યાદા

મેખાંતર ન. મેહાંતર; મિષ; બહાનું; નિમિત્ત; હાવ

મેખિયું જુ. ન. ખીલો.
૨. ન. મેખું; અદીક્ષ; અદીમ; કાનિયું
૩. વિ. અદાણી; અદીક્ષના બંધારણનું
૪. વિ. નશામા ચકચૂર

મેખી ૧. સ્ત્રી. ભેંસ.
૨. વિ. અદાણી; અદીક્ષના બંધારણનું; અદીક્ષનું બંધારણ, અદીક્ષ આનાર.

મેખીરૂપિયો પું. વચમાં પોલો અને કીનાથી જરેલ ખોટો રૂપિયો

મેખું ૧ ન. અદીક્ષ; અમલ; કસ્તો; કાનિયું
૨ ન. નશો, ઘેન
૩. વિ. મેખ રાખિયાળુ.

મેખોન્મેખ ન. આંખનો પલકારો કર્યા વગર સ્થિર નેત્ર રાખવાં તે

મેગાડ જુઓ મેગડ.

મેગની સ્ત્રી ઘેટાંની ઢગાર; મેંઢાનું બચ્ચું; ઘેટાંના લીંડી

મેગમ પું ખોળો ઢોર

મેગલ [સં. મદ + ગલ્ (ગરવું)] પુ. હાથી; ગજ; માતંગ
તેડ્યા દિગ્પતિના મેગલ
મહાબળિયા વિષધારી રે. કવિ દલપતરામ

મેગલજી [સં.] પું. હાથી; મેગળ; ગજ; માતંગ
મદપતકો મેગલજી આવે. નરસિંહ

મેગળ [સં. મદ + ગલ્ (ગરવું)] પું. હાથી, ગજ; માતંગ; જેને મદ ઝરતો હોય તેવો મોટો અને જુવાન હાથી.
મન હોંગી, મન પૂર્ણ છે, મન મેગળ મરતાલ;
મન સમજે તો મિત્ર છે, નહિ તો શત્રુ માન.
દલપતરામ

મેગા ૧ સ્ત્રી કચ્છીની એ નામની એક અટક.
૨. ન. એ નામના અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું

મેગેઝિન ૧. ન. દારૂગોળો; દારૂખાનું.
૨. [અં] ન. સામયિક; પત્ર

મેગેલન પું. સાગરની ખામોશ ખાની ખૂંદીને ભૌગોલિક સંશોધનક્ષેત્રમાં અમર નામના મૂકી જનાર, કોલમ્બસની હેડીનો કૃતનિશ્ચયી સાહસવીર. તેનો જન્મ ઈ સ. ૧૪૮૦મા પોર્ટુગલમા થયો હતો. તે સમયથી જ પોર્ટુગીઝ જુવાનો ફાંકડિયાં જેમ સાગરપ્રવાસ માટે કૂદી પડતા. તેથી તે પણ ઈ. સ. ૧૫૦૪માં એક સ્વપ્નસેવક તરીકે એક જહાજ ઉપર ભરતી થઈ ગયો. સાગરસ્વામીની તક મળે તે માટે સ્પેનના રાજાને મળીને પોતાનો મનસૂબો પાર પાડવાનો નિશ્ચય કર્યો પૂરાં પાંચ વર્ષ મેગેલને પૂર્વના પોતાના નિર્ધારિત પ્રવાસ અંગે જીણવામાં જીણવી વિગતો એકઠી કરવામાં અને નકશાઓના અભ્યાસમા ગાળ્યા. ધરતીની પશ્ચિમે એક વિશાળ ભૂમિખંડ દક્ષિણી આડે આવેલો છે એવા સામાન્ય ખ્યાલ સિવાય ફરી ચોક્કસ માહિતી એ વખતે કોઈને નહોતી. મેગેલનને આશા હતી કે, એ વિશાળ ભૂમિખંડની દક્ષિણે ક્યાંક કોઈ સામુદ્રધુની હોવી જોઈએ, જે આટલાટિકને પૂર્વના સાગર સાથે જોડતી હોવી જોઈએ. છેવટે સાગરમાર્ગના પોતાના જેવા જ અન્વેષી મિત્ર ફ્રાન્સિસ્કો સાથે ઈ. સ. ૧૫૧૭માં એ સ્પેન ઊપડ્યો. સ્પેનના રાજા ચાર્લ્સે મેગેલનની યોજનાનો સ્વીકાર કર્યો અને તેને મહાસાર્થ બનાવી પાંચ સ્પેનિશ જહાજોનો કાફલો તેના હાથ નીચે મૂક્યો. તેણે મળ્યા તેટલા સ્પેનિશ ખલાસીઓ ઉપરાંત પોર્ટુગીઝ, ફ્રેંચ, અંગ્રેજ, જર્મન, ગ્રીક અને ઇટાલી ખલાસીઓ મુહાની ભરતી કરી અને સાત ઓન્ટાનિયો, ત્રિનિદાદ, સાન જિયાગો, કન્સેપ્શન તથા વિક્ટોરિયા એમ પાંચ જહાજોના કાફલા સાથે ઈ સ. ૧૫૧૯ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે તે પ્રવાસે ઊપડ્યો. છ મહિને આ કાફલો દક્ષિણ અમેરિકામા પોર્ટો નિપાના કિનારે આવ્યો. હિમાળાની રાડમાત હતી અને ભરડ પણ જામવા માંડ્યો હતો. તેણે ત્યાં મુકામ કર્યો. પરંતુ કેટલાક તોફાની ખલાસીઓએ પાછા ફરવું વધારે સલાહભર્યું માન્યું, કારણકે ૮,૦૦૦ માઈલના પ્રવાસમા તેમણે ક્યાંયે જમીન જોઈ ન હતી. પણ મેગેલન અક્કડ રહ્યો કેટલાક ખલાસીઓએ બંડ કર્યું પરંતુ મેગેલન તેને દાબી દીધું. મેગેલનને પોતાને પણ કંઈ તો શંકા પડવા માંડી હતી કે, પોતાની ધૂનમા ને ધૂનમા તે કંઈ યાત્ર ગયેલા સાગરજગ સુધી હકારી બાય અને પોતાની માન્યતા બોટ તદ્દન જ પુરવાર થાય તો ? પરંતુ મેગેલને પોતાનું ધૈર્ય ખોયું નહિ. ઓગસ્ટની ૨૫ી તે અંધકાર ઢાકા સાથે તેણે કિનારે કિનારે કાફલાને લેવાનો હુકમ કર્યો હાલ્યો, વખતે દૂર જતા સામુદ્રધુની ઢાળ નજર ચાહાર રહી જાય તો ? ઓક્ટોબરની ૨૧મી તારીખે તેઓ દક્ષિણ અમેરિકને છેક છેડે પહોંચ્યા. પણ સામુદ્રધુનો જેવું કશું ન જાગ્યું. તેણે તપાસ માટે બે જહાજોને મોકલ્યાં. બપોરે સવારે તેમણે સામુદ્રધુની સોંપી હાકી. હતાશ એ સામુદ્રધુની મેગેલનની સામુદ્રધુની તરીકે પ્રસિદ્ધ થઈ. આમ મેગેલનના જહાજોએ પાસિફિક મહાસાગરોમા પહેલીજ વાર પ્રવેશ કર્યો અને દિવસ પછી દિવસ એમ તેઓએ સાગરની સપાટી ઉપર આગળ વધ્યા કર્યું. છેવટે ઈ સ. ૧૫૨૧ના માર્ચની ૧૬મી તારીખે તે ફિલિપાઈન્સ પહોંચ્યો અને અજબરા સાગરના પ્રવાસનો અંત આવ્યો. પશ્ચિમમાં ઊપડેલો મેગેલન છેવટે પશ્ચિમ બાજુ પૂર્વ બનવું કર્યું ત્યાં આવી પહોંચ્યો હતો. આ તેના જીવનની સર્વોત્તમ સિદ્ધિ હતી

મેગેસ્થિનિસ પુ. અજ્ઞકાલીન સમયનો હિંદની મુસાફરીએ આવનાર એક મોટો મુસાફર. તે ચંદ્રગુપ્તના દરબારમાં સેલ્યુકસે મોકલેલ એલચી હતો. તેના લખાણો તે સમયના હિંદનું વિશ્વાસપાત્ર બયાન આપે છે. તે અને મૌર્યકાલના અર્વાચીનઅભ્યાસો ઉપરાંત થતી સમાજસ્થિતિ બહુ મળતી આવે છે આ પણ મૌર્યકાલના ગ્રંથની વિશ્વસનીયતાનો પુરાવો છે.

મેગ્નાકાર્ટા ૧. [લં.] પું. જાણી દરમાનનું રાજકીય બહાપત્ર. જેમાં રાજા તરફથી પ્રજાજનોને કોઈ અધિકાર આપવાની વાત હોય છે.
૨. પું હકનો ચટ્ટો. ઈ સ. ૧૨૧૫માં ઇંગ્લંડની પ્રજાએ રાજા જૉન પાસેથી આ.વો હકપટ્ટો મેળવ્યો હતો.

મેગ્નિટો [અં.] પું. એક જાતનો આસ બનાવવો ડાયનેમો. તે જ્યારે એંજિનથી ચલાવવામાં આવે છે ત્યારે સિલિન્ડરમાં તેજ સળગવાથી તણખાઓ પૂરા પાડે છે. મોટા મોંગનોની બનાવટ ઇલેક્ટ્રિક ડાયનેમોને મળતી આવે છે

મેગ્નિફાઇંગ [અં.] વિ. અરેખર કદને વધારીને બતાવે તેવું

મેગ્નિફિકેશન [અં] ન. પરિમાણ વર્ધન; પરિવર્ધન; અરેખર કદને વધારીને બતાવવું તે.

મેગ્નેટ [અં.] ન. લોહચૂંબક. તે લોઢાને આકર્ષે છે.

મેગ્નેટાઇટ [અં.] ન. એક જાતની ધાતુની માફક ચળકાટ મારતી કાળી ખનિજ. તેની અંદર ૭૨% દ્રવ્ય લોહ હોય છે. તે ખડકમાંથી મળી આવે છે. તે અસલના વખતનો એક જાતનો પથ્થર છે. તે કુદરતી લોહચૂંબક છે.

મેગ્નેટિકફિલ્ડ [અં.] ન. લોહચૂંબકના ધ્રુવોની આસપાસના અને તેની નજીકના વાતાવરણમાં લોહચૂંબકત્વનું ક્ષેત્ર.

મેગ્નેટિઝમ [અં.] ન. લોઢચૂમકત્વ; લોઢાને ખેંચવાનો ગુણ. ગ્રીસ અને તુર્કી રાજ્યો વચ્ચેના સમુદ્ર કિનારે આવેલા મેગ્નેસિઆ નામે દેશમા એક જાતની કાળા રંગની ધાતુ નીકળે છે. તે લોઢાનાં દ્રવ્યોને પોતાના તરફ ખેંચે છે. આ ગુણને મેગ્નેટિઝમ કહે છે. આ ધાતુના પથ્થરને લોડ સ્ટોન કહે છે.

મેગ્નેટો જુઓ મેગ્નિટો.

મેગ્નેશિઆ [અં] ન. એ નામનો ધાતુની ભેળવણીનો જમીનમાંથી મળી આવતો એક જાતનો ક્ષાર

મેગ્નેશિયમ [અં.] ન. ક્ષારીય માટીની ધાતુ તેની પરમાણ્વ્ય સંખ્યા ૧૨ અને સરાંક ૨૪.૩૨ છે. રંગે ધોળો લેવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે

મેમોલીઆ [અં.] ન. એક જાતનું સ્તોદ કે પીળા કુલવાળું ઝાડ.

મેય ૧. પું. એક જાતનો વાયુરોગ. કફસહ વાયુ બગડવાથી આ રોગ થતો મનાય છે.

૨. પું. (પુરાણ) હિમાલયની પશ્ચિમે આવેલો એ નામનો એક પર્વત; સુવર્ણ પર્વત.

૩. પું. (પિંગળ) છંદની એક જાત.

૪. પું. (પુરાણ) જળની વૃષ્ટિ કરનાર દેવ. તેના સાધારણ મેઘ અને પ્રલય મેઘ એવા બે ભેદ છે. પ્રતિ વર્ષે જે વૃષ્ટિ કરે છે તે સાધારણ મેઘ અને સંવર્તકના અંતકાળે વૃષ્ટિ કરીને સાતસોક સહસ્રવર્તમાન સઘળું શુષ્કકરી દે છે તે પ્રલય મેઘ. તેની સંખ્યા સાત હોય છે.

૫. પું. ગાંડપણ.

૬. [સં.] પું. ટોળું; સમૂહ.

૭. પું. (પુરાણ) તારકાસુરનો અનુયાયી એક અસુર; એ નામનો એક રાક્ષસ.

૮. પું. તાંબળાનું ઝાડ કે ફળ

૯. પું. નાગરમોથ નામની વનસ્પતિ.

૧૦. પું. વરસાદ; મેઘ; મેઘલો; મેઘલો મેઘમાળા નામના પુસ્તકમાં મેઘ બાર બતાવેલા છે: સુષુપ્તિ, નંદકાલિ, કલ્પક, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વેદ, હેમમાલી, જલેંદ્ર, વજ્રદંષ્ટ્ર અને વિષપ્રદ. ભાવણી કર્મમાં તેમનાં નામ કણ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, જલેંદ્ર, વજ્રદંષ્ટ્ર, ઐભલ, સુતરામ્બુ, હેમમાલી, સ્વરોધકર અને વિષપ્રદ એમ આપેલ છે.

મેઘડમ્બર ઝાઈ રાવણ રા ઉસર મહારાજ રામચંદ્ર વિનીવણ પૂછઈ મેઘ વરસવા આવઈ.
સીતાહરણ-પદરમી કડી

૧. આજે મેઘ આંગણ બત્રા = (૧) આનંદ થયો (૨) મનધાર્યું થયું. (૩) મુશળધાર વરસાદ થયો

૨. મેઘ સમાન જળ નહિ ને આપ સમાન બળ નહિ = અને કામ કરવું સારું; બારણે આવ્યા તે સહુ નિરાશ; આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય

૧૧. પું. વાદળું; જલધર; પયોધર; નીરદ; તોયદ; ઘન; અંબુદ; જીમૂત; પયોદ

અમ. મેઘ, વારિવાહ, રતનમિતુ, જલાઢક, ધારાધર, જલધર, તડિત્વાન, વારિદ, અંબુમૃત, ઘન, જીમૂત, મુદિર, જલમુચ, પૂષયોનિ એ પંદર નામ મેઘનાં છે. તેમાં અંત નપુંસકલિંગ છે. બાકીનાં પુલ્લિંગ છે. અમરકોષ

૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૧૩. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે મુખ્ય છ માહેનો એક રાગ મહાદેવના મુખમાંથી મુખ્ય પાંચ રાગ નીકળ્યા. તે શ્રી, વસંત, પંચમ, ભૈરવ, મેઘ અને છઠ્ઠો રાગ જે પાર્વતીજીના મુખમાંથી નીકળ્યો તે નટ્ટનારાયણ. વર્ષાઋતુ એટલે શ્રાવણ અને ભાદરવો એ બે માસમાં હર વખત તે ગવાય છે તેની જાતિ સંપૂર્ણ, અવરોહ રિષભ તીવ્ર, મધ્યમ તીવ્ર મધ્યમ કોમળ, પંચમ વિવાદી તીવ્ર અને નિષાદ એ પ્રમાણે સાતે સ્વર તેમાં આવે છે. તેનો ગ્રહ સ્વર, ન્યાસ સ્વર ઉતરીનિષાદ છે. કોઈ તેની ઓડવ જાતિ પણ કહે છે. તેમાં મધ્યમ અથવા પંચમ બાદ મૂકે છે. કોઈ ઓડવ પણ મૂકે છે. તેમાં મધ્યમ અને પંચમ બે બાદ છે. આ રાગનો વર્તમાન સમયમાં લોપ થયો છે. આ રાગ શુદ્ધ ગાવામાં આવે તો વરસાદ બાદ એનો એનો પ્રભાવ છે. તે સાંભળવાથી ગરમીના રોગીને શાંતિ થાય છે, તૃષાતુરની તૃષા શુકાય છે અને વિષનો અગ્નિ પણ શાંત પામે છે. આ રાગના શરીરનો વર્ણ સોના જેવો છે. મુખ શ્યામ કમળ સરખું છે. માથે મુકુટ છે શરીર જાતોની સભા ભરી હાથમાં ખુલ્લી તલવાર રાખી ને બેઠો છે. પોને જળવાન છે તે બેઠો છે તે વખતે વરસાદ આવી રહ્યો છે, વીજળી ચમકી રહી છે, બતક, મયૂર વગેરે પક્ષીઓ બોલી રહ્યાં છે અને વખત સાંજનો અથવા પાછલી રાતનો છે, ઋતુ વર્ષા છે. આ રાગ મેઘની ગર્જનાથી ઉત્પન્ન થયેલો છે અથવા ઝરણાના ઝિપમાંથી ઉત્પન્ન થયો પણ કહેવાય છે. મેઘની પાંચ રાગિણીનાં નામ આ પ્રમાણે છે: ટક, મલ્હાર, મુજરી, ભૂપાલી અને દેશકાર. તેને આઠ પુત્રો અને આઠ પુત્રવધૂઓ છે. ગ્રિવમત પ્રમાણે આ રાગ તેના પરિવાર સહિત ગવાય છે. આ મતાનુસાર તેની ૭ રાગિણીઓનાં નામ મલ્હાર, સોરઠી, આહાવરી અથવા સામેરી, માલકોષ, મંધાર અને રસસૃંગાર અથવા હરસૃંગાર છે. તેના આઠ પુત્રો હનુમંત મત પ્રમાણે મેઘરાગના જે પુત્રો છે તે જ હોવાનું મનાય છે. કૃષ્ણ મત પ્રમાણે તેની પાંચ રાગિણીઓનાં નામ ધનાશ્રી, મકુરા, કામોદ, ધનાશ્રી, રેવતીકં અને દીવાલી છે. તેના આઠ પુત્રોનાં નામ જલધર, સારંગ, કિદાર, સંકરાભરણ, મહારવા જલધર, મંધાર અને સહાના છે. હનુમત મત પ્રમાણે તેની પાંચ રાગિણીઓનાં નામ મલ્હાર, સારંગ, દેશી, ઋતુચલ્યા અને કાવેરી છે. તેના આઠ પુત્રોનાં નામ કલાધર, વાયેશ્વર, સહાના, પુરિયા, સુન્દરા, નિલક, અસંખ અને સંકરાભરણ છે. તેની આઠ ભાર્યાનાં નામ કરનારી, આવરી, કામનાટ, બહારી, ખંભ, પરજ, શુદ્ધનાટ અને પરચલી છે

૧૪ ન. (શિલ્પ) એક જાતનું ઘર

કુપિત થતા મુખ આકાશ એક અધિક વધે તો તે મેઘ નામે ઘર થાય. રાજવલ્લભ

૧૫. ન. એક જાતનું સુગંધી ઘાસ.

મેઘક ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. સ્થાવર વિષ.

મેઘકર ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૧૬ લઘુ અને ૧૮ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે. તેને મેઘાકર પણ કહે છે

૨. [સં.] વિ વાદળાં ઉત્પન્ન કરનાર.

મેઘકઠીલું વિ. મેઘના જેવા સુરવાળું; પહાડી અરજવાળું

મેઘખંડ [સં.] પું. વાદળાંનો ટહકો.

દા મેઘખંડ સુવિશાળ કર્યા રંગીલા રે.
નરસિંહરાવ

મેઘગર્જન જુઓ મેઘગર્જના.

મેઘગર્જના ૧ [સં.] સ્ત્રી મેઘનાદ; વરસાદનું ગાજવું તેમ મેઘધ્વનિ; વાદળાંનો ગડગડાટ. મેઘના પાણીના વાયુ વડે વિભાગ થાય છે અને તે વિભાગનો સંયોગ થતાં બહારથી જે ધ્વનિ થાય છે તે મેઘગર્જના કહેવાય છે મેઘગર્જના સમયે વેદાધ્યયન નિષિદ્ધ છે ઉપનયન સંસ્કારને વિષે જો વાદળું ગરજે તો ઉપનયન વિધિ બંધ રાખવો જોઈએ.

મેઘમાં ઉત્પન્ન થયેલાને અગ્નિ કહે છે ને તે ત્રણે લિંગમાં વપરાય છે. સ્તનિત, ગર્જિત, રસિત એ ત્રણ નપુંસકલિંગ અને મેઘનિર્ઘોષ એ પુલ્લિંગ મળી ચાર નામ મેઘગર્જનાના છે. અમરકોષ

૨. સ્ત્રી. મોટી જબરજસ્ત ગર્જના.

મેઘગંભીર [સં.] વિ મેઘના જેવું ગંભીર.

આ કસરતના અભ્યાસથી રાબ્દ કઠોર, વરડાયેલો, કર્કશ નહિ પણ મધુર, સ્નિગ્ધ, મેઘગંભીર બની જાય છે. પ્રાણાયામ

મેઘઘટા [સં.] સ્ત્રી. વાદળાંનો સમૂહ; મેઘાડમ્બર

મેઘઘોષા [સં.] સ્ત્રી. ચોસઠ યોગિનીઓ પૈકી એક યોગિની.

મેઘચંદરવા પું. વાદળાંરૂપી ચંદરવો; મેઘાડંબર.

વ્યોમગંગા ભરીને હતા મેઘચંદરવા. નાનાલાલ

મેઘચાપ [સં] ન. મેઘધનુષ્ય; ઇંદ્રધનુષ્ય; વરસાદ પડવાથી આકાશમાં જે સપ્તરંગી ધનુષ્યનો આકાર બને છે તે.

મેઘચિંતક [સં.] પું. બપૈયો; ચાતક પક્ષી; વર્ષા કે મેઘનું ચિંતન કરનાર પક્ષી.

મેઘચ્છંદ [સં.] પું. એક પ્રકારનો છંદ.

એમણે નવા યોજેલા મેઘચ્છંદમાં મેઘદૂતનું ભાષાંતર કર્યું છે. કમળાશંકર

મેઘછાંયડી (મેઘછાયડો) સ્ત્રી. વાદળનો છાંયો.

મેઘછાંયડીએ આનંદ સરોવર સમોવડે
હેવું ઘેર પડ ડોલે છે. નાનાલાલ

મેઘજ ૧. [સં.] ન. મોતી.

૨. વિ. વાદળાંથી ઉત્પન્ન થનાર.

મેઘજી પું. મેઘ; વરસાદ.

પ્રસારી ઘરે મેઘજી સૌ બન્ધુ. કાન્હરસિંહ

મેઘજીવક [સં.] પું. ચાતક પક્ષી; મેઘચિંતક; બપૈયો.

મેઘજીવની સ્ત્રી. ચાતક પક્ષિણી.

મેઘજીવન [સં.] પું. ચાતક પક્ષી

મેઘજ્યોતિ [સં.] સ્ત્રી. વિદ્યુત્પ્રકાશ; વીજળીનો ચળકાટ; વીજળી.

અમ્બુજ્યોતિ અને ઇરંમદ એ બે પુરાણ નામ મેઘની જ્યોતિના છે. અમરકોષ

મેઘતિમિર ૧. [સં.] ન. વાદળાંનું અંધારું.

૨. ન. વાદળાંવાળી ઋતુ.

મેઘદર્શન [સં] ન. વરસાદનું દર્શન; વરસાદની પધરામણી; વરસાદ આવ્યો તે.

મેઘદલ [સં.] ન. વાદળાનો સમૂહ.

મેઘદીપ [સં] પું. વીજળી.

મેઘદૂત [સં] ન. એ નામનું મહાકવિ કાલિદાસનું રચેલ એક ખંડકાવ્ય. તેનો નાયક અલકાપુરીનો અધીશ્વર કુબેરજીનો અનુચર એક યક્ષ છે. વર્ષપર્યંતના શાપને લીધે દક્ષિણે ચિત્રકૂટમાં વિરહાવસ્થામાં તે પડેલો છે. પ્રોષિતપત્નિકા નાયિકા ઉત્તરે અલકાપુરીમાં છે. નાયક મેઘને દૂત કલ્પી નાયિકા પ્રતિ સંદેશો કહાવે છે. ઋતુ વર્ષા છે, પૂર્વાર વિપ્રલમ્ભ છે, વર્ષા વિરહદુઃખ દુઃસહ છે પણ તેના વિપ્રલમ્ભશૃંગારના ગ્રન્થની મીઠાશ કે લહેજત કાંઈ ઓર જ છે વિરહાવસ્થા ભોગવનાર નાયકનાયિકાને પણ એ દુઃખ પ્રસંગોપાત ક્વચિત્ કિંચિત સુખસ્વરૂપ લહેજતદાર લાગે છે. આ ગ્રન્થનાં ગુજરાતીમાં ડૉ. ક. હ. ધ્રુવ, ત્રિભોવન ધનેશ્વર, હરિકૃષ્ણ જાદવ ભટ્ટ, નવલરામ, ભીમરાવ, જોગાનાથ, વિહારી, કિલાભાઈ મનસ્વામ, શ્રી જુગરકર, કવિ નાનાલાલ, ત્રિભુવન ઝોરીશંકર વ્યાસ અને મનહરરામ મહેતા વગેરેનાં ચારેક જેટલાં ભાષાંતરો થયાં છે

મેઘધનુ [સં. મેઘધનુસ્] ન. મેઘ; ઇંદ્રધનુષ. જુઓ મેઘચાપ.

મેઘધનુષ જુઓ મેઘધનુષ્ય.

મેઘધનુષ્ય [સં. મેઘધનુસ્] ન. વર્ષાઋતુમાં સૂરજની વિરુદ્ધ અને વરસાદની દિશાને લક્ષે બે કોઈ કોઈ વાર આકાશમાં દેખાતું સાત રંગનું કામઠીના આકારનું ચિહ્ન. તેને મેઘ તાણ્યો કહેવાય છે. અર્વાચીન પ્રમાણે હરીફી આખી પૃથ્વીનો જલપ્રલયથી નાશ થશે નહિ તેનું એ ચિહ્ન છે. તેમાં લખેલું છે કે તમારી સાથે હું મારો કરાર સ્થાપન કરું છું કે જળપ્રલયના પાણીથી સર્વ પ્રાણીઓનો ફરીથી નાશ થશે નહિ અને પૃથ્વીનો નાશ કરવાને જળપ્રલય ફરી થશે નહિ. મારું ધનુષ્ય હું વાદળમાં મૂકું છું અને તે મારી તથા પૃથ્વીની વચ્ચેના કરારનું ચિહ્ન થશે. તડકો હોય અને વરસાદ પડે ત્યારે જે દિશામાં સૂર્ય હોય તેની સામેની દિશાએ ફરફરમાં ત્રિરંગોનું વક્રીભવન થવાથી સાત રંગવાળું જે અર્ધગોળ વર્તુલ દેખાય છે તે મેઘ, ઇંદ્રચાપ કે ઇંદ્રધનુષ કહેવાય છે. મેઘધનુષ્યમાં અથવા સૂર્યતેજના પૃથક્કરણમાં જે રંગો દેખાય છે તે જાંબલી, આસમાની, લીલો, પીળો વગેરે તમામ કુદરતનાં ચલાયમાન મોજાંઓ છે. પાણીની સાંત કપાટીમાં કોઈ પથરો નાખે અને જેમ મોજાં ઉત્પન્ન થાય છે તેમ વિદ્યુતત્ત્વોને લીધે પ્રકાશના ઈલેક્ટ્રોમેગ્નેટિક મોજાં ઉત્પન્ન થાય છે. હવે જો કુદરતમાં પરવ દસ લાખ કરોડ જેટલા (૫૨૧૦૦૦,૦૦૦૦૦૦૦) સ્પંદન થાય ત. આપણે પીળો રંગ જોઈએ છીએ. પછી જો એ સ્પંદનો વધીને ૫૯૯ દસ લાખ કરોડ જેટલાં થાય તો આપણે લીલો રંગ જોઈએ છીએ. હજી પણ ધારો કે સ્પંદનની ગતિ કે સંખ્યા વધે અને ૬૨૧ દસ લાખ કરોડ જેટલી તે થાય તો આ વખતે આપણે આસમાની રંગ જોઈશું અને એનાથી પણ જ્યારે તે વધવા માંડશે અને ૭૨૯ દસ લાખ કરોડ જેટલાં થશે ત્યારે આપણે જાંબલી રંગ જોઈશું. જાંબલી રંગનાં સ્પંદનો ૭૨૯થી ઓછાં થતાં થતાં ૬૨૧ જેટલાં થશે ત્યારે જ જાંબલીમાંથી આસમાની રંગનું પરિવર્તન આપણને દેખાશે. એટલે કે સંખ્યાની દરેક વખતથી આપણને ગુણપરિવર્તન થતું દેખાતું નથી એ ખરું, પરંતુ દરેક ગુણપરિવર્તનના મૂળમાં તો સંખ્યાની જ વધઘટ હોય છે

મેઘધારા [સં.] સ્ત્રી. વરસાદની ધાર.

સહે ઉપરે મેઘધારા શરીર. કાન્હરસિંહ

મેઘધારાદૃષ્ટિ [સં.] સ્ત્રી. ધારા તરફ સરખી નજરે જોવું તે.

મધને જેમ વિચાર નથી થતો કે કયાં વૃષ્ટિ કરવી, કેટલી જમીનને ભીંજવવી, તેમ અધિકાર એવા વિના દરેકને હિતકારક વખતો સંભળાવવાને બાપુ મેઘધારાદૃષ્ટિની આત્મકથા લખે છે. નવજીવન

મેઘધ્વનિ જુઓ મેઘગર્જના.

મેઘધ્વનિપૂર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, યગણ, મગણ અને બે ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે.

મેઘધ્વનિપૂરે ત્રા યા મા ગા ગા. રણછોડદાસ

મેઘના સ્ત્રી. મેઘા નદીનો એ નામનો એક ફાંટો. મેઘા નદી મુખ આગળ અનેક ફાંટામાં પડી ગયા પછી તેનો મુખ્ય ફાંટો મેઘના કહેવાય છે. મેઘના એ પદ્માના ઉદ્ગમથી સારું થાય છે

મેઘનાદ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે મેઘરાગનો પુત્ર મનાય છે.

મેઘનાથ [સં] પું ઇંદ્ર

મેઘનાથી સ્ત્રી. ભાવાની એ નામની એક અટક.

મેઘનાદ ૧ પું. આખરાનું બાળ.

૨ પું. તાલીજંઘની બાણ.

૩. પું. સિલાડો

૪. [સં.] પું. મેઘગર્જના; વાદળાંની ગર્જના; મેઘધ્વનિ; કડાકો; ગડગડાટ; ગાજવાની સાથે વીજળી થવી તે; ગાજવીજ

મેઘનાદ શું રવ તે મળિયા. નરસિંહરાવ

૫. પું. મેઘવર્ણ નામે રાક્ષસનું બીજું નામ.

૬. પું મોર.
૭. પું. મોહ.
૮. પું રાવણ અને મંદોદરીનો પુત્ર. ઇંદ્રજિત. તેની ઓનું નામ સુલોચના હતું. એક વખત ઇંદ્ર યુદ્ધમાં રાવણને આખી લીધો હતો પણ મેઘનાદે ઇંદ્ર સાથે યુદ્ધ કરી પોતાના પિતાને છોડાવ્યા હતા અને ઇંદ્રને બાંધીને લાવ્યો હતો. તેને એવું વરદાન હતું કે જેણે ત્રણ વર્ષ નિદ્રાનો ત્યાગ કર્યો હશે, અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હશે અને માત્ર ફૂલ ખાઈને રહ્યો હશે તેને હાથે તેનું મોત થશે. આ પ્રમ હોવા તેને યુદ્ધમાં લક્ષ્મણજીએ માર્યો હતો. તેનું બીજું નામ ઇંદ્રજિત હતું

> સહસ્ર બિદ્યા તિન્હ સબહ સાખઈ,
> ઋ કહઈ બલીમ ઉપાય
> **મેઘનાદ** સકરેસર બારેહિ,
> પૂજિહ તીસૂઈ ઠાઈ.
> સીતા હરણ-પદરમી સદી

૯. પું. વરુણ
૧૦. પું. હંસોપનિષદ પ્રમાણે નાકના દશ માર્ગોનો એક પ્રકાર. તેમાં જ્યારે પર્વતો તૂટી પડતા હોય તેવી ભારે ગર્જના થાય છે. તેના અનુભવથી ચિત્ત સત્વર આત્મતત્ત્વ પ્રતિ વળે રહે છે અને તેથી પૂર્ણ જ્ઞાન થાય છે
૧૧. પું. હંસોપનિષદમાં જણાવેલ એક પ્રકારનું વાદ્ય.
૧૨. પું. ઓડારો; તડકો; ઝબકો જ્યાં તેવી ગર્જના
૧૩. ન. (પુરાણ) એ નામનું એક ભારતીય તીર્થ. જુઓ મેઘનાદ તીર્થ.

મેઘનાદ છત્ત [સં. મેઘનાદ (રાવણનો પુત્ર) + છત્ત (છતનાર)] પું. મેઘનાદને છતનાર લક્ષ્મણ.

મેઘનાદ તીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદા પંચાંગમાં કહ્યા છે કે: ત્રેતાયુગમાં પુલસ્ત્ય ઋષિનો પૌત્ર રાવણ શિવનો પરમ ભક્ત અને મહાન પ્રતાપી હતો. વિંધ્યાચલાધિપતિ પ્રયાસુર દાનવની પુત્રી મંદોદરી સાથે તેનો વિવાહ થયો હતો. દીર્ઘકાલ સમય બીતા બાદ તેને પુત્ર થયો. જન્મતાં જ પુત્રે મેઘ સમાન ગર્જના કરી, તેથી તેનું નામ મેઘનાદ પડ્યું. તેણે તપદ્વારા શિવજીને પ્રસન્ન કરી લીધા. શિવજીએ પોતપોતાનાં આત્મલિંગ આપ્યા. તેને લઈને તે લંકા જવા લાગ્યો ત્યારે વચ્ચે માર્ગમાં નર્મદાજીનાં દર્શન થયાં. પછી મેઘનાદે પ્રસન્ન ચિત્તથી સ્નાન કરીને તે લિંગોની પૂજા કરી અને લંકા જવા માટે આકાશમાર્ગે ગમન કર્યું. તે વખતે તેના હાથમાંથી એક લિંગ નર્મદાજીની ધારામાં પડી ગયું. પછી મેઘનાદે તે લિંગની સ્થાપના કરીને મેઘનાદતીર્થ નામ આપ્યું. ત્યારથી અહીં બધાં કર્મ સુફલ થાય છે. પિતૃતર્પણ, જાતકર્મસંસ્કાર વગેરે કર્મોનાં ફળ સોગણાં અધિક પ્રાપ્ત થાય છે એવો તેનો મહિમા છે

મેઘપટ [સં.] પું વાદળું

મેઘપટલ [સં.] પું મેઘડંબર; ઘોરકો; વાદળાંઓની ઘટા

> તેજના ગાલ સરિખડો
> સમાયેલો હતો માર્તંડ **મેઘપટલમા.**
> નાનાલાલ

મેઘપતિ [સં.] પું મેઘરાજા; મેઘરાય; વરસાદેર; વરસાદનો રાજા; ઇંદ્ર

> રોહિત મેઘપતિએ સહુ પૃથ્વી સીંચી.
> કાન્હરસિંહ

મેઘપુષ્પ ૧. [સં.] પું ઇંદ્રનો ઘોડો
૨. પું. વાદળમાંથી વરસતો બરફ; કરો
૩. પું. વિષ્ણુનો એ નામનો એક ઘોડો.
૪. પું શ્રીકૃષ્ણના ચાર ઘોડેનો એક ઘોડો.
૫. ન. નીર; પાણી

> મેઘપુષ્પ વિષ સર્વમુખ કે કર્મ રસતોય
> ઉદક પાય સંજ્ઞા સહિત, અપ કપીટ પણ હોય.
> ચિંતામણિકોષ

૬. ન. ખરસનું ફૂલ
૭. ન. મોચ નામની વનસ્પતિ.

મેઘપુષ્પા જુઓ મેઘપુષ્પ

મેઘપૃષ્ઠ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો કૌંચ દ્વીપનો સાત ભાગેનો એક ખંડ. આમ, મધુદ્રુ, મેઘપૃષ્ઠ, સુધામા, ભાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એ નામના કૌંચદ્વીપના સાત ખંડ છે.
૨ પું. (પુરાણ) પ્રિયવ્રતપુત્ર ઘૃતપૃષ્ઠના સાત ભાગેનો ત્રીજો પુત્ર. તે આ ખંડનો અધિપતિ હતો. તેના વર્ષનું નામ પણ એ જ હતું.

મેઘપ્રસવ [સં.] પું. વાદળાંમાંથી જેનો જન્મ છે તે; પાણી; જળ; નીર.

મેઘભૂતી સ્ત્રી. પ્રથમ પંક્તિના હીરાની અઢાર ભાગેની એક જાત

મેઘમલ્હાર ૧. પું (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેમાં ગાંધાર અને ધૈવત વર્જ્ય હોય છે. વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ વર્ષાઋતુમાં ગવાય છે ઉદાહ: રેમ, રેસા, નો પ ની સા, રે, મ રે, રે મ, રે, સા. દીપક રાગ ગાવાથી તાનસેનનું હૃદય જવાળાથી સળગી ઊઠ્યું હતું. પરંતુ તેને શાંત પાડનાર કોઈ ન હતું તેથી હૃદયની આગથી શરીર બાળું પડી ગયું. છેવટે રજાતાં રજાતાં તે તાના અને રીરી એ નામની બે નાગર કન્યાઓના પરિચયમાં આવ્યો. તે કન્યાઓ મેઘમલ્હાર ગાઈ તાનસેનના શરીરમાં પ્રગટેલી જ્વાળા શાંત પાડી એમ કહેવાય છે
૨ પું. (સંગીત) પલાસ થાટના ઔડવ પ્રકારના રાગો માંહેનો એક રાગ. તેમાં ધૈવત વર્જ્ય છે, ગાંધાર દુર્બળ છે અને કોમળ નિષાદનો પ્રયોગ થાય છે તેના સા રિ મ પ નિ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર સા. સંવાદી સ્વર પ અને ન્યાસ સ્વર રિ છે. આરોહમાં પણ આ જ સ્વરો છે. મ. રિ સ્વરો મીંડથી લેવાથી રાગનું સ્વરૂપ ખાસ સમજાય છે. આ રાગ કોઈ પણ સમયે ગવાય છે; પણ આમ ગાવાનો વખત વર્ષાઋતુમાં દિવસે ત્રીજા પહોરની શરૂઆતમાં છે. તે વીર, અદ્ભુત અને શૃંગાર રસ ઉત્પન્ન કરે છે. આ રાગ ગંભીર પ્રકૃતિવાળો છે. જો ગ, નિ વર્જ્ય હોય તો પ અવરોહમાં સહેજ લેવાય અને નિ પણ બંનેમાં ઓછો લેવાય. અવરોહમાં ગ કોઈ વખતે લાગે છે, પણ તે સ્પર્શ પછી મ સ્પર્શ તેના ઉપર સ્થિર થઈ પછી રિ, સ લેવાય છે.
૩ ન. એ નામનું એક કલ્પિત પંખી. તે દરગેજ સદા મધ્ય દેશ પીતું હોવાનું મનાય છે.

મેઘમલ્હાર જુઓ મેઘમલ્હાર

મેઘમલ્હાર જુઓ મેઘમલ્હાર.

મેઘમંડલ ૧. [સં.] ન પૃથ્વીને ફરતું આવેલ વાયુમંડળને ફરતું વીંટળાયેલું વાદળમંડળ. તેમાં નીચે મુજબ નવ વાયુમંડળ આવેલાં છે: સ્વાતી, સંવર્યાતી, પુષ્કર, દ્રોણ, ક્ષાર, નીર, વરુણ, વાયુ અને ધામ
૨. ન. વરસવા લાયક વાદળાંનો જથ્થો.
૩. ન. વાતાવરણ; ગગન

મેઘમાલ ૧. પું. એ નામનો એક રાક્ષસ
૨ પું. એ નામનો પ્લક્ષ દ્વીપનો પર્વત. મણિકૂટ, વજ્રકૂટ, ઇંદ્રસેન, જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ એ પ્લક્ષ દ્વીપના સાત પર્વત છે.
૩. પું. રેભાના ગર્ભથી જન્મેલ કશ્યપના પુત્રનું નામ

મેઘમાલા ૧ [સં.] સ્ત્રી. વાદળાંઓની ઘટા; મેઘની પંક્તિ.

> કાદંબિની અને મેઘમાલા એ બે સ્ત્રીલિંગ નામ મેઘની પંક્તિના છે. અમરકોષ

૨. સ્ત્રી. રાગિણી એ નામની એક માતૃકા.

મેઘમાલિની સ્ત્રી (જૈન) ઉત્પલ માંહેની એક દિક્કુમારિકાનું નામ.

મેઘમાલી ૧. પું. (પુરાણ) અર રાક્ષસના બાર માહેનો એ નામનો એક અમાત્ય.
૨. પું. રાવણનો એ નામનો એક અનુચર.

મેઘમુનિ પું. (જૈન) મગધ દેશના મહારાજા શ્રેણીકની ધારિણી નામની રાણીનો પુત્ર. તેણે મહાવીર સ્વામી પાસેથી જૈનધર્મની દીક્ષા લીધી હતી.

મેઘમેદુરા [સં.] સ્ત્રી. વરસાદની ધાર

મેઘમોતી ન. મોતીની એક જાત. મેઘમોતી કયારેય પણ ભૂમંડળ ઉપર પહોંચતું નથી. તે જ્યારે ભોમમાં કે કરામાં હોય છે, ત્યાં જ દેવતાઓ તેને લઈ લે છે. તે સૂર્યના જેવું પ્રકાશમાન અને ઝગઝગતા તેજોમય પ્રખર કિરણોના સમૂહ જેવું છે. તે સર્વ ભોમને તેજોમય બનાવે છે. તે આરોગ્યવર્ધક ગુણો માટે કીમતી છે.

મેઘયતિ જુઓ મેઘયતિ.

મેઘયંતિ ૧. [સં.] પું. કૃત્તિકા નક્ષત્રના છ માંહેનો એક તારો.
૨. સ્ત્રી. કાર્તિક સ્વામીની જે નામની એક અનુચર માતૃકા
કાર્તિક સ્વામીને રક્ષનાર છ કૃત્તિકાઓ વર્ષયંતિ, દુવા, સુપ્રભિકા, મેઘયંતિ, અભ્રયંતિ, વિદ્યુતો પુરાણપ્રસિદ્ધ છે. તેમને અગોલવેત્તાઓએ અમર બનાવી છે. આકાશદર્શન

મેઘયતિકા [સં.] સ્ત્રી. (પુરાણ) વર્ષાસમયની જે નામની એક મદોન્મત્ત દેવી.
આશ્વયુજમી, ભાદ્રપદમી, ઇન્દ્રાણ્યા, સરસ્વત્યાદિની, અંબા, દુવા, નિરૃતિ, અભ્રમતી, મેઘયંતિકા, વર્ષયંતિ, વિષ્ણુસિકા અને વારિમારા એ બાર વર્ષા સમયની મદોન્મત્ત દેવીઓ છે. અગ્નિપુરાણ

મેઘયોનિ ૧. [સં.] પું. પુષ્કરો
૨. પું. પુષ્કરસ; આકાશ.

મેઘરવો ૧. પું .ઝીણે ઝીણું ઝાકળ જેવું પડતું વાદળું; પુષ્કરસ; ઝરકળ; પુષ્કર.
ફટકી ફૂટી ફોર મેઘરવાના ભોતિયા. દિલકીર
૨. પું વસંતઋતુમાં આંબા વગેરે ઝાડોને ખૂબ મોર આવી તેના નાનાં નાનાં ફૂલમાંથી જે ઝીણી મધુની છાંટ વરસે છે તે; વરસાદની ફરફર જેવી ફૂલમાંના મધની છાંટ. મેઘરવાથી આંબાનાં પાંદડા ગળ્યાં થઈ જાય છે, પણ મધ વરસી જવાથી ફૂલમાં કે મોરમાં મરવા જંતુઓ આવતા નથી.

મેઘરસ [સ.] પું વરસાદ રૂપી રસ; વર્ષા, વરસાદ
સર્વે કહ્યા મેઘરસે સવાયા કાન્હડદિકરા

મેઘરંજની પું. (સંગીત) ભૈરવ ઠાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે રાત્રિના છેવટના પ્રહરે ગવાય છે. તેના વાદી સંવાદી સ્વર મ અને સ છે.

મેઘરાગ પું. શિવમત અનુસાર વર્ગીકરણ કરવામાં આવેલ મુખ્ય છ માહેનો એ નામનો એક રાગ. તેની છ ભાર્યાઓ છે: સારંગી, મલ્હારી, ગૌડિક, સોરઠી, મલ્હારી અને કરતકુમાર. શિવના ઈશાન મુખમાંથી આ રાગ ઉત્પન્ન થયો છે. આ રાગ પ્રાતઃકાળમાં ગાવો જોઈએ. મેઘરાગ અને તેની રાગિણીઓ વર્ષામાં જ ગવાય છે. નીલાંબર જેવું જેનું શરીર છે, ચંદ્ર જેવું જેનું મુખ છે, પીળા રંગના જેનાં વસ્ત્ર છે, તરસથી આકુળ બનેલો ચાતક પક્ષી જેની સામના કરે છે, અમૃત જેવું જેનું હાસ્ય છે, જે મેઘમાં વસેલો છે અને વીરોમાં જે શોભે છે તેવા તરુણ જેવો મેઘરાજ શોભે છે.

મેઘરાજ જુઓ મેઘરાજા.

મેઘરાજા ૧. [સ. મેઘ + રાજન્ (રાજા)] પું. મેઘ; વરસાદ.
૨. પું. વરસાદનો સ્વામી; ઇંદ્ર.

મેઘરાય જુઓ મેઘરાજા.

મેઘરાવ ૧. [સં.] પું. એક જાતના હરિવાર્ય પક્ષીનું નામ.
૨. પું. મોર.

મેઘરેખા [સં] સ્ત્રી. વાદળાની પટ્ટા.

મેઘલ ૧. પું. વરસાદ.
ચાળા કરે ચમકાર રે મેઘલ મોડ. કેશવ કર્ણદ
૨. સ્ત્રી વાદળાંવાળી અંધારી રાત.
૩. વિ. ઘેરા આસમાની રંગનું.
૪. વિ સ્ત્રી. વાદળવાળી.

મેઘલી ૧. સ્ત્રી. કાળકા; અંધકાર.
અજતની મેઘલી ભાગી ગયા ભરમાં,
કૂક્યા જ્યોતિ છગનના બે જગાયે હો. નાનાલાલ
મેઘલી ભામની ૩ ગાઢ અંધારું થઈ જવું
૨ સ્ત્રી. વાદળાંવાળી અંધારી રાત.
૩. વિ સ્ત્રી. વાદળવાળી.

મેઘલો ૧. પું. વરસાદ; મેઘરાજા.
૨ પું. વાદળું

મેઘવરણું વિ. મેઘના જેવા રંગનું.
મેઘવરણા નાથા વરરાજા,
કેસર ચીનાં વસ્ત્રે ઝાકળાં. કૌમુદી

મેઘવર્ણ ૧ પું (પુરાણ) ઘટોત્કચનો એ નામનો પુત્ર. અંજનીના અશ્વમેધને વખતે શ્યામકર્ણ અશ્વ આણવામાં અને તેને પ્રતાપ આપી છૂટો મૂકયા પછી તેનું રક્ષણ કરવામાં મેઘવર્ણ ઘણો જ ઉપયોગી થઈ પડ્યો હતો. કૌમિની અશ્વમેધમાં આનું કવચિત્ મેઘનાદ નામ પણ કહેલું મળી આવે છે.
૨. [સં.] પું વાદળાંનો રંગ.
૩. વિ વાદળાના જેવા રંગવાળું.

મેઘવર્ષ જુઓ મેઘવિસ્ફૂર્જિતા.

મેઘવાહન ૧. [સં.] ઇંદ્ર; શંકર; પાકશાસન; મઘવા
૨. પું. (પુરાણ) કરૂષક દેશનો સામાન્ય રાજા.
૩ પું. શંકરનું એક નામ.

મેઘવાહિની [સં.] સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક યોગિની.

મેઘવાળ ૧. સ્ત્રી. એ નામની એક કોમ. તે કડિયા તથા વણકરનો ધંધો કરે છે. આ કોમમાં સાતસો વર્ષ પહેલાં સિદ્ધરાજના સમયમાં મેઘવાળ નામના જાતરાજ થઈ ગયા. ધોળકા પાસેના મલવ તળાવમાં પાણી નીકળતું ન હતું ત્યારે જાહેર કરવામાં આવેલું કે કોઈ બત્રીસ લક્ષણનો ભોગ ચઢાવવામાં આવે તો પાણી આવે. સિદ્ધરાજ પોતાનો ભોગ આપવા તૈયાર થયો, પણ તે વખતે મેઘવાળે કહ્યું કે, લાખ મરજો પણ લાખનો પાલનહાર ન મરજો. આમ કહીને તેણે પોતાનો ભોગ આપવાની ખુશી બતાવી અને ભોગ આપ્યો પણ ખરો. તેના બદલામાં સિદ્ધરાજે ઘણી રાહત આપી. પછીથી આ કોમને મેઘવાળ તરીકે સંબોધવામાં આવે છે. મેઘવાળના પોશાકમાં પુરુષો ફાંડિયું, ચોરણો અને પામડી પહેરે છે. બૈરાંનો પોશાક આરબને મળતો આવે છે: લાલ છત્રી, કાપડું અને ચોરસો છે. તેઓ ગામડી બોલી બોલે છે. ઘરેણામાં બાસ તો સ્ત્રીઓ ચાંદીનાં કાંબી, કડલાં, કાનમાં પોચાની, નાકમાં સોનાનો દાટો, ડોકમાં ચાંદીની હાંસડી અને હાથમાં સફેદ દાંતની ચૂડી પહેરે છે. મેઘવાળ કોમ શહેરમાં મજૂરી કરે છે. ખાસ કરીને મકાનોના ચણતર કામમાં, ગામડામાં વણાટ અને ખેતરમાં ભોમમ સમયે મજૂરી કરે છે અને ખાટ વાઢવાનું કામ પણ કરે છે. ડોળિયું એક પણ કરે છે. ધર્મમાં તેઓ રામદેવ પીરને વધારે માને છે. ઠેકાણે ફળિયામાં તુલસી ક્યારો રાખી તુલસી પૂજા પણ કરે છે. મૃત્યુ પછી તેઓ કબરને દાટે છે. મમમના વહેવા સાથે તેમનામાં પણ જાગૃતિ આવી છે
૨. સ. એ નામની કોમનું મનુષ્ય.
૩. વિ. એ નામની કોમનું.

મેઘવિમાન ૧. [સં.] ન. (જૈન) ઉદક વિમાનનું નામ

૨. ન ઉર્વશી અપ્સરાએ પોતાના પ્રભાવથી બનાવેલું એ નામનું એક વિમાન. તેમા બેસીને પુરૂરવા તથા ઉર્વશી કૈલાસ શિખર ઉપરથી પોતાને નગર આવ્યાં હતા.

મેઘવિસ્ફૂર્જિતા. q (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વિરિમતા; મેઘવંસ. તેના દરેક ચરણમાં ત્રગણ, ત્રગણ, નગણ, સગણ, બે રગણ અને ગુરુ મળી બોતેર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર પછી યતિ કે વિશ્રામો આવે છે. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે.

છએ ઋતે છે મા, ત્રણ ત્રણ રગણ, મેઘવિસ્ફૂર્જિતા છે.
ન્હાપિંગળ

મેઘશકલ [સં] પું. વાદળાંનો ટુકડો; નાનું વાદળું

સૌમ્ય કાંતિ બની અર્ધ બિંબ આ મેઘશકલમા સમાયું. બોબર્મનશામ

મેઘશીલ [સં.] વિ વાદળાંવાળું.

ને મેઘશીલ સુપ્રસન્ન પ્રભા પ્રભાતે.
નાનાલાલ

મેઘશ્યામ ૧. [સં] પું. મેઘના રંગ જેવા શ્રીકૃષ્ણ.

૨. પું. (સંગીત) શ્યામ રંગની બાર માત્રાની એક જાતિ.

૩. વિ. વાદળા જેવા કાળા રંગનું.

મેઘસંધિ પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન જરાસંધ રાજાનો પૌત્ર અને સહદેવના પુત્ર સોમાપિ નો સૌથી નાનો પુત્ર. યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો ત્યારે મેઘસંધિએ તે અશ્વને પકડ્યો હતો; પરંતુ અર્જુને તેનો પરાજય કર્યાથી, તેણે અશ્વ પાછો આપી દીધો હતો.

મેઘસારંગ પું. (સંગીત) એ નામની એક રાગણી. તે મેઘ અને સારંગનું મિશ્રરૂપ છે. તેમાં કોમળ ગાંધાર લેવાય છે. તેનું વાદીસ્વરૂપ છે. તેમાં ધૈવત વર્જ્ય છે. કોમળ અને શુદ્ધ બંને નિષાદ આવે છે પ્રથમ ઋતુમાં મધ્યાહ્ન પછી તે ગવાય છે.

મેઘસુહૃદ ૧. પું. મોર.

૨. [સં મેઘસુહૃદ] પું વરસાદનો મિત્ર.

મેઘસ્તંભ [સં] પું વર્ષાઋતુમાં થાય છે તેવો વરસાદનાં કાળાં વાદળાંનો થાંભલો.

મેઘાકારા [સં] ન. આકાશના ચાર ભાદેનો એક ભેદ. મહાકાશ, જલાકાશ, અભ્રાકાશ અને ઘટાકાશ એમ ચાર જાતનાં આકાશ છે. જેમાંમાં અંતરિયાળ રહેલા મેઘમાં તેની ઉપરના આકાશનું સૂર્ય ચંદ્ર નક્ષત્રાદિ સહિત જે પ્રતિબિંબ પડે છે તેને, તથા મેઘમાં રહેલા આકાશને મેઘાકાશ કહે છે

મહાકાશ તે મું હરો, મેઘાકાશે મેઘ.
પ્રેમાનંદ

મેઘાડંબર ૧. પું. દ્રાક્ષેઃ ડોળ દિખાવ.

૨. પું મેઘનાં વાદળનો જમાવ; ઘોરબો. વાદળાંઓનું ખીચોખીચ થઈ ચૂપી રહેવું તેઃ ઘનઘોર આકાશ.

૩. પું. વાદળાનો સમૂહઃ વાદળાંની જમાવટ. ભાત જમાવટની મળી મેઘાડંબર ગાજે.
નથલરામ

મેઘાડંબર ગાજવુ = (૧) ઘનઘોર ઘટા આકાશ ચડવું. (૨) ગમનનાં ગીત ગાવાં. જેરાઓ ગમનની ધામધૂમનો ઘોરબકોર બતાવવાના અર્થમાં ગાય છે

૪. ન. રાજા ઉપર ધરવાનું છત્ર. આવું એક છત્ર જેસલમીરના રાજા પાસે છે. તેની અંદરની કારીગીરી ૫૦૦ વર્ષ પહેલા કરવામાં આવેલ છે. આ છત્રનો દાંડો સોનાનો છે અને તે વિશ્વકર્માએ બનાવેલ છે એવી માન્યતા છે. જેસલમીરના રાજાને છત્રવાળા યાદવપતિ કહેવામાં આવે છે, કારણકે છત્ર શ્રીકૃષ્ણનું છે.

૫. ન. લાંબી ઊનની સુંદર ભેટક કે બંબાડી, છત્રીવાળી બંબાડી

મેઘાણી પું. સૌરાષ્ટ્રના એક સાવરઃ ઝવેરચંદ મેઘાણી. એમની જીવન સાધના મહાન હતી. તેમણે મહારાજના કવિ બારોટોની પેઢી નામશેષ જ કરેલા નહિ, તેનું પ્રભુત્વ રાજવીઓ ઉપર પણ તેટલું જ હતું. નાની વાતો તેમને ગમતી નહિ તેમના પાત્રો પણ આપને અડતા. તેમનાં કાવ્યો ભાવ, પ્રેમ અને સૌર્ય ભરેલાં હતાં તેઓ ભુવંદ અને મુક્ત ભાવક હતા. મહાનુભાવ કવિ હતા. સોરઠી સરકૃતિના ઝાકાર હતા. સોરઠી નાગણીના તેઓ ગાયકી હતા. જનતાના લાડીલા લોકકવિ હતા. લોક સાહિત્યના ધુરંધરોમા હતા અટકો ગરવીર સાવર હતા. ગુલતદન માનવી હતા. પ્રજાની મહેનત, અભિલાષા અને મહત્વાકાંક્ષાની તે જબાન બન્યા હતા. અમીરી અવાજની તેમની લેખણમા પણ મર્દાનગી ભરેલી હતી. બાદીની સુરવાળ, ગંજાવી ફેરાનનો કબજો, જવાહર જડેટ, ફટકા સાફો, બારડિયાં ઝૂલ્યાં, મદીલા અને મારકણી આંખો, અણિયાળાં નેન, બાંધીદડીનું એવું બદન, કરાવદાર મુખાકૃતિ, કલ્પનાયેલ મુખમંડળ, સીનાદાર ચહેરાવટ, બીલખાની મોજડી, બાબેક, કાઠિયાવાડી અવાજ, મસ્ત કે અલમસ્ત જવાંમર્દની કલ્પના કરો એટલે કવિ મેઘાણીના પાત્રોનું અસ્તિત્વનો સહજ ખ્યાલ આવે. બગસરા એમની જન્મભૂમિ, સામળદાસ કોલેજના એ સ્નાતક મેઘાણી એટલે સિંધુડાનો ઝલકાર, વેણીનાં ફૂલો ગૂંથનાર, ક્રાંતિની ગાથરીનો ગાજવેધો. પરોવેર એટલા રસાન્વિત કર્યો પોતાની છત્રીસ વર્ષની સાહિત્યીય કારકિર્દીમાં આપનાર ઝવેરચંદ મેઘાણીએ સોરાષ્ટ્ર કે ગુજરાતમાં બહુ લોકપ્રિયતા સંપાદિત કરી હતી. મેઘાણીએ લોકસાહિત્યનો પુનરુદ્ધાર કર્યો અને રાસ, લોકગીતો, ગરબીઓ, સંતકથા, ઇતિહાસ, બાલકથા, નવલકથા, ભજન, ઇત્યાદિ લોકસાહિત્યના સર્વ પ્રકારોનું સંશોધન ને વિવેચન કર્યું. સોરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, ચુંદડી, કસુંબલ, રઢિયાળી રાત, ઋતુગીતો, સોરઠી ગીત કથાઓ, દાદાજીની વાતો, સોરઠી સંતો, પુરાતન જ્યોત, સોરઠી સંતવાણી વગેરે તેમનાં લોકસાહિત્ય સંપાદનો છે. યુગવંદના, કિલ્લોલ, વેણીનાં ફૂલ, એક તારો અને રવીન્દ્ર વીણા, એ એમનાં કાવ્યસંગ્રહો છે. જીવનમાં સામાન્ય લાગતાં કો પુરુષોમાં કેટલા ઉચ્ચ માનવતા પ્રગટે છે તે બેવિશાળ અને તુલસી કથાઓમાં સરળતાથી દર્શાવાયું છે.

મહાગુજરાતના રાષ્ટ્રીય સાવર મેઘાણી પોતાના 'અપ્રસાદીના દીવા' જેવી કૃતિથી વિશ્વસાહિત્યમાં સ્થાન મેળવ્યું. સૂતકાળને સજીવન કરવાની એમનામા શક્તિ હતી. લોકગીતો, લોકકથાઓ, લોકદુહાઓ અને લોકસંગીત દ્વારા એમનુ કાર્ય આજીવ પ્રભાવવાનું છે. કાકાકાલેલકર

મેઘાધિપ [સં] પું મેઘનો અધિપતિ; ઇંદ્ર; પુષ્કરાવર્તક વગેરે મેઘના અધિપતિ માદેનો દરેક.

મેઘાનંદ ૧. [સં.] પું બ્રહ્મલોક.

૨ પું. મોરઃ મયૂર.

મેઘાનંદા ૧. [સં.] સ્ત્રી. બ્રાહ્મણી.

૨. સ્ત્રી. મોરની માદા.

મેઘાનંદી ૧ [સં.] વિ. વાદળાંને જોઈને આનંદ પામનાર.

૨. બ્રહ્મનો મેઘાનંદ

મેઘાબ્ર ન વાદળાવાળું આકાશ.

મેઘારિ [સં] પું. વાયુ.

મેઘાલોક ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂતાતી છંદનો એક ભેદ છે. તેમાં ત્રગણ, અને બે મગણ મળી નવ વર્ણ આવે છે.

ન ત્રો ત્રા આવે મેઘાલોકે. ન્હાપિંગળ

૨. [સં.] પું. વાદળાંનો દેખાવ.

મેઘાવરણ [સં] ન. વાદળાંનું ઢાંકણ; વાદળાંનું પડ.

ગાઢ મેઘાવરણ જેમ સૂર્ય પ્રકાશને ઢાકી રાખે છે, તેમ પુદ્ગલ દ્રવ્યની સર્વજ્ઞતાને ઢાંકી રાખે છે
જૈન ધર્મ

મેઘાવલિ [સં.] સ્ત્રી વાદળાંની હાર; વાદળાંનો સમૂહ

મેઘાવલિ મલ્હાર સ્ત્રી. (સંગીત) મલ્હાર રાગિણીની અગિયાર મૉરેની એક જાત

મેઘાશ્ર [સ.] ન. જે મુજબથી વરસાદ વરસે તેવું આભ. સંવર્તક, ગરકાશ્ર, પર્વતાશ્ર, પુષ્કરાશ્ર, મોદાશ્ર એવા આભના અનેક પ્રકાર છે.

મેઘાસ્ત્ર [સં] ન. વાદળાં કરી વરસે.

ચાર ઋતુએ તારા રત્નોથી અને અસંખ્ય મેઘાસ્ત્રોથી આકાશ સજીને સજ્જ હતી.
મોહનલાલ

મેઘેશ્વર [સં.] પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ. નર્મદા પુરાણમાં લખ્યું છે કે, ઋષભ મહારાજે આ શિવનું સ્થાપન કરીને સિદ્ધિ મેળવી હતી

મેઘોત્પત્તિ પ્રકરણ [સ] ન એ નામનું એક શાસ્ત્ર. તે મહર્ષિ અંગિરસે લખેલું છે. તેમાં વાદળાંઓની ચાર જુદી જુદી જાત, તેનાં નવ સ્વરૂપ, તેની ઉત્પત્તિ, સૃષ્ટિક્રમમાં તેમનું સ્થાન, ચાર જાતના વરસાદ, ચોસઠ જાતની વીજળી, પ્રજાપતિનાં પ્રકરણો, અગ્નિના એકત્રીસ જાતના વિદ્યુત્પાત, ઇન્દ્રધનુ અને કેવા કેવા પ્રકારે વિદ્યુત્પાત થાય છે તેનું વિવેચન, આઠ જાતના કરાઓ, ધાતુઓ, અગ્નિ, મોતી, પરવાળાં વગેરેનું વર્ણન આપેલું છે.

મેચ ૧. [અં.] પું હરીફાઈ; મુકાબલો.

૨. સ્ત્રી. આમાનની એક પહાડી ટોચ.

૩. [હિં.] સ્ત્રી. પર્વત; પર્વતનો ઢાળ.

મેચક ૧. પું. એક જાતનો પીંછી.

૨. [સં] પું. કાળો રંગ; નીલ રંગ.

૩. પુ ધુમાડો; ધૂમ.

૪. પું. વાદળું; મેઘ.

૫. પુ સરસવનું ઝાડ.

૬. પુ રત્નની ડીંટડી.

૭. ન અંધકાર; અંધારું.

૮. ન કાળું મીઠું.

૯. ન નીલાંજન

૧૦ ન. પિતવાસ; પિતપાપડો.

૧૧. ન. મોરપીછમાંનું ગોળ ટપકું; મોરના પીંછામાંની ટીલડી

૧૨. ન. સુરમો.

૧૩. વિ. અશુદ્ધ; અનેકાકાર.

૧૪ વિ. કાળા રંગનું; કાળું; શ્યામ; નીલ. કૃષ્ણ; અસિત.

શ્યામ નીલ મેચક અસિત હરપ્યો સોભન ચાલ્યુ, રસાલ ખાતા સાખ પર રેખામ ટીંટ સમાલ્યુ.
વિજયસૂરિ

મેચકલ્યાણી પું. (સંગીત) ગાવાના ત્રણેક માર્ગેનો એક થાટ. તેમાં મ તીવ્ર આવે છે. બાકીના બધા સ્વરે શુદ્ધ છે.

મેચકું ૧. ન. રેડવાં વાસેલું નાના મૂતરા જેવું ઝોરણ; નવું આખડ

૨. ન. બીજાની માફક બે બાજુએ આડાંવાળી જમીનમાં ઠોકો બેસાડાય એવી ટીપી; મેખમુ

૩ ન પુતળ

મેચકો પું. સોટો. ઠાંસ; મોટી લાકડી.

મૂતરા ચોરવાને મેચકાનો ભાર ન હોય.
કેવળીનું ગામ

મેજ ૧. [ફા.] સ્ત્રી.,ન. ઓરબાના ઉપરના ભાગમાં કપડાં નાખવાને લાકડાનાં પાટિયાની કરેલી સગવડ.

૨. સ્ત્રી.,ન. જમવા માટે પાથરવામાં આવતું લૂગડું. પછીથી વખત જતાં ટેબલ ઉપર નાખવાનો જમવા લાયક તૈયારી મેજનો અર્થ ટેબલ થયો

૩ સ્ત્રી.,ન. ટેબલ; ખુરશીમાં બેસી કામકાજ કરવા ઊંચી પાટિયાની બેઠક; બરડમાં બાજુ; ચાર કર્ફ.

મેજ પર ચડવું = કામ જોર પર હોવું બજારે કામ નીકળે તેની વચ્ચે કે વાદવિવાદ ચાલતો હોય ત્યારે એમ કહેવાય છે

૪ ન. એક જાતનું પહાડી ઘાસ.

૫. ન. (જરથોસ્તી) ધર્મક્રિયામાં વપરાતું ઘાસ. આ મેજ શબ્દ 'બરસોમ'નું અપભ્રંશ છે

૬. ન. (વહાણવટું) સઢના પીજાથી ભરેલી સુપી લટકાવેલ કપડાનું ઠોરડું. તેમાં વાસણ લટકાવાય છે

મેજત પું મિનારો

સારા મેને મીનો મેજત મઝે ચડી રસબાર

મેજપોશ [ફા.] પું. ટેબલ ઉપર નાખવાનું લૂગડું

મેજબાન ૧. [ફા.] પું. અતિથિ. પરોણો. મહેમાન; જમવા તેડવો હોય તે માણસ; મિજબાન.

૨. પું જેણે જમવા તેડ્યા હોય તે માણસ, બજમાન; મહેમાનગીરી કરનાર પુરુષ.

મેજબાની ૧. [ફા.] સ્ત્રી. ઉતારા; ઉજાણી. [મજબાની; જિયાફત; ન્યાત; મહેમાની.

૨. સ્ત્રી. (હિંદી) કન્યાપક્ષ તરફથી જાનવરાજાઓને આપવામાં આવતું ભોજન.

૩. સ્ત્રી. મહેમાનગીરી; આગતાસ્વાગતા.

મેજમાન જુઓ મેજબાન.

મેજમાની જુઓ મેજબાની

મેજર ૧ પું ઠોઠવાળા; હકિમ.

૨ [અ] પું. બધા જણની સહીઓ સાથે લખેલી યાદી; અરજ; વિનતિપત્ર; વિજ્ઞાપનપત્ર.

૩ પું ટુકડીનો નાયક; મોટો જમાદાર, લશ્કરમાં કેપ્ટનથી ચડતા દરજ્જાનો એક અમલદાર.

૪. પું પુખ્ત વયનો માણસ

૫ પું (ગણિત) પૂર્વપક્ષ. પ્રતિજ્ઞા.

૬ પું. પ્રમાણપત્ર; દાખલો

૭ પુ માપ; ગરત.

મેજર જનરલ [અં] પું લશ્કરમાં લેફ્ટનંટ જનરલથી ઊતરતા દરજ્જાનો અમલદાર.

મેજરનામું ૧. ન. ઘણી સહીઓથી કરેલી અરજી, બધા જણની સહીવાળી યાદી.

૨ ન. લાલ ઉપર બેગા થયેલ પંચે લખાવેલી હકીકત.

મેજરૂં ૧. ન. ઓળકરા જનાર કામુઓનું ટોળું

૨. ન. મેદની; ૫૨.

મેંગલોરી નળિયું ન. એ નામનું એક જાતનું નળિયું; વિલાયતી નળિયું. હમણાં આ નળિયાં ઘણા વપરાય છે સુશભરચનુમાત્રમાં તેનાં ગુણદોષ વિષે લખ્યું છે કે: તેને લીધે ઘર રોબાવમાન દેખાય છે અને ચારે બાજુએ ઝાપટ સહન કરવું પડતું નથી. વળી મામૂલી નળિયાના ઝાપટમાં કરતાં આ જાતનું ઝાપટું વજનમાં હલકું થાય છે, તેથી ઝાપટાનો કાઢમાળ પણ ઘણી માપનો ચાપરી શકાય છે, પરંતુ આ જાતના ઝાપટામાં જવા બે ફોળો કે વાંક પડેલો ચાલે નહિ. અહું જોતાં તો મેંગલોરી નળિયાંના ઝાપટા માટે ચોગ્ય ઘણા કરતાં ચોરસ બેરેલો કાઢ જ બેચ્ચે કામસર પડે છે. આ નળિયાંના ઝાપટાનો આરંભમાં વધારે ખર્ચ લાગે છે; વળી નળિયાં ઘણાં ફોવાથી અને નળિયાંની નીચેની હવા, મામૂલી નળિયાંની અંદરથી જેમ પાર જઈ શકે છે તેમ ન જઈ શકવાથી નળિયાં ઊડવાનો સભવ વધારે છે. પણ નળિયાંની નીચે ટેસ રાખવામાં આવે છે, ને ટેસમાં સાર હોય છે, તેમાં તાર પરોવી નીચેની રીતને બાંધી શકાય છે. દરેક નળિયાને આડી ટેસ હોય છે, એટલે નીચલી આખી રાંગના નળિયાં અને ઉપરની કોર કોર રાંગનાં નળિયાં આ પ્રમાણે બાંધવામાં આવે તો ઊડવાનો સંભવ ન રહે. મેંગલોરી નળિયાંના ઝાપટામાં ચોરસ પકવાસા દોઢથી બે ફૂટ અંતરે આવે તો પણ ચાલે; બે ફૂટ અંતરે નાખીએ તો ઉપરની રીતે ઓછામા ઓછી ૧૫" × ૨" જોઈએ. દોઢ ફૂટ અંતર રાખી કોર કોર ૧" × ૧½"ની રીતે વાપરે છે, પણ આમ કરતાં ઝાપટા ઉપર માણસ ચાલે ને રીતવાળા ભાગ ઉપર પગ આવે, તો રીત તૂટવાનો સભવ છે. નીચે પાટિયા નાખ્યાં હોય તો ૧" × ½"ની રીત ચાલે. ઊભટની રીત એટલે નેવની રીત વધારે જાડી રાખવી સીમેંટ મેળવેલા ચોલવા ભેલાડેલાં મોભારિયાં જલદી ઢીલાં થઈ જતા

નથી. ચૂનો સુકાયા પછી સફેદ દેખાય છે માટે નળિયાની સાંધોને નળિયાં જેવો જ રંગ આપવાને રંગવી કે લાલ રંગ તેલમાં મેળવી સાંધા ઉપર ચોપડે છે. તેલનો રંગ હોવાથી વરસાદથી ધોવાઈ જતો નથી. આ. વધારે સારી રીત ગોલમા સુરખી મેળવવી અથવા રંગ મેળવવો તે છે. આ નળિયાં ઈંટ બનાવવાની પેઠે કેળવેલી માટીને બીબાંમાં નાખી પાકશમાં આવે છે. દેશી નળિયાં અને આ નળિયાને સુકાયા પછી ઈંટની માફક ભઠ્ઠી પકવવામાં આવે છે. નળિયાં આખાં ઘેરા રાતા રંગનાં, નક્કર, કાણ અને કઠ તથા ઘાટમાં એકસરખાં હોવાં જોઇએ વળી તે વાંકા અને તડ વગરનાં અને વગાડવાથી ઘંટના જેવો અવાજ આપે તેવાં હોવાં જોઇએ.

મૅંગળ પું. હાથી.

મૅંગું વિ. વાણીમાં ગુણહીન અણઘડપણાને કારણે ઓછું તે.

મૅંગેનીઝ [અં.] સ્ત્રી. એ નામની એક ખનિજ ધાતુ હિંદના મધ્ય પ્રદેશમાં તેની મોટી ખાણો છે. મુખ્ય ખાણોમાં પચમઢાય જિલ્લામા તે સારા પ્રમાણમાં નીકળે છે. વરસ, અમેરિકા તે મોકલવામાં આવે છે. તેનો ઉપયોગ શીશીઓનો લીલો રંગ કાઢી નાખવામાં તથા રંગીન ચીજો પોલિશ કરવામાં થાય છે. ખનિજમાંથી નીકળેલ મેંગેનીઝ શુદ્ધ પોલાદ બનાવવામાં વપરાય છે. આ ધાતુ રંગે પોળી છે. તે પોલાદ બનાવવામાં વપરાય છે. તેના તાર બહુ સખ્ત છે. માટીકામને ઝલક આપવાના તથા રંગના કામમાં તે આવે છે. રસાયનશાસ્ત્રીઓને તે ઘણા કામની છે. મેંગેનીઝનું મુખ્ય ખનિજ પાયરોલ્યુસાઈટ તરીકે ઓળખાય છે. તે કોલસા જેવું કાળું હોય છે. આથી સંસ્કૃત ભાષામાં તેને કૃષ્ણપાષાણ એટલે કાળા પથ્થર તરીકે ઓળખવામાં આવ્યું છે. તેનું બીજું નામ અપરમાર્જિત પણ પ્રચલિત છે. લોઢાની સાથે તેનું સરખાપણું હોઈને આ નામ આપવામાં આવ્યું હશે અને તેમાંથી નીકળતી ધાતુ લોઢાના એક પ્રકાર તરીકે ઓળખાવામાં આવી હશે. ઈ. સ. ૧૭૪૦માં જે. એચ. પોટ નામના રાસાયનિકે પુરવાર કરી બતાવ્યું કે, તેમાં લોઢું નથી, એટલું જ નહિ તેમાંથી બનાવેલા સ્ટારો લોઢાના જેવા સ્ટારો કરતાં જુદા પડે છે અને તેના ગુણધર્મમા ખૂબ ફરક છે ઈ. સ. ૧૭૭૪માં સ્વીડનના સુપ્રસિદ્ધ રાસાયનિક શીલેએ શોધથી નક્કી કર્યું કે, પાયરોલ્યુસાઈટ એક ખાસ ધાતુનો ઓકસાઈડ છે ત્યારથી મેંગેનીઝના આધુનિક રસાયનની શરૂઆત થઈ ગણાય. પાયરોલ્યુસાઈટ ગ્રીક શબ્દ છે. પાયરે એટલે આગ અને લ્યુસો એટલે ઓગાળવું, એ ઉપરથી એ શબ્દ બનેલો છે. આ ખનિજનો ઉપયોગ કાચની બનાવટમાં પેરા થનો રંગ દૂર કરી તેને સફેદ બનાવવા માટે કરવામાં આવતો હોવાથી તેને પાયરોલ્યુસાઈટ શબ્દ સૂચક છે. મેંગેનીઝ પૃથ્વીનાં પડોમાં સર્વત્ર વિસ્તરાયેલું માલૂમ પડે છે, એટલું જ નહિ પણ સૂર્યના વાતાવરણમાં તેમજ સમુદ્રના પાણીમા પણ તેનું અસ્તિત્વ છે. તે ધાતુ સફેદ જૂખરા રંગની ને અતિ સખત છે. તેની વિશિષ્ટ ઘનતા ૭.૪૨ છે અને ૧૨૪૦ સે-ગ્રીગ્રેડ ડિગ્રીની ઉષ્ણતામાને તે ઓગળી જાય છે. પાણીમાં નાખવાથી તે પાણીનો હાઇડ્રોજન વાયુ છૂટો પાડે છે, એટલી ક્રિયાશીલ છે. મેંગેનીઝનો મુખ્ય ઉપયોગ લોઢું અને સ્ટીલની બનાવટમાં ધાતુશોધન માટે થાય છે. દુનિયાની પેદાશનો ૬૫ ટકા જેટલો હિસ્સો આ રીતે વપરાય છે. આ ઉદ્યોગમાં મેંગેનીઝ વાપીરૂપ ધાતુ વર્ષ પડી છે અને ખૂબી તો એ છે કે, લોઢ અથવા સ્ટીલ સાથે તે સયોજાઈ જતી નથી માત્ર એ ક્રિયામાં સાધનરૂપનું કામ આપે છે, જેમ સાબુ કપડાનો મેલ કાઢે છે; પરંતુ તે કામ થઈ ગયા પછી સાબુ કપડામાં રહેતો નથી, તેમ મેંગેનીઝ સ્ટીલની બનાવટમાં કામ આપે છે. બાકીના બાકી રહ્યામાંથી મોટો ભાગ ફ્લાયસેલ-બેટરીઓની બનાવટમાં અને બાકી પ્રમાણમાં બારણ કરના મિશ્રણના અંગ તરીકે અમુક પ્રકારના રંગીન પદાર્થોની બનાવટમાં અને તેમના અનિલેખાંથી રૂપ અને સીસાના શોધનમા ઉપયોગ તરીકે તે વપરાય છે. તેના સારો ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે. દવા કે ઔષધોની બનાવટમાં પણ તેનો ઉપયોગ થાય છે.

મૅંગો [અં.] સ્ત્રી. કેરી.

મૅંગ્નેસ્ટીન [અં.] ન. એક જાતનું ફળ. તે ઉપરથી અણીવાળું અને જમીન તરફથી પહોળા આકારનું હોય છે. તે ૨૦થી ૩૦ મૂલ ઊંચું થાય છે. તેનાં પાંદડાં લાંબાં લોચાં સખત અને ૬થી ૧૦ ઇંચ લાંબાં અને ૨½થી ૪½ ઇંચ પહોળાં હોય છે તેમાં ઘણી જાતિક સરખા પ્રમાણમાં નસો હોય છે. તેનું ફૂલ લીલી જાતનું, કાચ જેવા રંગનું, ગોળ અને રીંગણા જેવું જ હોય છે. તેની અંદરનો ગર્ભ સફેદ રંગદાર હોય છે. તે બદામ છે. બી ગોટલી જેવું ચપટું અને મોટું હોય છે. આ ફળ ગરમ રેતમાં બહુ થાય છે. મલાયાના દ્વીપમા, દક્ષિણ તેનાસરિમમાં અને સીલોન તથા બહુ જ ગરમ દક્ષિણ હિંદુસ્તાનમાં તે થાય છે

મૅંગ્રલ ૧. [અં.] ન. પેટ્રોમિકસ જાતીમાં રેસાની દોરાનો બનાવેલ જળનો કાચ. ઈ. સ. ૧૮૮૬માં ઓગર હૉન વેલ્સ બાર્ડે તે શોધી કાઢયુ.

૨. જિ આનસિક

મૅંડ ૧. [સં.] કું હાથીનો માથત.

૨. [દિ] સ્ત્રી. કાંઠો કિનારો.

૩. સ્ત્રી. ખૂબ્યું.

૪. સ્ત્રી. કાંઠોરહ્યા પાસે કરવામાં આવતી કળદરની વાડ.

૫. સ્ત્રી. દરિયાનું મોજું.

મૅંડ પડવી = દરિયામાં મોજાં ઊછળવાં.

૬. સ્ત્રી. બાળ. હદ; મર્યાદા.

૭ સ્ત્રી પુષ્ટિસંપ્રદાયના આચાર અને વિચાર માટે નક્કી કરેલા નિયમો.

૮. સ્ત્રી. વેણી

૯. સ્ત્રી. (સંગીત) સિતારના નીચા સ્વરોથી ખાનને કરાર ન આવતાં જોઈએ તેટલા ઊંચા સ્વર લેવા તે.

મૅંડક ૧. [સં. મંડૂક] કું. પોડાની ગુલાબી કાચબો.

૨. કું. બેડક; દેડકો

૩. કું. રમકડું.

મૅંડકફોડા (મેડકફોડ) કું. પગના તળિયામાં થતું એક જાતનું ગૂમડું. ચોક્કસ દિવસમાં પાકે અને તે મટી જાય છે.

મૅંડકી [સં] સ્ત્રી. દેડકી.

મૅંડકૂળા ન. ભીંડા; ભીંડોળ.

મૅંઢ [સં.] કું. મેંઢું; ઘેટું.

મૅંઢકું (મેંઢકું) ન. મેંઢું; ઘેટું

મૅંઢાપાટ કું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક પાટ. આ સ્થાન અત્યંત રમણીય અને તપોભૂમિ છે. અહીં નર્મદાજી અનેક ધારામાં વહે છે. વચ્ચે મેંઢાકૂટ છે. પ્રાચીન સમયમાં અહીં અનેક સાધુઓ મેંઢાની જેમ અંદરોઅંદર લડી પડવાથી તેનું નામ મેંઢાપાટ પડયું એવી દંતકથા છે. અહીંથી બે માઈલ દૂર જંગલના રમણીય માર્ગે ચાણકેશ્વરતીર્થે આવે છે.

મૅંહાતોપ સ્ત્રી. એ નામની પુરાતની તોપ. તેનો બનાવનાર મુહમ્મદ હુસયન અરબ હતો. રોહતાબાદમાં ચીની મહેલની પાસેના કિલ્લાના દરવાજાની નજીક એક બુરજ ઉપર આ તોપ મૂકેલી છે. એનું અસલ નામ કિલ્લામા લિખન છે. પરંતુ આજકાલ તેને મેંહાતોપ કહે છે; કેમકે તેનું મોઢું મેંઢાના જેવું બનેલું છે. એ તોપની

સીધી બાજુએ ગોળો લાગીને નિશાન પણ પડી ગયેલું છે. એની લંબાઈ અઢાર ફૂટ અદી ઊંચ, પ્રાંતની પાસેનો મકાનો સાત ફૂટ બે ઇંચ, મુખનો મકાનો પૂરા પાંચ ફૂટ છે અને ખુદ મુખ એક ફૂટ બે ઇંચ છે. તોપો અનુમાન કરી શકાય છે કે, તેનો ગોળો એક મણનો હતો.

મેંઢારો ૧. પું. આકાશમા દેખાતી માણાના આકારની નાંદરાંઓથી થયેલી આકૃતિ તે માથે ઊગે છે ત્યારે વરસાદ થયા થાય છે.

૨. પું ઢરબારી ખેડૂતની, માકરાની તથા ગામના વગેરે બાબતો કાઢવા ઢઢરા ઢરબાર તથા ખેડૂતના ગામના હમલા ઉપરાંત બીજો જે હમલો રાજ્યમા આવ્યો હોય તે; ખેડૂત તથા રાજબાગના હમલા કાઢી લીધા પછી ગાડો રહેલા સલોગી જનારી; જુદા જુદા ખરચ માટે બળાબાયી જુદો કાઢવામાં આવ્યો તાલુકદાર અને ખેડૂતનો મજમુ હમલો

મેંઢાવર્ગ પું. માણસના નામનો જ્યોતિષ પ્રમાણે એક વર્ગ. ચ, ૫, સ, હ એ ચારમાંના એક અક્ષરથી તે શરૂ થાય છે. ચ, ૫, સ, હ એ ચાર અક્ષરોમાંથી જેનો ક્રમે તે અક્ષર નામિક નામમાં હોય તો તેનો મેંઢાનો વર્ગ હોય એમ સમજવું.

મેંઢાશિંગ સ્ત્રી. ઔષધિ; એક જાતનું ઝાડ. તેની છાલને મેંઢાશકડી કહે છે તેનું ત્રી ચોથી વરસાદમા નવા છોડ કરવામા આવે છે. માર્ચથી એપ્રિલ સુધી તેને ફાંકાં ફૂલ થાય છે મે જૂનમાં તેના બી પાકે છે. ૩૦ ફૂટ ઊંચુ આ ઝાડ થયે છે. પંજાબ, હિમાલય અને વાયવ્ય પ્રાંતમાં મેંઢાશકડીનાં ઝાડ પણાં થાય છે. ફૂલની શોભા હોવાથી તેને રસ્તા ઉપર અને બાગમાં વાવે છે. તેની છાલ ખૂબ્રા રંગની સાબીને તા મળે છે. તેની છાલ કડવી અને કફણ હોય છે. તેનો ઉપયોગ ઝાડા આમાશયો પણ લીધો છે અને તે પીવા હોવાને લીધે સહેલાઈથી બંધાય છે. જ્યારે મારની કોઈપણ જાતની ફૂટ થઈ ન હોય તથા મારને ઠેકાણે ચોટો પણો સોજો થઈ આવ્યો હોય અને તે ઠેકાણે પણું કામ કરતું હોય ત્યારે મેંઢાશકડી, સાજીખાર અને આમાહળદરનો લેપ થાય છે. મારને લીધે જમાવ થયેલ કાળા લોહીને તે તોડે છે. મેંઢાશકડીનું ઢોમ રથી ૫ તોલાની માત્રામાં પીવાથી તીક્ષ્ણ ઝાતિસાર અને મરડામાં શાંતિ થાય છે. ઠાઢ વનો કમી થાય છે. ઊલટી બેસે છે. ઝેરી જંતુના ડંખ ઉપર તે પાણીમા ઘસીને ચોપડાય છે

મોંઢકા જુઓ મેંઢી.

મોંઢવું ન. મેંઢીના રંગમાં રંગેલું કપડું.

મેંઢી [सं] સ્ત્રી નાના લીલા પાંદડાંની એક ઝાડવળ વનસ્પતિ, મેંદી. મેંદી ચાર જાતની છે: (૧) દેશી મેંદી, ઠેઠ ઉંદરાણા તેના છોડ થાય છે. ફૂલ ૬ ફાંણ્યુ મોળ ઝુમખા-ઝાણી થાય છે ઊલટે સારે તેન ફૂલ સફેદ થાય છે. તેનુ પાન નાનુ અને લંબગોળ થાય છે. (૨) ચીનાઈ મેંદી: તેની બગીચાની શોભાની વાડ થાય છે. તેનાં પાન જાડાં, પાતળાં અને અણીદાર હોય છે તેનું ઝાડ ઝાઝ ફૂટવી ન કે ત્યાં ફૂટ ઊંચુ થાય છે તેના ગોળા ઝીણા ફૂલની છેડુ થાય છે (૩) રાતી મેંદી: તેનાં પાન લાલ રંગના થાય છે. તે બગીચામાં શોભા માટે વપરાય છે. તેની વાડ કરે છે, પણ તે ચાર પાંચ ઇંચથી મોટી થતી નથી (૪) લીલી મેંદી: તેનાં પાન લીલા થાય છે. તે બગીચામાં શોભાની વાડ કરવામાં આવે છે. તે ચાર પાંચ ઇંચ ઊંચી થાય છે. મેંદીનો છોડ ઘણારે માથોડુ દોઢ મા-યોડ ઊંચો થાય છે. તેની સુગંધી સારી હોય છે તેના પાન અને બી ઔષધમાં દવા તરીકે વપરાય છે. હાથે પગે બળતરા થતી હોય તો તેનો રસ ચોપડાય છે. તેના પાદડા બારીક હોય છે. તેન વાટીને પગે અને હાથે લગાડ્યા હોય તો ચામડી ઉપર લાલ રંગ ચડે છે. દવામા પણ તે વપરાય છે. તેનાં ફૂલનુ અત્તર થાય છે. તે ઠંડો કહેવાય છે. જુઓ મેંદી

૧. મેંદી પૂરવી = દીપમાળ કરવી; દીવ. ૬૮૧.

૨. હાથે મેંદી મૂકવી = (૧) રંગ લગાડવા મેંદીની લૂગદી મૂકવી. (૨) હાથ પગ ઝાલીને બેસી રહેવું. હાથનો ઉપયોગ નહિ કરતાં બેસી રહેવું; કામને માટે હાથ નહિ વાપરવા; કામ ન કરવું

મેંદુ ન. ભેજાનું; મગજ.

અંદર જે મેંદુ અથવા ભેજું છે તેના બાર વિભાગ છે. કો. જિ. મો. ચાર

મેંદો ૧. પું. ખૂબ બારીક ચૂર્ણ.

૨. પું. પકૌ વગેરેનું સત્ત્વ

મેંદો કાઢવો-દળવો = બળ અને કાળજીની જરૂર પડે તેવા કામમાં રોકવું.

૩. પું. ધોયેલા પકૌનો ઝીણો લોટ; પરચૂરી; જેમાં કણી ન હોય એવો પકૌનો બારીક આટો.

૪. વિ. મેંદા જેવું બહુ જ બારીક વાટેલું કે દળેલું હોય તેવું

મેંમ્બર [अं.] પું. સભાસદ; સદસ્ય સભ્ય.

મેંડ (મેંડ) ૧. પું. આંબળો; ટેક.

૨. પું. બરડા ઝીણી પથ્થરની કાકરીવાળી ચીકણી માટી અને ચૂનાના નાના કાંકરા

મેંડા (મેંઢ્ર) ૧. [वि.] પું કળણી; દાંતાળો.

૨. પું (દિલી) પાકની દેખરેખ રાખવા માણસને માટે ખોડવામા આવતો ખેતરમાં ઊભો કરેલો માચડો, પક્ષી ઉડાડવાને ખેતરમાં બાંધેલ પાલખ; મેડો.

૩. પું. વેરણ.

૪. સ્ત્રી ઢેઢની એ નામની એક અટક.

૫. ન એ નામની અટકનું માણસ.

૬. વિ એ નામની અટકનું.

મૈદાશિંગ (મૈંદાશિંગ) જી ઓ૰ બતની ઔષધિ. તેનું ઝાડ સાધારણ મોટું ઉગિયું વધે છે. તેને ચીમળાઈ ગયેલી સિંગો આવે છે

મૈદિયું (મૈં યા) ૧ પું કાચા પથ્થરનો કકરો ૨ પુ મન્દિર., મરડ

મૈડો (મૈડો) પું. મરડો; આમવાયુ; વારંવાર જળાસ પડે અને પેટમાં પીડ કે ચૂક આવ્યા કરે એવો અતિસારનો રોગ

મૈડાળો પું. કાળો

મૈણ ન. મરણ; મોત

મૈણાઉલિ ઘ (ત્રિગણ) બાર અક્ષરનો સમવૃત્ત વર્ણમણ છંદ તે જગતી છંદનો એક ભેદ છે તેને સારંગ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ત્રણ તગણ આવે છે અને ત્રીજા અક્ષર ઉપર વિસામો આવે છે.

મૈત [અ. મૈયત] ન. મૃત શરીર, મુડું;

મૈત્ર ૧. [સં] પું ઉત્તમ બ્રાહ્મણ.

૨. પું. મિત્ર; દોસ્ત.

૩ જી ઓ૰ નીચ જાતિ

વૈશ્ય સ્ત્રી થકી હિજડા વડે મૈત્રને, મૈત્ર વડે સાતવમૈત્રન અને તે વડે મૈદિરકને ઉત્પન કરે છે. સૂતસંહિતા

૪. ન. અનુરાધા નક્ષત્ર

૫. ન. ગુદા; મળદ્વાર

૬. ન. મિત્રતા; મૈત્રી.

૭. ન વિષ્ટોત્સર્ગ; મળત્યાગ.

૮. ન. વેદની એક શાખા.

૯. ન સૂર્યની પ્રાર્થના.

૧૦. ન. સૂર્યલોક.

૧૧. ન. સૂર્યોદયના સમય ઉપરાંત તેનાથી ત્રીજુ મુહૂર્ત.

૧૨. વિ. મળતાવડા સ્વભાવનું; મિત્રભાવવાળું.

૧૩. વિ. મિત્રનું; મિત્ર સંબંધી.

૧૪. વિ, મિત્રે આપેલું.

૧૫ વિ, સૂર્યનું; સૂર્ય સંબંધી

મૈત્રક ૧. પું વલભીપુરની ગાદી ઉપરનો એક રાજવંશ. વલભીના મૈત્રકો મહેશ્વરો હોવા છતા કેટલાકના નામાન્તે ભટ્ટ, આદિત્ય, મિત્ર વગેરે પ્રત્યયો જોડાયેલા હોવાથી તેમાના કેટલાક સૂર્યભક્ત હશે એમ માનવાને કારણ છે. તેમાં ભયેલ ધ્રુવસેન પહેલાનો કાંઈ ખરપટ્ટ સુરત આદિત્યભક્ત હતો. સૌરાષ્ટ્રના આદિત્યસીમોમા મુખ્ય ગણાતા ઢાંકીઓ, જેના નામ ઉપરથી આ પ્રદેશે ઢાંકિમાવાડ નામ ધારણ કર્યું છે તે લોકોના કુલદેવ સૂર્ય મનાતા હોઈ ને સમસ્ત પ્રજા સૂર્યપૂજક ગણાય છે. તેવી રીતે ધુમલીના જેટવાઓ પણ સૂર્યભક્ત હતા. કાશ્મીરમાંથી સ્થળાતર કરી સૌરાષ્ટ્રમાં તે લોકોએ વાસ કાર્યું, ત્યારે સૌથી પહેલાં પોરબંદર પાસે બોખરમાં આવ્યા અને ત્યાં પોતાના કુલદેવ સૂર્યનું મંદિર બંધાવ્યું. આ બધા પુરાવાઓ સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજનનો પ્રવાહ પ્રાચીનકાળથી અખંડ વહેતો આવ્યો હોવાનુ પુરવાર કરે છે. આ સિવાય સમસ્ત સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી સહસ્રાધિક પ્રાચીન સૂર્યમંદિરોના અવશેષો મળ્યા છે. જેના આધારે પશ્ચિમ ભારતના આ વિભાગમાં સૂર્યોપાસના ખૂબ પ્રસિદ્ધિમાં હોવાની પ્રતીતિ થાય છે.

હવે વલભીપુરના મૈત્રકોના તામ્રપત્ર તપાસીએ.

હરિપ્રસાદ રાવળ

૨. [સં] ન મિત્રતા; દોસ્તી

મૈત્રજ્ય [સં.] ન અનુરાધા નક્ષત્ર

મૈત્રાક્ષ [સં.] પું. એક પ્રકારનુ પ્રેત.

મૈત્રાક્ષજ્યોતિક [સ] પુ એ નામનુ એક પ્રેત જે વૈશ્ય પોતાના ધર્મકર્મથી ભ્રષ્ટ થાય છે તે મૈત્રાક્ષજ્યોતિક નામનો પ્રેત થઈને પરનુ ભક્ષણ કરે છે

મૈત્રાયણ ૧. પુ. ગૃહ્યસૂત્રના પ્રણેતા એક પ્રાચીન ઋષિ

૨. પુ. મૈત્ર નામની વૈદિક શાખા

૩. પું. (પુરાણ) સોમવતી પુરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર નીલના વંશના દિવોદાસના બે ભાઈનો મોટો પુત્ર

મૈત્રાયણિ ૧. પું વૈશમ્પાયનનો એ નામનો શિષ્ય

૨. [સં] જી .ન એકસો આઠ ભાગેનું એક ઉપનિષદ. તે કૃષ્ણ યજુર્વેદીય મૈત્રી શાખાનું છે. તેમાં મૈત્રિનો કરેલો ઉપદેશ લેખામાં આવે છે માટે તેને મૈત્રી ઉપનિષદ પણ કહેવામા છે તેના સાત પ્રપાઠક નામના ભાગ પાડવામાં આવેલ છે

મૈત્રાયણીય આરણ્યક ન. કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણીય શાખાનું એ નામનું આરણ્યક. તેનું બીજું નામ બૃહદારણ્યક પણ છે.

મૈત્રાયણીય ઉપનિષદ [સં] જી.ન. એ નામનુ ઉપનિષદ. આ આખુ ઉપનિષદ એક જ વખતે રચાયું નથી. તેનો સૌથી પ્રાચીન ભાગ ઈ. સ. પૂર્વે ૨૦૦૦ વર્ષનો, પછીનો ભાગ ઈ. સ. પૂર્વે ૧૯૦૦ વર્ષનો અને છેલ્લો ભાગ ઈ. સ. પૂર્વે ૬૦૦ના સમયનો છે.

મૈત્રાવરુણ ૧. [સં.] પુ અગસ્ત

૨. પું. યજ્ઞ કરનાર સોળ ઋત્વિજોનો પાંચમો ઋત્વિજ.

૩. પું. વસિષ્ઠ.

૪. પું. વાલ્મીકિ

મૈત્રાવરુણિ જુઓ મૈત્રાવરુણ.

મૈત્રિ પું. એ નામના ઋષિ. તેના નામ ઉપરથી મૈત્ર્યુપનિષદની રચના થઈ છે.

મૈત્રિકી ૧. [સં.] જી. મનને આનદ આપતી સ્ત્રી

૨. જી સ્ત્રી મિત્ર

મૈત્રી ૧. જી. નિર્વૈરબુદ્ધિ આ ભાવના પોતાના હિત માટે જે કેમકે, તે વડે પોતાનો તીવ્ર કષાય દૂર થાય છે. કોઈ પણ પ્રત્યે વૈરભાવ રાખવો તે પોતાનું જ અહિત છે. એક જીવ પરજીવનું હિત કે અહિત કરી શકતો જ નથી, એ લક્ષમાં રાખવુ અને તેથી એક જીવ બીજા જીવનો મિત્ર થઈ શકતો નથી, પણ નિર્વૈરબુદ્ધિ રાખી શકે છે

મને જે બુદ્ધત્વ પ્રાપ્ત થયું છે તો મારે આ દસ પારમિતાઓનો અભ્યાસ કરવો જોઈએ: (૧) દાન (૨) શીલ (૩) નૈષ્કર્મ્ય (૪) પ્રજ્ઞા (૫) વીર્ય (૬) ક્ષાંતિ (૭) સત્ય (૮) અધિષ્ઠાન (૯) **મૈત્રી** (૧૦) ઉપેક્ષા. ગૌતમી

૨ જી (વેદાંત) બીજાને દ્વેષ ન કરવો એવી વૃત્તિ

આપો જગતની સાથે મૈત્રી રાખની સર્વદા,
થવું સેવક સૌના જે અરૂપૂરતા નિયમ.

નરસૈંગીતા

૩. જી. મિત્રતા; દોસ્તી; ભાઈબંધી; સ્નેહસંબંધ; મિત્રાઈ; સખ્ય; સાખપણ.

મૈત્રી જનમની જ સારી પૌ દોસ્તી બધી.

૪ જી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાના ધર્મઋષિની તેર ભાર્યાની એક સ્ત્રી. તેનો પુત્ર પ્રસાદ હતો

૫. જી ન એ નામનું કૃષ્ણયજુર્વેદનું એક ઉપનિષદ

૬. ન. સત્તરમું ચાંદ નક્ષત્ર; અનુરાધા.

૭. [સં મૈત્રિન્] વિ. મિત્રાચારીભર્યું.

મૈત્રીગૃહ ન. સભાગૃહ; મૈત્રીખલ સ્થાન; 'ક્લબરૂમ'.

મૈત્રીપત્ર પુ સંયુક્ત કરારનામું; મજબૂત દસ્તાવેજ

ત્રણ રાજ્યો અને એક અધિકારી એમ થયેલું ચતુરની મૈત્રીપત્ર રચાયું હતું. નાગરિક

મૈત્રીમૂલકશાસન ન. સંધિના કોલકરારથી એકત્ર થયેલાં નાનાં રાજ્યોનું એક મોટું રાજ્ય; મૈત્રોતંત્ર.

મૈત્રીખલ પું બુદ્ધનુ એક નામ. મૈત્રી, મુદિતા વગેરે ચોતનાં ચાર સાધન કર્મ છે. તે બુદ્ધને પ્રાપ્ત થયા હતા તેથી તેનું આ નામ પડયું છે.

મૈત્રીસહ્ન ન. મિત્રાચારીને અંગે થયેલો વિશ્વાસ.
મૈત્રીસહ્નને નામે ઓળખાતી અક્ષરમો ન આવે ત્યાં સુધી દાપલ્ય માટે રાખવાની સંમતિના પત્ર પ્રમિમમાં વિચારતી નથ છે અને આપણે મારીએ એના કરતા વધારે પ્રમાણમા અમલમા પણ મુકાતી હોવી જોઈએ. રમણભાઈ દેસાઈ

મૈત્રેય ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે પરાશર ઋષિનો શિષ્ય હતો. તેણે એક પ્રસંગે દુર્યોધનને ઉપદેશ કર્યો કે: પાંડવોથી વેર વધારવું નહિ; પણ દુર્યોધને તે ઉપદેશનો તિરસ્કાર કરીને ઊન્મત્તપણે તેની આજ્ઞા પોતાની જંઘ બાબડી. તે ઉપરથી મૈત્રેયે ક્રોધે ભરાઈ ને દુર્યોધનને શાપ દીધો હતો કે ભીમની ગદા તારી જંઘ ઉપર પ્રહારથી તારૂ મૃત્યુ થશે. તે પ્રમાણે પછીથા તેનું મૃત્યુ થયુ. તે વ્યાસના રનેહી હતા. વિદુરજીને તેણે આત્મજ્ઞાન આપ્યું હતું.
૨. પું. શુકદેવ
૩. પું. સર્પનાં એકસો આઠ માહેનું એક નામ
૪. પું. (પુરાણ) સોમવંશી પુરુરવોત્પન્ન અજમીઢ પુત્ર નીલના વંશના દિવોદાસપુત્ર મિત્રયુનો પુત્ર.
૫. સ્ત્રી. એક પ્રકારની મિશ્ર જાતિ.
૬. વિ. મિત્રનું; મિત્ર સંબંધી.

મૈત્રેયી ૧. સ્ત્રી. અહલ્યા.
૨. [સં.] સ્ત્રી. યાજ્ઞવલ્કયની વિદુષી પત્ની. ઉપનિષદવિચારણામાં લખ્યું છે કે: યાજ્ઞવલ્કયને કાત્યાયની અને મૈત્રેયી નામની બે પત્નીઓ હતી. તેમાં કાત્યાયની અજ્ઞાનારણ્ય હતી અને મૈત્રેયી બ્રહ્મવિદુષી હતી. કાત્યાયનીને આત્મપુરાણાધાર ભાર્યા કહી બહુમાન છે કેમકે, તે માત્ર ગારણપોષણ કરવા જોગ હતી, ત્યારે મૈત્રેયીને બ્રહ્મા કહી બહુમાન છે, કારણકે તેના પિતમાં યાજ્ઞવલ્કયનું જ્ઞાનસ્વરૂપ પૂર્ણરૂપે જન્મ્યું હતુ સંસારનો પૂર્ણ અનુભવ મેળવ્યા પછી અને વિદેહરાજના દેવરાત જનકના પુત્ર જૂદ્ધદ્ધ નામના જનકને બ્રહ્મવિદ્યાનું દાન કર્યા પછી યાજ્ઞવલ્કયે વિદ્વત્સંન્યાસ લીધો હતો અને પ્રસ્થાનના સમયે મૈત્રેયીને બ્રહ્મબોધ કર્યો હોવાનું મનાય છે.
૩. સ્ત્રી.;ન. સામવેદનું એક ઉપનિષદ; એકસો આઠ માહેનું એક ઉપનિષદ

મૈત્ર્યુપનિષદ [સં.] સ્ત્રી.;ન. એ નામનું એક ઉપનિષદ

મૈદક (મૈયક) ન. ઘઉંનું ફોતરું.

મૈથલ ૧ પું. ગોરખપુર નજીકનો પ્રદેશ.
૨. [સં.] પું. મિથિલાનો રહેવાસી.
૩. વિ. કપડાં સુરચ્યુ; ધુતારુ.
અવાડ તોરાડ કવાર્યો, મૈથલ પલમ્યો મે. ઉજ્જૈનનો કુહો

મૈથલસુતા સ્ત્રી. સીતા

મૈથલી [સં.] સ્ત્રી. મૈથિલી; સીતા; મૈથિલ રાજની પુત્રી.
રાવણના વાક્ય સાભળી મૈથલી વિમાને મૈથલી. મેમાનદ

મૈથિલ ૧. [સં.] પું. જનકરાજા; મિથિલા નગરીનો રાજા
૨. પું. મિથિલાનો રહેવાસી
૩. પું. મૈથલ દેશ
૪. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત.
૫. સ્ત્રી. વિન્ધ્ય પર્વતની ઉત્તરમાં આવતી પાંચ માંદેની એક લિપિ. આ લિપિ નાગરીની પૂર્વ શાખામાંથી ઈ. સ. દસમા સદીમાં નીકળી છે. તેમાંથી અગિયારમી સદીની તેપાછી લિપિ, વર્તમાન બંગલા અને ઊડિયા લિપિ નીકળી છે
૬. વિ. મિથિલા દેશનું.
૭. વિ. મિથિલા સંબંધી. મિથિલાનું
૮. વિ. મિથિલામાં બનાવ; મિથિલામાં હોનાર.

મૈથિલી ૧. સ્ત્રી. અઢારમાં આઠેની એક અર્વાચીન લિપિ. બિહારમાં દરભગા જીલ્લા એક જાતની બોલી. પ્રાચીન હિંદીના સ્વરૂપ સાથે આ ભાષા મળતી આવે છે.
૨. સ્ત્રી. જાનકી; સીતા; મિથિલા દેશના રાજની કન્યા.
૩. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત.
૪. ન. એ નામની બ્રાહ્મણની જાતનું માણસ.
૫. વિ. એ નામની બ્રાહ્મણની જાતનું.

મૈથુન ૧. ન. જોડું
૨. ન. પુરુષ અને તેની સ્ત્રી.
૩ [સં.] ન. જોડું બનવું તે; સમાગમ; સંયોગ; મેલાપ.
૪. ન. વિવાહ
૫. ન. સ્ત્રીપુરુષથી કરાયેલું અબ્રહ્મચર્યાચરણ વગેરે કર્મ
૬. ન. સ્ત્રી પુરુષનો સંયોગ; નરમાદાનો સમાગમ; રતિક્રિયા; અઢાર માહેનું એ નામનું એક પાપસ્થાન; વિષય ભોગની વાંછના. મૈથુન આઠ પ્રકારનું છે: (૧) સ્ત્રી કે પુરુષ પરસ્પરનુ પ્રથમ દર્શન, (૨) સ્પર્શ, (૩) એકાંત સેવન, (૪) ભાષણ, (૫) વિષય કથા, (૬) પરસ્પર ક્રીડા, (૭) વિષય ધ્યાન અને (૮) સંગ
પ્રશ્નોપનિષદમાં પણ પ્રજોત્પત્તિસાધનના એક મુખ્ય વિષયનો ઉલ્લેખ છે કે: મૈથુન અર્થાત્ સંયોગક્રિયા દિવસે નિષિદ્ધ છે. રાત્રે વિહિત છે. આત્મદર્શનાર્થી માટે તો પરબ્રહ્મચર્ય જ વિહિત છે. પ્રશ્નોપનિષદ
મૈથુન કરવું = સંયોગ કરવો; રતિક્રીડા કરવી; બે પુરુષે જેના થવું.
૭ વિ. વિવાહિત.
૮. વિ. સન્તેડામાં હોય એવું
૯. વિ. સંયોગ સબંધી

મૈથુનચારી પું દક્ષની રાતાબ્દિમા આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.

મૈથુનમગ્ન [સં] વિ. સંયોગમાં મસ્ત.
ના જોની રચની મૂર્તિ, ન કપર્દક જીવનને,
ન જોવા મૈથુનમગ્ન પ્રાણી કો બની ખૂજીને
શિક્ષાપત્રી

મૈથુનવર્જિત વિ. મૈથુનનો ત્યાગ કર્યો હોય તેવું.
બ્રહ્મચારીએ કાયા, વાચા, મનસા મૈથુનવર્જિત થવું જોઈએ. આત્મોપદેશ

મૈથુન વિરમણ [સં.] ન. અબ્રહ્મચરનો એ નામનો એક પ્રકાર; સંયોગથી દૂર રહેવું તે; મન, વચન, કર્મથી બ્રહ્મચર્ય પાળવું તે.

મૈથુન વિરમણ વ્રત ન. (જૈન) જૈન સાધુના પાંચ મહાવ્રત માહેનું ચોથું વ્રત; બ્રહ્મચર્ય વ્રત; કોઈપણ નહિ કરવાનું વ્રત. તેમાં મન, વચન અને કાયાએ કરીને બ્રહ્મચર્ય પાળવું જોઈએ

મૈથુનવ્રત [સં.] ન. (જૈન) બ્રહ્મચર્ય સેવવા સબંધી જૈનોનું એ નામે ચોથું વ્રત.

મૈથુનસંજ્ઞા [સં.] સ્ત્રી (જૈન) આર માહેની એ નામની એક સંજ્ઞા.

મૈથુનાસક્ત [સં.] વિ. મૈથુનમાં મસ્ત; મૈથુનને વિષે તીવ્ર વૃત્તિવાળું.
ન જોવા મૈથુનાસક્ત જોડલે જ્ઞાન પ્રાણીને.
શિક્ષાપત્રી

મૈથુની ૧. પું. જેણે સંયોગ કર્યો હોય તેવો પુરુષ
૨. પું. સારસ પક્ષી.
૩. વિ. મૈથુનથી ઉત્પન્ન થયેલું.
ક્રીડામાથી ક્રીડા થતું એ મૈથુની સૃષ્ટિ છે,
ક્રીડામાથી પતંગ થતું એ અયોનિજ સૃષ્ટિ છે.
વિશ્વગોકુલ
૪. વિ. મૈથુનને લગતું; મૈથુન સંબંધી; સંયોગજન્ય.

મૈદડિયા (મૈદડિયા) ૧. સ્ત્રી. સુતારની એ નામની એક જાટક.
૨. ન. એ નામની જાટકનું માણસ.
૩. વિ એ નામની જાટકનું

મૈદાન ૧. ન. કસરત કરીખવાની જગ્યા.
૨. [સં.] ન. મેદાન; વિશાળ પ્રદેશ.
મૈદાન જવું = (૧) પાછળ જવું. (૨) ઝાડાદિ માટે ગામ બહાર જવુ.

૩. ન રણક્ષેત્ર; યુદ્ધક્ષેત્ર
૧. મૈદાન કરવું = (૧) જમીનદોસ્ત કરવું. (૨) લડવું, યુદ્ધ કરવું.
૨. મૈદાન છોડવું = લડાઈમાંથી ભાગી જવું.
૩. મૈદાન રહ્યું = યુદ્ધ થયું
૪ મૈદાન દેવું = રસ્તો આપવો.
૫. મૈદાન પડવું = લડાઈમાં ઊતરવું
૬. મૈદાન મારવું = લડાઈમાં જીત મેળવી; વિજયી થવું
૭. મૈદાનમાં આવવું = (૧) મુકાબલો કરવો. (૨) લડાઈમાં ઊતરવું
૮. મૈદાને જંગ -સારઝાર = રણક્ષેત્ર; લડાઈનું મેદાન.

૪. ન. રત્ન વગેરેનો વિસ્તાર

મૈદાસકડી (મૈદ.સકડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મૈદાસકડી. તેનું ઝાડ મોટું થાય છે તેના ઝાડની છાલ રાતા રંગની હોય છે તે મજબૂત ઔષધિમાં વપરાય છે પુષ્ટતા માટે આ ઔષધિ ઉપયોગી છે તે અતિસાર, પ્રમેહ, પ્રદર વગેરે દરદોમાં બીજી ઔષધો સાથે પણ વપરાય છે.

મૈનાક [સં.] પું. (પુરાણ) એ નામે ભરતખંડનો પર્વત; હીમવાન્‌ગિરિ. તે હિમાલયનો પુત્ર મનાય છે. પુરાણમ. લખેલું છે કે: બધા પર્વતોની પાંખ ઇંદ્રે કાપી નાખી તે વેળા પોતાની પાંખ ઉદાય નહિ એ હેતુથી આ મૈનાક દક્ષિણ સમુદ્રમાં સંતાઈ રહી તેને આશ્રયે મળો હતો સીતાની શોધ માટે મારુતિ જતા હતા ત્યારે તેનું આતિથ્ય કરવું અને તેને વિશ્રામ માટે સ્થળ આપવું એ પોતાનો ધર્મ છે એમ જાણી સમુદ્રે મૈનાકને તું પાણીની ઉપર વધીને મારુતિનું આતિથ્ય કર, એનું કહ્યું તે ઉપરથી તે પાણી ઉપર વધ્યો; પરંતુ મારુતિએ આ મને કંઈ વિઘ્ન આવ્યું છે એમ સમજી તેનું એક શૃંગ પાડી નાખ્યું તેથી મૈનાકે મનુષ્યરૂપ ધારણ કરી સાગરનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું તેથી મારુતિ સંતોષ પામ્યા પણ કહ્યું કે હું રામના જે કાર્ય માટે નીકળ્યો છું તે હજુ થયું નથી તેટલા માટે મારે વિશ્રાંતિ કે આહાર ઘટે નહિ. આટલું બોલી મારુતિએ મૈનાકને અભિનંદન આપ્યું અને પોતે લંકા તરફ ગયા

મૈયડ (મૈયડ) ૧. પું. મિજાજ.
૨. સ્ત્રી. અમદાવાદની એ નામની એક અટક
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

મૈયત ૧. ન. ઠાઠડી; નનામી, જનાજો.
૨. [અ.] ન. મરણ. મરવું; મૃત્યુ; મોત; સ્વર્ગવાસ; દેહત્યાગ
૩. ન. મુડદું; મૃતદેહ.
૪. ન. મોક્ષ.
૫. વિ. મરનાર; મરી ગયેલું; મરહૂમ.

મૈયતખરચ પું;ન. મરનારની પાછળ કરવામાં આવતું ખર્ચ, મરનારની ક્રિયા સંબંધી ખર્ચ

મૈયતખર્ચ જુઓ મૈયતખરચ

મૈયતવેરો પું મરણ ઉપર લેવાનો કર.

મૈયર ૧. પું. ભરવાડ.
૨ ન જેના માતાપિતા ઘર અથવા વતન; પિયેર; માવતર

મૈયરિયું ન માવતર; પિયેર, જેના માવતરનું ઘર. માતૃગૃહ.

મૈયા ૧. સ્ત્રી. એ નામની રજપૂત જેવી એક કોમ તે રજપૂતમાંથી ઊતરી આવેલી છે એમ કહેવાય છે આમ છતાં તેની ઉત્પત્તિ માટે જુદી જુદી વાતો મળી આવે છે. એક વાત એવી છે કે: તેમના મૈયા નામના કોઈ પૂર્વજ ઉપરથી આખી કોમનું નામ પડ્યું છે. બીજો મત એવો છે કે: તેઓ અસલ મહી નદીના કાંઠા ઉપરથી આવેલા માટે મહિયા-મૈયા એમ કહેવાય છે. મૈયા લડાયક કોમ છે. તેમનો મોટો ભાગ સોરઠમાં અને કેટલોક ભાગ જૂનાગઢ, જેતપુર અને ખાંટવામાં વસેલો છે. મૈયાની જાત તોફાની અને જબરી ઉરાઠાઈ જાત તેરી છે; છતાં જબાનની અમર નીચે આવી, ઇતર કોમ સાથે શાંત અને સ્થિર જીવન ગાળતા થયા છે. તેમાંનો મોટો ભાગ ખેતી કરે છે પણ તેઓ ખેડુઓ તેવા કુશળ ખેડૂત નથી. મૈયા કોમ અંધશ્રદ્ધામાં પડેલ અને અજ્ઞાન છે. તેઓ મૂર્તિપૂજક છે. ગામ કરીને કાળી માતાને તે માને છે. તેમના કોર પણ ખેતરિયા ભાગિયા છે. મૈયા પુરુષો શરીરે ઊંચા અને મજબૂત બાંધાના હોય છે. તેમના કીત રિવાજ પરમ્પરાએ રજપૂતને મળતા છે.
૨. [હિ.] સ્ત્રી. માં; માતા.
૩. સ્ત્રી સાપુડી, ભામો

મૈયારી સ્ત્રી ગોવાલણ; ભરવાડની સ્ત્રી.

મૈયારું ૧. ન. દૂધ દહીં, માખણ વગેરે વસ્તુ.
૨. ન ગોસાળુ. ગોસળા વસ્તુથી બનાવી બક્ષિસ

મૈરા પું ખેતરમા રક્ષણ માટે ઊભો કરેલો માચડો

મૈલ [અં.] ન માઇલ; લગભગનું ૧૮૮૦ ફૂટનું અંતર

મૈલ્હર પૂંગી ન. એક જાતનું વાદ્ય; મોરલી. મદારી લોકો તે વગાડી તેના અવાજથી સાપને મસ્ત કરી પકડે છે.

મૈં ૧ [સં. અહં] અ. હું; ખુદ; સ્વયં
૨ [હિ.] અ. માં; વચ્ચે

મૈંદ ૧ પું (પુરાણ) કૃષ્ણે મારેલ એક રાક્ષસનું નામ
૨. પું (પુરાણ) સુષેણ વાનરના બે મંત્રીનો મોટો પુત્ર; દ્વિવિદનો મોટો ભાઈ. આ બંને ભાઈઓ વાલીની સ્ત્રી તારાના ભાઈ એટલે બંનેના મામા હતા. વાલીના વધ પછી મોતાની ખોળ માટે જે વાનરો સુગ્રીવે મોકલ્યા હતા તેમાં ભાઈ સહિત આ પણ ગયો હતો. તેણે રામાયણના યુદ્ધમાં વજ્રમુષ્ટિ, વિરુપાક્ષ વગેરે મોટા મોટા રાક્ષસ મારીને રામને ઉત્તમ સહાય કરી હતી.

મૈં મૈં ૧ સ્ત્રી. અભિમાન; અહંકાર.
મૈં મૈં કરવું = અહંકાર કરવો.
૨. સ્ત્રી ટપ્પિઓ; મળામાળી

મો ૧. [હિ.] સ. મારું.
૨ અ. નરજાતિનો ક્રમસૂચક પ્રત્યય. જેમકે, ૬ ઠ્ઠો અંક.

મોઅલીમ [અ.] પું. શિક્ષક.
આ વખતે મદ્રેસાના મોઅલીમની બે માસની નોબરી માટે મને બોલવામાં આવ્યો.
વેદિક ઉપાધ્યાય

મોઆજિમ [અ. મુઅઝ્ઝમ] વિ. પ્રતિષ્ઠિત; આબરૂદાર.

મોર્ષ ૧. સ્ત્રી. બીમાં જેળવેલો હોઠ.
૨. સ્ત્રી. બંને બાજુ અણી કાઢેલો લાકડાનો કટકો; ત્રિકણી; ત્રિકણીકાની રમતમાં દંડાથી ઉછાળવાનો નાનો લાકડાનો કટકો
૩ સ્ત્રી ઓળો લૂગડું બાંધી દોરીથી જોવો આકાર બનાવે છે તે.
૪ વિ. મરેલું
૧. મોર્ષ જવું = ગર્ભ ન ઠરવો. ગર્ભ ભહાર નીકળી જવો
૨. મોર્ષ પડી, તે લ.ભ = ન મામા કરતાં કાણો મામો શું બૂરો ?
૩ મોર્ષ જેસના મોટા ડોગા = મરણ પછી વખણવું નકામાં છે.
૫ અ. કંઈ બાધો નહિ; રહેવો હો; ગુસ્સામાં બોલાય વપરાતી મૂર્ખ, છો, ભલે, હોકર નહિ એવી એક ભાત. આ અર્થમાં ઓલિંગી શબ્દો સાથે વપરાય છે.

મોર્ડાંડિયો પુ. બાજીનો એક દાવિયો અને મોર્ડ અથવા સિલ્લી વડે રમવાની એક દેશી રમત. પહેલાં પક્ષ પાડવામાં આવે છે. પછી કયો પક્ષ પ્રથમ દાવ લે તે નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ જમીનમાં એક નાનો ખાડો કરવામા આવે છે તેને ગબી કે બદી કહેવામાં આવે છે. દાવ દેનાર પક્ષ ગબીથી અમુક અંતરે એક બીજાની પાજળ તથા એક હારમાં થોડે થોડે છેટે મોડવાર્ડ ભવ છે. પછી દાવ લેનારામાનો એક છોકરો ગબી ઉપર મોર્ડ મૂકી તેની પાજળ દાંડિયાનો છેડો જરાક મોર્ડ ઉભો છે. દાવ દેનાર પક્ષ તે મોર્ડ ઝોકવા પ્રયાસ કરે છે. જો મોર્ડ ઝીલાય તો તે દાવ લેનાર અક્ષમ ગેસે છે અને બીજો છોકરો દાવ લેવા આવે છે; પણ જો તે ન ઝીલાય તો તે દાંડિયો ગબી ઉપર આડો મૂકે છે અને દાવ દેનાર પક્ષમાંથી કરકોઈ છોકરો તે મોર્ડ સહિત દાંડિયાને આંટે છે, જો અંટાય તો તે દાવ લેનારને અક્ષમ ગેસવુ પડે છે અને ન અંટાય તો તે બાજી મારે છે એટલે કે હાથમાં દાંડિયો સહિત તેના પર આડી મોર્ડ મૂકી તેને હવામાં જરા ઉછાળી દાંડિયા વડે હટકો મારે છે. જો મોર્ડ ઝીલાય તો તેને અક્ષમ ગેસવુ પડે છે અને ન ઝીલાય તો દાવ દેનારમાંથી કોઈ તે મોર્ડ સહિત ગબી તરફ તેનો ધા કરે છે. દાવ લેનારો મોર્ડને હટકો મારે છે પછી જ્યાં મોર્ડ પડે ત્યા સુધી ગબીથી અંતર તે દાંડિયા વડે માપે છે. તે માપવામાં કેનેડી ભાષામાંથી આવેલા વકટ, સેન, મૂઠ, નાર, આંખ, કોણી (અથવા આંગો વૈદ), જરૂર એમ શબ્દો બોલી અંતર માપે છે. વકટ, સેન વગેરેના અર્થ એક બે વગેરે થાય છે. સાત દડા માપ એટલે કરીથી તે નામ ફર્ક કરે છે. અક્ષમ કરતાં ઓછે જેટલા દડો આવે તેના નામની સંજ્ઞા પ્રમાણે દડો મોર્ડને મારી દાવ લે છે; પણ જો મોર્ડ ગબીની નજીક પડે અને કરતાં એક પણ દાંડિયો ન જાય તો તેનો દાવ પૂરો થાય છે. આમ રમતાં બધા છોકરાં દાવ વર્ષ રહે ત્યારે તે પક્ષ દાવ દેવા ઊતરે છે અને સામો પક્ષ દાવ લે છે. આ રમતમાં વકટ, વગેરે સંજ્ઞામાં મોર્ડ મારવાની રીત નીચે પ્રમાણે છે: વકટ: પગના અંગળા પર મોર્ડ મૂકી તેને પગવડે જરા ઉછાળી દાંડિયો મારવો. સેન-ક્રાયમાં મોર્ડ એક કોણી ઝાલી તેમાં બીજાથી દાંડીનો મારી મોર્ડને ઘૂમરી ખવડાવી, પછી નીચે પડવા ન દેતાં અધર ને અધર દાંડો મારી ફેંકવી. મૂઠ-અથવા મૂંઠ: મોર્ડને ઊભી મૂઠ ઉપર મૂકી દાંડો મારવો. નાર: હાથની પહેલી અને છેલ્લી આંગળી ઝાંખી કરી તથા બીજી આંગળીઓ વાળી ઝાંખી કરેલી આંગળી ઉપર મોર્ડ મૂકી દાંડિયાથી હટકો મારવો. આંખ: મોર્ડને આંખની ભમર ઉપર મૂકી જરા ઉછાળી, પડતી મોર્ડને દાંડિયો મારવો. કોણી અથવા આંગો વૈદ: હાથ વાળી કોણી પર મોર્ડને મૂકી તેને થોડી ઊંચાઈ દાંડિયો મારવો. જરૂર કે જરૂર: મોર્ડને જમીન પર મૂકી તળે દાંડિયો જરાયી ઉલેચી ઉછાળવી.

મોર્ડી (મોર્ડી) સ્ત્રી. ઠેકડી; મશ્કરી.

મોર્ડીઆ (મોર્ડીઆ) ૧. સ્ત્રી. કચ્છની એ નામની એક જ્ઞાતિ

૨. પુ. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

મોર્ડદંડા સ્ત્રી મોર્ડ અને દંડા વડે રમાની રમત ઈંટીદોડ, ઓલોબલો, કડિયાપેટ, ઢોલબાદડી, પાડમપાડા, બીરાદડી, મુઠી, મોર્ડદાંડિયો વગેરે નામ પણ આ રમતનાં છે. તેને સિલ્લીદડો પણ કહે છે. જુઓ મોર્ડદાંડિયો

મોર્ડદાંડીઓ જુઓ મોર્ડદાંડિયો

મોર્ડની સ્ત્રી. અક્ષરના વખતનો એક જાતનો ચોખૂણ બાયરા ગોળ સોનાનો સિક્કો. તેનું વજન અને કીમત લાલ બજારી સિક્કા જેટલી જ હતી. તેના ઉપર ' બાબુવત ' અક્ષરો કોતરેલા હતા.

મોર્ડુ ૧. ન. મકાન; ઝાંખો સખત સોનો; માસ પાકની લાણી ગાઠ.

૨. ન. બને છેડે અણીદારો લાકડાનો દડો.

૩. ન. બિલ્લસ; લાલું અણીવાળું પણ જાડું લાકડું અથવા તેવુ બીજુ જે કંઈ હોય તે; મોટી મોર્ડ.

મોર્ડેલા જુ. બી, તેવ અમર કોઈ પણ જાતનો કરમો ન દીધો હોય તેવા ચોખા.

મોઢ ૧. સ્ત્રી. કંઈ પણ વસ્તુ તે; ઘડાઢો.

૨. સ્ત્રી. છુટકારો; ઉદ્ધાર; મોચન.

૩. સ્ત્રી. બચવું આપવુ તે

૪. સ્ત્રી. માફી; ક્ષમા.

૫. ન. પ્રાણીના ઊતરી ગયેલ ચામડીની ખોલ; સર્પની કાંચળી.

૬. ન. વાણિયાની એક જાત. તેનાં બાસ કરીને ગાંધીના પૈસાં ગને છે.

મોઢમ ૧. વિ. મૂઢ, ન સમજવા તેવુ

૨ વિ. મંદ; પુરુષાર્થ

૩. વિ. અક્ષમ; મજબૂત

૪. વિ. બોઢકમ; સખત; સજ્જડ.

૫ અ. ગમે તેમ; જેમ ગાવે તેમ,

પુરુ પ્રહારે મોઢમ મારે, મારે નહિ તો વીર.
કમાયણ

૬. અ. દેખાવ નહિ તેમ; સ્પષ્ટ સમજાય નહિ તેવી રીતે

૭. અ. અપેક્ષારે; આસ નામ ઠામ દીધા વગર; ચોક્કસ નહિ એમ; અનિશ્ચિત, મોઘમ.

મોઢર સ્ત્રી છૂટ; રજા; પરવાનગી

મોઢલ ૧. પું. એક જાતનું પ્રેત.

૨. વ ઢાંચીનું નાનું બચ્ચું. તેના ઉપર સવારી કરવામા આવતી નથી

૩. વિ. છુટેલું; મુક્ત, આઝાદ

મોઢલચહ્વા ૧. પુ. બાબાજીની ચોરાસી માહેની એક જ્ઞાતિ

૨. વ. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

મોઢલવું ૧. સ કિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય તેમ કરવું; રવાના કરવું; મોકલવું; પાઠવવું; જવા કહેવું.

૨. સ કિ. પહોંચાડવું; પ્રેરવું; રોકાવવું.

૩. સ. કિ. મૂકવું

૪. સ કિ વગાવવું

મોઢલામણી ૧. સ્ત્રી. કોઈ પણ વસ્તુ મોકલવાની ક્રિયા કે મહેનતાણું.

૨. સ. ઉલ્લા પ્રયોગ' ઉલ્લા સલામ; રામરામ.

મોઢલાવવું સ કિ. મોકલાવ એમ કરાવવું.

મોઢલારા સ્ત્રી. જગાની છૂટ, પૂરતી જગ્યા; અવકાશ.

મોઢલી ૧. સ્ત્રી. ગાય કે ભેંસના નાના બચ્ચાનું મોઢું.

૨. સ્ત્રી. ઘોડાની આંખ અને નસકોરાં વચ્ચેનો ભા.ગ.

૩. સ. મુખ; મોઢું.

૪. [હિ.] સ્ત્રી. ખુલ્લું, પહોળું.

૫. સ્ત્રી. પૂરતું; જોઈએ તેટલું.

મોઢળ ૧. સ્ત્રી. ધાસ કે ઢાસના છૂટી ગયેલા પૂળા, છૂટું બાંધ.

૨. સ્ત્રી. બંધનનો અભાવ; અંકુશ વિનાની સ્થિતિ; સ્વતંત્રતા; છૂટ.

૩. સ્ત્રી. બાબાજીની એ નામની એક જાત.

૪. બા. મકકાસ નહિ તે; જગાની છૂટ; સુખેથી રહી શકાય, ફરી ફરી શકાય એટલી જગાની પહોળાઈ

૫. ન. એ નામની જાતનું માણસ.

૬. વિ. એ નામની જાતનું.

મોઢળછૂટું વિ. કોઈ જાતના ધારણમા નહિ તેવું; સ્વચ્છંદી.

મોઢળાઇ ૧. સ્ત્રી. જગાની વિશાળતા; જગાની છૂટ; પહોળાઇ. માગ; ખૂબ આવી જગા હોવી તે, ખુલ્લું હોવુ તે

૨. સ્ત્રી. પહોળાઈ

૩. સ્ત્રી. સ્વતંત્રતા; છૂટ.પણ.

ઓકળામણી જુઓ ઓકળાણ.

ઓકળારા જુઓ ઓકળાણ.

ઓકળારસ જુઓ ઓકળાણ.

ઓકળારહાથ પું. છૂટ

ઓકળું ૧ [સં. મુક્ત] વિ ઉતરડ; ખુલ્લા હાથનું; સખી

મન ઓકળું રાખવું = ઓછા મનનું થવું; ઉદાર બનવું

૨. વિ. આબરૂ; ઢાલું.

૩. વિ. ખુલ્લું. ઉઘાડું

૪. વિ છૂટવાળું, ખૂબ જગ્યા હોય એવું; ઓકળાશવાળું. જર્જરિએ તેમ વાપરી શકાય એવી મજબૂતાઈનું; બહુ.નો. સમાવેશ થ.૨ નહ બંધું પહોળું છૂટવાળું.

ખાલે ઢુવા અને દરવાજા ઓકળા = ખોટી લોભ કે કંજૂસ.નો નમૂનો.

૫. વિ. નિષ્કપટી; નિખાલસ, સરલ.

૬. વિ. પુષ્કળ; બહોળું ઘણું

૭. વિ. બહુ.વા વજરનું, છૂટું.

૧. પગ ઓકળા કરવા = ચાલવું.

૨. ઓકળું કરવું = બંધનમાંથી છોડવું.

૮ વિ. બીજું. જુદું અન્ય

૯ વિ મરજીમાં આવે તેમ કરવું, કાબૂ વિનાનું. અંકુશ વગરનું; છૂટું. સ્વાધીન, સ્વેચ્છાચારી, મુક્ત.

૧ મન ઓકળું કરીને બોલવું = (૧) મનના ઉપરનો બોજો ઓછા કરવો. (૨) મુક્તપણે બોલવું.

૨. મોકળું મૂકવું = મોટેથી રડવું

૩. ઓકળે મહાલવું = (૧) આરામની જીવન ગાળવું. (૨) છૂટથી ફરવુંફરવું, સ્વતંત્રપણે રહેવું.

૧૦. વિ. વિષયોમાં ભટકતું.

૧૧. વિ. વિસ્તૃત, વિસ્તાર

ઓકળો પું. ઊભરાવ ચૂસવું, એક જાતનું જમણ

પછી જોતો જોતો ઓકળો અને અડદની દાળના દડા ખૂબ ભડેક્યા. વૈષ્ણવના વિવેક

ઓકા ૧. [હિં] પું. અવસર; સમય, મોકો

૨. પું. એક જાતનો છોડ. તેના પત્ર સામસામા ત્રણથી સાત ઇંચ લાંબા અને બેથી ચાર ઇંચ પહોળાં લગભગ હોય છે પાનને ચોળવાથી ઉગ્રવાસ અને ચાખવાથી તીખાશ માલૂમ પડે છે. તેમાં ત્રણ દલના ગુચ્છા આવે છે. ફૂલ લીલા રંગનાં હોય છે અને ફળ લગભગ, પીળા રંગનાં ઘણાં બીજવાળા હોય છે. તે મદ્રાસ અને મધ્યભારતના જંગલોમા થાય છે.

૩ પું ઉના આવવાનું કારણ. આકાશચારી. અજવાળિયું.

ઓકાડોલર પું અમેરિકાનાં વપરાતો એક સિક્કો. તેની કીમત ૪૧ પેન્સ અથવા ૪૧ આનાની બરાબર છે

ઓકાણ ૧ જી જેને માટે દિલગીર થવું પડે તેવું કામ.

૨ જી પાયમાલી, ખરાબી, મચાનારા; નખોદ

૩. જી. પીડા; આફત.

૪ જી મનવૃત્તા સમાચાર, માઠા સમાચાર

૫ જી મરનારની પાછળ રોવેદી સગંધીએ એકઠા થઈ રોવું કે કૂટવું તે; મરનાર પાછળ શોક કરવા બેસવું તે

૧. આકાણ માંડવી = (૧) દુ:ખ થવું (૨) આવે નુકસાન થવું કે થવું હોય તેવી હાલત થવી (૩) મરણ પાછળ શોક કરવા બેસવાએ જેમાં થવું.

૨ ઓકાણના સમાચાર = (૧) જીવન કે ધંધાની અવગતી કરવી. (૨) નિરાશાની જનાવે તેવા ખબર; માઠા સમાચાર. (૩) શોક કરવા દાઓનું સગાસ્નેહીને ત્યાં એકઠું થવું

ઓકાઝિયું ૧ વિ. અગવડ માટુ

૨ વિ ઓકાણ કરનાર

૩. વિ હલકટ પગલાનું

ઓકાણી ૧ જી. કમાણીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

ઓકાસદાર ૧ [કા મુકાસદાર] પું ધનાગદાર; ધનાગી જગીન જેની પાસે હોય તેવો માણસ. ધનાગી જાગીરદાર.

૨ પુ. રસ્તે જનારા પાસેથી લેવાનો કર વસૂલ કરનાર માણસ.

ઓકાસા ૧ પુ મમાકર લોમની માલમતા સુરક્ષિત રાખવા માટે રાજ્ય ઉપર લેવેલુ ધન મી ગામ.

૨ પુ રસ્તે જનારા પાસેથી લેવાનો કર

કરારનામા નવા દસ્તાવેજોના પત્રો અને કબૂલાતો નવા ઓકાસ્સા ગયા મુજબના ખતાની તપાસણીના કામકા ખતની પર પણ બાદશાહી મોહર થવી નથી આઇને અકબરી

ઓકાસિયા ૧ જી બાવલ ઝાડની એક પેટાજાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ એ નામની જાતિનું.

ઓકોરિઆ પું દુધીની જાતની એક વનસ્પતિ. તેનો આકાર ઈંડા જેવો હોય છે. અથાણામા તે વપરાય છે દક્ષિણમાં માણસો તે બહુ ખાય છે કેરાળ પ્રદેશમાં તે વિશેષ થાય છે.

ઓકૂફ (ઓકફ) [અ] વિ. બંધ પાડેલું; રહેવા દીધેલું, કાઢી નાખેલું; મુલતવી, તહકૂબ.

ઓકૂફ કરવુ = મુલતવી રાખવુ, બંધ કરવુ.

ઓકૂફનામું (ઓકફનામુ) [અ] ન. રાજીનામું બધું બેચી લેવુ તે; બરદાસ્તગી.

ઓકૂફી (ઓકફી) ૧ [અ] જી અટકાયતી

૨ જી બરતરફી

૩ જી બધી બાજી પાડી દેવુ તે મુલતવી રાખવુ તે, ઓકૂફ કરવુ તે; વિચાર ઉપર રાખવુ તે; વિલંબ; ઢીલ.

ઓકૂમ જુઓ ઓકૂફ.

ઓકેચોકે ૧ અ. ક્યારે ત્યારે

૨. અ. ક્યાં ત્યાં

ઓકો ૧ [અ. મોકા] પું. અવસર; ઢાલું; ક્રમમ, સગવડ

૧ ઓકો પર = અણીને વખતે, યોગ્ય સ્થળે અને સમયે.

૨ ઓકો આવવો–જોવો–મળવો–સાધવો = લાભ મળવો.

૨ ઓકો જોઈને = લાભ જોઈને; તક વિચારીને

૪ ઓકો હાથથી જવા દેવો = તક ગુમાવવી.

૨. પું. જોગ; સગવડ; અનુકૂળતા.

૩. પું. લાભ; તક; દાવ.

ઓક્કાણ જુઓ ઓકાણ.

ઓક્ષ ૧. [સ] સ. ક્રિ. છૂટું કરવું; બોડી મૂકવુ.

૨. સ ક્રિ. ટીપું કરવું.

૩. સ ક્રિ. ફેંકવુ

ઓક્ષ ૧ [સ] પું. (વેદાંત) અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક બ્રહ્મભાવની પ્રાપ્તિ. અક્ષર. મોક્ષ કે મુક્તિના ચાર પ્રકાર છે. (૧) સાર્ષ્ટિ, (૨) સારૂપ્ય, (૩) સામીપ્ય અને (૪) સાયોજ્ય. એ ચાર પ્રકારમાનો દરેક મદમોક્ષ અને ઉપમોક્ષ એવા બે ભેદવાળો છે: અથવા તેના બે પ્રકાર સદ્યોમુક્ષ અને ક્રમમોક્ષ છે. ક્રમમોક્ષના ચાર પ્રકાર સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય છે જ્યારે જીવાત્મા વિજ્ઞાનથી યથાવત્ શુદ્ધ થઈ પરમાત્માના શુદ્ધ ને વિજ્ઞાન સ્વરૂપમાં નિત્ય આનંદપૂર્વક રહે છે ત્યારે તે દશાને મોક્ષ કહે છે ગીતા હૃદયમાં લખ્યું છે કે: આપણને સુખદુ:ખ થાય છે એ પ્રમ ણે બીજાને થાય છે.

આપણે સહુ સમાન, સરખાં છીએ. એક જ ચૈતન્ય સહુમાં રમી રહેલું છે. સર્વત્ર ભરેલા એવા એ આત્મતત્ત્વનાં દર્શન કરવાં એ જ મોક્ષ. ભગવદ્‌ગીતામાં આ વાત સાદા શબ્દોમાં કહી છે. બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય, વૈશ્ય હોય યા શૂદ્ર હોય; કોઈને ઓછું તેટલું નાનું યા મોટું કામ મળ્યું હોય, પરંતુ જો તેણે તે કામને સારી રીતે કર્યું હોય તો તે વ્યક્તિને સંપૂર્ણ મોક્ષ મળી જાય છે. જ્યારે મન સહિત પાંચે જ્ઞાનેંદ્રિયો પરમેશ્વરમાં સ્થિર થઈ ને સદા તેમાં જ રમણ કરે છે અને જ્યારે બુદ્ધિ જ્ઞાનથી વિરુદ્ધ ચેષ્ટા કરતી નથી ત્યારે તેવા દશાને મોક્ષ કહે છે. લોકમાન્ય તિલક ગીતા-રહસ્યમાં લખે છે કે: મોક્ષ એટલે પુરુષને બહારથી પ્રાપ્ત થનારી કોઈ નિરાળી અવસ્થા નથી કિંવા પુરુષની મૂળની સ્વાભાવિક સ્થિતિથી ભિન્ન એવી બીજી સ્થિતિ પણ નથી. ચામડીની ઉપરની ચામડીથી અંદરની ચામડી જેમ જુદી હોય છે અથવા પાણીમાં રહેનાર માછલી જેમ પાણીથી ભિન્ન છે તેમ પ્રકૃતિ અને પુરુષનો સંબંધ છે. પ્રકૃતિના ગુણોથી મોહ પામીને સામાન્ય પુરુષ આ ભિન્નપણું જાણતો નથી અને સંસારના ચક્રમાં ગૂંચાઈ રહે છે; પરંતુ અભિન્નપણું જેણે જાણ્યું તે તો મુક્ત જ છે. તેને જ જ્ઞાની અને કૃતકૃત્ય કહે છે એમ મહાભારતમાં કહેલું છે અધ્યાત્મદૃષ્ટિથી મોક્ષનું બંધ સ્વરૂપ પણ આ જ પ્રકારનું છે. આત્મા મૂળથી પરબ્રહ્મ સ્વરૂપ છે અને આત્માએ પોતાનું મૂળ રૂપ એટલે પરબ્રહ્મપણું ઓળખ્યું એ જ મોક્ષ છે એમ અદ્વૈત વેદાંતીઓનું કહેવું છે. મોક્ષ આત્મજ્ઞાનથી જ મળે છે, કર્મથી નહિ. જ્ઞાન વિરહિત પણ શ્રદ્ધાથી કરેલાં યજ્ઞ-યાગાદિ કર્મોનું મળનારું સ્વર્ગસુખ અનિત્ય છે. મોક્ષના ચાર દ્વારપાલો શાસ્ત્રોમાં કહ્યા છે: શમ, વિચાર, સંતોષ અને સત્પુરુષોનો સત્સંગ. આકાશમંડળમાં મોક્ષ નથી, પાતાળમાં કે ભૂતળમાં મોક્ષ નથી, પરંતુ હૃદયમાં અજ્ઞાનરૂપ જે ગ્રંથિ છે, તેનો નાશ કરવો એ જ મોક્ષ કહેવાય છે. એટલે કે દુઃખ નિવૃત્તિ અને સુખ પ્રાપ્તિ એ જ મોક્ષ છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ત્રણ પ્રકારનાં દુઃખોની કાયમી અને આત્યંતિક નિવૃત્તિ અને પરમાનંદ પ્રાપ્તિ એ જ મોક્ષ છે. જૈન શાસ્ત્રકારો તત્ત્વાર્થ સૂત્રમાં કહે છે કે જ્ઞાન અને ક્રિયા બંને કરવાથી મોક્ષ થાય છે. એકલી ક્રિયા કરવાથી મોક્ષ નથી મળતું અને એકલું જ્ઞાન કરવાથી મોક્ષ મળતું નથી. રૂંધેમાનુ એવી રીતે નાશ પામે કે તેમાંથી નવી રૂંધેરચના ન થાય તે જૈનોનું નિર્વાણ છે. સમગ્ર કર્મનો ક્ષય થઈ જીવનું સ્વરૂપમાં જે અવસ્થાન થાય તે ન્યાયમતે મોક્ષ છે. તત્ત્વજ્ઞાનથી કરીને જે આત્યંતિક દુઃખની નિવૃત્તિ તે વૈશેષિક મતે મોક્ષ છે. કર્તારૂપ પરમાત્માની કૃપાથી તત્ત્વજ્ઞાન થાય ત્યારે જીવાત્માનો દુઃખધર્મ સદાને માટે નિવૃત્ત થઈ જાય તે સાંખ્ય મતાનુસાર મોક્ષ છે. આધ્યાત્મિક આદિ ત્રિવિધમાંથી છૂટી જવાય એટલે એ બધા પ્રકૃતિ ધર્મ છે એમ સમજાઈ પોતે અકર્તા છે એમ પુરુષને જણાય છે તે યોગાનુસાર મોક્ષ છે. વૃત્તિનિરોધ થાય એટલે પુરુષને પોતાના રૂપનો બોધ થઈ સ્વરૂપપ્રાપ્તિ થાય તે પૂર્વમીમાંસાની દૃષ્ટિએ મોક્ષ છે. વેદવાક્યમાં વિધિરૂપ આદેશ પ્રમાણે આચરવાથી ધર્મ પ્રાપ્ત થાય ત્યારે મળે તે વસ્તુતઃ યથાર્થ સમજવી. અદ્વય આનંદરૂપનું અદ્વૈતપણું અને દુઃખીપણું તે બંધ છે અને સ્વરૂપમાં સ્થિતિ તે મોક્ષ છે; સમસ્ત કર્મનો ક્ષય એ મોક્ષ. આપણે ત્યાં દર્શનોમાં કહેલું છે કે જીવ અજ્ઞાનને લઈને જ વારંવાર જન્મ લે છે અને મરણ પામે છે. આ જન્મમરણના બંધનમાંથી છૂટી જવું તેનું નામ મોક્ષ છે. જ્યારે મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરી લે છે ત્યારે તેને આ સંસારમાં આવીને જન્મ લેવાની જરૂર રહેતી નથી. શાસ્ત્રકારોએ જીવનના ચાર ઉદ્દેશ બતાવ્યા છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાંથી મોક્ષને પરમ અભીષ્ટ અને પરમ પુરુષાર્થ કહેલો છે. મોક્ષની પ્રાપ્તિનો ઉપાય આત્મતત્ત્વ કે બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવો દર્શાવેલ છે. ન્યાયદર્શન અનુસાર દુઃખનો અત્યંતિક નાશ જ મુક્તિ કે મોક્ષ છે. સાંખ્ય મત પ્રમાણે ત્રણ પ્રકારના તાપોનો સમૂળો નાશ તે મોક્ષ છે. વેદાંતમાં પૂર્ણ આત્મજ્ઞાન દ્વારા માયાના સંબંધથી રહિત થઈને પોતાના શુદ્ધ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે મોક્ષ છે. સાર એ છે કે: બધાં પ્રકારનાં સુખદુઃખ અને મોહ વગેરે છૂટી જવાં તે મોક્ષ છે. મોક્ષની કલ્પના, સ્વર્ગ-નરક વગેરેની કલ્પનાથી પાછળની અને તેની અપેક્ષા વિશેષ સંસ્કૃત અને પરિમાર્જિત છે. સ્વર્ગની કલ્પનામાં એ જરૂરનું છે કે મનુષ્ય પોતાનાં કરેલાં પુણ્ય કે શુભ કર્મનાં ફળ ભોગવ્યા ઉપરાંત પાછો આ સંસારમાં આવીને જન્મ લે છે અને તેને ફરીને અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. પરંતુ મોક્ષની કલ્પનામાં આ વાત નથી. મોક્ષ મળવાથી જીવ સદાને માટે બધા પ્રકારના બંધનો અને દુઃખો વગેરેથી છૂટી જાય છે. ધર્મબિંદુમાં લખ્યું છે કે, જીવની વાસનાવશાત્ આવતી ઘટમાળ ચક્રનેમિક્રમેણ એ ન્યાયાનુસાર અનંતકાળ પર્યંત ચાલુ જ રહે છે; પરંતુ તેને જ્યારે અંતરંગમાં વિવેક ભ્રમૂત થવાથી પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે જ આત્મજ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થાય છે એટલે આત્મસાક્ષાત્કાર થઈ ને કૃતકૃત્ય થઈ જાય છે. તથા જ્ઞાનાગ્નિ: સર્વે કર્માણિ ભસ્મસાત્કુરુતે તથા-ગીતા. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં જણાવ્યા પ્રમાણે સૂર્યોદય થવાથી જેમ અંધકારનો નાશ ક્ષણ માત્રમાં થઈ જાય છે, તેમ તે અજ્ઞાની જીવાત્માના ઉપર જણાવ્યા પ્રમાણે સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ કર્મો ગમે તેટલી ક્રિયા હોય તો પણ તે સર્વનો એક ક્ષણ માત્રમાં જ નાશ થઈ જાય છે અને દૈવ-દિશી પર થઈ તે જ્ઞાતાજ્ઞેય અને કૃતકૃત્ય એવા જીવાત્માનો સ્વરૂપરૂપમાં વિલય થઈ પોતે પરમપદને પામે છે. આને મુક્તિ કિંવા મોક્ષ કહે છે. શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે, મોક્ષ ત્રણ પ્રકારનો છે: આ લોકમાં રહેતી ઈશ્વરી શક્તિઓ પ્રાપ્ત થાય, એ એક મોક્ષ એમાં મનઃશક્તિ વધતા વધતા ઉપલોક લોકોને પ્રાપ્ત થાય, પણ કર્મ કરવે અજ્ઞાન રહે બીજું સ્વરૂપ: મોટાઈ આ લોકમાં ભોગવી અને પછી ઇંદ્રલોકમાં જવું ને ત્યાં સુખ ઐશ્વર્ય પ્રાપ્ત કરવા એ બીજો મોક્ષ છે. ત્રીજો કેવલ્ય મોક્ષ છે. પુરુષ પ્રાપ્ત કરવાથી, ભક્તિ કરવાથી, સાધનો-જોગાં કે, વતાદિક કરવાથી આ મોક્ષ મળે છે. જીવને મોક્ષ તે બ્રહ્મલોકમાં જવાનો છે, તે યોગાદિક કર્મો કરવાથી મળે છે. શરીર, જગત ભોગવવાથી આત્મા પરમાત્મામાં એકતા ધારણ કરે છે અને સૂક્ષ્મ પરમાત્માનું ચિંતવન કરતાં કરતાં જીવ શિવની એકતા થાય, તે પૂર્ણ મોક્ષ-એ જ સાયુજ્ય મુક્તિ. મોક્ષ કેમ પામવો તે જણાવ્યું, એટલે જ ધર્મને વધારે જરૂરનો એ નક્કી છે.

મુક્તિ, કૈવલ્ય, નિર્વાણ, મોક્ષ, નિઃશ્રેય, અમૃત, મોક્ષ, અપવર્ગ એ આઠ નામ મોક્ષનાં છે. મુક્તિ સ્ત્રીલિંગ છે. મોક્ષ ને અપવર્ગ પુલ્લિંગ છે. શેષ નપુંસકલિંગ છે. અમરકોષ

૨. પુ એક વૃક્ષનું નામ; પાડરવૃક્ષ

૩. પું. મહાદેવનો મુક્ત કાળ.

ચંદ્ર સૂર્યને ગ્રહો કરે છે એટલે મહાદેવ છૂટે છે તે વખતે મહાદેવનો આક્રોશ થયો એમ કહે છે. જ્યોતિર્વિલાસ

૪. પુ ચાર પ્રકારનો એક પુરુષાર્થ

૫ પું. ચારગતી પૈકી.

૬. પુ. છુટાછેડા; સમવિચ્છેદ; છેડાછૂટકો.

૭. પું. દેવું ચૂકવી દેવું તે

૮. પું. (જૈન) નવ પદાર્થનું એક તત્ત્વ.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તત્ત્વો છે. તત્ત્વાર્થસૂત્ર

૯. પુ. નીચે પડવું તે.
૧૦. પુ. મરણ; મૃત્યુ.
૧૧. પુ. નાશ તે; છોડવું તે; ફેંકવું તે.
૧૨. પું. વિખેરવું તે; વેરવું તે.
૧૩. પું. સદ્ગતિ; ઉદ્ધાર; નિર્વાણ; કૈવલ્ય; પરમ ગતિ કે પદ
૧૪. પું. સંસારની માયામાંથી છૂટકારો; મુક્તિ; છૂટવું તે; ભવ બંધનમાંથી છૂટવું તે.
૧. મોક્ષ આપવો-દેવો = (૧) જિંદગી બગાડવી. (૨) મારી નાંખવું. (૩) મુક્તિ આપવી
૨. મોક્ષ પામવો-મેળવવો = (૧) મરી જવું. (૨) મુક્તિ મળવી.
૩. મોક્ષ મળવો-મળો = (૧) મુક્તિ મળવી (૨) સ્વધામ પહોંચવું; મરી જવું
૪. મોક્ષે જવું = મરી જવું.

મોક્ષક ૧. પું. એક જાતની વનસ્પતિ; મોખો; મરખો; બર્બરિકો.
૨. વિ. છોડનાર; મૂકી દેનાર.
૩. [સં.] વિ. મુક્તિ આપનાર.

મોક્ષકમાન સ્ત્રી (તિબ્બ) એ નામે ઓળખાતી કમાન; ' રિસીવિંગ આર્ક '. કોર્ડ કોર્ડ ને સપાટ કમાનનો ઓરીઓ રહેતો નથી, તેથી ઉપરનો સર્વ બોજો આ કમાન ઉપરથી ઉપાડી લેવા તેના ઉપર વળી મોક્ષ કમાન વાળે છે. આ મોક્ષ કમાનના પગ, આખી સપાટ કમાન તેની અંદર સમાઈ જાય તેટલા માપાએ રાખવા જોઈએ. આ માપાત કાળજી ન રાખવામાં આવે તો મોક્ષ કમાનને બાંધે ઊભરો નીચેની સપાટ કમાન ઉપર વધારે બોજો આવે છે. સામાન્ય મકાનમાં બારીઓ માટે સપાટ કમાનની ઉપર મોક્ષ કમાન મારવાની જરૂર નથી. બારણે મોટો હોય કિંવા ઉપરથી આવતો બોજો ઘણો હોય તો જ આમ કરવું ઇષ્ટ છે. મોક્ષ કમાન અને ચિંચિત્ મોળા કમાનમા કાંઈ ફરક નથી ચિંચિત્ મોળા કમાનની બાજો ખુલ્લી હોય છે તેથી કાળજીપૂર્વક ઘડી કરવી પડે છે મોક્ષકમાન છોમાં ઢંકાઈ જતી હોવાથી ઘણે તેની ખોબડખાબડ બણી હોય તો પણ ચાલે. બીજુ મોક્ષકમાન નીચેના બણતરને કાયમ રહેવા દેવાનું હોય છે.

મોક્ષકારિણી [સં.] સ્ત્રી. ગયાનાં કબર માહેનું એક નામ.

મોક્ષકાલ ૧. [સં.] પું. આત્માની મુક્તિનો સમય; જીવના છૂટકારાનો વખત.
૨. પું. મહત્ જે વખતે મુક્ત થાય તે; મહત્નો છૂટા થવાનો કાળ કે વખત.

મોક્ષકાળ જુઓ મોક્ષકાલ.

મોક્ષગતિ [સં.] પું. મોક્ષનો માર્ગ; મોક્ષ પામવું તે.

મોક્ષગંગા સ્ત્રી. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ નર્મદાને મળતી એક નદી. આ તીર્થમાં ચાર માઈલ દૂર ઉત્કૂલતીર્થે આવે છે.

મોક્ષણ ૧. ન. આપવું તે.
૨. ન. ઉઘાડી દેવું તે.
૩. ન. ત્યાગ કરવો તે; છોડવું તે; મૂકવું તે; મનો દેવું તે.
૪ ન. ચડવા દેવું તે.
૫. ન. ફેંકવું તે.
૬. [સ.] ન. મુખાવવું તે; મોક્ષ કરવો તે, છોડાવવું તે.
૭. ન. સંસારની માયામાંથી છૂટકારો કરવો તે; મુક્તિ; ઉદ્ધાર; સદ્ગતિ.

મોક્ષણીય [સં.] વિ. છોડવા લાયક; મૂકવા યોગ્ય.

મોક્ષતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ અહીં સ્વયમ્ મનુએ તપ કરીને સિદ્ધિ મેળવી હતી.

મોક્ષદ [સં.] વિ. મોક્ષ આપનાર; મોક્ષદાતા

મોક્ષદર પું. મુખ્ય દર; મુખ્ય ભાગ; મૂલદર; ' સ્ટાન્ડર્ડ રેઈટ '.
આડાની જમીન તપાસવા તથા આકારણ પત્ર લેવાને બે ભેગાં તેનો આકાર ઉતારી મોક્ષદર અને રૂપિયા ઠરાવ્યા. નવજીવન

મોક્ષદા ૧. [સં.] સ્ત્રી. ગયાના કબર માહેનું એક નામ.
૨. સ્ત્રી. નર્મદાનાં કબર માહેનું એક નામ.
૩. સ્ત્રી માગશર શુદ અગિયારસ
૪. ન. (સંગીત) ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં નિષાદ અને ગાંધાર વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.
૫. વિ. મોક્ષ આપનાર.

મોક્ષદા એકાદશી સ્ત્રી માગશર શુદ અગિયારસ
મોક્ષદ નામના નગરમા વૈખાનસ નામનો રાજર્ષિ હતો. તે પોતાની પ્રજાનું પુત્ર સમાન પાલન કરતો. તેના નગરમા ચાર વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણો રહેતા હતા જ્યાં તેણે એક રાત્રે સ્વપ્નમાં પોતાના પિતાને નીચ ગતિ પ્રાપ્ત થયેલી જોઈ. પોતાના નગર નજીક રહેતા, ત્રિકાળ જ્ઞાની પર્વતઋષિના આશ્રમમાં જઈ, રાજાએ સ્વપ્નની વાત કહી. ઋષિએ કહ્યું: હે રાજા, તારા પિતાએ વિષયાસક્ત થઈ પોતાની બે પત્નીમાંથી એક પત્નીના દ્વેષને લીધે બીજીના ઋતુકાલનો નાશ કર્યો. તે પાપથી તારા પિતાનું પતન થયું છે. તેમના મોક્ષ માટે આપ્યા કુટુંબે એકાદશીનું વ્રત કરવું અને એ વ્રતનું પુણ્ય તારા પિતાને અર્પણ કરવું. રાજાના કુટુંબે એ પ્રમાણે કર્યું. તેથી તેના મૃત પિતાને મોક્ષ મતિ પ્રાપ્ત થઈ. આ એકાદશીનું વ્રત મોક્ષ આપનાર છે તેથી તેનું નામ મોક્ષદા એકાદશી પડ્યું છે. આ દિવસે તુલસીપુષ્પથી વિષ્ણુનું પૂજન કરાય છે. આ એકાદશી અતિ પવિત્ર મનાય છે. તે વૈષ્ણવ એકાદશી પણ કહેવાય છે. કુરુક્ષેત્રના મેદાન ઉપર શ્રી કૃષ્ણે અર્જુનને આ દિવસે ઉપદેશ આપ્યો હતો.

મોક્ષદાતા [સં] વિ મોક્ષ આપનાર; મુક્તિ આપનાર; જન્મ મરણના બંધનથી મુક્ત કરાવનાર
કર્મ કરવાં અને કર્મ છોડવાં એ જ આર્ય સરખા જ મોક્ષદાતા છે. ગીતા રહસ્ય

મોક્ષદાત્રી [સ.] સ્ત્રી. નર્મદાનાં કબર માહેનું એક નામ

મોક્ષદાયક [સં] વિ. મોક્ષ આપનાર.
કર્મનો ત્યાગ અને સંન્યાસ બંને મોક્ષદાયક છે. અનાસક્તિ યોગ

મોક્ષદાયિકા જુઓ મોક્ષદાતા.

મોક્ષદાયી જુઓ મોક્ષદાતા.

મોક્ષદ્વાર ૧. [સં.] પું. શિવનાં કબર માહેનું એક નામ
૨. પું સૂર્યનાં બોતેરો માહે મા.હેનું એક નામ.
૩. ન. કાશીતીર્થ.
૪. ન. મોક્ષ મેળવવાનું દ્વાર.

મોક્ષપતિ [સં.] પું સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક તાલ. તેમા ૧૬ ગુરુ, ૩૨ લઘુ અને ૬૪ દ્રુત માત્રાઓ હોય છે.

મોક્ષપત્રિકા [સં.] સ્ત્રી. મુક્તિપત્રિકા, ક્ષમા કે છૂટકારો આપનારો કાગળ
પાપના ઘડાયો એક મોટરી મોક્ષપત્રિકાઓ વેચવા આવ્યા. મહાદેવ દેસાઈ

મોક્ષપદ ૧. [સં.] ન. નિર્વાણ; મુક્તિ; મોક્ષ.
૨. ન. મોક્ષનું સ્થાન.

મોક્ષપદાર્થ [સં.] પું. (જૈન) કલેશ તથા વાસનાઓથી નિવૃત્ત થઈ જાવરણ રહિત એવા સુખરૂપ આત્માનુ અલોકાકાશમાં સૌથી ઉપર અવસ્થાન; ધર્માધર્મના બળથી સંસારસમુદ્રમા નિમગ્ન જીવોના ધર્માધર્મનો તત્ત્વજ્ઞાનથી નાશ થાય ત્યારે જળતુંબિકા ન્યાયે જે અલોકાકાશમા ઊર્ધ્વગમન નિરંતર થાય છે તે.

મોક્ષપદારૂઢ [સં.] વિ. ઉત્તમ અવસ્થાએ પહોંચેલું

મોક્ષપરિષદ સ્ત્રી. બૌદ્ધ સાધુઓની સભા

ભોજ મુકામે બૌદ્ધ **મોક્ષપરિષદ**. ત્યાંનો મુખ્ય તેને બોલાવે છે. કેશવ કબીર

મોક્ષપુરી [સં] સ્ત્રી. મુક્તિ અપાવનારી નગરી. અયોધ્યા, મથુરા, હરદ્વાર, કાશી, કાંચીપુરમ, ઉજ્જયિની અને દ્વારકાપુરી એ સાત મોક્ષપુરી કહેવાય છે.

મોક્ષપુરુષાર્થ [સં.] પુ. ચાર મોટામાં મોટો પુરુષાર્થ. તેમાં એક રાજયોગ (યોગરાજ), એક વિદ્યા (બ્રહ્મવિદ્યા), એક કળા (સમાધિ) એટલાનો સમાવેશ થાય છે.

મોક્ષપ્રદ [સં.] વિ. મોક્ષ આપનાર

મોક્ષપ્રદા [સં.] વિ. મોક્ષ આપનારી; મુક્તિ આપનારી

મોક્ષપ્રાપ્તિ [સં] સ્ત્રી. મોક્ષ મેળવવો તે

કર્મનો સિદ્ધાન્ત સ્વીકાર્યા બાદ **મોક્ષપ્રાપ્તિ** અશક્ય છે. પુરાતત્ત્વ

મોક્ષબારી સ્ત્રી મુક્તિનો માર્ગ; જન્મમરણ ટાળવાનો રસ્તો.

કથી બૂઝશે તે મુઓ **મોક્ષબારી**. સ્વામી

મોક્ષમાર્ગ [સં] પું. સર્વ કર્મથી રહિત થઈ શાશ્વત સુખ પામવાનો રસ્તો. જૈનધર્મમાં મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહેલ છે. વૈષ્ણવ ધર્મગ્રંથોમાં કહેલ છે કે, સત્ ચિત્ આનંદમય હોવું એ આત્માનું લક્ષણ છે. પદાર્થ જે અવસ્થામાં હોય તેને તે અવસ્થામાં જાણો તેનું નામ સત્. જૈનશાસ્ત્રોમાં સત્ શબ્દ માટે પારિભાષિક શબ્દ સમ્યગ્દર્શન છે. ચિત્ માટે સમ્યગ્જ્ઞાન શબ્દ છે અને આનંદનું નામ ચારિત્ર છે. જીવ નામનો પદાર્થ તે સમય છે. જ્યારે જીવ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરનારી અંદરની જ્ઞાનશક્તિનો ઉદય થાય, સર્વ પરદ્રવ્યોથી છૂટી, સ્વજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિત મૂર્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકરસપણે લીન થઈ પ્રવૃત્તિ કરે છે ત્યારે દર્શનજ્ઞાન ચારિત્રમાં નિશ્ચિત થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપ એવા જ પ્રમાણે જાણતો તથા પરિણમતો એવો તે સ્વસમય એમ શ્રદ્ધા કરવામાં આવે છે. અને મોક્ષમાર્ગ કહ્યો છે. સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારનું જ્ઞાન છે અસ્તિકિંચિત્ કાર્યક છે, એવું જાણવું તેને દર્શન કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ તત્ત્વાર્થસૂત્રનું આ પહેલું સૂત્ર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર એ મોક્ષના માર્ગ છે. સામાન્યજ્ઞાનને દર્શન કહે છે. અસ્તિ કિંચિત્ કાર્યક છે એવું આપણને જ્ઞાન થાય છે, પછી તે જ્ઞાન કર્મ જીવનું હો, આત્માનું હો, પરમાત્માનું હો, ગમે તેનું હો સંસારનાં સાધનો પૈકીનું કોઈ જીવન ઘડતર કર્મ. આપણે વિચારીએ છીએ કે, કાર્યક છે. આનું નામ સામાન્ય જ્ઞાન. પછી આપણે તે બીજાને બોધ તે બીજ શું છે, કેવી રીતે કેમની છે, એ બધી બાબતનો ખરાખર નિર્ણય કરીએ છીએ. આનું નામ વિશેષ જ્ઞાન આ જ્ઞાન આત્મા ઉપરે ઉતરીએ. આત્મા કોઈ બીજું છે એવું જ્ઞાન કરવું તેનું નામ દર્શન અથવા સામાન્ય જ્ઞાન પણ આ આત્મા અનંત જ્ઞાન દર્શન, ચારિત્રનો માલિક છે, સચ્ચિદાનંદમય છે. સિદ્ધ રવરૂપી, અરૂપી, અભેદ્ય, નિરંજન નિરાકાર સ્વરૂપ છે એ બધું જાણવું તે વિશેષજ્ઞાન કહેવાય છે. ગ્રંથકાર કહે છે કે: તત્ત્વનો વિચાર કરવો તે બુદ્ધિનું ફળ છે. જીવતત્ત્વને છવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ બતાવ્યાં છે. એમાં કેટલા હેય એટલે ત્યાગવા લાયક, કેટલા જ્ઞેય એટલે જાણવા લાયક અને કેટલા ઉપાદેય એટલે આદરવા લાયક છે એ બધી બાબતોનું જ્ઞાન કરવું, તેમાં બુદ્ધિ લગાડવી તેનું નામ વિશેષ જ્ઞાન છે. સંસારમાં નાના પ્રકારના મનુષ્ય હોય છે. કેટલાક એવા હોય છે કે જે વિશેષજ્ઞ હોય છે. જાણે સમજે છે, પરંતુ કરવામાં સમર્થ નથી બનતા. તેઓ સમજે છે કે, આત્મચિંતન કરવું જોઈએઃ યમ, નિયમ, યોગ, સમાધિ, સ્વાધ્યાય, પઠનપાઠન, તપશ્ચર્યા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે આત્માના હિતની બાબતો છે, તે જરૂર કરવી જોઈએ. પણ તે તે કરતા નથી. કેટલાક બોલો કરવાને સમર્થ હોય છે, પણ જાણતા નથી હોતા કે, શું કરવું, કેમ કરવું, શા માટે કરવું ? યોગ્ય વિધિ શું છે ? તત્ત્વોને જાણનાર અને તે કરવાને સમર્થ હોય એવા મનુષ્ય સંસારમાં ઓછા કમ હોય છે. તત્ત્વોનું જાણપણું પણ હોય અને તે કરવાને સમર્થપણું પણ હોય એ બંને ભળ્યા હોય ત્યારે મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાન અને ક્રિયા બંને દોરાથી મોક્ષ થાય છે એકલા જ્ઞાનથી કાર્ય થતું નથી, એકલી ક્રિયાનો કાંઈ અર્થ નથી. એ બંને સાથે હોવા જોઈએ

મોક્ષમાર્ગી વિ. મોક્ષને રસ્તે જનાર

મોક્ષમાર્ગ પું મોક્ષનો રસ્તો. મોક્ષમાર્ગ.

મોક્ષમાર્ગ [સં.] પું. જૈનો વડે મોક્ષ પ્રાપ્ત કરી શકે તેનો સિદ્ધાંત.

મોક્ષમાંકુ વિ. મોક્ષ ઇચ્છનાર

દાન કર્મ જુદાં જુદા કો છે **મોક્ષમાંકુઓ** નાનાલાલ

મોક્ષવિદ્યા [સં] સ્ત્રી મુક્તિ આપનારી વિદ્યા.

અદ્વૈતના પૂર્વપુરુષમાંથી આત્મોપિની **મોક્ષવિદ્યા** ઉદ્ભવ થઈ આગમન

૨. સ્ત્રી. વેદાન્તશાસ્ત્ર.

મોક્ષવિનય પું. (જૈન) વિનયના પાંચ મહેનો એક પ્રકાર

જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવી જોઈએ નાના પ્રકારની પૂજા, પાઠ, જપ, તપ, યમ, નિયમ, સંયમ, મત્ત, સામાયિક, પ્રત્યાખ્યાન આદિ ધર્મ સાધન કરવા માટે દેવ, ગુરુ, ધર્મનો વિનય કરવો. આપણા આત્મકલ્યાણ માટે જે વિનય કરવામાં આવે તેનું નામ છે **મોક્ષવિનય** તે સર્વથી મોટો છે, આદરણીય છે, સાચો વિનય આ જ છે. પોતાના મોક્ષ માટે, કર્મો ક્ષય કરવા માટે કરેલિયા કરવી. દેવ, ગુરુ અને ધર્મનો જેટલો વિનય કરવામાં આવે તે ઓછો વિદ્યાવિજયજી

મોક્ષશિલા વિ. સ્ત્રી. (જૈન) મોક્ષનું સ્થળ. જૈન લોકોની માન્યતા છે કે સિદ્ધપુરીમાં આવેલ મોક્ષશિલા નામના સ્થળે જાનિથી જેમનારને મોક્ષ મળે છે

૨. સ્ત્રી. સ્વર્ગ.

મોક્ષસંઘ [સં] પું. મુક્તિ અપાવનાર મંડળી.

આજે ત્યારે અણહતૂનીઘરને મેળે. લોખંડ લોઢું સહમુક્ત, બળતું એના **મોક્ષસંઘમાં** કે કરતું આર્યાવર્તના તીર્થતીર્થ. નાનાલાલ

મોક્ષસંન્યાસ યોગ [સં.] પું. જે નામનો ગીતાનો અઢારમો અધ્યાય. દર્શન્ય સર્વ કર્મો કરી વિશ્વના આદિ કારણ જે પરમેશ્વર તેને જાણે તે અર્પણ કર્મોથી કર્મબંધનમાંથી મરી મોક્ષ મળે છે એવું વિવરણ આ અધ્યાયમાં આપેલું હોવાથી તેને મોક્ષસંન્યાસ યોગ કહ્યો છે.

મોક્ષસિદ્ધિ [સં.] સ્ત્રી મોક્ષરૂપી પ્રાપ્ત થતી સિદ્ધિ.

જુદા જુદા દર્શનો જુદા જુદા પ્રકારના જ્ઞાનથી **મોક્ષસિદ્ધિ** સમજાવે છે. ગુ. સા. પરિષદ

મોક્ષસુખ [સં] ન મોક્ષનું સુખ; નિર્વાણશાંતિ; સંસારમાંથી મુક્ત થવા પછીનું સુખ; પરમશાંતિ. જ્ઞાન માર્ગોપાસિ સ્પષ્ટ અક્ષરસ્વરૂપમાં જોડાય તે મોક્ષસુખને પામે છે સર્વ શાસ્ત્રોમાં મોક્ષસુખ જ સર્વોત્તમ માનવામાં આવ્યું છે

મોક્ષસ્થાન [સં મોક્ષ (નિર્વાણ) + સ્થાન (જગ્યા)] ન (જૈન) મુક્તિશિલા ઉપર જે સ્થળે મુક્તમાન જીવ સ્થિત થાય તે સ્થળ.

મુખ્યમાન છત્ર મેરુના નિમ્ન સ્થાન ઉપર ઝબતું અતિથી જ ભય છે. પછન તથી નહિ કેમકે, તે દેવેન્દ્રની આજ્ઞા - ૫.૫.૫૧ મોક્ષસ્થાનમાં ઉત્પન્ન થાય છે. બીજા પણ આજ્ઞાપાલક નહિ
તત્ત્વાર્થસૂત્ર

મોક્ષદ્વા [સં] સ્ત્રી. તમાકુનાં ઝાડનાં માથેનું એક નામ

મોક્ષા [સં] સ્ત્રી મોક્ષપદ શુદ્ધ ચિદ્વિલાસ, મોક્ષના

મોક્ષાકાંક્ષા [સં.] સ્ત્રી. સોપાધિકતાનો અભાવ પણ પામની શક્તિ સાથ પૂરી કરવાનું સ્થળ.

મોક્ષાકાંક્ષા [સં.] પું. કાંક્ષાનો; છૂટકારાનો ભાવ.

મોક્ષાનંદ [સં.] પું મોક્ષસુખ; પુનર્જન્મ, અક્ષયપદનું સુખ; મોક્ષનો આનંદ.

મોક્ષાભિમુખ [સં.] વિ મોક્ષગામી; મોક્ષની વાંછનાવાળું. જીવ બે પ્રકારના છે. કેટલાક મોક્ષાભિમુખ અને કેટલાક અસાભિમુખ હોય છે

અર્હા કેવા વિશિષ્ટ આત્માઓની જ કર્મે નિર્જરાનો ક્રમ વિચારણામાં આવ્યો છે તે વિશિષ્ટ આત્માઓ એટલે મોક્ષાભિમુખ આત્માઓ.
તત્ત્વાર્થસૂત્ર

મોક્ષાભિમુખતા [સં.] સ્ત્રી. મોક્ષગામીપણું, મોક્ષની ઇચ્છા રાખવી તે.

ખરી મોક્ષાભિમુખતા સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી થઇ ગણાય છે અને ક્ષિત-સર્વજ્ઞ અવસ્થામાં પૂરી થઇ ગણાય છે.
તત્ત્વાર્થસૂત્ર

મોક્ષાભિલાષી [સં. મોક્ષાભિલાષિન્] વિ. મોક્ષ ઇચ્છનાર

મોક્ષાર્થી [સં.] વિ. મુમુક્ષુ. મોક્ષની ઇચ્છાવાળું. મોક્ષ મેળવવા ઇચ્છુક. જે પુરુષ પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખી સંવિત્ આત્મ કોરી સ્વરૂપ છે તે જ સ્વર્ગનો કે જગતનો અધિકારી બને છે. તે જ મોક્ષાર્થી કે ખુદાની પિછાન કરનારો બની શકે છે

મોક્ષિત વિ. છોડાવેલું, મુક્ત

મોક્ષિષ્ણુ [સં] વિ મોક્ષની ઇચ્છાવાળું.

મોક્ષોન્મુખ [સં] વિ. મોક્ષ મેળવવા આતુર.

કારણકે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતા મોક્ષોન્મુખ થઈ જાય છે.
પુરુષાર્થ

મોખ ૧. પું. અવાજ.

૨. પું. ઇચ્છા; હેતુ. વિચાર.

૩ પું. કારણ.

૪. પું. તમા; સ્પૃહા; લાલસા.

૫. પું. તમાકુનો વાંસ.

૬ પું. મોક્ષ; મુક્તિ.

મારામાં નથી મોખ મજાર. વેરાગ્યબુનિ

૭ પું ગમ, તાલ, અનુકૂળતા; તક; સમય; મેળ ; જુઓ પ્રયત્ન

૧ માન આપવા = અનુકૂળતા મળવી. લાગ હાથ. પ્રયત્ન મેળવવો

૨. મોખ ખાવા = તક ગુમાવી

૩ મોખ પારખો = (૧) કોઠાણે પડે તેમ કરવું; કામ કે ઉદ્યમે વળગાડવું. (૨) સમયક કરવા

૪. મોખ સાધવો = (૧) તકનો લાભ લેવો. મોકામાં ને મોકામા કરવું. (૨) લાગ જોઈવો.

બોહરાઓ, વાલિયા વગેરેએ તેમનો ઉપદેશ ઉપાડી ત્યારે મુસલમાન ધર્મ સ્વીકાર્યો. તેઓ **ઓમીન** કહેવાય છે
૩. સ્ત્રી. મુસલમાન વણકરની બેક જ્ઞાત.
૪. ન. બે નામની જ્ઞાતિનું માણસ.
૫ વિ. ધર્મ.નદાર; વિશ્વ.સ ધરાવનાર.
૬. વિ. બે નામની જ્ઞાતિનું.

આમીબાતી ન. બીબબ્યા જરેસું કાચનું પોપું બ ની.

ઓમૂહ વિ મદ; સુસ્ત; બીબુ; ચેતન વિનાનું.
જન્મ દિવસથી સાત દિવસ સુધી બાલનિષ્ક્રમણ જન્મ કુબ્બને લીધે પ્રાણી મદ **ઓમૂહ** સ્થિતિમાં રહે છે.
પુરાતત્ત્વ

ઓમેળા કું. ક ન બ.મેળાપ, મોં મેળ.પ; મરતી વખતનો ઈબ્લ્લો મેળ.પ થવો તે.

આય સ્ત્રી બેકદમ ઓબ્બા બાત વગેરે રાખવાને પકડીને બંદોબસ્તી જેવું સાધન કરે છે તે

ઓયડી (ઓયડી) સ્ત્રી. ઢોરના મોં ઉપર આવીને રહે અને બાધવાનો દોરડા વગેરેના બાળો; બીબબુ; ઓયડો. ઢોરને બાધવાની મોટાના ઝબિયાવાળી દોરી; મોરી; મોરડી.

ઓયડું (ઓયડુ) વિ વજનમા હલકું હોય તેવું.
આ ખોખરું **ઓયડું** છે તે તેને વિખરાવ.
કંસારાની પારસી

ઓયઠો (ઓયઠો) ૧. પું. બીજા જુવારીમાં મોં ઉપર થતી ફોલ્લી

૨. પું. પશુને મોઢે આવવાનું ચાંદિયું. જુઓ ઓયડી.

ઓયડે ઓળી, ચોકડે ચિત્ર,
પસાયુ પાય રમા પાય સમળ

ઓયણ ૧. ન. ઓણ. અહુ જ થોડા પ્રમાણમાં ફોરા લોટને પાવાનું ઘી કે તેલ.

૨. [સં. મુખ] ન. (વહાણનું) વહાણની છાની

ઓયણો પું. એક પ્રકારનું ઝાડ

ઓયર્ડું ન. ઓઢવાનો લાંબો ટુકડો. જુઓ ઓઢાર.

અતિમસ્તુ ઓયરામા આવ્યા, આમાજી કન્યા પમરાવો રે. લોકગીત

ઓયલું ૧. [સં. મુખ] વિ આગળના ભાગનું

એ મ.ય પોતાનો ઓયલો પગ ઊંચો કરીને લારી સામો જોઈ જમીન ખોતરી. મેઘાણી

૨. વિ. આગળનું; અગાઉનું; પહેલાંનું; જૂના વખતનું; જૂનું; પ્રાચીનનું; અસલનું

૩. વિ. મૂએલું; મરી ગયેલું.

પરીક્ષિત તે મુનિના ગળામાં એક ઓયલો સર્પ નાખવાની ચેષ્ટા કરી ચાલી ગયો હરિકૃષ્ણ દવે

ઓયવો પું એક જાતનું દીવાસળી બનાવવામાં વપરાતું ઝાડ

ઓયસર સ્ત્રી. પતિથી કંટાળેલી અથવા વૈધવ્યને લઈ એકલ જિંદગીથી કંટાળી ત્રાસી ગયેલી મંદિરમાં આવેલી સ્ત્રીઓનો સમૂહ. દક્ષિણના મંદિરોમાં આવી સ્ત્રીઓના સમૂહ જોવામાં આવે છે.

ઓર્યું ન. ભૂંગળાનું ઊંટોણી જેવું બનાવેલું સાધન.

ઓયા ૧. પું. પાણી તથા કાદવનો ઝરો.

આગળના જમીનમુખીઓમાંથી પાણીના ને કાદવના ઝરા તેને ત્યાં ઓયા કહે છે. વિજ્ઞાનવિહાર

૨. સ્ત્રી. અહીર તથા કાઠીની એ નામની એક અટક

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું

ઓયુ અ. નામને અંતે માંગણીની ભાવનાવાળું એમ અર્થ બતાવતો અનુગ. જેમકે, ઘરઓયુ.

ઓયે અ. માફક; જેવું. જેમ

ઓર ૧. પું. આંબા, આંબલી વગેરે ઝાડોને આવતાં નાનાં ફૂલોનો ઝુમખ; આંબા, આમલી વગેરેના ફૂલમંજરી; વલ્લરી, મંજરિ

ઓર રહ્યા છે મમમથી ત્યાં આવી રહ્યા છે મણ રત્નદાસ

ઓર આવવો = (૧) ઝાડમાં ફૂલમંજરી થવી. (૨) ઝોક આવવો, આગળ નમવું.

૨. [ફા.] પું ઊનનું, એક જાતનું જાડું

૩. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; મયૂર. તે ૨૭ માત્રા છંદનો એક ભેદ છે. તેમાં ૫૨ લઘુ અને ૨૨ ગુરુ મળી ૬૧ માત્રા હોય છે

૪ પું. એક જાતનું તંતુવાદ્ય. અરબીમાં સેને તાઉસ કહે છે.

૫. પું (પિંગળ) એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે મોદનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં સોળ ગુરુ અને બત્રીસ લઘુ મળી અડતાલીસ વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.

૬. પું. (વહાણવટું) ખૂરાની ઉપરનો સાંધી ઉપરનો કેવાં જેવો ઘોડેસો ટોચનો ભાગ; 'દુક'.

૭ પું. ચેડૂતમાં બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે થતી એક જાતની ક્રિયા.

મોર પાચો = નવા અવતરેલ બાળકને પહેલી હોળીને દિવસે આલાનો મોર પાણીની વાટકોમાં ઘોળી મોઢે અડાડવો.

૮. પું. ઘોડાના માથાનો એક શણગાર.

૯ પું. તરવારનો પાછળનો ભાગ; તલવારનો ધાર કાઢેલી બાજુની બીજી તરફનો ભાગ

૧૦. પું. નખ; વાળી; વેસર, હીરા, માણેક, મોતી, નીલમ વગેરે જડિત નખનો આકાર હોઈ વાર મોર જેવો હોય છે તેથી તેને મોર કહે છે.

નથી નારી નાસિકાનો મોર,
ન્હોય બુધ્ધા ચિત્તનો ચોર. પ્રેમાનંદ

૧૧. પું. નીલમની શોભા અને પ્રકાશ. તે મોરનાં પીંછાની સમાન હોય છે.

૧૨. પું. ખરડાનો વચલો ભાગ; ખરડાના બે માંહેનો કોઈ એક ભાગ

વાસળા મોર ચોળે માતી રે. મેઘાણી

૧૩. [હિ.] પું. બળ; વેગ.

૧૪. [સં. મયૂર] પું. સુંદર રંગદાર પાંખો પીંછાવાળું એક મોટું પંખી; શિખાધર; શિખાવલ; મયૂર; બર્હિણપુર; ભુજંગભુજ; કલાપી; બર્હિણ; કેકી; બર્હી; શિખી; મેઘનાદાનુયાયી; કેકનો નર; મોરલો; મોરચિંગ; કળધર; નીલકંઠ અમાઉના વખતમાં મોર પક્ષી સિવાય દુનિયાના કોઈ પક્ષ આગમાં ન હતું. અલેકઝાંડર અને તેના સૈનિકો હિંદમાં આ પક્ષી જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અલેકઝાંડરના સમય પછી ઈરાન માર્ગે મોરની હિંદુસ્તાનમાંથી નિકાસ થતી હતી. રોમન લોકો તો એ ઉપર મરી ફીટતા હતા અને તેની બહુ કીમત આપતા. મોર એ એક જાતનું મોટું અને વજનમાં ભારે પક્ષી છે. બધા પક્ષીમાં તે દેખાવડું છે. તેનો કેશ લીલો, સહેજ કાળો અને ઘોડે ઘોળો તથા રાતો હોય છે. તેનાં પીછાંનો જરબો લાંબો હોય છે. મોઢાથી પીછાં સુધી તે ગળું લાંબો હોય છે તેની પાંખ ઉપર ચળકતાં ગોળ ટપકાં હોય છે તેને આંદલા કહે છે. તેના મોઢા ઉપર ચોવીસ પીંછાં મળીને બનેલ સુંદર તોરો હોય છે. તેની માદાને ઢેલ કહે છે તેને મોર જેવાં પીંછાં હોતાં નથી. ઢેલ ચોમાસામાં દર વખતે છ સાત ઈંડાં મૂકે છે. મોરના બચ્ચાનો રંગ બિલકુલ બદામી હોય છે પીંછાની વયમાં હૃદયના આકારનો ચટકો હોય છે. વનપક્ષી તરીકે મોર હિંદુસ્તાન અને સિલોનમાં જ જોવામાં આવે છે.

નીલકંઠ કેરી અસલી શિખી સિખડી હોય,
રવિચંદ્રકલાકેકન અહિમક્ષી, મોર કલાપી સોય.
પિંગળપ્રકાશ

૧. મોર પીંછે રળિયામણો = એક નૂર આદમી, હજાર નૂર કપડાં; હજારેલો બાવળ પણ હોજે.

૨. મોર મોરનું કહેવું-સાંભળવું = હૃદયની આરપાર બાણ જેવા શબ્દો કહેવા; કાળજું કાપી નાખે તેવાં ચેલુ કહેવાં.

૩. મોરનાં ઈંડાં = વારસામાં સંસ્કાર લઈ જન્મનાર માણસ.

૪. મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે = કાબેલને કાબો કેમનો પડે નહિ; માબાપને તરત શીખવવું પડે નહિ; વાંદરાને કૂદતાં શીખવવું પડે નહિ; જન્મજ સંસ્કાર જન્મથી જ આવે.

૧૫. પું. સેનાની આગળી હાર.

મોર મારવો = (૧) દાવ છતવો; હરેક મેળવવી; વિજયી થવું. (૨) ન્યાલ થવું; કૃતાર્થ થવું; પાર પડવું (૩) પરાક્રમ કરવું; બહાદરી કામ કરવું.

૧૬. પું. સોનાનો સિક્કો.

૧૭. સ્ત્રી મુખમુદ્રા; ચહેરાનો દેખાવ.

૧૮. સ્ત્રી. લેઉઆ કણબી, અહીર, પીંજરા અને મુસલમાનની એ નામની એક અટક

૧૯. ન. એ નામની અટકનું માણસ

૨૦. [હિ.] સ. સર્વ.

૨૧ વિ. એ નામની અટકનું.

૨૨. વિ નરમ; નમ્ર

મોર મોર થઈ રહેવું = સંપૂર્ણ નમ્ર થવું.

૨૩. અ આગળ; પહેલાં; આગળથી.

૨૪. અ. અગાડી. પ્રથમ, પ્રારંભમાં.

૨૫. અ આગળ; પૂર્વે; મોખરે.

મોર કરવું = (૧) આગળ કરવું. (૨) આગળના બે પગે ઊંચું કરવું

૨૬. અ. સન્મુખ; પાસે.

મોરકસ [કા મુદ્રાક્ષ] પું ચૂનો ઉપર જરી ભરવાનું કામ કરનાર મજૂર.

મોરકાંઠો પું. દરિયા કિનારાની જમીન.

મોરકૂદો પુ. નાશ; વધ.
તેમનો બનેવાર મોરકૂદો બાળવો એવું જયસિંહના મનમા હતુ. મારી સિમાસત

મોરખ ૧. પું ઐતિહાસિક પુસ્તક લખનાર મનુષ્ય
૨. સ્ત્રી. ભોંયતળિયે પથરવાની ગાઢ લાલની જાદી

મોરખરી સ્ત્રી. દરિયા કિનારાની જમીન.

મોરખાઈ ૧. સ્ત્રી. ચોર અથવા લુટારાને પકડાવી આપવા માટે આપવામાં આવતું ઈનામ.
૨. સ્ત્રી. ઢોર વગેરે ચોરેલો માલ પાછો અપાવવા બદલ આપવામાં આવતી દલાલી.

મોરખાયો ૧. પું. ચોરલૂંટારાને પકડાવી આપનાર પુરુષ
૨. પું. મોરખાઈ ખાનાર માણસ.

મોરગ [સં મયૂરક] ન મોરનાં પીછાંનું પાથરણું

મોરચંગ ન. (સંગીત) દાંતની વચ્ચે રાખીને વગાડવાનું એક લાતનું વાજું; મોહાલિયુ, મોરના આકારનું વાજું. ચમ.
સવાર, સરોદ। સારની સહી મંડળ મોરચંગ.
નિષ્કુળાનંદ

મોરચંગધારી જિ. મોરચંગ વગાડનાર.
આમણ સોના છડીએ ચોપદારો ને બે પડખે છત્રચમરધારીઓને મોરચંગધારીઓ હોંકતા હોય છે.
નાનાલાલ

મોરચંદક પું. મોરના પીછમાંનો આડકો.
મોરચંદક ઝલ્યો મુગટ મસ્તક વખો,
દમો દલી આવિયા અર્ધ રજની.
નરસિંહ

મોરચંદ જુઓ મોરચંગ.

મોરચંદ્રિકા જુઓ મોરચંદક.

મોરચાબંધ ૧. જિ. મોરચો બાંધેલો હોય તેવું; મોરચો ઓઢીને રહેલું; તટબંદીવાળું; મોરચો બાંધેલુ.
૨. ન. મોરચા સાચે.

મોરચાલ ૧ [કા.] સ્ત્રી. ખાઈ
૨. સ્ત્રી. મોરની ગતિ.

મોરચાલની ગત સ્ત્રી. નૃત્યમાં ગતિ કરવાના મુખ્ય સોળ માંહેનો એક પ્રકાર. આ ગતને મયૂરકલાની ગત કે રકસે તાલીસની ગત પણ કહે છે. આ ગત કરવાની રીત એવી છે કે: સભાના મેદાનમા બે હાથથી પેસારાજના લેવા ઉપાડી પેસરાજની મોરની કલા સમાન આકૃતિ કરી ડાબી જમણી બાજુ ચક્કર ફરી નૃત્ય કરવુ.

મોરચાંચ પું. સોનું ગાળવાનો સોનીનો સંચો

મોરચી ૧. સ્ત્રી. અપચો; કાચ, ઊલટીના રોગ, ' કોલેરા '
૨. સ્ત્રી મરડી, ' પ્લેગ '
૩. સ્ત્રી નુસ્ખો, માંડવી

મોરચો ૧. પું જડીસા ઉપર ચણેલો મેલ.
કોને સોંપો જો મોરચા,
ઘર સામટ કુણ સુકિઅ. સામળ
૨. પું. કિલ્લાની અંદરથી બહુ કોતરાવું ; ખાકરો.
૩. પું. કિલ્લાની ખાઈ
૪. પું. કોટ અથવા બુરજ ઉપર જ્યાં તોપો ગોઠવવામાં આવે છે તે.
૫. પું. નિશાન.
૬ પું. મુખ્ય સ્થાન.
૭. [કા. મોચાડ] પુ. લશ્કરની તટબંધી; શત્રુને બનેલર જવાબ દેવા તે માટે સૈનાના આગ્રા ભાગમાં કરેલી ગોઠવણ; શત્રુનો હલ્લો ઝીલી તેને મહાત કરવા તેના મોખરા પર કરવામાં આવતી ખૂબરચના; શત્રુને હરાવવા અને બરાબર નિશાન સાધે એવા રીતે કિલ્લાના અથવા મેદાનના જીંચા ભાગમા તોપો ગોઠવા બાબતની એકક્રમ તૈયારી કરવી તે; જૂઓ.
૧. મોરચો છતવો-તોડવો-ભાગવો = (૧) પહેલી હરોળમાં ગંભાવું પાછું. (૨) વિજયી થવુ
૨. મોરચો પાડવો-માંડવો = (૧) ઉત્સાહ અને ઊમમથી પોતાના કાર્યમા આગળ વધવુ. (૨) મોરચા પર હાજર રહેવું. (૩) લડતાં લડતાં આગળ વધવુ.
૩. મોરચો બાંધવો = (૧) બાઈ ખોદવી. (૨) લડાઈ માટે તૈયારી કરવી.
૪. મોરચો મારવો = (૧) મોરચાનું કામ કરવુ. (૨) ઘર છતવો; શત્રુને પાછો પાડી હરાવવો; શત્રુના મોરચાને તોડી પાડવો. (૩) મુખ્ય અથવનુ કાર્ય સાધી લેવુ; કોઈક મેળવવી.
૫. મોરચો માંડવો = સામે આવીને પડવુ; લડવાને સામા ઊભા રહેવું
૬. મોરચો લેવો = સામા થઈ યુદ્ધ કરવુ
૭. તેણે શો મોરચો માર્યો ? = તેણે શુ મોરચાબંધ કામ કર્યું ?
૮ પું. શહેરના કોટનો દરવાજો; ગોપુરનું પગથું.
૯. પું. સૈનાનો આગલો ભાગ

મોરછત્રી ૧. [કિ] પું. માખીઓ દૂર કરવા માટે મોરપીંછની બનાવેલી સાવરણી.
૨. પું. મોરનાં પીંછાંનો પંખો

મોરછલી ૧. પુ. મોરછલ ઢોલનાર માણસ.
૨. સ્ત્રી. એક જાતનુ સુગંધી દ્રવ્ય; બોરસલી.

મોરછા ૧. સ્ત્રી. મુખમુદ્રા, ચહેરાનો દેખાવ.
૨. સ્ત્રી. મૂર્છા; બેહોશી
રજમજિયે બાણી વારતા તબ પડી મોરછા બાઈ ૨.
પ્રેમાનંદ

મોરછાપ ૧. સ્ત્રી. પલ્લા, ઢોહો
૨. સ્ત્રી હુકમ, આજ્ઞા; ફરમાન.

મોરટ ૧. [સં] ન. અંકોટ પુષ્પ
૨. ન અંકોટ વૃક્ષ
૩. ન. પ્રસવની સાતમી રાત્રિ પછીનું દૂધ; ખીર
૪. ન. રોંગ્રીનું મૂળ.

મોરટક ૧. [સં.] પું મોટ ઘોડ.
૨. જુઓ મોરટ.

મોરટા સ્ત્રી. દુર્ગા. એક જાતનુ ઘાસ.

મોરઠ (મોરઠ) ૧. ન ખારી જમીનમાં ઊગતો એક જાતનો છોડ.
૨. ન. કૂપી વગેરેનુ ભાંજિયું; તળીને બનાવવામાં આવતો એક ખાદ્ય પદાર્થ
૩. ન. મોરસ; ખાંડ

મોરડી (મોરડી) ૧. સ્ત્રી. મજૂરી; કેળ.
૨. સ્ત્રી. મોની દોરડી; ગોવડી; પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું.
૩. ન. એક જાતનું ઘાસ તેમાંથી રવાઈનો રેડ બને છે

મોરડું (મોરડું) ન. વસ્ત્રાદિનું ઢીંચણથી નીચેનું સાધન.

મોરડો (મોરડો) પું. પશુને મોઢે બાંધવાનું દોરડું, દોરડાનું ગાળિયું.
ત્યારે કનકજડિત મુખ મોરડો ઉરમાંહ્ય ઝબ્યો જામ. પ્રેમાનંદ

મોરડોંડવું ન એક પ્રકારની વનસ્પતિ. તે કચ્છમાં થાય છે. તે ઔષધીય ઝાડ છે. તેના ઝાડવામાંથી અને ડાલખાંથી બરાબ્ય ઘાસ નીકળે છે.

મોરણ ૧ સ્ત્રી એક જાતની ઘાસ.
મેણી મોરણની પણ આજ જમવા જેવા છે.
નિષ્કુળાનંદ
૨. ન. દેવતા સળગાવવા માટે અંગારા ઉપર નાખવામાં આવતો ઝાણાનો ભૂકો.
મોરણ મૂકવો = દેવતા સળગાવવો.

મોરણી [હિ. મોરની] સ્ત્રી. ટેલ. મોરની માદા

મારની કલગી ગાને પાખા જુઓ તા મોરણી
ટેવરીની તેવી નથી સમાલનવમેપ્રકાશ

મોરણીઉં ન. ખેતીનું એક જાતનું ઓજાર

મોરતબ્બ [અ. મુરત્તબ] વિ. સુવ્યવસ્થિત; સારી વ્યવસ્થાવાળું

મોરનાઉસ ન. મોરના આકારનું જાનું તાર અધિલ વાદ્ય.

મોરથાપ્પુ ન. એક જાતનું ઘાસ.

મોરથી અ. પહેલેથી; આગળથી, અગાઉથી

આપા ! જઈને કહેજો રે,
તમો નરના નરને,
પાણી મોરથી પીયુ રે,
પછે પૂછો તું ઘરને. નિષ્કુળાનંદ

મોરથુથુ ન. એક જેરી ઔષધ; તાંબાનો લીલા રંગનો જેરી ક્ષાર; હરિતાશ્મ; તુત્થ. તેના આકારની રંગના કટકા આવે છે. મોરથુથુ ઊલટી કરાવવા માટે બહુ ઉપયોગી છે. આંખના રોગમાં તથા ચીકીના વિષ ઉપર મોરથુથુ દવામાં વપરાય છે. કૃમિ, અતિસાર, રક્તાતિસાર અને સંગ્રહણીની અંદર પણ મોરથુથુ ઉપયોગી છે. મરકિણી ઓના તેમ જ સુવાવડી ઓના ઉદર વ્યાધિમાં મોરથુથુ અપાય છે. વાતવ્યાધિ, અપસ્માર, હિસ્ટીરિયા તથા મગજની નબળાઈ ઉપર પણ તે વપરાય છે. બહાર ઘાગાકટમાં મોરથુથાનો બહો ઉપયોગ થાય છે. આંખના રોગમાં મોરથુથુ ઉત્તમ છે. આ સિવાય મોરથુથુ ચામડીના રોગની અંદર પણ વપરાય છે. તેનો મુખ્ય રત્નજન ઘોડાને લીધે બસ, બરજવું, કાદર વગેરેમાં જ્યારે કોઈ ઘાસ કચડાયતો હોય ત્યારે ચોમ્મ પડવું સારું મોરથુથુની યોજના કરવામાં આવે છે મુખપાકની અંદર મોરથુથુનાં પાણીના કોગળા કરવા પણ ઉપકારક છે.

મોરદાર પું. પતિ; ધણી

મોરદિદાર પુ મોરનું દર્શન.

સખિ ! કહુવામા છવનું મોંધા મોરદિદાર.
ન નાકાલ

મોરધજ પું એક જાતનો કાડિયાવાડી ઘોડો

મોરધ્વજ સ. એક પૌરાણિક રાજાનું નામ તે બહુ જ પ્રસિદ્ધ ભક્ત હતો. તેની પરીક્ષા લેવાને માટે શ્રીકૃષ્ણ અને અર્જુન તેને ત્યા ગયા હતા શ્રીકૃષ્ણની વાત માનીને તે રાજા પોતાને માથે કરવત મુકાવવા તૈયાર થયો હતો

મોરધ્વનિ પું મોરનો અવાજ; કેકારવ.

મોરન [હિ.] ન. શ્રીખંડ. દહીંની એક જાતની મીઠી બનાવટ.

મોરની ૧. સ્ત્રી ખીલી
૨. [હિ.] સ્ત્રી. ટેલ; મોરની માદા.

મોરપગલાં ન. ન. ન. દ્વારની આંગળીઓની મદદથી દોરા કે કાંગરીની બનાવાની મોરના પગલાં જેવી આકૃતિ

મોરપગલું ૧. ન. કાકપદ; કંસપદ; જુની ગયેલા શબ્દની જગા બતાવનાર ચિહ્ન; રહી ગયું છે એમ બતાવતું ચિહ્ન; ^.
૨. ન. મોરના પગલા જેવો આકાર.

મોરપગું ૧ વિ. અપશુકનિયું. નડતાં પગલાનું
મોરપગીને સંધાણી તેના
જેમા ઘોરા ન્યાય નવ લોજે. નરસૈંયરામ
૨ વિ. મોરના જેવા પગવાળ

મોરપઢો પું. મોરના આકારનું માથાનું એક જાતનું ઘરેણું

મોરપંખ ૧. ન એક જાતનું સુંદર પાનવાળું ઝાડ.
૨. ન. મોરનું પીંછું; મોરપીંછ.

મોરપંખી ૧. પું એક જાતનો બહુ સુંદર, ઘેરો અથવા ચમકદાર નીલો રંગ. તે મોરના પીંછાને મળતો આવે છે
૨. પુ. એક જાતનો ગોળાનો ઝોડ. તેને ધોળ. કુલ આવે છે.
૩. સ્ત્રી. મલખમની એક જાતની કસરત. તે બહુ સ્ફૂર્તિથી કરાય છે. તેમાં પગને પાછળી બાજુથી ઉપાડીને મોરપંખી જેવા આકૃતિ બનાવાય છે.
૪. સ્ત્રી. મોરના આકારની હોડી.
૫. વિ. મોરપંખીના રંગનું; ઘેરા ચમકદાર નીલું.

મોરપાઉં ૧ ન. એક જાતનું ઘાસ.
૨. જુઓ મોર પગલું ૧

મોરપાણી [હિ.] સ્ત્રી મોરનાં આંસુ જેવી ઝાક.

મોરપાંખી પું. બે થી છ ઇંચ લાંબો જીવતો એક જાતનો છોડ

મોરપાંચ [હિ.] પું. ઘોડા રાખવી વહાણોમાં રસોડાના મેજ ઉપર ઊભો જડેલો લોઢાનો સળિયો તેમ, માલના મોટા મોટા ટુકડા લટકાવવામાં આવે છે

મોરપીંછ ન. મોરનું પીંછું. શિખંડ; પિચ્છ; અહીં મોરપીંછના ગાદલાનો ખૂબ ચાલ છે તેના પીંછની ગાદી દવામાં વપરાય છે. તેમાંથી નકામું નીકળે છે જે ઘાને ખાતી રહે છે. ઠેકડો ઊલટી, સર્પદંશ ઉપર મોરપીંછ વપરાય છે

મોરપૂતળી સ્ત્રી. અમદાવાદી ત્રિનખાબની એક જાત

મોરપૂંછાળી સ્ત્રી જૈન સાધુઓ રાખે છે તે પૂજણી; રજોહરણ

મોરફીઝ [અં.] ન. અફીણનું સત્ત્વ.
પણ દરદોરો કે દરદિને ઊંઘ ન આવતી
હોય તેને મોરફીઝ અથવા એવી બીજી
ઊંઘ લાવનારી દવાઓના ઇન્જેક્શન આપે છે.
છવનું વનસ્પતિરાજ્ય

મોરફીન ન એક જાતનો ઝેરી પદાર્થ

મોરબેર વિ. જુદી મોર કે છાપવાળું; જુદી જાતનું

મોરબુટ્ટી સ્ત્રી. મોરની જુદી ઘરાવનાર, બીજો મોરનું એક જાતનું રેશમી કપડું; મોરના જુદાપાણી રેશમી સાડી.

મોરબ્બા પું. મિસરી રેશનું એક જાતનું વાજિંત્ર.

મોરબ્બો પું. મરબ્બો; આસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક.

મોરમ સ્ત્રી. કાચી કપચી; પથ્થરનો કપચી જેવો ભૂકો થઈ જાય તેવો પદાર્થ. રસ્તા; સડક ઉપર નાખવાની ઝીણી કાંકરી.
મોરમ પાથરવી = સડક ઉપર કાંકરી પાથરી તે પર ધૂળ નાખવી.

મોરમુકુટ ૧. પું. મોરની કલગી
૨. પું. મોરપીંછાંનો બનાવેલ મુગટ. તે શ્રીકૃષ્ણ પહેરતા હતા

મોરમુગટ જુઓ મોરમુકુટ

મોરમુગટધર પું. મોરપીંછનો મુગટ ધરનાર શ્રીકૃષ્ણ
સ્મર નૃપના અમર રૂપ કેરા
કુસુમ કરી વનમાળી હે !
મોરમુગટધર ! મોરલીવાલ
પલમાં ! વેણી વાળિયે
ગીતગોવિંદ

મોરમોર ૧. સ્ત્રી એ નામની સોરઠની એક રમતઃ આંબો
૨. સ્ત્રી. ખોદેલામાં મકતાજ આગીને ભૂકો થઈ જાય તેવું.
ઉ ૦ ઓમાં ધાસતાં છોકરું મોર્મ થઈ જાય એમ

મોરય સ. અગાઉ; પહેલાં; આગળ; અગે

મોરયેલી જુઓ મરવેલ.

મોરલિયો પું. મોર; એક જાતનું પંખી; કલાપી ચિત્રપી; મયૂર
ત્રિવિ ચિત્રપે મોરલિયા ટહુકે પ્રમાણુને મચૂર
સંકલિત

મોરલી ૧. સ્ત્રી. જુઓ મોરની માદા.

૨. સ્ત્રી. વેરને અર્પણ કરાયેલી અને દેવસ્થાનમાં સેવા ને નાચ કરવા રહેલી કન્યા. દક્ષિણમાં તુળજાપુરીમાં આવી મોરલીઓ હતી

૩. સ્ત્રી બંસી; મુરલી, વામણી. બિહારી કહે છે કે:

એ બંસીના વાદ્યને નિજ ઓષ્ઠ સૂત્ર અર્પી હતાં, એમા પતંજલિએ પધારી યોગસૂત્ર પૂર્યાં હતાં, ત્યાં બ્યાસના વેદાન્તસૂત્રો બીજ રૂપે વિચર્યાં, ત્યા વૈખરી સાથે પરા પશ્યતી વાણી મધ્યમા. એ બંસીમા પ્રતીક સ્વરૂપે વિષ્ણુ લક્ષ્મી રહે છે, એ બંસીમાં પ્રભુ સ્વરૂપે સચ્ચિદાનંદ રે' છે, શાંતિ દેતા પૂરણ પૂરતી અક્ષરી ગાનારી, ગાંધી માર્ગ જગની કરતી એક અદ્વૈતવાદે.

૧. મોરલી ઝોકવી = મોરલી વગાડવી.

૨. મોરલી પર નાચવું = બીજો કહે તેમ કરવું.

૩. મોરલી બજાવવી = ખૂબમા ફૂંકોને રાખવું; રસોઈ કરવી; આવનું કરવું.

મોરલીધર પું. શ્રીકૃષ્ણ; મોરલીમનોહર; બંસીધર. તે મોરલી ધારણ કરતા હતા.

મોરલીમનોહર જુઓ મોરલીધર.

મોરલીમુખ વિ. મોરલીના અવાજથી મોહ પામેલું

એક બિ. સ્ત્રી. પતિ ઉપર મોરલીમુખ સર્પનો જેમ આખી સભા ડોલી રહી હતી.

જયસિંહસૂરિ

મોરલો ૧. [સં. મયૂર] પું. કેડીઆની પીઠ ઉપર અને બાજુ ઉપરાવળી સીધી કરેલી નાકરી.

૨. પું. મયૂર; મોર; શિખી; કલાપી; મોરલિયો. જુઓ મોર.

મનનો માનેલ મહાન મોરલો કલાપી સત.

ન્હોનાલાલ

મોરવણ ૧. ન. અખરામણ; મેળવણ; દૂધને જમાવવા માટે તેમાં દહીં, છાશ વગરે જે આટો પદાર્થ મેળવવો પડે છે તે; અખરણ

૨. ન. તરત સળગે તેવું કોલસુ

૩. ન દેવના સળગાવવા માટે છાણાંનો જે ભૂકો મૂકવામાં આવે છે તે; છાણાંનો ભોર.

૪. ન. મોજુ.

૫ વિ ઝાઝુ પાણી ભરાઈ ન રહે અને ઝટ સુકાઈ જાય એવું

મોરવરણું વિ. મોરના જેવા નીલા રંગનું.

મોરવવું ૧. સ. ક્રિ. આખરવું; મેળવવું; દૂધ જમાવવું

૨. સ. ક્રિ. ટોચ ઉપરથી છોલી નાખવું.

૩. સ. ક્રિ. મોજુ નાખી નરમ કરવું

મોરવા [હિ.] પું. મોર.

મોરવાહ ૧ સ્ત્રી. જમીનની એક જાત જે ઝાડી અગર ઝૂરી જમીનમાં ચોમાસાના પાણી જલદી પચી જતા ન હોય અને સૂક્ષ્મ કણની જેમ પાણી ઉપર કૂદતાં રહેતા હોય એવી જમીન મોરવાહ કહેવાય છે. આ જમીનમાં પરાગ જલદી ન હોવાથી ચોમાસામા ખેતીના કામ થઈ શકતાં નથી. જુવાર, કપાસ, વટાણા અને દિવેલાના પાક માટે તે સારી જમીન ગણાય છે. બાકી જમીન બાગાયત માટે લાયક નથી.

૨. વિ સ્વાદમાં ખારું

મોરવાયું જુઓ મોરવાયો.

મોરવાયો ૧. પું ઘોડિયાની દાંડીના છેડા જેમા રહે છે અને જેના ઉપર ચકલી, મોર કે પોપટનું રમકડું ભેરવાયેલ છે તે દરેક ભાગ.

૨. પું. ટોચનો ભાગ.

૩. પું. નકામી ઊંચી આવેલ ગોઠની બીજ.

મોરવાયું અ. ક્રિ. ઉપર ઉપરથી તૂટી જવું; કપાવું.

મોરવાણી સ્ત્રી. મોરના કાનનો અને જાતનો ઝમીનો.

મોરવી સ્ત્રી. એક જાતનું મોરની ગરદનના રંગનું કાપડ.

ચંદ્રકાન્તને મોરવી રંગે રંગિયાઈના ઘેરદાર પ્રેમાનંદ

મોરવીછી પું. એક જાતનો જાડુ જેવી ચીંથરી

મોરવું ૧. અ. ક્રિ. અઢોરવું; ઝાડને મોર આવવો; આંબા, આમલી વગેરે ઝાડને નાનાં નાનાં ફૂલનો ઝાલ આવવો; ફૂલવું. પુષ્પિત થવું; ફૂલ કે મોર આવ્યો હોય તેવી હાલતમાં આવવું

૨. અ. ક્રિ. ચીંટાવું

૩. સ. ક્રિ. ઘેડાનો ઝાલ તોડી નાખવો; ઉપરથી જરા કાપી લેવું; ઝાલવું; મોરવું

મારા ઓજા બગારિમા રે ચિત્તડા મોરસોમા, મારે આલે વસ્તના ઘ્હાલ મોરવા મોરસોમા.

બિહારી

૪ સ. ક્રિ. દહીંને વલોવીને માખણ કાઢવું

૫. સ. ક્રિ. ઝાડમાંને સહેજ છોલવું.

૬. સ. ક્રિ. સમારવું; સુધારવું; મોગવું; કાપવું.

મોરવેલ સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; દવાના કામમા આવતી એક જાતની વેલ. તેને સફેદ ફૂલ આવે છે. તેના વેલા લાંબા લાંબા વધે છે અને તે ઊંચા ઝાડ ઉપર ચડે છે. નવ નવ પાનના ગોળાની પેઠે નવ પાન ભેગા આવેલા હોય છે. તે ચોમાસામાં જંગલમા પોતાની મેળે ઉત્પન્ન થાય છે મોરની કંઠ જેવા સુંદર રંગબેરંગી ફૂલોથી સુશોભિત આ વેલ આયુર્વેદની ઘણી મહત્વની વનસ્પતિ છે પુરાણની આ વેલ ચરક મહર્ષિ અને અષ્ટવર્ગીય દવાં મળી આવીસ દવાને મદદગાર કોર્ષ આયુર્વેદને પાને અતિ પ્રશંસા પામેલી છે વહનાગની જાતિમા પેટા જાતની આ વેલને અનેક વિદ્વાનો ઝેરી માને છે તો કોઈ માનવ જાતને તેના ઝેરની અસર થતી નથી એમ માને છે, બકરાને અને કેટલા પ્રાણીઓને જ આ વેલનુ ઝેર નડે છે, આ વહનાગની જાત કોઈ પણ યે માનવ કે જનરીમા પાચનની શક્તિ બહારની નથી અને પ્રમાણમાં લેવાથી તનુ ઝેર ચડતું નથી. નાના પ્રાણીઓ ઉપર તેની ઝેરી અસર થાય છે. મોરવેલનાં પાનનો રસ અદ્ભુત રસ સાથે આપવાથી કલાક પડતા જતા શરીરમાં પાછી ગરમી તુરત જ આવે છે અને નાડી પાછી પહેલી વખતે આ પ્રયોગ અતિ ચમત્કારિક નીવડે છે. મોરવેલના પાનનો તાજો રસ કડવર, બસ અને ઝરજવા ઉપર ચોપડવાની પણ વૈદ્યો ભલામણ કરે છે.

મોરશિખા [સં. મયૂરશિખા] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. વેલના જેમ તે ઊંચી વધે છે. તે ઉપર મોરની શિખા જેવા તોરા આવે છે. તે દવાના કામમા આવે છે. તેનાં પાન કોકણમાં ભાજી તરીકે વપરાય છે. તે પિત્તહર અને કફહર છે તથા પથરી અને અતિસાર મટાડે છે

મોરશિંગ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મરડાશિંગી

મોરસ ૧. સ્ત્રી. એક જાતની શેરડી. તેની કાતળા પકવતા માટે છે. તે રંગે પોળી હોય છે. તેમાંથી ખાંડ પણ બનાવાય છે.

૨. સ્ત્રી. દરિયા કિનારે થતી એક જાતની વનસ્પતિ; એક જાતની ભાજી. તેની ડાળખીથી તેલ નીકળે છે. તે ઊંટની પીઠ ઉપરના ચાંદા પર ચોપડાય છે. તેનાં પાન દુખતી આંખ ઉપર બંધાય છે. તેનાં પાન ગળી જેવાં પણ મોટાં હોય છે. તેના મોંઢા, કેળાં વગેરે બનાવાય છે

૩. સ્ત્રી. દાણાદાર ખાંડ.

મોરસકાંદા પું. જંગલી કુમળા જેવો કંદ. તે કાચા અને પેટપીડ ઉપર વપરાય છે.

મોરસડુ ન. પાણી ભરવા માટે માથે મુકાતું ઠીબડું

મોરસલી સ્ત્રી જોરસલી નામની એક સુગંધી વનસ્પતિ

ઓરસો પું. ખેતીની જમીનનો ટેકરી જેવો ભાગ; ખેડાણમા હાથ પડતી ટેકરી.

ઓરહલ્લ પું. એક વનસ્પતિનું ઝાડ. ન આસામ, મિનાગોસ અને બ્રહ્મદેશમાં થાય છે. તેના થડમાંથી ચીમડો, રાળ જેવો રસ ઝરે છે. તે સ્વચ્છ અજવાળા રંગનો દ્રવ્ય છે. તેમાંથી અત્તર બાષ્પરૂપમાં આવે છે. તેને દિવસમા ચૂમો કરે વિદ્વાનોની ધાર્મિક ક્રિયામાં તે વપરાય છે.

ઓરંગ ૧. પું. નેપાળ દેશનો પૂર્વભાગ. તે કૌશિકી નદીની પૂર્વે નરહ જે સંસ્કૃત ગ્રંથોમા આ ભાગને કિરાતદેશ કહેલ છે

૨ પું. માથેના મેંયાની વચમાની જગ્યા.

ઓરઘી ન. કલગી વગરનુ મરડ પક્ષી

ઓરાખી ૧. પું. તાજનો સાક્ષી

૨. પું. ખાતમીદાર; મારાપી

૩. વિ. ગુનેગારને સોપી કહનાર

૪. વિ. ચારમાર્ગને સલાહીને કહેલુ.

ઓરાગ પું. અભિપ્રાય; મત

ઓરાઢી પું એક પ્રકારનો ઝોબો તેનું મૂળ વીછી તેમ જ સર્પના ઝેર પર ઔષધપ્રયોગમાં આવે છે.

ઓરાણી વિ. મુખ્ય; મોરનું, પ્રધાન.

ઓરાદ સ્ત્રી. ઉમ્મર; મુરાદ.

ઓરાપી જુઓ ઓરાખી.

ઓરાપુ ૧. પું. ગુનો પકડી આપનાર મુખ્ય માણસ; સરકાર તરફથી મારી મેળવી પોતાના ગુનેગાર સાથીઓનો ગુનો બહેર કરનારો માણસ.

૨. ન. ઉનામ; બક્ષિસ

૩. ન. ઓરાયેલ વસ્તુ અથવા ગુનાનો પત્તા મેળવી આપવા માટે અપાતી બદલાની રકમ

૪. વિ. આગળ આવી વાત કરી છે એવુ. આગળ વધીને બોલે એવુ

ઓરાપો પું. વજારે બાર ઉપડવા માટે માથા ઉપર રખવાનો ગુમડાનો વીંટા

ઓરાયો ૧. પું. આગળ પડે તેવો માણસ; દોળાનું નાળિયેર.

૨. પું. ખેતર પટેલ; ખગજબગીથી અગ્રેસર બની ભેટેલ માણસ.

ઓરાર ૧ [સં. મુરારિ] પું મુર નામના રાક્ષસને મારનાર શ્રીકૃષ્ણ ભગવાન.

૨. પું. વિષ્ણુ.

ઓરારિ ૧. પું વિષ્ણુ.

૨. પું. સોળમા સૈકાનો ગુજરાતનો એ નામનો એક કવિ, મુરારિ.

ઓરાલિયો પું. કાઠિયાવાડી ઘોડાની એક જાત

ઓરાવું ૧ સ ક્રિ ઓષ્ઠ થવુ, દીવું થવુ

૨ સ ક્રિ કપાવુ, અરવું; વપરાવુ

ઓરિ સ્ત્રી. અમરદિ, સામે જોવાની ક્રિયા.

ઓરિક્ષા સ્ત્રી. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલા એક વિદુષી સ્ત્રી.

ઓરિજા [હિ] સ્ત્રી વ.બ.ટી બનાવેલી વિમાનની ઉપરની બીજી બાજુ

ઓરિયુ ૧ ન. અજાણતા ઝાડ ઉપરનું આજા આજા ઓગળી નાનું ગૂમડું

૨ ન એક જાતની પાપડી ઓકારું અડવાને ઓરિયું બધાનો વલ્લિકાવતાર

૩ ન ખાતમી. છુપી હકીકત.

ઓરિયો ૧ પું ઓર્વવંશી પુરુષ.

૨. પું. સામા જેવુ એક અણખેડયું ખાબ્બ, સામા જેવા એક જાતના અણખેડ જમીનમા પાકેલા રાયડા કે ચોખા તે કુદરતમાં વપરાય છે.

૩. પું. સાંકડા મોંની માટીનું વાસણ; નાનો ઘડો; દોનિયો

ઓરી ૧. સ્ત્રી કડવા કણબી, રજપૂત, મુસલમાન, બ્રાહ્મણ અને ખાટકી એ નામની એક અટક

૨. [હિ] સ્ત્રી. મેલું પાણી જવાની નીક, ખાળ; ગટર

૧. ઓરી છુટવી = ઇજ્જત આબરૂ ગુમાવવી

૨ ઓરીએ જવું = પેશાબ કરવા જવુ

૩. સ્ત્રી. ઓળખી, ઓળખ, નામ, નામને મોટે પાકી બાંધવાનું દોરડાનુ બનાવેલું ગાંઠિયુ તેનો છેડો બીજા સાથે બંધાય છે.

સવામણ સુવરનો ઝાકોર ઓરીકું મિલાવતો,
ઓગણે બાણીને આવ વાન્યો જે નરસંગરા.
લોકગી ૧

૪ સ્ત્રી. ઓર પક્ષીની માદા; ટેલ.

૫. સ્ત્રી. (વહાણવટું) વહાણનો એક ભાગ વહાણની પરિભાષા અનુસાર રચેલ દેશનું પહેલું વહાણ પહેલું ઓખાબંદરે આવેલું તે વખતનો વપરાતો સ્પેનિશ શબ્દ છે. મૂળ અર્થ વસ્તુ પકડવું થાય છે અને હાલ વહાણના એક ભાગ માટે વપરાય છે

૬. સ્ત્રી. વાર્ષિના ગ્રાંતમાં વિધવા ઓઓએ હાથમાં પહેરવાની સોનાની કડલી.

૭. સ્ત્રી. સાંભેલું, ખાંડવાનો ઝાડવાનો બનો.

૮. ન એ નામની અટકનુ માણસ.

૯ ન. માટી; માર

૧૦. વિ. એ નામની અટકનું

ઓરીઉં ન વિધવા ઓઓએ હાથમાં પહેરવાની સોનાનો નક્કર કડલી.

ઓરીંદર વિ અચૂક, ફેરફાર વગરનું; ચોક્કસ

ઓરીચંદ્ર પું. ચુમ રાજાઓનો મૌર્યવંશ

ઓરું ૧. ન કાગળ કે પાનું ચહેરા ઉપર પહેરી રાખવા તેનુ રેસેલું કે ચાતરેલું બારીક

૨ ન. ઝાડાના પૈડામાં ભરાવાનું એક સાધન; ઝાડના પૈડામ રખાતું લોઢાનું ગોળ ચારડું.

૩ ન ચિત્ર, છબી

૪ ન. ચૂનો પીસવાની ચક્કીનો એક ભાગ; કલાકના ફરવાથી ખૂટાને ઘસારો ન લાગે કે ફરી ન ઘસ તેટલા માટે ખૂટાને મથાળે લોટી ની ચકની બેસાડવામા, આવે છે તે

૫. ન ખાતનો રસ કરી ગમે તે આકાર કરવાનુ લોઢાનુ ચોકઠું; ઓડ.

૬. ન. નમૂનો.

૭ ન. મકોડા વિનરેજનું સોગઠું; ખાડુ.

૮. ન ઓઠું. ઓઠો

૯. ન રમખીય પ્રાણી; નર

૧૦. ન. ૩૫ ગુણ વગેરેમા સુંદર માણસ

૧૧. ન. સિવલિંગ ઉપર ચઢાવાતો મોઢાનો આકાર

૧૨ ન. આકા પોતાનું.

૧૩. વિ. આગળ પડતું; મોખરેનું; મોરનું.

ઓરૂઢું વિ. જાણીતું; જૂના વખતનું.

ઓરૂધ્ર (ઓરુધ્ર) ન. ન. ન. સૈંધવના મુદ્રીઓમાં આવ્યો ઓઢવું ન વસાવ માટે રાખવામાં આવતી લોઢાની બંગલીઓ. તેમા રૌંટિયો મહેલાઈથી કરે છે

ઓરૂસ [ઓ. વરસ (તેને વરસો બન્યો)] વિ. વડીલોપાર્જિત; વંશપરંપરાનું; વારસામાં મળેલ

ઓરૂસી જુઓ ઓરસ

ઓરે ૧. અ. આગળ, પહેલા.

૨. અ. પૂર્વે; અગાઉ, જૂના વખતમાં.
ઓરે બ્રહ્મ જે જે થયા. નિષ્કુળાનંદ

૩. ક્રિ. સાથે

ઓરેન [ઓ.] ન ખરડની નદીની વસાવેલ મકી અને પથ્થરનો જમાવ.

ઓરેય સ્ત્રી એક જાતની માછલી. તે ઉષ્ણ પ્રદેશના દરિયામા નજરે પડે છે

ઓરેરેપંદ પું (જરથોસ્તી) એ નામનો એક ઋિસ્તો

ઓરો ૧ પું (પ્રાકૃ) અરતાલુંની કડી.

૨ પું. એક જાતનું ઘરેણું કે ઝવેરાત.

૩. પું. મધેડાની ટોચે બાંધવાનું દોરડું.
૪. પું. ગળામાં હાંસલી નામની વસ્ત્ર કરવું તે.
૫. પુ. ઘસીને ચળકાટ આપવો તે.
૬. પું. ચહેરો.
૭. પું. જેનાથી ચળકાટ અપાય એવી વસ્તુ કે સાધન.
૮. પુ ડોકરી ઉપરની ખુલ્લી જગ્યા.
૯ પું તલવારનો ઘા
૧૦. પું. દંતૂશળ વડે કુમકો.
૧૧ પુ નગારે વગાડવાની એક રીત.
૧૨ પુ. ભારે અવજ્ઞા ખોટો દેખાવ; ડોળ
૧૩ પું. મુક્કાબાજીમાં શરીરાઘાતનું પગલું; કુસ્તીની શરીરાઘાતમાં અમલમાં ફેરવવું તે.
૧૪. પું. મોખરો; આગળનો ભાગ.
૧૫. પું. મોરચો.
મોરો કરવો = સામે થવું; હુમલો કરવો.
૧૬ પું. વહાણનું મોટું બનાવવા માટે પાણીના બંને છેડેથી પહોળો ખૂણો અને એમ જડવામાં આવતા સીધાં લાકડાં
૧૭ પુ વહાણનો આગળનો ભાગ.
૧૮. પું. સન્મુખ થવું તે.
મોરો જાંબવો = વખત વીતાડવો
૧૯. પું સાપના મોંમા રહેતો ઝેર ભરતી જેવો પદાર્થ. એમ કહેવાય છે કે તેમાં ઝેર ચૂસી લેવાની શક્તિ હોય છે. જળો જેમ લોહી ચૂસે છે તેમ એ કંખવાળા ભાગ ઉપર લગાડતાં તમામ ઝેર ચૂસી લે છે.

મોરોક્કો ૧. પું. એ નામનો આફ્રિકનો એક દેશ
૨. ન. બકરાની ચામડીમાંથી બનાવવામા આવતું એક જાતનું ઊંચું ચામડું, તે આફ્રિકમાં મોરોક્કો દેશમાં મૂર લોકોએ પ્રથમ બનાવ્યું હતું.

મોરોવેઠાર જ. મોથી ઊંચા સુધી.

મોર્ગો પું. એક જાતનો ભારમાસી છોડ. કોંકણ તરફ જંગલમાં તે ઊગે છે. તે બહુ સુંદર દેખાય છે.

મોર્ચો જી. ઊધઈ, એક જાતની કીડી.

મોર્ટિન ન. એક જાતની કોઈ વસ્તુ; ઓશિંગ

મોર્સકોડ [અં.] પું. તાર મોકલવાની રીતનો એક પ્રકાર.

મોલ ૧. પું. કરસણ; તૂલ; કસણ.
૨. પું. કેટલાક ગામનો જથ્થો.
૩. [હિ] પું. ખરીદી
૧ મોલ દેવું = વેચવું દેવું.
૨. મોલ લેવુ = ખરીદવું; વેચાતું લેવુ.
૪. [સં. મુકુલ] પું. ખેતરમાં ઊભેલા અનાજના છોડ; લીલા પાક; ઊભો પાક; અનાજની વેરાશ.
પ્રભાતસમયના રસિયા લોક, તેમાર મોલ ઉપર ટીડ ઊતરે એમ લાહોરમા ઊતરી આવ્યા
રામનારાયણ પાઠક
મોલ ભેળવવા = વાવેલા ખેતરના ઊભા લીલા મોલમાં ઢોર ચરવા મૂકી દેવાં.
૫. [હિ.] પું. દુકાનદાર તરફથી વસ્તુની કીમત કાંઈક વધારીને કહેવી તે.
૬. પું. મહેલ; રાજમંદિર; પ્રાસાદ; હર્મ્ય.
૭. [સં. મુકુલ-મકુલ-મોલ અપ. મકુલિય]
પું. મુકુટ; મુગટ.
જટિલ શિર મોલ્લ સરપલ્લાં. વસ્તુપાલ
૮. પું. મૂલ્ય; કીમત.
૯. પું. રોજ; મજૂરીનો પગાર; વેતન.
૧૦. [અં.] જી. બજાર

મોલઅંશ પું. ખરીદેલો માલ.

મોલકરી પું. રોજિંદો મજૂર; કાંડિયું.

મોલડી (મોલડો) જી એક જાતનું ઘાસ.

મોલડું (મોલડું) ન. પખડી, માથાનો એક પોષાક

મોલતકારીફ જી. મુસલમાનોની પવિત્ર કથા

મોલતોલ પું. ભાવતાલ; કીમત આંકવી તે; કીમત નક્કી કરવી તે.

મોલદ ૧. [અ.] જી. આરબ બાપ અને મા હિંદની કોઈ અન્ય જાતિની એ તેનાથી જન્મેલી પ્રજા.
૨. વિ. આરબ બાપથી હિંદી ઓને ઉત્પન્ન થયેલું
૩. વિ. બીજા દેશનું પણ આરબસ્તાનમા જીવરેલું.

મોલમ જી. લાકડાની પટીમાં બાજ કરવાનું સુતારનું એક ઓજાર.

મોલમીન ન. ગર્માનું એ નામનું એક શહેર.

મોલવી ૧. [અ] પું. મુસલમાન વિદ્વાન; પંડિત.
૨. પું. મુસલમાની કાયદા પ્રમાણે ન્યાય આપનાર કુરાનની સારેદનું પ્રમાણ બતાવનાર ધાર્મિક પુરુષ; મૌલવી.
૩. જી. એ નામની મેમળની એક જાત.
૪. ન. એ નામની જાતનું માલવસ.
૫. વિ એ નામની જાતનું

મોલવીન ન. સાબનું લાકડું.

મોલવું ન. ક્રિ. ખોળવું; મસળવું.

મોલસેલ્લા પું. એક જાતનો જંતુ. તેને દુશ્મન નાખતા આમલિયા જેવો દેખાય છે. બધા તે ઢોર લાં વિહિલિહિ રહેતી હોવાનું મનાય છે.

મોલસરી જી એક જાતનું ઝાડ. તે રશિયા ચિંક અને ગર્મોના જંગલમા ઊગે છે. ઇમારતી કામ માટે તેના વપરાશ આવે છે.

મોલંડી પું. એક જાતનો પેરા દેશનો ઉંદર. મિલોનમાં તે ખુંદતા ઝાડનું સત્યાનાશ વાળે છે

મોલા જી સુવાના છોડમાં થતી જીવાત.

મોલાક પુ. શનિગ્રહ
કાર્યેજના લોકો શનિ નામના ગ્રહને મોલાક કહેતા. મ.સ્નાતકિયા

મોલાકાત જી મેળાપ; ભેટો.
તમારી સાથે મોલાકાત થાય
અમૃતલાલ ન.દવે

મોલાચો પુ ભાર ઊંચકવા માટે લૂગડાનો કરેલો મોટા તે માથા ઉપર મુકાય છે

મોલાત ૧ જી ખેતરનો ઊભો પાક; મ.સ.
૨ જી. મહેલ; રાજભવન; પ્રાસાદ.

મોલાયમ [અ] વિ. નરમ; કુમળું; સુંવ ળું; મુલાયમ

મોલાં ન.બ વ. ગામડાના જૂના વસ્તના કટકા. એમ કહેવાય છે કે, તેનો સ્પર્શ બને છે

મોલિ [સં. મૌલિ] પું મુગટ; મુકુટ

મોલિલ [અં. મોલિબ્ડમ] જી. સાબ જેવા દિવી પાર પર ઊગી બે જાતીઓની કઠણી ધાત.

મોલીચો જુઓ મોલાચો

મોલીડું (મોલાડું) ન. ફેંટો, પાઘડી; માથે પહેરવાનું એક સાધન.

મોલીદ પું. જન્મ; અવતાર; ઉદ્ભવ; ઉત્પત્તિ.

મોલીન ન. ચારસાબની ધાન્ય અથવા કાપવાનું સુતારનું ઓજાર

મોલું ન. જૂના વખતનું જમીનનું અમુક માપ.

મોલુદ [અ. વહદ (તેણે પોકાર્યું)] પું. પુત્ર; દીકરો

મોલુદશરીફ [અ.] ન. અમુક પ્રસંગે કુરાન શરીફનાં અમુક પ્રકરણ પઢવાની ક્રિયા.

મોલેટી (મોલેડી) ન. એક જાતનું ઘાસ, તેમથી ચશ્માંના રેર બને છે

મોલેરી જી એક જાતનું ઘાસ.

મોલેસલામ [અ. મવલા ય-ઇસલામ] પું. એક જાતનું મુસલમાન; રજપૂતમાંથી વટલીને બનેલ મુસલમાન
નવમી એકાદશી સુલમ અને ગાસથી જે રજપૂત, વટલ્યા તે મોલેસલામ કહેવાતી કહેવામા ગુ સા. પરિષદ

ઓલો ૧ પું. ઘડા ઉપર ઢાંકવાનું સાધન.
૨. પું. તગી; તોટો; ખોટ.
૩. પું. પાકને નુકસાન કરતું એક જાતનું જંતુ; વનસ્પતિ પર પડતો એક જીવ; વનસ્પતિનો એક રોગ.

ઓલો ચીનાર્ડ ન. એક જાતનું કાપડ.
ચીન જાતના કાપડને તે **ઓલ્ડ ચીનાર્ડ** નામથી ઓળખતો. પુરાતત્વ

ઓલ્ટ [અં.] ન. જવના બીરા કે આસવમાંથી બનતો પદાર્થ.

ઓલ્ડ [અં.] પું. બોકું; બીબું; ઢાળ.
હિંદુસ્તાનમાં સૌથી પહેલવહેલું ગુજરાતી છાપખાનું પ્રખ્યાત મોબેદ ફરદુનજી મર્ઝબાનજીએ પોતપોતાને હાથે જ ઢાર્યું. **ઓલ્ડ** વગેરે અસલાણ બનાવી ઈ. સ. ૧૮૨૨મા ઉભાડ્યું હતું. મુ. સા. પરિષદ

ઓલ્ડિંગ [અં.] ન. ઢાળો પાડવાનું કામ.
લેખો માટે ચારી રૂપે બોડાક વિષયો સૂચવીએ ત્યારે. છાપકળા, ફોટોગ્રાફી, લીથોગ્રાફી, **ઓલ્ડિંગ**, મોનોટાઇપ વગેરે. મુ. સા. પરિષદ

ઓલ્યુજિનેસી પું. એક જાતનો છોડ. તેનાં પાન સામસામાં, નાનાં અને ચકચટ્ટી હોય છે. તેનાં પુષ્પ સંયોગી, એકાકી કે કલગીમાં, મોટેભાગે નાનાં અને અરપટ્ટ હોય છે. ઉષ્ણકટિબંધમાં આ છોડ બહુ ઊગે છે.

ઓલ્લા [અ. મૌલા] પું. ધણી; માલિક.
મગર ઓલ્લા ખુદાઈમાં,અમુરો કોઈ બિ છે વા. કબીર

ઓલ્લું ન. બે આબૂએથી વગડે ઊગતી જાતનો એક છોડ; રાક્ષસ કે ભૂતને બોલાવતી વખતે જોરથી વગાડવામાં આવતું નગારું; ડાકલું.

ઓલ્લેદાર ૧. પું. મહોલ્લાની તપાસ કે ચોકી રાખનારો માણસ
૨. પું. મહોલ્લાનો પંચાયતદાર.
૩. વિ. મહોલ્લાવાળું.

ઓલ્લો ૧. [અ. મહલ્લા] પું. મહોલ્લો; ગામ અથવા શહેરના જુદા જુદા ભોકના વસવાટના જુદા જુદા ભાગ; શેરી; પોળ; ફળિયું; વાસ.
૨. પું. શેરડીના આકારનો ફટાકડો; એક જાતની આતશબાજી; પીવાની બીડીના આકારનો કામળાના દારૂથી ભરેલો ફોડવાનો ફટાકડો.

ઓવરક્લ્સ [અ. ઓવરક્લોધ્સ] પું. જેના તાબામા કામની સોંપણી કરી હોય તે માણસ.

ઓવર પું. ચુકાદો; ભોસરિયુ, ભોડે બાંધવાનું કપડું
મોટે ઓવર બાબા વણુ,
નવ ઓળખ્યાં રૂપ તે તણાં. સામળ

ઓવરી સ્ત્રી. ઓસરી.

ઓવરે અ. ઓખરે; આગળના ભાગમાં.

ઓવારો ૧. પું. તલવારનો સોનાનો કે રૂપાનો મૂઠ ઉપરનો નકશીવાળો ભાગ.
૨. પું. પખરખાંમાં કૂવાના ભાગમાં સપાટી ઉપર મુકવામાં આવતો લામડાનો ટકડો.

ઓવાઇ (ઓવાઇ) ૧. પું. આગલો ભાગ; અગ્રભાગ; ઓખરે.
૨. પું. ઘોડાને ઓઢા ઉપર પહેરવાનું એક ઘરેણું
૬૭ ઓવાઇમાં વિચિત્ર વિરાજિત મંગલ પ્રૌઢ મહીં ગણાં. વિષ્ણુદાસ
૩. અ. આગળ; ઓઢાના ભાગમાં.
૪. અ. સન્મુખ; બોં સામે.

ઓવરિયચ્છ (ઓવરિયચ્છ) સ્ત્રી. આગેવાન ભાતુ, સ્ત્રી અગ્રેસર.

ઓવરિયું (ઓવરિયું) ૧. વિ. આગેવાન હોય એવું; મુખ્ય; અગ્રેસર.
૨ વિ. ઓઢા તરફનું; આગળનું.

ઓવરી (ઓવરી) ૧. પું. અગ્રેસર; આગેવાન; અગ્રણી; મુખી; નાયક; સરદાર; મુખ્ય માણસ.
વેરાયાઈ પ્રથમ ચોરમાં ઓવરી. નિર્ગુણદાસ
૨. વિ. આગળનું; ઓખરાનું.

ઓવરીમંડળ (ઓવરીમડળ) ન. અગ્રણીઓનો સમૂહ.

ઓવરો (ઓવરો) પું. ઘોડાને ઓઢા ઉપર પહેરાવવાનું એક ઘરેણું.

ઓવલ્ટિન ન. બોટને તૈયી કરવાનું ઘી કે તેલ; લોટને કરમોવવાનું તેલ કે ઘી; ઓવલ્ટિન; ઓલ્ટિન; ઓલ્ટુ તે અથવા તે માટે વપરાતું ચીકટ.

ઓવન પું સાકરાની એક જાત; ઝાળું પોત.

ઓવલિયા ૧. સ્ત્રી. લેકિઆ કબુણીની એ નામની એક જાટક.
૨. ન. એ નામની જાટકનું માણસ.
૩. વિ. એ નામથી જાટકનું.

ઓવા ૧. પું. ઢોરના મોંમાં થતો એક જાતનો રોગ મુંકમર; ઓવાસો. આ રોગથી ઘણાં ઢોર મરી જાય છે.
૨. ન. એક જાતનું ઘાસ; ઓરવાળુ.

ઓવાવું અ. ક્રિ. ઓઢ પામવો.
પ્રેમદા પુષ્પ સરીખાં સમજે,
નીરખે મન ઓવાચ્ચે રે. દયારામ

ઓવાસ ૧. પું. જમીર.
૨. પું. મોંમા દુર્ગંધ આવે તથા ચાદી પડે તે રોગ.

ઓવાસી પું. જમીરદાર.

ઓવાસો પું. ઢોરના મોંમાં થતો એક જાતનો રોગ; ઓવા. આ રોગથી ઘણાં ઢોર મરી જાય છે. તેમાં ઢોરના મોંમાં, પગમા તથા આચળ ઉપર ચાદાં પડે છે. આ એક જાતનો ચેપી તાવ છે. ગંદકી, અશુદ્ધ પાણી અને હવા-ના ફેરફારથી તેનો ચેપ સારે થાય છે

ઓવાળ ૧. પું. આગલો ભાગ; મુખ; મુખભાગ. ઘરનું મુખ અથવા ઓવાળ જે દિશામાં હોય તે પ્રમાણે દિશા સમજવાની છે
૨. પું. ઘરના બે આડેને એક કકો.
૩. પું. ઘરવટ; ઘરોબો; મુવાળા; ખૂબ સ્નેહ; ઘાટો સબધ; દોસ્તી; મિત્રતા; મિત્રાચારી.

ઓવાળવું અ. ક્રિ. રોવું; કકળવું

ઓવાળો [રા. મ. (વાળ)] પું નવાળો; વાળ, કેશ; નિભાળો; ખાલ.
૧. ઓવાળ રેસમન્દીર બાપ નહિ = પીડી ઓલ્યે વર્ષ ન પલટે; સીદીઅર્ધ સો મણ સાલુએ ઘોયે પણ કાળા ને કાળા; કાયત જાત જાય નહિ.
૨. ઓવાળાનો શેરડો ન જાણે ને મારે નામ પગી = અકસ્માત અનિચ્છાએ; રોગ ન જાણે હોય હત્યમ, કરે વર્ષો વૈદકનાં ભણ.
૩. ઓવાળો ચીરવો = ઓખ્ખો અંતિમ ન્યાય આપવો.

ઓવું ૧. સ.ક્રિ. કાળ, કોળ, મગ વગેરે અનાજ સળે નહિ તે માટે તેને તેલ, દિવેલ કે એરંડિયું ચોપડવું
૨. સ ક્રિ. દુકાનને માટે જે ચોખા હોય તેને આગળથી કોઈક ધીથી ચોળવા. તેથી દુકાનદાર ચીકણો થતો નથી.
૩. સ ક્રિ. મકોવું; ઘી અથવા તેલથી આટો કરમોવવો; કરમોરવું; ચીકટવાળું કરવું.
૪. સ ક્રિ. મોઢ પમાડવો.
૫. સ ક્રિ. લોટમાં જરાક પાણી અથવા દૂધ નાખવું.
૬ સ. ક્રિ. હાથ દેવો; ચોળવું.

ઓશલો ૧. પું. ગમે તે કપડાંને ઈંઢોણી જેવું કરી ભાર ઉપાડવાનું સાધન; ભોમલો.
૨ પું નાનપણમાં છોકરીઓને માથે ઓઢવાનું કપડું; કૂચલી.
માથા ઉપરથી ઓસાલો ઊતરીને તો હવે ખૂંદી ઓઢાઈ ગઈ છે. ચૈતાણી

ઓશાયો પુ સૂપડીમા દાણા ઝાટકતા જે સાફ દાણો હેઠળ પડે તે.

મોષ ૧. [સં. મૃષ્ (ચોરવું)] પુ ચોર, લૂટારો.
૨. પું ચોરી, ખોટ ચોરાયેલી માલમિલકત
૩ પુ દગો દેવો તે.
૪. પું મોક્ષ
૫. પુ વધ, હત્યા.

મોષક [સં.] વું. ચોર; તસ્કર; ઐકાત્મારિક; દસ્યુ, અંતર પી, પરાકર્દિ, પટચ્ચર.
આમ નિલાગ થયો મર મોષક.
પ્રેમાનંદ

મોષણ ૧. [સં. મુષ્ (ચોરવું)] ન. ચોરી કરવી તે.
૨. ન. છેદવું તે; લૂટવું તે.
૩. ન. મારવું તે; વધ; નાશ.

મોષક વું. (પિંગળ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ચૂંટણા ઉપચાર છંદનો એક ભેદ છે તેમાં દશ ગુરુ અને અઠ્ઠાવીશ લઘુ મળી અડ્ડ્યોતેર વર્ણ અને એંશસો આઠ માત્રા હોય છે.

મોસ [સં. મૃષા] ન અસત્ય; જૂઠું.

મોસકું ન. પડખું; ચણતરના બાંધ પણ પડતા હોય તથા પડખાં પડતાં હોય ત્યાં મોટા આગળનો બાંધવાળો પરચ્યો
સગભગ અગી જ ઉપયોગિતા ભારીઓન.
મોસકાંબાં કરેલ નિકાળતી છે. કૃષ્ણવિષ્ણ
ખૂણા મોમડા વગરનું મણુતર = ખૂણે મોસકે ગૂંથણ માટે તથા મજબૂતાઈ માટે મોરસ પત્થર બાંધ્યાં વગરનું ચણતર.

મોસગ જ ઝબોળ્યા; મોહ સુધી.

મોસટી સ્ત્રી. એક પ્રકારનું ઘાસ. તે બીડ તથા વાડીઓમાં થાય છે. તેને વાઢીને સૂકવ્યા પછી દોરીને બનાવાય છે. આ બહુ દોર બહુ આપ છે

મોસણા ૧. વું હિસાબ; લેખું; ગણતરી; મેળ.
૨. વું. હિસાબ બતાવનારું પત્રક.

મોસબેકરી વું. હિસાબ કરનારો માણસ.

મોસમ ૧. [અ. મૌસિમ] સ્ત્રી. ઋતુ; રુત; સમો; અમુક પાક, ફાલ અને નવી ઉત્પત્તિ વગેરે થવા માટેનો યોગ્ય કે અનુકૂળ વખત.
૨. સ્ત્રી. (વહાણવટું) સારી એકસરખી ઋતુ

મોસમી વિ. જુદી જુદી ઋતુ કે મોસમ સબંધીનું; ઋતુનું; મોસમનું.

મોસમી પવન વું. ચોમાસાનો વર્ષાવાહી પવન

મોસર સ્ત્રી. ફૂટતી મૂછ; મૂછનો દોરો.
મોસર ફૂટવી = મૂછ ઊગતી દેખાવી; મૂછનો દોરો ફૂટવો.

મોસરાઈ જુનું ૧. ન. કિ. ઉપર ઉપરથી કપાઈ જવું.
૨. ન કિ. તેજ ઓછું થવું

મોસરિયું ન. બુકાની; નાકથી નીચે મોઢું અને બને કાન ઢંકાય તેમ બાંધેલું મોઢા ઉપરનું વસ્ત્ર

મોસરી સ્ત્રી પરચૂરણ સામાન રાખવાનું લાકડાનું સાધન.

મોસલ ૧ વું નવું. ' સમન્સ '
૨ વું દરબારત; અરજી
૩. [અ. મુદ્દઈસ્સલ (ઉપરાવનાર)] વું. લેણું ઉપરાવનાર, અગત્યનો માણસ.
૪. વું. લેણું અરજાઈ કરવા દેણદારને ઘેર બોલાવવામાં આવેલ માણસ તે લેણું વસૂલ થતાં સુધી તેનો પીછો છોડતો નથી.
૫ વું. અદાલતના હુકમથી તેડવા આવેલો અને તાકીદ કરનારો સિપાઈ; ' બેલિફ. '

મોસલધાર સ્ત્રી ઉપરાછાપરી ધારો રહેતા ચડતો દંડ વગેરે

મોસલી ૧. સ્ત્રી. મોસલના અર્થની રકમ.
૨. સ્ત્રી. લેખો રકમ મુદતે ન ભરાતાં સુધી લેવાની દંડની રકમ.

મોસલીમ વું. મુસલમાન.
હિંદુ મોસલીમ એક થઈને જય જય બોલો હિંદુસ્તાન. બાબુઆબાપા

મોસલો વું. માથા ઉપર બાંધવાનો કૂંચવી જેવો સૂતરાનો કટકો.

મોસંબી [?] સ્ત્રી. મોગ્રાસા તરફથી આવતી નારંગી; ખટમધુરા રસવાળું એક ફળનું ફળ. તેનું ઝાડ ૨૫ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે. તેનું વાનેતર પૂર્વ ને દક્ષિણ આફ્રિકામાં ખૂબ થાય છે. ત્યાં તેની ઉપજાતને મચ્યુમા કહે છે. તે દિવસમાં બનાં ફળો કરતાં વધારે રસદાર અને સહેજ ખાટાં પણ વધુ મીઠાશવાળાં અને બહુ સહેજતદાર હોય છે. તે પૌષ્ટિક, હાજમોલિજક, દીપક, પાચક, તૃષાશામક, શીતળ ને સારક હોય છે. બાંધ માટે તે અત્યંત પથ્ય છે. તેમાં એ, બી અને સી વિટામીનો છે. ફળ ઉપરની ખાલ સુકવી, સહેજ કડવી, પૌષ્ટિક, દીપક ને પાચક છે તેના તેલની અંદરથી સત્વ કાઢવામાં આવે છે તે વાયમા નાખવાનાં તેલ, સાબુઓ, ઘરમાં તથા બીજા પીણાંઓ, દવાઓ અને ફરસાણોમા પડે છે. તેની છાલનું મરબ્બત બનાવાય છે. મંદાગ્નિ વગેરે માટે વપરાય છે. મોસબીમાંથી ઘરમાં બનાવવામાં આવે છે.

મોસા વિ. હોકટ મૂજા; નમમુ
ઓલ્યા કૂટ કર્મે સિંધી મોસા. વિમલપ્રબંધ

મોસાર [સં. મુખસાર] જી (વહાણવટું) અણસારે ઊપર જડેલ ઢાંકણા માટેનાં મોગટાના ચાર પીઢિયાં.

મોસાળ [સં. માતૃશાલા] ન. માનું પિયેર; આજ્ઞ કે દાદાનું ઘર; મામાનું ઘર.
પ્રીત વણી મોસાળ, પ્રીત પણ અસુર પખાની.
સામળ
૧. મોસાળ જવું = હેદ ભોગવવી.
૨. મોસાળ વિવાહ ને મા પીરસણે = મોસાળે જમવું ને મા પીરસનારી પૂરેપૂરી ક્રાવડાં ભુગતાઈ.
૩. બીજ વાસા મોસાળ = મોટે ભાગે મામાના સ્વભાવને મળતું હોવું

મોસાળસાસરી સ્ત્રી. પતિ કે પત્નીનું મોસાળ.

મોસાળસાસરું જુઓ મોસાળસાસરી.

મોસાળિયું ન. મોસાળપક્ષનું માણસ.

મોસાણું ૧. ન. અવગણીને આગળે દાઢે જીને આગરે તથા તે દાઢે તેને પિયર જે ગીત ગવડાવે તે; મોસાળામા ગવાતા ગીત.
૨. ન. નાની મોટી વસ્તુઓનો અસ્તવ્યસ્ત સમૂહ.
૩ ન. બાપ તરફથી કે મામા તરફથી છોકરીને સીમંત વખતે અને છોકરીનાં છોકરાંને જનોઈ અને વિવાહ વખતે કરવામાં આવતી રીત, મોસાણ વગેરે બક્ષિસ; મોસાળ તરફથી શુભ પ્રસંગે મળતી બક્ષિસ, પોંખાણ વગેરે; બાળકોને દિવસે જીને પિયરથી સૂવાં વગેરેનો ગાંસ્કો કરવામાં આવે છે તે.
મોસાળું કરવું-ભરવું = સીમંત વખતે છોકરીને રીત આપવી કે તેનો વિધિ કરવો.
૪. ન. મોસાળ તરફની રીત કે બક્ષિસ કરતી વખતનું ગવાય
મોસાળું નીકળવું = મોસાળાનું સરબસ નીકળવું.

મોસિયાત જુઓ મસિયાઈ

મોસુજ્જું ન. એક બીજા એક બીજાનું મોઢું દેખી શકે તેવો સવાર સાંજનો વખત

મોસૂર ૧. [અ. મૌસૂર] વું. મોટા માણસને માટે અમલદારમાં કે સરકારી લખાણોમા વપરાતો શબ્દ.
૨. વિ. માનવંતું; સુપ્રસિદ્ધ.

મોસૂલ [અ વસલ (તેણે જોડવું)] વિ. જોડાયેલું.

મોસે ૧. [હિ.] સ. મને.
૨. સ. મારાથી.
૩. સ. મારી સાથે.

મોસૈયું જુઓ મોસ્રિયું.

મોસો પું. જૂઠું બોલવું તે.

મોસ્લેમ વિ. મુસલમાનનું; મુસલમાન સંબંધી.

મોહ ૧. પું. આનંદ; મુદ.

૨. પું આશ્ચર્ય; અચંભો.

૩. પું. ઇચ્છા; મનનું વલણ.

૪. પું. (પિંગળ) છે નામનો એક માત્રામેળ છંદ. તેમાં બત્રીસ લઘુ અને બત્રીસ ગુરુ મળી ૬૪ માત્રા હોય છે.

૫. પું. જે શક્તિથી સામાનું ચિત્ત તટસ્થ કે પરવશ થઈ રહે તે; કામણ, વશીકરણ.

મોહ જેવું = આકર્ષક કરવું

૬. પું. દુશ્મનને મૂર્ચ્છિત કરવાની એક વિદ્યા.

૭. પું. દુઃખ; વેદના.

૮. પું. દેહ વગેરે ઉપર આત્માનું અજ્ઞાનમાન.

૯. પું. ભય, દુઃખ, ગભરામણ કે અત્યંત ચિંતા વગેરેને કારણે ઉત્પન્ન થતી ચિત્તની વિકલતા.

૧૦. પું ભૂલ

૧૧ પું ભ્રાંતિ; ભ્રમ; અજ્ઞાન; અસમજ.

૧૨ પું. માયા; સંસાર ઉપરનો ગાઢ અનુરાગ.

૧૩ પું. મૂર્ખતા.

૧૪. પું. મૂર્છા; બેહોશી.

મોહ પામવો = મૂર્છા આવવી.

૧૫ પું. રૂપ, મુખ અને છટા વગેરેની રઢ લાગવી તે; રૂપ મુખ ઉપર ચિત્ત થઈ જવું તે; ચાહના થઈ જવું તે; પ્રેમાસક્તિ; આસક્તિ; પ્યાર; પ્રેમ; રાગ.

મોહ ઊપજવો-થવો-મોહમાં પડવું = (૧) આસક્ત થવું. (૨) લાગણી થવી.

૧૬. પું. વસ્તુના યથાર્થ સ્વરૂપથી ઊલટું જાણવું તે. ઈશોપનિષદમાં જણાવ્યા પ્રમાણે આત્મવત સર્વ પ્રાણીપદાર્થ જોનાર આત્મજ્ઞાનીને કહ્યો છે મોહ કે ક્લેશ હોતો નથી કેમકે, મોહ એટલે આત્મ અનાત્મની અજ્ઞાનતા કે ઊંધી સમજ. આ હું અને તે તે એવો ભેદભાવ જ ન રહેતા મોહરૂપી ભેદભેદનું અજ્ઞાન આત્મદર્શન થતાં આપોઆપ જ નષ્ટ થઈ જાય છે. મોહને માયાનો વિકાર કહેલો છે. ગીતા પંચામૃતમાં જણાવ્યા પ્રમાણે મોહ એ તમોગુણનો વિકાર છે. તે ચિત્તને નિદ્રા, આળસ અને પ્રમાદની સાથે જોડે છે ત્યારે સત્ય કહેવાય છે અને ચિત્તમાં ફરી ફરીને સરાગત ઉપજાવે છે માટે કષાય કહેવાય છે. એ ત્રણે સમાધિમાં અંતરાય રૂપ છે.

પ્રેમપૂર્વક તમો અર્થ જાણી જવું ન એમ હો,
એ તો ગણાય છે મોહ, સંદેહમાંઈ મનાય તે.
માધવીગીતા

૧૭. પુ (કામ્ય) સમારી નાખવા તેત્રીસ માહેનો એક ભેદ.

મોહઉચ્ચાટ [સં.] પું. (જૈન) જીવનો અનાદિકાળથી એક પ્રચ્છન્નરૂપ રોગ

મોહક વિ. મોહ પમાડે એવું; સુંદર; મનોહર; આકર્ષક; લોભાવનારું; મોહ પમાડનારું, કામણગારું; મનોહારી.

મોહકતા સ્ત્રી. મોહકપણું; મોહ ઉપજાવે એવું હોવું તે.

મોહકમ ૧. વિ. બહુ; પુષ્કળ; ખૂબ; અતિશય

૨. વિ. બહુ મોટું.

૩. વિ. ભારે.

૪. [અ. મુહકમ] વિ. મોકમ; સખત; મજબૂત. દૃઢ.

૫. અ. નક્કી, જરૂર.

મોહકળા સ્ત્રી. મોહ પમાડવાની ચતુરાઈ.

તે મુગ્ધીઓએ જિત મુનિને **મોહકળા** બહુ લાગી. દયારામ

મોહકાણ ૧. સ્ત્રી. બાબાગીરી; સલામતારા; નખોદ

૨. સ્ત્રી. મરણના સમાચાર.

મોહકું જ. મોટું

મોહગંધિ [સં.] સ્ત્રી. મોહરૂપી ગાઢ.

મોહગ્રંથિ બંધાતા બંધાઈ. પછી તે છોડવી બહુ કઠિન છે. ગાંધી પ્રસન્નાખ્યાન

મોહજન્ય [સં.] વિ. મોહથી ઉત્પન્ન થયું.

મોહજાળ સ્ત્રી. મોહની; આંટીઘૂંટી; મોહપાસ; મોહરૂપી જાળ

મંત્ર કે મોહજાળ નાખી હરી બની રૂખમણી.
કાશીદાસ

મોહટપ સ્ત્રી. મિલકત વહેંચતી વખતે સૌથી મોટા દીકરાને તેના ભાગ ઉપરાંત વધારે આપવામાં આવતી જમીન.

મોહટમ સ્ત્રી મોટાઈ; મોટપ; મોટાપણું.

મોહટમ આને માન પામીજ. દયારામ

મોહટમપણ વિ. મોટાઈ; મોટાપણું.

અતિ લાગણ કહુ દેખ ચલાને **મોહટમપણાનો** નાશ. દયારામ

મોહટી સ્ત્રી. એક જાતનું ઝીણું ઘાસ. તે વીરડીઓમાં મોટા જથ્થામાં થાય છે. તેના પીળાશ પડતાં ઘૂંસ્કાં થાય છે. પાન ઝાંખાશ પડતાં આછા નવ ઇંચ લાંબાં અને સાંકડાં હોય છે

મોહડામારી પું. મોહરૂપી ધુતારો.

મોહડા [કિ.] પું. (પિંગળ) દશ અક્ષરનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બધા રગણ અને એક ગુરુ હોય છે. તેને ભાલા પણ કહે છે.

મોહડી (મોહડો) ૧. સ્ત્રી. ચક્કર; મૂર્છા.

૨. સ્ત્રી. ટોરી

૩. સ્ત્રી. ભેંસ.

મોહડીવોટ (મોહડીવોટ) સ્ત્રી. એક જાતનું મોટું ઝાડ. તેનાં પાન બધાં મોટાં હોતાં નથી. તેની અંદરની છાલ પોળી અને તૂરી લાગે છે. તે દવાના કામમાં આવે છે. તેનાથી ઊધરસ મટે છે.

મોહડું ૧. પું. (પિંગળ) નાનપિંગળ મહેનો વર્ણમેળસમો એક છંદ.

૨. ન. મોણ; લોટમાં ઘી કે તેલનું આખું મિશ્રણ કરવું તે.

એક શેર સ્વચ્છ દળી તેના મેદામાં પાંચ રૂપિયાભાર ઘીનું **મોહડું** નાખવું.
પાકશાસ્ત્ર

૩ ન. રતિક્રિયા; સંભોગ.

૪ વિ મોહ ઉપજાવનાર.

મોહતસદ્દમ [અ.] પું. જૂના વખતનો રાજ્યના એક અધિકારી. મિરાતે અહમદીમાં લખ્યા મુજબ તેને કાયદાના હુકમો અને મનાઈઓ અમલવાળી હતી. તે તોલા અને માપ ઉપર પણ દેખરેખ રાખતો

મોહતાજ ૧. વિ. જરૂરવાળું.

૨. [અ. મુહતાજ] વિ. દરિદ્ર; ગરીબ; ધનહીન; નિર્ધન.

૩. વિ. લાચાર; કંગાલ; દીન.

મોહતાજખાનો પું. નિરાશ્રિતગૃહ; અનાથાલય.

મોહતાજગી [અ.] સ્ત્રી. ગરીબાઈ; લાચાર હાલત.

મોહતાજમંદ જુઓ મોહતાજ.

મોહતાજી ૧. સ્ત્રી. ગરજ; જરૂર.

૨. [અ.] સ્ત્રી. ગરીબાઈ; નિર્ધનતા.

૩. સ્ત્રી દીનતા; લાચાર હાલત

મોહતાજ જુઓ મોહતાજ.

મોહદૃષ્ટિ [સં.] સ્ત્રી. ભ્રાંતિ ભરેલી રીતે જોવું તે. 'જીવનું વશીકરણ'માં લખ્યું છે કે: વિષય તરફ્માંથી ફુરતી નિદ્રામાં પડ્યા બાદ એક એવી દૃષ્ટિ પ્રાપ્ત કરે છે કે જે કોઈ પ્રચ્છન્ન વિધાયક કરે છે તે તે સમજી જાય છે અને તેનું સંપૂર્ણ અનુકરણ કરે છે. એ દૃષ્ટિ તે મોહદૃષ્ટિ. મોહદૃષ્ટિમાં વિશેષ વિધાયકના સંપૂર્ણ કાબૂમાં હોય છે અને તેની જ આજ્ઞા જુએ છે. વિધેય પોતાની ઇંદ્રિયોનો સ્વતંત્ર ઉપયોગ કરી શકતો નથી.

મોહન ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે રોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમા ૩૨ ગુરુ, ૩૨ લઘુ મળી ૬૪ વર્ણ ૯૬ માત્રા હોય છે

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અક્ષરદૃષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, રગણ, સગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી સત્તર વર્ણ આવે છે.

૩. પુ. કૃષ્ણનું એક નામ; મેં કૃષ્ણ.

૪. પું. ટોડી રાગની એક જાત.

૫. પું. પતૂરાનો છોડ.

૬. પુ. બાર માત્રાઓનો એક તાલ. તેમાં સાત આઘાત અને પાંચ ખાલી રહે છે.

૭. પું. વિષયવાસનાથી જ્ઞાનનું હરવું તે.

૮. પું. શિવનું એક નામ.

૯. ન. કામણ; વશીકરણ; એક અભિચાર; કોઈ ને એકદમ કે મુગ્ધિત બનાવવાનો તાંત્રિક પ્રયોગ

૧૦. ન. કામદેવનાં પાંચ બાણનું એક નામ.

૧૧. ન. પ્રાચીન કાળનું એક જાતનું અસ્ત્ર. તેના વડે શત્રુને મૂર્ચ્છિત કરવામાં આવતો.

૧૨. ન એજાન કરવુ તે.

૧૩. ન. ભ્રમ; ભ્રમણા

૧૪. ન. મૂર્ચ્છા; બેહોશી.

૧૫. ન. મૂંજવણમાં નાખવુ તે.

૧૬. ન. મૈથુન; સંભોગ.

૧૭. ન. મોહવું તે; મોહ પામવું તે.

૧૮. ને. લાલચ

૧૯. ન. રોસડીના રસની કૂંડી.

૨૦. વિ, બેભાન કરનાર; મૂર્છામાં નાખતું.

૨૧. વિ, ભ્રમક; ભ્રમણા ઉત્પન્ન કરે તેવુ

૨૨. વિ. મોહ લગાડે એવું; મોહ પમાડનાર; મોહકારક; મોહ પેદા કરે એવું; સુંદર; રમણીય; મોહક; ગાંડું બનાવે તેવુ.

તમ અજ્ઞાનથી નાથ મોહન કર્મ દેહીનો,
પ્રમાદ આલસ નિદ્રા વડે બાંધે ન ભારત.

ગીતાનુશ્લોકન

મોહનકામ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાસ છંદના મિશ્રણથી બનેલો છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મોહનવસ્તુની ૬૪ માત્રા અને કામઉલ્લાસની ૬૦ માત્રા મળી કુલ ૧૨૪ માત્રા હોય છે.

મોહનકારી [સં. મોહનકારિન્] વિ. મોહ ઉપજાવનારું.

મોહનગજ પું. એક જાતનો હાથી.

મોહનગાર વિ. મોહ પમાડે તેવું.

અધર કહું શું નરપતિ મૂર્ખ મોહનગાર.

મેઘવિજય

મોહન જો ડેરો [સં. મોહન (આનંદજનક) + જે (નો) + ડેરો (ટેકરો)] પું. આનંદજનક ટેકરો. મૃત જનનો ટેકરો. સિંધ લારખાનામા આવેલુ એક સ્થળ. કેટલાક તેને મોંદે જો ડેરો એટલે મૃત જનનો ટેકરો કહે છે. પુરાગ્રમા લખ્યા મુજબ એ ટેકરાનું અવસ્થિત ખોદકામ ઈ. સ. ૧૯૨૬માં પુરાતત્ત્વ ખાતા તરફથી થયુ તેર એકર જમીનમાં ખોદકામ કરવાથી માલૂમ પડયુ કે એ જગ્યાએ એક પછી એક ક્રમે સાત નગરો વસી ગયાં છે. તેમાં સૌથી ઊંડેલું બરવું તેનાં મકાનો સર્વોત્તમ છે. તેમા સુબદ્ધરિયન માર્ગો, પાણીની મટરો, વિચારપૂર્વક બાંધેલા અને દરેક પ્રકારની સુખસમવડવાળાં ઘરો, જાહેર કેવળો અને ધુમારતોના અવશેષો મળી આવ્યાં છે. મુકાબલે પહેલાં બે નગરો સારા કેળવાયેલ જણાયાં છે. મોહેં જો ડેરોમા કોરીએ ઈ.એ કુવા, દરેક કોરી કે મકાને નહીં બબેથી વધુ, આ મટર બીજી મોટી ખોરી મટરમાં પડે છે. આખા શહેરની મટરવ્યવસ્થા એવી સરસ છે કે, આજનાં સુધરેલાં શહેરોને પણ નમૂનારૂપ ગણી પડે. દરેક ઘરમાં સ્નાનગૃહ જુદું મળી આવે છે. મંદિરની એક બાજુમાં ૩૯ ફુટ લાંબો, ૨૩ ફુટ પહોળો ને ૮ ફુટ ઊંડો કુંડ નીકળ્યો છે. અહીં પણ મટરની વ્યવસ્થા છે. સીસા રંગની માટીની પાટી મળી છે. તે ઉપર એક સિંહાસન પર બેઠેલા પુરુષની મૂર્તિ છે. કેટલાક માણસો તેને પ્રણામ કરતા બતાવ્યા છે એટલે તે કોઈ દેવની મૂર્તિ હશે એમ અનુમાન થાય છે. સૌથી પહેલા નગરના અવશેષોમાથી એક રમકડા જેવું નાનું ગાડું, બળદ અને હાંકનાર તેમજ ગાડા ઉપર ગોળ વાજેલુ તાપડું મળી આવ્યાં છે. વાહન અને રહેની કોમના ઇતિહાસ માટે આ બહુ અગત્યનું સાધન છે. દુનિયામાં પૈડાંની બનાવટનો એ સાથી જૂનામાં જૂનો નમૂનો આજે મળ્યા છે. મોહેં જો ડેરોમાથી મળી આવેલા ઘડેલ પંચાલના પડેને મળતા છે અને તે વાપીને ઉઘાડી પણ શકાતા છે. આ વિશાળ નગરીનાં ખંડિયેરોમાંથી ઓજારાનાં નહિ પણ તાંબા કે કાંસાનાં તલવાર, છરી, કટાર, ભાલાનાં ફળાં, ઘરનાં વાસણો, બાણી, પ્યાલા વગેરે મળી આવ્યા છે. તે ઉપરથી ખાતરી થાય છે કે તામ્રયુગમાં પણ ભારતમાં બહુ ઊંચા પ્રકારની સંસ્કૃતિ પરિપક્વ પામી હતી. આ તામ્રયુગનો કાળ ઈસુના જન્મ પહેલાં ૩,૦૦૦ થી ૫,૦૦૦ વર્ષ પૂર્વેનો ગણાય. અતિ કુશળતાથી બનાવેલા સોનારૂપાના ઘરેણા, સાકળા વગેરે મળી આવ્યા છે. શ્રીમતોના ઘરમાંથી રૂપાના કે તાંબાના પાટ ઉપર સોનુ મઢેલા અલંકારો મળે છે. કાચ જેવી કોઈ જૂરી બનાવટના આકારો, મણકા, હાથીદાંત, પ્રવાળ વિવિધ રંગના પાષાણમણિ વગેરે પણ વપરાતા મળી આવ્યા છે આ સમયનાં માટીનાં વાસણો તો કળાની આશ્ચર્યજનક કૃતિઓ જ કહી શકાય. કોઈ ઊંચની કુંડીથી માંડીને મોટી ગોળીઓ જેવાં વાસણો મળી આવ્યાં છે. તેમાં કેટલાક હાથથી બનાવેલાં અને કેટલાંક ચાકડા ઉપર બનાવેલા છે. તે પરના રંગગોઠાન અને ચળકાટ જોઈને ખાતરી થાય છે કે એ સમયે ચીનનાં વાસણ જેવી જ સફાઈ અને ચળકાટ તેઓ જાણતા જણાતા. ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાનારા ઇતિહાસથી યે અતિ પ્રાચીન કાળમાં આજથી પાંચ હજાર વર્ષ ઉપર ભારતમાં એક ઊંચા પ્રકારની સંસ્કૃતિ પ્રગટી અને ફાલી હતી, તે બતાવતા વિપુલ અવશેષો આજે રહેલી સમાધિ તે જ આ મોહેં જો ડેરો.

મોહનથાળી પું. એક પ્રકારનું મિષ્ટાન્ન; ચણાના લોટની વી સાકર નાખી કરેલી મીઠાઈ. ચણાના લોટને ઘીમાં મેસૂબથી ઓછો શેકો આસણીમાં મેળવી ઠારી મોસલાં પાડી તે બનાવાય છે.

મોહનદાસ કરમચંદ ગાંધી પું. હિંદને આઝાદી અપાવનાર એક જગવિખ્યાત સંત પુરુષ અને વિભૂતિ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૯માં પોરબંદરમાં થયો હતો. બેરિસ્ટર થયા પછી તે આફ્રિકા ગયા અને ત્યાંના હિંદીઓનાં દુઃખ દૂર કર્યાં. ૧૯૧૫માં અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની તેમણે સ્થાપના કરી. ખરખા અને ખાદીનો તેમણે પ્રચાર કર્યો. ઈ. સ. ૧૯૨૪માં મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા. અંત્યોદ્ધાર પછી આત્મશુદ્ધિને ખાતર તેમણે ૨૧ દિવસના ઉપવાસ આદરી ગ્રામોદ્ધાર પ્રવૃત્તિ ઉપાડી હતી. સત્ય અને અહિંસા તેમના જીવનના અમર સિદ્ધાંત હતા.

મોહનભોગ પું. માનભોગ; રાજીને.

મોહનમંત્ર ૧. પું આકર્ષણ; વશ્યમણ

૨. પુ. મોહ પમાડે એવો મંત્ર; વશીકરણ મંત્ર

એમાથી આવા ગુર્જરગિરાની સ્તુતિના શ્લોકો એ નાટકના અંતિમ પ્રાર્થનાવાક્યો તો સર્વ ગુર્જર જનોના મોહનમંત્ર રૂપ થઈ ગયા છે

નરસિંહરાવ

મોહનમાલા જુઓ મોહનમાળા.

મોહનમાળા ૧. સ્ત્રી. એક જાતની દાણણી.

૨ સ્ત્રી. સોનાના મણકાની ગૂંથણીવાળી ગળે પહેરવાની માળા; સોનાના દાણાના કડી; ઠોકનું એક જાતનું સુંદર ઘરેણું.

પોતાના કરથી ચરણ મુકી જળધર ભાગી રહેલી
આ મોહનબાળાને હાથ વડે ઝબકી ઝઈ
સકડી ગઈ વિદ્યાચતુર હરિયા ભણી ગયા.
નોવર્ધનરામ

મોહનમેળો પું. મોહ પમાડે એવી વસ્તુઓનું બજાર અને માણસોનો સમૂહ.

મોહનરસ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ તે વસ્તુ અને ઉલ્લાલ છંદના મિશ્રણથી બનેલો છે. છપ્પય છંદનો તે એક ભેદ છે. તેમાં મોહનવસ્તુની ૬૪ અને રસઉલ્લાલની ૫૬ માત્રા મળી કુલ ૧૨૦ માત્રા હોય છે.

મોહનરંગ જુઓ મોહનરસ.

મોહનવલ્લિકા [સં.] સ્ત્રી. મોગરો

મોહનવસ્તુ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તેના ૩૩ ભેદ છે. દરેક ચરણમાં ૧૬ એમ ચારે ચરણમાં કુલ તેની ૬૪ માત્રા હોય છે. ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તેમાં તાલ આવે છે. આ છંદમાં અન્ત્યાનુપ્રાસની માત્ર છે. તેમાં કોઈ ક્વર વધુ નથી હોતો પણ બત્રીશ ગુરુ હોય છે.

મોહનવિદ્યા [સં.] સ્ત્રી. બૂરો નાખવાની કળા; મન ભ્રાન્ત રહે પણ શરીરનું ભાન રહે નહિ એવી ઔષધમાં નાખવાની કળા; પ્રાણવિનિમય; સત્ત્વવિનિમય; 'ઍસ્મેરિઝમ'.

મોહનશક્તિ [સ.] સ્ત્રી. મોહ પમાડનારી શક્તિ.

મોહનશ્યામ જુઓ મોહનરસ.

મોહનસાહિત્ય [સં.] ન. મનોરંજન માટેનું કાવ્ય સાહિત્ય; સુરમ્ય સાહિત્ય.

મોહનહંસ પું. (પિંગળ) જે નામે એક વિષમમાત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાલ છંદના મિશ્રણથી બનેલ છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં મોહનવસ્તુની ૬૪ માત્રા અને હંસઉલ્લાલની ૪૮ માત્રા મળી કુલ ૧૧૨ માત્રા હોય છે.

મોહના ૧ (સંગીત) પું. એક ચતુરશ્રજાતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩, ૧૭ અને ૨૧ માત્રા ઉપર છે.

૨. સ્ત્રી. પ્યાસ; તૃષા.

૩. સ્ત્રી. ચમેલી; એક જાતનું ફૂલનું ઝાડ.

૪. [સં.] સ્ત્રી. મોહ ઉત્પન્ન કરનારી સ્ત્રી.

૫. વિ સ્ત્રી. મોહ પમાડનાર.

મોહનાસ્ત્ર [સ.] ન. મોહ પમાડે એવા ગુણવાળું એક જાતનું બાણ; બેહોશ કરી નાખે એવું અસ્ત્ર; મૂર્છા આવે અને બેભાન થવાય તેવું અસ્ત્ર. વિશ્વામિત્રે રામને આવું અસ્ત્ર આપેલું હતું.

મોહનાસ્ત્રે તમને હું મારું.
તે આવરો તમ કાજ. શિવદાસ

મોહનિ પું (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, તગણ, યગણ અને સગણ મળી પંદર અક્ષર હોય છે.

મોહનિક [સં.] પું. ચૈત્ર મહિનો.

મોહનિકા સ્ત્રી. પુત્રદાત્રી નામની એક વનસ્પતિ.

મોહનિદ્રા ૧. [સં.] સ્ત્રી. અનિત્ય શ્રદ્ધા.
૨. સ્ત્રી. મોહરૂપી નિદ્રા.

મોહનિયું ન. એક પ્રકારની સાડી.

મોહનિશા [સં.] સ્ત્રી. અજ્ઞાન રૂપી રાત્રી, મોહરાત્રી.

મોહની ૧. પું. એક જાતનો લાંબો ઢોલ. તે કાવડના ખેતરમાં મળી આવે છે. તેને મેળવાને તાત્ત્વિક લોકો વશીકરણમંત્ર બનાવે છે.
૨. પું. (પિંગળ) એક જાતનો વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, તગણ, યગણ અને સગણ મળી પંદર માત્રા હોય છે.
૩. પું. (પિંગળ) ઓગણીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં અંતે ગુરુ, લઘુ હોય છે. ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રાએ તેમાં તાલ આવે છે.

ઓગણીસ માત્રા છંદ ચરણ યુતિ આઠ,
તેને મોહની ભણિ ચતુર જન ભાખ.
પ્રથમ પછી ચાર, ચાર ઉપર પર તાલ,
અંતે ગિણે ગુરુ લઘુ વિચારી બાલ,
રણછોડ

૪. સ્ત્રી. ઉપોદકી નામની વનસ્પતિ.
૫. સ્ત્રી. એક પ્રકારનો મીઠાઈ
૬. સ્ત્રી જન્માષ્ટમી; શ્રાવણ વદ આઠમ.
૭. સ્ત્રી. પોર્ણનું ઝાડ.
૮. સ્ત્રી બૂરકી; અંજનશલ્ય; મોહ પમાડવું તે.
૯. સ્ત્રી. માયા.
૧૦. સ્ત્રી. મોહ પમાડનાર સ્ત્રી.
૧૧. સ્ત્રી. મોહિની; એ નામની એક અપ્સરા.
૧૨. [સં] સ્ત્રી. વશીકરણમંત્ર; જાદુ
મોહની નાખની = જાદુ કરવો, વશીભૂત કરવું
૧૩. સ્ત્રી વૈશાખ સુદી એકાદશી
૧૪. સ્ત્રી. સમુદ્રમંથન સમયે નીકળેલું અમૃત વહેંચતી વખતે ભગવાને ધારણ કરેલું સ્ત્રીનું રૂપ.
૧૫. સ્ત્રી વિ મોહ ઉત્પન્ન કરનાર; મનને લલચાવનારી.

મોહનીય ૧. [સં.] ન. (જૈન) જેના વડે આત્મા મોહ પામે તેવું કર્મ; કર્મનો એક પ્રકૃતિ ભેદ; મોહનીય કર્મ; કર્મના આઠ મોટાનો ચોથો ભેદ; આત્માના સમ્યક્ત્વ ગુણનો તથા ચારિત્ર ગુણનો ઘાત કરનારું કર્મ. તેની જઘન્ય સ્થિતિ અંત મુહૂર્ત પ્રમાણ છે અને ઉત્કૃષ્ટી સીત્તેર કોડાકોડી સાગર છે. ગુણસ્થાનની કલ્પના મુખ્ય તથા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવે છે. આ કર્મથી લોકો મદિરા પીને પાગલ બની જાય છે, વિષ્ટામાં આળોટે છે, ઓને માતા, બહેનને સ્ત્રી, ઓને બહેન કહી દે છે. તે મોહનીય કર્મથી માનવ માનવતા ભૂલી જાય છે. સદ્–અસદ્, ધર્મ–અધર્મ, માનવ અને હેવાનનું ભાન તેને રહેતું નથી
૨. વિ. ભ્રામક
૩. વિ. મોહજનક; મોહ ઉપજાવે એવું.
૪. વિ. મોહિત કરવા યોગ્ય.

મોહનીયકર્મ જુઓ મોહનીય ૧.

મોહપદ [સં.] ન. મોહરૂપી પદવી; મોહનું આવરણ

એમ બોલ્યા બોલવા તે કુમાર રોમાંચિત
પરિણામને પામ્યા, મોહપદ હર્ષ્યું, ને ઉપરામતા
પામ્યા. શ્રીમદ્રાજચંદ્ર

મોહપાશ [સં.] પું. મોહજાળ, મોહનો ફંદો.

મોહપ્રલાપ પું. (પિંગળ) જે નામનો તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, જગણ, ભગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે. તેમાં ચોથા અક્ષર ઉપર વિસામો આવે છે

આ આ બી આ, સખી **મોહપ્રલાપ** યુગે
રણછોડ

મોહફંદ ૧. પું. મોહરૂપી ફંદ; મોહનો ફાસો, મોહપાશ.

અરે મહારાજ, મોહફંદમાં ફસાયા કે ?
કેશવ હર્ષદ

૨ વિ મૂર્ખતાથી ભરેલું
૩. વિ. મોહથી ભરપૂર.

મોહબત ૧. સ્ત્રી ઓળખાણ; પિછાન
૨. [અ. મુહબ્બત] સ્ત્રી. પ્યાર; સ્નેહ; પ્રીતિ; પ્રેમ
૩ સ્ત્રી. માયા; મિત્રતા, દોસ્તી; બેસવાઊઠવા જેવો મૈત્રી સમાધ; સ્નેહભાવ.
મોહબત રાખવી = મિત્રતા ચાલુ રાખવી.

મોહબતબાજ સ્ત્રી. ધરબાજ, પ્રેમકીલા.

મોહબદ્ધ [સં.] વિ. મોહથી બંધાયેલું

મોહબાણ ૧. વ. બેહોશી લાવનારું એક જાતનું શસ્ત્ર.

૨. [સં.] ન. મોહનું બાણ; મોહ ઉત્પન્ન કરે કે પ્રેમ પ્રકટને એવું ઇક્ષણ; પ્રેમ ઉત્પન્ન કરે એવું જે તે.

તાર કાઢ્યારથી **મોહબાણ** રે, હો વાંસલડી. દયારામ

મોહબ્બત જુઓ મોહબત.

મોહમ વિ. મનોહર; મોહક; સુંદર; મોહ ઉત્પન્ન કરે એવું.

આ બાપે **મોહમ** મુખડાં દીઠાં
કે દુઃખડાં ગયાં સુખ પામીયાં. પ્રેમાનંદ

મોહમદી વિ. મહમદ પૈગંબર સ.હેબને માનનાર.

મોહમયી સ્ત્રી વિ. મોહવાળું; મોહ ઉત્પન્ન કરનાર; મોહ જગાડનાર.

મોહમયી નગરીની બે મુખ્યવિદ્યાઓ આપને. ભટ્ટભટ્ટ

મોહમયી નગરી = સુખદ નગરી.

મોહમલ્લ પું. (જૈન) મિથ્યાદર્શન

મોહમંત્ર [સં.] પું. મોહ પમાડે એવો મંત્ર.

મોહમાન [સં.] ન. મમત્વ ને અહંકાર.

આત્મીને આત્મી આસક્તિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિના શરીરમાં રહી છે. કિ સ્વજનું **મોહમાન** કરવા યોગ્ય નથી. શ્રીમદ્રાજચંદ્ર

મોહમીણું વિ. જ્ઞાન ખોઈ બેઠેલું; બેભાન; બેસુધ.

કહેતાં કથમે દેવ કથા જગતની,
વિલાઈ પ્રેમે કરી **મોહમીણી**. કેશવ કર્ણદ

મોહમુદ્ગર [સં.] ન. વેદાંતની દિશાસૂચો સમજાવતું એ નામનું એક કાવ્ય.

મોહમૂર્ચ્છા [સં.] સ્ત્રી. મોહને લીધે આવી જતેલી મૂર્ચ્છા.

ત્રિકમણી સમને પદમે ચઈને સંચરતાં સુવણું; પોષણને સંસાર સંમોહિના સુધારે છે. પોષણી સહસા **મોહમૂર્ચ્છા**ના પટે છે. નાનાલાલ

મોહમ્મદ [અ. હમ્દ (તેણે વખાણ કર્યાં)] પું જેના વખાણ થયાં છે તે; મહમદ.

મોહર ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક હિરસ્તો

૨. પું મયૂર; મોર.

મોહર અતિશે મનોહર વનમાં ક્રમકમ સાધન સાહેલી. નરસિંહ

૩. સ્ત્રી. આશરે પંદર રૂપિયાની કીમતનો સોનાનો સિક્કો, સુવર્ણમુદ્રા; અશરફી.

૪. સ્ત્રી. ઢાંકીને વગાડવાનું વાજું; વાંસળી. અસી.

એમ ગાઈ **મોહર** નિજ સ્વર દીધે રે બાજ બાજે. અખો

૫. [ફા. મુહ્ર (સિક્કો)] સ્ત્રી. મહોર; છાપ; સીલ.

હોલતખાને **મોહર** તોડીને કાગળ વાંચવા માંડ્યા. બારદાન બાબર

૧. **મોહર** કરવી–લગાવવી = સહીસિક્કો કરી આપવો; સિક્કો મારવો; છાપ પાડવી.

૨. **મોહર** બરદાર = મહોર લગાવનાર માણસ

૩. **મોહર** મનસબી–શાહી–કોમ = સરકારી સીલ

૪. **મોહરે** તહસીદી = ખોટી છાપ.

૫. **મોહરે** શાહી = બાદશાહનો સિક્કો; રાજસિક્કો

મોહરકન પું. છાપ કોતરનાર માણસ.

મોહરકની સ્ત્રી. છાપ કોતરણી તે.

૧૨. ન. અસ્પષ્ટ બોલવું તે.
૧૩. ન. તાળવું
૧૪. ન. પરમુલકી બોલવું તે.
૧૫. ન. હિંમળો.
૧૬ વિ. ક્રૂર; ખતરી; પાપી; પાપરત; આચારભ્રષ્ટ; અધર્મી.
૧૭ વિ. ગંદું; મેલું; ગોબરું; અસ્વચ્છ; મલિન, અપવિત્ર.
૧૮. વિ. જંગલી; અનાર્ય
૧૯. વિ. નીચ; અધમ; હલકું.
૨૦ વિ હિંદુ ધર્મ નહિ માનનારું; આર્ય વર્ત્તમાં અને હિંદુ ધર્મમાં જેનો સમાવેશ ન હોય તેનું.
૨૧. વિ. હિંદુસ્તાનની બહારનું.

મ્લેચ્છકંદ ૧. [સં.] ન. ડુંગળી.
૨. ન. લસણ

મ્લેચ્છદેશ [સં.] પું. મ્લેચ્છ લોકોનો દેશ; ચાર વર્ણોની અવસ્થા વગરનો દેશ; પ્રત્યંત.

મ્લેચ્છ ભોજન ૧. [સં.] ન. બીફ.
૨. ન. બત્તા; બડવા કાચા બત્તા.

મ્લેચ્છ મંડળ ૧. ન. મ્લેચ્છનું મંડળ.
૨. જુઓ મ્લેચ્છદેશ.

મ્લેચ્છમુખ [સં.] ન. તાંબું. તામ્રક; શુલ્બ, વરિષ્ટ; ઉદુમ્બર.

મ્લેચ્છાર્ય સ્ત્રી. આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિ.

મ્લેચ્છાચાર [સં.] પું હલકું વર્તન; બરાબ વર્તણૂક.

મ્લેચ્છિત ૧. [સં.] ન. અનાર્યની ભાષા.
૨. ન. અપશબ્દ; અસંસ્કૃત શબ્દ.
૩. ન. વ્યાકરણહીન શબ્દ કે ભાષા
૪ વિ. અશુદ્ધ રીતે કે અસ્પષ્ટતાથી બોલાયેલું.
૫. વિ. ભ્રષ્ટ.

મ્હારવા સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રી રાગની પાંચ માંહેની એક રાગિણી. તે સાવાનો વખત દિવસનો ત્રીજો પ્રહર છે. કોઈ બીજો પ્રહર પણ કહે છે. તેની જાતિ ઔડવ એટલે અરજ શુદ્ધ, રિષભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, ધૈવત કોમળ, નિખાદ તીવ્ર એ પ્રમાણે છ સ્વર તેમાં આવે છે. પંચમ વર્જ્ય છે. તેનો ગ્રહ સ્વર રિષભ છે. મધ્યમ અથવા ધૈવત ન્યાસ સ્વર છે વાદી સ્વર ધૈવત છે. સંવાદી મધ્યમ તીવ્ર છે આ રાગિણી ગૌરીપરજ અને સોરઠથી મિશ્ર છે.

મ્હારવા લલિત સ્ત્રી. (સંગીત) લલિતા રાગિણીની બધુ માંહેની એક જાતિ.

મ્હેસુર ન મહિષપુર; ભેંસને પૂજ્ય માનનાર મુલક; પ્રાનડા તરફનો એક દેશ જ્યાંની ભેંસોનાં શિંગડાં મોટાં ને વાંકવાળાં હોય છે.

મ્હોનિયું ન. ઢબ્બા વગર, ઉપર ઉપરથી મોટે બોલીને આપેલું આમંત્રણ; ફક્ત હાજીહા પણ અંતઃકરણનું નહિ એવું આમંત્રણ.
અમને આવે તેવું જવાનું મ્હોનિયુંએ મધું નહિ.
પ્રેમાનંદ

મ્હોરી ૧. સ્ત્રી. ડોરી.
૨. સ્ત્રી. દૃષ્ટિ; નજર.
ચામડાની વસ્તને તથા જળને **મ્હોરીને** (દહિને) કમ પ્રમાણે ઉદીને જેણે ફેરી દીધી છે તેવા બુદ્ધને હું આશ્રય કરું છું. ધર્મપદ

ય

ય

ય ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક ગણ; ન૪ણનું દૃષ્ટાંત ૨૫. આ ગણમાં પહેલો અક્ષર લઘુ અને પછીના બે ગુરુ આવે છે.

૨. પું. ગતિ; ગમન; જવું તે.

૩. પું. ગુજરાતી લિપિનો સાડત્રીસમો મૂળાક્ષર અને છત્રીસમો વ્યંજનવર્ણ. તેનું ઉચ્ચારસ્થાન તાલુ છે અને તે અઘોષ સ્વર અને વ્યંજન ગણાય છે. આર વર્ણસ્વરમાં તે પહેલો છે. તાલુસ્થાની હોવાથી તેની પૂર્વે આવેલો અનુનાસિક ઞ જેવો લોપાય છે. અર્ધસ્વર હોઈ તેને સ્થાને ભળતો સ્વર ઈ થાય છે. ય નું સંપ્રસારણ ઈ છે. વહીવાંચોને પુસ્તક વાંચતાં વાંચતાં સહેજ ઊંઘું હોય અથવા વાંચવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ રાખવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે ય ફરી ન લખે. અરબી ભાષાનો તે અઠ્ઠાવીસમો અને ફારસી ભાષાનો બત્રીસમો અક્ષર છે. અભિજદ પદ્ધતિ પ્રમાણે જેની કીમત ૧૦ છે.

૪. પું. છંદ.

૫. પું. જય.

૬. પું. ત્યાગ.

૭. પું. પ્રકાશ.

૮. પું. યજ્ઞ.

૯. પું. યમ.

૧૦. પું. યજ્ઞ.

૧૧. પું. યાન; સવારી.

૧૨. પું યોગ.

૧૩. પું. વાયુ; પવન.

૧૪. પું. વ.ઙન

૧૫. પું. સર્પ.

૧૬. પું. સમય; કાળ.

૧૭. વિ. જનાર.

૧૮. અ. પદને અંતે આવતાં પણ, અપિ, વળી નો અર્થ બતાવતો પ્રત્યય. જેમકે, તમેય, મકાનેય.

૧૯. અ. પ્રશ્નાર્થક સર્વનામને આવતાં અનિશ્ચિતાર્થક પણાપણાનો ભાવ બતાવનાર પ્રત્યય. જેમકે, કેવુંય, કેટલુંય.

૨૦. અ. ભાવવાચક નામનો પ્રત્યય. તર અને તમ એ બે કૃદંત સમાસ તરતમ થઈ તે પરથી ભાવવાચક નામ ય પ્રત્યય લાગી તારતમ્ય થયું છે.

૨૧. અ રચનાઓમાં ભાર દઈ બતાવવા વપરાતો પ્રત્યય

યઃ [સં.] સ. એ.

યકઃદસ્ત [સં.] પું હાથ વતી સહનાર માણસ. અન્યના કશા સાધન વિના માત્ર એક હાથ વતી સહનારને યકઃદસ્ત કહે છે

આઈને અકબરી

યકદિલી [સં.] સ્ત્રી. ઐક્ય.

યકાબ્યાક્ષ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમા નવ વખત અને બે ગુરુ મળી ઓગણચોદ વર્ણ આવે છે.

યકાર [સં.] પું. ય એવો અક્ષર અને ઉચ્ચાર.

યકારશ્રુતિ જો. ઉચ્ચારણમાં યકાર સાંભળવો તે.

યકારાંત ૧. [સં.] પું. જેને છેડે ય હોય એવો શબ્દ.

૨. વિ. જેને છેડે યકાર હોય એવું; અંતે યકારવાળું.

યકીન ૧. પું. એક હિંદુસ્તાની કવિનું નામ.

૨. (યકીન) [અ.] સ્ત્રી. વિશ્વાસ; ભરોસો; શ્રદ્ધા; પ્રતીતિ; પ્રતિતિ.

૩. વિ સાચું; સાચુ.

૪. અ નિશ્ચિત; જરૂર; જોકસ.

૧. યકીન કરવું = (૧) ખાતરી કરવી: નક્કી કરવું. (૨) માનવું; શ્રદ્ધા કરવી.

૨ યકીન થવું = નક્કી થવું

૩. યકીન રાખવું–લાવવું = માનવું; શ્રદ્ધા રાખવી.

૪. યકીને કરમિલ = પૂરેપૂરો વિશ્વાસ; સોએ સોગ ખાતા ખાતરી.

યકીનદાર [અ.] વિ. વિશ્વાસુ; ઇમાનદાર.

યકીનવાસિક પું. અંધશ્રદ્ધા.

યકૃત ૧. [સં.] સ. કલેજું; કાળજું; પિત્તાશય; પેટની જમણી બાજુનો એક માંસપિંડ, 'લીવર'. શરીરમા આ સૌથી મોટી ગ્રંથિ છે. તેનું વજન લગભગ દોઢ થી અઢી શેર જેટલું કહેવાય છે તેમાં પિત્ત નામનો પાચકરસ બને છે એ પિત્ત શરીરને ખાસ જરૂરનું દ્રવ્ય છે. યકૃત જો બરાબર પેદા ન કરી શકે તો નેટલું પિત્ત આંતરડામાં ઓછું જાય. યકૃતના દરદીઓને મોટે ભાગે સફેદ રેત્રના ઝાડા થાય છે તેનું કારણ પિત્તસ્રાવની અપૂર્ણતા કે અભાવ જ હોય છે. મૂત્રપાયુમા.થી તે મૂત્ર બનાવે છે.

૨. સ કાળજાનું દરદ; જિગરનું દરદ; બાળકને થતો એક રોગ. જે બાળ સત્રજાવસ્થામાં મા.દી આવી હોય તે બીજુ બાળક મોટે ભાગે યકૃત રોગમાં સપડાય છે જેને ચારપાંચ બાળા કરે છે તે પણ યકૃત રોગનું કારણ છે. વળી જે માતાને પૂરતું પાવણ આપવું ન હોય અને બહારનું ખારું અરવચ્ચ દૂધ બાળકને આપવામાં આવતું હોય તો તેને પણ યકૃતનો રોગ થાય છે રોગ વખારે ભયંકર બને છે ખારે પેટાળ પણો ઓછો વધુ જાય છે અને ઝાડો બરાબર ઊતરતો નથી. આ રોગવાળા બાળકને ખારે, વાસી, ઘીવાળા, ખાટા પદાર્થ આપવા નહિ.

યકૃતક જો. શેરાળના જેવી પથ્થર તથા ઈંટ ઉપર ઊગતી એક જાતની વનસ્પતિ.

યકૃતભૂમિ [સં.] પું. કાળજાનો ઢીલો; કરમિયુ; પેટનો એક રોગ.

યકૃતયમની [સં.] સ્ત્રી. કલેજાંમાંથી યમની; કાળજાની મોટી શિરા; ' હિપેટિક આર્ટરિ '.

યકૃતવિદ્યા [સં.] સ્ત્રી કાળજાં સંબંધી વિજ્ઞાન.

યકૃતવૃદ્ધિ [સં.] સ્ત્રી. કલેજાનું મોટું થવાનો રોગ ઘણું પીવાથી, ટાઢિયા તાવથી તેમ જ મરણી થવાથી કલેજાંની વૃદ્ધિ થતી જણાય છે.

યકૃતશિરા [સં.] સ્ત્રી. કલેજામાંની શિરા; ફાળજાની નાની ધમની; ' હિપેટિક વેઇન '.

યકૃતશોથક [સં.] વિ. ફાળજાના રોગ અથવા દોષ દૂર કરનાર.

યકૃતસંકોચ [સં.] પું. ફાળજું સકોચાવું તે; કલેજાનો સકોચ થવાનો રોગ; 'સિરોસિસ'. આ રોગમાં ફાળજાનું કદ ઘટી નાનું થાય છે અને તેની સ્વાભાવિક લીસી સપાટી ખરબચડી થાય છે. આ રોગ સાથે પેટનું જળોદર થાય છે તેમ જ પગ ઉપર સોજા ચડે છે. અશક્તિ વધી જળોદરના પરિણામે રોગીનું મૃત્યુ થાય છે.

યકૃતોદર [સં] ન. ફાળજામાં સોજો આવી વધવાથી થતો ઉદરરોગ. આમ કરીને સતત જ્વર કે વિષમ જ્વરમાં યકૃતની અંદર લોહીનો ભરાવો થાય છે અને બરોળની માફક યકૃત પણ વધે છે. તેને લોહો મંડૂરાની ગાઠ કહે છે

યકૃલ્લોમાન પું. (પુરા.) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

યક્ષ ૧. [સં.] પું. ઘોડનું ઘર.
૨. ધ કુબેર.
૩. પું. ધોકના જેવા ભોનો ઉપદેવ; કુબેરના અશ્રિત અને નોકર. યક્ષ, કિન્નર, ગંધર્વ વગેરે બધા અર્ધદેવમાં ગણાય છે. તેનામાં કાંઈ લાક્ષણિક વિશેષતા નથી; પણ સામાન્યતઃ તેઓ ઉપદ્રવકારી નહિ હોવાને લીધે પૂજનીય કહેવાય છે. આ દેવો સ્વભાવે ગંભીર, પ્રિય દર્શનવાળા, શરીરના માનોન્માન પ્રમાણવાળા, જેઓનાં હસ્તપાદોનાં તળિયાં, નખ, તાલુ, જીભ, હોઠ રાતા છે જેવા અને મસ્તક ઉપર સુંદર મુકુટ તથા વિચિત્રવિચિત્ર આભૂષણોને ધારણ કરનારા છે. પુરાણ અનુસાર યક્ષ લોકો પ્રચેતાના સંતાન મનાય છે. એમ પણ કહેવાય છે કે, તેમની આકૃતિ વિકરાળ હોય છે, પેટ ફૂલેલું, હાથ બહુ જ ભારે તથા હાથ પગ ભરાવદાર અને ઝાંખા રંગના હોય છે.
૪. પું. તેરની સંજ્ઞા. જૈનમત પ્રમાણે યક્ષોના તેર પ્રકાર છે: પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.
૫. [સં. યક્ષ્ (પૂજવું)] પું. પૂજા; પૂજન.
૬. પું. પૂજ્યવ્યક્તિ
૭. પું. પ્રેત યોનિનો એક મલિન પિશાચ.
૮. પું. યજ્ઞ

યક્ષકન્યા [સં.] સ્ત્રી. યક્ષની પુત્રી.

યક્ષકર્દમ [સં.] પું. કેસર, સુખડ, કસ્તૂરી, અને કપૂર મેળવીને બનાવેલો સુગંધીદાર અંગલેપ. તેનો ઉપયોગ મંત્રો સાધવા માટે પણ કરાય છે.

યક્ષકૂપ [સં.] પું. ઊંડો વિકરાળ કૂવો.
ઝાલોરદ્વાર પાસે અદ્ભુતાદ્રિ છે. ત્યાંથી હતી, ભમવિયા કૂવા હતા, એક યક્ષકૂપ હતો.
કવિયર દલપતરામ

યક્ષગણ ૧. [સં.] પું. યક્ષોનો સમૂહ.
૨. પું. યક્ષોનો નાયક; કુબેર.

યક્ષગાન [સં.] ન. રંગભૂમિ પર ભજવતાં આવડે એવો નાટ્યનિબંધ.
પ્રાચીન ભારતનો વિકાસ મુખ્યત્વે કરીને નટ, રંગને સાહિત્ય, સાતત્ય અને યક્ષગાન જેવી કલાના નિબંધથી થયેલ છે. બુદ્ધિપ્રકાશ

યક્ષગૃહ [સં.] ન. યક્ષોને રહેવાનું ઘર.

યક્ષમદ ૧. પું. એ નામનો એક કલ્પિત મદ; રહંમદ. કહેવાય છે કે જ્યારે આ મદ ઊઠે છે ત્યારે માણસ ગાંડો બની જાય છે
૨. [સં.] પું. યક્ષે કે ભૂતપિશાચે કહેલો જ્ઞાન.

યક્ષમણ ૧. [સં.] ન. ખાવું તે; ભક્ષણ કરવું તે.
૨. ન. પૂજન કરવું તે.

યક્ષમણી ૧. સ્ત્રી. યક્ષ પુરુષ જેવા લક્ષણવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. યક્ષની સ્ત્રી; યક્ષિણી; યક્ષી.

યક્ષમત્વ ૧. [સં.] ન. ઊંચરાનું ઝાડ.
૨. ન. વડનું ઝાડ. કહેવાય છે કે વડનું ઝાડ યક્ષોને બહુ જ પ્રિય હોય છે અને તેથી તેઓ ત્યાં રહે છે.

યક્ષધૂપ ૧. [સં.] પું. પૂજનમાં વપરાતો ધૂપ.
૨. પું. રાળ.

યક્ષનાયક ૧. [સં.] પું. કુબેર.
૨. પું. મોક્ષ જૈન તીર્થંકરનો શાસન એક યક્ષ

યક્ષપ જુઓ યક્ષપતિ.

યક્ષપતિ [સં.] પું. કુબેર.

યક્ષપુર જુઓ યક્ષપુરી.

યક્ષપુરી [સં.] સ્ત્રી. કુબેરની રાજધાની; અલકાપુરી

યક્ષપુરુષ [સં.] પું. યક્ષના જેવાં લક્ષણવાળો પુરુષ. જે પુરુષ ધનવાન, જાણ નેત્રવાળો, દયાળુ, પુષ્ટ શરીરવાળો, મરીઓનો ભેગી, મોટા પેટવાળો, ઝાંખું, બંધ અને ઠરીરે મોડી ઉંચાઈવાળો, રખે ને તમોગુણવાળો હોય તે યક્ષપુરુષ કહેવાય છે.

યક્ષપ્રશ્ન [સં.] પું. કૂટપ્રશ્ન; કોયડો.

યક્ષ પ્રશ્નોત્તર [સં] ન. કવિ પ્રેમાનંદના પુત્ર વલ્લભ હરિએ રચેલું એ નામનું એક આખ્યાન.

યક્ષરસ [સં.] ન મદ્ય; દારૂ

યક્ષરાજ ૧. [સં યક્ષ + રાજન્ (રાજ્)] પું. યક્ષોનો રાજા; કુબેર; ધનપતિ.
૨. સ્ત્રી. કુસ્તી અને મુષ્ટિયુદ્ધ માટેની જગ્યા.

યક્ષરાજપુરી [સં.] સ્ત્રી. કુબેરની નગરી; અલકાપુરી

યક્ષરાત્રિ ૧. [સં. યક્ષ + રાત્રિ (રાત)] સ્ત્રી. કારતકી પૂનમ
૨. સ્ત્રી. દિવાળી
૩. સ્ત્રી. દિવાળીનો ઉત્સવ.

યક્ષરાત્રી જુઓ યક્ષરાત્રિ.

યક્ષર્ષભલિપિ સ્ત્રી. મોસાળ બાંધેની એક પ્રકારની લિપિ.

યક્ષલોક [સં.] પું. જ્યાં યક્ષો રહેતા હોય તે લોક

યક્ષવિત્ત [સં.] પું. જેની પાસે બહુ જ ધન હોય પરંતુ તેમાંથી કાંઈ પણ અર્થ ન કરતો હોય એવો માણસ

યક્ષશિલ્પ [સં.] ન. કશ્યપ ઋષિ શિલ્પશાસ્ત્રના પંડિતો પાસે બાંધેનો એક વિભાગ.
પ્રાચીન નગરીમાં મહર્ષિ વસિષ્ઠ લખે છે કે યક્ષોએ તો દેવશિલ્પ, યક્ષશિલ્પ, ગાંધર્વશિલ્પ, અસુરશિલ્પ વગેરે અસંખ્ય જાતનાં શિલ્પશાસ્ત્રો પ્રચલિત છે. પુરુષોત્તમ વિશ્રામ માવજી

યક્ષસત્ત્વા [સં.] સ્ત્રી. એક પ્રકારની સ્ત્રી. તે શરમ વિનાની, મદ્યમાંસને વિષે આસક્તિ ધરાવનારી, મોટાં સ્તનવાળી, ચંપાના ફૂલ જેવી ગોરી, સર્વ કાળ ભોગેચ્છાવાળી હોય છે.

યક્ષા સ્ત્રી. રઘુકુલભદ્ર નામના મહાત્માની બહેન.

યક્ષાધિપ જુઓ યક્ષાધિપતિ.

યક્ષાધિપતિ [સં.] પું. યક્ષોનો સ્વામી, કુબેર.

યક્ષાધીશ જુઓ યક્ષાધિપતિ.

યક્ષામલક [સ.] પું. એક જાતનો અબૂર.

યક્ષાવાસ [સં.] પું. વડનું ઝાડ. ત્યાં યક્ષોનો નિવાસ હોવાનું મનાય છે.

યક્ષિણી ૧. [સં.] સ્ત્રી. કુબેરની સ્ત્રી.
૨. સ્ત્રી. ચોસઠ મહેની એ નામની એક યોગિની.
૩. સ્ત્રી. દુર્ગાની અનુચરા; દુર્ગાદેવીની પરિચારિકા.
૪. સ્ત્રી. ભૂત જાતિની મલિન દેવતા; ભૂતડી; ભક્ષણી; નાશ કરનારી મેલી બરાબ દેવતા.

૫. સ્ત્રી. યક્ષની સ્ત્રી; યક્ષણી.
૬. સ્ત્રી. વનદેવી; જળદેવી; પર્વત કે ખાણની દેવી.
૭. સ્ત્રી. ઓનો એક ભેદ. જે સ્ત્રી સૌંદર્યવતી, કુલિન, ઊંચાં રતનવાળી, વધુ રસાળ અને મજાકિનું બક્ષણ કરવામાં પ્રીતિવાળી હોય છે તેને યક્ષિણી કહે છે.

યક્ષિણીવાર્તા [સં.] સ્ત્રી. અદ્‌ભુતવાર્તા; પરીબુટ્ટો; રૂપકથા.

યક્ષી ૧. [સં.] સ્ત્રી. આઠ આહેના એક પ્રકારની રાજસભા.

દિવ્યની ચારે તરફ એક એક આગે બહો હોય તો તે યક્ષી નામની સભા કહેવાય. રાજવલ્લભ

૨. સ્ત્રી. એ નામની એક લિપિ.
૩. સ્ત્રી. કુબેરની સ્ત્રી
૪. સ્ત્રી. દુર્ગાની અનુચરા.
૫. સ્ત્રી. યક્ષણી, યક્ષની સ્ત્રી.
૬. વિ. યક્ષની ઉપાસના કે સાધના કરનારે.

યક્ષુ ૧. [હિ] પું. ઓક્સસ નદીની આસપાસનો પ્રદેશ.
૨. પું. તે પ્રદેશનો નિવાસી માણસ.
૩. વિ. યજ્ઞ કરનાર.

યક્ષેશ [સં.] પું. કુબેર.

યક્ષેશ્વર પું. કુબેર; યક્ષનો અધિપતિ.

યક્ષેંદ્ર જુઓ યક્ષેશ.

યક્ષોદુંબરક [સં.] ન. પીપળાનું ઝાડ.

યક્ષોત્તમ પું. (જૈન) યક્ષોના તેર આંહેનો એક પ્રકાર

યક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છેઃ પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, અતિપાતિક ભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ. તત્ત્વાર્થસૂત્ર

યક્ષ્મો ન. કમ્બમાં આવેલ એક બંદર; હાલનું જખો.

એની કારકીર્દિ દરમિયાન યક્ષ્મો (હાલના જખો) બંદરેથી ઇસ્લામની મજબૂતના પ્રચારકો કચ્છ આવે ઉતરી પડતા. કચ્છનાં રત્નકણ્ણ

યક્ષ્મ ૧. પું. એ નામનો એક ઉપરોગતા.
૨. [સં.] પું. એક જાતનો રોગ; ક્ષયરોગ; ખે, ખય.

યક્ષ્મગ્રંથી [સં.] સ્ત્રી. ક્ષયરોગની ગાંઠ.

યક્ષ્મઘ્ની ૧. [સં] સ્ત્રી. દ્રાક્ષ, અંજૂર.
૨. વિ સ્ત્રી. ક્ષયરોગ મટાડનાર.

યક્ષ્મવિદ્યા [સં.] સ્ત્રી. ક્ષયરોગ સંબંધી વિદ્યા; ક્ષયરોગ વિદ્યા; ' ટિસિયોલોજિ '.

યક્ષ્મા [સં. યક્ષ્મન્] પું. ક્ષયરોગ. હાંસો આવે અને ધીમે ધીમે ક્ષીણતા થતી જાય તથા જ્વર આવ્યા કરે અને બળખા પડે એવો ક્ષયરોગ; રાજયક્ષ્મ.

યક્ષ્મા, રાજયક્ષ્મા, અજાત યક્ષ્મા, અપચક્ષ્મા વગેરે શબ્દો આયુર્વેદમાં ક્ષયવાચક જણાય છે. પુરાતત્ત્વ

યક્ષ્મી ૧. [સં. યક્ષ્મિન્] પું ક્ષયરોગી માણસ.
૨. વિ. ક્ષયરોગ વાળું; ક્ષયરોગથી પીડાતું.

યખ ૧. [કા.] પું. બરફ.
૨. પું. ઠંડા; ટાઢોકુ

યગચ્છ ૧. [સં.] પું. (વિગણ) આઠ આંહેનો એક ગચ્છ; ત્રણ અક્ષરનો એક સમૂહ. ચગણના ત્રણ અક્ષરોમાં પહેલો અક્ષર લઘુ અને બીજા બે ગુરુ હોય છે.
૨. પું વિસામો.

યગ્મા ૧ [કા.] પું. લૂટ
૨. પું શિકાર

યજ્ ૧. [સં.] ૪ ક્રિ. (ધાતુ) દાન હેતુ; આપવું; બક્ષવું. તે ઉપરથી યજન, યજ્ઞ, યજ્ઞ, યજમાન વગેરે શબ્દો બનેલા છે.
૨. ૪ ક્રિ. દેવપૂજા કરવી; પૂજવું.
૩. ૪. ક્રિ. કર્મોમાં અગ્નિ આપવો.
૪. ૪. ક્રિ. માન આપવું
૫. ૪. ક્રિ. સંસ્કાર કે સંસ્કૃતિ કરવી

યજત ૧. [સં.] પું. ઋગ્વેદના એક મંત્રદ્રષ્ટા ઋષિ
૨. પું. ઋત્વિજ; યજ્ઞ કરાવનાર પુરોહિત.

યજતાત્રેય ૧. [સં.] પું. ઋગ્વેદના દશમા મંડલના ૬૭-૬૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.
૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

યજત્ર ૧. [સં.] પું. અગ્નિહોત્રી બ્રાહ્મણ.
૨. પું. પવિત્ર અગ્નિ રાખનો તે; અગ્નિહોત્ર.
૩. વિ. પૂજનીય; પૂજવા યોગ્ય.

યજડ સ્ત્રી. (જરથોસ્તી) દૈવીશક્તિ.

યજન ૧ [સં.] ન. પૂજન; પૂજા; સેવા કરવી તે.
૨. ન. યજ્ઞનું સ્થાન.
૩. ન. હોમવું કે અગ્નિ આપવો તે; યજ્ઞ કરવો તે; અગ્નિ સળગાવી તેમાં હુત દ્રવ્ય હોમવાનું કર્મ; યજ્ઞયાગ વગેરે તે; જજન; હોમ; હવન.

યજનકર્તા [સં.] વિ. યજ્ઞ કે હવન કરનાર.

યજનબ્રાહ્મણ [સં.] પું. શુદ્રની સેવા કરનાર. ભગવતી ભાગવતમાં કહ્યું છે કે, શુદ્રને યજ્ઞન કરાવનાર બ્રાહ્મણ યજનબ્રાહ્મણ કહેવાય છે.

યજનયાજન ૧. [સં.] ન. પૂજનપાઠ.
૨. ન. યજ્ઞ કરવો અને કરાવવો તે; બ્રાહ્મણે યજ્ઞ કરવા અથવા બીજા પાસે કરાવવારૂપી કર્મ.

યજમાન ૧. પું. આશ્રયદાતા; શેઠ; મુરબ્બી; મહદ્‌માર.
૨. પું. ચોર કે બ્રાહ્મણને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર માણસ; હોમ કે યજ્ઞ કરાવનારો ગૃહસ્થ; બ્રાહ્મણ પાસે યજ્ઞ કરાવી તેને દક્ષિણા આપી, યજ્ઞફલ લેનારો પુરુષ; જેને યજ્ઞાદિકનું ફળ મળવાનું છે અને જે બ્રાહ્મણોની પાસે યજ્ઞાદિક કર્મ કરાવી તેમને દક્ષિણા આપે છે તે.
૩. પું. ધરનો ધણી.
૪. પું. ઠોળી કે ભૂખનો આજેવાન.
૫ પું મહાદેવની આઠ પ્રકારની મૂર્તિઓ પૈકી એક.
૬. વિ. દેનાર
૭. વિ પાળનાર.
૮ વિ યજ્ઞ કરનાર.

યજમાનવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કર્મકાંડ કરાવવાનો ધંધો; ધર્મક્રિયા કરાવવાનો ધંધો; પોરોહિત્ય
૨. સ્ત્રી. યજમાનને ત્યાંથી મળતાં અન્ન, વસ્ત્ર અને દક્ષિણા વગેરે ઉપર ગુજરાન કરવું તે; જજમાની; યજમાનમાં દાનદક્ષિણા વગેરે આકર્ષિત કરવી તે.

યજમાના સ્ત્રી. ધરધણિયાણી; યજમાનની સ્ત્રી; અગ્નિહોત્રકારિણી

યજમાનિયું વિ. યજમાન ઉપર આધાર રાખનાર; યજમાનને આધારે ગુજરાન કરનાર; યજમાનવૃત્તિવાળું

યજમાનિયો પું વંશપરંપરાથી જે યજમાનોને ઘેર ધાર્મિક ક્રિયાઓ કરાવે છે તે; જેને પેઢી દરપેઢીથી યજમાનવૃત્તિ ચાલતી આવી હોય તેવો બ્રાહ્મણ

યજમાની ૧. [સં. યજમાન + ઈ (પ્રત્યય)] સ્ત્રી. જ્યાં યજમાન રહેતા હોય તે સ્થાન.
૨. સ્ત્રી. યજમાનવૃત્તિ.

યજવું ૧. [સં. યજ્] સ. ક્રિ. અગ્નિમાં હોમ કરવો; અગ્નિ આપવો; હોમવું; અગ્નિને આહુતિઓ આપી તૃપ્ત કરવો
૨. સ. ક્રિ પૂજવું; પૂજા કરવી; ભજવું; ભક્તિ કરવી; સેવા કરવી.
૩. સ. ક્રિ. યજ્ઞ કરવો.

યજી [સં. યજિન્] વિ. યજ્ઞ કરનાર.

યજુ ૧. [સં. યજુર] પું. યજુર્વેદ.
૨. પું. ઇષ્ટ કે પ્રીતિ રહિત છતાં જાન જેવા સારા સબંધથી જણાતો મંત્ર જેમાં હોય તે ગદ્ય.

યજુર્ [સં.] પું. યજુર્વેદ.

યજુર્વિદ્ [સં.] પું. યજુર્વેદનો જ્ઞાતા; યજુર્વેદ ભણનાર બ્રાહ્મણ.

યજુર્વેદ ૧. [સં. યજુસ્ (યજ્ઞ સંબંધી પ્રાર્થના) + વેદ] પું ચાર મોટેનો એક વેદ; યજ્ઞ કરવાના મંત્રોનો સંગ્રહ જેમાં છે તે વેદ તે બ્રહ્મદેવના દક્ષિણ મુખમાંથી ઉત્પન્ન થયેલો છે. યજુર્વેદ તેનો ઉપવેદ છે. યજુર્વેદમાં આવેલા મંત્રો ઋગ્વેદમાંથી જ લીધેલા છે. એ મંત્રો સિવાય તેમાં નવું ગદ્ય લખાણ પણ છે. યજુર્વેદ કર્મકાંડીઓના વિધાનસમૂહ જેવો છે. તેમાં યજ્ઞના વિધિ અને યજ્ઞમાં વપરાતા ઋત્વિજો વગેરેના ધર્મ ઇત્યાદિનાં કથન છે. ધાર્મિક ક્રિયાઓનાં વિધાનો સંબંધે તેમાં ઘણું લખાણ હોવાને લીધે જુદી જુદી ઘણી શાખાઓ પ્રમાણે ક્રિયાઓ કરનારને તેનો અભ્યાસ ખાસ અગત્યનો છે. તેની બે સંહિતાઓ છે. એકને તૈતિરીય સંહિતા અને બીજીને વાજસનેયી સંહિતા કહે છે. સામાન્ય ભાષામાં એકને કૃષ્ણ અને બીજીને શુક્લ યજુર્ કહેવાય છે. તૈતિરીય શાખા બંનેમાં પુરાતન છે અને ઈ. સ. પૂર્વેના બીજા સૈકામાં પ્રચલિત હોવાનું જણાયું છે. વસ્તુતઃ આ સંહિતાઓમાં વિષય તો સરખો જ છે, પણ ગોઠવણમાં ફેર છે. શુક્લ યજુર્વેદ અનુક્રમ અને પદ્ધતિસર લખાયેલો છે. એમાં આવેલી કેટલીક બ્રાહ્મણો કૃષ્ણયજુર્માં બિલકુલ નથી. તૈતિરીય અથવા કૃષ્ણયજુર્ની સંહિતામાં ૭ કાંડ, ૪૪ પ્રશ્નો અથવા પ્રકરણ, ૬૫૧ અનુવાક્ અથવા પેટા વિભાગ અને ૨,૧૪૯ કંડિકા છે. સામાન્યતઃ એક કંડિકામાં પચાસ શબ્દો હોય છે. શુક્લ યજુર્ અથવા વાજસનેયી સંહિતામાં ૪૦ અધ્યાય, ૩૦૩ અનુવાક્ અને ૧,૬૭૫ કંડિકા છે. અને સંહિતાના અનુયાયીઓ એકબીજા પ્રતિ ઘણી વિરુદ્ધતા રાખે છે. વૈશંપાયને પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્યને યજુર્ની જુદી જુદી ૨૭ શાખા શીખવી હતી. એક વખત વૈશંપાયને પોતાના આચાર્યને સહેજ ઘાત મારતાં આચાર્યનું મૃત્યુ થયું અને તેને બ્રહ્મહત્યા લાગી. તેણે પોતાના શિષ્યોને પોતાની આ હત્યાને અંગે પ્રાયશ્ચિત્તનાં વિધાન કરવાની આજ્ઞા કરી. યાજ્ઞવલ્ક્યે આ વિધાન કરવામાં સામેલ થવાની ના પાડી. આથી ગુરુ શિષ્ય વચ્ચે તકરાર થઈ. વૈશંપાયને ક્રોધવશ થઈને યાજ્ઞવલ્ક્યને કહ્યું કે, તું મારી પાસે શીખ્યો હોય તે બધી વિદ્યા અને આપી દે. યાજ્ઞવલ્ક્યે તેથી તેની પાસે શીખેલો યજુર્વેદ ઓકી કાઢ્યો. ઓકેલાં લોહીથી મિશ્રિત યજુર્ જમીન ઉપર પડ્યો. બીજા શિષ્યોએ તેતરનાં રૂપ ધારણ કરીને ઓકી કાઢેલી વિદ્યા ગ્રહણ કરી. તેથી તે ઓકો કાઢેલી વિદ્યા તૈતિરીય અથવા કૃષ્ણ કહેવાઈ. વિદ્યા પાછી આપી દઈને યાજ્ઞવલ્ક્ય સૂર્યની ઉપાસના કરીને જબરું તપ કર્યું. સૂર્ય પ્રસન્ન થઈને વૈશંપાયનને પણ અગર ન જોયા હોય તેવા યજુર્મંત્રો તેને શીખવ્યા. સૂર્ય વાજી એટલે ઘોડાનું રૂપ લઈને યાજ્ઞવલ્ક્યને આ મંત્રો શીખવ્યા હતા. આ નવી શાખાના અધ્યાયો અને વાજી કહેવાતા અને સંહિતાનું નામ વાજસનેયી પડ્યું. સૂર્ય શીખવેલી હોવાથી આ વિદ્યાનું નામ શુક્લ પણ પડ્યું. વધારે મહત્ત્વની વાત તો એ છે કે, યાજ્ઞવલ્ક્ય વાજસનેયીના વંશજ હોવાથી તેના પોતાના નામ ઉપરથી વાજસનેયી અને ગોરના શિષ્ય તિત્તિરી ઉપરથી તૈતિરી નામ પડ્યું હશે. આ વેદ પ્રાયઃ ગદ્યરૂપે છે અને તેમાં યજ્ઞાદિને લગતું વર્ણન મુખ્ય છે. કૃષ્ણયજુર્વેદની ૮૬ શાખા છે. કૃષ્ણયજુર્વેદને તૈતિરીય બ્રાહ્મણ છે અને શુક્લ યજુર્વેદને શતપથ બ્રાહ્મણ છે. યજ્ઞમાં આહુતિ આપવા કરનાર યજુર્વેદનો અધિકાર હોય છે તેને અધ્વર્યુ કહે છે. યજુર્વેદ એ કર્મવેદ છે. મનુષ્યે કયા કયા કર્મો કરવાં અને તે દ્વારા પોતાની સર્વાંગી ઉન્નતિ કેવી રીતે સાધવી તે વિષે આ વેદમાં કહેવાયું છે. યજુર્વેદનું બીજું નામ અધ્વર વેદ પણ છે.
૨. પું. સૂર્યનું એક નામ.

યજુર્વેદ સંહિતા જુઓ યજુર્વેદ ૧.

યજુર્વેદી ૧. [યજુર્વેદિન્] પું. યજુર્વેદ ભણેલો અને તે પ્રમાણે યજ્ઞકર્મ કરનારો બ્રાહ્મણ; યજુર્વેદમાં કહ્યા પ્રમાણે કર્માદિક કરનાર પુરુષ; યજુર્વેદનો અભ્યાસી.
૨. વિ. યજુર્વેદ પ્રમાણેનું; યજુર્વેદનું.

યજુશ્રાવણી સ્ત્રી. યજુર્વેદી બ્રાહ્મણોની શ્રાવણી એટલે જનોઈ બદલવાનો દિવસ; શ્રાવણ શુદ ૧૫.

યજુશ્રુતિ [સં.] પું. યજુર્વેદ.

યજુષ્મતી [સં] સ્ત્રી. યજ્ઞવેદી બાંધવાની એક પ્રસરની ઈંટ.

યજ્ઞ ૧. પું. અગ્નિનું એક નામ.
૨. [સં. યજ્] પું. અગ્નિને પૂજવાનું અને તેને બલિદાન આપવાનું એક વૈદિક કર્મ. વેદમાં કહેલા વિધિ પ્રમાણે વેદમંત્રથી અગ્નિમાં હોમ કરવાનું કર્મ યાગ; મખ; ક્રતુ; ધ્વર; હોમ. આ શબ્દ સંસ્કૃત યજ્ ધાતુ ઉપરથી નીકળેલો છે. યજ્ ધાતુના દેવપૂજા, સંગતિકરણ, દાન આ ત્રણ અર્થ છે નિર્મળતા, પવિત્રતા, જ્ઞાનમાં નિષ્ઠા, દાન, શમ, દમ, સ્વાધ્યાય, તપશ્ચર્યા, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, શાંતિ, ભૂતદયા, નિર્લોભવૃત્તિ વગેરે દૈવી સંપત્તિવાળા લોકોનું નામ દેવ છે. તેઓનો સત્કાર કરવો, સંગતિકરણ કરવું અર્થાત્ સંગઠન કરવું અને દાન કરવું આ ત્રણે વાત જ્યાં હોય તે કર્મનું નામ યજ્ઞ સત્કાર, સંગઠન અને ઉપકાર આ ત્રણ યજ્ઞનાં લક્ષણ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં જે યજ્ઞ શબ્દ છે તે આત્મસમર્પણ રૂપ સામાન્ય યજ્ઞનો વાચક છે. યજ્ઞના વિવિધ પ્રકાર કહેલા છે: જ્ઞાનયજ્ઞ, તપયજ્ઞ, દાન, જપ, સ્વાધ્યાય, દેવ, પિતૃ, મનુષ્ય, ભૂત, ઋષિ, બ્રહ્મયજ્ઞ, ઇંદ્રિયસંયમ વગેરે. આ સર્વ યજ્ઞ જીવનનાં કર્મોમાં સાથે જોડાયેલ છે. યજ્ઞનો પ્રચાર બહુધા બંધ થઈ ગયો છે, છતાં અગ્નિહોત્ર, ચાતુર્માસ્ય આદિ શ્રૌતયજ્ઞો તથા ગૃહ્યસૂત્ર માંહેના યજ્ઞો હજુ પણ પ્રચલિત છે. યજ્ઞો મુખ્ય બે પ્રકારના છે: શ્રૌત અને સ્માર્ત. શ્રૌતયજ્ઞોમાં વળી બે વર્ગો પાડવામાં આવ્યા હવિર્યજ્ઞ અને સોમયજ્ઞ. અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૌર્ણમાસ, પિંડપિતૃયજ્ઞ, આગ્રયણ, ચાતુર્માસ્ય અને દાક્ષાયણ એ સાત હવિર્યજ્ઞો છે. અગ્નિષ્ટોમ, ઉક્થ્ય, ષોડશી, અત્યગ્નિષ્ટોમ, અતિરાત્ર, વાજપેય અને આપ્તોર્યામ એ સાત સોમયજ્ઞો છે સ્માર્તયજ્ઞોને પાકયજ્ઞો કહે છે. તેના ચાર વર્ગ પાડવામાં આવ્યા છે: હુત, અહુત, પ્રહુત અને પ્રાશિત. અગ્નિમાં આહુતિ આપી હોમ કરવો તે હુત. યજ્ઞની વેદી ઉપર કર્યા પાથરવા તે અહુત. નિકૃષ્ટ પ્રાણીવર્ગને બલિદાન આપવું તે પ્રહુત અને બ્રાહ્મણોજન તે પ્રાશિત. શ્રૌતપરંપૃતિમાં અષ્ટકા, દર્શપૌર્ણમાસ, પિંડપિતૃયજ્ઞ, આગ્રયણ, ચૈત્રી અને આશ્વયુજી એ સાત પ્રકારના યજ્ઞોને પાકયજ્ઞો કહ્યા છે. શ્રૌત યજ્ઞમાં એક દિવસના યજ્ઞને એકાહ, બેથી ત્રણ દિવસના યજ્ઞને અહીન તથા તેથી વધારે મુદતના યજ્ઞને સત્ર યજ્ઞ કહેવામાં છે જે શ્રૌત યજ્ઞ ગોહિ, વપ, તપ, દુગ્ધ, ઘી, ઔષધિ વડે કરાય તે હવિષ, સાખ્ય, પશુવડે કરાય તે પશુ સાખ્ય તથા સોમ વડે કરાય તે સોમસાખ્ય શ્રૌતયજ્ઞ કહેવાય છે. શ્રૌતયજ્ઞમાં આધાનાગ્નિ, અગ્નિહોત્ર, નિત્ય, દર્શપૂર્ણ, આગ્રયણ વગેરે નૈમિત્તિક તથા જ્યોતિષ્ટોમ, અગ્નિષ્ટોમ, રાજસૂય, અશ્વમેધ વગેરે કામ્ય યજ્ઞો છે. તેમાં નિત્ય તથા નૈમિત્તિક યજ્ઞો કર્યા બાદ કામ્ય યજ્ઞો થઈ શકે છે યજ્ઞના

અંતમાં હુત શેષનું ઈડાભક્ષણ થાય છે. તે ૬૬.૨૫ વાકૂદેવી ઋત્વિજા છે. તે આ મર્ત્ય લોકમાં અમૃત વરસાવે છે. વૈદિક કાળમાં આજ્ય, પરિધિ, વાડા અને પ્રતિમા એ યજ્ઞનાં અંગ મનાતાં. પૌરાણિક કાળમાં પોતાના દુશ્મનને મારવાને માટે પણ યજ્ઞ કરવામાં આવતો અને દુશ્મનને માટે અભિચાર એટલે કે પિશાચી ભાષી શબ્દ વપરાતો. આ ભાતાને છે કે, ઔરવ ને પાંડવોની માફક પિશાચીઓ વચ્ચે પણ ઝાઝા ઝઘડા થતા હતા. પૌરાણિક કાળમાં પ્રજાપતિ વગેરે દેવતાઓ પોતાની ઋદ્ધિ યજ્ઞ દ્વારા મેળવે છે તેમ જ બધા દેવતાઓ યજ્ઞ મારફત જ સ્વર્ગ મેળવે છે એવી માન્યતા હતી અને વિષ્ણુને યજ્ઞરૂપ કહેવામાં આવ્યા છે એવું યજ્ઞનું માહાત્મ્ય હતું. યજ્ઞમાં દક્ષિણા ગાયની આપવામાં આવતી અને તેને વર કહેવામાં આવતી. મોટા યજ્ઞની અંદર હજાર ગાયો સુધીની દક્ષિણા અપાતી. યજ્ઞો પાંચ જાતના પણ કહ્યા છે: (૧) બ્રહ્મ યજ્ઞ–વેદ ભણવો અને ભણાવવો તે, (૨) પિતૃ યજ્ઞ–પાણીથી પિતૃઓનું તર્પણ કરવું તે, (૩) દેવયજ્ઞ–અગ્નિમાં હોમ કરવો તે, (૪) ભૂત યજ્ઞ–પ્રાણી માત્રને બલિ આપવા તે અને (૫) મનુષ્ય યજ્ઞ–અતિથિઓની સત્કાર કરવો તે.

૩. પું. ઉંદરનું એક નામ.

૪. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોળાવૃત્ત છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ તથા ૧૨ લઘુ મળી ૭૬ વર્ણની માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો ભેદ છે. તેમાં નગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે.

૬ પું. પાયની સંજ્ઞા.

૭. પુ પૂજન; પૂજા.

૮. પુ બલિદાન; દેવોપહાર; હવન; આહુતિ.

૯. પું. યજ્ઞ

૧૦. પું. લોકકલ્યાણ અર્થે કરેલી શારીરિક મજૂરી; નિષ્કામ ભાવે કરેલું કર્મ; સેવાર્થે કરેલું કર્મ.

યજ્ઞના પણ્યાયે અર્થ કરી શકાય છે. પણ સર્વ ધર્મને સામાન્ય એવો યજ્ઞનો એક જ અર્થ છે અને તે એ કે, બરોબરી ઉન્નતિને સારૂ પ્રાપ્તાપણ કરવા સુધી તૈયાર રહેવું. આ પોતાના બાળ પોતાના છોકરાને જન્મ આપે છે અને ઉછેરે છે મૃત્યુમાંથી જ જન્મ સંભવે છે. અનાજના બીજ જાયમાં દટાઈ સડે છે, મરે છે, ત્યારે જ પાક ઉત્પન્ન થાય છે. હરિશ્ચંદ્ર પોતાનું સત્ય પ્રગટ કરવાને સારૂ પારાવાર દુ:ખ સહન કર્યું; પોતાને ઉગારવા સારૂ ઋષભે મારવા સુમંત્ર પહેર્યો, પોતાના હાથ પગમાં ખીલા ઠોકવા દીધા અને રીબાઈને પ્રાણત્યાગ કર્યો. એવો યજ્ઞ કરવાનો અનાદિ કાળથી ચાલતો આવેલો વિધિ છે. યજ્ઞ વિના પૃથ્વી એક ઘડી પણ ન નભી શકે.

ગાંધીજી

૧૧. પું વિષ્ણુ.

૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૩. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં રુચિ નામના ઋષિને આકૂતિ નામની સ્ત્રીથી થયેલો પુત્ર તેને સ્વાયંભુ મનુએ રુચિઋષિ પાસેથી પાછો લીધો હતો. તેને દક્ષિણા નામની સ્ત્રી હતી. અને તેની કૂખે તોષાદિ બાર દેવ ઉત્પન્ન થયા હતા. તે તુષિત નામથી ઓળખાય છે આ યજ્ઞ વિષ્ણુનો અવતાર હતો

યજ્ઞક ૧. [સં.] પું. યજ્ઞ.

૨ વિ. યજ્ઞ કરનાર.

યજ્ઞકર્તા ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

૨. [સ.] પું યજમાન; યાજક; યજ્ઞ કરનાર માણસ

યજ્ઞકર્મ ૧ [સં. યજ્ઞકર્મન્] ન. યજ્ઞ કરવો તે સમાજનું બોજ ઘટાડવા પોતાનું થયા માટે તે યજ્ઞકર્મ અથવા યજ્ઞરૂપ હમેશાં કરવાની ટેવ પાડવા લોકોએ એ કહ્યું છે. ગીતા જ્ઞાનકોષ

૨ ન. યજ્ઞનું કામ

૩. વિ. યજ્ઞ કરનાર

યજ્ઞકાષ્ઠ [સં.] પું. યજ્ઞો કરવા માટે ઝાઝોહારા નક્કો કરેલો સમય. સામાન્ય રીતે અમાસ અથવા પૂનેમ યજ્ઞ માટે પસંદ કરાય છે.

યજ્ઞકીડક [સં.] પું. યજ્ઞમાં બલિ દેવાનારો પશુ બલિપત્રમાં આવે છે તે જાનવરનો ખૂટો

યજ્ઞકુંડ [સં.] પું યજ્ઞ કરવાનો કુંડ; હોમ હવન કરવાનો કુંડ; બલિદાન માટે કરવામાં આવેલી વેદી

વૈદિક કાળમાં યજ્ઞની અને યજ્ઞકુંડ વગેરેની રચનામાં આપણા પૂર્વજોની ભૂમિતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાચીન ઋષિઓને પ્રાપ્ત થયું હતું. વિજ્ઞાન વિચાર

યજ્ઞકેતુ ૧. એ નામનો એક રાક્ષસ

૨. [સં] પું યજ્ઞની ક્રિયાઓનો અધિકાર મ ભ્રમ

યજ્ઞક્રિયા [સં] સ્ત્રી યજ્ઞનો વિધિ, યજ્ઞ સંબંધી ધાર્મિક ક્રિયા; કર્મકાંડ

યજ્ઞઘ્ન ૧ [સં.] પું. યજ્ઞમાં વિઘ્ન નાખનાર રાક્ષસ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૩. વિ. યજ્ઞનો નાશ કરનાર.

યજ્ઞચક્ર [સં] ન રેંટિયો.

યજ્ઞજા [સં] સ્ત્રી. યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલી દ્રૌપદી

યજ્ઞતાપસ પું. દશમી ગતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તનો એ નામનો એક ધર્મ.

યજ્ઞતામસ [સં] પું. શાસ્ત્રવિધિ, અન્ન, મંત્રો અને દક્ષિણારહિત યજ્ઞ.

યજ્ઞદત્ત પું. (પુરાણ) ભાગદત્તનો એ નામનો પુત્ર. તેણે સહદેવ સાથે યુદ્ધ કર્યું હતું.

યજ્ઞદત્તક [સં.] પું. યજ્ઞના પ્રસાદ સ્વરૂપે પ્રાપ્ત થયેલો પુત્ર

યજ્ઞદગ્ધ [સં.] ન. યજ્ઞમાં વપરાતો પદાર્થ

યજ્ઞનારાયણ ૧. [સં.] પું. નારાયણ સ્વરૂપ મનાતો યજ્ઞનો અગ્નિ; વિષ્ણુરૂપ મનાતો યજ્ઞમાંનો દેવતા; યજ્ઞદેવતા.

૨. પું. પુરુષોત્તમનાં હજાર નામોનું એક નામ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. હોમ. હવન.

યજ્ઞનેમિ ૧. [સં.] પું શ્રીકૃષ્ણ

૨. પું વિષ્ણુ

યજ્ઞપતિ ૧ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો ભેદ છે. તેમાં બે નગણ, જગણ અને બે જગણ મળી બાર વર્ણ આવે છે.

૨. પું. યજ્ઞ કરનાર માણસ; યજમાન.

૩. [સં] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

યજ્ઞપત્ની ૧. સ્ત્રી. (પુરાણ) મથુરાના યજ્ઞ કરનાર બ્રાહ્મણોની સ્ત્રીઓ. તે પોતાના પતિઓની મના છતાં પણ શ્રીકૃષ્ણને માટે ભોજન લઈને વનમાં ગઈ હતી.

૨ [સં] સ્ત્રી. યજ્ઞની સ્ત્રી; દક્ષિણા.

યજ્ઞપરિભાષા [સ.] સ્ત્રી. આપસ્તમ્બે રચેલ એ નામનું સૂત્ર.

યજ્ઞપશુ ૧ [સ.] ન. અજા; બકરાનું કે અશ્વમેધનો પશુ જેવો માણસ.

૨ ન આખરે જેનો વધ કરવાનો હોય તેવું પોષેલું કે પૂજેલું પ્રાણી.

૩ ન બોકડો

૪ ન બકરો

૫. ન. યજ્ઞના અગ્નિમાં બલિ તરીકે હોમવાનું પ્રાણી

યજ્ઞપાત્ર [સ] ન. યજ્ઞ કરવાનું વાસણ; યજ્ઞ કે હવનમાં વપરાતું પાત્ર.

યજ્ઞપાલ [સં] પું યજ્ઞનું રક્ષણ કરનાર દેવ.

યજ્ઞપુરુષ ૧. [સં.] પું. પરબ્રહ્મ; પરમાત્મા.
૨. પું. વિષ્ણુ.
૩. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

યજ્ઞપુરોડાશ [સં.] પું. યજ્ઞનું અધિદાન.
યજ્ઞપુરોડાશને ચાખ સ્પર્શ કરે જો તે મહા અધમ ગણાય. પાંચાળી પ્રસન્નાખ્યાન

યજ્ઞભૂમિ [સં.] સ્ત્રી. યજ્ઞ કરવાની જગ્યા; હોમ કરવાનું સ્થળ; યજ્ઞક્ષેત્ર.

યજ્ઞભૂષણ [સં.] ન. દર્ભ; દાભડો.

યજ્ઞયાગ [સં.] પું. હોમ; હવન; મખ; મેધ. યજ્ઞ અને યાગ બંને શબ્દો અધિદાનના અર્થમાં વપરાય છે.

યજ્ઞયૂપ [સં.] પું. યજ્ઞમાં પશુ બાંધવાનો થાંભલો.

યજ્ઞયોગ્ય ૧. પું. ઊંબરાનું ઝાડ.
૨. [સં.] વિ. યજ્ઞ કરવા કે કરાવવા લાયક

યજ્ઞરસ [સં.] પું. સોમરસ.

યજ્ઞરાજ ૧. પું. કપૂર
૨. [સં] પું. ચંદ્રમા.

યજ્ઞવલ્કય પું. યાજ્ઞવલ્કય ઋષિના પિતા.

યજ્ઞવલ્લી [સં.] સ્ત્રી સોમલતા.

યજ્ઞવાહ [સં.] પું. સ્વર્ગના વૈદ્ય અશ્વિનીકુમાર.

યજ્ઞવાટ પું. યજ્ઞ કરવાનું સ્થાન; યજ્ઞ માટે તૈયાર કરેલું સ્થળ; યજ્ઞભૂમિ; યજ્ઞની નિયત જગ્યા; યજ્ઞ માટે તૈયાર કરેલી કે આંતરેલી જમીન.

યજ્ઞવાહન ૧. પું. બ્રાહ્મણ.
૨. [સં] પું. વિષ્ણુના કળશ આકારનું એક નામ.
૩. પું. શિવ.
૪. વિ. યજ્ઞ કરનાર.

યજ્ઞવિદ ૧. [સં. યજ્ઞવિદ્] પું. યજ્ઞની ક્રિયા જાણનાર બ્રાહ્મણ.
૨. વિ. યજ્ઞની ક્રિયા જાણનાર.

યજ્ઞવિદ્યા [સં.] સ્ત્રી. યજ્ઞ કરવાનું જ્ઞાન; યજ્ઞ સંબંધી શાસ્ત્રોક્ત સમજ.

યજ્ઞવિધિ [સં.] સ્ત્રી. યજ્ઞ કરવાની રીતનું શાસ્ત્ર.

યજ્ઞવૃક્ષ ૧. [સં.] ન. યજ્ઞમાં વપરાતા લાકડાનું ઝાડ.
૨. ન. યજ્ઞમાં વપરાતું લાકડું.
૩ ન. વડનું ઝાડ.

યજ્ઞવેદ [સં.] સ્ત્રી. યજ્ઞની વેદી. યજ્ઞનો કુંડ.

યજ્ઞવેદી જુઓ યજ્ઞવેદિ.

યજ્ઞશાલા જુઓ યજ્ઞશાળા.

યજ્ઞશાલી [સં. યજ્ઞશાલિન્] વિ. યજ્ઞ કરવાની શ્રદ્ધાવાળું
આશા પૂર્વે જ હતા યજ્ઞશાલી સ્ત્રી,
અતિ ઉત્તમ તે ઠકરાર. પ્રેમાનંદ

યજ્ઞશાસ્ત્ર [સં.] ન. જેમાં યજ્ઞો અને તેના કર્મો વગેરેનું વિવેચન હોય તેવું શાસ્ત્ર; મીમાંસા

યજ્ઞશાળા [સં. યજ્ઞશાલા] સ્ત્રી. યજ્ઞ કરવાની જગ્યા; અગ્નિહોત્રનો ઓરડો.

યજ્ઞશિષ્ટ જુઓ યજ્ઞશેષ.

યજ્ઞશિષ્ટાશી [સં. યજ્ઞશિષ્ટાશિન્] વિ. યજ્ઞ કરતાં શેષ રહેલું ખાનાર.

યજ્ઞશીલ ૧. [સં.] પું. બ્રાહ્મણ.
૨ વિ યજ્ઞ કરનાર.

યજ્ઞશેષ ૧. [સં.] ન. યજ્ઞ કરતાં શેષ રહેલું અન્ન; યજ્ઞના અધિદાનનો બચેલો ભાગ
યજ્ઞશેષ જમનારા સંતો પાપથી છૂટે,
જમે તે પણ જો પાપ જે રાખે નિજ કાજે.
નીતિપ્રકાશ
૨. વિ યજ્ઞમાંથી બચેલું.

યજ્ઞસભા [સં.] સ્ત્રી. યજ્ઞમંડપમાં બનેલા ઓરડો

યજ્ઞસંપદા સ્ત્રી. (જૈન) દાન આપતાં પહેલાં, આપતી વખતે અને આપ્યા પછી ઉત્પન્ન થતો સંતોષ.

યજ્ઞસાર ૧. [સં.] પું. ઊંબરાનું ઝાડ.
૨. પું. વિષ્ણુનું એક નામ.

યજ્ઞસૂત્ર [સં.] ન. જનોઈ, યજ્ઞોપવીત.

યજ્ઞાગ્નિ [સં.] પું યજ્ઞનો અગ્નિ તેના ત્રણ પ્રકાર છે: ગાર્હપત્યાગ્નિ, દક્ષિણાગ્નિ અને આહવનીયાગ્નિ

યજ્ઞાગ ૧. [સં] પું. વિષ્ણુનાં કળશ આકારનું એક નામ
૨. ન. ઊંબરાનું ઝાડ
૩ ન ખેરનું ઝાડ
૪. ન. યજ્ઞનું મંડપ
૫ ન. યજ્ઞનો ભાગ.
૬ ન મોમલતા

યજ્ઞાંતકર્મ [સં યજ્ઞાંતકર્મન્] ન સ્વસ્તિવાચન, તે યજ્ઞને અંતે કરાય છે

યજ્ઞિક ૧ [સં] પું આંબાનું ઝાડ
૨. પું. યજ્ઞના પ્રસાદ સ્વરૂપે પ્રાપ્ત થયેલો પુત્ર.

યજ્ઞિય ૧. [સં] પું. ઊંબરો.
૨. પું આંબાનું ઝાડ.
૩ પું. ખેરનું ઝાડ.
૪. પું દેવ.
૫ પું દ્વાપર યુગ
૬. વિ. પવિત્ર
૭ વિ પુણ્ય.
૮ વિ. યજ્ઞ કર્મ યોગ્ય; યજ્ઞને માટે લાયક.
૯ વિ. યજ્ઞ કર્મ સંબંધી; યજ્ઞ માટે હિતકારક.
૧૦. વિ. બહાળું

યજ્ઞિયપ્રદેશ ૧. [સં.] પું. જે દેશમાં કૃષ્ણકુમાર હરણ ચિકારે છે તે દેશ.
૨. પું. યજ્ઞ કરવા લાયક પ્રદેશ.

યજ્ઞોપવીત ૧. [સં.] ન. જનોઈ કેવળ ક્રિયા.
૨. ન. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે યજ્ઞ કરીને પ્રથમ ધારણ કરેલો દોરો કે સૂત્ર: ઉપવીત; જનોઈ બ્રહ્મસૂત્ર; યજ્ઞસૂત્ર. પછી તે નિરંતર રાખવામાં આવે છે અને વર્ષે વર્ષે વિધિથી બદલવામાં આવે છે. યજ્ઞના અધિકારી બનવાના ચિહ્ન તરીકે જનોઈ છે તે કમ્મે ખભેથી જાતી પર વર્ષ જમણી બાજુ કટકનું રહે છે. અતિ પ્રાચીન ગણાતી શિવ મૂર્તિઓમાં યજ્ઞોપવીત નથી દેખાતું. અતિ પુરાતન કાળમાં યજ્ઞોપવીત ધારણ કરનારનું આખું શરીર પર ખાંધી રાખવાની દોરી કહેવાતું. ધાર્મિક પ્રસંગોમાં જમણા હાથનો છૂટથી ઉપયોગ થઈ શકે એ રીતે વસ્ત્ર ઓઢવાની ક્રિયા કે રીતને પણ ઉપવીત પદ્ધતિ પરિધાન કહેતા. ગૃહ્યસૂત્ર સ્પષ્ટ કહે છે કે, નાભિ નીચે યજ્ઞસૂત્ર જરા ન જ જોઈએ. આગમો કહે છે કે, નાભિ નીચે જરા આંગળ જરૂ જોઈએ. બ્રાહ્મણને જન્મથી આઠમે વર્ષે, ક્ષત્રિયને અગિયારમે વર્ષે, તેમ જ વૈશ્યને બારમે વર્ષે જનોઈ આપવું જોઈએ.

યજ્ઞોપવીતી ૧. પું જનોઈવાળો બ્રાહ્મણ.
૨. પું. વિષ્ણુ.
૩ [સં.] સ્ત્રિ. જનોઈવાળી

યજ્ય [સં.] વિ. યજન કરવા યોગ્ય.

યજ્વ ૧. પું યજમાન.
૨. [સં] પું. યજુર્વેદી બ્રાહ્મણ; યજુર્વેદ ભણેલો માણસ.

યજ્વા ૧. પુ. યજમાન
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વ્યક્તિત્વમાં યજમાન રૂપે તે છે. તેથી વિષ્ણુ યજ્વા કહેવાય છે.
૩. વિ. યજ્ઞ કરનાર.

યઝત (યજત) પું (જ્યોતિષ) ક્રિસ્તો આ શબ્દનો મૂળ અર્થ પ્રજ્ઞ થાય છે. તેથી અહુરમઝદ સહિત સાત અમશાસ્પંદો તથા તેના તાબાના ફિસ્તાઓ યઝત કહેવાય છે આ શબ્દ અવસ્તા ધાતુ યઝ અથવા સંસ્કૃત ધાતુ યજ્ ઉપરથી નીકળેલ હોવાથી તેનો અર્થ સ્તુતિ કરવા યોગ્ય એવો થાય છે. યઝતને બધા કોલોત્તર કેર માનવામાં આવે છે. યઝત શબ્દના મૂળ અર્થ પ્રમાણે જરથોસ્ત એક જ સ્તુતિ કરવા યોગ્ય માનતા હતા. તેથી તેને મોટા અને જાણીતા યઝત તરીકે બધામાં ગણવેલ છે.

યઢેત [સં] સ્ત્રિ. ક્રિયાની આકૃતિ કે તીવ્રતા બતાવનારું.

યત્ ૧. [સં.] અ. ક્રિ. અભિપ્રાય પ્રગટ કરાવવું.
૨. અ. ક્રિ. આતુર રહેવું; પ્રજ્ઞા રાખવી
૩. અ. ક્રિ. (ધાતુ) ક્રોશિશ કરવી; મહેનત કરવી; યત્ન કરવો. તે ઉપરથી યત્ન, પ્રયત્ન, યતિ, જતિ, યાતના, વગેરે શબ્દ બનેલા છે.
૪. અ. ક્રિ. ચેતતું રહેવું
૫. અ. ક્રિ. મજૂરી કરવી.
૬. અ. ક્રિ. મારવું; તાડન કરવું.
૭. અ. જે માટે. જેથી.

યત ૧. [સં.] વિ. અટકાવેલું; કબજે રાખેલું; સંયમમાં રાખેલ; નિયમ કરેલું.
૨. વિ. કાબૂમાં લીધેલું.
૩. વિ. નિયમિત.
૪. વિ. પરિમિત; મર્યાદાવાળું.
૫. વિ. પ્રયત્નશીલ; ઉદ્યોગી

યતભાન ૧. [સં.] પું. વૈરાગ્યનો એક ભેદ. આ જગતમાં સારરૂપ અને અસારરૂપ વસ્તુ કઈ કઈ છે તે જાણવાની મનુષ્યના મનમાં જે પ્રજ્ઞા ઊપજે અને તે પ્રમાણે યત્ન થાય તે યતમાન વૈરાગ્ય કહેવાય છે
૨. વિ. યત્ન કરતું; મયત્ન.
૩ વિ. યત્ન કરનાર; પ્રયત્નશીલ.
૪. વિ. યોગસાધના કરનાર.

યતા સ્ત્રી મુદ્દત; મર્યાદા.

> ગણોત નહિ બરતા માટે જે વર્ષની યતા વધારે મોટી હોય અને જમીનદારને તેથી ખાણીબૂડીને નુકસાન પહોંચાડવા જેવું થતું હોય તો તે સબંધમા નિયમો થાય તો તેમાં વધારે નિયમન થઈ શકશે.
> સમાજવિજ્ઞાન

યતાત્મા [સં યતાત્મન્] વિ. પોતાની જાતને અંકુશમાં રાખનાર; ઇંદ્રિયનિગ્રહી

> સંતુષ્ટ નિત્ય યોગી જે યતાત્મા દૃઢ નિશ્ચયી,
> અર્પે જે મન બુદ્ધિ જે તે ભક્ત છે અને પ્રિય.
> ગીતાનુશીલન

યતાહાર [સં] વિ નિયમિત આહારવાળું.

યતિ ૧ [સં. યમ્ (જોડવું)] પું. આકરા નિયમાદિ પાળનાર તપસ્વી; જિતેંદ્રિય; જેની ઇંદ્રિયો સંપૂર્ણ કાબૂમાં છે તેવો ઋષિ; જેણે મનના જોસ્સાને વશ કર્યા હોય તે

> ઋષિ, ભિક્ષુક, તાપસ યતિ નથી મુનિજન ભેદ;
> જોગી ભોગાભાસથી પ્રતિદિન શોધત તેહ.
> વિમળજ્ઞાનબોધ

૨ પું. એક જાતનો ઢંગ
૩. પું. જૈન સાધુ
૪ પું. તાલના દશ માંહેનો એક પ્રાણ. અમુક તાલના પિંડમાં જેટલી ક્રિયા કરી હોય તે સર્વે યતિ કહેવાય છે. દરેક તાલના પિંડમાં સરખી તાલો આવતી નથી. કોઈમાં એક, કોઈમાં બે, તો કોઈમાં ત્રણ ચતુરાદિ ચોવીસ સુધી તાલ આવે છે. તે સર્વે યતિઓ કહેવાય. તેના પાંચ ભેદ છે: સમયતિ, વિષમયતિ, મૃદંગયતિ, પ્રમુખયતિ અને ગોપુચ્છયતિ.
૫ પું. સાધ્વી. યોગી; સંત; સામાજિક ઉપાધિ ત્યજી કરી મોક્ષને માટે યત્ન કરનારો સંન્યાસી
૬. પું. (પુરાણ) બ્રહ્મદેવના માનસપુત્રોમાંનો એ નામનો એક
૭. પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એ નામનો એક
૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના છ માંહેનો મોટો પુત્ર. તે વિરક્ત હતો
૯. સ્ત્રી. કવિતાની એક લીટી વચ્ચે આરામ આતર જ્યાં બોલવાનું હોય છે તે; છંદ કે રાગમાં આવતો વિરામ; વિશ્રામસ્થળ; વિસામો. અટક યતિનું સ્થાન નક્કી હોય છે. યતિને ઠેકાણે હ્રસ્વ અક્ષર હોય તો તેને ન રાખ આતર સમજવાની ભૂલ ઘણા કરે છે પણ તે જોડું છે વિરામ, અવગતિ, ઉપરતિ, વિચ્છેદ, વિસ્તર, ભેદ એ બધાં યતિનાં નામ છે
૧૦ સ્ત્રી આરામ; અટકાવ
૧૧ સ્ત્રી. શ્રમનું ઇષ્ટ વિશ્રામસ્થાન.
૧૨ સ્ત્રી. દોરવણી.
૧૩ સ્ત્રી. રાસ
૧૪ સ્ત્રી ૨.ડીંગડાં; વિષયો
૧૫ સ્ત્રી. વાક્યમાં આવતી ટાંપ
૧૬ સ્ત્રી સંધિ.
૧૭. સ્ત્રી. સંયમ

યતિચંદ્રાયણ [સં.] ન એક માસ સુધી કરવામાં જે વખતે સૂર્ય મસ્તક ઉપર હોય તે મધ્યાહ્નને સમયે આઠ આઠ માસ અન્નજળ જમવા તેનું વ્રત. તે ચાંદ્રાયણ વ્રતનો એક અવાંતર ભેદ છે

યતિત્વ [સં] ન. યતિનો ધર્મ, ભાવ કે કર્મ.

યતિદીક્ષા [સં] સ્ત્રી. સંસાર છોડી સન્યાસી બનવાનો ધર્મ.

યતિધર્મ [સ] પું. સંન્યાસ ધર્મ

> ક્ષમા આદિ દસ પ્રકારનો ધર્મ જ્યારે અહિંસા, સત્ય, આદિ મૂલગુણો અને ધ્યાન અધ્યયની વૃદ્ધિ આદિ ઉત્તમ ગુણોના પ્રાર્થથી પુક્ત હોય ત્યારે યતિધર્મ બને છે, અન્યથા નહિ.
> તત્ત્વાર્થસૂત્ર

યતિની ૧. [સં.] સ્ત્રી. સ્ત્રિયા.
૨. સ્ત્રી. સાધ્વી; સંન્યાસિની.

યતિપતિ [સં.] પું. યોગેશ્વર શ્રીકૃષ્ણ

યતિપાત્ર [સ.] ન. યતિનું વાસણ; કમંડલ, તુમડું વગેરે

યતિબ્રાહ્મણ [સં.] ન. વૈર; દુશ્મનાવટ. જતિને અને બ્રાહ્મણને વેર હોય છે.

યતિભંગ [સં.] પું. કાવ્યના ચરણમાં જ્યાં યતિ બોલ્યે બોજ રીતે અટકવાનું હોય ત્યાં ન અટકતાં બીજે ઠેકાણે ચરણ તૂટી પડે તે કાવ્યદોષ; બોજ રહ્યે યતિ ન હોવી તે; પદ્યમાં યતિ ન પાળવાથી થતો દોષ.

> યતિ ન પાળવાથી યતિભંગ દોષ નીપજે છે અટકે તે ઉઠાવી દેવાની જે નથી અને આપી પાળી ભરોસે રાખવી જે નથી. કેશવ હર્ષદ

યતિશ્રેષ્ઠ [સ.] પું. યતિઓમાં મળતો આવતો એક શબ્દાલંકાર

યતિમૈથુન [સ.] ન. જાતું મૈથુન.

યતિલગ્ન [સં.] પું. સંગીતના એક તાલનું નામ. તેને લાંબો પણ કહે છે તે ચતુસ્રજાતિ અને છ માત્રાનો છે. તેમા પહેલી અને ત્રીજી માત્રા ઉપર તાલ અને પાંચમી માત્રા ઉપર ખાલી આવે છે.

યતિવર [સં.] પું. જતિઓમાં શ્રેષ્ઠ પુરુષ; શ્રેષ્ઠ ત્યાગી; ઉત્તમ સંન્યાસી.

યતિસાંતપન ન. એ નામનું એક વ્રત. તેમાં ત્રણ દિવસ ફક્ત પંચગવ્ય અને દર્ભનું પાણી પીને રહેવું પડે છે. શંખસ્મૃતિ અનુસાર તે વ્રત ત્રણ દિવસનું છે, પરંતુ બ્રહ્મચારીના મત પ્રમાણે સાત દિવસનું છે. ગોમૂત્ર, ગામનું છાણ, દૂધ, દહીં, ઘી એ પીને રાત દિવસ ઉપવાસ કરવો પડે છે. તેનું નામ સાંતપન કૃચ્છ્ર છે યતિસાંતપન છે.

યતી ૧. [સં. યતિન્] પું. જેણે મનનો જુસ્સો વશ કર્યો હોય તે સંયમી પુરુષ; જેની ઇંદ્રિયો સંપૂર્ણ કાબૂમાં છે એવો જિતેંદ્રિય ઋષિ.

૨. પું. જૈન ધર્મનો સાધુ.

૩ પું સાધુ; યતિ; યોગી; ત્યાગી; સંન્યાસી.

૪ સ્ત્રી. અટકાવ; રોકાવટ.

૫ સ્ત્રી. છંદમાં વિરામસ્થાન.

૬. સ્ત્રી. મનોરાગ; મનોવ્યાપાર.

૭. સ્ત્રી, મૃદંગનો એક પ્રબંધ.

૮. સ્ત્રી વિષ્ણુ.

૯. સ્ત્રી (સંગીત) સાત રાગનો એક ભેદ.

૧૦. સ્ત્રી. સંધિ.

યતીમ ૧. [અ.] વ. અનાથ; માબાપ વિનાનું બાળક.

૨. ન. અમૂલ્ય રત્ન.

૩. ન. આશ્રિત; રક્ષિત; ' ધોડું '.

૪. ન. એક જાતનું મોટું મોતી, તે છીપમાંથી એક જ નીકળે છે.

યતીમખાનું [અ.] ન. અનાથોને રહેવાનું ઠેકાણું.

યતીમી ૧. [અ.] સ્ત્રી. માબાપ વગરની સ્થિતિ; અનાથતા

૨. વિ અનાથ સંબંધી.

યતીમીટોડી (યતીમીટોડો) સ્ત્રી. (સંગીત) ટોડી રાગિણીની એક જાત. જુઓ ટોડી

યતીયા પું. હિંદુઓને ફોસલાવીને બનાવેલ મુસલમાનની એક જાત.

યતેંદ્રિય [સં] વિ ઇંદ્રિય ઉપર કાબૂવાળું

યત્કિંચન [સં.] વિ. જે કંઈ, ગમે તેટલું

યત્કિંચિત ૧ [સ. યત્ (જે) + કિંચિત્ (કાંઈ)] વિ જરાપણ; જરાક; લગારેક; સહેજ; કંઈક; લેશ; અલ્પ; હજાર; બોડુક

૨. વિ. જે કંઈ

૩. વિ. નિષ્પ્રયોજન; નિરર્થક; મુદ્દાનું નહિ એવું

યત્તિકિંચ ન એક જાતનું પ્રયાસ વિના ઉત્પન્ન થતું વાસની જાતનું અનાજ.

સાબો, નમર યત્તિકિંચ તૃણ છે.

પ્રેમાનંદ

યત્ન ૧. [સં.] પું. ક્રોશિશ; મહેનત, શ્રમ; પ્રયત્ન; ખંતથી કામ કરવું કે વર્તાવવું તે.

૨. પું. ચિકિત્સા કરનાર માણસ.

૩. પું. નાટકની અવસ્થાનો એક પ્રકાર. ફળ પ્રાપ્તિ માટે નાટકમાં જે ત્વરાયુક્ત વ્યાપાર થાય છે તેને યત્ન કહે છે

૪. પું. રક્ષણ.

૫ પું. વૈશેષિક મતાનુસાર એક પ્રકારનો ગુણ. પ્રવૃત્તિ, નિવૃત્તિ અને જીવન એ ત્રણ પ્રકારના યત્ન છે. નૈયાયિકો તેને આત્માનો ગુણ કહે છે. સાંખ્ય અને વેદાંતીઓ તેને મનનો ગુણ કહે છે.

૬ પું. વ્યવસાય; ઉપાય.

યત્નકારી [સં યત્નકારિન્] વિ. યત્ન કરનાર, કોશિશ કરનાર; મહેનત કરનાર.

યત્નતઃ [સં ; અ યત્નથી; ઉદ્યોગ વડે, મહેનત વડે.

યત્નપૂર્વક [સં] અ. મહેનત કરીને

યત્નપૂર્વું વિ. યત્નવાળું; પ્રયત્નશીલ; યત્નવાન.

જો હલકા મનુષ્યમાં સિદ્ધિનો યત્ન આદરે,
યત્નપૂર્વા ન સિદ્ધિમાં જા વૃ કે તત્વ. ઋને.

ગીતાપ્રસાદ

યત્નવાન [સં. યત્નવત્] વિ. યત્નશીલ; યત્ન કરનાર; યત્ન કરેલું.

યત્નશીલ [સં] વિ યત્ન આપવા ઉદ્યોગ કરે એવું; ઉદ્યોગી; કામકું; યત્ન કરવું; પ્રયત્ન કરવાની વૃત્તિવાળું

યત્નસંવહન [સં.] ન. નાડીસંવેદન; તંતુવ્યાપાર; ' ચેતનવહન. '

યત્ના સ્ત્રી. (જૈન) વિવેક. સારી સમજ.

યત્નાથી ઘરની સ્વચ્છતા રાખવું, ચોખ્ખું, સાધન ઇત્યાદિ રખાવે છે. શ્રીમદ્ રાજચંદ્ર

યત્નાચાર [સં.] પું. (જૈન) જતનથી વર્તવું તે. કોઈ જીવને પીડા ન થાય તેવી રીતે વર્તવું તે.

યત્ની વિ. યત્ન કરનું; ઉદ્યમી.

યત્ર ૧. પું. સામાન્ય યંત્ર.

૨. [સ. યદ્ (જે) + ત્ર (પ્રત્યય)] અ. જ્યાં; જે ઠેકાણે, જે જગ્યાએ

યત્રકુત્ર [સં] અ. જ્યાં ત્યાં; દરકોઈ જગ્યાએ.

યત્રતત્ર [સ. ' અ. જ્યાં અને ત્યાં; જ્યા ત્યાં; ગમે ત્ય , અહીં તહીં, ઠેકઠેકાણે

યથા ૧. અ. અવ્યયીભાવ સમાસમાં ' ની પ્રમાણે ', ' અનુસાર ' એવા અર્થમાં વપરાતો શબ્દ

યથા રાજા તથા પ્રજા = રાજાના આચરણ પ્રમાણે પ્રજાનું વર્તન થાય; ઘરમાં જોઈએ છોકરાં; બહાર જોઈએ છોકરાં; જેવો રાજા હોય, તેવી પ્રજા થાય.

૨ [સ] અ જેમ; જેવી રીતે, જે પ્રમાણે; જેટલું

૩ અ. જેવું, જેવી રીતનું.

યથાઋતુ [સં.] અ. ઋતુ પ્રમાણે; મોસમ પ્રમાણે; ઋતુને અનુસરીને.

યથાકર્મ [સ યથાકર્મન] અ. કર્માનુસાર; કર્મ પ્રમાણે

યથાકર્મ રાજ્યમાં જ અજ્ઞાન બીજનું અલ્પજ્ઞ જન્મમરણને જન્મવાનું શુભકર્મનું સૂચન છે. અર્થાત્ અજ્ઞાનથી પીડાતા જીવો વારંવાર જોનિને પ્રાપ્ત થાય છે. અર્થાત્ વાસના અનુસાર જીવ પરવશ થઈને પડે છે. કઠોપનિષદ

યથાકામ ૧ [સં.] વિ. ઇચ્છેલું.

૨. અ. ઇચ્છાનુસાર; મરજી મુજબ; ખુશી પ્રમાણે; ઇચ્છા પ્રમાણે; સ્વેચ્છાચારી; મરજી મુજબ ચાલનાર

યથાકામી [સં] વિ. સ્વતંત્ર.

યથાકાલ ૧. [સ.] પું યોગ્ય સમય.

૨. અ. સમય પ્રમાણે; યોગ્ય વખતે; સમય અનુસાર.

યથાક્રમ ૧. [સં.] અ. એક પછી એક એમ; જેમ હોય તેમ; અનુક્રમે, પહેલું તે પહેલું અને બીજું તે બીજું એમ અસલ ગોઠવણ પ્રમાણે; ક્રમશઃ; ક્રમાનુસાર; ક્રમસર; અવસ્થિત રીતે.

૨. અ. ઠીકઠામ; નિયમસર; અવસ્થિત; રીતસર; ન્યાયપૂર્વક; વ્યાજબી રીતે

યથાખ્યાત ચારિત્ર [સં] ન. (જૈન) કર્મને અપાવનારા પાંચ પ્રકારનાં ચરિત્ર માહનું જેટલું ચારિત્ર બધા કષાયોનો જેણે ક્ષય કર્યો હોય તેનું ચરિત્ર કષાયોના સર્વથા અભાવથી પ્રાદુર્ભૂત આત્માની શુદ્ધિ વિશેષને યથાખ્યાત ચરિત્ર કહે છે.

યથાખ્યાત ચારિત્ર જુઓ યથાખ્યાતચરિત્ર

યથાજાત ૧. [સં. યથા (જેવી રીતે) + જાત (જન્મેલું)] ન. નમસ્કારનો એક પ્રકાર; જન્મ વખતે જેમ હાથ જોડેલા હોય તેવી રીતે હાથ જોડીને કરાતું વંદન.

૨. . જુઓ. નીચ

૩ ય ય ગમે, એવકૂવ

યથાજ્ઞાન ૧. [સં.] વિ. પોતાની સમજ પ્રમાણે જેટલું જ્ઞાન હોય તેવડું
૨. અ. જ્ઞાન પ્રમાણે; જેવી સમજ હોય તે પ્રમાણે; બુદ્ધિ અનુસાર

યથાતથ્ય ૧. [સં.] ન. સંપૂર્ણ વિગત.
૨. વિ. ચોક્કસ્યોક્ત્યુ
૩. વિ. સત્ય.
૪. અ. જેમ હોય તેમ; અક્ષરશઃ. ય.ત.ય.

યથાતથ્યવાદ પું વાસ્તવિકવાદ
'સદ્વિદ્યનો વિમર્શકોષ'ના પહેલા ભાગમાં નોંધેલા પદોની ભાખ્યા આપવી અને દરેકની ટૂંકી દૃષ્ટાંતયુક્ત ચર્ચા કરવી: રસો, ભાવો, રૂપકાદિ, રૂપદર્શિ, યથાતથ્યવાદ, આનંદવાદ. કૌમુદી

યથાતથા [સં] અ જેવી રીતે; તે પ્રકારે; જેમતેમ; ગમે તે રીતે; સૂરે તે રીત.

યથાતથ્ય અ. સત્ય રીતે; ખરેખરી રીતે; જેમ હોય તેમ; દંભરહિત; યથાર્થ; વાસ્તવિકપણે; સાચેસાચું; ખરોખર; તેમ જ; આબેહૂબ

યથાતૃપ્ત [સં યથા (જેમ) + તૃપ્ત (સંતુષ્ટ)] અ સંતોષ પામે તેમ; તૃપ્ત થઈ જવી રીતે. ઘરગથ્થુ.

યથાદર્શી ૧. [સં.] પું. પૂર્વાપર પ્રમાણ; દૃષ્ટિફલક; યથાર્થદર્શન, પરિપ્રેક્ષ્ય. 'પર્સ્પેક્ટિવ'
૨. અ. દેખ્યા પ્રમાણે; જેવું જોયું હોય તેને અનુસરીને.

યથાદર્શન ચિત્ર [સં.] ન. ફિલ્મદર્શન ચિત્ર; 'પરસ્પેક્ટિવ ફોટોગ્રા.'

યથાધિકાર ૧. [સં.] પું. યોગ્ય સત્તા.
૨. અ. અધિકાર પ્રમાણે.

યથાનામા [સં.] અ. નામ પ્રમાણે.
યથા નામા તથા ગુણા = નામ પ્રમાણે ગુણ

યથાનિયમ [સં] અ. વિધિસર; પદ્ધતિસર; નિયમાનુસાર; કાયદા પ્રમાણે

યથાનુક્રમ ૧. [સં.] વિ. વાજબી; યોગ્ય, બરાબર; ન.ય.પરામર્શ

૨. અ. જેવો અનુક્રમ હોય તે જ અનુક્રમ પ્રમાણે; યથાક્રમ; ક્રમવાર

યથાનુરૂપ [સં.] અ. તે જ પ્રમાણે, બરાબર અનુસરીને; યોગ્ય રીતે

યથાન્યાય ૧. [સં.] અ. ન્યાય જેમ થતો હોય તેમ; કાયદેસર રીતે જોતાં; અપક્ષપાતી; ઇન્સાફી, વાસ્તવિક; નેક.

૨. અ. વાજબી; ન્યાય પ્રમાણે; યથાયોગ્ય; યથોચિત

યથાપિ [સં.] અ જો કે.

યથાપિંડ [સં.] અ શરીર અનુસાર.
યથાપિંડે તથા બ્રહ્માંડે = જેવું આપણા શરીરના પિંડમાં છે તેવું જ આખી સૃષ્ટિમાં છે; આપણા શરીરનું મૂળ એક પિંડ છે તેમ આખી સૃષ્ટિનું મૂળ પણ એક પિંડ છે

યથાપૂર્વ ૧ વિ. પહેલાંના જેવું.
૨. અ. અનુક્રમે.
૩. [સ. યથા (જેમ) + પૂર્વ (પ્રથમ)] અ. પૂર્વે જેમ હતું તેમ; પહેલાં જેવું હતું તેવી રીતે; જેમનું તેમ; પહેલાંની જેમ.

યથાપૂર્વવાદી [સં. યથાપૂર્વવાદિન્] વિ અગાઉવાદી, પ્રતાપી. કેમ્પ્રા ન ગમે એનું; પહેલાં જેમ હતું તેમ હોય એવું ઇચ્છનાર એવા મતનું.

યથાપ્રમાણ [સં.] વિ. પ્રમાણસરનું; યોગ્ય પ્રમાણ મુજબનું; સપ્રમાણ; સંગતાવયવ; સુઘટિત; સુરચિત

યથાપ્રમાણતા [સં] સ્ત્રી. અવયવસંગતિ, સુઘટના; નાના ભાગ સંગતિ; ' સીમેટ્રિ '.

યથાપ્રયોજન [સં.] અ. યથાવસર; પ્રસંગોપાત

યથાપ્રસંગ [સ.] અ. પ્રસંગ પ્રમાણે

યથાબુદ્ધિ [સં.] અ. જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે; બુદ્ધિના પ્રમાણસર; યથામતિ; બુદ્ધિ અનુસાર

યથાભાગ [સં.] અ. દરેકના ભાગ મુજબ; યથોચિત;

યથાભૂત [સ.] અ. જેમ બન્યું હોય તે પ્રમાણે; હકીકતે.
બુદ્ધ એ પરમ શ્રેય છે. સંસ્મર એ પરમ દુઃખ છે. એમને યથાભૂત જાણીને પરમસુખ નિર્વાણ પામે છે.
ધમ્મપદ

યથામતિ અ. જેવી મતિ હોય તે પ્રમાણે; જેમ મતિ પહોંચે તેમ; બુદ્ધિ અનુસાર; યથાબુદ્ધિ; સમજ પ્રમાણે; જેટલી બુદ્ધિ ચાલે તે પ્રમાણે.

યથાયુક્ત અ જેમ ઘટતું હોય તેમ; જેમ ફોડે તેમ, બરાબર; યથામોગ્ય; જોઈએ તેમ. ઘટિત રીતે; ઘટે તેમ

યથાયોગ્ય ૧. પું. નમસ્કાર; ઘટતું હોય તેવું નમન; પ્રણામ; નમસ્કાર કે આશીર્વાદ વગેરે જેમાં જે ઘટિત હોય તે.
૨. [સં.] વિ યોગ્ય; વાજબી, ઘટતું, ન્યાયી, યથાર્થ; વાસ્તવિક.
૩. અ. યથાયુક્ત; જેમ જોઈએ કે ઘટતું હોય તેમ; બરાબર; યોગ્ય હોય તેમ; મુનાસિબ; લાયક, ઉચિત.

યથારીતિ અ. રીત પ્રમાણે; રૂઢિ પ્રમાણે.

યથારુચિ [સં.] અ. જેવી ઇચ્છા, જે ભાવના હોય તે પ્રમાણે; ઇચ્છા પ્રમ.થી મરજી મ.ફક; ઇચ્છાનુસાર; જેમ ગમે તેમ; જે રીતે પસંદ પડે તેમ; મરજી મુજબ; પસંદગી પ્રમાણે.

યથારૂપ ૧. અ યોગ્ય રીતે.
૨. અ રૂપને યોગ્ય.

યથાર્થ ૧. [સં.] ન. સત્યતા; સાચાપણું.
૨ વિ. ઉચિત; ઠીક; વાજબી; યોગ્ય
૩ વિ. વાસ્તવિક; ભાવાત્મક; વસ્તુગત; અ.બેહૂબ; રચનાત્મક. અંતરસ્થ
૪. વિ. સાચું; ખરું; સત્ય; જેવું હોય તેવું જ; ખરોખર; ખરેખર; ખરું વર્ણન કે ચિત્ર હોય તેવું
૫ અ. વાસ્તવિક રીતે; સત્યપૂર્વક.

યથાર્થજ્ઞાન [સં] ન. દોષ રહિત સામગ્રીથી ઊપજેલું જ્ઞાન; વાસ્તવ જ્ઞાન; સત્યજ્ઞાન; સમ સમજણ. યથાર્થ જ્ઞાનનાં સાધનો એટલે કે પ્રમાણ ત્રણ છે: પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ.

યથાર્થતા ૧. સ્ત્રી. પૂરેપૂરું જ્ઞાન; વિદ્વાન.
૨. સ્ત્રી. લેખનમાં રજૂઆતની સાધના માટે લક્ષમાં રાખવા જોઈતા ત્રણ મોંદેનો એક પેટા ગુણ. યથાર્થતા એ બધાનો સર્વોપરિ ગુણ છે. જે અર્થ લેખકના મનમાં હોય તે જ અર્થ લેખકની ભાષા વાંચી વાચકના સમજવામાં આવે, એવો ભાષાનો જે ગુણ તે યથાર્થતા કહેવાય છે.
૩. [સં.] સ્ત્રી. સત્યપણું; સચ્ચાઈ; યોગ્યતા; વાજબીપણું; સાચાપણું; ખરાપણું

યથાર્થતાવાદ [સં.] પું. વસ્તુવાદ; 'રીઅલિઝમ'.

યથાર્થ દર્શન ૧. [સં.] ન. અ.બેહૂબ ચિત્ર પાડવાની વિદ્યા; આદર્શ દર્શન; પરિપ્રેક્ષ્ય; ' પરસ્પેક્ટિવ '.
૨. ન. જોઈએ તેવો દેખાવ.
૩. ન. પદાર્થને આધારે મળેલું સત્યતાનું ભાન; સત્ય દર્શન; વાસ્તવિકતા; તાદાત્મ્યતા; પ્રત્યક્ષવાદ; ' રીઅલિઝમ '
૪. ન. પ્રત્યક્ષ ઇંદ્રિયોથી દેખાય તે.

યથાર્થદર્શી ૧. [સં. યથાર્થદર્શિન્] વિ બરાબર જોનાર.
૨. વિ. વાસ્તવિક; યથાર્થ દર્શનવાળું; ' રીઅલિસ્ટિક '.

યથાર્થબુદ્ધિ [સં.] સ્ત્રી. રાગદ્વેષ વિના, વસ્તુને તત્ત્વતઃ સમજી શકે તેવી બુદ્ધિ.

યથાર્થમૂલ્ય [સં.] ન. અંતરથ મૂલ્ય; માંહેની કીમત. કોઈપણ આકડો એકલો આવેલ હોય ત્યારે જે તેની કીમત થાય તેને તે અંકડાનું યથાર્થમૂલ્ય કહે છે.

યથાર્થવક્તા [સં. યથાર્થવક્તૃ] પું. સાચું બોલનાર પુરુષ

આપ્ત એટલે યથાર્થવક્તા. આપ્તના પ્રમાણભૂત મંથોનો પણ સમાવેશ થઈ જાય છે.

પ્રમાણમીમાંસા પ્રસ્તાવિકા

યથાર્થવાદ [સં] પું. પ્રકૃતિવાદ, વસ્તુવાદ; ' રીઅલિઝમ '.

યથાર્થવાદી વિ. [સં. યથાર્થવાદિન્] વિ. ખરું બોલનાર; સત્યવક્તા; સત્યવાદી; 'રીઅલિસ્ટ'.

૨. વિ. હોય તેવું.

યથાર્થ સ્મૃતિ [સં] સ્ત્રી. (વેદાંત) યથાર્થ અનુભવના સંસ્કારથી ઉત્પન્ન થયેલી સ્મૃતિ; તે તું છે વગેરે મહાવાક્યથી ઉત્પન્ન થયેલ જે તું બ્રહ્મ છું એવા અનુભવના સંસ્કારથી ઉત્પન્ન થયેલી પ્રત્યક્ષ અખિલ બ્રહ્મની સ્મૃતિ.

યથાર્થી પું. ન્યાયી માણસ.

યથાવકાશ વિ. [સં.] અ. અનુકૂળ વખતે; યથાવસર; વખતસર; ફુરસદ હોય તે પ્રમાણે.

૨. અ જગ્યાની જરૂરત પ્રમાણે.

૩. અ. તક પ્રમાણે, પ્રસંગ આવ્યે, અવકાશ મુજબ.

યથાવકાશે જુઓ યથાવકાશ.

યથાવસર [સં.] અ. વખત પ્રમાણે, સમયોચિત; પ્રારંભાનિક; વખતસર; તક પ્રમાણે, પ્રસંગ આવ્યે, પ્રસંગાનુસાર

યથાવસ્થિત વિ. [સં.] વિ. જેમનું; સ્થિર.

૨. વિ. સત્ય; ખરાબર.

૩. અ. જેવું હતું તે પ્રમાણે જ.

યથાવિધિ [સં.] અ. નિયમપૂર્વક; કાયદેસર; જેવો વિધિ હોય તે પ્રમાણે બરાબર; વિધિ પ્રમાણે જ; યથાશાસ્ત્ર નિયમાનુસાર; રીતસર; શાસ્ત્રવિહિત ક્રિયા પ્રમાણે.

યથાવિહિત જુઓ યથાવિધિ.

યથાશક્ત જુઓ યથાશક્તિ.

યથાશક્તિ [સં. યથા (જે પ્રમાણે) + શક્તિ] અ. જેવી શક્તિ હોય તે પ્રમાણે, શક્તિ અનુસાર કે સત્ય પ્રમાણે; બની શકે તેટલું કે તેવી રીતે.

યથાશક્ય વિ. બની શકે તેટલું.

૨. [સં.] અ. બની શકે તેમ; શક્તિ અનુસાર.

૩. અ શક્યતા પ્રમાણે; બનતાં સુધી.

યથાશાસ્ત્ર [સં. યથા (જેમ) + શાસ્ત્ર (વિદ્યા)] અ. શાસ્ત્ર પ્રમાણે, શાસ્ત્રમાં જણાવેલ હોય તે પ્રમાણે, કાયદેસર શાસ્ત્રને અનુસરીને; શાસ્ત્રના કથન પ્રમાણે

યથાશ્રુત વિ. અ. જ્ઞાન અનુસાર. કેટલાક દેહધારી જીવો યથાકર્મ અર્થાત્ પોતાના કર્મ અનુસાર બીજા દેહની પ્રાપ્તિ માટે કોષોનિને પામે છે જ્યારે કેટલાક જીવો યથાશ્રુત અર્થાત્ પોતાના જ્ઞાનને અનુસાર ગતિને પામે છે.

૨. [સં. યથા (જેમ) + શ્રુત (સાંભળેલું)] અ. સાંભળેલું હોય તે પ્રમાણે; લોકવાયકાને અનુસરીને; સાંભળ્યા પ્રમાણે.

યથાસમય વિ. [સં] અ. જેવો સમય હોય તે પ્રમાણે; વખત અનુસાર.

૨. અ. વખતસર; યથોચિત; યોગ્ય સમયે, સમય મુજબ.

યથાસંપ્રદાય [સં.] અ. સંપ્રદાયમાં જણાવેલ હોય તે પ્રમાણે; રિવાજ મુજબ; સંપ્રદાયને અનુસરીને, રૂઢિ પ્રમાણે; રીતસર.

યથાસંભવ [સં] અ. જે પ્રમાણે બની શકે તેમ; સંભવ પ્રમાણે; શક્યતા મુજબ; સંજોગો પ્રમાણે

યથાસાંમ્ય [સં.] અ. સંસ્કોચ મ; બરાબર જોઇએ તેવી રીતે; યોગ્ય રીતે; ખરી હકીકતને અનુસરીને; બરોબર; સાચે; યથાર્થરીતે.

યથાસ્થાન વિ. [સં.] અ. યોગ્ય સ્થાન.

૨. અ. યોગ્ય સ્થાને; સ્થાનપણે; બંધબેસતું

યથાસ્થિત વિ. [સં. યથા (જે પ્રમાણે) + સ્થિત (બનેલું)] વિ. પૂર્વે જે સ્થિતિ હોય તેનું; બરાબર; જે પ્રમાણે બનેલું હોય તેવું.

૨. અ. જેમ ઘટિત હોય તેમ; હોય તે પ્રમાણે, જેવું જોઈએ તેવું એમ; તાદૃશ

૩. અ. જેવા જે તેવી સ્થિતિમાં.

૪. અ. બરોબર; યથાર્થ રીતે; બંધબેસતું જાય તેમ યોગ્ય રીતે, બરોબર; વાજબી

યથેચ્છ વિ. [સં.] વિ મરજી મુજબનું; મનમાન્યું.

૨. અ. ઇચ્છા મુજબ; મરજી મુજબ; ઇચ્છા પ્રમાણે

૩. અ. ખુશીથી.

યથેચ્છા અ જેવી ઇચ્છા હોય તેમ, મરજી મુકબ; ઇચ્છા પ્રમાણે.

આમ જ્ઞાન લઈને લાભનું સુકથી બહુ કુશ મહે. આલોકો એહ નિ રોપે યથેચ્છા ૫૨. જ્ઞાનવ

ગીતાપ્રસાદામૃત

યથેચ્છાચારી [સં. યથેચ્છાચારિન્] વિ. મનને ફાવે તેમ વર્તનાર; મનમોજી.

યથેચ્છિત [સં.] વિ. મરજી મુજબ; ઇચ્છા પ્રમાણનું.

યથેષ્ટ વિ. [સં.] વિ. જેટલું જોઈએ તેટલું પૂરતું; જોઈતું હોય તે પ્રમાણેનું.

૨. વિ ઘારેલું; ઇચ્છેલું; મરજી મુજબનું.

૩. વિ. યોગ્ય; લાયક.

૪ અ. જેમ ઠીક લાગે તેમ; જેમ ફાવે તેમ.

૫. અ. મરજી પ્રમાણે; ઇચ્છાનુસાર; જેમ ઇચ્છા હોય તેમ; ઇચ્છાનુરૂપ; યથારુચિ

યથેષ્ટ આદેષ્ટા [સં.] પું. જેને કુલ અખત્યાર સોંપવામાં આવ્યો હોય એવો અધિકારી; ' ડિક્ટેટર '.

ગાંધીજી આ કારણથી તે ડિક્ટેટર પાને યથેષ્ટ આદેષ્ટા, નહિ પણ માત્ર સ્વયંસ્ફૂર્ત કાર્યાધીક્ષ નિમાયા છે

પારિભાષિક કોષ

યથોક્ત વિ. પું. સોમની ચોવીસ માઠેની એક જાત

૨ [સં] અ. જેવું કહ્યું હોય તેમ; કહ્યા પ્રમાણે, જેવુંતેમ; હુકમસર; આજ્ઞાસર; શિક્ષા આપી હોય તેમ.

યથોક્તકારી વિ. [સં યથોક્તકારિન્] વિ. આજ્ઞાકારી; કહ્યા પ્રમાણે કરનાર.

૨. વિ. શાસ્ત્રમાં જે પ્રમાણે કહેવું હોય તે પ્રમાણે કરનાર.

યથોચિત વિ. [સં.] વિ. વાજબી; યોગ્ય; લાયક

૨. અ. જેમ ઠીક લાગે તેમ, ઘટે તેમ; યોગ્ય રીતે; ઉચિતપણે

યથોત્તર [સં] અ અનુક્રમે; એક પછી એક. ચોવીસ તત્ત્વોની યથોત્તર વૃદ્ધિ થવાથી તેના અવરરૂપ બંડકોનો યથોત્તર ક્ષય થાય છે.

પુરાતત્ત્વ

યથોત્તરચતુર્ગુણમાન [સં.] ન. એક એકથી ચારગણું માપ. જેમકે, માસો, ટંક અથવા પા તોલો, તોલો, પલ, કુડવ, પ્રસ્થ, રાશિ, ખારી, અને ખારી એ બધા માપ એક એકથી ચત્વારગણા છે.

યદપિ [સ. યદપિ] અ જો કે; અગર જો.

યદા વિ અ જ્યારે; જે વખતે, જે કાળે

૨. અ જ્યા.

યદિ [સં.] અ. જો; જોકે; અગર જો

યદિચ્છિચારણા [સં.] સ્ત્રી. ક્રમપૂર્વકનો વિચાર.

જો કમળાસંકરમાં કાયમનો અભ્યાસ થયા હોત તો ઘાડ રકર જેવું કાર્ય પણ કરત એવી યદ્દચ્છિયારચ્છાના ક્ષેત્રમાં પગથી કંઈ કૂદ્યા નથી. અતિસુખશંકર

યદુ ૧. [સં] પું (પુરાણ) ઉપરિચર રાજાનો એ નામનો એક પુત્ર.

૨. પુ યદુ જમાં રાજ્ય કરતા હતા તે દેશનું નામ

૩. પું. (પુરાણ) વસુદેવને ઉર્જા નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક પુત્ર.

૪. પું (પુરાણ) વિદર્ભદેશનો એક રાજા. તેને પ્રજા અથવા સુમતિ નામની એક કન્યા હતી. તે તેણે સૂર્યવંશી ધ્રુવાક્ષ્વકુસોત્પન્ન સગર રાજાને આપી હતી.

૫. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર યયાતિ રાજાને દેવયાનીની કુખે થયેલા બે ભાઈનો એક મોટો પુત્ર. તે સર્વ યાદવોનો મૂળ પુરુષ હતો.

૬ સ્ત્રી. એ નામની એક જાતિ. ઋગ્વેદમાં આર્ય જાતિ પાંચ વિભાગમાં વહેંચાયલી આ પ્રમાણે દર્શાવેલ છે: પુરુ, તિત્સુ, અનુ, યદુ અને તુર્વસુ.

યદુકુળ [સં. યદુકુલ] ન. યાદવકુળ; ચંદ્રવંશમાં થયેલ યદુરાજાનો વંશ.

યદુકુળભૂષણ [સં. યદુકુલભૂષણ] પું. યાદવકુળનો રાજા;ર; શ્રીકૃષ્ણ.

યદુનંદન ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ

૨. પું. શ્રીકૃષ્ણ ચૈતન્યનો એક સાથી ભક્ત.

યદુનાથ [સં.] પું. શ્રીકૃષ્ણ.

યદુપતિ [સં.] પું. શ્રીકૃષ્ણ.

યદુપુરી [સં.] સ્ત્રી. દ્વારકા.

યદુભૂપ જુઓ યદુપતિ.

યદુરાજ જુઓ યદુરાય.

યદુરાય જુઓ યદુપતિ.

યદુવર જુઓ યદુપતિ.

યદુવંશ [સં.] પું. યાદવવંશ.

યદૃચ્છયા ૧ [સં.] અ. એકાએક.

૨. અ. દૈવયોગે.

યદૃચ્છા ૧. સ્ત્રી આકસ્માત.

૨. [સં] સ્ત્રી. ઇચ્છા પ્રમાણે વર્તવું તે; સ્વેચ્છાચરણ

૩. સ્ત્રી. સ્વેચ્છા; સ્વતંત્રતા; પોતાની મરજી.

૪. અ. એની મેળે એમ; વગર યત્ને; કુદરતી રીતે એમ; આકસ્મિક; અણચિંતવ્યું એમ; અનાયાસે; અણધાર્યું; અકસ્માતે; પ્રયત્ન વગર, અચાનક; ભાગ્યજોગે

યદ્યપિ ૧. અ. આજ સુધી પણ; અત્યાર સુધી, હજી સુધી.

૨. [સં.] અ. જોકે; યદપિ; અગર જો; આમ છે તો પણ; જો.

યદ્ધાતદ્ધા ૧. વિ. અર્થ વગરનું; નિરર્થક.

૨. અ. કોઈ કોઈવાર

૩. [સં.] અ. જેમ તેમ; ગમે તેમ; કામ ઠેકાણું વગર; જેમ ફાવે તેમ.

યમકનિચય પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના બે નગણ અને સાત યગણ મળી ૨૯ વર્ણ આવે છે.

યમ ૧. [સં.] વ. કિ. (ધાતુ) કાબૂમાં રાખવું; કબજે રાખવું; તે ઉપરથી નિયમિત, નિયત, યમ, નિત્યમ, ઉદ્યમ, સયમ, સંયમિત વગેરે શબ્દ બનેલા છે

૨. સ. ક્રિ. પકડી રાખવું

૩. ૭ ક્રિ. બંધ કરવું

૪ સ ક્રિ. મૈથુન કરવું

૫ સ ક્રિ. મોક્ષ રાખવું.

૬. સ ક્રિ. વિરામ પામવું.

યમ ૧. પું. અથર્વવેદનો એ નામનો એક ઋષિ.

૨. [સં. યમ (કાબૂમાં રાખવું)] પું. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચેનો સમૂહ અથવા એ પાંચમાંથી ગમે તે એક. તેના દશ પ્રકાર પણ છે: અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ક્ષમા, ધૃતિ, દયા, આર્જવ, મિતાહાર અને શૌચ. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ઓગણીસમા અધ્યાયમાં બાર યમ કહેલા છે: અહિંસા, સત્ય, અસ્તેય, અસંગ, હ્રીભ્ય, અસંચય (અપરિગ્રહ), ધર્મમાં વિશ્વાસ, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય.

૩. પું. ઇંદ્રિયોને જીતવી તે; નિગ્રહ; સયમ ઇંદ્રિયોના જબ્બરદસ્ત આહાર, નિદ્રા, શીત, વાત અને આતપનો જય કરવો તેને પણ સિદ્ધજનો યમ કહે છે. યોગકૌસ્તુભમાં કહેલું છે કે પરમાણુથી માંડીને આકાશ પર્યંતનું જે જગત છે તેનો ભાસ કે મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય કરીને એક બ્રહ્મનાં જ સત્યપણાનો નિશ્ચય કરવો અને મન સહિત અગિયાર ઇંદ્રિયો વશ રાખવી તે યમ કહેવાય છે.

૪. પું. ઋગ્વેદના દશમા મંડલના ચૌદમા સૂક્તનો કર્તા એક ઋષિ.

૫. [અ.] પું. ઋતુ; સમય.

૬. પું. એ નામનો એક દેવ તે ભરણી નક્ષત્રનો સ્વામી છે.

૭. પું. એક જનનું ભૂત તે હમેશ સમરાંગણમાં હોય છે અને પોતાના લોકોને ઉગ્ર બનાવે છે

૮. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ ૭૬. તે કોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૯૪ લઘુ મળી ૯૫ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૯. પુ. કલાક

૧૦ પુ કશ્યપના અદિતિથી થયેલા બાર આદિત્યોનો એક દીકરો. એ નામનો એક આદિત્ય. જુઓ આદિત્ય.

૧૧. પું કાગડો.

૧૨. પું. દક્ષિણ દિશાના લોકપાલનું નામ; મરણ પછી જીવને તેનાં કૃત્ય પ્રમાણે શિક્ષા કરનાર દેવ; પ્રેતપતિ; મૃત્યુનો દેવ. માર્કંડેય પુરાણમાં લખ્યું છે કે જ્યારે વિશ્વકર્માની કન્યા સંજ્ઞાએ પોતાના પતિ સૂર્યને જોઈને ભયથી આંખો બંધ કરી લીધી, ત્યારે સૂર્યે ગુસ્સે થઈને તેને શાપ આપ્યો કે તને જે પુત્ર થશે તે યમ. લોકોનું સયમન કરનાર થશે. આથી જ્યારે સંજ્ઞાએ તેની તરફ ચપળ દૃષ્ટિથી જોયું ત્યારે ફરીને તેણે કહ્યું કે તને જે કન્યા થશે, તે આ પ્રકારે ચપળતાપૂર્વક નદીનાં રૂપમાં વહ્યા કરશે. પુત્ર તે યમ થયા અને કન્યા તે યમી થઈ, તે પાછળથી યમુનાના નામથી પ્રસિદ્ધ થઈ. એમ મનાય છે કે, તે રંગે શ્યામ અને લાલ વસ્ત્ર પહેરે છે, પાઘડી ધારી કરે છે અને હાથમાં દંડ ધારણ કરે છે. કર્બુર તે શ્યામ નામના કૂતરા તેના ચોકીદાર છે, તે યમપુરીના રાજા છે, ચિત્રગુપ્ત ચંડ અને પ્રચંડપુરુષ નામના સેવકો અને વૈશ્ય તેના દ્વારપાળ છે. ઔદમ્બરીય નરક તેના તાબામાં છે. ઋગ્વેદમાં તેમને હવિ અને સન્માન આપવા સૂચવ્યું છે. તેને દક્ષિણાધિપતિ, શ્રીપુંપાદ, મૃત્યુ, કાલ, અંતક, કૃતાંત, કાલ, દંડી અથવા દંડધર, નીલશાસન, પારધી, પિતૃપતિ, પ્રેતરાજ, મહારૌદ્ર, ધર્મરાજ, શ્રીદુમ્બર વૈવસ્વત વગેરે અનેક નામો આપવામાં આવ્યાં છે. પુરુષવાનો તરફ સૌમ્ય દોર્ય ધર્મરાજ એવું પણ એનું નામ કહ્યું છે. માંડવ્ય ઋષિના શાપે કરીને તે વિદુરરૂપે પૃથ્વી ઉપર અવતર્યો હતો

અંતક કાલ કૃતાંત યમ જેથી જગત કંપંત,
એ તુજ પતિ ભૃકુંટથી ઘર ઘર ઘર કંપંત.
પિંગળપ્રકાશ

૧. યમનો દૂત = યમરાજાના દૂત જેવો નિર્દય. કઠોર કાળજાના માણસને વિષે બોલતાં વપરાય છે

૨. યમનો પનોતો = કમકમાટી ઉપજાવે એવાં અત્યંત પાપ કરનારો કે મહાનો જ પાપી માણસ

૧૩. [અ.] પું. દમિયો.

યમકોદ્ઘાયોગ

૧૪. પુ. દિવસ.

૧૫. પું. ધર્મશાસ્ત્ર રચનાર એક ઋષિ; એ નામનો એક સ્મૃતિકાર.

૧૬. પું. નિર્દય કે ઘાતકી પુરુષ; કઠોર અને ક્રૂર દેખાવવાળો માણસ; ચંડાળ; નરાધમ.

૧૭. પું. પરમેશ્વર, ઈશ્વર

૧૮. પું. ભાદરવા માસમાં તપતા સૂર્યનું નામ; એ નામના એક સૂર્ય.

૧૯. પું. મંગળ ગ્રહ.

૨૦. પું. પુરુષાક્ષર; જોડાક્ષર.

સંસ્કૃત અને પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં યમકાક્ષર ૧૨ કે ૬૪ અક્ષર પ્રસિદ્ધ છે તેમાં યમ અથવા પુરુષાક્ષર બાર છે. સુ. સા. પરિષદ

૨૧. પું. (યોગ) યોગનાં આઠ માહેનું એક અંગ. તે માત્ર મનથી જ સિદ્ધ થઈ શકે એવું હોઈ ને તેને એક પ્રકારનું નિવૃત્તિ લક્ષણ માનેલું છે. અસંપ્રજ્ઞાત યોગ વડે મનને છતી શકાય છે. તે અસંપ્રજ્ઞાત યોગ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ અષ્ટાંગ યોગ વડે સુખપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે

૨૨. પું. કલ, કેમકે વિનાશ કરવો એ તેનું કામ છે.

૨૩. પું. વિષ્ણુ.

૨૪. પું. શનિનું એક નામ.

૨૫. પું. સેતાનો પિશાચ; અસુર; દાનવ.

૨૬. પું. રત્નર.

૨૭. [સં.] પું. હરિ.

૨૮. પું. હવા; વાતાવરણ.

૨૯. સ્ત્રી. અઢાર માહેની એક મુખ્ય સ્મૃતિ. જુઓ સ્મૃતિ.

૩૦. ન. ખેડું; ખોડલું, ખોડલું.

૩૧. ન. બેની સંખ્યા; બેની સંખ્યા બતાવનારી સંજ્ઞા.

૩૨. ન. ભરણી નક્ષત્ર.

૩૩. ન. મૃત્યુ; મોત.

૩૪. ક્રિ. બેલડામાં જાનવરોમાં; બેડિયું.

૩૫. અ. જોમાં; જે રીતે.

યમક ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે તેને હરિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ લઘુ અને લઘુ મળી પાંચ અક્ષર હોય છે

૨. પું. પદ્યપદ્ય રચનામાં સરખી કે સજાતીય અક્ષરોની આવૃત્તિઓ આવવી તે; અનુપ્રાસ; ઝડઝમક, વાક્ય અથવા કવિતામાં બે સરખા અવાજના અક્ષરો આવે તેવો શબ્દાલંકાર; જુદા જુદા અર્થના સમાન શબ્દોની પુનરાવૃત્તિ; પ્રાસ. 'રાઇમ'.

ભિન્ન ભિન્ન અર્થવાળા કે અર્થરહિત બે કે વધારે અક્ષર એક જ ક્રમમાં ફરીને આવે છે ત્યારે યમક કે ચમક કહેવાય છે.

અવ્યવસ્થ

૩. ન. એક જાતનું મેવાનું આમીરાળુ મોળી.

૪. ન. ઘોડાની એક ગોળાકાર ચાલ; આઠના આંકડા જેવી આકૃતિમાં ઘોડાનું દોડવું તે.

૫. ન. ખોડલું.

૬. ન. ભૂદેવધર્મના ત્રાજ્ઞિસના ત્રણ પિટકમાંના અભિધર્મ પિટકના સાત ગ્રંથોનું એક પુસ્તક.

૭. ન. વ્રત; નિયમપાલન; સંયમ.

૮. ન. સેનાનો એક પ્રકારનો બૂટ.

યમકકર્ણ જુઓ યમકાક્ષ.

યમકંટક પું. જ્યોતિષની સત્તાવીસીમાંનો એ નામનો એક ઉપગ્રહ.

યમકાય [સં.] વિ. યમના જેવા કદરૂપા શરીરવાળું; પ્રચંડ.

યમકિત [સં.] વિ. યમકવાળું. જેમાં યમક અલંકાર હોય એવું.

યમકિંકર [સં. યમ + કિંકર (નોકર)] પું. યમરાજાનો દૂત, જમદૂત; યમદૂત.

યમકીટ [સં.] ન. જળસિંધું; જમીનમાં રહેનો એક કીડો તે ચોમાસામાં બહાર નીકળે છે

યમક્રા પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેને યમકર્ણ છંદ પણ કહે છે. તેના દરેક પદમાં અગિયાર માત્રા આવે છે. તેમાં ૧૦, ૮ અને ૧૪ માત્રાએ યતિ તથા ૩, ૭, ૧૧, ૧૫, ૧૬, ૨૩, ૨૭ અને ૩૧ માત્રાએ તાલ આવે છે.

યમગીતા [સં.] સ્ત્રી. ચૌદ માહેની એ નામની એક ગીતા. યમગીતા ત્રણ પ્રકારની છે. પહેલી ગીતા વિષ્ણુપુરાણના ત્રીજા ભાગના સાતમા અધ્યાયમાં, બીજી અગ્નિપુરાણના ત્રીજા ખંડના ૩૮૧મા અધ્યાયમાં અને ત્રીજી મૃત્તિકપુરાણના આઠમા અધ્યાયમાં આવેલી છે.

યમદંષ્ટ્ર ૧. [સં.] પું. એક જાતનો અપરોજ. રવિવારે મઘા કે પૂર્વાફાલ્ગુની, સોમવારે પુષ્ય કે અશ્લેષા, મંગળવારે ધનિષ્ઠા, અનુરાધા, ભરણી કે અશ્વિની, બુધવારે હસ્ત કે આર્દ્રા, ગુરુવારે પૂર્વાષાઢા, રેવતી કે ઉત્તરાભાદ્રપદ, શુક્રવારે સ્વાતિ કે રોહિણી અને શનિવારે શતભિષા કે અશ્વિનુ નક્ષત્ર હોય તો આ યોગ બને છે. આ યોગમાં શુભ કામ વર્જિત છે. રવિવારે મઘા, સોમવારે વિશાખા, મંગળવારે આર્દ્રા, બુધવારે મૂલ, ગુરુવારે કૃત્તિકા, શુક્રવારે રોહિણી અને શનિવારે હસ્ત નક્ષત્ર હોય તો પણ આ યમદંષ્ટ્રયોગ બને છે યમદંષ્ટ્રયોગમાં. આદિનો જોને આરંભ થયો હોય તે જોવી જોવે નહિ અને કદાપિ પુરુષ બળથી જોવે તોપણ ભયકર એવી યમની દાઢની વચ્ચે પડેલો તે સુખી તો હોય જ નહિ.

૨. પું. કારતક સુદ એકમ; દિવાળી પછીનો દિવસ.

યમદંષ્ટા જો. ચોસઠ મ.હેની એ નામની એક યોગિની

યમજ ૧ [સં.] પું. અશ્વિનીકુમાર.

૨. પું. જેનું એક અંગ દુર્બળ હોય તેવો ઘોડો. તે દોષ મનાય છે.

૩. ન. બેલડું, બેડલું.

૪. વિ. બેડલામાં જન્મેલ

યમજિત ૧. [સં.] પું. મૃત્યુને જીતનાર દેવ; મૃત્યુંજય

૨. પું. શિવ.

યમદંડ ૧. પું. મહાદેવજીએ રચેલો અને અસુરોના સંહાર પ્રસંગે રચેલાં આઠ પ્રકારનાં ઝેરવાયરો માહેનું એક. તેની લબાઈ ચૌદ હાથની હોય છે

૨ [સં.] પું યમરાજા તરફથી મળતી શિક્ષા; યમે કરેલી શિક્ષા; કાલદંડ; યમયાતના; નરકના દેવે કરેલી શિક્ષા..

૩. પું યમરાજાનો દંડપાણિ, યમરાજાનું આયુધ.

યમદંષ્ટ્ર [સં.] ન. એક પ્રકારનું પ્રાચીન હથિયાર

યમદંષ્ટ્રા ૧. જો. આસો માસના છેલ્લા આઠ દિવસ અને આખો કારતક માસ, વૈદક અનુસાર આસો, કારતક અને માગશરનો વિશિષ્ટ સમય. તેમાં રોગ અને મૃત્યુ વગેરેનો વિશેષ ભય રહે છે. તેમાં અકપ્રકોજ્જ્વ તથા વિશેષ સંયમ વગેરેનું વિધાન છે. કેટલાક લોકોના મત પ્રમાણે આ સમય કારતક માસના છેલ્લા આઠ દિવસ અને માગશર માસના શરૂઆતના આઠ દિવસનો છે.

૨. [સં.] જો. યમની દાઢ.

૩. જુઓ યમદંષ્ટ્રાયોગ.

યમદંષ્ટ્રાયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ. બીજને દિવસે અનુરાધા હોય, ત્રીજે પણ ઉત્તરાભા.થી હોય, પાંચમે મઘા, સાતમે હસ્ત અને મૂલ, આઠમે રોહિણી, તેરસે ચિત્રા અને સ્વાતિ હોય તો તેને યમદાહ અથવા યમદંષ્ટ્રાયોગ અશુભો તે બધો દુઃખદાયી યોગ છે

યમદાઢ ૧. પું. (પિંગ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૭૮ લઘુ મળી ૮૪ વર્ણની ૯૦ માત્રા હોય છે

૨. જુઓ યમદંષ્ટ્રા.

યમદીપદાન [સં.] ન. ધનતેરસનો તહેવાર.

યમદૂત ૧. પું. એક જાતનો ધોડો
મુખિ મિહુ પસિએ અબ્ધ કાલા હુઈ તે અયોગ્ય તે યમદૂત બોલિઉં સાલીહોત્ર

૨. પું. કાગડો.

૩. [સં] પું. જમ; જમદૂત; પ્રાણીઓના જીવને કર્માનુસાર શિક્ષા કરવા યમરાજ પાસે લઈ જનારો તેમનો દૂત કે સિપાઈ; યમનો નોકર; યમનો દૂત.

૪. પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર.

યમદૂતિકા ૧. [સં.] સ્ત્રી. આંબલીનું ઝાડ.

૨. સ્ત્રી. કાગડી; કાગડાની માદા.

યમદેવ [સં.]. પું. યમરાજા.

યમદ્રુમ ૧. [સં.] ન. ખીજડાનું ઝાડ.

૨. ન. શેમળાનું ઝાડ. તેનું આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે તેમાં ફૂલ તો બહુ સુંદર દેખાય છે પરંતુ તેમાં કોઈ ખાવા લાયક ફળ થતાં નથી.

યમદ્વિતીયા [સં. યમ + દ્વિતીયા (બીજ)] સ્ત્રી. કાર્તિક શુદિ બીજનો દિવસ; ભાઈબીજ. યમુનાએ તે દિવસે પોતાના ભાઈ યમને જમવા નોતર્યા હતા તેથી આ દિવસે બેનને ઘેર ભાઈ જમવા જાય છે ને બેનને કંઈક આપે છે. મથુરામાં આ દિવસે સ્નાનનો બહુ જ મહિમા મનાય છે અને લાખો માણસો ત્યાં જેમાં જાય છે. વિશ્રાંતઘાટ તથા અસિકુંડાઘાટપર બહુ જ ભિરડી રહે છે.

યમધાર [સં.] ન. બંને બાજુ ધારવાળું હથિયાર.

યમન ૧. [અ.] પું. અરબસ્તાનનો એ નામે એક પ્રાંત.

૨. પું. આનંદ; સુખ.

૩. પું. યમદેવ.

૪. પું. યવન.

૫. પું. (સંગીત) સંગીતના એક રાગનું નામ; કલ્યાણ રાગનો એક ભેદ. તેમાંથી ચોદ જુદા જુદા રાગ ઉત્પન્ન થાય છે. રાતની પ્રથમાતમા આ રાગ ગવાય છે

૬. ન. અટકાવવું તે.

૭. ન. વિરામ; ઉપરામ.

૮. ન. સંયમ; નિગ્રહ; બંધન.

યમનક પું. (પિંગ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ત્રગણ, નગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

યમનકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ ઘાટના સપૂર્ણ પ્રકારના રાગ માંહેનો એક રાગ. કલ્યાણ રાગનો એક પ્રકાર. આ રાગમા તીવ્ર મધ્યમ સિવાય અન્ય શુદ્ધ સ્વરો છે આ રાગનો વાદી સ્વર ગાંધાર છે. સંવાદી સ્વર નિષાદ છે. રાત્રે પ્રથમ પ્રહરે તે ગાવાનો પ્રચાર છે. તેમાં આરોહમાં રા, રિ, ગ, મ, પ, ધ, એમ છ સ્વર અને અવરોહમાં સાતે સ્વર આવે છે. મ તીવ્ર છે. અવરોહમાં મ શુદ્ધ લાગે છે તેથી આ રાગ કલ્યાણથી જુદો પડે છે. તેનો મહ સ્વર, વાદી સ્વર અને ન્યાસ સ્વર ગ છે અને સંવાદી સ્વર ધ છે. તે વીર, અદ્‌ભુત અને શાંતરસ ઉત્પન્ન કરે છે. આ રાગ ગંભીર પ્રકૃતિવાળો હોવાનું મનાય છે

યમનિકા [સં.] સ્ત્રી. તંબૂરે ફરતી ઘુઘરાની દીવાલ કે પડદો

યમનિયમ [સં.] પું. ન. ક. (યોગ) અષ્ટાંગ યોગનાં પહેલા બે અંગ. પાંચ મહાવ્રતરૂપી યમ તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમ મળી યમનિયમ કહેવાય છે.

યમની ૧. પું. (સંગીત) એક રાગનું નામ. તે નિષાદવક્ર ઘાટમાંથી ઉત્પન્ન થાય છે ને દિવસના પ્રથમ પ્રહરે ગવાય છે.

૨. સ્ત્રી. એક જાતનો કીમતી પથ્થર. તેની ગણના રત્નમાં થાય છે. આ પથ્થર અરબસ્તાનના યમન પ્રદેશમાંથી આવે છે.

૩. સ્ત્રી. યમ; પડદો.

૪. ન. (વહાણવટું) એક જાતનું વહાણ; જમની.

યમનીનિષાદવક્ર પું. (સંગીત) કલ્યાણઘાટના શુદ્ધ અને તીવ્ર મધ્યમ લેનારા રાગો માંહેનો એક રાગ. આ રાગમાં યમન કલ્યાણ અને નિષાદવક્ર એ બે રાગોનું મિશ્રણ હોવાથી તેનું આવું સયુક્ત નામ પડ્યું છે. આ રાગનો વાદી સ્વર ધૈવત છે અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ નિષાદવક્રનો એક પ્રકાર હોઈ તેમાં નિષાદવક્રનો ભાસ થતો હોવાથી પ્રચારમાં પ્રાતઃકાલે ગવાય છે.

યમપાશ ૧. [સં.] પું. મૃત્યુના દેવનો ફાંસો; યમ જમવા મોતનો ફાસો; જમનો દંડૂકો; જમની દોરી. તે વડે જીવને ખેંચી લેવાનો કહેવામાં આવે છે.

૨. પું મોતનું દુઃખ કે વેદના.

૩ સ્ત્રી. એ નામની ચોરીશ માંહેની એક માયાવી મુદ્રા.

યમપુત્રી [સં.] સ્ત્રી. યમરાજાની દીકરી.

યમપુરી ૧. [સં.] સ્ત્રી. જમપુર; યમરાજાનું નગર; મૃત્યુના દેવનું રહેઠાણ; યમાલય; યમરાજાની નગરી; સંયમની. મરણ પછી જીવોને ત્યાં લઈ જવાતા કહેવાય છે.

૧. યમપુરીની વાતના = (૧) બહુજ દુઃખ, (૨) ઘારે મોંકળી. (૩) સખ્ત શિક્ષા.

૨. યમપુરીમાં મોકલવું = (૧) જ્યાં નિર્દયપણું કે ઘાતકીપણું વાપરવામાં આવતું હોય એવી જગાએ મોકલવું. તે ઉપરથી કેદખાનામાં મોકલવું કે જેલ કરવું એમ કહેવાય છે (૨) મારી નાખવું.

૨. સ્ત્રી. નરક

યમભગિની [સં.] સ્ત્રી. યમુના નદી. તે યમરાજાની બેન છે.

યમયા [સં] સ્ત્રી. (જ્યોતિષ) એક પ્રકારનો નક્ષત્ર યોગ.

યમરક્ષ [સં.] પું. પાડો.

યમરાજ [સં.] પું. ધર્મરાજા; યમદેવ; કૃતાંત.

યમરાત્રિ [સં.] સ્ત્રી. મૃત્યુરૂપી રાત્રિ.

યમલ ૧. પું. બે સમાન સાંકેતિક સંજ્ઞા; બેની સંખ્યા.

૨. [સં.] ન. જોડું; જોડલું; યુગ્મ; જોડકું; બે બાળકો સાથે અવતરે તે; 'ટ્વિન'.
યમલ યુગ્મ યુગ્ય દ્વંદ્વ દ્વય મિથુન યમ જોડ;
યુગ્મજ ત્રિલોક સહુ વસો નંદરાજને ઘેર્ય.
પિંગલ ગ્રંથપ્રસ્તાર

૩ ન બે જણાએ સાથે ગાવું તે; 'ડયુએટ'.

૪ ન દંતાવળમા આવેલું એક વૃક્ષ.

૫. વિ જોડિયું.

યમલગર્ભ [સં.] પું. બે બાળકવાળો ગર્ભ. જો ગર્ભાધાનમાં શુક્ર અને રજનો સયોગ થતી વખતે ગર્ભાશયનો વાયુ શુક્રરજના સયોગના બે કે વધારે ભાગ કરી નાખે તો એક જ ગર્ભથી બે કે વધારે સંતાન ઉત્પન્ન થાય. તેમાં પણ જો એક ભાગ વધારે રજવાળો ને એક ભાગ વધારે શુક્રવાળો થઈ જાય તો એક ગર્ભથી કન્યા ને બીજાથી પુત્ર ઉત્પન્ન થાય. એવી રીતે ગર્ભાધાન વેળા જે રીતે વાયુ શુક્ર રજના સંયોગને જેટલા ભાગમાં વહેંચી દે એટલાં સંતાન એક જ ગર્ભમાં ઉત્પન્ન થાય છે. બહુધા કરીને યમલમાં કમળ એક જ બને છે અને ક્યારેક બને ગર્ભનાં કમળ જુદાં જુદાં હોય છે.

જેનાં કમલ જુદાં જુદાં હોય તેનો પ્રસવ કરાવતી વખતે મૃત્યુની વધારે સંભાવના નથી હોતી. જેનું એક જ કમલ હોય તેમાં એક બાળક મોટું હોય છે ને નાના બાળકનું સારી રીતે પોષણ ન થવાથી કેવળ માંસના એક લોચા જેવું તે અંગોનાં નાનાં નાનાં ચિહ્ન દેખાય એવું જન્મ લે છે. જો બને બાળક આકારમાં નાનાં હોય તો સહેલાઈથી પ્રસવ થાય છે, પણ જો એક મોટું ને બીજું નાનું હોય તો સિદ્ધિસેન અને મલ્લિણી બનને દુઃખદાયી બને છે. જો એક કમલમાં બંને બાળક હોય તો પહેલાં એક બાળકનો જન્મ થયા પછી મોટા સમય પછી બીજાનો જન્મ થાય છે. યમલપ્રસંગમાં પ્રસવ વખતે બહુ જ ધ્યાન રાખવાની જરૂર છે. જો પહેલા બાળકના જન્મ પછી એક કલાક સુધી બીજાનો પ્રસવ ન થાય તો ડિલીવરી ક્રાઈ નાભની અધસ્થા મર્મસંધિની ઉપર હાથ ફેરવીને નીચેની તરફ દબાવું કરવું. એમ થવાથી બાળક તરત જ બહાર આવશે.

યમલયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ. બીજ, રવિવાર અને મઘા નક્ષત્ર હોય કે સાતમ, શનિવાર અને ચિત્રા નક્ષત્ર હોય કે બારશ, મંગળવાર અને ધનિષ્ઠા નક્ષત્ર હોય તો યમલયોગ જાણવો.

યમલહિમાચર [સં.] ન. હિમાલયનું એ નામનું એક ઊંચું શિખર.

યમલાર્જુન ૧. [સં.] ન. એક જાતનું ઝાડ; હોલિદારુ; અરમતા.

૨. ન. મોહેંજોદડોમાં જોડે જોડેલાં આંજણીનાં બે ઝાડ. પુરાણાનુસાર તેઓ નળકુબેર અને મણિગ્રીવ નામે કુબેરના બે પુત્ર હતા. તેઓ બંને એક વખત મદ્ય પીને ઉન્મત્ત થયા હતા અને નગ્ન થઈને નદીમાં અપ્સરાઓની સાથે ક્રીડા કરતા હતા. આ વખતે નારદઋષિએ તેમોને શાપ આપ્યો એટલે તેઓ વૃક્ષ થઈ ગયા હતા. શ્રીકૃષ્ણને જ્યારે યશોદા માતાએ બાંધ્યા હતા તે વખતે તેઓનો ઉદ્ધાર કર્યો હતો.

યમલી ૧. [સં.] સ્ત્રી. એકમેક થયેલી બે બીજોની જોડી.

૨. સ્ત્રી. નદી, અંતરજ્યુ વગેરે.

૩ સ્ત્રી. ઓષ્ઠનો ઘામનો અને ચોમાસ

યમલોક ૧. પું. નરક

૨. [સં.] પું. યમનો લોક; યમનું નિવાસ સ્થાન; યમનું ઘર; યમપુરી, મૃત્યુના દેવનું રહેઠાણ

યમલોકમાં મોકલવું કે પહોંચાડવું = મારી નાખવું; પ્રાણ હરી લેવો

યમવતી પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત અક્ષરમેળ છંદ; ચાર્પુની. તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ એમ બાર બાર અક્ષર હોય છે તથા બીજા અને ચોથા ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર તેર અક્ષર હોય છે.

યમવાહન [સં.] પું. પાડો.

યમશ્રવ ૧. પું. રાજાઓનો દંડ.

૨. [સં.] પું. રાજાનો ખર્ચ. તે અનુસાર તેણે યમરાજની જેમ નિષ્પક્ષ થઈને બધાને દંડ આપ્યો તે.

યમસદન [સં. યમ (યમરાજા) + સદન (ઘર)] ન. યમનું ઘર; યમપુરી; યમરાજાનું નગર.

૧. યમસદન પહોંચાડવું = દાર મારવું.

૨. યમસદન સીધાવવું = મરી જવું.

યમસ્તોમ [સં.] પું. એક દિવસમાં થનારો એક પ્રકારનો યજ્ઞ.

યમસ્મૃતિ [સં.] સ્ત્રી. વીસ સ્મૃતિઓમાંની એક સ્મૃતિ.

યમાચાર્ય [સં.] પું. યમદેવતા.

યમાતિરાત્ર [સં.] પું. ઓગણપચાસ દિવસમાં થનારો એક પ્રકારનો યજ્ઞ.

યમાદિત્ય [સં.] પું. સૂર્યનું એક રૂપ.

યમાની ૧. [સં.] સ્ત્રી. અજમો.

૨. સ્ત્રી. અજમોદ.

યમાનુજા [સં. યમ + અનુજા (નાની બેન)] સ્ત્રી. યમુના નદી; જમના. તે યમની બેન હોવાનું મનાય છે.

યમાલય ન. યમપુરી.

યમાલિંગન [સં.] ન. મૃત્યુ, મરણ.

યમાંતક ૧. પું (જૈન) એ નામનો એક દેવ. તેને ત્રણ મુખ, બકરા જેવી દાઢી, મોટા દાંત, મોટું પેટ અને પોતે દીર્ઘાયુષ્ક હોવાનું મનાય છે

૨. પું બૌદ્ધના મહાયાનમતનો એ નામનો એક દ્વારપાલ

૩ [સં] પું. યમનું એક નામ

૪ પું રાવણનું એક નામ

યમાંશ [સં] પું. (જ્યોતિષ) મહિનાનો એક પ્રકારનો અશુભ અંશ અથવા આકડો નવ રાશિનો જે અંક હોય તે અંકમાં આવતા વ્યક્તિનો અંક મેળવવો દ્વિરાશિક ચરોમાંનું જે ઘર હોય તે ઘરના નામના જેટલા અક્ષરો હોય તેટલો અંક પણ તેમાં જ મેળવવો એ ત્રણે અંકનો એકત્ર કરતાં જે અંક અથવા જેટલો સરવાળો આવે તેટલાને ત્રણે ભાગનાં શેષ જો એક વધે તો તે ઉદ્વેગાંક કહેવાય તથા બે વધે તો તે યમાંશ કહેવાય. યમાંશ દુશ્મન, નામદેવતા અને ભૈરવ વિષે કોષ્ટ છે.

યમી ૧. [સં.] પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૫૪મા સૂક્તના રચનાર એક ઋષિ.

૨. પું. સન્યાસી; સાધુ; જતિ.

૩. પું. સંયમી માણસ.

૪ સ્ત્રી દુર્ગા

૫. સ્ત્રી યમની બેન.

૬. સ્ત્રી. યમુના નદી; જમના

યમાનુલ રવિજ યમી કૃષ્ણા રમામણ આપ
આ યમુના રહ્યુ રુદ્રદ હરિ આપત વન પરિતાપ.
વિઠ્ઠલપ્રભુકોષ

૭. સ્ત્રી. રાત્રિ

૮. વિ. જેણે ઇન્દ્રિયોને કાબૂમાં રાખેલી હોય એવું; ઇન્દ્રિયો ઉપર જેનો કાબૂ હોય તેવું; સંયમી.

યમી વૈવસ્વતી પું. ઋગ્વેદના દશમા મંડલના દશમા સૂક્તની અમુક ઋચાઓ બનાવનાર ઋષિ.

યમુના ૧. પું. (પિંગળ) એ નામે બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; માલતી. તેના દરેક ચરણમાં જગણ, નગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે. પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨. સ્ત્રી. એ નામે નદી જેવા આકારનું તારાઓનું મંડળ. તેનું ધરપીય નામ આલ્ફા ઇરિડાની છે. મઘાદિ નક્ષત્રના અનુક્રમોક્ત નૈઋંત્ય ખૂણા ઉપર આવેલા પહેલા વર્ગના પ્રકાશિત તારા બાબુરજની પાસેથી આ તારામંડળ શરૂ થાય છે અને આકાશ અવળા વાંક લેતું લેતું દક્ષિણ ક્ષિતિજ સુધી પહોંચે છે. આ આખા તારામંડલમા, વીરોક્ત બીજા તારાઓ આવી જાય છે પણ તેને છેડે તેનો મુખ્ય તારો વેદીમુખ આવેલો છે. તે પહેલા વર્ગનો તારો છે.

૩. સ્ત્રી જમના નદી

૪ સ્ત્રી. દુર્ગા

૫. સ્ત્રી પિંગલા નાડી

૬. સ્ત્રી. યમની બેન, યમી; સૂર્ય અને તેની સ્ત્રી સંજ્ઞાની દીકરી.

યમુનાચાર્ય પું નાથમુનિના એ નામના એક પુત્ર તે ચુસ્ત વૈષ્ણવ હતા. દશમી સદીમાં તે થયા હોય એમ મનાય છે તે ઈ સ. ૧૦૪૦મા મરણ પામ્યા. તેણે સિદ્ધિત્રય, આગમપ્રામાણ્ય, ગીતાર્થસંગ્રહ અને સ્તોત્રરત્ન એમ મુખ્ય ચાર પુસ્તકો લખ્યા છે

યમુનાજનક [સં.] પું. સૂર્ય.

યમુનાજળ [સં. યમુનાજલ] ન. યમુના નદીનું પાણી. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: યમુનાજળ અમરા યમુનાજી એ મહા પવિત્ર ગણાય છે. ગંગાજળની પેઠે જ યમુનાજીનું એક ટીપું કે કણ કોઈ પણ મૃત્યુ પામતા મનુષ્યના મુખમાં જાય, એ તેનાં બધાંપાપ છે, એમ પ્રત્યેક હિંદુ માને છે. યમુનાજળ કે ગંગાજળ ઘણી મુદત એટલે વર્ષોનાં વર્ષ સુધી રાખી મૂકતા કે પડ્યું રહેતાં તેમાં જીવાત પડતી નથી એ તેની ખાસ મહત્તા છે. યમુનાજળના ગોટા કે ગોટીઓ વિશ્રામઘાટના જળથી જ ભરાય છે અને તેને રેલ્વે દ્વારાથી સારી રીતે બંધ કરવામાં આવે છે

યમુનાજી સ્ત્રી. યમુના નદી.

યમુનાતીર્થ [સં.] ન. યમુના નદી રૂપી તીર્થ.

યમુનાપુત્ર [સં] પું. ગોબો: ઉત્તર પ્રદેશમાં યમુના નદીના કાંઠા ઉપરનો વતની.

યમુનાબેટી [સં. યમુનાભેદિન્] પું. બલરામ, બળરામ. તેણે પોતાના હળરૂપી હથિયારથી યમુનાના બે ભાગ કર્યા હતા.

પ્રલંબઘ્ન તાલાક અને યમુનાભેદી બાઈ,
તે હલધરના વીરને હજી દેશ બોલાઈ.
પિત્રાભક્તિકોષ

યમુનાભ્રાતા [સં. યમુનાભ્રાતૃ] પું. યમી કે યમુનાનો ભાઈ; યમરાજા.

યમુનાભ્રાતૃ જુઓ યમુનાભ્રાતા.

યમુનાષષ્ઠી સ્ત્રી. વ્રજના મુખ્ય ઉત્સવોમાંનો એક ઉત્સવ. આ દિવસ ચૈત્ર શુદ છઠને દિવસે આવે છે. જમના નદીના વિશ્રાંતઘાટ ઉપર આ મહોત્સવ ઉજવાય છે.

યમુનાષ્ટક [સં.] ન. શ્રી શંકરાચાર્યે રચેલ યમુનાજીનું સ્તોત્ર. તેમાં આઠ કડી હોવાથી તે યમુનાષ્ટક કહેવાય છે.

યમુનેરા [સં.] પું. યમુના નદીના પ્રદેશ મોરૂખ્ય

યમુનોત્રી ન. યમુના નદીનું મૂળ; જમનોત્રી. ત્યાંથી યમુના નદી નીકળે છે. તે એક ટેકરી છે. તેની ઊંચાઈ સમુદ્રસપાટ ૮૦૦૦ ફીટ છે અહીં ચારે તરફ મનોરંજક દૃશ્ય છે અને ઘટાં જંગલો છે

યમેરુકા [સં.] સ્ત્રી. ઘડિયાળનું મોટું ઝાંઝ. તે પ્રાચીન કાળમાં એક ઘડી પૂરી થાય ત્યારે વગાડવામાં આવતું હતું

યમેશ [સં] પું. ભરણી નક્ષત્ર

યમેશ્વર ૧. [સં.] પું. શિવ.

૨. ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

યયા અ. સરખાપણું બતાવનાર અવ્યય.

ય, જા. યથા, તથા, ઈવ અને એવમ્ એ ૭ સરખાપણું બતાવનાર અવ્યયો છે. અમરકોષ

યયાતિ ૧. પું. એ નામે એક તારામંડળ; રાશિચક્ર અથવા નક્ષત્ર ચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય. તેને અંગ્રેજીમાં પર્સેયુસ કહે છે. તેનો આકાર ભગવાન રામ જેવો છે. તેમાં અલગોલ નામે એક રૂપવિકારી તારો છે તે સાધારણ રીતે બીજા ક્રમનો દેખાય છે. ૨ દિવસ, ૨૦ કલાક અને ૪૯ મિનિટ જેટલા વખતમાં તેના રૂપમાં એક વાર ફરક પડે છે.

૨. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના ૬ પુત્રોનો બીજો પુત્ર તેનો મોટો ભાઈ યતિ વિરક્ત થવાથી પરમહંસ થઈ અરણ્યમાં ગયો તેથી યયાતિ પિતાની પછી રાજ્યનો અધિકારી થયો. એક કાળે મૃગયા નિમિત્ત તે અરણ્યમાં ગયો હતો. ત્યાં તેણે એક કૂવામાં શુક્રાચાર્યના દેવયાનીને પડેલાં જોઈ અને તેને બહાર કાઢી. યયાતિ રાજા પોતાને નગર પાછો ગયો. પછી દેવયાનીની ઇચ્છાથી તેના પિતાએ તેને યયાતિ સાથે પરણાવી ત્યારે વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠા પણ તેની દાસી તરીકે તેની સાથે ગઈ. દેવયાનીને યદુ અને તુર્વસુ એમ પુત્રો થયા અને તેની બાજુ બહાર શર્મિષ્ઠાને પણ યયાતિથી અનુ, દ્રુહ્યુ અને પુરુ એવા ત્રણ પુત્ર થયા. જ્યારે દેવયાનીને ખબર પડી કે શર્મિષ્ઠાને યયાતિથી પુત્રો થયા છે ત્યારે તે ગુસ્સે થઈને પિતાને વૈર વાળી ગઈ અને શુક્રાચાર્યને જઈ કકોરતનું નિવેદન કર્યું. તેથી શુક્રાચાર્યે તેને શાપ આપ્યો કે તું જરાગ્રસ્ત થા. શુક્રાચાર્યની અતુ આર્જવના કરતાં તેણે ઉશાપ આપ્યો કે તારા પુત્રને તારી જરાવસ્થા આપી તું તરુણ થઈ શકીશ. પરંતુ તેના કોઈ નાના પુત્ર પુરુ સિવાય કોઈએ જરાવસ્થા લેવાની ના પાડી પુરુના તારુણ્ય વડે યયાતિએ દેવયાની સાથે યથેચ્છ વિષયસુખ ભોગવ્યું ને પછી વૈરાગ્ય થતાં પુત્રનું તારુણ્ય પાછું આપ્યું અને તેને સાર્વભૌમ પદ આપી અને ઇતર પુત્રોને સામાન્ય રાજ્ય આપી, પોતાની જૂની અવસ્થા પાછી લઈ દેવયાની સાથે તપને માટે અરણ્યમાં ગયો. ત્યાં તપ કરી સ્વર્ગમાં ગયો.

યયાતિપતન [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક તીર્થ.

યયાતિમંડળી [સં.] ન. એ નામનું એક વૃદ્ધ તારક મંડળ. યયાતિમંડળના સુશોભિત તારાઓ શર્મિષ્ઠાના તારા માફક આકાશગંગામાં તરતા દેખાય છે. આ વૃદ્ધમંડળ શર્મિષ્ઠા અને ધ્રુવહૃદય વચ્ચે આવેલું છે અને તે મનુષ્યના જેવું લાગે છે. આ મંડળનો મુખ્ય તારો યયાતિ છે.

યષ્ટિ ૧. [સં.] કું. અશ્વમેધ યજ્ઞનો ઘોડો.

૨. પું. ઘોડો.

૩ પું. મેઘ.

૪ પું. રસ્તો.

૫ પું. શંકરનું એક નામ.

૬ સ્ત્રી. ગોય.

યષ્ટી જુઓ યષ્ટિ.

યસુ ૧. [સં.] પું. અશ્વમેધ યજ્ઞનો ઘોડો.

૨. પું. ઘોડો.

યસ્યો પું. ૧ નામનો મૂળાક્ષર.

યસ્યા ઓળખ નહિ જેહને. પ્રીતમદાસ

યરાક ન. હથિયાર.

યરૂ ન. છાપ્પો

યર્કલા સ્ત્રી. દક્ષિણ હિંદમાં વસતી એ નામની એક કોમ

યર્ધ સ્ત્રી ઘોડાની રવાલ માલ.

યલ્લ ૧. [કા.] પું. વીર નર.

૨. સ્ત્રી. મજબૂત.

યલ્લવીરા પું. રાજા.

યવ ૧. પું. અંગુલનું ૧/૩ કે ૧/૪ જેટલું માપ.

૨. પું. ઇંચનું ૧/૩ જેટલું માપ

૩. [સં.] પું. ઉંદરજવ; એક જાતનું કઠિયાણું.

૪. પું. ચાર કે ૭ સરસવના દાણા જેટલું વજન; કલિયમાન; જવના એક દાણા બરોબરનું વજનનું એક માપ;

૫ પું. જવ; ઘઉંથી ઊતરતું પણ ઘોડા ઊંટાદળ્યું તેના જ જેવું ગમગોળ એક અનાજ, તે સિયાળામાં થાય છે. ગુણમાં તે રૂક્ષ, શીત, કષાય, ગુરુ, સ્વાદુ, કૃમ્ય, મેદી, કફમ તથા પિત્ત અને થાકને હણનાર તથા પ્રમેહમ, બાજ કરનાર મનાય છે.

૬. પું. જવના જેવુ હાથની આંગળીઓ ઉપરનું નિશાન. આંગળીની વચાકાર એક રેખા. તે પૈસો અને સદ્‌ભાગ્ય વગેરે બતાવતું મનાય છે. કહેવત છે કે જો આ રેખા અંગૂઠામાં હોય તો તેનું ફળ તેથી પણ વધારે શુભ હોય છે. આ રેખા શ્રી રામચંદ્રજીના જમણા પગના અંગૂઠામાં હોવાનું મનાય છે.

૭. પું. વ્યય ખેટ.

૮. પું. બને બાજુ તરફ ઊભનોદર હોય તેવી વસ્તુ કે ચીજ.

૯. પું. બેગ; ઝડપ.

યવક ૧. [સં.] ન. એક પ્રકારનું ધાન્ય. તેના બનના આકારના ચોખા થાય છે.

૨. પું. જવ.

યવકલશ [સં] પું. ઉંદરજવ.

યવકંઠક [સં.] પું. ખેતપાપડો.

યવક્ષા [સ.] સ્ત્રી ચોખાની એક જાત.

યવક્ષય [સ.] ન. જવ વાવવા લાયક ખેતર.

યવક્ષાર [સં.] પુ. એક જાતનો ક્ષાર; યવાગ્રજ; જવખાર; યવજ; પાકજ. તે ખાસી, કૃમિ અને ઉદરરોગ મટાડી પેટાળ સાફ લાવે છે. તેની માત્રા ૨થી ૪ વાલ છે અને તે મધ કે પાણી સાથે લેવાય છે.

યવખાર જુઓ યવક્ષાર.

યવજ ૧. પું. જવનો.

૨. પું પકડનો છોડ.

૩ [સ.] પુ. યવક્ષાર; જવખાર; તબાખીર. પ્રયોગમાં જેમ કહ્યું છે તેમ યવના બેરાને વલોવતાં તેમાંથી બાંધ્યું નીતારતાં તળિયે બાકી રહેતા તરને તબાખીર કે યવજ કહે છે.

યવજાદીપનીય [સ.] ન. અજમા. તે યવના જેવા બે ઢેડા અણીવાળા છે અને અગ્નિદીપન છે માટે તેને યવજાદીપનીય કહે છે.

યવતિક્તા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આંખકુદામણી; રાખિની.

યવતિક્તા જુઓ યવતિક્તા.

યવતૈલ [સં.] ન. જવનું તેલ.

યવદોષ [સ.] પું. જવના આકારની રેખાથી મનાતી એબ. તે રત્નમાં પડવાથી દોષવાળું ગણાય છે

યવદ્વીપ [સં.] પું. જવા બેટ; જવાનો દ્વીપ. વાલ્મીકિ રામાયણમાં પણ યવદ્વીપ એટલે જવા અને સુવર્ણદ્વીપ એટલે સુમાત્રા, સિયામ, કમ્બોડિયા વગેરે પ્રદેશ તથા હોહિત એટલે રાતા સમુદ્રનો ઉલ્લેખ આવે છે

યવદ્વીપી સ્ત્રી અઢારમ લિપિની એક અર્વાચીન લિપિ.

યવન ૧. [સ.] પું અફઘાન બાજુનો એક દેશ; ગ્રીસ દેશ. બગાડેલ હિંદુ લેખકો આ શબ્દ બધું કરીને અરબસ્તાન માટે અથવા મુસલમાનોથી વસેલા કોઈ પણ દેશને માટે વાપરતા. વળી આ નામ ગ્રીકને માટે પણ વપરાતું, પરંતુ હવે તે મુસલમાન અને બરબરીઅન માટે વપરાય છે

૨. પું અઢાર બાંધેનો એક મુખ્ય જ્યોતિષી

૩. પું. અનાર્ય; મ્લેચ્છ; હિંદુ ધર્મમાં ન માનનાર માણસ; હિંદુ આચાર કે ધર્મનો નહિ એવો માણસ; આર્યસંસ્કૃતિ બહારનો માણસ.

૪ પુ. (પુરાણ) કાળયવન નામનો રાક્ષસ. તેને શ્રીકૃષ્ણે મુચકુંદની ગુફામાં પ્રવેશવાથી મરણસરણ કર્યો હતો.

૫. પું. ગાજર.

૬. પું ગ્રીક; યૂનાન દેશનો વતની; આયોનિયન નામની ગ્રીક જાતિનો માણસ; યૂનાન દેશમાં આયોનિયા નામનો પ્રાંત કે દ્વીપ છે. તેનો સમય પૂર્વના દેશો સાથે થયો હતો તેથી ભારતવાસી તે દેશના વતનીઓને તેમ જ ભારતમાં યૂનાનીઓ આવેલા તેઓને પણ યવન કહેતા હતા. પાછળથી આ શબ્દનો અર્થ વધારે વિસ્તાર પામ્યો અને રોમન, પારસી વગેરે બધા પરદેશીઓને આશ્રી કરીને પશ્ચિમમાંથી આવનાર પરદેશીઓને યવન કહેવા લાગ્યા અને તે શબ્દનો પ્રયોગ મ્લેચ્છના અર્થમાં થવા લાગ્યો. પરંતુ મહાભારતકાળમાં યવન અને મ્લેચ્છ એ બંને ભિન્ન ભિન્ન જાતિઓ મનાતી હતી. પુરાણો પ્રમાણે મ્લેચ્છ જાતિઓની જેમ યવનોની ઉત્પત્તિ પણ વસિષ્ઠ અને વિશ્વામિત્રના ઝઘડાના સમયે ગાયના શરીરથી થઈ કહેવાય છે.

૭. પુ. ધડ.

૮. પું. ઘાસની એક જાત.

૯. પું. (પુરાણ) ગુર્વસુનો પુત્ર.

૧૦. પું. પરદેશી માણસ.

૧૧. પું. મુસલમાન.

૧૨. પું. રાક્ષસ; પિશાચ.

૧૩. પું. પત્ર. બ્લેર.

૧૪. પું ઘેસવાળો ઘોડો.

૧૫. સ્ત્રી. છાપન બાંધેની એક જાતની ભાષા.

૧૬. વિ. ઘેસવાળું

યવનલિપિ સ્ત્રી. છાપન બાંધેની એ નામની એક લિપિ

> સૂત્રમાં યવનાની શબ્દ છે તેનો અર્થ કાત્યાયને અને પતંજલિએ યવનલિપિ કર્યો છે.
>
> મુ. સા. પરિષદ

યવનાલિકા સ્ત્રી. અઢાર બાંધેની એ નામની એક લિપિ.

યવનિકા ૧. [સં] સ્ત્રી. કનાત; પડદો. પ્રાચીન કાળમાં નાટકના પડદા આશ્રી કરીને યવન દેશમાંથી આવેલા કપડામાંથી બનતા તેથી તેને યવનિકા કહેતા.

૨ સ્ત્રી યવની; યવન સ્ત્રી

૩. સ્ત્રી. હૃદયનો એક આકાર કે ઠોબા; 'વૅલ્વિક્યુ'.

યવની ૧ સ્ત્રી. અઢાર બાંધેની એ નામની એક લિપિ.

૨ સ્ત્રી એક જાતની ઔષધિ, અજમોદ.

૩. સ્ત્રી. પડદો; કનાત

૪. સ્ત્રી. યવન જાતિની સ્ત્રી.

૫. સ્ત્રી. યવનની પત્ની.

૬. સ્ત્રી. શૂદ્ર સ્ત્રીના પેટે ક્ષત્રિયથી થયેલી વર્ણસંકર પ્રજા.

૭. વિ યવન સંબંધી.

યવનેષ્ટ ૧. [સં.] પું. કંગણી.

૨ પું સ્ત્રી. લસણ

૩. પું. લીમડો

૪ ન ગાજર

૫ ન. તીખા.

૬. ન. સીસું.

યવમતી પું. (પિંગળ) અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ; યાંગમતી. તે સંકીર્ણ વર્ગનો છે. તેનાં વિષમ ચરણોમાં રગણ અને બે જગણ હોય છે અને સમ ચરણોમાં જગણ, રગણ અને એક ગુરુ હોય છે.

યવમધ્ય ૧ [સં.] પું. પાંચ દિવસમાં પૂરો થનારો એક પ્રકારનો વ્રત.

૨. ન. એક જાતનું ચાંદ્રાયણ વ્રત.

૩. ન. ઢોલનો એક પ્રકાર.

૪. ન. ચંપાકળીનું એક માપ.

યવમધ્યચાંદ્રાયણ [સં.] ન. એક પ્રકારનું વ્રત; પિપીલિકા મધ્યમ નામના ચાંદ્રાયણ વ્રતનો એક અવાંતરભેદ. યવમધ્ય ચાંદ્રાયણમાં શુક્લ પક્ષથી વ્રતનો આરંભ કરવાનો હોય છે. તેમાં પંદરે દિવસે એક ગ્રાસ જમવો તે પછી દરેક દિવસ એક એક ગ્રાસ વધારતા જવું. કૃષ્ણ પક્ષનો આરંભ થતાં દરરોજ એક એક ગ્રાસ ઓછો કરવો અને એ પ્રમાણે તે વ્રતને પૂર્ણ કરવું. અમાસને દિવસે ઉપવાસ કરવો. યવમધ્યમ, પતિચાંદ્રાયણ અને ત્રિશુચાંદ્રાયણ એ ત્રણ ચાંદ્રાયણના અવાંતરભેદ છે

યવમધ્યમ જુઓ યવમધ્યચાંદ્રાયણ.

યવમંડ [સં. યવ + મંડ (ઓછો)] ન. એક જાતનું શારીરિક દ્રવ્ય; 'કાર્બોહાઇડ્રેટ'. તે તાવના રોગીને પથ્ય તરીકે અપાય છે

યવયવૃક્ષિલ [સ] પું. એક પ્રકારનો ઝેરી કીડો.

યવશર્કરા [સ.] સ્ત્રી. જવ મટેની ખાંડ, 'બોર્ટ'.
અર્ધાવસ્થામાં આંતરડામાં અજાવસોય વિરોધ દેખાય છે. તેથી કોઈ કોઈ પ્રસંગે આવશ્યકતાનુસાર યવશર્કરા દેવી જોઈએ. પ્રસવવિદ્યા

યવસ ૧. પું. (પુરાણ) આઠમા સાવર્ણિ મનુના બનાવેલ પુત્રોમાંનો એ નામનો એક.
૨. પું. પ્લક્ષદ્વીપનો એક ખંડ.
શિવ, યવસ, વટુ, શાત, ક્ષેમ, અમૃત અને અભય એ પ્લક્ષદ્વીપના સાત ખંડ છે.
ભાગવત ભાગવત

૩. [સં.] ન. ગોમાંસાનું ઊનું સાંઠું ઘાસ; બીડનું ઘાસ.

યવાગૂ ૧. સ્ત્રી. કાંજી; પાતળી રાબ; રાબડી, પકાવેલ જવ અથવા બીજાં આવો આહાર લાંબુ પાણી. ચોખા, જવ વગેરે ધાન્યને છગણા પાણીમાં પકવતાં બાકી રહેતી કાંજી અને પાણી ચોકસ ચોકસ પ્રમાણમાં કરતું દેખાતું હોય ત્યારે તે યવાગૂ કહેવાય છે. તે તાવવાળા મનુષ્યને હિતકારી છે. યવાગૂ જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, હલકી, તરસને મટાડનારી, મૂત્રરાવને સાફ કરનારી, આંતરડાં તથા બસ્તિને મટાડનારી અને કફના દરદ ઉપર પથ્ય છે
૨. [સં.] ન. ઓસામણ
૩. ન. નરમ ખીચડી.

યવાનિકા ૧. [સં.] સ્ત્રી. અજમા; અજમોદ જેમાં તે યવના દાણા જેવા હોય છે.
૨. સ્ત્રી. કનાતો; પડદો; અંતર્પટ.
૩. સ્ત્રી. હલકી જાતના જવ.

યવાની ૧. [સં] પું. અજમા. જેમાં તે યવના દાણા જેવડા અને જેવા આય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; મૂમી. તે સઠીનું વર્ણનો છંદ છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, જગણ, રગણ અને જગણ એમ બાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં તગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

યવામતી પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ એમ બાર અક્ષર હોય છે. તથા બીજા અને ચોથા ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

યવાસવ ૧ [સં] પું જવનો દારૂ, 'બીઅર'.
૨. પું નજીની વાત કે બનાવ.

યવાસો પું. જવાસો, એ નામની એક ઔષધીય વનસ્પતિ.

યવિપુલા પું (પિંગળ) એ નામે એક ચિત્રમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપનો એક ભેદ છે. તેમાં વિષમપદે ચોથા અક્ષર પછી યમણ આવે છે, બાકી જવિપુલા પ્રમાણે હોય છે

યવિષ્ઠ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ઋગ્વેદનો એક મંત્રદ્રષ્ટા ઋષિ. તેને અગ્નિવર્ચસ પણ કહે છે
૩ પું સામવેદનો એ નામનો એક ઋષિ.
૪. વિ. અતિ તરુણ.
૫. વિ. સાંધી નાનું.

યવોદર [સં.] ન. પેટ અને બીજા રીતે આડા મૂકેલા જવ.
૮ યવોદર = ૧ આંગળ.
૨૪ આંગળ = ૧ હાથ.
૪ હાથ = ૧ દંડ.

યશ ૧. [સં. યશસ્] પું. જસ.
૨. પું કીર્તિ; આબરૂ; પ્રતિષ્ઠા; ખ્યાતિ.
૧. યશ કમાવો-મેળવો = પ્રખ્યાત થવું
૨ યશ પામવો-મળવો = કીર્તિ કે ખ્યાતિ મળવી.
૩. પું. કૃપા.
૪ પું. જે કૃત્યમાં ઉદ્યોગ કરાતો હોય તેમાં કુશળ બનવું તે; જે મતલબને મહેનત થઈ હોય તે પાર પાડવી તે; સિદ્ધિ; જય; વિજય
૫ પું પત્ની
૬. પું. આબરૂદારીપણું.
૭ પું મોરધ.
૮. પું વાહવાહ; સારું બોલવું તે; પ્રશસ્તિ.
યશ આપવો = (૧) ઉપકાર માનવો. (૨) પ્રશંસા કરવી
૯ પું. કાળાગરુ; ધનવાહ
૧૦ પું. સિસમનાં ઝાડ જેવું એક નામ.
૧૧ પું. મર્યાદા; સુખ
૧૨. પું સત્ય

યશઃકાયા [સં. યશસ્ + કાયા (શરીર)] સ્ત્રી યશરૂપી શરીર

યશદ [સ.] ન. જસત; સાત મુખ્ય ખનીજ માંહેની એક ધાતુ; 'ઝિંક'.

યશનામી [સં. યશસ્ (કીર્તિ) + નામન્ (નામ) + ઈન્ (વાળું)] વિ. જશવાળું, જેને યશ મળતો હોય એવું.

યશબ [વિ.] પું. એક જાતનો લીલા જેવો પથ્થર. તે પથ્થર ચીન અને જાપાનમાં ઘણો થાય છે. તેનાં આભૂષણો બને છે અને લોકો તેને ગળી ઉપર ટાંગીને પહેરે છે. હૃદય, મગજ અને ચરબીનો રોગ દૂર કરવામાં આ પથ્થરનો વિલક્ષણ પ્રકાર પડતો હોવાનું મનાય છે. એમ પણ મનાય છે કે, જેની પાસે આ પથ્થર હોય, તેના ઉપર વીજળી પડવાનો સંભવ રહેતો નથી. તેને સંગે-યશબ પણ કહે છે.

યશવર્તી ૧. [સં. યશસ્ (કીર્તિ) + વર્તિન્ (વાળું)] વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ
૨. વિ. આબરૂદાર; યશસ્વી.

યશવંતી ન. સફેદાળું એક જાતનું દેશી વસ્ત્ર.

યશસ્કર ૧. [સં. યશસ્ (યશ) + કર (કરનાર)] પું એ નામનો એક યક્ષ.
૨. વિ. કીર્તિ આપનાર; યશ કરવાવાળું
૩ વિ. યશ આપે એવું

યશસ્કરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે
યશસ્કરી જ રી ગા બે.
દલપિંગળ

યશસ્કીર્તિ [સં.] સ્ત્રી. યશ; કીર્તિ; આબરૂ.
ન હોતી જિને ના નવયૌવન કીર્તિની ખામી,
ન હોતી રૂપાલિની ખામી કે યશસ્કીર્તિની ખામી.
શ્રીમદ્ રાજચંદ્ર

યશસ્યા [સં.] ન. ઋદ્ધિક. એ કંદ પાસે રાખીને ક્રમ કરવાથી જશ મળે છે એવી માન્યતા છે. માટે તે કંદને યશસ્યા કહે છે.

યશસ્ય ૧. [સં.] ન. યશનું સાધન.
૨. વિ. પ્રસિદ્ધ.
૩ વિ. યશ આપનાર

યશસ્વાન ૧. પું. (જૈન) વિપુલ નામના ભવનના દશ ભાઈનો એક પ્રકાર તે દશ પ્રકાર આ પ્રમાણે છે; પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મહાદેવ, મરુત, મેરુપ્રભ અને યશસ્વાન.
૨. [સં. યશસ્વત્] વિ. કીર્તિવાળું. યશસ્વી

યશસ્વિતા સ્ત્રી. યશ; કીર્તિ.

યશસ્વિની ૧. સ્ત્રી. ગંગા નદી
૨. સ્ત્રી. સોળક માંહેની એ નામની એક સોગિની.
૩ સ્ત્રી. જ્યોતિષ્મતીનો વેલો
૪. સ્ત્રી. (યોગ) દશ માંહેની એ નામે એક પ્રાણવહા નાડી. તે ડાબા કાનમાં રહેલી છે. શરીરને જીવન આપી અંગોનું પોષણ કરનાર આઠ નાડીઓમાં તેનું સ્થાન નવમું મનાય છે
૫. સ્ત્રી. માલકાંગણી.
૬ સ્ત્રી. પદ્મચારણી સ્ત્રી.

૭. સ્ત્રી. વહુની.
૮ સ્ત્રી વન કપાસ.
૯. સ્ત્રી. ચાબખી.
૧૦. વિ સ્ત્રી ઘમંડવાળી; અક્કડ
૧૧. વિ. સ્ત્રી. યશસ્વી; નામાંકિત.

યશસ્વી ૧. [સં. યશસ્વિન્] વિ. કીર્તિમાન; ગાજવાવાર.
૨. વિ. પ્રખ્યાત; નામાંકિત; નામીચું; જગજાહેર; પ્રસિદ્ધ. ન.મજબૂત
૩. વિ. ભાગ્યશાળી; સુભાગી.
૪ વિ. યશ પામેલ; જેને યશ મળતો હોય કે મળ્યો હોય તેવું ઘમંડવાળું; નસીબવાન; વિજયી; ગૌમાન.

યશઃકાય [સં.] ન. યશરૂપી શરીર.

યશઃપટ્ટ ૧ [સં] ન. યશનું નગારું.
૨. ન. બે બાજુવાળું નગારું

યશઃપ્રકાશક [સં.] વિ. યશ અથવા કીર્તિને ફેલાવનાર
ઋગ્વેદ પ્રમાણે. **યશઃપ્રકાશક** આ નાટક વડે ભારતીયોમાં પણ પુનઃ ઐતિહાસ અને ગીત ગૌરવ પ્રગટ કર્યાં છે. પુરાવસ્તુ

યશઃપ્રશસ્તિ [સં.] સ્ત્રી. યશનાં વખાણ; યશોગાન.

યશઃશરીર [સં.] ન. યશરૂપી શરીર.

યશઃશાલી [સં. યશઃશાલિન્] વિ. યશ પ્રગટ કરે એવું.

યશાળું વિ. યશવાળું; કીર્તિમાન; યશસ્વી.

યશી જુઓ યશાળું.

યશીલ જુઓ યશી.

યશોગાન [સં.] ન. કીર્તિનું વર્ણન; સ્તુતિ; કીર્તિનાં વખાણ કરવાં તે; યશ ગાવો તે

યશોગીત જુઓ યશોગાન.

યશોઘ્ન [સં.] વિ. જગતને હણનાર

યશોજ્જ્વળ [સં.] વિ. યશને લઈને પ્રકાશતું.

યશોદ ૧ [સં] પું. પારો; પારદ.
૨ ન. (સિમ્બ) ઉપરમાં પહોળાવાળું ઓરડી તથા રસોડું અને પરસાળ હોય તેવું ઘર.
મલોરમ ઘરના અપભ્રંશમાં પહોળા નાળાવાળા આવે તો તે **યશોદ** નામનું ઘર થાય છે.
રાજ્યવહવા
૩ વિ. યશ દેનાર; આબરૂ દેનાર.

યશોદા ૧. પું. (પિંગળ) એ નામે ઓળખાતા સમવૃત્ત અક્ષરમેળ છંદ; કંઠી. તેના દરેક ચરણમાં જગણ, અને બે ગુરુ એમ પાંચ અક્ષર હોય છે. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.
૨. સ્ત્રી. આનંદની સમૃદ્ધિ.
૩ સ્ત્રી (પુરાણ) ગોકુલાધિપતિ નંદ રાજાની સ્ત્રી; શ્રીકૃષ્ણની પાલક માતા.
૪. સ્ત્રી. જૈનના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીની પત્ની. જેનાથી તેને અનોજ્જ્વ અથવા પ્રિયદર્શના નામે પુત્રી થઈ હતી.
૫. સ્ત્રી (પુરાણ) સોમવંશી હરિત રાજાની એ નામની એક સ્ત્રી.
૬ સ્ત્રી. (પુરાણ) હવિષ્યમાન પિતરની માનસ કન્યા; સૂર્યવંશી અંશુમાન રાજાની સ્ત્રી; દિલીપ રાજાની મા.
૭ વિ સ્ત્રી યશ આપનારી.
કમે વખાણી ઇચ્છિત યશોદા,
ને રોમેનાં ગાન અતિ ગવાતા. ચિત્રલેખા

યશોધન ૧. [સં.] પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. ન. યશરૂપી ધન; કીર્તિરૂપી સંપત્તિ.
૩. વિ. યશ એ જ જેનું ધન છે તેવું; યશસ્વી.

યશોધર ૧ પું. (જૈન) એ નામના એક અર્હંત
૨ પું. તેરમા સૈકાના પાછલા ભાગમાં જૂનાગઢમાં થયેલો એ નામનો એક શ્રીઓસ વાલાવ્ય. તેણે રસપ્રકાશ સુધાકર નામે વૈદક પુસ્તક લખ્યું છે.
૩. પું. (પુરાણ) દુર્મુખ નામના પાંચાલનો પુત્ર. તેને દીર્ઘમુખી પત્ની હતી છે.
૪ પું. ભૂતકાળના અઢારમા જૈન તીર્થંકર. તે ભવિષ્યમાં ચોવીસીમા તીર્થંકર થશે એમ મનાય છે
૫. પું. રુક્મિણીને પેટે જન્મેલો શ્રીકૃષ્ણનો એ નામનો એક પુત્ર.
૬ પું. ચૈત્રવ મહિનાનો પાંચમો દિવસ.
૭ વિ. યશ જાગવી રાખનાર.

યશોધરા ૧ સ્ત્રી. (જૈન) કૃષ્ણપક્ષના પંદર માંહેનો પાંચમો દિવસ
૨ સ્ત્રી. (જૈન) કૃષ્ણપક્ષની રાત્રીનું નામ.
૩. સ્ત્રી. (જૈન) કપન માંહેની એ નામની એક દિક્કુમારિકા.
૪. સ્ત્રી. બુદ્ધ ભગવાનની પત્ની; રાહુલની માતા.
૫. સ્ત્રી. ચૈત્રવ મહિનાની ચોથી રાત.

યશોધર્મા વિ. યશસ્વી; પ્રખ્યાત.
ખોતે મેળવેલી ફતેહથી ખુશાઈ જઈ તેણે **યશોધર્મા** એનું અભિમાન સૂચક બિરુદ ધારણ કર્યું. કેશવ હર્ષદ

યશોનંદી પું (પુરાણ) કિલકિલા નગરીમાં થયેલો એ નામનો રાજા.

યશોભદ્ર ૧ પું. એ નામનો એક જૈન વિદ્વાન.
૨. પું (જૈન) કૃષ્ણપક્ષના પંદર માંહેનો ચોથો દિવસ
૩ પું ચૌદ પૂર્વધારી એક જૈન પુનકેવલી

યશોભાગી [સં યશોભાગિન્] વિ. જશ મેળવનાર; કીર્તિ પ્રાપ્ત કરનાર.

યશોમતિ ૧. [સં.] સ્ત્રી યશ આપનાર મતિ; ખ્યાતિ આપનાર બુદ્ધિ; જેણે કરીને માન મેળવાય તે બુદ્ધિ
૨. સ્ત્રી. યશોદા; કૃષ્ણની માતા

યશોલાભ [સં.] પું. યશનો લાભ; કીર્તિ મળવા તે.

યશોવતી ૧. [સં] સ્ત્રી. ઈશાન દેવની મેરુ પર્વત ઉપર આવેલી નગરી તે અહીં હજાર યોજન વિસ્તારવાળી હોવાનું મનાય છે.
૨. સ્ત્રી. એ નામની શરીરની એક નાડી.
૩. સ્ત્રી. (જૈન) કૃષ્ણપક્ષની પંદરમી રાત્રિ.
૪. સ્ત્રી. ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીની એ નામની દીકરી; શેષવતી

યશોવાંછાદોષ [સં.] પું. (જૈન) મનના ૬૪ માંહેનો એ નામનો એક દોષ.
બીજે આમંત્રિત કરે છે એમ જોઈ બહુમો આવે તો પ્રસંશા કરે, તે ઉપાશ્રયે આમંત્રિત કરે ઇત્યાદિ **યશોવાંછા દોષ** કહેવાય. ઝવેરચંદ મેઘાણી

યશસ્ક [સં.] વિ. યશ કરનાર માણસ; ગુણવાન.

યષ્ટિ ૧. સ્ત્રી. એક સેરની મોતીની માળા. તેના મધ્ય ભાગમાં હીરો હોય છે.
૨ સ્ત્રી. ગદા
૩. સ્ત્રી. જેઠીમધ.
૪. સ્ત્રી. કાંબળી; ડાળ; તીરખી.
૫. સ્ત્રી. તાંત.
૬. સ્ત્રી. ચાબખો.
૭ સ્ત્રી દોરી.
૮. સ્ત્રી. ખજાનો દાંડો.
૯. સ્ત્રી. ખાતળો અને જેનો આકાર.
૧૦. સ્ત્રી. એ ફેણ વનસ્પતિ.
૧૧. સ્ત્રી. વંશનો એક ભાગ
૧૨. સ્ત્રી. લાકડી; સોટી.
૧૩ સ્ત્રી મેખો
૧૪. સ્ત્રી રાજાના છત્રીસ માંહેનો એક પ્રકાર.
૧૫ સ્ત્રી. શેરડી.
૧૬. સ્ત્રી. હાથ; બાહુ.

યષ્ટિક ૧ [સ] ન એક જાતનું પક્ષી; ટિટોડી.
૨. ન પક્ષી જેવી રહે તે માટે બાંધેલી લાકડી.
૩. ન. મકાન.

યષ્ટિકા ૧. [સં.] સ્ત્રી. જેઠીમધ.
૨. સ્ત્રી. નાનું જળાશય.
૩. સ્ત્રી. બારેગી વનસ્પતિ.
૪. સ્ત્રી. મોતીની માળા; હાર.
૫. સ્ત્રી. લાકડી; સોટી.
૬. સ્ત્રી. વાત.

યષ્ટિકાકર્ષક [સં.] ન. પક્ષિમના હોઠોની દોરડું ખેંચવાની ' ટગ ઓવ વોર ' જેવી એક રમત; મજબાહ.

યષ્ટિકાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન; દંડાસન. લાકડીની જેમ બંને હાથ માથાની પાછળ લાંબા અને બંને પગ લાંબા કરીને રાતા સૂવાથી આ આસન થાય છે.

યષ્ટિનિપાસ ૧. [સં.] પું. પક્ષીઓને બેસવાનો રતંભ.
૨. પું. સીધા લાંબા ઉપર નાખેલું કળૂતરખાનું.

યષ્ટિમધુ [સં.] ન. જેઠીમધ. તેનું મૂળિયું અને ડાંખળી મધ જેવાં ગળ્યાં હોય છે. માટે તેને ગળી લાકડી અથવા યષ્ટિમધુ કહે છે.

યષ્ટિમધુકા [સં.] સ્ત્રી. જેઠીમધ.

યષ્ટિયંત્ર [સં.] ન. સમય જાણવા માટેનું એક યંત્ર. તેમાં એક લાકડી સીધી ખોડવામા આવે છે અને તેની છાયા ઉપરથી સમય જાણી શકાય છે. પ્રાચીન સમયમાં આ સાધન વપરાતું.

યષ્ટી જુઓ યષ્ટિ.

યષ્ટ્યોપુષ્પ [સં.] ન. એક જાતનું ઝાડ.

યજુતિ [સં.] સ્ત્રી. પ્રકારકૃતિ.

યસ્ન ૧. ન. (જરથોસ્તી) અવસ્તાના એક પુસ્તકનું નામ. તેના મંત્રો યજ્ઞ કરવામાં ઉચ્ચારાય છે.
૨. ન. (જરથોસ્તી) યજ્ઞન નામની એક ધાર્મિક ક્રિયા. યસ્ન શબ્દ અવસ્તા ધાતુ યજ્ અને સંસ્કૃત ધાતુ યજ્ ઉપરથી નીકળેલ છે. યસ્ન શબ્દ સંસ્કૃત યજ્ઞ શબ્દને મળતો છે. તેનો અર્થ એક જાતની સ્તુતિ પ્રાર્થના થાય છે. તેમાં અમુક ચીજો નિશાની તરીકે વપરાય છે. આ ક્રિયા કરાવનારાં બે ધર્મગુરુઓની જરૂર પડે છે
૩. ન. યજ્ઞ

યક્ષ ૧. [અ.] પું. આસાડી.
૨. પું. સમરડ.

યહસાન [અ. એહસાન] ન. કૃપા; ઉપકાર.

યહસાનમંદ [અ. એહસાનમંદ] વિ. કૃતજ્ઞ; ઉપકારી.

યહૂદ [હિ.] પું. પ્રસિદ્ધિરત જગ્યા હતા તે દેશ; પેલેસ્ટાઇન. આ દેશ ઇજિપ્તની પશ્ચિમ સીમા ઉપર છે.

યહૂદી ૧. [હિ.] પું. પેલેસ્ટાઇનનો મૂળ વતની; મૂસા પેગંબરનો અનુયાયી; યહૂદ દેશનો વતની
૨. સ્ત્રી. આર્ય જાતિથી ભિન્ન એવી એક જાતિ.

યહૂદીજંત્ર ન. ગામડાના દરવા ઉપર ધર્મનાં અમુક સૂત્રો લખી હાથે બાંધવાનું યહૂદી લોકોનું માદળિયું.

યહોવાહ પું સર્વ સમર્થ દેવ; પરમેશ્વર.

> કેટલાક ખ્રિસ્તી લોકો એમ માને છે કે ઇસ્લામના એકેશ્વરવાદનો મૂળ પાયો યહોવાહ અને ખ્રિસ્તી પરમપુરુષની ભાવના પર રચાયો છે.
>
> મુ. સા. પરિષદ

યંકર ન. એક જાતનું લડાયક વિમાન.

યંગ ૧. પું. (ભૂ. ગુ.) વજ્ર.
યંગ માંગ્યા જાતિ આવતા. લાવણ્યસમય
૨. [અં.] વિ. યુવાન; જુવાન

યંગઇન્ડિઆ [અં.] ન. એ નામનું એક પ્રસિદ્ધ અઠવાડિક, તે મહાત્મા ગાંધીજીના તંત્રોપણા નીચે નીકળતું રહ્યું હતું.

યંતા ૧. [સં. યંતૃ] પું. ગાડી ચલાવનાર માણસ
૨ પું. નિયમક.
૩. પું સારથિ; રથ હાંકનાર માણસ.
૪. પું. હાથીનો માવત
૫. વિ. નિયમમાં રાખનાર.
૬. વિ. વિરતી કરનાર.
૭. વિ. સંયમી. છંદિયો ઉપર કાબૂ રાખનાર.

યંત્ર [સં.] ન વિ. (ધાતુ) બાંધવું; બાંધવું. તે ઉપરથી યંત્ર, યંત્રિક, યંત્રણા, નિયંત્રણ, નિયંત્રિત વગેરે શબ્દ બનેલા છે.

યંત્ર ૧. ન. છંદિય; અંગ
૨. ન. ઉપકરણ; ઓજાર; સાધન.
૩. ન. ઉસ્ત્રિયો; આત્રણિયો
૪. ન. એક જાતનું પાત્ર.
૫. ન એક જાતનું વાદ્ય; વીણા.
૬. ન ચોરસ માંકેનું એક દંડાકુષ.
૭. ન ગ્રહ; ' પ્લેનેટ '.
૮. ન જ્યોતિષક જોવાનું સાધન; દૂરબીન.
૯. ન. તાવીજ, તંત્રરાજ પ્રસિદ્ધ જંતર; તાંત્રિક આકૃતિ કે અક્ષરવાળો કાગળ કે પતરું; દેવદેવીના મંત્રનું લખવા તેમનાં અમુક ચિહ્નનું જોગ ખાનાં પાડીને બનાવેલું કાગળ અથવા પતરું. દેવતા સાથે તાદાત્મ્ય ભાવ ઉત્પન્ન કરવા આવું યંત્ર વપરાય છે.
૧૦ ન. તાળુ.
૧૧. ન. તાંત્રિક ચૂડશક્તિવાળી આકૃતિ.
૧૨ ન. તેલ કાઢવાની ઘાણી
૧૩. ન. તોપ અને એવાં બીજાં અનેક પ્રકારનાં કળથી વપરાતાં લડાઈનાં સાધન.
૧૪. [સં. યંત્ર્ (અટકાવવું)] ન. દબાણ; કાબૂ; સંયમન; બંધન; વશ કરવું તે.
૧૫. ન. ખાકા; કર; બીડ.
૧૬. ન. નાટચગૃહના બાંધણાના એક ભાગનું નામ
૧૭. ન. બળને રોકવાનું સાધન; સંચો; જંતર; જેથી ઓછા શ્રમ સહેલાઈથી અને ઝટ વધુ એવી જાતની બનાવટ કે ગોઠવણ; અક્કર અક્કર કરે અને તેના વેગના બળથી કેટલુંક કામ થાય એવા રચના; ઢબ; કરામત; સંચો; સાંચો. મ.પીછ કહે છે કે, હું જાણું છું કે આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર જ છે. ખુદ ઇંદ્રિયો પણ યંત્ર જ છે, નાની દાંતખોતરણી પણ યંત્ર છે. મારો વાંધો યંત્રો સામે નહિ, પણ યંત્રોની ઘેલછા સામે છે. આજે તો થોડાં માણસોને કરોડોની ઝાંપ ઉપર બહી બેસવામાં યંત્રો મદદગાર થઈ રહ્યાં છે. યંત્રોના ઉપયોગની પરાકાષ્ઠા પ્રેરક કારણ બનવા જેવું નથી, પણ બનવા લોભનું છે.
૧૮. ન. ભટ્ટક.
૧૯. ન. બંધન.
૨૦. ન. ખિંડુ, રેણ, ત્રિદોષ, દત્ત વગેરેનો માણસ નિયમાનુસાર વિન્યાસ.
૨૧ ન રસ, ઉપરસ, ધાતુ વગેરેનાં શોધન, મારણ માટેનું સાધન. કમરયંત્ર, ઊર્ધ્વનલિકાયંત્ર, વાલુકાયંત્ર, ભૂધરયંત્ર, દોલાયંત્ર, સર્પાયંત્ર, પાતાલયંત્ર, તેજોયંત્ર, બંધક એટલે નલિકાયંત્ર વગેરે કેટલાંક યંત્રના નામ છે.
૨૨. ન. વરાળની મદદથી ચાલતું એક યંત્ર; ' એંજિન '.
૨૩ ન. સંગીત.
૨૪ ન સથારનું બીબાવું.

યંત્રક ૧. [સં.] પું. યંત્ર બનાવનાર માણસ; યંત્રકાર
૨. પું યંત્રચલા કરનાર માણસ; ' ઑપરેટર '.
૩. પું. યંત્રની સહાયતાથી ચીજો તૈયાર કરનાર કિરકસર
૪. પું. યંત્રપંડિત. યંત્રોની મરામતી કરાવનાર પુરુષ; યાંત્રિક જ્ઞાન ધરાવનાર પુરુષ; યંત્રની રચના જાણનાર માણસ; યંત્રજ્ઞ.
૫ ન. ઘા વગેરે ઉપર બંધાતો પાટો.

યંત્રવાહન

૬. ન. દારુગ્રામક યંત્ર

૭. ન. સંધાડો.

૮. વિ. પાજ વગેરે બાંધનાર.

૯. વિ. વશીકરણ કરનાર; વશ કરનાર.

યંત્રકરંડિકા [સં.] સ્ત્રી. આભરણની પેટી. તેના ઘડે તે અનેક પ્રકારના ખેલ કરે છે.

યંત્રકામ ન. સ.ગ્રામમાં સાંગાની મદદ વડે થતું કામ

યંત્રકાર પું. યંત્ર બનાવનાર માણસ; મંત્રજ્ઞ; ' મિકેનિસ્ટ '.

યંત્રખંડ [સં] પું. સાંગાસ્તમમાં તૈયાર કરવામાં આવે તેવો મકાનનો એક વિભાગ; નમૂના દર્શાવતા યંત્રો ગોઠવાયેલા હોય એવો ઓરડો.

યંત્રગતિ ૧. [સં.] સ્ત્રી. યંત્રની ગતિ

૨. સ્ત્રી. યંત્રવત સતત ગતિ.

યંત્રગતિવિદ્યા [સં.] સ્ત્રી. યંત્રવિદ્યા; વસ્તુરચનાનું ' મિકેનિઝમ. '

યંત્રગૃહ ૧. [સં.] ન. કારખાનું; ' ફેક્ટરી '.

૨. ન. તેલ કાઢવાનું ઘાણીખાનું.

૩. ન. પ્રાચીન કાળમાં અપરાધીઓને શસ્ત્ર કરવાનું સ્થળ.

૪. ન. બેઘરાળા.

યંત્રઘર ૧. [સં. યંત્રગૃહ] ન. તોપખાનું; તોપ બનાવવાનું કારખાનું

૨. ન. વીજળીની શક્તિ ઓકડી કરવાનું મકાન; 'પાવર હાઉસ'.

યંત્રજ્ઞ [સં. યંત્ર + જ્ઞ (જાણનાર)] પું. યંત્રપદ્ધતિ; યંત્રોની આકૃતિ ઘડનાર માણસ; યંત્રજ્ઞ; યંત્રવિદ્યા જાણનાર પુરુષ; મિકેનિક'.

યંત્રણ ૧. [સં.] ન. નિયમમાં રાખવું તે; નિયંત્રણ; દાબ; દમન; દુઃખ; પીડા.

૨. ન. પાટો.

૩. [સં] ન. બંધન; પ્રતિબંધ; રોકાણ. અટકાવ. કબજો; કેદ કરવું તે.

૪. ન. બાંધવું તે; વશ કરવું તે

૫. ન. રક્ષણ; બચાવ કરવો તે

યંત્રણા ૧. [સં.] સ્ત્રી. ગોઠવણ; વ્યવસ્થા.

૨. સ્ત્રી. નિયંત્રણ; કાર્યવાહકતા

૩. સ્ત્રી પીડા; યાતના; દુઃખ; વેદના; બાધા.

૪. સ્ત્રી. રોકાણ; અટકાવ; બંધન.

૫. જુઓ યંત્રણ

યંત્રણી [સં] સ્ત્રી. વહુની નાની નેતર સાળી.

યંત્રદોહક [સં.] ન. ગાય કે બેસ દોહવાનો સાધો.

યંત્રનાલી [સં.] પું. કૂવા વગેરેમાંથી પાણી કાઢવા માટે વપરાતો નળ.

યંત્રનિયામક [સં.] વિ. યંત્રને નિયમમાં રાખનાર.

યંત્રનૌકા [સ.] સ્ત્રી. યંત્રથી ચાલતી હોડી, ' મોટરબોટ '.

યંત્રપંડિત [સં.] પું. ઇજનેર; યંત્રવિદ્યામાં પારંગત માણસ; ' મિકેનિકલ એન્જિનીઅર '.

યંત્રપાષાણ [સં.] ન. સોનાર્કનું એક જાતની દબિયાર; પથ્થર ફેંકવાનું એક જાતનું યંત્ર.

યંત્રપીડા [સં.] સ્ત્રી. પીલવાની યંત્રોનો ધંધો; તલ, સરસવ, એરંડ, શેરડી વગેરે પીલવાનો તથા પાંદડામાંથી તેલ અને અત્તર કાઢવાનો ધંધો.

યંત્રબળ [સં. યંત્રબલ] ન. યાંત્રિક બળ; મશીની શક્તિ.

યંત્રમહાલય ન. બેઘરાળા. તેમાં આકાશીય પદાર્થોની ગતિ જોવાના જુદા જુદા સંગ્રહ હોય છે.

યંત્રમાતૃકા ૧. [સં.] સ્ત્રી. ચોસઠ માકેની એક કલા; પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વરાળ, વિદ્યુત વગેરે પંચ મહાભૂતોમાંથી જુદા જુદા પ્રકારનાં યંત્રોની શોધ અથવા તેના પ્રયોગો કરવા તે. આ સંબંધમાં વિશ્વકર્માનો બનાવેલો એક ગ્રંથ પણ છે.

૨. સ્ત્રી. ખાડ; જંતરમંતર.

યંત્રમુક્ત ૧. [સ] ન. કારખાનાં કારખોના આર માકેનો એક વર્ગ. યંત્રની મદદથી ઉપયોગ કરી શકાય તેવુ વિચાર. જેમકે, તોપ, બંદૂક વગેરે.

૨. વિ. યંત્રથી છૂટું મુકાય તેવુ.

યંત્રમુક્તિ વિ. યંત્રથી છોડેલ.

યંત્રયુગ [સં.] પું. જેમાં યંત્રને પ્રધાનપદ આપવામાં આવે છે એવો અર્વાચીન સમય; સંસારનો જમાનો; મશીનરી કામો સમાજ જળથી ચાલે છે તેવો વખત.

યંત્રરચના ૧. [સં.] સ્ત્રી. યંત્રક્રિયા; વ્યાપાર.

૨. સ્ત્રી. યંત્રની રચના; સંસારની બનાવટ; યંત્રની ગોઠવણ. કલાકામની સંકલના કે ગોઠવણ; ' મિકેનિઝમ '.

યંત્રરાજ ૧ પું એ નામનો મહેંદ્રસુરિએ રચેલો એક પ્રાચીન કલા સંબંધી ગ્રંથ. તેના ચાર અભ્યાસ છે: ગણિત અભ્યાસ, યંત્રઘટનાભ્યાસ, યંત્રચલનાભ્યાસ, યંત્રશોધનાભ્યાસ અને યંત્ર વિચારણાભ્યાસ.

૨. પું. સૌથી ઉત્તમ યંત્ર.

૩. ન. ગ્રહો અને તારાઓની ગતિ જાણવાનું યંત્ર. જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષ વેધશાળામાં આવુ એક યંત્ર છે. ક્રાંતિવૃત્તયંત્રની પૂર્વ તરફ ધાતુનું ઢાળેલું તપ્ત ચારે તરફ ઘટકનું આ યંત્ર માલૂમ પડે છે. તેના મોટા વૃત્તમા વજ્રકોને સાઠ અંશ લખેલા છે. આ યંત્રમાં અશ્વિની વગેરે નક્ષત્રોનાં તથા સપ્તર્ષિ, ધ્રુવપતિ, ધ્રુવપદ વગેરે પ્રસિદ્ધ તારાઓની જગ્યામાં ચાંદીની ખીલીઓ બેસાડી નામ લખેલાં છે. તેની ઉપર એક મોટા વજનવાળો લટકતો ક્રાંતિવૃત્ત ઝૂલે છે. તેમાં મેષાદિક રાશિઓ પોતાના અંશો સહિત લખેલી છે આ યંત્રની મદદથી સમય, ક્રમ, દક્ષપાદિ આવે છે

યંત્રવત્ ૧. [સં.] વિ. યંત્રના જેવું; ચૈતન્યહીન; જડ.

૨. વિ. સ્વયંપ્રેરિત; પોતાની મેળે ચાલતું.

૩. ન. સમાની માફક; યંત્રની જેમ; એકધારું.

યંત્રવાદ [સં.] પું. યંત્રવિદ્યામાં માનવું તે; યંત્રથી કામ લેવાનો સિદ્ધાંત. વર્ગમેળ અને સમન્વયનો પ્રયત્ન હિંદ કરી રહ્યું છે. અનેક સિદ્ધાંતોનું પૃથક્કરણ કરીશું તો જણાશે કે નથી સંપૂર્ણપણે યંત્ર વગર ચાલવાનું કે નથી સ.મોહોદય કે ગૃહઉદ્યોગ વગર ચાલવાનું. પ્રયોગની સફળતાનો આધાર છે સામોહોદય, ગૃહઉદ્યોગ અને યંત્રવાદ વચ્ચેના અવરોધ દોર ઉપર. કેટલીક વસ્તુઓ, ગૃહઉદ્યોગની દૃષ્ટિએ વિચાર કરતા આપણને પ્રતિકૂળ લાગે પરંતુ અવરોધ રીતે તે જરૂરી પણ હોય. જગતની મહાન વ્યક્તિ ગાંધીજી જો આટલી ઝડપથી હિંદમાં ફરી શકયા ન હોત અને તેમના વિચારો રેડીઓ તેમજ અખબારો દ્વારા જગતભરમાં ફરી વળ્યા ન હોત તો જગતની પાસે સામ્યવાદનો પ્રતિકાર કરવા એક મહત્ત્વનું સાધન ન હોત. મહાત્માજીના વિચારો ફેલાવવાને માટે જે સાધનોનો ઉપયોગ જરૂરી હતો

યંત્રવાદતંત્રવાદ [સં] પું. યંત્ર અને તંત્ર સંબંધી વિદ્યા

યંત્રવાદી [સ યંત્રવાદિન્] વિ યંત્રવાદમા માનનાર

યંત્રવાહન [સ] ન યંત્રની મદદથી ચાલતું વાહન

> જેમ યંત્રવાહન એ મુસાફરીનું મશીન છે તેમ ઘર પણ રહેવાનું મશીન છે તે અમિત આનંદ ઇજનદીનતા જગવનારી છે અને વેળાસર ત્યજવાપાત્ર છે. ગૃહવિધાન

યંત્રવિદ્યા [સં] સ્ત્રી. યંત્રની રચના તથા તેના સૂત્ર વિષેની વિદ્યા; યંત્રોની વિદ્યા; સ્થેવાર્કથી અને ઝટ ઘણું કામ થાય એવી બનાવટો બનાવવાની વિદ્યા; યંત્રશાસ્ત્ર; સામાકામ સંબંધી શાસ્ત્ર; યંત્રગતિવિદ્યા; યંત્ર સંબંધી જ્ઞાન કે સમજ; ' મિકેનિક્સ. '.

યંત્રશાલા ૧. [સં.] સ્ત્રી. કારખાનું; યંત્ર તૈયાર કરવાનું સ્થળ; ' ફેક્ટરી. '

૨. સ્ત્રી. વેધશાળા.

યંત્રશાસ્ત્ર જુઓ યંત્રવિદ્યા.

યંત્રશાસ્ત્રી [સં.] પું. યંત્ર બનાવવાનું અને સમારવાનું કામ જાણનારો પુરુષ; યંત્રવિદ્યામાં કુશળ માણસ; યંત્રજ્ઞ; 'એન્જિનીઅર'.

યંત્રસર્વસ્વ [સં.] ન. એ નામનું એક શાસ્ત્ર. મહર્ષિ ભરદ્વાજે તે રચેલું છે. આ ગ્રંથમાં યંત્રો કેમ બનાવવાં તથા ચલાવવાં તે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવેલું છે. આ ગ્રંથમાં વિમાનાધિકરણ નામના વિષયમાં વિમાનોની મદદથી આકાશ પ્રદેશમાં મુસાફરી કેમ કરી શકાય અને મરુત્સખા આવે ત્યાં એક સ્થળથી બીજા સ્થળે અંતરિક્ષ માર્ગે કેમ જઈ શકાય તે સમજાવવામાં આવેલું છે. તેમાં વિમાનોના ત્રણ પ્રકાર કહ્યા છે: શકુનિક વિમાનો, તાંત્રિક વિમાનો અને કૃત્રિમ વિમાનો. શકુનિક વિમાનો મંત્રસિદ્ધિથી ઉત્પન્ન કરવામાં આવે છે અને જ્યારે જ્યારે જેવો જ તેનો ઉપયોગ કરી શકે છે. તાંત્રિક વિમાનો ૬૪ તંત્રશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે બનાવવામાં આવે છે અને સિદ્ધો તેનો ઉપયોગ કરે છે. કૃત્રિમ વિમાનો મનુષ્ય બુદ્ધિથી બનાવવામાં આવે છે. કૃત્રિમ વિમાનો ચાલીસ પ્રકારનાં છે અને તેનાં સાધનો, તેને બનાવવાની તથા દુરસ્ત કરવાની તેમ જ ચલાવવાની રીતો પણ જ ચારીકીથી સવિસ્તર આ ગ્રંથમાં સમજાવવામાં આવેલ છે. ગ્રંથ ઉપરથી અહજ સિદ્ધ થઈ શકે છે કે આ વિમાનોની બનાવટ અને ઉપયોગ એ પ્રાચીન કાળમાં માત્ર સાહિત્ય પ્રદેશમાં જ સમાયેલાં ન હતાં; પરંતુ પ્રત્યક્ષ રીતે ઉપયોગમાં હતાં.

યંત્રાનુલેખ [સં] પું. યંત્રની મદદથી લખાતા આંકડા અથવા આલેખ; ' મિકેનોગ્રાફ. '

યંત્રાનુલેખન [સં.] ન. યંત્રની મદદથી થતું લખાણ; ' મિકેનોગ્રાફિ. '

યંત્રાપીડ (યંત્રાપીડ) [સં.] પું. એક પ્રકારનો તાવ. તેમાં દરદીના શરીરમાં પીડા બહુ થાય છે અને તેનું લોહી પીળું પડી જાય છે.

યંત્રારૂઢ [સં.] વિ. યંત્રના આધારે ચાલતું.

યંત્રાલય ૧. [સં.] ન. કારખાનું.

૨. ન. યંત્ર રાખવાનું મકાન.

૩. ન. યંત્રોથી ચાલતું કારખાનું

યંત્રલેખન [સં.] ન. યંત્રની મદદથી ચિત્ર દોરવું તે.

યંત્રિત ૧. [સં.] વિ. અંકુશમાં કે બંધમાં રાખેલું હોય એવું; બંધાયેલું; બાંધેલું; કેદ કરેલું; બેડી નાખેલું.

૨. વિ. તાબુ મારેલું; તાબું મારીને બંધ કરેલું.

૩. વિ. નિયમમાં હોય એવું; યંત્રના જેવું બનવરિયત; નિયમબદ્ધ; નિયંત્રિત; નિયમ કરેલું

૪. વિ પીડિત.

૫. વિ. રક્ષિત.

૬ વિ. વશ કરેલું.

યંત્રી ૧. પું. જાદુગર; તાંત્રિક.

૨. [સં. યંત્રિન્] પું. યાંત્ર બનાવનાર માણસ.

૩. વિ. જાનવાળું

૪. વિ. નિયમમાં રાખનાર; નિયંત્રણ કરનાર; કેદ કરનાર; બંધન કરનાર; વશ કરનાર.

૫. વિ પીડા કરનાર.

૬ વિ. મારણવિદ્યું કે તાબીજ બાંધેલું.

૭. વિ. યંત્રવાળું

યંત્રોદ્ધાર [સં.] પું. યંત્રોદ્વારા થતો કારખાનાનો ધંધો રોજગાર.

યંત્રોદ્યોગધાર [સં.] પું. યંત્રોજોગો વધવાથી રેલની આબાદી છે એવો મત; વરાળ અને બીજાની મદદથી ચાલતા મોટા પાયા ઉપરના ઉદ્યોગો દાખલ કરવાનો વિચાર; ' ઇન્ડસ્ટ્રિઅલિઝમ. '

યા ૧. પું. (સંસ્કૃત) ગાડું ટૂંકું રૂપ. સંસ્કૃત વગેરેમાં તે રૂપ વપરાય છે.

૨. સ્ત્રી. અટકાવ; પ્રતિબંધ; મનાઈ.

૩. સ્ત્રી. ગમન; જવું તે; ગતિ; ચાલ.

૪. સ્ત્રી. ખાન; ભક્ષણવ્યવહાર.

૫. સ્ત્રી પ્રાપ્તિ; લાભ.

૬. સ્ત્રી. માં; માતા.

૭. સ્ત્રી. યોગ્યવાસ.

૮. સ્ત્રી. યોનિ.

૯ સ્ત્રી રસ.

૧૦. [હિં] સ. આ; એ.

૧૧. અ. ઓર; અથવા; કે; વા; અગર; વાને.

યા તખ્ત યા તખ્તા = કાં તો ગાદી કાં તો ભનાખી. જ્યારે માણસ જીવવા અથવા મરવાનો નિશ્ચય કરે છે ત્યારે આમ બોલે છે.

૧૨. અ. ગાણું એવો અર્થ બતાવનાર એક પ્રત્યય. જેમકે, અવેયા; જલેયા.

૧૩. અ. કે; અને!

૧૪ [સં.] ક્રિ. વિ. અદશ્ય થવું.

૧૫ અ. ક્રિ. અરજી કરવી.

૧૬ અ ક્રિ. કામ માથે લેવું.

૧૭. અ ક્રિ. કૂચ કરવી; સવારી લઈ જવી.

૧૮. અ ક્રિ. છટકું પડવું.

૧૯. અ. ક્રિ. (ધાતુ) જવું; ની તરફ ઉપડવું. તે ઉપરથી યાન, યાત્રા, યાત, અનુયાયી વગેરે શબ્દ બનેલ છે.

૨૦. અ. ક્રિ. પહોંચવું; ટકવું.

૨૧. અ. ક્રિ વખતનું પસાર થવું.

૨૨. અ ક્રિ. વિશ્વવાસનાથી બળાત્કાર કરવો.

૨૩. અ. ક્રિ. શોધવું; ખોળી કાઢવું.

૨૪. અ ક્રિ સંભોગ કરવો.

યાક ૧. ન. હિમાલયમાં થતું જંગલી બળદના જેવું એક પ્રાણી. અમરી ગાય. યાક કેખાવમાં ગાય જેવું છે પણ તેની પૂછડી ઘોડા જેવી હોય છે. તેના શરીર પર લાંબા લાંબા વાળ હોય છે. કેટલી યે ડીગ્રી પર પણ ઉપરસ્પા વિના યાક ચડી શકે છે અને ચાલે છે. તેથી તિબેટી લોકો ભાર વહેવા માટે તેનો ઉપયોગ કરે છે તે તિબેટી લોકોને બહુ ઉપયોગી છે. તેઓ યાકનું દૂધ પીએ છે અને માખણ ખાય છે. તેઓ ચામા દૂધને બદલે યાકનું માખણ નાખે છે. યાકનું માંસ એ તિબેટી લોકોનો મુખ્ય ખોરાક છે. યાકના વાળનાં તેઓ કપડાં અને રહેવાના તંબૂ બનાવે છે અને દોરી દોરડાં બનાવે છે. તેની પૂંછડીની ચમરી બને છે અને ઘરમાં ઉપયોગી હોય એવી સામગ્રીની અનેક વસ્તુ બનાવે છે. તેનાં હાડકાં ને શિંગડાનો ઘર બાંધવામાં ઉપયોગ થાય છે અને છેવટે યાકના બાકીનાં બધાં પર જ તિબેટની રસોઈ થાય છે. યાક આમ તિબેટની દરમ્યાનનું છે.

૨. વિ. એક.

યાકૂત (યાકુત) [અ.] ન. મલ્લેક; એક જાતનો કીમતી પત્થર; એક જાતનું રત્ન. તેની ખાણ મિડલટીપના ટાપુમાં છે. જંજીબાર તરફ લાલ યાકૂતની ખાણવાળો એક પર્વત પણ છે. આ રત્ન લાલ, પીળાં અને ધોળા રંગનું હોય છે. લાલ રત્ન સરસ ગણાય છે.

યાકૂતી ૧. [હિં] સ્ત્રી. ચાટણ; અવલેહ.

૨. સ્ત્રી. બાંબના બીમાં મસાલો મેળવીને તૈયાર કરેલું બાદક દ્રવ્ય; એક જાતનો કેફી પાક; અવલેહ.

૩. સ્ત્રી. માલેકના મિશ્રધાતુની પુષ્ટિકારક દવા.

૪. [અ.] વિ. હીરા, મલ્લેક સમની.

યાકૂતી જુઓ યાકૂતી.

યાકૃતકોષ [સં] પું. કલેજાની આસપાસ વીંટળાયેલું સ્પોન્જ તંતુઓનું પડ.

આ કલા નીચે સંયોજક તંતુઓનું બનેલું એક બીજું પડ કલેજની આસપાસ વીંટળાયેલું છે જે યાકૃતકોષ તરીકે ઓળખાય છે.

પ્રત્યક્ષ શારીર

યાકૃતનાડીચક્ર (યાકૃતનાડીચક્ર) વ. કલેજમાં આવેલ એક નાડી સમૂહ; ' હિપેટિક પ્લેક્સસ.'

યાકૃતી શિરા [સં.] સ્ત્રી. કાળજાની શિરા. તેની સંખ્યા ઘણી છે. પ્રતિહારિણી શિરા આંતરડાં તથા બીજા ભાગોમાંથી રસમિશ્રિત લોહી યકૃતમાં ઘસડી જાય છે. તે સૂક્ષ્મ શાખાઓમાં વહેંચાઈ આખા યકૃતમાં ફેલાય છે. રસાયણિક શુદ્ધિ થયા પછી આ લોહી પાછું સૂક્ષ્મ શિરાઓ મારફતે એકઠું થઈ ને બીજી મોટી શિરાઓ રચે છે. આ યાકૃતી શિરાઓમાં ઘણી મોટી છે. બધી યાકૃતી શિરાઓ અધરામહરિતામાં લોહી ઠાલવે છે.

યાક્ષી [સં.] સ્ત્રી. કુબેરની પત્ની.

યાગ ૧ [સં.] પું. અગ્નિ અને દેવને અગ્નિ મારફતે અર્પિ કે ભોગ આપવો તે; હોમ; હવન; યજ્ઞ; ક્રતુ; મખ; અધ્વર; દેવને અર્પણ કરવું તે; મંત્ર; સપ્તતંતુ; ક્રતુ.

૨. પું. દેવને જે આપેલું તે; બળી; ભોગ; બલિદાન.

યાગમંડપ [સં. યજ્ઞમંડપ] પું. યજ્ઞ કરવાનો મંડપ.

યાગવિધિ [સં. યજ્ઞવિધિ] પું. યજ્ઞ કરવાનો વિધિ.

યાચ્ [સં.] સ. ક્રિ. માગવું; ભીખવું; અરજ કરવી. તે ઉપરથી યાચક, યાચક, યાચના, યાચના, માગવું, યાચવું વગેરે શબ્દ બનેલા છે.

યાચક [સં.] પું. યાચના કરનાર માણસ; ભાગણ; ભિક્ષુક; ભાટક; ભિખારી.

યાચકપ્રિય [સં] વિ. ભિક્ષુઓ જેને વહાલા હોય એવું.

ઓ ગોતમ, હું દાતા, દાનપતિ, વદાન્ય અને યાચકપ્રિય છું. ભાગવતી ભાગવત

યાચકવૃત્તિ [સં.] સ્ત્રી. ભિક્ષાવૃત્તિ; માગીને ગુજરાન ચલાવવું તે.

યાચના ૧. [સં.] સ્ત્રી. કરગરવું તે; કાલાવાલા; પ્રાર્થના; વિનતિ; અરજ; ભાગમણ; દરખાસ્ત.

૨. સ્ત્રી. માગણી.

૩. સ્ત્રી. યાચવું તે; માગવું તે; ભીખ; માગવાની ક્રિયા.

યાચના પરીષહ પું. (જૈન) સાધુના આવશ્યક માર્ગનો એક પરીષહ; દીનપણું કે અભિમાન રાખ્યા સિવાય ધર્મમાત્રના નિર્વાહ માટે યાચકવૃત્તિ સ્વીકારવી તે.

યાચવું ૧. [સં.] સ. ક્રિ. કરગરવું; કાલાવાલા કરવા; પ્રાર્થના કરવી; અરજ કરવી.

ધર્મે દેહરખો કે હું કેવરખો વ જાનતો.
લિખે આ કરવાની હું શક્તિ યાચું પ્રભુ તને
આર્યગીતા

૨. સ. ક્રિ. માગવું; ભીખવું; યાચના કરવી; ભિક્ષા કે ભીખ માગવી.

યાચિત ૧. [સં.] ન. માગવાની ક્રિયા; યાચના; માગણી.

૨. વિ. કરગરેલું; કાલાવાલા કરેલું; પ્રાર્થના કરેલું

૩. વિ. જરૂરી; જોઈતું.

૪. વિ. માગેલું; ભીખેલું; યાચેલું.

યાજ ૧. [સં.] પું (પુરાણ) કશ્યપ ગોત્રનો એક મુનિ. તેણે કનખલ ક્ષેત્રે કુપદને ત્યાં યજ્ઞ કરી તેમાંથી દ્રોણાચાર્યને મારે તેવો પૃષ્ટદ્યુમ્ન પુત્ર ઉત્પન્ન કરી આપ્યો. કૃષ્ણા કે દ્રૌપદી પણ ત્યાં જ ઉત્પન્ન થયાં હતાં.

૨ પું યજ્ઞ કરનાર માણસ; યાજક.

૩. પું. રાંધેલા ચોખા.

૪. ન. અન્ન

યાજક ૧. [સં.] પું. યજ્ઞ કરતો હોય તે.

૨. પું. યજ્ઞ કરનાર માણસ.

૩. પું. યજ્ઞપાત્ર કરાવનાર બ્રાહ્મણ કે ઋત્વિજ.

૪. પું. રાબનો હાથો.

યાજના ૧. સ્ત્રી. માગણી; ભીખ.

૨. [સં.] ન. યજ્ઞ કરાવવો તે; પુરોહિતપણું.

૩. ન. માગ; યજ્ઞક્રિયા.

યાજિક [સં.] પું. યજ્ઞ કરનાર માણસ; યાજ્ઞિક; યાજ; યજમાન.

યાજ્ઞ [સં. યાજ્ઞિન્] વિ. યજ્ઞ કરનાર.

યાજ્ઞુષ [સં.] વિ. યજુર્વેદ સંબંધી; યજુર્વેદનું

યાજ્ઞુષી [સં.] પું. (પિંગળ) અનુષ્ટુપ છંદના આઠ માંહેનો એક પ્રકાર.

યાજ્ઞ [સં.] વિ. યજ્ઞ સંબંધી; યજ્ઞનું.

યાજ્ઞવલ્કય ૧ પું. (પુરાણ) એ નામે એક પ્રાચીન ઋષિ અને સ્મૃતિકાર. કહેવાય છે કે, યાજ્ઞવલ્કય યજ્ઞની વેદીમાંના અગ્નિમાંથી દિવ્ય રૂપે પ્રગટ થયેલા. સામાન્ય ખાણો ચોટે જ-મેલા નહિ એમના પિતા દેવરાતે એમનો નામકરણ વિધિ કર્યો; વીસ કાળે યજ્ઞોપવીતના સર્વ સંસ્કાર કરી ગાયત્રીનો ઉપદેશ કર્યો અને ગાયત્રીનો મહિમા સમજાવ્યો. પછી પિતાની આજ્ઞાથી બ્રહ્મચર્યવ્રત ધારણ કરી, વેદ ભણવા જવા માટે શાકલ્ય નામના ઋષિ પાસે એ ગયા. એમણે વર્ષાવધિ કાયમાં સમિધ લઈ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. ઋષિએ એમને ઋગ્વેદનો સંપૂર્ણ અભ્યાસ કરાવ્યો. પરંતુ એક વખતે ગુરુની આજ્ઞાનો અનાદર કરતાં ગુરુએ પોતાની આપેલી વિદ્યા પાછી આપી દેવા કહ્યું આ પ્રમાણે ગુરુએ આપેલું મંત્રેલું પાણી પીતાં જ યાજ્ઞવલ્કયે અર્પી મનમાં પોતાના ઉદરના અજાજળ સહિત ઋગ્વેદ વિદ્યા બહાર ઓકી કાઢી. ત્યારબાદ પોતાની જ્ઞાનપિપાસા છિપાવવા માટે તે પોતાના માતામહ વૈશંપાયન પાસે ગયા અને યજુર્વેદ શીખવવા તેમને પ્રાર્થના કરી. વૈશંપાયને તેમની પ્રાર્થના માન્ય કરી સમગ્ર યજુર્વેદ તેમને શીખવ્યો. અહીં પણ એક નજીવી બાબતમાં ગેરસમજૂતી થતાં તેણે શીખેલો યજુર્વેદ ઊલટીદ્વારા કાઢી નાખ્યો ને ત્યાંથી ચાલતા થયા. આમ બાનવગુરુના કડવા અનુભવો આબાદથી હવે એમણે નિશ્ચય કર્યો કે, પિતાશ્રીએ આપેલા ગાયત્રી મંત્ર વડે જ સૂર્યદેવને પ્રસન્ન કરી તેમની પાસેથી જ સર્વ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું. કેટલાક વર્ષો બાદ સૂર્યનારાયણ પ્રસન્ન થયા, ત્યારે સૂર્યનારાયણે વરદાન માગવા કહ્યું. ત્યારે એમણે ઉત્તર આપ્યો કે, અત્યાર સુધી કોઈને ન મળ્યું હોય તેવું ત્યારે વેદનું જ્ઞાન આપો. આથી સૂર્યે સારસ્વત મંત્રો આપ્યા અને જ્ઞાનસિદ્ધિ પણ આપી. તે સિદ્ધિથી નાનો બની તારે મારા અંતરના જ્ઞાનમાં રહેવું કે જેથી તું જ્યારે જોઈએ ત્યારે મારી સામે જ હોય ને હું તને સર્વ વિદ્યા આપી શકું. આ પ્રમાણે તેણે ત્યારે વેદનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેને બે પત્ની હતી. તેમાંની મોટી પત્ની મૈત્રેયી બ્રહ્મવાદિની હોવાથી યાજ્ઞવલ્કય પ્રથમ તેના પર વિશેષ પ્રેમ રાખતા. આ જોઈ નાની પત્ની કાત્યાયની બહુ દુઃખી થતી. પરંતુ ગાર્ગીવત્ અને કાત્યાયની બન એક વર્ષ સુધી કરવાથી યાજ્ઞવલ્કયની તેના પર પ્રીતિ થઈ હતી. જનકના ગુરુપદે આરૂઢ થઈ તેણે યોગીશ્વર પદવી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ યાજ્ઞવલ્કયે બંને પત્નીઓ સહિત ઉત્તમ પ્રકારે મધુરું વર્ષ વાનપ્રસ્થાશ્રમ પાળી સન્યસ્તાશ્રમ સ્વીકાર્યું.

૨ [સં] પું. ગાયત્રીના ત્રોવીસ મંત્રોનો એક ઋષિ

૩. પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

૪. સ્ત્રી. આચાર મુખ્ય માંહેની એક સ્મૃતિ. તેમાં વર્ણધર્મ, આશ્રમધર્મ, વર્ણાશ્રમધર્મ, રાજધર્મ,

નિમિત્તધર્મ અને સાધારણ ધર્મ એમ છ પ્રકારનાં ધર્મ દર્શાવ્યા છે. તે આચારાધ્યાય, વ્યવહારાધ્યાય અને પ્રાયશ્ચિત્તાધ્યાય એમ ત્રણ ભાગમાં વહેંચાયેલ છે.

૫. સ્ત્રી. એકસો આઠ મંત્રોની એક ઉપનિષદ

યાજ્ઞવલ્ક્યશિક્ષા [સં.] સ્ત્રી. યાજ્ઞવલ્ક્ય ઋષિએ બનાવેલો એક ગ્રંથ.

યાજ્ઞવલ્ક્યસ્મૃતિ [સં.] સ્ત્રી. હિંદુઓનું એક ધર્મશાસ્ત્ર; યાજ્ઞવલ્ક્ય મુનિએ રચેલું લોકવ્યવહારિક કાયદાશાસ્ત્ર; અઢાર સ્મૃતિઓ માંહેની એ નામની એક સ્મૃતિ

યાજ્ઞસેનિ પું. (પુરાણ) દ્રૌપદીપુત્ર. તે જનક રાજાના યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલ હતો

યાજ્ઞસેની [સં] સ્ત્રી. દ્રૌપદી; પાંચાલી. યજ્ઞસેન રાજાની પુત્રી. યજ્ઞની વેદીમાંથી તે ઉત્પન્ન થયેલ હતી

યાજ્ઞિક ૧. [સં.] પું. યજ્ઞ; ઓજ; બલિદાન; હોમ; ઉપાધ્યાય.

૨. પું (પિંગળ) પાંચ માત્રાનો એક છંદ. તેની પ્રસ્તારસંખ્યાથી આઠ વૃત્તિઓ થાય છે.

૩. પું. પીપળો.

૪. પું. યજમાન.

૫. પું. યજ્ઞની દીક્ષા લીધા પછીનો જન્મ.

૬. સ્ત્રી. નાગર બ્રાહ્મણની એ નામની એક અટક.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. ન. કુશ ઘાસ; દર્ભ.

૯. ન. બાજરાનું ઝાડ.

૧૦. ન. બોરનું ઝાડ.

૧૧. વિ. અગ્નિહોત્ર રાખનાર.

૧૨. વિ. એ નામની અટકનું.

૧૩. વિ. યજ્ઞ કરનાર કે કરાવનાર.

૧૪. વિ. યજ્ઞ સંબંધી; યજ્ઞ વિષયક.

યાજ્ઞિકહિંસા [સં] સ્ત્રી. યજ્ઞમાં કરવામાં આવતી હિંસા.

જૈનગ્રંથમાં અને મત્સ્યપુરાણમાં ઉપરોક્ત યાજ્ઞિકહિંસાને એક સરખી રીતે અયોગ્યતામાં આવી છે. પુરાતત્ત્વ

યાજ્ઞિકી ૧. [સં.] સ્ત્રી. યાજ્ઞિકનું કામ.

૨. વિ સ્ત્રી. યજ્ઞ સંબંધી; યજ્ઞને લગતું

યાજ્ઞિય ૧. [સં.] વિ. યજ્ઞ સંબંધી; યજ્ઞને લગતું

૨. વિ. યજ્ઞની વિધિમાં કુશળ.

૩. વિ. યજ્ઞને યોગ્ય.

યાજ્ય ૧. [સં.] પું. યજ્ઞ કરનાર વ્યક્તિ; યજમાન; યજ્ઞિક.

૨. ન. દેવીની પ્રતિમા

૩ ન. યજ્ઞ કરાવવાથી મળેલી દક્ષિણા.

૪ ન. યજ્ઞનું સ્થાન.

૫ વિ. જેને માટે યજ્ઞ કરવામાં આવેલ હોય તેવું

૬ વિ. યજ્ઞ સંબંધી.

૭ વિ યજ્ઞમાં હોમવા યોગ્ય; યજ્ઞમાં હોમવાનું.

૮. વિ. શાસ્ત્ર અનુસાર જેને યજ્ઞ કરવાનો અધિકાર હોય તેવું

યાજ્યશાસ્ત્રા [સં] સ્ત્રી. યજ્ઞ કરવાનું સ્થાન.

યાતના ૧ [સં.] સ્ત્રી. અત્યંત દુઃખ; મહાપીડા; સખ્ત કષ્ટ; પીડવું તે, રીબાવું તે.

૨. સ્ત્રી. નરકનાં દુઃખ

૩ સ્ત્રી ભટકવું

૪ સ્ત્રી. યમનો માર કે દંડ; યમની સજા.

યાતનાદેહ [સં.] પું. લિંગદેહ; મરણ પછી કરી જન્મ થતાં સુધી જીવને રહેવાનું ભોગવું.

યાતનાલય [સં.] ન. નરક.

યાતયામ ૧. વિ. ઉચ્છિષ્ટ

૨. વિ. ઉપભોગ કરેલ; વારંવાર વપરાતું; વપરાયેલું.

૩. [સં.] વિ. ગયું; ગયું ગોકેલું.

૪ વિ. ઠગેલું; છેતરાયેલું

૫. વિ. જેને રાંધ્યાં ત્રણ કલાક થઈ ગયા હોય તેવું

૬. વિ. લાગવેલું; નડતું; રદ.

૭. વિ. વારંવાર પ્રયોજેલું.

યાતા ૧. [સં. યાત] પું. સારથિ; રથ હાંકનાર મનુષ્ય

૨. સ્ત્રી. જેઠાણી કે દેરાણી; પતિના ભાઈની સ્ત્રી.

૩. વિ. જનાર.

૪. વિ મારનાર, હત્યા કરનાર

યાતાયાત ૧. [સં.] સ્ત્રી. આવવા જવાનો વ્યવહાર; જવું ને આવવું તે; ગમનાગમન; ફેરોફેરો

૨. સ્ત્રી. જન્મ મરણનું દુઃખ.

યાતુક [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ, ધોળી સાહિયારો

યાતુધ્ન ૧. [સં] પું. ચૂનગર.

૨. વિ. રાક્ષસને મારનાર

યાતુધાન [સં.] પું રાક્ષસ; દૈત્ય

યાતુધાની [સં.] સ્ત્રી રાક્ષસી

યાતુવિદ્યા સ્ત્રી. જાદુ.

યાતૃ ૧. [સં] પું. મુસાફર

૨. સ્ત્રી. દેરાણી; જેઠાણી.

૩. સ્ત્રી. ઔત્પાર્ય.

૪. વિ. જનાર.

૫. વિ. નાશ કરનાર.

૬. વિ. વાહન હાંકનાર.

૭. વિ. વેર લેનાર

યાતૃક [સં.] પું. મુસાફર; વટેમાર્ગુ.

યાત્રા ૧. [સં.] સ્ત્રી. આજીવિકા.

૨. સ્ત્રી. ઉપાય.

૩. સ્ત્રી. ગમન; કૂચ કરવી તે.

૪. સ્ત્રી. (વહાણવટું) ગોસ.

૫ સ્ત્રી. સ્થાનાંતર ગમન; દેશાંતરમાં ફરવું તે; પવિત્ર તીર્થસ્થાનોમાં દેવદર્શન અને સ્નાનાદિક માટે ફરવું તે; જાત્રા; મુસાફરી; સફર. યાત્રાથી દયા ભક્તિ થાય છે એટલુજ નહિ, પરંતુ તેની સાથે ધર્મસહાયી ચિત્તશુદ્ધિ પણ થાય છે. અંતઃકરણ શુભ માર્ગે પ્રેરાય છે. શ્રમિતને વિશ્રામ મળે છે. પાપનો પશ્ચાત્તાપ કરવાની તક મળે છે અને ભવિષ્ય માટે મનુષ્ય ભાગ્યવંત થઈ પોતાની યોગ્ય ફરજ બજાવવા તત્પર થાય છે દેશાટનના સર્વ પ્રકારના લાભ યાત્રા નિમિત્તે પણ પ્રાપ્ત છે.

૬. સ્ત્રી. કૃતવીર્યની પ્રજ્ઞાથી રાજાનું જવું તે; પ્રસ્થાન

૭. સ્ત્રી તહેવાર ઉપર અથવા દેવપ્રતિષ્ઠાની વાર્ષિક માટે કે કોઈ તીર્થના માહાત્મ્ય માટે અમુક દેવસ્થાનમાં બધા લોકોને સાથે મળીને ઉત્સવ કરવો તે; દેવ કે મહાપુરુષને નિમિત્તે ભરાતો સમારંભ કે મેળો; સરઘસ.

૮. સ્ત્રી. નાટક મનોરંજનનો એક પ્રકાર.

૯. સ્ત્રી. ભરણ પોષણનો માર્ગ.

૧૦ સ્ત્રી યાત્રાળુઓનો સમૂહ.

૧૧. સ્ત્રી. રસ્તો; માર્ગ.

૧૨. સ્ત્રી. રીત; હદ; પ્રથા.

૧૩ સ્ત્રી. વહન

૧૪ સ્ત્રી. વ્યવહાર.

૧૫ સ્ત્રી. સમયનું પસાર થવું તે.

૧૬ સ્ત્રી. સમારંભ

૧૭ સ્ત્રી. સૈન્યનું એકથી બીજી જગ્યાએ જવું તે; પ્રયાણ

યાત્રાધિદેવ ન. ભાટભર્યો

યાત્રાનુમતિ [સં.] સ્ત્રી. પરદેશમાં જવા માટેનો પરવાનો; ' પાસપોર્ટ '.

યાત્રાપથ [સં.] પું. યાત્રાનો રસ્તો.

યાત્રાવેતન ૧. [સં.] ન. મુસાફરી કરવાનું ભાડું.

૨. ન રાજ્યના વહાણમાં મુસાફરી કરનાર પાસેથી લેવાતી ફી.

યાત્રાવેરો પું. યાત્રા કરવા આવતાં માણસો પાસેથી લેવાતો કર.

> જાતુચંદ્ર નામના કારભારી ઝાલર પાસેથી સિદ્ધાચલ જૈનોના શત્રુંજય પર્વત ઉપરનો યાત્રાવેરો બંધ કરાવ્યો. પુરાતત્ત્વ

યાત્રાસંધાન [સં.] ન. પૃથ્વીના ભોક્તા રાજાના ૭ માઠેનો એક ગુણ; શત્રુ સામે સેના લઈ જઈ શત્રુને મારવો અથવા તાબે કરી લાવવો તે. સંધાનાસન, યાત્રાસંધાન, વિગ્રહ, દ્વૈધીભાવાસન, સંશ્રિયાસન અને સમાશ્રયાસન એમ રાજાના ૭ ગુણ છે.

યાત્રાળુ ૧. ન. યાત્રા કરનાર માણસ.

૨. વિ. યાત્રા કરવા ફરનાર; પ્રવાસી; તીર્થોમાં ફરનાર; યાત્રિક; જાત્રાળુ.

યાત્રિક ૧. પું. ઉત્સવ.

૨. પું. ઉપાય.

૩ [સં.] પું. મુસાફર.

૪ પું યાત્રા કરનાર માણસ; યાત્રાળુ.

૫. ન. મુસાફરી કરવામાં શુભ નક્ષત્ર.

૬ ન યાત્રા

૭ ન. યાત્રામાં ઉપયોગી સાધન.

૮ વિ આજીવિકા માટે આવશ્યક.

૯. વિ. મુસાફરી સંબંધી.

૧૦. વિ મુસાફરીમાં ઉપયોગી.

૧૧ વિ. યાત્રા કરનાર; મુસાફરી કરતું.

૧૨. વિ. રિવાજ મુજબનું.

યાત્રિકા [સં.] સ્ત્રી. યાત્રા કરનારી સ્ત્રી.

યાત્રી ૧. [સં. યાત્રિન્] પું. મુસાફર; પ્રવાસી.

૨. વિ. યાત્રાળુ; યાત્રા કરનાર.

યાત્રીગૃહ ન. મુસાફરખાનું.

યાત્રોત્સવ [સં.] પું. યાત્રા માટે ઉત્સવ.

યાથાતથ્ય ૧. [સં.] ન. નોખતા; યથાર્થતા; યથાર્થ હોવાપણું.

> યાથાતથ્ય અર્ધક એવા દુઃખે ભરી પટોળે ભર્યા. દયારામ

૨. ન. રૂપ; ઢોળા.

૩. ન. સત્ય; સાચાપણું.

યાથાત્મ્ય ૧. [સં.] ન. તત્ત્વ; સ્વરૂપ.

૨ ન સત્ય

યાથાર્થ્ય [સં.] ન. ખરાપણું. યથાર્થતા; સત્ય; યથાર્થપણું; ખાનદાની કે સાચાપણું.

યાદ ૧. [સં. યાદસ્] પું. માછલી, મગર વગેરે જળજંતુ.

૨. [હિ.] સ્ત્રી. આવ્યા જેવું કે સાંભળેલું મનમાં આવવું તે; નહિ વિસરી જવું તે; યાદગીરી; સ્મરણ. મનમાં રાખેલું પ્રસંગે મનમાં તરત આવવું તે.

૧. યાદ આપવું-કરાવવું-આવવું = સ્મરણમાં આવવું; યાદ કરવું.

૨. યાદ આવવું-રહેવું = સ્ફુરણ થવું; સાંભરવું.

૩. યાદ કરવું = (૧) ગોખવું. (૨) ભોગવવું (૩) સંભારવું.

૪. યાદ દેવું = સંભારી આપવું.

૫. યાદ રાખવું = ધ્યાનમાં રાખવું.

૬. યાદ હોવું = ધ્યાનમાં હોવું.

૩. સ્ત્રી. કહેણ; ઊતરતા દરજ્જાવાળો વિનતિ કરે ને ચડતા દરજ્જાવાળો યાદ કરે તેવો અધિકારીઓ વચ્ચેનો શિરસ્તો.

૪. સ્ત્રી. જરથોસ્તી ધર્મની પ્રાર્થનાના ઉચ્ચારણનો એક ભાગ. જીવતા અથવા મરી ગયેલ જે માણસની યાદગીરીમાં બંદગી કરવામાં આવતી હોય તેનું નામ આ ભાગમાં આવે છે.

૫. સ્ત્રી. નામ; નામના; વખાણ.

૬. સ્ત્રી. યાદી; નોંધ; ટીપ; ટાંચણ.

૭. સ્ત્રી. સભારણું; ચિહ્ન; સ્મરણ; સ્મૃતિ; યાદગીરી; સ્મરત.

૮. સ્ત્રી. સ્મરણશક્તિ

યાદગાર ૧. [ફા.] સ્ત્રી. યાદી; નોંધ

૨. સ્ત્રી. સ્મારક વસ્તુ; સભારણાની નિશાની.

૩. વિ. યાદ કરાવનાર; સંભારી આપનાર; યાદ કરાવે તેવું

૪. વિ. યાદ રહે તેવું; બહુ વખત સુધી ભૂલાય નહિ તેવું.

યાદગારી ૧. [ફા.] સ્ત્રી. જોને જોયા કે સાંભળીવાથી અમુક વસ્તુ કે વાત યાદ આવે તેવું ચિહ્ન કે ઓળખણ; સંભારણું; સ્મરણચિહ્ન; સ્મારક; બલિદાન; સ્મરણની ભેટ કે બક્ષિસ; સ્મૃતિચિહ્ન

૨. સ્ત્રી. નામ; નામના; વખાણ

૩. સ્ત્રી. યાદગીરી; સ્મરણશક્તિ; સ્મૃતિ; યાદ; યાદદાસ્ત

યાદગાહ જુઓ યાદગારી.

યાદગીરી જુઓ યાદગારી

યાદચૂક સ્ત્રી. વિસ્મરણ; ભૂલી જવું તે.

યાદદાસ્ત ૧. [ફા.] સ્ત્રી. ટિપ્પણી; નોંધ; જુઓ ટિપ્પણ

૨. સ્ત્રી. સ્મારક; સ્મરણચિહ્ન

૩. સ્ત્રી. સ્મૃતિ; સ્મરણશક્તિ; મેધા; આગળ જોયેલી કે સાંભળેલી બાબત ફરીને મન આગળ ઊભી કરવાની શક્તિ; યાદ.

યાદદાસ્તી જુઓ યાદદાસ્ત.

યાદપત્ર પું. સ્મરણ કરાવનાર પત્ર કે કાગળ.

યાદવ ૧. [સં.] પું. યદુનો વંશજ; જાદવ; પૂર્વે યાદવો મુક્તિપુરી એટલે મથુરામાં રાજ્ય કરતા હતા. યાદવાસ્થળી થઈ તે વખતે જે યાદવો કરણવગાત્ ત્યાં ન જઈ શકેલ તેમાંથી જે વંશ યાદવો તે અત્યારે જાણતો આવેલો ચંદ્ર કે યાદવવંશ છે.

૨. પું. શ્રીકૃષ્ણ.

૩. સ્ત્રી. મરાઠા, રજપૂત, બ્રાહ્મણ અને વૈદની એ નામની એક અટક.

૪. વ. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું

૬. વિ. યદુનું; યદુ સંબંધી. યદુ કુળમાં જન્મેલું

યાદવપુર [સં.] ન. દ્વારકા.

યાદવપ્રકાશ પું. મધ્યકાલીન ભારતમાં થયેલ એક ભેદાભેદકાર દક્ષિણી વિદ્વાન. તેનો વૈજયંતી કોષ બહુ સારો છે.

યાદવાસ્થળી ન. અંદરો અંદર કજિયા કંકાસ કરાવી સત્યાનાશ વાળનારી જગ્યા; યાદવો અન્યોન્યને લડી મૂઆ હતા તેથી તેવા સ્થળને યાદવાસ્થળીની ઉપમા અપાય છે.

યાદવાસ્થળી ૧. સ્ત્રી. આંતરવિગ્રહ; આંતરકલહ; પ્રજાવિગ્રહ; આંતઃસમુહ.

૨. સ્ત્રી. યાદવોની અંદર અંદરની લડાઈ અને કજિયા.

યાદવી ૧. સ્ત્રી દુર્ગાનું એક નામ.

૨. સ્ત્રી. આંતરોમાંહેની લડાઈ; આંતરવિગ્રહ.

> યાદવી યુદ્ધનાં સ્મરણ પ્રાચીન જ્યાં,
> સંપર્યાં સિંધુતટમાં પ્રસાસે.
> નરવી ગુજરાત

૩. સ્ત્રી. યદુકુળની સ્ત્રી.

૪. સ્ત્રી. યાદવોની અંદર અંદરની લડાઈ અને કજિયા

યાદવેંદ્ર [સં.] પું. શ્રીકૃષ્ણ

યાદશક્તિ સ્ત્રી. યાદ રાખવાની શક્તિ; સ્મરણશક્તિ; સ્મૃતિ; યાદદાસ્તી; થઈ ગયેલું કે વંચાઈ ગયેલું સ્મરણમાં રાખવાની શક્તિ.

યાદસપતિ ૧. [સં. યાદસ્ (જળજંતુ) + પતિ] પું. વરુણદેવ.

> વરુણ પ્રચેતા પાસપતિ અપપતિ જળચરધરી;
> યાદસપતિ તુજ પતિ તણા પસલ ચરણ નિજ સિષ.
> પિંગલધરુકોષ

૨. પું સમુદ્ર.

યાદઃપતિ જુઓ યાદસપતિ.

યાદી ૧. [ફા.] સ્ત્રી. અરજ
૨ સ્ત્રી. ફરિયાદ; 'ડાયરેક્ટરિ'.
૩. સ્ત્રી મુદ્દાની વાત મગાવવાનો લેખ કે પત્ર ચિઠ્ઠી; યાદ દાખલ લખેલો પત્ર.
૪. સ્ત્રી. યાદ રહેવા માટે લખી રાખેલું ટાંચણ; ટીપ; ટિપ્પણ નોંધ; ઓળિયું; એક પછી એક એમ લખેલી વિગત.
૫. સ્ત્રી. યાદી નોંધવાની ચોપડી; સ્મરણપોથી.
૬. સ્ત્રી. સ્મરણ; યાદ આવવું તે.

પ્રભુના પગ, પ્રભુથી જગ્યા પ્રભુના વર્ષ, પ્રતિમા ભર્યા, પુરુષો મહા ભરજગતના આ બેય યાદી આપની. આપીગીતા

યાદીકાર પું. યાદી લખનાર માણસ.

યાદીલ ન. વસણ.

સમરાંગણનાં જનુઓને યાદીલ અથવા વસણ મારી નાખે છે. ત્રિભાગદર્શક દર્પણ

યાદુ ૧. [સં.] પું. કોઈ તળેલો પદાર્થ.
૨. ન. જલ; પાણી

યાદ્રિચ્છક ૧. [સં.] પું. પ્રજા મુખ્ય કાર્ય કરનાર ઋત્વિજ.
૨. વિ. અણચિંતવ્યું; આકસ્મિક
૩. વિ. ઔચ્છિક; મરજિયાત.
૪. વિ. દૈવયોગે બની આવેલ.
૫. વિ. યદૃચ્છાએ પ્રાપ્ત થયેલ.

યાદૃશ ૧. [સં.] વિ. જેવું; આકાર.
૨. અ. પેઠે; જેમ

યાદોગણ પું. દરિયાઈ કે જળચર પ્રાણીઓનો સમુદાય.

યાન ૧. પું. રસ્તો; માર્ગ.
૨. [સં. યા (જવું)] પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના વસિષ્ઠ ઋષિને ઊર્જા નામની સ્ત્રીથી થયેલ સાત માંહેનો એક પુત્ર.
૩. ન. જાન; વરની સાથે પરણવા જનાર માણસોનું ટોળું.
૪. ન. મુસાફરી.
૫. ન વાહન; ગાડું; ગાડી; પાલખી; ઉપર બેસીને જવાનું વાહન
૬. ન વિમાન.
૭. ન. સરઘસ
૮. ન. સવારી; ચડાઈ; શત્રુ સામે આક્રમણ; શત્રુ સામે સૈન્ય લઈ જવું તે; રાજનીતિના છ માંહેનો એક વર્ગ. સંધિ, વિગ્રહ, આસન, યાન, સંશ્રય અને દ્વૈધીભાવ એ રાજનીતિના છ વર્ગ ગણાય છે.
૯. ન. હાથી, ઘોડા વગેરેનું વાહન.

યાનક ૧. ન. અસહના વખતનું દુઃખ સહન કરવું એવું એક હથિયાર. પૈડા ઉપર એક વળો અથવા દાંડો એવી રીતે જોડવામાં આવતો કે તે દુશ્મનો તરફ ફેંકી શકાય. તેવી રચનાને યાનક કહેતા.
૨. [સં.] ન. વાહન.

યાનગૃહ [સં.] ન. વાહન રાખવાનો ઓરડો.

યાનપાત્ર [સં.] ન. વહાણ; હોડી; આગબોટ; નૌ; પોત.

યાનપાત્રક [સં.] ન. વહાણ; હોડી.

યાનબિંદુ [સં.] ન. વિમાનશાસ્ત્રનો એક ભાગ.

યાનભાગ [સં.] પું. વાહનનું ભાડું.

યાનભાગક જુઓ યાનભાગ.

યાનમાપક [સં.] ન. વાહનમાં બેસી કરેલી મુસાફરીનું અંતર માપવાનું સાધન.

યાનમુખ [સં.] ન. રથ, ગાડી વગેરેનો આગળ ભાગ; રથ વગેરેની ધરી.

યાનશાળા [સં.] સ્ત્રી. વાહન રાખવાનું સ્થળ.

યાને ૧. [અ.] અ. અથવા; યા; અર્થાત્; કે.
૨. અ એટલે કે.
૩. અ. કારણ કે.
૪. અ. બદલે.

યાપક ૧. [સં.] વિ. આપનાર.
૨. વિ. ગણનાર; ગિનાવનાર.
૩. વિ. બતાવનાર.

યાપન ૧. [સં.] ન. અન્નપાક; મહાવરો.
૨. ન. આધાર.
૩ ન. આંટા મારવા તે.
૪ ન. ઉપચાર; રોગનો ઉપાય.
૫. ન. દૂર કરવું તે; કાઢી મૂકવું તે.
૬ ન. નિર્વાહ; ગુજરાન
૭. ન. મટાડવું તે.
૮ ન. રદ કરવું તે
૯. ન. રહેવું તે.
૧૦. ન. રોગ, પીડા, દુઃખ વગેરેનું ઉપશમન કરવું તે.
૧૧. ન. વખત કાઢવો તે; કાળ કાઢવો તે.
૧૨. ન. વિલય.
૧૩. ન. ગિનાવવું તે; ગણવું તે.
૧૪. ન. હોવું તે.
૧૫. વિ. બતાવનાર.
૧૬. વિ. જિંદગી ટકાવનાર.
૧૭ વિ. રોગ મટાડનાર

યાપ્ય ૧. વિ આજ્ઞાની પેઠે કાઢવા લાયક; પ્રેષણીય; દૂર કરવા યોગ્ય.
૨. વિ કેવળ ઉપશમન કરવા લાયક રોગ વગેરે.
૩. વિ. દુષ્ટ; અધમ.
૫. વિ. નિંદવા લાયક.

યાબૂ [ફા.] પું. ઘોડાની એક જાત. એ તુર્કી નર અને હિંદની માદાથી ઉત્પન્ન થયેલ મિશ્ર પ્રાણી છે. તે કદ અને મજબૂતીમાં તુર્કી ઘોડાથી ઊતરતો હોય છે.

યાબૂસવાર પું. એક ઘોડેસવાર અધિકારી.

યામ ૧. [સં. યમ્ (અટકવું)] પું અટકવું તે; થોભવું તે; સંયમ, વિરામ; અટકાવ
૨. પું. આઠની સંજ્ઞા.
૩. પું પ્રાણ; વખત.
૪. પું. સૂર્યમા માસો
૫. પું. ગતિ; જવું તે; આગળ વધવું તે.
૬ પુ દેવગણનું એક નામ.
૭. [સં.] પું. પહોર; પ્રહર; બાર કલાક જેટલો કાળ.
૮ પું. પ્રગતિ
૯ પુ રસ્તો.
૧૦. પું. વાહન.
૧૧. પું. સૂર્યનાં એક સો આઠ માંહેનું એક નામ.
૧૨. વિ. અટકેલું.
૧૩. વિ. યમનું; યમ સંબંધી.

યામ્યમત્સ્ય [સં.] ન. દક્ષિણનો એક તારા સમૂહ; દક્ષિણ મત્સ્ય; રાક્ષિયક અથવા નક્ષત્રચક્રથી દક્ષિણ ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય. અંગ્રેજીમાં તેને પાસીસ આરટ્રાલિસ કહે છે. તેનો આકાર જાણ માછલાં જેવો છે. કુંભથી દક્ષિણે યામ્યમત્સ્યનો પહેલા વર્ગનો તારો છે. યામ્યમત્સ્ય અને મીનરાશિનું મત્સ્ય એ બેને ઝીણા તારાની એક સાંકળથી જોડાયેલાં કલ્પવામાં આવ્યાં છે. આ તારાસમૂહ પશ્ચિમ પ્રકાશવર્ષ દૂર છે.

યામલ ૧. [સં.] ન. એક પ્રકારનું તંત્રશાસ્ત્ર; તંત્રશાસ્ત્રનો એક વિભાગ. તેમાં સૃષ્ટિતત્ત્વ, જ્યોતિષ, નિત્યકર્મ, કવચ, વર્ણભેદ અને યુગધર્મનું વર્ણન છે.
૨. ન. યુગલ; જોડું.

યામલાષ્ટક [સં.] ન. સોળ માંહેનું એક તત્ત્વ

યામવતી ૧. [સં.] સ્ત્રી. રાત્રિ; રાત; નિશા.
૨. સ્ત્રી. હજામ.

યામસૂર્ય [સં.] ન. એક જાતનું હિંસાળ ઘર.

આપી અને મહિષી એ બે રાણીઓ જે ઘરમાં જોગી હોય તે યામસૂર્ય નામે ઘર કહેવાય.
રાજવલ્લભ

યામાતા [હિ.] પું. જમાઈ.

યામાયન [સં.] વિ. યમના ગોત્રમાં જન્મેલ.

યામિ ૧ સ્ત્રી. કન્યા; પુત્રી.
૨. સ્ત્રી. જ્ઞાનદાન મુજબની સ્ત્રી; પુત્રવધૂ
૩. સ્ત્રી. દક્ષિણ દિશા.
૪. [સં.] સ્ત્રી. ધર્મની પત્ની. તેને નાગવીથી નામની કન્યા થઇ હતી.
૫. સ્ત્રી. પુત્રની વહુ.
૬ સ્ત્રી. બેન.
૭. સ્ત્રી. રાત્રિ.
૮. સ્ત્રી. હળદર.

યામિની ૧. સ્ત્રી. કરણપની સ્ત્રી.
૨. [સં.] સ્ત્રી. નિશા; રજની; રાત; ભામિની; રાત્રિ.
૩. સ્ત્રી યવનની ભાષા; ફારસી કે અરબી ભાષા.
૪. સ્ત્રી. હળદર.

યામિનીશ ૧. [સં.] પું કપૂર.
૨. પું. ચંદ્ર

યામુનગિરી [સં.] (પુરાણ) હિમાલયનું એક શિખર; કાલિદ. પાંડવો મધમાદન ઉપરથી નીકળી દૈતવનમા જતાં આ શિખર ઉપર વિશાખયૂપ નામના સ્થળે રહ્યા હતા.

યામુનદેશ [સં.] પું. (પુરાણ) પૂર્વે શૂરસેન અને પશ્ચિમે બ્રહ્માવર્ત એ બેની વચ્ચે યમુનાના કાંઠા ઉપર આવેલો એક દેશ.

યમુનાચાર્ય પું. એ નામના એક વૈષ્ણવ આચાર્ય. નાથમુનિ, યામુનાચાર્ય વગેરે આચાર્યોએ જ્ઞાનની દિશામા પ્રયત્ન કરી આ ભક્તિના વલ્લભમાર્ગને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. બુદ્ધિપ્રકાશ

યામુનેષ્ટક [સં.] ન. સીસું

યામેય ૧. પું. ધર્મની પત્ની યામિનો પુત્ર.
૨. [સં.] પું. ભાલેજ.

યામ્ય ૧. પું. અગસ્ત્ય.
૨. પું. હિસ્સાનો મુખ્ય કરવાળો.
૩. પું યમનો દૂત.
૪ પું વિષ્ણુનું એક નામ.
૫. પું શિવનું એક નામ
૬. સ્ત્રી. દક્ષિણ દિશા; યમદેવની દિશા.
■ ન. ચંદનવૃક્ષ.
૮ ન. ભરણી નક્ષત્ર
૯ વિ. અંતકાળે ઉત્પન્ન થનાર.
૧૦ વિ દક્ષિણ દિશાનું
૧૧. વિ દક્ષિણ દેશમા રહેનાર.
૧૨. વિ. યમનું; યમ સબંધી
૧૩. વિ યમલોકમાં પાપીઓને શિક્ષા કરનાર.

યામ્યાયન [સં. યામ્ય + અયન (જવું તે)] ન દક્ષિણાયન; સૂર્યનું દક્ષિણ તરફ જવું તે.

યામ્યારક્ષિત [સં.] એ નામનાં એક દેવી.
યમ સરખા કપાળા, સુંદર હાસ્ય કરતા યામ્યારક્ષિત પાસા ઉપર બેસી હાથમાં કાળદંડ લઈને આવ્યાં. અમરજી કાવ્યરત

યામ્યોત્તર ૧ [સં. યામ્ય (દક્ષિણ) + ઉત્તર]
ન. દક્ષિણ દિશામાંથી ઉત્તર દિશામાં જવું તે.
૨. ન. મધ્યાહ્ન રેખા; 'મેરિડિયન'.
૩. વિ. ઉત્તર દક્ષિણ આવી રહેલું.
૪. વિ. દક્ષિણથી ઉત્તર જવું.

યામ્યોત્તર ગમન [સં.] દક્ષિણથી ઉત્તર તરફ જવું તે.

યામ્યોત્તર રેખા [સં.] સ્ત્રી. ધ્રુવસંપોતીરેખા; મધ્યાહ્ન રેખા; 'મેરિડિયન'

યામ્યોત્તરવૃત્ત [સં યામ્ય (દક્ષિણ) + ઉત્તર + વૃત્ત (વર્તુળ)] ન. ઉત્તર દક્ષિણ જનારી લીટી કે વર્તુળ; રેખાંકરત્ત રેખા. આ રેખા ખગોળમાં ખૂબ કામની છે. તેને ઉત્તર અને દક્ષિણ તરફ લંબાવવાથી તે ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં જઈને અડે માટે તેને યામ્યોત્તરવૃત્ત કહે છે. આ અર્ધગોળાકાર લીટી છે. આ યામ્યોત્તર રેખાથી દિશાઓ જાણવા છે. એટલું જ નહિ, પણ અક્ષાંશ અને રેખાંશ જાણવા માટે પણ આ લીટી ઉપયોગી છે. યામ્યોત્તરવૃત્ત ઉપર સૂર્ય આવે છે ત્યારે કોઈ વાર બારમાં પંદર મિનિટ કમતી ઓછ છે અને કોઈ વાર સવાબાર પણ થાય છે. એક યામ્યોત્તરવૃત્ત ઉપર જેટલાં સ્થાનો હોય છે ત્યાં મધ્યાહ્ન એકજ વખતે થાય છે.
કેટલાક પારિભાષિક શબ્દો વાપર્યા વગર પૂરકો નથી. ગરાબર ઉત્તર અને દક્ષિણ દિશામાં જઈને તેમ જ આકાશ આપ ઉપર જઈને પસાર થતા એક અર્ધવર્તુલ આકારના પુરમ્પટ ઉપર દોરું હોય એમ કલ્પના કરો. આ અર્ધવર્તુલને આપણે આપણે **યામ્યોત્તરવૃત્ત** કહીશું.
હરિહર ભટ્ટ

યામ્યોત્તરસ્થાન [સં.] ન. દક્ષિણ અને ઉત્તરને જોડનારી લીટી ઉપરનું, આપણા માથા ઉપરનું કે સૂર્યના મધ્યાહ્ન સમયનું સ્થાન; ' ઝેનિથ '

યાયાવર ૧. પું. અગ્નિહોત્રી બ્રાહ્મણ
૨. [સં.] પુ. (પુરાણ) અશ્વમેધનો ઘોડો
૩. પું. એ નામનો એક વંશ
૪. પુ. (પુરાણ) જરત્કારુ મુનિ.
૫. પું મુનિઓનો એક સમૂહ. જરત્કારુ આ સમૂહમાં હતા
૬. પુ. સાપ
૭. ન એ નામનું એક પંખી
૮. ન. યાચના; માગણી
૯. ન. સાષ્ટાંગવંદન
૧૦. વિ. યાચના કરનાર.
૧૧. વિ. રખડનાર; રખડપટ્ટી કરનાર.
૧૨ વિ. વારંવાર જનાર.
૧૩. વિ. વાંકું જનાર.
૧૪. વિ. સ્થળાંતર કરનાર. ખગોળની પરિભાષામાં જ્યારે આપણે ત્યાં સ્થાયી રહેનારી છે, કેટલીક જ્યારે વાવાઝોડાં છે. તે વર્ષામાં ઉત્તરખંડોમાંથી આપણે ત્યાં આવે છે અને ઠંડીમાં ગરમીની શરૂઆત પહેલાં સ્વગૃહે પ્રયાણ કરે છે.

યાયી ૧. [સં. યાયિન] પું. પંથી; વટેમાર્ગુ; મુસાફર
૨ પું હલ્લાથી યુદ્ધ કરવા આવેલો દુશ્મન.
દિલ્લીની હલ્લાના પાસે જે કેદાલે દુઃખ મહ હોય તે કેદાલે યાયીએ તોપ માંડવી.
રાજપાલ્યાન
૩. વિ. જનાર; જવું; ગમનશીલ
૪. વિ પાછળ જનાર; અનુયાયી.

યાર ૧. [ફા.] પું. આશક; પ્રીતમ; જાર; ઓનો ઉપપતિ.
૨. પું. દોસ્ત; મિત્ર; ભાઈબંધ; મદદગાર; સખા; સ્નેહી.
૩. પું. પ્યાર; પ્રેમ
૪. પું. સાથને અવરાવનાર માણસ.

યારહંદ [વિ.] પું. એક પ્રકારનો વેલો.

યારબાજ ૧. સ્ત્રી. વિલાસી સ્ત્રી.
૨. સ્ત્રી. વેશ્યા
૩. વિ. છિનાળવું; રંડીબાજ; વ્યભિચારી.
૪. [ફા.] વિ. પ્રેમયેલું; મૈત્રી કે પ્રેમના વિલાસનું; કોડીલું; કામી; વિષયી; કામુક; સ્નેહ કે પ્રેમમાં મચેલું; પ્રેમી.

યારબાજી ૧. સ્ત્રી. કામી હોવું તે; પ્રેમની પેલછા; વિષયપણું
૨. સ્ત્રી. મૈત્રી; મિત્રાચારી; દોસ્તી.
૩. સ્ત્રી. રંડીબાજી; વ્યભિચાર.

યારમાર ૧. [ફા] વિ. મૃષ્ણ ઉપર અવગુણ કરનાર; કૃતઘ્ની.
૨. વિ. મિત્રને ઉતરનાર; દગાબાજ.
૩. વિ. મિત્રનો જ ઘાત કરનાર.

યારમારી ૧ [ફા.] સ્ત્રી. મિત્રને મારી નાખવો તે.
૨. સ્ત્રી. મિત્રને ઉતરવું તે

યારી ૧. સ્ત્રી. કરણ; પ્રેમ; આશકી; સ્ત્રી પુરુષનો અનુચિત પ્રેમ કે સંબંધ; પ્યાર; જારી.
૨. સ્ત્રી ગપ્પાદાપા; ખટપટ
૩. [ફા.] સ્ત્રી. દોસ્તારી; સ્નેહ; ભાવ; મૈત્રી; દોસ્તી; ભાઈબંધી, પ્રીતિ; પ્રેમબંધન કે સાંધ.
યારી કરવી– ભેડવી = મૈત્રી બાંધવી.

૪. સ્ત્રી. ભારે વજન ઊંચકવાનો, ઉતારવાનો અને બેસેડવાનો સાચો; ઊંચકો.
૫. સ્ત્રી. સહ છૂટો મૂકવાનો દોર; સહ પર બાંધ્યું મહત્વનું ઉતારવાનું દોરડું; કાંકું; બારી; આજ્ઞા.
૬. સ્ત્રી. સાથ; સહાય; સુયોગ; મદદનો હાથ; પ્રભુ કે સ્વામીનો મહેરબાનો; મદદ
યારી આપણી-દેવી = (૧) નસીબ પાપકે ઊતરવું; પ્રયત્ન સફળ થવો. (૨) મદદ આપવી; ટેકો દેવો

યાર્ડ ન. જકરમ; બ્યાજિયાર.

યાર્ડ ૧. [અં.] પું. વાડો; ગોદાન; ગોક; વાડા જેવી જગ્યા
૨. પું. વાર; ત્રણ ફૂટનું માપ

યાલ્ગ ૧. [તુર્કી] પું. (સંગીત) કર્ણાટકી સંગીતનો પ્રકાર.
૨. સ્ત્રી. ઘોડાની ગોટલી; ઘોડાની ડોક ઉપરના લાંબા વાળ.
૩. સ્ત્રી. યાલ; ઉકરાણી; સિહની મરદન ઉપરના વાળ.

યાવક ૧. પું. અડદ.
૨ પું. અર્ધા પાકેલા જવ; બીજા જવ.
૩. પું. આગતો; લાખમાંથી બનાવેલો લાલ રંગ.
૪. પું. જવમાંથી તૈયાર કરેલ ભોજન.
૫. પું. લાખ.
૬. ન. કળથી.
૭. ન. બાફેલું અનાજ; ધૂપરી.

યાવચ્ચંદ્ર જુઓ યાવચ્ચંદ્રદિવાકરૌ.

યાવચ્ચંદ્રદિવાકર જુઓ યાવચ્ચંદ્ર દિવાકરૌ.

યાવચ્ચંદ્રદિવાકરૌ [સં. યાવત્ (જ્યાં સુધી) + ચંદ્ર + દિવાકર (સૂર્ય)] અ. જ્યાં લગી ચંદ્રને સૂર્ય હોય ત્યાં સુધી; હમેશને માટે; નિરંતર આત્મા કરે એમ; આંદો સૂરજ તપે ત્યાં સુધીના વખત માટે.

યાવજ્જીવ [સં.] અ. જિંદગી સુધી; મરે ત્યાં સુધી; જીવે ત્યાં સુધી.

યાવજ્જીવન [સં. યાવત્ (જ્યાં સુધી) + જીવન] અ. જ્યાં સુધી જિંદગી છે ત્યાં સુધી; આખી જિંદગી સુધી.

યાવજ્જીવન કારાવાસ [સં.] પું જન્મકેદ; જન્મટીપ.

યાવત્ ૧. [સં.] વિ. જેટલું.
૨. વિ. જેવડું.
૩. વિ. બધું; કુલ.
૪. અ. જેટલું.
૫. અ. જ્યાં સુધી; જેટલે લગી; જ્યાં લગણ.

યાવત્કથિક અનશન ન. (જૈન) અનશન તપનો એક પ્રકાર; જીવના અંત સુધી સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરવો તે.

યાવદાયુ [સં. યાવત્ + આયુસ્)] અ. મરણ પર્યંત; જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી; જિંદગી પર્યંત.

યાવની ૧. [સં.] સ્ત્રી. (ન્યૂ મુ.) ગ્રીક લિપિ.
ગ્રીકોએ લિપિની યાવની,
નારણ ટ્રાવિડી માવની. લાભશંકર ઠાકર
૨. સ્ત્રી. યવન સ્ત્રી
૩. સ્ત્રી. રોઝડીની એક જાત.
૪ વિ. યવન લોકોની ભાષા સંબંધી.
૫. વિ. યવન સંબંધી; પરદેશી ને પરધર્મનું એવું; ક્લેચ્છનું; હિંદુને લગતું નહિ તેવું.
૬. વિ. સ્ત્રી. યવનની

યાવનીભાષા સ્ત્રી. ક્લેચ્છ ભાષા.

યાવર ૧. [ફા.] પું. મદદગાર; સહાયક.
૨. પું. મિત્ર; સાથી.
૩. વિ. મદદ કરનાર.
૪. વિ. મિત્રતાવાળું.

યાવિયા ૧. સ્ત્રી. બાજરી એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩ વિ. એ નામની અટકનું.

યાસોધરેય [સં.] પું. યાજ્ઞવલ્ક્યનો પુત્ર; યશોધરાનો પુત્ર; રાહુલ.

યાષ્ટીક ૧. [સં. યષ્ટિ (લાકડી) + ઇક (વાળું)] પું. લાકડીથી લડનારો માણસ.
૨. વિ. લાકડીવાળું.

યાસ ૧. [સં.] પું. જવાસો; લાલ ધમાસો; એક જાતની વનસ્પતિ.
૨. પું. ત્રાસ; ભય; બીક.
૩. પું. નિરાશા; નાઉમેદી.
૪. પું. ખેદ; પ્રયત્ન; પ્રયાસ.

યાસમીન ન એક જાતનું ફૂલ
એવડો બીજુ છે ચોરી ખાઈ જિગર તે છે
સમન, સરવ છે અને યાસમીન છે.
ચાતક

યાસા ૧. [સ] સ્ત્રી. ક્રોધ.
૨ સ્ત્રી. મેના

યાસ્નિક જુઓ યાસમીન.

યાસ્ક ૧. [સં.] પું. (પુરાણ) મરુત્તાસ્વિનો પુત્ર અને તેનો પૌત્ર. એક યાસ્ક વૈદિક મંત્રો ઉપર ટીકા લખી છે. તે વૈયાકરણી પાણિનીની પહેલાં થયો હોવો જોઈએ એ, કેમકે પાણિની તેના ગ્રંથમાંથી પોતાના ગ્રંથમાં અવતરણ આપે છે.
૨. પું. ઋતિહાસમાં થઈ ગયેલો નિરુક્તનો લેખક.

યાહૂદી ૧. [અ. યહૂદી] પું. હિબ્રૂલોક; જ્યૂલોક; ઇઝરાયલના વંશનું માણસ; જુદિયા નામના પ્રદેશના લોક. ઈસુખ્રિસ્ત જ્યાં થયા હતા.
૨. વિ. કંજૂસ; બહુ જ લોભી.

યાહોમ અ એકદમ; આંધળિયાં કરીને; મરણિયા થઈને; આંખો મીંચીને; જેમ થવાનું હોય તેમ થાય એમ કરીને; જુસ્સામાં; ઘસીને એકદમ, આ શબ્દ કોઈ સાહસિક કામ કરવાની પહેલાં ફરમાનીના પોકાર તરીકે બોલાય છે.
યાહોમ કરીને પડ ફતેહ છે આગે. નર્મદાશંકર
યાહોમ કરવું-કરીને ઝુકાવવું = મરણિયા થઈ કોઈ પણ કામ કરવું; મરણિયા થઈને પડવું.

યાળ સ્ત્રી. ઉકરાણી; વાલ; સિંહ વગેરેની મરદન ઉપરના વાળ.

યાં ૧ [સં. યત્ર] અ. જ્યાં; જ્યા રહેજે.
૨. અ. જ્યાં; ત્યાં; તે ઠેકાણે

યાંચા ૧. [સં.] સ્ત્રી. ભલામણ; આજીજી.
૨. સ્ત્રી. નાટકના તેત્રીસ અંદેનો એ નામનો એક અલંકાર.
૩. સ્ત્રી. પ્રાર્થના; અરજ; વિનતિ.
૪. સ્ત્રી સ્ત્રીઓ; માગણી; યાચના.
૫. સ્ત્રી. ગમસંબંધ માટે આપ્યું નાખવું તે.

યાંત્રિક ૧. [સં.] પું. યંત્રનું કામ કરનાર પુરુષ; યંત્રશાસ્ત્રી.
૨. પું. શિલ્પી; કારીગર.
૩. વિ. બનાવટી રીતે શુદ્ધ કરેલું.
૪. વિ. યંત્ર સંબંધી; સાંચા સંબંધી.
૫. વિ. યંત્રનું; યંત્રથી ચાલતું; કરામતી.
અમેરિકામાં ખેતીને યાંત્રિક જોરથી પણ મદદમાં આવી છે. જમીન ખેડવી, બિયારણ વાવવું, પાક લણવો, દુંદામાંથી દાણા જુદા પાડવા; દાણા સાફ કરવા અને કોથળામાં ભરવા વગેરે ખેતીવાડીનાં બધાંયે કામો યંત્રોની મદદથી કરવામાં આવે છે. ઉત્તરવાચન

યાંત્રિકપ્રેરક [સં] પું. ગતિ આપનાર જમા; 'મોટર રીજન'

યાંત્રિકશાળા સ્ત્રી વણવાનો સંચો; 'પાવર લૂમ'. ઈ. સ. ૧૮૩૫માં કોટું રાઇટ પહેલી યાંત્રિક શાળા બનાવી હતી.

યાંત્રિકબળ ન. યંત્રની મદદથી આવતું બળ; 'ટ્રેક્ટર'

ચીલ્લાહ [અ.] સ્ત્રી. સમાધિ.
જે મનુષ્ય ત્રણ અઠવાડિયાં રાત સુધી ચીલ્લાહમાં રહે તેને હજરત ખાજ ખિઝર અમૃત જળનું સેવન કરાવે છે. પુરાવાચન

ચીરવ ૧. [અં.] ન. ખમીર; આથો
૨. ન. તાડીના રસમાંથી મળી આવતાં આરીક જંતુઓ. આ જંતુઓ સૂકવીને ધૂળ જેવી દેખાતી ભૂકોના રૂપમાં વર્ષો સુધી રાખી મૂકવામાં આવે તો ફરીથી પાણીની સાથે મિશ્રણ કરવાથી તેમની જીવનપ્રવૃત્તિ આગળ ચાલે છે અને આપણે જે ઊંધમાંથી જમણ કર્યા હોય તેમ પોતાની જિંદગી ફરીથી શરૂ કરે છે.

યુ ૧. સ ક્રિ. જુદું કરવું.
૨. [સં.] સ. ક્રિ. જોડવું; મેળવવું.
૩ સ ક્રિ. નિંદવું.
૪. સ. ક્રિ. બાંધવું.
૫. સ. ક્રિ. (ધાતુ) ભેળવવું; ભેળું કરવું; સેળભેળ કરવું; મિશ્રિત કરવું. તે ઉપરથી યુત, યુતિ, સંયુતિ, સંયુત વગેરે શબ્દો બનેલ છે.

યુ. ઑન. ઓ. [અં.] ન સંક્ષેપ: 'યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન'.

યુકેલિપ્ટસ [અં] સ. એક જાતનું ઝાડ. તેને પીપરના જેવાં પાન થાય છે. ફૂલ ઠોબળ ને આસમાની હોય છે. તેની બે જાત થાય છે. એકના પાનમાં લસણ જેવી વાસ અને બીજામાં લીંબુ જેવી વાસ આવે છે. આ ઝાડ વાવવાથી મચ્છરનો નાશ થાય છે. તેના પાંદડામાંથી તેલ નીકળે છે. પાંદડામાંથી દવાસણી બને છે. મુખ્યત્વે આ ઝાડ ઑસ્ટ્રેલિઆમાં થાય છે. ઑસ્ટ્રેલિઆમાંથી અહીં લાવીને તેને નીલગિરિ પર્વત પર રોપવામાં આવ્યા છે તેથી તેના તેલને નીલગિરિ તેલ પણ કહે છે. યુકેલિપ્ટસની વરાળથી બગડેલા મજ્જાતંતુવાળાને અને મેલેરિઆ તાવવાળાને તાજગી આપે છે. યુકેલિપ્ટસનું તેલ મલાનાં અને જાતીનાં દરદ ઉપર પણ કામ આવે છે.

યુક્ત ૧. પું. અશોકના સમયમાં રાજ્યની નિકાસની વ્યવસ્થા રાખનાર તથા કિલ્લાનું રક્ષણ રાખનાર મહેસૂલી ખાતાનો અધિકારી.
૨. [સં.] પું ઈશ્વર સાથે એકરૂપ થયેલ યોગી.
૩. પું ઉપરી અમલદાર
૪. પું. (પુરાણ) પાંચમા રૈવત મનુનો એક નામનો એક પુત્ર.
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૬. પું. સાથી; સોબતી.
૭. પું., ન. ચાર હાથનું એક માપ.
૮ ન. ધૂપસળી
૯ ન ન્યાયપૂર્વક મળેલું ધન.
૧૦ વિ એકઠું કરેલ
૧૧ વિ. કામમાં લેવાયેલ; વપરાયેલ
૧૨ વિ. જોડવેલું.
૧૩. વિ. ચાલાક; ચબરાક
૧૪. વિ જોડાયેલું; જોડેલું, સંયુક્ત.
૧૫. વિ. તલ્લીન; ઉત્સાહમાં મચેલું.
૧૬ વિ. નિપુણ; હોંશિયાર.
૧૭ વિ. નિયુક્ત બનેલ; નિમાયેલ.
૧૮. વિ મચેલું; મગ્ન થયેલું; આસક્ત.
૧૯ વિ, મળેલું; ભળેલું, ભળી ગયેલું.
૨૦ વિ. માફકસર; અવસ્થાસર; ઘટિત.
૨૧. વિ. યોગાભ્યાસી; યોગપ્રાપ્ત.
નિરાધેલું ચિત્ત જ્યારે આત્મામાત્ર કરી રહે, નિસ્પૃહી સમના સૌનો ત્યારે કહેવાય યુક્ત તે.
ગીતા પદ્યાનુવાદ
૨૨. વિ. યોગ્ય; લાયક; જોઈએ તેવું; ઘટતું; વાજબી; ઉચિત.
૨૩. વિ. ' વાળું ' અર્થમાં વપરાતો શબ્દ. જેમકે અપમાનયુક્ત
૨૪. વિ. વિશિષ્ટ.
૨૫. વિ. સાચું; ખરું. સત.
૨૬. વિ. સાબિત કરેલું
૨૭. વિ. સિદ્ધ કરેલું
૨૮ વિ. રિયલમત
૨૯. અ. બરોબર.

યુક્તાસંખ્યા [સં.] સ્ત્રી. બેરકી કરેલી સંખ્યા.

યુક્તસ્વર વિ. (સંગીત) સ્વરૈક્ય; લીન; સંગતસ્વર.

યુક્તા ૧. પું (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ તેમાં બે નગણ અને એક મગણ મળી નવ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. એલાપર્ણી; એલાનીનું ઝાડ.
૩. સ્ત્રી. ગુલાબનો છોડ.
૪. સ્ત્રી. રાસ્ના નામની ઔષધિ.

યુક્તાક્ષર [સં.] પું. જોડાક્ષર

યુક્તાત્મા ૧ [સં. યુક્ત (જોડેલું) + આત્મન્ (આત્મા)] પું. યુક્ત આત્માવાળો યોગી; નિષ્કામ કર્મયોગી.
૨. પું લાયક માણસ

યુક્તાયુક્ત [સં.] વિ. યોગ્યાયોગ્ય; સારુંનરસું.

યુક્તાહાર [સં.] પું જોઈએ તેટલો ખોરાક

યુક્તિ ૧. [સં. યુજ્ (જોડવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] પું. એક જાતનો અર્થાલંકાર; જ્યાં પોતાનો અર્થ ઢબૂકાવવાને ક્રિયા વડે બીજાનું વંચન કરવામાં આવે તેવો અલંકાર.
૨. સ્ત્રી અકલવાળી ગોઠવણ; રચના; ઢાવ.
૩ સ્ત્રી અનુમાન, અંદાજ
૪. સ્ત્રી (વેદાંત) અર્થનો નિશ્ચય
૫. સ્ત્રી. આધાર; દલીલ; વિતર્ક
૬. સ્ત્રી ઉક્તિનો એક ભેદ. તેને રૂઢિવિરુદ્ધ પદ્ય કહે છે
૭. સ્ત્રી ઉપયોગ; વપરાશ.
૮. સ્ત્રી. ઉપાય; યુક્તિ; તજવીજ.
૯. સ્ત્રી. કળા; કરામત; હિકમત; હુનર, કૌશલ, નવકોશ
યુક્તિ કરવી-રચવી-લડાવવી-વાપરવી = કૌશલ કરવી.
૧૦. સ્ત્રી. ઢાવતક; સુલઝાવ
૧૧. સ્ત્રી (અર્થાલં) મહોનું એકબીજા નજીક આવવું તે.
૧૨. સ્ત્રી. ચાલાકી; ચતુરાઈ; ખુબી.
૧૩ સ્ત્રી. મિશ્રલેખના; નકશો.
૧૪. સ્ત્રી. જોડાણ; જોડવું તે; એકઠું કરવું તે
૧૫ સ્ત્રી. ધાતુઓનું સંયોજન.
૧૬. સ્ત્રી. ધૂપસળે નાખવું તે
૧૭ સ્ત્રી ન્યાય
૧૮ સ્ત્રી પોતાના પક્ષનાં સાધક અને વિરુદ્ધ પક્ષના બાધક એવાં પ્રમાણો કહી બતાવવા તે.
૧૯. સ્ત્રી. પ્રમાણ
૨૦ સ્ત્રી પ્રવચનમાં પોતાનું વક્તવ્ય અમથી શરૂ કરવું તે
૨૧. સ્ત્રી પ્રશ્નોની સુસંગત સાંકળના
૨૨ સ્ત્રી. મંત્ર, જાદુ, જંતરમંતર
૨૩ સ્ત્રી. યુક્તપણું, યોગ્યતા; લાયકપણું
૨૪ સ્ત્રી. રચના; ગોઠવણ
૨૫. સ્ત્રી. રિવાજ; પ્રથા; રીત.
૨૬ સ્ત્રી વાક્ય.
૨૭ સ્ત્રી ચોરસ જુક્તિ.
૨૮ સ્ત્રી સરવાળો; કુલ સમૂહ
૨૯ સ્ત્રી (ન્યાય) સમય, ચોકસ.
૩૦. સ્ત્રી. હેતુ; કારણ; ઉત્પત્તિ.
૩૧. સ્ત્રી. હેતુનું યુક્તિપૂર્વક સાધકતા કે ગર્ભિત સમર્થન

યુક્તિપરાયણતા [સં.] સ્ત્રી. બુદ્ધિરસાનંદ; કેવળ તર્કવાદ. ' રેશનલિઝમ. '

યુક્તિપુરઃસર [સં.] અ. યુક્તિપૂર્વક; ચાલાકીથી
જાણીજોઈ જ્યારે જ્યારે સંગીતમાં રોકાય ત્યારે ત્યારે તેણે પોતાના પ્રેમીનું, પ્રેમીના કુટુંબનું નામ યુક્તિપુર સર ગીતમાં ગોઠવી દેવું
અપ્સરાખંડ

યુક્તિપૂર્વક [સં.] અ. ચાલાકીથી; હોંશિયારીથી.

યુક્તિપ્રધાન [સં] વિ. તાર્કિક; હેતુવાદી

યુક્તિપ્રયુક્તિ [સ] સ્ત્રી. ખરા નરસા ઉપાય કરવા તે; વિવિધ યુક્તિઓ અજમાવવી તે.

યુક્તિપ્રામાણ્યવાદ [સં.] પું. તર્કથી જે વસ્તુ તેજ અર્થ માનવાનો વાદ; બુદ્ધિવાદ; ' રેશનલિઝમ '.

યુક્તિપ્રામાણ્યવાદી [સં. યુક્તિપ્રામાણ્યવાદિન્] વિ બુદ્ધિ પ્રામાણ્યવાદી; તર્કપ્રામાણ્યવાદી; યુક્તિપ્રામાણ્યવાદમાં માનનાર; ' રેશનલિસ્ટ '.

યુક્તિબાજ ૧ વિ કસબી; હુન્નરી; કળમી.

૨. વિ. યુક્તિવાળું; ચતુર; કરામતી.

૩. વિ. શોખક.

યુક્તિબાજી ૧. સ્ત્રી. કળા; હિકમત.

૨. સ્ત્રી ધુમ્બાઈ.

યુક્તિમાન ૧ વિ. કસબી; હુન્નરી; કળમી; યુક્તિબાજ.

૨. વિ. ભોગવેલું

૩. [સં.] વિ. તર્કયુક્ત; તર્કયુક્ત

૪. વિ. યુક્તિવાળું; ચતુર; હોશિયાર; પ્રવીણ; કરામતી.

૫. વિ. શોખક.

યુક્તિવાદ ૧. પું. યુક્તિ પ્રયુક્તિ વાપરી પોતાનો મત સ્થાપિત કરવો એવો વિચાર.

૨. જુઓ યુક્તિપ્રામાણ્યવાદ.

યુક્તિવાદી ૧. [સં. યુક્તિવાદિન્] વિ. કાયા દલીલ કરનાર.

૨. વિ. સ્વતંત્ર વિચારક.

યુક્તિવાન જુઓ યુક્તિમાન

યુક્તિવાળું જુઓ યુક્તિમાન.

યુક્તિસિદ્ધ [સં.] વિ. દલીલ વડે સાબિત થતું; ન્યાય પ્રમા; પ્રમાયુક્તિસિદ્ધ; ન્યાયાનુસારી; યથાયોગ્ય

યુક્લિડ પું. ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં થઈ ગયેલ એક મોટા ગણિતજ્ઞાની. તે ગણિતજ્ઞાનનો અધ્યાપક હતો. તેણે ભૂમિતિ વિષયના અધ્યયનમાં પ્રવેશક તરીકે હાલ સમય પર્યંત અનિવાર્ય ગણાતા ભૂમિતિનાં મૂળતત્ત્વો ગ્રંથસ્થ કરી અમર કીર્તિ સંપાદિત કરી છે. ગણિત અને બીજગણિત જ્ઞાનના ક્ષેત્રમા વિકાસ થતાં તથા સર્વાંગપૂર્ણ આધુનિક પદ્ધતિની જરૂરિયાત જણાતા ભૂમિતિના મૂળતત્ત્વોની પ્રમાણભૂત મય તરીકેની આજની દિનપ્રતિદિન ઘટતી જાતી છે. યુક્લિડના આ ગ્રંથોના મૌલિક સર્જનના હિસ્સાનું પ્રમાણ સંક્ષેપરૂપ હોવા છતાં, તેના જ ગણાતા કેટલાક કોયડાના સૈદ્ધાંતિક ઉકેલો તેના મૌક પુરોગામીઓએ શોધી કાઢેલા એ નિર્વિવાદ છે.

યુગ ૧. પું. અવતાર; જિંદગી; જાર.

આ યુગે ધરીએ બાલ બ્રહ્મચર્ય સદ્ગુરુ,
દરિદ્રી લક્ષ્મી સેવાથી નાસમથ્થ દરિદ્રનું.
ગાંધીગીતા

૨. [સં. યુજ્ (જોડવું)] પું. કાલ; સમય; જમાનો; વખત; જુગ; મોટો લંબાયુ કાળ વિભાગ

૩. પું. કાલ ગણનાનો એક પ્રકાર; પાંચ વર્ષનો કાળ. કેટલાંક કોષ્ટકો:

ભૂમુ સંહિતા પ્રમાણે:

૨ માત્રા = અક્ષર
૨ અક્ષર = સ્વ
૨ સ્વ = ક્ષણ
૨૦ ક્ષણ = વિપલ
૬૦ વિપલ = પલ
૬૦ પલ = ઘટિકા
૬૦ ઘટિકા = અહોરાત્ર
૩૦ અહોરાત્ર = માસ
૧૨ માસ = અબ્દ
૫ અબ્દ = યુગ

અમ સંહિતા પ્રમાણે:

૨ ત્રુટિ = લવ
૨ લવ = નિમેષ
૫ નિમેષ = કાષ્ઠા
૩૦ કાષ્ઠા = કલા
૪૦ કલા = નાડિકા
૨ નાડિકા = મુહૂર્ત
૩૦ મુહૂર્ત = અહોરાત્ર
૧૫ અહોરાત્ર = પક્ષ
૨ પક્ષ = માસ
૨ માસ = ઋતુ
૩ ઋતુ = અયન
૨ અયન = સંવત્સર
૫ સંવત્સર = યુગ

૪. પું. કૃત, સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એવા પૌરાણિક રીતે પાડેલા કાળના ચાર મોટા ભાગ માહેનો દરેક ભાગ. તે દરેક અનુક્રમે ૧૭૨૮૦૦૦, ૧૨૯૬૦૦૦, ૮૬૪૦૦૦ અને ૪૩૨૦૦૦ અનુષ્ય વર્ષનો છે. ચારે મળીને ૪૩૨૦૦૦૦ વર્ષ થાય છે અને તે એક મહાયુગ કહેવાય છે. દરેક યુગની પહેલી સંધ્યા અને પાછળ સંધ્યાંશ આવે છે. સંધ્યા અને સંધ્યાંશ યુગથી $\frac{1}{10}$ ભાગના હોય છે. દરેક યુગનાં સંધ્યા અને સંધ્યાંશનો સમય આ પ્રમાણે છે:

૧. કૃતયુગ ૪૦૦૦ દેવના વર્ષ
સંધ્યા ૪૦૦
સંધ્યાંશ ૪૦૦
કુલ ૪૮૦૦ વર્ષ

૨. ત્રેતાયુગ ૩૦૦૦ દેવનાં વર્ષ
સંધ્યા ૩૦૦
સંધ્યાંશ ૩૦૦
કુલ ૩૬૦૦ વર્ષ

૩. દ્વાપરયુગ ૨૦૦૦ દેવનાં વર્ષ
સંધ્યા ૨૦૦
સંધ્યાંશ ૨૦૦
કુલ ૨૪૦૦ વર્ષ

૪. કલિયુગ ૧૦૦૦ દેવનાં વર્ષ
સંધ્યા ૧૦૦
સંધ્યાંશ ૧૦૦
કુલ ૧૨૦૦ વર્ષ

કુલ મહાયુગ ૧૨૦૦૦ દેવવર્ષ
૧ દેવવર્ષ = ૩૬૦ મનુષ્ય વર્ષ

કૃત ૪૮૦૦ × ૩૬૦ = ૧૭૨૮૦૦૦ વર્ષ
ત્રેતા ૩૬૦૦ × ૩૬૦ = ૧૨૯૬૦૦૦ વર્ષ
દ્વાપર ૨૪૦૦ × ૩૬૦ = ૮૬૪૦૦૦ વર્ષ
કલિ ૧૨૦૦ × ૩૬૦ = ૪૩૨૦૦૦ વર્ષ
મહાયુગ ૧૨૦૦૦ × ૩૬૦ = ૪૩૨૦૦૦૦ વર્ષ
૨૦૦૦ મહાયુગ = ૧ કલ્પ.

દેવતાઓનાં બાર હજાર વર્ષો પૂરાં થાય છે ત્યારે સંધ્યા અને સંધ્યાના અંશની સાથે જ સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એમ ચાર યુગ પૂરા થાય છે. તેનાં અનુક્રમે ચાર હજાર, ત્રણ હજાર, બે હજાર અને એક હજાર દેવતાઈ વર્ષો જાણવાં અને તે જ પ્રમાણે અનુક્રમે તે તે યુગની સંધ્યા તથા સંધ્યાના અંશનાં તે તે હજારથી બેઘડાં સો સો વર્ષ જાણવાં. એમ આઠસો, છસો, બારસો અને બસોની બેઠકર સંખ્યાવાળાં સંધ્યા તથા સંધ્યાના અંશની વચ્ચેનો જે કાળ તેને જ યુગ કહે છે.

૫. પું. ચાર હાથનું માપ.

૬. પું. ચારની સંખ્યા. યુગ ચાર છે.

૭. પું. જોડું; યુગલ; યુગ્મ.

વસત યુગ્મ યુગ્મ દંત દ્રમ હસત મિથુન સમ ભીમ;
પુલક ત્રિશૂર સદા વસો નંદલાલને હીમ.
પિંગળમધુકોષ

૮. પું. ધૂંસરું; રથ અથવા ગાડાની ધૂંસરી

૯. પું પાસાની રમતની ગોળ કોઠડીઓ.

૧૦ પું પાસાની રમતમા બે કોઠડીઓ જે એક જ ઘરમાં આવી બેસે છે તે

૧૧. પું જોડી સંખ્યા

૧૨. પું. વર્ષોનો લાંબો ગાળો. જમાનો.

૧૩ પું વૃદ્ધિ નામે ઔષધિ

૧૪. પું. ચકો; સંરત.

૧૫ ન. કવિતાની બે કડી

૧૬ સ ક્રિ. છાંડવું.

૧૭ સ ક્રિ. લાગવું. જોડવું

યુગતું ૧ [સં યુક્ત] વિ. યોગ્ય; આબરુ.

૨. વિ. સારું; જોબીનું

યુગદર્શક [સં.] વિ. યુગ બતાવનાર; સમયનો ખ્યાલ આપે એવું

યુગદર્શન [સં.] ન. યુગનો વિચાર કે આલેખન.

યુગદર્શી જુઓ યુગદર્શક.

યુગદૃષ્ટા [સં. યુગદૃષ્ટૃ] વિ. યુગને જોનાર કે પારખનાર.

યુગધર્મ [સં.] પુ. આશુ યુગનું કર્તવ્ય; અમુક યુગમાં બધા લોકોએ પાળવાનો ધર્મ; સમયોચિત કાર્ય; સમયાનુકૂળ ફરજ; યુગનો પ્રધાન ધર્મ

યુગધારી વું. (પિંગ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

યુગધારી આ વા ગા ગે રણછોડ

યુગધ્વજ [સં.] વું. સમયનો નેજો; વખતનો વાવટો

'પટમાં નવયુગરાતના પડતરના યુગમંદિરનું શિખર વાચનમાળારૂપે રચાયું; અને એ મંદિરશિખરને માથે કવિતાનો સુવર્ણકળશ સ્વરૂપી દલપતરામે નવયુગનો યુગધ્વજ ફરકાવ્યો.

કવીશ્વર દલપતરામ

યુગનાયક [સં.] વું. સમયનો નેતા.

યુગપ વું. (પુરાણ) એકમાની સંખ્યાવાળો એક દૈત્ય કે ગંધર્વ.

યુગપટ [સં.] વું. સમયનો વિસ્તાર.

આર્યસંસ્કૃતિનો ઇતિહાસ વિશાળ યુગપટ પર ફેલાયો છે. રમણલાલ દેસાઈ

યુગપતિ જુઓ યુગનાયક.

યુગપત્ર ૧. [સં.] ન. બે પાન સાથે હોવાં તે.

૨. ન. પદ્મમ કદનું એક જાતનું કાગળ; ડેમીકાર; પહોળી અખબાર.

યુગપત્રક જુઓ યુગપત્ર.

યુગપત્રસમીકરણ [સં.] ન. સદૃસમીકરણ; અનેક વર્ગ સમીકરણ.

યુગપત્સૃષ્ટિ [સં.] સ્ત્રી. દૃષ્ટિસૃષ્ટિવાદીઓને મતે એકક્રમ સૃષ્ટિની ઉત્પત્તિ કહેવામાં આવે છે તે. જેમ સ્વપ્નમાં દેખાતા પિતાપુત્રાદિક વહેલા મોડા ઉત્પન્ન થયેલા હોય એમ સ્વપ્નમાં લાગે છે, છતાં તે બધાંની ઉત્પત્તિ સ્વપ્નમાં એક સાથે જ માન છે એટલે જે વખતે જે વસ્તુ જોવામાં આવે તે વખતે જ તેની ઉત્પત્તિ માન છે તેમ આકાશ વગેરેની ઉત્પત્તિ વેદમાં અનુક્રમે કહેલી છતાં અવિદ્યા દોષથી તે એકક્રમ ઊપજે છે એ વાત જ ખરી છે એમ માનનારા દૃષ્ટિસૃષ્ટિવાદી એને યુગપત્સૃષ્ટિ કહે છે.

યુગપરિમાણ [સં.] ન. કલનું માપ; કલની મજૂતરી.

હાલનાં પંચાંગોમા યુગપરિમાણ આજ રીતિએ આપવામાં આવેલું છે.

ગીતારહસ્ય

યુગપરિવર્તક [સં.] વિ. યુગનું પરિવર્તન કરનાર; યુગના કાર્યમાં ફેરફાર કરનાર.

યુગપરિવર્તન [સં] ન. જમાનો ફરવો તે; યુગપલટો.

યુગપલટો વું. સમય પરિવર્તન; યુગનું બદલાવું તે; જમાનાફેર

આજથી હિન્દુસ્તાનનો નવો યુગપલટો થવા લાગ્યો છે, તે આજ પહેલું ગુજરાત આવે છે.

અરવી ગુજરાત

યુગપાર્શ્વક [સં.] વું. હળે જોડેલ બળદ.

યુગપાર્શ્વેગ વું. બળદ પલોટવાનું ગીતલું.

યુગપુરુષ [સં.] વું. યુગને દોરનાર પુરુષ.

રાષ્ટ્રપિતા જગદ્વંદ્ય મહાત્મા યુગપુરુષ,
વિરોધાભાસની મૂર્તિ આપુલ્ય ! કાલિકારી જો.

ગાંધીગીતા

યુગપ્રકાશક જુઓ યુગદૃષ્ટા.

યુગપ્રધાન વું. કોઈ યુગ કે સમયમાં સમસ્ત સમાજમાં બેઠ ધરાતો પુરુષ

એવા મહાન યુગપ્રધાન પુરુષ જોઈતા મિલવા નથી. પુરાતત્ત્વ

યુગપ્રવર્તક ૧. [સં.] વું. જેના મહાન પુરુષાર્થથી જગતમાં યુગાંતર થાય તે પુરુષ.

૨. વિ. યુગ પ્રવર્તાવનાર; યુગ બદલનાર; યુગ બનાવનાર; સર્જનહાર; નવો યુગ દાખલ કરનાર.

યુગપ્રશ્ન [સં.] ન. સમયનું જોર; જમાનાની અસર.

યુગબાહુ ૧. વું. જૈન સંપ્રદાયમાં થયેલ નમિ વિદેહીના પિતા; વિદેહ દેશના રાજા.

૨. [સં.] વિ. લાંબા હાથવાળું

યુગભોલ વું. અમુક સમય કે યુગને લાગુ પડતું વચન.

વલ્લભીપુર, અરબ, બગદાદ, સુરત, એ જગવિખ્યાત બંદરનાવિની ને લાખેર ખેડતી મુર્જર મહાકાળને સર્વકાળનો એ રત્નન્યાયક દલપતસટેરા હતો, માત્ર યુગબોલ નહિ; દલપતરામનો એ સનાતન રાજ્ય હતો.

કવીશ્વર દલપતરામ

યુગમ ૧ [સં. યુગ્મ] ન. જોડું; યુગ્મ

૨. ન. સ્ત્રીપુરુષ; દંપતી.

યુગમાન [સં] ન. કલ્પનું માપ

આ શ્લોક તે પહેલાંનાં યુગમાનના શ્લોક સિવાય ગીતામાં આવેલા છે. ગીતારહસ્ય

યુગમૂર્તિ [સં.] સ્ત્રી. યુગનો પ્રતિનિધિ; યુગનો ખ્યાલ આપનાર માણસ

યુગયામ [સં. યુગ્મ + યામ (પહોર)] વું. યુગ જેટલો વખત, યુગના જેટલા લાંબા પ્રકારવાળો સમય

યુગયુગ ૧. [સં.] વું. જુગેજુગ; અનંતકાળ સુધી.

૨. ન. દ્વમેણ.

યુગયુગપ્રાચીન [સં.] વિ. જૂનાજમાનાનું; જમાના જૂનું; બહુ પ્રાચીન.

ઇતિહાસના જગતીર્થ સરીખડા યુગયુગપ્રાચીન દેહલી ને આગ્રાનાં આમંત્રણ છે ઇતિહાસ ઉકેલણહારાને. નાનાલાલ

યુગયુગાંતરાલ [સં.] વું. અનેક યુગનો વખત

અહો યુગયુગાંતરાલ વનવોર વાસે મુતિ !
ન માર્ગ દીસતો અહીં અચલ મ્હારી શ્રદ્ધા ટુના.

પ્રરથન

યુગલ ૧. [સં. યુજ્ (જોડવું)] વું. બે સરખા સાહચર્યવાળી વસ્તુ; જોડું; દંપતી; જુગલ; યુગ્મ.

૨. ન. જોડું; દંપતી; જુગલ; યુગ્મ.

૩ ન. (સંગીત) તાલનાં મુખ્ય છ અંગોમાંનું ચોથું અંગ; ગુરુઅંગ; વક્ર; દીર્ઘ; દ્વિમાત્રિક; પૂર્ણ; વક્રી; ત્રિરાવૃત્યાવક્રો; આઠ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

૪ વિ. જોડ; બેની સંખ્યાવાળું.

યુગલક [સં.] ન. બે શ્લોકનું કાવ્ય.

યુગલનેતિ [સં.] સ્ત્રી. (યોગ) નેતિના બધા મંડોનો એક પ્રકાર. તે માટે દેશી અથવા ચીનાઈ સૂતરનો બાંધ વિનાનો ચીકણો નવ અથવા બાર વેત લંબાઈનો દોરો લેવો. તેના બંને છેડા ઉત્તરપુચ્છા રાખી વચ્ચેનો એક વેત જેટલો ભાગ વળ દીધા વિના રાખી બંને છેડાઓ ક્રમથી નાકનાં બંને છિદ્રોમાં નાખવા. તે છેડાઓ પાછા મુખદ્વારે ક્રમવાર બહાર કાઢી તે બંનેના છેડાઓને દૃઢ જોડવા. પછી તે નેતિને એકબાજુ ધીરેથી ખેંચી તેના બધેબધા બંને છેડાઓ નાક બહાર કાઢી, છોડી પછી સ વધાનત ી નાસિકાના એક છિદ્ર વડેથી તે નેતિ ધીરે ધીરે બહાર કાઢી લેવી. આ યુગલનેતિ કહેવાય છે

યુગલપાણિ [સં.] પુ. બે હાથ.

યુગલપાણિ જોરી કહે દયારામ હરિદાસ,

દયારામ

યુગલિયા વિ. (જૈન) જીવનો એક પ્રકાર. પહેલા યુગલિયાના નામથી ઓળખાતા મનુષ્યો આ ભરતક્ષેત્રમાં જ રહેતા હતા તે વખતે સમ

નગર કાર્ય વસેલાં ન હોતાં ઋષભદેવ પોતે પણ યુગલિયા તરીકે ઉત્પન્ન થયા હતા. યુગલિયાનું બાર્ય બેનનું જોડું સાથે ઉત્પન્ન થતું અને તેઓ પતિપત્ની તરીકે વ્યવહાર ચલાવતા. એક નવું જોડું તેઓનાથી જન્મ્યા પછી આગલું માતા પિતાનું જોડું મરી જતું. કલ્પવૃક્ષ તેઓને સર્વે પ્રકારની વસ્તુઓ પૂરી પાડતાં હતા.

યુગવર્તી [સં. યુગવર્તિન્] વિ. ચક્રવર્તી; યુગકારક; નવો યુગ પ્રવર્તાવે એવું.

યુગવિધિજ્ઞ [સં.] પું. તારીખો તાગ; 'પ્લેત'.

યુગવિભાગ [સં] પું. યુગ પ્રમાણે પાડેલ વિભાગ; સમયાનુસાર પાડેલ વિભાગ.

યુગસંક્રાંતિ [સં.] સ્ત્રી. યુગવિવર્તા; યુગપલટો. યુગપરિવર્તન.

યુગસંવત્સર [સં.] પું. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે પાંચ માહેનો એક સંવત્સર.

યુગસૃષ્ટા પું. યુગ ઉત્પન્ન કરનાર શ્રેષ્ઠ પુરુષ
નાનાલાલ કવિ એટલે અદ્વિતીય યુગસૃષ્ટા! અને દીર્ઘદર્શી દષ્ટા. ઉશનસ્ ૬. ૩૯૬

યુગંધર ૧ પું. એ નામનો એક પર્વત.
૨. પું. પૃથ્વીને ધારણ કરનાર બળદ.
૩. પું. (પુરાણ) યુયુધાનનું સાતવકિના દશ પુત્રોમાંનો એક. ભારતયુદ્ધમાં તે દ્રોણને હાથે મરણ પામેલ હતો.
૪. પું. રથની ઇંડી.
૫. પું. હરસ; એક જાતનો રોગ.
૬. ન. પલ્લવમાં આવેલું એ નામનું એક પ્રાચીન શહેર.

યુગાચાર [સં.] પું. યુગનો ખાસ આચાર; યુગધર્મ

યુગાચાર્ય [સં.] પું. યુગના આચાર્ય કે ગુરુ.

યુગાદ્યા [સં.] સ્ત્રી. જેમાંથી યુગનો આરંભ થયો હોય તેવી તિથિ સંવત્સરમાં આવી તિથિઓ ચાર છે. તે દરેકમાંથી એક એક યુગનો આરંભ થાય છે એમ મનાય છે. આ ચારે તિથિઓ શ્રેષ્ઠ અને શુભ મનાય છે. તેના પ્રકાર આ પ્રમાણે છે: (૧) વૈશાખ સુદ ત્રીજ-સત્યયુગના આરંભની તિથિ, (૨) કાર્તિક સુદ નોમ-ત્રેતાયુગના આરંભની તિથિ, (૩) ભાદરવા વદ તેરસ-દ્વાપરયુગના પ્રારંભની તિથિ અને (૪) પોષ મહિનાની અમાસ-કલિયુગના પ્રારંભની તિથિ

યુગાદ્યા ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના જમણા પગનો અંગૂઠો પડ્યો હતો.

યુગાનયુગ [સં. યુગ + અનુ (પછી) + યુગ] અ. યુગ પછી યુગ આવે તેમ; એક યુગ પછી બીજે યુગે; યુગોયુગ; ભવોભવ; જન્મોજન્મ.

યુગાનુકૂલ [સં.] વિ. યુગને અનુકૂળ; યુગને માફક આવે તેવું; જમાનાને ગમે તેવું, જમાનાને બોધ્ય.

યુગાનુયુગ જુઓ યુગાનયુગ.

યુગાવતાર ૧. [સ.] પું. યુગપ્રસિદ્ધ વ્યક્તિનો જન્મ થયો તે.
૨ જુઓ યુગપ્રવર્તક ૧.

યુગાંત ૧. [સં.] પું. પ્રલય; પ્રલયકાળ.
૨ પું. યુગનો અંત; આરે યુગનો છેડો. ત્યારે હિંદુઓના મત પ્રમાણે વિશ્વનો સદંતર નાશ થશે એમ મનાય છે.

યુગાંતર ૧. પું. આકાશનો બીજો વિભાગ.
૨. પું. બીજો યુગ; બીજો જમાનો
૩. [સં.] પું. યુગપલટો; સંક્રાતિકાળ; એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવાનો વખત
૪ ન ધુમરીનો એક જાત.

યુગેયુગ અ. વખતોવખત; દરેક ફરી ફરીને આવતા ગાળે; ભવોભવ. યુગાનુયુગ; જન્મોજન્મ.

યુગેશ [સં.] પું. ભૂકરપ્રતિનો બાર વર્ષના રાશિચક્રમાં ગતિ અનુસાર પાંચ પાંચ વર્ષના યુગનો અધિપતિ. જ્યારે ભૂકરપતિ માઘ મહિનામાં ધનિષ્ઠા નક્ષત્રના પ્રથમ અંશમાં ઉદય થાય છે ત્યારે આ ચક્રનો પ્રારંભ થાય છે. તેનાં બાર વર્ષના ગાળામાં પાંચ વર્ષના ચાર યુગ થાય છે, દરેક યુગના પાંચ વર્ષોનો યુગ અનુક્રમે સંવત્સર, પરિવત્સર, ઇદ્વત્સર, અનુવત્સર અને ઇદ્વત્સર કહેવાય છે.

યુગોયુગ જુઓ યુગેયુગ.

યુગ્મ ૧. [સં. યુજ્ (જોડવું)] ન. અર્ધ સમવૃત્તનું બીજું ને ચોથું ચરણ
અર્ધ સમવૃત્તનાં બીજું ને ચોથું ચરણ સમપદ કહેવાય છે અને તેના અનોજ, યુગ્મ, અયુગ્મક, યુજ એટલા નામ છે. નાગવરાદત્ત પાઠક.૭૩
૨. ન. જોડકું તે; મેળવવું તે.
૩ ન જોડાજોડ. સપ; જોટાનો.
૪ ન જોડું. યુગ્મ; દંપતી; વરવહુ.
યમલ યુગ્મ યુજ દ્વંદ્વ ઉભય મિથુન સમ બીજ,
પુગલ જિગોર સદા વસો નંદલાલને હીજ.
ચિત્રાલંકારકોશ
૫. ન. દેવો અને અસુરોના સંગ્રામ વખતે મહાદેવજીએ રચેલ આઠ માથાનું એક પ્રલયંકર ભૈરવવસ્ત્ર જેની જ્વાળાઓ ચાર હાથના હોય છે.
૬. ન. બગલો; બેની સંખ્યા.
૭. ન. બે કડીનું કાવ્ય. આવ્ય કાવ્યના બે પ્રકાર છે: પદ્ય અને ગદ્ય. જેમાં છંદોબદ્ધ પદસંતતિ હોય છે તે પદ્ય કહેવાય છે. એકજ શ્લોકનું કાવ્ય યુક્તક કહેવાય છે, એનું યુગ્મ કે યુગ્મક અને પદ્યનું કુલક કહેવાય છે
૮. ન. મિથુનરાશિ
૯. ન. યુગલ; જોડ; બેલડું.
૧૦. ન. સમરાશિ.
૧૧. ન. સંગમ
૧૨. વિ (જ્યોતિષ) શુભ તિથિ અથવા શુદ્ધિ તિથિ હોય તેવું
૧૩. વિ. બેની સંખ્યાનું.

યુગ્મક જુઓ યુગ્મ

યુગ્મકપક્ષ પું. ઊલટા ક્રમથી બે કે બધુ સૃષ્ટિનો બનેલો પ્રકારનો સૃષ્ટિક

યુગ્મકકોષ્ઠ [સં.] પું. ખૂણાનો એક પ્રકાર; વ્યુત્ક્રમકોષ્ઠ; ' ઓલ્ટર્નેટ એંગલ '. એક સીધી લીટી બે સીધી લીટીને છેદે ત્યારે આઠ ખૂણા બને છે. ચાર, બે સીધી લીટી વચ્ચેના આંતરમાં, અને ચાર બહારના આંતરમાં. તેમાં અંદરના ચાર કોણમાંના, જે બે ખૂણા છેદનારી લીટીની સામસામી બાજુએ આવેલા હોય પણ સંલગ્ન ન હોય તેવા બે કોણના જોડાને યુગ્મકોણ કહે છે.

યુગ્મગીત [સં] ન. ભાગવતમાં આવતી વિષ્ણુની એક સ્તુતિ.

યુગ્મજ ૧. [સં.] ન. બેબકું
૨. વિ. જોડકામાં અવતરેલું.

યુગ્મતિથિ [સં.] સ્ત્રી. યુગ્મતિથિ અથવા શુદ્ધિ તિથિ

યુગ્મદેવ [સં.] પું. અશ્વિનીકુમાર; સૂર્યના જોડપુત્રો. બંને દેવોના વૈદ્ય હતા અને ખાસ કરીને તેમણે સુકન્યાવિદ્યા બીજાની હતી.

યુગ્મપત્ર ૧. [સં.] પું. ત્રાંબનાર વૃક્ષ; ભોજપત્રનું ઝાડ.
૨. પું. બે પાન સાથે હોવાં તે.

યુગ્મપત્રા [સં.] સ્ત્રી. દરિયાવેલ. તેનાં પાન વાટી ઝાડા, ગૂમડાં, પાઘા પર બંધાય છે.

યુગ્મપત્રી [સં. યુગ્મપત્રિન્] વિ. બે પાન સાથે જોડાતાં હોય તેવું.

યુગ્મપદ [સં.] ન. કોઈ પદ્યનું રાશિનું બીજું અને ચોથું પદ.

યુગ્મફલિની [સં] સ્ત્રી. દૂધી.

યુગ્માવિપુલા પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ; વિપુલા. તે અનુષ્ટુપનો ભેદ છે.

યુગ્માક્ષર [સં] પું. ભોંયાસુરણ.

યુજ્ ૧. [સં.] સ. ક્રિ. આપવું; અર્પવું; એનાયત કરવું

૨. સ. ક્રિ જોડવું; મેળવવું, એકત્ર કરવું; યોજવું; સાંધવું; બંધવું તેના ઉપરથી યુક્તિ, પ્રયુક્તિ, યુગ, યુગ્મ, યુક્ત, સયુક્ત વગેરે શબ્દ બનેલા છે

૩ સ ક્રિ તૈયાર કરવું; ગોઠવવું

૪ સ ક્રિ. ધૂસરી નાખવી.

૫ સ ક્રિ. નિમણૂક કરવી

૬ સ ક્રિ નિંદવું; તિરસ્કાર કરવો,

૭. સ ક્રિ. પૂરું પાડવું.

૮ સ ક્રિ. મનમાં સમાધાન કરવું

૯ સ ક્રિ વશમાં મેરાવવું.

યુજ ૧. પું લાલરંગનો ઘોડો

૨ પું. મનની સમ વિષમો ગતિ.

૩. [સં] ન. (પિંગળ) અર્ધ સમવૃત્તનું બીજું અને ચોથું ચરણ; અનોજા; યુગ્મા; યુગ્મક.

યુટોપિયા [અં.] પું. આદર્શ સમાજવ્યવસ્થા અને સુખસંપત્તિવાળો કાલ્પનિક બેટ કે તેવો પ્રદેશ અથવા સ્થિતિ

યુટિલિટેરિઅનિઝમ [અં.] ન. આચાર વ્યવહારમાં ઉપયોગીપણું એ જ નીતિ એવો મત; કોઈ કામ સારું છે કે ખોટું તે ફળવાનું સાધન તેનું ઉપયોગીપણું છે તેવો મત; ઉપયોગીપણું એ જ નીતિ તેવો મત

યુત ૧. [સં.] ન. બાર હાથનું એક માપ.

૨. વિ. જોડું; જોડ્યા; સાથક; બરાબર.

૩. વિ. ભળેલું; સંયુક્ત; જોડેલું.

૪ વિ. મળેલા; મળેલું; મિશ્રિત.

૫. વિ. યુક્ત; વાળું; સયુક્ત; સહિત; થી બનેલ.

યુતક ૧. [સં.] પું આશ્રય; વિશ્રામ.

૨. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સહીનું વર્ણનો છે. તેના પહેલા ચરણમાં સગણ, બે જગણ, ભગણ, ગુરુ અને લઘુ એમ ચૌદ અક્ષર હોય છે, બીજા ચરણમાં તગણ, ભગણ, રગણ, સગણ, અને લઘુ એમ તેર અક્ષર હોય છે, ત્રીજા ચરણમાં જગણ, બે જગણ, ભગણ, ગુરુ અને લઘુ એમ ચૌદ અક્ષર હોય છે અને ચોથા ચરણમાં નગણ, બે સગણ, અને બે જગણ એમ પંદર અક્ષર હોય છે.

૩ પું જોટો; જોડું

૪. પું. પગનો આગળનો ભાગ.

૫. પું પાલવ, ઓઢ; સ્ત્રીના વસ્ત્રનો છેડો

૬. પું. મિત્રતા કરવી તે

૭. પું વિવાહ વખતે આપેલી બક્ષિસ,

૮. પું. શક; સંશય; સંદેહ.

૯ પું સુપડાનો આગલો ભાગ.

૧૦ પું. ઓનું વસ્ત્ર.

૧૧ ન યુગ

૧૨ વિ યુક્ત; જોડેલું.

૧૩ વિ સયુક્ત, મિશ્રિત

યુતરૌપ્યજાતિ [સં.] સ્ત્રી. (રસાયન) લોઢ પૂણ રસમમાં તેના જ અડધા ઉમેરવામાં અને પરિણામમાંથી તેના અડધો ભાગ કરવા એમ ઉમેરો તથા બાદબાકી બંને જેમા અટકી જાય તેવી સંશ્લિષ્ટની રીત.

યુતા [સં] વિ સ્ત્રી યુક્તા; સયુક્ત; યુક્ત.

યુતિ ૧. [સં. યુ (જોડવું)] સ્ત્રી. એક નક્ષત્ર દ્વારા બીજા નક્ષત્રનું આચ્છાદન; પાસ.

૨ સ્ત્રી કુલ સંખ્યા; સરવાળો.

૩. સ્ત્રી. જોડવું તે; જોડી દેવું તે.

૪. સ્ત્રી. બે જ્યોતિનો ભોગ સરખો થાય તે.

૫. સ્ત્રી. મેળાપ; મળવું તે; યોગ; સયોગ; મિલન.

યુતિકાલ [સં.] પું. તારા અથવા નક્ષત્રોનો મેળાપનો સમય.

યુતિયોગ [સં.] પું. મેળાપ; સાથે મળી જવું તે

યુધ્ ૧. [સ.] સ. ક્રિ. લડવું; બાથવું; ઝઝૂમવું; સામું થવું. તે ઉપરથી યુદ્ધ, યોધપુર, યોદ્ધો, યુધિષ્ઠિર, યોધ વગેરે શબ્દ બનેલ છે.

૨. સ. ક્રિ. લડાઈમાં હત મેળવવી.

યુધા [સં.] સ્ત્રી. લડાઈ; યુદ્ધ.

યુધામન્યુ [સં. યુધિ (યુદ્ધમાં) + મન્યુ (ક્રોધ)] પુ. (પુરાણ) ભારતયુદ્ધમા પાંડવપક્ષનો પાંચાલ રાજા. તે સ્વતંત્ર યુદ્ધ કરનાર હતો. તેના રથના ઘોડાનો રંગ કાબરો હતો પછીથી તે યુધિષ્ઠિરનો અંગરક્ષક થયો હતો. યુદ્ધ સમાપ્ત થયા પછી રાત્રે તંબૂમાં સૂતો હતો ત્યારે અશ્વત્થામાને હાથે તેનું મૃત્યુ થયું હતું.

પરાક્રમી યુધામન્યુ ઉત્તમૌજા ચ વીર્યવાન્,
સૌભદ્ર દ્રૌપદે ચૈ ચ સર્વ એ ચ મહારથી.

ગીતાનુરોધત

યુધિષ્ઠિર [સં. યુધિ (યુદ્ધમાં) + સ્થિર] પું (પુ) પાંચ પાંડવોમાં સૌથી મોટો; પાંડુ રાજાને પૃથા અને કુંતી નામની સ્ત્રીની કુખે થયેલા ત્રણ પાંડવોમાં સૌથી મોટો પુત્ર. તે યમ અથવા ધર્મના અંશ પ્રમાણેની જન્મ્યો હતો માટે ધર્મરાજ એવા નામથી પ્રસિદ્ધ હતો. તેનો સ્વભાવ પાપભીરુ, દયાળુ અને પ્રાણીમાત્રનું મિત્રત્વ સંપાદન કરે તેવો હોવાથી તેનો કોઈ દ્વેષ કરતું નહિ. માટે તેને અજાતશત્રુ કહેતા. તે રથવિદ્યામાં પ્રવીણ હતો. અશ્વરત્નોનો તેણે સારો અભ્યાસ કર્યો હતો. તેમનું ઐશ્વર્ય જોઈને દુર્યોધનને યુધિષ્ઠિર તરફ દ્વેષબુદ્ધિ ઉત્પન્ન થઈ અને જૂને મિષે તેની દ્રૌપદી સહિત બધી સંપત્તિ હરી લીધી. ધૃતરાષ્ટ્રે તેની બધી હોજત પાછી આપી, પણ ફરીથી જો યુધિષ્ઠિર હારે તો બારેબારો અને દ્રૌપદી સહિત બાર વરસ વનવાસ અને એક વરસ ગુપ્તવાસ રહે તેવી શરત કરી તેમને બોલાવ્યા. વનવાસમાં ધૌમ્ય ઋષિને તે સાથે લઈ ગયા હતા. અજ્ઞાતવાસને માટે પૂર્વમત્સ્ય દેશના વિરાટ રાજાની નગરીમાં ગયા. ત્યાં યુધિષ્ઠિરે કંક નામ ધારણ કર્યું. અજ્ઞાતવાસ પૂરો થતા જ, યુધિષ્ઠિરે રાજ્યનો અર્ધો ભાગ દુર્યોધન પાસે માગ્યો અને કૃષ્ણને વિષ્ટિ કરવા મોકલ્યા, પણ કંઈ પરિણામ આવ્યું નહિ તેથી મહાભારતનું યુદ્ધ થયું. યુધિષ્ઠિર પોતાના હાથમાં માહેંદ્ર નામનું ધનુષ્ય રાખતો. યુદ્ધકાળે અનંતવિજય નામનો શંખ તે વગાડતો. તેના રથના અશ્વો હાથીદાંતના રંગના હતા અને તેના ઉપરની ધ્વજામાં સુવર્ણનો ચંદ્ર અને નક્ષત્રચક્ર એવા ચિહ્ન હતાં. કૌરવોનો પરાજય થવાથી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો જ્ઞાનિવધનું પાપ ધોવાને માટે યુધિષ્ઠિરે અશ્વમેધ આરંભ્યો. તેમાં તેણે અનેક બ્રાહ્મણોને નિમંત્રી તેમને યથેચ્છ અન્નદાન અને સુવર્ણદાન આપ્યું. તેણે સર્વત્ર મર્યાદાયુક્ત ધર્મનું સ્થાપન કરી પાંત્રીસ વર્ષપર્યંત પ્રજાની નીતિયુક્ત રાજ્ય કર્યું અને છત્રીસમે વર્ષે કૃષ્ણનું મૃત્યુ થયું સાંભળી હસ્તિનાપુરના રાજ્ય ઉપર અર્જુનના પુત્ર પરીક્ષિત રાજાને સ્થાપી, મારે ભાઈઓ અને દ્રૌપદી સહવર્તમાન હિમાલય તરફ પ્રયાણ કર્યું અને ઉત્તમલોકને પ્રાપ્ત કર્યો.

ધર્મરાજ અજાતરિપુ કૌંતેય ને કૃષ્ણરામ,
નૃપતિ યુધિષ્ઠિર સમ કુંવરી તારા સમ તુજ માઈ.

પિંગળપ્રકાશ

યુધિષ્ઠિર જયંતી સ્ત્રી. આસો સુદ પાંચમનો દિવસ.

યુધિષ્ઠિર રાઠ [સં] પું એ નામનો વિક્રમમાં પ્રવર્તનારો રાજા. આ રાજા માગશર માસ કૃષ્ણપક્ષથી શરૂ થતો. વિક્રમ સંવત પછી તે જ્યારે પડ્યો આ સાલ ૩,૦૪૪ વર્ષ ચાલ્યો હતો.

યુધિષ્ઠિર સંવત પુ. ભારતીય જ્યોતિષ માંડનો એક સંવત. તેનો પ્રારંભ ઈ. સ પૂર્વે ૩,૧૦૨થી છે. તેને કલિયુગ સંવત અને ભારતયુદ્ધ સંવત પણ કહે છે ભારતના યુદ્ધમા વિજય પ્રાપ્ત કરવાથી રાજા યુધિષ્ઠિરને રાજ્ય મળ્યું હતું, તેથી તે સંવતને આશ્રય કરીને યુધિષ્ઠિર સંવત પણ કહેવામાં આવે છે.

યુદ્ધ ૧ ન. (અમોગ) ઝઘડો પરસ્પર વિરોધ

૨ [સં. યુધ્ (લડવું)] ન. લડાઈ; સંગ્રામ; વિગ્રહ; વહવાડ; મારામારી; જંગ. પ્રાચીન કાળમાં યુદ્ધના બે પ્રકાર હતા: દ્વંદ્વ અને નિર્દ્વંદ્વ. જે યુદ્ધમાં કૃત્રિમ કે અકૃત્રિમ દુર્ગની અંદર રહીને શત્રુ સામે લડે તેને દ્વંદ્વયુદ્ધ કહેતા હતા. પણ જ્યારે દુર્ગમાંથી બહાર નીકળીને સામસામા ખુલ્લા મેદાનમાં લડે તેને નિર્દ્વંદ્વયુદ્ધ કહેતા નિર્દ્વંદ્વયુદ્ધમાં સમપ્રદેશમાં રથયુદ્ધ, વિષમમાં હસ્તિયુદ્ધ, મરુભૂમિમાં અશ્વયુદ્ધ, પર્વતો વગેરેમા પત્તિયુદ્ધ અને જળમા નૌકાયુદ્ધ કરવામા આવતુ હતુ.

યુદ્ધ, આયોધન, જન્ય, પ્રધન, પૃતનારણ, મૃધ, આરોહન, સંખ્ય, સમીક, સાપરાયિક, સમર, અનીક, રણ, કલહ, વિગ્રહ, સપૂહાર, અભિસંપાત, કલ, સરોઢ, સંયુગ, અવયાનર્દ, સમાઘાત, સંગ્રામ, અવયાગમ, આહવ, સમુદાય, સયત, સમિતિ, આજિ, સમિત, યુધ. આ બધાંએ નામ યુદ્ધના છે. અમરકોષ

૩. વિ. જિતાયેલ.

૪ વિ. લડાયેલ.

યુદ્ધકક્ષ [સં.] ન. યુદ્ધ વખતે કરેલુ કરજ; 'વૉર લોન'.

યુદ્ધકેદી પું. યુદ્ધ દરમ્યાન પકડાયેલો શત્રુપક્ષનો સૈનિક.

યુદ્ધજ્વર [સં.] પું. બેક જાતનો તાવ; 'ઈન્ફ્લુએંઝા'. બીજો ઈન્ફ્લુએંઝાને આ નામથી ઓળખવા લાગ્યા કારણ કે મહાયુદ્ધમાંથી પાછા ફરેલા સૈનિકો તે રોગને આપણા દેશમાં લાવ્યા હતા.

યુદ્ધતહકૂબી સ્ત્રી. બોજા વખત માટે યુદ્ધ બંધ કરવુ તે

યુદ્ધદંડ [સં.] પું. લડાઇની નુકસાની; લડાઈનો દંડ.

યુદ્ધનિષેધ [સં.] પું. યુદ્ધની સર્વથા મના; યુદ્ધનો સર્વથા નિષેધ.

યુદ્ધભૂમિ [સં.] સ્ત્રી સમરાંગણ, લડાઈનું મેદાન

યુદ્ધયોગ સ.] પુ. યુદ્ધ સારી કે આવશ્યક વસ્તુ ક અને માન્ય છે તેવો વાદ; 'મિલિટરિઝમ'

યુદ્ધવાંછુ [સ] વિ લડાઇની ઇચ્છા રાખનાર; યુદ્ધની રમૂજવાળુ, યુદ્ધેચ્છુ.

યુદ્ધવિદ્યા [સં.] સ્ત્રી. લડાઈ સબંધી વિદ્યા; લડવાની યુક્તિઓ, રચનાઓ અને ગોઠવણો વગેરે સબંધી જ્ઞાનનો સમૂહ; લડવાની કળા અને શાસ્ત્ર. આ વિદ્યામાં મલ્લયુદ્ધ, શસ્ત્રસંધાન, અસ્ત્રનિપાતન, વ્યૂહરચના, ગજાદિત, નખ્યાધિનિગ્રહરક્ષ નામની કળાઓનો સમાવેશ થાય છે

યુદ્ધવિરાડ (યુદ્ધવિરાડ) પું. (વિશેષ) બેક અર્ધમાત્રાવૃત્ત વર્ણમેળ છંદ. તે સરોજ વર્ગનો છે. તેને કોઈ છંદ પણ કહે છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ત્રગણ, સગણ, જગણ, અને બે ગુરુ બેમ અગિયાર અક્ષર અને બીજા તથા બોથા ચરણમા તગણ, જગણ, રગણ અને ગુરુ બેમ દસ અક્ષર હોય છે.

યુદ્ધવિરામ [સં.] પું. લડાઈનું બંધ પડવું કે અટકવુ તે.

યુદ્ધવિશારદ [સં.] વિ. લડાઈમાં પ્રવીણ

અન્ય બધા ગુણોને જે ગૌણ અર્થે લક્ષ્ય કર્યા,
રાજાઓ નિપુણો છે સર્વે યુદ્ધવિશારદ.

નીલાનુરંજન

યુદ્ધશાસ્ત્ર [સં.] ન. યુદ્ધવિદ્યા; લડાઈને લગતું શાસ્ત્ર

યુદ્ધશાસ્ત્રજ્ઞ [સં.] વિ. યુદ્ધ શાસ્ત્રને જાણનાર.

યુદ્ધશાળી [સં. યુદ્ધ + શાલિન્ (વાળું)] વિ. લડાયક; યુદ્ધ કરી શકે તેવું; શૂરવીર; બહાદુર.

યુદ્ધેચ્છુ [સં.] વિ. યુદ્ધની ઇચ્છાવાળું; યુદ્ધની જિજ્ઞાસાવાળુ.

યુદ્ધોત્તર [સં.] વિ. યુદ્ધ પછીનું; યુદ્ધ પૂરા પછીના કાળમાં કરવાનું કે હાથ ધરવાનું. મહાત્માજી કહે છે કે, આજે યુદ્ધનો અંત આવ્યો કહેવાય છે પણ યુદ્ધોત્તર દશા પ્રત્યક્ષ યુદ્ધ જેવાનું હતું તે દરમિયાન થયેલી દશાથી બે બાબતે જુદી છે. હકારી તાકાતથી નાઝારી આ પરથી સાબિત થાય છે

યુનાન [અ.] પું. ગ્રીસ દેશ.

યુનાઇટેડ સ્ટેટ્સ [અં] પું. પશ્ચિમ ગોળાર્ધનો બેક સમૂહ દેશ; અમેરિકા

યુનાની ૧ [અ] વ. યૂનાની વૈદ્ય.

૨. વિ. ગ્રીકનું.

૩. વિ. યુનાની

૪ વિ. યૂનાન દેશનું, યૂનાન સબંધી

યુનિટ ૧. [અં.] પું. બેક જાતનો અત્યો

૨. પું. બીજાઓનો પ્રવાહ તથા વધારાનુ પાણી બેક ઠેકાણે; મૂળ ઘટક. બેક કારખાનામાં વપરાતી બેઠીવરની સંખ્યાને ધોરણથી મુખ્યવાર્યો પરિણામ ધોટ અથવા ધોટકારક થાય છે. આવા બેક હજાર ધોટકારક થાય એટલે બેક યુનિટ કહેવાય છે.

યુનિફોર્મ [અં.] પું. બેક સરખો પોશાક; સ્વાંગ

યુનિયન [અં.] ન. સંગઠન; બૈકય

યુનિયન જેક [અં] પુ. ઇંગ્લંડ, સ્કોટલંડ, અને આયર્લંડના સંયુક્ત રાજ્યનુ રાજ્યધ્વજ; બ્રિટિશ સરકારના વાવટાનું નામ; બ્રિટિશ સામ્રાજ્યનો વાવટો.

યુનિવર્સલ લૉ [અં.] પું. કુદરતનો નિયમ કે કાયદો

યુનિવર્સિટિ ૧. [અં.] સ્ત્રી કોઈ પણ સંયુક્ત મંડળી, રાજ્ય તેમ જ ધર્મસંસ્થાઓ માન્ય કરેલું અભ્યાસક્રમ મંડળ

૨. સ્ત્રી વિદ્યાપીઠ; જેમાં ઊંચી વિદ્યાશાળા; વિશ્વવિદ્યાલય; સારસ્વતપીઠ. યુનિવર્સિટિનો ખરો અર્થ એ છે કે યુનિ એટલે બેક અને વર્સ એટલે જ્ઞાન, એટલે જે બેક જ્ઞાનથી બધુ જાણી શકાય તેવુ જ્ઞાન જ્યાં મળે તેને યુનિવર્સિટિ કહી શકાય. વિદ્યાર્થીઓ સ્વાવલંબી બને, નિરાધાર ન રહે એ જ યુનિવર્સિટિ શિક્ષણનો સાચો અર્થ છે. જ્ઞાન જ્યોતના ભંડારરૂપ યુનિવર્સિટિની એ સૌથી પ્રથમ ફરજ છે કે તેણે દેશના ખૂણે ખૂણામાં પોતાનો સદ્વિચારરૂપી તેજસ્વી પ્રકાશ ફેલાવી દેશને જ્ઞાનસમૃદ્ધ બનાવવો. યુનિવર્સિટિની ફેલોશીપ હિંદ દુનિયાની બધી મુખ્ય મુખ્ય પ્રજાઓના કરતાં સૌથી વધારે પાછળ છે, કેમકે લડાઈ પહેલાં વસ્તીના પ્રમાણમાં યુનિવર્સિટિમાં વિદ્યાર્થીનું પ્રમાણ નીચે પ્રમાણે હતું: જર્મનિ ૧ : ૧૬૦, બ્રિટન ૧ : ૮૨૭, યુનાઈટેડ સ્ટેટસ ૧ : ૨૪૫, રશિઅ ૧ : ૩૦૦, હિંદ ૧ : ૨૨૦૬. ૩,૯૯,૫૨,૩૭૭ની પ્રજાને માટે ઉગ્રહમાં ૧૨ યુનિવર્સિટિઓ છે, જેનેહામાં ૧,૧૫,૯૧,૬૫૫ની વસ્તીને માટે ૧૮ યુનિવર્સિટિઓ છે, ઓસ્ટ્રેલિઅમા ૭૧,૯૧,૬૨૪ની વસ્તી માટે ૬ યુનિવર્સિટિઓ છે, યુનાઈટેડ સ્ટેટસમાં ૧૪,૧૧,૧૬,૨૭૫ની વસ્તીને માટે ૧,૭૧૦ યુનિવર્સિટિઓ છે, જ્યારે હિંદમા ૩૧,૯૬,૬૭,૬૫૧ની વસ્તીને માટે ૫.૭ ૧૮ યુનિવર્સિટિઓ છે.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આપણી ગુજરાત યુનિવર્સિટિ દ્વારા સમાજની બુદ્ધિમત્તા ઉચ્ચતર બને. પ્રેમતુ જ્ઞાનસ્ત્ર બીજે, કાર્યની ભાવના વિશુદ્ધ બને, સેવાની મહેચ્છા સુપરે ખીલે, પુનની વિચારસરણિ સમૃદ્ધ તેમ જ સંગમ બને, રાજસત્તાનો અમલ સરલ થાય અને અંતર ઉચ્ચતમ્યવહાર શુદ્ધ બને!

ગુજરાતના સ્નાતકપદીને

યુનો [અં.] સ્ત્રી. સયુક્ત રાષ્ટ્રસમ્ય નામની સસ્થા; ' યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન '

યુરેનિયમ ન. સખ્તરી ક્રાયત્ત તથા નૃત્યમાં વપરાતું એક જાતનું પિત્તળનું વાજું. જુદા જુદા સૂર કાઢવા માટે તેમાં જથ્થુ ચારી રાખવામાં આવે છે.

યુગ્મોદ [અં.] સ્ત્રી સમુદ્રના પાણીની અંદર ઘોડી; ' સબમરિન '.

યુયુત્સા ૧ [સં] સ્ત્રી. યુદ્ધેચ્છા; લડાઈની ઇચ્છા. લડવાની આકાંક્ષા.
૨. સ્ત્રી. શત્રુતા; વિરોધ.

યુયુત્સુ ૧. વું ધૃતરાષ્ટ્રનો એક દાસીપુત્ર. તે શૂરો અને મહારથી હતો; પરંતુ યુદ્ધ પ્રસંગે પાંડવપક્ષમાં જઈને હતો. પાંડવપક્ષમાં રહી તેણે ઉલૂકની સામે યુદ્ધ કર્યું હતું. યુધિષ્ઠિર નિવૃત્ત થયા ત્યારે તેણે યુયુત્સુ રાજ્યની સ્થાપના કરી હતી.
૨. વું. યુદ્ધ પ્રવૃત્ત રાજા; લડાઈમાં રોકાયેલો રાજા.
૩. [સં.] વિ. લડવાની ઇચ્છાવાળું; યુદ્ધેચ્છુ.

યુયુધાન ૧. [સં.] વું. ઉંદરનું એક નામ.
૨. વું. ક્ષત્રિય.
૩ વું. યોદ્ધો; લડવૈયો.
૪. વું. (પુરાણ) સોમવંશી વૃષ્ણિપુત્ર કોષ્ટાના વંશના જ્યમધ્ય કુલોત્પન્ન શિનિનો પૌત્ર અને સત્યકનો પુત્ર; સાત્યકિ; શૈનેય. તેણે અર્જુન પાસેથી ધનુર્વિદ્યા શીખી લીધી હતી. યુદ્ધમાં તેનું હસ્તલાઘવ સરસ હતું. તે શ્રીકૃષ્ણનો સારથિ હતો.

એમાં શૂર ધનુર્ધારી ભીમાર્જુન સમા રહે,
યુયુધાન વિરાટ છે ને દ્રુપદ મહારથી
ભીતડુવિખન

યુરલ ૧. વું. એશિયા અને યુરપ વચ્ચે આવેલ પર્વત
૨. સ્ત્રી. એ નામની યુરપખંડની એક નદી.
૩. સ્ત્રી. યુરલ પર્વતની આસપાસ બોલાતી ભાષા.

યુરિઆ [અં.] સ્ત્ર. પેશાબમાંનું એક મુખ્ય મનદ્રવ્ય; એક જાતનો ક્ષાર. શરીરના સ્નાયુ ઇંધણરૂપ નાઇટ્રોજનવાળા ભાગોનો નાશ થતાં તેનો બધો ભાગ યુરિઆના રૂપમાં પેશાબ વાટે બહાર પડે છે અને જો ન પડે તો લોહીમાં જ તે રહે તો તેનું ઝેર ચડે છે તેથી યુરેમિયા નામનો રોગ થાય છે તથા બેશુદ્ધિ અથવા આંચકો થઈ મૃત્યુ થાય છે. યુરિઆ શરીરને નિરુપયોગી અને હાનિકારક દ્રવ્ય છે.

યુરેથીઆમ [અં.] સ્ત્રી. એ નામની એક ધાતુ. તેના ક્ષારમાંથી રેડીઅમ કાઢવામાં આવે છે.

યુરેનસ [સં.] વું હર્શલ નામે પ્રખ્યાત જ્યોતિષીએ ઈ. સ. ૧૭૮૧ ના માર્ચની ૧૩મી તારીખે શોધેલો એક ગ્રહ. બીજા ગ્રહોમાંના જ્યોતિષીઓએ આ નવા ગ્રહને તેના શોધકનું નામ હર્શલ આપ્યું. બીજા મતોને પાશ્ચાત્યોએ જે નામ આપેલાં છે તે પ્રાચીન ગ્રીક અને રોમન લોકોના દેવતાનાં નામ છે. તે પ્રમાણે જ આ ગ્રહને પણ નામ આપવું એવો વિચાર પાછળથી થયો પ્રાચીન ગ્રીક દેવતાઓમાં સેટર્ન એ જ્યુપિટરનો પિતા છે એટલે સેટર્નની પેઠી પાર હોનાર ગ્રહને સેટર્નનો પિતા એટલે જ્યુપિટરનો પિતામહ અને સર્વ દેવોમાં વડીલ જે યુરેનસ તેનું નામ આપવું એવો વિચાર થયો ને તે પ્રમાણે યુરેનસ નામ આપ્યું. જનાર્દન ભાગાજી મોદક યુરેનસ અને નેપ્ચ્યુન માટે વરુણ પ્રજાપતિ અને વરુણ એ નામ બોલ્યાં હતાં અને તે સંજ્ઞાઓ અનુક્રમે બોલ્યા જ હતી. યુરેનસ જ્યુપિટરનો પિતામહ હતો. આપણા પ્રજાપતિ સમજી પ્રજાઓના પિતામહ છે ને ગ્રીકાદિની પણ પ્રાચીન છે. નેપ્ચ્યુન જળનો દેવતા હતો. આપણો વરુણ પણ જળનો જ દેવતા છે. યુરેનસ કરતાં નેપ્ચ્યુન પ્રાચીન નથી એવી ઘરપીઅન નામોની યોજનામાં આવ્યા છે તે બાબ પણ આપણા સંસ્કૃત નામોમાં નથી, કારણ પ્રજાપતિ કરતાં વરુણ પ્રાચીન છે અને એમ છે. યુરેનસને સૂર્ય આસપાસ પ્રદક્ષિણા કરતાં ૮૪ વર્ષ લાગે છે, તેનો વ્યાસ આશરે ૩૧,૦૦૦ માઈલનો છે. તે એક રાશિમાં ૭ વર્ષ રહે છે. આકાશે જ્યુ વર્તુલના તારા જેટલો તે તેજસ્વી છે. તેની આસપાસ ચાર ઉપગ્રહ છે તે શુમારે ૨।।, ૪, ૮।।, ૧૩।। દિવસમાં પ્રજાપતિ એટલે યુરેનસની આસપાસ પ્રદક્ષિણા કરે છે. આ ઉપગ્રહોની આખી સૂર્યમાળામાં એક વિલક્ષણ વાત છે. તેમની કક્ષાઓને ક્રાંતિવૃત્ત સાથે શુમારે ૭૯° કાટખૂણો છે એટલે તે સૂર્યમાળામંના અન્ય ઉપગ્રહની માફક પશ્ચિમથી પૂર્વ બાજી ન ફરતાં ઊલટા ફરે છે એમ કહીએ તો ચાલે. પ્રજાપતિ ઉપરની દિવા સંબંધે તેમને જોવો હોય તો તે દક્ષિણથી ઉત્તર તરફ ફરે છે એમ કહીએ તો ચાલે પ્રજાપતિ અતિ દૂર હોવાના કારણે તેની શારીર બટના જોવા સંબંધમાં દૂરબીનનો એક પણ પ્રયત્ન ચાલી શકતો નથી. શનિ ઉપર જેટલો સૂર્ય પ્રકાશ પડે છે તેનો ત્રીજો ભાગ પ્રજાપતિ ઉપર પડે છે. પ્રજાપતિ ઉપર સ્થાયી ચિહ્નો મુદ્દલ દેખાતાં નથી. આને લીધે તેને અક્ષપ્રદક્ષિણામાં કેટલો વખત લાગે છે તે પણ સમજાતું નથી. પ્રજાપતિના વાતાવરણમાં હાઇડ્રોજન વાયુ મુખ્ય ઘટકતત્ત્વ છે. નાઇટ્રોજન, કાર્બોનિક એસિડ, પાણીની વરાળ એનાં કોઈ પણ ચિહ્ન પ્રજાપતિ ઉપર દેખાતાં નથી. પ્રાણવાયુ તો પ્રજાપતિ ઉપર હોવાનો સમળાનો સમજાતો નથી.

યુરેનીઅમ [અં.] ન. એ નામની એક ધ.તુ. તે ભારેમાં ભારે છે. તેનો પરમાણુ હલકામાં હલકા હાઇડ્રોજન વાયુના પરમાણુ કરતાં ૨૩૮ ગણો ભારે છે. હેન્રી બેકરેલ નામના વૈજ્ઞાનિકે તેના ઉપર પ્રયોગો કર્યા. તેણે યુરેનીઅમ કપાઉંડમાંથી ઉદ્ભવતાં જે કિરણો પ્રકાશના આધારે ઉત્પન્ન થતાં માન્યાં હતાં તે તેને સ્વયં પ્રકાશિત માલૂમ પડ્યાં. મહિનાઓ સુધી અંધકાર વચ્ચે રાખ્યા છતાં તેના અંતર્ગત કિરણો પ્રકાશી શકતાં હતાં.

યુરેમિઆ [અં.] વું. મૂત્રપિંડનો એક જાતનો રોગ; સીયતામેહ. તે બંદરનો રોગ નથી પણ બહારનો રોગ છે. મૂત્રપિંડ જ્યારે કામ કરી શકતું નથી ત્યારે આ રોગ થઈ આવે છે. યુરિઆ નામનો ક્ષાર લોહીમાં દાખલ થવાને કારણે આ રોગ થાય છે. તેના મુખ્ય ત્રણ પ્રકાર મનાય છે: (૧) તીવ્ર એટલે એકપુટ, (૨) જૂનો એટલે ક્રોનિક અને (૩) દમવાળો એટલે અસ્થમિક. યુરેમિયાના પહેલા પ્રકારમાં મગજનાં જ્ઞાનતંતુઓને મુશ્કેલી પડે છે. બીજા પ્રકારમાં મગજ અને જ્ઞાનશક્તિના વિભાગો સાથે સંબંધ છે અને ત્રીજા પ્રકારમાં શ્વાસનળીમાં દરદ થાય છે. સંપૂર્ણ આરામ એ આ રોગનો પહેલો ઉપચાર છે. પેશાબ તથા ઝાડો સંપૂર્ણ સાફ રાખવો જરૂરી છે. મોસંબી, સંતરાં, લીંબુનું પાણી અને ચરબી વગરના ખોરાક આપવાની જરૂર છે. નાળિયેરનું પાણી, જવનું પાણી વગેરે મૂત્રલ ઔષધો આપવાથી ફાયદો થતો મનાય છે.

યુરોપ [અં. યરપ] વું. પૃથ્વીના પાંચ ભાંડેનો એક ખંડ: જૂની દુનિયાનો દૂર પશ્ચિમનો સૌથી નાનો ખંડ. તેનું ક્ષેત્રફળ ૩૭,૫૦,૦૦૦ ચોરસ માઈલ છે આ ખંડની પૂર્વપશ્ચિમ લંબાઈ ૩,૪૦૦ માઈલ અને ઉત્તરદક્ષિણ પહોળાઈ ૨,૪૦૦ માઈલ છે. આ ખંડનો લગભગ તમામ ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો છે, એટલે આ ખંડ પૂર્વપશ્ચિમ ૯ પશ્ચિમરેખાંકથી ૬૬ પૂર્વ રેખાંશ સુધી અને ઉત્તરદક્ષિણ ૩૬ ઉત્તર અક્ષાંસથી ૭૧ ઉત્તર અક્ષાંસ સુધી આવેલો છે. રેખાંશના અંતર પ્રમાણે તેના પૂર્વ અને પશ્ચિમ ઉંડાણના સ્થાનના સમૂહમાં ૫ કલાક જેટલો તફાવત પડે છે.

યુરોપા વું. ગુરુના સાત માંહેનો ત્રીજો ઉપગ્રહ. તેની શોધ ઈ સ. ૧૬૧૦માં થઈ હતી. ગુરુથી તેનું અંતર ૪૧૪ મગંજ છે તેનો વિક્ષેપ ૪ અંશ ૫ કળા છે. તેનો વ્યાસ ૨૧૦૭ માઈલ છે અને પ્રદક્ષિણાકાળ ૩ દિવસ ૫ કલાક ૧૪ મિનિટનો છે.

યુરોપિયન ૧. [અં.] પું. અંગ્રેજ.
૨. પું. યુરપનો વતની.
૩. વિ. યુરપખંડને લગતું; યુરપનું, યુરપ સંબંધી.

યુરોપી સ્ત્રી. યુરપમાં બોલાતી ભાષા.

યુરોપીય જુઓ યુરોપિયન.

યુવક [સં. યુવન્] પું. જુવાન; સોળથી ચાલીસ વર્ષ સુધીની અવસ્થાવાળો પુરુષ.

યુવકપ્રવૃત્તિ સ્ત્રી. યુવાનોની હિલચાલ.

યુવકમંડળી ન. યુવકોનો સંગઠિત સમૂહ કે સંસ્થા.

યુવકસંઘ જુઓ યુવકમંડળ.

યુવતી ૧. સ્ત્રી. (જ્યોતિષ) કન્યા રાશિ.
૨. [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી; જુવતી; યૌવના; સોળથી ત્રીસ વર્ષની વયની સ્ત્રી; તરુણી.

> દંતો ડોહિ સહિત, અધરે લાલ, રસાલ, હસાંતી,
> કેડ કૃશા, ચકિત મૃગી શી દૃષ્ટિ, ગભીર નાભિ;
> ઘણોથી કૈં નમતી, ગતિએ મંદ, નિતંબ ભારે,
> પહેલી લાગે પછી યુવતી શું વિધિએ, ત્યાં વસે જે.
> મેઘદૂત

૩. સ્ત્રી. નવમકાર્કિકા; મોગરો.
૪. સ્ત્રી પ્રિયંગુ
૫. સ્ત્રી. હળદર.

યુવનાશ્વ ૧. પું. એ નામના એક ઋષિ.
૨. પું. (પુરાણ) સૂર્યવંશી ધુંધુમાર કુલોત્પન્ન આર્દ્ર રાજાનો પુત્ર. તેનો પુત્ર માંધાતા રાજા હતો.
૩. પું. (પુરાણ) સૂર્યવંશી ધુંધુમાર કુલોત્પન્ન પ્રસન્ન અથવા પ્રસેનજિત રાજાનો પુત્ર. તેને સૌદુમ્નિ પણ કહ્યો છે. તેને સો સ્ત્રીઓ હતી છતાં પુત્ર ન હતો. તેથી ઉદાસ થઈ અરણ્યમાં તે ફરતો હતો. તે વખતે એક ઋષિના આશ્રમમાં તે રાત રહ્યો હતો. ત્યાં પુત્રપ્રાપ્તિ સારુ મંત્રેલું પાણી પીવાથી તેનો પોતાના જ ઉદરે ગર્ભ રહ્યો હતો તેથી તેને માંધાતા નામે પુત્ર થયો હતો.

યુવરાજ ૧. પું. એક જુદ્ધ.
૨. [સં.] પું. જુવાન રાજકુવર; પાટવીકુવર; રાજપુત્ર. રાજાનો મોટો દીકરો

યુવરાજપદ ન. યુવરાજપણું; યુવરાજની પદવી કે સ્થાન, ગાદીવારસનું પદ; પાટવીકુવરનો અધિકાર.

યુવરાજરાજ્ય [સં.] ન. એક રાજાનું મરણ થયા રાજ્યલાભ અને બીજા રાજાનો રાજ્યાભિષેક એ બેની વચ્ચેના ગાળાનો રાજ્યસમય.

યુવરાણી ૧. [સ.] સ્ત્રી. નાની જુવાન રાણી
૨. જી પાટવી કુંવરની વહુ; યુવરાજની રાણી

યુવરાણી જુઓ યુવરાજ્ઞી.

યુવા ૧. પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. [સં. યુવન્] પું. યુવક; જુવાન માણસ; સોળથી ચાલીસ વર્ષ સુધીનો જુવાન પુરુષ.
૪. સ્ત્રી. યુવાની; યૌવન; જુવાની
૫. ન. અહોરાત્રના સંવત્સરનાં સાઠ માંહેનું નવમું વર્ષ.
૬. વિ. જુવાન; સોળથી ચાલીસ વર્ષ સુધીની ઉમરનું.
૭. વિ. ઉત્તમ; ઉત્તમ.

યુવાન ૧. પું. યુવાવસ્થામાં આવેલ પુરુષ; સોળથી ચાળીસ વરસની વયનો મરદ; જુવાન માણસ; વયસ્ક; તરુણ, કુવા.
૨. વિ. ઉમરમાં આવેલું; પ્રજોત્પત્તિની યોગ્ય વયે આવેલું; તરુણ; યુવાવસ્થામાં આવેલું; જુવાન.
૩. વિ. મજબૂત; તંદુરસ્ત.

યુવાવસ્થા [સં.] સ્ત્રી. જુવાનીનો કાળ; યૌવનાવસ્થા; તારુણ્ય; યૌવન.

યુવાશ્વ પું. એ નામનો મિસરના રાજાનો એક અતિ રૂપવાન યુવાન. તેના ઉપર રાજાની રાણી સુમેખા પ્રેમવશ થઈ હતી. તે ઉપરથી પુરાવૃત્તોમાં નામનું ઠારસી ભાષામાં એક પ્રેમાખ્યાન રચવામાં આવેલ છે.

યુવેરચનાણી સ્ત્રી. ગળું અને મધ્ય કાનની વચ્ચે આવેલી શુમારે દોઢ બે ઇંચ લાંબી નળી. તે દ્વારા બોલવાની ક્રિયા મધ્ય કાનમાં આવે છે.

યુંજાનયોગી ૧. પું. અભ્યાસની ન્યૂનતા વડે ડોઈવાર સમાધિમાં હોય અને ડોઈવાર સમાધિમાંથી બ્યુત્થાન પામે તેવો યોગી.
૨. પું. ચિંતન કરવાની સાથે જ જેને સઘળું જ્ઞાન થાય તેવો યોગી.

યૂ ૧. [હિં.] સ્ત્રી. બ્રેસામણ.
૨. સ્ત્રી. જેમાં ઢોરને વગેરે પલાળેલ ઘોળ તે પાણી
૩ જ આ
૪. વિ. આ

યૂક ૧. પું. અજમા.
૨. પું. ઊંબરો.
૩. [સ.] પું. જૂ.
૪. પુ. માકડ
૫ ન. અંગ્રેજીનું એક માપ.

૮ લિક્ષા = ૧ યૂક
૮ યૂક = ૧ યવ
૮ યવ = ૧ અંગુલ.

યૂકા જુઓ યૂક.

યૂત ૧ ન. મિશ્રણ.
૨ [સં.] વિ. ભેળવેલું; સંકળાયેલું.

યૂતિ [સં.] સ્ત્રી. મિશ્રણ; ભેળવણ.

યૂનિક [સં.] ન. એક જાતનું કઠોળ વૃક્ષ. પશુમાં સોમરસ કાઢવા માટે તે વપરાય છે.

યૂતિદોષ પું. (જૈન) ઉદ્ગમ દોષના સોળ માંહેનો એક ભેદ.

યૂથ ૧. [સં.] ન. ટોળું; સમૂહ; મંડળ; જથ્થો; પશુ, પક્ષી વગેરેનો સજાતીય સમુદાય.

> વિસહ નિવહ સંદોહ ઓઘ યૂથ માત વ્રત જાત,
> એક અનંત સમાજ બહુ સ્તોમ ગ્રામ સંઘાત.
> ત્રિવિક્રમપ્રકોષ

૨. ન. દળ; સેના; ફોજ.

યૂથકર્મ [સં. યૂથકર્મન્] ન. કેળવાયેલ હાથીના ટોળામાં બિનકેળવાયેલ હાથીને રાખી તેને કામ કરતાં શિખડાવવું તે; કેળવવાની ક્રિયા.

યૂથગત ૧. [સં.] પું. ટોળામાં રહે તેવો ભોળો હાથી.
૨. વિ. પાળેલા હાથીના ટોળાના સહવાસથી તેમની સાથે રહેતા શીખેલું.

યૂથચારિતા સ્ત્રી. સખાં, સોબતીઓ તથા જનતા તરફનો પ્રેમ.

યૂથચારી [સં યૂથ + ચારિન્ (વિચરનાર)] વિ. ટોળામાં વિચરનાર; ટોળે મળીને ફરનારું તેવું.

યૂથનાથ ૧. [સં.] પું. ટોળાનો ઉપરી; નાયક; નેતા.
૨. પું. સેનાપતિ; સરદાર.
૩. પું. હાથીઓનો સરદાર; ગજરાજ; યૂથપ.

યૂથપ જુઓ યૂથનાથ.

યૂથપતિ જુઓ યૂથનાથ.

યૂથપશુ ન. પશુના ટોળાદીઠ એક એક પશુનો ગુજરાતમાં સોલંકી રાજાઓના વખતમાં લેવાતો કર.

યૂથપાલ જુઓ યૂથનાથ.

યૂથભ્રષ્ટ [સ.] વિ. સજાતીય જથ્થાથી જુદું પડેલું.

યૂથવૃત્તિ [સં] સ્ત્રી. સંપવૃત્તિ; ટોળામાં રહેવાની પ્રેરણા; સમચર; યૂથ સ્વભાવ.

યૂથિકા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, નગણ, ભગણ અને રગણ મળી બાર વર્ણ આવે છે. તેમાં ત્રીજા અક્ષર ઉપર વિસ.મો આવે છે.

૨. સ્ત્રી અજ્ઞાનક.
૩. સ્ત્રી. ઝંખવાડ; વેરવા.
૪. સ્ત્રી. જૂથ નો વેલો
દરિણી ગણિકા યૂથિકર હેમ પુષ્પકા લેઈ,
યૂથી યૂથી તજ ભમી પૂજ્ય કીયે મન મોહિ
વિજયશેઠપુરોધ

યૂથી જુઓ યૂથિકા ૩, ૪.

યૂન [ય્] ન. લસણ

યૂનક [હિં] પું. ઢોરાંનો ખોળ.

યૂનાન [ફા.] પું. ગ્રીસ દેશ.

યૂનિ ૧. [સં.] ન. મિશ્રણ.
૨. ન. સંયોગ.

યૂની [સં] સ્ત્રી. જુવાન સ્ત્રી.

યૂપ ૧. [સં.] પુ. યજ્ઞસંબંધી પશુઓ; બલિદાનનું પશુ; બકરું; બલિપશુ; ભૂત
૨. પું. યજ્ઞશાળામાં યજ્ઞના પશુને બાંધવાનો થાંભલો; યજ્ઞસ્તંભ.
યૂપને ઉદ્દી, પશુઓને મારી લોહીનો કાદવ બનાવી જો સ્વર્ગમાં જવાનું હોય, તો કોણ નરકે જાય ? પુરંદર
૩. પું. યજ્ઞમંડપમાંના મિલ્ક માટેનો સ્તંભ.
૪ પું. વિજયસ્તંભ; વિજય બતાવવા માટેનો થાંભલો.

યૂપકર ૧. [સં.] પું. યજ્ઞના પશુને બાંધવાના સ્તંભની જેમ
૨. વિ. યજ્ઞસ્તંભ જેવી સુંવાળું

યૂપકર્ણ [સં.] પું. યજ્ઞના પશુને બાંધવાના સ્તંભનો એક ભાગ. તેના ઉપર થી ચડે અભિષેક કરવામાં આવે છે.

યૂપકેતુ [સં.] પુ. સુરિશ્રવાનું એક નામ.

યૂપદારુ [સં] ન. યજ્ઞનું પશુ બાંધવા માટેના થાંભલાનું લાકડું

યૂપધ્વજ [સં.] પું યજ્ઞ

યૂપયોગ [સં] પું. (જ્યો.નિષ) જન્મપત્રિકાના પ્રમાણે જન્મકુંડલીમાં આવતો એક શુભ યોગ.

યું [હિં.] અ. આમ; આ રીતે; આ પ્રકારે.

યે ૧. [હિં.] સ આ; એ; તેઓ
૨ અ પણ; મુદ્દાનું ભાર મૂચક શબ્દ; કોઈક વિશેષ માત્રાથી. આ શબ્દ ક્યારેક કોઈ પણ બે વસ્તુની સરખામણી કરવી હોય છે ત્યારે જ વપરાય છે.
પણ કલ્પેલ તેનાં છે ચિહ્નો કઈક આપણે.
કે તેની પ્રતિમાઓ યે વિવિધ દહિયે હતી.
માધવીકંકણ

યોચ્છ્વાસ ૧. પું અંત; કેડો.
૨. પું. શુદ્ધિ, પવિત્રતા.
૩. [ઞ. ધ્યચ્છ્વાસ] પું. સ્નેહ; પ્રેમ.

યોજન પુ જપેનનો ભગવાન પચાસ યોજન કે પચાસ આનાની કોમતનો ચલણી સિક્કો.

યોજનકેન [સં.] અ. કોઈ પણ રીતે; જે તે ઉપાયથી.
સર્વત્ર યોજનકેન ઉપાયે રે,
આવે અષ્ટપે રે વેરૂડાયે રે,
તે ચતુર્ભુજ ચરણે ચિત્ત નમ્ર ચાલે રે,
જ્ઞાનમાર્ગે શ્રીહરિસ્વ મળે રે.
નરસૈયો

યોજનકેન પ્રકારેણ [સં] અ. કોઈ પણ રીતે; ગમે તે પ્રકારે; ગમે તેમ કરીને; જેમ તેમ કરીને.

યોજનગંધા સ્ત્રી. એક્સિની એ નામે એક નદી; આસિકની નદી.

યોજનભૂયસ્કાર પ્ર. પદ્ય મતે કામ કરવાની રીત; પદ્ય સંખ્યાના પ્રકારોના મત અનુસાર નિર્ણય કરવાની રીત. કામ કરવાની આ રીત પાણી બાબતમાં પૈ-ભૂયસ્ક સિક્કાના નામે ઓળખાતી. તે શબ્દનું સંસ્કૃતમાં રૂપાંતર પૈ-ભૂયસીક એટલે જેઓ સોંપી વધારે સંખ્યામાં હોય તેમ ક્રમ કરવાની રીત થાય છે.

યોજનસેલમ ન. જેરૂસાલેમ નામનું પેલેસ્ટાઈનનું શહેર.

યોજનસ્થા સ્ત્રી. એ નામની એક દેવી. તે ગ્રામદેવતા તરીકે પૂજાય છે. બેલગ્રામમાં યેલ્લમાની ટેકરી ઉપર તેના માનમાં દેવળ બાંધેલું છે. તે દેવી જમદગ્નિની પત્ની રેણુકા મનાય છે. દેખાવમાં આ દેવી વિકરાળ છે. તેના માથા ઉપર સર્પનું છત્ર હોય છે. તેના ચારે હાથમાં સર્પ વીંટળાઈને રહેલ છે. તે ડમરુ, ત્રિશૂળ, ખાપરો અને ખોપરી અનુક્રમે હાથમાં અનુક્રમે એમ રાખે છે.

યોદ્ધ ૧. [હિં.] સ. આ.
૨. સ. આશ્ચર્યનો ઉદ્ગાર.
યોદ્ધ નહિ ઘરિ નારી કુઈ સદા,
તે ઘર ઉચ્ચટ તુ કુઈ કદા.
તાલ્યપસમય

યો ૧. [હિં.] સ. આ
૨ અ બારે મૂકવા તથા તુચ્છતા બતાવવા વપરાતો અક્ષર. જેમકે, દેકાળિયો, ડાહ્યિયો વગેરે

યોક ૧ પું. આસ્ત્રોનો એ નામનો દેવ. તેની મૂર્તિ ઘોડાના આકારની છે. ઓરાઙ અને કમદન કોમ તેને પૂજતી. યોક મોટો ભક્ત હતો. તેના મરણથી લોકો બહુ દિલગીર થયા.
૨ ન. ઉડિઆ રજવાડાનું શહેર

યોગ ૧. [સં.] પું. ધાતુપાઠમાંના જણ ધાતુનો એક પ્રકાર; વ્યુત્પત્તિથી બનતા શબ્દનો અર્થ; વાક્યાર્થ
૨ પુ (ચિમણ) આકાની સંજ્ઞા
૩. પુ સંકેત; સંજ્ઞા.
૪. પુ ઉદ્યોગ; ઉદ્યમ
૫ પુ ઉપયોગમાં લઈકરવું તે; યોજના
૬. પુ ઉપયોગિતા; ઉપયોગી હોવાપણું
૭. પુ ઉપાય; ઇલાજ; સાધન; સાહિત્ય; સામગ્રી.
૮. પું. (ચિમણ) એ નામનો એક માત્રામેળ છંદ તેમાં અંતે યગણ આવે છે તેમાં ૧૪, ૧૭ અને ૧૯ માત્રાએ તાલ આવે છે
૯ પું. કર્મ બાંધવાનાં અનેક માર્ગનું એક નામ્નુ મન, વચન અને કાયાને અશુભ કાર્યમાં પ્રવર્તાવવાથી જે અધ્યવસાયની મલિનતા જણાય છે તેથી કર્મબંધ થાય છે. તે યોગ નામનું કર્મબંધનું ત્રીજું કારણ છે.
૧૦. પું. અંત; ઉત્સાહ
૧૧ પું. ચંદ્ર કે સૂર્યના અમુક સ્થાનમાં આવવાથી બનતા સત્તાવીસ વિશિષ્ટ અવસરમાનો પ્રત્યેક. દરેક યોગ આશરે ૬૦ ઘડી સુધી રહે છે. ચંદ્ર સૂર્યની ગતિનો સરવાળો ૧૩ અંશ ૨૦ કળા થવાને જેટલો કાળ લાગે તે યોગ કહેવાય છે. ચંદ્ર સૂર્યના ભોગનો સરવાળો કરીને તેના ઉપરથી ૮૦૦ કળાનો સરવાળો થવાને જે કાળ લાગે છે તેને યોગ કહે છે. પંચાંગમાં યોગનાં નામનો સમાવેશ કરવાની પદ્ધતિ વરાહમિહિર પછી પ્રચારમાં આવી એવો તજ્જ્ઞોનો મત છે. યોગ સત્તાવીસ છે: વિષ્કંભ, પ્રીતિ, આયુષ્યમાન, સૌભાગ્ય, શોભન, અતિગંડ, સુકર્મા, ધૃતિ, શૂળ, ગંડ, વૃદ્ધિ, ધ્રુવ, વ્યાઘાત, હર્ષણ, વજ્ર, સિદ્ધિ, વ્યતિપાત, વરીયાન, પરિઘ, શિવ, સિદ્ધ, સાધ્ય, શુભ, શુક્લ, બ્રહ્મા, ઐંદ્ર અને વૈધૃતિ. વળી આનંદ, કાળદંડ, પ્રજાપતિ, શુભ, સૌમ્ય, ધ્વાંક્ષ, ધ્વજ, શ્રીવત્સ, વજ્રયોગ, મુદ્ગર, છત્રયોગ, મિત્ર, મનોહર, કપ, સુંદર, પ્રવાસ, મરણ, સિદ્ધિ, વ્યધિ, સિદ્ધ, શુભ, અમૃત, મૂસલ, ગજ, માતંગ, સ્થિર, પ્રિય, સ્થિર અને વર્ધમાન એવાં પણ યોગનાં અઠ્ઠાવીસ નામ છે.
૧૨. પું. ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો તે; આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરે દ્વારા અંતઃકરણની ઈશ્વર સાથે એકતા કરવાની માર્ગ; પતંજલિ મુનિએ ખોળી કાઢેલી ઇચ્છિત સાધવાની એક રીત. યોગ-દર્શનકાર પતંજલિએ આત્મા અને જગતના સંબંધમાં સાંખ્યદર્શનના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન અને સમર્થન કર્યું છે. પતંજલિના યોગદર્શનને સમાધિ, સાધન, વિભૂતિ અને

કૈવલ્ય એ ચાર પાદ કે જ્ઞાનમાં વિભક્ત કરવામાં આવેલ છે. સમાધિ પાદમાં એ બતાવવામાં આવ્યું છે કે, યોગના ઉદ્દેશ્ય અને લક્ષ્ય શું છે અને તેનું સાધન કયા પ્રકારે થાય છે. સાધન પાદમાં ક્લેશ, કર્મવિપાક અને કર્મફલ વગેરેનું વિવેચન છે. વિભૂતિ પાદમાં યોગનાં કયાં કયાં અંગ છે, તેનું પરિણામ શું આવે છે અને તેના દ્વારા અણિમા, મહિમા વગેરે સિદ્ધિઓની કેવી રીતે પ્રાપ્તિ થાય છે વગેરે આપેલ છે. કૈવલ્ય પાદમાં કૈવલ્ય કે મોક્ષનું વિવેચન કરવામાં આવેલું છે. સંક્ષેપમાં યોગદર્શનનો મત એવો છે કે: મનુષ્યને અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ પ્રકારના ક્લેશ થાય છે અને તેને કર્મનાં ફળો અનુસાર જન્મ લઇને આયુષ્ય વિતાવવું પડે છે અને ભોગ ભોગવવા પડે છે. પતંજલિએ આ બધાંથી બચવાનો અને મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય યોગ બતાવ્યો છે અને કહ્યું છે કે, ક્રમાનુસાર યોગનાં અંગોનું સાધન કરતા મનુષ્ય સિદ્ધ થઈ જાય છે અને છેવટે મોક્ષ મેળવી લે છે. યોગ આચરનાર સંસારને દુઃખમય અને હેય માને છે આર્યમહારથીઓએ અધિકારભેદથી જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, મંત્રયોગ, રાજયોગ, હઠયોગ, લયયોગ વગેરે અનેક માર્ગ પ્રવર્તાવ્યા છે. યોગવાસિષ્ઠમાં યોગ શબ્દનો અર્થ સંસારસાગરમાંથી તરવાની યુક્તિ એમ કરેલો છે. વાણીનો નિરોધ, પરિગ્રહનો પરિત્યાગ, આહારનિયમપૂર્વક, શુદ્ધિપૂર્વક ક્રિયા કરવાનો અભ્યાસ અને સર્વદા એકાંતમાં રહેવાનો સ્વભાવ એ બધાં યોગનાં પ્રથમ દ્વાર છે. તેઓ પુરુષ કે જીવાત્માના મોક્ષને માટે યોગ જ એક માત્ર ઉપાય માને છે. પતંજલિએ ચિત્તની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, નિરુદ્ધ અને એકાગ્ર એ પાંચ પ્રકારની વૃત્તિઓ માની છે અને તેનું નામ તેઓએ ચિત્તભૂમિ રાખ્યું છે અને કહ્યું છે કે, સંપ્રજ્ઞાતની પ્રથમ ચિત્તભૂમિઓમાં યોગ થઈ શકતો નથી. કેવલ છેલ્લી બેમાં જ થઈ શકે છે આ બે ભૂમિઓમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એવા બે પ્રકારના યોગ થઈ શકે છે જે અવસ્થામાં ધ્યેયનું રૂપ પ્રત્યક્ષ રહે છે તેને સંપ્રજ્ઞાત કહે છે. અસંપ્રજ્ઞાત અવસ્થામાં કોઈ પણ પ્રકારની વૃત્તિનો ઉદય થતો નથી અર્થાત્ જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ નથી રહેતો, માત્ર સંસ્કાર બાકી રહે છે. આને જ યોગની અંતિમ ભૂમિ માનવામાં આવે છે અને તેની સિદ્ધિ થવાથી મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. ચિત્તની વૃત્તિઓને રોકવાના ઉપાય તરીકે અભ્યાસ અને વૈરાગ્ય, ઈશ્વરનું પ્રણિધાન, પ્રાણાયામ અને સમાધિ, વિષયોથી વિરક્ત થવું વગેરે બતાવ્યાં છે. એમ પણ કહ્યું છે કે, જે લોકો યોગનો અભ્યાસ કરે છે તેઓમાં અનેક પ્રકારની વિલક્ષણ શક્તિઓ પણ આવી જાય છે. તેને વિભૂતિ કે સિદ્ધિ કહે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠે ય યોગનાં અંગ કહેવાય છે અને યોગસિદ્ધિને માટે આ આઠે ય અંગોનું સાધન આવશ્યક અને અનિવાર્ય કહેલું છે યોગના બે પ્રકાર છે: એક સબીજયોગ અને બીજો નિર્બીજયોગ. નિર્બીજયોગની સાધનામાં ચંચળ અને અસ્થિર એવું મન જ્યાં જ્યાં ભટકવું હોય ત્યાંથી તેને વાળી વાળી કેવળ આત્મામાજ લય કરવું એમ ગીતામાં કહેલું છે આ પ્રમાણે સમાધિ થવી દુષ્કર અર્થ પડે છે; પણ સબીજયોગમા સમાધિ સુકર થાય છે, કેમકે, તેમાં પરમાનંદમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવાથી ચિત્ત ઉપરામ પામે છે.

૧૩. પું. ૭ દર્શનમાનું એક યોગદર્શન. તેના ચિત્તને એકાગ્ર કરીને ઈશ્વરમાં લીન કરવાનું વિધાન છે.

૧૪ ન. જ્ઞા; દગો; વિશ્વાસઘાત.

૧૫. પું. (વૈદક) જુદાં જુદાં દર્દોની આરોગ્ય માટે યોજના કે પ્રયોગ.

૧૬ પું. લોક; અનુકૂળ સમય; શુભકાળ; અવસર; પ્રસંગ; ભાગ.

૧. યોગ આવવો-આવો-જાવો-બેસવો = જોગ આવો; તાકો મળવો

૨. યોગ સાધવો = (૧) તકનો ઉપયોગ કરવો. (૨) યોગવિદ્યા પ્રમાણે ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનો અભ્યાસ કરવો.

૩. યોગના યોગથી-યોગને યોગે-યોગે કરીને = તેની અસર નીચે; તેની મારફત; ને લીધે. ની સાથેના સંબંધથી.

૧૭. પું. મેળાપ; મિલન; સંયોગ; સંયોગ; જોડું તે; જોડાવું તે; મળવું તે; મેળ; સંગમ; મેળાપ.

૧૮. પું. તિથિ અને વાર સાથે આવે તે.

૧૯. પું. દરીદ્ર

૨૦. પુ. દવા, ઔષધ

૨૧. પુ દશા; હાલત; સ્થિતિ.

૨૨. પુ. કૂતા; ચોર; ચાર; જાસૂસ.

૨૩. પું. દ્રોહી; દગો દેનાર માણસ.

૨૪ પું. ધન; મિલકત; દોલત.

૨૫. પુ. ધનસંપત્તિ પ્રાપ્ત કરવી અને તેને વધારવી તે.

૨૬. પું. પૂંજરી.

૨૭. પું. ધ્યાન; બધા સાથે જોડાઈ જવું તે; ઈશ્વરમાં એકાગ્ર ચિત્ત રાખવું તે.

૨૮. પું. નક્ષત્ર મંડલનો મુખ્ય તારો.

૨૯. પું. નિયમ; આગ્રહ.

૩૦. પું. પરિણામ.

૩૧. પું. પાતંજલ યોગને અનુસરનાર માણસ.

૩૨. પું. પ્રવૃત્તિ; ક્રિયા; વ્યાપાર.

૩૩. પું. પ્રાપ્તિ; મળવું કે મેળવવું તે

૩૪ પું. પ્રેમ; સ્નેહ; સદ્ભાવ.

૩૫ પુ. અખત્તર.

૩૬. પુ. અખત્તર પહેરવું કરવું તે.

૩૭. પુ. જોડેજોડ, જોડવું

૩૮. પુ. અવશ્યતા થવું તે; યોગ્યતા; અવશ્યકતાપણું

૩૯ પું. મંત્ર; જાદુ

૪૦. પુ. (જૈન) માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ. તેના પંદર ભેદ છે: ૪ મનોયોગ: સત્યમનોયોગ, અસત્યમનોયોગ, ઉભયમનોયોગ અને અનુભયમનોયોગ ૭ કાયયોગ: ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિયક, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ તથા ૪ વચનયોગ: સત્યવચનયોગ, અસત્યવચનયોગ, ઉભયવચનયોગ, અનુભયવચનયોગ. શ્રીમદ્ રાજચંદ્ર અનુસાર યોગના ત્રણેય પ્રકાર આ પ્રમાણે છે: (૧) શિષ્યને સૂત્રાદિનું જ્ઞાન આપવું, (૨) પોતાના જ્ઞાનનો બીજાને બોધ કે પ્રકાશ કરવો, (૩) આપત્તિકાળે પણ ધર્મનું દૃઢપણું તજવું નહિ, (૪) આ લોક તથા પરલોકનાં સુખના ફળની વાંછા વિના તપ કરવું, (૫) શિક્ષા પ્રમાણે સંભાળથી વર્તવું અને નવી શિક્ષા વિવેકથી ગ્રહણ કરવી, (૬) મમત્વનો ત્યાગ કરવો, (૭) ગુપ્ત તપ કરવું, (૮) નિર્લોભતા રાખવી, (૯) પરિષહ તથા ઉપસર્ગને જીતવા, (૧૦) સરલ ચિત્ત રાખવું, (૧૧) આત્મસંયમ શુદ્ધ પાળવો, (૧૨) સમકિત શુદ્ધ રાખવું, (૧૩) ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી, (૧૪) કપટ રહિત આચાર પાળવો, (૧૫) યોગ્ય પુરુષોનો યોગ્ય વિનય કરવો, (૧૬) સંતોષ વડે તૃષ્ણાની મર્યાદા દૃઢ કરી રાખવી, (૧૭) વસ્તુના જ્ઞાનમાં નિમગ્ન રહેવું, (૧૮) માયારહિત વર્તવું, (૧૯) શુદ્ધ કરણીમાં સાવધાન થવું, (૨૦) સત્યને આદરવો, પાપને રોકવાં, (૨૧) પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા, (૨૨) સર્વ પ્રકારના વિષયથી વિરક્ત રહેવું, (૨૩) મૂળગુણે પંચમહાવ્રત વિશુદ્ધ પાળવા, (૨૪) ઉત્તમગુણે પંચમહાવ્રત વિશુદ્ધ પાળવાં, (૨૫) ઉત્સાહપૂર્વક કાર્યોત્સર્ગ કરવો, (૨૬) પ્રમાદ રહિત જ્ઞાનધ્યાનમાં પ્રવર્તન કરવું, (૨૭) હંમેશા આત્મચારિત્રમાં સૂક્ષ્મ દોષોથી વર્તવું, (૨૮) એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવું, (૨૯)

મરણાંત દુઃખથી પણ જરા પામવું નહિ, (૫૦) શ્રી વગેરેના સંગને ત્યાગવો, (૫૧) પ્રાયશ્ચિત્ત વિધિ કરવી અને (૫૨) મરણકાળે આરાધના કરવી

૪૧. પું. યાન; વાહન.

૪૨. પું. રીત; પ્રકાર; રૂઢિ; હળ.

૪૩. પું. લાભ; કાયદો

૪૪. પું. વશીકરણ; કોઈને વશ કરવાનો ઉપાય.

૪૫. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.

૪૬ પું. ઉત્પત્તિ.

૪૭. પું. કલ્પના; સંજ્ઞા.

૪૮. પું. સમસરેલમાં; યુદ્ધની સામગ્રી.

૪૯. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૫૦. પું. શ્રેણી; સાંકળ; સંકલના.

૫૧. પું. સમુદાય શબ્દનો અવયવાર્થ સાથે સંબંધ; શબ્દ વગેરેનો પ્રયોગ.

૫૨. પું. સરવાળો; ઉમેરવું તે; અસમાન સંખ્યાનો સરવાળો.

૫૩. પું. સધિ; સંબંધ; સંયોગ; સમાગમ.

૫૪. પું. સૂત્ર.

૫૫. પું. સ્વાયંભૂવ મન્વંતરમાં બ્રહ્મઋષિને ત્રિયાની કુખે થયેલો પુત્ર.

૫૬. વિ. યોગ્ય; લાયકી.

૫૭. વિ. વિશ્વાસઘાતી; દગાબાજ.

૫૮ અ. આરંભ; દ્વારા, લીધે; વડે.

યોગઅખાડો (યોગઅખાડો) પું. યોગની ક્રિયા કરવાનું સ્થળ.

યોગકન્યા ૧. [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

૨. સ્ત્રી. વસુદેવને પેટે અવતરેલ કન્યા. તેની કૃષ્ણ સાથે અદલાબદલી કરવામાં આવી હતી.

યોગકર્મરિક્ત [સં.] વિ. યોગકર્મમાં પ્રીતિ રાખનાર.

યોગકુંડલિની [સં.] સ્ત્રી. એ નામનું એક ઉપનિષદ. તે પ્રાચીન ઉપનિષદોમા નથી.

યોગકુંડલી [સં.] સ્ત્રી.;ન. બસો આઠ માંહેનું એક ઉપનિષદ.

યોગક્ષેમસ્તુલા ન. યોગને લગતું એ નામનું એક પુસ્તક.

યોગક્ષેમ ૧. [સં] પું. અજાણી વસ્તુનું પામવું અને જાણી વસ્તુને મનને કરીને રાખવી તે; અપ્રાપ્ત વસ્તુને મેળવવી અને પ્રાપ્ત થયેલનું રક્ષણ કરવું તે; જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું તે. જુદા જુદા આચાર્યોએ આ શબ્દના જુદા જુદા અર્થ કીધા છે કેટલાકના મત પ્રમાણે યોગ અર્થાત્ શરીર અને ક્ષેમ એટલે રક્ષા કરવી તે અને કેટલાકના મત પ્રમાણે યોગનો અર્થ ધન વગેરે પ્રાપ્ત કરવું અને ક્ષેમ એટલે તેનું રક્ષણ કરવું તે એમ કરેલ છે.

૨. પું. ઉલોગના અંતે ચમેલા નક્ષત્રનું રક્ષણ કે બીજે નક્ષો જેવા કરવાનો ઉપાય.

૩ પુ જે ઉપર વારસના વિભાગનો અધિકાર નથી તે વસ્તુ.

૪. પું પારકી ઠોર વગેરેના રક્ષણ કરવાનો અધિકાર.

૫. પું. પારકો માલ અમુક ઠેકાણે વેચવાનો છે એ પ્રમાણે જાણી તેને સહીસલામત પહોંચાડવાનો અધિકાર.

૭. ન અન્ન, વસ્ત્ર અને આરોગ્યથી સારી રીતે નિભાવ થાવો તે; ક્રમાવુ અને સારી રીતે નિભાવ થવાવો તે. કલ્યાણ; સુસ્થિતિ; આબાદી; જીવનનિર્વાહ.

> અલ્પ આવથી ચિંતણી ઉપાસે જે જનો મને,
> નિત્ય પ્રયાસે તેના યોગક્ષેમ ચલાવું હું.
> ગીતાનુવેદન

૮. ન. કુશળતા; આબાદી.

૯ ન. ધર્માદાના કામ માટે આપેલ મિલકત.

૧૦ ન. નફો; લાભ.

૧૧ ન રાજ્યની સુવ્યવસ્થા.

યોગક્ષેત્રાકર [સં.] વિ. અલગલગ વગેરેથી પોતાના પગાનો નિર્વાહ કરનાર.

યોગચિહ્ન [સં.] ન. વધતાની નિશાની; સરવાળાની નિશાની. જે સંખ્યા વચ્ચે + આવી નિશાની કરેલી હોય તેને યોગચિહ્ન કહે છે

યોગચિંતામણી [સં.] ન. એ નામનું આયુર્વેદ ઉપરનું પુસ્તક; એ નામનો એક વૈદકગ્રંથ.

યોગચૂડામણિ [સં.] સ્ત્રી. બસો આઠ માંહેનું એક ઉપનિષદ; સામવેદનું એક ઉપનિષદ.

યોગજ ૧ પું. ન્યાયમાં કહેલ એક પ્રકારનો અલૌકિક આધાર; ન્યાય વગેરેમાં કહેલ પ્રત્યક્ષનું સાધન એક આધાર.

૨ ન. અત્તરચદન.

૩ [સં.] વિ. યોગથી ઉત્પન્ન થનાર

યોગજોગ પું (જૈન) જુદાં જુદાં જૈનસૂત્રોના અભ્યાસને લગતું જૈનમુનિએ કરવાનું તપનું અનુષ્ઠાન.

યોગતત્ત્વ ૧. [સં.] સ્ત્રી.;ન. બસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

૨. ન. યોગવિદ્યાનો એ નામનો એક મુખ્ય ગ્રંથ

યોગતારો ૧. [સં. યોગતારા] પું. એકબીજા સાથે મળેલા તારા; પરસ્પર જોડાયેલ તારા.

૨. પું નક્ષત્ર મડળનો મુખ્ય તારો. નક્ષત્રના તારામાં જે સર્વથી પ્રકાશિત હોય છે તેને જોષતાએ કહેવામાં આવે છે.

યોગદશા ૧. [સં.] સ્ત્રી. યોગમાં મનની સ્થિતિ; ધ્યાનાવસ્થા

૨ જ્યો યોગશાસ્ત્ર પ્રમાણે પરમ સુખની દશા.

યોગદર્શન ૧. [સં] ન. અગમ્યવાદ; ગૂઢવાદ; ' મિસ્ટિસિઝમ '.

૨. ન. યોગ સબંધી જ્ઞાન.

૩. ન. ષડ્દર્શન માંહેનું પતંજલિ મુનિનું રચેલું બીજું દર્શન; પતંજલિનું રચેલું યોગશાસ્ત્ર. તેમાં જણાવ્યું છે કે, ઈશ્વર જગત તથા જીવથી તદ્દન ભિન્ન છે. સૃષ્ટિ તેણે કરી નથી અને તે પરમ વિશુદ્ધ પુરુષ છે. તેથી આ દર્શન સેશ્વરસાંખ્ય પણ કહેવાય છે.

યોગદા [સં] સ્ત્રી. સીતાનાં હજાર નામોનું એક નામ.

યોગદાન ૧. [સં.] ન. કષ્ટ કે જળથી દાન કરવું તે; સોપાધિક દાન.

૨. ન. કોઈ કામમાં સાથ દેવો તે.

૩. ન યોગવિદ્યાનું જ્ઞાન આપવુ તે; યોગની દીક્ષા.

યોગદૃષ્ટિ [સં] સ્ત્રી. દૃષ્ટિના બે માંહેનો એક પ્રકાર; તાત્ત્વિક દૃષ્ટિ. તેમાં આત્માનું બલવત્ આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે.

યોગદેવ [સં.] પું. તત્ત્વાર્થ ઉપર વ્યાખ્યા લખનાર એક દિગમ્બર વિદ્વાન.

યોગધારી ૧. [સં. યોગધારિન્] પું. યોગ ધારણ કરનાર માણસ; યોગી.

૨. સ્ત્રી. એ નામની એક નદી.

યોગનિદ્રા ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. સ્ત્રી. દુર્ગા. પાર્વતી.

૩. સ્ત્રી. પ્રલય વખતે તમામ જીવોનો સંહાર કરવાની ઇચ્છાથી પરમેશ્વરનો વ્યાપાર કે ક્રિયા.

૪. સ્ત્રી. મહામાયા

૫. સ્ત્રી. યુગને અંતે વિષ્ણુ ભગવાનની નિદ્રા; બે યુગના અંતમાં વિષ્ણુની નિદ્રા.

૬. સ્ત્રી. યોગી અવસ્થામા સેવેલ નિદ્રા; ગાઢ સમાધિ.

૭. સ્ત્રી. રણભૂમિમાં વીરોનું મૃત્યુ.

૮. સ્ત્રી. સમાધિ; અર્ધી નિદ્રા અને અર્ધી સમાધિની સ્થિતિ.

૯. સ્ત્રી હિપ્નોટિઝમ વગેરેના પ્રયોગથી આવેલી નિદ્રા જેવી સ્થિતિ

યોગનિષ્ઠ [સં.] વિ. યોગમા નિષ્ઠાવાળું.

યોગનિષ્ઠા સ્ત્રી. યોગપરાયણતા.

યોગનિષ્પત્તિ [સં.] સ્ત્રી (ગણિત) એક જાતનું પ્રમાણ, યોગપ્રમાણ; ' કોમ્પોનેન્ડો '. જો $\frac{અ}{બ} = \frac{ક}{ડ}$ હોય તો કરેક બાજુમાં છેદનો અંક ઉમેરવાથી $\frac{અ + બ}{બ} = \frac{ક + ડ}{ડ}$ પરિણામ આવે. આવી જાતના પ્રમાણને યોગનિષ્પત્તિ કહે છે

યોગપટ્ટક [સં.] ન. સોપાશ્રયાસન નામના યોગના એક આસનમાં વપરાતી સાકડાની આકારે ૭ આંગળ ઊંચી ચોળ પાટલી.

યોગપતિ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૨. પું. શિવ.

યોગપત્ની [સં.] સ્ત્રી. યોગમાતા; પીવરી.

યોગપટ્ટક [સં.] ન. પૂજન વગેરે સમયે પહેરાતું એક ઉત્તરીય વસ્ત્ર.

યોગપદાર્થ [સં.] પું. માહેશ્વર મત પ્રમાણે પાંચ માહેનો એક પદાર્થ. પાંચ પદાર્થ આ પ્રમાણે છે: દ્રવ્યાંતપદાર્થ, કાર્યપદાર્થ, કારણપદાર્થ, વિધિપદાર્થ અને યોગપદાર્થ.

યોગપાન ૧. [સં.] ન. ઔષધ આપે તેવી વસ્તુનું પાણીમાં મિશ્રણ કરવાપણું.

૨. ન. કોઈ પદાર્થ મિશ્રિત દારૂ.

યોગપીઠ ૧. [સં.] પું. પૂર્ણયોગી.

૨. સ્ત્રી. કેવ વગેરેનું એક પ્રકારનું આસન.

યોગપુરુષ [સં.] પું. મતલબ સાધવા માટે સાધેલો પુરુષ.

યોગપ્રક્રિયા [સં.] સ્ત્રી. યોગની આસ ક્રિયા.

યોગપ્રમાણ [સં] ન જુઓ યોગનિષ્પત્તિ.

યોગફલ [સં.] ન. સરવાળો.

યોગફળ જુઓ યોગફલ.

યોગબલ જુઓ યોગબળ.

યોગબળ ૧. ન. મનની શક્તિ.

૨. [સં. યોગબલ] ન. યોગથી પ્રાપ્ત થતી શક્તિ.

યોગભૂઢ વિ. યોગમાં ખૂડેલું કે મગ્ન.

યોગભૂમિકા [સં.] સ્ત્રી. યોગની વિશિષ્ટ અવસ્થા કે સ્થિતિ.

યોગભ્રષ્ટ વિ. યોગ સાધતાં ભ્રષ્ટ થયેલ; યોગમાંથી ચલિત. યોગભ્રષ્ટ વિષે ગીતાપંચામૃતમાં કહેલું છે કે'

આ લોકે કે નથી કદિ બીજા લોકમાં નાશ તેનો; પામે જાપુ ! ન નીચ ગતિ કો પુણ્ય કર્મો કરેનો પામી લોકો સુકૃતિ જનના ત્યાં ઝાઝાં વસીને; શ્રીમંતોને ગૃહ પુનિતને યોગથી ભ્રષ્ટ જન્મે. કાતો ધીરે કુલ ભવતણે યોગી ધીમંતને ત્યાં; આવો જે આ જનમ વધુ છે દુર્લભ લોકમાં આ. ત્યાં પામે તે મૂળ જનમના બુદ્ધિસરકારને એ, ને તેથી તો ફરીથી મયનો પાર્થ ! તે સિદ્ધિ કાજે; બચાયે છે અવશ્ય પણ તે પૂર્વ અભ્યાસ માત્ર, બદોને તો ટપી વટી જતો યોગ જિજ્ઞાસુ યે તે. યોગી જાને પ્રબળ કરતો પાપથી શુદ્ધ થૈને, અંતે પામે પરમ ગતિ કે સિદ્ધ જન્મો અનેકે.

યોગમાયા ૧. [સં.] સ્ત્રી ગાઢ સમાધિ

૨ સ્ત્રી. જગતને સરજવા માટે ભગવાનની શક્તિ

૩ સ્ત્રી. જગતનો અંત આણે તેવી પરમેશ્વરની શક્તિ.

૪ સ્ત્રી યોગનિદ્રા; પ્રલયમાં પરમેશ્વરનો જીવસંહારરૂપ વ્યાપાર.

૫ સ્ત્રી. દુર્ગાદેવી; દુર્ગા.

૬. સ્ત્રી. ભગવતી; વિષ્ણુની માયા.

૭. સ્ત્રી. વશીકરણના મંત્રથી ઉત્પન્ન થયેલી કન્યા. તેને કંસે મારી નાખી હતી.

૮. સ્ત્રી. યોગની ચમત્કારિક શક્તિ; યોગની ભરપૂર શક્તિ.

યોગમાર્ગ [સં] પું. પરમસુખ પ્રાપ્તવાને બતાવેલો યોગમાર્ગ; સમાધિનો માર્ગ.

યોગમુદ્રા [સં.] સ્ત્રી. ખેચરી વગેરે પાંચ માહેની દરેક મુદ્રા. યોગની વિશિષ્ટ ક્રિયા; ધ્યાનમુદ્રા. તેમાં પદ્માસનમાં કયા પ્રમાણે પદબંધ કરવો. પછી હાથને પગવાડે લઈ જઈ ડાબા હાથમાં જમણો કાંડાને પકડવું. ત્યારબાદ શરીરને આગળ નમાવતાં માથું જમીનને અડાડી દેવું. આ સ્થિતિ યોગમુદ્રા કહેવાય છે. આ મુદ્રામાં પદ્માસન વાળી બેઠા પછી એક હથેળી ઉપર બીજી હથેળી પ્રતિકૂળ અંગળાઓ રહે તેમ રાખવામાં આવે છે.

યોગમૂષા સ્ત્રી. ખાખરી કમોદનાં ફોતાં વગેરે સામાન્ય મૂલ્યની દ્રવ્યોથી બનાવેલી અને બિડ વગેરેનો લેપ કરેલી પારદની સિદ્ધિ માટે વપરાતી એક જાતની મૂશ. રસપ્રકાશસુધાકર મુજબ તે કમોદનાં ફોતરાંની રાખ, રાફડાની માટી અને નિર્ગુંડીના રસની બનેલી હોય છે.

યોગયજ્ઞ [સં.] પું. મન સહિત બાર ઇંદ્રિયોને તેમના અયોગ્ય વિષયોથી ઉપરામ કરી ચિત્તની એકાગ્રતારૂપ અગ્નિને વિષે તેમને હોમવી તે

યોગરત્નાકર પું. વૈદકનો એ નામનો એક ગ્રંથ. ઈ.સ.ના સત્તરમા સૈકામાં મુજબરાતી ભાષામાં તે લખાયેલો છે. અંબળગચ્છની એક શાખાના આચાર્ય જ્ઞાનશેખરના શિષ્ય નયનશેખર નામના એક જૈને તે લખ્યો છે.

યોગરાજ [સં] પું. યોગવિદ્યામાં પારંગત યોગી.

યોગરાજગૂગળ પું. (વૈદક) વિવિધ ઔષધિઓના યોગથી તૈયાર કરેલો ગૂગળ; એક ઔષધિ. ત્રિફળા, મોથ, પીપર, અજમોદ, ધાણાજીરી, અજમો, ઇંદ્રજવ, દેવદાર, ચવક, એલચી, સિંધવ, રાસ્ના, ગોખરુ, પાષાણ, ત્રિફળા, મોથ, મરી, સૂંઠ, તજ, જવખાર, તાલીસપત્રાં અને તમાલપત્ર એ તમામ દ્રવ્યોનો એક એક ભાગ લઈ એ સર્વેનું જે વજન થાય તેટલો ગૂગળ લઈ બીજી સાથે મિશ્રણ કરવાથી આ ઔષધ તૈયાર થાય. સંધિવા, પક્ષઘાત, અર્દાંગ, માથાનો તાવ, વાતરોગ અને કટિશૂળ વગેરે ઉપર તે અર્ધા તોલાની માત્રામાં અપાય છે.

યોગરૂઢ ૧. [સં] પું (અ.કરણ) યોગારૂઢથી પ્રાપ્ત થયેલ અર્થવાળો શબ્દ; શબ્દની એક વૃત્તિ. જે શબ્દની આકરણની રીત મુજબ વ્યુત્પત્તિ થઈ હોય અને તે બીજા અર્થમાં ન વપરાય તો યોગરૂઢ અર્થાત્ મિશ્રિત કહેવાય છે. કેટલાક શબ્દમાં યોગથી જે અર્થ નીકળતો હોય તેને રૂઢિ અનુચિત કરે છે. એવા શબ્દો યોગારૂઢ કહેવાય છે. પંકજ, હરિત આદિ આ પ્રકારના શબ્દો છે.

૨ વિ. વ્યુત્પત્તિ પ્રમાણે તેમજ બોલવામાં જરાયે અર્થભેદ ન હોય તેવું.

યોગરૂઢિ ૧. [સં.] સ્ત્રી. અભિધાવૃત્તિના ત્રણ ભાંહેનો એક પ્રકાર. શબ્દની અર્થબોધક વૃત્તિ યોગ, રૂઢિ અને યોગરૂઢિ એમ ત્રણ પ્રકારની છે. તેમાં યોગ એટલે વ્યુત્પત્તિ તેમજ રૂઢિ એનેથી શબ્દનો અર્થ નક્કી થાય છે.

૨. સ્ત્રી બે શબ્દોના જોડાણથી બનેલો શબ્દ. તે પોતાનો સામાન્ય અર્થ છોડીને કોઈ વિશેષ અર્થ બતાવે છે. જેમકે ત્રિશૂલપાણિ, અંદભાલ વગેરે.

યોગરૂઢિશક્તિ સ્ત્રી. (વેદાંત) યોગશક્તિના અર્થમાં વપરાતી રૂઢ શક્તિ.

યોગવક્રતા [સં.] સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયાની કુટિલતા.

પોતાલાજ વિષયમાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જુદી પડતી હોય ત્યારે તે યોગવક્રતા અને બીજાના વિષયમાં તેમ થતું હોય ત્યારે વિસંવાદ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

યોગવાસિષ્ઠ [સં] ન. વૈરાગ્યથી ઉદાસીન થયેલા રામને જ્ઞાન આપવા નિમિત્તે રચેલો એક આધ્યાત્મિક ગ્રંથ. તેને મહારામાયણ પણ કહે છે.

યોગવાહી ૧. [સં. યોગવાહિન્] પું. બરાબર વિચાર થયા સિવાય રાસાયણિક કાર્યને અને જેવો ને તેવો રહેનાર પદાર્થ
૨. પું પારો
૩. પું. મરઘાબાર.
૪. વિ જે પદાર્થો પકડતાં પોતાની સાથે મેળવેલી વસ્તુઓના ગુણોનું પ્રહણ કરે તેનું. યોગવાહી દ્રવ્યો સંસર્ગમાં આવનાર વસ્તુના ગુણ ગ્રહણ કરે છે. જેમકે મધ, ઘી, તેલ, પાણી, લોહ વગેરે.

યોગવિઘ્ન [સં] વિ. યોગમાં વિઘ્ન કરી નેનું આધિ, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ જો બધા ચિત્તને વિક્ષેપ કરનાર હોવાથી યોગવિઘ્ન કહેવાય છે. યોગદર્શનમ

યોગાવિત્તમ [સં.] વિ. યોગને જાણનારાઓમા શ્રેષ્ઠ

યોગવિદ ૧. પું. ઔષધ, દવા વગેરે તૈયાર કરનાર મનુષ્ય
૨. પું. જાદુગર
૩. પું. યોગી
૪. પું. શિવનું એક નામ.
૫. વિ. ચતુર; ખાહોશ.
૬. વિ. યોગ આચરનાર. યોગમાર્ગી.
૭. [સં. યોગવિદ્] વિ. યોગને જાણનાર.

યોગવિદ્યા [સં] સ્ત્રી. યોગસંબંધી વિદ્યા; યોગને લગતું તત્વજ્ઞાન.

યોગવિયોગચિહ્ન [સં.] ન. (ગણિત) વધતા અને ઓછા બંનેની બેગી કરેલી નિશાની તે નિશાની ± આમ કરવામ આવે છે. જેની પહેલા તે નિશાની ફરી હોય તેની કીમત ધન તેમ જ ઋણ બંને પ્રકારની સમજવાની છે.

યોગવિયોગપ્રમાણ [સં.] ન. પ્રમાણનો એક પ્રકાર. ' કોમ્પોનેન્ડો ઓફ ડિવિડેન્ડો ' જેમકે, $\frac{\text{અ}}{\text{બ}} = \frac{\text{ક}}{\text{ખ}}$ હોય તો $\frac{\text{અ} + \text{બ}}{\text{અ} - \text{બ}} = \frac{\text{ક} + \text{ખ}}{\text{ક} - \text{ખ}}$ થશે અથવા બે ગુણોત્તર સરખા હોય અને પહેલા ગુણોત્તરનાં બે પદોના સરવાળા અને બાદબાકીનું ગુણોત્તર બીજા ગુણોત્તરનાં બે પદના સરવાળા અને બાદબાકીના ગુણોત્તરની બરાબર થશે. આ બે સરખાં ગુણોત્તરથી બનતા પ્રમાણને યોગવિયોગપ્રમાણ કહે છે

યોગવૃત્ત [સં.] સ્ત્રી. (પિંગળ) એક માત્રાબદ્ધ વૃત્ત.

યોગવૃત્તિ [સં.] સ્ત્રી. યોગ દ્વારા પ્રાપ્ત થતી ચિત્તની શુભ વૃત્તિ.

યોગવ્યવસ્થિતિ [સં] સ્ત્રી. ઇંદ્રિયોના નિગ્રહથી ચિત્તને એકાગ્ર કરી ઈશ્વરનો પરમસાક્ષાત્કાર અથવા અનુભવ કરવો તે.

યોગશક્તિ ૧. [સં.] સ્ત્રી. તપોબળ.
૨. સ્ત્રી. (વેદાંત) પદના ઘટક પ્રકૃતિ પ્રત્યયરૂપ અવયવમાં રહેલી શક્તિ, જેમકે, પચ્ ધાતુરૂપ પ્રકૃતિની પછી અક પ્રત્યય આવીને પાચક શબ્દ સિદ્ધ થયો છે. તે પાચક પદના પચ્ અવયવની પાકરૂપ અર્થમા શક્તિ છે અને અક અવયવની કર્તા વિષે શક્તિ છે.

યોગશાસ્ત્ર ન. જે નામનું છ માંહેનું એક દર્શન, યોગ સંબંધી વિદ્યા કે શાસ્ત્ર; યોગને લગતા તત્વજ્ઞાનનું શાસ્ત્ર; યોગનું નિરૂપણ કરનારું શાસ્ત્ર. તે પતંજલિએ રચેલું છે. તેમાં સર્વજ્ઞકલ્પમાન સર્વત્ર ઈશ્વર સાથે યોગ એટલે આકર્ષણ કરવું તથા ઉપાસના યોગાદિક સાધન કરીને જીવના શિવ થવાનું વર્ણન કરેલું છે આ મતમા સાખ્યનો અનીશ્વરવાદ સિદ્ધ થયો છે. પતંજલિએ યોગાનુશાસન રચેલું છે, તેના ચાર પાદ આ પ્રમાણે છે: સિદ્ધપાદ, ક્રિયાપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદ. પહેલો પાદ યોગ શબ્દનો અર્થ સમજવા સમાધિ પર્યંત વિચારનો છે. બાહ્ય ચિત્તવૃત્તિને સ્થિર કરવા માટે ક્રિયાયોગ વગેરે બહિરંગ સાધનનો. બાકીનો સંયમ, ધારણા, ધ્યાન, સમાધિ એ અંતરંગ સાધનનો છે અને યોગો સિદ્ધિ સહિત પરમ જ્ઞાનનો નિષ્કર્ષ છે આનંદશંકર ભાપુભાઇ ધ્રુવ લખે છે કે, ગીતાને યોગશાસ્ત્ર કેમ કહેવ છે ? યોગ એટલે જીવાત્માનું પરમાત્મા સાથે જોડાણ. જે જ્ઞાન જીવાત્માને પરમાત્મા સાથે જોડે તે કર્મયોગ. જે ભક્તિ જીવાત્માને પરમાત્મા સાથ જોડે તે ભક્તિયોગ. આ અર્થમાં ગીતા યોગશાસ્ત્ર છે.

યોગશાસ્ત્રજ્ઞ [સં.] વિ. યોગશાસ્ત્ર જાણનાર.

યોગશાસ્ત્રી જુઓ યોગશાસ્ત્રજ્ઞ

યોગશિક્ષા [સં] સ્ત્રી. યોગવિદ્યાનો એ નામનો એક મુખ્ય ગ્રંથ; એ નામનું એક ઉપનિષદ.

યોગશુદ્ધિ [સં] સ્ત્રી કાયા વાણી અને મનના વ્યાપારની પવિત્રતા

યોગસમાધિ [સં.] સ્ત્રી યોગ કરતાં સાધેલી સમાધિ; એકાગ્ર ચિત્તે આત્માને ધ્યાનમાં લીન કરવો તે; પુરુષોત્તમમા જીવનું લીન થઈ જવું તે.

યોગસંભવ [સં.] પું. બે વસ્તુઓના સયોગથી કોઈ ઉત્પન્ન થતું તે

યોગસંસિદ્ધ જુઓ યોગસિદ્ધ.

યોગસંસિદ્ધિ [સં.] સ્ત્રી યોગથી નિત્ય નિરંતર સમાધિનિષ્ઠ થવાથી બધી આસક્તિઓના નાશ પામવી તે

યોગસાધના [સં.] સ્ત્રી. યોગની સાધના

યોગસારક [સં] ન નારંગીનું ઝાડ.

યોગસિદ્ધ ૧. [સં.] પું. યોગમા સિદ્ધ થયેલો પુરુષ; યોગી.
૨. વિ યોગમાં સિદ્ધ અથવા સર્વશ્રેષ્ઠ.

યોગસિદ્ધિ [સં.] સ્ત્રી યોગથી પ્રાપ્ત થતી અણિમા, મહિમા વગેરે આઠ મહાસિદ્ધિ

યોગસૂત્ર ૧. [સં.] ન. પતંજલિ મુનિનો યોગશાસ્ત્ર ઉપરનો પ્રસિદ્ધ ગ્રંથ
૨ ન. યોગશાસ્ત્રમાનું સૂત્ર

યોગસૂત્રકાર [સં] પું યોગસૂત્ર રચનાર પતંજલિ મુનિ

યોગસ્થ [સં.] વિ યોગમા સ્થિર થયેલું

યોગહઠ સ્ત્રી. યોગીની હઠ

યોગાચાર ૧. [સં] પું. આલય વિજ્ઞાનનાં મન સિવાય પદાર્થનું બહારે અસ્તિત્વ કોઈ ઠેકાણે નથી, આપણા વિચાર જ સત્ય છે અને જગતનું બધુ અસત્ જ છે તેવો માન્યતા.
૨ પું એ નામે એક બૌદ્ધ
૩ પું બૌદ્ધ હિનયાનીનો મહાયાન શાખાનો એક ફાંટો. બૌદ્ધ મતના ચાર માંહેનો એક ભેદ. માધ્યમિક, સૌત્રાન્તિક, યોગાચાર અને વૈભાષિક એ બૌદ્ધ હિનયાનીના ચાર ફાંટાઓ છે. આ મત પ્રમાણે વિજ્ઞપ્તિ વિજ્ઞાનરૂપ છે, તેવા બાહ્ય કાંઈ નથી, બાહ્યે ઘોડા વગેરે જે વિભાગ દેખાય છે તે વાસનાથી દેખાય છે, સર્વે વાસનાઓનું આધારભૂત ઘર વિજ્ઞાન છે અને વિશુદ્ધ વિજ્ઞાન એ જ મોક્ષ છે
૪. પું. યોગાભ્યાસ; યોગનું આચરણ; યોગની સાધના.

યોગાચાર્ય ૧. [સં.] પું. જાદુ શીખવનાર મનુષ્ય
૨ પું. બુદ્ધનો એ નામનો બીજો શિષ્ય. તે ક્ષણિકવિજ્ઞાનવાદી હતો તનો મત એવો છે કે: વિજ્ઞાન એ આત્મા છે. તે વિજ્ઞાન સ્વતઃ પ્રકાશરૂપ હોવાથી ચેતન છે તથા તે જ્ઞાનરૂપ હોવાથી ક્ષણિક છે. જે જે જ્ઞાનરૂપ તે તે દીવાની પેઠે ક્ષણિક હોય એવો તેનો મત છે.
૩. પું. યોગવિદ્યા શીખવનાર ગુરુ.

યોગાદેશ [સં] પું. કબીર; ભાગવતના બોધા સ્વરૂપના ચારીગમા અભ્યાસનું એક નામ

યોગાધમન [સં.] ન. કપટથી બનેલું મૂકવું તે.

યોગાધ્યયન [સં] ન. યોગનો અભ્યાસ.

યોગાનંદ ૧. [સં.] પું. આત્માનંદ; બ્રહ્માનંદ; યોગાભ્યાસથી મળતો પરમ આનંદ.
૨. પું. એ નામનો એક રાજા તેના મંત્રી શકટાલે ચાલુક્ય પાસે હલ્લા કરાવી આ રાજાને

દાહજ્વર ઉત્પન્ન કરાવ્યો હતો અને તેથી તે સાત દિવસે મરી ગયો

૩. પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક કવિ.

૪ સ્ત્રી. આસો માસની એક તેજસ્તત્ત્વદેવતા.

યોગાનુયોગ [સં.] ન. પ્રસંગ પ્રમાણે; યોગાનુસાર; મળેલા યોગ પ્રમાણે.

યોગાનુયોગે ન પ્રસંગ પ્રમાણે; સંયોગાનુસંયોગ.

યોગાનુશાસન જુઓ યોગશાસ્ત્ર

યોગાભ્યાસ [સં.] પું. યોગતત્ત્વનો અભ્યાસ તેમજ તેની પ્રક્રિયાઓનો મહાવરો પાડવો તે; યોગનાં આઠે ય અંગોનું અનુષ્ઠાન કરવું તે.

યોગાભ્યાસી [સં. યોગાભ્યાસિન્] વિ. યોગાભ્યાસનો મહાવરો કરનાર અને શીખનાર; જેને યોગની પ્રક્રિયાઓ આવડતી હોય તેવું.

યોગાયોગ [સં.] પું. લાભ એ ભાગ; અનુકૂળ અને પ્રતિકૂળ વખત; સંયોગ; પરિસ્થિતિ; પ્રસંગ.

યોગારૂઢ ૧. [સં.] પુ. એક પ્રકારનો યોગી; સિદ્ધયોગી; પૂર્ણયોગી. આવો યોગી જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત છે, વિકાર રહિત છે, અત્યંત જિતેંદ્રિય છે અને તેને માટીનું ઢેફું, પથ્થર અને સોનું સમાન હોય છે.

૨. [સં.] વિ. યોગમાં મગ્ન થયેલું; યોગમાં સ્થિર થયેલું; યોગાભ્યાસી.

જ્યારે ઇંદ્રિયના વિષયમાં આસક્ત કર્મ ન તે. યોગારૂઢ જણાય ત્યાગી સરવે સંકલ્પનો ત્યાહરે
શ્રીતાપંચામૃત

યોગાર્થ [સં.] પું. શબ્દનો યોગ અથવા વ્યુત્પત્તિ ઉપરથી થતો અર્થ.

યોગાવૃત્તિ જુઓ યોગવૃત્તિ.

યોગાસન [સં.] ન. ધ્યાન ધરવા કે સમાધિ લેવાને યોગશાસ્ત્રમાં બતાવેલી બેસવાની જુદી જુદી રીત કે ઢબ; યોગનું આસન; યોગાભ્યાસને અનુકૂળ આસન; શરીરના બેડોળ યોગનાં ચોર્યાશી આંકેનાં મુખ્ય આસન આ પ્રમાણે છે: તાડાસન, કોણાસન, હસ્તપાદાંગુષ્ઠાસન, ગરુડાસન, ઉત્કટાસન, પાદાંગુષ્ઠાસન, પાદહસ્તાસન, પશ્ચિમોત્તાનાસન, જાનુશિરાસન, ઉત્તાનપાદાસન, પવનમુક્તાસન, સર્વાંગાસન, કર્ણપીડાસન, ઊર્ધ્વસર્વાંગાસન, શીર્ષાસન, મુક્તહસ્તશંખાસન, સિંહાસન, પદ્માસન, ઊર્ધ્વપદ્માસન, ઉષ્ટ્રિતાસન, કુક્કુટાસન, ગર્ભાસન, મત્સ્યાસન, તોલાંગુલાસન, બદ્ધપદ્માસન, બકાસન, લોલાસન મયૂરાસન, હંસાસન, સર્પાસન, શલભાસન, અર્ધકૂર્મપદ્માસન, ભદ્રાસન, પ્રાચ્યાસન, ચતુરંગાસન, એકહસ્તભુજાસન, દ્વિહસ્તભુજાસન, એકપાદશિરાસન, દ્વિપાદશિરાસન, શતાયનાસન, મત્સ્યેંદ્રાસન, વૃશ્ચિકાસન, ત્રિકોણાસન, કંઠપીડનાસન, શ્વાસન, દંડાસન વગેરે આસનોના અભ્યાસથી નાડીઓની શુદ્ધતા, સહનશીલતાની વૃદ્ધિ, શરીરની લઘુતા, મનની એકાગ્રતા અને પ્રાણતત્ત્વનું ઊર્ધ્વગમન થાય છે તેમજ શરીરના અનેક રોગોની નિવૃત્તિ થાય છે

યોગાંગ ૧. [સં.] ન. અંતરયજ્ઞના ત્રણ મંત્રોનો એક ભેદ. અંતરયજ્ઞના ત્રણ ભેદ આ પ્રમાણે છે: (૧) યોગાંગ, (૨) ક્ષોગાંગ અને (૩) ત્યાગાંગ

૨. ન. યોગનાં આઠ આંકેનું દરેક અંગ. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગ છે.

યોગાંત [સં] પું. (જ્યોતિષ) મંગલ ગ્રહની કક્ષાના સાતમા ભાગનો એક અંશ.

યોગાંતરઘાત [સં.] પું બે સંખ્યાનો ગુણાકાર કરવાથી જે તે જ બે સંખ્યાની બાદબાકીનો ગુણાકાર

યોગાંતરાય [સં.] પું યોગમાં વિઘ્ન નાખનાર આળસ વગેરે દસ બાબત.

યોગાંતા [સં.] સ્ત્રી. મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રોથી બનેલી ભુજની મતિ. તે આઠ દિવસ સુધી રહે છે.

યોગિની ૧. [સં] સ્ત્રી. ઉપાસિકા; સાધ્વી; તપસ્વિની; તાપસી; જોગમણ.

૨. સ્ત્રી. ગ્રહોની દશા જોવા માટેની એક પદ્ધતિ. પડવે તથા નોમે પૂર્વમાં, ત્રીજ તથા એકાદશીએ અગ્નિકોણમાં, પાંચમ તથા તેરસે દક્ષિણમાં, ચોથ તથા બારશે નૈર્ઋત્યમાં, છઠ તથા ચૌદશે પશ્ચિમમાં, સાતમ તથા પૂનમે વાયવ્યમાં, બીજ તથા દશમે ઉત્તરમાં, આઠમ તથા અમાસે ઈશાનમાં યોગિની રહે છે. સમુખ કે જમણી યોગિની રાખીને યાત્રા કરવાથી લાભ, ભોજન વગેરે અવશ્ય થાય છે. પાછળ કે ડાબી યોગિની રાખીને યાત્રા કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

૩. સ્ત્રી. એક વહ અગ્નિબાણ.

૪. સ્ત્રી. ખાદ્યસ્વર કોઈ ડાકણ.

૫. સ્ત્રી. જોગણી; મેલી દેવી.

૬ સ્ત્રી. દુર્ગા તેનાં આઠ વિશિષ્ટ નામ છે: શૈલપુત્રી, ચંદ્રઘંટા, સ્કંદમાતા, કાલરાત્રિ, અંબિકા, કુષ્માંડી, કાત્યાયની અને મહાગૌરી.

૭. સ્ત્રી. પાર્વતી અને શિવની તહેનાતમાં રહેતી ઉપદેવીઓ માહેની દરેક; અર્ધદેવતા; દુર્ગાએ ઉત્પન્ન કરેલ ઉપદેવી; દુર્ગાદેવીની પરિચારિકા તેમની સંખ્યા ચોસઠ મનાય છે: વિશ્વદુર્ગા, ઉલ્કોતિની, માલાધરી, મહામાયા, મહાવની, મત્તસ્વિની, શુભ્રા, ત્રિનેત્ર, લોલજિહ્વા, સંક્ષિની, યમઘંટા, કાલિકા, ચક્રિકા, પક્ષિણી, સરસ્વતી, ચંડિકા, ચિત્રઘંટા, સુગંધા, કામાક્ષી, ભદ્રકાલી, પરા, કાત્યાયી, કોટરા, નીલાંકા, મર્વમંત્રસા, લલિતા, ત્વરિતા, ભુવનેશ્વરી, અકાશધારિણી, શૂલિની, દંડિની, અગ્નિકા, શૂલેશ્વરી, બાલવતી, ધનુર્ધરી, મહોલ્લાસા, વિશ્વાસ્ત્રી, ત્રિપુરા, જગત્ધારિણી, ત્રિપુરેશી, ઘોરયોગા, વારાહી મહોદરી, કામેશ્વરી, મુક્તેશ્વરી, ભૂતનાથા, મહામુખા, જ્યોતિષ્મતી, કૃત્તિવાસા, મુદ્રિની, શવવાહિની, ખિન્નશી, લિંગહસ્તા, ભગવર્ધના, મગના, મેઘવાહિની, મેઘયોગા, નારસિંહી, કાલિંદી, શ્રીધરી, તેજસ્વિની, સ્વાત્મા, માતંગી અને નરવાહના.

૮. સ્ત્રી. ભોંયર આંકેની એક આરાધનતત્ત્વ દેવતા

૯. સ્ત્રી. યોગ.ભ્યાસ કરનારી સ્ત્રી.

૧૦. સ્ત્રી. ગીતાનાં હજાર આંકેનું એક નામ.

૧૧ સ્ત્રી. સ્ત્રીનો એક ભેદ: બુદ્ધિશાળી, યુક્તિબાજ અને કામકાજમાં પ્રીતિવાળી સ્ત્રી યોગિની કહેવાય છે

યોગિની એકાદશી [સં] સ્ત્રી. જેઠ વદી અગિયારસ. આ એકાદશીનું વ્રત વિધિપૂર્વક કરવાથી વિયોગ મટે છે, સબંધીઓના સંયોગનું સુખ મળે છે. મહારોગો અને અંતરાયો દૂર થઈ દિવ્ય કાંચન જેવો દેહ અને અજ્ઞાનનો લાભની પ્રાપ્તિ થાય છે.

યોગિનીચક્ર ૧. [સં.] ન. તાંત્રિકોનું યોગિનીઓની સાધના કરવા માટેનું ચક્ર.

૨. ન. (જ્યોતિષ) યોગિની કઈ દિશામાં છે તે જાણવા માટેનું ચક્ર

યોગિની તંત્ર [સં.] ન. એ નામનો તંત્રશાસ્ત્રનો એક ગ્રંથ તેમાં ભગવતીની ઉપાસના, મંત્ર, પુરશ્ચરણ, અનુષ્ઠાન વિધિ, મહાત્માઓનાં ગૂઢ રહસ્ય, પ્રાચીન તીર્થોનાં માહાત્મ્ય, મંત્રરાજનું વિધાન, કવચાંક વગેરેનું વર્ણન હોય છે.

યોગિયા પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ

યોગી ૧. પું. અર્જુન.

૨. [સં. યોગિન્] પું. અસંપ્રજ્ઞાત યોગવાળો અલબ્ધચિત્ત યતિ; ધ્યાન અને સમાધિ વગેરે યોગની પ્રક્રિયા થી ઈશ્વરનું ચિંતન કરનાર સંન્યાસી. યોગીના બે પ્રકાર છે: (૧) યુંજાન એટલે યોગને માટે યત્ન કરતો અને (૨) યુક્ત એટલે ઈશ્વર સાથે ઐક્ય પામેલો. ગીતા પંચામૃતમાં યોગી વિષે કહેલું છે કે:—

સ્તુતિઓમાં સુખદુઃખમાં સમ રહે, માનાપમાને તથા; મુનિઓને પરમાત્મ પ્રાપ્તિ કરતા જેવું છતાયું ચિત્ત આ. છતેંદ્રિય કૂટસ્થ તૃપ્ત મન જે વિજ્ઞાન જ્ઞાને અને; જેને પથ્થર માટી હેમ સમ છે તે યોગી તો મુક્ત છે. સુહૃદ્ બંધુ ઉદાસી મિત્ર અરિમા મધ્યસ્થ દ્વેષ્યે અને; સાધુમાં વળી પાપીમાં ય સમ છે જેની મતિ એવા તે. જોતાં ખાતાં ફરજુ ગમને આસ જે વાસ રમર્યે, શયે આગે ગૃહસ્થ વચને નેત્ર બોલ્યે ત્રિયાયે; ઇંદ્રિનો સૌ નિજ વિષયમાં વર્તતી એમ ધારી, માને કૈં યે હું નથી કરતો એમ તત્ત્વજ્ઞ યોગી.

૩. પું (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તે પથ્યા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૦ લઘુ મળી ૨૮ વર્ણની ૪૬ માત્રા હોય છે.

૪ પું. કર્મયોગમાર્ગી; કર્મમાર્ગને અનુસરનાર પુરુષ.

તપસ્વીથી તો અધિકો જ યોગી.
જ્ઞાની થકીયે અધિકો મહાય.
જે કર્મેકાંડીય થકી અધિકો.
તે માટે હે અર્જુન ! થા તું યોગી.

કવિતા

૫. પું. કૃષ્ણ.

૬. પું. ભટ્ટનર.

૭ પું. તપસ્વી; સાધુ; સંન્યાસી; વૈરાગી; જોગી.

૮. પું. મહાકાળની ઉપાસના કરનાર પુરુષ.

૯. પું. માદાચક્રનો.

૧૦. પું. યોગપંથનો અનુયાયી.

૧૧. પું. રહસ્યવાદી; ગૂઢવાદી; અગમનિગમવેત્તા.

૧૨. પું. વિષ્ણુ.

૧૩. પું. શિવનાં ઢબ્બર માંહેનું એક નામ. આ સ્વરૂપમાં તે નગ્ન અવસ્થામાં માલૂમ પડે છે. તેણે શરીર ઉપર રાખ ચોળી છે, તથા જટાનો ચોટલો બાંધ્યો છે.

૧૪. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૧૫. સ્ત્રી. એ નામની એક અપ્સરા.

૧૬. ન. એ નામની અપ્સરાનું માણસ

૧૭ વિ. એ નામની અપ્સરાનું.

૧૮. વિ. સંયોગવાળું; યોગવાળું.

યોગીકુંડ [વિ.] પું. હિમાલયમાં આવેલું એ નામનું એક તીર્થ

યોગીજન [સં.] પું. યોગીપુરુષ.

યોગીપાદરાહુ સ્ત્રી એક જાતની વનસ્પતિ તે કાશ્મીરની એક અને અનોખી વનસ્પતિ છે. દુનિયાના બીજા કોઈપણ દેશમાં એ વનસ્પતિ થતી જાણવામાં આવી નથી. તેરથી સત્તર હજાર ફૂટની ઊંચાઈ ઉપર થતી આ ઔષધિ યોગીઓની પૂજનીય જડીબુટ્ટી હતી. યોગીઓ તેમાંથી શરીરને સોના જેવું બનાવવા માટે, કાયાના જુદા જુદા રોગોને દૂર કરવા માટે અને વર્ષો સુધી તપ કરવા માટે જોઈતું બળ મેળવવા માટે તેનું સેવન કરતા એમ આધારભૂત અંગ્રેજ ગ્રંથો અને જૂનાં હસ્તલિખિત જોજપત્રો પરથી જણાય છે. બધા લોકોના મત પ્રમાણે તે કોઈપણ પ્રકારનો ચેપી રોગ મટાડે છે. યોગીઓ આ ઔષધિ વિષે એમના ગ્રંથોમાં લખતા જણાવે છે કે: સોનું બનાવવાનો કોઈનો કેસ યોગીપાદરાહમાંજ છે. એટલે યોગીઓ આ ઔષધિમાંથી સોનું બનાવવાની ક્રિયા કરતા એવા ઉલ્લેખ મળી આવે છે. આ ઔષધ વિષે ઓળખના રોગ અને લૂપ કે ફેફસાંના કોઈ પણ રોગ માટેની ઉપયોગિતા પણ વર્ણવવામાં આવી છે.

યોગીરાજ ૧. [સં. યોગીરાજન] પું. મહાદેવ.

૨. પું યોગીઓમાં શ્રેષ્ઠ; મોટો યોગી.

યોગીવર ૧. પું. અરવિંદ ઘોષ નામના હિંદના પ્રખર યોગીપુરુષ. મહર્ષિ શ્રી અરવિંદ એટલે આર્યાવર્તનાં જ્ઞાન, અધ્યાત્મ, તપ અને યોગનું મૂર્તિમંત સ્વરૂપ. એક દિવસ એવો હતો જ્યારે શ્રી અરવિંદ કુનબી મહત્તાની કલ્પનામાં આઈ. સી. એસ થવા ગયા, પ્રોફેસર બન્યા, અને રાજપુરુષ પણ બન્યા; પરંતુ રાજકોપ કારાવાસમાં તેમનાં પ્રકાશમય ખુલી ગયાં, જગન્નાનનો તેમને સાક્ષાત્કાર થયો અને તેમણે આ સંસારની માયાનો બંધનો ઉતારી નાખી પૂર્ણયોગની ઉપાસના કરી, આત્મકલ્યાણની સાધના કરી. યોગીવર્ય અરવિંદ એક અને અદ્વિતીય હતા. એક મહાયોગી તરીકે તેમણે આપણને પૂર્ણયોગ, અંગ્રેજીમાં સાવિત્રીનું મહાકાવ્ય અને મંત્રદ્રષ્ટા તરીકે 'આર્ય' વગેરે આપેલાં છે. જ્યારે માતા નાનકડા પુસ્તકમાં આ જગદંબાનાં ચાર સ્વરૂપો: મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાળી અને માહેશ્વરીનું નિરૂપણ આપી ચંડીપાઠના દુર્ગામાતાનું એક નવું સ્તોત્ર જગતને ભેટ ધર્યું છે. તત્ત્વદર્શી ભાષ્યકાર તરીકે, 'એસેઝ ઓન ધી ગીતા' આદિ અનેક ગ્રંથો અને સમાજ્યાઓ તરીકે 'ધી હ્યુમન સાયકલ' આદિ અનેક નિબંધો તેણે આપ્યા છે. શ્રી અરવિંદે પોંડીચેરીમાં આશ્રમની સ્થાપના કરી તેના કર્મીવૃંદ નીચે હિંદની અને સમગ્ર જગતની પ્રજાઓને યોગદીક્ષા અર્થ હિમાલયનું યોગનું શિક્ષણ લેવા સુગમતા તેણે કરી આપી છે. તેઓશ્રી વેદના મહાન સંશોધક હતા. ઉપલબ્ધ વેદભાષ્યોની પાછળ જઈ, વેદના મંત્રદ્રષ્ટા ઋષિઓની યોગસાધના-પ્રણાલિઓનું હાર્દ અંતર્ગત કરી, વેદમાં વર્ણવેલી, જગજાગ મૃતપ્રાયઃ થઈ ભુલાઈ ગયેલી વેદસાધના-પ્રણાલીના મહાન નિદર્શક પ્રસ્થાપક તેઓશ્રી હતા. આ મહાયોગીએ જુદા જુદાં વેદ, ઉપનિષદો, પુરાણો અને તંત્રોની સાધના પ્રણાલિકાઓનો પોતે અનુભવાત્મક અભ્યાસ કર્યો અને અનેક ગ્રિન્થોને કરાવ્યો. તેનો નિષ્કર્ષ તે શ્રી અરવિંદનો પૂર્ણયોગ.

૨. જુઓ યોગીરાજ.

યોગીશ ૧. પું. મોટો શ્રેષ્ઠ યોગી; યોગીઓનો સ્વામી.

૨. [સં.] પું. વાજવલ્કય મુનિ.

૩. પું. વિષ્ણુનાં ઢબ્બર માંહેનું એક નામ.

૪ પું. શિવ; શંકર.

યોગીશ્વર જુઓ યોગીશ.

યોગીશ્વરી [સં.] સ્ત્રી. દુર્ગા.

યોગીંદ્ર જુઓ યોગીશ.

યોગીંદ્રદેવ [સં.] પું તત્ત્વાર્થ ઉપર આખ્યાન લખનાર એક દિગંબર વિદ્વાન

યોગેશ જુઓ યોગીશ.

યોગેશ્વર ૧. પું. અમલતુળો શક્તિ જેણે પ્રાપ્ત કરી હોય તેવો પુરુષ; દેવતાઈ પુરુષ.

૨. [સં] પું. ઈશ્વર; પરમાત્મા. યોગ એટલે જ્ઞાનયોગ અથવા કર્મયોગ. આ બંનેની સુપ્રસિદ્ધિ ઈશ્વરને આધીન છે. માટે તે યોગેશ્વર ઈશ્વર છે.

૩. પું. ભટ્ટનર

૪. પું. દેવ

૫. પું. દેવક્ષેત્રનો એક પુત્ર.

૬. પું. આસપાસ માંહેનો એક તેજસ્તત્ત્વ દેવતા.

૭. પું. મહાદેવ; શંકર; શિવ.

૮. પું. મુખ્ય ઋષિ.

૯ પું. યાજ્ઞવલ્કય

૧૦ પું યોગીશ્વર; યોગીઓમાં ઈશ્વર જેવો મોટો યોગી. પુરાણો પ્રમાણે નવ યોગેશ્વર આ પ્રમાણે છે: (૧) કવિ એટલે શુદ્ધાત્મા, (૨) હરિ એટલે નારાયણ ઋષિ, (૩) અંતરિક્ષ, (૪) પ્રબુદ્ધ, (૫) પિપ્પલાયન, (૬) આવિર્હોત્ર, (૭) દ્રુમિલ, (૮) ચમસ અને (૯) કરભાજન.

૧૧. પું. મનુષ્ય

૧૨ ન. એ નામનું એક તીર્થ

યોગેશ્વરી ૧. [સં.] સ્ત્રી. ગીતા.

૨. સ્ત્રી. દુર્ગાદેવી. તેનું સ્થાન યોગેશ્વરી નામની ગુફામાં છે.

૩. સ્ત્રી. વાંઝણી કંટોલી.

યોગેષ્ટ ૧ [સં] ન. કલાઈ.

૨. ન. સીસું; સીસક; નાગ; વંગ.

યોગેંદ્ર જુઓ યોગેશ્વર.

યોગૈશ્વર્ય [સં.] ન. યોગનો પ્રતાપ.

યોગોપનિષદ ૧. [સં] સ્ત્રી.બ. એ નામનું એક ઉપનિષદ.

૨. ન. જગકપટ તથા ક્રૂર રીતે શત્રુને મારવાની યુક્તિ

યોગ્ય ૧. [સં.] પું. જીવન માટેની એક પરિવર્તનતત્ત્વ દેવતા.

૨. ન. ઔષધિ નામે ઔષધિ.

૩ ન. ચંદન.

૪. ન. દૂધ.

૫. ન. પુષ્ય નક્ષત્ર

૬. ન. પૂરી થાણી.

૭. પું. વાહન; રથ, ગાડું વગેરે.

૮. વિ. આદરણીય; માનનીય.

૯. વિ. કામનું; ઉપયોગી

૧૦ વિ. બેસતા આવે.

૧૧. વિ. ઘટતું; ચોલતું; ઉચિત; જાજતું; અનુકૂળ.

૧૨. વિ. ચતુર; દક્ષ; કુશળ; હોશિયાર.

૧૩. વિ. જેવું; સમ; સમાન; સરખુ.

૧૪. વિ. ઇચ્છનીય; ઇચ્છાવહું.

૧૫. વિ. (ન્યાય) પ્રસિદ્ધ જ્ઞાન થઈ શકે તેવું.

૧૬. વિ. યોગને માટે જરૂરનું.

૧૭. વિ. લાયક; પાત્ર; ગુણી.

૧૮. વિ. સક્ષમ; તાકાતવાળું.

યોગ્યતમ ઉત્તરછવન જુઓ યોગ્યતમાતિછવન.

યોગ્યતમાતિછવન [સં.] ન. સૃષ્ટિમાં સૌથી વધારે લાયક છવો છવતા રહેવી અને બીજાઓનો નાશ થશે તેનો મત; યોગ્યતમ ઉત્તરછવન; યોગ્યતમની નિરંછવતા. ' સર્વાઇવલ ઑવ ધ ફિટેસ્ટ. '

યોગ્યતમાચરીય જુઓ યોગ્યતમાતિછવન.

યોગ્યતા ૧. [સં.] સ્ત્રી. અધિકાર; સત્તા.

૨. સ્ત્રી. આબરૂ; માન; પ્રતિષ્ઠા.

૩. સ્ત્રી. ઉચિતપણું; અર્હતા; યોગ્યપણું; લાયકી; પાત્રતા; યોગ્ય હોવું તે.

૪. સ્ત્રી. આસ્તિપત; ટેવ.

૫. સ્ત્રી. (ન્યાય) પારેલો અર્થ કહેવાનું સામર્થ્ય; તાત્પર્યના વિષયના સંસર્ગનો બાધ ન થવો તે.

૬. સ્ત્રી. પદવી; કરજ્જો.

૭. સ્ત્રી. સિદ્ધતા.

૮. સ્ત્રી. સામર્થ્ય; તાકાત.

યોગ્યપ્રમાણ [સં.] વિ. પ્રમાણસર. પ્રમાણયુક્ત; સાધારણ; સપ્રમાણ; ' નેચ્રેલ '.

યોગ્ય હક્ક પું. જાજની દાવો; યોગ્યાધિકાર.

યોગ્યા ૧. [સં.] સ્ત્રી. ઝાડિકા.

૨. સ્ત્રી. ચુવાન ઓ; યુવતી.

૩ સ્ત્રી. લક્ષ્મણ કસરત.

૪. સ્ત્રી. સીતાનું હલકર બાંધેનું એક નામ.

૫. સ્ત્રી. સુશ્રુત અનુસાર હાડકા, ચીરવા કે સંકોચિયા કરવાનો અભ્યાસ કે મહાવરો.

૬. સ્ત્રી. સૂર્યની પત્ની.

યોગ્યાધિકાર જુઓ યોગ્યહક્ક.

યોગ્યાયોગ્ય [સં.] વિ. યોગ્ય અને અયોગ્ય; લાયક ને નાલાયક

યોગ્યાયોગ્ય વિચાર = યોગ્ય અને અયોગ્યનો વિચાર કરવો તે.

યોજક ૧. પું. ઉદ્યોગની શરૂઆત કરનાર અને તેનાં આયોજનનું સંચાલન ચલાવનાર પુરુષ; જે યોજક બધા ઉદ્યોગો જીવતા કરે અને બીજાને તેને ઉદ્યોગનાયક કે ઉદ્યોગપતિ કહી લાવે.

૨. પું. પૃથ્વીનો પાતળો લાગ. તે જે વિલાગને સ્પર્શે છે.

૩. પું. યોજના કરનાર માણસ; સર્જક; વિધાયક; રચના કે પ્રેરણા કરનારે પુરુષ

૪. પું. વિવાહ સંસ્કારના હોમ માટે સ્થાપિત અગ્નિ.

૫. વિ. ચતુર; કસબી; કરામતવાળું; વિચક્ષણ; અક્ષયમદ.

૬. વિ. જુદાઈ નાખનાર.

૭. વિ. બનાવનાર; ઘડનાર

૮. વિ મેળવનાર; જોડનાર.

૯. વિ. રચનાત્મક; ઘડનાત્મક.

યોજકતા [સં.] સ્ત્રી. યોજકની શક્તિ.

યોજન ૧. પું. પરમાત્મા.

૨. પું. યોગ.

૩. [સં.] ન. આર્ય અનુમાનનો એક પ્રકાર; બંનાઈનું એક માપ કે અંતર; ચાર ગાઉનું અંતર.

૪ અંગુલ = ૧ પદ
૨ પદ = મુષ્ટિ
૧૨ અંગુલ = વિતસ્તિ
૨ વિતસ્તિ = હસ્ત
૪ હસ્ત = દંડ
૨૦૦૦ દંડ = ક્રોશ
૪ ક્રોશ = યોજન

રાજવલ્લભ પ્રમાણે

૬૪ અંગુલ = ધનુષ
૧૦૦૦ ધનુષ = ક્રોશ
૨ ક્રોશ = ગવ્યૂતિ
૨ ગવ્યૂતિ = યોજન

૪. ન. ઉપમા; ઉદાહરણ.

૫. ન. આર માઈલનું અંતર

૬. ન. ચિત્તની એકાગ્રતા.

૭. ન. જોડવું તે; સયોગ; મેળ; જોડણી.

૮. ન. પ્રધાન.

૯. ન. માર્ગ. રસ્તો.

૧૦. ન. રચના.

૧૧. ન. વ્યવસ્થા.

યોજનગંધા ૧. [સં.] સ્ત્રી. એક યોજનથી જેને વાસ આવે તેવી કોડી.

૨. સ્ત્રી કસ્તૂરી.

૩. સ્ત્રી. મત્સ્યગંધા; બાસની માતા; પાંડવોની દાદી; સત્યવતી; શાંતનુ રાજાની સ્ત્રી અને ભીષ્મની ઓરમાન મા; પરાશર ઋષિએ મત્સ્યગંધાની દુર્ગંધ મટાડી તેના શરીરમાંથી ચાર ગાઉ સુધી સુગંધ ફેલાય તેવી તેને બનાવી હતી

૪. સ્ત્રી. સીતા.

યોજનપર્ણી [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; મજીઠ; યોજનવલ્લી.

યોજના ૧. સ્ત્રી. ઉમેરવું તે.

૨. [સં.] સ્ત્રી. કાર્ય પરત્વે રીત, વસ્તુ, ઉદ્દેશ વગેરેનો પહેલેથી કરેલો વિચાર.

દરેક પુસ્તકની તુલના કરવામા તેની યોજના અને કૃતિનો વિચાર કરવો જોઈએ. પારિભાષિક અર્થમા આ બે શબ્દ પ્રથમ વપરાયા છે, તેથી તેનું કાંઈ અજ્ઞાન કરવું જોઈએ. કાંઈ ચુકાદો કે નિર્ણય કરવો તે યોજના એ અર્થ જે જગપ્રસિદ્ધ છે; પણ વિવેચનશાસ્ત્રમાં એનો અર્થ જેમ કરવો કે કંપોઝ જેવાના સંબંધમાં જે વસ્તુ જે રીતે, જે કદેરાશે વગેરેનો પ્રથમ નિર્ણય કરે છે, તે વસ્તુ, તે રીત અને તે કદેરા બે સમજાનું નામ યોજના. કદેરા પ્રસંગને અનુરૂપ હોય તો ચાલે. બે યોજનાને બાદ પાડવી તે કૃતિ.
પારિ. કોષ

૩. સ્ત્રી. (ગણિત) કોઈ પણ સિદ્ધાંત સિદ્ધ કરવાને જે ચિત્રોક આકૃતિ દોરવી પડે તે; રચના; ઘડતર.

૪. સ્ત્રી. ઘાટ; આકૃતિ.

૫. સ્ત્રી. યુક્તિ; કરામત; હિકમત.

૬. સ્ત્રી. દરખાસ્ત; પ્રસ્તાવ.

૭. સ્ત્રી. નિમણૂક; નીમવું તે.

૮. સ્ત્રી પ્રયોગ; ઉપયોગ.

૯. સ્ત્રી. બંધ બેસતી રચના કે ગોઠવણ; વ્યવસ્થા; જોડાણ.

યોજના કરવી-રચવી = વ્યવસ્થા કરવી

૧૦. સ્ત્રી. યોજવું તે; યોજન.

૧૧. સ્ત્રી. સ્થિતિ; સ્થિરતા.

યોજના ચાતુર્ય [સં.] ન. વ્યવસ્થાકૌશલ્ય; રચના નૈપુણ્ય; વ્યવસ્થા કરવાની ચતુરાઈ.

યોજનાપત્ર ૧. [સં] કું. ઉદ્દેશપત્ર; વિનતિપત્ર; વિજ્ઞાનપત્ર; પ્રસિદ્ધિપત્ર; 'પ્રોસ્પેક્ટસ'.
૨ કું. જાહેરખબર

યોજના પદ્ધતિ [સં.] સ્ત્રી શિક્ષણશાસ્ત્રની એ નામની પદ્ધતિ; 'પ્રોજેક્ટ મેથડ'. આ યોજનાનું ઉત્પત્તિસ્થાન અમેરિકા છે. આપણે ત્યાં આ પદ્ધતિ લાવવાનું માન ગિજુભાઈ બધેકાની સંસ્થાઓને ઘટે છે. પુસ્તકિયું ભણતર પુસ્તકિયું જ રહે છે. તેને જીવનવ્યવહાર બનાવવા માટે આ પદ્ધતિ રચાયેલી છે. એકાદ કામ શરૂ કરવાનું શિક્ષક તથા વિદ્યાર્થીઓ મળીને નક્કી કરે છે. પછી તે યોજનામાં શું શું જોઈશે વગેરે પ્રશ્નો પૂછતા પૂછતા કહેવાતાં જરૂર ને એ રીતે આવશ્યક શિક્ષણ આપવું તે યોજના પદ્ધતિ કહેવાય છે

યોજનાપૂર્વક જુઓ યોજનાબદ્ધ.

યોજનાબદ્ધ વિ. યોજનાથી બધાયેલ હોય તેમ; વ્યવસ્થિત રીતે; યોજના પ્રમાણે.

યોજનીય ૧. [સં.] વિ. ઉપયોગી
૨. વિ. ઉમેરવા યોગ્ય.
૩. વિ. નિમણૂક કરવા પાત્ર.
૪. વિ. યોજવા યોગ્ય; જોડવા લાયક; યોજી શકાય તેવું.

યોજવું ૧. [સં. યુજ્] સ. ક્રિ. ભેગું કરવું. નીમવું.
૨. સ. ક્રિ. યુક્તિ કરવી; તદબીર રચવી.
૩ સ ક્રિ. ગરમેજો ફાવવું; અંદર અંદર સમાધાન કરવું; ઠઠ્ઠો કરવો.
૪. સ. ક્રિ. જોડવું; સામેલ કરવું.
૫ સ ક્રિ. બેસતું કરવું; સાંધવું; મેળવવું.
૬. સ. ક્રિ. બેસાડવું; સ્થાપવું.
૭. સ. ક્રિ. માં પ્રવૃત્ત કરવું; લગાડવું.
૮ સ ક્રિ. રચવું; ગોઠવવું; બનાવવું; યોજના કરવી.
૯. સ. ક્રિ. વિચાર કરી કરીને ખોળી કે શોધી કાઢવું; કલ્પનાથી શોધી કાઢવું; શૂટો ઉઠાવવો.

યોજિતઆપ જ. પ્રમાણ, ધોરણ; વાસ્તવિક માપના કરતાં ચિત્ર દોરવાનું કદ નાનું હોયને સાંધે વાસ્તવિક માપને બદલે અમુક માપ લઈને ચિત્ર કાઢવામાં આવે તે માપ; ' સ્કેલ '.

યોજ્ય ૧. કું. (ગણિત) જોડાનારી સંખ્યા.
૨. [સં.] કું. શિવનાં કાનનાં બાંહેનું એક નામ.
૩. વિ. ઉપયોગ કરવા યોગ્ય.
૪. વિ જોડવા લાયક.
૫. વિ. મેળવવા યોગ્ય

યોતુ ૧. [સં] કું. માપ.
૨. ન. સાદ કરવું તે.
૩. વિ. સાદ કરનાર.

યોત્ર ૧. [સં.] ન. જોતરું.
૨. ન. દોરડી; દોરી

યોદ્ધો ૧ [સં યુધ્ (લડવું)] પુ શરીર મરદ; પહેલવાન; વીર.
૨. કું સૈનિક; લડવૈયો; સિપાઈ.

યોધ ૧- [સં. યુધ્ (યુદ્ધ કરવું)] કું. સૈનિક, લડવૈયો; સિપાઈ; યોદ્ધો
ક્યાં ગોરક્ષિયા યોધ,
રોધ કરવે તુ જાય ભુલ્યે. ઉમાહરણ
૨ ન. યુદ્ધ, લડાઈ
૩ વિ પહેલવાન, મરદ; વીર.
૪. વિ. શરવીર; બહાદુર; પરાક્રમી

યોધક જુઓ યોધ

યોધમહિ [સં.] કું. સૌથી આગે યોદ્ધો

યોધરાજ [સં] કું. મુખ્ય યોદ્ધો; મહાન લડવૈયો

યોધવર્ષ જ. વૃદ્ધિવર્ષ; જે વર્ષમાં ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ આવે તે વર્ષ; 'લીપ યેઅર'.

યોધ્ય [સં.] વિ. યુદ્ધ કરવા યોગ્ય; જેની સાથે યુદ્ધ કરવામાં આવે તેવું.

યોન ૧. કું. ઇજીપ્તની પ્રાચીન વસતિમાં વસતા વતની લોકો. તેઓ હિબ્રુ કહ્યું મનાતા હતા. સિકંદરની સાથે આવેલ લોકોએ પ્રથમ તેમને હિંદુસ્તાનના લોકો તરીકે માન્યા હતા.
૨. જ. અર્વાચીના વતનનું એ નામનું એક રાજ્ય.

યોનિ ૧. સ્ત્રી. અવતાર; જન્મ. પુરાણાનુસાર તેની સંખ્યા ચોર્યાશી લાખ છે: જલજન્તુ ૯ લાખ, સ્થાવર ૨૦ લાખ, કૃમિ ૧૧ લાખ, પક્ષી ૧૦ લાખ, પશુ ૩૦ લાખ, મનુષ્ય ૪ લાખ મળી કુલ ચોર્યાશી લાખ યોનિ થાય છે. એમ પણ કહેવાય છે કે, જીવને પોતાનાં કર્મોનાં ફળ ભોગવવાને માટે આ બધી યોનિઓમાં ભમવું પડે છે. મનુષ્યયોનિ આ બધામાં શ્રેષ્ઠ છે અને દુર્લભ મનાય છે.
૨. સ્ત્રી. અંતઃકરણ; મન
૩. સ્ત્રી. આદિકારણ; મૂળ; બીજ. સત્ત્વિત, રજીત અને તમસ્ત્ર એ ત્રણ તથા એ ત્રણના પ્રતિપક્ષભૂત, અસિત, ઉષ્ણ અને સિત તથા મિશ્ર એટલે સસિત-સિત, શીતોષ્ણ અને સંસ્તસિત્ત એમ કુલ નવ જન્મની યોનિઓ છે.
૪. સ્ત્રી. આણ; મણિ વગેરેનું ઉત્પત્તિસ્થાન.
૫ સ્ત્રી. ગતિ; ગમન
૬ સ્ત્રી. સર્જનસ્થાન; સર્જનાલય; ઉત્પત્તિસ્થાન. યોનિ આધાર છે અને જન્મ આધેય છે અર્થાત્ સ્થૂલ શરીરને માટે યોગ્યપુદ્ગલોનું પ્રાપ્તિક ગ્રહણ તે જન્મ અને તે ગ્રહણ જે જગ્યા ઉપર થાય તે યોનિ કહેવાય છે.
મારી યોનિ પ્રકૃતિ છે તેમાં ગર્ભ મૂકું છું હું,
કલ્પતિ સર્વ ભૂતોની તે થકી થાય ભારત '
ગીતાનુવેદાન
૭ સ્ત્રી. જગા, પાળી.
૮. સ્ત્રી. દેવ, મનુષ્ય, પશુ વગેરે જીવની જાત; પ્રાણીઓના વિભાગ, જાતિ કે વર્ગ
૯. સ્ત્રી દેહ, શરીર
૧૦ સ્ત્રી પૂર્વાફાલ્ગુની નક્ષત્ર
૧૧ સ્ત્રી મૃગ જાતિ
૧૨. સ્ત્રી સ્ત્રીની જનનેંદ્રિય; ભગ; સ્ત્રીનું ગુપ્તાંગ; સ્ત્રીની છૂપી ઇંદ્રી. યોનિ શબ્દનો મૂળ અર્થ ઉત્પત્તિસ્થાન એવો છે અને યોનિમાર્ગ એટલે બહારથી ગર્ભાશય સુધી જવાનો માર્ગ. આને માટે યોનિ શબ્દ પણ વપરાય છે સમાગમ પ્રસંગે પુરુષની ઇંદ્રિયને જગા કરી આપવી અને મર્મિક ઝાલને તથા સુવાવડ વખતે બાળકને બહાર આવવા માટે માર્ગ કરી આપવો એ આ ઇંદ્રિયનો ઉપયોગ હોય છે
૧૩ સ્ત્રી સ્થાન; આશ્રય.
૧૪. સ્ત્રી સ્વરૂપ; આકૃતિ.

યોનિકંદ [સં.] કું. એક પ્રકારનો યોનિનો રોગ જિમે ઊંચવાથી આયત કાર્ય કરવાથી, અતિ મૈથુનથી, યોનિમાં નખ કે દાંત વડે ક્ષત થવાથી વાતાદિક દોષ કુપિત થઈ પડે અને સાંઢાના ફેણનો, અંગૂઠા જેવડો ગોળ માંસનો ગોળો યોનિમા ઉત્પન્ન થાય છે. તેને યોનિકંદ કહે છે.

યોનિયુદ્ગંતરીય [સં.] કું. યોનિ અને ગુદા વચ્ચેનો ભાગ. આ ભાગ દરેક સ્ત્રીઓના જ શરીરમાં હોય છે.

યોનિરોગ જુઓ યોનિપદ.

યોનિવિભંગ [સં.] જ. ક્ષુદ્ર જંતુઓની નીચેનાં બે કાલ્પામાંનું નીચલું યોનિદ્વાર; યોનિરંધ્ર. આ છિદ્રમાંથી બાળક જન્મે છે અને અટકાવ આવે છે. ગર્ભાશય સાથે તે સંબંધવાળું છે.

યોનિસ્પર્શ [સં.] કું. યોનિની અંદર કામપ્રેરક કરવી તે; સ્ત્રીની ઇંદ્રિય ઉપર થતી સ્વક્રિયા.

યોનિજ ૧. [સં.] જ. પુરુષના વીર્યરૂપ શુક્ર અને સ્ત્રીના વીર્યરૂપ શોણિત એ બંનેના પરસ્પર મેળાપથી ઉત્પન્ન થતું શરીર. યોનિજ શરીર બે પ્રકારનું છે: જરાયુજ અને અંડજ. જે જીવ ગર્ભમાં આખું શરીર ધારણ કરીને યોનિ બહાર નીકળે છે તે જરાયુજ કહેવાય છે. મનુષ્ય, ગાય, ઘોડો, બૈસ ઇત્યાદિના શરીર જરાયુજ છે જે ઈંડાંમાંથી જન્મે છે

ને અંડજ કહેવાય છે પક્ષી, સર્પ, મરઘી વગેરેના શરીર અંડજ છે

૨. સ્ત્રિ. માતાની અંદરની જનનેંદ્રિયમાં રચીને ઉત્પન્ન થનાર.

યોનિદર્શક યંત્ર [સં] ન. યોનિના અંદરના ભાગ બતાવનારું સાધન.

યોનિદાહ [સં.] પું. સ્ત્રીની ઇંદ્રિયમાં બળતરા થવી તે.

યોનિદેવતા [સં.] સ્ત્રિ. પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર.

યોનિદોષ [સં.] પું. ગરમી; ઉપદંશ રોગ.

યોનિદ્વાર [સં.] ન. યોનિચ્છિદ્ર. યોનિરંધ્ર; ભગદ્વાર; મૈથુન કરતી વખતે પુરુષનું શિશ્ન જેમાં દાખલ થાય તે છિદ્ર; જેમાંથી બાળક જન્મે અને ઋતુસ્રાવ થાય તે યોનિનું દ્વાર. તે બંને નાના હોઠની વચ્ચે, મૂત્રપ્રણેક દ્વારની નીચે કૂવાના ઊંધા આકારનું હોય છે. તેની દરેક બાજુ પર યોનિસંદોષ નામની પેશી રહેલી છે. કુંવારી સ્ત્રીઓમાં આ દ્વારનો નીચલો અર્ધ ભાગ કુમારીચ્છદ નામના કળામય પડદા વડે ઢંકાયેલો છે. એટલે યોનિદ્વારનો ઘેરાવો આ પડદાના આકાર પ્રમાણે વધતો ઓછો હોય છે.

યોનિદ્વારિકા [સં.] સ્ત્રી. યોનિદ્વારની અંદર દરેક બાજુ પર આવેલી બે નામની ગ્રંથિ. તેઓ યોનિમાર્ગની કલાની અંદર ઢબાયેલા હોઈ તેના સૂક્ષ્મ સ્રોતદ્વારમાંથી ચીકણો પ્રવાહી સ્રાવ આ માર્ગમાં નજરે પડે છે. આ સ્રાવને કેટલાક સંપ્રદાયિકો કામજન્ય અથવા ઔદ્યુક કહે છે.

યોનિધારી [સં. યોનિધારિન્] વિ. શરીરવાળું; જેને દેહ હોય તેવું.

યોનિધૂની સ્ત્રી. યોનિમાર્ગ શુદ્ધ કરવા માટે વપરાતો ધૂપ. પ્રસૂતિકુમાર શુદ્ધ કરવા માટે અજમાની ધુમાડી આપવાનો સામાન્ય રિવાજ છે; પણ ખાસ તો આ ધુમાડી યોનિ માટે છે. પ્રસૂતાને નગ્ન કરી ઉપર એક વજ્ર ઓઢાડી યોનિને આ ધુમાડી લાગવા દેવી જોઈએ. જો અજમાની ધુમાડી ન દીધી હોય તો વર્ષાઋતુમાં યોનિમાં ખુજલી થાય છે. એટલા માટે પ્રસૂતાના યોનિમાર્ગમાં ઓછામાં ઓછી દહેરા એક વાર તો જરૂર અજમાની ધુમાડી દેવી. આ ધુમાડીને યોનિધૂની કહે છે.

યોનિપટ [સં] પું યોનિચ્છિદ્ર આડું આવેલું પાતળી ચામડીનું પડ; કુમારીચ્છદ; સતીચ્છદ; અક્ષતયોનિદ્વાર ઉપરની પાતળી ચામડી. જેણે પરિણીત જીવનમાં પ્રવેશ નથી કર્યો એવી કુમારી કન્યાઓના મોટા ભાગમાં યોનિચ્છિદ્રને થોડા અથવા વધુ પ્રમાણમાં આચ્છાદન કરતું તદ્દન પાતળું શ્લેષ્મત્વચાનું બનેલું યોનિપટ નામનું આવરણ આવેલું હોય છે. તેમાં એક છિદ્ર હોય છે. તે સ્ત્રીના કુમારીપણાનું ચિહ્ન છે. સર્વ સ્ત્રીઓમાં આ યોનિપટ યોનિછિદ્રની આડે બોળુદ હોવું જ જોઈએ એમ આગ્રપૂર્વક કહી શકાય નહિ. કેટલીક સ્ત્રીઓમાં તો એ એટલું સ્થિતિસ્થાપક હોય છે કે સમાગમ દરમિયાન એ યોનિછિદ્રની એક બાજુમાં આવી જાય છે, તો પણ મોટા ભાગની સ્ત્રીઓમાં એ સમાગમની આડે અંતરાયરૂપ નીવડે છે. બહુધરે પ્રથમ સમાગમ દરમિયાન સહેજ નહિ જેવા રક્તસ્રાવ સાથે એનાથને તે ચીરાઈ જાય છે. કેટલીક સ્ત્રીઓમાં આ આવરણ જરા વધુ પડતું મજબૂત હોવાને લીધે સ્ત્રિયનો યોનિમાં પ્રવેશ થઈ શકતો નથી અને એ માટેના પ્રયત્નો ખૂબ વેદના ઉપજાવે છે.

યોનિપદ્મ જુઓ યોનિપટ.

યોનિપથ જુઓ યોનિમાર્ગ.

યોનિપરીક્ષા [સં] સ્ત્રી પ્રસવકાળ પહેલાં યોનિના અંદરના ભાગની કરવી પડતી પરીક્ષા.

યોનિપાટિકા જુઓ યોનિદ્વાર.

યોનિપુષ્પ જુઓ યોનિફૂલ.

યોનિફૂલ [સં] સ્ત્રી. યોનિની અંદરની એક ગાંઠ. તેના ઉપર એક છિદ્ર હોય છે. આ છિદ્રમાં થઈને વીર્ય ગર્ભાશયમાં જાય છે.

યોનિભ્રંશ ૧ [સં.] પું યોનિનો એક રોગ. તેમાં ગર્ભાશય પોતાના સ્થાનથી જરા દૂર થઈ જાય છે.

૨. જુઓ યોનિરંદ.

યોનિમાપકયંત્ર [સં.] ન. યોનિ માપવાનું એક જાતનું સાધન

યોનિમાર્ગ [સં.] પું. અપલપથ; ગમનમાર્ગ; વરાગમાર્ગ; યોનિમુખથી ગર્ભાશય સુધીનો શ્લેષ્મત્વચાવાળો ભાગ; સ્ત્રીની જનનેંદ્રિયમા મુખથી ગર્ભાશય સુધીનો પોલો નળીના આકારનો એક અવયવ. આ માર્ગ બહારથી અંદર જતાં સહેજ ઊંચે અને પાછળ બાજુ તરફ જાય છે. તે ગુદનલિકાની આગળ અને મૂત્રિતની પાછળ રહેલો છે. તેની આગળની દીવાલ આશરે ચાર આંગળ અને પાછલી દીવાલ આશરે પાંચ ૭ ઇંચ લાંબી હોય છે, કારણ કે તે ત્રાંસી રીતે ઊંચે જાય છે. સામાન્ય સંજોગોમાં યોનિમાર્ગની આ બને દીવાલો પરસ્પર અડકેલી રહે છે. પરંતુ ખાસ સંજોગોમાં તેઓ છૂટી પડે છે અને માર્ગ પહોળો થાય છે. આ માર્ગનો ઉપલો છેડો મર્ભાશયની ડોકને વીંટળાય છે તથા તેના મુખની પાછળ પડ્યુ ત્રાંસી રીતે આગળ વધીને જઈ પડાયે છે બીજા શબ્દોમાં કહીએ તો ગર્ભાશયનું મુખ આ માર્ગની આગળની દીવાલમાં પેસી ગયેલું છે યોનિમાર્ગની દીવાલો સ્વતંત્ર માંસપેશીઓના તંતુઓ વડે બનેલી છે તેમની અંદરની બાજુ કળા વડે ઢબાયેલી છે, જેમાંથી બારીક શ્લેષ્મ ઝરે છે. આ કળામાં જ્યારે તે સંકોચાયેલી હોય છે, ત્યારે વીંટીના જેવી અસંખ્ય ગોળ કરચલીઓ નજરે પડે છે ઉપરાંત, તેની આગળની તથા પાછળની દીવાલની મધ્યરેખામાં ઊભી સડક જેવી એક એક સીવની માલૂમ પડે છે. જે સ્ત્રીનો પુરુષનું વીર્ય સિમેન્ટરસ સ્ત્રીની જનનેંદ્રિયમાં જાય છે તે માર્ગ આ છે. યોનિમાર્ગનો અંદરનો રસનો ક્રમાગમુખમાં જાય છે. માર્ગની લંબાઈ આર ઇંચની છે. યોનિમાર્ગની લંબાઈ વ્યક્તિ તેમજ દેશના ભેદોને લીધે ઓછી વધતી હોય છે. તો પણ તેની સરેરાશ લંબાઈ આર ઇંચ જેટલી ગણી શકાય છે. તેમાં વળી પીઠ તરફની બાજુ વધુ અને પેટ તરફની બાજુ ઓછી લાંબી હોય છે. તેમજ સમાગમથી આ લંબાઈમાં થોડોક વધારો પણ થાય છે. વધુ ખરા દાખલાઓમાં યોનિમાર્ગની લંબાઈ પુરુષની ઉત્થાપિત ઇંદ્રિયની લંબાઈ કરતાં ઓછી હોય છે. તો પણ યોનિમાર્ગની પ્રસરણશીલતાને લીધે આ લંબાઈ વધીને ૭ ઇંચ જેટલી પણ થઈ શકે છે.

યોનિમાર્ગચ્છદ જુઓ યોનિપટ.

યોનિમુક્ત [સં.] વિ. મોક્ષ પ્રાપ્ત કરેલું, વારંવાર જન્મ લેવાથી મુક્ત થયેલું.

યોનિમુખ જુઓ યોનિદ્વાર.

યોનિમુદ્રા [સં] સ્ત્રી. (યોગ) બેકરીરા બાંધેની એક મુદ્રા. તેમાં પ્રથમ સિદ્ધાસન વાળી બેસવું. પછી કાન, આંખ, નાક, મુખ એ ચારે દ્વારોને અંગૂઠો, તર્જની, મધ્યમા, અનામિકા એ આંગળીઓથી દાબી દેવાં. પછી પ્રાણવાયુથી પ્રાણને અંદર ખેંચી તેને અપાનવાયુમાં મેળવી દઈ શરીરમાં ષટ્ચક્રો છે તેનું ધ્યાન કરવું. તે વખતે સોઽહં મંત્રથી ભુજંગિનીરૂપ કુંડલિની દેવીને જગાડી જીવાત્મા સહિત કુંડલિનીને સહસ્રકમલમાં લઈ જવી. તે વખતે સાધકે હું આનંદમય છું એવી ભાવના કરવી.

યોનિયંત્ર ૧. [સં.] ન. કામાક્ષી, ગયા વગેરે કોઈ વિશ્વનું તીર્થસ્થાનોમાં બનાવેલો એક પ્રકારનો સંકીર્ણ માર્ગ જે આ માર્ગમાંથી નીકળી જાય છે તે મોક્ષ મેળવી લે છે

૨. ન. યોનિરૂપી યંત્ર.

યોનિરંજન [સં.] ન. સ્ત્રીનો અટકાળ.

યોનિરંધ્ર જુઓ યોનિદ્વાર.

યોનિરૂપ [સં.] વિ. યોનિની ઇંદ્રિયના આકાર જેવું.

યોનિરોગ [સં.] પું. સ્ત્રીની જનનેંદ્રિયનો રોગ. આ રોગ એક કિટાણુને લીધે થાય છે. તેના બીજા પ્રકાર આ પ્રમાણે છે. ઉદાવર્તયોનિ, વાંઝણીયોનિ, વિપ્લુતાયોનિ, વાતલા, લોહિતક્ષયા, દુઃખપ્રજાવિની, વામિની, પુત્રઘ્ની, પિત્તલા, અસૃગ્દરા, કર્કુયોનિ, અતિચરણા, ચરણાયોનિ, અસ્તનીયોનિ, અદિતા, અંડની, મહાવિષ્ટતા, સૂચીવક્ત્રા, સન્નિપાતિકાયોનિ અને પરિપ્લુતાયોનિ.

યોનિલિંગ [સં.] ન. ભગાકુર; ભગાંકુર; મદનાંકુર; કેસરભૂમિથી અરધો ઇંચ આસરે નીચે આરેકના ઠળીયા જેવો અવયવ; યોનિના ઉપલા ભાગમાં યોનિઓષ્ઠની મધ્યમાં ત્રિકોણાકારનો ઊંચે માંસમય આકાર; મદનજ્વર; સ્ત્રીની યોનિની અંદર પુરુષના લિંગ જેવી એક ઇંદ્રિય. તેના ઉપર બસારી આવવાથી એને વિષયસુખ પ્રાપ્ત થાય છે. ઉત્તેજના દરમિયાન લોહીના ભરાવાથી યોનિલિંગ પ્રફુલ્લ બનીને સહેજ આકાર પામે છે. યોનિલિંગને થતો સ્પર્શ સ્ત્રીની કામેચ્છાને અતિ તીવ્ર બનાવે છે.

યોનિવૃદ્ધિ [સં.] સ્ત્રી. સ્ત્રીની ઇંદ્રિયનો વિકાસ.

યોનિવ્યાપત સ્ત્રી. સુવાવડ.

> યોનિવ્યાપત અથવા સુવાવડ વખતે જે કષ્ટ થાય છે તે બધા સ્ત્રીજાતિના અવયવને લીધે જ હોય છે. — અભિનવ કામશાસ્ત્ર

યોનિશૂલ જુઓ યોનિશૂળ.

યોનિશૂલામો [સં.] સ્ત્રી. શતપુષ્પા વનસ્પતિ.

યોનિશૂળ [સં.] ન. યોનિનો એક રોગ. તેમાં યોનિમાં બહુ પીડા અથવા સણકા થાય છે.

યોનિશોષ [સં.] પું. સ્ત્રીની જનનેંદ્રિયમાં આવતો સોજો.

યોનિસંકર [સં.] વિ. વર્ણસંકર; જેના માતા પિતા જુદી જુદી જાતિનાં હોય તેવું

યોનિસંકોચ ૧. [સં.] પું. યોનિનું મુખ સંકોચવાનું ઔષધ.

૨. પું. સ્ત્રીની જનનેંદ્રિયનો સંકોચ. તેમાં યોનિ બહુ દુઃખ સાથે તાલુથી ખેંચાઈ જાય છે, તેથી સંકોચ કરવો અશક્ય બને છે.

યોનિસંકોચન જુઓ યોનિસંકોચ.

યોનિસંભવ જુઓ યોનિજ.

યોનિસંવરણ [સં.] ન. ગર્ભવતી સ્ત્રીનો એક પ્રકારનો રોગ. તેમાં યોનિનો માર્ગ સંકોચાઈ જાય છે, ગર્ભાશયનું દ્વાર બંધ થઈ જાય છે અને ગર્ભનું મોઢું બંધ થઈ જવાથી શ્વાસ રોકાઈ જઈને બાળક મરણ પામે છે. આ રોગમાં ગર્ભિણી સ્ત્રીના મરણનો પણ ભય રહે છે.

યોનિસંવૃત્તિ જુઓ યોનિસંકોચ.

યોનિસ્નાવ [સં.] પું. સ્ત્રીજાતિના ગુપ્ત ભાગમાંથી નીકળતી રસી.

યોની જુઓ યોનિ.

યોન્યર્શ જુઓ યોનિઅર્શ.

યોન્યાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેમાં ઉપરમને સંકોચી તેના ઉપર ડાબા પગની પાની સમ્યક્ પ્રકારે રાખી, ડાબા સાથળ પર જમણો પગ રાખવો અને જમણા હાથનાં અંગૂઠો, તર્જની અને મધ્યમા વડે અનુક્રમે જમણો કાન, જમણી આંખ અને જમણું નાસાપુર બંધ કરવાં પછી તે હાથની અનામિકા તથા કનિષ્ઠિકા વડે મુખનો જમણો ભાગ દબાવવો તથા ડાબા હાથના અંગૂઠા આદિ વડે ડાબા કાનના તે અવયવો દબાવવા. આવી રીતે સ્થિતિ કરવી તે યોન્યાસન કહેવાય છે. પગની સ્થિતિ ઊલટાવવાથી આ આસનનો બીજો ભેદ થાય છે. આ આસનથી ઇંદ્રિયો, પ્રાણ અને ચિત્તનું કૂંધન થવા લાગે છે. આ આસનથી મળદ્વાર નિર્દોષ બને છે

યોષા [સં] સ્ત્રી. નારી; સ્ત્રી; ઔરત.

યોષિત ૧. [સં. યોષિત્] સ્ત્રી. નારી; સ્ત્રી.

૨. સ્ત્રી. પત્ની

૩. વિ. જુવાન.

યોષિતા ૧. સ્ત્રી. ઘરની સ્ત્રી; પત્ની.

૨. [સં] સ્ત્રી. યુવતિ સ્ત્રી.

૩. સ્ત્રી. બાઈડી; નારી.

યોસેફ પું. સંત ઈસુ ખ્રિસ્તનો પાલક પિતા. ઈસુ ખ્રિસ્ત કુમારી મરિયમને પેટે જન્મેલા હતા, પણ તેનું તથા કુમારી મરિયમનું રક્ષણ તેમ જ પાલન પોષણ કરવા માટે પરમેશ્વરે કુમારા યોસેફને નીમ્યો હતો.

યોંહી ૧. [હિં] અ. આવી રીતે

૨. અ. કારણ વિના; અમસ્તું.

યૌગંધરાયણ ૧. પું. વત્સરાજ ઉદયનનો એ નામનો એક પ્રધાન.

૨. વિ. યુગંધર ગોત્રમાં ઉત્પન્ન થયેલ.

યૌગિક ૧. પું. (પિંગળ) અક્ષરવૃત્ત માત્રાનો માત્રાજાતિ છંદ. તેની પ્રસ્તારભેદથી ૫,૧૪,૨૨૯ વૃત્તિઓ થાય છે.

૨. વિ. મુખ્ય અર્થનો એક વિભાગ; પ્રકૃતિ અને પ્રત્યય એ બંનેનો અર્થ જેમાં યથાર્થ શબ્દનો જે અર્થ થાય તે. યોગ એટલે વ્યુત્પત્તિ પ્રમાણે યથાર્થ તેને યૌગિક અર્થ કહેવામાં આવે છે અને શબ્દની એવા શક્તિને અવયવશક્તિ કહે છે.

૩. પું. સંયોજિત પદાર્થ; 'કોમ્પાઉંડ'.

> રસાયણિક યૌગિક = બે અથવા વધારે તત્ત્વોનો રસાયનિક સંયોગ થઈને બનેલો પદાર્થ.

૪. વિ. ઔપચારિક.

૫. વિ. ધાતુ અને પ્રત્યયના જ્ઞાનથી જેનો અર્થ સમજાય તેવું. વ્યુત્પત્તિ પ્રમાણેનું; વ્યુત્પત્તિ સિદ્ધ; યોગાર્થવાળું

૬. વિ. યોગને લગતું; યોગ સંબંધી; યોગનું.

૭. વિ. યોગ્ય; જરૂરનું; કામનું

૮. વિ. સામાન્ય; પ્રથા મુજબનું

યૌગિકપદ [સં.] ન. પદના ચાર ભેદોનો એક પ્રકાર; જે પદના જ્ઞાનથી અવયવાર્થ જ સમજાતો હોય તે. યૌગિક, રૂઢ, યોગરૂઢ અને યૌગિકરૂઢ એમ ચાર પ્રકારનું પદ હોય છે.

યૌગિકરૂઢપદ [સં.] ન. પદના ચાર ભેદોનો એક પ્રકાર; જે પદ અવયવશક્તિ અને સમુદાયશક્તિથી સ્વતંત્ર અર્થનું વાચક હોય તે પદ. જેમકે, ઉદ્ભિદ વગેરે પદ જેમ અવયવશક્તિથી ઝાડ વગેરેને જણાવે છે તેમ સ્વતંત્ર રીતે સમુદાયશક્તિથી અમુક પ્રકારના યોગને જણાવે છે.

યૌગિક સૂક્ષ્મદર્શક [સં.] ન. બેકથી વધારે સૂક્ષ્મદર્શક કાચવાળું યંત્ર. આ યંત્રમાં એક સૂક્ષ્મદર્શક કાચમાંથી નીકળતી છબી બીજા સૂક્ષ્મદર્શક કાચ ઉપર પડે છે. તેથી તે છબી ઘણી જ મોટી દેખાય છે

યૌગંધરાયણ [સં.] ન. એક જાતનું સાબુસી જેવું યંત્ર. તેથી બાળકને ગર્ભાશયમાંથી ખેંચીને બહાર કઢાય છે

યૌન ૧. સ્ત્રી. ઉત્તરાપથની એક પ્રાચીન જાતિ. આ લોકો યવન જાતિના હતા.

૨. [સં.] ન. વિવાહ.

૩. ન. વ્યભિચારનું પાપ.

૪. વિ. યોનિ સંબંધી; યોનિમાંથી જન્મેલું; યોનિનું.

૫ વિ. વિવાહ સંબંધી; લોહીના સંબંધવાળું; લગ્ન સંબંધમાંથી થતું.

યૌનાનુબંધ [સં.] પું. સગાઈ; સગપણ; સબંધ.

યૌવત ૧. [સં.] ન. યુવતી હોવાનો ભાવ
૨. ન. યુવાન સ્ત્રીઓનો સમૂહ.
૩ ન. લાલ્ય ગુણનો બાજી ભેદ; જેમાં ઘણી નદીઓ મળીને નાચતી હોય એવું વૃત્ત.
૪ વિ. યુવતીઓએ કરેલ

યૌવન ૧. [સં.] ન. યુવાનીઃ તારુણ્ય; ભોગના વિષયોને યોગ્ય વય; યુવાવસ્થા.
જેમણે દક્ષપ્રજાને કેમળ યૌવન જ્યાં, તેમ દેવાંતર આપ્તિ પીર તેમા ઓઢનો
ગીતાનુપેખન
૨. ન. યુવાનો કે યુવતીઓનો સમૂહ.
૩. ન. પુરુષવસ્થાને યોગ્ય કોઈ ભાવ
૪. વિ. યુવાનઃ ઉમર લાયક.

યૌવનકંટક [સં] પુ. મોં ઉપરનું ખીલ.

યૌવનદશા [સં , સ્ત્રી યૌવન પ્રાપ્ત કરવું તે. ઉમર લાયક થવાની સ્થિતિઃ ભરજુવાની, યુવતું લાવણ્ય; ભરભોગનઃ તારુણ્ય.

યૌવનપીડ [સં , પુ સ્ત્રીનો રજોદર્શનની અવસ્થાનો એક રોગઃ યુવાન સ્ત્રીને થતો પાંડુ રોગઃ ' ક્લોરોસિસ '.
સ્ત્રીઓના લોહીનું વિશિષ્ટ પ્રકારનું ઓછું હોવાનું કારણ આશરે ૧૫ થી ૨૨ વર્ષની સ્ત્રીઓને જે યૌવનપાંડુ થાય છે તેનું કારણ આજ છે અનિયમિત કમરા એ

યૌવનપીટિકા જુઓ યૌવનકંટક.

યૌવનપ્રેપ વિ. યુવાનઃ ઉમરલાયક

યૌવનસુલભ [સ] વિ. યુવાનીને અનુકૂળ.

યૌવના ૧. [સં.] સ્ત્રી. યુવાન સ્ત્રી. તરુણીઃ યુવતી.
૨. ન. ભોગનઃ જુવાની.

યૌવનાશ્વ ૧ પુ અશ્વમેધ યજ્ઞના ઘોડાની રક્ષા કરતા અર્જુન સાથે યુદ્ધ કરે નામનો એક વીર યોદ્ધો
૨. પું. (પુરાણ) સૂર્યવંશી કુવલાશ્વ કુલોત્પન્ન માંધાતા રાજાનો પૌત્ર અંબરીષ અથવા ધર્મસેન રાજાનો પુત્ર તેનો પુત્ર હારિત વંશ હતો.
૩. પુ (પુરાણ) સૂર્યવંશી કુવલાશ્વ કુલોત્પન્ન યુવનાશ્વ રાજાનો પુત્ર માંધાતા.
૪. પુ. (પુરાણ) હસ્તિનાપુરના પૂર્વ ભાગમાં આવેલી ભદ્રાવતીનો રાજા આ રાજા પાસ એક ત્રાગો ઘોડો હતો. યુધિષ્ઠિરે અશ્વમેધ કરતી વખતે ઘોડો લાવવાને માટે ભીમસેનને મોકલ્યા અને મેઘવર્ણની સાથે મોકલ્યો. જ્યારે એકવાર તે ઘોડાને નદી તીરે લઈ જવામાં આવ્યો ત્યારે મેઘવર્ણ રાક્ષસી માયાએ કરીને તેને ઊંચકી ગયો તેથી તે રાજા સૈન્ય લઈને ચઢી આવ્યો તેને ભીમે હરાવ્યો અને અશ્વ લીધો. જ્યારે તે રાજાને ખબર પડી કે એ ઘોડો યુધિષ્ઠિરના યજ્ઞ માટે જોઈએ છીએ ત્યારે તેને બહુ હર્ષ થયો અને પોતે ઘણું ધન લઈને હસ્તિનાપુર ગયો.
૫. ન. વાસ ઋષિનું એ નામનું એક પ્રવર.

યૌવનાંગના [સં.] સ્ત્રી. જુવાન સ્ત્રી.

યૌવનિકા [સં. સ્ત્રી. ભોગનઃ જુવાની.

યૌવનોન્મુખ [સ.] વિ યૌવનમાં આવેલુંઃ યુવાન.

યૌવરાજ્ય [સં.] ન. મોટી જવાબદારીનું પદઃ પટરાણી કુવરનો અધિકારઃ યુવરાજપદનો ઓદ્દોઃ યુવરાજના પદથી કે સ્થાનઃ યુવરાજપણું.

યૌવરાજ્યાભિષેક [સં] પુ પાટવી કુવરને ગાદીએ બેસાડવાની ક્રિયાઃ યુવરાજને પદે વિધિસર સ્થાપવું તે.

યૌં [હિ.] અ. અ. રીતે, આ પ્રમાણેઃ અ.મ.

૨

૨

૨ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ગુજરાતી લિપિનો આઠમોરાબો મૂળાક્ષર અને સત્તાવીશમો મહેસ્માની વ્યંજન વર્ણ; એક અલ્પપ્રાણ ઘોષ વ્યંજન; ચાર માત્રાનો બીજો અર્ધસ્વર. તેને અંતઃસ્થ પણ કહે છે.
૩. પું. એ નામની એક ઉપાધિ.
ઈતિહાસના પ્રાગ્-ઐતિહાસિક યુગના રાજાઓ ૨ જી ઉપાધિ ધારણ કરતા અને ૨ અર્થાત્ સૂર્યના પ્રતિક તરીકે તેઓ કપાળમાં નામની ટીલીના આકારનું તિલક ધરતા હતા
૫૦૦૦ વર્ષ પૂર્વનું ગુજરાત
૪. પું. કામદેવનો પરિતાપ
૫. પું. (પિંગળ) કાવ્યમાં આઠ માત્રાનો એક ગણ; છંદશાસ્ત્રમાં પ્રસિદ્ધ રગણ. તેમાં બે ગુરુ વચ્ચે એક લઘુ હોય છે.
૬. પું. ગરમી; તાપ.
૭ પું ચાળીસની સંખ્યા સૂચક એક સાંકેતિક અક્ષર.
૮. પું. ઝડપ; ત્વરા; વેગ.
૯ પું બળતું તે.
૧૦. પું સંપત્તિ; ધન; દોલત.
૧૧. પું સિતારનો એક બોલ.
૧૨. પું સૂર્ય.
૧૩ ન તેજ.
૧૪ વિ. ઊંચા; ગરમ સ્વભાવનું.
૧૫. વિ તીક્ષ્ણ; પ્રખર.

૨૬ ૧. સ્ત્રી. કપડાં સીવવાનો ટાંકો.
૨ સ્ત્રી. મકાનો બાંધો ઘાટ
૩ [બ્રિ] સ્ત્રી. બાજી ફેરવવાની રમત
રમ્ય ચલાવવી = રમત ફેરવવી.
૪ સ્ત્રી રતિ, કામદેવની સ્ત્રી.
૫. સ્ત્રી. રાજપૂત સિવાયની ૨૬ નામની એક જાત.
૬. સ્ત્રી. લાજ; શરમ.
૭. સ્ત્રી. ૨૬ જાતની એક નામની જાતનું માણસ.
૮. વિ અનુકંપા; પ્રેમવાળું.
૧૦. વિ એ નામની જાતનું
૧૧. વિ. દુશ્મન.
૧૨. વિ. સહિત; સંયુક્ત; જોડાયેલું.

૨૬ કેસ ન. એ નામનો મોતીનો એક દાગીનો

૨૬ંચન ૧. સ્ત્રી ખેડૂત; આસામી; આવેદાર; ખરોતી; સાથી.
૨. સ્ત્રી. રાજા કે જમીનદાર વગેરેએ જમીન તથા આશ્રય આપીને રાખેલ માણસ; આશ્રિત.
૩. [અ. રઈ (તેણે રક્ષણ કર્યું)] સ્ત્રી. રૈયત; પ્રજા; વસતિ જન; ગામ કે દેશમાં રાજા વગેરેને તાબે એક જથ્થે રહેતા લોક; ખેડુત, ધંધાદારી અને બીજા સાધારણ લોક.
રક્ષિત કયા ખાની છે તો કે દુખ ચાવલ = પરાયેલો ખૂબ્યાનું દુઃખ શું જાણે ?
૪. સ્ત્રી. રાજ્ય મરીગર.

૨૬ંચતપરવર [અ.] પું. પ્રજારક્ષક રાજા.

૨૬ંજ ૧. [અ.] પું. અધિકારી; સત્તાધારી માણસ.
૨. પું. અમીર; જાગીરદાર.
૩. પું. રાજા
૪. પું. સદ્‌ગૃહસ્થ; પ્રતિષ્ઠિત અને ધનવાન પુરુષ
૫. પું. સરદાર

૨૬ ૧. પું. ગુસ્સો.
૨. [સં. રગ] પું. નખ; રગ.
૩ પું. મુશળધાર વરસાદ.
૪. પું. સૂર્યસંતપ્તઅગ્નિ.
૫. પું. સ્ફોટકઅગ્નિ.
૬. પું. હાર

૨૬૪૬ ૧. સ્ત્રી. ઝગડો; લડાઈ; તકરાર.
૨. સ્ત્રી. બાજીઓ; માયાકૂટ; પંચાત.
૩. સ્ત્રી. ખેતર આબવામાં આનારાની કરવી તે; હા, ના કર્યા કરવી તે; વિચાર; તાણખેંચ.
૨૬૪૬ કરવી = હા, ના કરવી; સામસામી આનારાની કર્યા કરવી; પચાત કરવી
૪. સ્ત્રી. વાગ્યુદ્ધ; બોલાચાલી.
૫. સ્ત્રી. હઠ; આગ્રહ; જીદ.

૨૬૪૪ જુઓ ૨૬૪૬

૨૬૫ા (૨૬ા) ૧. પું. પૈસાની બરીદેલો ગુલામ.
૨. [અ] સ્ત્રી. ક્ષેત્રફળ; વિસ્તાર.
૩ સ્ત્રી. ખેતરની આસપાસની જગા.
૪. સ્ત્રી. ગરદન; ડોક.
૫. સ્ત્રી. ગામડાની હદમાં આવેલી જમીન.

૨૬ળો ૧. [અ. ૨૬ા (ક્ષેત્રફળ)] પું. કુલ ક્ષેત્રફળ.
૨. પું. ગામ, ખેતર, પરગણું વગેરેની હદ કે પ્રદેશ.
૩. પું. સીમની જમીન; ખેતરની આસપાસની ખેડવા વિનાની જગ્યા.

૨૬મ (૨૬મ) ૧. [અ.] સ્ત્રી. અક્ષર.
૨. સ્ત્રી. કલમ.
૩ સ્ત્રી. કિસમ; તરેહ; પ્રકાર; રીત.
૪. સ્ત્રી. અક્ષરરીયળો અમુક જુમલો કે આકડો; સંખ્યા; અંક; આંક.
૫. સ્ત્રી. ગણિત.
૬. સ્ત્રી ગણિતનો હિસાબ મંડાવે છે તે સવાલ.
૨૬મ માંડવી–સવાલ = ગણિતના દાખલાનું સવાલ ગણવું.
૭. સ્ત્રી. (ગણિત) જુદાં જુદાં હિસાબચક ચિહ્નોથી એકડાથી સંખ્યાનો સમૂહ; પદી.
૮. સ્ત્રી. દીપમાની એકાદ ચીજ કે વસ્તુ.
૯. સ્ત્રી. દાગીનો; ઘરેણું
૧૦. સ્ત્રી. નંગ; ઊસતાદ; ઠગ; ધુતારો કે બંધો માણસ
૧૧. સ્ત્રી. પેટા કલમ; આબામાનો અમુક એકાદ વિભાગ, અવયવ કે ઘટક; પ્રકરણમાં જુદી પાડેલી જે બાબતો જેમ આવત.
૧૨ સ્ત્રી પૈસાની રકમ; મોટી સંખ્યામાં નાણું.
૧. રકમ ઉપાડવી = (૧) કોઈ ચીજ કે દાગીનો ચોરવો (૨) મોટી સંખ્યામાં નાણાં ઉઠીનાં લેવા

૨ રક્ષમ નામે લખારી = (૧) ઉપાડેલી રકમ ખાતે લખાવવી. (૨) કોઈ વસ્તુ લાખ ઉપર વેચી જેના તે ધણીને ખાતે માંડવી. (૩) વેચેલી-વેચાતી લીધેલી બીજની કીમત નામે લખારી કે લખાવવા

૧૩ સ્ત્રી. બાદશાહી હુકમ

૧૪ સ્ત્રી. બક્ષિસ.

૧૫. સ્ત્રી. મહેસૂલનો દર.

૧૬. સ્ત્રી. લખવું તે; લખવાની ક્રિયા.

૧૭. સ્ત્રી. લેખ.

૧૮. સ્ત્રી. પહેરવેશ કર્યા પછરની જગીરનો અમૂક ભાગ

૧૯. સ્ત્રી. સુંદર સ્ત્રી

રકમબંધ ૧. વિ જથ્થાબંધ; સામટું, સંખ્યાબંધ; પુષ્કળ

૨ વિ. એક પછી એક; રકમવાર; સંખ્યાવાર, ક્રમસર

૩. વિ. બાકી રકમે, એક મુશ્તે, મોટે આંકડે

રકમવાર જુઓ રકમબંધ

રકમી (રકમી) ૧. પું. કૃપાપાત્ર એકૂત.

૨. [અ.] વિ. નિશાની કરેલું

૩. વિ. લખેલું.

રકલયષ્ટિકા સ્ત્રી. મજ્જા; એક જાતની ઔષધિ.

રકસ (રક્ષ) [અ.] ન. ભૂલ; નાચ

રકસા સ્ત્રી. ભૂખસ; હરીફે ઝીંકી દોલતીઓ નીકળી ખજવાળ આવવી તે.

રકાન ૧. [અ. રકન (બાંધવો)] પું. ધારો; નિયમ; કાનૂન.

૨. પું. રીત; રિવાજ; ચાલ; રૂઢિ

૩. [હિ.] સ્ત્રી. હકુમત; સત્તા.

રકાબ (રકાબ) ૧. પું. છીછરી થાળી; રકાબી

૨. પું. ઘરઘંટી; ઘોડો.

૩. [અ. રિકાબ] પું. પેગડું; ઘોડા પર ચડવાને અને ઘોડા પછી પગ રાખવાનો પાવડા કે રાખેલાં જીતમાના કર્યા

૧. રકાબ ભારી = ઘોડેથી ઊતરી સામાન ઉતારવો.

૨. રકાબ પર પગ રાખવો = જવાને મટે તૈયાર થવું

૪. પું. પગલું.

૫. પું. હજૂરિયો.

રકાબદાર ૧. [અ.] પું. ખિજમતગાર; નોકર

૨. પું. પેગડું પકડીને ઘોડા ઉપર સવારી કરાવનાર નોકર; ' સાર્યસ '.

૩ પું. સવારીમાં સાથે ચાલનાર માણસ

૪. પું. હલવાઈ; મીઠાઈ બનાવનાર કોઈ.

રકાબ્રા ૧. [અ. રકબહ] સ્ત્રી ક્ષેત્રફળ.

૨. ન. ખેતર કે જમીનની આસપાસની જગા.

૩. ન. ઘાસ ખરાબર ઊગતો ન હોય તેવી ખડેલી જમીન; ખરાબો

૪ ન. મોટી થાળી

રકાબી ૧. સ્ત્રી. તાસક; છીબુ.

૨. [અ. રિકાબ] સ્ત્રી. નાની છીછરી થાળી; નાનું ટાટ; તબકડી. બકાણી; માતુ અથવા કાચનું હજારી કોરવાળું છીછરું નાનું વાસણ.

રકાબો જુઓ રકાબ.

રકાર ૧. [સં.] પું. ૨; ૨ એવો અક્ષર અને ઉચ્ચાર.

૨ પુ. રની નિશાની.

રકારાંત [સં. રકાર + અંત (છેડો)] વિ. જેને છેડે રકાર હોય એવું. અને રકારવાળું.

રકાસ ૧. પુ અધોગતિ; પડતી.

૨. પું. આબરૂ; માપ; આડસટ્ટો

૩. પું નિર્લજ્જ

૪ પું. હજામો; મરકરી; હજામ.

૫ [હિ] પું ભૂત, રાક્ષસ.

૬ પું. મતા; અભિપ્રાય.

૭. પું. લડાઈ

૮ પું ક્રિયાનું સાધિત ભાવવાચક નામ.

રકીક (રકીક) ૧ વિ. કોમળ; નરમ; મુલાયમ.

૨. [અ.] વિ. ગરીબ; ભાગીક.

૩. વિ. પાણીના જેવું પાતળું

રકીબ (રકીબ) ૧. [અ] પું પોતાની જ માશૂકને ચાહનાર બીજો આશક.

૨ પું. હરીફ; પ્રતિસ્પર્ધી

૩. વિ. દુશ્મનાવટવાળું. વેરી. વિરોધી

૪ વિ નિંદા કરનાર

૫. વિ પ્રેમમાં હરીફ હોય એવું

૬ વિ રક્ષક; રક્ષણ કરનાર.

રકૂન ન. નોર્વિચાને મળતું એક જાતનું પ્રાણી તે ઉનર અમેરિકના ઉપલા ભાગમા જોવામાં આવે છે. તે દેડકા ખૂબ ઊંચે છે. તેના રૂવાંની પરપમાં ટોપી બને છે

રકેબી જુઓ રકાબી.

રક્ષસ ૧. [હિ] પુ. ભૂત; રાક્ષસ.

૨ પું ક્રિયાનું સાધિત ભાવવાચક નામ.

૩ સ્ત્રી. ક્રિયાવાચી કલ્પિત જાતિ.

રક્ષસ ૧. ન. પક્ષિઓનું ખાલ ચકકર.

૨ [અ.] વિ. નાચનાર; કૂદનાર.

રક્ષો ૧. પું. કરાર; નિયમ; બદોબસ્ત.

૨. પું. શીરકુ

૩. પું. ચબરે; ચિઠ્ઠી, ટૂંકો લેખ; બાતપત્ર.

રક્ષા ૧. પું. એક જાતનો વીંછી.

૨. પું. એક પ્રકારનો દેડકો.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ મા.ત્રામેળ ૭૬ તે મત્તમયૂર છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૪૨ લઘુ મળી ૬૫ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

૪. પું. કચૂંબો.

૫. પું ઠેસવાંનું ફૂલ.

૬. પું. પતમની છઠ્ઠો કમાન.

૭ પું. પગમ.

૮ પું. પ્રેમ; પ્યાર.

૯ પું. બપોરિયો

૧૦ પું રામ.

૧૧. પું. રાતો રંગ.

૧૨ પું. હિંગળક ધાતુ.

૧૩ પુ. હિંગળો

૧૪ ન. એક પ્રકારનું માપલું.

૧૫. ન. કમળ

૧૬. ન. કેસર

૧૭. ન. ખોરાકનો પરિપાક થાય રસ.

૧૮. ન ખૂનાં અને પાકેલાં આંબળા.

૧૯. ન. તાબું

૨૦. ન. રુધિર; લોહી; ખૂન; શોણિત. તે શરીરને બંધારે છે, દઢાવે છે, જીવાડે છે તેમ જ જીવ્યા બના અવયવોને મજબૂત બનાવે છે. પશુઓ ને મનુષ્યના શરીરમાં લાલ રંગનું પ્રવાહી લોહી ભેજાવ સતત વહે છે. લોહીનાં બંધારણનાં ત્રણ મુખ્ય કર્તવ્ય ગણી શકાય: પાચન થયેલા ખોરાકમાંથી સત્ત્વ ચૂસી લેવાનું, તે સત્ત્વને શુદ્ધ કરીને તેનાં પૌષ્ટિક તત્ત્વોને શરીરના દૂર દૂરના સુધીના ભાગો સુધી પહોંચાડવાનું અને બીજું શરીરના દરેક ભાગમાંથી અશુદ્ધ અને વિકૃત દ્રવ્યો દૂર કરવાનું આ કાર્ય સહેલ અને સત્વર થાય તેને માટે લોહીની સતત ગતિની જરૂર છે. આ ગતિ રક્તાશય—હૃદયના માંસતંતુઓના વિકાસ અને સંકોચથી થાય છે. સાધારણ સશક્ત માણસના શરીરમાં દસ્ત દસ શેર રતલથી વધારે લોહી હોતું નથી, પરંતુ હૃદયમાં અને લોહીની નલિકાઓમાં ૪૧૦૦૦ રતલથી ૬૦૦૦ રતલ જેટલું લોહી ૬૦ ચોવીસ કલાકે વહે છે. ટૂંકી મુદતે ઘણો મોટો ધંધો કરવા માટે શરીરમાંના લોહીનો ફરી ફરીને ઉપયોગ કરવો પડે છે. સાધારણ રીતે લોહીથી જ અપંગો શરીરનું પોષણ અને રક્ષણ

થાય છે તેનું હૃદયદ્વારા સમાસન થતાં કરે છે અને આખા શરીરમાં હમેશા તે ફરતું રહે છે. શરીરનાં અંગોને પોષકતત્ત્વ લોહી મારફત જ પહોંચે છે જ્યારે તે કોઈ રમ્ય નેથી પ્રસાર થાય છે ત્યારે ત્યાંથી તે તેનો ખરાબ અંશ કે કચરો વગેરે પોતાની સાથે લઈ જાય છે. આ પ્રમાણે તેમાં જે કોઈ ખરાબ અંશ આવે છે તે ફેફસાની ક્રિયાદ્વારા દૂર થાય છે અને ફરીને તે શુદ્ધ થાય છે. હૃદયમાંથી જે સાફ લોહી નીકળે છે તે લાલ હોય છે પરંતુ ફરીને જ્યારે તે શરીરના અવયવોમાંથી નીકળીને ફેફસાંની તરફ વહે છે ત્યારે તે કાળાશ પડતું આસમાની રંગ જેવું હોય છે લોહી પરીક્ષણથી ખરા જોવામાં આવ્યું છે. વળી તે પારદર્શી નથી સામાન્ય રીતે તેની ઘનતા ૧૦૫૦ ફેરનહાઈટ હોય છે પરંતુ કોઈ કોઈ રોગમાં તે ઓછીવત્તી પણ થાય છે તેના બે ભાગ હોય છે: એક ભાગ પ્રવાહી છે તેને રક્તવારિ કહે છે અને બીજો રક્તકણ. આ રક્તકણો તે રક્તવારિમાં તરતાં રહે છે. આ કણ બે પ્રકારના હોય છે: સફેદ અને લાલ. આ કણ વાસ્તવમાં સજીવ આકૃતિ છે. શરીરની બહાર નીકળ્યા પછી અથવા મૃત્યુ બાદ શરીરની અંદર રહીને પણ લોહી જામી જાય છે. જેમાં ભાગે આખા શરીરનો ૧/૧૩ ભાગ લોહી હોય છે. પશુઓનું લોહી સામાન્ય રીતે બાંધવા સારું કરવામાં અને ખાતર તૈયાર કરવાના કામમાં આવે છે. આયુર્વેદ ગ્રંથોના અનુસાર લોહી શરીરની સાત મુખ્ય ધાતુઓ માંહેનું એક છે અને તેને સ્નિગ્ધ, ગુરુ,ગ્રહણશીલ અને મધુરરસ કહેલ છે.

શોણિત રક્ત પ્રસૃગ અસૃક્ કૌધિર અસલ્લત;
લાલી પીયુ પ્રસૃતા પવિત્ર કવિયાં ગાત્ર.
ત્રિકાંડશેષપુરાણ

૨૧. ન. લાલ ચંદન.

૨૨ ન. સિંદૂર.

૨૩. વિ. આસક્ત; પ્રીતિવાળું; અનુરાગવાળું; રાગવાળું

૨૪. વિ. ખિન્ન; વહાલું

૨૫. વિ. રમ્યુપન્યુ; તલ્લીન.

૨૬. વિ. રમનિયાળ.

૨૭. વિ રંગેલું.

૨૮. વિ. લાલ; રાતું, લોહીના રંગનું.

૨૯. વિ સાફ કરેલું; શુદ્ધ.

૩૦. વિ. સુંદર; મનોરમ.

રક્તઆમાતિસાર [સં.] પું. એક પ્રકારનો રોગ તેમા લોહીનો દસ્ત આવે છે

રક્તક ૧. [સ] પું. અજ્ઞાનવૃક્ષ.

૨. પું. આશક; પ્રેમી પુરુષ.

૩. પું. અશોકવૃક્ષ.

૪ પું રમતિયાળ માણસ.

૫ પુ રાતો પોશાક.

૬ પું રાતો સમુદાય

૭ પુ. લાલ ઓઢણો

૮ પું લાલ રંગનો ઘોડો.

૯. ન. કેસર

૧૦ ન. લાલ પદ્મ

૧૧ ન. લોહી

૧૨ વિ. અનુરાગી; પ્રેમી.

૧૩ વિ રાતું

૧૪ વિ. લોહીવાળું

૧૫ વિ વિનોદી, મશ્કરું.

રક્તકણ [સં. રક્ત (રાતું) + કણ (અણુ)] પું. લોહીમાં હોતો રાતો સૂક્ષ્મઅણુ; રક્તાણુ; લોહીમાંનો રાતો કણ; ' કોર્પસલ. ' લોહીના અસંખ્યાત ગોળીક પરમાણુ બે પ્રકારના છે: લાલ અને સફેદ. સફેદ કરતાં લાલ પરમાણુ વિશેષ હોય છે; એટલે દર ૫૦૦ લાલ પરમાણુએ ૧ ધોળો પરમાણુ હોય છે. રાતાં રજકણો ઉપર લોહીના રંગનો આધાર હોય છે અને તે બીજાં રજકણોમાંથી ઉત્પન્ન થાય છે. માણસના લોહીનાં રાતાં રજકણ ગોળાકાર અને ચપટ હોય છે. તેનો સરાસરી વ્યાસ $\frac{1}{3200}$" જેટલો હોય છે. ધોળાં રજકણ ગોળાકાર તથા ઊંચી નીચી સપાટીવાળાં હોય છે અને તેના સરાસરી કદનો વ્યાસ $\frac{1}{2500}$" જેટલો હોય છે. જોના લોહીમાં પુરુષના લોહી કરતાં ઓછાં રજકણો હોય છે એમ સમજમાં આવ્યું જ ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે. કહેવાય છે કે, લોહીના એક ટીપામાં ૫૦ લાખ રક્તકણો હોય છે

રક્તકણક જુઓ રક્તકણ

રક્તકણભારપક [સં.] ન. લોહીમાં લાલ પરમાણુ કેટલા પ્રમાણમાં હોય છે તે માપવાનું એક જાતનું યંત્ર

રક્તકણિકા જુઓ રક્તકણ.

રક્તકદલી [સં.] સ્ત્રી. કેળ ચંપો.

રક્તકદંબ [સં.] ન. એક જાતનું કદમનું ઝાડ તેના ફૂલ લાલ રંગનાં હોય છે.

રક્તકમળ ૧ ન. રસસિંદૂર; રક્તભસ્મ.

૨ [સ. રક્તકમલ] ન. રાતું કમળ; કમળના ફૂલની એક જાત. રક્તોત્પલ. રોકનાદ; પદ્મ. કમળકાકડી એ રક્તકમળનું કંદ છે. સફેદ કમળને પુંડરીક અને લાલકમળને રક્તકમળ અથવા કોકનદ, આસમાની કમળને ઇંદીવર અને વાંકા કમળને નીલોત્પલ કહે છે.

રક્તકરવીર [સં.] ન લાલ કણેર.

રક્તકર્ણિક [સં.] પું એ ઇંદ્રિયવાળા જીવનો એક પ્રકાર.

રક્તકેચન ૧. ન. ચંદનના પાંચ ભેદોનો એક ભેદ. ચંદનના બધા ખ-ચતુરીય નિઘંટુમાં ચંદન, રક્તચંદન, કુચંદન, કાલીયક અને ભદ્રશ્રીક એમ પાંચ છે. રક્તચંદનનું ઝાડ મોટી અને પૌષ્ટિક મનાય છે. સોજામાં ઠંડક લાવવાને તેમ જ આયુ દુખતું હોય તો ચોપડવાથી રક્તચંદન ધોળા ચંદન કરતાં વધારે ઠંડક કરે છે. લોહીની ઊલટી અતિ રોગોમાં રાતા ચંદનને દૂધમા ઘસીને અપાય છે.

૨. [સં.] ન મધ્યમ કદનું એક જાતનું આસોપાલવ જેવું ઝાડ, સિંદૂર. તેને રાતી અને જાંબુડી છાપવાળાં ફૂલ આવે છે.

રક્તકંદરા [સં.] સ્ત્રી. એ નામનું એક વૃક્ષ.

રક્તકંદ ૧. [સં] ન. પરવાળું.

૨. ન. રતાળુ

૩. ન. લાલ કુંભણ.

રક્તકંદવતી સ્ત્રી. એક જાતની વેલ. તેના પાંદડાં અને ફૂલ કરેણના જેવાં તથા કંદ લાલ હોય છે તે પારદમઘન માટે ઔષધોગી છે

રક્તકંબલા સ્ત્રી. (જૈન) મેરુ પર્વત ઉપર પશ્ચિમ દિશામા આવેલ એ નામની એક શિલા.

રક્તકકારા [સં.] પું. એક પ્રકારનો રોગ. તેમા કેફસાંમાં ખર્ચ ઓછા મારફત લોહી નીકળે છે. તે રોગ બહુ જ ગાયથી, વધારે પ્રમાણમા બંસી બળવાથી, બાસી વગેરે રહેવાથી કે જેવા પર્વતો ઉપર ચઢવાથી થઈ આવે છે.

રક્તકાક [સં.] ન. પતંગની જાતનો કીડમાન.

રક્તકાંડા સ્ત્રી. ગળી ભાંડોડી

રક્તકુંડ પું. એ નામનો દુર્ગંધ મારીવાળો ભરેલા આરબો જીતે નરક કુંડ

આરબો રક્તકુંડ દુર્ગંધમા લોહીથી પરિપૂર્ણ છે, તે વાત જેવો ઝાડો છે. ભાગવતી આખ્યાન

રક્તકૃમિ ૧. [સં.] ન એક જાતનું પટપટી વર્ગનું પ્રાણી; ' બ્લડવર્મ '.

૨. ન. કમળપુષ્પ; આસોપાલવ જેવું એક ઝાડ.

રક્તકેકરી [સ. રક્તકેકિન્] વિ. જેના પગ લાલ રંગના હોય એવું

રક્તકેરવ [સં.] ન લાલ કમળ.

રક્તકેકનદ [સ] ન. લાલ કમળ

રક્તકેકનદ [સં. રક્તકુષ્ઠ] પું એક જાતનો કોઢનો રોગ; રક્તપિત્ત; જેમાં શરીરે ધોળા

ચડાં પડે છે અને લોહિમિશ્ર રતુ ચીકણું પાણી તથા રસી ઝર્યા કરે છે. તેમા ગામડી અવસ્થા અને ખોટની અવ છે આ એક ભયંકર રોગ કે.

રક્તક્ષય [સં] પુ. શરીરમાં લોહીનું ઘટી જવું તે; શરીર ફિક્કું પડવું તેં લોહી સુકાવું અવ એવો એક રોગ, રક્તઝાર.

રક્તક્ષીણતા [સં.] સ્ત્રી. લોહી ઓછું થઈ જવું તે.

રક્તગતજ્વર [સં.] પુ તાવનો એક પ્રકાર; સાત ધતુ મ.હેની બીજી ધતુ લોહીમાં ભળેલા દોષથી આવતો તાવ. લોહીના ભળભા પડવા, શરીરે દાહ થવો, બેભાનપણું, ઊલટી, ઝકરી આવવી, બકવાટ, શરીર ઉપર ફોડલીઓ થવી, તરસ વગેરે તેનાં ચિહ્નો છે.

રક્તગર્ભા [સં.] સ્ત્રી. મેંદીનું ઝાડ.

રક્તગુલ્મ [સં.] પુ. લોહીની ગાંઠ; ગર્ભાશય પછી ઓના પેટમા લોહી જામી જવાનો રોગ.

રક્તગૌંદિક [સં.] પું. ગેરુ.

રક્તગાલક [સં] પુ. લોહીમાં રહેલ લાલ દ્રવ્ય પુરુષોની સાથે સરખાવતા સ્ત્રીઓનાં લોહીમાં રક્તગોલકનું પ્રમાણ ઓછું હોય છે. સ્ત્રીઓનો શ્વાસોચ્છ્વાસ પુરુષો કરતાં વધારે ઝડપથી ચાલે છે. ઉંમર લાયક થવાના દાંડાએ સ્ત્રીપુરુષોની જનનેંદ્રિય પાસેની ચામડી વધારે કાળી બને છે. વળી સ્નેહગ્રંથિમાંથી વધારે તેલ નીકળવા લાગે છે. તેથી જ મોં ઉપર ખીલ ઊગે છે

રક્તગ્રંથિ ૧. સ્ત્રી. લાલ જલનવંતી નામની વનસ્પતિ.

૨. [સં] સ્ત્રી. શરીરમાં લોહીની ગાંઠ ભયાર્ત જલ એવો રોગ

રક્તચીવ ૧. [સ.] પું રાક્ષસ.

૨. [સં રક્ત (લાલ) + જીવ (જીવ)] ન. લાલ ડોકવાળું કબૂતર.

રક્તઘટક [સ.] ન. લોહીમાં રહેલ લાલ અને સફેદ કણ.

રક્તચક્ર [સં.] ન. લોહીનું ફરવું તે.

રક્તચંચુ [સં. રક્ત (રાતી) + ચન્ચુ (ચાંચ)] પુ. પોપટ; શુક. તેની ચાંચ લાલ હોય છે.

> રક્તચંચુ શુક ડોર અને સુવા ચટક હરિનામ,
> આ જ્ઞ હસતી કોયલા દેતી દાદીમ ગામ
> પિતાંબરકૃત.

રક્તચર્ચ જુઓ રક્તચન્દન.

રક્તચંદન ૧. [સં.] ન. રાતા રંગનું સુગંધ; રક્તાંજલી; રંજન. તે લેપ તથા ઔષધમાં ચંદનને સ્થાને વપરાય છે. તે શીતલ, સુવાસિત અને મૂત્રલ છે. ખીલ, ગૂમડાં, બરતકલ્લા તથા સોજા ઉપર ઘસીને ચોપડાય છે તેમજ કૃમિ, ત્વચારોગ, દાહ, તૃષા, જ્વર, લોહીની ઊલટી વગેરે દરદમા ઔષધના રૂપમાં અપાય છે. બહારનાં દરદોમા ઠંડક માટે તે બીજી દવાઓ સાથે વપરાય છે તેનું ઝાડ મધ્યમ કદનું છે. જંગલો, ઉષ્ણ હિંદ, મદ્રાસ ઇલાકો, મલબાર કાનડા, મૈસૂર, ત્રાવણકોર વગેરે ઠેકાણે તે થાય છે. કોમળી ડોગળી તેનું વિશ્રામ વાચેતર થાય છે. તેનું લાકડું ઉપર સફેદ અને અંદર લાલ કે કાળાશ પડતું હોય છે. તેની સુંદર પેટીઓ, જાળી કે બારીઓની ફ્રેમો, મૂર્તિઓ, મંદિરો વગેરે કે ગામતોના ઘરના બારણાં, બેતીનાં ઓજાર, ગાડાનાં પૈડાં, રમકડાં વગેરે બને છે. આયુર્વેદની દવાઓમા જૂના ગ્રંથોથી તે વપરાય છે. દરદાર લેપમા તે પડે છે. વાળમાં નાખવાનાં તેલોને સુગંધી અને રંગીન બનાવવા તથા દવાઓને લાલ રંગ આપવા માટે હિંદ અને ઘરમા તે વપરાય છે તેમા ચંદન જેવી પણ બહુ ઓછી સુગંધ હોય છે. ધૂપ તરીકે દેવસ્થાનમાં બાળવા માટે પણ બળે ઠેકાણે તે વપરાય છે. તેના લાકડામાંથી રાતો રંગ મળે છે. તે પતંગના લાકડા સાથે કપડાં, ઊન અને રેશમ રંગવા હિંદમા બજારી વપરાતો રક્તચંદનનાં ઝાડનાં બોબાસામા તાજાં ખી વારી તથા રોપ કરાય છે. બુલાઈથી સપ્ટેમ્બર સુધી તેને લાલ ફૂલ આવે છે. જેમ્બ્રિજમાં તેમાં ખા થાય છે. આ ઝાડ મૂળ બરમાનું વતની છે. બંગ્રી બેજવાબી જમીનમા તે થાય છે. ફેબ્રુઆરીમા તેનાં પાતરાં ખરી પડે છે.

૨. ન. લાલ કેસર. તે કશ્મીર દેશમાં થાય છે.

૩. ન. ચંદો

રક્તચિત્રક [સં] ન. લાલ રંગનું ચિત્રકાક્ષ.

રક્તચૂર્ણ ૧ [સં] ન. કપીસો. તે રંગમા રાતો ભૂકો જેવો આવે છે માટે તેને રક્તચૂર્ણ કહે છે.

૨. ન કિટ્ટ

રક્તચૂર્ણક જુઓ રક્તચૂર્ણ

રક્તજ [સં.] વિ. લોહીમાંથી ઉત્પન્ન થયેલું

રક્તજમૂર્ચ્છા [સં.] સ્ત્રી. અજાણ્યા લોહી પડી જવાનો રોગ; 'એપોપ્લેક્સિ'.

રક્તજલ [સ] ન લોહીને પ્રવાહીપણું આપતું એક તત્ત્વ લોહીના દ્રવભાગ પાણી જેવા ચોખ્ખો અને પ્રવાહ.

રક્તજલી જુઓ રક્તજલ.

રક્તજવૃદ્ધિ [સ] સ્ત્રી. એક જાતનો રોગ; લોહીનું ગૂમડું.

રક્તજંતુક [સં] ન સીસું.

રક્તજન્યાધિ [સ.] પું લોહીમાંથી ઉત્પન્ન થતો રોગ

રક્તતુંડ ૧. [સ.] પું પોપટ; શુક પક્ષી.

૨. વિ લાલ મુખવાળું.

રક્તતુંડક [સં.] ન. સીસું.

રક્તતૃષ્ણ [સં.] ન. એક પ્રકારનું લાલ રંગનું ધાન

રક્તતૃષ્ણા [સ.] સ્ત્રી. મોમૂર્છિકા નામનું ઘાસ.

રક્તદલા [સં.] સ્ત્રી. નલિકા નામનું ગંધદ્રવ્ય.

રક્તદંતિકા ૧. [સં.] સ્ત્રી. દુર્ગાની એક શક્તિ; શુમ્ભ અને નિશુમ્ભને મારતી વખતે દુર્ગાએ ધારણ કરેલ રૂપ; ચંદિકા.

૨ વિ. રાતા દાંતવાળી.

રક્તદાહ [સં] પું. લોહીવિકારને લીધે શરીરે બળતરા થવાનો એક રોગ.

રક્તદૃષ્ટિ જુઓ રક્તદોષ.

રક્તદોષ [સં.] પું. લોહીનું બગડવું તે; લોહીનો વિકાર.

રક્તદૃગ્ ઈ. [સં. રક્ત (લાલ) + દૃગ્ (આંખ)] સ્ત્રી. કોયલ.

> રક્તદૃગ્ ધરભૃત રક્તદૃગ્ વિપ્રવનિ તદ્વારસ પુંજ;
> આવે મધુ આરવ થકી તવ ભોગવત પુંજ.
> પિતાંબરકૃત ગોદ

૨ ન. કપૂર

૩. ન. અકોરે પક્ષી.

૪. ન. સારસ પક્ષી.

૫ વિ. લાલ આંખવાળું; જેની આંખ લાલ હોય એવું.

રક્તદ્રવ્ય [સં] ન. રક્તજલ; લોહીનું પ્રવાહી તત્ત્વ

રક્તધરા [સં.] સ્ત્રી. ચામડી અંદરની બીજી કલા. તે લોહીને ધારણ કરી રાખે છે.

રક્તધરાકલા [સં] સ્ત્રી. ચામડીનો તથા સિરાઓની દીવાલનાં બધું માંહેનું જોડું પડ તે અસલ પાતળી કલાનું બનેલું છે. આ પાતળા પડની આસપાસ થોડાં સ્થિતિસ્થાપક સૂક્ષ્મ સ્નાયુઓ વીંટળાયેલ. છે.

રક્તધાતુ ૧ [સ] સ્ત્રી તાંબું

૨ સ્ત્રી પિત્ત.

૩. સ્ત્રી લોહ.

૪ સ્ત્રી સત્યનાશ, મોટી ખડી.

રક્તનામ [સ] ન. કેસર.

રક્તનિરેન જ. કેસરનાં રાતાં ફિલામેન્ટો કે જે અંડવાહિની નળી આપે અને નર કેસરનું ફિલામેન્ટ. અબોલ્ડા, અપરાગ્રા; 'પિસ્ટિલોડ'.

રક્તપક્ષ [સં.] પું ગરુડ. કામદેવ, તેની આખો રાતી છે

રક્તપટ ૧ પું ભોંઠ સાધુ; શ્રમણ; સન્યાસી
૨. [સ] ન. લાલ વસ્ત્ર
૩ વિ. લાલ વસ્ત્ર પહેરનાર.

રક્તપર્પટિકા ૧ [સ] સ્ત્રી. રાતી સાદડી
૨ જૈન સાધ્વીના. તેના પ્રકાશ રાતા રંગના થાય છે માટે તેને રક્તપર્પટિકા કહે છે

રક્તપરીક્ષા [સં.] સ્ત્રી. લોહી સંબંધી રોગનો નિર્ણય કરવો તે

રક્તપા ૧. [સ] સ્ત્રી. જળો.
૨. સ્ત્રી. દારૂડી.
૩ વિ લોહી પીનાર

રક્તપાત ૧. [સં] પુ. લોહીની નીકો ચાલે તેવી લડાઈ; કાપાકાપી; ખૂનામરકી.
૨. પુ. લોહીનું પડવું કે વહેવું તેઃ રક્તસ્રાવ.

રક્તપાતી [સ. રક્તપાતિન્] વિ. રક્તપાતવાળું.

રક્તપાત્ર [સં] પુ. લોહ માના રક્તકણ અને શ્વેતકણ સાથે માલૂમ પડતો અતિ ઝીણો રાસાયણિક આકારનો દ્રવ્ય

રક્તપાદ ૧ [સં.] પું પોપટ
૨. પું સુદનો રંગ
૩. પું. વડ.
૪. પુ હંસ.
૫. પું લાખ.
૬ વિ. લાલ પગવાળું.

રક્તપાદી સ્ત્રી. રિસામણીનો વેલો.

રક્તપાયિની [સં.] સ્ત્રી. જળો

રક્તપારદ ૧. [સં] પુ. સિંદૂર.
૨ પું. હિંગળો.

રક્તપિત્ત ૧. [સં.] પું. એક જાતનો ચામડીનો રોગ; રક્તપીત; જેમાં રક્તપ્રમેહ રક્તકોઢ ના૭ વનસ્પતિ ખોરાક માટે નહિ અનુકૂળથી આ રોગ થતો અનુભવ છે તેમાં દરદીનો ચહેરો ફિક્કો પાંડુરોગ જેવો ફેકરેલ થઈ જાય છે શરીર દુર્બળ અને ઉદાસ રહે છે અને ક્રમ લેતા ક્રમ ચકે છે હાંતનાં પેઢાં સૂજેલાં, પોચાં અને કાળાં રંગનાં થઈ જાય છે. કોઈવાર તે સડે છે અને તેમના ઉપર ચાંદાં પડે છે. આ બીમારીમાં શરીરમાં જુદી જુદી જગ્યાએ અત્યંત રક્તસ્રાવ થાય છે. ત્વચાની અંદર રક્તસ્રાવ થવાથી શરીર ઉપર કાંબલી રંગનાં ચાઠાં પડે છે. તાજી વનસ્પતિ અને ઘીગુવાનો રસ આ બીમારીમાં ફાયદો કરે . કનકચંપાથી આ રોગ દૂર થતો હોવાનું આયુર્વેદનું મંતવ્ય છે. આ બીમારીમાં કનકચંપાનું સ્થાન પણ મહત્વનું છે વિમલાની ૪૦૦૦ કુળની ઔષધિઓમાંથી આ કનકચંપા નામની ઔષધિ મળી આવે છે. આ ઔષધિનાં ફૂલ પાષ્ટિક હોવાનું મનાય છે. અત્યંત શક્તિ સ્તંભનમાં તે સહાયક બને છે. દરદીમા ફૂલ રેચક હોવાથી રેચ માટે આપવામા આવે

આદુના રસ સાથે આ ફૂલ આપવામા [illegible] ૬ આ રોગોનાં ફૂલનો રસ કાઢી તે ચૂનડા કેરલ વગેરેમા આપવામાં આવે તો તે જલદી કૂરી જઈ રક્તાર્શ બનાવે છે. કનકચંપાના ફૂલ ઊકાળીને સવાર સાંજ લેવામાં આવે તો લોહીમાં રહેલો વિકાર દૂર થાય છે. પેઢામા મોના દુઃખાવા ઉપર લગાડવામાં આવે તો દુખાવો નરમ પડી દરદીને રાહત મળે છે. કનકચંપાનાં પાનને વાટીને લોહી વહી જતું હોય તે ઉપર લગાડવામાં આવે તો લોહી વહેતું અટકી જાય છે. હિંદીમાં આ ઔષધિ કનકચંપો અથવા કનિયાર નામે ઓળખાય છે

૨ [સં] પુ. જેમાં નાક, મોં ઇત્યાદિમાંથી લોહી પડે છે અથવા લોહી મિશ્રિત કાર્ય પડે છે એવો એક રોગ આ રોગ તાપ, અગ્નિનો રોગ, મન્મથ, ક્રોધ, મુસાફરી કરવી, મૈથુન વગેરેના અતિસેવનને લીધે તેમજ ઉષ્ણ, ખારા, ખાટા પદાર્થના અતિસેવનને લીધે પિત્તનો પ્રકોપ કરીને રક્તને કોપાવે છે

કોપ પામેલું પિત્ત લોહીને બગાડીને તે બગડેલા લોહીની સાથે ઇંદ્રાદ્વારો મારફતે સ્વયં નાક, કાન, આંખ, ગોદું, ઉદરીય, ગોનિ અને ગુદાને રસ્તેથી અથવા એ બધે આસોથી નીકળે તેને રક્તપિત્ત કહે છે. ભોજપ્રબંધ

૩. પું તાવ સાથે ખોદ, નાક, મૂંહ અને ચામડીમાંથી થતો રક્તસ્રાવ.

૪ પું નાકના રોગના ચોવીસ ભાદેનો એક પ્રકાર

૫. વિ. રક્તના પડતા પીળા રંગનું

રક્તપિત્તિ ૧. [સં] પુ. વાતરક્તનાં ગાંઠિયો વા. આ રોગ ઉપર ગોદડો, ગાંડુલી અને મગો એ બધાનો ભૂકો કરી તેમાં ગોદડ તેલ નાખી આપવો.

૨ વિ કોઢિયું; ધવિયું; રક્તપીતિયું

રક્તપિત્તિયું [સં. રક્તપિત્તિન્] વિ રક્તપિત્તના રોગવાળું; કોઢિયું કૂષ્ઠી; જેને રક્તપિત્ત અથવા કોઢનો રોગ થયો હોય એવું.

રક્તપિંડ ૧. [સં] પું ચિનાર્ડ ગુલાબ
૨. પું. નાક અને મોઢામાંથી લોહીનું એકદમ નીકળવું તે
૩ પુ રતાળુ
૪ પું. લાલ ચૂમડું
૫. પું કોઢીમાનો રાતો અણુ તે શરીરના કોષ વિભાગમા જીવનવાયુ લાર્ઝ જર્મ તેને સજીવ રાખે છે

રક્તપીતી સ્ત્રી મકોયો નામની વેલઃ રક્તપીતી.

રક્તપીત્તીગાગડૂ સ્ત્રી ઓરીનો રોગ; ચામડી ઉપર અનેક લાલ ટાપુવાળી ફોડકીઓ થતી તે.

રક્તપુંડ ૧ પુ. [સં.] ન કપીલાનું ઝાડ.
૨ ન ખાખરાનું ઝાડ.
૩ ન ખાખરાનું રાતું ફૂલ.
૪ ન કાકમનું ઝાડ.
૫ ન નાગકેસરનું ઝાડ.
૬. ન પિતપાપડો
૭ ન અપામાર્ગનું ઝાડ.
૮ ન રક્તકાંચન વૃક્ષ
૯ ન. રાતો આકડો.
૧૦ ન. રોયડાનું ઝાડ.
૧૧ ન. લાલ કરેણ.
૧૨ ન. સીમળાનું ઝાડ.

રક્તપુષ્પક જુઓ રક્તપુષ્પ.

રક્તપુષ્પા ૧. [સં.] સ્ત્રી. રાતી બનસુદા કેળવપો.
૨ સ્ત્રી. રાતી સાદોડી.
૩ સ્ત્રી. રિસામણીનો છોડ.
૪ સ્ત્રી સીમળાનું ઝાડ

રક્તપુષ્પી જુઓ રક્તપુષ્પા.

રક્તપ્રદર [સં.] પુ. એ નામનો એક જાતનો સ્ત્રીરોગ, અતિસ્ત્રી, લોહીવા, યોનિનો એક રોગ બધીવાર સ્ત્રીઓને જનનપ્રદેશને બદલે લોહીનો સ્રાવ કે પ્રવાહ થાય છે તેને રક્તપ્રદર કહે છે. તે બદાડવા સુવર્ણ ક્ષીરાદિ, ચંદનબલા, કોઠું, બોબડ, ગળો વગેરેનો ઉપયોગ કરવા છે

રક્તપ્રદાન [સ] ન એક માણસના શરીરમાંથી બીજાને લોહી આપવું તે. અશક્ત કે ઓછી પ્રાણશક્તિવાળાં શરીરોમાં સશક્ત કે પ્રાણશક્તિવાળા શરીરોના લોહીનું મિશ્રણ કરવાની શરૂઆત તો ઘણા કાળ પહેલ લોકોએ વિચારેલી તે એના અખતરા પણ ચલાવેલા, પરંતુ લોહીને પણ પોતાનું વ્યક્તિત્વ છે એમ જાણ્યા પછી એનો ખરેખરો વિકાસ તો થોડા

સમયથી જ શરૂ થયો. દાતા અને ગ્રહકના લોહીને મેચ કરવાની પદ્ધતિ શોધાયા પછી વૈદ્યકશાસ્ત્રની નિષ્ફળતાઓ ઘણી ઘટી ગઈ છે. વળી દાતાના શરીરમાંથી ગ્રહકના શરીરમાં સીધું લોહી દાખલ કરવાની રીત પણ જૂની કરવામાં આવી છે કારણ કે, એથી ઘણી વાર કોઈ અજ્ઞાત કારણને લઈ ગ્રાહકનું લોહી ઊલટું દાતાના શરીરમાં ધસી જતું ને બંનેની જિંદગીઓ જોખમમાં મુકાતી. એટલે હવે દાતાના લોહીની પ્રથમ રાસાયણિક સશુદ્ધિ કરી, થોડો વખત બરફમાં રાખી મૂકવા બાદ ઇંજેક્શનો વડે જ ગ્રાહકના શરીરમાં દાખલ કરવામાં આવે છે. આવી રીતે સશુદ્ધ થયેલું રક્ત ઘણા વખત ટકી રહે છે, એ જાણવા પણ ઘણી પરિપતાલોએ તો બૅંક પણ ખોલેલી છે. લોહીને જુદા જુદા પ્રકારોને સોડિયમ સાઇટ્રેટમાં કેમની રેફ્રિજરેટરમાં મૂકી રાખવામાં આવે છે તે જરૂર પડયે તે તે પ્રકાર ઉપયોગમાં લેવામાં આવે છે.

રક્તપ્રમેહ [સં] પું. મૂત્રમાં લોહી પડે તેવો રોગ; પેશાબ વાટે લોહી પડે તેવો પરમિયાનો રોગ.

રક્તપ્રવાહ [સં.] ન. રાતું પરવાળું.

રક્તપ્રવાહ [સં.] પું. લોહીનું વહેવું તે.

રક્તપ્રવૃત્તિ [સં.] સ્ત્રી પિત્તના પ્રકોપથી ઉત્પન્ન થતો રોગ.

રક્તપ્રસવ ૧. [સં.] પું. મુચકુંદ વૃક્ષ
૨. પું. લાલ કરેણ

રક્તબીજ ૧. [સં.] પું એ નામનો એક રાક્ષસ; જ્યાં લોહી પડે ત્યાં હરીફરીને ઉત્પન્ન થાય તેવો એક દૈત્ય. તેનું બીજું નામ રૈભાસુર હતું. તે મહિષાસુરનો બાપ થાય. રક્તબીજની દુર્જયતાનું એક કારણ એ હતું કે, સંગ્રામમાં યુદ્ધ કરતાં તેને જ્યારે ઘણો ઘામ અને લોહી નીકળે ત્યારે લોહી ધરતી ઉપર પડતાં તેમાંથી તેના જેવા ક્રૂર અને શસ્ત્રોને ધરનારા અનેક પુરુષો ઉત્પન્ન થતા હતા. તેથી ચામુંડાએ તેનાં માંસ તથા લોહીનું ભક્ષણ કરી તેને મારી નાખ્યો.
૨. પું આમ્રનું ઝાડ
૩. ન. અરીઠાનું ઝાડ.
૪. ન. દાડમનું ઝાડ.
રક્તબીજ દાડિમ કરક શુકપ્રિય કૃદ્વિજપ્રિયા,
એ દાડમના બીજને મળતા દરજ્જાકાર
પિંગળસુબોધ
૫ ન ગળોસત્ત્વ, રક્તચંદન. લાલ ચંદનના ઝાડમાં ઝીણાં ઝીણાં બી હોય છે તે પણ રાતાં હોય છે. માટે તેને રક્તબીજ કહે છે
૬. વિ. લોહીથી ઉત્પન્ન થયેલું

રક્તભસ્મ [સં.] સ્ત્રી (વૈદ્યક) ખારદળી જેવું બનાવટ. રસસિંદૂર. તે પૌષ્ટિક મુખને માટે ઘણી વપરાય છે. ક્ષય, કૃમિ, ઉપરસ, વીર્યસ્રાવ, અત્યંત ક્ષીણતા, નબળાઈ વગેરેમાં રસસિંદૂર અપાય છે. રસની અંદર મૃત્યુક નામની બનાવટ ઘણી સરસ છે. તેમાં પણ રસસિંદૂર આવે છે જોકે ત્યાં પારદભસ્મનો લેખ છે; પણ ત્યાં પારદભસ્મ કજ્જલી રૂપે નાખવા કરતાં રસસિંદૂર રૂપે નાખવી ઉત્તમ છે. પૂર્વોક્ત રોગોમાં જે રોગસ્રાવ અને ધાતુપુષ્ટિને માટે વપરાય છે, તેમાં પારદ રસસિંદૂર રૂપે આવે છે. રસસિંદૂર બનાવવાની તરકીબ ઘણી ઊંચી છે. પારો જુદા જુદા ચાર રૂપમાં તૈયાર કરવામાં આવે છે. પણ તેનો ઉપયોગ બહુધા એ રીતિનો થાય છે. (૧) પારદકજ્જલી અથવા કુજ્જલીકરણ, (૨) રસસિંદૂર અથવા રક્તભસ્મ રસસિંદૂર એ પણ એક પારાની બનાવટ છે. શુદ્ધ ગંધક અને શુદ્ધપારદ સમભાગે લઈ તેની કજ્જલી કરવી અને તેને વહેતાં કુંવારપાઠાના રસમાં ત્રણ દિવસ સુધી મર્દન કરવું. ત્યારબાદ તેને અગ્નિસંસ્કારની નાખી કપડ માટી કરી વાલુકાયંત્રની અંદર બાર કલાક સુધી પકાવવું. આવી રીતિને અંતે રાતાં ચળકતાં કપોટા જામી જશે તે રસસિંદૂર અથવા રક્તભસ્મ કહેવાય છે. તેની માત્રા ૧ રતી છે.

રક્તભાવ ૧. પું. આશક; પ્રેમી પુરુષ.
૨. [સં] પું. રતાશ
એવમિ અસ્તંગત રવુ દિન.
રક્તભાવ પામ્યું ગગન. આલણ
૩. વિ રાતું.

રક્તમય [સં.] વિ. લોહીબોહાણ; લોહીથી ખરડાયેલું

રક્તમરીચ ન. લાલ મરચું.

રક્તમંજર ૧. પું. એક પ્રકારનો વેલો.
૨. પું. નિર્ગુણ વૃક્ષ.
૩ [સં] પું. લીમડાનું ઝાડ

રક્તમંજરી [સં.] સ્ત્રી. લાલ કબેર

રક્તમંડલિ ૧. [સં] પું. એક પ્રકારનો સાપ
૨. ન. એક જાતનું ઝેરી પશુ.
૩ ન લાલ કમળ.

રક્તમંડલિકા [સં.] સ્ત્રી. રિસામણીનો છોડ.

રક્તમાતૃકા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનો રોગ.
૨ સ્ત્રી. વૈદ્યક અનુસાર રસ નામની ધાતુ તેની છ પંક્તિ પેટમાં પચેલા ખોરાકથી થાય છે અને તેમાંથી લોહી બને છે.

રક્તમાલ પું. એ નામની એક વનૌષધિ; કરેજ.

ચિરબિલ્વ, રક્તમાલ (નક્તમાલ), કરંજ, કરંજ એ ચાર પુંલિંગ નામ કરંજના છે પ્રપીયં, પૂતિકરંજ, પ્રતિક, કલિમારક એ ચાર પુંલિંગ નામ કરંજના પ્રકાર કે ભેદ છે. પદ્મમંજ (પું), મંજરી (સ્ત્રી), અમરમંજરી (સ્ત્રી) એ ત્રણ પણ કરંજના ભેદ છે. અમરકોષ

રક્તમેહ ૧. [સં.] પું. મૂત્રનો એક રોગ. તેમાં યકૃતની અંદરની ક્રિયામાં કંઈ વિકૃતિ થવાને લીધે લોહીમિશ્રિત મૂત્ર થાય છે રક્તમેહ પ્રમેહની એક જાત છે. ઔદ્યોપધિમાં આ જાતનું કોઈ પણ જુદું દરદ જોવામાં આવતું નથી પણ તેને 'બ્લડ ઇન યુરિન' એટલે મૂત્રમાં લોહીપ્રસાર થવાના નામે ઓળખવામાં આવે છે. પેશાબમાં જ્યારે લોહી સંપૂર્ણપણે પ્રસાર થતું હોય ત્યારે તેને રક્તમેહને નામે ઓળખવામાં આવે છે. આ રક્તમેહની બે જાતો પાડવામાં આવી છે એકને 'હેમોટુરિઆ'ને નામે ઓળખવામાં આવે છે અને બીજાને 'હેમોગ્લોબિન્યુરિઆ'ને નામે ઓળખવામાં આવે છે 'હેમોટુરિઆ' એટલે જેમાં લોહીનાં લાલરજકણો સંપૂર્ણપણે મૂત્રમાં પ્રસાર થતા હોય તે અને હેમોગ્લોબિન્યુરિઆ' એટલે લોહીથી અથવા લોહીના રંગથી રંગાયેલું રજકણ જ્યારે મૂત્રમાં પ્રસાર થાય તે. આમાં ઘણી વખત લોહીનાં રજકણ પણ પ્રસાર થાય છે. મૂત્રપિંડના રોગો કે જેમાં મૂત્રાક્ષય ઓછાવત્તો હોય, મૂત્રપિંડ પર સોજો ચઢતો હોય અથવા તો મૂત્રપિંડમાં પથરી જેવા કોઈ દર્દની હાજરી હોય. લોહીની રક્તવાહિનીઓના રોગો એ પણ એક સંભવિત કારણ છે; કારણ કે, ઘણી વખત જે નાની રક્તવાહિનીઓ જે મૂત્રાક્ષયમાંથી પ્રસાર થાય છે તેના તૂટવાથી પણ આમ બને છે. શરીરમાં ખટાશની ખામી કે જેને 'સ્કર્વી'ના નામથી ઓળખવામાં આવે છે, તેથી પણ આ રોગ થતો જણવામાં આવ્યો છે. ઘણો સખત તાવ પણ આ રોગનું એક કારણ છે. પીળો તાવ એ પણ આ રોગનું એક કારણ છે. મેલેરિઆમાંથી પણ આ રોગ જન્મે છે. બહારી ઔષધોથી પણ આ રોગ થાય છે. તેમાંના મુખ્યતરે આયુર્વેદનાં ઔષધોમાં દારૂડી, ચીડ, સોમલ, પારો, રાઈ અને એલોપથીના ઔષધોમાં ક્રારબોલિક ઍસિડ, ટરપેન્ટાઇન અને કેન્થેરાઇડસ મુખ્ય છે. રોગનાં લક્ષણોઃ ઘણી વખત જ્યારે લોહીમાં ગરમી દેખાય છે ત્યારે તાવ આવે છે ઘણી વખત આ રોગને કારણે માથું દુઃખે છે કોઈ કોઈ વખત પગની પિંડીઓ તૂટે છે, પેશાબમાં આમ આમ થાય છે. આખું શરીર તૂટે છે, મોઢું બિલ્કુલ પડી જાય છે, ભૂખ લાગતી નથી, મૂત્રમાં ખરજ થયા છે, ચક્કર આવે છે અને ઘણી વખત

મટે પણ આવે છે. ઉપરાંત અન્ય ઔષધિક ઉપચારોમાં મેંદી, ગોખરુ, નાગરવેલ પાન વાળો, ગળો, ગોટી, પ્રવાલ, જવખાર, જવાખાર, કુલંજન, ભોંય, અફીણ ને કલાર મુખ્યત્વ છે એલોપથિના ઉપચારોમાં આ નામ. મુખ્યત્વ 'રેડક્રમ' અપાય છે અને ઘણી વખત મોરફિઆ કે અફીણ પણ અપાય છે સફ્રોનિનાઝલન વિજાતનાં ઔષધો પણ મોટે ભાગે આન વાપરવામાં આવે છે અને પેનિસિલિન કે ટેરામાઇસીન વગેરે આપણા આ યુગ ના અ. રોગ પાછળ છૂટે હાથે વાપરે છે. આયુર્વેદિક ઔષધોમાં ઘોડાં ઔષધોનું મિશ્રણ ઘણી વખત ચમત્કારિક કૂળ આપે છે. એ માટે નવ પ્રયોગ સુશ્રુતમાં આપ્યો છે. હાથે એલાની ભાર, ચંદન બે આની ભાર, જવફળ ૩ આની ભાર, ગોખરુ બે આની ભાર, કમળ બે આની ભાર, વાવડિંગ બે આની ભાર, કુલંજન એક આની ભાર; પાણી તોલા ૬૪ બધું સાથે ઉકાળી પાઉ તોલા પાણી બાકી રહે ત્યારે તેમાં ૧૬ તોલો ખિલાવિત નાખી પહર દિવસ આપવાથી આરામ થાય છે તથા અહીંનું સવારમાંજ બધું દિવસ આપવું હિતકારક છે આ પ્રકારના રોગીએ દૂધ ભાત સિવાય કંઈ ખોરાક લેવો નહિ

૨. જુઓ રક્તપ્રમેહ.

રક્તમોક્ષ [સં] પું લોહી કાઢી નાખવું તે.

પિત્ત દૂર કરવા માટે રેચ અને રક્તમોક્ષ મનુષ્યના
રક્તમોક્ષ એ રક્તદુષ્ટમાં અતીવગર્હ્ય છે
આયુર્વેદનો ઇતિહાસ

રક્તમોક્ષણ [સં.] ન. રક્તસ્રાવ; વૈદકીય આવશ્યકતાને લીધે શરીરમાંથી કૃત્રિમ ઉપાયો દ્વારા લોહી કાઢવું તે. બ્લડીંગના ઇંગ્લિશ શબ્દને બદલે આ શબ્દ વાપર્યો છે.

રક્તરંગક [સં.] ન. રક્તકણનું રંગદ્રવ્ય કે દ્રવ્ય; લોહીને લાલ રંગ આપનાર દ્રવ્ય; 'હેમોગ્લોબિન' કોઈપણ વ્યક્તિના શરીરમાં જ્યારે લોહીમાં રક્તકણની સંખ્યા ઓછી થઈ જાય છે ત્યારે તે વ્યક્તિની ત્વચા પીળી અને ફિક્કી પડી જાય છે. ત્યારે રક્તરંગક કે હેમોગ્લોબિન નામનો લાલ પ્રવાહી પદાર્થ ચિકિત્સાવ્યમાં આપે છે, તેથી લોહીમાં રક્તકણની સંખ્યા વધવાથી લોહી લાલ થતા માંડે છે. તે વ્યક્તિ તંદુરસ્ત થવા માંડે છે અને ફિક્કાશ તેમજ પીળાશ ઊડી જાય છે અને મોઢા ઉપર લાલી આવવા માંડે છે

રક્તરંગા [સં.] સ્ત્રી. મેંદી.

રક્તરાજી ૧. પું. અશોકવૃક્ષો. તેના ફૂલ રાતા થાય છે.

૨. [સં] પું. આંખનો એક રોગ

૩. પુ એક પ્રકારનો કીડો. મરીપતંગ.

રક્તરેચન [સં] ન લોહીનું ઝાડા તે

રક્તરોગ ૧ પુ ગમે તે પ્રકારનો રક્તનો વિકાર.

૨ [સ.] પું સિંદૂર.

૩ સ્ત્રી. આંખની કીકી.

૪ ન નામદેશર.

રક્તરોહિડા (રક્તરોહેડો) પું. રક્તવર્ણવૃક્ષો; એક જાતની લોહી બંધ કરનાર ઔષધિ. તેને દાડમી જેવા પાન ને રાતાં ફૂલ થાય છે તેને ઉકેલતા લાલ રંગ નીકળે છે. લોકવ્યવહારે જે વૃક્ષને લાખનાં લોહી જેવો પદાર્થ નીકળે તે દુષ્ટ ઝાડ નામે છે આવા ઝાડનું દાતણ પણ કપાતું નથી. તેવાં ઝાડ આપવાથી નિર્વંશ જાય છે એવો વહમોઓને વહેમ છે. પીપળા માટે પણ તેમ જ છે આ ઝાડ ઘૂંટી જેટલું જીવ્યું થાય છે. તેનાં ફૂલ મોટાં કેસરિયા રંગનાં અને સિંદૂર જેવી ઢોય છે ગુજરાતમાં તે ભેટક, કહલ, ઉમ્બ અને વાનર છે.

રક્તરોહિડો (રક્તરોહેડો) જુઓ રક્તરોહિડો.

રક્તરોહિત [સં.] પું. એક જાતની વનસ્પતિ, રક્તરોહિડો. તે ગ્રાહી અને રક્તસ્તંભક તરીકે રક્તાતિસાર ઉપર અપાય છે. તેની છાલ પાણીને સોજા ઉપર ચોપડાય છે

રક્તરોહીડો જુઓ રક્તરોહિડો.

રક્તલાક [સં.] સ્ત્રી. લોકમાન્ય; લોકોમાં વધારે પ્રિય

નાટક આદેનો નાયક રક્તલોક હોવો જોઈએ.
પ્રેમાનંદ

રક્તલોચન ૧. [સં. રક્ત (રાતું) + લોચન (આંખ)] ન કમળ

૨. વિ લાલ નેત્રવાળું. ક્રોધથી જેની આંખ રાતી થઈ હોય તેવું; ક્રોધે ભરાયેલું.

રક્તલોચન વેગો વાયતિ વચન લાગ્યાં બાણ
વિદાસ

૩. જુઓ રક્તદૃગ.

રક્તવક્ત્ર ૧. [સં.] ન. રાતા મોઢાવાળું વાંદરું મંકડ

૨. વિ. રાતા મોઢાવાળું

રક્તવક્ત્ર કોણ છે કૃષ્ણ ? જે રાચ્યો પ્રાણ.
પ્રેમાનંદ

રક્તવમન [સં. રક્ત (લોહી) + વમન (ઊલટી)] ન. લોહીની ઊલટી થાય તે રોગ; 'હીમેટીનેમિસ.'

રક્તવર્ગ ૧ પું. દાડમ, કેસૂડાં, લાખ, અપોટિયાના ફૂલ, કરંજ, રક્તકરેણ, ગુંજાનાં ફૂલ, મજીઠ, અગતો વગેરેનો સમૂહ.

૨ [સ] પું. લાલ રંગની ચીજોનો સમૂહ; લાલ વસ્તુઓનો સમૂહ.

રક્તવર્ધ્રુ ૧. પું. ઇંદ્રગોપ કીડો

૨ પુ. (વિશ્વ) એ નામે ઓળખાતી વિષમમાત્રિક માત્રામેળી છંદ તે મત્તસમવૃત્ત છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૪૦ લઘુ મળી ૬૪ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

૩ પું લાલ રંગ

૪ પુ લોહી.

૫ ન. ગોમેદ.

૬ ન. પરવાળુ.

૭ વિ લાલ રંગનું; લાલ.

રક્તવર્ણ વિ. લોહીના રંગનું.

રક્તવર્ધન ૧. [સં.] ન. રીંગણું.

૨. વિ. લોહી વધારનાર.

રક્તવર્ષાભૂ [સં.] સ્ત્રી. લાલ સાટોડી

રક્તવર્મી વિ. લોહીબોબાળું; આનાખરાબીવાળું.

આ રક્તવર્મી યુદ્ધમાં મહમદને અદ્ભુત બલનો મળ્યો.
શુભ્રમાલા

રક્તવાહક [સં.] વિ. લોહી લઈ જનારું.

રક્તવાહિની [સં.] સ્ત્રી. રક્ત વહેનારી નસ; લોહી વહેતું હોય તે મુખ્ય નસ; શિરા; જે વાટે શરીરમાં લોહી સારે તરહ વહે છે તે નસ; ધમની.

રક્તવિકાર [સં] પું. લોહીનો વિકાર કે દોષ; લોહીનું અશુદ્ધ તે.

રક્તવિજ્ઞાન [સં.] ન. લોહી સંબંધી સવિશેષ જ્ઞાન; લોહી સંબંધી શરીરોપજ્ઞાન.

રક્તવિદ્યા જુઓ રક્તવિજ્ઞાન.

રક્તવિનિમય [સં.] પું. લોહીની ફેરબદલી; લોહીની આપલે.

રક્તવૃદ્ધિ ૧. સ્ત્રી. માંદા પડીને સાજા થયા પછી લોહી શરીરમાં વધે તે; મંદવાડમાંથી સુધરતી હાલત; ધીમે ધીમે આવતી તંદુરસ્તી.

૨. [સં. રક્ત (લોહી) + વૃદ્ધિ (વધારો)] સ્ત્રી લોહીનો ભરાવો; લોહીનો વધારો.

૩ સ્ત્રી. રાયણોપનો એક રોગ. કોપિાર ઘેંસને પરિણામે અંડકોષ પુટકની અંદર કે બીજે ક્યાંયની આસપાસ લોહી જેવું કંઈ જામી ગયેલું સૂજેલો મોટો ગોળો નજરે પડે છે.

રક્તશર્કરા [સં.] સ્ત્રી. લોહીમાં રહેલી સાકર જ્યારે એ ખૂબ જ વધી જાય છે ત્યારે પેશાબ વાટે તે બહાર પડે છે. પેશાબમાં જતી અટકે આપણે અધુમેહ નામના રોગથી ઓળખીએ છીએ.

રક્તશિખ્રુ [સં.] પું. લાલ સરગવો.

રક્તાશિરા [સં.] સ્ત્રી લાલ નસ

રક્તાર્શિક વિ. [સં] પુ. દેવદાર.

૨. પુ. શેવગર

૩. પું. સારસ પક્ષી

૪. વિ. લાલ મસાવાળું.

રક્તાશ્મર [સં.] ન. નાગોસર.

રક્તાષ્ઠીવી પું સગિયાતના તેર ભેદ મહેનો દસ દિવસમાં પ્રાપ્ત કરનારો અસાધ્ય વિરોષજ્વર. મોંમાથી લોહીના ટોમળા નીકળવા, સખત તાવ, ઊલટી, તરસ, મૂર્છા, શ્વાસ, કંપ, દેકારો આવવો, બકરી આવવી, દાહ, ખાંસ, બેસુધ, શરીર ઉપર ફોલ્લા થાય છે તાવો પડી જવો, શરીર ઉપર ટપકાં પડવાં, કોઈવાર ભયંકર ઉપદ્રવમાં આખા શરીર પર લાલ, લીલા કે કાળા ડાઘા પડવા અને શરીરનાં દરેક છિદ્રમાંથી લોહી પડવું એ આ રોગનાં લક્ષણ છે.

રક્તસાર વિ. [સં.] પુ. એક જાતનો શાલવૃક્ષ; અમ્બ્રવેતસ

૨. પું. રાતો ખેર.

૩. પું. લોહીનો પ્રવાહી ભાગ. તે રંગ વગરનું પાણી હોય છે અને તેને લીધે લોહી પ્રવાહીરૂપે રહી રહે છે.

૪. ન. પતંગ.

૫. ન. રક્તાંજળી; લાલચંદન.

૬. ન. વારાહીકંદ.

રક્તાસૈન્ય ન. રાજાની સોબિયેટ સરકાર નીચે મજૂરો તથા ખેડૂતોનું સૈન્ય.

રક્તાસ્તંભ [સં.] પું. નાટ્યશાસ્ત્રમાં નૈર્ઋત્ય ખૂણામાં ક્ષેત્રમધ્યનો સ્તંભ. તેની નીચે રાતું વસ્ત્ર, માલા વગેરે નાખેલ હોય છે.

રક્તાસ્થાનક [સં] ન. રક્તવાહિની; લોહીને જવા-આવવાનું કે વહેવાનું સ્થાન.

રક્તાસ્રાવ પું. પોડાનો એક રોગ. તેમાં તેની આખોમાંથી લોહી કે લાલ રંગનું પાણી નીકળે છે.

૨. પું ઝાડા વાટે લોહી વહે તેવો એક રોગ

૩. [સં.] પું. શરીરમાંથી લોહી વહેવું તે; લોહીનું વહી કે નીકળી જવું તે.

રક્તસ્રાવ અટકાવવા પાટો બાંધવાનું કે રેતીથી ભરેલી કોથળીથી દબાણ કરવાનું સૂચન છે એ સુંદર છે. પુરાતત્ત્વ

રક્તસ્રાવી [સં. રક્તસ્રાવિન્] વિ. લોહી વાહ્યા જવું હોય એવું.

રક્તહર [સં] ન. બિલાડુ.

રક્તહંસા [સં.] સ્ત્રી (સંગીત) એક પ્રકારની રાગિણી.

રક્તા ૧. સ્ત્રી. એક જાતનો કરોળિયો.

૨. સ્ત્રી. કાનની બાજુની એક શિરા કે નસનું નામ.

૩. સ્ત્રી. ચણોઠીનો છોડ.

૪ સ્ત્રી. ચૌદ ભાદરવી એ નામની એક મહાનદી.

૫ સ્ત્રી. છપ્પન ભાદરવી એક પાર્થિવતત્ત્વ દેવતા

૬ સ્ત્રી. (સંગીત) આરોહ ભાદેની પંદરમી શ્રુતિ; મધ્યમગ્રામનો એક અક્ષરકાર ભેદ.

૭ સ્ત્રી મજીઠ.

૮ સ્ત્રી દારૂ હળદર

૯ સ્ત્રી રાતી સરસડી

૧૦. સ્ત્રી. લક્ષ્મણા નામનું ફૂલ

૧૧. સ્ત્રી. લાખ

૧૨. સ્ત્રી. વજ્ર.

૧૩. ન. સાઠ ભાંદેનું એક બ્રાહ્મસંવત્સર વર્ષ.

રક્તાક્ષર [સં.] ન. પરવાળું.

રક્તાભ્રા ૧. [સં.] ન. લાલ ચંદન.

૨. વિ. લાલ રંગવાળું.

૩. વિ. લોહીવાળું

રક્તાક્ષ ૧. પુ. એ નામનો એક દાનવ.

૨. પું. કૂર માણસ.

૩. પું. ભાઠો.

૪ પું ભાદરવા સાઠ સંવત્સરનો ૫૮મો સંવત્સર.

૫ વિ. [સં. રક્ત (રાતું) + અક્ષ (આંખ)] પું. કબૂતર.

૬. વિ. ઝાંખરું પક્ષી.

૭. વિ. માજાનું.

૮. વિ. રાતી આંખ.

૯ વિ. સાપ્રસ.

૧૦ વિ. લાલચોળ; બીક લાગેલું

અરુણે જટા ઘટે પ્રભી રાખ,
મહા ઉન્મત્ત દ્રષ્ટિ રક્તાક્ષ. પલ્લવ

૧૧. વિ. રાતી આંખવાળું.

રક્તાક્ષી ૧. પું. રક્તના વાસીનો અઢારમો સંવત્સર.

૨. [સં.] સ્ત્રી. રાતી આંખવાળી સ્ત્રી.

રક્તાક્ષુ [સં.] ન. લોહીમાં રહેલું રાતું પરમાણુ લોહીમાં રક્તાક્ષુ અને શ્વેતાક્ષુ એમ બે જાતના કણ હોય છે.

રક્તાતિસાર [સં] પુ. લોહીના ઝાડા. આ એ એવો એક રોગ; લોહીનો ઝાડા..

રક્તાધાર પું. શરીર ઉપરની ચામડી.

રક્તાભિષ્યંદ [સં] પું. આંખનો એક જાતનો રોગ. તેમાં આંખ બહુ જ લાલ થઈ જાય છે. તેમાંથી રાતા રંગનું પાણી નીકળે છે અને આંખો આસપાસ લાલ રેખાઓ દેખાય છે.

રક્તાભિસરણ [સં. રક્ત (લોહી) + અભિસરણ (ફરવું તે)] ન શરીરમાં લોહીનું ફરવું તે; રુધિરાભિસરણ; શરીરમાં લોહીનું ફરવું તે; ' સર્કયુલેશન ઑવ બ્લડ '.

રક્તાર્જુન [સં.] ન સાજડનું ઝાડ

રક્તાર્બુદ ૧. [સં. રક્ત (લોહી) + અર્બુદ (ગૂમડું)] ન. લોહી ભરેલું ગૂમડું

૨. ન શરીરદોષને લીધે ઉત્પન્ન થતો એક રોગ. તેમાં ત્વચા ઉપર ફાળા ફોલ્લા અને તેની સાથે લાલ ફોલ્લીઓ પણ થઈ આવે છે

રક્તાશય [સં.] ન. કેફસાં, હૃદય, મોટી નસો વગરે લોહીના આશયોમાંનું દરેક. હૃદય એ જાતની અખોલમાં બે ફેફસાંની વચમા ઢાંકી તરફ વાંકો મોઢાવાળા એક માંસપેશી છે તેનું ઉપલું પૂંછ ભાથામોળ અને નીચલું પૂંછ સપાટ છે તેનું વજન શુમારે દસ આઉંસ જેટલું હોય છે તેની બનાવટ પંચ ઇંચ છે. રક્તાશયની ઢાંકી અને જમણી બંને બાજુના બે વિભાગ છે. એક ઉપરનો ખંડ, બીજો નીચેનો ખંડ. ઉપલા ખંડને ધમનિકા અને નીચલા ખંડને જવનિકા કહે છે આ બંને ખંડની વચમાં એક છિદ્ર છે અને તે છિદ્રને પડદા છે. તે નીચલા ખંડ તરફ ઊઘડે છે અને બંધ થાય છે. ઢાંકી બાજુના છિદ્રને બે પડદા હોય છે. તેને ત્રપર્ણક પડદા કહે છે. ઉપરના ખંડોની અંદરની બાજુ લીસી અને સપાટ હોય છે, તેમ જ નીચેના ખંડોની અંદરની બાજુ ખરબચડી અને માંસની રેખાઓવાળી હોય છે. રક્તાશયના ઢાંકા ભાગમાં શુદ્ધ (રાતું) લોહી હોય છે અને જમણા ભાગમાં અશુદ્ધ (કાળું) લોહી હોય છે. રક્તાશયના રોગ અટકાવા માટે કુદરત દ્રાક્ષાસવ કે દરાબરાબર કરાય લેવો. દૂધખાતરનું સેવન કરવું. કડુ નક્ષ કોરીમધનું ચૂર્ણ ઘીના પાણીમાં લેવું રક્તાશયના વરમમાં ગરમ પાણીનો ઝાડો પર શેક કરવો. અળશીની પોટીસ બાંધવી. હરડેનું ચૂર્ણ કે વિલાયતી મીઠું આપવું

રક્તાશોક [સં] ન લાલ કુલવાળું અશોકવૃક્ષ.

રક્તાહંસી [સં.] સ્ત્રી પંચમ રાગ સાથે સંબંધ રાખતી એક રાગિણી

રક્તાહંસી નદી જૈસલ્મેર, કચ્છ કી ગ્રહેર સિંધની, વિમલપ્રબંધ

રક્તાળુ [વિ.] ન. રતાળુ; શકરિયું; એક ખાતનું કંદ

રક્તાંગ ૧. [સં.] પું. (પિંગળ) જે નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ૮૫૬ છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૧૮ લઘુ મળી ૫૩ વર્ણ અને ૮૮ માત્રા હોય છે

૨. પું. મંગળ ગ્રહ

૩. પુ. મંગળ

૪ ન કેસર.

૫. ન પરવાળું

૬. ન. રતાંજલી; લાલ ચંદન

૭. ન સૂર્ય કે ચંદ્રનું બિંબ.

રક્તાગ્નજ્વર [સં. રક્ત (લાલ) + અંગ + જ્વર (તાવ)] પું. શરીર લાલચોળ થઈ જાય એવો તાવ; ' સ્કારલેટ ફીવર '.

રક્તાંબર ૧. [સં. રક્ત (લાલ) + અંબર (કપડું)] પું. લાલ વસ્ત્ર ધારણ કરેલ પુરુષ, સન્યાસી.

૨. ન લાલ રંગનું એક જાતનું રેશમી કપડું; લાલ વસ્ત્ર

૩. વિ. લાલ વસ્ત્રવાળું.

રક્તાંશુક પું. રાતો સાડલો

રક્તાંશુ એટલે રાતા કિરણો અને તેનાથી બનેલું રક્તાંશુક એટલે રાતો સાળુ એવો અહીં અર્થ છે. કાદંબરી

રક્તિ ૧. સ્ત્રી. આઠ સરસવ બરાબરનું એક માપ

૨. [સં.] સ્ત્રી. પ્રીતિ; રૅમ; રાગ; આસક્તિ. અનુરાગ

ચૂનીને તુજ તક્ષિત રક્તિ અતિ.
નાનાલાલ

૩. સ્ત્રી. મોહકતા.

૪. સ્ત્રી. લાલાશ, લાલ હોવું તે.

રક્તિકાલ ૧. સ્ત્રી. (સંગીત) ભારવીય માર્ગની એ નામની એક શ્રુતિ.

૨. સ્ત્રી. રત્તિ; આઠ સરસવ બરાબરનું એક માપ.

૩. સ્ત્રી. રાતી ચણોઠી

રક્તિમા [સં.] સ્ત્રી. લાલાશ; રતાશ.

જાલકે રસપૂરિત રક્તિમા,
હસતી આવતી કો સુરક્ન્યકા. બોટાદકર

રક્તિમાન વિ (સંગીત) સાંભળનારને મોહ ઉત્પન્ન થાય એવું

રક્તીઓ પુ લાલ ઝંટાવાળો હીરો

જેમા લાલ ઝાંટા હોય તે રક્તીઓ કહેવાય છે મુંબઈના વ્યાપારી અનુક્રમ

રક્તેક્ષુ [સં.] સ્ત્રી. લાલ શેરડી.

રક્તેંદુ [સં.] પું. મંગળ ગ્રહ

૨. સ્ત્રી. એ માપનું લાકડાનું બનાવેલું પાત્ર.

૩. સ્ત્રી. કુલાબવંદમા થયેલી એ નામની એક પ્રખ્યાત બેરામ

રજિયું ન. રેતિયુ; રેતકણી; કાળી રેતી રાખવાની બીજાં કાબૂચણી દાબડી.

રજિસ્ટર ૧. [અં.] ન. પત્રક; નોંધપત્રક; દફતર.

૧. રજિસ્ટર પર ચઢાવવું = પત્રકમાં નામ ચડાવવુ

૨. રજિસ્ટર રાખવુ = પત્રક રાખવું.

૨. ન. પોસ્ટ ઑફિસમાં નોંધાવી, પાવતી લઈને વિશેષ સુરક્ષિતપણે મોકલાતો કાગળ

રજિસ્ટર કરવું–કરાવવુ = ટપાલમાં સુરક્ષિતપણે કાગળ મોકલવો

૩. ન. વાદી; ટીપ.

૪ ન કારકારમાં નોંધવું, નોંધાવવું કે દાખલો રખાવવો તે.

રજિસ્ટર્ડ ૧ [અં] ન કોઈ પણ ચીજ વસ્તુ પોસ્ટ મારફત મોકલતી વખતે પોસ્ટ ખાતું નોંધ કરીને પોતાની જવાબદારી ઉપર ચીજ, વસ્તુ, કાગળ વગેરે મોકલે તે.

૨. વિ. નોંધેલુ, નોંધે ચઢાવેલું

રજિસ્ટ્રાર [અં] પું. દફતરદાર; દફતર રાખનાર અમલદાર; બધા કાગળોનો ઉપરી; નોંધણી કામદાર; મદદગાર.

રજિસ્ટ્રિ ૧. [અં.] સ્ત્રી. કાગળ, પત્ર, પારસલ વગેરે ટપાલ મારફત મોકલતી વખતે ટપાલખાતાના રજિસ્ટરમાં નોંધવુ તે. તેને માટે જુદી ફી કે પૈસા દેવા પડે છે

૨. સ્ત્રી. પત્રકમાં નામ ચડાવવુ તે; કોઈ લેખિત કાગર કે પ્રતિજ્ઞાપત્રની કાયદા પ્રમાણે સરકારી

રજિસ્ટરમાં નોંધ કરાવવી તે. દરેક દેશમા એવો રિવાજ છે કે, કોઈ કરાર, દસ્તાવેજ કે એવી જાતનુ કોઇ પણ કામકાજ સરકારી રજિસ્ટરમાં નોંધવામાં આવે છે તેમ થવાથી કાગળમાં લખેલી બધી વાત બરાબર પાડી થઈ જાય છે અને કોઈ પક્ષ જેથી વિપરીત કોઈ કામ કરે તો તેને ન્યાયની કચેરીના દંડના ભાગી થવુ પડે છે. વળી મૂળ કાગળ કોઈ પ્રકારે ખોવાઈ જાય તો તેના બદલામાં જરૂરિયાત પડવાથી રજિસ્ટરિવાળી નકલથી પણ કામ ચલાવી લેવાય છે

રજિસ્ટ્રેશન [અં.] સ. ફી વસૂલ લઈ નોંધી રાખવા કરવુ તે.

રજિસ્ટ્રેશન ફી જુ. [અં.] સ્ત્રી. કામગી વગેરે તેમજ ચીજ વસ્તુ પોસ્ટ દ્વારા મોકલતી વખતે લેવામાં આવતી ફી.

૨. સ્ત્રી. મકાન અથવા કંપિયા ગીનો લેતીદેતી વખતે સરકારને ભરવામા આવતો કર.

રજી ઇ. પું. (પુરાણ) સોમવંશી પુરુરવા રાજાના પુત્ર આયુ રાજાના પાંચ માંદેનો ત્રીજા દીકરા.

૨. સ્ત્રી. રજ ઉત્પાદક રસ કે દ્રવ્ય; વીર્ય, રજ, રેત

૩ સ્ત્રી. રજાઈ; ગાદલું.

૪ સ્ત્રી રજી.

રજીલ જુઓ રઝીલ.

રજૂ જુ. પું. લખાઈનું એક જાતનુ માપ.

૧૨ દડ = ૧ રજૂ

૨. [અ. રજૂઅ] વિ. હાજર કરેલું; તરત જ હાથ આવે તેવું; નજર સામે રાખેલું; મોજૂદ; હાજર

રજૂ કરવું = (૧) કોઈપણ નકલને તેના અસલ ખત સાથે સરખાવી બરાબર હોવાની ખાતરી કરવી. (૨) હાજર કરવુ. (૩) મોં આગળ લાવી મૂકવું; હાજર કરી દેવુ, મોજૂદ કરવુ.

રજૂઆત જુ. સ્ત્રી કબૂલાત; સ્વીકાર.

૨. સ્ત્રી. તપાસ.

૩. સ્ત્રી. હાજર કરવુ તે.

૪. સ્ત્રી. મુકાબલો; સરખામણી

રજૂઆત લેવી = સરખાવવુ.

૫. સ્ત્રી. મેળાપ.

૬. સ્ત્રી. મોઢામોઢ કરી દેવુ તે; નજરોનજર દેખાડવુ તે; રજૂ કરવું તે; મોં નજર આગળ લાવી દેખાડવુ તે.

રજૂઆત કરવી = (૧) ચોકસી કરવી. (૨) મુકાબલો કરવુ. (૩) રૂબરૂમાં કહેવું. (૪) લખીને આપવુ.

રજેરજ અ. સમારેલ્યા, જરાએ જરાં તલેલા; તમામ; સંપૂર્ણપણે; બિલકુલ.

રજૈ સ્ત્રી. રજાઈ; ખાતળી અને રંગિત ઓઢવાની ગોદડી; સૂતી વખતે ઓઢવાનુ એક જાતનુ રૂપેરુ મોટું.

રજોગુણ જુ. પું. કોચ; તામસ.

૨. [સં. રજસ્ + ગુણ] પું. પ્રકૃતિનો હેતુભૂત ગુણ. દરેક પદાર્થમાં રહેલા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનો બીજો ગુણ. ધર્મ, રાજસીવૃત્તિ, વિષયીગુણ. પ્રાણીમા જે કામની પ્રવૃત્તિ રહેલા છે તે એ ગુણને લીધે છે. મનુષ્યમા રજોગુણ, દેવોમાં સત્ત્વગુણ ને દૈત્યોમાં તમોગુણ આગળ પડતો છે મર્દ, ક્રોધ, કામ અને ક્રોધ વગેરેની પ્રવૃત્તિ કરાવનારો તે ગુણ છે. રજોગુણથી જીવનું સદૈવ રંજન થાય છે અને કામવાસના સદા જાગ્રત રહે છે તેથી તે રજોગુણ કહેવાય છે

રજોગુણપ્રધાન [સં.] વિ. જેમાં રજોગુણ મુખ્ય છે તેવુ

રજોગુણી વિ. [સં. રજોગુણિન્ વિ ઉપ સ્વભાવનું; ગરમ પ્રકૃતિનું; તામસી.

૨. વિ. રજોગુણનું; રાજસીવૃત્તિનું; ક્રિયાશી; પ્રવૃત્તિમય સ્વભાવનું; રજોગુણવાળું કે તેને લગતું; વિકારવાળું

રજોગોત્ર [સં.] પું. (પુરાણ) વસિષ્ઠનો એ નામનો એક પુત્ર.

રજોગોલક [સં.] પું. સ્ત્રીજાત. પુરુષોના શરીરમાં ઉત્પન્ન થયેલો એકાદ શુક્રજંતુ અને સ્ત્રીના શરીરમાં દર માસે એકના પ્રભાવમાં પક્વ બનાર રજોગોલ એ બેનો સંયોગ થઈને તેનો પૂર્ણપણે એક બીજા સાથે મળી જાય ત્યારે ગર્ભ ધારણ થાય છે.

રજોગોલક જુઓ રજોગોલ

રજોજનક [સં.] વિ. રજ ઉત્પન્ન કરનાર.

રજોટ સ્ત્રી. રજ ઊડવી તે

રજોટવું સ ક્રિ. રજવાળું કરવુ.

રજોટાવું સ ક્રિ. રજ પડવાથી બરાબ થવ કે બગડવું; રોગાવું ને ધૂળ ખાવી.

રજોડિયું જુઓ રજોડિયુ

રજોટી સ્ત્રી. ઝીણાં રજકણ; ઝીણી ધૂળ; રજ.

રજોડિયું વિ સ. પહાડી પ્રજાથી વપરાતું એક જાતનું હથિયાર.

૨ સ. મકાનની ત્રિકોણાકાર બાંધણી.

૩. સ. મકાનનો સૌથી ઉપલો માળ.

૪. સ. માળિયું; કાતરિયું; નીચો મેડો; છાપરાને લગતો ઉપલો નાનો માળ.

રજોત્સવ સ. સ્ત્રીઓની કન્યા કાઢવાની સુતર કે ઊનની સાવરણી

રજોહરણ જુ. જૈન સાધુઓની પૂજણી કે ઓઘો; ઝિણાડી અને જીવજંતુ ખખેરવાનો સુંવાળા રેસાવાળી અથવા ઊનનો સાવરણો, ચલરો.

રજોત્પાદકકર્મ [સં] પું. સજોગવશ તેમા રજ ઉત્પન્ન થાય છે

રજોદર્શન [સં.] સ પહેલો ઋતુસ્રાવ; પહેલવહેલું રજસ્વલા થવુ તે, છોકરે આવતાં આને જે રજ કે આર્તવ જણાય છે તે, અટકાવ આવવો તે; ઓછે અછાવા માંડવુ તેં; ઓછે પ્રજોત્પત્તિની યોગ્ય ઉમરે પહોંચવુ તે. માસિક રજોદર્શન નિયમિતપણે થયા કરે તો તેના અર્થ એટલો જ છે કે ગર્ભાશય નવા ગર્ભને આવકાર આપવા તૈયાર છે, પરંતુ તેથી એમ માની લેવાનુ નથી કે એની સાથે પરિપક્વ થયેલાં ઓગીલે પણ તૈયાર હશે. ઓગીલે તૈયાર થયેલા ન હોય તોપણ અટકાવ તો દેખાય. જોયી ઊલટું અટકાર દેખાતો ન હોય તોપણ અંદર પરિપક્વ થયેલાં ઓગીલે નથી એમ માની લેવાનું નથી. કોઈ વખત આમ કરીને બાળક પાનનું હોય ત્યારે રજોદર્શન થતું નથી; પરંતુ ગર્ભ રહે છે. કારણ કે, બીજકણમાંથી પરિપક્વ થઈને ઓગીલે નિયમિત રીતે ગર્ભાશય તરફ આવવા નીકળે છે બીજા શબ્દોમા કહીએ તો ઓગીલેનો પરિપાક નથા રજોદર્શન આ બંને વ્યાપારો પછી વખત સાથે સાથે અને કોઈ વખત છૂટા છૂટા પણ ચાલુ રહે છે. અટકાવ સનુાગો ન દેખાય, વધારે પડતો દેખાય અથવા ચૂક સાથે દેખાય એ રોગ .નમુાય છે. કોઈ કોઇને અટકાવ એક અઠવાડિયા સુધી પણ ચાલુ રહે છે. તે દરેક સ્ત્રીના સ્વભાવ ઉપર આધાર રાખે છે. સાત દિવસથી વધારે ને રજોદર્શન થાય તો સમજી લેવુ કે તેને અવશ્ય કોઈ રોગ છે એમ કરીને એક મહિનો અથવા ૨૮ દિવસોમાં એક વખત રજોદર્શન થાય છે. હિંદુસ્તાનમા ૧૨ કે ૧૪ વર્ષની અવસ્થાથી માંડીને ૪૫ કે ૫૦ વર્ષની અવસ્થા સુધી તે ચાલુ રહે છે કહેવાય છે કે માસિકધર્મની પછીના પંદર દિવસોમાં જોને ગર્ભધારણ કરવા ઇ વધારે સંભાવના રહે છે

રજોધર્મ જુઓ રજોદર્શન.

રજોનિવૃત્તિ [સં.] સ્ત્રી. ઋતુ કે આર્તવ બંધ થવુ તે; સ્ત્રીઓમા હમેશને માટે અટકાવ બંધ થવાની સ્વાભાવિક સ્થિતિ; જોને અટકાવ આવતો બંધ થવો તે.

રજોમૂર્તિ [સં] પું. બ્રહ્મા. ત્રિમૂર્તિ તે રજોગુણની મૂર્તિસ્વરૂપ દેવતા છે. તેનાં બીજાં નામો આ પ્રમાણે છે. બ્રહ્મા આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, સ્વયંભૂ, ચતુરાનન, ધાતા, અબ્જયોનિ, દુહિણ, વિરંચિ, કમલાસન, સ્રષ્ટા, પ્રાજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃટ્, વિધિ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, સત્યક અને હંસવાહન વગેરે

રજોયણો ૧. પું. ચલનો, જૈન સાધુની પૂંજણી, છબડી અને જીવજંતુ તથા ધૂળ ખંખેરવાનો મુલાયમ રેસાનો અથવા ઊનનો સાવરણો, જનિઓનો ઓઘો; લાકડીને એક છેડે ઊનનો ગુચ્છ બાંધીને બનાવેલું કુદરતી મરી બનાવ નહિ એવું સાધનવિશેષ

૨. પું. જૈન યતિ.

રજોરાધ [સ.] પું. ઓને અટકાવ આવતો બંધ થયો તે.

રજોહરણ [સં] પું. (જૈન) રજોયણો. જૈન સાધુઓનું એક ધાર્મિક ઉપકરણ; ઓઘો; જૈન સાધુની પૂંજણી, તે જંતુઓની રક્ષાપૂર્વક રજ આદિ દૂર કરવાના કામ માટે વપરાય છે

રજોહરણો જુઓ રજોયણો ૧.

રજોહિની સ્ત્રી. અટકાવ ન આવતો હોય તેવી સ્ત્રી.

રજ્જ [સં. રાજ્ય] ન. (પ્રાકૃત) રાજ્ય; રાજ્યતંત્ર

> રજ્જ રાજી આણના તે,
> અજ્જ કાલ અજ્જવા તે.
>
> પ્રાચીન કાવ્યમાળા

રજ્જબ ૧. પું એ નામના એક ધર્મસંસ્થાપક

૨. [અ. રજબ] પું. મુસલમાનોનો સાતમો પવિત્ર માસ. તેમાં તેઓને લડાઈમાં જવાની મના છે.

રજુ ૧ સ્ત્રી (જૈન) આખા વિશ્વની ઊંચાઈનો ચૌદમો ભાગ; રાજૂ.

૨. સ્ત્રી. ઘોડાની લગામની દોરી.

૩. સ્ત્રી. તાંતણો; તંતુ

૪. [સં] સ્ત્રી દોરડું; દોરડી; દોરી; સોંદરી.

૫. સ્ત્રી માપાના વાળની વેણી

૬. સ્ત્રી. વહાણ લગારવાનો દોર કે સાંકળ, લંગરદોર.

૭ ન એક મોટું અંતર; રાજ.

> ૩,૮૧ ૨૭,૬૭૦ મણનો એક ભાર હોય એવા એક હજાર ભારના તપેલા લોઢાના ગોળાને ફોડી દેવ નીચે ફેંકે અને એ ગોળો પ્રથમ અતિથી આવતા ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર અને ૬ ઘડીમાં જેટલું અંતર કાપે તેની રજ્જુ કે રાજ એવી સંજ્ઞા છે. ગુ. જ્ઞા. પરિષદ

૮. ન. લશ્કરનું એક માપ.

૪ હસ્તી = ૧ દંડ
૨૦ હસ્તી = ૧ રજ્જુ નાની
૧૦ દંડ = ૧ રજ્જુ મોટી

રજ્જુક [સં.] પું. અશોકના સમયનો મહેસૂલી તથા ન્યાય ખાતાનો એક અમલદાર.

રજ્જુકલેશ [સં] પું. મજૂરના નીચલા ભાગની નસોનો જખ્મ

રજ્જુદંડ [સં] પું. ફટકા મારવાની શિક્ષા.

રજ્જુદાડિક ૧. ન. એક પ્રકારનું જલચર પક્ષી. તેનું માંસ ખાવાનો ડાક્ષારોએ નિષેધ કર્યો છે

૨. [સં] ન. જંત્રણી ધુવડ.

રજ્જુપ્રબંધની [સં] સ્ત્રી. યકૃતની બાંય મરડની એક પ્રત્યંચની. તે ગર્ભમાં રહેલા બાળકની સંવાદિનીશિરાના અવરોધ રૂપે રહેલી છે.

રજ્જુબંધનિકા [સં.] સ્ત્રી. ગર્ભાશયનો એક અવયવ; ગર્ભાશયનું ગોળબંધન. આ દોરડાં જેવી બે બંધનિકાઓ બાંય છ આંગળ લાંબી છે. તેઓ ગર્ભાશયના શરીર ભાગની બાજુ પરના ખૂણાઓ પરથી શરૂ થઈને ત્રાંસી રીતે આગળ બાજુ તરફ આવે છે

રજ્જુભાંડ [સં] ન. દોરડાં બનાવવામાં ઉપયોગી ઝોડનો વર્ગ

રજ્જુસર્ગ પું. (વહાણવટું) દોરડું બાંધનાર ખલાસી.

રજ્જુસર્પ ૧. [સં. રજ્જુ (દોરડું) + સર્પ] પું. (વેદાંત) દોરડાને વિષે આ સર્પ છે એવું મિથ્યાજ્ઞાન. આખ્યાયિકા વર્ગોમાં અને વેદાંતમાં દૃષ્ટાંત રૂપે આ રજ્જુસર્પભ્રમ વારંવાર દેખાડાય છે.

૨. પું. સર્પના આકારનું દોરડું.

રજ્જુસર્પન્યાય [સં.] પું. (ન્યાય) ન્યાયનો એક પ્રકાર. ભ્રાંતિને લીધે જેમ માણસ દોરડાને સર્પ માને છે તેમ જ્યાં સુધી જ્ઞાનજ્ઞાન ન થાય ત્યાંસુધી માણસ જગતને સત્ય માને છે પણ જ્ઞાનજ્ઞાન થતાં તેનો ભ્રમ દૂર થાય છે અને બ્રહ્મ સિવાય કાંઈ છે નહિ એમ સમજે છે. તેને માટે વેદાંતીઓ આ ન્યાય આપે છે.

રજ્જ્વ [સં રજ્જુ (દોરડું)] ન. એક જાતનું કેમિકલ્સ; શોષના કોષોમાં જોવામાં આવતો પ્રોટોપ્લાસ્મનો પદાર્થ; ' કોમોટિન '. તે ફિરમજી તથા ફાસ્ટરેજ જેવા રંગ આપે છે. વધુ ગોળો તેને જીવનનો મુખ્ય ભાગ માને છે. રાસાયણિક દૃષ્ટિએ તેની અંદર કોષોદ્રવ્યના માંસના સમૂહના પદાર્થો હોય છે. તે રંગદ્રવ્ય પ્રવાહીને શોષી લેવાની શક્તિ ધરાવે છે.

રજ્યકક્ષ પું. એક જ જાતના કોષના રજ્યતંતુઓનો વિભાગ; અમુક એક જાતિમાના કોષોમાં સામાન્યતઃ બોક્સ સંખ્યામાં હાજર રહેતા અને ઘણુંખરું ન્યૂનાધિક અંશે બોક્સ કદવાળા કણોમાંનો એક કણ; ' ક્રોમોઝોન ', પ્રયોજન પહેલિએ કોષનું વિભાજન થતા પહેલાં કોષમાંના કોષેદ્રનાં રજ્ય આ કણમાં વિભક્ત થઈ જાય છે. બળદ જેવા પ્રાણીના કોષવિભાજનમાં રજ્યકણની સંખ્યા સોળની મનાય છે.

રજ્યતંતુ પું. કોષેદ્રના જળરસમાંનો તંતુ, ' ક્રોમોટિન ફાઇબર '. તે અમુક જાતનાં રસાયણી પદાર્થોને આકર્ષી લે છે અને તેથી તે રંગીન પદાર્થો જેવો જ પોતાનો રંગ કરી લે છે.

રજ્યદંડ [સં] વિ. સુંદર અવાજવાળું.

રજ્જ [અ. રિજ્જ] સ્ત્રી. રોજ; ગુજરાત.

> ખેડવા જમીન, આપવા રજ્જ રહે,
> ના વતન અમારું, અમારું વતન રહે.
>
> સમાટવિજય

રજ્જમનામા [ફા. રજ્મ (યુદ્ધ) + નામા (લેખ)] ન. મહાભારતનું ફારસી નામ.

> મહાભારત હિંદુઓનું અતિ પ્રાચીન પુસ્તક છે. બાદશાહ અકબરે તેનું ફારસી ભાષાંતર કરાવી તેનું નામ રજ્મનામા રાખેલું છે.
>
> આઈને અકબરી

રજળપટ્ટી ૧. સ્ત્રી. રજળવાની ધમાલ કે મહેનત.

૨. સ્ત્રી. રજળવું તે.

રજળપાટ જુઓ રજળપટ્ટી.

રજળવું અ ક્રિ. આમ તેમ નકામા ભટકવું કે આયડવું; રખડવું; ભમવું; કામકાજ વગર આમતેમ આમનેમ ફર્યા કરવું.

રજળી જવું = ગેરવલ્લે કે ખોરંભે પડી જવું.

રજળાઉ વિ. રખડુ; રખડાઉ.

રજળાટ પું. રખડાટ; અથડામણ; રજળવું તે.

રજળાવવું ૧. સ કિ. આમનેમ નકામા આયડાવવું; ભમાવવું; રખડાવવું; નકામો વખત કાઢી નખાવવો

૨. સ. ક્રિ. ખોટે માર્ગે દોરવું.

૩. સ. ક્રિ નિયત સમયમાં વસ્તુ પૂર્ણ ન થાય તેમ ઢીલ દેવા. રખડતું રાખવું; અડધેથી પડતું કે અધૂરું મેલી દેવું; નહિ પાર ઉતારવું; અધવચ્ચ છોડી દેવું.

રઝળુ વિ. રખડવાની ટેવવાળું; રખડુ; રખડતું. નકામું ફર્યા કરનાર.

રઝાડ (રઝાડ) સ્ત્રી. ખાડું; ખાડું, ધર

રઝ્ઝાક ૧. [અ. રઝ્ઝક (તેણે પૂરું કર્યું)] પું. રોજી આપનાર ખુદા, ભરણપોષણ કરનાર ઈશ્વર; વિશ્વંભર.

૨. ન. નસીબ; ભાગ્ય

રઝ્મ [ફા.] સ્ત્રી લડાઈ.

રઝ્મગાહ [ફા.] ન. લડાઈનું ક્ષેત્ર.

રટણ ૧ ન. રટન; બબડવું તે; વારંવાર એક ને એક માર્ગ કે ક્ષેત્રને ખૂંદ્યા કરવું તે; વગર રખડવું તે.

૨. ન. મબો અભ્યાસ રાખવો તે; મહાવરો; ટેવ પડી જવી તે; મોઢે ચડી જવું તે.

૩. [સં. રટ્ (બોલવું)] ન. રટવું તે; બોલ બોલ કરવું તે; વારંવાર એકની એક બાબત કે અમુક નામ મોઢે લાવ્યા કરવું તે; જપ; ભજન; ફરી ફરી નામ સ્મરણ.

રટણા સ્ત્રી. રટવું તે; વારેવારે બોલવું તે; રટણ.

રટન જુઓ રટણ.

રટના સ્ત્રી. રટણા; એક જ વાતની ધૂન; એની એ જ વાત કે વસ્તુમાં લયની લાગવી તે.

રટવું ૧. સ. ક્રિ. રટન કરવું; ભમવું; રખડવું.

૨. સ. ક્રિ. ગાવું.

૩. સ. ક્રિ. ટેવ પાડવી; મહાવરો રાખવો.

૪. [સં. રટ્] સ. ક્રિ. વારે વારે વાદ કરવું કે બોલવું; રટણ કરવું; જપવું; વારે વારે નામ લીધા કરવું; ફરી ફરી બોલવું; ગોખવું; મોઢે યાદ રાખવા માટે વારંવાર ઉચ્ચારણ કરવું

રટંતી [સં.] સ્ત્રી. મહા વદ ચૌદશ.

રટિત ૧ ન. ગર્જના.

૨. ન. ભ્રમ

૩. ન. બોલવું તે.

૪. વિ. બોલેલું.

રટ્ટણ ૧. ન. ભમણ; રખડાટ; રઝળપાટ. જુઓ રટણ.

૨. વિ. તદ્દન નકામું.

૩. વિ. બોદાઈ કે સડી ગયેલું; બરાબ થઈ ગયેલું; કૂજલત; નરસું; ભીતરી ગયેલું; સત્ત્વહીન થઈ ગયેલું; બરાબ.

રટ્ટલ જુઓ રટણ.

રટ્ઠું અ. ક્રિ. રડવું; બબડવું; ગુલાટ ખાવી; આખડવું.

રટી નાખવું = રેસી નાખવું; પ્રાણ લેવા.

રટીલું વિ. ઘરેડી; ઢરીલું; ઘમતી.

રટ્ઠુસ વિ. રદ્દો, સાવ હલકી જાતનું.

રઠ (રઠ્ઠ) ૧. સ્ત્રી. તાડનાં પાનની એક જાતની નાની સાવરણી. તેને રાતી ગલ અને આંખો હોય છે. તે રાની ખજૂર તરીકે પણ ઓળખાય છે. બ્રિટનની નદીઓમાં સાધારણ રીતે તે મળી આવે છે અને ઘસડું કરીને વજનમાં એક રતલ હોય છે આપામાં તે ખાવે જ વપરાય છે.

૨. સ્ત્રી. તાલાવેલી; લેહ; રટ; ધ્યાન; મોહિની.

૩. સ્ત્રી. લડ; આમલ.

રઠક (રઠ્ઠ) ૧. સ્ત્રી. બીક.

૨. સ્ત્રી. ભાગી જવું તે.

૩. સ્ત્રી. રાડ; ભ્રમ

૪ સ્ત્રી. મહેનતાણું દુઃખ.

રઠકળી (રઠ્ઠકળી) સ્ત્રી રોવું અને કકળાટ કરવો તે.

રઠકણ (રઠ્ઠકણ) જુઓ રઠકણ ૨-૪.

રઠકણું (રઠ્ઠકણું) ૧. વિ. ઉતાવળ; દિલગીર.

૨ વિ. કંટિયાળું

૩ વિ. રોવું તે. સ્વભાવ કરવો તે.

૪. વિ. સહેજ સહેજમાં રોઈ પડે તેવું; વારંવાર રડ્યા કરે એવું; કાંમકું; બરાકમાં કે વારંવાર રડ્યા કરનું; રોતલ.

રઠકા (રઠ્ઠા) ૧. [હિ.] સ્ત્રી. રડવું ખૂબ

૨. સ્ત્રી. સાવરણી.

રઠકું (રઠ્ઠકું) જુઓ રઠકણું.

રઠજી (રઠ્ઠજી) વિ. પું. રડ્યો; પીટ્યો.

રઠતાલાડુ (રઠ્ઠતાલાડુ) પું. ન. વ. બધા બીજા ફળપત્ર થતા ઝાડ. તથી ગોલટા ખોજા બીયાળા અને બાંજતાં ખૂબો બર્ફ ખાય તેવા ઝાડ રઠતાલાડુ કહેવાય છે.

રઠતી રાધા (રઠ્ઠતી રાધા) સ્ત્રી. રાધા જેવી રડતી ઓને માટે મજાકમાં વપરાતો શબ્દ.

રઠતી સૂરત (રઠ્ઠતી સૂરત) ૧. પું. ઉદાસી ચહેરાવાળો માણસ.

૨. વિ. ઝાંખુ, ફેમાલ.

૩. વિ. રડતા જેવા ઉદાસી ચહેરાનું; તેજ વગરનું.

રઠપેડ (રઠ્ઠપેડ) ૧. પું. માટી અને ઝાડનું ઝાડું ઝીંપલું.

૨. પું રેવાળ રચ્યાડ.

રઠયર (રઠ્ઠયર) જુઓ રઠયડ.

રઠયડ (રઠ્ઠયડ) સ. વેરવું છેરવું; વેરવિખેર.

રઠ્યાકરવું (રઠ્યાકરવું) સ. ક્રિ. રખડવું; રઝળવું; આમતેમ અથડાવા કરવું; રવડવું; રડવડવું; ભટકવું

રઠ્યાવવું (રઠ્યાવવું) સ. ક્રિ. રડવડે એમ કરવું

રઠ્યાવું (રઠ્યાવું) અ ક્રિ રડવડે એમ થવું.

રઠમસ (રઠમસ) વિ. રોતું, રુદન કરતું.

નિખિલ રઠમસ ચહેરે પત્ર પર પત્રો
મહિલાબુખ્ખ

રઠરઠાટ (રઠ્ઠરઠાટ) સ્ત્રી. રોકકળ. વિલાપ; કલ્પાંત.

રઠવાડ (રઠવાડ) સ્ત્રી. રડવડવું તે; રખડપટ્ટી; રખડ્યા કરવું તે.

રઠવડવું (રઠવડવું) જુ રખડવું; ભટકવું.

રઠવાડવું (રઠવાડવું) અ. ક્રિ. રખડવું; રઝળવું; આમતેમ અથડાયા કરવું; રડવડવું

રડવડી મરવું = ભટકીને પરેશાન થવું; રખડી રખડીને અધું થઈ જવું

રડવું ૧. અ. ક્રિ. ભમવું; રડી જવું; દઈ પડવું; દડવું; ઢળી પડવું; ગડી જવું

૨. અ. ક્રિ આલવું; બની શકવું; નભવું.

કામ રડવું = કામ આલવું.

૩. અ. ક્રિ. દયા આવે તે રીતે બબડાવવું કે કહી બતાવવું

૪. અ. ક્રિ. નિરાશ થવું; નિરુપાય થઈ જવું; હારવું; નાસીપાસ થવું; નાહિંમત થવું.

રડી ઊઠવું = (૧) ઊંઘમાંથી ઝબકીને રોવું. (૨) કંટાળી જવું. (૩) ખોટમાં આવી જવું. (૪) નિરાશ થઈ જવું; નાહિંમત થઈ જવું. (૫) માથે થઈ બેઠી હેવું; બાપૂકું મૂકવું. (૬) હારી કે થાકી જવું,

૫. અ. ક્રિ. ને ઊંહીને દુઃખી થવું; નું દુઃખ રોયા કરવું.

૬. અ. ક્રિ. રોવું; રુદન કરવું; દુઃખ સોને લીધે આંખમાંથી પાણી અને કંઠમાંથી ઘરઘર એવો અવાજ કાઢવો; દુઃખ દેખાવવું; અશ્રુપાત કરવો; આંસુ ઢાળવાં; પોક મૂકવી.

૧. રડતીનાં આંસુ લૂછવાં જેવું = દયા બતાવાય એવું.

૨. રડતીને પિયેરીઆ મળ્યા = દુઃખમાં દુઃખ ભળવું.

૩. રડવું ગોત્ર હોવું = ચોકકસ ચહેરાનું કે નબળી જાતીનું હોવું; હમેશ રડવું કે હમેશ નિરાશ નાખલાઈ હોવું

૪. રડતો બાળ તે મૂબાની બખરે જાવે = મન વગર કામ કરે તે સારું આવ નહિ; પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય.

૫ રડી જવું રેવું-પડવુ = (૧) એકાએક રડવુ. (૨) કમભાગ્યનો શોક કરવો. (૩) પડી જવું; ગબડી પડવુ.
૬. રડી મરવુ = રડી રડીને મરવા જેવા થવું; ખૂબ રડવુ
૭. રડી રવેવુ = નુકસાન વેઠી બેસી રહેવુ.
૮. હસવુ એટલું રડવુ = બહુ હસવુ સારું નથી. તે પછી રોવાનું પણ આવે.

રડાકૂટ ૧. (રડકૂટ) સ્ત્રી. ઝપડો; ઠેકાસ; રોજનો કલેશ; ચાખોલાખો.
૨. સ્ત્રી. નિષ્ફળ મહેનત; રકઝક; માથાફોડ; પચરંગી
૩. સ્ત્રી. બળાપો; ઉદ્વેગ; ઠિકગીરી.
૪. સ્ત્રી. શોક કરવો તે; રડવું અને કૂટવુ તે.

રડાકૂટા (રડકૂટા) સ્ત્રી. કજેતી; કુદંકા.

રડાકૂટા (રડાકૂટો) જુઓ રડાકૂટ.

રડાકૂંક (રડાકંક) પું. ઘાતનો ઘા, ઠંતકાત; ઠંતફેદ.
કામ કામ તો રડાકૂંક દિસે,
અધર ધર્યા રાતા હંત રે નરસિંહ

રડાપીટ (રડાપીઠ) જુઓ રડાકૂટ.

રડારડ (રડારડ) સ્ત્રી. રોકકળ; કલેશ; કંકાસ; પોક મૂકીને રડવું તે; રડારોળ, ઉપરાઉપરી અનેક જણ ઓછી સાથે રડે તે; કલ્પાંત

રડારોડ (રડારોડ) જુઓ રડારડ.

રડારોળ (રડારોળ) જુઓ રડારડ.

રડાવવું ૧. (રડાવવુ) સ જિ. નિરાશ કરવુ; ઉતરવુ; છેહ દેવો, વિશ્વાસઘાત કરવો; કરેલ કર્મ કોઈનું ખાઈ જવું; ઉઘાડી દેવરાવવુ; લૂંટી કના હાનિમાં કરાવી દેવુ
૨. સ. જિ. રોવડાવવુ; રડે તેમ કરવુ.

રડિયલ ૧. (રડિયલ) જિ ખાવલું; નમાલું.
૨. જિ. રડતું; રોતુ

રડો (રડો) [સં. કેડ] પું. વાળ વગરનું બોડું માથું; તોલો; ટકો

રડ્ડા પુ. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ; દૈડા. તેમાં ૧૫૬ માત્રા હોય છે.

રડ્યું (રડ્યુ) ૧. જિ. જેને માટે કલેશ થાય કે મહેનત પડે અને કંટાળો આવે એવુ.
૨. જિ. પીટ્યુ, અકારું
૩ ન રહ્યું; અભાવ અને અણુક્રમાનો ઉદ્ગાર; વહાલસોઈ એક ગાળ. અણુક્રમો બતાવતાં આ શબ્દ માત્ર ત્રીજો જ વાપરે છે.

રડ્યુંખડ્યું (રડ્યુખડ્યુ) ૧. જિ અધકાતું; કુટાતું; ભૂકું પડેલ.
૨ જિ ઓમતેમ પડેલુ, નીચે પડી આમતેમ કોઈ જગાએ રઝળી ગળી ગયેલું હોય તેવુ; કટકાયેલું, વેરાયેલું; વિખરાયેલું; વેરણછેરણ
૩. જિ. ભૂખ્યું; આકી રહેલું.
૪. જિ. દુઃખ પામેલું, મુશ્કેલીવાળું
૫. જિ. કામેકનું નહિ એવુ; આકસ્મિક
૬. અ. કવચિત્; ભાગ્યે જ; જવલ્લે; આગ્યે કોઈક.

રઢ ૧. સ્ત્રી. આગ્રહ; હઠ, જીદ, મમત.
૧. રઢ પરવી = (૧) આગ્રહ કરી સામા થવુ. (૨) લડાઈ કરવી.
૨. રઢ લેવી = હઠ કરવી.
૨. સ્ત્રી. ખત; કાગડા; તમન્ના
૩. સ્ત્રી. રડ; લેહ; લગની; મોહિની, ખરો પ્રેમ
રઢ લાગવી = લગની લાગવી.
૪. સ્ત્રી સમાધિ; એક ધ્યાન હોવુ તે

રઢિયાર જિ રેઢિયાળ; રખડવા ઉપર પડેલુ; રખડાઉ; લાટકણુ; નપવિત્રાતું.

રઢિયા [હિં] પું. એક પ્રકારનો દેશી કપાસ.

રઢિયાળું ૧. જિ. રઢ લાગે એવું; વહાલ કે પ્રેમ ઉપજે એવુ
૨. જિ. કપાળું; સુંદર; મોહ ઉપજાવે એવુ; મોહક; શોભાયમાન; સુશોભિત.
૩. જિ. હોંશીલું; ખતીલુ.

રણ ૧. [સ.] પું. આનંદ.
૨. પું. જે નામનો એક માત્રામેળ છંદ. તેમા ૧, ૫, ૧૦ અને ૧૫ માત્રાએ તાલ આવે છે.
૩. પું. પેટો.
૪. પું. ખકરો
૫. પુ. રમણ; પતિ.
॥. ન. ખાકે પાણી ફરી વળે તેવા ઊંડાણવાળી જગ્યા; ખાડી
૭ ન. જવુ તે; ગતિ.
૮. [સં. ઋણ] ન. દેવું; કરજ; દેણ
હતો દુઃખિયે ઘણો સુખિયો, સમજે છૂટ્યો રણથી. નર્મદાશંકર
૯. ન. યુદ્ધ; લડાઈ; સંગ્રામ; જંગ.
સામાધન રણ આજિ મુધ આહા સંખ્ય સલીલ,
સંપરાય સંગર સમર સંયુગ કલહ અનીક.
પિંગલપ્રકાશ
૧. રણ ખેડવુ = (૧) દેશપરદેશ ફરવું તે દુ ખાદિક સહેવુ. (૨) લડાઈઓ કરવી, યુદ્ધ કરવ.
૨. રણ જગાડવુ = વૈર ભગાવવાં; કજિયો ઊભો કરવો.
૩. રણે ચડવું = લડાઈમાં ઊતરવુ, લડવા જવુ; લડાઈ કરવી
૪. રણે રાખવુ = લડાઈમાં રક્ષણ કરવુ; સકટ વેળા બીજાને બચાવે રક્ષણ કરવુ કે બચાવી લેવુ.

૧૦. [સં. અરણ્ય; પ્રા. રણ્ણ-રન્ન] ન. રાન; વગડો; વન; જગલ.

૧૧. ન. રેતીવાળો સપાટ પ્રદેશ; રેતીનું મેદાન; જેમાં રેતી વધારે હોય ઝાઝપાન અને વનસ્પતિનો જથ્થો થોડો હોય એવો સપાટ ભૂમિ. જેમકે, કચ્છનું રણ, સહરાનું રણ. હિંદના સશોધકોની નજર હિંદ અને રજપૂતાનાના રણ પ્રદેશ પર પડી છે જેમનું નિરીક્ષણ કહે છે કે આ રણનો વિસ્તાર એક લાખ ચોરસ માઈલ જેટલો છે અને એની આસપાસ બીજા એક લાખ ચોરસ માઈલ સુધી વેરાન સ્થિતિ પ્રવર્તે છે પરિણામે હિંદની સપાટીનો લગભગ અડધો ભાગ વેરાન પ્રદેશ બની ગયો છે. આ રણ ભાવલપુરથી શરૂ થઈ, હિરોજપુર, પતિયાળા, એરડ, અલીગઢ અને કાશગજ સુધી ઉત્તર અને પૂર્વ દિશામાં દર વર્ષે અગર માઈલના હિસાબે ફેલાતા પ૦ વર્ષથી ફેલાતું રહ્યું છે. આ રીતે દર વર્ષે ૬૦૦ ચોરસ માઈલ જેટલી ફળદ્રુપ જમીન વેરાન બનતી જાય છે આ પરિસ્થિતિ અટકાવવા માટે સશોધકોએ સૂચન કર્યું છે કે આવા સૂકા અને ઉજ્જડ પ્રદેશો પર જંગલો ઊભાં કરવાં જોઈએ હિંદની ખેતીને વધારવા માટે આ અત્યત જરૂરી છે. આવા જગલો ઊભાં કરવામાં ઘણાખરા ઝળવું બનશે એટલું જ નહિ પણ જમીનનો ધસારો અટકી જશે ને ગ્રામવાસીઓની બળતણ રોજિંદી જરૂરિયાતો પોરાક, ચારો અને બળતણ એથી પૂરી પડશે.

૧૨. ન યુદ્ધનું મેદાન; યુદ્ધક્ષેત્ર; સગ્રામભૂમિ; રણક્ષેત્ર; સમરાંગણ
કહિ રાજ રહિત જો રહ્યે,
વર્ષે સામે ન ઉતા અને હરૂ
કર રાજ ધરેક કોરવા,
મુજ કલ્માષ્ય નિરોધ થાય તો.
ગીતાપદ્યામૃત

૧૩. ન. શબ્દ, અવાજ.

૧૪ ન. સખત તાપ

રણક ૧. [સ.] પું ઠિકગીરી; શોક, ચિતા; ઉદ્વેગ.
૨. પું. રણકતુ તે; જેમનું બોલવુ તે.
૩. પું. રણકો; રણકાર.
૪ પુ. (પુરાણ) સોમવશી ધ્રુવાક્ષ કુલોત્પન્ન અંતરિક્ષના વશમાં થયેલા સુદક્ષ રાજાનો પુત્ર; કુલક તેને સુરથ નામે પુત્ર હતો

રણકર્મ [સં. રણકર્મન] ન. લડાઈ; યુદ્ધ.

રણકવું ૧ અ ક્રિ. ગાજવું.
રણદામત રણતૂર રણકઈ,
સીંગિણિના સદ્દ ગાજઈ. સીતાહરણ
૨ અ ક્રિ. ભેંસનું બોલવું; ઢોરનો એક જાતનો અવાજ કરવો
૩ અ ક્રિ. રણકારો કરવો.
૪. અ. ક્રિ. રણકારો થવો; ઘૂઘરા વગેરેનો ધીમે ધીમે અવાજ થવો.

રણકંદન ન. લડાઈ; યુદ્ધ
હવે પછી થનારા તુમુલ રણકંદનમાં ભાગ લેવા માટે તેમને આમંત્રણ કર્યું. મરાઠી વિજ્ઞાપ્તિ

રણકાર જુઓ રણકો

રણકારો જુઓ રણકો.

રણકાવવું સ ક્રિ ગજવવું; વગાડવું; રણકો કરાવવો
બારનૂજમાં ભોજન બની એ ચેતનસૂર રણકાવ. ઓટાદકર

રણકાંઠો પું. કાઠિયાવાડનો ઉત્તરનો ભાગ. તે કચ્છના રણને લગતો અગ્નેય છે માટે તેને રણકાંઠો કહે છે

રણકું વિ. ધૂળ, રેતી અને કચરાપૂળા વગરનું; ચોખ્ખી કાચ્ય બનાવીને; ઝોકું; ચોખ્ખું.

રણકો ૧. [સં. રણત્કાર] પું. ધાતુ ઠોકવાથી કે અથડાવાથી નીકળતો અવાજ કે ઝણકાર; રણકાર; ધાતુનો વાસણનો અવાજ; ધાતુની વસ્તુ અથડાવાનો અવાજ.
૨. પું. ધાતુનો અવાજ થઈ જવા બાદ નીકળતા કરતો કંપતો કે ધ્રૂજતો સૂર.
૩. પું. ફફેતો; ભડાકો
૪. પું. બળદને મણે બાંધવાનો પિત્તળનો ગોળ ઘૂઘરો.

રણકૌશલ [સં.] ન. યુદ્ધચાતુર્ય; લડાઈમાં હોશિયારી; લડાઈ કરવામા આવેલપણું.

રણકૌશલ્ય જુઓ રણકૌશલ.

રણક્ષેત્ર [સં. રણ (લડાઈ) + ક્ષેત્ર (જગા)] ન. લડાઈનું સ્થાન; યુદ્ધભૂમિ; સમરભૂમિ; લડાઈનું મેદાન; રણભૂમિ.

રણખેત્ર જુઓ રણક્ષેત્ર
પડ્યા જેમ દીઠા રણખેત્ર
સજ્જ થયા છે સીતાનાં નેત્ર. પ્રેમાનંદ

રણગાભીજ ન. એક જાતનું કરિયાણું.

રણગરાસી સ્ત્રી. એ નામની ગરોળીની એક જાત.

રણગાડી સ્ત્રી. લોઢાના બખ્તર વગેરેથી સુસજ્જ તથા બાકાબંધ વટાની સાથે તેવાં પૈડાની ગમનવાળી તોપ વગેરેવાળી યાત્રિક ગાડી, ' ટેન્ક '.

રણગાન જુઓ રણગીત.

રણગી ૧ [સં] ન. લડાઈનું ગીત; રણગાન; લડાઈમાં ગવાતું તેવું ગીત

રણગુરુ પું. યુદ્ધશિક્ષક; લડાઈનું શિક્ષણ આપનાર ગુરુ
ધન્ય મેરિણહરી, જગતના દુઃખ ભીરુનો તું રણગુરુ છે ! કટારીનો મુક્તિયજ્ઞ

રણગૃહીત [સં] પું. લડાઈનો કેદી; બંદીવાન.

રણગોટીલો જુઓ રણગોજીરો

રણગોળીરો પું. મુસ્કેટાટ આદી સાધનો દ્વારા છોડવામાં આવતો ગોળો.

રણચરત સ્ત્રી. દેવાદાર; કરજવાળા.

રણચેલું વિ લડાઈના મેદાનમાં ગાંડુતુર બનેલું

રણચેલુડું (રણચેલું) જુઓ રણચેલું.

રણચોડલો (રણચોડો) પું. સોળ ઉતારનારી ખરજ જાતની વનસ્પતિ

રણચોડો (રણચોડો) પું. લડાઈનો ચોકો.

રણચતુર [સં] વિ. યુદ્ધકુશળ; લડાઇમાં હોશિયાર.

રણચંડિકા જુઓ રણચંડી.

રણચંડી ૧. [સ.] સ્ત્રી. રણની દેવી; યુદ્ધની દેવી; કાલિકા.
૨. સ્ત્રી. લડાઈના મેદાનમાં બહાદુરીથી લડતી સ્ત્રીઓ; રણચંડિકા.

રણચંડુલ ન. એ નામનું એક પક્ષી.

રણચાતુર્ય [સં] સ્ત્રી. લડાઈની ચતુરાઈ; યુદ્ધકૌશલ્ય.

રણજાણવું અ. ક્રિ. મધુર અવાજ કરવો.
તાળી દેતાં તાલ્યની, ઝાંઝરનો ઝમકાર.
કટિ કિંકિણી રણજણે પૂતરીના ચમકાર. પ્રેમાનંદ

રણજોડ (રણજોડ) ૧. પું. ઋણમાંથી મુક્ત કરનાર પરમાત્મા.
૨ પું શ્રીકૃષ્ણનું એક નામ જરાસંધ સામેના યુદ્ધમાંથી રણભૂમિ છોડીને તે દ્વારકા નાસી ગયા હોવાથી તેને રણછોડ કહેવામાં આવે છે.
૩. સ. જોંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં આવતું એ નામનું એક તીર્થસ્થાન.
૪. વિ. દેવામાંથી છુટકારો કરનાર; ઋણમાંથી મુક્ત કરનાર; કરજમાંથી છોડાવનાર.

રણજોડજી (રણજોડજી) પું. શ્રીકૃષ્ણ.

રણજોડજીઘાટ (રણજોડજીઘાટ) પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં રણછોડજીની વિશાળ મૂર્તિ કાળા પથ્થરની છે.

રણછોડજી દીવાન (રણછોડજી દીવાન) પું સં. ૧૮૪૧થી ૧૮૯૭ સુધીમાં થઈ ગયેલ ગુજરાતી ભાષાનો એક કવિ જુનાગઢ રાજ્યના તે દીવાન હતા. તેના ચડીપાઠના ગરબા વલ્લભ મેવાડાના ગરબા જેટલા જ લોકપ્રિય છે. તેણે આખી સોરઠની ગરબામા લખી છે માતા ઉપરાંત શિવની ભક્તિ વિષે પણ તેણે ઘણું લખ્યું છે તેણે શિવ માહાત્મ્ય લખ્યુ છે અને શિવનાં પૂજન માટે કીર્તનો પણ લખ્યાં છે. સોરઠી તવારીખ નામનું સોરઠના પ્રતિહાસનું એક પુસ્તક તેણે ફારસી ભાષામાં લખેલું છે.

રણછોડદાસ (રણછોડદાસ) પું એ નામના એક વણિક ભક્ત. તેણે ભક્તિમાર્ગ અપનાવ્યો હતો

રણછોડભાઈ ઉદયરામ (રણછોડભાઈ ઉદયરામ) પું. ઈ સ ૧૮૩૮થી ૧૯૨૩ સુધીમાં થઈ ગયેલ એ નામના એક ગુજરાતી ભાષાના કવિ તેમની સાહિત્ય અને કેળવણી પ્રવૃત્તિઓ અનેકવિધ હતી. મુંબઈમાં નાટકો નવોનાં લખાતાં તે જમાનામાં તેણે નાટકો તૈયાર કરવા માટે ખૂબ શ્રમ લીધો હતો તેનું જીવન ખૂબ પ્રવૃત્તિમય હતુ અથાગ મહેનત, અખૂટ ઉત્સાહ, હૃદયપૂર્વકની લગની, આ ગુણોને લીધે તે જુદી જુદી જાતનું ઘણું કામ કરી શક્યા છે. લઘુ કૌમુદીનું ભાષાંતર, રણછિત્રાળનો ક્રમપૂર્વક તૈયાર કરેલો સંગ્રહ, વિદ્યાવ્યાપારમાળાના દળદાર મણકાઓ, આવી અનેકવિધ કૃતિઓ તેમના કાર્યોત્સાહ અને ચીવટભરી ખંતની સાક્ષી આપે છે. એમની રણછિત્રાળની પ્રસાદી ' જગદ્ગોમડળ ' નામક આ વિશ્વકોષમાં વિગતે આપવામાં આવી છે.

રણછોડભાઈ રૅંટિયાવાળા (રણછોડભાઈ રૅંટિયાવાળા) પું. હિંદુસ્તાનમાં પહેલવહેલી કાપડની મિલ કાઢનાર એ નામના એક વિખ્યાત પુરુષ. જ્યારે તે અજ્ઞાત અવસ્થામાં રૂપિયા પંદરના પગારથી નોકરી કરતા હતા, પરંતુ પોતાની આવડતથી તેને આજે પહેલી રૂપિયા ત્રણસોના પગારની જગ્યા આપવામાં આવી. પરંતુ અંદરોઅંદરની ખટપટને લીધે આ નોકરી તેને છોડવી પડી. એ વખતે દેશમાં બિલકુલ ઉદ્યોગ ખીલ્યા ન હતા. વળી એક પણ કાપડની મિલ ન હતી. તેથી તેણે કાપડની મિલ કાઢવાનો નિશ્ચય કર્યો. તેણે કાઢેલા કારખાનાનું નામ તેણે વિપનિમ ઓન્ડ વીવિંગ મિલ પાડ્યુ. આમ આખા હિંદુસ્તાનમાં પહેલવહેલી કાપડની મિલ કાઢવાનો યશ તેને મળ્યો અને તે દિવસથી તે રણછોડભાઈ રૅંટિયાવાળાના નામથી ઓળખાવા લાગ્યા. ત્યારબાદ અમદાવાદ મ્યુનિસિપાલિટિના

પણ એ પ્રમુખ થયા અને અમદાવાદ શહેરમાં નળ અને મટરની યોજના હાથ ધરી. આમ તેણે આખા શહેરનું આરોગ્ય સુધાર્યું. એમ પણ કહેવાય છે કે, જ્યાં સુધી રણછોડભાઈ મ્યુનિસિપાલિટિના પ્રમુખ હતા ત્યાં સુધી અમદાવાદમાં પ્લેગ આવ્યો ન હતો. વળી તેણે અનેક ધર્મોદા કાર્યો તે સભાવતો પણ કરી હતી. આમ તેણે ગૌતવાહના ગણેશ આજ્ઞા.

રણછોડરાય (રણછોડરાય) ૧. પું. ડાકોર અને દ્વારકાની શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું નામ. દ્વારકા અને ડાકોરના સુપ્રસિદ્ધ મંદિરમાં સ્થાપિત ભગવાનના સ્વરૂપનું નામ. દ્વારકામાં જોવા જેવા જગતમાં આનું મંદિર છે. તેમા રણછોડરાયની મૂર્તિ છે. મંદિર ગોમતી નદીને કાંઠે છે. તેની બાંધણી અસલના વખતનાં બીજાં હિંદુ મંદિરોની બાંધણી જેવી જ છે. મંદિરમાં એક સભામંડપ છે. મંડપમાં ૬૦ જેટલા તો સ્તંભ છે. મંદિરનું શિખર ઘણું ઊંચું છે. રણછોડરાયનું મંદિર ડાકોરમાં પણ આવેલું છે. તે વિષે આખીયે યાત્રામાં ઉલ્લેખ છે કે: આ મંદિર ભવ્ય અને વિશાળ છે. આ જગોમા શિખરબંધ ઉંચાં છે. શિખર ઉપર સુવર્ણના કલશ છે. રણછોડજીની મૂર્તિ શ્યામ અને સુંદર છે અને વસ્ત્રાભૂષણથી ભૂષિત થયેલી છે. અહીં વલ્લભી સંપ્રદાયના નિયમ અનુસાર મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ૨.જભોગ, સંધ્યા તથા શયનનાં એમ આઠ પ્રકારની પૂજા પછી આઠ સમયનાં દર્શન થાય છે અને દરેક વખતે જુદા જુદા ભોગ પણ ધરાય છે. રણછોડરાયજીના મંદિરને ફરતો કોટ છે, જેમાં કોઈ જગ્યાએ ઓશાળા છે, કોઈ જગ્યાએ રસોડાં છે. આગળ ચાલતાં એક વિશાળ ચોક આવે છે, તેમા આરસ જડેલો છે અને તેની વચ્ચે ડાકોરનું જળ રહે છે. વચલો રંગમંડપ પણ સોંઘો મનુષ્યો ભેગા રહી શકે એવો વિશાળ છે. સિંહાસન ઉપર રણછોડરાયજીની ચોખી મૂર્તિ છે. આ મૂર્તિને લાખોનો શણગાર ધરાવ્યા છે. જીવનગૃહ પણ સુંદર કાચના તકતાનું બનાવેલું છે. રણછોડજીની આરતા, ધ્વજા, ચૌદ અને આસોની પૂનમે એમ વરસમા ચાર વખત મોટી યાત્રા ભરાય છે. કારતકપૂનમની યાત્રામાં દૂર દૂરથી મનુષ્યો આવે છે, જે વખતે ચાર પાંચ લાખ માણસો એકઠાં થાય છે. ઠેકાણે ઠેકાણે માનો ઉપરાત ઘોડા અને હાથી પણ રહે છે. ' જગદ્ગ્રોમંડલ ' નામક આ વિષયકોષની પહેલી પ્રફપ્રત ત્રણછોડરાયજીને ચરણે ધરી હતી અને કેસરી રંગાનથી તરબોળ થયેલ તે ઐતિહાસિક પ્રત પ્રસાદી રૂપે પાછી લઈ લેતાં નિર્ણય કર્યો છે કે, આ જાગીરમા કોઈ પૂજો થયે તેની એક નકિ પણ પાત્ર પ્રતો ડાકોર, દ્વારકા આદિ પંચતીર્થક્ષેત્રે ભેટ ધરાશે.

૨. પું. શ્રીકૃષ્ણ

રણજગન [સ રણપક્ષ] પું. યુદ્ધરૂપી યજ્ઞ.

રણજગન ઝી રમે હોયો. સમુદ્ર ચેરે તીર.
પ્રેમાનંદ

રણજયશ્રી [સં.] સ્ત્રી યુદ્ધમા મળેલા વિજયની શોભા

રણજયશ્રી સમૃદ્ધિઓથી ઝળિયાળા ને કોટીલા જયસિંહ સિદ્ધરાજ સિંહાસને બિરાજ્યો.
નર્મદાશંકર

રણજંગ પું. મોટું યુદ્ધ; મોટી અને સખત લડાઈ; ઝપાઝપી

૧. રણજંગ મચવો = મોટું યુદ્ધ કરવું.

૨. રણજંગ મચાવવો-માંડવો = ઘુમ્મસ યુદ્ધમાં કે ઝપાઝપીમા ભાગ લેવો.

હોકારાદ વાનરે વીંઝિઓ, પોકાર પુર આયે પડ્યો.
રાવણ તે દેવે હરખીઓ, રણજંગ રચી લુદ્ધ ચડ્યા.
સામળ

રણજિત [સં] વિ. રણમાં દુશ્મન મેળવનાર; લડાઈમાં વિજયી; જયવંત.

રામે અમ્યા રણજિત એ,
જનુની એક રામણ જણ્યો.
એકાલું દિવસે એક જણણી,
રામ હાર્યે રાવણ હણ્યો
સામળ

રણજિતરામ વાવાભાઈ પું. એ નામના એક ગુજરાતી સાહિત્યકાર. તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૨ માં થયો હતો. અમદાવાદની સાહિત્યસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી કેળવણી પરિષદ, ગુજરાત કેળવણી મંડળ વગેરે અનેક સંસ્થાઓને જન્મ આપનાર, તે તે સંસ્થાના અસ્તિત્વને ટકાવી રાખવા તનતોડ મહેનત કરનાર, ઊભી થયેલી સંસ્થામાં વખતે વખતે પ્રાણ સમાર કરી તેની પાસે સુંદર કાર્યો કરાવનાર અને છતાં કોઈ જગાએ કોઈની દૃષ્ટિએ પણ નહિ પડનાર, શાંત છતાં અખાત, ધીર છતા ઉત્સાહથી પરિપૂર્ણ, અવિરત છતાં અમાયથી તદ્દન અસ્પૃષ્ટ અને કાર્ય કરવા માટે ઉગ્ર છતાં ખૂબ સમજાવી અને નિર્વિકારી રણજિતરામના આસો૦ઈ૯.સમા ગુજરાતનું હિત, ગુજરાતનું ગૌરવ, ગુજરાતનું ગૌરવ એ જ વિચારો કુરાવા કરતા હતા. દરેક ગુવાને પોતાનું સર્વસ્વ હોમવા તત્પર રહેતુ જોઈએ એવા વિચારોથી તરવરી રહેલા રણજિતરામના મગજમાં કેફકાર્ય વિના બીજી એકે વાત ટકી શકતી જ નહોતી. પોતાના જીવનને તેમણે એવા ઘાટમાં જ ઘડવાનું નક્કી કર્યું હતું. ભણ્યા જ સમજ સેવા માટે જેની નોકરી સ્વીકારવી જ નહિ. ઉદર નિર્વાહને આવશ્યક અને અનિવાર્ય ધર્મ પડે તેટલી જ નોકરી લેવી અને જીવનનો બધો જ વખત દેશકાર્યમાં આપવો એવો તેમનો નિશ્ચય હતો અને તે પ્રમાણે જ તેમણે જીવનપ્રણાલી નક્કી કરી હતી. ગુજરાતના યુવાન વર્ગને ઉત્સાહ, ઉત્તેજન, માર્ગદર્શન અને અંગત મદદ આપવામા રણજિતરામે પોતાની સર્વ શક્તિ ખૂબ ઝીણવટથી અને અત્યંત ઔદાર્યથી વાપરી હતી તે સમયના યુવાન કાર્યકરોમાં આપણે જ કોઈ એવો હશે કે જેને એક યા બીજી રીતે રણજિતરામ તરફથી સૂચન, પ્રેરણા કે પ્રોત્સાહન નહિ મળ્યું હોય; એવી સંસ્થા કે એવી પ્રવૃત્તિ આપણે જ હશે કે જેને રણજિતરામની ઝીણવટની કોઈ પ્રકારની મદદ નહિ મળી હોય. તે બહુ ઊંચી નેમ રાખનારા હતા. સામાન્ય કામ તેમને સંતોષ આપતું નહિ. પોતે સારામાં સારું કરી છૂટે ત્યારે જ પોતાનું કામ બહાર મૂકવું એવો આગ્રહ સેવતા. કરજ પડે ત્યારે જ કાંધ લાધે, એટલે તેમનું લખાણ પ્રમાણમાં બહુ થોડું છે. તેમના નિબંધો ઊંડાણવાળા અને પ્રૌઢ છે. તેમણે ગુજરાત રાષ્ટ્રની પોતાની ભાવના પોષવા મા.ફી. મુજરાતનો ઇતિહાસ રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી લખાવ, તની ભાષા અને સાહિત્ય નવીન સંસ્કાર પામી સમૃદ્ધ બને, તેની કેળવણી માતૃભાષા દ્વારા ઉત્સાહપ્રેરક થાય, તની સંસ્થાઓમાં અને ન્યાતોમાં નવું ચેતન અને ઐક્ય આવે એવી અથી અનેક પ્રવૃત્તિઓ એમણે આરંભવા માંડી. પ્રાણ કરી આ પ્રવૃત્તિઓએ પણ સ્વરૂપ લીધાં. તેમણે લેખો લખવા માંડવા; યોગ્ય લાગે તેવી સંસ્થાઓ ઊભી કરવા કે મજબૂત કરવામાં મદદ કરવા માંડી અને જેટલા જન્મ્યા તેટલા ગુજરાતી લેખકોના સમર્કમાં આવી મદદ રૂપે, સૂચનારૂપે અને સલાહરૂપે પોતાનું દૃષ્ટિબિંદુ સર્વમાન્ય કરવા મહેનત કરી ગુજરાતી સાહિત્યના આ ભાગે ગુજરાતને ચેતનવતું જોવાને દરેક પ્રયાસ કર્યો છે. એમની લેખનપ્રવૃત્તિએ લોકગીત, વિવેચન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, નવલકથા, નાટક એવા અનેક સાહિત્યના વિભાગો સ્પર્શ્યા. ગુજરાત કેળવણી પરિષદ સ્થાપવાની પ્રથમ યોજના રચવામાં પણ તેમનો અગ્રણીનો હિસ્સો હતો અને મુબઈમાં રહ્યા પછી ગુજરાતસભા તેમજ જ્ઞાનપ્રસારક મંડળીનાં સંમેલનમાં પણ એ આગળ પડતો ભાગ લેતા. પાત્રીસ વર્ષની ભરયુવાન વયે જહુના દરિયામાં નાહવાં ગયા પછી જતાં તેમનું અકાલ મૃત્યુ થયું શ્રી પુત કનૈયાલાલ મુનશી સાચું જ કહે છે કે, રણજિતરામ માણસ નહોતા, એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતાના એ અવતાર હતા.

રણજિતસિંહ પું અંગ્રેજોની ઊંદરી આડખીલી અને ભારતના છેલ્લા સ્વતંત્ર રાજની પંજાબ કેસરી તેનો જન્મ ૧૭૮૦ ની બીજી નવેંમ્બરે થયો હતો. પિતાના અવસાન પછી તેણે સતરમે વરસે કારભારનો ભાર ઊપાડી લીધો નાનપણથી જ શસ્ત્રાસ્ત્ર તથા ઘોડેસવારીમાં નૈપુણ્ય મેળવનાર એ મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ અક્ષરજ્ઞાન તો કદી ન જ મેળવી શકયો બાળપણમા શીળીને લીધે એક આંખ ગૂમાવેલી. ઈ. સ ૧૭૯૮મા અફઘાનશાહ શાહઝમાંએ તેને લાહોરના આસપાસનો પ્રદેશો તથા શાલનો પ્રદેશ આપ્યા. લોકો તેને તો એ પ્રદેશ બીજા સૂબા પાસેથી લડીને જ લેવો પડેલો. પણ એ લહાને એણે આખો પંજાબ હાથ કરી લીધો અને ૧૮૦૧માં રાજ્યાભિષેક કરાવી મહારાજા બન્યો. નવા સિક્કાઓ પડાવ્યા અને એક લાખને ખર્ચે લાહોરની પુનર્રચના કરી. અમૃતસર પણ સર કર્યું અને આમ શીખના રાજકીય તથા ધાર્મિક અને પાટનગરો કબજે કર્યાં. એવામાં ફ્રાંસની વધતી જતી વિજિગિષાથી ગભરાઈ અંગ્રેજોએ પૂર્વમાં પોતાનો પગ સ્થિર રાખવા અફઘાન અને પંજાબના આ શેરની કદમબોસી આદરી ૧૮૦૮ ના ડિસેંમ્બરમાં કેપ્ટન મુનરો તેની અને જનરલ મેટકાફની મુલાકાત લીધી. પણ પોતાની રાજરમતનું પ્યાદું બનાવી સતલજની દક્ષિણેથી જ તેને આગળ વધતો રોકવા માગતી અંગ્રેજ ચાલ તેણે તોડી નાખી અને ઉત્તર હિંદનાં સઘળાં શીખ રાજ્યોને સંગઠિત કરી એક મહાસત્તા સ્થાપવાનાં પગલાં લીધાં. અંગ્રેજ અફસરો શેરી હોજે ગૌન, હોજે સવાર અને હોજે ખિલાફત નામની બરબિયન ઢબની ત્રણ તદ્દન વ્યવસ્થિત સેના રચી તેણે સતલજની દક્ષિણે છેક અંબાલા ને શાહબાદ સુધી પોતાની સત્તા વિસ્તારી ને મેટકાફ લેનો રહ્યો સતલજથી પાછા ફરી તેણે હવે બીજી બાજુ મોં ફેરવ્યું ને ક્રમશ્ચીથી સિંધ તથા સતલજથી પેશાવર સુધી પોતાની હદ લંબાવી દીધી અફઘાની નિર્વાસિત શાહશુજાને આશ્રય આપવા બદલ તેની રાણી બાકા બેગમ પાસેના જગાંવિખ્યાત કોહીનૂર તેને મળ્યો. પછી રશિયા સામે અંગ્રેજોનું હિત જાળવવા ૧૮૩૧ મા શાહશુજાને અફઘાનની ગાદીએ બેસાડી અંગ્રેજે અને તેણે તેની સાથે ત્રિમુખ સંધિ કરી. સમરકેસરી હોવા છતાં એ ક્ષેત્રની બહાર એણે કદી દુશ્મનને પે શારીરિક સ્પર્શ નથી કરી. પોતે નિરક્ષર હોવા છતાં વિદ્વત્તાને એ સત્કારતો. હિંદના બીજા બધા પ્રાંતો કરતાં તેના અમલમા શિક્ષણ અને વિદ્વત્તાનું પ્રમાણ વિશેષ હતું. નમ્ર અને સાદા પણ એ એવો જ. હાથે વણેલા સાધુનો જ કપડાં એ પહેરતો. ૧૮૩૯ની ૨૭ મી જૂને એ અવસાન પામ્યો

રણજોદ્રો પું લડવૈયો; રણયોદ્ધો.

રણઝણ ૧. સ્ત્રી. ઝુમ્મર; ઝુંમરવ.

૨. સ્ત્રી. ઝાંઝરનો અવાજ.

રણઝણ ઝુલ્ય ઝરણે ઝણિ, ઝાંઝર વાજંતા ઝતિ રણે;
રસિયાને તનમન હાને, નિજ કોડ પૂરણ ઉમંગે.
ગીતગોવિંદ

૩ સ્ત્રી. રણઝણાટ; ધાતુના અવાજનો ઝીણો ઝણઝણાટ; ઝણઝણ થવું તે; ધાતુને ખખડાવવાથી થતો ઝીણો અવાજ; ધાતુના અવાજનો ઝીણો ઝરઝરાટ.

૧. રણઝણ કરવું = ઝણઝણાટ કરવો.
૨. રણઝણ થવું = ઝણઝણાટ થવો.

૪. વિ. સારું; કોળીનું

રણઝણવું ૧. અ. ક્રિ. ઝણઝણવું; રણકો થવો; ઝણઝણ એમ થવું; ઝીણો ઝીણો ધાતુનો અવાજ થવો. ઝાંઝર; ઝમકું; નૂપુર વગેરેનું ઝણઝણવું

૨. અ. ક્રિ દુ ખ પ.મવુ

રણઝણાટ પું. રણઝણ; ઝણઝણાટ; ઝીણો ઝણઝણાટ; રણઝણ થવું તે; રણઝણવાનો અવાજ

રણઝણાવવું સ. ક્રિ રણઝણ એવો અવાજ કઢાવવો.

રણઝીક ૧. સ્ત્રી. ધાંધાધાંટ સાથે થતો ઝગડો.

૨. સ્ત્રી. તરવારોનો સામસામો અવાજ.

૩. સ્ત્રી. ચકમકની ઝડી.

રણઝુરણ વિ. રણમાં ઝૂમનાર; મરણિયું થઈને લડનાર.

દેખી કોપ્યો ચિત્રસેન, ઊઠ્યો બળે રણઝૂરણ.
પ્રેમાનંદ

રણટંકાર પું લડાઈમાં વિજયના વાજિંત્ર વાગવાં તે.

રણડંકો જુઓ રણટંકાર.

રણડોલ પું. લડાઈમાં વપરાતો મોટો ઢોલ; લડાઈનું નગારું.

રણતડકો (રણતડો) પું. અતિશય તડકો. આકરો તાપ

રણતર જુઓ રણતૂર.

રણતુરાઈ જુઓ રણતૂર

રણતૂર ન. લડાઈનું વાજું; તુરાઈ; તુરી; તનુ કું; રણશિંગુ.

પણ મુખ વાજે રણતૂર, વાજડે બાજ કપિધ્વજ શૂર.
પ્રેમાનંદ

રણતૂરી જુઓ રણતૂર

રણત્કાર [સં.] પું. રણકો; ધાતુમાંથી નીકળતો અવાજ; રણ રણ એવો અવાજ; રણકી રહેવું તે; રણકાર; ગુંજારવ.

પગે નાનાં નૂપુર સુક્ષ્મ રણત્કાર કરી એની
પ્રતિ સૂચવતા હતાં
ગોવર્ધનરામ

રણથર પું. કમાન ઉપર ચઢાવવામા આવતો ચામડાનો ઘેર

રણથંભ જુઓ રણસ્તંભ.

રણથંભોર પું. રજપૂતાનામાં આવેલો એ નામે એક કિલ્લો

રણદક્ષ ૧. સ્ત્રી. એક જાતની રમતનું નામ. તેમા છોકરાની સંખ્યાના પ્રમાણમાં વર્તુળ કરવું. પછી બધા વર્તુળ ઉપર ઊભા રહે. દરેક છોકરાએ પોતાનો હાથ પાછળ લેવો અને જમણા હાથથી ડાબા બાજુનું કાંડું પકડી રાખવું. નિસોટી થતાં જ દરેક છોકરાએ પાછળ લેવી રાખેલા હાથ ન છોડતાં બીજા છોકરાને ધક્કા મારી વર્તુલમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરવો. બહાર નીકળે તે તથા હાથ છૂટી જાય તે બાદ થતા જાય. જે છોકરો છેવટ સુધી ઠરી રહે તે છતો ગણાય.

૨. વિ. યુદ્ધકુશળ; લડવામાં હોંશિયાર.

ઔરનઝેબ કમ્બાવતો, ઘાટોઘ છ રણદક્ષ:
કાન્હડદે પ્રા

રણદા સ્ત્રી. (સંગીત) મન્દ્રસ્થાનીય ભારવીય સાંઢેની સોળમી શ્રુતિ.

રણદેવતા ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. સ્ત્રી. ભૌમ; મંગળગ્રહ.

રણદેવી સ્ત્રી બુદ્ધની અધિષ્ઠાત્રી દેવી.

રણદ્વીપ પું. રણમાં પાણીવાળું સ્થળ; રેતીના રણમાં પાણીના ઝરણ અને લીલોતરીવાળી જગા.

સહરાના સૂકા, બેરાન રણમાં પણ તે હવાળુ પિતાએ રણદ્વીપની રચના કરી છે.
પ્રાણચિકિત્સા

રણધારી [સં. રણધરિન્] પું. યોદ્ધો; લડવૈયો.

કરી ગુજ્જન દુશ્મનનો, આજે આવે રણધારી.
મેઘાડમ્બર

રણધીર [સં] વિ. લડાઈમા ધીરજ રાખનાર; લડાઈમાં ધીર કે બહાદુર; રણસંગ્રામમા ધૈર્ય રાખનાર; લડાઈથી કદી નહિ ગભરાનાર; રણશૂર; યુદ્ધમાં અડગ

રણધીરું જુઓ રણધીર

રણધ્વજ [સં.] પું. યુદ્ધનો વાવટો.

રણન [સં.] ન. શબ્દ; અવાજ; ધ્વનિ; રણકાર.

શ્રુતિ અને સ્વરનો તફાવત બતાવવા માટે પ્રાચીન સમયમાં રણન અને અનુરણન એ બે શબ્દો વપરાતા જોવામાં આવે છે. સુ. સા. પરિષદ

રણનોકરા સ્ત્રી. ઊંટ.

રણપ્રાંગણ પું. રણભૂમિ; રણાંગણ; યુદ્ધભૂમિ.

દેશ પરદેશના રણપ્રાંગણમાં,
પ્રાણની કાયા સરીખડી;
દેહની છાયા સમોવડી,
સદા સંગાય પરપરે છે એ કૃતકલ્યાણિની. ગુજરાતનો તપસ્વી

રણપિંગળ ન. રણછોડભાઈ ઉદયરામ દ્વિવેદીકૃત જુદા જુદા છંદોના લક્ષણનું પુસ્તક.

રણપ્રિય ૧. [સં.] પું. આંબા વૃક્ષ

૨. પું. વિષ્ણુનાં હથિયાર માંહેનું એક નામ.

૩. વિ. યુદ્ધ જેને પ્રિય હોય તેવું.

રણબંકડો (રણબાંકડો) ૧. પું. બહાદુર જોદ્ધો.

૧ કે રણબંકડા કેરી ભેર,
કુલની રાખજે લાજી રે, મેઘાણી

૨. વિ. બહાદુર, રણશૂર.

રણબંકો જુઓ રણબંકડો

રણબંદર ન. રણરસ્તે માલ આવતો હોય તેવું બંદર

રણભૂ (રણભૂં) વિ. રણમાં શૂરવીર.

રણભેરી સ્ત્રી. એક પ્રકારનો ઢોલ; તબલ. તે ખાસ જમીનમાં દાટ્યા છે માટે તેને કબ્જામાં રણભેરી કહે છે.

રણભૂમિ ૧. સ્ત્રી. કાર્યસ્થાનો; કામ કરવાનું સ્થળ

૨. [સં.] સ્ત્રી. લડાઈનું મેદાન; સંગ્રામ ભૂમિ; યુદ્ધ કરવાની જગા; સમરાંગણ; રણાંગણ, રણક્ષેત્ર

રણભૂમી જુઓ રણભૂમિ.

રણભેરી સ્ત્રી. તુરાઈ; તનૂટ; તૂરી; રણમાં વગાડવાનું રણશિંગા જેવું રણવાદ્ય, લડાઈનું નગારું.

રણમલ પું. ખૂબ લડાઈઓ લડવાથી પાવરધો થયેલો લડવૈયો; બોદો; રણમાં ઘૂમનારો શૂરવીર; જબ્બર.

રણમલ્લ જુઓ રણમલ.

રણમાળ [સં. રણમાલા] સ્ત્રી. યુદ્ધમાં જતા પહેલા શૂરવીર પુરુષોને પહેરાવવામા આવતી માળા.

રણમાંડવ [સં. રણમંડપ] પું. રણસંગ્રામ અર્થાત યુદ્ધરૂપી માંડવો

રણમુકતેશ્વર [સં.] ન. ઓંકારેશ્વરની પ્રદક્ષિણા કરતાં આવતું એ નામનું મહાદેવનું એક તીર્થસ્થાન

રણમુખું વિ. યુદ્ધની શરૂઆત રાખનાર

રણમોડ (રણમોડ) ૧. પું. યુદ્ધનો કારપેચ.

પટ તણા તે તુરી પલાણ્યા,
તે બહુ રણમોડ. નરસૈયો પ્રસંગ

૨. પું. લડાઈમાં પહોંચવાનો મુકામ.

રણયજ્ઞ ન. મહાકવિ શ્રી પ્રેમાનંદરચિત એક આખ્યાન. તેમાં તેણે રામ રાવણ વચ્ચેના યુદ્ધનું વર્ણન યજ્ઞનું રૂપક આપીને કરેલ છે.

રણરણ ૧. [સં. રણરણાયતુ] પું. ખડખડાટ, અમુક વિશેષ અવાજ.

૨. પું. ખોવાયેલી વસ્તુ માટે દિલગીરી; મનનો બળાપો; સંતાપ; ગભરાટ; બાકુળતા; પશ્ચાત્તાપ.

૩. પું. તીવ્ર ઇચ્છા; વાંછના.

૪ પું. ઝંખના

૫ પું. રણમાં સર્જના કરનાર લડવૈયો.

રણરણક ૧. [સં] પું. ઉદ્વેગ ગભરાટ; ઉચાટ.

૨. પું. ઝંખના.

૩. પું. ઝંખના; વિષયવાસના.

રણરણવું ૧. અ ક્રિ. અવાજ નીકળવો કે થવો; ખડખડવું; રણઝણવું, ઝણઝણવું કે સમ સમ એવો અવાજ થવો; ઝણઝણ એવો અવાજ થવો, સણસણવું

૨. અ. ક્રિ. ખોવાયેલી વસ્તુ માટે દિલગીર થવું.

૩. અ. ક્રિ. પવન કે વાતાવરણ ચોખ્ખાં રણરણ એવો અવાજ થવો; રણકવું, હવા વીંધી જોરથી થતી ગતિનો અવાજ થવો.

૪ અ ક્રિ નસ્કોરના ઝણઝણાટનો અવાજ થવો

રણરણાટ ૧. પું. ઇચ્છેલી વસ્તુ માટેની ચિંતા કે ગભરણી

૨. પું. રણરણ એવો અવાજ થવો તે; ઝણઝણાટ; હવા વીંધી જોરથી થતી ગતિનો અવાજ; રણરણવું તે.

રણરંગ ૧. [સં.] પું યુદ્ધ; લડાઈ

૨. પું. રણસંગ્રામ; રણાંગણ; લડાઈનું મેદાન.

૩ પું. રણસંગ્રામમાં કીર્તિ મેળવવા તે; લડાઈમાં બહાદુરી બતાવી વશ પ્રાપ્ત કરવો તે

૪. પું. રણસંગ્રામમાં વિજય મેળવવો તે; લડાઈમાં જીત મેળવવી તે.

૫. પું. લડાઈના વખતનો જુસ્સો; લડાઈનો રસ કે ઉત્સાહ.

રણરંગીલું વિ. લડાઈ જેને પ્રિય હોય તેવું; યુદ્ધમાં આનંદ મેળવનાર.

રણરાજ ન. ગંડકી નદીમાં થતું એ નામનું ચક્ર.

જે પ્રથમ રીતે ભાંગે, ગોળ આકારનું, બે ચક્રવાળું, આસોના પ્રહારોના ચિહ્નવાળું અને બાણ વગેરે માપના ચિહ્નવાળું હોય તે રણરાજનું રૂપ ગણાય. ભાગવતી ભાગવત

રણરાસો પું. યુદ્ધગીત

રણરુદન ન. ઊજ્જડ જંગલમા પોક મૂકીને રડવું તે

રણલક્ષ્મી [સં.] સ્ત્રી. યુદ્ધમાં વિજય અપાવનારી દેવી, યુદ્ધદેવી; વિજયલક્ષ્મી

રણવખત જુઓ રણવેળા

રણવગડો (રણવગડો) પું. ઊજ્જડ અને બીક લાગે તેવો સૂનો પ્રદેશ; વગડો, નિર્જન પ્રદેશ; માઠપાન વગરનો ખાલી પ્રદેશ

૧ રણવગડા વચ્ચે રહેલ = અરણ્યરુદન; નિરર્થક રુદન

૨. રણવગડે મૂકવું = (૧) નિરધાર અવસ્થામાં પડ્યા છોડી દેવું. (૨) વેરાન પ્રદેશમા છોડી દેવું.

રણવટ ૧. સ્ત્રી. ઘોડેસવારી; ઘોડેસવારપણું.

૨. સ્ત્રી. યુદ્ધમા લડવું તે.

૩ સ્ત્રી. રણક્ષેત્રમાં બોદાનો ધર્મ કે ટેક.

૪. સ્ત્રી. લડાઈની રીતિનીતિ; યુદ્ધધર્મ; યુદ્ધકલા.

રણવટિયું ન. દરબારી કામે મરણ પામેલાંના કુટુંબને આપવામા આવતી જમીન; માથા સાટે મળેલ જમીન. જે ગોદા ગામમાં ધાડ પાડતી વખતે અથવા બીજે પ્રસંગે લડાઈમા સામનાર સન્મુખ માટે મરતા તેમને કે તેમનાં સમાસનધીને જમીન અપાતી. તેવી જમીનને રણવટિયું કહે છે.

રણવાટ ૧. સ્ત્રી. બહારવટું.

૨. સ્ત્રી રણનો રસ્તો; લડાઈનો માર્ગ, રણક્ષેત્રનો રસ્તો

રણવાદ્ય [સં.] ન. રણશિંગું; રણશિંગુ; લડાઈનું વાદ્ય, લડવૈયાઓને શૂર ચઢાવનાર વાદ્યિત્ર; રણતૂર; રણસંગ્રામનું વાદ્યિત્ર.

એ ઉપરાંત ભેરી, મૃદંગ, પટહ, પણવ વગેરે રણવાદ્યો છે. પુરાતત્ત્વ

રણવાસ પું રાણીવાસ; રાણીઓનું રહેવાનું સ્થળ; અંત પુર; જનાનખાનું; ઓજસ

રાણીઓ રણવાસના ગોખથી નહિ,
મોહનજીની આંખે નિહાળો. નાનાલાલ

રણવાસો પું. રણવગડામાં રહેઠાણ; વનવાસ.

રણવીર પું. લડવૈયો; લડાઈમાં બહાદુરી બતાવનાર યોદ્ધો.

રણવું અ. ક્રિ. રણકાર કાઢવો; અવાજ કરવો, રણો ઉત્પન્ન કરવો

રણવેદી [સં.] સ્ત્રી. લડાઈરૂપી યજ્ઞનો કુંડ.

રણવેળા સ્ત્રી. સખત તાપની વેળા; ઉનાળાના તાપની વેળા

રણવેળા દરોડિયા રબેચાલી, અંધારે તો ઈંડાલ. નાકર

રણશિંગ જુઓ રણશિંગું.

રણશિંગડું જુઓ રણશિંગું

રણશિંગી જુઓ રણશિંગુ.

રણશિંગું ૧. ન. રણમાં લડાઈ વખતે સૈનિકોને શૂર ચઢાવવા વગાડવાનું ત્રિમુખું; શિંગડાના આકારનું ફૂંકીને વગાડવાનું વાદ્ય; યુદ્ધમાં વગાડવાનું તાંબુ; તુરાઈ; તૂરી; રણસિંગું.

રણશિંગું ફૂંકવું = (૧) જાહેર કરવું; ઓક જાણે તેમ ઊભું પાડવું; મોઢેથી સોને જણાવવું. (૨) વખાણ કરવાં; ઢાંઢી પીટવી; પ્રશસ્તિનાં ગીત ગાવાં

૨. વિ. કદરૂપું અને નરેવખાર આકારનું; ભદ્દું; રબૂવ, બેડોળ.

રણશૂર ૧. પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, બે સગણ, બે રગણ અને મગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં દશમા અક્ષર ઉપર વિસામો આવે છે.

આવ્યો રણશૂર રથે છે,
મ સા સા ર ર મા આવી. રણપિંગળ

૨. વિ. લડવૈયામાં બહાદુર; યુદ્ધમાં શૂરવીર; લડાઈમાં શૂર.

વાણી શૂરા વાણિયા, રણશૂરા રજપૂત,
મુખ શૂરા જળકાદિલે, પણ કુ અમરા અદ્ભુત.
નથલરામ

રણશૂરું વિ યુદ્ધમાં બહાદુર; યુદ્ધમાં શૂરવીર; રણશૂર

રણશૃંગ જુઓ રણશિંગુ

રણસગો પું. પાળિયો; ખાંભી.

આજ ઠેકાણે મારો રણસગો મંડાવજો.
પ્રાણજીવન પારેખ

રણસંગ્રામ ૧. [સં.] પું. ખુલ્લા મેદાનની મોટી લડાઈ; મોટો જંગ; મોટું યુદ્ધ; તુમુલ યુદ્ધ.

૨. પું. લડાઈનું મેદાન; રણભૂમિ; યુદ્ધક્ષેત્ર; રણાંગણ; જંગભૂમિ; સંગ્રામભૂમિ.

રણસંબંધ [સં. ઋણાનુબંધ] પું. ઋણાનુબંધ; ઋણ અદા કરવાને જે સંબંધ બંધાય છે તે; લેણાદેણી; પરજન્મના બાકીના લેણાનો સંબંધ.

રણસાજ ન. લડાઈનો સામાન, લડાઈમાં જોઈતી વસ્તુઓ

રણસિંધુડો (રણસિંધુડો) પું. લડાઈને વખતે સવારનો રાગ; પ્રભાતને વધારે તેવો એક જાતનો રાગ.

રણસ્તંભ ૧. [સં] પું. જીતની નિશાનીમાં, બાંધેલો સ્તંભ, વિજયનું સ્મારક, યુદ્ધમાં મેળવેલી જીતનો સ્મરણ સ્તંભ. 'વિજય'

૨ પું બે સગાઓની વચ્ચે લડાઈની નિશાની દાખલ ઊભો કરેલો લાકડાનો ચબૂતરો. રણમલ લડાઈનો ... ખૂનો થયાં . મોટી લડાઈનું મડાણ, લડાઈની શરૂઆત બતાવનારો વાવટાવાળો બાબલો

3. પું. લશ્કરની આંદનો બાબલો

રણસ્થલ જુઓ રણસ્થળ.

રણસ્થળ [સં રણસ્થલ] ન. રણનું સ્થળ, લડાઈનું મદાન, રણભૂમિ

રણસ્થંભ જુઓ રણસ્તંભ.

રણહંસ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઝિલ્લિકમ; મત્તહમ; માનસહંસ. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

રણહાક ૧. સ્ત્રી. યુદ્ધ માટેનો પોકાર.

૨. સ્ત્રી. લડાઈના મેદાનમાં હાક વગાડી દેવી કે ત્રાસ પોકરવી દેવો તે; સૈનિકોમાં ત્રાસત્રાસની ભૂમ પડાવવી તે; સંગ્રામ દરમિયાન પોતાના પરાક્રમથી શત્રુના સૈન્યમાં ધાક પાડી દેવી તે.

3. સ્ત્રી લડાઈની હિકિયારી; યુદ્ધની હાકલ કે ગર્જના; મોટો આગેવાનો હોકારો

રણહાક થવી-વાગવી = લડાઈની હાકલ થવી.

રણાનુબંધ [સં. ઋણાનુબંધ] પું. પૂર્વજન્મના બાકીના લહેણાનો સબંધ, દેણ સબંધ; લહેણાદેણી, પૂર્વ ભવનો સબંધ. પૂર્વના, સરકાર.

રણાનુબંધનો બોજ જ્યાં પડાવો ત્યાજ પડાય છે.
નાથમંનરામ

રણાસન ૧. [સં.] ન. જગી અદાલત; જરૂરી કે દરમિયાની તુનાની તપાસ કરનાર અદાલત.

૨. ન. રણક્ષેત્ર; લડાઈનું મેદાન; યુદ્ધભૂમિ.

રણાંગણ [સ] ન. લડાઈનું મેદાન; રણભૂમિ; યુદ્ધક્ષેત્ર; યુદ્ધસ્થળ; યુદ્ધભૂમિ; રણનું આંગણું.

રણિત ૧. [સં.] ન. નાદ; શબ્દ.

૨ વિ. ગાજતું; રણકાર થઈ રહેલું હોય તેવું; વ. કૃ. રણકવું કરવું. નાદ કરેલું; શબ્દ કરેલું.

રાજત ૬ . ધ્વનિ થયો, દીપકો બધદાને ઝળી,
મદ મંદ ચ વ્યાકુલ , કુંજર તુલ્ય પવન મહાલતો.
કાન્હરાજ

રણિયું ૧ [સં અરણિન્] વિ ઝાણી, કરજી દેવાદાર; ઋણવાળું; દેણદાર.

બહુ ઋણિયાને ઋણ નહિ = ઘણા માં ઘણે ભાગે કરજ નહિ.

૨ વિ ... રિ ... ઉપકાર નીચે આવેલું; આભારી

3. વિ રણરૂપ.

રાણી ૧. સ્ત્રી. કણી; ટાકો; ધાતુને ઢાળી આકારે પાડેલો નાનો ટુકડો; ધાતુ ઢાળતાં પડેલી નાની ગઠી કે કણી; કરચ; સોનાનો કટકો; ઘરેણું કરવા આકારેલો રવો.

રણી પાડવી = સોના કે રૂપાનો રસ કરી તેને ઢાળવો. સોનું રૂપું ગાળી તેના કણ પાડવા.

૨. જુઓ રણિયું

રાણીયણી પું. કર્તાહર્તા; કર્મિતકાળી માણસ.

રણુકણું ૧. ન. જેમતેમ; જ્યાંત્યાં.

૨. ન. વેરણછેરણ; આડે તરફ વેરાઈ પડેલું હોય તેમ.

રણુંકણું જુઓ રણુંકણું.

રણેચ્છુ ૧. પું. દુહો.

૨. [સં.] વિ. લડવાની ઇચ્છાવાળું.

રણેશ ૧. [સં.] પું વિષ્ણુ.

૨. પું. શિવ.

રણો ૧ સ્ત્રી. એ નામની એક જાતિ.

૨. ન. એ નામની એક જાતિનું માણસ.

3. વિ એ નામની જાતિનું

રણોત્સાહ ૧. પુ બહાદુરી.

૨. [સં.] પું. લડાઈનો ઉત્સાહ.

રણોદય પું. (પિંગળ) એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સાડો પું વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં મગણ, બે સગણ, બે રગણ અને જગણ એમ અઢાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં જગણ, મગણ, બે જગણ, તગણ, વગણ અને ગુરુ એમ બોગણીસ અક્ષર હોય છે.

રણોન્મત્તતા [સં] સ્ત્રી લડાઈમાં ઉન્મત્ત થઈ જવાની વૃત્તિ.

માણેકમાં રણોન્મત્તતા જેવી વસ્તુ નથી, એ તો અદ્વિતીયનો ઐકાન્તિક સેવક છે.
મહાદેવ દેસાઈ

રણોન્માદ [સં.] પું. લડાઈના મેદાનની ધસ્યા.

રણ્ય ૧. [સં. ऋण्यु] વ. ઝરજ; રેણ

૨ [સં. अरण्य] ન જંગલ, વન

રત ૧. [સં. ऋतु] સ્ત્રી. ઋતુ; મોસમ; વેગા; સમય; ઠંડી, ગરમી ને વરસાદ વગેરે તેમ જ પાક અને તેની ઉત્પત્તિ વગેરેને લઈ પાડવામાં આવેલા ગણના પેટા વિભાગ માહેનો આડો સમય.

પચરંગી પટકુળ પારી, દીયે કુદરત આ રતે ન્યારી. નવલરામ

૨. સ્ત્રી. ક્રીડા; રમત

૩. સ્ત્રી. પ્રેમ; પ્રીતિ

૪ સ્ત્રી. મૈથુન; સંભોગ; રતિક્રિયા.

૫ સ્ત્રી ૨ત

૬ સ્ત્રી. સ્ત્રીનું ગુપ્તાંગ; યોનિ.

૭. ન. (ગારણી) લોહી

૮ વિ. ખુશી; આનંદી.

૯ વિ પ્રેમરાગું; આસક્ત; અનુરક્ત

૧૦ વિ મેલું.

૧૧. વિ. લીન; પરાયણ; સંલગ્નું; તલ્લીન; તત્પર; રચીપચી રહેલું

રતડું (રતડું) વિ રાતું; લાલ રંગનું.

રતડો ઘાસ (રતડો ઘા) પ્ર. (કરડી) એક પ્રકારનું ઘાસ. તે ગારથી ૭ હાથ ઊંચું, સખત જડ, પાન લાંબાં, સાંકડાં અને વધારે ખરસટ હોય છે. તેની ચમરી રાતા રંગની હોય છે, તેથી તેને રતડુ ઘાસ કહે છે. ગાય તરીકે તેનો ઉપયોગ થાય છે.

રતન ૧. [સં. रत्न] ન. અલંકાર; ઘરેણું; હીરારૂપ તે.

૨. ન. આખની કીકી.

૩. વિ. ગુણવંતું; ગુણવાન.

રતન પાકવું = (૧) બદમાશ થવું. તે કટાક્ષમાં વપરાય છે. (૨) રતન જેવું ગુણવંતું માણસ નીવડવું કે નીપજવું. (૩) રત્ન નીપજવું.

૪. જુઓ રત્ન.

રતનકાક્ષ ન એ નામે એક ઝાડ.

રતનચોક ન. એક જાતનું ખાટલાનું જાતીગળ પટોળું.

રતનજડાઉ (રતનજડાઉ) વિ. હીરા માણેકથી જડેલું.

રતનતેજ સ્ત્રી. વસંત ઋતુમાં ઊગતી એક જાતની વનસ્પતિ. તેને ઝાંઝવાળાં મૂળિયાં હોય છે. પાંદડાંનો ગુચ્છ એક જ ઝૂમખો હોય છે. તેને સાદાં પોળાં ફૂલ હોય છે.

રતનપ્રેત ૧. સ્ત્રી. એક પ્રકારનો મણિ

૨. સ્ત્રી. કાશ્મીરથી કુમાઉં સુધીના હિમાલયના પટમાં ૫૦૦૦થી ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ થતી એક જાતની વનસ્પતિ; અતીસ. કાશ્મીર ઉપરાંત પંજાબ અને અફઘાનિસ્તાનમાં તે થાય છે. તેનાં પાંદડાં ચણ્યા પાંચ પૂંછિયાવાળા હોય છે. આ છોડ માથોડું ઊંચો થાય છે. આંખને ઠંડું લાગે તેવા ઔષધ તરીકે તેનો ઉપયોગ થાય છે. તે રેચક છે. અરડી જેવા લાલ ફૂલ થાય છે. તે ઝેરી છે. છોડની સાખ પાંદડાં ઉપર ચોપડાય છે. તેનાં બીજમાંથી કાઢેલું તેલ દીવામાં બાળવા તરીકે, બારદસ્તે સાજુ બનાવવાના કામમાં અને ઊનનાં કપડાં પકવવા માટે કામમાં આવે છે. વાયુના ચોળા ઉપર વર્ણોપચારણ માટે, ક્ષય માટે, પ્રદર ઉપર પુષ્ટિ માટે, મૂત્ર વ્યાધિ અને રક્તાતિસાર ઉપર અને ધાતુ વિકાર ઉપર તે વપરાય છે.

૩. સ્ત્રી. જૂઈવર્ગની વનસ્પતિ.

રતનદાસ પું. એ નામના કવિ. તે વૈષ્ણવ હતા. રત્નદાસ નામથી પણ તે ઓળખાય છે. તેણે સમાજસ્થાનું કાવ્ય પેટલાદમાં રચેલું હતું. તેનાં કાવ્યો મુખપાઠ માટે જ રચેલાં હોય તેમ જણાય છે.

રતનપુરુષ પું. એ નામની એક જાતની અંધરોપણોત્પી વનસ્પતિ

રતનબરાસ પું. એક જાતનો છોડ. તેના થડને પાંદડાં ઊગે છે. તેને નાંજુકાં, પીળા કે પોળાં ફૂલ આવે છે. હિંદુસ્તાનમાં હિમાલયના સમશીતોષ્ણ ભાગ ઉપર તે ઊગે છે.

રતનમાલા ૧. સ્ત્રી. કીમતી પત્થરની માળા.

૨. સ્ત્રી. જ્યોતિષને લગતું એ નામનું એક પુસ્તક.

૩. સ્ત્રી. ફૂલ.

રતનાકર જુઓ રત્નાકર.

રતનાગર જુઓ રત્નાકર.

રતનારીચ ૧. [સં.] પું. કામદેવ.

૨. પું કુતરો

૩. પું. પ્રેમભોટો.

૪. પું. રંડીબાજ.

૫. વિ. બરાબ ઝાલનું; ચપટ.

રતનાળું ૧. વિ જેમા રત્ન હોય તેવું; રત્નાળુ.

૨. વિ. તેજસ્વી; ચકચકતું; ઝગઝગતું. તેજદાર; ઝબકારાવું; ચળકતું

૩. વિ ઝાલ; રંગતું

રતનિધિ ૧. પું. ખંજનપક્ષી.

૨. [હિ] પું. ચકલો.

રતનેશ્વર પું. એ નામનો એક કવિ. તેણે મહાભારત તેમ જ ભાગવત પણ રચેલું છે

રતબાચ્છિયો પું. બાવળની એક જાત.

રતભંગ પું. દાંતની બખપટવાળો પોડો.

રતલ પું શેરથી કંઈક ઓછો તોલ; સાડાબાવીસ રૂપિયાભાર જેટલું અંગ્રેજી વજન.

રતલી વિ. રતલનું. અમુક રતલનું એવા અર્થમાં સંખ્યાવાચક સંજ્ઞે વપરાય છે

રતવલ સ્ત્રી. એક પ્રકારનો છોડ તેના વેલા રાતા થાય છે ને રતવા ઉપર ચોપડાય છે.

રતવા ૧. પું ઘઉંના પાકનો નાશ કરનાર લાલ કટ્ટ

૨. [સં. रक्तवायु] પું. ચામડીનો એક રોગ; રાતા રંગના સોજાનો એક રોગ. તેના બે મુખ્ય પ્રકાર છે. (૧) લાલ બળતરાથી અને (૨) ઝેર અથવા ઝેરી જખમથી થતો રતવા. લીમા સાહના અતિ આહારથી પણ રતવા થાય છે. તેના ઉપલક્ષમાં ખુશ્કી, ઊકરડી, જ્વર, દાહ,ઝેરની કે બળતરાદિ મૂર્ત ચોપડવું. આ રોગના બીજા પણ બે પ્રકાર છે. રક્તજન્ય રતવા, જે અપોઆપ થઈ આવે છે અને આગન્તુક રતવા, જે કોઈ જખમને લીધે થાય છે. પહેલા પ્રકારનો રતવા શરીરની બહારના તેમ જ અંદરના કોઈ પણ ભાગમાં થાય છે; ત્યારે બીજા પ્રકારનો રતવા જખમવાળા રોગીઓ પડ્યા હોય ત્યાં કોઈ રતવાનો રોગી આવે ત્યારે ઊડીને તેઓમાં ફેલાય છે એક ભાગ ઉપર થયા પછી તે ફેલાય છે, તેમ જ ત એક ભાગમાંથી મટી બીજા ભાગમા થાય છે. આ રોગમાં પ્રથમ તાવનાં લક્ષણ જણાય છે અને પછી ઝાડું આવી જાય છે બીજે અથવા ત્રીજે દિવસે તે શરીરના કોઈ પણ ભાગ ઉપર ફૂદી નીકળે છે. ચહેરા ઉપર થવાની હોય ત્યારે તેની એક બાજુ અથવા બંને બાજુ સોજી આવે છે. પહેલા નાક લાલ થઈ આવે છે અને પછી આ રતવા સોજા સાથે આંખો ચહેરો, મસ્તક, ગરદન તથા બીજા સુધી ફેલાઈ જઈ ચહેરો સોજીને તૂમડા જેવો બેડોળ થઈ જાય છે. પોપચાં સોજી આવવાથી આંખો ઊઘડી શકતી નથી. શરીરના બીજા ભાગમા રતવા થાય ત્યારે તે સોજી આવી લાલ તથા ગરમ થઈ તેમાં બળતરા ખણે છે અને તે ભાગનો સાથે સબંધ ધરાવતી રસવાહિનીમાં ચળ પડે છે. જો આ રોગ ફક્ત ત્વચામા જ હોય તો થોડા દિવસોમાં રતવો, તાવ અને સોજો કમી થાય છે; પણ જો તે ત્વચા હેઠળના સંયોજકમાં દાખલ થાય તો પાકયા વિના રહેતો નથી. રોગગ્રસ્ત ભાગ

ઉપર ફોલ્લા થઈ તેમાં પાણી ભરાઈ રૂએ છે અને સોજો આવી બેહદ વેદના થાય છે. તે જલદીથી મોટું કરી ફૂટતો નથી અને ફોડવામાં આવે તો પણ પકની સાથે અંદરના મૂએલા ભાગનું મૃતમાંસ નીકળે છે અને જખમને રુઝાતાં ઘણો વિલમ્બ લાગે છે. કોઈ વાર હાડમાં સુધી તે સડો જાય છે અને તેથી દરદી બચે તો પણ તેનો અવયવ કાપવાની જરૂર પડે છે અને ખોટ રહી જાય છે. રતવા મગજ, મર્મ કે વાયુદ્વારમાં ઊતરે તો માઠું પરિણામ આવે છે. માટે ચહેરાની આસપાસ રતવા થાય ત્યારે બહુ કાળજી રાખવાની હોય છે. માના ડોકા ઉપરથી તે બાળકમાં ઊતરતો માનાય છે

૩. પું. તાવ અટકાવવા માટે રાતા રંગનો પહેરાતો લાલ કપડાનો ટુકડો.

૪. ન એક પ્રકારનું ઘાસ. તે ચોમાસે મકે ઘણું સારું છે.

રતવેલિયો પું. નદીમાં કરકરિયાવાળાં પાનનો થતો એક જાતનો છોડ. તેને ધોળાં ફૂલ ઊગે છે. તે નાનાં બાળકોને પચાવ છે. તે શીતળ અને ઉપલેપક તરીકે રતવા, સોજા તેમ જ ગાંઠ ઉપર લગાડાય છે, તેમ જ પીવા પણ અપાય છે. તેના ઝીણા ઝીણા વેલા પાણીમાં થાય છે પાન ઝીણાં આરણની પાંદડી જેવાં અને કરકરિયાંવાળાં થાય છે. દેખાવમાં તે પીળાશ પડતાં હોય છે. તેનાં પાન આહી, શીતલ, રૂક્ષ અને દીપન છે. તે બાળકોની ઉપરસ મટાડે છે. તે દવામાં વપરાય છે.

રતાખ્યાનડી પું. (ખિંગળ) ચાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વસિષ્ઠ અને ઉદ્વંશાના મિશ્રણથી બનેલ છે. તે જગતી છંદનો એક ભેદ છે તેમાં પહેલું, ત્રીજું અને બીજું ચરણ ઉદ્વંશાનું અને બીજું ચરણ વંશસ્થનું છે.

રતારો જી. રાતા રંગનો આભાસ; થોડું રાતું હોવું તે; લાલાશ: રાતાપણું. રાતા રંગનો થોડો અંશ.

રતાલુ જુઓ રતાળુ.

રતાળુ [હિ રતાલૂ] ન. એક જાતનું કંદ અને તેનો વેલો; શક્કરકંદ; સકરિયું. તેની ધોળી અને રાતી બે જાત છે. રતાળુ જમીનમાં થાય છે. રતાળુને ગોરાડુ તેમ જ ભાગાયત જમીન માફક આવે છે. દક્ષિણના ઘાટના પ્રદેશમાં અને ગુજરાતમાં ખાસ કરીને તે દક્ષિણ તરફ થાય છે. ગુજરાતમાં બહુધા તેનો કળાદર બેગો મિશ્રપાક બેવામાં આવે છે અને કયારેક તેની બેગાં આદુ અને કળાદર અને લેવાય છે. એક રતાળુની ગાંઠમાંથી સારા અંકુરવાળા છ થી આઠ ટુકડા કાઢી દરેક કયારાની કરતે એક પાળ પર દસ ટુકડા લેખે રોપવામાં આવે છે. તેના વેલાને ટેકો આપવામાં આવતો નથી; પણ આડું અને કળાદરના છોડની આજુબાજુ તે વીંટાય છે. સુવર્ણ બાતર એટલે મનુષ્યનાં મળમૂત્રનું બાતર બાપવું હોય તો રતાળુની ગાંઠ મોટી થાય છે તથા ઉત્પન્ન પુષ્કળ થાય છે. રતાળુ મીઠા હોય છે. તેનું શાક થાય છે તેમજ સુકવ્યા પણ બનાય છે. સુરતની બાજુ રતાળુ કંદ હોઈ વર્ષ ૬ ઉપવાસમાં તે બહુ વપરાય છે. તેના ભજિયાં સુંદર થાય છે. ચીંભડીના દંડ ઉપર રતાળુના વેલાનાં પાંદડાં ચાટી ગોપાય છે. રતાળુ શીતલ, બંધક, અને મૂત્રલ છે. રક્તપિત્તમાં તેનો ઉપયોગ થાય છે

રતાંજળી જુઓ રતાજળી.

રતાંજલી જી. એક જાતનું ઝાડ; રતાઢળી; રાતી સુબ્બા, તિલપર્ણી; પત્રાંગ; રક્તચંદન; કુચંદન. તે મરવાર, મહીસુર, ગાવચ્છકોર અને મલબાર પ્રાંતમાં થાય છે. ઝાડ જમાદગી જેવું થાય છે. તેના ઝાડવાનો રંગ લાલ ચોકી જેવો હોય છે. રતાજળીના ઝાડવાની રમતરમતની ચીજો વગેરે બને છે. તે લેપ તથા કવાથમાં ચંદનને સ્થાને વપરાય છે. તે શીતલ, સુગંધિત અને મૂત્રલ છે. ખીલ, ગૂમડાં, બરતરથણ તથા સોજા ઉપર ઘસીને ચોપડાય છે. તેમજ કૃમિ, ત્વચારોગ, ઉપદંશ, ઉદરવા, દાહ, તૃષા, જ્વર વગેરે દરદમાં કવાથના રૂપમાં અપાય છે. બહારના દરદોમાં ઠંડક માટે તે બીજી દવાઓ સાથે વપરાય છે

રતાંજળી જુઓ રતાજળી.

રતાંદલી જુઓ રતાજળી.

રતાંદળી જુઓ રતાંજળી.

રતાંધતા જી. રાત્રીને સમયે કંઈ પણ નહિ દેખાવું અથવા ઓછું દેખાવું તે; રાત્રે દેખાય નહિ તેવો એક જાતનો રોગ. બરીઢાનાં બીજ દહીંની બાજમાં ઘસી આંજવાથી અથવા બાવના બાજુના રસમાં બીડીપીપર ઘસી આંજવાથી કે સાટોડીની જડ પાણીમાં ઘસી આંજવાથી રતાંધતા જલદ એમ મનાય છે. બળી જાઈ અને કડવા બીંડાનાં પાંદડાં, કળાદર, દારુકળદર અને રસવતી મધમાં ઘસી અંજન કરવાથી પણ રતાંધતા દૂર થતી મનાય છે.

રતાંધળાપણું જુઓ રતાંધતા

રતાંધળું વિ. રાત અંધળું; જેને રાત્રે દેખાતું ન હોય તેવું; દહાડે દેખાય પણ અંધારું થતાં દેખાય નહિ તેવી બાબતવાળું; રાતે ન દેખે તેવું.

રતિ ૧. (ખિંગળ) પું એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, નગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે છે. તેમાં બીજા અક્ષર ઉપર યતિ આવે છે.

સ ભ ના સા ગ થકી રતિ કુદિ ખડે.

દલપિંગળ

૨. જી. (જૈન) અઢાર માઠેનું એ નામે એક કુપ્રકૃતિ; અકાર્યમાં આસક્તિ.

પાંચ પ્રકારના અંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, શોક, મિથ્યાત્વ, અજ્ઞાન, અપ્રત્યાખ્યાન, રાગ, દ્વેષ, નિદ્રા અને કામ એ અઢાર કુપ્રકૃતિથી રહિત, સચ્ચિદાનંદ સ્વરૂપથી વિરાજમાન અને મહાદયોતાર બાર ગુણ તેઓમા પ્રગટે છે. શ્રીમદ્રાજચંદ્ર

૩. જી. આઠ માઠેનો એક રસાયી ભાવ. રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ આઠ રસાયી ભાવ છે. આ રસાયી ભાવો રસ કહેવાય છે એટલે કે, રતિનો રસાયી ભાવ શૃંગાર, હાસનો હાસ્ય, શોકનો કરુણ, ક્રોધનો રૌદ્ર, ઉત્સાહનો વીર, ભયનો ભયાનક, જુગુપ્સાનો બીભત્સ અને વિસ્મયનો અદ્ભુત રસ કહેવાય છે.

૪. જી. ભગવદ્દેવ વસ્તના વિષ્ણુરાજાની સ્ત્રી.

૫ જી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૬. જી. એ નામની એક દેવી. તેનું સ્થાન અગ્નિ દીમાં છે.

૭ જી. (પુરાણ) કામદેવ કે મદનની સ્ત્રી. તે દક્ષ પ્રજાપતિના પરસેવામાંથી ઉત્પન્ન થયેલી હતી. જ્યારે ભગવાને મદનને બાળી નાખ્યા પછી એ માયાવતી નામ ધારણ કરીને અંબર નામના દૈત્યને ત્યાં મદનના પુનર્જન્મની વાટ જોતી રહી હતી. મદને શ્રીકૃષ્ણને ત્યાં પ્રદ્યુમ્ન રૂપે અવતાર લીધો અને તેને દૈત્યે દરિયામાં ફેંકી દીધો. એક માછલી તેને ગળી ગઈ. આ માછલી બળમાં પકડાઈ અને માછીએ અંબર દૈત્યને તે ભેટ કરી. રસોડામાં આ માછલીને કાપતાં અંદરથી પ્રદ્યુમ્ન નીકળ્યો. તેને માયાવતીએ મોટો કર્યો અને તેની સાથે પરણી તેથી રતિ કામદેવની માતા અને સ્ત્રી બંને કહેવાય છે. તેને રેવા, કામી, પ્રીતિ, કામપત્ની, કામકલા, કામપ્રિયા, રામલતા, માયાવતી, કેલિકિલા, શુભાંગી જેવાં અનેક નામ આપવામાં આવ્યા છે

૮. જી. [સં. રમ્ (રમવું)] ક્રીડા; રમવું તે. જેણે રેલી રતિ અતુરથી અક્ષરેથી સંગ આજે.

ગીતગોવિંદ

૯. જી. યુવાંગ; યોનિ.

૧૦. જી. ચંદ્રની સોળ માઠેની છઠ્ઠી કળા.

૧૧. જી. નૂર; તેજ; સરતા; ઝોબા; છબી.

૧૨. જી. પ્રીતિ; આનંદ; પ્રેમ.

૧૩. સ્ત્રી. આસ્થા; નસીબ.
રતિ ભમવી = આળાટ થવું.
૧૪ સ્ત્રી. રહસ્ય; ગુપ્ત ભેદ.
૧૫. સ્ત્રી. રાગ; આસક્તિ; અનુરાગ; ઇષ્ટ પદાર્થ ઉપર મોહ થવો તે; વહાલપ.
૧૬. સ્ત્રી. રતિ; રાત્રિ.
૧૭. સ્ત્રી. સ્ત્રી પુરુષનો સંયોગ; મૈથુન. તેના બે ભેદ છે: બાહ્યરતિ કે ગ્રામટીયા અને આભ્યંતર રતિ. આભ્યન્તર રતિના બે ભેદ છે: સમ રતિ અને વિષમ રતિ.

રતિઅરતિ સ્ત્રી. (જૈન) અઢાર પાપોનું એ નામનું એક પાપસ્થાનક; સુખદુઃખ આપ્યે હર્ષશોક કરવો તે.

રતિક ૧. સ્ત્રી. (સંગીત) ત્રાવીસ શ્રુતિની સાતમી શ્રુતિ
૨. વ. રતિકાર; વધું ઓછું; જરાક.

રતિકથા ૧. [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી રતિની વાર્તા.
૨. સ્ત્રી. સંયોગનું વર્ણન.
કેવળ રતિકથા કામસૂત્ર આદિમાં પણ જોવામાં આવે છે. ગીતગોવિંદ

રતિકર ૧. પું. એક પ્રકારની સમાધિ.
૨. પું. (જૈન) એક વાવડી અને બીજી વાવડીની વચ્ચે આવેલ પર્વત. આવા અસંખ્ય પર્વત છે.
૩. વિ. આનંદદાયક.
૪. વિ. કામી.
૫. વિ પ્રેમની વૃદ્ધિ કરનાર.

રતિકરી ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં દરેક માત્રા હોય છે અને એક જગણ હોય છે. તેમાં પહેલી અને છઠ્ઠી માત્રાએ તાલ આવે છે.
૨. સ્ત્રી. ચૌદ માત્રાની એ નામની એક પત્નિણી

રતિકર્મ [રતિકર્મન્] ન. સંયોગ; વિષયસુખ; મૈથુન.
રાજાના ગાલ જેવાનું રતિકર્મ ખરેખર પ્રાપ્તુલ્ય છે. અભિનય કામશાસ્ત્ર

રતિકલા [સં.] સ્ત્રી. સ્ત્રીની સાથે પ્રેમ કરવાની કળા.
આનન્દા, રતિકલા, ચૂરપણું ને અજ્ઞાનો. દયારામ

રતિકલાકૌશલ્ય [સં.] ન. કામશાસ્ત્રમાં પ્રાવીણ્ય. આ કલા અભિલાષના પ્રથમ મિલન પહેલાં પણ પ્રાપ્ત કરી ચૂકી હોય છે.

રતિકા સ્ત્રી. (સંગીત) મધ્ય શ્રુતિનો એક પ્રકાર; વિષમ સ્વરની પણ માત્રાની એક શ્રુતિ

રતિકાંત [સં.] પું. કામદેવ.

રતિકાંતરિપુ [સં.] પું. શિવ.

રતિકુહર [સં.] પું. યોનિ; ભગ; સ્ત્રીનું ગુહ્યાંગ સ્ત્રીની યોનિ.

રતિકેલિ જુઓ રતિક્રિયા.

રતિકેલી જુઓ રતિક્રિયા.

રતિક્રિયા [સં.] સ્ત્રી. મૈથુન; સંયોગ.
સંસારની સુખવર્ધિત વૃદ્ધિને અર્થે જ રતિક્રિયા નિર્માયેલી છે. ગાંધીજી

રતિક્રીડા (રતિક્રીમા) સ્ત્રી. સંયોગ; મૈથુન.

રતિચંદ્રિકા સ્ત્રી. ભારતનો ત્રીજા માંહેનો એક પ્રાચીન કામગ્રંથ.

રતિજ્યેષ્ઠતી સ્ત્રી. એક જાતનો ઔષધોપયોગી છોડ. તે હરદ્વારના જંગલમાં થાય છે. તેનાં પાન નાનાં બારીક હોય છે. તેની છાલ પણ તીખી હોય છે.

રતિતાલ [સં.] પું. (સંગીત) ગ્રામપ્રસિદ્ધ જાતગતિ બાર માત્રાનો તાલ; તાલના મુખ્ય સાત માંહેનો એક ભેદ. તેમાં તાલસ્થાન અનુક્રમે ૧ અને ૯ માત્રા ઉપર છે.

રતિદૂતી [સં.] સ્ત્રી. કામદેવનું કૃતપણું કરનાર સ્ત્રી

રતિદેવી [સં.] સ્ત્રી. કામદેવની પત્ની.

રતિનાથ જુઓ રતિપતિ.

રતિપતિ [સં.] પું. કામદેવ; અનંગ; રતિનો પતિ; કામ; સ્મર; મન્મથ; મદન.

રતિપદ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મદનક; કામલા. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને સગણ એમ નવ અક્ષર હોય છે.

રતિપંડિત ૧. [સં.] પું. કામદેવ.
૨. પું. કામશાસ્ત્રમાં પ્રવીણ પુરુષ.

રતિપ્રિય ૧. [સં.] પું. કામદેવ; રતિપતિ.
૨. પું. (જૈન) કિન્નર નામના વ્યંતરના દસ માંહેનો એક પ્રકાર.
૩. વિ. રતિ જેને પ્રિય છે તેવું; વિષયી; લંપટ; કામુક.

રતિપ્રિયા ૧. સ્ત્રી એ નામની દેવી. ગંગાહારમાં રતિપ્રિયા નામની દેવીની પીઠ છે.
૨. વિ સ્ત્રી. મૈથુન જેને પ્રિય છે તેવી.

રતિપ્રીતા [સં.] સ્ત્રી. રતિમાં પ્રેમવાળી સ્ત્રી; મૈથુનથી પ્રસન્ન થનારી સ્ત્રી; કામિની; પ્રૌઢાનો એક ભેદ.
રતિથી અતિ પ્રીતિવાળી અને પતિ સાથે એકમેક થઈ જનારી પ્રૌઢાને રતિપ્રીતા કહે છે. કામરાજ

રતિફણી પું. એક જાતનો દારૂ.

રતિબાણ ન. કામબાણ

રતિભવન ૧. [સં.] ન. જ્યાં પ્રેમી અને પ્રેમિકા રતિક્રીડા કરતાં હોય તે સ્થાન.
૨. ન. યોનિ; ભગ; સુહાગ.

રતિભીનું વિ. રતિથી આર્દ્ર બનેલું; પ્રેમમાં મગ્ન થયેલું; પ્રેમ અને વિષય વાસનાથી તરબોળ બનેલું.

રતિભોગ [સં.] પું. સંયોગ; મૈથુન; વિષયવાસના.
રતિભોગને પરિણામે થતી સુવૃત્તિની ચારીત્રિક, માનસિક કે આધ્યાત્મિક રક્ષા કરવાને જ્ઞાન સમજુ દંપતિએ મેળવવું. ગાંધીજી

રતિમંજરી [સં.] સ્ત્રી. ભારતના ત્રીજા પ્રાચીન કામગ્રંથો માંહેનો જયદેવની રચેલો એ નામનો એક ગ્રંથ.

રતિમંદિર ૧. [સં.] ન. કામશાસ્ત્રનું વિશ્રબ્ધ આપની સભા.
૨. ન. ગુહ્યાંગ; યોનિ.
૩. ન. શયનગૃહ.
બોલાતે રતિમંદિરે રજનિરે બોલેલ જે કંપતિ. કેશવ હર્ષદ

રતિમોહનીય [સં.] ન. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેથી પ્રીતિ ઉત્પન્ન થાય છે.
કષાય પ્રીતિ અને કષાય અપ્રીતિ ઉત્પન્નનાર કર્મ અનુક્રમે રતિમોહનીય કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

રતિરત્નપ્રદીપિકા [સં.] સ્ત્રી. ભારતના ત્રીજા પ્રાચીન કામગ્રંથો માંહેનો એક. તેનો અંગ્રેજીમાં પણ અનુવાદ થયો છે.

રતિરસ [સં.] પું. સંયોગસુખ; વિષયનો આનંદ.
ત્રિલોકીને ચાલીજી, રતિરસ મહાલીજી. નરસિંહ

રતિરસભીનું વિ. બહુ જ કામવાસના ભરેલ હોવાનું
રતિરસભીનો આખો આપે, પગે ન ચિપ્યું પગો. ઝવેરાત

રતિરહસ્ય [સં.] ન. ભારતના ત્રીજા પ્રાચીન કામગ્રંથો માંહેનો એક.

રતિરંગ [સં.] પું. ક્રીડાનો આનંદ; સંયોગનું સુખ.
રસ્યરસ્યના અલિનેપુર પુજ બરસે રતિરંગે,
રસપાને તનમન તાને નિજ ઠોર પૂરંત ઉમંગે.
ગીતગોવિંદ

રતિરેખા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શકરી છંદનો એક ભેદ છે.

તેમાં તગણ, યગણ, બે ભગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ આવે છે

તા યા ભ ભ ગા ગે તું રચ્યે રતિરેખા.
રત્નપિંગળ

રતિલેખા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, ત્રણ નગણ, સગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

કમ ! ભાણ સ ન ન ન સ ગ થકી રતિલેખા.
રત્નપિંગળ

રતિવાહી [સં.] પું. એક પ્રકારનો રાગ. તે રાતના બીજે પહોરે ગવાય છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે અને તેમાં બધા શુદ્ધ સ્વર લાગે છે.

રતિવિદ્યા [સં] સ્ત્રી કામશાસ્ત્ર. કોકશાસ્ત્રમાં લખ્યું છે કે, શુભ સમય, શુભ નક્ષત્ર, શુભ દિન, શુભ કાળમાં શાસ્ત્ર અનુસાર રતિક્રીડા કરવું. તે સર્વ સુખદાતા કહ્યો છે. તેનાથી વિપરીત આચરણ કરવાથી આ દેહમાં દરિદ્રતા દેખાયી છે. વળી એમાં એમ પણ લખ્યું છે કે, હે યુવાન! તારી તંદુરસ્તીને બગાડ નહિ. આ મનુષ્ય દેહ મળવો દુર્લભ છે તેનો વ્યય કર નહિ

રતિવિરતી [સ] સ્ત્રી. આકર્ષણ અને પ્રેમાવેષ.

આ છે મતિ સ્થિતિ રતિવિરતી અમે અમી.
ન. ક. કાશોર

રતિવિલાસ [સ.] પું. કામભોગ; વિષયસેવન, કામક્રીડા.

બ્રહ્મપર્વે સ્ત્રીકામાં પડેલા જે જોગો જોગવ્યા હોય તેનું રેખાચિત્ર ન કરું તે પ્રથમના રતિવિલાસના રેખાચિત્રનું વર્ણન. વત્સાયનસૂત્ર

રતિશાસ્ત્ર [સ] ન. સ્ત્રી પુરુષના પરસ્પર ભોગનું જેમાં વિવેચન હોય તે શાસ્ત્ર; કોકશાસ્ત્ર; કામશાસ્ત્ર રચવાની વૃત્તિમાંથી જ એ શાસ્ત્રનો ઉદ્ભવ થયો છે તેનો લેખક નાગાર્જુન છે.

રતિશ્રેષ્ઠ પું. (જૈન) કિન્નર નામના વ્યંતરના દશ પ્રકારમાંનો એક પ્રકાર. કિન્નર નામના વ્યંતરના દશ પ્રકાર આ પ્રમાણે છે: કિન્નર, કિન્નરુત્તમ, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ.

રતિસુખ [સં.] ન. સંભોગનો આનંદ; વિષયસુખ; મૈથુનસુખ

રતિસ્થાન પું. (કામ) સ્થાનકભાવના નવ ભાવનો એક ભેદ.

રતી ૧. સ્ત્રી. એક જાતનું રાતા રંગનું નાનું બી; ચણોઠી

રતી ચમકવી = ભાગ્યદશા થવું.

૨. સ્ત્રી. કીમતી ધાતુ જોખવાનું તોલાથી નાનું એક વજન કે માપ; ચણોઠી બાર જેટલું વજન; ગુંજ.

૩. વિ. થોડું; અલ્પ; લગાર.

અંતે કોઈ જોવો નથી અમને અધિર ના પીવું રતી.
જૈમિનિ

રતી રતી = જરા જરા.

રતીપૂર ૧. વિ. જરાક; થોડું; અલ્પ; લગાર.

૨. વિ. રતી જેટલું; રતીના વજન જેટલું; રતીભાર.

રતીભાર જુઓ રતીપૂર.

રતીયાર જુઓ રતીપૂર

રતુ ૧. પું. મુખ્ય માણસ; સરદાર; અગ્રેસર.

૨. [સં. ઋતુ] સ્ત્રી. મોસમ; રતા; અમુક ગાળા; વેળા; સમય.

૩. ન. અટકાવ; ઓને આવતું ઋતુ.

રતુંબડું (રતુંબું) વિ. લાલાશ પડતું; રતાશ પડતું; જરા રાતું હોય તેવું.

રતુમડું (રતુમું) જુઓ રતુંબડું.

રતૂલિયો પું. એક પ્રકારનો રાતાં પાનનો વેલો. તેનાં પાન રતવા તથા ગડગૂમડ ઉપર વપરાય છે.

રતોત્સવ [સં.] પું. કામક્રીડા.

રતોરાઈ [સં. રાત્રિપાત] ક્રિ. રાતે ને રાતે; રાતોરાત; રાત્રે જ; રાતમાં ને રાતમાં; રાતભર; રતોવે

રતોવાઈ જુઓ રતોવઈ.

રતોવે જુઓ રતોવઈ.

રત્તા પું. છબ્બીસ માત્રાનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૪, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪ માત્રાએ તાલ આવે છે.

રત્તિ [સં. રાત્રિ] સ્ત્રી. રાત્રિ; રાત.

રત્ન ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સમરાવલિકા. તે અતિકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ સગણ મળી પંદર વર્ણ હોય છે.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી જાતિનો એક ભેદ છે. તેમાં ૧૨૪ લઘુ અને ૬ ગુરુ મળી ૧૩૦ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૩. [સં.] ન. અઢાર મુખ્ય માંહેની એક ધાતુ; કીમતી અને તેજદાર પથ્થર કે તેમાં મણિ; જવાહિર. તેની બે જાત છે: એક ખનિજ અને બીજી પ્રાણિજ. પહેલી જાતમાં હીરો, લાલ, નીલ વગેરે છે અને બીજી જાતમાં મોતી, પરવાળાં વગેરે છે. મોતી તથા પરવાળાં સિવાયનાં બધા બારાં રત્નો ખનિજના પથ્થરો જ હોય છે ને જમીનમાંથી ધાતુઓની માફક સાધારણ ચળકતા પથ્થર જેવા નીકળે છે. સ્વાભાવિક રીતે ધરતીના પેટાળમાંથી નીકળતી વખતે કાર્બન અને માટી સાથે તે મિશ્રિત હોય છે. ખનિજના રૂપમાં આ રત્નો કાંકરા જેવાં જ હોય છે, જેથી આંખ નેત્રપ્રિય હોતા નથી. આવા રત્નોના નિષ્ણાત પરખંદાઓ તેમના આવા સ્વરૂપમાં પણ તેના વિશિષ્ટ ગુણો આંકી શકે છે. આ ખરકના કાંકરાઓને ઘાટીલા અને પ્રકાશિત બનાવવાનો એક ખાસ ઉદ્યોગ હોય છે; જેનાં કારખાનાં અને મશીનોમાં આવાં ખનિજ રત્નો કપાય છે, ઘસાય છે અને એટલા વધારે પ્રકાશ માટે અનેક પાસા તેના ઉપર પાડવામાં આવે છે. આવી રીતે ઘાટીલા અને ચળકાટ કરી પૂરતા પ્રકાશવાળા બનેલાં નંગો દાગીનાઓમાં જડવા માટે તૈયાર થયેલાં ગણવામાં આવે છે. પ્રાચીન સમયમાં લોકો રસાયણિક પૃથક્કરણના અભાવે રત્નનાં રંગ અને બનતા ઉપરથી તેની જાત ઓળખતા. હીરા, માણેક અને પોખરાજનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં ન હતો, કારણ કે તેના ઉપર કોતરકામ કરવું બધું જ મુશ્કેલી ભરેલું હતું. કેટલુંક જૂનું કામ સંગ્રહકારો બધું કીમતી ગણે છે. બનાવટી અથવા કૃત્રિમરત્ન રાસાયણિક પ્રયોગોથી બનાવવામાં આવે છે. કૃત્રિમ રત્નો વજનમાં, દેખાવમાં અને ચમકમાં સાચાં રત્ન જેવા જ હોય છે. સંવત ૧૪૭૮ના પૃથ્વીચંદ્ર ચરિત્રમાં જણાવેલું છે કે, પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રભરાગ, પુષ્પરાગ, માણેક, સિંધલિયા, ગુરુગોદમારમણિ, મરકત, કર્કેતન, વજ્ર, વૈદૂર્ય, ચદ્રકાંત, સૂર્યકાંત, જલકાંત, સ્ફટિકાંત, અદ્રપ્રભ, સાકરપ્રભ, પ્રભર્તા, અશોક, પીતશોક, અપરાજિત, અગોદક, મસારગલ્લ, હંસગર્ભ, પુલિક, સૌગંધિક, સુભગ, સૌભાગ્યકર, વિષહર, મૃતિકર, પુષ્ટિકર, ક્રતુકાર, ભોજન, જ્યોતિ, રસ, શુક્રરુચિ, ચક્રમણિ, અંશુકાલિ, દેવાનંદ, રિષ્ટરત્ન, હીટપંખી, કસાકિલા, ધૂમરાઈ, ગોમૂત્ર, ગોમેધ, ગજસ્થિના, નીલ, તણુચર, અર્કમણિ, વજ્રધાર, ષટ્કોણ, કણી, ચાપડી, પિરોજા, પ્રવાલ, મૌક્તિક, લોહિતાક્ષ વગેરે રત્નો ગણાવેલાં છે. દરેક ગ્રહનું પણ અલગ એમ મુખ્ય નવ રત્ન ગણાય છે. જેમકે, સૂર્યનું માણિક્ય, ચંદ્રનું મોતી, મંગળનું પ્રવાલ, બુધનું પાનું, ગુરુનું પોખરાજ, શુક્રનો હીરો, શનિનું નીલમ, રાહુનું ગોમેદક અને કેતુનું વૈદૂર્ય રત્ન ધારણ કરવું એ પુરુષજનક કહેવાય છે. ગ્રહો વગેરેના ઉત્પાત થાય ત્યારે રત્ન પહેરવા અને દાન કરવાનો વિધિ છે.

વૈદકમાં આ રત્નોમાંથી ભસ્મ બનાવવામાં આવે છે અને જુદા જુદા રત્નોની ભસ્મનો જુદો જુદો ગુણ મનાય છે.

૪. વિ. અમુક જાત કે વર્ગમાં સૌથી સરસ હોય તેવું; દરેક જાતિમાં ઉત્કૃષ્ટ વસ્તુ; સૌથી સારું કે મૂલ્યરૂપ; પોતપોતાની જાતિમાં શ્રેષ્ઠ હોય તે.

૫. વિ. (સ્ત્રિપ) એક જાતનું કોતરકામ.

૬. વિ. ઉમદા ચીજ.

૭. વિ. ગુણવતું માણસ.

રત્ન પાકવું ૦ રત્ન જેવું ગુણવતું માણસ નીવડવું કે નીપજવું.

૮. વિ. ચોદની સંજ્ઞા.

૯. વિ. નવની સંજ્ઞા.

૧૦. વિ. પાયની સંખ્યા બતાવનાર શબ્દ

૧૧. વિ. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મના વતિઓ બહારવટિયા રત્નધર્મ ક્રિયામાં દક્ષ રહે છે તે. ધર્મ, બુદ્ધ અને સંઘ એ ત્રણને રત્ન કહે છે.

૧૨. વિ. હોકાપુરુષ.

૧૩. વિ. સમુદ્ર વલોવતાં નીકળેલી ચૌદ વસ્તુઓમાંની દરેક. ચૌદ રત્ન આ પ્રમાણે છે: લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામદુધા, ઐરાવત, રંભા વગેરે દેવાંગનાઓ, ઉચ્ચૈઃશ્રવા, અમૃત, સારંગધનુષ, પાંચજન્ય શંખ અને હલાહલ

રત્નકણ્ડિકા [સં.] સ્ત્રી. રત્નનો નાનો કણ.

આપના સર્વ અધિકારીઓ આપ મહારત્નોની આસપાસ રત્નકણ્ડિકાઓ પેઠે રહેવા યોગ્ય જણાતો પ્રમાદ કરે છે. સરસ્વતીચંદ્ર

રત્નકરા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રત્નમા. તે પૂર્વાર્ધ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ અને બે સગણ મળી નવ વર્ણ આવે છે.

પારો રત્નકરા મગસે. રણછોડજી

રત્નકર્ણિકા [સં.] સ્ત્રી. પ્રાચીન કાળનું કાનમાં પહેરવાનું એક જ પ્રકારનું જડાઉ ઘરેણું.

રત્નકલ્પ [સં.] પું. હીરા કે રત્ન જડેલું સોનાનું ઘરેણું. માનસર નામના ગ્રંથમાં પત્રકલ્પ, ચિત્રકલ્પ, રત્નકલ્પ અને મિશ્રિતકલ્પ એમ ચાર પ્રકારનાં ઘરેણાં કહ્યાં છે.

રત્નકંબલ [સં.] પું. એક જાતનું બહુ કીમતી ઓઢણું.

રત્નકાંડ [સં.] પું. જેની અંદર રત્ન હોય તેવો ભૂમિભાગ.

રત્નકુક્ષી સ્ત્રી. નરરત્નને જન્મ આપનાર સ્ત્રી

દરેક સદ્ગતિ પ્રાપ્ત કરનાર પ્રાણી માતાને જન્મ આપનાર માતાઓજ છે. તેઓ રત્નકુક્ષીઓના નામથી ઓળખાય છે. અહિલ્યા

રત્નકૂટ ૧. પું. (જૈન) એક જાતનું [illegible]

૨. સ [illegible] પું. એક પ્રાસાદનું ઘરેણું.

૩. પું. વજ્રમાં આવેલો ત્રિકૂટાચલ પાસેનો એ નામનો એક પહાડ.

રત્નગર્ભ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. બુદ્ધનું એક નામ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. સમુદ્ર; દરિયો.

રત્નગર્ભા ૧. [સં.] સ્ત્રી. જેના ગર્ભમાં રત્ન છે તેવી સ્ત્રી; સત્પુત્રવાળી નારી.

૨. સ્ત્રી. વસુંધરા; પૃથ્વી; ધરા; ભૂમિ.

રત્નગુંજા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ. મુખ્યત્વે તરફ સોનુરૂપુ જોખવામાં તેનાં બીનો ઉપયોગ થાય છે. તે રાતા રંગનાં હોય છે.

રત્નચિંતામણી ૧. [સં.] પું. જૈન રત્ન.

૨. વિ. અમૂલ્ય; બહુ કીમતી

અહો નરસૈંયો કે તત્ત્વારસૈન વિના,
રત્નચિંતામણી જન્મ ખોયા. નરસિંહ

રત્નજ [સં.] ન. (સ્ત્રિપ) એક જાતનું બદ્ધારુવાળું ત્રિયાળ ઘર. જે ત્રિયાળ ઘરના મુખ આગળ સૃષ્ટિ આગે બાર અલિંદો હોય, તે અલિંદો આગળ એક મંડપ હોય, વળી તે ઘરની ડાબી તરફ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ દક્ષિણ દિશા સામે હોય તે રત્નજ ઘર કહેવાય.

સુભદ્ર ઘરનું મુખ દક્ષિણ દિશા સામે હોય તો તે રત્નજ ઘર કહેવાય. રાજવલ્લભ

રત્નજડિત (રત્નજડીત) [સં.] વિ. રત્નોથી જડેલું; રત્ન, હીરો, માણેક વગેરે નંગ બેસાડેલું, નંગવાળું; જેમાં જવાહિર જડ્યાં હોય તેવું.

રત્નત્રય [સં.] ન. (જૈન) સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર એ ત્રણનો સમૂહ. એ ત્રણે પૂર્ણ મુક્તોની એકતા જ સંવર અને નિર્જરી થવાનો ઉપાય છે. એ ત્રણે પૂર્ણ મુક્તોથી એકતા અનુક્રમથી થાય છે. જેમ જેમ મુક્તસ્થાન વધે છે તેમ તેમ એ મુક્ત પણ વધતા વધતા અંતમા પૂર્ણ થાય છે.

રત્નત્રયવ્રત [સં.] ન. (જૈન) ચૈત્ર શુદિ તેરસથી પૂનમ સુધીના ત્રણ દિવસના પોષધ સહિત ઉપવાસ કરી કરાતું વ્રત.

રત્નત્રયી જુઓ રત્નત્રય.

રત્નત્વ [સં.] ન. રત્નનું કીમતીપણું.

રત્ન હોય ને તેને કીડાએ કોરેલું હોય તો તેમાંથી રત્નત્વ જતું નથી. કાન્તાશ્રી

રત્નદાયક [સં.] ન. એક પ્રકારનું બદ્ધારુયુક્ત ત્રિયાળ ઘર.

જે ત્રિયાળ ઘરના મુખ આગળ પાંચ કક્ષ હોય અને તે ઘરનું મુખ દક્ષિણે હોય તો તે રત્નદાયક નામનું ઘર કહેવાય છે

રાજવલ્લભ

રત્નદીપ ૧. [સં] પું. એ નામનું એક કલ્પિત રત્ન, કહેવાય છે કે, પાતાળમાં તેના પ્રકાશથી અજવાળું રહે છે

૨. પું. દીવાની જરજ સારે તેવું રત્ન.

૩. પું રત્નરૂપી દીવો

રત્નદીપિકા જુઓ રત્નદીપ.

રત્નદ્વીપ [સં.] પું. મહાભારતમાં વર્ણવેલો પશ્ચિમ અરબી સમુદ્રમાં આવેલો એ નામનો એક એટ. યાદવોની આ દ્વીપ ઉપર સત્તા હતી. એમ કહેવાય છે કે, એ દ્વીપમા, રત્ન અને રમણીઓનાં વેચાણ મોટા પાયા ઉપર ચાલતાં હતા

રત્નધર ૧. [સં.] પું અમીર; ધનવાન.

૨. પું. સમુદ્ર.

રત્નધિ [સં.] પું. સમુદ્ર.

રત્નધેનુ [સં.] સ્ત્રી. મહાદાન માટે કલ્પેલી રત્નોની ગાય.

રત્ननाभ [સં.] પું. વિષ્ણુ. ભગવાનની નાભિ રત્નની જેમ સુંદર હોવાથી તે રત્નનાભ કહેવાય છે

રત્નનાયક [સં.] પું. માણેક.

રત્નનિધિ ૧. [સં.] પું. અંજન પક્ષી.

૨. પું. મેરુનું એક નામ.

૩. પું. રત્નાકર; સમુદ્ર.

૪. પું. વિષ્ણુનું એક નામ.

રત્નપરીક્ષક સ [illegible] પું ખરા ખોટાં રત્નની નિર્ણય કરનાર ઝવેરી, ઝવેરી.

રત્નપરીક્ષા ૧. [સં] સ્ત્રી રત્ન પારખવું તે.

૨. ન. વાત્સ્યાયન મુનિએ રચેલું રત્ન પારખવાનું એ નામનું શાસ્ત્ર. તેમાં રત્ન, ઝવેરાત વગેરેની કસોટી કેમ કરવી તેનું બારીક જ્ઞાન આપેલું છે.

રત્નપારખ ૧. સ્ત્રી. રત્નની પરીક્ષા

૨. જુઓ રત્નપારખુ.

રત્નપારખુ પું. રત્નને પારખનાર માણસ.

દરેક માનુસાના ગુણદોષ બરાબર તપાસી મુલ્યોની કદર કરવી અને કાંચ કદરૂજર કરવા એ તો આ ગવિંદરાવ રત્નપારખુનો સ્વભાવ જ રહ્યો

કાંચલકર

રત્નપ્રભા ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી.

૨. સ્ત્રી, રત્નની કાંતિ

૩ ન. (જૈન) સાત માંહેનું એક નરક સ્થાન; પહેલી નરક ભૂમિ. તેની જઘન્ય એક લાખ જોંસી હજાર યોજન છે. તેમાં ત્રીસ લાખ નરકાવાસ છે.

રત્નપ્રભા, શર્કરપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમ એ સાત ભૂમિઓ છે. તત્ત્વાર્થસૂત્ર

રત્નપ્રસૂતા ૧. [સં] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ કેમકે, તેના પેટાળમાં રત્ન પડે છે.

૨. વિ. સ્ત્રી. રત્નને જન્મ આપનારી.

રત્નપ્રસૂતા ભારતભૂમિમાં અનેક નરરત્નો પક્યાં હશે. પુષ્કરણા

રત્નમંજરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું કુલ. તેને ચાર પાંખડી હોય છે. તે ચમેલી કરતાં નાનું હોય છે.

૨. સ્ત્રી. રાજા વીર વિક્રમના તખ્તને ટેકો આપનારી બત્રીસ માંહેની એક પુતળી.

રત્નમંજૂષા [સં.] સ્ત્રી. રત્ન જડેલી પેટી.

રત્નમંડિત [સં.] વિ. રત્નથી શણગારેલું; રત્નથી જડેલું.

રત્નમંડિત રથોની પૂરપ્રભા પમશે છે. સંધમિત્રા

રત્નમાલા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

દક્ષિણમાં રત્નમાલાનું પૂજન કરશે. અમરવતી ભાગવત

૨. સ્ત્રી. એક જાતનું કુલ. તે નાનું અને ગોળ હોય છે. તેનો રસ ઉકાળીને કપડાં રંગવાના કામમાં આવે છે.

૩. સ્ત્રી. (પુરાણ) બલિરાજાની એ નામની કન્યા. વામન ભગવાનને જોઈને તેના મનમા એવી કામના થઈ કે, હું આવા બાળકને દૂધ પીવડાવું એટલા માટે કૃષ્ણાવતારમાં તે પૂતના થઈ.

૪. સ્ત્રી. મણિઓની માળા કે હાર; રત્નોનો હાર.

રત્નમાળ જુઓ રત્નમાલા.

રત્નમાળા જુઓ રત્નમાલા.

રત્નવતી ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

૨. સ્ત્રી. રાજા વીરકેતુની એ નામની એક કન્યા.

૩. વિ. સ્ત્રી. જેમાં રત્ન હોય એવી.

રત્નષડ્ડુક [સં.] ન. રામનું પુષ્પક વિમાન.

રત્નશાસ્ત્ર [સં.] ન. રત્ન સંબંધી વિદ્યા.

રત્નસંભવા [સં.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

રત્નસાનુ [સં.] પું. સુમેરુ પર્વત; સુરાલય, દેવાદિ.

રત્નહરિ [સં.] પું. રાજસૂત યજ્ઞની સમાપ્તિમાં કરાતો હવિ.

સમાપ્તમાં કરવાના હોમ હવનનો અધિકાર રત્નહરિ છે. હિંદુરાજ્યવ્યવસ્થા

રત્નાકર ૧. પું. (પુરાણ) એ નામના એક પ્રસિદ્ધ પુરુષ; વાલ્મીકિ ઋષિ. તેના જન્મ વિશે શોધ કરતાં વિચિત્ર હકીકત મળે છે: મિત્રાવરુણે પોતાના તપના પ્રભાવથી કુંભમાં રેત મૂકી અગસ્ત્ય અને વસિષ્ઠ એ બે પુત્રને ઉત્પન્ન કર્યા. ત્યારે જે શેષ રેત કુંભમાં પડેલ તેમાંથી એક પુત્ર જન્મેલો; તેને કિરાતની બીલડી ઊપડી ગયેલી તે આ રત્નાકર હોવાનું મનાય છે. બીજી વાત એવી છે કે તે બ્રહ્મદત્ત પુત્ર હતો. તેને અરણ્યમાં મૂકીને બાલાપ તપ કરવા ગયેલાં ત્યારે તે બીલડીને હાથ આવેલો. બીલડીએ તેને ઉછેરી મોટો કર્યો. બીલે તેનું રત્નાકર નામ પાડ્યું. મોટો થતાં તેણે ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવી લૂંટ, ચોરી કરવા માંડી. માત્રમા એક મોટા વૃક્ષ ઉપર ચડી ચારે તરફ તે દૃષ્ટિ કરતો ને કોઈ દૂરથી જણાય કે નજીક આવતો દેખાય તેને મારી નાખી તેનું સર્વસ્વ લઈ લેતો. એક વાર ફરતાં ફરતા નારદજી નીકળ્યા; તેના ઉપદેશથી તે ઠેકાણે આવ્યો. નારદજી તેને ઘાટી ઝાડીમાં લઈ ગયા. પછી તેને રામ નામનો મહામંત્ર જપ્યો; પણ આ જડબુદ્ધિ રત્નાકરને તેનો ઉચ્ચાર કરતાં આવડ્યો નહિ. તેથી નારદજીએ તેને ઊલટો-મન મરા મરાનો જપ કરવાનું બતાવી નારદજી અંતર્ધાન થઈ ગયા. જપ કરતાં એક કળકર વર્ષ વીતી ગયાં. કલિયામાં એટલો તો તે તલ્લીન થયો કે માથે ઊધઈએ માટીનો રાફડો કર્યો હતો ને આખા શરીરનું માંસ ખાઈ ગઈ હતી. માત્ર હાડપિંજર રહ્યા હતાં. એ હાડમાં જોડીને રામનામનો ઉચ્ચાર નીકળતો હતો. આવી સ્થિતિ બ્રહ્મા અને નારદજી એ રાફડા પાસે આવ્યા. રાફડો ઊખેડવાની ઈંદ્રને આજ્ઞા કરી. છેવે સાત દિવસ સાધારણ વરસાદ વરસાવી રાફડો ખોદી નાખ્યો. રત્નાકરે દેવોની સ્તુતિ કરી. બ્રહ્માએ વાલ્મીકિ એટલે રાફડામાંથી તે નીકળ્યો માટે તેનું નામ વાલ્મીકિ પાડ્યું. એ વાલ્મીકિ ભગવાન જતાં ઋષિપંક્તિમાં બ્રહ્મા આવ્યા ને મહાત્મા પદને પામ્યા. બીજી વાત એવી છે કે, તે અયુત મુનિનો પુત્ર હતો. પણ આ વાત અસંભવિત છે.

૨. [સં. રત્ન + આકર (આધુ)] પું. રત્નની ખાણ; રત્નોનો સમૂહ.

૩. પું. સમુદ્ર; દરિયો; રત્નાકર.

૪. સ્ત્રી. ગુજરાત જિલ્લામાં આવેલ એ નામની નદી. લોક તેને કાના કહે છે.

રત્નાકર જુઓ રત્નાકર.

રત્નાગિરિ ૧. પું. કોંકણમાં આવેલ એ નામનો એક પર્વત.

૨. પું. મહારાષ્ટ્રનો એક જિલ્લો અને તેનું મુખ્ય ગામ. ત્યાંની કેરી સારી થાય છે.

૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

રત્નાચલ ૧. પું. ગિરિરાજ એટલે રાજગૃહ પાસેના પાંચ માંહેનો એક પહાડ.

૨. પું. દાન માટે કલ્પેલો રત્નનો પર્વત.

રત્નાવલિ ૧. [સં.] પું. (કાવ્ય) એ નામે એક જાતનો અર્થાલંકાર; પ્રાકૃત અર્થનું સ્મરણ કરનારાં પદોનું ક્રમપૂર્વક રચવું.

જ્યાં જળાવલિની પેઠે વસ્તુની આવલિનું સ્મરણ થાય ત્યાં રત્નાવલિ અલંકાર છે. કાવ્યરાજ

૨. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. તેને શાસ્ત્રમાં દીપક રાગની પુત્રવધૂ કહે છે.

૩. સ્ત્રી. રત્નોનો હાર; રત્નમાળા; તેના મધ્ય ભાગમાં હીરો હોય છે. હીરાની આસપાસ સોનાનાં બીડ હોય છે.

૪. સ્ત્રી. બારમે સૈકે થયેલી શ્રી હર્ષની એ નામની નાટિકા. તે ઈ. સ. ૧૧૧૩ અને ૧૧૬૫ની વચ્ચે લખાયેલ મનાય છે.

૫. સ્ત્રી. સંસ્કૃતમાં લખાયેલી એ નામની એક કથા. તે બાણભટ્ટે લખી છે.

૬. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો જમણો ખભો પડેલો હતો.

રત્નાવલી જુઓ રત્નાવલિ.

રત્નાળું વિ. રત્નવાળું; રત્ન હોય તેવું.

રત્નિ ૧. પું. બંધ મૂઠીવાળો હાથ.

૨. સ્ત્રી. કોણી.

૩. ન. કડિયા, સુતાર, સલાટ વગેરેના જમણ ઉપરનું એકબીજા આગળનું માપ.

૪ ન. બંધ મૂઠીવાળા હાથનું માપ.

રત્નેશ્વર પું. પ્રેમાનંદનો એ નામનો શિષ્ય. તેણે ભાગવત પ્રથમ સ્કંધ નામનો ગ્રંથ સંવત ૧૭૪૦માં અને અશ્વમેધ નામે ગ્રંથ સંવત ૧૭૪૩માં રચ્યા હતા.

રત્નોદરી ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

૨. વિ. સ્ત્રી. જેના ઉદરમાં રત્ન ભરેલાં હોય તેવી.

રત્નોદ્ભવા [સં.] સ્ત્રી. (છંદ) આઠ માંહેના એક પ્રકારની રાજસભા.

પદનાં ચોતરફ ભડો હોય તે દિગ્વસભા કહેવાય છે.

ત્રણ ત્રણ પદનાં ચોવરણ બદ્રો હોય તે દિબ્યાસરણા કહેવાય છે. દિબ્યાની ચારે તરફ ત્રણ ત્રણ પદનાં ચાર બદ્ર હોય તો તેનું નામ રત્નોદ્ભાસા કહેવા.મ. સાજ્યલક્ષણ

રત્ય ૧. [સં. ઋતુ] જી. ઋતુ; મોસમ.
૨. [સ. રતિ] જી. પ્રીતિ; સ્નેહ.

રથ ૧. પું. અપકતા; ભાત ન પડરાપણું.
૨. [સં] પું. અંગ; દેહ; શરીર. કૌષીતકિઉપનિષદ્ભાષ્યમાં કહેલું છે કે: ઉપનિષદમાં દેહાદિને રથના રૂપક વડે સમજાવેલ છે. આત્માને રથી કહેલ છે અને દેહને રથ કહેલ છે. બુદ્ધિને સારથિ અને મનને લગામની ઉપમા આપી છે. ઇંદ્રિયોને અશ્વો અને તેના વિષયોને તેના માર્ગ માનેલ છે. આ રીતે રથનું રૂપક સંપૂર્ણ છે કેમકે, રથનું અંતિમ ધામ પરમ પિતા પરમાત્માનું ધામ છે. એ અંતિમ ધામમાં જવા માટે આત્મા રૂપી પુરુષ દેહ રૂપી રથમાં બેઠેલો છે. પ્રત્યેક જીવ પરમધામની યાત્રાએ નીકળ્યો છે. આમ દેહ રથમાં બિરાજતા આત્મારૂપી રથીને દોરનાર તો બુદ્ધિ સારથિ છે. આટલા માટે બુદ્ધિરૂપી સારથિ કુશળ હોવો જોઈએ.
૩. પું. આનંદ.
૪. પું. મહોનું કરવું તે.
૫. પું. ચાર પૈડાં અને બે ઘૂમટવાળી ગાડી; વહેલ; ઉપર ઘૂમટ જેવા છત્રવાળું એક વાહન. માનસાર શિલ્પશાસ્ત્રમાં સાત જાતના રથ કહેલ છે: નક્ષત્રભદ્રક, પ્રજાજનભદ્રક, નિવાતભદ્રક, પવનભદ્રક, પ્રસાદભદ્રક, ઉદ્ગ્રહભદ્રક અને અનિલભદ્રક.
૧. રથ જોડવો ન બળદ કે ઘોડાં જોડીને રથને સવારી માટે તૈયાર કરવો.
૨. રથ ફરી જવો ન વેળા ચોર્યાસીનું થવું.
૬. પું. તિનિશ વૃક્ષ.
૭. પું. જેતરનું ઝાડ: વેતસ વૃક્ષ.
બંધુક રક્ત ચિરુક રથ અબ્જપુષ્પ વાનીર,
આ વેતસની કુંજમાં બેસે છે બળવીર.
વિમળાબપુરોપ
૮. પું પગ.
૯. પું. (જ્યોતિષ) મનુષ્યના હાથમાનું રથના આકારનું ચિહ્ન
૧૦. પું. મનોરથ; ઇચ્છા.
મનના રથ તે મનમાં જ રહ્યા શ્રીવર્ધનગ્રામ
૧૧. પું. મોહો.
૧૨. પું. લડાઈની ગાડી; સ્યંદન.
૧૩. પું. વિહાર કરવાનું સ્થાન; ફોરારણ.
૧૪. પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.
૧૫. પું. શેતરંજનું પ્યાદું; સોગઠું. તેને ઊંટ કહે છે.
૧૬. પું. સંગ્રામ; લડાઈ; યુદ્ધ.

રથકાર ૧. [સં. રથ (શરીર) + કાર (કરનાર)] પું. બઢઈ.
૨. પું. રથ બનાવનાર માણસ; સુતાર; શિલ્પી; ગાડી બનાવનાર કારીગર.
૩. પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.
૪. જી. એક પ્રકારની વર્ણસંકર જાતિ.
બ્રાહ્મણ સ્ત્રી ક્ષત્રિય સાથે ગોરીપણે સંયોગ કરતાં જે પ્રજાને ઉત્પન્ન કરે છે તેને રથકાર કહે છે.
સૂતસંહિતા

રથક્રમ જી. વેદપાઠ કરવાની આઠ આંકેલી એક વિકૃતિ. ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ઘનપૂક્રમ, દંડક્રમ અને ઘન એમ વેદપાઠની આઠ વિકૃતિ કહેવાય છે.

રથકેડ્ય (રથકેડ્ય) પું. રથ હાંકનાર માણસ; સારથિ
સભા ભરી સર્વ કરવા.
આ રહ્યા રથકેડ્યકુ. પ્રેમાનંદ

રથગુપ્તિ [સં.] જી. લાકડાં વગેરેથી રથનું રક્ષણ કરવા માટે કરેલ લોખંડી આવરણ; રથની લોઢાની જાળી.

રથકડો (રથકડો) પું. રથ ઘડનાર કારીગર; રથકાર.

રથચક્ર [સં.] ન. રથનું પૈડું.

રથચર્યા [સં.] જી. રથમાં બેસી આનંદ કરવો તે.

રથજાત્રા ૧. [સં. રથયાત્રા] જી. અષાઢ સુદ બીજનો તહેવાર. આ દિવસે દેવને રથમાં બેસાડી ફેરવવામાં આવે છે.
૨. જી. જગન્નાથજીનો રથ બહાર કાઢવો અને તે નિમિત્તે ઉત્સવ વગેરે કરવાં તે.
૩. જી. રથમાં બેસી કરાતી યાત્રા.
૪. વિ. અડકપાંસળિયું; પેટકાળવાળું; ચાબેલ; ઊંડેલ તનિયતનું.

રથડી (રથડી) જી. નાનો રથ.

રથડો (રથડો) ૧. પું. બળદ જોડીને ચલાવાની મોટી ગાડી.
૨. પું. રથ; એક જાતનું ચાર પૈડાંવાળું વાહન.

રથદળ [સં. રથદલ] ન. રથમાં બેસીને લડનાર લશ્કર.

રથપતિ ૧. [સં.] પું. રથનો સ્વામી; રથનો નાયક; રથી.
૨. પું. વેદમાં વપરાયેલું કદનું એક નામ.

રથપદ [સં.] પું. (ત્રિગણ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઋતા: સુકૃતિ; સુમનક; વક્ત્રા; પૃતા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ આવે છે. તેમા ચોથા અક્ષર ઉપર યતિ હોય છે
રથપદ, રચ ન ન સા ગા ગે,
અંત ધર, શ્રુતિ પર જું રાગે. રણછિત્રણ

રથબાન [હિ.] પું. સારથિ; રથ હાંકનાર માણસ

રથયાત્રા જુઓ રથજાત્રા.

રથયુદ્ધ [સં. રથ + યુદ્ધ (લડાઈ)] ન. રથમાં બેસીને દુશ્મનો સામસામા લડે તે લડાઈ. રથની લડાઈ

રથરાજ્ઞ [સં.] ન. રથ સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર. આ શાસ્ત્રમાં અશ્વવિદ્યા, પશ્ચવિદ્યા, ઘંટાપથવિદ્યા અને સેતુવિદ્યાનો સમાવેશ થાય છે.

રથસપ્તમી [સં.] જી. માઘ સુદ સાતમ. જે માણસ આ દિવસે અરુણોદયને સમયે સ્નાન કરે છે તે મોટો દાનશૌંડ બને છે. તે દિવસે ચાંદી વગેરેનાં પાત્રમાં દીવો કરીને તેને પાણી ઉપર તરતો રાખવો અને પિતૃતર્પણ કરવું. આ વ્રતને દિવસે જો છઠ સાતમનો યોગ થઈ જાય તો તેને પદ્મયોગ કહે છે. તે વખતે સ્નાન કરવાથી હજાર સૂર્યગ્રહણના સ્નાનનું ફળ મળે છે એમ કહેવાય છે
રથસપ્તમીને દિને સૂર્યનું પૂજન થાય છે તે વખતે નવો સૂર્ય પોતાના સાત ઘુમટવાળા ઘોડાના રથ ઉપર ચડે છે. વ્રતરાજ

રથારૂઢા જી. એ નામની ઘોડવાની એક રમત. એ રમતમાં દરેક બાળક બાર બારના ઝૂથમાં હોય છે. જેટલી ટુકડી હોય તેનાં દરેક ટુકડીમાં બાર બારનાં ઝૂથ બને છે. દરેક ટુકડીનાં બાર બારનાં ઝૂથ પ્રારંભ રેખાને પગનો અંગૂઠો અડાડીને એક બીજાની બાજુએ ઊભાં રહે છે. બારનું ઝૂથ એક બીજાને કેડે હાથ વીંટાળીને બનાવવાનું હોય છે. સિસોટી થતાંની સાથે બાર બાળકોનું દરેક ટુકડીનું પહેલું ઝૂથ દોડે છે, અને દરેક ટુકડીની સામે ૪૦ કે ૫૦ ફૂટને અંતરે રાખેલ વસ્તુને ફરી અને તે ઝૂથ પાછું આવી પોતાની ટુકડીના બીજા ઝૂથને તાલી આપે છે એટલે તે ઝૂથ દોડવા લાગે છે. આમ જે ટુકડીનું છેલ્લું ઝૂથ પહેલી પ્રારંભરેખા ઓળંગે છે તે વિજેતા ટુકડી ગણાય છે. આ રમતમાં કેડેથી હાથ વીંટાળવાને બદલે બાંહી હાથ કે બન્ને પકડીને પણ ઝૂથ રચી શકાય છે.

રથંતર ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું પુરાણાનુસાર બ્રહ્મના ત્રીજા માહેનો ત્રીજો દિવસ.
૩ પું. રથ ચલાવનાર માણસ; સારથિ

૪. ન. એ નામનું વેદનું એક સ્તોત્ર. તેમાં રથ એટલે શરીરને સંસારચક્રમાંથી તરવા માટે અહંકારને મારવાવાળા ઈદ્ર એટલે આત્માનું મનનપૂર્વક ધ્યાન કરવામાં આવે છે.

૫. ન. સામગાનની એક રીત.

રથંતર સામથી વારા ઉપર ઘણે. વેદિક ઋકાવલિ

રથારથી ૧. સ્ત્રી. રથયુદ્ધ; રથની લડાઈ.

૨. અ. રથ સામે રથ આવે તેમ.

રથારથી આવવું = રથ લઈને પાસે પાસે આવવું અને લડવું.

રથારોહણ [સં.] ન. રથ ઉપર બેસવું તે; રથ ઉપર સવારી કરવી તે.

રથારોહણ કીધુ ઉદયે,
આજ્ઞા માગી પ્રભુ તણી. દયારામ

રથારોહી ૧. [સં. રથારોહિન્] પું. રથમાં બેસી યુદ્ધ કરનાર માણસ; રથી.

૨. વિ. રથ ઉપર બેઠેલું.

રથાવર્ત્ત [સં.] ન. એ નામનું એક તીર્થ.

રથાસન [સં.] ન. રથની અંદરનું આસન.

વદીને એહું સંગ્રામે રોષ વિહ્વલ ચિત્તનો,
બેઠો રથાસને પ્રાપ; નિસર્યું આયુષ્યય સો. ભગવદ્ગીતા

રથાંગ ૧. [સં.] પું. લાલ હંસ.

૨. ન. કુંભારનો ચાકડો.

૩. ન. એક નામનું અસ્ત્ર.

૪. ન. ચકવાક પક્ષી. ચકવો.

૫. ન. રથનું પૈડું.

૬. ન. રથનો કોઈ ભાગ.

રથાંગપાણિ [સં.] પું. વિષ્ણુ; ચક્રપાણિ; હાથમાં ચક્ર ધારણ કરનાર વિષ્ણુ. ભગવાનના હાથમાં રથાંગ એટલે ચક્ર હોવાથી તે રથાંગપાણિ કહેવાય છે.

રથિક જુઓ રથી.

રથી ૧. [સં. રથિન્] પું. એક હજાર યોદ્ધાઓ સામે એકલો લડનાર યોદ્ધો.

૨. પું. રથ ઉપર બેઠેલો સવાર.

૩. પું. રથ હાંકનાર માણસ; સારથિ.

૪. પું. રથનો માલિક.

૫. પું. રથમાં બેસીને લડનાર મોટો યોદ્ધો; વીર લડવૈયો.

૬. પું. વેદમાં વપરાયેલ છંદનું એક નામ.

૭. સ્ત્રી. નનામી; ઠાઠડી.

૮. વિ. દોરનાર.

૯. વિ. રથમાં બેઠેલું; રથારૂઢ.

રથીઆ ૧. સ્ત્રી. અમ્બહિમાં વસતી નીચની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

રથોત્સવ [સં.] પું. અષાઢ સુદિ બીજને દિવસે કરવામાં આવતો રથયાત્રાનો ઉત્સવ. એક મહિનાની પૂનમે ઓરિસ્સા પ્રાંત માંહેના પુરીક્ષેત્ર આગળ પ્રત્યક્ષ સ્નાનયાત્રા ભરાય છે. તે વખતે ત્યાં મોટો રથોત્સવ થાય છે. આ રથોત્સવ જોવા માટે આશરે દોઢ લાખ માણસ દૂરદૂરના મુલકમાંથી આવે છે, ત્યારે જગન્નાથની મૂર્તિને સુખથી બેસાડી નવરાવી ઉત્તમ પોશાક પહેરાવી રથ ઉપર બેસાડે છે. આ સ્નાનવિધિ ઉપરથી આ જગ્યાનું નામ સ્નાનયાત્રા પણ પડ્યું છે. આ ઉત્સવ વખતે રાજાથી માંડીને પતિત માનેલા ચાંડાળ સુધીના સર્વ લોકોને રથને ખેંચવાની છૂટ હોય છે. આ વખતે વૈષ્ણવ ધર્મનું અદ્ભુત ઉત્તેજન અને ઉદાર સ્વરૂપ દૃષ્ટિએ પડે છે. રથોત્સવ વિષે એમ કહેવું છે કે, જ્યારે શ્રીકૃષ્ણચંદ્રને હાથે કંસ મરાયો ત્યારે સૌને શાંતિ વળી હતી. તે દિવસથી આ રથોત્સવ કરાતો આવે છે એમ મનાય છે.

રથોદ્ધતા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રથોદ્ધતા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.

સ ન ર લ ગ વહી રથોદ્ધતા. રણછોડદાસ

૨. સ્ત્રી. રથયુદ્ધમાં કુશળ હોવું તે.

રથોદ્ધતા જુઓ રથોદ્ધતા.

રથ્યા (રથ્યા) ૧. પું. મોટી અને જાણીતો મોટો; માટી અને જાણીતું બીજું વીપથ; માર્ગ.

૨. પું. રેણ.

રથ્ય ૧. [સં.] પું. રથ ખેંચનાર ઘોડો; રથમાં જોડવાનો ઘોડો.

૨. પું. રથનો એક ભાગ.

૩. ન. ચક્રઃ પૈડું

૪. વિ. રથનું; રથ સબંધી.

રથ્યા ૧. [સં.] સ્ત્રી. જેના ઉપરથી રથ સહેલાઈથી હોડી શકે તેવો આર છંદ એટલે બત્રીસ મૂઢ પહોળો રસ્તો.

૨. સ્ત્રી. જ્યાં પણ રસ્તા જેવા બનતા હોય તે જગ્યા.

૩. સ્ત્રી. કળિયું; આંબલું.

૪. સ્ત્રી. રથનો સમૂહ.

૫. સ્ત્રી. રાજમાર્ગ; ધોરી રસ્તો; મોટ માર્ગ.

૬. સ્ત્રી. શેરી; પોળ; મહોલ્લો.

૨૬ ૧. પું. (જરથોસ્તી) આત્મેવાન; મુખ્ય માણસ.

૨. પું. ખોદવું તે.

૩. પું. દાંત.

૪. પું. કાપવું કે ચીરવું તે.

૫. પું. અગીયારની સંજ્ઞા.

૬. પું. સામી દલીલ કરવી તે.

૭. સ્ત્રી. હૃદય; હૈયું.

મહે નહિ મહ હરિ પ્રજ રહે. અખો

૮. વિ. જૂનું; પુરાણું.

૯. વિ. તુચ્છ; અરાગ; માલ વગરનું.

૧૦. વિ. નહિ કામનું; નકામું; નિરર્થક; નિરુપયોગી.

૧. ૨૬ કરવુ = (૧) કાઢી નાખવું; નકામું ગણી ઉડાડી દેવું; ઉકો નાંખવું; ભૂલવું; બાતલ કરવું. (૨) દલાલથી કરાવવું. (૩) નામંજૂર કરવું; નહિ સ્વીકારવું.

૨. ૨૬ જવું-થવું = નિરર્થક થવું.

૧૧. વિ. નકામુંઃ નિષેધ કરેલું; સ્વીકારેલ નહિ તેવું.

૧૨. વિ. બાતલ કરેલું; નકામું ગણીને દૂર કરેલું; ઉકો નાંખેલું.

૨૬દાન [સં ૨૬ (દાંત) + દાન] ન. રતિ સમયે દાંત વડે નિશાની રહી જાય તે રીતે કરાવવું તે. સાત પ્રકારની બાહ્ય રતિઓ માંહેની તે એક છે.

આલિંગન, ચુંબન, પરસ, મર્દન, નખ, રદદાન અધરપાન સો જાનિયે બહિરતિ બાત સુજાન. કે. હ. કુબેર

૨૬ન ૧. [સં.] પું. દાંત.

દશન દંત દ્વિજ રદન રદ અમકત દાડમ બીજ,
ગોવર કણી સમ ચળકતા નવ નીરજમાં બીજ. પિંગળશાસ્ત્રબોધ

૨. ન. કાપવું તે; ચીરવું તે.

૩. ન. ખોદામણ કરવી તે; રદન કરવુ તે.

૪. ન. હૃદય; હૈયું; મરણજું; અંતઃકરણ.

રદન શીકવુ = (૧) દુઃખ દેવું; ચિંતા કરાવવી. (૨) હૃદય બાળવું.

૨૬નચ્છદ [સં. રદન (દાંત) + છદ (ઢાંકવું)] પું. હોઠ; ઓષ્ઠ,

વિનિત ઓષ્ઠ અને રદનચ્છદ, અમર અધુરસ ભાગ;
ચમકતાં શ્વેષ્ઠ હાસની કમ ઊપ થઈ નવ. પિંગળશાસ્ત્રબોધ

૨૬ની ૧. [સં. રદનિન્] પું. હાથી.

૨. વિ. દાંતવાળું.

૨૬વું વિ. રદનવાળું; દાંતવાળું; દાંતાળું.

રદ્બદલ [અ. રદ્બદલ] સ્ત્રી. એક અદલામાં બીજી વસ્તુ આપવી તે; એક રદ કરી બીજું પસંદ કરવું કે અદલું તે; ઊથલપાથલ; હેરફેર; અદલાબદલ, ફેરફાર

રદ્બદલી ૧. સ્ત્રી. તકરાર; વાંધો.

૨. સ્ત્રી પ્રાર્થના; કાલાવાલા; આજીજી

૩. જુઓ રદ્બદલ.

રદ્બાતલ [અ. રદ્બાતિલ] વિ. નકામું; હોમટ; અર્થ, નિરુપયોગી.

રદિયો ૧. પું. ઊલટજવાબ; દૃષ્ટાંત.

૨. પું. દલીલ; ખિતાબ

૩. પું. પ્રત્યુત્તર; એક વાતને રદ કરે તેવી તેની સામે રજૂ કરેલી બીજી વાત; ખંડન; કહેલી વાતને રદ કરે તેવો સામો જવાબ કે સાબિતી. વાદીના જવાબ ઉપર પ્રતિવાદીનો પ્રત્યુત્તર.

રદિયો આપવો = ખુલાસાપૂર્વક પ્રત્યુત્તર આપવો.

રદી ૧. [સં રદિન્] પું. હાથી; ગજ.

૨. [અ. રદી] વિ. ખરાબ.

૩. વિ. નકામું

૪. વિ. ફરિયાદી.

રદીફ (રદીફ) [અ.] સ્ત્રી. ગઝલમાં દરેક બેતની પાછળ વારંવાર આવતો શબ્દ.

રદ્દોબ્જ ન. સિમેન્ટના લોદોનું એક બનાવું કૂકીને બગાડી કાઢ્યા જેવું બાવું. તેની લંબાઈ ૧૫ ફૂટની છે. આ બાવા કાઢવાનું બખર પિત્તળનું બનાવવામાં આવે છે અને તેના પાંચ ભાગ હોય છે દરેક ભાગને સાથે જોડવા માટે નિકલ ધાતુનો બનાવેલ બંધ વાપરવામાં આવે છે. આ નિકલના બંધ ઉપર સુંદર કોતરકામ તથા સુંદર બખરો કરવામાં આવે છે. આ બાવાનો સરોદ તિબેટ અને સિક્કિમની પાતળી હવામાં પાંચ છ માઈલ દૂર સુધી સાંભળી શકાય છે.

રદ્દી ૧. [અ.] સ્ત્રી. નકામી પડેલી રદ થયેલો; ભંગાર; નિરુપયોગી કાગળો અને સરસામાન વગેરે.

૨. વિ. બરાબર હલકું.

૩. વિ. નકામું; કામમાં ન આવે તેવું, નિરુપયોગી.

૪. વિ. રદ કરેલું; રદબાતલ.

રધ ૧. સ્ત્રી. રિદ્ધિસિદ્ધિ; આબાદી.

૨. સ્ત્રી. કપ; દેખાવ.

રધિ જુઓ રધ.

રધિયું [સં. ઋદ્ધિ (સમૃદ્ધિ)] વિ. સમૃદ્ધ; આબાદ; રિદ્ધિસિદ્ધિવાળું.

રન ૧. [અં.] પું. ક્રિકેટની રમતમાં બાજબાજી વિકેટ વચ્ચે બેઉવાર દોડવું તે; એક વિકેટથી બીજી વિકેટ સુધી દોડવું તે.

૨. જુઓ રણ

રનનન વિ બાજનેમ વેરાયેલું. છૂટુછવાયું, વિખરાયેલું

રનર ૧. [અં.] પું. બેપિનો.

૨. પું. દોડનાર માણસ

રનવન ૧. વિ. અસ્તવ્યસ્ત; છૂટુછવાયું.

રનવન થવું = (૧) ગરીબી હાલતમાં આવી પડવું; પાયમાલી થવી. (૨) નાશ પામવું; બેદાનબેદાન થવું; અસ્તવ્યસ્ત થવું. (૩) હિમત છૂટી જવી; હિમત હારવી.

૨. ક્રિ. દીન અવસ્થામાં; નિરાધે હોય તેમ; દુઃખી

૩. સ્ત્રી. રાનવગડામાં; જંગલમાં

બનવન, બનવન, સહવી અટવી,
બનમન નાચે મુનિબાજ.

ભોંચાળી પ્રસન્નાખ્યાન

૪ સ્ત્રી. વિખરાયેલી સ્થિતિમાં; છૂટું પડેલ સ્થિતિમાં હોય તેમ; એક બાજુ તો એક લાં એમ

રનિંગ [અં.] ન. દોડ; દોડવાની કસરત. કંદિવલી કારીરિક શિક્ષણ સંસ્થાની નોંધ મુજબ તેમાં ૪૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડનો સમાવેશ થાય છે. દોડવાની કસરાત ઊભા ઊભા કરતાં બોજ રીતે બેસીને સારી રીતે થાય છે. દોડવાનું નક્કી કરેલા રસ્તાથી હોય છે. દોડની શરૂને બનાવવા જમણો પુંરણ પાણીને ડાબો પગ બહાર કાઢીને અને બંને હાથના પંજાઓને આરેબ રખા પાસે ટેકવીને દોડવાનું શરૂ કરે છે. દોડવાની શરૂઆત પિસ્તોલના અવાજથી કે સીટી વાગવાની ઉપર કે દોડો બોલીને કરવામાં આવે છે. દરેક દોડનારને માટે જુદા જુદા પાટા દોરેલા હોય છે અને તેમણે પોતાના જ પાટામાં દોડવું પડે છે. કસરત પૂરી થવાની હોય ત્યાં બે માણસો દોરી પકડીને ઊભેલા હોય છે. જે દોરીને પહેલો અડીને તેને પસાર કરે છે તેને પ્રથમ નંબર તરીકે જાહેર કરવામાં આવે છે.

રનુકબીજ ન. એક જાતની ઔષધિ તેનાં ફળ તાજાં બંધારને બળતાં આવે છે. તેનાં બીનો સ્વાદ તેલી અને તીખો હોય છે. આ ઔષધ કાળજાનું અને જરોળના રોગના ઉપચાર તરીકે વપરાય છે.

રનોડી ૧. વિ. જંગલી; રાની; વગડાઉ; વનચર.

૨. વિ. વનકદ; રાનડી; નિર્જન; વેરાન.

રબારે ૧. સ્ત્રી કુબેરની; મોલજ; માતા; દેવી.

લીપું ને ચૂપું આઈ આમલ્લ
પગલાનો પાડનાર થોને રબારે. લોકગીત

૨. સ્ત્રી દુર્ગા

૩. સ્ત્રી. રબારેવ; જનોઈ કે લગ્ન વખતે ટોપલામાં જવારા વાવીને બેસાડવામાં આવતા એક દેવતા ને વિઘ્નવિદારક મનાય છે.

૪. સ્ત્રી. વિધિની પટરાણી.

૫. સ્ત્રી. સૂર્યની સ્ત્રી.

સરજ રબારેનું સૌભાગ્ય હો ! લોકગીત

૬. ન. તામસી સ્વભાવનું માણસ. રબારેને પ્રસન્ન રાખવામાં ઘણી સંભાળ રાખવી પડે છે. તે ઉપરથી તામસી સ્વભાવના માણસોને મશ્કરીમાં કે કટાક્ષમાં રબારે કહેવામાં આવે છે.

રબારેય જુઓ રબારે.

રબારેવી જુઓ રબારે.

રપટ ૧. પું. ૭ ઉંચનો પહોળો પાટો.

રપટ મારવો = પહોળો પાટો મારવો.

૨. સ્ત્રી. કપટ; ઊતાવળી ચાલ; દોટ.

૩. સ્ત્રી. મહાવરો; આદત; ટેવ.

રપટવું ૧. અ. ક્રિ. ઊતાવળી ચાલે ચાલવું; ઘણી ઝડપથી ચાલવું; કપટમાં આવવું.

૨. અ. ક્રિ. કપટવું; કપસી જવું.

૩. સ. ક્રિ. કોઈ કામ ઝડપથી પૂરું કરવું.

૪. સ ક્રિ. વારે વારે બોલવું; રટણ કરવું.

પુરુષનો પગ જેઈ નર ચાલે, રાવને વિવસ રપટવા.
કેશવકવિ

રપટાવવું ૧. સ. ક્રિ. જલદી કામ પૂરું કરે તેમ કરાવવું.

૨. સ. ક્રિ. દોડાવવું.

૩. સ. ક્રિ. ઘરોઢાવવું; સખત કામ કરે તેમ કરવું.

૪. સ. ક્રિ. કપસાવવું.

રપટાવું અ. ક્રિ. ઝડપભેર દોડવું; રપટે તેમ થવું.

રપડો પું. બી ઢાંકવા માટે ઢંતાળ પાળી ફેરવવામાં આવતું મોટું કળિયું; ખેતીનું એક ઓજાર.

બીજ વાવ્યા પછી રપડો ફરે છે, તેથી બીજ ઉપર માટી પથરાય છે. ખેતીવાડી પુસ્તક

રપત સ્ત્રી. ત્રાસ; દુઃખ; પીડા.

રપાટી ૧. સ્ત્રી આંટો; ફેરો; જવું આવવું તે.

રપાટી દેવી–મારવી–લગાવવી = (૧) આંટો આવો; ફેરો મારવો. (૨) દોડી જવું.

૨. સ્ત્રી. ઝપાટી; ઝડપી; એકદમ દોડ મૂકવી તે; લાંબી દોડ.

૩ સ્ત્રી. રપેટવું કે ચાલવું તે.

૪. સ્ત્રી. સખત કામમાં લેવું તે; રપેટી

રપાટીમાં લેવું = (૧) ચાલવું. (૨) બરાબર કામમાં લેવું; રગડવું; ખૂબ મહેનત કરાવવી.

રૂપેટવું ૧. સ. ક્રિ. દોડી જવું; હડી કાઢવી; રૂપેરી મારવી.

૨. સ. ક્રિ. ખૂબ ગેરલાભ દોડાવવું; ખૂબ રગડવું; હાંકવું.

૩. સ.ક્રિ. ખૂબ મહેનત કરાવી થકવવું; ખૂબ કામ લેવું; શક્તિ ઉપરાંત કામ કરાવવું.

રૂપેટી જુઓ રૂપાટી.

રૂપેડો જુઓ રૂપાટી.

રૂપોલિયું ન. ખેતરમાં વખતો વખત રોપ કાઢી રોપવું તે.

રૂફ ૧. સ્ત્રી. તાજા પાણીની એક જાતની નાની માછલી તે બે ઇંચ જાંબી હોય છે અને તેને એક ગલ હોય છે

૨. સ. પરપ અને ઓરિસ્સામાં માલૂમ પડતું એક નાનું પક્ષી. તે ઠંડી ઋતુમાં ભૂમધ્ય સમુદ્રના પ્રદેશ તરફ જાય છે. તે બાર ઇંચ જાંબુ હોય છે અને તેનાં પીળાં જૂરાં, કલગી અને કાળાં હોય છે,

૩. વિ. કાચું.

૪. [અ.] વિ. અરબસ્તાનું.

૫. વિ. જંગલી; અસભ્ય; રીતભાત વગરનું.

૬. વિ. નમૂના પ્રમાણે બનેલું.

૭. વિ. કાચું; હલકું

રૂફત ૧. [અ. રુઅ્ત] સ્ત્રી. પ્રીતિ; માયા; સ્નેહ.

૨. સ્ત્રી. મહેરબાની; અભ્યાસ.

રૂફતે રૂફતે [દ્વા. રૂફતા] અ. આરતે આરતે; હળવેહળવે; ધીમેધીમે; ધીરધીરે; ધીરેધીરે.

રૂફાઈ ૧. [અ. રુઅ્ઝ (ઊંચું કરવું)] સ્ત્રી. આત્મબલિદાન; પોતાની જાતને અર્પણ કરવી તે; આત્મસમર્પણ.

મહારું નામ બે સોપી, તુરત પી બે ઝુકીથી હું,
મનમના હાથની છેલડી, હકીકતની રૂફાઈ છે.
મણિલાલ નભુભાઈ

૨. સ્ત્રી. ઉન્નતિ; ઉત્કર્ષ

૩. સ્ત્રી. પ્યાલી પીવાની ક્રિયા; ગળામાં, પેટમાં, તથા આંખમાં દૂધ ખાનાર કે ભરી જોકનાર રૂફાઈની પ્યાલી પીએ છે અને તે પ્યાલો પીવાની ક્રિયાને રૂફાઈ કહેવાય છે.

૪. સ્ત્રી. મુસલમાન ફકીર ચપ્પુ, સોયો વગેરે કરીરમાં ભોંકે છે તે ક્રિયા.

૫. સ્ત્રી. મુસલમાન સુન્ની ફકીર અને ખોજાની એક નામની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું

રૂફાઈલ જુઓ રૂફાઈ.

રૂફાદાદ [અ.] પું નકી કરવું તે.

રૂફાદાદે હિસાબ = હિસાબની ચોખવટ કરવી તે.

રૂફીક (રૂફીક) ૧. [અ.] પું. આર્કષણ; સોબતી; દોસ્ત; મિત્ર.

અય મે રફીક! હું કેમ ખોલું.
એ જેહ માસ દિલનો. અખાડી

૨. પું. મદદ કરનાર માણસ.

રૂફૂ [અ.] વિ. નાશેલું; પલાયન કરી ગયેલું

૧. રૂફૂ કરવું = ઉઠારી દેવું; ચોરી કરી જઈ જવું.

૨. રૂફૂ થઈ જવું = નાસી જવું; પલાયન કરી જવું.

રૂફૂચક્કર ૧. સ. જનુમાનું નાસી જવું તે; ગુમપણે કપલાસેય નાસી જઈ અદશ્ય થઈ જવું તે.

૨. સ. દાવપેચ; પ્રપંચ; કાવતરું; ખૂટ; રિપુચક્ર.

૩. સ. ચોરીથી થયેલી હાનિ કે નુકસાન.

૪ વિ. અચોકસ મનજનું; ચાયલ; ખોડું; ઉંધું.

૫. વિ. અદૃશ્યપેલું; અદશ્યપેલું.

૬. વિ. પલાયન કરી ગયેલું.

રૂફૂચક્કર કરી જવું–થઈ જવું = છપ્પાછપ નાસી જવું; પલાયન કરી જવું; અબર પડે નહિ તેમ અસી જવું; ભાગી જવું; ઘટકો જવું; અમિયારા ગણવા.

રૂબૂ (રૂબૂ) ૧. [અ.] પું. તૂણ્યથી જોઇલું જે નવું બરેલું દેખાય તેટલું તે.

૨. પું. ગુજરાતમાં જ્યાં ઘટપું હોય ત્યાં બીજા દોરા ભરી લેવા તે; તૂણવું તે; વણાટ પેટે દોરા ભરી લેવા તે; તૂણવાનું કામ

રૂબૂ કરવું = તૂણવું. સાધવું; ગુજરાતના કાટેલા કે તણાયેલા ભાગમા તેના જેવા જ તાર નાખી વણવાના જેવું કરી લેવું. ગુજરાતમાં વાણાતાણા જેવા તાર નાખવા.

રૂબૂગર ૧. [અ.] પું. તાર કે દોરા નાખી આપનાર માણસ; દોરા તૂણનાર પુરુષ. તૂણિયો.

૨ વિ. આડાઅવળા દોરા નાખી તણાયેલા તાર સુધારનાર કે કાટેલું દુરસ્ત કરનાર.

રૂબૂગરી ૧. [અ.] સ્ત્રી. તૂણવાનો ધંધો; દોરા તૂણવાનું કામ.

૨. સ્ત્રી. રૂબૂગરનું મહેનતાણું.

રૂબૂડી (રૂબૂડો) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનો છોડ જમીન ઉપર પથરાયેલો હોય છે તેને રાતી ઝાડોડી પણ કહે છે. ઉદરરોગ તથા હરસ ઉપર તેનો ઉપયોગ થાય છે.

રૂબેરૂબે ૧. સ. ઝિલમિલ; વેરવિખેર; હતું ન હતું તેમ.

એ રાહ પટીમાલ સરતહીને મહેરબાનીથી કેરતની સંભાળ ન લીધી હોત તો કેરત અને ધર્મ રૂબેરૂબે થઈ ગયો હોત. પુરાવત્ત

૨ જુઓ રૂબેરૂબે

રૂબેરૂબે ૧ [હિ.] સ્ત્રી. કબજિયાની પતવણી; તોડફોડ; નિવેડો; નિકાલ; નિરાકરણ.

૨. વિ. આમતેમ વિખેરી નાખેલું; બેદાનબેદાન; ભેગટસુગટ; આધુપાધું; ઊંધુચત્તું; ઝિલમિલ; નામનિશાન વગરનું.

૩. સ. કનાકાતિયા; પાયમાલ; બરાબરબસ્ત; અસ્તવ્યસ્ત; વેરવિખેર.

૧. રૂબેરૂબે કરવું = નાશ કરવો; હતું ન હતું કરવું.

૨. રૂબેરૂબે થવું = ધૂળધાણી થવું; પાયમાલ થવું.

રૂબોરૂ અ. ઓડો; દેખરેખ; રક્ષણ.

રૂમ્તાર ૧. સ્ત્રી. બોલાની ચાલ.

૨. [દ્વા. રફ્તન (જવું)] સ્ત્રી. ચાલ; રીતભાત; વર્તન.

૩ સ્ત્રી રીતરેજની રમતમા ચાલવું તે.

૪. સ્ત્રી. હાલવાની ચાલ; ગતિ.

રબ ૧. [અ. રબ્બ] પું. પરમેશ્વર; પરમાત્મા; પરવરદિગાર; ખુદા; પ્રભુ; ઈશ્વર.

૨ વિ. પાલનપોષણ કરનાર.

રબ્બાઝબ વિ. તરબોળ; તાન બીજાઈ ગયેલું.

રબ્બર (રબ્બર) ૧. સ્ત્રી. ઝાડ; કેરો.

૨ [હિ.] સ્ત્રી. ઝાડ

૩. સ્ત્રી. પ્રરબી; કાકવા; રાબડુ.

૪ સ્ત્રી. આબાકૂદ.

રબ્બડી (રબ્બડી) [હિ.] સ્ત્રી. દૂધને બાળી તેની તરની બનવાની મીઠાઈ; આસુંદી; સારી રીતે ઉકાળેલ જાડું દૂધ.

રબ્બડવું (રબ્બડવું) ૧. સ. ક્રિ. કરવું; ઘૂમવું.

૨. સ ક્રિ. કોઈ પ્રવાહી પદાર્થમાં કડછી કે કોઈ વસ્તુ નાખીને ચોતરફ ફેરવવું.

૩. સ. ક્રિ. ભલાવવું; ફેરવવું; ઘુમાવવું.

રબ્બર [અં.] સ. એક જાતના ઝાડના રસમાંથી બનતો પદાર્થ તે સીસાપેનના ડાબા કાઢવામા વપરાય છે. તે સ્થિતિસ્થાપક હોય છે. રબ્બરનું બી તાજું જ વાવવું પડે છે. રબ્બર ટ્રીવેસના વર્ગનું ઝાડ છે. તે તરત ઊગે છે. તે બહુ ઊંચું અને સીધું થાય છે. દક્ષિણ અમેરિકનુ તે મૂળ વતની છે. બ્રાઝિલ, મધ્ય અમેરિકા, પૂર્વપશ્ચિમ આફ્રિકા અને સિલોન વગેરે ઉષ્ણ પ્રદેશમાં

રબરનું ઝાડ થાય છે. બ્રાઝિલનું રબર પારા રબરથી ઓળખાય છે. રબરના ઝાડના થડમાંથી દૂધ જેવા રંગનું ક્ષીર નીકળે છે. તેમાંથી રબર બનાવવામાં આવે છે. ક્ષીરને અંગ્રેજીમાં લેટેક્ષ કહે છે. ઝાડના થડની છાલમાં ચપ્પુ કે છરી વતી કાપ મૂકી તેનું ક્ષીર કલાઈ કે કાચના વાસણમાં ભેગું કરવામાં આવે છે. ક્ષીર એ ઝાડનો નકામો નિરુપયોગી પદાર્થ છે. તેને ઝાડના જીવતા જાળો સાથે કશો સંબંધ નથી. ક્ષીરને હવામાં ખુલ્લું રાખવામાં આવે તો જેમ દૂધમાંથી દહીં બને છે તેમ બની તેનું ઢેકું થઈ જાય છે. ક્ષીરને જમાવવા માટે એસિડ કે એવો બીજો પદાર્થ નાખવામાં આવે છે. તેમાંથી રબર થાય છે. તેનાં રજકણો ક્ષીરનાં દહીંની તરમાં ઉપર આવી રહે છે. તેની ઉપરનો રબર વાળી ઘર જુદો કાઢી લેવામાં આવે છે અને પછી તેને સ્વચ્છ પાણીમાં નાખી રબાર જેવા સાધનથી વલોવી ધોવામાં આવે છે અને બાકીનો ભાગ ફેંકી દેવામાં આવે છે આવી રીતે સાફ કરેલા રબરમાંથી રબરની બિસ્કિટ, રબરનાં ચોસલાં, રબરના કટકા વગેરે બનાવવામાં આવે છે. શીટ રબર અને રબર બિસ્કિટનો બજાર ભાવ વધારે છે. રબર બનાવ્યા પછી બે મહિને સુકાવા લાયક બને છે. કાચું રબર ગરમ પાણીથી ધોવાઈ બે મોટા રોલ વચ્ચેથી પસાર કરવામાં આવે છે. તે વખતે તેની સાથે ગંધક અને બેરિયમ સલ્ફેટ વગેરે દ્રવ્યો ભેળવાય છે. રબરને કાચું બનાવવાને માટે તેને ગંધક સાથે મિશ્ર કરી, તે મિશ્રણને બંધ ઓઘાની ઠોડીમાં અધો કલાક સુધી ૧૪૫°થી ૧૫૦° સુધી તપાવવામાં આવે છે. સામાન્ય ઇન્ડિઆ રબર કરતાં ગંધકમિશ્રિત રબર વધારે કઠણ હોય છે. બજારમાં સામાન્ય ઉપયોગનું રબર આવે છે તેમાં ૧૨થી ૬૦ ટકા સુધી ઇન્ડિઆ રબર હોય છે. પારા રબર સારી ઉત્તમ જાતનું મનાય છે. તે ક્રિસમસની સપાટીથી ૨૦૦ ફૂટની ઊંચાઈ સુધીમાં તેનું વાવેતર થઈ શકે છે. પણ વરસાદ ૭૦ ઇંચથી ઓછો આસે નહિ તથા ગરમી ૬૦થી ૭૦ અંશથી વધારે ન હોવી જોઇએ. પારા રબરનાં બીજ નાનાં સોપારી જેવડાં ને સખત હોય છે. સીરા રબર પારા રબર કરતાં વધારે સુંદર હવામાં થાય છે. સીરા રબરના બીજા જોગાનની શક્તિ લાખો વખત સુધી રહે છે. બીને બેઉ બાજુથી ઘસવાથી જરા વસી ઘાઢવાથી તુરત ઊગે છે. સીરા રબરના એક વરસ જૂનાં બી પસંદ કરવાં. રામબોંગ રબરનું ઝાડ બહુ મોટું થાય છે. તેને ડાળીમાંથી વડની માફક વડવાઈ ફૂટે છે. વડવાઈ તથા થડ બેઉની છાલ ઉપર તેમાંથી ક્ષીર ઝરી રબર બનાવાય છે. બીમાંથી તેનાં નવાં ઝાડ થાય છે અથવા તેના કટકા વાવી નવાં ઝાડ કરાય છે. બાહ્રમિસ રબરના રોપ ઘણા વિનાના હોય છે. તેના મૂળમાં ક્ષીર થાય છે. તેમાંથી રબર બનાવાય છે. આ ઝાડ ફક્ત બ્રિટિશ સેન્દ્વીચ આફ્રિકામાં થાય છે. આ રૂઢ કે મૂળમાંથી કાઢેલું રબર કહેવાય છે. તેનાં નવાં ઝાડ મૂળની ગાંઠ રોપવાથી થાય છે. આપણા દેશમાં જ્યાં ગરમ હવા, ઠાઢ ઓછી અને ૭૦ ઇંચ વરસાદ પડે છે ત્યાં પોચી ફળદ્રુપવાળી જમીનમાં આ રબર વવાય છે. હમણાં અમેરિકામાં કૃત્રિમ રબર તૈયાર થવા લાગ્યું છે. અમેરિકની ગુનાઇટેડ સ્ટેટ્સ ન્યુગે નામની સરકારે ગાયના દૂધમાંથી આજસુધીમાં અનેક રાસાયનિક પદાર્થો બનાવ્યા છે. હવે તેણે દૂધમાંથી રબર જેવા પ્રોટીન પદાર્થો પણ બનાવી શકાય છે એમ જાહેર કર્યું છે. દૂધમાંથી દહીં અને કેસીન બને છે. તેના પર રાસાયનિક ક્રિયાથી લેક્ટિક એસિડ બને છે. લેક્ટિક એસિડમાંથી પોલીમેથાસેક્રાઇડ નામનો પદાર્થ બને છે. એ સફેદ અને પારદર્શક હોય છે. એ પદાર્થમાંથી રબરની પેંસિ નાની મોટી અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે સાબુન્ડ અને વાર્નિશના રંગ વગેરેમાં તેનો પણ ઉપયોગ થાય છે.

રબરહાયર [અં.] ન. રબરથી મઢેલું પૈડું.

રબરવેલ સ્ત્રી. એક જાતનો વેલો. તે બહુ ઝાડી ચાળુ જેવી શાખાઓવાળો દુબાળો થાય છે. તેનાં પંટાકાર ગુલાબી રંગનાં ફૂલ આવે છે. તેનું ક્ષીર રબરની માફક જામી જાય છે. આ વેલો કચ્છમાં જ્યાં ત્યાં થાય છે.

રબરસ્ટેમ્પ [અં. રબરસ્ટૅમ્પ] પું. રબર ઉપર નામના ઊંધા અક્ષર પાડેલી છાપ. જ્યારે તે છાપે ત્યારે નામ સવળું છપાય છે

રબલ [અં.] ન. ટોળું, કચરા.

રબાબ [ફા.] ન. એક જાતનું તંતુ વાદ્ય; એક હોરીનું કે એકતારવાળું ત્રિશિષ્ટ વાદ્ય; સારંગી; રબાબ.

વાહ પખાજ રબાબ વાસળી,
વાન મેલાવે નંદનો વાદ્ય. નરસિંહ

રબાબી [ફા.] પું. રબાબ વગાડનાર માણસ.

રબારણ સ્ત્રી. રબારી જાતિની સ્ત્રી; ભરવાડણ; રાયકાની સ્ત્રી; રબારીની બહુ; ગોપી.

રબારી ૧. પું. પશુપાલનવાળો ગોવાળ; આહીર; ભરવાડ; રાયકો; ગોપ; ભરવાડ જેવી એક જાતનો માણસ.

૨. સ્ત્રી. ગાયો, ભરવાં, ભેંસો વગેરે દુધાળ પશુ રાખનાર અને પાળનાર એક જાતિ. આ જાતિ આખા સૌરાષ્ટ્ર પ્રાંતમાં અને મુંબઈરાતના કેટલાક ભાગમાં છૂટી છવાઈ વસેલી છે. પરંતુ મોટો ભાગ તો ભરડા તથા ગીરના કુંભરમાં વસેલો છે. કર્નલ વોકર રબારી કોમને પ્રાંતના મૂળ વતની માને છે. પરંતુ રબારીઓ પોતાને મારવાડમાંથી ઊતરી આવેલ ગણે છે. આ કોમ નીતિમાં કડક હોય છે તે ચોરીની અમલ્યા અને મર્યાદા ખૂબ જાળવે છે. તેમનું ગૃહજીવન એકંદર સુખી હોય છે. પુરુષ કરતાં સ્ત્રી વધારે ચાલાક અને વ્યવહારુ હોય છે. આ કોમ મજબૂત અને કદાવર બાંધાની હોય છે. રબારીઓ મલાઈ માતાને પૂજે છે. તેમના ચાર મહ અડિંદર, ઓજ, રોઝ અને આંગરોળમાં છે. આ કોમ બહુ ભાગે જ ઓળે છે. વેમ જ ઇષ્ટદેવના સોગન પાળે છે

રબારેણ જુઓ રબારણ

રબ્બિમ [અં.] ન. પ્રતિકૃતિ; નકલ.

તેનું ફક્ત એકજ રબ્બિમ રાજકોટના વૉટસન મ્યુઝિયમના સંગ્રહમાં છે. પ્રજાતત્ત્વ

રબ્બી ૧ પું. ભેજ, ઝાકળ અને તાપથી થતો ચિકાણુ પાક; રવીપાક; વસંત ઋતુમાં તૈયાર થતો પાક.

૨. [અ. રબીઅ] પું. વસંતઋતુ

૩. સ્ત્રી. અકબરના વખતનો એ નામનો એક સોનાનો સિક્કો. તેની કીમત આઠતાળીના સોળા જાગની હતી.

૪. વિ. ચિકણું; ભેજ, ઝાકળ અને તાપથી ઊગેલું તથા પાકેલું.

રબ્બી ઉલ અવ્વલ [અ.] પું. હિજરી સનનો ત્રીજો મહિનો. તેનો નવમો અને બારમો દિવસ તહેવાર મનાય છે.

રબ્બી ઉલ આખર [અ.] પું. હિજરી સનનો ચોથો મહિનો

રબ્બીપાક પું. આખર પાક; ચિકાણુ પાક.

રબ્બીલ ન. એક પ્રકારનું પક્ષી. તેની પાંખ ભૂરી, માથું અને છાતી સફેદ, ચાંચ કાળી અને પગ ખાખી રંગના હોય છે. તે હિમરમણના કિનારે મદ્રાસથી આસામ સુધીમાં મળી આવે છે. તે ઝાડીઓમાં માળા બનાવે છે અને એપ્રિલથી જૂન સુધીમાં બેથી પાંચ ઈંડાં મૂકે છે.

રબોડવું (રબોડનુ) ૧. સ. ક્રિ. અતિ સંકોચ કરવો.

૨. સ. ક્રિ. વધારે પડતો ઉપયોગ કરવો.

રબ્બડ (રબ્બડ) જુઓ રબ્બર.

રબ્બર જુઓ રબ્બર.

૨૭૬ [સં.] સ. ક્રિ. (ધાતુ) રાજી કરવું. તે ઉપરથી આરંભ, આરંભિત, અનારંભ વગેરે શબ્દ બનેલા છે.

૨૭૬ું (૨૭૬ું) વિ. ભાડું; રમૂજી.

૨૭૬સ ૧. [સં.] પું. અવિચાર, આજ્ઞાપાલનનો વિચાર ન કરવો તે.
૨. પું. આનંદ; હર્ષ; ઉત્સુકપણું; હર્ષનો ભરાટ; ખુશાલીનું ગાંડપણ; ભરાભરણ; અતિહરખની અધીરતા; ઔત્સુક્ય; પ્રેમોત્સાહ.
૩. પું. એ નામનો એક રોષકાર.
૪. પું. ગુસ્સો; ક્રોધ.
૫. પું. પશ્ચાત્તાપ.
૬. પું. પૂર્વાપર કે કાર્યકારણનો વિચાર.
૭. પું. ભણ; ઉક્તિ.
૮. પું. (પુરાણ) રામની સેનામાંનો એ નામનો એક વાનર
૯. પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.
૧૦. પું. વેગ; ઉતાવળ; ત્વરા.
૧૧. પું. શત્રુએ ચલાવેલા અસ્ત્રને નિષ્ફળ કરવાની વિધિ. તે વિશ્વામિત્રે રામચંદ્રને શિખવાડી હતી.
૧૨. પું. સંભ્રમ; ખોટો ખ્યાલ.
૧૩. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર રૌદ્રનો પુત્ર. તેને ગંભીર નામનો પુત્ર હતો.
૧૪. વિ. ઉગ્ર; ભરમ.
૧૫. વિ. ઉતાવળિયું; વેગવાળું.
૧૬. વિ. બળવાન.
૧૭. વિ. હર્ષવાળું; ઉત્સુક.

૨૭ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) આનંદ મેળવવો; પ્રસન્ન થવું.
૨. અ. ક્રિ. આરામ લેવો.
૩. અ. ક્રિ. ખુશ થવું.
૪. સ ક્રિ. ખેલવું; રમવું. તેના ઉપરથી રમ્ય; રમણીય, રમણ, રમણી, રમા વગેરે શબ્દ બનેલ છે.
૫. અ. ક્રિ. મગ્ન રહેવું.
૬. સ. ક્રિ. સંકોચ કરવો; ક્ષોભ કરવો; ખિન્ન કરવો.

૨૭ ૧. પું. આનંદ
૨. [અં.] પું. એક જાતનો પીવાનો કેફી દારૂ. તે શેરડીના રસનો માવો કરી, ખમીર નામના પદાર્થ સાથે નાખી, ઊકાળી આણી માણ લેવાથી થાય છે. હલકી જાતનો રમ તાજા શેરડીના રસને વાસણમાંથી ઉપરથી તારવીને કાઢી લેવાથી થાય છે. ફ્રાન્સમાં બીટના રસમાંથી તે થાય છે. તેમાં નાખેલી ખાંડ નાખવાથી રમ આવે છે. તેની સુગંધ તે જેમ વધારે રહે તેમ વધે છે. જમૈકા અને માર્ટિનિક રમ બનાવવાનાં મુખ્ય મથક છે.
૩. પું. કેફ કરતું પદાર્થ; ખિન્નતા; ખિન્નતા; ખતિ.
૪. પું. કામદેવ.
૫. પું. પ્રેમી; આશક.
૬. વિ. આનંદ આપે તેવું; આનંદદાયક.
૭. વિ. પ્રિય; વહાલું.
૮. વિ. સુંદર.

૨૭ ૧. પું. ભરાર; ઉપપતિ.
૨. પું. પ્રેમી; આશક.
૩. [અ.] સ્ત્રી. જીવનની છેલ્લી ઘડી; અંતિમ શ્વાસ.
૪. સ્ત્રી. તરંગ; મોજું.
૫. સ્ત્રી. ઘોડામાં ઘોડે ચાલ.
૬. સ્ત્રી. નસાની ચોડી અસર.
૭. સ્ત્રી. રમતગમતમાં વાગતાં ઝાંઝરનો ઝમઝમાટ.
૮. સ્ત્રી. હલકો પ્રલાપ.
૯. વિ. રમતિયાળ.

૨૭૭ ૧. સ્ત્રી. ઝણકાર; ઝમઝમાટ.
૨. સ્ત્રી. ઝાંઝર રમઝમ કરે તેમ વરસાદી માલવું તે; રમઝમ ઝાલવું તે; રમઝીલ ઝમઝમાટ; રમતગમતમાં ઊપડતા અને મુકાતા પગને લીધે વાગતાં ઝાંઝરનો સુસ્વર; મજેનો ઝમઝમાટ; ઝાંઝરનો ઝણકાર.
૩. સ્ત્રી શોભા; સૌંદર્ય.
૪. અ. રમઝમ અવાજ થાય તેમ.

૨૭૬ું (૨૭૬ું) ૧. સ. આનંદી માણસ; રંગીલું માણસ; હસમુખો કે ખુશામિલજી માણસ.
૨. સ. રેખાવટી તાકાવટી નજરી ચીજ; જેની ખરેખરી કોઈ કિંમત નહિ પણ માત્ર જોઈને ખુશ થવાની વસ્તુ.
૩. સ. નાનાં છોકરાંને રમવાની વસ્તુ; ખિલોના; ખેલવાનું; માટી, કાચ કે લાકડું વગેરેને બનાવેલો પૂતળા જેવો કે બીજો કોઈ ઘાટ; પૂતળું; બાવલું; બાળક ખુશી થાય અને વખતે રમે તેવી વસ્તુ કે બનાવટ.
૪. સ. મન ખીલે કે આનંદ પામે તેવી ચીજ કે માણસ; પ્રિય ચીજ કે વ્યક્તિ.
૧. રમકડું થઈ રહેવું-પડી જવું-પડી રહેવું = રમકડાની જાતે કોઈને વશ રહી જેમ તે ખેલાવે તેમ ખેલવું; બીજાને વશવર્તી રહેવું; બીજા આધીન થઈ રહેવું; રમકડાં જેવું પરવશ થવું કે નચાવે તેમ નાચનાર થવું.
૨. રાજનું રમકડું = રાજાને ગમે તે પ્રકારે રાજી રાખનાર માણસ.

૨૭૬ાવવું ૧. સ. ક્રિ. ઉતાવળથી આમતેમ જલ્દી ત્વરાથી જતા રહેવું.
૨. સ. ક્રિ. જોરથી મારવું કે ઝમાવવું.
૩. સ. ક્રિ. ધમધું; વહવું.
૪. સ ક્રિ. ખેસારવું; ચોડવું; જડવું.

૨૭૬ો પું. ઠમઠો; રમૂઝર.
ગેપુરિયાનો રમઝટે ને ઝમકો રે વાજે.
નરસિંહ

૨૭૬ાણ ૧. સ. તકરાર; ઝપાઝપી.
૨. સ. તોફાન; ધાંધલ; મારફાડ; મારામારી.
૨૭૬ાણ ઉડાવવું-મચાવવું-માંડવું-વાળવું = ધાંધલ મચાવવું; મોટું તોફાન, કોલાહલ કે ઝેર કરવાં.
૩. સ. નાશ.
૪. સ. નાશભાગ; મારામાર અને ખેંચતાણ જેવું થવું તે.
૫. સ. બંડ; વિપ્લવ; ફુલ્લક.
૬. સ. યુદ્ધ; લડાઈ; ધિંગાણું; જંગ.

૨૭૬ાણિયું વિ. તોફાની; મસ્તીખોર; રમઝાણ કરવાની ટેવવાળું; રમઝાણ મચાવે તેવું.

૨૭૬ાવવું સ. રમવા પલાળવાનું લાકડાનું સાધન; સુતારનું લાલ માટી રાખવાનું વાસણ; રંગેળિયું; રમણિયું.

૨૭૬ી સ્ત્રી. એક જાતની લાલમાટી; સોનાગેરુ; રંગી. રમણ.

૨૭૬ેટ જુઓ રમઝટ.

૨૭૬ાન [અ. રમઝ (તેણે બાનું).] પું. હિજરી સનનો નવમો મહિનો. આ મહિનામાં મુસલમાનો ચુસ્તપણે રોજના રોજી ઉપવાસ કરે છે. તેથી તેમનાં પાપ બળી જતાં મનાય છે. જ્યારે આ પવિત્ર મહિનો પ્રથમ આવ્યો હતો ત્યારે ઉનાળામાં આવ્યો હતો. તે ઉપરથી પણ આવું નામ પડ્યું હોય એમ સંભવ છે. આ માસના સત્તાવીસમે દિવસે ગુજરાતી કુન્હા દેખે છે. આ માસના ત્રીસમીએ, એકત્રીસ અને ચોત્રીસમે દિવસે જે કુન્હા મુજરવામાં આવે છે તે બધી અસરકારક છે એમ મનાય છે.

૨૭૬ાન ઈદ જુઓ. રમજાન માસનો ઉત્સવ દિવસનો તહેવાર.

૨૭૬ાનવાળું જુઓ રમજાનિયું.

૨૭૬ાનિયું વિ. રમજાન મહિનામાં ઉપવાસ કરનાર; રોજા પાળનાર.

૨૭૬િયું જુઓ રમઝિયું.

૨૭૬ી જુઓ રમઝી.

રમઝોઽ (રમઝેડ) જી જોના પગનુ ઝેઽ ઘરેણું.

રમઝટ ૧. સ્ત્રી. ઝેાત.નઃ મઝગૂલપણું; તલ્લીનતા.

૨. સ્ત્રી, ઝડી; પૂરજોસમ. તડામાર ચાલતી ક્રિયા; જમાવટ.

ઘરદ ઋતુમા રાસની **રમઝટ** જામી હરી
શીતળજેવિદ

૩. સ્ત્રી. વાદ્યમાતુર્ય; બોલવાની છટા; ઝલક.

૪. સ્ત્રી. વાદવિવાદ; તકરાર.

રમઝમ ૧. સ્ત્રી. આનંદ; ઝિલ્લોલ.

વાલા **રમઝમ** કરતા ઢાલ મારે ઘેર આવો રે
મુક્તાનંદ

૨. સ્ત્રી. નૂપુરનો અવાજ; ઝટકદાર ચાલ ચાલતા વાગતાં ઝીણી ઘૂઘરીઓવાળા ઝાંઝરથી થતો ઝણત્કાર

૩. વિ. રમઝમ અવાજ કરતું; વાગતુ.

૪. ક્રિ. વિ. રમઝમ અવાજ થતો હોય તેમ

રમઝમવું ઽ. ક્રિ. રમઝમ અવાજ થવો.

રમઝમાટ પું. ઊતાવળી ચાલથી થતો ઝાંઝરનો રમઝમ અવાજ; રમઝમ.

રમઝમાટી જુઓ રમઝટ.

રમઝર ન. સ્ત્રીઓને પગમાં પહેરવાનુ રૂપાનું તોડા તથા કડલાના પાટનું ઘરેણું.

રમઝાન (રમઝાન) જુઓ રમજાન.

રમઝાન ઈદ (રમઝાન ઈદ) જુઓ રમજાન ઈદ.

રમઝોલ ન. પગમાં પહેરવાનુ ઝાંઝર; નૂપુર.

રમઠ ૧. પું. એ નામનો ઝેઽ પ્રાચીન દેશ.

૨. પુ. એ નામે દેશનો વતની કે રહેવાસી.

૩. [સ.] સ્ત્રી. વખારણી; ફિગ; પેટની અંદર ખોવાયેલા પવનને નીકળવાનો રસ્તો ન મળતો હોય તેને મુદ્રા આસને વખારણી રસ્તો આપે છે માટે તેને **રમઠ** કહે છે.

રમઠાળિયું વિ. બેકોળ; ઘાટઘૂટ વિનાનું; અઘડપટું.

રમઠાણ પું. ઝેઽ જાતનો મોટો ઢોલ.

રમણ ૧. પું. અરબસ્તુનુ ઝેઽ નામ.

૨ પું. એ નામનો જાહમલી દ્વીપનો ઝેઽ ખંડ. સુસેચન, ઝૌમલસ્પ, **રમણક** દેવવર્ષ, પરિજાત, આપ્યાયન અને વિજ્ઞાન એ નામના જાહમલી દ્વીપના સાત ખંડો છે. ભાગવતી ભાગવત

૩. પું. કામદેવ.

૪. પું. મધેડો.

૫. પું. (પિંગળ) ત્રણ અક્ષરનો ઝેઽ અક્ષરમેળ છંદઃ **રમણી**ઃ રમુનાઃ રજની. તે પ્રતિજ્ઞા છંદનો ઝેઽ ભેદ છે. તેના દરેક ચરણમાં ઝેઽ સગણ હોય છે.

સગણી, **રમણી**. સ્ફુપિંગળ

૬. પું. (પુરાણ) ધર નામના વસુનો ઝે નામનો ઝેઽ પુત્ર.

૭. પુ. પતિ; વર; સ્વામી; કાંત.

જીને રતિ આપવાથી તે **રમણ** કહેવાય છે.
ભાગવતી ભાગવત

૮. પું. (પિંગળ) પંદર અક્ષરનો ઝેઽ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો ઝેઽ ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, જગણ, નગણ, અને જગણ મળી પદર વર્ણ આવે છે.

ચરણ **રમણ** વિષે ન ન જ ન જા ધર.
સ્ફુપિંગળ

૯. પું. પ્રેમ કરનારો પુરુષ

૧૦. પુ. ભગદ.

૧૧. પું. લીમડાનું ઝાડ.

૧૨. પું રમણ; અંડકોશ

૧૩. ન. (વિકલ્પ) ઉત્તરમાં ટોટી અને દક્ષિણમાં ઓરીવાણ ઘર.

જગધરની ડાબી તરફ અભડાં આવે તો તે **રમણ** ઘર થાય. રાજનિઘંટુ

૧૪. ન. રમતઃ ગમ્મતઃ ખેલઃ રમવુ તેઃ ખેલવુ તે.

૧૫ ન. રમતનો ઉન્માદ; રંગમાં ઉશ્કેરાઈ જવું તે.

રમણે ચડવુ = (૧) કેફરોટ પામવુ; મનને જરૂરી તેવી મહેનત કરી કોઈ પણ રીતે સમાધો કરવાના બેરસામાં આવવુ; ઊશ્કેરાવુ (૨) કોઈપણ જાત વિના વખત આળસમાં પસાર કરવો. (૩) પેલાના જેવુ આપે ત્યાં સુધી બેરસામાં આવવુ; ઝેડેબ કે વાયેલ તબિયતનું થવુ. (૪) મન ઉપનો કાબૂ ગુમાવવો. (૫) રમતમા પેદું થવુ.

૧૬. ન. વિલાસઃ ક્રીડાઃ ભેલિઃ લીલા

૧૭. ન. સ્ત્રીપુરુષની ક્રિયા; મૈથુન.

૧૮. વિ. જેના અગવાથી આનંદ થાય તેવું; પ્રિય; વહાલું.

૧૯. વિ. રમનાર.

૨૦. વિ. સુંદર; મનોહર

સુભગ સુખદ રુચિર રુચિરને કાંત કમ્ર કમનીય;
રમ્ય સુપેરાલ સાલ ચિત્તહ રામ **રમણ** રમણીય.
ચિંતામણિકોષ

રમણક ૧. [સં.] પું. (પુરાણ) જબુદ્વીપના આઠ ખંડોનો ઝેઽ ઉપદ્વીપ. કૃષ્ણે કાલીનાગને યમુનામાંથી કાઢીને આ દ્વીપમાં મોકલ્યો હતો.

સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, **રમણક**, મંદર, હરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા એ આઠ જબુ દ્વીપની અંદર ઉપદ્વીપ છે.
ભાગવતી ભાગવત

૨. પુ. (પુરાણ) પુષ્કર દ્વીપના વર્ષ સંતાવાળા બે ખંડોનો પહેલો ખુલાસ.

૩. પું. (પુરાણ) પ્રિયવ્રતપુત્ર મીતિહોત્રના બે ખંડોનો મોટો પુત્ર

૪. પું. (પુરાણ) પ્રિયવ્રતપુત્ર યજ્ઞબાહુના સાત ખંડોનો ત્રીજો પુત્ર. તેનું વર્ષ પણ તેના જ નામે પ્રસિદ્ધ છે.

૫. પું. (પુરાણ) ગીતહોત્રનો પુત્ર.

૬. પુ. (પુરાણ) રાજમલ્લા દ્વીપના સાત ખંડોનો વર્ષ સંતાવાળો બીજો ખુલાસ.

૭. ન. (પુરાણ) જબુદ્વીપનાં નવ ખંડનું એક વર્ષ.

૮ ન] ન. પટોલમૂળ

રમણકદ્વીપ [સં.] પું. મહાભારતમાં જણાવેલ એ નામનો દ્વીપ.

રમણકાલ પું. વિષય ભોગવવાનો વખત.

રમણગમતા [સં] સ્ત્રી. અનુભવના નાવિકાનો ઝેઽ ભેદ.

સંકેતમાં પ્રિયતમતના અનુમાનથી પોતાની અનુપમ સ્થિતિ ઉપર સંતર્પિત થઈને **રમણગમતા** કહે છે. ભાગ્યરા.ગ્ર

રમણદીવડો (**રમણદીવડા**) જુઓ રમણદીવો.

રમણદીવો પું. ઘરમાં ઘરમાં વેવાણો રાખે છે તે દીવડો. શુકનનો દીવો. રામણદીવો.

ઓહ.ડ બાંધ્યો છે માતા દેવકી રે
રમણદીવો મહયો વઈ પરભાત. દયારામ

રમણભૂમારું ૧. ન. માટીનું ભાડું ઢાંકણ.

૨. ન. માટીના ભાડા ઢાંકણ જેવી બેડોળ, ઢબધ્ધ વિનાની કોઇપણ વસ્તુ.

રમણભમણ [*સં. **રમણભમણ**] ન. વેરણછેરણ; આમ તેમ **રમડવું** અને ભમડાવું પડેલુ હોય તેમ; ભરતભમરતા; તલ્લીનપર; ઊલટસૂલટ; અવ્યવસ્થિતપણે.

અંદર મહેમાનો સઘળું **રમણભમણ** કરીને બેઠેલા હતા. ઈચ્છારામ દેસાઈ

રમણભમણ કરવું-કરી નાખવુ = વેરણછેરણ કરવુ

રમણભાઈ નીલકંઠ પું. એ નામના ગુજરાતી ભાષાના ઝેઽ સમર્થ ક.હર. ઈ. સ. ૧૮૬૮થી ૧૯૨૮. આધુનિક ગુજરાતનું પ્રજા જીવન ઘડવામાં, તને પોષ પલ્લવ અને વેગ આપવામા, તેને વિકસાવવામાં તથા તેને સરસારી અને ઉન્નત કરવામાં જે અગ્રગાંઠમા પુરુષોએ પોતાનો ફિસ્સો આપ્યો છે અને તે ઉપર પોતાના અકિતત્વની અને કાર્યની સત્તા છાપ બેસાડી છે તેવા ગુજરાતીઓમા **રમણભાઈનું** સ્થાન માનભર્યું છે. ૧૮૮૬થી એમણે લેખક તરીકેની શરૂઆત કરી અને પ્રાર્થનાસમાજના માસિક 'જ્ઞાનસુધા'નું તંત્રીપદ લીધું. સાહિત્યસેવા ઉપરાત

સંસાર સુધારામાં તે બારે રસ લેતા. આપણા એ સુધારાનું રસપાન એમને અલાયદીમાથી મળ્યું હતું. આપણા કેટલાંક સામાજિક રૂઢિબંધનો અને જ્ઞાતિના રીતરિવાજો, જે વર્તમાન ગુજરાતી સમાજને નિરર્થક તથા નડતર રૂપ થઈ ખડેલા છે તે નિર્મૂલ કરવાને સખત ઉપાય લેવાની જરૂર તેમણે જોઈ, સમયથી ચાલતું આવ્યું છે તેમ કટાક્ષમય લખાણ એજ તેમ કરવાનું ઉત્તમ સાધન છે. તેથી 'બટ્ટબદ્ર' નામની કટાક્ષમય વાર્તા ડિકન્સના 'પિકવિક પેપર્સ' ઉપરથી પ્રેરણા મેળવી તેમણે ગૂંથી. તે પછી લગ્ને ગાળે સને ૧૯૧૨ માં 'રાઈનો પર્વત' નામનું વિધવાવિવાહના સામાજિક પ્રશ્નને ચર્ચતું નાટક તેમણે લખ્યું. ગુજરાત સમારસુધારા મ.ડ., મહીપતરામ બનાયાશ્રમ, બહેરા મૂગાની શાળા, પ્રાર્થનાસમાજ, રેડક્રોસ, મદ્યપાન નિષેધક મંડળ, નર્સિંગ એસોસિયેશન, મેડિકલ રિલીફકંડ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ, તમામ મ્યુનિસિપાલિટિ વગેરે વગેરે મંડળોના મંત્રી, સભ્ય કે પ્રમુખ તરીકે સમાજસેવાની તક તેમણે સાધી હતી.

રમઝમઝમઝ જુઓ રમઝઝમઝ.

રમઝરગડો (રમઝુગડો) પું. ઝટપટો બબડાટ.

રમઝરવું કિ. બહુ બોલું; બકા રમૂળ કરીરબાળુ.

રમઝરેતી સ્ત્રી. મથુરા પાસે આવેલું માટીખાણના વિસ્તારનું એક રમણ.

રમઝવઢના [સં.] કિ. સ્ત્રી. વિલાસો મોહવાળી; જેના મુખ પર રમતિયાળપણું રમતું હોય તેવી.

રમઝાર કિ. રમનારું; રમે એવું.

રમત રામની રે, માંહે રમઝાહારો રામ,
પ્રભુ છે પ્રીતમાં રે, કાઈ એહ ભણે ભેદ.
મુ. સા. પરિષદ

રમણ ૧. [સં.] પું. (પિંગળ) બાર અક્ષરનો એક વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં વંશસ્થ અને ઉપેંદ્રવજ્રા છંદનું મિશ્રણ છે. તેમાં પહેલું, ત્રીજું અને ચોથું ચરણ વંશસ્થનું અને બીજું ચરણ ઉપેંદ્રવજ્રાનું હોય છે.
૨. સ્ત્રી. એ નામની એક દેવી; એ નામે પીઠસ્થ એક શક્તિ. તેનું સ્થાન રામતીર્થમા છે.
૩. સ્ત્રી. રમણી; મનોહર સ્ત્રી; સુંદર સ્ત્રી.
૪. [સં. રમ (ક્રીડા કરવી)] સ્ત્રી સ્ત્રી; પ્રિયા; પત્ની.

રમણિક [સં.] કિ. ખુશી ઉપજાવે તેવું; આકર્ષક, દિવ્ય; આંખને સારું લાગે તેવું; સુંદર; મનોહર; રમણીય; રમ્ય; આલ્હાદક; સુખપ્રદ; પ્રિય; હર્ષજનક; જીવ ખુશ થાય તેવું; રૂપાળું; આનંદદાયી.

રમણિકા [સં.] સ્ત્રી. સુંદર સ્ત્રી.

રમણી ૧. પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, સગણ, નગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
જ સા સ ન ગ થી રચ ઠીક રમણ
રણ્મિત્રણ
૨. પું (પિંગળ) સત્ર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં એક સગણ હોય છે.
૩. પું. (પિંગળ) પંદર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, જગણ, નગણ અને જગણ મળી પંદર વર્ણ આવે છે.
૪. સ્ત્રી. ગમેડી.
૫. સ્ત્રી. ભાષા કે સુગંધવાળા નામનું ગંધદ્રવ્ય.
૬. [સં.] સ્ત્રી. સુંદર અને રમૂજી સુકાન સ્ત્રી, પ્રિયા; મનોહર સ્ત્રી; વિલાસી, ભોગ્યા અને સુંદર સ્ત્રી; ક્રીડા કરાવનારી સ્ત્રી.
તરણી રમણી સુંદરી સીમંતિની પણ હોઈ;
તિમ તુજ સમ ત્રણ બોધમાં દયી વિરંચિ ન કોઈ.
પિંગળપ્રકાશ

૭. કિ. સુંદર; રમણીય; રમ્ય.

રમણિક જુઓ રમણિક

રમણીય ૧. સ્ત્રી. સુંદર સ્ત્રી.
૨. ન. સુવર્ણ; કાંચન; હેમ; સોનું
સુભગ સુપ્રભ કવિ કવિરને કંત રમન રમનીય,
રમ્ય સુપેરાલ જયવિજય સમ રમણ રમણીય.
પિંગળપ્રકાશ
૩. [સં.] કિ. આકર્ષક; મનોહર; મોહક; ચિત્તહારક; મનમોહન; સુખકર; આંખને ગમે તેવું; મન ખુશ થાય તેવું.
૪. કિ. ખૂબીદાર; દિવ્ય; મજાનું.
૫. કિ. સુંદર; રૂપાળું.

રમણીયક પું. (પિંગળ) એ નામનો એક છંદ.
પદર રચનો રમણીયક છંદ પણ ત્રિપુપાજાતમાં વપરાયેલો છે. મુ. સા. પરિષદ

રમણીયતા ૧. [સં.] સ્ત્રી. સાહિત્યદર્પણ અનુસાર એક પ્રકારનું માધુર્ય. તે જ્યારે જ્યારે નવીન રૂપ ધારણ કર્યા કરે છે.
૨. સ્ત્રી. સુંદરતા; શોભા; લાવણ્ય; ખૂબસૂરતી; સૌંદર્ય.
૩. સ્ત્રી. સૌમ્યતા; આંખ અને મનને આનંદ ઉપજાવે તેવી અલૌકિકતા; મનોહરતા; ચિત્તાકર્ષતા; રમ્યતા.

રમણીયત્વ જુઓ રમણીયતા.

રમણીય શિખા પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; પચશિખા. તેના દરેક ચરણમાં બે સગણ, ગુરુ અને ગુરુ મળી આઠ અક્ષરો હોય છે તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે

રમણીરત્ન [સં.] ન ઉત્તમ સ્ત્રી.
મેવાડના જેવા મહારાજ્યને જેટલી સહેલાઈથી ભારી દીધું તેટલી જ સહેલાઈથી હરે તેને, એક અનુપમ રમણીરત્નને ભારી હઈશ
મેવાડની નીરાગના

રમણીરંજક [સં.] કિ. જીને આનંદ આપે એવું; સ્ત્રીજનાનુવર્તી; ઓસન્માની.

રમણીરંજન [સં.] ન. ઓસન્માન; જીને રાજી રાખવી તે; જીને સતોષ આપવો તે.

રમણીલલામભૂતા [સં.] કિ. સ્ત્રી. સ્ત્રીઓમાં રત્ન જેવી બનેલી.

રમણીવૃંદ [સં.] ન. સ્ત્રીઓનો સમૂહ.

રમણું ૧. [સં. રમ્ (રમવું)] ન. ક્રીડા; રમત.
૨ ન દાદર બે ઠેકો હોય તારે વચ્ચે મુકાતું પહોળું પગથિયું.
૩. ન. દારનો બારણાનો ભાગ.
૪. ન. બારસાખમાંનો એક ભાગ.
૫. ન. રમવાની જગા; બાગબું; મેદાનની ખુલ્લી જગા; મેદાન; ચોગાન.

રમણેચ્છા [સં.] સ્ત્રી. ક્રીડા માટેની વાસના.
સ્ત્રીઓમાં રમણેચ્છા વધારે હોય છે એ સાચું છે. અભિનવ કામશાસ્ત્ર

રમત ૧. સ્ત્રી. ખેલ; તમાશો.
૨. સ્ત્રી. યુક્તિ; તદબીર.
૩. સ્ત્રી. રમવાની ચીજ.
૪. સ્ત્રી. રમવાની રીત.
૫. સ્ત્રી. રમવું કે ખેલવું તે; ખુશી કે મોજને માટે જે સ્વાભાવિક હિલચાલ અને ચેષ્ટા કરવી તે; ખેલ; મશ્કરી. શારીરિક તાલીમના આ વિશાળ રાષ્ટ્રવ્યાપી આંદોલનનું ધ્યેય તંદુરસ્ત અને ચેતનવંતા નાગરિકોનો નૂતન સમાજ ઘડવાનું છે પ્રતિવર્ષ દેશના વધુને વધુ યુવકનો રમતગમતોમા ભાગ લે છે. સિત્તેર લાખ સોવિયેત યુવક યુવતીઓ સબળોડ, હતુમાન કૂદકો, શારીરિક તાલીમ, વ્યાયામ, બેદાનોની રમતો અને અસંખ્ય સમવ હરીફાઈઓમાં ઊતરે છે બેસાડીઓની આ જંગી સંખ્યામાં અર્ધોઅર્ધ યુવતીઓ હોય છે. કોમળ ગણાતી નારી માટે રશિયામાં રમતનાં દ્વાર ખુલ્લાં છે. રશિયામાં બધા પ્રકારની રમતો રમાય છે. આમાં હળવી અંતરકસરતો, વ્યાયામ, બરફપર સરકવું, કૂટબોલ, વૉલીબૉલ, બાસ્કેટ બૉલ, ટેનિસ, સાઇકલસવારી, ઘોડેસવારી, તરવું,

નૌકાવિહાર, ચેરેન્ટ્રટમાંથી કૂદવું, બરફોડી, મુક્કાબાજી, પગન ઊંચકવું, મલ્લકુસ્તી, ભૂગોળજ્ઞાન, નિશાનબાજી, શિકાર, મોટર, મોટરસાઇકલ સવારી, મોટરબોટ ચલાવવી, પર્વત પર ચડવું વગેરે પચ્ચાસ જેટલી રમતો લોકપ્રિય છે. અંગકસરતની હરીફાઈઓ થાય છે. તેમાં વિજયપદક પણ અપાય છે. સોત્રિયેત ખેલાડીઓએ વિશ્વમાં ઘણી ખરી રમતોમાં વિશ્વરેકર્ડ નોંધાવ્યા છે. બાળકોને રમવાની રમતોના પ્રકારોઃ રાષ્ટ્રી ૩ થી વર્ષનાં બાળકોને નીચેનાં સાધનો ઉપર રમવા દેવાં. બીજી ઇતર રમતો પણ રમાડી શકાય. (૧) ઢીંચકાઃ નાના ઢીંચકા ઉપર ઝુલાવવાં. બેસીને, ઊભાઊભા, ગાદલી બાળીએ કે ઘરમાં મોબારીએ દોરીના કે દોરડાના ઢીંચકા બાંધી ઝુલાવવાં (૨) લપસણુઃ સીડી ઉપર ચડીને ઢળતા પાટિયા ઉપરથી લપસાવવા કે લપસણા કેવાં. (૩) ધૂળકા બાવાઃ બાળક બાર્ક શકે તેટલી ઊંચાઈએથી ધૂળકા ભરાવવા. નીચે રેતી ભરવા માટલાં રાખવા. (૪) કુસ્તીઃ રેતીના બાકામાં બબરા તો માટલાં ઉપર સરખે સરખાં બાળકોને કુસ્તી કરાવવી. કુસ્તીમા વાળ ખેંચવા, નખ મારવા, બટકાં ભરવાં, ગદાપ્રહાર મારવાં જોઈએ નહિ. તેની સૂચના પહેલેથી આપવી. (૫) મહોટિયાં બાવાંઃ માટલાં કે ઈતરેજી ઉપર હાથ પગ સીધા ટટ્ટાર રાખીને બાગોટવું અને જમીન ઉપર માથું ટેકવીને ગોલાકાર બેસીને મહોટિયાં ભરવાં: (૧) રમતોલ ઉપર સામસામા બેસીને ઊંચાનીચા થવું. (૭) ચક્કોળ ઉપર સામસામે બેસીને ગોળ ગોળ ફરવું. (૮) પા કરવાઃ પગ્થરના કે ઢગાના ફર પા કરવા. (૯) દોડવુંઃ સાદી દોડ, બાજુ દોડવું. હાથ ઊંચા, બાજુમા, સામે, નીચે, પાછળ, કમ્મર ઉપર રાખીને દોડવું, એક પગે ઠેકતાં ઠેકતાં દોડવું, બેરથી દોડવું, ધીમે ધીમે દોડવું. (૧૦) ફર સુધી ચાલતા જઈ જવા ને પાછા આવવું. નીચલા ગ્રાઉ ઉપર ચડવા દેવા કે નાની ટેકરીઓ ચડાવવા. (૧૧) ગણ પૈડાવાળી સાઇકલ ફેરવવા આપવી. (૧૨) હળવતો ઘોડો, ઘોડી કે એવા જીવ સજીવ ઉપર રમવુ ઉપરની પ્રવૃત્તિઓ બાળકોના આ કાળમાં તેમના શરીર ને વિકાસમાં ઉપયોગી થઈ પડે તેવી છે. આમ બાબ રાખવાની જરૂર છે, કે પ્રવૃત્તિઓ બાળકોને ગમે તેટલી વાર અને ગમે ત્યારે જ કરાવવી. એ પછીની ઉમરે દોરીના કૂદકા, પૈડા ફેરવવા પણ ગોઠવી શકાય. ઘરમાં રમી શકાય તેવીઃ અવાજ તરફ, અકેક ધોળ, અનાજબીજો, આકર સત્કાર, આંધળોપોટો, એકડી કે બેકડી, અંગૂઠા ઊંચાનીચા, ઉંદરડો કે ઉંદરડી, કાકડી, કોથ મચું ?, ગામ ખોવાણી, ચીબાકું ગોળબાકું, ધોકોધોકો, ચક્કરડી, ચબ કે બાઠ, જાનબપતિયું, ઝૂલતો દડો, ઝૂંપડીમાં દુબમાં, પક્ષી ઊડે, પામલી પા, ફેરફુદરડી, બંગડીલા, મસ્તબાસન, મચ્છરમાર, મારા માથાપર કોથ છે, મીનુબતો બોલવી હો, રાબુકોઠડીનાં બાકાં, લીટા ઉપર ચાલવું, શાંતિની રમત, હસતો દડો. ફળીમા રમી શકાય તેવાઃ અનુકરણ, અડી-રે-અડી, આવ રે વરસાદ, ઓનપેન, ઉંદર ને બિલાડી, ઉંદર બાગ બિલાડી આવી, કપડાં ઉતારો અને પહેરો, પકબવા પકડ, ભૂલકો નહિ, માણમીકુ, મારી વાડીમાં, મૂર્તિ, મોલુમાર, મૌન, ધોડો ધોડો, ધોબણી ધોલકો, બત્ત કે બાઠ, છોકરાપરે, ઠોરી ઠોરી કયાં બાલ્યા, દોરીને બાંધે વાળવી, ઘેર વીંટલો, રતન ખોવાણાં, રમુજ કુબ, લોટકુંજ, વાનર મદારી, સાત તાળી, સોય દોરા, હાથી. સાધન વિનાની: અનુકરણ, અડેકધોબ, અડી રે અડી, આવ રે વરસાદ, ઓનપેન, અંગૂઠા ઊંચાનીચા, ઉંદરડી કે ઉંદરડો, ઉંદર બાગ બિલાડી આવી, ઉંદર ને બિલાડી, બાબ બોલાણી, ચીબાકું ગોળબાકું, ચક્કો ગોબા બાકે છે, છોકરાપરે, દહામાં દુબમાં, પક્ષી ઊડે, પકબવા પકડ, પામલોપા, ફેરફુદરી, ભૂલકો નહિ, મસ્તબાસન, માણમીકુ, મારા માથાપર કોથ બાકું, મારી વાડીમાં, મૌન, રાબુકોઠડીનાં બાકાં, શાંતિની રમત, શાતતાળી, સંતાકૂકડી. સાધનવાળી રમતોઃ અવાજ તરફ, અનાજબીજો, બાકરસત્કાર, બાંધળોપોટો, એકડોએકડી, ઉંદર અને બિલાડી, કપડાં ઉતારો અને પહેરો, કાગડી, કોથ મચું, ધોકોધોકો, ધોબણોધોબણો, ચક્કરડી જાનબપતિયું, ઠોરી ઠોકી કયાં બાલ્યાં, દોરીને બાકો વાળવી, ઘેર વીંટલો, નામદડો, પકાપકડી, બંગડી દા, મચ્છરમાર, મીનુબતો બોલવી હો, મૂર્તિ, મોલુંમાર, રતન બોવાણાં, લીટા પર બાલવું, હસતો દડો, ઝૂલતો દડો. બુદ્ધિપ્રધ રમતોઃ એકડોએકડી, કોથ મચું, પક્ષી ઊડે, ઝૂલતો નહિ, રતન બોવાણાં, દહીંમાં દુબમાં. રમુજ રમતોઃ અનુકરણ, બાકર સત્કાર, બાબ બોલાણી, મોલુંમાર, મૌન, વાનર મદારી, પક્ષી ઊડે, મૂર્તિ, હસતો દડો, હોડો, મસ્ત બાસન. રેખા રમતોઃ અવાજ તરફ, અનાજબીજો, અંગૂઠા ઊંચાનીચા, કપડાં ઉતારો પહેરો, દહીંમાં દુબમાં, ઘેર વીંટલો, દોરીને બાંધો વાળવી, પક્ષી ઊડે, મૌન, રતન બોવાણાં, લીટા ઉપર બાલવું, હો હો. વર્તુળ રમતોઃ અડેકધોબ, ઉંદરડો કે ઉંદરડી, ઉંદર બિલાડી, કોથ મચું, ચક્કો બોબા બાંડે છે, ઝૂલતો દડો, પકાપકડી, મૂર્તિ, મોલુંમાર, હસતો દડો, બાનબપતિયું. બાબે પાટા બાંધીને રમવાની રમતોઃ અવાજ તરફ, બાકરસત્કાર, બાંધળોપોટો, કોથ મચું, મચ્છરમાર, મોલુમાર. માત્ર બહેનો માટેની રમતોઃ બોંસકીબોબકી, ફેરફુદરડી, બંગડીલા.

૧. રમત કરવી રમવી-માંડવી = (૧) બાનંદ કરવો. (૨) કામની રીતે કામ ન કરતાં તેની મશ્કરી બાલી ખેલવુ કે વખત બગાડવો (૩) ચિત્ત અને કામ કરવુ.

૨. રમત રમવા બોલાવવું = પરણ્યા પછી પહેલવાર જમાઈને જમવા બોલાવવુ.

૩. રમત રમવી = (૧) ખેલ ખેલવો, દાવ નાખ્યા. (૨) યુક્તિ વડે ઉતરવુ. (૩) રમવું: ખેલવુ.

રમતગમત ૧. સ્ત્રી ખેલ: ગમ્મત. દુનિયાના તમામ દેશોમાં બાળકોની રમતગમતો બનાદિકાળથી ચાલી જ બાવેલી છે. બાળકોને કોઈ રમાડે કે ન રમાડે છતાં તેઓ ગમે ત્યારે ને ગમે ત્યાં રમતો રમે જ છે. રમત એ બાળકના જીવન વિકાસનું એક બતિ બાવશ્યક સાધન છે. માત્ર બાળક જુદાથી હલનચલન કરે તેથી શરીરનો યોગ્ય વિકાસ થઈ જતો નથી. તેમને વિકાસક રમતો રમાડવી જોઈએ. રમતાં રમતાં તેઓ પોતાને બાવર પડે નહિ તે રીતે વિકાસ સાધતાં હોય છે. બાળરમતોનું બાખું ક્ષેત્ર એક પ્રકારનું સશોધન માગી લે તેવું છે. જો બાળકોને બવરોધત બને દાક્રોધ રીતે રમતો રમાડવામાં બાવે તો તેને માટે તે શિક્ષણ જ છે કમકે, રમતના મેદાન પર બાળક શારીરિક ગુણો ઉપરાંત બવસ્થા, સહપરાયણતા પ્રમાણિકતા, નીડરતા, નિયમન, ક્રમ બને સમૂહમત જીવનની ભાવના કેળવે છે.

૨. સ્ત્રી. હારસ; ઠીબળ; પરિહાસ; વિનોદ.

૩. સ્ત્રી. મનને બારામ બને બાનંદ મળે એવી પ્રવૃત્તિ: મોજ; મનને ગમે તેમ કરવું તે: મોજમજાદ.

રમતડી (રમતડી) સ્ત્રી. રમત; ખેલ; ગમ્મત.
ઠીબલા ઠીબડીની તજ ઠોંગી રમતડી,
જોબાં મેં બત ને ઉપવાસ. કાબ્ય ત્રિવેણી

રમતરાળા પું. બ. વ કામમા કરવામાં બાવતા રમતના બાળા; કામમા ચિત્ત ન રાખવાની વૃત્તિ.

રમતરોળિયું જુબો રમતરોળુ.

રમતરોળું ૧. બ. નકામી પ્રવૃત્તિ.

૨. બ. રઝળવું કે રખડવુ તે.

રમતલ ૧. વિ. રખડાઉ; રઝળુ

૨. વિ. રમતિયાળ; રમવાનુ શોખીન.

રમતવાત ૧ સ્ત્રી. બહુ થોડો વખત.
છ.ડરાબોએ રમતવાતમા બાકે કામ પૂરે કરી દીધુ. બદમાશ

૨. જો રમત જેવી વસ્તુ કે કામ.
આ રમતની વાત નથી = આ આનંદ કે મજાકની વાત નથી.
૩. વિ. રમતાં રમતાં સધાય એવું

રમતશિક્ષક પું. રમતો શિખવાડી રમાડનાર શિક્ષક દરેક રમતશિક્ષક પોતપોતાની સ્વતંત્ર પદ્ધતિથી બાળકોને રમતો રમાડે છે. પરંતુ તેમ છતાં સર્વમાન્ય મુદ્દા નીચે પ્રમાણે છે: (૧) જે રમત રમાડવી હોય તે સમજીને રમી બતાવવી. રમતનો પૂરેપૂરો ખ્યાલ આપવો. (૨) દરેક સમજૂતી ટૂંકમાં અને સ્પષ્ટ શબ્દોમાં આપવી. આખી રમત ટૂકડે ટૂકડે સમજાવવી અને રમાડવી. (૩) રમતાં પહેલાં અને રમતાં રમતાં પક્ષપાતથી કે રાડો પાડવી નહિ. રમતમાં વપરાતા જરૂરી શબ્દો સિવાય કશું બોલવું નહિ. (૪) બાળકોને ઉત્સાહ આપવો ઉત્સાહ હંમેશ બોલવામાં જ નહિ પણ તેનો વ્યવહાર જરૂરી છે. (૫) બાળકોને પોતાની મેળે રમવા દેવાં. જ્યારે બાળકો સ્વયં પ્રેરણાથી રમતોનું નિર્માણ કરે છે અને સમાધાન કરે છે ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થાય છે. (૬) રમતમાં શિસ્તની બહુ અધિકતા ન હોય તેમજ ઢીલાઈ પણ રાખવી નહિ. બાળકોની સાથે હોઈ જામલદાર જેમ નહિ પણ મોટાભાઈની જેમ વર્તવાનું છે. (૭) બાળકની ભૂલોને હસીને ટાળી દેવા જોઈએ. બાળક પોતાની ભૂલ ઉપર સ્વયંજલ્પિત થાય છે. આપણે બાળકોને ઠમઠાવવા કે મારવા જઈએ તો કોઈપણ જાતની શિક્ષા કરવી જોઈએ નહિ. (૮) જો કોઈ રમત સફળ થાય નહિ તો બાળકો ઉપર બીજાની કે દોષ દેવાની જરૂર નથી. રમત અસફળ થવાનો વાંક રમત રમાડનાર અથવા રમતના શોધનારનો ગણાવો જોઈએ. (૯) સંખ્યામાંય જેવી રમતો છે કે તેને અદલબદલ કરીને રમાડી શકાય. સમય અને સ્થાનને ધ્યાનમાં રાખીને રમતોની પસંદગી કરવી જોઈએ. (૧૦) રમતમા જેટલા ઓછા નિયમો હોય તેમ સારું; પણ તેની સાથોસાથ એટલું પણ ચોક્કસ કે દરેક નિયમનું ચોક્કસ કે દરેક નિયમનું સમજણ રીતે પાલન થવું જોઈએ. (૧૧) એકને એક રમતને વારંવાર રમવાથી જ તેના અસલીપણાનો અને ગૂઢતાનો અનુભવ આવે છે. માટે દરેક રમતો બાળકને વારંવાર રમાડવી. (૧૨) રમતમાંથી વ્યાયામ તથા હરીફાઈના તત્ત્વને સહજ રીતે પોષણ કરી દેવાનું છે. સાથોસાથ હારજીતના પ્રશ્નને પણ સાવ ગૌણ બનાવી દેવાનો છે. (૧૩) રમત રમતાં રમતના મેદાન પર બાળક કેવી રીતે વર્તે છે તેની વ્યક્તિગત નોંધ રાખવી. આ નોંધ બાળકના વિકાસ માટે જરૂરી થઈ પડે છે.

રમતારૂંચી ૧. વિ. જેને એક ઠેકાણે ઠરી રહેવા જેવો પ્રેમ બંધાયેલો ન હોય એવું; વીતરાગી; રાગદ્વેષ વગરનું.
૨. વિ. જ્યાં ત્યાં ફરવું ફરનાર; જ્યાં જોઈએ ત્યાં આનંદે ફરવું જ્યાવાર આવે તેવું; રઝળુ; રખડાઉ.
૩. વિ. સર્વવ્યાપક.

રમતારામ ૧. પું. જ્યાં ત્યાં ભટકનો માણસ; એક ઠેકાણે ઠરીને ન રહેનાર માણસ.
૨. વિ. પ્રવાસી.
૩. વિ. બધે રખડ્યા કરનાર; રઝળુ; જ્યાં ત્યાં ફરનાર કે ફરવું.
૪. વિ. મુક્ત; છૂટું.
૫. વિ. વીતરાગી; રાગદ્વેષ વિનાનું.
૬. વિ. સર્વવ્યાપક; સર્વવ્યાપી; વ્યાપક.

રમતાળ જુઓ રમતિયાળ.

રમતાંરમતાં ૧. અ. મશ્કરીમાં; ઠેકડીમાં; હસવામા.
૨ અ. સહેલાઈથી; પીગે; વગર મહેનતે; ઠળવેથી.

રમતિ ૧. [સં.] પું. પ્રમો.
૨. પું. કામદેવ.
૩. પું. કાળ.
૪. પું. નાચ.
૫. પું સ્વર્ગ.

રમતિયાળ ૧. વિ. ગમતી; મોજી; આનંદી.
૨. વિ. રમવા ઉપર જેનું મન રહેલું હોય એવું; મજમતની પ્રવૃત્તિમાં રહેનારું; રમતમાં જ જેની વૃત્તિ હોય તેવું; રમવામાં આનવાળું.
૩. વિ. હોંશિયાર; ઉસ્તાદ; પાકું.

રમતિયાળપણું જ. રમવાની વૃત્તિ.

રમતીલું જુઓ રમતિયાળ.

રમતું ૧. વિ. ખેલતું; રમત કરતું; પોતાને આનંદ મળે એવી પ્રવૃત્તિ કરતું; રમતમાં પડેલું.
૨. વિ. ઢીલું; નહિ જેવતું; અંદર ફરતું રહેતું હોય એવું; નહિ સજ્જત અથવા કડક એવું, તંગ નહિ હોય એવું.
૧. રમતું કરવું = (૧) અંદર ફરતું રહે તેમ કરવું; છૂટથી ફરે તેમ કરવું; ઓઢું કરવું; તંગ નહિ બનાવવું. ઢીલું કરવું. (૨) સહેલું ઓઢું બનાવવું. (૩) નાજુક.
૨. રમતું પડવું = શરીરના કરતાં વધારે ઓઢું થવું; ઓઢું પડવું; જોઈએ તેથી વધુ ઓઢું થવું.
૩. રમતું મૂકવું-મેલવું = (૧) છૂટું મૂકવું. (૨) આખામા વધ કરવાને બદલે પ્રાણીને દેવીના સ્થાનકે છૂટું મૂકવું.
૪. રમતું રહેવું = તંગ નહિ એવું રહેવું.
૫. રમતું રાખવું = તંગ નહિ એવું રાખવું.
૩. વિ. છૂટું; બંધન રહિત; નજરમાં આવે તેમ કરતું; મરજી માફક વર્તનારું.
૪. વિ. મોકળું; ખુલ્લું.
૫. વિ રખડતું; રસળતું; રઝળતું; એક ઠેકાણે સ્થિર ન રહેનારું; મુક્તપણે ફરતું ફરતું.

રમતું ઝમતું ૧. વિ. રમત કરતું અને રમઝમતું; રમતું અને નિર્દોષ આનંદ બોગવતું.
૨. વિ. હૃષ્ટપુષ્ટ અને રમતિયાળ; મજબૂત અને તંદુરસ્ત.

રમતું રમતું ૧ અ રમત કરતાં કરતાં.
૨. અ. સહેલાઈથી; વિના મુશ્કેલીએ.

રમત્ય સ્ત્રી. ખેલ; મજમત.
એ રમત્ય વાણી મન તણી. અખો

રમનસોરા [હિં.] પું. એક જાતનું માખણ.

રમમાણ ૧. [સં.] વિ. આનંદી; રમતું; રમી રહેલું; આનંદ માનતું; ક્રીડા કરતું.
પોતાના આનંદમા જ પોતે રમમાણ થઈ. કાન્તોકર
૨ વિ. લીન

રમરમ ૧. પું. એક જાતનો તેવો અવાજ.
૨. પું. છત્ર ઉપર થતો રવરવાટ.
૩. અ. છત્ર ઉપર રવરવે તેમ.
૪. અ. રમરમ અવાજ થાય તેમ.
૫. અ. સણસણાટ સાથે.

રમરમવું ૧. અ કિ. છત્ર ઉપર રવરવાટ ઉત્પન્ન કરવો.
૨. અ કિ. રમરમ અવાજ કરવો.

રમરમાટ ૧. પું. ઊતાવળે માલતાં અથવા ઊતાવળી ગતિને લીધે થતો અવાજ.
૨. પું. રમરમ એવો થવામાં અવાજ થયો તે; સણસણ એવો અવાજ; સડસડાટ.
૩. અ. ઊતાવળે; ઝડપથી.
૪. અ. સડસડાટ; સપાટાબંધ.

રમરમાવવું ૧. અ કિ. ઉત્સાહથી અંતઃકરણપૂર્વક કામ કરવું.
૨. અ. કિ. ઝાપટવું; જોરથી મારવું કે ઠોકવું; હવામાં અવાજ થાય તેમ જોરથી ફેરવું કે ફેરવવું
૩. અ. કિ. રમરમ એવો અવાજ થાય તેમ ચલાવવું; જોરથી ચલાવવું.

રમલ ૧. પું. એ નામનો જ્યોતિષવિદ્યામાં વપરાતો પાંચ ધાતુનો પાસો.
૨. [સં] ન. એક પ્રકારનું જ્યોતિષશાસ્ત્ર; પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા.

તો હાથ ઘસીને જગતજ્યોતિષી, માથે જગતની જબાબદારી, નામનો રમલનો પાસો, પૂછે પ્રારબ્ધને ઉત્તર, અને જાણો જગતના મહાપ્રશ્નો, માણ ? નાનાલાલ

રમલરહસ્ય [સં.] ન. જ્યોતિષનું એ નામનું એક પુસ્તક.

રમસી વિ. રમલ દ્વારે ભવિષ્ય કહેનાર.

રમવું ૧. અ. ક્રિ. આનંદ માનવો.

૨. અ. ક્રિ. મોહવું; ગમવું; મન બેસવું; પ્રિય લાગવું.

૩. અ. ક્રિ. ચોતરફ ભરપૂર રહેવું; વ્યાપ્ત હોવું.

૪. અ. ક્રિ. જુગાર બેસવો; દાવ બેસવો.

દાવ રમવો = હેતુ પાર પાડવા યુક્તિ રચવી; યુક્તિ રચવી; પેંતરો રચવો.

૫. અ. ક્રિ. તમાશો કરવો; રમત કરવી; ખેલ કરવો.

૬. અ. ક્રિ. નિમગ્ન રહેવું; વખતનો વ્યય કરવો; કાળક્ષેપ ગુજારવો.

૭. અ. ક્રિ. ભટકવું; નકામું રખડવું; આમતેમ આંટા ફરવું અને મોજ કરવી; રઝળવું.

૮. અ. ક્રિ. મનને આનંદ થાય તે રીતે આચરવું કે હિલચાલ કરવી; બેસવું; ગમ્મત કરવી. ફોડવું; ઠોકા કરવી.

૧. રમી જવું = લીલા કરી રહેવું; દેહ છોડવો.

૨. રામ રમી જવા = મૃત્યુ પામવું; મરણ સુધીનું સાહઠ આવવું; આવી બનવું.

૯. અ. ક્રિ. મનમા કે યાદદાસ્ત ઉપર સતત હોવું; મનમાંથી ન ખસવું કે ભુલાવું.

રમી રહેવું-રમ્યા કરવું = મનમાં કે દિલમાં હમેશ વ્યાપી રહેવું; ન ભુલાવું.

૧૦. અ. ક્રિ. ભાવવું; સારું લાગે તેમ કરવું; મોજ કરવી.

૧૧. અ. ક્રિ. સંભોગ કરવો; કામક્રીડા કરવી.

રૂંવે રમવું = (૧) ઠોકા કરવી. (૨) વિષયાસક્ત આનંદ માનવો; કામક્રીડા કરવી.

રમરતળ ન. રમખાણ; તોફાન.

રમરતાન ૧. ન. તોફાન; રમખાણ; ધમધમાટ; ધાંધલ; ધીંગાણું; મારફાડ અને ભાંગતોડ; ત્રાસ પડે તેવો જંગ મચાવી દેવો તે; ધોંધાટ; કજિયો.

રમરતાન કરી મૂકવું-મચાવવું = બધાં ભેગામાં તૂટી પડવું.

૨. ન. ભય; ધારતી, બીક.

૩. ન. મારીઝૂડી, ખૂંટી કે ફોડીને અસ્તવ્યસ્ત કરી નાખવું તે; ફોડીતોડી આમતેમ વિખેરી નાખીને તરેહવાર સ્થિતિમાં મૂકી દેવું તે.

રમળ જુઓ રમલ.

રમળભમળ ન. સારી સ્થિતિમાંથી એકદમ નબળી સ્થિતિમાં પરિવર્તન; ધનોતપનોત.

રમળરાસ્રો ન. પાસા ફેંકી ભવિષ્ય જાણવાનું શાસ્ત્ર; રમલ.

રમળરાસ્રી કું. રમલના પાસા ફેંકી ભવિષ્ય કહેનાર પુરુષ.

રમસી વિ. ભવિષ્ય કહેનાર; રમલી; દૈવજ્ઞ; જોશી; ભવિષ્યમાં બનેલું કહી બતાવનાર; રમલનો પાસો નખાવી ભાગ્યાભાગ્ય કહેનાર.

રમંતું વિ. રમતું; ખેલતું.

વૃંદાવનમાં રાસ રમંતો,
ગોપીઓને એ રીઝવતો. પ્રેમાનંદ

રમા ૧. કું. (પિંગળ) પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને પ્રિયા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર આવે છે.

૨. [સં.] સ્ત્રી. પત્ની; સ્ત્રી.

૩. સ્ત્રી. લક્ષ્મી; લક્ષ્મીજીની દેવી, પદ્મા; કમલા. આ શબ્દની સાથે કાંત, પતિ, રમણ વગેરે શબ્દ લગાડવાથી તેનો અર્થ વિષ્ણુ થાય છે. જેમકે, રમાકાંત, રમાપતિ; રમારમણ.

૪. સ્ત્રી. શોભા.

૫. સ્ત્રી. સમૃદ્ધિ; આબાદી.

૬. [સં.] સ્ત્રી. સુંદર મોગરાની વેલ.

રમાએકાદશી સ્ત્રી. આસો વદ અગિયારસ. પત્નીના વ્રતપ્રભાવથી પતિને સ્વર્ગસુખની પ્રાપ્તિ થઈ તેથી આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું છે. મુચુકુંદ નામે રાજાને ચંદ્રભાગા નામે કન્યા હતી. એ કન્યાનો વિવાહ ચંદ્રસેન રાજાના પુત્ર શોભન સાથે થયો. એક વખત શોભન સસરાને ઘેર આવ્યો. તેમના વસવાટ દરમિયાન એકાદશીનો દિવસ આવ્યો. એકાદશીનું વ્રત કરવાનું મુચુકુંદના રાજ્યમાં સખ્ત ફરમાન હતું. શોભન ભૂખ્યો રહી શકતો નહિ, છતાં એ એકાદશીનું વ્રત તેને કરવું પડ્યું. ભૂખથી તેનું મરણ થયું. મરણ પછી શોભન એકાદશીના પ્રભાવે મંદરાચલ પર્વત ઉપર દેવપુરમા વાસ કરવા લાગ્યો, પણ નિત્ય સુખની પ્રાપ્તિ થઈ નહિ. મુચુકુંદ રાજાની નગરીમા રહેનારો સોમશર્મા નામે બ્રાહ્મણ તીર્થયાત્રા કરતો કરતો મંદરાચલ ઉપર આવ્યો, ત્યા તેને શોભન સાથે મુલાકાત થઈ. બ્રાહ્મણ સ્વદેશે આવ્યો અને ચંદ્રભાગાને શોભન વિષે વાત કહી. સોમશર્માની સાથે તેણી પતિદેવને મળવા ગઈ. ચંદ્રભાગાના રમાએકાદશીના વ્રતપ્રભાવે દંપતી નિત્ય સુખને પામ્યા.

રમાએકાદશીનું વ્રતકર્મ પણ અહિ વસર કરેલ હોવાથી આ શહેરની સ્થિતિ અફિયર બની છે. તહેવારનો ઓમિયો

રમાકાંત જુઓ રમાપતિ.

રમાડણ (રમાડણ) સ્ત્રી. રમાડનાર.

રમાડવું (રમાડવું) ૧. સ કિ. ખોટી આશામા રાખવુ

૨. સ કિ. ગમ્મત કરાવવી, ખેલવવુ.

૩. સ. ક્રિ. ચલાવવું; ઉપરેવુ.

૪. સ. ક્રિ. ઉતરવુ, ઠોસલાવવું; પટાવવુ.

રમાડી જવુ = ઉતરી જવુ.

૫. સ. ક્રિ. નકામો વખત ગુમાવવો.

૬. સ કિ. પોતાની ધમ્કાઓ ધમ્કા કર્યા કરે તેવી લેવ લગાડવી

૭. સ. ક્રિ. પોતાની રમતમાં સામેલ રાખવું; રાજી થાય તેમ સાથે રમવું; રમે તેમ કરવું; પોતે રમવું અને બીજાને તેમાં લાભ બેસવરાવવો.

રમાડવું કોઈ ન જાણે, પણ રડાવ્યું સૌ જાણે = માણસ બેબાકળા હોયાને લાગ્યે જ વાદ કરે છે, પણ થયેલું નુકસાન હમેશને માટે યાદ રહે છે.

૮. સ. ક્રિ. ફેરવવા અર્થ જવું

૯. સ. ક્રિ. મારી નાખવું; કશું ન કશું કરવું; નષ્ટ કરવું.

રમાડી દેવું-નાખવું = મારી નાખવુ.

૧૦. સ. ક્રિ. લડાવવું; ઘાંઘ ચલાવવા.

રમાડાવવું (રમાડાવવું) ૧. સ. ક્રિ. ઉતરાવ તેમ કરવુ.

૨. સ. ક્રિ. ઉતરાય તેમ કરવુ.

૩. સ. ક્રિ. રમાડાય તેમ કરવુ.

રમાડાવું (રમાડાવું) ૧. અ. ક્રિ. ઉતરાવું.

૨. અ. ક્રિ. રમાડાય તેમ થવુ.

રમાડો (રમ્ડો) પું. રમત જેવું લાગવુ તે; રમતના જેવો આનંદ આવવો તે; ગમવું તે; મન ખુશીમાં રહેવુ તે; મનને રમત રમવા જેવો આનંદ મળવો તે; ગમાડો; ગમ્મત; આનંદ; વિનોદ; દિલખુશ કરવું તે; રમણ; ખુશાલી.

જગતના અભ્યુદયાર્થના નાના વિઘ્ન કાર્યો વડે રામભદ્રને મન રમાડો થઈ રહે.

ઉત્તરરામચરિત

રમાણીરગડા (રમાણીરગડા) સ્ત્રી. એક રમતનું નામ. તેમાં ચાર છોકરીઓએ વર્તુલાકારે ઊભા રહેવુ. પછી સામે સામેની બે છોકરીઓએ બાંહા વળીને તાળીઓ વગાડતાં વગાડતાં તથા પોતાને ઘૂમરી લેતાં લેતાં એકમેકની જગા ઉપર જવુ. પછી બીજી બે છોકરીઓએ પણ તેજ પ્રમાણે કરીને એકમેકની જગા પર જવુ.

રમાનરેશ જુઓ રમાપતિ.

રમાનાથ જુઓ રમાપતિ.

રમાપતિ [સં.] પું. વિષ્ણુ ભગવાન; લક્ષ્મીપતિ; નારાયણ; રમાકાંત

રમાપ્રિય ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. ન. કમળ.

રમારમણ [સં.] પું. વિષ્ણુ

નંદ અને આનંદ પમાડે,
રમારમણને ખોળે રમાડે પ્રેમાનંદ

રમાવર [સં.] પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ.

તેને રૂપ રમાવર દાખે ૨. કાળીદાસ

રમાવિશ્રામ જુઓ રમાપતિ.

રમાવેષ [સં.] ન. શ્રી વાસચંદન. તેમાંથી તાડપીન નામનું તેલ નીકળે છે.

રમી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું ઘાસ. તે સુમાત્રા વગેરે દ્વીપોમાં થાય છે. તેમાંથી કાગળ અને દોરડાં બનાવાય છે.

૨. [અં.] સ્ત્રી. બેંટકાની એક જાતની રમત.

રમુના પું. (પિંજળ) એક સમકૃત વર્ણમેળ છંદ; રમણ; રમણી; રજની. તે મધ્યમા છંદનો એક ભેદ છે. તેને તેમાં એક સગણ આપીને નવ વર્ણ હોય છે.

રમૂજ ૧. સ્ત્રી. પ્રસન્નતા; કટાક્ષ.

૨. સ્ત્રી. ખુશાલી. મોજ.

૩. સ્ત્રી. ગુપ્ત વાત; ભેદ; રહસ્ય.

૪. [જા. રમ્ઝ] સ્ત્રી. ઠેકડી; ટીખળ; મશ્કરી; ઠઠ્ઠો; વિનોદ.

૫. સ્ત્રી. તમાશો; ખેલ.

૬. સ્ત્રી. મન ખુશ થાય તેવી રમતગમત.

રમૂજ આવવી-પડવી = મઝમત આવવી.

રમૂજચિત્ર ન. ઉપહાસ ચિત્ર; કટાક્ષચિત્ર; અનિમિત્ર; ' કેરિકેચર. '

રમૂજદાર વિ. રમૂજવાળું.

રમૂજવૃત્તિ સ્ત્રી. ટીખળ કરવાની વૃત્તિ; મજાક ઉડાવવાની ભાવના.

રમૂજી ૧. વિ ગમતી; વિનોદી; આનંદ ઉત્પન્ન કરે તેવું; આનંદ ઉપજાવે તેવું; ખુશ કરે તેવું; રમૂજ આવે તેવું, દિલપસંદ કરે તેવું; મનોરંજક.

૨. વિ. મજાકી; ઠોળી. રસિક; નકલી; ખટકમોલું; ટીખળી.

રમૂઝણો (રમૂજણો) પું. વધારે અવાજ માટે જેની અંદર કટાકડા નાખી હોડકામાં આવે તે ધડો.

રમૂજપણું ૧. ન. આનંદીપણું; વિનોદપણું.

૨. ન. ટીખળી સ્વભાવ.

રમૂજહાસ્યરસ પું. મજાક અને હાસ્ય ઉત્પન્ન કરવાની શક્તિ.

આ ચિત્રકૃતિમાં રમૂજહાસ્યરસ જેને અંશેજમા ઊભર કહે છે તે સારો માલમ પડે છે.

નવલરામ

રમેશ જુઓ રમાપતિ.

રમેશચંદ્ર દત્ત પું. હિંદના એ ન.મના એક નામાંકિત પુરુષ. રમેશચંદ્ર દત્ત પહેલા હિંદી જિલ્લા મેજિસ્ટ્રેટ થયા ને અમલદારી દરમિયાન લોકહિતનાં અનેક કામ કર્યાં. એમની કામગીરી એટલી સુંદર ગણાતી હતી કે, હિંદના તે કાળના વાઇસરોય લૉર્ડ રિપને તો હિંદુસ્તાન છોડી જતા પહેલાં એમને મળવાની ખુશ્બ દર્શાવી હતી. સાર પછી એ કમિશ્નર થયા. ધારાસભામાં સભ્ય થયા. રમેશચંદ્ર દત્તે તો ઊંચા હેતુથી જ નોકરી છોડી હતી. એ એવા સ્વતંત્ર મિજાજી હતા કે, સરકારી નોકરી કરતાં છતાં કેટલી યે વાર પરદેશી સરકારના વલણ પર ટીકા પણ કરતા હતા. આમ છતાં એમનું કામ તો એ એની કુશળતાથી કરતાં કે, એમના વિષેનો સરકારી રિપોર્ટ સારો થતો હતો. જે વખતે રમેશચંદ્ર દત્ત કમિશ્નરના હોદ્દા પર હતા, તે જમાનામાં વિલાયત જઈને કલેક્ટરની મોટી પરીક્ષા આપવી પડતી હતી. તે એમણે આપી અને આઈ. સી. એસ.ની પદવી મેળવી હતી. હવે નોકરી છોડીને એ રાષ્ટ્રીય મહાસભામાં જોડાયા અને સારી પુસ્તકો લખવા માંડ્યા. પહેલાં તો એમણે અંગ્રેજીમાં લખવું શરૂ કર્યું. બંગાળી કરતાં યુરોપીય ભાષા એમને લખવામાં ઠીક લાગી. તેમને ફ્રેંચ ભાષા પણ સુંદર આવડતી હતી. બંકિમચંદ્ર ચટોપાધ્યાયે એમને માતૃભાષામાં એટલે બંગાળીમાં લખવા પ્રેર્યા. પોતાની ભાષામાં જેટલું સારું લખી શકાય તેટલું સારું પરદેશી ભાષામાં લખી શકાય નહિ. વળી માતૃભાષાનું સાહિત્ય સમૃદ્ધ થાય અને દેશના લોકો તે વધારે વાંચી શકે તેથી દેશની સારી સેવા થઈ શકે. તેમની વાર્તાઓનાં ગુજરાતીમાં ભાષાંતર પણ થયાં છે પછી એમણે ઋગ્વેદ સંહિતાનું ભાષાંતર કર્યું. સાથે સાથે એ અંગ્રેજીમાં પણ કેટલુંક લખતા હતા. દુકાળ તે કર વિષે પણ એમણે લખ્યું હતું. રાષ્ટ્રીય મહાસભામાં પરદેશીઓ આ પ્રશ્નોની એમણે ચર્ચા કરી. ખેડૂત, ખેતી તે જમીન મહેસૂલ વિષે તો એમણે ખૂબ વિચાર કર્યો હતો એમણે વરસમાં અને આમ કરીને વિલાયતમાં ઠેકઠેકાણે એ વિષે ભાષણો આપ્યાં. વળી હિંદની ખેતી અને ખેડૂતની સ્થિતિ સુધરે એ માટે એ કેટલાય અમલદારોને મળ્યા. હિંદુસ્તાન વિષે રસ લેતા અનેક અંગ્રેજોની મુલાકાત એમણે લીધી ને લાંબા ગાળાનો પત્રવ્યવહાર ચલાવ્યો. ગમે તો એ બધી રીતે એમણે એ માટે પ્રયત્ન કર્યો હતો. વળી એમણે લંડન યુનિવર્સિટિમાં ઇતિહાસ ઉપર ભાષણો આપ્યાં હતાં. હિંદુસ્તાનનો ઇતિહાસ અને આર્થિક પ્રશ્નો ઉપર પણ પુસ્તકો લખ્યાં હતાં. તે ખૂબ પ્રમાણભૂત ગણાયાં. મહાભારત અને રામાયણનો અંગ્રેજીમાં સુંદર અનુવાદ પણ એમણે કર્યો હતો. પછી રમેશચંદ્ર દત્ત કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા. વડોદરાના દીવાન પણ થયા હતા. એમણે વડોદરા રાજ્યમાં એવા સુધારા કર્યા હતા કે, રાજપ્રજા બંનેના એ માનીતા થયા હતા.

રમેશાવંત્ર [સં.] ન. જ્યોતિષ પ્રસિદ્ધ નક્ષત્ર, ચરણ, વેધ બતાવનાર એક જાતનું યંત્ર.

રમેશ્વર જુઓ રમાપતિ.

રમૈતી ૧. સ્ત્રી. એક બેડૂત બીજાને ત્યાં કામમાં મદદ કરવા જાય તેવો દિવસ.

૨. [હિ.] સ્ત્રી. બેડૂતોનો એક રિવાજ. તેમાં એક બેડૂત જરૂર પડવાથી બીજાના બેતરમાં કામ કરવા જાય છે અને તેના બદલામાં બીજો પણ તેના બેતરમાં આવી કામ કરી જાય છે. આથી મજૂરી અર્થે બચી જાય છે. તેને પૂર્વમાં જૈં અને અયોધ્યાના ઉત્તર ભાગમાં હૂંડ કહે છે.

રમોડાવું અ. ક્રિ. રમાડાવું.

રમોલી સ્ત્રી. અંતઃમંતરની સાધનાનો પ્રકાર.

રમ્માલ [અ.] પું. રમલના પાસા વડે ભવિષ્ય જોનાર માણસ; ભવિષ્યવેત્તા.

બાજરે બાલકામાં ઊઠેલા હડીઓ, પંખાદારી બંદરી કલંદરો, બજુબીઓ, રમ્માલો અને માત્રિકો આદિને અંદર બોલાવ્યા.

નારાયણ વિસનજી

રમ્ય ૧. પું. (પુરાણ) આંગીરસના એક પુત્રનું નામ

૨. પું. એક પ્રકારનો હાથી. પ્રમાણસર વિભાગયુક્ત અવયવવાળો, પુષ્ટ, સુંદર દાંતવાળો, અતિ મહાન અને તેજસ્વી હાથી રમ્ય કહેવાય છે ને સંપત્તિને વધારનારો છે.

૩. પું. સોમની નદી પાસેનો એક પર્વત.

૪. પું. યમુના જાત મંડેનો એક ભેદ. તે કલાકમાં ચારથી સાત ગાઉ સુધી ચાલે છે.

૫. ન. એક પ્રકારનું ઘર. તેને પૂર્વ દિશામાં એટલે મોઢા આગળ બે ઓસરીઓ હોય છે.

પ્રાચ્ય નામના ધરના મુખ આગળ એક આદિર નમારીએ તો તે રજ્ય નામા ઘર થાય.
રાજ્યલક્ષ્મ

૬. ન ચંપાનું ઝાડ
૭. ન પટોલમૂલ
૮. ન. વીર્ય; શુક્ર
૯. વિ. બલકર; બલકારક.
૧૦. વિ. મનને અને આખને આનંદ ઉપજાવે તેવું; રમણીય; મનોહર; રુચિકર; ખુશ કરે તેવું.
૧૧. વિ. રૂપાળું; સુંદર; સોહીતું.

રજ્યક ૧. પું. (પુરાણ) આગ્નીધ્ર રાજાનો એ નામનો એક દીકરો તે મેરુ પર્વતની પુત્રી રમ્યા સાથે પરણ્યો હતો.
૨. પું. જબુદ્વીપનો એક ખંડ.
૩ પું. એક પ્રકારની સિદ્ધિ.
ગુરુ પોતે જ પોતે આવી બ્રહ્મવારી ભ્રમ અને તેથી તત્ત્વજ્ઞાન થાય તે ગુરુ પ્રતીત અને તેની સિદ્ધિને રજ્યક કહે છે.
સાખ્યદર્શન

રજ્યકવર્ષ [સં.] ન. (જૈન) જબુદ્વીપના સાત ખંડોનું એ નામનું એક ક્ષેત્ર. તેને શ્વેતવર્ષ એવું નામ પણ અપાયું છે. તેની ઉત્તરે નીલ પર્વત અને દક્ષિણે શ્વેતપર્વત આવેલો છે.
જબુદ્વીપમાં ભરતવર્ષ, હૈમવતવર્ષ, હરિવર્ષ, વિદેહવર્ષ, રજ્યકવર્ષ, હૈરણ્યવતવર્ષ, ઐરાવતવર્ષ એ સાત ક્ષેત્રો છે.
જબૂદ્વીપ જાગ્રફ્ય

રજ્યકવર્ષ જુઓ રજ્યકવર્ષ.

રજ્યતા [સં.] સ્ત્રી સુંદરતા; સૌંદર્ય.

રજ્યરૂપા ૧. [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.
પગે લાગી દેવીને છટે, સમડાબો રજ્યરૂપા સાથે.
પ્રેમાનંદ
૨. સ્ત્રી. લક્ષ્મી.

રજ્યવત [સં. રમ્યવત્] ન. રામાયણમાં જણાવેલ એક રમ્ય, ત્યાંથી પૂર્વે હિરણ્યવાન અથવા હિરણ્મદ્વાન ગ્રામ આવેલું છે

રજ્યા ૧. સ્ત્રી. એ નામની એક રાજિણી.
૨. સ્ત્રી. ગંગા નદી.
૩. સ્ત્રી. (સગીત) બાવીસ માંહેની એક શ્રુતિ; મધ્યાશ્રુતિનો એક અવાતર ભેદ.
૪. સ્ત્રી. મહેંદવરણી નામની વનસ્પતિ.
૫. સ્ત્રી. (પુરાણ) મેરુની નવ માંહેની પાચમી કન્યા, આગ્નીધ્ર પુત્ર રજ્યકની બ્રો
૬ [સં] સ્ત્રી. રાત્રિ; રાત; રજની.
૭. સ્ત્રી. હલ્દીનો છોડ.
૮. સ્ત્રી. સીતાનાં કન્યાર માંહેનુ એક નામ.

રજ્યોદરી ૧ પું. એક જાતનો કરોળિયો. તેનું પેટ બહુ જ સુંદર હોય છે.
૨. વિ સ્ત્રી. સુંદર પેટવાળી.

રજ્રિ ૧. પું. કાંતિ; તેજ.
૨. [સં.] પું. લાલ રંગ.
૩. પુ. શોભા; સૌંદર્ય.

રજ્રિ [અ.] પું. રેતી.

રય્ [સં. ધા. વિ. જવું; ખસી જવું, ખસવું.

રય ૧. [સ પું ઉત્સાહ.
૨ પું. ઉત્સુકતા; આતુરતા.
૩. પુ. ઝડપ; ઉતાવળ; વેગ.
આપુ તરસ સહસા અતિ ત્વરિત વર્ધમૂત હોય; સ્થવર, સ્થિમ ને સ્થિમ બધુત્વર રથ રંહસ હોય.
ત્રિભગલધુહોય
૪ પું. પરબ્રહ્મને ઉર્વશીથી થયેલા ૭ માહેનો એક દીકરો.
૫ પું પ્રવાહ.
૬. પુ. ધૂળ, રજ

રયન્છેદક ' સં.] ન. એક જાતનું યંત્ર. તે ચોક્કસ વખત માટે અથવા પ્રયત્નને માટે વીજળીનો પ્રવાહ તોડી અટકાવી શકે છે.

રયજુ ૧. સ્ત્રી. રજ; ધૂળ.
૨. સ્ત્રી. પૃથ્વી.
ચિત્તમે અહ ચિતોદ, રમણા રે ખટકે રયજુ.
અખબા પુનરપિ ઓદ, પેલે હોર પ્રલાપ થશે.
સુદામ્ય સંદરજી

૩ સં રજની] સ્ત્રી. રાત; રાત્રી; રજની
૪. ન રાત; જવાહિર., હીરો.
૫. વિ. રમણીય; સુંદર

રયજુપ્રપાત પું. (ભિગળ) એક વિષમમાત્રામેળ છંદ તે એક જાતનો છપ્પય છંદ છે. તેના ૧૨૦ માત્રા હોય છે.

રયજુપતિ [સં. રજનિપતિ] પું. ચદ્રમા.

રયજ્ઞાકર [પ્રા.] પું. રત્નાકર; સમુદ્ર.

રયણી ૧. [સં. રજની] સ્ત્રી. રાત; નિશા; રજની.
દિવસ રયણી બીજે નહિ, એનું બીજું અસ્તુય.
પ્રેમાનંદ
૨. સ્ત્રી. ષડ્જ ગ્રામની સાત માંહેની બીજી મૂર્છના.

રયણીકાર [સ. રજનિકર] પું. ચંદ્રમા.

રયણીભોજન [સં. રજનિભોજન] ન. રાત્રિભોજન.
જૈને સંવર જ્યું મત ધરો,
રયણીભોજન આવે જળ પણ્હરો.
સજ્ઝાયમાળા

રયત [અ. રઇયત] સ્ત્રી. પ્રજા.

રયતવારી [અ રઇયતવારી] સ્ત્રી દરેક કુટુબ સાથે સરકારે જમીન સંબધે સ્વતંત્ર ઠરાવ કરવાની જમીનદારી પદ્ધતિ.

રયતંત્રી જુઓ રયદર્શક.

રયદર્શક [સં.] ન. વીજળીનો વેગ જોવાનું યંત્ર.

રયની જુઓ રયણી.

રયમાપક [સ.] ન. વહાણની અથવા કોઈ પણ પ્રવાહી પદાર્થની ગતિ માપવાનું એક જાતનું યંત્ર.

રયરોધક [સં.] ન. વિજળીના પ્રવાહને રાખમાં રાખનારું એક જાતનું યંત્ર

રયા ૧. સ્ત્રી એ જાતની પ્રજા; બેડૂતવર્ગ.
૨ [અ. રિઆયત] સ્ત્રી. કૃપા; દયા; મહેરબાની.

રયાત સ્ત્રી. પ્રજા; માલી.

રયાપ્રવર્તક ન. વિજળીના વેગની દિશા બતલાવવાનું એક યંત્ર; ' રીટ્રોપ. '

રયાયત [અ રિઆયત] સ્ત્રી. કૃપા; દયા.

રયાસત ૧. સ્ત્રી. અમીરી; વૈભવ; ઐશ્વર્ય.
૨. [અ.] સ્ત્રી. રાજ્ય
૩. સ્ત્રી. સરકારી સામગ્રી.

રવિ ૧. પું. એ નામના એક પોષણ કરનાર દેવ.
૨ સ્ત્રી. પ્રકૃતિ; જડસૃષ્ટિનું મૂળતત્ત્વ. રવિ અને પ્રાણ એ બે તત્ત્વની પ્રથમ ઉત્પત્તિ થઈ અને તે બે તત્ત્વોથી જ સર્વ સૃષ્ટિનો વિસ્તાર થયો. તેમાં પ્રાણ એ જીવસૃષ્ટિનું મૂળતત્ત્વ છે અને રવિ એ જડસૃષ્ટિનું મૂળતત્ત્વ છે. પ્રાણતત્ત્વ રવિતત્ત્વ કરતાં શ્રેષ્ઠ છે. એ બે તત્ત્વનું સંમિશ્રણ છે, એમ પ્રશ્નોપનિષદમાં જણેલું છે.
પ્રજાપતિને પ્રજાની ઇચ્છા થઈ તેથી પ્રથમ તેણે તપ કર્યું અને પછી રવિ અર્થાત પ્રકૃતિ અને પ્રાણ અર્થાત પુરુષનું જોડલું ઉપજાવ્યું. રવિ શબ્દનો અર્થ થાય છે પ્રકૃતિ અથવા ક્ષેત્ર અને પ્રાણ શબ્દનો અર્થ થાય છે પુરુષ અને ક્ષેત્રજ્ઞ.
પ્રશ્નોપનિષદ
૩. ન. અન્ન.
૪. ન. પાણી
૫. ન. સમૂહ.

રવિષ્ઠ ૧ [સ પું. અગ્નિ.
૨ પું. કુબેર.
૩. પું. ચિત્રક વૃક્ષ.
૪. પું. બકરા.
૫. ન. એક પ્રકારનું માન.
૬. વિ. અત્યત વેગવાળું.

રવી [સં.] સ્ત્રી. કન્યા; રોહત.

રવ સ્ત્રી. એક ઉપર બીજું એમ ઉપરાઉપરી પડખર અડકોને બનાવેલી ઈંટવાહ. તેના પડખર ચૂના કે માટીથી જોડેલા હોતા નથી.

૨૨૨૦ પું. ૨૭૨નો ધ્વનિ.
૨૨૨૭ રામ ભજનમાં રહે. પ્રીતમ

૨૨૦૭૨ પું. રામ નામનો અવાજ કે જપ.
રામયોગ રહે ૨૨૦૭૨ રે,
નવ ગ્રહે બીમનો ભાર રે. મીરો

૨૩લી સ્ત્રી. એ નામનું કપોતાક્ષી નદીને કિનારે આવેલું ગામ. જ્યાં આચાર્ય પ્રફુલ્લચંદ્રરોયનો જન્મ થયેલો હતો.

૨લ ન. ચિહ્ન; બીડો; પ્રમા; ચાર્જ.
કામનાં ૨લ દીસે પીઠે,
રીઢ સૂતાડી આનંદ થાય છે દીઠે. દયારામ

૨લકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રત્નાવલી. તે ભૂતની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, સગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે.

૨લવું અ ક્રિ ૨ખડવું; ૨ઝળવું; બદકવું.

૨લી ૧. સ્ત્રી. આનંદ; ખુશી; મજા; પ્રસન્નતા
૨. સ્ત્રી. એક પ્રકારનું અન્ન.
૩ સ્ત્રી ક્રીડા; ઉજાણ
૪. સ્ત્રી. ક્રીડા; વિહાર.
૫. વિ. રંગિયલ; ખુશી, આનંદી

૨લ્યકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગોપા. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ બીસ અક્ષર હોય છે

૨વ ૧. પું. ઉત્સાહ; ઉમંગ, તાન.
૨. પું. કીર્તિ; પ્રસિદ્ધિ; નામના; નામ માત્ર રહેવું તે.
૩. પું. ઘોંસ; ૨ાડ; ધૂમ.
૪ પુ. જોર; બળ; તાકાત.
૫. પું ઝડપ; વહાણની ગતિ કે ચાલ.
મુજ વહાણ અતિશે અપરો,
કેમ રૂપ નવું થઈ શોભશે.
બાધું અવે બહુ ભાર તેમા,
૨વ નહિ ઓછા થશે.
ઉત્સાહનું વહાણવટું

૬. પુ. નાદ; અવાજ; સાદ; હોર; ધોંચાટ; કલશ્વ; મોટો શબ્દ
૭. પું. (વહાણવટું) બને મોરચાની બહાદરી બાબુએ મજબૂતી માટે જહાજમાં આવતા સીમાં અને સામાન ચડવા
૮. પું વરસાદની ગર્જના.
૯. [સં. રવિ] પું. સૂર્ય
૧૦. સ્ત્રી. ગરમી; ગરમાટી અસર.
૨વ દેવી = સભોગ કરવો.

૨વ૧ સ્ત્રી. મોટા પાણીની ભીંતવાળી મોટી માજલી. વજનમાં તે સાત શેરથી વધારે હોય છે. પૂર પછી સાબરમતીમાં આ માજલી જોવામાં આવે છે.

૨વઇયો ૧. પું. પાણીના ક્ષોભનું ઝોં.
૨. પું મજબૂત પ્રસંગે ઘર આજુબા રોપવાનો ૨વર્ડના ઝાકડાનો રતંબ.
૩ પું. ૨વાઈ; ૨વૈયો; દહીં વલોવવાનું સાધન.
૪ પું. રિવાજ; રીત; ચિરસ્તો; રૂઢિ.

૨વઈ સ્ત્રી. દહીં વલોવવાનું સાધન; નાનો ~વૈયો; મંથનદંડ; ઝાડ કરવાનો દાંડો; દહીં વલોવવાનું રાચ.

૨વક ૧. ન. એક જાતનું મોતી.
૨. ન. ત્રીસ મોતીઓનો ઝબ્બો; તેનું વજન બત્રીસ રતીભાર હોય છે
૩. [સં ન. રૈવ નામનું વૃક્ષ.

૨વકાર પું. અવાજ; શબ્દ

૨વકડું (૨વડવું) ૧. અ. ક્રિ. ૨ખડવું; ૨ઝળવું; બદકવું; આથડવું
૧. ૨વડી જવું-પડવું = (૧) નોકરી વગેરેમાં [પ્રાપ્તિ મળવી. (૨) રખડવા રહી જવું.
૨. ૨વડી મરવું = બદકી બદકીને મોડી જવું
૨. અ ક્રિ. હેરાન થવું

૨વકાવવું (૨વડાવવું) સ. ક્રિ. ૨વડાવવું; ૨ખડાવવું; ૨વડે એમ કરવું.
તેણે રણ રવકાવ્યા હો, કેટલા મોહક બંધન. દ્રૌપદી સ્વયંવર

૨વકાવું (૨વડાવું) અ ક્રિ. ૨ખડાવું; બદકાવું; આથડાવું.

૨વજ ૧. [સં.] પું. અવાજ.
૨. પુ. ઊંટ.
૩ સ્ત્રી કોયમ.
૪ ન ઢાંકું
૫ વિ મજબૂત, તપેલું
૬ વિ મજબૂત; અડિયલ.
૭ વિ નીડર; તેજ.
૮ વિ મજબૂત મરકક
૯ વિ ઘણું કરનાર

૨વડી ૧ સ્ત્રી ઝંઝરી
૨ ન સ્ત્રી કોકિલા

૨વડ પુ ઝગડા, ઝોડ
અ પિ ૫, ૨વડ આબ. દાદાજીની ચાનો

૨વબાળવું અ. ક્રિ. બબડવું; બબડવું.

૨વન ૧. [સં] પું. પતિ; ધણી
૨. પું. (પિંગળ) પાસઠ વર્ણનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે
૩. પુ. ૨વ; અવાજ; શબ્દ
૪ સ્ત્રી. વાડીમાં પડેલી પગથી.
૫ વિ રમણ કરનાર.

૨વજક ૧. સ્ત્રી. ઝોકોરો; મોટો અવાજ.
૨. [અ. રૌનક] સ્ત્રી. તેજ; પ્રકાશ
૩. સ્ત્રી. મોભો; પ્રતિષ્ઠા.

૨વજા ૧. પુ. ખરીદી કરનાર નોકર.
૨. [ફા.] પું. જવાની રજામંદી, રાહદારીનો પરવાનો; 'પાસપોર્ટ'
૩ પું. ભોકલવાનો માલ

૨વજ૨ અ. મોટે સાદે; જોરથી.
એમ કહી ચેહેલી ૨વજર પડે રીડ.
૨ મ.૫૫

૨વમાન [સં.] ન. અવાજનું મા.૫.

૨વરખું ન. ઝાડનો એક ભાગ.

૨વરવ ૧. પું ઠંડા નીબુ અથવા આમલીને ઉકરેડે એવા ૨વાદ વગેરેની અસર, અકળકારાયા જીભ ઉપર આવ તેવી અસર.
એની જીભ ૨વરવ થઈ હતી= બોલવાને તે તલપાપડ થઈ રહ્યો હતો
૨. પું. પાકડાનાં વર્ષાઋતુથી થતો મધુર અવાજ.
૩. ન. અગ્નિ પ્રકટવા એક નર્કનું નામ; રૌરવ.
૪. અ. ક્રમક્રમ; ૨વરવે તેમ.

૨વરવવું ૧. સિ. જીભ ઉપર ૨વરવ અસર કરે તેવું.
૨. વિ. દુઃખી થતું.

૨વરવવું ૧. અ. ક્રિ. ખૂબ અવાજ કરવો કે ખમ પડવા
૨. અ ક્રિ. ચમકવું
૩. અ ક્રિ. જવાળાની જેમ અવાજ સાથે ગતિમાન રહેવાનું
૪. અ.ક્રિ. ૨વરવ થવું; ૨વરવાટની અસર થવી.

૨વરવાટ પું ૨વરવવાની ક્રિયા, જીભમાં થતો એક જાતનો સળસળાટ, ૨વરવવું ન

૨વલીપંચક ૧. [૨વલી (રેવતી નક્ષત્ર) + પંચક (તે નક્ષત્રના જન્મેલું]
વિ દમદમેલું, ઘેલું; બેવકૂફ, મૂર્ખ, ઠોઠ, પહેરવા ઓઢવાનું કે ખાવા માલવાનું ભાન ન હોય તેવું
૨ સ્ત્રી. મહાન કમનસીબ
૩. વિ વલીપતિયું; વલવલિયું, ઉંચમાનિયું, તોફાની.

રચવું જ. ક્રિ. બનાવવું કરવું.

રચના સ્ત્રી. આકાર; આકૃતિ.

ઊભવા ધરતી રચના અનવા આકૃતિ કેરતી નવીન પ્રકાર કરવો. રાજચલ્લમ

રચણીકર જ. ઝોપડા તરફની બાસની એક જાત.

રચંડા ૧ પું. રસ્તો; માર્ગ.

એ તુરત જ કમલદ તરીને રચંડામાંથી જરો. ઝવેરચંદ મે. દેસાઈ

૨. [સં. રચના] પું. જ જ. બાલવા જવું તે; અભિસારે જવાનું તે.

રચંદા [જ.] પું. મુસાફર.

રચા ૧. [જ. રચા] પું. આત્મા.

૨. પુ બહેના ચોટલાનું આડું ચૂથું; રચો.

૩. પું. ઘરેણાનો એક ભાગ.

૪. [હિ.] પું. ઝીણો કણ; દાણો.

૫ પું. કરજ.

૬. પું. ધાતુનો રસ કરી જઈ બનેલી નાની ગોળી.

૭. પું. સોના રૂપા વગેરેની ઝીણી ઝીણી કરચ.

૮. વિ. અનુકૂળ; યોગ્ય; લાયક; ઘટિત.

૯. વિ. પ્રસન્નિત; ખુશ.

૧૦. વિ. બરાબર; સમધાત.

૧૧. [જ.] વિ. મંજૂર કરેલું; કાયદેસરનું; રજા અપાયેલું.

રચાઈ ૧. સ્ત્રી. એક જાતની ઘોડાની સારી ચાલ.

૨. સ્ત્રી, કાચ વલોવવાનું સાધન; રચાઈ સધનના બાકીની રચાઈ ઉત્તમ ગણાય છે.

રચાઈડું (રચાઈડું) ૧. ન. બાકીનું ઝીણું કપ.

૨. ન. બાકું ચાક.

રચાઈડો (રચાઈડો) પું. વલોણાનો દાસ.

ઓખણ ચોખણ રચાઈડો, ગાય ગરાસી ને તીર. ગુ. સા. પરિષદ

રચાજ ૧. [જ. રિવાજ] પું. ચરબી.

૨. પું. રચાળ; એક જાતનું તંતુવાદ્ય. તે બાકીની નાની ટૂકી ચીપથી વગાડાય છે. બસ કરીને રચાળ ચોરો તે વગાડે છે

નીલા વસાને રચાજ કરે,
રણઝિણ તિતરી તેહ. નિષ્કુળાનંદ

૩. [જ. રિવાજ] પું. રિવાજ; રસમ; પ્રથા; ચાલ; પરિપાટી.

રચાડ (રચાડ) પું. ઓગાળેલી ધાતુના રસનો જથ્થો.

રચાડી (રચાડો) ૧. સ્ત્રી. ઘોડા ઉપર કુલેક આપવું તે.

ચડિક રચાડી ભેટ દિરી,
[illegible] લાવણ્યસમય

૨ સ્ત્રી. પાલખી જેવું ડાળેરણને પધરાવવાનું સાધન.

૩ સ્ત્રી શિકાર.

રચાડા (રચાયે) ૧. પું. એ નામનો એક છંદ

૨ પું. ખોટી આદત.

જેવી રચાડે ચડવું = અગાઉ આગળ ચડવું; બીજાને કરવે હોંગાવું.

૩. પું. રસ્તો; માર્ગ.

૪. પું. સંગ; સોબત.

૫. પું. ઢબ; ઢબત; દુરાગ્રહ.

રચાણ જ. સારંગી જેવું એક જાતનું નાનું વાદ્ય

રચાનું જ. વલોણાનું બાકીનું ચાલવું તે.

રચાદાર ૧. [જ.] વિ. કબૂલ રાખનાર.

૨. વિ. ટેકીલું; ટેકીલું.

૩. વિ. દાણાદાર; કણવાળું; નાની ગાંઠડીવાળું કણકોદાર; રચાવાળું.

૪ વિ. બાજબી, યોગ્ય; લાયક.

૫. વિ. સંતવી; હિસેબી.

રચાદારગી ૧. [જ.] સ્ત્રી. કોઈએ સોંપેલી રકમ કે ચીજમાંથી હાથ બારી લેવો તે; સોંપેલી બાબતમાંથી ચોકું કાઢી લેવું તે; ઉચાપત કરવું તે; છૂપી દાનતથી કાઢવી તે; નુકસાન; ખોટ ઉચાપતી.

૨. સ્ત્રી. મહેરબાની; કૃપા.

૩. સ્ત્રી. રચાદારી; તરફદારી; પક્ષપાત.

૪. સ્ત્રી. વખાણ; તરફેણ કાઈ સારું બોલવું તે.

રચાદારી ૧ સ્ત્રી. વર્તન.

૨ જુઓ રચાદારગી

રચાનગી ૧ સ્ત્રી બારગ રવાના કરવો તે.

૨. [જ.] સ્ત્રી. જવું કે રવાના થવું તે; વિદાય થવું તે; વિદાયગીરી; બદારબાબ જવું તે; ગમન; પ્રસ્થાન; ઊપડવું તે.

૩. સ્ત્રી દેશ કે બીજી બાબ વગેરેનું બહાર કે બીજે દેશ જવા [illegible] નિર્ગમન; નિકાસ; નિર્ગમ.

૪ સ્ત્રી [illegible] બોલવું તે.

૫ સ્ત્રી [illegible] બોલેલી હકીકત.

૬ સ્ત્રી રવાના. થતા માણસને ભેટ કાપડ કે નાણું તે; કોઈને જાતી વખતે બક્ષિસ આપવી તે; રવાના થતી વખતે આપેલી ભેટ.

૭. સ્ત્રી. વહેવું તે.

રચાનગી ચિઠ્ઠી ૧. [હિ.] સ્ત્રી. જવાનો પરવાનો; પાસપોર્ટ

૨. સ્ત્રી. બદર ઉપરથી માલ બાર જવાની ચિઠ્ઠી

રચાનગી સ્લિપ સ્ત્રી કારગત રવાના કર્યાની પહોંચ લેવામાં આવે તે ચિઠ્ઠી

રચાના ૧. [જ.] પું. પરવાનો; પાસપોર્ટ.

૨. પું. મોકલવું કે જવા દેવું તે.

૩. વિ મોકલેલું; વિદાય કરેલું.

૧. રવાના કરવું = (૧) નિકાસ કરવું, બહારગામ મોકલવું. (૨) મોકલવું; વાવું; પાઠવવું; જવાને પ્રેરવું. (૩) વિદાય કરવું.

૨. રવાના થવું = (૧) ઊપડવું. (૨) મરી જવું. (૩) મોકલાવું.

૪ જ. મોકલેલું હોય તેમ.

રચાનાચિઠ્ઠી સ્ત્રી. માલ બહાર બાર જવાની પાવતી; નિકાસ માટેનો પરવાનો કે પાસ; અનુજ્ઞાપત્ર.

રચાનુકારી [સં. રચાનુકારિન્] વિ. બનાવના અનુકરણથી બનતું.

રચાને [જ. રચાના] જ. મોકલેલું કે વિદાય કરેલું હોય તેમ.

રચાબ ૧. પું. બાલ; રિવાજ; શિરસ્તો; ધારો.

૨. [જ. રબાબ] પું. રબાબ.

૩. જ. બાનું; રબાબ; એક પ્રાચીન તંતુવાદ્ય.

રચાબાર [હિં.] વિ. જરા; થોડું; અલ્પ.

રચાયો ૧. પું. બાલ કરવાની મોટી રચાઈ.

૨ પું. ધારો; બાલ; રૂઢિ; રિવાજ; શિરસ્તો.

રચારી સ્ત્રી. ચાર દોષનું એક મ.પ.

રચાલ ૧. [હિં.] પું. સોનારૂપાની રજ; ઢાળકો પાડ્યા પછી રેછમાં રહેતો ભૂકો.

૨. સ્ત્રી. ઘોડા અને બળદ વગેરેની અમુક એકધારા વેગવાળી ચાલની એક તરેહ; નહિ ઉતાવળી નહિ ધીમી એવી ઘોડા વગેરેની ચાલ; ધીમી અને એકસરખી ચાલ, બહુધા બાદુક ચાલવું તે.

રચાલદાર વિ. રચાલમાં ચાલનાર.

રચાલી સ્ત્રી. સવાર સાજ પોલિસ બ.ર્ગનમાં બ્યૂગલ વગાડવામાં આવે છે તે

રચાલીદાર પું. બીજાઓ; બ્યૂગલ વગાડનાર બચ્ચા.

રચાવું સ ક્રિ. વખાણવું.

રવારા જી૦ ભય, ત્રાસ કે દુઃખને લીધે નાખેલી તીક્ષ્ણ ચીસ; કારની ચીસ.
કાળી રવારા નાખવી = તીક્ષ્ણ અવાજ ચીસ નાખવી

રવાસ જી૦. ખાવામાં વપરાતી એક જાતની માછલી. ઓકટોબરથી બે માસ સુધીમાં તે દરિયામાં નજરે પડે છે. તેનું વજન ૧૦થી ૨૫ રતલ હોય છે. તેની માછલી દીઠ સરેરાશ કીમત દોઢ રૂપિયો હોય છે.

રવાળી જી૦. એક જાતની ઘોડાની ચાલ; રવાલ.

રવાળું વિ૦ કારકું; કામદાર; રવાવાળું.

રવિ ૧. પું૦ અગ્નિ.
૨. [સં૦] પું૦ આકડાનો છોડ
૩. પું૦ (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૫૧ લઘુ મળી ૭૭ વર્ણની ૧૨૮ માત્રા હોય છે.
૪. પું૦ (પિંગળ) એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તે આનંદ છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ ૬ લઘુ મળી ૨૨ વર્ણ હોય છે
૫. પું૦ કશ્યપના ઔરસથી અદિતિથી થયેલા બાર આદેનો એક પુત્ર
૬. પું૦ નાયક; સરદાર.
૭. પું૦ બારની સંખ્યા; વાસ્તવિક રીતે આદિત્ય બાર હોવાથી ૧૨ સૂચક સાંકેતિક શબ્દ.
૮. પું૦ રજપૂતોનું એ નામનું કુળ.
૯. પુ૦ રવિવાર.
૧૦ પુ૦ રાતા આસોપાલવનું ઝાડ.
૧૧. પુ૦ વિષ્ણુ.
૧૨. પું૦ ચિત્રનાં કલ્પેલ આંકેનું એક નામ.
૧૩. પું૦ સૂર્ય; સૂરજ; અર્ક; ભાસ્કર; આદિત્ય; ભાનુ; દિવાકર; પ્રભાકર. પૃથ્વીથી તેનું મહત્તમ અંતર ૯૩૮ લાખ માઈલ છે. તેનું પૃષ્ઠભાગનું આકર્ષણ પૃથ્વીથી ૨૭૭ પટ છે. તેનો આકાર એટલે ઘનફળ પૃથ્વીથી ૧૨,૮૧,૨૯૪ પટ છે અને દ્રવ્ય પૃથ્વીથી ૩,૨૬,૮૦૦ પટ છે. તેનો મધ્યમ વ્યાસ ૮,૬૦,૦૦૦ માઈલ છે. તેની ઘનતા પાણીથી ૧૪૪ પટ અને પૃથ્વીથી ૨૬ પટ છે. તેનો અક્ષ પ્રદક્ષિણા કાળ ૨૫થી ૨૬ દિવસ છે. હિંદુ નવગ્રહમાં સૂર્યની પૂજા કરાય છે. તેમાં આ ગ્રહ પ્રથમ પદે છે. રવિ કે સૂર્ય ઉપરથી રવિવાર નામ પડયું છે જ્યોતિષતત્ત્વમાં લખ્યું છે કે આ ગ્રહમાં જન્મેલા પુરુષોનું મન ચિંતામાં રહે છે. રોગ અને બીજી પીડાઓથી તે પીડાય છે તેનો દેહાંતિકાલ મધ્ય કે તે કદી અને અવસ્થા તેનાં પત્ની, છોકરાં, મા-બાપ વગેરેનો નાશ થાય.
જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ = કવિની કલ્પનાશક્તિ વિશેષ હોય છે.
૧૪. પું૦ (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો ભીમસેને કુરુક્ષેત્ર મારેલો પુત્ર.
૧૫. ન૦ વી
રવિકન્યા [સં૦] જી૦. જમુના નદી.
રવિકન્યાના મંદ શીતલ પ્રવાહ વરફ જ ચિત્ત ચોરવું હતા ! કાલેલકર
રવિકાંત [સં૦] પું૦. સૂર્યમણિ; સૂર્યકાંતમણિ. તેના ઉપર સૂર્યનાં કિરણ પડતાં કેંદ્રિત કરી નાખેની વસ્તુમા આગ લાગે છે.
રવિકુલ [સ૦] ન૦. સૂર્યવંશ. આ શબ્દને છેડે રવિ, મણિ વગેરે શબ્દો લગાડવાથી તેનો અર્થ રામચંદ્ર થાય છે જેમકે, રવિકુલરવિ, રવિકુલમણિ
રવિકોઢ [સં૦] પું૦. સૂર્ય રૂપી હિલ્લો.
જળહળ જ્યોત જલોત રવિકોઢમા.
જેમનો કોર જ્યાં નીકળે જોરે
નરસિંહ
રવિચક્ર ૧. [સં૦] ન૦. એક પ્રકારનું જ્યોતિષ ચક્ર. તે મનુષ્યના શરીરના આકારનું હોય છે અને તેમાં વક્રારંભ નક્ષત્ર વગેરે રાખીને માણસના જીવનની શુભાશુભ વાતો જણવી શકાય છે.
૨. ન૦ (જ્યોતિષ) ઓગણત્રીસ વર્ષનો એક યુગ.
૩. ન૦ સૂર્યના રથનું પૈડું.
૪. ન૦ સૂર્યમંડળ.
રવિચક્ષુ [સં૦] જી૦. સૂર્યનો પ્રકાર; ઊંચાનો સૂર્યનું તેજ.
વહીં કિરણું જે સૂર્ય ન રવિચક્ષુ એવું વડું
ખરે જ ચંદ્રિની વણી ફિકી વલાટ આપ જે એ.
પ્રસ્થાન
રવિજ ૧. [સં૦] પું અશ્વિની કુમાર.
૨ પું૦. અર્ક.
૩. પું૦. યમરાજ.
૪. પું૦. વાલી.
૫ પું૦. વૈવસ્વત મનુ.
૬ પું૦. શનિ
૭. પું૦. સાવર્ણિક મનુ.
૮ પું૦. સુગ્રીવ.
૯ ન૦. હેલિયમ નામનું રાસાયણિક તત્ત્વ.
રવિજકેતુ [સં૦] પું૦. એક પ્રકારનો કેતુ કે પૃથ્વીનો તારો તેની ઉત્પત્તિ સૂર્યમાંથી થઈ હોવાનું મનાય છે કહેવાય છે કે, તેનો આકાર ધણે ભાગે હારના જેવો અને વર્ણ સોનાના જેવો હોય છે અને તે પૂર્વ કે પશ્ચિમમા દેખાય છે.
રવિજા [સં૦] જી૦. યમુના નદી; સૂર્યતનયા.
યમુના રવિજા યમી કૃષ્ણા શ્યામલ આપ,
આ યમુના સહ સમુદ્ર ફરી આવત તવ પરિતાપ
વિશ્વબંધુકોષ
રવિતેજ [સં૦ રવિતેજસ] ન૦. સૂર્યનો પ્રકાશ.
રવિદાસ પું૦. એ નામના એક ધર્મસ્થાપક.
રવિદાસ અને કબીર નીચ જાતિના હતા છતાં રામાનંદના શિષ્યો હતા. બુદ્ધિપ્રકાશ
રવિદિન [સં૦] પું૦. રવિવાર.
રવિધામ [સં૦ રવિધામન્] ન૦. સૂર્યનું પ્રત્યક્ષ ચિહ્ન.
જેમ રવિ દેખાડે સ્વધામ. અખો
રવિનંદ જુઓ રવિજ.
રવિનાથ ૧. [સં૦] ન૦. કમળ; પદ્મ.
૨. ન૦. અપોરીઆનું ઝાડ.
રવિનીચ [સં૦] ન૦. ગ્રહની કક્ષાનો સૂર્યની પાસેમા પાસેનો ભાગ; નિમ્ન રવિબિંદુ.
રવિપાક [સં૦] પું૦. આગતર મોલ; અષાઢ માસમાં વાવેલ મોલ.
રવિપ્રાપ્તિ [સં૦] ન૦. સૂર્યસ્તઃ સૂર્ય આથમી જવો તે.
પશ્ચિમ સાગર થયું રવિપ્રાપ્ત. આલ્પ
રવિપ્રિય ૧. [સં૦] ન૦. આકડો.
૨ ન૦. આદિત્ય પત્ર.
૩. ન૦. કરેણનું ઝાડ.
૪. ન૦. જાસુદ.
૫ ન૦. તાંબુ.
૬ ન૦. રાતું કમળ.
૭ ન૦. લાલ નામનું વૃક્ષ કે તેનું ફળ.
રવિપ્રીતા જી૦. તલવણી નામની વનસ્પતિ.
રવિપુત્ર જુઓ રવિજ
રવિપુત્રી જુઓ રવિજા.
રવિપુલા પું૦. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ વગેરેનો ભેદ છે. તેમાં વિષમપદે ચોથા અક્ષર પછી રગણ આવે છે.
રવિફળ [સં૦ રવિફલ] ન૦. આકડાનું છોડવું; રસાંકડ
રવિબાબુ પુ૦. બાબુ રવીંદ્રનાથ ટાગોર; બંગાળાના સુપ્રસિદ્ધ કવિ; કવિવર્ય ટાગોર.
રવિબિંબ ૧. ન૦. આકડો.
૨. ન૦. સૂર્યનું મંડળ.
કદાચિને રવિબિંબ હવે અડે. કાલ
રવિબુધાંતર [સ] વિ૦. (જ્યોતિષ) સૂર્ય અને બુધગ્રહના વચમાં હોય તેવું.
રવિમણિ [સ] પું૦. સૂર્યકાંતમણિ.

રવિમંડળ [સં. રવિમણ્ડલ] ન. સૂર્યમંડળ; સૌરજગત

> સવૈબિલ્લ અમવરા ચક્ર
> રથ હાકર્યો, અંતરિક્ષ માર્ગે
> ગયો ઊડ્યો રવિમંડળ લગે.
>
> પ્રેમાનંદ

રવિયોગ [સં.] પું. (જ્યોતિષ) એક જાતનો યોગ. સૂર્યના નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતા જો દિવસનું નક્ષત્ર ચોથું, છઠું, નવમું, દશમું, તેરમું અને વીશમું હોય તો રવિયોગ જાણવો. આ યોગમાં આદરેલું કામ સિદ્ધિ દઈને આપનારું છે.

રવિરત્ન ૧. [સં.] ન. તાંબું.

૨. ન. માણેક.

૩. ન. સૂર્યકાંત નામનો મણિ.

રવિરથડો (રવિરથડો) પું. સૂર્યનો રથ.

> સંધરથડાને ધાર જતા નહિ બંધે રે લોલ,
> અદાની આજ કહિ નહિ મળે રે લોલ.
>
> ભોટાદકર

રવિરશ્મિતાપ [સં.] પું. સૂર્યનાં કિરણોનો તાપ.

> હે રમ્યવાહ કમલિની નીલાં સરોથી,
> હો રક્ષ ભાયથી કુલા રવિરશ્મિતાપ.
>
> નાનાલાલ

રવિરુચિ પું. (પિંગળ) એ નામનો માત્રામેળ છંદ. તેમાં ગુરુ લઘુનો નિયમ નથી. તેની માત્રા ૩૧ છે. તેમાં ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ તાલ આવે છે અને સોળમા અક્ષર ઉપર યતિ આવે છે.

રવિલોચન ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. શિવ.

રવિવદન [સં.] ન. સૂર્ય જેવું તેજસ્વી મોઢું.

> કૂલી અંગે ન માત રે બહેની,
> હું રવિવદન ને હાલી રે.
>
> નરસિંહ

રવિવર્મા પું. ભારતના એ નામના એક પ્રસિદ્ધ ચિત્રકાર. તે ત્રાવણકોરના એક વખતના રાજા કારભાર ચલાવનાર માતુશ્રીના કાકા થતા હતા. તેમણે મત્સ્યગંધા, મહાશ્વેતા કાદમરી અને એવાં બીજાં ચિત્રો ત્રાવણકોરની બહેનોની સુંદરતા ઉપરથી દોરેલાં હોય એમ લાગે છે.

રવિવાર [સં.] પું. સૂર્યનો વાર; અઠવાડિયાનો એક દિવસ. આદિતવાર; સાત બાંધેનો એક વાર; ઇતવાર; આતવાર; રવેહ.

રવિવારું વિ. રવિવારે આવતું કે થતું.

રવિવાસર [સં] પું. રવિવાર

> પોષ માસ, તિથિ ત્રીજ સુદિ વદિયે રવિવાસર.
>
> ગુ. સા. પરિષદ

રવિશ ૧ [સં] સ્ત્રી. ગતિ; ચાલ; ઝડપ.

૨. [કા.] સ્ત્રી. ભઠ્ઠીમાંની અંદરનો રસ્તો; ' ચેનલ '.

૩. સ્ત્રી. રિવાજ; ધારો.

૪. સ્ત્રી. રીત; ઢંગ.

૫ સ્ત્રી. વર્તણૂક.

૬. સ્ત્રી. હવા.

રવિસંક્રાંતિ [સં.] સ્ત્રી. સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે; સૂર્યસંક્રમણ.

રવિસંજ્ઞક [સં.] ન. તાંબું.

રવિસુત જુઓ રવિજ.

રવિસુતા જુઓ રવિજા.

રવી ૧. પું. સિયાળુ પાક; જવ, ઘઉં, ચણા, વટાણા વગેરે; હિમાળાની ઋતુમાતમાં વવાય ને ઉનાળાની ઋતુમાતમાં ઉતરે તેવો ધાન્યનો પાક.

૨ [અં. રિબ્યૂ] ન. કવાયત; સૈનિકોની અવરજવરની ઉપરઉપરની તપાસ; લશ્કરની પરીક્ષા.

૩. [અ. રબીઅ] વિ. રબી; સિયાળુ; ગાઢળ, બેજ અને તાપને લીધે પાકનારું.

રવીકૂલ ન. પગમાં પહેરવાનો રૂપાનો કાંબીનો.

રવીસર સ્ત્રી. (વહાણવટું) વહાણની પીઠ માટે જરૂરમાં આવતાં ઊભાં લાકડાં.

રવીંદ્રનાથ ટાગોર પું. હિંદના એક સુપ્રસિદ્ધ કવિ; કવિવર્ય ટાગોર; વરસનું નોબલ પારિતોષિક મેળવી હિંદને જગમશહૂર બનાવનાર સાહિત્ય વીર. એમનો જન્મ ઈ.સ. ૧૮૬૧માં થયો હતો. જેવો તેમનો દેખાવ સાદો છતાં ભવ્ય અને ઋષિ જેવો આકર્ષક છે તેવી જ તેમની કવિતા પણ સાદી, સ્વાભાવિક છતાં ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. રાધાકૃષ્ણનો વૈષ્ણવભાવ અને કૃષ્ણ માટેનો વ્યાકુળ તલસાટ તેમાં જોવામા આવે છે. તેમનાં કાવ્યો બંગાળામાં ઘેર ઘેર પ્રચલિત છે. ગીતાંજલિ, ગીતિમાલ્ય, પ્રજાતંત્ર અને નિશુ જેવાં મહાન કાવ્યો રચનાર મહાન કવિ ઉત્પન્ન કરવો એ હિંદનું ભાગ્યોદય છે. એવા, નૈવેદ્ય, ગીતાંજલિ, ગીતિમાલ્ય વગેરે કાવ્યોમાથી ચૂંટી કાઢેલાં આવાં કાવ્યોનો સંગ્રહ કે જે અંગ્રેજી ગીતાંજલિમાં પ્રસિદ્ધ થયો છે તે બોર્ડ યરમ ગાડુ થઈ જવુ અને એ એક જ ગ્રંથ રવીંદ્રનાથને દુનિયાનું સર્વોત્તમ સાહિત્યનું નોબેલ પ્રાઈઝ અપાવવા શક્તિમાન થયો. આર્યોનું જીવન કેટલું ઉદાત્ત, ઉચ્ચ અને ઊર્જાવળ હોઈ શકે છે એનું દર્શન એમની મૂર્તિ જોતાં આપણને થાય છે. તેઓ ખરા અર્થમાં કવિ છે. કવિવર રવીંદ્રનાથ ઠાકુરની સાહિત્યસેવા આજે ચાર પ્રકારની છે. કવિ, નિબંધકાર, નાટકકાર અને નવલકથાકાર. નોબેલ પ્રાઈઝ મેળવી રવીંદ્રનાથે પોતાની જાત કરતાં જેના તે પારિતોષિકનો મહિમા વધાર્યો હતો. જોકરોઓ પોતાની વૃત્તિ પ્રમાણે અભ્યાસ કરી શકે એવી સંસ્થા કાઢવાનો તેમણે ઘણા વખત પહેલાં જ નિશ્ચય કર્યો હતો. એ સંસ્થા એ જ આજનું એમનું શાંતિનિકેતન. આપણા પ્રાચીન સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યનું એમણે ઊંડું અધ્યયન કર્યું હતું. પ્રાચીન સાહિત્ય અને પ્રાચીન સંસ્કૃતિ વિષે અભ્યાસ માટે એમણે શાંતિનિકેતન સાથે વિશ્વભારતી નામની સંસ્થા પણ સ્થાપી છે. આ સંસ્થામાં રહી સંસ્કૃત, પાલી, મરાઠી વગેરે ભાષામાં લખાયેલાં આપણાં પ્રાચીન શાસ્ત્રોનું તથા સંસ્કૃતિ-દિ કલાનું ઉત્તમ જ્ઞાન મેળવી રાકાય અને નવીન શોધખોળ કરી શકાય તેવી ગોઠવણ કરવામાં આવી છે. એ સર્વોપરી કવિવર કહે છે કે, આત્માને નાનો કરો મા, દુઃખથી ડરો મા, સહન કરીને મોટા થાઓ, આત્મા અમર છે, પરિસ્થિતિ ક્ષણજીવી છે, સહન કરીને પણ પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી રાકાય છે. આત્માની ઉપાસના છોડીને અહંકારની કે રાષ્ટ્રઉપાસનાની પાછળ પડો મા, આત્માને જ વળગી રહો. તે શિવ છે, મંગલ છે, પરમ સુંદર છે. તેની જ ઉપાસના કરો, તેની જ ઉપાસના કરો

રવેઉ પું. રવિવાર; આદિત્યવાર.

રવેડી (રવેડો) ૧. સ્ત્રી. ઠાકોરજીની સવારી.

૨. સ્ત્રી. તાન; ધૂન.

૩. સ્ત્રી. રવૈયો; રિવાજ; ચાલ.

૪. સ્ત્રી. વલણ; રીત.

રવેડો (રવેડો) ૧. પું કાળજી; દરકાર.

૨. પું. રસ્તો; માર્ગ.

૩. પું. હઠ; મમત; દુરાગ્રહ.

રવેશ ૧. [કા. રવિશ (છૂટી પરસાળ)] પું. ઘર કે મકાનના આગલા ભાગના મેડા ઉપરથી બહાર ઝૂલતો રહે એમ ઘસ.વેલો ભાગ; માળનો બહાર પડતો ભાગ; બારણાંથી બહાર પડતો માળનો ભાગ; ઝરૂખો, છજું; અટારી.

૨. પું. દીવાન બનું

૩. પું. રહેણી; રીત, આચાર.

૪. પું. રિવાજ; ચાલ; ધારો; નિયમ; રસમ; રાખેતો, કિરસ્તો

રવેશી સ્ત્રી. પરસાળ; અડાળી; મકાનનો રસ્તા તરફનો પહેલાંનો અડાળી જેવો ભાગ.

રવેસ જુઓ રવેશ.

રવેળા વિ. સ્ત્રી. ઘરનું કામકાજ નહિ કરતા જ્યાં ત્યાં ફરતી ફરે એવી; નવરી અને ઘેર ઘેર ભટકતી.

રવૈ સ્ત્રી. રવઈ; દહીં જમાવીને છાશ કરવાનું જેડે કૂલડાંવાળું એક ઓજાર; નાનો કૂલડાંવાળો વલોવવાનો દંડ કે વાંસ; રવૈયો; દહીં વલોવી છાશ કરવાનું રામ.

રવૈડું (રવેડું) ન. ભાંડવાનું ઊંચું.

રવૈયા ૧. પું. ચારિત્ર; આચાર; વર્તણૂક.
૨. પું. માર્ગ; રસ્તો
૩ [ફા.] પું. રિવાજ; ધારો.
૪. સ્ત્રી. ભાંડવાની એ નામની એક જાતિ.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.

રવૈયાં ૧. ન ન.બ. બધાં નાનાં વેંગણ.
૨. ન. ન.બ. નાનાં રીંગણાં ચીરી મસાલો ભરેલું શાક; બધાં જ નાનાં ને ગોળ એવાં નાનાં સમારેલાં વેંગણ. તે કફ તથા વાયુ પ્રકૃતિવાળાને સારાં છે. ખાસ, રતવા, કમળો વગેરે રોગમાં હિતકારક છે.

રવૈયું ૧. ન. ઉપરથી મોટું ચીરી મસાલો ભરીને કરાતું શાક.
૨. ન. બધું નાનું વેંગણ કે રીંગણું.

રવૈયો ૧. [કા. રવૈયા] પું. ચાલ; રિવાજ; બધા વખતની ચાલ્યા કરતી રૂઢિ; જિરસ્તો, દસ્તૂર; ધારો
રવૈયો કરી જવો = વખત બદલવો.
૨. પું. (પિંગ) નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, જગણ અને રગણ એમ નવ અક્ષર હોય છે.
૩. પું. પ્રાચીન કાળનું ગિરનાર પર્વતનું નામ.
૪. પું. રવઈનો, દહીં વલોવવાનો કૂલડાંવાળો વાંસ, મથનદંડ.

રવો ૧ પું. ગોળ કણી
૨. પું. ગોળનું ગચિયું. કપડામાં કે સળિયામાં ગાળી મઢેલ બંધાયેલો ગોળ; ગોળનું ભીલું; ગોળની ચાકો
૩ પું. કાણાદાર લંબ ટકરો લોટ
૪ પું પૈડાનો આરો કે દાંતો
૫ પું કૂવા; પરસા.
૬. પું. મોઢાનું એક ઘરેણું
૭. પું. વરસાદનાં ઝીણાં ફોરાં.
૮. પું. સોનારૂપાના રેસના કણ; સોનારૂપાનો નાનો ટુકડો કે કરચ; માસલો; ધાતુનો રસ જામી જઈ બનેલો દાણો.

રવોન્મુખી પું. (પિંગ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ અને રગણ મળી નવ વર્ણ આવે છે.

રવ્વડ જુઓ રવડ.

રવાના ૧. સ્ત્રી. કંદોરો; મેખલા.
રવાના કમરે કિંકિણી સૂત્ર મેખલા નામ,
ઘંટડાવલિ શું! મદનગૃહ જાણી તોરણમાળ.
પિંગલપ્રકાશ
૨. સ્ત્રી. ઝૂલ.
૩. સ્ત્રી. દોરડું; જેતર.
૪. સ્ત્રી. લગામ; રાશ.

રવાનોપમા સ્ત્રી. (કાવ્ય) ઉપમા અલંકારનો એક પ્રકાર.
રવાના રૂપથી ઉપમા હોય એ રવાનોપમા.
મૃણાલોપમા, ગમનોપમા. કાવ્યાલંકાર

રવિકન્યા પું. વરુણનો એ નામનો એક દેવ. તે ઓઢણમાં પ્રણત કિનારા સુધી આવેલ છે. જુઓ રવિયા.

રવિકાયન ૧. પું. રવિયા દેવનો વતની.
૨. સ્ત્રી. રવિયામાં બોલાતી ભાષા.
૩. વિ. રવિયાનું કે તેને લગતું.

રવિયા ૧. પું એ નામનો એક દેશ; વરુણની પૂર્વે અને ઓઢિયાની ઉત્તરે સમુદ્ર પથરાયેલો દેશ. તે હાલ બુનિઅન બોલ્ડ સોશિયાલિસ્ટ સોવિયેટ રિપબ્લિકમાં નીચે છે. તે મૂળ રવિયા અને બીજાં ૭ પ્રજાસત્તાકોમાં વહેંચાયેલો છે. તેનું મુખ્ય શહેર મોરકો છે. રવિયાનું રાજ્ય મંડળીઓથી ચાલે છે. બધી સત્તા આ મંડળીઓમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુખ્ય મંડળી પાસે હોય છે. કારોબારી સત્તા કોઠોની મંડળી પાસે હોય છે; કે જેનો દરેક સભ્ય રાજ્યના એકાદ ખાતા માટે જવાબદાર હોય છે. મતાધિકાર ૧૮ વર્ષની ઉપરની ઉમરના બધાને હોય છે. અપવાદ તરીકે માંદાઓ, જેઓ પોતે કમાતા નથી એવા પાદરી અને કેટલાક બીજા છે. દેશની કાંઈ નામચલામાં આજુ છે પણ બધાને પોતાનો ધર્મ પાળવાની છૂટ છે. ત્યાં પુળવણી ફરજિયાત છે. તેની પાસે સારું લશ્કર અને થોડું નૌકાસૈન્ય છે. રવિયા ખેતીપ્રધાન દેશ છે. ત્યાં ઘણાયે ઉદ્યોગ ધમધો વધ્યો છે. તેની ખનીજમાં કોલસા અને તેલ મુખ્ય છે.
૨ સ્ત્રી ધર્મા; અદેખાઈ.
૩. સ્ત્રી. બીજાથી ચડિયાતા થવાની લાગણી
૪. ન. એક જાતનું કૂણું ચામડું મૂળ તે રવિયા દેશમાં બનતું હતું. બકરું નામના ઝાડની છાલમાંથી નીકળતું તેલ તેના ઉપર ચોપડવામાં આવતું હોવાથી તે ચામડામાંથી એક જાતની ખાસ સુગંધ નીકળે છે. તે ચામડાને જીવાતથી નુકસાન થતું નથી.

રવીંદ ૧. [સં.] વિ. આજ્ઞાંકિત.
૨. વિ. ચતુર.
૩. વિ. દોરનાર.
૪. વિ. કરજવાળું.
૫. વિ. સારી રસ્તે દોરાયેલું

રવોળવું અ. ક્રિ. અનાજ વગેરે મસળવા માટે રાબમા મેળવવું.

રશ્મિ ૧. સ્ત્રી. આભની પાંખ્યુ.
૨. સ્ત્રી. એક જાતની માછલી. તેમાંથી પ્રકાશ નીકળે છે
૩. સ્ત્રી. દોરી; રાશ; ભાંગોડો, લગામ; દોરડી.
૪. ન. આંત્રણી.
૫. ન ઋતુ.
૬. ન કમળ
૭ (સ) ન. કિરણ; અંશુ; કર; મયૂખ; મરીચિ. અગ્નિમાં હોમેલી આહુતિઓ સૂર્યની રશ્મિઓ દ્વારા જે જેથી ઉપનિષદમાં કલ્પના છે. તે આહુતિઓ સૂર્યરશ્મિ બની યજમાનને સ્વર્ગે લોકમાં દોરી જાય છે. ઋષિ કાવ્યમય ભાષામાં એ વાતને વર્ણવતાં કહે છે કે, તે યજમાનોને પધારો! પધારો! આ આપનો પુણ્ય સત્કર્મયુક્ત પ્રકાશલોક છે એવી મધુર વાણી વદતી, તથા તેને પૂજતી એવી તેજસ્વિની આહુતિઓ સૂર્યકિરણો દ્વારા યજમાનને સ્વર્ગમાં લઈ જાય છે.
અંશુ ગ્રહસ્તિ મયૂખ કર જો મરીચિ વસુ લેવ,
રશ્મિ પકરી સૂરની જમમમ જમમમ હોત.
પિંગલપ્રકાશ
૮. ન. તેજ.
મારા અંતરમા જ્યોતિ એક જાગી,
સુભાગી કોઈ રશ્મિ ન લીજો. બોટાદકર
૯. ન. તેજનો પ્રસાર કે ફેલાવો.

રશ્મિકલાપ [સં.] પું. એક જાતની મોતીની માળા.

રશ્મિકટા સ્ત્રી. એક જાતનું ઘાસ. તે ખાવાથી પશુઓમાં રોગ થાય છે, જીભ કઠણ થઈ જાય છે અને પેટમાં પીળી કોકડી થાય છે. પોટિશિયમ આયોડાઇડનો પ્રયોગ તેના ઉપર ઉત્તમ છે.

રશ્મિકેતુ ૧. પું. ધૂમકેતુનું એક નામ.
અગિયુત રશ્મિકેતુ ૧૦૦ વર્ષ પ્રકાશ કરી
આવર્તકેતુ આવી ત્રણ પછી કૃત્તિકા નક્ષત્રમા
ઉદય પ્રબ ૮. જ્યોતિર્વિલાસ
૨. પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. તે શ્રીરામને હાથે મરાયો હતો

રશ્મિમૃદ્ગ [સં.] ન. (વહાણવટું) દીવાદાંડી.

રશ્મિમાળ પું. પરિવેષ; પ્રકાશનો પુંજ.
મૂળની આસપાસનો રશ્મિમોળ ઝાંખો થયો.
બળવંતરાય ઠાકર

રશ્મિચિકિત્સા [સ.] સ્ત્રી. કિરણ ઉપરથી રોગની ચિકિત્સા કરવી તે

રશ્મિજાલ ૧. [સં] ન. કિરણોનો સમૂહ.
૨. ન. રૂપ

રશ્મિદર્શકયંત્ર [સં.] ન. પ્રકાશનાં કિરણો દર્શાવતું યંત્ર

રશ્મિધર્મ [સં.] પું. કિરણપ્રવૃત્તિ; ' રેડિયો ઍક્ટિવિટી '.
રશ્મિધર્મપ્રવૃત્તિ કે રશ્મિધર્મ કેમ્બારના દ્રવ્યો કે જેનો રશ્મિધર્મ એ બધો ઉત્તમ નમૂનો છે તેમાંથી બધું પ્રકાશ રસ, આકર્ષણો થાય છે.
વિજ્ઞાન પ્રવેશ

રશ્મિનિર્ણયિકશાસ્ત્ર [સં] ન. ચિત્રાત્મકવિદ્યા. ' રેડિયોગ્રાફિ '.

રશ્મિમાપક [સ.] વિ. કિરણો માપવાનું યંત્ર; ' રેડિયોમીટર '

રશ્મિમાલા [સ.] સ્ત્રી કિરણોની હાર.

રશ્મિરત્ન ૧. ન. એક જાતનું રત્નાકારિક દ્રવ્ય; ' રેડિયમ '. આ એક વિરલ કે અતિ મોંઘી વસ્તુ છે. તેમાંથી છૂટતાં પ્રકાશનાં કિરણો અદૃશ્યશીશપટ ઉપર ઝીલી કરે છે. તેનામાં અદ્ભુત કિરણોનો ગુણ છે એટલે કે માંસ, ચામડી ભેદીને પ્રાણીના શરીરમાંનાં હાડકાં વગેરેની છબ તે પાડી શકે છે
૨. વિ. પ્રકાશના સતત ફુવારા આપે એવું. અતિ ભળથી હાલના પરમાણુ અને બધા વેગથી ઊડતા કણોની શક્તિને લીધે પ્રકાશના ફુવારા થાય છે અને તે સતત પ્રકાશ આપતા અદ્ભુત છે. તેથી એવા પદાર્થોને રશ્મિરત્ન (રેડિયો ઍક્ટિવ) પદાર્થ કહે છે

રશ્મિરત્નપરીક્ષા સ્ત્રી. રોંટજન કિરણોથી કરાતી પરીક્ષા

રશ્મિરત્નપ્રવૃત્તિ સ્ત્રી પ્રકાશના સતત ફુવારા આપવા તે

રશ્મિરત્નાલેખ પું. રોંટજનના કિરણોથી પડાયેલી છબી

રશ્મિરત્નાલેખન ન. રોંટજન કિરણોથી છબી પાડવાની કળા.

રશ્મિરેખા [સં.] સ્ત્રી તેજનું કિરણ

રશ્મિવર્ષું [સં.] પું. પડદા ઉપર પડેલા, છબી પાડવાના દુરબીનથી કે બીજી કોઈ પણ રીતે જોયેલાં અજવાળાના રંગબેરંગી કિરણ.

રશ્મિવર્ષુદર્શક [સં] ન. ચિત્રાભાસદર્શક; કિરણોના રંગ દર્શાવતું યંત્ર; ' સ્પેક્ટ્રોસ્કોપ. ' જુઓ રશ્મિવર્ષુદર્શકયંત્ર.

રશ્મિવર્ષુદર્શકયંત્ર [સં.] ન. જોનારી કિરણોના રંગ સ્પષ્ટપણે જોઈ શકાય તેવું યંત્ર

રશ્મિવર્ષુદર્શનીય [સં.] વિ. કિરણોના રંગ બતાવતું

રશ્મિવિક્ષેપ [સં.] ન. વીખરાવું.

રશ્મિશક્તિત્વ [સં] ન. તેજપ્રસારણસામર્થ્ય

રશ્મિશાસ્ત્રિક જુઓ રશ્મિજ્ઞ ૨.

રશ્મિશાસ્ત્ર [સં] ન. કિરણોનાં વર્ગીકરણ સંબંધી શાસ્ત્ર

રશ્મિસંદેશ [સં] પું. કિરણોદ્વારા મોકલાતો સંદેશો.

રશ્મિસ્વરશાસ્ત્ર સ ન બધા પ્રકારના કિરણ પૈ. અંતર્ગત ઉત્પન્ન કરતું તે

રશ્મિસ્વરી ન બધા પ્રકારનાં કિરણોથી અનાજ પેદા કરવાનું ખેતર.

રસ ૧. [સં] ન ક્રિ. (ધાતુ) ગર્જના કરવી. અવાજ કરવો
૨ ન. ક્રિ. સ્વાદ લેવો તે ઉપરથી રસ, રમવું, વગેરે શબ્દ બનેલ છે.

રસ ૧. પું. અન્ન.
૨ [સં.] પું. અમૃત.
૩ પું. આપ: સત્ત્વ: તત્ત્વ: દમ.
૪ પું. અર્થ. સાર, જીવ; નક્કી; આબરૂ; કમાઈ
૫ પું. આનંદસ્વરૂપ બ્રહ્મ
આ આનંદમયના આનંદની માફક જ થઈ રહે તેમ નથી તને રસ તરીકે જ ઓળખાવે છે.
ન્હાનાલાલ ૧.૧૯

૬. પું (ચિત્રણ) એક વિષમાત્રાવૃત્તિ માત્રામેળ છંદ. તે ભોંડનવરતુ છંદનો એક ભેદ છે. તેમાં બાર ગુરુ અને પચાસ લઘુ મળી સત્તાવન વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.

૭ પું. કવિતામાં જતી જુદી જુદી જાતની આનંદી સ્થિતિ: મનોવૃત્તિ ઉપર જુદી જુદી જાતની અસરો ઉત્પન્ન કરે એવા ભાવ: કાવ્ય વાચતા સાંભળતાથી સ્થાયી ભાવોનો ઉદ્રેક થતાં થતો અલૌકિક આનંદ. તેમાં શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભુત, અને શાંત એ નવ રસનો સમાવેશ થાય છે. મનુષ્ય પ્રાણીની મનોવૃત્તિ ઉપર વિવિધ પ્રસંગોની અસર થવાથી જે વિવિધ મનોભાવનું નિરૂપણ થાય તે રસ માનવ પ્રકૃતિમાં રસ તે એક સ્વાભાવિક તત્ત્વ છે, કારણ કે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનું તે બંધારણ છે. એ ત્રણ ગુણના પ્રાધાન્ય સૌષ્ઠવ પરત્વે અમુક અમુક રસ ઉત્પન્ન થાય છે. સત્ત્વગુણનું વિશેષ સૌષ્ઠવ અને રજ, તમનું વિશેષ પ્રાધાન્ય હોય તેમાં શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બીભત્સ એવા આઠ રસ છે અને સત્ત્વગુણનું વિશેષ પ્રાધાન્ય હોય તેમાં શાંત રસ એમ નવ રસ ગણાય છે. કેટલાક વત્સલ રસ કે મેરી દયા રસ પણ ગણે છે. શૃંગારરસ: સ્ત્રીપુરુષની પરસ્પર પ્રીતિના આનંદનું સાનુભાવથી થતું પ્રદર્શન. હાસ્યરસ: કથન કે ચેષ્ટાથી થતું હાસ્ય. કરુણરસ: કોઈ આપત્તિથી કે ઇષ્ટ વસ્તુના વિયોગ કે નાશથી ઉત્પન્ન થતો શોક ભાવ. વીરરસ: યુદ્ધ પ્રસંગમાં કે કોઈ પંડિત પ્રાણી જોઈ ઉત્પન્ન થતો ઔદાર્યયુક્ત. રૌદ્રરસ: ક્રોધથી આપણું વેર. ભયાનક રસ: કંપરી કોપ ઇત્યાદિથી ઉત્પન્ન થતો ભય. બીભત્સરસ: અણગમતા કે અસામાન્ય વસ્તુ કે બનાવ જોઈ સાંભળી મનમાનો વિક્ષોભ. અદ્ભુતરસ: અલૌકિક કે અસામાન્ય વસ્તુ જોઈને કે બીજાનું સાંભળીને ઉત્પન્ન થતો કુતૂહલ. શાંતરસ: સંસારના વિષય ભોગ ઉપર થતો અભાવ અને આત્મસ્વરૂપના આનંદમાં થતી લીનતા. વત્સલરસ: માબાપ અને છોકરાંઓની વચ્ચેના પ્રીતિ ભાવનું પ્રદર્શન. ભોજપ્રબંધ તંત્રમાં કહ્યું છે કે, પૃથ્વીવિજયેકવાણા શાકંભરિ નરેશના પંચાવન રસના ભોક્તા હોય છે: કાવ્યશાસ્ત્રના શૃંગાર, વીર, કરુણ, રૌદ્ર, હાસ્ય, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંત એ નવ રસ: યોગશાસ્ત્રના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એટલા આઠ રસ: ભક્તિશાસ્ત્રના શ્રવણ, કીર્તન, ધ્યાન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને આત્મનિવેદન એ નવ રસ: વિષયીજનોના પુષ્પ, ગંધ, સ્પર્શ, શબ્દ, વસ્ત્ર અને અલંકાર એ છ રસ: વિદ્યાપ્રસ્થાનના ચાર વેદ, ચાર ઉપવેદ, છ અંગો, મીમાંસા, ન્યાય ધર્મશાસ્ત્ર અને પુરાણો મળી અઢાર વિદ્યાના રસ: પૈથ વસ્તુના ખાંડી, આખરી, ઘસ્યુની, કસની અને ધાન્યની માંદરા મળી પાંચ રસ એ પ્રમાણે બધા મળી એકંદર પંચાવન પ્રકારના રસ મનાયા છે. આપણે ત્યાં આચાર્યોમાં આ વિષયમાં બધો મતભેદ છે કે રસ કેમાં અને કેવી રીતે અભિવ્યક્ત થાય છે. કેટલાક લોકોનો મત છે કે સ્થાયી ભાવોની વાસ્તવિક અભિવ્યક્તિ મુખ્યત્વે કરીને એ લોકોમા હોય છે કે જેનાં ભાવોનું અભિનય કરવામાં આવે છે. જેમકે, રામ, કૃષ્ણ, દુષ્યંત વગેરે અને સીતારૂપે અભિનય કરનાર નટોમા હોય છે તેથી તેઓમાં જ

આ લોકો રસની સ્થિતિ માને છે. આચાર્યોનો એવો પણ મત છે કે અભિનય જોનાર અને કાવ્ય વાચનારની માટે રસનો કોઈ સંબંધ નથી. તેનાથી ઊલટું બીજા લોકોનો એવો મત છે કે અભિનય જોનાર તથા કાવ્ય વાચનારમાં જ રસની અભિવ્યક્તિ થાય છે. કેટલાક લોકોનું કથન છે કે મનુષ્યના અંતઃકરણમાં ભાવ પહેલેથી જ વિદ્યમાન હોય છે અને કાવ્ય વાંચવા અથવા નાટક જોવાના સમયે તે ભાવ ઉદ્દીપ્ત થઈને રસનું રૂપ ધારણ કરે છે. આ મત ઠીક મનાય છે. તાત્પર્ય એ છે કે પાઠકો અને દર્શકોને કાવ્યો અને અભિનયોથી જે અનિર્વચનીય અને લોકોત્તર આનંદ પ્રાપ્ત થાય છે તે સાહિત્યશાસ્ત્રની અનુસાર રસ કહેવાય છે. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, આશ્ચર્ય અને નિર્વેદ એ નવ સ્થાયી ભાવો મુખ્ય પણ નવ રસ મનાય છે. તેનાં નામ આ પ્રકારે છે: શૃંગાર હાસ્ય, કરુણ, રૌદ્ર વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત. કેટલાક આચાર્યો શાંતને રસ નથી માનતા. તેઓ કહે છે કે એ તો મનની સ્વાભાવિક આવશ્યક અવસ્થા છે. નિર્વેદ મનનો કોઈ સ્વતંત્ર વિકાર નથી. તેથી તે રસોની સંખ્યા આઠ માને છે

૧. રસ આવવો–પડવો = (૧) પ્રવાહીનું પડવું. (૨) મજા પડવી. (૩) સ્વાદ લાગવો

૨. રસ ઊતારવો = (૧) બધા વખત સુધી ઊભા રહેવું. (૨) જેમ આવે તેમ ભણ્યા કરવું; કરવી વધારે ઓલવું. (૩) કોઈ પક્કો આર્ય પાસ આવવું. (૪) ભલામણ કરવી. (૫) હાથથી ખૂબ હાથ ઠોકો પાઠવો; મારની બહુ લાગવી; હાથનો માર મારી કંઈ પડવું

૩. રસ ઊતરવો = (૧) બહુ ચાલવાથી કે ઊભા રહેવાથી માફી જવું. (૨) રજનું ગજ કરવું; અતિશયોક્તિ કરવી. (૩) બફમાં પાણી ભરાવું કે તેનો સોલ્યે આવવો. (૪) સોલ્યે આવવો

૪. રસ કાઢવો–કાઢી લેવો = (૧) અર્ક ખેંચવો; વનસ્પતિ કે ફળનું પ્રવાહી નિચોરી લેવું. (૨) તત્ત્વ જાણી લેવું

૫. રસ ચાખો = મમને ચાખવું; તને ચાખવું.

૬. રસ જામવો = (૧) આનંદ કે ઊર્મિના આવેશમાં અમુક કરે પહોંચી ત્યાં સ્થિર થઈ રહેવું. (૨) કાવ્યરસની જમાવટ થવી. (૩) પ્રવાહીનું ચીકણું બનવું (૪) પ્રવાહીનું ઠરવું. રસ ઠરી જવો; ચૂંદેર થવો (૫) મજા પડવી.

૮. રસ પીવો = જોનારમાં વર્ણોત્તપનું પારણું કરવું. વર્ણોત્તપનું પારણું કરતી વખતે પ્રથમ શેરડીનો રસ પીવામાં આવે છે.

૯. રસ મારવો = ભાવથી સમજીને ઉમળકાથી અનુભવવું-ભોગવવું.

૧૦. રસ મારવો = (૧) અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરવું. (૨) રસિક બનાવવું

૧૧. રસ લેવો = (૧) આનંદ લેવો. (૨) ઉપભોગ કરવો

૧૨. રસના ઘૂંટડા પીવા = બહુ આનંદ લેવો

૧૩. રસે ચડવું–ભરાવું = (૧) ઉશ્કેરાવું; ઉત્તેજન મળવું; જોસ ચઢવો. (૨) ચડસે ભરાવું; મમતે ચઢવું; કસે ભરાવું.

૧૪. રસે ભરાવું = જોસ વધવો; ઉશ્કેરાવું

૮. પું. આપેલા અન્ન વગેરેનું શરીરમાં થતું એક પરિણામ; શરીરના આધારભૂમાં રહેલો ઢીલો અને પાણી જેવો પદાર્થ; શરીરની સાત માઠની પ્રથમ ધાતુ; શરીરના આધારભૂમાંનો મૂળ પ્રવાહી. તેથી લોહી, પરસેવો, ચીટ, આંસુ વગેરે થાય છે.

૯. પું. આર વગેરે કેટલીક ચીજો ભેગવતાં થતું પાણી; જલ; વારિ; નીર.

૧૦. પું. ખાટો, ખારો, મીઠો, કડવો, મોળું અને તીખું એમ જીભથી પરખાતા સ્વાદ માંહેનો પ્રત્યેક. જે બધરસ કહેવાય છે તે તેમાં મધુર ખારો, ખારું, કડવું, ખાટું અને તીખું એ ૭ રસનો સમાવેશ થાય છે. વૈદકમાં મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત અને કષાય એ ૬ રસ માન્યા છે અને તેની ઉત્પતિ પૃથ્વી, આકાશ, વાયુ અને અગ્નિ વગેરેના સયોગથી પાણીમાં મનાય છે. જેમકે, પૃથ્વી અને જલના ગુણની અધિકતાથી મધુરરસ, પૃથ્વી અને અગ્નિના ગુણની અધિકતાથી અમ્લ રસ, જલ અને અગ્નિના ગુણની અધિકતાથી કટુ રસ, વાયુ અને આકાશના ગુણની અધિકતાથી તિક્તરસ અને પૃથ્વી તથા વાયુની અધિકતાથી કષાય રસ ઉત્પન્ન થાય છે. આ ૬ રસોનાં મિશ્રણથી બીજા છત્રીસ પ્રકારના રસ ઉત્પન્ન થાય છે. જેમકે મધુરામ્લ, મધુરલવણ, મધુરકટુ લવણામ્લ લવણકટુ કટુતિક્ત, તિક્તકષાય વગેરે. જુદા જુદા રસોના જુદા જુદા ગુણ કહેલા છે. જેમકે, મધુરરસના સેવનથી રક્ત, માંસ, મેદ, અસ્થિ અને વીર્ય વગેરેની વૃદ્ધિ થાય છે. અમ્લરસ અગ્નિ પાચક કહેવાય છે. લવણરસ પાચક અને સશોધક મનાય છે. કટુરસ પાચક, રોચક, અગ્નિદીપક અને સંશોધક મનાય છે. તિક્તરસ રુચિકર અને દીપ્તિવર્ધક મનાય છે અને કષાયરસ સંગ્રાહક અને મળ, મૂત્ર તથા શ્લેષ્મ વગેરેને રોકનાર મનાય છે. ન્યાયદર્શન અનુસાર રસ નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારના હોય છે પરમાણુરૂપ રસ નિત્ય અને કાર્ય વડે અનુમેય કારણ રૂપ રસ અનિત્ય કહેલા છે.

૧૧ પું. ખુશી; ગુણ. ૬૬

૧૨ ન અમૃત; મજા. આનંદ.

૧૩ પું. ભોગ

૧૪ પું. ઘોડા અને હાથીનો એક રોગ તેમાં તેમના પગમાંથી ઝેરી પાણી વહે છે.

૧૫ પું. ચડસ; મમત; હઠ; સરસાઈ

૧૬ પું. અનુસ્વારમાં ઉપર ચૂનો ચડી આવે છે તે.

૧૭. પું. ૭ અને નવની સંખ્યા બતાવનાર શબ્દ.

૧૮. પું. જીભ

૧૯. પું. દૂધ

૨૦. પું. ધાતુ, માટી વગેરે કાચ પદાર્થોને પુષ્કળ ગરમી લાગતાં બનતો પ્રવાહી દ્રવ

૨૧. પું નાટકનો એક ભાગ; વસ્તુ. રસ એક રસ પીવાય અર્થાત્ આખા નાટકમાં સ્થિરતાવાળો ભાવ છે અને ઉત્તમ રીતે સર્વત્ર પ્રસરે છે. એમનો ભાવ ઉચ્ચ ભાવણીઓના ઊભરાથી ઉત્પન્ન થાય છે. વિભાવ, અનુભાવ, સાત્ત્વિકભાવ અને વ્યભિચારી ભાવથી પુષ્ટ બને છે અને સ્વાદ આપે છે. તે સિવાય રસ મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારના કહેવાય છે. સ્થાયીભાવ નાટકમાં જે હોય તે પણ નવ પ્રકારનો મનાય છે: રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય અને નિર્વેદ. નવ સ્થાયીભાવ ઉપર નવ રસનો આધાર છે.

૨૨. પું ન્યાયમત પ્રમાણે ચોવીસ ગુણોનો એક ગુણ. ગુણ ચોવીસ છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ, શબ્દ.

૨૩. પું. પાણી જેવો પાતળો અને રસે જેવો પદાર્થ; દ્રવ; પ્રવાહી

૨૪ પું. પારો, ગંધક વગેરે ખનિજ દ્રવ્ય.

૨૫ વિ. પારો, ગંધક વગેરે ખનિજ દ્રવ્યોની સાથે પાક કરી ભેગવણીથી દવા તરીકે બનતી બનાવટ; પારો, પારા વગેરેની ભસ્મ, જે ઔષધમાં પારો અથવા ધિંગો આવે તે ઔષધ

૨૬ પું. પીત્તળોની ધાતુ

૨૭. પું. પીળાશવાળું માખણ

૨૮. પું પુષ્પનું મધ; પુષ્પનો રસ; મકરંદ

૨૯. પું. પ્રીતિ; અનુરાગ; પ્રેમ; સ્નેહ; હેત.

પ્રીત નેહ રસ ભાવ હિત સ્નેરા ધર્મ બે પ્રાય,
ભય દર્શનથી હે સખી થયું અર્થ ક્રમમય.

પિંગળશબ્દબોધ

૩૦. પું. બગદ
૩૧. પું. ખોલ નામનું ગંધ દ્રવ્ય.
૩૨. પુ. રગણ અને સગણ.
૩૩ પું રંગ
૩૪. પું. જાગરૂકીનો અનુભવ. રસ હંમેશા આહ્લાદમય આનંદરૂપ છે. તેથી તેને ચર્વવા કે આસ્વાદન પણ કહે છે
૩૫. પું. વનસ્પતિમાંથી નીકળતું પ્રવાહી. વનસ્પતિ કે ફળનું પ્રવાહી.
૩૬. પું. વિષ; ઝેર.
૩૭. પું. વિષયવાસના.
નિરાહારીનો વિષય જાય છે પણ રસ જતો નથી; રસ તો આત્મદર્શન થયા પછી જાય છે.
નવલરામ
૩૮. પું. વીર્ય.
૩૯. પું ચેવાઈ તરફથી આવતી ખાવાની વસ્તુ.
૪૦. પું. શરીરમાંના પ્રવાહીઓનો વિકાર; શરીરના કોઈપણ ભાગમાં સોજો થઈ આવવો તે. રતવા, ચકામાં, માંસના ગઠગૂમડ, કોલ્હા, મોળાનો ઝરતો, સોજા અને ચરટીને લીધે નાક કે આંખમાંથી પડતું પાણી, સફેદખમ વગેરે રસના રોગો કહેવાય છે
૪૧. પું. શિલારસ
૪૨. પું. રોહણીનું પ્રવાહી.
૪૩. પું. સફેદખમ; એક જાતનો રોગ. તેથી સાદ જાડો થાય, આંખમાં પાણી ઝરાઈ આવે ને નાક પણ ગન્યા કરે
૪૪. પું. સોનું.
૪૫. પું. સોનું, રૂપું વગેરે ધાતુને ઓગાળીને કરેલ પ્રવાહી
૪૬. પું. સ્વાદ; રુચિ; મીઠાશ; સહેજત.
૪૭. પું દિમળો.
૪૮ ન. ઉનાળ જમીન ઉપર ઊગતું એક જાતનું ઘાસ
રસઉલ્લાસ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. છપ્પય છંદ બનાવવાને વસ્તુ અને ઉલ્લાસની જરૂર પડે છે. તેમાં વસ્તુ છંદની પાંચ જાતિ છે અને ઉલ્લાસની ચાર જાતિ છે: રસઉલ્લાસ, રંગઉલ્લાસ, ક્રમઉલ્લાસ અને રત્નમઉલ્લાસ. આ રસઉલ્લાસમાં ૨૪ ગુરુ અને ૮ લઘુ હોય છે. એક ગુરુ ઘટાડી બે લઘુ વધારી નવો છંદ બને તેવા ૨૫ ભેદ છે. આ છંદમાં કુલ ૫૬ માત્રા હોય છે. ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.
રસઉર્મિ [સં.] સ્ત્રી. રસની લાગણી.
રસઐકત્વ [સં.] ન. સ્વભાવની એકતા.
રસઐકત્વ વણ મનમોચ નહિ એ સૂત્ર શીખ્યા તે દિને. મોવર્ધનરામ
રસક ૧. સ્ત્રી. જસત નામની ધાતુ.
૨. [હિ.] સ્ત્રી. ઘટકડી.
રસસત્ત્વ સમુચ્ચય જેનો અર્થ સમજનારે જસતનો કાચી ધાતુ રસકમાંથી જસત કાઢવાની રીત યશોધરના ગ્રંથમાંથી લીધી છે.
ગુ. સા. પરિષદ
૩. ન. ઉકાળેલું માંસ.
રસકથા [સં.] સ્ત્રી. આનંદ આપે તેવી વાત.
રસકપૂર [સં. રસકર્પૂર] ન. (વૈદક) પારો અને કપૂરની રસાયની બનાવટ; સફેદ રંગની એક ઉપધાતુ; પારો મારીને બનાવેલું એક રસાયણ. રસકપૂર એ પારાનો ક્ષાર છે. તે બહુ ઝેરી પદાર્થ છે. તેના સફેદ અને જરા પીળી ઝાંયવાળા પણ વજનદાર કટકા આવે છે. તેનો સ્વાદ તમતમીઓ અને સખત ચરેડી પડે તેવો છે. ગુણમાં તે જંતુનાશક, કોષક અને ઉપદંશવિખંડક છે. તેમાંથી કેટરાદિ ગુટિકા બને છે. ઉપદંશની દરેક વ્યાધિમા રસકપૂર અપાય છે. તે સિવાય દાઢી ઉપર સફો, કેટલીક જાતનાં મુખપાક, તાળવાનું સડવું, નાકનું બેસી જવું, જુદી જુદી ગાંઠોનું ઊપડવું, ઇયળનું સોજા આવવું, તેમ જ પુંઠના મસા વગેરે ઉપદ્રવજન્ય વ્યાધિમાં રસકપૂર અપાય છે. રસકપૂરની માત્રા ૧/૧૦ થી ૨ ગ્રામ જાર છે. તેના ઉપર તેલ, મરચું, મીઠું વગેરે ખાવું નહિ. રસકપૂરનું પ્રવાહી પણ ૧/૨ થી ૨ ગ્રામની માત્રામાં ઉપરનાં દરદોમાં અપાય છે. રસકપૂર અને નવસાર બંને દસ દસ ગ્રેન લઈ તેમાં પાણી નાખી બનાવેલું પીળા રંગનું પ્રવાહી ઉપદંશનાં ચાંદાંઓ ધોવામાં તેમ જ ત્વચામાં પિચકારી મારવાના કામમાં લેવાય છે. પારો, ઘટકડી, હીરાકસી ને સિંધાલૂણ સમભાગ તથા દીવાસ નવભાર ખરલમાં નાખી ખરલ કરવો અને કુંવારના રસની ભાવના આપવી. પછી ક્રમસંયંત્રમાં ક્રમ પ્રમાણે મોટો અગ્નિ બળાવી પચન કરવું. તેથી શુદ્ધ રસકપૂર થાય છે.
રસકપૂરનું વિષ ન. એક પ્રકારનું વિષ. આ વિષથી સોમલના જેવા જ વિકારો થાય છે. વધારામાં ખૂલાસ પણ થાય છે. બાળરોગી છોકરાંને ખાટાખારાનો સ્વાદ જલ્દ જણાય છે. આ ઝેર લેનારને ખૂબ દુઃખ પાઈ ઊલટી કરાવી ઝેર બહાર કઢાવવું.
રસકર્પૂર જુઓ રસકપૂર.
રસકલગી સ્ત્રી. રસ રૂપી સિરપેચ.
કવિ શબ્દકટારોની એવી રસકલગી રૂપે છે કે વાચતા મોઢે ચડે અને હૈયું ટોચવા માંડે.
કે.મુનશી
રસકલ્યાણિની સ. એ નામનું દેવીનું એક વ્રત
અનંતતૃતીયા, રસકલ્યાણિની વગેરે નામે બીજાના વ્રત છે. ભવિષ્યોત્તર
રસકવું ૧. અ. ક્રિ. નીતરવું; તરબોળ થવું.
૨. અ. ક્રિ. બહુ વિલાપ કરવો, બહુ રોવું.
રસકસ ૧. પું. તકરાર; વિરોધ; ટપાટપી; કજિયો; ક્લેશ.
૨. પું. તેજાબ; ખાર.
૩. પું. ભાંધો અને શક્તિ
૪. પું. રસાળતા; ફળદ્રુપતા; આર્દ્રતા; ફળદ્રુપપણું.
૫. પું. સાર.
૬ પું. સાર; કસ; સત્ત્વ; વસ્તુની સર્વ પ્રકારની શક્તિ.
રસકા ૧. [હિ.] પું. આનંદ
૨. પું. આનંદી માણસ.
૩. પું. આલાપ.
૪. પું. એક પ્રકારનો સુદ્ધ પુષ્પરોગ.
૫. પું. હાનગોપીનો રાસ.
૬. પુ. વિષયી માણસ.
રસકામધેનુ [સં] ન. એ નામનું આયુર્વેદાંતર્ગત રસશાસ્ત્રનું એક પુસ્તક.
રસકાવ્ય [સં.] ન. રસ ઉત્પન કરે એવું ઊર્મિગીત કે કાવ્ય.
રસકિલ્લોલ પું. રસથી અનુભવાતો આનંદ.
રસકિંદુ સ્ત્રી. એ નામની એક વેલ; અમૃતવલ્લિ.
રસકુલ્યા ૧. સ્ત્રી. ઉદરગુહાના હૃદયાભરિક પ્રદેશમા આવેલ એ નામની એક રસાયની; ' બોરેસિક ઍસિડ.' રસકુલ્યા નામની આ મોટી રસાયની, લગભગ ૧૫થી ૧૮ ઇંચ લાંબી તથા જાડાના ત્રણ ભાગ જેટલી જાડી છે. તે રસપ્રમામાંથી નીકળી ઊંચે ગયેલાં સહેજ સાંકડી જાતની જાળ છે તે કેટમાં, કરોડની આગલી ખાલુ ઉપર રહેલી રસપ્રમા નામની ચલિકાની કોથળીમાંથી નીકળી, ઊંચે જતાં, મહાપ્રાચીરા પેશીમાના મહાધમનીદ્વાર માર્ગને છાતીમાં પેસ છે. ત્યા તે કરોડની આગલી ખાલુ ઉપર સાપની માફક વાકીચૂકી અગ્નિ કરોડની ડાબી બાલુ તરફ સરકતી સરકતી ઊંચે ચડે છે. તે ડોકમા, સાતમી ગ્રીવા કશેરૂકાનો આગળ સહેજ વાંક આવે, પાછી વળીને અક્ષાધરા ધમનીને ઓળંગે છે અને ડાબી અનુમન્યા તથા અક્ષાધરા શિરાના સંયોગસ્થાન નજીક અક્ષનલિકા શિરામા દાખલ થાય છે. છાતીમા. તે પશ્ચિમ કુરકુસાંતરાલ પ્રદેશમાથી પ્રસાર માર્ગ

છે. તેની ડાબી બાજુએ મહાપદ્મની, જમણી બાજુએ જમણી પુરોવંશિકા હિરા, આગળ અને સહેજ જમણી બાજુ પર ગજનાયિકા, જ્યારે તેની પાછળ પૃષ્ટચરા રહેલો છે.

૨. સ્ત્રી. (પુરાણ) એ નામની કુશદ્વીપની નદી.

રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, નર્મદા, દેવગર્ભા, મુકુરસુતા અને મંત્રમાલા એ નામની કુશદ્વીપની સાત નદીઓ છે.

ભાગવતી ભાગવત

રસકૂપ [સં] પું. જેના પાણીને તાંબું અડવાથી સુવર્ણ જેવો રંગ થઈ જાય છે તેવો ચમત્કારી જળાશયો પાણીનો કૂવો.

ત્રાંબા મોર પલટે છે પાણી એ કેરે ઉંચનમય રસકૂપ.
નિષ્કુળાનંદ

રસકૂપિકા જુઓ રસકૂપ.

રસકેલિ ૧. [સં.] સ્ત્રી. ક્રીડા; વિહાર.

પ્રભુજિની હૃદયે રમતો હતો,
હૃદયને રમતો રહતો હતોઃ
મૃદુલ ભાવજિની રમૂતિ પૂર્વની,
ભજવતી રસકેલિ ચિમાતણી.
ન. કે. દાક્ષોર

૨. સ્ત્રી. મશ્કરી; મજાક.

રસકેલી જુઓ રસકેલિ.

રસકૈષ્ચર [સં.] પું. (વૈદ્ય) આપરિયામાંથી બનતું એ નામનું ઔષધ. તે બનાવવા શુદ્ધ આપરિયું, સિંધાલૂણ, કુલાવેલ ઢંકણ, સાજી, મરી અને પીપર એ બધી ચીજો સમભાગે લઈ તેનું બારીક ચૂર્ણ કરી બીજાના રસમાં ઘૂંટી ગોળા કરી છાંયે સૂકવી રાખવી.

રસકૈષ્ચર વટી [સં.] સ્ત્રી. એક પ્રકારની ગોળી. તેનાથી રક્તપિત્ત, આંજણી, કૃમિ, તિમિર, ભ્રમ, નેત્રવાયુ અને આંખના રોગ મટતા મનાય છે.

રસકેસર [સં.] ન. કપૂર.

રસકોવિદ [સં.] પું. રસ જાણવામાં પારંગત પુરુષ.

કવિતાના અમૃતને ઝેર માનશે,
એ રસસૂક્ષ્મ રસકોવિદો. નાનાલાલ

રસકૌતુકી વિ. રસના કોડવાળું; રસ કે આનંદની ઇચ્છાવાળું

રોમાંચિત બનતા રસકૌતુકી રસિક સિરોમણી મોહી.
ગીતગોવિંદ

રસક્રિયા ૧. [સં.] સ્ત્રી. કોઈ પણ વસ્તુને સોળગણા પાણીમા નાંખીને અર્ધ પાણી રહે ત્યારે ગાળી, ફરી તે પાણીને ઉકાળી આવો કરવો તે; લેહ; અવલેહ.

૨. સ્ત્રી. લોઢીની નળીઓમાંથી નીતરીને તેમજ બધાંક બારીક રજકણની અપાર ચમત્કારિક શક્તિને લઈ શરીરના જુદા જુદા ભાગોમા રસ ઉત્પન્ન થવાની ચાલની ક્રિયા.

રસક્ષતિ [સં.] સ્ત્રી. રસનો ભંગ.

આ સૂક્ષ્મ મુદ્રાભિનય વડે પ્રેક્ષક મંડળને આનંદ આપી સાંખ્ય વડે રસક્ષતિનું દુઃખ ટાળે એ રીતે એમ ક્રિયા કરે. ગુ. સા. પરિષદ

રસક્ષીરા [સં.] સ્ત્રી. ક્ષીરવિદારી; શતાવરી નામની વનસ્પતિ.

રસખરો પું. (ગરબો) ત્રિતાલ માંહેનો એક રાગ

રસખાનજી પું. એ નામે એક મુસલમાની સંત. તેનું મૂળ નામ સૈયદ ઇબ્રાહિમ હતું. વૈષ્ણવસંપ્રદાય અને પદ્માવલિથી મુગ્ધ બની તે વૈષ્ણવ બન્યા હતા. તેમણે ભક્તિથી ભરપૂર પદ્યાવલિ રચી હતી સરસ પદ્યાવલિકાર હોવાથી તેઓ રસખાન કહેવાતા હતા. તેમનો શિષ્ય હરિરસક પણ કવિ હતો. શ્રીમદ્ વલ્લભાચાર્યના બાર સખા માંહેના તે એક હતા.

રસખિલાવટ સ્ત્રી. રસનું ખીલવું તે.

નિર્દોષ કે નિષ્ફલક રસખિલાવટમાં જે સરોપજના પુરિટને જાળવી જાણે રસાય.
ત્રિભમયજ્ઞત

રસખીર [સં. રસક્ષીર] સ્ત્રી. ખાંડનું ચાસણ અથવા ગોળીના રસમાં પકાવેલ ચોખા; મીઠો ભાત.

રસખેલ પું. રસ ભરેલી મજાક.

રસગતજ્વર પું. શરીરની સાત ધાતુ માંહેની પહેલી ધાતુ રસમાં રહેલો તાવ. શરીરનું ભારેપણું, ખાલી ઊબકા, અરુચિ, ઊલટી, અકળાવું, દીનતા એ રસગતજ્વરનાં લક્ષણો છે.

રસગની [હિ.] સ્ત્રી ચૂનામાં સૂકવવા કે લટકાવવા માટે ઓરડામાં આડું બાંધેલું દોરડું કે વાંસ.

રસગર્ભ [સં.] પું. રસાંજન; હિંગળો.

રસગંગાધર [સં.] ન. જગન્નાથ પંડિતનું એ નામનું એક પુસ્તક. આ પુસ્તક અધૂરું છે અને તેમાં માત્ર ઉત્તર અલંકારનો જ સમાવેશ થાય છે. તેના ઉપરથી લેખકના અલંકાર અને તર્કનો આપણને ખ્યાલ આવે છે.

રસગંધ ૧. [સં.] પું. ગોળ; ગોરસ; એક જાતની ઔષધિ.

૨. પું. સુગંધીવાળો રસ.

રસગંધક ૧. [સં] પું. પારક.

૨. પું. ગોળ નામનું ગંધદ્રવ્ય.

૩. પું. રસાંજન; હિંગળો.

રસગાન [સં.] ન. આનંદ આપે તેવું ગીત.

માસે કંઈ કોટીલો રે, મનોહર મેહુલિયો,
રસગાનને મતો રે, નેહે ભર્યો નહાવલિયો.
ખોટાદકર

રસગીત જુઓ રસગાન.

રસગીતિ સ્ત્રી. (સંગીત) પ્રથમ સ્થાનીય ભારીય માંહેની નવમી શ્રુતિ.

રસગીતિકા [સં.] સ્ત્રી (સંગીત) ભારીય માંહેની એક શ્રુતિ.

રસગુણ [સં.] પું. જે રસનો સમૂહ. મધુર, અમ્લ, લવણ, કટુ, કષાય અને તિક્ત. એ જ પ્રકારનો રસગુણ પૃથ્વી અને જળ એ બે દ્રવ્યોમાં રહે છે. જળમાં એકલો મધુરરસ રહે છે. તે રસ પણ પરમાણુરૂપ નિત્ય જળમાં નિત્ય હોય છે અને બીજે અનિત્ય હોય છે.

રસગુલાલ ન સુગંધજળ નાખી બનાવેલ એક જાતની મીઠાઈ.

રસગુલ્લું ૧. ન. દૂધમાંથી બનાવેલી એક પ્રકારની મીઠાઈ. ગુલાબજાંબુની જેમ તે ગોળ હોય છે અને ચાસણીમાં પડેલ હોય છે.

રસગુલ્લાં અને સંદેશ એ બંગાળની પ્રખ્યાત મીઠાઈ ગણાય છે. ઔદામિની મહેતા

૨. ન. રસગુલ્લાં જેવો ગોળમટોળ માણસ.

રસગુલ્લો જુઓ રસગુલ્લું.

રસગ્રંથિ ન. રસનો સમાવેશ કરવો તે.

રસગેહ [સં.] ન. આનંદ લેવાનું સ્થાન કે ઠેકાણું.

આનંદે ઉજવ્યા રે બન્ને રસગેહે સાહેલડી.
નાનાલાલ

રસગોઠ [સં. રસગોષ્ઠિ] સ્ત્રી. આનંદ આપનારી વાત.

સૂતેલાં સ્નેહ ભડામાં, રસગોઠ કરી કરી,
હેતની હૂંફમાં જાગે, આગે આમ વિભાવરી.
આપણી કવિતા સમૃદ્ધિ

રસગોલો જુઓ રસગુલ્લું.

રસગોષ્ઠિ [સં.] સ્ત્રી. આનંદ આપે તેવી વાત.

રસગોષ્ઠી જુઓ રસગોષ્ઠિ.

રસગ્રહ [સં.] પું. જીભ.

રસગ્રહણ [સં.] ન. આનંદ લેવો તે.

રસગ્રંથ [સં.] પું. રસ અથવા અલંકારનું વર્ણન કરતું પુસ્તક.

રસગ્રંથિ [સં] સ્ત્રી. કોક, ભગંદર તથા સાધારણ ગૂમડાં રસાવનીઓના માર્ગમાં આવેલી ચરબીની કે લીંબોળી જેવડી ગાંઠ; ' લિમ્ફેટિક ગ્લેન્ડ '.

રસગ્રાહક [સં.] વિ. આનંદ લે તેવું; રસિક.

રસમાદ્દી જુઓ રસમર્દક.

રસમર્દક [સં.] પું. શરીરમાં રહેલ રસ ઉત્પન્ન કરનાર પિંડ.

રસમન ૧. [સં.] પું. આનંદમન; શ્રીકૃષ્ણચંદ્ર. તે અમને રસમન તે જાવત. પ્રસ્થાન

૨. વિ. મધુ સ્વાદિષ્ટ હોય તેવું.

રસમાઠ પું. પાણી ભરવાનો ઓરડો.

રસમેલડા સ્ત્રી. આનંદના ઉન્માદમાં આવી જવું તે.

રસમેલડું (રસમેલડું) જુઓ રસમેલું.

રસમેલું વિ. આવ કે આનંદથી અથવા તે માટે પેલું બનેલું; આવેશી; લુચ્ચાવાળું; ઉત્સુક; ભમ્રા; ગર્વિષ્ઠ.

રસરાજ [સં.] પું. ઠંડાપુખાર.

રસરાચિત્ર [સં.] ન. જેના દર્શનથી કુંવાર વગેરે રસ દેખાય તેવું ચિત્ર. પ્રાચીન ચિત્રકારો ચિત્રોના ત્રણ વર્ગ પાડે છે: ભૂમિચિત્ર, ભિત્ર અને રસચિત્ર.

રસચૂંદડી (રસચૂદડો) સ્ત્રી. રસરૂપ ચૂંદડી.

જતા જાઓ રે જતા જાઓ કાળા નીરિને વિકાસ,
ઉજ્જવલ તુજ રસચૂંદડી જતા જાઓ ?
નાનાલાલ

રસચોર [સં. રસ (પુષ્પનો રસ) + ચોર (ચોરનાર)] પું. ભમરો; ભમર.

ભમરા ઉદિદિર ભમા દ્વિરેફ રસચોર,
કે ભાલા તું ભાલતી વાત વાલમી ઓર.
વિમળાદુપોષ

રસચર્બી [હિં.] સ્ત્રી. રોટલીનો રસ ચાળવાની ચાળણી.

રસચાતા સ્ત્રી. રસ ચાખવાની ચતુરાઈ.

ગીતગોવિંદની રસચાતા ગીતગોવિંદમાં બધે એકરસ થાય છે. કેશવ હર્ષદ

રસચેલ જુઓ રસચોળ.

રસચોળ સ્ત્રી. રસનો ઊભરો કે ઊભરે.

રસજ ૧. [સં.] પું. મોગ.

૨. પું. દાઢનો કીડો.

૩. ન. આથો; ખમીર.

૪. ન. રસાંજન.

૫. ન. સોઢી.

૬. વિ. રસમાંથી જન્મેલું.

રસજમાવટ સ્ત્રી. બધો રસ ઉત્પન્ન કરી તેને સ્થિર કરવો તે.

રસજાત [સં] ન. રસાંજન

રસજોમજી ૧. [સં રસયોમિની] સ્ત્રી. પત્ની; સ્ત્રી

૨. સ્ત્રી. રસને માટે બનેલી સાખી જો.

નિત્ય વિયોગણ હું રસજોમજી
એ વરથી બહું ના વરવું. નાનાલાલ

રસજોગી ૧. [સં. રસયોગિન્] પું. પતિ; ધણી.

પ્રભુ કયહા ? ને જોયું ?
આ કુમારીનો રસજોગી. નાનાલાલ

૨. પું. રસ જાણનાર યોગી પુરુષ.

રસજ્ઞ ૧. [સં.] પું. રસ ઓળખનાર માણસ.

૨. પું. રસાવની વેલ.

૩. પું. ત્રિફળાં હળદર માંહેનું એક નામ.

૪. વિ. કદર કરવાવાળું.

૫. વિ. કાવ્યમર્મજ્ઞ; કાવ્યનો મર્મ સમજનાર.

૬. વિ રસ ઓળખનાર કે સમજનાર; રસજોગી; રસનો અનુભવ લેનાર; રસિક; રસનો જાણકાર.

રસજ્ઞતા ૧. [સં.] સ્ત્રી. રસજ્ઞશક્તિ.

૨. સ્ત્રી. રસનું જાણપણું કે જ્ઞાન; રસરુચિ; રસાભિજ્ઞતા.

૩. સ્ત્રી. વિવેકશક્તિ.

રસજ્ઞત્વ [સં.] ન. રસનું જ્ઞાન.

રસજ્ઞા ૧ [સં.] સ્ત્રી. જીભ નદી

૨. સ્ત્રી. જીભ

રસજ્ઞાન ૧. [સં.] ન. કુદરતી અથવા કળાકારીગીરીનાં કામોનું સૌંદર્ય જોવાથી મન ઉપર જે અસર થાય છે તેનું જ્ઞાન; સહજાનજ્ઞાન.

૨. ન. રસની જાણ થવી તે.

રસજ્ઞાનરાજ્ઞ જુઓ રસજ્ઞાન ૧.

રસજ્ઞાની [સં. રસજ્ઞાનિન્] વિ. સૌંદર્યવિજ્ઞાનજ્ઞાની; સૌંદર્યનો જાણકાર, સૌંદર્યનો પ્રેમી.

રસજ્યેષ્ઠ ૧. [સ.] પું. મીઠો રસ.

૨. પું. શૃંગાર રસ.

રસજ્યોત [સં. રસજ્યોતિ] સ્ત્રી. રસરૂપી પ્રકાશ.

રસજરણું ન. રસરૂપી વહેન.

રસજારજ્ઞ વિ. રસને જરાવનાર, રસનો ઉંટકાવ કરનાર.

રસજૂલો પું. રસરૂપી હિંડોળો.

પ્રભુ જો જોળી ને તેણી નૂતનો રસજૂલો
વિચમા લઈ રહી હતી. રાવદ

રસટહુકો પું. પ્રેમનો અવાજ.

રસડોલન ન. રસમાં ડોલવું તે.

રસણ ૧. [સં. રશ્મિ] સ્ત્રી કિરણ.

૨ સ્ત્રી જીભ

૩ સ્ત્રી. ખખોલ.

રસણા [સં. રસના] સ્ત્રી. જીભ.

રસણિયાવાડ (રસણિયાવાડ) સ્ત્રી. રસી જાણનારા કે ઢોંગ કરનારા લોકનો સમૂહ; ચોર્યાસી ચૌટાં માંહેનું એક.

રસણિયો પું. રસનાર માણસ; રસી જાણનાર કે ઢોંગ કરનાર પુરુષ; એક ધાતુ ઉપર બીજી ધાતુનો રસ ચોપનાર માણસ

રસત ૧. વિ. અવાજ કરતું; શબ્દ કરતું.

૨. [સં.] વિ. ચાખતું.

રસત પું. રસતો; માર્ગ.

અધિપો અકબર તિર, રસત પેર રોકે રિપુ;
કરમુક કુલ કેર, પાયે રાણ પ્રતાપ રા
મુક્તાબમંડલની

રસતખાનું ન. રસરસમાનું; ઘરવખરી.

રસતત્ત્વ [સં.] ન. રસનો ગુણ

બધા રસતત્ત્વ ને કલાતત્ત્વ સમજનારા પુસ્તક વિશે જ જાણતા છે ? કુ. મા. પરિષદ

રસતન્માત્ર જુઓ રસત-માત્રા.

રસતન્માત્રા [સં] સ્ત્રી. પાંચ તન્માત્રા કે મહતત્ત્વ માંહેનું ચોથું તત્ત્વ; જીભની તન્માત્રા.

રસતરબોળ વિ. રસથી ભીનું થઈ ગયેલું

રસતરસ્યું વિ. રસની બહુ જ ઇચ્છા હોય તેવું.

'ઓ! રસતરસ્યા બાલ ! રસની રીત ન જાણતો, પ્રભુએ આપી પાણ રસજાગરની પુરુષપી.'
પ્રસ્થાન

રસતંત્ર [સં.] ન. રસરૂપી વિદ્યા.

રસતા [સં.] સ્ત્રી. રસ હોવાપણું

રસતારોચ્ચિર [સં.] પું. (વૈદક) એક પ્રકારનો રસ. તેનો ઉપયોગ કુષ્ઠ રોગમાં થાય છે. તે સોનું, હળદર, ભિલામું, લીકુવાર, ગંધક, પારો અને ચિત્રક વગેરેના મિશ્રણથી બનાવવામાં આવે છે

રસતાળી સ્ત્રી. પ્રેમપૂર્વક હાથની તાળી પાડવી તે.

રસતૃપ્તિ [સં.] સ્ત્રી. પૂરો સંતોષ થાય તેમ રસ પ્રાપ્ત થવો તે.

હસતી રમતી રસતૃપ્તિ કીધે. નાનાલાલ

રસતૃષ્ણા [સં] સ્ત્રી. રસની તીવ્ર ઇચ્છા.

બાહ્યમુખ માણસના બાબદે પણ એમ રહેતો નથી એ વાત સત્ય છે પરંતુ રસતૃષ્ણા બળવાન છે. બલવંત ૧૫૩

રસતેજ [સં રસતેજસ્] ન. સોઢી.

રસતો જુઓ રસતો

રસત્યાગ [સ.] પું દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન વગેરે તજવા તે.

રસત્યાગી [સં. રસત્યાગિન્] વિ. રસનો જેણે ત્યાગ કરેલ હોય તેવું. ગાંધીજી લખે છે કે, બ્રહ્મચર્યના પાલનમાં મુખ્ય વસ્તુ રસોને મારવા અથવા જીતવાની છે. ઉપવાસ કોણ આરોગનાર રસત્યાગી છે એમ ન કહેવાય પણ જનતા તો સામાન્ય આહાર લેનાર રસત્યાગી હોઈ શકે. છેવટે તો દરેક સૂક્ષ્મતાથી પોતાના આત્માને પૂછી લેવું કે: કયારે તે રસને અર્થે ખાય છે, ને કયારે કેવળ નિર્વાહને અર્થે. ખોરાકમાં પણ આપણી પસંદ સીધી લીટી નથી. જીવનમાં સંધી લીટી છે તે તો કેવળ અંતરમાં છે, બહાર તો પ્રપંચ છે, એ તો વિકાસ અને ગતીઓ વટપથ છે. તેમાંથી મનુષ્યે અદ્વૈતને સાધવાનું રહ્યું છે.

રસત્યાગુ ૧. પું. (જૈન) બાહ્ય તપના ૭ ભેદોનો એક પ્રકાર; સારા સારા રસોનો ત્યાગ કરવા રૂપ એક તપ.

અનશન, ઊનોદરિતા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગુ, કાયક્લેશ, સલીનતા પ્રભેદ બાહ્ય તપ નામનું વિષઈ તુ અતિચાર મુ કું આલોય કું.

પ્રાચીન મધ્યસ્તવન

૨. વિ. રસનો ત્યાગ કરેલ હોય તેવું.

રસત્વ જુઓ રસતા.

રસથાળી પું. રસથી ભરેલો થાળ.

રસદ ૧. પું. મિત્રતા કરનાર માણસ; દલાલ કરનાર વ્યક્તિ.

૨. [હિ.] પું. ભાગ; હિસ્સો.

૩. પું. ભાગણી વિનાનો બાતલો ભત્તો.

૪. [સં.] પું. વૈદ્ય.

૫. પું. શિવનાં કલ્પવૃક્ષ માંહેનું એક નામ.

૬. સ્ત્રી. અનાજ; કાચું અન્ન.

૭. [ફા.] સ્ત્રી. પરગણાનો મુલ્કનો રાખવા માટે સરકારમાં આગાઉથી ભરવી પડતી રકમ.

૮. સ્ત્રી. પાકનો હિસ્સો

૯. સ્ત્રી. લશ્કર માટે રાખેલ અનાજનો જથ્થો.

૧૦. સ્ત્રી. વેપારાગા.

૧૧. વિ. આનંદકારક; સુખદ

૧૨. વિ. ઝેર આપનાર.

૧૩ વિ. રસાદિક; મજેદાર.

રસદા ૧. [સં.] સ્ત્રી સફેદ નિર્ગંડી વૃક્ષ.

૨. વિ. સ્ત્રી રસ આપનારી.

રસદાન [સં.] ન. રસ આપવો તે.

રસદાયક ૧. [સં] વિ આનંદ આપે તેવું

૨. વિ. રસ આપનાર.

રસદાર ૧. વિ. આનંદી; રસિક; મનોહર; મિલાવડેક; મનોરંજક; ખુશમિજાજ

૨. વિ રસવાળું; રસથી ભરેલું; રસાળ. રસભર્યું.

૩. વિ. સ્વાદિષ્ટ; લહેજતદાર; રુચિકર; મિષ્ટ.

રસદેવ [સં.] પું રસ સ્વરૂપ ભગવાન.

રસદોષ [સં.] પું. (કાવ્ય) કાવ્યના પાંચ માંહેનો એક દોષ; રસનો ભંગ થવો તે. તેના રસનાશ પ્રકાર, સંચારી નામ પ્રકાર, રસાર્થ નામ પ્રકાર, કષ્ટથી અનુભવ પ્રતીતિ, કષ્ટથી વિભાવ પ્રતીતિ, પ્રતિકૂલ વિભાવાદિ ગ્રહણ એવા ભેદ છે

રસદૃગિયું વિ. રસ ભરેલી નજરે જોનારું.

રસદૃગિયાં જગદાકાશોનાં સ્વપ્નાં લહમે ઝાંચા પાડ્યાં. નાનાલાલ

રસદૃષ્ટિ [સં] સ્ત્રી રસની કે કાવ્યાનંદની દૃષ્ટિ.

રસદ્રાવકતા સં સ્ત્રી. રસમયતા; રસ ઝરતો તે; રસથી ભીંજાયું તે.

રસદ્રાવી ૧ [સં રસદ્રવિન્] ન મીઠું લાગુ.

૨. વિ. જેમાંથી રસ ઝરતો હોય તેવું.

રસદ્વાર [સં] ન રસ રૂપી બારણું

નહિ લાભ અને ન સમર રે નહિ રસ અપુરા રે. એના દિન તણા રસદ્વાર રે હવડે અપૂરા રે

બોટાદકર

રસધર [સં] પું મેઘ; વાદળું

રસધર્મ [સં] પુ રસ રૂપી ધર્મ

હવે આ લેખ મેં પાળી નવા રસધર્મ છે બધો. નોર્બતરામ

રસધાતુ ૧. [સં] સ્ત્રી. પારો. પારદ.

૨ સ્ત્રી. શરીરની સાત માંહેની રસ નામની ધાતુ.

રસધામ ૧. ન. આનંદનું સ્થાન.

૨. [સં. રસ + ધામન્] ન. જેમાં રસ હોય તે; ખટરસ માંહેનું કોઈ પણ એક રસનું નિવાસસ્થાન; રસનું પાત્ર.

૩. વિ. મોહક; મિલનસાર.

રસધામા [સં.] સ્ત્રી. રસધામ રૂપ સ્ત્રી; રસનું પાત્ર હોય તેવી સ્ત્રી; રસિક સ્ત્રી

રસધાર ૧ સ્ત્રી સૌરાષ્ટ્રના સાવર શ્રી ગોવરધન મેઘાણી કૃત સૌરાષ્ટ્રની લોકકથાઓનો સંગ્રહ.

૨. [સં રસધારા] સ્ત્રી. સ્નેહનો પ્રવાહ.

રસધારા ૧. પું. (પિંગળ) એક નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનિજસી ૭૮નો એક ભેદ છે તેમાં નગણ, યગણ, નગણ, યગણ અને ગુરુ મળી ૧૨ વર્ણ આવે છે.

ન, ય, ન, ય ગેથી રચ રસધારા ગુ.

રણછોડભટ્ટ

૨. જુઓ રસધોર

રસધારિ પું. (પિંગળ) એક નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં સગણ, યગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

રસધિ [સં.] પું આનંદનો સમુદ્ર.

રસધિચર [સં.] વિ. આનંદના સમુદ્રમાં ફરનાર; મોજીલું.

રસધૂન સ્ત્રી. આનંદની ધમની.

ધડીક તો એ કવીની રસધૂન જામી.

નાનાલાલ

રસધેનુ [સં] સ્ત્રી પુરાણ અનુસાર ગોળ વગેરેની બનાવેલી ગાય. તેનું દાન કરવામાં આવે છે

રસધ્વનિ [સં] પું આનંદનો અવાજ; રસનો શબ્દ

અને એ શ્લોકમાં રસધ્વનિ હોવાથી જાણે કાવ્યપક્ષ સહૃદયજનોએ અંગીકાર કર્યું છે. કાન્તાશ્રય

રસધ્વનિ કાવ્ય [સં] ન. કવિના મનોવિકાર રેખાડનાર કવિતા; સંગીતકાવ્ય; રસપ્રધાન કવિતા, ઊર્મિથી ભરેલું કે રચાયેલું, ગાઈ શકાય તેવું કાવ્ય; ' લિરિક '.

રસન ૧ [સં] ન જિહ્વા. રસેંદ્રિય; જીભ.

રપર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ ઇંદ્રિયોનાં નામ છે. તત્વાર્થસૂત્ર

૨. ન. જ્ઞાન; જાણ.

૩. ન. ચોરી.

૪. ન. મેઘગર્જના.

૫. ન. શબ્દ; ધ્વનિ.

૬. ન. સ્વાદ; ચાખવું તે.

૭. વિ. પરસેવો લાવનાર.

રસન કેશ પું. કેશ અને જીભને ભીનાં અને નરમ રાખનાર શરીરની ધાતુ.

રસનક્રિયા [સં.] સ્ત્રી. સ્વાદ અનુભવવાની ક્રિયા.

રસનગ્રાહ્ય વિ. જીભ ઉપર નાખનાર.

રસનગ્રંથિકા [સં.] સ્ત્રી. પૂંઠની નળી; જે નળીમાંથી મોં માંહેનો રસ છૂટે છે તે.

રસનહાણે ન. મહારાષ્ટ્રમાં લગ્ન પ્રસંગે વર તથા કન્યા તરફથી બીજી જોગી મળી કન્યાને ત્યાં નહાવા જવાય છે તે ક્રિયા. મહારાષ્ટ્રમાં વર તરફની સ્ત્રીઓને કન્યાને ત્યાં સ્ત્રીઓ નહાવા બોલાવે છે અને બધાં જોગાં નહાય છે. આને રસનહાણે કહે છે

રસના ૧. પું. (પિંગળ) એક અર્ધ સમમાત્રિક માત્રામેળ છંદ. તે બરવૈ છંદનો એક ભેદ છે. તેમાં ચૌદ ગુરુ અને દસ લઘુ મળી ૨૪ વર્ણ આવે છે.

૨. પું. ઘાસ

રસના સિંધુ સુધિરા હાલા સિંધુ પ્રસૂવિ,
મદ પીધા સમ નરવરી બહુ બહકાતી.
પિંગળપ્રકાશ

૩. સ્ત્રી. ગંધસ્પર્શા નામની લતા.

૪. સ્ત્રી. જીભ; રસ લેનારી ઇંદ્રિય; જિહ્વા; સૂત્રા; રસનેંદ્રિય.

રસના વાણી ઝાંઝણ આપ્યો સરસ્વતીને વૈરાગ,
પુજારી પોતે રહી, સંસાર કીધો ત્યાગ.
પ્રેમાનંદ

રસના ખોસવી = બોલવાની શક્તિ હરવી.

૫. સ્ત્રી. (વહાણવટું) દોરડું.

૬. સ્ત્રી. (ન્યાય) રસ; સ્વાદ. તેનો અનુભવ જીભ વડે કરવામાં આવે છે.

૭. સ્ત્રી. રારતા કે નાગદૌની નામની વનસ્પતિ.

૮. સ્ત્રી. લગામ

૯. સ્ત્રી. સ્ત્રીઓને કેડે પહેરવાની સેર; કંદોરો; મેખલા; કાંચી.

રસનાજન્ય [સં.] વિ. જીભથી સ્વાદ લેવાથી માલિતી મળી શકે તેવું.

રસનાથ [સં.] પું. પારો; પારદ.

રસનાપદ [સં.] પું. નિતંબ; કૂલો.

રસનાભ [સં.] ન. રસાંજન.

રસનામ [સં. રસનામન્] ન. (જૈન) નામ કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ પાંચ રસ માંહેનો કોઈ તે રસ પામે છે

શરીરગત શ્વેત આદિ પાંચ વર્ણો, સુરભિ આદિ બે ગંધો, તિક્ત આદિ પાંચ રસો અને શીત આદિ આઠ સ્પર્શોનાં નિયામક કર્મો અનુક્રમે વર્ણનામ, ગંધનામ, રસનામ અને સ્પર્શનામ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

રસનાયક [સં.] પું. જિવનાં હજાર માંહેનું એક નામ.

રસનાયતન [સં.] ન. બૌદ્ધ મતાનુસાર જ્ઞાનના સંચારનાં બાર માંહેનું એક સ્થાન.

રસનારિષ્ટ [સં. રસનારિષ્ટ] ન. કુતરું.

રસનાસૂત્ર પું. શબ્દબ્રહ્મ.

રસનાસૂત્ર ઓળખ વિના ભૂલે ભ્રમથી જ્ઞાન.
તુલસી સતસઈ

રસનિકા [સં.] સ્ત્રી. જાનુકા. શરીરની નીચેની બાજુ ઉપર અત્યંત જાડા મૂલવાળી ઊપસતી રેખા; જાનુ-સ્થિની નીચલી બાજુ ઉપર આવેલી એ નામની એક ઊંચી રેખા. તે નાસાપુટાઓની વચ્ચેની દીવાલ બનાવનારા સીરિકાસ્થિના પાછળના ભાગ જેવા સાથે જોડાય છે. તે ત્રિકોણાકાર કંદક છે.

રસનિદાનશાસ્ત્ર [સં.] ન. રોગ પારખવાનું શાસ્ત્ર; રોગપરીક્ષા; ' પેથોલોજિ '.

રસનિધાન [સં.] પું. રસનો ભંડાર.

રસનિધિ [સં.] પું. રસનો સમુદ્ર

જીભ્ય ગાયત્ર ગ્યું રે આજ જેવા રસનિધિ
દયારામ

રસનિયમન [સં.] ન. રસની ભાવના કાબૂમાં રાખવી તે

પ્રેરણાના નિયમો નથી, કલાના નિયમો છે. પહેલા બીજાના પરિચિત થઈ રે જેમ નથી કવિઓ પ્રેરાય, તેમ કવિતા નામ તે રસનિયમનો શીખી, પાળે, પછી નિયમસર થાય.
દલપતરામ

રસનિર્ઝર [સં.] વિ. રસ ઝરતું હોય તેવું.

રસનિર્ઝર છબલાકી અખી ઝખિ ! તે પર
ત્રુમ હતે હસતી.
નાનાલાલ

રસનિર્વાહ [સં.] પું. રસ જળવાઈ રહેવો તે, રસનું સાતત્ય.

રસનિષ્ઠ [સં.] વિ. રસમાં લીન થયેલું.

રસનિષ્પત્તિ [સં.] સ્ત્રી. રસની જમાવટ; રસ ઉત્પન્ન થવો તે; રસની ઉત્પત્તિ.

રસનિષ્પાદક [સં.] વિ. રસ ઉત્પન્ન કરનાર.

રસની લંગર ન. (વહાણવટું) વજ.

રસનેંદ્રિય [સં. રસના (જીભ) + ઇંદ્રિય (આત્માને જ્ઞાન મેળવવાનું દ્વાર)] સ્ત્રી. જીભ; રસ ગ્રહણ કરવાની ઇંદ્રિય; સ્વાદેંદ્રિય; જિહ્વા. જે દ્વારા તીખો, કડવો, ખાર, ખાટો અને મીઠો એ પાંચ પ્રકારના રસોના સ્વાદનું જ્ઞાન થાય તેને રસનેંદ્રિય કહે છે.

રસનોપમા [સં] સ્ત્રી એક પ્રકારની ઉપમા. તેમાં ઉપમાઓની પરંપરા હોય છે અને પહેલા કહેલું ઉપમેય પાછળથી ઉપમાન બની જાય છે. તે ઉપમા અને ઉપમેયવાળી મળીને બનેલું છે તેને રશનોપમા પણ કહે છે.

રસપક્ષ (રસપક્ષ) ન. અવયવનું હલનચલન થવા છતાં તેને પસારો ન લાવે એવું કેટલાક અવયવોને ઢાકતું જેલ તંતુનું બનેલું અને ઓછી વધતી જાડાઈનું ચળકતું ચીકણું પડ. તે જેવું હોય છે. એક પડ અવયવને ઢાંકે છે, તેમ જ બીજું તેની આસપાસના ભાગ ઉપર ફરી વળે છે. બંને પડની વચ્ચે પોલ હોય છે. તેમનાં સ્તરમાંનો પ્રવ રસથી હમેશાં ભીનાં રહે છે. રસ એ પડમાંથી જ પેદા થતો હોઈ તેને રસપડ કહે છે. મગજ, રક્તાશય, ફેફસાં તથા પેટનાં અવયવોને આવાં રસપડ હોય છે.

રસપર્ણ (રસપર્ણ) ન. (વૈદક) કપૂરકાચલી કોઈપણ વનસ્પતિના રસ કે છતર દ્રવની સાથે ઘૂંટીને કાઢવ જેવું કરવું તે; ધાતુ મિશ્રિત કે જેવા પારદને ગંધક તથા કોઈપણ પ્રવાહી સાથે ઘૂંટવાથી કાઢવ જેવો બનાવવો તે.

રસપતિ ૧. [સં.] પું. ચંદ્રમા

૨. પું. પારો

૩. પું. રસરાજ; શૃંગારરસ.

૪. પું. રાજા; પૃથ્વીપતિ.

રસપથ [સં.] પું. રસ ઉત્પન્ન થાય તેવો માર્ગ.

રસપરિક્રમણ [સં.] ન. જુદે રસ કેળવવો જવો તે.

રસપરિક્રમણના આ જ્ઞાન ઉપરથી એટલું તો ફલિત થાય છે કે રસત પરિક્રમણની મતિ ત્રિવે પ્રાચીન હિંદુઓને તેટલા ન હતી.
જુ. સા. પરિષદ

રસપરિત્યાગ [સં.] પું. બાહ્ય તપના છ માંહેનો એક પ્રકાર; દૂધ, દહીં, ઘાંડ, ઘી, મીઠું અને એવા પ્રકારના બીજા પદાર્થો તદ્દન છોડી દેવા અને ફરી કદિ ગ્રહણ ન કરવા તે.
અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસલીનતા એ છ બાહ્ય તપ છે.
શ્રીમદ્રાજચંદ્ર

રસપર્પટી [સં.] સ્ત્રી. (વૈદક) પારદ અને બીજા દ્રવ્યોની મેળવણીવાળી દવા; એક પ્રકારનો રસ. તે પારાને શોધીને બનાવવામાં આવે છે. શુદ્ધ પારદ અને શુદ્ધ ગંધકને લોઢાની કઢાઈમાં બી ખૂંસી તેમાં ઉકાળવા. જ્યારે તેનો રસ બાજ લારે બાજના ગોર ઉપર પારદરસ કેળનાં પાન ઉપર તને ઢાળી દેવો અને બ.જે કેળનું પાન મૂકી ઉપર બાજુનો ગોર નાખવો. લારે ઢાળા દેવતા કપોટા બાજી ગયેલા માલૂમ પડશે તેનું નામ રસપર્પટી છે. તેનો ઉપરોગ સમઢણી, તાવ, ચામુના ગોગા, જળોદર, રસરાજસાર વગેરેમાં થાય છે. તેની માત્રા એક રતિથી એક વાલની છે.

રસપાક ૧ [સં.] પું. પિત્ત; શરીરની એક ધાતુ

૨. પું. પ્રાજ્યરસના બધારણને તથા મુખ્ય મુખ્ય ચમત્કારના પ્રકારોને માટે તેના સહારને લગતી ક્રિયાનો સારે રસપાક એ પ્રકારના છે: અનુલોમ અને પ્રતિલોમ.

૩. પું. બકારના ખોરાકને ચૂસવાની અને તે ખોરાકને ચૂસ્યા પછી તેમા કેટલાક રાસાયણિક વિકારો ઉત્પન્ન કરવાની ક્રિયા.

રસપાન ૧. [સં.] ન. આનંદ માણવો તે.
૨. ન. રસ પીવો તે

રસપારિજાત [સં.] પું. વૈદ્યશિરોમણિ કૃત એ નામનો એક ગ્રંથ. તેમાં પારદ, લોખંડ અને ધાતુઓના મિશ્રણ તૈયાર કરવાની ક્રિયા વિષે નિરૂપણ છે

રસપિંડ [સં.] પું. રસની ગ્રંથિ, રસગ્રંથિ.

રસપુષ્પ [સં] ન રસકપૂર; સંધવ, પારો અને સીસાની બનાવેલી એક પ્રકારની દવા.

રસપૂજા [સં.] સ્ત્રી રસનો સમાજ; રસનો સમૂહ

રસપૂણી ૧. સ્ત્રી. આંખ બગવા નાક વગેરેમાંથી રસ પડ્યા કરે એવો કફદોષથી થતો વિકાર
૨. સ્ત્રી. સલેષ્મમાં પડવું પાણી; શ્લેષ્મ.

રસપૂરી સ્ત્રી. કેરીનો રસ અને પૂરીનું જમણ

રસપૂર્ત્તિકા ૧ [સં.] સ્ત્રી. આલકાપણી
૨. જા ક્રતાવરી

રસપેઠા (રસપેડો) પું. એક પ્રકારની મીઠાઈ.

રસપેશી સ્ત્રી. શરીરમાં રહેલી રસની ગાંઠ; રસગ્રંથિ

રસપોષણી સ્ત્રી બાળકોને થતો એક જાતનો ઝાડાનો રોગ.

રસપ્યાસી વિ. રસ તરસ્યું; રસ મેળવવાની તીવ્ર ઇચ્છાવાળું.
વેરૂ કારણું નજરાણીઓને,
શૃંગાર સીંચ્યો રસપ્યાસીઓને.
રાજગોપાલ

રસપ્રકાશસુધા [સં] સ્ત્રી. ઈ. સ. ૧૧૫૦માં જૂનાગઢના પદ્મનાભના પુત્ર પંડિત વલ્લોપર રચિત એક ગ્રંથ. તેમાં ખનિજ અને ધાતુદ્રવ્યો સિદ્ધ કરીને તેમનો ઔષધ તરીકે કેવી રીતે ઉપયોગ કરવો તે બતાવવામા આવ્યું છે

રસપ્રચુર વિ રસયુક્ત; રસથી ભરપૂર

રસપ્રદ [સં.] વિ. રસદાયક; રસ આપનાર, રસિક

રસપ્રદીપ ૧. [સં.] પું. ઈ. સ. ૧૪૮૩માં વિશ્વનાથે રચેલો એક ગ્રંથ. તેની અંદર ૫૦૦ શ્લોક છે અને ઔષધ તરીકે પારદની બનાવટ તથા ઉપાયો વિષેનું વર્ણન છે.
૨. પું. રસરૂપી દીવો.

રસપ્રધાનક [સં.] વિ. રસ ઉપજાવે તેવું.

રસપ્રપા [સં.] સ્ત્રી. ઉદરગુહામાં આવેલ અન્નગોદિણી મહાધમનીની કાંચળાખા. ચેડ, આંતરડા વગેરે પ્રદેશમાંથી આવતી લસિકાના આધાર રૂપ આ કોથળી, આશરે ચાર આંગળ લાંબી અને બે આંગળ પહોળી છે. તે, પહેલી તથા બીજી કટિકશેરૂકાઓની આગલી બાજુ ઉપર, મહાધમનીની પાછળ રહેલી છે. નાની પટોળના આકારની આ કોથળીનો નીચેનો ભાગ પહોળો, અને ઉપરનો ભાગ સાંકડો દોર્યા જેમાંથી લાંબી રસકુલ્યા શરૂ થાય છે. આ કોથળીમાં ત્રણ નાની અને મોટી રસાવનીઓ દાખલ થાય છે આ કોથળીનો ઉપલો ભાગ ઊંચે જતાં ફરી ફરી સાંકડો બનતાં જતાં, મહાપ્રાચીરા પેશીની નીચે, લાંબી તથા મોટી રસકુલ્યાના રૂપમા ફેરવાઈ બનવ છે મહાપ્રાચીરા પેશીની નીચે તેમજ ઉપર, કેટલીએક રસાવનીઓ મળે છે. તેઓમાંની કેટલીએક, પામણીઓ વચ્ચેના પ્રદેશના પાછલા ભાગમાં રહેલી ગ્રંથિઓમાંથી આવની હોય છે. જ્યારે કેટલીએક, બેઠક ફેફસાંઓ વચ્ચે રહેલી ગ્રંથિઓમાંથી આવતી હોય છે. કોઠના મૂળ આકાર જતા તેને જગાડી રસકુલ્યાની બાજુ બાજુ મોટી રસાવનીઓ મળે છે.

રસપ્રબંધ ૧. [સં.] પું કાવ્યનો એક પ્રકાર.
૨. પું. રસોથી ભરેલો પ્રબંધ; નાટક.

રસપ્રવાહ [સં.] પું. રસ વહેવો તે.
એટલું જ નહિ પણ પૂર્વ વૃત્તાંતના અભિનય, ઉમદા વિચારો અને ચમત્કૃતિજનક અભિનય કલાથી પૂર્વેના લાંબેલાસ નરમ પડી જાય છે આમ રસપ્રવાહમાં ભંગ થાય છે.
મુ. લા. પરિષદ

રસપ્રિય ૧. [સં.] પું. પતિ; સ્વામી.
૨. પું. શિવ; ઝાકર.
૩. વિ. રસ જોને ગમતો હોય તેવું.

રસફેણ ૧. [સં] ન ખમણ.
૨. ન. નાળિયેર

રસફુલ્યા સ્ત્રી. ઉત્તર કુટકુસાંતરાલ પ્રદેશમાં આવેલી એક પેશી; ' બોરેસિક કોટ. '

રસબગાડ (રસબગાડ) પું. ઝાડો, પેશાબ, થૂંક, પિત્ત, પરસેવો વગેરે શરીરમાં ઉત્પન્ન થતો રોગ.

રસબર વિ. રસથી ભરપૂર.

રસબસ [સં રસવશ] વિ રસથી પરિપૂર્ણ; રસમય. રસમ. પીનગુ; રસબસ; રસમા ડૂબેલું, રસથી તરબોળ થયેલું.
તલસે રસબસ પરવત,
ઝિરકે ઝીણી વાલી તમારી. મીનગોવિંદ

રસબસતું વ્યુત્પો રસબસ.

રસબસતું ન ક્રિ. રસથી પરિપૂર્ણ થવું; રસબસ થવુ.

રસબંધ વિ. જેમાં રસ હોય એવું; રસબસ.

રસબંધકર [સં.] પું. સોમલતા.

રસબંધન [સં.] ન. (વૈદ્ય) શરીરની અંદરની નાડીના એક ભાગનું નામ.

રસબાની સ્ત્રી. રસ ભરેલી વાણી.
તેમની મીઠી રસબાની કવિતા તરીકે પ્રથમપણે દક્ષિણેશ્વર થાય છે. ગુ. સા. પરિષદ

રસભાવની ૧. સ્ત્રી. એ નામની એક દેવી.
૨. સ્ત્રી ભાવન અક્ષરનો એક જપમંત્ર.

રસબીજ [સં.] ન. રસનિષ્પત્તિનું બીજ.

રસબુદ્ધિ [સં] સ્ત્રી. શોખવૃત્તિ; રસ સમજવાની કક્ષા કે ભાવના; રસજ્ઞતા.

રસબોળ વિ રસમાં નિમગ્ન થયેલું; વસ્તુના આનંદમાં તરબોળ થયેલું; રસબસ.

રસભર્યું ૧. વિ. રસમય; રસથી ભરપૂર; રસિક; આનંદદાયક
૨. વિ. રસાળ; રસદાર

રસભક્ષ [સં.] ન. ખોડી; રક્ત.

રસભંગ ૧. પું. નિરાશા; આશાનું ભંગ થવું તે.
૨. [સં.] પું. કામમાં ભંગ પડવો તે; રસક્ષતિ; આનંદમાં કે આનુ રસવાર્તામાં અંતરો પડવો તે; આનંદ પ્રવાહની તૂટ કે ખોટ.
૩. વિ. આનંદમાં ભંગ થયો હોય તેવુ.

રસભાગ [સં] પું. આદિ કવિઓએ પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી લીધેલું રસનું તત્ત્વ.

રસભાવ ૧. [સં.] પું. રસની ભાવના; રમ ઉત્પન્ન થવો તે.
૨. પું. ઝાડાના પેટમાં પાણી ભરાઈ થતો રોગ.

રસભાવના [સં.] સ્ત્રી. રસની ભાવણી.

રસભીનું વિ. રસથી ભીંજાયેલું; આર્દ્ર; રસથી તરબોળ; રસમાં તન્મય બની ગયેલું; રસિક; રસીલું; આનંદમાં મગ્ન.

રસભૂમ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ, સગણ અને લઘુ મળી દસ વર્ણ હોય છે.
સ જ સા લ માર રસભૂમ. રણછિમલ

રસભેર અ. ઉમંગથી; રસપૂર્વક; હોંશભેર; હોંશથી; ઉત્સાહથી.

રસભોગ [સં.] પું. જીવનનો આનંદ.

રસભોગી [સં. રસભોગિન્] વિ. વિલાસસુખ માણનાર.

રસમ ૧. [અ. રસ્મ] સ્ત્રી. રવૈયો; વહ્યા કાળથી ચાલી આવતી આવશ્યક રીત; રિવાજ; ચાલ; શિરસ્તો, પ્રથા.

રસવત્તા

૨. સ્ત્રી. રીતભાત; વર્તન.

૩. સ્ત્રી. હકીકત; બીના.

રસમય ૧. વિ. મનોરંજક; મનોહર.

૨. [સં] વિ. રસવાળું; રસથી ભરપૂર; રસથી પરિપૂર્ણ; રસરૂપ.

રસમયતા [સં.] સ્ત્રી. રસમાં લીન થવું તે.

રસેશ્વરની એ રસમયતામાંએ અહલાતો આપામનાનો હૃદયરસ 'ઉમંગીથી રંગીથી' પથી પ્રતીત થાય છે. ગીતગોવિંદ

રસમસ્ત વિ. રસથી ભેરું બનેલું; રસબોરમ. મસ્ત બનેલું.

તે જ તેના રસમસ્ત મનનો મહોત્સવ હતો. ગીતગોવિંદ

રસમસ્તાન ન. રસમાં મસ્ત બનેલું માણસ

રસમંડળી સ્ત્રી. રસની મજા લેનારાઓનું ટોળું કે સમૂહ; રસિકોનો મેળાવડો; આનંદની વાતો કરનારું મંડળ.

રસમાગ્ન વિ. રસમાં તરબોળ થયેલું; રસલીનું.

જગતમા દૈવી સંપત્તિનું સામ્રાજ્ય સ્થપાશે, અને ઉચ્ચ કલાવિલાસમા રસમાગ્ન રહી અલૌકિક એવા સાત્વિક આનદના આપણે ભોગવનાર થઈશું. ચૌધરી

રસમાણિક્ય [સં.] ન. (વૈદક) રક્તવિકાર, ધાતુની નબળાઈ, પિત્ત, ખોરી ગરમી, હાથપગની બળતરા તથા મદાગ્નિ દૂર કરવા માટે બનાવવું એક રસાયણ. તેની માત્રા એક રતી છે. તે મધ, ઘી કે દૂધ સાથે લેવાય છે.

રસમાધુરી ૧. સ્ત્રી. રસ બતાવવાની કે આપવાની ચતુરાઈ.

૨. સ્ત્રી. રસની મધુરતા.

અનેક કવિઓએ અનેક પ્રકારની રસમાધુરી અને રચનામાધુરી દાખવ્યાં છે. ગુ. સા. પરિષદ

રસમાધુર્યે જુઓ રસમાધુરી.

રસમાન [સં.] ન. રસ આપવાનું સાધન; પણી; પાત્રું

રસમાર ન. ઝેર.

ભરત હળાહળ ઝેર મૃતક કાળકૂટ રસમાર; રસમાં વિષ નવ ઘોળીએ ચાલ ન કર નહિ વાર. પિંગળશયકોષ

રસમાલા [સ.] સ્ત્રી. શિલારસ નામનું સુગંધિત દ્રવ્ય.

રસમાણી પું. રસદાન આપનાર પુરુષ; રસસિંચન કરનાર માળી

મુજ દેશ ખિલો રસમાળી વિના
કુણ પુષ્પ ધરે નહિ નારી લતા. નરસિંહરાવ

રસમીમાંસા [સં.] સ્ત્રી. હાસ્ય, શિજાસ, શૃંગાર આદિ નવ રસ સંબંધી વિચાર; રસનાં અંગો લક્ષણાદિનું નિરૂપણ

રસમુંડી [હિ.] સ્ત્રી. એક પ્રકારની ખંજાળી મીઠાઈ.

રસમૂઢ [સં] વિ રસ માટે મોહ પામેલું; રસમાં મુગ્ધ બનેલું; રસથી ઘેલું થયેલું.

રસમૂર્તિ [સં] સ્ત્રી. રસનું પ્રત્યક્ષ સ્વરૂપ.

રસાત્મકતાભરી કવિતા તો કવિત્વની રસમૂર્તિ છે ને કવિ જ તેના સર્જક છે. ગુ. સા. પરિષદ

રસમેઘ [સં.] પું. રસનો વરસાદ.

રસના બુદ્ધદેવ કો પ્રગટ્યો
ત્યાં સુધી રસમેઘ માડ્યો ! નાનાલાલ

રસયુક્ત [સં.] વિ. રસવાળું; રસથી ભરેલું

રસયોગ [સં.] પું. જુદા જુદા રસોનું વૈજ્ઞાનિક રીતે મિશ્રણ.

રસયોગણ સ્ત્રી. રસમાં લીન થયેલી સ્ત્રી.

એ લાડુડી રસયોગણ હવે લાડવે રૂપે
ઓઢણની વાતડી જ ન્યારી ઝવેરી

રસરંગ ૧ પુ [illegible] એક છંદ.

૨. [સં.] પું. રસનો આનંદ.

રસરંભા [સં.] સ્ત્રી. રસની સુંદર મૂર્તિ.

રસરાજ ૧. [સં.] પું. કવિશિરોમણિ; ઉચ્ચ કવિ.

જ્ઞાનના અક્ષિતા મોમે આહેતા રસરાજરો
નમુ પું પૂવને કેરા પુજ્ય ! ગુર્જર રાષ્ટ્ર હો ! દેવાણ્ણ પરમાર

૨. પું. કામદેવ.

૩ પુ ચદ્ર

૪. પું. પારદ; પારો; રસરાજન.

૫. પું. પારામાંથી બનાવેલું ઔષધ.

૬ પુ પ્રેમ. પ્યાર

૭ પું ભગવાન શ્રીકૃષ્ણ.

૮. પું. વસંત ઋતુ.

૯ પું. શૃંગાર રસ.

રસરાજેંદ્ર [સં.] પું. રસ બતાવનાર શ્રેષ્ઠ પુરુષ, રસનો રાજા

રસરાજેન્દ્ર છો અહંતા રસદેવ છો,
રસદેવ તો જ્યોજ આદ્યવાદને. નાનાલાલ

રસરાણી સ્ત્રી. રસ બતાવનારી સ્ત્રી; પત્ની.

રસરાસ પુ આનદ રૂપે જેવા રસ
[illegible] રસરાસ દૂર કર નારી રે,
રસની સાચવ એક મુક્તરાસ રમ્યે રસ જીવી રે. બોટાદકર

રસરીત સ્ત્રી. રસ મેળવવાની રીત.

હર એક અમારાં રે ન્યારાં હો તેમ નહિ;
એમા હું ને એ મુજમા રે એવી રસરીત રહી. બોટાદકર

રસરીતિ જુઓ રસરીત.

રસર્ષિ પું. કવિ.

રસલ ૧ [અ. રસુલ] પું ખબર પહોંચાડવા તે.

૨ સ્ત્રી. મલ્લ; વાઘટો.

૩. વિ. રસવાળું; જેમાં રસ હોય તેવું

રસલક્ષી વિ. જેમાં રસની ભાવના હોય તેવું; કલોપકારક; 'ઓરયેંટિક'.

રસલંપટ વિ. રસની અંદર અત્યંત આસક્તિવાળું.

રસલાખાન પું. એક જાતનો સોબાન.

રસલોલ પું. રસધારા; રસપ્રવાહ; રસભોગ.

રસલોલુપ વિ. રસની અત્યંત તૃષ્ણાવાળું; રસલંપટ.

રસલોલુપી જુઓ રસલોલુપ.

રસવઈ સ્ત્રી. રસોઈ; રાંધવું.

રસવટ ૧. સ્ત્રી. વેર; અદાવત; દ્વેષ; રાગદ્વેષ.

૨. વિ. જાનુ.

૩. વિ. રસાળ; રસભર્યું

૪ વિ. સુદર, મોહક.

૫. વિ. રસાર્દ્ર.

રસવજ્રજ [સં. રસવાગ્નિજ] ન. સૂક્ષ્મ છતાં પેટ થાય તેવા પ્રવાહી પદાર્થનો વેપાર.

રસવત ૧. [સં. રસવત્] પું. કાવ્યના પિસ્તાળીસ માર્ગનો એક અલંકાર.

જ્યારે રસપ્રધાન હોય અને અન્ય પ્રધાનભૂત વાક્યાર્થનું અંગ હોય ત્યારે રસવત અલંકાર કહેવાય છે. કાવ્યપ્રકાશ

૨ વિ. ભેજવાળું

૩. વિ. મનોહર; આનંદી.

૪ વિ. રસવાળું; રસથી ભરેલું.

૫ વિ. લાગણીવાળું

૬ વિ રનેહાળ

૭. વિ. રસાર્દ્ર.

રસવતી ૧. [સં.] સ્ત્રી. છલ.

૨ સ્ત્રી. રસોડું; પાકશાળા.

૩. સ્ત્રી. સંપૂર્ણ જાતિની એક રાગિણી. તેમા બધા શુદ્ધ સ્વર લાગે છે

૪ વિ જી મનોહર, આનંદી.

૫. વિ જી રસવતી, રસવતું, રસભરી.

૬ વિ જી સ્વાર્દ્ર

રસવત્તા ૧ સ્ત્રી મી ગ, મ કુર્વે

૨ સ્ત્રી નમિકતા, રસની ભરપૂરપણ પ્રુ.

૩. સ્ત્રી. સુદરતા; ખૂબસૂરતી, સૌંદર્ય.

રસવરણું વિ. રસિક; રસવાળું; મધુર.

રસવર્ધન [સં.] ન. રસમા વૃદ્ધિ થવી તે.

રસવલી [હિં.] સ્ત્રી. કોરડીની એક જાત.

રસવહલી સ્ત્રી. રસની વેલ.

રસવહનળી સ્ત્રી. રસ લઈ જનારી નળી; 'ડક્ટ'
વિષયસંદર્ભ પ્રમાણે આ પ્રકારની રસવહનળીઓ જુદી જાતનો રસ લઈ જાય છે, જે મૂત્રપિંડમાં વીર્યની સાથે આવી જઈ વીર્યનો પ્રકાર કરી વીર્ય સાથે જ બહાર નીકળે છે.
અભિનવ કામશાસ્ત્ર

રસવહા ૧. [સં.] સ્ત્રી. નાડી; રસ લઈ જનારી નળી.
અનેક જેમાં જ્ઞાનતંતુના વધુઓ સંપ્રવહ, રસવહા, રાજવહા, રસવહા અને રુધિરવહા નાડીઓ એવી થાય છે.
પોપટલાલ જોષિતલાલ

૨. વિ સ્ત્રી. રસને વહેનારી; રસ લઈ જનારી.

રસવંત ૧ [સં. રસવત્] વિ. રસવાળું; જેમાં રસ હોય તેવું.
૨. વિ. રસિક; પ્રેમી; રસિયું.

રસવૈની ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ; કારુકાકડા, પિત્તવિકાર, પડતું ચોઢી, શ્વાસ, હેડકા, વાયુ અને કૃમિ વગેરેનો તે નાશ કરે છે અને કાંતિ વધારે છે. રસવંતીનો ઝાડી ગુણ પણ સરસ છે. જ્યારે તાવની અંદર અતિસાર થઈ આવે છે અને ઊલટી સખત આવા કરે છે ત્યારે રોગ્ય દવાની સાથે રસવતી ભેળવી આપવી છે. બાળકોના મુખરોગની અંદર રસવંતીને મધમાં ઘસીને અગર દૂધમાં ઘસી ચોપડવાથી બહુ સારું થાય છે અને તેથી મોઢામાં પડેલાં ચકામાં અને ચાંદલીઓ દૂર થાય છે. રસવંતીનો મુખ્ય ઉપયોગ આંખના રોગ ઉપર છે. રસવંતી, અફીણ, દારૂહળદર, સિંધાલૂણ અને હીમજ એ બધાંને સરખે ભાગે ખાંડીને આંખના દુખાવાની ઉપર લેપ કરવામાં આવે છે.
૨ જીવ. રસાંજન

રસવાઈ [હિં.] સ્ત્રી કોરડીનો રસ પકવીને તૈયાર કરવામાં આવતી વસ્તુ

રસવાઢ (રસવાઠ) સ્ત્રી પંચાશી દસ હાથ પાણી ઊભી રહે તેવી જમીન.

રસવાડી (રસવાડ) સ્ત્રી. રસ આપે તેવી વાડી કે બગીચો
સંસાર એકલે રસવાડી. વાવો, લણશે, ભોગવો-આપજે તો. નાનાલાલ

રસવાદ ૧. પું. બકવાદ; બહુ બોલવું તે.
૨. સ્ત્રી. રસની વાત; પ્રેમ કે આનંદની વાતચીત.
૩. પું. મમતા; ઈર્ષા; સરસાઈ.
૪ પું. રસે ચઢવું તે; રસમાં આવવું તે; સરસાઈના બુરસ્કારથી ઉશ્કેરાયેલી હાલત.

રસવાન ૧. પું. એક જાતનો અલંકાર. જુઓ રસવત.
આ સ્થળે રસ આવને સોબારે છે. તેથી કુવલયાનંદ પ્રમાણે **રસવાન** અલંકાર બને છે.
અમરશતક
૨. વિ. રસવાળું; જેમાં રસ હોય તેવું.

રસવાલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રસવંતી.

રસવાહિની ૧. [સં.] સ્ત્રી શરીરની અંદર ચમેલા ખોરાકના રસને વાહનમાં લઈ જતી નલિકા; અનના રસને લઈ જનારી નળી.
૨. સ્ત્રી. રસ જેમાં થઈને ગાડામાં બેસે કે પ્રવાસ તે નળી.
૩. વિ. સ્ત્રી. રસનું વહન કરતી.

રસવાહી જુઓ રસવાહિની ૩.

રસવાળું ૧. વિ. રસાળ; જેમાં રસ હોય તેવું. રસિક; રસવાળું.
૨. વિ. સ્વાદિષ્ટ.

રસવિકાર ૧. [સં.] પું. અંદરહિ; વધવામા આવી ઊતરવાનો રોગ.
૨. પું. શરીરના રસમાં બગાડો કે બટાડો થવાથી ઉત્પન્ન થતો એક રોગ.

રસવિકૃતિ જુઓ રસવિકાર.

રસવિક્રય [સં.] પું. રસ વેચવો તે; રસવાણિજ્ય.

રસવિક્રયી [સં. રસવિક્રયિન્] વિ. દારૂ વેચનાર; મદિરા વેચનાર.

રસવિચ્છેદક [સં.] વિ. રસનો ભંગ કરનાર.

રસવિદ્યા ૧. [સં.] સ્ત્રી. કીમિયો.
૨. સ્ત્રી. પારદમાંથી દવા બનાવવાનું શાસ્ત્ર; ' આલ્કેમિ '.

રસવિરોધ ૧. [સં.] પું. સાહિત્યમાં એક જ વાક્યમાં બે પ્રતિકૂળ રસોનું હોવાપણું. જેમકે, શૃંગાર અને વીરનું, હાસ્ય અને બીભત્સનું, શૃંગાર અને નિર્વેદનું.
૨. પું. સુશ્રુત અનુસાર કેટલાક રસોનો ઠીક મેળ ન મળવો તે.

રસવું ૧. અ. ક્રિ. આનંદિત થવું; રસમાં મગ્ન થવું.
૨. અ. ક્રિ. કોઈ પ્રવાહી પદાર્થને વહેવડાવવો કે ટપકાવવો. જેમકે, ચંદ્રકાંતમણિ ચંદ્રમાને જોઈને રસવા લાગે છે
૩. અ ક્રિ. તન્મય થવું.
૪. અ ક્રિ. ધીમે ધીમે વહેવું કે ટપકવું.
૫. અ ક્રિ. પ્રેમમાં પડવું
૬. સ. ક્રિ. સ્વાદ લેવો, રસપાન કરવું.
૭. સ. ક્રિ. ધાતુનો રસ કરી બીજી ધાતુ પર ચડાવવો; ઓપ દેવો, ઢોળ ચડાવવો; પટ દેવો.
૮. સ. ક્રિ. રંગવું; ધોળવું
૯. સ. ક્રિ. સુશોભિત કરવું

રસવૃત્તિ [સં.] સ્ત્રી. રસ સમજવાની શક્તિ; રસજ્ઞતા.

રસવેત્તા [સં.] વિ. રસને જાણનાર.

રસવેધક [સં.] ન. સોનું.

રસવૈદ્ય ૧. [સં.] પું એ નામની એક વૈદકીય ઉપાધિ.
૨. પું. પારો, સોનું, રૂપું વગેરેની દવા બનાવનાર વૈદ્ય.

રસશાલા જુઓ રસશાળા.

રસશાસ્ત્ર ૧. [સં] ન. અંતઃપ્રેમ સા; સુકુમિત્રાઓ; સૌંદર્યશાસ્ત્ર.
૨. ન. કાગળ વગેરે દવાના રસનું શાસ્ત્ર; રસમીમાંસા.
૩. ન. રસાયનશાસ્ત્ર; રસ સંબંધી વિજ્ઞા.; રસાયનવિજ્ઞા; ' કેમિસ્ટ્રિ '.

રસશાસ્ત્રી [સં. રસશાસ્ત્રિન્] પું. રસશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર માણસ.

રસશાળા ૧. [સં. રસશાલા] સ્ત્રી. પારદની બનાવટો, ધાતુની ભસ્મો વગેરે દવાઓ બનાવવાનું કારખાનું; રસાયની પ્રયોગશાળા; ' કેમિકલ લેબોરેટરિ.' રસશાળાનું મકાન શુદ્ધ હવાઅજવાળાવાળું, પાણીના નળવાળું, બારીબારણાંવાળું, વિશાળ અને એકાંત રમણે આવેલું જોઈએ. દરેક જાતની ઔષધિ, અનેક પ્રકારનાં સાધનો અને રસસિદ્ધોશ્વરોના ચિત્રો તેમાં રાખવાં જોઈએ. આ મકાનમાં પૂર્વ દિશામાં ગણપતિનું મંદિર, અગ્નિ ખૂણામાં ભઠ્ઠીઓ, દક્ષિણ દિશામાં ખરલ વગેરે, નૈર્ઋત્ય ખૂણામાં ઔષધિ સૂકવવાનું અને ઉત્તરમાં વસ્ત્રો વગેરે રાખવાનું નક્કી કરવું અને ઈશાન ખૂણામાં રોજ ઉપયોગમાં આવતાં, રસની બનાવટોમા વપરાતાં સાધનો રાખવાં. પથ્થર તથા ધાતુના લાંબા અને ગોળ ખરલ, જુદા જુદા માપનાં તથા ઉપયોગના વાસણો, સાણસી, કાતર, સૂપડું, ખાંડણી, ગળણી, દોલાયંત્ર વગેરે યંત્રોની સામગ્રી, શીશીઓ તથા બૂચો, તોલા, ત્રાજવા, પડીકાં માટે કાગળ વગેરે સાધનો રસશાળામાં હોવાં આવશ્યક છે
૨. સ્ત્રી. ભોંડલમાં આવેલું એ નામનું એક વિખ્યાત આયુર્વેદીય ઔષધાશ્રમ.

રસશુષ્કતા [સં.] સ્ત્રી. રસ સુકાઈ જવો તે; રસ ન હોવાપણું.

આપણી આધુનિક કુટુમ્બજીવનમાં જોવાઈ જતી ગરવ્ય સ્ત્રીપુરુષો વચ્ચેની પોતપોતાના જ સાહિત્યચિંતનથી દોરિયાઈ ગયેલ, છતાં પારસ્પરિક ગૃહસંસારની **રસશુષ્કતા** એમનામાં ન પ્રગટે

મુ. સા. પરિષદ

રસશૂન્ય [સં.] વિ. રસહીન; રસ વગરનું; નીરસ

રસશોખર [સં.] પું (વૈદક) એક પ્રકારનો રસ. તે પારા અને અફીણના મિશ્રણથી બને છે અને ઉપદંશ વગેરે રોગોને માટે ઉપયોગી મનાય છે.

રસસખ્ય [સં.] ન. રસ ઉપરનો પ્રેમ; રસ સાથે મૈત્રી

તેનું **રસસખ્ય** અનુભવવાની આ તેમની વિનવણી જરૂર તેમને સંકવિરૂપે આપની સમક્ષ રજૂ થયે છે. મુ. સા. પરિષદ

રસસિદ્ધ ૧. [સં.] પું. કીમિયાગર; રસાયણવિદ્યા. જાણનાર માણસ.

૨. વિ. રસવાદમાં હોંશિયાર.

૩. વિ. શૃંગાર, વીર વગેરે રસમાં ચતુર.

રસસિદ્ધિ [સં.] સ્ત્રી. રસાયણવિદ્યામાં પ્રવીણતા.

રસસિંદૂર ૧ [સં.] પું. પારાનું એક જાતનું રસાયન. શુદ્ધ ગંધક અને શુદ્ધ પારદ સમભાગે લઈ તેની કજ્જલી કરવી અને તેને વડનાં કૂંપળના રસમાં ત્રણ દિવસ સુધી મર્દન કરવું. ત્યાર પછી તેને અગનશીશીમાં નાખી કપડ માટી કરી વાલુકાયંત્રની અંદર બાર કલાક સુધી પકવવું. આથી શીશીને ગળે રતાં ચમકતાં કપોટા જામી જશે તે રસસિંદૂર કહેવાય છે. તે પૌષ્ટિક ગુણ માટે વપરાય છે. ધાતીની નબળાઈ માટે તે ઉપયોગી મનાય છે. ખોટી વિકૃત્તિથી આખું શરીર શોષાઈ જતું હોય છે અને દિનપરદિન ઘટતું જતું હોય ત્યારે રસસિંદૂર જાદુ માફક આવે છે. તે કફાધિક્યરોધનું શમન કરે છે. જ્યાં કંપ અને ગતિમંદતાનો ભય પ્રાધાન્ય રૂપે રહેલ હોય ત્યાં ઉષ્ણ અને વાતહર દવાઓ સાથે રસસિંદૂર કામનો છે. કુષ્ઠ, જૂનું ઉપદંશ, વીર્યસ્રાવ, આર્યંત ક્ષીણતા, નબળાઈ વગેરેમાં રસસિંદૂર અપાય છે. તેની માત્રા એક રતીની છે. તે મધ, દૂધ કે ઘી સાથે લેવાય છે

૨. પું રક્તપારદ; સિંદૂર; હિંગળોક.

રસસૂત્ર [સં.] ન. રસની ભાવના દર્શાવતું ટૂંકું સંયોટ વાક્ય.

રસહીન [સં.] વિ. રસ વગરનું.

રસહૃદયતંત્ર [સં.] ન. શ્રી આત્ર શાકટાયન નામના ગુરુ ગોવિંદાચાર્યે રચેલો એ નામે એક ગ્રંથ.

રસહેલડી (રસહેલડી) સ્ત્રી. રસની ધારા; રસનો પ્રવાહ

રસહોરી સ્ત્રી. રસપૂર્ણ હોરી રમવાની ક્રિયા.

રસહ્રાસ [સં.] પું. રસનો ભંગ થવો તે.

મનને ગમે એવું કાવ્ય મળ્યું રસ. નાનાલાલને રસહ્રાસ ન લાગ્યા. મુ. સા. પરિષદ

રસળકમૂંબો પું. નાગર જ્ઞાતિમાં વરપક્ષ તરફથી કન્યાની ફોઈ ને પહેરામણીને દિવસે પોંખ્યા પછી અપાતું એક ઘરેણું વગેરે.

રસળવું ૧. અ. ક્રિ. ઓઢું ખીલ્યું

૨. અ ક્રિ. ઢીલ કર્યા કરવી; નકામો કાળ કાઢવો; ઢીલ કરવાને નકામા આમતેમ ફર્યા કરવું; વાર લગાડવી.

૩ અ ક્રિ. રખડવું; ભટકવું.

રસળાઈ જુઓ રસાળાટ.

રસળાગી જુઓ રસળાટ.

રસળાટ જુઓ રસળાટ.

રસળાટ પું. રસળવું તે; નકામો વખત ગાળવો તે; કામમાં ઢીલ કર્યા કરવી તે; રસળાઈ.

રસળાવવું ૧. સ. ક્રિ. રખડાવવું; ભટકાવવું. રઝળાવવું.

૨. સ. ક્રિ. વિલંબ કરવો; રોકાણ કરવું; વાર લગાડવી; ઢીલ કરવી.

રસળીકું ક્રિ વિલંબ કરનારું; રસળાટ કરવાની પ્રકૃતિવાળું

રસળીએણ જુઓ રસળાકું

રસા ૧. [હિ] પું. રસો.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રાસ્ના.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ; ગરુ.

૪. સ્ત્રી. કાકોલી

૫. સ્ત્રી. કાળીપાટ નામે એક વનસ્પતિ.

૬. સ્ત્રી કાંસ.

૭. [હિં] સ્ત્રી. કેરી.

૮. સ્ત્રી જીભ; જિહ્વા.

૯. સ્ત્રી. દોરડી; દોરી; રસી.

૧૦. સ્ત્રી. દ્રાક્ષ

૧૧ સ્ત્રી નરક

૧૨. [સં. રસ (સત્ત્વ) + આ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. પૃથ્વી; ધરા; ભૂમિ; રસવતી; જમીન

વિન્ધ્યધરા નમુધરા સ્થિરા કાશ્યપી અહી;
રસા અનન્તા ભૂ ઈલા ત્રિદશ કવિ વારિ

પિંગલપ્રકાશ

૧૩. સ્ત્રી. આજ્ઞાનો રસો.

૧૪ સ્ત્રી. ભેજ.

૧૫. સ્ત્રી. મેદાકંદ. તેમાં રસ હોવાથી તેને રસા કહે છે

૧૬ સ્ત્રી રસાનલ

૧૭. સ્ત્રી. વનસ્પતિ આહાર.

૧૮. સ્ત્રી. વનસ્પતિ પાક.

૧૯. સ્ત્રી. વેદકાળની એ નામની એક નદી.

૨૦ સ્ત્રી શિલારસ.

૨૧ સ્ત્રી. સરબત

૨૨. સ્ત્રી. સહલડી

૨૩ [ફા.] વિ. ચાલાક; હોશિયાર; ચબરા.

૨૪. વિ પ્રિય

૨૫. વિ. ભણી ભણે તેવું.

૨૬. વિ. માનનીય.

૨૭. વિ. ઝાંખી નજરવાળું; દીર્ઘદૃષ્ટિવાળું.

રસાઈ [હિ.] ૧. સ્ત્રી. ઓળખ.

૨. સ્ત્રી. ડહાપણ; સમજશક્તિ.

૩ સ્ત્રી. દાખલ થવાનો માર્ગ.

૪ સ્ત્રી દાખલ થવું તે; પ્રવેશ.

૫. સ્ત્રી પહોંચવું તે; પહોંચવાની ક્રિયા.

૬ સ્ત્રી. સબૂરી

૭. સ્ત્રી. હોશિયારી; ચબરાકી.

રસાઉલા પું. (પિંગળ) એ નામનો એક પ્રાચીન છંદ.

પૂર્વજાનું નર્યું રસાઉલા, દુહા, કડવીઆ, નર્યું કુકવા.

ભીમ

રસાકર્પિણી સ્ત્રી. એ નામની એક દેવી.

રસાકરી જુઓ રસાકસી.

રસાકસ જુઓ રસાકસી.

રસાકસી [રસો (રોગ) + કસવું (પૈસવું)] સ્ત્રી. ચડસપૂર્વક બે'માંબે'ચી; ગજબાક જેવી રપધ્ધા, ગજબાક; બે'ચતાણ; કસાકસી; તાણતાણ; ' ટસ બૅાસ બૅાર '.

રસાક્ષર [સં રસ (સાહિત્યનો આનંદ) + અક્ષર (વર્ણ)] પું. મૌલિક લેખક.

સરસ કંઠીલા મૂકે ગુજરતી
તુજ રસાક્ષર' શી રસસિદ્ધની.

બુદ્ધિપ્રકાશ

રસાખન પું. કૂકડો.

રસાખની સ્ત્રી. કૂકડી; મરઘી

રસાગ્રેય સ્ત્રી. ગજબાક; રસાકસી; ' ટસ બૅાસ બૅાર '

રસાગ્ર ૧. ન. મોરપૂ થુ

૨. [સં. રસ + અગ્ર (આગળ)] વિ. રસ જેના અગ્ર ભાગમાં છે તેવું; રસથી ભરપૂર.

રસાગ્રજ [સં.] પું. રસાજન.

રસાગ્રય ૧. [સં.] પું. પાગે.
૨. પું. રસાંજન.

રસાચ્યહાઙ્ક ન. દોરડાં ઉપર ચડવાની એક જાતની કસરત.

રસાજન [સં. રસ (પ્રવાહી) + આજન (ઉત્પન્ન કરવું)] ન રસ પેદા કરવો તે.

રસાજનન જુઓ રસાજન.

રસાજીર્ણ [સં. રસ (શરીરની એક ધાતુ) + અજીર્ણ] ન. અપચાનો એક પ્રકાર.
રસાજીર્ણમાં પણ અન્નનું રૂપાંતર થઈ ન હોવાથી દુ:ખ પેદા થાય છે. ગુજરાતી જ્ઞાનકોશ

રસાજ્ઞતા [સં. રસ (સ્વાદ) + અ (નહિ) + જ્ઞા (જાણવું) + તા (પણું)] પું. પદાર્થનો સ્વાદ ન પારખી શકાય તેવો રોગ; ચક્ષુરોગના એથી બીજો એ નામનો એક પ્રકાર.

રસાઢ્ય ૧. પું. આસ્વાદક રસ.
૨. [સં. રસ + આઢ્ય (ભરપૂર)] વિ. રસવાળું; રસથી ભરેલું.

રસાઢ્યા [સં. રસ + આઢ્ય (ભરેલું) + આ (સ્ત્રીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.

રસાઙ્ક ૧. વ. ઓપવું તે; ઢોળ ચડાવવો તે.
૨. વિ. રસેલું; ઓપેલું.

રસાઙ્કિયો પું. રસનાર કે ઓપ ચડાવનાર કારીગર.

રસાતલ ૧. [સં.] ન. નરક.
૨. ન. સત્યાનાશ; પાયમાલી.
૧. રસાતલ કાઢવું = નિકંદન કાઢવું.
૨. રસાતલ વાળવું = (૧) ઊંધે નીચું પાડી નાખવું. (૨) પૂરી પાયમાલી કરવી; દુર્દશામાં આણી મૂકવું; ખરાબખરત કરવું. (૩) મા.સ.મિશ્રાત વગેરે તૂરી લેવું.
૩. રસાતલ જવું-ઘવું-વળી જવું = (૧) તદ્દન ભાગી પડવું. (૨) ધરી બેસવું. (૩) નિ:સંતાન જવું; નિર્વંશ જવો. (૪) ભોંય ભેગી જવું. (૫) સત્યાનાશ જવું; પાયમાલી થવી; નખોદ જવું; વિનાશ થવો. (૬) ઢાઢાકાર થઈ જવો; ગજબ થવો; મોટી પાયમાલી થવી.
૪. રસાતલમાં પહોંચાડવું = ખરાબ કરવું, નાશ કરવું.
૩. [સં.] ન. સાત માઠેનું એ નામનું એક પાતા.. તે આ પ્રમાણે છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ. તેમાં નિવાતકવચ, હિરણ્યપુરવાસી અને કાલેય એવા ત્રણ વર્ગમાં વહેંચાએલા પાણિ નામથી ઓળખાતા દૈત્ય દાનવો રહે છે. અહીં બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયેલી ગાય રહે છે. એના દૂધમાંથી ત્યાં ક્ષીરનિધિ નામનો કૂવો થયો છે. અહીં કેનપ નામના મુનિ રહે છે. આ લોકની ચારે દિશાએ પૂર્વાદિ ક્રમે સુરૂપા, કપિલા, સુભદ્રા અને સર્વકામદુઘા એવી ચાર સુરભિની કન્યા રહે છે.
પૃથ્વી રસાતલ જતી = પૃથ્વી છેક રસાતળ કે પાતાળ સુધી હોવે જતી; દુનિયા ઊંધીચતી થઈ જતી. ગજબ કે ઢાઢાકાર થઈ જવો

રસાતળ જુઓ રસાતલ.

રસાતાળ જુઓ રસાતલ.

રસાત્મક ૧. વિ. પ્રવાહી.
૨. [સં. રસ + આત્મક (વાળું)] વિ. રસવાળું; રસપ્રધાન; રસ જેનો આત્મા છે એવું

રસાત્મકતા [સં. રસ + આત્મક (વાળું) + તા (પણું)] સ્ત્રી. રસ હોવાપણું.

રસાત્મક નિબંધ [સં. રસ + આત્મક (વાળું) + નિબંધ (મુદ્દાસર લેખ)] પું. રસઝરતો લેખ; હળવી શૈલીનો નિબંધ; 'લાઈટ એસે' જુઓ માર્મિક નિબંધ.

રસાત્મા ૧. [સં. રસ + આત્મન્] પું. રસ સ્વરૂપ ઈશ્વર.
એક ખરા ધર્માત્મા અને તેવા જ રસાત્માના આ દિવસના એકરારો વિષે ટીકા કરવાનો અધિકાર અમે નહિ કરીએ. ઝવેરી
૨. વિ. સાહિત્યનો સર્જક.

રસાઢ [સં. રસ + આઢ (આવું)] વિ. રસાઢનાં; રસોપજીવી; રસાહારી.

રસાદાન [સં. રસ + આદાન (લેવું તે)] ન. રસનું ગ્રહણ કરવાપણું

રસાદાર વિ. રસાવાળું; રસદાર; રસાળ

રસાધાર [સં.] પું. સર્પ.

રસાધિક ૧. વ. ઠંડકકાર.
૨. [સં. રસ + અધિક (વધું)] વિ. વધુ રસવાળું

રસાધિકા ૧. સ્ત્રી. કાકોદુમ્બરિકા વનસ્પતિ.
૨. [સં. રસ (પ્રવાહી) + અધિક (વધું) + આ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. કિર્મમિસ: દ્રાક્ષ.

રસાધિકારી [સં. રસ + અધિકારી (હકદાર)] પું. રસનો અધિકારી.

રસાધિપત્ય [સં. રસ + આધિપત્ય (હક)] ન. રસનું આધિપતિપણું.
આ યોગથી પરમેષ્ઠીપદ, મહેન્દ્રપદ, સાર્વભૌમપદ, રસાધિપત્ય, યોગસિદ્ધિ ને અપુનર્ભવ પ્રાપ્ત થાય છે. ઇ. સુ. દેસાઈ

રસાનંગ પું. રસનું અંગ ન હોય તેવો ભાવ.

રસાનંદ [સં. રસ + આનંદ (મઝા)] પું રસનો આનંદ.

રસાનંદ સમાધિ સ્ત્રી. એક જાતની સમાધિ. ભ્રમરી નામના કુંભકને સિદ્ધ કરીને ધીરે ધીરે ચપુને બહાર કાઢવો. તે વખતે શરીરની અંદર ભમરાઓના જેવો અવાજ સંભળાય છે. તે વખતના આનંદનું જ્ઞાન થવું તેને નાદયોગ કે રસાનંદ સમાધિ કહે છે.

રસાનુભવ [સં. રસ + અનુભવ] પું. રસનો અનુભવ.
રસાનુભવના કેવલ કે વધારે ઊંડા પ્રદેશોમાં તેમને ઉતારી, પ્રકાશને મર્યાદિત કરી અતિ પ્રકાશની અંજામણીનો ભય (જો એવા ભય જોઈને હોય તો) ભાંગે કે ભાંગ્યો. ઝવેરી

રસાફલ ન. કેરી.

રસાબંધન ન. રસાબંધન; રાખડી બાંધવાની ક્રિયા.

રસાબોળ વ. પૂરી રીતે અથવા રસાતાળ જાય તેમ.
રસાબોળ થવું = બરાબરખરત કરવું; કે જ પાયમાલ કરવું; સત્યાનાશની પાટી બેસાડવી; તળિયાઝાટક નાશ કરવો

રસાબ્ધિ [સં. રસ + અબ્ધિ (સમુદ્ર)] પું. રસનો સમુદ્ર.

રસાભાસ ૧. પું. ઓછાવત્તો પ્રીતિ
૨. પું. અગ્નિનો એક પ્રકાર.
૩. પું. પશુ વગેરે પરનામક્રમત શૃંગારાદિ રસ.
૪. [સં. રસ + આભાસ (દેખાવ)] પું. (કાવ્ય) રસનો આભાસ; ખોટો રસ; કાવ્યમાં અનુચિત વિષય કે સ્થાનને લઈને ઉત્પન્ન થતો રસ. બાલરસ આદિ માટે ઉત્સાહને વીરરસમાં રસાભાસ માન્યો છે. રસને બાધનું અનૌચિત્ય તે રસાભાસ અને ભાવાભાસ ઉપનાયકને વિષે થયેલી રતિ કે મુનિપત્ની કે ગુરુપત્ની રતિ, બહુનાયક વિષેની રતિ, અન્યોન્ય નિષ્ઠ નહિ, પણ એક નિષ્ઠ રતિ તેમજ પ્રતિનાયક નિષ્ઠ કે અધમ પાત્રગત કે પશુગત રતિને શૃંગારમાં અનુચિત માની છે. માટે એવે સ્થળે રસ નથી, રસાભાસ છે. ગુરુ આદિ પ્રતિ કાવ્ય જે પ્રમાણે રૌદ્ર રસમાં અનુચિત છે. ગુરુ આદિને હસી કાઢવા.થી હાસ્યરસનો આભાસ થાય છે.

રસાભિજ્ઞતા [સં. રસ + અભિજ્ઞ (જાણેલ) + તા (પણું)] સ્ત્રી. રસિકતા; રસજ્ઞતા; અભિરુચિ; રસશક્તિ, રસવૃત્તિ

સ્ત્રીઓ અને લલિત આપણોના અભ્યાસ પર યોગ્ય સંસ્કાર અને રસાભિજ્ઞતા ઉત્પન્ન થયાં નથી. મ. ૨. અદ

રસાભિનિવેશ [સં. રસ + અભિનિવેશ (તલ્લીનતા)] પું. રસમાં આસક્તિ; મનોરાગ; ભાવોદ્રેગ; ' પેશન્સ '

હાજરીમાંથી વાસનાઓ અને રસાભિનિવેશ અને રસિકતા તથા શુદ્ધ બુદ્ધિ આપણ આ પદેશમાંથી ભાવનાઓ પ્રસરે છે તેમ તેમ ચારિત્ર વિશુદ્ધિ બંધાતી આવે છે.

ભા. ૭. ઠાકોર

રસાભિલાષી [સં. રસ + અભિલાષિન્ (ઇચ્છાવાળું)] વિ. રસિક; રસની ઇચ્છાવાળું.

રસામૃત ૧. પું. (વૈદક) પારો, ગંધક, શિલાજિત, ચંદન, ઉટ્ટજ્વ, અજીઠ વગેરેના મિશ્રણથી બનતો એક પ્રકારનો રસ. તે રક્તપિત્ત તથા તાવ ઉપર ગુણકારી મનાય છે

૨. પું વૈદકના પંડિતે રચેલો એ નામનો એક ગ્રંથ તેમ. ખનિજ દ્રવ્યોમાંથી તથા ધાતુવિષયક પદાર્થોમાંથી ઔષધ બનાવવાની રીત આપવામાં આવી છે.

૩ [સં. રસ + અમૃત] ન. રસરૂપી અમૃત.

રસાયણ વિદ્યા જુઓ રસાયન વિદ્યા.

રસાયણિક પથ્થર [સં. રાસાયણિક (રસાયણોવાળું) + પ્રસ્તર (પથ્થર)] પું રસાયણોવાળો પથ્થર. જ્યારે આમોનિયામાં ભરાયેલું પાણી સુકાઈ જાય છે ત્યારે જે રસાયણ પદાર્થો તેમાં ભળેલા હોય છે તેના થર તળિયે બાઝે છે અને સ્ફટિકરૂપે પણ ઘણા પદાર્થો બાઝી જાય છે. મીંઢાના અગરમાં આવા પ્રકારનો ક્રમ જોવામાં આવે છે. આવા પ્રકારનો ક્રમ ઘણા મોટા પ્રમાણમાં પ્રાચીન કાળમા જ્વાળામુખી જન્મ્યો છે. ત્યાં લાવા મીંઢાને સિમેન્ટના સ્ફટિકો, ચીરોડી વગેરે પદાર્થોના સ્ફટિકોના થરના થર મળી આવે છે. આવા પ્રકારની રસાયણિક ખાણો સિસમાં મળે છે.

રસાયણિક વિદ્યુત જુઓ રસાયનિક વિદ્યુત

રસાયણી જુઓ રસાયની.

રસાયણી પ્રીતિ જુઓ રસાયની પ્રીતિ.

રસાયણી બીજળી જુઓ રસાયની બીજળી.

રસાયન ૧ [સં. રસ + અયન (જવું તે)] સ્ત્રી. ચિકિત્સાના આઠ માંહેનો એક પ્રકાર

૨. ન. કમર; કટિ

૩. ન. રીમિયો; ધાતુપરિવર્તન

૪. ન. મરડો.

૫. ન. વ્યાધિ અને વ્યાધિ દૂર કરનાર ઔષધ, જુવાની આપનાર દવા; ઓજ, બુદ્ધિ, બળ વગેરે વધારે તેવો પદાર્થ. જે પદાર્થ શરીરની વૃદ્ધાવસ્થા અને તાવ જેવા રોગોને દૂર કરે તેને રસાયન ઔષધ કહે છે. જેમકે. હરડે, કંદોરી, મૂસળી, શિલાજિત વગેરે રસાયન મનાય છે.

૬ ન. ચોદ માંહેની એક વિદ્યા.

૭ ન. છાશ.

૮. ન. ક્રેગ; ત્રિફ.

૯. ન. દવા; ઔષધ.

૧૦. ન. દવાઓનું મિશ્રણ; ઔષધમિશ્રણ.

૧૧. ન. દૂધપાક

૧૨. ન. ધાતુ, પારા, વગેરેની ભસ્મવાળી ઔષધિ; પારાની મેળવણીવાળી દવા.

૧૩. ન. ધાતુ મારવાના ઉપાય બતાવનાર શાસ્ત્ર તે આયુર્વેદનો એક ભાગ છે.

૧૪. ન. બે રસના મળવાથી તેમાંથી બનતો નવો પદાર્થ

૧૫ ન. ભૌતિક પદાર્થોનાં તત્ત્વો તથા તેમનાં પરિવર્તનનાં પરિણામોની ચર્ચા કરતું શાસ્ત્ર. પ્રથિત વસ્તુઓ કયા કયા દ્રવ્યોની બનેલી છે તે જાણવાનું અને જુદાં જુદાં દ્રવ્યોને એકઠા કરીને નવી બનાવટો બનાવવાની ક્રિયાનું જ્ઞાન; રસાયનવિદ્યા; પદાર્થવિજ્ઞાન; ' કેમિસ્ટ્રિ '.

૧૬ ન. આમળા

૧૭. ન રસની મેળવણી; મિશ્રણ.

૧૮. ન. રાંધેલું અન્ન; રસોઈ.

૧૯. ન. સીંદીપીપર.

૨૦. ન. વાવડિંગ. તે રસાયન ગુણવાળું મનાય છે

૨૧. ન. વૈદક પ્રસિદ્ધ ઔષધોનું રસાયન.

૨૨. ન. સત્ત્વ; રસ.

રસાયનજ્ઞ [સં. રસાયન (ભૌતિક દ્રવ્યોનું જ્ઞાન) + જ્ઞ (જાણનાર)] પું. રસાયનવિદ; રસાયનશાસ્ત્ર જાણનાર; ' કેમિસ્ટ '.

રસાયનતંત્ર ન. (વૈદક) આયુર્વેદનો એ નામનો એક ભાગ. તેમાં શક્તિ જગાડી રાખનાર, જુવાની આપનાર, વાજીકરણ સુધારનાર અને સર્વ સામાન્ય દરદો મટાડનાર દવાઓ આપવામાં આવી છે. રસાયનશાસ્ત્રનો પણ તેમાં સમાવેશ કરવો છે

રસાયનતા [સં. રસાયન (ઔષધ) + તા (પણું)] સ્ત્રી. રસાયનિકતા; ' કેમિકમ '.

રસાયનદેહકાંતિ [સં. રસાયન (ઔષધ) + દેહ (શરીર) + કાંતિ (ઉજાસ)] સ્ત્રી ઔષધિઓથી જુવાની મેળવી શરીરમાં કાંતિ ઉજાસ; પ્રભાકરપ; જરાયોગ.

રસાયન પ્રકરણ ન. (વૈદક) મૈત્રેયક નામના જૈન સાધુનો બનાવેલો એ નામનો એક ગ્રંથ. તેણે ઈ. સ ૧૬૮૭માં શ્રીનગરમાં તે ગ્રંથ રચ્યો હોવ એમ હસ્તલિખિત પ્રત ઉપરથી માલૂમ પડે છે. આ ગ્રંથમાં ખનિજ અને ધાતુવિષયક પદાર્થોનો ઔષધોપયોગ, તેમનાં બનાવટ અને ઉપયોગ વિષે વિવેચન છે

રસાયનફૂલા [સ] સ્ત્રી. હરડે. હરડેનું ફળ રસાયન ગુણવાળું મનાય છે. તે અનાજ પાચન કરવામાં અને શરીરને બળ આપવામાં ઉપયોગી મનાય છે માટે તેને રસાયનફલા કહે છે. તે વૃદ્ધાવસ્થા અને જ્વર રોગનો નાશ કરે એવી માન્યતા છે

રસાયનવિદ [સં. રસાયન (ઔષધોનું શાસ્ત્ર) + વિદ્ (જાણનાર)] પું. રસાયનજ્ઞ, રસાયનશાસ્ત્ર જાણનાર; રસાયનશાસ્ત્રો; ' કેમિસ્ટ '.

રસાયનવિદ્યા ૧, [સં. રસાયન (ઔષધિ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. જુદા જુદા પદાર્થો કે દ્રવ્યોના સંયોગથી કે મિશ્રણથી ઉત્પન્ન થતાં નવાં દ્રવ્યો જણાવનારી વિદ્યા., પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર; રસાયન સંબંધી વિજ્ઞાન; રસ બનાવવાની વિદ્યા; રસશાસ્ત્ર. ' કેમિસ્ટ્રિ '. રસાયન વિદ્યા બધા પદાર્થોની બંધારણ અને સ્વરૂપ વિષે આપણને માહિતી આપે છે. આ વિદ્યાને ઓછા માંહેની એક ગણી મહત્ત્વમાં આવેલ છે. જુદા જુદા પદાર્થો કેવાં બનેલા છે તે દર્શાવનાર વિદ્યા છે. દાખલા તરીકે પાણી નામનો પદાર્થ આપણે જોઈએ છીએ. પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિથી તે પ્રવાહી છે અને તે ઠંડાપણા તથા સમશ્રપાટી વગેરેના અમુક ગુણો ધરાવે છે. પણ પાણી કેવું બનેલું છે, તે એક જ વસ્તુ છે કે બે જણ વસ્તુઓ ભેગી મળવાથી થાય છે તે નક્કી કરવાનું કામ રસાયન વિજ્ઞાનનું છે. સૃષ્ટિમાં ચોતરફ રાસાયનિક ક્રિયા ચાલુ છે. વરસાદ પડે છે અને અનાજ થાય છે આપણે અનાજ, શાક, દૂધ વગેરે ખાઈએ છીએ અને તેમાં લોહી, માંસ, અરબી ઇત્યાદિ થાય છે. પાણીથી વનસ્પતિ ઊગે છે. તે બધી રાસાયનિક ક્રિયાઓ છે. પેટમાં જતાનું પચવું રાસાયનિક ક્રિયા છે. કોઈપણ પદાર્થ બળે ત્યારે રાસાયનિક ક્રિયા થાય છે. લોઢાને કાટ લાગે તે પણ રાસાયનિક ક્રિયા છે. ઘણી પદાર્થો એકમેક ઉપર કેવી અસર કરે, એમ એકઠા થવાથી નવા પદાર્થો બને છે કે કેમ અને તેના શા નિયમો છે તે રસાયનવિદ્યા બતાવે છે વૈદો અને દવા બનાવનારાઓ દવા બનાવે છે, રંગારાઓ કપડા રંગે છે, અત્તરીઓ અત્તર કાઢે છે અને ચૂનારાઓ ચૂનો પકવે છે

તે સર્વે ઉદ્યોગોમાં રસાયનવિદ્યાનો ઉપયોગ થાય છે. કાચ, સાબુ, દીવાસળી, તેલના વગેરે કામેશની વપરાશને. એમ રસાયનવિદ્યા જાણ્યા વગર બનાવી શકાતી નથી. રસાયનવિજ્ઞાનના મુખ્ય બે ભાગ પાડવામાં આવે છે: સેંદ્રિય અને નિરિંદ્રિય. વનસ્પતિ અને પ્રાણીઓ પોતાનો આહાર ઇંદ્રિયોદ્વારા મેળવે છે અને અમુક રીતે વધે છે એવા ઇંદ્રિયોવાળા પદાર્થો વિષે સમજાવનાર શાસ્ત્ર તે સેંદ્રિય રસાયન શાસ્ત્ર કહેવાય છે. તેથી જીવતું ઇંદ્રિયો વગરના નિર્જીવ પદાર્થોનું રસાયન નિરિંદ્રિય રસાયનશાસ્ત્ર કહેવાય છે

૨. સ્ત્રી. ધાતુ, પારો વગેરે મારવાની કે તાંબું વગેરે હલકો ધાતુઓનું સોનું બનાવવાની વિદ્યા: કીમિયો. આલ્કમ કેરેડએ રસાયનવિદ્યામાં ઠીક પ્રમાણમાં કોયબોળ કરેલ છે.

રસાયનવિદ્યાભિજ્ઞ વિ. [સં. રસાયન + વિદ્યા (જ્ઞાન) + અભિજ્ઞ (જાણનાર)] પું. રસાયનવિદ્યા જાણનાર પુરુષ.

> ત્યારપછી ફારસાવનિક પ્રયોગશી રસાયનવિદ્યાભિજ્ઞોએ આદિ તત્ત્વોના સંયોગથી પ્રાણીઓ અને વનસ્પતિના શરીરની પેરઠમા રહેલ, સેંકડો રાસાયનિક પદાર્થો બનાવ્યા છે
> રેહપર્મવિદ્યાનાં તત્ત્વો

૨. વિ. રસાયનવિદ્યા જાણનાર.

રસાયનવિશારદ વિ. [સં. રસાયન + વિશારદ (વિદ્વાન)] પું. રસાયનશાસ્ત્ર જાણનાર પુરુષ; 'સાયંટિસ્ટ'.

૨. વિ. રસાયનશાસ્ત્રમાં પ્રવીણ.

રસાયનવેત્તા [સં. રસાયન + વેત્તૃ (જાણનાર)] પું. રસાયનશાસ્ત્રી; રસાયનશાસ્ત્રજ્ઞ; રસાયની, રસાયનવેત્તા: 'કેમિસ્ટ'

રસાયનશક્તિ [સં. રસાયન + શક્તિ (બળ)] સ્ત્રી. રસાયનમાંથી ઉત્પન્ન થયેલ શક્તિ: 'કેમિકલ એનર્જિ.'.

રસાયનશાલા [સં. રસાયન + શાલા] સ્ત્રી. પ્રયોગશાળા; રસશાળા; 'લેબોરેટરિ'.

રસાયનશાસ્ત્ર ન. (વિજ્ઞાન) ભૌતિક પદાર્થોનાં તત્ત્વો તથા તેમનાં પરિવર્તનનાં પરિણામોની ચર્ચા કરતું શાસ્ત્ર; રસાયણશાસ્ત્ર; રસાયનવિદ્યા; રસાયન સંબંધી વિજ્ઞાન; રસશાસ્ત્ર; જુદાં જુદાં તત્ત્વોનાં પરમાણુઓનાં સ્વરૂપ અને તેમનું સંયોગીકરણ બતાવનારું શાસ્ત્ર: 'કેમેસ્ટ્રિ.' કેટલાકના મત પ્રમાણે દુનિયાના બધા પદાર્થ જે મૂળ દ્રવ્યોના પરમાણુઓમાંથી બનેલા છે તે ૭૮ મૂળ દ્રવ્ય કે મૂલભૂત છે. તેમા કેટલીક ધાતુઓ જેમકે, સોનું, ચાંદી, તાંબું, લોઢું, સીસું, પારો વગેરે છે અને બીજા કેટલાક અધાતુ જેમકે, ગંધક, સુરમો વગેરે છે અને કેટલાક વાયુસ્વરૂપી દ્રવ્યો જેમકે, ઑક્સિજન, હાઈડ્રોજન, નાઇટ્રોજન વગેરે છે. આ શાસ્ત્ર અનુસાર ૭૮ મૂલ દ્રવ્યો બધા પદાર્થોનું મૂળ ઉપાદાન છે. જેના પરમાણુઓના યોગથી દુનિયાના બધા પદાર્થ બનેલા છે. દરેક મૂલ દ્રવ્યમાં એક જ પ્રકારના પરમાણુઓ હોય છે અને જ્યારે કોઈ એક પ્રકારના પરમાણુઓની સાથે કોઈ બીજા પ્રકારના પરમાણુઓ ભળી જાય ત્યારે તેમાંથી એક નવું અને ત્રીજું જ દ્રવ્ય તૈયાર થઈ જાય છે. એ શાસ્ત્ર આપણને એમ બતાવે કે કઈ ચીજ કયા તત્ત્વોની બનેલી છે અને તે તત્ત્વોમાં પરિવર્તન થવાથી શું પરિણામ આવે છે તેને રસાયનશાસ્ત્ર કહે છે. રસાયનશાસ્ત્ર અતિ પ્રાચીન છે. પુરાણના સમયમાં ભારતવાસીઓ સોનું, ચાંદી, લોઢું, તાંબું વગેરે ધાતુઓની ભસ્મ બનાવીને ચિકિત્સામાં કામ લેતા. વરપમાં રસાયનશાસ્ત્રનું જ્ઞાન અરબસ્તાની મારફત જાબીર નામનો અરબી વૈજ્ઞાનિક સૌથી પહેલો રસાયનશાસ્ત્રજ્ઞ બનાવ છે. અલ્કેમી કેમિસ્ટ્રિ શબ્દ અરબી શબ્દ કીમિયો ઉપરથી થયો છે. ત્યાર પછી વરપમાં અનેક વૈજ્ઞાનિકો થયા. ફ્રાંસીસી લેવોઈસિયર આધુનિક રસાયનશાસ્ત્રનો જન્મદાતા, ત્યાર પછી પ્રીસ્ટલી, કેવેંડિશ ડાલ્ટન, બેન્ઝલીયસ, બરજીલિયસ અને ડૂમસ થયા. રસાયનશાસ્ત્રના મુખ્યત: ચાર ભાગ છે: ૧. અકાર્બનિક અથવા અજીવ રસાયન, ૨. કાર્બનિક અથવા જીવ રસાયન, ૩. ભૌતિક રસાયન, ૪. ઔદ્યોગિક રસાયન. અકાર્બનિક રસાયનમાં કાર્બન સિવાય બધા મૌલિક તત્ત્વોનો સમાવેશ થાય છે. રસાયનશાસ્ત્રીનો એવો મત છે કે આ સંસાર કેવળ ૬૨ મૌલિક તત્ત્વોનો બનેલો છે અને તેમા ૬૦ તત્ત્વો તો આજસુધીમાં માલૂમ પડ્યાં છે બાકી તત્ત્વો તથા આ તત્ત્વો વડે બનેલા રસાયનોનો અકાર્બનિક રસાયનમાં સમાવેશ થાય છે. કાર્બનિક રસાયનને જીવ રસાયન કહેવામાં આવે છે કારણ કે તે પ્રાણીવર્ગથી જ પ્રાપ્ત થાય છે એમ મનાતું. પરંતુ જર્મન રસાયનજ્ઞ વૂલરે પોતાની પ્રયોગશાળામાં રસાયન બનાવ્યું તેમાં કાર્બન તત્ત્વના પરમાણુ હોવાથી આવ્યા. ખાંડ, તેલ, ઘી વગેરે જીવયોનિક કહેવાય છે. ભૌતિક રસાયન: રસાયનિક ક્રિયાઓમાં થતા તાપ-પરિવર્તન તથા વિદ્યુત-પરિવર્તનોના વર્ણન આ શાખામા કરવામાં આવે છે. આ રસાયન પ્રતિક્રિયાઓની તાપ અથવા વિદ્યુત શક્તિનો પરસ્પરનો સંબંધ બતાવે છે. ઔદ્યોગિક રસાયન: સાબુ, રંગ, નકલી રેશમ વગેરે દુનિયા ઉદ્યોગોનો આમાં સમાવેશ થાય છે. રસાયનશાસ્ત્રે વિશેષ કરીને ૩-૪ મુખ્ય નિયમો ઉપર અવલંબે છે ૧. પદાર્થ—અક્ષયસિદ્ધાંત: જેના અનુસાર આ દુનિયામાં કોઈ પદાર્થનો કદિ નાશ થતો નથી પરંતુ કેવળ રૂપપરિવર્તન થાય છે. ૨. પરમાણુ—વાદ. ૩. રસાયનિક સંયોજન નિયમ.

રસાયનશાસ્ત્રી [સં.] પું. રસાયનજ્ઞ; રસાયનવિદ્; રસાયનશાસ્ત્રજ્ઞવેત્તા પુરુષ. ગુજરાતના રસાયણશાસ્ત્રીઓમાં પ્રો. ત્રિભુવનદાસ દયાળદાસ નાણાવટીનું નામ નોંધપાત્ર છે. પ્લેગ માટે તેમણે આવોડિન કોટરાઈડનો ઉપચાર શોધી, કર્પણ દ્રવ્યની મદદ વિના જનતાના હિતાર્થે સોના ઉપનોગ માટે ભારત કર્યો, વડોદરાનું કૃષ્ણાબુચન આ રસાયણશાસ્ત્રીના પ્રેરણાને આભારી છે. ત્યાર પછી તેમણે મુંબઈમા પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. મુંબઈમા રાખી વિદ્યાર્થિની પ્રતિમા ઉપર રેસ ઝાંટી કોઈએ તેને એડોળ કરેલ. આ રેસ સહેલાઈ દૂર કરનાર એક જ મહાન રસાયનશાસ્ત્રી મલ્યર હતા. સામા બીની જૂના થઈ જતાં પીળા પડતાં તેને સાફ કરવામાં તેઓ સફળ થયા હતા. તેમાથી સારી કમાણી તેઓએ કરી. એક મિત્રના સહકારથી તેણે એસ્ટ્રિક નામનું રસાયણો બનાવવાનું કારખાનું રમ્યું હતું આલ્ફ્રેડ નોબેલ નામના એક રસાયણશાસ્ત્રી થઈ ગયા. એમણે ડાયનેમાઇટ નામની સોટી વસ્તુ શોધી હતી. તે અને બીજી શોધો કરી એ પૈસાદાર થયા. પોતાના મરણ બાદ જગતના સૌથી એક સાહિત્યકાર, વૈજ્ઞાનિક, શાંતિસ્થાપકને દર વરસે મોટી બક્ષિસ મળે એવી વ્યવસ્થા એ કરતા ગયા. આ ઇનામ નોબેલ પારિતોષિક નામે ઓળખાતું થયું. આપણા દેશમાં રવીન્દ્રનાથ ટાગોર અને સર. સી. વી. રામનને એ ઇનામ મળ્યાં છે.

રસાયનશ્રેષ્ઠ [સ રસાયન + શ્રેષ્ઠ (સૌથી સારું)] પું. પારો

રસાયનસંકેત [સં. રસાયન + સંકેત] પું. રસાયન સૂત્ર: 'કેમિકલ ફોર્મ્યુલા.'

રસાયનસૂત્ર જુઓ રસાયનસંકેત.

રસાયનાકર્ષણ વિ. ન. આકર્ષણના પાંચ ભાંડેનો એક પ્રકાર: રસાયનસયોગ આકર્ષણ, રસાયનને લીધે થતું ખેંચાણ.

૨. [સં. રસાયન + આકર્ષણ (ખેંચાણ)] ન. જુદી જુદી જાતના પદાર્થ એકઠા મળવાથી એક જુદી જ જાતના નવા પદાર્થની બનાવટ.

રસાયનિક [સં. રસાયણિક] વિ. રસાયનવાળું, રસાયન સંબંધી, કૌમિવાર્ત્ત; 'કેમિકલ.'

રસાયનિક યુદ્ધ [સં. રાસાયણિક (રસાયણોનું) + યુદ્ધ (લડાઈ)] ન. નારા કરે તેવા રસાયનિક પદાર્થો વાપરીને કરવામા આવતું યુદ્ધ: 'કેમિકલ વૉરફેર.' સંસ્કૃત તેમજ પ્રાચીન ગ્રંથોમાં વર્ણવવામાં આવેલા અગ્નાસ્ત્ર, મોહાસ્ત્ર વગેરે એક પ્રકારના રસાયણિક યુદ્ધના સંકેત કરે છે. પહેલા વિશ્વયુદ્ધમાં પ્રથમ જર્મનિએ ગેસોનો પ્રયોગ કર્યો. પરંતુ રાષ્ટ્રસંઘની સ્થાપ્યા પછી ગેસો વાપરવાની મનાઈ કરી. તો પણ ઇટલિએ એબિસિનિયાના યુદ્ધમા તેનો ઉપયોગ કર્યો હતો રસ.નિક યુદ્ધ વિષમાં કામ આવતા પદાર્થો ૩.૨ પ્રકારના છે: ૧. જે વાયુ ફેફસામાં દાખલ થઈને બળતરા ઉત્પન્ન કરે, ૨. જે વાયુના પ્રભાવથી શરીર ઉપર ચાંદાં પડી જાય, ૩. જે વાયુથી આંખોમા આસુ આવી જાય અને માણસ કમેરા માટે આંધળો બને અને ૪. જેનાથી ઊલ્ટી આવે છે. ક્લોરિન, ફોસ્જીન અને ક્લોરોપિક્રન પદેરા ક્લોરીનના ગેસ છે તેનો ઉપયોગ જર્મનિએ કર્યો હતો બીજી જાતના ગેસોમા મોર્ટી મહત્વનો મસ્ટર્ડ ગેસ છે. તેનો ઉપયોગ એબિસિનિયાના યુદ્ધમાં ઇટલિએ કર્યો હતો અશ્રુપ્રદાયક ગેસ વધારે નાશકારક નથી ક્લોનિયા ગેસ જેવા અશ્રુગેસ કહેવાય છે. બ્રમોસ ગેસ ઊલ્ટી લાવનાર ગેસનો પ્રયોગ જર્મનિએ ૧૯૧૭માં કર્યો હતો. જે પ્રમાણે અગ્નિ દ્વય અથવા અગ્નાસ્ત્ર જ્યા ફેલાવમાં આવતાં ત્યાં આગ લગાડતા તે પ્રમાણે આ ગેસો આખી વસતીનો નાશ કરે છે તથા બિચારા નિરપરાધી લોકો, વિશેષ કરીને સ્ત્રીઓ અને બાળકોને ખાતર જ મોટુ પડે છે. જેસમાંથી અથવા માટે સિરત્રાણ બનાવવામા આવ્યાં છે જેથી મોઢું તેમજ મોટુ બધું ઢકાઈ જાય છે.

રસાયનિકવિદ્યુત [સં. રાસાયણિક (રસાયણમાંથી બનતું) + વિદ્યુત (વીજળી)] સ્ત્રી. રસાયણના યોગે ઉત્પન્ન થતી વીજળી; અંતર્ગત વિદ્યુતનો પેટાભાગ. તે બે જુદી જુદી ધાતુ, ક્ષાર કે તેજાબને પાણીમાં નાખવાથી ઉત્પન્ન થાય છે.

રસાયનિકશક્તિ [સં. રાસાયણિક (રસાયન સંબંધી) + શક્તિ (બળ)] સ્ત્રી રસાયનમાંથી ઉત્પન્ન થતી શક્તિ.

રસાયનિકસંકેતાક્ષર [સં. રાસાયણિક (રસાયણ સબંધી) + સંકેત (ચૂક) + અક્ષર (અક્ષર)] પું. રસાયણિક પદાર્થો અને તેનાં મિશ્રણોને દર્શાવવા વપરાતા અક્ષરો પ્રત્યેક રસાયનિક તત્ત્વ માટે એક સંકેત નિયત કરવામાં આવેલ હોય છે. અંગ્રેજી વર્ણમાલાના અક્ષરો કેવળ ૨૬ છે પરંતુ તત્ત્વોની સંખ્યા ૯૨ છે. આ માટે બધા બસ સંકેત તે અક્ષરોની સાથે સંખ્યાને જનાવવામાં આવ્યા છે. સંકેત ફક્ત તત્ત્વને ઓળખાવે છે એટલું જ નહિ પરંતુ તેમા કેટલા પરમાણુ છે અને તેમા કેટલો પરમાણુભાર છે તે જણાવે છે. જેમકે, પ્રાણવાયુ એટલે ઓક્સિજનનો 'O' છે.

રસાયની ૧ પું કૌમિયાગર

૨ [સં. રસાયન + ઈન્ (વાળું)] પું રસાયન વેચનાર માણસ; 'કેમિસ્ટ'

૩ પું. રસાયનશાસ્ત્રો, રસાયનશાસ્ત્ર જાણનાર, દવાના ગુણાવગુણ અથવા ધર્માધર્મ જાણનાર માણસ.

૪. સ્ત્રી. આસંધ.

૫ સ્ત્રી. એ નામની વનસ્પતિ; અમૃત સંજીવની.

૬ સ્ત્રી. કાકમાચી વનસ્પતિ.

૭. સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

૮. સ્ત્રી. પીળુ નસોતર.

૯. સ્ત્રી. મજીઠ.

૧૦ સ્ત્રી. મહાકરંજ.

૧૧. સ્ત્રી. માંસરોહિણી.

૧૨ [સં. રસ + અયન (ગર્ભ જવું તે), સ્ત્રી. રસ વહી જનારી સૂક્ષ્મ નળી; 'લિમ્ફ વેસલ.'

૧૩. સ્ત્રી. સંધપુષ્પી

૧૪. વિ. રસાયન સંબંધી; રાસાયણિક; 'કેમિકલ'.

રસાયની સંયોગ પું. રાસાયણિક સંયોગ, રસાયનની પહનિથી જોડાવું તે.

રસાયલું વિ. ઠોળ આવેલ; પટ ઢીલેલું.

રસાર્ણવ [સં રસ + અર્ણવ (સાગર)] પું. રસાયન સંબંધી હકીકત વર્ણવતો એ નામનો એક પ્રાચીન વૈદક ગ્રંથ.

રસાર્દ્ર [સ રસ + આર્દ્ર (ભીનું)] વિ. રસળતું.

રસાલ ૧. [સં. રસ + આલ (વાળુ)] પું. આમાનું ઝાડ; આંબો; કેરીનું ઝાડ.

પિકવલ્લભ કામલક્ષ્મ સુફલ અદિતસુખ સહકાર;
અંત રસાલની ડાળીઓ નમિ રહી ફલ ભાર.
પિતામ્બરપુરોપ

૨ પું ચૂમળનું ઝાડ.

૩. પું. (પિત્તળ) ઠોકરા છંદની જાતનો એક માત્રામેળ છંદ; મરાલ. તેમા ૧૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૪ વર્ણ અને ૪૮ માત્રાઓ હોય છે.

૪. પું. પોળા કેરડી.

મનુ **રસાલની** મંજરી. હોરી પરિમૃત થાય;
આ ઋતુમાં આવી રહો, નિજ ઇચ્છા ઓ નાથ.
૬ વ્યરા.૩૪

૫. પુ. (ચારણી) નામ પિત્તળ માફેનો એ નામનો એક વર્ણમેળ છંદ

૬ પું રસાદવર્ધક ચીજ કે મસાલો.

૭. ન. કુંદર નામનું ઘાસ.

૮. ન. મંધરસ.

૯. ન. ધણ.

૧૦. ન. પનસનું ઝાડ, ફણસ

૧૧. ન શિખંડ.

૧૨ ન. શિલારસ; શિલાજીત

૧૩ વિ આર્દ્ર, ભીનું

૧૪ વિ ફળરૂપ: જેમાં સારો પાક થાય એવું

૧૫. વિ. રસવાળું; સ્વાદિષ્ટ

૧૬ વિ. રસિક

૧૭. વિ. શુદ્ધ કરેલું.

૧૮. વિ. સુંદર; મનોહર.

રસાલદાર [અ. રિસાલા (મવાડેની ટોળી) + ફા. દાર (વાળુ)] પું. (હિંદી) ઘોડેસવાર પલટણનો અમલદાર; ઘોડેસવાર ટુકડીનો નાયક; રિસાલદાર.

રસાલય ૧. ન આમોદપ્રમોદ કરવાનું સ્થાન.

૨. ન. આંબાનું ઝાડ.

૩. [સં. રસ + આલય (ઠેકાણું)] ન. રસનું રહેઠાણ

૪. ન. રસકાણા.

રસાલસકરા [સં. રસાલ (રસવાળું) + શર્કરા (સાકર)] સ્ત્રી. શેલડીના રસમાથી બનાવેલી ખાડ

રસાલસ [હિ.] પું. કૌતુક; કુતૂહલ.

નયન રસાલસ લોભન લાલસ લાલ જહાં અવિલંબિ,
મીતાભિદ

રસાલંકાર પું. રસથી ભરપૂર અલંકાર.

રસાલા ૧. પું. (પિંગળ) અતિકૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ભગણ, નગણ, જગણ, ભગણ, અને બે જગણ તથા એક લઘુ મળી ૧૬ વર્ણ હોય છે.

૨ સ્ત્રી. છાશ

૩ સ્ત્રી. દહીં, ઘી, મરચા, મધ વગેરે રસવાળા પદાર્થોની બનાવેલ ચટણી.

૪. સ્ત્રી. દુર્વા ઘાસ; ધ્રો.

૫ સ્ત્રી ઝાડ.

૬ સ્ત્રી. વિદારી કંદ નામની વનસ્પતિ.

૭ સ્ત્રી શિખંડ. દહીં માંથી બનતી એક વાની.

૮. સ્ત્રી શેરડી.

૫. [હિ.] વિ. રસવાળું.
ભોર મુગટકી છબ હે રસાલા,
અલક-તિલક હે ન્યારા, વિશ્વજ્યોતિ

રસાલિકા ૧. [સં] સ્ત્રી. ખિરાખાઈ નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. નાનો આંબો.
૩. સ્ત્રી સલેલા; સાતલા વનસ્પતિ.
૪ વિ. સ્ત્રી. રસવાળી
કીટવાર સેવિકા સુમાક્ષ ક્ષેત્ર દ્વારામતિ,
તીરથ સિંધુ સયુક્ત ગોમતી રસાલિકા,
શ્રીસ્કંદપુ

રસાલી ૧. સ્ત્રી વધૂ
૨. સ્ત્રી. ખિરાખાઈ
૩ [સં. રસાલિન્] સ્ત્રી શેરડી.

રસાલો ૧ પું. અમલદાર અથવા મૃત્યુનો પરખટદો, કુટુંબી, નોકર ચાકર તથા વાહન વગેરેનો સમાજ; કુટુંબ પરિવાર.
૨. [અ. રિસાલા (સવારોની ટોળી)] પું. ઘોડેસવારની પલટણ.
૩. [અ. રિસાલા] પું. નાનું પુસ્તક; ચોપડી.
૪. પું નિબંધ; મુદ્દાસર લેખ.

રસાવણ વિ. ધાતુ સાથે મળેલું.

રસાવતાર ૧. પું. (જૈન) આચાર્ય સિદ્ધસેન દિવાકર જી આદિકાલ કૃત એ નામનો ગ્રંથ. મુખ્ય ધાતુ અને ઉપધાતુ એનાં ગુણધર્મ તથા શુદ્ધીકરણ અને મુખ્ય તથા ગૌણ ધાતુઓના ભસ્મીકરણ વિષે એમાં નિરૂપણ છે.
૨. પું. રસરૂપી અવતાર.
તરવ અ. નીરસ સંસારમા પોતાનો રસાવતાર
સ્થળ થયે માનશે. સરસ્વતીચંદ્ર

રસાવયવ [સં. રસ + અવયવ] જ. રસનું અંગ

રસાવલ [હિ.] પું શેરડીના રસમાં રાંધેલા ચોખા

રસાવલી ૧. સ્ત્રી. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૨૪ માત્રા હોય છે. ૧૧ અને ૧૩ માત્રાએ યતિ આવે છે, ૧, ૫, ૮, ૧૩, ૧૭ અને ૨૧ માત્રાએ તાલ આવે છે
ચોવિસ કુલ કલ કરો રસાવલી કે રોદ્રમા,
અનિયારે યતિ થાય, ગણી તેરે છે ભુમા;
ચતુષ્પદી ભણી સર્વ ઇચ્છ રાજાની લાલે,
અદ્ભુતરામ માહ સરસ કવિવર સંસારે.
રણજિતરામ
૨. પુ. (પિંગળ) ગાયત્રી છંદની જાતનો એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિમોહા. તેના દરેક ચરણમાં બે રગણ હોય છે.
૩. સ્ત્રી. માત્રામાંથી બનતી એક જાતની મીઠાઈ

રસાવવું ૧ સ. ક્રિ. ગોળ રસે તેમ કરવું.
૨. સ. ક્રિ. ઢોળ ચઢવા ઓપ ચઢાવવો.
૩. સ ક્રિ. બીજા પાત્ર ઉપર રસ ચઢાવવો; રસવું

રસાવળ પું. (માત્રામેળ) નામદિગમ માંહેનો એ નામનો એક માત્રામેળ છંદ.

રસાવણી જુઓ રસાવલી.

રસાવહ [સં. રસ + અવ (તરફ) + વહ (વહી જવું)] વિ. રસ ઉત્પન્ન કરે તેવું.
વસ્તુ આકર્ષક હોય કે ન હોય, રસાવહ હોય કે ન હોય, પણ કદરૂપની અહના લાગનારને પેઠે આપવામા ઓછી પ્રીતિ તેવી નથી.
રાસ ચોપાટ

રસાવિર્ભાવ ૧. [સં. રસ + આવિર્ભાવ (પ્રગટ થવું તે)] પું. રસ પ્રગટ થવાપણું.
કાવ્યથી બનાર આનંદ, વાક્યાર્થનું, શબ્દ ચમત્કાર, અર્થસૌંદર્ય, કલ્પનાવૈભવ અને રસાવિર્ભાવ આ પેઠી એક અથવા બધાનો આશ્રય લઈને ઉત્પન્ન થયો હોય છે. કંમુદી
૨. પું. સૌંદર્યવાદ; રસવાદ.

રસાવું અ. ક્રિ. ઢોળ ચઢવો, પટ દેવાવો.

રસાવેરા ૧. [સં. રસ + આવેશ (ઊભરો)]
પુ. કામાતુરતા; પ્રેમાતુરતા.
૨. વિ. કામાતુર; પ્રેમાતુર.

રસાવેષ્ટ [સં.] પું. એક જાતનો ધૂપ; સર્વતોભદ્ર.

રસાશ [સં.] પું. દાઢ પીંજો તે

રસાશન [સં. રસ + અશન (ખાવું તે)] વિ. રસાદ, રસોપજીવી; રસાહારી.

રસાશય [સં. રસ + આશય (હેતુ)] પુ. રસ દર્શાવવાનો હેતુ.

રસાશ્રય ૧. પું. રસનો આશ્રય.
૨. વિ રસના આશ્રયે રહેવું
ચાર પ્રકારના અભિનયથી ભીરોદાત્ત આદિ નાયકની અવસ્થાનું રસાશ્રય અનુકરણ તે નાટય.
બૃહદ્ આકરગ્રંથ

રસાશ્રિત [સં] વિ. રસને આશ્રયે રહેલું.
રીતિ રસાશ્રિત છે તે વૃત્તિ રસાશ્રિત છે. મનુષ્ય દરેક જુદો રસના ધર્મ છે, તેથી રીતિ પણ રસને ઉપકારક થાય છે પણ તે પરંપરા સંબંધથી થાય છે સાક્ષાત નહિ.
બૃહદ્ આકરગ્રંથ

રસાષ્ટક [સં. રસ + અષ્ટક (આઠનો સમૂહ)] પું. આઠ મહારસોનો સમૂહ.

રસાસક્ત [સં રસ + આસક્ત (સ્નેહવાળું)] વિ રસમા આસક્ત
મારી ચાલીની બકાના હૃદય ભક્તિના રંગે અને રસાસક્તના રતિના રંગે રેઢમઝોલ થઈ રહ્યો.
નીલકંઠ

રસાસવ [સ રસ + આસવ (અર્ક)] પું. રસરૂપી આસવ.
એ વદનની મધુ સંસારતા,
એ સ્નેહ પ્રતિબિંબ પરત ઊજવતા,
રસાસવની માધુરી પી પી કેમ
મદઘોષ ન ઘોષાય? નાનાલાલ

રસાસી જ. એક જાતનું મોતી. તે સોદી સાથે લીલા રંગ ઉપર હોય છે અને મોરાદીમાં રાખવાથી તેમાં ધનુષાકાર કમાન પડે છે. એનો રંગ બહારી ગોરી બનવ છે.

રસાસ્વાદ ૧. પું. કાવ્યના રસની પ્રતીતિ; 'એપ્રીસિયેશન'.
૨ પું મુખદર્શન; વખાણ; પ્રશંસા
૩. [સં. રસ + આસ્વાદ (ચાખવું તે)]
પુ. જીભનો સ્વાદ; રસ ચાખવો તે.
જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને ઓ, દ્રવ્ય અને રસાસ્વાદને વિષે અતિશે લોલુપ થવા પામને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો.
શિક્ષાપત્રી
૪ પું. (વેદાંત) વિક્ષેપરૂપી નિવૃત્તિથી જન્ય આનંદનો અનુભવ; આત્મસાક્ષાત્કારમા એક વિઘ્ન.
વિષયનાં સુખ અને જ્ઞાન અને તેમાં આસક્ત થયેલા ચિત્ત અને ઇંદ્રિયોનો પ્રસાર છે, તે જ રસાસ્વાદ કહેવાય છે.
શ્રીવાસુદેવામૃત
૫. પું. સમાધિના આરંભ સમયમાં બ્રહ્માનંદની પ્રાપ્તિ ન થઈ હોય તે વખતે સ્થૂલવૃત્તિના અભાવરૂપ આનંદનો અનુભવ.

રસાસ્વાદન [સં રસ + આસ્વાદન (ચાખવું તે)] જ. રસ ચાખવો તે; રસની મીઠાશ લેવા તે.

રસાસ્વાદિની ૧. [સં. રસ + આસ્વાદિનો (ચાખનારી)] સ્ત્રી. ભમરી.
૨. વિ. સ્ત્રી. રસને ચાખનારી.

રસાસ્વાદી ૧. [સં. રસાસ્વાદિન્] પું. ભમરો.
૨. પું. રસનો સ્વાદ લેનાર.

રસાહારી [સં રસ + આહારિન્ (ખાનાર)] વિ. રસાદ; રસાશન; રસોપજીવી.

રસાહ્વા ૧. [સ.] સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.
૨. સ્ત્રી સતાવરી.

રસાળ ૧. પું. આંબો
૨. પું. સ્વાદવર્ધક ચીજ કે મસાલો.
૩. સ્ત્રી. કૂવાના પાણીના ઝાપનો આંક.
૪. વિ. ખાવા યોગ્ય સ્વાદવાળું; રસવાળુ.
૫. વિ. જેમા રસક્સ હોય તે, દ્રવરૂપ; જેમાં પાક સારો થાય તેવું.
૬ વિ. રસ કે આનંદ ઉપજાવે એવું.
૭. [સં. રસ + આલ (વાળું)] વિ. રસવાળુ. રસભર; રસક્સ ભરેલ.

૮ વિ. સુંદર; રસિક.
વિમલેશ વ્હાલ ઘરી ચડી રસાળ આવે.
પુરા અનર્થ થઈ બોદ અમાપ આવે.
દલપતરામ

૯. વિ. સ્વાદિષ્ટ; મધુર; મીઠાશથી ભરેલ. જુઓ રસાલ
જેને જોતા જળાયે, અમધુર અધુએ,
જે સુધા જેવ સુધાએ, લાગે ફીકું રસાળે,
પ્રવજ વળી પયે, સાકરા સાકર.એ.
નીતગોવિંદ

રસાળું ૧. [સં. રસવત્] વિ કુણકુપ; ખાન્ન પાકે તેવુ.
૨. વિ. રસ કે આનંદ ઉપજાવે તેવુ.
૩. વિ. રસાળ; રસવાળુ
૪. વિ સ્વાદિષ્ટ.

રસાળો પું. ઘરઘટ્ટો. જુઓ રસાલો
રસાળો ચાયનારે પંદર દહાડા આગમચ પોતાનો રસાળો રોકેટરિને પહોંચતો કરવો
ગુજરાત વર્નાકયુલર સોસાયટિનો ઇતિહાસ

રસાંકુરિકા સ્ત્રી. નાના આંતરડાના પડમા, કંદમૂલમરો જેવા રસ ઉત્પન્ન કરનાર અંકુરો દરેક રસાંકુરિકાના મધ્યભાગમાં સૂક્ષ્મ રસાવનીઓનુ જાલક નજરે પડે છે. આ જાલકથી આસપાસ શિરા, ધમનીઓની સૂક્ષ્મ શાખાઓ વીંટળાઈને નવાં જાલકો રચે છે. આખી રસાંકુરિકા નાની રક્તંભિકાઓના આકારના સૂક્ષ્મ કોષો વડે ઢકાએલી છે. નાના આંતરડામાં આવી અબો કરોડ રસાંકુરિકાઓ છે.
રસાંકુરિકાઓવાળી ચમીરાઓ પણ ત્યાં નજરે પડે છે. પ્રત્યક્ષશારીર

રસાંગજ પું (પિંગળ) અંત્યગવસ્તુ છંદની જાતનો એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૩૦ ગુરુ અને ૨૮ લઘુ મળી ૫૮ વર્ણ તથા ૮૮ માત્રા હોય છે.

રસાંજન ૧. [સં રસ + અંજન (આંજણ)] ન અઢાર મુખ્ય ક્ષાર પૈકીનો એ નામનો એક ક્ષાર
૨. ન. (વૈદક) આખમાં આંજવામાં આવતું અંજન; સુરમો
૩ ન. એ નામે એક જાતનું ઝાડ
૪. ન. દારૂહળદરના ઉકાળામા બકરીનું દૂધ કે મૂત્ર મેળવી તૈયાર કરેલું ચૂર્ણ. દારૂહળદર સાર રૂપિયાભાર લઈ તેને બારીક વાટી ૩૨ રૂપિયાભાર પાણીમાં ઉકાળી જ્યારે આઠ તોલા પછી આઠો રહે ત્યારે તેમાં આઠ તોલા બકરીનું દૂધ નાખી ઉકાળવુ. પ્રવાહી ભાગ બળી જતા જે બાકી રહે તેનું નામ રસાંજન
૫ ન. પિત્તળમાંથી બનતુ એક અંજન.

રસાંતર ૧. [સં. રસ + અંતર (જુદું)] ન. ચાખુ રસથી બીજો રસ. નાટ્યમાં આ રસ વપરાય છે.
૨. ન. જુદો કાવ્યરસ.
૩. ન. જુદો સ્વાદ

રસિક ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૧ માત્રા હોય છે અને ૧, ૫ અને ૮ માત્રાએ તાલ આવે છે.
ગિરિકટ સરિતટે ગમતી, છે જુવિ હરિ પર વિરતિ,
અરમે કવિ બધુ ત્રિ મર લલ લ ગુ સર નવ ઉપર.
રણુપિંગળ

૨. પું. ઘોડો.
૩. પુ. રસને સમજનાર માણસ.
૪. પું. રહસ્ય જાણનાર માણસ; મર્મજ્ઞ.
૫. પું. સારસ પક્ષી.
૬. પું. રસાદ અને લાગણીવાળો માણસ.
૭. પું. હાથી.
૮. વિ. અદભુત; આશ્ચર્યજનક.
૯. [સં. રસ + ઇક (વાળું)] વિ. અમુક આસ્વાદમાં આનંદ લેનાર. સમાસને અંતે વપરાય છે
૧૦. વિ. બધાની વાતોથી પોતાનું અને સામાનું દિલ ખુશ કરવાના સ્વભાવવાળું.
૧૧ વિ. ગાયન, કાવ્ય વગેરે ઉપર રસવાળું.
૧૨. વિ. ગુણગ્રાહક; કદરદાન.
૧૩. વિ. ચાલાક; ચબરાક.
૧૪. વિ. ભાવિક; પ્રેમી.
૧૫. વિ. અરસિક.
૧૬ વિ. રમુજી.
૧૭. વિ. રસને જાણનાર; રસજ્ઞ.
૧૮. વિ. રસયુક્ત; રસાત્મક; રસવાળું; રસપૂર્ણ.
૧૯. વિ. રસિયું; શોખીન.
૨૦. વિ. લંપટ; વિષયી; વ્યભિચારી.
૨૧. વિ. સુંદર.
૨૨. વિ. સ્વાદિષ્ટ

રસિક કલા સ્ત્રી. સાહિત્યકલા; ચલિતકલા; 'ફાઇન આર્ટ્સ'.

રસિક ચૂડામણિ (રસિક ચૂડામણિ) ૧.
૧. કૃષ્ણ.
૨ પું. ભગવાન; પરમાત્મા.
૩. વિ. રસિકોમાં શ્રેષ્ઠ.

રસિકડી (રસિકડી) સ્ત્રી. રસના અનુભવવાળી સ્ત્રી.
સંસારીને કર રસિકડી પ્રેમ બધે ચૂરે છે.
કેશવ કબંદ

રસિકડું (રસિકડું) ૧. ન. રસિક માણસ.
૨. વિ. રસિયું; રસિક.

રસિકતા ૧. સ્ત્રી. મસ્કરી.
૨. [સં. રસિક (રસવાળું) + તા (પણું)] સ્ત્રી. રસિકપણું; રસજ્ઞતા; રસશક્તિ.
૩. સ્ત્રી. સ્વાદિષ્ટતા.

રસિક પરિચિતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી જાતનો એક ભેદ છે. તેમાં સગણ, તગણ, નગણ અને અગણ મળી બાર વર્ણ હોય છે.
સ ત ના સ થી રસિક પરિચિતા.
રણુપિંગળ

રસિક રસાલા પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના બે નગણ, બે સગણ, જગણ, તગણ, નગણ, સગણ અને એક ગુરુ મળી ૨૫ વર્ણ હોય છે.

રસિક વર [સં. રસિક + વર (શ્રેષ્ઠ સારું)] વિ. રસિકોમાં ઉત્તમ; રસ જાણનારાઓમાં શ્રેષ્ઠ.

રસિક વલ્લભ ન. બી દયારામ કવિએ રચેલ એ નામનું એક પુસ્તક. તેમાં કવિએ અખાની અને ગીતાની માફક શુદ્ધાદ્વૈતતત્ત્વજ્ઞાનના વિષયને અન્ય મતોના ખંડનપૂર્વક સમજાવ્યો છે.

રસિકા ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિ માત્રામેળ છંદ; ઉત્કૃષ્ટા; ઉક્તિજ્ઞા; સુલક્ષિત. તેમાં ૧૧ માત્રાની ૬ પાદ હોય છે. તેમાં કુલ ૬૬ માત્રા હોય છે. તેમાં યતિનો નિયમ નથી.
૨ સ્ત્રી. કટિમેખળા; કંદોરો.
૩. સ્ત્રી. દ્રાક્ષ
૪ સ્ત્રી. દ્રાક્ષ
૫ સ્ત્રી. પ્રોખડ.
૬ સ્ત્રી. મેના પક્ષી.
૭. સ્ત્રી. રસજ્ઞ સ્ત્રી; રસ સમજનારી સ્ત્રી.
૮. સ્ત્રી. રસીલી સ્ત્રી.
૯. સ્ત્રી. શરીરમાંની ધાતુ.
૧૦ સ્ત્રી. શિખંડ
૧૧. સ્ત્રી. શેરડીનો રસ.
૧૨. વિ. સ્ત્રી. રસભોગી; વિલાસી.

રસિકાઈ સ્ત્રી. રસિકતા.

રસિકેશ્વર [સં રસિક + ઈશ્વર] પું. શ્રીકૃષ્ણનુ એક નામ.

રસિત ૧. ન. અવાજ; ધ્વનિ; શબ્દ
૨. ન. દ્રાક્ષાસવ; દ્રાક્ષનો દારૂ.
૩. ન પક્ષી વગેરેનો શબ્દ.
૪ ન. મેઘ વગેરેનો શબ્દ કે ગર્જના.
૫ વિ. અવાજ કરતુ; ગાજતુ
૬. વિ. રસયુક્ત.

૭. વિ રસેલું; ઠોળવાળું
૮. વિ. વહેતું; ચોકું ચોકું ટપકતું.
૯. વિ. રાબ્દવાળું
૧૦. [સં. રસ (સ્વાદ લેવો) + ક્ત)] વિ સ્વાદ લેવા.મેલું, ચાખેલું

રસિયણ ૧. સ્ત્રી. રસિક સ્ત્રી
૨. વિ સ્ત્રી. ચટકીલી; અનુરાગી; ભાવિક.
૩ વિ. સ્ત્રી. રસ અનુભવનારી.
૪. વિ સ્ત્રી. રસે ઊભરાતી; રસલાલચુ; રમઝોલી; રસ માણવાને ઉત્સુક.

રસિયા ૧. પું. એક પ્રકારનું ગાણું. જે હાસ્ય મહિનામાં વજ્ર અને ખુંદેલખંડમાં ગવાય છે
૨. ખુશો રસિયો.

રસિયાણ પું. રસિયો.
જેઠ મારો સહુ સરોવર સૂના રહે છે ૨ રસિયાણ, મુજ જોબનમારા નવ સૂકો, વહે છે, હો રમ રસિયાણ.
દયારામ

રસિયાણ પું. ઊંટડીના રસમાં પકાવેલા ગોખા.

રસિયું ૧. ન. રસને સમજનાર માણસ.
૨. ન. સ્વાદ અને લાગણીવાળું માણસ.
૩. વિ. અડેપું.
૪. વિ ઉસ્કેરાટુ.
૫. વિ. રસ અનુભવનારું.
૬. વિ રસ વધારી જાય તેવી આવડતનું
૭. વિ રસમાં પ્રીતિવાળું; રસનું પ્યાસી; રસિક.
૮. વિ. રસે ઊભરાતું; રસ માણવાને ઉત્સુક.
૯. વિ. રસે ચડનારું; ચડસીલું; મમતીલું.
૧૦. વિ. ઠોખીન; વિલાસી.
૧૧. વિ. ઢોંસીલું; ઠોડીલું.

રસિયું તડાક (રસિયું તડાક) વિ. રસવાળું; ઠોખીન.

રસિયેણ જુઓ રસિયણ.

રસિયો ૧. પું. મિયોગ્રામાં રસની કૂંડીમાંથી રસ ભરવાનું પાત્ર.
૨. પું. પરમાત્મા; ભગવાન.
૩. પું. રસિક પુરુષ; રંગીલો પુરુષ; રસમૈલો પુરુષ.
૪. વિ. પું. રસિક; વિલાસી; ભોક્તા; રસ કે વિષયભોગી.

રસિયોટ્ઠ જુ. કૃષ્ણ.

રસી ૧. સ્ત્રી. એક પ્રકારનો ક્ષાર.
૨. સ્ત્રી. તમાકુ બનાવવા માટે તમાકુમાં ભેળવવાનો રીતો; મહુડાં કે ગોળનું ચાકું પ્રવાહી.
૩. [સં] સ્ત્રી. ઢોરી; રાક્ષા; દોરડી.
૪. સ્ત્રી. પગ; પાય.
૫ સ્ત્રી ચિકારી વગે નસોમાં દાખલ કરાતી જંતુનાશક દવા; પ્લેગ, શીતળા જેવા ચેપી રોગોથી મુક્ત થવા માટે શરીરમાં દાખલ કરવામાં આવતો ચેપ; રોગનાં જંતુઓની બનાવેલી દવા.
રસી મૂકવી = રોગથી બચવા જંતુનાશક દવાનું ઈન્જેક્શન આપવું
ડૉ. જેનરે ગોરીલાની રસી મૂકવા આંડી તેના પહેલાં ઈ સ. ૧૭૯૪માં ઊંડામાં એક ખેડૂતે તેની પત્ની તથા છોકરાને તે રસી મૂકી હતી.
પ્રસ્થાન
૬. સ્ત્રી. રક્તસાર.
૭ સ્ત્રી. રસ.
૮. સ્ત્રી. શરીર, ઝાડ વગેરેમાંથી નીકળતું ચીકણું પ્રવાહી
૯. સ્ત્રી. શેરડીના રસમાંથી ગોળ બનાવતી વખતે ઉતારવામાં આવતી ઝારી.
૧૦. વિ. મરણ.
૧૧. [સં. રસિન્] વિ, રસિક; રસવાળું.
૧૨. વિ. વિષયી

રસીઆ પું. ઘ. વ. મિયોગ્રામ પરસેની જમીનની અંદરની કૂંડીમાંથી શેરડીનો રસ કાઢનાર માણસો.

રસીઓ ગોળી પું. રસદાર ગોળ.

રસીઓ લોબ્યાન સ્ત્રી. લોબાનની એક જાત.

રસીખેંચ સ્ત્રી. એ નામે એક રમત: 'ટગ ઑવ વૉર.'

રસીદ જુઓ રસીદ.

રસીદ ૧. સ્ત્રી. અખર; પત્તો.
૨. [અ. રીસીટ] સ્ત્રી. પહોંચ સ્વીકારવી તે.
૩ સ્ત્રી. પાવતી; પહોંચ; ભોગવાયેલ વસ્તુ મળ્યાની લિખી
૧. રસીદ આપવી-કાઢવી = પહોંચ લખી આપવી.
૨. રસીદ બનાવવી = રસીદ લખીને તૈયાર કરવી
૩. રસીદ લખવી = પહોંચાની લેખિત ખબર આપવી.
૪. રસીદ આપેની કૂંડી = માલ લાવે અથવા રેલવે રસીદ સ વે અથવા બિલ ઑવ લૅડિંગ લાવે કૂંડી લખ મેલી હોય ત્યારે કૂંડીની અંદર લખેલ માલ કે રસીદ મળે ત્યારબાદ જ ચીજવસ્તુ તેની કૂંડી.
૪. સ્ત્રી. સ્વીકાર.

રસીદગી ૧. [ફા.] સ્ત્રી. પહોંચવું તે.
૨. સ્ત્રી. મેળવવું તે

રસીદન [ફા.] અ. ક્રિ. (ધાતુ) પહોંચવું; પ્રાપ્ત થવું.

રસીદ બહી [દ્વિ] સ્ત્રી. પહોંચની ચોપડી; પહોંચ બુક.

રસી મૂકનાર પું. રોગનો ચેપ લગાડનાર; રોગી ડાક્ટર; ' વેક્સિનેટર '.

રસીલું ૧. વિ. આનંદી
૨. વિ. કદરદાન
૩. વિ સ્ત્રીલું; સુંદર.
૪ વિ. રસ ભોગવવા ઉત્સુક; રસમાં પ્રીતિવાળું; રસલાલચુ; ભોગી; રસમાં એકતાર થઈ જાય તેવું; રસિકું
૫ વિ. રસવાળું; સ્વાદિષ્ટ; રસથી ભરેલું.
૬. વિ. બ્યક્તિત્વ.દી.
૭. વિ. ઠોખીન.
૮. વિ સામાનું મન ખુશ કરે તેવું.

રસુન [સં] પું. લસણ.

રસુનક [સં.] પું. લસણ.

રસૂમ ૧. [અ. રુસૂમ] સ્ત્રી. ગોટે ફી; ન્યાયની અદાલતમા લેવાતી ફી
રસૂમ અદાલત = ગોટે ફી; સ્ટાંપની બાબત.
૨ પુ નજરાણું; ભેટ
૩. પું. નિયમ; કાયદો; કાનૂન; ધારો.
૪. પું. રીત; રિવાજ.
૫. પું. રામો; પ્રચલિત પ્રથા અનુસાર અપાતું ધન

રસૂલ ૧. [અ. રસલ (તેણે મોકલ્યો)]
૧. કાસદ.
૨. પુ. ખુદાએ મોકલેલ દૂત; પેગમ્બર; દેવદૂત.
રસૂલે ખુદા = પરમેશ્વરનો દેવદૂત.
૩. પું. રાજ્યપ્રતિનિધિ; એલચી.
૪. સ્ત્રી મરાઠીની એ નામની એક જાત.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું

રસૂલિલ્લાહ [અ. રસલ (દૂત) + અલ + અલ્લાહ (પરમેશ્વર)] પું. પ્રભુનો પયગમ્બર. આ ઉપનામ હજરત નબી મહમદ સાહેબને મળેલ છે

રસૂલી ૧. સ્ત્રી. એક જાતની કાળી માટી.
૨. સ્ત્રી. ખેરાત; દાન.
૩. સ્ત્રી. પઉની એક જાત.
૪. સ્ત્રી. જવની એક જાત.
૫. [અ] વિ. રસૂલ સંબંધી; રસૂલનું.

રસૂલી ઠોકા સ્ત્રી. (સંગીત) ઠોકા રાગિણીની એ નામની એક જાત. જુઓ ઠોકા.

રસૂલે ખુદા [અ. રસલ (દૂત) + ખુદા (પરમેશ્વર)] પું પ્રભુનો પયગમ્બર.

રસૂલ્લાહ જુઓ રસુલિલ્લાહ.

રસેન્દ્ર [સં. રસ + ઇન્દ્ર (ઇન્દ્ર રાજાનગર)] વિ. રસની ઇન્દ્રરાજાનું

તેના ઘરનો રોટલો ખૂટ્યાને માટે ન હતો ખરૂ રસેન્દ્રની ઇચ્છા રસને પોષવા માટે હતો.
કાન્તમાળા

રસેલ વિ. રસ ચડ.વેલ; સોનારૂપાનો ઢોળ ચડાવેલ. જેમકે, તાંબા ઉપર રૂપું અને રૂપા ઉપર સોનું ચડાવી અગ્નિમાં તપાવી ઉપરની ધાતુ અગ્નિથી ઓઢ સરખી મળી જાય છે તેને રસેલ કહે છે

રસેલું જુઓ રસેલ.

રસેશ્વર ૧. [સં. રસ + ઈશ્વર (ઈશ્વર)] પું. કૃષ્ણ ભગવાન.

૨. પું. પારો પારાને વૈદ્યકગ્રંથમાં ઈશ્વરનો અવતાર માનવામા આવેલ છે.

૩. પું. મીઠું; નમક; લવણ

૪. પુ. રસનાજ ચૂમાર.

૫. પુ વૈદ્ય

૬. પું. સર્વ રસોનો ઉપરી અધિકારી.

૭. વિ. દરેક રસ આપી શકે તેવુ

૮. વિ. રસથી ભરપૂર.

રસેશ્વર ધર્માચાર્ય પું. પારદ વગેરેની ગોળા બનાવવામા કુશળ વૈદ્ય.

રસૈશ્વર ૧. [સં. રસ + ઈશ્વર (ભગવાન)] પુ. ઈશ્વરતુલ્ય રસાં રસેશ, પારો, મચ્છ, હરતાલ અને સોનાના મિશ્રણથી તૈયાર થતું ઔષ મિશ્રણ.

૨. પું. જે નામે ઓળ દર્શન. આ દર્શનમાં પારાને શિવનુ વીર્ય અને ગંધકને પાર્વતીની રજ માનેલ છે. તેના આહાર સંસ્કાર બતાવ્યા છે અને તેના ઉપયોગ વડે વ્યાધિનાશ, જીવનદાન વગેરે પ્રાપ્ત થઈ શકે છે. તેના દર્શન અને રપર્શમાં મોટુ પુણ્ય બતાવ્યુ છે અને કહેવાયું છે કે શરીરનું આરોગ્ય આવશ્યક છે, કારણ કે શરીર વિના પુરુષાર્થ થઈ શકતો નથી અને પુરુષાર્થ વિના મોક્ષની પ્રાપ્તિ અસભવ છે.

રસેશ્વરી સ્ત્રી જુદા જુદા રસમાં પારંગત થયેલી સ્ત્રી.

રસેંદુ ૧. [સં રસ + ઇંદુ (ચંદ્ર)] પું. ચંદ્ર.

સાંજ પાલ્યા સ્ત્રી કનો વિશ્રામલાભ રાક્ષસ,
મારગમાં રામને રોકે, રહ્યુ જેમ રસેંદુ ને.
રામચરિતામૃત

૨. પું. પારો.

રસેંદ્ર ૧. પું. જે નામે ઓળ રસૌષધ.

૨. [સં.] પુ પારો.

૩. પું. ઔષધોમાંથી સોનું બનાવનાર મનાતો ઓળ પદાર્થ.

રસેંદ્રવેધન [સં.] ન. સોનુ.

રસેંદ્રિય ૧. [સં. રસ + ઇંદ્રિય] સ્ત્રી. જીભ; રસના. જીભ્ભા.

૨. સ્ત્રી. રસને ગ્રહણ કરનારી ઇંદ્રિય. કાન્ય વગેરેનો વિષયભોગ ગ્રહણ કરનાર ઇંદ્રિય.

૩. સ્ત્રી. લાગણી; ભાવ

જોની રસેંદ્રિય (લાગણી) બહુ પ્રબળ હોય છે. મણિલાલ નભુભાઈ

રસૈકાયન લાગણી સ્ત્રી. કુદરતી ભાવના કળાનાં કામો જોવાથી ઉત્પન્ન થતી લાગણી, ' એસ્થેટિક્સ ઈમોશન '.

રસૈકાયની પૂર્ત્તિ સ્ત્રી. કુદરત ભાવના કળામાં સૌંદર્ય પ્રત્યેની સારી લાગણી; સૌંદર્યાભિરુચિ; સારી લાગણી; ' એસ્થેટિક સેન્ટિમન્ટ '.

રસો ૧. [સં. રસ] પું. અથાણું, ચાટ, મુરબ્બા વગેરેનો મસાલાવાળો બધો રસ; બધો રસમય જેવો પ્રવાહી.

૨ પું. દોર; બધુ દોરડું; રાહડુ.

૩. [સં. રંરમ; રેખા] પું. (વહાણવટુ) રેખ નીચેનો દોરડાં જેવી નકશીવાળા કંદોરો.

રસોઇયણ સ્ત્રી. રાંધનારી સ્ત્રી; રસોઈના ધંધા કરનારી સ્ત્રી.

રસોઇયો પું રસોઇનો ધધો કરનાર પુરુષ; રાખનારો; ખબરદી; અધિકારો; રાખણિયો ભટ

રસોઈ ૧. [સં. રસવતી] સ્ત્રી. રસ આવે તેમ પકવેલું ખાદ્ય; રસ આવે તેવુ રાંધવું. ભોજન; જમણ.

૧. કાચી રસોઈ = દાળ, ભાત, રોટલી વગેરે જેવુ ભોજન; સાદી. તે થી કે દૂધમા પકાવેલું ન હોઈ કિંતુ ઘીનો ચોકા બઘાર કે ઘીના બનાવેલું ખાતા નથી.

૨. પાકી રસોઈ = ઘી અથવા દૂધમા પકાવેલ વાની. જેમકે, પૂરી, પકવાન. તે ચોકા બઘાર કે ઘીના બનાવેલી ખાઈ શકાય છે

૩. રસોઈ કરવી = ભોજન કે ખાદ્ય તૈયાર કરવું; રાંધવુ

૪. રસોઈ થવી = ભોજન તૈયાર થવુ.

૫. રસોઈ દેવી = જમણ આપવુ

૬. રાંધી રસોઈ રહેવી = કામ પડ્યાં રહેવા

૨. સ્ત્રી. રસ આવે તેમ વસ્તુને પકવવી તે; રાંધવું તે; પાકક્રિયા

૩. [હિ.] સ્ત્રી. રસોડું.

રસોઈપાણી ન. ભોજન કે તેને લગતું કામ.

રસોટ સ્ત્રી. (વૈદક) રસાંજના; રસવતી.

રસોડદાર (રસોડદાર) વિ. રસોડાનું કામ કરનાર

રસોડાખાતું (રસોડાખાતું) ૧. ન. રાખવાની જગ્યા

૨. ન. રાખવાનું મકાન

રસોડાધર્મ (રસોડાધર્મ) પું. રાખેલી રસોઈની આબડછેટમાં સમાઈ જતો ધર્મ.

હિંદુધર્મને પરદેશીઓ ચૂલાધર્મ અથવા રસોડાધર્મ કહે છે. કાલેલકર

રસોડું (રસોડું) ૧. ન. ઓરડુ.

૨. [સ] ન. રસવતી

૩. ન. રસોઈ કરવાની જગ્યા કે ઓરડી; પાકશાળા; રસાધિષ્ણ; ભોજનશાળા; મહાનસી ખાતું; ભાંડારખાનું; રાખવાની જગ્યા ગૃહવિધાન પ્રમાણે રસોડું અગ્નિકોણમાં જોઇએ. પશ્ચિમના રથાપત્યપંડિતો ઉપર્યુ અયવા અર્ધ ઉપર્યુ દેશો માટે આજ પ્રમાણે સૂચવે છે, તે એમ જણાવીને કે, રસોડાનો ઉપયોગ સવારમાં ખૂબ પ્રમાણમા હોય એટલે રસોડાની ઊગમણી બાજુથી આવતાં પુરોહસુર્યકિરણો જીવનદાયી અને ઉત્સાહપ્રેરક અને તથા દક્ષિણ બાજુએથી આવતો પવન શ્રમહર અને રસોડાની ગરમી ઘણી ખરી જણાર થાય. જ્યાં જમવા બેસવા માટે ઘણા મોટો ખંડ હોય ત્યાં રસોડા માટે ૧૦૦ ચોરસ ફૂટ વિસ્તાર પૂરતો છે પણ મધ્યમ સ્થિતિના ઘરમાં તો, રસોડામાજ ચોકા પાટલા નખાય તેમ હોય તો ઠીક પડે છે. માટે ૧૪' × ૧૮'નો ખંડ રાખવો અનુકૂળ લાગે છે. રસોડામાં નીચેની ચીજો અવશ્ય જોઇએ એ: (૧) ધુમાડિયું. (૨) બાળ, (૩) બે કબાટ કે બકારિયાં, (૪) ચૂલા ઉપર બળવાળુ પડે તે પ્રમાણે એક કે બે ભારીઓ, (૫) છાજલીઓ અથવા ખોડી

રસોત પું. રસવતી, ઘાસ ઢગલો અને એવી જ જાતનાં બીજાં મળોમાંથી કાઢેલો અર્ક. જુઓ રસૌત.

રસોત્કટ [સં. રસ + ઉત્કટ (ભરપૂર)] વિ. રસથી ભરપૂર.

રસોત્કર્ષ [સં. રસ + ઉત્કર્ષ (ઉપર જેવુ તે)] પું. રસની અભિવૃદ્ધિ.

તમારા રસોત્કર્ષની બીજાઓના ચમત્કારને સ્થાને અમારાની શક્તિ જોવું થઈ જશે.
સરસ્વતીચંદ્ર

રસોત્તમ ૧. [સં. રસ + ઉત્તમ (સૌથી સારું)] પું. ઉત્તમ રસ.

૨. પું. દ્રવ
૩. પું. મજા.
૪. પું. પાણી.
૫ પું. રસાંજન.

રસોત્તેજના [સં. રસ + ઉત્તેજના (આવેશ)] સ્ત્રી. રસની ઉત્તેજના

શ્રી ઇ.આનંદ ચટ્ટોપાધ્યાયનો લખેલો આ પરિચય નૂતન વાચકોને રસોત્તેજના આપશે
કુમાર

રસોત્પાદક ૧. [સં. રસ + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] વિ. રસિક; રસ ઉત્પન્ન કરનાર.
૨ વિ. શરીરની સાત ધાતુ પેદા કરનાર.

રસોત્પાદક ક્રિયા [સં. રસ + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર) + ક્રિયા (કામ)] સ્ત્રી. શરીરમાં રસવાળા પદાર્થો ઉત્પન્ન થવાની ક્રિયા થૂંક, જઠરરસ, પિત્ત, શુક્ર અને આંતરડામાં ઉત્પન્ન થનાર જેટલાક રસ શરીરને ઉપયોગી છે અને મૂત્ર, પરસેવો, બરાળ, ફાલ્પોનિક એસિડ અને આંતરડાંમાં થતા જેટલાક રસ શરીરના મળ તરીકે નીકળે છે.

રસોત્પાદન [સં. રસ + ઉત્પાદન (પેદા થવું તે)] ન. શરીરમાં રસાદિક પદાર્થોનું ઉત્પન્ન થવું તે

રસોત્સવ [સં. રસ + ઉત્સવ] પું. શરદઋતુમાં આશ્વિનમાસમાં આવતા એક ઉત્સવનું નામ.

ભાગવત કહે છે કે: શરદઋતુમા મલ્લિકાઓ ખીલી રહી હતી અને ચંદ્ર સર્વેના તાપને હરવ કરતો હતો તે સમયે કૃષ્ણે રાસ રમવાનો મનમા વિચાર કર્યો અને ગોપીઓના મનને આકર્ષે એવું મધુર ગાન કરવા માંડયું. આ ગાન સાભળીને વ્રજની ગોપીઓ કૃષ્ણની પાસે દોડી આવી, પછીથી કૃષ્ણે ગોપીઓની સાથે રાસક્રીડાનો આરંભ કર્યો. બધી ગોપીઓ મંડલાકારે ગોઠવાઈ ગઈ. બબ્બે ગોપીઓની વચમાં કૃષ્ણ દાખલ થયા અને બધિ ગોપીઓના કંઠમાં તેમણે આલિંગન કર્યું. સર્વ ગોપીઓ કૃષ્ણને પોતાની સમીપમાં રહેલા અને પોતાને જ જોતી રહેલા માનવા લાગી આ પ્રમાણે રસોત્સવનો આરંભ થયો.
સારસ

રસોદર [સં] પું. હિંગળો, ગંધક અને પારાની મેળવણીવાળો એક પદાર્થ

રસોદ્દીપન [સં રસ + ઉદ્દીપન (સતેજ કરવું તે)] પું. રસનું ઉદ્દીપન; રસની જાગૃતિ.

રસોદ્ઘોષક [સં. રસ + ઉદ્ઘોષક (જાહેર કરનાર)] વિ. રસને જગાડનાર.

રસોદ્ભવ ૧. ન. મોતી.
૨. ન. રસાંજન
૩. [સં.] ન. હિંગળો.
૪ [સં રસ + ઉદ્ભવ (ઉત્પન્ન થવું તે)] વિ. રસમાંથી ઉત્પન્ન થનાર.

રસોદ્ભૂત [સં. રસ + ઉદ્ભૂત (ઉત્પન્ન થયેલ)] પું. રસવંતી, દાગીનાદર જેવાં મૂળોમાંથી કાઢેલો અર્ક.

રસોદ્રેક ૧. [સ. રસ + ઉદ્રેક (વધારો)] પુ. રસની અતિશયતા.
૨. પું. રેચ આપવો તે

રસોન [સં રસ + ઊન (ઊણપવાળું)] પું. ન. એ નામની એક વનસ્પતિ; લસણ; લસણમાં તીખો ખારો, તૂરો, કડવો અને મળનો સ્વાદ હોય છે. કફના ખાટો રસ તેમા નથી તેથી એક રસ તેનામાં અપૂર્ણ હોઈ તેનું નામ રસોન પડયું છે

રસોન્મત્ત [સં. રસ + ઉન્મત્ત (મદવાળું)] વિ રસમાં મસ્ત.

મહાભાવનું વર્ણન વધતાં વધતાં અને શ્રોતા એક રસોન્મત્ત બની ગયા.
પ્રસ્થાન

રસોન્માદ [સં. રસ + ઉન્માદ (માંડપણું)] પું. રસની ઘેલછા

કમલાકાન્તે ઉચ્ચ શૃંગારના રસોન્માદમાં સંયમ ને સામર્થ્યનું વિરલ દર્શન કરાવ્યું હતું.
ચૌધરી

રસોપજીવી [સં. રસ + ઉપજીવી (આધાર રાખનાર)] વિ. રસ અર્પીને જીવનાર; રસાદ; રસાયન, રસાહારી

રસોપભોગ [સં. રસ + ઉપભોગ (માણવું તે)] પું રસનો ઉપભોગ.

સંસ્કૃત અને અંગ્રેજી કાવ્ય સાહિત્ય સમજી ગયા રસોપભોગમાં ભાગીદાર થવામા એનું જરાય ન અણવાની તેની હઠ હતી.
ત્રિવેદી વાળો

રસોયણ સ્ત્રી. રસોઈ કરનાર સ્ત્રી; સ્ત્રી રસોઈયો; રાંધનારી.

રસોયો પું. રસોઈનો ધંધો કરનારો પુરુષ; કંસારો; રાંધનારો; ભજરગી; ભડિયારો; રાંધણિયો

રસોર્મિ [સં. રસ + ઊર્મિ (મોજું)] સ્ત્રી રસની લહેર.

રસોર્મિની રસોર્મિએ છલકાવી જીવન.
નાનાલાલ

રસોલ પું. જંતુનાશક એક ઔષધ.

જંતુનો નાશ કરવા માટે વરખરસ ૧ ડીપા રોજ અનેકવાર આપવાં. ઘાણા ઘાએ ચોપડે તે રસોલ તેલથી દૂધી નાખવી.
વૈદ્યકલ્પતરુ

રસોલ્લાસ [સં. રસ + ઉલ્લાસ (આનંદ)] પું. રસનો આનંદ.

તેમાં રમણીય રસોલ્લાસનું સ્વરૂપ સમાયું છે
ગીતગોવિંદ

રસોળી ૨. સ્ત્રી. ગાંઠવૃદ્ધિ; મેદ.

૨. સ્ત્રી. શરીર ઉપર ઊપસતો ગૂમડા જેવો ગઠ્ઠો; ગરસોળા; ગળગ્રંથી; શરીરમાંના રસ વિકારની શરીરની સપાટી ઉપર ઉપસી આવેલી ગાંઠ. તે દાબતાં બદામની કળક જેવી પોચી જણાય છે. તેને ચીરી લેતાં તેમાં એક ચીકી માલૂમ પડે છે. આ ચીકી દૂર કરવાથી રસોળી બંધ થઈ જાય છે

રસોળી ચપી-ચીકણી = રસોળીની ગાંઠ ઊપસવી.

રસૌત ૧ [હિં.] સ્ત્રી એક જાતનો સુરમો
૨. પું. રસવંતી, દાગ દાગીનાદર જેવાં મૂળોમાંથી કાઢેલો અર્ક
૩. વિ. રસવું
૪. વિ તીક્ષ્ણ; આકરું.

રસૌર પું શેરડીના રસમાં પકાવેલા ગોળ.

રસૌલ પું. એક પ્રકારની કાંટાવાળી વેલ.

રસ્ક [ફા. રસ્ક] સ્ત્રી. ઈર્ષા; અદેખાઈ.

રસ્ત ૧. સ્ત્રી. દાગીનાદર; પુલની સામગ્રી
૨. [ફા. રસ્ત] સ્ત્રી. પરગણાના પ્રાન્તરા ભાદલ સરકારમાં અગાઉથી ભરવી પડતી રકમ.
૩. વિ. સીધું.
૪. વિ. દુરસ્ત.
૫. ખુબ્બો રસ્ત

રસ્તગાર ૧. [ફા.] વિ. સત્યશીલ.
૨. વિ સ્વતંત્ર; મુક્ત.

રસ્તગારી ૧. [ફા] સ્ત્રી. મુક્તિ; છુટકારો.
૨. સ્ત્રી. સલામતી.

રસ્તા કસ્તૂરી [ફા. રાસ્ત (દુકાનોની હાર) + કસ્તૂરી (વિવાજ)] સ્ત્રી. હાર; જકાત.

રસ્તાવેરો જુઓ રસ્તા કસ્તૂરી.

રસ્તે ૧. ન. દ્વારા; મારફત.
૨. ક્રિ રીતે.

રસ્તેબંદી [ફા.] સ્ત્રી સડક તૈયાર કરવાનું કામ.

રસ્તેબંધી જુઓ રસ્તેબંદી.

રસ્તો ૧. પું. ઉપાય; ઇલાજ.

સહ્યાદ્રિ બધો રસ્તો આ સાધો જ અજમા છે, શાસન જેમનું એ જ છબનો જ નિયમ.
માંધીગીત

૨. પું ચીલો

૩. [ફા. રાસ્તા] પું. પગપ્રવાસ અને વાહનવ્યવહાર માટે એક સ્થળેથી બીજા સ્થળ સુધી બાંધેલ વ્યવહારમાર્ગ; માર્ગ; વાટ; રાહ; પથ; પંથ; સડક. સામાન્ય રીતે જાહેર ઉપયોગના સવિશાળ માર્ગને રસ્તો કહે છે. જોઈતાં માપ મુજબ પાકીય દક્ષિણે કહાડે સહસો માંખિયાર

પરંપરા પ્રમાણે પહેલું રસ્તાન રોમન લોકોનું છે. રોમન રાજ્યનો સૌથી જૂનો અને તેટલો જ સુપ્રસિદ્ધ માર્ગ એપીઅન માર્ગ છે. તે ઈ સ. પૂ. ૩૧૨માં શરૂ થયેલ. પરંતુ ૧૮મા સૈકાથી નવો યુગ બેઠો. ફ્રાન્સ, જર્મની, ઇંગ્લંડ, ઇટલિ અને બીજા રાષ્ટ્રો પણ રોમના જેવા રસ્તાઓ બનાવવામાં આવ્યા. આથી પશુથી ખેંચાતી ગાડીમા બેસી મુસાફરી કરવાની સગવડતા થઈ. આ વખતનો મહાન એંજિનિયર રસ્તા બનાવનાર જે. એલ. મેકેડમ હતો. ૧૯મા સૈકામાં રસ્તા સંભાળનાર સત્તાઓ તેને સુધારી સારી સ્થિતિમાં રાખવાનું માણસ રાખ્યું. ઓટરગાડીઓ આ સમયમાં વધારે ન હોવાથી આ રસ્તા ઉપર વધારે લક્ષ આપ્યું ન હતું. વીસમી સદીમા પણ નવા રસ્તાઓ બનાવવામાં આવ્યા. આ રસ્તાઓની રચનામા ઘણી ઓછી ફરવાના પ્રયાસ કરવામાં આવ્યા. મુખ્ય રસ્તાઓ કઠણ પથ્થર અને તેના ઉપર ગ્રેનાઇટનાપ્રી કાંકરી નાખીને બનાવાતા હતા. ત્યારપછી ડામર અને કોંક્રિટના રસ્તા બનાવવામાં આવ્યા. યુનાઇટેડ સ્ટેટ્સમા પણ માર્ગો મુખ્ય કોંક્રિટના રસ્તા છે. શૈરીઓમાં એસ્ફાલ્ટ અને કોંક્રિટના રસ્તા બનાવવામાં આવ્યા. રસ્તાની સપાટી ઉપર રબરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિવાજીના વખતમા રત્નાગિરિ અને કોલાબા જિલ્લામાં રસ્તા કરાવેલા છે. તેઓ મુખ્ય ભાગે ૬ થી ૧૦ ફુટ પહોળા છે. આ માર્ગમા કોલાવ વિશેષ કોય ત્યાં કરસ અને પગથિયાં કરવામાં આવેલાં છે. પરિણામે એ સડકો માનવિ નહિ પરંતુ ફક્ત જનાવરોને જ ઉપયોગી હતી

૧. રસ્તા ઉપર લાવવું = (૧) દુરસ્ત કરવું. (૨) સુધારવું; સન્માર્ગે ચડાવવું

૨. રસ્તામાં પડવું = સ્ટ મળી જાય તેવી દશામાં નકામું અથવા અરક્ષિત હોવું.

૩. રસ્તામાંની ધૂળ = કીમત વગરની વસ્તુ.

૪. રસ્તે ચડવું = (૧) માર્ગે પર આવવું, માર્ગે પડવું. (૨) રાજે પડવું; બરાબર ચાલુ થવું.

૫. રસ્તે પડવું = (૧) કામમાં લાગી જવું; ઉદ્યમે ચડવું. નોકરીધંધે લાગી જવું (૨) કેમ કરવું તે સમજવાનો રસ્તો મળવો. (૩) ચાલવા માંડવું, જતા રહેવું. (૪) મરી જવું. (૫) પ્રપંચમાંથી બચી જવું. (૬) રીતમા આવવું. (૭) શરૂ થવું; મંડાવું; રાજે પડવું.

૬. રસ્તે પાડવું–લગાડવું = (૧) ઉદ્યમે વળગાડવું. (૨) દિશા બતાવવી

૭. રસ્તે રસ્તે સો સારું થવું = ધીમે ધીમે મુશ્કેલીઓ દૂર થવી

૮. રસ્તો કાઢવો = (૧) અંતરાય ટાળવો. (૨) આગળ વધવું. (૩) નિકાલ કરવો. (૪) માર્ગ સોધવો; ઉપાય કરવો.

૯. રસ્તો કાપવો = (૧) એક જગ્યા છોડીને બીજી જગ્યાએ જવું. (૨) ચાલવા જવું, જતા રહેવું. (૩) મુસાફરી કરવી. મજલ કરવી; અંતર વટાવવું

૧૦. રસ્તો ખુલ્લો હોવો = આગળ જવાની સરળતા હોવી; જવામાં અંતરાય ન હોવો.

૧૧. રસ્તો ગીચવો = રસ્તો બોળવો; રસ્તાની અવરજવર બંધ.

૧૨. રસ્તો ચૂકવો = આડે રસ્તે ચડી જવું.

૧૩. રસ્તો પાડવો = (૧) ગૂંચવણ દૂર કરવી; માર્ગ કાઢવો; માર્ગ બનાવવો. (૨) રસ્તો ઉતારવો; ઢાળ ઉતારી રસ્તો કરી આપવો. (૩) રિવાજ પાડવો.

૧૪. રસ્તો બનાવવો = (૧) ચાલતું કરવું. (૨) ઢાળવું. (૩) દૂર કરવું. (૪) રીબાવવું.

૧૫. રસ્તો માપવો = (૧) એક જગ્યા છોડીને બીજી જગ્યાએ જવું. (૨) ચાલતા થવું. (૩) મરી જવું, જતા રહેવું.

૧૬. રસ્તો પકડવો–લેવો = (૧) અમુક માર્ગે જવું. (૨) જતા રહેવું. (૩) પ્રપંચમાંથી બચી જવું (૪) મરી જવું. (૫) માર્ગ સ્વીકારવો.

૪. પું. રિવાજ; ચાલરસ્તો

રસ્ના પું. એક જાતની ઔષધિ. તે ઉત્તેજક છે. તે સંધિવાતનાશક, પાર્શ્વશૂલ, અર્દિત અને વાયુને અંગેના રોગોનાં બીજા દરદોમાં દેવામા આવે છે. તે દિવસમાં ત્રણ વખત ૧ થી ૨૦ ગ્રેઈનની માત્રામાં આપવામાં આવે છે.

રસ્નેં પું. (જરથોસ્તી) ઉન્માદ કરનાર દેવ; મેહેર ઇશ્તના બે મદદનીશ.

રસ્મ ૧. સ્ત્રી. અનુક્રમ.

૨. સ્ત્રી. નમૂનો; 'મોડેલ'

૩ સ્ત્રી. નિયમ; કાયદો

૪. સ્ત્રી. બાજીગરની એક રમત. તેમાં એક ખેલકરો બીજાને સવાલ પૂછે છે. જેને રે, સીન અથવા મીમ એ ત્રણ અક્ષર ન હોય એવા શબ્દોમાં જવાબ આપવો પડે છે. જો આ ત્રણમાંથી એક અક્ષર હોય તો તેના દંડ તરીકે તેને બીજો ખેલકરો કહે તે જનાવરના અવાજના ચાળા પાડવા પડે છે

૫. [અ.] સ્ત્રી. રિવાજ; રીતિ; પ્રથા; પરિપાટી; સ્થાપિત ધોરણ.

૧. પુરાણી રસ્મ – બાપદાદાનું ધોરણ, જૂનું ધોરણ

૨. રસ્મ પર આવવું = ધોરણસર વર્તવું.

રસ્મી ૧. સ્ત્રી. ગરબી; ત.પ

૨. સ્ત્રી ખીજ જાત.

૩. સ્ત્રી. રિવાજ

૪. [અ.] વિ. રિવાજ મુજબ; રિવાજને અનુસરી

૫ પું. વચલું, વચેટ.

રસ્મોરિવાજ [અ. રસ્મ (રીત) + રિવાજ (રીત)] ન. ધારાધોરણ; રીતભાત; રિવાજ; સ્થાપિત ધોરણ.

રસ્સ ૧. ન. પાતળું દોરડું

૨. ન. માંસ.

૩. ન. લોહી; રક્ત, શોણિત.

૪. ન. રસાળુ, સ્વાદિષ્ટ.

રસ્સમાલિની સ્ત્રી. વર્ષા સમયે મહોન્મત્ત થતી સ્ત્રી

આષાઢલક્ષ્મી, ભાદ્રપદલક્ષ્મી, સ્વયસ્યા, રસ્સમાલિની, કોના, કુહા, તિરલિ, અભ્રમતી, મેઘપત્નિકા, વર્ષપતિ, ચિત્રકુક્ષિકા અને વારિધારા એ બાર વર્ષા સમયની મહોન્મત્ત સ્ત્રીઓ છે.

અમરાવતી ભાગવત

રસ્યા ૧. [સં.] સ્ત્રી. રાસના વનસ્પતિ.

૨. વિ. સ્ત્રી. રસવાળી.

રસ્વદૃષ્ટિ [સં. કૃસ્વ (ટૂંકું) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી. ટૂંકી નજર.

રસ્સા ૧. પું. જમીનનું એક મા.પ. તે ૭૫ હાથ લાંબુ અને ૭૫ હાથ પહોળું હોય છે.

૨. [હિ.] પું. રાંધવું; રસ્સી; દોરડું; જાડું દોરડું.

રસ્સી ૧. સ્ત્રી. અશુદ્ધ સોડા અને રાખમાંથી બનાવેલો તેજાબ.

૨. [હિ.] સ્ત્રી. રાંધવું; દોરી; દોરડું,

રસ્સીના સાપ = કારણ વગરની બીક.

રસ્સો પું. એક જાતની દોરી; જાડું દોરડું.

રહ્ ૧. ન કિ. જવું.

૨. [સં.] સ. કિ. (ધાતુ) છોડી દેવું; તજી દેવું. તે ઉપરથી બંતા શબ્દોઃ રહિત; રહ્યું વગેરે.

રહ ૧. પું. મજા; આનંદ.

૨. પું. રથ.

૩. [સં. રસ] પું. રસ; સ્વાદ.

ભાઈઓને મહે, માબાપ ખાય રહે. લોકોક્તિ

૪. [ફા. રાહ] સ્ત્રી. રસ્તો.

૫. ન. એકાંત.

૬. વિ. સહેલું; જલદ.

૭ અ. વારંવાર.

૨હક ૨હક અ. ડુમાં ભરીને, ઠસ્ઠ ઠસ્ઠ
૨હક ૨હક રોવું = આખમ.થી ઝરમરિત પાણી પડે તેમ રોવું

૨હકલ ન. (જૂ. ગુ.) માટુ; ઝટ્ટ
નેતરીયા ૨હકલે સંચરાઈ,
બાલ્ય અવસ્થા કુલિરિ ચરાઈ.
નિષ્કલંકબંધ

૨હકલા ૧. [હિ.] પું. માટુ; રેકડી
૨. પું. નાની તોપ

૨હકવું ૧. અ. ક્રિ. ઝરપૂર આસુડે રોવું
૨. અ. ક્રિ. ઊભરાઈ જવું.

૨હકાવવું સ ક્રિ. ભીંજવવું, પલાળવું.

૨હગીર [ફા. રાહગીર] પું. મુસાફર.

૨હજ ૧. ન. ભ.મ; છોડી દેવું તે
૨. ન. રહેઠાણ.

૨હદારી ૧. [ફા. રાહદારી] સ્ત્રી. આવજાવવાળા; લોકો તથા વાહનની આવજા
૨. સ્ત્રી. રસ્તો.

૨હન ૧. [અ.] પું. મીનો; મીગ્ણી; બંધક
૨. સ્ત્રી. રહેણી; રહેવું તે
૩. સ્ત્રી. રીત.
૪. ન. આચરણ

૨હનદાર ૧. [અ.] પું. મીનો રાખનાર માણસ.
૨. વિ. મીરો મૂકેલ; મીરો કરેલ; મીરો મૂકેલ.

૨હનસહન ન. રહેણીકરણી, રીતભાત
યુરોપીયનોની ઢબછબ, રહનસહન અને વેષભૂષાનું અનુકરણ કરવાનું સૂજે છે.
રામપ્રસાદ

૨હનુમાઈ [ફા.] સ્ત્રી. માર્ગદર્શન; રસ્તો બતાવવો તે.
જો મને ખુદાની રહનુમાઈમાં ભરોસો હશે તો તે મારા અંધકારથી ઘેરાએલા માર્ગને જીવનો કરી મને રસ્તો સુઝાડશે
ગાંધીજી

૨હબર ૧. પું. ધર્મગુરુ.
૨. [ફા. રહ (માર્ગ) + બર (દર્શક)] પું. માર્ગદર્શક; ભોમિયો, ચેકબર.

૨હબરી [ફા.] સ્ત્રી માર્ગદર્શન; નેતૃત્વ; દોરવું તે.

૨હબાળ વિ. પાણીથી ભીંજાઈ ગયેલ; તરબોળ.

૨હમ ૧. [અ. રહમ (તે દયાળુ હતો)] સ્ત્રી. કૃપા; કરુણા; દયા; અનુગ્રહ, મહેરબાની; રહેમ.
૧. ૨હમ કરવી–ખાવી = દયા કરવી.
૨. ૨હમે સનમ = બહકૃપા.
૨. [અ. રિદ્મ] પું. ગલોરામ.
૩. સ્ત્રી. ચોખાની બનાવેલી મીઠી પૂરી.
૪. સ્ત્રી. દર્દ.
૫. સ્ત્રી. રબ્બેદર્દન.

૨હમત ૧. [અ.] પું. દયા; અનુગ્રહ; રહેમત; મહેરબાની.
૨ સ્ત્રી વરસાદ.
૩. બ. બાળકો; બાલબચ્ચાં.

૨હમતુલ્લાહ [અ.] અ. ઈશ્વરની તેના ઉપર દયા થાઓ; મરી ગયેલ ઉપર ઈશ્વર શાંતિ બક્ષે

૨હમદિલ [અ.] વિ. દયાળુ; દયાવાળું.

૨હમદિલી સ્ત્રી. દયા

૨હમાન ૧. [અ.] પું. દયાળુ ઈશ્વર.
૨. વિ દયાળુ; પરમકૃપાળુ.

૨હમાની [અ.] વિ. દૈવી.

૨હરહ ૧. અ. મુખે મુખે; હુસકાં મૂકીને.
કાઠો વાંધે ને દાઢો ૨હરહ રૂવે રે.
લોકગીત
૨. અ. બસ ! બહસો.

૨હરેજ પું. રથ ચલાવવાથી તેના પૈડાથી ઊડતો ધૂળનો રજકણ

૨હલ ૧. પું. બકેલ.
૨. [અ. રહ્લ] પું મુસાફરી કરવા ઊપડવું તે.
૩ સ્ત્રી. પુસ્તક રાખવાની લાકડાની બોડી.

૨હલૂ ૧ [હિ] પુ ઘોડ માણસને બેસવાની હળવી ખુલ્લી ગાડી.
૨. પું. માલવ્ય ગાડી.

૨હવાઈ ૧ સ્ત્રી પાકના રખોપાની ફી
૨ [હિ , સ્ત્રી રહેવાનું ભાડું; મકાન ભાડું.

૨હવાલ ૧. પુ રેલ્વેની ચાલે ચાલતો ઘોડો.
૨. સ્ત્રી. ઘોડાની બેઠ ચાલ.

૨હવાસ [હિ.] પુ. રહેઠાણ; ઘર.

૨હવૈયા [હિ.] પું. રહેવાસી; વતની.

૨હસ ૧. [હિ.] પુ. આનંદ; સુખ.
૨. પું. કાનજીપોપીનો રાસ. શ્રાવણીના વદ્ય અગીયારસના દરબારમાં આવો રાસ લેવામાં આવતો
૩. પુ. સમૂહ
૪. પું. રહસ્ય
૫. સ્ત્રી સહેનલાલ ઝવેરીના વખતનો એ નામે ઓઢ ગોળ તેમ જ ચોખડા આકારનો સોનાનો સિક્કો. તે સહેનલાલ નામના સિક્કાથી જરાયે ઓછા કીમતનો હતો અને તેની બેઠ બાજુએ સહેનલાલ પ્રમાણે જ છાપ અને બીજી બાજુએ શેષ ફૈજીકૃત બેતો કોતરેલી હતી.
૬. [સં રહસ્] ન. એકાંત; નિર્જનસ્થાન.
૭. [હિ.] ન. ઝવેરાતું તે.
૮. ન. ગુપ્તભેદ; છુપી વાત
૯. ન. ગુપ્ત અંગ.
૧૦. ન. મૈથુન.
૧૧. ન. સલતા; રમ્યતા.
૧૨. વિ. ગુપ્ત

૨હસરેહસ અ અનાદરથી

૨હસવું અ. ક્રિ. ખુશી થવું; આનંદ થવો.

૨હસળાટ સ્ત્રી. જાણી જોઈને સાભળ્યું ન સાભળ્યું કરવું તે; આંખ આડા કાન કરવાપણું.

૨હસ્થિ ૧. [હિ.] સ્ત્રી. ગુપ્તસ્થાન; એકાંત સ્થળ)
૨. [સં.] સ્ત્રી. બાનગીમાં.

૨હસૂ [સં.] સ્ત્રી. બ્યભિચારિણી સ્ત્રી; બરાબ્ય આચરણી સ્ત્રી; પુબશ્ચલી

૨હસ્થ વિ. એકાંતમાં રહેનાર.

૨હસ્ય ૧. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની એ નામની એક ઉપનિષદ. આનું બીજું નામ ગુપ્તરહસ્ય છે.
૨. ન. અંતરની ઇચ્છા.
૩. [સં.] ન. અનુષ્ટુપ વગેરેનો છુપો મંત્ર.
૪. ન. કીમત.
૫. ન. ગુપ્ત દાન.
૬. [સં રહસ્] ન છુપો ભેદ.
૭ ન. મશ્કરી; મજાક.
૮. ન. ભાવો, મર.
૯. ન. સાર; તત્ત્વ; અર્થ.
૧૦. ન. હૃદય.
૧૧. વિ. ગુપ્ત; છુપું.
૧૨. વિ. ચમત્કારિક.
૧૩. વિ. જાનું રાખવા લાયક; એકાંતમાં બનેલ.
૧૪. અ. છાની રીતે.

૨હસ્યપ્રકાશન [સં. રહસ્ય (ભેદ) + પ્રકાશન (જાહેરમાં મૂકવું તે)] ન. છુપો અર્થ ખુલ્લો કરવો તે; ભર્મ ખ્યુ કરવો.
મારે માટે તો એક રેવેલેશન માને રહસ્યપ્રકાશન આ નવો શબ્દ આપણે પ્રેરિત છે. કીમુદી

૨હસ્યમય ૧. વિ. ઊંડા ભેદથી ભરેલું; ઊંડા ભેદવાળું
૨. વિ. રહસ્યવાળું; તત્ત્વવાળું.

૨હસ્યમંત્ર પુ એ નામે એક પ્રાચીન વિદ્યા.

૨હસ્યમંત્રી [સં. રહસ્ય + મત્ર્ (મર્ત્રા કરવી) + ઇન્ (વાળુ)] પું. અમાલા; ખાનગી કારભારી; ' પ્રાઈવેટ સેક્રેટરિ. '

૨હસ્યવાદ પું. વાદનો એક પ્રકાર; અમમ્યવાદ; સત્ય અથવા પરમાત્મા સાથે સીધો સંપર્ક થાય છે એવો મત.

રહસ્યવાદી [સં. રહસ્ય (ભેદ) + વાદિન્ (મતમાં માનનાર)] વિ. ગૂઢવાદી; અગમનિગમવાદી, અગમ્યવાદી.

રહસ્યવિદ્યા [સં. રહસ્ય (ભેદ) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. ગુહ્યવિદ્યા; પરાપરવિદ્યા, ભૂતડાકણ, જ્યોતિષ, કીમિયાગર વગેરેની ગૂઢ વિદ્યા.

રહસ્યસ્તોત્ર ન. એ નામની એક છંદોબદ્ધ સ્તુતિ. એક બે સ્તોત્રો પ્રસિદ્ધ કવિ કાલિદાસનાં રચેલાં મનાય છે.

રહસ્યા ૧. સ્ત્રી. પાઠા.

૨. સ્ત્રી. (પુરા.વ) મહાભારતમાં જણાવેલી એ નામે એક પ્રાચીન નદી.

૩. સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.

રહસ્યાખ્યાખ્યાન ૧. [સં. રહસ્ય (ભેદ) + આખ્યાન (વર્ણન)] ન. કોઈની છાની વાત ઉઘાડી કરવી તે.

૨. ન. (જૈન) શ્રાવકના બીજા અણુવ્રતના પાંચ અતિચારો એ નામનો બીજો અતિચાર; રાગથી પ્રેરાઈ વિનોદ ખાતર કોઈ પતિપત્નીને કે બીજા સ્નેહીજનોને જૂઠા પાડવા કે કોઈ એકની સામે બીજા ઉપર આરોપ મૂકવો તે.

રહંત વિ. રહેતું.

નામ રહંતા કામનો, નાણા નવ રહંત.
બોટાદિ

રહંસ ન. (પિંગળ) હોંશ; સહસા.

રહા ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ આ રાસક પ્રાકૃત વર્ણ અપભ્રંશમાં છે. તેમાં દોહા, આભા, રહા, પદ્ધડિકા, ચંદ્રાયણ, અર્ધ ફોરે છંદો વાપરેલા છે. ૫ મી શ. સા. પ.

૨. સ્ત્રી. ચાલ; વર્તન.

૩. [કા.] સ્ત્રી. છુટકારો.
રહા કરવું = છોડી મૂકવું.

૪ સ્ત્રી. માર્ગ; રસ્તો.

૫. [હિં.] વિ. બાકીનું.

૬. વિ. રહેલું; વધેલું.

રહાઈ ૧. સ્ત્રી આરામ; ચેન.

૨. [કા.] સ્ત્રી. મુક્તિ; છુટકારો.

૩. સ્ત્રી. રહેવું તે.

રહાઈશ [હિં.] સ્ત્રી. રહેઠાણ; મુકામ.

રહાડ ૧. [સં.] પું. અમાલ, અમો; પ્રધાન.

૨. પું. પાણીનો ઝરો.

૩. પું. બકાસુરરાક્ષસ.

૪. પું. ભૂત; પ્રેતાત્મા.

૫. પુ. રહેંટ.

રહાડ (રહાડ) ૧. સ્ત્રી. ચીસ; ભમ; રાડ.

૨. સ્ત્રી. ફરિયાદ.

૩. સ્ત્રી બડાઈ.
રહાડ કરીને આવું આવું કરે છે.
સરસ્વતીચંદ્ર

રહાણ સ્ત્રી. સવારનો હળવો તાપ.

રહાદાર [ફા. રાહદાર] પું. વટેમાર્ગુ; ભોમિયો.

રહાવટ સ્ત્રી. પતિપત્નીએ ઘર માંડીને રહેવું તે.

રહાવણ ન. રાવણ.

રહાવણ વાત જનેતા ન કંપ. હરિરસ

રહાહા પું. (પિંગળ) દેવમંધાર રાગને મળતો એક રાગ.

રહિત ૧. ન. એકાંત.

૨. વિ. ખાલી.

૩. [સં. રહ્ (છોડી દેવું)] વિ. છોડેલ.

૪ વિ. નિર્જન; એકાંત.

૫. વિ. વગરનું; વિનાનું.

રહિમાણ સ્ત્રી. (જૂ. ગુ.) દુનિયા; પૃથ્વી.

રહીમ ૧. [અ.] પું. પરમેશ્વર.

૨. વિ. કૃપાળુ; દયાળુ.

રહીરહીને ૧. અ. ઊભરે; આખરે; પાછળથી; અંતે

રહી રહીને જાગે ત્યારે ખોળે ખીજ માગે = કોઈ કામ બહુ મોડું કરવું; યોગ્ય સમય વીતી ગયા પછી કામની શરૂઆત કરવી.

૨. અ. થોડી થોડી વારે ક્રમ; વખતો વખત; વખતમાં વખત જઈ જઈને.

૩. અ. ધીમે ધીમે.

૪. અ. ફરી ફરીને.

રહીવાળ સ્ત્રી. ખોડાની ચાલ; રેવાલ.

રહીશ વિ. રહેવાસી; વતની; રહેનાર; નિવાસી.

રહુગણ ૧. પું. ઔત્તિરસ ગોત્રની અંતરની એક શાખા કે ઋષિ.

૨. પું. ઋગ્વેદના નવમા મંડળના ૬૬ અને ૬૮મા સૂક્તના કર્તા એ નામે એક ઋષિ.

૩. પું. એ નામના વંશનો મનુષ્ય.

૪. પું. (પુરાણ) સિંધુ દેશના એક રાજાનું નામ. તેણે ભરત મુનિને પાલખી ઊંચકવાની ફરજ પાડી હતી. એક વખત તે મેનામાં બેસી કપિલાશ્રમ તરફ ઇક્ષુમતીને તીરે જતો હતો ત્યાં રસ્તામાં તેનો ભેટો થઈ ગયો એટલે સેવકોએ રસ્તામાં પડેલા જડભરતને પકડી લાવી તેની પાસે મેનો ઉપાડ્યો. જડભરત મંદ ગતિએ ચાલતો હોવાથી મેનાની ગતિ મંદ પડી અને કેટલા આવવા. લાગ્યા. તેથી રાજાએ તેની મશ્કરી કરી અને ગુસ્સે થયો. આ ઉપરથી જડભરતે તેને અધ્યાત્મનો ઉપદેશ કર્યો. તેથી રાજા નીચે ઊતરીને તેને પગે લાગ્યો.

રહેંટ પું. સૂતર લપેટવાનો રેંટિયો.

અનુસ્વાર લોપે ચાતાડિયા માણસને રહેંટ (સૂતર લપેટવાનો રેંટિયો) કહે છે. પ્રસ્થાન

રહેઠાણ [રહેવું + સ્થાન (જગ્યા)] ન. નિવાસ; વાસ; સ્થાન; મુકામ.

રહેઠાણક ૧. પું. સ્ત્રી. ન. વસવાટ; વાસ; રહેવાનું સ્થાન; રહેઠાણ; મુકામ; વસતીવાળું ઘર. ગૃહવિધાનમાં જણ્યું છે કે: રહેણાકના ખંડો જોયા કે, ઢાલન, બેઠક, આરામ, અભ્યાસ, શયન વગેરે જોવા ખંડો સિવાય વધારામા ઉપખંડોની કે પેટા મકાનોની જરૂરિયાત રહેવાની. તે પૈકીનાં નામ નીચે પ્રમાણે છે: (૧) રસોડું, (૨) પાણિયારું, (૩) નાવણિયું, (૪) કામમાંજણ, (૫) જળતણ, (૬) કોઠાર, (૭) ભડાર, (૮) પાયખાનું, (૯) ગેસાણખાનું, (૧૦) મોરણ, (૧૧) ઉનાળણ, (૧૨) તબેલો, (૧૩) ગેરેજ. (૧૪) નોકરવર, (૧૫) પગીઘર, (૧૬) ગૌશાળા, (૧૭) માળીઘર અને (૧૮) વાસણબાર. ઉપર ગણાવેલ નામો વિગ.રસકામ માટે છે. તેમાનાં બધાની જરૂરિયાત હોતી નથી છતાં તેમાનાં અમુકની તો કરેકને જરૂરિયાત હોય.

૨. વિ. રહેવામાં વપરાતું.

રહેણી ૧. સ્ત્રી. નિર્વાહનું ધોરણ; વૃત્તિમાધ્ય ' રળ્યું ખાવું ખાવું '.

દક્ષિણ આફ્રિકામાં અને ગોરાઓ વચ્ચે હિંદુઓએ પાયાલ રહેણીને અનુસરવું એ આ તહનામાનું સહજાત વસ્તુ છે. મ. ક. ગાંધી

૨. સ્ત્રી. રહેવાની રીત; આચાર; આચરણ; રીતભાત; વ્યવહાર.

કહેણી તેવી રહેણી જોઈએ = બોલવા પ્રમાણે વર્તન રાખવું; જેવું બોલવું તેવું વર્તવું.

૩. સ્ત્રી. રાત.

નિર્મળાનંદના નાથ કહેતા,
બીતે છે દિન ને રહેણી. નિર્મળાનંદ

રહેણીકરણી ૧. [રહેણી + કરણી] સ્ત્રી. જીવન વ્યવહાર.

૨. સ્ત્રી રીતભાત; વર્તન.

૩. સ્ત્રી. રીતરિવાજ; રહેવાની અને કામકાજ કરવાની દરેક જગ્યા રીત; રહેણી અને કામકાજની રીતભાત; આચારવિચાર.

રહેમ ૧. સ્ત્રી. ઉપકાર; આભાર.

૨. [અ. રહમ (તેણે દયા કરી)] સ્ત્રી. મહેરબાની; કૃપા; દયા; કરુણા.

રહેમ નજર = કૃપાદૃષ્ટિ; દયા; અનુકંપા; કરુણા.

રહેમત [અ. રહમ (તે દયાળુ હતો)] સ્ત્રી. દયા; કૃપા; મીઠી નજર; મહેરબાની.
ખુદાની રહેમતે પહોંચવું = મરણ પામવું.

રહેમતુલ્લા [અ] સ્ત્રી. ઈશ્વરકૃપા.
પોતાની બીજી મિલ્ક રહેમતુલ્લા અર્થાત્ ઈશ્વરકૃપા મિલકમાં જવા લીધી પછી. પરીખર મ.જ

રહેમદિલ [અ. રહેમ (દયા) + દિલ (હૃદય)] વિ. કૃપાળુ; દયાળુ.

રહેમદિલી [અ.] સ્ત્રી. દયાભાવ; કૃપાળુતા.
સ્વદેશી એ કરોડને કલ્યાણકારક છે. કમાળ પ્રજાની રહેમદિલીનું ચિહ્ન છે. નવલગ્રંથ

રહેમનજર [અ. રહેમ (દયા) + નજર (દૃષ્ટિ)] સ્ત્રી. દયાની દૃષ્ટિ; કૃપાદૃષ્ટિ.

રહેમાન ૧. [અ. રહમ (તે દયાળુ હતો)] પું. ઈશ્વર; ખુદા; પરમ કૃપાળુ પરમેશ્વર
૨. વિ. દયાળુ; કૃપાળુ.

રહેમાની [અ.] વિ. દયાળુ; કૃપાળુ

રહેમિયત ૧. સ્ત્રી. દયા; અનુકંપા.
૨. [અ.] સ્ત્રી મહેરબાની; કૃપાદૃષ્ટિ; રહેમ; ડિસ્પોઝ; માયા.

રહેમી [ફા.] વિ. રહેમવાળું; દયાળુ; કૃપાળુ.

રહેય સ્ત્રી. બંગીતરા; આત્ત
લાજ લૂંટાતી લખમી ભતી ભૂખની રહેયો લાગી. સુંદરમ

રહેવર ૧. [ફા. રાહબર] પું. રસ્તો દેખાડનાર; ભોમિયો; રાહબર
૨. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

રહેવાનું ૧. ન. ક્રિ. ચેન પડવું.
૨. ન. ક્રિ. રહી શકાવું.

રહેવાશ ૧. [રહેવું + આશ (નામ બનાવનાર પ્રત્યય)] પું. રહેઠાણ; મકાન; રહેવાસ; ઘર; રહેવાની જગ્યા; વાસ
૨. પું. રહેવું કે વસવું તે.
૩. પું. વસવાટનો સમય

રહેવાશી વિ. રહેનાર; વસનાર; રહીશ; વતની; નિવાસી

રહેવાસ જુઓ રહેવાશ.

રહેવાસી જુઓ રહેવાશી.

રહેવું ૧. ન. ક્રિ. અમુક રહેવું.
૨. ન. ક્રિ અમુક જગ્યાએ સ્થિર થવું; વસવું; નિવાસ કરવો.
૩. ન. ક્રિ. આચરવું; વર્તવું; ચાલવું.
૪. ન. ક્રિ. આશામાં રહ્યા જોવું.
૫. ન. ક્રિ. જેવું એ જ થવું; તે જ સ્થિતિમાં આવવું
૬. ન. ક્રિ. કબૂલ થવું.
૭. ન. ક્રિ. કુટુંબમાં હોવું.
૮. ન ક્રિ. ક્રિયા ચાલની રહેવી. વર્તમાનકૃદંત સાથે એ અર્થમાં વપરાય છે. જેમકે, તે પેર કામણ કાપતો રહે છે.
૧. ખરી રહેવું = સાચું રહેવું.
૨. પગ પાયર્યો રહેવું = કામકાજ કર્યા વિનાનું રહેવું.
૩. રદ રહેવું = (૧) અટકી પડવું. (૨) પૂંછી પડવું. (૩) તળ રહેવું. (૪) દુઃખનાં ઝાડ ઊગવાં. (૫) રખડી પડવું. (૬) સલવાઈ જવું
૯. ન. ક્રિ (હિંદી) ક્રિયા ચાલુ હોવી. બીજા ક્રિયાપદના ભૂતકૃદંત સાથે એ અર્થમાં વપરાય છે. જેમકે, હું વિચારી રહ્યો છું કે હવે મારે શું કરવું.
૧૦. ન ક્રિ. ક્રિયા પૂરી કરવી. બીજા ક્રિયાપદના ભૂતકૃદંત સાથે એ અર્થમાં વપરાય છે. જેમકે, તે જોતી રહો.
રહી જવું = (૧) આકારાઈ જવું; અંગનું જૂદું પડી જવું; વાના રોગથી ઝલાઈ જવું. (૨) અટકી પડવું; રોકાઈ જવું. (૩) અધૂરું રહેવું. (૪) ગર્ભાધાન થઈ જવું. (૫) ચૂકી જવું; ભરી જવું. (૬) બાકીમાં હોવું; બાકી રહી જવું. (૭) મુકામ કરી પાકવો. (૮) મૃત્યુ પામવું. (૯) સાજા ન થવું; લાગ ન ઊઠાવી શકવો
૧૧. ન. ક્રિ. ગમવું; ચેન પડવું.
૧૨. ન. ક્રિ. ગર્ભ રહેવો.
દહાડા રહેવા = ગર્ભવતી થવું.
૧૩. ન ક્રિ. ચાલવું બંધ કરવું.
બંધ રહેવું = અટકવું; ચાલુ રહેવું બંધ થવું.
૧૪. ન ક્રિ. છુપાવવું ચાલુ રાખવું; છુપવું; છુપતા રહેવું.
પોસાડે બાદીખરી હું મર્મ કોને અનુપ.
ગૌરવે ગરીબાઈનિ કબ્બોર રહું જ હું.
ગાંધીગીત
૧૫. ન. ક્રિ. ટકવું; ઠરવું; સ્થગ રહેવું; નભવું
ક્યાં રહે ? = ક્યાં બચવું ? શી રીતે બચે ?
જેમકે, ચાળ ચાલીને ક્યાં રહે ?
૧૬. [સં. રહ્ (છોડી દેવું)] ન. ક્રિ. તજી દેવું; છોડી દેવું. ગુજરાતીમાં મૂળ ધાતુનો ઉચ્ચારાઈ ગયેલો અર્થ રહ્યો છે. રહ્ જોડલે જતા રહેવું થાય. તારે ગુજરાતીમાં રહેવું કે સ્થિર થઈ જોડે કોઈએ વાસ કરવો એનો અર્થ થાય છે.
૧૭. ન. ક્રિ. બોલવું; બોટી થવું; અટકવું.
૧. રહેવા દેવું. = (૧) અટકાવવું; બંધ પાડવું. (૨) જવા દેવું; કાંઈ ધ્યાન ન આપવું. (૩) તજવું; છોડવું. (૪) રહેવાની પરવાનગી આપવી.
૨. રહી રહીને = અટકતાં અટકતાં; સતત ચાલુ નહિ એમ.
૧૮. ન. ક્રિ નિર્વાહ કરવો; આજીવિકા મેળવવી; ગુજરો કરવો; ખાઈને જીવવું.
૧૯. ન. ક્રિ. નોકરી કરવી; કામકાજ કરવું; નોકરીએ લાગવું.
૧. બારીએ રહેવું = નોકરીમાં જોડાવું
૨. તેની જગ્યા ઉપર રહેવું = કોઈને બદલે કામ કરવું.
૨૦. ન. ક્રિ. પક્ષપાત થવો; શરીરનું અંગ ખોટું પડી જવું.
૨૧. ન. ક્રિ. પૂરું કરવું.
પાળાને પાળા રહેવું = ગુનો કોણે કર્યો તપાસ કરવી.
૨૨. ન. ક્રિ. બાકી રહેવું; બચવું; વધવું.
૨૩. ન. ક્રિ. ચાલું; ચલાવું.
૨૪. ન ક્રિ. રાખવું.
૨૫. ન. ક્રિ. વખત કાઢવો; કાળ ગુજારવો.
ક્યાં રહે = ક્યાં બચે ? શી રીતે બચે ?
૨૬. ન ક્રિ. જેમતું હોવું; દૂર હોવું.
૨૭. ન. ક્રિ. સંયોગ કરવો; નિપુણ કરવું; સમાગમ કરવો.
૨૮. ન. ક્રિ. સ્થિતિ કરવી.
૨૯. ન. ક્રિ. (જૂ. રૂ.) સ્વસ્થ થવું; શાંત પડવું.
૩૦. ન. ક્રિ. હોવું.
રહે તો આપણી અને બચ તો સામા આપણી = સમજે તો પોતાની મેળે સમજે અને ન સમજે તો સામા આપને કશો પણ ન માને.

રહેંટ ૧. [સં. અરઘટ્ટ] પું. કૂવામાંથી પાણી ખેંચવાને માટે કરવી ટોચકાંવાળા ચક્રની યોજના; ઘટીયંત્ર; પાણી ખેંચવાનું સાધન. રહેંટ જૂના જમાનાથી હલ્લી ચલાવે છે. ઝાઝેરમાં તે સંબંધી ઉલ્લેખ છે.
ચાલ્ય કાઢને આંબળા, નાર પાખણી વેર
રહેંટ ખટકે વાડિયે, લોક બીજી નાવેર
ઝોક અને સાહિત્ય
૨. પું. ઝિલ્લીદડાનો બીજો દાણ.

રહેંડા [હિ.] પું. રેંટિયો.

રહેંટિયો ૧. પું રેંટિયો.

૨. વિ. પું. [મજૂરનો ઉલ્લેખ કરનારું.

ચહ્વાણ્ડાઈએ મિલનો હડતાલ આરમ્ભો ત્યારથી નગરમાં તેમને રહ્વેડ રહેંટિયો એ નામથી ઓળખતા હતા. રમણલાલ મુકુર

રહેંસવું ૧ સ. ક્રિ. ચીરી નાખવું; કતલ કરવી; કાપવું

૨. સ ક્રિ રીબવું; પીડવું.

૩. સ. ક્રિ. રેંસવું; નાશ કરવું.

રહેંસાવું ૧ સ. ક્રિ. કપાવું; કતલ થવી; મરી જવું

૨. સ ક્રિ. રિબાવું

રહાડોજ સ્ત્રી ચોતરફ, ચારે દિશા.

રહાડોજ બૂ તજથી કરવી બરતી.

કાન્હડદેપ્રબંધ

રહોંચો પું. મૂર્ખ; બુડથલ.

રહાસો પું પસાગો; હલ્લો

રહું ૧. અ. જરા તો, પડતું મૂકો એવા અર્થમાં વપરાતો ઉદ્ગાર.

૨. અ. નકારવાચક વાક્ય પછી, 'તો ભલે એટલે શોભતું', 'ભલે એટલે વાત ભઠ્ઠે' એવા ભાવનો ઉદ્ગાર. જેમકે, ના આવે તો રહ્યું.

૩. અ. બસ; બંધ; ખલાસ; પતી જવું એમ; અંત આવી ગયો એમ; પીંછું; પત્યું.

રહુંસહું ૧. વિ. એકાદું.

૨. વિ. ઠીક ઠીક.

૩. વિ. નહિ જેવું.

૪. વિ. બાકી બચેલું, થોડું; બાકીનું રહેલું કે વધેલું

૫. વિ. બચ્યું ખટ્યું.

રળ સ્ત્રી. કમાણી; ઊપજ આવક; કમાઈ

રળત ખપત સ્ત્રી. રળવું અને ખરચવું તે.

રળતર ૧. ન કમાણી, પેદાશ; પ્રાપ્તિ; રળો; આજન; રળવું તે; ઊપજ; કમાઈ; ઉપાર્જન.

૨. ન. લાભ; નફો; કાયદો; ફાયદો.

રળવું ૧. સ ક્રિ. કમાવું; પેદા કરવું; ઉદ્યોગ, શ્રમ કરીને બદલો મેળવવો; મહેનત મજૂરી અથવા કામકાજનો બદલો મળવો; સંપાદન કરવું

૧. રળીખપીને જીતરવું = (૧) ઉપાધિમાંથી મુક્ત થવાની સ્થિતિએ પહોંચવું; નિવૃત્તિનો વખત આવવો (૨) નક્કી નુકસાનમાં ઊતરી ખૂબી જવી; વ્યવહારિક કાર્ય ચલાવવામાં ગાડી જવું. (૩) મેળસોને ચુમાવવું.

૨. રળીખળી આવવું = મહેનત કરી માંડેલા પાકેલા પૈસા આવવા.

આખા દિવસનો રળીખળી આવ્યો,
બાકીએ ન બાકું બાણી. નરસિંહ

૨. અ ક્રિ. ખુશી થવું.

૩. સ. ક્રિ. મુજરાત ચલાવવું; ગૃહવ્યવહાર ચલાવવો

રળી આવું = મુજરાત ચલાવવું; ગૃહવ્યવહાર ચલાવવો.

૪. સ. ક્રિ. નફો કરવો; ખાટવું; લાભવું.

રળાઉ ૧. વિ. કમાઉ; પેદાશક; રળતું; કમાતું; રળનાર.

દુઃખણી બૈરી અને રળાઉ દીકરો હોને ન ગમે ? = કમાણી કરાવનાર સૌને પ્રિય હોય છે

૨. વિ. નફો આપે તેવું

૩. વિ. લાભકારી, હિતાવહ.

રળારળવું સ. ક્રિ સુખ પામવું

રળાવેલ વિ. કમાઈ આવે એવું કરેલ; કમાવેલ.

રળિઆયતિ અ. (બ્રા. પ્રા.) આનંદથી; ઉલ્લાસપૂર્વક.

વચન સાભળી આવી રિદિ,
ઋષિ રળિઆયતિ વાહી ચરિ. સાલિભ

રળિઆળો વિ. પેદાશ કરનારું; કમાઉ.

રળિયાત ૧. વિ. આનંદ પામેલ; પ્રસન્ન; રાજી. ખુશ

વચને રામ રળિયાત કીધો, શીખ આપી સાચવો; વિપ્ર વચ રામને વખાણી, તે માન સરોવરે મલવો. અ.લ.

૨. વિ. મસ્ત; રસભસ થઈ ગયેલ

૩. વિ. સુંદર; રળિયામણું; મનોહર; આંખને પ્રિય લાગે તેવું.

રાળિયામણું ૧. વિ. આહ્લાદક; આનંદમય; મન ખુશ થાય તેવું.

૨. વિ સુંદર; મનોહર; આંખને પ્રિય લાગે તેવું; સુશોભિત.

રળિયું વિ. રળનાર; કમાનાર.

રળી ૧. સ્ત્રી. આતુરતા.

૨. સ્ત્રી. કોડ; હોંસ; ઉમંગ.

૩. સ્ત્રી ખુશી; હરખ; આનંદ.

૪. વિ. મનમોહક.

૫. અ. ઘડતી રીતે; મજા પ્રમાણે

રળીઆયિત વિ. આનંદિત; પ્રસન્ન.

વચન સુણી આ રીતના રે,
ઋષિ રળીઆયિત થાય આસિભ

રળીખળી વિ. પાયમાલ.

તે દહિલિકુ ખોટું હોય તો પણ સોના સમાણું લખનને રળીખળી કરવું એ વિધિની કલાના નિયમ બોલ્યુને હું અનુસર્યો છું.

કનૈયાલાલ મુનશી

રળીરાળો ૧. અ. આનંદ; મોજમજામાં; હરખ સાથે; ખુશીથી; બરાર તકરાર; સાંધી રીતે.

૨. અ. નિરાંતે; અડચણ વગર, સુખશાંતિથી.

૩. અ. બોજ રીતે; અનાદર.

૪. અ. સહેજ વગર.

૫. અ સુખેથી, નિરાંતે

રળીરોષ ૧. સ્ત્રી. કંઈ પણ મનદુઃખ ન થાય તેવી સ્થિતિ; વૈમનસ્ય ન થાય તેવી સ્થિતિ.

૨. સ્ત્રી. નિરાંત

૩. સ્ત્રી. રાજીખુશી

૪. સ્ત્રી. સુખ; સલાહ.

રળીહોંશ ૧. સ્ત્રી. રાજીખુશી; રળીયામણ.

૨. સ્ત્રી. સરળતા.

રળેલ વિ કમાએલ; કમાઈ આવેલ.

રળો ૧. પું. કમાણી, પેદાશ; રળતર

૨. પું. લાભ; નફો; ફાયદો.

રંક ૧. [સં.] પું ગરીબ માણસ; ભિખારી.

૨. પું. લોભી માણસ, લોભીઓ.

૩ વિ. કૃપણ, કંજૂસ

૪. વિ ગરીબ; રાંક; નિર્ધન; ધનહીન

૫. વિ. પામર, ક્ષુદ્ર

૬. વિ. બળ રહિત, કમાલ

૭. વિ. મંદ; આળસુ; સુસ્ત.

૮. વિ. હીણ, નરમ; નમ્ર.

રંકને ઘેર રતન = ગરીબ માણસને ત્યાં કો�મતી વસ્તુ હોવી તે. જેમકે, રણછોડજીને ત્યાં યુધ્ધજીત પુત્રપુત્રી.

રંકતા સ્ત્રી. ગરીબી; રંક હોવાપણું.

રંકરસ પું. કરુણરસ.

રત્નાકર રંકરસે, ભર્યા કર્યા ભનમાં. વલ્લભ

રંકરંજણ (રંકરંજન) સ્ત્રી. ગરીબોને હેરાન પરેશાન કરવા તે; અન્યસમાજ, નિર્બળ અને ધનરહિત કમાલ માણસોને પજવવાં તે.

રંકવાદ પું. સામ્યવાદ; 'બોલશેવિઝમ.'

રંકાર જુઓ રણકાર

રંકિત વિ. ગરીબ.

રંકુ ૧ પું. પ્રાચીન કાળના ભારતનો એ નામનો એક દેશ.

૨. [સં.] પું. રૈભમેરેગી પીતવર્ણું કરણ; જાતિપ્ર.૨

રંગ ૧. પું. અલંકાર.

૨. પું આનંદ; ખુશી; મોદ; ખુશહાલી.

૧. રંગ જામવો = (૧) આનંદની છોળ ઊછળવી. (૨) ફાલી જવું. (૩) મજા આવવી. (૪) મજા આવે એવી કક્ષાએ પહોંચવું. (૫) રંગનું એક અવયવમાં ચોટી જવું.

૨. રંગ મચાવવો = આનંદ જમાવવો કે કરવો.
૩. રંગની રોળ = અતિ આનંદ; ઉત્સાહ.
૪. રંગમાં ભંગ = આનંદમાં ભંગાણ
૫. રંગમા હોવું = આનંદી ભાવમા હોવું.

૩. પુ આબરૂ; પ્રતિષ્ઠા.
રંગ રાખવો = (૧) આબરૂ, શોભા કે ગૌરવ રાખવાં. (૨) કામ કૌશલ્યથી પાર પાડવું. (૩) ટેક રાખવી; વટ સાચવવો. (૪) પોતાનું માન, હોદ્દો, અધિકારપણું વગેરે જાળવી રાખવું.

૪. પું. ઉત્સાહ

૫. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેના પહેલા અને બીજા દલમાં દરેકમાં ૨૮ માત્રા હોય છે. તે ઉદ્‌ગતાની એક જાત છે. તેના વિષમ પદમાં ૩, ૭, ૧૧ અને સમમાં ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે છે. તેમા લઘુ નથી. એકેક ગુરુ વધારી બે લઘુ કરતા તેના ૨૫ ભેદ થાય છે.

૬. પું. કસૂંબો.
આલે આ દાસી પોતાને હાથે આપને રંગ આપવ. ઘમ્મે છે. ઘ. સુ દેસાઈ

૭. પું. કસૂંબો લેવા માટે કાળાશવી આપવી તે. ઘણી પણ રજપૂતોમાં કસૂંબો લેવો વેળા એક બીજાને રંગ આપે છે.
દોહા રંગ તને દઉં, સોહ્ય ખુદિકાર.
મોટે ઊજળે કે મને, પાર કરા પરમાર
સ રાજાની રજપાર

રંગ ફેરો = (૧) અતિશયોક્તિ કરવી; મીઠુમરચું ભભરાવવું (૨) અભિનંદન આપવા; શાબાશી આપવી. (૩) કોઈને પોતાના પ્રેમપાશમાં ફસાવવા માટે તેના પ્રતિ પ્રેમ પ્રકટ કરવો. (૪) રંગ બગાડવો; અમુક વ્યક્તિનું નામ યાદ કરીને કહ્યો કે કસૂંબો પીવો. (૫) રંગવું. (૬) રંગ આપવું. (૭) પરાતન ચડાવવું

૮. પું. ક્રીડા, વિલાસ.
રંગ અહમ જ રંગેગ કુસુમ શર શયન સજે સુકુમારી.
કેશવ હર્ષદ

૯. પું. ખેરસાર

૧૦. પું. ગણ્ઠફાના પત્તામાં ચાર માંહેની કોઈ એક જાત; ગણ્ઠફાની રમતમાં લાલ, કાળી, ચોકડી અને ફિલેવર માંહેની કોઈ એક જાત.

૧૧. પું. ભાલોજાતીનો; આબાદીનો; કસબનો
તે રંગ યદી પણ અધિક સરસ રંગ યદી સબરે બાત.
નર્મદ.સં ૨

૧૨. પું. ટકાઉપણું.

૧૩. પું. દોકો; દહકો.

૧૪. પું. ઢોળ; ભભકાનો દેખાવ.

૧૫. [હિં.] પું. ઢંગ; ઢબ; ચાલ.

૧૬. પું. તરંગિતતા; મનની સ્થિતિ.

૧૭. પું. તરંગ; કલ્પના; ખુટ્ટો.

૧૮. પું. દેખાવ; દરબ.

૧૯ પું. દોર; દમામ.

૨૦. પું. નખરો; કેફ; ગમત.

૨૧. પું. નાટ્ય સ્થાન; નાટ્યભૂમિ; રંગભૂમિ; નટકરાગણ

૨૨. પું. નૃત્ય; નાચ; નાચગાન.

૨૩. પું. પટ; અક્ષર; ચામ.

૨૪. પું. પ્રભાવ.

૨૫. પું. પ્રેમ; પ્રીતિ; અનુરાગ; સ્નેહ.
રંગ લાગવો = (૧) અનુરાગ થવો. (૨) રંગ જામી જવો; રંગનો ભાવ પડવો. (૩) રંગની અસર થવી.

૨૬. [સં.] પું. ભાગ; વિભાગ.

૨૭ પુ બ વ
પેરે પેરે પીતાંબરે, ચરણ કરી રાખવા,
નવી નવી ભાતનો રંગ સાખો.
નરસિંહ

૨૮ પુ મજા; રમઝટ.
રંગમાં રહેવું-હોવું = તાનમાં કે મોજમાં રહેવું.

૨૯. પું. મસ્તી; તાન.
રંગમાં આવવું = (૧) ખોડીનું ગરબીમા આવવું (૨) તાનમાં આવવું; ઉત્કટ આનંદની સ્થિતિમાં આવવું.

૩૦. પું. નિમ્ન; નિમિત્ત.

૩૧. પું. યુદ્ધ; લડાઈ.

૩૨. પુ. રસ.

૩૩ પું. રાગ.

૩૪ પું. રાહ; રીત.

૩૫. પું. લડાઈનું રણાંગણ; રણભૂમિ; રણાંગણ.

૩૬ પું. લાલ, પીળો વગેરે વર્ણ કે તેની જાતી કે પ્રકાર, પ્રકાશનો એક ગુણ ધર્મ, વસ્તુને શોભા આપવાને તૈયાર કરેલો પદાર્થ; વનસ્પતિ અને પાર્થિવ પદાર્થોમાંથી નીકળતા જુદી જુદી જાતના વર્ણ આંખોનો પ્રત્યેક; કાળું, ધોળું, લાલ એવો વસ્તુગત ભેદ; આંખથી પરખાતો પ્રકાશની જાતનો વર્ણભેદ; પ્રકાશના કિરણની ભિન્ન ભિન્ન જાતનો દેખાવ. લાલ, પીળો અને વાદળી એ ત્રણ મૂળ રંગો છે. બાકીના બીજા બધા એકબીજાની મેળવણીથી થાય છે. જેમકે, મળીમાંથી નીલ રંગ નીકળે છે, કસૂંબીમાંથી લાલ રંગ નીકળે છે અને માટીમાંથી જેરૂ જેવો બદામી રંગ નીકળે છે. જ્યારે કોઈ પદાર્થ ઉપર પડેલાં આપણી નજર પડે છે ત્યારે સદ્રુપ આપણને બે બાબતોનું જ્ઞાન થાય છે. એક તો એના આકારનું અને બીજા એના રંગનું. વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે, રંગ વાસ્તવમાં પ્રકાશના કિરણોમાં જ હોય છે અને વસ્તુઓના ભિન્ન ભિન્ન રાસાયણિક ગુણોને લીધે જ આપણી આંખોને તેની અનુભવ વસ્તુઓમાં થાય છે. જ્યારે તે કોઈ વસ્તુ ઉપર પડે છે ત્યારે તે પ્રકાશના ત્રણ ભાગ હોય છે: પહેલો ભાગ તો પરાવર્તન પામે છે, બીજો ભાગ વસ્તુની આરપાર નીકળી જાય છે અને ત્રીજો ભાગ તે વસ્તુમાં શોષાઈ જાય છે. પરંતુ બધી વસ્તુઓમાં આ ગુણ સમાનરૂપે નથી હોતો. કોઈમાં ઓછો તો કોઈમાં વધારે હોય છે. કેટલાક પદાર્થ એવા હોય છે જેમાંથી પ્રકાશનું પરાવર્તન થતું નથી બાકી આરપાર નીકળી જાય છે અથવા શોષાઈ જાય છે. જેમકે, શુદ્ધ જળ જેવા પદાર્થ ખાસ કરીને રંગ વગરના દેખાય છે. જે પદાર્થો ઉપર પડનાર બધો પ્રકાશ પરાવર્તન પામે છે તે સફેદ દેખાય છે અને જે પદાર્થ ઉપર પડનારો બધો પ્રકાશ શોષાઈ જાય છે તે કાળા હોય છે અથવા કાળા દેખાય છે. પ્રકાશનું પૃથક્કરણ કરવાથી તેમાં અનેક રંગોના કિરણો મળે છે. જેમાં સાત મુખ્ય રંગ છે: જાંબલી, નીલ, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ. જ્યારે આ સાતે રંગ મળીને એક થઈ જાય છે ત્યારે આપણે તેને સફેદ કહીએ છીએ અને જ્યારે આ સાતેયમાંથી એક પણ રંગ નથી રહેતો ત્યારે આપણે તેને કાળો કહીએ છીએ. હવે જ્યારે કોઈ એવા પદાર્થ ઉપર સફેદ પ્રકાશ પડે, જેમાં લાલ કિરણો સિવાય બાકીના બધા રંગોનાં કિરણો શોષી લેવાની શક્તિ હોય તો સ્વાભાવિક રીતે પ્રકાશનો ફક્ત લાલ જ અંશ તેના ઉપર બાકી રહેશે અને એ વસ્તુને આપણે તે પદાર્થને લાલ રંગનો કહીયે. અર્થાત્ દરેક વસ્તુ આપણને એવા રંગની દેખાય છે કે જે રંગને તે શોષી લઇને બાકી નથી કે આરપાર કાઢી શકતી નથી પરંતુ, જેનુ તે પરાવર્તન કરી શકે છે. કેટલાક રંગ એવા પણ હોય છે કે જેના મળવાથી સફેદ રંગ બને છે. એવા રંગ એકબીજાના પરિપૂરક કહેવાય છે. જેમકે, લીલા,પીળા રંગના પ્રકાશની સાથે લાલ રંગનો પ્રકાશ પડે તો તે વસ્તુને આપણને સફેદ રંગ દેખાશે. એટલા માટે લાલ અને લીલો પીળો બંને એક બીજાના પરિપૂરક રંગ છે. સામાન્ય રીતે બે રંગોના મળવાથી એક ત્રીજો રંગ ઉત્પન્ન થાય છે. જેમકે, લાલ અને પીળાના મળવાથી નારંગી રંગ બને છે. પરંતુ આ બધી બાબતો ફક્ત પ્રકાશના કિરણોના સંબંધમાં છે. બજારમાં વેચાતા મળતા રંગના ભૂકાના સંબંધમાં નથી.

બે પ્રકારના રંગના બૂકાને એક સાથે જોગવવાથી જે પરિણામ આવશે તે તે બે રંગોના પ્રકાશનાં કિરણોને જોગવવાના પરિણામથી કોઈકોઈવાર તદ્દન ભિન્ન હશે. તેનું કારણ એ છે કે, જ્યારે આપણે બે પ્રકારના રંગનું મિશ્રણ કરીએ છીએ ત્યારે આપણે વાસ્તવમાં એક રંગ બીજા રંગ સાથે જોડતા નથી પરંતુ એક રંગમાંથી બીજો બહાદારીએ કાઢીએ. જે રંગના કિરણનું એક રંગ પરાવર્તન કરે છે તેને બીજો રંગ કોળી લે છે. એટલા માટે રંગના સંબંધમાં જે નિયમો છે તે પ્રકાશના કિરણોના સંબંધના નિયમોથી ભિન્ન છે. કપડાં ઉપર કોઈ પણ જાતના રંગના ડાઘા પડ્યા હોય અને તે કપડું ઊનનું અથવા રેશમનું હોય તો એ ડાઘો ઠંડા પાણીથી ધોવો. કપડું સુતરાઉ અથવા શણનું હોય તો પછી નિશારની દ્વારથી તે ધોવાને કરતાં નથી, પરંતુ રંગ નીકળી જાય નહિ એવો પાકો ભેદો હોય તો પછી ક્ષારરહિત અને ચૂનારહિત પાવરવામાં આવે છે. ધાતુને ખૂબ તપાવતાં એ લાલઝોળ બને છે, એથી પણ વધુને વધુ તપાવતાં સફેદ બને છે. એટલે નીચા રંગની બની જાય છે. આ રીતે રંગો ઉષ્ણતામાનના સૂચક છે. આકાશમાં જે લાલ તારાઓ છે તેમનું ઉષ્ણતામાન ઊંચું છે. જુદા જુદા રંગના પ્રકાશને લગતી એક સારણીમાં આપી. આંદોલનવેગ નીચે દર્શાવી છે.

પ્રકાશનો રંગ	આંદોલન સંખ્યા = આંદોલનવેગ
રાતો	૪૩૭,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૪૩૭ × ૧૦૧૨ બિલિયન
નારંગી	૫૦૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૫૦૧ × ૧૦૧૨ બિલિયન
પીળો	૫૪૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૫૪૫ × ૧૦૧૨ બિલિયન
લીલો	૫૭૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૫૭૫ × ૧૦૧૨ બિલિયન
વાદળી	૬૨૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૬૨૨ × ૧૦૧૨ બિલિયન
નીલો	૬૫૮,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૬૫૮ × ૧૦૧૨ બિલિયન
જાંબલો	૬૯૯ ૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ = ૬૯૯ × ૧૦૧૨ બિલિયન

૧. રંગ ઊડાવવો–ખેરવો–છાંટવો–ફેંકવો = હોળીના દિવસોમાં એક બીજા ઉપર રંગ ઉડાવવો.

૨. રંગ ઊખડવો = (૧) પ્રતિકૂલ સ્થિતિ થવી. (૨) પ્રભાવ ન રહેવો.

૩. રંગ ઊભડવો = બરોબર રંગ લાગેલો દેખાવો

૪. રંગ ઊડી જવો = રંગ જતો રહેવો; ઝાંખું પડી જવું.

૫. રંગ ઊતરવો = (૧) અક્ષોમાં પડવું (૨) પોતાનાં રંગ નીકળવાથી તેના સ્પર્શથી બીજાં કપડાંને રંગ ચોટવો. (૩) બળ કે શરમથી ભાંડા પડવું. (૪) રંગ ઝાંખો પડી જવો. રંગ પોચાઈ જવો.

૬. રંગ કરવો = (૧) બદલો કે બ્યાતિ મેળવવાં. (૨) રંગ લગાડવો; રંગવું. (૩) વિજયી થવું.

૭ રંગ ચડવો = (૧) કોઈ પણ પદાર્થને અમુક રંગ લગાડવાથી તેની અસર થવી. (૨) ભેરમાં આવવું કે આવી જવું. (૩) ઘાટના નકશાથી ઉત્તેજિત થવું.

૮. રંગ ચડાવવો-દેવો = (૧) ઉત્તેજન આપવું; શાબાશી આપવી. (૨) ઉશ્કેરવું. (૩) કોઈપણ પદાર્થને રંગ લગાડવો કે ચોપડવો; ચાકડું કે પતરાં ઉપર રંગ દેવો; રંગવું; રોગાન કરવો.

૯. રંગ ચૂનો = બુદ્ધિવ્યવસાયનો પૂર્ણ વિકાસ થવો; જીવન ખીલી નીકળવું.

૧૦. રંગ જમાવવો = (૧) પૂર્ણ આનંદમાં આવી જવું. (૨) રંગ જમે એમ કરવું. (૩) વિજયવંત બનાવવું; સફળ કરવું.

૧૧. રંગ જોવો-દેખવો = (૧) તટસ્થ રહેવું. (૨) પરિણામ વિચારવું; કોઈ વસ્તુનાં ફિયતિ અને પરિણામ જોવાં.

૧૨. રંગ ઢબકવો = (૧) ચકમક્તિ રંગ થવો. (૨) રંગ ટીપે ટીપે કરીને નીચે પડવો.

૧૩. રંગ દેખાડવો = અદ્ભુત ક્રમ કરી બતાવવું.

૧૪. રંગ નાખવો = (૧) કોઈ પદાર્થને રંગવા માટે તેને પટ રંગો અને રંગવો. (૨) હોળીમાં કોઈ ઉપર રંગ ફેંકવો.

૧૫. રંગ નીકળવો = (૧) ચહેરા ઉપર રોનક આવવી; ચહેરો ચમકવા લાગવો. (૨) સારી રીતે દેખાવી આપવું.

૧૬. રંગ પૂરવો–ભરવો = (૧) આનંદ કે રસનો ઉમેરો કરવો~ (૨) ખાલી ચિત્રામણની અંદર રંગ લગાડવો; ચિત્રમાં રંગ કરવો. (૩) વધારવું; બીજું બરવું નાખીને વાત કરવી; બઢાવવું.

૧૭. રંગ ફક્ક થઈ જવો = બીક કે અસંતોષથી ઝાંખું થવું.

૧૮. રંગ ફરવો–બદલાવો = (૧) બળ કે સંકટામણને થઈને ચહેરાનો રંગ ફીકો પડી જવો. (૨) મૂળ રંગ ન રહેવો.

૧૯ રંગ ફીકો પડવો = શોભા ઘટી જવી; ઝાંખું પડવું.

૨૦. રંગ બગડવો = (૧) કોઈ વસ્તુની સ્થિતિ બદલાઈ જવી. (૨) પ્રભાવ નષ્ટ થવો.

૨૧ રંગ બદલવો = (૧) ગુસ્સે થવું; રાતાપીળા થવું (૨) કપ કે સકંટામણમાં આવી પડવાથી માણસનો ચહેરો ફિક્કો થઈ જવો.

૨૨ રંગ મારવો–લગાડવો–લગાવવો = (૧) કજિયો કરાવવો. (૨) છતવું; વિજય મેળવવો. (૩) રંગ દેવો; રંગવું

૨૩. રંગ લાગવો–બેસવો = (૧) અદ્ભુત ક્રમ કરવું. (૨) અસર થવી. (૩) આનંદ થવો કે પડવો. (૪) કોઈ પણ પદાર્થ સાથે રંગીન વસ્તુ રાખવાથી તેની અસર થવી. (૫) કોઈની સ્થિતિમાં બદલો લાવવો. (૬) પોતાનો પ્રભાવ કે ગુણ દેખાડવો. (૭) રંગ જઈ જવો. (૮) સત લાગવી.

૨૪. રંગ લેવો = (૧) પોતાને બીજાના જેવો બનાવવો. (૨) રંગવું

૨૫. રંગ સફેદ હોવો = (૧) ઝાંખું થવું. (૨) બીકુ

૨૬. રંગનાં ચટકાં = મોજમજાનું ક્ષિતપ્રમાણ.

૨૭. રંગના તો ચટકાં, કોઈ કૂકાં હોય ?–રંગનાં કૂકાં ન હોય, ચટકાં હોય = અતિશયમાં સાર નહિ; અતિ સર્વત્ર વર્જયેત્; અતિ તારવે તૂટી જાય.

૨૮. રંગી નાખવું = લોહીલોહાણ થાય ત્યાં સુધી મારવું.

૨૯. રંગે રમવું = (૧) આનંદભેર ભોગ કરવો; આનંદમાં રમવું; આનંદલીલા કરવી. (૨) રંગ છાંટવો.

૩૭. પું. વખાણ; પ્રશંસા.

૩૮. પું. વાત; વર્ણ.

૩૯. પું. શણગાર; તડામઝાનું.

૪૦. પું. શોભા; સૌંદર્ય.

દેકલ્યણ ન ભાવઈ રંગ,
દેખિ અસાઢાઈ ન કરી ભંગ. ભાન્હડો પ્રબંધ

૪૧. પું. સભાજનો; સભામા એકત્ર થયેલ માનવસમુદાય.

૪૨ પું. સ્થિતિ.

૪૩. પુ. સભામંડપ; સભાસ્થાન.

૪૩. પું. સંજ્ઞા; ચિહ્ન; નિશાની.

૪૪. પું. સોગઠાનો વર્ગ; ચોપાટના સોગઠાંના રમવાને માટે કરેલ બે કૃત્રિમ વિભાગો માંહેનો એક. ચોપાટના કુલ સોગઠાં ૧૬ હોય છે. તે બધાં ચાર પ્રકારના રંગના હોય છે. તેમાંથી આઠ બે રંગના આઠ સોગઠા 'રંગ' અને બાકીના આઠ સોગઠાં 'બદરંગ' કહેવાય છે.

રંગ જામવો = (૧) અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન થવી. (૨) ચોપાટમાં રંગની સોગઠીને કોઈ એવા કોષ્ઠ ઘરમાં બરાબર બેસવું. તેથી રમતિયાળની જીત બધારે નિશ્ચિત થઈ જાય છે. (૩) પ્રતિષ્ઠા

જમાવી. (૪) મજા પડવી. (૫) રમતું ઓછું કરવામાં ચોટી જવું.

૪૫. સ્ત્રી. આજ્ઞા, ઉમેદ.

૪૬. સ્ત્રી. કસર્ત

૪૭. સ્ત્રી. કૂપ; દમા; મહેરબાની.

૪૮. સ્ત્રી જુવાની, પુખ્તવયના; યૌવન.

૪૯ સ્ત્રી દશા; સ્થિતિ, હાલત.

૫૦. સ્ત્રી. બાજી.

૫૧. સ. જેમ.

૫૨. અ ખરું; શાબાશ

રંગ રંગવાનો અને રંગ રાળારીનો એહ,
રંગ કહી કહ્યો દીયે, રંગ જમ્યો કહે તેહ;
રંગ આનંદ કહેવાય છે, રંગ રાખ્યો કહે એહ,
રંગ જમ્યો કહેવાય છે, રંગ રાગ કહે તેહ.

અદ્વૈતજી ભોટી

રંગઅંધ વિ. જેની રંગની પારખવાની ઇંદ્રિય વિકસી નથી તેવું.

રંગ ઉલ્લાસ પું. (પિંગળ) ઉલ્લાસ છંદની જાતનો એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેના પ્રત્યેક સમ પદમાં ૧૫ માત્રા અને પ્રત્યેક વિષમ પદમાં ૧૩ માત્રા મળી કુલ ૫૬ માત્રા હોય છે. વિષમ પદમાં ૩, ૭ અને ૧૧ અને સમમાં ૧, ૫ અને ૯ માત્રાએ તાલ આવે છે. તેમાં જમુ નથી. એકેક ગુરુ વધારી બે જમુ કરતાં તેના ૨૫ ભેદ થાય છે.

રંગક ૧. ન. એક જાતનું કૃત્રિમ ધાતુ દ્રવ્ય.

૨. [સં. રંગ + કૃ (કરનાર)] રંગ દેનાર; રંગનાર

રંગકકોષ [સં. રંગ + કોષ (કોથળી)] પું. શરીરમાંનો રંગ દેનાર કોષ.

રંગકણ [સં. રંગ + કણ (દાણો)] પું. રંગનો બહુ નાનો ભાગ. દરેક કરેક પ્રાણી કે વનસ્પતિ તમામ ચેતનસૃષ્ટિના બંધારણના એકમ તરીકે કોષો જ રહેલ. કોષ છે એવા દરેક કોષમાં તેને સંજીવ કહે મધ્યસ્થ પદાર્થ હોય છે. આ મધ્યસ્થ પદાર્થ અથવા ચિદ્રણમાં પાછા અમુક મર્યાદિત સંખ્યામા રંગદ્રવ્યના કણો રહેલા છે જે રંગકણો કહેવાય છે. સૂક્ષ્મદર્શક યંત્રોથી જ દેખાય એવા આ બારીક કણો વારસાગત ગુણો ધરાવે છે. આપણે જે વડે હરતી આરંભીએ છીએ એવી એ આપણી જીવનમૂરી છે. આપણને અસ્તિત્વમા આવતા ને આપણી પ્રકૃતિના નિર્ણાયક આ રંગકણોના જ બે પ્રકારો છે. એક પ્રકાર પુરુષશરીરમા ને એક પ્રકાર સ્ત્રીશરીરમાં રહેલો હોય છે. એ બને પ્રકારોના સયોગીકરણથી નવ. જીવનું અસ્તિત્વ બધાય છે ને સ્ત્રીશરીરમાં રહેલા પોષક દ્રવ્યોથી પોષાઈ તે સ્વતંત્ર અસ્તિ તરીકે દુનિયામાં અવતરે છે.

રંગકરો ૧. [સં. રંગકાર] પું. રંગારો; રંગરેજ; ભજિયારો.

૨. સ્ત્રી. (સિંધ) સિંધપ્રાંતના મુખ્ય નગરના ઈશાન કોણમાં વસાવવા પાત્ર જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪ વિ. એ નામની જાતિનું.

રંગકા પું. (ચારણી) નાગપિંગળ માંહેનો એ નામનો એક માત્રામેળવાળો છંદ.

રંગકામ ન. રંગવાનું કામ; રંગ કરી આપવાનું કામ; 'ઓર્ડિનમેન્ટ'.

રંગકાસ [સં.] પું. અમ્લપિત્તનું વૃક્ષ.

રંગકોમલ વિ. સુંદર રંગવાળું.

મહોરો પ્રેમભાવોની રંગકોમલ ભાવના
રાજરો સમતરસિની શુભ્ર કુવલ સાધના.

દેવજી પરમાર

રંગક્ષેત્ર ૧. પું. ઉત્સવ ઊજવવા યોગ્યમેલ સ્થાન.

૨. [સં.] પું. રંગભૂમિ; નાટ્યસ્થાન.

રંગગૃહ [સં. રંગ (આનંદ) + ગૃહ (ઘર)] પું. રંગભૂમિ; નાટ્યસ્થળ.

રંગઘેલી વિ. સ્ત્રી. આનંદમાં મસ્ત.

રાસે રંગઘેલી સાહેલડી રાસે રમે રે.

નાનાલાલ

રંગચર [સં. રંગ (નાટ્યગૃહ) + ચર (ચાલનાર)] પું. નાટકમાં અભિનય કરનાર; નટ.

રંગચંગ સ્ત્રી. આનંદ.

રંગચિત્ર ન. રંગથી કરેલ ચિત્ર.

રંગચોલ વિ. ચોલ દેશની બજારના રંગનું; લાલમોળ.

રાધાએ રજની નિરખી, ઊગ્યો રવિ રંગચોલ.

પ્રેમાનંદ

રંગચોળ જુઓ રંગચોલ

રંગચ્યુતિ [સં રંગ (વર્ણ) + ચ્યુતિ (ભ્રષ્ટ)] સ્ત્રી. વર્ણચ્યુતિ, રંગમાં રખલન.

રંગછાયા [સં રંગ (વર્ણ) + છાયા (પડછાયો)] સ્ત્રી. રંગની ઝાંય.

રંગજ [સં] ન. સિંદૂર

રંગજનક [સં. રંગ + જનક (જન્માવનાર)] ન. એક જાતનું રંગનારું દ્રવ્ય; રંગક

રંગજનની [સં. રંગ (વર્ણ) + જનની (ઉત્પન્ન કરનારી)] સ્ત્રી. લાખ કેમકે, તેમાંથી રંગ ઉત્પન્ન થાય છે

રંગજાગરી પું (કચ્છી) એક જાતની વનસ્પતિ. એના છોડવા ઘોળાઈ પડતા હોય છે. તે ૨ થી ૪ ફીટ ઊંચા થાય છે. કુલ રતાશ લેતાં પીળા પતંગિયા જેવાં હોય છે. આનાં પાનની ભૂકી વાળ કાળા કરવાના રંગમાં વપરાય છે.

રંગજીવક ૧. [સં રંગજીવિક] પું. ચિત્રકાર; ચિતારો.

૨. પું. નાટક કરનાર; નાટકિયો; નટ.

૩. પું. રંગરેજ; રંગારો.

રંગઝકોળ વિ. રંગરોળ; રંગે ભરાવ.

કર હતેલી રાતી ચોળ,
ઓઢી ચૂંદડી રંગઝકોળ.

ભિખુ

રંગજ્ઞાન [સં. રંગ (વર્ણ) + જ્ઞાન (સમજ)] ન. રંગના જુદા જુદા ભેદ અને મિશ્રણનું જ્ઞાન; રંગની તુલના તથા પંક્તિ પાડવાની શક્તિ.

રંગટ (રગટ) ૧. પું. તરબૂચ, બાંકો અને સાહસિક રજપૂત.

૨. વિ. વિષયી; કામી; કામાસક્ત; વિષયાસક્ત.

૩. વિ. બ્યસની.

રંગટખાનું (રંગટખાનું) ન. બ્યસની લોકોને બેસવા ઊઠવાની જગ્યા; વિષયી પુરુષોનો અડ્ડો.

રંગટમલ (રંગટમલ) વિ. પું. બ્યસનમાં મસ્ત હોય તેવો.

રંગડો (રંગડો) ૧. પું. ખુશાલી; આનંદ.

૨. પું નિશો; ઘેઘ; અમલ.

૩. પું. પ્રેમ; પ્રીતિ; અનુરાગ.

૪. પું. રંગ; વર્ણ

રંગડો જામ્યો છે કાંઈ કૃષ્ણને તોરે

બ્રહ્માનંદ

૫. પું. રાહ; ઢબ; રીત.

૬ અ. બન્ય, શાબાશ

રંગઢંગ ૧. પું. આચારવિચાર; રહેણીકરણી; વર્તન.

૨. પું. બહારનો દેખાવ અને રીતભાત.

૩. પું. રીત; રાહ.

રંગણ ૧. સ્ત્રી. (જૂ. ગુ.) સંમત.

૨. [સ.] ન. નામ; નૂમ.

રંગણું ૧. ન. રંગ લગાડવાનું ઓજાર; પીંછી.

૨. ન. રંગવાનું કામ.

૩. વિ. દેખાવડું; સુશોભિત.

૪ વિ. રંગીન; રંગવાળું.

રંગત ૧. પું. આનંદ, મજા; રંગ.

૨. પું. રંગ; વર્ણ

૩. સ્ત્રી. મહેરબાની.

૪. [હિ.] સ્ત્રી. દશા; હાલત.

૫. સ્ત્રી. બોજના.

૬. સ્ત્રી. રંગની છટા.

૭. સ્ત્રી. રંગવાનું કપડું.
૮. વિ. રંગીન; રંગેલું. ૯ંજિત
૯. વિ. સુંદર; અલંકારવાર; સુશોભિત.

રંગતરા [હિં.] પુ. નારંગીની એક જાત; સંતરું

રંગતાળી ૧. સ્ત્રી. આનંદનો ઉલ્લાસો; હરખની ઊભરાતી તાળી; આનંદનો અવાજ
રંગતાણ, રંગતાળ, રંગતાળા વ.
રૂપમાં રંગતાળી. અરબો રંગતાળી દેવી-લેવી = હરખના ઊભરાતી તાળી દેવા.
૨. સ્ત્રી. મોજમજાનું પ્રહસન.

રંગદર્શક [સં. રંગ (વર્ણ) + દર્શક (દેખાડનાર)] ન. (ભૌતિ૦) રંગ જોવાનું યંત્ર; ' ક્રોમોસ્કોપ '.

રંગદર્શન [સં. રંગ (વર્ણ) + દર્શન (દેખાડવાપણું)] ન. રંગ બતાવવો તે.

રંગદર્શી [સં. રંગ (આનંદ) + દર્શિન્ (દેખાડનાર)] વિ. આનંદલક્ષી; રંગ દેખાડે તેવું
એ હૃદયંગમ અને રંગદર્શી. વારસાવિક અને વિકસ્વર અનુભવોની પરંપરાને સમાવતી ભવ્ય રંગભૂમિ છે. કૌમુદી

રંગદા [સં. રંગ + દા (આપવું)] સ્ત્રી. ફટકડી.

રંગદાયક ૧. સ્ત્રી. કંકુ; એક જાતની માટી.
૨. ન એક જાતનું ધાન્ય; કોદ્રા.
૩ [સં. રંગ + દાયક (દેનાર)] વિ. રંગ આપનારું.

રંગદાર ૧ વિ. આનંદી; ચમત્કૃતિ; સુંદર.
૨. વિ. રંગવાળું. રંગીન; રંજિત.

રંગદારા [સં. રંગ (વર્ણ) + દ્વ (અજ્ઞાન) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ફટકડી.
તેનાથી રંગ પાકો થાય છે.

રંગદૃષ્ટિ [સં. રંગ (આનંદ) + દૃષ્ટિ (નજર)] સ્ત્રી હોતુકપ્રેમ; જીવનનો ઉલ્લાસ. ' રોમાન્ટિસિઝમ '.

રંગદોષ [સં. રંગ (વર્ણ) + દોષ (ભૂલ)] પુ. રંગવામાં થતી ખામી

રંગદોષરહિત વિ. એકરંગી, એકવર્ણી, તખ્તરંગી

રંગદ્વાર [સં. રંગ (નાટ્યભૂમિ) + દ્વાર (બારણું)] ન. નાટ્યગૃહનું બારણું

રંગદ્વેષ [સં. રંગ (વર્ણ) + દ્વેષ (તિરસ્કાર)] પું જુદા રંગના લોકો પ્રત્યેનો દ્વેષ.
આ અહંકારોક્ત તે રંગદ્વેષ. એ જાડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો તેમ કરતા બાલ ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં અને તેનો વિશેષ રંગદ્વેષ દૂર કરવા પ્રયત્નો જ કરવો. ગાંધીજી

રંગદ્વેષી [સં રંગ (વર્ણ) + દ્વેષિન્ (બારવાળું)] વિ રંગદ્વેષવાળું

રંગનાથ પુ. એ નામના દક્ષિણમાં પૂજાતા વિષ્ણુ દેવ.

રંગનાથસ્તોત્ર ન. રામાનુજાચાર્યે રચેલ એ નામનો ગ્રંથ. તેમાં શ્રિયિનાપહ્યી અથવા શ્રીરંગપહ્યણી મૂર્તિની સ્તુતિ છે.

રંગનાથસ્વામી પું દ્રાવિડી સંપ્રદાયના અધિષ્ઠાતા એ નામના દેવ.

રંગનાર ૧. પું રંગકામ કરનાર માણસ.
૨. વિ. રંગ લગાડનાર.

રંગનારાક [સં. રંગ (વર્ણ) + નાશક (નાશ કરનાર)] વિ. રંગને ઉડાવી દેનાર; રંગ દૂર કરનારું. ઘાટાનું ધોયન કરવાથી કે ઘટ્ટ ઘાટાના ઘોબરા નીકળે છે, જે ખરે રંગનારાક છે

રંગપગલું ન. રંગ આપે તેવું પગલું.

રંગપટ [સં. રંગ (વર્ણ) + પટ (પડદો)] પું. વર્ણપટ; છાયાપટ; પ્રકાશપટ; ત્રિકોણ કાચના સાધનથી ત્રિરંગનું પૃથક્કરણ થતાં પડદા ઉપર જે જુદા જુદા રંગો જાંબુડિયો, નીલો, આસમાની, લીલો, પીળો, નારંગી અને લાલ પથરાય છે તે રંગવાળો પડદો; 'સ્પેક્ટ્રમ'. આની શોધખોળ સૌથી પહેલી ન્યૂટને કરી હતી અને સાબિત કર્યું હતું કે સફેદ પ્રકાશ સાત રંગનો બનેલો છે. કોઈપણ પૂંઠાના ગોળ કકડા ઉપર, ઉપર જણાવેલ સાતે રંગો ચીતરીએ અને પછી તે પૂંઠા વચ્ચે ખીલી મારી ગોળ ગોળ ફેરવીએ તો તે પૂંઠાનો રંગ સફેદ માલૂમ પડશે. પૂંઠું ફરતું રહી જશે એટલે બધા પાછા સાતે રંગો દેખાશે. આને ન્યૂટનનું ચક્ર કહેવામાં આવે છે
સ્પેક્ટ્રમને રંગપટ કરતા પ્રકાશપટ નામ આપવું હતું તો પણ અનુકૂળ થાત. કૌમુદી

રંગપટદર્શક [સં. રંગ (વર્ણ) + પટ (પડદો) + દર્શક (દેખાડનાર)] ન. જોવાનું એક યંત્ર; 'સ્પેક્ટ્રોસ્કોપ'.
ફ્રનહોફર, કિરકોફ અને રંગપટદર્શક (સ્પેક્ટ્રૉસ્કોપ) ની મદદથી એમ સિદ્ધ થયું છે કે પૃથ્વી ઉપરનાં બધાંજ તત્ત્વ, ભારી જ બીજા ગ્રહો અને તારક બનેલા છે. પરિષદ

રંગપટવિદ્યા [સં. (વર્ણ) + પટ (પડદો) + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. રંગપટ બતાવવાની વિદ્યા; 'સ્પેક્ટ્રોસ્કોપી'.
આ શાસ્ત્રમાં (સ્પેક્ટ્રૉસ્કોપી) બહુ ઉપયોગી થઈ પડી હતી. પ્રો. ગો. શાહ

રંગપત્રી [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ, ગાંગડો છોડ.

રંગપંચમી ૧ [સં.] સ્ત્રી. ફાગણ વદ પાંચમ.
૨. સ્ત્રી વસંત પંચમી.

રંગપાણી ૧. [સં. રંગ + પાનીય (પીણું)] ન. કેફ; અમલ
૨. ન. કેફી પીણું પીને આનંદમાં રહેવું તે; કેફ કે અમલ કરી આનંદ ઉડાવવો તે; કેફી પીણાંની મોજ માણવી તે.
રંગપાણી ઉડાવવાં = (૧) કસુંબો પીવો. (૨) જીવનનો આનંદ અનુભવવો; મજા કરવી. (૩) સાથે મળી કેફી પીણું પીવું; નશાપાણી કરવી.

રંગપાશી સ્ત્રી. રંગથી રમવાનો કે ખેલવાનો ઉત્સવ.
રંગપાશી કરવી = રંગ ઉડાડવો.

રંગપાંચમ જુઓ રંગપચમી.

રંગપિટક [સં. રંગ (વર્ણ) + પિટક (પેટી)] સ્ત્રી રંગપેટી; જુદા જુદા રંગો જેમાં ગમ્બામાં આવ્યા હોય તેવી પેટી.

રંગપુરી સ્ત્રી. એક પ્રકારની નાની ઢોડી.

રંગપુષ્પી જુઓ રંગપત્રી.

રંગપૂરણી સ્ત્રી. રંગ પૂરવાની ક્રિયા.
આ ચિતારમા રંગપૂરણી કે અભિવ્યક્તિ ક્યાંયે નથી. નવજીવન

રંગપૂરી વિ. રંગથી પુરાયેલ.
રંગપ્રેક્ષી રંગપૂરી રંગોળી. ગુ. સા. પરિષદ

રંગપ્રધાન [સં. રંગ (મસ્તી) + પ્રધાન (મુખ્ય)] વિ. મસ્ત; રંગભોગી; અદ્ભુત સુંદર; વીર કલ્પનાત્મક; અદ્ભુત રસાત્મક; ' રોમાન્ટિક '.
કવિઓ અને કલા વિધાયકોની જે બે મુખ્ય સામ્રાજ્યો કહેવાય છે તે રંગપ્રધાન એટલે 'ક્લાસિક' અને રંગપ્રધાન એટલે 'રોમાન્ટિક' છે. રંગપ્રધાન શૈલ્પ અને કલામાં વસ્તુની રેખા સ્પષ્ટ શબ્દોમાં અને રંગ આકૃતિઓમાં રહીને સાદી રીતે કહેવાય છે ત્યારે રંગપ્રધાન શૈલ્પ અને કલામાં ચિત્રમાના રંગ ઉપરજ વિશેષ ધ્યાન આપેલું હોય છે. બબરદાર

રંગપ્રવેશ [સં રંગ (નાટ્યભૂમિ) + પ્રવેશ (દાખલ થવું તે)] પું. અભિનય કરવા માટે કોઈ પાત્રનું રંગભૂમિમા આવવું તે.

રંગપ્રિયતા [સં રંગ (રંગભૂમિ) + પ્રિયતા (વધાભ્યુપગમ)] સ્ત્રી. નાટક તરીકે લોકમાં વધવાપણું તે.
આજકાલની રંગપ્રિયતા વિષે મને કાંઈ ખાસ પુરાવો મળ્યો નથી. પુરાતત્ત્વ

રંગપ્રેક્ષક [સં. રંગ (રંગભૂમિ) + પ્રેક્ષક (જોનાર)] પું. નાટક જોનાર માણસ.

નાટક જેવા સૌ રંગપ્રેક્ષકો પખાર્યા છે.
ઉત્તરરામચરિત

રંગભદ્દલ [હિં.] જી. હજદર, આ શબ્દનો ઉપયોગ ખાત્રી આપવા કરે છે

રંગભરંગ [કા.] સ્ત્રિ. વિવિધ રંગનું; રંગબેરંગી.

રંગભરંગી [કા.] સ્ત્રિ. પચરંગી; રંગબેરંગી.

રંગભહાર ૧. પું. આનંદની રેલારેલ.
૨. પું. તમાશો.

રંગમંગલી જી. ભોજનમાળ કરવાનું નાનું મકાન.

રંગમંગલો પું. સુખ કે ભોજનમજાથી રહી જવાય તેવું સગવડતા ભરેલું મકાન.

રંગમંચક [સં. રંગ + મંચક(માંચનાર)] પું. રંગરચાપક; રંગ પારો કરનાર કલા.

રંગમાજ ૧. [કા. રંગ + બાજ(ભોગવનાર)] સ્ત્રિ. મોજમજા ઉડાવનાર; શોખીન.
૨. સ્ત્રિ. વિલાસી; વિષયી.

રંગમાળ ૧. જી. મંજીરાની એક રમત.
૨. [કા.] જી. મોજમજા; ખુશખુશાલી. આનંદોત્સવ
૩. જી. રંડીબાજી.

રંગમીજ [સ.] ન. રૂપું.

રંગમેરંગ ૧. પું ન. ન. જુદા જુદા રંગ; વિવિધ રંગો.
૨. પું. ન. ન. વિવિધ મોજમજા; અનેક પ્રકારની રંગબા.જી
૩. સ્ત્રિ. તરેહવાર રંગનું.
૪. [કા. રંગ + બે(વિના) + રંગ] સ્ત્રિ. રંગ વિનાનું; સાદું.

રંગમેરંગી ૧. સ્ત્રિ. આકર્ષે એવું; મોહ ઉપજાવે એવું; મોહક.
૨. સ્ત્રિ. ભાત ભાતના રંગવાળું; જુદા જુદા રંગનું. પચરંગી; નવરંગી; ચિત્રવિચિત્ર; ભાતભાતનું.
૩. સ્ત્રિ. તરેહવાર; જુદા જુદા પ્રકારનું.
૪. સ્ત્રિ. મનમાં ભ્રમ ઉપજાવે તેવું.

રંગમેરંગુ જુઓ રંગમેરંગી.

રંગરાર વિ. રંગથી ભરેલ.
રાતળિયા પીસ્તુ બાય, રંગરાર રમાડે.
બ્રહ્માનંદ

રંગરાચન ૧. ન. કારખાન.
સાહિત્યે સ્નેહમાં રંગરાચનોમાં ચિત્ર આલેખ્યાં છે. બળવંતરાય
૨. [સં. રંગ + રાચન (ગૃહ)] ન. નાટ્યગૃહ; રંગમહપ; રંગભૂમિ.

રંગભંગ [સં. રંગ + ભંજ્ (ભાંગવું)] પું. આનંદમાં ભંગાણ; રમતમાં આનંદ ભાંગી હોય ત્યાં દખલગીરી કરીને ભંગ પાડનો તે.

રંગરીનું ૧. સ્ત્રિ. પ્રેમમાં આસક્ત.
રંગરીનાં હરે આવત્યે મહારી સૂની આજમ રાત.
નાનાલાલ
૨. સ્ત્રિ. રંગથી ભીંજાયેલ.

રંગભૂત જુઓ રંગમૂર્તિ.

રંગભૂતિ [સં.] જી. આસો મહિનાની પૂર્ણિમા; શરદપૂનમ.

રંગભૂમિ ૧. [સં. રંગ + ભૂમિ (જગ્યા)] જી. કથા, ગાયન, નાટક કે બાપણ કરવા માટે બનાવેલો ચોતરો; તૂતગાન, નાટક અને ખેલ કરનારાઓ માટે પ્રેક્ષકોની સામે બનાવેલો ઊંચો ભૂમિ પ્રસ્તાર. તૂતરમાન; નાટકશાળા; તૂતમાન કરનાર માટે ઊભો કરેલો મંચડો; નાટકશાળાનો આગલો પ્રસ્તાર; જેના ઉપર નાટક થાય તે ઊંચી જગા; નાટ્યભૂમિ. નાટકશાળા. ગુજરાતી રંગભૂમિમાં અર્વાચીન પદ્ધતિની તો ૩૦ થી ૪૦ વર્ષથી જ શરૂઆત થઈ છે. આગળમાં ભવાઈ, રાસધારીના ખેલ વગેરે રૂપમાં અભિનય ખેલ હતા. ૧૮૭૦ પછી અમદાવાદ વડોદરા વગેરે રજવાડાંઓએ નાટકો ભજવવાની શરૂઆત થઈ ત્યારપછી નાટકો માટેનાં સાધનો ભેગાં થયાં અને નાટકપ્રવૃત્તિનો વિકાસ થયો. ગુજરાતી નાટક માટે પ્રથમ પડદો ચીનરવાનું નક્કી થયું ત્યારે એમાં શું ચીનરવું એની કોઈને સૂઝ ન હતી. ૧૮૫૦ પછી આપણી નાટ્યપ્રવૃત્તિ ઉપર અંગ્રેજી નાટકની અસર પડી. આથી આપણાં નાટકોમાં પણાં જ નવાં તત્ત્વો ઉમેરાયાં. બલ્કે સુધીમાં નાટકતંત્રની રચના પલટાવા કરી છે. આજે આપણાં નાટકોને અવાજની ઝિલણી, અવાજના પલટા, ભાવો વગેરેની ખાસ જરૂર છે. ૧૮૫૧માં ગુજરાતી રંગભૂમિની સ્થાપના થઈ કે કેમ તે એક પ્રશ્ન છે. પણ ૧૮૫૧માં નર્મદે સુધિવર્ધક સંસ્થાની સ્થાપના કરી પછી રંગભૂમિનો ઉદ્ભવ થયો હતો એમ કહી શકાય. ત્યારપછી મુંબઈમાં કોહસપીઅર કલબની સ્થાપના થઈ. આથી એક સંસ્થાની મુંબઈમાં સ્થાપના કરવાનું મી રણછોડભાઈ ઉદયરામે વિચાર્યું હતું. ગુજરાતીમાં પહેલવહેલું નાટક ૧૨૮૮માં ભજવાયું હતું. ત્યાર પછી ગુજરાતમાં ૨૫ કે ૨૬ સારા નાટકો ભજવાયાં. કેટલાંક નાટકો હેમચંદ્ર અને રામચંદ્ર તથા તેમના ભીજા કેટલાક લિખોની પ્રેરણા રૂપે લખાયાં હતાં. ૧૦ કે ૧૧ જેટલાં નાટકો રામચંદ્રે લખ્યાં હતાં. અલાઉદ્દીન ખિલજીના વખતમાં પણ ગુજરાતમાં કેટલાંક નાટકો લખાયાં હતાં. ત્યાર પછી સાડા પાંચસો વર્ષો રહીને એટલે કે ૧૮૫૧માં ફરી ગુજરાતીમા નાટકો લખવાની પ્રવૃત્તિ શરૂ થઈ. ૧૮૧૧માં જયાકુમારી નાટક લખાયું. એ અરસામાં બહુની નાટક અને બટનું ભોપાળું વગેરે નાટકો પણ લખાયાં. મુંબઈની રંગભૂમિને શેકસપીઅર તથા મોલિયરની પ્રેરણા મળી ૧૮૬૩-૬૪ના અરસામાં ભરૂચમાં પહેલવહેલું નાટક એક ઘરમાં ભજવાયાનું કહેવાય છે અને તેમાં ધોતિયાનો પડદાઓ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારપછી વંથલીમાં રણછોડભાઈ અને ત્યારપછી વાઘજીભાઈ આદ્યારામે નાટક માટે સારા સારા પ્રયાસો કર્યા હતા. આ વખતે સ્ટેજની એટલે કે રંગભૂમિની બરાબર અધૂરી હતી પણ એમના તરફથી કાઠિયાવાડના બારતવિક કલાકારને રંગભૂમિ ઉપર લાવવાની શરૂઆત થઈ હતી. રાજા ભતૃહરિનાં ગાયનો આજે પણ લોકો ભરેને યાદ આવે છે. આ અરસામાં જનતાને સંસારનાં ચિત્રો અને જયાકુમારી જોવાં મળ્યાં. રણછોડભાઈએ સ્ત્રીની પરાધીનતા અને તેનાં દુઃખોનો અહેવાલ રજૂ કર્યો હતો વાઘજીભાઈએ આ સમયમાં રંગભૂમિમાં બારતચિતા લાવવાનો પ્રયાસ કર્યો
૨. જી. તાલીમખાનું; અખાડો.
૩. જી. મહાલવાની ભૂમિ; મોજમજા કરવાની જગ્યા.
૪. જી. રણક્ષેત્ર રણભૂમિ; લડાઈનું મેદાન.

રંગભૂમિ યોજક [સં. રંગભૂમિ (નાટકશાળા) + યોજક (યોજના કરનાર)] સ્ત્રિ. નાટ્ય શાળાની યોજના કરનાર.

રંગભૂમી જુઓ રંગભૂમિ.

રંગભેદ [સં. રંગ (વર્ણ) + ભેદ (તફાવત)] પું. ધોળી પ્રજા સામેની કાળા લોકો પ્રત્યે ભેદભાવ; 'કલર-બાર'.
મહાત્મા ગાંધી છે કે, જેમ બીજા પ્રજાના કે વંશના જે સાર્વજનિક હાયદા હતા તેમ પહેલી પ્રજાના એકેટરો અથવા કોમી હાયદા કહી રાખ્યા. દક્ષિણ આફ્રિકામાં તેમને રંગભેદી હાયદા કહેવામાં આવે છે, કારણ કે કાળાઓનો ભેદ રાખી કાળા અથવા તો બદામી કાળાની પ્રજાઓ ઉપર ગોરાઓને મુકાબલે વધારે અંકુશ મૂકવામાં આવે છે. આનું નામ 'કલર-બાર' અથવા રંગભેદ કે રંગદ્વેષ. ગાંધીજ્ઞાનકોષ

રંગભેદી વિ. વર્ણભેદી; રંગ કે વર્ણના તફાવતવાળી.

રંગભેર [સં. રંગ + ભૃ (ભરવું)] ક્રિ. વિ. આનંદભેર; ખુશ ખુશાલી સાથે; હરખભેર; ઉત્સાહપૂર્વક; ખુશીથી; આનંદથી; ઉત્સાહભર્યા.

રંગભોગ ૧. [સં. રંગ + ભોગ (ભોગવવું તે)] પું. આનંદ ભોગવવો તે.
રંગભોગની આ મુર્ખ મને સોડમાંથી કાઢ ∞ તારો ચાંલ્લોચૂડલો ખૂંચી જે, પણ મને

છવની જવા દે: તારી ધોતી પોતી લઈ લે, પણ મને છવતો જવા દે.

૨. પું. વિષયાનંદની રમતગમત; વિષયભોગ.

જ્યારે ચિત્ત સંસારમાં, ત્યારે સાંભરશે રંગભોગ. કાલિદાસ

રંગભોગી ૧. વિ. અદ્ભુત સુંદર; રંગપ્રધાન. ૨ [સં. રંગ (આનંદ) + ભોગિન્ (ભોગવનાર)] વિ આનંદલહરી.

રંગમગનું જ વિ. આનંદમાં તલ્લીન રહેતું.

નરસૈંયો રંગમગો, હોય સહુ ભગમગો. કરપીનો મંડલિક કુલ બૂડ્યું નરસિંહ

રંગમતી સ્ત્રી. એક નામની એક નદી.

આમ રાવળજીએ વિક્રમ સંવત ૧૫૮૯ ના ભાદરવા સુદ ૭ ને બુધવારને દિવસે રંગમતી ને નાગમતીને કાંઠે નવાનગર વસાવ્યું. ભગવદ્ગોમંડલ

રંગમલ્લી [સં] સ્ત્રી. વીણા; બીન.

રંગમહલ જુઓ રંગમહેલ.

રંગમહાલ જુઓ રંગમહેલ.

રંગમહેલ ૧. પું. આનંદવિનોદનું રહેઠાણ. ૨. [જા. રંગમહલ] પું. દીવાનખાનું; મહેલનો મુખ્ય ભેડકનો ખંડ; મંડળી ભરવાનો ઓરડો. ૩. પું. ભોગવિલાસ માટે બાંધેલું સુંદર મકાન; રમતગમત અને વિષયભોગ વગેરેની મોજ કે આનંદ માણવાને હાલ્યા બનાવેલું સુંદર મંદિર; વિષયસુખ ભોગવવા માટેનો ઓરડો. ૪. પું. સમપ્રસંગ ઉપર સત્કાર કરવા માટે આસ સજાવેલો ઓરડો. ૫ સ્ત્રી. હલોરા ખાતા વેરળની આસપાસ ગુફા માંહેની ૬૬ મી ગુફાનું નામ; કૈલાસ. આ ગુફા એક વિશાળ મકાનમાંથી કોરી કાઢેલ છે અને બધુ બાજીની આ વિશાળ ગુફામાં શિવપુરાણના પ્રસંગો કોતર્યા છે.

રંગમંચ પું. રંગભૂમિ; નાટ્યભૂમિ; રંગમંડપ; ' થિયેટર '.

રંગમંચીય વિ. નાટ્યભૂમિ સંબંધનું.

રંગમંડપ ૧. [સં. રંગ (આનંદ) + મંડપ (માંડવો)] પું. કોઈ ઉત્સવ, નાચ અને રમતગમત વગેરે કરવા માટે બનાવેલો માંડવો; ઉત્સવ નિમિત્તે સજાવેલો મંડપ. ૨. પું. દેવમંદિર જેવી જગ્યા આગળનો ઢાંકો ઓટો; માચર; દેવમંદિરનો ખુલ્લો ચોક. ૩. પું. રંગભૂમિ; નાટકશાળા.

રંગમંડલ [સં. રંગ (વર્તુ) + મંડલ (કુંડાળું)] ન. વર્તુળમંડલ; સૂર્યમાં રહેલ રંગોનું કુંડાળું; 'હોમોસ્ફીઅર'.

રંગમાતા ૧. [સં. રંગમાતૃ] સ્ત્રી. કુટણી સ્ત્રી. ૨. સ્ત્રી. વાઘ.

રંગમાતૃકા જુઓ રંગમાતા.

રંગમાત્રા સ્ત્રી. રંગની માત્રા; રંગનું પ્રમાણ; 'ટોન'.

આ કાપડામાં બીજા જાતી ટોન-માત્રા પ્રમાણની છે. ટોન માટે આપણે હું માત્રા છે કે રંગમાત્રા શબ્દ વાપરી શકીએ. ન. ક. મકોર

રંગમાલ પું. (પિંગળ) નામપિંગળ માંહેનો માત્રામેળવાળો એક નામનો એક છંદ.

રંગમાહાત્મ્ય [સં. રંગ (વર્તુ) + માહાત્મ્ય (મોટાઈ)] ન. રંગની મહત્તા.

રંગમુખ ન. (સિનેમા) ફિલ્મપ્રદર્શનમાં બતાવેલ મકાનનો એક વર્ગ. તેની રીત જુદી જુદી જાતની છે.

રંગમેલ જુઓ રંગમહેલ.

રંગમેલેલ જુઓ રંગમહેલ.

રંગમેંદી સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તેનાં પાન વાટી હાથ, પગ તથા નખ રંગવામાં આવે છે.

રંગમોલ જુઓ રંગમહેલ.

રંગમોહોલ જુઓ રંગમહેલ.

રંગરઢિયાળું વિ સુશોભિત રંગવાળું.

હાલને ત્યાં બાંધવું છે જી રાઢકાદાનું રંગરઢિયાળું રાજ ઝાંપલું. નાનાલાલ

રંગરલી [હિં.] સ્ત્રી. વિહાર; ક્રીડા; આનંદપ્રમોદ.

રંગ રસ ૧. [સં. રંગ + રસ (મજા)] પું. આનંદ; ભોગમજા; સુખોપભોગ; આનંદનો રસાસ્વાદ. ૨. પું. કેફનો રંગ. ૩. પું. ભોગવિલાસ; વિષય; પ્રેમરસ.

રંગ રસાયન [સં.] ન. ઔષધ માત્ર લેના રંગના બળથી જ રોગ હરી લઈ જાડી તેનામાં કંઈ શક્તિ નથી એમ બતાવનાર તંત્ર.

રંગરસાયન વિદ્યા સ્ત્રી. રસાયન પ્રયોગથી રંગ બતાવવાની વિદ્યા.

રંગ રસિયું ૧. [સં. રંગ (આનંદ) + રસ + ઈયું (વાળું)] વિ. ભોજમજામાં રસ લેનાર; ભોગીયું; વૈભવી; ભોજમજા ઉડાવનાર. ૨. વિ. વિલાસી; સુખોપભોગી; ભોગવિલાસ કરનાર; વિષયી.

હો રંગ રસિયા ! કયા રમી આવ્યા રાત ભો. આંખડલી ઘાલીને ઉભ્યત્રા કયાં રે કયાં. લોકગીત

રંગ રસીલું જુઓ રંગ રસિયું.

રંગ રસે ભ. હરખના ઉલ્લાસ જોર.

રંગરંગોટી સ્ત્રી. (શિલ્પ) રંગ અને રંગવાની કળા.

રંગરાગ ૧. [સં. રંગ + રાગ (મજા)] પું. આનંદાનંદ; ભોગમજા. ૨. પું. રમતગમત; તમાશો. ૩. પું. લીલા; ઉત્સવ.

રંગરાજ [સં] પું (સંગીત) સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક તાલનું નામ

રંગરાતું ૧. વિ. આસક્તિવાળું; અનુરાગવાળું; પ્રેમયુક્ત. ૨. [સં. રંગ (આનંદ) + રક્ત (રાતું)] વિ. રંગથી ભરપૂર; રંગીલું.

રંગરાતો, મદમાતો, વાંસલડીમાં ગીત ગાતો. દયારામ

૩. વિ. વિષયાનંદથી મહાલતું; વિષયાનંદમાં મસ્ત.

રંગરૂડ ૧. પું. કોઈ કામ પહેલવહેલું કામ કરનાર મનુષ્ય. ૨. [અં. રિક્રૂટ] પું. લશ્કરમાં નવો ભરતી થનાર માણસ; નવો સિપાહી.

અને જેડાની લડત પૂરી થયે માંપીટ્સે જ્યારે રંગરૂટ ભરતીનું કામ ઉપાડ્યું અને માંપીટ્સની પોતાની રેજા ઓળી થઈ ત્યારે પણ રંગરૂટોમાં પહેલી સાથી વલ્લભભાઈની હતી. વીર વલ્લભભાઈ

૩. પું. હિમાલયમાં વસતું એ નામે ઓળખાતું જનાવર. એનો રંગ ભૂરાશ પડતો હોય છે.

રંગરૂટી [અં. રિક્રૂટમેંટ] સ્ત્રી. લશ્કરમાં ભરતીનું કામ.

સરકારની રંગરૂટીમાં જવું એ દોજખનો રસ્તો લેવા જેવું છે એમ કહેતું. નવલરામ

રંગરૂપ ૧. ન. આકૃતિ; બાંધા; સ્વરૂપ; દેખાવ. ૨. પું. આકર્ષિત ચહેરો. ૩. ન. જાતભાત; વર્ણ અને બાંધા; નાતજાત. ૪. ન. સુવાની. ૫. પું વિશેષ આનંદ. ૬. ન. સૌંદર્ય; બળકટ.

રંગરેખા ૧. સ્ત્રી. વસ્ત્રાંકામ ઉપરની રંગની લીટી. ૨. [સં. રંગ + રેખા (લીટી)] સ્ત્રી. જીવના શરીરના અમુક અમુક ભાગ ઉપર કોરેલી રંગની લીટી; જીવના શરીર ઉપરનાં રેખાચિહ્ન.

રંગરેજ ૧. [સં. રંગરેત્ર] પું. વસ્ત્રોને રંગ ચઢાવવાનો ધંધો કરનાર માણસ; કપડાં રંગનાર માણસ; છીપો; ભાવસાર; બાપજરો; વસ્ત્ર રંગવાનો ધંધો કરનાર; રંગારો.

એમ મનને ખાડે ખરી, રહી રીત શું રંગરેજ, બળે રંગે આવે ચટકો, વળી તેમાં તે આવે તેજ. નિષ્કુળાનંદ

૨. સ્ત્રી. (સિંધ) સિંધપ્રાંતમાં મુખ્ય નગરના ઈશાન કોણમાં વસાવવા પામ્ય લોકોની એ નામે એક જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

રંગરેજી [જા. રંગ + રિખ્તન (રેડવું)] સ્ત્રી. વસ્ત્રોને રંગ ચઢાવવાનો ધંધો.

રંગરેલ ૧. સ્ત્રી. આનંદનો ઓધ; રંગની રેલ; ગોજ.

આજ રસિક ! રંગરેલ રેલિયે રે લોલ.
નરસિંહરાવ

૨. સ્ત્રી. પ્રસન્નતા.

૩. લુચ્ચો રંગરોળ.

રંગરેલિયો સ્ત્રી. રંગરાગ.

રંગરોગાન જુ. રંગચામ; રંગ અને રોગાન

રંગરોળ ૧. સ્ત્રી. આનંદમય ક્રીડા અને કેલિનાં વસ્તેરમાં ઓતપ્રોત થઈને રંગમાં રોળાવું તે.

તેનાં વસ્ત્ર દધિ હલ્લરમાં કુમકુમથી રંગરોળ.
ત્રિપાઠ

૨. સ્ત્રી. બેહદ ખુશાલી; ખૂબ મઝા; અતિ આનંદ.

રંગ કરી ભોજન તહું થઈ રહ્યો રંગરોળ.
સામળ

૩. વિ. રંગથી તરબોળ કે રોળાયેલું.

રંગલ જુ. હિંદુસ્તાનનો એ નામનો એક તરવૈયો.

રંગલતા [સં.] સ્ત્રી. એ નામની એક વેલી; આવર્તકી લતા; મરીકસી.

રંગલાપણું ન. અતિ પ્રશંસા કરવી તે; વખારે પડતાં વખાણ કરવાં તે.

હાલની સાંઠ ભલિ જે ધંધો કરે છે તે રંગલાપણું.
પુરાતત્ત્વ

રંગલાવિલની [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; રોહાવિકા.

રંગલીલા સ્ત્રી. મોજમઝાની રેલછેલ; આનંદાતિરેક.

રંગલો ૧. પું. આનંદી માણસ.

૨. પું. મશ્કરો; બીજાને જોકીને હસાવી મમત કરાવનારો માણસ; વિદૂષક; ભાંડ; તરકડિયો.

તરવું, તરવ્યું ને તંવરવું એ રંગલા ! ત્રણે આપ કમાય.
દી.ઠ.ત્રિ

૨ વિ. મશ્કરી સ્વભાવનું; મોજીલું.

રંગલા પું. રાતા હલકાવાળો સિપાહી. કેટલાક લોકોની બોલચાલમાં એ શબ્દ બોલાતો.

રંગવાઈ [હિં.] સ્ત્રી. રંગવાની; રંગવાની કીમત; રંગામણ.

રંગવિદ્યાધર ૧. [સં. રંગ (રંગ ભૂમિ) + વિદ્યા (જ્ઞાન) + ધર (ધારણ કરનાર)] પું. નટ; અભિનય કરનાર

૨. પું. (સંગીત) સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક તાલનું નામ.

રંગવિષયક [સં. રંગ (વર્ણ) + વિષય (બાબત) + ક (વાળું)] વિ. રંગ સંબંધી, વર્ણવિષયક.

રંગ વિહીનતા [સં. રંગ + વિહીન (વગરનું) + તા (પણું)] સ્ત્રી. રંગ વગરનું હોવાપણું.

રંગવીજ [સં.] ન. કપૂર.

રંગવું ૧. સ. ક્રિ. અમુક વિચાર ઉપર ચઢાવવું.

૨. સ. ક્રિ. ઉશ્કેરવું; ચઢાવવું

૩ સ. ક્રિ. કેફ કરાવી મસ્તીમાં લાવવું.

૪. સ. ક્રિ. કોઈ ઉપર આસક્ત થવું

૫. સ. ક્રિ. ભાવવું; ઢાંકવું; દોષ છુપાવવો.

૬. સ. ક્રિ. પોતાને અનુકૂળ કરવું; પોતાના જેવું બનાવવું

૭. સ. ક્રિ. રંગ ચઢાવવો. ચીતરવું.

૮. સ. ક્રિ. રંગમાં બોળવું; રંગવાળું કરવું; વસ્ત્રને રંગ આપવો.

૯. સ. ક્રિ. લાલ થવું; શરમિંદું થવું; લજ્જવું.

૧૦. સ. ક્રિ. બોલી તરી આવે તેમ મારવું

રંગી નાખવું = (૧) રંગરંગ કરી દેવું. (૨) બોલી તરી આવે કે નીકળે તેમ મારવું. માર મારી લોહી નીગળતું કરી દેવું.

૧૧. સ. ક્રિ. વખારવું; મીઠુંમરચું ભભરાવવું. વાત વધારીને કરવી; અતિશયોક્તિ કરવી.

રંગીને વાત કહેવી = વાત વધારીને કહેવી.

રંગવૈયા [હિં.] પું. રંગકામ કરનાર માણસ; રંગરેજ.

રંગશક્તિ ૧. સ્ત્રી. મકાનોમાં સંપાદન કરવાની આઠ આકૃતિની એ નામની એક પ્રકારની શક્તિ.

૨. સ્ત્રી. રંગ પૂરવાની તથા રંગોની મિશ્રાવટ કે જમાવટ કરવાની શક્તિ.

રંગશાલા ૧. [સં] સ્ત્રી. નાટકશાળા; રંગ ભૂમિ; નાટ્યશાળા; ' થીએટર '.

૨. સ્ત્રી. રંગરેજનું મકાન

૩. સ્ત્રી. રંગવાનું કારખાનું.

રંગશાળા લુપ્તો રંગશાલા.

રંગશીર્ષ ૧. ન. આઠ કાષ્ઠ સમચોરસ પડદો.

૨. [સં. રંગ (નાટકશાળા) + શીર્ષ (પડદો)] ન. પ્રવેશ કરતાં પાત્રોને અંદર રહેવાનું સ્થાન.

રંગશીર્ષ એટલે પ્રવેશ કરવાં પાત્રોને અંદર રહેવાનું સ્થાન. બીજા બજાવે રંગશીર્ષને, પાત્રોનો વિશ્રાંતિ માટે, પ્રવેશ કરતા પાત્રને સંતાઈ રહેવા માટે તથા રંગની રોબા માટે કરવું એમ કહેલ છે.
નાગરિક

રંગસપ્તક [સં. રંગ (વર્ણ) + સપ્તક (સાતનો સમૂહ)] ન સપ્તરંગપટ્ટ; ' સ્પેક્ટ્રમ. '

રંગસાઝ ૧. [હિ.] પુ. ચિત્રકાર.

૨. પુ. રંગ ચઢાવનાર; રંગનાર.

૩. પું. રંગ બનાવનાર કે તૈયાર કરનાર.

રંગસાઝી ૧ [હિ.] સ્ત્રી. ચિત્રકામ.

૨. સ્ત્રી. રંગકામ.

રંગસૂચના સ્ત્રી. નાટકના દેખાવ તથા નાટ્યકારના હાવભાવની સૂચના; 'સ્ટેજ ડિરેક્શન.'

આજ એક યુવકની બનાવ જ સ્ટેજ ડિરેક્શન રંગસૂચના રૂપે બતાવીને પ્રવેશ પૂરો કર્યો.
નરસિંહરાવ

રંગસૃષ્ટિ [સં. રંગ (વર્ણ) + સૃષ્ટિ (સર્જેલ વસ્તુ)] સ્ત્રી. રંગની દુનિયા.

આજ સામે ઊભી રહેલી રંગસૃષ્ટિ ચારોકોર ચિત્રપટ ઉતારવા તેમની શક્તિ, સામનો સાથે બળબળ કરોડગણી કરતી.
કુમાર

રંગ સો રંગ જુ. વિવિધ જાતના રંગો તરેહ તરેહ જાતના રંગ.

હાથ લઈ ધોને પીચકારી રે,
નાખે રંગ સો રંગના વારિ રે.
નિષ્કુળાનંદ

રંગહો સ્ત્રી. નદી; 'એસ્ટ્રેસ.'

રંગરસ્થલ [સં. રંગ (આનંદ) + સ્થલ (સ્થાન)] ન. નાટકશાળા; નાચઘર.

રંગસ્થાન લુપ્તો રંગસ્થલ.

રંગસ્થાપક [સં. રંગ (વર્ણ) + સ્થાપક (સ્થાપનાર)] પું. રંગ પાકો કરનાર દ્રવ્ય; રંગબંધક.

રંગહીન [સં. રંગ (વર્ણ) + હીન (વગરનું)] વિ. રંગ વગરનું.

રંગહેલિયાં ન.બ.વ. આનંદનો સતત પ્રવાહ.

અંગુલિમા અંગુલિ પરોવીને,
ખેલે તેજને અમાર,
ખેલે તેજને અંધાર,
રહ્યાં ઊભરે રંગહેલિયાં.
નાનાલાલ

રંગા ૧. પું (પિંગળ) એ નામે એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. તે માંહિલી ગીતિનો એક ભેદ છે. તેમાં દરેક પદમાં ૨૮ લઘુ અને ૧ ગુરુ મળી ૩૦ માત્રા હોય છે.

૨. વિ. સ્ત્રી. રંગીલું; આનંદી; મોજી; લહેરી.

રંગાઈ ૧. [રંગ + આઈ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. રંગવાની હલકામ; રંગવાની મજૂરી કે ભાગ.

૨. સ્ત્રી. રંગામણી; રંગવાની મજૂરી કે મહેનતાણું.

રંગાઉલી સ્ત્રી. (જૂ. પ્ર.) એક જાતનું અખબર.
આનંદોપ રંગાઉલી ખાંડાં, ખેડાં, પદ્યા, કહાની પમાત્ર

રંગાજીવ ૧. [સં. રંગ (વર્ણ) + આજીવ (જીવવું)] પું. ચિતારો
૨ પું. નટ; નાટકિયો.
૩ પું. રંગરેજ; રંગબાજ; રંગારો.

રંગાટ ૧. પું. રંગનાર માણસ, રંગારો.
૨. પું રંગવાની ક્રિયા; રંગવું તે; રંગવાનું કામ.
૩. વિ રંગેલું.

રંગાટકામ ન. રંગવાનું કામ; રંગવ.નો ધંધો

રંગાટિયું વિ. રંગાટીને લગતું; રંગકામ સંબંધી, રંગાટ સબધી.

રંગાટી ૧. પું. ચિતારો.
૨. પું. રંગારો; રંગવાનું કામ કરનાર; રંગરેજ.
૩. સ્ત્રી કપડાં વગેરે રંગવાનું કારખા.નું.
૪ સ્ત્રી. રંગ આપવાની ક્રિયા; રંગ ચડાવવાનો હસબ.
૫. સ્ત્રી. રંગ બાંધવાને માટે વપરાતી લાકડી.
૬. સ્ત્રી. રંગવાનું કામ; રંગાટી કામ; રંગરેજનું કામ.

રંગાટીકું જુઓ રંગટિયું.

રંગાડિયા (રંગાડિયો) ૧. સ્ત્રી. સયવારાની એ નામની એક ભટક.
૨. ન. એ નામની ભટકનું માણસ.
૩ વિ. એ નામની ભટકનું.

રંગાડું (રંગાડ) ૧. ન. રંગવાનું પાણી ભરવ.નું તાંબાનું કૂંડું; રંગ બનાવવાનું વાસણ; રંગ ઓગાળવાનું કૂંડું.
૨. ન. રંગવાળી પદાર્થ રાખવાને જમીનમાં ખોદેલો ખાડો.

રંગાડો (રંગાડો) ૧. પું. મોટું વાસણ.
તેને ૩૬ સાપસીના રંગાડા ચડ્યા છે.
સૌરાષ્ટ્રની રસધાર
૨. પું. રંગવ.માં વપરાતું મોટું વાસણ.

રંગાપાયન ન. રંગવિક્ષેપ; વર્ણવિક્ષેપ.

રંગાભરણ [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ

રંગામણ ન. રંગવાની મજૂરી; રંગ ચડાવી આપવાનો ભડલો; રંગાઈ.

રંગામણી જુઓ રંગામણ

રંગામેજ ૧. [ફા. રગામેઝ] સ્ત્રી. ચિતારી; ચિત્રકાર સ્ત્રી.
૨. વિ. ચીતરેલું.
૩. વિ. ભડલાનું.

રંગામેજી ૧. [ફા.] સ્ત્રી. કુટિલતા.
૨. સ્ત્રી. કૃત્રિમ સ્ત્રી.
૩. સ્ત્રી. ચિત્રકલા.

રંગામેઝ જુઓ રંગામેજ

રંગામેઝી જુઓ રંગામેજી

રંગાર્ઉંગ ૧. વિ ઘણી જાતનું
૨ [ફા] વિ રગામેઝી; રંગારંગનું; ચચરંગી

રંગારિ [સં.] પું. કરેણનો છોડ.

રંગારી ૧. પું રંગરેજ; રંગનો ધંધો કરનાર માણસ.
રંગિયા પ્રવૃત્તિ ખોળી, રંગારી, ચિત્રારા. દરજી ઇત્યાદિને કામ આપે છે. નવજીવન
૨. સ્ત્રી. આવળની જાત. વડોદરા રાજ્યના પીર જંબુસરના કોરીનાર તરફના ચમારો કે જેઓ આ જાતમાંથી રંગ કાઢવાની રીત જાણે છે તેઓ આ જાતને રંગારીના નામથી ઓળખે છે.
૩. સ્ત્રી. કરેણ.

રંગારી હરડે (રંગારી હરડે) સ્ત્રી. (વૈદ્ય) એક જાતની હરડે. તે તાવ, હોજરસ, પેશાબનો રોગ, હરસ, આંતરડાનાં કૃમિ અને સંધિવા મટાડનાર મનાય છે.

રંગારો ૧. [સં. રંગ + કાર(કરનાર)] પું. રંગ જમાડનારો માણસ; ઘર ગાડી વગેરે રંગનાર માણસ
૨. પું. રંગરેજ; ભાઠો; વસ્ત્ર રંગનારો કે રંગવાનો ધંધો કરનાર માણસ.

રંગારસ્થ [સં. રંગ + આલય(સ્થાન)] પું. નાટ્યસ્થાન; રંગભૂમિ.

રંગાલેખન ન. રંગથી કાઢેલું ચિત્ર.

રંગાવટ ૧. [ફા] સ્ત્રી. રંગ.
૨. સ્ત્રી. રંગકામ; રંગાઈ.
૩. [હિ.] સ્ત્રી. રંગવાની ક્રિયા.

રંગાવતરણ [સં.] ન. નાટકમાં પાઠ લેવા ઊતરવું તે.

રંગાવરણ [સં. રંગ + આવરણ(પડ)] ન. રંગનું પડ.

રંગાવલિ [સં. રંગ + આવલિ (હાર)] સ્ત્રી રંગોની હાર
અયત રંગાવલિ, ચિત્ત ગતિ અને અનુરૂપા સ્ફુરિતતા એ ત્રિપુટીનું સંગમ તીર્થ તે સંભાવિત્ર. ત્રિપુટી

રંગાવવું ૧. સ ક્રિ. અમુક મત, વિચાર કે અભિપ્રાયનું કરી નાખવું.
૨ સ ક્રિ. ચિતરાવવું; રંગથી ખોળાવવું.
૩. સ. ક્રિ. રંગ કરાવવો; રંગ ચડાવવો, રંગે એમ કરાવવું.
૪. સ ક્રિ. ખોડી તરી આવે એમ માર ખવરાવવો
કાઠકાં રંગાવવાં = ખોડી તરી આવે એમ મરાવવું.

રંગાવું ૧. અ ક્રિ. કેફ કરી ખુશીમાં આવવું.
૨. અ ક્રિ. ઉતરાવું; ઠગાવું.
૩. અ ક્રિ. રંગવાળુ થવું, રંગ ચડવો; ચિતરાવું; રંગથી ખોળાવું.
૪. અ ક્રિ. રાતું થવું; લાલ થવું.
૫. અ ક્રિ. લોહીલોહાણ થવું; વાગવું.
કાઠકાં રંગાવા = લોહી નીકળવું.

રંગાળું વિ. ગળોડકું; રંગવાળું.
ચાંદલો ભમી રહ્યો ભાલો, રંગી રંગાળો.
નરસિંહ

રંગાંગના [સં. રંગ (વર્ણ) + અંગ (ભાગ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દટકડી.

રંગાંધળું વિ. રંગ બરોબર ઓળખી ન શકવાના રોગવાળું.

રંગિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મુખલા. આ છંદ ભુજની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

રંગિકા [સં.] પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૩૨ માત્રા હોય છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૮, ૨૨, ૨૬ અને ૩૦ માત્રાએ તાલ આવે છે.

રંગિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ભોમ.
૨. સ્ત્રી. શતમૂલી

રંગિત ૧. વિ. અતિશયોક્તિ ભરેલું.
૨. વિ. આનંદી; હસમુખુ
૩ વિ. ભોપ ચડાવેલું.
૪ વિ. ચીતરેલું
૫. વિ. રંગત; રંગેલું; રંગવાળુ.

રંગિયો પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણદંડક; વર્ણરંગી તેમાં લઘુ ગુરુનો કોઈ નિયમ નથી. અને લઘુ ગુરુ આવે છે ૬, ૭, ૭ અને ૫ માત્રાએ યતિ આવે છે. તેમાં ૨૮ વર્ણ હોય છે.

રંગી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ. આ છંદ દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૨૨ લઘુ મળી ૭૨ વર્ણ હોય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ નિશાનીછંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૧૧ લઘુ મળી ૧૭ વર્ણ હોય છે.

૩. પું. રંગરેજ; ખત્રી; રંગારો.
૪. સ્ત્રી. એ નામની એક જાતની લાલ માટી; રમચી; સોનાગેરુ.
૫. સ્ત્રી. એ નામની વેલ; કૈવર્તિકા.
૬. સ્ત્રી. ઈંટનું કાપડ.
૭. સ્ત્રી. રાતમણી વનસ્પતિ.
૮. વિ. અનુરાગી; પ્રેમી.
૯. વિ. રંગવાળું, સમાસને છેડે આવે છે.
૧૦. વિ રંગીલું; બહેરી, આનંદી, મોજી.
૧૧ વિ રંગેલું

રંગીઓ પું. (ચારણી) નાગપિંગળ બહેનો માત્રામેળવાળો એક છંદ.

રંગીકરણ [સં. રંગ + કરણ (કરવાપણું)] ન. રંગવાળું કરવું તે.

રંગીકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણદંડક. તેમાં લઘુ ગુરુનો નિયમ નથી. તેમાં ૩૨ વર્ણ હોય છે અને અંતે લઘુ આવે છે અને ૧૦, ૮, ૮, ૬ માત્રાએ યતિ આવે છે.
૨. પું. (પિંગળ) એ નામે નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મુખલા. જુઓ રંભિકા.

રંગીચંગી વિ. મનમોજી; ધ્યાનમાં આવે તો કામ કરે તેવું.

રંગીજંગી વિ. આનંદી; શોખીન.

રંગીત ૧. ન. પોલું શરીર અને પીળી આંચવાળું એક જાતનું ગીધ.
૨. [સં. રંજિત] વિ. રંગવાળું; રંગેલું.

રંગીતિયું ન. સુથારનું રંગીનું ઓરસ આનું.

રંગીન ૧. [હિ.] વિ. ચમત્કાર કરેલું.
૨. વિ. રંગી; આનંદી; બહેરી; ખુશમિજાજી; હસમુખું.
૩. વિ. રંગેલું; રંગવાળું; જેને રંગ ચડાવેલો હોય તેવું.
૪. વિ. રાજગારેલ; શોખીનું.
રંગીન મિજાજ = (૧) આનંદનો શોખીન (૨) આનંદી સ્વભાવ.

રંગીન અડૂસી (રંગીન અડૂસી) સ્ત્રી. એ નામે એક વનસ્પતિ. તેના પાનમાં લીલા, ધોળા તરેહવાર પટા માપ છે તેમાં રાતાં ફૂલ આપ છે.

રંગીન છાયાચિત્ર ન. રંગબેરંગી ફોટોગ્રાફ પાડવાની કળા; 'ટેકનીકલર ફોટોગ્રાફી'.

રંગીન પ્રકાશજ્ઞાન ન રંગવાળા પ્રકાશનું જ્ઞાન.
રંગીન પ્રકાશજ્ઞાન કે જે વધારે અટપટું છે, તેને એક વર્તુલ અથવા ત્રિકોણ જેવી બંધ અથવા પરિમિત આકૃતિથી દર્શાવી શકાય છે.
વિજ્ઞાન પ્રવેશિકા

રંગીનિયા સ્ત્રી. આનંદ; મોજ.

રંગીની ૧. સ્ત્રી. તેજવાળો રંગ.
૨. સ્ત્રી. રસિકતા; રંગીલાપણું
૩. [કા.] સ્ત્રી. રંગવાળું હોવાપણું.
૪. સ્ત્રી. સભ્યપદ.

રંગીબંગી ૧. [રંગી (આનંદી) + બંગી (બાંગ પીનાર)] વિ. ઘડા વગરનું; મરજીમાં આવે તેમ વર્તનાર; ધ્યાનમાં આવે તેમ કામ કરે તેવું.
૨. વિ. મનમોજી; અવનવા તરંગોવાળું.
૩. વિ. રંગરસિયું; વિલાસી.
૪. વિ. લહેરી; આનંદી; વિનોદી; ગમત કરવું.
૫. વિ. બલિહારી.
૬. વિ. બસની; નકો ચડાવનારી વસ્તુઓનો યોગ ધરાવનાર; મંજેરી, ચંબલનો રંગ કરનાર.

રંગીલડી (રંગીલડી) સ્ત્રી. રંગીલી સ્ત્રી.
રમવા રંગ રંગીલડી, અમને વમવું મોડ;
રતિના રાજે આવશો, રાધાને ઝબોડ.
સુવર્ણમાલા

રંગીલું ૧. ન. આનંદી માણસ.
૨. ન. ટૂંટિયું; ઘુંચી; રકાબનર; એક પ્રકારનો કૂટી નીકળતો તાવ. તેનાથી મોઢા ઉપર ખૂબ રતાશ જણાય છે અને ચહેરા અને ભીન્ન અવયવો ઉપર લાલ ઝોકીનો સોળે થઈ આવે છે. એમાં શરીરની ચામડી ઉપર રાતા ઝાંટા ઝાંટા જેવું જણાય છે. આખુ શરીર ને સાંધાઓ કળાઈ જઈ માણસ ટૂંટિયું વળી જાય છે ને પથારીમાંથી ઊઠી શકતું નથી.
૩. વિ. અકડબાજ; અજમેલું; ભાંકું.
૪. વિ. ચમકદાર; ઝળકદાર.
૫. વિ. છબીલું; ઠસકાબાજ; ઠસકો.
૬. વિ. તેજસ્વી.
૭. વિ. પ્રેમી; અનુરાગી.
૮. વિ. મોજી; આનંદી; બહેરી.
૯. વિ. રમતિયાળ.
૧૦. વિ. રંગાઈ ગયેલ.
૧૧. વિ. સુરતું ખૂબસૂરત.
૧૨. વિ. હિંમતવાન.
૧૩. વિ. હોંશીલું

રંગીલુંછબીલું ન ન ત્ર સાથે શરીરનું ઝલકતું તે; રંગીલું; છબીલું.

રંગીલો વિ. પું. હાંકેડરાવ; અજમેલો.

રંગુન ન. બ્રહ્મદેશના મુખ્ય શહેરનું નામ. તે રંગુન નદીના ડાબા કિનારા ઉપર આવેલું છે અને માર્તબાનના અખાતથી ૨૦ માઈલ દૂર છે. આ શહેર ૬૬ા સૈકાથી વસેલું મનાય છે. તેનું વખણાતા લાયક મુખ્ય મકાન સ્વેડેગોન પેગોડા અથવા બૌદ્ધ મંદિર છે. તે ૩૬૮ ફૂટ ઊંચો છે અને સોનાના પતરાથી ઢાંકેલ છે. ત્યાં બ્રહ્મદેશની વિદ્યાપીઠ છે. વેપારમાં ખનિજ તેલ અને ચોખા મુખ્ય છે

રંગુનતેલ ન. એક પ્રકારનું તેલ. તે ગજ સાફ કરવામાં વપરાય છે તેને રંગુનનું રોગાન પણ કહેવામાં આવે છે.

રંગુનવેલ સ્ત્રી. એક જાતની વેલ.

રંગુની ૧. સ્ત્રી. ચોખાનો એક પ્રકાર.
૨. વિ. રંગુનનું.

રંગેચંગે ૧. અ. આનંદભેર; હસતે મને; ખુશીથી;
૨. અ. વિના તકરારે; કોઈપણ તકરાર કે ટંટા વગર.
૩. વિ. સાંગોપાંગ; સમસ્ત; પૂર્ણસુખરૂપ.

રંગેડીભંગેડી (રંગેડીભંગેડી) ૧. પું. અસ્થિર મનનો માણસ.
૨. વિ. રંગીભંગી.

રંગેડું (રંગેડું) ન. રંગ ઓગાળવાનું કૂંડું.

રંગેલ ૧. વિ. રંગીત.
૨. વિ. ચમિતબ્રાહ્મિય.
૩. વિ. વિલાસી.

રંગો વિ. પું. રંગીલો; મોજી; આનંદી.

રંગોપજીવી [સં. રંગોપજીવિન્] પું. સારો નટ; નાટકિયો; નાટકનો ધંધો કરનાર માણસ.

રંગો બૂ સ્ત્રી. ન. ન. રંગ અને સુગંધ.
નકશો નિમાણો રંગો બૂ, વાસે ભતારે નો ભનો.
નાનાલાલ

રંગોળ સ્ત્રી. રંગોળી.
તેણે કવિતાના સાહિત્યમાં અજબ રંગોળ પૂરી.
મુ. સા. પરિષદ

રંગોળિયું ૧. ન. ઠેકાવટી
૨. ન. જુદા જુદા રંગના ભૂકા ભરવાનું ખાનાંવાળું પાત્ર; રંગોળી પૂરવાનું સાધન.
૩. ન. જેમાં રંગ ઓળવામાં આવતો હોય તે કૂચા અથવા કામ.
૪. ન. સુતાર, બહેરણિયા, કંડિયા વગેરેનું રમચી પલાળવાનું કહોડું કે આમણું.

રંગોળી ૧. [રંગ + સં. આવલિ (લીટી)] સ્ત્રી. રંગથી પાડેલો ઓળો, જમીન ઉપર રંગ પૂરી પાડેલી ભાત; રંગથી જમીન ઉપર કાઢેલું ચિત્ર.
રંગોળી પૂરવી = માનવંતા પરોણાઓને પંક્તિભેર બેસવા માટે જમીન ઉપર રંગની ઓળી અને આસનનાં ખાનાં વગેરે પાડી ગોઠવવી.

૨. સ્ત્રી. રેંસના ભૂકા ભરીને ગળકાવતાં રેંસિત ઓળો પડી રહે એવી બનાવટનું ખૂમણું; જમીન ઉપર રંગ પૂરી ભાત પાડવાનું એક ઓજાર.

રેણ્ ૧. [સં.] અ. ક્રિ. જવું.
રાખ્યા સ્ત્રી. કૂંડી તેમજ કૂંડીની અંદર ચોકસ મણ્ણો જેને અથવા જેની વચ્ચે કૂંડીનાં નાણાં આપવા જણાવેલ હોય તે રાખ્યા કહેવાય છે

રાગ ૧. પું. (જૈન) અઢાર માંહેનુ એ નામે એક દૂષણ. અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, હાસ્ય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, અને ઉપભોગાંતરાય, કામ, ક્રોધ, હાસ્ય, રતિ અને અરતિ એ અઢાર દૂષણ જણાય છે.

રાગ સમાન અગ્નિ નથી, દ્વેષ સમાન હાનિ નથી.
ધમ્મપદ

૨. પું. અનુરાગ; સ્નેહ; હેત
૩. પું આસક્તિ; સંસારમાં પ્રીતિ; મોહમાયા; મોહપાશ; મમતા; મોહ; સાંસારિક સુખોની ઇચ્છા.

એ પ્રૌઢ બ્રહ્મચારીને રાગ ન દ્વેષ કંઈપણ.
નિષ્કામતાથી તે નિત્ય સર્વોદયે જ મગ્ન છે
ગાંધીગીતા

૪. પું. ઇચ્છા; અભિલાષ
૫. પું. ઉદ્વેગ; દિલગીરી.
૬. પું. (જૈન) એ નામનું અઢાર માંહેનુ દશમું પાપ સ્થાનક; પૌદ્ગલિક વસ્તુ ઉપર પ્રીતિ.
૭. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલ્પતિપ્રભા છંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે.
૮. પું કષ્ટ; પીડા; તકલીફ.
૯ પું (સંગીત) કામપુર્ણ, અવાજની મીઠાશ.
૧૦. પુ. ગમો, મેળ, બનતી, સપ, અનુકૂળતા.
૧. રાગ આવો-ચડો = (૧) ઠીક ગોઠવાવું; મેળ ચડો; સપ થવો.
૨. રાગ લાવવો = (૧) ખેમ ખવરાવવો. (૨) મેળ કરવો કે કરાવવો
૩. રાગ હોવો = બનાવ હોવો
૧૧. [સ.] પું. ગુસ્સો; ક્રોધ; રીસ.
૧. રાગ આવવો = (૧) ગુસ્સે થવું. (૨) બનવું, મેળ મળવો.
૨. રાગ ભરાવો = ઠમિયો કરવો, ગુસ્સે થવું.
૩. રાગે ભરાવું = ગુસ્સે થવું; ક્રોધ કરવો.
૧૨. પું ગ્રહ.
૧૩. પુ. છત્રીસ માંહેનુ એ નામનું નવમું તત્ત્વ.
૧૪. પું દ્વેષ; ઈર્ષા, મત્સર.
૧૫. પુ પરાગ; ફૂલ માંહેની રજ.
૧૬ પું પસંદી વસ્તુથી લાગે થાય એવા મમતાપૂર્વકની પ્રીતિ; આ વસ્તુ અમને પ્રાપ્ત થાઓ એવી અંતઃકરણની વૃત્તિ.
૧૭. પું. પારની બનાવટ અંગેની એક ક્રિયા.
૧૮. પું. પાપ માંહેનો એક પ્રકારનો ક્લેશ. સુખને ભણવારાગાની સુખના સ્મરણપૂર્વક સુખમાં તથા તેના સાધનોમાં થતી પ્રીતિ

અનાદિ વાસના રૂપ રોગ છે તે જ સુધિ બોલે
શરીરાદિ બળવાનું કારણ છે. જ્ઞાનબિંદુપનિષદ

૧૯. પું. પાપ માંહેનો એક વિષયક; પ્રાકૃતિક સુખમાં અતિ આસક્તિ રાખવી તે. પતંજલિએ રાગને પાંચ પ્રકારના વિપર્યય માંહેનો એક પ્રકારનો વિપર્યય માનેલો છે. તેના મત પ્રમાણે જે વ્યક્તિ સુખ ભોગવે છે તેની પ્રકૃતિ વધારે સુખ પ્રાપ્ત કરવા તરફ હોય છે અને આ પ્રવૃત્તિનું નામ તેણે રાગ રાખ્યું છે. તેનું મૂળ અવિદ્યા અને પરિણામ ક્લેશ છે.

પ્રત્યેક ઇંદ્રિયના વિષયમાં રાગ તથા દ્વેષ અવશ્ય રહેલા છે. તે બંનેને વશ થવું નહિ, કેમકે તેઓ બને આત્મ દેહી ના શત્રુઓ છે.
ભગવદ્ગીતા

૨૦. પું. ભાવ; પ્રીતિ; પ્રેમ.

હોહદ હારદ હેત સ્નેહ પ્રણય રાગ અનુરાગ
પ્રેમ પ્રીતની રીતને અનુસરે તે બડભાગ.
પિંગળપ્રકાશ

૨૧. પુ. રોગ; રોગનો વર્ગ.
૨૨. પું. રંગ ચડાવેલ ચામડું
૨૩ પું રંગવું તે

૨૪ પું. (સંગીત) સ્વરની પરસ્પર મેળવણીથી જે અનેક રચના થઈ કાનને મધુર લાગે તેવું કૈંક્ય કરી રહે એવા આલોડ અવરોહ અને વાદીસંવાદીયુક્ત સ્વરસમૂહ; મધુર લાગે એવી રીતે સુરમિલાવટ કરી અવાજ કાઢવાની રીત; ગાવાની ઢબે વાણીને મોહવવાની રચના; પદબંધકર્તા. પ્રાણીમાં તથા પવનથી નાદ, નાદથી સ્વર અને સ્વરથી રાગ ઉત્પન્ન થાય છે સાત સ્વર અને તેના શ્રુતિ વિન્યાસની જુદી જુદી રચનાને રાગ કહેવામાં આવે છે. કેટલાક રાગ સાત સ્વરના છે. કેટલાકમાં અમુક સ્વર વર્જ્ય છે. કેટલાકમાં અમુક સ્વર કોમળ લાગે છે અને અમુક તીવ્ર લાગે છે. કેટલાકમાં અમુક સ્વર આરોહક્રમમાં લાગે છે અને કેટલાકમાં તે અવરોહક્રમમાં લાગે છે. આમ સ્વરના આરોહ અવરોહથી જે રચના થાય છે તેને રાગ કહે છે. જીવાત્મા અંતઃકરણને બોલવાની પ્રેરણા કરે છે અને અંતઃકરણ શરીરના જઠરાગ્નિને પ્રેરે છે અને તે પેટની અગ્નિ નાભિની નીચે ચાર આંગળને છેટે જે બ્રહ્મગ્રંથિનો વાયુ છે તેને પ્રેરે છે એટલે તે વાયુ નાભિથી અનુક્રમે મુખથી તે મસ્તક સુધી પરબ્રહ્મનાદશબ્દ તે નાદ કહેવાય છે. તે નાદ નામના શબ્દમાં ન તથા દ અનુક્રમે વાયુ તથા અગ્નિનું નામ ધરાવે છે. વાયુ તથા અગ્નિ એ બે જ જાતના આધારે રૂપ છે, માટે નાદ શબ્દ સર્વોપરી ઉપયોગી સંજ્ઞા છે. નાદને સાધનમાં સ્વર કહે છે. હૃદયને આનંદ આપે તેવા સ્વરોના સમૂહને રાગ કહે છે. સંગીતશાસ્ત્રના ભારતીય આચાર્યોએ ૬ રાગ માનેલા છે; પરંતુ આ રાગોનાં નામો સંબંધમાં ઘણો મતભેદ છે. ભરત અને હનુમત મત પ્રમાણે ૬ રાગ આ પ્રકારના છે: ભૈરવ, કૌશિક (માલકોષ), હિંડોલ, દીપક, શ્રી અને મેઘ સોમેશ્વર અને બ્રહ્માના મત પ્રમાણે આ ૬ રાગોનાં નામ આ પ્રમાણે છે: શ્રી, વસંત, પંચમ, ભૈરવ મેઘ અને નટનારાયણ નારદસંહિતાના મત પ્રમાણે: માલવ, મલ્લાર, શ્રી, વસંત, હિંડોલ અને કર્ણાટ એ ૬ રાગ છે. પરંતુ હાલ મોટે ભાગે બ્રહ્મા અને સોમેશ્વરનો મત વધારે પ્રચલિત છે સ્વરભેદથી રાગ ત્રણ પ્રકારના કહેવાય છે: (૧) સંપૂર્ણ જેમાં સાત સ્વર લાગે છે. (૨) ષાડવ. જેમાં કોઈ ૬ સ્વર લાગે છે અને કોઈ એક સ્વર વર્જિત હોય છે. (૩) ઔડવ જેમાં કોઈ પાંચ સ્વર લાગે છે અને કોઈ બે સ્વર વર્જિત હોય છે. મતંગના મત પ્રમાણે રાગોના ત્રણ ભેદ આ પ્રમાણે છે: (૧) શુદ્ધ. જે લક્ષણ નિયમ તથા વિધાન અનુસાર હોય અને જેમાં બીજા કોઈ રાગની છાયા ન હોય, (૨) સાલંકૃત જે છાયાવાળા. જેમાં કોઈ બીજા રાગની છાયા દેખાતી હોય અથવા તો જે બે રાગના મિશ્રણથી બનેલો હોય અને (૩) સંકીર્ણ, જે કેટલાક રાગોના મિશ્રણથી બનેલો હોય છે. સંકીર્ણને મિશ્ર રાગ પણ કહે છે. ઉપર જે ૬ રાગોનાં નામ બતાવ્યાં છે તેમાંથી દરેક રાગને એક નિશ્ચિત સરગમ કે સ્વરક્રમ છે. તેનું એક વિશિષ્ટ સ્વરૂપ બનેલું છે. તેને માટે ખાસ ઋતુ, સમય, પ્રહર વગેરે નક્કી કરેલા છે તેને માટે કેટલાક રસ નિયત છે તથા એવી અનેક બાતો પણ કહેલી છે જેમાંથી અધિકાંશ કેવળ કલ્પિત જ છે. જેમકે, અમુક રાગનો અમુક દોષ કે બંધ ઉપર અધિકાર છે, તેનો અધિપતિ અમુક બ્રહ્મ છે. તે ઉપરાંત ભરત અને હનુમંત મત પ્રમાણે દરેક રાગની પાંચ પાંચ રાગિણીઓ અને સોમેશ્વર આદિના મત પ્રમાણે ૭ ૭ રાગિણીઓ છે. આ અંતિમ મત અનુસાર પ્રત્યેક રાગના આઠ આઠ પુત્ર તથા આઠ આઠ પુત્રવધૂઓ છે. જો વાસ્તવિકદૃષ્ટિથી જોવામાં આવે તો રાગ અને રાગિણીઓમાં કોઈ તફાવત નથી. જે કંઈ તફાવત છે તે કેવળ કલ્પિત છે. એટલું ખરું કે રાગોમાં રાગિણીઓની અપેક્ષા કાંઈક વિશેષતા અને પ્રધાનતા અવશ્ય હોય છે અને રાગિણીઓ તેની છાયારૂપે દેખાય છે. તેથી આપણે રાગિણીઓને રાગોનો અવાંતર ભેદ કહી શકીએ. તેના સિવાય પણ બીજા ઘણા રાગ છે જે કેટલાક રાગની છાયાથી અથવા તો મિશ્રણથી બનેલા છે અને તે મિશ્રરાગ કહેવાય છે. શુદ્ધ રાગોની ઉત્પત્તિના સંબંધમાં લોકોમાં માન્યતા છે કે, જેવી રીતે શ્રીકૃષ્ણની બંસીના સાત છિદ્રમાંથી સાત સ્વર નીકળે છે તે જ પ્રકારે શ્રીકૃષ્ણની ૧૬૦૮ ગોપિકાઓના ગાવાથી ૧૬૦૮ પ્રકારના રાગ ઉત્પન્ન થયા હતા અને તેમાંથી રહેવાં રહેવાં અંતે ફક્ત ૬ રાગ અને તેની ૩૦ કે ૩૬ રાગિણીઓ બાકી રહી ગઈ. કેટલાક લોકોનો એવો પણ મત છે કે, મહાદેવજીના પાંચ મુખોમાંથી પાંચ રાગ (શ્રી, વસંત, ભૈરવ, પંચમ અને મેઘ) નીકળ્યા છે અને પાર્વતીના મુખથી છઠ્ઠો નટનારાયણ રાગ નીકળ્યો છે. રાગની પ્રાચીન કાળમાં ૧૬,૦૦૦ની સંખ્યા મનાતી તથા તાલની સંખ્યા ૩૬૦ની હતી પણ હાલમાં ચાર મત પ્રમાણે નીચે બતાવ્યા મુજબ રાગ રાગિણીની સંખ્યા છે. ચાર મતનાં નામ: મહાદેવ મત, શ્રીકૃષ્ણ મત, ભરત મત હનુમંત મત. તેમાં વર્તમાન સમયમાં હનુમંત મત પ્રમાણે સંગીત શાસ્ત્રનો નિયમ ચાલે છે. હનુમંત મત પ્રમાણે મુખ્ય ૬ રાગોની કલ્પના છે અને તે દરેક રાગની પાંચ પાંચ રાગિણીઓ એટલે સ્ત્રીઓ છે અને તે દરેક રાગને આઠ આઠ પુત્ર છે. તે દરેક પુત્રને એક એક ભાર્યા છે. પણ ભાર્યાની કલ્પના ફક્ત ભરત મતમાં જ છે. અને હનુમંત મતમાં દરેક રાગને પાંચ પાંચ પુત્રીઓની કલ્પના છે પરંતુ સર્વે ઠેકાણે હનુમત મતમાં ભરત મત પ્રમાણે ભાર્યાઓ લખે છે. પ્રથમ પાંચ રાગો મહાદેવના મુખમાંથી ઉત્પન્ન થયેલા કહેવાય છે ત્યારે છઠ્ઠો રાગ પાર્વતીએ ઉત્પન્ન કર્યો હતો. એ રાગનું સપ્તક કુલ ૨૨ની સંખ્યાનું છે એથી ૬ રાગનો પરિવાર ૧૩૨ નો છે. મુખ્ય ૬ રાગ અને તેનો પરિવાર નીચે પ્રમાણે છે:—

રાગ	રાગિણી	દરેક રાગના પુત્ર	દરેક પુત્રની સ્ત્રી
ભૈરવ –	મધુર માધવી	અદ્વૈત	સોરઠી
	ભૈરવી	અદ્ભુત	પૂરબી
	ભંગાલી	અરવા	ભૈરવી
	ગૌરાંગી	બિલાસ	ધનાશ્રી
	ગૌધવી	દેસકાર	ગોંડેવાની
માલકોષ –	ટોડી	આસિસર	કેદારનટ
	અમાયચી	સુધરાઈ	શુદ્ધનટ
	ગૌરી-ગૌરી	ગૌત	ધનની
	મુનકલી	ગોરા	ગોધની
	કકુભ	અઢાણા	ખેમ
હિંડોલ –	બિલાવલ	દેવગીરી	ધવલગીરી
	રામકલી	સિરાવરી	માર
	દેસાખ	સૂહા	ધનાશ્રીબાઈ
	પદમજરી	અસૈયા	પૂરિયા
	લલિત	પંચમ	ગંભીર
દીપક –	કેદારા	જૈત	પરજ
	કાનડા	નાયકી	કામોદનટ
	દેશી	કાફી	બગ્ગેશ્રીબાઈ
	કામોદ	રામ	નટમલ્હારી
	નટ	છાયાનટ	સિલાસ
શ્રી –	વસંત	પરાજ	લકડદન
	માલવી	ગોયાબટક	સોહની
	માલશ્રી	લાચારી	પલાડી
	આશાવરી	જોગીયા	ગૌડ સારંગ
	ધનાશ્રી	ગંધાર	શંકરાભરણ
મેઘ –	મલ્હારી	ગૌડ	મુલતાની
	જૂરાલી	કલ્યાણ	હેમ
	મુર્જરી	વૃંદાવની	ખંભાવતી
	ટંક	ત્રિવત	માલીગૌર
	સારંગ	સાવત	મલ્હોત્રા.

પ્રસિદ્ધ રાગરાગિણીઓની સંખ્યા ૪૫ જેટલી ગણાય છે તેમાં જોગીયા, ગૌડમલ્હાર, ગૌડસારંગ,

જૌનપુરી, વંદ્રાવની, આશા, દેવગંધાર, પીલુ, જ્હલો, કાફી, સિંદૂરા, તિલકકામોદ, અડાણા કાન્હડા, ભાગેશ્વરી, દેશ, ગારા, માઢ, જયાતાર, મુલતાની પરજ, કાલિંગડા, કાન્હડા વગેરે મુખ્ય છે. વળી કેટલાક શ્રી, વસંત, ભૈરવ, પંચમ, મેઘમલ્હાર ને ખુડમાટ, એ છ મુખ્ય રાગ માનેલા છે. રાગ ૨૬૪ પ્રકારના છે. તે તે રાગના દસ વર્ગ પાડવામાં આવેલા છે. (૧) રાગ, (૨) ગ્રામરાગ, (૩) ઉપરાગ, (૪) ભાષારાગ, (૫) વિભાષારાગ, (૬) અંતરભાષા, (૭) રાગાંગ, (૮) ક્રિયાંગ, (૯) ભાષાંગ (૧૦) ઉપાંગ. માત્રથી, ત્રિષ્ટુપ વગેરે કહેતા જે વાગ્ વિશેષનું અભ્યાહાર સમજવું તે પ્રાગ્તરે ભુલાયું ને તે તે વિશેષનું જ છંદની સંજ્ઞારૂપ મનાયા. આવી રીતે, અરે જોતાં જેનું નામ ભગવદ્ગીતોપનિષદ છે, તેને આપણે ભગવદ્ગીતા અથવા કેવળ ગીતા કહીએ છીએ. છંદના વાચ વિશેષની જાતિને અનુસરીને નારી જાતિમાં રચાયાં તેમ સંગીતમાં રાગ રાગણીના નામ તે તે વિશેષની જાતિ અનુસાર નરજાતિ કે નારીજાતિમાં રચાયલા જાણવા જોઈએ છીએ

સાત સુર, ત્રણ ગ્રામ, બેતાલીસ મૂર્છના અને અને એકવીસ કૂટિ જ્યારે મળે ત્યારે રાગનો સંપૂર્ણ થાય છે. સંગીતહિત્ય

૧. પોતાનો રાગ આલાપવો = પોતાની જ વાત કહેવી; પોતાના જ વિચાર પ્રકટ કરવા; બીજાની વાત પર ધ્યાન ન આપવું.

૨. રાગ કાઢવો = (૧) ગાવું; મોટેથી ગાવું. (૨) મત જણાવવો. (૩) બોલવા કે બોલ્યા પ્રમાણે સુખી રહવું. તે કટાક્ષમાં વપરાય છે.

૩. રાગ ગાવો = (૧) બીજાના કહ્યા મુજબ ગાવું કે વાત પ્રમાણવી. (૨) સંગીતના રાગ મુજબ ગાવું કે સાંભરવું.

૪. રાગ પૂરવો = (૧) એકનો એક રાગ સૂરની જુદી જુદી જમાવટથી ગાવો. (૨) પાકો કરવા માટે એક રાગ વારંવાર ગાવો. (૩) રાગ બેસાડવા અવાજને સજાવવો.

૫. રાગ પૂરવો = બાંધી કહેવાળો ઉપજાવે તેવી વાર્તા કહેવી.

૬. રાગ મારવો = (૧) ઠગ દેવો. (૨) બાનું કાઢવું; ઢોંગ કરવો; મગ મારવી.

૭. રાગનું ઘર = રાગના સુર

૮. રાગે પડવું = (૧) કેડાએ પડવું; કામધંધે લાગુ થઈ જવું. (૨) બરાબર ચાલવા માંડવું કે ચાલુ થવું; સરાડે ચડવું

૨૫. પું. રાગ

૨૬. પું. લાલ રંગ

૨૭ [સં. રંજ્ (રંગવું; લાલચોળ થવું)] પું. લાલ લાખ.

૨૮. પું. વર્ણન.

૨૯. પું. વાજિંત્રનો નાદ.

૩૦. પું (હિંદી) વાર્તા.

૩૧ પું. વિષયસુખનો ભોગ.

સ્ત્રીઓ ને પુરુષો જે સ્ત્રીના રૂપે અને પુરુષ રૂપે વ્યવહાર સંબંધ, હાવભાવ, કટાક્ષરોરી ક્રિયાદિ જાણવાની જે વૃત્તિ તે રાગ કહેવાય. શ્રીમદ્રાજચંદ્ર

૩૨ પુ. સભ્યાપણું

૩૩. પું. સભ્યા સમયનો આકાશનો રંગ

૩૪. પું. (જૈન) સાત ધાતુનો એક પ્રકારનો અનુરાગ.

૩૫ પું. સાદ; ઘાટો.

૩૬. પું. સુવર્ણચપાળું દ્રવ્ય; ચળનાદિક લેપ.

૩૭. પું. સુરસો; મધુર પ્રકારો; મીઠું; પીલું.

૩૮ પુ સુખ.

૩૯ પું સૌંદર્ય

૪૦. વિ. જ સુચક સાંકેતિક શબ્દ.

૪૧. વિ. રાજી કરનાર.

રાગ અરાગ પું (જૈન) વિષયમાં આસક્તિ હોવી અને ન હોવી તે.

રાગકવિતા જી. ગીત કવિતા.

રાગચૂર્ણ ૧. પું. કામદેવ

૨ પું. એનું ફાડ.

૩. [સં. રાગ (લાલ રંગ) + ચૂર્ણ (ભૂકો)] પું. ગુલાલ.

૪ પુ કંસારાનું ચૂર્ણ.

૫. પુ. લાખ

૬ પુ. સિંદૂર.

રાગચ્છત્ર ૧ [સં.] પું. કામદેવ.

૨. પું ગમચ્છદ

રાગડી (રાગડી) જી. તાણીને રોવું તે.

રાગડો (રાગડો) ૧. પું. લાંબો; લાંબે સાદે રોવું તે.

રાગડો ખેંચવો–તાણવો = (૧) લાંબો તાણવો સાદ કાઢીને રોવું–રડવું તે. (૨) મોટેથી સાદ કાઢીને ગાવું.

૨ પું. મોટેથી ગાવું તે.

૩ પું મોટો લાંબો રાગ કાઢવો તે.

૪. પું. મોટો સાદ; ઘાટો.

૫. પું. રાતો રંગ.

રાગણી [સં. રાગિણી] જી. (સંગીત) મૂળ છ રાગની કાયા લઈ ગવાતું ગીત; રાગિણી; રાગની સ્ત્રી; મિશ્રરાગ; કોમળ સૂરવાળાં જુદા જુદા રાગનાં મિશ્રપદોવાળી મધુર રચના. સંજ્ઞારોપવૃંધો તેને રાગની સ્ત્રી માનવામાં આવી છે મોટા મોટા રાગને કેટલીક રાગણીઓ હોય છે. ખતનાં સુધી દરેક રાગને છ છ રાગણીઓ હોય છે તે બંનેના યોગથી બીજા અનેક રાગ રાગણીઓ ઉત્પન્ન થયેલ છે. છંદની જેમ રાગ રાગણીનાં નામ તે તે વિશેષની જાતિ અનુસાર નરજાતિ કે નારીજાતિમાં રચાયલાં જોવામાં આવે છે. મધુમાધવી, ભૈરવી, ભંજાલી, વેગડી, કૈશિકી, ટોડી, ખમાવચી, ગોડી-ગૌરી, ગુનકલી, કલ્યાણ, ભિન્નષડજ, રામકલી, દેશાખ, પટમંજરી, લલિત, કેદારા, કાન્હડા, દેશી, કામોદ, નટ, વસંતી, માલવી, માલશ્રી, આસાવરી, ધનાશ્રી, મલ્હારી, ભૂપાલી, ગુર્જરી, ટંક, સારંગ, સોરઠી, પૂરવી, જેતશ્રી, ધનાશ્રીકારી, જેજેવંતી, કેદારનટ, ગુહનાટ, ધનની, ગોધની, ખેમ, ધવલગીરી, મારુ, ધનાશ્રીકલ્યાણ, પુરીયા, હમીર, પરજ, કામોદનટ, હમચી, સાંખ નટમલ્હારી, ભિન્નાગરા, સંકટહરન, સોહની, પહાડી, મોરસારંગ, સહરાજરજ્જ, મુલતાની, હેમ, ખંભાવતી, માલાગોર અને મલોહા એ રાગિણી છે.

રાગદારી જી. રંગયુક્ત હોવું તે; ગેયતા.

શિક્ષકોને સંગીતની માહિતી હોઈ, બીજા શાસ્ત્રોક્ત રાગદારી ગાવાં આવડવું જોઈ છે.
નવી બાળકેળવણી

રાગદીપન વિ. અનુરાગ દીપન કરનાર.

રાગ દેશાખ પું. હરિગીત.

રાગદ્વેષ [સ. રાગ (આસક્તિ) + દ્વેષ (ઈર્ષા)] પું રાગ અને ઈર્ષા, પ્રીતિ અને અપ્રીતિ. ગાંધીજી લખે છે કે, રાગદ્વેષને વશ કરવામાં જે પ્રયત્નની જરૂર પડે છે તેના સોમા હિસ્સાની જરૂર વીજળીની મોટી શોધ કરવામાં નથી પડતી અને તે શોધ મેળવ્યા પછી જે આનંદ મળે છે ને ગુરુત્વાકર્ષણની શોધ કર્યા પછા ન્યૂટનને મળ્યો હશે એના કરતાં ઘણો વધારે હોય.

રાગધ્વનિ કાવ્ય જ. (સંગીત) સંગીત કાવ્ય; ઊર્મિ કાવ્ય, ગાયન કવિતા; ગીત કવિતા; ભાવપ્રધાન કાવ્ય. નરસિંહરાવે પોતાના કાવ્યોને સંગીત કાવ્યો એ નામ આપ્યું છે. સંગીત કાવ્ય એવો એમણે અંગ્રેજી 'લિરિક'નો અર્થ કર્યો છે. હૃદય પરની અસરથી પ્રેરાયલી, અંતર્ભાવદર્શક એ અર્થ આ પ્રયોગના બહુમાં વિશેષ ધ્યાનમાં રહેલો છે. અસલના વખતમાં કવિઓ પોતાના ભાવ સંગીતમાં દર્શાવતા અને ગાયનની જેમ કવિતા હૃદયમાંથી નીકળી આવે છે એનો આભાસ સંગીત શબ્દથી થાય છે. પણ જે આભાસ આંખો અને તે એ સૂક્ષ્મદૃષ્ટિએ

રિયા.વથી જ થાય છે સંગીત કરત એ અર્થ માટે વપરે યોગ્ય શબ્દ રંગ સંગીતના અર્થની સાથે આ શબ્દ હૃદયના ભાવ એ અર્થનો પણ વાચક છે 'સિગ્નિક' નો, મકરંદ કાકા સૈંકથી અને કર્ણક સ્વભાવથી, પરંતુ ક્રિયાવિથી રંગ શબ્દમાં હૃદય પર અસર આવેલું નહિત છે માટે જ તેના બે અર્થ થયા હોવા જોઈએ 'સિગ્નિક' શબ્દનો અર્થ ગળામાંથી નીકળ્યા. શબ્દોથી સારી રીતે સમજાતો રાગ કે હૃદયભાવનું જ આવિષ્કરણ રાગધ્વનિ નામના કાવ્યમાં આ બે વાત સ્પષ્ટ થયો વૈયાકરણો ઉપજાવી અલંકારિકોએ ધ્વનિ શબ્દ લીધો છે તેમ જો શબ્દ જોડાયેલો અર્થથી સહોદરનો કોઈક અંશે ધ્વનિ-આ અર્થ બતાવીને ગયો વળી સંસ્કૃત સાહિત્યમાં ઉત્તમ કાવ્યને ધ્વનિ નામ આપ્યું છે તેના સાથે વિરોધ ન આવતા 'સિગ્નિક' તે પણ ઉત્તમ કાવ્ય કે ધ્વનિ કાવ્ય છે જો બનાવવું પડશે. આ કારણો મારે સંગીત કાવ્ય કરતા રાગધ્વનિ કાવ્ય એ વધારે યોગ્ય પદ કહી રાખ્યું.

રાગનિમિત્ત [સં રાગ (આસક્તિ) + નિમિત્ત (કારણ)] ન (જૈન) આસક્તિનું કારણ સર્વજ્ઞ ભગવાનનો પૂર્ણ વીતરાગ જ્ઞાનાનંદમયી કેવળ છે. તેઓ અહીં આવતા નથી. અધૂરી ભૂમિકામાં સાધકને અનેક પ્રકારના રાગ રહે છે. તેમાં રાગના નિમિત્તનું અવલંબન પણ અનેક પ્રકારે હોય છે. દોષને રાગ સ્વાભાવિકની મુખ્યતા હોય, દોષને વીતરાગની ભક્તિ કે પૂજા તો દોષને ધ્યાન, સંયમ વગેરેની મુખ્યતા હોય

રાગની [પ્રા.] સ્ત્રી. ગરીબ રાણી
પૂજી સાધણી રાગની,
સંયમ સાથ જગીશ. કેશવજ મુનિ

રાગપલ્લવ [સં] પુ. આમોપલવ.

રાગપુષ્પ [સ] પું. એ નામનો એક કુલછોડ; અપુષ્પક, યુક્તપોરિયો

રાગપુષ્પી [મ.] સ્ત્રી. એ નામની વનસ્પતિ, જપા.

રાગપ્રકોપ [સં રાગ (આસક્તિ) + પ્રકોપ (પ્રબળતા)] પુ. કામવાસના અથવા મોહની વિશેષતા.
જે દેશના ગૃહસંસારમાં મલિનતા અને દોષ અતિ રાગપ્રકોપ ચોઠે નિષ્કર્ષ વર્તે છે ત્યા નીતિનું રાજ્ય છે એવું કહેવા કયો અનુભવી ઝાલી ચલાવે છે? સરસ્વતીચંદ્ર

રાગપ્રબંધ પું (સંગીત) એ નામનો ઓગણીસ માત્રાનો એક તાલ તેના તાલસ્વરૂપ ૧, ૩, ૬ અને ૮ માત્રા ઉપર છે.

રાગબદ્ધ વિ રાગવાળું
દરેક કાવ્ય કરતા રાગબદ્ધ કાવ્ય, કવિતા, ભાવ + રાગને કવિ + તારી અંબાદાન

રાગભક્તતા સ રાગ (આસક્તિ) + ભક્ત (અંધારેલ) + તા (પણું)] સ્ત્રી. રાગમાં ભક્તપણું કોઈ અનુ હોવાપણું
મુક્તિ નિર્દોષ ભાવમાં અને મુક્ત રાગભક્તતાનું કારણ છે પ્રસ્થાન

રાગમંચ ૧. પુ સંગીતનું પ્રદર્શનસ્થાન; ભાવપ્રદર્શન.
૨. [સં. રાગ + ભોગ (ભોગવવું)] ક્રિ. રાગના ભોગમાં રહીને; રાગને અનુસરીને; રાગ પ્રમાણે.

રાગમત પુ ગ્રંથોનો એક જાતનો મત જેમ દરેક દેશની જોવી, પોશાક વગેરે ભિન્ન ભિન્ન હોય છે તેમ ગાયન વિદ્યા પણ દેશ દેશમાં ભિન્ન છે. એટલે કોઈ દેશમાં અમુક રાગમાં અમુક સ્વર અદલા બદલા હોય તો કોઈ દેશમાં તે જ રાગમાં તે જ સ્વર કોમળ હોય અથવા અમુક રાગમાં અમુક સ્વર એકજ હોય તો બીજા ભિન્ન હોય છે જેમકે, કેરાતને કર્ણાટકમાં હનુમત ટોડી કહે છે તેમ મુખ્ય રાગની કલ્પના પણ જુદી જુદી હોય છે તે બાબત ચાર મતાંતર છે ૧. હનુમત મત, ૨. શિવ મત, ૩ કૃષ્ણ મત, ૪ ભરત મત, તે સિવાય પિંગળના મત પણ કેટલાક કહે છે. પરંતુ તે પિંગળશાસ્ત્ર વિષે અમને છે કારણ કે, કાવ્ય એ પણ સંગીતનું અંગ છે

રાગમય વિ [સં. રાગ (દોષ) + મય (વાળું)] વિ જુસ્સે થયેલું; દોષ પામેલું.
૨. વિ. ભિન્ન.
૩. વિ રાગવાળી, રાગમાં નિમગ્ન થયેલું.
૪ વિ રાત
૫ વિ સંગીતમાં લીન થયેલું.

રાગમંજરી સ્ત્રી એ નામનું સંગીત ઉપર લખાયેલ પુસ્તક આ પુસ્તક અકબરના વખતમા થયેલ પુંડરીક વિઠ્ઠલ નામના સંગીતજ્ઞોએ લખ્યું હતું.

રાગમાલા ન અકબરના વખતમા થયેલ પુંડરીક વિઠ્ઠલ નામના સંગીતજ્ઞોએ લખેલું એ નામનું પુસ્તક

રાગમાલિકા સ્ત્રી. એક રાગણીનું નામ.

રાગમાળા ૧ [સં રાગ + માલા (હાર)] સ્ત્રી જુદા જુદા રાગોનો જથ્થો. ઘણા રાગો એકબીજા પ્રત્યે ગોઠવી તેની રચના; આવલિ.
૨. સ્ત્રી ચિત્રણ, ચિત્રમાળા.

રાગયુક્ત [સં રાગ + યુક્ત (વળી)] વિ. ભુસ્સાવાળું; આવેશી
શ્રી ડિકન્સ, નામે પ્રસિદ્ધ અંગ્રેજ લેખકે અહીં તો ખૂબજ, પરંતુ દેશના લાખ ચિલકાઓ સરખા, કોમી ભાવમાં નાટકમય રચના કરતા, એક નૂતન પ્રકાર દર્શાવ્યો છે એ શૈલીને ટેઢલીકચાર ભાવમય કાવતા વાંચવામાં આવે છે તે પરથી તેને રાગયુક્ત ગ્રંથ કહે છે અને એ બીજું નામ વધારે ઉપયુક્ત લાગે છે. રમણભાઈ

રાગયુજ ૧ પુ માણેક
૨. [સં. રાગયુજ્] વિ. રંગવાળું.
૩. વિ. રંગીન.
૪. વિ. રાગવાળું.

રાગરગડા (રાગરગડા) પું. બ વ બેસૂર સંગીત.

રાગરજ્જુ [સ રાગ (પ્રેમ) + રજ્જુ (દોરડું)] પુ. કામદેવ.

રાગરંગ ૧. પું આનંદ કરવો તે, વિનોદ.
૨ પુ કામનો દેખાવ
૩ પું આનંદાનંદ, નાચરંગ, ગાનતાન વગેરે
૪ પુ મોજશોખ; ખાવાપીવા
૫ પુ સંગીત.

રાગરાગણી ન બ વ રાગ અને રાગણીઓ; સર્વરાગ

રાગરાગાંગ પુ (સંગીત) રાગ અને તેના અંગ ઉપાંગ વગેરે.

રાગલતા સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

રાગવાન ૧. [સ. રાગ (દોષ) + વત્ (વાળું)] વિ. જુસ્સે થયેલું; રાગમય.
૨ વિ રંગવાળું
૩. વિ. રંગીન.
૪ વિ રાગી, રાગવાળું; વિષયી

રાગવિદ્યા [સ રાગ + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી સ્વરશાસ્ત્ર

રાગવીર ૧ પું લડવૈયો
૨ વિ બહાદુર.

રાગવૃંત [સં. રાગ (વિષયસુખ) + વૃંત (ઇંદ્રિય)] પુ કામદેવ, કેમકે તે વિકારનું ઇંદ્રિય મનાય છે

રાગશૂન્યતા [સં. રાગ (વિષય) + શૂન્ય (અભાવ) + તા (પણું)] સ્ત્રી. વૈરાગ્ય.

રાગા ૧ સ્ત્રી કલાવંત
૨ સ્ત્રી (પુરાણ) ભૂતબ્રહ્મનિયા રાજાને થયેલી મદ્ર મદ્રની એ નામની એક કન્યા.
૩ સ્ત્રી (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાના અત્રિના ઋષિની ચાર મહેની પૈકી કન્યા.

રાગાત્મક ૧ [સં. રાગ (દ્વેષ) + આત્મક (વાળું)] વિ દ્વેષયુક્ત.
૨ વિ. રાગવાળું.

રાગાત્મકતા [સં રાગાત્મક (રાગવાળું) + તા (પણું)] સ્ત્રી. રાગવાળું હોવું તે.

રાગાધીન [સ રાગ + અધીન (વશ)] વિ રાગવશ.
મનુષ્ય રાગાધીન હોય છે. શ્રીવિજયધર્મસૂરિ

રાગાભાવ [સં રાગ + અભાવ (ગેરહાજરી)] પું. વૈરાગ્ય.

રાગાલાપ ૧. પું. (સંગીત) ગાયન શરૂ કરતાં પહેલાં ગાયક સ્વરદ્વારા સ્વરોના આરોહ અવરોહથી રાગનું સ્વરૂપ સ્પષ્ટ કરે તે. તેના ઉદ્ઘાહ, ધ્રુપદ, મેલાપક અને આભોગ એવા ચાર પ્રકારો છે. આલપનમાં ગ્રહ, અંશ, મંદ્ર, તાર, ન્યાસ, અપન્યાસ, બહુત્વ, અલ્પત્વ, ષાડવત્વ અને ઔડવત્વ. આ દસ બાબતો ધ્યાનમાં રાખે તેને રાગ.જ્ઞ કહે છે
૨. પું. (સંગીત) રાગના એક અંગ તરીકે આલાપનું નિયોજન

રાગાશનિ [સ.] પું. શુક્રદેવ

રાગાંગ ૧. પું. (સંગીત) સંગીત રત્નાકરમાં જણાવેલા ૨૧૪ રાગોના પાંચેય દલ માંહેનો એ નામનો એક વર્ગ.
૨. પું. (સંગીત) સંગીત સમયસારમાં પાંચેય દળોના ચાર ચાર ભેદોનો એક વિભાગ.
રત્નાકરમાં જ આવેલા રાગો રાગાંગ, ભાષાંગ, ક્રિયાંગ વગેરે વિભાગના રાગો આપણને મળે છે. પુરાતત્ત્વ

રાગાંગી [સં. રાગ (રંગ) + અંગિન્ (અંગવાળું)] સ્ત્રી. મજીઠ.

રાગાંધ [સં. રાગ + અંધ (આંધળું)] વિ. કામ, ક્રોધ વગેરે રાગને લીધે જેને કંઈ ગમ પડે નહિ એવું; વિષયાંધ; રાગથી આંધળું; રાગભેરું.
બની વામ રસાળ સા શુજબરી રાગાંધ રાસેશ્વરી. નીલકોવિદ

રાગિણી ૧. સ્ત્રી. એક જાતનું ધાસધાન્ય.
૨. સ્ત્રી. ગાવાની ઢબ; રીત.
૩. સ્ત્રી. ચતુર સ્ત્રી.
૪. સ્ત્રી. જયશ્રી નામની લક્ષ્મી.
૫. સ્ત્રી. મેનકાની એક કન્યાનું નામ.
૬. સ્ત્રી. રતિવાળી સ્ત્રી
૭ સ્ત્રી. રાગની સ્ત્રી; રાગ પુલિંગ માટે સ્ત્રીલિંગી શબ્દ રાગ કરતાં રાગિણીમા કોમળતાના ભાગો વધારે હોય છે. રાગિણી દરેક રાગની છ મનાય છે. જુઓ રાગણી.
૮ સ્ત્રી. રાગરંગેહવાળી સ્ત્રી.

રાગીવિરાગી [સં. રાગ (આસક્તિ) + ઇન્ (વાળું) + વિ (બહારનું) + રાગિન્ (રાગવાળું)] વિ. મોહનો ત્યાગ કરેલ; રાગનો ત્યાગ કરેલ; વૈભવનો ત્યાગ કરેલ; પદાર્થનો ત્યાગ કરેલ.

રાગી ૧. પું. (ગિનિગ) એ નામનો ૭ માત્રાનો એક માત્રામેળ છંદ. તેની પ્રસ્તાર ભેદથી તેર પ્રતિઓ થાય છે. જુઓ વામરત્ત
૨. પું ગવૈયો.
રાગી, પાકી ને બારણું. નાડીવૈદ ને ન્યાય; તરવું, તરકરવું અને બહારવું, એ ઓછે આપ કમાય. લોકોક્તિ
૩. પું. ચિતારો
૪. [સં. રાગ + ઇન્ (વાળું)] પું. પ્રેમી પુરુષ.
૫. પું સ્ત્રીથી પુરુષ
૬. પુ. સાધુ; વૈરાગી
૭. ન. અશોક વૃક્ષ.
૮. ન. એક જાતનું દલકું અનાજ; મડુઆ; મકુગ. આ અનાજ શ્રાદ્ધોમાં બનાવે કરેલ છે.
૯. વિ. કામક્રોધાદિની અસરવાળું, ક્રોધી; ગુસ્સે થયેલું.
૧૦ વિ. ગાનાર
૧૧. વિ. પ્રેમી. અનુરાગી, સ્નિગ્ધ; પ્રેમાળ, અનુકૂલ; સનેહી
૧૨ વિ. ભોગી. ભોગવિલાસ કરનાર; સંસાર સુખમાં આસક્તિવાળું; વિષયી; સંસારમાં મગ્ન કે લુબ્ધ.
૧૩ વિ. રંગી
૧૪. વિ. રંગેલું.
૧૫ વિ. લાગણીવાળું
૧૬ વિ. લાલ
૧૭. વિ. શોખીન.
૧૮. વિ. સંસારી, ગૃહસ્થી.

રાગી થવું ૧. અ. ક્રિ. રાગનો તાબો કરવો.
૨. અ. ક્રિ. ફરી ફરી ગાયા કરવું.

રાગીયતા [સં. રાગ + ઈય (વાળું) + તા (પણું)] સ્ત્રી. રાગ ગાવાની પદ્ધતિ.

રાગુંદું ન. વડગુંદું; વાગુંદો. એક જાતનું વૃક્ષ.
પ્રભાસ વગેરે દેવસ્થાની એ ધરના ચોરણ ઉપર બોરો, પર્વત ઉપર બોર, ઘર ઉપર, પ્રાસાદ ઉપર, દેવમંદિર ઉપર, ખેત ઉપર, ઝાંખાપાણી, મનોહર અને જળસ્થાન હોય એવી જમીન ઉપર અને વડવૃદા-રાગુંદા ઉપર એટલે ઠેકાણે બોરો તો તે રાજદ્રણ ગણાય છે. રાજવલ્લભ

રાગેશ્વરી સ્ત્રી (સંગીત) રાત્રિના બીજા પ્રહરે ગવાતી રાગિણી. બમાજ થાટના ષાડવ માંહેની એક રાગિણી તેના પંચમ વર્જ્ય છે તેમજ અ ગોદે રિષભ પણ વર્જ્ય છે. શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. તેનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડજ છે તેમાં કેદારોહ રમણે દુર્ગા અને બમાજ રાગનો ભાસ થાય છે

રાગો ૧. [પાલી] પું આનંદ
૨ પુ. મંજીઠનો એક સરખો રંગ
૩ પું. દેખાવ.
૪ પુ નામ; વિશ્વાસ.
૫. પું રંગ.
૬ પું. રીત.
૭ પું. ક્રીપણું; ચાર.
૮ પું સૌંદર્ય.
૯ પુ સ્થિતિ.

રાગોટવું અ ક્રિ. ફરી ફરી ગાયા કરવું; સૂર બેસાડવાને ગળામાંથી રાગે ગાયા કરવું; રાગ કાઢયા કરવો; વારંવાર ગાયા કરવું; રાગનો તાપડા કરવો

રાગોટો ૧. પુ. ખુશીમાં ગમે તેવી રીતે મોંથી બોલ કાઢયો તે.
૨. પું. રાગડો; જોડો.

રાગોડો (રાગોડો) જુઓ રાગોટો.

રાગોત્પત્તિ ૧. [સં રાગ + ઉત્પત્તિ (મૂળ)] સ્ત્રી. કામ વાસના પેદા થવી તે; સંભોગાભિલાષા; ભોગ ભોગવવાની ઇચ્છા.
૨. સ્ત્રી. રાગની ઉત્પત્તિ.

રાઘવ ૧. પુ. અજ.
૨ પું. એક જાતનું માછલું; મગરમચ્છ.
જેમ સાગરમાં રહેલા મોટા મગરમચ્છો બીજા મોટા વહાણોને ગળી જાય છે, તેમ સંસારમાં રહેલા રાગાદિ વિષયો માનવજીવનોને ગળી જાય છે. યોગશાસ્ત્ર
૩. પું કૃષ્ણ.
૪. પું. દશ માંહેનો એ નામનો વિષ્ણુનો એક અવતાર.
૫ પુ દશરથ
૬ પું રઘુનો વંશજ ભ.ઇક્ષ્વા.
૭ પું સમુદ્ર
૮. [સં. રઘુ + અ (નો પુત્ર એ અર્થમાં વપરાતો પ્રત્યય)] પું. રઘુકુળમાં જન્મેલા દશરથના પુત્ર શ્રીરામચંદ્ર.
પિતૃઆજ્ઞાપાલક વીરપુત્ર રાઘવ. નાનાલાલ

રાઘવદાસ પું મોટો, મોટી અને જુવારની બનતી એ નામની એક જાતની મીઠાઈ; રઘવાબો.
બાજરા રઘવાટથી જુવારે બદલે મેંદો નાખ્યો ને તેનો બજાર પડવાથી બાંડ નામની મીઠાઈ બનાવી આપી તેનું નામ પ્રથમ રઘવાબો અને પાછળથી રાઘવદાસ પડયું હોવાનું મનાય છે. પ્ર.ભટ્ટ

રાઘવપાંડવીય ન. એ નામનું એક ઉત્કૃષ્ટ સંસ્કૃત કાવ્ય. આના કર્તા આશરે ઈ. સ. ૮૦૦માં થઈ ગયેલ કવિરાજ હતા. આ ગ્રંથમાં રામાયણ અને મહાભારતની બીનાઓનું સાથે સાથે વર્ણન છે. દરેક શ્લોકના બે અર્થ હોય છે. એકથી રામચરની એટલે રામાયણની કથા કહેવાય અને બીજાથી પાંડવોની એટલે મહાભારતની.

રાઘવમુદ્રિકા [રાઘવ (રામચંદ્ર) + સં. મુદ્રિકા (વીંટી)] સ્ત્રી. રામની વીંટી.

રોષતા રોકમાં આવ્યા આકૃતિ એક પામ્યા,
હસ્તા દિન નિહાળીને દીધી સમઘમુદ્રિકા.
રામચરિતમૃત

રાઘવાણી ૧. સ્ત્રી હોળાની એ નામની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

રાઘવી સ્ત્રી. ચારણી તાલુકામાં થતું એ નામનું સુંદર સુતરાઉ પુષ્પોવાળું ઝાડવાની જેવું ઝાડ.

રાજુ પું. પોપટ; શુક.

રાજાં ૧. વિ. મારો. મૂર્ખ.

૨ વિ. બ. બાપારેઓ; મહિયો.

રાજોડો (રાજોડે) પું. દીવાળું. કચ્છીમાં આ શબ્દ વપરાય છે

રાજ ૧. ન. ઘરકામ તથા ધંધામાં વાપરવાનો સામાન; ઘરમાં વાપરવાનો સામાન; રાચરચીલું; ઘરમાંનો સરસામાન.

૨. ન. ભરવા ગૂંથવાનું બાકડાંનું ચોકઠું.

૩. ન. રાજ; ઓજાર; હથિયાર.

૪. ન. વાસણ.

૫. ન. ચોક..

૬. ન. સાળમાં જેના વતી તાણો ઊંચોનીચો થાય છે તે સાધન; દોરીની ચૂંથેલી બનાવટ. તેમાં ૧ કણી, ૪ ગોગવડા, ૨ સાંગાડી, ૨ આજણિયા અને ૧ સાંકો મળી ૧૦ નંગ હોય છે.

રાજરચીલું ન. ઘરમાં વાપરવાનો સામાન; ઘરમાંનો સરસામાન; ઘર બનવરાવી વસ્તુઓ; ઘરબખરી; ઘરવાસણ; ઘર સજાવટની વસ્તુઓ.

રાજવું ૧. ન. ક્રિ. ખુશી થવું. પ્રસન્ન થવું. રાજી થવું; આનંદવું

૨. ન. ક્રિ. ઠારવું.

૩. ન. ક્રિ. પ્રકાશવું.

નારી અગ્નિશિખા જ્યાં નાચે,
રૂડા નર નહિ ત્યાં રાચે. વિમળ

૪. ન. ક્રિ. પ્રેમમાં પડવું; આસક્ત થવું

૫. ન ક્રિ રંગાવું; રંગ પકડવો

૬ ન. ક્રિ. વિચાર કે ચિંતામાં પડવું.

૭. ન. ક્રિ. લીન થવું; મગ્ન થવું.

૮. ન. ક્રિ. શોભવું, સુંદર દેખાવું.

રાજી ૧. પું બીજો

૨. વિ. રાજી; પ્રસન્ન.

મૂકારો બીજ બંધનથી,
રહેસે રાજી સાથી લાડી અક્ષિત થે
નિષ્કુળાનંદ

રાજું ન. ઘાટવું; ઠીકરાનું પાત્ર; રાકુ

મકાઈ વેંચીને રળ્યું રાજું. પ્રસ્થાન

રાજેલ ન. એક પ્રકારનું કુલડાંનું; ઘટમોયરો.

રાજ ૧. પું. ઓજાર; હથિયાર; કારીગરનું સાધન.

૨. પું. પંડીનો બીજો.

૩. પું. બત.

રાજ ફેરવવો = ઘરમાં વરને પાલખીમાં બેસાડીને કોઈ તળાવ કે કૂવાની ચોરફ્યા ફરાવવી

૪. પું ઝાડનો જૂનામાં જૂનો ભાગ.

૫. પું. બાવળની જાતનો ઝાડ

૬. પું સુતરનો માણસ.

૭. ન. સાળમાંના દોરા ઊંચાનીચા કરવાનાં બાકડાં અને વજન.

૮. વિ. પહોંચેલું; પાંસરું કરે એવું, હોશિયાર કે કામેલ

રાજપીઠ ન. (સં.) જમીનસરસાર; રાચરચીલું.

રાજપીઠ મંત્ર પીઠર તણા,
આણી ઘર ભરેલું બહુ. વિષ્ણુપ્રબંધ

રાજસી ૧. [સં. રાક્ષસી] સ્ત્રી. રાક્ષસની સ્ત્રી.

૨. વિ. રાક્ષસ જેવું; દુષ્ટતાવાળું

રાજ [સં.] ન ક્રિ. (ધાતુ) પ્રકાશવું; શોભવું; દીપવું. તે પરથી બનેલ શબ્દ વિરાજવું, રાજવું

રાજ ૧. પું. અંતરનું એક માપ. ૩,૮૧,૨૭,૬૭૦ મણનો એક ભાર એવા એક હજાર ભારના તપેલા લોઢાના ગોળાને નીચે પ્રમાણમાં આવે તો જે ચેતનની ગતિથી આવતાં આવતાં ૬ માસ ૬ દિવસ ૬ પ્રહર અને ૬ ઘડીમાં જેટલું અંતર કાપે તે અંતરના રજ્જુ કે રાજ એવી સંજ્ઞા છે.

૨ પું. અંબર

૩ [વિ] પું. કંડિયો

૪ પું. કપૂર

૫. પું. ચંદ્ર.

૬. પું. ચોર

૭. પું. પરમાત્મા. આ નામથી નિજાનંદી ભગવાનને ભજે છે.

૮. [પ્રા. રાઅ] પું. ભેદ; છૂપી વાત; રહસ્ય આ પરવરદિગાર, મર્દમા પણ આવું હુન્નર અને આવી નજાકત હોઈ શકે છે, એ રાજ તો આજે જ ગારા બાયુમાં આવ્યો
નારાયણ વિઝળજી

૯. પું. મુલક ઉપર અખત્યાર ચલાવવો તે; રાજ્યનો અમલ.

૧. રાજ કરવું = (૧) રાજા તરીકે સત્તા ચલાવવી. (૨) રાજ્યના જેરો અમલ ચલાવવો; નિયમન કરવું. શાસન કરવું.

૨. રાજ ચાલવું = અમલ ચાલવો; સત્તા ચલાવવી.

૩. રાજ બેસવું = રાજા થઈ બેસવું, અમલ શરૂ થવો

૧૦. પું. રાજા; ભૂપ; ચોકોએ ચૂંટી કાઢેલ અધ્યક્ષ. ભારતની પુરાણી રાજ્યવ્યવસ્થામાં અમલદાર તરીકે એક જ મુખ્યની ચૂંટણી થતી. તે લોકસભામાં અધ્યક્ષ સ્થાને બેસતો અને જ્યારે સભા મળતી ન હોય ત્યારે રાજ્યના ઉપરી તરીકે તે મનાતો. એ રાજની ઉપમા પ્રારંભ કરતો.

૧૧. પું. સર્વમેધ પ્રાપ્તી કે પદાર્થ, તે સમાસમા પૂર્વપદ તરીકે શ્રેષ્ઠતાના અર્થમાં વપરાય છે.

૧૨ [સં. રાજ (પ્રકાશવું)] પું. સ્વયંપ્રકાશમાન વસ્તુ

૧૩. પું. સ્વામી. શેઠ

૧૪. વિ. રાજસ. મુલક. સરદાર.

૧૫. ન. સત્તા. અમલ.

સ્વરાજ એટલે તો કે રાજ્ય પોતાની ઉપરે, આખ્યા તો ભરી બે છે કે પંચ પર જ રાજ બે.
ગાંધીગીતા

રાજ આવવું = (૧) અમલ કે સત્તા પ્રાપ્ત થવી. (૨) રાજાની પેઠે બોલાબોલા આવાનું મળવું. કામમાંજમાંથી ફારગત મળવી. (૩) શોકાર્ત કરવાનો વખત મળવો. (૪) સ્ત્રીએ ઊંટે બેસવું. કેમકે, કામકાજ કરવું ન પડે અને ફક્ત બેસી જ રહેવું પડે એવી ગણત્રીથી સ્ત્રીને ઊંટે બેસાડવામાં આવે છે.

૧૬. ન. સત્તાનો સમય; અધિકારનો વખત.

૧૭. વિ. દીપનાર; પ્રકાશનાર; શોભનાર.

૧૮. વિ. રાજ્યના સંબંધનું; રાજકીય. ગુમાસને બદલે વપરાય છે.

૧૯. વિ. સુંદર, શોભીતું, ગર્વવાળું.

૨૦. ક્રિ. ઓલવવું જેમ કે.

૧. દીવો રાજ કરવો = દીવો ઓલવી નાખવો, બંધાવે કરવું.

૨. દીવો રાજ થવો = ઓલવાઈ જવો; દીવો બુઝાઈ જવો; દીવો રાણો થવો, વહો થવો કે ઘેર જવો

૨૧. ન. લોહની બાકીના પ્રમાણ મેળવવા વપરાતો અર્ધ ચિનાનો એક શબ્દ

રાજઅન્ન [સં. રાજ (રાજ્ય) + અન્ન (ખોરાક)] ન. રાજાનું અન્નાલય; રાજપિંડ.

રાજપિંડ (રાજઅન્ન) પણ પરિણમે ન તો એમ જ્યારે તેમણે ગજપાલ પાસેથી જાણ્યું ત્યારે તે બહુ ઉદ્વિગ્ન થયા. પુરાતત્ત્વ

રાજઅશ્વમ [સં રાજ (સત્તા) + અશ્વમ્ (અશ્વિમાન)] પું સત્તાનો દુરુપદ

નવખંડના આર્યકુટુંબની એ માતા
ક્ષમા કરજે આ રાજઅશ્વમ્ ને
નાનાલાલ

રાજઅંગ [સં. રાજ + અંગ (ભાગ)] ન. રાજ્યનું અંગ.

નારી મુખે જ્ઞાનવાર્તા નવે સાંભળવી નહિ,
વિવાદે કરવો ના કોઈ, રાજ. રાજઅંગ છું.
શિક્ષાપત્રો

રાજઆકૃતિયો (રાજઆકૃતિઓ) પું રાજાનો પ્રતિનિધિ

સાસાયટીની બાકિ સભા મળી એ માત્ર સોસાયટિ મંડળ ન હતુ, નગરસભા હતી; ભિન્નભિન્ન નગરજનોને પણ ત્યાં નાકમાં હતા. મુંબરાજના સામા દીવાન બહાદુર મણિભાઈ જમાદાઈ, હરિદાસ વિહારીદાસ, મોતીલાલ ઝાવેરભાઈ પ્રતિનિધિઓ હતા સુરત જેવા હજાર હતા નવસેરસારસોહામી વકવાણ નરેશ દાદરાજાએ નિજ રાજઆકૃતિયાને બે સભારંભસભામા ખાસ મોકલ્યા હતા. દલપતરામ

રાજઆજ્ઞા [સં. રાજ (મુખ) + આજ્ઞા (હુકમ)] ન સરકારનું લેખું, રાષ્ટ્રનું કરજ.

રાજઋષિ પું. વરુણ.

રાજક ૧. [સ. રાજ (રાજા) + ક (અલ્પતાદર્શક પ્રત્યય)] પું. નાનો રાજા

૨. ન ઢાળું અગર

૩. ન રાજાઓનો સમૂહ; રાજાઓનો મંડપ

૪ ન. સંયુક્ત રાજસભા.

૫ ન. સુજનતા.

૬ વિ દીપનાર, શોભન.ર; પ્રકાશનાર; કૃતિમાન, તેજસ્વી.

રાજકથા ૧. સ્ત્રી. ઇતિહાસ; તવારીખ.

૨. સ્ત્રી (જૈન) આર વિકથામાની એક

૩. [સં.] સ્ત્રી. રાજ્ય સંબંધી ચર્ચા.

રાજકદંબ ન. કદંબની એક જાત તેનું ફળ લોહીવિકાર મટાડે છે તેનાં ફળ મીઠાં અને સ્વાદિષ્ટ હોય છે.

રાજકદૈવક ન આસમાની સુલતાની. જુઓ રાજકદૈવક

રાજકદૈવક જુઓ રાજકદૈવક

રાજકદૈવક ૧ ન. આકસ્માત.

૨ ન આસમાની સુલતાની; રાજા કે ઈશ્વર તરફનો ઓચિંતો કોપ.

૩. ન. મરણ

રાજકન્યા ૧. સ્ત્રી. કુંવરાનું કુળ.

૨ [સં રાજ (રાજા) + કન્યા (દીકરી)] સ્ત્રી. રાજાની કન્યા; રાજકુંવરી; રાજપુત્રી.

રાજકર [સં.] પું. રાજાને ભરવામાં આવતો કર

રાજકરણ ૧. ન. અદાલત ન્યાયાલય

૨ ન , ન. રાજકરણ, રાજનીતિ; ' પોલિટિક્સ '

૩. વિ રાજકીય

રાજકર્ણી [સં.] સ્ત્રી. હાથીની માદા.

રાજકર્તા [સં. રાજકર્તૃ] પું. રાજ્ય કરનાર માણસ; રાજા; જે પુરુષ બીજાને રાજસિંહાસન ઉપર બેસાડી શકે તે માણસ; કોઈને રાજગાદી ઉપર પોતાની સત્તા પ્રમાણે બેસાડવાની કે મૂકવાની શક્તિ ધરાવનાર પુરુષ.

રાજકર્મી જુઓ રાજકર્મી

રાજકર્મી ૧. [સં. રાજ (રાજ્ય) + કર્મી (કરનારી)] સ્ત્રી રાજ ચલાવનાર સ્ત્રી; રાણી

૨. વિ. સ્ત્રી રાજ ચલાવનારી, રાજ કરનારી

રાજકર્મ ૧. [સં રાજન્ (રાજા) + કર્મન્ (કામ)] ન. રાજાની ફરજ.

૨. ન. રાજાની સેવા

૩ ન રાજ્યાભિષેક જેવું કામ.

રાજકર્મચારી [સં. રાજન્ (રાજા) + કર્મન્ (કામ) + ચારિન્ (ચાલનાર)] પું. સરકારનો નોકર; રાજપુરુષ; કારભારી.

રાજકલગી ૧. સ્ત્રી. રાજમુકુટ.

કરની રાજકલગી લડાઈના મેદાનમાં ન દેખાય તો દુશ્મનો હસે. ઝવેરી સમશેર

૨. સ્ત્રી. રાજ્યની પ્રતિજ્ઞા.

રાજકલા [સં.] સ્ત્રી. ચંદ્રમાની સોળ ભાગેની એક કળા

રાજકલ્પ [સં.] વિ. રાજા જેવું

રાજકવિ પું. રાજાનો મોસાળો અને રાજ તરફથી જેને આશ્રય મળતો હોય એવો કવિ; રાજસભામાં રહેનાર અને જોગોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરેનો ઇતિહાસ બોધ કરનાર કવિ; રાજાએ આશ્રય આપી પોતાની પાસે રાખેલો કવિ

રાજકાજ ૧ ન. રાજની ખટપટ; રાજપ્રકરણ.

૨. ન. રાજનીતિ.

૩. [સં રાજ (રાજ્ય) + કાર્ય (કામ)] ન. રાજાને અને રાજ્યને લગતું કામકાજ; રાજાના અંગનું કામ.

રાજકામ પું. (પિંગ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ આ છંદ વસ્તુ અને ઉલ્લાલ છંદના મિશ્રણથી બનેલ છપ્પય છંદનો એક ભેદ છે

રાજકારણ ૧. ન. રાજખટપટ.

૨. [સ. રાજ (રાજ્ય) + કારણ (હેતુ)] ન રાજનીતિશાસ્ત્ર; રાજશાસનવિદ્યા; રાષ્ટ્રવિદ્યા; નય; રાજ્યશાસ્ત્ર; ' પોલિટિક્સ '. રાજકારણ એ પ્રાચીન તથા અર્વાચીન સમાજમાં કેવી જનતનું રાજ્ય હતુ તથા છે તેને લગતુ શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં રાજ્યની રચના, રાજ્યસત્તા ભોગવવાની જુદી જુદી પદ્ધતિઓ, રાજ્યનીતિ રાજ્યધર્મો અને રાજકોષ સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. પ્રાચીન આર્યાવર્તમાં રાજકારણને રાજ્યનીતિશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે અંગ્રેજીમાં રાજકારણને 'પોલિટિકલ સાયન્સ' કહેવામાં આવે છે. આજે આપણા સમાજમાં પણ રાજકારણ કરતાં પોલિટિક્સ એ શબ્દ બહુ પ્રચલિત થઈ પડ્યો છે. પોલિટિક્સ એ પ્રાચીન ગ્રીક શબ્દ પોલીસ એટલે નાગરિક એ શબ્દ ઉપરથી નીકળ્યો છે અને શરૂઆતમાં પોલિટિક્સ એટલે નાગરિકશાસ્ત્ર એ અર્થ થતો. ટૂંકમાં કહીએ તો રાજકારણ એ રાજ્ય ચલાવવાનું શાસ્ત્ર છે એટલે તે સમાજશાસ્ત્રનો એક વિભાગ છે. રાજ્ય અને રાજકારણમાં ફરક્યાત શું થાય છે એ કે: આજે જગતને રાજકારણનું મહત્ત્વ કોઈ વખતે નહિ તેટલું સમજાયું થાયું છે. કોઈ વખતે નહિ તેટલું રાજકારણનું ક્ષેત્ર વિસ્તૃત બન્યું છે. રાજકારણ જીવનની પલપલની પ્રવૃત્તિઓ તપાસે તેના નિયંત્રણનું નિયમન કરે છે. રાજકારણ જીવનને એટલું બધું વસીને ચાલે છે કે, દરેકને નેનો વહેમો કે મોટો, નાનો કે બધો વિચાર કરવો જ પડે છે રાજકારણનો વિચાર અનુભવ ન કરે તો પણ રાજકારણ તો તેનો વિચાર કરે છે જ. રાજકારણ માત્ર મુત્સદ્દીઓ, રાજપુરુષો, રાજકીય નેતાઓ અને કોલેજના પ્રોફેસરો કે વિદ્યાર્થીઓ માટેનો વિષય રહ્યો નથી. જગતમાં જે વીજળીવેગે ઝડપી બનાવો બની રહ્યા છે, જે રાજકીય ઊથલપાથલ થઈ રહી છે, જે ક્રાંતિકારી પ્રસંગો બની રહ્યા છે, તે જોઈને દરેક માણસને આ બધું જાણવું અને શા માટે થાય છે, તે સમજવા ઉત્કંઠા થાય છે. આજે હવે રાજ્યના સંપૂર્ણ નાગરિક બનવા માટે તથા સમયનાં બળો કર્યું

તરફ વહી રહ્યાં છે તે જાણવા માટે દરેકને રાજકારણના સામાન્ય અભ્યાસની આવશ્યકતા રહે છે

૩. ન. રાજવહીવટ

રાજકારણ્ય [સ. રાજકારણ (રાજનીતિ + ય (જાણનાર)] વિ. રાજકારણ જાણનાર

રાજકારણધુરંધરખ્યાત [સ. રાજકારણ (રાજનીતિ) + નિષ્ણાત (હોશિયાર માણસ)] વ.ભા. ચલણવહીવટમાં કુશળ માણસ

રાજકારણપટુ [સં. રાજકારણ (રાજનીતિ) + પટુ (હોશિયાર)] પું રાજકારણમાં નિષ્ણાત પુરુષ

રાણી એલિઝાબેથ રથારોહી આ રાજાએ અટલના અને રાજકારણપટુ મહાપુરુષ, પાક્યા છે.
ચિત્રમય જગત

રાજકારણપારંગત [સં રાજકારણ (રાજનીતિ) + પારંગત (હોશિયાર)] વિ. રાજકારણમાં હોશિયાર.

રાજકારણિક [સં. રાજકારણ (રાજનીતિ + ઇક (જાણુ)] વિ. રાજકારણપ્રવીણ

રાજકારણી ૧. વિ. રાજકારણમાં ભાગ લેનાર મ.ભૂમ.

રાજકારણ અને રાજવહીવટ એ આજના જમાનામાં એક અત્યંત નિષ્ણાત કામગીરીની કળા બની ગઈ છે. તેથી તેના કામકાજને માટે એવા બાર માસ કેળવાયેલા ને પલટાયેલા, પ્રયત્નશીલ રાજકારણીઓની જરૂર પડશે કે જે આજમાં ઓછું બે છે તેમ જ્યાં તો કાયમ હશે જ.
ત્રિભુવનદાસ ભટ્ટારકળા

૨ સ્ત્રી રાજકર્તા સ્ત્રી.

અને એ રાજકારણી કોના ખરા હૃદયને ઓળખી શકે છે?દારોડીઓને કરાવી
ઝોબાણ કુમ્ભ ઝોબણે

૩ વિ રાજદ્વારી. ૨.ભા પ્રકરણી; રાજકીય. ૨.રાજકારણને લગતું; 'પોલિટિકલ'.

રાજકારણી. પોલિટિકલ પ્રવૃત્તિઓમા બાનગીબાજીના ઉચ્ચ નીતિ ધારણ, અસમાને છે એ આખે, વિચારક્રમ અને વિચારારૂપદ અને વ.દવિષય છે.
બળવંતરાય ઠાકોર

રાજકારણીપુરુષ પુ. રાજકારણમાં નિષ્ણાત પુરુષ

રાજકારભાર ૧. પું. રાજની ખટપટ

૨. [સ. ૨.જ (રાજ્ય) + કાર્યભાર (કામનો બોજ)] પું રાજનું કામકાજ; રાજકાજ; રાજ્ય પ્રબન્ધ કે વિષય

રાજકારભારી ૧. પું મુત્સદ્દી

૨. પું. રાજકારભાર ચલાવનાર અધિકારી, પ્રધાન, વજીર, કારભારી; દીવાન.

૩ પુ રાજનીતિ.

રાજકારમંડળ [સ રાજ (રાજ્ય) + કાર (કરનાર) + મંડલ (સમૂહ)] ન. રાજ્ય ચલાવનાર મંડળ; રાજ્યનો નોકરિયાત વર્ગ.

રાજકારસ્થાન [સ.જ + કારસ્થાન (પ્રપંચ)] ન. રાજખટપટ.

રાજકાર્ય ૧. [સ. રાજ + કાર્ય (કામ)] ન. રાજકીય વ્યવહાર; 'ગવર્નમેન્ટ'.

૨. (સ) ન રાજનું કામ

રાજકાળ [સ રાજ + કાલ (સમય)] પુ. રાજ કરવાની મુદત. રાજની કારકીર્દિ

અશોક પોતાના રાજકાળના અમુક બનાવો પોતાના રાજ્ય લેખનો પર્વ અમુક વર્ષ બનેલા હોવાનું જણાવે છે.
અશોકચરિત

રાજકીય ૧. [સ.] વિ રાજનું, રાજને લગતું.

૨ [સ રાજક (રાજા) + ઇય (વાચક)] સ્ત્રી રાજપ્રકરણી, રાજનીતિને લગતું; 'પોલિટિકલ'.

૩. વિ. રાજસત્તા સ્થાપી. રાજને લગતું.

અત્યારના 'પ; ન. રાજકીય. આજના સામાજિક એમ બહુરૂપ વિકાસ સાધ્યા છે. એમાં રાજ્ય અને રાજકીય સત્તાનો આજે રાજકીય અધિકારોના રક્ષણ માટે બેઠકોનાં સંખ્યાબંધ મંડળો છે. અમેરિકાના રાજકારણમાં ત્યાં પક્ષનો અસાધારણ પ્રભાવ હોવા છતાં અમલમાં : રાજના પક્ષ બહુમતી-લઘુમતી અનેતરવ પરાયે છે. ખાસ કરીને બહુમતીને લગતા કાનૂના પડવામાં આ લઘુમતી સારી અસર પડે છે. બહુમતી પક્ષના સભ્યોમાં આવે છે અમે રાજના બેઠકોએ રાજકીય ઉપરાંત આર્થિક સત્તાનો પણ રમ્યા છે પ્રજાના વર્તમાન પ્રવાહોની પકડ. અન્યથા

રાજકીય અભિયોક્તા [સ રાજકીય (રાજનું) + અભિયોક્તા (આરોપી)] પુ મામલતદારી પક્ષોમાં સરકારી કર્મચારી; 'પબ્લિક પ્રોસિક્યુટર'

રાજકીય કેદી ૧ [રાજદ્રોહના ગુન્હે કેદમાં પુરવામાં આવતો રાજકારણી પુરુષ

૨ પુ રાજનૈતિક [illegible] રાજકીય મતભેદમાં 'પોલિટિકલ પ્રિઝનર'.

રાજકીય પરિષદ [સ રાજકીય (રાજ્ય સંબંધી) + પરિષદ (સભા)] સ્ત્રી રાજનીતિ વિષયક મતલબો સંબંધી વિચાર ચલાવવા મળેલું સંમેલન.

રાજકુટુંબ ન રાજના મહારાણા જુઓ રાજકુલ ૫.

રાજકુમરી સ રાજકુમરી સ્ત્રી (બૂ મુ) રાજપુત્રી; રાજકુવરી.

આ સાંભળી નિજરાજ રાજકુમરી મુર્છા ઈ ગઈ સાવરી
નેમિનાથ રાસ

રાજકુમાર [સ. રાજ (રાજા) + કુમાર (પુત્ર)] પુ. રાજપુત્ર; રાજનો દીકરો; રાજકુવર

રાજકુમાર કોલેજ [રાજકુમાર (રાજપુત્ર) + કોલેજ (વિદ્યાલય)] સ્ત્રી રાજકોટની એ નામની એક દેશાણી સંસ્થા પ્રથમ તાલુકદારીશાળા ૧૮૫૨માં સાદરામાં કાઠિયાવાડ-દલપતરામે રચી હતી સાદરથી અમદાવાદ આવીને રાજ વિદ્યાભ્યાસનું કાર્યભાષણ ૧૮૫૪માં દલપતરામે આપ્યું હતું. તે પછી પંદર વર્ષ બીતે ૧૮૬૯માં રાજકોટની રાજકુમાર કોલેજ સ્થપાઈ.

રાજકુમારી [સ. રાજ (રાજા) + કુમારી (કન્યા)] સ્ત્રી. રાજપુત્રી; રાજકન્યા; રાજની દીકરી

રાજકુલ ૧. ન કચેરી. અદાલત; રાજકચેરી.

૨ ન. તખાલ. તેનાં પાણીનું બધું કે સંપના સભ્ય ઉપર નિયમન કરવામા આવતું.

૩. ન. રાજમહેલ

૪. ન. રાજા

૫ સ , ન રાજનું કુળ; રાજનું કુટુંબ; રાજવંશ

રાજકુલી ૧ સ્ત્રી રાજવંશ; રાજકુળ.

મુખ્ય રાજ્યો કે. ન રાકે કાંઈ, જ્યોંહ રાજકુલી આવી માંગી.
રત્નદાસ

૨. વિ. રાજકુળનું, રાજકુટુંબ સંબંધી

રાજકુશળ વિ રાજ્ય ચલાવવામાં કુશળ.

રાજકુળ જુઓ રાજકુલ

રાજકુળાચાર સ રાજકુલ (રાજનું કુટુંબ) + આચાર (વર્તન)] પું રાજના કુળનો આચાર; રાજના કુળનો નિયમ; રાજરિવાજ.

રાજકુંવર [સ રાજકુમાર] પું રાજપુત્ર; રાજનો પુત્ર. રાજકુમાર.

રાજકુંવરી [સ રાજકુમારી] સ્ત્રી. રાજપુત્રી; રાજકન્યા. રાજકુમારી.

રાજકુંવરવત [સ રાજકુમારવત] અ રાજકુંવરની જેમ સ.ખ્યદર્શનમાં રાજકુંવરની એક જોડી આખ્યાયિકા છે કે: કોઈ એક રાજપુત્ર હતો તેને તેના પિતાએ કોઈ કારણને લીધે જંગલમાં કાઢી મૂક્યો હતો. ત્યાં તે એક ભીલને ત્યાં ઊછર્યો. તેથી તે એમ સમજતો હતો કે હું ભીલ છું. પછી રાજાના પ્રધાનને ખબર પડી કે રાજપુત્ર હજી જીવે છે અને તે એક ભીલને ત્યાં છે. તેથી તે પ્રધાન તે ભીલને ત્યાં ગયો અને રાજપુત્રને સમજાવ્યો કે તું રાજપુત્ર છે, ભીલ નથી. તેથી તે પોતાને ભીલ માનતો બંધ પડ્યો ને હું રાજપુત્ર છું એવું તાત્ત્વિક જ્ઞાન થયું. આમ જીવાત્મા કાળો, ધોળો,

ઝોરો, ઠાણો, સુખી કે દુખી નથી પણ તત્ત્વજ્ઞાન સમજનારને કોઈ ગુરુ મળે ને શુદ્ધ ચેતન સ્વરૂપ છે એમ સમજાય તો તેથી તે મોક્ષનો અધિકારી થાય.

રાજકૂત ૧ પુ. રાજા બનાવનાર મહામંત્રી વૈદિક સમયમાં મોટા અમલદારો અથવા મંત્રીઓ એટલે કોષાધ્યક્ષ, સેનાપતિ, મામલતી અથવા રાજ્યના મુખ્ય અને બીજાઓ રાજા બનાવનાર તરીકે ઓળખાતા પાછળથી તેઓ રત્નિન એટલે જેમને રત્ન અથવા મણિ સોંપવામાં આવ્યું હોય એવા કહેવાતા.

૨ વિ. રાજા બનાવનાર. નવો રાજા ગાદીએ બેસ્યા પછી તેને એકત્ર થયેલા સોનાં તથા રાજકૂત (રાજા બનાવનારા) પક્ષના લોકોની બનાવેલી પોચી રાજપદના ચિહ્નરૂપ ચિહ્ન તરીકે આપતા.

ઉ [સં. રાજ (રાજન) + કૃત (કરેલ)] વિ રાજાથી થયેલ

રાજકૃપા [સં. રાજ (રાજાનું) + કૃપા (મહેરબાની)] સ્ત્રી રાજાની કૃપા

રાજકેડી ૧. સ્ત્રી. રાજા કે રાજના જેવા વિધિથી પૂરવામાં આવેલ કેડી.

૨. જુઓ રાજકીય કેડી.

રાજકેપિ પું. (પુરાણ) અંગિરા કુલોત્પન્ન એ નામના એક ઋષિ.

રાજકેળ સ્ત્રી. એક જાતની કેળ. આ કેળનું ઘડ બહુ ઊંચું થાય છે. ગડનો રંગ, પાંદડાની ઢાંડી તથા નસ લાલ હોય છે. તેનાં લાલ કેળાં મોટાં ગોળ હોય છે અને સ્વાદ સારો હોય છે. આ કેળ મલબાર કાંઠા તરફ વધારે છે.

રાજકેળાં ન. બ. વ. લાલ કેળાં. જુઓ રાજકેળ.

રાજકોટ ન. એ નામનું મધ્ય સૌરાષ્ટ્રમાં આવેલું સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર: કાઠિયાવાડના કેન્દ્રમાં આજી નદીને તીરે આવેલું એક શહેર. ઈ. સ. ૧૬૧૭માં રાજુ નામના સિંધીએ પોતાનો નેસ આજુ નદીને કાંઠે શ્રીવિભાજીની પરવાનગીથી વસાવ્યો હતો. ધીમેધીમે એમાંથી ગામડું બન્યું. આ રાજુના નામ ઉપરથી આ સ્થળનું નામ રાજકોટ પડ્યું. ઈ. સ. ૧૭૦૨ સુધી રાજુ સિંધીના વંશજોના તાબામાં રાજકોટ રહ્યું ત્યારબાદ વંશના પરંપરાની રાજ વિભાજીના રાજ્યમાં ક્રમેક્રમે તે આબાદ બનતું ગયું અને ઊંચરે રાજ્યનું પાટનગર બન્યું. ઈ સ. ૧૭૭૨માં માસુમખાન નામના સરદારે રાજકોટનો કિલ્લો બંધાવ્યો. ઈ. સ. ૧૭૮૬માં ઘાટવીકુંવર શ્રીરણમલજીએ માસુમખાનને મારી રાજકોટ કબજે કર્યું અને તે શ્રીમેરામજી ખીજાને હાથ થયું શ્રીમેરામજી જાતનાં માલિકપ્રેમી હતા. તેમણે દિલીપસિંહજીનો માનભર ગ્રંથ પ્રસિદ્ધ કરાવ્યો અને એમ આ ભૂમિમાં ગાયકીનાં અંકુરો ઉગાડ્યાં. ઈ. સ. ૧૮૨૨માં રાજકોટમાં અંગ્રેજ કોઠી નાખવામાં આવી. ઈ સ ૧૮૪૪માં કાઠિયાવાડના કેટલાક રાજવીઓએ રાજકોટમાં જમીન ખરીદી ઉતારા બંધાવવાનું શરૂ કર્યું. ઈ. સ. ૧૮૪૬માં રાજકોટમાં પહેલવહેલી અંગ્રેજશાળા સ્થપાઈ. ઈ. સ. ૧૮૬૭માં એજન્સીની કોઠીનો વિકાસ થયો. ઈ. સ. ૧૮૮૮માં પહેલીવાર રાજકોટમાં રેલવે સ્ટેશન બન્યું અને વઢવાણ સાથે જોડાયું. ઈ. સ. ૧૮૯૬માં રેલવેમાર્ગથી રાજકોટ જેતલસર સાથે જોડાયું આમ ધીરેધીરે રાજકોટનું મહત્ત્વ વધતું ગયું અને રાજકોટમાં એજન્સિનું થાણું રમણવા પછી તેનું મહત્ત્વ કાઠિયાવાડના કેન્દ્રરૂપે સ્વયંસિદ્ધ બન્યું. વેપારવેપારમાં પણ રાજકોટમાં સારા પ્રમાણમાં આવે છે. અહીં ઉદ્યોગનાં કારખાનાં, ફેક્ટરિઓ, મિલો, છાપખાનાં, વીમાકંપનિની શાખાઓ, બેંકો, કલાવિજ્ઞાનની કોલેજ, ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ, રાજકુમાર કોલેજ, ટ્રેનિંગ કોલેજ, હાઇસ્કૂલો, રાષ્ટ્રીય શાળા, બાલમંદિરો વગેરે આવેલાં છે. પ્રજાવત્સલ શ્રી લાખાજીરાજના સમયથી સુશાસન, શિક્ષણ, સામાજિક ઉન્નતિ, શહેર નગરરચના વગેરે માટે રાજકોટ વધુ ને વધુ જાણીતું થયું અને તેથી તેની વસતીમાં વધારો થતો ગયો. અહીં શ્રી લાખાજીરાજે પહેલવહેલી સાર્વત્રિક મતાધિકારની સ્થાપના કરી હતી. મોહનદાસ ગાંધીજીનો શિક્ષણપ્રસંગ પણ અહીં જ થયો હતો અને તે પછી પણ રાજકોટ એમનું નિવાસસ્થાન હતું. આ બધાને લઈ રાજકોટ માટે મહત્ત્વની છે. અહીંની ગવર્નમેન્ટ કોલેજનું આકર્ષણ કાઠિયાવાડ પુરતું સારા પ્રમાણમાં વધ્યું છે અને તેથી કચ્છ, કાઠિયાવાડ તેમ જ ગુજરાતના વિદ્યાર્થીઓ પણ અહીં સારી સંખ્યામાં આવે છે. કોલેજમાં વિજ્ઞાનવિભાગ છે અને તેથી સાયન્સમાં કોલેજનું મહત્ત્વ વધ્યું. રાજકોટનાં જોવા લાયક સ્થળોમાં અટ લાખાજીરાજ સમારક મંદિર, વૉટસન મ્યુઝિયમ, લેક લાખોટા, લાખાજીરાજ પુસ્તકાલય, અનેક મંદિરો, પ્રદ્યુમ્નસિંહજી પાર્ક, આજુના રમ્ય પુલો, સરદારનાં તળાવો, કૈવલ્યધામ આશ્રમ, રામકૃષ્ણાશ્રમ વગેરે મુખ્યો સ્થાનો અહીંની રાષ્ટ્રીય શાળા તેમ જ અમદાવાદીઓ પણ મુક્ત કંઠે કહી રહ્યા કે ઉનાળા સૌરાષ્ટ્રનું એકમ રાજકોટનું મહત્ત્વ વધ્યું છે તે સૌરાષ્ટ્ર રાજ્યનું પાટનગર છે શ્રી લાખાજીરાજ જેવા અદ્વિતીય રાજવી, પ્રજાવત્સલતાના કર્તા સ્વ. મહેરામણજી વગેરે ઉપરાંત દુકાળમાં પ્રજારોતને અનાજ પૂરું પાડનાર જગડુશા જેવા. દાનવીર પણ અહીં જ થઈ ગયા છે. કવિવર નાનાલાલ, શ્રી ભાવનગર દરબાર તથા અન્ય વિદ્વેગ્રક સ્વ. નવલરામ જેવાઓએ અહીં એમનાં જીવનનો પવિત્રકાર કે પરિપાકકાળ વિતાવ્યો છે મહાત્મા મંકોડજી, સર પ્રભાશંકર પટ્ટણી, કવિ કાંત તથા કલાપી જેવી ખ્યાતનામ વ્યક્તિઓએ અહીં શિક્ષણ લીધું છે સંસારસુધારક કરસનદાસ મૂળજી જેવા અહીં કારભારી તરીકે કામ કરી ગયા છે. ભારત સ્વતંત્ર થતા સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં રાજ્યનું એકમ થયું અને તેની રાજધાની તરીકે રાજકોટની પસંદગી કરવામાં આવી. આથી કરીને રાજકોટનો મહિમા વધ્યો જ વધ્યો છે અને તે એક નમૂનેદાર શહેર બની રહ્યું છે.

રાજકોશાતક [સં.] પું. ગલકું.

રાજકોશાતકી [સં.] સ્ત્રી. ગલકાંનો વેલો.

રાજકોષ પું. શિરાજીના અષ્ટપ્રધાનમંડળે તૈયાર કરાવેલો એક શબ્દકોષ.

રાજકોષાતકી જુઓ રાજકોશાતકી

રાજકોષનીતિ [સં રાજ (રાજ્ય) + કોશ (ધન ભંડાર) + નીતિ (નિયમ)] સ્ત્રી. રાજ્યનો ખજાનો સમૃદ્ધ રાખવાની રીત.

> આ ઐતિહાસિક રે રાજદ્વારી ભૂમિકા બાંધ્યા પછી અમેરિકાએ અજમાવેલી **રાજકોષનીતિ** સમજવી સહેલી છે. રાજ્ય આજકાલ

રાજકોષાગાર [સં. રાજ (રાજ્ય) + કોષ (ખજાનો) + આગાર (ઘર)] પું. રાજ્યનો ખજાનો

રાજકૌશલ્ય [સં. રાજ (રાજ્ય) + કૌશલ્ય (કુશળતા)] ન. રાજદરબારી કામ; રાજકારભાર; રાજ્યસંચાલનપદ્ધતિ; રાજ્ય ચલાવવાની યુક્તિ.

રાજક્રાંતિ [સં. રાજ (રાજ્ય) + ક્રાંતિ (ઊથલપાથલ)] સ્ત્રી. રાજ્યસત્તાની ઊથલપાથલ કે ફેરબદલી.

રાજક્રાંતિકારક વિ રાજક્રાંતિ કરનાર.

રાજક્ષમા [સં. રાજ (રાજા) + ક્ષમા (માફી)] સ્ત્રી. રાજદ્વારા ભતારવાનો રાજ્યકર્તાનો અધિકાર; રાજદ્રોહી ગુનેગારને રાજકર્તા તરફથી અપાતી માફી.

રાજક્ષય ૧ પું ક્ષયરોગ.

૨ [સં. રાજ (ચંદ્ર) + ક્ષય (ઘટાડો)] પું ચંદ્રનો ક્ષય; ચંદ્રની કલાની હાનિ; ચંદ્રને

આયુ પડેલો ક્ષયનો રોગ. પ્રજાપતિને તેત્રીસ કન્યા હતી તે તેણે સોમરાજાને દીધી. સોમે સર્વે કન્યાઓમાંથી માત્ર રોહિણીનો જ સમાગમ સેવવા માંડ્યો. આથી બીજી બધીને અદેખાઈ આવી. તેઓ પ્રજાપતિ પાસે ગઈ. સોમ તેમની પાછળ ગયો. પ્રજાપતિ પાસે તેમની ફરીથી માગણી કરી. પ્રજાપતિએ કહ્યું કે, સર્વે કન્યા ઉપર સરખો વહેવાર રાખીશ એમ સોગંદ લે તો તને કન્યાઓ પાછી આપું. સોમે સોગંદ લીધા. પ્રજાપતિએ કન્યાઓ પાછી આપી. તેમ છતાં પણ ફરીથી સોમે તો સર્વેમાંથી રોહિણી પાસે જવા માંડ્યું. તે ઉપરથી તેને ક્ષય રોગ લાગુ થયો. સોમરાજાને ક્ષય થયો તે ઉપરથી તેને રાજક્ષય કહે છે.

રાજક્ષયક ૧ પું. રાજસંન્યાસ.
૨. [સં.] જી. નાગલ. દુધેલા.
૩. જી. રાઈ

રાજખટપટી વિ. રાજખટપટવાળું.

રાજગઢ [સ. રાજ + ગઢ (કિલ્લો)] પું. રાજમહેલની આસપાસનો કિલ્લો.

રાજગતાજગ જી. ઝઘડખોર; ઝેરાઝેર ચાલો બનાવ

રાજગદ્દી ૧. [હિ.] જી. રાજ્યાભિષેક; રાજ્યારોહણ
૨. જી. સિંહાસન; રાજગાદી.

રાજગર ૧. પું રાજાનો પુરોહિત; રાજાનો ગોર.
૨. જી. ઔદિચ્ય બ્રાહ્મણ તથા વાજાની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું

રાજગરાં ન. ૧ બ. નાનાં ચીભડાની એક જાત.

રાજગરી ૧. જી. એક જાતનું ઘાસ.
૨. જી. એક જાતનો વેલો. તેનાં ફૂલ પીળાં હોય છે. તેને મઠ જેવી આકારવાળી શીંગ આવે છે. તે ખેતરમાં થાય છે.
૩. જી. એકાદ મજલ ઊંચો ચણેલો ઉપર ફૂલના ગુચ્છાવાળો છોડ
૪. જી. કુંવારી. પ્યાજ; કાંદા; કુમ્હારવેલી.

રાજગરૂં (રાજગરૂ) ન. એક જાતનું પક્ષી.

રાજગર્ભ ન. નાનું ખાડું ચીભડું; કોળિયું. તેના વેલા થાય છે. કોળિયામાં મીઠાં અને ખટ્ટાં એમ બે જાત છે. સાધારણ કોળિયું નાળિયેર જેવડું મોટું થાય છે. તેનું અથાણું, શાક વગેરે થાય છે. તેનાં પાન બહુ મોટાં હોય છે.

રાજગરો ૧. [સં. રાજગિરિ] પું. એ નામે એક જાતનું ઝીણા ધોળા દાણાનું ફરાળનું એક અનાજ. એના છોડવા હાથ, બે હાથ કમરપૂર ઊંચા થાય છે. તેના પાનની ભાજી થાય છે. તેનાં પાન રક્તશુદ્ધિકર અને મૂત્રલ છે અને ગૂમડા પર બંધાય છે. બિયામાં તેનું ચાવેતર બીજ માટે થાય છે અને સુંદર રાતાં પુષ્પમંજરી જોવાં મળે છે. એનાં બીયાંને રાજગરો કહે છે. ખાવાથી વાયુ થાય છે. રાજગરાનો રંગ ધોળો હોય છે કાળા રંગનો પણ રાજગરો થાય છે. રાજગરો સારક, રક્તશોધક, અર્શમ મૂત્રલ અને પૌષ્ટિક છે. રાજગરો, સરસવ, જવ વગેરેને અપવાની મોસમ ફાગણ મહિનો છે. ગૂમડા ફૂટવા માટે રાજગરાનું દીંડુ ઘસી ચોપડવામાં આવે છે. ઉપવાસને દિવસે ફળાહાર માટે પાપડી, ખીર, પૂરી વગેરેમા તેનો ઉપયોગ થાય છે તેનો લોટ કરી શીરો પણ બનાવવામા આવે છે. તે પિત્તકર, કફમ, શીતલ, કૃમ્ય અને વાતલ છે.
૨. પું. ઔષધોપયોગી એક વનસ્પતિ. આપણે ફરાળ વખતે જે રાજગરો ખાઈએ છીએ તે આથી જુદા વર્ગની વનસ્પતિ છે.

રાજગવી [સં.] જી ગાયની જાતનું એક પશુ.

રાજગાદી ૧. જી. રાજાના બેઠવાનું સ્થાન; રાજ્યાધિકાર.
૨. જી. રાજાને બેસવાનું આસન; સિંહાસન; તખ્ત.
૩ જી રાજ્ય; સરકાર.
૪ જી રાજ્યાધિકાર ; રાજ્યકર્તા.

રાજગિર જુઓ રાજગૃહ.

રાજગિરા ૧ [હિ] જી રાજગરાનો છોડ.
૨. જી. રાજગરો.

રાજગિરિ ૧ પુ એ નામનો મગધ દેશનો એક પર્વત.
૨. ન. રાજગૃહ.

રાજગીધ ૧. ન. ગીધના ત્રણ મોટામાંનો એક પ્રકાર. ગીધની કેટલીક જાતો ભારતમાં થાય છે પરંતુ આપણે ત્યાં ત્રણ જાતના ગીધ તો સારી રીતે જાણીતાં છે. ૧ રાજગીધ ૨ ઘેરો અને ૩ ધોબડ અથવા સફેદગીધ. રાજગીધો પોતાના ખોરાક માટે મરેલા ઢોર પસંદ કરે છે. રાજગીધ ઠાળા ટેકરાનું પંખી છે. પીઠનો વિસ્તાર કાળા રંગ, ગળા નીચે સફેદ રંગ તેને ઓળખવા માટે બસ છે. ઊડતું હોય ત્યારે પાંખમાં સફેદ પટો તેની ઓળખાણ આપે છે.
૨. ન. પ્રસહ વર્ગના ગીધની જાતનું એક પક્ષી. એને માથે પીંજ હોતા નથી. એ મરેલું અને જૂનું માંસ ખાય છે. એ ટોળામાં રહે છે. તે જમતાં પણ આસપાસ નજરે પડે છે. તેની નજર ખૂબ ઝીણી હોય છે.

રાજગીર ' હિ] પું કડિયો, મકાન ચણનાર.

રાજગીરી [હિ] જી કડિયાકામ

રાજગુરુ ૧ [સ ૨જ (રાજા) + ગુરુ (શિક્ષક)] પુ રાજકુમારોને શીખવનાર શિક્ષક.
૨. પું. રાજાનો ધર્મગુરુ.
૩ પુ રાજાનો સલાહકાર
૪ જી. એ નામની વનસ્પતિની એક અટક.
૫ જી એ નામે એક વનસ્પતિ તેના ફળ ઉપયોગી છે ને સઘળી જગાએ થાય છે. તેને શ્વેત પીલુડી પણ કહે છે
૬ ન એ નામની અટકનું માણસ
૭. વિ. એ નામની અટકનું

રાજગુહ્ય ૧ ન. રાજવિદ્યા.
૨ [સ રાજ (રાજા) + ગુહ્ય (છાનું)] ન રાજાની ગુપ્ત વાત
૩. ન. એક જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન; બ્રહ્મવિદ્યા. બ્રહ્મવિદ્યા અથવા અધ્યાત્મજ્ઞાન એને જ રાજવિદ્યા અને રાજગુહ્ય એવું નામ પ્રાપ્ત થયું.
ગીતા.રહસ્ય
૪ વિ ગુપ્તમાં ગુપ્ત. ગુપ્તમાં ગુપ્ત; અતિ રહસ્યવાળું

રાજગૃહ ૧. ન નાગરા; કોનોનું ને ઓઢોનું એક નીકે; ત્રિવિષ્ટપ. જ્યાંની ગેરીમાં ભગવાન મહાવીરે અનેક ચોમાસા કર્યાં હતાં તેમ મનાય છે ને મગધ ની રાજધ ની હતું તેની પાસે વિપુલગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ ને રત્નગિરિ એમ પાંચ પહાડને લીધે તે ત્રિગિરિ કહેવાયું. ત. ભગવાન મહાવીર અને બુદ્ધ રહેલા હોવાથી રાજાઓ વારંવાર આવતા હોય અને તે ઉપરથી એનું ન.મ રાજગૃહ પડ્યું લાગે છે એનું મૂળ નામ ક્ષિતિ પ્રતિષ્ઠિત હતું, પછી વસુમતીપુર થયું, ત્યારબાદ ઋષભપુર થયું, પછી કુશાગ્રપુર અને સૌથી છેવટ ક્ષેમજિતના પિતા એ રાજગૃહ કર્યું. અત્યારે તેનું રાજગિર નામ લોક પ્રચલિત છે
૨. ન રાજમંદિર, રાજમહેલ.
૩. ન. વિહાર.

રાજગૃહ વિદ્યા જી. (શિલ્પ) શિલ્પ સંહિતામાં વર્ણવેલ ભવ્યાસ માફકની એક મુખ્ય વિદ્યા.

રાજગૃહ વિહાર પું ચીનમાં આવેલું એ નામનું એક પુરાતન મંદિર.

રાજગૃહાધિકારી [સં. રાજગૃહ (રાજાનો મહેલ) + અધિકારિન્ (ઉપરી)] પું. રાજાના કે અમીરના ઘરમા ઓરડાઓની સંભાળ રાખનાર માણસ.

રાજગોર ૧ [સ. રાજ (રાજા) + ગુરુ] પું. રાજાનો ગુરુ; રાજપુરોહિત; રાજાનો ગોર.

જૈન ગ્રાહ્મણોમાં રાજસોર, સૈનક, ભોજક, તપોધન, વરણાળા ઇત્યાદિ પણ કરીને જૈનોમાં લગ્ન કરાવે છે, ગ્રાવાનું કામ કરે છે અને જૈન મંદિરોમાં પૂજા કરે છે. ગુ. જ્ઞા. પરિષદ

૨. જૂની ગ્રાહ્મણોની એ નામની એક જાતિ

૩. મ. એ નામની જાતિનું માણસ

૪. સ્ત્રિ. એ નામની જાતિનું.

રાજગૃહી સ્ત્રી. મગધના મહારાજા શ્રેણીકની રાજધાની, રાજગૃહ.

રાજગોત્ર [સં] પું. તાજા પાણીની માછલી

રાજચ ૧. સ્ત્રિ. તીક્ષ્ણ, તેજ.

૨. [સં. રાજ (રાજ્ય) + કૃત્ (મારનાર)] સ્ત્રિ. રાજાને મારનાર; રાજાની હત્યા કરનાર

રાજઘર મ. રાજાની હવેલી.

રાજઘરાણું મ. રાજકુટુંબ; રાજવંશ; રાજકુલ

રાજઘાટ ૧. પું. નદી ઉપર રાજકુટુંબ માટે નહાવાનો ઘાટ.

૨. પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ; ભાવનગળ.

૩. પું. યમુના નદીને કિનારે આવેલો એ નામનો ઘાટ અહીં ગાંધીજીનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલ હતો. અત્યારે તે યાત્રાનું સ્થળ બની ગયું છે. કેટલો પરદેશી પ્રતિનિધિઓ મહાત્માજીના સમાધિસ્થાનને પુષ્પહાર ચઢાવવા માટે જાય છે. દિલ્હી એ એક પુરાતું શહેર છે. દિલ્હીએ કંઈકેક વંશાવળીઓ ને સામ્રાજ્યોના તડકાછાયા જોયા છે. વિશ્વના તમામ પ્રવાસીઓ અને પ્રતિષ્ઠાસારો કુતૂહલમિનાર, જંતરમંતર, લાલકિલ્લો અને મોગલ બગીચો જોવા આ શહેરની મુલાકાત અવશ્ય લે છે. આધુનિક નવીનતામાં, આ શહેરમાં ભારતનું ઘર (પાર્લિયામેંટ), કચેરીઓનાં મકાન અને બિરલામંદિર જેવા બંગલેનો સમાવેશ થાય છે. પરંતુ આ બધી વસ્તુમા દિલ્હી શહેરને, ભારતભરમાં અને આખી દુનિયામાં પણ, કોઇએ અજોડ સ્થાન આપ્યું હોય તો તે ભારતના મુક્તિદાતાના અવશેષો ધારણ કરનાર પાત્ર ઉપર બની કરાયેલી નાનકડી વેદી કે રાજઘાટ છે. બાપુનો વિશ્વવંદનમૂર્તિઓમાંના ભારતના એક ઇતવાભ્યના તારણહાર તરીકે વિશ્વમાં પૂજાયા છે. મન, વચન, અને કર્મે બાપુ તો અનોખા વિરલ પુરુષ હતા. તેઓ કોઈપણ ભોગે પોતાની સત્યરૂપી રેખ અને અહિંસા છોડતા નહિ. અનિષ્ટોની સામે ઝઝૂમવા એમણે જગતને એક સત્યાગ્રહરૂપી અમોઘ શસ્ત્ર અર્પ્યું છે. એમણે ભારતને વિદેશીઓની ચુગાલમાંથી અહિંસા વડે ઉગાર્યું છે. ગાંધીજીએ જગતને બતાવી આપ્યું છે કે, આધ્યાત્મિક બળને જો સંપૂર્ણપણે સમજવા અને તેનું યથાપાલન થાય તો તે સ્વર્ગીય સુખ અહીં લાવે છે. આવા મહાન સંતપુરુષનું સ્મારક પણ તેટલું જ મહાન અને પ્રેરણાદાયી હોવું જોઈએ. આવા મહાન પુરુષના દેહાવશેષોનું જે સ્થળે વિસર્જન કરવામાં આવ્યું છે તે સ્થળ, રાજઘાટ પણ કોઈ અનોખું આકર્ષણ ધરાવે છે. સુંદર લીલોતરીવાળી જમીન, ફુવારામાંથી અમૃત સમાં, સમાધિ ઉપર ઊડતાં જળબિંદુ, એ સર્વ રાજઘાટની આકર્ષક વસ્તુઓ છે. સ્વા પ્રવર્તતી શાંતિ કોઈ અજબ પ્રેરણાદાયી છે. આધુનિક યુગના આ મહાન સંતની સમાધિની વંદના અર્થે બધા લોકો દેશ પરદેશના ખૂણેખૂણેથી આવે છે. હિંદુસ્તાનની સરે આવતા તમામ પ્રવાસીઓ અને મહાન પરદેશી વ્યક્તિઓ સૌથી પહેલ, મહાત્માજીની રાજઘાટ ઉપરની સમાધિએ પુષ્પાંજલિ અર્પાવવા જાય છે. તેઓ ત્યાં ધોડીવાર બોલે છે, પ્રાર્થના કરી પાછા ફરે છે કેટલાક સ્થાનિક માણસો ખુલ્લી હવામાં લાંબા હરિયાળી જમીન ઉપર બેસે છે અને દુન્યવી જંજાળની અધિમાંથી ઘડીકાર પોતાને મોક્ષ મળ્યાનો અનુભવ લે છે. આ પાર્થિવમાં જીવનને જોઈનો અમે ત્રિપાતિમય આનંદ ચોડોપણો પણ તેઓ મેળવે છે. મધ્યમા જ આવેલી સમાધિની બંને બાજુએ ત્રણ ત્રણ, હરિયાળા પાસની કિનાર છે. આ હરિયાળી જમીનની પાછળ સપાટ જમીનનો ટુકડો આવેલો છે. ગાંધીજીના સ્વર્ગવાસ પછી આ જમીન ઉપર વિવિધ ભાતનાં ચિત્રો, તસ્વીરો જોડી તેના જીવનપ્રસંગોની આખી કારમર રૂપી વાદી અપરાધમાં આવી છે. મહાત્માજીના વપરાશની ચીજોનો નમૂનો પણ અહીં આરો કરાયો છે. લોઢીથી ઝગડાયેલા તેના વસ્ત્રો, જે વડે પોતે કાંતતા તે ચરખો વગેરે અહિ પ્રદર્શિત કરવામાં આવ્યાં છે

'અસતો મા સત્ ગમય' ન્યાયે અલક્ષેત્રમાંથી ઝોકારો હું વળ્યો મહુકેમા રાજઘાટ ઉપર વિશ્વવંદ્ય રાષ્ટ્રપિતાની સાદિ ચમર અહાંજલિરૂપે ચરખો આપીજીનાનો સંપૂર્ણ પાઠ આર્ષદ્ય સુધી કરી કૃતકૃત્ય બની વિશ્રોબાપર્ણકુટિમાં જતા મીરાપ્રવચન આદિની પ્રસાદી પામ્યા.

પ્રવાસન ૫

રાજઘાત [સં.] પું. રાજહત્યા.

રાજઘાતક [સં. રાજ (રાજા) + ઘાતક (મારનાર)] વિ. રાજાનું ખૂન કરનાર

રાજઘાતી જુઓ રાજઘાતક.

રાજઘુંમટ પું. રાજાનો મહેલના ઘુંમટ.

રાજચંદ્ર ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૨૮ માત્રા હોય છે ૬, ૮, ૧૦ અને ૧૪ માત્રાએ યતિ અને ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૮, ૨૩ અને ૩૭ માત્રાએ તાલ આવે છે.

૨ પું. સૌરાષ્ટ્રમા જન્મેલ એ નામના એક મમર્થ જૈનતત્ત્વજ્ઞ, કવિ અને સાધુ પુરુષ. ગાંધીજી એમના પ્રત્યે પુરુબુદ્ધિ ધરાવતા હતા.

રાજચંપો પું. એક જાતનું ફૂલઝાડ; ચંપાની ઊંચી જાત.

રાજચાતુર્ય [સં. રાજ(રાજ્ય) + ચાતુર્ય (હોંશિયારી)] ન. રાજનીતિ.

રાજચિહ્ન ૧. ન. કાગળ અથવા ધાતુ ઉપર રાજના સિક્કાની છાપ કે નિશાની

૨. [સં. રાજ (રાજા) + ચિહ્ન (નિશાની)] ન. ભવિષ્યમાં રાજા થશે એવું સૂચવતાં જોવામાં આવતાં શુભ ચિહ્ન; રાજા બને એવાં હાથ અને પગ ઉપરનાં ચિહ્ન

૩ ન રાજાને ઓળખવાની નિશાની; રાજા ઓળખાય એવો કોઈ કે સામા. મુગટ, છત્ર, ચામર, દંડ, બંદી વગેરે રાજાનાં ચિહ્ન છે.

રાજચિહ્નક ૧. પું. ખોનિ.

૨. [સં.] પું. ક્લિમ; ઉપરસ.

રાજચૂડામણિ (રાજચૂડામણિ) [સં.] પું. (સંગીત) એ નામે એક તાલ.

રાજચોક પું. રાજમહેલ પાસેનો ચોક

રાજછત્ર ન. રાજનું છત્ર.

રાજજંબુ મ. એ નામનો એક જાતનો જાંબુ; ઉંબરાંબુ; લાબી ફળ. તેનાં પાન, ડાંડી પરના પહોળાં અને લાબા ઉપર સાંકડાં ૩ થી ૪ ઇંચ લાબાં અને એકથી દોઢ ઇંચ પહોળાં હોય છે. તેમા પીળાં ફૂલો થાય છે. એને ૧ થી ૩ ઇંચ લાંબી પાતળી ચિમ હોય છે. તે બંધલી કેરીની ઠળિયાવાળી હોય છે. તેમાં જીરાં જેવાં કાળા રંગનાં બી થાય છે. તે સ્વાદે કડવાં હોય છે.

રાજજોશી પું. રાજાનો જોશી; રાજાનો જોષી.

રાજજ્વ ન. એક રોગ.

તે ત્રણકા, રાજજ્વ અને મસ્તકશૂળ માટે પથ્ય તથા ત્રણકાદય છે. ધ્વિ. મા. શાક

રાજત ૧. [સં રાજ્ (પ્રકાશવું)] ન ચાંદી; રૂપું; રજત.

ઉદા૦ રાજત આદિ કે ધાતુ, ધ્વનિતા પર્વત જોત. રત્નો

૨. સ્ત્રિ. રૂપા સંબંધી; રૂપાનું.

રાજતપ્ત ન. રાજગાદી.

રાજતરંગિણી સ્ત્રી. કાશ્મીરના ઇતિહાસનું એ નામનું સંસ્કૃત પુસ્તક. કલ્હણ પંડિતે આ પુસ્તક રચ્યું છે તે આશરે ઈ. સ. ૧૧૪૮ના અરસામાં પૂર્ણ થયું. સંસ્કૃતનું આ એક જ પુસ્તક છે કે જેને ઇતિહાસ કહી શકાય. ફોરસે તેનું ફ્રેંચમાં ભાષાંતર કર્યું છે.

રાજતરુ ૧. [સં.] ન. અમલતાસ.
૨. ન. એક પ્રકારની રેચક વનસ્પતિ; કરમાળાનું ઝાડ.
૩. ન. કરેણનું ઝાડ; કણિકાર વૃક્ષ.

રાજતરુણી ૧. [સં.] સ્ત્રી. અમલતાસ; અમલતાસ
૨. સ્ત્રી. સફેદ ગુલાબ.

રાજતંત્ર ૧. ન. એક રાજાધિપત્ય; 'મોનાર્કિ'.
૨. ન. રાજકારભાર; રાજ્યનું કામકાજ.
૩. [સં. રાજ (રાજ્ય) + તંત્ર (પદ્ધતિ)] ન. રાજ્યની શાસન પદ્ધતિ. રાજ્ય અને રાજકારભારમાં હરકોઈ ગુલ્લ બાબ છે કે: રાજતંત્રોના ફેરફારોમાં રાજાના સ્વભાવમાં ફેરફાર થતો નથી. પ્રધાનમંડળમાં અને ધારાસભામાં, ગમે તે પક્ષ બહુમતમાં આવે છતાં રાજ્યપદ્ધતિમાં ફેરફાર થતો નથી. રાજ્યમાં સત્તાવાન સરકારોનો કુલ સરવાળો એટલે રાજતંત્ર, જેની પેટા સરકારમાં કારોબારી, પ્રધાનમંડળ, ધારાસભાઓ, ન્યાયખાતું, સનદી નોકરિયાતો, સ્થાનિક તંત્ર, લશ્કર અને મધ્યસ્થ, પ્રાંતીય અને સ્થાનિક સત્તાધારી મંડળો ઇત્યાદિ હોય છે.

રાજતંત્રપદ્ધ [સં. રાજ (રાજ્ય) + તંત્ર (પદ્ધતિ) + પદ્ધ (કુશળ)] વિ. રાજતંત્રમાં કુશળ; રાજ્યકારોબારમાં જાહોજ.

રાજતંત્રી [સ] પું. રાજતંત્રને અવલંબીપૂર્વક ચલાવનાર માણસ; ' એડમિનિસ્ટ્રેટર '.

રાજતાજ [સં. રાજ + તાજ (મુગટ)] પું. રાજમુગટ
રાજતાજ ચિતા કરે. કાન્હરદિકા

રાજતાહરણ્ય ન. કુદરત ઉદ્યોગમાં રાજ્ય વચ્ચે ન પડતાં, ચાલવું હોય તેમ ચાલવા દેવું તે; સ્વૈરપદ્ધતિ. ' લૈસે ફેર '.

રાજતાડ (રાજતાડ) પુ. તાડની જાતનું એક ઊંચું વૃક્ષ; મિરતાડ. તેનાં પાન તાડનાં જેવાં છે ને થડ મિરટ જેવું છે. તે સુશોભિત છે.

રાજતાલ [સં.] પું. સોમ.

રાજતિલક ૧. [સં. રાજન્ (રાજા) + તિલક (ચિહ્ન)] ન. રાજાને ગાદીએ બેસાડવામાં આવે ત્યારે મુખ્ય તરીકે તેના કપાળમાં કરાતું ચિહ્ન; રાજ્યાભિષેક વખતે રાજાને કરવામાં આવતું તિલક કે ટીલું
૨. ન. રાજાને ગાદીએ બેસાડવો તે; રાજ્યાભિષેક

રાજતિલકોત્સવ પું. રાજતિલક કરતી વખતે ઉજવવામાં આવતો ઉત્સવ; રાજ્યાભિષેકનો ઉત્સવ.

રાજતું ૧. [સં. રાજ્ (પ્રકાશવું)] વિ. પ્રકાશતું; ચમકતું
પૂર્ણિમાના ચંદ્ર રાજતો બે ભેગો છે. નાનાલાલ
૨. વિ. ઘોળા; જરાજર; પટિત; ચાપડ.
૩. વિ. શોભતું, દીપતું, સુંદર.

રાજતેજ ૧. [સં. રાજન્ (રાજા) + તેજસ્ (તેજ)] ન. રાજવૂરા; રાજાનો આપડો, દમામ કે રોફ; રાજાનો પ્રતાપ કે ઐશ્વર્ય.
૨. ન. રાજાના ચહેરા ઉપરનું તેજ.

રાજતોષિત [સં. રાજન્ (રાજા) + તોષિત (સંતોષ પમાડેલું)] વિ. રાજાને સંતોષાયેલું, રાજાની મહેરબાનીવાળું

રાજત્યાગ [સં. રાજન્ + ત્યાગ (ત્યજવું તે)] પું. રાજાનો ત્યાગ કરવો તે; રાજગાદી છોડી દેવી તે.

રાજત્રિકમ ન. રાજસત્તા ત્રણ જણ સાથે ચલાવતા હોય તેવું મંડળ

રાજત્વ [સં.] ન. રાજા હોવું તે; રાજ્યપદ; રાજાધિકાર; રાજપદું, રાજપણું.
રાજલક્ષ્મી રાજત્વને વરે છે અને પ્રજાને આધારે રહી ચોર ચંદ્ર છે. મોમ્બંનરામ

રાજદંડી (રાજદંડો) ૧. સ્ત્રી. એ નામની એક ઝાડ રમત.
૨. વિ. રાજદર્બમાં કુશળ.

રાજદ્રુમ ન. રાયણનું ઝાડ.

રાજદરબાર ૧. પુ ધન્યાકની કચેરી.
૨. પું. રાજાને રહેવાનું અને દરબાર કે સભા ભરવાનું મોટું ભવ્ય મકાન; રાજમંદિર.
૩. પું. સરકાર: ' ગવર્નમેન્ટ '.
૪. પું સરકારી કામકાજ કરવાની કોઠી કે મકાન; કચેરી; રાજસભાનું સ્થાન.

રાજદરબારી વિ. રાજા અને : જ્યસભાની; રાજદ્વારી, રાજકારભારને લગતી, સરકારી.

રાજદંડ ૧. [સં.] પું. પ્રજાને વશ રાખવાની રાજાની સત્તા; શાસનસત્તા; રાજ્યશાસન.
૨. પું. રાજાએ કરેલો દંડ કે શિક્ષા; ધન, માર કે ગુનેગાર વગેરેની સજા.
૩. પું. રાજાનો દંડ; એક જાતનું રાજચિહ્ન; રાજાના એક ચિહ્ન તરીકે મથાની છડી, રાજસત્તા અને અધિકાર સૂચક રાજાઓ રખાતો દંડ.
૪. પું. રાજપાસના; સિદ્ધાસન.

રાજદંત [સ] પું. આગળના ઉપલા બે મોટા દાંત. ઉપલા દાંતની હરમાં આવેલા, બબલા બે મોટા દાંત.

રાજદાખડ વિ. રાજાને આલસા થયેલું હોય તેવું.

રાજદ્વારિકા [સં.] સ્ત્રી. રાજધાની.
અહો, વિધિની અવરેષા! પ્રથમ મહારાજ સોમેશ્વરાએ વિષ્ણુસેનને હરેશી રાજદ્વારિકાને મોકી. પુરાતત્ત્વ

રાજદુખારી વિ. સ્ત્રી. રાજદ્વારી; રાજકીય; રાજપદ.

રાજદુર્ગ [સં.] પુ. મહેલ આસપાસનો કિલ્લો.

રાજદુલાર પુ. કુવર; રાજકુમાર.

રાજદુલારી ૧. સ્ત્રી. મધ્યમ કદની, ગુલાબના જેવા સુગંધવાળી, રેસા વગરની, એક જાતની દ્રાક્ષ.
૨. [હિ.] સ્ત્રી. રાજાની પુત્રી; રાજકુંવરી.

રાજદૂત ૧. [સં.] પું. રાજાનો જાસૂસ; રાજાને છૂપા ખાતરીઓ લાવી આપનાર માણસ.
૨. પું. રાજાનો સંદેશો લઈ જનાર એલચી; રાજપ્રતિનિધિ; રાજાપ્રેરિતપુરુષ. ચાણક્યનો મત છે કે: બુદ્ધિશાળી, બોલવામાં ચતુર, મિતાપમક્ષક તથા યથોક્તવાદી પુરુષને રાજદૂત તરીકે નીમવો જોઈએ. પ્રાચીન કાળમાં જરૂર પડતાં રાજદૂતને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં મોકલવામાં આવતા હતા પરંતુ પશ્ચિમી દેશોમાં એ પ્રથા છે કે, મિત્ર રાજ્યોમા રાજાઓના રાજદૂત પરસ્પર એકબીજાને ત્યાં રહ્યા કરે છે અને તેના દ્વારા બધુ કામકાજ કરવામા આવે છે. બે રાજ્યો વચ્ચે યુદ્ધ થયાથી બન્ને પોતપોતાના રાજદૂતોને પોતાને ત્યાં પાછા બોલાવી લે છે.
૩. પું. રાજાનો હજૂરિયો; રાજાનો અંગત નોકર.

રાજદૂતકર્મ ૧. ન. મસલત.
૨. [સં. રાજદૂતકર્મન્] ન. રાજદૌત્ય; એલચીપણું, દૂતત્વ.

રાજદેય [સં] ન. સરકારી લેણું; રાજભાગ; રાજાનાં શાહી હક.

રાજદેવડી (રાજદેવડી) સ્ત્રી રાજમંદિર; દરબારી કચેરી.

રાજદેશીય ૧. [સં.] વિ. રાજાતુલ્ય.
૨. વિ. રાજાથી ઓછું ગૌરવવું.

રાજદેશ્ય જુઓ રાજદેશીય.

રાજદેહ [સં.] પું. એ નામે એક પ્રકારનું આસન.

ત્રીજા આસનમાં રાજદેહ એવું આસન છે.
સરસ્વતીચંદ્ર

રાજદોષ [સં. રાજન્ (રાજા) + દોષ (ખામી)] પું. રાજામાં રહેલ દોષ.

રાજદોલ્ય ૧. [સં.] ન. મસલત.

૨. ન. રાજદૂતનું કામ; એલચીપણું.

રાજદ્રોહ [સં.] પું. રાજા અથવા રાજ્યને નુકસાન થાય એવો વિચાર, વર્તન અથવા કામ; રાજા અને રાજ્યને દગો દેવો તે; રાજા અને રાજ્ય પ્રત્યે ભક્તિની ભાવના રાખવામાં બેવફાઈ; રાજા કે રાજ્યનો દ્રોહ; રાજા કે રાજ્ય વિરુદ્ધ વર્તન કરવું તે; બળવો; ગેરવર; હુલ્લડ.

રાજદ્રોહી [સં. રાજદ્રોહિન્] વિ. રાજદ્રોહ કરનાર.

રાજદ્વાર ૧. ન. ન્યાયાગાર; અદાલત; ઇન્સાફ આપવા માટે રચવામાં આવેલી કોર્ટ; ન્યાય સભા.

તમારા રાજદ્વારોના ખૂની ઝપકા નથી ગમતા; મતલબની મુદ્દલ ત્યાં ખુશામદના ખલના ખમા
પ્રસ.પી

૨. ન. રાજાના મહેલનો દરવાજો.

૩. [સં. રાજદ્વાર] ન. રાજાને રહેવાનું અને રાજકાજ કરવાનું સ્થાન; રાજદરબાર; રાજમહેલ, રાજસભા.

૪. ન. સરકાર.

રાજદ્વારિક [સં.] પું. રાજદ્વારી પુરુષ.

રાજદ્વારી ૧. [સં. રાજદ્વારિન્] વિ. રાજા અને રાજ્યને લગતું; રાજદ્વાર સંબંધી; રાજકીય; રાજદરબારી; રાજનીતિ સંબંધી.

૨. વિ. રાજા અને રાજ્યને લાભે તેનું; મોટું વૈભવી.

રાજદ્વારી ડેરી પું. રાજકોષ ચળવળ કરતાં પક્ષપાતમાં અને દેશમાં રખાયેલ માણસ

રાજદ્વારી ફાટફયો પું રાજાનો ખુશામતિયો અને રાજાને નામે પ્રજાને લૂંટી ખાનાર માણસ.

ગામને ગાલે ઊભીને પ્રજાને કાજે તેમ લૂંટી ખાનારા આ માણસને એક લેખકે રાજદ્વારી હોદ્દિયા તરીકે ઓળખાવ્યા સંતાપ માન્યું. છે
મુંબઈ સમાચાર

રાજદ્વેષી [સં. રાજ + દ્વેષિન્ (દ્વેષ કરનાર)] વિ. રાજસત્તાવિરોધી; અરાજકવાદી; 'એનર્કિસ્ટ'.

રાજધન [સં.] ન. રાજની જીપજ; રાજની મહેસૂલ.

રાજધર [સં. રાજ્ય + ધર (ધારણ કરનાર)] પું. રાજાનો મુખ્ય પ્રધાન; રાજમંત્રી.

રાજધર્મ ૧. પું. મહાભારતના શાંતિ પર્વનો એક ભાગ જેમાં રાજાઓના કર્તવ્યનું વર્ણન કરવામાં આવેલ છે.

૨ [સં રાજન્ (રાજા) + ધર્મ (ફરજ)] પું. રાજનીતિ; રાજાનો ધર્મ; રાજાને છાજે તેવી ફરજ; રાજાનું કર્તવ્ય.

રાજધર્મા [સં. રાજધર્મન્] પું. મહાભારત અનુસાર કશ્યપનો એક નામનો એક પુત્ર

રાજધર્માલંકાર [સં.] પું. એ નામની એક ધાર્મિક ઉપાધિ.

રાજધાની સ્ત્રી. રાજ્યનું મુખ્ય શહેર; રાજા જ્યાં રહેતો હોય તે મુખ્ય શહેર; પાટનગર; પાટનગર.

રાજધાનીપદ ન. રાજધાનીપણું; રાજધાની તરીકેનું સ્થાન.

નવાડી છસ્સોમાં વર્ષ ગુજરાતનું **રાજધાનીપદ** ન ગયું પાટણ રહ્યાનું ગુજરાતનું પાટનગર ગયું.
પ્રસ્થાન

રાજધાન્ય [સં] ન. ગામો; એક જાતનું ધાન્ય.

રાજધુરા [સ. રાજ્ય + ધુરા (ધૂસરી)] સ્ત્રી. રાજાની ધૂંસરી; રાજ્ય ચલાવવાની ધુરા, રાજ્યતંત્રનો ભાર; રાજ્યનો બોજો કે જવાબદારી.

રાજધુરાધરી વિ. રાજ્યકારોબારની જવાબદારી સંભાળનાર; રાજ્યકારભાર ચલાવનાર.

સારા **રાજધુરાધરી**ઓ આપણે કેમ્બ્રીજે કીધે
પ્રસ્થાન

રાજધ્વનિકા સ્ત્રી. રાયવેલી, એક જાતની વનસ્પતિ.

રાજન ૧. [સં. રાજન્] પું. રાજા.

૨. ન. રામ,ધનિક કુળનો માંહેનો સાથ જેવો એક પદાર્થ; ભેરજો; રાળ. તે અર્ધ પારદર્શક હોય છે. તે હળવો, સ્પર્શ અને કંઈક ખંજો ચીકાશવાળો હોય છે. તેનો રંગ ખૂબનો લીલો, ઝાંખો, ભદામી, કે લાલ હોય છે. તે સહેલાઈથી ઓગે થઈ શકે તેવો છે ગુણમાં તે ઉત્તેજક છે. જૂના અને ક્રોનિક પ્રમેહના ઇલાજ તરીકે તેનો ખૂબ જ ઉપયોગ થાય છે.

રાજનક [સં.] પું. રાજગરો; એક જાતનું ક્ષુદ્ર ધાન્ય

રાજનગર ૧. ન. અમદાવાદનું પ્રાચીન નામ.

લાખી વિહાર કરી **રાજનગર** (અમદાવાદ) પધાર્યા.
પ્રબંધચિંતા

૨. [સં. રાજ્ય + નગર (શહેર)] ન. પાટનગર; મુખ્ય શહેર; રાજધાની.

રાજનગરી જુઓ રાજનગર ૨.

રાજનમન [સ. રાજન્ (રાજા) + નમન (નમવું તે)] ન. તરસીમની પેઠે નમવું તે.

રાજનય [સં.] પું. રાજનીતિ.

રાજનંદિની [સં.] સ્ત્રી. રાજકુમારી; રાજાની પુત્રી.

રાજનારાયણ [સં.] પું. (સંગીત) એક મતસાગતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫, ૯, ૧૩ અને ૨૧ માત્રા ઉપર છે.

રાજનિયંત્રણ [સં.] ન. રાજ્ય અંકુશ તે.

રાજનિવેદન [સં.] પું. રાજ્યદરબારમાં પ્રવેશ.

રાજનિવેશપાત્ર [સં] વિ. સરકારમાં ખાલસા થવાને લાયક.

રાજનિષ્ઠ [સં.] વિ. રાજા અને રાજ્યનું ભલું ઇચ્છનાર; રાજને વફાદાર.

રાજનિષ્ઠા [સં.] સ્ત્રી. વફાદારી; રાજા કે રાજ્ય પ્રત્યે નિષ્ઠા; રાજભક્તિ

રાજની [સં.] સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં જણાવેલી એ નામે એક પ્રાચીન નદી.

રાજનીતિ ૧. [સં.] સ્ત્રી. એલચીપણું.

૨. સ્ત્રી. કામંદકીય વગેરે નીતિશાસ્ત્ર.

૩. સ્ત્રી. મુત્સદ્દીપણું; રાજખટપટમાં કુશળતા.

૪ સ્ત્રી. રાજકાજ; રાજદરબારી રીતરિવાજ.

૫. સ્ત્રી. રાજશાસનની નીતિ કે વિદ્યા; રાજ્ય ચલાવવા સંબંધી વિદ્યા; રાજ્યવ્યવહારશાસ્ત્ર; જેના આધારે રાજા પોતાના રાજ્યની રક્ષા અને સત્તા દૃઢ કરી શકે તેવી નીતિ. તેના તંત્ર અને આવાપ એમ મુખ્ય બે ભેદ છે. જે નીતિ વડે પોતાના રાજ્યમાં સુપ્રબંધ અને શાંતિ સ્થાપી શકાય તે તંત્ર નીતિ કહેવાય છે અને જે વડે પરરાષ્ટ્રો સાથેનો સંબંધ દૃઢ કરી શકાય તેને આવાપ નીતિ કહેવામાં આવે છે. પોતાના રાજ્યમાં પ્રજાની સ્થિતિ તેમજ તેના હર્ષની જાણ માટે રાજાઓ ગુપ્તચરો રાખે છે અને પરરાષ્ટ્રોમાં સ્વરાષ્ટ્રના સ્વત્વ, વેપારવાણિજ્ય વગેરેની રક્ષા તથા તેના ફેલાવને માટે રાજદૂત રાખે છે. આ દૂતો અને ગુપ્તચરોની મારફત રાજા સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રોની ગતિ, ચેષ્ટા વગેરેને જાણી લઈ તે પોતાની શક્તિ અને સ્વત્વની સારી રીતે રક્ષા કરે છે પ્રાચીન ગ્રંથોમાં આવાપના છ મુખ્ય ભેદ કહેલા છે જેને ષાડ્ગુણ્ય પણ કહે છે. તેનાં નામ: સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રય છે. તે ષડ્નીતિના નામથી પણ પ્રસિદ્ધ છે. વળી રાજનીતિનાં સામ, દામ, દંડ અને ભેદ એમ પણ બીજાં ચાર અંગ કહેલા છે

૬. સ્ત્રી. રાજાએ પ્રજા પ્રતિ ને પ્રજાએ રાજા પ્રતિ આચરવાનો ધર્મ.

૭ સ્ત્રી. રાજ્યની બહારની નીતિ; 'ફૉરેન પૉલિસિ.'
રાજનીતિમાં કાયદા મદદમાં, અમલ કરવો અને ન કરવાને ચૂકવવો એ ત્રણ કર્તવ્યો આવતા.
પારિભાષિક કોષ

૮. સ્ત્રી સ્વાર્થી સાધવાની આવડત કે ચતુરાઈ

રાજનીતિક [સં] વિ. રાજનીતિ સંબંધી.

રાજનીતિજ્ઞ [સં.] વિ. રાજનીતિમાં કુશળ; રાજકાર્યમાં ધુરંધર; રાજકારણમાં આગેવાન. મુત્સદ્દી.

રાજનીતિનિપુણ જુઓ રાજનીતિજ્ઞ.

રાજનીતિવિશારદ જુઓ રાજનીતિજ્ઞ

રાજનીતિશાસ્ત્ર [સં.] ન. રાજવિદ્યા સંબંધી શાસ્ત્ર. ' પૉલિટિકલ સાયંસ '
દુષ્ટદમનીય, રાજનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વગેરે જુદાજુદા વિષયોમાં ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ, સ્વતંત્ર અને ચિંતનાત્મક લેખોથી કરવાની ખાસ જરૂર છે.
ખબરદાર

રાજનીતિશાસ્ત્રોદ્ધાર [સં.] પું. રાજ્ય કેમ ચલાવવું તે બાબતનું શાસ્ત્ર રચનાર વ્યક્તિ.
રાજનીતિશાસ્ત્રોદ્ધાર હોત તો કોઈ કદી, અપુપાત પાત્રમાં, લખાત રાજ્યમાં નહીં
રમણભાઈ

રાજનીલ [સં.] ન. નીલમ; મરકતમણિ; પન્નુ.

રાજનેહ પું. રાજ્ય ઉપરનો પ્રેમ; વફાદારી.

રાજનૈતિક [સં.] વિ. રાજનીતિ સંબંધી. રાજદ્વારી; રાજનીતિને લગતું; રાજકીય. રાજકારણી

રાજન્ય ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ક્ષત્રિય.
પ્રાચીન ઉપનિષદોમાં રાજન્યો ઐતરેય ક્ષત્રિયોએ બ્રહ્મર્ષિને સિદ્ધાન્તનો ઉપદેશ આપ્યો એનું વર્ણન છે.
પુરાતત્ત્વ
૩. પું. ચૂંટી કાઢેલો રાજા.
૪. પું. રાજકુટુંબનો માણસ; રાજવંશી પુરુષ.
૫. પું. સુપ્રસિદ્ધ પુરુષ; જાણીતી વ્યક્તિ.
૬. ન. ઋષભદેવે કહેલ ચાર ખંડોનું એક નામનું એક દ્વીપ.
૭. ન હરિવંશમાં.
૮. સ્ત્રી. રાજવંશી; રાજકુળનું.
૯ વિ રાજા સંબંધી; બાદશાહી.
૧૦. વિ શ્રીમંત; પૈસાદાર.

રાજન્યક [સં.] ન. ક્ષત્રિયોનો સમૂહ.

રાજન્યબંધુ [સં.] પું. ક્ષત્રિય

રાજન્યા ૧. [સં] સ્ત્રી. ક્ષત્રિયાણી.
૨. સ્ત્રી. રાજકુટુંબની સ્ત્રી, રાણી.
૩. સ્ત્રી. રાયણનું ઝાડ.

રાજપક્ષી ન પીઠ પક્ષીની જાતનું એક પક્ષી. તે આજની સામે ચાંચ છે અને પાંખે લડવાનાકામ કુશળ ખાઈ જાય છે

રાજપર્ણ ૧. [સં. રાજન્ (રાજ) + પર્ણ (પાંદડું)] ન. રાજાનું રક્ષણ
૨. વિ. રાજાના પક્ષમાં હોય તેવું

રાજપટુ [સં.] વિ. રાજકાજમાં કુશળ. રાજકાર્યમાં હોશિયાર.

રાજપટુતા [સં.] સ્ત્રી. રાજકારોબારમાં કુશળ હોવાપણું.

રાજપટોલ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મધુર પડોળી.

રાજપટ્ટ ૧. પું. ચોખ્ખો પથ્થર
૨. [સં.] પું. વિરાટ રેશમમાંથી બની આવેલો લાલરંગી જાતનો હીરો.
આ રાજપટ્ટ સમ ત્રિગલ રમ્ય અંગે.
ઉમરરામ ત્રિવેદિ
૩. ન. નીલા અને રાતા રંગનું વસ્ત્ર.
૪. ન. રાજનું સિંહાસન.

રાજપાંડુરા [સં.] સ્ત્રી. ચાતકપક્ષી

રાજપત્ત ૧. [સં. રાજપુત્ર] પું. કુંવર; રાજાનો પુત્ર.
૨. [સં. રાજપતિ] પું. રાજપતિ; રાજપણું અધિકાર પ્રધાનની રીતો, બની અર્થ રાજપત્ત કીધા.
દયારામ

રાજપત્તંગ ન. એક જાતનું મોટું અને સુંદર પતંગિયું. તેની પાંખો સાત આઠ ત્રેમની હોય છે. તેની આસપાસ ઝોર ઉપર કાળી લીટી હોય છે.

રાજપતિ ૧. [સં. રાજપતિ] પું. રાજાનો કુંવર.
૨. પું. રાજાનો રાજા; સમ્રાટ.

રાજપત્ની ૧. [હિં.] સ્ત્રી. પિત્તળ.
૨. સ્ત્રી રાજાની સ્ત્રી; રાણી.

રાજપત્ર ૧. [સં.] પું. રાજની મહોરવાળો પરવાનાનો કાગળ.
૨. પું. રાજ્યના આદેશો જેમાં છપાતા હોય તેવા આદેશ; 'ગેઝેટ'.

રાજપથ [સં.] પું રાજમાર્ગ; સરિયામ રસ્તો; મોટી સડક; જેના ઉપર હાથી, ઘોડા, રથ વગેરે સુગમતાથી ચાલી શકે એવો પહોળો રસ્તો.

રાજપદ ૧. [સં.] ન. રાજગાદી; સિંહાસન.
૨. ન. રાજત્વ; રાજા હોવું તે; રાજાની પદવી.
એ અર્જુને અર્જસાથી રાજપદને ઉચિત સત્કાર આપવા મહારાજે ચિંતા કરવા માંડી.
સરસ્વતીચંદ્ર
૩. ન. ત્રિવિક્રમ; ઐશ્વર્ય.

રાજપદાઢ્ય [સં] વિ. રાજસિંહાસન ઉપર આવેલું. રાજ્ય કરતું.

રાજપદું જુઓ રાજપદ

રાજપદ્ધતિ [સં] સ્ત્રી. રાજકારભાર ચલાવવાની રીત; રાજનીતિ.

રાજપરિગૃહ્ય ન. રાજાના મહેલની આસપાસના સરકારી મકાન, કોઠારો, તબેલો, બગીચા વગેરે.

રાજપરિવર્ત જુઓ રાજપરિવર્તન.

રાજપરિવર્તન ૧. [સં.] પું. રાજની ફેરફારી; રાજનું બદલવું તે
૨ પું રાજપદ બદલાવું તે; રાજક્રાંતિ; રાજપરિવર્તન
આવા રાજપરિવર્તનને અને યુગપરિવર્તનને પ્રસંગ પ્રસંગોચાર અને યુગાચારથી દોરીને જ્ઞાન મળતું નથી.
ગોવર્ધનરામ

રાજપર્ણ ન. કોરિંગડું; ઈંડાના આકારનું નાનું ચીભડું

રાજપલટો જુઓ રાજપરિવર્તન.

રાજપલાંડુ [સં.] સ્ત્રી. રાતી કુંગળી.

રાજપંખી પું. રાજહંસ.

રાજપંડિત ૧. પું. પંડિતોમાં મોટો પુરુષ.
૨. [સં.] પું. રાજાનો પંડિત; રાજાએ માનેલો કે સંસ્થાએ આપેલો પંડિત.

રાજપાટ ૧. [સં. રાજ + પાઠ (પીઠ)] ન. રાજગાદી; સિંહાસન.
૨. ન સરકાર; રાજ્ય.

રાજપાટિકા ૧. [સં.] સ્ત્રી. રાજપાટ; રાજત્વ.
૨. સ્ત્રી. રાજાની સવારી.

રાજપાલ ૧. સ્ત્રી. રાજપૂતોની એ નામની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું
૪. [સં.] વિ. જેનારૂપે રાજા અને રાજાની રક્ષા થઈ શકે એવું.

રાજપિંડી પું. દસમી સદી.બ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ કે મત.

રાજપીડક (રાજપીડક) પું પ્રજા ઉપર જુલમ કરનાર માણસ.

રાજપીલુ [સં.] ન. મોટાં પીલુનું ઝાડ; પીલુ.

રાજપુત્ર ૧. [સં.] પું. એક જાતનો આખો.
૨. પું. ક્ષત્રિય; રજપૂત.
૩. પું ગણપતિ; મહેશ
ગણપતિના પણ નામો છે. તેમાં મિત્ર, સમિત, રાજપુત્ર-એ ત્રણ નામો પણ છે.
પુરાતત્ત્વ

૪. પુ. જુથમહ; જુથનું એક નામ.
૫ પું રાજકુમાર; રાજાનો પુત્ર.
૬ પું રાજ્ય તરફથી મળતી એક ઉપાધિ કે પદવી ગુપ્ત રાજાઓના સમયમાં આ પદવી માંડલિકવારોના નાયકને આપવામાં આવતી.
૭ પુ. લશ્કરનો સરદાર; નાયક.
૮. પુ વર્ણસંકર.

રાજપુત્રક ૧. [સં.] ન. રાજપુત્રોનો સમૂહ.
૨ જુઓ રાજપુત્ર

રાજપુત્રવ્યાઘ્રન્યાય [સં.] પું. (વેદાંત) એક જાતનો ન્યાય. કોઈ રાજકુંવર બચપણમાં એક શિકારીને હાથ પડ્યો અને તેને આ ઊંચકરી માટો થયો. તેથી તે પોતાને શિકારીનો પુત્ર સમજવા લાગ્યો. પછી જ્યારે કોઈકે તેને તેનું કુળ જણાવ્યું ત્યારે તેને બરાબર જ્ઞાન થયું. તે પ્રમાણે જ્યાંસુધી અજ્ઞાન નથી થતું ત્યાંસુધી મનુષ્ય પોતાને જેમ તે સમજે છે, પણ અજ્ઞાન ગયા-કું બાદ કંઈ-જેમ સમજે છે તેને માટે આ ન્યાય વપરાય છે.

રાજપુત્રા [સ.] સ્ત્રી. જેનો પુત્ર રાજા હોય તે સ્ત્રી, રાજાની માતા; રાજમાતા.

રાજપુત્રિકા ૧. [સં.] સ્ત્રી. ચમેલી; માલતી; મોગરો; જાઈ.
સુમના જાતી અલિકા ઉત્તમગંધા હોઈ,
અંગુરા પ્રિયવાદિની રાજપુત્રિકા સોઈ.
ચિન્તામણિકોષ
૨. સ્ત્રી પિત્તળ
૩. સ્ત્રી. રાજકન્યા.
૪. સ્ત્રી. હરડે નામનું પક્ષી

રાજપુત્રી ૧. સ્ત્રી. કડવી તુંબડી.
૨. સ્ત્રી. ક્ષત્રિય કન્યા.
૩. સ્ત્રી, ખડસલિઓ, પીતપાપડો
૪. સ્ત્રી, છછુંદર.
૫. સ્ત્રી. જાતી નામનો એક છોડ
૬ સ્ત્રી. પિત્તળ
૭. સ્ત્રી માલતી, મોગરો; જાઈ
૮. સ્ત્રી મેંદીનાં બી.
૯ [સં.] સ્ત્રી રાજકન્યા; રાજકુંવરી; રાજાની પુત્રી, રાજકુમારી.
૧૦ સ્ત્રી. રેણુકા નામનું સુગંધી દ્રવ્ય.

રાજપુર ૧. ન. અમદાવાદનું જૂનું નામ.
૨. [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન નગર; હાલિમ દેશમાનું ચિત્રાલદનું નગર.
૩. ન. રાજ્ય શહેર, મુખ્ય શહેર.

રાજપુરપ્રવેશન્યાય [સં.] પું. (વેદાંત) એક જાતનો ન્યાય. જેમ મહેમાન હરવાળ આગળ ચાલતા લોકોની પાછળ ચાલે છે, પણ તેમ કોઈપણ મુખ્યને જેમ કિંમત રહે છે તેમ બધા સારી વ્યવસ્થાથી કામ થતું હોય ત્યાં આ ન્યાય લાગુ પડે છે.

રાજપુરી સ્ત્રી. એક જાતનું ફળ; મોરીફળ, રાજબેરિ. આપણા દેશમાં બહુ ઠંડા પ્રદેશમાં એટલે કાશ્મીર, નીલગિરિ, મહાબળેશ્વર અને હિમાલયના પર્વતોની જમીનમાં તે બહુ થાય છે. તેનાં ફળ બહિષ્ય ખોર જેવાં થાય છે. તેનો સ્વાદ મીઠો હોય છે

રાજપુરુષ ૧. પું. પોલીસ; સિપાઈ.
૨. [સં.] પું. રાજનીતિમાં નિપુણ માણસ; મુત્સદ્દો, રાજપ્રેમી, રાજનીતિજ્ઞ, રાજકારણી.
બક્ષ ઑઝા, હરિદાસ બિહારીદાસ અને મોહનલાલ જેવા રાજપુરુષોના ચરિત્રોની બહુ ખોટ જ રહેવી છે. ભગવંતરાય કે. બક્ષિ
૩. પું. રાજાને રાજ્યકાજમાં સલાહ આપનારો પ્રધાન; દિવાન; રાજાની સાથે બેસનાર સભ્ય; રાજકર્મચારી; વકીલ; રાજાનો પુરુષ.
૪. પું. રાજાનો નોકર કે અમલદાર; રાજસેવક.
૫. પુ. રાજવંશનો પુરુષ.

રાજપુષ્પ ૧. ન. કનકચંપો.
૨. [સં.] ન. નાગકેસરનું ઝાડ.

રાજપુષ્પી [સં.] સ્ત્રી. મોગરો; જાઈ; જાતમલ્લિકા.

રાજપૂજ્ય ૧. [સં.] ન. સોનું.
૨. વિ. રાજાને પૂજ્ય.

રાજપૂત ૧. [સં. રાજપુત્ર] પું. રાજપુત્ર; રાજાનો વંશજ. રાજપૂત શબ્દ વાસ્તવમાં રાજપુત્ર શબ્દનો અપભ્રંશ છે અને આ દેશમાં મુસલમાનો આવ્યા બાદ પ્રચલિત થયો છે. પ્રાચીન કાળમાં રાજકુમાર અથવા રાજવંશના બીજો રાજપુત્ર કહેવાતા હતા, એટલા માટે ક્ષત્રિયવર્ણના બધા લોકોને મુસલમાનો રાજપૂત કહેવા લાગ્યા.
૨. વિ. રજપૂત રાજાના વંશનું.

રાજપોષાક ૧. પું. લોખંડી બહેરવેશ.
૨. પું. રાજાને પહેરવાના કપડાં

રાજપ્રકરણ ન. રાજકારણ

રાજપ્રકરણી વિ. રાજપ્રકરણને લગતું; રાજકારણી; રાજદ્વારી.

રાજપ્રતિગ્રહ ૧. [સં.] પું. રાજાનો દાન.
૨. ન. રાજાનું કર્તવ્ય; રાજાની ફરજ.

રાજપ્રતિજ્ઞા ૧. સ્ત્રી. રાજાએ લીધેલી પ્રતિજ્ઞા.
૨. સ્ત્રી. રાજ્યાભિષેક વખતે રાજાએ લેવાની પ્રતિજ્ઞા.

રાજપ્રતિનિધિ [સં.] પું. રાજાના પ્રતિનિધિ અથવા એલચી તરીકે અધિકાર ભોગવનાર અમલદાર. ઉપરાજ; રાજાનો પ્રતિનિધિ, રાજાના વતી કામ કરનાર અમલદાર; ' વાઇસરૉય '.

રાજપ્રતિપુરુષ જુઓ રાજપ્રતિનિધિ.

રાજપ્રપંચ [સં.] પું. રાજખટપટ.

રાજપ્રમુખ [સં.] પું. સન્માનનો બંધારણીય વડો અમલદાર. ભારતના રાજ્યબંધારણમાં જ વર્ગના રાજ્યોના વડાઓને રાજપ્રમુખ તરીકે સંબોધવામાં આવે છે. તેની નિમણૂક ભારત સરકાર અને રાજ્યસંઘો વચ્ચેના કરારની રૂએ થઈ છે તેમને સહાય અને સલાહ આપવા એક પ્રધાનમંડળ પણ રહે છે.

રાજપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. રાજકારણ; રાજની પ્રવૃત્તિ

રાજપ્રશ્નીય [સં.] ન. (જૈન) એ નામનું એક ઉપાંગસૂત્ર ગ્રંથ.

રાજપ્રાસાદ [સં.] પું. રાજાનો મહેલ.

રાજપ્રિય ૧. [સં.] સ્ત્રી. કરણનાં ફૂલ. તે ઔષધમાં વપરાય છે.
૨. સ્ત્રી રાજપલાંડુ; વાલ કુંજણી.

રાજપ્રિયા ૧. [સં.] સ્ત્રી એક પ્રકારની કાંચર; તિલપાર્ણિની. તેના ચોખા સફેદ અને સ્વાદિષ્ટ હોય છે
૨. જુઓ રાજપ્રિય.

રાજપ્રેષિતાધિકારી [સં.] પું. સરકારે જેની નોકરી ઊંડીની આપેલી હોય એવો અમલદાર.

રાજફેર જુઓ રાજપરિવર્તન.

રાજફોડા (રાજફોડા) [હિ.] પું. હાનિકારક મોટું ચૂમડું; પાકું; ઝડીદ ચૂમડું. તે પીઠ ઉપર થાય છે. આ રોગથી સામાન્ય રીતે મૃત્યુ નીપજે છે. ઈંદરજાતી આ રોગથી મરણ પામ્યો હતો. સને ૧૭૯૬માં ડો. જેમિસ્ટને ઇસ્ટ ઇંડિયા કંપની માટે ફરોખસિયર બાદશાહને આ ભયંકર રોગ મટાડવાથી તેની પાસેથી મોટું ઇનામ મેળવ્યું હતું.

રાજબંદી પું. રાજકેદ કેદી; સરકારી બંદીવાન; ' સ્ટેટ પ્રિઝનર '.

રાજબંદીવાન જુઓ રાજબંદી.

રાજબંધારણ ન રાજનું બંધારણ.

રાજબીજ ૧. [સં.] ન રાજાના વંશમાં જન્મેલું માણસ.

૨. ન રાજનું તીર્થ
૩ વિ. રાજવંશનું, જેમાં રાજપદવી હોય તેવું, રાજાના વંશમાં જન્મેલું

રાજર્ષીત્વ [સં. રાજર્ષિન્] વિ. રાજર્ષી; રાજર્ષિનું

રાજલક્ષ્મી (રાજલક્ષ્મી) સ્ત્રી. દૂધનો પહેલો બળી ગયા પછીનો ઘાટો, મસાલો ભેળવીને બનાવવામાં આવતી, દૂધની મલાઈની બનાવટી એક વસ્તુ

રાજભક્ત ૧ [સં.] પું. રાજાનો ભક્ત
૨ વિ. વફાદાર; રાજનિષ્ઠ; નિમકહલાલ. રાજાની તરફ વફાદાર

રાજભક્તિ [સં.] સ્ત્રી. પ્રજા અને રાજા ઉપર ભાગ રાખવો તે; રાજા પ્રત્યેની ભક્તિ; રાજા પ્રતિ પ્રેમ તિ કે પૂજ્યભાવ; પોતાની જન્મ ભૂમિવાળા પ્રદેશના રાજા ઉપર ભક્તિ; રાજનિષ્ઠા.

રાજભય [સં.] પું. રાજા તરફનો ભય; રાજાની બીક.

રાજભવન [સં.] ન. રાજમંદિર; રાજમહેલ.

રાજભંડાર પું. રાજાનો ખજાનો; રાજાનો ભંડાર; રાજકોશ.
જામનગરના જાડેજા ભૂમિપુત્રો એજ છે અહાહા રાજભંડારના ભંડારી. નાનાલાલ

રાજભાગ ૧. [સં] પું. જમીનના પાકમાંથી રાજને આપવાનો હિસ્સો; બજે; રાજા કે તાલુકદારે ખેડૂત પાસેથી લેવાનો ખેતીની ઊપજનો ભાગ.
૨. પું રાજદેય; રાજલેવા; જાહી હક; 'રોયલ્ટિ'.

રાજભાષ્ય ૧. [સં.] ન. રાજદેય; રાજભાગ; રાજલેવા; ' રૅાયલ્ટિ '.
૨. ન. સરકારનું લેણું; રાજઋણ; શાહી કરજ.

રાજભાષા [સં.] સ્ત્રી. રાજકાજમાં વપરાતી ભાષા

રાજભુવન જુઓ રાજભવન.

રાજભૂમિ [સં.] સ્ત્રી. સરકારી જમીન; આરબથી ન હોય તેવી જમીન; ખાલસા જમીન.

રાજભૃત્ય [સં] પું. રાજપુરુષ; રાજકર્મચારી, રાજનો સેવક

રાજભેટ સ્ત્રી. નજરાણું; મોટા માણસને કાંઈ જતાં નાના માણસથી તેની પાસે મુકાતી ભેટ.

રાજભોગ ૧. પુ મોટું જમણ; મુખ્ય ભોજન; મહાપ્રસાદ. દેવમંદિરમાં ઠાકોરજીને ધરાવવામાં આવતું મુખ્ય નૈવેદ્ય
૨. પુ રાજાને જમવાનો ખોરાક
૩. પું. વૈષ્ણવ મંદિરમાં બપોરનો એક ભોગ તથા દર્શન. દર્શન વિષયમાં આવતા ચાર છે સવારે વહેલા મંગળા અને રાજે છેલ્લા શયનના દર્શન હોય (ચયમ ૩૨૩ - ૧૨, ૨૮૭૫.૨ ઉત્થાપન ચારે નામો છે.
૪ ન. એક જાતનું ધાન્ય

રાજભોગ આરતી સ્ત્રી. જમવાનને બપોરે જમાડ્યા પછી કરાતી આરતી.

રાજભોગ્ય ૧ ન. એક પ્રકારનું અનાજ.
૨. ન ચોખાનું ઝાડ.
૩ [સં] ન. જાયફળ. રાજાઓ તે પાનબીડીમાં તથા અનેક પ્રકારની આયની વસ્તુમા નાખી ખાય છે. તેથી વિષય ઉત્પન્ન થાય છે માટે તેને રાજભોગ્ય કહેવાય છે
૪. વિ. રાજાએ ભોગવવા લાયક

રાજભ્રષ્ટ [સં.] વિ. પદભ્રષ્ટ; ગાદી ઉપરથી ઉઠાડી મૂકેલું

રાજભ્રષ્ટતા [સં. સ્ત્રી, પદભ્રષ્ટ થવું તે; ગાદી છીનવી લેવાની તે.

રાજમ પું. એક જાતનો ચૂંદર. કેટલીક જાતના ગાડામાં છેદ પાડીને અથવા તેની જાળ કાઢી લઈને તેમાંથી જે રસ નીકળે છે તેને રાજમ કહે છે.

રાજમક્ષિ [સં.] પું. મોટ રાજા.

રાજમદ ૧. [સં.] પું. રાજા તરીકેનો મર્દ, પોતે રાજા છે એવું અભિમાન.
૨. પું. રાજામાં તથા મોટા માણસોમાં અધિકારનો જે મદ જોવામાં આવે છે તે; સત્તાનો અહંકાર; સરકારી અમલદારનું સત્તાનું કેફપણું.

રાજમહાલ પું. પંજાબની સરહદ નજીક આવેલો એ નામનો એક પર્વત.

રાજમહાલય [સં.] ન. રાજમહેલ.

રાજમહિષી [સં.] સ્ત્રી. રાજાની રાણી, મહારાણી.

રાજમહેલ ૧. પુ. એ નામનો એક પર્વત.
૨ [સં. રાજમહાલય] પું. રાજાના રહેવાનું સ્થાન; રાજમંદિર; રાજભવન; રાજનો મહેલ.

રાજમહેંદ્રી ન. એ નામનું એક તીર્થસ્થાન. તે સ્થળે ગોદાવરી સમુદ્રને મળે છે.

રાજમહોત્સવ [સં.] પું. રાજાને ત્યાં ઊજવાતો આનંદનો પ્રસંગ.
અમારો આજ રાજમહોત્સવ છે. સંધમિત્ર

રાજમહોર સ્ત્રી કચ્છમાં થાતો એ નામનો એક કોમની મિલ્કો. તેની ૮૦ કોરી આવે છે

રાજમંગળા [સં. રાજમઙ્ગલા] પું. સૈન્યનો ખેંચ ઢાળી.

રાજમંડળ ૧. ન કોઈ રાજ્યની આસપાસ આવેલાં રાજ્ય નીતિશાસ્ત્રમા ૭૨ પ્રકારનાં રાજમંડલ માનેલ છે. તે નીચે પ્રમાણે છે- અરિ, મિત્ર, ઉદાસીન, પાર્ષ્ણિગ્રાહ, આક્રંદ, પુરસ્સર, પાર્ષ્ણિગ્રાહસાર, આક્રંદસાર, અરિમિત્ર, મિત્રસમ અને મધ્યમ.
૨. ન રાજ્યોનો સમૂહ.
૩. ન. રાજાના હલકૂરિયા નાણસોનો સમુદાય.
૪. સં. રાજમડલ ! ન. રાજની સત્તા ભોગવનાર અધિકારીઓનું મંડળ; રાજના અમીર ઉમરાવો કે કારભારીઓ વગેરેનો સમુદાય.

રાજમંત્રણા [સં.] સ્ત્રી રાજ્ય સંબંધી વાતચીત; રાજકારી ચર્ચા

રાજમંત્રી [સં. રાજમંત્રિન્] પું. રાજાનો સલાહકાર; પ્રધાન; કારભારી. રાજાનો મંત્રી.

રાજમંત્રીમંડળ [સં.] ન. રાજાના સલાહકારોનો સમૂહ

રાજમંદિર ૧. ન રાજમંદિર; ખાનગીની ઓરડી.
૨. ન. રાજાને રહેવાનું ધામ; રાજાનો મહેલ; રાજગૃહ

રાજમાતા [સં] સ્ત્રી. રાજાની મા; રાજકર્તાની મા

રાજમાત્ર [હિ.] વિ. માત્ર નામનો જ રાજા હોય એવું.

રાજમાન ૧. વિ. જે પુરુષને કાયા સાબાશી- હોય તેને ઉદ્દેશીને વપરાતું એક વિશેષણ.
૨. [સં.] વિ. પ્રકાશતું.

રાજમાન્ય ૧. વિ. કામદેસર; રાજા પંચારણથી માન્ય; " હોનિટટ્યુરાનલ ".
૨. [સં.] વિ. પ્રખ્યાત; પ્રતિષ્ઠિત.
૩. વિ. રાજાથી માન પામેલું; રાજાએ માન્યું હોય તેનું; જેને રાજા પ્રતિષ્ઠા મળેલી હોય એવું. રાજાનું માનીતું.

રાજમાર્ગ ૧. [સં. રાજમાર્ગ] પું. મોટો રસ્તો; સરિયામ રસ્તો; મુખ્ય માર્ગ.
૨. પું. રાજયોગનો માર્ગ; જ્ઞાનમાર્ગ.
પ્રાણાયામ અભ્યાસ કરીને રાજમાર્ગે ચાલીએ. દ્યા.૨.મ
૩ પું. રાજની પ્રથા કે રીત
૪. પું. રાજાને જવા આવવાનો મોટો રસ્તો. રાજધાનીથી તે ચાર દંડ એટલે ૪૨ કુટ પહોળો હોય છે. તેનું રાજમાર્ગ નામ પડવાનું કારણ એ છે કે ખાસ પ્રસંગે રાજા તે રસ્તો વાપરતા.
૫. પું. સાર્વજનિક રસ્તો.

રાજમાર્ગ જુઓ રાજમારગ

રાજમાર્ગના [સં.] સ્ત્રી. રાજદમા; રાજક્ષમા; દયા બતાવવાનો રાજાનો અધિકાર.

રાજમાર્તંડ ૧. પું. (સંગીત) એક અતસ્ર જાતિ ૧૪ માત્રાનો એક તાલ. તાલ સ્થાન ૧, ૯, ૧૩ માત્રા ઉપર છે

૨. [સં.] પું. સૂર્ય.

રાજમાષ [સં.] પુ. એક જાતના મોટા અડદ.

રાજમાષ્ય [સં.] ન. જેમા અડદ વાવવામા આવ્યા હોય તેવુ ખેતર

રાજમિજલસ સ્ત્રી. કચેરી; રાજસભા.

રાજમિસ્ત્રી પું. રાજમહેલમા કામ કરતો કારીગર; સોનો ઉપરી રાજમહેલનો કોંડ્યો.

રાજમુખત્યાર પું રાજ મલાવનાર પ્રતિનિધિ

રાજમુગટ પું રાજાનો મુગટ.

> રાજમુગટને, રાજદંડને, રાજસિંહાસનને પામ્યો ગિરિરાજની રાજકુમારિકા. નાનાલાલ

રાજમુદ્રા ૧. [સં.] સ્ત્રી. રાજાની મહોર; રાજસિક્કો; રાજાની છાપ; રાજાની મહોરની છાપ; રાજચિહ્ન.

૨. સ્ત્રી. રાજાની વીંટી; રાજાની અંગૂઠી.

રાજમુદ્રાધિકારી [સં] પું. રાજાની મહોર રાખનાર મંત્રી.

રાજમુદ્રિકા ૧. [સં.] સ્ત્રી. રાજાની મહોર; રાજાનો સિક્કો.

૨. સ્ત્રી. રાજાની વીંટી; રાજાની અંગૂઠી

> અરે ચોર ! કહે કમ્પી હજી આ અક્ષિતબંધ આજ્ઞા નામ આલેખી રાજમુદ્રિકા ચોરી આણી નાનાલાલ

રાજમુનિ [સં] પું. રાજર્ષિ.

રાજમૃગાંક [સં.] પું. (વૈદક) પારદ, સોનુ, અભ્રખ વગેરેની બનતી એ નામની દવા. તે ક્ષય ઉપર ખાસ ઉપયોગી મનાય છે.

રાજમૃગાંગ પુ. (સંગીત) એક અતસ્ર જાતિ, સોળ માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૪, ૫, ૧૩ માત્રા ઉપર છે.

રાજમેધ [સં] પું. રાજાનો વધ.

રાજયક્ષ્મા [સં. રાજયક્ષ્મન્] પું. રોગનો રાજા. ક્ષય; રાજરોગ, રાજક્ષય.

રાજયક્ષ્મી [સં. રાજયક્ષ્મિન્] વિ. ક્ષયના રોગવાળુ

રાજયાન ૧. [સં] ન પાલખી

૨. ન. રાજાની સવારી

રાજયોગ ૧. [સં.] પું (જ્યોતિષ) વાર, તિથિ, નક્ષત્ર અને વારનો એક પ્રકારનો શુભ મેળાપ.

૨ પું. પતંજલિએ વર્ણવેલ અષ્ટાંગ યોગ; યોગાભ્યાસનો એક પ્રકાર; ચિત્તની અનાત્માકાર વૃત્તિઓનો નિરોધ; મનને ઈશ્વરમાં એકાગ્ર કરવાનો માર્ગ; જીવાત્મસ્વરૂપ વિષે અંતઃકરણ એકાગ્ર કરવાની વિધિ. પ્રથમ શાસ્ત્રનું શ્રવણ કરવાથી, પછી અનુમાનથી એટલે યુક્તિપૂર્વક મનન કરવાથી અને પછી ધ્યાનનો અભ્યાસ કરવામા તલ્લીન થવાથી ઉત્તમ પ્રકારનો યોગ (રાજયોગ) પ્રાપ્ત થાય છે. હઠયોગ અને રાજયોગના માર્ગ જુદા છે. હઠયોગી કુદરત ઉદ્રિયોના ક્રમમાં પડે છે અને રાજયોગી મનને મારવા મથે છે. રાજયોગ વિના હઠયોગ નકામો છે. રાજયોગ શબ્દનો મુખ્યાર્થ તો અસંપ્રજ્ઞાતયોગ જ છે, છતાં યોગ'ઓ મનને કોઈ ધ્યાન કરવા યોગ્ય વિષયમાં એકાગ્ર કરવા યત્ન કરવો યા ૐકારમંત્રને ઉપદેશ કરેલા મંત્રનો જપ ને તે મારથી પ્રતિપાદ્ય દેવનું મનવડે ચિંતન કરવું અથવા કરીત્રાથી ઊઠતા નાદમાં મનનો વિષય કરવો તે પણ રાજયોગ કહેવાય છે. રાજયોગના બે પ્રકાર છે: સંપ્રજ્ઞાતયોગ, સબીજયોગ યા સાલંબનયોગ અને અસંપ્રજ્ઞાતયોગ, નિર્બીજયોગ યા નિરાલંબનયોગ.

> કર્મ કરવાં ને તેનાં ફળ ઈશ્વરને અર્પણ કરવા એ રાજયોગ છે. કર્મયોગ એટલે કર્મ કર પણ ફળ ત્યાગી. રાજયોગમા ઈશ્વરને તો અર્પણ થાય છે. તેથી રાજયોગ કર્મયોગથી એક પગ આગળ છે. વિનોબા

૩. પું. પ્રાણને મારવાની કસરત ન કરતાં વૃત્તિને મારવાની યુક્તિ બોધ પ્રવર્તક એક માર્ગ

૪. પું. (જ્યોતિષ) રાજા થવા જેવો ગ્રહયોગ.

૫. પું. સુભાગી વસ્તુ.

રાજયોગી [સં. રાજયોગિન્] પું. રાજયોગ સાધનાર માણસ

રાજયોગ્ય ૧. [સં.] ન. ગ્રહત

૨ વિ. રાજાને ભાગ્યતુ.

રાજરક્ષક [સં.] પુ. રાજાની સગીર અવસ્થામા તેના તરફથી રાજ ચલાવનાર અધિકારી, ' રીજટ '.

રાજરખી વિ. રાજાનું રક્ષણ કરનાર.

રાજરજવાડાં (રાજરજવાડું) પું. રાજાના જેવો વૈભવ કે ઠાઠમાઠ.

રાજરઢ સ્ત્રી. રાજાની રીત.

રાજરત્ન ૧. ન. રાજરત્નના ઉલ્લાસવાળુ મોતી

૨. [સં.] ન. રાજા કે રાજા તરફથી મળતો મોટો ઇલકાબ.

રાજરથ્યા [સં.] સ્ત્રી. રાજમાર્ગ; રાજાની, મુખ્ય રસ્તો.

રાજરમત સ્ત્રી. રાજખટપટ; રાજકારણી દાવપેચ, યુક્તિપ્રયુક્તિ

રાજરસ પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે વસ્તુ અને ઉલ્લાલ છંદના મિશ્રણથી બનેલ છપ્પય છંદનો એક ભેદ છે તેમા કુલ ૧૪૯ માત્રા હોય છે

રાજરહસ્ય [સં.] ન. રાજાની ખાનગી વાત.

રાજરંગ ૧. [સં] ન. રસ

૨ જુઓ રાજરસ.

રાજરાજ ૧. [સં.] પું. કુબેર; યક્ષોનો રાજા.

૨. પું. ચક્રવર્તી રાજા; રાજાઓનો રાજા; સમ્રાટ.

૩ પું. ચંદ્ર.

૪. પું શિવના ઉત્તર મંદિરનું એક નામ

રાજરાજ પું. (પિંગળ) ઊંષ્ણિકની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ત્રિભા. તેના દરેક ચરણમા તગણ, તગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

રાજરાજેશ્વર ૧. [સં.] પું. ઈશ્વર; પ્રભુ.

૨ પું. શહેનશાહ; સૌથી મોટો રાજા; સમ્રાટ; રાજાઓનો રાજા; રાજાધિરાજ.

૩. પું. શિવ; મહાદેવ.

રાજરાજેશ્વર ૧. પું. ચક્રવર્તી રાજા; સાર્વભૌમ રાજા; રાજાઓનો રાજા; મહારાજાધિરાજ; રાજાધિરાજ.

૨. [સં.] પું. (વૈદક) પારો વગેરે નાખીને બનાવેલ એક ઔષધ.

૩. પું. પ્રભુ, ઈશ્વર

રાજરાજેશ્વરી ૧. [સં.] સ્ત્રી. ઉમા; પાર્વતી; બુરનેશ્વર.

૨. સ્ત્રી દશ મહાવિદ્યા પૈકી એ નામની એક મહાવિદ્યા.

૩. સ્ત્રી રાજરાજેશ્વરની પત્ની; મહારાણી

૪ સ્ત્રી. રાજ્યોમાં સરોપરી

> એટલામા સમાચાર આવ્યા કે રાજરાજેશ્વરી ૨.મ નજરીબે પોપ અને ઓસ્ટ્રિયા બંને સામે માથુ ઊંચકયું છે. ઇતિહાસ મુક્તિમાલા

રાજરાજેંદ્ર જુઓ રાજરાજેશ્વર

રાજરાણી ૧. સ્ત્રી. કાલીમાતાનું ઉપનામ

૨. સ્ત્રી. રાજાની રાણી; મહારાણી

રાજરામા ૧. સ્ત્રી રાજાના મહેલની સ્ત્રી

૨ સ્ત્રી. રાજાની રાણી

> રાજરામાઓમાં જઈને જો. પ્રેમાનંદ

રાજરિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. રાજાની આબાદી; રાજાની સમૃદ્ધિ; રાજવૈભવ.

૨. સ્ત્રી. સાંસારિક સુખભોગ.

રાજરીત ૧. જી રાજના દરબારની રીતભાત.
૨. જી. રાજ્યનો વહીવટ.

રાજરીતિ ૧. [સ] સ્ત્રી. કાંસુ.
૨. જી પિત્તળ
૩ જી. રાજપદ; રાજ્યધોરણ; રાજદરબારની રીત; રાજની ચાલની રૂઢિ.

રાજરીતિજ્ઞ [સ] વિ રાજની રીત જાણનાર.

રાજરેખ [સં. રાજરેખા] જી. રાજની હથેળીમાં કે તેના પગને તળિયે જોવામાં આવે તેવી રેખા; રાજના હાથ પગ ઉપરની રેખા, રાજચિહ્ન; કંજ, ચક્ર, પદ્મ, મત્સ્ય વગેરે ચિહ્નો બતાવતી લીટી.

રાજરેખા જુઓ રાજરેખ.

રાજરોગ ૧. પું. અદાલતમાં જાબો વખત રાખી મુકવામાં આવતો દાવો.
૨. [સં] પું. અસાધ્ય અને જાબો આરામ આપે તેવો રોગ.
૩ પું. કોઢ.
૪. પું ક્ષયરોગ; રાજયક્ષ્મા.

રાજર્ષિ ૧. [સં] પું. ઋષિના જેવા આચારવાળો રાજા. ઋષિ સાત પ્રકારના કહેલા છે: દેવર્ષિ, બ્રહ્મર્ષિ, મહર્ષિ, પરમર્ષિ, રાજર્ષિ, કાંડર્ષિ અને શ્રુતર્ષિ. આમાંના છેલ્લા બે વેદના દૃષ્ટા મધ્યમ છે.
૨. પું. ઋષિમાં રાજા જેવા મોટા માનવાળો ઋષિ
૩ પું. રાજવંશ કે ક્ષત્રિય કુળનો ઋષિ; ક્ષત્રિય ઋષિ; તપ કરીને ઋષિ થયેલ ક્ષત્રિય; તપસ્વી ક્ષત્રિય.

રાજલક્ષણ ૧. [સં.] ન. ભવિષ્યમાં રાજપદ પ્રાપ્ત થાય એવું સૂચન કરનારું શારીરિક ચિહ્ન.
૨. ન. રાજચિહ્ન; રાજા જે ક્રમ ભોગવાય તેવો ક્રમ કે રાજ; બાદશાહી બતાવનાર ચિહ્ન; છત્ર, ચામર વગેરે રાજાનું ચિહ્ન.

રાજલક્ષ્મા [સં રાજલક્ષ્મન્] ૧. પું. યુધિષ્ઠિર.
૨. પું રાજચિહ્ન.
૩. ન. રાજલક્ષણ યુક્ત પુરુષ

રાજલક્ષ્મી ૧. [સં.] જી. રાજની શોભા.
૨ જી. રાજની સમૃદ્ધિ; રાજવૈભવ; રાજની ઠકુરાત કે આબાદી.

રાજલાંછન [સં.] ન. રાજનો સિક્કો; મહોર; મુદ્રા; છાપ

રાજલાંછન પત્ર [સં.] પું. રાજની છાપ લાગેલો કાગળ.

રાજલી જી. એક જાતની કેળ.

રાજલેખ ૧. [સં.] પું. રાજશાસન; રાજનું લિખિત ફરમાન; રાજાજ્ઞા.
૨. પું. રાજાએ લખી આપેલ લેખ કે કરાર; રાજકીય કરતાવેજ.
૩. પું. રાજાનો લેખ; હુકમો; આજ્ઞાપત્ર.

રાજલોક ૧. [સં.] પું. અમલદારવર્ગ.
રાજલોક અને પ્રજલોકથી પ્રકાશતો તે આજ્ય પુરાતત્ત્વ
૨. પું. રાજાઓનો સમૂહ.

રાજલોકુપ વિ. રાજાધિકારી; રાજ ભોગવવાની લાલસાવાળું.
રાજલોકુપ ક્ષત્રિયોની માફક મનલોકુપ વૈશ્ય પણ આ ભૂમિની આરાધના કરવા ઓછા નથી આવ્યા. પુરાતત્ત્વ

રાજવકીલ પું. બીજા રાજના દરબારમાં રહી પોતાના રાજસંબંધનું કામકાજ કરનાર માણસ; એલચી

રાજવટ જી. રાજની ચાલતી રૂઢિ.
૨. [સં. રાજવર્તન] જી. રાજને છાજે એવું વર્તન; રાજદરબારી રીતભાત; રાજવીપદને શોભે તેવું વર્તન.
૩. જી. રાજપદ્ધતિની ચટ કે ટેક.

રાજવટું ૧. ન. રાજનું કામકાજ; રાજપદ્ધ.
૨. જુઓ રાજવટ.

રાજવટો પું. પોરી રસ્તો; રાજમાર્ગ.

રાજવણ ૧. જી. રાજની રાણી; કહરાણી.
૨. જી. રાણી જેવી સુઘાતી, સ્વરૂપવાળી અને સારી જેવી લાજરમાળ સ્ત્રી; નસીબદાર સ્ત્રી; રાજવૈભવ ભોગવનારી સ્ત્રી.
સખિ ! ધીરે ધીરે પગ ધાર રે, રાજવણ રંજણીની. ઓટાદકર

રાજવતી [સં.] જી. રાજાણી ભૂમિ.

રાજવર્ત જુઓ રાજવર્તિ.

રાજવર્તિ પું. એક જાતનો આરસમાની રંગનો કીમતી પત્થર
રમૂદ્રિકાનાં નવા નીલોત્પલ કે રાજવર્તિનાં ચારણો પત્ર પવિત્ર અને શ્રેષ્ઠતર છે. આયુર્વેદનો ઇતિહાસ

રાજવર્ત્મ ૧. [સં. રાજવર્મન્] ન. રાજપથ; રાજમાર્ગ; મોટો અને પહોળો રસ્તો.
૨. ન. રાજાનું કર્તવ્ય કર્મ.

રાજવર્ષ [સં.] ન. રાજ્યમાં મણાતું પોરસુમરનું વરસ.

રાજવલ્કલ ૧. પું. ખાંજાની એક જાત.
૨. પું. દેશી રાજનો એક ખિતાબ.
૩. પું. રાજાનો માનીતો વહાલો અમીર.
૪. ન. એ નામનું પ્રાચીન શિરપરિચ્છદ, સાળી એક પુરસ્કાર
ઉત્તુ પણ પ્રાસાદવલ્કલ અને રાજવલ્કલ જેવા શબ્દો સાંભળી રાખવાનું માન તેઓને જ છે
ગુ. સા. પરિષદ
૫. ન એક જાતનું ઝાડ. તમાલપત્ર તેનાં પાંદડાં છે.
૬. ન એક જાતનું મિશ્ર રસૌષધ. તે ગુલ્મ, ગળ, સમદળી અને અતિસાર વગેરેમાં આપવામાં આવે છે
૭. ન. ચારોળીનું ઝાડ.
૮. ન શ્વેત બોરનું ઝાડ

રાજવલ્લભ [સ.] વિ. રાજાઓને પ્રિય; રાજાને ગમે એવું.

રાજવરા વિ. રાજા કે સરકારની દરબારેખ નીચેનું.

રાજવસીલો પું રાજા સાથેનો સંબંધ
કાઠિયાવાડમાં શ્રીમાળીઓ ને નાગરો ચારે નિજનિજને સર્વોત્તમ ગૌરવ કહેનાર નાગરો નિજ કુલદીપિકા ને રાજવસીલાને કારણે અને શ્રીમાળીઓ નિજ વેદવિદ્યા અને કર્મકાંડ અવસરના આચાર્યપદને કારણે. નાનાલાલ

રાજવહીવટ પું રાજકારભાર; રાજની વ્યવસ્થા; રાજકારોબાર; રાજકાજ. કવિજનબંધુમાં ગાંધીજી લખે છે કે: જે ચોદ માણસો (પ્રધાનો)ના હાથમાં આજે હિંદના રાજવહીવટનાં સૂત્રો છે તેમણે પોતાની હકૂમત હેઠળ વસતી પ્રજાને અન્ન અને વસ્ત્ર પૂરાં પાડવાનાં છે, કરોડોની વસતીને માટે કેળવણીની જોગવાઈ કરવાની છે, આખી પ્રજાને મુલકમાં અવરજવર કરવા માટેની રીતસરની સગવડ પૂરી પાડવાની છે અને દેશની અંદર સુલેહ અને બહોળસ્ત જાળવવાની જવાબદારી પણ તેમની છે. આપણે સૌ પ્રાર્થના કરીએ કે, એ ચૌદે જણ મળીને એકબીજા સાથે પોતાનું કામ ચલાવશે, તેમનાં કોઈપણ કામમાં કોઈને કશું આંગળી ચીંધવાપણું નહિ હોય અને તેમના વહીવટમાં લાંચ રિશ્વતની બદી તેમ જ પક્ષપાતની વાતો સાંભળવી ગુજરી જેવી બની રહેશે

રાજવર્ગ ૧. ન. રાજકુટુમ્બ.
૨ ન. રાજદરબાર; રાજખાતું; રાજની કચેરી કુટી ચેટને સામો થાય, રાજવર્ગો તિલ આડી જાય. સા.મળ
૩. ન. રાજના હજૂરિયા વગેરે નોકર.

રાજવંદન [સ.] ન. રાજાને નમન કરી માન આપવું તે.

રાજવંશ [સં.] પું. રાજાનો વંશ, રાજકુટુમ્બ; રાજકુલ; રાજાનું કુળ.

રાજવંશાવળી સ્ત્રી. રાજકુળનો અભ્યાસ; રાજકુટુંબની વંશપરંપરા બતાવતો કોઠો.

આ સઘળી **રાજવંશાવળી** તૈયાર થઈ તો પણ એમાં બે અપૂર્ણતાઓ રહે છે. પુરાતત્ત્વ

રાજવૈરી ૧. વિ. બાનદાન; ઉમદા

૨. [સં. રાજવશ્ય] વિ. રાજવશનું; રાજના કુટુંબનું, રાજના વશમાનું, રાજના કુળનું.

૩. વિ. ઠનારી.

રાજવ્યાપ્ત ૧. [સં.] ન. રાજા તરફથી અપાતું રહેઠાણ.

૨. ન. રાજા તરફથી હરકત થયા તે.

૩. ન રાજાનું રહેણ.

રાજવાહ [સં.] પું. ઘોડો.

રાજવાહ ૧. [સં.] પુ. ઘોડો.

રાજવાહ એ તુરંગોત્તમ તે નીચું મસ્તક કરી નાહ, નહ, નાહ કહે છે.

મણિલાલ નભુભાઈ

૨. પું. રાજાને બેસવાનું વાહન.

૩. પુ. હાથી.

રાજવિ ૧. [સં.] પું. નીલકંઠ; મોર.

૨. પું. મહાદેવ; શંકર.

રાજવિજય [સં] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ.

રાજવિદ્યા ૧. [સં.] સ્ત્રી. રાજનીતિ; રાજની વિદ્યા; રાજ્યની વિદ્યા.

૨. સ્ત્રી. રાજવિદ્યા.

૩. સ્ત્રી. સર્વ વિદ્યાઓમાં ઉત્તમ વિદ્યા; બ્રહ્મ વિદ્યા.

રાજવિદ્યા અતિ ગુહ્ય પવિત્ર વળી ઉત્તમ,
પ્રત્યક્ષ થાય નિત્યે જે ધર્મ્ય ને સુખકારક

ગીતાનુવચન

રાજવિદ્યાધર [સં.] પું. (સંગીત) એક ચતસ્રજાતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, ૧૬ માત્રા ઉપર છે.

રાજવિદ્યા રાજગુહ્યયોગ [સં.] પું. ગીતાના અઢાર અધ્યાયોનો એ નામનો નવમો અધ્યાય. રાજવિદ્યા અને રાજગુહ્ય એવું નામ આ અધ્યાયને આપવાનું કારણ એ છે કે, આ અધ્યાયમાં સર્વ વિદ્યાના રાજા એટલે સર્વ માર્ગમાં મુખ્ય એવા ભક્તિમાર્ગ સબંધે વિશેષ કરીને કહેવામાં આવ્યું છે. એ જ માર્ગનું અવલંબન કરીને કેટલાય મુમુક્ષુ તરી ગયા છે, તેથી આ અધ્યાયનું નામ રાજવિદ્ય, રાજગુહ્યયોગ પડયું છે.

રાજવિદ્રાહ [સં.] પું. બંડ; બળવો; રાજવિપ્લવ; બગાવત. જુઓ રાજદ્રોહ.

રાજવિદ્રોહી [સં. રાજવિદ્રોહિન્] વિ. રાજા કે રાજ્ય સામે વિદ્રોહ કરે તેનું; બાગી.

રાજવિપ્લવ [સં] સ્ત્રી. મનુષ્ય પ્રમેલ રાજની ગણી

જે મૂર્ખતામાં મહારાજે દેહ મૂક્યો તે જ મૂર્ખતામાં **રાજવિપ્લવ** પૂરજી પર સવા કરી પડી રહેતી. ગોવર્ધનરામ

રાજવિનોદ [સં.] પું (સંગીત) એક જાતનો તાલ.

રાજવિપ્લવ જુઓ રાજવિદ્રોહ.

રાજવિરામ [સં.] પું રાજદ્રોહ, નિમકહરામી

રાજવિલાસ [સં.] પું. રાજાનો ભોજનોખ; રાજાનો ભોગવિલાસ.

રાજવિલાસી [સં. રાજવિલાસિન્] વિ. રાજભોગવત.ું.

કવી જોઉને ખીચડી તો શહેરાપૂરી કરતાં પણ વખારે **રાજવિલાસી** ભોજન લાગે છે.

ગલેસકર

રાજવિલાસીપણું ન. રાજની મોજ ઉડાવવાપણું

રાજવિવર્ત [સં.] પું. રાજપલટો; રાજનો ફેરફાર.

પ્રથમ પરિવર્તના કરતાં **રાજવિવર્તમાં** અનેકધા હાનિ અને કષ્ટ છે. આનંદશંકર

રાજવિશારદ [સં.] વિ. રાજતંત્રમાં કુશળ.

રાજવિશ્વ ૧. [સં.] પું. રાજભોગારક્ષની આજ્ઞા

૨. પું. સર્વોપરી સત્તાવાળો દેશ કે પ્રાંત.

રાજવિષ્ટિ સ્ત્રી રાજની વેઠ. જૈન ધર્મના ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયનમાં રાવવિટ્ઠિ શબ્દ વપરાયો છે. ત્યાં તેનો અર્થ 'રાજની વેઠ' એ ટીકાકાર આ શબ્દનો સંસ્કૃત પર્યાય આપતાં રાજવિષ્ટિ શબ્દ લખે છે.

રાજવિહાર ૧. [સં.] પું. મોટો મઠ; મઠનોનું મોટું સ્થાન

૨. પુ. રાજનું વિહારસ્થાન.

રાજવી ૧. પું. રાજા મહારાજા.

૨ પું રાજાના જેવો વૈભવ, સત્તા કે સદ્ધાસ્થ અનુભવતો માણસ; રાજા જેવો આબરૂદાર પુરુષ.

૩ પું વરરાજો.

૪. સ્ત્રી. પુરુષના અરધ્ય બાજુ છાતી ફૂટતાં વિલાપ કરવાની બૈરાંઓની એક રીત.

૫. સ્ત્રી. મુખ્ય બાજુ શોક કે વિલાપ કરવાનું એક ગીત; કોકગીત.

૬. વિ. રાજવૈભવવાળું; રાજનો વૈભવ ભોગવનાર.

૭. વિ. રાજાને છાજે તેવું; રાજસી, રાજવંશી, રાજના જેવું.

રાજવીચિ [સં] પુ. મોટી સડક, રાજમાર્ગ; રાજરસ્તા.

રાજવું ૧. [સં. રાજ્ (પ્રકાશવું)] અ. ક્રિ. પ્રકાશવું; વિરાજવું.

પૂર્ણિમાનો ચંદ્ર રાજતો (પ્રકાશતો) મે જોયો છે. નાનાલાલ

૨ અ. ક્રિ. સુંદર દેખાવું; શોભવું.

૩. અ. ક્રિ. હરખાવું; આનંદ પામવું.

રાજવૃક્ષ ૧. [સં.] ન. ગરમાળાનું ઝાડ. તે મોટામાં મોટું અને દરેક ઝાડના રાજા રૂપ છે. તેનાથી કોઈ ઝાડ મોટું નથી માટે તેને રાજવૃક્ષ કહે છે. તેના પાન સંયુક્ત દોઢ ફૂટ લાબાં હોય છે તેમાં પીળાં ફૂલોની લાંબી લાબી અને ઝૂલતી માળા, લટ જેવા શીંઢ હોય છે. તેમાં ગોળ, લાંડી અને લાંબી લાંબી શીંગ થાય છે. ચોમાસમાં પાન પડતા આવેલા હોય છે. તે પડતા ઉપર ચીકણો, કાળા રંગનો, જરા મીઠો ગોળ હોય છે. એ ગોળ રેચક છે. તેમાં બીજ આવેલાં હોય છે. રાજવૃક્ષ દવામાં ઘણું ઉપયોગી છે

૨. ન. ચારોળીનું ઝાડ.

૩. ન ધાતુ શુદ્ધ કરવામાં વપરાતો એક પદાર્થ.

૪. ન. લસણનું જાડવું નામનું એક વૃક્ષ.

એના વનો **રાજવૃક્ષો**થી ઘેરાયેલાં અને ફેલો સુધાન્યથી છવાયેલાં હતાં. પુરાતત્ત્વ

૫. ન. સ્યોનાક વૃક્ષ.

રાજવૃક્ષા [સં.] સ્ત્રી. પનડીનું ઝાડ.

રાજવૃત્તિ [સં.] સ્ત્રી. રાજનું જીવન.

રાજવેણ ન. રાજનું વચન.

ત્યાં ઉપાધ્યાય કોઈપણે એ **રાજવેણ** ને પ્રમાણ્યું. નાનાલાલ

રાજવંશ [સં રાજવત્સી] સ્ત્રી. રાજનો વંશ કે કુટુંબ

રાજવેશ્મ [સં રાજવેશ્મન્] ન. રાજનું મકાન.

રાજવેશ્માવિધાન [સં.] ન. સાર્વજનિક કે ગ્રહસ્થાશ્રમી ઇમારત રચવાની રીત; નવું ઘર કે ઓરડા બાંધવા માટે જાહેર અને રાજાનાં મકાનો બાંધવાની કરવામાં આવેલું.

રાજવૈદ્ય ૧. [સં. રાજવૈદ્ય] પું. રાજા અને રાજાનો આશ્રિત વૈદ્ય; રાજાનો વૈદ્ય; રાજાને ત્યાં જેનું માન હોય તે વૈદ્ય; રાજાથી પ્રતિષ્ઠા પામેલો વૈદ્ય; રાજાની કે રાજકુટુંબની દવા કરનારો વૈદ્ય.

૨. પું. વૈદ્યમાં ઉત્તમ વૈદ્ય, વૈદ્યોનો વૈદ્ય; પ્રતિષ્ઠિત વૈદ્ય.

૩. પું. સારા વૈદ્યને આપાતો એક જાતનો ખિતાબ.

રાજવૈદ્ય જુઓ રાજવૈદ્.

રાજવૈભવ [સં] પુ [illegible] ભોગ [illegible] સુખસગવડ; ઉચ્ચપ્રકારના [illegible] જાહોજલાલી, રાજાના વૈભવ; [illegible] જાપડો, રાજશોભા; રાજાનો [illegible] પ્રભાવ

રાજશકે [illegible] સં., પું. ભારતના ચોથાયા મહેલો એ નામનો એક સવત તે ઈ સ ૧૮૭૪થી શરૂ થાય છે તેને દક્ષિણી હોકો રાજવાલિયા શક પણ કહે છે તે સિવાજી મહારાજે જેઠ સુદિ તેરસને દિવસે શરૂ કર્યો હતો. તેનુ વર્ષ સૌર નિયમે બદલાય છે. હાલમા આ શક ચાલુ નથી

રાજશક્તિ [સં] સ્ત્રી રાજની આપખુદ સત્તા

રાજશણગાર [સ રાજશૃંગાર] પું. રાજાને કે રાજાને શોભે તેવી અલકરટ

> આજે જન્મોત્સવ છે જવાહાલ..
> જેવા રાજાના રાજશણગાર
> મે રાણુવારી દાસીઓની દેહને. નાનાલાલ

રાજશરીર [સ્ત્રિ.] ન. હિંસા નામનુ માપતુ.

રાજશબ્દોપજીવી [સં. રાજશબ્દ (રાજની ઉપાધિ) + ઉપજીવિન્ (આધાર રાખનાર)] વિ નિયમિત રીતે રાજાની ઉપાધિ ધારણ કરનાર.

> રાજકીય સંસ્થાના અર્થમા સંપ શબ્દ વપરાય છે અને સંપ અથવા ગણ એટલે જ કુ રાજ્ય એવો અર્થ થાય છે. તેને પ્રજાસત્તાક રાજ્ય કહી શકાય. ગૌણિલ્ય પણ **રાજશબ્દોપજીવી** એવો સંઘનો પ્રકાર બતાવે છે. લિચ્છવિ, વજ્જિક, મલ્લ, કુકપાચાલ વગેરે ગણ રાજશબ્દોપજીવી છે. [illegible] અભ્યાસ

રાજશમી પું. મોટો ખીજડો

રાજશલ્ય પું. નીમ જાતિનો ખોડો

રાજશાક [સ્ત્રિ.] ન. અમળનું શાક.

રાજશાર્દૂલ [સં. રાજ (રાજા) + શાર્દૂલ (સિહ)] પું. શ્રેષ્ઠ રાજા; મહાપરાક્રમી રાજા; સમ્રાટ.

રાજશાલા જુઓ રાજસભા.

રાજશાસન ૧. [સં. રાજન્ (રાજા) + શાસન (આજ્ઞા)] ન. રાજા આદેશને આધારે ચાલતો રાજવહીવટ; ' મોનર્કિ '.

> ૨ ન. રાજાએ બનાવેલ કાયદો.
> ૩. ન. રાજાની આજ્ઞા; રાજાનું ફરમાન.
> ૪. ન રાજ્ય ચલાવવું તે; રાજદુમન

રાજશાસ્ત્ર [સં.] ન રાજવિદ્યા; રાજનીતિ

રાજશાહી સ્ત્રી. ઉપરની સત્તા રાજાના હાથમા હોય એવી શાસનપદ્ધતિ; રાજાની મરજી પ્રમાણે ચાલતું રાજ્ય; ' મોનર્કિ '.

રાજશિબી [સ્ત્રિ] સ્ત્રી એક પ્રકારની ચીંત. તે પદોળી અને મર્જરાળી [illegible] છે. તે આવામાં સ્વાદિષ્ટ હોય છે. તેની બે જાત થાય છે: એક કાળી અને બીજી સફેદ

રાજશુદ્ધ [સં] પુ. એક જાતનો ખોપટ નદી. [illegible] તે ઔષધ તેમાનો દોષ છે

રાજશેખર [સ.] પુ મધ્યકાલીન સંસ્કૃત [illegible] એ નામનો એક કવિ અને પ્રખ્યાત [illegible] કાવ્યમીમાંસા, વિદ્ધશાલભંજિકા, પ્રબધ કોશ વગેરે ગ્રંથ તથા નાટક લખેલ છે તે આશરે બારમી સદીમાં થયો હોય એમ મનાય [illegible]

રાજશોભા સ્ત્રી. રાજવૈભવ; રાજની શોભા

રાજશ્યામ [સ [illegible] પું. (ત્રિકા) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છદ તે વસુ અને ૩ [illegible] ના મિશ્રણથી બનેલ છબ્બીસ છદનો એક ભેદ છે તેમાં રાજવસ્તુની ૮૪ માત્રા અને શ્યામ ઉદ્ગાહની ૫૨ માત્રા મળી કુલ ૧૩૨ માત્રા હોય છે.

રાજશ્વાસ [સં.] પું. રાજાનો શ્વાસો.

રાજાંશ્રયાચિરાજ્ય [સં.] વિ. રાજાઓમાંરહે શોભિત; રાજાના જેવી ઊંચી સુખસંપત્તિવાળુ; રાજાવી અલકૃત; મોટી પદવીનાં ચારેબાજુથી અને દબદબાથી શોભતું.

રાજશ્રી ૧. [સં. રાજન્ (રાજા) + શ્રી (લક્ષ્મી)] સ્ત્રી. રાજલક્ષ્મી; રાજવૈભવ; રાજેશ્વી

> ૨. સ્ત્રી. રાજાની શોભા
> ૩. વિ. રાજાના જેવાં સુખસપત્તિ અને વૈભવવાળું; રાજા જેવુ; રાજાના જેવા [illegible] ધર્મવાળુ; રાજાની લક્ષ્મી કે શોભાથી યુક્ત હોય તેવુ

રાજસ ૧. ન દુ ખનું કારણ.

> ૨. વિ અશાતા, ઉગ્ર સ્વભાવનું.
> ૩ સ રજસ વિ રજોગુણવાળુ; રજોગુણથી; રજના , પ્રધાન, રજોગુણથી કરેલું. રાજસી.
> ૪ વિ રાજા જેવુ
> ૫ વિ વૈભવી; ભોગ; સુખોપભોગી.
> ૬ [સ. રજસ્ (પ્રકાશવુ)] વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

રાજસઅહંકાર પું. રજોગુણથી ઉત્પન્ન થતો અહકાર

> મન્ય જ્ઞાનેંદ્રિય, પાચ કર્મેંદ્રિય અને પાચ વાયુઓ એ પદર તત્ત્વો મળીને **રાજસઅહકાર** સૃષ્ટિ છે. જાનવી ભાસ્વત

રાજસઆહાર પું રાજસીબુદ્ધિવાળાને પ્રિય ભોગક, દાહક, શુષ્ક, ઉષ્ણ, કટુ, તીક્ષ્ણ, અમ્લ અને ક્ષાર પદાર્થો **રાજસઆહાર** કહેવાય છે

રાજસકર્તા વિ. પું. રજોગુણ કારણે કામ કરનાર. જે લાગી છે, કર્મફલની ઇચ્છાવાળો છે, લોભી છે, હિંસાવાન છે, તે **રાજસકર્તા** કહેવાય છે

અનાસક્તિ યોગ

રાજસકર્મ [સં] ન રજોગુણથી કરાણુ કામ

રાજસકર્મફલ [સં] ન રજોગુણથી કરેલા કર્મનું ફળ તે દુ:ખ જ છે એમ શ્રીકૃષ્ણે ગીતાના ચૌદમા અધ્યાયના સોળમા શ્લોકમાં સ્પષ્ટ રીતે કહ્યું છે. ત્યારે એ જ **રાજસકર્મફળ** સ્વર્ગ વૈભવ, સુખ આપી આપે છે એવા શાસ્ત્ર વચન છે તે શાં તો ખોટા હોવાં જોઈએ અને જ્યાં શાસ્ત્રવચન અને કૃષ્ણવચન વચ્ચે જરા પણ વિરોધ નથી; કેમકે જે કોઈ અમુક સારું કામ કરે તેને સ્વર્ગપ્રાપ્તિ અને પરિણામે સ્વર્ગ સુખ મળે છે. આ સ્વર્ગ સુખભોગ અવધિવાળો હોવથી પુણ્ય પરવારી જતાં તેવાને પુનર્જન્મ લેવો પડે છે એવા જન્મમાં જો તેને સત્સંગ ન મળે અથવા સત્ય શોધવાનો સુયોગ ન પ્રાપ્ત થાય તો તેનુ અજ્ઞાન જતું નથી અને તે અધોગતિને પામે છે. જો તો ખરેખરું દુ:ખ જ છે તેવા શ્રીકૃષ્ણે રાજસને દુ:ખપદ કહ્યો છે. વળી જ્યારે તેને સ્વર્ગપદ કહ્યો એ વાત ખરી છે

રાજસચિવ [સં.] પું. રાજાનો કે રાજ્યનો મત્રી.

રાજસજ્ઞાન [સં.] ન જ્ઞાનનો એક પ્રકાર; જુદી જુદી જાતના જીવોમાં જુદી જુદી જાતનું જ્ઞાન છે તથા તે સર્વ જીવો ઈશ્વરથી જુદા છે એમ સમજનારનું જ્ઞાન.

રાજસતપ [સં.] ન. જનસમૂહમાં વૈભવ બતાવવા માટે આડંબરથી પૂજાસત્કાર કરી કરવામાં આવતું તપ.

રાજસત્તમ [સં.] વિ. રાજાઓમાં ઉત્તમ.

રાજસત્તા ૧. [સં] સ્ત્રી. રાજાનાં અધિકાર, અમલ અને જોર વગેરે તે; રાજાની સત્તા; રાજાકુમત; રાજાની અમલ ચલાવવાની શક્તિ; રાજશક્તિ; રાજબળ; રાજાનો પ્રતાપ.

> ૨. સ્ત્રી. રાજા ચલાવનાર સત્તા.

રાજસત્તાક વિ. જેમાં રાજાની સત્તા ચાલતી હોય તેવુ.

રાજસત્તાધારી [સં. રાજસત્તાધારિન્] વિ. રાજાની સત્તા જેની પાસે હોય તેવુ

રાજસદન [સં.] ન. રાજમહેલ.

રાજસદાન [સં.] ન. કોઈના ઉપર ઉપકાર કરવાના હેતુથી રાજાની આજ્ઞા રાખીને કરેલ સહિત અપાતું દાન.

રાજસપુરાણ ન. એ નામનું એક પુરાણ.

રાજસભા [સં.] સ્ત્રી રાજાની સભા.

રાજસભક્તિ [સં.] સ્ત્રી. રજોગુણવાળી ભક્તિ.

રાજસભા ૧. [સં] સ્ત્રી. આમ વર્ગના લોકોના પ્રતિનિધિઓની ધારાસભા; રાજ્ય સંબંધી વિચાર કરનારાઓની મંડળી.

૨. સ્ત્રી. મોટા મોટા રાજાઓનું મંડળ, રાજાની સભા.

૩. સ્ત્રી. રાજા, સામંત અને પ્રધાન વગેરે પ્રજાના આગેવાનોનું મંડળ; 'હાઉસિસ ઑફ સ્ટેટ' ભારતની રાજસભામાં કુલ ૨૫૦ સભ્યો છે. તે મહેના ૧૨ સભ્યોને પ્રમુખ ચૂંટી કાઢે છે અને બાકીના ૨૩૮ સભ્યો જુદા જુદા રાજ્યોમાંથી ચૂંટાઈને આવે છે. તે એક કાયમી સંસ્થા છે, પણ તેમ છતાં દર બધ્ધ વર્ષે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે નિવૃત્ત થયેલા સભ્યો ધારે તો ફરીથી ચૂંટણીમાં ઊભા રહી શકે.

૪. સ્ત્રી. રાજાઓનો દરબાર; કચેરી; કોર્ટ

૫. સ્ત્રી. રાજા સંબંધી વિચાર કરવાને ભેગા થવાનું સ્થાન; રાજા અને પ્રધાનોનું સ્થાન.

રાજસમાજ ૧. [સં] પું. રાજમંડળી; રાજાઓનો સમૂહ.

૨. પું. રાજાઓનો દરબાર; રાજાની કચેરી

રાજસ યજ્ઞ [સં.] પું. કળની આશા રાખીને આડંબર અને હિંસાથી થતો યજ્ઞ

રાજસર્ષપ [સં.] પું. એક જાતનો મોટો નાગ.

રાજસર્ષપ ૧. [સં.] પું. રાઈ સરસવ

૨. પું. રાઈ.

રાજસવૃત્તિ [સં] સ્ત્રી, રજોગુણ ભરેલી પ્રજા. આસક્તિ, વિષયમાં પ્રીતિ, વિષયમાં બહુ આસક્તિ અને ક્રોધ વગેરે રાજસ વૃત્તિઓ કહેવાય છે.

રાજસસુખ [સં.] ન. વિષયો અને ઇંદ્રિયોના સંયોગથી થયેલું ને આરંભમાં અમૃત જેવું લાગતું પણ પરિણામે ઝેર સમાન હોય તેવું સુખ

રાજસસ્મૃતિ [સં.] સ્ત્રી. યાજ્ઞવલ્કય, આત્રેય, તૈત્તિર-દ્વારા, કાત્યાયન અને વૈષ્ણવ એ ૭ સ્મૃતિઓનો સમૂહ.

રાજસહાયતા સ્ત્રી. રાજાની સહાનુભૂતિ; રાજાની મદદ.

રાજસંસદ [સં. રાજસંસદ] સ્ત્રી. રાજસભા.

રાજસંસ્કાર [સં.] પું રાજાના સારા ગુણ અને તેની જાહેરાત.

મહાન આર્યોને રાજસંસ્કાર અને ક્ષત્રિયસંસ્કાર નિત્ય અને તેટલા આપ્યા રહેતું.

ન.ત્રિપાઠી

રાજસંસ્થા [સં.] સ્ત્રી રાજકીય સત્તા ધરાવતી સંસ્થા.

ફ્રેંચ વિદ્વાનોની ચોપી મુજબ રાજસંસ્થા છે

રાજસાક્ષી [સં.] પું. સરકારી માણસ, મારી આપેલો રાજાનો સાક્ષી; મોગપી; 'એપ્રુવર'

રાજસારસ [સં] પું. મોટો પક્ષી.

રાજસિક [સં] વિ રાજસ વૃત્તિવાળું, રજોગુણી. રાજસ.

રાજસિદ્ધાંત [સં] પું. રાજકીય નિયમ, ધારો, કાયદો.

રાજસિંહ [સં] પું બહાદુર રાજા; શ્રેષ્ઠ રાજા; સમ્રાટ

રાજસિંહરાસ પું. નાકરચૂમમાં આવેલ ઉદયરત્ન નામના જૈન કવિએ રચેલો એ નામનો રાસ

રાજસિંહાસન [સં.] ન. રાજાને બેસવાનું સિંહાસન; રાજગાદી

રાજસી ૧ સ્ત્રી [?]; પ.વંની

૨ સ્ત્રી દુર્ગા, કે

૩. સ્ત્રી. ભાભર; વૈભવશાળી; ભપકાદાર; રાજસ.

૪ સ્ત્રી. રજોગુણ ધરાવનાર; રજોગુણપ્રધાન; જેમા રજોગુણની પ્રધાનતા હોય તેનું; રજોગુણાત્મક

ત્રિવિધ ભાવ છે અહીં સ્વભાવે દેવપ્રકૃતિની, આસુરી સાત્ત્વિકી છે ને વળી તામસી તું સુજ્ઞ.

ગીતાનુશીલન

૫. સ્ત્રી રાજાને યોગ્ય રાજચિહ્ન જેવી શોભાવાળું.

રાજસુતા [સં.] સ્ત્રી. કુંવરી; રાજપુત્રી.

રાજસૂ જુઓ રાજસૂય

રાજસૂય ૧. [સં.] પું. એ નામનો એક અગ્નિહોત્ર; સાર્વભૌમ રાજાએ બીજાને હરાવેલા તે તમે કરેલા છે એમ સાબિત કરી આપનારો યજ્ઞ; અશ્વમેધ

૨. પું. સર્વોપરી રાજા થવે પોતાના રાજ્યાભિષેક વખતે કરાતો એક યજ્ઞ; સોમયાગ. યુધિષ્ઠિરે આ યજ્ઞ કર્યો હતો. આ યજ્ઞ કરવાથી રાજા ખરી રીતે ગાદી ઉપર સ્થાપન થયેલો મનાય છે. આ યજ્ઞની ક્રિયા ત્રણ વર્ષે કરવામાં આવે છે. સોમયાગમાં ઠેઠસાઠ હોમહવન થાય છે, બીજા યાગમાં અભિષેકનીય એટલે અભિષેક અથવા રાજોપન ક્રિયા અને બીજા યાગમાં અભિષેક પછીની ઠેઠસીક ક્રિયા થાય છે. આમાં મોથી અગત્યનો અભિષેકનીય ક્રિયાવાળો યાગ છે રાજસૂય યજ્ઞ કરનાર રાજાનું રક્ષણ બીજા રાજાઓ ઉપર વર્ચસ્વ હોય છે અને યજ્ઞમાં તેમની મદદ અને સહાનુભૂતિ હોય છે આ યજ્ઞ કરવાનો અધિકાર એવા રાજાને હોય છે કે જેણે વાજપેય યજ્ઞ ન કર્યો હોય. આ યજ્ઞ કરનારો રાજા ન ત્ર ન દરનો અધિકારી થાય છે આ યજ્ઞ ઘણા દિવસો સુધી થાય છે અને તે અનેક યજ્ઞો અને યાગોની સમૂહ ગણાય છે શતપથ બ્રાહ્મણ અનુસાર સૃષ્ટિ, પશુ, સોમ અને દર્વી હોમ એનાં પ્રધાન અંગ છે. એનો પ્રારંભ પવિત્ર નામના સોમયાગથી થાય છે. તેની વચ્ચમાં દક્ષ પ્રવ્ય, અભિષેચનીય, મરુત્વતી, દિગ્વિજય, બૃહસ્પતિસવન, બૃહવિધાન, ચૂતહોમ વગેરે અનેક કર્મો કરવામ આવે છે આમ, ઋત્વિજ લોકો અને ઊંચા મંચ ઉપર બ્યાઘ્રચર્મ બિછાવીને ત્યાં તેના ઉપર સિંહાસન રાખી રાજાનો અભિષેક કરાવી તે ઉપર બેસાડે છે અને ચોતરફ ઊભી સભાને પ્રશસ્તિ સંભળાવે છે. પાછી રાજા તેઓને દક્ષિણા આપીને દિગ્વિજયને માટે પ્રસ્થાન કરે છે અને તેના પાછા ફર્યા બાદ ફરીથી તેને મંચ ઉપર બેસાડીને પ્રશસ્તિ ગાન થાય છે. આ યજ્ઞમાં ચૂતહોમ સમાપ્ત છે અને છેવટે સોત્રામણી યાગ થયા બાદ આખીની સમાપ્તિ થાય છે પ્રાચીન કાળમાં ફક્ત મોટા મોટા રાજાઓ આ યજ્ઞ કરતા હતા.

રાજસૂયી [સં. રાજસૂયિન્] પું. રાજસૂય યજ્ઞ કરનાર પુરોહિત.

રાજસેના ૧. પું. (ખિંગળ) એક વિષમ જાતિ માત્રામેળ છંદ તે દૈડા છંદનો એક ભેદ છે. તેમાં ૧૧૩ માત્રા અને નવ પદ આવે છે

૨. [સં.] સ્ત્રી. રાજાનું લશ્કર.

રાજસેવક [સં,] પું. રાજાનો સેવક; રાજમાં નોકરી કરનાર માણસ.

રાજસ્તાન ૧. [સં. રાજસ્થાન] ન. રજપૂતાનાનો પ્રદેશ.

૨ ન રાજસ્થાનની ઐતિહાસિક હકીકતનો ઇતિહાસ સમૂહ

૩. ન. રાજાનું રાજ્ય; દેશી રાજ્ય; રિયાસત.

રાજસ્તોત્ર [સં] ન. રાજાનાં વખાણનું ગીત.

રાજસ્તંભ [સં. રાજસ્તંભ] પું. રાજાનો આધાર; રાજાને આધારે રાજાને સ્તંભ રૂપ હોય તે.

એવાત મુજબ ખાનખાનાન રાજસ્તંભ રાવ કહેવાય છે.

નાનાભાઈ

રાજસ્થાન જુઓ રાજસ્તાન.

રાજસ્થાનિક ૧. [સં.] પું. ઘોડેસ્વાર; 'બાઉસ્ટોપેર.' મુઘલ રાજાઓના સમયમાં આ શબ્દનો વિશેષ પ્રચાર હતો.

૨ વિ દેશી રાજ્ય સંબંધી. રાજસ્થાનનું.

રાજસ્થાની ૧ સ્ત્રી એ નામની એક આર્યભાષા; રાજસ્થાનમાં બોલાતી ભાષા; મારવાડી,

જેપુરી મળ્યા મેવાડી વગેરે અસલ્ય તો સમૂહ. ગુજરાતીમા નપુસકલિંગ વપરાય ત્યા રાજસ્થાનીમા પુલ્લિગ વપરાય છે. ગુજરાતી અને રાજસ્થાન. ભાષાઓ વચ્ચે ઘણો નિકટનો સબધ છે એવુજ હિદી ભાષાની એ બને શાખા છે. રાજસ્થાની રજપૂતાના અને મધ્યહિદના પાસેના ભાગોમા બોલાય છે. અપભ્રશ સિવાય બીજી મહત્ત્વપૂર્ણ ભાષા રાજસ્થાની અમારા ડિંગળ ૫. ડિંગળ કાવ્યમા પારગામા અને પારગીનિની પરંપરા છે. રાજસ્થાનમા રહેવાવાળા ચારણ કવિ શત્રુઓનો પરાભવ અને પોતાના રાજાઓના મહત્ત્વનું અતિશયોક્તિથી વર્ણન કરતા હતા. કવિપતિ વિજય રચિત ખુમાનરાસ, ચદ બરદાઈ કવિ રચિત પૃથ્વીરાજ રાસો, જટ્ટોકાર રચિત બીસલદેવરાસ, મધુકરનો જગમોહનપ્રસ ચદ્રિકા, નરપતિનાલ્હનો વિજયપાલ રાસો, વીરગીતમા નરપતિનાલ્હનો વિસલદેવ રાસો અને જગનિકનુ આલ્હાખડ એવા કાવ્ય છે. ભાષાની દૃષ્ટિએ ડિંગળ સાહિત્યનુ રૂપ વધુ અપભ્રશિયત છે. તમા નથી શુદ્ધ ડિંગળ કે નથી પિંગળ. ભાષાનું મિશ્રણ છે. ડોક્ટર શ્યામસુદરદાસજીના મત પ્રમાણે સાહિત્યિક રૂપ પિંગળ છે અને સહજ બોલચાલનું રૂપ ડિંગળ હતું. પૃથ્વીરાજ રાસાની ભાષા સાહિત્યિક હોવાથી શ્યામસુદરદાસ એને પિંગળ અને વિસલદેવ રાસને ડિંગળ માને છે.

૨. જી. ભારતીય એક જાતની લિપિ; નંદિનાગરી લિપિ.

૩. વિ. રાજસ્થાન સબંધી; રાજસ્થાનને લગતું.

રાજસ્વ ૧. પું. કર; મહેસૂલ; દાણ; વેરો.

૨. ન. નાણા પ્રકરણ; અર્થપ્રબધ.

૩. ન. રાજની મિલકત; રાજનું પોતાનું સર્વસ્વ; રાજધન

રાજસ્વરાજ્ઞો [સ. રાજસ્વરાજ્ઞિન્] પું. નાણારાજો

રાજસ્વાધિકારી [સ. રાજસ્વ (મહેસૂલ) + અધિકારી] પું. મુખ્ય મુલકી અધિકારી.

રાજસ્વાધ્યક્ષ જુઓ રાજસ્વાધિકારી.

રાજસ્વીય [સં. , વિ. મુલકી; વસૂલાતી.

રાજહકૂમત જી. રાજની સત્તા કે અધિકાર.

રાજહંસ પું. રાજમાર્ગ; રાજદેય, રાજપથ

રાજહઠ જી. રાજની હઠ; રાજાને સંબધ ધરાવતા કુંવર કે અધિકારી વગેરેની હઠ; રાજનો તંત; રાજાએ પકડેલી મમત. રાજહઠ, ઓઢહ અને બાળહઠ એ ત્રણ મોટી હઠો ગણાય છે.

રાજહત્યા ૧. [સં.] જી રાજાને મારી નાખવાથી લાગતું પાપ.

૨. જી ઉજાત, વધ, રાજાનો નાશ. રાજાને મારી નાખવો તે

રાજહર્મ્ય [સ.] ન્ન રાજપ્રાસાદ; રાજનો મહેલ.

રાજહંસ ૧. પું. એક જાતનો છોડ; હસરાજ. તે નાનો અને ઓછ ઘનોબર થાય છે. તે પડતર જમીનમા અને જૂની ઈંતો ઉપર પણ ઊગે છે. તેના પાદડા ખારીક અને ખડાએલા હોય છે. તને રાતા દંસના ખારીક ફળ આવે છે. આ છોડને નાની શીંગો આવે છે. નાના બાળકોને ઉધરસ વગરે ઉપર તે દવાના કામમા આવે છે. રાજહસના પાન વાટી સાકર નાખી પીવાથી રક્ત પ્રદર તેમજ તબ્બુધિનો પ્રમહ મટે એમ મનાય છે

૨. પું. મરાલ, હાલ ચાસ અને પગવાળો એક જાતનો હસ; કલહસ. આ બહુ મોટો અને દેખાવે સુદર એવો હસ. તેના ચાચ અને પગ સુરેખ લાલ અને શરીર સફેદ હોય છે. તેની ચાલ મજેની સુદર હોય છે. આ પક્ષી દેખાવે બતક જેવુ છે. મોટી ઉમરે તેની પૂછડીનાં પીંછાં શુદ્ધ લાલ થઈ જાય છે. રાજહસની આયુષ્ય અવધિ ૧૦૦ વર્ષની મનાય છે. રાજહસના શરીરનો રંગ શ્વેત ભરત જેવો દિસે, ચાચડાની રાખ જેવો અગ્રભો ગોરો હોય છે, પણ દુધ જેવો સાફ ધોળો નહિ. તેના મસ્તક તથા ગર્દન શ્વેત, કાદી તથા ઝાતી આખાં રાખોડી, ચરણ પાણ્યનો ભાગ ઘેરો બદામી, ચરણની બંને બાજુએ ઊભી કાળી રેખાઓ, પીઠ આછી ગોરી અને પેટ સફેદ હોય છે. તેના બાલ્યાવસ્થાના વિશિષ્ટ લક્ષણ માથા પાછળની બે કાળી રેખાઓ છે. ઉપલી રેખા મોટી, બે આખોના છેડાને જોડનારી છે. નીચેની રેખા નાની હોય છે. આ રેખાઓથી જ તેને સસ્કૃતમાં મહાશ્વ નામ આપ્યુ હશે. તેના પગ અને ચાચ, પીગાં કે નારંગી રંગના ને બાંય નાની અપટી, વચ્ચેથી કાળા પટ્ટી બતકની બાંય જેવી હોય છે. પગનાં આગળા વચ્ચેથી જોડાયેલ, છે તેના પગ શરીર નીચે આગળના ભાગમાં આવેલાં છે, જેથી જમીન ઉપર પણ ચાલી શકે છે. તેની આંખની કીકી કાળી હોવાથી તેને નીલાક્ષ કહે છે રાજહંસનુ વતન તો હિમાલયને ખોળે માનસ સરોવર, રાવણહદ ને તિબેટ છે. કશ્મીર વગેરેનાં સરોવર તેનું ત્રિજ નિવાસસ્થાન છે. આ પક્ષી મોટ્ય ઋતુ લા ગાળે છે અને વર્ષા બાદ કે સરોવર છોડી દક્ષિણમાં ભારતવર્ષ ભણી પ્રયાણ કરે છે. વસંતના વાયરા વાય કે પાછા માનસ ભણી સચરે છે. જુન જુલાઈમાં તિબેટનાં સરોવરની પાળે પાણીમાના દ્વિપોમાં જમીન ઉપર ઘાસનો ભેગા થઈ માદા અંડે છે ઈંડાં, ધસ વગરેના, ઘાસમા પગેથી આડા ખોદે છે અને તેને મુખમાં પીંછાથી છાઈ તે ઉપર બેસી મૂકે છે રાજહસ સમૂહ જીવન જીવનાર છે એટલે આવે ત્યારે ઘણાંનાં ટોળામાં આવે છે. દિવસે વિશાળ જલાશયો, નદી અને સરોવર એ તેની નિવાસભૂમિ છે. રાજહસ અત્યત સાવચેત પક્ષી છે. દિવસભર નદીના પાણીમા કે રેતીમા તે નિદ્રા લે છે. રાત પડે કે આસપાસના ડાગરના ક્યારામાં કે ઘઉંના ખેતરમા ચરવા જાય છે. કેવળ વનસ્પતિ એમનો આહાર છે ડાગર, ઘઉં, ઘાસનાં કૂણા પાન, કમળના બિસતંતુ વગેરે તે ખૂબ ખાય છે. તેની બોલી ઊંડે સારે ગભીર હોય, હોંક, અવાજ કરતી પણ ખૂબ મીઠી હોય છે. તેની ચાલ અત્યંત મનોહર, ધીમી, સચકાતી, ગૌરવભરી છે. અખંડિત પંક્તિમાં તે ઊડે છે. તેને મોખરે નાયક હોય છે. તેની બે બાજુ લાબી બે હાર હોય છે નાયક વારંવાર બદલાતો જાય છે. તે ઘણી ઊંચાઈએ ઊડે છે અને ઊડતી વખતે પાંખો સમાન અંતરે એક સરખાં ગતિ અને મોરચથી હલાવે છે. હંસના સમૂહને સાવધતા ખાતર પોતાના પૂર્વગામી ચોકીદારો મોકલવાની પણ ટેવ હોય છે. તે રક્ષક હસો કહેવાય છે.

૩. પું. (સગીત) માલવ, મંગલ અને મનોહર રાગના મેળમાં બનતો એક જાતનો રાગ.

૪. પું. સારો રાજા; શ્રેષ્ઠ રાજા.

૫. ન. (જ્યોતિષ) ઉત્તર ગોળાર્ધમાં આવેલું એક નક્ષત્ર.

રાજહંસકી જી. રાજહસ પક્ષીની માદા.

રાજહંસી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગણિત. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા નગણ, નગણ, રગણ, જગણ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય, તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. [સં] જી. રાજહસની માદા.

રાજા ૧. પું (જ્યોતિષ) અઠ્યાસી તારાનો એ નામનો એક ગ્રહ.

૨. [સં. રાજન્] પું. અમુક પ્રજાથી વસેલા વિસ્તાર ઉપર અમલ ચલાવનારો પ્રતાપી માણસ; રાજ્ય કરનાર આદમી; અમુક હકવાળા દેશની પ્રજાએ પોતાનું રક્ષણ અને અવરથા કરવા માટે ઉપરી સ્થાને પસદ કરેલો વડો; મહારાજા; નૃપ; ભૂપ; નરપતિ; ભૂપાળ; મહીપતિ; અધિરાજ. રાજાને રાજા એટલા કારણથી કહેવામા આવે છે કે, સારો રાજઅમલ ટકાવી રાખીને લોકોનાં મન રંજન કરવાની- તેની ફરજ છે

૧ પથા રાજા તથા પ્રજા = જેવો રાજા તેવી તેની રૈયત.
૨. રાજા કરવાનો વખત = વહેલું પ્રભાત, પરોઢિયું. મહાભારતની મોટી લડાઈમાં દુર્યોધનના સેનાપતિ, કર્ણનું નામ ઉચ્ચારવાની હિંદુઓની પ્રથા ઉપરથી આ પ્રમાણે કહેવાય છે
૩. રાજા કરવો = (૧) દીવો ઓલવી નાખવો (૨) રાજાના પદ ઉપર રહેવું
૪. રાજા જેવું = ગોળિયું; ફિદરું; નિખાલસ; મોટા મનનું
૫. રાજા દાને અને પ્રજા સ્નાને = પુણ્ય નદિ તો પુણ્યની પાખડી; રાજા દાનથી અને પ્રજા સ્નાન આદિથી પ્રભુને રાજી કરે
૬. રાજા ભોજ = (૧) ભોજ નામનો દાનવીર રાજા. (૨) મોટા ઉદાર દિલનો માણસ; દાનવીર.
૭. રાજા મિત્ર પ્રધાન સાત્વિકો કે નજરે જોયો નથી = રાજા, વાળંદ અને વાદરા ભમાડીએ તેમ ભમે
૮. રાજા રાજ ને પ્રજા સુખ = ખાતું પીતું ને જરતું ભરે; કોઈની અણક કે ઝણક નહિ; રામરાજ; કોઈ કોનું નામ લે નહિ
૯. રાજા રૂઠી જે તો પછી ફરિયાદ કરવા કયાં જવું ? = જેની વહાર તેની જ ઘાડ; કસાઈ ને ગાય સોંપવી.
૧૦. રાજા વડે રૈયત ને રૈયત વડે રાજા = રાજા અને પ્રજા બંને એકબીજાથી ચાલે.
૧૧. રાજા, વાળંદ ને વાંદરાં જેમ ચાહો તેમ ચાડે-રાજા, વાળંદ ને વાદરાં જેમ ભમાવીએ તેમ ભમે = રાજાની મહેરબાનીનો ભરોસો નહિ, ચઢતાં પડતાં વાર લાગે નહિ
૧૨. રાજાથી રૈયત સુધી એક ન્યાય = ન્યાયની દૃષ્ટિમાં બધાં સરખા છે.
૧૩. રાજાની રાણી જાણ્યાં વીસ્તાં જાણી-રાજાને ગમી તે રાણી અને જાણ્યા વીસ્તાં જાણી = મન માન્યુ ત્યાં ખત જોવાની નથી
૩. પું. ઇંદ્રનું એક નામ
૪. પું. ઉદાર, ભોળો અને જેને કોઈ આજ્ઞા ન હોય તેવો માણસ; જેને કોઈ વાતની આજ્ઞા ન હોય અને બેદરકાર રહી રાજાની પેઠે પોતાના આનંદમાં રહી મોટી વાતો કરે તેવો માણસ.
૫. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે ૪૫ માત્રા છંદનો એક ભેદ છે. તેમાં ૪૨ ગુરુ અને ૨૭ ગુરુ મળી ૬૬ માત્રા હોય છે.
૬. પું. એક જાતનો ઘોડો.
૭. પું. કુબેર.
૮ પું ક્ષત્રિય.
૯ પું ચંદ્ર
૧૦ પું. ધનવાન કે પ્રભુદ્વિશાળી પુરુષ.
૧૧ પું. પૃથુનું એક નામ
૧૨ પું. પ્રજાસત્તાક રાજ્યનો સભ્ય.
આના દરેક સભાસદને રાજા કહેતા હતા. આ રાજા મોટા કાયદે કરનારા ન હતા, પણ પ્રતિનિધિ, સેનાપતિ અને કોષાધ્યક્ષ પણ હતા.
મુદ્રારાક્ષસ
૧૩ પું મુખ્ય, શ્રેષ્ઠ અને ખાસ એવી ખાવાની ચીજ.
રાજા સાથે લડવું = (૧) બીનો ખોરાક જ ખાવો (૨) મિજલસમાં ખાસ મુખ્ય વસ્તુ જ ખાવી.(૩) સભામા રાજા કે મુખ્ય માણસ સાથે હાથ મિલાવવા.
૧૪ પું. મૂર્ખ કે સમજણ વગરનો માણસ.
સુરતમા મૂરખ કહેવાને કેટલાકે અમુક ખાસ જેવો જે એવું કહેવાનો રિવાજ છે. નર્મદાશંકર
૧૫. પું. યક્ષ
૧૬. પું. યુધિષ્ઠિરનું એક નામ.
૧૭ પું. રમવાના પાનામાં ચકિયાનું ચંદ્રકાના રાજાનું સંતરાનું પાનું.
૧૮ પું. રાજસભાનો સભાસદ
૧૯ પું. વરણી કરેલ અભ્યાસ
૨૦. પું વર્ગ વિષયમાં સૌથી શ્રેષ્ઠ તે. આ શબ્દ સમાસમાં બીજા શબ્દ સાથે જોડાય છે ત્યારે રાજનો રાજ શબ્દ થાય છે.
૨૧ પું ચેસરમનું મુખ્ય મહોરું.
૨૨. પું. સરકાર તરફથી અપાતો એક ખિતાબ. તે અંગ્રેજ સરકાર મોટા જાગીરદાર, જમીનદાર, કે કુળપરંપરાગત રાજાઓને આપતા. જેમકે, રાજા રામમોહન રાય, રાજા શિવપ્રસાદ.
૨૩. પું સાડા માહેનો એક સંવત્સર; જે સંવત્સર નવા વરસને પડવે ચાલતો હોય તે તે વર્ષનો રાજા.
૨૪ પુ સ્વામી. માલિક; મુખત્યાર, વહો.
૨૫ સ્ત્રી ઘોડીનાર પાસે દરિયામા થતી એક જાતની માછલી.
૨૬ સ્ત્રી ભીલ અને કોલાણની એ નામની એક અટક.
૨૭. સ્ત્રી. રાજનીતિ.
૨૮ ન એ નામની અટકનું માણસ.
૨૯. વિ. એ નામની અટકનું.

રાજઈ સ્ત્રી રાજપદ; રાજ્ય.

રાજગાલિ પું આદયામી મહિનો એ નામનો એક મહ.

રાજગિ [સં.] પું. રાજનો કોપ.

રાજગૃહ [સં.] ન (શિલ્પ) એક જાતનું ત્રિકાળ ઘર.

રાજગૃહી [સં.] સ્ત્રી. રાજાનું ઘર; રાજમહેલ; રાજધાની.

રાજગોપાલાચારી સી. રાજાજી જુઓ.

રાજગોપાલાચારી ચક્રવર્તી શ્રી રાજાજી જુઓ.

રાજગોર પું. રાજાનો ગોર; રાજપુરોહિત.

રાજગોરી સ્ત્રી. રાજાની ગોરાણી; રાજપુરોહિતની સ્ત્રી.

રાજગોરું ન. રાજાનું ગોરપદું.

રાજગોરું ન. રાજાનું ગોરપદું.

રાજગોરું ન. રાજાનું ગોરપદું

રાજંશ

૨ [સં.] પું. મહારાજા; સૌથી મોટો રાજા, સાર્વભૌમ રાજા, સમ્રાટ; શહેનશાહ; ચક્રવર્તી રાજા, બાદશાહ, રાજાઓનો પણ રાજા.

રાજનય ન. એક જાતનું ઊંચું માણેક; જરામના મીંજના આકારના આવા મોટા માણેક વચ્ચે સાર પડેલ આવે છે. એવા મોટા નંગો જૂના વખતના કોઈ રાજાના તરંગને લઈ વીંધવેધ છે તેથી તેને રાજનય કહે છે.

રાજપદ ન. રાજા હોવાપણું, રાજાનું સ્થાન

રાજપરાધ [સં.] પું. રાજદ્રોહ.

રાજપાઠ પું. નાટકમાં રાજા બની, રાજા તરીકે પાઠ ભજવવો તે; રાજાનું પાત્ર.

રાજપુરી પુ. કચ્છી આંજાની એક મોટી જાત.

રાજપુરોહિત જી. કેળની એ નામની એક જાત. તે બસબાર તરફ વધુ છે. તેના પાતરા વચ્ચે ની નસ રાતી હોય છે. તેનાં ફળ મોટા અને સ્વાદે સારા હોય છે

રાજબાતખોરા ન. ઉત્તર હિંદમાં આવેલું એ નામનું એક રમણ. આ જગાના નામ સબબમ. એવી કહેવત છે કે, કુબનિહારના એક રાજાને ભૂતાનના રાજાએ કેદ કર્યો હતો. તે બ્રહ્મદેશ રાજાના મુલકમાં જાત એટલે કે રાવણ ચોખા ખાઈ શકે તેમ ન હોવાથી તેને ભૂખમરો વેઠવો પડ્યો હતો. પાછળથી કેદમાંથી છૂટી ભૂતાનના રાજાને કરારાને તે રાજા કુર્ચાબિહાર ગયો હતો અને ત્યાં જતા રસ્તામાં તેણે આ સ્થળે જાત ખાધા હતા, તેથી આ જગાનું નામ પડ્યું જણાય છે.

રાજબિયોગ [સં.] પું. રાજાએ પ્રજા પાસે મુજબ વિકટ બળજબરીથી કોઈ કામ કરાવવું તે.

રાજભોજ ૧. પું ભોજ નામનો રાજા.

૨. પુ. મોટો ઉદાર માણસ, પરોપકારી પુરુષ; દાતવીર; દાતાર, પરગજુ માણસ, હિતૈષી.

રાજમહારાજા પું. બ. વ રાજા અને મોટા રાજા; રાજા અને મહારાજાથી ઓળખાતા રાજા; ખંડિયા અને સ્વતંત્ર રાજા.

રાજમાણસ ૧. પું જેનો વિશ્વાસ ન રખાય તેવો નિકૃષ્ટ યા કામ ન કરે એવો માણસ.

૨. પું ભોળા કે ઓછા દિવનો માણસ; હિસાબની સમજુતી ન કરે તેવો આદમી

૩. પું. રાજાના જેવા વૈભવ અને આચરણવાળો માણસ.

રાજમેર જુઓ રાજપુરી.

રાજમ્બલ [સં] પું. અશ્વલેતમ; એક જાતની ઘાસ

રાજા રાજા પું. કોડીની એક જાતની રમત. તેમાં ચાર રમનાર ચાર કોડીઓ લઈ દાવ નાખે. ત્રણ ચત્તા પડે તો કોટરાજ, ચાર બાર પડે તો મધરાત, ચાર ચત્તા પડે તો રાજા, વાસે રહેનાર ચોથો ઠેઠ કહેવાય. જેને રાજા કહે તેટલા કટકા મળવાના થાય છે.

રાજા રામમોહન રાય પુ. એ નામના હિંદના એક બંગાળી બ્રહ્મવક્ષ પુરુષ. તે હાલે રાઢ ગામમાં હતા અને બર્દવાન પ્રાંતમાં રાધાનગરમાં રહેતા. તેના પિતાએ સિરાજ ઉદ્દૌલાના વખતમાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી. રાજા એ તેનો ખિતાબ છે. રામમોહન રાયે સંસ્કૃત, બંગાળી, અંગ્રેજી, ફારસી, અરબી વગેરે ઘણી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. તેણે બ્રહ્મસમાજ સ્થાપી મૂર્તિપૂજાનું ખંડન કર્યું હતું. ઉપનિષદના ભાષાંતર કરાવી તે મતને અનુસરવા તેણે આગ્રહ કર્યો હતો. પોતે કલકત્તામાં રહેતા, વિલાયતમાં જઈ પોતાના દેશની સ્થિતિ જણાવી, દેશોદ્ધારને, કરતા તેણે બ્રાહ્મણ બ્રિસ્ટલમાં તેમનું અવસાન થયું

રાજાકૂર [સ ; પુ ભોગા આકડાનો છોડ.

રાજાર્હ ૧ પુ એક પ્રકારના ચોખા

૨. [સ.] ન અમરત્વદન

૩ ન કપૂર.

૪ ન જંબુનું ઝાડ

૫ વિ. રાજાને લાયક.

રાજા લક્ષ્મણસિંહ પું. એ નામનો એક કવિ. તે સં. ૧૮૮૬થી ૧૯૨૫ સુધીમાં થયેલ છે. તે આગ્રાને પરિવર્તન કાળ કહે છે.

રાજલાલ પુ એક જાતનું પક્ષી ઝાડ ઉપર કુદરતી લાકડાની નાની ગડ હોય તેવો તે માળો બાંધે છે. તે કપરંજમાં ગ્રાહ્યમાં એવું તો મણી જાય છે કે પ્રાન આપી જોનારને પણ ન જડે.

રાજલોક ૧ પુ. ઉદાર અને ઊંચા દિલનો માણસ

૨. પુ જેને ક્રમ કરવાની જરૂર નથી અને જે ગમે તેમ ભર્યું કરી શકે છે તેવો માણસ.

૩. પું. બધી સત્તા પોતાને હાથ ધરાવનાર માણસ.

રાજવર્તંસ [સં] વિ. રાજામાં કલગી રૂપ; રાજામા મરેખુ.રૂપ, રાજશિરોમણિ.

રાજવર ન પંચરત્ન ગણેનું એ નામનું એક રત્ન; રાજવર્ત સોનું, રૂપું, મોતી, રાજવર અને પ્રવાલ એ પાંચ અથવા સોનું, હીરો, નીલમ માણેક અને મોતી એ પાંચ પંચરત્ન કહેવાય છે.

રાજાવર્ત ૧ [સં] પુ. (વૈદ્ય) એક જાતનો ઉપરસ. તે શીતજ, પિત્તહર અને પ્રમેહ મટાડનાર મનાય છે

૨. ન. એક જાતનું રત્ન. રાજવર્ત; રાજવર.

રાજવાદ પું. રાજ્યનું તંત્ર રાજાના હાથમાં હોવું જોઈએ એવી માન્યતા.

રાજવાદી વિ. રાજ્યનું તંત્ર રાજાના હાથમાં હોવું એનું માનનાર; રાજાની સત્તામાં માનનાર.

રાજવાલા પું. બિહારી કલમી આંબાની એક જાત

રાજશાસન ન. જેમાં રાજા પોતે જ કર્તાહર્તા હોય તેવું રાજ્યતંત્ર; જેમાં રાજાની કુલ સત્તા હોય અને રાજાથી જ બધો કારભાર થાય તેવું રાજ્યતંત્ર; એકરાજાધિપત્ય; રાજાસત્તારાજ્ય; એકહથ્થુ શાસન; ' મોનર્કિ '

રાજશ્રય [સં.] પું. રાજા કે રાજ્યનો આશ્રય,

રાજશ્રયી વિ. રાજાને આશ્રયે રહેનાર.

કવીરદાસ રાજાશ્રયી કવિ હતો. —કવીરકાર

રાજસન [સ ; ન. સિંહાસન, તખ્ત; રાજગાદી

રાજાળુ ન. અળવીના કંદની એક જાત.

રાજાંક [સ , પું રાજાની ગોચાળામાંના ગોધાઓના શરીર ઉપર કરવામાં આવતું નિશાન.

રાજાના ગોચારામાંના ગધેડાના શરીર ઉપર જે નિશાન કરવામાં આવતું તે માટે કોઈવાર રાજાંક શબ્દ વાપરતો જણાય છે.

હિંદુ રાજ્યવ્યવસ્થા

રાજાંશ ૧. [સં.] ન. (ગણિત) અખિલનો એક પ્રકારનો આંકડો. ચક્રવૃદ્ધિ વ્યાજ સંબંધે રાજબલ્લભમાં કહ્યું છે કે, મૂળરાશિનો જે અંક હોય તેમાં આવેલા વર્ષનો અંક મેળવવો. તેમ જ મુદ્દલાદિક ધનોમાંનું જે ધન હોય તે ધનના નામના જેટલા અક્ષરો હોય તેટલો અંક તેમાં જ મેળવવો. એ ત્રણે બાબતો એકત્ર કરતાં જે અંક આવ્યો જેટલો સરવાળો થાય તેટલાને ત્રણે બાબતો જો શેષમાં એક વધે તો ઉદાંક કહેવાય, બે વધે તો સમાંક કહેવાય અને ત્રણ અથવા પાંચ વધે તો તે રાજાંક કહેવાય. એ ત્રણે અંકોમાનો ઉદાંક તો દેવાલય અને વેદિકામાં શ્રેષ્ઠ છે. સમાંક કુમાર, નાગદેવ અને ભૈરવ વિષે શ્રેષ્ઠ છે તથા સજ્જાળા, અગ્નિકાળા, ધાન, નગર, રાજાના મરમાં અને બીજા સામાન્ય લોકોના મનો વિષે રાજાંક શ્રેષ્ઠ છે.

૨. પું. જમીન મહેસૂલ.

૩. પું. ન્યાયશુલ્ક; ન્યાયની ફાજલ; 'કોર્ટ ફી'

૪. પું. રાજભાગ; રાજદેય; ખાસી હક્ક; ' રોયલ્ટિ '.

રાજિ ૧. [સં.] પું. (પુરાણ) ઐલનો એ નામનો એક પૌત્ર અને આયુનો પુત્ર.
૨. સ્ત્રી. ઓળ; પંક્તિ; હાર.
૩. સ્ત્રી. (દિલી) રાઈ.
૪ સ્ત્રી. લેખા; આકો, રેખા.

રાજિકા ૧. [સં.] સ્ત્રી. ખેતર
૨. સ્ત્રી. ૭ મરીચિ જેટલું વજન; રાઈ.
૩ સ્ત્રી. પંક્તિ; હાર.
૪. સ્ત્રી. રાઈ.
૫. સ્ત્રી. રોગનો એક પ્રકાર; અગાઈ. તેમાં સરસવના જેવી નાની નાની ફોડકીઓ નીકળે છે તે સખત તકલો આગવાથી કે ગરમીને લીધે થાય છે.
૬. સ્ત્રી. લાલ સરસવ.

રાજિત ૧. વિ. વિરાજેલું; શોભતું.
૨. વિ. શોભતું; સુંદર; સમલંકાર; અલંકૃત; અલંકારવાળું.
દેવ! દેવો સહુ આપ દેહે,
ને જેવું નાનાવિધ પ્રાણી ત્યાંય;
પદ્માસને રાજિત હંસ બ્રહ્મા,
અને ઋષિ ને સહુ દિવ્ય સર્પો. અનંતરાય

રાજિતા સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ.

રાજિમાન [સં] પું. એક પ્રકારનો સર્પ.

રાજિયો ૧. પું. કાઠિયાવાડમાં થયેલ એ નામનો એક કવિ.
૨. પું. મોટેથી ગુપ્તશોક બતાવી વિલાપ કરવો તે; રોવું તે.
૩. [સં. રાજન્] પું. રાજા; રાજવી.
૪. પું. વડો સરદાર.
૫. પું. કોકનાં ગીત; કોકની કૂટણીનું ગાણું; કોક ઉપરનાં જેવી હલકનો એક રાસ; મરસિયો; મૂવા પાછળ કોકનું ગાવાનું ગીત; મોકાણ.

રાજિલ [સં.] પું. જે મોઢાવાળો ઝેર વગરનો સર્પ; ધામણ. તેના ઉપર ચિત્રવિચિત્ર રેખાઓ હોય છે. તેનો દંશ પરપોટાવાળો અને તકતકતો હોય છે. તેનો સોબે સણસણાવાળો હોય છે. દંશથી બહુ લોહી નીકળે છે.

રાજિલી [સં.] સ્ત્રી. ઝેર વિનાની એક જાતની સાપણ.

રાજી ૧. સ્ત્રી. એક જેકયો વગાડવાની ઢાર; ઓળ; પંક્તિ; રેખા; આવલિ.
૨. [સં.] સ્ત્રી રાઈ.
૩. સ્ત્રી. લાલ સરસવ.
૪. વિ. અનુમત; અનુકૂળ; ગમતું હોય એવું, મન ખુશ થાય તેવું.
૧. રાજી કરવું = ખુશી કરવું; ભેટ કે ઇનામ વા ઇચ્છિત આપીને ખુશ કરવું.
૨. રાજી થવું = સંતોષાવું.
૫. વિ. ખુશ; પ્રસન્ન; રીઝેલું; સંતોષાયેલું.
રાજીનારેડ = બહુ જ ખુશ થયેલું.
૬. વિ. નીરોગી
૭. વિ. મનને ગમતી રીતે કબૂલ; સંમત.
૮. વિ. સુખી

રાજીખુશી ૧. સ્ત્રી. આનંદ અને મરજી; સ્વેચ્છા; હોંશ.
૨. સ્ત્રી કુરાણના; સદીસલામતી.
૩ વિ. કબૂલ; સંમત.
૪. વિ ખુશ; પ્રસન્ન; સંતોષ પામેલું.

રાજીખુશીથી અ. આપખુશીથી; સ્વેચ્છાથી; મન મને અને ખાતરી; કોઈના દબાણ વિના પોતાના મનથી.

રાજીનામું ૧. ન. ખુશીથી કોઈ આપત અથવા કામ વગેરે ઉપરથી હાથ ઉઠાવી લેવો તે; મરજીપૂર્વક પોતાનો હક, દાવો કે કામ છોડી દેવાનું લખી દેવું તે; ખુશીથી નોકરી છોડવી તે; ધન્યથી નોકરી છોડી દેવાની અરજી કરવી કે લખી આપવું તે; રાજખુશી દર્શાવતું લખાણ
રાજીનામું આપવું-કરવું = (૧) નોકરીમાંથી આપમેળે મુક્ત થવું. (૨) કોઈની સામે કરેલ કરિયાદ પાછી ખેંચી લેવી.
૨. ન. ઘાટી પ્રતિવાદીએ પરસ્પર એકમત થઈને પોતાનો કેસ ન્યાયાલયમાંથી પાછો ખેંચી લેવો તે.

રાજીપણું જુઓ રાજીપો.

રાજીપો ૧. પું. રાજખુશી; રાજીપણું; પ્રસન્નતા; આનંદ; ખુશી
૨ પું. સુસંમત; સુસંપ; મનની અરેખરી ધન્યતા; સંમતિ; અંતઃકરણનો મત.

રાજીમતી સ્ત્રી. જૈન ધર્મના બાવીસમા તીર્થંકર નેમીનાથ સ્વામીનાં પત્ની. તેમના લગ્ન વખતે બાજો પક્ષીઓ વગેરેની હિંસા જમણવાર માટે થવાની છે એ વાત સાંભળી તેઓ લગ્ન અધૂરાં મૂકી ગિરનાર ઉપર તપ કરવા ચાલ્યાં ગયાં હતાં.

રાજીરજામંદી ૧. સ્ત્રી. પોતાની ધન્યતા ને રજા; ફારગતી; છુટકારો; છૂટ; રાજખુશીથી પરવાનગી આપવી તે. દસ્તાવેજમાં આ શબ્દ વપરાય છે.
૨. સ્ત્રી. રજા; અનુમતિ; અનુમોદના; આજ્ઞા.
મારા ઘરમાં મારી કોઈ પરવા કરતુ નથી તો પછી હું એ લોકની રાજીરજામંદી શા માટે પૂછું? ઈ. એ. મરજીવાન

રાજીરજામંદી જુઓ રાજીરજામંદી.

રાજીરમ વિ. ખૂબ રાજી; બહુ ખુશ થયેલું.

રાજીરળિયાત વિ. અતિ રાજી; બહુ જ પ્રસન્ન.
સાચા સંતને સેવીને, થઈએ રાજીરળિયાત.
નિરંજન.નંદ

રાજીવ ૧. પું. ચિત્રવાળો મૃગ; મૃગની એ નામની એક જાત.
૨. પું બગલો
૩ પું સારસ પક્ષી
૪ પું હાથી
૫ ન. એક જાતનું માદળ
૬. ન. કમળ; પદ્મ

રાજીવમણ પું. (પિંગળ) એ નામનો અઠ્ઠાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૯ માત્રાએ યતિ અને ૩, ૭, ૧૦, ૧૪, ૧૭ માત્રાએ તાલ આવે છે.
રાજીવગણની જ રૂડી ચાલ છે. દલપિંગળ

રાજીવલોચન ૧. [સં. રાજીવ (કમળ) + લોચન (આંખ)] પું. કમળના જેવી આંખવાળા ભગવાન.
૨. વિ. કમળ સમાન નેત્રવાળું; કમળનયન
૩. વિ. કરણ જેવી આંખવાળું; મૃગ જેવાં લોચનવાળું.

રાજીવી ૧. [સં.] સ્ત્રી. એક જાતની માછલી.
૨. સ્ત્રી એક જાતની હરણી.
૩. સ્ત્રી. સારસ પક્ષિણી.
૪ સ્ત્રી. હાથણી.

રાજુક ૧. પું. નાનો રાજા.
ત્રિકળની લોકોની રાજધાની વૈશાલીમાં ૭૭૭૭ નાનકડા રાજાઓ રાજુક હોવાનું જાતકમાં જણાવ્યું છે. હિંદુ રાજવ્યવસ્થા
૨. પું. મૌર્યકાળનો એક રાજ્યકર્મચારી. તે કોઈ એક પ્રાંતની વ્યવસ્થા કરતો.
૩. પું. રજ્જુકઃ દોરડાનો ઉપયોગ કરી જમીનની માપણી કરનાર અધિકારી.
રાજુકો ન્યાયાધીશનું કામ કરતા એટલું જ નહિ પણ અહેસૂલી અધિકારીનું કામ પણ કરતા.
અશોકચરિત્ર

રાજુરા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી ભાંડેની એક જાત
સૂરણા રાજુરા જોઈ, મેસિતવાલ મુડેરા જોઈ.
વિમલપ્રબંધ
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું

રાજુલા ન સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું એક ગામ. ત્યાની પ્રજાની ભાષા વખણાય છે.

રાજેભ [સં] પું. રાજાનો હાથી.

રાજેલી સ્ત્રી કર્ણાટકમાં થતી એ નામની એક જાતની કેળ.

રાજેરા [સં] પું. મોટો રાજા.

રાજેશ્રી વિ. રાજર્ષિ-રાજા. રાજસદૃ-વિશ્વા. રાજા જેવા, ઠેકડા, ઉદાર, પુણ્ય અને વૈભવો ધારણ કરનાર.

રાજેશ્રીપણું ન. રાજાના જેવા વૈભવ અને સમૃદ્ધિ દ્વારા તે.

રાજેશ્વર ૧ [સં] પું. ઈશ્વર, પ્રભુ

૨ પું. યુવરાજ.

૩. પું. ચક્રવર્તિરાજા.

રાજેશ્વરી સ્ત્રી. સમ્રાજ્ઞી, મહારાણી.

રાજેષ્ટ ૧. [સિ] સ્ત્રી. લાલ ટુંગળી.

૨. ન. રાજાના નામનું અનાજ.

૩. વિ. રાજાઓમાં રાજાને શોભે એવું.

રાજેસ્પા ૧ [સિ ન. કે]

૨ ન. પિંડ ખજૂર.

રાજેસ વિ. ઉંચકાતા રોહિણ્ય ગ્રહોમાંના દોષોના કારખાનામાં બનેલું.

કંઈ રાજેસ ચપ્પુ જાડીને નકામું નથી ન કાપે એવા ચપ્પુ પસંદ કરે છે નવલરામ

રાજેસાળી ન. એક જાતનું કબૂતર.

રાજેસ્વર ૧. [સં. રાજેશ્વર] પું ઈશ્વર; પ્રભુ. એણે ગ્રહ્માનંદનો નાશ રાજેસ્વર રમમાં. ગ્રહ્માનંદ

૨ પું રાજેમા, રાજાધિરાજ; શ્રેષ્ઠ રાજા

રાજેંદ્ર ૧. [સં.] પું. રાજગિરિ નામનો પર્વત; રાજગૃહિ.

૨. પું. શ્રેષ્ઠ રાજા; મહાન રાજા; રાજાધિરાજ. જુઓ રાજેશ્વર.

રાજેંદ્રપણું ન. મોટા રાજા હોવાપણું.

રાજેંદ્રપણું પણ કર્મથી જ મળે છે. ભગવતી ભાગવત

રાજો ૧ પું. મોટો યશો પ્રતાપી માણસ.

૨. પું. રાજા; ભૂપ; ભૂપાળ, આ શબ્દ અલબત્ત લોકોમાં વપરાય છે.

રાજોચિત [સં.] વિ રાજાને છાજે કે શોભે એવું

રાજોદ્યાન [સં] ન. રાજાનો બગીચો.

રાજોપચાર ૧. [સં] પું. ઉત્તમ દ્રવ્યો વડે પૂજન અર્ચન કરવું તે

જગદંબાને પ્રસન્ન કરવાને વાસ્તે અનેક પ્રકારના રાજોપચાર સમર્પણ કરવા. ભગવતી ભાગવત

૨. પું રાજાને અર્પણ કરવાની સામગ્રી.

૩. પું. રાજાની વિનયરીતિ; રાજા શિષ્ટાચાર.

રાજોપજીવી [સં રાજોપજીવિન્] પું રાજદર્બારી, રાજાનો નોકર; રાજાની સેવા કરવાથી જનારો આજીવિકા ચલાવતો હલકા વર્ગનો પુરુષ

રાજોપસેવી જુઓ રાજોપજીવી

રાજોપાયુ ન. રાજમાન, રાજાર.

રાજ્ઞી ૧. સ્ત્રી. રાણી

૨. સ્ત્રી ગણીનું ગ્રહ

૩ સ્ત્રી (પુરાણ) પંચમી તૈવત મનુની કન્યા; વિવસ્વાન આદિત્યની બહુ માંહેની બીજી સ્ત્રી

૪. સ્ત્રી. રાજ કરનારી સ્ત્રી.

૫. [સં.] સ્ત્રી. રાણી; રાજાની પત્ની.

૬. સ્ત્રી. સૂર્યની સ્ત્રી.

રાજ્ઞીપદ [સ] ન રાણી હોવાપણું, પટરાણીનું સ્થાન.

રાજ્ય ૧. [સ.] ન અમુક રાજાની હકૂમતમાંનો પ્રદેશ; રાજાનો તાબાનો વિસ્તાર ૨ મુલક, સરહદ, નગર

૧ ચોરસ હાથ = આસન
૧૬ આસન = માચમ.
૬૪ માચમ = કાહણી
૪ કાહણી = માષ
૪ માષ = વર્તનિકા.
૫ વર્તનિકા = વાટી કે વાટ.
૪ વાટી = કુટુંબ
૧૦૦ કુટુંબ = ગ્રામ.
૧૦૦ ગ્રામ = જનપદ.
૧૦૦ જનપદ = દેશ; રાજ્ય

કોઈ કોઈ કહેવાયે આઠ લાખ ગામડાના સમૂહને પણ રાજ્ય કહે છે. રાજ્યમાં સ્વામી કે રાજા, અમાત્ય, સુહૃદ, કોશ, દેશ, દુર્ગ અને સેના એ રાજ્યના સાત અંગ કહ્યા છે. રાજ્યોની માલિકી સર્વથે સંપીજી હોય છે કે: અલબત્ત બધાં રાજ્યોની માલિકી તે તે રાજ્યની પ્રજાની છે. રજવાડાઓના રાજાઓ પોતપોતાની પ્રજાના સેવક અને તેમની રાજ્યરૂપી મિલકતના ટ્રસ્ટી અને તો જ તેમને ટકી રહેવાનો અધિકાર છે. જમાનો તદ્દન પલટાઈ ગયો છે અને રજવાડાઓના રાજાઓ આજુબાજુથી ચેતી સમયને ઓળખી તેને અનુરૂપ પગલાં નહિ લે તો તેમનું નક્કી આવી બન્યું છે, તેમની હસ્તી મટી જવાની છે

૨. ન. દેશ; રાષ્ટ્ર.

૩. ન. રાજાના જેવી ઉચ્ચ અમલદારીનું સ્થાન.

૪ ન. રાજાની સત્તા, સ્વામ્ય; રાજા જેવો અમલ.

૫ ન. રાજાનું કામ; અધિપતિપણું

૬ ન. વ્યવસ્થા અને તંત્ર પરિપાલન કરવાને રાજાએ અપનાવેલું ધોરણ; અમલ ચલાવવાની રીત, પ્રજાની સુવ્યવસ્થા અને તેમનું રક્ષણ કરવાના તંત્રની ગોઠવણ; અજવણી. શાસ્ત્રપથ બાજીમાં વિશાદ ઉત્તમ યુક્તરૂપ નીતિને જ રાજ્ય કહેલ છે

૭. ન. સત્તાનો સ્વચ્છંદે દુરાચાર એવો વિસ્તાર.

રાજ્યકર્તા [સ.] પું. રાજા, ભૂપ; નરેશ, રાજ્ય કરનાર પુરુષ

રાજ્યકર્ત્તા જુઓ રાજ્યકર્તા

રાજ્યકર્ત્રી [સ.] સ્ત્રી. રાજ્ય કરનાર સ્ત્રી, રાણી.

રાજ્યકલા [સ] સ્ત્રી. રાજ્ય ચલાવવાની ચતુરાઈ

રાજ્યકારભાર પું રાજ્યતંત્ર; રાજ્યશાસન.

રાજ્યકાર્યધુરાચિંતા [સ.] સ્ત્રી. રાજકારભાર ચલાવવાની તાકાત

રાજ્યકાર્યધુરાચિંતનો ભારખમાસી સંપૂર્ણ રીતે ફાલ થયો છે. નવલરામ

રાજ્યકાળ [સં. રાજ્યકાલ] પું. રાજ્યકારભારનો સમય

નેપાળના છતનાર ગાદીવંશનો અને વિજયસેનનો રાજ્યકાળ, બે પરસ્પર બંધ બેસતા નથી. ગૌરીશંકર

રાજ્યકીય વિ. રાજ્ય સંબંધી; રાજ્યને લગતું; રાજકીય; સરકારી; સરદારને લગતું

રાજ્યકુનેહ સ્ત્રી. રાજનીતિ; રાજ્ય ચલાવવાની કુશળતા.

રાજ્યકોશાધિપતિ [સં] પું. રાજ્યની ખેપજમરચનો ઉપરી અમલ.

રાજ્યકૌશલ [સં.] ન. રાજ્ય ચલાવવાની કુશળતા; રાજ્યવહીવટમાં હોશિયારી; રાજનીતિમાં પારંગતા હોવું તે; રાજનીતિજ્ઞતા.

રાજ્યકૌશલ્ય જુઓ રાજ્યકૌશલ

રાજ્યક્રાંતિ જુઓ રાજક્રાંતિ.

રાજ્યખર્ચ ન. રાજ્ય માટેનું ખર્ચ.

રાજ્યગાદી સ્ત્રી. રાજ્યાસન, રાજાનું સિંહાસન, વડવાના હકદાવે મેળવેલી રાજ્યગાદી કરવા આવા પોતાના બળથી મેળવેલી વિધાયકી હકદાર દરજ્જે ઉત્તમ ગણાય છે. કલાપી

રાજ્યચક્ર [સ] ન રાજ્યપદ્ધતિ, રાજ્યશાસન; ૨ જુઓ ચક્ર.

માર્કીસ વળે છે કે હું કહું છું કે બીજું પરદેશી ચડી કરવા અંગ્રેજ રાજ્યચક્રે આપણી અર્થગતિ કરવામાં વખારેમાં વખારે અમમતા વાપરી છે. નવલરામ

રાજ્યજય [સં.] પું. રાજ્ય જીતવું તે; રાજ્યનો વિજય.

અહમાનો પર તું રાજ્યજય મેળવી શકીશ નહિ.
ઇચ્છારામ સૂર્યરામ

રાજ્યજ્યોતિષી [સં.] પું. રાજ્યનું જ્યોતિષ સંબંધી પ્રમાણભૂત કરનાર માણસ.

રાજ્યતંત્ર ૧. [સં.] ન. પ્રજા અને દેશને આબાદ, સુખી રાખી, તેનું પરિપાલન કરવાની સંકલના; રાજ્ય ચલાવવાની જોગવાઈ; રાજકારભાર; રાજ્યસત્તા ચલાવવાની પદ્ધતિ; રાજ્યનું તંત્ર

૨. ન. રાજનીતિશાસ્ત્ર; રાજ્યશાસ્ત્ર.

૩. ન. રાજ્યબંધારણ.

જે લોકસમૂહમાં સ્વતંત્રતા વિકાસ અને હકના સંરક્ષણ માટે વ્યવસ્થા નથી, ત્યાં વ્યવસ્થિત રાજ્યતંત્રની ખામી છે. કનૈયાલાલ મુનશી

રાજ્યતંત્રશાસ્ત્ર [સં.] ન. રાજ્યશાસ્ત્ર. રાજનીતિશાસ્ત્ર; ' પૉલિટિક્સ '.

રાજ્યતંત્રશાસ્ત્રના વધારે વિદ્વાન અને નિષ્પક્ષપાત અને મૌલ્યશાળી પદ્ધતિઓએ પણ બે સિદ્ધાંતો દોષો બતાવ્યા છે. આનંદશંકર ધ્રુવ

રાજ્યતંત્રાધિકારી [સં. રાજ્યતંત્રાધિકારિન્] પું. રાજ્યનું સંચાલન જેના હાથમાં હોય એવો અધિકારી.

રાજ્યતંત્રી પું. પ્રધાન; મંત્રી; અમાત્ય; સચિવ, રાજ્યતંત્ર ચલાવનાર માણસ.

આજે સમયમાં અનેક સ્ત્રીઓ બારિસ્ટર, ડૉક્ટર તેમજ રાજ્યતંત્રી જેવી નામનાઓ મેળવી રહી છે. ગાંધીજી

રાજ્યદંડ [સં.] પું. રાજ્યે કરેલી શિક્ષા

ન્યા દોષી જેવા કાર્યદિને વિષે નિર્ણય આપે છે ત્યા રાજ્યદંડ દોષોને દમવાને, ભણે રોકે આપે છે. આત્મારામ

રાજ્યદાતા [સં.] પું. રાજ્ય આપનાર પુરુષ આશ્રમ એ ગુપ્તકુળનો રાજ્યદાતા હતો.
પુરાતત્ત્વ

રાજ્યદ્રોહ [સં.] પું. રાજ્ય પ્રત્યે વેરબુદ્ધિ રાખવી તે; સરકાર વિરુદ્ધ અસંતોષનું આંદોલન કે ઉશ્કેરણી.

રાજ્યધામ [સં. રાજ્યધામન્] ન. રાજધાની, પાટનગર; રાજ્યનું મુખ્ય શહેર.

રાજ્યધુરંધર પું. શ્રેષ્ઠ રાજદ્વારી પુરુષ.

રાજ્યધુરા [સં.] સ્ત્રી. રાજ્યભાર; રાજ્યતંત્ર; રાજ્યશાસન; રાજ્યની જવાબદારી.

રાજ્યનય ૧. [સં.] પું. મુત્સદ્દીગીરી; રાજ્ય ડહાપણ.

૨. પું. રાજનીતિ; રાજ્યતંત્રશાસ્ત્ર.

દેશી રાજ્યમાં રાજ્યનયથી જેટલું થઈ શકે તેટલું થશે. ઓધવજીરામ

રાજ્યનિયમ [સં.] પું. રાજ્યનો કાયદો.

રાજ્યનિયમજ્ઞ [સં.] પું. રાજ્યના કાયદા જાણનાર પુરુષ

રાજ્યનિવેશપાત્ર [સં.] વિ. સરકાર દ્વારા વસાવવાને યોગ્ય; દસ્તાવેજમાં આલેખ્યા મુજબ જેવું.

રાજ્યનિષ્ઠ જુઓ રાજનિષ્ઠ

રાજ્યનિષ્ઠા જુઓ રાજનિષ્ઠા.

રાજ્યનીતિ જુઓ રાજનીતિ.

રાજ્યનીતિજ્ઞ જુઓ રાજનીતિજ્ઞ

રાજ્યનીતિનિપુણ જુઓ રાજનીતિનિપુણ.

રાજ્યનીતિપ્રકાશન [સં.] ન. સાર્વજનિક બાબતો વિષે રાજ્યનો અભિપ્રાય કે વલણ જાહેર કરવું તે.

રાજ્યનીતિપ્રસિદ્ધિ જુઓ રાજનીતિપ્રકાશન.

રાજ્યનીતિશાસ્ત્ર જુઓ રાજનીતિશાસ્ત્ર.

રાજ્યપરિષદ [સં] સ્ત્રી. રાજ્ય ચલાવનાર સભા; ' કાઉન્સિલ ઑફ સ્ટેટ '. ભારતીય સંવિધાન જે પ્રજાની પદ્ધતિ માન્ય રાખે છે. રાજ્યપરિષદમાં રાજ્યના અર્થાત્ ભારતીયસંઘને સંગઠિત કરનાર ઘટકોના પ્રતિનિધિઓનો સમાવેશ છે. આ સ્થાયી સંસ્થા કે સંગઠન છે. તેના ૨૩ સભ્યો દર બીજે વર્ષે નિવૃત્ત થતા. તેના વધારેમાં વધારે સભ્યોની સંખ્યા ૨૫૦ છે, જે લોકસભાના સભ્યોની સંખ્યાથી અર્ધી છે. એમાંથી બાર સભ્યોને રાષ્ટ્રપતિ કલા, સાહિત્ય, વિજ્ઞાન અને સમાજસેવા આદિ ક્ષેત્રોમાં સેવા બજાવી પ્રખ્યાતિ પામેલા અથવા બીજી વિશેષતાઓને કારણે નિમણૂક કરતા. બાકીના સભ્યો રાજ્યોના પ્રતિનિધિઓ હતા.

રાજ્યપાલ પું. રાજ્ય ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

રાજ્યપ્રકરણ જુઓ રાજપ્રકરણ

રાજ્યપ્રકરણી જુઓ રાજપ્રકરણી.

રાજ્યપ્રણાલી સ્ત્રી. રાજ્યપદ્ધતિ; રાજ્યવ્યવસ્થા; રાજશાસન.

રાજ્યપ્રદ [સં.] વિ. રાજ્ય આપનાર; જેનાથી રાજ્ય મળ્યું હોય તેવું.

રાજ્યબંધારણ ન. શાસનતંત્રની નિયમાવલિ; રાજ્યતંત્રનું બંધારણ; રાજ્યતંત્ર ચલાવવાનાં ધારાધોરણ કે તેનો કાયદો

રાજ્યભક્ત [સં] વિ. રાજ્યને વફાદાર હોય તેવું.

રાજ્યભંગ [સં.] પું. રાજ્યને ઊથલાવી પાડવું તે; રાજ્યનો નાશ.

રાજ્યભાર [સં.] પું. રાજકાજનો બોજો; રાજ્યવહીવટની જવાબદારી.

રાજ્યભાષા જુઓ રાજભાષા.

રાજ્યભૂમિ જુઓ રાજભૂમિ.

રાજ્યભ્રષ્ટ જુઓ રાજભ્રષ્ટ.

રાજ્યમાન્ય ૧. [સં] વિ. રાજ્યબંધારણને અનુસરતું.

૨. વિ. રાજ્યે સ્વીકારેલ કે રજા રાખેલ હોય તેવું

રાજ્યરક્ષા [સં] સ્ત્રી. રાજ્યનું રક્ષણ.

રાજ્યરત્ન પું. દેશી રાજ્યમાં અપાતો એ નામનો એક ખિતાબ.

રાજ્યરસિક [સં.] વિ. રાજ્યની બાબતોમાં રસ લેતું હોય તેવું.

એ રાજ્યરસિક લોકરસિક અને સાહિત્યરસિક અકબરનીઓનું વારસ્વય વિચારવાનું ઐતિહાસકોને માટે રહેવા દઈ અહીં તહીંથી ભેગી કરેલી જાણીતુણી હકીકતનો સંબંધ મેળવી કર્ણદેવની કારકિર્દીની રામબસાઈ કાઢી નોંધ તૈયાર કરીએ.
કેશવ હર્ષદ

રાજ્યરત્ન ન. એ નામનું કવિ નર્મદાશંકરે લખેલું એક પુસ્તક. તે લખવાને નર્મદાશંકરે નાનામોટા ૨૦૦ ગ્રંથોનું અવલોકન કર્યું હતું અને પ્રજા ઇતિહાસ વાંચ્યાવિચાર્યા હતા. એ બધામાંથી કવિને એ સિદ્ધાંત હાથ લાગ્યો કે, કોઈ પણ દેશની સ્થિતિ કે વિચારો લાંબા કાળના પરિપાકથી જ બદલાઈ શકે છે. કવિ નર્મદનો અક્ષરદેહ નીચેની પાંચ જ્ઞાનેંદ્રિયોથી ઘડાયેલો હતો: નર્મકવિતા, નર્મગદ્ય, નર્મકોશ, રાજ્યરંગ-મહોત્સવદર્શન ને નર્મવિચાર.

રાજ્યરિદ્ધિ [સં.] સ્ત્રી. રાજ્યનો વૈભવ; રાજ્યની સમૃદ્ધિ.

રાજ્યરૂઢ [સં.] ન. રાજ્ય ભાગનું દેવું.

રાજ્યલક્ષ્મી ૧. [સં.] સ્ત્રી. રાજ્યની શોભા.

૨. સ્ત્રી. રાજ્યનું ઐશ્વર્ય; રાજ્યવૈભવ; રાજ્યશ્રી.

૩ સ્ત્રી વિજયની કીર્તિ કે ગૌરવ.

રાજ્યલુબ્ધ [સં.] વિ. રાજ્યલોભી; રાજ્ય મેળવવાની લોલુપતાવાળું.

ભરત-દાહો કે રાજ્યલુબ્ધ કૈકેયીના પુત્ર આવ્યો છે. પુરાતત્ત્વ

રાજ્યલેખ [સં.] પું. સનદ, રાજ્યનો દસ્તાવેજ.

રાજ્યલોભ [સં.] પું. રાજ્યનો લોભ; રાજ્ય મેળવવાની તૃષ્ણા.

રાજ્યવર્ધકેય [સં.] ન એક જાતનું ઘર.

જે ઘર પાંચ અથવા સાત ભૂમિનું હોય, તેવા ઘરને બાલ્કનો અને બારીઓ હોય પણ પંડપ હોય વિનાનો હોય એટલું જ નહિ પણ એવા ઘરને ચાર મુખ હોય તો તે રાજ્યવર્ધકેય નામનું ઘર કહેવાય. એ ઘર રાજાનો નાશ કરનાર મનાય છે. રાજવલ્લભ

રાજ્યવારાંગના [સં.] સ્ત્રી. રાજ્ય તરફથી પોષતી વેશ્યા.

રાજ્યવાર્દ્ધલ પુ. (પુરાણ) સંવરણ વિષ્ટકુલોત્પન્ન મરુત્ત રાજાના પુત્ર દમનો પુત્ર. તેનો પુત્ર સુકૃતિ હતો.

રાજ્યવિપ્લવ [સં.] પું. રાજ્યક્રાંતિ; રાજ્યમાં મોટો ફેરફાર.

રાજ્યવિસ્તાર [સં.] પું. રાજ્યની હદ; દેશ, પ્રદેશ

રાજ્યવેત્તા [સં.] પું. રાજનીતિ જાણનાર પુરુષ; 'સ્ટેટ્સમેન'.

રાજ્યવૈભવ [સં.] પું. રાજ્યનાં સુખસમૃદ્ધિ.

રાજ્યવ્યવસ્થા [સં.] સ્ત્રી. રાજ્યની ગોઠવણ; રાજ્યનિયમ; રાજ્યપ્રકાર; રાજ્યબંધારણ

રાજ્યવ્યવહાર [સં.] પું. રાજનો પ્રકાર; રાજનીતિ; રાજ્યનું કામકાજ.

રાજ્યશાખા [સં.] સ્ત્રી. સરકાનું વિભાગવાર; ઉપનિવેશ; અધિનિવેશ; ઇલાકા.

રાજ્યશાસન [સં.] ન. રાજ્યવહીવટ.

રાજ્યશાસન કરતા ક્ષત્રિયનું વર્તન એ વિશેષ ભોગ્ય છે. ત્રિભુવનવિક્રમ

રાજ્યશાસિત [સં.] વિ. રાજ્યસત્તા નીચેનું.

રાજ્યવ્યવસ્થાની પહેલાંના દૃષ્ટિબિંદુથી બ્રિટિશ મહારાજ્યના ત્રણ વિભાગો પડે છે. (૧) બ્રિટિશ રાજ્ય, (૨) સંસ્થાનો, (૩) સ્વશાસિત સંસ્થાનો (૪) રાજ્યશાસિત સંસ્થાનો અને (૫) અધીન મુલકો નરહરિલાલ માધવજી ભટ્ટ

રાજ્યશાસ્તા [સં.] પું. રાજસત્તા ધારી પુરુષ.

રાજ્યશાસ્ત્ર [સ.] ન. રાજકારણવિદ્યા; રાજ્ય સંબંધી જ્ઞાન; રાજનીતિશાસ્ત્ર; અં. 'પૉલિટિક્સ'.

'સોશિયોલૉજી' યાને સમાજરાજ્યના અભ્યાસ વિષે બાકી બે રાજ્યના બે સ્વરૂપો બતાવ્યા એ: તાત્ત્વિક વિચારાત્મક અને બીજું વર્ણનાત્મક. પહેલા સ્વરૂપનાં નીતિ તત્ત્વજ્ઞાન અને રાજ્યશાસ્ત્ર સાથે સંબંધ રહે છે, બીજાનો અર્થશાસ્ત્ર અનુભવશાસ્ત્ર સાથે. આનંદશંકર ધ્રુવ

રાજ્યશાસ્ત્રી [સં. રાજ્યશાસ્ત્રિન્] પું. રાજનીતિજ્ઞ, રાજપુરુષ; મુત્સદ્દી

રાજ્યશ્રી [સં.] સ્ત્રી. રાજ્યલક્ષ્મીરાણી, રાજ્યના જેવા વૈભવવાળું મુજબતા લેખનકામમાં લખેલ છે કે: જનસમુદાયનો ગોર્યપણ સાથસ રાજ્યશ્રી હોઈ શકે કેમકે, પ્રજા એ રાજનું ધન છે. તેથી રા. એકલો તો દરેક માણસને લગાડી રહ્યાય. હવે જો આ રાજ્યશ્રી રાજનો માનીતો પણ હોય અને રાજનો નોકર હોય તો રાજમાન્ય થાય છે. તેથી પહેલા રા. ની પૂર્વે બીજા રા. મૂકાય છે. જ્યાં એકલો રા. હોય ત્યાં રાજ્યશ્રી વાંચવું અને બે જેમા હોય ત્યા રાજમાન્ય રાજ્યશ્રી વાંચવુ. આપણી ભાષામા, જેમ કેટલાંયે થયું છે તેમ, આ શબ્દો પણ અપભ્રષ્ટ થઈ ગયા છે અને અજ્ઞાની તો શું પણ ભણેલા પણ રાજમાન રાજેશ્રી વાંચે છે. આ કેવળ ખોટું છે. એ ઉપરથી સમજી લેવાનું કે, 'રાજમાન' શબ્દ સંસ્કૃતમાં 'રાજ્'નું વર્તમાન કૃદંત છે.

રાજ્યસત્તા [સં.] સ્ત્રી. રાજ્યની સત્તા.

રાજ્યસભા જુઓ રાજસભા.

રાજ્યસંઘ પું. રાજ્યમંડળ, નાનાં નાનાં રાજ્યોનો સમૂહ.

રાજ્યસંગઠના સ્ત્રી. રાજ્યને ગોઠવ કરનારી વ્યવસ્થા.

બધા સભાસદોને એક કાર્યસાધકમાં સામે લગાડનારી રાજ્યસંગઠના જાણ હોત તો બહારથી દિલ્હીને કબજે કર્યું હોત. મરાઠી વિસ્તાર

રાજ્યસૂત્ર [સં.] ન. રાજ્યની લગામ.

રાજ્યસૂત્રધાર [સં] પુ રાજકારી; રાજ્યવહીવટ ચલાવનાર માણસ.

રાજ્યસ્તંભ [સં.] પું. રાજ્યને આધારરૂપ હોય તે.

આપના જેવા રાજ્યસ્તંભ થાય એવો આ બાલાણનો આશીર્વાદ છે. ગોવર્ધનરામ

રાજ્યસ્વામિની [સં] સ્ત્રી. રાજ્યની ધણિયાણી; રાજ્યની રાણી

તેજપાલે પૂછ્યું, હે રાજ્યસ્વામિની, તો મંદિર બરાબર કેમ તૈયાર થાય તે કહો.

કનૈયાલાલ મુનશી

રાજ્યાધિકાર [સં.] પું. રાજ્ય ઉપરનો અધિકાર; રાજ્ય ચલાવવાની સત્તા.

રાજ્યાધિકારી [સં.] પું. રાજ્યનો અમલદાર.

રાજ્યાધિપ [સં.] પું. રાજા; નરેશ, ભારત હ; રાજ્ય, ધિપ, રાજેંદ્ર, પ્રજાપતિ, રાજેશ્વર.

રાજ્યાભિયોગી [સ. રાજ્યાભિયોગિન્] વિ. રાજ્યની સત્તા કે અધિકાર જેના હાથમાં હોય તેવું

રાજ્યાભિષિક્ત [સ વિ. જેનો રાજ્યાભિષેક થયો હોય એવું

રાજ્યાભિષેક [સં.] પું. રાજાને ગાદીએ બેસાડવાનો ઉત્સવ; રાજ્યારોહણ, રાજગાદી ઉપર બેસાડવું તે કે તેનો વિધિ. જેમા યમુનાના જળના કાચનકુંભ, ઉદુમ્બરનું ભદ્રપીઠ, સર્વૌષધિ, મધ, દહીં, ઘી, ચોખા, દર્ભ, આઠ કુમારિકા, મહોન્મત્ત હાથી, ચાર અશ્વનો આદ્યયમર્ગ્વેદોક્ત રથ, ચર્મઢાલ જેવું છત્ર, રત્નજડિત ચામર, ધનુષ, તલવાર, વાઘે ખૂટ, પાદુકપીઠો, ગાય, બાઉલ્લ ઇત્યાદિ રાજ્યાભિષેકની સામગ્રી ગણાય છે.

રાજ્યાભિષેક શક [સં.] પું. ચોત્રીસ માહેનો એ નામનો એક ભારતીય સવત. તે ઈ. સ. ૧૬૭૪થી શરૂ થયેલ છે. તેને ઉલ્લેખી કોઈ રાજ્યાભિષેક શક અમલ રાજ્ય શક પણ કહે છે.

રાજ્યાભિષેક સંવત જુઓ રાજ્યાભિષેક શક.

રાજ્યારૂઢ [સં.] વિ. ગાદીએ બેઠેલું.

રાજ્યારોહણ [સં.] ન. રાજ્ય ઉપર બેસવું તે; રાજ્યાભિષેક.

રાજ્યાશ્રમ [સ] પું. રાજમહેલ.

રાજ્યાશ્રમ વિષે રે'વા, તો યે કંઈ મુનિ મતી. મણિલાલ

રાજ્યાશ્રય ૧. [સં.] પું. રાજ્ય તરફથી મળતી સહાય; રાજ્યનો આશ્રય

૨. પું. રાજ્ય તરફથી મળતું સાહિત્યાદિ; વર્ષાસન. ક્રૂર રાજાઓએ હિંદુ ધર્મને રાજ્યાશ્રય આપી ફરીથી તેને ઉત્તેજન આપ્યું. પુરાતત્ત્વ

રાજ્યાસન [સ.] ન. રાજગાદી; રાજ્યકર્તા કે રાજાને બેસવાનું આસન; સિંહાસન; રાજનું તખ્ત; રાજપાટ

રાજ્યાંગ [સં.] ન. પ્રકૃતિમંડળ; રાજા, પ્રજા, પ્રધાન વગેરે રાજ્યનાં અંગ. રાજા, અમાત્ય, મિત્ર, તિજોરી, ખજાનો, રાષ્ટ્ર, સૈન્ય અને પ્રજા એ રાજ્યનાં આઠ અંગ મનાય છે.

રાજ્યાંતરવૃત્પત્તિ [સં.] પું. પરરાજ્યનો રાજ્યકર્તા; નીચા દરજ્જાનો રાજા.

રાજ્યૈષણા [સં.] સ્ત્રી. રાજ્ય મેળવવાની ઇચ્છા

રાજ્યૈષણા જન્મી જન્માવશ્યને બહાચારીને વાસના થઈ કે અનેકનો એકધર્મ રચાયું.

નાનાલાલ

રાજ્યોત્કર્ષ [સં.] પું રાજ્યની ઉન્નતિ; રાજ્યની આબાદી કે ચઢતી.
સત્તાનો આદર એ જ રાજ્યોત્કર્ષ
ત્રિવેદી

રાજ્યોન્નતિ જુઓ રાજ્યોત્કર્ષ.

રાજ્યોપકરણ [સં.] ન. રાજચિહ્ન.

રાઝ [ફા.] પું છુપો ભેદ; ગુપ્ત રહસ્ય; ખાનગી વાત; મર્મ.

રાઝદાર ૧. [ફા.] વિ. ખાનગી; ગુપ્ત, છાનું.
૨. વિ. વફાદાર; વિશ્વાસુ; ભરોસાવાળું.

રાઝિક ૧. [અ.] પું. પરમેશ્વર; વિશ્વંભર; ઈશ્વર; જગન્નિયંતા.
૨. ન. નસીબ; ભાગ્ય.
૩ વિ. રક્ષણ કરનાર

રાઝી ૧. [અ.] વિ. ખાનગી બાબત સંબંધી.
૨. વિ. સંતોષી; ખુશી; પ્રસન્ન.

રાઢક પું. અફાણા માહેનો એ નામનો એક રેણ

રાઢણ સ્ત્રી. કચ્છિયાની પરમેશ્વરે પતાવટ.

રાઢો પું રાઠોડનું ટૂંકું રૂપ.
રાઢાને રહ્યમાય નાઢાની બારી નહીં.
સોરઠી રસધાર

રાઢોડ (રાઠોડ) ૧. પું. રજપૂતોની એક જાતનો આદમી. રાઠોડ રજપૂત પ્રથમ ધારમાં દેખાયા. અબુહિલવાડના ભીમદેવે સોનગંછને કરી પરમણામાં સામેત્રાની જાગીર આપી ને પછી ૧૨૬૬ વર્ષે રાઠોડ રજપૂતોએ ધારનો કિલ્લો તથા મુલક છતી લીધાં. જોધપુરના મહારાજા રાઠોડ રજપૂત છે. તેઓ કહ્યકુબ વંશમાંથી ઊતરી આવેલા મનાય છે.
૨. [સં. રાષ્ટ્રકૂટ; રાષ્ટ્રકૂટ પ્રા. રાઢઉડ] સ્ત્રી. રજપૂત, ભાવસાર, કરછ, વાઘુંદ, કોળી, મોચી, હરિજન, કુળના અથવા રાતીપરજના લોકોની એક અટક.
૩. ન. એ નામની અટકનું આધુસ.
૪. વિ. એ નામની અટકનું.
૫. વિ દઢ; મજબૂત.
૬. વિ. લડતી વખતે આડીમાં જોસનાર.

રાઢોડી (રાઠોડી) ૧. સ્ત્રી. બળવાનો; બહાદુર; મજબૂત
બનસીના રાઢોડી હાથમા એ ખોટ એક બકરાની મિસાલ હુંમેશા સીપી બાલવી. પીનાકિન
૨. વિ. રાઢોડને લગતું; રાઢોડ સંબંધી

રાઢ (રાઠ) ૧. પુ. મણીનો જોડ.
૨. સ્ત્રી. અનુરાગ; આસક્તિ; હેતો, રઢ.
રાઢ લગની = લગની લાગવી.
કળિયામાં લાગી છે રાઢ, એક પલ મને કહીને દેખાઢ. સાગર

૩. સ્ત્રી ધ્રુણા.

૪. [સં રાટિ] સ્ત્રી. કજિયો; તકરાર.
૧. રાઢ કરવી = (૧) કજિયો કરવો (૨) ફરિયાદ કરવી (૩) દાઢ કરવી
૨. રાઢ જગાડવી = દુશ્મનને જગાડવો, જૂનો કજિયો ફરીથી કરવો.
૩. રાઢ મટાડવી = કજિયો શાંત કરવો.
૪. રાઢ પધારવી = જગતમાં થી દોષનું.

૫. સ્ત્રી ખુવારી; ખિલવા.

૬. સ્ત્રી. ફરિયાદ.

૭. સ્ત્રી. મોટો ભારે સાદ; ધબડો; દોકારો; ગર્જના; ત્રાડ; ધૂમ.
રે સિંહનારે પછી રાઢ કીધી,
વેળા રહેણે હતરી ઝૂમરી. પ્રેમાનંદ

૮. સ્ત્રી. રાગ; રાઢ. ચીસ; કોકિયારી; ભયની કે દુઃખની તીણી ધૂમ.
૧. રાઢ ઊઠવી = ધૂમ કે ફરિયાદ થવી.
૨. રાઢ નાખવી-પાડવી = (૧) ચીસ પાડવી (૨) ફરિયાદ કરવી.
૩. રાઢ પડવી = (૧) ચીસ પડવી. (૨) ઝઘડો થવો.
૪. રાઢ પડાવવી = (૧) ચીસ જાડવાને શક્તિમાન હોવું. (૨) પૈસા ખરચવાની શક્તિ હોવી.
૫. રાઢ ફાટવી = ઓચિંતા બહુ જ મુંઝવણમાં આવી પડવું.
૬. રાઢ બોલાવવી = બધાને બીવરાવવા.

૯. સ્ત્રી. લડાઈ; યુદ્ધ.

૧૦. સ્ત્રી. વેર; કુસંપ.

૧૧. વિ. કાયર; બાકરું; બીકણ.

૧૨. વિ. નકામું; નિરુપયોગી

૧૩ વિ. નીચ; અધમ; હલકું

રાઢેર (રાઢેર) પું. મારવાડનો એક મુલક
જોઢા પ્રબ્ધ જોઢા બણી રાઢ જોઢાણી સાથ,
રમે દેખાડે રાઢેર નજરે દીનાનાથ.
લોકસાહિત્ય

રાઢકી (રાઢકી) સ્ત્રી. ત્રિપદા; રાંડીરાંઢ સ્ત્રી.

રાઢા (રાઢા) [ફિ.] પું. સરમત.

રાઢારાઢ (રાઢારાઢ) સ્ત્રી. ધૂમાધૂમ; આફંદ.

રાઢારૂડી (રાઢારૂડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ તેનાં પાન ગોળ અને અણીદાર હોય છે. તેના ફૂલનાં ગુચ્છા થાય છે. ફૂલ પીળાશ પડતાં લીલાં થાય છે. તે ખાજ કરવાના કામમા આવે છે

રાઢાંરૂડિયાં (રાઢારૂડિયાં) ન. બ વ. દોરને ખાતાં વપરાતી નિરુપયોગી નીરજ; ઓરડ.
દોરનું બાજુ, સૂતર, રાઢાંરૂંઢિયાં વજોરે ખુલ્લે
ઉકરડે નહિ નાખતાં ખાડામા નાખવાં.
ખેતીવાડીનુ પુસ્તક

૨. વિ. ક્રોધી; તામસી.

૩ વિ વધારે ઘૂમ પડીને બોલનાર

રાઢિયો (રાઢિયો) પું. એ નામનો એક વમકૂત.

રાઢી (રાઢી) ૧. [વિ] સ્ત્રી. એક જાતનું લાડુ ઘાસ
૨. સ્ત્રી. ઓરાકુ માદીવાળી જમીન
૩. સ્ત્રી. તીક્ષ્ણ બિંદુ
૪ સ્ત્રી. યુદ્ધ; લડાઈ.
૫ વિ. કજિયાળુ.

રાઢીઆં (રાઢીઆં) ન. બ વ. ખેતરમાંથી તમાકુનાં પાન તોરી લીધા પછી રહેલ ભાગ.

રાઢુ (રાઢુ) ૧. ન. કઠિયાનું એક ઓજાર.
૨. ન. જુવાર, બાજરી અને સરઢ વગેરેનો સાંઠો સળી કરતાં લાડુ ને વાંસ કરતાં પાતળું જુવાર વગેરેનું સૂકું ઘાસનું થડ.
૩. ન જુઓ.
૪ ન. બાજુ; તીર.

રાઢુ (રાઢું) જુઓ રાઢુ.

રાઢો (રાઢો) ૧. પું. વહુનાં પાનના ઢેડાનો ભાગ રાતો થઈ જાય એવો એક રોગ.
૨ પું. જુવાર,બાજરીનો સાંઠો

રાઢોરાઢ (રાઢોરાઢ) સ્ત્રી. ધૂમાધૂમ કરી મૂકવી તે.

રાગ (રાગ્ય) ૧. સ્ત્રી. અનુરાગ, આસક્તિ; હેતો
ભૂલવું જોઈએ ભાગીતા, જાવી બનવું રાગ્ય.
સ.મણ
૨. સ્ત્રી. ચીસ; કોકિયારી.

રાઘ ૧. પું એ નામનો એક દેશ; ગંગા નદીની પશ્ચિમે આવેલો બંગાળાનો ભાગ
૨. પું. વિયોગ; વિશ્લેષ; છૂટા પડવું તે.
રસ વિરસ થાયે રાઘમાં, માર સનેહથી સાખી રહી.
ત્રિરખર
૩. સ્ત્રી. અનુરાગ, આસક્તિ; હેતો.
ખોટ પાયે પછી જ વિયુક્ત, તેહ શું રાઘ કેની !
કેશવ હર્ષદ

૪. સ્ત્રી આડાઈ; હઠ; જીદ.

૫. સ્ત્રી. કજિયો, તકરાર; વાંધો

૬ સ્ત્રી. ખુવારી, છૂટાકેડા; તલ્લાક

૭. સ્ત્રી. ફરિયાદ; દાદ.

૮. સ્ત્રી. ધૂમ; રાગ; ચીસ; કોકિયારી; મોટો સાદ, હોકારો, ધબડો

૯. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.
રાઘે ચઢ્યો મંડલિક રણો. ઠાકરસાળ

૧૦. સ્ત્રી. વેરઝેર; કુસંપ, અણબનાવ.

૧૧. ન. મીઠાગ.

૧૨. ન. શેરડીમાં સૂકાં પાંદડાં. આ પાંદડાં રાનીપરજ લોકો બાપરાં બાવાના કામમા ખાસ વાપરે છે.

રાઢક [સં.] પું. એ નામે એક દેશ. જુઓ રાઢ ૨.

રાઢા ૧. પું. એક જાતનો કપાસ.

૨ [સં. રાઢિ] પું. બંગાળાના ઉત્તર ભાગનું જૂનું નામ

૩. સ્ત્રી શોભા; સૌંદર્ય; કાંતિ; દીપ્તિ.

રાઢિ ૧. પુ. (ચિત્રા) એ નામનો એક સમસ્ત વર્ધમેળ છંદ. તે માત્રવૃત્ત છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં અગણ, અને તગણ મળી ૭ વર્ણ આવે છે

માત બની રાઢિ. સ્વરૂપિત્રણ

૨. [સં] પું. બંગાળાના ઉત્તર ભાગનું જૂનું નામ.

૩. સ્ત્રી. રાઢ; અનુરાગ; પ્રેમ; આસક્તિ.

પુત્ર દેખુ હિલ્લિવારિ તે, રાઢિ કરતુ હોય !
આપણ

૪. સ્ત્રી. રાઢ; ગ્રીસ.

રાઢી ૧. [હિં.] પું. રાઢનો વતની; બ્રાહ્મણ.

૨. સ્ત્રી. ઢોરનાં બનાવવાનું જાડું ઘાસ.

રાઢીય [સં.] વિ. રાઢ દેશમાં ઉત્પન્ન થયેલ

રાણ ૧. [સં. રાજ] પું. (ચારણી) રાજા; નૃપ; ભૂપતિ.

કહી પ્રભુપ્રભુપુરી તણે રાણ. ગજરિજ્ય

૨. [સં. અરણ્ય] પું. વગડો; જંગલ.

રૈવત મૂકી રાણમા રામાં સાથું બાણ.
રવિશંકર

૩ સ્ત્રી. એક જાતનું ખાજાગળ; રાયણકોકડી.

૪. સ્ત્રી. દૂંટી બેસતું એક નામ.

ઊલિયું, ખાતડું, ખોખડું, ઝરિયું, પૂતળું, દીંગલું નામ પ્રાણ; ભમરિયું, વેગડયું, ચાકળ્યુ, ખાતળ્યુ, રાણ ખાડુ વધ્યાં બાણ રાણ.
મેઘાણી

૫. સ્ત્રી. રાયણનું વૃક્ષ. આ ઝાડ મોટું થાય છે તેને થડમાંથી ઝાંઝે ઝાંઝે ડાળી નીકળે છે. તેનું પાન નાનું અણિયાળ અને ફળ નાનાં નીલ, ઢોય છે. ફળ ખાવાના કામમા આવે છે.

રાતી રાણ જેવુ = લાલ રંગનું; મજબૂત નંદુરસ્ત; સોહીલી ઠસર ધરે તેનું.

૬. ન. પાદડુ

૭. ન. મોરનું પીંછુ

રાણક ૧. પુ રાણો. રાજા; નૃપ.

આયર જાતિના રાણક રાણા નવપણથી પોતાની સેના અગિયાર વાર પરાજિત થઈ. પ્રસ્થાન

૨. જુઓ રાણકદેવી

રાણકદેવડી (રાણકદેવડો) જુઓ રાણકદેવી

રાણકદેવી સ્ત્રી. જૂનાગઢ તાબાના મજેવડીના કુંભારને ત્યાં ઊછરીને મોટી થયેલ એ નામની એક કન્યા. તેને જૂનાગઢના રાજા રા'ખેંગાર સાથે પરણાવવામાં આવી હતી તેને મેળવવાને ગુજરાતના રાજા સિદ્ધરાજે જૂનાગઢ ઉપર ચડાઈ કરી હતી. તેમાં રા'ખેંગાર મરતા રાણકદેવી તેની પાછળ વઢવાણ આગળ સતી થઈ હતી રાણકદેવી વિશે કહેવાય છે કે સિંધના એક ઠાકોર શેરવાગને ત્યાં મૂળ નક્ષત્રમા જન્મેલ કુંવરી અવતરી. જોશીએ એક જોગા: 'કુંવરીને જે પરણે તેનું રાજ જાય'. ઠાકોરે દિલગીર થઈ કુંવરીને વનમાં મોકલી દીધી. વનમાંથી કુંવરીને ચોર લઈ જઈ કુંભારી કુંભારે ઉછેરી. તેનું નામ રાણકદેવી પાડયુ. રાણકદેવી રૂપનો અંબાર અને ગુણનો ભંડાર હતી કન્યાના રાજ યોગ્ય ઉછાણું,એ કન્યાનું આયુ કર્યું એટલે કુંભાર કન્યાને લઈ ને કચ્છમાંથી જાનોમાનો સોરઠમાં જૂનાગઢ નજીક મજેવડી ગામમાં આવી વસ્યો. તેને જૂનાગઢના રાજા રા'ખેંગાર સાથે પરણાવી હતી.

રાણકોકડી (રાણકોઢી) ૧. સ્ત્રી. આઠ અથવા વધારે છોકરાંથી રમાતી હાસ્યથી ભરપુર એ નામની રમત. તેમાં રમનારાઓમાંથી બે જણાંઓની આડીની હથેલીઓ દૂર બનાવી, તેમાં સૂર્ય અને ચંદ્ર એવાં નામ પાડે છે. ફરમિવાન બાકીના છોકરાંઓ પહોળા હાથ કરી ગોળ ફરે છે અને ' રાણકોકડી આવે છે, ગોળનાં ગાઠા લાવે છે ' એમ બોલતાં જાય છે. તે આણેલાનો તેવામા આવી, એ ફરનારાઓને વારાફરતી પકડી જાય છે પકડતી વખતે એ છોકરાઓ પલાડી વાળીને તથા બંને પગ ઉપર ઝલાવીને બેસી જાય છે અને એ છોકરાઓ સામેના હાથથી પોતાના અંગૂઠા પકડી રાખે છે. આણેલાન તેને બંને બાજુથી ઊંચકીને સૂર્ય ચંદ્ર પાસે લઈ જાય છે. લઈ જતી વખતે જો એ છોકરાનો હાથ અંગૂઠાથી છૂટો પડી જાય તો તેના ઉપર દાવ આવે છે. સૂર્ય ચંદ્ર પાસે પહોંચ્યા પછી જો તે છોકરો સૂર્ય ચંદ્રને તેના પાડેલા ખરા નામથી પારખી ન શકે તો પણ તેના ઉપર દાવ આવે છે. એકના ઉપર દાવ આવ્યો એટલે આકીના બધા છૂટા થઈ ને દોડે છે અને દાવવાળો તેને પકડવાનો પ્રયત્ન કરે છે એમા જે પકડાય તેના ઉપર દાવ આવે છે અને એ રીતે રમત આગળ ચાલે છે

૨ સ્ત્રી. એક જાતનું નાનું ઝાડ ફળ; રાયણકોકડી. રાયણનાં લીંબોળી જેવડા ફળ ઉનાળામાં થાય છે તેનાં ફળની છાલ મળી હોય છે. ઠળિયો કડવો હોય છે

રાણકાગરા સ્ત્રી. ઢોકમાં પહેરવાની એક જાતની મા... ઘરેણામાંનો કમરે, તનો પારા રાણના જેવો હોય છે.

રાણકેદલ્લો પુ કબજિયાત કે સંગ્રહણી ઝાડાનું જે કર્યું તે.

હરામખોર લ કાયા સતી થઈએ નહિ તથા ઢાળો પાણી પાઈએ નહિ તથા રાણકેદલ્લો ખવરાવીએ નહિ. લોકસાહિત્ય

રાણાયણીય [સં] સ્ત્રી સામવેદની એ નામની શાખા. આ શાખાનાં સંહિતા તથા બ્રાહ્મણો મળી આવતાં નથી. તેના અનુયાયીઓ અત્યારે મહારાષ્ટ્રમાં જોવામા આવે છે

રાણાવત વિ. રાણકુળમા જન્મેલુ. તે ચારણી ભાષામાં વપરાય છે

રાણિમ સ્ત્રી. મોટપ; મહત્તા.

રાજઋદ્ધિ રાણિમ બળે, પુણ્ય તણે પ્રતાપ,
મેઘરાજ

રાણી ૧. સ્ત્રી. ગંજીફાના પાનામાં છપાતું રાણીનું એક ચિત્ર. રાણીની સહાનું ગંજીફાનું પાનું આ પાનું ગુલામના પાનાથી ચડિયાતું અને બાદશાહના પાનાથી ઊતરતું ગણાય છે.

૨. સ્ત્રી. બધમાઓની મુખ્ય માડા.

૩. સ્ત્રી. રજપૂતાણી, ક્ષત્રિયાણી.

૪. [સં. રાજ્ઞી] સ્ત્રી. રાજાની સ્ત્રી; મહિષી; રાજકર્તાની સ્ત્રી; રાજપત્ની.

કાવું આપ્યો પંખો બાનદાની પુરાતન,
રહેતી રાણીઓ સુધાં જેડાયલી જ તે મહીં.
ગાંધીગીતા

૫. સ્ત્રી. રાજ્ય કરનારી સ્ત્રી.

૬ સ્ત્રી સ્ત્રીઓમાં રૂપાળી, રુઆબદાર, આબરૂદાર સ્ત્રી; ખાનદાનિ કે દોલતની વડી; જેનું વર્ચસ્વ કે સત્તા હોય તે સ્ત્રી.

૧. રાણીનો ખટમલ = સાળી; બહેનની સાહેબીએ રાતો પીળો થઈ ને ફરનાર માણસ.

૨. રાણીનો સાળો = બહેનના અધિકારે ઉન્મત્ત અને બહેનના વૈભવે વૈભવી બનનાર માણસ; શેખીખોર; અહંકારી, મૂર્ખ માણસ; મિથ્યા ડોળ બતાવનાર માણસ; અધેર કારબારમાં ખૂટો સંબંધ બતાવી દમામ કરનાર માણસ

આપણા અમરની કાખી, ઠાઠ રચે છે ઠાલો,
દૈવતનું તો દીઠ નથી નહિ, એ રાણીના સાળો.
ન.કે.દવે

રાણીખેત ન રામગંગા નદીના પ્રદેશમાં આવેલું એ નામનું એક ગામ

રાણીગંજ ન. કોલસાની ખાણ માટે પ્રખ્યાતિ પામેલું બંગાળનું એક ગામ.

રાણીજાઈ ૧. સ્ત્રી કુંવરી. રાજપુત્રી. રાણીની દીકરી

૨. વિ. સ્ત્રી. રાણીને પેટે જન્મેલી.

રાણીજાયું ન. રાણીને પેટે જન્મેલું છોકરું.

રાણીજાયો ૧. પું કુંવર; રાજપુત્ર; રાણીનો દીકરો

સ્વસ્તિ દીવા લે ભળે, વિશાખા ખેરે ગાય,
રાણીજાયો રણ ચડે કે, પુત્રી પ્રસવ થાય.
અઠલીપાદ્ય

૨. વિ પું. રાણીને પેટે જન્મેલો.

રાણીપ ૧. સ્ત્રી. રાજીખુશી; રાજીપો

૨ સ્ત્રી. સલાહ; સંપ; ઐક્ય.

૩. ન. અમદાવાદ પાસે આવેલ એ નામનું એક ગામ

રાણીમગો પું. રાણીની પાસે મદદ માગનાર બારોટ.

રાણીવાસ પું. રાણીઓને રહેવાનો મહેલ; જનાનખાનું, અંતઃપુર; રણવાસ; રાજમહેલમાં રાણીઓને રહેવાનું સ્થાન.

રાણીસરકાર ૧. સ્ત્રી રાજાની પત્ની માટે વપરાતો માનવાચક શબ્દ

૨. સ્ત્રી. રાણીથી ચાલતું રાજ્ય

રાણીસાહેબ સ્ત્રી રાજાની બી; રાજપત્ની; રાણી

મિત્રે એવું શું કહ્યું કે તેથી રાણીસાહેબનું મન દુભાયું? પરાક્રમી પ્રસાદી

રાણું ૧. વિ. ગુમ; ખોવાયેલું.

૨. [સં. નિર્વાણ] વિ. બુઝાયેલું દીવા માટે વપરાય છે

રાણુંધ્ય વિ. સાવ રાણું. તદ્દન અંધારિયું

રાણેસરી સ્ત્રી. બજાણા તરફના ભરવાડોની એ નામની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનું.

રાણો ૧. પું. ગોલો. બદમાસ; રજપૂત કે રાજકુંવરની આકરીમાં રહેલો માણસ.

૨ પુ ડોબી. ઠમ મી. ભલભલો રાખનાર માણસ; બહુ મોટા પેવાળો કદી પુરુષ

૩ પુ નાગ

કહે એક ભાણે અરિહંત રાણો પ્રેમાનંદ

૪ પુ. મોટો અને પોતાના વર્ગમાં શ્રેષ્ઠ પુરુષ. ઘોડા રાણો = ઘોડાનો રાજો.

૫. [સં. રાજન્; અપ. રાણઉ] પું. રજપૂત રાજા, મોટો કુળવાન રાજા.

૧. બોચર રાણો = કેડીનો તેલી કે વાંચી.

૨. રાણો કરવો = દીવો ઓલવી નાખવો કે નાશ કરવો.

૩. રાણો થવું = ઓલવાઈ જવું; કરી જવું; બુઝાઈ જવું. રાજ થવું.

૪. રાતનો રાણો = (૧) ધૂતક (૨) ચોર

રાણોરાજ [સં. રાજન્] પું. જ. વ. તમામે તમામ રાજા; બધા રાજાઓ

રાત ૧. પુ. રાજવર્તા; રાજ્ય.

રાજન્, રાજનો તેમ જ એ કે શબ્દ ઉપરથી આવ્યો છે તે રાત શબ્દનો મૂળ અર્થ રાજવર્તા થાય છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૨. પું. હલ્લો; વાવાઝોડું; આંધળો; નાશ, કેર તે રાત્રે મચાવેલ ઉપાડો છે.

૩. સ્ત્રી. અજોડ; આકોપાવવાનું ઝાડ.

૪. [સં. રાત્રિ; પ્રા. રત્તી] સ્ત્રી. સૂરજ આથમીને ફરી ઊગે તે દરમિયાનનો વખત; સૂર્ય રહિત અંધારાનો ઠરાવ અને આરામ લેવાનો વખત; નિશા; રજની; વિભાવરી; શર્વરી; સંધ્યાથી પ્રાતઃકાલ સુધીનો સમય.

૧. ખાવાણી તો મે રાત = જેને માટે બોલતાં થતો શબ્દપ્રયોગ

૨. પાછલી રાતનું = પાછલી રાતે સહજ કરવાથી ઉત્પન્ન બનેલું

૩ રાત અંધારી ને તલ કાળા = રાને સાડલે રાડ અને ચાસેર લઈ ગઈ આંડા; અંધેર ખરાબા.

૪. રાત ઉપર રાત = દુઃખ ઉપર દુઃખ.

૫. રાત કહે તો રત્ત, ને દા'ડો કહે તો દા'ડો = સામાની ઇચ્છા કે કહેવાને અનુસરીને જ માત્ર વર્તવું તે

૬. રાત કહરી = રાતનો સમય પસાર કરવો.

૭. રાત કોના–આપણા બાપની છે = રાતમાં જે કાંઈ કરવું હોય તે કરવાનો હક છે. દિવસે કામ ન થયું હોય ત્યારે આખી રાત જાગીને કરવાના નિશ્ચય પર આવતાં એમ બોલાય છે. રાતનો વખત આપણા હાથમાં છે, જેથી તે વખતે કામ પૂરું કરીએ

૮ રાત થવી–પડવી = રાતનો સમય શરૂ થવો

૯. રાત થોડી ને વેશ ઝાઝા = વખત થોડો ને કામ વધુ; જીવવું થોડું ને જંજાળ ઘણી; કામનો પાર નહિ ને આવરદા ટૂંકી.

૧૦. રાતદહાડાની ખબર ન હોવી = સંસાર વહેવારની સમજ ન હોવી–જ્ઞાન ન હોવું.

૧૧. રાત માથે લેવી = રાતના જાગીને કામ કરવું; ઊજાગરો કરવો

૧૨. રાત રાખવું = દબાવી મારી નાખવું.

૧૩. રાત ઘઈને જાગવું = અણધાર્યા જનામાના આવી જવું; છૂપી રીતે પલાયન કરવું.

૧૪. રાત લેવી = ચોરી છૂપીથી નાસી જવું

૧૫. રાતની કમાણી = વેશ્યાવૃત્તિનું ધન.

૧૬. રાતની રાત ન સમજવી = વખતનું ભાન ન હોવું. બહુ જ કામમાં પરોવાવું.

૧૭ રાતનો પહોર = રાત્રિનો સમય

૧૮. રાતનો રાજા–રાણો = (૧) પુરુષ, જેનો તે દિવસે દેખવું નથી પરંતુ રાત્રે દેખે છે તે ઉપરથી તે રાતનો રાજા કહેવાય છે. (૨) નિશાચર; ચોર. (૩) રાતે જાગનાર; દહાડે ઊંઘનાર અને આખી રાત કામ કરનાર; રાતે જાગતા રહીને કામધાજ કરનાર; રાત પડે એટલે હોંશિયાર થઈ ઉદ્યોગમાં વળગનાર; જે બધુંબધું કામ રાત્રિને સમયે જ કરે છે તે.

રાતઆંધળું વિ. રાતે ન દેખનાર.

રાતજગો પું. ઊજાગરો; રાતે જાગવું તે; જાગરણ.

રાતડ (રાતડ) ૧. સ્ત્રી. અરધા ફૂટ લંબાઈની, સાડા ત્રણ ચોવાણી ચરબી થી પહોળી, રાતરંગની, ભીંગડાંવાળી માછલી તે દરિયાને કાંઠે રહે છે ને ગીધથી પકડાય છે. ખોરાકમાં તે તેજ પણ તેના કાંટા સાધારણ હોય છે.

૨. સ્ત્રી. માજર.

૩ સ્ત્રી. રતાશ, લાલાશ.

૪ સ્ત્રી. રાતડિયો; પૈસો. કાર્વડિયુ

૫ સ્ત્રી. લાલ જુવાર.

૬ સ્ત્રી. શેરડી ઉપર થતી એક જાતની ફૂગી.

૭ ન એક જાતનું ઘાસ. તે ડુંગરમાં બધુ પ્રમાણમા થાય છે ને બહુ જ ટૂંકું અને બારીક સળીનું હોય છે. તેનાં પાકાં રાતા રંગનાં હોવાથી તે રાતડ કહેવાય છે. ઢોરને તે બહુ ભાવે છે અને તે ખાવાથી દૂધમાં બધારો થાય છે.

૮. ન. ખડખડિયાં; સુંવાળી. જુઓ રાતડાં.

રાતડાં (રાતડાં) ન. બ. વ. ઘઉંની પૂરીને સાબી તળી તૈયાર કરેલી ખાવાની ચીજ; ખડખડિયાં, સુંવાળી, ઠોકિયાં

રાતડિયું (રાતડિયુ) ૧. ન. અનાજના ડોઠનો એક રોગ; 'રસ્ટિગ'.

૨ ન. એક જાતનું ઘાસ; રાતડ.

૩ ન એક જાતનો તાવ; 'રેકરન્ટ ફીવર'

૪. ન. માજર; રાતા બળચટા બકનું કદ કૂગ; મૂળાની જાતનું એક શાક કદ.

રાતડિયો (રાતડિયો) ૧. પું. એક જાતનો પથ્થર ને કપડવજ પાસે માજમના ઝાઝામા મળી આવે છે.

૨. પુ. ઝાવડિયું; પૈસો.

૩. પું. રાતાં લૂગડાં પહેરી ફરનાર આરો.

૪. પું. રતી જુવાર; રાતડ.

૫. પું. લાકડાનું બનાવેલું ચટણી, હળદર વગેરે રાખવાનું ઢાકણા જેવું સાધન.

૬. પું. ઊંટડીના પાકને લાગુ પડતો એક જાતનો ફુગીનો રોગ.

રાતડિયો ચેરો (રાતડિયો ચેરો) પું ઓજોનું ટોળું.

રાતડી (રાતડો) ૧. સ્ત્રી. એક જાતની લાલ જુવાર.

૨. સ્ત્રી. રાત; નિશા; રાતલડી.

માધવના સ્વામી આરે મંદિરે પધારો,
સેવા કરું દિન રાતડી. મીરાંબાઈ

૩. સ્ત્રી. રેતાળ જમીન.

૪. વિ. સ્ત્રી. રાતા રંગની

રાતડું (રાતડું) ૧. ન. એક જાતનું ઘાસ. તે ૭ થી ૮ ફૂટ ઊંચું વધે છે. તે સખત અને ખડું હોય છે. તેનાં પાન લાંબાં ને સાંકડાં હોય છે. ફૂલની ઝમરી થયી ખરસટ અને ઝીણા દાંટાઓ જેવા સખત વાળની ફેલાળવાળી રાતા રંગની હોય છે. આ ઘાસ સુકાય ત્યારે રાતુ થઈ જાય છે. ઢાંજ તરીકે તે ઉપયોગમાં લેવામાં આવે છે.

૨. વિ. રતાશ પડતું; લાલાશવાળું.

રાતડો (રાતડો) ૧. પું. ઊંટડીનો એક જાતનો ફુગી જેવાનો રોગ. આ રોગવાળી ઊંટડીમાં રસ હોતો નથી.

કુંવાડી નામની વનસ્પતિમાંથી રાતડાનો રોગ થાય છે. ઘેલીયાડીનું ખગોળપુસ્તક

૨. વિ. પું. લાલ આંખવાળો; રાતો.

રાતદની સ્ત્રી. તોપ.

રાતદહાડો (રાતદહાડો) ૧. પું. રાત અને દિવસ.

રાતદહાડાની ખબર ન હોવી = (૧) આપોઆપ ખબર પડે એવી ઘણી બધી થઈ ગયેલી નવીન બાબત વિષે પણ અજાણ હોવું. (૨) સાન કે દુનિયાદારીની ખબર કે જ્ઞાન ન હોવાં; સમાર વહેવારની સમજ ન હોવી, જ્ઞાન ન હોવું, વ્યાવહારિક જ્ઞાન ન હોવું.

૨. અ રાતે તેમજ દહાડે એમ; ચાલુને ચાલુ એમ, રોજ; હમેશ; નિત્ય; રાત્રે ને દિવસે.

૩. અ. વારંવાર; પુનઃપુનઃ; ફરીફરીને.

રાતદિન જુઓ રાતદહાડો.

રાતદિવસ જુઓ રાતદહાડો.

રાતનીપુરિયા પું (સંજ્ઞા) એક ષાડવજાતિ રાગ; કલ્યાણપુરિયા. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં ઋષભ, નિષાદ, કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ વૈવત તીવ્ર, નિષાદ તીવ્ર સ્વર આવે છે. વૈવત તેનો ગ્રહ સ્વર અને વાદી સ્વર છે. ઋષભ ન્યાસ સ્વર છે. નિ સંવાદી સ્વર છે. તે ગાવાનો વખત સાંજે અથવા રાત્રે બીજે પહોર છે.

રાતપ ૧ સ્ત્રી પોઢમને બદલાવવામાં આવતી ચટ્ટી, ભોગ વગેરે રાતી વસ્તુ.

૨. સ્ત્રી. રતાશ; લાલી; સુરખી; રાતાપણું; રાતા રંગની ઝમક.

રાતપાળી સ્ત્રી. રાતને વખતે કામ કરવું તે; દિવસ ઉપરાંત રાતે પણ કામ કરવાનો વારો.

રાતપુષ્પા પું. વ. ન. સુવાદાણા.

રાતપોલ ન. એક જાતનું કાપડ.

રાતફેરી સ્ત્રી. રાતના વખતે ફરવા નીકળવું તે.

રાતબ ૧. સ્ત્રી. એક જાતની ખરાબ વનસ્પતિ; ગદબ

૨. સ્ત્રી. તાજેતાજી વસ્તુઓ રોજને રોજ મળતા કરે તે માટે બાંધેલી ભરતી; વારો; ગોઠ.

૩. સ્ત્રી. બંદોબસ્ત મુજબ દરરોજ જે ચીજ પહોંચનાર તરફથી આવ્યા કરે તે; રોજ નિયમ પ્રમાણે મળતું હોય તે.

૪. સ્ત્રી. રોજ નિયમિત પૂરું પાડવાનું કે લેવાનું સીધું; ભથ્થું.

રાતબ રાખીને આપવા આવે ઉંબરાણાને ઘેર,
બીડાં બાંધક પાનનાં, પચાસ પહોંચાડે ફેર.
સામળ

૫. સ્ત્રી. લવાજમ; ચેતન.

૬. [અ. રાતિબ] સ્ત્રી. વાર્ષિક કે માસિક બાંધી આપેલો પગાર; નિવૃત્તિ ચેતન; ' પે-સન.'

૭. સ્ત્રી. વિદ્યાર્થીને મદદગાર માટે અપાતો અભ્યાસપટ

૮. સ્ત્રી. ઘાસ, ખોડાને આપવાનો ચી, ભોગ વગેરે પૌષ્ટિક ખોરાક; ચારો; પશુઓનું આણું.

ઘરે રાતબ આવાની ટેવ હોય એટલે બી ભોજનો રાતબ આપ્યાની બોડિયુને ખબરાવો. રસધાર

રાતબખોર ૧ [અ. રાતિબખોર] પું. નિવૃત્તિ ચેતન આપનાર માણસ.

૨ પું રોજમદાર પુરુષ; પગારદાર નોકર.

રાતભરુ અ. આખી રાત દરમિયાન; રાતના બધા વખત સુધી.

દિલદર જોતી બધું જાણુની આખડી,
જોતાં જો રાતભરુ વારા ૨
ખબરદાર

રાતમ જુઓ રાતમ.

રાતમેરિયા સ્ત્રી. વિધવા સ્ત્રી; રાંડેલી બાઈ.

રાતર સ્ત્રી. રાત; રાત્રિ.

રાતરહો (રાતરહે) પું ખરતા છોડ રતાશ પડતા થઈ બાય ગયેલો રોગ.

રાતરાજા પું. પુરુ.

રાતરાણી ૧. સ્ત્રી. એક જાતનો ફુલછોડ. તેનાં ફૂલ મેંદીના ફૂલ જેવાં હોય છે અને રાત્રે મીઠી સુગંધ આપે છે.

૨. સ્ત્રી. રાત્રિ રૂપી રાણી, રાત્રિ

સમાજને આરામ આપવા રાતરાણી આવે છે. ગગનને ગોખે

રાતરેહ અ. રાતે વહેલા મોડા

આમને આમ રાતરેહ જવાના અને અમારી સાથે વાતોચીતોનું તો બાકોર્ડ. ગોવર્ધનરામ

રાતલડી (રાતલડો) ૧. સ્ત્રી. રાત; રજની; નિશા; રાત્રિ.

દિનને દીનાનાથે બનાવ્યાં બાવિયાં,
અંધારી કેમ કીધી રાતલડી ૧ ।
ન.ન.ભટ્ટ

૨. સ્ત્રી. કલમડી; કલમની ઝો.

રાતલું વ. ઝાકરિયું; રતાળુ.

રાતવગા અ. રાતને વખતે.

રાતવગા અજવાળિયું છે તે આવ્યા જઈશું.
ગોપુરી

રાતવરત ૧. અ. ગમે તે ઋતુમાં; ઋતુએ અને બેઋતુએ.

૨. અ. ગમે ત્યારે; કાયે ત્યારે; મરજીમાં આવે ત્યારે.

૩. અ. રાતોરાત; રાતના વખતમાં; રાત્રિને ગમે તે વખતે; કદાપિ રાતે જ એમ.

૪. અ. વહેલુંમોડું.

રાતવાસી વિ. રાતનું વાસી; આગલા દિવસનું; રાત્રે ઉપયોગ કરતાં વધેલું.

શરદ તથા ગ્રીષ્મઋતુ સિવાયની બાકીની ચાર ઋતુમા તો રાતવાસી પાણી જરૂર ઉકાળવું જ જોઈએ. દિનચર્યા

રાતવાસો પું. પોતાના ઘર સિવાય બીજે ઠેકાણે રાત રહેવું તે; મુકામ કરીમા, ખેતરમાં કે બીજે સ્થળે રાત કાઢવી તે, રાતે વાસ કરવો તે, રાતે કોઈક મુકામ કરવો કે ખેતરમાં ચોકી માટે રહેવું તે.

રાતવું ૧. અ. ક્રિ. રંગાઈ જવું; રંગીન થવું.

૨. અ ક્રિ. રાત્રિ સાથે રહેવી; બીજાનું સાથે રાતવાસો રહેવુ.

૩. અ ક્રિ. લાલ રંગથી રંગાઈ જવું; લાલ થઈ જવુ.

રાતવ્ય આત્રેય [સં.] પું. ઋગ્વેદના પાંચમા મંડલનાં ૬૫-૬૬ સૂક્તનો કર્તા એક ઋષિ.

રાતાકેસુના ન. ખાખરાની જાતનું એક ઝાડ. જેજવાગા ગરમ પ્રદેશમાં તે ઊગે છે. તેનાં ફૂળમાંથી બહુમ જેવા બી નીકળે છે.

રાતાવાત ૧. ન. એક જાતનું ઘરેણું.

૨. ન. કપડાં.
રાતાવાતે ને આડ કેસરની. નરસિંહ

૩. અ. રાતોરાત; રાતમાં અને રાતમાં જ.

રાતાવાલ ન. એક જાતનું ઝાડ. તે ઊંચું અને સીધું વધે છે. તેનાં પાન લાંબાં, ફૂલ પીળાશ લેતા રંગનાં અને ગુચ્છ ૬ થી ૧૦ ઇંચ લાંબી, અરધો ઇંચ પહોળી અને ૧૦ થી ૧૨ બીજવાળી થાય છે. તેમાં ચણોઠી જેવાં લાલ રંગનાં બી હોય છે તે બી સોની ઘોડો સોનું કે ઝવેરાત તોળવામાં વાપરે છે.

રાતાંબા ન. કોકમ.

રાતિ ૧. [સં.] પું. મિત્ર.

૨. સ્ત્રી. આપવું તે; દાન હેતુ તે.

૩. સ્ત્રી. કૃપા.

૪ સ્ત્રી. બક્ષિસ.

૫. સ્ત્રી. રાત.

૬ વિ. ઉદાર.

૭. વિ. ખુશી; રાજી.

૮. વિ. તૈયાર.

રાતિચર જુઓ રાત્રિચર.

રાતિબ જુઓ રાતબ.

રાતી ૧. સ્ત્રી. ચીકણી, ભેજાળ ને સોનાગેરુ જેવા રંગવાળી જમીન.

૨. સ્ત્રી. રાત; રાત્રિ. નિશા.
જિણ દિવસ જેણે આયમે, નહિ રાતી ન દિહ.
આનંદઘનમહાદધિ

૩. સ્ત્રી. સમુદ્રમાં થતી મુખ્ય ચાર પગ માછલી એક વનસ્પતિ.

૪. વિ. સ્ત્રી. મરણ; તરબોળ.
જેમન માતી રસમા રાતી, પ્રેમ ભરાણી રે.
વસંતવિલાસ

રાતીઆર પુ. ઉલેચા દાણ લેનાર છોકરો.

રાતી આમળા ન. એક પ્રકારનો છોડ. તેમાં સુંદર ગુલાબી રાતા ફૂલ આવે છે.

રાતી ચુંબડ (રાતીચુમડ) જુઓ રાતીચૂમડ.

રાતી ચૂમડ (રાતી ચૂમડ) સ્ત્રી. એક પ્રકારનો વેલો. તેનાં ફૂલ અને દાંડી રાતા હોય છે. પાન ગૂમડાં ઉપર બફારવા છે.

રાતી ચોરાંટ સ્ત્રી. ચોરાંટ જાતની જમીનનો એક ભેદ.

રાતી ચાંચડમારી (રાતીચાચટમારી) સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેને જાંબુડા રંગનાં ફૂલ હોય છે.

રાતીજગો ૧. પું. અષાડી અમાસને દિવસે રાતજગો બેસત કરે ત્યારે વહુને સાસરા તરફથી આપવામાં આવતા કપડાં તથા મુખડી.

૨. પું. રાત્રે જાગવું તે.

રાતીજગ ન. રાત્રે જાગરણ કરવું તે

રાતી જાસૂદ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સિંદૂરી, રક્તપુષ્પી; રક્તપુષ્પા; સુશોભલા. તેનાં ફૂલ રંગબેરંગી હોય છે. આ વનસ્પતિ ઝાડી, ટટ્ટાર અને ચાતદાર બનાવ છે.

રાતી તુવેર સ્ત્રી. એ નામનું એક ઘાસ. તે ઝાડી, ઉષ્ણ, દીપન અને કફમ બનાવ છે.

રાતી દરડૌરી સ્ત્રી એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલની પાંદડીઓ દવામાં અને રંગવાના કામમા આવે છે. રસાયનમાં પણ તેનાં કેટલાંક અંગ ઉપયોગમાં આવે છે.

રાતી દુધેલી સ્ત્રી. એક પ્રકારનો છોડ. ઝાડા અને કૃમિ ઉપર તે વપરાય છે.

રાતી પત્રી સ્ત્રી. એ નામનો એક છોડ. તેની ઉપર કૂંડાળા અને ચીકાશ હોય છે.

રાતી પાઈ સ્ત્રી. રાતા રંગનો પાઈ નો સિક્કો
રાતીપાઈ ન હોવી = કાંઈ ન હોવું; તદ્દન નિર્ધન હોવુ.

રાતી પીલુડી (રાતીપીલૂડી) સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં ફળ જાંબુડિયા રંગનાં, નાની દ્રાક્ષ જેવડા થાય છે. એક દીંટડામાં બે કે ત્રણ ફળ થાય છે દરેક ફળમાં ત્રણ બીજ હોય છે. આ વનસ્પતિ પણ જંગલી જેવી હોય છે. આ ફળમાં કાનડા મોઢ પેદા થાય છે પરંતુ તેનું ઝેર ચડી તે મરે છે, તેથી એ વંદાને કાકમારી પણ કહે છે. એનાં બી વધુ કડવા હોય છે ને દવાના કામમા આવે છે તે વનસ્પતિ મટાડનાર મનાય છે. આ વનસ્પતિ પક્ષિત રોગ એટલે અકાળે વાળ ધોળા થવાનો રોગ મટાડનારી મનાય છે.

રાતી ફૂદડી (- ફૂમ્ડી) સ્ત્રી. એક પ્રકારનો વેલો તેનાં પાન ગૂમડા ઉપર વપરાય છે.

રાતી ફૂલડી (રાતીફૂલડી) સ્ત્રી. એક જાતનો છોડ. તે એકથી ચાર ઇંચ લાંબો હોય છે તેના ઉપર ધોળી ઝીણવાળી રૂંછળ હોય છે તેનાં મૂળ માંદી ઘોડી આંતરડાના રોગ, તીક્ષ્ણ અને ઝાડો મરડો તથા ઝાડા માટે ઉપયોગી મનાય છે

રાતી બોંયરાણ સ્ત્રી. એક પ્રકારનો છોડ. આખા છોડવા ઉપર ધોળી રૂંછળ હોય છે. તેનાં પાન ઝીણા અને નાનાં, ફૂલ ચપટા અને ટેરવે ખંચવાળા હોય છે. તેનાં મૂળ આમલી સાથે વાટીને ઝેરી જનાવરોના દંશ ઉપર લગાડવામાં આવે છે.

રાતી મેથી સ્ત્રી એક પ્રકારનો છોડ. તેની શાખાઓ જમીન પર ઢળી ને છેડાયા ઊંચો ચઢે છે. તેની દાંડી રાતી, પાન મેથીના જેવાં અને ફૂલ રાતા રંગનાં સુંદર હોય છે. બીજ ઝીણી, લાંબા ને ચોખરી હોય છે. બાદરવામાં તેને ફૂલ અને બીજ આવે છે. આ વનસ્પતિ સર્વાંગે ઉપયોગી છે.

રાતી રીંગણી સ્ત્રી. એક જાતનો છોડ. રીંગણીનો છોડ અને રાતી રીંગણીના છોડને કાંઈ મળતાપણું નથી. તેને ઇંદ્રવર્ણાં જેવાં રાતાં ફળ આવે છે. તે ઉપર પાતળી ફૂંગણીના જેવી જાલ હોય છે. અંદર રીંગણાના જેવો મર્મ અને બી હોય છે. અત્રેજ લોકો તેની ભાજી ખાય છે.

રાતી રેતી સ્ત્રી. દરિયામાં થતી એક જાતની લાલ રંગની રજ; મારેલરેતી.

રાતી લૂણી સ્ત્રી. એક જાતનો ઝીણો છોડ. તેનાં ફૂલ રાતાં હોય છે. છોકરું ભરાઈ ગયું હોય તો તેનાં પાનનો રસ પવાય છે.

રાતીવાઈ [સં. રાત્રિપાત.] સ્ત્રી. (જૂ પ્રા.) રતોવાઈ; રાતે ને રાતે; રાતને જ વખતે.
ઉપરિ ચિંતા ઉતરઈ દીહુ, વલગઈ રાતીવાઈ.
કાન્હડદેપ્રબંધ

રાતીવાહુ પું. રાતવાસો; રાત્રે રહેવુ તે
અતિ આવે સ્યૂ વરંસુ બીજ રાતીવાહુ દેસ્યુ.
કાન્હડપ્રબંધ

રાતી વેલ સ્ત્રી એક જાતનો ચોમાસા માટેનો વેલો. તેમાં શિયાળે અને ઉનાળે તે નાના અને પીળાશ લેતા રંગનાં ફૂલ થાય છે. તે રાતા રંગના બધાં જ મુકાર દેખાય છે

રાતી સાટોડી (રાતીસાટોડો) સ્ત્રી એક જાતની વનસ્પતિ; ' હોગવુડ. '

રાતી સેદરડી (રાતી સેદરડી) સ્ત્રી એક પ્રકારનો છોડ. ને મદરેસી જેવો પણ નાનો રતારા પડતો થાય છે. તેનાં ફૂલ જાંબુડિયા રંગનાં હોય છે.

રાતી હીરવણી સ્ત્રી. એક પ્રકારનો છોડ તેના પાન અને ફૂલ જાંબુડિયા રંગના થાય છે.

રાતુડી (રાતુડી) સ્ત્રી. આકરીખારી નામની રમત.

રાતુલ [હિં.] વિ. લાલ રંગનું; લાલ.

રાતું ૧. [સં. રક્ત] વિ. આસક્ત; મમ; તલ્લીન.

૨. વિ. ઊજળા ઉમંગી લોહીનું; આનંદિત; ઉત્સાહી.

૧. તમારો મારી બૌ રાતું રાખવું = મોટા ભભકાથી પૈસાદાર દેખાવાનો યત્ન કરવો.

૨. રાતે પાણીએ રોવું = લોહીનાં આંસુ પાડવાં

૩. વિ. ઊગતા સૂર્યના જેવા વર્ણનું; લોહિત; લાલ ચણોઠીના રંગનું; આતસી; લાલ રંગનું, રક્ત; કસુંબી રંગનું

રાતી કરવી-કરી નાખવી = ખૂબ કનડીને કરી હેરાન કરવું

૪. વિ. કોઈ પણ જાતની લાગણીથી ઉશ્કેરાયેલું, આકળું; ક્રોધી

૫. વિ. મજબૂત ને તંદુરસ્ત; લોહીથી ભરેલું ને દૃઢ.

રાતી રાયણ જેવું = (૧) બહુ રાતું. (૨) દૃઢ અને મજબૂત; મજબૂત ને તંદુરસ્ત. કેમકે, રાયણનું લાકડું બહુ મજબૂત અને સગીન હોય છે.

રાતું કોળું ન. એક જાતનું ફળ તેના વેલા બહુ લાંબા વધે છે, તેને પીળાં ફૂલ આવે છે. આ વેલાને પુષ્કળ ફળ લાગે છે. પ્રત્યેક કોળું આશરે પંદર શેર હોય છે. તેનો રંગ અંદરથી અને બહારથી રાતો હોય છે. વીંછીના ડંખ ઉપર રાતા કોળાનું ટોપટું ઘસીને ચોપડાય છે. ઉંદરના વિષ ઉપર કાળા કોળાનું ટોપટું ઘસીને ચોપડાય છે રાતા કોળાનાં બીજ પૌષ્ટિક છે.

રાતુંઘૂમ વિ. લાલચોળ; બહુ લાલ.

રાતુંચટક ૧. વિ. બહુ લાલ; વિશેષ રાતું

૨. વિ. મજબૂત; બલમસ્ત; દૃઢપુષ્ટ; લોહી જેનામાં બહુ હોય તેવું

લાલ લાડકી ને રાનીચટક આખડી રે લોલ
મેઘાણી

રાતું ચંદન ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઊભા લાકડા તરીકે કામ આવે છે.

રાતુંચોળ વિ ખૂબ જ રાતું; બહુ લાલ.

રાતું તાતું [સં રક્ત તપ્ત] વિ. ગુસ્સે થઈ બડબડાયેલું; બહુ જ ક્રોધે ભરાયેલું

રાજા રાતતાતાતા થાય, કરે સરજૂમાં શોષ.
ભાલણ

રાતુંપીળું વિ. ગુસ્સાવાળું; ક્રોધિત; ઉશ્કેરાયેલું; આકળું; ઉશ્કેરાયેલું.

રાતુંપીળું થવું = ઉશ્કેરાઈ જવું; ક્રોધે ભરાઈ જવું; કોપાયમાન થવું; સર્વત્ર ક્રોધ વ્યાપવો

રાતુંમાતું ૧ વિ. ખૂબ રાતું; રાતું ચટક.

૨. વિ. હૃષ્ટપુષ્ટ ને આનંદવું; તંદુરસ્ત અને તાજગીવાળું

રાતામાતા આખલા, રાખી સિંગડાં રીખા
નરસૈંયો

રાતું લૂગડું (રાતું લૂગડું) ન. ઓઢી; ખાવડી.

રાતૂડું (રાતૂડું) વિ. રાતું; રાતા રંગનું

આવીને ખોડે સૌએ અરેલ રાતૂડો રંગ. મેઘાણી

રાતેજ ન. દરજીનું નક્કી કરેલું હોય તેટલું જ પ્રમાણ આપવું તે.

રાતેરી [સં. રાત્રિ] સ્ત્રી. રાત્રી; રાત; નિશા.

હરિ આવ્યા પડતી રાતેરી. દયારામ

રાતેલ [હિં] પું. લાલ રંગનો એક નાનો ઝોડો. ને ખુવારના પાકને નુકસાન પહોંચાડે છે

રાતો આકિયો પું. એક પ્રકારનો રાતા રંગનો ઝોડ તેનાં ફૂલ ફિક્કાં, પીળાં, મુલાયમ અને બેરા બાજુવિના રંગનાં હોય છે. તેની રાખ તેલમાં ભેળવી મૂળમાં ઉપર ચોપડાય છે.

રાતો કામળ પું. એક જાતનો કામળ. તેને આત્મવિશ્વાસ મુખ્યવાળા પ્રવાહીમાં બોળતાં તે આસમાની રંગનો વર્ણ બને છે.

રાતો ખેર પું. એક પ્રકારનું ઝાડ. તેમાં સુંદર ફૂલ થાય છે.

રાતો ચૂંદો પું એક પ્રકારનું ઝાડ. તેમાં ચૂંદાં જેવાં અરસટ પણ લાંબાં અણીવાળાં પાન, રાતાં ફૂલ, અને પીળાં ફળ થાય છે.

રાતોડિયું (રાતોડિયું) ૧. ન. અનાજના ઝોડનો એક રોગ; 'રસ્ટિંગ'.

૨. ન. એક જાતનો લાલ 'રહાલેંટ ક્વિર'.

૩. વિ. રાતા રંગનું.

૪ વિ. રાત્રિ સંબંધી; રાત્રિનું.

રાતોનાથ પું. એક જાતનો ચેપી તાવ; 'રહાલેંટ ફીવર'. કેસમાં મારફત તેનો ચેપ લાગે છે

રાતો પ્રચાર પું. રજિયાની સામ્યવાદી વિચારસરણીનો ફેલાવ

આવી રીતે જો રશિયાનો સાચો પ્રચાર પ્રજામાં થતો હોત તો પ્રજા જરૂર સમૃદ્ધ. પ્રસ્થાન

રાતો બલ પું. એક પ્રકારનો ઝોડ. તેનો ઉપયોગ માંસ સાથે ઢોરના ચારા તરીકે થાય છે.

રાતો ભોળ પું. એક પ્રકારનું ભોળનું ઝાડ; હીરાભોગ. તે જખમો ઉપર લેપ કરવામાં વપરાય છે.

રાતોરાત અ. રાતે જ; રાતે ને રાતે જ; રાતોરાઈ; એક જ રાતમાં; રાતમાં ને રાતમાં; રાતના જ.

રાતોવાઈ અ. રાતોરાત; રાતમાં ને રાતમાં

એ કમબખ્ત ગુનેગાર રાતોવાઈ પોતાની સ્ત્રીનું ખૂન કરીને નાસી ગયો છે. ન્યા. બે. મરજબાન

રાતો વાંદો પું રાતી અને મેલા, કાળા ડામાઘાણી પાંખનો એક પ્રકારનો જીવડો કોબીજને તે નુકસાન કરે છે પણ ફળઝાડને નુકસાન કરતો નથી.

રાતો શેમળો પું. એક પ્રકારનું ઝાડ. તેના કાંટા અને રાતાં ફૂલ થાય છે. તેના ફૂલ આવવાથી રજસ્વલા બનતું હોવાનું મનાય છે

રાતો સમુદ્ર પું ઉત્તરપૂર્વ આફ્રિકા અરબસ્તાનથી છૂટો પાડતો દરિયો. તે ૧૪૬૦ માઈલ લાંબો છે. તેના ઉત્તરે સુએઝ અને દક્ષિણે બાબલ મંડપની સામુદ્રધુની છે. તે તેને હિંદી મહાસાગર સાથે જોડે છે. તેની વધારેમાં વધારે પહોળાઈ ૨૫૦ માઈલ છે. જમીનની અનિયમિતતાને લીધે રાતા સમુદ્રમાં વહાણનું હંકારવાનું બહુ મુશ્કેલ છે. ઈ. સ ૧૮૬૯માં સુએઝ નહેર થયાથી તે વેપારનો મોટો રસ્તો બની ગયો છે.

રાતો સરગવો પું એક જાતનું ઝાડ. તેનાં પાન, ફળ અને ફૂલ ઉપયોગી છે. તેના મુખ્યદોષ ધોળા સરગવા જેવાં છે.

રાતો સોમલ પું. મનઃશીલ.

રાત્ર [સં. રાત્રિ] સ્ત્રી. રાત; નિશા; રજની.

રાત્રાંધ [સં. રાત્र्यંધ] વિ. રતાંધળું; રાતે આંધળું હોય તેવું.

રાત્રિ ૧. સ્ત્રી. (પુરાણ) કોંચદ્વીપમાં આવેલી એ નામની એક નદી.

૨. સ્ત્રી. પિતૃઓનો શુક્લપક્ષ રૂપી કાળ; દેવોનો દક્ષિણાયન રૂપ કાળ.

૩. સ્ત્રી. અઢાના ચાર ભાગેનું એક રૂપ.

૪. સ્ત્રી. રાત; નિશા; સૂર્ય આથમીને ફરી ઊગે તેની વચ્ચેનો વખત; અંધારાનો અંધારાનો સમય; સંધ્યાથી પ્રાતઃકાળ સુધીનો સમય. કાલરાત્રિ, મહારાત્રિ, મોહરાત્રિ અને દારુણરાત્રિ એ ચાર મુખ્ય રાત્રિઓ મનાય છે.

૫ સ્ત્રી. રાતનું અંધારું

૬ સ્ત્રી. હળદર.

૭. ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં નિષાદ અને ગાંધાર છોડી દેવાથી ઉત્પન્ન થતું એક તાન.

રાત્રિક ૧. પું. એક જાતનું તમકો; ઉષ્ટ્રમુખ.

૨. પું. એક જાતનો વીંછી.

૩. વિ. રાત્રિનું; રાત્રે દેખાતું.

રાત્રિકમલ [સં.] ન. રાત્રે ખીલતું કમળ; કુમુદ

રાત્રિકર ૧. [સં] પું. કપૂર.
૨. પું. ચંદ

રાત્રિકાલ [સં.] પું. રાત્રિનો વખત; અંધારા અસ્તિત્વવાળો કાળ. તે જ રાત્રિકાળ એમ નથી પણ સૂર્યના પ્રકાશના અભાવવાળો કાળ તે પણ રાત્રિકાળ કહેવાય છે.
મુખ ઉપરનો રાત્રિકાલ ૭ મહિનાનો હોય છે.
જ્યો.તિર્વિલાસ

રાત્રિચર ૧. [સં.] પું. ઘુવડ.
૨. પું. ચંદ્રમા
૩. પું. ચોકીદાર; પહેરેગીર.
૪. પું. ચોર.
૫. પું દુષ્ટ માણસ.
૬ પું રાક્ષસ; દૈત્ય; અસુર
૭. વિ. રાત્રિમાં વિચરનાર કે ફરનાર; રાતને વખતે ભટકનાર.

રાત્રિચરી ૧. સ્ત્રી. એ નામનું એક પક્ષી, ' નાઇટ જાર '.
૨. સ્ત્રી (જ્યોતિષ) એક પ્રકારની સંજ્ઞા.
૩. સ્ત્રી. ઓઝમ પડે રહેનારી સ્ત્રી.
૪. સ્ત્રી. રાક્ષસી

રાત્રિચર્યા ૧. [સં] સ્ત્રી. રાત્રિની ક્રિયા; રાતે કરવાનું કર્તવ્ય; રાતની વિધિ.
૨. સ્ત્રી. રાત્રે ભટકવું તે; રાત્રે ફરવા નીકળવું તે.

રાત્રિજ ૧ [સં.] પું. નક્ષત્ર, તારા વગેરેનો સમૂહ.
૨. વિ. રાત્રિમાં ઉત્પન્ન થનાર.

રાત્રિજગો પું આખી રાત જાગવું તે.
દીક્ષાભિલાષી ભાઈના વેરાગ્ય વાધ્યા, રાત્રિજગા તથા ભાવના ખેરે થતા
જૈન પ્રજ્ઞાપત્ર દીપિકા

રાત્રિદિગંશયંત્ર [સં.] ન. જયપુરમાં આવેલ ભારતીય જ્યોતિષવત્રાલય માંહેનું એ નામનું એક યંત્ર. તેની અંદર ગોળાકાર ત્રણ ભીંત પાડેલી છે. આ ત્રણે ભીંતમાં ત્રણસો સાઠ અંશ લખેલા છે. મોટી ભીંતની ઉપરના ભાગમાં ચારે દિશાનાં ચિહ્ન ઉપર છિદ્રવાળાં ચાર સંધુ છે. તેની અંદર ક્રમાંતિવૃત્તની આઠ ગોઠાના તાર બાંધેલા છે. તે તારની વચમા ગોઠનું ગોળ પતરું બાંધેલું છે. તેનાથી રાત્રિને વખતે દિશા જોઈ શકાય છે.

રાત્રિદિવસ ૧ [સં] પું રાત અને દિવસ
૨ પું. સુખદુ ખનો વખત. ચડતીપડતીનો સમય
રાત્રિદિવસના ગોઠવ્યા ઊભા ને આથમ્યા
નાનાલાલ

રાત્રિદિવસ ન્યાય [સં] પું. સાતદિવસની જેટલી મોટી તહાવત બતાવવાના આગ્રહવાળો ન્યાય

રાત્રિનાથ જુઓ રાત્રિપતિ.

રાત્રિનારાન ૧. [સં.] પું. આકાશનો ભેદ.
૨. પું. સૂર્ય.

રાત્રિપતિ [સં.] પું. ચંદ્ર

રાત્રિપુષ્પ ૧. [સં.] ન. કુમુદ; પોયણું
૨ ન. રાત્રે ખીલતું ફૂલ.

રાત્રિપુષ્પિકા [સં.] સ્ત્રી. ધોળી જૂઈ

રાત્રિપુષ્પી જુઓ રાત્રિપુષ્પિકા.

રાત્રિપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. રાત્રે કરવાનું કામ; રાત્રિનો વ્યવસાય.

રાત્રિબલ [સં.] પું. રાક્ષસ.

રાત્રિબાધ ૧. [સં.] પું. એક પ્રકારનો રોગ. તે ખાસ કરીને વાયુપ્રકૃતિવાળાં બાળકોને થાય છે. આવા બાળકોને ખાર કરી શાંત કરવાં જોઈએ. હલકુ ભોજન, ખુલ્લી હવા અને કસરતથી તેમાં આરામ થતો હોવાનું મનાય છે
૨. પું રાત્રે થતી બીક.

રાત્રિબાધક જુઓ રાત્રીબાધક

રાત્રિભુક્તિ સ્ત્રી. (જૈન) રાતને વખતે કોઈ પણ જાતનું ભોજન લેવું નહીં તેવી એક પ્રતિમા.

રાત્રિભોજન [સં.] ન રાત્રિએ આહાર કરવો તે; રાત્રે જમવું તે. જૈનમતે રાત્રિભોજનને દિવસભોજન કરતાં વિશેષ હિંસાવાળું કહેવામાં આવ્યું છે. રાત્રે આહારનો જે ક્રમ હોય છે તે જાતિના તમસકમ નામના છઠ્ઠા તે આહારમાં ઉત્પન્ન થાય એમ મનાય છે. એ સિવાય પણ અનેક દોષ રાત્રિભોજનમાં રહ્યા છે

રાત્રિમણિ ૧. [સં.] પું. કપૂર
૨. પું. ચંદ્ર

રાત્રિમાન [સં.] ન. રાત્રિનું માપ; સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીનો સમય.

રાત્રિરાગ [સં.] ન. અંધકાર; અંધારું.

રાત્રિવાસ [સં.] પું. રાત રહેવું તે.

રાત્રિવિકાસી [સં.] વિ. રાત્રે વિકાસ પામનું; રાતના સમયમા ખીલતુ

રાત્રિવિગમ [સં] પું પ્રભાતકાળ; પરોઢ; પ્રાતઃકાળ

રાત્રિવિરામ જુઓ રાત્રિવિગમ.

રાત્રિવેદ [સં.] પું કૂકડો

રાત્રિવેદની [સં.] સ્ત્રી. કૂકડી.

રાત્રિવેદી ૧. [સં.] પું. કૂકડો.
૨. સ્ત્રી. કૂકડી.

રાત્રિશાલ જુઓ રાત્રિશાળા.

રાત્રિશાળા [સં. રાત્રિશાલા] સ્ત્રી. રાત્રે શિક્ષણ આપવી નિશાળ.

રાત્રિસૂક્ત [સં.] ન. ઋગ્વેદના એક સૂક્તનું નામ.

રાત્રિસ્ખલન [સં.] ન. રાતમાં ઊંઘમાં વીર્ય પડી જવું તે.

રાત્રિહાસ [સં.] ન. ધોળું કમળ; કુમુદ.

રાત્રિચર જુઓ રાત્રિચર.

રાત્રી ૧. પું. (પિંગળ) આઠગાગા છંદની જાતનો એક માત્રામેળ છંદ. રાત્રી. તેમાં ૧૯ લઘુ અને ૧૯ ગુરુ મળી ૫૭ માત્રા હોય છે.
૨ જુઓ રાત્રિ.

રાત્રીચર જુઓ રાત્રિચર.

રાત્રીચર્યા જુઓ રાત્રિચર્યા.

રાત્રીબાધક [સં.] ન. નિદ્રાભાવક, ઊંતાઓપ; ઓને રાત્રે એકાંતમાં આવતી શિથિલતા
આમ રાત્રીબાધકથી દરરોજ પતિપત્નીને ચમત્કાર થતા અને પતિ બિચારો ઠંડાગાર બરફ જેવો, બરફ જેવો ઠંડો, પત્થર પત્થર જેવી જાળનો
જોગીન્દ્રરાવ દીવેદિયા

રાત્રીશાલા જુઓ રાત્રિશાળા.

રાત્રીશાળા જુઓ રાત્રિશાળા.

રાત્રીહત પું. ઘોડાનો એક જાતનો રોગ.

રાત્રે અ. રાતે; રાત્રિએ, રાતને વખતે.

રાત્ર્યંધ [સં.] વિ. રતાંધળું; રાત્રે દેખે નહિ તેવું

રાત્ર્યંધતા [સં.] સ્ત્રી. રાત્રે જોઈ ન શકવું તે, રતાંધળાપણું

રાત્ર્યાગમ [સં. રાત્રિ + આગમ (આવવું તે)] પું. રાત પડી તે, રાત્રિ થઈ રહી તે.

રાત્ર્યુત્સવ [સં.] પું. રાત્રે કરતો આનંદ.

રાધળ સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી.

રાધ્વી [સં.] પું. નાયરની ક્રિયા કરાવનાર ધર્મગુરુને માટે જાતની સ્ત્રીને યોગ્ય સોંઠવનાર ધર્મગુરુ, આચાર્યશ્રી. તેનો મૂળ અર્થ અમલદાર થાય છે. જરથોસ્તી ધર્મમા આ નામથી કોટીના મદદનીશ ધર્મગુરુ એમ ઓળખાય છે.

રાદબદલ ૧. સ્ત્રી. કહેવું સાંભળવું તે.
૨. સ્ત્રી. ચર્ચા; વાદવિવાદ.

રાદિસાંત વિ. જેના નામનો પહેલો અક્ષર ર અને છેલ્લો અક્ષર ત હોય તેવ.

રમણ૫ ૫ દમિત૫ ૫, રાધૂ ૫ ત્ત, રક્ષામય અને રમણ અ પાન રાખી નામવાળા ૬ ૫ પુ.તાને રાદિસાંત કહેવરાવી ૨.૨ કે મુની

રાદિલ [અર.] સ્ત્રી. મક્કારતા; બેગતા; ધર્મહો.

રાદ્ધ ૧ [હિં] વિ. પકાવેલું, રાંધેલું

૨ વિ પાકું; તૈયાર

૩ વિ ૫૮ કરેલું; સિદ્ધ

રાધ્ ૧. [સં.] અ. ક્રિ તૈયાર થવું

૨ સ ક્રિ (ધ.તુ) પૂજવું; આરાધવું. તે ઉપરથી આરાધ્ય, આરાધના, અપરાધ વગેરે શબ્દ બનેલા છે.

૩. સ ક્રિ. મારી નાખવું; મારવું

૪. સ ક્રિ રાજી કરવું; ખુશ કરવું

૫ સ. ક્રિ. સિદ્ધ કરવું; પૂર્ણ કરવું.

રાધ ૧. [સં.] પું. કૃપા.

૨. પું વૈશાખ માસ.

૩. પું સમૃદ્ધિ; ધનસંપત્તિ.

૪. સ્ત્રી. પગ.

રાધકૃત [સં. રાધાકૃત્] સ. સાઠ માંહેનુ એક બ્રહ્મસંવત્સર વર્ષ

રાધન ૧. ન. આરાધન; સાધના.

૨ [સં. રાધ્ (સિદ્ધ કરવું) + અન્ (નામ બનાવનાર પ્રત્યય)] ન. પૂર્ણ કરવું તે.

૩ ન. પ્રાપ્તિ.

૪. ન. સંતોષ; તોષણ; પ્રસન્નતા.

૫. ન. સાધન.

રાધના ૧. [સ રાધ્ (પૂજવું)] સ્ત્રી. પૂજા; પૂજના; અર્ચના; સેવા.

૨ સ્ત્રી વાણી.

રાધર્ષક ૧ [સં] પું. શ્રીજી પરસાદ

૨. પું ઘર

રાધા ૧. પું. (પિંગળ) અતિજગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમા રગણ, તગણ, જગણ, જગણ અને ગુરુ મળી નેર વર્ણ થાય છે.

ર, ત મા થા ગા વડે રાધા રચો ભાઈ,
રઘુપિંગળ

૨ પુ બંગાળનો એક ભાગ. સપ્તગ્રામ તેનુ શહેર છે.

૩. સ્ત્રી. અનુરાગ; પ્રીતિ; પ્રેમ.

૪ સ્ત્રી. કૃષ્ણની પ્રિયા; રાધિકા. એ નામની એક ગોપકન્યા કેટલાક તેને લક્ષ્મીનો અવતાર મણે છે શ્રીમદ્ભાગવતમા રાધાનો કોઈ ઉલ્લેખ નથી. પણ બ્રહ્મવૈવર્ત, દેવીભાગવત વગેરેમા રાધાનું વર્ણન મળે છે. આ પુરાણોમાં રાધાનો જન્મ અને તેના જીવન સબંધમાં જુદી જુદી હકીકતો આપેલી છે. કોઈ સ્થળે લખેલું છે કે, તે શ્રીકૃષ્ણના ડાબા અંગમાંથી ઉત્પન્ન થઈ હતી અને કોઈ ઠેકાણે ગોલોકધામના રાસમહોત્સવ પ્રસંગે જન્મ લીધાનું લખ્યું છે એમ પણ કહેવાય છે કે, તે જન્મતા જ પૂર્ણ વયની થઈ ગઈ હતી શ્રીકૃષ્ણની સાથે એનો વિવાહ થયો ન હતો, તો પણ ગર્ગસંહિતા વગેરે કેટલાક ગ્રંથોમા વિવાહની કથા આપવામાં આવેલી છે. બધે ઠેકાણે શ્રીકૃષ્ણની સાથે એની મૂર્તિ અને નામ રહે છે. તેના નામની સાથે કદી કે સ્વામી વાચક શબ્દ જોડવામાં શ્રીકૃષ્ણનો જોડે થાય છે

૫ સ્ત્રી. બાઝડી; ઝિંગણ સ્ત્રી

૬ સ્ત્રી જાયી સ્ત્રી, સાળી બાઇ.

૭. સ્ત્રી. (પુરાણ) યયાતિ કુળનાં અધિરથની પત્ની અને કર્ણની પોષક માતા.

૮ સ્ત્રી, વર કે પ્રેમપ્રેમી સ્ત્રી

૯ સ્ત્રી વિજય

૧૦ સ્ત્રી. વિશાખા નક્ષત્ર.

૧૧ સ્ત્રી. વિષ્ણુકાંતા નામની લતા.

૧૨. સ્ત્રી પીજણી.

૧૩ સ્ત્રી વૈશાખ માસની પૂર્ણિમા.

૧૪. સ્ત્રી. સમૃદ્ધિ.

૧૫. સ્ત્રી સાત માંહેની એ નામની એક કોટાકોટિ. વરાહમાં સાધ્યા નામની દેવીની પીઠ છે.
જગન્નાથ ભાગવત

૧૬. વિ. સ્ત્રી. ત્રણ ખામીવાળી; માઠી; અરિષ્ટકર અમંગળની.

રાધાકાંત [સં.] પુ. શ્રીકૃષ્ણ.

રાધાકુંડ ૧. [સં.] પું. ગોવર્ધન પર્વતની નજીકનું એક પ્રખ્યાત સરોવર.

૨ પું. વ્રજનું દર્શન કરવા જાવુ એક સ્થળ. આ જગ્યા ગોવર્ધનથી ઉત્તરમાં ૭ માઈલ દૂર છે. અહીંની પાકી સડક છે. રસ્તામાં એક પાકુ મકાન છે. તેને કુસુમોખર અથવા કુસુમસરોવર કહેવામા આવે છે આ સરોવર ભરતપુરના રાજા જવાહરસિંહે બંધાવ્યું હતું. આ સ્થાનમા મુખ્ય બે જોવા લાયક કુંડ રાધાકુંડ અને કૃષ્ણકુંડ છે. એમ કહેવાય છે કે, અરિષ્ટાસુરના વધ પછી શ્રીકૃષ્ણે આ બધાં તીર્થોમા ઉત્તમ કુંડની સૃષ્ટિ રચી. તેની આજુમા બીજા નાના આઠ કુંડ છે

રાધાકૃષ્ણ પું રાધા અને કૃષ્ણ

રાધાગાણી ૧. સ્ત્રી. ઝઘડો; તકરાર.

૨. સ એક જાતનું કૂલ. તે જેના ઝાપરા ઉપર પડે તેને ત્યાં લડાઈ થાય એવો વહેમ માણે છે.
રાધાગાણી પડવી = વારંવાર ઝઘડો થવો.

રાધાગાંડું વિ. રાધા જેવું ગાંડું; પ્રેમવિહ્વળ; પ્રેમગ્ન

રાધાચંપો પું. ચમેલીનાં ફૂલનો જોડ

રાધાજી જુઓ રાધા. ૪

રાધાતનય [સં.] પું કર્ણ; રાધાનો પાલકપુત્ર; કુંતાને કોમાર અવસ્થામાં સૂર્યથી થયેલ પુત્ર. રાધા નામની એક ગોપીએ પોષણ કરેલ હતું. તે ઉપરથી આ નામ પડ્યુ કહેવાય છે

રાધાતંત્ર [સં] પું. એ નામનો એક તંત્ર ગ્રંથ.

મૂલપ્રદેશ રાધાતંત્રમાં, દેવીભાગવતમાં, મહાભારતના અનુશાસનપર્વમા, સમાયેલો જણાય છે. સાતળ સંપ્રદાય

રાધાધિપ [સં. રાધા + ધિપ(પતિ)] પુ. શ્રીકૃષ્ણ
રાધાધિપે મન હર્યું. રત્નેશ્વર

રાધાધિપતિ જુઓ રાધાધિપ.

રાધાબાઈ સ્ત્રી. એ નામની એક સ્ત્રી હતી. તે બરોડાની દક્ષિણી બાજીરાવની હતી. અવધૂતનાથની શિષ્યા થઈ હતી. પોતે ભજન બનાવી સારા સૂર સાથે સુંદર રીતે ગાતી ત્યારે લોકો મોહ પામતા.

રાધાજેઠી [સં રાધાજ્યેષ્ઠિન્] પું અર્જુનનું એક નામ

રાધાપંત્ર [સં.] સ. દ્રૌપદીના સ્વયંવર વખતે દુપદે બનાવેલુ એક યંત્ર.

રાધારમણ પું. શ્રીકૃષ્ણ; રાધાના સ્વામી. રાધા જેમાં મુખ્ય છે એવી ગોપીઓ સાથે શ્રીકૃષ્ણ રાસ રમ્યા છે તેથી તેને રાધારમણ કહે છે.

રાધાવર [સં] પું રાધાના પતિ શ્રીકૃષ્ણ.
રત્ન ભરેલો રાધાવરનો. દયારામ

રાધાવલ્લભ [સં.] પું શ્રીકૃષ્ણ.

રાધાવલ્લભી પું. વૈષ્ણવ ધર્મનો એ નામનો એક પંથ. આ પંથ તે સોળમી સદીમાં હરિવંશી સ્થાપ્યો હોય એમ મનાય છે

રાધાવલ્લભીમત [સ] પુ વૈષ્ણવ ધર્મનો એ નામનો સંપ્રદાય. સનકાદિ સંપ્રદાયમાંથી આ સંપ્રદાય ઊભો થયો છે. તાંત્રિકોની માફક આ પંથ પણ શક્તિને પુરુષ કરતા મહાન માને છે. તેથી તેમા રાધાનું પદ પ્રથમ છે. ભક્તિવર્ધન હરિવંશે વૃંદાવનમા સં સ ૧૮૮૫મા આ પંથ ફેલાવ્યો મનાય છે.

રાધાવેધ [સ.] પું ઊંચે ટાંગેલી પૂતળીની આંખને બાણથી વીંધવા તે

રાધાવેધી [સં. રાધાવેધિન્] પું. અર્જુન.

રાધાષ્ટમી [સં] સ્ત્રી. ભાદરવા સુદિ આઠમ. કેવલીમા આ દિવસ ઉત્સવ તરીકે પળાય છે

રાધાસ્વામી [સં. રાધાસ્વામિન્] પું. શ્રીકૃષ્ણ.

રાધિક પું. (પુરાણ) સોમવંશીય પુરુકુલોદ્ભવ અજમીઢ વંશમાંના જયસેન રાજાનો પુત્ર. તેનો પુત્ર અયુત હતો.

રાધિકા ૧. પું. (પિંગળ) એ નામનો ત્રણીય માત્રાનો એક માત્રામેળ છંદ તેમાં ૩, ૭, ૧૧, ૧૫, ૧૯ માત્રાએ તાલ આવે છે.

૨. પું. (પિંગળ) ભગતી છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને રગણ મળી બાર વર્ણ આવે છે

સ, જ, જા રે રચ રૂપ દુ રાધિકા
રઘુપિંગળ

૩. સ્ત્રી. આઠંડી; ત્રિલાળા ઓ

૪. સ્ત્રી. ભલી ઓ.

૫. સ્ત્રી. શ્રીકૃષ્ણ પર મોહેલી એક ગોપી; વૃષભાન કુમારી; એક ગોપ કન્યા; રાધા.

રાધિકારમણ જુઓ રાધારમણ

રાધી ૧. સ્ત્રી. કલમી આંબાની એક જાત.

૨. [સં. રાધ (વૈશાખ માસ) + ઇન (વાળું)] સ્ત્રી વૈશાખી પૂનમ

રાધેકૃષ્ણ પું. રાધા અને કૃષ્ણને માટે વપરાતો સંબોધન સૂચક એક શબ્દ

રાધેય [સં.] પું (પુરાણ) કુંતીપુત્ર કર્ણ. સહકર્મના પુત્ર ધૃતરાષ્ટ્રના સારથિ અધિરથની સ્ત્રી રાધાએ તેને ઉછેર્યા હતો તેથી તે રાધેય કહેવાયો.

રાધેશ્યામ જુઓ રાધિકૃષ્ણ.

રાધ્ય [સં. રાધ્ (પૂજવું) + ય (જોવું)] વિ. આરાધના કરવા યોગ્ય; પૂજવા જેવું

રાન ૧. [હિં] સ્ત્રી. જંપ; જંપો, સાચણ; રાંસ

૨. [સં. અરણ્યમ્ અરણ્ય-રણ્ય-રાન] સ. જંગલ; ખૂબ ઝાડીવાળો ભૂભાગ; વન; અરણ્ય; અટવી; વિપિન; ગહન; કાનન; વગડો

મન ગમે તેમ મુખથી બંકું બલે ગોહી કુ રાનમા રે.
મુક્તાનંદ

૩. સ. ઝાડપાન રહિત ઉજ્જડ પ્રદેશ; મોટુ મેદાન. રૂઢ.

ધેનુ થાકી ભમ રાન. દયારામ

રાનરાન ને પાનપાન થવું રાનરાન થઈ જવું = સ્થાન વગરનું રખડતું રઝળતું થઈ જવું; બહુ દુઃખી થઈ જવું; પાયમાલ થઈ જવું; ઘરબાર કે ઠરેઠેકાણું વગરનું થઈ જવું; હેરાન થઈ જવું, ખરાબખસ્ત થઈ જવું; છેક જ અસ્તવ્યસ્ત દશામાં આવી પડવું.

૪. રાની જવું = (૧) ભગડી જવું. (૨) લોકલાજની મર્યાદા તજી દેવી.

રાનકટ વિ. પોતા વગર જીવતું; પોતાની મેળે જંગલી દશામાં ઊગી નીકળતું

રાનગાંજો પું. એક પ્રકારનો નાનો છોડ, પીળચણ; પીવૂડી પોપડી તેમાં થતી ગાંઠોમાં માલના દારૂને મળતાં બી આવે છે તેનાં મૂળ લઘુ પંચમૂળમાં ગણાય છે.

રાનજાઈ સ્ત્રી એક જાતની વનસ્પતિ. તે સમશીતોષ્ણ પ્રદેશમાં બહુ થાય છે. તેમાં સુંદર સુવાસિત સફેદ ફૂલ આવે છે.

રાનટી ૧. વિ. અશિક્ષિત; અસભ્ય; નહિ કેળવેલું, અવિનયી

૨. વિ. જંગલી; વનેચર વગડાઉ

૩. વિ. પોતાની મેળે ઊગી નીકળતું.

૪. સ્ત્રી. મૂર્ખ; ગમાર.

રાનડે ૧. પું. હિંદના એક દેશભક્ત. તેમનું પૂરું નામ મહાદેવ ગોવિંદ રાનડે હતું. તેઓ પ્રખર ન્યાયાધીશ અને આદ્ય સુધારક હતા. તેઓ ગોખલેના ગુરુ હતા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૪૨માં થયો હતો. કાર્યપરાયણતા, સર્વગ્રાહી બુદ્ધિ, સમતાયુક્ત મન, સાદુતા, સ્વદેશભક્તિ વગેરે ગુણોથી તે દક્ષિણ હિંદના લોકનિયંતા ગણાતા હતા. માતૃભૂમિ માટે કર્મ ને આત્મભોગ એ એમનો જીવનમંત્ર હતો. રાનડે માત્ર ન્યાયમૂર્તિ ન હતા. તેઓ ઇતિહાસકાર હતા અને અર્થશાસ્ત્રી પણ હતા. પોતે સરકારી ન્યાયાધીશ હોવા છતાં પણ મહાસભામાં પ્રેક્ષક તરીકે નીડરપણે હાજરી આપતા. તેમના કાર્યપર ઉપર બધાને એટલો વિશ્વાસ હતો કે સહુ તેમના નિર્ણયોનો સ્વીકાર કરતા. તેમના સંબંધમાં સોંપીજી લખે છે કે: પોતાના અસીલ પ્રત્યેની તેમની કાળજી એવી હતી કે, એક વખત તેઓ રોજની ટ્રેન ચૂકી ગયેલા તેથી પોતે સ્પેશ્યલ ટ્રેન કરાવી વખતસર પહોંચેલા.

૨. સ્ત્રી દક્ષિણી હોડો કે એ નામની એક ભાટક

૩. સ. એ નામની ભાટકનું માણસ.

૪ વિ એ નામના ભાટકનું

રાનતુળસી સ્ત્રી જંગલી તુળસી આ છોડના પાકડાં તુળસીનાં પાંદડા કરતાં મોટાં હોય છે. તેની વાસ સારી આવે છે. તેના ઉપર પણ માંજર આવે છે તેનાં બી ગળા ફેરમાં રંગાયા પહેરા બસબસના જેવડા મોટાં થાય છે ને પાણીમાં નાખવાથી ફૂલે છે ને દવાના કામમાં આવે છે.

રાનદ્રાક્ષ સ્ત્રી. એક જાતની વેલ દક્ષિણ હિંદમાં તે ખૂબ ઊગી નીકળે છે તેમાં મીઠી અને કડવી એમ બે જાત થાય છે.

રાનપરવળ જુઓ રાનપડોળ

રાનપેટારી સ્ત્રી એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં હથેળી જેવડાં મોટાં હોય છે આ ઝાડની કૂમળી છાલ કાગળ બનાવવાના ઉપયોગમાં લેવા જેવી ગણાય છે

રાનભીંડી સ્ત્રી. જંગલી ભીંડી. તેનાં ચટલાં જમીન ઉપર પથરાય છે. તેનાં મૂળ અને ફળ પ્રમેહ અને ઊપદંશ માટે વપરાય છે. તે રક્તશોધક છે

રાનભાંડા પું. એક જાતનો છોડ. તેની એક જાત મધ્યેકું ઊગી વધે છે બીજી જાત જમીન ઉપર જ પ્રસરે છે. આ બીજનું શાક કરાય છે.

રાનમોગરો પું. જંગલી મોગરાનો વેલો. તેને કસ્તૂરી મોગરો અથવા મધુમાધવી પણ કહે છે. તેનાં પાંદડાં મોટા હોય છે તેનાં ફૂલ પોળા ગાર્ડનનાં ફૂલ કરતાં મોટાં હોય છે. તેની વાસ પણ મધુર આવે છે. બાળકોના કબિજાર ઉપર તે વપરાય છે.

રા'નવઘણ પું. વઢવાણનો એ નામનો રાજા વંથળીનો રાજા રા'નવઘણ બીજો મરણ પથારીએ પડ્યો છે. પણ તેનો જીવ જતો નથી. એક વખત સિદ્ધરાજે રા'નવઘણને સોરઠની સીમા ઉપર નગાધીરાજ નજીક પંચાળમાં આંતરી તેની તલવાર આંચકી લીધી. હાંતે તરણું ભર્યું કરજે બચાવી કરજ પાડી. ત્યારે તેણે સોગન લીધા હતા કે પાટણનો કિલ્લાવાળે હું તોડી પાડીશ. એ જ વેળા સિદ્ધરાજના આદેશે નવઘણની મશ્કરી કરતી કવિતા આઈ એકદોએ નવઘણે બીજા સાથે લીધા: સિદ્ધરાજના ભાટના કુ ગાલ ફાડી નાખીશ. નવઘણ મરતાં સુધી આ પ્રતિજ્ઞા પૂરી કરી ન શક્યો, એટલે જ તેનો જીવ જતો ન હતો. નવઘણે ત્યારે રાજકુમારોને બોલાવ્યા. પ્રતિજ્ઞા પૂરી કરવાનું વચન આપે તેને વંથળીની ગાદી આપવા કહ્યું સૌથી નાના રાજકુમાર રા'ખેંગાર બીજાએ એ બીડું ઝડપ્યું. તેને ગાદી મળી. રા' નવઘણના આત્માને શાંતિ મળી. રા' નવઘણ વઢવાણમાં રહેતો. તેની રાજધાની જુનાગઢમાં હતી.

રાનવાંગી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મોટી ભોંયરીંગણી.

રાનવી જુઓ રાનટી

રાનવું ૧. વિ અણુસમજી; અણઘડ.
૨ વિ. અસભ્ય, તોછડું; અમર્યાદ; અવિવેકી.
૩. વિ. અંજલી; અસ્થિર મનનું; ઉડાઉ.
૪ વિ. મૂર્ખ; બુદ્ધિ વગરનું; અણસમજુ; ગમાર.
૫ વિ. વનેચર; રખડાઉ
૬. અ. ક્રિ. વકરવું. બિનજી થવું, દુષ્ટ આચરણ

રાનશીર પું. એક પ્રકારનો સુવાળો લીલાશ પડતો ને દુધાળ છોડ. તેનાં પાંદડાં ઘણા નાના હોય છે. રસ કડવો અને તૂરો હોય છે. રેચ આપવા માટે તે રસ ચોક્કસ પ્રમાણમાં અપાય છે. સંધિવાના દરદમાં તે લગાડવામાં આવે છે મૂત્રપિંડશોથ, વાયુરોગ, કમળો અને કૃમિમાં તેની કૂણી ડાળીઓ બીજી દવાઓ સાથે વપરાય છે.

રાની જુઓ રાનવું ૧–૫.

રાનીમાણો પું. જંગલમાં આપમેળે ઊગતો માણો

રાનીકાજર [હિં.] પું. એક જાતના ઊંચા ઝોખા.

રાનીકૂકડો (રાનીકૂકડો) પુ. એક જાતનો તુર્રો કૂકડો; જંગલી મરઘો.

રાનીખાજ પું. ખજાળના આખાની એક ઊંચી જાત.

રાનીપરજ [સં રાન (જંગલ) + પ્રજા] સ્ત્રી. જંગલમાં વસનારી આદિવાસી જાત. સુરત, નવસારી જિલ્લાઓમાં એમને કાળીપરજના નામથી ઓળખવામાં આવે છે. તિરસ્કારમા એમને નરડા પણ કહે છે. ગુજરાતીમા પ્રચલિત નૈક અને નરડા એ બંને શબ્દો એક જ અર્થનુ સૂચન કરે છે. આ પ્રજામા બીજી જુદી જુદી જ્ઞાતિઓ છે. તેમાં અઢાર મુખ્ય છે તેના નામ આ પ્રમાણે છે: ભીલ, ચોધરા, ધોડિયા, ગામીત, કોકણા, કાસેખા, તડવી, તળાવિયા, વસાવી, વસાવા, બાવચા, માવચી, કુણબી કાયકુડીઆ, કોટવાળીઆ, માવચી, નાયક ને વરલી. તે ઉપરાત ગામેતી, વસાવી, પારધિ, બરડા, ગૌડ, કાતકરી, કચોડી, કોળી, મહાદેવ, પટેલિયા, પોમલા, રાઠવા, રાઠોડિયા, ઠાકુર, ભાવળા, વાઘરી, સતાલ, કાળી, વણજારા, મુઠા, શરર, હો અને નાગ એવી બીજી જાતિઓ છે. આ સઘળી જ્ઞાતિઓ હિંદુ દેવદેવીઓને માને છે અને હિંદુ રીતરિવાજનું પાલન કરે છે. આ કોમમા પાંચ સભ્યોવાળ પેટા ભાગ છે. તેમને કુળ કહેવામાં આવે છે. ભીલ, વસાવા ચોધરા, ગામીતા અને ધોડિયા એ આગળ પડતી કોમો છે.

એ જંગલમાં આવ રાનીપરજ લોકો મીણ, મરચુ કાદા, લસણ કે કપાસ વિગેરેનાં ખેરખા ખરીદવા આવે છે. મહાદેવ દેસાઈ

રાનીપશુ ન જંગલમાં રહેનાર પ્રાણી.

રાનુકો (રાનુકો) પું. ઘોડાનો એક રોગ.

રાનોઢ (રાનોઢ) ૧. પું. હલકો અભિચારી માણસ; રેઢીયાજ

૨- વિ. રખડાઉ; ભટકતું. રેઢિયાર.

રાનોડિયો (રાનોડિયો) જુઓ રાનોઢ.

રાપક (રાપક) [હિં.] સ્ત્રી. ખરાબાની ઉત્પન્ન જમીન

રાપતો પું. રિવાજ; રાજનો; ધોરણ; રીત; ધારો; રસમ

બલવા ભણિ લોમ. રાખું એક રાપતો.
પ્રેમાનંદ

રાપરેગાજ [હિં.] ન. એક પ્રકારનું તૂરસ.

રાફ ૧. પું. ઊખરીએ ખજાર કાઢીને કરેલો મોટો માટીનો હગલો

૨ પું. જમીન ખણી, માટી ખજાર કાઢવાથી બનેલું ઢોરી, ઊભર્યું, ઉંદર વગેરેનુ ઘર; જમીન ખણી માટી ખજાર કાઢેલુ ઘર.

૩. પું. સાપે પોતાને માટે જોખમાં ખોદેલું ઘર; રાફડો.

તે થા ઢોલ મોટો રાફ,
ત્યાંથી નીકળ્યો અણધિર સાપ. સામળ

રાફ ફાટવો = (૧) ઘણી મોટી સંખ્યામા બહાર આવવું. (૨) બેસુમાર બહાર આવવું; ઊભરાઈ જવું; ઊભરાઈ નીકળવું.

રાફડ (રાફડ) પું. રાફડો

નિજ વાંકા નાગ સાથે રાફડામાં રમી રિયો.
મેવાણી

રાફડી (રાફડી) સ્ત્રી. નાનો રાફડો; જમીન ખણી, માટી બહાર કાઢી બનાવેલું નાનું ઘર.

રાફડો (રાફડો) જુઓ રાફ.

રાફી સ્ત્રી હાથી જેવો પગ વાળ જાનવરનો એક જાતનો રોગ. તે એક જાતનું જતુજન્ય પગનુ દરદ છે. આધારભૂત રીતે તે એડી કે કમ્પાસ થાય છે. તેમા પગમાં ચિરો પડી પરુ વહે છે. તેના કારણ રાતા, ધોળા કે કાળા હોય છે. રાફીવાળો પગનો ભાગ ઠેક હાડકા સુધી સડી જાય છે.

રાબ ૧. સ્ત્રી. ઉકાળીને બનાવેલો બહુ ગાઢ જેવો ઝોરીનો ઘાટો રસ. તે સાકર કરીને બાંડ બનાવવામાં આવે છે.

૨. સ્ત્રી. અજમાનુ સાથે ઓસડિયાંનો ઉકાળો

૩. [દે. રબ્બા] સ્ત્રી. પેસ. ઠીલું બરડું; કાદા; રાબડી; ધઉંના કે બાજરાના લોટનો બી સાથે સાકર કે ગોળ નાખીને બનાવેલ પ્રવાહી પદાર્થ. ગળામાં બળતુ હોય કે સંભોગ થયું હોય ત્યારે બાજરાના લોટની ઝીની ઝીની રાબ પાવામાં આવે છે

૧. રાબ રબડી = ધધિયાણી થવું; ઓ બનવું; પરણવું જેમકે, જેની રાબ રાંધવી સરજી હશે ત્યાં સમાઈ ગઈ

૨. રાબકારી કાઢવું = રસોઈ કરવામા કુશળ.

૩. રાબના કાંઠલાં ફૂટવા = મરીબનું રોજીનું માધન જવું

૪. રાબનું હાડલું = ગરીબ સ્થિતિનું માણસ.

૪. સ્ત્રી જમીન ઉપર પાંદડાં અને તેવી નકામી વસ્તુઓ નાખી બાળી નાખવાની ક્રિયા.

૫. સ્ત્રી. ખાદર, ખાસ, ખાકરા વગેરે બાળીને ખારવા માટે બનાવેલી જમીન તથા તેના ઉપર થતો પાક.

૬. વિ (કચ્છી) નામર્દ; હીજડું; બાયલું.

૨૧. અ. જા. ન. રાવબહાદુર કે રાવબહાદુરનું ટૂંકુ રૂપ; સરકાર તરફથી મળતો એક ખિતાબ.

રાબડ (રાબડ) ૧. સ્ત્રી. એકદમ બીની દીલી મારી. રાબ જેવો કાદવ

૨. વિ. મૂર્ખ; ઢ; ગમાર; બડી બુદ્ધિનુ.

બબુબાનાં બહા થયા, કહાપણ ઢાળી રાબડ રહ્યા.
અખો

૩. વિ. રાબડી જેવુ નરમ; રાબડિયુ

રાબડિયું (રાબડિયુ) વિ રાબ જેવું; ઢીલું; પાચું

રાબડી (રાબડી) ૧. [હિં.] સ્ત્રી ઉકાળીને ઘટ્ટ કરેલું દૂધ; બાસુંદી.

૨. સ્ત્રી. બાજરા સાથે મિશ્રણ કરેલો ખોરાક.

૩ સ્ત્રી તેજાનાનો ઉકાળો

૪ સ્ત્રી. રાબ; ઘઉં અથવા બાજરાના ખોરા લોટને ઘીથી શેકી તેમ. ગોળનુ પાણી ધીમે ધીમે રેડીને બનાવેલો પ્રવાહી કે અર્ધપ્રવાહી ખોરાક; હોઠ અને ઘસાઓનો ઘૂંટો ઉકાળીને બનાવવામા આવે. તે માંદાને ખોરાક તરીકે અપાય છે.

રાબડું (રાબડું) ૧. ન. કઢી; બાંટિયુ.

૨. - ઢીલો પોચો ગારો.

૩ ન. રાબડી, રાબ; બાસુંદી. ઉકાળીને ઘટ્ટ કરેલુ દૂધ

૪. ન. સખત વરસાદ આવ્યાથી બધે પાણી પાણી થઈ જવુ તે

૫ વિ રાબડી જેવુ. ઢીલું; પોચું; રાબડિયુ.

રાખરોટલો પું. રાંકનું નિર્વાહનું સાધન
રાખરોટલો ઢાળવો = અત્યંત કષ્ટ કરવું.

રાખરોડું (રાખરોડું) ન. માંસ માણસને બફાવી કાંજી જેવો હલકો પ્રવાહી પદાર્થ.

રાખળ [પ્રા.] વિ. કીમતી.
આવી જેગે પડી નૃપ પાસ,
રાખળ ભેટ લાવી તિણ ઠામ. ઋષભદેવ

રાખાચાખો પું. નાસ્તો; હળવું ખાવું.

રાખાની [અ] સ્ત્રી. ઐશ્વરી; દૈવી.

રાખી પું. ૧૯ ગુરુ. હિમ્મ આત્મા રત્નનો અર્થ મોટો કે ૧૯ થાય છે. તેથી મહાદીઓમાં જે વિદ્યક પહેલો દરજ્જે પરાવતો હતો તેને રત્ન કહેતા અને પછીનો દરજ્જે પરાવનારને રાખી કહેતા.

રાખુત ૧. પું. યોદ્ધો
૨. પું. પહેલવાન માણસ.
૩ વિ. મજબૂત અને પુષ્ટ શરીરવાળું.
૪. વિ. રાક્ષસ જેવું

રાખેતો ૧. [અ. રાખિના] પું. નિર્લજ્જપણું; માલ; બારો; રિવાજ.
૨. પું. નિમકહરામ.

રાખડું (રાખડું) ૧. ન. બેટાનું નાનું બચ્ચું; પાઠરું.
૨. વિ. હૃષ્ટપુષ્ટ; જાડું; બચ્ચા જોડીવાળું.

રાખા સ્ત્રી. આસામ તરફ જોવાની એક જાત.

રાખું વિ. નામર્દિયું; અક્ષમ; સરસાર વિનાનું.

રાખો ૧. પું. ઐડૂત.
૨. પું. નામર્દિયો માણસ.
૩ પું. ગોવાળ.
૪. પું. જાડો અને હૃષ્ટપુષ્ટ માણસ.
૫. પું. મૂર્ખ માણસ; ગમાર.

રામ ૧. પું. અરબસ્તાનું એક નામ.
૨. પું. અર્જુન
૩. પું. આત્મા. જીવ.
૪. પું. આનંદી તેરીખ; આજનો આનો.
૫. પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૧૦ મા સૂક્તનો કર્તા એક ઋષિ.
૬. પું. (પિંગળ) જે નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દોહા. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ અને ગુરુ એમ ચાર અક્ષર હોય છે.
૭. પું (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં બાર ગુરુ અને ત્રીસ લઘુ મળી પિંસ્તાળીસ વર્ણ અને છપ્પન માત્રા આવે છે.
૮ પું. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમાં તેવીસ ગુરુ અને પચાસ લઘુ મળી તોંતેર વર્ણ અને પંચ્યાસી માત્રા હોય છે.
૯. પું. ગૌતમ બુદ્ધનું જન્મ્યા બાદ્યુવા માટે બોલાવેલ મુખ્ય આઠ માંહેનો એક આઠમો
૧૦. પું. યોદ્ધો.
૧૧. પું. જરથોસ્તી માસનો બે નામે બોલીસમો દિવસ
૧૨ પું જંબુદ્વીપના નવ માંહેનો એક ખંડ.
૧૩ પું. જૈન ધર્મના નવમા બલદેવ.
૧૪ પું. તાકાત, શક્તિ
૧૫ પું. વસ્તુની સંખ્યા બતાવનારી સંજ્ઞા; બધુ સમજ સાંકેતિક શબ્દ
૧૬ પું. (પુરાણ) પરશુરામ; જમદગ્નિ ઋષિને રેણુકાની કુખે થયેલા પાંચ માંહેના સૌથી નાના પુત્ર. તેનાં જમદગ્નિના પુત્ર હોવાથી જમદગ્ન અને હાથમાં પરશુ નામનું આયુધ ધારણ કરતા હોવાથી પરશુરામ એવાં નામ હતાં. પિતાની આજ્ઞાને અનુસરી માતાનો અને ભાઈઓનો વધ કર્યો પછી જમદગ્નિએ તેને વર માગવાનું કહ્યું ત્યારે તેણે સૌને સજીવન કર્યાં. ત્રેતાયુગમાં તે ક્ષત્રિય પુરાના જુલમી રાજાઓને શિક્ષા કરવા માટે જન્મ્યા હતા.
૧૭ પું. ગ્રેમી; આશક.
૧૮. પું. બલરામ; શ્રીકૃષ્ણના મોટાભાઈ; વસુદેવને રોહિણીની કુખે થયેલ પુત્ર; રેવતીરમણ.
૧૯. પું. (જરથોસ્તી) બીજા મુખ્ય ફિરસ્તા અહમનના ત્રણ માંહેનો બે નામનો એક હલકારો.
૨૦. પું. ભાવ; કીમત.
૨૧. પું. રામાનુજ સંપ્રદાયનો બે નામનો એક સાધુ. તેણે આનંદ સંપ્રદાય કાઢ્યો હતો.
૨૨. પું. વજ્ર દેવ.
૨૩. પું. વર્ણમાં મોટું એ અર્થ બતાવવા નામની પદેલાં મુકાતો શબ્દ.
૨૪. પું. વર્તમાન કલ્પને અંતે થનારા 'તે ક્રિયા કરવાની ટેવવાળું ગ્રસ્ત માણસ' એવો અર્થ બતાવનો શબ્દ. જેમકે ભમતા રામ, રખડતા રામ
૨૫. પું. વિષ્ણુનાં બત્રીસ માંહેનું એક નામ નિત્યાનંદ સ્વરૂપ અમનાનમાં યોગીજન રમણ કરે છે તેથી તે રામ કહેવાય છે
૨૬. [સં. રમ્ (આનંદિત થવું)] પું. સર્વત્ર આપી રહેલ પરમાત્મા; પરમેશ્વરનું એક નામ; જગદીશ્વર.
૨૭. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોદ્ભવ અજ રાજાના પુત્ર દશરથને કૌશલ્યાથી વિષ્ણુના અંશથી થયેલ પુત્ર. ચૈત્ર શુદિ નોમને દિવસે તેનો જન્મ થયો હતો. તેથી આ દેશમાં તેનો જન્મ રામનવમી અથવા રામજયંતીથી ઉજવાય છે. યજ્ઞના રક્ષણ માટે વિશ્વામિત્રની મદદથી રામલક્ષ્મણે જઈ બધા રાક્ષસોનો નાશ કર્યો. યજ્ઞ સમાપ્ત થયા પછી વિશ્વામિત્રની સાથે રામ મિથિલા નગરીમાં જઈ સીતાનો સ્વયંવર હતો ત્યાં ગયા. રસ્તામાં પથ્થર રૂપે પડેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો. શિવે આપેલું પ્રચંડ ધનુષ્ય તોડી સીતા સાથે વિવાહ કર્યો. વિવાહ પછી અયોધ્યા પાછા જતાં રસ્તામાં જમદગ્નિ રામને અંતર્યા. તે વેળા તેમનામાંથી વિષ્ણુતેજ નીકળી રામમાં પ્રવિષ્ટ થતાં જમદગ્નિ પોતાને આશ્રમે ગયા. રામ અયોધ્યા આવતાં દશરથે તેના રાજ્યાભિષેકની તૈયારી કરી પણ કૈકેયીએ તેના વિઘ્ન નાખી રામને બદલે ભરતને ગાદી અને રામને ચૌદ વરસ વનવાસ એવાં વરદાન માગ્યાં. રામ અયોધ્યા છોડી ચાલી નીકળ્યા. લક્ષ્મણ અને સીતા પણ તેમની સાથે ગયાં. તેઓ ચિત્રકૂટ પર્વત ઉપર આવી, પર્ણકુટિ બનાવી તેમાં સુખે રહેવા લાગ્યા. ત્યાં રામે બધા રાક્ષસોનો નાશ કર્યો. શૂર્પણખાનાં નાક ને નાક કાપ્યાં, ખર નામના રાક્ષસને પણ સૈન્ય સહિત માર્યો. આથી રાવણે મારીચ પાસે મૃગ રૂપ ધારણ કરાવી, પોતે સંન્યાસીનો વેષ ધારણ કરી, રામ અને લક્ષ્મણને અરણ્યમાં જઈ ચારી, તેણે સીતાનું હરણ કર્યું. રામ અને લક્ષ્મણ જ્યારે સીતાને શોધવા નીકળ્યા ત્યારે મરણોન્મુખ થયેલા જટાયુએ તેને ખબર આપ્યા. ચાલતાં ચાલતાં પંપા સરોવરે આવી તેઓ ઋષ્યમૂક પર્વત સમીપ આવ્યા. ત્યાં સુગ્રીવ સાથે મૈત્રી કરી, વાલીનો વધ કરી સુગ્રીવને ગાદીએ બેસાડ્યો. સુગ્રીવે સીતાની શોધ કરવા અંગદ, હનુમાન વગેરે વાનરોને મોકલ્યા. હનુમાને લંકામાં સીતાની શોધ કરી. વાનરસેના સાથે રામચંદ્ર લંકા જવા નીકળ્યા. નીલ વાનર વિશ્વકર્માના અંશથી જન્મેલો હતો. તેની પાસે સમુદ્ર ઉપર સેતુ બાંધી રામ લંકામાં ગયા. રામરાવણનું યુદ્ધ થયું તેમાં ઇંદ્રજિત, કુંભકર્ણ અને બધા રાક્ષસોનો નાશ થયો. સીતાએ અગ્નિપ્રવેશ કર્યો અને સુરક્ષિત બહાર નીકળ્યા. પછી વિભીષણને લંકાની ગાદી આપી રામ પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા ગયા. ભરતને હનુમાનથી સમાચાર મોકલાવ્યા હતા તેથી તેમને અત્યંત હર્ષ થયો હતો અને નંદીગ્રામમાં તે રામને મળ્યા. ત્યાર પછી અયોધ્યામાં રામનો રાજ્યાભિષેક થયો અને રામે ભરતને યુવરાજ પદ ઉપર સ્થાપ્યા. રામે અગિયાર હજાર વર્ષ રાજ્ય કર્યું. તે માણામાં કોઈનું અકાળ મૃત્યુ સરખું પણ થયું નહિ, તેમ કોઈ

કોને વૈધવ્ય પણ આવ્યું નહિ. સીતા રામથી સમર્થા થયાં તેમણે ઋષિના આશ્રમે વાસ કરવો એમ નક્કી થયું. એ ઉપરથી રામે તેને વાલ્મીકિ ઋષિને આશ્રમે મોકલ્યાં. પછી રામે અશ્વમેધ યજ્ઞ કર્યો, જેમાં અનેક ઋષિ આવ્યા હતા. તેમાં વાલ્મીકિ પણ હતા. તેમની સાથે કુશલવ આવ્યા હતા. રામની આકૃતિ ભવ્ય હતી. તેઓ સીતા સિવાય બીજી સ્ત્રીઓને માતા સમાન માનતા. તેઓ વિષ્ણુના મર્યાદાવતાર તરીકે મનાતા. રામે પ્રજા પ્રત્યે પર્યંત ન્યાયપૂર્વક રાજ્ય ચલાવ્યું તેથી રામરાજ શબ્દ ઉત્તમ રાજનીતિના પર્યાય તરીકે લોકોમા પરિચિત છે.

૧. અંદરની વાત રામ જાણે = ખોટું એટલું દુઃખ નહિ તે પોતું એટલું સોનું નહિ.

૨. આત્મારામ = અંતઃકરણમાં રહેલો રામ; આત્મા પોતે જ રામ છે તેવું માનવું તે.

૩. જેને રામ રાખે તેને કોણ ચાખે = જેને ઈશ્વર સહાયભૂત હોય તેને કંઈ અડચણ આવતી નથી.

૪. રામ ઊડી જવા = (૧) ઉચ્ચ તત્ત્વ, સારપણું કે હિંમત જતાં રહેવાં (૨) મરણ પામવું.

૫. રામ કરવું = ખોઈ નાખવું; હારી જવું

૬. રામ માંડવું = ચેતા વગરનું; હલચલ વિનાનું; અનીપાત; ચેલજાણું.

૭. રામશરણ પામવું = મરણ પામવું; મરી જવું.

૮. રામ જાણે = ભગવાન જાણે. મને ખબર નથી.

૯. રામ રાખે એ કરે સભા મુજરા લેત કૌરવ જિનકો મારી, વૈરા ઉનકુ લેત = જેવી કરણી તેવું ફળ.

૧૦. રામ થઈ જવું-રામ બોલી જવા-રામ રમી જવા = (૧) ઊંઘી જવું (૨) ઢાળું પડી જવું. (૩) દુર્દશામાં આવી જવું; પાયમાલ થવું (૪) વસ્તુના ભાંગીને ચૂરેચૂરા થઈ જવા. (૫) મરણ પામવું; પ્રાણ ઊડી જવા; મરી જવું (૬) સત્ત્વહીન થઈ જવું

૧૧. રામ નામ જપના, પરાયા માલ અપના = મુખમાં રામ, બગલમાં છરી, ભજન ભલે ભી દાનત ખરી. આ ધર્મઠગને માટે વપરાય છે

૧૨. રામ નામ જપવું = છાનામાના બેસી રહેવું. બેઠાં બેઠાં ચૂપચાપ જોયા કરવું

૧૩. રામ નામ દેવું = (૧) બીજાનું ખરું બોલવાનું છોડી દઈ મનને સારા વિચાર તરફ દોરવું, માયા છોડી શાંત રહેવું. (૨) વાત છોડી દેવી

૧૪. રામ નામે પથ્થર તરે = મોટાને નામે કામ ચાલે; મોટાને નામે જોર વેચાય.

૧૫. રામ બોલવા = મરી જવું.

૧૬. રામ બોલો થવું = (૧) આવી બનવું; માથાં જવું, છેક જ નુકસાનીમાં આવી પડવું. (૨) પડી ભાંગવું. (૩) મરી જવું.

૧૭. રામ બોલો ભાઈ રામ ! = (૧) અરે રહ્યું ! મહાનાશની ઘાટી! (૨) મડદાને રમશાને લઈ જતી વખતે બોલાતો બોલ.

૧૮. રામ રમાડી દેવા = મારી નાખવું

૧૯. રામ રમી જવું-રામ બોલવા-રામશરણ થવું = (૧) ઢાળું પડી જવું; સત્ત્વ જતું રહેવું. (૨) મરણ પામવું, મરી જવું. (૩) સાધુ થવું; વિરક્ત થવું.

૨૦. રામરામ = (૧) રજપૂત રજપૂતને મળતાં કે છૂટા પડતી વેળા સન્માનસૂચક રામરામ બોલે છે. (૨) રસ્તે જતાં કરવામા આવતી સલામ; જોહારપાલા, નમસ્કાર; જય જય, જોહાર કે વિદાય વખતે તેમ બોલાય છે.

૨૧. રામરામ કરવા = (૧) ચાલુ વાતને જવા દેવી. (૨) છેવટના પ્રણામ કરવા. (૩) ભગવાનનું નામ જપવું.

૨૨. રામરામ કરો = એ વાત જવા દો, હવે કંઈ વળવાનું નથી.

૨૩. રામરોટલો થવો = (૧) કનકવાનો પેચ થવો. (૨) આવી જવું; ચૂરા થઈ જવા.

૨૪. રામલક્ષ્મણની જોડ = રામલક્ષ્મણના જેવી સરખેસરખાની કે અરસપરસ હેતપ્રીતિવાળાની જોડી.

૨૫. રામ વગરનું = જિગર કે હિંમત વગરનું

૨૬. રામશરણ પહોંચાડવું = મારી નાખવું.

૨૭. રામનું નામ દો = (૧) ભગવાનનું ભજન કરો; કંઈ સારું કામ કરો (૨) હવે કંઈ વળવાનું નથી.

૨૮. રામનું નામ લેવું = આવા છોડી દેવા; શાંત રહેવું.

૨૯. રામનું બાણ = (૧) કદી નિષ્ફળ ન જાય તેવું રામનું બાણ (૨) નિષ્ફળ ન નીવડે તેવું; અમોઘ.

૩૦. રામનું રખવાળું-રખોપું = નિર્ભય સ્થિતિ

૩૧. રામનું રાજ = (૧) પ્રજાને સુખ અને અભય હોય તેવું રાજ્ય; તેના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય. લોકોને સ્વતંત્રતા અને ધન-સાર મળે અને તેમનું રક્ષણ થાય તેવું રાજ (૨) રામચંદ્રજીનું રાજ્ય.

૩૨. રામનું રામાયણ = નહિ જેવી વાતનું મોટું પીંજણ; વાતનું વતેસર

૩૩. રામનું સોણું ભરતને દેખ્યું-ભાખ્યું = જોયું હતું ને વૈરે બતાવ્યું; ઓછી ભાવના જોનને ફળી, ખોટે ઉદર અને જોગવે જોરિયું.

૩૪. રામને રળવું નહિ અને સીતાને ઢળવું નહિ = (૧) કંગાલ સ્થિતિમા હોવું (૨) જેણે પણ આગળ હોવા; અને સરખા હોવા.

૩૫. સો તારી રામદુવાઈ અને એક મારું ઊંહું = ઊંહું નું ઓસડ નહિ; ના પાડ્યા પછી હા ન થવી.

૨૮. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગના આઠ મહેનો એક પ્રહર

૨૯. પું. દીપકો.

૩૦. પું. હુકમ ઉઠાવનાર ઘરનો માણસ.

૩૧. પું. હોંશ; જીવ; દમ; હિંમત; ઉમંગ; ઉત્સાહ.

૩૨. ન. અશોકવૃક્ષ; આસોપાલવનું ઝાડ.

૩૩. ન. અંધારું.

૩૪ ન. એક રુપયા એકથી સો રુપયા સો સુધીના વર્ગની માફક રુપાવાની રીતના પાડા.

૩૫. ન. એક ભારનું હરણ.

૩૬. ન. કુલ રામ.

૩૭ ન તમાલ પત્ર

૩૮. વિ. આનંદદાયક; હર્ષ ઉપજાવે તેવું.

૩૯. વિ. કાળું.

૪૦. વિ. મનોહર; ખૂબસૂરત; સુંદર.

૪૧. વિ. શુભ; સારું.

૪૨. વિ. શ્વેત; ધોળું

રામઆજ્ઞા ૧. સ્ત્રી. અટકાવ; પ્રતિબંધ.

૨. સ્ત્રી. ઉપરી હકમ નહિ એવી આજ્ઞા; જેનું ઉલ્લંઘન ન થઈ શકે તેવા આજ્ઞા.

૩. સ્ત્રી. રામના નામે હુકમ કરવો તે

રામક ૧. પું. (પુરાણ) સુરજિપત્તનની દક્ષિણે આવેલો પર્વત. અહીં પાંડવોના વખતમાં તિમિધ્વજ રાજા હતો.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

રામકપાસ પું. કપાસની એક જાત; દેવકપાસ.

રામકબીર ૧. પું. એ નામનો એક ધાર્મિક પંથ

૨. સ્ત્રી. કુબારની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

રામકરી જુઓ રામકલી.

રામકર્પૂરક [સં] ન. એક જાતનું સુગંધી ઘાસ

રામકલી સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે હિંડોલ રાગની પાંચ માંહેની એક રાગણી. તે સાંજનો વખત સવારનો છે. તેની જાતિ સંપૂર્ણ એટલે તેમા ખરજ શુદ્ધ, રિષભ કોમળ, ગાંધાર

તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બંને, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. તેનો ગ્રહ સ્વર મધ્યમ અને ન્યાસ સ્વર ધૈવત છે વાદી સ્વર પણ ધૈવત છે. આરોહમાં ષાડવ, નિષાદ ભાર છે. અવરોહમાં ઔડુવ છે કોઈ તેની ઓડવ જાતિ પણ કહે છે. આ રાગિણી રામગ્રી પણ કહેવાય છે. તેને કોઈ શુદ્ધ તથા કોઈ સાલગ પણ કહે છે. આ રામ નામથી કંઠ વગેરે શરીરની અલંકૃતિ હશે એમ મનાય છે. આ રાગિણીના શરીરનો રંગ સોના સરખો પીળો છે અને તેણે લીલા રંગના વસ્ત્ર પહેર્યાં છે. કોઈ કેકાણે આમળાની રંગનો પણ ઉલ્લેખ છે. તેણે અંગે હીરા ઝવેરાતના અલંકાર પહેર્યાં છે. કપાળમાં કસ્તૂરીની રેખા એંચી છે. હાવભાવ સહિત મધુર ગાયન કરી પોતાના સ્વામીનું મન તે હરી લે છે વળી કવચિત્ એમ પણ છે કે, ઉપર કહ્યા પ્રમાણે વસ્ત્રાલંકાર ધારણ કરી ને ક્રોધયુક્ત પોતાના પતિની રાહ જુએ છે અને તેનો પતિ હિંડોલ પોતાને વાયદા પ્રમાણે ન આવવાનો સુનો બનવાથી, આવતાં જ તેના ઓટલે રામકલીના પગે પડે છે અને ઘણી નમ્રતાથી મનાવે છે પણ તે મનાતી નથી.

રામકહાણી ઇ. સ્ત્રી. ખોટી ન પડે તેવી કહેવત

૨. સ્ત્રી. રામચંદ્રના જીવનની હકીકત; રામાયણની કથા.

૩. સ્ત્રી. રામચંદ્રને માથે પડેલાં દુઃખની હકીકતનું રમરણ કરાવે એવી દુઃખમય સ્થિતિ.

૧. રામકહાણી થવી = રામના ઓટલું સંકટ કે આફત આવી પડવી; વીતવું.

૨. રામકહાણી રહી જવી = અકરમાતમાંથી ઊગરી જવું.

૩. રામકહાણી રાખવી = બહુ દુઃખ દેવું, ઘણું વિલાડવું.

૪. સ્ત્રી. સાંભળી વાર્તા.

૫. સ્ત્રી પીડાકારક કથા, દુઃખની કહાણી.

૬. સ્ત્રી હેરાનગતિ; મુશ્કેલી

રામકળી જુઓ રામકલી

રામકાવ્ય [સં.] ન. રામચંદ્રજી સંબંધી કવિતા.

રામકી ઇ. સ્ત્રી. આરતી; સાપુડી; ત્રિભંગવાળું મઢ કે મંદિર માટી બેસેલા અથવા ચીતર માંડતા સાધુની સ્ત્રી.

૨. સ્ત્રી રામની સ્ત્રીભક્ત.

૩. સ્ત્રી. સંન્યાસિની; યોગિની

રામકુંડતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપંચાંગમાં લખ્યું છે કે: નર્મદાજીની યાત્રા કરતી વખતે અહીં રામચંદ્રજીએ બોજા દિવસ નિવાસ કર્યો હતો.

રામકૂંકાળું ન. મોટું કકળાટ.

રામકૃષ્ણ ૧. [સં.] પું. દાશરથિ રામ અને શ્રીકૃષ્ણ.

૨. પું. બળરામ અને શ્રીકૃષ્ણ.

રામકૃષ્ણના વારાનું = બહુ જૂનું; પુરાણા સમયનું

રામકૃષ્ણ પરમહંસ પુ. બંગાળના એ નામના એક સંત પુરુષ તેનો જન્મ સને ૧૮૩૬ની ૧૮મી ફેબ્રુઆરિને દિવસે હુગલી જિલ્લાના કામારપુકુર નામના ગામમાં એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણને ઘેર થયો હતો. નાનપણથી જ તેમણે પોતાના કુલદેવ શ્રીરામચંદ્રની પૂજાનો આરંભ કર્યો હતો. પૂજામાં તેમનું મન એટલું બધું લીન રહેતું કે બીજવ્યવહાર ઉપર તેમનું મન ચોટયું જ નહિ. પછી તેમના મોટાભાઈ જે કલકત્તાની રાણીરાસમણિના દક્ષિણેશ્વરના કાલિમંદિરમાં પૂજારી તરીકે હતા ત્યાં રામકૃષ્ણ આવ્યા અને તેણે ત્યાં પૂજા કરવાનું કામ કર્યું. તેઓ પૂજામાં એટલા લીન થઈ જતા કે દેહનું ભાન પણ ભૂલી જતા અને પૂજનની બીજી વિધિ પણ જાણતી ન હતાતો. આ બધો સમય રામકૃષ્ણ માતા કાલીને બધા કરતાં જાતથી દર્શન દેવાને માટે વીનવતા. એક સમય તીવ્ર આકુળતાપૂર્વક માતાની તે સ્તુતિ કરતા હતા. તેવામાં અચાનક તેમની દૃષ્ટિ મંદિરમા રાખેલી એક તરવાર ઉપર પડી. તેમણે તરત તે લઈને પોતાનું માથું માતાના ચરણમાં રાખી તે મારવાની તૈયારીમાં હતા તેવામાં માતાજીએ તરત તેમને દર્શન દીધું. ત્યાર બાદ તેમનો ઉન્માદ દિનપ્રતિદિન વધતો ચાલ્યો એટલે તેમનાં સગાંઓએ તેને જરૂરવાને માટે શારદામણિ નામની એક પવિત્ર કન્યા સાથે તેમનું લગ્ન કર્યું; પરંતુ રામકૃષ્ણ માતાના ભક્ત હતા અને સ્ત્રી માત્રને માતા રૂપે દેખતા હતા. એટલે શારદામણિ સાથે પણ એ ભાવ રાખ્યો. શારદામણિદેવીએ પણ પતિની ઇચ્છાને વશ રહી તેમના ધર્મ ઉપર ચાલી અને ક્રમે ક્રમે રામકૃષ્ણે મુસલમાન, ખ્રિસ્તી વગેરે અન્ય ધર્મની સાધના કરી હતી અને અનુભવની દૃષ્ટિએ બધા ધર્મ તેમને સરખા લાગ્યા હતા. ક્રમે ક્રમે તેમની ખ્યાતિ બહોળી થઈ અને તેમને અનેક શિષ્યો થયા. તેમા સ્વામી વિવેકાનંદ એ મુખ્ય છે અને તેણે દેશવિદેશમાં પરમહંસ રામકૃષ્ણનો સંદેશો પહોંચાડ્યો. આજ પણ દેશવિદેશમાં રામકૃષ્ણ પરમહંસના નામ પર અનેક સંસ્થાઓ ચાલે છે. તેનો ઉદ્દેશ હકીકત પ્રકારે લોક કલ્યાણ કરવાનો છે. રામકૃષ્ણ પરમહંસ ઈ સ ૧૮૮૬ની ૧૬મી ઑગસ્ટે કલકત્તામાં કાલીના નામનો જપ કરતા કરતા મહાસમાધિમાં લીન થઈ ગયા.

રામકેર પું. રાતાં ફૂલવાળો એક જાતનો છોડ

રામકેળાં ન. બ. વ. એ નામની કેળાંની એક જાત તે પણ દેખાવડાં, રંગે રાતાં, મીઠ. અને સ્વાદિષ્ટ થાય છે.

રામકોટ ન. હિમાલયની તળેટીમાં આવેલું એ નામનું એક પવિત્ર સ્થાન.

રામક્ષેત્ર [સં.] ન. દક્ષિણ દેશનું એક પ્રાચીન તીર્થ

રામગયા પું. (પુરાણ) માલ્યવાન પર્વતની પાસે આવ્યો એ નામનો એક ડુંગર. ત્યાં શ્રીરામે પિતૃશ્રાદ્ધમાં પિંડદાન આપ્યું હતું

રામ ગલોલો વિ. પું. કસરતબાજ મ.બ્રા.સ.

૨. પુ. બેફિકરો માણસ; હૃષ્ટપુષ્ટ નચિંત પુરુષ.

રામગંગા ૧. સ્ત્રી. અયોધ્યા પ્રાંતમાં થઈને વહેતી ઉત્તાનિકા નદી; ઉત્તરમા.

૨. સ્ત્રી એક પ્રકારનું કામરમીતરું પક્ષી.

રામગાંડિયું ૧. વિ. ગાંડિયું; ઠમઠમા વગરનું.

૨. વિ ઓળું; બહુ ભલા હૃદયનું.

રામગિરિ [સં.] પું. ચિત્રકૂટ પર્વત. તે મધ્યપ્રાંતમાં નાગપુરની ઉત્તરે નજદીકમાં છે. તેનું વર્ણન કાલિદાસે મેઘદૂતમાં કર્યું છે.

રામગીતા સ્ત્રી. ગીતાનો એ નામથી ઓળખાતો એક ધર્મગ્રંથ.

આપણી તરફ જે રામગીતા પ્રચાર પામેલી છે તે અધ્યાત્મ રામાયણના ઉત્તરકાંડના પાંચમા સર્ગમા આવેલી છે. મીતાસ્વરૂપ

રામગીતિ સ્ત્રી (સંગીત) મધ્યમગ્રામીય આસાવરી મૂર્છાની નવમી શ્રુતિ.

રામગુણાવલિ સ્ત્રી તુલસીદાસજીએ રચેલ એ નામનો ગ્રંથ.

રામગોટીલો પું. મોટો દડો

રામગોટિલો કરવો = મોળા દહાને આકરે આપવું

રામગોલા પું. ખિદમતી કલમી આંબાની એક જાત.

રામગોવાળણ ૧ પુ. નાગો બટકો એવો નાનો છોકરો.. નાદાન છોકરો

૨. વિ નાદાન; સમાજનો વિવેક જાણતું ન હોય તેવું

રામગોવાળિયો જુઓ રામગોવાળ.

રામમો ૧ પું. (સંગીત) એ નામનો એક સપ્તસ્વરજાતિનો રાગ. તેમાં સાતે સ્વર આવે છે. રિ કોમળ છે. તેનો પ્રકરવર ગ, વાદી સ્વર ધ, સંવાદી સ્વર ગ અને ન્યાસ સ્વર સા છે. આનો સમય સૂર્ય ઊગ્યા પહેલાનો છે

૨. સ્ત્રી ગાયનની એક ચાલ. જુઓ રામકલી.

રામઘાટ ૧. પુ. ઉજ્જૈનમા આવેલ મહારાજાના મોટર નક્કી આવેલ એ નામનો પવિત્ર ઘાટ.

૨. પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. નર્મદાજી યાત્રા કરતી વખતે રામચંદ્રજીએ અહીં થોડા દિવસ નિવાસ કર્યો હતો એમ મનાય છે

રામચક્કર ૧. ન. મોટુ કુંડાળુ

૨. ન મોટો રોટલો

રામચક્ર જુઓ રામચક્કર.

રામચરિત [સં.] ન. બીજુ વસીદાસજીકૃત રામાયણ

રામચરિત્ર [સં.] ન. રામનું ચારિત્ર.

રામચંદ્ર પું. વૈવસ્વતમનમાં અયોધ્યામા સૂર્યવંશી દશરથ રાજાને કૌશલ્યાથી થયેલ એક પુત્ર. જુઓ રામ

રામચીડિયા (રામચીડિયા) [હિ.] સ્ત્રી. એક પ્રકારનુ જળપક્ષી તે માછલીઓ પકડીને ખાય છે.

રામચેલા પું. સાધુ.

રામજઈનક [સં.] ન. મીઠાગ. તેનાં બી જળપ્રદેશનાં બી જેવાં થાય છે અને તે શરદીને મટાડનાર હોવાથી રામજઈનક કહેવાય છે.

રામઠંક પું. ભૂજબૂને મળતો એક જાતનો છંદ, ભૂજબૂના ઠાઠડા બીજાનાં આવર્તનોથી મનહરરામે યોજેલો એક છંદ. તેમણે રામાયણ પણ રામછંદમાં ઉતાર્યું છે

રામજણ જુઓ રામજણી

રામજણી ૧ સ્ત્રી. જેના પિતાનો પતો ન હોય તેવી સ્ત્રી

૨. સ્ત્રી બિભત્સ વગેરેમાં જુગુપ્સા અને ત્રાસ કરનારી સ્ત્રી; નાચ કરનારી બાજારી સ્ત્રી; તાયફો, બખિડુ.

૩. સ્ત્રી વૈરાગ્ય, કંટાળો

રામજન પું. સાધુ, ભાંજડવા ગયેલ માણસ

રામજનક ૧ [સં.] પું દશરથ રાજા

૨. સ્ત્રી, એ નામની એક પુરાતની તોપ.

રામજનની ૧ [સ] સ્ત્રી જમદગ્નિની પત્ની અને પરશુરામની માતા. રેણુકા.

૨ સ્ત્રી દશરથની પત્ની કૌશલ્યા, શ્રીરામચંદ્રની માતા

૩. સ્ત્રી. વસુદેવની પત્ની રોહિણી; બળરામની માતા.

રામજની જુઓ રામજણી

રામજન્માત્સવ [સં] પુ રામનો જન્મ ઊજવવાનો ઉત્સવ; રામનવમીનો ઉત્સવ.

રામજમાની [હિ.] પુ. એક જાતના ઝીણા ચોખા

રામજયંતી ૧. સ્ત્રી. એ નામની દેવીની એક મૂર્તિનુ નામ.

૨. [સ.] સ્ત્રી. ચૈત્ર સુદ નોમ; રામનવમી, રામચંદ્રજીનો જન્મ દિવસ

રામજરૂખા ન. રામેશ્વરની દોઢસ માઈલ દૂર આવેલ એક પવિત્ર સ્થળ. આર્યાવર્ત રામમા ઉલ્લેખ છે કે: આ સ્થળ એકાંત સ્થળે આવેલુ છે. નાના ટેકરા ઉપર રામઝરખો છે. નીચ મંદિર અને ઉપર ખુલ્લા અગાસી કે ધાબું છે. મંદિરમાં રામચંદ્રજીની પાદુકાના દર્શન થાય છે. ઉપરની અગાસીમા જતાં સુંદર દૃશ્ય નજરે પડે છે. રામેશ્વરની આરે બાજુ દરિયો દેખાય છે. સાંજનો સમય, રવિનાં કિરણો, છેટેનાં જતાં આવતાં વહાણો વગેરેનો દેખાવ બહુ રમણીય લાગે છે. આ જગ્યાની આરે પાસ રામચંદ્રજીના સૈન્યનો પડાવ હતો એમ કહેવાય છે. રાવણને મારી પાછા ફરતા પણ રામ આ સ્થળે બેઠા હતા અને હનુમાનજી, વિભીષણ વગેરે સાથે મસલત કરી પછી નાના મોટા સોને ઉતારા આપ્યા હતાં. અહીંનું વાતાવરણ શાંત અને દૃશ્ય રમણીય છે.

રામરેક ન નામપુરથી અઢાર માઈલ દૂર એક ઐતિહાસિક પહાડી તીર્થસ્થાન. એમ પ્રતીત થાય છે કે કવિ કાલિદાસનો યક્ષ અહીં આવીને રહ્યો હતો મેઘદૂતમા રામગિર્યાશ્રમથી શરૂ કરે કૈલાસની અલકાપુરી સુધી જવાના રસ્તામાં આવતાં સ્થળોનાં વર્ણન કરવામા આવેલાં છે. તે રામટેકથી જ બંધ બેસે છે, ચિત્રકૂટથી નહિ. અહીં હિંસક જંતુથી જનાવર પણ રહે છે.

રામઠ ૧. પું. (પુરાણ) એ નામનો એક દેશ. અહીં સ્ત્રિ પુષ્કળ થતી હતી એમ જણાય છે અને તે ઉપરથી આ દેશનું નામ એ પ્રમાણે પડ્યું છે

૨ ન. અળસીનું બીજ

૩. ન. હિંગ; વખરણી

રામઠાડિયુ ૧ ન ઘાસલી, ઓરાર્ડ વગેરેથી કે બળદબજર વગેરે ખાતરી બનાવેલી ખાતરી પુરણથી વસ્તુ, ખાતરીવાળી ખાતરી વસ્તુ

૨. વિ. ઘાસેલુ. ખોખર, ખાડેટા; પૂરી પડેલુ.

રામઠી ૧. [સં] સ્ત્રી ઉગમારી નામની વનસ્પતિ. તે બાવળી ગુંદ્રાએ વાસર આવે છે માટે તેને રામઠી કહે છે

૨. સ્ત્રી. હિંગ; વખરણી

રામડારામડી (રામડારામડો) સ્ત્રી. કજિયો, તોફાન.

રામડોલી ૧. સ્ત્રી. કમભાગ્ય; કલનસીબ.

રામડોલી વળી = કમભાગ્યને બેટવુ

૨. સ્ત્રી. ખંડી. ઠાઠડી; નનામી

રામડોળી જુઓ રામડોલી

રામઢાલ ૧. પું ઘણુ જાડુ માણસ.

૨. ન. મોટો ઢોલ; નોબત; પડમ; મોટું નગારું

૩. વિ ખૂબ જાડું; બેડોળ દેખાવ એવું; ભોંઠ.

રામણ સ્ત્રી. મુશ્કેલી, અડચણ; કરકત; પીડા; આપદા

ગયા પ્રાણ કેમાણા. કવિ, ૨૬૬ રામણ વળીયું ચંદ. નાકર

૧. રામણ વળી = પીડા વળી; આપદા આવવી.

૨. રામણ બેરી નાખવી = નુકસાન કરવું; દુઃખ દેવું. અતિશય દુઃખ પમાડવું

રામણદીવડો (રામણદીવડો) પું. મરણ પ્રસંગે ઘરે રાખવાનો ઘૃતમયૂક્ત દીવો; અગળદીવો; ચકમનો દીવો; વરપોડામાં વરમા હાથમાં લટકતો રાખે છે તે દીવો. રામણદીવડાની સાથે બીજો ભજનભર્યા ગીત ગાય છે. તેમાં રામણ એટલે આપત્તિ અને દીવડો એટલે બચાવવુ. મતલબ કે આપત્તિ વગેરેને બાળી તને સુખરૂપ પ્રકાશમાં મૂકું છું. એવા હર્ષ આશીર્વાદયુક્ત ભાવની એ પ્રતિકૃતિ હોય એમ જણાય છે

રામણદીવો જુઓ રામણદીવડો

રામણબુઝારું ન. પગીત, વાસણ ઉપર ઢાંકવાનું માટીનુ જાડુ ઢાંકણું. બેડોળ ઢાકોળ

રામણબુઝારા જેવું = બેડોળ; આકાર વગરનું

રામણીયક ૧. પું (પિંગળ) જગતીની જાતનો એક અક્ષરમેળ છંદ. તેનું પહેલું અને ત્રીજું ચરણ ચારચરણના માપનું તથા બીજું અને ચોથું ચરણ છંદવંચાના માપનું હોય છે

૨ [સ] ન રમણીયતા; સુંદરતા; સૌંદર્ય.

૩. વિ. રમણીય; સુંદર

રામત સ્ત્રી ગોરે પોતાના યજમાનને ત્યાં જાગો ઉઘરાવવા જવા માટે મુસાફરી કરવી તે.

રામતપન [સં.] ન અથર્વવેદની એક ઉપનિષદ.

રામતરુ ન. એક પ્રકારનું ઝાડ; રામબાવળ.

રામતરુણી ૧ સ્ત્રી જગદેવની પત્ની, રેવતી.
૨ સ્ત્રી. રામની સ્ત્રી; સીતા.
૩ સ્ત્રી. રેવતીનું ઝાડ.

રામતરોઈ ૧. સ્ત્રી તુરિયું; ઘીસોડું.
૨. સ્ત્રી. ઘીડો.

રામતલ પું ન ન. કાળા તલ

રામતાપની [સં.] સ્ત્રી એક નામની એક ઉપનિષદ; રામતપન. તે પ્રાચીન ઉપનિષદોમાં નથી, પણ એક સાંપ્રદાયિક પુસ્તક છે. તેમાં રામને સર્વશક્તિમાન પ્રભુ તરીકે વર્ણવેલ છે

રામતારક [વિ.] પું. રામ નામનો મંત્ર. કહેવાય છે કે, કાશીમાં જે મનુષ્ય મરે છે તેને શિવ આ મંત્રનો ઉપદેશ કરે છે, જેના પ્રભાવથી તેની મુક્તિ થાય છે

રામતારી સ્ત્રી. રામનું નામ જપેલું સોના અથવા ચાંદીનું ઘરેણું.

રામતાળી સ્ત્રી. રામ ઉપર ભક્તિ ભાવ; રામધૂનમાં પ્રેમ જાગવો તે
હાથીને રામતાળી લાગી ગઈ હતી,
બુદ્ધિપ્રકાશ

રામનિ ૧. સ્ત્રી. ભિક્ષા માટે જ્યાં ત્યાં ભટકવું તે; ભિક્ષુકોની ફેરી.
૨. સ્ત્રી. (બા. સુ.) રમત; ખેલ.

રામતીતર ન. એક જાતનું પક્ષી. તેનો ખોરાક જીવડાં, દાણા વગેરે છે. માદા પીળા રંગનાં ને ઝાંટવાળાં ઈંડાં મૂકે છે. આ પક્ષી આફ્રિકામાંથી પ્રથમ બીજા દેશોમાં લાવી જવામાં આવ્યું છે તેનું શરીર ભરાવદાર અને આયું નાનું અને અમુક ઋતુમાં કલાં વગરનું હોય છે તેને ટૂંકી અને નીચી વળેલી પૂછડી હોય છે. તેનો રંગ ધોરો, ભૂરો અને ધોળાં ટપકાંવાળો હોય છે.

રામતીર્થ ૧. પું. વિવેકાનંદની જ દિશામાં કામ કરનારે બીજા સમર્થ ધર્મોપદેશક. તેણે શુષ્ક વેદાંત જ્ઞાનને રસિક અને વ્યાવહારિક રીતે સમજાવી સાદા સર્વગ્રાહ્ય રૂપમાં મૂક્યું
૨ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ. જુઓ રામટેક

રામતીર્થસ્વામી પુ. એ નામના એક સંત. તેમનો જન્મ પંજાબ પ્રાંતના મુજરાનવાલા જિલ્લાની અંદરના મુરારીવાલા ગામમાં એક ઉત્તમ ગોસ્વામી કુલમાં ઈ.સ.ની અઢારમી સદીને ૧૮૭૩માં થયો હતો. કહેવાય છે કે, તેના પવિત્ર કુળમાં ગોસ્વામી શ્રી તુલસીદાસજી પણ થઈ ગયા હતા. નાનપણથી જ તે પરમ આસ્તિક હતા. પ્રારંભમાં જ તેણે વ્રત લીધું હતું કે હું મારો પ્રત્યેક શ્વાસ પરમાત્માની સેવામાં અર્પણ કરીશ. ઉપનિષદ, ભગવદ્ગીતા અને વેદાંતના ગ્રંથોના અનુશીલનની સાથે સાથે એકાંતવાસ ઉપર તેનો પ્રેમ વધતો ગયો. વૈરાગ્ય અને પ્રેમમાં તેમનું હૃદય મસ્ત રહેવા લાગ્યું લોકોના આગ્રહ અને પ્રાર્થનાથી તે જાપાન વિશ્વધર્મ પરિષદમાં અને પછી અમેરિકા ગયા હતા. અમેરિકામાં તેમનો લોકો ઉપર અદ્ભુત પ્રભાવ પડ્યો અને તેમનાં વ્યાખ્યાનો સાંભળવા લોકોનો મહાસાગર ઊલટતો. ટોલ્સટોએ સ્ત્રીપુત્રોએ તેમની પાસેથી સંન્યાસ લીધો હતો. તેણે સવત ૧૯૦૧ની દિવાળીને દિવસે ગંગા નદીના પ્રવાહમાં સમાધિ લીધી

રામતુલસી પું. એક પ્રકારનો છોડ. તે તુલસી કરતાં ઊંચો હોય છે. ફૂલોની માંજરમાં પાંખડી પીળા રંગની હોય છે. તેના બાકડાની ભાળા અને બેરખા જાંબુ હોય છે. તેનાં બીજનો ઉકાળો પ્રમેહમાં પ્રયોજાય છે.

રામતુળસી જુઓ રામતુલસી.

રામથાળી સ્ત્રી. લાકડાં કરાવવું; માટીનું ઓઠું કોતરવું.

રામદલ ૧. [સં.] ન. જેનો મુકાબલો કરવો મુશ્કેલ થઈ પડે એવી મહાન પ્રબળ સેના.
૨. ન. રામચંદ્રજીની વાંદરોવાળી સેના. તેના મુખ્ય ૧૮ પુરુષ આ પ્રમાણે હતા:-સુદ્રષ્ણ, સુમીત્ર, નીલ, નલ, સુષેન, જામવંત, હનુમાન, અંગદ, કેસરી, ગવય, ગવાક્ષ, ગજ, વિનીષણ, દ્વિવિદ, તાર, કુમુદ, કરેલ અને દધિમુખ.

રામદવારો ૧. પું. ધર્મશાળા.
૨. પું રામનું મંદિર.

રામદાસ ૧. પું રામનો ચાકર
૨. પું. હનુમાન
૩ પું હિંદુ ધર્મરક્ષક છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ સમર્થ સ્વામી રામદાસનું નામ મહ ૨.૬૮માં બહુ પૂજ્ય છે તેમનો જન્મ ઈ.સ ૧૬૦૮માં રામનવમીને દિવસે ગોદાવરી કિનારે આવેલા જંબુગ્રામમાં એક બ્રાહ્મણ કુળમાં થયો હતો. બચપણમાં તેનું નામ નારાયણ હતું કહેવાય છે કે, બાર વર્ષની ઉમરે ભગવાન શ્રીરામચંદ્રે મનોહર વેશમાં તેને દર્શન દીધાં ત્યારથી એ પરમ રામભક્ત થયા અને રામદાસ નામથી વિખ્યાત થયા બચપણમાંથી જ તેમનામાં વૈરાગ્યનાં ચિહ્ન જોવામાં આવતા હતાં. આથી માતાએ તેમનો વિવાહ કર્યો પરંતુ વિવાહમંડપમાં જ્યારે બ્રાહ્મણોએ મંગલાષ્ટક બોલતી વખતે સાવધાન શબ્દનો ઉચ્ચાર કર્યો ત્યારે તે શબ્દે તેના હૃદયને ઝડપભર સાવધાન કર્યું અને તે મંડપમાંથી કંઈક બાનું કરીને બહાર ભાગી ગયા. પછી ઘણાંએ તીર્થસ્થાનોમાં ફરતા ફરતા અંતે કૃષ્ણા નદીને કિનારે આવીને રહેવા માંડ્યા શિવાજી અને તેની પ્રથમ મુલાકાત ઈ. સ. ૧૬૪૯માં થઈ. શ્રીરામદાસે શિવાજીને દીક્ષા આપી ઉપદેશ આપ્યો શિવાજીએ તેમના અનન્ય ભક્ત તરીકે રાજ્ય કરી હિંદુ ધર્મનો પુનઃ ઉદ્ધાર કર્યો. કહેવાય છે કે, શિવાજીને મર્ગ બતાવવાને માટે તેમણે દાસબોધ નામનો ગ્રંથ લખ્યો છે. આ ઉપરાંત મનાચે શ્લોક, શ્લોકબદ્ધ રામાયણ, ગુરુગીતા, આત્મારામ અને પંચીકરણ વગેરે પણ તેમના ગ્રંથો ગણે છે. આ પ્રમાણે હિંદુધર્મ સંસ્થાપનમાં શિવાજી મહારાજને સહાયતા દેતા રહી અંતમાં ઈ. સ. ૧૬૮૧માં તે સ્વર્ગલોક પામ્યા

રામદાસિયું ૧. ન. ભિખારી જેવું માણસ
૨. વિ. દુઃખી; મુશ્કેલીમાં આવી પડેલું.
૩. વિ. ભિખારી; કંગાળ; ગરીબ.
૪ વિ રામના દાસને લગતું.

રામદાસી ૧. પું. વૈષ્ણવનો એ નામનો એક સંપ્રદાય.
૨. વિ. રામદાસના સંપ્રદાયનું.

રામદાસી મલ્હાર પું. (સંગીત) એક રાગનું નામ; મલ્હાર રાગની એક જાત. આસ વર્ષા ઋતુમા તે ગવાય છે.

રામદુવાઈ ૧. સ્ત્રી. કંજૂસ સ્વભાવ.
૨. સ્ત્રી રામની આણ; રામને નામે આપેલા કરવી તે. રામને માટે એટલી રાજભક્તિ હતી કે તેમની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરતું નહિ તેથી રામની આણ, રામદુવાઈ એવી શપથ ચાલ્યા કરે છે.
મારી પ્રતિજ્ઞા છે કે જો આ બાળા હું તજું તો મને રામદુવાઈ છે. દલપતરામ સુંદરામ

રામદૂત ૧. [સં.] પું. હનુમાન.
૨. પું. વાદળ, વાદર.

રામદૂતિકા [સં.] સ્ત્રી એક જાતનું ફૂલ; મારસુકડું

રામદૂતી ૧. [સં.] સ્ત્રી. એક જાતની તુલસી.
૨. સ્ત્રી નાગકેસર; નાગદમણી.

રામદેવ પુ. દેવ લોકોના દેવ રામદેવ પીર, મારવાડ તરફ થઈ ગયેલ એક ઓલિયો

રામદેપીર જુઓ રામદે

રામદેવ ૧. પુ. એ નામનો એક સંપ્રદાય. તે રજપૂતાનામાં પ્રચલિત છે ને તેના મોટા ભાગના અનુયાયી ચમાર વગેરે અસ્પૃશ્ય કોમો છે.

૨. [સં.] પું. (હિંદી) રામચંદ્ર

રામધણ ન. રખડતી ગાય વગેરે પશુઓનું ટોળું

રામધનુષ [સ.] ન. ઇંદ્રધનુષ

રામધંગ ન. હિમાલયનું એ નામનું એક શિખર.

રામધૂન સ્ત્રી. રામના નામની ધૂન. મોટેથી કરાતો જપ. ગાંધીજી કહે છે કે, રામધૂન સામુદાયિક પ્રાર્થનાનું સૌથી મહત્ત્વનું અંગ છે. ગીતાના શ્લોકોનું અને કુરાનની આયતો જેવી અવતરતાની પ્રાર્થનાઓનું સામંજસ્ય પારાયણ કરવાનું તથા તે સમજવાનું કરોડોની જનમેદનીને મુશ્કેલ લાગે એમ અને પરંતુ રામધૂન સાધારણ દરેક જણ બોલાઈ શકે. એ જેટલું સરળ છે તેટલું જ અસરકારક છે. એની સરળતામાં જ એની મહત્તા તથા અની સર્વને સ્પર્શ કરવાની શક્તિનું રહસ્ય રહેલું છે. જે કંઈ કરોડો લોકો એક સાથે કરી શકે તે અપૂર્વ શક્તિવાળું બની જાય છે.

રામન પું. હિંદના એક વિખ્યાતપ્રાપ્ત વિજ્ઞાનશાસ્ત્રીઓ તે ઇ. સ. ૧૮૮૮માં જન્મ્યા છે. તેમણે નક્કી કર્યું છે કે સૂર્યના પ્રકાશના કિરણોનો અમુક ભાગ પાણી ગળી જાય છે. તેથી જ રીતે બરફના થરોમાં સૂર્યકિરણો પ્રવેશ કરે છે જેથી પાણી તથા બરફના રંગો બદલાય છે. તે ઉપરાંત તેમની જગત વિખ્યાત શોધ તો તેમના નામ ઉપરથી પડેલી રામન કિરણાવલી છે. આ શોધે સમગ્ર વિશ્વ, ખાસ કરીને યુરોપમાં ખૂબ રસ ઘેરા કર્યો છે. આ શોધનું મૂળ તત્ત્વ એ છે કે પદાર્થ ઉપર પ્રકાશ પડતા પદાર્થનાં અણુઓ ચોતરફ ફેલાય છે. તેને વર્ણમાપકયંત્ર દ્વારા તપાસતાં જુદા જુદા રંગ માલૂમ પડે છે. તે ઉપરથી પદાર્થના દ્રવ્યની કીમત આંકી શકે છે. રામન પ્રક્રિયાની શોધ આધુનિક સમયમાં વિજ્ઞાનશાસ્ત્રના ક્ષેત્રમાં બહુ ઉપયોગી થતી જાય છે. આ શોધ માટે સ્વીડનની વિદ્વત્સભાએ તેમને સન્માન રૂપિયાનું નોબેલ ઇનામ અર્પણ કર્યું છે

રામનગર ન. કાશી પાસેનું હિંદુઓનું એક યાત્રાનું સ્થળ

રામનગરઘાટ પુ. નર્મદા કિનારે આવેલ એ નામનું એક સ્થાન. પર્વત અને ઘોર જંગલનો અડ્ડો રહ્યો છે. તીર્થનિવાસીઓ અહીં ત્રણ દિવસ વિશ્રામ લે છે.

રામનવમી સ્ત્રી. [સં.] ચૈત્ર સુદિ નોમનો દિવસ, રામજયંતી; રામચંદ્રનો જન્મ દિવસ. આ દિવસે સહજાનંદ સ્વામીની જન્મજયંતી પણ ઉજવાય છે

૨ જાતે ડોકમાં પહેરવાનો એક જાતનો દાગીનો.

રામનાથ પુ. એ નામના એક પ્રખ્યાત સંત. તે ચુસ્ત સિદ્ધાંતવાદી હતા. આ સંત બહુ પ્રભાવશાળી અને શક્તિમાન હતા. તેમણે ઘણાં પદો તથા રચનાઓ રચ્યાં હતાં.

રામનાદ ૧. પુ. એ નામનો એક રાજા.

૨. ન. રામેશ્વરની પાસનું એક નગર. રામચંદ્રજીના વખતમાં આ સેતુપતિ વંશનો રાજા હતો.

> લંકાથી પાછા ફરતાં શ્રીરામે રામેશ્વર પર સેતુની રક્ષા અર્થે જે સાત વ્યક્તિઓને નિયુક્ત કરેલ હતી તેમાં એક રામનાદ હતો. કલ્યાણ

રામનામ ન. રામ અથવા પ્રભુનું નામ. રામની ભક્તિ. રામનું ભજન; રામરામ કરવું તે. રામના પૂર્ણ ભક્ત ગાંધીજી કહે છે કે રામનામ કેવળ બોલા માણસોને માટે નથી, સૌને માટે છે. રામનામ જરીરના, મનના અને આત્માના એમ સર્વ આધિ, વ્યાધિ અને ઉપાધિનો હરતી ઇલાજ છે. રામનામ ઈશ્વરનાં અગણિત નામોમાંનું એક છે. ઈશ્વરને નામની દરકાર ન હોય. એ અને એનો કાનડો એકજ છે, એટલે એનું પાલન એ એનો જપ જેને જપ ઉચ્ચારવું આસોન્ફ્રીઝ જેવું સ્વાસ્થ્યપ્રદ લાગે છે તે ઈશ્વરમય થયો છે એટલે ઈશ્વરની નીતિને તે સહેજે ઓળખે છે ને સહેજે પાળે છે. રામનામ હૃદયમાં અંકિત થાય એટલે નવું જીવન શરૂ થાય. આ નિયમ જુવાન, બુઢ્ઢા, સ્ત્રીપુરુષ બધાને લાગુ પડે છે. માણસ ગમે તે સ્થિતિમાં હોય, ઊંઘતો કેમ ન હોય, જો ટેવ પડી ગઈ હોય ને રામનામ હૃદયસ્થ થઈ ગયું હોય તો જ્યાં સુખી હૃદય ત્યાં સુખી હૃદયમાં રામનામ ચાલતું રહેતું જોઈએ. એમ ન બને તો કહેતું જોઈએ કે, માણસ રામનામ લે છે કે કેવળ તેના ગળામાંથી નીકળે છે. અથવા કોઈ કોઈ વાર હૃદય સુધી પહોંચતું હોય તો પણ હૃદય પર રામનામનું સામ્રાજ્ય જામ્યું નથી. રામનામમાં જે શક્તિ માનવામાં આવી છે તેને વિષે મને જરાયે શંકા નથી. માત્ર ભજવા કરવાથી દરેક માણસ પોતાના હૃદયમાં રામનામ અંકિત નથી કરી શકતો. તે માટે અથાગ પરિશ્રમની જરૂર છે, ધીરજની પણ આવશ્યકતા છે. પારસમણિ મેળવવો છે ને ધીરજ ન રાખીએ તે કેમ ચાલે? ને રામનામ પારસમણિ કરતાં કેટલું યે અમૂલ્ય છે! રામનામનો ઉપયોગ સારા કામને માટે થાય. ખોટા કામને માટે થઈ શકતો હોય તો ચોરચૂટારા સૌથી મોટા ભગત થઈ જાય. રામનામ તેમને માટે છે જે કામના ચોખ્ખા છે અને દિલની સફાઈ કરી દુનિયા તુચ્છ રહેવા માગે છે. રામનામ કહી લોકલિલ્લાની શક્તિ કે મગજ મેળવવાનું સાધન ન થઈ શકે

રામનામની સ્ત્રી. નાડી સાથે હાડકીમાં લઈ જતા નર્વ નોર્વ. આને નામ કેમ બોલાય છે ન કળ્યું. હાડકીને રામનામની પણ કહે છે.

> રામનામના અપભ્રંશ = રામનું નામ જપાય એટલે કે રામ રમી જાય એટલો અથવા એવો માર મારવો

રામનામિયું ન. રામનામવાળું ગામમાં પહેરવાનું એક જાતનું ઘરચું

રામનામી ૧. સ્ત્રી. જેના ઉપર રામરામ છપાયેલું હોય એવી ચાદર, દુપટ્ટો કે ધોતિયું. આ પ્રમાણે કુર્તા કે ટિયનું નામ પણ છપાય છે.

૨. સ્ત્રી. રામનું નામ હંમેશ સોના અથવા ચાંદીનું એક જાતનું ઘરેણું

રામનોમ જુઓ રામનવમી

રામપગલું ન. રામના પગલાં જેમાં છાપ હોય એવા ચકતી, રામના પગલાં પાડેલું મિનાકારીવાળું નું એક ઘરેણું

રામપત્રી સ્ત્રી. એક જાતની ઔષધિ; કાચલી.

રામપંચાયતન ન. જાનકી સહિત રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નની એમ પાંચ મૂર્તિ કે છબી.

રામપાતરે ૧. ન. ઠીક. તુચ્છ ચીજ.

૨. ન. સ્ટ્રોક્સ ઓફ. ચપ્પલ; રામેસું; ગાડીનું મોટું કોથળું. હાથલો; ચપ્પુ.

રામપાત્ર જુઓ રામપતર.

રામપાસા સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક પ્રખ્યાત જાત

રામપિયાલો પું. ગાયોના કપાળ ઉપર બાંધવાનો કિનખાબનો અથવા મખમલનો કટકો.

રામપીપળી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનો ક્ષય કરવાથી ચિરસ્થાયક કાંડા મટી જાય એમ મનાય છે.

રામપુર ૧ ન. અયોધ્યા

૨ ન. પ્રગ. ઉદ્ગ

રામપુરાણ ન. એ નામનું એક ઉપપુરાણ.

> રામપુરાણ, કપિલપુરાણ, વસિષ્ઠપુરાણ, સનત્કુમારપુરાણ, ચિત્રકૂટપુરાણ, ભાનવપુરાણ, કુમારપુરાણ અને ભવિષ્યોત્તરપુરાણ ગુજરાતમાં ઉત્તમ મનાય છે. ભગવદી ગોમંડલ

રામપુરી ૧ સ્ત્રી. એક જાતની તલવાર.

૨ ન. નર્મદાના કિનારા પર આવેલું એક સ્થળ.

૩. ન. પોલાદની એક હલકી જાત. તે બહુ જ કઠણ હોય છે.

૪. વિ. રામપુરનું

રામપુરીકત્તી સ્ત્રી. રામપુરી પોલાદના પાનાવાળું ઝેરી પાણી પાયેલું લશ્કરમાં બે ફૂટ સાત ઇંચ અને પહોળાઈમાં દોઢ ઇંચ સીધા પાનાવાળું એક જ બાજુની ધારવાળું હથિયાર. સિસોદિયા વંશના સમરસિંહે આ જાતની તલવાર તૈયાર કરાવી હતી. પોતાની જન્મગાંઠને દિવસે સગવહાલાંઓને તે તેની ભેટ આપતા.

રામપૂર્વતાપિની [સં.] સ્ત્રી.,ન. એકસો આઠ મંત્રોનું એ નામનું એક ઉપનિષદ.

રામપોળ સ્ત્રી. મુખ્ય દરવાજો. રાજસ્થાનીમાં પોળ શબ્દનો અર્થ ક્યારે પણ દરવાજો એવો અર્થ થાય છે. મુખ્ય દરવાજાને રામપોળ એટલે રમ્ય દરવાજો કહે છે.

રામપ્રિય પું. (સંગીત) ભરવીસ થાટનો એ નામનો રાગ. તેમાં રિ અને નિ કોમળ, મ તીવ્ર અને બાકીના સ્વરો શુદ્ધ આવે છે.

રામફળ ન. એક જાતનું ઝાડ અને તેનું ફળ. આ ઝાડ પણ મોટું થાય છે. તેની છાલ કડી હોય છે. ફળ મોટું, ભૂખરા રંગનું અને પાકે ત્યારે લાલ રંગનું થાય છે. તેમાંથી કાળો લાંબો ઠળિયો નીકળે છે. સીતાફળની જાતમાં ચાંદલા જેવાં ઉપસેલાં ચાકાં હોય છે અને રામફળની જાત લીસી હોય છે. રામફળ અને સીતાફળ બંને સ્વાદમાં એક જ છે. બંનેનો અંદરનો ગર્ભ પણ સફેદ છે.

રામફળી સ્ત્રી. રામફળનું ઝાડ. તેનાં પાન અગોઠનાં પાન જેવાં લાંબાં હોય છે.

રામબંદાર્ઈ [હિં.] સ્ત્રી. જમીનદાર અને ખેડૂત વચ્ચે પાકની વહેંચણી.

રામબટકો પું. મગદળનો વાંદરો; ગદો.

રામબાણ ૧. ન. એક જાતનો છોડ જગાડ્યમાં મોટાં સુધી પહોંચી તે થાય છે. તેના જાડા લાંબરાનાં પાંદડાને મળતા આવે છે. તેને કુંડે આવે છે. તેને પાનબાજરિયું કહે છે. પાનબાજરિયા ઉપર ૩ હોય છે. પાનબાજરિયાની રાખ તેલમાં ક્ષારવી ચોપડવાથી જખમ જલદી રુઝાઈ જાય છે. તેનું ૩ ભગંદરના ગુમડામાં ભરવાથી ફાયદો થતો જણાય છે.

૨. ન. કદી નિષ્ફળ જાય નહિ તેવું રામનું બાણ.

૩. ન. નિષ્ફળ જાય નહિ તેવું વચન.

૪. ન. હૃદય વિંધી નાખે એવું સચોટ તીર.

૫. વિ. રામના બાણની માફક નિષ્ફળ જાય નહિ એવું; બાળાઢ અસર કરે એવું; અમોઘ; ધારી અસર કરે એવું; સફળ; મુક્તહારી.

પ્રાર્થના એ ત્રિવિધ તાપના નિવારણનું રામબાણ ઔષધ છે. ગાંધીજી

રામબાહરસ [સં.] પું. (વૈદક) પારાની મેળવણીવાળી એક જાતની દવા.

રામબાવળ પું. બાવળની એક જાત હેમગૌર; પીતક; પીતભદ્રક; હરિબાવળ; પીળો બાવળ. તેમાં કાંટા હોય છે. તેનાં પાન નાનાં પીળાશ પડતાં હોય છે. તેને લીંબ થાય છે અને ફૂલ પીળાં થાય છે. તેનાં મુદર તથા લાકડું ઉપયોગી છે. તે તૂરો, કડવો તથા ઊષ્ણ છે અને કફ, પિત્ત, તૃષા, રક્તદોષ, દાહ, તાવ, ઊલટી, મેહ, મસણી તથા વિષનો નાશ કરનાર મનાય છે.

રામબાવળિયો જુઓ રામબાવળ.

રામબુજારું ૧. વિ. ખાડું અને બેડોળ લાગે તેવું માટીનું બુજારું કે ઢાંકણ; બીજા વગેરે ઉપર ઢાંકવાનું ખાડું અને બેડોળ માટીનું ઢાંકોરું

૨. વિ. રૂપ, રંગ કે ઘાટ વગરનું; બેડોળ; બરવું.

રામબોળ રબર ન. એ નામની રબરની એક જાત. આ ઝાડ વડ જેવું મોટું થાય છે. તેનાં પાતરાં પણ વડ જેવા થાય છે. તેની ડાળીમાંથી વડવાઈ ફૂટે છે. બીજમાંથી નવાં ઝાડ થાય છે અથવા કલમ વાવી નવાં ઝાડ કરાય છે.

રામભક્ત ૧. [સં.] પું. રામચંદ્રનો ઉપાસક ગાંધીજી લખે છે કે, એક વાક્યમાં કહીએ તો એમ કહેવાય કે રામભક્ત અને સ્થિતપ્રજ્ઞ. ભેદ ન હોય. ચિંતનમાં પડતાં જોઈએ કે રામભક્ત પંચમહાભૂતોનો સેવક હતો, તે કુદરતને અનુકૂળ હતો, તેથી તેને કોઈ જાતનો વ્યાધિ નહિ હોય અને હશે તો તેનો પંચમહાભૂતોથી નિવારશે. અમે તે ઉપાયથી આધિક દુઃખનું નિવારણ કરવું તે દેહીનું લક્ષણ નથી, દેહનું લાગે હોય; એટલે કે જેને મન દેહ જ દેવી છે, દેહથી ભિન્ન દેહધારી આત્મા જેવું કંઈ તત્ત્વ નથી તે તો દેહને નિભાવવા પૃથ્વીની પ્રદક્ષિણા કરી છૂટશે, લંકા જશે. અથવા ઊલટું જે દેહધારી એમ માનતો હશે કે આત્મા એ દેહમાં હતો ત્યાં દેહથી ભિન્ન છે, નિત્ય છે, અનિત્ય દેહમાં વસે છે, યથાયોગ્ય દેહની રક્ષા કરતો જ્યાં દેહ જાય તો મૂઝાતો નથી, દુઃખ માનતો નથી ને સહેજે તેનો લાભ કરે છે, તે દેહધારી ડાકતર-વૈદોમાં ભટકતો નથી, પોતે જ પોતાનો ડાકતર બને છે; સર્વ કર્મ કરતો તે આત્માનો જ વિચાર કરે છે. એ મૂર્છામાંથી ઊઠેલાની જેમ વર્તન રાખે છે. આમ કરતા પ્રત્યેક શ્વાસે રામસ્મરણ કરે છે. ઊંઘમાં પણ તેનો રામ જાગે છે; ખાતાંપીતાં, ગમે તે ક્રિયા કરતાં તે સાક્ષી તો તેને મળી જ નહિ. તે સાક્ષીનું અમોઘ બનું તે ખરું મૃત્યુ છે.

૨. પું. હનુમાન.

રામભજન ન. રામની સ્તુતિનું ગીત.

રામભદ્ર [સં.] પું. શ્રીરામ.

રામભરોંસો પું. ઈશ્વર ઉપર વિશ્વાસ; ઈશ્વરાધાર; રામનો ભરોસો

રામભોગ ૧. [હિં.] પું. એક જાતના ઊંચા પ્રકારના ચોખા.

૨. પું. કેરીની એક સારી જાત.

રામમંત્ર જુઓ રામતારક.

રામમંદિર [સં.] ન. રામની મૂર્તિવાળું મંદિર.

રામમિત્ર [સં.] પું. સુગ્રીવ.

રામમોલ પું. ચોમાસામાં થતો જિરાયત પાક. રામચંદ્રજીના સમયમાં મોથનું મહાત્મ્ય વધારે હતું. કૃષિકારો પોતાની અરધી જમીનમાં અનાજનું વાવેતર કરતા અને અરધી જમીન મોચરણ માટે પડતર રાખતા. દસ દસ વરસે વાવેતર અને ચરણ માટેની જમીન બદલતા. આમ કરવાથી જમીનનો કસ વધતો જતો હતો. આ પદ્ધતિએ જિરાયત પાક અઢળક પાકતો અને તે રામમોલ નામથી ઓળખાતો હતો. આજે પણ જિરાયત પાકને કેટલાક રામમોલ નામથી સંબોધે છે.

રામમોહનરાય જુઓ રાજા રામમોહનરાય.

રામયંત્ર ન. જયપુરમાં આવેલા ભારતીય જ્યોતિષ યંત્રાલય માંહેનું એ નામનું એક યંત્ર. તેની વચમા ગોદાનો બનાવેલો સ્તંભ છે. તે સ્તંભના મથાળા ઉપર ગોદાનો એક પાતળો તાર પૂર્વ અને પશ્ચિમ દિશા બતાવવા માટે અને બીજો પાતળો તાર દક્ષિણ અને ઉત્તર દિશા બતાવવા માટે બાંધેલો છે.

રામરક્ષા ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તથા બીજા ચરણમાં મભણ, નસણ, જભણ, જણ તભણ અને ગુરુ મળી બોતેર વર્ણ અને ત્રીજા તથા ચોથા ચરણમાં મગણ, રગણ, ભગણ, નગણ, જણ યગણ મળી બોતેરીસ વર્ણ હોય છે.

૨. [સ] સ્ત્રી. રામની રક્ષા; રામની કૃપાથી થતું રક્ષણ. ગાંધીજી કહે છે કે, રામરક્ષા કોણ કરી શકે ? જે બ્રહ્મચારી છે, જેણે નિદ્રા જીતી છે, જે અપરિગ્રહી છે, જે નિર્ભયતી છે, જે સત્યવાદી છે, જે અહિંસાવ્રતી છે, જે નિરંતર પરદુઃખનો જ વિચાર કરીને દુઃખી થાય છે

અને બીજાને ન મળી શકે તેનો લાભ કરવાની પ્રજ્ઞા રાખનારાળો સદા અપરિગ્રહી રહે છે તે જ રામરક્ષા કરી શકે છે.

૩. ન. રામસ્તુતિનું એ નામનું એક સ્તોત્ર. રામનું રક્ષણ મેળવવા તેની સ્તુતિ જે સ્તોત્રથી કરવામાં આવે તે; રામસ્તુતિનો પાઠ.

રામરજ [સં. રામરજસ્] સ્ત્રી. એક પ્રકારની પાંખી માટી. તેનું ઢેફલાક ઝીણો તિલક કરે છે. તે મધ્ય પ્રદેશની નદીઓના કિનારે મળે છે.

રામરસ ૧. પું. મીઠું; જીરું; લવણ; ક્ષારરસ.

૨ પું. રામની ભક્તિની રઢ; રામની ભક્તિરૂપી રસ; રામ ઉપરની અત્યંત ભક્તિનો પ્રેમ.

૩. પું. રામભક્તિનો આનંદ.

રામરહસ્ય [સં.] સ્ત્રી ;ન. એકસો આઠ માંહેનું અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

રામરાજ ૧. ન. ભરવાડ ઢોરોની ઓળખના ધાબળામાં ધોળા કાબરચીતરા ભાતવાળી જાત.

૨. ન. મહિસૂર રેશમ.

૩. [સં. રામરાજ્ય] ન. રામચંદ્રજીનું રાજ્ય; રામરાજ્ય.

૪. ન. લોકોને સ્વતંત્રતા અને પ્રોત્સાહ મળે અને તેમનું રક્ષણ થાય તેવું રાજ; રામના જેવું ન્યાયથી ચલાવાતું સુખી રાજ્ય; દશરથ પુત્ર રામચંદ્રના રાજ્યમાં જેવી પ્રજા સુખી હતી તેવું રાજ્ય; રામના જેવો ન્યાયી અને સુખકાર રાજ્યકારભાર કે વહીવટ; પ્રજાને પૂરતું સુખ હોય તેવું રાજ્ય.

રામરાજ્ય જુઓ રામરાજ.

રામરામ ૧. પું. ભેદ; મુલાકાત.

૨. પું ન. ન. બે જણાનું મળતાં કે જુદા પડતાં પરસ્પર રામરામરટણપૂર્વક નમસ્કાર; પ્રણામ. ઓળખ એક બીજાને મળે છે ત્યારે તે છૂટા પડતી વખતે નમસ્કાર અર્થે રામરામ કહે છે. કાગળપત્રમાં પણ તેમ લખાય છે.

૧. રામરામ કરવા = (૧) છૂટા પડવું. (૨) સંબંધ છોડી દેવો. ઉલ્લા પ્રણામ કરવા.

૨. રામરામ કરી = એ વાત જવા દો; હવે કંઈ બળવાનું નથી.

૩. રામરામ કહેવું-જપવું = રામની સ્તુતિ કરવી.

રામરામિયું ન. રામરામ; નમસ્કાર.

રામરામી ૧. સ્ત્રી. જુવાર; જુવાર.

૨. સ્ત્રી નમસ્કાર; વંદન.

રામરોટી ૧. સ્ત્રી. પવિત્ર ભોજન.

૨. સ્ત્રી. મોલપૂજો; કાળી રોટી.

૩. સ્ત્રી. રાંધેલી અન્નની ભિક્ષા; તૈયાર રોટલા; સાધુઓને અપાતું રાંધેલું અન્ન.

રામલચ્છ [સં.] ન. એક જાતનું મીઠું

રામલીલા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૪ માત્રા હોય છે અને અંતે જગણ હોય છે.

૨ સ્ત્રી. કરતા નટોની મંડળી.

૩. સ્ત્રી. વેપારીઓને હાથે ભજવાતા રામાયણના પ્રસંગો; રામની કથાનું ભવાઈ જેવું નાટક; રામના ચરિત્રનો અભિનય.

રામલીંબુ ન. એક જાતનું ફળ.

રામવલ્લભા ૧. [સં.] પું. લોબ્રપત્ર.

૨. વિ. રામને વહાલું.

રામવલ્લભાજા ૧. [સં.] સ્ત્રી. ભગદેવની પત્ની રેવતી

૨. સ્ત્રી. સીતા.

રામવલ્લભી [સં] પું. વૈષ્ણવોનો એક સંપ્રદાય. તેના અનુયાયીઓ ભંગાળમાં મળી આવે છે.

રામવહા પું. કાઠિયાવાડી ઘોડાની એક જાત.

રામવાર્ષ સ્ત્રી. કેરડીની એક જાત. તે પીળા રંગની, આકાશની રંગનાં ટપકાંવાળી સીધી અને લીસી થાય છે.

રામવાટકો પું. માટીનો વાટકો; કકોરું.

રામવિવાહ ૧. પું. રામચંદ્રજીનું સીતા સાથેનું લગ્ન.

૨. ન. રામના વિવાહનું વર્ણન કરતું કાવ્ય.

રામજન્મ, રામબાલલીલા, રામવિવાહ અને રામરાજ્યાભિષેક એ ચાર પ્રસંગો માટે તેણે મરાઠીઓ તરફ ઘોળ ઘાલ્યા છે. ☞ સા. પરિષ

રામવીણા [સં.] સ્ત્રી. એક જાતની વીણા.

રામવૃત્ત [સં.] ન. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ; ચંદન.

રામશર [સં.] ન. મુંજ ઘાસ; છંપુસંઠ.

રામશરણ [સં.] ન. ગ્રંથનો બોધક; રામનો જાપ્ય

૧ રામશરણ કરવું-પહોંચાડવું = મારી નાખવું; હત્યા કરવી.

૨. રામશરણ થવું = મરણ પામવું

રામશરતીર્થ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થળ. પંચવટી જતી વખતે સીતાજી તરસથી વ્યાકુળ થતાં રામચંદ્રજીએ પૃથ્વીમાં બાણ મારીને પાણી કાઢેલું હતું. આજે ત્યાં એક કૂવો છે ને પાસે રામ તથા હનુમાનની મૂર્તિઓ છે.

રામશલાકા સ્ત્રી. તુલસીદાસજીએ રચેલ એ નામનો એક ગ્રંથ.

રામશિક્ષા [સં.] સ્ત્રી. રામબાણ; બહાવોનિ પર્વતની પાસેનો એક કુંભર. ત્યાં શ્રીરામે પિતૃશ્રાદ્ધમાં પિંડદાન આપ્યું હતું.

રામસ સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની લાંબી માછલી. તેને એક જ કાંટો હોય છે. તે દસ શેર સુધીની થાય છે

રામસખ [સં.] પું. સુગ્રીવ.

રામસખા જુઓ રામસખ.

રામસઢો (રામસઢો) પું. ઓળા; એક જાતનું કઠોળ.

રામસનેહી પું. વૈષ્ણવોનો એક સંપ્રદાય. તે રજપૂતાનામાં પ્રચલિત છે. એ મતનો પ્રવર્તક રામચરણ નામનો એક સાધુ હતો. આ મતમાં જોરશોરથી રામરામ બોલવાનું મુખ્ય કર્તવ્ય મનાય છે.

રામસલિલ ન. નદી કે તળાવને કાંઠે રહેલું એક જાતનું પક્ષી; કુંજડું.

રામસુંદર [હિ.] પું. એક પ્રકારની ઘોડી.

રામસેતુ [સં.] પું. રામને માટે બનાવેલ પુલ. લંકા ઉપર ચઢાઈ કરતી વખતે વિશ્વકર્માના પુત્ર નીલે તે રચ્યો હતો એમ કહેવાય છે.

રામસેનક ન. કરિયાતું; એક જાતની ઔષધિ. રામનું સૈન્ય મોટું હતું અને તે સેનાનો ઉપરી જાંબુવાન હતો. એમ જાંબુવાનને શરીર ઉપર કરિયાતાં ઘણાં હતાં તેમ કરિયાતામાં ઝેરાં રૂપી ગાંખળાં આવે છે. માટે તેને રામસેનક કહે છે.

રામસોપારી સ્ત્રી. સોપારી જેવું એક ફળ; એક જાતની સોપારી. તેનાં ઝાડ સોપારીનાં ઝાડ કરતાં મજબૂત અને નક્કર હોય છે. તેની કુમળી સોપારી પથ્થર ઉપર ઘસીને ખોરીને ખવાય છે. પાકટ થયા પછી તેનો કંઈ ઉપયોગ હોતો નથી. ઝોકરાં તે રમવામાં વાપરે છે.

રામસ્નેહી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે વિષ્ટુપ છંદનો એક ભેદ છે અને ઉદ્વજા અને ઉપેંદ્રવજ્રાના મિશ્રણથી બને છે. તેમાં પહેલું અને ત્રીજું ચરણ ઉદ્વજાનું ને બીજું અને ચોથું ચરણ ઉપેંદ્રવજ્રાનું હોય છે.

૨. જુઓ રામસનેહી.

રામસ્મરણ [સં] ન. રામનું નામ યાદ કરવું તે.

રામહ્રદ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન સરોવર. એમ કહેવાય છે કે, પરશુરામે ક્ષત્રિયોનો વિનાશ કર્યા પછી તેમના લોહીથી આ સરોવર ભરીને પોતાના પૂર્વજોને એ સ્વરૂપે પિંડદાન કર્યું હતું.

રામા ૧. પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેનું પહેલું અને બીજું ચરણ ઉપેંદ્રવજ્રાના માપનું હોય છે. ત્રીજું અને ચોથું ચરણ ઉપેંદ્રવજ્રાના માપનું હોય છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; દોહા. તેના દરેક ચરણમાં મગણ અને ગુરુ એમ ચાર અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, યગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૪. પું. ગેરુ.

૫ પુ. ગોરોચના.

૬. સ્ત્રી. કૃત્તિકા વગેરે અગિયારમું.

૭. સ્ત્રી. (પુરાણ) કુબેરની દીકરી. તેને સૌથી વધુ પ્રસિદ્ધ નામનો દીકરો થયો હતો.

૮. સ્ત્રી. મૂલકન્યા.

૯. સ્ત્રી. પોળી કોરિમડી.

૧૦ સ્ત્રી નદી.

૧૧. સ્ત્રી. નારી; વનિતા.

૧૨. સ્ત્રી. પત્ની; સ્ત્રી.

૧૩ સ્ત્રી. બ.વ. નામનાં દેવી.

૧૪ સ્ત્રી. રાધા.

૧૫. સ્ત્રી. રુક્મિણી.

૧૬. સ્ત્રી. લક્ષ્મી.

૧૭. સ્ત્રી. લક્ષિતવાળામાં પ્રવીણ અને સુંદર સ્ત્રી.

૧૮. સ્ત્રી. સીતળા.

૧૯ સ્ત્રી. સીતા.

૨૦. સ્ત્રી. ત્રિભા; વધારણી.

૨૧. સ્ત્રી. ત્રિભળો

૨૨ સ્ત્રી ત્રિદમાં થતું એક ઝાડ; આસોપાલવ.

રામાચારી જિ. રામચંદ્રજીના મતના આચાર્યના પંથનું

રામાદામા પું. ક વ. આંટાફેરા; આવજા.

રામાદામા કરી શું જોઈ, હરિ જાળને અકલ ખોઈ
જ્ઞાનબાવનિ

રામાદોડી (રામાદોડો) સ્ત્રી. (સંગીત) દોડી રાગણીની એક જાત

રામાતુલસી [હિં.] સ્ત્રી. એક પ્રકારની તુલસી. તેની કંઠમણી સફેદ પડતી લીલી હોય છે પરંતુ કાળી હોતી નથી. રામા અને કૃષ્ણા એમ તુલસીની બે જાત છે.

રામાનંદ ૧. પું એ નામના એક પ્રસિદ્ધ વૈષ્ણવ ધર્માચાર્ય. તેમનો જન્મ પ્રયાગમાં પુણ્યસદન કે ભૂરિકર્મા નામના એક કાન્યકુબ્જ બ્રાહ્મણને ઘેર ઈ. સ. ૧૪૦૦માં થયો હતો. પહેલાં તે રામાનુજ સંપ્રદાયના વૈષ્ણવ હતા. તેનું મૂળ નામ રામદત્ત હતું. તેઓએ શિષ્યોને સાથે લઈ સ્થળે સ્થળે તેણે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માંડ્યો. તેઓ આશરે ૧૪૭૦માં મરણ પામ્યા. તે શ્રીરામચંદ્રજીના અનન્ય ભક્ત હતા. તેઓએ સ્વતંત્ર સંપ્રદાય સ્થાપ્યો જે રામાનંદી નામથી પ્રખ્યાત છે. તેના શિષ્યોની ખાસ વિશિષ્ટતા એ છે કે, વર્ણભેદ રાખ્યા વગર, દરેકને સમાન સ્થાન આપી, એક જ નામથી તે સંબોધતા. સંસ્કૃતને બદલે તેણે શિષ્યોની ભાષા માતૃભાષા રખાવી. તેણે રામ અને સીતાની પૂજા કરવાનું ફરમાવ્યું. અનંતાનંદ, કબીર, નરહરિ, રૈદાસ, કરમચંદ વગેરે તેના પ્રધાન શિષ્ય હતા. સંયુક્ત પ્રાંતમાં આજે પણ આ સંપ્રદાયના હજારો માણસ જોવામાં આવે છે. કાશી અને અયોધ્યામાં તેના મુખ્ય મઠ સ્થાપેલ છે. રામસીતાની સેવાની બાબતમાં તુલસીદાસના શિષ્યોએ વેગ આપ્યો. રામાનંદી સાધુનું કપાળનું ટીલું લગભગ રામાનુજના અનુયાયી જેવું જ હોય છે. તેમાં ફેર એટલો જ હોય છે કે ટીલાની બે લીટીઓ નાકના ઉપલા ભાગમાં મળી જઈ "∪" આકાર નીચે મીંડા જેવો આકાર બનાવે છે. બે પોળી લીટીઓ રામ અને લક્ષ્મણને સૂચવે છે અને બે લીટીની મધ્યમાં આવેલ રાતો ચાંલ્લો સીતાનું સૂચન કરે છે

૨. પું. એ નામના સહજાનંદ સ્વામીના ગુરુ. તેનું મુખ્ય મઠ સૌરાષ્ટ્રમાં આવેલ હોઈ નામનું નામ હતું. તેમણે જ સહજાનંદ સ્વામીને જેતપુરમાં દીક્ષા આપી હતી

રામાનંદી ૧. પું. રામાનંદ સંપ્રદાયનો ભક્ત કે અનુયાયી

૨. પું. વૈષ્ણવોનો એ નામનો એક સંપ્રદાય; રામાવત

૩. જિ. રામાનંદ સંબંધી

૪. જિ રામાનંદના પંથવાળું; રામને પૂજનાર.

રામાનુજ ૧. પું. એ નામનો એક પંથ કે સંપ્રદાય

૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૩. [સં. રામ + અનુજ (પાછળથી જન્મેલ)]
પું. રામના નાના ભાઈ; લક્ષ્મણ.

પ્રગટ્યાં રોમાંચિત્ત અંગ, બદ્યો રામાનુજ રણરંગ.
ગિરધર

૪. પું. વિષ્ણુની ભક્તિવાળો, પણ વેદાંત તરફ પૂર્ણ ઝોકવાળો, વેદાંતની એક શાખા સ્થાપનાર મહદ્ અંશે વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય; એક સંપ્રદાય આચાર્ય. તેઓ સંવત ૧૦૭૩માં જન્મ્યા હતા. તેમણે વેદાંતસૂત્ર ઉપર શ્રીભાષ્ય, વેદાંતપ્રદીપ, વેદાંતસાર, વેદાંતસંગ્રહ, ગીતાભાષ્ય, વેદાર્થસંગ્રહ વગેરે અનેક ગ્રંથોની રચના કરી. આ ગ્રંથોની પ્રસિદ્ધિથી તેમને આચાર્યપદ મળ્યું. આવી રીતે ૧૨૦ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ સંવત ૧૧૯૪ની માઘ સુદિ દશમને દિવસે રામસ્વરૂપ પામ્યા. વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંત અનુસાર મૂળનું જે અદ્વૈત તેને કેવલ રૂપે તે બ્રહ્મ માનતા નથી. અદ્વૈત છે તો ખરું, પણ કેવળ નથી, વિશિષ્ટ છે. બધું બ્રહ્મમય છે. બ્રહ્મમાં જ જીવ અને જડ બે ભેદ છે, જે અન્યોન્ય અને બ્રહ્મથી પણ વિલક્ષણ છે. અંતર્યામી રૂપે બ્રહ્મ હરિ સર્વમાં છે પણ ચિત્-જીવ અને અચિત્-જડ તેનાથી સર્વદા જુદા છે. એ ત્રણે રૂપે વિશ્વ છે જે બ્રહ્મમય છે. તેથી બ્રહ્મ ત્રિતત્ત્વવિશિષ્ટ છે. ત્રણે પોતપોતાને અદ્વૈત જ છે. અદ્વૈત બ્રહ્મમાં વિષમતા જ્ઞાન હોય જ નહિ, એવો વિરોધ આવતાં વિશિષ્ટ રીતે તે અદ્વૈત સ્વીકારે છે. સાન્નિધ્ય, સાલોક્ય આદિ મોક્ષ માને છે. અવતારોને બ્રહ્મરૂપે ગણી રામાવતારને પ્રાધાન્યતઃ તે પૂજે છે.

રામાનુજ સંપ્રદાય પું. રામાનુજે સ્થાપેલો એ નામનો પંથ. લક્ષ્મીએ તે ઉપરોક્ત હોવાથી રામાનુજ સંપ્રદાયને શ્રીસંપ્રદાય પણ કહે છે.

રામાનુજાચાર્ય ૧. પું. એ નામના એક પ્રસિદ્ધ ધર્માચાર્ય; વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય. વિ. સં. ૧૦૭૩-૧૧૯૪. જુઓ રામાનુજ.

૨. સ્ત્રી. સાધુ બાવાની એ નામની એક જાત.

૩. વ. એ નામની જાતનું માણસ.

૪. જિ. એ નામની જાતનું.

રામાનુજી ૧. પું. રામાનુજ સંપ્રદાયને અનુસરનાર માણસ; રામાનુજનો અનુયાયી

૨. જિ. રામાનુજના મતનું; રામાનુજ ધર્મનું; રામાનુજના સંપ્રદાયને લગતું.

રામાનુજીય જિ. રામાનુજનું.

સહજાનંદીય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ રામાનુજીય દૃષ્ટિ કરતાં ઘણાખરી બાબતોમાં ભિન્ન પડે છે.
મુ સા. પરિષદ

રામાનુરાગ ૧. [સં.] પું. રામ ઉપર પ્રીતિ.

૨ પું ઓ ઉપર પ્રેમ

રામાપ્રિય [સં.] પું. તજ.

રામાયણ ૧. સ્ત્રી. મુશ્કેલ કામ; રામણ.

રામાયણ થવી = રામણ થવી.

મૂ મેરુ મહીધર, નહિ સાયર નહિ સૂર
તા એ રામાયણ મુણ્ડ તે ધરિ નવનિધિ પૂર
સીતાહરણ

૨. [સં. રામ + અયન (જવું તે)]
સ. અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામચંદ્રની જીવનકથા; રામકથા; રામચરિત; વાલ્મીકિએ

રચેલું એ નામનું એક મહાકાવ્ય. રામાયણ વાલ્મીકિ ઋષિએ રચેલું હોય એમ મનાય છે ઈ સ પૂર્વે પાંચમી સદીમાં તે લખાયું હોય એવી માન્યતા છે. તેના બે પ્રકાર છે: ઉત્તરનું અને બંગાળનું. ઉત્તરનું વધારે જૂનું અને શુદ્ધ છે જ્યારે બંગાળનું પછીના સમયનું અને પાયા વિનાનું છે. તેના યુરોપીય ભાષામાં કેરે, માર્શમેન, ગોરેસિયો, શેગલ, વ્હીલર વગેરે વિદ્વાનોએ જુદી જુદી ભાષામાં તરજૂમા કરેલ છે. રામાયણના સાત કાંડ છે અને તેમાં આશરે ૫૦,૦૦૦ લીટીઓ છે: બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ. દરેક કાંડમાં પણ સર્ગ છે. ખ્રિસ્તિના સમય પહેલાં વાલ્મીકિએ રામાખ્યાન નામનું પુસ્તક લખ્યું હતું. અને પાછળથી ઈ. સ. પૂર્વે ૧૦૦ની આસપાસમાં તેમાં વધારા કરીને કોઈ કવિએ હાલનું રામાયણ બનાવ્યું છે એમ પણ કહેવાય છે. રામ એ વેદિક કાળના રાજા હતા અને દંડકારણ્યમાં સીતાનું હરણ થયા પછી વાનર અને રીંછ જેવી પ્રાચીન સમયની જાતિઓની સહાયથી લંકાના રાક્ષસ રાજા રાવણને મારી તેમણે સીતાને પાછાં મેળવ્યાં હતાં. માંધીજી લખે છે કે: રામાયણપ્રસંગ મારા રામાયણ ઉપરના અત્યંત પ્રેમનો પાયો છે. આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું. સંસ્કૃતમાં રામાયણ નામના બધા ગ્રંથ છે. તેમાં વાલ્મીકિકૃત રામાયણ સૌથી વધુ પ્રાચીન અને પ્રસિદ્ધ છે. તે આદિ કાવ્ય છે. વાલ્મીકિ ઋષિ રામચંદ્રના સમકાલીન હતા. તેથી તેનો ગ્રંથ રામાયણ સૌથી વધુ પ્રમાણિક મનાય છે. આસ કરીને ભારતમાં અનેક પ્રકારનાં વાલ્મીકીય રામાયણ મળી આવે છે ઔદીચ્ય, દાક્ષિણાત્ય, અને ગૌડીય. આ બધે રામાયણોના સર્ગોની સંખ્યા અને પાઠ વગેરેમાં ઘોડોઘણો તફાવત છે અટલા પ્રાચીન કાવ્યની જુદી જુદી પ્રતોમાં આટલો અધિક તફાવત હોવો સ્વાભાવિક છે. ઘોડાઘણા અરી આ રામાયણ અને બીજા રામાયણોની સહાયતા લઈને તુલસીદાસજીએ રામચરિતમાનસ નામનું જે પ્રસિદ્ધ હિંદીમાષામા કાવ્ય લખ્યું છે તેનો જોટો પણ આ રામાયણ શબ્દથી થાય છે. વાલ્મીકિકૃત રામાયણ સિવાય આધ્યાત્મરામાયણ, અગ્નિનેયરામાયણ વગેરે જે કેટલાક રામાયણ છે તે સાંપ્રદાયિક છે.

૨. ન. આત્મવિચાર. આત્મરામાયણમાં રામાયણને આત્મવિચાર કહેલ છે.

૪. ન. રામનું જાદુ તે.

૫. ન. રામનું પરાક્રમ.

૬. વિ. લંબાણ વાર્તા કે કથાનક: ટાપલું. જેમાં સાધારિક બાકી કે ક્રમાનની લંબાણ વાત હોય તે કહોકત કે ઈતિહાસ: મોટી ને અદ્ભુત વાર્તા

૧. રામાયણ ઊકેલવું = કોઈ વાતને વધારીને કહેવી

૨. રામાયણ વાંચવું = લાંબું ટાપલું કરવું: એની એ વાત ફરીવાર કર્યા કરવી.

૭. ન. વીતક કથા.

રામાયણી ૧. પું. રામાયણનો જાણકાર કે પંડિત.

૨. વિ. રામાયણની કથા કહેનાર

૩ વિ. રામાયણનું: રામાયણને લગતું, રામાયણ સંબંધી

રામાયુધ [સં.] ન. (હિં) ધનુષ

રામાવત ૧. પું. વૈષ્ણવનો એ નામનો એક પંથ: રામાનંદી સંપ્રદાય.

૨. સ્ત્રી. ભાવાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ

૪. વિ. એ નામની અટકનું.

રામાવતાર ૧. [સં. રામ + અવતાર] પું. (પુરાણ) વિષ્ણુના દસ મોટેનો સાતમો અવતાર. રામાયણમા જેમના ચરિત્રનું ગાન કરાયું છે તે રામચંદ્ર ભગવાન અયોધ્યાના સૂર્યવંશી દશરથ રાજાના પુત્ર હતા. મહાપુરુષ અને પતિભક્તિની મૂર્તિમાન દેવી સીતા જનકની પુત્રી એમનાં સ્ત્રી હતાં. આ અવતાર ત્રેતાયુગમાં થયો હતો. રાવણ નામના બળવાન અને દુષ્ટ રાક્ષસનો વધ કરવા વિષ્ણુએ આ અવતાર લીધો હોવાનું મનાય છે. નારાયણ સંવત્સર, ઉત્તરાયણ, ચૈત્ર સુદિ નવમી, શુક્રવાર, પુનર્વસુ નક્ષત્ર, વરીયાન યોગ, કિંસ્તુ, કર્કિ ૧૫, ૫૧ ૫ ગ્રહો આ અવતાર થયો હોવાનું મનાય છે. તેમણે રાવણ, કુંભકર્ણ વગેરેનો વધ કરી દેવોને દુઃખમાંથી છોડાવ્યા હતા. આ રામાવતારમાં તામસી વૃત્તિનો લોપ થઈ ને સાત્ત્વિક વૃત્તિ વધ્યાનું બતાવેલું છે.

૨.માવતારની કથા = એની એ જૂની વાત.

૨. વિ. જૂના વખતનું.

રામાવદ્ય પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, સગણ, ભગણ, તગણ, નગણ, તગણ, લઘુ અને ગુરુ મળી તેરીસ અક્ષર હોય છે. તેમાં ૧૦, ૪ અને ૯ અક્ષરે યતિ આવે છે.

રામાવદ્યે સ્ય મ ભ સા ગા, ત ન તા લા,
ન દસ યુગે ભેદ યતિ.
સ્વરૂપિંગળ

રામાસામા પું. ન ૫ રામરામ જે જે. જેમકે, રામાસામા કર્યા પછી હું અહીં આવ્યો છું.

રામાંડામાં ન. ન ૫ વામાંટામાં: નિરર્થક: ગાગસેપ

રામાંટામાં કરવા = નિરર્થક ગાળોપ કરવો.

રામિશ ૧. [ફા.] પું. આનંદ માટે ગાવું તે.

૨ પું. આરામ.

૩. પું. સંપ.

રામિશગર [ફા.] પું. ગાનાર કે વગાડનાર માણસ: ગવૈયો

રામિશગરી [ફા.] સ્ત્રી. ગાવા કે વગાડવાનો ધંધો.

રામી ૧. પું. જેના ઉપર રામ નામ છપેલ હોય તેવું વિષ્ણુભક્તોને પહેરવાનું એક વસ્ત્ર.

૨. [સં. આરામ (ભત્રીજો)] પું. ભાગવાનઃ ભાણો.

૩. સ્ત્રી. સ્ત્રીઓનું એક નામ.

૪. ન. એક જાતનું ઘાસ.

રામેઠા પું. એક જાતનું જંગલી મોટું ઝાડ. તેનાં પાંદડાં બધુ ખાર આમળ લાંબા હોય છે. તેને પોળાં અને મોટાં ફૂલ આવે છે. તેનો રસ આંખોને નુકસાન કરે છે. આ ઝાડ પણ ગરમ મનાય છે. તેના ઝાડવાની રાખથી દાંત ઘસી લાય છે એમ કહેવાય છે. તેનું ઉત્પત્તિસ્થાન દક્ષિણ હિંદ, સિલોન, કોંકણ, સહ્યાદ્રિ અને નીલગિરિ છે. તેની જાતના રેસામાંથી સારો દોરડાં અને કાગળ બને છે. જાલ માણસાં મારવા વપરાય છે.

રામેશ્વ જુઓ રામેશ્વર.

રામેશ્વર ૧. પું. ગુરુ. આત્મરામાયણમાં રામેશ્વરને ગુરુ કહેલ છે.

૨. પું. ગોદાવરીના રોરિશો નામના મુખ્ય આગળ રામચંદ્રજીએ સ્થાપેલ એ નામનું એક શિવમંદિર,

૩. પું. શિવનાં સ્વયંપ્રકાશ બાર માંહેનું એ નામનું એક જ્યોતિર્લિંગ: સેતુબંધ પાસેનું એ નામનું એક તીર્થ આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે, અહીંના મંદિરનો વિસ્તાર વીસાનાં વીસામાં છે જેમાં મંદિરની આપેક્ષી જગ્યાઓ, રથળો, જુદાં જુદા મંદિરો છે અને ગામમાં એક પત્થર જરાય છે. મંદિરોમાં મુખ્ય રામેશ્વર અને પાર્વતીજીના મંદિર ઉપરાંત કાશીવિશ્વનાથ, જટાશંકર, સિદ્ધર, ગણપતિ, હનિક સ્વામી અને અષ્ટસિદ્ધના પણ સુંદર અને પ્રખ્યાત મંદિરો છે. રામેશ્વરના અગ્રણ ભાગ ઉપરાંત ગણ મૂર્તિ છે અને પાર્વતીજીની પણ ગણમૂર્તિ છે. જે સુવર્ણ આદિના ગણપ્રકારથી ભરપૂર રખાય છે અને તેને જોવ પણ પડાય છે. મંદિરને ફરતા પાંચ કરવાળ છે, ફરતો કિલ્લો છે, દસ અગ્નિકુંડ મજબૂતવાળા કારીગરીથી ભરપૂર સિંહપક્ષીના

નમૂનારૂપ મોપુરો છે. વચમાં રામેશ્વરનું નિજ મંદિર સાદ ગજ ઊંચું છે, જે દક્ષિણનાં ઊંચા મંદિરોમાંનું એક છે. મંદિર શિખરબંધ છે અને તેને ત્રણ ઘુમટ છે. મંદિરો ઉપર સુવર્ણના કલશ છે અને મંદિર સામે એક સુવર્ણનો સ્થંભ છે. રામેશ્વરની મૂર્તિ જ્યોતિર્લિંગ છે અને તે મૂર્તિ ઊંચી, સુંદર અને ભવ્ય છે. મંદિરની સામે એક મોટા મકાનને રોકતો મોટો પડછદ ભવ્ય પોદ્રિયો છે. તેનું કદ દર્શને આવનારનું ખાસ ધ્યાન ખેંચે છે. ચાર ધામ માહેનું આ એક ધામ, દ્વાદશ જ્યોતિર્લિંગ અને આર્યાવર્તને છેડે હતાં સમુદ્રમાં એટલું રામનાથમાં આવેલું હોવાથી આ તીર્થનું માહાત્મ્ય અતિશય છે. વળી આની સ્થાપના રામચંદ્રજીએ પોતે કરી કહેવાતી હોઈ પ્રખ્યાતિ વિશેષ છે. આ મંદિરમાં જ ચોવીસ સ્નાન કરવાનાં તીર્થસ્થળો કે જગાયો છે. લક્ષ્મણકુંડનો મહિમા અહીં વધારે છે અને શ્રાદ્ધ વગેરે આ કુંડમાં થાય છે. રામેશ્વરને ગંગાજળ કે યમુનાજળ ચઢાવવાનું બહુ જ માહાત્મ્ય ગણાય છે.

૪. સ્ત્રી. ઉત્તરની ચાલુક્ય મુદ્રામાંની એકનીચાની ચૂહાનું નામ.

૫. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપર્યાંગમાં કહ્યા છે કે: રાવણનો વધ કરવા માટે રામચંદ્રને બ્રહ્મહત્યા લાગી. અહીંથી અયોધ્યા જતી વખતે અહીં તપ કરીને બ્રહ્મહત્યાથી મુક્તિ મેળવી. અહીં રામે રામેશ્વર અને લક્ષ્મણે સ્થાપેલ લક્ષ્મણેશ્વર છે. અહીં તીર્થવિધાન સહિત તપ કરનારની બ્રહ્મહત્યા મટી જાય છે.

રામેશ્વરજોગ સ્ત્રી. બહુ સુંદર સુગંધવાળી, પાતળા ઓટવાવાળી, અઢારથી સઢી ભવ તોપણ અંદર સારી રહે તેવી રેસા વગરની એક જાતની કેરી.

રામેશ્વર સંગમ પું. અંબલ તથા ભનાસ નદીનું સંગમસ્થાન.

રામૈયા ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

રામૈયું ન. ચપલિયું, ઠોંડિયું, બટેરું; <સં., રામપત્ર.

રામૈયો ૧. પું ભરવું વખતે મોટેથી બોલાતું રામ નામ

૨. પું સહ વગરનો રામનું નામ દઈને કીસ્તરામા આવતો ઠોસ અથવા તે રીતે પાણી કાઢવાની રીત. જ્યારે ઠોસ કૂવાને મથાળે હોય છે ત્યારે પાણીવાળાથી રામ નામનો ઉચ્ચાર કરવામાં આવે છે. રામૈયા ઠોસને બે માણસ જોઈ એ છીએ એક બળદ હાંકવા અને બીજો ઠોસ ખાલી કરવા.

રામો પું. ઘરકામ કરનાર નોકર; ઘાટી.

રામોત્તરતાપિની [સં.] સ્ત્રી.,ન. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

રામોપનિષદ [સં.] સ્ત્રી.;ન. અથર્વવેદનું અંતર્ગત એક ઉપનિષદ.

રામોપાખ્યાન ૧. [સં.] ન. મહાભારતના વનપર્વમાં કહેલી રામની વાત. તેના સ્મરણે સાધારણ મનુષ્ય તરીકે વર્ણવેલ છે.

૨. ન. રામની કથા

રામોશી ૧. પું. પટાવાળો.

૨. પું. પસાયતો; સિપાઈ; ચોકિયાત; પહેરેગીર; પગી.

૩. સ્ત્રી. પશ્ચિમ સહ્યાદ્રિના જંગલમાં રહેનાર એ નામની એક કોમ.

૪. ન. એ નામની જંગલી જાતનું માણસ. તેઓ પુના સતારા તરફ રહે છે અને પહેરો ભરવાનો અથવા ચોરીનો ધંધો કરે છે. રામોશી દક્ષિણમાં ભરપૂરપણ નથી મનાતા, છતાં ઊજળિયાત કોમો તેમને છેડે રાખે છે.

> રાજપરજમા તેના મુખ્ય પ્રતિનિધિ ભીલ, કાતુડી, રામોશી વગેરે કોમો આવી જાય છે.
>
> કાલેલકર

૫. વિ એ નામની જાતનું

રામોસી જુઓ રામોશી

રાય ૧. પું. કેટલાંક વિશેષ નામને છેડે લગાડાતો માનસૂચક શબ્દ; આનાર્થે વપરાતો શબ્દ. જેમકે, રમખરાય

૨. પું. પરમેશ્વર

૩. પું. ભાટ; બદીજન

૪ પુ. મોટો ધનવાન માણસ; રાજપ્રીથી ગોમતો માણસ; વૈભવી જન

૫. પુ રસ્તો; રાહ.

> પછી મમરામ લાગી પાય
> ચાલ્યા ગુજરાતને રાય.
>
> નિષ્કુળાનંદ

૬. [સં રાજન્; પ્રા. રાજા–રાયા] પું. રાજા.

> દેવ સબે ચલાયે નબી, ત્રિભુવન પુરી જેમાઈ
> કમેણ ચીનવઈ અમે ગાઈ અયોધ્યા રાય.
>
> સીતાહરણ

૭. પું. સરદાર; સામંત.

૮. [મા.] સ્ત્રી. ધારણા; અભિપ્રાય; મત.

૯. સ્ત્રી મા.ન ની એક કેપ.વિ. જેમકે, રાયબહાદુર; રાયસાહેબ.

૧૦. સ્ત્રી. રાત; રાત્રિ

૧૧ સ્ત્રી. સંમતિ; અનુમતિ, સલાહ.

૧૨. [સં. રै] ન. ધન.

> દ્રવિણ દ્રવ્ય વસુ વિત્ત બલ
> રાય અર્થ સુખ ઓક;
> ધન જેવું સજ્જનવનુ,
> તેવું નહિ બીજુ કોક.
>
> વિઠ્ઠળભટ્ટકોષ

રાયઆમળાં ન.બ.વ. આમળાંના ભવ્ય માંહેનો એક પ્રકાર; મોટાં આમળાં; રાયઆમળીના ઝાડ. તે મોટાં હોય છે અને અથાણું કરવાના તેમજ દવાના કામમાં આવે છે. તેનો મુરબ્બો પણ બને છે.

રાયઆમળી સ્ત્રી. એક જાતનું સાધારણ મોટું ઝાડ; ખાટી આમળી. તેનાં પાદડાં ગરમાળાનાં પાન જેવાં ઝીણાં અને સાંજે બંધ થાય છે. ફૂલ પીળાં અને ખાટાં થાય છે. ફળનાં ગુચ્છા આવે છે. તે રાયઆંબળાં પણ કહેવાય છે. ફળ નાનાં અને ગોળ હોય છે.

રાયઆમળું ન. મોટું આમળું.

રાયઆંબળાં જુઓ રાયઆમળાં.

રાયઆંબળી જુઓ રાયઆમળી.

રાયઆંબળું જુઓ રાયઆમળું.

રાયકડો (રાયકડો) પું. રખારી.

> રાજસભામાં રાજા બેઠા, રાયકડા તેડાવ્યા રે.
>
> ગુજરાતી કાવ્ય

રાયકવાલ ૧ સ્ત્રી. બ્રાહ્મણની ચોરાસી જ્ઞાતિની એક પેટા જ્ઞાતિ; રાયકા ગામમાં જઈ તે નામે ઓળખાયેલા ઔદીચ્ય બ્રાહ્મણની એક શાખા. ભોદેરાના ભોજ તેમજ રાયકાના રૈવત અમરા રાયકવાલ બ્રાહ્મણ કહેવાય છે.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

૪. વિ. રાયકા ગામનું રહેવાસી.

રાયકવાળી જુઓ રાયકવાલ.

રાયકવાડો (રાયકવાડો) પું. ઘરવાડનું કળિયું.

રાયકો પું. રખારી; ઘરવાડા; ઊંટ રાખનાર અને ચારનાર માણસ; ગોવાળ.

> પોઢ્યા રાયકા આલસ ભરી ઝોકરી રે,
> ઊઠીને વગાડ્યો રે ચતરંગ વાંસળી.
>
> નાનાલાલ

રાયચંપો પું. એક જાતનો ચંપો અને તેનું ફૂલ; સુવર્ણચંપો; કેસરી ચંપો; મંદારણી, પીળો ચંપો. તેની કલમ માદા તરીકે વપરાય છે. ફૂલો ઉનાળામાં અને ચોમાસામાં એમ વર્ષમાં બે વખત આવે છે. ફૂલ જોવામાં બહુ સુંદર અને કેસરી પીળાં હોય છે. તેની વાસ બહુ ઉમ

ઢોવાથી તે હવામાં આરે તરફ પ્રસરે છે કુલમાંથી અત્તર બને છે. ચપાની જાલ જૂના સંચિત ઉપર ચઢી રહ્યાં છે પાન અને ફાલનો ઉકાળો રબારી ઢોરો ઢોરને શીતળા નીકળ્યાં હોય ત્યારે ફાલ સાથે પાય છે. પાનનું રવ.ઉષ્ટ શાક બને છે. રાયચંપાનું દાતણ કરવાથી વાયા અને શ્રવણશક્તિ વધવાનું મનાય છે. રાયચંપો કડવો, તીખો, શીતળ, તૂરો, મધુર, રૂક્ષ, હલ્ક, સુગંધિત અને દાહ, પિત્ત, કફ, રક્તદોષ, મેદકૃમિ, વાતરોગ, ફોડ, વિષ, કૃમિ, કંડૂ તથા વણનો નાશ કરનાર મનાય છે

રાયચુરા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

રાયજગ ૧. [સં. રાજયજ્ઞ] પું. અતિ મહાન કાર્ય, મોટું ભારે કામ; મોટો રોકીપણ સમારંભ.

૨. પુ. મોટો ઠઠિયો; ઝપડો.

૩. પું. મોટો યજ્ઞ; રાજસૂય યજ્ઞ.

રાયજંગ જુઓ રાયજગ

રાયજાદા ૧. સ્ત્રી. ચુડાસમા રજપૂત, લોહાણા અને વણિકની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

રાયજાદી ૧. સ્ત્રી રાજકુંવરી; રાણીને પેટે જન્મેલી દીકરી.

૨. સ્ત્રી. રાયજાદાની સ્ત્રી.

૩. વિ સ્ત્રી. સામાન્ય.

રાયજાદું ૧. વિ. ઉત્તમ પ્રકારનું; ઐશ.

૨. વિ. નક્ષ.

૩. વિ. રાયજાદા જેવું.

૪. વિ. સાવરણીથી જનને બની બણ તેવું. મનોહર; સારું; સુંદર; રૂપાળું, બળ્યું.

વન ઉપવન ઓહ આદિ રે,
દીઠી મૂર્તિ રૂપાળી રાયજાદી રે.

નિષ્કુળાનંદ

૫. વિ સારું

રાયજાદો ૧. પુ. એ નામનો એક ખિતાબ.

અકબરે રોશનાહને રાયજાદાનો ખિતાબ બક્ષ્યો
મુ. સા. પરિષદ

૨. પું રજપૂતની એ નામની જાતિનો માણસ.

૩. પું. રાજાનો પુત્ર; રાજકુંવર.

૪. વિ પું. સામાન્ય; મધ્યમ.

રાયડો (રાયડો) પું. રાયડો; રજારી; ભરવાડ.

તારે મન હું તો સાચી, રાયડા જેવો રાક.
સ મળ

રાયણ સ્ત્રી. એક જાતનું મોટું ઝાડ અને તેનું ફળ; રાજન્યા; ક્ષત્રિકા; રાયેણ; રાજા. તેને ઉનાળામાં બારેકના ડગિયા જેવાં લીબોળી જેવડાં ફળ આવે છે. ફળમાં પોચા રેસનો ગોટ હોય છે. ફળ મીઠાં અને પૌષ્ટિક છે. પીળાં રાયણફળ સુધાના ક્રમાં લાલ રેસનાં બને છે. તેને કોકડી પણ કહે છે. ફળમાંથી નીકળતાં બીનાં મીંજમાંથી તેલ નીકળે છે. તેનું લાકડું લાલ રેસનું, ચીકણું અને મંજીન હોય છે. તેથી રેસાદાર લાંબો રેસેલા ક્રાપડની કુદી કરવા માટે તેની મોટીઓ કરે છે. તે મુખમાં રૂક્ષ અને શીતળ મનાય છે. તે નિદ્રોષ, વાતપિત્ત, પ્રદર, રક્તપિત્ત ઉપર ઉપયોગમાં આવે છે.

રાયણકુકડી (રાયણકુકડી) જુઓ રાયણકોકડી.

રાયણકોકડી (રાયણકોકડી) સ્ત્રી. રાયણનું નહું ફળ; સુકી રાયણ; કોકડી; સુકવેલું રાયણ.

રાયણદીવો પું. ગણપ્રસંગની દીવડો.

રાયણબાજા સ્ત્રી. રાયણ જેવા આકારના સોનાના બારાઓની બાજા.

રાયણી જુઓ રાયણ.

રાયણું ન. રાયણનું ફળ

મોઢા બાર તે તેત્રીસ કોડ,
કે અણપટ રાયણે રે લોલ. નરસૈયો

રાયત ૧. [અ. રિઆયત (સુખચેન)] સ્ત્રી. આરામ; આસાઈશ; વિસામો; રાહત

૨ સ્ત્રી. નિરાંત; કંઠક; ટાઢક

૩. સ્ત્રી. પક્ષપાત; પક્ષ; પક્ષીઓ

૪. સ્ત્રી મહેરબાની; કૃપા

રાયત કરવી = (૧) મહેર કરવી. (૨) માફ કરવું, મુકાબ કરવું

૫ સ્ત્રી સરકારનો પાયટો

૬. વિ. કમી; ઓછું.

૭. વિ વિકાયત; ફાયદા પડતું.

રાયતી કેરી જુઓ રાઈતી કેરી

રાયતું જુઓ રાયતું

રાયદાણી પું. દાણ લેનાર રાજા.

નમો કૃષ્ણ કૃષ્ણપ્રિયે રાયદાણી. દમારામ

રાયપની પું. (પિંગળ) ઉપજાતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુમારલલિતા. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે

રાયપસેણી ન. (જૈન) એ નામે એક ઉપાંગ સૂત્ર.

રાય બહાદુર પું. એ પ્રકારની ઉપાધિ. ભારતની અંગ્રેજ સરકારે તે કોઈ તાલુકદાર, શ્રીમંતો, જમીનદાર કે સરકારી અમલદારને આપતી હતી.

રાયમલ ૧. સ્ત્રી. ચાંદીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

રાયમલ રહે ને દોગા દુઃખ પીએ = ભર્યા રહેનાર એક સુપાત્રની પાછળ આવી જનારા અનેક કુપાત્ર માણસો હોય ત્યારે બોલાય છે.

૩. વિ. એ નામની અટકનું.

રાયરંક પું. રાજા અને કંગાળ; ગરીબ અને તવંગર.

રાયરાણા પું. એક જાતનો ઇલકાબ.

મુખ્ય પ્રધાન બિરદ બોલનાર **રાયરાણા** માને તેહનાઈ
મુ. સા. પરિષદ

રાયરાયાન ૧. પું. એક જાતનો ખિતાબ. નવાબી અમલમાં બંગાળાના નવાબના વસૂલાતી અધિકારીનો તે ખિતાબ હતો

૨. [સં. રાજ (રાજા) + રાયાન (રાજાઓ)] પું. રાજાઓનો રાજા; રાજાધિરાજ.

રાયલી સ્ત્રી. મોદડી. ઉત્તર ગુજરાતમાં બોલાય છે

રાયલું ૧. ન. મોદકું; રબારી.

૨ વિ. આપ નામદારનું; નામદારને લગતું.

૩. વિ રાજકીય.

૪. [સં. રાજકીય; પ્રા. રાયલ્લ] વિ. રાજકીય; રાજા સંબંધી; રાજનું

રાયવર ૧. [સં. રાજવર] પું. ચક્રવર્તી રાજા; શ્રેષ્ઠ રાજા.

૨. પું. લગ્નગીતમાં વરરાજા માટે વપરાતો શબ્દ. નહિ રે ઓળું રે રાયવર ચૂંદડી. લગ્નગીત

રાયવરેતુ પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં એકત્રીસ મુજબ આરેમાં ઓગણી માત્રા હોય છે. તેમાં ૧૨ લઘુ અને ૨૬ ગુરુ મળી ૪૮ વર્ણ આવે છે. ૧, ૫, ૯, ૧૩ અને ૧૭ માત્રાએ તાલ આવે છે. અંતે ગુરુ વધારી બે લઘુ ઉમેરતાં છેલ્લું રૂપ ૮૪ લઘુનું થાય એમ તેના ૩૭ ભેદ છે.

રાયશીંગણી સ્ત્રી. એક જાતનો ઝોડ; ભલતુરી; કૃષ્ણપદ. તેમાં કેસરિયા રંગનાં ફૂલ આવે છે.

રાયસા કાનહરા પું. (સંગીત) એ નામનો એક રાગ. નરસૈ.રંગ અને કાનહરાનો તે મેળાપ છે. કોમળ અને શુદ્ધ બંને સ્વાર છે. ગ્રામ કરીને શરદ પૂનમની રાતે ગવાય છે

રાયસાહેબ સ્ત્રી. એક પ્રકારની પદવી.

રાયસી વિ રાજનું

રાયસેન પું (પિંગળ) રગ્વા છંદની જાતનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૬ પદ અને ૧૧૬ માત્રા હોય છે. વિષમપદ ૧, ૩, ૫ દરેકમાં ૧૫ માત્રા, ૭ અને ૯ દરેકમાં ૧૧ માત્રા હોય છે. સમપદ બીજામાં ૧૨ માત્રા, ચોથામાં ૧૧ માત્રા અને ૬ તથા ૮ દરેકમાં ૧૩ માત્રા હોય છે.

રાયસો ૧ પું. (સંગીત) એ નામનો એક રાગ; સિંધુરિયા; સિંધુડો.

૨. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની પાંચ માંહેની એ નામની એક રાગિણી.

રાયંગણ પું. (જૂ. ગુ.) રાજદરબાર.

રાયંગણિ સુરંત. નામ રહિયલ આનંદલિ. રાવણસમવસરણ

રાયંસ પું. ક્ષયનો રોગ

રાયંસિ વિ. ક્ષય રોગી; ક્ષયના રોગથી પીડાતું

રાયા ૧. પું. (પિંગળ) આર્યા છંદની જાતનો એ નામનો એક માત્રામેળ છંદ; માત્રી. તેમાં ૧૯ લઘુ અને ૧૯ ગુરુ મળી ૩૮ વર્ણની પણ માત્રા હોય છે

૨. [સં. રાજન્] પું. રાજા.

૩. [હિં.] સ્ત્રી. રાઈ.

૪. વિ. લક્ષ્મીવાળું; સારું; શોભાદાર; શોભિત.

રાયાધીરા પું. રાજાઓનો રાજા; ઈશ્વર; પ્રભુ.

રાય તણા એ રાયાધીરા રે ન્યાયતણા એ ન્યાયાધીરા. કાન્હડદેવજી

રાયાંરાય પું. (જૂ. ગુ.) રાજાનો રાજા; રાજેંદ્ર

રાયાંરાય કહાનિયો, આજ ન ભવે માનવો રે. આનંદકાવ્યમહોદધિ

રાયું૩તું વિ. સારી હાલતમાં હોય તેવું. ઇસ્ત.વેજની ભાષામાં તે શબ્દ છે. જેમકે, રાયુરતું ઘર ભાડે આપવું છે.

રાયોંવાટ્ય ન. એક પ્રકારનું સામ કે સ્તવન. તે વડે પશુઓની પ્રાપ્તિ થતી મનાય છે.

રા. રા. વિ. રાજમાન્ય રાજશ્રીનું ટૂંકું રૂપ. પત્રલેખનમાં મોટી ઉંમરના કે વડીલ પુરુષને આ વિશેષણ લગાડાય છે. આ શબ્દો અપભ્રષ્ટ થઈ ગયા છે અને અજ્ઞાની તો શું પરંતુ ભણેલા પણ રાજમાન રાજેશ્રી એમ વાંચે છે.

રારાટાળા પું. કામ કરવાની બદદાનતવાળું; નાલાયકાઈ

રારીત સ્ત્રી નાતારીત; રેવા; માંડવો; લગ્ન પ્રસંગે વરપક્ષ તરફથી સામાવાળાને જાતિના ધારા મુજબ અપાતી રકમ.

રાલ ૧ સ્ત્રી. મગજો; પાલખા.

૨. [સં.] સ્ત્રી. દેવદાર અને બીજાં કેટલાંક ઝાડમાંથી મળતો એક જાતનો જ્વાળામાહી ગુંદર; એક જાતની લાખ; ગટ સળગી ઊઠે તેવો એક વૃક્ષમાંથી મળતો પદાર્થ; રાળ.

૩. સ્ત્રી. ધૂપ.

૪. સ્ત્રી. પશુનો એક રોગ.

૫. [હિં.] સ્ત્રી. લાળ; લીંટ; ધૂંક.

રાલ ટપકવી–વહેવા = (૧) ધ્યાન કરવા. (૨) મોઢામાં પાણી આવવું (૩) લાળ વહેવી.

રાલખડા (રાલખડા) ન. એક જાતનું મધિયાણું

રાલેદ ન હિમાલયનું એ નામનું એક શિખર.

રાવ ૧. [હિં.] પું. અમીર; ધનાઢ્ય; શ્રીમંત.

૨. પું. કુંવર; રાજપુત્ર.

૩. પું. દક્ષિણી લોકોના નામને છેડે વપરાતો સન્માનસૂચક એક શબ્દ; મહારાષ્ટ્રમાં નામને લગાડાતો સન્માનસૂચક શબ્દ કે પદવી

૪. પું ભાટ; બારોટ; ભંદીજન.

૫. પું. મોટો માણસ.

૬ [સં. રાજન્] પું. રાજા; રાવ દેશનો માલિક. જેમકે, કચ્છના રાવ

૭. [સં.] પું. શબ્દ; અવાજ; ધ્વનિ.

નાદ નિનાદ નિસ્વન સુવિર,
કલ રવ સ્વન ધ્વનિ રાવ;
બંસીનાદે કહત હરિ,
કે પ્રાત્રેયરી આવ. પિંગળપ્રકાશ

૮. પું. સરદાર.

૯ સ્ત્રી., અરજ; ફરિયાદ કરવાની આજીજી.

રાવ કરવી–આવી = (૧) ચાડી ખાવી. (૨) દુઃખ પોકારવું; દુઃખને માટે દાદ માગવી. (૩) ફરિયાદ કરવી.

૧૦ સ્ત્રી ચંડી

૧૧. સ્ત્રી. કુનિષાદ

૧૨. સ્ત્રી ભાટ, ભવાસ અને રજપૂતની એ નામની એક અટક.

૧૩ સ્ત્રી મદદ. સહાય; કુમક.

૧૪ સ્ત્રી. રોકકળ; પોકાર; બૂમ

૧૫. ન. એ નામની અટકનું એક માણસ.

૧૬. ન. એક જાતનું ઝાડ.

૧૭ વિ. એ નામની અટકનું.

૧૮. વિ શ્રેષ્ઠ; ઉત્તમ.

રાવજી ૧. પું. ભાટ કે બારોટને બોલાવવાનો માનાર્થ શબ્દ.

૨. પું. મુસલમાની શિવા મતનો તે નામનો એક ભાગ; મુસલમાની ધર્મનો એક ફાંટો.

૩. પું. શિવા મતના એ નામના ભાગને અનુસરનાર માણસ કે અનુયાયી.

રાવટી ૧. [હિં.] સ્ત્રી. મોળ છાલું; ઝરખું; અમારી.

૨. સ્ત્રી. નાનો તંબૂ; નાની તંબૂરી; રાવડી. પડાવ.

રાવટી ભેળી કરવી–નાખવી = નાનો તંબૂ તાણવો.

રાવઠી જુઓ રાવટી.

રાવણ ૧. પું. જૈનધર્મના નવમા પ્રતિવાસુદેવ.

૨. પું. (પુરાણ) બ્રહ્મમાનસપુત્ર પુલસ્ત્ય ઋષિનો પૌત્ર; વિશ્રવા ઋષિને કૈકસી નામની ભાર્યાની કૂખે થયેલા ત્રણ ભાંહેનો મોટો દીકરો. રવણનો પુત્ર. એક વખતે લંકામાં વિષ્ણુને રાક્ષસોની સાથે યુદ્ધ થયું હતું તેમાં રાક્ષસો હારીને પાતાળમાં ચાલ્યા ગયા હતા. તે રાક્ષસોમાં સુમાલી નામનો એક રાક્ષસ હતો. તેને કૈકસા નામની સુંદર કન્યા હતી. સુમાલીએ વિચાર્યું કે, આ કન્યાના ગર્ભથી પુત્ર ઉત્પન્ન કરાવીને વિષ્ણુ પાસેથી બદલો લેવો જોઈએ. એટલા માટે પોતાની કન્યાને પુલસ્ત્યના પુત્ર વિશ્રવા પાસે સંતાન ઉત્પન્ન કરાવવા માટે મોકલી. વિશ્રવાના વીર્યથી કૈકસીના ગર્ભથી પહેલો પુત્ર આ રાવણ થયો. તેને જન્મથી જ દસ માથાં હતાં. તેનું મૂળ નામ દશકંધર હતું. તેનું રૂપ બહુજ વિકરાળ હતું અને સ્વભાવ પણ તેજ હૂર હતો. એક દિવસ કુબેરને જોઈને રાવણે પ્રતિજ્ઞા કરી કે, હું પણ તેના જેવો સંપત્ત અને તેજવાન બનીશ. તેથી તે પોતાના ભાઈઓને સાથે લઈને ગોકર્ણ ક્ષેત્રમાં ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યો. ત્યાં દસ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરવા છતાં પણ મનોરથ સિદ્ધ ન થતો જોઈ તે તેણે પોતાના દસ મસ્તક કાપીને અગ્નિમાં નાખ્યા. ત્યારે બ્રહ્માએ પ્રસન્ન થઈને તેને વરદાન દીધું કે: દેવ, દૈત્ય, દાનવ, યક્ષ વગેરેમાંથી કોઈ તને મારી શકશે નહિ. ત્યારબાદ સુમાલીએ રાવણને લંકા ઉપર અધિકાર જમાવવાનું કહ્યું. તે સમયે લંકા ઉપર કુબેરનો અધિકાર હતો. રાવણને બળવાન જોઈને તથા વિશ્રવાની આજ્ઞા થી કુબેર તો લંકા છોડીને કૈલાસ ચાલ્યા ગયા અને રાવણે લંકા ઉપર અધિકાર પ્રાપ્ત કર્યો. તેણે મયદાનવની કન્યા મંદોદરી સાથે વિવાહ કરી લીધા. બ્રહ્માના વરદાનના પ્રભાવથી રાવણે ત્રણે લોક જીતી લીધા અને ઇંદ્ર, કુબેર, યમ વગેરેને હરાવ્યા. હવે તેનો અત્યાચાર વધી પડ્યો હતો. તે બધાને બહુજ સતાવવા માંડ્યો અને લોકોની કન્યાઓ અને પત્નીઓનું હરણ કરવા લાગ્યો. તેણે કુબેરને હરાવી તેની પાસેથી પુષ્પક વિમાન લઈ લીધું હતું. એક વખત પુષ્પક વિમાનમાં બેસી તે કૈલાસ પર્વત નજીક ગયો. ત્યાં નંદીનું વાનર જેવું મુખ અને ટૂંકા હાથ જોઈ

રાવણે ઉપદ્રવ કર્યો. તેથી નંદીએ તેને શાપ દીધો કે વાનરો જ તારો નાશ કરશે. તેથી ગુસ્સે થઈને કૈલાસ શિખર ઊંચકવાનો યત્ન કરવા લાગ્યો. ત્યારે શિવે હિમ્મરને દબાવતાં રાવણના હાથ પર્વત તળે અટકવાથી તે જોરો પાડવા મંડ્યો. છેવટે તેણે શિવનું સ્તવન કરતાં વર્ષ સુધી કર્યું. આ સ્તવન અને રુદનથી દિશાઓ ગૂજી રહી તેથી મહાદેવે તેનું નામ રાવણ પાડ્યું અને તેને મુક્ત કર્યો. રામચંદ્ર સીતા અને લક્ષ્મણ સહિત જ્યારે પંચવટીમાં રહેતા હતા ત્યારે રાવણ કપટથી સીતાનું હરણ કરી ગયો. રામ વાનરોના સૈન્ય સાથે લંકા ઉપર ચઢી આવ્યા. યુદ્ધની અંદર ઉદ્રજિત, કુંભકર્ણ આદિ સર્વે રાક્ષસો મરણ પામતાં છેવટે પોતે પણ મરાયો. રાવણ મરણ પામ્યો ત્યારે ચૌદમી ચોકડીનો આરંભ થયો હતો. અગિયારમી ચોકડીમાં તેનો જન્મ થયો હતો. તેને વેદ બહુ સરસ આવડતા હતા. તેણે ચારે વેદના અભ્યાસ પ્રમાણે ખંડ ભાખ્યા તેમજ અભ્યયનમાં ભૂલ ન થાય માટે ક્રમ, ઘન અને જટાની યોજના પણ એની જ કલ્પનામાંથી ઉદ્ભવ્યાં કહી એમ જણાય છે. તે મોટો મવૈયો હતો અને સંગીતનો મહાન આચાર્યકર્તા મનાતો.

૧. રાવણ જેવું = (૧) બિહામણું; ત્યારે ને અંધકાર. (૨) સુજેલું; ફુલેલું; રસવિકાર કે સોજાનાં પાણીથી ભરે થયેલું.

૨. રાવણ જેવું મોઢું = (૧) ચડેલું એટલે રિસાયેલું મોઢું. (૨) સૂજીને મોઢું થયેલું મોઢું.

૩. રાવણ જેવું રૂપ થવું = મોઢું બગાવવું; તોબરો બગાવવો.

૪. રાવણ થવું = મોઢું ને ભારે થવું.

૫. રાવણની કાણ-કાણી = રાવણની કથા.

૬. રાવણની સેના = કાળાં લૂગડાંમાં કાળાં માણસો.

૭. રાવણને લંકા ને ભાઠાંને વાઢડી = ગરીબનું ઝૂંપડું ને રાજાને મહેલ; પોતાનો માલ જવાથી નુકસાન લાગે તેનો અફસોસ ગરીબને અને રાજાને સરખો લાગે.

૮. રાવણનો કેડવા = આસુરી પ્રકૃતિનો વંશ.

૩. પું. મોહ; મમતા.

૪. ન. અજ્ઞાન. કેમકે, અધ્યાત્મરામાયણમાં રાવણને અજ્ઞાન કહેલ છે.

૫. [સં.] વિ. ચાલીસ પાડવું.

૬. વિ. ભીંજાને રોવરાવનાર. રાવણ એ કુર્દ ભાષાનો શબ્દ છે. તે રિવ એટલે રોવું ઉપરથી થયો છે.

૭. વિ. મોટું; કદાવર.

રાવણચિતા સ્ત્રી. સતત બળતી ચિતા.

રાવણતાડ (રાવણતાડ) પું. એક જાતનું ઝાડ. તેનાં પાન પંખાના આકારનાં થાય છે ટોચડીની કોર ઉપર વાયનખ જેવા તીક્ષ્ણ કાંટા હોય છે

રાવણનંદન [સં.] પું. રાવણનો પુત્ર ઇંદ્રજિત.

રાવણનંદન દમ્યો અપાર
વાનર મારે પાદુના પ્રહાર.

પ્રેમાનંદ

રાવણમઢું ૧. વિ. રાવણના જેવું ભુલભી.

૨ વિ. રાવણના માથા જેવડું; બહુ મોટું.

આ મોટાં રાવણમઢાં નાનિયેર પડ્યાં છે

જાહસાહિત્યમાળા

રાવણરાજ જુઓ રાવણરાજ્ય.

રાવણરાજ્ય ૧. ન. રાવણના જેવું અધર્મ અને અન્યાયપૂર્ણ રાજ્ય; રાક્ષસીરાજ્ય; રામરાજ્યથી ઊલટું રાજ્ય.

૨. ન. રાવણનું રાજ્ય.

રાવણશિર ન. દક્ષ સૂત્રક એક સાંકેતિક શબ્દ.

રાવણસંધિ ૧. સ્ત્રી. દક્ષ મેળાપ.

એક બાજુ સામાન્ય જનતાની ઊભરાતી સામાજિક અભિલાષાઓ અને બીજી બાજુ મજબૂત વર્ગની આકાંક્ષાઓ એ બેની વચ્ચે રાવણસંધિ કરવા માગે છે. પીટર ક્રોપોટકિન

૨. સ્ત્રી. રાક્ષસી કરતૂત; કપટ ન રાખી શકાય તેવી આકરી શરત.

રાવણહથ્થો પું. એ નામનું સારંગીનું એક તંતુવાદ્ય; આનંદલહરી; જોગી લોકોની નાની સારંગી. નાળિયેરની કાચલી ઉપર ચામડું મઢી તેમાં વાંસની એક હાથ લાંબી પાતળી દાંડી મજબૂત બેસાડી, ઉપર બે તાર નાખી ઘિડ પ્રમાણે ગજની મદદથી તે વગાડાય છે. રાવણે સીતાને પ્રસન્ન કરવા માટે હાથીની નસો કાઢીને તેના તાર બનાવી તેનું તંતુવાદ્ય કરી વગાડ્યાનું કહેવાય છે તેથી રાવણહથ્થો નામ અપાયું જણાય છે વાદી વગેરે લોકો આ વાદ્યનિ બહુ અસરકારક રીતે વગાડે છે.

રાવણહથ્થાળો જુઓ રાવણહથ્થો.

રાવણહદ ન. માન સરોવર પાસેનું એક નામનું એક સરોવર; રાક્ષસતલાવ; અનવતપ્ત.

રાવણાઈ સ્ત્રી. અભિમાન; દુષ્પદ.

રાવણિ [સં.] પું. ઇંદ્રજિત; રાવણનો મોટો પુત્ર મેઘનાદ. રાવણના સઘળા પુત્રોને આ નામ કહેવાય છે; પણ વિશેષે કરીને ઇંદ્રજિતને કહેવાની રૂઢિ છે.

રાવણિયું જુઓ રાવણી.

રાવણી ૧. વિ. રાવણ જેવું.

રાવણી જેવું આ રણે
ખપટ દીસે છે ઠાઈ. બલવંત

૨ વિ. રાવણ સંબંધી

રાવણિયો પું. ગામની ચોકી કરનાર આદમી; રાવણ જેવું કરનારો ચોરાનો હવાલદાર, પોલીસ પટેલ; ગામડામાં તળાટીના હાથ નીચેનો એક માણસ; ગામનો ચોકીદાર.

રાવણું ૧ ન. બરાસિયા અને ગામના આગેવાનોની મિજલસ; રજપૂત ઠાકોરની મિજલસ; જમીનદાર અને મોટા માણસોની મંડળી; બરાસિયા અને પાટીદારો વગેરેની અદ્દીણ કસુંબાની મિજલસ.

૧. રાવણું કરવું-કામવું = (૧) મિજલસ ભરવી; પંચ બોલાવવું. (૨) મિત્રો અને ઓળખીતાઓને એકઠા કરી ગમત કે વાતચીતો કરવી. (૩) રાજપૂત રાજાઓએ બારોટ વગેરેને કસૂંબો આપવો; કસૂંબા પાણી માટે મિજલસ ભરવી.

૨. રાવણું ભરાવું = (૧) ખટપટી કે તકવિયા ટોળું ભેગું થવું. (૨) ઠાકોર કે દરબારને ત્યાં મિજલસ ભેગી થવી.

૨. ન. ગામના રહેવાસીઓ કે અમુક જાતિના અને ભીલ આગેવાનોનું પંચ કે જમાત.

૩. ન. જાહ્યા જેવું એક મીઠું કળ.

૪. ન. જાતિએ એકઠા મળીને તકાદા ભરવા તે; જાતનું ભેગું થવું તે.

૫. ન. મરણ પછી મરજરો કરવા આવનારા માણસોનું ટોળું.

૬. ન. ભિખારીઓને રહેવાનું કેકાણું કે થાનું.

રાવણો પું. એક જાતનું ઝાડ. તેનાં પાન પીપળ જેવાં પહોળાં અને કળ મીઠાં હોય છે.

રાવત ૧. પું. ઘોડાનો રખેવાળ; ચરવાહાર; અશ્વપાલ; અશ્વરક્ષક; ઘોડાની માવરી કરનાર; ઘોડાવાળો.

મલ્લ, નટ, રાસ્તોમાં સબરી કરનાર વાઘતી આદિ લાબું ટકતા નથી.

ભળવંતરાય ઠાકોર

૨. પું. ઘોડેસવાર યોદ્ધો.

૩. [સં. રાજપુત્ર; પ્રા. રાજવુત્ત] પું. નાનો રાજા.

૪. પું. રાજકુમાર.

૫. પું. શરવીર પુરુષ; મરદ; વીર આદમી.

૬. પું. સરદાર; સામંત.

૭. સ્ત્રી. એ નામની એક જાતિ. તેઓ ઘોડા ઉછેરવાનો ધંધો કરે છે.

૮. સ્ત્રી. માવા

૯. ન. એ નામની જાતિનું માણસ.
૧૦. વિ. એ નામની જાતિનું.
૧૧. વિ. બાહોશ; ચાલાક; હોશિયાર.
૧૨. વિ. શૂરવીર; જોરાવર.

રાવતા ૧. સ્ત્રી. બાદશાહી ઠાઠ; રાજવૈભવ.
૨. સ્ત્રી. રાજાપણું; રાજત્વ; રાજાની રીત; રાજાને લાયક રીતભાત; રાવપણું.

ઉત્તર ન આપો એ શું
કરેરી છે રાવતા! — બલ્લમ

રાવતી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનો તંબૂ.
૨. સ્ત્રી. રાંધ; હલકો ધાતુની રજ; ગાળવાના કામમાં આવતી હલકી ધાતુની ભૂકી; સોની લોકો એ પડ સાધતી વખતે મેળવણીની ધાતુથી રેણ મારે છે તે; ઘરેણામાં વપરાતું રેણ

રાવતી કાઢવી = (૧) ઘરેણાં બનાવતાં ધાતુઓ ચોરવાં; પોતાને સોંપાયેલી માણસનો પોતાના લાભને ખાતર અમુક ભાગ ખોળી લેવો. (૨) ઘરેણું ઘડતાં જેટલી રાંધ અથવા હલકી ધાતુ વાપરવી પડે તેટલી રાંધના વજન જેટલું મૂળ કીમતી ધાતુનું વજન ચોરવું અગર ખોળવું. (૩) ચોરી છૂપીથી લાંબ ખોળવું; બાનગીમાં ચોરી લેવું

રાવતેરિયાઈ સ્ત્રી. વાંધો; તકરાર; ઝઘડાવો.

રાવબહાદુર પું. સરકાર તરફથી અપાતો એ નામનો ઇલકાબ; અંગ્રેજ રાજ્યનો એક ઇલકાબ.

રાવરાયો પું. રાજા; ભૂપ.

ગઢ ના રાવરાયાને, ગઢ ના આપી દુનિયાને. — બારસાહિત્યમાળા

રાવલ ૧. [સં. રાજપુર; હિ. રાવર]
પું. અંતઃપુર; રાજમહેલ; રાણીવાસ.
૨. પું. નાનો રજપૂત જાગીરદાર.
૩ પું. પ્રધાનનું સરદાર.
૪. પું. બદરીનારાયણના પ્રધાન પંડાની ઉપાધિ; બદરીનારાયણનો પૂજારી.
૫. પું. મથુરાની પાસેનું એ નામનું એક ગામ. અહીં રાધિકાનો જન્મ થયાનું કહેવાય છે.
૬. પું. માગણની જાતનો એક માણસ.
૭. પું. રજપૂતાનાના કેટલાક રાજાઓને માટે વપરાતો માનસૂચક શબ્દ
૮. પું. રાજા.

રાવલી ૧. [હિ.] પું. બોહો; ઝાડવેરો
૨. સ્ત્રી. બાકીરો
૩. સ્ત્રી. બાહ્મણની એ નામની એક અટક.
૪. સ્ત્રી. રાવ; કરિયાદ.

મારગ મૂકોને મોઠડા માહ્યણ રે,
અમો બોહોના બ્રાહ્મણ કરીએ રાવલી રે.
રઘુરામ

૫ ન એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ.;સ્ત્રી. રાવની; રાંધ જેને ચડાણી હોય તેની.
૮ વિ.;સ્ત્રી. રાજ લોકોની; રાજવંશી.

રીત આપો જે રાવલી, જે લાગે મારો દામ.
નાકર

રાવલું ૧. ન. ઝોકડું
૨. ન. રાજદરબાર; રજવાડું; રાવળું; રાજ અને તેના દરબારીઓ જ્યાં બેઠા હોય તે સ્થળ; દરબાર; રાવલું; રાજમંડળી.
૩. વિ. બાપ નામદારનું; રાવલું.
૪. વિ. રાજનું.
૫. વિ. હલકી જાતનું

રાવસાહેબ પું. અંગ્રેજ રાજનો એક ઇલકાબ.

રાવળ ૧. પું. એક જાતનો ભોમી.
૨. પું કુળની વંશાવળીના ચોપડા લખી રાખવાનો ધંધો કરનાર દરબારી બ્રાહ્મણ; ભાટ.

રાવળજીનાં પરતાનાં = ઠેકાણા કે સાત વજરનું માણસ. ડામઠેકાણા વિનાના અને જ્ઞાન હોય પણ જ્ઞાન ન હોય તેવા માણસને વિષે બોલતાં વપરાય છે.

૩. પું. કુંભાર.
૪. પું. કુંવર; રાજપુત્ર.
૫. પુ. ખાંડેરો રાજા

સાત બોટા રાજાઓ, નવ રાય, એકસો ને ચાર રાવળ તથા રાવત સરદારો તેમજ પાંચસો હાથી તેની સેનામાં નીકળતા હતા.
નરસિંહ વિરહનદ

૬. પું. બાજના જેવું એક પક્ષી.
૭. પું. ઝાડવેરો; બોહો.
૮. સ્ત્રી. જૈન બ્રાહ્મણની એક જાતિ.

જૈન બ્રાહ્મણોમાં સૈન્યવ્રત, બોડ, રાજબોર, સેવક (પુષ્કરણા વગેરે), સાચળ, બોજક, તપોધન, તરણારા ઇત્યાદિ બધું કરી જૈનોના લગ્ન કરાવે છે, બાધાનું કામ કરે છે, જૈન મંદિરોમાં પૂજા કરે છે.
ગુ. સા. પરિષદ

૯. સ્ત્રી. પાઘડી વગેરે વણીને અથવા ઝાડમાં વગાડીને પોષણ કરનાર એ નામની એક જાત.
૧૦. સ્ત્રી. રજપૂત, બ્રાહ્મણ, કુંભાર, નાગર, બ્રાહ્મણ વગેરેની એ નામની એક અટક.
૧૧. ન. એ નામના અટકનું માણસ
૧૨. ન. રજમહેલમાં અંદરનું એ નામનું એક ગામ.

વન વસ્ત્ર ઉપવન ચોપીસ,
સાચળ ચરસાલું નંદરામ. — દયારામ

૧૩. વિ. એ નામની અટકનું.

રાવળકાહી ન. બોળી કઢાવીવાળું, ક્ષાર કરવું મેનાની જાતનું એક પક્ષી.

રાવળિયો ૧. પું. ઝરબારી બેપિયો.
૨. પું. પસાયતો; ચોકિયાત.
૩. પું. રાવળ નામની શૂદ્ર જાતિનો માણસ. આ લોક ગામમા પોળોમાં આગી આપ છે, પાટી વણે છે અને દાતણ વેચવા તથા ઢોલ વગાડવાનો ધધો કરે છે.

રાવળિયા ટૂકડે રાજી = કૂકડીનું મોં દેખે; કપાળું ભૂત કુસકે રળિયાત; ભૂંડ કાદવે રાજી.

રાવળું ૧. ન. એકઠા મળીને તડાકા મારવા તે.
૨. ન. જનાનખાનું; રાણીવાસ.
૩. ન. જ્યાતનું બેસવું થવું તે.
૪. ન. માણસનું ટોળું.
૫. ન. રજપૂત ઠાકોરની મંડળી; રાવલું; રાજમંડળી.
૬. [સ. રાજકુલ] ન. રાજવળું; રાજાનો દરબાર; રાજકુલ; રજવાડો.

પછી રાવ થઈ ત્યાં સાચળે,
રાવ રાવણ રાજે ચઢ્યો.
સામળ

૭. વિ. બાપ નામદારનું.
૮. વિ. રાજા સબધી; રાજાનું; દરબારી માણિકોનું; રાવલું; રાવલું.

જો વખાણે કર્મને કરે સાચળું રાજ.
સામળ

રાવી ૧. પુ ઇતિહાસ લખનાર માણસ.
૨. સ્ત્રી. ઠોબ; પાપ.
૩. [સં. ઇરાવતી–ઇરાવર્ષ–રાવી] સ્ત્રી. પંજાબમાં આવેલી એ નામની એક નદી.
૪. વિ. બ્યાન કરનાર; વર્ણન કરનાર.

રાશ ૧. [સં. રાશિ] પું. ઢગલો; જથ્થો.

ખીડાના રાશ ધોવાઈ ન જાય માટે તેના ઉપર પાણ ઢાંકીને તે માસને બાળી મૂકે છે.
નવી વાઘનભાળ

૨. પું. ભંડોળ; નિધિ; સંચય.
૩. સ્ત્રી. દોરડું; લાંબી અને જાડી રસી. રાશ સોળ હાથ લંબાઈની ગણાય છે.

રાશ ભાગવી = વળ આપીને દોરડું બનાવવું.

૪. સ્ત્રી. પંડાળું; ભાગીદારી.
૫. સ્ત્રી. બાજદ, ઘોડા વગેરેનો અછોડો; રેન; લગામ; બનીન; બાગ.

મૂકી કામ ધરોહો ચાલ,
પ્રેમે પીધા જાડું જળ. — સામળ

૬ સ્ત્રી. મેળા; રાગ; મેળાપ.

૧. બનતી રાશ-એક રાશ = કબૂલાત; એકતા.

૨. બનતી રાશ બાવવી = મેળ થાય તેવા સબધો ઠોવા; મેળ બાવો.

૪. રાશ પડવું = નિર્ણયમાં આવવું; અવસ્થિત થવું; રાજે પડવું

૪. રાશમાં લાગવું = (૧) આનંદી વ્યવહારમાં લાગવું. (૨) મેળમાં આવવું.

૭. સ્ત્રી. રાશિ, માસિક ચંદ્રની ગતિ.

૮. સ્ત્રી. રાશિથી મળતી ગતિ, સુખ, સ્વભાવ વગેરે.

૯. સ્ત્રી. (ગણિત) વ્યાજમુદ્દલ; મુદ્દલ અને તેનું વ્યાજ મળીને થતી રકમ.

૧૦. સ્ત્રી. સરખાપણું; મળતાપણું.

૧૧. સ્ત્રી. સરાસરી, સરેરાશ.

૧. રાશ આવવી = સરાસરી થવી.

૨. રાશ કાઢવી = આખરું; પ્રમાણ કાઢવું.

૧૨. વિ. બધું.

તો હું પણ એને છોડી દઉં છું. કાંઈ નહીં થાય પીરજી

રાશાખાતું ન. સહિયારાખાતું; ભાગીદારી

રાશાડી (રાશડો) ૧. સ્ત્રી. ભાંજગડો; લગામ; 'રેન'.

૨. સ્ત્રી. દોર, નાડી દોરી.

બદલો ન વાળે, મારી રાશાડી ન પકડશે રે
કૃષ્ણને કાંઠે ઊભાં રહ્યાં. ઝીમીત

૩. સ્ત્રી. કૃપાની કેડી

રાશામડી (રાશમડો) જુઓ રાક્ષમડી.

રાશામંજ ન. સામટું; જથ્થાબંધ.

રાશામડી (રાક્ષમડી) સ્ત્રી. ઊંટડીના પાલમા ઓરડા જેવડો ચામડાનો ઓઃ હોય. તેના બારકાના ભેદાણોના હાથા બને છે.

રાશાવા ૧. વિ. દોરની લંબાઈ જેટલું છેટું.

૨. વિ. રાશ કે દોરડાની લંબાઈ જેટલે અંતરે; બળદની રાશ જેટલે દૂર.

અમને તો ખબર ય ન પડી કે કયારે અંધારાનું અજવાળું થયું ને કયારે સૂરજ ઊગ્યો ને રાશાવા સુધી આવ્યો. ભાલ સાહિત્યમાળા

૩. વિ. સોળ કૂટના માપનું; રાશ જેટલું કે સોળ હાથની લંબાઈનું.

રાશા પું. કેળવવા; પૂજવા લાકડાનું દરદ

રાશિ ૧. પું. ઉત્તરાધિકાર; વારસો

૨. પું. કેદમૂળ

૩. પું. (ગણિત) કોઈપણ બૈજિક પદીનો વંચતા અથવા ઓછાના ચિહ્નથી જોડાયેલ દરેક ભાગ.

૪. પું. ગઢો; પિંડ

૫. પું. ગણિતનો આંકડો; સંખ્યા; રકમ; જમા; 'ભમાકૂટ'.

૬. પું. ઢગલો; ઢગ; જથ્થો; સમૂહ.

૭. પું. બાર સૂચક સાંકેતિક શબ્દ. જેમકે, વાસ્તવિક રીતે રાશિ બાર હોય છે.

૮. પું. મકાનનો ઓજ કસવાળો ભાગ. આસ કરીને ૬૦°ના ઢાળ માટે કહેવાય છે. રાનીપરજ લોકોમા આ પ્રમાણે ગોલાય છે

૯. પું. ઋગ્વેદના ઋચાઓ કે જેઓ જોષાદિ વિદ્યાઓમાં પ્રસિદ્ધ હોય તેઓના નામને છેડે લગાડાતો ઓઃ શબ્દ. જેમકે, ધર્મરાશિ, વીરભદ્ર રાશિ વગેરે

૧૦. સ્ત્રી. ઓઃ હજાર સોસીસ રૂપિયાભારનું વજન.

બાર આઢકનો ઓઃ દ્રોણ (૨૦૨૪ રૂપિયાભાર.) તેના કલશ, નલ્વણ, અર્પણ, કુમ્ભ, ઘટ અને રાશિ વગેરે નામો છે. જોગવિદ્યાસમિતિ

૧૧. [સં.] સ્ત્રી (જ્યોતિષ) ક્રાંતિવૃત્તના બાર ભાગોનો ઓઃ ભાગ; તારાપુંજ; સવા બે નક્ષત્રનો ભાગ; નક્ષત્રના બાર ભાગોનું પ્રત્યેક ચક્રમંડું. તારાઓનો અમુક સમૂહ ભાગ્યે. સૂર્યની દેખીતી ગતિના બાર ભાગ ઉપરથી કે નિવૃત્તના બાર સરખા ભાગ પાડેલા છે. તે દરેક ભાગ ૩૦ અંશનો છે. તેને બાર રાશિ કહેવામાં છે. આ રાશિઓનાં નામ સેમેટિક લોકો પાસેથી આર્યોએ લીધાં હોવાનું મનાય છે. મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન એમ બાર રાશિ છે. રાશિનાં નામ કેમ પડ્યાં તે ચોક્કસ કહી શકાતું નથી. પરંતુ તારાઓનાં આકૃતિની વસ્તુ કે પ્રાણીનાં નામ આપ્યાં હોય એમ મનાય છે. જેમકે, વૃશ્ચિકનો આકાર વીંછીના જેવો, મીનનો આકાર માછલી જેવો, મૃગશીર્ષનો આકાર હરણીના માથા જેવો દેખાય છે. તે પ્રમાણે તેમનાં નામ આપ્યાં છે. ભીન્ન ભીન્ન પ્રમાણે એ નામો ઋતુને અનુસરીને અપાયાં હોય એમ મનાય છે. વસંત ઋતુની રાશિનાં નામ મેષ, વૃષભ અને મિથુન છે. એ ત્રણે રાશિ એમ સમજવે છે કે, ઠોર આ ઋતુમા જન્માઓને જન્મ આપે છે. કર્ક એવો સમય દર્શાવે છે કે, સૂર્ય વિષુવવૃત્ત તરફ પાછો જાય છે કેમકે, કરચલાની ગતિ પણ આગ સૂર્યની માફક પાછળપાછળ હોય છે. સિંહ રાશિ ઉનાળાના પ્રખર સૂર્યનું ભાન કરાવે છે. કન્યા રાશિ પાકની અપણીનો સમય સૂચવે છે. તુલા રાશિ દિવસ અને રાત્રિ સરખાં હોય એવો સમય બતાવે છે. વૃશ્ચિક રાશિમા પેરે ઝાલનારા પ્રાણીઓનો ઘણો ઉપદ્રવ હોય તેમ બતાવે છે. ધન રાશિ શિકાર કરવાનો અનુકૂળ સમય દર્શાવે છે. કુંભ રાશિ શિયાળાની વર્ષાઋતુ બતાવે છે. મીન રાશિ માછલાંનો શિકાર કરવાની યોગ્ય ઋતુ બતાવે છે. એક રાશિમાંથી બીજી રાશિમાં જતાં સૂર્યને લગભગ એક મહિનો લાગે છે. બાર રાશિમાં સત્તાવીસ નક્ષત્રો સમાયેલાં છે. તે હિસાબે એક રાશિમા સવા બે નક્ષત્ર આવે. નક્ષત્રના ચાર ભાગને ચાર પાયા અગર ચરણ પણ કહે છે. દરેક રાશિમાં કયાં કયાં નક્ષત્રો આવે છે તે આ પ્રમાણે છે.

રાશિ	નક્ષત્રો	અધિપતિ
(૧) મેષ	અશ્વિની, ભરણી, કૃત્તિકાનો પહેલો ઓઃ પાયો.	
(૨) વૃષભ	કૃત્તિકાના બાકી ત્રણ પાયા, રોહિણી, મૃગ મૃગશીર્ષ અર્ધું.	
(૩) મિથુન	મૃગશીર્ષ અર્ધું, આર્દ્રા, પુષ પુનર્વસુના પહેલા પાયા.	
(૪) કર્ક	પુનર્વસુનો ઓઃ પાયો, પુષ્ય, ચંદ્ર આશ્લેષા	
(૫) સિંહ	મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા– ફાલ્ગુનીનો ઓઃ પાયો.	સૂર્ય
(૬) કન્યા	ઉત્તરા ફાલ્ગુનીના બાકી પાયા, હસ્ત, ચિત્રા અર્ધું.	
(૭) તુલા	ચિત્રા અર્ધું, સ્વાતિ, વિશાખાનો પહેલા પાયા.	શુક્ર
(૮) વૃશ્ચિક	વિશાખાનો ઓઃ પાયો, અનુરાધા, જ્યેષ્ઠા.	મંગળ
(૯) ધન	મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢાનો પહેલો ઓઃ પાયો.	ગુરુ
(૧૦) મકર	ઉત્તરાષાઢાના બાકી પાયા, શ્રવિષ્ઠા, ધનિષ્ઠા અર્ધું	
(૧૧) કુંભ	ધનિષ્ઠા અર્ધું, શતતારકા, શ્રવિષ્ઠા પૂર્વાભાદ્રપદાના પહેલા પાયા.	શનિ
(૧૨) મીન	પૂર્વાભાદ્રપદાનો ઓઃ પાયો, ગુરુ ઉત્તરાભાદ્રપદ., રેવતી.	

દરેક રાશિના અક્ષરો આ પ્રમાણે છે:

મેષ – અ. લ. ઇ.	તુલા – ર. ત.
વૃષભ – બ. વ. ઉ.	વૃશ્ચિક – ન. ય.
મિથુન – ક. છ ઘ.	ધન – ભ. ધ. ઢ. ફ.
કર્ક – ડ. હ.	મકર – જ. ખ.
સિંહ – મ. ટ.	કુંભ – ગ. શ.
કન્યા – પ. ઠ. ણ.	મીન – દ. ચ. ઝ. થ.

૧૨. સ્ત્રી. ગોલ અક્ષ જેટલું ગતિ માપવા માટે વપરાતું માન; વલયનો બારમો ભાગ. સિદ્ધપ્રકાશમાં લખે છે કે

૬૦ વિકળા = કળા.
૬૦ કળા. = અંશ.
૩૦ અંશ = રાશિ
૧૨ રાશિ = ચક્ર, ક્રમચક્ર

૧૩. સ્ત્રી. (ગણિત) પ્રમાણ માંડવાની રીત. જેમકે ત્રિરાશિ, પંચરાશિ વગેરે.

રાશિકાર સ્ત્રી. નાની દોરી; દોરડું; રાશ.

રાશિચક્ર [સં.] ન. બાર રાશિઓનું મંડલ; બાર રાશિવાળું ગોળાકાર પૂર્વથી પશ્ચિમ ફરનાર જ્યોતિસ્વરૂપ ચક્ર; જેમાં સૂર્ય, ગ્રહો વગેરે ફરે છે તે ગોળ પ્રદેશ; ભગ્રહ; ભચક્ર; ભમંડલી. રાશિચક્ર એ ૧૬ અંશ પહોળો આખા આકાશની આસપાસ ફરી વળતો કટિબંધ છે. આ કટિબંધમાં સૂર્ય, ચંદ્ર અને મુખ્ય ગ્રહના રસ્તા છે. પહેલા એમ માનવામાં આવતું હતું કે, બધા ગ્રહો રાશિચક્રમાં ફરે છે પરંતુ ઓગણિસમી સદીની નાના ગ્રહોની શોધ પછી એમ માલૂમ પડ્યું છે કે, બધા ગ્રહો રાશિચક્રથી બહે ફર ફર્યા કરે છે. આવા બહાર ફરતા ગ્રહને રાશિબહિર્ગત તરીકે ઓળખવામાં આવે છે.

રાશિચક્ર પ્રકારા [સં.] પું. સંખ્યા; કૃતિતેજ

રાશિદ્વયાંતર [સં.] ન (જ્યોતિષ) જોડા અંશને અંતરે બે ગ્રહો હોય તે સ્થિતિ; બે ગ્રહોનું રાશિના દ્વયમા ભાગના અંતરે હોવું તે.

રાશિદૃષ્ટિ [સં.] સ્ત્રી. વેધ.

રાશિનામ [સં. રાશિનામન્] ન. રાશિ દર્શાવનાર નામ; જે રાશિમાં ખાસ જન્મ્યું હોય તે રાશિના કોઈ પણ અક્ષર ઉપરથી પાડેલું નામ.

રાશિપ્રહર્ગત [સં.] વિ. રાશિચક્રની બહાર ફરનાર. તે ગ્રહ મારે વપરાય છે.

રાશિબાણી વિ. રાશિ પ્રમાણે બળવાન.

> માણસની જન્મકુંડલીમાં જે જે ગ્રહો સ્થાનબળી કે રાશિબળી હોય છે તે તે ગ્રહોનાં વર્ણવીમા આવેલાં સ્થાન બળવાન એટલે ઊપરોક્ત હોય છે.
> હસ્તપરીક્ષા

રાશિભાગ ૧. [સં.] પું. અપૂર્ણાંક.
૨. પું. કોઈ રાશિનો ભાગ કે અંશ; ભમાગ.

રાશિભોગ ૧. [સં.] પું. કોઈ ગ્રહને કોઈ પણ રાશિમાં રહેતાં લાગતો સમય.
૨. પું. સૂર્ય વગેરે ગ્રહોનું પોતપોતાની ગતિ પ્રમાણે રાશિઓમા જવું તે; કોઈ ગ્રહનું રાશિમાંથી પસાર થવું તે.

રાશિમંડલ જુઓ રાશિચક્ર

રાશિવલયયંત્ર [સં.] ન. જયપુરમાં આવેલ ભારતીય જ્યોતિષ વેધશાલય માંહેનું એ નામનું એક યંત્ર.

રાશિવિદ્વચી [સં. રાશિ (જ્યો) + વિદ્વિન્ (જાણનાર)] વિ. જ્યોતિષ જાણનાર; ગ્રામજું જાણનાર.

રાશિવિયોગ પું. (ગણિત) બે રકમ વચ્ચેનો તફાવત.

રાશિસંક્રમણ [સં.] ન સૂર્યનું એક રાશિમાંથી બીજામાં જવું તે.

રાશી ૧. વિ. નકામું; બરાબર; નરસું.
૨. વિ. નીચા કુળનું; ઊતરતું; દુષ્ટ; અધમ; નીચ.
૩. [ઝા. રાશિ (વિશ્વાસ આપનાર)] વિ. વાંચ આપનાર.
૪. વિ. ક્રુચ્ચું; ઢરામખોર; લુચ્ચું.
૫. વિ. હલકી કીમતનું.

રાશીલો પું. તાણવાની પાઘડીના છાપમાં ઠોરડું વીંટવા માટે રાખેલો બીજો કે લાકડાનો ખૂણો.

રાશોકું વિ. રાશ વડે બાંધેલું
રાશોકા કરવું = બળદને રાશ સમેત કરવા.

રાશ્યંતર ન. (ગણિત) બે સંખ્યા કે બે રકમનો તફાવત.

રાષણા સ્ત્રી એ નામની એક ઔષધિ; રાસ્ના.

રાષ્ટ્ર ૧. પું (પુરાણ) સોમવંશી આયુ રાજાના ક્ષત્રવૃદ્ધના સુહોત્ર નામના પુત્રનો પૌત્ર; કાશી નામના રાજાનો પુત્ર. તેનો પુત્ર દીર્ઘતમા રાજા હતો.
૨. ન. અમુક રાજા કે પ્રજા હસ્તકનો જેટલો પ્રદેશ હોય તે; મુલક; દેશ; પ્રાંત; જનપદ.
૩. ન. દેશ ઉપર આવી પડેલી આફત; ઉપદ્રવ.
૪. ન. પ્રજા; જનતા; રૈયત.
પોતાની ગતિ, પોતાના દેશ, પોતાના રાષ્ટ્ર પર તેને પ્રેમ થાય છે. રણછોડલાલ
૫. ન. રાજનીતિમાં જણાવેલ રાજ્યનાં સાત માંહેનું પાંચમું અંગ
૬. ન. રાજ્ય; સરકાર; અમલ

રાષ્ટ્રકવિ [સં.] પું. દેશાભિમાનપણે કવિતા રચનાર કવિ.

રાષ્ટ્રકાર [સં.] પું. સ્વદેશોદ્ધારક; દેશનું ઘડતર કરનાર માણસ.
રાષ્ટ્રકારો અને નવરાત્રોની મૂર્તિથી વિરાજિત ઓરો શોભી રહ્યા હતા. કનૈયાલાલ મુનશી

રાષ્ટ્રકૂટ પું. એ નામે એક રાજવંશ; રાઠોડ. એક રજપૂત કુળ. આજથી સત્તર સો વરસ પહેલાં દક્ષિણમાં રાષ્ટ્રકૂટોનું પ્રાબલ્ય જામ્યું હોવાનું છે.

રાષ્ટ્રકેળવણી સ્ત્રી. દેશમાં આપવું શિક્ષણ.
હાલમાં રાષ્ટ્રકેળવણીની દિશામાં પ્રવૃત્તિ ચાલે છે તેને અંગે બાળપોથીઓ નીકળી છે.
બબરદાર

રાષ્ટ્રગઠન ન. રાષ્ટ્રની એકતા સાધવી તે.
રાષ્ટ્રગઠનના કાર્યમાં રાષ્ટ્રના કોઈ અંશને અસ્પૃશ્ય સમ્યો નહિ ચાલે. ગાંધીજી

રાષ્ટ્રગીત [સં] ન. રાષ્ટ્રનું ગીત; સમસ્ત દેશનું ગીત. ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પહેલાં તેનું રાષ્ટ્રગીત બંગાળી રાષ્ટ્રકાયર શ્રી બંકિમચંદ્ર કૃત વંદેમાતરમ્ હતું. તે નીચે પ્રમાણે છે:

વંદે માતરમ્
સુજલાં સુફલાં મલયજશીતલામ્
સસ્યશ્યામલાં માતરમ્-વંદે માતરમ્
શુભ્રજ્યોત્સ્નાપુલકિતયામિનીમ્
ફુલ્લકુસુમિતદ્રુમદલશોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદાં વરદાં માતરમ્-વંદે માતરમ્

ભારત સ્વતંત્ર થયા પછી તેના રાષ્ટ્રગીતમાં ફેરફાર થયો છે અને તે જ રાષ્ટ્રગીતથી દુનિયાભરના દેશો આપણને સન્માને છે. તે પ્રખ્યાત બંગાળી નાટ્યકાર તેમ જ ભારતના પ્રથમ પંક્તિના કવિ શ્રી રવીંદ્રનાથ ટાગોરનું બનાવેલું છે તે આ પ્રમાણે છે:

જનગણ-મન-અધિનાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા ॥
પંજાબ સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ ઉત્કલ બંગ ॥
વિંધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિ તરંગ ॥
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ યશ ગાથા ॥
જનગણ-મંગલદાયક જય હે ભારત ભાગ્ય વિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે,
ભારત ભાગ્ય વિધાતા ॥ ૧ ॥
અહરહ તવ આ હ્વાન પ્રચારિત સુની તવ ઉદાર વાણી ॥
હિંદ બૌદ્ધ શિખ જૈન પારસિક મુસલમાન ખ્રિસ્તાની ॥
પૂરવ પશ્ચિમ આસે, તવ સિંહાસન પાસે પ્રેમહાર
હોય ગાથા ॥
જનગણ ઐક્ય વિધાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ॥
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે
ભારત ભાગ્ય વિધાતા ॥ ૨ ॥

રાષ્ટ્રઘટના [સં.] સ્ત્રી. રાષ્ટ્રની રચના; રાજ્યવ્યવસ્થા.
રાષ્ટ્રઘટનાની દૃષ્ટિએ તે કેટલી ભાગ્ય છે તે વિષય જાણનારાઓ વખાણી રહે.
તારાજીન મોદક

રાષ્ટ્રઘાતક [સં.] વિ. દેશદ્રોહી; રાષ્ટ્રનો વિનાશ કરે તેવું.

રાષ્ટ્રચિંતક ૧. [સં.] પું. દેશનું હિત ઇચ્છનાર માણસ.
૨. પું. રાજપુરુષ; રાજનાયક.

રાષ્ટ્રચિંતના [સં.] સ્ત્રી. રાજ્યનીતિ; રાજનય; ' રેટ્સમેનશિપ '.

સાચી રાષ્ટ્રચિંતના આપ્યાં મહાભારત કાર્યો લોકહિતની પૂરતી સાવધાનતાથી આદરીને બનતી ચીવટે અને ધરતીના કોટલી પીરકે પાર ઉતારવામાં જ વસે છે. બળવંતરાય ઠાકોર

રાષ્ટ્રચેતના [સં.] સ્ત્રી દેહમાં જાગૃતિ આવવી તે.

રાષ્ટ્રજન [સં.] ન.વ.વ. દેશનાં માણસ; પ્રજા. દાસત્વની જામલીમાંથી મુક્ત થઈ છાતી કોણી રાષ્ટ્રજન કહી શકે કે, હું ગુજરાતી છું.

સ્વપ્નદ્રષ્ટા

રાષ્ટ્રજીવન [સં.] ન. સ્વરાજ્યનું જીવન. સ્વદેશી એ તો રાષ્ટ્રજીવનનો પ્રાણવાયુ છે.

નવજીવન

રાષ્ટ્રદેવ [સં.] પું. દેશના દેવતા. આજે ઉત્સવ રાષ્ટ્રદેવનો

મ. ૨. મજમુદાર

રાષ્ટ્રદ્રોહ [સં.] પું. દેશનું અહિતાચરણ કરવું કે કરવું તે.

રાષ્ટ્રદ્રોહી [સં. રાષ્ટ્રદ્રોહિન્] વિ. દેશનું અહિતાચરણ કરનાર કે કરનાર.

રાષ્ટ્રધર્મ [સં.] પું. પ્રજાનો દેશ પ્રત્યેનો ધર્મ.

રાષ્ટ્રધ્વજ ૧. [સં.] પું. પોતાના દેશનો વાવટો. ૨. પું. હિંદી રાષ્ટ્ર કે રાજ્ય તરીકેનો વાવટો. હિંદનો રાષ્ટ્રધ્વજ ત્રિરંગી છે: લાલ રંગ હિંદુ, લીલો મુસલમાન અને શ્વેત રંગ અન્ય કોમો સૂચવે છે. આઝાદ હિંદના આ રાષ્ટ્રધ્વજ સંબંધે પંડિત જવાહરલાલ કહે છે કે: હિંદનો રાષ્ટ્રીય ધ્વજ સમાન પ્રમાણમાં લેવાયેલા કેસરી, શ્વેત અને લેરા લીલા રંગનો ત્રિરંગી ધ્વજ છે. શ્વેત પટ્ટાની મધ્યમાં ચરખાના પ્રતીકરૂપે ઘેરા વાદળી ચક્ર રહેશે. સારનાથ પાસેના અશોકસ્તંભ ઉપર જે ચક્ર છે તેવું જ ચક્ર ત્રિરંગી ધ્વજમાં રહેશે. ચક્રનો વ્યાસ શ્વેત પટ્ટાની પહોળાઈ જેટલો હશે અને ધ્વજની પહોળાઈ અને લંબાઈનું પ્રમાણ ૨ : ૩નું હશે. જ્યારે આ ધ્વજ શોધી કાઢવામાં આવ્યો ત્યારે તેની પાછળ કોઈ પણ પ્રકારની કોમી ભાવના નહોતી. અમે સુંદર ધ્વજ શોધી કાઢવાનો પ્રયાસ કર્યો હતો કારણ કે કોઈ પણ રાષ્ટ્રનું પ્રતીક સુંદર હોવું જોઈએ. આથી અમે આ ધ્વજ શોધી કાઢ્યો. હિંદના સામાન્ય માનવીના અને આત્મજનતાના પ્રતીક સમા અને આત્મજનતાના ઉદ્યોગનું પ્રતીક રજૂ કરતા અને મહાત્મા ગાંધીજીએ આ દેશને આપેલા સંદેશામાંથી આપણી પાસે આવેલા ચરખાનું આપણા રાષ્ટ્રધ્વજમાં અગ્રણી પ્રતીક હતું. સામાન્ય રીતે કહીએ તો રાષ્ટ્રધ્વજની એક બાજુએ જે પ્રતીક હોય તેજ પ્રતીક તેની બીજી બાજુએ પણ રહેવું જોઈએ. રાષ્ટ્રધ્વજ પર આપણે જે રીતે ચરખો રંગાનો તેમાં એક બાજુ ચક્ર રહેતું અને બીજી બાજુ ત્રાક રહેતી. જો આપણે રાષ્ટ્રધ્વજની બીજી બાજુએ તે રાખીએ તો ત્રાક સામી બાજુ તરફ ભમ્યા કરે અને ચક્ર આ બાજુ આવે. અથવા જો એમ ન થાય તો એ પ્રમાણસર રહેતું નથી; કેમકે ચક્ર પ્રજાની તરફ જ રહેતું જોઈએ અને તે ધ્વજને છેડે ન હોવું જોઈએ. આ રાજચિહ્નને બનતી એ એક બનાવટ મુશ્કેલી હતી. પ્રજાને ચેતન કરનાર આ મહાન પ્રતીક બાજુ જ રહેતું જોઈએ એવો અમારો દૃઢ વિશ્વાસ હતો. પણ અમને લાગ્યું કે, એ પ્રતીક સહેજ જુદા સ્વરૂપમાં બાજુ રહેતું જોઈએ. ચક્ર રહેતું જોઈએ પણ ચરખાનો બીજો ભાગ જે આ સૂત્રયજ્ઞ ઊભો કરે છે તે ન હોવો જોઈએ. ચરખાનો મહત્ત્વનો ભાગ જે ચક્ર તે તો રાષ્ટ્રધ્વજમાં રહેવું જ જોઈએ. હિંદની પ્રાચીન સંસ્કૃતનું અને હિંદના બીજા અનેક આદર્શોનું અશોકનું ચક્ર એક પ્રતીક હતું; એટલે અમને લાગ્યું કે, બીજું બધે તે પ્રકારનું ચક્ર રહે તેના કરતાં આ ચરખાનું ચિહ્ન અશોકનું એ ચક્ર જ હોવું જોઈએ. અપ્રત્યક્ષ રીતે આ ધ્વજની સાથે એ પ્રતીક બાંધ જ નહિ પણ એક રીતે હિંદના જ નહિ પણ વિશ્વના ઇતિહાસનું એક અતિ ભવ્ય નામ— અશોક જોડાય છે. પશ્ચિમના રહેવાસીઓએ પણ એ હકીકત સ્વીકારી છે કે, અશોક પ્રેમ અને અહિંસાના એક મહાન ભક્ત હતા. સર્વપલ્લી રાધાકૃષ્ણ કહે છે કે: ધ્વજના મધ્ય ભાગમાં શુભ્ર પટ્ટો છે. આ શુભ્રતા પ્રકાશ, સત્ય અને સાદાઈ દેખાડે છે. અશોકનું ચક્ર સદ્‌ગુરુ, ધર્મ અને સત્યનું દ્યોતક છે. એ રાષ્ટ્રને આનિરોધના સકામાંથી બચાવે છે. કેસરી રંગ ત્યાગ અને નમ્રતાનું નિદર્શન કરાવે છે અને લીલો રંગ ભૂમિ સાથેનો આપણો સંબંધ દર્શાવે છે. આ ધ્વજ તળે ગાંધીની ભાવનાથી અને નમ્રતાપૂર્વક હિંદમાં એક સ્વર્ગલોકનું નિર્માણ થશે અને આ ધ્વજની નીચે બધી કોમો સુરક્ષિત આશરો મેળવી રહેશે.

રાષ્ટ્રધ્વંસક [સં.] વિ. રાજ્યનો નાશ કરનાર; દેશનો નાશ કરનાર

રાષ્ટ્રનિરપેક્ષતા [સં] સ્ત્રી. સર્વદેશવાદ; આંતરરાષ્ટ્રીયત્વ; 'ઇન્ટરનેશનલિઝમ.'

રાષ્ટ્રનિર્માણ [સં.] ન. પ્રજાનું ઘડતર.

રાષ્ટ્રનિર્માતા [સં.] વિ રાષ્ટ્રને ઘડનાર; નવું રાજ્ય સ્થાપનાર.

રાષ્ટ્રનીતિ [સ] સ્ત્રી. રાજનીતિ; શાસનપદ્ધતિ

આખું રાજ્યબંધારણ, રાષ્ટ્રનીતિ તેમ ઇતિહાસ બંનેના અભ્યાસીને ઘણો ઉપદેશ આપે તેમ છે.

બળવંતરાય ઠાકોર

રાષ્ટ્રનેતા [સં.] પું. રાષ્ટ્રનો અગ્રેસર; દેશનો મુખી

રાષ્ટ્રપતિ [સં.] પું રાષ્ટ્રનો ધણી; કોઈ મંડળનો શાસક; હુકમ; સમગ્ર રાષ્ટ્રની મહાસભાનો પ્રમુખ. ભારતના પ્રમુખ રાષ્ટ્રપતિ છે. તેની મુદત પાંચ વર્ષની છે. ફરી ચૂંટણીમાં પણ તે ઊભા રહી શકે છે હોદ્દારોપણને લીધે તેને પદથી અલગ કરી શકાય છે રાષ્ટ્રપતિને માટે આ પ્રમાણેની યોગ્યતા આવશ્યક છે: તે ભારતના નાગરિક હોવા જોઈએ. તેની વય મર્યાદા ૩૫ વર્ષથી વધારે હોવા જોઈએ. તેનામાં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવાની યોગ્યતા હોવી જોઈએ.

રાષ્ટ્રપથ [સં.] પું. રાજ્યના જુદા જુદા વિભાગોમાં જવા આવવા માટેનો અગ્રીય કૂદ પદ્ધતિનો રસ્તો.

રાષ્ટ્રપિતા ૧. [સં.] પું ગાંધીજીને બતાવવામાં આવેલો સન્માનસૂચક શબ્દ. ગાંધીજી કહે છે કે, મને સામા દિલથી રાષ્ટ્રપિતા કહીને બોલાવવામાં આવે છે, પણ તેમાં તથ્ય એટલું જ છે કે, ૧૯૧૫ની સાલમાં દક્ષિણ આફ્રિકાથી હું પાછો આવ્યો તે પછી કોંગ્રેસ જેવી બની તેનાં મહતરમાં મારો ઘણો હાથ હતો.

૨. પું. રાષ્ટ્રની આઝાદી ને ઉન્નતિનો પિતા કે ઘડવૈયો

રાષ્ટ્રપિંડ [સં.] પું. પૌષ્ટિક ખોરાક. જે દુરાગ્રહ સંયમ વિનાનો પુરુષ રાષ્ટ્રપિંડ ખાય છે તેના કરતાં અગ્નિશિખા જેવો તપાવેલો લોઢાનો ગોળો ખાવો વધારે સારો. ધર્મપદ

રાષ્ટ્રપુરુષ [સં.] પું. દેશનો મહાન આત્મા. કાળને અને પરિસ્થિતિને બળથી મારીને કરામત કરી બતાવે છે તેને જ રાષ્ટ્રપુરુષ કહી શકાય છે. અહીં વિશ્વાસત

રાષ્ટ્રપૂજક [સં.] વિ. પ્રજાસ્મિતાવાદી; દેશાભિમાની

રાષ્ટ્રપૂજા [સં.] સ્ત્રી. રાષ્ટ્રવાદ; રાષ્ટ્રની ઐકાંતિક પૂજા.

રાષ્ટ્રપૂજાધર્મ [સં.] પું. દેશસેવા એ ધર્મ કર્તવ્ય છે એવી ભાવના; રાષ્ટ્રીયતા; પ્રજાસ્મિતા.

રાષ્ટ્રપેરવી સ્ત્રી. રાજનીતિ; નય; રાજ્યશાસનપદ્ધતિ.

એ ભોપાર અઘરામાં અઘરો, એ જ વધતી જતી સમૃદ્ધિ મેળવવાની સર્વત્ર રાષ્ટ્રપેરવી છે.

બળવંતરાય ઠાકોર

રાષ્ટ્રપોષક [સં.] વિ. રાષ્ટ્રને પોષનારું.

રાષ્ટ્રપ્રતિષ્ઠા [સં.] સ્ત્રી દેશની ખ્યાતિ કે શાન.

રાષ્ટ્રપ્રતીક ન. સાર્વભૌમ પ્રભુસત્તાક હિંદસંઘના ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં અંકિત થયેલ ચરખાસુશોભિત સમ્રાટ અશોકનું ધર્મચક્ર; સાંચી સ્તૂપ ઉપર સમ્રાટ અશોકની પ્રેરણાથી સરજાયેલું કલામય ચક્ર. તે હિંદના રાષ્ટ્રધ્વજમાં ચરખો સુશોભિત કરવા માટે અંકિત થયેલું છે. આ ચક્રમાં ચરખો સમાયેલો જ છે અને વધુમાં એમાં સમાયેલા છે ધર્મ, ન્યાય, પ્રગતિ અને આત્મશુદ્ધિ. એ ચક્રાંકિત પતાકા ભારતના પ્રાચીન આદર્શોનું અને આજના વિજ્ઞાનયુગના ભારતવર્ષનો સોનેરી સુમેળ સાધે છે. આના સંબંધમાં ધ્વજસમિતિ કહે છે: રાષ્ટ્રધ્વજની પાર્શ્વભૂમિકા કેસરી તેમ જ છે-કેસરી, શ્વેત અને લીલા રંગની; પણ એ ધ્વજ ઉપર આજપર્યંત રહેલા ચરખાના પ્રતીકને સ્થાને સાંચી સ્તૂપ ઉપર સુંદર રાષ્ટ્રગૌરવ સમું શોભતું ચક્ર અંકિત કરવામાં આવ્યું છે. આ ચક્ર ચરખાના ચક્ર કે પ્રજાપતિના ચક્રનું જ પ્રતીક સૂચવવા ઉપરાંત જીવનનું ચક્ર, દૈવનું ચક્ર, ગતિ અને પ્રગતિનું ચક્ર પણ સૂચવી રહે છે. ઈસુ પહેલાંની ત્રીજી સદીના કુશળ કલાકારોએ કોતરેલું અને સુયોજિત બનાવેલું આ ચક્ર એ મહાન અને ઉદારચરિત સમ્રાટ અશોકની જ પ્રેરણા વડે જન્મેલ હતું. જીવભાવનાની દૃષ્ટિએ અવલોકતાં આ ચક્ર ધર્મ અને ન્યાયનું પ્રતીક બની રહે છે. હિંદી પ્રજાને સદાચારી બનવાની, નાગરિકપણાની ફરજોનું પાલન કરવાની અને હિંદી સંસ્કૃતિનું સાતત્ય જાળવી રાખવાની પ્રેરણા આ પ્રતીકયોજના પાછળ રહેવા પામેલી છે. રાષ્ટ્રપ્રતીક તરીકે ચક્રનો ચમત્કારી વિચાર કલ્પનારાઓએ ભારતના પ્રાચીન આદર્શોને સાથે વિજ્ઞાનયુગના આધુનિક ભારતવર્ષને સાંકળીને સોનેરી સુમેળ સાધ્યો છે. ચક્રના આરાઓ સૂર્ય સ્વરૂપે રહેલા છે. જીવન અને ચેતનના પ્રતીકરૂપે આ ચક્રની સૂર્યકળા રોગ અને અંધકારમાંથી પણ મુક્ત બનવાની ભાવના વણી રહે છે

રાષ્ટ્રપ્રમુખ પું. આખા દેશનો પ્રમુખ; રાષ્ટ્રનો પ્રમુખ. હિંદી રાષ્ટ્રસંઘનો પ્રમુખ ચૂંટી કાઢવામાં આવે છે. હિંદી રાષ્ટ્રસંઘની બધી કારોબારી સત્તા આ પ્રમુખના હસ્તકમાં રહે છે. હિંદીસંઘના સંરક્ષણ માટે રાખવામાં આવેલાં સૈન્યોના સરસેનાપતિ તરીકે પણ તેને જ ગણે છે. તે બંધારણીય વડા તરીકે બધી ફરજો બજાવે છે. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી એક મતદાર મંડળ કરે છે. તેના રચનાર હિંદીસંઘની પાર્લામેંટના બને સભાઓના સભ્યોનું મંડળ અને પ્રાંતિક ધારાસભાઓ અને રિયાસતોની ધારાસભાઓમાંથી ચૂંટી કાઢેલા તેના સભ્યોનું મંડળ. પરંતુ આંબેડકરની નવી પ્રમુખ ન ચૂંટાય ત્યાંસુધી તે હોદ્દા ઉપર રહી શકે. તે ઉપપ્રમુખને ઉદ્દેશીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે દેશનું અહિત કરવાના કે બેઇમાનીના ગંભીર આરોપ ઉપર ક્રમ ચલાવી શકાય. રાષ્ટ્રપ્રમુખની લાયકાત માટે તેનું હિંદીસંઘના નાગરિક હોવાનું અનિવાર્ય જરૂરનું છે. તેની ઉંમર પાંત્રીસ વર્ષની હોવી જોઈએ, તે લોકસભાના સભ્યપદ માટેની લાયકાત ધરાવતો હોવો જોઈએ, હિંદીસંઘની અથવા રિયાસતની ધમધમાટી નોકરી કરતો માણસ અથવા સ્થાનિક સત્તાનો ધમધકાર નોકર રાષ્ટ્રપ્રમુખ થઈ શકે નહિ. રાષ્ટ્રપ્રમુખ કોઈ પણ ધારાસભાનો સભ્ય કે પ્રધાન હોઈ શકે નહિ. તેના પગાર, તેમ જ અન્ય ભથ્થાની રકમ માટે હિંદી પાર્લામેંટ કાયદો ઘડી શકે છે. એક વખત નક્કી કરેલા પગાર કે ભથ્થાની રકમમાં ફેરફાર થઈ શકે નહિ.

રાષ્ટ્રપ્રેમ પું. સ્વદેશભક્તિ; સ્વદેશપ્રીતિ; સ્વદેશપ્રેમ; પોતાના દેશમાત્રનો ભાવ.

રાષ્ટ્રપ્રેમી વિ. દેશ પ્રત્યે પ્રેમ ધરાવનાર.

રાષ્ટ્રબંધન [સં.] ન દેશનું મજબૂત થવાનું કાર્ય.

રાષ્ટ્રભક્તિ જુઓ રાષ્ટ્રપ્રેમ.

રાષ્ટ્રભાવના જુઓ રાષ્ટ્રપ્રેમ.

રાષ્ટ્રભાષા [સં.] સ્ત્રી. આખા દેશની ભાષા; આખા રાષ્ટ્રમાં વપરાશે તેવી ભાષા. આજની રાષ્ટ્રભાષા હિંદીના બે વિભાગ છે: પશ્ચિમી હિંદી અને પૂર્વી હિંદી. પશ્ચિમી હિંદી, શૌરસેની અને પૂર્વી હિંદી અર્ધમાગધીની પંજાદ છે. પરિણામે મૂળ દૃષ્ટિએ હિંદીનો એક ભાગ ભારતની પશ્ચિમી બોલીઓ રાજસ્થાની, ગુજરાતી, પંજાબી વગેરે સાથે અધિક નજીક છે અને બીજો ભાગ પૂર્વી હિંદી, પૂર્વી બોલીઓ-બિહારી, બંગાળી, આસામી, ઉડિયાની નજીક છે. હિંદીક્ષેત્ર પણ બધી ભાષાઓના ક્ષેત્રથી અધિક વિસ્તૃત છે. તેની પશ્ચિમી સીમા પંજાબ છે અને દક્ષિણી સીમા મધ્યપ્રદેશની દક્ષિણી સીમા છે. આ રીતે હિંદી જ એક એવી ભાષા છે જે આર્ય ભાષાઓમાં બધાંની વચ્ચેની ભાષા છે. બંગાળી, પંજાબી, ગુજરાતી અને મરાઠી આદિ બોલીઓ જેટલી દૂરની ભાષાઓ છે કે બધાનું મૂળ એક ક્ષેત્ર હતાં એક બીજાથી તદ્દન જૂદી તથા જુદી છે. દેશની ભાષાઓમાં ઉર્દૂ એક એવી ભાષા રહી છે, જે હિંદીની પ્રતિસ્પર્ધા કરવા તૈયાર હતી. ઉર્દૂ ભારતવર્ષમાં કોઈ જુદી ભાષા નથી. ખડી બોલી જે પશ્ચિમી હિંદીની એક ઉપભાષા હતી તે મુસલમાનોના સંસર્ગથી અરબી અને ફારસીના શબ્દભંડાર અને વ્યાકરણવિધિથી પ્રભાવિત થઈ ગઈ દેશના એક વર્ગના લોકો એવી ખડી બોલીનો પ્રયોગ કરવા લાગ્યા, જેમાં અરબી અને ફારસી શબ્દ અને રીતિઓનું આધિક્ય હતું. ખડી બોલીની આ શૈલી વિશેષનું નામ ઉર્દૂ પડ્યું. આરંભમાં હિંદી અને ઉર્દૂનો કોઈ વિરોધ ન હતો. હિંદીની સાહિત્યિક ભાષામાં ઉર્દૂના શબ્દો અનિવાર્યરૂપે ઘૂસીને સ્વીકૃત થઈ ચૂક્યા છે. ઉર્દૂના શબ્દોને પ્રવેશ કરાવવાનું ગૌરવ કોઈ બીજી આર્ય ભાષાઓને પ્રાપ્ત થયું નથી. બંગાળી, મરાઠી, ગુજરાતી જે દેશની બીજી સાહિત્યિક ભાષાઓ છે તે પોતાના ઉર્દૂ શબ્દોને બિલકુલ સ્થાન આપતી નથી. કેવળ પંજાબી, સિંધી અને કશ્મીરીમાં જ ઉર્દૂએ ઘર કર્યું છે. તેથી ઉર્દૂ ભાષા એવી છે જે ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ, ઓરિસ્સા, આસામ, બિહાર અને મધ્યપ્રદેશ તથા મદ્રાસ પ્રાંતોમાં બિલકુલ વ્યવહારમાં આવી શકતી નથી. આ પ્રાંતોના મુસલમાનો પણ વ્યવહારમાં પ્રાદેશિક બોલીઓનો ઉપયોગ કરે છે જેમાં ઉર્દૂની ગતિ નથી. આ રીતે હિંદી જ એવી મધ્યસ્થ ભાષા છે જે એક અને બધી આર્ય ભાષાઓ વચ્ચેની ભાષા છે.

ભારતવર્ષના ઉચ્ચ શિક્ષણક્રમમાં માતૃભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા હિંદીને સ્થાન હોવું જોઈએ. આખીજ

રાષ્ટ્રમહત્ત્વાકાંક્ષી વિ. રાજ્યની મોટાઈની ધૂનવાળું.

આવી પણ એ રાષ્ટ્રમહત્ત્વાકાંક્ષી નરેશ સિદ્ધરાજને જાગી આવ્યું હોય. પુરાતત્ત્વ

રાષ્ટ્રમાન્ય [સં] વિ. દેશે કબૂલ કરેલું કે સ્વીકારેલું

રાષ્ટ્રમુદ્રા [સં.] સ્ત્રી. આઝાદ હિંદની પસંદ કરવામાં આવેલી મુદ્રા; હિંદનું રાષ્ટ્રચિહ્ન; હિંદસ્વરાજચિહ્ન. આઝાદ હિંદની રાષ્ટ્રમુદ્રા સંબંધે ધ્વજસમિતિ દેશના લોકોને કહે છે: પસંદ કરાયેલી રાષ્ટ્રમુદ્રાની આકૃતિ પણ બહુ જ આકર્ષક અને મનોહર છે. પ્રાચીન વિખ્યાત અશોકના સાંચી સ્તૂપ ઉપરથી જ મુદ્રાની આકૃતિ પણ લેવામાં આવી છે. સિક્કા માત્ર રત્નાંબરના સંબંધ માટે જ નહિ, પણ આમ કરીને સિક્કાની ઉદાત્ત અને ભવ્ય મૂર્તિ કોતરવામાં, એ સિક્કાના વિશાળ પટ્ટાઓની કોતરણીમાં અને અંત આવ્યા મૂંઝણાઓવાળી કરચલીવાળી ચામડી આકારમાં કૃતકૃત્ય બનેલી છે આ સિક્કા માટેની પીઠિકા કમલાકારે કોતરવામાં આવેલી છે હિંદસંઘની

સરકારની રાષ્ટ્રમુદ્રા માટેની સમિતિએ આ ક્રમમાં, રત્નજ અને આરને બદલે એકબીજાને અડે અડાડી બેઠેલા ત્રણ સિંહો પસંદ કર્યા છે. મહાન સમ્રાટ અશોકે શહેરોવડે મેળવેલા વિજયના પ્રતીકરૂપે નહિ પણ ધર્મની સાધનાના જયને અવિસ્મરણીય બનાવવા માટે સ્તૂપો રચાવ્યા હતા. આ સ્તૂપો પર એમનાં ધર્મવિષયક વિચારો કોતરવામાં આવ્યા હતા. અશોકના શિલાસ્તંભ તરીકે જાણીતા થયેલા મજબૂત સ્તંભ પર સમ્રાટની સાચી ધર્મચર્યા અંકિત કરાયેલી છે. એ જ રીતે હિંદમય સંમહિત અને દીર્ઘકાળ પર્યંત ટકી રહે! આ રીતે આ હિંદસમ્રાટ આજના હિંદના રાષ્ટ્રજીવન માટે મહાન પ્રેરણાદાયી નીવડે છે. હિંદી પ્રતીક યોજનામાં ક્રમણનું પ્રતીક સૌંદર્ય અને સમૃદ્ધિના પ્રતીક તરીકે જાણીતું છે અને એટલે આ મુદ્રાનું ક્રમણ પણ જો સ્વતંત્ર હિંદીમય માટેની સૂચિત અધિકૃત મુદ્રામાં સ્થાન મેળવે તો એમા કશું જ અયોગ્ય નથી. ક્રમણનું પ્રતીક હિંદીઓને પોતાની જાગ્રતાળી શિથિલતા, મંદતા અને આળસ ખંખેરીને, જાગૃત, પ્રજ્ઞાન્વિત બની અવિરત કર્મયોગી થવા, હિંદી પ્રગતિ ને સમૃદ્ધિ વધારવા માટે, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સૌંદર્યના સર્જક બનવા, માનવ માનવના સંબંધો સુખદ બનાવી જીવન સુંદર બનાવવા અને દેશ અને દેશની ખાતર વીરતાથી જીવ્હતી વફાદારી જાળવવા માટે પ્રેરણા પાર્શ્વ રહે છે. ક્ષમતા, વીરતા, શક્તિ આ બધાં લક્ષણો ધનરાજ સિંહો સંકળાયેલા છે. વિજયસ્તૂપ ઉપર સ્થાપેલા ત્રણ ધનરાજે અર્થાત્ સિંહો એ સૂચવી રહે છે કે, પ્રત્યેક હિંદીએ સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાકના હિંમતવાન નાગરિક બનવું જોઈએ, જાગવાન, નિર્ભય અને ઉદાત્ત બનવું જોઈએ કે જેથી પોતે મેળવેલી અને સહજ રીતે પોતે મેળવેલી ભારતીય સ્વતંત્રતાનું રક્ષણ કરી શકે. આપણી મુદ્રાપર અંકાયેલા જાગવાન, ક્ષમ્ય અને શૂરા સિંહો આપણને યાદ આપશે કે હિંદને સિંહમય ખમીરવાળા પુરુષોની જરૂર છે. એ સિંહો આપણને સૂચવે છે કે, એવા ભવ્ય પ્રાચીન વિરાસતોવાળો અશોકનો સોનેરી યુગ હિંદમા ફરી સ્થપાઈ રહે! આવું ઉદાત્ત રાષ્ટ્રીયપ્રતીક હિંદને વિજયને સોપાને દોરી રહેશે. આવી વિરલ મુદ્રા સઘળા રાષ્ટ્રોમાં સન્માન પામશે!

રાષ્ટ્રલિપિ સ્ત્રી. દેશની સાર્વજનિક ભાષા.

રાષ્ટ્રભાષાનો સવાલ અને રાષ્ટ્રલિપિનો સવાલ એ બીજા સવાલે સંકળાયેલા હોવા છતા જોખા જોખા છે. પ્રસ્થાન

રાષ્ટ્રવાદ [સં.] પું. રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું એનો વાદ; રાષ્ટ્રપૂજા; સ્વદેશવાદ; પ્રજ્ઞાપરિમતા; રાષ્ટ્રીયતા; 'નેશનલિઝમ'.

વિશ્વબંધુત્વને રાષ્ટ્રવાદનો સાથ છે અને રાષ્ટ્રવાદ પાસે પહેલા પ્રકારનું વિશ્વબંધુત્વ અત્રિ પાસે ભિક્ષુની માફક ઓસરવું એ છે. પ્રસ્થાન

રાષ્ટ્રવાદી [સં.] વિ. સ્વરાજ્ય કે સ્વદેશનો પક્ષપાત; સ્વરાજ્યની તરફેણ કરનાર; સ્વદેશવાદી. પ્રજ્ઞાપરિમતાવાદી; 'નેશનલિસ્ટ'.

રાષ્ટ્રવિઘાતક [સં.] વિ. દેશને નુકસાન કરનાર. અમૂર્ત ભાવનાઓ અપાત્રોના હાથમા રાષ્ટ્રોપઘાતક અને ખુદ્દકવિકાસ નીવડે. જગતરાય ઠાકોર

રાષ્ટ્રવિદ્યા [સં.] સ્ત્રી રાજનીતિ; રાજકારણ નવ: 'પોલિટિક્સ.'

રાષ્ટ્રવિદ્યાનાં અનેક સત્યો માલૂમ પડે છે જગતરાય ઠાકોર

રાષ્ટ્રવિધાતા જુઓ રાષ્ટ્રવિધાવક.

રાષ્ટ્રવિધાન [સં.] ન. દેશનું પડતર કરવું તે.

રાષ્ટ્રવિધાયક ૧. [સં] પું. દેશને ઘડનાર પુરુષ

૨. વિ. દેશનો ઉદ્ધાર કરનાર.

જે તેઓ અટલ રહેશે તો ભવિષ્યના હિંદના રાષ્ટ્રવિધાયકોની હારમાં તેઓ સ્થાન મેળવશે. ન.પીત

રાષ્ટ્રવિપ્લવ [સં.] પું. રાજ્યમાં થતો બળવો; વિદ્રોહ. હાનિ.

રાષ્ટ્રવિપ્લવવાદી [સં. રાષ્ટ્રવિપ્લવવાદિન્] વિ. દેશમાં બળવો જગાવવાના મતવાળુ.

રાષ્ટ્રવિરોધી [સં. રાષ્ટ્રવિરોધિન્] વિ. દેશદ્રોહી; દેશનું અહિત કરનાર.

રાષ્ટ્રવીર [સં.] પું. દેશનો બહાદુર નામાંકિત પુરુષ

રાષ્ટ્રવ્યાપી [સં.] વિ. આખા દેશમાં ફેલાયેલું

રાષ્ટ્રશક્તિ [સં.] સ્ત્રી. પ્રજાની તાકાત; લોકોનું સામર્થ્ય.

રાષ્ટ્રશરીર [સં.] ન. દેશરૂપી શરીર.

સહકારને તેમણે રાષ્ટ્રશરીર ઉપરનાં ચમકતાં ઘરેણાં ગણ્યા છે. મહાદેવ દેસાઈ

રાષ્ટ્રસત્તા ૧ સ્ત્રી. દેશમાં ચાલતો રાજ્યઅમલ

૨. સ્ત્રી. પ્રજાના હાથમાં જઈ સત્તા હોવી તે.

રાષ્ટ્રસત્તાવાદી [સં.] વિ. જનસમાજસત્તાવાદી.

ખુદ કૉંગ્રેસમાં પણ એક પક્ષ આદર્શ ને બાબતમાં રાષ્ટ્રસત્તાવાદી બની ગયો છે. કૌમુદી

રાષ્ટ્રસભા સ્ત્રી. દેશના લોકોની સભા, દેશ સાથે સબંધ ધરાવતી સભા; મહાસભા.

ધારાસભા, પ્રાંતસભા, રાષ્ટ્રસભા, વગેરેનો વિકાસ અથર્વવેદમાં જણાયો છે. પુરાતત્ત્વ

રાષ્ટ્રસમવાયતંત્ર જુઓ રાષ્ટ્રસંઘ

રાષ્ટ્રસંઘ [સં] પું. મહારાજ્યોના પ્રતિનિધિઓની સભા; રાષ્ટ્રનો સંઘ; 'લીગ ઓફ નેશન્સ'. આ સંસ્થાનો હેતુ જગતા પ્રયત્ને વિગ્રહ અટકાવવાનો અને તકરારી પ્રશ્નોનો નિકાલ સમાધાની પૂર્વક લાવવાનો હોય છે

રાષ્ટ્રસંરક્ષણ [સં.] ન. દેશનો બચાવ

સ્વરાજ્યની યોજનામા રાષ્ટ્રસંરક્ષણ અને બીજા વિષયક સ્વાતંત્ર્ય એ બે મુખ્ય આવશ્યક વસ્તુઓ હોય જ છે. પ્રસ્થાન

રાષ્ટ્રસાહિત્ય [સં.] ન. દેશ સંબંધી જુદા જુદા પ્રકારનું લખાણ

આજકાલ આપા દેશના સામાન્ય સાહિત્યમાં રાષ્ટ્રસાહિત્યનો રંગ જોસબેર ચાલતો થયો છે. ખબરદાર

રાષ્ટ્રસીમા [સં.] સ્ત્રી. દેશની હદ.

દરેક જિલ્લ જિલ્લ પ્રજાને તેની વસતી પ્રમાણે સ્વાભાવિક રાષ્ટ્રસીમા કરાવવી. પ્રસ્થાન

રાષ્ટ્રસેવક પું. દેશની સેવા કરનારો માણસ.

રાષ્ટ્રસેવા સ્ત્રી. દેશની સેવા. ગાંધીજી કહે છે કે, બીજા બીનામાં પોઢતા હોય તો તેમને સુકામાં સુવાડી પોતે બીનામાં સૂવાને કવિ દલપતરામે બાળપણમાં શીખવેલો માતૃપ્રેમ અપવામાં હોય તો જ રાષ્ટ્રસેવા સાર્થ લાગે.

રાષ્ટ્રસેવિકા સ્ત્રી. દેશની સેવા કરનાર સ્ત્રી.

રાષ્ટ્રહિત [સં.] ન. દેશનું કલ્યાણ.

રાષ્ટ્રહિતચિંતક ૧. પું. રાજપુરુષ; રાજનીતિજ્ઞ માણસ.

૨. [સં.] વિ. દેશનું હિત ઇચ્છનાર.

રાષ્ટ્રહિતૈષી [સં] વિ. દેશનો હિતેચ્છુ; દેશનું ભલું ઇચ્છનાર.

રાષ્ટ્રાભિમાની વિ. દેશને માટે મગરૂર; દેશના અભિમાનવાળું

રાષ્ટ્રિક ૧. પું. કોઈ દેશ કે રાજ્યનો વતની; પ્રજા

૨. પું. કોઈ દેશ કે રાજ્યનો શાસનકર્તા; રાજા.

૩. ન. અશોકના ચક્રનું એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

૪ ન. વંશપરંપરાગથી ઊતરી ન આવતી હોય તેવી સરદારી

ઐતરેયથી જુદા પડતા શાંખ્યાયન તથા કૌષીતકિ અથવા શાંખ્યનો અર્થ દેખીતી રીતે વંશપરંપરાથી ઊતરી ન આવતી હોય એવી સરદારી થાય છે. હિંદુ રાજ્યવ્યવસ્થા

૫. વિ રાષ્ટ્રસંબંધી; રાષ્ટ્રનું.

રાષ્ટ્રિક સાપત્ય ન. ગ્રામ પુરુષોની સમિતિ; નેતાઓનું મંડળ.

> ગ્રામ્ય ઉપરથી થતા સૂચન પ્રમાણે રાષ્ટ્રિક સાપત્ય અથવા ગ્રામ પુરુષોની સમિતિ વ્યવસ્થાપકોને બોરસદે પડાયેલી નહોતી.
>
> હિંદુ રાજ્યવ્યવસ્થા

રાષ્ટ્રિકા [સં.] સ્ત્રી. ઝીની ઓરિયડી.

રાષ્ટ્રિય જુઓ રાષ્ટ્રીય.

રાષ્ટ્રિયકરણ જુઓ રાષ્ટ્રીયકરણ.

રાષ્ટ્રિયતા જુઓ રાષ્ટ્રીયતા.

રાષ્ટ્રીય ૧. [સં.] પું રાજા

૨. પું રાજાનો સાળો.

૩. પું. રાજ્યમાંનો અધિકારી.

૪. વિ. દેશમાં હોનાર કે બનાર

૫. [સં. રાષ્ટ્ર (દેશ) + ઇય (ને લગતું)]
વિ. પ્રજાકીય; પ્રજાનું; જનપદ સંબંધી; દેશનું; દેશને લગતું.

૬. વિ રાજ્ય સંબંધી; રાજદ્વારી; રાજને લગતું.

૭. વિ. ભાવદારિક.

રાષ્ટ્રીયઆય સ્ત્રી. આખા દેશની એકદર આમદાની.

રાષ્ટ્રીયઆવહ જુઓ રાષ્ટ્રીયઆય.

રાષ્ટ્રીયઆંદોલન ન. પ્રજાકીય ચળવળ.

રાષ્ટ્રીય ઋણ જુઓ રાષ્ટ્રીય કરજ

રાષ્ટ્રીયકરજ ન. દેશનું દેવું; રાષ્ટ્રીય ઋણ; સરકારી દેવું; રાજ્યકરજ. દેશની સરકારને વધિક અર્થમાં ખોટ પડવાથી, કોઈ નવુ પ્રજાકીય કામ કરવાની ખાતર કે લડાઈ ને અંગે જે દેવું કરવું પડે છે તેને રાષ્ટ્રીય કરજ કહે છે અને જે તરત પાછું વાળવાના ઇરાદાથી નહિ, પરંતુ કાયમ માટે કે લાંબી મુદત માટે કરવામાં આવે તેને સ્થાયી કરજ કે કાયમનું કરજ કહે છે. અસ્થાયી કરજ પાછું વાળવાની સગવડ થયે તરત જ પ્રબંધ કરવામાં આવે છે, ત્યારે સ્થાયી કરજ જો મુદતબંધી હોય તો મુદત પાકે તેને પાકું આપવાનો પ્રબંધ કરવામા આવે છે અને મુદતબંધી ન હોય તો સરકારની અનુકૂળતા પ્રમાણે તે ચૂકવાય છે. કોઈ વખત સરકાર બજારની પરિસ્થિતિનો લાભ લઈ ઓછા વ્યાજના કરજનું બીજા વ્યાજના કરજમાં પરિવર્તન કરે છે અને જે લેણદાર પરિવર્તન કરવા ન ઇચ્છતા હોય તેના કરજની ચૂકવણી કરી દે છે.

રાષ્ટ્રીયકરણ ન. દેશના કારખાનાં અને ઉદ્યોગધંધા ઉપર રાષ્ટ્રીય સરકારનો અધિકાર કરવો તે; માલિકો કે વ્યવસ્થાપક રાષ્ટ્રના હાથમાં હોવાપણું; રાષ્ટ્રની માલિકીનું કરવું તે; ઉદ્યોગોનો દા.ત.: ' નેશનલીઝેશન '. રાષ્ટ્રના હાથમાં સોંપવામાં આવે કે રાષ્ટ્ર લઈ લે તેને ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કર્યું કહેવાય. તેમાં પ્રજાની પ્રતિનિધિ સરકાર ઉદ્યોગોની માલિકી ધરાવે અને વ્યવસ્થા કરે. તે જ પ્રમાણે જમીનનું પણ રાષ્ટ્રીયકરણ થઈ શકે

રાષ્ટ્રીયજીવન [સં.] ન. દેશનું જીવન.

રાષ્ટ્રીયઝંડો પું. દેશનો ધ્વજ; જુઓ રાષ્ટ્રધ્વજ.

રાષ્ટ્રીયતા [સં.] સ્ત્રી. દેશાભિમાનની ભાવના; પ્રજાનિષ્ઠતા; રાષ્ટ્રપુજાપર્ણ; પ્રજાભાવ.

રાષ્ટ્રીયત્વ જુઓ રાષ્ટ્રીયતા.

રાષ્ટ્રીયધ્વજ જુઓ રાષ્ટ્રધ્વજ.

રાષ્ટ્રીયપદ [સં.] ન. દેશમાં મુખ્ય સ્થાન.

રાષ્ટ્રીયભાવના [સં.] સ્ત્રી. દેશ માટેની લાગણી.

રાષ્ટ્રીય મહાસભા [સં] સ્ત્રી. દેશના મહાપુરુષોનું મંડળ. રાષ્ટ્રીય મહાસભા કોઈ એક રાજની નહિ, સમસ્ત હિંદુસ્તાનની દરદી બનેલી છે. એના સંસ્થામાં બહુમતી ધરાવનાર વર્ગના હમેશા બહુમતી તેમ જ પક્ષાંત વિભાગોને બરાબર, મુઠ્ઠીભરને હાથે નહિ, પણ પોતાના મોભાને ઘટે તે રીતે કરજ તરીકે લાગ કરવાનો ધર્મ છે.

> રાષ્ટ્રીય મહાસભા માટે રાષ્ટ્રીય નામની આરંભતા છે. પ્રસ્થાન

રાષ્ટ્રીયવાદ [સં.] પું. રાષ્ટ્રવાદ; પ્રજાનિષ્ઠતા; પ્રજાભિમાન.

રાષ્ટ્રીય વાવટો જુઓ રાષ્ટ્રધ્વજ.

રાષ્ટ્રીય વિદ્યાપીઠ સ્ત્રી. અમદાવાદ શહેરની પશ્ચિમે આવેલી ગાંધીજીએ સ્થાપેલી એ નામની એક સંસ્થા.

રાષ્ટ્રીય વિદ્યામંદિર જુઓ રાષ્ટ્રીયશાળા.

રાષ્ટ્રીયવ્યય [સં.] પું. રાજ્યખર્ચ.

રાષ્ટ્રીય શાળા [સં.] સ્ત્રી. દેશની જરૂરિયાતો લક્ષમાં લઈ દેશની પરિસ્થિતિને અનુકૂળ થાય એ ઢબે કેળવણી આપતી શાળા; પરદેશી સરકારથી સ્વતંત્ર રીતે અને રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ ચલાવાતી શાળા. ગાંધીજી લખે છે કે, રાષ્ટ્રીય શાળાની ગણતરીમાં એ જ શાળા આવી શકે જેમાં રેંટિયાની પ્રવૃત્તિ ચાલે છે, જેમાં શિક્ષક અને વિદ્યાર્થી અરધો કલાક રેંટિયો ચલાવે છે અને જેને, હાથે કાંતેલી વણેલી ખાદી જ પહેરે છે. જેમાં માતૃભાષા કે હિંદુસ્તાની દ્વારા શિક્ષણ અપાય છે, જેમાં અસ્પૃશ્યતાને પૂરું સ્થાન છે, જેમાં આત્મરક્ષણની કળા પણ શીખવવામાં આવે છે, જેમાં હિંદુ મુસલમાન એક હૃદય થાય તે માટે યત્ન કરવામાં આવે છે અને જેમાં અંત્યજનો કોઈ પણ પ્રકારે ત્યાગ નથી કરવામાં આવતો. એ અભિપ્રાય રાષ્ટ્રીય વિદ્યામંદિરની મહાસભાએ કરી છે. રાષ્ટ્રીયશાળાઓનો હેતુ સ્વરાજ, સ્વતંત્રતા, સ્વાશ્રય કોઈ વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાનની સાથે જ હૃદયજ્ઞાની ને શરીરશક્તિ કે અંગમહેનતની તાલીમ આપવી જોઈએ. રાષ્ટ્રીયશાળાઓમાં સ્વરાજની પોષક વસ્તુઓ રાખેલી હોવી જોઈએ. રાષ્ટ્રીયશાળાઓમાં અક્ષરજ્ઞાન સાધ્ય મનાવાને બદલે ચારિત્ર્યબળ વધારવાનું અને સ્વરાજકાર્યનું સાધન મનાવું જોઈએ

રાષ્ટ્રીય શિક્ષણ [સં.] ન. રાષ્ટ્રની દૃષ્ટિએ અપાતું કે પરદેશી સરકારથી સ્વતંત્રપણે મેળવેલું શિક્ષણ. ગાંધીજી કહે છે કે, રાષ્ટ્રને સારુ મરતાં શીખીએ, રાષ્ટ્ર સારુ રાજ ભોગવીએ એમાં જ રાષ્ટ્રીય શિક્ષણ રહેલું છે.

રાષ્ટ્રીયસૈન્ય [સં.] ન. દેશનું લશ્કર. જે લોકો લશ્કરમાં કાયમ માટે ન જોડાઈ જતાં તેવાઓ માટે આ દળની રચના કરવામાં આવેલ છે. આવી તાલીમ આપવા માટે બે પ્રકારની એકમો રચવામાં આવે છે: પ્રાંતિક એકમો અને શહેરી એકમો. પ્રાંતિક એકમોમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ભરતી કરવામાં આવે છે અને તેમને વર્ષમાં બે કે ત્રણ માસની કેમ્પ તાલીમ આપવામાં આવે છે. શહેરી એકમોમાં મોટાં શહેરોમાંથી ભરતી કરવામાં આવે છે આ લોકોને દર અઠવાડિયે તાલીમ આપવામાં આવે છે. આખા વર્ષ દરમિયાન એક વખત કેમ્પ થઈ જઈ બાકી સો બોડા દિવસ તાલીમ આપવામાં આવે છે. રાષ્ટ્રીય કટોકટી વખતે આ દળો કામ લાગે છે

રાષ્ટ્રીય સ્વાર્થદૃષ્ટિ [સં.] સ્ત્રી. દેશ માટેની લાગણી; રાષ્ટ્રીય વલ્લિકવૃત્તિ; ' પોલિટિકલ રિપબ્લિક '.

> વલ્લિકવૃત્તિ એ શબ્દ પોલિટિકલ રિપબ્લિક માટે વાપર્યો છે. રાષ્ટ્રીય સ્વાર્થદૃષ્ટિ પણ કર્યો વાપર્યો છે. મહાદેવ દેસાઈ

રાષ્ટ્રોત્થાન [સં.] ન. દેશનો ઉદ્ધાર.

રાષ્ટ્રોદ્ધાર [સં] પું. દેશનો ઉદ્ધાર.

> રાષ્ટ્રોદ્ધારનું ચિંતન ચંદ્રગુપ્તને હિમાલયમાં જઈને જ કર્યું હતું. ઝવેરચંદ મેઘાણી

રાષ્ટ્રોદ્રેક [સં.] પું. દેશ માટેનું અભિમાન.

> પણ એથી તો એના સ્વાતંત્ર્યપ્રેમ અને રાષ્ટ્રોદ્રેક બમણા થયા. કુમાર

શબ્દોપયોગી વિ. રેઢને ઉપયોગી; રેઢનું હિતકર.

રાસ્ [સં.] અ. ક્રિ (ધાતુ) શબ્દ કરવો, ઘૂમ પાડવી; ચીસ પાડવી; ઘૂરકવું. તે ઉપરથી બનેલ શબ્દ: રાસ, રાસડીદા, રાસજ વગેરે.

રાસ ૧. [સં.] પું. (વહાણનું) આગલો ભોરો.

૨. પું. (પિંગળ) ૨૯ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં બાવીસ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૮, ૧૨, ૧૭ અને ૨૧ માત્રાએ ત.લ આવે છે.

આઠ કલા પર આઠ ધરી ચઉ અંત કરો.
બાકિરો કલમાં અંત વિષે તો સગણ ધરં.
એક પછી કુવિ કુતિ ચઉતી ચાર તાલ દિરો,
રાસની રમના એમ કરો પ્રતિ ચરણ વિષે.
રણપિંગળ

૩. પું. ગ્રેજીસિનિઅમાં રહેતી જુદી જુદી હબસી કોમોની જાતનો મુખી.

૪. પું. કાર્તિક મહિનામાં ગીત અને નાચ સાથે ઊજવાતો હિંદુ ઉત્સવનું નામ. તે કૃષ્ણ અને ગોપીના માનમાં ઊજવાય છે.

૫. પું. ખિતાબ.

૬. પું. બેતર માદેનો કોનસાંગાઓ જનાવરનો હબસી

૭. પું. ગાતાં ગાતાં ગોળકારે ફરતાં, કરાતો નાચ કે તેમાં નચાય તેવું ગીત; ગોળ કુંડીએ ફરતાં ફરતાં રમવું કે નમન કરવી તે, ગોળકારે ફરતાં ગાવું તે દાંડિયારાસ રમવા તે. રાસ કે ગરબાનું મૂળ ગોપીઓની રાસક્રીડા હોય તેમ લાગે છે. રાસ કે ગરબા ફક્ત સ્ત્રીઓને જ માટે હોય એવું કંઈ નથી. કાઠિયાવાડમાં આમ તેમ જ બીજે બધે સ્થળે સ્ત્રીઓ અને પુરુષો સાથે રાસ લે છે. સોકટલ તરીકે તો રાસ ફક્ત નવરાત્રિના તહેવારોમાં જ જોવામાં આવે છે. રાસ હમેશ ગાયનો સાથે જ લેવાય છે. કોઈ કોઈવાર મોટા કે ગાગર વગેરે લઈને પણ રાસ લઈ શકાય છે. ગાગર કે હાંડો લઈને રાસ લેવાની પ્રથા મુખ્યત્વે કાઠિયાવાડમાં જ નજરે પડે છે તેને હીંચ કહેવાય છે.

રાસ રમઈ નવ કુઈ, એક બીઈ, ઊભર ખોડિ.
ભીમ

રાસ રમવા ૦ નાચવું

૮. પું. (પિંગળ) ઝગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, મતા. તેના દરેક ચરણમા નગણ, રગણ, નગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે. તેમાં ૬, ૬ અક્ષરે યતિ આવે છે.

ન ર ન ર મતા, છ પર રાસકમા
રણપિંગળ

૯. પું. જમૈયા ઉપરની ઝરીમરીવાળી સોના રૂપાની મૂઠ; જમૈયાનો હાથો; રાસ.

૧૦. [હિ.] પુ. દત્તક પુત્ર.
રાસ બેસાડવું-લેવું = દીકરો દત્તક લેવો; ખોળે બેસાડવો.

૧૧. પું. દત્તક લેવાની ક્રિયા.

૧૨. પું. પશુઓનું ટોળું

૧૩. પું. સંયોગ; મેળ

૧૪. પું. રસભર્યું એક જાતનું નાટક; ગરબાની પેઠે મોટે રાગે ગાવાનું નાનું કથાનક; ભરી ભનેલી વાર્તાની કવિતા; એક પ્રાકૃત ગ્રન્થપ્રબંધ. જેમકે, ચંદ બારોટનો પૃથ્વીરાજરાસ કે રાસો

૧૫. પું. (ભૂ. શ્ર.) રાશિ; ઢગલો.
દૂર થયા તો દિ દુકડા રે,
એ મત છે એક રાસ અમવિજય

૧૬. પું. રાસડા ગાનાર ટોળું કે મંડળ.

૧૭. પું. શબ્દ ધ્વનિ; ગડગડાટ; કોલાહલ.

૧૮. સ્ત્રી. બેડી; જંજીર; કૃંખલા.

૧૯. [અ.] સ્ત્રી. ભૂધિર.

૨૦. સ્ત્રી. સરખાપણું; મળતાપણું; મેળ. જાત–ગુણ–રીત વગેરેની બાબતમાં વપરાય છે.

૨૧. ન. વણકરનું એક સાધન; દેશી બાંધી વણનારા કારીગરોનું દોરાને કપકારી બેસાડવા માટે વપરાવાનું એક જાતનું ઓજાર. તે સૂતરનો દોરો પરોવીને વણવાના ક્રમમાં આવે છે. તેને કૂણી પણ કહે છે.

૨૨. વિ. અનુકૂળ; માફક; ઠીક.

૨૩. જુઓ રાસ.

રાસક ૧. પું. ઉપરૂપક એટલે ઊતરતી જાતના નાટકના અઢાર ભેદોનો એક ભેદ

૨. પું. છંદના સાત ભાદેનો એક પ્રકાર.

રાસકુંજ પું. રાસ રમવા માટેનો બાગ.

રાસકોડિલું વિ. રાસ રમવાનું રસિયું.

રાસક્રીડન (રાસક્રોડન) [સં.] ન. રાસ રમવો તે.
પુરુષપ્રકૃતિના સનાતન **રાસક્રીડન** તેમના પ્રેમાલાપથી અંબઅંબા જેવાં જોતાં હરો.
પ્રેમાનંદ

રાસક્રીડા (રાસક્રોડા) ૧. [સં.] સ્ત્રી. રાસની રમત; ગોળ કુંડાળામાં સ્ત્રી પુરુષો જેમાં કે જુદા જુદાં ફરતાં ફરતાં ગાય છે તે; રાસલીલા જેવો ક્રીડાત્મક રાસ; કૃષ્ણના જેવી રમત; ગોળ કુંડીએ ફરતાં રમવું તે રમત કરવી તે.

૨. સ્ત્રી. વૃંદાવનમા ગોપીઓ સાથે શ્રીકૃષ્ણ રાસે રમતાં રમતાં જે ક્રીડા કરતા હતા તે; રાસલીલા.

રાસડી (રાસડો) ૧. સ્ત્રી. કોસ ખેંચવા માટે ગરેડી ઉપર રાખવાનું નાકું; કોસને કૂંડિયે બાંધવાનું વરતથી બાતયું દોરડું; કોસની સૂઠે બાંધવાનો દોર.

૨. સ્ત્રી. ગળે પહેરવાની રૂપની સાંકળી કે દોરો; અછોડો.

ચાલો સાહેબી આપણ રાહેરમા રે લોલ,
હરખેથી લાવીએ રાસડી રે લોલ.
લોકગીત

૩. સ્ત્રી. રસી. દોરી

રાસડીબંધણ (રાસડીબંધણું) ન. રાસડી અને કોસનો કૂંડિયો; એ બંનેને સાથે બાંધવાની દોરી અથવા ચામડાની વાધરી

રાસડો (રાસડો) ૧. [સં. રાસક] પું. કોઈ અરા બનેલા બનાવને વર્ણવતો એક જાતનો ગરબો; દેશી ગરબો.

૨. પું. ફરતાં ફરતાં ગવાતું ગીત.
ચૂલે રાસડા લેવા = ઉજાગરા પડી રહેવું.

રાસતાલ ૧. પું. (સંગીત) ગાયકમાં સૂરને બળ આપનો પહેલો તાલ; આદિતાલ; ધ્રુવપદ; એકતાલ.

૨. પું. તેર માત્રાઓનો એક તાલ. તેમાં આઠ આઘાત અને પાંચ આલી હોય છે.

રાસદંડ [સં.] પું. રાસ લેવા માટે વપરાતો દાંડિયો.

રાસદંડક જુઓ રાસદંડ.

રાસધારી ૧. પું. રાસનો ખેલ કરનાર માણસ.

૨. [સં. રાસધારિન] સ્ત્રી. શ્રીકૃષ્ણના ચરિત્રના રાસ જેવી ભજવનારી નાટક મંડળી; શ્રીકૃષ્ણ અને ગોપીના કુંડીએ રમવાના ખેલ કરી બતાવનારાઓની મંડળી.

૩. સ્ત્રી. શ્રીકૃષ્ણના રાસની રમાતી રમત.

રાસન ૧. [હિં.] સ્ત્રી. એક જાતની ઘાતકર વનસ્પતિ; રાસના

૨. ન. ચાખવું તે; સ્વાદ લેવો તે.

૩. [અં. રેશન] ન. રોજની ખાવાની વસ્તુનુ પ્રમાણ.

૪. વિ. છકાને ભજવું.

૫. વિ. સ્વાદિષ્ટ

રાસનશીન [હિં.] પું. દત્તક લીધેલો પુત્ર.

રાસનંદિની ૧. સ્ત્રી. ગોપી; વ્રજની નારી.

૨. સ્ત્રી. રાસ લેનારી સ્ત્રી

રાસપૂર્ણિમા [સં.] સ્ત્રી. આગહર માસની પુનમ. તે દિવસે શ્રીકૃષ્ણે રાસક્રીડાનો આરંભ કર્યો હતો.

રાસકૂંદડી (રાસકૂંદડો) સ્ત્રી રાસ લેતી વખતની જેમ ગોળાકાર ફરવું તે.

રાસભરિ [અં. રારભેરિ] સ. એક પ્રકારનું ભોર જેવું કૂળ.

રાસબિહારી ઘોષ પું. હિંદના એ નામના એક વિખ્યાત દેશભક્ત પુરુષ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૪૫માં થયો હતો. તેમની વાદશક્તિ અદ્ભુત હતી. શેક્સપીઅર, મિલ્ટન, આર્નોલ્ડ વગેરે શિષ્ટ લેખકોના સાહિત્ય ઉપર તેમને ખૂબ માનુ હતો તે બાબત વર્ષો સુધી કલકત્તાની હાઈકોર્ટમાં વકીલ થયા. સુરતની નેશનલ કૉંગ્રેસની બેઠકમાં અને પછીના વર્ષે મદ્રાસમાં તે પ્રમુખ હતા. તેમણે કલકત્તા યુનિવર્સિટિને દસ લાખ રૂપિયાની ઉદાર રકમ ભેટ કરી હતી. તેમણે ઉગ્રવાદ, ફ્રાંસ, મદ્રસિ વગેરે રેશોમાં મુસાફરી કરી હતી.

રાસભ [સ] પું. ગધેડો; ખર, ગર્દભ.

રાસભસ્થા ૧. સ્ત્રી. ગધેડા ઉપર સવાર થયેલી સ્ત્રી.

૨ સ્ત્રી. જ્યેષ્ઠા દેવીનું એક નામ.

રાસભી [સં.] સ્ત્રી. ગધેડી; ખરમાદા.

રાસભી રૂપિ તે મુખી બાઢ સાદિ.
આનંદકાવ્યમહોદધિ

રાસભૂમિ [સં.] સ્ત્રી જ્યાં રાસડીઓ થતી હોય તેવું સ્થાનઃ રાસ કરવાનું સ્થળ.

રાસમંડલ ૧. ન. રાસ રમવાનું સ્થાનઃ શ્રીકૃષ્ણની રાસલીલાનું સ્થળ.

૨. ન. રાસધારીઓનો અભિનય.

૩. ન. રાસનો ખેલ કરી બતાવનારાઓનો સમુદાય.

રાસમંડલી સ્ત્રી. રાસ રમનારાઓનું મંડળ.

રાસમંડળ જુઓ રાસમડલ.

રાસમંડળી જુઓ રાસમડલી.

રાસમાળા ૧. [સં. રાસમાલા] સ્ત્રી. પદ્ય રાસા ઉપરથી ફ્રાંસિસ સ. ફ્રેએ રચેલો ગુજરાતનો ઇતિહાસ.

૨. સ્ત્રી. દિવેટી શ્રી રણછોડભાઈ ઉદયરામ કૃત રાજસ્થાની ઇતિહાસ વિષેના લેખોનો સંગ્રહ. તે બે ભાગમાં બહાર પડેલ છે.

૩. સ્ત્રી. રાસોનો સમૂહ

રાસયાત્રા ૧. [સં.] સ્ત્રી. કારતકી પૂનમને દિવસે થતો શ્રીકૃષ્ણનો એક ઉત્સવ.

૨ સ્ત્રી. ચૈત્રી પૂનમે શાક્ત લોકો તરફથી રેલીને ઉજવાતો એક ઉત્સવ

૩. સ્ત્રી ફાગણ પૂર્ણિમાના દિવસે કરવામાં આવતો એક ઉત્સવ.

રાસરસમ સ્ત્રી રીત; રિવાજ; પ્રથા.

અધિ જ અમેજ્ઞ રાસરસમનું એક હાસ્યજનક અનુકરણ કર્યું. નરીજની હાસ્ય

રાસરસિક [સં.] વિ. રાસમાં રસ ધરાવનાર.

આપણા સમાજ ગરીબરસિક કે રાસરસક બનતા જાય છે. પ્રસ્થાન

રાસલીલા ૧. સ્ત્રી. કૃષ્ણચરિત્ર બતાવતું તે

૨. સ્ત્રી. રાસધારીઓનો શ્રીકૃષ્ણલીલા સબંધી અભિનય.

૩. સ્ત્રી રાસનું ખેલન, દાંડિયારાસ રમતાં ગાવું અને ગોળકૂદડીએ ફરવું તે.

૪. સ્ત્રી શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા; વ્રજભક્તો સાથેનું પ્રભુનું ક્રીડન; રાસક્રીડા.

હિંદુ રાજાઓ, જાગીરદારો, રામલીલાઓ, રાસલીલાઓ, કથાઓ, ભજનો અને તમામ લોકસાહિત્ય સર્વના ઉદ્ભવસ્થાન અહીં છે.
ભગવતસિંહ ઠાકોર

રાસવિલાસ [સં.] પું. રાસક્રીડા; રાસનો રમત

તે નારીને જોઈ રાસના સ્વામી રાસવિલાસમાં અવતરિયા શ્રીકૃષ્ણે રાજમંડળમાં તેની સાથે રાસક્રીડા કરી. ભાગવતી ભાગવત

રાસવું [સં રસ (સ્વાદ લેવો)] સ ક્રિ. ભાવું; ગમવું; ગોઠવું; રસાસ્વાદ લેવો.

રામનામ જપીને જી જાય રાસેચ
કરસોવિંદદાસ કાદાવાળા

રાસસંગ્રહ પું. રાસકાવ્યોનો સંગ્રહ.

રાસા ૧. પું. (પિંગળ) ઉષ્ણિક છંદની જાતનો એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદઃ વાસવિ. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે

૨ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ચૌદ્દ માત્રા હોય છે. તેમા ૧૨ અને ૯ માત્રા ઉપર યતિ આવે છે. ૧, ૫, ૮, ૧૩ અને ૧૮ માત્રા ઉપર તાલ આવે છે

૩. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા પાંચ જગણ અને એક લઘુ મળી ચોવીસ અક્ષર હોય છે.

રા'સાઈકોરી સ્ત્રી એક પ્રકારનો સિક્કો

રા'સાઈકોરીનું ચલણ રાજ્યોમા બોમારજીએ પ્રથમ ચલાવ્યું. વનસ્પતિશાસ્ત્ર

રાસાઉલ્લાલ છપ્પય પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં દરેક ૨૧ માત્રાની એવી ચાર ચરણની એક રાસા અને દરેક ૨૮ માત્રાનાં બેવાં બે ચરણ હોય એવો એક ઉલ્લાલ આવે છે. તેમાં કુલ ૧૪૦ માત્રા હોય છે.

રાસાકંધ પું. (પિંગળ) એક પ્રકારનો છંદ.

આ રાસા ખરેખર રસમય હોઈ તેમા × × × છપ્પય, પદ્મરી પદ્મવિકા), રાસાબન્ધ ચારે વિવિધ છંદ વાપરેલા છે. ગુ. સા. પરિષદ

રાસાર્યાણક જુઓ રાસાયનિક

રાસાયાનક ૧. [સ.] પું. રસાયનશાસ્ત્રો, રસાયનવેત્તા, રસાયનશાસ્ત્રનો જ્ઞાતા સુશ્રુતમાં લખે છે કે: છઠ્ઠી સદીમાં હિંદુ રાસાયનિકો નીચેની વસ્તુઓ બનાવી શકતા હતા. સમોચિત પાત્રો, જેને સૂપવાથી પણ ઉંચા આવે તેવો રાસાયનિક પદાર્થ, અગ્નિ વિના પ્રકાશ ઉત્પન્ન કરી શકે તેવું રાસાયનિક લાકડી અને આગડીને બરફની બનાવી શકે તેવા રાસાયનિક ભૂકો.

૨ વિ. રસાયણ વિદ્યાને લગતું; રસાયણ સબંધી; રસાયણશાસ્ત્રના નિયમ પ્રમાણેનું: ' કેમિકલ '.

૩. વિ. રસાયનશાસ્ત્ર સબંધી

રાસાયનિક વિઘટન [સં.] ન રસાયણ દ્વારિમ છૂટું પાડવું તે.

જે દ્રવ્ય બનાવાળમા એક સમયે સહજ હતું, તેના રાસાયનિક વિઘટનને લીધે અદિતત્વો તરીકે અગાઉના પદાર્થો પાછેથી ઉત્પન્ન થાય છે. ફેલમનવિદ્યાનાં તત્ત્વો

રાસાયનિક વિશ્લેષણ [સં.] ન. પાર્થક્ય; પ્રભાકર જુદાઈ

રાસાયનિક શાલા [સં.] સ્ત્રી. જ્યાં રસાયનશાસ્ત્ર સબંધી પરીક્ષણો કે પ્રયોગો થતા હોય તે સ્થાન.

રાસાયનિક સિદ્ધાંત [સં.] પું. રસાયનશાસ્ત્રનો નિયમ.

રાસાયનિક સૂત્ર [સં.] ન. રસાયનશાસ્ત્રનું સૂત્ર: ' કેમિકલ ફોર્મ્યુલા '.

રાસારો પું (પિંગળ) માત્રામેળ પિંગળ પ્રમાણેનો એક માત્રામેળ છંદ. તે સાદા છંદના એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૭૮ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે

રાસાશ્વ [સં.] પું. ગધેડો અને ઘોડીના સયોગથી ઉત્પન્ન થયેલ પ્રાણી

ગધેડા અને ઘોડીના યોગથી પણ એવી અટકળ કેળવી થઈ શકે છે. તેને ખચ્ચાને બદલે રાસાશ્વ કહેવાય. પ્રસ્થાન

રાસીલો પું ગાડાની પાસે રામ બાંધવા માટે ખોડાતો લાકડાનો જાડો ખીલો, રામોલો.

રાસુંદું ૧. વિ. આળસુ.

૨. વિ. સખ્યાકાળે નહિ પણ રાત્રિના પાછલા ભાગમા દેખી શકે તેવું.

રાસેરસ ૧. [સં.] પું ઉત્સવ.

૨. પું. પ્રહર પછીની છઠ્ઠી રાત્રિ.

૩. પું પ્રસન
૪ પું મડળી
૫. પું. રમત
૬ પું સાહિત્યવિદ્યામાં પ્રસિદ્ધ તાલ.
૭ પુ. નૃત્ય
૮. પુ. શૃંગારરસ.

રાસેશ્વર ૧. [સં.] પું. રાસનો નાયક

હિંદુસ્તાનમાં પ્રાચીન સમયથી જ રાસલીલા પ્રચારમા હશે એમ રાસેશ્વર શ્રીકૃષ્ણના પ્રેમોન્માદના રાસ ઉપરથી આપણે અનુમાની શકીએ છીએ. ચૈતન્યમહાપ્રભુ

૨. પું. શ્રીકૃષ્ણ.

રાસેશ્વરી ૧. [સં] સ્ત્રી. જુ ઈ.

૨. સ્ત્રી. રાસની અધિષ્ઠાત્રી.

૩. સ્ત્રી. રાસમાં પ્રધાન નાયિકા; રાધિકા.

જયદેવે ગીતગોવિંદમાં રાધાકૃષ્ણની પ્રીતિ ગાઈ ન પહેલા ગુર્જરભૂમિમા એ રસરાજના અધિષ્ઠાતાની આને એ રાસેશ્વરીની પ્રેમકથા અપર્ણાર અધિઓ ગાઈ રહ્યા છે. ગુ. સા પરિષદ

રાસો ૧. [સં.] પું. રાસ: જૈન કવિઓએ રચેલ કાવ્યપ્રબંધ.

ગુજરાતીમા જેમ જાણે રાસ કહે છે તેવી રીતે અપભ્રંશ તથા પ્રાકૃત ભાષામા રાસો હતા ગુ. સા. પરિષદ

૨ [સં. રાસ] પું. વીરરસવાળું ઐતિહાસિક કે કાલ્પનિક કાવ્ય અથવા કથાનક; રોમાંચ રાજનું પદ્યમય વૃત્તાંત; ભારે અનેકા બનાવનું અથવા તેવા જ બનાવોની બનાવટી બનાવનું કાવ્ય કે કથાનક. જેમકે, પૃથ્વીરાજ રાસો.

જૂનગઢમા અંબિકાની સ્તુતિના રાસો અને પ્રબંધો રચાતા, જો પર્વતમાળ કાળમા સામાજિક સ્થિતિના ઇતિહાસ જાણવા છે. ગુ. સા. પરિષદ

૩. પું સમૂહવાળો, ઠોઠ્યર્ખનવાળો, રસની જમાવટવાળો પ્રબંધ

રાસોત્સવ [સં.] પું. રાસલીલા. રાસ રમવો તે.

રાસ્કલ ૧. [અં] વિ. મૂર્ખ

૨ ઉ. હલકટ,બદમાશ, બદમાશ, દુષ્ટ

રાસ્ત ૧ વિ. મોટાળા વજનનું; ચોખ્ખુ

૨ વિ જમણું

૩. [ફા.] વિ. દુરસ્ત, બરાબર; સાચું, સાચુ; ખરું. તારા મહેતા પોશાકના કારણથી હું તે ચહેરાને ઓળખી શકયો ન હોતો, એ તારું કહેવું રાસ્ત છે. નારાયણ વિસનજી

૪ વિ. નિરપરાધી; નિર્દોષ

૫ વિ પ્રમાણિક; વાજબી, ન્યાયી; ચોખ્ખ; નેક; અદલ.

૬ વિ સરખું, સપાટ.

૭ વિ સીધુ, સાદું

રાસ્તગો [ફા] પું. સત્યવાદી માણસ

રાસ્તગોઈ [ફા] સ્ત્રી. સત્યભાષણ; સાચું બોલવું તે

રાસ્તપણું ન સચ્ચાઈ; પ્રમાણિકતા; સરળતા

રાસ્તબાજ વિ નેક-ચાલી, અદલ પ્રમાણિક, સાચું પ્રમાણિક.

રાસ્તબાજી સ્ત્રી સચ્ચાઈ; પ્રમાણિકતા

કેટલીકવાર **રાસ્તબાજી** આપણે ધારીએ છીએ તેના કરતા જુદો જ અર્થ સારી જતાવે છે નારાયણ વિસનજી

રાસ્તા ૧ [ફા પું. ઉપાય, તરકીબ.

૨ પુ મા, રસ્તો, રાહ, પથ

૩. પુ ન્યાયાલય, પ્રેમ., ન્યાય

રાસ્તી ૧ [ફા.] સ્ત્રી. રાસ્તપણું; સચ્ચાઈ. ન્યાય; પ્રમાણિકતા; પ્રમાણિકપણું

૨. વિ. બેડાજીવાળી જમીનવાળું

૩. વિ વફાદારીવાળું; આબાદ,

૪. વિ ભાગ્ય; સારું; રાસ્ત

રાસ્ના ૧ [સં.] સ્ત્રી. એ નામની એક ઉષ્ણ અને વાતઘ્ન વનસ્પતિ; સુરવા; સંજીવંતી; સુરસરસા; રસ્ના; સુવહા, રસા; એકાપર્ણી, સુરસા; ગ્રેવસી આ વનસ્પતિ પાંચેક ફુટ ઊંચી થઈ છે તેનાં પાન પીલના પાન જેવાં થાય છે. તેમા સફેદ ફુલ અને ગોળ ફળ આવે છે. પાન મરઘૂમડ અને ચાંદાં ઉપર વપરાય છે. તેનાં મૂળ બહુ ઉપયોગી છે. તે તમામ જાતનાં વાતા દરદ ઉપર વપરાય છે. વાતરક્ત, દમ, ખાંસી, વિષમજ્વર, સોજા, હેડકી, શૂળ, સંધિવા, ઉદરસ્તંભ, મૂત્રકૃચ્છ, પક્ષઘાત, કર્ણનાદ, અર્દિતવાયુ, અંડવૃદ્ધિ, શ્વાસ અને બીજી જાતના વાતરોગમા ઉપયોગ અને ચૂર્ણના રૂપમા વપરાય છે તે અપથ્ય છે અશ્વિના ઉપર તે વિશેષ ગુણકારક છે. ગુણમાં તે પાચક, ઉષ્ણ, કફઘ્ન, વાતહર અને શોષક મનાય છે

૨ સ્ત્રી કટિમેખલા

૩ સ્ત્રી રહની પ્રધાન પત્નીનું નામ

રાસ્નપંચેરિ [સં.] સ્ત્રી એ નામની એક વનસ્પતિ; રાજપુરી. તેનાં પીલાં ગુચ્છ બહુ જ સુંદર ફૂટે છે. બીજે વર્ષે તેમાંથી રસ્તા અને પીળાં ફુલ આવે છે તે સુંદર અને મોટાં ફુલ આવે છે, જે મુકબ્બા, મીઠાઈ અને દારૂ બનાવવામાં વપરાય છે

રાહ ૧ પું ચાલનો ક્રિયારસ્તો; ક્રિયાજ; પ્રયા. રાહ મારવો = વટેમાર્ગુને લૂંટવાનું; ધાડ પાડવી; ધૂમધાડી કરી નાખવુ

૨. પું. નિયમ; કાયદો

૧. રાહ ઉપર આવવુ = નીતિથી વર્તવુ

૨. રાહ રીતે = ચોખ્ખા પ્રમાણે

૩. સ્ત્રી રટણ; લેહ.

૪ [ફા.] પું રસ્તો; માર્ગ; પંથ

૧. બેરાહ થવુ = આડે માર્ગે ચીતરી જવુ.

૨. રાહ કાઢવો = યુક્તિ કરવી; રસ્તો કાઢવો

૩. રાહ પકડવો-લેવો = રસ્તે પડવુ; ચાલતા થવુ

૪. રાહ પર આવવુ = (૧) રસ્તે ચડવુ; ભુલાયેલો રસ્તો જડવો. (૨) રીતભાત સુધરવી

૫. રાહ બતાવવો = (૧) બરતરફ કરવુ, રસ્તો બતાવવો. રજા આપવી દેવી (૨) રસ્તો દેખાડવો

૬ રાહ આપવો = (૧) આંટા મારવા (૨) ચાલતી પકડવી

૫. સ્ત્રી. રીત ચાલવાની ઢબ, ઢાળ, રીત; તરેહ

૬. પું. રાહુ

રવિ ઊગ્યો જેમ રાહે ગ્રહ.,
અમે સુખ ત્યાં માગત ગયો. પ્રેમાનંદ

૭. સ્ત્રી વાટ; ખોટી થઈ રહેવુ તે; દીર્ઘ પ્રતીક્ષા

રાહ જોવી-દેખવી = વાટ જોવી; ખોટી થવુ, પ્રતીક્ષા કરવી.

૮. સ્ત્રી. સમથલ રસ્તાપણું; ઓછરખી ચાલ કે રીત.

રાહખર્ચ [ફા] પું. મુસાફરીનું ખર્ચ; માર્ગ ખર્ચ

રાહગીર ૧ [ફા રાહ (માર્ગ) + ગીર (લેનાર)] પું. મુસાફર; પથિક; વટેમાર્ગુ.

૨. વિ. મુસાફરી કરતુ.

રાહત ૧. [અ.] સ્ત્રી. આરામ; આસ.એશ; સુખ; ચેન; નિરાત; શાંતિ; વિશ્રામો; વિશ્રામ.

૨. સ્ત્રી. દુઃખમાં દિલાસો કે મદદ.

૩. સ્ત્રી. કાયદો; જાતમાં કમીપણું; હિફાયત

૪. સ્ત્રી. રહેમનજર; કૃપાદૃષ્ટિ.

રાહદાર ૧. [ફા] પું જકાત લેનાર અમલદાર, રસ્તા ઉપર કર ઉઘરાવનાર પુરુષ; નાકેદાર.

૨ પું. માર્ગદર્શક, દોરનાર; રાહબર, ભોમિયો.

૩. પું મુસાફર; રસ્તે ચાલનાર માણસ; વટેમાર્ગુ.

૪. વિ. રસ્તે ચાલતુ

રાહદારી ૧. પું મુસાફર, વટેમાર્ગુ; પ્રવાસી

૨. સ્ત્રી. આવજાવ, અવરજવર.

૩ સ્ત્રી એક હેકાણેથી બીજે ઠેકાણે માલ વગેરે લઈ જવાની રજાચિઠ્ઠી.

૪. સ્ત્રી. એક મુકામેથી બીજે મુકામે જવાની રજાચિઠ્ઠી, પરવાનો ' પાસપોર્ટ '.

૫. [ફા.] સ્ત્રી. કોઇ દેશ કે રાજ્યમાં અંદર કે જતા માલ ઉપર લાગેલ જકાત; ચૂંગી; રસ્તા ઉપરથી લઈ જવાતા માલ ઉપર લેવાતો કર.

૬. સ્ત્રી મુસાફરી, પ્રવાસ; રવાનગી

૭. સ્ત્રી. રસ્તો, માર્ગ.

૮. સ્ત્રી રહેમિયત.

૯. સ્ત્રી. રાહબરી; આગેવાની; નેતૃત્વ.

૧૦. વિ. અવરજવરવાળું, આવજા થતી હોય તેવું, હરિયાળ. ચોરી.

રાહદારી અને અપ્રસિદ્ધ રસ્તાઓમાં પણ આપણા માણસો ફરે છે. સોંપ્રકાશ

૧૧ વિ. રસ્તે ચાલનાર; માર્ગે જનાર

રાહદારીમહેસૂલ સ્ત્રી. જકાત; કર; રસ્તા ઇસ્તુરી.

રાહનુમા ૧. [ફા. રાહ (માર્ગ) + નુમા (બતાવનાર)] પું ભોમિયો; રસ્તો બતાવનાર માણસ.

૨. વિ. દોરનાર.

રાહનુમાઈ સ્ત્રી રસ્તો બતાવવો તે; દોરવું તે.

રાહપંથ પું. રાજમાર્ગ; ખોરી રસ્તો.

પડતા આખડતા રાહપંથે
ચાલ્યું ચિત્તે હરી ચાહ. નિષ્કુળાનંદ

રાહબર ૧. [ફા. રાહ (માર્ગ) + બર (દોરનાર)] પું. ધર્મગુરુ.

૨. પું. ભોમિયો; વળાવિયો.

ઈશ્વર આપણો સાચો અને કાયમનો રાહબર છે. નવલરામ

૩ વિ. માર્ગદર્શક; રસ્તો દેખાડનાર; રસ્તે લઈ જનાર.

રાહબરી ૧ [ફા.] સ્ત્રી. ભોમિયાપણું; ભોમિયા થવું કે હોવું તે; માર્ગદર્શકતા; રાહ દેખાડવાના કામગીરી કે રીતભાત; રસ્તો બતાવવો તે.

૨. સ્ત્રી. સરદારી; દોરવણી; નેતૃત્વ; આગેવાની.

રાહમાર પું ચુનારો. વાટપાડુ; રસ્તે લૂંટનાર માણસ; બહારવટિયો

રાહમારુ જુઓ રાહમાર.

રાહરસમ જુઓ રાહરસ્મ

રાહરસ્મ [ફા. રાહ (રસ્તો) + રસ્મ (રિવાજ)] સ્ત્રી. રીતરિવાજ; રીતભાત; દસ્તૂર, આચારવિચાર.

આ પ્રમાણે દરેક કોમને પોતપોતાની જુદી જુદી રાહરસ્મો હોય છે. નૂરીએહમ

રાહરીત જુઓ રાહરીતિ

રાહરીતિ ૧. સ્ત્રી. ઓગણણું; પરિચય.

૨. સ્ત્રી. રહેણીકરણી, રીતભાત; રહેવાની રીત.

રાહરૂટ ૧. સ્ત્રી. રહેણી; રહેવાની રીત

૨ સ્ત્રી ઓપુરુષે સંસાર માંડી સાથે રહેવું તે, લગ્નસંબંધનો ઓગણટો; સહવાસ.

રાહવાટ સ્ત્રી આવવા જવાનો રસ્તો.

રાહવાચ્યું વિ. જાણેલું; રાહ જોયા કરે તેવું; આજનું કામ કાલ ઉપર રાખવાની ટેવવાળું. કામ લંબાવ્યા કરે તેવું.

રાહેસી પું (પિંગળ) દ્રૌપદી છંદની જાતનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૪૩ ગુરુ અને ૨૬ લઘુ મળી ૬૯ વર્ણની ૧૧૨ માત્રા હોય છે

રાહોસો પું. (પિંગળ) લાગણી વિનાના પ્રમાણે એ નામનો એક માત્રામેળ છંદ. તે સ ટ ક છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૪૦ લઘુ મળી ૮૦ વર્ણની ૧૨૦ માત્રા હોય છે.

રાહાડ (રાહાડ) ૧. સ્ત્રી. રાડ; ત્રાસ

૨. વિ. અણસમજુ, અજ્ઞાની; ઓથડ; ઓટ
ન સમજે કપટ વચન કઈ રાહાડ લો
દયારામ

રાહિત્ય [સં.] ન. રહિતપણું; નહિ હોવાપણું. અજા.ર.

રાહી ૧. પું (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ તે દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૮૧ લઘુ મળી ૬૯ વર્ણની ૧૧૨ માત્રા હોય છે

૨. [ફા.] પું મુસાફર; પથિક; વટેમાર્ગુ.
રાહી રાયા ચંદ્રાવા ત્યાની ત્યાં બેસી રહી
નર્મદાશંકર

રાહુ ૧. પું. (જ્યોતિષ) આકાશી માર્ગનો એ નામે એક જૂનો ગ્રહ; આકાશમાનો નવ ગ્રહોનો એક ગ્રહ. સૂર્યચંદ્રને ગ્રહણ વખતે ગ્રસનાર પીડાકારી ગ્રહ. આ ગ્રહ હેરાન કરનાર મનાય છે. કેટલાક તેને પૂર્વજની જગ્યા કહે છે. વિદેશીઓ તેને ચંદ્રનું માથું કહે છે. કેતુ નામનો બીજો ગ્રહ તેની બરોબર સામે જ રહે છે તેને ચંદ્રનું પૂછડું કહે છે. કેટલાક એમ માને છે કે, એ કોઈ ગ્રહ નથી પણ આકાશમાં એક કલ્પેલું બિંદુ માત્ર છે. રાહુ અને કેતુ હમેશ સામસામે જ એટલે કે એકબીજાથી સાતમી રાશિએ હોય છે રાહુ એ માત્ર ધડ વિનાનું મસ્તક અને કેતુ એ ધડ એમ કલ્પેલું છે. રાહુ રવિવારે અને મંગળવારે પૂર્વ દિશાએ, સોમ અને શુક્રવારે દક્ષિણ દિશાએ, બુધવારે પશ્ચિમ દિશાએ અને શનિવારે તથા ગુરુવારે ઉત્તર દિશાએ હોય છે. પ્રયાણ વખતે રાહુ ડાબા હાથ તરફ કે પગવાડે રહે તો સુખ અને વિજય મળે. સન્મુખ કે જમણા હાથ તરફ રહે તો દુઃખ અને નાશસિદ્ધિ ન થાય અને અપજશ મળે. રાહુ સવળો હોય તો શુભ ફળ આપે છે અને પ્રતિકૂળ હોય તો મનુષ્યને અધોગતિએ પહોંચાડે છે

રાહુની દશા = માઠી દશા; અવદશા, ખરાબ હાલત

૨ પું (પુરાણ) એ નામનો એક દૈત્ય; કશ્યપ ઋષિથી પ્રહ્લાદની બેન સિંહિકાને વિપ્રચિત્તિ નામના દાનવથી થયેલા પુત્રોમાહેનો એ નામનો એક પુત્ર તે પ્રસ્તુત મન્વંતરમા આકાશ મધ્યે, સૂર્યમંડળની ઉપર અને ચંદ્રમંડળની નીચે આવેલા અંધકારયુક્ત રાહુમંડળનો અધિપતિ હોઈ તેનું મંડળ સૂર્યમંડળની ગતિ પ્રમાણે ફરે છે આ દૈત્ય સૂર્ય અને ચંદ્રને ગળી જતો હોય એમ મનાય છે. તને ચાર હાથ છે અને તેના નીચેના ભાગમા પુછડી છે. તે બહુ બેપાની હતો. અમૃત મથન પછી અમૃત અને લક્ષ્મી માટે દેવદાનવને વેર થયુ એટલે નારાયણે મંદિની માયથી મોહન પાથર્યુ હતું. એ જી ઉપર મુગ્ધ થઈને જાન જોખમે દેવદાનવે તેને અમૃત આપ્યુ ને તેણે દેવોને આપ્યુ ને તે પી ગયા. દેવો અમૃત પાન કરતા હતા, ત્યાં રાહુ વેર વેરી અમૃત પીવા મંડ્યો. તેનો ઘૂંટડો ગળા આગળ હતો ત્યાં ચંદ્રસૂર્યે કહી દીધું. એટલે ચક્રપાણિ વિષ્ણુએ ચક્રથી તેનો શિરચ્છેદ કર્યો. ત્યારથી માંડીને વેર બંધાયુ. એટલે ઘોર તપ કરીને તેના પ્રભાવથી રાહુ અદ્યાપિ પર્વને દિવસે સૂર્યચંદ્રનો ગ્રાસ કરે છે રાહુને અજપિશાચ, અરણીભૂ, અહ, કબંધ, તમ, અસુર, અશ્વ, સૈંહિકેય, સ્વર્ભાનુ, વિધુંતુદ, દાનવ, અમૃતચોર, સર્પ, ફણિ, ફાતા, શુલ્બજ, શુલ્બજ, ભોગી વગેરે નામોથી પણ ઓળખાવામાં આવે છે. રાહુના નંગ તરીકે ગોમેદક વપરાય છે આ નંગ તબળીરિયા કેતુનું અને પોખરાજ કેતુ હોય છે. રાહુના દોષવડે ઉદરકૃમિ, ચોપી દરદો વગેરે થાય છે.

સૂર્ય અને ચંદ્રને ગ્રહણ કરનારો એ સિંહિકાનો પુત્ર રાહુ વિષ્ણુના અનુગ્રહથી અમરપણું અને ગ્રહપણું પામેલો છે. ભાગવતી ભાગવત

૩. પું (ભોગ) કાર્તિકસ્વામિ અને ચંદ્રલક્ષ્મીનાં બે માહેનું એક પાતબિંદુ ચંદ્રલક્ષ્મી અને કાર્તિકસ્વામિ એ બંનેના પાત એટલે રાહુ અને કેતુ. એ કંઈ ગ્રહ નથી; તેઓને ગતિ છે તેટલા જ માટે જ્યોતિષમાં એમને ગ્રહ કલ્પવામા આવ્યા છે. વસ્તુતઃ એ કંઈ દ્રવ્ય કે દ્રવ્યપરિણત પદાર્થ નથી. ચંદ્રની કક્ષા ઉત્તરથી દક્ષિણે અને દક્ષિણથી ઉત્તરે જતાં બે બિંદુઓમાં પાતસ્વરૂપને જોડે છે, તે રાહુ અને કેતુ કહેવાય છે.

૪. પું. જ્યોતિશ્ચક્રમાં સૂર્યકિરણનો સ્પર્શ નહિ થવાથી પડતી પૃથ્વીની છાયારૂપ અંધકાર.
૫. [સં. રહ્ (ત્યજ્ હેવુ)] પું. ત્યાગ.
૬ પું. નઠારો દુષ્ટ આશુય; નઠારું માણસ; નઠારરૂપ પુરુષ; તોફાની માણસ.
૭. પું. (પિંગળ) નંદની જાતનો એક અર્ધ સમમાત્રિક છંદ. તેમાં ૯ ગુરુ અને ૨૦ લઘુ મળી ૨૯ વર્ણની ૬૮ માત્રા હોય છે.
૮. પું. શત્રુ; દુશ્મન.
૯. ન. એક જાતનું મટાડાર ઝાડ; રાનડ; ચાન. હિમાલય અને કાશ્મીરમાં તે ઊગે છે. તેનાં ફળ ખ્રીજાં હોય છે.
૧૦. વિ. તોફાની; ઉપરાત કરનાર.
૧૧. વિ. સાગનાર; તજનાર.

રાહુગ્રસ્ત ૧. પું. સોમવંશનો એક નામનો એક ઋષિ.
૨. ન. (પુરાણ) મૌતમાત્રિરસ ગોત્રનું એક નામનું એક પ્રવર.

રાહુમાસ ૧. [સં.] પું. ચંદ્રમહિનો.
૨. પું. સૂર્યમહિનો.

રાહુમાહ જુઓ રાહુમાસ.

રાહુટી સ્ત્રી. વાંસની બનાવેલી કુટી; રાવટી.

રાહુડું (રાહુડું) વિ. મેલા રંગનું. ઢોર માટે વપરાય છે.

રાહુડો (રાહુડો) ૧. પું. એક જાતનું ઘાસ.
૨. પું. રાહુમહિનો. તિરસ્કારમાં બોલાય છે.

રાહુદર્શન જુઓ રાહુમાસ.

રાહુરત્ન [સં] ન. ગોમેદ મણિ.

રાહુલ [સં.] પું. ગૌતમબુદ્ધના પુત્રનું નામ.

રાહુલપા પું. (બૌદ્ધ) બોરાણી મહિનાના એક નામના એક સિદ્ધ.

રાહુસંસ્પર્શ જુઓ રાહુમાસ

રાહે ૧ અ. તરીકે
૨ અ. રીત પ્રમાણે; પ્રથા પ્રમાણે; કાયદેસર.

રાહોડું વિ રસ્તાથી નાખેલું; ખોડાયેલું સંડાવેલું. બે બાજુ રાહથી બાંધેલા હોય ત્યારે રાહોડા છે એમ બોલાય છે

રાહોલું વિ. બોરિયાળું
અમે એક બાવાળિયુ રાહોલાં વઈ રહ્યું.
ભીમ

રાળ ૧. પું ખજાનાના વખતનો આઠ રૂપિયાની કીમતનો રૂપાનો એક જાતનો સિક્કો.
આપ્યો તેહ લઈ ચલ્યા,
રહ્યા મુખી રાળ ત્યા.
પદ્મનાભ

૨. પું. સવાશેરથી અડધી રૂપિયાની કીમતનો એક નામનો એક સિક્કો, ' હોલર '.
૩. સ્ત્રી. સાલ અથવા અમુકવૃક્ષ નામના ઝાડના થડકાંમાંથી નીકળતો ગાઢો, રોપણ અને ખ્યાળામાંથી. ઝટ સળગી ઊઠે તેવો એક પદાર્થ; એક જાતનો ગાબના જેવો સુંદર તેને સુરભિ, સુગંધૂપ, બીલ્વેરા, રાજસ, સર્જરસ, ચિર, સરસ, સાલનિર્યાસ, સર્વરસ, સર્જક ગ્રામર પણ કહે છે. રાળનું ઝાડ ખૂબસુરત, ઓડુ અને સદા લીલું હોય છે. હિમાલય, બંગાળા, આબુ અને ઉત્તરહિંદમાં તે થાય છે. દેવતાઓને રાળનો ધૂપ પ્રિય મનાતો હોવાથી તેની પાસે રાળનો ધૂપ થાય છે માટે તે દેવધૂપ પણ કહેવાય છે. વળી ભૂતપ્રેતને પણ પ્રિય હોવાથી તેને પ્રસન્ન કરવા રાળનો ધૂપ થાય છે માટે તેને પલધૂપ પણ કહે છે. આમ્રદેવને તો બહુ જ પ્રિય હોવાથી આપણે અગ્નિમાં આહુતિ કરવા રાળ હોમીએ છીએ. માટે તે વહ્નિવલ્લભ કે અગ્નિવલ્લભ પણ કહેવાય છે. જ્યારે સાલનું ઝાડ જૂનું થાય છે ત્યારે તેની ઉપરની છાલ અને અંદરના ગાઢવાની વચ્ચે રાળ જામી જાય છે. જ્યારે તે છાલ ઉખેડવામાં આવે છે ત્યારે તે રાળ નીકળે છે. રક્તવા, બહુ, અતિસાર રોગમાં તે અપાય છે. બાળકને માટે બે વાલ રાળ સાકર અથવા ગોળમાં મેળવીને આપવાથી તેનો ગાઢો કબજ થાય છે. બાલ કરીને જ્યારે ગાડામાંથી લોહી પડતું હોય ત્યારે તે વધારે ફાયદો કરે છે. મલમ તથા પ્લાસ્ટર બનાવવામાં પણ તેનો મુખ્ય ઉપયોગ થાય છે. ચીકાશદાર પટીની બનાવટમાં પણ તે વપરાય છે. તેનો ધૂપ રક્તસ્રાવ ઉપર બંટવાથી તે બંધ થાય છે. ઘરમાં ઉંદરો હવા બરાબરની હોય તો રાળ બાળવાથી હવા ગોબ્બી થાય છે. જાતીનો દુખાવો અને જકડની વૃદ્ધિ ઉપર રાળનો લેપ કરવાથી ફાયદો થતો કહેવાય છે. તેનાથી આંખ, કાન, અને ગળાનાં દર્દો મટે છે. તે દુર્ગંધતા, ખંજવાળ, દાહ, અને ચામડાં બહુ ઉપયોગી છે. રાળમાંથી ટર્પેન્ટાઈન તેલ કહેવાય આવે છે તેનું ઝાડ ઉપર ગોદ, અંદરનું આછું કાળાશપીતરું, સાધારણ કઠણ, ખરબચડું, ઝીણા છિદ્રોવાળું હોવાથી હોડકા, મડદાંની પેટીઓ, વહાણના કુવાડોલ, ખોખાં અને ચાની પેટીઓ માટે તે વપરાય છે. મીણ અને કરવી કે ભીનું બહુ તેલો સાથે રાળ મેળવી મલમપટ્ટામાં મીણબત્તીઓ બનાવાય છે. ચાલુ મીણબત્તીઓ કરતાં આ મીણબત્તીની સુગંધ વધારે હોય છે અને ધુમાડો ઓછો તથા અજવાળું વધારે હોય છે. તે ઝાડ તીખું, કડવું, ઉષ્ણ, શીતળ, ત્રણે, વણગોપણ, વર્ણકારક તથા રક્ત છે. તે અતિસાર, પિત્તરક્તદોષ,

રોહ, ક્ષય, વિસ્ફોટક, વાયુ, પરસેવો, વ્રણ, કૃમિ, બહેરાપણું, યોનિરોગ, દુર્ગંધ તથા પ્રમેહનો નાશ કરે છે એમ કહેવાય છે

રાળ જેવું-રાળરાળ થવું = બહુ નરમ થઈ જવું

રાળપત્રી સ્ત્રી. જવની.

રાળવું ૧ સ. ક્રિ. બાકળું; લવારી કરવું; જેમ આવે તેમ બોલવું; પ્રલાપ કરવો; બકવાદ કરવો; અર્થ વિનાનું બોલવું; બકવાદ કરવો; સબંધ વગરનું કે આડુંઅવળું બોલવું.
૨. સ. ક્રિ. રાળ ભરવી; રાળવાળું કરવું.
૩. સ ક્રિ. રોગી નાખવું; માંદી વાળવું, અંદર અંદર પતાવવું; પતાવી દેવું
રાળી જૂસી વાળવું = (૧) પતાવટ કરવી; રોળી મારવું; બાનગી રાહે પતાવી દેવું (૨) બૂરી અર્થ માર કરવું.
૪. સ ક્રિ. લીંપવું કરવું; સાફ કરવું

રાળિયું ૧. ન. સોનાની બગડી
ઘાટના રહેરો રાળિયાં રે. ઝવેરાજ
૨. વિ. બરજાત, આને તેમ બોલનાર; રાળવાની ટેવવાળું.
૩. વિ. રાડો પાડનાર.

રાળો ૧. પું. આકા અર્ધ રોઈ ઝબડો મચડી બાયલ કરી મૂકવી તે
૨. પું. રાડો; હાકાટો.

રાંક ૧. સ્ત્રી. કચુંબીની એ નામની એક ભાજી.
૨. ન. એ નામની ભાજીનું માણસ.
૩. વિ. એ નામની ભાજીનું
૪. વિ. નિર્ધન; ગરીબ.
૫ વિ. નિર્બળ; કુબજું; કમાલ; શરીરથી, મનથી અને ધન વગેરેથી નબળું.
૬. [સં. રંક] વિ. બિચારું; દીન; પામર; નિસ્તેજ; અસહનશીલ; નાહિંમત; રડી પડે તેવું; દયા આવે તેવું; બાપડું
ઘર ઘર જઈ ચાલે માગે, રાંક જેવો થઈ બોલે,
બાલાં કહે છે માબાને, તે લજ્જાપાને તોલે.
ભોજો ભક્તિ

૧. રાંકને ઘેર રતન = ગરીબ ઘરમાં સારી બૈરી, દીકરો કે દીકરી
૨. રાંકને ઓઢે રાજની બાત = નબળાને ઓઢે નબળી વાત જ હોય.
૩. રાંકનો ભગવો = ગરીબની સંભાળ લેનાર માણસ.
૭ વિ સાદુમ; સરળ; કજાતકું નરમ સ્વભાવનું; નમ્ર; બહુ

રાંકડાપણું (રાંકડાપણું) ન. રાંક હોવાની સ્થિતિ.

રાંકડું (રાંકડું) જુઓ રાંક.

રાંકડીક વિ. ગરીબ; નિર્ધન.

રાંકડીકને અન્ન અપારે,
પ્રાણી માત્રને પોષે. રામાયણ

રાંકદાવો ૧. પું ગરીબાઈની રૂએ કરેલ દાવો.

રાંક માણસની માગણી

૨. પું. દીનપણું, ગરીબાઈ; દીનતા.

રાંકધરત્ન પું. ખૂબ ખાનું તે; રાંકને આંક ખાવા મળ્યા હોય અને ધરવ કરીને ખાય તેવી સ્થિતિ.

રાંકાઈ સ્ત્રી. રાંક હોવાપણું

રાંકિયું જુઓ રાંક

રાંકું ૧. વિ. રાંક; ગરીબ; કંગાળ; દયાજનક. સાયમ

દયાં આધારથી ન જીતરે,
રાજા ખાનું ન હોય;
ધન દીધે માનું મરે,
તેથી રાજાં હોય.

ભાષોક્તિ

૨. વિ. મરજાદ સહેજમાં રોષે ભરાય તેવું; નિર્માલ્ય.

રાંગ ૧. [હિં.] સ્ત્રી. કલાઈ.

૨. [સં. રાજિ] સ્ત્રી. કિલ્લાની દીવાલને લગતો નીચલો ભાગ; રાંધ; ઉપકોટ; કિલ્લાની ભીંત, કોટની દીવાલની બાજુ.

૩. સ્ત્રી. માટાંખાની લાંબી હાર.

૪ સ્ત્રી. જથ્થો. ઢગલો, પૈસાની રાંગ.

૫ સ્ત્રી. બાજુ; સાયળ.

રાંગ મારવી = ઘોડાને માટે બીજી ઉપર ચડવું.

૬. સ્ત્રી. સવારી.

રાંગ વાળવી = ઘોડે સવાર થવું; ઘોડો પલાણવો; ઘોડા ઉપર ચઢવું.

૭. સ્ત્રી. હાર; પંગત.

રાંગડાવેડા (રાંગડાવેડ) પું. બ. ક. ખુશ્કાઈ; ડાહપ.

રાંગડું (રાંગડું) વિ. ઉતાવળે ચાલી ન શકે તેવું; ધીરે ચાલતું, નબળું; રાગળું

રાંગણ ૧. સ્ત્રી. નીસરણમાં આગા દંડની વાસણો પકવવાનાં, ઈંડી, હૂમા વગેરે ઉપરે નાખવામા આવતો કચરો

૨. જ રેતાટનો ધંધો

રાંગણું ૧. વિ. અલ્પવસ્તિવાળું; ઓટાણાવાળું.

રાંગણું નહિ લ્યા બાપા ઓઢનું રાજ રે.

ઝવેરચંદ

૨. વિ. ધીમે ચાલનારું; નબળું; રાગડું

લૂલી લંગડી રોગે રાંગણી,
અંધ બધીર ને પંગે પાગણી. સામળ

રાંગું જુઓ રાગડું

રાંગોણી ૧ સ્ત્રી રેંટણો. રેંટવાની, રેંટદાર વેલની દોર; દક્ષિણીઓમા ખેંચિ ખાડતાં પહેલા જમીન ઉપર સહી કરી ચાલેલા રેંટની ઓળી કે ભેદો પાડે છે તે.

૨ સ્ત્રી. સાથિયો; સ્વસ્તિક.

રાંચ ન. સાગમાં તાણાના તારને પોતાની કરીઓમાં રાખીને ઉપર નીચે કર્યા જઈ તેના બે વિભાગ પાડવા માટે સૂતરના પાકા દોરાનુ બનાવેલુ એક સાધન.

રાચો પું. અભણ ગામડિયો; ગમાર; વિવેક નહિ જાણનારો માણસ; ભૂખો; રોંચો. ૨.બો.

રાંજડ (રાંજડ) ન. જંગલી રોઝ; એક જાતનું પ્રાણી.

પરમાર્થ જોયે ન કર્યો, પરમાર્થ સાધ્યો ન કાન,
તેહ દવનો ધાન છે, તે છે રાંજડ રાત. સામળ

રાંજનરશ્મિ પું. અજ્ઞાત રશ્મિ; શુ કિરણ; 'એક્સ રે', તે પદાર્થનું પડ પારદર્શક બનાવી પ્રતિબિંબ કાઢી શકવાના ગુણ કરતું હોવાથી પેટની અંદરના તેમજ શરીરમાંના ભાગના ફોટા તેથી કાઢી શકાય છે. તેથી ડોક્ટરોને શરીરના અંદરના ભાગમાં કઈ જાતનો રોગ છે, તેનું નિદાન કરવાનું કામ સહેલું થઈ પડ્યું છે. ઈ. સ. ૧૮૯૫માં જર્મન વૈજ્ઞાનિક રંટજેને તેની શોધ કરી, તેથી તેને રંટજેનરશ્મિ પણ કહે છે.

રાંજણ ૧. સ્ત્રી. આમણી; આમનો એક પ્રકારનો રોગ

૨. સ્ત્રી. રસુજણ થવા કરે તેવો પગનો એક જાતનો વાનો રોગ; કટિશિરાવેદના; ગ્રોણીવેદના; ગ્રોણીશિરાવેદના. તેમાં જ્ઞાનતંતુના દોષથી નિતંબના ભાગમાં ચમકા આવે છે તે ઘૂંટણ સુધી કે ક્યારેક પગની એડી સુધી પહોંચે છે.

૩. સ્ત્રી. સબૂરો; ચમારો.

રાંજણી જુઓ રાંજણ

રાંટ ૧. સ્ત્રી. ખોડું વિરુદ્ધ હોય તેવું હોવું તે; અવળું હોવાપણું; વિરુદ્ધતા; વાંધા; વિરોધ

૨. સ્ત્રી મતભેદ; મતભેદનો દોનો, વાંધા આડે તે, અણબનાવ, ખેંચ મનદુઃખ

૩ સ્ત્રી મરડ; વાંક; ઝોક; ખાંચો; વલણ; વળાંક; વાંકાચૂકા મરડાટ

રાંઢું ૧. [સં. અરજિન] સ્ત્રી. મૂડી વાળી કોળીથી લાંબો કરેલો હાથ.

૨. વિ. ખોટું; ખૂટું; અસલ; અવળું

રાંઢું ખોલવું = ખૂટું બોલવું

૩. વિ. વાંકું; અમળાઈ ગયેલું; મરડાતું; વળેલું. સીધું નહિ તેવું. ગામું; મરડાઈ ગયેલું.

૪. વિ. વાંકુચૂકું; કાટખૂણે માં બેસે નહિ તેવું; કાટખૂણાથી બહારનું.

પણ કાટખૂણાથી બહાર એટલે વધતાં અથવા ઘટાડ્યાં કે જે કાટખૂણામાં બેસે નહિ તેવા નવર કરવાં નહિ. રાજવર્ધન

રાંઢ ૧. સ્ત્રી બૈરી; ઓરત.

૧. રાંડનાં નખરા = બાઈડીના ચાળા; ઓચિંત્રિ

૨. રાંડનું રાજ = (૧) દમ વગરનું રાજ્ય. (૨) બાઈડીનું રાજ (૩) જેનું ચલણ ચાલતું હોય તેવું નબળું ઘરસૂતરું.

૨. [સં. રણ્ડા] સ્ત્રી. રાંડેલી સ્ત્રી; વિધવા; જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી.

૧. રાંડ તારો રોટલો ને ધડતાં ભાગી ડોર-ધડતાં ભાંગ્યો = જેની સાથે ન બને તેના બનતાં સુધી કામ કરવું, બની વાતે માઠા ભરવા.

૨. રાંડનો સાંઢ-સાંઢ = (૧) બહાદુર પુરુષ. (૨) મોટે ચડાવેલ છોકરો; મોજશોખમાં ઉછેરેલું છોકરું; વંઠેલ છોકરો. (૩) હલકો માણસ.

૩. સ્ત્રી. વેશ્યા; કસબણ; પાતરું; કુટ્ટા સ્ત્રી; દુરાચારી સ્ત્રી.

રાંડનું કે રાંડના પેટનું = (૧) અધોમ માણસ. (૨) છિનાળાના પેટનું.

૪. સ્ત્રી. સ્ત્રી; પત્ની. તિરસ્કાર માટે વપરાય છે.

રાંડભાજ વિ. રંડીબાજ; વિષયલંપટમાં પડેલું; બદિયારી; બદીતિમાં પડી ગયેલ; કાળીકૂદડું; બીલપટ; છિનાળવું.

રાંડભાજી સ્ત્રી. રંડીબાજનો ધંધો, વેશ્યાગમનાદિક બદિયાર

રાંડલું ન. દાનું કીડલું.

રાંડવું ૧. વિ. ભાયલું; નભાલું

૨. અ. ક્રિ. પતિનું મરણ થવું; વિધવા થવું; રંડાવું.

૧. રાંડીને ભેમવું = રાંડેલીની પેઠે હતાશ કે લાચાર બની ને બેસવું.

૨. રાંડ્યા પછીનું ડહાપણ = જોઈએ તે કરતા વધારે મોડું ડાહ્યપણ બતાવવું તે; મરણ જવા પછીનું જ્ઞાન; નુકસાન થયા પછીનો વિચાર.

૩. અ. ક્રિ. આશિક, સરદાર અથવા જેના વડે વશ, શોભા હોય તેના મરણથી આગળી શોભા અને સ્વરૂપ જતાં રહેવાં; દયાજનક સ્થિતિ થવી; દયામણું દેખાવું.

૪. અ ક્રિ. જોઈએ પતિ અથવા પતિએ પત્ની ગુમાવવી. વિધુર કે વિધવા થવું.

રાંડવો ૧. પું. બાયલો; નામર્દ; પુરુષાતન વિનાનો માણસ; રાંડોમાં બેસી વાતો કરનારો માણસ; બૈરાં જેવી બોલી ચાલી હોય તેવો માણસ; જનાની; બૈરાંઓ પાસે જ રહેનારો માણસ, કન્યારાશિ.

લોલ તજ હું રહું નાથ નિમેષ જતું,
રાખ્યો રાંડવો થઈને બેસો. સામળ

૨. પું. વિધુર; બૌ મુજરી ગયેલો પુરુષ.

રાંડી ૧ સ્ત્રી. વિધવા સ્ત્રી.

૨. સ્ત્રી. રાંડેલી; વિધવા થયેલી; પતિ વિનાની.

૧. રાંડીપુત્ર શાકળદા, બાપ મુઝે ઉમરાવગળા ∞ ડેકલાક જુવાનો સ્વતંત્ર બાપ છે ત્યારે પોતાને સર્વસત્તાધીશ માને છે.

૨. રાંડી વૈ રડે ને માડી વૈ રડે = કુંવારો કોડે મરે અને પરણેલો પીડાએ મરે.

રાંડીકૂંડી સ્ત્રી. વિધવા; રાંડીરાંડ.

રાંડીછાંડી ૧. સ્ત્રી. રાંડેલી અથવા પતિએ તજેલી સ્ત્રી.

૨ સ્ત્રી. સ્ત્રી. વિધવા; રંડામણી.

રાંડીલવું ૧. સ્ત્રી. રાંડીરાંડનું.

૨. સ્ત્રી. હલકા પુણનું.

રાંડીરાંડ ૧. [સં. રંડા] સ્ત્રી. રાંડેલી નિરાધાર સ્ત્રી; નિરાશ્રિત વિધવા.

૨. સ્ત્રી. વિધવા.

૧. રાંડીરાંડની કમાઈ = વિધવા સ્ત્રીની કમાણી.

૨. રાંડીરાંડની પુથલીનાં રોટલા=ભાઈડીઓના નાકના ગપાટા.

૩. રાંડીરાંડનું ખેતર ને ભાવો રખોલિયો = નબળાનું બધું નબળું જ હોય.

૪. રાંડીરાંડનો જમાઈ = પુરુષાર્થ વગરનો આદમી.

૫. રાંડીરાંડનો શાપ = કાંઈ પણ અસર ન કરે તેવું.

રાંડીરોળો પું. વિધવાની કમાણી; રંડાપાની મરી.

રાંડોજણીનું વિ. વિધવાએ જન્મ આપ્યો હોય તેવું. અપશબ્દ રૂપે બોલાય છે.

રાંડોલી વિ. સ્ત્રી. વિધવા; પતિ મરણ પામ્યો હોય તેવી.

રાંડોલો વિ. પું. ઘરબાર વગેરે; જેની સ્ત્રી મરી ગઈ હોય તેવો.

રાંઢોડિયો (રાંઢોડિયો) વિ પું. રંડીબાજ; ઝાટકો; રાંડોમાં રખડનાર; બ્યભિચારી.

રાંઢવું [સં. રજ્જુ] ન. બાંધવા દોરડું; રસી.

રાંઢવાં તૂટ્યે રાંઢવાં બળ્યા દોર બાકીરહ્યા,
આ તટને મારા રંક હિંદીના રેટિયાની એક વાર.
વિહારી

રાંઢો ૧. પું. બોડો પ્રાણી ખોરાક વગર લેવો તે; નારતો; રોંઢો; બપોર પછીનું ભોજન.

૨. પું. વાળુ; રાત્રિભોજન.

રાંધિત્ર ન. (ખા. પ્રા.) માન; સન્માન.

રંગિઉ રાંધિત્ર વીપી પણા
માલ્યું આવીઉ બારણી.
જાવડપ્રસબંધ

રાંદલ ૧. સ્ત્રી. ગૌરી; પાર્વતી

૨. સ્ત્રી. અષાઢ વદી દેવીની પૂજનનું સ્થાપન કરવું તે; એક પ્રકારનું દેવી પૂજન.

૩. [સં. રાજ્ઞીદેવી] સ્ત્રી. રજાદેવી; રજાદે; રાદેવ; સૂર્યની પત્ની. સૂર્યની પૂજા આખા ભારતવર્ષમાં વ્યાપ્ત થઈ છે. સૂર્યની પૂજા માટે સાક્ષાત સૂર્યના દર્શન કરવાને બદલે તેનાં મૂર્ત સ્વરૂપનાં દર્શન કરવાની વૃત્તિ બંધાઈ અને તેનાં ઘરેઘરે મંદિરો બંધાયાં. તેમાં સાકાર દેવ તરીકે સૂર્યની પૂજા થવા માંડી. પછી કાલાંતરે સૂર્યને પૂજે અને તેની સ્ત્રીને ન પૂજે, એ અસંભવ હોવાથી સૂર્યની સ્ત્રીની પૂજા સ્ત્રીઓએ કરવા માંડી. એ સૂર્યની સ્ત્રી તે રજાદે કે રાંદલ. રજાદે એટલે માતા. ગુજરાતમાં સીમંત પ્રસંગે માતાની સ્થાપના થાય છે, એટલે કે સાત જાતના ધાન્ય વારી જગ્યા ઉપાડવામાં આવે છે. આલેપ ઉપર તેમની સ્થાપના કરી કેળના સ્તંભની માડવી બનાવી તેને વસ્ત્રોથી આચ્છાદિત કરવામાં આવે છે. ગુજરાતમાં કોઈપણ શુભ પ્રસંગે રાંદલ તેડવામાં આવે છે. આઠ દિવસ સુધી આનંદમંગળ વર્તે છે. રાંદલને રાજી કરવા અને તેના પૂર્વ પ્રસંગની યાદ આપી, તેની સરસાઈ બતાવવા, રાંદલનો ખોડો ખૂંદવા માટે રાંદલની મૂર્તિ બોલાવાય છે. એ મૂર્તિ સામાન્ય રીતે સુતાર, કુંભાર કે એવાં વસ્તુઓના બનતી હોય છે. બધીવાર તો તે ચાકડે પણ હોય છે. બધીવાર રાંદલ સાથે ભાત તેડે છે. ભાત તેડવાનો જથ્થો જુદો છે. તેમાં સૂરદેવની પૂજા વધારે ઝાકીઝમ રીતે કરવામાં આવે છે. રાંદલ તેડવાનું એક મોટું કારણ રાંદલને પ્રસન્ન કરવાં એ છે, પણ તેથી વધુ સૂર્યદેવને પ્રસન્ન કરવા એ છે.

રાંદલના સ્વામીદેવ સૂર્યને પ્રસન્નતા પહોંચતી લહેરખરી નિદ્રામાંથી જીંજણો હોળાને ગ્રહદેવો સહુ જાગે છે. ઝોકુરી

રાંદલ તેડવાં = (૧) રજાદેવીની સ્થાપના કરીને ઉત્સવ કરવો; ભાત તેડવા. (૨) રાંદલ દેવીને ગ્રહણ કરવાં.

રાંદેર ૧. સ્ત્રી. રાદલ; રજાદે.

૨. ન. સુરતની પાસે તાપી નદીને કિનારે આવેલું એ નામનું ગામ. સુરત એટલે સૂર્યપુર. તાપી એટલે તપતી–સૂર્યની પુત્રી અને રાંદેર એટલે રાજ્ઞીદેવી–સૂર્યની પત્ની. આમ પિતા અને માતા વચ્ચે સૂર્યની પુત્રી વહે છે.

રાંદેરી વિ. રાંદેરનું.

રાંદલ જુઓ રાંદલ ૩.

રાંધ ૧. [હિ] પું. હજિયો

૨. પું. પાકોલ.

૩. સ્ત્રી. (કચ્છી) રમત; ખેલ.

૪. અ. નિકટ; પાસે; સમીપ.

રાંધક ૧. ન. (ખા. પ્રા.) રસોડું; રાંધણિયું.

રૂપિણિ કેરિ રાંધણિ પાણી હૂં,
છપ્ન તણી જયણા આણી હૂં.
જાવડપ્રસબંધ

૨. ન. રાંધવાની ક્રિયા કે ક્રિયા.

રાંધણછઠ્ઠ સ્ત્રી. રાંધવાનો હુન્નર; પાકશાસ્ત્ર.

રાંધણછઠ્ઠ સ્ત્રી. શ્રાવણ સુદ ૬ વદ ૭ઠ; સ્ત્રીઓ સાતમને દિવસે ટાઢું ખાવા માટે રાંધી મૂકવાની આજ્ઞા દિવસની છઠ નવમીની ઉત્તર તરફના ગુજરાતના ભાગમાં અને સૌરાષ્ટ્રમાં વદ છઠ અને દક્ષિણ તેમજ સુરત તરફના ભાગમાં સુદ છઠ મનાય છે.

રાંધણિયું [સં. રંધન; પ્રા. રંધણ] ન. રાંધવાનું ઠેકાણું; રસોડું; રાંધણી.

રાંધણિયો પું. રસોઈયો; રંધવારો; રાંધનાર માણસ; બાવિયારો; પાચક.

રાંધણી ૧. સ્ત્રી. રસોડું. રાંધણિયું; રસોઈખાનું; પાકશાળા; બાવિયારખાનું.

૨ સ્ત્રી. રાંધવાની ક્રિયા કે રીત; રાંધવું તે.

રાંધણું ૧. ન. જે કંઈ રાંધવાનું હોય તે; રંધરાના પદાર્થો

૨. ન. રાંધવાની ક્રિયા; રાંધવું તે.

૩. ન. રાંધવાની રીત.

૪. ન. રાંધેલી રસોઈ.

રાંધવું ૧ સ. ક્રિ. અગ્નિની આંચથી મેળવણી કરવી.

૨. સ ક્રિ. અન્નાદિક આપણે ખાવા યોગ્ય થાય તેમ અગ્નિ ઉપર તૈયાર કરવું; બાફવું; ગરમી આપીને વસ્તુને રંધાય તેમ કરવું; સાંતળવું; સીઝવવું; રસોઈ તૈયાર કરવી; ખોરાક પકાવવો.

૧. રાંધવું સીધવું = રાંધવું.

૨. રાંધી રસોઈ રહેવી–રાંધ્યા ધાન રહેવાં = રોજને સીધે રાંધેલી રસોઈ કામમાં ન આવવી અથવા ન આવવી; ઉપવાસ થવો; કહાકટીને સમયે ખૂબ ખેડવી.

૩. રાંધે ડોઈ ને જમી જાય ડોઈ = એકની મહેનત બીજો ખાઈ જાય; એકની મહેનતનો બીજો લાભ ઉઠાવે.
૪. રાંધેલી રસોઈ = તૈયાર કરેલું ભોજન; સંપૂર્ણ ભોજનાદિ યુક્તિ.
૫. રાંધ્યું ધાન = પરણેલી સ્ત્રી.
૬. રાંધ્યું વરે પડે = જે કાંઈ રાંધવામાં આવે છે તેનો વપરાશ થાય જ છે.
૩. સ. ક્રિ. ઉપભોગને માટે તૈયાર કરવું.
૪. સ. ક્રિ. રચવું; બનાવવું; ઘાટ ઘડવો; ભેગું કરવું.
૫. સ. ક્રિ. સાધવું; કામ મેળવવું.

રાંધળું વિ. ભેગા-કળું; રધવાયું; ભેગેનું; બાવરું.
રઝળે નામે રાંધળા દેહદામણી દીન. સામળ
રાંધળું કરવું = બગડવાની રેતું; બગડવવું.

રાંધિલ પું. (બા. ગુ.) રસોઇયો; રાંધનાર માણસ.
ઋદ્ધિ મતવ દેવરા વણી.
રાંધિલ પતીઈ બાલ કમિ બણી. કાન્હડદેપ્રબંધ

રાંધો પું. કેર અને સાગળ વચ્ચેનો પવનો સાંધો; કૂવા આગળનો કે બેસણી આગળનો પવનો ભાગ.

રાંપ પું. (સિદ્ધ) માનસારમાં બતાવેલો રથ બાંધવા માટેનો બાંધકામનો એક પ્રકાર.

રાંપ પું. મોટી રાંપડી; કરપી; બેતૂતનું એક ઓજાર.
બેતર જેવડી રાંપ = પ્રમાણ વગરનું મોટું સાધન; કામના પ્રમાણમાં મોટું સાધન.

રાંપડી (રાંપડો) ૧. સ્ત્રી. બેતરમાંથી અનાજના કરસણમાં ઊગેલું નકામું ઘાસ કાઢી નાખવાનું કે જમીન પોચી કરવાનું બેતૂતનું એક ઓજાર, રાંપ; કરપી; કરબ; અરપડી. તે લોઢાની ધારવાળી પટી હોય છે.
જેમીમાં પીલોએક કૂટ લાબી રાંપડી જેસાડવામાં આવે છે. ખેતીવાડી પાઠ્યપુસ્તક
૨. સ્ત્રી. રાપી; ચામડાં કાપવાનું મોચીનું એક ઓજાર.

રાંપડાળું વિ. એક તરફ નમતું; રાપીની પેઠે વળાવળું

રાંપલવું ૧. સ. ક્રિ. બેતર બેકવું; બેતરમાં મેલી ઢાકી જમીન પોચી કરી ખડ કઢવું; રાંપડી ફેરવવી.
૨. સ. ક્રિ. ખૂબ બોલવું.
૩. સ ક્રિ. રાળવું; ગમે તેમ બોલવું.
૪. સ. ક્રિ. કોની આબરૂ લેવી; સંકોચ કરવો.

રાંપલી જુઓ રાંપડી.

રાંપવું સ. ક્રિ. રાપડી ફેરવવી; બેકવું.

રાંપી જુઓ રાંપડી.

રાંફ પું. રાફડો.

રાંફડો (રાફડો) પું. રાફડો; કીડીનો વગેરેએ જમીન ખણીને પાડેલું દર અને તેના મોં ઉપરનો માટીનો ઢગલો; ઊધઈએ માટી કાઢીને બનાવેલો ઢગ.

રાંબો ૧. પું. આડો ખોદવાનું ઓજાર; લાકડાના દાણાવાળું લોઢાનું પાનું.
૨. પું. રાબો; બબાલ ને બબૂચક નામવિનો માણસ; ઢંગ વગરનો પુરુષ; રોંબો; ગમાર; બેડોળ બરદ.

રાંલા વિ. નકામું; ફોકટ
કહાન કરાસ કરી તું લાલા,
તેમાનું કઈ નહિ હસિ રાંલા. દયારામ

રાં [સં.] અ. ક્રિ. બળું; બળવું

રિઆયત ૧. સ્ત્રી. કમી; ન્યૂનતા; બાકી.
૨. [અ.] સ્ત્રી. તરફદારી; પક્ષપાત; દયાપૂર્વ વર્તાવ.
૩. સ્ત્રી. બાનાં બહાનાં; વિચાર.
૪. સ્ત્રી. બક્ષિસ
૫. સ્ત્રી. મહેરબાની; કૃપા; છૂટછાટ.
૬. સ્ત્રી. વધારેલું

રિઆયા ૧. સ્ત્રી. બાહેર વર્ગ; સમાજ.
૨. [અ.] સ્ત્રી. બ. વ. રૈયત; પ્રજા.

રિકાબ ૧. [અ.] પું. પેગડું; રકાબ.
૨. સ્ત્રી. બાણી; રકાબી; ડીબું; 'ડિશ'.

રિકાબત સ્ત્રી. હરીફાઈ; સ્પર્ધા.

રિકાબદાર ૧. પું. ઘોડેસ્વાર
૨. [અ. રિકાબ (પેગડું) + ફા. દાર (વાળો)] પું. ઘોડાવાળો; સવત.
૩. પું. રકાબી રાખનાર માણસ.
૪. પું. સવારીમાં સાથે રહેનાર નોકર; રકાબદાર; બિજમતદાર.

રિકાબી [અ.] સ્ત્રી. રકાબી; ડીબું; 'ડિશ'.

રિકેબી સ્ત્રી. રિકાબી; રકાબી; ડીબું; 'ડિશ'.

રિક્ત ૧. વ. નિર્જન વન; જંગલ.
૨. વ. (સિદ્ધ) બસો ચોરાણું માંહેનું એક પ્રકારનું ઘર; ઉત્તર દિશામાં ઓરડી તથા પરસાળ અને પૂર્વમાં પણ પરસાળ હોય તેવું ઘર. કૂવર ઘરની ડાબી તરફ ઓરડી આવે તો તે રિક્ત નામનું ઘર થાય.
૩. વ. ચતુષ્પદ; બાલી જગ્યા.
૪. [સં. રિચ્ (બાલી કરવું)] વિ. બાલી; શૂન્ય.
૫. વિ. નિરર્થક; સત્ત્વ.
૬. વિ. નિર્ધન; ગરીબ.
૭. વિ. ભાર ઉતરાવાયેલું.
૮. વિ. વિખૂટું કરાયેલું.

રિક્તક્ષેત્ર [સં.] ન. વન; જંગલ

રિક્તતા ૧. [સં.] સ્ત્રી. બાલીપણું; ઢાલાપણું; શૂન્યતા.
૨. સ્ત્રી. નિરર્થકતા.

રિક્તહસ્ત ૧. [સં.] પું. બાલી હાથ.
૨. વિ. ગરીબ; નિર્ધન.
૩. વિ. દાન વગેરેમાં પુષ્કળ ધન ખરચી બાલી હાથવાળું.

રિક્તા ૧. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની બીજી શ્રુતિ; પંચમ સ્વરની બાર માંહેની બીજી શ્રુતિ.
૨. જુઓ રિક્તા તિથિ.

રિક્તા તિથિ સ્ત્રી. (જ્યોતિષ) બંને પક્ષની ચોથ, નોમ અને ચૌદશ માંહેની દરેક તિથિ. કહેવાય છે કે, તે દિવસે શુભ કાર્યનો પ્રારંભ ન કરવો.
રિક્તા તિથિ રવિવાર અને મંગળવાર જેવા દિવસમાં ઘરમાં પ્રવેશ કરવો એ સારું નથી. રાજ્યવલ્લભ

રિક્થ ૧. ન. ધન; વિત્ત; દ્રવ્ય.
૨. ન. ધાન્ય; અનાજ.
૩. [સં.] ન. વારસાની સ્થાવરજંગમ મિલકત; વારસો.
૪. ન. સોનું.

રિક્થાંશ [સં.] પું. વારસામાં મળેલો ભાગ.

રિકૂટ [અં.] પું. તરતનો લશ્કરમાં આવેલો માણસ; લશ્કરમાં ભરતી માટે લેવાતો નવો માણસ.

રિકૂટિંગ [અં.] ન. નવા લશ્કરીઓની ભરતી.

રિક્ષા ૧. [અં.] સ્ત્રી. માણસને બેસાડીને માણસથી ખેંચાતી બે પૈડાંવાળી હલકા વજનની ગાડી. તેને કમાન તથા છત્ર હોય છે અને જેને કે જે માણસ તે ખેંચે છે. બોલીમાં લખે છે કે, રિક્ષા એટલે મનુષ્યને ખેંચવાની નાની ગાડી. હું તો કોઈ દિવસ રિક્ષામાં બેઠેલ જ નહિ, કારણ કે મનુષ્ય ખેંચતા હોય એવા વાહનમાં બેસવા તરફ મને અતિશય અણગમો હતો.

૨. સ્ત્રી ભિક્ષા; ભીખ.
૩. સ્ત્રી સમાધિ; ધ્યાન
૪. [સં.] સ્ત્રી સૂર્યનો પ્રકાશના દેખાતો તંતુ

રિક્ષાગાડી સ્ત્રી માણસથી ખેંચાતી કે પેડાની ગાડી

રિક્ષો જુઓ ભિક્ષા

રિખભ પું (સંગીત) ઋષભ સ્વર; સાત મહેનો બીજો સ્વર. તે સ્વરનો અવાજ બળદ અથવા વર્ષાના અવાજ સરખો છે, હૃદય સ્થાન છે, બ્રહ્મા અધિષ્ઠાતા છે. ગ્રીષ્મમાં તે શીત અને રસયુક્ત છે. સર્વ રાગમાં અનુકૂળ છે.

રિખભ જુઓ રિખભ

રિખભદેવ [સં.] પું. ઋષભદેવ; આદિ જૈન તીર્થંકર.

રિખવ જુઓ રિખભ.

રિખવું ૧. અ. ક્રિ. ઘૂંટણીએ ચાલવું; પલથી મારવી; પેટે ચાલવું; ઓઠણીએ ચાલવું
૨. અ ક્રિ. અટકવું; રીખવું; રઝળવું

રિખિ પું (જૂ ગુ) ઋષિ; મુનિ.
રિખિ તણાં વચન સાંભળી
ઘઈ દયડી ઠોરી જઈ પ્રહતા. સીતાહરણ

રિખી ન એક ધાતુનું પિત્તળ. પિત્તળને તપાવી પાન્યામાં કે સુરામાં બુઝાવવાથી પોચું થાય તે પિત્તળને રિખી કહે છે.

રિગ્ ૧. અ. ક્રિ. ખૂબ ઉગવું.
૨. અ. ક્રિ. છૂટા થવું
૩. [સં.] સ. ક્રિ. (ધાતુ) ખાલી કરવું; સાફ કરવું. તે ઉપરથી રિક્ત, રેચ, વિરેચન વગેરે શબ્દ બનેલા છે.
૪. સ. ક્રિ. કાઢી મેલવું.

રિજ [સં.] સ ક્રિ. ખૂંજવું; રોકવું; તળવું.

રિજક [અ.] પું. રોજી; આજીવિકા.
બખત પર દુશ્મન જે કોઈ રિજક આપે તેને ઠાકર ગુલરીને માન આપવું એ ઇન્સાનની ફર્જ છે. નારાયણ વિશનજી
રિજક મારવી = કોઈની આજીવિકામાં અડચણ નાખવી

રિઝા [અ.] સ્ત્રી. રજા; સંમતિ, અનુમોદન.

રિઝિષ્ઠ [સં.] પું. સામવેદનો એક નામનો એક ઋષિ.

રિઝર્વ ૧. [અં.] વિ. ખાસ અલાયદી જાપ મારેલું; ખાસ અલાયદું રાખેલું.
૨. વિ ખાલી રાખેલું.

રિઝર્વ એકોમોડેશન [અં.] સ્ત્રી. ખાસ રાખેલી સગવડ

રિઝલ્ટ [અં] ન પરિણામ

રિઝવટ ૧ સ્ત્રી ખુશ થવાનું કે ખુશ કરવાનું કામ
૨ સ્ત્રી ઈશ્વરના કીર્તન, ઈશ્વરની પ્રાર્થના કે બીજા ધાર્મિક કૃત્યો

રિઝવન જુઓ રિઝવટ

રિઝવણી જુઓ રિઝવટ

રિઝામણું ૧ ન. રીઝવવા માટે અપાતી વસ્તુ
૨. ન રીઝવવું તે

રિઝાવવું ૧. સ. ક્રિ. ખુશ કરવું; પ્રસન્ન કરવું; રીઝવવું
૨. સ. ક્રિ. ફોસલાવવું; લલચાવવું

રિઝાવું અ. ક્રિ. ખુશ થવું; રીઝવું; રાજી થવું.

રિટર્ન ૧. [અં.] ન. પાછું કરવું તે.
૨. ન. ઉપાડેલ પત્રક

રિટર્ન રિટિટ [અં.] સ્ત્રી. આવવા જવાની એક જ ટપાલટિકિટ.

રિટાયર્ડ [અં] વિ. નોકરીમાંથી નિવૃત્ત થયેલું; જેનું નિવૃત્તિવેતન બાંધેલ હોય તેવું.

રિટિ ૧ [સં.] પું. ઢોકરનો એ નામનો એક નટો. પંડિત.
૨ સ્ત્રી એ નામનું એક વાદિત્ર
૩ સ્ત્રી કાનનું બીડું
૪. સ્ત્રી. ઘોડાનો અવાજ

રિટ્ઠ ૧ [સં. અરિષ્ટ ; ન. (જૂ ગુ) અરીઠું.
૨. ન વૃક્ષ
૩ ન. વનસ્પતિ
૪. વિ. સ્વજન; આપ્તજન
ઘરે ને ઉપર તહડો રિટ્ઠ ખડે એ.
આનંદકાવ્યમહોદધિ

રિટ્ઠનેમિ [સં અરિષ્ટનેમિ] પું. (જૂ. ગુ.) નેમિનાથ ભગવાનનું એક નામ.

રિટ્ઠા ૧. [સં. રિષ્ટા] સ્ત્રી. (જૂ. ગુ.) પંચમા નરકનું નામ.
૨. [હા.] વિ. છૂટું; મુક્ત.

રિટ્ઠ [સં. ઋણ] ન. (જૂ. ગુ.) કરજ; દેવું.

રિણાયટ જુઓ રિણાવર.

રિણાવર પું. અર્ણવ; દરિયો; સાગર.
આવા દિલમાં દુ ખનો આજ
રિણાવર રેલિયો રે. સમાનંદ

રિતુ સ્ત્રી. ઋતુ.
ઘટ રિતુ બ્યાંકાં પ્રફુલ્લિત સદા. દયારામ

રિતુરાજ પું. ઋતુરાજ; વસંત ઋતુ.
હા ! હા ! હિતુ રિતુરાજમાં ન ખિલ્યા ગજરાજ ! દયારામ

રિત્ત ૧. [સં રિક્ત] ન (જૂ ગુ.) અભાવ
૨. વિ. ખાલી; શૂન્ય

રિત્યુ સ્ત્રી. ઋતુ
સખી, આવી શરદ ઋતુ ઉમંગ, જ્યા રિત્યુ પીતી રે,
સખી, નાવલિયો નવરંગ ખબર નવ લીધી રે
બ્રહ્માનંદ

રિદય ન. (જૂ ગુ) હૃદય
રિદય-કમલ ત્યહ્યા વણ એ
પ્રકટયા પુરુષસિંહ તો.
કાવ્યસંચય

રિદિ સ્ત્રી હૃદય; છાતી
પૂજિ રિદિ બાલચ

રિદ્ધ ૧ [સં.] ન. પડેલું ધાન્ય
૨ [સં. ઋદ્ધ , વિ. ઐશ્વર્યયુક્ત; સમૃદ્ધિવાળું; આબાદ
૩. વિ. તૈયાર; સિદ્ધ

રિદ્ધિ ૧. પું. (વિકલ્પ) જગણવાળી આઠેની જાતનો એ નામનો એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૨૬ ગુરુ અને ૫ લઘુ મળી ૨૧ વર્ણની ૫૭ માત્રા હોય છે.
૨. [સં. ઋધ્ (વધવું)] સ્ત્રી. આબાદી; વૈભવ; સમૃદ્ધિ; આબાદાની; ઉત્કર્ષ; ઉદય; ખ્યાતી; જોસબાલા.
૩. સ્ત્રી. ક્ષેમ; શુભ કલ્યાણ.
૪. સ્ત્રી. ગણપતિની એ નામની એક સ્ત્રી.
૫. સ્ત્રી. પાર્વતી; ગૌરી.
૬. સ્ત્રી. બ્રહ્માની આઠ માહેની એક કલા.
૭. સ્ત્રી. લક્ષ્મી; દોલત; સંપત્તિ; પૈસોટકો અને તેની સાહેબી; ઋદ્ધિ.
કાલ તણઈ સંપતિ ઈસી,
જિસી ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ.
પદ્મનાભ

રિદ્ધિમાન વિ. રિદ્ધિવાળું; આબાદ; સમૃદ્ધ.

રિદ્ધિવંતું જુઓ રિદ્ધિમાન.

રિદ્ધિસિદ્ધિ સ્ત્રી. પૈસોટકો; માલમિલકત; પૈસા અને સાહેબી; સમૃદ્ધિ; આબાદી; રિદ્ધિ અને સિદ્ધિ.

રિધ ૧. [સં. રિદ્ધિ] સ્ત્રી. પૈસો; લક્ષ્મી; દોલત.
૨. સ્ત્રી. સાહેબી; આબાદી; સમૃદ્ધિ

રિધપત ૧ પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ
૨. વિ. પૈસાદાર; સમૃદ્ધ.
રહને રિધપત કીયેલો. કાપ્યો તે જાયનો પારા. નરસિંહ

રિધસિધ સ્ત્રી. રિદ્ધિસિદ્ધિ; લક્ષ્મી તથા ઐશ્વર્ય.
રાજ્યાસન ધન જાયન રિધસિધ સરવે ભેટા હારિ.
પ્રેમાનંદ

રિન [સં. ઋણ] ન. કરજ; ઋણ

રિપ ૧. પું. દુશ્મન; શત્રુ
૨ સ્ત્રી પૃથ્વી.
૩. સ્ત્રી. હિંસા.

રિપબ્લિક [અં.] વિ. પ્રજાપ્રભુત્વવાદ.

રિપબ્લિકન [અં.] વિ. પ્રજાસત્તાકરાજ્ય પસંદ કરે તેનું; પ્રજાપ્રભુત્વવાદી.

રિપુ ૧. [સ.] પું. કામ, ક્રોધ વગેરે અભ્યંતર શત્રુ
૨. પુ. ચોર નામે ઔષધદ્રવ્ય.
૩. પું. જ્યોતિષ સાંકેતિક શબ્દ; છઠ્ઠી એક સંજ્ઞા.
૪. પું. (જ્યોતિષ) જન્મકુંડલીમાં છઠ્ઠું સ્થાન.
૫. પું જ્યોતિષ; ગ્રહ
૬. પું (પુરાણ) ધ્રુવનો પૌત્ર અને શિષ્ટિના પુત્રનું નામ.
૭. પું રિપુમણી ના.નો ક્રોડ
૮. પું. શઠ; લુચ્ચો માણસ
૯. [સં.] પું. શત્રુ; દુશ્મન, વેરી.
૧૦. પું. શત્રુતુલ્ય ગ્રહ.
૧૧. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્રોત્પન્ન મહુરાજાના ચાર ભાઈનો નાનો દીકરો.

રિપુઘાતિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ.
૨. વિ. સ્ત્રી. શત્રુને મારી નાખનારી

રિપુઘાતી [સં. રિપુઘાતિન્] વિ. શત્રુને મારનાર

રિપુપ્ન ૧. ન. (સિક્કા) બીજા ભાઈના એક પ્રકારનું નગર.
જે નગરને બે કિલ્લા હોય તેનું નામ રિપુપ્ન નગર કહેવાય. રાજવલ્લભ
૨. [સં.] વિ. શત્રુને મારનાર.

રિપુતા [સં.] સ્ત્રી શત્રુપણું; દુશ્મનાવટ

રિપુત્વ જુઓ રિપુતા.

રિપુપાક [સં.] પું. ઇંદ્ર; રાજા; રાજાધિપતિ.
જિષ્ણુ પુરંદર વજ્રધર આખંડલ રિપુપાક.
ગોલે ત્યાં ઘણખાન ત્યાં જાનરો ઉદ્ર જરાક. પિંગળશયુકોષ

રિપુપૂઢ [સં] ન દુશ્મનનું ટોળું.

રિપુશ્રી [સં.] સ્ત્રી. દુશ્મનની લક્ષ્મી કે સંપત્તિ.
મહત્ત્વ કરી રિપુશ્રી દર્પ સો હોય તેમા. કાવ્યપ્રકાશ

રિપુસંતાપ ૧. પું દુશ્મનોને થતું દુઃખ.
૨. [સં. રિપુ (શત્રુ) + સંતાપ (દુઃખ)] પું. ધનુષ્ય.
ધનુ કોઈ દંડ ઉચ્ચાસ અને કાર્મુક રિપુસંતાપ; ચાપ વિના નહિ પણ કદિ પણ વિના નહિ ચાપ. પિંગળશયુકોષ

રિપુંજય ૧ પું. (પુરાણ) ધ્રુવપુત્ર શિષ્ટિને સુચ્છાયાથી થયેલા ચાર પુત્રોનો એક દીકરો
૨ પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તિરાજાના પુત્ર અજમીઢના વંશના સુધનુકુલોત્પન્ન જરાસંધ વંશમાંના ઊતરેલા રાજા વિશ્વજિત રાજાનો દીકરો. પુરંજય એવું આનું જ નામાંતર હતું. આ રાજાને તેના શુનક નામના પ્રધાને મારી પોતાના પ્રદ્યોત નામના પુત્રને રાજા કર્યો
૩ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તિરાજાના બે દીકરામાંના દેવમીઢવંશના સુધાર રાજાનો દીકરો. તેનો પુત્ર અજાતશત્રુ હતો.
૪ [સ વિ. શત્રુને મારનાર કે જીતનાર

રિપોર્ટ ૧. [અં.] પું. કોર્ટ બનાવનો સવિસ્તર હવાલ કે હકીકત, વૃત્તાંત, વિગત; બયાન; નિવેદન.
૨. પુ. કોર્ટ બાબત અને બનાવનું ટાંચણ કે નોંધ; બોલનાર કે બયાન કરનારનું બયાન નોંધી લેવું તે; બયાનની ટૂંકી નોંધ.
કોર્ટની સામે રિપોર્ટ કરવો = સવિસ્તર લેખિત ફરિયાદ કરવી
૩. પું. ગુમાર.
૪. પું. લોકબયાન; અપ; અફવા; જનવાદ, લોકમત.

રિપોર્ટર ૧. [અં] પું. બનાવપત્રો; રિપોર્ટ લખનાર માણસ; બાતમી આપનાર પુરુષ
૨. પું બયાનપ્રકારના બયાનની નોંધ લખનાર માણસ.

રિપ્લાઈ [અં.] પું. જવાબ.

રિપ્લાઈ પોસ્ટકાર્ડ [અં.] ન. જવાબ પાઠવાનું પત્ર

રિફંડ [અં.] ન. વળતર; પાછું આપવું તે; વધારાના પૈસા પાછા આપવા તે.

રિફાકત ૧. સ્ત્રી. આરજા; અરજ.
૨. સ્ત્રી વકાલત.
૩. [અ.] સ્ત્રી. સંગત; સ્નેહ; સોબત.
રિફાકત કરવી = મૈત્રી કરવી.

રિફૉર્મ [અં.] પું સુધારો; પરિવર્તન; સરકાર.

રિફૉર્મર [અં] પું સુધારક; સંસ્કારક.

રિફ્રેશમન્ટ [અં.] ન. થોડો ખોરાક; ચા નાસ્તો વગેરે.

રિફ્રેશમન્ટ રૂમ [અં] પું. ઉતારુઓ માટે સુધક્ષાતિગૃહ

રિફ્લેક્ટર ૧. [અં.] પુ. દર્પણ.
૨ પું. પ્રકાશનાં કિરણો પાછાં કે ઊલટ ફરે તેવો પડદો. તે બીજાની બત્તીમાં પણ હોય છે
રિબન [અં.] સ્ત્રી. લુગડાની પાતળી સાંકડી પટી. ઇંધન માટે વપરાતી રેશમી કે સુતરાઉ દોરી; ફીત.

રિબામણ જુઓ રિબામણી

રિબામણી ૧. સ્ત્રી. પજવણી હેરાન કરવું તે.
૨. સ્ત્રી. રિબાવાની પીડા

રિબાયત ન. નિવેદન.
એક રિબાયત છે કે, દુનિયાના સૌથી પહેલા પુરુષ આદમ સ્વર્ગમાંથી નીકળી ત્યાની ધુળમૂળો લઈ હિંદમાં આવ્યા. પ્રસ્થાન

રિબાવણું ન. રિબાવું તે; પીડાવું તે
જાનરને ક્ષય ન હોય, રાત દિવસ રિબાવણાં લાગલાગાટ હોય, હોય હલામણ વણે. દલો

રિબાવવું સ ક્રિ. રિબાવ તેમ કરવું.

રિબાવું અ ક્રિ. દુઃખમાં સબડવું; પીડાવું; પીડા પામવું, દુઃખમાં સજા કરવું.

રિમન ૧. પું (જરથોસ્તી) ચેપ લાગેલો કે અપવિત્ર થયેલો માનવામાં આવતો માણસ.
૨. પું. મૃત શરીરની અપવિત્રતાના સંસર્ગમાં આવવાથી અપવિત્ર થયેલો માણસ.
૩. સ્ત્રી શુદ્ધિની બાર બાંધેની એક પ્રકારની ક્રિયા.. તે કરવામાં બે માણસની જરૂર પડે છે, જેમનો એક ધર્મગુરુ હોવો જોઈએ, તે ક્રિયા સમજમાં અર્થા કલાક લાગે છે.
૪ ન ઘર; પાસ.

રિમાઇન્ડર [અં.] ન. યાદી આપવી તે.

રિમાર્ક ૧. [અં.] પું. ટીકા.
૨. પું. વિશેષ હકીકત કે નોંધ.

રિયાઝ ૧. [અ.] સ્ત્રી. તપ.
૨. સ્ત્રી. શ્રમ; મહેનત.

રિયાઝી [અ.] વ. અભિનંદનીય.

રિયાયત ૧. સ્ત્રી. છૂટ આપવી તે; છૂટછાટ.
૨. સ્ત્રી દયા
૩. સ્ત્રી. નમ્રતા; ખાતરી

રિયાયતી વિ. પસંદગી કરેલું.

રિયાયતી દિન પું. રેલું બરબાર કરવા માટે આપાતી વધુ દિવસની છૂટ.

રિયાલ ૧. પુ. આફ્રિકામાં ચાલતો એક જાતનો રૂપાનો સિક્કો
૨. પું. કચ્છમાં ચલણનું એક નાણું. ૮ કોરીનો એક રૂપાનો રિયાલ અને ૧૬ રૂપાના રિયાલનો એક સોનાનો રિયાલ ગણાતો.

રિયાસત ૧ [અ.] સ્ત્રી ઉદારતા.
૨. સ્ત્રી. જાગીર; સંસ્થાન; 'સ્ટેટ'.
૩. સ્ત્રી દેશી રાજ્ય.
૪ સ્ત્રી રાજ્ય
૫. સ્ત્રી. રાજ્યસત્તા; હકૂમત.
૬. સ્ત્રી. વૈભવ; ધનદોલત; સમૃદ્ધિ; ઐશ્વર્ય.

રિયાસતી વિ. રિયાસતને લગતું.

રિલીફ ૧. [અં] સ્ત્રી. આશ્વાસન; આરામ.
૨. સ્ત્રી. મદદ; સહાય; આકરો.

રિવાજ ૧. [અ. રવાજ] પું. આચાર; વ્યવહાર
૨. પુ. ચાલ; ધારો; નિયમ; વહીવટ; રસમ; પદ્ધતિ; શિરસ્તો; રૂઢિ; પ્રથા.
રિવાજ પડવો = ચાલ કે ધારો થવો
૩. પું. ટેવ; મહાવરો; અભ્યાસ.

રિવાજી [અ.] વિ. લૌકિક; સાધારણ; સામાન્ય; મામૂલી

રિવાયત ૧. સ્ત્રી મુસલમાન કાયદાના અમલદારથી આપવામાં આવતો લિખિત કાયદેસર અભિપ્રાય.
૨. [અ.] સ્ત્રી. વાત; વર્ણવવું તે; વાર્તા.
મે મુજબ બીજા પણ બધી નાની નાની રિવાયતો છે કે જેને ટાંકવાની અહીં જરૂર નથી.
બોળકાલિનું ગૌરવ

રિવાર સ્ત્રી. ઘોડાની એક ચાલ; રેવાળ.

રિવિઝન [અં.] ન. ફરીને તપાસણી કરવી તે; પુનરાવર્તન; ફરી જોઈ કે તપાસી જવું તે.

રિવેટ [અં.] પું. બંને છેડેથી જોસાડેલી ખીલી; જડ; એક ભાગ બીજા ભાગવાળો અને બીજા ભાગ જોડવાની વસ્તુમાં પરોવ્યા પછી ટીપીને જોડી દેવાય તેવો ખીલો.
રિવેટ કરવું = જડને બાજુમાં જોસાડી સાંકડું માથું ટીપી બટકું કરવું; રિવેટથી જોડવું.

રિવોલ્વર [અં] સ્ત્રી. એક વખત બર્યે અનેક વાર કરી શકાય તેવી ફરવાળી પિસ્તોલ; એક જાતની બંદૂક. તે ખીસામાં કે બેટમાં રાખી શકાય તેવડી હોય છે અને તેમાં એકથી વધારે કારતૂસ ફરી જો તેવા રોલમાં ગોઠવી શકાય છે. તેનો ઘોડો પાડતાં રોલ ફરતો જાય અને અવાજ થતો જાય છે.

રિવ્યૂ ૧. [અં.] પું. અવલોકન; ગ્રન્થદોષ વિવેચન; સમાલોચના
૨. સ્ત્રી ફરી તપાસ

રિશ્તા ૧. પુ. ઉપાય; ઇલાજ.
૨. પું મૈત્રી; દોસ્તી.
૩. [ફા.] પુ. સગપણ; સબંધ. ન.તો.

રિશ્તાદાર જુઓ રિસ્તેદાર.

રિશ્તાદારી જુઓ રિસ્તેદારી.

રિશ્તેદાર વિ. સગપણવાળું; સંબંધી

રિશ્તેદારી ૧. સ્ત્રી. ઉપાય; ઇલાજ.
૨. [ફા.] સ્ત્રી. સગપણ; નાતો; સંબંધ.

રિશ્તેદાર જુઓ રિસ્તેદાર.

રિશ્વત [અ. રશ્વ (તેણે લાંચ આપી)] સ્ત્રી. લાંચ; રુશવત.
૧. રિશ્વત ખાવી = લાંચ લેવી.
૨. રિશ્વત દેવી = લાંચ આપવી.

રિશ્વતખોર ૧. [અ. રિશ્વત (લાંચ) + ખોર (ખાનાર)] પું. લાંચિયો માણસ; રુશવત લેનાર આદમી.
૨. વિ. લાંચ લેનારું; રુશવતખાઉ; લાંચિયું.

રિશ્વતખોરી સ્ત્રી. લાંચ ખાવી તે; લાંચ લેવી તે.

રિશ્વતી જુઓ રિશ્વતખોર.

રિષ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઈજા કરવી; નુકસાન કરવું. તે ઉપરથી બનેલ શબ્દ: રિષ્ટ, રિષ્ટા, રિષ્ટિ વગેરે.
૨. સ. ક્રિ. વધ કરવો, મારી નાખવું

રિષભ પું. (સંગીત) સાત સાંઢેનો બીજો સ્વર; ઋષભ: રિષભ. તે રિ અથવા ૨ નિશાનીથી ઓળખાય છે. નાભિથી ઉત્પન્ન થયેલ વાયુ કંઠ અને શીર્ષમાં બેઠકો થાય અને બળદ જેવો સ્વર નીકળે ત્યારે તેને ઋષભ કે રિષભ કહે છે.

રિષિ [સં. ઋષિ] પું. ઋષિ; મુનિ.

રિષ્ટ ૧. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.
૨. પું. એક જાતનો છોડ. તેની ઓટી જાતને કાંટા હોય છે અને પાકાં આમલીનાં જેવાં હોય છે
૩. [સં.] પું. તરવાર; ખડ્ગ; અસિ.
રિષ્ટ કુસેય કૃપાણ અસિ મંડલાગ્ર કરવાલ;
ખડ્ગ માર પર ચલન સમ સ્નેહ સખ પું બાલ.
પિંગલપ્રકાશ
૪. પું. રાતો સરગવો.
૫. પું. સૂર્ય.
૬. ન. અવલેહ; અરિષ્ટ વગેરે.
૭. ન. અશુભ; અમંગળ.
૮. ન. ઉદ્ધવ વિમાનનું નામ.
૯. ન. એક જાતનું રત્ન.
રિષ્ટ રત્નમઈ કાંકુ ઘડિઉ,
નાલ રત્ન વૈદૂર્ય જડિઉ. જ્ઞાનવિમલસૂરિ
૧૦. ન. કમભાગ્ય; કમનસીબ.
૧૧ ન. કલ્યાણ; મંગળ
૧૨. ન. કષ્ટ; દુઃખ; પીડા.
૧૩. ન. લોખંડ
૧૪. ન. નાશ.
૧૫. ન. પાપ.
૧૬. ન. મૃત્યુ; મોત.
૧૭. વિ. અમંગળ કરનારું; અશુભ
૧૮. વિ. અમાંગલિક; નઠારું; અરાળ; ઓઢું; માઠું.
૧૯. વિ. ઈજા પામેલ.
૨૦. વિ. નષ્ટ; અલોપ.
૨૧. વિ. નાશવંત.
૨૨. વિ. પાપજનક; પાપી
૨૩. વિ પ્રસન્ન.
૨૪. વિ. હૃષ્ટપુષ્ટ; મજબૂત.
૨૫. વિ. સારું; શુભ; માંગલિક.

રિષ્ટક જુઓ રિષ્ટ.

રિષ્ટયોગ પું. (જ્યોતિષ) ખરાબ યોગ; મૃત્યુયોગ.

રિષ્ટા ૧. સ્ત્રી. કશ્યપ ઋષિની એક પત્નીનું નામ.
૨. સ્ત્રી. (જૈન) સાત માંહેનું પાંચમું નરક. એ સાતેનાં નામ ક્રમપૂર્વક તત્ત્વાર્થસૂત્રમાં આ પ્રમાણે જણાવ્યાં છે: ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, માઘવ્યા અને માધવી.

રિષ્ટિ ૧. [સં.] સ્ત્રી. અશુભ; અમંગળ.
૨. સ્ત્રી. એક જાતનું હથિયાર.
૩. સ્ત્રી. છિદ્ર; કાણું.
૪. સ્ત્રી. તરવાર.

રિષ્યમાદલ પું. એક જાતનો ઘોડો.

રિસ [હિં.] સ્ત્રી. ક્રોધ; રોષ; ગુસ્સો; કોપ.

રિસાન [હિં.] પું તાપણાના ઝારને ઠેકાણે ને સાફ કરવાનું ક્રામ.

રિસામણી ૧. સ્ત્રી. એક જાતનો છોડ; ગળગળું; ગળમણી; ગાજરી; રપરાંગળ્યા; સમગા; સ્વયુપ્રભા; સ્રોતોજની; ક્ષમીપત્રી. આ છોડ હિંદનો છે. તેને કાંટા હોય છે. ભીનાશવાળા ભાગોમાં તે થાય છે તેનાં પાંદડાં હાથ અથવા કોઈ ચીજ અડવાથી બે બાજુથી સંકોચાઈ જાય છે. જમીન ઉપર તે નાના નાના વેલાની માફક પથરાય છે. તેનાં પાન બાવળના પાનની પત્તી જેવાં ઝીણાં હોય છે. તેનાં પાન તીખાં, શીતળ, કડવાં, તૂરાં, મીઠાં ને ઝાડા હોય છે. વાત, પિત્ત, કફ, રક્તદોષ, રક્તપિત્ત, અતિસાર, સોજો, દાહ, શ્રમ, તૃષ્ણા, કુષ્ઠરોગ વગેરેમાં તે ફાયદો પહોંચાડે છે. અર્શ અને નાડીવ્રણો માટે પરગચ્યુ ઉપાય તરીકે તેનું ચૂર્ણ અપાય છે. ઊંટાટિયામાં મધ સાથે તેનું ચૂર્ણ અપાય છે. આંખનાં પોપચામાં નાડીક જંતુ પડી બવાર્ય રાતા અને બને આંખમાં ભારી થતી જાય તે ઉપર તેનો રસ ઘોડાના મૂત્રમાં ભેળવી તેનું અંજન થાય છે. તેનો રસ

અર્થ ઉપર ચોપડવાથી તે સંબોધાઈ આરામ થાય છે. નાડીવ્રણ, ગડમાળ અને બીજા નહિ રુઝાતા જખમો ઉપર કપડું રસમાં બોળ્યા પછી રૂ.બ્બ.થી બહારથી રૂઝ આવે છે. યોનિભ્રંશમાં એના રસમાં આંગળાં બોળ્યા પછી તે વડે યોનિને અંદરની બાજુ બરાબર બેસાડી ઉપર પછી રસથી કપડું બોળ્યા પછી યોનિમાં રાખવાથી યોનિ સકોચાઈ બરાબર અંદર બેઠેલી રહે છે વૃષણવૃદ્ધિ ઉપર તેનાં પાન ચોપડાય છે

૨. સ્ત્રી. રિસાવું તે; રીસ ચડાવવી તે; રીસ; ધૃતરાષ્ટ્ર રૂસણું.

રિસામણું ૧. ન. રિસાવું તે; રીસ ચડાવવી તે; રીસ; સહેજ વાતમાં ગુસ્સો ચઢાવવો તે; ગુસ્સો; રોષ.

રિસામણાં લેવાં = રિસાવું

૨. ન. રીસ ઉતારવી તે; ગુસ્સો ચઢ્યો હોય તે ઉતારી રાજી કરવું તે.

રિસામણાં મનામણા કરવાં = સહેજમાં રિસાવું અને મનાવું.

૩. વિ. સહેજ વાતે ગુસ્સો ચઢાવે તેવું; જરાકમાં રિસાઈ જાય તેવું.

રિસાલ [હિ.] પું. રાજ્યનો કર.

રિસાલત ૧. [અ. રિસ્લ (તેણે મોકલ્યો)] સ્ત્રી. પેગામ; પ્રભુનો સદેશો

૨. સ્ત્રી. સરકારી હોદ્દો. સામાન્ય રીતે તે ઘોડેસવારની હોદ્દાની ઉપરી હોય છે.

રિસાલદાર ૧. [અ.] પું ઘોડેસવાર સેનાનો ઉપરી અમલદાર.

૨. પું. રાજ્યનો કર લઈ જનારાઓનો મુખ્ય અધિકારી.

રિસાલદારી [અ.] સ્ત્રી. રિસાલદારનો હોદ્દો કે જગ્યા.

રિસાલા ૧. [અ. રિસ્લ (તેણે મોકલ્યો)] પું. કાગળ; પત્રિકા.

૨. [હિ.] પું ઘોડેસવારની ટુકડી. ઘોડેસવાર સેના.

૩. પું. ઘોડેસવારની ટુકડીનો અમલદાર, રિસાલદાર

૪. પું. નિબંધ; લખાણ; લેખ.

૫. પું. પુસ્તક.

૬. પું. પ્રશ્નમાં; મહોગાન.

૭ પું. સંદેશો; પેગામ

રિસાલાસવાર [અ. રિસાલા (કાગળ) + સવાર] પું. કાગળ લાવનાર કે લઈ જનાર ઘોડેસવાર.

રિસાલો જુઓ રિસાલા.

રિસાવનું જ ક્રિ. રિસાવ તેમ કરવું.

રિસાવું [સં. રુષ્ (ગુસ્સે થવું)] અ. ક્રિ. ગુસ્સે થવું; ક્રોધે ભરાવું; ચિઢાવું; રીસ ચડાવવી; ક્રોધથી નારાજ થવું; અપ્રિય વાતની ઊલટ લાગણી થવી.

રિસાળ જુઓ રિસાળવું.

રિસાળવું વિ. ચોડી વારમાં રિસાઈ જાય તેવું. રિસામણું; ચીડિયું; ગુસ્સે થાય તેવું. સહેજમાં નાખુશ થાય અને બોલેચાલે નહિ તેવું; રિસાળ; રીસ ચઢાવે તેવું

કાલમુખાં ને રિસાળવાં, નીચાં હાથે નેણ; એને કાણે નાગણ કરડશે, મર હોય આપણા રોણ. રસધાર

રિસીટ [અં.] સ્ત્રી. પહોંચ

રિસીવર ૧. પું. ટેલીફોન, વાયરલેસ ઇત્યાદિનું સદેશો ઝીલવાનું યાંત્રિક સાધન.

૨. [અં.] પું. કમીશ્નરી કે કોર્ટની મિલકતની વ્યવસ્થા માટે નિમાતો સરકારી અમલદાર; તકરારી મિલકત કોર્ટનો હવાલો સુપ્રી પોતાના કબજામાં રાખનાર અમલદાર; સવાઈ.

રિસેપ્શન [અં.] ન. આવકાર; સન્માન

રિસેપ્શન કમિટી [અં.] સ્ત્રી. સ્વાગતિણી સભા; સ્વાગત સમિતિ.

રિસ્ટવોચ [અં.] સ્ત્રી. કાંડે બાંધવાની ઘડિયાળ; કાંડાઘડિયાળ.

રિહર્સલ [અં.] સ્ત્રી. પુનરાવર્તન; નાટક કે સંવાદ વગેરે અગાઉથી અભ્યાસ માટે બજવવાં તે; અગાઉથી ભજવી જવું તે.

રિંગ ૧. [અં.] સ્ત્રી. ઘોડાગાડીના પૈડામાં રબ્બરની પટ્ટ જેમાં બેસાડવામાં આવે છે તે લોઢાની કોર.

૨. સ્ત્રી. બોલતી વખતે થતું અવાજનું ગુંજન.

૩. સ્ત્રી. વીંટી.

૪. સ્ત્રી. રમતગમત, કસાયાની કે રીંગ બજારની અંદરની જગ્યા.

૫ સ્ત્રી. વીંટી; મુદ્રિકા

રિંગ માસ્ટર [અં.] પું. તાલીમ આપનાર મુખ્ય માણસ

રિંગ લીડર ૧. [અં.] પું. નાચનારાઓને તાલીમ આપનાર સરદાર.

૨. પું. નેતા; અગ્રેસર.

રિંડરપેસ્ટ [અં.] ન. એ નામનો એક ચેપી રોગ.

કેટલાયે ઘોડા રિંડરપેસ્ટ નામના રોગથી મરે છે. ગોવેકર

રી ૧. પું. (સંગીત) સાત માંહેનો બીજો સ્વર; રિષભ; ઋષભ સ્વરની સંજ્ઞા. રી ત્રણ શ્રુતિનો છે. તેનું સ્થાન ગિરમાં છે તે નીચો સ્વર કહેવાય છે. તે જન્મથી અરિસાલ શ્રુતિવાળ છે. વાહન બળદનું છે. એક મુખ અને ચાર હાથ છે, બે હાથમાં કમલ અને બે હાથમાં વીણા ધોળે છે. તેનો ઋષિ મુનિ છે. વર્ણ શ્વેત અને સ્થાન રાક્ષદ્વીપ છે. રેખા ઋષિ અને અગ્નિ મુખ્ય દેવતા છે. ગાયત્રી છંદ અને વીરરસ એ તેના મુખ્ય છંદ અને રસ છે.

૨. સ્ત્રી. અવાજ; રવ.

૩. સ્ત્રી. ગતિ.

૪. સ્ત્રી. રીત; રિવાજ; રૂઢિ.

૫. સ્ત્રી. વમ; ઉલ્ટી.

૬. [હિ.] અ. અરે; બહેનો; સખીઓ માટેનું સંબોધન.

૭. અ. છઠ્ઠી વિભક્તિ બતાવનાર નામ કે સર્વનામનો પ્રત્યય. જેમકે, રાતરી = રાતની.

૮. સ. ક્રિ. (ધાતુ) ખરવું; ટપકવું. તેના ઉપરથી બનેલ શબ્દ: રેલ, રીલ, રીતિ

૯. સ. ક્રિ. ઘૂરકવું

૧૦. સ. ક્રિ. બજવું; બસવું.

૧૧. સ. ક્રિ. મારવું; ઈજા કરવી; મારી નાખવું.

૧૨. સ. ક્રિ. શબ્દ કરવો.

રીઢ્ઝીઢ ૧. સ્ત્રી. આનાકાની; ઢા ના

અંતે પણી રીઢ્ઝીઢ પછી જ માણેક આમાના મહેલમા જવાને કબૂલ થઈ

બ. ન. કાળવાળી

૨. સ્ત્રી. આખાકૂટ; તકરાર; કજિયા રકઝક.

રીઢોલર પું. રબ્બરમાં ગાલતા નાણાંનો એક સિક્કો. તેની કીમત ૧૨½ પેન્સ અથવા ૧૨ આના ૪ પાઈ બરાબર છે

રીઢવું અ. ક્રિ. રડવું પાડવી.

રવે બધી તે રીઢે છે, અતિસે સ્વર લાંબે છે. રામાયણ

રીખ સ્ત્રી. પૃથ્વી.

અંતર હોય ઉમંગ, રંગ ઘણ બાગત રીખણ. કવિ નગરદાસ

રીખણું ન. રીખવું તે; બાળકનું ઘૂંટણિયે ચાલવું તે

રીખવું ૧ [સં. રિખ્] અ. ક્રિ. ઘૂંટણ વસીને ચાલવું; બાળકિયે ચાલવું; પેટે ચાલવું; બાળકનું ઘૂંટણીએ ચાલવું

રામ રવે રીખે, કોસલ્યા કુમાર. બાલલીલા

૨. અ ક્રિ. દિલગીર થવું.

૩. અ. ક્રિ. દુઃખી થવું, અપકાવું.

રીખાયો બક્તિ વીણ બાલ બાઈ. રત્નેશ્વર

રીછ [હિ.] પુ. રીંછ.

રીજની [હિ.] સ્ત્રી. રીજણી; રીજની માદા.

રીજ ૨. સ્ત્રી. પ્રનામ

૨. [અં] સ્ત્રી. કિનારી; કાંઠો

૩ સ્ત્રી ખુશી; પ્રસન્નતા; રીઝ

રીજંટ [અં.] પું અંગ્રેજ વગેરે રાજકર્તાની ગેરહાજરીમાં દરમિયાન રાજ્યવ્યવસ્થા કરનાર અધિકારી.

રીજંસી [અં.] સ્ત્રી. રીજન્ટનો અધિકાર

રીઝ ૧. સ્ત્રી. કૃપા; મહેરબાની

૨ સ્ત્રી. ખુશી. આનંદ; પ્રસન્ન થવું તે; રાજીપો.

૩. સ્ત્રી ખુશી થઈને કંઈ આપવું તે; ભેટ; બક્ષિસ; ઇનામ; ઉપહાર

૪. સ્ત્રી. રિદ્ધિસિદ્ધિ; સમૃદ્ધિ.

૫. સ્ત્રી. રૂપ, ગુણ ઉપર મોહિત થવું તે.

રીઝખીજ સ્ત્રી. રીઝવું અને ખિજવું તે

કાલ કારણ રીઝખીજના એ સમજિ કિ પ્રેમ આણ્યુ

રીઝન સ. રીઝવાનું સ્થાન; આનંદ પામવાનું સ્થળ

રાખ્યાવર તમને રીઝવે એવું જ્યાં જ્યા રીઝન છે ત્યા. રમારામ

રીઝબૂઝ ૧. સ્ત્રી. રાજીખુશી

૨. અ. સમજ્યુક્તપૂર્વક.

રીઝવટ સ્ત્રી. રીઝને ખુશ કરવાની રીત કે કાર્ય

રીઝવણ જુઓ રીઝવટ.

રીઝવણી સ્ત્રી. ખુશાલી; ખુશી થવાનું કારણ.

રીઝવવું સ. ક્રિ. ખુશી કરવું; રાજી કરવું; રીઝે એમ કરવું

રીઝવું ૧. [સં. ऋध् (ખુશી થવું)] અ. ક્રિ. ખુશ થવું; પ્રસન્ન થવું; રાજી થવું; રંગિયલ થવું; બીજાની રીતભાત, કામકાજ અથવા દેખાવથી આનંદ ઊપજવો.

૨ અ ક્રિ. મોહિત થવું; મુગ્ધ થવું.

૩. અ. ક્રિ સંતુષ્ટ થવું; સંતોષ પામવો.

રીઝું તો વાલે મુજ રાજ. સામળ

રીઠ ૧. [સં. રિષ્ટ; પ્રા. રિટ્ઠ] સ્ત્રી. તડકાની ગરમી.

૨ સ્ત્રી તલવાર

૩ ન. કમનસીબી; દુર્ભાગ્ય

૪. ન પાપ.

૫ ન. યુદ્ધ

૬ વિ. રિષ્ટ; ખરાબ; ખોટું.

રીઢા ૧. [હિ.] સ્ત્રી. ચૂનાની ભઠ્ઠી.

૨. સ્ત્રી. (જ્યોત) સાત માહેના પાંચમા નરકનું નામ

૩. ન. અરીઠું; અરિષ્ટ.

રીડી જુઓ અરીઠું

રીડ (રીડ) ૧ સ્ત્રી ભૂખ, રડ, ચીસ, પોકાર; ભૂખમરો; દુકાળ, રોગ-ચાળો.

રીડ નાખવી = ભૂખ મારવી

૨ [અં] સ્ત્રી વણકરની કુશળી રબરના વ. પાના નાખવા કોઈ માલવા માટે વાપરવામાં આવતું એક સાધન

રીડર ૧. [અં.] પું. કૉલેજ કે વિશ્વવિદ્યાલયનો અધ્યાપક કે આચાર્યનો.

૨ પું અધ્યાપન મંજૂર પડેલ

૩. પું સંશોધક, સંપાદન કરનાર માણસ

રીડિયારમણ (રીડિયારમણ) સ્ત્રી. ભમેજમ; ગડબડ; ઘોંઘાટ; કકળાટ; ચીસ; કોલાહલ; ઘોંઘાટિયો, મકજાડ, બાવાડ.

રીડિયો (રીડિયો) પું. મોટો અવાજ; ચીસ; ભૂમ; રાડ.

મોટે સોતાય સુણી સાદના રીડિયા
નાનેરો દે જે પડકાર-ઉલાસ કેરી ઘોર ભૂકે રે.
બેત્રીનાં કુલ

રીડિંગરૂમ [અં.] પું. વાચનાલય

રીડી (રીડો) પું. ઘેટ જાતનો ઝોડ. તે ઉનાળાની પાદશાનો જુદી જુદી જાતનો ઘોવાથી સુંદર અને ઝોમાકારક ઘોર મનને આનંદ આપે છે. આજમા બંગલા આગળ રોપવા લાયક છે

રીઢ ૧ [હિ.] સ્ત્રી. કરોડરજ્જુ. પૃષ્ઠવંશ.

૨. સ્ત્રી. કંટક. અણિ.

૩. સ્ત્રી. (કાંટી) ગાડર; ખૈડુ.

પંખેરુ પાસ ઉતરે અને કાળદુકાળે ગાડરા રીઢ) અક્ષરોમાંને નીચાણી લે છે.
વનસ્પતિશાસ્ત્ર

૪. સ્ત્રી. ભૂમ; રીડ; ચીસ.

રીઢ નાખવી = ભૂખ મારવી.

રીઢક [સં.] પું. પાંસળી; પાંસળું.

રીઢું ૧. વિ ટેવ પડેલું, ટેવાયેલું, અનુભવી.

૨. વિ દુઃખ વેઠી કઠણ થયેલું; દુઃખ અને મુશ્કેલી વેઠીને અનુભવી થયેલું. કઠણ મનનું; મજબૂત જીવ નહિ તેવું

૩. વિ. નકામું; નિરર્થક

૪. વિ. નબળાઈ; કસર નહિ તેવું, ગુનેગાર માટે બોલાય છે.

૫. વિ. ખાટી ગુજરેલું, ખરાબ થયેલું; કરેલ.

૬ વિ પ્રાણ; દાટિયું

કોકના સામાન્ય કારણ કુલ મુલાકાતમા રીઢા અનેરા કેટીઓને નહિ જ દુઃખ છે તખ્તવત

૭. વિ વધારે ને મજબૂત થયેલું, પાકું, કઠણ; જલ્દ જાગે નહિ તેવું; નીવડેલું.

જાતે મને ગોરસનુ દુઃખ નથી
માછ મોગી રીઢી હો પ્રેમાનંદ

રીઢુ ૧ ન. (જૂ ગુ) ઝાખ; દેવ, કર્મ.

બીજું સુખ દેખ્યુ નહિ નેવરા જ્ઞાનવિમલસૂરી

૨. [સં.] વિ સંવેદ; કરેલું; ખરેલું

રીત ૧ સ્ત્રી કરવાની રીત, પદ્ધતિ, કૌશલ

૨. [સં રીતિ] સ્ત્રી. ચાલ; શિરસ્તો; રસમ, પ્રથા ચલન ચાલતું આવેલું ધોરણ; રવૈયો; રીતિ; રિવાજ; પરંપરા. રૂઢિ, ઢબ, પદ્ધતિ

૧. રીત કરવી = (૧) કબજામાં કરવું. (૨) માર વિધિ દાખલ કરવું (૩) માર્ગદર્શક પ્રસંગે ભેટ કે આપણે કરવી, પહેરામણી વગેરે આપવું; શુભાશુભ કાર્યમાં બનને આપવું લેવું (૪) વિધિ કે રિવાજ પ્રમાણે કરવું

૨. રીત પડવી = ટેવ પડવી; રિવાજ થવો

૩. રીત રાખવી કે રીતમાં રહેવું = (૧) રીતરિવાજને અનુસરવું; કોકાચારથી વિરુદ્ધ ન વર્તવું; રિવાજ પ્રમાણે વર્તવું; વર્તણૂકમાં નિયમિત થવું. (૨) લેખદેખમાં સાચું રહેવું; વ્યવહાર સાચવવો

૪. રીતમા આવવું = નિયંત્રણ તરીકે કામ કરવા બાબી મારી રીતભાતમા પાછા આવવું; કરેલ થવું. ઉદ્ધત સ્વભાવ છોડવો આર્ય તજવો; દબવું થવું.

૩. સ્ત્રી. પારો; નિયમ; કાયદો.

૪. સ્ત્રી. પ્રકાર, તરેહ, જાત.

૫. સ્ત્રી. યુક્તિ; કળા; ઉપાય. જેમકે પારો મારવાની રીત કે તમને બતાવિશ.

૬. સ્ત્રી. ઢાંચો; ઢબ

જઈ રીત ઘણો આખરી કાળો ખારી. પ્રેમાનંદ

૭. સ્ત્રી. વર્તણૂક; વર્તન; આચરણ; વૃત્તિ; કામકાજ કરવાનો, વર્તવાનો, ચાલવાનો માર્ગ; આચરણ.

૮. સ્ત્રી ચોરી; ધાડ.

રીતડી (રીતડી) સ્ત્રી. રીત; રિવાજ

હવે એક હવાલ માનવ રીતડી. નેમવિજય

રીતભાત ૧. સ્ત્રી. કરકસિયાવર

૨ સ્ત્રી. ચાલ, રિવાજ; રસમ

૩ સ્ત્રી રૂઢિ; પ્રથા.

૪ સ્ત્રી વર્તણૂક, ચાલચલગત, આચરણ; રહણીકરણી, ચાલચલણ.

દલીલો કરીને બહેનોને સમજાવી કે, તેમનુ બહારને બહારણ નહિ પણ રીતભાત શીખવવાની છે, બાબતો સમજતા કરવા. તેમને સ્વચ્છતાના નિયમો શીખવવાના છે. આપીજ

૫. સ્ત્રી બજારમાં કાર્ય કરવાની કે ચાલવાની પદ્ધતિ; આપવા-લેવાનો વ્યવહાર; શુભાશુભ કારણે રિવાજ મુજબ આપવા લેવાનું તે.

રીતરવેશ ૧. પુ. ચાલચલગત; વર્તણૂક.
૨. પું. રવૈયો; રિવાજ; શિરસ્તો
૩ પું. જમવાત; ગોત્રતા.

રીતરસમ સ્ત્રી. રીતરિવાજ; રીતભાત; રહેણિકરણી.

રીતરિવાજ પું. બ. વ. રીતભાત અને રૂઢિ; આચાર; ધોરણ; પારાધોરણ; રીતરિવાજ

રીતસર ૧. વિ. યોગ્ય; અમોઘાર્થી હોય તેવું.
૨. વિ. રિવાજને અનુસરતું
૩. અ. રીતને અનુસરીને, નિયમ પ્રમાણ. યોગ્ય પ્રમાણે, યથાવિધિ. જેમ આચરણનો રિવાજ હોય તેમ; પારાસર; યથાનુક્રમ; જેમ ઘટિત હોય તેમ, પદ્ધતિસર; રીત પ્રમાણે.
સમાજવ્યવસ્થાને **રીતસર**, ધ્યેયસર, કેમ કરવું તે ઇતિહાસનો અભ્યાસ જ યથાયપણે રીખવે. ૨ કે
૩. આ. પરિષદ

રીતિ ૧. સ્ત્રી. આચાર; રિવાજ; પ્રણાલિ; રસમ; રૂઢિ; અમલથી ચાલતી આવેલી ચાલ.
૨. સ્ત્રી ઢાટ; ઓઢાનો કાટોડો
૩. સ્ત્રી. (કાવ્ય) કાવ્યનું એક અંગ; અલંકારશાસ્ત્રે પ્રસિદ્ધ ગૌડી વગેરે રચના; વિશિષ્ટ પદરચના; ગુણને અનુરૂપે રહેલા પદસમૂહના. વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એ ત્રણે રીતિ છે. જેમાં બંધબેસતા નથી, શબ્દ કઠિન નથી અને અતિ દીર્ઘ સમાસ નથી તે વૈદર્ભી રીતિ. જેમાં દીર્ઘ સમાસ હોય તે ગૌડી રીતિ; વૈદર્ભી અને ગૌડી એ ઉભય રીતિના મિશ્રણવાળી રીતિ તે પાંચાલી છે. આ ત્રણ રીતિને ઉપનાગરિકા, પરુષા ને કોમલવૃત્તિ કહે છે. અમુક મતે શૃંગાર આદિ નવ રસ તથા ભાવ અને રસાભાસ ઇત્યાદિનું પોષણ કરનારી શરીરના અવયવોની માફક પદોનો જેમાં યથાસ્થાન વિન્યાસ કરેલ હોય તે રીતિ કહેવાય છે.
આરિકાવ્ય વાક્યમાંથી રસભાવપ્રધાન રસ, અલંકાર, ગુણ, **રીતિ** વગેરે કાવ્યાંગોથી પૂર્ણ હોઈ સાહિત્યનો અપૂર્વ આદર્શ થવા યોગ્ય છે. કાવ્યશાસ્ત્ર
૪. [સં. રી (જવું) + ક્તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ગતિ; જવું તે.
૫. સ્ત્રી કરવું તે; કરવું તે; ભરવું તે.
૬ સ્ત્રી તરેહ; જાત; પ્રકાર; રીત.
૭. સ્ત્રી. ધારો; નિયમ; કાયદો.
૮ સ્ત્રી. પદ્ધતિ; ઢબ
૯. સ્ત્રી પિનગ.
૧૦ સ્ત્રી. પેઢાબ.
૧૧ સ્ત્રી પ્રશંસા, સ્તુતિ
૧૨ સ્ત્રી. બાળેલા સોના વગેરેનો મેલ
૧૩. સ્ત્રી. મતિ; બુદ્ધિ.
૧૪ સ્ત્રી. લખાણની શૈલી.
૧૫ સ્ત્રી. વર્તણૂક; ચાલચલગત.
૧૬ સ્ત્રી, વહેવુ તે.
૧૭. સ્ત્રી. સીમા; હદ.
૧૮. સ્ત્રી સીસુ
૧૯ સ્ત્રી. સ્વભાવ.

રીતિકુસુમ [સં.] ન. પુષ્પાંજન.

રીતિદોષ [સં] પું પદ્ધતિદોષ; ખોટપદ્ધતિ; બેદરકાર.

રીતિવાચક [સં] વિ. એક જાતનો ક્રિયાવિશેષણ અવ્યય જેમ, તેમ, કેમ, એમ, આમ વગેરે રીતિવાચક ક્રિયાવિશેષણ અવ્યય છે.
કાળવાચક, સ્થળવાચક, **રીતિવાચક** ને પ્રમાણવાચક ક્રિયાવિશેષણ શબ્દ કે શબ્દ સમુદાય બહુધા વાક્યના આરંભમાં આવે છે.
બૃહદ્ વ્યાકરણ

રીતે ૧. અ. પેઠે, એ પ્રમાણે
૨. અ. રિવાજ કે પદ્ધતિ પ્રમાણે
૩ અ. ત્રીજે.

રીત્યા અ રીતે; પ્રમાણે; રીતથી.

રીધ સ્ત્રી સિદ્ધિ; સંપત્તિ; પૈસો; લક્ષ્મી; ધન.

રીધસીધ સ્ત્રી. સિદ્ધિસિદ્ધિ; સંપત્તિ.

રીપા ૧. સ્ત્રી. ખટપટ; વેર
૨. સ્ત્રી. રીત.

રીપ સ્ત્રી. (વહાણવટું) પાટિયાની કોર ઉપર જડેલી લાકડાની પટી.

રીબન સ્ત્રી. એક જાતની માછલી. ઊંડા દરિયાની આ માછલી ઉત્તર સમુદ્ર, આટલાંટિક અને ભૂમધ્ય સમુદ્રમાં વસે છે. તેને પાતળું સાંકડું શરીર હોય છે તેની લંબાઈ સાથે તેની પાંખો જેવું અવયવ પણ હોય છે. માથા ઉપરની પાંખો લાંબી હોય છે, જે કલગી જેવો આકાર બનાવે છે ને ૧૮ ફૂટ લાંબી હોય છે.

રીબાવું ૧. અ ક્રિ. ત્રિપાવું; દુઃખી થવું; પીડાવું
૨. સ ક્રિ. ખૂબ દુઃખ દેવું; હેરાન કરવું; કનડવું; પીડવું.

રીબામણી સ્ત્રી. ત્રિપાવવું તે.

રીમ ૧. [ફા] સ્ત્રી. પડ.
૨ [અ] ન. કાગળના વીસ દસ્તાનો જથ્થો; વીસ ઘા. ૪૮૦ નંગ

રીમોરહ ન. એક જાતનું માછલું. તેને માથાના પાછલા ભાગ ઉપર ચક્ર હોય છે. તે વડે તે ચૂસીને ખડક, વહાણ અથવા તંતુ અને બીજાં માછલાંને ભાગી શકે છે. ને બીજાં માછલાં પકડવાનું કામ કરે છે

રીર સ્ત્રી. ચીસ; ભૂમ; રીડ; દુઃખ અથવા વગેરેનો તીણો અવાજ.
વળી અપાર તાડીઉ, અપાર પાડી રીર
નાકર

રીરી ૧. [સં.] પું. શિવ.
૨. સ્ત્રી. એક જાતની રોટલી તે પીળા રંગની વાટી આપે છે. તે મોરબીપ્રદેશમાં વપરાય છે
૩. સ્ત્રી. કરોડરજ્જુ.
૪. સ્ત્રી. પિત્તળ.

રીલ ૧. [અં.] સ્ત્રી.;ન. દોરાની એક જાતની દડી; રોલ; સીવવાના દોરાનો વીંટાળો; દોરો વીંટેલી મરજડી કે ભૂંગળી.
૨. સ્ત્રી..ન. સિનેમાનાં દૃશ્યોની લાંબી પટી.

રીવ ૧. સ્ત્રી (જૂ. ગુ.) ભૂમ; ચીસ; રાડ
૨. સ્ત્રી. રાવ; ફરિયાદ.
હું તું વલતુ માગિશિ છત,
હ નહીં કૂડું કરતુ રીવ. સાવલસમય

રીસ ૧. સ્ત્રી. ઈર્ષા
૨ સ્ત્રી. બીજાના બોલથી કે કામથી મનમાં ઊઠેલી અપ્રિય લાગણી રોષ; ચીઢ; મનમાં ખોટું લાગવું તે; કમત; નાખુશી; ગુસ્સો; કોપ; કોપ; અપ્રિયતાની કષ્ટિક ગુસ્સો ચઢવો તે; અણમનાપણું આઘાત; અણગમો; અભાવ; અપ્રીતિ અને ધિક્કાર ઉપજવો તે.
તેત લઈ, ભૂમરેલુ રાજ કુઈ રીસ થઈ
પૃથ્વી સં. ૧૪૭૮
૧. રીસ ઊતરવી = ગુસ્સો ઊતરી જવો.
૨. રીસ કરવી = (૧) અપ્રિય લાગવાથી ઉદાસી આકૃતિ; કોપ કરવો; ગુસ્સો કરવો. (૨) માઠું લાગવું. (૩) રિસાવું કરવી.
૩. રીસ ચઢવી–રીસે ભરાવું = ખોટું લાગવું; અણમનાપણાના કોપનો આવેશ ચઢવો; ગુસ્સે થવું.
૪. રીસની બંબૂડી = બહુ જ રિસાળ; રીસનો દરિયો; રીસનું ઘર; બહુ કોપી માણસ.
૫. રીસનું ઝાડ = બહુ જ રિસાળ; મહા રિસાળ; જેને વારંવાર મોટી રીસ ચઢતી હોય તેવું; કજિયા કંકાસથી કોઈ ને કામ સરતા ન હોય તેવું; વાતવાતમાં રિસાઈ જવું.
૬ રીસે ભરાવું = કોપે ભરાવું કે બળવું.
૩. સ્ત્રી રિસાવું તે
૪ [બિ] સ્ત્રી. હરીફાઈ; સ્પર્ધા

રીસકો પું. રીસ; કોપ; ગુસ્સો; માઠું લાગવું તે.

રીસડી (રીસડો) જુઓ રીસ.

રીસભેર અ. અત્યંત રીસથી; બહુ ગુસ્સાથી.

રીસવશ વિ રીસને તાબે થયેલું; જેને રીસ ચડી હોય તેવું

રીસવુ અ ક્રિ. રીસ કરવી, ક્રોધે ભરાવુ, રિસાવું.

રીંગણ ન. રીંગણું; વતા.ઃ વેંગણ; એક શાક કુળ.

રીંગણલીલા સ્ત્રી. પ્રભુની ઘૂંટણે ચાલવાની ગતિ.

રીંગણિયુ ૧. ન. એ નામનું એક ઘરેણું.

૨ ન કળાદર વગેરે મસાલા ભરવાનું ભાકવાનું રંગિત કામ.

રીંગણી સ્ત્રી. રીંગણાનો છોડ; વેંગણનો છોડ; વતાકડી; ક્રિષ્ણબિંટા, હિંડીર; સિર્કા, ભાકમેંગા. તેના પાન પહોળાં થાય છે. તેમા કાંટા હોય છે. તેના ફળ રીંગણાં કહેવાય છે. તે નીચે લટકતાં હોય છે. બોળી રીંગણીની બે જાત થાય છે. તેના મૂળ દવામાં ઉપયોગી મનાય છે. તે પિત્તહર, દીપન, કફ હોવાથી તાવ અને ઉધરસમા કામમા લેવાય છે.

રીંગણીને માથે હિમ = મરીજ ઉપર દુઃખ પડવુ.

રીંગણું ૧. ન. એક જાતનું શાકફળ; રીંગણીનુ ફળ. રીંગણ, વેંગણ; વતાકં; બંટિકા, વાત્રી. રિંગણી પીળા, કાળા, સફેદ તથા લીલા રંગના થાય છે. તેમજ ટૂંકાં, મોળ, મોટાંકાં અને લાંબાં પણ થાય છે. રીંગણા માટે રેતીવાળી પોચી જમીન તથા નોરાહુ તથા ખાતર વગરની માટીની જમીન માફક આવે છે. ચોમાસામા તેના બી રોપી રોપા કરવામા આવે છે. બાદ આવ્યે માસમાં તેના રોપા ફેરવીને તેને માટે તૈયાર કરેલી જમીનમાં ક્યારા બાંધી બબ્બે ફૂટને અંતરે વાવવા અને પાણી પાવું. દર અઠવાડિયે કે ૭ દિવસે પાણી પાતા રહેવું. રીંગણાની જમીનમાં ખૂબ ખેડ ને ખૂબ ખાતર તથા તેને નીંદામણથી સાફ રાખ્યા ગોડ કરતાં રહેવાથી તથા રીંગણાં વેચ્યા પછી દર મહિનામા બે વાર બાવનું પાતળું પાણી પાવાથી બમણી ઊપજ આવે છે. રોપા ફેરવ્યા વાવ્યા પછી બે માસે તેમાં ફાલ આવી રીંગણા બેસવા લાગે છે.

રીંગણાં બેબ્યા-તોળ્યાં = ઝોબાં બાંધ્યા

૨ ન. કળાદર વગેરે મસાલા નાખવા માટે વપરાતુ ભાકવાનું એક વાસણ

૩ ન. શિશ્ન, પુરુષની જનનેંદ્રિય.

૪. વિ. રીંગણું; નીચી બામણીનું; વામન; ઠીંગણુ નહિ તે.

રીંગવુ અ ક્રિ. પસાર થવુ; નીકળવુ; ઓળંગવુ; આરપાર જવુ

રીંગાઈ ૧ સ્ત્રી. મૂર્ખાઈ.

૨. સ્ત્રી હડીસાઈ; જક્કીપણું.

રીંગાડવુ (રીંગડવુ) સ ક્રિ. રીંગે તેમ કરવુ

રીંગું ૨. વિ. અક્કલ વગરનું; મૂર્ખ; ન સમજે તેવું

૨. વિ કજિયાળું

૩. વિ. હઠીલું, કામચોરું; જિદ્દી; અવળચંડું. અક્કડ કહે પરમાણંદ, રીંગાં કેમ શમત, પહેલા આવે ચાટુએ, પછી દીએ ઘેટ અંત.

ન્હાનાલાલ

રીંછ ૧. [સ. ઋક્ષ-રિંક્ષ-રીંછ] ન. આખે શરીરે લાંબા વાળવાળુ એ નામનું એક રાતા ચોપગુ હિંસક પ્રાણી. દીર્ઘકેશ; દીર્ઘનોદ્ધા. તેને આખે શરીરે ખરછટ લાંબા અને લાંબા વાળ હોય છે. તેના નખ મોટા અને બો બાંધવા જેવુ હોય છે. તે પાછલા પગ ઉપર ઊભુ થઈ શકે છે. મધપૂડો પાડી તે મધ ચૂસી લે છે. વાળ બચ્ચા હોવાથી માબાપના કંઈ તેને લાગતા નથી. ઊંઘણ ને પણ વ છોડતુ નથી. તેના જાત નીચ પ્રભાવે છે. કાળું રીંછ: તે ઉત્તર અમરિકાના રોકી પર્વતોના ડાળમા વસે છે. તે નવ ફૂટ લાંબું અને વજનમા નવ મણ સુધી હોય છે. ધ્રુવ રીંછ: તે રીંછના વાસ ઉત્તર ધ્રુવ તે ફરતાં જંગલોમાં છે. ભૂરું રીંછ: તે વરુ અને એસિઆમા માદાં જંગલમા અથવા પર્વતની ઊંડી ટોચે એકાંતમાં રહે છે. મલાયી રીંછ: તે બધુ નાનુ છે અને મલાકા અને બોર્નિઓના ટાપુઓમા વસે છે તે ઠળી શકે છે. હિંદી રીંછ: તેનું મોટું બાકું અને બાજ કાળા હોય છે

બહુવિધ ઠોકે રીંછ બજારમાં બંદરવંતના ચાલાકી કમેળ

૨. ન. બીજા ઉપર પેસ પાડવાનુ એક ઓજાર.

૩. ન. મંદી ઓ; કુલ.

રીંછડી (રીંછડો) ૧. સ્ત્રી. નાની વાદળી.

૨. સ્ત્રી. (વનસ્પતિ) મચ્છલા.

૩. સ્ત્રી. રીંછની બાલ.

રીંછડું (રીંછડું) ૧. ન. રીંછ.

૨. ન. રીંછનું બચ્ચું

૩. ન. શરીરે ખૂબ વાળ હોય અને જે ખડબંડાયું હોય તેવુ માણસ

૪. વિ. ખૂબ વાળવાળુ.

૫. વિ તોફાની.

રીંછણ સ્ત્રી. રીંછની બાલ; હીબકોલો

રીંછણના [સં.] સ્ત્રી. જાંબુવતી; શ્રીકૃષ્ણની એ નામની એક રાણી

રીંછણ જુઓ રીંછણ.

રીંછિરા પુ રીંછનો ગાળ. બબુરત.

રુ ૧ પુ અવાજ

૨. પુ. કાયમ લીલો રહેતો એક જાતનો છોડ તે ઊંચરામા ઘૂમટા જેવો છે. તેમાં વાદળી જાંબ પડતાં લીલાં નાના પાદડા આવે છે. પાદડાં સ્વાદે ખરાબ છે પણ તેમાથી નીકળતું તેલ દવામાં વપરાય છે. આ છોડમાં પીળાશ પડતાં ફૂલનાં ઝૂમખાં આવે છે. તે ગોલાના છોડ તરીકે પણ ઓળખાય છે

૩. પુ. ગતિ.

૪. પુ. બીડ

૫. પુ. ઘડાઈ

૬ પુ રથ

૭. પું. વિલાસ કરવા તે

૮ અ ક્રિ. અવાજ કરવો; શબ્દ કરવો

૯. [સં] અ. ક્રિ (ધાતુ) ચીસ પાડી બોલવું; ઘૂમ પાડવી.

૧૦. અ ક્રિ. જવું; ખસવુ

૧૧. અ. ક્રિ. દિલગીર થવુ. અફસોસ કરવો

૧૨. અ. ક્રિ. રડવુ કરવો; મારી નાખવુ

રુઆબ ૨. પું. ડર; ભય.

૨ પું. ઠોળ; ઉપરછ દેખાવ; રોફ.

૧. રુઆબ કરવો = રોફ કરવો.

૨. રુઆબ પડવો = રોફ પડવો; સામા ઉપર રોફ કે રોફની અસર થવી.

૩. રુઆબ રાખવો = રોફથી રહેવુ કે વર્તવુ.

૩. પું. પ્રતાપ; તેજ; ઢાળ.

૪. પું. બબડાટ; દબદબો.

રુઆબદાર વિ. રુઆબવાળુ.

રુઈ ૧. સ્ત્રી. એક જાતનો છોડ; આસુરી; મોદરી. તેની જાત અને પાંદડાં રંગવાના કામમાં આવે છે.

૨. સ્ત્રી. પ્રકાર; મા.ર્ગ.

રુઈએ જ. પ્રમાણે.

રુંક ૧. સ્ત્રી. બકરાનું નકતર.

૨. [સં. રુજ્] સ્ત્રી. અસાધ્ય રોગ.

૩. સ્ત્રી. ઉદાર સ્વભાવત.

૪. વિ. ઉદાર.

રુંકસાત જુઓ રુંબસત.

રુંકાર ૧. પું સમાનિવાળા લેખની નકલ કર્યા પછી વસ્તુબાત લીધા બદલ કે એવું કરવામાં આવતુ ચિહ્ન.

૨. પું. સ્વીકાર; હા

રુંકાવ ૧. [હિ] પુ. બકવાસ; રોબાવું; રોકાવું.

૨. પું આનાકાની
૩. પું. કબજિયાત; મળાવરોધ.
૪ પું. ગેરસમજૂતી
૫. પુ દુર્ગંધ.
૬ પુ. ઉતરડ; આડખીલી.

રુકાવટ ૧. સ્ત્રી. રોકાણ; રોકત; અટકાવવાપણું. ખાળી રાખવું તે; નિરોધ

૨. જુઓ રુકાવ.

રુકાવતી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; ચંપકમાલા. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, મગણ, મગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

રુક્કો ૧. [અ. રુકમ] પું. ટૂંકી ચિઠ્ઠી, ટિપ્પણ, નોંધ; પ્રમાણપત્ર; દાખલો, હાથચિઠ્ઠી.
રુક્કો કરવો–કરી આપવો = કોર્ટ દ્વારસર ચિઠ્ઠી લખી આપવી

૨. પું દસ્તાવેજ; ખત.

રુક્પ્રતિક્રિયા [સં. રુજ્ (રોગ) + પ્રતિક્રિયા (ઉપાય)] સ્ત્રી. ચિકિત્સા; રોગ દૂર કરવાની ક્રિયા.

રુક્મ ૧. પું. ધંતૂરો.
૨. પું. નાગકેસર.
૩. પું. ભીષ્મકનો સૌથી મોટો દીકરો અને રુક્મિણીનો સગો; રુક્મિણીના એક ભાઈનું નામ.
૪. [સં.] પું. સોનાનો દાગીનો.
૫. પું. (પુરાણ) **સોમવતી** યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુક્મ રાજાનો પાંચ માહેનો બીજો પુત્ર
૬. ન. લોઢું.
૭. ન. સોનું.
અતરુપ રુક્મપૌત્ર તે આમીકર તપનીય,
રુક્મ એહ રે,દત રુનક મહારજત રમનીય.
પિંગલપ્રબોધ
૮. વિ તેજસ્વી

રુક્મકાર [સં.] પુ. સોની.

રુક્મવાહન [સં.] પું દ્રોણાચાર્ય.

રુક્માવતી જુઓ રુકાવતી

રુક્માંગદ ૧. પું. (પુરાણ) એ નામનો એક પ્રાચીન ભગવદ્ભક્ત રાજા; એ નામે એક વિષ્ણુભક્ત
૨. પું (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં ગયેલ એ નામનો એક રાજા.
૩. પું. (પુરાણ) જહ્નુનો એ નામનો એક પુત્ર
૪. વિ સોનાનું કડું પહેરેલ.

રુક્મિ ૧. પું (જૈન) એ નામનો એક પર્વત. તે રમ્યક ક્ષેત્ર પૂર્ણ થયે તરત જ મહા હિમવંત પર્વત જેવી અવસ્થાવાળો શ્વેત રંગનો મનાય છે.

૨ પું. જૈન મત અનુસાર પાંચમા બંડનું નામ. તે રમ્યક અને હિરણ્યવત બંડની વચ્ચે આવેલો છે.

રુક્મિણી ૧. સ્ત્રી. મોટીબજાર; સોનામુખી.
૨ સ્ત્રી (પુરાણ) વિદર્ભ દેશાધિપતિ ભીષ્મક રાજાને લક્ષ્મીના અંશાવતાર રૂપે અવેલી એ નામની કન્યા; શ્રીકૃષ્ણની પટરાણી તેમને શ્રીકૃષ્ણ પરણ્યા હતા શ્રીકૃષ્ણનાં રૂપ, ગુણ અને પ્રભાવનું વર્ણન સાંભળીને રુક્મિણીને તેના ઉપર મોહ થયો હતો; પરંતુ તેના મોટાભાઈ રુક્મીને આ વાત ગમી નહિ. તેણે રુક્મિણીને શિશુપાલને પરણાવવાનો વિચાર કરી લગ્નની તૈયારીઓ કરવા માંડી. રુક્મી કર્તાહર્તા હોવાથી તેના પિતાનું તેની આગળ કંઈ ચાલતું ન હતું. રુક્મિણીએ એક બ્રાહ્મણ દ્વારા શ્રીકૃષ્ણને દ્વારકા સંદેશો મોકલાવ્યો. તેથી શ્રીકૃષ્ણ કુંડિનપુર ગયા. લગ્નપ્રસંગે અવર પડતાં તે તેની પાછળ પાછળ ગયા. ત્યાં શિશુપાલ અને બધા એકઠા થયેલા. રાજાઓને હરાવીને તેઓ રુક્મિણીનું હરણ કરી લાવ્યા. રુક્મિણીને શ્રીકૃષ્ણથી પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ, ચારુદેહ, સુષેણ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુવિંદ, સુચારુ અને ચારુ એમ દસ પુત્ર અને ચારુમતી નામની એક કન્યા મળી અતિશય સંતાન થયાં હતાં શ્રીકૃષ્ણની બધી સ્ત્રીઓમાં તે પટરાણી હતાં. શ્રીકૃષ્ણ નિજધામ ગયા ત્યારે તેમણે શ્રીકૃષ્ણના દેહ સાથે સહગમન કર્યું.

રુક્મી [સં. રુક્મન્] ૧. પું. (પુરાણ) વિદર્ભ દેશના ભીષ્મક રાજાના પાંચ માહેનો સૌથી મોટો પુત્ર
૨. વિ સોનાનાં ઘરેણાં પહેરેલું
૩. વિ. સોનાવાળું.

રુક્મેયો પું. (પુરાણ) વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક રાજાના પાંચ માહેનો સૌથી મોટો પુત્ર. જુઓ રુક્મી

રુક્ષ ૧. પું. ઋષિ. મુનિ.
તેણે સંગ વિશ્વામિત્ર રુક્ષ
રામચંદ્ર શું જોવા મુખ્ય. હરિરામ
૨. ન. એ નામનું એક નક્ષત્રમંડળ.
૩. ન. એક ખનિજ પદાર્થ.
૪. ન. ઝાડ; વૃક્ષ.
૫. વિ. કઠણ; કઠોર, સખત, કર્કશ; નિઃસ્નેહ
૬. વિ. ખડબચડું
૭. વિ ચીકણું નહિ તેવું
૮ વિ. તેજસ્વી.
૯. વિ. રસ વગરનું; નીરસ
૧૦. વિ લૂખું; શુષ્ક; સૂકું.

રુક્ષાક્ષ ન. ૭ માહેની એક જાતની ચિકિત્સા.

રુક્ષતા ૧. સ્ત્રી. કઠોરતા; કઠણાઈ; લૂખાપણું.
૨. [સં.] સ્ત્રી. રસ હોવાપણું; શુષ્કતા.

રુક્ષત્વ જુઓ રુક્ષતા

રુખ ૧. પું. કૃપ દૃષ્ટિ
૨ [કા.] પું. ચાલ, કપોલ
૩. પુ. ચહેરો; દિકબ.
૪ પુ પક્ષપાત; વલણ.
૫. પુ મુખની આકૃતિ પરે પ્રકટ થતી મનની ઇચ્છા.
૬. પુ મોઢું; મુખ.
૭ ॥ ગેરરેજનું સોમઠું; મહોરું; બ્યાડું.
૮. પુ ગમેનો કે આગળનો ભાગ.
૯ ન આકૃતિ
૧૦ ન એક જાતનું ઘાસ.
૧૧ વિ કડું; ટાઢું
૧૨ વિ સૂકું; લૂખું
૧૩ અ. તરફ; બાજુએ
૧૪ અ. સામે.

રુખસત ૧. [અ. રુખ્સત] સ્ત્રી. જવાની પરવાનગી. છૂટી; આજ્ઞા.
૨. સ્ત્રી. બરતરફી; રજા; કાઢી મૂકવું તે.
૧. રુખસત આપવી–કરવી–દેવી = (૧) નોકરી કે કામ ઉપરથી કાઢી મૂકવું; બરતરફ કરવું; (૨) વિદાય આપવી.
૨. રુખસત થવી–મળવી = રજા મળવી; કાઢી મૂકવું
૩. રુખસત લેવી = રજા લેવી; છૂટા થવું.
૩. સ્ત્રી. રવાનગી; વિદાય; પ્રસ્થાન.

રુખસદ જુઓ રુખસત

રુગેલ ન. એક જાતનું પંખી.

રુગ્ણ ૧. વિ. અટકાવેલ.
૨. વિ પ્રબળ પ્રમાણ
૩ વિ. બીમાર; માંદું, રોગી.
૪. વિ. ભગ્ન, ભાંગેલું.
૫. વિ વાંકું.
૬ વિ. વાંકું.

રુગ્ણતા [સં.] સ્ત્રી રુગ્ણ હોવું તે.

રુગ્ણતાપમાન [સં.] ન. મનુષ્યના શરીરની ગરમી માપવા માટેનું થરમોમિટર. તેમાં ૯૫°થી ૧૧૦° સુધીના આંકડા હોય છે.

રુગ્ણત્વ જુઓ રુગ્ણતા.

રુગ્ણપરિચર્યા [સં.] સ્ત્રી. માંદાની સેવા.

રુગ્ણાલય [સં.] ન રોગીઓને રહેવાનું ઠેકાણું; દવાખાનું; આતુરશાળા; દવાખાનું; જ્યાં માંદાઓની સારવાર થતી હોય તે જગ્યા.

રુગ્ણાવસ્થા [સં.] સ્ત્રી. રોગીપણું; માંદગી.

રુગ્દાહ [સં.] પું. સન્નિપાત; તેર જાત માંહેનો ૨૭ દિવસની મુદતવાળો અસાધ્ય મનાતો એક ત્રિદોષજ્વર

રુચ્ય ૧. [સં.] વિ. (ધાતુ) ગમવું; માફક આવવું; પ્રસન્ન થવું. તે ઉપરથી વર્ણેશ શબ્દ: રુચા, રુચી વગેરે

૨ વિ. કિ પ્રકાશવું; સુંદર દેખાવું; દીપવું

રુચ્ય જુઓ રુચા.

રુચક ૧. [સં] પું. કમળનર.

૨. પું. દક્ષિણ દિશા.

૩. પું. પુરુષના પાંચ બાંહેનો એક પ્રકાર. હંસ, ભદ્ર, માલવ્ય, રુચક અને શશ એ પાંચ પુરુષો જાણવા. પુરુષતત્ત્વ

૪. પું. બીજોરાનું ઝાડ.

૫. પું (પુરાણ) મેરુના દક્ષિણ બાજુના ત્રણ બાંહેનો એ નામનો એક પર્વત

૬. પું. (પુરાણ) સૂર્યવંશી ધ્રુવના પુત્રોત્પન્ન હરિશ્ચંદ્રના વંશના ભરત રાજાનું બીજું નામ.

૭. પું. સોનામહોર.

૮. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કુકુર રાજાનો પુત્ર.

૯. ન. ગોરોચના.

૧૦. ન. ઘોડાની ડોક ઉપરનું વાળનું ઝૂંબખું.

૧૧. ન. ઘોડાનું એક આભૂષણ.

૧૨. ન. આમળા જાયફ રસ.

૧૩. ન. ટંકણખાર.

૧૪. ન. (સિદ્ધ) જાયફ જાવંત્રી હોય અને ઉતાર તરફ બંધ હોય તેવું મકાન.

૧૫ ન હાથ

૧૬. ન. બીલેરો.

૧૭. ન. બાણ; કાર.

૧૮. ન. માંગલિક કર્મ.

૧૯. ન. બીડું

૨૦ ન. વ.વડિલ

૨૧. ન. સભા.

૨૨. ન. ભાજીખાર.

૨૩ ન. સોનાનું એક જાતનું પાત્ર

૨૪ વિ ઉત્કૃષ્ટ

૨૫ વિ. ખુશ કરે તેવું; ગમતું.

૨૬. વિ. દીપનાર; પ્રકાશનાર; શોભનાર.

૨૭ વિ. સ્વાદિષ્ટ.

રુચકી [સ.] સ્ત્રી. કમળનર માદા.

રુચતું ૧. [સં. રુચ્] અ. ક્રિ. ગમવું; પસંદ પડવું.

૨. અ. ક્રિ. ઠીક પડવું; ફાવવું.

૩. અ ક્રિ. સંતોષ થવો; રીઝવું.

૪. અ ક્રિ. સ્વાદ જાણવો; ભાવવું.

રુચા ૧. સ્ત્રી. ઇચ્છા.

૨. સ્ત્રી. પોષ્ટ કે મેનાનો અવાજ.

૩. સ્ત્રી. રંગ.

૪. સ્ત્રી. દીપ્તિ.

૫. [સં. રુચ્] સ્ત્રી. શોભા; દીપ્તિ; પ્રકાશ

રુચિ ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ જગણ મળી પંદર અક્ષર હોય છે

ય જ જ જ જ હરી અધિ હ રચ સુંદર.

અધિપિંગળ

૨. પું. (પુરાણ) એ નામે એક પ્રજાપતિ. તે રૌચ્ય મનુના પિતા હતા. સ્વયંભૂ મનુએ તેને ત્રણ કન્યાઓમાંથી આકૂતી નામની કન્યા પુત્રિકાધર્મે પરણાવી હતી એટલે તેને યજ્ઞ અને દક્ષિણા એવું જે કન્યાયુગ્મરૂપ જોડલું થયું તેમાંથી પુત્ર યજ્ઞ મનુને આપ્યો અને દક્ષિણા નામની કન્યા મનુએ પાછી એટલે તે જ યજ્ઞને પરણાવવા માટે આપી હતી.

૩. [સં.] પું. સિંધનાં કબ્બર માંહેનું એક નામ; રુચિરગઢ.

૪. [સ] સ્ત્રી. અનુરાગ; પ્રીતિ; સ્નેહ. આસક્તિ.

૫. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૬. સ્ત્રી. એક પ્રકારનું આદિજન.

૭. સ્ત્રી. કિરણ.

૮. સ્ત્રી. ગોરોચના.

૯. સ્ત્રી. તબિયત.

૧૦. સ્ત્રી. (પુરાણ) દેવસર્માની સ્ત્રી. ઉદ્ગ તેના ઉપર મોહિત થઈને તેને વશ કરવાને પ્રયત્ન કરતો હતો. તેનાથી તેની રક્ષા કરવાનું દેવકર્માએ પોતાના શિષ્ય વિષ્ણુને સોંપી પોતે યજ્ઞ કરવામાં રોકાયો. શિષ્યે યોગબળે પુરુષપત્નીના અંગેઅંગમાં પ્રવેશ કરીને ઉદ્ગને જોરો પાડ્યો હતો.

૧૧. સ્ત્રી. ભૂખ.

૧૨. સ્ત્રી. મજા; હરખ; આનંદ.

૧૩. સ્ત્રી. રસ; સ્વાદ; ભાવવું કે ગમવું તે.

૧૪. સ્ત્રી. રુચિરતા; રમણીયતા; રસવત્તા.

૧૫. સ્ત્રી શોભા; કાંતિ; દીપ્તિ; પ્રકાશ. ઝગઝગાટ; પ્રભા.

૧૬. સ્ત્રી સુંદરતા.

૧૭. સ્ત્રી. સૂર્યની એ નામની એક કલા.

તપિની, તાપિની, પ્રભા, મરીચિ, જ્વાલિની, ક્ષમિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી એ ક્ષમા એ સૂર્યની દ્વાદશ કલાનાં નામ છે. ભોગીલાલ

૧૮. સ્ત્રી. રૂપહા, અભિલાષ; ઇચ્છા; ભાવ; મરજી

૧૯. વિ. રોચક, પુનરુક્ત.

૨૦. વિ. સુંદર; રુચિર.

રુચિકર ૧. [સં.] વ. નારંગીનું ઝાડ.

૨. વિ. ઇચ્છા રાખનાર.

૩. વિ. ગમે તેવું, સુંદર, મનોહર; મનને પ્રસન્ન કરે તેવું; દિલપસંદ

૪. વિ. પ્રકાશનાર

૫. વિ. પ્રીતિ કરનાર; સ્નેહ કરનાર.

૬. વિ. રુચિ ઉત્પન્ન કરે તેવું; રુચિકારક; સ્વાદુ; ભાવની ભાવના ઉપજાવે તેવું; મિષ્ટ; સ્વાદિષ્ટ.

રુચિકરતા [સ.] સ્ત્રી. રુચિકર હોવાપણું.

રુચિકારક જુઓ રુચિકર

રુચિકારી જુઓ રુચિકર.

રુચિગ્રાહ પું વિશિષ્ટ રુચિને કારણે બંધાઈ ગયેલ રુચિનું વલણ; ભાવનાનું વાસણ; વૃત્તિ

કવિતા વિષેના પદાર્થ-સોબતના હેતાથી માણસને આજ સુધીના વિચારો, વર્તનો અને આખ્યા વાકયોમાં ભાગલી, ઊર્મિ, ચિંતન, ભાવ, કલ્પનમૂર્તિ અને સ્થિતિ કરતાં આંદોલનો અને ચિત્રણો, રસોમ લહરણ અને ઉર્ધ્વમાણ સૌંદર્યમેદ બોધ અને વાચનાના હેતુ ઉપર અસર એ વિશિષ્ટતાઓ વનીભાવી આપ્યા કરે છે.

મણવરાય કાકોર

રુચિત ૧. પું. અભિલાષા; ઇચ્છા.

૨. [સં.] વ. મીઠી વસ્તુ.

૩. વિ ઇચ્છાવાળું.

રુચિનેત્ર [સં] ન. અભિપ્રાયનો પ્રવાહ.

રુચિતા ૧. પું. (પિંગળ) અતિજગતી છંદનો એક ભેદ.

૨. સ્ત્રી અનુરાગ, પ્રેમ; પ્રીતિ; સ્નેહ; આસક્તિ.

૩. [સં.] સ્ત્રી. રોચકતા; રુચિ હોવાપણું.

૪. સ્ત્રી શોભા; તેજ.

૫. સ્ત્રી. સુંદરતા. ખૂબસૂરતી

રુચિધામ [સં.] પું. સૂર્ય.

રુચિભંગ [સં.] પું. રસબુદ્ધિને ન ગમવું તે.

રુચિભિન્નતા [સં.] સ્ત્રી. ઇચ્છા કે વલણનો ભેદ

રુચિભેદ ૧. [સં.] પું અણગમો.

૨. પું. ભિન્ન અભિપ્રાય.

રુચિમુખી પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રિક વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ, બે સગણ અને ગુરુ મળી તેર અક્ષર અને બીજા તથા ચોથા ચરણના બે નગણ, ભગણ, સગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે

રુચિર ૧. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક વર્ણમેળ છંદ તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ભગણ, સગણ અને ગુરુ મળી સાત અક્ષર આવે છે.

આ સ ભ રુચિરે છે. રઘુપિંગળ

૨. [સં.] ન. કેસર.

૩. ન. મોતી

૪ ન. પવિત્ર

૫. વિ. તેજસ્વી.

૬. વિ. મનોહર; સુંદર; સુશોભિત; દિલપસંદ

સુરાંગને સુરુચ રુચિ રુચિર ને, કાંત કમલ કમનીય; રમ્ય સુમેરાજ બાલ વિરાજ, રામ રમત રમનીય. પિંગળપ્રકાશ

૭. વિ. રુચિ થાય તેવું, રસાદિષ્ટ; સ્વાદુ; મધુર; ગમે, ભાવે કે મન પસંદ પડે તેવું

રુચિરતા જુઓ રુચિરત્વ.

રુચિરત્વ [સં.] ન. લાલિત્ય માધુર્ય.

રુચિરવર્ણા પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ, સાલા. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

જ સા જ સ ગ થી રચો રુચિરવર્ણા.

રઘુપિંગળ

રુચિરા ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; અતિરુચિરા; તનરુચિરા, કમાવતી. તે અતિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, ભગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. તેમા બીજા અક્ષર ઉપર યતિ આવે છે.

જ ભા સ જ સ ગ પી રુચિરા યુગે નવે.

રઘુપિંગળ

૨. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. તેના પ્રત્યેક દલમા જગણ સિવાયના સાત ગણ અને એક ગુરુ મળી ત્રીસ માત્રા હોય છે. તેમાં ૧૬ માત્રાએ યતિ આવે છે. ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૮ માત્રાએ તાલ આવે છે.

સાત ગણપર એક ગુરુ કરી, કુલ કલ ત્રીસ પૂરી ભણો; સોળે ચૌદે યતિ રચી સારી, જગણ ન જડમાં કદી આણો. પ્રથમ પછી ચમ્યારે ચઢતા, કુલ ત્રણ આઠે આવે; રુચિરા રૂડી દ્વિપદી પૂરી, બહુ રાને ગાતા ફાવે. રઘુપિંગળ

૩. સ્ત્રી એ નામની એક પ્રાચીન નદી.

૪. સ્ત્રી. મોરેચના.

રુચિરાનન [સં.] વિ. સુંદર મુખવાળું

રુચિરાંગદ ૧. [સં.] પું. વિષ્ણુનાં કાનનાં આભૂષણ એક નામ. ભગવાનનું અંગદ એટલે બાજુબંધ રુચિર એટલે કલ્યાણરૂપ હોવાથી તે રુચિરાંગદ કહેવાય છે.

૨. પું શિવનાં કાનનાં આભૂષણ એક નામ; રુચિ.

રુચિરાંજન [સં.] ન. સરળતાનું ઝાડ

રુચિરર્ષક ૧. વિ. ખૂબ વધારનાર.

૨. વિ. રુચિ ઉત્પન્ન કરનાર.

રુચિવૈવિધ્ય [સં.] ન. જુદી જુદી જાતની રુચિ હોવી તે.

રુચી જુઓ રુચિ.

રુચ્ય ૧. પું. પતિ; સ્વામી.

૨. ન. સાન્નિધ્યાન્ન.

૩ ન. સત્યાગ.

૪. ન. સિંધાલૂણ.

૫. [સં] વિ. મનોહર, સુંદર; રુચિર.

રુચ્યર્પક [સં.] ન. સુરસ.

રુજ ૧. [સં.] ઉ. ક્રિ. દુઃખ દેવું; પીડા કરવી; ઈજા કરવી.

૨. ઉ. ક્રિ. ભાંગીને ટુકડા કરવા; નાશ કરવો; ભરડવું.

૩. સ. ક્રિ. વાગવું.

રુજ ૧. સ્ત્રી. ખોડ.

૨. સ્ત્રી. આફ

૩. [સં.] સ્ત્રી. પીડા; બાધા.

૪. સ્ત્રી. બકરી.

૫. સ્ત્રી. ભાગ.

૬. સ્ત્રી. ભાંગવું તે.

૭. સ્ત્રી. માંદગી; રોગ.

રુજા [સં.] સ્ત્રી. પીડા; રોગ.

રુજ્જુ પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; ભુજિ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.

જગે રુજ્જુ. રઘુપિંગળ

રુજી વિ. રોગી; બીમાર.

રુજાવવું સ. ક્રિ. રુજાવ તેમ કરવું.

રુજાવું અ. ક્રિ. ઘા પુરાઈ ઉપર નવી ચામડી કે રૂઝ આવવી; રુજાવ તેમ થવું; ઘા પુરાવો.

રુઠ પું. ક્રોધ; ગુસ્સો.

રુઠવું જુઓ રૂઠવું.

રુદ્ર પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં સાત અક્ષરની દશ માત્રા હોય છે. તેમાં ૩ અને ૮ માત્રાએ તાલ આવે છે.

દગમાત્રિકા દેખ, ચરણો મુનિ પેખ.
અતિજ રુદ્રા ભાણ, ત્રણ આઠે છે તાલ.

રઘુપિંગળ

રુદ ૧. [હિં] સ્ત્રી ઋતુ

૨. સ્ત્રી જનાવરોની વિષયેચ્છા.

૩. સ્ત્રી. ગર્ભસ્થલા કોથ.

૪ [સં.] ન. અવાજ; ધ્વનિ.

નાદ નિનાદ નિસ્વન સુસ્વર રુદા રવ સ્વન ધ્વનિ શબ્દ; બંસીનાદે બ્રહ્મ હરિ કે પ્રાણેશ્વરી આજ. પિંગળપ્રકાશ

રુદ ૧. [સં] અ. ક્રિ. અફસોસ કરવો, વિલાપ કરવો

૨. અ ક્રિ. (ધાતુ) આંસુ સારવાં; રોવું; રડવું. તે ઉપરથી અનેક શબ્દો: રુદન, રુદિત, રુદ્ર, રોદન વગેરે

૩. અ ક્રિ મર્જના કરવી.

૪. અ. ક્રિ. ચીસ પાડવી.

૫. અ ક્રિ. ભૂમ મારવી

રુદન ૧. ન. આંસુ.

૨. ન. નમ્ર વિનતિ.

૩. ન. પોકાર; હોકની ભૂમ.

૪ [સં રુદ (રડવું)] ન. રોવું કે રડવું તે; રોદણું; વિલાપ; આક્રંદ; ક્રંદન; વિલપન; મળમાંથી દુર્ગન્ધ આમાંથી બોલવું તે; કલપાંત

૧. અરણ્ય રુદન = કોઈ સાંભળે નહિ તેમ દુઃખ પોકારવું કે કોઈ કહેવું તો; દાદ કે આશ્વાસન મળે નહિ તેમ બબડવું કે બોબવું તે.

૨. રુદન કરવું = વિલાપ કરવો.

રુદિત ૧. [સં. રુદ (રડવું)] ન. રુદન કરવું તે.

૨. વિ. રડેલું, રોએલું.

રુદિયો પું. હૃદય.

રુદ્ધ [સં.] વિ. રોકાયેલું; રૂંધાએલું.

રુદ્ર ૧. પું. અગિયાર સૂચક સંકેતિક શબ્દ.

૨. [સં.] પું. અગ્નિ.

૩. પું. આકડાનો છોડ.

૪ પું. (પુરાણ) એ નામના અગિયાર માંહેનો દરેક દેવ. તેમની ઉત્પત્તિ કોઈ ઠેકાણે સ્વાયંભુવ નામના બ્રહ્મપુત્રથી તો કોઈ ઠેકાણે બ્રહ્મા અગિયારે ભ્રમ્હ અગિયારે ભ્રમ્હ અગિયારે ભ્રમ્હ

છે, તોપણ જ્ઞાન વગેરેનું અર્થ આધિપત્ય તો મુખ્યત્વે કરીને નિર્ઋતિ નામના એક રુદ્રનું છે બ્રહ્માએ સૃષ્ટિ રચવા માંડી તેનો પ્રકાર તથા એમાં શિવનું રુદ્ર નામ ક્યાંથી પડયું તે કહ્યું છે બ્રહ્માના ક્રોધથી તામસ પ્રકટ થયો અને શિવે તે પોતાની પાસે રોતાં રોતાં આવો તેથી રુદ્ર એવું નામ પડયું છે. તેને હરપ, ઉદિતો, પ્રાપ્ત, આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર ને તપ એ સ્થાનક વસવા આપ્યાં. તેના મન્યુ, મનુ, મહિનસ, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉમરેતા, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત એવાં અગિયાર નામ પાડ્યાં. તેમ જ ધી, ધૃતિ, ઉશના, ઉમા, નિયુત, સર્પિ, ઇલા, અંબિકા, ઇરાવતી, સુધા, અને દીક્ષા એ રુદ્રાણી પત્ની એ બધે ભૂત, ભૈરવ વગેરે પ્રજા ઉત્પન્ન કરી છે માટે એ તામસી પ્રજા છે રુદ્ર અગિયાર બતાવ છે: વીરભદ્ર, શંકર, ગિરીશ, અજૈક પાદ, અહિર્બુધ્ન્ય પિનાકી, અપરાજિત, ભુવનાધીશ્વર, કપાલી, સ્થાણુ અને ભગ

૫. પુ. (સંગીત) એ નામનો એક તાલ. તની માત્રા સત્તર છે.

૬. પું ઉષ્ણ કટિબંધની પ્રચંડ ગરમી.

૭. પુ. ચાતુર્માસના પ્રારંભમા વર્ષના કરતો આર્દ્રા નક્ષત્રનો મેઘ

૮. પું. પરમેશ્વર. કેમકે, તે દુષ્ટોને રડાવે છે.

૯ પું. મહાદેવ, શિવ. વેદમાં રુદ્રનાં ઘણા ગુણ અને ઘણાં નામ આપેલાં છે. કોઈ કોઈ વાર તેને અગ્નિ તરીકે પણ ગણવામાં આવે છે. રુદ્રને ઋગ્વેદમાં મહાદેવ તરીકે કહેલ છે. જ્યારે જ્યારે આ નામ શિવજીને માટે વાપરવામાં આવે છે ત્યારે તેનો અર્થ કલ્યાણ અથવા નાશકર્તા તરીકે થાય છે. બૃહદારણ્યક ઉપનિષદ પ્રમાણે રુદ્ર દસ પ્રાણ અને અગિયારમું મન છે. રુદ્ર દેવમાં અસાધારણ ચમત્કાર રહેલ છે તેથી પ્રથમ તે દેવને નમસ્કાર કર્યા બાદ ચમકારનો અનુભવ થાય છે. વિષ્ણુપુરાણ પ્રમાણે રુદ્ર બ્રહ્માના કપાળમાં ઉત્પન્ન થયાનું જણાય છે. એકમાંથી તેઓનાં અગિયાર સ્વરૂપ થયા. અગિયારમાં કેટલાંક સફેદ અને નગ્ન હતાં અને કેટલાક કાળાં અને ભયંકર હતાં. પરમાત્માનાં અનંત સ્વરૂપો માહેનો જે રુદ્ર તરીકે તેમનું વર્ણન છે, તેનો અર્થ એ થાય કે, પરન્તુ સમયે જે દેવ સર્વને રોવરાવે છે માટે તે દેવ રુદ્ર કહેવાય છે આ રુદ્રનાં બે સાધારણ સ્વરૂપો આપણાં શાસ્ત્રોમાં વર્ણવ્યા છે: એક સ્વરૂપને ઘોરાતનુ અભિધાન આપવામા આવેલ છે, જ્યારે બીજા સ્વરૂપને શિવાતનુની સંજ્ઞા આપવામા આવી છે. અર્થાત્ આ રુદ્ર દેવને પ્રથમ તેનાં ઉગ્ર, ભયંકર સ્વરૂપને ગરજ્યાત્ત થયા બાદ તેના કલ્યાણકારી સ્વરૂપની પ્રાર્થના કરવી પડે છે. આ પ્રયત્ના જે પ્રયોગરૂપે કરવામાં આવે છે તે રુદ્રાભિષેક તરીકે સુવિખ્યાત છે.

૧. રુદ્રનો કોપ = શિવજી પણ કોપી હતા તે ઉપરથી મોટો કોપ.

૨. રુદ્રાવતાર ધરવો = રુદ્રની પેઠે પણ કોપાયમાન થવું; ગુસ્સામાં આવી જાવું.

૧૦. પું. રૌદ્ર રસ.

૧૧. પું. વિષ્ણુ.

૧૨. પું. સૂર્યનાં બારસોબ્બા માંહેનું એક નામ.

૧૩ પુ. સૃષ્ટિની ઉત્પત્તિ કરવા માટે બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલ પ્રજાપતિ.

જાદિ વિનાશી પૂર્ણદિ એક પરબ્રહ્મ સોઈ.
વિષ્ણુપુરાણ

૧૪ ન (શિલ્પ) એક જાતનું ઘર.

૧૫ ન પ્રાચીન કાળનું એક પ્રકારનું વાદિત્ર

૧૬. ન સુવર્ણ; સોનું

૧૭. વિ અગિયાર.

૧૮. વિ. પ્રશસ્ત; વખાણવા લાયક.

૧૯. વિ. ભયંકર; ઉગ્ર.

૨૦ વિ. મહાન; મોટું.

૨૧ વિ રોકાયેલું, કેદ કરેલું.

૨૨. વિ. સંકટ દૂર કરનાર.

રુદ્રકમલ [સ] ન. રુદ્રાક્ષ.

રુદ્રકન્યા ૧ [સં.] સ્ત્રી. શંકરના મંદિરમાં નાચ કરનારી છોકરી.

૨. સ્ત્રી. શંકરની પુત્રી; રુદ્રદેવ.

રુદ્રકર્ણી [સં.] ન. એ નામનું તીર્થસ્થાન.

રુદ્રકાંત પું. સોળ ભાનુવાળો ચોળાકાર ચંદ્રવો.

રુદ્રકોટિ [સં.] ન. (પુરાણ) મહાભારતમાં જણાવેલું અમરકંટક પર્વત ઉપરનું એક પ્રાચીન તીર્થ.

રુદ્રગણ [સં.] પું. (પુરાણ) શિવના પાર્ષદ તેની સંખ્યા ૧,૦૦,૦૦,૦૦૦ અને કોઈ કોઈના મત પ્રમાણે ૩,૬૦,૦૦,૦૦૦ છે. કહેવાય છે કે, એ બધા જટાધારણ કરે છે અને તેમના મસ્તકમાં અર્ધચંદ્ર હોય છે; તે બહુ જ બળવાન હોય છે અને યોગીઓના યોગ સાધનમાં પડતા વિઘ્નો દૂર કરે છે.

રુદ્રગર્ભ [સં] પું. અગ્નિ.

રુદ્રગીત [સં.] ન. ભારવતના ચોથા સ્કંધના ચોવીસમા અધ્યાયનું એક નામ. તેમાં રુદ્ર દેવે ભગવાનની સ્તુતિ કરી છે. તેનું બીજું નામ યોગદેવ છે.

રુદ્રચંડી [સં] સ્ત્રી. એક તંત્રગ્રંથ.

રુદ્રજ ૧ [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. મંગળ.

૩. પું. પારો.

રુદ્રજટા ૧. [સં.] સ્ત્રી ધૂમ્રસમૂહ.

૨. સ્ત્રી. ત્રણ ચાર હાથ ઊંચો એક પ્રકારનો છોડ.

૩. સ્ત્રી. વરિયાળી.

૪ સ્ત્રી. શિવની જટા

૫. સ્ત્રી. સુવાદાણા

રુદ્રટ [સં.] પું. સાહિત્યનો એક પ્રસિદ્ધ આચાર્ય તેણે બનાવેલો કાવ્યાલંકાર ગ્રંથ પણ જ પ્રસિદ્ધ છે. તેને રુદ્રભટ્ટ અને શતાનંદ પણ કહે છે. તેના પિતાનું નામ વામુક ભટ્ટ હતું.

રુદ્રતનય જુઓ રુદ્રજ.

રુદ્રતાલ ૧. [સં.] પું. ગાયનમાંનો એક ઠેકો કે તાલ. તેમા સોળ માત્રા, અગિયાર આઘાત અને પાંચ ખાલી ઠોક છે

૨. પુ. જોરથી નાખવા ઉપર મારવામાં આવતી થાપ.

રુદ્રતેજ પું. કાર્તિક સ્વામી.

રુદ્રત્વ [સં.] ન. ભયાનકતા.

રુદ્રદિક્ષા [સ.] સ્ત્રી અગિયાર પ્રસિદ્ધ રુદ્રને અપાયેલી દિક્ષા.

રુદ્રદેવહૂ [સં.] સ્ત્રી રુદ્રાન્યા; શંકરની પુત્રી, કહેવાય છે કે, ઉનાળામાં એક અતિ તાપવાળા દિવસે ભગવાન શંકરને શરીરે ખૂબ પરસેવો છૂટ્યો અને એ પરસેવામાંથી એક અતિ રૂપવતી કન્યા પ્રગટ થઈ. આ શંકરપુત્રી તે જ નર્મદા કે રેવા. આ કારણથી જ રેવા રુદ્રદેવા કહેવાય છે. આ રુદ્રકન્યા રેવાનો જન્મ વૈશાખ સુદ પુનમને દિવસે થયો હોવાનું મનાય છે.

મહા વપરજીઓનાં દર્શનથી તથા જન્મ અને ભયાનક જગ્યો વચ્ચે વહેતી પુણ્ય સલિલા રુદ્રદેવાનાં દર્શનથી...નર્મદાને પણ પવિત્ર માનવા માટે હરો. ગુજરાતનાં તીર્થસ્થાનો

રુદ્રદૈવત [સં.] ન. જોષ.

રુદ્રધ્યાન [સં.] ન. કોઈનું અનિષ્ટ ચિંતવવું તે.

રુદ્રપતિ [સં.] પું. શિવ; મહાદેવ.

રુદ્રપત્ની જુઓ રુદ્રપ્રિયા

રુદ્રપદ [સં.] ન શંકરનું સ્થાન કે અધિકાર.

રુદ્રપ્રમોક્ષ [સં.] પું. (પુરાણ) શિવજીએ ત્રિપુરાસુરને બાણ મારું હતું તે સ્થાન.

રુદ્રપ્રયાગ [સં] ન. હિમાલયનું એ નામનું એક તીર્થ રુદ્રપ્રયાગમાં મંદાકિની અને અલકનંદાનો સમાગમ થાય છે અને ત્યાં સ્નાન કરી દર્શન કરવામાં આવે છે.

રુદ્રપ્રિયા ૧ [સં.] સ્ત્રી. અગસી.
૨. સ્ત્રી. પાર્વતી, દુર્ગાદેવી.
૩. સ્ત્રી. દારૂ.

રુદ્રબીન ન. એક પ્રકારનું તંતુવાદ્ય.

રુદ્રભૂ [સં.] સ્ત્રી. સ્મશાન

રુદ્રભૂમિ જુઓ રુદ્રભૂ.

રુદ્રમહાલય ૧. [સં] ન. શંકરનું મંદિર.
૨. ન. સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું મંદિર. જુઓ રુદ્રમાળ

રુદ્રમાળ પુ સિદ્ધપુરમાં આવેલ મહાદેવનું એક મંદિર. આ મંદિરની વિશાળતાની યથાર્થ કલ્પના આજે આવી મુશ્કેલ છે. પણ એના ખંડેરની નિશાનીઓ હજુ સુધી જીવતી રહી છે. આબોવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે રુદ્રમાળનાં તૂટેલાં ખંડેરો ઉપરથી તેના મૂળ મહાલયની કલ્પના કરી શકાય છે અને જાણતા હૃદય નિરાશા થી છે. આ રુદ્રમાળ ગુજરાતના રાજા મૂળરાજ સોલંકીએ સને ૯૬૯માં બંધાવવો શરૂ કર્યો હતો તેની ઉમાની કરમિયાન પૂરો ન થતાં અધૂરો રહેલ, તે પાછળથી તેના પ્રસિદ્ધ પૌત્ર સિદ્ધરાજે સને ૧૨૦૨માં પૂરો કર્યો હતો અને કેટલોક ભાગ નવેસરથી બંધાવ્યો હતો ઉત્તર, પૂર્વ, દક્ષિણે ત્રણ મંડપ હતા અને વચમાં ૧૧ રુદ્રનાં ૧૧ મંદિરો હતાં. મંડપોને એક ઉપર એક એમ અનેક માળ હતાં, એમ અત્યારે પણ દેખાય છે. આ રુદ્રમાળ જૂના વખતની કારીગરી કે જોવા રચાપ્રયને માટે આપણને મગરૂરી ઉત્પન્ન કરાવે છે. તેમાં સોળસો થાંભલાઓ હતા, માણેક અને મોતીઓથી જડેલી અઢાર હજાર મૂર્તિઓ બેસાડી હતી, બીજા હજાર સુવર્ણના કળશ હતા અને સત્તરસો ધજાઓ ઊડતી હતી. જાપન લાખ તો ઘોડાઓ અને અનેક હાથીઓ ઝૂલતા હતા. તેને સવા લાખ કોતરવી જાળીઓ હતી ત્યાં ચોતેરસો ધર્મશાળાઓ હતી સિદ્ધરાજ જયસિંહે ક્રોડ કરોડ મહોર તેના ઉપર ખર્ચી હતી શિવ ભગવાનના કૈલાસ સમો આ રુદ્રમાળ શોભતો હતો.

રુદ્રમૂર્તિ [સં.] સ્ત્રી ભયંકર સ્વરૂપ.

રુદ્રયજ્ઞ જુઓ રુદ્રયાગ.

રુદ્રયાગ [સં.] પું. શિવયજ્ઞ.
તે માટે એમજ શિવનાં પૂજનથી વિસ્તીર્ણ વિધિથી અને રુદ્રયાગથી આપણે જે ત્રિપુરોને જીતીયું. પુરાતત્ત્વ

રુદ્રયામલ [સં.] પું. તંત્રિકોનો એક પ્રસિદ્ધ ગ્રંથ. તેમાં ભૈરવ અને ભૈરવીનો સંવાદ છે

રુદ્રરસ [સં.] પું પારાના બાર ભાંડેનો એક રસ. જુઓ રસ. આ રસ ત્રાહિ ત્રાહિ પોકરાવનાર છે.

રુદ્રરાણી [સં રુદ્રાણી] સ્ત્રી. શિવપત્ની, ઉમા, પાર્વતી

રુદ્રરોદન [સં] ન. સોનું

રુદ્રરોમા [સં.] સ્ત્રી. ક્રાંતિકેયની એક માતૃકાનું નામ.

રુદ્રલતા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; રુદ્રજટા નામની વનસ્પતિ

રુદ્રલોક [સં.] પું કૈલાસ. શિવનું સ્થાન. તેમાં શિવ અને રુદ્રો રહે છે

રુદ્રવટ [સં.] પું મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

રુદ્રવદન ૧. [સં.] ન. મહાદેવનાં પાંચ મુખ.
૨. વિ. પાંચની સંખ્યા.

રુદ્રવર્ધિત ન. અગિયાર તાંતણાની વાટના એક હાથ દીવા કરતાં આશરે આવી જાણી કરાતું વ્રત.

રુદ્રવલ્લી [સં.] સ્ત્રી. જટામાંસી વનસ્પતિ.

રુદ્રવંતી [સં રુદ્રવતી] સ્ત્રી સાળો; પત્નીઓ; જુદાજુદા અવતારોનો છોડ

રુદ્રવાન ૧. [સં. રુદ્રવત] પું. અગ્નિ
૨. પું. ઈંદ્ર.
૩. પું. સોમ.
૪. વિ. રુદ્રસંબંધી પુરુષ.

રુદ્રવિંશતિ [સં] સ્ત્રી. પ્રભવ વગેરે સાઠ વર્ષ પૈકીનાં ઉલ્લેખાયેલાં વીસ વર્ષ.

રુદ્રવીણા [સં.] સ્ત્રી. એ નામનું એક તંતુવાદ્ય.

રુદ્રવેલી [સં] સ્ત્રી. વડવાર્ધ

રુદ્રશરપ્રમોક્ષ [સં] ન. (પુરાણ) ત્રિપુરાસુર વધ વખતે મહાદેવજીએ જે રથને જોતા રહી ત્રિપુર ઉપર બાણ છોડ્યાં તે રથનો.

રુદ્રશ્રીક્ષ્ય [સં] પું. (પુરાણ) ભદ્રસેનક રાજાનું એક નામ.

રુદ્રસર [સં.] ન. (પુરાણ) એ નામનું એક સરોવર.

રુદ્રસંપ્રદાય [સં.] પું. એ નામનો એક પંથ. વિષ્ણુસ્વામી સંપ્રદાય. શિવ અથવા રુદ્રે રચેલા વૈષ્ણવ મતનો તેમણે ઉપદેશ કર્યો હતો. ગુજરાતમાં તેના પંથના લોકો વધારે છે.

રુદ્રસારંગ [સં.] પું. (પિંગળ) પિસ્તાળીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેમાં પંદર રગણ હોય છે.

રુદ્રસાવર્ણિ [સં] પું. ચોદ માંહેનો બારમો મનુ

રુદ્રસુંદરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન ત્રિકૂટમાં છે

રુદ્રસૂ [સં.] સ્ત્રી. જેણે અગિયાર પુત્ર ઉત્પન્ન કર્યા હોય તેવી સ્ત્રી.

રુદ્રસેન પુ. (પુરાણ) ભાગવતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

રુદ્રહિમાલય [સં.] પું હિમાલય પર્વતના એક શિખરનું નામ. તે ચીન તરફ પૂર્વ સીમા તરફ છે અને હમેશ બરફથી ઢંકાયેલું રહે છે.

રુદ્રહૃદય [સં] ન. કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ.

રુદ્રા ૧. સ્ત્રી. એ નામની એક દેવી.
૨. [સં.] સ્ત્રી. નદિકા નામનું ગંધદ્રવ્ય
૩. સ્ત્રી. રુદ્રજટા નામનો છોડ

રુદ્રાક્રીડ (રુદ્રાક્રીડ) [સં] ન. સ્મશાન

રુદ્રક્રીડા (રુદ્રાક્રીડા) [સં.] સ્ત્રી. સ્મશાન.

રુદ્રાક્ષ ૧ ન. માળા. રુદ્રાક્ષની માળા કરી ગળામાં પહેરાય છે. કોઈ કોઈ તે માળા રૂપા કે સોનાના તારમાં મંઢાવે છે. આ માળા પહેરવાનું તથા તેનાથી જપ કરવાનું બહુ જ માહાત્મ્ય છે
૨. ન. વીરશૈવ ધર્મમાં જણાવેલ આઠ માંહેનું એક આચારબિંદુ.
૩. ન. સામવેદનું એ નામનું એક ઉપનિષદ.
૪. [સં. રુદ્ર + અક્ષિન્ (આંખ)] ન. હિમાલયની તળેટીમાં થતું એક જાતનું ઝાડ અને તેનાં બિયાં. સાપની ફણેાના મણકા જેવું આ બી હોય છે અને તેને વીંધીને માળા તથા બેરખા કરવામાં આવે છે. શિવભક્તો રુદ્રાક્ષ ધારણ કરે છે. આ બી ઔષધ તરીકે પણ વપરાય છે. રુદ્રાક્ષનાં ઝાડ મોટાં થાય છે. તેનાં પાદડાં ગંજેરી નામરવેલના પાન જેવા હોય છે તેનાં ફળમાંનાં બીજને રુદ્રાક્ષ કહે છે. આ બીજ વાયુ, કફ, માથાની પીડા, ભૂતબાધા અને ગૃહબાધાનો નાશ કરે છે એમ મનાય છે. રુદ્રાક્ષનો પારો જેમ બીજો વધારે તેમ તે વધારે કીમતી ગણાય છે. રુદ્રાક્ષના બીજની વિશિષ્ટતા એ છે કે સો વર્ષ થાય તો પણ તે સડતું નથી. રુદ્રાક્ષનું એક આખવાળું બીજ ક્વચિત્ જોવામાં આવે છે. નેપાળ, બંગાળ, આસામ અને કોંકણમાં તેનું ઝાડ થાય છે. તેનાં પાન સાત આઠ આંગળ લાંબાં અને કિનારી ઉપર ખાંચાં હોય છે. નવાં પાંદડાં ઉપર એક જાતની ફેલાટી હોય છે, જે પાછળથી ખરી જાય છે.

તેના ફળમાં પાંચ ખાના હોય છે દરેક ખાનામાં એકેક નાનું બીજ હોય છે રુદ્રાક્ષ ખાટું, ઊબ્બ તથા રુચિકર છે. રુદ્રાક્ષ આમળા જેવડું ગોળ થાય છે. સામાન્ય રીતે આ બીજ, ઉપર નાના નાના દાણા જેવું ઉપસેલું હોય છે. કહેવામા આવે છે કે તીખાની સાથે આ બીજને ઘસીને પીએ તો તેને શીતળા નીકળવાનો ભય રહેતો નથી.

રુદ્રાક્ષજાબાલ [સં.] સ્ત્રી; ન. એકસો આઠ મંત્રોનું એ નામનું એક ઉપનિષદ.

રુદ્રાક્ષોપાનષદ [સં] સ્ત્રી, ન. એ નામનું એક ઉપનિષદ.

રુદ્રાધ્યાય [સ] પું રુદ્રની આઠ અધ્યાયની સ્તુતિ. ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદમા શતરુદ્રીય નથી, પરંતુ તે ત્રણે વેદોમાં જુદાં જુદાં સૂક્તોનાં મંત્રો જેમા ફરી, રુદ્રાધ્યાય એવું નામ આપેલ છે. જ્યારે શતરુદ્રીય જેનો જપ, અભિષેક, હોમ કરવા સર્વપ્રમાણભૂતપણ છે તે શતરુદ્રીયનું જ માહાત્મ્ય સર્વત્ર ગાયું છે.

રુદ્રાણી ૧. [સં.] સ્ત્રી. અગિયાર વર્ષની બાળા

૨ સ્ત્રી. એક પ્રકારની રાગિણી

૩. સ્ત્રી. પાર્વતી; ઉમા; દુર્ગા; રુદ્રની સ્ત્રી.

૪. સ્ત્રી. રુદ્રજટા નામની વેલ.

રુદ્રાભિષેક [સં.] પું. ધાર્મિક ક્રિયા તરીકે શંકર ભગવાન ઉપર કરવામાં આવતો દહીં, ઘી, મધ, સાકર, પાણી વગેરેનો છંટકાવ.

રુદ્રારિ [સં.] પું. કામદેવ.

રુદ્રાલી પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, રગણ, અને બે ગુરુ મળી આઠ અક્ષરો હોય છે.

રુદ્રાવતાર ૧. [સં.] પું. રુદ્ર જેવું ક્રોધી સ્વરૂપ.

રુદ્રાવતાર ધરવો-ધારણ કરવો = ગુસ્સે થવું

૨. પું રુદ્રનો અવતાર.

રુદ્રાવર્ત ૧ ન. એ નામનું એક ભારતવર્ષીય ક્ષેત્ર.

૨. [સં] ન. મહાભારતમાં વર્ણવેલું એક તીર્થસ્થાન

રુદ્રાવાસ ૧. [સં.] પું. કાશી નગરી.

૨. પું કૈલાસ.

૩. પું રુમશાન.

રુદ્રાષ્ટક [સં] ન આઠ શ્લોકમાં કરેલી શંકર ભગવાનની સ્તુતિ.

રુદ્રિય ૧. [સં.] વિ. આનંદદાયક.

૨. વિ. રુદ્રનું; રુદ્રસંબંધી.

રુદ્રી ૧. સ્ત્રી. એક પ્રકારની વીણા. તેને રુદ્રવીણા પણ કહે છે

૨. સ્ત્રી. રુદ્ર કે મહાદેવની સ્તુતિ; મહાદેવ ઉપર અભિષેક કરતાં બોલવાનો સ્તુતિપાઠ; શિવની સ્તુતિનું એક વૈદિક સૂક્ત કે તેનો અભિસારવાર પાઠ

રુદ્રી કરાવવી = માનતા તરીકે સ્ત્રીનો પાઠ કરવા બ્રાહ્મણને બેસાડવો.

રુધ્ ૧. [સં.] સ. ક્રિ. અટકાવવું. તેના ઉપરથી બનેલા શબ્દો રોધ, અવરોધ, વિરોધ, પ્રતિરોધ, વિરુદ્ધ.

૨. સ. ક્રિ ઘેરો ઘાલવો.

૩. સ ક્રિ રોકવું

૪. સ ક્રિ પકડવું.

૫. સ ક્રિ. પીડા કરવી.

૬. સ. ક્રિ. બંધ કરવું.

૭. સ. ક્રિ. સતાવવું.

રુધિર ૧. પું. મંગળ નામે ગ્રહ.

૨. પું. લાલ રંગ.

૩. ન. એક જાતનું રત્ન.

કરપીર કરુમ રુધિર, દેવવલ્લભા નામ;
કેસર તિલક ભાલમાં રુખે સુંદર રંગમ.
પિંગલપ્રકાશ

૪. ન કેસર.

૫. [સં.] ન. લોહી.

૬. વિ. લાલ કે રાતા રંગનું.

રુધિરક્ષીણતા [સં.] સ્ત્રી. શરીરમાં લોહી ઘટી જવું તે; પાંડુરોગ.

રુધિરગુલ્મ [સં.] પું. ગોળાનો એક પ્રકારનો રોગ.

રુધિરચંદક [સં.] પું. લોહીનો રક્તકણ.

રુધિરપ્રસરણ [સં.] ન. શરીરમાં લોહીનું ફરવું તે.

રુધિરપ્રિય [સં] વિ. જેને ખુનામરકી પસંદ હોય તેવું.

રુધિરવાહક ૧. [સં.] વિ. લોહી ગરમ કરે તેવું; ઉશ્તેજક.

૨. વિ લોહી વહેવરાવે તેવું.

રુધિરવાહિની [સં] સ્ત્રી. લોહીને વહન કરનારી નસ.

રુધિરસ્રાવ [સં.] પું. લોહી વહી જવાનો એક જાતનો રોગ.

રુધિરાક્ષ પું. (પુરાણ) સ્વરોચિષ મનુનો મામો.

રુધિરાભિસરણ [સં] ન. શરીરમાં લોહીનું ફરવું તે. હૃદય એ શરીરને તાજું લોહી પૂરું પાડનાર અને તેનું અશુદ્ધ લોહી એકઠું કરનાર એક જાતનું યંત્ર અથવા પંપ છે. ન ન્યુક્લિયસની ચાર ખાનાવાળી એક કોથળી છે, જેમાં તેનો સંકોચ અને વિકાસ થયા કરે છે તે આ વ્યાપાર વડે જુદાંજુદાં ખાનાઓ મારફતે, અશુદ્ધ લોહી પોતાના તરફ ખેંચે છે, જ્યારે શુદ્ધ લોહી શરીરમાં પહોંચે છે. ઉત્તમ તથા અધમ મહાશિરા વાટે આખા શરીરનું અશુદ્ધ લોહી હૃદયના જમણા અર્ધભાગના ઉપલા ખાનામાં એકઠું થાય છે. ત્યાંથી તે નીચલા ખાનામાં જતાં ફેફસાંમાં તરફ ફુપ્ફુસાભિમા નામની ધમની વડે પહોંચાય છે ફેફસાંઓમાં પ્રાણવાયુ વડે શુદ્ધ થયેલું લોહી ફુપ્ફુસાભિમા નામની ચાર શિરાઓ મારફતે, હૃદયની ડાબી બાજુના ઉપલા ખાનામાં દાખલ થાય છે. ત્યાંથી તે ડાબા નીચલા ખાનામાં આવે છે અને હૃદય સંકોચાતાં મહાધમનીમાં દાખલ થઈ આખા શરીરમાં ફેલાય છે. મહાધમનીની શાખાઓના અત્યંત નાના વિભાગો થઈ જતાં તે કેશવાહિનીઓનાં મૂળોમાં દાખલ થાય છે અને ક્રમેક્રમે નાનીમા થી મોટી થતી જતી શિરાઓ મારફતે, ઉત્તરા તથા અધરા મહાશિરાઓમાં પેસે છે અને છેવટે હૃદયમાં આવી પહોંચે છે. રુધિરાભિસરણના બે મુખ્ય પ્રકાર છે. ડાબી બાજુના નીચલા ખાનામાંથી બહાર આવેલું લોહી આખા શરીરમા ફરી, પાછું હૃદય તરફ આવી તેના જમણા ઉપલા ખાનામાં દાખલ થાય છે. આ પર્યટનનું નામ સામાન્યપ્રવાહિ રુધિરાભિસરણ છે. એનો ઉદ્દેશ સમગ્ર કોષોને પ્રાણવાયુ અને ખોરાક પૂરો પાડવાનો છે. બીજા પ્રકારમાં અશુદ્ધ લોહી હૃદયની જમણી બાજુના નીચલા ખાનામાંથી બહાર નીકળે ને બે ફેફસામાં શુદ્ધ થવા જાય છે અને ત્યાંથી હૃદયની ડાબી બાજુ પરના ઉપલા ખાનામા આવે છે લોહીના શુદ્ધિ માટે થતુ આ પર્યટન ફોપ્ફુસ રુધિરાભિસરણના નામે ઓળખાય છે. આ ઉપરાંત રુધિરાભિસરણના બીજા બે ગૌણ પ્રકારો છે: યકૃત રક્ત સવહન તથા વૃક્કીય રક્ત સવહન. યકૃત રક્ત સવહનમા આંતરડા, હોજરી, અન્યાશય વગેરે પેટમા રહેલા અવયવોમાં તેમની ધમનીઓ વડે ફરેલું લોહી, ને તે પ્રદેશોમાંથી પોતાની શિરાઓ મારફે એકઠું થઈ ને પ્રતિહારિણી શિરામાં દાખલ થાય છે. આંતરડામાંથી ચુસાયેલો ખોરાકરસ પણ આ શિરા દ્વારા યકૃતમા દાખલ થાય છે. યકૃતમા રાસાયણિક શુદ્ધિ થયા બાદ આ લોહી યકૃતિશિરામાં દાખલ થાય છે અને છેવટે હૃદયના જમણી બાજુના ઉપલા

આનામાં અક્ષરા મહાશિરા મારફને બાદ છે. આ પર્વતમા લોહી ને વખત શિરામાં પેસે છે અને તેનો ઉદેરા મુક્તરસનો પોષ્ય વિનિમય કરવાનો છે. શુદ્ધ રક્ત સવહનમા એક મુખ્ય યમની દ્વારા મૂત્રપિંડમાં દાખલ થયેલું લોહી ચોતરફ ફરી, મૂત્ર ઉત્પન્ન કરનારી નળીઓની આસપાસ વીંટળાઇને પાછું એક મુખ્ય શિરા દ્વારા બહાર આવી, અક્ષરા મહાશિરા મારફને હૃદય તરફ વહી બાદ છે. આ પર્વતનનો ઉદ્દેશ લોહીમાથી ઝેરી પદાર્થો જુદા પાડવાનો છે, જેથી તેઓ મૂત્ર વાટે શરીરમાંથી બહાર જતા રહે. સામાન્ય રીતે બોલતાં હૃદયના દરેક ધડકારા સાથે જે લોહીનો જથ્થો (આશરે ત્રણ ઔંસ) મહાધમનીમાં ધકેલાય છે. તેનો થોડો ભાગ નજીકમાં મગજમાં, બીજો તેનાથી સહેજ દૂર આંતરડાં અથવા મૂત્રપિંડોમાં, તો થોડો ભાગ દૂર દૂર છેક હાથપગના ઉદા સુધી બાદ છે; છતાં કોઈ ભાગ પોષણ વિનાનો રહી જતો નથી. સામાન્ય રીતે ૨૬ સેકંડમાં લોહી આખા શરીરમા એક ફેરો પૂરો કરે છે. લોહીમાં બિમારી વડે પરજારી આપેલી દવાઓ અથવા તેમાં દાખલ થયેલું વિષ આ કારણે આખા શરીરમાં એકદમ ફરી વળે છે

રુધિરાશન પું. (પુરાણ) અસુર રાક્ષસના બાર ભાઈનો એ નામનો એક અભાગ.

રુધિરાર્દ્ર વિ. લોહી વાળું; લોહીથી ભરપૂર.

રુધિરોદ્ગારી [સં.] વિ. લોહી બહાર કાઢનાર.

રુન પું. જૂના રોન્ડીનેવિયન મૂળાક્ષરમાંનો મુખ્ય અક્ષર.

રુનઝુનક સ્ત્રી. નાની ઘટડીયો વતો અવાજ; નૂપુર વગેરેનો અવાજ.

રુનિક સ્ત્રી. બાર ભાઈની એ નામની એક પ્રાચીન લિપિ.

રુપ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) બતાવવું; દેખાડવું.

રુબાબ જ. એક બતની સારંગી.

રુબાયત [અ.] સ્ત્રી. અરબી, ફારસી કે ઉર્દૂમાં બનાવેલી ચોપાઈ

રુમલાવવું સ. ક્રિ. રૂમલાવ તેમ કરાવવું.

રુમા ૧. [સં.] સ્ત્રી. જ્યાં ખીલું થતું હોય તેવી જમીન.

૨. સ્ત્રી. સુમોવની ઓ.

રુમાડો (રુમાઢો) પું. ભમ્મરિયમ; ચોરબકોર.

રુમાવવું સ. ક્રિ. રૂમવાની ક્રિયા કરાવવી.

રુમાવું સ. ક્રિ. રૂમવાની ક્રિયા થવી.

રુમ્માન [અ.] જ. દાડમ.

રુમ્માની [અ.] વિ. દાડમને મળતું આવતું.

રુમેલ વિ. રૂથી ભરેલું.

રુમેલું જુનો રુમેલ.

રુરાઈ [હિ.] સ્ત્રી. સુંદરતા.

રુરુ ૧. પું. (પુરાણ) આઠ ભાઈનો બીજો ભૈરવ.

૨ પું. કૂતરો.

૩ પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન પ્રમતિ ઋષિથી ઘૃતાચી અપ્સરાની કૂખે થયેલો પુત્ર. તે મોટો તપસ્વી અને વિદ્વાન હતો. પ્રમદ્વરા નામની અપ્સરા તેની સ્ત્રી હતી. એક વખત ઊંઘમા તેને સર્પદંશ થવાથી તે મરણ પામી. દેવોએ તેને પોતાના અર્ધા આયુષ્યનો સંકલ્પ કરી સજીવન કરી. બાર પછી તે સાપને દેખે ત્યાંથી મારવા લાગ્યો. તે એક વખત ડુંડુભ નામના એક સાપને મારતો હતો તેવામાં તેને વાચા ફૂટી અને કહ્યું કે, અમારી જાતિ નિર્વિષ છે. હું પૂર્વજન્મનો સહસ્રપાત્ નામનો ઋષિ છું એક વેળા મારા મિત્રને વસ્તનો સાપ કરી ખિજવ્યો હતો તેથી તેણે મને શાપ દીધો કે તું સર્પ થઈશ. મેં ઉપાય માગ્યો બારે તેણે કહ્યું કે જે ઋષિના દર્શન વડે તારો એ જાતિમાથી ઉદ્ધાર થશે. તે પ્રમાણે આજે મારો ઉદ્ધાર થયો છે. આટલું બોલી તે અદશ્ય થયો

૪. પું. (પુરાણ) હિરણ્યાક્ષના વંશનો એ નામનો એક અસુર.

૫. જ. બહાર માણેનું એક જાતનું ધન.

૬. જ. એ નામનું એક નરક.

૭. સ. એ નામનું સર્પ કરતાં પણ વધારે ભયંકર હિંસક જનાવર.

૮. [સં.] જ. એક જાતનું હરણ. તેનું પવિત્ર ચામડું બ્રહ્મચારી પોતાની પાસે રાખે છે.

૯. જ. એક ઝાડનું નામ

૧૦. જ. તિત્તેરનું બેરું

રુરુઆ [હિ.] પું. પુરુષની એક જાત.

રુરુક [સં.] પું. સુવર્ણની એક જાત.

રુરુચર્યા [સં.] સ્ત્રી. હરણની ચામડી.

રુરુત્સા [સં.] સ્ત્રી. રોકવાની ઇચ્છા.

રુરુત્સુ [સં.] વિ. રોકવા ઇચ્છનાર.

રુરુદ્ધિષત [સં. રુરુદ્ધિત] વિ. રોકવા ઇચ્છતું.

રુરુદ્ધિષા ૧. [સં.] સ્ત્રી. રોકવાની ઇચ્છા.

૨. સ્ત્રી. રોતલપણું.

રુરુદિષુ [સં.] વિ. રડવા ઇચ્છનાર.

રુરુમંડ [સં.] પું. એ નામનો એક પર્વત.

રુલાઈ સ્ત્રી. રોવાની ક્રિયા; રોવું તે.

રુલ્લા [વિ.] સ્ત્રી. એક કે બે વર્ષ સુધી બેજા વગર રાખી મુકાતી જમીન; જેની ઉપજની શક્તિ ઓછી થઈ ગઈ હોય તેવી જમીન.

રુવક્કુ ૧. [સં.] પું. અવાજ; શબ્દ.

૨ પું. કૂકડો

રુવાક [અ.] સ્ત્રી. રવેશ; ઝરખો.

રુવાન [ફા. રવાન] જ. જીવ; મુડદું; પ્રેત.

રુવાંટી સ્ત્રી. કુમળા અને ઝીણા વાળ.

રુવાંડું જ. રુંવું.

૧. રુવાંડું ફરકવું = જરા પણ અસર થવી, બહુધા નકારમાં વપરાય છે.

૨. રુવાંડું બદલવું = સ્વભાવ કે વિચારમાં ફેરફાર થવો

રુવું [સં.] પું. બાલ ઝેરડો.

રુવુક જુનો રવુ.

રુશ ૧. [સં] જ. ક્રિ. ઈજા કરવી. હિંસા કરવી

૨ સ્ત્રી. મારી નાખવું.

રુશદ્રથ પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન તિતિક્ષુ રાજાનો પુત્ર.

રુશન્ના [સં.] સ્ત્રી. ભાગવત અનુસાર કદની એ નામની એક પત્ની.

રુશનાઈ સ્ત્રી. ચમકવાની ક્રિયા; રોશનાઈ.

રુશવત [અ. રિશ્વત] સ્ત્રી. લાંચ.

રુશવતખોર [અ. રિશ્વત (લાંચ) + ખોર] વિ. લાંચિયું માણસ; અનીતિવાળું; ભ્રષ્ટ; દૂષિત.

રુશંગુ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; ઉશગુ; નૃપેંદ્ર.

રુશ્દ [અ.] પું. વર્તનની પ્રમાણિકતા.

રુષ્ ૧. સ્ત્રી. રોષ; કોપ.

૨. [સં.] અ. ક્રિ. ગુસ્સે થવું; ખિજવું; ચિડાવું; ખોટું લાગવું.

૩. સ. ક્રિ. ખીજવવું; ચીડવવું.

૪ સ. ક્રિ. મારવું; મારી નાખવું; હાર મારવું.

રુષવી [સં.] સ્ત્રી. અશુભ વાણી.

રુષા [સં.] સ્ત્રી. ક્રોધ; ગુસ્સો; રીસ.

રુષિત ૧. [સં] વિ. ક્રોધયુક્ત; ગુસ્સે થયેલું; કોપેલ; ક્રોધ પામેલું.

૨. વિ. દુ:ખી.

રુષેક પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના ચાર્હિ નામના પૌત્રનો પુત્ર. તેનો પુત્ર ચિત્રરથ હતો.

રુખર ૧. [સં.] પું. કસ્તૂરી મૃગ.
૨. ન. બિલાડું.

રુક્ષ ૧. [સં] વિ ગુસ્સે થયેલું; ગુસ્સાવાળું; ક્રોધી; કોપેલું; રોષું; કોપાયમાન.
૨ વિ. રિસાયેલું, નારાજ.

રુક્ષતા ૧. [સં.] સ્ત્રી. અપ્રસન્નતા; નારાજી.
૨. સ્ત્રી. ગુસ્સે થવું તે.

રુક્ષિ [સં.] સ્ત્રી. ક્રોધ; કોપ.

રુસવા જુઓ રુસવાઈ.

રુસવાઈ ૧. સ્ત્રી કજેતી; બદનામી; અપમાન; માનભંગ; નામોશી
૨. સ્ત્રી. ધિક્કાર; ધિક્કાર; નિંદા; તિરસ્કાર.

રુહા ૧. [સં.] સ્ત્રી. અનિષ્ટા નામની વનસ્પતિ.
૨ સ્ત્રી. એક જાતનું ઘાસ; ક્રોખડ.
૩ સ્ત્રી. માસરોહિણી નામની લતા.
૪. સ્ત્રી. સન્નવતી

રુહિ ૧. [હિ.] સ્ત્રી. આંખના પોપચાનો ખૂણો.
૨. સ્ત્રી. મ.ખ્ખી.

રુહિર [સં. રુધિર] ન. રુધિર; રક્ત; લોહી.

રુહુરુહિકા [સં.] સ્ત્રી. ઊલટી; તીવ્ર ઘબ્બા.

રુંચણી પું. ગીધ્રો અવાજ.

રુંજ [અ.] પું. ખોખા.

રુંઢ ૧. [સં.] ન. માથા વિનાનું શરીર; ધડ.
૨. ન. માથું; કોકું.
૩. ન. રોકાણ.
૪. વિ. બોડું; અપંગ.

રુંડમાલી પું. રુદ્રનું એક નામ.

રુંડમાળ ૧. પું. હાર.
૨. સ્ત્રી. માથાની માળા; ખોપરીઓની માળા.

રુંડમુંડ ૧. પું. મૂંડેલું માથું.
૨ વિ. આકારની રૂપરેખા જણાય નહિ એવું.
૩. વિ. બોળમટોળ સપૂર્ણ ગોળ.
૪. વિ. બેડોળ; સ્થૂળ; બદોદર.
૫ વિ. બોડું; અપંગ.

રુંડાસન [સં.] ન. નિર્ભયતા બક્ષનાર યોગનું એક આસન.

રુંડિકા ૧. સ્ત્રી. અદ્‌ભુત શક્તિ.
૨. સ્ત્રી. દૂતી; દૂત તરીકે જનારી સ્ત્રી.
૩. [સં.] સ્ત્રી. યુદ્ધભૂમિ; રણભૂમિ.
૩. સ્ત્રી. વિભૂતિ.

રુંધન જુઓ રૂંધન.

રૂ ૧. [ફા.] પું. ચહેરો; મુખ; મોઢું.
૨. પું. રૂપિયાનું ટૂંકું રૂપ.
૩ પું શબ્દ.
૪ સ્ત્રી આશા; ઉમેદ
૫ સ્ત્રી. રીત; ઢબ; રસમ
૬ સ્ત્રી સપાટી
૭. ન. 'અ' અક્ષરનું એક સ્વરૂપ. હ્રસ્વમાં જ્યાં ન. વપરાતું આ રૂ ને રની નીચે દીર્ઘ ઊની નિશાનીનો આકડો કરવાથી થયેલું છે. તે પહેલાં અકુ વરસ રની નીચે તેમ મધ્ય ભાગે હ્રસ્વ ઉની નિશાનીનો સાતડો કરવાનો ચાલ હતો તેમ દીર્ઘ રની માટે રની નીચે આકડો કરતા હતા. આ બંને ચાલ નીડળા જર્મ પાછળથી એક જ ચાલુ દીર્ઘ રૂ પ્રચલિત રહ્યું હતું પણ હાલના કેટલાક નવા લેખકો હ્રસ્વ રુ માટે ર ના નીચે સાતડો ન કરતાં મધ્ય ભાગે સાતડો કરીને લખતા થયા છે. પણ પ્રમાણમાં તેવું જુદુ લખનારા બહુ ઓછા જોવામાં આવે છે. દીર્ઘ રૂ તો હજી તેના તેજ રૂપે કાયમ રહેલું જણાય છે ર ની નીચે આકડો કરી લખવાનું હજુ કોઈ કારણ હોય એમ માલમ પડતું નથી.
૮. ન. કારણ.
૯. ન. આવર.
૧૦. ન. બી કાઢી નાખેલો કપાસ; કપાસના ડોડવાં ફોડવામાંથી જે નીકળે છે તે કપાસ કહેવાય છે. પણ એ કપાસમાંથી જિનમાં કપાસિયા જુદા પાડવેથી જે પણ ચારીક સફેદ કુમળા તંતુનો ઝોકડો થયેલો જણાય જુદો પડે છે તે રૂ કહેવાય છે. વણાઈ ને તેનાં કપડાં થાય છે. છીંકણું માણોને તૂરે ત્યારે તેમાંથી ઊનના ગુચ્છા જેવો પદાર્થ નીકળે છે, તેને રૂ કહે છે. તેના રેસા કોમળ અને મૂંજવાળા હોય છે. તે રેસા બીની ઉપર ચારે બાજુ મોરેલા હોય છે અને તેની અંદર બી સંપેટાઈને રહે છે. જાડુ અને બારીકના ભેદથી રૂ અનેક પ્રકારનું થાય છે અમુક પ્રકારનું રૂ તો રેશમની માફક મુલાયમ અને ચીકણું હોય છે. ડોડવામાંથી કૂટીને બહાર નીકળ્યા પછી રૂ ભેગું કરવામાં આવે છે ત્યાર પછી સાફ થયા બાદ ગરબામાં નાખીને તેમાંથી કપાસિયા જુદા પાડવામાં આવે છે આવું જુદુ કરેલું રૂ પીંજવામાં આવે છે તેથી તેમાં બેસેલ કપાસિયા પણ જુદા પડી જાય છે અને તેના રેસા છૂટા છૂટા થઈ જાય છે આ રૂમાંથી પૂણી બનાવવામાં આવે છે અને તેમાંથી સૂતર કાંતવામાં આવે છે. પીંજેલું રૂ માદી વગેરેમાં ભરાય છે અને તેમાંથી સૂતર કાંતીને કપડાં વણાય છે. તેનો પ્રયોગ રાસાયણિક પદ્ધતિથી દારૂ બનાવવામાં પણ થાય છે. રૂ ને તેજાબમાં ગાળે છે તેથી તે અત્યંત વિસ્ફોટક બની જાય છે. તેને "ગનકોટન" કહે છે અને ઊંચા પ્રકારના દારૂમા તેનો ઉપયોગ થાય છે. આ ગનકોટનને પ્યોર અથવા પ્યોરમિશ્રિત આલ્કોહોલમાં મેળવવાથી એક પ્રકારનો ચીકણો પદાર્થ બને છે આ ચીકણા પદાર્થને 'કલોડિન' કહે છે. તે ઘા ઉપર તુરત લગાડવાથી ઘા સુકાઈ જઈ આરામ થાય છે. કલોડિનમાં કોમાર્ઝિક અને આવોડાઈડની થોડી માત્રા ભેગ ઉપર લગાડીને ફોટો પાડવા માટે આર્દ્ર પ્લેટ બનાવાય છે. હિંદુસ્તાનમાં રૂના કપડાનો પ્રચાર વૈદિક કાળથી ચાલ્યો આવેલ છે. ચાલ્લા અને મૃતકસંસ્કારમાં તો તેના વસ્ત્રોપવીત અને વસ્ત્રપરિધાનનો વિધિ સ્પષ્ટ જોવામાં આવે છે પરંતુ વરપમાં તેનાં કપડાંનો પ્રચાર બીજા સૈકાઓ વર્ષ થયેલો છે. જે રૂના રેસા લાંબા અને મજબૂત તથા પાતળા અને ચળકાટ હોય છે તે રૂ ઊંચું મનાય છે.
રૂના ગાભલા જેવું = નિર્બળ, ઊભળું તથા કુમળું જેવું જે કર્મ તે.
૧૧. ન. વનસ્પતિનાં કેટલીક જાતનાં ડોડવામાંથી નીકળતો કુમળો તંતુરૂપી પદાર્થ; તુર.

રૂઆબ ૧. [ફા.] પું. બીક; ધાક.
૨. પું. અપકો; રોફ; અભિમાનનો તોરી બાહ્ય દેખાવ; ઠોળ; દમામ
૩. પું. મોજો, ફરજો.
૪. પું. મોંનો દેખાવ.

રૂઆબદાર [ફા.] વિ. રૂઆબવાળું; રોફી; અપકાદાર; સામા માણસના મન ઉપર છાપ પાડે એવું.

રૂઆંટી સ્ત્રી. ઝીણા, મુલાયમ અને ટૂંકા વાળ; રૂવાં; રૂવાટી.

રૂઈ ૧. પું. આકડો.
૨. સ્ત્રી. આર શેર તાંતું અને ઢોઢ શેર સીસાના મિશ્રણથી બનતી ધાતુ
૩. [હિ.] સ્ત્રી. રૂ

રૂઈએ જુઓ રૂએ

રૂઈદાર વિ. જેના પીંજેલું રૂ ભરેલું હોય તેવું; રૂવાળું; રૂપેલ.

રૂઈયત [ફા.] સ્ત્રી. કદર; કીમત.

રૂઈયો પું. રૂ પીંજનાર માણસ, પીંજારો.

રૂઉં જુઓ રૂવું.

રૂએ ૧. અ આધારે; કમે; કારણે
૨. અ. મારફતે, વડે; જોગે; દ્વારે; થકી.
૩ અ રીતે; પેઠે; પ્રમાણે; અનુસાર.

૨ખો ૧. કું. ઘઉંની બાવડીમાં બોદાનો ખાડાવાળો કટકો.
૨. કું. રૂપિયો.

૨ખ ૧. [સં.] સ્ત્રી. તલવાર.
૨. ન. એક પ્રકારનું વૃક્ષ.
૩. ન. ગળાની જાતનું ટોગામા હરનારું એક પક્ષી. શ્રેષ્ઠ જિંદગીમાં તે ૫૦૦ વર્ષ રહે છે.
૪. ન. ચળકાટ; કાંતિ.

૨ખલ સ્ત્રી. એક જાતની સુંદર વેલ.

૨ખવું ૧. સ કિ. પૈસો બાંધવો; બાતરવું.
૨. સ. કિ. નાખુશ કરવું.
૩. સ. કિ. નોકરીએ લગાડવું.
૪. સ. કિ. રોકવું; અટકાવવું.

૨ખાર કું. ૧ જેવો અક્ષર અને ઉચ્ચાર.

૨ખિયા સ્ત્રી. સાબી પૂંછડીની જંગલની બિલાડી. તેનું રહેઠાણ દક્ષિણ હિંદુસ્તાનમાં છે. તેના રુવાંટાં લાંબા અને ખરબચડા હોય છે.

૨ખી સ્ત્રી. નમાજ દરમિયાન બે પગના ઘૂંટણ ઉપર બેઉ હાથ ટેકવી બાંધા વળી પ્રભુ સ્મરણનાં સ્તોત્રો ઉચ્ચારવાની એક ક્રિયા.

૨ખ્ખ ૧. પું. સમય.
૨. [સં. વૃક્ષ] ન. ઝાડ.

૨ખ્ખત ૧. સ્ત્રી. તાકાત; સામર્થ્ય.
૨. સ્ત્રી. પ્રસંગ; સમય.
૩. સ્ત્રી. મનનું વલણ; ઇચ્છા.
૨ખ્ખત રાખવી = પક્ષપાત કરવો.
૪. સ્ત્રી. રસ્તો.
૫. સ્ત્રી. રૂખ; તાલ.
૬. સ્ત્રી. સમયે જે અનુકૂળ પડે તેવી તજવીજ; ચિત્તપ્રવૃત્તિ; ભાવ.

૨ખ્ખમ ૧. પું. રોગ.
૨ જુઓ ૨ક્કમ.

૨ખ્ખવતી પું. (પિંગળ) એ નામે ૬૫ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ચંપકમાળ. તેના ૬૨૬ ચરણમાં ભગણ, મગણ, સગણ અને ગુરુ એમ ૬૫ અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨ખ્ખાવતી જુઓ ૨ખ્ખવતી.

૨ખ્ખૈયા [હિ.] વિ. રોકનાર; અટકાયત કરનાર.

૨ખ્ત ૧. પું. વાયુ રોગનો એક પ્રકાર.
૨. ન. એક પ્રકારનું ઘાસ. તેમાંથી સુગંધી તેલ નીકળે છે. તે ટર્પેન્ટાઈન ને લગતું હોઈ વાયુ ઉપર લગાડાય છે
૩. [સં. વૃક્ષ] ન. ઝાડ.
૪. વિ. કઠોર; કઠણ; કર્કશ
૫ વિ. ક્રૂર; ઘાતકી; જબરદ.
૬. વિ. અરબીમાંનું; લીસું નહિ તેવું.
૭. વિ. ચંદું; ભેલું.
૮. વિ. ઢાંકું; વાસી.
૯ વિ. તૂરું.
૧૦. વિ. (સંગીત) મનોહર નહિ એવું.
૧૧. વિ. તૂખું. કોરું.
૧૨. વિ. શુષ્ક; સૂકું; ઉજ્જડ.

૨ક્તગંધ [સં.] પું. ચૂનળ.

૨ક્તપિત્ત ૧. [સં.] ન. શરીરની અરબી ઓછી કરવાની સારવાર.
૨. ન. લોહી કે પાતળું કરવું તે.

૨ક્તત સ્ત્રી. બરતરફી; રજા; રુખસદ; છટી.
૨ક્તત આપવી = કાઢી મૂકવું; પાણીચું પકડાવવું.

૨ક્તતા ૧. [સં.] સ્ત્રી. કઠોરતા.
૨. સ્ત્રી. ક્રૂરતા; ઘાતકપણું; ક્રૂર હોવું તે.

૨ક્તત્વ જુઓ ૨ક્તતા.

૨ક્તપતંગ [સં.] ન. એક જાતનું પતંગિયું.

૨ક્તપત્ર [સં] ન. સાબોટ વૃક્ષ.

૨ક્તપ્રિય [સં.] ન. અમલ ઔષધ.

૨ક્તરસેક પું. ચૂની ઔષધિથી પસીનો લાવવો તે.

૨ક્તા ૧. [સં.] સ્ત્રી. કનીરવૃક્ષ; એક જાતની વનસ્પતિ.
૨. સ્ત્રી સ્નેહહીન સ્ત્રી

૨ક્તોચ્ચાર [સં.] પું. કોર વાણી.

૨ખ ૧. પું. ઋષિ; મુનિ.
૨. પું. ગાય; કપોત.
૩ પું. ઘોડાને થતો એક રોગ.
૪. પું. ચહેરો; મુખડું; ચિહ્ન; મુખ; મોં.
૫ સ્ત્રી ટેવ; સ્વભાવ.
૬. સ્ત્રી. તર્ક; કલ્પના; અનુમાન; અટકળ; ક્યાસ.
૨ખ જાળવી = (૧) કલ્પના કરવી. (૨) ખાતરી તપાસવી.
૭. સ્ત્રી. પ્રસંગ; યોગ્ય સમય; તક; અનુકૂળતા; જોઈતો સમય; મોખ; સારો વખત.
૨ખ જોવી = યોગ્ય તકની રાહ જોવી; મોખ કે તક છે કે કેમ તે તપાસવું.
૮. સ્ત્રી. બજારના ભાવતાલનું વલણ.
૯. સ્ત્રી. બરકત; ઉપજ.
૧૦. સ્ત્રી. મૂળ.
૧૧. સ્ત્રી. વિચાર; અભિપ્રાય; મત.
૧૨. સ્ત્રી. રોકડી.
૧૩. સ્ત્રી. હેતુ; ભાવાર્થ.
૧૪. [સં. વૃક્ષ] ન ઝાડ. તેનો આકાર શંકુ જેવો થાય છે. તે ૬૦ થી ૭૦ ફુટ ઊંચું વધે છે.
૧૫. ન. તરી; કાંપ; લીલ જારી
૧૬. ન. ખાબુ; ડિલા.
૧૭. ન. રોતરંજની રમતમાં હાથીનું મોરું.
૧૮. સ્ત્રી. મોટું; મહાન
૧૯. અ. તરફ; સામે

૨ખઅળુ સ્ત્રી. અળસીના કેટની એક જાત.

૨ખચડો (૨ખચ્ડો) પું. વાંદરો.

૨ખડ (૨ખડ્) ૧. પું. યોગીની એક જાતનું નામ.
૨. ન. ઝાડ; વનસ્પતિ
૩. વિ. ભયાનક; ભયંકર.
ઓરંગ એક ભયાનક રૂપ, રાક્ષસ કેરે ૨ખડ રૂપ. સામળ

૨ખડચો (૨ખડ્ચો) પું એક જાતનું ઝાડ.

૨ખડસંપ્રદાય (૨ખડસંપ્રદાય) પું. શૈવ મતનો એ નામનો એક ફાંટો.

૨ખડિયો (૨ખડ્યો) પું. ભટકતો ગરીબ હાલતનો માણસ.

૨ખડું (૨ખડું) ૧. ન. તરી; કાંપ.
૨ ન. નાનું ઝાડ; છોડવા.
નદી કિનારે રૂખડાં
પરઝાતે પોચાય મૂળ. દયારામ
૩. ન. બગતરાનું; બાળવાનાં લાકડાં.

૨ખડો (૨ખડો) ૧. પું. એક જાતનું ઝાડ; ગોરખઆમલી. તેનાં પાંદડાં કેળ જેમળાનાં પાંદડાં જેવાં હોય છે. તેના ઉપર વેંતભર લંબાઈના કુળીના જેવાં ફળ આવે છે. આ ફળની બહારની છાલ કઠણ હોય છે. ફળમાં બોદના જોગા હોય છે. તે બોટ ખાવો ખાટો હોય છે. તેનો આમલીને બદલે ઉપયોગ થાય છે. આ બોટ પિત્તશામક, રુચિકર તથા પથ્યકારક છે. આ વૃક્ષને ગોરઆમલી પણ કહે છે. ૨ખડો મધુર, કડવો તથા શીત છે અને દાહ, જ્વર, પિત્ત, વમન તથા અતિસારનો નાશ કરનાર મનાય છે. મોં પાકયું હોય તો ૨ખડાનો ગુંદર મોંમા રાખવાથી આરામ થાય છે. આ વૃક્ષ બહોળા વિસ્તારવાળું હોઈ તેને મહાવૃક્ષ કે કલ્પવૃક્ષ પણ કહે છે.
૨. સ્ત્રી. ૨ખડા જેવો.

૨ખમેયો જુઓ ૨ક્કમ.

૨ખર વિ. સામાન્ય; સાધારણ; મામૂલી.

૨ખરાય જુઓ ૨ખીરાય.

૨ખા જુઓ ૨ક્ષ.

રૂખી ૧. [સં. ઋષિ] પું. તપસ્વી; સંત; ઋષિ; મહાપુરુષ; સાધુ; મુમુક્ષુ; સિદ્ધ; મુનિ.

૨. પું. ભંગી; અંત્યજ, દેહ.

૩. સ્ત્રી. ખિસકોલી

રૂખીરાય પું. મોટા ઋષિ.

આજ્ય ભરી અળતા કહે રૂખીરાયજી કે. પ્રેમાનંદ

રૂગનાથ પું. પરમેશ્વર; જગતનો નાથ

રૂગરૂગી સ્ત્રી. ઘોડાની રેવાલ ચાલ.

રૂગાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

રૂગી ન. એક જાતનું પક્ષી.

રૂગેલ ન. એક જાતનું પક્ષી

રૂચકું ન. કપડું; ટુંકો વાળ કે તાંતણો.

રૂચન ન. પુષ્ટિકારક ઔષધ.

રૂચિકા પું. એ નામનો એક છંદ. તે લાવણી, કવાલ, ધૂપાલી, ઝંઝરો અને વસંત એટલા રાગમાં અને દૂમરી તાલમાં આવી શકે છે.

રૂચિર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને ગુરુ મળી સાત વર્ણ આવે છે.

૨. ન. ઉદક વિમાનનું નામ.

૩. ન. (શિલ્પ) દક્ષિણે તથા પશ્ચિમે બન્ને બાજુ અને અંદર બે પાટડાવાળું ઘર. મનોરમ ઘરને જમણી તરફ અને પાછીતે એ બને ઢેકાવાળે એક એક બાજુ હોય, એ ઘરને બાજુ બાજુ એક બાજુ વધારવામાં આવે અને મનોરમમાં પાટડો નાખવામાં આવે તો તે રૂચિર નામે ઘર થાય.

૪. જુઓ રુચિર.

રૂજવાત ૧. સ્ત્રી. માં આગળ ધરી દેવું તે; નિવેદન.

૨. સ્ત્રી. રજૂઆત; હજર કરવું તે.

રૂજ્જા પું. પાતળી ગાદી.

રૂઝો પું. કટકો; નાનો ભાગ.

રૂજ્યુવેળા સ્ત્રી. દીવે વાટ ચડવાનો વખત; રાતનું કારણાતનું અંધારું થવાનો સમય.

રૂઝ સ્ત્રી. અંકુર; ફોંસ; ઘા કે જૂનાં પુરાણાં તે; રુઝાવું તે; આરંભ થવાપણું; નવી ગામડી આવવી તે.

રૂઝ આવવી-રૂઝ ઉપર આવવું = ઘા કે જખમનું સાજા થવું; નવી ગામડી આવવી; ભા આવવી.

રૂઝપટ્ટી સ્ત્રી ઘા કે જખમ રુઝાઈ જાય તે માટે લગાડવામાં આવતી દવા કે મલમ ચોપડેલી પટ્ટી.

રૂઝવું ૧ અ. ક્રિ. ચૂમડા ઉપર નવી ગામડી વગેરે આવવું; ઘા પુરાવો, દર્દ મટવું; રુઝાવું.

૨. સ. ક્રિ. શાંતા વગાડી; આરામ થવો.

રૂઝેઅવલ [ઇ. રોઝેઅવલ] પું. પહેલો દિવસ; રાફ્આત

રૂઝેઅવલથી જ એક બાબતે કુદરતની મહાન રચનામાં કાંઈ કરી રહ્યો છે. મુંબઈ સમાચાર

રૂટ ૧. [અં.] ન. મુજિયું

૨. ન. રસ્તો

રૂટબીચ્ચર પું. એક જાતનો દારૂ.

રૂઠકું (રૂઠ્યું) વિ. કોપે ભરાયેલું; ગુસ્સે થયેલું.

રૂઠન ન. ગુસ્સો; રોષ; કોપ; અપ્રસન્નતા.

રૂઠવું અ. ક્રિ. ગુસ્સે થવું; રીસે ભરાવું; રોષે ભરાવું; નારાજ થવું; કોપે ચઢવું; કોપવું; રિસાવું.

દહાડો કે દેવતા જ રૂઠ્યો = કમભાગી થવું

રૂઢારૂઢી સ્ત્રી. ગેરસમજ.

રૂઢું વ. ખોટું લાગવું તે રીત.

રૂઢ (રૂઢ) ૧. પું. એકરના ચોથા ભાગ જેવડું માપ. તે ૧૨૧૦ ચોરસ વારનું માપ છે. તે પણ વખત ચોરસ વંકાને નામે પણ ઓળખાય છે.

૨. પું. લંબાઈ કે વિસ્તાર માપવાનું એક માપ. તે પંચ ગજનું હોય છે.

૩. વિ. ઉત્તમ; ઉત્તમ

રૂઢક્રિયા (રૂઢિયા) ૧. સ્ત્રી. કુંભારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ એ નામની અટકનું.

રૂઢપ (રૂઢપ) ૧ સ્ત્રી. રૂપાળાપણું; સૌંદર્ય; સુંદરતા; રૂપ.

૨. સ્ત્રી સારાપણું; ભલાપણું.

રૂડકું (રૂડકું) વિ. રૂડું; સારું; સોહામણું; રૂપાળું. પહેર્યાં મૂક્યા જડિત રૂડકાં ઝાંઝર પગે. ઝવેરી

રૂડા (રૂડા) પું. (પિંગળ) એ નામનો સાત અક્ષરનો એક છંદ.

રૂડાણી (રૂડાણી) ૧. સ્ત્રી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

રૂડાતરા (રૂડાતરા) ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

રૂડાપો (રૂડાપો) પું. શોભા; સુંદરતા

અત્યારે તો વનવગડાની લીલી વેલ, પંદરાં કે ભળ્યા ભોંયરાના આજૂબાજુ, રૂડાપો રાખી રહ્યા છે. કુમાર

રૂડારા (રૂડારા) જુઓ રૂડા.

રૂડું (રૂડું) ૧. વિ. ભલું; નહિ ખરું.

૨. વિ આનંદ કરવા જોગ; રમણીય; રુચિકર.

૩. વિ. યોગ્ય, અનુકૂળ, લાયક, લાજમ, ઉચિત.

૪ વિ. રૂપાળું; દેખાવડું

૫. વિ સારું; મજેનું; ઉત્તમ; ઉત્કૃષ્ટ.

૧. દહાં વાનાં થવાં = બધું સારું થઈ રહેવું; સારું થવું.

૨. રૂડી ચાલ = સારાં આચરણ.

૩. રૂડું આચરણ = સારું, યોગ્ય અને સદ્‌ગુણી આચરણ.

૪. રૂડું જીવવું = સુખમાં જીવન ગાળવું.

૫. રૂડું મનાવવું = સારું ગમાડવું

૬. રૂડું માણસ = ડાહ્યો, ગંભીર અને સદ્‌ગુણી માણસ.

૭. રૂડે નામ કે ખૂંડે નામ = માણસ સારા કે નઠારા કાર્યથી સારી કે ખરાબ નામના મેળવે છે.

૮. રૂડેરૂડું ને ખૂંડેખૂંડું = વાવો તેવું લણો; કરણી તેવી પાર ઉતરણી.

૬. વિ. સુંદર; સુયોજિત.

રૂડુંબૂડું (રૂડુંબૂડું) વિ. સારુંનરસું.

રૂડેરું (રૂડેરું) જુઓ રૂડું.

રૂડો (રૂડો) પું. એક પ્રકારનું ગીત, જૂના વખતમાં યજમાનના પુત્ર કે પુત્રોના જન્મ પ્રસંગે વરધોડામાં ગવાતો તે ગાતા.

રૂઢ ૧. પું (અવ્ય) પ્રકૃતિ અને પ્રત્યયના અર્થની અપેક્ષા રાખ્યા વિના વર્ણોના સમુદાયની શક્તિ વડે અર્થનો બોધ કરનારો શબ્દ; રૂઢિથી અર્થબોધક શબ્દ. જેમકે, ગાય, ઝાડ વગેરે

અન્વય અવયવોની અપેક્ષા વિના જ સમુદાયશક્તિ વડે બોધ થાય છે એ રૂઢ શબ્દ.

કાવ્યસાર

૨. પું. (વ્યાકરણ) શબ્દોના ત્રણ ભાંડેનો એક પ્રકાર; જે શબ્દ વ્યવહારમાં પ્રચલિત હોય પણ વ્યાકરણની રીતિએ જેની વ્યુત્પત્તિ ન થઈ શકે તે શબ્દ.

શબ્દના મુખ્ય ત્રણ પ્રકાર છે: સંસ્કૃત, પ્રાકૃત અને દેશ્ય. પુનઃ ત્રણ પ્રકાર છે: યૌગિક, રૂઢ અને મિશ્ર. ગુ. સા. પરિષદ

૩. સ્ત્રી. ગમની; મોહ; રૂઢ.
૪. વિ. અવિલાસ્યા; ગેરલું
૫. [સં] વિ. આરૂઢ; વાહન ઉપર બિરાજેલું
જઈ અક્રૂર ઝોડિયા રે
તા.મ રૂઢ થયા દયાળ. ન.વિદ ગમન
૬ વિ. ઉત્પન્ન; જન્મેલું. ૨.પી નીકળેલું
૭. વિ. ભૂતું; જમી ગયેલું; ઘર કરી ગયેલું, ઘણા પ્રકારથી પ્રચાર કે વપરાશમાં હોવાથી દૃઢ થયેલું.
૮. વિ. નિશ્ચિત; નક્કી.
૯. વિ. પ્રસિદ્ધિ પામેલું; ખ્યાતિ પામેલું; વપરાતું; પ્રચલિત; પ્રસિદ્ધ
૧૦. વિ. મજબૂત; પ્રથા પામેલું; ટેવ પડેલું
૧૧. વિ. વિકસેલું; ખીલેલું.
૧૨. વિ. વિસ્તૃત; વિશાળ.
૧૩. વિ. વ્યવહારમાં અમુક રીતે કે અમુક અર્થે સર્વ લોકોએ સ્વીકારેલું હોય તેવું; બહુપ્રચલિત; લોકસંમત; વ્યવહારમાં મનાયેલું
૧૪. વિ. વ્યવહારમાં વપરાતું; રૂઢિને અનુસરતું
રૂઢઅર્થી [સં.] પું મુખ્ય અર્થનો એક વિભાગ. કેટલાક શબ્દમાં રૂઢિ એટલે અનાદિ કાળથી ચાલ્યા આવતા પ્રયોગ કે પ્રવાહ પ્રમાણે અર્થ થાય છે તેને રૂઢ અર્થ કહે છે.
રૂઢઉક્તિ [સં.] સ્ત્રી. ભાષાપ્રવાહ; પરિપાટી, વાક્પ્રચાર; ' રૂઢિપ્રયોગ '.
પારસી, કાઠિયાવાડી, કચ્છી વગેરેના મિશ્રણથી અને અંગ્રેજી ભાષાની રૂઢઉક્તિ ઉપરથી કરેલા તરજુમિયા શબ્દોથી ખુબઈબંદરી ગુજરાતી ભાષા થઈ છે. રમણભાઈ
રૂઢકલ્પ વિ. વપરાશમાં સ્વીકારાયેલું.
રૂઢત્વ [સં.] ન. રૂઢ હોવાપણું.
રૂઢપ્રયોગ [સં.] પું. ભાષાપ્રવાહ; વાક્પ્રચાર; વાક્પ્રસંપ્રદાય; રૂઢિપ્રયોગ; ' રૂઢિપ્રયોગ '.
રૂઢબતીય વિ. રિવાજપ્રમાણે; ' કોન્વેન્શનલ '.
રૂઢયૌગિક [સં.] વિ વપરાશથી રૂઢ બનેલું.
જ્યાં જ્યાં ગુજરાતી બોલાય છે ત્યાંના રૂઢયૌગિક શબ્દો એકઠા કરી વિદ્વાનોની એક મંડળી સંસ્કૃત વ્યુત્પત્તિ સહિત એક મોટો કોશ થાય તો તેથી ભાષાની ઘણી સેવા થાય. મુ સા. પરિષદ
રૂઢરુચિ પું. એ નામનો કુલદોષની બંડ
વસુ, વસુદાન, રૂઢરુચિ, નાભિશ્રમ, રતુપવન, વિતમ્ર અને વામદેવ એ નામના કુલાદીપના જ્ઞાત બંડ છે. જ્ઞાનપ્રકાશ
રૂઢવંશ [સં.] વિ કુળવાન; ખાનદાન
રૂઢવું અ ક્રિ. નારાજ થવું; ગુસ્સે થવું
રૂઢસ્થ જુઓ રૂઢ.
રૂઢા ૧. [હિં.] પું. અજોલા, બોલવું નહિ તે.
૨. પું. બપોર પછીનો વખત
૩. સ્ત્રી. બંધુરાવસ્થા; બીજની ઉત્પત્તિ.
૪. સ્ત્રી. શબ્દશાસ્ત્રમાં લક્ષણાનો એક પ્રકાર, જેમાં રૂઢ શબ્દો આવી મુખ્ય અર્થનો સંબંધ પણ ન તૂટે તેને રૂઢા લક્ષણા કહેવામાં છે.
રૂઢાચાર [સં.] પું રૂઢ બની ગયેલ આચાર.
રૂઢાર્થ પું. શબ્દનો રૂઢ થયેલ અર્થ. આ શબ્દ યોગાર્થથી ઊલટો છે.
આ શબ્દશક્તિ તે રૂઢિ અને રૂઢિથી જે અર્થ લક્ષ્ય છે તે રૂઢાર્થ કહેવાય છે.
વૃહદ્ આચારણ
રૂઢિ ૧. સ્ત્રી. ઉત્પત્તિ; જન્મ.
૨ સ્ત્રી ઉન્નતિ.
૩. સ્ત્રી. કહેવત.
૪ સ્ત્રી. ખ્યાતિ; પ્રસિદ્ધિ
૫. સ્ત્રી ટેવ; આદત.
૬. સ્ત્રી. ધાતુ કે પ્રત્યયના અર્થની દરકાર કર્યા વિના વ્યવહારમાં પ્રચલિત અર્થ જણાવનારો તે; એક જાતની શબ્દશક્તિ.
૭. સ્ત્રી. પોચણ; ગાબડો
૮. સ્ત્રી. નિશ્ચય
૯. સ્ત્રી. રૂઢ થયેલ રિવાજના કારણથી શબ્દનો અમુક અર્થબોધ કરાવવાની શક્તિ.
૧૦ સ્ત્રી વિકાસ; વૃદ્ધિ
૧૧ સ્ત્રી. વિચાર.
૧૨. સ્ત્રી. વ્યવહારમાં ચાલતી આવેલી ને ચાલતી જે રૂઢ થયેલી રીતિ કે રિવાજ; લોકમાં પ્રવર્તતો વખત પર્યંત ચાલી રહેલો આચારવિચાર; કોઈ વાતનો લોકોમાં ચાલતો પ્રચાર; જનવ્યવહાર; જનરીતિ; લોકાચાર; લોકસ્થિરસ્તો.
૧૩. સ્ત્રી. શબ્દ અમુક જ અર્થમાં વપરાય એવો વહિવટ; ભાષાસંપ્રદાય કે પદ્ધતિ
૧૪. સ્ત્રી. સૃષ્ટિક્રમ; રીતિ; વિધિ; માર્ગ; પ્રથા, ચાલ; રવૈયો.
રૂઢિઉપાસક [સં.] વિ રિવાજ પ્રમાણે વર્તનાર.
રૂઢિકુંડાળું ન. રૂઢિનું બંધન.
રૂઢિગત વિ રૂઢિ કે રિવાજમાં દાખલ થયેલું
રૂઢિગુલામ પું. રૂઢિ કે ભૂતા રિવાજના ગાંડે ચાલનાર માણસ
રૂઢિગ્રસ્ત [સં] વિ. રૂઢિને ચુસ્તપણે વળગી રહેનાર; રૂઢિને જ અનુસરનાર; રૂઢિમાં સ્વયંપ્રબદ્ધ; રૂઢિમાં ડૂબેલું.
રૂઢિચુસ્ત વિ. ભૂતા જમાનાની રૂઢિને અનુસરનાર; સ્થિતિચુસ્ત; રૂઢિને વળગેલું; રૂઢિમાં માનનાર; ભૂતા રીત રિવાજમાં મક્કમ; ' કોન્ઝરવેટિવ '.
રૂઢિજન્યજ [સં.] વિ રૂઢિથી ઉત્પન્ન થયેલું.
રૂઢિદોષ [સં] પું. રૂઢિના ઉપયોગમાં આવતી ખામી; એક જાતનો ભાષાદોષ.
રૂઢિપરસ્ત જુઓ રૂઢિચુસ્ત.
રૂઢિપાલક વિ. રિવાજ પ્રમાણે ચાલનાર.
રૂઢિપાલન [સં] ન. રૂઢિને વળગી રહેવાનો સ્વભાવ.
રૂઢિપૂજક [સં.] વિ. રૂઢિને પૂજનાર; રૂઢિચુસ્ત; ભૂતા રિવાજને અનુસરનાર.
રૂઢિપૂજા સ્ત્રી. રૂઢિરિવાજની પૂજા; ભૂતી પ્રથાઓને માન આપવું તે.
રૂઢિપ્રણાલિકા [સં.] સ્ત્રી. પરંપરાગત ચાલતી આવેલી રૂઢિનું અનુકરણ.
રૂઢિપ્રધાન [સં.] વિ. પુરાણપંથી; પ્રાચીન મતાવલંબી
રૂઢિપ્રયોગ [સં.] પું. ભાષામાં રૂઢ કે રૂઢિથી જેનો વિશેષ અર્થ થતો હોય એવો શબ્દપ્રયોગ.
રૂઢિપ્રયોગકોષ પું. ભાંધી ભોગીલાલ બી.એ.લાલ કૃત રૂઢિપ્રયોગનો કોષ; એ નામનું એક ઉપયોગી પુસ્તક
રૂઢિપ્રિય [સં.] વિ. પોતાના રિવાજને ચાહનાર.
રૂઢિપ્રોક્ત [સં.] વિ. પરંપરાથી કહેવાતું.
આ પ્રમાણે રૂઢિપ્રોક્ત સંગીતમાં સમાયેલી અને સમાય એવી કવિતાઓને માટે છે.
અંબાલાલ દાણોર
રૂઢિબદ્ધ [સં] વિ રૂઢિમાં બંધાયેલું, રૂઢિને અનુસરનાર; રૂઢિથી પ્રચલિત.
રૂઢિબંધન [સં.] ન. રૂઢિને લીધે મજબૂત થયેલ રિવાજ કે પ્રથા.
રૂઢિમાફક [સં.] વિ. રૂઢિપ્રમાણે; રૂઢ; સુપ્રમાણ; ચલણસૂત્રના; વપરાશમાં ન હોય તેવું.
રૂઢિભંગ [સં.] પું. રૂઢિથી વિરુદ્ધ વર્તવું તે.
રૂઢિરક્ષક [સં] પું. ભૂતા વિચારનું; સારાસારનો વિચાર ન કરતાં ભૂતી રૂઢિને વળગી રહેનાર; રૂઢિનું રક્ષક કરનાર; રૂઢિને જાળવી રાખનાર; અગતિમ ના; સ્થિતિચુસ્ત; સ્થિતિરક્ષક.
વિદ્વાનોને કેવળ ભવકાળે જ હોય અને વર્તમાન કાળ કે ભવિષ્ય કાળ ન હોય એવી કેવળ રૂઢિરક્ષક દૃષ્ટિથી કેટલાક જુએ છે. અંબાલાલ મહેતા
રૂઢિરીઢ પું. રૂઢિમાં રીઢું થઈ ગયેલું. ભૂતા મતવાળું
રૂઢિરીઢું વિ. રૂઢિના બંધનને વળગી રહેનાર; રૂઢિબદ્ધ
રૂઢિલક્ષ [સં] ન રીતરિવાજને અનુસરીને કરેલું કે થયેલું લક્ષ; લોકાચાર પ્રમાણે થયેલું લક્ષ.
રૂઢિવાદ [સં.] પું રૂઢિને વળગી રહેવાનો મત.

રૂઢિવાદી [સ. રૂઢિવાદિન્] વિ. રૂઢિસુસ્ત. રૂઢિવાદમાં માનનાર.

રૂઢિવિરોધતા [સં.] સ્ત્રી. રિવાજ સામે વિરોધ હોવાપણું.

રૂઢિશક્તિ સ્ત્રી. (વેદાંત) પદના પ્રકૃતિપ્રત્યય રૂપ અવયવ સમુદાયમા રહેલી શક્તિ. લોકોને સંકેત વડે પોતાના વાચ્યાર્થનો બોધ કરવાનું જેમાં રહેલું જે સામર્થ્ય તે રૂઢિશક્તિ કહેવાય છે. જેમકે, ઘટ, પટ, આમાં અવયવોથી અર્થનો બોધ થતો નથી પણ લાંબા કાળથી ચાલી આવથી રૂઢિ પ્રમાણે આ શબ્દનો આજ અર્થ થાય એવા લોકોના સંકેત પ્રમાણે અર્થ થાય છે.

રૂઢિશબ્દ [સં.] પું. રૂઢિથી અર્થબોધક શબ્દ.

રૂઢિશાસ્ત્રી પું. રૂઢિ કે રિવાજના શાસ્ત્રનો અભ્યાસી અથવા તેવો લેખક.

રૂઢિસ્થ ૧. વિ. મૂળ રૂપમાં ચાલતો આવતો કે સાબિત નહિ એવો. શબ્દના અર્થમા વપરાય છે.
૨. વિ. રૂઢ.

રૂઢીકરણ [સં.] ન આગળ થઈ ગયેલ કાર્યને રૂઢિ રૂપ બનાવવુ તે.

રૂત ૧ [સં.] ન. અવાજ; શબ્દ.
૨. ન. ઋતુ; રૂતુ; મોસમ.
૩. ન. રૂ.

રૂતવું સ. ક્રિ. કોઈ બાબત પર ઊતરી પડવું; મંડવું; આપવું; આપી પડવું.

રૂત ૧. પું. સંગીતવાદ્યની દોરી.
૨. [હા.] સ્ત્રી. નદી.
૩. ન. હદય.

રૂતખાના [ફા.] પું. નદીનો પટ.

રૂતા ન. હદય.

રૂતાદ ૧. પું. અક્ષરમાત.
૨. સ્ત્રી. અક્ષરમાતનું કામકાજ કે કાર્યક્રમ.
૩. સ્ત્રી. અવસ્થા, દશા; હાલત.
૪. સ્ત્રી. રૂતની રીતભાત.
૫. [ફા.] સ્ત્રી. બાહેરાત.
૬. સ્ત્રી. વિવરણ.
૭. સ્ત્રી. અવસ્થા.
૮. સ્ત્રી. સમાચાર; વૃત્તાંત.

રૂદાર પું. મોભા અને આબરૂવાળો માણસ.

રૂદે ન હદય; મન; અંતઃકરણ.

રૂદો પુ. હદય; મન.

રૂનુમાઈ [ફા] સ્ત્રી કન્યાનું મોંદું પહેલી જ વખત જોવુ તે.
રૂનુમાઈ દેરી = કન્યાને પહેલી વખત આવે ત્યારે બક્ષિસ આપવી

રૂપ ૧ [સં.] ન. કિ. દેખાડવું; બતાવવુ.
૨. ન. કિ. બારીકાઈથી જોવુ.
૩. ન. કિ. કોપી કાઢવું.
૪. ન. કિ. હાવભાવથી પ્રદર્શિત કરવુ. અભિનય કરવો; રંગભૂમિ ઉપર ભજવવુ.

રૂપ ૧. સ્ત્રી. (જૈન) કલ્પના માંહેની એ નામની એક દિક્કુમારિકા.
૨. [સં.] ન. આકાર; આકૃતિ; મૂર્તિ; સ્વરૂપ.
૩ ન. એકનો સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ.
૪. ન. કોઈ પણ દશ્યપદાર્થ
૫ ન. મયની આકૃતિ
૬ ન. ધ્વનિ, પ્રકાર.
૭. ન. જ્ઞાત સંખ્યા કે જથ્થો.
૮ ન દેહ; શરીર.
રૂપ લેવું = રૂપ ધારણ કરવું; દેહ ધરવો.
૯ ન. પોગો ટેગ.
૧૦. ન. નમૂનો
૧૧. ન. નામ.
૧૨. ન. નિયમ; પ્રકાર; રીતિ; વિધિ; ક્રમ; મર્યાદા.
૧૩. ન (ન્યાય) ચોવીશ માંહેનો એક ગુણ. ચોવીશ ગુણ આ પ્રમાણે છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.
૧૪. ન. પૃથ્વી.
૧૫. ન. પ્રાણી; પશુ.
૧૬ ન. ભેદ; વિકાર.
૧૭. ન. મળતાપણું; સમાનતા.
૧૮. ન. મોઢે કરીને અથવા વારંવાર વાંચીને કોઈ પુસ્તકના આઠ સંપૂર્ટમાં રહેલું તે.
૧૯. ન. રેખા, ઘાટ, આકાર અને રચનાથી આપણને ગમે એવો દેખાવ; ઘોળ.
૨૦. ન. રૂપક, નાટક.
૨૧. ન. રૂપાખ્યાન કરવુ તે.
૨૨. ન. રૂપુ.
૨૩. ન. બ્રહ્મ; બ્રિહ્મ
૨૪. ન. વસ્તુ; ધનિ; પ્રવાહ; ઓઘ
૨૫. ન વિભૂતિ; શક્તિ
૨૬. ન વેશ
૧. રૂપ ધરવું બનાવવું – (૧) બાદ બજવવો. (૨) વેશધારણ કરવો (૩) શણગાર સજવો.
૨. રૂપ ધારવુ = વેશ ધારણ કરવો.
૩ રૂપ બદલવુ = (૧) તબાદો કરવો. (૨) વેશ પલટવુ કરવો

૨૭. ન. શબ્દ; અવાજ.
૨૮. ન. શબ્દ અને ધાતુઓને વિભક્તિ કે પ્રત્યય લગાડવાથી થયેલ શબ્દ; વાક્યમાં વાપરવા પ્રત્યય વગેરે લગાડીને તૈયાર કરેલો શબ્દ; પદ.
૨૯. ન. ચિહ્ન; મોં, રૂપરેખા; મુખવટો.
૩૦. ન. શ્લોક.
૩૧. ન. સુંદર દેખાવ તે; સૌંદર્ય; સુંદરતા; શોભા; કાંતિ
૧. રૂપ દેખાડવુ = પોતાનું સૌંદર્ય બતાવવુ.
૨. રૂપ વરસી જવુ = અતિશય રૂપાળું હોવુ. બહુધા પ્રશંસાર્થે સ્ત્રી નકાર બતાવવા વપરાય છે.
૩. રૂપ કરવુ = અંજિત કરવુ.
૪. રૂપના રૂડાં, ને કરમના કૂડાં = રૂપ એ દોષનું કારણ છે.
૫. રૂપની ચોળી = રૂપાનાદું. બૈ રૂપિયાને વિષે બોલતાં વપરાય છે.
૬. રૂપરૂપનો અવતાર-અંબાર = અતિ સ્વરૂપવાન; દેખાવડું; અતિ સુંદર.
૭. રૂપરૂપનો અંબાર = (૧) અગ્નિ જેવી તેજસ્વી અને દૃઢ, અતિ સુંદર સ્ત્રી. (૨) રૂપરૂપનો અંબાર.
૩૨. ન. સૂરત; ચહેરો.
૧. રૂપ કાઢવુ = દેખાવ કરવા જેવુ બનાવટ મુખ બનાવવુ
૨. રૂપ બગાડવું = (૧) કદાપું કરવું. (૨) કદંબ ચોંટાડવુ
૩. રૂપ બદલવું–બદલાવવુ = (૧) મોઢું ફેરવવું; ગુસ્સે થવું. (૨) વેશ બદલવો.
૪. રૂપ લાવવું = ચમકાવવાનું સ્વરૂપ દેખાડવુ.
૩૩. ન. સ્વભાવ; ધર્મ; પ્રકૃતિ; ભાવ.
૩૪. ન. દશા; અવસ્થા; દશા.
૩૫. વિ. જેવું; સરખું; સમાન; સમ; મય; બળતુ. જાતુ tool. સમાસને અંતે વપરાય છે.
૩૬. વિ. ભોળા ચહેરે દેખાતું.
૩૭. વિ બીજગણિતમાં કહેલ અજ્ઞાત રાશિ સાથેની જાણતા સંખ્યાવાળું.
૩૮ વિ. રોકડું; નગદ.

રૂપક ૧. [સં.] પું. (સંગીત) તાલના ત્રિસ્તાળીયા માંહેનો એક અલંકાર; દૃષ્ટાંત; અન્યોક્તિ; દૃસ્તાન્ત. સાવયવ રૂપક, નિરવયવ રૂપક, પરંપરિત રૂપક, યુક્તમાલા રૂપક, અયુક્ત માલા રૂપક, વિરુદ્ધ રૂપક, એવા એના ભેદ છે. આ અલંકારમાં ઉપમેયને ઉપમાન સાથે જાતારી વર્ણન કરેલું હોય છે

એક પદાર્થને બીજા પદાર્થના જેવો વર્ણવ્યો ન હોય પરંતુ તેને બીજા પદાર્થનો આરોપ કર્યો હોય–બીજો પદાર્થ જ છે એમ કહ્યું હોય તો તે અલંકાર રૂપક છે. જુઓ આકાશ

૨. પું. નાટક કરનાર; નટ.
૩. પું. રૂપિયો; ટકો.
૪ પું. સફેદ રંગ.
૫. પું (સંગીત) સંગીતનો એક મિશ્ર જાતિ નવ માત્રાનો તાલ.
૬. ન. આકૃતિ.
૭. ન. આવિષ્કાર; પ્રદર્શન.
૮. ન. ઉપમા
૯. ન. ચિહ્ન; લક્ષણ.
૧૦. ન. જાતિ; પ્રકાર.
૧૧. ન. જપ્યુ રતી ઝાર વજન.
૧૨. ન. દશની સાંકેતિક સંજ્ઞા.
૧૩. ન. નાટકનો એક પ્રકાર.
૧૪. ન. નિઘંટુ એક જાતની મિશ્ર ધાતુ.
૧૫. ન. પરિમાણનું એક નામ.
૧૬. ન. પ્રતિબિંબ.
૧૭. ન. (સંગીત) પ્રબંધ; કવિતા; પદ્ય; ગાયન.
૧૮. ન. મૂર્તિ; છબી.
૧૯. ન. રૂપું
૨૦. ન. લક્ષણ; રૂપકવત્ એક બાબતને બીજીનું નવું રૂપ આપવું તે.

રૂપકકાવ્ય જુઓ રૂપક ૧.

રૂપકગ્રંથિ [સં.] સ્ત્રી. દૃષ્ટાંત રૂપક; રૂપકમય દૃષ્ટાંત; ' એસેમ્પ્લર '.

રૂપકડું (રૂપકડું) વિ. રૂપાળું; દેખાવમાં સુંદર.

રૂપકથા [સં.] સ્ત્રી. અદ્‌ભુત વાર્તા; કલ્પનાથી ભરપૂર વીરકથા.

રૂપકતાલ [સં.] પું (સંગીત) સાત માંકેનો એક તાલ.

રૂપકપદ્ધતિ સ્ત્રી. નિઘંટુ નામની ધાતુ જેવી ઓપ ચડાવેલી કોઈ પણ ધાતુ.

રૂપકપ્રધાન [સં.] વિ. અલંકાર જેમાં મુખ્ય હોય તેવું

રૂપકબંજની પું. (સંગીત) ગાયનમાં થતો આલાપનો એક પ્રકાર; ગાયનના અવયવોને છૂટા પાડનારો આલાપ. ગાયકને ગાનારો કે સૂડું પાડનારો જે આલાપ તેને રૂપકબંજની આલાપ કહે છે.

રૂપકમહોત્સવ [સં] પું. પચીસ વર્ષ પૂરાં થયે ઊજવાતો રજત મહોત્સવ; ' સિલ્વર જ્યુબિલી '.

રૂપકમાલા જુઓ રૂપકમયિ.

રૂપકમુ ન (વેદાંત) ઉપમાન અને ઉપમેયના અભેદમાં જે સરખાપણાની પ્રતીતિ થાય છે તે.

રૂપકરજુ [સં] પું. એક પ્રકારનો ઘોડો.

રૂપકર્તા [સં.] પું. વિષ્ણુ.

રૂપકલા [સં.] સ્ત્રી. સૌંદર્ય; સુંદરતા.

રૂપકળા જુઓ રૂપકલા.

રૂપકાતિશયોક્તિ [સં.] સ્ત્રી. (અલં) અતિશયોક્તિનો એક ભેદ. તેમાં ઉપમાનનું વર્ણન કરીને ઉપમેયનો અર્થ સમજવામાં છે

રૂપકામ ન. કલ્પવૃક્ષમાંથી; રૂપાળું દેખાય તેવું કામ

રૂપકાર ૧. [સં.] પું રૂપ ઓળખનારો ચિતારો.
૨. પું. શિલ્પી.

રૂપકાલંકાર [સં.] પું. એ નામનો એક અલંકાર. જ્યાં ઉપમાન અને ઉપમેયનો અભેદ વર્ણવવામાં આવે ત્યાં રૂપકાલંકાર જાણવો. જુઓ રૂપક ૧.

રૂપકાલાપ પું. (સંગીત) આલાપનો એક પ્રકાર. રાગાલાપના ઉદ્‌ગ્રાહ, ધ્રુવક, મેલાપક અને આભોગ નામના ચાર અવયો માત્ર સ્વરના ક્રોડીકરણથી જલદ દ્રુતા અદ્રુતા કરવામાં આવે છે ત્યારે તેને રૂપકાલાપ કહેવામાં આવે છે.

રૂપકુમારિકા સ્ત્રી. ખૂબસૂરત કન્યા

રૂપકૃત્ જુઓ રૂપકર્તા.

રૂપકોત્સવ [સં.] પું. રજતમહોત્સવ; રોપ્યમહોત્સવ.

રૂપકોશા સ્ત્રી. એ નામે એક ગણિકા. તેણે ચિત્રકળામાં પ્રવીણતા મેળવી હતી અને અદ્‌ભુત કામશાસ્ત્રની રચના કરી હતી.

રૂપકાંતા [સં.] સ્ત્રી. સત્તર અક્ષરનો એ નામે એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ઉપરાંત એક ગુરુ તથા એક લઘુ મળી સત્તર વર્ણ હોય છે.

રૂપગર્વિતા ૧. સ્ત્રી. ગર્વિતા નાયિકાનો એક ભેદ; જેને પોતાના રૂપ કે સુંદરતાનું અભિમાન હોય એવી નાયિકા.
૨ [સં] વિ સ્ત્રી રૂપના અભિમાનવાળી

રૂપગર્વિલી વિ સ્ત્રી. પોતાના સ્વરૂપનું અભિમાન ધરાવનારી; રૂપને લીધે ગર્વવાળી.

રૂપગુણ પું. (વેદાંત) રૂપ રૂપી જન્ય. તે ધોળો, નીલ, રક્ત, પીત, હરિત, કપિશ અને મિશ્ર એમ સાત પ્રકારનો છે

રૂપગ્રાહક પુ. પ્રકાશ ગ્રહણ કરનાર આંખનો પડદો.

રૂપઘનાક્ષરી [સં.] સ્ત્રી. એક પ્રકારનો દંડક છંદ. તેના દરેક ચરણમાં બત્રીસ વર્ણ હોય છે. તેના અંતમા લઘુ તથા આઠ આઠ વર્ણ ઉપર વિશ્રામ આવે છે.

રૂપઘાત [સં.] પું. રૂપ ભંગાવું તે.

રૂપમેહું વિ. રૂપમાં ગાઢું બનેલું.

રૂપચતુર્દશી ૧. સ્ત્રી. કાળા રંગની કદરૂપી સ્ત્રી.
૨ [સં] સ્ત્રી. નરક ચતુર્દશી; કાળી ચૌદશ. આસો વદ ૧૪ને રૂપચૌદશ કહે છે. તે દિવસે શિવપૂજન અને ભૂતપ્રેત પૂજન થાય છે.

રૂપચોકી સ્ત્રી. (સિદ્ધપ) મંદિરની ટોચે નાના ઘૂમટોનો બનેલો ચોરસ ઘાટ; દેવળ કે મંદિર ઉપર નાના ઘૂમટોથી ચોખંડું કરવું તે; સિદ્ધરાજ કહેરાના બારણાની આગળ ઘૂમટીને આકારે જે દેખાય છે તે.

રૂપચૌદશ જુઓ રૂપચતુર્દશી.

રૂપજસ્ત પું સીસું, કલાઈ અને પારાના મિશ્રણવાળી એક ધાતુ. તેનાં કોકાના તળિયા બનાવવામાં આવે છે

રૂપજીવ જુઓ રૂપજીવા.

રૂપજીવા [સં.] સ્ત્રી. પોતાના રૂપ અને દેહ ઉપર જ જીવવાનો શોખ ધરાવતી ગણિકા. તેને ધર્મ, પરોપકાર કે ભક્તિભાવ કશું રૂપર્શતાં નથી. પોતાને માટે અલંકારો બનાવવા, ઘરને વિલાસપ્રેરક શૃંગારોથી સજ્જ રાખવું, ધનિકોને નીચું જોવરાવે એવા ઉપસ્કર કે ધનિકથી પોતાના ગૃહખર્ચો ભરી દેવા, દાસદાસી, નોકરચાકર, ખાના પાલખીના દ્વારા રાખવા આ.ો તેનો ઉદ્દેશ હોય છે. એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તે પોતાના પ્રેમીઓ પાસેથી ઠીક ઠીક ધન મેળવે છે. રૂપજીવાની સુખકતા ગણિકા કરતાં ઓછી છે. એની કમીનતામાં સુખકતા સમર્પણ ભાવ અને પ્રેમીની પસંદગીમાં રસમાતુર્ય કે સંસ્કારનો અતિ આગ્રહ નહિ. ધન અને રસમાતુર્ય વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ આવતાં તે ધનને અગ્રત્વ આપવા લલચાય. કલા ખરી; પરંતુ કલા પ્રત્યે ભક્તિભાવ નહિ. એ માત્ર ધન પ્રાપ્તિનું સાધન જ તેની પાસે બની રહે.

રૂપજીવિની જુઓ રૂપજીવા.

રૂપજ્ઞ [સં.] વિ. રૂપને પારખનાર કે ઓળખનાર.

> અમુક બાબત રસજ્ઞ છે તો વળી અમુક બાબત રૂપજ્ઞ છે. હરિશંકર ત્રિવેદી

રૂપડી (રૂપડી) સ્ત્રી. સુંદર રૂપાળી સ્ત્રી.

રૂપડો (રૂપડો) પું. (જૂ ગુ.) એ નામે એક જાતનો ઘોડો

રૂપણ ૧. [સં.] ન. અલંકારિક વર્ણન.

૨. ન. આનંદપત્ર.
૩. ન. પરીક્ષણ, પરીક્ષા.
૪. ન. પ્રમાણ.
૫. ન. રૂપ બનાવવું તે; અભિનય.

રૂપતત્ત્વ [સં.] ન. મૂળસ્વભાવ.

રૂપતન્માત્ર [સં.] ન. અહં તન્માત્રના પાંચ મહેનો એક પ્રકાર.

રૂપતા [સં.] સ્ત્રી. સૌંદર્ય; ખૂબસૂરતી.

રૂપત્વસ્વભાવ [સં.] પું. રૂપવાળું હોવાનો સ્વભાવ અથવા ગુણ.

એ રીતે બૌદ્ધાગમ કોઈ કાળાશ ધારણ કરે, કાળાશ કોઈ પીળાશ ધારણ કરે તો બધા વિવિધ પર્યાયોમાં રૂપત્વસ્વભાવ કાયમ રહે છે. તત્ત્વાર્થસૂત્ર

રૂપદક્ષતા [સં.] સ્ત્રી. નાટકનું રૂપ કે ચિત્ર દોરવામાં કુશળતા.

રૂપદક્ષતા તેમનામાં પૂરેપૂરી ખિલેલી છે. કૌમુદી

રૂપદર્શક [સં.] પું. ગરાસ; સિક્કાઓ સંબંધી દેખરેખ રાખનાર અધિકારી

રૂપદર્શન [ત્રિ.] પું. રૂપિયો.

રૂપદાણી સ્ત્રી. દળ ઉપર નકશીવાળા સોના માટે નાખવાની વખારાની દળી. તે કાઢાની નીચે નખાય છે અને રેશમ, સૂતર કે ઊનની સુશોભિત બનાવાય છે.

રૂપદાસી [સં.] સ્ત્રી. વેશ્યાના પ્રકારોમાં, ગજરા, અત્તર, ગુલાબ, ચાંદીકાર તથા પાનબીડાં બનાવનારી યુવતી.

રૂપદૃષ્ટિ [સં.] સ્ત્રી. મુખ્યત્વે રૂપ જ જોવું તે.

રૂપધનાક્ષરી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વર્ણદંડક છંદ પણ કહે છે.

રૂપધર ૧. [સં.] ત્રિ. વેષધારી.
૨. ત્રિ. સુંદર; ખૂબસૂરત.

રૂપધામ [સં. રૂપધામન્] ન. રૂપનો ભંડાર; સૌંદર્યનું ધામ કે મથક.

રૂપધારી ૧. [સં. રૂપધારિન્] પું. નટ.
૨. ત્રિ આકારવાળું.
૩. ત્રિ. બીજો વેષ લેનાર
૪. ત્રિ. રૂપાળું, રૂપવાળું; ખૂબસૂરત; સુંદર.

રૂપનદ્ધ ૧ ત્રિ. રૂપાથી મઢેલું.
૨. ત્રિ રૂપનું

મારું સોનાનું ઘોડું ઓવારણી રે,
મારી રૂપનદ્ધા ઢેબરણી ઓવારણી રે, લોકગીત

રૂપનામ [સં રૂપનામન્] ન. દરેક શરીર દેહ.

રૂપનારાક જુઓ રૂપનારક.

રૂપનારાયણ ૧. [સં.] ન. ધુતરૂ.
૨. ત્રિ. રૂપનો નાશ કરનાર.

રૂપનિધાન [સં.] ન રૂપનો ભંડાર; સૌંદર્યની ખાણ; રૂપરાશિ.

પખ્યો પોતે કન્યા રૂપનિધાન,
રાજા સોય રાજ વળી કુંવરી રૂપનિધાન. સામળ

રૂપનિર્દેશ [સં.] પું. રૂપરેખા; પ્રસિદ્ધિ પત્ર; "પ્રોસ્પેક્ટસ".

રૂપપતિ [સં.] પું. વિષ્ણુ.

રૂપપરિવર્તન [સં.] ન. રૂપપરિવૃત્તિ; રૂપભેદ, રૂપાંતર; રૂપ ફેરવવું તે.

રૂપપરિવૃત્તિ જુઓ રૂપપરિવર્તન.

રૂપપરીક્ષા ૧. સ્ત્રી. અઢેરો ભેર્યા રોગનો નિર્ણય કરવો તે. મોઢાનો ચહેરો જોવાથી રોગની કેટલીક પરીક્ષા થઈ શકે છે તેને રૂપપરીક્ષા કહે છે. ચહેરો નિસ્તેજ કાગાશ પડતો લાગે તો વાતરોગની શંકા કરાય છે. પીળો, લાલ અને સૂજેલો જણાય તો પિત્તરોગ જાણવો. લાલ તેવા જેવો જણાતો હોય તો શ્લેષ્મરોગ જાણવો.
૨. [સં.] સ્ત્રી. નજર કરી તપાસવું તે; અવલોકન.
૩. સ્ત્રી. રૂપ ઉપરથી પરીક્ષા કરવા તે.

રૂપપૂતળી સ્ત્રી. બહુ સુંદર સ્ત્રી.

રૂપપ્રતિમા [સં.] સ્ત્રી. રૂપની મૂર્તિ.

રૂપપ્રધાન [સં.] ત્રિ. જેમાં રૂપ મુખ્ય હોય એવું.

રૂપબંધ [સં.] પું. અક્ષરોના આધારે જે છંદ રચાય તે; પદ્ય રચનાનો એક પ્રકાર.

રૂપબંધમાં દરેક ચરણમાં અક્ષરની સંખ્યા તથા દરેક અક્ષરનું રૂપ સરખું હોય છે. અનંતરામ

રૂપબાર્દલક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

રૂપભાગ [સં.] પું. રૂપ બનાવનાર ભાગ.

આજના નવલકથાકારો પાત્રોની વસ્તુ અને તેના વૈચિત્ર્ય કરતા તેની પાછળ કલાકારતા, ઉદ્‌ઘાટન અને એકંદર રૂપભાગ ઉપર એકાગ્ર ચિત્તથી લાગે છે. વિજયરાય

રૂપભેદ ૧. [સં.] પું. ચોમેર માહેનું એક તંત્ર. તેમાં ઉચ્ચાટનાદિપ્રયોગ બતાવ્યા છે.
૨. પું. રૂપમાં ફેરફાર થવો તે.

રૂપમકરંદ [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત છંદ. કુમિલા. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં અઢાર અક્ષર મળી ચોવીસ અક્ષર હોય છે.

રૂપમય સ. (ન) અતિ સુંદર; અદ્‌ભુત ખૂબસૂરત.

રૂપમહોદધિ [સં.] પું. કામદેવ.

રૂપમંજરી ૧. સ્ત્રી. એક પ્રકારનું અનાજ.
૨. [સં.] સ્ત્રી. એક પ્રકારનું ફૂલ.

રૂપમંજરી મલ્હાર પું. (સંગીત) એ નામનો એક રાગ. તે આસાવરી થાટમાંથી ઉત્પન્ન થાય છે અને વર્ષા ઋતુમાં ગવાય છે

રૂપમંડન [સં] ન. મંડન નામના શિલ્પશાસ્ત્રીએ બનાવેલું પ્રતિમા બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

રૂપમાલ પું. (પિંગળ) એ નામનો નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રૂપમા. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ મગણ મળી નવ અક્ષર હોય છે.

રૂપમાલા જુઓ રૂપમાલ.

રૂપમાષ [સં.] પું. અઢાસી સરસવ જેટલું વજન. તે રૂપું તોળવા માટે વપરાય છે.

રૂપમાળા જુઓ રૂપમાલા.

રૂપમાળી ૧. પું. (પિંગળ) એ નામે સત્તર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તે પ્રકૃતી છંદનો એક ભેદ છે.
૨. ત્રિ. સુંદર; મનોહર.

રૂપમુગ્ધ [સં.] ત્રિ. સૌંદર્યના મોહપાશમાં પડેલું; રૂપથી મોહ પામેલું.

રૂપમુદ્રા [સં.] સ્ત્રી. સુંદરમુખી સ્વરૂપવાન આકૃતિ.

રૂપમૂલ્ય [સં.] ન. કીમત.

રૂપયક્ષ [સં.] પું. (જૈન) યક્ષોના તેર માહેનો એક પ્રકાર. યક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે: પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, પક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ, અતિપ્રતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર

રૂપયડી (રૂપયડી) સ્ત્રી. રૂપિયો. તિરસ્કારમાં બોલાય છે.

શા સારૂ આવ દસ રૂપયડીની ખાતર તમારા લોકોને કલકત્તાના નર્કવાસ જેવા ઘાતકોમાં હમણાં કરવી પડે. ગાંધીજી

રૂપયૌવન સંપન્ન [સં.] ત્રિ. યુવાવસ્થાની સાથે રૂપનો સુમેળ હોય તેવું

રૂપરડી (રૂપરડી) જુઓ રૂપયડી.

રૂપરંગ ૧. [સ] પું. આકાર અને રંગ; બહિરંગ; બહારનો દેખાવ; બહારનો ઠાઠમાઠ.
૨. પું ઘાટ, આકાર અને રંગથી યુક્ત ઘાટક.
૩ ન બ વ. પુસ્તકનાં કાગળ, મુદ્રણ, બાંધણી વગેરે બાહ્ય સામગ્રી

રૂપરાણી જી. રૂપાળી સ્ત્રી.

રૂપરાશિ ૧. [સં.] પું. રૂપનો ભંડાર.
૨. સ્ત્રી. બહુ જ રૂપાળી સ્ત્રી.

રૂપરેખા ૧ સ્ત્રી આછો ખ્યાલ, ટૂંકું બયાન કે વર્ણન; કોઈ પણ બાબતનો ઉપલક કે કંઈક બયાલ આપતી હકીકત, ચિત્ર કે નકશો.
મારી અંગ્રેજિતા કારણાની દુકામા દુની રૂપરેખા આપી દેવા મેં ઉપર પ્રયત્ન કર્યો છે. આનીબ્ર
૨. [સં.] સ્ત્રી. રૂપનિર્દેશ: માત્ર રૂપ બતાવનારી રેખા.

રૂપરેખા જુઓ રૂપરેખા.

રૂપલ પું. (સંગીત) આઠ માત્રાનો એક તાલ.

રૂપલાવણ્ય [સં.] ન. રૂપની મનોહરતા; રૂપની ખૂબસૂરતી; સૌંદર્ય.

રૂપલિયું વિ. રૂપાળું; સુંદર.

રૂપલીલા [સ] સ્ત્રી બહુની લીલા, માયાનો રંગ.

રૂપલું ૧. ન. એક જાતનું ખેતીના પાકને નુકસાન કરનાર જંતુ
૨. ન. રૂંવિયો.
૩. ન. રૂપું.
૪. વિ. ધોળું.
૫. વિ. રૂપાનું; રૂપેરી.
૧. રૂપલા ઉંદરણી = રૂપાની ઈંદોણી.
૨. રૂપલા વરણું = રૂપેરી રંગનું.
૬. વિ. રૂપાળું, ઊજળું

રૂપવતી ૧. પું. (પિંગળ) એ નામે દસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેને ચંપકમાલા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, મગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. છપ્પન મહેની એ નામની એક રિદ્ધિકુમ રિદ્ધા.
૩. સ્ત્રી. રૂપાળી અને સુંદર સ્ત્રી.
૪. વિ સ્ત્રી. રૂપાળી, સૌંદર્યવાન; કુદરતી. ખૂબસૂરત.

રૂપવહા સ્ત્રી. શરીરની એક નાડી.

રૂપવંત વિ ખૂબસૂરત, રૂપાળું, રૂપરાળું. સ્વરૂપવાન, સુંદર

રૂપવા જુઓ રૂપવાન

રૂપવાન ૧. વિ. અલંકૃત; રાણગારેલ.
૨. [સં. રૂપવત્] વિ. આકાર કે રંગવાળું.
૩ સ્ત્રી. રૂપાળું; સુંદર; દેખાવડું; ખૂબસૂરત.
૪. વિ. શારીરિક.

રૂપવાહિક પું (પુરાણ) એ નામનો ભારતવર્ષનો એક દેશ.

રૂપવિકૃતિ [સં.] સ્ત્રી. આકારવિકાર; રૂપાંતર; દેખાવમા ફેરફારઃ આકાર પરિવર્તન.

રૂપવેલડ (રૂપવેલડ) સ્ત્રી રૂપની વેલ; બહુ રૂપ.ગી સ્ત્રીને માટે તે વપરાય છે.

રૂપશાલી ૧. પુ. (જૈન) જિનર નામના વ્યંતરના દસ માહેનો એક પ્રકાર. જિનરના દસ પ્રકાર આ પ્રમાણે છે: જિનર, જિપુરષ, જિપુરુષોત્તમ, જિનરોત્તમ, મહર્યંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય, અને રતિશ્રેષ્ઠ.
૨ વિ. સ્વરૂપવાન; સુંદર; ખૂબસૂરત.

રૂપશિલ્પ [સં.] ન. કથીર

રૂપશિરોમણિ [સ] વિ સ્વરૂપમાં સૌથી ઊંચે પદે મુકાય એવું; બહુ જ સ્વરૂપવાન.

રૂપશ્રી [સં] સ્ત્રી (સંગીત) સંપૂર્ણ જાતિની એક મિશ્ર રાગિણી તેમાં ઋષભ કોમળ અને બાકીના બધા સ્વર શુદ્ધ લાગે છે.

રૂપસંકેત [સં.] પું. રચનાસંકેત; સંજ્ઞા; સૂત્ર.

રૂપસંક્રાંતિ વ્રત [સં] ન. દરેક સંક્રાંતિએ સોનાના પાત્રમાં ઘી અને સોનું નાખી તેમાં પોતાનું સ્વરૂપ જોઈ તે પાત્ર બ્રાહ્મણને દાનમાં આપવાનું વ્રત.

રૂપસંપત્તિ [સં.] સ્ત્રી. સૌંદર્ય; સુંદરતા; ઉત્તમ રૂપ.

રૂપસાગર [સં.] પું. સૌંદર્યનો ભંડાર.

રૂપસુધા [સં.] સ્ત્રી. સૌંદર્યરૂપી અમૃત.
સુધા તૃપ્ત કાંઈ નહિ રૂપસુધામાં રહીએ.
પ્રેમાનંદ

રૂપસુંદરી [સં.] સ્ત્રી રૂપવંતી સ્ત્રી; સ્વરૂપવાન સ્ત્રી
૨. વિ. રેતીનો જેવો હોય તેવું; રેતાદાર.

રેતાળ પથ્થર ન. રેતીનો પથ્થર; 'સેન્ડ સ્ટોન.'

રેતિયું ૧. ન. રજિસ્યું; રેતણી.

૨. વિ. રેતીનું.

રેતિયો પહાણ જુઓ રેતાળ પથ્થર.

રેતી ૧. [સં. રેતસ્] સ્ત્રી. કણદાર ભૂકો; કરકરી ધૂળ; પથ્થરની ઝીણી કાંકરી; નાની નાની કાંકરીવાળા રજ જેવા પથ્થરનો ઝીણો ભૂકો. ખડકોની ઘીમે ધીમે થયેલી ઝીણી ભૂકી રેતી કહેવાય છે. ખાસ કરીને ખડમકના ઝીણા કાણા અને જે ખડકમાંથી રેતી થઈ હોય તેની બનિસ્બે તેની સાથે ભળેલી હોય છે ગ્રેનાઈટ પથ્થરમાંથી બનેલી ધોળી ખડમકની રેતી કપેરી અથવા કાચની રેતી તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે રેતી પીળી, ભૂરી અને રાતી હોય છે; કારણકે તેમાં લોઢું હોય છે. ચૂનો, સીમેંટ, ઈંટ, કામ અને માટીનાં વાસણો બનાવવા માટે રેતી વપરાય છે. બસવા તથા ગાળવાના કામમાં પણ રેતી વપરાય છે.

૧. રેતીમાં નાવ ચલાવવું = (૧) અઘરામ કામની સિદ્ધિ કરવી; અદ્ભુત અનુરાગથી કે સમતાથી કે ધારવામાં કે સમજવામાં ન આવે એવાં કામ કરવાં; મહા પરાક્રમ કરવું. (૨) પૂજા વગર પેઢી માંડવી; પોલે પાને વેપાર કરવો. (૩) રેતીમાં નાવ ચલાવવા જેવો મિથ્યા યત્ન કરવો; ફોગટ મારવાં.

૨. રેતીમાં નાવ ન ચાલે = કાગળની હોડીએ દરિયો ન તરાય.

૨. સ્ત્રી. કાનસ.

૩. સ્ત્રી કાંપવાળી જમીનનો કુદરતી.

૪. સોનું. ચાંદી ન ચડાય તેવું મોતી.

રેતીકાગળ પું. રેતી કે કાચની ભૂકી ચોંટાડેલ કાગળ.

રેતીતાપક પું કારીરે રેતી ચોળી નાહવું તે.

રેતીદાન જુઓ રેતદાની.

રેતીપહાણ ન. ઈંટ

રેતીપટ પું. રેતીનું મેદાન.

રેતીપથ્થર જુઓ રેતપથ્થર.

રેતીરાન ન. રેતીનું રણ.

રેતીલું વિ. રેતાળ; રેતીવાળું.

રેતોધરા [સં.] સ્ત્રી. શરીરની અંદર એક કલા. અગ્નિને ધારણ કરે છે તે કળાને અગ્નિધરા અથવા વીર્યને ધારણ કરે છે માટે તેને રેતોધરા કહે છે.

રેત્ય ૧. સ્ત્રી. રેતી; રેણુ.

રમે રમત વહરીની સંગ,
સુની રૈત્યમાં ઉન્મત્ત અંગ.

નરસિંહરાવ

૨ ન. ચિત્તળ

રેથળ ૧. પું. ઈંટ, કાદવ અને ભાજુના પડથી બનાવેલ ઘરનું ભોંયતળિયું.

૨. પું. કાંકરેટનો રસ્તા; ભાજ; કૂવો.

રેદું જ પેટ; ઉદર.

રેન ૧. [સ. રજની; પ્રા. રયણી] સ્ત્રી. રાત; રજની; રાત્રિ.

૧. [અં.] સ્ત્રી. રાહ; લગામ.

૩. સ્ત્રી. રેતી.

રેનકીપુરિયા સ્ત્રી. (સંગીત) એ નામનો એક રાગ; કલ્યાણપુરિયા. તેમાં ગંધાર, મધ્યમ, પૈવત નિષાદ તીવ્ર છે અને રિષભ કોમળ છે. તેની સંપૂર્ણ જાતિ છે એટલે સાતે સ્વર તેમાં આવે છે. તે આવાનો વખત સંધ્યા પછીનો છે. તેનો વૈવત્ત અંશ સ્વર અને ષડજ ન્યાસ સ્વર છે.

રેનકીપૂર્વી જુઓ રેનકીપુરિયા.

રેનકોટ જુઓ રેઈનકોટ.

રેનગોજ [અં.] ન. વરસાદ માપવાનું યંત્ર.

રેનડીઅર [અં.] ન. એક જાતનું પ્રાણી. તે નોર્વે અને સ્વીડનમાં જોવા મળે છે. ઉત્તરના પ્રદેશોમાં બરફ ઉપર ચાલતી પૈડાં વગરની ગાડી ખેંચવામાં પણ જ કામ આવે છે. તેના આખાનાં ચામડાં ઓઢવાથી ઠાની કાઢ પણ ઓછી થાય છે. બરફ ઉપર ચાલવાને લીધે તેનો ખોરાક છે.

રેનદિન ન. અહર્નિશ; રાતદહાડો.

રેનબેરી [અં.] ન. બોરડી એક ઝાડ.

રેનબ્રો [અં.] ન. મેઘધનુષ.

રેનીન પું. એક જાતનો રસ તે દૂધને સહેલાઈથી પચાવવાને ઉપયોગી છે.

રેપ્ [સં.] ૧ વિ. બળાત્કાર કરવો; જબરદસ્તી કરવી.

રેપ ૧. સ્ત્રી. (સંગીત) આરોહની ભીંત.

૨. વિ. કપચી; કોળી.

૩. વિ. ખાતરી.

૪. વિ. નીચ; નિંદિત

રેપર [અં.] ન. ચીંટાળવાનો કાગળ.

રેફ ૧. પું. અક્ષર ઉપર કરાતું 'ર્' પું ' આવું ચિહ્ન; સ્વર રહિત રકારનું તેના આગલા અક્ષર ઉપર કરાતું અર્ધવર્તુલાકાર ચિહ્ન.

૨. પું. ૨.ગ.

૩. પુ શબ્દ.

૪ ન ક્રમ.

૫. વિ. અધમ; દુષ્ટ; નીચ.

૬. વિ. કંજૂસ; કૃપણ.

૭ વિ કૂર; ઘાતકી.

૮. વિ. બરાબર; નિંદિત; નિંદ્ય.

રેફરંસ ૧. [અં.] ન. ઉલ્લેખ; દાખલો.

૨. ન. સંબંધ; નિસબત.

રેફરંસ બુક [અં.] સ્ત્રી. દાખલો અથવા પર્યાપર સંબંધ જોવાની ચોપડી; સંદર્ભગ્રંથ.

રેફર્મેટરિ [અં.] સ્ત્રી. સુધારેલાંને સુધારવાનું સ્થળ.

રેફર્મેશન [અં.] પું. સુધારો.

રેફરી [અં.] પું. રમતગમતમાં મતભેદનો ચુકાદો આપનાર મધ્યસ્થી માણસ.

રેફુ ૧. પું. બનાવટ; કૃત્ય; બાતમીદાર.

૨. પું. કુશળતા; ચાતુ.

રેફૂડી (રેફુડી) સ્ત્રી. ઝીણી ધૂળ.

રેફૂ સ્ત્રી. રેતવાનો હથોડો.

રેફ્રીજરેટર [અં.] ન. વસ્તુને ઠંડી રાખનાર યંત્ર; કારક; કારપેટી; જેની અંદર મૂકેલી વસ્તુઓ ઠંડી થઈ જાય કારી રહે અથવા કરી જાય . તેવું એક યંત્ર કે સાધન.

રેબજેબ વિ. બરસેવાથી નીતરતું.

રેબજેબ થવું = નીતરવું.

રેબિન [અં.] સ્ત્રી. કોર; મગજી.

રેભ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેને અસુરોએ કૂવામાં નાખ્યો હતો અને નવ દિવસ અને દસ રાત પછી અશ્વિનીકુમારોએ તેને બહાર કાઢ્યો હતો

૨. પું. ચાતોડિયો માણસ.

૩. પું સૂર્ય

૪ વિ. ફૂટવા કે ફાટવાનો અવાજ કરતું.

રેબિટર [અં.] પું. બોક્સનાર માણસ.

રેબિટ્સન પું. હાઈપરાઈટર મશીન બોધનાર અમેરિકનો એક મનુષ્ય.

રેલ ૧. પું (વહાણવટું) બોલા કાળવાળો રેતીવાળો દરિયાકાંઠો.

૨. સ્ત્રી. વધુ વરસાદ પડવાથી નદીમાં પાણી વધીને ઊભરાઈ જવું તે; પૂર; પાણીની જોરદાર છોળ.

૧. રેલ આવવી–ચડવી = પૂર આવવું કે ચડવું.
૨. રેલ ફરવી = (૧) જળબંબાકાર થઈ રહેવું. (૨) પૂરી અસર થવી.
૩. સ્ત્રી. છોળ, પુષ્કળતા.
૪. સ્ત્રી. (વહાણનું) પગની નીચેનું પાટિયું.
૫. સ્ત્રી. પુસ્તક રાખવાની પાટિયાની પેટી. તે સાગ, સીસમ અથવા સુખડની બનેલી હોય છે.
૬. સ્ત્રી. મર્યાદા; સીમા.
૭. સ્ત્રી. રેલવે આગગાડી; રેલગાડી.
૮. [અં.] સ્ત્રી. રેલવેનો લોઢાનો પાટો.

રેલગાડી સ્ત્રી. રેલવેના રસ્તા ઉપર વરાળથી ચાલતી ગાડી; આગગાડી.

રેલછેલ ૧. સ્ત્રી. છોળ; પુષ્કળતા; લહરકપણું; લેહર; સમૃદ્ધિ.
૨. સ્ત્રી. જ્યાં ત્યાં પાણી ઊભરાઈ પડ્યાં હોય તેવી સ્થિતિ.
૩. [હિ.] સ્ત્રી. ટોળું.
૪. સ્ત્રી. રેલાને છબકાઈ જવું તે; ચારે તરફ ઊછળી પથરાઈ રહેવું તે.
૫. સ્ત્રી. સરસામાનની અવ્યવસ્થિત સ્થિતિ.

રેલપથ પું. આગગાડીને ચાલવાનો રસ્તો.

રેલપેલ ૧. [હિ.] સ્ત્રી. ગીરદી; ભીડ.
૨. સ્ત્રી. પુષ્કળતા; અધિકતા.
રેલપેલ કરવી = (૧) ઘણો માલ પૂરો પાડવો. (૨) ધક્કામારી કરવી. (૩) અન્દરમાં પુષ્કળ માલ રાખવો.

રેલભાડું (રેલભાડું) ન. રેલવેની ટિકિટનો દર; રેલવેની ટિકિટનું મૂલ્ય.

રેલમછેલ ૧. સ્ત્રી. પુષ્કળ પાણીની છોળ; રેલીને છબકાઈ જવું તે.
૨. સ્ત્રી. પુષ્કળતા.
૩. અ. પુષ્કળ રેલો ઊતરે તેમ; પાણી પાણી થઈ જાય તેમ; રેલછેલ

રેલમછેલમ અ. હદ ઉપરાંત હોય એમ.

રેલમોટર [અં.] સ્ત્રી. પાટા ઉપર ચાલતી મોટર.

રેલવવું ૧. સ. ક્રિ. રેલો રેલવો.
૨. સ. ક્રિ. ધક્કો મારવો.
૩. સ ક્રિ. ઓકવું
૪. સ. ક્રિ. રેલાય તેમ કરવું.

રેલવું ૧. ન. એક જાતનો પાણીનો સાપ.
૨. અ. ક્રિ. ખૂબ ખાવું.
૩. અ. ક્રિ. ઢોળાવું; વેરાવું; ઢોળાવા કે વેરાવા દેવું.
૪. અ. ક્રિ. પડવું.
૫. અ. ક્રિ. બધે ફેલાવું, પ્રસરવું, પથરાવું.
૬. અ. ક્રિ. વધારે પ્રમાણમાં હોવું; કલોલ ભરેલું હોવું
૭. સ. ક્રિ. ઝબકારવું
૮. સ. ક્રિ. હોળવું
૯ સ ક્રિ. દૂર કરવું; છૂટું પાડવું; કાઢી નાખવું.
૧૦. સ ક્રિ ખોલવું
૧૧. સ. ક્રિ. રેડવું
૧૨. સ. ક્રિ રેલમાં તણાવી જવું
રેલો દેવું = છબકારી દેવું.

રેલવે ૧. [અં.] સ્ત્રી. આગગાડી; રેલ.
૨ સ્ત્રી. લોઢાની સડકનો રસ્તો; આગગાડીનો અર્થ

રેલવેચાર્જ [અં.] પું. રેલગાડીમાં આપવું પડતું ભાડું; રેલભાડું

રેલવેરેર જુઓ રેલવેચાર્જ

રેલવેબોર્ડ [અં.] ન. રેલવેનું કામ કરનાર સરકારી મંડળ.

રેલવેલાઈન [અં.] સ્ત્રી. આગગાડીનો માર્ગ.

રેલવે સ્ટેશન [અં.] ન. આગગાડીનો થોભો; ત્યાં કરાતું તેનું મકાન વગેરે

રેલસો પું. રીરો.

રેલસંકટ ન. પાણીથી થતી આફત; પાણીની અતિવૃષ્ટિનું દુઃખ; પાણીની રેલથી ઊભું થયેલું સંકટ

રેલંછેલ જુઓ રેલમછેલ.

રેલારેલ જુઓ રેલમછેલ.

રેલાવું ૧. અ. ક્રિ. આનંદ થવો.
૨. અ ક્રિ. ફેલાવું; પૂરની માફક બધે ફરી વળવું કે આપી જવું; પ્રવાહી પદાર્થની માફક પ્રસરવું
૩. અ. ક્રિ. રેલેરેલા આવવા; દરોડે કે ધારે વહેવું; દડવું; ઢોળાવું; રેલો આવવો.

રેલિયું ૧. ન. રેલથી તણાઈ આવેલી ચીજ કે ભાડું; ઉલ.
૨. ન. ભાડાની ઠોરા વજરની ખાલી મરેડી.
૩. વિ. ઢીલું હોવાથી પ્રસરી કે ફેલાઈ જાય તેવું; રેલા નીકળતા હોય તેવું; રેલાઈ જાય તેવું.
૪. વિ. પૂરમાં તણાઈ આવેલું.
૫. વિ. પ્રવાહી
૬. વિ. રેલનું; રેલસંબંધી

રેલિંગ [અં.] સ્ત્રી. બાડસ; પથ્થરની પાળ.

રેલી [અં.] સ્ત્રી. એક જ જાતના બાળકીરોનું મેળા થવું તે.

રેલીઓ પું. બેલગાડીના બે ઊભા વચ્ચેનું લાકડું.

રેલો ૧. પું. (સંગીત) એક માત્રામાં આઠ અક્ષરો સામાન્ય ગતિની લયમાં ઘનઘટ્ટાની ક્રિયા.
૨ પું. ઢીલા પ્રવાહી પદાર્થનું વહેવું તે; વહેણ; પ્રવાહ; ધાર; દદડો.
૩. પું. નાનો પ્રવાહ
૪. પું. પ્રેમ
૫. પું. કુમળા.
૧. ગાઢ તળે રેલો તો પારકી વાત પડતી મેલો = માણસ જ્યારે જાતે મુશ્કેલીમાં મુકાય છે ત્યારે બધી વસ્તુસ્થિતિનું જ્ઞાન થાય છે.
૨. રેલો આવવો = જાત ઉપર આવી પડવું.
૩. રેલો ચાલવો = વહેવું; ધારે ચાલવું
૪. રેલો દેવો = (૧) ગબડાવવું (૨) ખોલવું.

રેલ્લું ન. રેલો; ધાબું; રેલવું.

રેલ્વે જુઓ રેલવે.

રેવકુંડ પું. ગંદા પાણીનો કૂંડો; રજકુંડ; ધૂળિકુંડ;

રેવડ (રેવડ) [હિ.] ન. બાજરા કે ચોળાનું ટોળું.

રેવડા (રેવડ) પું. મોટી રેવડી.

રેવડી ૧. સ્ત્રી. ખાંડની ચાસણીમાં તલ નાખીને પાડેલી નાની ચકતી; ખાંડ અને તલનું બાલ; બાંડની ચાસણી અને તલની એક બનાવટ.
૨. સ્ત્રી. (વૈદક) મુખ્ય ઔષધિની સાથે ચોપેલી સાકર, ગુંદરની ચૂકી અને ચોખ્ખા પ્રમાણમાં પાણી સાથે બનાવાતી ચોપડી.
૩. સ્ત્રી. કજોડી, અપકીર્તિ; બદનામી; નામોશી; નાલાયકી; બેહાલ.
૧. રેવડી ઊતારવી–કરવી = મશ્કરી કરવી; હાંસીપાત્ર બનાવવું, કજોડી કરવી; આબરૂ ધૂળધાણી કરવી
૨. રેવડી થવી = કજોડી થવી; બેઆબરૂ થવું; ભોંઠા પડવું; આબરૂ જવી.
૩. રેવડીના ચેપમાં લેવું = ફસાવવું; મોટા ફાસામાં નાખવું; સપડાવવું; ખાટીમાં લેવું.
૪. રેવડીના ફેરમાં આવવું–પડવું = મુશ્કેલીમાં આવવું.

રેવડી દાણાદાણ ૧. સ્ત્રી. મજબરામણ; મુશ્કેલીનો સમય.
૨. સ્ત્રી. પૂરી કજોડી
૧. રેવડી દાણાદાણ કરવી = (૧) મજબરી નાખવું; બરાબરસ્ત કરવું. (૨) પૂરી કજોડી કરવી; બેઆબરૂ કરવી; હાલહવાલ કરી નાખવા. (૩) ઓપાળું કાઢવું. (૪) મશ્કરી કરવી, સખ્ત હાસો કરવી.

૨. રેવડી દાણાદાણ થવી = (૧) ભાભરૂ વેરાઈ જવું; ભાભરૂ ઓ-ઈ થવું; ભાભરૂના કાંકરા થવા; કજોડી થવી. (૨) ભરાભરત થઈ જવું; અસ્તબ્યસ્ત દશાને પામવું; પામમાલી થવી. (૩) મકાન મુફલીસીમાંથી પસાર થવું.

૩. સ્ત્રી. ભૂકેભૂકા; ચૂરેચૂરા.

રેવજ ૧. ન. રેવવું તે; ગાલું ભરવું તે; તૂરેલા વાસણની તક કે ગાલું ભાઈ જતી રેવી દેવું તે.

૨. ન. સાબો મેળવી દેનાર વસ્તુ; રેવ; ભારજ.

૩. વિ. ઢાણદાણ; છૂટાછવાયું; વેરવિખેર.

રેવજસિદ્ધ પું વીરશૈવ ધર્મની સ્થાપના કરનાર પાંચ મંદિરો એક આચાર્ય.

રેવડી ૧. સ્ત્રી. અસ્તબ્યસ્ત દશા.

૨. સ્ત્રી. રેવડી; કજોડી.

૩ સ્ત્રી. રેવવાની ક્રિયા.

રેવત ૧. પું. ગરમાળો.

૨. પું. ગિરનાર પર્વત; રૈવતાચલ.

રેવત નામના (ગિરનાર) પર્વતમા રહેતો એક બળવાન રાજા આનર્ત દેશમા રાજ્ય કરતો હતો. ભાગવતી ભાગવત

૩. પું. ખોડો; અશ્વ.

૪. પું. બીજોરાનું ઝાડ.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી વૈવસ્વત મનુનો પ્રપૌત્ર; શર્યાતિ રાજાનો પૌત્ર અને આનર્ત રાજાનો પુત્ર. તેણે પશ્ચિમ આનર્ત દેશમાં કુશસ્થળી નામની નગરી સ્થાપી ત્યાં પોતાનું રાજ્ય સુદ્ધ કર્યું. તેને રેવતી નામની એક કન્યા હતી. તે તેણે બળરામને આપી હતી

૬. વિ. પૈસાદાર.

રેવતક [સં] પું. ગ્રહોતર.

રેવતડી (રેવતડી) જુઓ રેવતી.

રેવતાચળ [સં. રૈવતાચલ] પું. રૈવત; ગિરનાર. ગિરનારની પર્વતમાળ ગોળ રૂપે ગોળાકાર છે. તેની વચ્ચે રહેવા જેવુ ગિરનારનું શિખર છે. એટલે પ્રાચીનકાળમાં ગિરનારને રૈવત એટલે રેવતાચળ કહેતા.

રેવતાશ્વ પું. વીણુનો તેજસ; 'આપ્ટિ એસિડ'.

રેવતી ૧. [સં.] સ્ત્રી. અઠાવીસ માહેનું એ નામનુ સત્તાવીસમું નક્ષત્ર. તેમાં પાંચ તારા છે. આ નક્ષત્રની આકૃતિ મૃદંગ જેવી વર્તુળવલી છે. કેટલાક ગ્રંથોમાં તેનો એક જ તારો અને એક યમમાં ચાર તારા કહેલા છે. આ બધા તારા ગીધા છે અને જોયથી ભદ્રા વર્ગ સુધીના છે. મંગળ, ગુરુ, શુક્ર કે શનિ જ્યારે રેવતી નક્ષત્રમાં હોય છે ત્યારે રેવતીનું ઓળખાણ કરવુ સુગમ પડે છે. તેનો આકાર માછલી તથા વહાણ જેવો પણ લાગે છે. તેના સ્વામીનું નામ પુષા છે. તેના પાયાના અક્ષર દે, દા, ચ, ચી છે, આ નક્ષત્રમાં જો કે પુરુષનો જન્મ થયો હોય તો તે ઓડબાપિણ વિનાના ગરીબવાળો, ભાગ્યશાળી, સુવીર, પવિત્ર અને ધનવાન અને એમ મનાય છે.

૨. સ્ત્રી એ નામની એક નદી; રાપ્તી; ઇરાવતી.

૩. સ્ત્રી. એ નામની એક માતૃકા.

૪. સ્ત્રી. એ નામનો એક ભાલગ્રહ. તે બાળકોને કષ્ટ આપે છે.

૫. સ્ત્રી. પ્રજાપતિની એક કન્યા.

૬. સ્ત્રી. ગાય

૭. સ્ત્રી. ચંદ્રની સત્તાવીસ માહેની એક કન્યા અને પ્રાચેતસ દક્ષની કન્યા.

૮. સ્ત્રી. તુવેરની દાળ.

૯. સ્ત્રી. દુર્ગાદેવી.

૧૦. સ્ત્રી. ધન; દોલત.

૧૧. સ્ત્રી. નારદમત પ્રમાણે શરીર વીણાના ગ્રામની એક મૂર્છના.

૧૨. સ્ત્રી. પાંચમા મનુની પત્ની

૧૩ સ્ત્રી. ભાગવત તેજસ્તત્વ માંહેની એક દેવતા.

૧૪. સ્ત્રી (પુરાણ) ભરદ્વાજ ઋષિની એ નામની બેન. તે દેખાવમાં બેડોળ હતી. તેને માટે પતિ મેળવવા ભરદ્વાજ ઋષિએ ભરદ્વાજ નામના ગોદાવરી નદીના કાંઠા ઉપર તપ કર્યું. તપ નામનો બાહ્મણ પુત્ર ત્યાં તેમને મળ્યો. ઋષિએ તેને ગ્રાદ્ધ શીખવ્યાં. બદલામાં તેમની બેન રેવતીનું પાણિગ્રહણ કરવાનું કહ્યું. કન્યા અનિચ્છા છતાં લગ્ન કરવું પડ્યું. લગ્ન પછી રેવતીને ગોદાવરી સ્નાન કરવાનું કહે કહ્યું. સ્નાન કર્યું તેથી રેવતી ખૂબસૂરત બ્રી બની ગઈ તેથી ગોદાવરીના ભરદ્વાજ કાંઠાને રેવતીતીર્થ પણ કહે છે.

ક્રમોચ ભગવન્ત મુનિને બે કન્યાનું વૃત્તાંત દેવમોગે વિદિત થતાં, તેની પાસે ગયા અને એને પરમ મનોહર જોઈને એનું નામ રેવતી પાડયું ભાગવતી ભાગવત

૧૫. સ્ત્રી. (પુરાણ) મિત્ર નામના બાર માહેના એક આદિત્યની એ નામની એક બ્રી. તેથી તેને ઉત્સર્ગ નામનો દીકરો થયો હતો.

૧૬. સ્ત્રી. રેવતી પદવાળી કન્યા.

૧૭. સ્ત્રી. (પુરાણ) રૈવત રાજાની પુત્રી અને બળરામની પત્ની. તે એટલી બધી સુંદર હતી કે આ પૃથ્વીમાં તેના આપની નજરમાં બીજા વર નહિ મળવાથી તેણે બ્રહ્માની સલાહ માગી. બ્રહ્માએ તેને દ્વારકા જવાનું કહ્યું. ત્યાં વિષ્ણુના અવતાર કૃષ્ણના મોટાભાઈ બળરામ વસતા હતા. રૈવત રાજા ઘણા સમયથી આ દુનિયામાં નહિ આવેલ હોવાથી તેને બધાં માણસો કદમાં ઘણાં નાનાં લાગ્યાં. છેવટે તેમણે પોતાની પુત્રી બળરામ સાથે પરણાવી. બળરામે આ ઊંચી સુંદર યુવતીને પોતાના હળ વડે ટૂંકી કરી. તેણીને બે પુત્ર થયા.

૧૮. સ્ત્રી. સત્તાવીસની સંખ્યા.

૧૯. ન નગારું.

રેવતીકુંડ પું. ભૂતગઢમાં આવેલો એ નામનો એક કુંડ.

રેવતીગ્રહ પું. એ નામનો એક બાલગ્રહ.

રેવતીપતિ [સં.] પું. બળરામ.

રેવતીબંધ ૧. [સં] પું. રૈવત મનુ

૨. પું. સનેશ્વર ગ્રહ.

રેવતીરમણ ૧. [સં. રેવતી (બલભદ્રની બ્રી) + રમણ (નાથ)] પું. બલભદ્ર; બળરામ; રોહિણેય; સંકર્ષણ.

૨. પું. વિષ્ણુ.

રેવતીસુત પું (પુરાણ) રૈવત.

રેવદચિની સ્ત્રી. એ નામની એક ઔષધિ. તે બહુ વિરેચક છે પણ તેની બીજી અસર આંતરડાને સંકોચ કરવાની હોવાથી કબજિયત થાય છે. તેનાથી પેશાબનો રંગ બદલાઈ જાય છે. તેથી આ ઔષધિ ચાલુ હોય ત્યારે પેશાબનો રંગ બદલાય તો બીજો રોગ છે એમ સમજવું નહિ. આ ઔષધિ આમ બધાને માટે બહુ જ ઉપયોગી છે. બચ્ચાંઓને બરાબ ખોરાકથી અરુચિ થાય ત્યારે આ દવા આપવી. અતિસારમાં પણ આ દવા દેવાય છે. તેનામાં કબજિયત અને પેટમાં ચૂંક આવવાના ગુણ હોવાથી જુલાબની દવા તરીકે તે એકલી આપવી નહિ. તેની માત્રા ૧૦ થી ૨૦ ગ્રેન છે.

રેવન્યુ [અં.] સ્ત્રી. જમીન વગેરેના કરની સરકારી ઊપજ, જમીનનો કર; કિરતા; મહેસૂલ; આબપત; આવક; વસૂલાત.

રેવન્યુ કમિશ્નર [અં.] પું. વસૂલાની અધિકારી; રેવન્યુ ખાતાનો મોટો અમલદાર.

રેવન્યુખાતું ન. મહેસૂલ વસૂલ કરનારું ખાતું; જમાબંદીખાતું; કર ઉઘરાતખાતું.

રેવન્યુપટેલ પું. વસૂલાતી ખાતાનું ગામડામાં કામ કરવાને નીમેલ માણસ; મુખી.

રેવરેંડ [અં.] પું. ક્રિસ્તી ધર્મની દીક્ષા દેનારો પાદરી

રેવલ ન. કઠિણ અને સુતરનું ઊંચીનીચી સપાટી બનાવવાનું એક ઓજાર; 'લેવલ'

રેવલપટી જી. ચણતર લેવલમાં દોરાની ખાતરી કરવા માટે વપરાતી લાકડાની નળીવાળી પટી.

રેવલપાટલી જુઓ રેવલપટી.

રેવલવેઠ જી વધુ પૈસાની મજૂરી.

રેવવું ૧. સ. ક્રિ. ધાતુના ઘાટને રેતી કે અગ્નિના જોરથી સાધવું; ઝારવું; રેતવું; સાંધો કરવો; ચીગવું રેતુ.

૨. સ. ક્રિ. પથ્થરની સાથ મઢણી કે પટ્ટો જેટલો ભાગ મઢવો.

રેવંચિની જુઓ રેવંચીની.

રેવંચી ૧. [સં. રેચના] જી. એ નામની એક ઔષધિ; એક જાતનું નાનું સુંદર વનસ્પતિ ક્ષુપ. તેના ઊંચાઈ પથી ૬ ફુટ જેટલી હોય છે. પાન પીપળાનાં જેવાં ગોળ અને પ્રસરેલા હોય છે. પાન ઉપરથી લીલું અને નીચેથી પીળા રંગનું હોય છે. તે રશિયા, તુર્કસ્તાન, ચીન, તિબેટ અને હિમાલયમાં ૯૦૦થી ૧૬૦૦ ફુટના ઉચ્ચ પ્રદેશમાં થાય છે. ઈ.સ. ૧૭૩૨ પહેલાં રેવંચીની માહિતી યુરપિયનોને મળી. તે પહેલાં ચીનના લોકો તે બનાવતા. આર્મેનીઓને તેની માહિતી ઘણાં વર્ષોથી હતી આથ્રેપ ઋતિએ તેને હોરિણી નામ આપ્યું છે. તેનો રંગ સોના જેવો પીળો હોવાથી તેને સુવર્ણહારી, હિમદુગ્ધા વગેરે કહે છે. તેને પાંદડીઓ પણ કહેવામાં આવે છે. તેનાં મૂળ બહુ ઉપયોગી છે. તેના ઉકાળાથી ઊન રંગવામાં આવે છે.

૨. જી. રાજબાગ; એક જાતનો વનસ્પતિનો સુંદર કે ચીક.

રેવંચીની જી. એક પ્રકારની રાળ. તે મૂત્રલ, સ્રોધક અને રેચક તરીકે ઊલટા ઉપર, તથા મૂત્રઘાતનાં દરદોમાં કષાય રૂપે અપાય છે

રેવંચીનો ગોળો પું. ખુલાસા માટે તેમ જ રંગ વગેરે માટે વપરાતો રેવંચીનો ગુંદર.

રેવંચીનો શીરો ૧. પું. (શિલ્પ) એ નામે ફૂંક પોંચિક બનાવવામાં વપરાતી એક વસ્તુ. તેનું પ્રમાણ એક રતલ ચપ્પા લાખમાં પાંચ તોલાનું છે

૨. પું. રેવંચીના છોડના પાંદડાં તથા મૂળ તોડવાથી જે રસ નીકળીને જામી જાય છે તે તે સૂખરા પીળા રંગનો હોવાથી તેને પીળીઓ પણ કહે છે. તે ઔષધ તરીકે વપરાય છે. રેચ તરીકે આ દવા ઘણી સખત છે. આ દવાની સીમા ઓળી કરી ખરાબ છે; નહિતર તે મણામાં દાહ કરે છે. તેનો ખુલાસા આપવાથી અજોદરમાં ફાયદો થાય છે. એક ઘલાકની અંદર ઓછામાં ઓછા દશેક રેચ થાય છે. તે કૃમિઘ્ન પણ છે. રેવંચીનો શીરો પાણીમાં ઘસી ગૂમડા ઉપર ચોપડવાથી તે તરત ફૂટે છે. દૂધમાં રાંધીને તેના માંસડા બનાવાય છે.

રેવંત ૧. પું. એ નામનો એક મનુ.

૨. [સં. અશ્વન્ત] પું. ઘોડો; અશ્વ; હય; હરિ; તોખાર; તુરિ.

રથ રેવંત જોડિયા. નરસિંહ

૩. પું. સૂર્ય અને સંજ્ઞાનો પુત્ર તે ગુહ્યકોનો રાજા હતો. તેને હયગ્રીવ પણ કહેવામાં આવે છે.

રેવતગિરિરાસ પું. મંત્રી વસ્તુપાલના ગુરુ વિજયસેન સૂરિએ સં. ૧૨૮૮ના અરસામાં ગાર કડવામા બનાવેલાનો એ નામનો એક રાસ.

રેવંતશાળા જી ઘોડાર; ઘોડા રાખવાનું સ્થળ.

રેવા ૧. પુ. એક વનસ્પતિ પણ.

૨ પું. (સંગીત) સાયંકાળે ગવાતો એ નામનો એક રાગ. પૂર્વી ઘાટના ઓડવ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં મધ્યમ નિષાદ વર્જ્ય છે, રિષભ, પૈવત કોમળ છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર છે

૩. જી. એક પ્રકારની માછલી.

૪ જી. કર્ણની ઓ.

૫. જી. ક્રમવેલની ઓ; રતિ.

૬. જી. નગીનો ઘોડ.

૭. જી. દીપક રાગની એક રાગિણી.

૮. જી. દુર્ગારિરી; પાર્વતી.

૯. જી. નર્મદા નદી. કંતકથા કહે છે કે, જનાણામાં એક અતિ તાપવાળા દિવસે શંકરને શરીરે ખૂબ પરસેનો છૂટ્યો અને એ પરસેવામાંથી એક અતિ રૂપાળી કન્યા પ્રગટ થઈ. આ શંકર પુત્રી તે જ નર્મદા કહેવાઈ. આજ કારણથી રેવા સ્કંદની કહેવાય છે. આ સ્કંદપુત્રી રેવાનો જન્મ વૈશાખ સુદ પૂનમે થયો મનાય છે

૧૦. જી. ભારતનો એક પ્રદેશ; રેવા રાજ્ય આ નર્મદા નદી વહે છે.

૧૧. જી. ભૈરવ રાગની એક રાગિણી.

રેવાખંડ પું. સ્કંદપુરાણનો એ નામનો એક ભાગ.

રેવાચકલી જી. કાળી ચકલી.

રેવાજી જી. નર્મદા નદી.

રેવાર જુઓ રેવાલ.

રેવાલ જી. ચારે પગની ચોચ પડની જાત અને પેટમાં પાણી ન હોવે છતાં વેગવાળી રમઝમ રમઝમ ચાલી ઘોડાની ચાલ; ચારકુ, ઊછળે નહિ છતાં વેગવાળી એવી ઘોડાની ચાલ; રવાલ તેમાં એક બાજુના બંને પગ એક સાથે ઊપડે છે અને એક સાથે જમીન ઉપર મુકાય છે.

રેવાલી જુઓ રેવાલ.

રેવાસાગર પું. રેવા અને સાગરનો જ્યાં સંગમ થાય છે તે સ્થળ

રેવાસી વિ. રહેવાસી; રહેનાર.

રેવાળ જુઓ રેવાલ

રેવોલ્યૂશન ૧. [અં.] પુ. આંટો; ફેરો; પરિભ્રમણ

૨. પું. રાજ્યવિપ્લવ; બળવો; રાજકીય ફેરફાર.

૩. પું. સરકાર, આચારવિચાર, રાજનીતિ, રૂઢિ વગેરેમાં આમૂલ પરિવર્તન લાવનાર સામાજિક ક્રાંતિ

રેવોલ્યૂશનરી [સં] વિ. બળવાખોર; રાજ્યક્રાંતિકારી

રેશ ૧. જ. રજ; રજકણ; કણ; ઝીણામાં ઝીણો દાણો

૨. વિ સૌથી બારીક; બોજામાં બોજો.

૩. જ. જરાક; લગાર; કિંચિત

રેશન ૧. [અં.] જ હાળવણી પ્રમાણે નિયત પ્રમાણ કે માપ

૨. જ. હાળવણી પ્રમાણેનું સીધું.

રેશનકાર્ડ [અં] જ. રેશન માટેની સીધા.ચિઠ્ઠી.

રેશનિંગ [અં.] જ. માપબંધી; જરૂરની વસ્તુઓની નિયત હાળવણી કરવી તે

રેશમ ૧. જી. એક પ્રકારની જૅસ. તેની ગામડી બરાબર ન હોવાં રેશમ જેવી સુંવાળી હોય છે.

૨. જી. કાડિયાવાડી બીડીની એક જાત.

૩. [સં. અંશુમ] જ. એરંડા કે શેતૂરનાં પાન ઉપર નભતા એક જાતના કીડાની લાળના તંતુ; કીર. કર્જિસ અને કોસમાં હિંદમ.થી જે પ્રમાણમા રેશમ આયાત થતું તે કરતાં બમણાં ઘોડા પ્રમાણમાં રોમમાં આયાત થતું હતું. તે રોમન લોકોને જેટલું બધુ આશ્ચર્ય હતું કે તેના વજન જેટલા સુવર્ણથી તે વેચાતું હતું કિંતુ ઘણી કીમતી નિકાસોમાં રેશમ હતું જે ઘરાની બાદશાહોના વખતમા સુવર્ણને વજને તોલાતું શેતૂરના ઝાડ ઉપર થતા કોડા ઝાડનાં પાન આઈ લાળના લાંબા લાબાં તંતુ કાઢે છે. તે કોશેટો મરવા પાણીમાં નાખી તેનો તાર કે તંતુ હાળકા ઉપર ઊતારી લેવામા આવે છે. કેટલીક જાતના કરોળિયા પણ આવી જાતના તંતુઓ બનાવે છે. રેશમની કીડ ચીનમાં થઇ છે. છતા સૈકાની અધવચમાં યરપમાં, કોન્સ્ટન્ટિનોપલમાં રેશમ વણવાનું પડેલું કારખાનું સ્થપાયું; ત્યાંથી પશ્ચિમમાં તે ફેલાયું. અત્યારે વેપાર માટે જોઈતું કાચું રેશમ અરધોઅરધ જપેનમાંથી આવે છે. રેશમ બનાવવાના યરપનાં

મુખ્ય રહ્યો સિઓન્સ, મિલાન, ટયુરિન, ગ્રુપ્રિચ, બેસલ અને ક્રેફેલ્ડ છે હો. આલ્પ્સની શોધ પ્રમાણે ઈ સ. પૂર્વે ૧૦૦૦ વરસે પણ રેશમ વિશેના વપરાનું વર્ણ ગયું હતું

૧. રેશમ જેવું = (૧) ખૂબ નરમ અને સુવાળું (૨) રેશમને લગતું

૨. રેશમના ગાંઠ = તૂટે નહિ તેવું બંધન: ન છૂટે તેવી સખત ગાંઠ. ૬૬ સંજ્ઞા.

૪. સ. રેશમી કાપડ.

રેશમગર જિ. રેશમનો વેપાર કરનાર.

રેશમડી (રેશમડી) સ્ત્રી. એક જાતનું ઘાસ.

રેશમણી સ. એક જાતનું રેશમી કાપડ.

રેશમનો કીડો (રેશમનો કીડો) પું. રેશમ ઉત્પન્ન કરનાર એક જાતનો કીડો. જેમ આપણા મોંમાંથી થૂંક નીકળે છે તેમ રેશમના કીડાના મોંમાંથી પણ થૂંક નીકળે છે. તે થૂંક તરત સુકાઈ જાય છે અને રેશમનો તાંતણો બની જાય છે. પછી કીડો રેશમના તાંતણાને પોતાના શરીર ફરતો વીંટાળે છે અને કોશેટો બનાવે છે બીજી ઘણી જાતનાં પ્રાણીઓ અને જીવડાં પણ આવી રીતે રેશમ જેવો તાર બનાવે છે કરોળિયાનું જાળું પણ થૂંકની લાળમાંથી જ બને છે; પરંતુ તે તાતણાં મજબૂત નથી હોતા અને રેશમનાં કપડાં તૈયાર કરી શકાય તેટલા મોટા પ્રમાણમાં કરોળિયા ઊછેરી ન શકાય. આપણા રેશમાં મુખ્ય ત્રણ જાતના રેશમના કીડા થાય છે. એક જાત શેતૂરનાં પાન ખાય છે, બીજી જાત દિવેલાનાં પાન ખાય છે અને ત્રીજી જાત ઓરડીના પાન ઉપર થાય છે. સૌથી ઉત્તમ પ્રકારનું રેશમ શેતૂરના કીડામાંથી થાય છે. ત્રણે જાતમાં શેતૂરના રેશમના કીડા અને કૂતરાં નાનાં હોય છે. પુખ્ત આકારે એ અઢી ઇંચ લાંબી થાય છે. તે રંગે પીળાશ પડતી સફેદ હોય છે પેટને છેડે તેને ત્રિંગડાં જેવા અવયવ હોય છે. કોશેટાનું રેશમ સુવાળું અને મજબૂત હોય છે. ઘણા શેતૂરનાં પાન ખાય છે અને ઝાપટોર વધે છે. દિવેલાના રેશમના કીડા,અને કૂતરા જરા મોટાં હોય છે. તેની ઘણી લગભગ ચાર ઇંચ લાંબી, જાડી, મજબૂત અને બરછટ હોય છે. તેનાં કૂતરાં દેખાવમાં સુડોળ હોય છે. તેની પાંખ ઉપર ઘેરા તપખીરિયા અને સફેદ રંગનું રૂપળું ચિતરામણ હોય છે. ત્રીજી જાતના રેશમના કીડા અર્ધજંગલી ગણાય છે. તે ઘણી જાતના જંગલી ઝાડનાં પાન ખાય છે, છતાં ઘેર ઉછેરી શકાય છે. તેના કીડા, કોશેટા અને કૂતરા બહુ મોટાં થાય છે. તેનાં કૂતરાની પાંખો પીળાશ પડતી હોય છે. દરેક પાંખ ઉપર મોટી આંખ જેવું ઝીણું મોટું ટપકું અને કાળી કિનાર હોય છે, તેથી તે કૂતરાં બહુ સુંદર દેખાય છે. તેના રેશમને ટસર કહે છે. સારું રેશમ મેળવવા માટે શેતૂરના રેશમના કોશેટાને કૂતરાં નીકળતાં પહેલાં ઊકળતા પાણીમાં નાખે છે. તેથી અંદરની પ્યૂપા કે કોશેટો મરી જાય છે. પછી તેના રેશમના તાતણાને ગોલ ઉપર ઉતારી લે છે. જો કૂતરું નીકળવા દેવામાં આવે તો કાણાવાળા કોશેટામાંથી રેશમનો એક સળંગ તાંતણો નીકળતો નથી. ઉકાળેલા કોશેટામાંથી લગભગ સો ફૂટ લાંબો રેશમનો એક સળંગ તાર નીકળે છે. એક રતલ રેશમ મેળવવા માટે લગભગ ૪,૦૦૦ કોશેટા મારવા પડે છે.

રેશમી ૧. સ્ત્રી. એક જાતની નારંગી, તેનું વજન ત્રણ ઔંસ હોય છે છાલ પોચી અને જાડી, રંગ ઘેરો નારંગી, ગર્ભ મધુર અને બી વધારે હોય છે. પુના પાસે તેનું વાવેતર થાય છે.

૨. જિ. રેશમ જેવું સુંવાળું; નરમ; લીસું.

૩ [સં. અર્ધેશ્વરી] જિ. રેશમનું; હીરાબજા; રેશમ સબંધી

રેશિ જિ. (જૂ. પ્ર.) રેશમી; રેશમનું બનેલું.
એ તુ કપડા કે તસાં કાઠીનિ રેશિત.
વિમલપ્રબંધ

રેષ ૧. પું. ક્ષતિ; હાનિ
૨. પું. હિંસા.
૩ [સં. રેખા] સ્ત્રી. રેખા; રેખા; લીટી.
૪. જુઓ રેસ.

રેપણ સ. હજામત.

રેપા ૧. સ્ત્રી. ઝાપ; લેપ.
૨. સ્ત્રી. કાગળાંના તંતુઓ; રેસા; બીજના કોટલા ઉપરના મોવાળા; વનસ્પતિની નસ.
૩. [સં] સ્ત્રી. રેખા ચિહ્ન; લીટી; રેખ.
૪. સ્ત્રી. હજામત

રેપાદર્શક જિ. રેખાંશ બતાવનાર.

રેપાગ્નિદુલિપિ સ્ત્રી (સંગીત) અંગ્રેજમાં નોરેશનની એ મઢેની એક પદ્ધતિ. આ પદ્ધતિ ઘણી જૂની છે. તેમાં અમુક લીટી કે બીજું મૂળીએ તો અમુક સ્વર ગણાય છે અને તે બીડાને કાળના ચિહ્નથી અંકિત કરી સ્વર અને કાળનું બંધારણ નક્કી કરી સંગીત લેખન કેવી રીતે કરવું તે વિશે સમજણ્યામાં આવેલું છે.

રેપામય [સં] જિ. રેખાથી ભરેલું; રેખાવાળું; રેખાદાર.

રેપામાન ૧. [સં.] ન. લંબાઈની માપણી.
૨. સ્ત્રી. લીટીની માપણી.

રેપામાપ [સ.] ન. લીટીનું માપ.

રેસ ૧. પું. એકનો બીજા ઉપર પડતો કોઈ પ્રકારનો બોજો
૨. પું. ઘસારો.
૩. પું. નુકસાન; ખોટ; આપ.
રેસ દેવો = અરચમાં ઉતારવું; બોજો નાખવો.
૪ પું. પાવલાનો સોમો ભાગ; રૂપિયાનો અરસોમો ભાગ; આનાનો પચીસમો ભાગ.
૫. પું. આજિજનો એ નામનો એક સિક્કો. તે ૧૦૦૦ મિલરેસની બરાબર છે.
૧ રેસ = ૧ૂ પેન્સ
૬. પું. રૂપિયાનો બારસોમો ભાગ, દિરસો કે અંશ.
૭. પું. વંશ.
૮. [અં.] સ્ત્રી. ઘોડદોડની શરત; ઘોડદોડની શરતને લગતો જુગાર.
૯. સ્ત્રી. તાંબાનો એ નામનો એક સિક્કો. તે આનાના પચીસમા ભાગ જેટલી કીમતનો હોય છે. હમણાં જેમ રૂપિયા, આના તથા પાઈ ચાલે છે તેમ બોડાં વરસ ઉપર રૂપિયા, પાવલા અને રેસ ચાલતાં.
૧૦. સ્ત્રી. રીસ; ક્રોધ.
૧૧. સ્ત્રી. સહનશીલતા; ક્ષમા; દરગુજરપણું.
રેસ પીવો = સહન કરવું.
૧૨ અ જરા; કિંચિત; જરાક.

રેસકોર્સ [અં.] પું. ઘોડદોડની રસ્તો કે મેદાન.

રેસાકાર જિ. રેષામય; રેસાદાર.

રેસાદાર જિ તંતુવાળું; રેષામય; જેમાં રેષા હોય તેનું; રેષાવાળું.

રેસિટેશન [અં.] ન. મુખપાઠ.

રેસિડેંટ ૧. [અં.] પું. દેશી રાજ્યોમાં રખાતો અંગ્રેજ સત્તાનો પ્રતિનિધિ.
૨. પું. રાજ્યનો ઉપરી અધિકારી કે પ્રતિનિધિ.
૩. જિ. રહેવાશી; રહેનાર.

રેસો [સં. રેષા] પું. વનસ્પતિ ફળ વગેરેનો તંતુ; તેસ; નસ.

રેસ્ટોરાં ૧. [ફ્રે.] સ્ત્રી. ચીજો; ખાસો; ખાવાવણી; ભોજનાલય.
૨. સ્ત્રી. કોરેસ; વિશ્રામ સ્થળ; વિશ્રાંતિ ગૃહ.

રેહ ૧ [હિ.] સ્ત્રી. ધોવા અને સાબુ બનાવવા માટે વપરાતી માટી; ખારી માટી; ઊસ.
૨. પું. નુકસાન; ખસરા; રેસ.
રેહ પીવો = (૧) નુકસાની ખમી લેવી. (૨) સહન કરી લેવું.
૩. સ્ત્રી. રેખા; લીટી.
લીધું અત ને કહુ કરે રે આઈ
જિમ હથેળીમા રેહ રે. રામવિજય
૪. સ્ત્રી. ચૂનો; ક્ષાર; ' આલ્કલિ.'
૫. સ્ત્રી. વિખૂટા પડવું તે.

રેહન [અ.] ન મરેલું મૂકવું તે; ગીરવી મૂકવું તે; ગીરો.

રેહનદાર [અ.] પું. ગીરો રાખનાર માણસ.

રેહનનામા [અ.] ન. ગીરોખત.

રેહેણી સ્ત્રી. રહેવાની રીત; રેણી; રહેણી.

રેહેમ [અ. રહમ] સ્ત્રી. રહેમ; કૃપા.

રેળ ૧. [અ. રહ્લ] સ્ત્રી. પુસ્તક મૂકીને વ.ચવાનો લાકડાનો ખોડો; વાંચવા માટે પુસ્તક મૂકવાની ખોડી.

૨. ન. ખેતરમાં કરેલ કયારામાં પાણીને અવરિયત પાતાં આર પાંચ કયારામા એક સાથે પાણી જવા દેવુ તે.

રેળવું ૧. સ. ક્રિ. કૂડું પાડી નાખવું; બિખેરી નાખવું; સમાધાન કરવુ

રેળી નાખવુ = (૧) અંદર અંદર સમાધાન કરવું; આગળ જવા ન દેવુ. (૨) રોગ નાખવું.

૨. સ. ક્રિ. રેલવું; પમરવુ, ફેલાવવું; કર્મપક્ષ દ્વાય તેમ બનાવવુ.

૩. સ. ક્રિ. સમાધાન કરી દેવુ.

રેળાવવું સ. ક્રિ. રેળાય તેમ કરાવવુ.

રેળાવું સ. ક્રિ. મર્યાદામાં રાખેલા વહ પ્રવાહીનું આસપાસ ફેલાવું; રેળાય તેમ થવુ.

રેળાઈ જવુ = ફેલાઈ જવું.

રેંહ ૧. [અ.] સ્ત્રી. દરજ્જો; હોદ્દો.

૨. સ્ત્રી. ભૂખ્યા અથવા બરાડવાનો અવાજ.

૩. [સં. રેખા] સ્ત્રી. (વહાણવટું) બેલના પાણીની પહેલી ટેસ

રેંહડી (રેંહડી) ૧. સ્ત્રી. ચાર માણસ બેસે તેવી નાની બળદગાડી.

૨. સ્ત્રી. બારની નાની બારી.

૩. સ્ત્રી. માણસો વડે ખેંચાતી એક નાની ભાડૂતી ગાડી.

રેંહડી ફેરવવી = બારની નાની બારી વડે માલ વહેવાનો ધંધો કરવો.

રેંહડો (રેંહડો) ૧. પું. બેલગાડી; ચાર માણસ બેસે તેવી નાની બળદગાડી; ઓગો

૨. પું. બોકડો; બાંધવું તે, મોટથી રોવુ તે.

૩. પું. સતત એકધારું હોરનું બારવું તે.

રેંહવું ૧. સ. ક્રિ. ખપેડાની માફક ભૂંકવુ.

૨. સ ક્રિ. જેમ તેમ બ.કવું; બારવુ.

૩. સ. ક્રિ. જોસ, બાવ વગેરેનું બોલવું કે બાબડવું, બરાડવુ.

રેંહળી જુઓ રેંહડી.

રેંહળો જુઓ રેંહડો.

રેંકારો પુ. (જૂ. પ્ર.) તુંકારો; અપમાનસૂચક શબ્દ

મોટાને રેંકારે લાજ
બોલ હસે બિજુસે નિજ કાજ.
આનંદકાવ્યમહોદધિ

રેંમજ જ. રીંગણું; વેંગણ; વંતાક.

રેંગીપેંગી જુઓ રેંગીપેંચી

રેંગીપેંચી ૧. વિ. અશક્ત; બળ વગરનું; શોર્ય કે શક્તિ વિનાનું; કમજોર; મુડદાલ; પોચકા મૂકું

૨. વિ નિસ્તેજવાળી; ધાર વિનાનું.

૩. વિ. બીકણ; ડરી જાય તેવુ.

૪. વિ માલ વગરનું; સત્ત્વહીન; ફેકાશ; બરીબ; નમાલું.

રેંગીપેંગી જુઓ રેંગીપેંચી

રેંગીરેંગી જુઓ રેંગીપેંચી

રેંગુ ન. હલકું માણસ.

રેંચકો પું કર્મઃ કાલ્વ.

રેંચળો પુ. કાલ્વહોડક.

રેંચમપેંચિયું જુઓ રેંગીપેંચી.

રેંજ ૧. [અં.] સ્ત્રી. ટેકરીની હાર.

૨. સ્ત્રી. મર્યાદા; સીમા

રેંજર ૧. [અં] પું. જંગલ ખાતાનો ઉપરી અધિકારી.

૨. પું. જંગલનો રખેવાળ કે ચોકીદાર.

રેંજીપેંચી જુઓ રેંગીપેંચી.

રેંટ ૧. [સં. અરઘટ્ટઃ પ્રા. અરહટ્ટ] પું. કૂવામાંથી પાણી કાઢવાની ઉપર ગોઠવેલાં ડોયકાની માળા; ફરે અને વારાફરતી પાણી આપ્યા કરે તેવુ યંત્ર; કૂવામાંથી પાણી કાઢવાની ડોયકાવાળા ચક્રની યોજના; પાણી કાઢવાનો ચરખો

૨. પું. બિલીકપ્રનો બીજો ભાગ.

૩. પું. ઢોલકું.

૪. [હિ.] સ્ત્રી. નાકની લીંટ; નાકનો મળ; સેડાં.

૫. [અ.] ન. ભાડું.

૬. વિ. નબળું.

રેંટકોક [અં.] પું. બાકાનિયમન કામદો

રેંટડિયો (રેંટડિયો) જુઓ રેંટિયો.

રેંટમાળ ૧. સ્ત્રી. ઊંચકાયકા; ફેરફાર; અકળિપકળી; અરતોડવા; તડાફોડબંધડો.

૨. સ્ત્રી. રેંટની અંદર અનેક જળપાત્રો પાસે પાસે ગોઠવ્યાં હોય છે તેઃ ઘટમાળ; રેંટનાં ડોયકાઓની ફરતી હાર.

રેંટિયાપ્રચાર પું. રેંટિયા બાબુ કરવાનો આગ્રહ.

રેંટિયાબારસ સ્ત્રી. ભાદરવા વદ બારસ. ગાંધીજીનો જન્મ તે દિવસે હોઈ તે રેંટિયા બારસ કહે છે.

રેંટિયાબારસ જુઓ રેંટિયા બારસ

રેંટિયાયજ્ઞ પું પરોપકારાર્થે રેંટિયો કાંતવો તે.

રેંટિયો ૧. પું. એ નામની એક રમત. તે ભોજ્યા તરહ રમાય છે.

૨. પું. નળી ભરવાનું સાધન

૩. પું. સૂતર કાંતવાનું યંત્ર; રૂમાંથી તાર કાઢવાનું એક સાદુ ઘરગથ્થુ યંત્ર; ચરખો; હાથે કાતવાનું ચકવાળું એક સાધન. રેંટિયો મિલોનો હરીફ નથી, મિલોનું સ્થાન રેંટિયો લઈ લે એવી કલ્પના નથી. જે સશક્ત માણસને પોતાની પૂરી શક્તિ અને પૂરા સમયના ઉપયોગ પૂરતું કામ મળી રહે છે તેને તે કામ કરતો અટકાવવાનો રેંટિયાનો ઉદ્દેશ નથી. એટલે બીજા ધધા અથવા ઉદ્યોગમાં જે રોજી મળે તેને રેંટિયામાંથી મળતી રોજીની સાથે સરખાવવામાં આવે એ ખોટ જાય છે. રેંટિયો સરવાળે દેહનું બળ અવશ્ય વધારે છે. હિંદુસ્તાનના બેકારપ્રશ્નનો બેતીમાંથી બચતો ૭ મહિના જેટલો સમય આજે નિરર્થક જાય છે અને પરિણામે બેકારીનો તથા દારિદ્રયનો મોટો પ્રશ્ન ઊભો થાય છે, તે પ્રશ્નનો તાત્કાલિક, અવશ્યક અને કાયમનો પ્રત્યુત્તર રેંટિયો છે. ગાંધીજી કહે છે કે: તક આપવામાં આવે તો માણસ માત્ર સરખી રીતે પોતપોતાનો આધ્યાત્મિક વિકાસ સાધવાને સમર્થ થાય. આ મહાન સત્યનું રેંટિયો પ્રતીક છે. પહેલવહેલો ત્રિરંગી ઝંડો રચાયો ત્યારે તેની વચ્ચે રહેલા રેંટિયાના આખી પૈડાનો અર્થ એ હતો કે હિંદની સર્વ કોમો મળી સમજીને સંપથી કામ કરે અને રેંટિયાને રસ્તે અહિંસા શક્તિ પ્રગટે ને તેનું સમર્થન કરે. આજે પણ રેંટિયામાં અપાર શક્તિ ભરી છે. આમ રેંટિયામા નીતિશાસ્ત્ર સમાયેલું છે, અર્થશાસ્ત્ર સમાયેલુ છે અને અહિંસા પણ ભરી પડી છે. રેંટિયાનો આદર્શ એ છે કે, ગામડાંના કે શહેરના જે ગામમાં કાંતનારા હોય ત્યાં જ રેંટિયા તેમજ તેને અંગેનો સામાન અને એમા જ રેંટિયાની કીમત સમાયેલી છે. વળી રેંટિયો ભાગે તો તેને સુધારવાનું કામ કરેલ જાતનારે શીખી લેવુ જોઈએ. આ કામ કરવાની ચરખાસેવની નીતિ છે. આમ કર્યા સિવાય બહારી મિલના કાપડની જરૂર નહિ જ રહે. રેંટિયો એ પણ એક પૂજનીય ગામ છે. ગામ વિનાનું ઘર જેમ ન હોય તેમ રેંટિયા વિનાનું ઘર ન હોય. ગાય તો કોઈ વેળા પાડુ આપે છે, ગાય આપતી આવે છે, રેંટિયો તો એવો પરોપકારી છે કે, તે પાડુ આપે જ નહિ; તેને બાંધ જોઈએ જ નહિ. તેની પાસેથી જીવતું દૂધ જેવુ સૂતર તમારી ઇચ્છાએ રોજ લઈ શકો છો.

ગામ પોતાની શક્તિ પ્રમાણે દૂધ આપે છે. રેંટિયો આપણી શક્તિ પ્રમાણે સૂતર આપે છે. રેંટિયાની રક્ષા એ પણ ગૌરક્ષા છે. રેંટિયાની રક્ષા કરનારે જેમ, તાણોવાણો અને હાથના જ છે તેવી ખાદીનો જ ઉપયોગ કરવો ઘટે. રેંટિયો દાખલ કરવાનો અર્થ એટલો જ નથી કે, તે બધાં કુટુંબમાં દાખલ થયો એટલે પત્યું. અરે અર્થ તો એ છે કે, તે બરોબર ચાલે અને તે કુટુંબ ખાદી પહેરતું થઈ જાય. રેંટિયાની અને હાતણની પ્રવૃત્તિનો મર્મ એ છે કે, આપણે સૌ સરખા થઈએ. આપણી સૌની સ્થિતિ એક જ છે. રેંટિયામાંથી આપણે એ જ શીખવાનું છે કે, આપણે આ હિંદુસ્તાન ચાલીસ કરોડમાંના એક થઈને તેમની જેમ રહેવાનું છે. આપણા રાષ્ટ્રધ્વજની મધ્યમાં આપણે રેંટિયાને રમાડ્યો છે. આપણી કરોડોની વસતીની ઓછવા અને અહિંસક તાકાતનું પ્રતીક છે. ધ્વજના જુદા જુદા રંગો જેમના સૂચક છે તે સર્વને રેંટિયાથી કતાયેલો ઝીણા સૂતરનો તાંતણો બાંધી રાખવાને સમર્થ છે.

૧. ઝેકરા બાપના રાજમાં ન સમાય, પણ માના રેંટિયામાં સમાય = પૈસાદાર પિતા કરતાં મરીબ માતા બાળકને વધુ સંતોષી શકે છે.

૨. રેંટિયો કાંતવો–ચલાવવો–ફેરવવો = કાંતવું.

રૅંઢો (રેંઢુંગે) ૧. પું. રૅંઢ; પદમાળ.

૨. પું. રેંટિયો; ચરખો.

રૅંઢો ૧. પું. ઉપરણું; પછેડી.

૨. પું. કમરે બાંધવાનું લૂગડું.

૩. પું. માથે બાંધવાનો કસબના કિનારના ઉપરણો; ફેંટો; મોગિયું; શેલું; કસબી ફેંટો.

રૅંઢ ૧. [કિ.] પું ઓરંડાનો ઝોડ.

૨. સ્ત્રી એક પ્રકારની આતશબાજી.

૩. સ્ત્રી. એક પ્રકારની શેરડી. તેને રંઢા પણ કહે છે.

૪. સ્ત્રી. વાછડી

રૅંઢલી સ્ત્રી. વાછરડી; રૅંઢલા.

રૅંઢલો પું. જુવાન વાછરડો; રૅંઢાર; રેંઢો.

રૅંઢલ્લી જુઓ રંઢલી.

રૅંઢલ્લો જુઓ રૅંઢલો

રૅંઢવું ૧. ન. માડુ, ચાટ, રેંજણું; ખટારો.

૨. ન, કિ. આરડવું, ભોટો અવાજ કરવો.

રૅંઢલી સ્ત્રી. વાછરડી; નાની ગાય; વાછડી.

રૅંઢલું ન. રૅંઢલો; વાછડુ.

રૅંઢલો પુ. જુવાન વાછરડો, બોલ્લો; નાનો બિછરતો બળદ. વાછડો

રૅંસવું સ. કિ. ઝાપી નાખવું; દાબવું; ઊતરડી નાખવું; ચીરી નાખવું; રહેંસવું.

રૅંસી નાખવું = (૧) નુકસાન પહોંચાડવું. (૨) હાડી કે ચીરી નાખવું; ઝાંખે કરવું. (૩) મારી નાખવું.

રૅંસાવવું સ કિ. રૅંસાવ તેમ કરવું; રહેંસવાનું કહેવું.

રૅંસાવું અ. કિ. રૅંસાય તેમ થવું; દબાવું; હાડી નખાવું

રૈ ૧. પું. ધન; દોલત; દ્રવ્ય.

૨. [સં.] પું. શબ્દ.

૩ પું. સોનું

૪. ન. દેવદારની જાતનું ઝાડ.

રૈકક્ય [સં.] પું રૈક્વનો પુત્ર; પરશુરામ.

રૈતિક [સં.] વિ. પિત્તનું; પિત્ત સંબંધી.

રૈતિ [સં.] વિ. પિત્તળનું બનેલું.

રૈદાસ ૧. પું. એ નામના એક ચમાર ભક્ત. જે વખતે કાશીમાં કબીર હતા તે દિવસોમાં કાશીમાં એક બીજા મોટા ચમાર ભક્ત પણ થઈ ગયા. તેનું નામ પણ દેશવિદેશમાં બહુ પ્રખ્યાત છે. કહેવાય છે કે, પૂર્વજન્મમાં તે સ્વામી રામાનંદજીના શિષ્ય અને તેમની જાતિના બ્રાહ્મણ હતા. જ્યાંથી ચમાર ખરીદતા હતા તેવી એક દુકાનેથી ગુરુને માટે ખાવાનો સામાન ખરીદ કરવાને લીધે તેને ચમાર થવાનો ગુરુએ શાપ દીધો. આથી રઘુ કુંભારને ઘેર તેનો જન્મ થયો; પરંતુ પૂર્વજન્મના યોગબળથી તેની સ્મૃતિ નાશ પામી ન હતી. આથી જન્મથી ગુરુ રામાનંદજીએ દુઃખ પીવાની આજ્ઞા ન દીધી જાણી તે માતાનું દૂધ પણ પીધું નહિ. ગુરુએ તેનું નામ રવિદાસ રાખ્યું, જે બગડીને રૈદાસ થઈ ગયું. રૈદાસજીનું મન બાલ્યાવસ્થાથી જ ભક્તો અને સાધુઓની સેવામાં લાગી રહેતું હતું. તેની પાસે જે કંઈ હતું તેનું સાધુઓને અવગણવા વિચારવામાં ખર્ચ કરી નાખતા. આથી તેના પિતાએ તેને ઘર બહાર કાઢી મૂક્યા. આ બાદ તે ઝૂંપડી બાંધી ત્યાં રહેતા અને જોડા બનાવી પોતાનું પેટ ભરતા હતા. બાકીના સમયમાં ભજનપૂજન કરતા હતા. કહેવાય છે કે, તેમની તંગી જોઈ ભગવાન પોતે વખતે વખતે તેને મદદગાર થતા હતા. પ્રભુપ્રસાદ ધનમાંથી તેમણે બનારસમાં પાછળથી એક ધર્મશાળા અને મંદિર બનાવ્યું અને તેમાં પૂજાને માટે એક સાલગ્રામ પૂજારી રાખી દીધો. તેનો મહિમા વધ્યો ફેલાયો અને ઘણા લોક તેના શિષ્ય થયા. તેના પંથના લાખો આદમી ગુજરાતમાં છે. તે લગભગ ૧૨૦ વર્ષની ઉમર સુધી જીવીને ભગવદ્ભક્તિનો ઉપદેશ કરીને સ્વર્ગ પધાર્યા

૨. [કિ.] સ્ત્રી. ચમારની એક જાતિ.

૩. ન. એ નામની જાતિનું માણસ

૪. વિ. એ નામની જાતિનું.

રૈન [સં. રજની] સ્ત્રી. રાત; રાત્રિ.

રૈની [કિ.] સ્ત્રી. સોનામાંદીના તાર ખેંચવાનું સાધન.

રૈયત ૧. સ્ત્રી. ખેડૂત; આતેદાર માણસ

૨. [અ.] સ્ત્રી. દેશ, ગામ અથવા શહેરમાં વાસ કરી રહેલા લોક; જનસમૂહ; પ્રજા; દેશમાંની વસતી

૩. સ્ત્રી. આહુત.

રૈયતજાયો પું. પ્રજાસુત; રૈયતમાંથી ઉત્પન્ન થયેલ રાજા. તે રૈયતનું જ ભલું ઇચ્છનાર હોય છે.

મેરી સ્વતંત્રતા તબ્હી રૈયતજાયો. મલમારી

રૈયતવારી ૧. સ્ત્રી. જમીન મહેસૂલ ઉઘરાવવાની એક રીત; ગારોબાર ખેડુત પાસેથી મહેસૂલ ઉઘરાવવી તે. જે જમીનમહેસૂલની પદ્ધતિમાં અમલ અમલ ખેતરોની માપણી કરીને ખેતરવાર મહેસૂલની રકમ નક્કી કરવાની અને ઉઘરાવવાની વ્યવસ્થા ખેડૂતની સાથે સરકાર સીધી રીતે કરે છે તેને રૈયતવારી પદ્ધતિ કહે છે. જેમાં ખેતાર ખેડૂતો સાથે નહિ, પરંતુ જમીનના માલિક ગણાતા મોટા જમીનદારો સાથે સંબંધ રાખે તેને જમીનદારી પદ્ધતિ કહે છે.

૨. વિ. ગારોબાર ખેડુત પાસેથી મહેસૂલ ઉઘરાવવાને લગતું.

રૈયતી ૧. સ્ત્રી. જેની મહેસૂલ રોકડ પૈસાથી ભરાતી હોય તેવી જમીન.

૨. વિ. રૈયતને લગતું.

રૈરંગ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરસિત. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેમાં બે સગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે

રૈવત ૧. પું. (પુરાણ) અગિયાર માંહેનો એ નામનો એક રુદ્ર

૨. પું એ નામનો એક દૈત્ય.

૩. પું. એક જાતનું ઝાડ.

૪. પું (જ્યોતિષ) કલ્પના ચૌદ માંહેનો પાચમો મનુ; પ્રિયવ્રત રાજર્ષિની સૌથી નાની કોથી થયેલ સાત માંહેનો સૌથી નાનો પુત્ર. આગુ કલ્પમાં તે પાચમો મનુ થઈ ગયો. તેને દસ ધર્મવર્તી અને પરાક્રમી પુત્રો હતા. તેના મન્વંતરમાં શુભ્રથી વિકુંઠાની કૂખે વૈકુંઠ નામનો

રોકણ

વિષ્ણુનો અવતાર થઈ તેણે ઇંદ્રને સહાય કરી હતી.

૫. પું (જૈન) સાંપર્વ નામના અંતરના બાર ગ્રહોનો એક પ્રકાર, ગ્રહોના બાર પ્રકાર આ પ્રમાણે છે: ઢાઢા, કૃહ, કુંથુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદમ્બ, મહાકાદમ્બ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

૬. [સં.] પું. ગિરનાર પર્વત.

૭. પું. જૂનાગઢનું પ્રાચીન નામ.

૮. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાનો એ નામનો એક દીકરો.

૯. પું. મેરુ; વાદળું.

૧૦. પું. રેવતી નદી પાસેનો પ્રદેશ.

૧૧. પું. રેવાનો પુત્ર. તેને કકુદ્મી પણ કહે છે. તેને રેવતી નામે બહુ જ સુંદર દીકરી હતી

૧૨. પું. વિંધ્યપર્વતમાંથી જમના નદી સુધી ઉત્તર તરફ જતો પર્વતની હારનો ફાંટો.

૧૩. પું. પાતી ગયેલો પાંચમો ૪,૦૪,૪૮,૦૦૦ વર્ષનો મન્વંતર.

૧૪. પું. શનૈશ્ચર ગ્રહ.

૧૫. પું. શિવ; ઓંકાર.

૧૬. પું. સોમની ચોવીસ માંહેની એ નામની જાત.

૧૭. વિ. સમૃદ્ધ; આબાદ.

રૈવતક જુઓ રૈવતકગિરિ.

રૈવતકગિરિ [સં.] પું. ગિરનાર પર્વત.

રૈવતકાચલ જુઓ રૈવતકગિરિ.

રૈવતગિરિ જુઓ રૈવતકગિરિ.

રૈવતનગર [સં.] ન. ગિરિનગર; જૂનાગઢ. આ ગ્રહેરને આદિકાળમાં અશ્વિપુર, સ્મૃતિકાળમાં ચંદ્રકેતુપુર, પછી રૈવતનગર અને કલિકાળમાં પુરાતનપુર પણ કહેતા હતા.

રૈવતાચળ જુઓ રૈવતાદ્રિ.

રૈવતાદ્રિ [સં.] પું. ગિરનાર પર્વત.

રૈવતિક પું. રેવતીનો પુત્ર.

રોં પું. હઠ; ચુમાર.

રોઆસ્ત પું. ઠમ્મસ; પ્રભાવ. "

રોઈંદો (રોઈંડો) પું. એક જાતનું ઝાડ. તે ગૂંદી જેટલું ઊંચું થાય છે. તેના ફૂલ મોટાં કેસરિયા રંગનાં અને શીંગ ચપટી હોય છે. તેની છાલ લોહીને છૂટું પાડે છે

રોક ૧. [સં.] પું. રોકડા પૈસા; નગદ નાણું.

૨. પું. રોકડે પૈસે ખરીદી

૩. સ્ત્રી. અટકાયત; અટકાવવું તે; રોકવું તે; રોકાણ; રોકણી.

૪. સ્ત્રી. અડચણ; મુશ્કેલી.

૫. સ્ત્રી. મનાઈ; મનાઈહુકમ; નિષેધ; પ્રતિબંધ.

૬. સ્ત્રી. હદ; મર્યાદા.

૭. વ. ક્રિ. છેદ; છેદ; ઘાટ

૮. વ. દીર્ઘ; પ્રકાશ.

૯. વ. ઠુમરી. હિલચાલ.

૧૦. વ. નૌકા; વહાણ

૧૧. વિ. ચંચળ; ચપળ

૧૨. વિ. રોકડું; હાજરાહજૂર: તરત આપી શકાય તેવું; તરત રજૂ થાય તેવું.

રોકઅૉઇલ [અ] ન. ખડકનું તેલ; સિલા તેલ; પાષાણ તેલ; પાસલેટ.

રોકકળ જી. રોવું અને કકળવું તે; રડારડ; આક્રંદ; રડારોળ; રોકકળ; રડારોળ. રોકટ, રોકટ, રોકટ, કકળાટ કરતાં કરતાં રોવું તે; ભૂખો પાડીને રોવું તે; વિલાપ; હાયવોય, રડારોળ.

રોકકળાટ જુઓ રોકકળ.

રોકકોક ૧. સ્ત્રી. પ્રતિબંધ; અટકાવ; મનાઈ; નિષેધ.

૨ સ્ત્રી રોકવું કે ટોકવું તે; કાંઈ પણ વાંધો કે વિરોધ.

રોકડ (રોકડ) ૧. સ્ત્રી. તરત અબી પ્રત્યક્ષ કરાય તેવું અબઘડી નાણું. તાજી નગદ રકમ; સિક્કા; હાજર ધન; રોકડા પૈસા.

રોકડ મળતી = રકમ વધે છે કે ઘટે છે તે આવક બાજુનો હિસાબ કરીને તપાસવું

૨. સ્ત્રી. મૂડી. પૂંજી; ધન.

૩. સ્ત્રી. રોકડા પૈસા આપવા તે; રોકડા પૈસા કાંઈ માલ વેચવો તે.

૪. સ્ત્રી. ચટાપટી હરામ તેવી અમૂલ્ય વસ્તુ.

૫. વિ. રોકડું; નગદી; તરત અપાય કે બનાવાય તેવું કે હાજર કરાવાય તેવું.

રોકડખાકી (રોકડખાકી) સ્ત્રી. નાણાંની સિલક.

રોકડમેળ (રોકડમેળ) પું. જેમાં રોકડ રકમોનો હિસાબ રાખવામાં આવતો હોય તે ચોપડી કે ચોપડો; રોકડ નાણાની આવકજાવકનો હિસાબ; રોકડા રૂપિયા આપ્યા લીધાની ચોપડી.

રોકડવહી (રોકડવહી) પું. રોકડમેળનો ચોપડો, રોજમેળ

રોકડિયાં (રોકડિયાં) ન. બ. વ. નાણાં જમા પડાવતાં તેના બદલામાં મળતો એક જાતનો સરકારી કાગળ. બેંક અથવા ટપાલખાતામાં પૈસા જમા લેવાની એક પદ્ધતિ એવી છે કે, પૈસા બાંધી મુદત માટે જમા લેવામાં આવે છે; પરંતુ તે મુદતની અંદર ગમે ત્યારે પૈસા ઓળવતા બાજના કરે પાછા મળી શકે છે. તેવાં કાગળિયાંને રોકડિયાં કહી શકાય.

રોકડિયું (રોકડિયું) ૧. વિ. તરત જ નાણાં આપવા લેવાની રીતવાળું; રોકડા વહેવાર કરનારું; તરત હાજરાહજૂર આપલેથી કામ ચલાવનારું; ઉધાર નહિ તેવું

રોકડિયું ધરાક = ઉધાર નહિ રાખનારું ઘરાક.

૨. વિ. પ્રશ્નનો ઝડપભેર ઉત્તર આપી દેનાર; હાજરજવાબી; તરત જવાબ દેનાર.

૩. વિ. વ્યવહારિક; દુન્યવી; વહેવાર પૂરતું.

રોકડિયો (રોકડિયો) પું રોકડાં નાણાં ચૂકવનાર માણસ; " કેશિયર ".

રોકડી (રોકડી) ૧. સ્ત્રી. તરત જ અબઘડી નાણામાં આપી દેવામાં આવતી મજૂરી; કડિયા, સુતાર વગેરેની મજૂરી કે રોજી. અડી બધુ કલાકના ક્રમને અંતે તે તરત જ રોકડે નાણે આપી દેવાય છે

૨. સ્ત્રી. દિવસના સાધારણ સમય ઉપરાંત સવારમાં જે વધુ કામે રોકાય તે કે તેની રોકડી મજૂરી.

રોકડીએ જવું = રોકડીનું વધુ કામ કરવા જવું.

૩. સ્ત્રી. સવારમાં કામે જવું તે; સવારીએ.

રોકડું (રોકડું) ન. ઉધાર ન રાખેલું પણ તરત આપેલું નાણું; નગદ નાણું.

૨. વિ. તરત અપાય, મેળવાય કે વપરાય તેવું; જેને માટે વાયદો કામ નહિ તેવું; નહિ ઉધાર; તરતનું; તરત હાજર કરવાનું; કર્યું કે તરત નાણું આપવું પડે તેવું; તરત હિસાબ ચૂકવેલું.

રોકડો હિસાબ = (૧) ચોખ્ખો કશા મોટાળા વિનાનો હિસાબ. (૨) તરતને તરત રોકડેથી હિસાબ.

૩. વિ. તરત જવાબ દે તેવું; હાજરાહજૂર; હાજર જવાબ.

૪ વિ. બીજા અવેજમાં નહિ પણ સિક્કારૂપ; નાણું ચલણનું.

૫. વિ. સ્પષ્ટ. ચોખ્ખું; કાંઈ પણ છુપાવ્યા વિના તરત કહેવું

૧. રોકડું પરખાવવું = તુરત જેવો હોય તેવો જવાબ આપવો; સ્પષ્ટ કહી દેવું; ચોખ્ખેચોખ્ખું કહી દેવું.

૨. રોકડો જવાબ = (૧) ચોખ્ખો જવાબ; ખુલ્લેખુલ્લું કહેવું તે; તરતનો તરત ને વળી ચોખ્ખો જવાબ; આમામાં વાગે તેવો સ્પષ્ટ જવાબ. (૨) સ્પષ્ટપણે ના કહી દેવી તે; ચોખ્ખી ના

રોકણ જી. દીવા; વિજાંબ.

રોકણહારું જુ રોકનાર.
રોકણહારે કોયુ છે કોનાં નેન રહે. પ્રેમાણી

રોકણી ૧. સ્ત્રી. ઢીલ; વિલંબ.
૨. સ્ત્રી. રોકવું તે; પ્રતિબંધ; અટકાવ; મના; અટકાયત; અવરોધ; રોકાણ.
૩. સ્ત્રી. રોકેલી મૂડી.

રોકણું વિ. રોકાના સ્વભાવવાળું; રો રો કરે તેવું.

રોકત જુઓ રોકણી.

રોકરી સ્ત્રી (સંગીત) તારસપ્તકીય બાવીસ માંહેની બીજણીયમી કૃતિ.

રોકવટ સ્ત્રી. રોકાણ; અટકાયત; રોકવું તે.
વિદ્યાર્થીઓની મરજી વિરુદ્ધ રોકવટ ન કરવી. શિક્ષક અને શિક્ષણ

રોકવું ૧. [સ. રુ] સ. ક્રિ. અટકાવવું. બાંધવું. ચંચળતા; ખોટી કરવું, નહિ જવા દેવું; મના કરવું., પ્રતિબંધમાં રાખવું; જવા, આવવા કે બચવા ન દેવું; રોકી મૂકવું.
૨. સ. ક્રિ. આગળ વધતી સેનાનો સામનો કરવો
૩. સ. ક્રિ. કાબૂમાં રાખવું; વશમાં રાખવું.
૪. સ. ક્રિ. કામે વળગાડવું; નોકરીમાં રાખવું. કામ કરાવવા હરમાનો ઠેરાવીને રાખવું.
૫. સ. ક્રિ. ખલેલ કરવી, વિઘ્ન કરવું; અવરોધ કરવો; અડચણ કરવી.
૬. સ ક્રિ. પૈસા ભરી લેવું; બાંધવું; ખાલી ન રહે તેમ કરવું; ભરી પૂરવું; વીંટી વાળવું.
૭. સ. ક્રિ. પૈસા મૂકવા; વેપારધંધામાં નાણું નાખવું.
પૈસા રોકવા = કોઈને ત્યાં પૈસા બાજે મૂકવા.

રોકસાહદ [અ.] ન. અફીણમાંથી નીકળતું મીઠું, સિંધવ.

રોકાણ ૧. ન. ઉદ્યોગ; ધંધોપ્રવૃત્તિ; આપાર; વ્યવસાય.
૨. ન. કામ સોંપી બાંધવું તે; કામ કે નોકરીમાં બોડી રહેવું પડે તે.
૩. ન. ઢીલ; વિલંબ; કાળક્ષેપ.
૪. ન કબાણ; બાંધવું તે; ઘેરવું તે.
૫. ન. નિષેધ; મના; પ્રતિબંધ; વારણ; અટકાયત
૬. ન. રોકવું કે રોકાવું તે; અટકાવ; અવરોધ; બાળો; બાંધવા; અડચણ, પ્રતિરોધ.

રોકાત ૧. સ્ત્રી. રોકડું નાણું.
૨. સ્ત્રી. રોકાણ; અટકાયત.

રોકારોક વિ. રોક; રોકટોક; નગદ નાણું.
સોદો ન થયો રોકારોક. અખો

રોકાવટ સ્ત્રી. અટકાયત; રોકાણ; બંધ; રુકાવટ.

રોકાવવું સ. ક્રિ. રોકાવ તેમ કરવું.

રોકાવું ૧. અ. ક્રિ. અટકાવું; બંધાવું; સ્થિર જવું.
૨. અ. ક્રિ. બોટી થવું; રાહ જોતા રહેવું; અટકવું.
૧. રોકાઈ રહેવું = ગૂંચાવું; બોટી થવું
૨. રોકી મેલવું-રાખવું = બોટી કરવું; અટકાવવું.
૩. અ. ક્રિ. બેરાવું; મૂંઝાવું; ભ્રમમાં રહેવું, રુંધાવું.
૪. અ. ક્રિ. બોજવું; રાહ જોવી.

રોકિમ [અ.] વિ. ઝૂલતું; ડોલતું.

રોકિંગચૅર [અં.] સ્ત્રી. ઝૂલની ખુરસી.

રોકું ૧. વિ. અમુક આકારનું; અમુકના જેવું, કે સરખું; સમાન; બરાબર
૨. વિ. જોટલી જ કીમતનું.

રોકુટ સ્ત્રી. રોવું અને કૂટવું તે. કકળાટ, આક્રંદ, રડારોળ.

રોક્કડ (રોક્કડ) જુઓ રોકડ.

રોખ ૧. સ્ત્રી. ધમકી; આકાંક્ષા; મરજી; ભાવ.
૨. સ્ત્રી. દમામ; રોફ; બબડો
૩. જાં ક્રિ. પ્રયત્ન; વલખું
૪. સ્ત્રી. રોજ; મુરબ્બો
૫. વિ. રોકડું; રોક; નગદ

રોખડી (રોખડી) સ્ત્રી. સુતારનું જોર કરવિયાર; રંદો મારવા માટેનું જોર ઓજાર; રોકણી; રોખણી.

રોખવું ૧. [સં. રોધ] ન. કબજિયાટકામા ઝોકોનું જેમા થતુ તે; ઝોકનો અભાવ.
૨. ન. બોબાટ; બાંધણ.
૩. ન. અબેડો; હિમાદ; ઘડમથડા.

રોખું ૧. ન. બગતણું; બારણું; ઉઘન.
૨. વિ. જેવું; સરખું; સમાન.
૩. વિ. રોબ; આબક.
૪. વિ. રોકું; અમુક જોટલી કીમતનું.
૫. અ. પ્રમાણે; પેઠે.

રોગ ૧. પું. અંદરની રીસ; મનકરી; અંદર અંતરનો આમળો; આડું લાગવું કે વાકું પડવું તે; બળિયેલપણું; ધુંધવાતાપણું.
૨. પું. કુલ ઔષધ
૩. [સં. રુજ્ (બાધિથી પીડાવું)] પું. તંદુરસ્તીમાં ખલેલ; શરીર કે પ્રકૃતિનો બગાડ; વિકાર; બાધા; દરદ; આબાદ; શરીરના તત્ત્વોનું સમતોલપણું બીજાવાઈ જઈ તેમાં ખટાકો થવો તે; બીમારી; માંદગી. રોગ ત્રણ જાતના છે: શારીરિક, આગંતુક અને માનસિક. શરીરમાં રહેનાર વાત, પિત્ત અને કફના કારણથી જે રોગ થાય તેને શારીરિક કહે છે. ભૂત, ઝેર અથવા તો બહારથી આવનાર અભિઘાત વગેરેને આગંતુક રોગ કહેવાય છે. આવી રીતે મનગમતી વસ્તુ ન મળવાથી જે આધિ થાય તેને માનસિક રોગ કહેવાય છે.
૧. રોગ આવે ઢાંકીને વેગે અને જાય ડોકીને વેગે = દુઃખ આવે ત્યારે સામટું આવે છે અને કટકે કટકે દૂર થાય છે.
૨. રોગ ઊઘડ્યો = રોગનો ચેપ લાગ્યો; રોગ લાગ્યો.
૩. રોગ ઊપડ્યો = રોગ થયો; રોગગ્રાળો થયો.
૪. રોગ કાઢવો = (૧) મદ ઉતારવો. (૨) મન મનવવું; મનને સંતોષવું. (૩) બાધિ દૂર કરવો.
૫. રોગ કાઢી નાખવો = (૧) નરમ પડી નાખવું; ઠેકાણે આણવું; ખાસરું કરવું. (૨) રીસ, બળિયેલપણું કે ધુંધવાતાપણું કાઢી નાખવું; મદ ઉતારવો; રીસ કે ધુંધવાટ કાઢી નાખવો
૬. રોગ ચઢ્યો = રોગનો ચેપ લાગ્યો.
૭. રોગ ચઢ્યો = રોગગ્રાળો થયો.
૮. રોગ થયો-ભરાયો = (૧) બગડ્યું. (૨) માઠું લાગ્યું. (૩) બાધિ લાગુ પડ્યો.
૯. રોગ, રાજ અને ઘેલું એમને જેમતાં જ ઉદ્યમ = પૂર પહેલાં પાળ બાંધવી.
૧૦. રોગમાં ભોજનું = રીસમાં ભોજવું.
૧૧. રોગે ઘર કરવું = શરીરમાં રોગ જામી જવો; રગેરગ રોગ પ્રસરી જવો.
૪. પું. દિવસ અને રાત્રિનાં આઠ આઠ માંહેનું જોર માઠું ચોઘડિયું.
૫. પું. મરડો; 'પ્લેગ'.

રોગકારક [સં.] વિ. બીમારી કે માંદગી ઉત્પન્ન કરનાર; બાધિજનક.

રોગકારી જુઓ રોગકારક.

રોગક્ષમતા [સં.] સ્ત્રી. રોગ સહન કરવાની શક્તિ.

રોગગ્રસ્ત [સં.] વિ રોગમાં સપડાયેલું; રોગી; માંદું; બીમાર

રોગગ્રસ્તતા [સં] સ્ત્રી. રોગથી પીડાયેલા હોવાપણું.

રોગગૃહ [સં.] ન. માંદાં માણસોની સારવારનું સ્થાન; 'હોસ્પિટલ'.

રોગઘ્ન ૧. [સં.] વિ. દવા; ઔષધ
૨. ન. વૈદકશાસ્ત્ર
૩. વિ. રોગનાશક, રોગ મટાડે તેવું

રોગચાળો પું. રોગનો ઉપદ્રવ; રોગનો પ્રસાર કે ફેલાવો; ફેલાતો રોગ; એની વિકાર.

રોગચ્છેદન [સં] ન. રોગનો નાશ કરવો તે.

રોગજનક જુઓ રોગકારક

રોગજંતુ ન. રોગ ઉત્પન્ન કરનાર જંતુ

રોગડોગ ૧. પું. ભય; બીક.

૨. પું. રોગ, બળતરા વગેરેની પીડા.

રોગન જુઓ રોગાન.

રોગનકાર [હિ.] વિ પોલિશવાળું; ચમકદાર.

રોગનાશક જુઓ રોગઘ્ન.

રોગનાશન ન. રોગનો નાશ કરવો તે.

રોગનિકંદન જુઓ રોગનાશન.

રોગનિદાન [સં.] ન. (વૈદક) રોગોત્પત્તિવિદ્યા; નિદાનવિદ્યા; ચિકિત્સાવિદ્યા; રોગનાં લક્ષણ અને તેની ઉત્પત્તિનાં કારણ વગેરે જાણવાં તે.

રોગનિવારક [સં.] વિ. રોગ અટકાવનાર; રોગ મટાડનાર કે દૂર કરનાર.

રોગનિષેધક જુઓ રોગનિવારક.

રોગની ૧. વિ. તેજવાળું; ચિકાશવાળું; તૈલી.

૨. વિ. રોગાન લગાડેલું.

રોગપતિ [સં.] પું. તાપ.

રોગપરિચર્યા [સં.] સ્ત્રી. રોગી માણસની સારવાર કરવી તે.

રોગપરિષહ [સં.] પું. (જૈન) સાધુના બાવીસ પરિષહ; સેવ્યમાણ રોગમાં ચારિત્ર ન ચૂતાં સમભાવપૂર્વક તેને સહેવો તે.

રોગપરીક્ષા [સં.] સ્ત્રી. રોગને જાણવો કે ઓળખવો તે.

રોગપ્રતિબંધક [સં.] વિ. રોગનો અટકાવ કરે તેવું.

રોગપ્રસ્તાર [સં.] પું. રોગનું ફેલાવું તે.

રોગબીજ [સં] ન. રોગનું મૂળ.

રોગમુક્ત [સં] વિ. રોગ વિનાનું.

રોગરાઈ જુઓ રોગહોગ.

રોગરાજ [સં.] પું. ક્ષયરોગ.

રોગલક્ષણ [સં.] ન. રોગનું નિદાન કે ચિહ્ન.

રોગવર્ગવિદ્યા [સં.] સ્ત્રી. વ્યાધિવિદ્યા; રોગનું નિદાન કરવાનું શાસ્ત્ર; દરદ પારખવાની વિદ્યા.

રોગવાહક [સં.] વિ. રોગનો ફેલાવો કરનાર.

રોગવાહી જુઓ રોગવાહક

રોગવિજ્ઞાન [સં.] ન. રોગની ઉત્પત્તિનું શાસ્ત્ર; નિદાનવિદ્યા.

રોગવિદારક [સં.] વિ. રોગનો નાશ કરનાર

રોગવિદ્યા જુઓ રોગવર્ગવિદ્યા.

રોગવૈદ્ય [સં.] પું. રોગની દવા કરી જાણનાર વૈદ્ય.

ત્રિવૈદ્ય, રોગવૈદ્ય, શલ્યવૈદ્ય અથવા શાલ્યવૈદ્ય અને મંત્રાગ્નિસ્પર્શવૈદ્ય અર્થાત્ પ્રયોગ જાણનાર વૈદ્ય ઇત્યાદિ કિસ્સામાં રાજ્યસ્વસ્થ

રોગશય્યા ૧. સ્ત્રી માંદગી; બીમારી; માંદગી; બીમારી.

૨ સ્ત્રી. રોગીની પથારી.

રોગશામક [સં] વિ. રોગ શમાવનાર; રોગ અટકાવનાર.

રોગશાસ્ત્ર જુઓ રોગવર્ગવિદ્યા

રોગશિક્ષા [સં.] સ્ત્રી. મનઃશીક્ષા; માનસશિક્ષા; મનુષ્યશિક્ષા.

રોગસંક્રમણ [સં.] પું. ચેપ; એક માણસનો રોગ બીજાને થવો તે.

રોગસંચાર જુઓ રોગસંક્રમણ.

રોગસ્થાન [સં.] ન. જન્મકુંડળીમાં રોગ બતાવનારું છઠું ઘરબાર.

રોગહર ૧. [સં.] પું. વૈદ્ય.

૨. ન. દવા; ઔષધ.

૩. વિ. રોગ નાશ કરનાર.

રોગાણુ [સં.] પું. રોગનું જંતુ.

રોગાતુર [સં.] વિ. રોગી; રોગથી ઘેરાયેલું.

રોગાન ૧. પું. ખોટો ભભકો; ખોટો આડંબર; આડંબર.

૨. પું. કામર; ઢોલ.

૩. [ફા. રોઅન] પું. તેલ, ચીકણ અને ક્ષાર વગેરેનું એક જાતની ચોકસાઈનું પ્રમાણ લે લાકડાં, લુગડાં વગેરે ઉપર ચળકાટના કામમાં આવે છે.

૧. રોગાન કરવો-ચડાવવો = (૧) ઉપર ઉપરથી સુશોભિત કરવું; દાપટીપ કરવી. (૨) ઉશ્કેરવું. (૩) ઠાંસપિંજોડો કરવો.

૨. રોગાન ફરવો = (૧) નુકસાન થવું. (૨) બગડવું; મિથ્યા જવું; અફળ થવું

૪. પું. વર્ણિકનું પદ.

રોગાની ૧. પું. રોગાન ચડાવનાર માણસ.

૨. વિ રોગાન ચડાવેલું; ઉપર ઉપરથી શોભિત કરેલું; ઉપર ટાપટીપ અને આંટે પેલું તેવું.

રોગાભેદ્ય [સં.] વિ. રોગ જેનામાં પ્રવેશ કરી શકે નહિ તેવું; રોગથી પર; નીરોગી.

રોગાભેદ્યતા [સં.] સ્ત્રી. રોગનો પ્રવેશ થઈ શકે નહિ એવા હોવું તે; રોગથી પર હોવાનો ગુણ; નીરોગીપણું.

રોગાવસ્થા [સં.] સ્ત્રી. બીમારી; માંદગી.

રોગાવિષ્ટ [સં.] વિ અસ્વસ્થ; માંદું; બીમાર.

રોગાશ્રમ [સં.] ન. માંદાઓની આવજાતનું સ્થળ; દવાખાનું.

તેઓ આમ આ આપણા ગામના રોગાશ્રમમાં આવી રહે. ગોવર્ધનરામ

રોગિણી [સં.] સ્ત્રી. રોગી સ્ત્રી.

રોગિતરુ [સં.] પું. આસોપાલવ

રોગિષું ૧. વિ રોગ ઉત્પન્ન કરે તેવું

૨. વિ. રોગિષ્ઠું; રોગી; રોગથી ઘેરાયેલું; માંદું; બીમારી; રોગવાળું; રોગિષ્ઠ.

રોગિષ્ઠ જુઓ રોગિષું.

રોગી જુઓ રોગિષું

રોગીગૃહ ન. દવાખાનું.

રોગીષ્ઠ જુઓ રોગિષું.

રોગું ૧. ન. અફીણનો માટો રસ; અફીણની કાકરી.

૨. વિ. નકામું; બેવગ; બાતલ; નરઠામ; તદ્દન નર્યું.

૩ વિ. બધું; તમામ; સાર.

રોગો ૧. પું. કામ વિનાનો નકરો માણસ.

૨. પું. માત્ર પાણી નાખી કાઢેલો ચૂનો.

રોગોત્પત્તિ [સં.] સ્ત્રી. રોગ ઉત્પન્ન થવો તે.

રોગોત્પત્તિવિદ્યા [સં.] સ્ત્રી. રોગનિદાન; નિદાનવિદ્યા; ચિકિત્સાવિદ્યા.

રોગોત્પાદક [સં.] વિ. રોગ ઉત્પન્ન કરનાર; રોગજનક; ઉપદ્રવી; રોગ પેદા કરે એવું; રોગજનક.

રોગ્ન જુઓ રોગાન.

રોગ્નની જુઓ રોગાની.

રોચક ૧. [સં.] ન. કેળ.

૨. ન. બનાવટ.

૩. ન. ભૂખ; ક્ષુધા.

૪. ન. ભૂખ લગાડનાર દવા.

૫. વિ. આનંદ આપે તેવું; મધુર; સુખકર; મનોરંજક

૬ વિ. પ્રેરક; જિજ્ઞાસા ઉત્પન્ન કરે તેવું.

૭. વિ. રુચે કે ગમે તેવું; પ્રકૃતિને અનુકૂળ આવે તેવું; મિષ્ટ; રુચિકારક; રુચિકર; ગમતું; રુચિને ઉશ્કેરનાર; રુચિ કરાવે એવું.

૮. વિ. સહેલજતકાર; સ્વાદિષ્ટ; સ્વાદવાળું; મિષ્ટ; મજેદાર.

રોચકતા [સં.] સ્ત્રી. મનોહરતા; મનોરંજકતા; રોચક હોવું તે.

રોમકર્ષયંત્ર ન. ઘંટી દાણા ભરડવાનું કે દળવાનું મશીન

રોચડી (રોચડો) ૧. સ્ત્રી. ભૂખ; ક્ષુધાગ્નિ; અણચી; અંચઈ.

૨. વિ. સ્ત્રી. રોગિષ્ઠ; વ્યાધિગ્રસ્ત; રોગી.

રોચત જુઓ રોચડી ૧.

રોચન ૧. [સં] કું ગરમાળો.

૨. કું. દુશ્મની; પ્રસ્ત્રુ

૩ કું. (પુરાણ) દ્યુતિમાન નામના બાર માંહેનો એક દેવ; વસુને દક્ષિણા નામની જોથી થયેલ બાર માંહેનો એક દીકરો

૪. કું. પોળો સરમવો

૫. કું. ભ્રાન્તિમોહ.

૬. કું. સ્વારોચિષ મન્વન્તરનો ઇંદ્ર.

૭. ન. ઇચ્છા કરવી તે; તલસવું તે; રોચના.

૮. ન. કરેજ.

૯. ન. ગામદેવનાં પ્રાણ માંહેનું એક પ્રાણ.

૧૦. ન. કેળ.

૧૧. ન. ગમવું તે; રુચવું તે.

૧૨. ન. ગાઢવાનું ઔષધ.

૧૩. ન. તેજોમય ભા.ટા

૧૪. ન. દાડમ.

૧૫. ન. જળપક્ષી, જલકુક્કુટી

૧૬. ન. ભૂખ.

૧૭. ન. ભૂખ વધારનાર અને પુષ્ટિકારક પદાર્થ.

૧૮. ન. મનોહર દેખાવ, સપનો, ઝાં.

૧૯ ન. શોભવું તે.

૨૦. વિ. તેજસ્વી.

૨૧. વિ. પ્રેરક.

૨૨. વિ. ભૂખ વધારનાર.

૨૩. વિ. રુચે તેવું; રોચક.

૨૪. વિ. ગાલ; રાતું.

રોચનક [સ.] ન. બીલેરાનું ઝાડ.

રોચનફળ ૧. ન. બીજોરું.

૨ ન બીલેરું

રોચના ૧. સ્ત્રી ગમવાનું ગાઢ.

૨ સ્ત્રી. એક પ્રકારનું ગંધદ્રવ્ય; ગોરોચના; ગોચંદન. ગાય માતામાં તેત્રીસ કરોડ દેવતાનો વાસો છે અને તે દેવતાઓ ગાયને ફરતે ફરતે રહે છે. ગાયના પિત્તમાંથી ગોચંદન નીકળે છે. માટે જગતમાતા ગાય આખી દુનિયાને રોચન ઉપજાવે તેવી છે તેના ગોહીમ.સમાં ગોચંદન ગાય છે. તેમાં તેનો અંશ છે દેવતાઓ પણ તેને માથે ચઢાવે છે. એટલે તે જગતને રુચિ ઉપજાવે છે અને ' કહેવાય છે કે, જેણે ગોચંદનનો ચાંદલો કર્યો હોય તેના સામું જોનારી સ્ત્રી જો ચાંદલો દેખે તો આપોઆપ તેને રુચિ એટલે મોહ ઉત્પન્ન થાય છે. માટે જ તેને રોચના કહે છે.

૩. સ્ત્રી. તેજોમય આકાશ.

૪. સ્ત્રી. મધુમક્ષિકા; મનઃશીલ.

૫ સ્ત્રી. રાતું કમળ.

૬ સ્ત્રી લાલસા; ઇચ્છા.

૭. સ્ત્રી (પુરાણ) વાસુદેવની એક સ્ત્રી.

૮. સ્ત્રી. (પુરાણ) વિદર્ભ દેશાધિપતિ ભીષ્મક રાજાની પ્રપૌત્રી અને રુક્મી રાજાની પૌત્રી. પોતાની બેનને સારે ઘાને એટલા માટે રુક્મી રાજાએ તેને રુક્મિણીના પૌત્ર અનિરુદ્ધને પરણાવી હતી.

૯. સ્ત્રી. સુંદર સ્ત્રી.

રોચની જુઓ રોચના.

રોચમાન ૧. કું. (પુરાણ) અશ્વમેધ નામની નગરીનો એ નામનો રાજા. તેને અર્જુને દિગ્વિજય વખતે હરાવ્યો હતો

૨. કું. (પુરાણ) ઊરુમાપુરીનો રાજા. તેને રાજસૂયયજ્ઞ વેળા ભીમસેને હરાવ્યો હતો. તેમ છતાં પણ તે યુદ્ધમાં પંડવ પક્ષે હતો. તેને પ્રેમ માર્યો હતો. તેના રથના ઘોડા નીલવર્ણા હતા

૩. કું. કેક વિષે ભમરી છુપાયેલ હોય તેવો ઘોડો

૪ કું રહેંકના એક અનુચરનું નામ.

૫. ન. ઘોડાની ગરદન ફરતો વાળનો ગુચ્છો.

૬. વિ રુચિકારક

૭. વિ દીપતું; પ્રકાશતું.

૮. વિ. સુંદર.

રોચવું ૧. ન. કિ. ગમવું કરવું, ગોઠવા બરવી.

૨. સ. કિ. રુચવું; ગમવું.

રોચિ ૧. [સં. રોચિસ્] સ્ત્રી. પ્રભા; તેજ.

૨ સ્ત્રી. સભ્યતા; ગોઠવા.

રોચું ૧. વિ. કરમાઈનો પડી ગઈ હોય તેવું; ચીમળાયેલું.

૨. વિ. કંગાલી; ગમગ્રસ્ત; અસ્વસ્થમનવું; ગાર્ભરિયું; ગમ્યું.

રોજ ૧ કું ગુલાબી સનના મહિનાનો એકત્રીસમો દિવસ

૨. કું. એક દિવસનો મુસારો; એક દિવસનું મહેનતાણું જવું

૧. રોજ પડવો = રોજ ન ગરવો; એક દિવસનું મહેનતાણું જવું

૨. રોજ બગ્યો–રોજે જવું = દહાડિયા તરીકે કામ કરવું; રોજિંદા મહેનતાણે કામ કરવું. મજૂરીનો દિવસ ગરવો.

૩. રોજે રાખવું = દહાડિયા તરીકે કામે રાખવું; દહાડિયે રાખવું.

૩. [ફા. રોઝ] કું. દહાડો; દિવસ; દિન.

૪. અ. હમેશાં; નિત્ય; સતત; કાયમ; નિરંતર; પ્રતિદિવસ.

રોજ ઊઠીને = નિત્ય. હરરોજ; હમેશ.

રોજકામ ૧. ન. અમુક દિવસે કરેલું કામ

૨. ન. રોજનીશી, દૈનિક નોંધ; ' ડાયરિ '.

રોજગાર ૧. કું. કસબ; હુનર.

૨. [ફા.] કું. રોજનો ધંધો કે વેપાર; આજીવિકા; નિર્વાહનું કામકાજ; ધંધો; ચાકરી; વૃત્તિ, ગુજરાન માટે કરવાનો ધંધો, નોકરી કે ઉદ્યમ, વ્યવસાય.

૧. રોજગાર ચમકવો = વેપારમાં ખૂબ લાભ થવો.

૨. રોજગાર ચાલવો = ધંધા કે ઉદ્યમમાં ફાવટો રહેવો; ગુજરાન પૂરતો ઉદ્યમધંધો ચાલવો કે મળવો

૩. રોજગાર છૂટવો = આજીવિકાનું સાધન ન રહેવું

૪. રોજગાર મળવો–ચાલવો = નિર્વાહને માટે કામ મળવું.

૩. કું વ્યાપાર; વાણિજ્ય.

રોજગારસર વિ રોજગારી કરતું, રોજગારવાળું; નોકરીમાં રહેલું, ચાકરીએ લાગ્યું હોય તેવું.

રોજગારી ૧. કું. ધંધાદારી માણસ; વેપારી.

૨. [ફા.] સ્ત્રી. ધંધો; વેપાર; રોજગાર; કામધંધો.

૩. સ્ત્રી. નોકરી; ચાકરી; જેથી આજીવિકા ચાલે તે.

૪. વિ. કામધંધાવાળું; જેને પોતાના ગુજરાન સારુ કામધંધો હોય તેવું.

રોજડી (રોજડો) સ્ત્રી. હમેશી.

રોજડી થવા–ફૂટવી = રેવડી થવી; હમેશ થવું.

રોજદાર કું. દહાડિયો; રોજથી કામ કરનાર માણસ

રોજનામું ૧. ન. રોજ કે મુકામના હિસાબનો ચોપડો; નિત્યના હિસાબની ચોપડી.

૨. [ફા. રોઝનામા] ન. રોજમેળ; રોજને રોજ જમાતો હિસાબ; કાચોમેળ.

રોજનીશી ૧. સ્ત્રી. કચેરીમાં રોજ રોજ થતા કામનું ટપ્પણ. ગાંધીજી કહે છે કે: રોજનીશી લખવાનો નિયમ કર્યા પછી કદી ન છોડવો. એનો લાભ તુરત નહિ તો પાછળથી જરૂર જ. રોજનીશી રાખવાની ટેવ જે વધુ દોષોમાંથી આપણને બચાવી લેશે. દાખલા, તે આપણા દોષની સાક્ષીરૂપે રહેશે. તેમાં કરેલા દોષોની નોંધ આવશી જ જોઈએ. તેની ઉપર દીવા

કરવાની કશી આવશ્યકતા ન હોય. ટીકા અખબાર હોય જ. અને ન ઉપર હોય આખો અને એને જેતર્યો આટલો ઉલ્લેખ બસ છે. આ બધું બોલું થયું, પ્રે મન કરે એમ ન કરવું બદલે સાબિતની કશી આવશ્યકતા નથી. પોતાની સ્તુતિનાં વચન સાંભળવાનાં હોય જ નહિ. કરેલા કામની ને કરેલા દોષની નોંધ હોય એ બસ છે. બીજાના દોષોની નોંધ રોજનીશીમા હોવી ન ઘટે.

૨. [સં. રોજનરીસી] સ્ત્રી. રોજને રોજના કામના નોંધપોથી; નિત્યનોંધ; દરરોજ જે કામ કર્યું હોય કે જે કર્યું જોવામાં સાંભળવામાં આવ્યું હોય તેની નોંધ રાખ્યા કરવી તે; રોજના કામની નોંધણી; ' ડાયરી '.

રોજનીશીકાર પું ડાયરી લખનાર માણસ; ' જર્નલિસ્ટ '.

રોજબરોજ [સં. રોજપ્રતિરોજ] અ. પ્રતિદિન; દરરોજ; હમેશાં; રોજરોજ.

રોજમદાર જુઓ રોજદાર.

રોજમાયો પું. રોજનો પગાર.

રોજમેળ ૧ પું. જેમાં રોજે રોજની જમા ખરચી થતી હોય તેવી બોપડી; રોજનો હિસાબ લખવાનો ચોપડો.

૨. પું. રોજનામું; નાણાંની દરરોજ જે આપલે થાય તેની વિગત; દરરોજનો હિસાબ.

૩. પું. રોજનો હિસાબ; કેટલા દહાડા કામ કર્યું છે તેનો હિસાબ.

રોજરોજ [સં. રોજરોજ] અ. હમેશાં; નિત્ય; દરરોજ; દિવસે દિવસે; પ્રતિદિવસ; રોજદા.

રોજંદા જુઓ રોજરોજ.

રોજિંદાર જુઓ રોજિંદાર.

રોજિયું વિ. હમેશનું; દરરોજનું.

રોજિયો જુઓ રોજિંદાર.

રોજિંદા વિ. રોજની બજારનું; રોજ ઉપયોગમાં આવે તેવું

રોજિંદાર ૧. પું. રોજનો મજૂર; દહાડિયો; રોજે રહેનારો કારીગર.

૨ વિ રોજને મુકારે કામ કરનાર; રોકડી મજૂરી લઈ કામ કરનાર; રોજથી કામ કરનાર.

રોજિંદારી ૧. સ્ત્રી. કમાણી.

૨ સ્ત્રી. રોજદાર; પણે

૩. સ્ત્રી. રોજ; દરરોજનો મળતો પગાર; રોજની મજૂરી

રોજિંદું ૧. વિ. હમેશનું; રોજનું; દૈનિક.

૨. વિ હમેશ બરપાઈ કરવામાં આવતું.

લકડિયો દાન (લકડિયો દાન) પું. એ નામની એક દેશી રમત. તેને લકડિયું દાન, લકડ લીકડનો દા, લાકડા દાન, લાકડા દા, લકડેડો દોર્ષ દોર્ષ, લકડેડી દુમ દુમ અને દેડો પણ કહે છે. જે છોકરાને મ.ટો દાવ આવ્યો હોય તેને રમનારમાથી એક છોકરો હાથમાં સાત તાળી આપે છે અને એક, બે, ત્રણ એમ સાત સુધી બોલે છે પાન બોલ્યા પછી તરત જ તે દાવવાળો છોકરો બીજાઓને અડકવા દોડે છે. રમનાર છોકરાઓમાંથી જો કોઈ નાસતા વાર અગર દાવવાળો અટકી પડશે એમ લાગે તો મુકરર કરેલા લાકડાને અડકોને તે ઊભો રહે છે. જ્યાં સુધી તે છોકરો લાકડાને અડકેલો હોય છે ત્યાં સુધી દાવવાળા છોકરાથી તેને અડકાતું નથી દાવ લેનાર છોકરાને નાસતાં જો દાવવાળો અડકે તો તેની સાથે દાવ આવે છે. પાત્ર બદલવા વધારે છોકરાની ઠરાવેલે લાકડે અડવાની અને દોડવાની આ રમૂજી મેદાની રમત છે.

લકડી (લાકડી) ૨. સ્ત્રી. જાતભાઈ; ઉંચત.
૨. સ્ત્રી. મલ્લવિદ્યામાં એક જાતની અંગકસરત. તેની ઘણી રીતો છે.
૩. [હિ.] સ્ત્રી. લાકડી, લાઠી
લઈ લકડી = દુબળું થઈ ગયેલું.
૪. સ્ત્રી. લાકડું.

લકડીખાના (લાકડીખાનું) ન. લાકડાં રાખવાની જગ્યા.

લકડીપટ્ટો (લાકડીપટ્ટો) પું. લાકીનો હાથ.

લકડી પલટન (લાકડી પલટન) સ્ત્રી. નાનાં છોકરાની લાકડીધારી ટોળી.

લકડી પાષાણ્ભેદ (લકડી પાષાણ્ભેદ) પું. પાષાણ્ભેદ નામની વનસ્પતિનું મૂળ. તે કડવું હોય છે. તેને પથ્થરફોડી જડીબુટ્ટી પણ કહે છે.

લકબ ૧. [અ.] પું. ઉપનામ; તખલ્લુસ.
૨. પું. ઓળખ.
૩. પું. કાણું, છિદ્ર.
૪. પું. બરાબર રેત.
૫. પું. દોષ; ઓડખાંપણ.
૬. પું. માનખારામ; ઇલકાબ; હોદ્દો; પદવી.
ઇલકાબ શબ્દનું એકવચન લકબ છે.

લકબક સ્ત્રી. નકામો લવારો; બકબક, બકબકાટ.

લકબે ૧. સ્ત્રી. બટકા.
૨. અ. ઉપર, અધરા.

લકલક ૧. [અ.] પું. ભસલો.
૨. વિ. બકુ જ પકાળું કે દુબળું.

લકલકવું અ. ક્રિ. ઝગઝગવું; પ્રકાશવું.

લકલકારા ૧. [હિ.] પું. અસર.
૨. પું. બગલનો અવાજ.
૩. પું. મહત્ત્વાકાંક્ષા.
૪. પું. વજન.
૫. પું. સર્પની ફણાની બાજુની તે; સાપની ફણાનું બાજુનું ચારેચાર હલવું તે.

લકલોટ વિ. ઉડ.ઉ. ખર્ચાળ.

લકવા પું. પક્ષઘાત; શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ. જુઓ લકવો.

લકવું ૧. અ. ક્રિ. જાનું રહેવું, સંતાવું.
૨. અ ક્રિ. નમી જવું.

લકવો [અ. લકવા] પું. શરીરનાં અમુક અવયવની સંજ્ઞા જતી રહેવી તે; અર્ધાંગવાયુ; શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ, પક્ષઘાત; વાયુનો એક એવો રોગ કે જેથી અવયવો પોતાનું કામ કરતા અટકી જાય. જીભને લકવો થતાં બોલાતું નથી અને હાથ પગને થાય તો તે હલતા નથી.

લકસી [હિ.] સ્ત્રી. કૂવામાંથી તોડવા માટેની લોઢાની આંકડીવાળી લાકડી.

લકા ૧. [અ.] પું. ચહેરો.
૨. ન. એક જાતનું પારેવું.

લકા કબૂતરની જાત સ્ત્રી. ઘૂમવામાં ગતિ બરાબર ન હોવાના લીધે માથેનો એક મુખ્ય પ્રકાર. તેમાં લકાકબૂતરની માફક કમરથી ઉપરનો શરીરનો ભાગ અવળો વાંકો વાળી એવી તરેહથી ઘૂમવું કે જાણે લકા કબૂતર નાચી રહ્યું હોય. આ ઘૂમવું બહુ મુશ્કેલ છે

લકાન [અ.] વિ. દુબળું, પાતળું.

લકાર ૧ પું. જેમાં ઉલ્લો અક્ષર બહુ હોય તેવો અક્ષરમેળ છંદ.
૨. [સં] પું. લ અક્ષર તથા તેનો એવો ઉચ્ચાર.

લકારાંત [સં] વિ. જેને છેડે લકાર હોય એવું; અને લકારવાળું. છેડે લ વાળું.

લકીર ૧. સ્ત્રી. તરવાર કે જમૈયાના પાના ઉપરની નસની જેવી ઝીણી રેખા કે લીટી.
૨. સ્ત્રી. પદ્ધતિ; પ્રણાલી; રીત.
૩. જા પંક્તિ, હાર.
૪. [હિ.] સ્ત્રી. લીટી; રેખા; નિશાની; ઓજ; ચાપ

લકુચ [સં.] ન ફણસની જાતનું એક ઝાડ.

લકુટ ૧. [સં.] ન. એ નામના ઝાડનું ફળ.
૨. ન. એક પ્રકારનું ઝાડ.
૩. ન. લાકડી; લાઠી; દંડ.

લકુટિકા [સં.] સ્ત્રી. લાકડી; સોટી

લકુટી [સ. લકુટ] સ્ત્રી. લાકડી; સોટી; ડંડી; લાઠી.

લકુટીશ જુઓ લકુલીશ.

લકુલિન પું. શિવ; ઇશ્વર

લકુલીશ પું. ભગવાન શંકરનો એક અવતાર.

લકુલીશ પાશુપત પું. એક પ્રકારનો પંથ. જુઓ લકુલીશ સંપ્રદાય.

લકુલીશ સંપ્રદાય પું. એ નામનો એક શૈવપંથ. શૈવ સંપ્રદાયનું સામાન્ય નામ પાશુપત સંપ્રદાય હતું. પાછળથી તેમાં લકુલીશ સંપ્રદાય ઊભો થયો. તેની ઉત્પત્તિ વિષે ઈ. સ. ૯૭૧ના શિલાલેખમાં લખ્યું છે કે, પહેલાં કારુમાં વિષ્ણુએ કૃશ મુનિને શાપ દીધો અને કૃશમુને શિવની આરાધના કરી તેમને પ્રસન્ન કર્યા. આથી તેમની સામે હાથમાં લકુટ એટલે દંડાવાળા શિવનો કોપાવતાર થયો. હાથમાં લકુટ હોવાથી તે લકુલીશ કહેવાયા. કોઈ તેને લકુલીશ અથવા નકુલીશ પણ કહે છે અને જે સ્થાનમાં તેમનો અવતાર થયો તે કાયાવતાર વડોદરા રાજ્યમા આવેલું કારવન કહેવાયું અને તે લકુલીશોનું મુખ્ય સ્થાન બન્યું લકુલીશની ઘણી મૂર્તિઓ રજપૂતાના, ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ, બંગાલ અને ઓરિસામાં મળી આવે છે. તેનાથી અનુમાન થાય છે કે, આ સંપ્રદાય આખા ભારતવર્ષમાં ફેલાયો હતો આ મૂર્તિઓના માથા ઉપર ઘણી વાર જૈનમૂર્તિઓના જેવા કેશ હોય છે. તે બે હાથવાળી હોય છે. જમણા હાથમાં અને ડાબામાં લકુટ હોય છે. આ મૂર્તિ પદ્માસનમાં હોય છે. લકુલીશનું ઊર્ધ્વરેતા મનાતું ચિહ્ન ઊર્ધ્વલિંગ મૂર્તિમાં બતાવ્યું હોય છે. લકુલીશના ચાર શિષ્યો કુશિક, ગર્ગ, મિત્ર અને કૌરુષ્યના નામ ગિરનારમાં મળે છે. તેમના નામથી ચાર શૈવ ઉપસંપ્રદાયો ઊભા થયા. આ પંથના આચાર્યો ચોગાદિ વિદ્યાઓમાં પ્રવીણ હતા. તેના નામની આખરે રાશિપદ હોય છે. જેમકે, નૈલોક્યરાશિ, ધર્મરાશિ, વીરભદ્રરાશિ. આ પંથનો સોમનાથ પાટણમાં એક બહુ મોટો મઠ હતો એમ શિલાલેખો બતાવે છે. ચૌલુક્ય કાળ પછી એટલે ઈ. સ ની બારમી શતાબ્દિ પછી આ પંથનો ગુજરાતમાંથી અસ્ત થયો એમ દેખાય છે. હાલમાં આ સંપ્રદાયને માનવાવાળા કોઈ નથી.

લકુંબકુંબ વિ. દુબળાને લઈને નીચું નમી ગયેલું

> તેણે કિલ્લાને આંખે ચઢીને દરોડિયાએ નજર નાખી ત્યાં તો એ લકુંબકુંબ બીલ્લાં આબાવાડિયાએ એની આખોમાં બોબનું આંજણ આંજ દીધું. રસધાર

લકુંબવું અ. ક્રિ. હાથ લંબાવી પહોંચવું.

લકુંબો ૧. [અ. , લુકમા] પું. નીતરતા સત્ત્વવાળો રોટલો; લાડવો.
૨. પું બાળ; નકો; હાવરો; હાસલ નિરક્ષરમાં બોલાય છે.
લકુંબો ઠાલવો-લેવો = (૧) હાવરો ઊઠાવવો; હાંસલ મેળવવું. નિષ્ફળતાને અંતે કટ્ટ ક્ષમા બોલાય છે. (૨) લાડવો આપો.

લકુટી જુઓ લકુટ.

લકુંડવું ૨. ક્રિ. ઘરડો; ઉંમરલાયક
૨. ક્રિ. રંડીબાજ; વોચ; લપટ; બ્યભિચારી.
૩. ક્રિ. લુચ્ચું; કપટી.

લકુંબો જુઓ લકુબો.

લકેકચ પું. એ નામનો કુસ્તીનો એક દાવ.

લક્કડ (લક્કડ) ૧. [હિ.] પું. આડસર.

૨. પું. મુગટળ; કરકસરનું એક જાતનું સાધન.
૩. જી. લેઉઆ કડવીની એ નામની એક જાત

૪ ન. ધૂંસારતી લાકડું; કાષ્ઠ. ખાસ કરીને સમાસમાં વપરાય છે

૧ લક્કડના લાડુ = લાકડાનો લાડુ. દેખાવમાં સારી પણ ખરી રીતે કશુ મુરકેલીવાળી બાબત.

૨. લક્કડના લાડુ ખાયના વહ પસ્તાવના, નહિ ખાયના વહ ભી પસ્તાવના = કુંવારો કોડે મરે અને પરણ્યો પીડાએ મરે.

૫. ન. એ નામની જાતનું માપસ.
૬. ન. કાડી; લાકડી; લાકી.
૭. ન. ચોમાસામાં ઢાંકવાનું બેલી જેવું બાજણના લાકડાનું ઓજાર.
૮. વિ. એ નામની જાતનું.
૯. વિ. કડીલું.

લક્કડકક્કડ (લક્કડાક્કડ) વિ. ઓકસામકું; બધું.

લક્કડકાટ (લક્કડકાટ) ૧. પું. લાકડાનો જથ્થો.
૨. વિ. લાકડા જેવું અક્કડ; ન નમે તેવું.
૩. વિ. ધુચ્ચું; પાકું; બારાડી.

લક્કડકામ (લક્કડકામ) ૧. ન. ઓરસાં લાકડાની બનાવટ કે રચના; લાકડાનું બાંધકામ; લાકડાનું બકતરકામ.
૨. ન. લાકડાંની કારીગરી.
૩. ન. સુતારે કરવાનું કામ; લાકડાનું કામ; સુતારીકામ.

લક્કડકૂહ (લક્કડકૂહ) ૧. પું. અનાજ ઉપર પડતાં ઉપદ્રવી કીટકોનું ભક્ષણ કરનાર એનીને કાયદાકારક એક ઉપકારી પક્ષી. જુઓ લક્કડખોદ.
૨. જી. લાકડાના કામનો તથા નકામો કચરાવાળો જથ્થો.

લક્કડકોટ (લક્કડકોટ) ૧. પું. લાકડાનો કોટ કે બાતરો. લાકડાનો કિલ્લો; કાકમઠ; ઉતાવળમાં શત્રુ સામે બચાવ માટે કરેલી બાડ.
૨ પું લાકડાનો પુલ.
૩. પું. લાકડા વડે બાંધેલો માલ ઉતારવાનો દરિયા બથવા નદીકિનારા ઉપરનો પુસ્તો; વહાણમાંથી બના લાકડાં ઊતરે તે ઠેકો.
૪ પું. લાકડીઓ ખોસી કરેલો વાડો; લાકડાનો વાડો.

લક્કડખોદ (લક્કડખોદ) પું. લાકડાને ચાંચ મારી ટોચનારું એક પંખી; સુતારિયો; વાઢો; કુંભારિયો; કાષ્ઠકૂટ. મોટાં ઝાડવાળાં જંગલોમાં આ પંખીઓ લાકડાંને ટોચનાં તેના રવૈયાથી દિવાસ્યો બાજી રહે છે. તેને લાંબી ચાંચ તથા કૂકડાના જેવી કલગી હોય છે. પોતાની મજબૂત ચાંચવડે તે ઝાડનું થડ અથવા ડાળી ખોદ્યા કરે છે અને તે રસથી ઝાલ્યાં પડે છે. આ પક્ષી માણસનું દુશ્મન નથી પરંતુ ચોપી જીવડાંઓનો નાશ કરનાર છે. આ પક્ષીની નજર બહુ ઝીણી છે. આપણે નરી આંખે જે જંતુઓ જોઈ ન શકીએ તે આ પક્ષી તદ્દન સ્પષ્ટપણે જોઈ શકે છે. આ પક્ષીની જીભ તેની ચાંચની બહાર બહુ લાંબી થઈ શકે છે અને તે જીવડાં જેવી દેખાય છે. જીભની ઉપર એક જાતનો ચીકણા પદાર્થનું પડ હોય છે. તેની ઉપર જીવડાં વગેરે જંતુઓ ચોંટી જાય છે. આ પક્ષી ઝાડ ઉપર ઝડપથી ચડી શકે છે. તેની પૂછડીના પીંછાં બક્કડ તેમ જ વળી શકે તેવાં હોય છે. પૂછડી ઝાડ ઉપર ચડતી વખતે સમતોલપણું જાળવવામાં મદદરૂપ થઈ પડે છે. આ પક્ષીનો ખોરાક જીવડાં છે. તેની બહુ જાત છે અને તે રંગબેરંગી છે. તેનાં ઈંડાં લીલા રંગનાં અને ઘણા અંદરપણાં હોય છે. માદા ચાર ઈંડાં મૂકે છે.

લક્કડઘા (લક્કડઘા) જુઓ લાકડિયું ઘાન.

લક્કડધક્કડ (લક્કડધક્કડ) ૧. બ. દમ દઈ માર મારીને; ઠોક્યો; જોરથી.
૨. બ. ધમધોકાર; ઝપાટે; રૂપેટીમાં લઈ ને; ઝપાટાબંધ; લક્કડધક્કડ.

લક્કડધક્કડ લેવુ = (૧) કામમાં પલોટવું. (૨) ધમધોકાર ચલાવવું; દમથી ચલાવવુ; દાદ નહિ આપતાં, દમથી કામ કરાવવુ. (૩) રૂપેટીમા લેવુ; સપાટામાં લાવવુ; દમ દેવો. ગુનો મનાવવા માટે વપરાય છે.

૩. બ. લાકડાને જેમ ખોદવી બાજણ વખારાય તેમ; લાકડાની માફક ધક્કા મારીને.

લક્કડધક્કે (લક્કડધક્કે) ૧. બ. લક્કડધક્કે; દમનો દઈ ને. વટી નાખીને.

લક્કડધક્કે લેવુ = (૧) બળીથી પાતળું કરી નાખવું. (૨) સખત દમનો દેવો; વટવુ.

૨. બ. સખત રીતે; જોરથી.

લક્કડપીઠ (લક્કડપીઠ) સ્ત્રી. લાકડાનું બજાર; બાજણનાં કે સુતારી કામનાં લાકડાં બનાવી વેચાતા મળતાં હોય તે પીઠુ; બાટી; લાકડાનુ પીઠુ

લક્કડપીઠું જુઓ લક્કડપીઠ.

લક્કડપેનસિલ (લક્કડપેનસિલ) ન. લાકડાનું મોટુ સીસાપેન. તે કડિયા, સુતાર વગેરે કારીગરો વાપરે છે. તેનાથી પથ્થર તથા લાકડા વગેરે ઉપર સખી લકાય છે. તેની અણી બહુ જ બનેલી હોય છે.

લક્કડફોડ (લક્કડફોડ) ૧. પું. કડિયારો; લાકડાં ચીરનારો માણસ.
૨ પું લાકડું ફોતરી બાનાર એક જાતનું પક્ષી. જુઓ લક્કડખોદ

લક્કડફોડો (લક્કડફોડો) જુઓ લક્કડફોડ.

લક્કડફોર (લક્કડફોર) જુઓ લક્કડફોડ.

લક્કડશી (લક્કડશી) જુઓ લક્કડસી.

લક્કડશી લાડુ (લક્કડશી લાડુ) પું. એક જાતની મીઠાઈ

લક્કડસાંઢણી (લક્કડસાઢણી) સ્ત્રી. લાકડાની બોડી તેમાં વાંસના મધ્ય ભાગથી બોડે નીચે પગ મૂક્વા માટે પાટલી જેવુ જે જડેલું હોય છે તેના ઉપર પગ મૂકી વાંસ પકડી ચલાય છે.

લક્કડસી (લક્કડસી) ૧. વિ. લાકડા જેવુ કાચુ; સખત; પોચુ નહિ એવુ.
૨. વિ. સ્વાદ વગરનું; લાકડાના વહેર જેવુ.

લક્કડહારો (લક્કડહારો) [હિ.] પું. કડિયારો; લાકડાં કાપી વેચનાર માણસ.

લક્કડિયું (લક્કડિયું) ૧. ન. તમાકુનો ચૂકો કરવાનું કે બકાકુ બનાવવાનું લાકડાનું બામણવાળું બસિયું; પીવાની તમાકુ બનાવવા માટે વપરાતું લાકડાનું એક ચોકઠું.
૨. ન. રાંધવામાં રોજ જોઈતા મસાલા રાખવાની પેટી.
૩. ન. લાકડાનો બાડબિંબરો; લાકડાનું બામણવાળું કોઠું વગેરે.
૪. ન. લાકડામાંથી બનાવેલું વાસણ.
૫. ન. હાથથી બનાવેલો લાકડાનો બમરડો.
૬. વિ. લાકડાને પણ બાળી કે એવું. હિમને માટે વપરાય છે.
૭. વિ. લાકડાનું; લાકડાનું બનેલું.
૮. વિ. સખત; કડક

લક્કડિયો ઘાન પું. એ નામની એક દેશી રમત જુઓ લાકડિયો ઘાન.

લક્કી જુઓ લક્કીકબૂતર.

લક્કીકબૂતર ન. એક જાતનું કબૂતર.

લક્ખણ જુઓ લક્ષણ

લક્ખા જી લાખ; જોમણી.

લક્ખી ૧. પું. ઘોડાની એક જાત.
૨ પું. લખપતિ
૩. વિ. લાખના રંગનું.

લક્ત [સં. રક્ત] વિ. લાલ; રાતું.

લક્તક ૧. [સં રક્તક] પું બળતો.
૨. પું જૂની વસ્તુનો ટુકડો.
૩ પું. લાખ.

લક્તર ન. ફાટેલું વસ્ત્ર; ચીંથરું.

લક્તિકા [સ.] જુઓ ધો.

લક્કલક પુ. આખ્ખા. અંદર તાર જેવું દેખાય એવો ઘોડાનો એક રોગ; મુજ

લક્ષ ૧. [સ] સ.ક્રિ. ગણતરીમાં લેવું, ધ્યાનમાં લેવું

૨. સ ક્રિ. જોવું; અવલોકવું.

૩. સ. ક્રિ. જોવું; અવલોકવું.

૪. સ. ક્રિ. તપાસવું; શોધવું.

૫. સ ક્રિ. તાકવું; નિશાન લેવું

૬. સ. ક્રિ. ના ઉપર ટાપ રાખવી.

૭. સ. ક્રિ. વિશેષતા હોવી.

૮. સ ક્રિ. ખ્યાલમાં આવવું

લક્ષ ૧ પુ. ગણપતિનો એ નામનો પુત્ર. લક્ષ અને લાભ એ બે ગણપતિના પુત્ર મનાય છે.

૨. [સં.] પુ. લાખની સંખ્યા; સો હજાર.

૩. ન. આંજણનું ઝાડ.

૪. ન. છાપ, કપટ.

૫. ન. (જૈન) જ્ઞાન.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આતમ વિચાર.
આત્મસિદ્ધિશાસ્ત્ર

૬. ન. નિશાન; ગોઠ.

લક્ષ સાધવું = (૧) ઉદ્દેશ સિદ્ધ કરવો. (૨) નિશાન બરાબર તાકવું.

૭. ન. પગ

૮. ન. મન; હૃદય; ચિત્ત.

૯. ન. મન અને દૃષ્ટિની એકાગ્રતા; એક બાબત ઉપરની ગોઠ; ધ્યાન, એકતાન, એકચિત્તતા, મન અને નજરનું એક તારપણું.

૧. લક્ષ આપવું-દેવું = ધ્યાન આપવું.

૨. લક્ષ ખેંચવું-દોરવું = ધ્યાન ઉપર આણવું.

૩. લક્ષમાં આવવું – ઊતરવું = (૧) સમજવું, ખુશ થવું. (૨) ધ્યાન જવું.

૪ લક્ષમાં રાખવું = ધ્યાન રાખવું; એકાગ્રતાથી એક બિંદુ અથવા હેતુ ઉપર ચિત્ત રાખવું; મન રાખવું.

૫. લક્ષમાં લેવું = ધ્યાન આપવું

૧૦. ન. બ્યાજ.

૧૧. ન. હેતુ; ઉદ્દેશ.

લક્ષક ૧. પું. ઝળતો; ઝાખનો રંગ.

૨. [સં.] પું. લક્ષણા વડે અર્થનો બોધ કરનારો શબ્દ. ગંગામાં ગામ છે એ વાક્યમાં ગંગા શબ્દ વડે ગંગાના સંબંધવાળા કાંઠાનો અનુભવ થાય છે.

૩. વિ. એક લાખ; સો હજાર.

૪. વિ. લક્ષણા વડે અર્થ સૂચવતું.

૫. વિ. સૂચક; લક્ષ જેવું તે.

લક્ષકપદ ન. પદના ત્રણ મહેનો એક પ્રકાર.

લક્ષકારી સ્ત્રી. એક જાતની ડાંગર.

લક્ષચંડી યજ્ઞ પુ. ચંડીપાઠના લાખ પાઠ કરી યજ્ઞ કરવો તે.

લક્ષચોરાશી સ્ત્રી. ચોરાશીલાખ યોનિ; સંસારયોગી

લક્ષણ ૧. પું. છાપ મારેલો સિક્કો.

૨. ન. અંક; નિશાની; ચિહ્ન.

૩. ન. આચરણ, ચાલચલગત, વર્તાવ, વર્તન; આચાર; વ્યવહાર; ઢંગ.

૪. ન. ઉત્તમતા; શ્રેષ્ઠતા.

૫. ન ઉદ્દિષ્ટ વસ્તુનો કાર્ય અસાધારણ ધર્મ, બધી જેની થયેલી વસ્તુમાંથી અમુક વસ્તુને જુદો પાડનાર હેતુ; બાકી વસ્તુથી જુદો પાડનાર ખાસ ગુણધર્મ. જેમકે, ગંધ ગુણ કરણ પૃથ્વી માત્રામાં જ રહે છે પણ પૃથ્વીથી ભિન્ન બધાદ્રવ્યમાં તે રહેતો નથી, માટે ગંધ ગુણ એ પૃથ્વીનો અસાધારણ ધર્મ છે. તેથી સંભવ એટલે બંધબેસતા હોવાપણું એ પૃથ્વીનું લક્ષણ છે. એ રીતે જે જે પદાર્થનો જે જે અસાધારણ ધર્મ હોય તે તે પદાર્થનું તે તે લક્ષણ જ જાણવું. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવમાંથી એક પણ દોષ ન હોય તેજ ખરું લક્ષણ કહેવાય છે

૬. ન. કારણ.

૭. ન. ગુણ; સ્વભાવ.

૮. ન. બળવું તે

૯. ન બળ; પ્રકાર.

૧૦. ન. દેવ, લગ્ન, વ્યસન; ભાવિગત.

૧૧. ન. ચોક્ષ.

૧૨ ન. દર્શન.

૧૩. ન. દેખાવ, રૂપ, ઢોંગ, સ્વરૂપ

૧૪. ન. નક્કી કરેલ દર.

૧૫ ન. નામ; ઓળખવું બયાન. જેમાં ઓળખાવાની વસ્તુનું જ સ્વરૂપ આપેલું હોય તે.

૧૬. ન. નિરીક્ષણ; જોવું તે.

૧૭. ન. બીજી વસ્તુથી જુદા પાડનાર ધર્મનું કથન; બાબત; વ્યાખ્યા.

૧૮. ન. બાપ; પ્રમાણ.

૧૯. ન. વિષય; મુદ્દો.

૨૦. ન. સહગુણ.

૨૧. ન. સામુદ્રિકશાસ્ત્ર અનુસાર શરીરના અંગોમાં બનતા કેટલાંક વિશેષ ચિહ્ન. તે શુભ કે અશુભ મનાય છે.

૧. મર્યાદા લક્ષણ પર્વત =મર્યાદા રૂપી પર્વત.

૨. સામુદ્રિક લક્ષણ = હાથની રેખાઓ ઉપરથી સ્વભાવ ગુણ, કે ભાગ્ય જોવું તે.

કેટલાંક લક્ષણ જન્મથી હોય છે અને કેટલાંક વિદ્યા કે સંગતિથી આવે છે.

૨૨ ન. સારસ પક્ષી

લક્ષણ અધ્યક્ષ [સં.] પું. ટંકશાળનો ઉપરી અધિકારી.

કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં ટંકશાળના ઉપરી અધિકારીને લક્ષણ અધ્યક્ષ અથવા લક્ષણનો અધિકારી કહ્યો છે. ટંકશાળનો અધિકારી નાણાંમાં સિક્કા ઉપર લક્ષણ છાપતો હોવાથી તેનું આ નામ પડ્યું હશે. હિંદુરાજ્યવ્યવસ્થા

લક્ષણગ્રંથ [સ.] પું ઉદાહરણ આપવાનું પુસ્તક.

લક્ષણજ્ઞ [સં.] વિ. શરીર વગેરેનાં ચિહ્નોનો અર્થ જાણનાર અને સમજાવનાર.

લક્ષણદોષ [સં.] પું. લક્ષણનો દોષ. અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ અને અસંભવ એવા લક્ષણના ત્રણ દોષ છે

લક્ષણદોષત્રય જુઓ લક્ષણદોષ

લક્ષણનિરૂપણ [સં.] વિ. વર્ણન કરવામાં હોશિયાર.

લક્ષણપરીક્ષા [સં.] સ્ત્રી. નિદાન; લક્ષણની તપાસ કરવી તે.

લક્ષણપ્રયોજન [સં.] ન. (વેદાંત) લક્ષ્ય અર્થથી જુદા જ અર્થની આપૂર્તિ અથવા વ્યવહાર.

લક્ષણબંધી સ્ત્રી. લક્ષણ જાણીને કરેલી રચના.

નિર્બંધિકાની લક્ષણબંધી મારા જાણવા પ્રમાણે આખામાં એ એક જ છે. ગોપુરી

લક્ષણભિન્નતા [સં.] સ્ત્રી. લક્ષણ જુદાં હોવાં તે.

લક્ષણમૂલક વિ. (કાવ્ય) લક્ષણ જેના મૂળમાં રહેલું છે એવું.

લક્ષણમૂલધ્વનિ [સં.] સ્ત્રી. ધ્વનિના બે માંહેનો એક ભેદ; અવિવક્ષિતવાચ્યધ્વનિ. જ્યાં વક્તા ધ્વન્યા વિના વચનનો સ્વભાવજ અંગ પ્રકટ કરે એ લક્ષણમૂલ કે અવિવક્ષિતવાચ્યધ્વનિ કહેવાય છે. તેના બે ભેદ છે: અર્થાંતરસંક્રમિતવાચ્ય અને તિરસ્કૃતવાચ્ય.

લક્ષણરેખા [સ.] સ્ત્રી. સ્વાભાવિક ગુણ.

તેની સર્વ લક્ષણરેખાઓ એમાં પ્રદર્શિત કરી રહે છે. નરસિંહરાવ

લક્ષણલક્ષણા [સં.] સ્ત્રી. જહલ્લક્ષણા; શુદ્ધા લક્ષણાના બે માંહેનો એક ભેદ.

લક્ષણાનો એક મુખ્ય ભેદ શુદ્ધા અને શુદ્ધાના બે ભેદ ઉપાદાન લક્ષણા અને લક્ષણલક્ષણા છે. ગોપુરી

લક્ષણલીલા પું. (પિંગળ) એ નામે ઓળખાતો અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં અગણ,

તજ્ઞ મત્રજ્ઞ, અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

લક્ષણપૂર્વનું ૧. વિ. ચતુર; કુશલ; પ્રવીણ; હોશિયાર; વિચક્ષણ.

૨. વિ. નકારા લક્ષણવાળું તે કટક્ષમા બોલાય છે.

કવિ મહુ કોઈ કરે કહે,
લક્ષણપૂર્વતો મનમા લહે સામળ

૩. વિ. લક્ષણવાળું; સલક્ષણું; સારી વર્તણૂકનું, ગુણવતુ, લખટોકવાળું, ગણી

લક્ષણવિદ્યા ૧. [સં] સ્ત્રી શરીરનાં કોઈ પણ ચિહ્નોથી પ્રકૃતિ જાણી લેવાનું જ્ઞાન.

૨ સ્ત્રી, હસ્તરેખા વગેરે ઉપરથી ફલકથન કરનાર વિદ્યા; સામુદ્રિકવિદ્યા.

લક્ષણવિહોણું વિ. બરાબ લક્ષણવાળું; નકારી ચાલચલગતનું

લક્ષણવૃત્તિ [સં] સ્ત્રી. સામુદ્રિક ચિહ્ન.

લક્ષણશુદ્ધતા [સં.] સ્ત્રી. પવોક્ત સાધનનો નિયમ.

લક્ષણસમન્વય [સં.] પું. (વેદાંત) લક્ષણ અને લક્ષ્યના બધા અવયવમાં પ્રત્યેકનો યથાયોગ્ય સબંધ કરીને વિશિષ્ટ લક્ષ્ય ઉપર વિશિષ્ટ લક્ષણનો અન્વય કરવો તે.

લક્ષણસંવત્સર ન. (જૈન) જૈન મત પ્રમાણે પાચ મહેનુ એક સૂત્ર.

લક્ષણસૂચક [સં.] વિ. વિશેષ લક્ષણ કે લક્ષણ અથવા અસાધારણ ગુણ બતાવે એવું.

નવો **લક્ષણસૂચક** શબ્દ અને અર્થ છે. લાક્ષણિક શબ્દ કાવ્યશાસ્ત્રમાં કહેલી લક્ષણાથી પ્રતિપાદન અર્થ તે લાક્ષણિક એ પરિચયથી ભ્રમ ઉત્પન્ન થાય છે. નરસિંહરાવ

લક્ષણા ૧. સ્ત્રી. અભ્યાહાર, પદન્યૂનતા.

૨. સ્ત્રી. એક નામની એક અપ્સરા.

૩. સ્ત્રી. એક મુખ્યાર્થના બાધમાથી બીજો સબધી અર્થ લેવાય તે જેમકે, ગામ બી ગયુ: એટલે ગામ નહિ, પણ ગામમાં રહેનારા લોકો. આ ઉપરથી સમજાય છે કે, મુખ્યાર્થમાં રહેલો બીજો સબધ અર્થ લક્ષણા કહેવાય છે.

૪. સ્ત્રી (વેદાંત) જે પદની લક્ષણાવૃત્તિથી જે અર્થનો બોધ થાય છે તે પદના શક્ય અર્થનો જે તે અર્થ સાથે સબંધ. જેમકે, ગંગામાં ગોવાળ છે. આ વાક્યમાં ગગા પદની લક્ષણાવૃત્તિથી શ્રોતાને તીર એટલે કાંઠાના અર્થનો બોધ થાય છે. હવે ગંગા પદનો શક્ય અર્થ જે જળનો પ્રવાહ છે તે શક્ય અર્થનો તીર વિષે સંયોગ સંબંધ છે. એ શક્ય સબંધ જ ગગાપદની તીર વિષે લક્ષણા છે આ પ્રકારની લક્ષણાવૃત્તિના જ્ઞાનવાળા પુરુષને ગંગા પદનુ જળ કર્યા પછી તીર રૂપ અર્થનુ સ્મરણ થાય છે તથા તીર ઉપર ગોવાળ છે એમ, શબ્દબોધ થાય છે આ લક્ષણાના મુખ્ય ચાર પ્રકાર છે (૧) જહલ્લક્ષણા (૨) અજહલ્લક્ષણા, (૩) જહદજહલ્લક્ષણા અને (૪) લક્ષિતલક્ષણા. કોઈ કોઈકારો લક્ષણાના કેવળલક્ષણા અને લક્ષિતલક્ષણા એવા બે ભાગ પાડી, કેવળલક્ષણા ના જહલ્લક્ષણા વગેરે ત્રણ પ્રકાર માને છે. કોઈ પ્રકારો ઝીણી અને શુદ્ધા એવા લક્ષણાના બે ભાગ પાડી શુદ્ધામાં જહલ્લક્ષણા વગેરે ત્રણ પ્રકાર માને છે. વળી કોઈ પ્રકારો નિરૂઢ લક્ષણા અને સ્વારસિક લક્ષણા એવા લક્ષણાના બે પ્રકાર માને છે. મૂળ અર્થ બંધ ન બેસવાથી રૂઢિને લીધે કે કોઈ પ્રયોજન માટે શબ્દોના મુખ્ય અર્થને તજીને બીજો અર્થ તે સબંધે લેવો પડે એ લક્ષણાનું લક્ષણ છે. શુદ્ધા લક્ષણાના બે ભેદ છે: જહલ્લક્ષણા અને અજહલ્લક્ષણા. મુખ્યાર્થને તજીને લાક્ષણિક અર્થ લેવાય છે તે જહલ્લક્ષણા–અજહત્ સ્વાર્થા–ઉપાદાન લક્ષણા કહેવાય છે અને પોતાનો અર્થ ન તજતા લાક્ષણિક અર્થ લેવાય છે તે અજહલ્લક્ષણા-જહત્સ્વાર્થલક્ષણા

૫. સ્ત્રી (પુરાણ) દુર્યોધનની પુત્રી. તેનું બીજું નામ લક્ષ્મણા હતુ

૬. સ્ત્રી. દુર્યોધનની પહેલી સ્ત્રી. તેનું બીજું નામ ભાણી હતું તેના પુત્રનું નામ જનમેજય હતું.

૭. સ્ત્રી, ધારણા; અટકળ.

૮. સ્ત્રી લક્ષણાર્થનો બોધ કરાવનાર શબ્દની શક્તિ.

૯ સ્ત્રી. ભાખ્યા.

૧૦. સ્ત્રી. ચારસી.

૧૧. સ્ત્રી. સીતાનાં ઘરનાં માંહેનું એક નામ.

૧૨. સ્ત્રી. હસી.

૧૩ વિ. ચિહ્નવાળું. તે સંયુક્ત શબ્દને અંતે આવે છે

લક્ષણાધ્યક્ષ જુઓ લક્ષણ અધ્યક્ષ.

લક્ષણાબીજ [સં.] ન. લક્ષણાનું કારણ.

લક્ષણાભાસ [સં] પું. (ન્યાય) દોષવાળું લક્ષણ

લક્ષણામૂલક ૧. [સં.] ન. (કાવ્ય) ધ્વનિ કાવ્યનો એક પ્રકાર; એક જાતનો ધ્વન્યાર્થ, અભિધા.

૨. વિ લક્ષણા જેના મૂળમાં રહેલી હોય તેવું

લક્ષણામૂલકધ્વનિ [સં.] પું. લક્ષણાને આધારે રહેલો ધ્વન્ય.

લક્ષણાને અવલંબીને જે ધ્વનિ થાય છે માટે એ લક્ષણામૂલકધ્વનિ કહેવાય છે.

પૃહદ્દભાકર

લક્ષણામૂલા [સં] સ્ત્રી (કાવ્ય) શબ્દશક્તિઓ બે પ્રકારની એક ભેદ. જ્યાં પ્રયોજનને લીધે લક્ષણાનો આશ્રય કરવો પડે અને તેનાથી જે વ્યંજના પ્રકટ થાય તે લક્ષણામૂલ. કહેવાય છે તેના બે ભેદ છે: ગૂઢ વ્યંગ્ય અને અગૂઢ વ્યંગ્ય.

લક્ષણાવૃત્તિ [સં.] સ્ત્રી શબ્દવૃત્તિનો એક પ્રકાર

લક્ષણી ૧. [સં. લક્ષ્મણ્] વિ. જેમાં કોઈ લક્ષણ કે ચિહ્ન હોય તેવ

૨ વિ લક્ષણ જાણનાર.

લક્ષણીય ૧. [સં] વિ. જેનું લક્ષણ કે ઓળખ કહી શકાય તેવું

૨. વિ. લક્ષમાં લેવા જેવુ

લક્ષણ્ય ૧. [સં.] વિ ચિહ્નની જરૂર સારે તેવુ.

૨. વિ શુભ લક્ષણવાળું

લક્ષતરો ન. એ નામનું ઝાડ; ખાખરો

લક્ષદીપ ૧. [સં] પું. એક લાખ દીવાઓનો સમૂહ.

૨. પું. ત્રિવેન્દ્રમમાં પદ્મનાભ સ્વામીના મંદિરમાં કરવાતો એ નામનો એક મહોત્સવ. રાજા અને પ્રજાના કલ્યાણ અર્થે તેમ જ રાજ્યની આબાદી માટે દર ૭ વરસે એક વખત આ ઉત્સવ ઊજવાય છે. હિંદુ ત્રિપુટી દેવના બીજા દેવ વિષ્ણુ સાથે પૌરાણિક ઇતિહાસમાં આ મહોત્સવનું માહાત્મ્ય છે તેમાં છપ્પન દિવસ સુધી ૨,૦૦૦ નાંબુદ્રી બ્રાહ્મણો વૈદિક મંત્રોનો ઉચ્ચાર કરે છે.

લક્ષદ્વીપ પું. અરબી સમુદ્રમાં આવેલો એ નામનો એક દ્વીપ.

લક્ષધા [સં.] અ. અનેક રીતે; વિવિધ પ્રકારે; લાખ રીતે

લક્ષપાક [સં] પું. વધી ઔષધિઓ નાખી બનાવેલું એક જાતનું દવામાં વપરાતું તેલ.

લક્ષપાક તેલ જ જાણું, તે મુજ મરમા જાણો રે.
ઋષભદેવ

લક્ષપાની વિ જાણનું નિશાન ન ચૂકનાર.

લક્ષબિદ્ધ [સં.] વિ ધ્યેય; નિશાન.

લક્ષલાભ ૧ [સં] પું. અનેકગણો ફાયદો.

૨ પુ બ.વ. મધુપતિના લક્ષ અને લાભ નામના બે પુત્રો

લક્ષવર્તિયત [સ] ન. એ નામનું જાતિક, મામલાર અને વૈશાખ માસમાં થતું વત. તેમાં ત્રણ માસ સુધી હમેશ વી કે તેલ પૂરીને કરવીર ફિરેટથી વિષ્ણુની આરતી ઊતારાય છે

લક્ષવસા અ ચોક્કસ. અમિત; અરૂર; નક્કી. અવશ્ય

લક્ષવંતું ૧. વિ. ચતુર; હોશિયાર.
૨. વિ. લક્ષણવાળું; સારી વર્તણૂકનું.

લક્ષવું ૧. સ ક્રિ. અટકળ કરવી; અનુમાન; તર્ક બાંધવો; નિશાન માંડવું; ચિહ્ન ઉપરથી સમજવું.
૨. સ. ક્રિ. આશા રાખવી; વાટ જોવી; તાકીને બેસવું.
૩. સ ક્રિ. કોઈ નામ, નિશાન, હેતુ વગેરે ઉપર લક્ષ કરવું; ધારવું; તાકવું.
૪. સ. ક્રિ. જોવું.
૫. સ ક્રિ. ધ્યાનમાં રાખવું
૬. સ ક્રિ. શીખી જાણવું; જોઈ જવું; જાણવું

લક્ષવેધી ૧ [સં. લક્ષવેધિન્] વિ. નક્કરેલ કે ધારેલું નિશાન પાડનાર; લક્ષવેધી; તાકોડી.
૨. વિ. ધારેલો હેતુ બર લાવનાર.

લક્ષસ્વરૂપ [સં.] પું. લક્ષ.

લક્ષા [સં.] સ્ત્રી. લાખની સંખ્યા.

લક્ષાધિપતિ [સં.] પું. લખપતિ; લાખ રૂપિયાની પૂજીવાળો માણસ; જેની પાસે લાખો રૂપિયા હોય તે.

લક્ષાધીશ જુઓ લક્ષાધિપતિ

લક્ષાન્વિત [સં.] વિ. અંગ્રેજી ચિહ્ન ધરાવનાર; લાક્ષણિક ચિહ્ન જેવું કંઈ હોય તેવું

લક્ષાભગવતી [સં.] સ. એ નામનું જૈન સંપ્રદાયનું એક પુસ્તક.
આજના નેપાળમાં બૌદ્ધમાર્ગી એક પણ વિદ્વાન નથી કે જે તેઓના પુસ્તક પારમિતા અને લક્ષાભગવતીની એક પણ પંક્તિ વાંચીને અર્થ સમજાવી શકે. પુરાતત્ત્વ

લક્ષાલક્ષ ૧ [સં. લક્ષ્યાલક્ષ્ય] સ. લક્ષ્ય; સાધ્યનો હેતુ
૨. વિ. જાણવું અજાણવું; જોયેલું નહિ જોયેલું

લક્ષાવધિ ૧. વિ. અસંખ્ય; અસંખ્ય.
અત્યંત રમણીય મધુર જલવાળાં સરોવર લક્ષાવધિ છે. જલવતી ભાગવત
૨. સ લાખ સુધી; લાખની સંખ્યા જાણવું; લાખે જેનો અંદાજ હોય તેમ; લાખે લેખા હોય તેમ.

લક્ષિત ૧. પું. લક્ષણા વડે જેનો બોધ કર્યો હોય તે અર્થ; લક્ષણાથી જણાવેલ અર્થ
લક્ષિત કરવું = ભેદ બતાવવો; વિશ્લેષ પાડવો.
૨. વિ. અનુમાન કરેલું; લક્ષણાથી જણેલું.
૩. વિ. જોયેલું; નિહાળેલું.
૪. વિ. તપાસવામાં આવેલું.
૫. વિ તાકેલું
૬ વિ રેખાંકેલું
૭. વિ દેખેલું; જોયેલું.
૮ વિ નિશાની કરેલું
૯ વિ લક્ષ્યવાળું.
૧૦ વિ વિશિષ્ટ બનાવેલું
૧૧ વિ વ્યાખ્યાત, કહેલું
૧૨ વિ. સૂચિત; સૂચવેલું

લક્ષિતલક્ષણા [સં.] સ્ત્રી. એ નામે એક લક્ષણા. પદના સાક્ષ અર્થના પરંપરા સમજ રૂપ લક્ષણામાં લક્ષકના પરંપરા સમજ વડે બીજા અર્થનો પ્રતીતિ

લક્ષિતા [સં] સ્ત્રી જે સ્ત્રીની પરપુરુષ સમજી પ્રીતિ લક્ષણારૂપથી જણવામાં આવી જાય તેવા નાયિકા; સાધ્વા પરકીયા નાયિકાનો એક ભેદ. હેતુલક્ષિતા, સુર્ગનલક્ષિતા અને પ્રકાશલક્ષિતા એ લક્ષિતાના ત્રણ ભેદ કહેવાય છે.

લક્ષિતાનતાંયિકા જુઓ લક્ષિતા.

લક્ષ્મી ૧. [સં.] પું. (વિષ્ણુ) એ નામનો એક વર્ણસંકર જંતુ. તેના દરેક ચરણમાં અડધ રમણ હોય છે. તેને ગણેશદંડ, ગણાધર અને ખંજન પણ કહે છે
૨. પું. લક્ષ્મીપતિ; જેની પાસે લાખો રૂપિયા હોય તેવો માણસ.
૩. સ્ત્રી. લક્ષ્મી; ધન; દોલત, પૈસો.
૪. વિ. લક્ષ્ય ઉપર ધ્યાનવાળું; અમુક હેતુ રાખીને કામ કરનાર; ધ્યાન રાખનાર; લક્ષ આપનાર.
૫. વિ. લક્ષવાળું; લક્ષનું સામાન્ય રીતે સમાસને અંતે વપરાય છે.
૬. વિ. સાવધ; ચોક્કસ; સાવધાન; બેદરકાર, બેફિકરાઈ.

લક્ષ્મ ૧. [સં. લક્ષ્મન્] સ. ઓળખ; ચિહ્ન; લક્ષણ
૨. સ. લાભ; ફાયદો.
૩. સ. લાખ્યા

લક્ષ્મણ ૧. પું. (પુરાણ) અભિમન્યુએ હણેલો એ નામનો દુર્યોધનનો દીકરો.
૨. પું. અયોધ્યાના રાજા દશરથનો સુમિત્રાથી જન્મેલ પુત્ર. રામનો નાનો ભાઈ. રામ સાથે વનમાં જઈ રામ તથા સીતાની અનન્ય ભાવથી તેણે સેવા કરી હતી. મેઘનાદને મારી તેણે રાવણને ભારે હેરાન કર્યો હતો. તે શેષનો અવતાર ગણાય છે. વનવાસ દરમિયાન ચૌદ વરસ પર્યંત તેણે આહાર, નિદ્રા તજી ભારે બ્રહ્મચર્ય પાળ્યું હતું. લક્ષ્મણજીનું બ્રહ્મચર્ય કેવું હતું ? સીતાજીનું હરણ થયું, રામચંદ્ર સીતાજી માટે બહુ વિકલ અને દુઃખી થઈ જાય છે, વનવનમાં, જંગલેજંગલ અને ગામેગામ ભટકે છે, પણ કયાંય પત્નીનો લગારનો વર્યો, જ્યાં જ્યાં એક પર્વત ઉપર પહોંચે છે રામ અને લક્ષ્મણ બેઠા છે. તેવામાં સુગ્રીવ કેટલાક આભૂષણ લાવે છે અને કહે છે કે, જંગલમાં ફરતાં આ આભૂષણ મળ્યાં છે. તે માતા સીતાજીનાં તો નથી ને ? રામચંદ્રજી લક્ષ્મણને ને ઘરેણાં જોવાનું કહે છે. લક્ષ્મણ તે જોઈ કહે છે કે હું બાજુબંધને ઓળખતો નથી, કુંડલને જાણતો નથી. આમ ત્રણે જોઈને તે સીતાજીનાં છે એમ કહ્યું કહું તે ચીજ આ ઝાંઝરે છે. આ ઝાંઝરમાંના પગમાં રહેતાં હતાં, સીતાજીને હું રોજેરોજ નમસ્કાર કરતો હતો તેથી હું આ ઝાંઝરને ઓળખી શકું છું. ચૌદવરસ સીતાજી સાથે રહેવા છતાં, રાતદિવસ તેની સેવા કરવામાં છતાં લક્ષ્મણ પોતાની ભાભીનું મોઢું કેવું હતું અને તેના શરીર ઉપર કેવાં ઘરેણાં હતાં તે પણ જાણતા ન હતા. ખરો બ્રહ્મચારી આનો હોય આ કારણથી લક્ષ્મણના બ્રહ્મચર્યને, આજ પણ યુગયુગાન્ત કરવામાં આવે છે તેની પત્નીનું નામ ઊર્મિલા હતું તે સીતાની બેન હતી. તેનાથી લક્ષ્મણને અંગદ અને ચંદ્રકેતુ નામે બે પુત્રરત્ન થયા હતા. લક્ષ્મણની રામ ઉપર અત્યંત પ્રીતિ હતી અને રામની પણ તેના ઉપર તેવી જ પ્રીતિ હતી. લક્ષ્મણ રામને રાવણ સાથેના યુદ્ધમાં પુષ્કળ ઉપયોગી થઈ પડ્યા હતા. તેણે અનેક રાક્ષસોને મારી હેરવે રાવણના પરમ બ્રહ્મરથ પુત્ર ઇંદ્રજિતને પણ માર્યો હતો. રામે રાવણને મારી વિભીષણને રાજ્ય સોંપ્યા પછી લક્ષ્મણ રામ સાથે અયોધ્યા પાછા ગયા હતા. રામને રાજ્યાભિષેક થયા પછી જ્યારે રામે લક્ષ્મણને યૌવરાજ્યપદ આપવા માંડ્યું ત્યારે તેમણે લીધું નહિ અને કેવળ બીજી સેવા કરવાનું જ તેમણે પસંદ કર્યું, આ ઉપરથી તેમનો વૈરાગ્યશીલ જોઈ, લોકના અધિકારી ગણી, તેમણે પ્રાર્થના કરવાથી રામે તેમને બ્રહ્મવિદ્યા કહી હતી.
૩. પુ. નામ.
૪ પુ. વિષ્ણુ.
૫ પું. સાલમ પક્ષી.
૬ સ. ચિહ્ન; લક્ષણ.
૭ સ. નામ
૮. વિ ચિહ્નવાળું
૯ વિ જેમાં શોભા અને કાંતિ હોય તેવું; શ્રીયુક્ત.
૧૦. વિ. ભાગ્યવાન
૧૧. વિ. મુખ્ય; પ્રધાન.
૧૨. વિ. શુભ ચિહ્નવાળું.

લક્ષ્મણઝૂલા પું. ગંગાજી ઉપરનો પ્રખ્યાત ઝૂલતો પૂલ. આર્યાવર્તયાત્રામાં ઉલ્લેખ છે કે, લક્ષ્મણઝૂલાવાળું તપોવન સમું ગામડું ગંગાના જમણા કિનારા ઉપર આવેલ પ્રખ્યાત તીર્થસ્થળ છે. તેની પાસે ગંગાજીના નિર્મળ ધારા છે. અહીં ભાગીરથીનો પટ અધિક તો નથી પરંતુ ઊંડો બહુ છે. પર્વતને ચીરીને સેંકડો હાથ નીચે ધારાનો પ્રભાવ છે. પુરાણા કાળમાં જ્યારે સીડીઓ બની નહોતી ત્યારે નીચે ઊતરીને સ્નાન કરવા જવું એ બેબમ જરૂરનું હતું હવે સીડી –પગથિયાં બની જવાથી યાત્રાળુ નીચે ઊતરીને ગંગાજીમાં સ્નાન, તર્પણ આદિ કરી શકે છે. ગંગાજીને સામે કાંઠે જવાને માટે ઝોલાનો પૂલ બનાવેલો છે જે ગંગાજીની વચમાં કરતા પણ ઘણા કે અપાર વજનનો છે અને બંને કોરાઓ બંને બાજુએ ઝોલાનાં દોરડાંઓથી બાંધેલા છે. તેથી તેને ઝૂલતો પૂલ કહે છે.

લક્ષ્મણપ્રસૂ [સં] સ્ત્રી. લક્ષ્મણની માતા; સુમિત્રા.

લક્ષ્મણભટ્ટ પું. પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમદ્વલ્લભાચાર્યના પિતા. તેઓ તૈલંગી અને યજુર્વેદીય તૈતિરીય શાખાના ભારદ્વાજ ગોત્રી બ્રાહ્મણ હતા.

લક્ષ્મણવેલો પું. એક જાતનો વેલો.

લક્ષ્મણસેનકાળ પું. ભારતીય ૩૪ સાંહેનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૧૧૧૮થી શરૂ થાય છે. આ સંવત બંગાળના સોમવંશી રાજા બલ્લાલસેને પોતાને ત્યાં લક્ષ્મણસેન નામના પુત્રનો જન્મ થતાં તે વખતથી જ ખુશાલીમાં શરૂ કર્યો હોવાનું કહેવાય છે. આ સંવત પહેલાં બંગાળ, બિહાર અને મિથિલામાં પ્રચલિત હતો અને હાલ માત્ર મિથિલામાં કર્યાં કર્યાં પ્રચાર છે. તેનો પ્રારંભ મહા શુદ એકમથી થાય છે.

લક્ષ્મણસેનસંવત જુઓ લક્ષ્મણસેનકાળ.

લક્ષ્મણા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; હનુમાન વેલ; પુનર્વા. તેના વેલા થાય છે. તેની આકૃતિ અને ગંધ ઝકરાં જેવી હોય છે. ગર્ભોત્પત્તિના અવરોધને તે દૂર કરતી મનાય છે.

૨. સ્ત્રી. દુર્યોધનની એ નામની પુત્રી. તેના સ્વયંવર વખતે કૃષ્ણપુત્ર સાંબ તેનું હરણ કરી તેને રથમાં નાખી દ્વારકા તરફ ઉપડ્યો હતો. આથી કૌરવો તેની પછવાડે પડ્યા અને તેને પકડીને કેદ કર્યો. આ સમાચાર દ્વારકામાં મળતાં બલરામ ઉદ્ધવ સહિત ત્યાં ગયા. જ્યારે ધૃતરાષ્ટ્ર સાંબને છોડવાની ના પાડી ત્યારે બળરામે પોતાના હળ વડે હસ્તિનાપુરને ખેંચ્યું. તેથી સેકડો ધનો તૂટી પડ્યાં. આથી કૌરવો બળરામ પ્રથા અને લક્ષ્મણાનું સાગની સાથે હમ કરી તેમને બળરામને સ્વાધીન કરી.

૩. સ્ત્રી. પોતાં કૃષ્ણાથી ઓછરોત્તરણી

૪. સ્ત્રી. (પુરાણ) મદરદેશના વૃદ્ધસેન રાજાની કન્યા; શ્રીકૃષ્ણની આઠ માંહેની એક પટરાણી.

તે પછી કૃષ્ણ નંબુવતી, સત્યભામા, મિત્રવિંદા, ભાવિદી, લક્ષ્મણા, ભદ્રા અને નાગ્નજિતી એ સાત રાણીઓ પરણ્યા. ભાગવતી આખ્યાન

૫. સ્ત્રી. ગોરપીંડ.

૬ સ્ત્રી. લક્ષ્મણકંદ; એ નામનું એક ઔષધ.

૭ સ્ત્રી સારસ પક્ષિણી.

લક્ષ્મણાકુંવરી સ્ત્રી. શ્રીકૃષ્ણની આઠ માંહેની એક પટરાણી

લક્ષ્મણી ૧. [સં.] સ્ત્રી. માણેકની એક જાત.

૨ સ્ત્રી સારસ પક્ષી.

લક્ષ્મા ૧. [સં. લક્ષ્મન્] પું. લક્ષ્મણનું એક નામ

૨. પું. સારસ પક્ષી.

૩. સ્ત્રી. હાથણી.

લક્ષ્મી ૧. પું. (પિંગળ) એ નામનો આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે રગણ, ગુરુ અને લઘુ આવે છે

ર ર ગા લા થી લક્ષ્મી જ. ઇન્દુપિંગળ

૨ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણોદક છંદનો એક ભેદ છે. તેને શીર્ષાષ્ટિ પણ કહે છે.

૩. પું. (પિંગળ) એક ચતુષ્પદ જાતિ વર્ણમેળ છંદ. તેમાં ૪૨ માત્રા અને તાલ હોય છે. તેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૯, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૫, ૨૮, ૩૦, ૩૨, ૩૪, ૩૭, ૩૯ અને ૪૧ માત્રા ઉપર આવે છે

૪. પું. (પિંગળ) ચોવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ ગણ હોય છે. આ છંદ સંકૃતિ છંદનો એક ભેદ છે. તેને સ્વેરિણી ફોટન છંદ પણ કહે છે.

૫. પું. (પિંગળ) ચોદ અક્ષરનો એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સમણ, ભગણ, તગણ, નગણ અને બે ગુરુ હોય છે. તેના દરેક ચરણમાં ચોદમા અક્ષરે યતિ આવે છે.

લક્ષ્મીજા ધારણા સા મા ત ન ત ત ગટે.
વસુપિંગળ

૬. પું. (પિંગળ) ત્રીસ અક્ષરનો એક માત્રામેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેને લક્ષ્મી છંદ પણ કહે છે. તેમાં ૬ લઘુ અને ૨૭ ગુરુ મળી ૫૭ માત્રા હોય છે.

૭. પું પરમાત્મા.

૮. પું (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે શીર્ષા છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ અને ગુરુ આવે છે

૯. સ્ત્રી. અતિમાનુષ શક્તિ.

૧૦. સ્ત્રી. આમાદી

૧૧. સ્ત્રી. ઋદ્ધિ ઔષધિ

૧૨. સ્ત્રી. ગૃહિણી; સ્ત્રી; પત્ની.

ઘરની લક્ષ્મી = ઘરની શોભારૂપ સ્ત્રી; ગૃહિણી; પત્ની.

૧૩. સ્ત્રી. ચૈત્રની અજિયારમી રાતનું નામ.

૧૪. સ્ત્રી. ચોદ માંહેની એ નામની એક પક્ષિણી. તેનાં નામ આ પ્રમાણે છે: મહાલક્ષ્મી, સુરસુંદરી, મનોદરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિદ્યાલા, ચદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના.

૧૫. સ્ત્રી. કુંવાર કાકી. ખીજડો; શિવા; મંગલ્યા; એક જાતની વનસ્પતિ.

૧૬ સ્ત્રી. દીકરી; પુત્રી.

લક્ષ્મીજી પધારવાં = પુત્રી જન્મવી; પુત્રીનો જન્મ થવો.

૧૭. સ્ત્રી. દુર્ગા.

૧૮. સ્ત્રી. દૈવી સ્ત્રી

૧૯. સ્ત્રી. ધન આપનારી દેવી; ધનદેવતા.

૨૦. સ્ત્રી. પીડા; દુઃખ.

૨૧. સ્ત્રી. પુરાણ અનુસાર બ્રહ્માના ત્રીસ માંહેનો ત્રેવીસમો દિવસ

૨૨. સ્ત્રી. પૈસો, સંપત્તિ; ધન; દોલત. કહ્યું છે કે, લક્ષ્મીનો ઉપયોગ દુઃખી મનુષ્યોને દાન આપી તેમને દુઃખમાંથી છોડાવવા માટે, પુણ્ય ઉપાર્જન કરવા માટે કે પરોપકાર માટે કરવો એ છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ઓનો નપુંસક પતિ અને લક્ષ્મીનો કૃપણ માલિક એ બંને નિરર્થક છે. વળી બીજે પ્રકારે ધન, ધાન્ય, પશુ, સ્ત્રી, પુત્ર, આરોગ્ય, આશ્રય, આવરદા, ઉદ્યમ, સંતોષ અને જ્ઞાન તે પણ લક્ષ્મી મનાય છે. લક્ષ્મી દસ પ્રકારની કહેવાય છે: રોકડ પૈસો, ખેતર કે જમીન, સુખસાધન, વાહન, ઢોર, સ્ત્રી, છોકરાં, મકાન કે ઘર, સુકુળમાં જન્મ અને આબરૂ કે પ્રસિદ્ધિ. જે ઘરમાં વડીલોની પૂજા, સત્કાર, આદર, સન્માન, બહુ માન અને વિનય આદિ થતા હોય, અન્નાદિ સુસંસ્કૃત અને નીતિથી પેદા કરેલું હોય અને શુદ્ધમાં શુદ્ધ આહાર હોય અને જે ઘરમાં કલહ કલેશ ન હોય એવા લક્ષણયુક્ત ઘરમાં લક્ષ્મી વાસ કરે છે વિદ્યાવિજયજી કહે છે કે લક્ષ્મીના ચાર પુત્ર છે: ધર્મ, અગ્નિ, રાજા અને ચોર. સૌથી મોટો પુત્ર ધર્મ છે. તેનું અપમાન

કરવામાં આવે અર્થાત્ દાન દેવામા ન આવે તો તેના ત્રણ નાના ભાઈ કોપાયમાન થાય છે. પરિણામ એ આવે છે કે ચોર કે કોઈ લક્ષ્મી ચોરી જાય છે, રાજા પડાવી લે છે અથવા અગ્નિમાં સ્વાહા થઈ જાય છે. આજકાલ તો ક્રાંતિકારીઓનો જમાનો છે. પૂજીવાદના શત્રુ બધા પેદા થયા છે. કોઈ દિવસ તમારો વારો જાતી ઉપર ચડી બેસે છે, તિજોરીની ચાવીઓ માગે છે અને તેનાથી તિજોરી ન ઊઘડે તો તિજોરી ઉઘાડીને બધો બજનો બારી કરી દેવો પડે છે. આવે વખતે બધું દઈ દે છે, પણ હાથથી દાન નથી કરાતું માટે દરેક પોતાની સંપત્તિના ચાર વિભાગ કરવા જોઈએ. (૧) એક ભાગ બજનામા રાખવો, (૨) એક ભાગ પોતાના કુટુંબ પરિવારના પોષણ માટે રાખવો, (૩) એક ભાગ વેપારમાં રોકવો અને (૪) એક ભાગ ધર્માદા વગેરે શુભ કામોમાં ખર્ચવો. જ્ઞાનકાર પણ કહે છે કે: લક્ષ્માઃ દાન, દાનતઃ લક્ષ્મીઃ અર્થાત્ લક્ષ્મી હોય તો દાન અવશ્ય કરવું, દાન કરવાથી લક્ષ્મી અવશ્ય આવવાની. આ ચક્ર નિરંતર ચાલતું રહે છે. જો લક્ષ્મી ઉપાર્જન કરવી હોય અને સાથે પુણ્ય પણ ઉપાર્જન કરવું હોય અને એ બંને ચીજ પ્રાપ્ત કરવી હોય તો સંપત્તિના ચાર હિસ્સા કરી લેવા. તેમ કરવાથી તમે દાની બનશો, તમારો બજનો ભરપૂર થતો જશે, કોઈ વખત દુઃખી નહિ થાઓ, બાળબચ્ચાં વગેરે પરિવારના રક્ષણની ચિંતા નહિ રહે. કહ્યું નસીબદારે એવો પ્રસંગ આવ્યો બધા બધા, વેપારરોજગાર તૂટી બધા, તો પણ બજનો ભરોસો હોવાથી તેમાંથી બચી જઈએ, નિરાશામયી જિંદગી ગુજારી શકાય.

૧. ઘરમાં લક્ષ્મી આવવી = (૧) આબાદી થવી. (૨) શુભ નસીબ હોવું.

૨. લક્ષ્મી વિનાનો લપોડ = નિર્ધન માણસ.

૨૩. સ્ત્રી. હસ્તિની વૃક્ષ

૨૪. સ્ત્રી. બ્રહ્મની આઠ માંહેની એક કલા

૨૫. સ્ત્રી. બાજપક્ષણી જાતિ.

૨૬. સ્ત્રી. મેંદારિંગી નામની વનસ્પતિ

૨૭. સ્ત્રી. મોક્ષની પ્રાપ્તિ.

૨૮. સ્ત્રી. મોતી

૨૯. સ્ત્રી. રાજ્યસત્તા.

૩૦ સ્ત્રી. વિજય.

૩૧. સ્ત્રી. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ. તે પૃથ્વીનો આધાર છે એટલું જ નહિ પરંતુ તેની લક્ષ્મી એટલે શોભા પણ છે તેથી તે લક્ષ્મી કહેવાય છે.

૩૨. સ્ત્રી. વેશ્યા.

૩૩. સ્ત્રી. શોભા; શ્રી, સૌંદર્ય.

૩૪. સ્ત્રી. શ્રીમદ્વલ્લભાચાર્યની એ નામની સ્ત્રી.

૩૫. સ્ત્રી. શ્રેષ્ઠતા; સૌથી ચડિયાતું હોવું તે

૩૬. સ્ત્રી. સફળાઓ સાકે નસીબ.

૩૭. સ્ત્રી. સફેદ તુલસી.

૩૮. સ્ત્રી. સમુદ્રમથનમાંથી મળેલ ચૌદ માંહેનું એક રત્ન; વિષ્ણુની સ્ત્રી; સમૃદ્ધિ અને સૌંદર્યની દેવી; ધનની અધિષ્ઠાત્રી દેવી. લક્ષ્મીનાં બધા નામ છે. જેમકે, કમલા, સિંધુજા, માયા, ઇંદિરા, જલધિજા, ચપલા, ભોગા, હરિપ્રિયા, લોકમાતા, શ્રી, ક્ષીરાબ્ધિતનયા, પદ્મા, કમલા, પદ્મિની, સીતા, રુક્મિણી, મા, પદ્માલયા, સિંધુસુતા, વિષ્ણુવલ્લભા, ચપલા, વગેરે. લક્ષ્મી શબ્દ પ્રથમ ઋગ્વેદમાં વપરાયો. ત્યાં તેનો અર્થ સારું નસીબ એવો થાય છે. તૈત્તિરીય સંહિતામાં લક્ષ્મી અને શ્રી બને આદિત્યની પત્ની હોવાનું જણાવેલ છે. તે કમળના આસન ઉપર વિરાજમાન પ્રકાશમાન દેવી છે. તેની ઉત્પત્તિ દેવ તથા દાનવોએ સમુદ્રમથન કર્યું તેમાંથી છે. એટલે સમુદ્ર તેના પિતા તથા વિષ્ણુ તેના સ્વામી છે. અલૌકિક રૂપ અને સૌંદર્યની તે દેવી છે. આખા હિંદમાં સૌંદર્ય, સંપત્તિ અને ભાગ્યદેવી તરીકે તે પૂજાય છે વિષ્ણુ જે સ્વરૂપ લે છે તેને અનુરૂપ લક્ષ્મી પણ રૂપ ધારણ કરે છે. દેવોએ તેના અમુક અમુક ગુણો લીધા છે. તે સ્વભાવે ચંચલ અને ધર્મના નમૂના રૂપ છે. કામદેવ તેના પુત્ર છે. દિવાળીના દિવસોમાં લોકો તેનું પૂજન કરે છે. સ્વર્ગની સૌથી પહેલી સાલ્સોપ નર્તકી લક્ષ્મી મનાય છે. શરીરે રત્નજડિત અલંકારો સજીને અને પગમાં નૂપુર પહેરીને લક્ષ્મીએ એવી દિવ્ય છટાથી નૃત્ય કર્યું કે ઉંદરાજની આખી સભાએ તેની પ્રશંસા કરી અને ત્યારથી તેને સ્વર્ગની અપ્સરાઓની અધિષ્ઠાત્રિનું પદ પ્રાપ્ત થયું અપ્સરાઓને તેમણે જ નૃત્ય શીખવ્યું. એ દેવી જ્ઞાન મનુષ્યોને આપનારાઓમાં લક્ષ્મી પણ ગણાય છે.

શ્રી પદ્મા પદ્મવાસમા કમલા કપલા જોઈ,
સિંધુસુતા આ ઇંદિરા વિષ્ણુવલ્લભા તોય,
જેની નેત્રકટાક્ષ જરી રહી જગતમા જાઈ,
તે લક્ષ્મી બજમાનથી રે સેવા કરે સદાઈ.

વિનોદકવિકોશ

૧. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મુખ ફેરવી જવું = આવતો લાભ જતો કરવો.

૨. લક્ષ્મી ચાહલો કરવા આવે ત્યારે બીજો વિચાર જવું = બજત નહિ વિચારવો; જે બજને જે લેવાય તે ન લઈ જવું; લાભ થતો હોય ત્યારે ઉતાવળને બદલે આગમ કરવું

૩. લક્ષ્મીનું દાન = ધનમાં પૈસો આપવા બરાબરનો બજત હોય તે લક્ષ્મીનો અમુક ભાગ તો સદ્વેય, સુયુક્ત અને સુધર્મ માટે જરૂર દાનમાં કાઢે. સારામાં સારો હોય તો ચોથો ભાગ દાનમ કરે મધ્યમ હોય તો છઠ્ઠો ભાગ કાઢે અને હલકામાં હલકો હોય તો છેવટ દશમો કે વીસમો ભાગ તો જરૂર દાનમાં વાપરે

૩૯. સ્ત્રી. સીતાજીનું એક નામ.

૪૦. સ્ત્રી. સ્થલપદ્મિની નામનો છોડ.

૪૧. સ્ત્રી. હળદર

૪૨. ન. પદ્મ; કમળ.

૪૩ ન બળ; બોનિ.

લક્ષ્મીક ૧. [સં.] વિ. અમીર; ધનવાન.

૨. વિ. ભાગ્યવાનઃ નસીબદાર

લક્ષ્મીકરા પું. ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

લક્ષ્મીકલ્પ પું. (પુરાણ) ભાદરવાના આધુ માસમાં થઈ ગયેલો બીજનો દિવસ.

લક્ષ્મીકાંત ૧. [સં.] પું. નારાયણ.

૨. પું. રાજા.

૩. પું. વિષ્ણુ ભગવાન.

લક્ષ્મીકુંડ પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક કુંડ. કહેવાય છે કે અહીં તપશ્ચર્યા કરવા રુક્મિણીજી આવેલ, તેથી કુંડનું નામ લક્ષ્મીકુંડ પડ્યું છે.

લક્ષ્મીગૃહ ૧. [સં.] ન. લક્ષ્મીનું ઘર.

૨. ન બીલ વૃક્ષ.

લક્ષ્મીજ ૧. પું. એ નામનો એક સંવત્સર.

૨. [સં.] પું કામદેવ.

૩. પું ખોડો.

૪ પું. ધનવાન માણસ.

૫. પું. ચણા અને કુલ.

લક્ષ્મીજનાર્દન [સં.] ન. નર્મદા નદીમાં થતું એ નામનું મહઃ શાલિગ્રામ.

લક્ષ્મીતનય જુઓ લક્ષ્મીજ.

લક્ષ્મીતનૂજ જુઓ લક્ષ્મીજ.

લક્ષ્મીતાત [સં.] પું. સમુદ્ર

લક્ષ્મીતાલ ૧. [સં.] પું. એ નામનો એક ચતુસ્સપ્તતિ તાલ. તે એકવીસ માત્રાનો છે. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૨, ૧૩, ૧૭, ૧૮ અને ૨૦ માત્રા ઉપર હોય છે.

૨. પું. મીતાલ નામનું વૃક્ષ

૩ પું. (સંગીત) સંગીતમ. અઢાર માત્રાઓનો એક તાલ. તેમાં ૧૫ આઘાત અને ૩ ખાલી હોય છે

લક્ષ્મીદાસજી પું. નિર્વાણ ધર્મના સ્થાપનાર પુરુષ

લક્ષ્મીદેવ ૧. પું. તત્ત્વાર્થ ઉપર ભાષ્ય લખનાર એક વિદ્વાન.

૨. પું પાંચ વંશનો એ નામનો ઉલ્લો રાજા. ક્ષેમક.

૩ [સં] પું. વિષ્ણુ

લક્ષ્મીધર ૧. પું. (પિંગળ) એ નામે આર અક્ષરનો એક અક્ષરમેળ છંદ: અગ્નિવણી. તે જગતી જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આર રગણ મળી આર અક્ષર હોય છે.

૨. પું મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક વિદ્વાન. તેમણે બારમી સદીમાં સ્મૃતિક કલ્પતરુ નામનો ગ્રંથ લખ્યો હતો

૩ પું વિષ્ણુ

૪ વિ પૈસાવાળું; સમૃદ્ધ, ધનવાન.

લક્ષ્મીધરા જુઓ લક્ષ્મીધર ૧.

લક્ષ્મીનર્મ ન. (શિલ્પ) લક્ષ્મીની વૃદ્ધિ કરનાર ઘર. બાર ભદ્ર હોય, ભૂમિના પાંચ ભાગ હોય અને ભદ્રો તથા ઘરના મળી ૫૧ રથક હોય તેનું ઘર. જે ઘરના બારે ભદ્રોમાં દસ દસ રથકો હોય તેવા ઘરની ભૂમિના પાંચ ભાગ કરવા. તેમાંથી બે ભાગની ભૂમિ મધ્યમાં રાખી બાકીના ત્રણ ભાગમાંથી બેઠ બેઠ ભાગની ભૂમિ બારે બાજુએ રાખવી. તે ઘરમાં સોળ રથકો આવે અને બે સોળ રથકો અને બાર ભદ્રોના બાણીસ બાહ્ય રથકો મળી છપ્પન રથકો થાય તેવા ઘરનું નામ લક્ષ્મીનર્મ કહેવાય છે. એવું ઘર નિત્ય લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.

લક્ષ્મીનંદન [સં.] પું. ધનવાન માણસ; ધનિક; શાહુકાર પુરુષ

લક્ષ્મીનાથ [સં.] પું. વિષ્ણુ ભગવાન; લક્ષ્મીકાંત; લક્ષ્મીપતિ.

લક્ષ્મીનારાયણ ૧. [સં.] પું. વિષ્ણુ ભગવાન.

૨. ન. નેપાળમાં થતું એ નામનું મહ: શાલિગ્રામ.

૩. ન. દ. ઘ. લક્ષ્મી અને નારાયણ. તેમનાં મંદિરો ભારતમાં ઠેકઠેકાણે આવેલાં છે. તેમાં નવી દિલ્હીમાં આવેલું તેમનું મંદિર બહુ જ સુંદર છે. આ મંદિરના આંગણામાં ઘણા ભગવાનો બહુનર આવેલા છે. મધ્યમાં મહાનો ભાગ છે જમણી બાજુએ ગીતાજયંતનું મંદિર છે. ત્રીજો ભાગ ડાબી બાજુએ આવેલો છે તે બુદ્ધ ભગવાનનું મંદિર છે. મધ્યમાં આવેલું મંદિર બહુ જ ભવ્ય અને આકર્ષક છે. તેમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ બેસાડવામાં આવી છે. જમણી બાજુના આવેલ મંદિરમાં મહેશ્વર ભગવાન શ્રી શંકર બિરાજે છે ડાબી બાજુના મંદિરમાં આ દુર્ગાદેવીની મૂર્તિ સોળી રહી છે. મંદિરના ઉપલા ઘુંમટો. દીવાલો તથા કક્ષાઓ દેવદેવીઓનાં જુદા જુદાં ચિત્રોથી સજાવવામાં આવ્યાં છે. આરસની દીવાલ અને ફરસબંધી ઉપર કારીગરી બતાવતા જુદા જુદા ભાગો કોતરવામાં આવેલ છે. ગીતાજયંતનો બંધ, શ્રીકૃષ્ણપરમાત્માની મૂર્તિથી સોળી રહ્યો છે. આ મૂર્તિ ઘણી જ ભવ્ય અને આકર્ષક છે. મધ્ય મંડપની ડાબી બાજુએ બુદ્ધ ભગવાનનું મંદિર પણ સુશોભિત ચિત્રોથી ભરપૂર છે. લક્ષ્મીનારાયણનું આ મંદિર લોકસેવક સંઘ જગદેવદાસ ત્રિભોવને ઈ. સ. ૧૯૩૮માં બંધાવ્યું છે. આ મંદિરનું શિલારોપણ ઈ. સ. ૧૯૩૮ના માર્ચની ૨૬મીએ પોળપુરના મહારાજા ઉદયભાનના હાથે થયું હતું. આ વિધિ કરનાર કાશી વિદ્યાપીઠના મહાન પંડિત આચાર્ય વિધનાથજી હતા.

લક્ષ્મીનારાયણ કરવું ન (૧) જમવાનું રાંધવું. (૨) જમ્યા પહેલા લક્ષ્મી અને નારાયણને ભોજન ધરાવવું.

લક્ષ્મીનારાયણ રસ પું. એ નામનું એક ઔષધ.

લક્ષ્મીનિવાસ [સં.] ન. (શિલ્પ) એક જાતનું દિવાળ ઘર. જે દિવાળ ઘરની પછીતે એક અક્ષિદ તથા જમણી અને ડાબી તરફ એક એક અક્ષિદ હોય ઘરના મુખ આગળ બન્ને અક્ષિદ વચ્ચે બારણું હોય અને તે ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે લક્ષ્મીનિવાસ ઘર કહેવાય છે.

લક્ષ્મીનૃસિંહ ૧. પું. ઈસ્વી સનના પંદરમા સૈકામાં થઈ ગયેલા અમદાવાદના એક ગૌડ વૈદ્ય. તેમણે કોઈ ગ્રંથ લખ્યો જણાતો નથી, પણ તેમણે વાગ્ભટની સર્વાંગ સુંદર ટીકા સવત ૧૫૪૪, ઈ. સ. ૧૪૮૬માં મહમદ બાદશાહના વખતમાં પોતાને માટે ઉતારવી એમ એ ટીકાના એક હસ્તલિખિત પ્રતના અંતમા લખ્યું મળે છે. સાં આ લક્ષ્મીનૃસિંહને સર્વજ્ઞકલ્પદ્રિપ વિરુદ કહેલા છે.

૨ [સં] પું. શાલિગ્રામ.

લક્ષ્મીપતિ ૧. [સં.] પું. કુબેર.

૨. પું ધનવાન; પૂંજીપતિ, મૂડીદારો માણસ.

૩ પું. રાજા.

૪ પું. અધિગ.

૫ પું વિષ્ણુ.

૬ પું સોપારીનું ઝાડ.

લક્ષ્મીપુત્ર જુઓ લક્ષ્મીજ.

લક્ષ્મીપુષ્પ ૧. [સ.] ન. પદ્મ; કમળ.

૨. ન. પદ્મરાગ મણિ; માણેક.

લક્ષ્મીપૂજન ૧. [સ] ન આસો વદ તેરશે લક્ષ્મીની જે પૂજા કરવામાં આવે છે તે; ધનતેરશે થતું લક્ષ્મીનું પૂજન કોઈ કોઈ જગ્યાએ દિવાળીને દિવસે પણ લક્ષ્મીપૂજન કરવામાં આવે છે.

૨. ન વહુ માસરે આવે ત્યારે વરપક્ષથી થતો લક્ષ્મીના પૂજનનો વિધિ

લક્ષ્મીપૂજા જુઓ લક્ષ્મીપૂજન.

લક્ષ્મીફલ ૧ [સં.] ન. બીલીનું ઝાડ.

૨ ન બીલું.

૩. ન. શ્રીફળ.

લક્ષ્મીબાહુ ન. અર્જુનનું એ નામનું એક બાહુ

તરત જ અર્જુન લક્ષ્મીબાહુ મારી જયદ્રથનું શિર ઉડાવ્યું. ઇરિશ્ચંદ્રિકા

લક્ષ્મીભ્રાતા [સ. લક્ષ્મીભ્રાત્] પું. ચંદ્ર

લક્ષ્મીમાતા [સં. લક્ષ્મીમાત્] સ્ત્રી. એ નામની રેવી સિંદ્ધનમાં લક્ષ્મીમાતા નામની દેવીની પીઠ છે.

લક્ષ્મીયુગ [સં] પું. પૈસા પેદા કરવાનો જમાનો.

લક્ષ્મીરમણ [સં.] પું. વિષ્ણુ.

લક્ષ્મીરેખા [સં] સ્ત્રી. હાથમાં આવેલી એક રેખા, સૂર્યરેખા; વિજયરેખ.

લક્ષ્મીવતી સ્ત્રી. (જૈન) છપ્પન માંહેની એક દિકકુમારિકા

લક્ષ્મીવર [સં.] પું. વિષ્ણુ.

લક્ષ્મીવલ્લભ જુઓ લક્ષ્મીવર.

લક્ષ્મીવંત ૧ વિ ધનવાન; શ્રીમંત; દોલતમંદ; આબાદ; પૈસાદાર; સમૃદ્ધ.

૨ વિ. ભાગ્યશાળી.

૩. વિ. શ્રીમાન્

લક્ષ્મીવતું જુઓ લક્ષ્મીવંત.

લક્ષ્મીવાન ૧. [સં. લક્ષ્મીવત્] પું. વિષ્ણુનાં હજાર મહેનું એક નામ. ભગવાનના વક્ષ:સ્થલમાં લક્ષ્મીજી નિત્ય નિવાસ કરે છે તેથી તે લક્ષ્મીવાન કહેવાય છે

૨ ન ખોળા ગોબિલાનું ઝાડ.

૩. ન. કમળનું ઝાડ.

૪. જુઓ લક્ષ્મીવત

લક્ષ્મીવાર [સ.] પું. ગુરુવાર

લક્ષ્મીવિલાસ [સં.] ન. (શિલ્પ) એક જાતનું ઘર. બાર ઘરના ભદ્રોમાં બે ભૂમિઓ હોય છે દરેક ભદ્રને દસ દસ રથકો હોય છે. બારે ભદ્રોના મળી બાણીસ રથકો થાય છે. ઘરની ભૂમિ સાડાત્રણ ભાગની હોય છે. સાડાત્રણ ભાગે તેને ચઢેયવાની જોવી રીત

છે કે, સાડાત્રણ પૂર્વ પશ્ચિમ તથા સાડાત્રણ ઉત્તર દક્ષિણ એ રીતે બે બે દિશાએ સાડાત્રણ ભાગો થાય છે.

લક્ષ્મીવિલાસાવલેહ [સં.] પું. (વૈદ્યક) એક પ્રકારનું માટલ્લ. તે કૃષ્ય, બળકર અને અગ્નિદીપક મનાય છે

લક્ષ્મીવ્રત [સં.] ન. કાર્તિક વદ અમાસને દિવસે કરવું એ નામનું એક વ્રત.

લક્ષ્મીશ ૧. [સં.] પું. આગો.

૨. પું ધનવાન માણસ

૩. પુ ૨.બ્ધ.

૪. પું લક્ષ્મીપતિ; વિષ્ણુ

લક્ષ્મીશ્વરયોગ જી કેરીની એક જાત. તે બહુ સુંદર, મીઠી, પાતળા ગોઠલાવાળી અને સારી સુગંધવાળી હોય છે.

લક્ષ્મીસદ્મજ ૧ [સં.] પું ઊંચે ઊગતો ધોડો.

૨. પું. કપૂર.

૩. પું. ચંદ્ર.

લક્ષ્મીસુત જુઓ લક્ષ્મીજ

લક્ષ્મીસૂનુ જુઓ લક્ષ્મીજ.

લક્ષ્મીસ્થળી ન જગન્નાથની સમીપમાં આવેલું એક પવિત્ર સ્થળ

લક્ષ્મીહોમ [સં.] પું. દૂધ તથા સાકર એકઠાં કરી, દેવીના મંત્રમાં લક્ષ્મીને આહુતિ આપીને કરવામાં આવતો હોમ

લક્ષ્ય ૧. પું. લક્ષણાબોધ્ય અર્થ; લક્ષણાશક્તિથી સમજવો પડતો અર્થ; લક્ષ્યાર્થ.

૨. પું. તીર ઉપર જપવામાં આવતો મંત્ર.

૩. ન. અસ્ત્રોનો એક પ્રકારનો સંહાર.

૪. ન. ઇરાદો; ધારણા; નેમ; હેતુ; ધ્યેય.

૫. ન ઉપરોક્ત

૬. ન. ચિહ્ન; નિશાન; નિશાની

૭. ન. જોવું લક્ષણ આંધવાનું હોય તે.

૮. ન (જૈન) જ્ઞાન

૯. ન. હોમ.

૧૦ ન. ધ્યાન.

૧૧ ન બહાનું

૧૨. ન. બાણનું નિશાન.

૧૩. ન. લક્ષ્ય આપવાનો પદાર્થ.

૧૪. ન. લાખ; સો હજાર.

૧૫. ન બાબતો આપવામાં આવેલ વસ્તુ.

૧૬. વિ. અનુમાન કરી શકાય તેવું.

૧૭. વિ. ધ્યાનેલું; ધારેલું; ઉદ્દિષ્ટ.

૧૮ વિ. બાણના જોખમ

૧૯. વિ. જોઈ શકાય તેવું.

૨૦. વિ જોવા જેવું; દર્શનીય.

૨૧ વિ. તાકવાનું; તાકી શકાય એવું.

૨૨. વિ. થી સૂચિત.

૨૩. વિ. લક્ષ આપવા જેવું; લક્ષ આપી શકાય એવું.

૨૪ વિ બાબતો આપવા જોગ.

૨૫ વિ. શબ્દાર્થથી તદ્દન જુદું

૨૬. વિ સૂચન કરવા જેવું.

લક્ષ્યકાર્ય [સં.] ન. સાધવાનું કામ.

લક્ષ્યતા [સં.] સ્ત્રી. જોવાની યોગ્યતા; દૃષ્ટિવિષયતા. સ્વરૂપ

લક્ષ્યદર્શી [સં. લક્ષ્યદર્શિન્] વિ. ધ્યેય તરફ નજર કરનારું.

લક્ષ્યદૃક્ [સં.] વિ. ધ્યેય તરફ જોનારું.

લક્ષ્યદૃષ્ટિ [સં.] સ્ત્રી ધ્યેય તરફ નજર રાખવી તે.

લક્ષ્યબિંદુ [સં.] ન. લક્ષ્ય વસ્તુ; સાધ્ય વાત; લક્ષ્ય; ધ્યેય.

જગત સાહિત્યની હરોળમાં નિજ સાહિત્યનું સ્થાન કયા છે એ તેનું લક્ષ્યબિંદુ છે. કેશવ હર્ષદ

લક્ષ્યભેદ [સં] પું. ઝડપથી આવતા કે ઊડતા નિશાનને ભેદવું તે; નિશાન ઉપર બા મારવો તે.

લક્ષ્યભ્રષ્ટ [સં.] વિ ધારેલા નિશાનથી ચૂકેલું; હેતુ ચૂકેલું.

લક્ષ્યલક્ષણાભાવ પું. (વેદાંત) એક જાતનો ભાવ. જેમકે, 'તત્ત્વમસિ' એ મહાવાક્યમા તત્ અને ત્વં પદોના વિરોધી અર્થ પરોક્ષત્વ અને અપરોક્ષત્વ એ બેનો ત્યાગ કરીને અવિરુદ્ધ અખંડ ચૈતન્ય માત્રની લક્ષણા થાય છે. એમા તત્ ત્વં પદોમાં લક્ષ્યતાવચ્છેદકતા છે અને ચૈતન્યમા લક્ષ્યતાવચ્છેદકતા છે. માટે તેને લક્ષ્યલક્ષણાભાવ કહેવાય છે.

લક્ષ્યવીથી ૧. [સં.] સ્ત્રી. જે વડે જીવનનો ઉદ્દેશ સિદ્ધ થાય તેવો ઉપાય કે ક્રમ.

૨. સ્ત્રી બ્રહ્મલોકનો માર્ગ; દેવયાનપથ.

લક્ષ્યવેધ ૧. [સં] પુ ધારેલા નિશાનને તોડી પાડવું તે.

૨. પું કૃષ્ણજોશીની રમતમાં મોક્ષ.

એક દિવસ હું ગોકુળીયર હતો. ત્યારે પવનદડો આવ્યો. લક્ષ્યવેધ થવાની કોઈ આશંકા હતી કાલેલકર

લક્ષ્યવેધિતા સ્ત્રી લક્ષ્યવેધી હોવું તે; લક્ષ્યવેધીપણું.

લક્ષ્યવેધિત્વ ન. લક્ષ્યવેધિપણું.

નાયક કરતાં જે સ્ટેજ પર આ પાત્રો સૂચવ્યા પ્રમાણે અભિનય કરે છે ત્યારે તેનું લક્ષ્યવેધિત્વ બરાબર જણાઈ આવે છે. બુદ્ધિપ્રકાશ

લક્ષ્યવેધી [સં. લક્ષ્યવેધિન્] વિ. ધારેલી વસ્તુને વીંધી નાખે એવું; ધારેલ નિશાનને તોડી પાડનાર.

ઇનામના આપ ઉપર લક્ષ્યવેધી તીર મારે. નગીનદાસ

લક્ષ્યવ્યંગ્યક્રમ [સં.] પું. ધ્વનિકાવ્યનો એક પ્રકાર

લક્ષ્યસંગીત [સં.] પું. એ નામનો એક સંગીતગ્રંથ

લક્ષ્યસિદ્ધિ [સં.] સ્ત્રી ધ્યેય પ્રાપ્ત કરવું તે.

લક્ષ્યસુમ [સં.] વિ. ઊંધવનો હોમ કરવું

લક્ષ્યસૂત્ર [સં.] ન. સંધાન; નિશાન

લક્ષ્યાર્થ ૧ [સં.] પું. (કાવ્ય) પદની લક્ષણાવૃત્તિ વડે જે અર્થ જાણવામાં આવે તે. વાક્યાર્થનો અન્વય કે તાત્પર્યનો બાધ આવે અને તેવા શબ્દ સંબંધ પરત્વનો બીજો અર્થ રૂઢિને કે કોઈ પ્રયોજનને લીધે લેવો પડે તો તે લક્ષ્યાર્થ કહેવાય છે. જેના ઉપર જરવાનું રૂપક છે એમાં ઝાડ લક્ષ્યાર્થમાં છે.

૨. પું. સાધવાનો હેતુ; લક્ષ્ય વાત; લક્ષ્યબિંદુ.

લક્ષ્યાસન [સં] ન. એક જાતનું આસન.

લક્ષ્યોપમા [સં] સ્ત્રી. (કાવ્ય) જેમાં લક્ષ્યાર્થ હોય તેવો અલંકાર.

લખ ૧. સ્ત્રી. કુટેવ; વ્યસન; બરાબ લત.

એનો બાપ તો બિચારો સારો માણસ હતો પણ છોકરો બહોળ નઠારી નીવડ્યો અને જુગાર વગેરેના ચોખમાં પડેલો છે.

નં. બિ. મરજીવાન

૨. સ્ત્રી. લક્ષ્મી; ધન; દોલત.

૩. સ્ત્રી. આખની પૂંજી.

૪. ન. એકચિત્ત થઈ જવું તે; તલ્લીન થઈ જવું તે.

૫. વિ. દક્ષ; જોવા જેવું

૬ વિ. લાખ; સો હજાર.

લખચોરાશી સ્ત્રી. જુદી જુદી યોનિમાં પ્રાપ્ત થતા ચોરાશી લાખ જન્મનું ચક્ર; ચોરાશીનો ફેરો. એમ કહેવાય છે કે જીવને ઓડજ યોનિમાં ૨૧ લાખ વખત, સ્વેદજમાં ૨૧ લાખ વખત, જરાયુજમાં ૨૧ લાખ વખત અને ઉદ્ભિજ્જમા ૨૧ લાખ વખત જન્મ લેવો પડે છે. તેને લખચોરાશી કહે છે.

લખચોરાશી કે ચક્કર માંથી માગી લીધુ રે. દેવાનંદ

લખટંક પું. લાખો રૂપિયા.

તમ આલ્યે પાત્યા લખટંક. પ્રેમાનંદ

લખનૂ ૧. પું. લક્ષ્મણ; લખણૂલાલજી.

૨ ન. આયરણું; વર્તાવ.

૩. ન. ટેવ; આદત

૧. લખણ ઝળકાવવાં = પોત પ્રકાશવું; આદત દેખાડવી.

૨. લખાણ કરનારી સ્ત્રી = પોતાનો મૂળ સ્વભાવ બતાવવો; ભાવ બગડવો; પોત પ્રકાશવું.
૪ ન. લક્ષણ, ચિહ્ન.
૫. ન. લખાણ, લખેલું તે.

લખણવંતું ૧. વિ. અપશુકનિયું.
૨. વિ. ભાવ બગડ્યે જેનું; પોત પ્રકાશે તેવું.

લખણવેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

લખણી ૧. સ્ત્રી ઉપર-નીચેનો ગામનો. આટલું આપીશ એમ જેમાં લખી આપેલું હોય એવી માગણીનો કાગળ.
૨. સ્ત્રી. દાન કે બક્ષિસની ચાદી અથવા ટીપ.
૩ સ્ત્રી. દાણો.
લખણી કરવી = (૧) ઉધરાણું કરવું. (૨) કાગળની ગરજાત કરવી.
૪. સ્ત્રી. ભાટને આપવામાં આવતી ધર્માદા જમીન
૫. સ્ત્રી. લખવાનું કાર્ય; લખાણ; લખવાની ક્રિયા

લખણું ૧. ન. છૂટાછેડાનું લખત, ફારગતીપત્ર; વરકન્યાના છૂટાછેડા લખાવ્યાનો કાગળ, તલાકપત્ર.
૨. ન. ભેટ, દાન અથવા બક્ષિસ આપવાને કરી આપેલું, ચાદી અથવા ટીપ; લખણી
૩. ન. લખનારનો ફરજ કે ક્રમ
૪. ન લખવાનું વતરણું; કલમ; લેખણ.
૫. ન. લખાણ; લખેલું તે.
૬. જુઓ લક્ષણવંતું.

લખત ૧ ન. ખત; દસ્તાવેજ; લેખ; લખેલું તે; સનદ; કરારપત્ર; ચરત કે કરારનું સહી સાથેનું લખાણ
૨. ન. નસીબ; ભાગ્ય; નસીબના લેખ.
૩. વિ. લખેલું

લખતપત્તર ૧. નું. ગમે તેવું કાચું કે અસોફસ લખાણ.
૨. નું. દસ્તાવેજ; કાગળિયા ઉપરનું લખાણ.

લખતરિયા સ્ત્રી. કચ્છ કિચ્છી અને કાઠીની એ નામની એક અટક

લખતંગ ૧. ન. નીચે સહી કરનાર લેખક; ઉપરનું લખાણ કરનાર લેખક; પત્રલેખનમાં કરકત લખતી વખતે લખવામાં આવતો શબ્દ.
૨. વિ. લખનાર.

લખન ૧. પુ. દશરથના નાના ભાઈ લક્ષ્મણ; લખનલાલજી.
૨ ન. આખના દોરને ઉપેડી કાઢે એવું અંજન
૩. ન. નસીબ; ભાગ્ય
૪. ન. નિશાન; ચિહ્ન.
૫. ન. લક્ષણ; ગુણ.

લખનાર વિ. લખવાની ક્રિયા કરનાર.

લખનૌ ન. ઉત્તર પ્રદેશનું એ નામનું મુખ્ય શહેર; હિંદુઓનું યાત્રાનું એક સ્થળ. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે, લખનૌ પુરાણા વખતનું ઐતિહાસિક પ્રસિદ્ધ શહેર છે. રામાયણના વખતથી તે પ્રસિદ્ધ છે. તે ગોમતી નદીને તીરે આવેલું છે

લખપતિ [સં. લક્ષપતિ] પુ. લાખો રૂપિયાનો આસામી; લખેશ્વરી; મોટો ધનવાન; લાખ રૂપિયાની પૂંજીવાળો માણસ; લાખોપતિ.

લખમણ [સં. લક્ષ્મણ] પું. લક્ષ્મણ; રામના નાના ભાઈ.

લખમણું વિ. લક્ષણવાળું
બાદરા સર્વનો બાદ પદ્મણા,
લખવસા લખમણો અહીં આવો. ન્હાનાલાલ

લખમાબામણી સ્ત્રી. ઢોરના પીઠાવાળાઓ ઢોર માટે ઓડોને આશીર્વાદ પીઠા પાસે કરતા તે નામ અને જાતનો બામણો.

લખમી ૧. સ્ત્રી. એક જાતની વખણાતી કાંઠિયાવાડી ચોટી
કડિયાવાડી વાળજ અને હરણ, માણકી અને કૂકમાલ, લખમી અને લાલ વગેરે અનેક જાતોથી પ્રખ્યાત થયેલી તેજ પીંડીઓ હરણની માફક ફાલ ભરતી બાંધાવાળી બનીને ઊડતી હોય તેમ પાણીના રેલાની માફક આગળ વધતી હતી.
પીરની વાતો
૨. જુઓ લક્ષ્મી.

લખમૂહું વિ અતિ ભાગ્યવાન; ભાગ્યશાળી.
લખમૂહો લાખી ઘર્ઈ, ઝાને મટેલ ભાત.
રાણી ઉમે મગાવીઆ, ચૂરો લખીદાત.
રાસરા

લખલખ ૧. વિ. ચળકતું; રૂપેરી; ઝગઝગાટ.
૧. લખલખ અજવાળું = ઝગઝગાટ; ઉજાસ; પ્રકાશ
૨. લખલખ થવું = (૧) ચળકાટ કરવું; ફિરકો સાથે પ્રકાશવું. (૨) પૂજવું; કથારી થવી.
૨. ન. પ્રવાહી ઊકળતાં થતો એવો અવાજ. દૂતકે પાણી પીધે લાર લખલખ થાય છે.
૩. ક્રિ. લખલખે એમ.
૪. ન. વચ્ચે લખલખ જોરવું તે; વચવચમાં ઝડપથી જોરવું તેમ; ખખડવું તેમ.
લખલખ કરવું = (૧) બીજા જોનારની વચ્ચે ઝડપથી, મોટેથી અને અમુક અંતરે જોરવું. (૨) લખલાજ કરવું

લખલખતું વિ પ્રકાશતું, તેજવાળું, ચળકતું.

લખલખવું ૧ અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.
લખલખે પદ્મ અને સરોવર આવે નહિ.
વલ્લભ
૨. અ ક્રિ ઝીણા બહાર કાઢી કૂતરાની માફક પાણી ચાટવું.
૩. અ. ક્રિ. જેમ તેમ બોલબોલ કરવું; બડબડવું; લવલવવું.
૪. અ. ક્રિ. ઝગોઝગા થવું; ચમકવું, તેજ મારવું; ઝબકવું; પ્રકાશનાં કિરણોનું ઊડવું કે ફેલાવું.
લીલી કુસ્ત લખલખે, મહોર કુસ્તક મહોર,
મંદમંદ સમીરણ વહે, શીતલ નમતે પહોર.
કેસવ કર્ણદ
૫. અ. ક્રિ. તીવ્ર ભૂખ લાગવી.
૬. અ. ક્રિ. કાટવું; પીઠા થવી.
૭. અ. ક્રિ. બહુ અભિલાષા થવી.
૮. અ. ક્રિ. લખલખ જેવો અવાજ થવો.
૯. અ. ક્રિ. હસવું.

લખલખાટ ૧. પું. બડબડાટ હસવું તે.
૨ પું. તેજનું ઝગઝગા થઈ રહેવું તે; ઝગઝગાટ; ઔજ્જ્વલ્ય.
૩. પું. કાટ; કળતર; સણકો; પીઠા.
૪. પુ. બડબડાટ; બબારો, બકવાદ.
૫. પુ. ખીજ; ભય; ડર; ધારતી.
૬ પુ. ભૂખ; ખખણ્યા; તીવ્ર ઇચ્છા.
૭. પું. લાવણ્ય; સુંદરતા
૮. પું. ઉલ્લાસ; સહોજ; આનંદ, ઉત્સાહ અને કામકાજ વગેરેની તેજ; ખમાશ.

લખલખાવવું સ. ક્રિ. ઝુલવવું; થરથરાવવું.
લખલખાવી લલી લાખ વેળા. નરસિંહ

લખલખાવું અ ક્રિ. ભૂખ કે તરસથી પીડાવું.

લખલખિત વિ. ચળકતું; ઝગઝગતું; પ્રકાશિત; તેજસ્વી; દેદીપ્યમાન; ઝબકારા; ઝબકતિ.

લખલખારો જુઓ લખલખાટ.

લખલખારો જુઓ લખલખાટ.

લખલખિયું ૧. ન. ખુશાલી; આનંદ.
૨. વિ. બકવાદ કરનારું; નકામું બહુ બોલનારું.

લખલખું ૧ ન. હાડિયો તાવ.
૨. ન બકવાદ; બડબડાટ.

લખલાજ સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા.

લખલાનત સ્ત્રી. ધિક્કાર, તિરસ્કાર.

લખલીલા સ્ત્રી લાખ જાતની યુક્તિઓ રચે એવી સ્ત્રી

લખલૂટ જુઓ લખલૂંટ.

લખલૂંટ ૧. વિ. ઉદાર; ભવ્ય.
૨. વિ પુષ્કળ; બહુ જ અતિ ઘણું; ભરપૂર; બેસુમાર; ભરચક; લાભદેય.

લખવટ જી. લખવાનું કામ.

લખવરા જિ. લાખવાર, અનેકવાર
લાખા કહે કહુ લખવરા, દુ ખને માથે દોટ.
સામળ

લખવસા અ. અનેકરીતે; લાખરીતે.
લખવસા કય તુજ કાજ ખૂટયો.
સામળ

લખવાકવું (લખવાડવું) સ. ક્રિ. કોઈની પાસે લખાવવું.

લખવું ૧. સ. ક્રિ. જળથી ધારણ પીવું.
૨. સ. ક્રિ. અનુભવવું.
૩. સ ક્રિ. કાગળપત્ર લખવા; લખાણ કરવું. અક્ષર ચીતરવા.
૧. લખાણ તે વંચાવું–કાઢવા જૂને પણ લખ્યા ન જૂને = લખાણમાં જે પડયું તે ખરું.
૨. લખી આપવું = લખત કરી આપવું. લેખિત કબૂલાત આપવી; દસ્તાવેજ કરી આપવો.
૩. લખી કાઢવું = ઉતારવું જોઈતકારીથી લખવું; જલદી લખી નાખવું.
૪. લખી જવું = (૧) આવીને લખી લેવું. (૨) મૂનો કર્યા બાદ નામ નોંધી જવું.
૫. લખી લેવું = (૧) લખી આપવું. (૨) લખી કાઢવું.
૬. લખી નાખવું = (૧) જલદીથી લખી કાઢવું. (૨) લખીને પૂરું કરવું.
૭. લખી પાકવું = જલદી લખી નાખવું.
૮. લખી મારવું. = (૧) મનમાં આવે તેમ ફસડાચે જવું, જેમ તેમ લખ્યે જવું. (૨) કોપ તેનાથી જાવું ઉતાવળમાં કે ભૂલથી લખી નાખવું.
૯. લખી મૂકવું–રાખવું = લખાણ કરી રાખવું; નોંધ કરવી; લેખિત દસ્તાવેજમાં બાબતો રાખવું.
૧૦. લખી લેવું = બાદ રહે તે માટે ઉતારી લેવું કે લખવું
૧૧. લખી વાળવું = (૧) લખવાનું કામ પૂરું થવું. (૨) હિસાબ બેબાક કરવો. (૩) હિસાબમાં માંડી વાળવું.
૧૨. લખ્યા લેખ મટશે નહિ = જે લખાનું હશે તે થશે જ.
૧૩. લખ્યાં કરવા = (૧) પદ્ધરામણી નક્કી કરવી. (૨) લખવું; લેખિત કરાર કરવો.
૧૪. હૈયામાં લખી રાખવું = ન ભૂલાય તેવી છાપ હૈયામાં પાડવી
૪. સ ક્રિ. ગ્રંથ કરવો; રચવું; બનાવવું; જોડવું.
૫. સ ક્રિ. ભણવું; ઓગળવું; ગણવું; માનવું.
૬ સ ક્રિ. ટાંકણા કે વતરણાથી સપાટી ઉપર ખોદીને ચિહ્ન કે આકૃતિ પાડવી; ખોતરવું; કોતરવું; ખોદવું; ઊંડો ખાંચો પાડવો.
૭. સ. ક્રિ. ધ્યાનપૂર્વક જોવું; અવલોકવું.
૮. સ. ક્રિ. નકશ કરવી; નકશ ઉતારવી.
૯. સ ક્રિ. નોંધવું.
૧૦. સ. ક્રિ. પીઠી અથવા કલમ પ્રવાહી રંગમા બોળી, અર્ધ સમળાય તેમ બીજી સપાટી ઉપર ચિહ્ન કે આકાર પાડવો; આલેખવું; ચીતરવું.
૧૧. સ. ક્રિ. વાત રદે વિસરાય નહિ એમ કરવું.
લખવો પું. પક્ષઘાત; લકવાનો રોગ.
લખસંસાર પું. લખસાર; જોઈ સમજ તેવી દુનિયા.
લખસંસારની સર્વ ઉપ્પનીય પદનામાં ન્યાં ન્યાં આત્મા સમાયમ થાય છે ત્યા ત્યાં ઓપુકમનાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ રામણી સ્થાપિત થય છે.
સરસ્વતીચંદ્ર
લખસૃષ્ટિ જુઓ લખસંસાર.
લખંડિયો પું. રૂપાની કાકી પાડવાનું હથોડીના આકારનું ઓજારનું ઓજ જાતનું હથિયાર.
લખંલખા જી. ઉપરાઉપરી લખવું તે.
લખાઈ ૧. જી. લખવાની રીત; લખવાની કેળવી.
૨. જી. લખામણી; લખવા બદલનું મહેનતાણું.
૩. જી. લખાણને બદલે પાડવાનું કામ.
લખાઉ ૧. [સં.] વ. ચિહ્ન; લક્ષણ.
૨. પું. નિશાની તરીકે આપેલી કોઈ ચીજ કે પદાર્થ.
૩. વિ. લખવા લાયક હોવું.
લખાણ ૧. ન. ભરત.
૨. ન. પત્ર; કાગળ.
૩. ન. લખવાની કળા; લેખપદ્ધતિ; લખવાની ઢબ.
૪. ન. લખવાનો વિષય.
૫. ન. લખવું તે.
૬. ન. લખીને વસ્તુ બતાવવી તે.
૭ ન લેખ; લખેલું તે, બાબતો. દસ્તાવેજ; સનંદ.
લખાણપઢાણ જુઓ લખાણપટ્ટણ.
લખાણપઢાણ ૧. ન. ખતપત્ર; દસ્તાવેજ.
૨. ન. પત્રવ્યવહાર.
૩. ન. લિખિત પુરાવો.
લખાણપ્રાણ જી. લેખનકળા.
લખાણી ૧. જી. સોનીઓ કારીગરીની એ નામની અટક.
૨. વ. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
લખાણું જુઓ લખાણ.
લખાપટી ૧. જી. અરસપરસ. પત્ર લખવાનો વ્યવહાર.
૨. જી. લખાલખ કરવું તે; વારંવાર લખવું તે.
લખાપઢી જુઓ લખાપટી.
લખામણ ૧. ન. લખવાની રીતી કે પદ્ધતિ.
૨ ન. લખવાનું મહેનતાણું; લખવાનો બદલો; લખામણી; લખાઈ.
લખામણી જુઓ લખામણ.
લખારી જી બોલ બોલ કરવું તે; બકબકાટ.
લખારો ૧. પું નકામી ટકટક
૨. પું. લવારો; બકવાટ; બડબડાટ; બોલબોલ કરવું તે.
૩. પું. લાખ બડાવવાનું કામ કરનાર કારીગર.
૪.[વિ. લખેરા] પું. લાખની ચૂડી વગેરે બનાવનારો માણસ.
લખાલખ જુઓ લખંલખા.
લખાવટ ૧ જી. પાસ્તી; ખીજ.
૨. જી. લખવાની રીતી; લખવાની ઢબ; લખવાની રીત.
૩. જી. લખાણ કરવું તે; બોલે નહિ પણ લખીને કામ કરવું તે; લખાણ.
૪. જી. લવારો; બકવાટ.
લખાવવું ૧. અ. ક્રિ. ઝંપલાવવું; કૂદી પડવું; તલપ મારવી.
૨. સ. ક્રિ. ઉતરાવવું; બીજો લખી લે તેમ કરવું, લખે તેમ કરવું.
લખાવંત વિ. લખાવનાર.
લખાવું ૧. અ. ક્રિ. ધસાઈ જવું; નિર્બળ થવું; શરીરે અશક્ત થવું.
૨. અ. ક્રિ. પડવું
૩. અ. ક્રિ. લખાણ તેમ થવું.
૪. અ. ક્રિ સમજવું; જણાવું.
લખાં ૧. ન. ન વ. નસીબ; ભાગ્ય.
૨. ન વ ન વ લખત; કરાર; દસ્તાવેજ.
લખિત ૧. ન. ભાગ્યમાં જે લખાયેલું હોય તે; ભાવિ; નસીબ; લખ્યા લેખ.
લખિતંગ ૧. વિ. લખનાર; લખાણ કરનાર.
૨. [સં. લિખિત] વિ લિખિતંગ; લખેલું.
લખિયલ વિ. લખેલું
એમા લખિયલ માનવ જેમ
ગુણસુંદરીના રાસ
લખિયારો ૧. પું. એ નામની અટકનો માણસ.
૨. પું. લાખનું કામ કરનાર માણસ.
લખિસું વિ. જોનાર.

લખિયો પું. એક જાતનો ઘોડો

લખી ૧ સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત. ૨ સ્ત્રી. કાર્ય લખેલું હોય તે તિથિ.

લખીમિત સ્ત્રી. હુંડીની અંદર લખેલી મિતિ અથવા તારીખ. તે જેમાં ફેર હોય તો તારીખ એ ખરી મિતિ સમજવી. તેમજ વાર અને મિતિ બને લખેલ હોય તો મિતિ ખરી સમજવી.

લખુડો (લખુડો) ૧. સ્ત્રી. છાબ; ખિસ્સું ૨. સ્ત્રી. પાંદડી.

લખુંપતરું ન. લખત; લેખ; દસ્તાવેજ

લખેનો પું. સોટી અથવા ચાબુકનો ફટકો

લખેર સ્ત્રી. આસામમાં વપરાતી એક ભાષા.

લખેરન [હિ.] પું. લાખમાંથી બનાવેલ વસ્તુ બનાવનાર મજૂર

લખેરા જુઓ લખારો ૩, ૪.

લખેલ વિ. લખી રાખેલું; લિખિત; લખી લીધેલું; નોંધેલું; ટપકાવી લીધેલું

લખેલું જુઓ લખેલ.

લખેશરી ૧. [સ. લક્ષેશ્વર] પું જેની પાસે લાખો રૂપિયા હોય તેવો ધનવાન; લક્ષાધિપતિ; લખપતિ; લાખ રૂપિયાનો ધણી.

૨. વિ. તાલેવંત; શાહુકાર.

લાખ મળવાના નથી અને લખેશરી થવાના નથી એ જે કંઈ હોય તેનાથી સંતોષ માનવો

લખેશી જુઓ લખેશરી.

લખેશ્રી જુઓ લખેશરી

લખેશ્વરી જુઓ લખેશરી

લખેસરી જુઓ લખેશરી

લખો પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. મરુપી પિંગળ પ્રમાણે તે સાટક છંદનો એક ભેદ છે તેમાં ત્રીસ ગુરુ અને છોતેર લઘુ મળી એકસોવીસ માત્રા હોય છે.

લખોટવું ૧. સ. ક્રિ. ચિત્રામણ કરવું; ચીતરવું.

ચાહળાદી ફરસ ઉપર ગુલદાવરીનું સુંદર લખોટેલું કૂંડું જોડેલું હતું. જીવતરામ ઠક્કર

૨. સ. ક્રિ. લાખ લગાડીને ખૂટવું; જેમાં લાખ હોય એવું દ્રાવણ ચડાવવું; લાખ ચડાવી ઘૂંટીને ચળકતું કરવું.

લખોટી ૧ સ્ત્રી. કેરી; મબ્બે; છોકરાંઓને રમવાની જોર જોરથી જેવડી પથ્થર, લાખ અથવા કાચની નાની ગોળી; કકડી. આ ગોળી બીજો ઉંચ આસની હોય તો લખોટો કહેવાય છે અને તેથી નાની હોય તો લખોટી કહેવાય છે.

આ ગોળીથી રમાતી રમતમાં બે ઇંચ ઊંડો અને ત્રણ ઇંચ આસનો એક આર્ય ગોળાકાર ખાડો ખોદવામાં આવે છે. તેને બદલે કેટલાક મળી કહે છે. રમવાનો અનુક્રમ કરવા માટે બધી તરફ અથવા દૂર લખોટીઓ ફેંકવામાં આવે છે તેને પ્રથમ કહે છે. ઉંચવા માટે બધીથી દૂર ખાડાથી દૂર છેટે એક નિશાની કરવામાં આવે છે તેને ધોબું કહે છે. રમતમાં હારનાર છોકરાને દાવ આપવો પડે તેને ધોડી કહે છે. તે રમતમાં જમીનમાં કાણું રાખીને વચલી આંગળીએ ગોળી ચડાવવી અને કમળની પેઠે બીજા હાથની આંગળીઓથી ચારેયે બાજુ નિશાન લઈને ગોળી ફેંકવી તેને આટલું અંતર આપીને ગોળી મારવી કહે છે. રમતમાં અંક અથવા માટે નીચેના શબ્દો વપરાય છે: (૧) એકડ અથવા એકલ કાણું (૨) દુનાં દુના બાજુ અથવા દુબી રાજા, (૩) તીના, તીના તાજા અથવા નિરાણી મારા (૪) ચારાલ અથવા ચબૂતરો ચેકું. (૫) પિલ્લા, પાંચ પિડાળી અથવા પાંચ પાંડવ (૬) છક્કો, છક્કો સાંકુ અથવા સમ્મા કંડવ. (૭) સત્તો અથવા સાત મુનણી. (૮) અઠ્ઠો, આઠ મંડપ અથવા આઠ ઘરવટતા. (૯) નવમન્, નવમન્ કિલ્લો અથવા નાકુ. (૧૦) દસમન્, દશે ગોળિયો અથવા દસમન્ પાકા. (૧૧) અંગિયાર બેંગા. (૧૨) બાર બેટા. (૧૩) ગીરેબાજી. (૧૪) ચાંદ મારી. (૧૫) પદર પાલવા. (૧૬) સોગ ડિરંજન. (૧૭) સુત્તર ગિલ્લી. (૧૮) અઢાર મુકેદ. (૧૯) ગુણી બબ્બ ચકચા (૨૦) વીસક દુક દુક. જેનો એક પણ અંક ન બધો હોય તેને ટિબુ કહેવાય છે.

૨. સ્ત્રી. લાખ લગાડનાર એક જાતનું યંત્ર

૩. વિ. સ્ત્રી. લાખ લગાડેલા હોય એવી. બરણી વગેરેના અર્થમાં વપરાય છે

લખોરેલ ૧. વિ કોતરણી કરેલું કોરેલવાળું

૨. વિ. લાખ લગાડીને ઘૂંટેલું, લાખ લગાડીને ચળકતું કરેલું

લખોટો ૧ પું. અગાઉના કાયમનો રહેલાંબંધ બાકી, સરકારી કુકમ, ઉધાર વગેરે વસૂલ મોકૂફ રહેલાંબંધ પરચીઓવું. બીજાનો અથવા બીજાને લાખની અંદર મારેલી હોય એવો કકડો.

૨. પું. કેરો; મોટી લખોટી; લકડો; ટીબો; મબ્બો કાચ કે પરથરની મોટી ગોળી.

લખોડા ૧. [હિ.] ન અરીસો જડેલી નાની કાગળી.

૨. ન. ચકલા, કેસર વગેરેથી બનાવેલા અંબરામ.

લખ્ખણ ૧ ન. યુગ્મકર્મ.

૨. ન. લક્ષણ; લખ્ખ

૩. ન. રવરૂપ

લખ્ખ વિ. લક્ષ; લાખ; સો હજાર

લખ્ખ ગુરાસી માનિતા.
ખમઈ ખમાણી દેવ પ્રાચીન દ્રવ્યસ્તવન

લખ્ખાપત્ર પું દસ્ત.વજ્જ ખત

લખ્ખામિતિ સ્ત્રી. લખ્યાની તારીખ કે દિવસ.

લખ્ખાલેખ પું ન વ. નસીબ; વિધિ; વિધિએ લખેલો લેખ; ભાગ્ય.

લખ્ખાસાલ સ્ત્રી. લખ્યાનું વર્ષ

લખ્ખાં ૧. ન. વ. વ. નસીબ; ભાગ્ય.

૨ ન વ વ લેખ, દસ્ત.વેજ, લખત.

લખ્યાં કરવા-કરી આપવાં ક્ર (૧) કાગળે ચડાવવું, લિખિત કબૂલાત કરવી. (૨) પહેલું વનેરે નહીં કરવું.

લખ્યાંપતરાં ન. વ. વ. લખત; દસ્તાવેજ.

લખ્યુંપત્ર ન. લેખ; ખત; દસ્તાવેજ; લખેલો કાગળ; લખત

લખ્યુપત્રું જુઓ લખ્યુપત્ર.

લગ ૧. સ્ત્રી. ઘોડિયાદ ઉપરથી મોભને લાગે ટેકો દેવાય છે તે ટેકણ. ટેકો; લાંબા ખાપરામાં મોભ અને મોભિયાની વચ્ચે જે લાકડાની પટ્ટી બાલવામાં આવે છે તે.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) ઝૂમ; તોરણ.

ઉપરિ મોતી ઝાલ ઝબૂક્યા,
ભાતિહિ ઠામિ ઠામિ ઝૂલઝૂમા. લાવણ્યસમય

૩. સ્ત્રી. પાકળો ટેકો; આમલી ઠોકઠાક કરવા પાકળી તરફ જે જોર રાખવામાં આવે છે તે.

૪ સ્ત્રી. લગની; લગન; પ્રેમ

૫. સ્ત્રી. બાજરી લટ.

૬. સ્ત્રી. સૂતરની એક આંટી.

૭. અ. પાસે; નજીક; સમીપ.

૮. અ. માટે; વાસ્તે.

૯ અ. લગણ; લગી; સુધી; તક; પર્યંત.

૧૦. અ સાથે, સમાય.

લગઝૂડ (લગઝૂડ) સ્ત્રી. મગજમારી; માથાફોડ; માથાકૂટ.

લગટ જ સળંગ; એકધારું.

લગટી સ્ત્રી. કોરાની આટી કે ગૂંચળી.

લગડું ન. સૂતરનું વાળેલું ગૂંચળું.

લગડ (લગડ) ૧. [હિ.] પું. માજા પક્ષી; શકરો.

૨. વ છત્રીસ જાતોનું એક દેવપુષ્પ.

૩. વિ સુંદર.

લગડભગડ (લગડભગડ) ન. ઝરખ નામનું હડકા બાનારે પ્રાણી.

લગડભગો (લગડભગો) જુઓ લગડભમડ.

લગડવું (લગડવું) સ ક્રિ. (જૂ. ગુ.) પકડી જવું.

આણી લુસઈ લગડઈ હલઈ,
તે સરસું નવિ ચાલઈ ઝિલઈ
લાવણ્યસમય

લગડી (લગડી) ૧. સ્ત્રી. ધાતુનો ચોસલાના આકારનો ઢાળ; સોના વાદીનો અમુક વજનનો બનો ટુકડો; સોનાની લાંબી ઢાળવી; સોના કે ચાંદીની પાટ.

૨. વિ. ઉત્તમ; બેસ્ટ.

૩ વિ. સુંદર; સ.રુ.

લગડું (લગડ) પું. કપાળમાં બંને ભમરી જોડાજોડ હોય તેવો આખીવાળો પોડો.

લગડું (લગડું) ૧. [સં. લગુડ (લાકડું)] ન. ગધેડાની પીઠ ઉપર માલ ભરવાને માટામાં માટું ચોકઠું; ભલકું; ગધેડા ઉપર નાખવાની ગૂણ; બંને બાજુ માલ ભરાય એવી ઢળી.

૨. ન. ગધેડું

૩. ન. ચોપાટમાં ભરી બધેલી સોગઠી.

૪. ન. ચોપાટમાં હારનારને પડ બાજવું તે.

૫. ન. પીઠે બંધાય એવો ભારે ને કઠાળા ભરેલો બોજ; ભારે બોજો.

બધ બેતાલી કેં લગડું માથે માગે બીજુ ૨. દેવ.નદ

લગડું બાજવું = ભાર, બોજો કે જવાબદારી મોટવા.

લગડ્ય ૧. પું. એક પ્રકારનો રોગ.

૨. પું (પિંગળ) પદેલા બે ગુરુ અને ઉદ્દેલો અક્ષર લઘુ આવે તેવો ગણ.

૩. પું. બોજ; ભાર.

૪ ભ. લગી; સુધી; પર્યંત. મર્યાદા કે હદ બતાવે છે.

લગડ્યા સ્ત્રી. બાલકાંકણી નામની વનસ્પતિ.

લગત ૧. ન. પડોશ; નિકટપણું. સંબીપતા.

૨. ન. પરિચય; વિજ્ઞાન; ઓળખાણ.

૩. ન. સંબંધ; ઘરોબો. ઘરવટ.

૪. ન. સોબત; સમનિ.

૫. વિ. લગતું; સબંધવાળું; નજીકનું.

૬. વિ. લાગેલું, ચોંટેલું.

૭. ભ. તેજ પ્રમાણે

૮. ભ. પાસે; જોડે, નજીક; બને, લગીને.

૯. ભ. સોબતમાં; સાથે.

લગતર સ્ત્રી ; ન સંબંધ; લેવાદેવા; લેવડદેવડ.

લગતા [વિ] જુ જમીનનો નક્કો કરેલ ભાગ.

લગતી ૧. સ્ત્રી. જમીનનો ભાગ.

૨. સ્ત્રી. તરફેણ; પક્ષ; પક્ષ.

૩. સ્ત્રી. પક્ષપાત; ગરજ.

૪. સ્ત્રી સબંધ; લાગતુંવળગતું હોવું તે.

૫. અ. નજીક; પાસે; અડીને; લાગીને.

લગતું ૧. વિ. તરફનું; પાસેનું; નજીકનું; સંબંધ કે જોડાણમાં રહેલું.

લગતાલગત = વારંવાર.

૨ વિ. લાગુ પડતું, લાગુ પડવા જેવું.

૩. વિ. સંબંધી; સંબંધ ધરાવતું; સંબંધવાળું.

૪. વિ. સાથે હોય એવું, સંલગ્ન.

લગદન પું. લાકડાની તકમાં ભરવામાં આવતો પદાર્થ

લગદી ૧. [વિ.] સ્ત્રી. નાના બાળકો માટે પાથરવામાં આવતી મોટડી.

૨. સ્ત્રી. લૂગદી, બખોલી; પ્રવાહી સાથે ઘૂંટીને બનાવેલો ઓપો.

લગદો પું. લગદો ઓપો.

લગધ પું. જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક પ્રાચીન આચાર્ય

લગન ૧. સ્ત્રી. ઝખરોટ; મોટી પહોળી બાગ

૨. સ્ત્રી. તીવ્ર ઇચ્છા, લગની.

૩. સ્ત્રી. ધૂન; ઉત્સાહ; લગનીં એકાગ્ર ચિત્ત રાખવું તે; ખેલ, એકતાર બનવું તે.

૪. સ્ત્રી. પ્રેમ; સ્નેહ.

લગન લાગવી = પ્રેમમાં પડવું.

૫. સ્ત્રી. મિત્રતા.

૬. ન. વસ્ત્ર, ખેલ.

૭. ન. લગનનો અવસર કે ટાણું; લગ્ન ઘડી; લગ્નનો સમય.

૮. ન. લગ્ન; વિવાહ; શાદી; વરકન્યાનું એક બીજા સાથે જોડાવું તે; લગ્નના વિધવાનાં શાસ્ત્રોક્ત કર્મ. જુઓ લગ્ન ૧૧.

૯. વિ. લીન થયેલું, એકચિત્ત.

લગનકુંડલી જુઓ લગ્નકુંડળી.

લગનગાળો જુઓ લગ્નગાળો

લગનઘડી (લગનઘડી) જુઓ લગ્નઘડી.

લગનઘોષણિયું (લગનઘોષણિયું) જુઓ લગ્નઘડી.

લગનપઠો (લગનપઠો) ૧. પું. લગ્નનો શુભ દિવસ લખી મંત્રણાર્થે કંકુ ભરીને બનાવેલી લગ્નપત્રિકા; વરના તરફથી કન્યાને ત્યાં લગ્નનો શુભ દિવસ લખી, મોકલાતું કંકુનું પડીકું.

૨ પું. વરપક્ષ તરફથી વધૂને લગ્નની ભેટ તરીકે મોકલાતો કે કંકુનો પડો મોકલવામાં આવે છે તે.

લગનશાહી સ્ત્રી. સગપણ અને લગ્ન.

લગનસરા સ્ત્રી લગ્નગાળો; લગ્નની મોસમ.

લગનિયું ૧. ન. લગ્નમાં કન્યાને પહેરાવવાનું રૂપાની વીંટી જેવું ઘરેણું.

૨. વિ. લગ્નસોતું; લગ્ન આવેલું.

લગનિયો ૧. પું. કન્યા તરફનો વરને તેડવા જનારો માણસ; કન્યાની તરફથી લગ્નનો દિવસ નક્કી કરી વરના તરફ લખેલો પત્ર લઈ જનાર માણસ.

૨. પું કાઠમાદિયો માણસ

મામો લગનિયો = કાઠમાદિયો માણસ; કાગડો દરનાર માણસ.

લગની ૧. સ્ત્રી ગાઢ ચિંતન.

૨. સ્ત્રી. નાની બાળા; રમાબી.

૩. સ્ત્રી. ખેલ; ખાના; લક્ષ; વૃત્તિ; મોહિની; રઢ; લગન; લત; મુખ્યાકર્ષણની આસક્તિ.

૪. સ્ત્રી. અવસ્થા; યુક્તિ; ગોઠવણ.

લગભગ ૧. અ. અ.રા.

૨. અ. બહુ પાસે લગી એમ; પાસે; નજીક; અડોઅડ; સમત્વ સુધી પહોંચેલું એમ; હદની જરાક બાજીમમ.

લગમાત્રા ૧. [વિ.] સ્ત્રી. નાગરી ભાષાની સ્વરની નિશાની.

૨. વિ. પ્રેમી; સ્નેહવાળું.

લગરક વિ. જરા; થોડું; કંઈક; સહેજ; લગાર; લગ.રે૬.

લગરા પું. કાકાકૈયા નામનું એક પક્ષી.

લગરાક જુઓ લગરક.

લગરિક જુઓ લગરક.

લગરી જુઓ લગરક.

લગરીએક ૧. વિ. જરા; થોડું; કંઈક; સહેજ; લગ.રે૬.

૨. અ. થોડા સમય માટે.

૩. અ. થોડે અંતરે.

લગરીક જુઓ લગરક.

લગલગ ૧. ન. એક બતનું પક્ષી; સારસ.

૨. [વિ.] વિ. અતિ સુકુમાર; બહુ જ કુમળુપાતળું

લગડગાવવું ૧. સ. ક્રિ. ખમકાવવું, પખડાવવું; કપડાના રૂપમાં રહેવું; વહી જાવવું.

૨. સ. ક્રિ. પાણી પડીને નસાડવું.

લગવાડ (લગવાડ) ૧. પું. આગેવાનીપણાનો સમય; આગો વહેવાર.

૨. પું. પ્રેમ; પ્રીતિ; આસક્તિ.

૩. સ્ત્રી. સબંધ; લાગતું વળગતું હોય તે, જોડાણ; વળગણ; બબવાર.

લગવું ૧ ન ખાવાપીવાના પદાર્થનો અમુક જાત કરવો જ અમર નિયમિત રીતે અને અમુક પ્રમાણમાં લેવામ તે; નક્કી કરેલા જાતે કરવો જ અમુક વસ્તુ લેવી તે.

૨. સ. ક્રિ. પહોંચવું; સરખું હોવું; બરાબરીમા હોવું.

૩. સ. ક્રિ. લાગવું; વળગવું.

લગત પું. સંયોગ; મૈથુન.

લગત કરવો = સંયોગ કરવો.

લગંતવિદ્યા સ્ત્રી. કામયોગની વિદ્યા; કામવિદ્યા.

લગાઈ [હિ] પું. લગીર ઉપર નાખેલો કર.

લગાઈબુઝાઈ સ્ત્રી. નિંદા; ચાડીચૂગલી.

લગાઈબુઝાઈ કરવી = (૧) કજિયો કરાવવો. (૨) લડાવવું અને કરવું.

લગાડવું (લગ.ડ્વું) ૧. સ. ક્રિ. અડાડવું; સ્પર્શ થાય તેમ કરવું; અડકે કે લાગે તેમ કરવું.

હાથ લગાડવો = (૧) કબજો લેવાના હેતુથી અડવું. (૨) સ્પર્શ કરવો

૨. સ ક્રિ. કામધંધે વળગાડવું; ચલાડવું; ચીટકાવવું; ઠેકાણે પાડવું; નોકરી અપાવવી; લાગુ કરવું.

કામે લગાડવું = ધંધે વળગાડવું

૩. સ. ક્રિ. ખર્ચ કરવો; જમ કરવો.

૪. સ. ક્રિ. ગાય, ભેંસ, બકરી વગેરે પશુઓને દોહવું.

૫. સ. ક્રિ. મિશ્ર કરવું; નિશાની કરવી.

૬. સ. ક્રિ. ચોડવું; ચોંટાડવું.

ખોટું-માઠું લગાડવું = (૧) ગુસ્સે થવું. (૨) ગુસ્સો જાપ તેમ કરવું.

૭. સ. ક્રિ. ચોપડવું; ચોળવું.

ઓસડ લગાડવું = દવા ચોપડવી.

૮. સ ક્રિ. જડવું; યોગ્ય સ્થાને બેસાડવું.

૯. સ. ક્રિ. ધ્યાન આપવું; મન પર લેવું.

૧૦. સ. ક્રિ. પાથરવું; ફેલાવવું.

૧૧. સ. ક્રિ. બંધ કરવું.

૧૨. સ. ક્રિ. ખાળવું; સળગાંવવું; પેટવવું. જેમકે, આગ લગાડવી

આગ લગાડવી-દેવતા લગાડવો = સળગાવવું, પેટવવું

૧૩. સ. ક્રિ. માનવું; આપવું.

૧૪. સ ક્રિ. ભરવું; ઠોકવું.

૧૫. સ ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

૧૬. સ. ક્રિ. યોજવું; અંત ધરવો; પ્રેરવું.

૧૭. સ. ક્રિ. લગાવવું; સંગ કરાવવો.

ઉપમા લગાડવી = રૂપક અલંકાર વાપરવો; સરખામણી કરવી.

૧૮. સ ક્રિ. સહાર્થ કરવો

૧૯. સ. ક્રિ. લાયુ પાડવું; અર્થ કરવો; ભાષાંતર કરવું

અર્થ લગ.ડવો = અર્થ કરવો. ભાષાંતર કરવું.

૨૦. સ. ક્રિ. બાંધવું; ઉમાડવું.

૨૧. સ. ક્રિ. શરીર ઉપર પહેરવું, ઓઢવું કે ધારણ કરવું.

૨૨. સ. ક્રિ. સારીમાડી અમર કરાવવી.

૧. વાર લગાડવી = ઢીલ કરવી.

૨. મુખ્ય લગાડવા = સમયના પરિણામે સારી કે માઠી અમર ઉપજાવવી.

૨૩. સ. ક્રિ. સાંધવું; સીવવું

ટાંકો લગાડવો = (૧) ટાંકા મારવા. (૨) સીવવું

૨૪. સ. ક્રિ. સ્ત્રી સાથે સંયોગ કરવો

૨૫. સ. ક્રિ. હિસાબ કરવો.

લગાતાર [હિ.] અ. સતત; લાગલાગટ; એક પછી એક; અટકયા સિવાય. આયુ; નિરંતર.

લગાન ૧. સ્ત્રી જમીનનું ભાડું.

૨ સ્ત્રી. મજૂરો પોતાના માથા ઉપરનો બોજ ઉતારી બાકે આવા બેસે છે તે સ્થાન.

૩. [હિ.] સ્ત્રી. મહેસૂલ; જૂકર; વિંછોટી; માલમુલ્કી; જમાબંદી; અમાર; મહોત.

૪. ન. લાગવું કે લગાડવું.

લગામ ૧. સ્ત્રી. અટકાયત; અટકાવ; પ્રતિબંધ.

૨. સ્ત્રી. અંકુશ; દાબ; સંયમ; દબાણ; કબજામા રાખવાનું કે અટકાવવાનું સાધન.

૩. સ્ત્રી. ઘોડાના મોંનુ ઘોડાનું ચોકડું; જીભણી; ના.યું પાત્ર

૪. સ્ત્રી. ઘોડાને આપેલી હાંકનારના હાથમાં રહેતી દોરી, નાથ કે રાશ, પશુને કાબૂમા રાખવા અને ધાર્યા પ્રમાણે ચલાવવા તેના મો અથવા નાકમાં જે દોરી બાંધવામાં આવે છે તે.

૧. લગામ આપવી = (૧) છૂટ આપવી, દાબ, અંકુશ કે બંધન વિનાનું રાખવું. (૨) લગામ ઢીલી મૂકવી.

૨. લગામ ખેંચવી-ઝાલવી-પકડવી = (૧) કાબૂમાં લેવું. (૨) જડું અટકાવવું.

૩. લગામ ચડાવવી-દેવી-લગાવવી = (૧) ચોકડું ચડાવવું. (૨) દાબ રાખવો. (૩) બોલતાં રોકવું.

૪. લગામ છૂટી મૂકવી = વશ ન રાખવું, કબજામા ન રાખવું; મરજી માફક વર્તવા દેવું; સ્વતંત્રતા આપવી; બહેકો જવા દેવું.

૫. લગામ ઢીલી મૂકવી = કાબૂ ઓછો કરવો; દાબ ઓછો રાખવો

૬. લગામ તંગ કરવી = (૧) અંકુશ મૂકવો; બેચવી પકડવું. (૨) અર્થમાં દાબ મૂકવો. (૩) જુલમ કરવો.

૭. લગામ હાથમા આવવી = કબજામા આવવું.

૮. લગામ હાથમાં રાખવી = (૧) અંકુશમાં રાખવું. (૨) સંયમ રાખવો

૯. લગામમાં રાખવું = કબજામાં રાખવું.

૫. સ્ત્રી. બળદની પ.સ્ત્રી

૬. સ્ત્રી. મર્યાદા; હદ.

૭. સ્ત્રી. વિવેક; શરમ.

૮. સ્ત્રી. સત્તા; અધિકાર.

લગામણું વિ. લાગે તેવું

લગામી ૧. [હિ.] સ્ત્રી ઘોડાનો ખૂણો.

૨. વિ. લગામમાં કબજામાં રાખવું; કાબૂ નીચેનું.

લગાર ૧. [હિ.] સ્ત્રી. અનુક્રમ; ક્રમ

૨. સ્ત્રી. નિયમિત રૂપે કોઈ કામ કરવું તે.

૩. સ્ત્રી. પ્રેમ; પ્રીતિ.

૪. સ્ત્રી. રસ્તામા વચ્ચે આવતું સ્થાન. જ્યાં જુગારી લોકો જુગારીને જુગાર રમવાના સ્થાને પહોંચાડી આવે છે. આસ કરીને જુગાર ગુપ્ત સ્થાનમા રમવામાં આવે છે. તેનાથી બોડે છેટે એવું સ્થાન નક્કી કરવામાં આવે છે. જ્યારે કોઈ જુગારી ત્યા પહોંચે છે ત્યારે તેને જુગાર રમવાના સ્થાનનો પત્તો બતાવવામાં આવે છે અથવા તો તેની સાથે કોઈ માણસને મોકલવામાં આવે છે. આ સંકેતસ્થાન કે જ્યાંથી જુગારી લોકોને જુગાર રમવા માટે મોકલવામાં આવે છે તેને તેઓ લગાર કહે છે.

૫. સ્ત્રી. સબબ.

૬. સ્ત્રી. સબંધી માણસ; જેની સાથે ગાઢ વ્યવહાર હોય તેવો પુરુષ

૭. વિ. થોડું; સહેજ; જરાક; કંઈ; લગીર

૮. અ. થોડા વખત માટે; થોડી વાર માટે.

૯. અ. થોડે અંતરે; થોડે દૂર.

લગારક જુઓ લગાર. ૭, ૮, ૯.

લગારતગારક વિ. થોડું; સહેજ; જરાક.

લગારેક ૧. વિ. અલ્પ જ થોડું; કિંચિત; જરા; લગીર

૨. અ. થોડા વખત માટે.

લગાલગ ૧. અ. એક પછી એક.

૨. અ. ક્રમમા; ચાલુ

૩. અ. અપોચપ; અલાહીથી.

લગાલગી ૧. સ્ત્રી. પ્રેમ; પ્રીતિ, સ્નેહ.

૨. સ્ત્રી. સબંધ; મેળ.

લગાવ ૧. પું. આશ્લેષ; ભેટવું તે.
૨ પું ટેકો
૩ પું ઢોળાવ
૪. પું. નિર્દેશ; બતાવવું તે.
૫. પુ પ્રમાણ.
૬. પુ પ્રેમ
૭. પું. મળતાપણું.
૮ પું. મીણ.
૯. પું. વળગવું તે
૧૦. પુ. સમતોલપણું.
૧૧. પુ. સગપણ, સગપણ
૧૨. પું. હાર; પંક્તિ.

લગાવટ ૧ સ્ત્રી. પ્રેમ; પ્રીતિ; સ્નેહ.
૨. સ્ત્રી. સંપ.
૩. સ્ત્રી. સંબંધ
૪. સ્ત્રી. સંસ્કાર; ઓરમાન.

લગાવવું ૧. સ. ક્રિ. અડકાવવું.
૨. સ. ક્રિ. ઢળિયો કરાવવો.
૩. સ. ક્રિ. મારવું; ઠોકવું.
તમાચો લગાવવો = ગાલ ઉપર થપાટ મારવી.
૪. સ ક્રિ. મેળવવું; જોડવું; સામેલ કરવું.
૫. સ ક્રિ. લેપવું; ચોપડવું.
૬. સ. ક્રિ. વળગાડવું; લાગુ કરવું.
૭. સ. ક્રિ. સંસ્કાર કરવો.
૮. સ ક્રિ. સોબત કરવી

લગિત ૧. [સં.] વિ. ની સાથે જોડાયેલું; લાગેલું; સંમકત.
૨. વિ. પ્રાપ્ત; મળેલું.

લગી ૧. પું. પિશાબ; મૂતરવું તે.
૨. સ્ત્રી. ઇચ્છા.
લગી બુઝાવવી = ઇચ્છા તૃપ્ત કરવી.
૩. સ્ત્રી પ્રેમ.
૪. સ્ત્રી. ભૂખ.
૫. અ સુધી; તક; અગાઉ.
લગી જવું = પહોંચી જવું; પૂરા પડવું; કોઈને ત્યાત કરવું

લગીર વિ. જરા; થોડું; અગાર.

લગીરે અ જરાપણ; જરાએ

લગીરેક ૧ વિ થોડું; જરા.
૨. અ. થોડા વખત માટે.

લગુડ (લગુડ:) ૧ પુ. બાજ પક્ષી.
૨. સ્ત્રી. રાતી કલેર.
૩ સ્ત્રી. લાકડી. ધોકો.

લગુર જુઓ લગુડ

લગુલ ૧. [વિ.] પું લાડી. લાકડી; ધોકો.
૨. પું. શિશ્ન; પુરુષની જનનેંદ્રિય.

લગૂત અ. હાથીને કોઈને મારવાનું કહેતા વપરાતો શબ્દ.

લગે ૧. અ. ઉત્તેજનને માટે હું, અસે એવા અર્થમાં વપરાતો એક શબ્દ; ચલને હો: લાગા! ઢાગા' હું! એવો ઉત્તેજનનો એક ઉદ્ગાર.
૨. અ સુધી; લગી: લગણ

લગેજ [અં.] પું. રેલવે ઉતારનો સરસામાન; મુસાફરીમાં સાથે લીધેલો સામાન.
લગેજ કરવું = (૧) ઉતારનો સામાન લગેજના ખાસ ડબામાં મોકલવો (૨) સરસામાન લેખાતી રસીદ કઢાવવી.

લગેજ ઑફીસ [અં] સ્ત્રી જ્યાં ઉતારનો સામાન જોખવામાં આવે તે ઓફિસ.

લગેજ ટિકિટ [અં] સ્ત્રી મુસાફરીના સામાનની ટિકિટ.

લગેજ પાર્સલ [અં] ન. માલના ખાસ જુદા ડબામાં મોકલાતું પારસલ.

લગેજ વાન ૧. [અં.] પું. માલનો ડબો; સામાન રાખવાનો ડબો.
૨. સ્ત્રી. એ નામની એક રમત. આ રમતની અંદર રમનારાઓ બેથી ત્રણ કરોળની અંદર ૨૦થી ૨૫ ફૂટને અંતરે દરેક કરોળમાં એમ ઊભા રહે છે દરેક કરોળની અંદર રમનારાઓ પાસથી વધુ પણ ઓછા નહિ તેટલી સંખ્યામાં હોય છે. રમનારાઓ એક બીજાની કેડ પાછળથી અને હાથથી પકડી માંડીના ડબાની જેમ સકળાયેલા હોય છે. જે વિદ્યાર્થી ઉપર હાવ હોય છે તે થોડે દૂર ઊભો હોય છે. રમત શરૂની સીસોટી થતાં સાથે દૂર ઊભેલો છોકરો જે લગેજવાન બનેલો હોય છે તે દોડીને કોઈપણ બાજુની સાથે પાછળથી જોડાવાનો પ્રયત્ન કરે છે. કરોળમાં ઊભેલાઓ પોતાની કરોળ કે ટ્રેન પાછળ લગેજ વાન ન જોડાય કે પોતાની કરોળમાં ભરાવું ન પડે તેવી રીતે ચપળતાથી આખી કરોળને ફેરવે છે જો કોઈ કરોળમાંથી કોઈ છૂટી જાય તો તે લગેજવાન બને છે અથવા તો જો કોઈ કરોળની પાછળ લગેજવાન જોડાઈ જાય તો તે કરોળનો પ્રથમ જોડાઈ કે એન્જિન છૂટા પડીને લગેજ વાન બને છે. આમ રમત આગળ ચાલે છે. આ રમતનો બીજો પ્રકાર 'ટ્રેઇન્સ ટેઇલ' છે. તે પણ આવી જ રીતે રમાય છે

લગેલગે ૧. પું. વાનર; વાંદરો.
૨. સ્ત્રી. ભોલાચાલી, કંજિયો; ટંટો.
૩ અ. લગોલગ; અડ. પાસે. નજીક
૪. અ. લગે સુધી

લગૈ ૧. અ નજીક; પાસે
૨. અ. સુધી.

લગોલગ ૧ અ. બેઉ પાસેપાસે; એક બીજાને અડીને રહેલું હોય એમ; લગભગ નજદીક; પાસેપાસે; સોડમાં; અડીને.
૨. અ લાગલાગટ; ઉપરાઉપરી

લગ્ગ ૧ વિ. લાગેલું; ચોંટેલું
૨. અ. પાછળ લાગેલું હોય તેમ; સાથે.
૩. અ. પાસે; નજીક.

લગ્ગાક્ષિય પું. (પિંગળ) એ નામે બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કલા. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

લગ્ગા ૧. પું. એક બીજ બીજની સાથે સરખાવવી તે
૨. પું. જેની સાથે દોડી બાંધવામાં આવે છે તે બાંબલી, બાંનો વાંસડો; લગ્ગી.
૩. પું. પ્રેમ
૪. પું. મળતાપણું
૫. પું. સંપ.

લગ્ગી ૧. [વિ.] સ્ત્રી. બાંબલો.
૨. સ્ત્રી. માછલાં પકડવાનો સળિયો.
૩. સ્ત્રી. વાદ
૪. સ્ત્રી. દોડીનો આંકડિયો.

લગ્ગુ ૧. વિ. હિંમાળવું; બહિચારી.
૨. અ. પાછળ લાગેલું હોય તેમ; સાથે; જોડે. લાગુ.
૩. અ. પાસે; નજીક; લગોલગ; લગભગ.

લગ્ગ ૧. પું. મદ કરતો હાથી.
૨. પું. સ્તુતિપાઠક; ભાટ; ભંદીજન; સૂત.
૩. સ. ક્ષિતિજ રેખાને મહોનો ગતિમાર્ગ જે બિંદુમાં છેદે તે બિંદુ
૪. સ ચોક્કસ લક્ષ.
૫. ન. (જ્યોતિષ) જન્મકુંડળીનું પહેલું ભુવન; તનભુવન. આ ભુવનમાં શરીરનાં રૂપ, રંગ, ભ્રમ, ઉંમરનું પ્રમાણ વગેરે જોવામાં આવે છે. ૬. ન. જેટલો સમય પૃથ્વી એક રાશિમાં રહે તેટલો વખત; પાંચ ઘડી જેટલો સમય; બે કલાકનો વખત. દિવસનાં ૭ અને રાત્રિનાં ૭ લગ્ન હોય છે. જે રાશિનો સૂર્ય હોય તે રાશિનું પહેલું લગ્ન ગણાય છે. પૃથ્વી દરરોજ પોતાની ધરી ઉપર ફરતી રહે છે તેમાં તે એક વખત મેષ વગેરે બાર રાશિઓમાંથી પસાર થાય છે. જેટલો સમય તે એક રાશિમા રહે છે તેટલા સમય સુધી તે રાશિનું લગ્ન કહેવાય છે. કોઈ રાશિમા તેને વધારે સમય

લાગે છે તો કોર્ટમાં ઓછો. જેમકે, મીન રાશિમા પોણાચાર કલ, કન્યામાં સાડાપાંચ કલ અને વૃશ્ચિકમાં પોણાછ કલ. લગ્નનો વિચાર ખાસ કરીને બાળકની જન્મપત્રિકા બનાવવા, કોઈ પ્રકારનું મુહૂર્ત શોધવા કે પ્રશ્નનો ઉત્તર દેવામાં થાય છે.

૭. ન. પરણવાનું મુહૂર્ત; વિવાહનો અવસર કે ટાણું.

૮. ન. મેષ વગરે રાશિઓનો ઉદય.

૯. ન. સ્નેહ; પ્રેમબંધ; ચિત્ત લાગવું તે.

૧૦. ન. વરકન્યાએ પતિપત્ની તરીકે સાથે રહેવાનો શાસ્ત્રાનુસાર વિધિ કરવો તે. લગ્નઃ પરણવું તે; વિવાહઃ તે સંબંધી બેરાની રીત. ગૌતમ ધર્મસૂત્ર પ્રમાણે લગ્નના આઠ પ્રકાર આ પ્રમાણે છેઃ બ્રાહ્મ, આર્ષ, પ્રાજાપત્ય, દૈવ, ગાંધર્વ, આસુર, રાક્ષસ અને પૈશાચ. બૌધાયન ધર્મસૂત્રમાં આ જ આઠ નામ છે; પરંતુ એ પ્રાજાપત્યને આર્ષની પહેલાં મૂકે છે. આપસ્તંબમાં પ્રાજાપત્ય અને પૈશાચનાં નામ મૂકી દઈ બાકીનાં છજ નામ આપેલાં છે. વસિષ્ઠ ધર્મસૂત્રમાં છજ નામ છે; પણ તેમાં અનુક્રમ જુદો છે. દૈવને આર્ષની ઉપર મૂક્યો છે. પ્રાજાપત્ય અને પૈશાચ એમાં પણ મૂકી દીધેલ છે અને રાક્ષસવિવાહને ક્ષાત્રવિવાહ એવું નામ આપેલું છે. આસુરને એ માનુષવિવાહ કહે છે અને ક્ષાત્રની પછી મૂકે છે પ્રાજાપત્યઃ—મોટા ભાગનાં આપણાં લગ્ન તે પ્રાજાપત્ય. આ બ્રાહ્મવિવાહનું વધારે સંસ્કારી સ્વરૂપ છે. એમાં વરકન્યાનાં માબાપ સંબંધ નક્કી કરે છે અને લગ્ન થતાં પહેલાં વરકન્યાની અરસપરસ પસંદગી પણ કરવામાં આવે છે. કન્યાનો બાપ સારી સ્થિતિનો હોય તો તે કન્યાને કન્યાદાનમાં સારી રકમ અને ઘરેણાં આપે છે અને વરપક્ષ તરફથી કન્યાને રિવાજ મુજબ પહેલાંની રકમ પણ આપવામાં આવે છે જેના ઉપર કન્યા સિવાય બીજા કોઈનો પણ હક સ્વીકારાતો નથી. કન્યાદાનમાં રકમ, વાસણ, ઘરેણાં, સુશોભિત કપડાં આપવામાં આવે છે. એમાં વરકન્યા સમપદી ભણે અને અગ્નિ સમક્ષ લગ્ન થાય છે. આજ પણ હિંદુઓમાં ઓછવતા ફેરફાર સાથે પ્રાજાપત્ય વિવાહ પ્રચલિત છે. બ્રાહ્મઃ—આ લગ્ન અથવા વિવાહમાં બ્રાહ્મણ દ્વારા વરકન્યાની પસંદગી થાય છે અને માબાપની સંમતિ લેવાય છે. એમાં અરસપરસ કાર્ય આપવા લેવાનો પ્રશ્ન રહેતો નથી, એટલે એને વિશુદ્ધ બ્રાહ્મ લગ્નનું નામ આપ્યું છે. તેમાંથી બીજા વિવાહ પ્રકારોમાં પ્રવેશ પામતાં બળ, વિક્રય, કે છળકપટનાં તત્ત્વો ગાળી કાઢેલા છે. આર્ષ—આ પ્રકારમાં લગ્ન વિગતવાર ધર્મક્રિયા બની જાય છે. લગ્ન કરાવનાર પુરોહિતની હાજરી એમા હોય છે જ. માત્ર એમાં વિશિષ્ટતા એ હોય છે કે, વાગ્દાનવાળી આખની એક જોડ વર તરફથી કન્યાના બાપને અગર તેના વાલીને આપવી પડે છે. એટલા પૂરતું એ લગ્નને આસુરવિવાહના એક હળવા પ્રકાર તરીકે કેટલાક વિદ્વાન ગણે છે. નામપ્રમાણે આ પ્રકાર બહુજ રોમાંચક બનાવ છે. એમાં માબાપની સંમતિ માગવામાં આવતી નથી, ખાસ કોઈ લગ્નક્રિયા કરવામાં આવતી નથી, તેમજ સમાજ સમક્ષ તેની ખાસ જાહેરાત થતી નથી. એનું મુખ્ય તત્ત્વ વરકન્યાની અરસપરસ સમતિ કહી શકાય. એકબીજાને પ્રેમકરારનું અર્પણ અને પરસ્પરને વફાદાર રહેવાનું વચન એટલું જ લગ્નક્રિયા ગાંધર્વ વિવાહ માને છે એમ કહીએ તો કહી શકાય. એને પૂર્વ પ્રેમલગ્નનું નામ આપીએ તો ચાલી શકે. ઘણી વખત પ્રથમ મિલનના ઉત્સાહમાં ગાંધર્વ લગ્ન થતાં. દુષ્યંતશકુંતલાનાં કણ્વઆશ્રમમાં થયેલા લગ્ન એ ગાંધર્વ લગ્નનો પ્રકાર કહી શકાય. ઉષા-અનિરુદ્ધનાં લગ્ન પણ ગાંધર્વલગ્ન હતાં. એ કે કોઈ કોઈ ઋષિ અગર બ્રાહ્મણ એ લગ્નને આશીર્વાદ આપવા વગર આમંત્રણે પણ નીકળી આવે અરા! દૈવઃ આ પ્રકારમાં કોઈ યજ્ઞયાગાદિમાં મુખ્ય અધ્વર્યુ હોય તેને પુત્રી લગ્નમા આપવામાં આવે છે. પહેલાં યજ્ઞો લાંબા ચાલતા અને તેમાં આવેલા પુરુષોની વિદ્વત્તા ઉપર મોહ પામી લગ્ન કરવાનો આ પ્રકાર તે યુગની સમાજરચનાને સહજ ખોળખાવે અરો. આસુરઃ આ પ્રકારનાં લગ્નોમાં કન્યાની કીમત કન્યાના પિતાને આપી કન્યા સાથે લગ્ન કરવામાં આવે છે. આ લગ્નમાંથી બહુપત્નીત્વ પ્રથા વિકસે છે એમ કેટલાક વિચારકોનું મંતવ્ય છે. અરીઢવાની શક્તિવાળો પુરુષ અનેક સ્ત્રીઓ ખરીદી લે. અલબત્ત, સ્ત્રીઓના સામાજિક જીવનની બહુ ઊતરતી કક્ષામાં એ પ્રસંગ બની જાય. સ્ત્રીખરીદી કે સ્ત્રીવેચાણ સ્ત્રીજીવનની હલકામાં હલકી અવસ્થાનું સૂચન કરે છે. અને તેની ઊતરતી કક્ષા અર્થોમાં પણ હતી તે આ લગ્નના સ્વીકાર ઉપરથી દેખાઈ આવે છે. પૈશાચઃ ખોટી ફોસલામણી આપી, ઊતરપિંડી કરી અગર કોઈ નશા કે મંત્રતંત્રની અસર નીચે લાવી તેની સાથે વિવાહ કરવો એ પ્રકારને પૈશાચ વિવાહ કહેવામાં આવે છે પિશાચયોનિને મોખ્ય આ વિવાહ છે કે જે પૈશાચી વાસી વહનાર આર્યોથી ઊતરતી પ્રજામાં પ્રચલિત હોવાથી તેને પૈશાચવિવાહ કહેવાય છે. રાક્ષસઃ આ પ્રકારનું મુખ્ય લક્ષણ જ એ છે કે, એને બળજબરીથી ઊપડો જઈ લગ્ન કરવું. આ બળજબરીના પ્રકારમા છુપી મોહવચ્ચો, બે પક્ષો વચ્ચે મારામારી અને વેરઝેરના પણ પ્રકારો ઊભા થાય છે. અલબત્ત આ વિવાહને પણ પછીથી, સામાન્ય વિવાહની માફક, પ્રતિષ્ઠિત બનાવવામાં આવે છે. છતાં એનું ગમતે કે ન ગમતે કરવું કરવું તે રાક્ષસવિવાહનું ખાસ તત્ત્વ બની રહે છે. એક વસ્તુ ઉપર ધ્યાન આપવા જેવું છે. આવી કરવું કરાયેલી સ્ત્રીઓ સાથેના વ્યવહાર લગ્નનું સ્વરૂપ પામે છે અને લગ્નનાં બાળકો ઔરસ બને છે. બીજાએ પોતાના આર્યઓ માટે અંબા, અંબિકા અને અંબાલિકાનું કરેલું હરવું, કૃષ્ણે રુક્મિણીનું કરેલું હરવું, સુભદ્રાહરણ, ઉષાહરણ અને રાજારજવાડાંમાં તેમજ ધનિક માણસોનાં ઘરસ્થાનોને બાળુ ઉપર મૂકી લેવાના સાર્વત્રિક પ્રસંગમા સ્વીકાર પામેલા સંયુક્તાહરણને પણ આપણે ગણતરી શકીએ! એ હરવું પરંપરા લગ્નની પ્રતિષ્ઠા પામી ચૂકી છે. આમાંની મોટા ભાગની હરણદ્રિયામાં કન્યાની સંમતિ જ રહેતી; છતાં તેમાં રહેલું રાક્ષસવિવાહનું તત્ત્વ આપણે આપણે દૂર કરી શકીએ. આસુર, પૈશાચ અને રાક્ષસ પ્રકારો શિષ્ટ બનવા નથી. એ કે સ્વીકાર્યો છે જરૂર. બાકીના દૈવ, ગાંધર્વ, આર્ષ, બ્રાહ્મ અને પ્રાજાપત્યમા શિષ્ટતા ઊમેરાતી જાય છે. વેદિકકાળમાં કન્યા જ્યારે પુખ્ત ઉમરની થતી ત્યારે લગ્ન કરવામાં આવતાં. કન્યા માટેના ઊમેદવારો કન્યાની માગણી કરતા અને કન્યાનો પિતા પોતાની સમજ પ્રમાણે કન્યાને આપતો. કન્યાને પિતા તરફથી બળદ, ઘોડા ઇત્યાદિનો દાયજો આપવામાં આવતો.

૧. ગોદુહિક-ગોરજ લગ્ન = સંધ્યા સમયે કરવામાં આવતા લગ્ન.

૨. ઘડિયાં લગ્ન = ટૂંક સમયમાં પત્રાવેલ લગ્ન; જેમ અને તેમ જલદીથી નક્કી કરી નાખેલ લગ્ન.

૩. લગ્ન ઊકેલવું = લગ્નની જવાબદારી કે બોજામાંથી પરવારવું

૪. લગ્ન કરવું = પરણવું

૫. લગ્ન ખડાં-ખડવું = જરૂરી પ્રસંગ વીતવો.

૬. લગ્ન જોવું = લગ્નનું મુહૂર્ત જોવું, લગ્નનો દિવસ નક્કી કરવા વરકન્યાના જન્મઅક્ષર જોવા.

૭. લગ્ન ટેકવાં = વિવાહનું મુહૂર્ત સમાચવું.

૮. લગ્ન માંડવું = લગ્નની તૈયારી કરવી.

૯. લગ્નનાં ગીત લગ્ને જ શોભે = યોગ્ય વખતે સૌ શોભે; સમયને માન છે; દરેક વસ્તુ મોસમમા જ સારી.

૧૦. લગ્નમાં વિઘ્ન = કોઈ પણ કામ કરતાં તેમા મુશ્કેલી આવી પડે છે.

૧૧. લગ્ન લખવા-લખાવવાં = લગ્નસ્થિતિ નક્કી કર્યાના લિખિત અહેવાલ આપવા.

૧૨. લગ્ન લેવા-લેવું = (૧) લગ્નની તૈયારી કરવી. (૨) લગ્નનું મુહૂર્ત ઠરાવવું; વિવાહ માટેનો દિવસ નક્કી કરવો.

૧૩. લગ્ને લગ્ને કુવારા = હમેશ અનુભવ; દરેક વખતે તૈયાર; અધીરું; દરેક વસ્તુમાં તૈયાર; હરહમેશ જરૂરમા.

૧૧. ન (જ્યોતિષ) શુભ કાર્ય કરવાનું મુહૂર્ત. ગાંધીજી લખે છે કે: હિંદુ શાસ્ત્રાનુસાર છોકરાને વહેલામાં વહેલો રૂપમે વર્ષે પરણાવી શકાય. જો હિંદુસ્તાનની મતલબોને સૂકી જાય કે છોકરા ઓને છોકરા-છોકરીઓની ઉમરમાં પરણાવવાં એ મહાપાપ છે તો આપણાં બધાં લગ્નો આપોઆપ જ બંધ થઈ જાય તેમ છે. વળી આપણે ત્યાંની છોકરીઓ હિંદુસ્તાન ઉષ્ણ દેશ હોવાથી વહેલી વયમાં આવે છે, એ વહેમમાંથી પણ આપણે એકદમ ઊતરી જવું જોઈએ. આથી વધારે મોટો બીજો કોઈ વહેમ મેં જોયો નથી. હું હિમતથી કહું છું કે, હવાપાણીને સુધારવાની જોડે કરી બેસવા દેવા નથી. અકાળે જુવાની આવી જાય છે તે આપણાં કુટુંબોમાં આજે જે માનસિક અને નૈતિક વાતાવરણ પ્રવર્તે છે તેને કારણે છે.

૧૨. ન. સૂર્ય કોઈ રાશિમાં પ્રવેશ કરે તે **પ્રભુ.**

૧૩. વિ. આસક્ત; લીન; એકચિત્ત.

૧૪ વિ. આપત્તું; ઉપજતું.

૧૫. વિ. કામમાં રોકાયેલું

૧૬ વિ. ક્ષિતિજ ઉપર ગયેલું.

૧૭ વિ. તરત જ અનુસરતું.

૧૮. વિ. આગેલું; વળગેલું; જોડાયેલું; સંસર્ગમાં આવેલું.

૧૯ વિ. આસક્ત, લક્ષ્ય થયેલું.

૨૦. વિ. શુભ.

લગ્નજાતુ [સં.] સ્ત્રી. વિવાહનો સમય.

લગ્નદ ૧. પું. એ નામનો એક રાગ.

૨. [હિં.] પું. સારંગ.

લગ્નદીપક [સં.] ન. લગ્નની પહેલાં વર અને કન્યાના ઘરે બાંધવામાં આવતું મંગલસૂત્ર.

લગ્નદેહી સ્ત્રી. લગ્ન પહેલાં વરકન્યાની કોઠમાં આરોપવાનું મંગળ

લગ્નકાર્ય [સં.] ન. લગ્ન અંગેનું કામકાજ.

લગ્નકાલ [સં.] પું. લગ્ન કે બીજા મંગળ કામ માટેનો શુભ વખત; લગ્ન કે બીજા શુભ કાર્યનું મુહૂર્ત.

લગ્નકાળ જુઓ લગ્નકાલ.

લગ્નકુંડળી ૧. સ્ત્રી. (જ્યોતિષ) જ્યોતિષનું વિવાહસંબંધદર્શક મહત્ત્વ; લગ્ન જોવાનું રાશિચક્ર. ૨. સ્ત્રી. માણસના જન્મ વખતે કયા કયા ગ્રહ કઈ કઈ રાશિમાં છે તે બતાવનાર કુંડળી. જન્મકુંડળી; જન્મોત્તરી; દરેક ખાનામાં ગ્રહો અથવા ગ્રહનો આંક મૂકેલો હોય તેવા આર આનાંવાળી આકૃતિ.

લગ્નકુંડળી જુઓ લગ્નકુંડળી.

લગ્નક્રિયા [સં.] સ્ત્રી. વિવાહની વિધિ.

લગ્નગંડાંત પું. (જ્યોતિષ) મેષથી આર આર રાશિ ગણતાં કર્ક, વૃશ્ચિક, મીન એ ત્રણ લગ્નની અંતની અરધી ઘડી.

લગ્નગાળો પું. લગ્નની મોસમ; લગ્નની ઋતુ કે વખત; લગ્ન કરવાના શુભ દિવસ; મોટા દિવસમા જે વખતે ઘણાં લગ્ન થતાં હોય તે સમય; લગ્નસરો. ઉત્તરાયણથી માંડીને આઠેક નોમ લગી શુભ મોજ્યા દિવસોમાં લગ્ન થાય છે.

લગ્નગીત [સં.] ન. વિવાહ પ્રસંગે ગવાતું ગીત.

લગ્નગ્રંથી [સં.] સ્ત્રી. વિવાહબંધન; લગ્નસંબંધ; લગ્નની ગાંઠ.

લગ્નઘડિકા ૧. સ્ત્રી. અષ્ટોના પ્રમાણની સંધિ

૨. સ્ત્રી. લગ્નનું નક્કી કરેલ મુહૂર્ત; લગ્નક્રિયા શરૂ કરવાનું શુભ મુહૂર્ત; લગ્નની મુખ્ય ક્રિયા કરવાની ઘડી કે મુહૂર્ત; લગ્નની ઘડી; લગ્નનું ચોઘડિયું; લગ્નવિધિનું મુખ્ય કાર્ય જે ટાણે કરવાનું હોય તે શુભ ટાણું; જે શુભ સમયમા વરકન્યાનો હસ્તમેળાપ કરવાનો હોય છે તે.

લગ્નઘોઘડિયું (લગ્નચોઘડિયું) જુઓ લગ્નઘડિકા.

લગ્નજીવન [સં.] ન. પતિપત્ની તરીકેની જિંદગી

લગ્નતિથિ સ્ત્રી. જે તિથિએ લગ્ન થઈ હોય તે; લગ્નનો અનુકૂળ દિવસ; લગ્ન માટેની શુભ તિથિ.

લગ્નત્યાગ [સં.] પું. વિવાહનો ત્યાગ કરવો તે.

> સાસ્વતીચંદ્ર અમુક સમજણથી લગ્નત્યાગ કરી જંગલમા રહેવાનો નીકળે છે. પ્રસ્થાન

લગ્નદિન [સં.] પું. લગ્નનો નિશ્ચિત દિવસ.

લગ્નદિવસ જુઓ લગ્નદિન.

લગ્નદ્વેષી [સં. લગ્નદ્વેષિન્] વિ. વિવાહનો વિરોધ કરનાર.

લગ્નનક્ષત્ર [સં.] ન. વિવાહનું અનુકૂળ નક્ષત્ર; જન્મરાશિ કે જેની કોઈ શુભવિધિ કરવા માટે જે નક્ષત્ર મંગળ ગણાય તે; મંગલક્રિયા માટેનું મંગળ નક્ષત્ર.

લગ્નનિર્દેશ જુઓ લગ્નદેષો.

લગ્નપત્ર જુઓ લગ્નપત્રિકા.

લગ્નપત્રિકા [સં.] સ્ત્રી. લગ્ન જણાવેલું હોય તેવી પત્રિકા; કંકોતરી; જેના ઉપર લગ્ન કરવાનો શુભ સમય લખેલો હોય છે તે કાગળ.

લગ્નપદ્ધતિ [સં.] સ્ત્રી. લગ્નવિધિની ક્રિયા; લગ્નપ્રથા.

લગ્નપર્વણી સ્ત્રી વિવાહનો ઉત્સવ.

> સ્નેહમંદિરે લગ્નપર્વણીનો મહોત્સવ ઊજવ્યો. નાનાલાલ

લગ્નપ્રથા જુઓ લગ્નપદ્ધતિ.

લગ્નપ્રસ્તાવ [સં.] પું. વિવાહની શરૂઆત.

લગ્નપ્રેમ [સં] પું. વિવાહથી ઉત્પન્ન થતો પ્રેમ.

લગ્નફાંસલો પું. સંસારનું બંધન.

લગ્નબંધન જુઓ લગ્નગ્રંથી.

લગ્નભંગ [સં.] પું. છૂટાછેડા.

લગ્નભુક્ત ન. એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો વખત.

લગ્નમહોત્સવ [સં.] પું. વિવાહનો અવસર.

> સુરપતિએ પાઠવ્યાં છે અમને, દેવર્ષિજી ? આજના લગ્નમહોત્સવમાં મંગલ આવા. નાનાલાલ

લગ્નમંડપ પું. લગ્નનો વિધિ કરવાને બાંધેલો માંડવો; લગ્ન માટે તૈયાર કરેલો મંડપ.

લગ્નમાજી સ્ત્રી. લગ્નપ્રસંગે ગોઠવણમાં આવતી ચીજો.

લગ્નમુક્તિ [સં.] સ્ત્રી. છૂટાછેડા.

લગ્નમુગટ પું. પરણતાં માથે પહેરેલો મુગટ.

લગ્નમુહૂર્ત [સં.] ન. લગ્નના લગ્નવિધિ માટેનું શુભ મુહૂર્ત; લગ્નવેળા; જે સમયે વરકન્યા હિંદુવિધિ એક બીજાને વરે છે-હસ્તમેળાપ કે તે લગ્નકાળ.

લગ્નરજોત્સવ પું. લગ્ન થયા પછી પચીસમા વરસે ઊજવવામાં આવતો ઉત્સવ.

> લગ્નરજોત્સવને લગ્નમહોત્સવ. બાળકમાં કાં ન લખે ? કોમુદી

લગ્નવરો પું. લગ્ન વખતે કરવામાં આવતું જમણ.

> આવતી મોસમમાં કેટલાંક લગ્ન તો એવાં હું જોવા જાઉં છું કે જેમાં લગ્નવરો કે જમણવારો થતો નહોય. વલ્લભભાઈ પટેલ

લગ્નવંતું વિ. પરણવું; પરણવા જેવું.

> આ તે જગતપરણો કે લગ્નવંતીનો સોના સળિયાળો ભરતકામ ! નાનાલાલ

લગ્નવિચ્છિન્ન [સં.] વિ. છૂટાછેડા અપાયેલું; કારગતી પામેલું.

લગ્નવિચ્છેદ [સં] પું. છૂટાછેડા; ફારગતી; તલાક; વિવાહનો સંબંધ તોડી નાખ વો તે.

લગ્નવિચ્છેદ પત્ર [સં.] પું. તલાકનામું; પૈડ છૂટકાની ફારગતી.

લગ્નવિધિ [સં.] સ્ત્રી. લગ્નની ક્રિયા.

લગ્નવિરોધી [સં.] વિ. લગ્નમાં નહિ માનનાર.

લગ્નવેલા જુઓ લગ્નવેળા.

લગ્નવેળા સ્ત્રી લગ્નમુહૂર્ત. લગ્નકાળ; લગ્ન માટેની મંગળઘડી.

લગ્નવ્યવહાર [સં] પું. પરણવાનો રિવાજ.

લગ્નવ્રત [સ] ન વિવાહની દીક્ષા.

કન્યાનું પંચની પ્રેરણાઓ સમા
પરસ્પરને પ્રભુતામાં પ્રેરે
એ લગ્નવ્રતની મહા દીક્ષા.

નાનાલાલ

લગ્નવતિની વિ સ્ત્રી લગ્ન કરવાનું વ્રત છે તેવી, લગ્ન કરવા ચાહતી,

કુમારિકા અને લગ્નવતિની વિધવા એ ૨.બહેનમ છે. ગુ. સા પરિષદ

લગ્નવતિયું વિ. લગ્ન કરવાના મનવાળું.

લગ્નશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. મંગળકાર્ય કરતી વેળાએ ગ્રહો વગેરેનો શુભ યોગ હોવો તે.

૨. ન. એ નામનું જ્યોતિષ સંબંધી જ્ઞાન આપતું પુસ્તક.

લગ્નશૃંખલા [સં] સ્ત્રી. વિવાહનું બંધન; સંસારની બેડી.

લગ્નશૃંખલામાં જગને બાંધી લેશો ?

પ્રસ્થાન

લગ્નસગાઈ સ્ત્રી. લગ્નની તૈયારી.

લગ્નસમારંભ [સં.] પું લગ્નોત્સવ; વિવાહ.

લગ્નસરણી સ્ત્રી. લગ્નનો રિવાજ.

લગ્નસરા જુઓ લગ્નમાળો

લગ્નસરો જુઓ લગ્નસરા.

લગ્નસ્થાન [સ.] ન (જ્યોતિષ) જન્મકુંડળી માં મહેનું એક ઘર.

લગ્નસ્થાન વિષે સૌમ્ય ગ્રહો સહિત હોય તો પણ ચંદ્રમા સરસ નહિ. રાજનલ્લભ

લગ્નસ્નેહ [સ] પું. વિવાહ ઉપરનો પ્રેમ.

સ્નેહ વગરના આપણા મહાન કવિ તે આ લગ્નસ્નેહના પણ મહત્તમ ઉપાસક છે.

પ્રસ્થાન

લગ્નાવસ્થા [સં.] સ્ત્રી. પરિણીત જીવન.

જસસ કાર્લસ્ટ અવિવાહિત હતા. તેમણે કદાચ લગ્નાવસ્થા સ્વીકારી હોત તો તેમનું જીવન જેવું આજે આપણે જાણીએ છીએ તેવું ન હોત.

પ્રસ્થાન

લગ્નિકા [સં.] સ્ત્રી જેને અટકાર આવતો નથી એવી કન્યા, જેને રજોદર્શન થયું નથી એવી સ્ત્રી.

લગ્નિત [સં.] વિ. પરણેલું; વિવાહિત.

કવિ લગ્નની ઉપર લગ્નિત જોડાં થે નિશ્વાસના
દરજ્જાર કાઢયા છે. સ્નેહમંદાકા

લગ્નેશ [સ.] પું (જ્યોતિષ) લગ્નનો અધિપતિ ગ્રહ.

લગ્નોચ્છેદક [સ] વિ. લગ્નનું સાટું તોડનાર.

લગ્નોચ્છેદક ધર્માસન [સં.] ન. છૂટાછેડાની કચેરી.

આમાં ' લગ્નોચ્છેદક ધર્માસન ' આપે તેના કરતાં વધારે સુખ મેળવે કરવાની શક્તિ હજારો આર્યો હૃદયમાં છે. ગોવર્ધનરામ

લગ્નોત્તરી જુઓ લગ્નોત્રી.

લગ્નોત્રી ૧. સ્ત્રી. કન્યાપક્ષ તરફથી વરને પરણવા આવવા માટેની આમંત્રણ પત્રિકા.

૨. સ્ત્રી. વરકન્યાનો પરણવાનો નક્કી કરેલો દિવસ.

લગ્નોત્સવ [સં] પું. વિવાહની ઉજવણી.

લગ્નોદય [સ] પું લગ્નનો ઉદય થવાનો સમય કે ઉજવણી.

લઘ વિ. (જૂ મુ.) લઘુ; નાનું.

પરિ પરિનાં પ્રીત્યાં પરવાન,
જિ લઘ વય પણ દીઅડિ જાંન. વિમલપ્રબંધ

લઘટ [હિ.] પું. વાયુ.

લઘટિ [સં] પું. પવન.

લઘણિરા ૧. સ્ત્રી દ્વિઅર્થી; બેવડો અર્થ.

૨. સ્ત્રી પ્રેમનું તેમ; પ્રેમનો

૩. સ્ત્રી હરકત. અડચણ.

લઘનીત સ્ત્રી. પેશાબ.

કુડ આરે કીધા લઘનીત.
તવ કોપ કરી ગ્રીષ્મે ઉદ્ભવત. પ્રેમાનંદ

લઘરવઘર વિ ચીંથરેહાલ; ફાટેલતૂટેલ કપડાં પહેરેલ હોય તેવું.

લઘરા પું ન વ. લૂગડાના ટુકડા; ચીંથરાં.

લઘરિયું વિ કપડું ફાટી જવાથી લીરા લબડતા હોય તેવું; લઘરવઘર.

લઘરો ૧ સ્ત્રી મોહ; મમતી; લેહ.

તારું મને લઘરો લાગ્યું,
તરસેમાની કેમ રેવ રે નરસિંહ

૨. સ્ત્રી. વળગાડ; ચોંટવું તે.

૩. વિ. અમુકના જેવું; મેળવેલું; મંદુસોત્રો.

૪. વિ. ફાટયા તૂટયા ચીંથરાં જેવું; લઘરવઘર; ચીંથરેહાલ; ફાટેલતૂટેલ કપડાંવાળું.

લઘરી પું પેશાબ. મૂત્ર.

લઘા [અ.] ન. બોલવામાં ભૂલ કરવી તે.

લઘિના [હિ.] પું પ્રાચીન સમયનું એક પ્રકારનું હથિયાર,ળુ ધારદાર અણ, તેના વડે જેમ વગેરે કાપવામાં આવતા હતાં.

લઘિમા ૧. [સં. લઘિમન્] સ્ત્રી. લઘુતા; લઘુત્વ; લઘુપણું; નાનું હોવું તે.

૨. સ્ત્રી. અધિકારીપણું.

૩ સ્ત્રી. જે વડે શરીરને લઘુ કે હળવું કરી શકાય એવી આઠ સિદ્ધિઓ પૈકીની એક યોગિક સિદ્ધિ; હલકું કરી પરવશ કરવાની શક્તિ. પ્રાકામ્ય, અણિમા, પ્રાપ્તિ, મહિમા, ઈશિતા, વશિતા, લઘિમા, વશિતા અને લઘિમા એવા સિદ્ધિના આઠ પ્રકાર છે.

૪ સ્ત્રી હલકાપણું; નીચતા; દુષ્ટતા

લઘિમાસિદ્ધિ જુઓ લઘિમા ૩

લઘિયાત [હિ.] સ્ત્રી વ વ મૂર્ખાઈ ભરેલા વચનો.

લઘિષ્ઠ [સં.] વિ. સૌથી વધારે હલકું.

લઘી [અ.] સ્ત્રી ચંગળીની જેમ ભોગવેલી ઠકીકત.

લઘીયાન [સ. લઘીયસ્] વિ જેમાં વધારે હલકું.

લઘુ ૧. પું. (શિલ્પ) અસ્થિ; શરીરનો અમુક ભાગ.

૨. પું. (સંગીત) એક સેકંડ જેટલો વખત; એક માત્રાનો કાળ.

૩. પું જ્યોતિષ પ્રસિદ્ધ પુષ્ય વગેરે નક્ષત્ર; હસ્ત, પુષ્ય અને અશ્વિની નક્ષત્રોનું નામ.

૪. પું તાલનું એક માપ; માત્રા.

૫. પું. (પિંગ) પ્રાકૃતભાષામાં ત્રણ માત્રાનો એક પ્રકાર. તે બાર માત્રાઓનો હોય છે. તેના બે પ્રાકૃતપ્રકાર મધ્યમ અને ઉત્તમ કહેવાય છે.

૬. પું. શિવના હજાર નામ પૈકીનું એક નામ

૭. પું હ્રસ્વ અક્ષર. બોલતા એક માત્રાનો કાળ લાગે તેવો વર્ણ.

૮. સ્ત્રી પૃક્કા ઔષધિ. કપૂરીમધૂરી.

૯. ન. કાળું અક્ષર.

૧૦ ન. પેશાબ.

લઘુ કરવા જવું = પેશાબ કરવા જવું.

૧૧. ન. સુતરની વાળો; બરસ.

૧૨ વિ. ઉચ્ચારમાં ભારે નહિ એવું; મૃદુ સ્વરનું. દીર્ઘથી ઊલટું, હ્રસ્વ સ્વરનું; હ્રસ્વ; એક માત્રાનું.

૧૩. વિ. ચપળ; છબરડ.

૧૪. વિ. હીનકુળ.

૧૫. વિ. ત્વરિત; શીઘ્ર. અલદી
૧૬. વિ. થોડું; અલ્પ, જરા.
૧૭ વિ. દુર્બળ; નબળું
૧૮. વિ નાનું, ટૂંકું
૧૯ વિ. નિઃસાર; સત્ત્વ કે માલ વિનાનું
૨૦. વિ. નીચ; હલકું; અધમ.
૨૧ વિ. પચવામાં સહેલું
૨૨. વિ. મનને ઠીક; ગમતું
૨૩ વિ. મનોહર, સુંદર; પ્રિય.
૨૪ વિ મૃદુ, નરમ
૨૫. વિ. યુવાન; ઉંમરમાં નાનું.
૨૬ વિ. રોગથી મુક્ત થયેલું.
૨૭ વિ. સહેલું; મુશ્કેલ નહિ તેવું, સુગમ; થોડી મહેનતનું.
૨૮. વિ. સૂક્ષ્મ; ઝીણું
૨૯ વિ. સ્વચ્છ, ચોખ્ખું
૩૦ વિ. હળવું; હલકું; વજનમાં ભારે નહિ એવું
૩૧ અ. ઝટ
૩૨. અ નિરસ્કારથી; ઉપેક્ષાથી

લઘુઆરામ ચિહ્ન ન. (સંગીત) સંગીત ગેયનમાં તાલ શરૂ થતાં વચ્ચે એક માત્રાનો અવકાશ છોડીને સરખા ભોગવા વપરાતી નિશાની

લઘુઋક્ષ ન. નાનું રીંછ; ઉત્તરમાસ; સપ્તર્ષિ અથવા નક્ષત્રચક્રની ઉત્તરે મોળાર્ધમાં આવેલ એક તારાસમૂહ. તેના આકાર નાના રીંછ જેવો છે.

લઘુઓષ્ઠ [સં] પું. નાનો હોઠ; જીભની જનનેંદ્રિયના બાહ્ય ભાગમાં પૃથુઓષ્ઠની નીચે આવેલ પાતળું ચામડીનું પડ.

લઘુકચ્છ [સં] ન. સફેદ જીરું

લઘુકથા [સં] સ્ત્રી. નાની વાર્તા.

લઘુકરણ [સં.] ન. ઘટાડવું તે; ન્યૂનીકરણ. વજનમાં કે પરિમાણમાં ઓછું કરવું તે.

લઘુકર્ણ [સં] વિ. ટૂંકા કાનવાળું

લઘુકર્ણી [સં.] સ્ત્રી. મૂર્વા નામની વનસ્પતિ.

લઘુકર્મ [સં.] ન. હલકું કામ.

લઘુકંઠકી [સં.] સ્ત્રી. કિંકિણીનો ઝોક.

લઘુકેસ પું. નાનો કૌંસ. જે ( ) આ રીતે લખાય છે

લઘુકાય ૧. [સં] પું. બકરો.
૨. ન. નાનું શરીર.
૩. વિ. નાનું.
આ અધિકારના લઘુકાય અંતમાં તે સમાય તેમ નથી. પ્રસ્થાન

લઘુકાયા [સં.] સ્ત્રી. બકરી.

લઘુકાલિકા ન. એ નામનું એક ઉપપુરાણ

લઘુકારમર્ય [સં.] ન. કામશાસ્ત્રનું ગ્રંથ.

લઘુકૃતિ [સં] સ્ત્રી. નાનું કાર્ય.

લઘુકેસરી ન. સિંદૂર ભસ્મ

લઘુકોષ્ઠ પું કાટખૂણાથી નાનો ખૂણો; સાંકડો ખૂણો. ૯૦°થી નાનો કોણ; ' એક્યૂટ એંગલ '.

લઘુકોષ્ઠત્રિકોષ્ઠ [સં.] પું. જેનો ત્રણે ખૂણામાંનો દરેક કોણ કાટખૂણાથી નાનો હોય તેવો ત્રિકોણ

લઘુકોશ પું. નાનો શબ્દસંગ્રહ.

લઘુકૌમુદ્યાદરસ [સં] પું. (વૈદક) એક જાતનું આયુર્વેદિક ઔષધ.

લઘુકૌમુદ્યાદિચૂર્ણ [સં] ન. (વૈદક) એક જાતની આયુર્વેદિક દવા.

લઘુક્ષૌદ્રાદિકવાથ [સં.] પું. (વૈદક) જોરિંગડી અને બીજી દવાઓનો ઉકાળો

લઘુક્ષેત્ર ૧ [સં] ન. નાનું ખેતર.
૨. ન. નાનો વિસ્તાર.

લઘુખંડ [સં.] પું. નાનો કટકો

લઘુગજ પું (ચિત્ર) ચોરીસ તસ્તનું એક માપ
૭ અં.શ જમનો એક તસુ થાય, એવા ચોરીસ તસુના એક ગજ થાય. એવા ગજનું નામ લઘુગજ કહેવાય છે. ચિત્રવલ્લભ

લઘુગાત્ર [સં.] પું. ભાખરી, પુખ અને હરત નરાનો સમૂહ.

લઘુગાયક પુ. ભાંધરાક; ગુજરાતીજાત

લઘુગર્ગ [હિ.] ન. એક જાતની માછલી.

લઘુગંગાધરચૂર્ણ [સં.] ન. (વૈદક) એક જાતનું ઔષધ.

લઘુગોસ્તૂર [સં.] પું. મોટા મોગરાનો ઝોડવો. તેના મૂળ દશમૂલાદિકવાથમાં વપરાય છે. તેનાં ફૂલ મોગરા કહેવાય છે.

લઘુગ્રહ [સં.] પું મૃત્યુ અને સર્પ વચ્ચેનો નાનો ગ્રહ; અર્ધપ્રહર

લઘુગ્રંથ [સં.] પું. થોડા પાનાંવાળું નાનું પુસ્તક.

લઘુચંદન [વિ] ન. કાળું અગર

લઘુચિત્ત ૧. [સં.] વિ. વાચાળ
૨. વિ. હલકા મનવાળું; છીછરા હૃદયનું; જેનું મન બહુ જ દુર્બળ કે સંયમ હીન તેવું

લઘુચેતા [સં.] વિ. હલકા મનનું; નીચ.

લઘુચ્છદા [સં.] સ્ત્રી. મોટી શતાવરી.

લઘુજન [સં.] પું. નાનો કે હલકો માણસ; ગુરુજનનો વિપર્યય.

લઘુજલ [સં.] ન. હંસ નામનું પક્ષી.

લઘુજાંગલ જુઓ લઘુજલ.

લઘુજીવી [સં. લઘુજીવિન્] વિ. થોડો વખત જીવનારું; અલ્પાયુષ્ય

લઘુઝુંડાળી પું. નાની ભરતી.

લઘુઝૂલણા પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ.

લઘુતમ ૧. [સં] પું. લઘુતમ સાધારણ ભાજક, લઘુતમ સાધારણ અવયવ; અમુક રાશિઓમાંની દરેકથી જેને શેષ વિના ભાગી શકાય એવી નાનામાં નાની સંખ્યા
૨ વિ. સૌથી થોડું; બધાંમાં નાનું, બધામાં થોડું.

લઘુતમછેદ જુઓ લઘુતમ સમચ્છેદ.

લઘુતમ સમચ્છેદ [સં] પું. અમુક અપૂર્ણાંક સંખ્યાઓના દરેકના છેદથી બરાબર ભાગી શકાય એવી નાનામાં નાની સંખ્યા.

લઘુતમ સાધારણ અવયવી જુઓ લઘુતમ સાધારણ ભાજક.

લઘુતમ સાધારણ ભાજક [સં] પુ. લઘુતમ સાધારણ અવયવી, બધામાં ટૂંકામાં ટૂંકો ભાજક. સહુથી નાનામાં નાનો સાધારણ ભાજક, બે અથવા વધારે સંખ્યામની દરેક નિઃશેષ જાય એવી બધી અને સહુથી મોટી સંખ્યા. જેમકે, ૩, ૪, ૬ એ સંખ્યાઓમાં દરેક ભાજક બધી એવી સંખ્યા ૧૨, ૨૪, ૩૬, ૪૮ વગેરે છે. એ સંખ્યાઓમાં નાનામાં નાની સંખ્યા ૧૨ છે. માટે ૧૨ એ ૩, ૪ અને ૬નો લઘુતમ સાધારણ ભાજક છે

લઘુતમ સાધારણ વિભાજ્ય જુઓ લઘુતમ સાધારણ ભાજક.

લઘુતમાપવર્ત્ય જુઓ લઘુતમ સાધારણ ભાજક

લઘુતર [સં.] વિ. બેમાંથી વધારે હલકું

લઘુતા ૧. [સં.] સ્ત્રી. અલ્પત્વ.
૨. સ્ત્રી. અવિચારીપણું.
૩. સ્ત્રી ચપળતા.
૪. સ્ત્રી. ટૂંકાપણું
૫. સ્ત્રી. નાનાપણું; થોડપણું; ઓછપ, અલ્પતા.
૬. સ્ત્રી. નીચપણું; હલકાઈ, ક્ષુદ્રતા.
૭. સ્ત્રી. બાલ્યાવસ્થા; નાનપણ
૮. સ્ત્રી. સહેલાઈ
૯. સ્ત્રી. સ્વચ્છતા.
૧૦. સ્ત્રી હળવી હલકી; હલકાપણું

લઘુતાઈ જુઓ લઘુતા.

લઘુતાપસ [સં.] પું. નાનો તપસ્વી.

લઘુતાવાચક [સં.] વિ. લઘુતા બતાવનાર.

લઘુતિક્ત પું. મરાડિંગ.

લઘુત્રયી ૧. [સં.] સ્ત્રી. કાલિદાસે રચેલાં કુમારસંભવ, મેઘદૂત અને રઘુવંશ એ ત્રણ કાવ્યોનો સમૂહ.

૨. સ્ત્રી. (વૈદક) ભાવપ્રકાશ, માધવનિદાન અને શાર્ઙ્ગધર એ ત્રણ પુસ્તકો.

લઘુત્વ જુઓ લઘુતા.

લઘુત્વવાચક જુઓ લઘુતાવાચક.

લઘુત્વશક્તિ જુઓ લઘિમા.

લઘુદર્શન [સં.] ન. કોઈ પણ વસ્તુ કે બાબતને ટૂંકી કરવી તે; 'સમરી'.

એ સૂત્રો એ પુસ્તકનું લઘુદર્શન સમજવાનું નથી એટલું માત્ર ધ્યાનમાં રાખવું. છગનલાલ

લઘુદંતી [સં] સ્ત્રી. ક્ષુદ્રદંતિ વૃક્ષ; નાનો નેપાળો.

લઘુદાડીમીચટી (લઘુદાડીમીચટી) સ્ત્રી. એ નામે એક જાતનું ઔષધ. તેમાં સૂંઠ અને જમાલગોટા એ બે ભાગ, મરીનું એ ભાગ અને કાચા દાડમના દાણા ચાર ભાગ એ બધાને એક કાચા દાડમમાં ભરી, પુટપાક વિધિ કર્યા પછી વાટીને બનાવેલી અક્કલના દાણા જેવડી ગોળીઓ ખાટાની સાથે કાચાના વ્યાધિ ઉપર અપાય છે.

લઘુદીક્ષ વિ. દૂરની નજરવાળું.

લઘુદીર્ઘશંકર સ્ત્રી. મળમૂત્ર.

અતિમુક્તના સુખમિષને, લઘુદીર્ઘશંકા સાર. પ્રેમાનંદ

લઘુદુષ્કૃતિ [સં.] ન. નાનું નગણું; નાનો દોષ.

લઘુદ્રાક્ષા [સં.] સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

લઘુદ્રાવી [સં.] વિ. જલદી પીગળી જનાર.

લઘુધૃતતાલરામ [સં.] ન. (સંગીત) તાલના મિશ્ર અંગમાંનું એક અંગ; એક માત્રાનું વિરામ અંગ, બે માત્રાનું દ્રુત અંગ અને ચાર માત્રાનું લઘુ અંગ એ ત્રણ મુખ્ય અંગો મળીને થયેલું ૭ માત્રાનું એક મિશ્ર અંગ.

લઘુનાદ [સં.] પું. (સંગીત) કોમળ સ્વર.

તેનો અર્થ લઘુ અર્થાત્ ઓછા કરતાં લઘુનાદ એટલે કે સ્વર કે ધ્વનિ એવો અર્થ થાય છે. ગુ. સા. પરિષદ

લઘુનામા [સં. લઘુનામન્] ન. અક્ષર.

લઘુનારાચ [સં.] પું. (સંગીત) એ નામે આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; પ્રમાણિકા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

લઘુનિત પું. ચેતાળ.

લઘુનીતિ સ્ત્રી. લઘુશંકા મૂતરવું તે; પેશાબ કરવો તે.

લઘુનોળવેલ સ્ત્રી. વારનાનો વેલો.

લઘુપક્ષ [સં.] પું. હેતુવાક્ય; પક્ષાવયવ.

લઘુપતિતતા [સં.] સ્ત્રી. ઓનો એક ભેદ. જે સ્ત્રી પોતાનાં સાસુ, સસરા, પતિ, પુત્ર કે જેઠ વગેરે સબંધી વર્ગના જાણ્યે, કામ ન હોવાથી પર પુરુષ સાથે પ્રીતિ કરી શકતી નથી તે લઘુપતિતતા કહેવાય છે.

લઘુપત્રક [સં] પું. કપીઓ. કપીઆના વૃક્ષને નાના નાનાં પાંદડાં હોય છે માટે તેને લઘુપત્રા કહે છે.

લઘુપત્રી ૧. [સં.] સ્ત્રી. અપત્ય વૃક્ષ; પીપળો.

૨. વિ. નાના પાનવાળું.

લઘુપર્ણી ૧. [સં.] સ્ત્રી. મૂર્વા; મોરવેલ.

૨. સ્ત્રી. શતાવરી.

લઘુપંચમૂળ [સં.] ન. પાંચ જાતની વનસ્પતિનાં મૂળ. શાલીપર્ણી, પૃશ્નીપર્ણી, બૃહતી, કુટા અને મોસુર એ પાંચ છોડનાં મૂળ લઘુપંચમૂળ કહેવાય છે.

લઘુપાક [સં.] પું. જલદી પચી જાય એવો ખાદ્ય પદાર્થ.

લઘુપાકી [સં.] વિ. જલદી પચી જાય તેવું.

લઘુપાચી વિ. જલદી પચે એવું.

લઘુપાઠ પું. કરંદિયાનો વેલો. તેનાં મૂળ અને પાન દારૂ બનવા જતા કેફના માટે વપરાય છે. તેનો પ્રતીપાટના જેવો વેલો હોય છે.

લઘુપાતી [સં.] પું. કાગડો.

લઘુપિપ્પલ [સં.] ન. પ્રબંધચિંતામણિના ઉપલા ભેદાના આધારથી સહેજ નીચે આગલી બાજુ ઉપર આવેલ એ નામનો ઉત્સેધ.

લઘુપુષ્પ [સં.] ન. એક જાતનું કદંબનું ઝાડ.

લઘુપુસ્તક [સં] ન. સારસંગ્રહ; સંક્ષિપ્તગ્રંથ.

લઘુપ્રતિભા [સં] સ્ત્રી. નાના આકારની તસ્વીર કે છબી.

લઘુપ્રમાણ [સં.] ન. ઝાઝુંઆછું; વધતોઓછું; કાંઈક.

લઘુપ્રયત્ન ૧. [સં.] વિ. આળસુ.

૨. વિ. ઓછા પ્રયત્નથી ઉચ્ચારાય તેવું.

લઘુપ્રહાર [સં.] પું. આંચકો; અચકો.

લઘુપ્લક્ષ [સં.] ન. અણિયોર.

લઘુપ્લક્ષી જુઓ લઘુપ્લક્ષ.

લઘુબ્રાહ્મી [સં.] સ્ત્રી. એક જાતની ચાકળી.

લઘુભક્ષોષ્ઠ [સં.] પું. ઓની જાતનેંદ્રિયનો એક અવયવ.

લઘુભાગ્યાપક [સં] ન. ઘણું થોડું અંતર આપનારનું સાધન.

લઘુભાર ૧. [સં] વિ. વજનમાં હલકું.

વ્યવહાર અને વાતચીતના સામાન્ય પ્રસંગો જેટલા હૃદયાવેધક વિના લઘુભાર કથામાં રાખવા કરવાનો હાલના યુરપના નાટક સાહિત્યનો ધ્વનિ ગુજરાતીમાં આણવાનો કેટલોક પ્રયાસ થયો છે. ર. મ. નીલકંઠ

૨. વિ. હસ્તવાચા; સુવાચ્ય; સહેલાઈથી કહી જવાય તેવું.

લઘુભોજન [સં.] ન. નાસ્તો; અલ્પાહાર.

લઘુભ્રાતા [સં. લઘુભ્રાતૃ] પું. નાનો ભાઈ.

લઘુમત [સં.] પું લઘુપક્ષ; ન્યૂનપક્ષ

દુનિયાનું સર્વ કદાપક્ષ લઘુમતમાં આવી રહેવાનો દાવો કરે છે. પ્રસ્થાન

લઘુમતિ ૧. [સં.] સ્ત્રી. ઓછી સમજણ.

૨. વિ. અલ્પબુદ્ધિ; મૂર્ખ; ઓછી સમજણવાળું.

લઘુમતી ૧. સ્ત્રી. બીજા મત કરતાં પક્ષ કે એવો કોઈ સમુદાય.

૨. સ્ત્રી બીજા મત હોવા કે ધરાવવા તે; 'માઇનોરિટિ'.

લઘુમનુષ્ય [સં.] ન. બહુ જ ઠીંગણું માણસ; વામન.

લઘુમસ્તિષ્ક [સં.] ન. નાનું મગજ; અવર મસ્તિષ્ક.

લઘુમંજીષ્ઠાદિકવાથ [સં.] પું. (વૈદક) મજીઠ અને બીજી દવાઓનો ઉકાળો.

લઘુમંડૂરવટક [સં.] પું. (વૈદક) એક જાતનું ઔષધ. મંડૂર અને હીમજ ચાર ચાર તોલા લઈ તેને ચાર રતલ ગોમૂત્રમાં ઉકાળી તે મટ્ટ થવ એટલે તેમાંથી નાની બોર જેવડી ગોળીઓ બનાવવી. તેનો ઉપયોગ પાંડુરોગ ઉપર થાય છે.

લઘુમાત્ર [સં.] વિ. બહુ જ ઓછું; અલ્પ.

સ્થૂળ પ્રીતિનો વિચાર તેમના હૃદયમાં લઘુમાત્ર છે. સરસ્વતીચંદ્ર

લઘુમાયા [સં] સ્ત્રી. બહુ નાનું રૂપ ધારણ કરવાની શક્તિ.

લઘુમાલિની વસંત જુઓ લઘુમાલિનીવસંત રસ.

લઘુમાલિનીવસંત રસ [સં.] પું (વૈદક) એક પ્રકારનો ઔષધીય રસ. તે ગર્ભનું ઉત્તમ પોષણ કરે છે. નાનાં બાળકોના સર્વ રોગ ઉપર અપાય છે.

લઘુમાંસ [સં.] ન. તેતર નામનું પક્ષી.

લઘુઆંસી [સં.] સ્ત્રી. નાની જટામાંસી.

લઘુઆમિતિ સ્ત્રી. ટૂંકાક્ષરી સહિ. ' પ્રનિરવલ '.

લઘુમૂલક [સ.] વિ. નાના મૂળવાળું.

લઘુમૃગાંકરસ [સં.] પું. (વૈદક) પારાની બનાવટની એક જાતની દવા.

લઘુમોરવેલ સ્ત્રી. મોરવેલના વેલાનો એક પ્રકાર.

લઘુયાન [સં.] ન. નાનું ગાડું.

લઘુરાજમૃગાંક [સં.] પું. (વૈદક) બધી જાતના વાયુરોગ ઉપર તથા શરીર સતેજ બનાવવા માટે વપરાતું એ નામનું એક ઔષધ.

લઘુરુદ્ર [સં.] પું રુદ્રને પ્રસન્ન કરવા કરાતો એક જાતનો યજ્ઞ.

લઘુરૂપ [સં.] વિ. પુખ્તાનઃ નાની ઉમરનું

નેહ કરહરે ઘરઘરે સંગ ખાલા.
કો યહ જોબન લઘુરૂપ બાલા. પ્રેમાનંદ

લઘુરેખા [સં] સ્ત્રી. (—) અનુ એક વિરામચિહ્ન

લઘુરોહિષ [સં.] ન. બહુ જ ઓછું તે. કુબેરાગ પ્રદેશમાં થાય છે. તેનાં ફૂલ ફેબ્રુઆરી મારેલાં હોય છે. સૂકાયેલ ઘાસનો રંગ રાતો હોય છે. ઘોડાને ખાવાના ડામમાં તે આપે છે તેને રોગ રોગ પણ કહે છે તે કૃમિ, ઉપરસ, તાવ, શૂળ, અજીર્ણ, પિત્ત અને કફનો નાશ કરનાર મનાય છે

લઘુલાઈ જુઓ લઘુ ન. એક પ્રકારનું વૈદક પ્રસિદ્ધ ચૂર્ણ, એક જાતનું ઔષધ.

લઘુલાઘવતા [સ] સ્ત્રી. યુક્તિ; કરામત, તદબીર.

લઘુલાઘવતા કરીને રામ,
આપ્યો ભાનો ભાંગ્યો નાથ. સમશ્લોક

લઘુલાઘવી ૧. [સં.] સ્ત્રી. ઉપયુક્ત કરવાની અને સાધુ માણસ સમજે નહિ એવી કળા; હાથચાલાકી, પેયવાણી તદબીર, યુક્તિ, પ્રપંચ, કાવાદાવો; યુક્તિપ્રયુક્તિ. બાજી ચતુરાઈનું કામ.

૨. સ્ત્રી. ચપળતાથી છટકી જવું તે.

૩. સ્ત્રી. શરીરને યુક્તિ પ્રમાણે નાનું અને ગળવું બનાવી શકાય એવી સિદ્ધિ.

લઘુલાઘવી વિદ્યાએ,
પરવેરા કરે પરકાયા,
અતિ રસ્પર્શપાતાળ,
રચે દેવતાઈ માયા. સામળ

લઘુલિપિ સ્ત્રી. બોલેલું જલદી લખી શકાય તેવી ટૂંકા સંકેતવાળી લિપિ; શબ્દોને ટૂંકામાં લખવાની લિપિ; હરવાક્ષરી, લિખલિપિ; ટૂંકાક્ષરી. ' શૉર્ટહેન્ડ '.

૧૯૦૮થી હું એક યુરોપિયન પેઢીમાં લઘુલિપિ લેખક છું. નવલકથા

લઘુલિપિકાર વિ. લઘુલિપિથી લખનાર; ટૂંકાક્ષરી લખનાર

લઘુલુબ્ધક [સં.] પું. રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે જોવામાં આવેલ એક તારાસમૂહ. તેનો આકાર એક નાના કૂતરા જેવો છે.

આદ્રાથી પૂર્વ પ્રભાસ-લઘુલુબ્ધકનો પહેલો વર્ષનો તારો છે. તે દક્ષ પ્રજાપતિની બેટીઓ અંતરે છે. આકાશદર્શન

લઘુલેખ [સં.] પું. ટૂંકો લખાણ

લઘુલેખક [સં.] વિ. લઘુલિપિથી લખનાર; લઘુલિપિકાર.

લઘુલેખન ૧. [સં.] ન. ઝડપથી ટૂંકમાં ચાલું લખવાની સંકેતલિપિ કે પદ્ધતિ, ' શૉર્ટહેન્ડ '.

૨. ન. લઘુલિપિમાં લખવું તે.

લઘુવય [સ લઘુવયસ] સ્ત્રી. બાલ્યવય; બચપણ

લઘુવયી જુઓ લઘુવયસ્ક

લઘુવયસ્ક વિ. નાની ઉમરનું.

સિદ્ધરાજની સભામાં લઘુવયસ્ક હેમચંદ્રાચાર્યને મદદમાં રાખી તેમણે કુમારવ્યાકરણ નામનો વિદ્યાભ્યાસનો ગ્રંથ બાર વર્ષમાં પૂરો કર્યો અને તેમાં વિજય મેળવ્યો. આમ ગૌરવપ્રદ સાહિત્યમાં છે. પુરાતત્ત્વ

લઘુવલ્કલા [સં] સ્ત્રી. તેજપત્ર નામની વનસ્પતિ કેમકે, તેનાં પાંદડાં નાના નાના હોય છે.

લઘુવાતવિધ્વંસનરસ [સ.] પું (વૈદક) એક પ્રકારની ઔષધીય બનાવટ.

લઘુવાર્તા [સં.] સ્ત્રી નવલિકા, બોધકથા; લઘુકથા

એવી એકે ચાર રાકે એવી વાતા એ લઘુવાર્તા આનંદશંકર ધ્રુવ

લઘુવિરામ ૧. ન. (સંગીત) તાલનું એ નામનું એક અંગ; લઘુ અને વિરામ એ બે મુખ્ય અંગ ગણીને બનેલું એક મિશ્રઅંગ.

૨. ન. મૃદંગની સોળ માંહેની એક માત્રા.

લઘુવૃત્ત [સં.] ન. નાનું વર્તુળ. નાનો ગોળ

લઘુવૃત્તિ ૧. સ્ત્રી. નાની ટીકા.

સિદ્ધહેમ વ્યાકરણની બે વૃત્તિ છે. બૃહદ્વૃત્તિ અને લઘુવૃત્તિ. પુરાતત્ત્વ

૨. વિ. અલ્પસ્થિતઃ ગોટાળાવાળું.

૩ વિ. નીચ; હલકું; અધમ.

૪. વિ. ગળવું; પચવામાં સારું નહિ એવું.

લઘુવેશ ૧. [સં.] પું. બાળકનું સ્વરૂપ.

૨. પું કોઈનો પોષાક ધારણ કરવો તે

કળ ઘોટે કળ સાર ભાવક લઘુવેશ જ લીધો. રામમુનિ

લઘુવ્યયા [સં] સ્ત્રી સામાન્ય ખર્ચ

લઘુશંકા ૧ સ્ત્રી. જેમાં થોડી શરમ આવે તેવું કામ.

૨. [સં] સ્ત્રી પેશાબ કરવો તે; મૂતરવું તે; પેશાબની હાજત.

લઘુશંકા કરવા જવું = પેશાબ કરવા જવું.

લઘુશાખા ૧ સ્ત્રી વાણિયાની ચોગરી માંહેની એક જાત

૨ ન. એ નામની જાતનું માણસ.

૩ વિ. એ નામની જાતનું.

લઘુશિખર [સં] પું સંગીતનો એક પ્રકારનો તાલ

લઘુશિરસ્ક [સં.] વિ નાના માથાવાળું

લઘુશેખર [સં.] પું (સંગીત) બંધ જાતિ માત્ર અથવા બાર માત્રાનો તાલ: પખવાજ, તેના આવર્તમાં બાર તાલના ઠપ્પા એટલે સ્થાન છે. પહેલી તાલ પહેલી માત્રા ઉપર છે. તે ઉપર સમ છે. બીજી તાલ છઠ્ઠી માત્રા ઉપર અને ત્રીજી અગિયારમી માત્રા ઉપર આવે છે.

લઘુશેષ જુઓ લઘુશેખર

લઘુશ્મશ્રુ [સં.] ન. એક જાતનું છમકું.

લઘુસઢાફલા [સ.] સ્ત્રી. ઉંદરાનું ઝાડ.

લઘુસપ્તર્ષિ [સ.] પું. નાના સપ્તર્ષિ. ધ્રુવના તારાને ઓળખવા માટે પહેલા ધ્રુવમત્સ્ય તારાના ઝૂમખાનું ઓળખાણ કરવું પડે છે. તેને સપ્તર્ષિ પણ કહે છે. તેમાં સાત તારા છે. ધ્રુવનો તારો આ મત્સ્ય એટલે માછલીના સાત તારાના પૂછડાને છેડે છે. મત્સ્યના બે તારા માછલીના વિસ્તરેલા મોઢા જેવા લાગે છે. તેમાના બે તારા તેજસ્વી છે. બાકીના તારા તેજમાં તેનાથી ઊતરી છે. ધ્રુવમત્સ્યના તારાનો આકાર સપ્તર્ષિના જેવો જ છે. માત્ર તે કદમાં નાના છે એટલોજ ફેર છે. અંધારી રાતે પણ આ મત્સ્યનું ઝૂમખું સ્પષ્ટ જોઈ શકાય છે તથા તેને છેડે ધ્રુવનો તારો હોવાથી તેનું દિશા બરાબર રહિયામણું લાગે છે.

લઘુસપ્તાર્થ [સ.] પું. જલદી તૈયાર થઈ શકે એવો રાજા કે રાજ્ય. ગુરુસપ્તાર્થ અને લઘુસપ્તાર્થ એ બે પ્રકારના મિત્રોમાં ગૌતિલ્યે બીજાને જ સારો કહ્યો છે. કારણ કે, તેની શક્તિ ઓછી જ નથી હોતી પરંતુ તે સમયસર તૈયાર

લચર

તો થઈ શકે છે. પ્રાચીન આચાર્ય મુહૂર્તમુક્તાવલીને સારો માને છે. કાન્હજી કે, તે જોઈને જલ્દી તૈયાર થઈ શકતો નથી પરંતુ જ્યારે કાર્ય કરવા તૈયાર થાય છે ત્યારે તેનો પૂરું કરીને જ છોડે છે

લઘુસંખ્યાંક [સં.] વિ. થોડી સંખ્યાવાળું

લઘુસુદર્શનચૂર્ણ [સં] ન. (વૈદ્યક) તાવ અને મંદાગ્નિ ઉપર અપાતું એ નામનું ઔષધ તે બનાવવા કરિયાતું પાંચ ભાગ અને પીપલી, પીપરીમૂળ, ગળો, સૂંઠ, લીમડાની છાલ, કડુ, હરડાં, બહેડાં અને તજ એ દરેક એકેક ભાગ લઈ ચૂર્ણ કરવું. બધા પ્રકારના તાવ ઉપર તે અપાય છે તેની માત્રા ૧ા તોલો છે.

લઘુસૂરણ મોદક પું. (વૈદ્યક) હરસ અને અજીર્ણ ઉપર આપવામાં આવતું એક પ્રકારનું ઔષધ. મરી તોલો ૧, સૂંઠ તોલા ૨, ત્રિફલા તોલા ૪, સુરણ તોલા ૮ અને ગોળ તોલા ૧૬ ને મિશ્ર કરીને એકેક તોલાના વજનની ગોળી બનાવાય છે

લઘુસ્વરૈકય [સં.] ન. (સંગીત) ચાદી, સોણાનુવાદી અને સંવાદી એમ ત્રણ સ્વરોનું ઐક્ય.

લઘુહસ્ત વિ. [સં.] પું. ખાણ રેંસવામાં ઝડપદાર હાથવાળો માણસ.

૨. વિ. ઝડપથી કામ કરનાર.

લઘુહસ્તાક્ષર [સં.] પું. સ્ટેનિક હસ્તાક્ષર; ટૂંકી સહી; ' ગ્રનિસ્પલ્સ '.

લઘુહિમવંત પું. (જૈન) ભારતક્ષેત્રની સીમાએ આવેલ એ નામનો હિમઓરસ પર્વત.

લઘુહ્રસ્વ વિ. [સં.] ન. બોલવું કે ટૂંકું કરવું તે.

૨. ન. હલકું પાડવું કે તિરસ્કાર કરવો તે.

લઘૂકૃત વિ. [સં] વિ. ટૂંકું કરેલું.

૨. વિ. તિરસ્કાર કરાયેલું.

લઘૂક્તિ [સં.] સ્ત્રી. અપમાનકર બોલવું.

લઘૂચ્ચારણ [સં.] ન. હ્રસ્વ સ્વરે બોલવું તે.

ર.ર. નરસિંહરાવ કહે છે કે આપણે આખ્યા જ બોલીએ છીએ, પણ ઉચ્ચાર લઘૂચ્ચારણ હોવાથી આપણને ભ્રમ થાય છે. કુસુમબાળા

લઘૂત્થાન [સં.] વિ. ઝડપથી તૈયાર થઈ શકે તેવું.

લઘૂત્થાનમિત્ર [સં.] પું. કોઠિલ્યે જણાવેલા ઉત્તમ મિત્રના ૭ ગુણોનો એક ભેદ.

લઘૂદ્ઘારિકા [સં.] સ્ત્રી. ઉચ્ચારનું ઝડપ.

લઘ્વપરાધ [સં.] પું. ગૌતરતા દરજ્જાનો ગુનો.

લઘ્વર્થન્યાયાસન [સં.] ન. નાના દાવાની ન્યાયાધીશ કે અદાલત; ' સ્મોલ કોઝિઝ કોર્ટ'.

લઘ્વરિષ્ઠ [સં.] ન. હાથનાં કાંડાંનાં હાડકાંની ઉપલી હારમાંનું નાનું હાડકું.

લઘ્વંગ [સં.] ન. (સંગીત) ગળાનાં સૌ કરતાં નાનું એક અંગ.

લઘ્વાહાર વિ. [સં.] પું. હલકો ખોરાક.

૨. વિ. ખાવામાં મિતાહારી.

લચ્ચી વિ. [સં.] સ્ત્રી. કોમળ સ્ત્રી.

૨. સ્ત્રી. કપટ માંહેની એક પાત્રિચનત્વ રેવતા.

૩ સ્ત્રી. નાલુકો વાહન.

૪ સ્ત્રી પુષ્પ વનસ્પતિ.

૫. સ્ત્રી પેશાબ.

તેને ઉતર ગેસી જાય, સર્વ **લચ્ચી** જ કરે. પ્રેમાનંદ

૬. સ્ત્રી. જોર.

લચક વિ. સ્ત્રી. આંચકો; ખેંચાણ.

૨ સ્ત્રી. એક પ્રકારની હોડી. તે ૬૦ થી ૭૦ હાથ લાંબી હોય છે.

૩ સ્ત્રી. જનાવરમાં થતો એક જાતનો રોગ. લાંબી દુલત મારવાથી, બહું શ્રમ કરવાથી, બરાબર નાગચૂંથીથી, કૂદવાથી અથવા બગના બરાબર ન.હ.થી આ રોગ થાય છે. તેમાં જનાવર લથડાય છે, પગ ઉપાડી શકતું નથી, સોજો આવે છે અને ચાલતાં ખોડંગે છે.

૪. સ્ત્રી. જોર લાગવાથી, ભાર પડવાથી અથવા આઘાતથી હાથપગના એકાદ અવયવનું લચકાવું કે મરડાવું તેવું નબી પડવું તેવું લથડવું કે લટકવું બહું જવું તેવું લપાવું તેવું મચકોડ; કરમોડ; મોડ; મચક

લચક ખાવી-ખાવી = મચકોડાવું.

૫. સ્ત્રી. લચકાવી ચાલ.

૬. સ્ત્રી. સ્થિતિસ્થાપકતા.

લચકતું વિ. નીચું નમેલું.

૨. વિ. મરડાયેલું; મચકોડાયેલું.

૩. વિ. લંબડાઈને ચાલતું.

૪ વિ. સ્થિતિસ્થાપક.

લચકદાર જુઓ લચકતું.

લચકન ન. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

લચક મચક ન. આરથી નમવું અને મરડાઈને ચાલવું તે

લચક લચક વિ. ઢીલું પડી સાંધાનો સબંધ શિથિલ થઈ ઝૂલવું; ઝોલાતું; લચ્યાં; લટકી પડી આમ તેમ હાલવું અને અથડાવું.

૨. ન ખોટે માટે ઠોકિયે; જલદીથી; ઉતાવળથી; લચ્યો ને તચ્યો

લચક લચક આવું = ઉતાવળે આવું.

૩. ન. લચકાઈને; મરડાટમાં

લચકવું ૧. અ. ક્રિ. આરથી અથવા કપડાંથી સાંધામાંથી બસી જવું; વંકે વળવું; નમી જવું; મરડાવું; મોચાવું; લચી જવું; બારથી નમવું; ઊતરવું; ખોબરાવું; કરમોડવું; સાંધામાંથી ઊતરી જવું.

૨. અ ક્રિ. યૌવનના મદમાં ચાલતાં કેડથી મરડાવું, નમી જવાવું કે લચી પડવું

લચકા ૧. પું. ઘક્કો

૨. પું. મરડ.

૩. પું. સોના અથવા રૂપાનો લેસ.

૪. [હિં.] સ્ત્રી. એક જાતની ઢોડી.

લચકાયેલું વિ. સાંધામાંથી બસી ગયેલું; સાંધામાંથી ઊતરી ગયેલું.

લચકાલોળ ૧. વિ. ખૂબ; અતિશય; મોટા જથ્થામાં.

મોતી ઢગલાં છે લચકાલોળ નંદલાલ નાનડિયા. ઇંદિરાળી રાવ

૨. વિ. આરથી નમી પડેલું.

લચકાવવું જ. ક્રિ. લચકે એમ કરવું

લચકાવું જુઓ લચકવું.

લચકો ૧. પું. પોચા કે ઢીલા પદાર્થનો ભીંગો; ઓચો; હાથમાં સહેજ રાકાય એટલા ઢીલા પદાર્થનો થોડો જથ્થો; પાંચ આંગળાં વચ્ચે રહે એટલો ઢીલો અને લોંદા જેવો પદાર્થ.

લચકો કાળ = ઢીલી દાળ.

૨. પું. હાવભાવ.

૩. પું. બહુ બોલવું તે.

૪. વિ ખ.ટ્ટ, લચકા જેવું

લચકોડાળ સ્ત્રી. પ્રવાહી અને ભભરી વચ્ચેની ઢીલી દાળ

લચકવું (લચકવું) સ. ક્રિ. ચોપડવું; મરડવું; લપેડવું.

લચતું વિ. ઢીલું; પોચું

લચપચ ૧. વિ. ગૂંદર જેવું; ચીકણું

૨. વિ. રસ કે પ્રવાહીથી ભરપૂર; પ્રવાહી ભળવાથી લોંદા જેવું થયેલું; અંદરથી પ્રવાહી ટપકે એવું; તરબોળ; નીચોવાથી પાણી નીકળે તેવું

લચપચવું ૧. અ ક્રિ. નીતરવું; તરબોળ હોવું; લચપચ થવું.

૨. અ. ક્રિ. લસડવું; પ્રસરી જવું.

લચપાચયું જુઓ લચપચ.

લચર ૧. [હિં.] પું. ઢોંગી માણસ.

૨. વિ. નબળું.

૩. વિ. પોચું.

૪. વિ મૂર્ખ.

લચલચ ૧. પું કોઈ વસ્તુના આમતેમ હલવાથી થતો અવાજ
૨. પું. કૂતરાનો પાણી પીતી વખતે થતો અવાજ.

લચલચવું જુઓ લચકવું.

લચવું ૧. અ કિ. ત્રાંસું થઈ નમી પડવું.
૨. અ કિ. નરમ કોરી મૂકવી; આમલ મૂકો દેવો; ઢીલા પડવું; નમવું મૂકવું; લટી જવું; તાબે થવું; શરણ થવું; કબૂલ થવા જેવી સ્થિતિમાં આવવું; કબાલ જવું.
૩. અ. કિ. દૂરી જવું; ખોભરવું.
૪. અ. કિ. ભારથી નમી જવું.
લચી જવું–પડવું ૦ (૧) કાલાવાલા કરવા. (૨) નમી જવું
૫. અ કિ. વજનમાંથી જરાક નમી જવું; સાધારણ થવું

લચાંડ ૧. સ્ત્રી. પીડા; ત્રાસ; વગગણ; બલા; બેન; નકરાર; ઝોડ.
૨. વિ. માથાકોડિયું; બેન પડાવે તેવું; તકરારી.

લચાટ સ્ત્રી. કેડ લચી જવાથી પીડા થવી તે.

લચાવવું સ. ક્રિ. વાંકું રાખવું કે વાળવું.
મૌલિ લચાવી, લલિત નચાવી, આંખડલી અહિમાણી.
ગીતગોવિંદ

લચાંડ જુઓ લચડ.

લચ્ચુમવું અ. ક્રિ. નીચા નમવું

લચ્છ ૧. પું. લચ્છો; માંજો; પાસેસા જોરની આંટી.
૨. સ્ત્રી. લક્ષ્મી; પૈસો; લાભ.
જેમ લોભીને લચ્છ, જેમ બાળકને માત.
સામળ
૩. ન. ચ.સા; રીત;
૪. ન. ચિહ્ન; નિશાન.
૫. ન. અત્તર.

લચ્છન ૧. ન. નિશાની; લક્ષણ; ચિહ્ન.
૨. ન. વર્તણૂક; ગુણધર્મ.
૩. ન. રવરૂપ.

લચ્છા ૧. પું. ગળાની સાથે ચપોચપ રહેનાર હાર.
૨. [હિ] પું. ઝૂમખો.
૩. પું. ટોપીનું ફૂમકું.
૪. પું. દોરાનો લચ્છો.
૫. સ્ત્રી. એક જાતની મીઠાઈ.
૬. સ્ત્રી. લાકડાં અને ધાતુમાની એ નામની એક બટ
૭. ન. એ નામની બટકનું માણસ.
૮. ન. એક પ્રકારનું કેસર.
૯. વિ. એ નામની બટકનું.

લચ્છારાગ [હિં.] પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ત્રિશ્રાવલ ઘાટમાંથી ઉત્પન્ન થાય છે અને દિવસના પહેલા પહોરે ગવાય છે. તેના આરોહમાં સા, ગ, મ, ધ, નિ અને અવરોહમાં સા, નિ, ધ, પ, મ, ગ, રિ સ્વરો આવે છે. આરોહમાં રિ, પ વર્જ્ય છે. જો પ લેવાય તો ધ વર્જ્ય છે. તેનો વાદીસ્વર સા, સંવાદીસ્વર મ અથવા ધ, સંવાદીસ્વર સા અથવા ગ અને ન્યાસસ્વર મ છે. તે શૃંગાર, વીર અને અદ્‌ભુત રસ ઉત્પન્ન કરે છે અને મધ્યમ ગ્રામના પ્રકૃતિવાળો છે.

લચ્છાસાખ જુઓ લચ્છાસાખ.

લચ્છાસાગ જુઓ લચ્છાસાખ.

લચ્છી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેનો સ્વૈરિણી ઉદ્ગત છંદ પણ કહે છે
૨. સ્ત્રી. આંટી. ફાળકી; દોરાનું ગૂંચળું.
૩. સ્ત્રી. કોઈપણ વસ્તુના ત્રીજા ચીરા કરવામાં આવેલ હોય તે.
૪ સ્ત્રી ફૂમકું.
૫. સ્ત્રી. માળા.
૬. સ્ત્રી લક્ષ્મી; સંપત્તિ; ધન.
૭. સ્ત્રી. સુંદરતા; શોભા.

૧. લપડાક ખાવી = (૧) ઉતરવું; ફસવું. (૨) ટોકર ખાવી; નુકસાનમાં આવવું. (૩) તમાચો ખાવો.

૨. લપડાક ચોડવી-ઠોકવી-દેવી = તમાચો મારવો.

૩. લપડાક પડવી-મળવી = (૧) ઠપકો મળવો; પાસું પડવાનું થવું. (૨) લપાટ થવી.

૪. લપડાક મારવી = (૧) ઠોબો મારવો; મહેણું મારવું; ચોકનો ચોટલો (૨) પૂતવું; નુકસાનમાં ઉતારવું. (૩) ઠપકો મારવો; તમાચો મારવો. (૪) બનાવવું; ઉતારવું.

૪. જી. ઢાલ; મહેણું. ટોબો.

લપડાવવું (લપડાવવું) જુ. ક્રિ. લપડાકે લપડાકે મારવું.

લપડિંગ (લપડિંગ) જુઓ લપડંગ.

લપઢો (લપઢો) પું. લપરડો; ઘણા પ્રવાહીનો લેપ; પ્રસરેલો ભાંડો લેપ.

લપતડિયું (લપતડિયું) જુઓ લપનડિયું.

લપતરવું (લપતરવું) વિ. લપનડિયું; નબળા શરીરવાળું, દુબળું

લપતરું વિ. પાતળું.

લપતુંછપતું વિ. લપાતુંછુપાતું; સંતાતું સંતાતું.

લપતો છપતો રે કાનજી આવ્યો.
મારના ચરણા ચોર્યા રે, વાલા મોરલી વાતા.
લોકગીત

લપતૂડિયું (લપતૂડિયું) જુ. ન માંસ વગરનો દેહ; હાડકાનો માળો કે નબળું થઈ ગયેલું શરીર.

૨. વિ. પાતળું થઈ ગયેલું; દુબળું

લપન જુ. [સં.] ન. બોલવું તે; ભાષણ; કથન.

૨. ન. મુખ; મોઢું.

આનન આસ્ય લપન વદન વક્ત્ર તુંડ ઝરીધામ,
મુખની શોભા એહને લાજ્ય કોટિક કામ.
પિત્રજમધુકોષ

લપનછપન જુઓ લપનછપન.

લપરડવું (લપરડવું) જુ. સ. ક્રિ. ભંડું કરવું

૨. જ ક્રિ. લપેડવું; ચોપડવું; લગાડવું; લેપન કરવું; ખરડવું; ભાંડું લીપવું; લપરડો કરવો.

લપરડાવું (લપરડાવું) જુ. ક્રિ. લપરડવાની ક્રિયા થવી.

લપરડો (લપરડો) ૧. પું. કમળાઅ.

૨. પું. ઘણા પ્રવાહીનો લેપ; ભાંડી ને ચીકણી ચીજનું લેપન; ઓપરાગો; ખરડો; લપેડો; ભાંડો લેપ.

લપરું વિ. ઘડીકમાં બેસે નહિ તેવું; ઉઠો મૂકે નહિ તેવું.

લપલપ ૧. જી. વલવલાટ; બકવાદ; બકબક, બોલબોલ; બકબકાટ; લવારો.

લપલપ કરવું-બોલવું = બોલ્યા કરવું; ન સમજાય તેમ બોલવું.

એ તો પેલો ગાંડારમતીવાળો લપલપ કર્યા કરે. ગાંધીજી

૨. જ. ટકવું નીકળવું અને પેસવું તે.

૩. જ. અપચાપ; ઉપરાઉપરી લપલપ એવો અવાજ થાય તેમ; ઝડપથી; જીભ હાલ્યા કરતી હોય તેમ. ઉતાવળમાં એકદમ.

લપલપ આવું = (૧) અવાજ થાય તેમ આવું. (૨) ઉતાવળે આવું; જલદીથી આવું. (૩) જનાવર પેઠે આવું. (૪) જીભ વારે ઘડી જવું; જીભલડી આવું.

૪. જ. લબૂક ઝબૂક, બીકથી લપલપ થાય તેમ.

લપલપાટ ૧. પું. ઝટપટ જેમ તેમ ઉતાવળે કરી નાખવું તે; ઝડપડ કરવું તે; વગર આવડતે ઉતાવળથી કરવું તે.

૨ પું લપલપ કરવું તે; ઉતાવળે સમજ્યું ન સમજ્યું બોલબોલ કરવું તે; બકવાદ; બકબકાટ; લવારો; બોલબોલ

સત્પુરુષો સર્વનો લાભ કરે છે; સંતો કામવાસનાથી લપલપાટ કરતા નથી, સુખ કે દુઃખના સ્પર્શથી પંડિતો હર્ષ શોક દેખાડતા નથી. પ્રબોધપદ

૩. પું.; જી. ધાંધલ; ઉતાવળ.

લપલપાટિયું ૧ વિ. ઉતાવળિયું; ઉત્પાતિયું, ધમધલિયું; મરજાદ કરી મૂકે તેવું.

૩ વિ લવરીબોર; બોલકણું; ફડફડ કરે તેવું; લપલપ કરનાર

લપલપિયું ૧. વિ. ઉદ્ધત; સાહસિક; ઝુકાવનારું; અવિચારી; વગર વિચાર્યે ઝંપલાવ કરનારું.

૨. વિ. બકબકિયું.

૩. વિ ધાંધલિયું, ધાંધલ મચાવે તેવું

૪. વિ. લપલપ કરનારું; ઉતાવળિયું, ઉત્પાતિયું; લપલપાટ કરી મૂકે તેવું.

જાલ્લાડ ઉત્સાહબળને લીધે લપલપિયા જણાતા હતા. નરસિંહરાવ

૫. વિ લપલી; લપ કરનારું

૬. વિ. લવરીબોર; બોલકણું, લવલવિયું.

લપવું અ. ક્રિ. સંતવું; છુપાવું.

લપસણી ૧. જી. ઉપર ચડી નીચે લપસવાની એક બાળરમત.

૨. જી. ઉપર ચડી નીચે લપસવાનું સાધન. નાનાં બાળકો માટે ઘી ભરવાની જગાઓમાં તથા વિશ્રાંતિસ્થાનોમાં કીચડ વગેરેની સાથે લપસવાનાં સાધનોની પણ સગવડ રાખેલી હોય છે. તેની એક બાજુએ સીડી અને બીજી બાજુએ નીચે લપસી આવવા માટે એક મજબૂત અને પહોળું પાટિયું રાખેલું હોય છે. સીડી ઉપર ચડીને મણા પછી પાટિયા ઉપર બેસીને બાજુઓ નીચે લપસી આવવામાં આનંદ પડે છે. એથી સીડીઓ ચડવામાં તેમને સારો વ્યાયામ મળે છે.

લપસવું ૧. જ લપસી પડાય તેવી જગ્યા.

૨. વિ. લપસી જવાય તેવું; સરકાવું; પગ બસી જાય તેવું; લીસું, લપકણું; સરી જવાય તેવું.

લપસવું ૧. જ. ક્રિ. ગોથું ખાવું.

૨. જ. વિ પતન થવું.

લપસી જવું = ભ્રષ્ટ થવું.

૩ જ. ક્રિ. પોતાના સ્થાનથી પ્રસ્થાન કરી જવું.

૪. જ ક્રિ. સરકવું; બસી જવું; સરવું; પગ નહિ ઠરવો. પડી જવાવું; સ્થાનભ્રષ્ટ થવું; સરકો જવું; જોર ઉપર ન ઠરતાં બસી પડવું.

લપસી પગો તો કહે નમસ્કાર કર્યો = (૧) બરાબ નહિ દેખાવાનો ડોળ કરવો. (૨) સોબ બાબા તો કહે બડા થયા; તકનો સદુપ્રયોગ કરવો.

લપસાવવું ૧. જ ક્રિ. લપટાવવું.

૨. જ ક્રિ. લપસે તેમ કરવું; લપસવાની ક્રિયા કરાવવી

લપસિંદર ૧. જ. નકામી લાંબી વાત; બધું હલું ને હલ્લું એવું તે; કંટાળો આપે એવું તે; બનાવથી અથવા ખૂબ બાજુ બંધું બોલવું તે.

૨. ન. લપ્પી મારવાનું ટોપું.
લપસિદર વગડવુ = લપ ચોટવી; નકામી બાધિ વગડવી.

લપસી ૧. [હિ.] સ્ત્રી. એક જાતનું ચીકણું ખાવાનું.
૨. સ્ત્રી. રાબ

લપસ્યા ૧. સ્ત્રી. કંટાળો આપે અને કાંઈ નિકાલ કરે નહિ તેવું માણસ.
૨. સ્ત્રી. લપ; લપસિદર; પૈનટ; બસે નહિ તેવી ઉપાધિ
૩. સ્ત્રી. લાંબી લાંબી લપ; ખૂટે નહિ તેવું બોલવું; બહુ લાંબુ કામ.

લપણું ૧. ન. લપ્પી; કાંઈ મેલતાં માન વિના પાછા આવનાર માણસ.
૨. વિ. દીર્ઘસૂત્રી; નકામી દોડ કરનાર.

લપાટ સ્ત્રી. તમાચો; લાત; લપાકો; લપ્પો; પોલ; લપાટ; પોંટ.

લપાટિયું ૧. ન. લપાકો મારનાર વ્યક્તિ.
૨. વિ. લપાટ મારનાર; પોલ મારે તેવું.

લપાટિયો ૧. પું. કિનર; કેર, સીમતના પ્રસંગમા કેર ભાળીને લપાટ મારે છે તે ઉપરથી આ શબ્દ બોલાય છે.
૨. પું. ગુમટિયો; લપાકો મારનારો પુરુષ.

લપામણી ૧. સ્ત્રી. સંતાઈ જવાની રમત.
૨. વિ. સ્ત્રી. લપાઈ જાય તેવી.

લપાવવું સ. ક્રિ. સંતાડવું; છુપાવવું; છુપાઈ જાય તેમ કરવું.

લપાવું ૧. અ. ક્રિ. અડોઅડ દબીને ગોઠવાવું; સોડમાં ભરાવું; ઓઠે ભરાવું; આશ્રયમાં સંકોચાઈ બેસવું; અંગ સકોચી બીજાના ખોળામાં ભરાઈ બેસવું.
૨. અ. ક્રિ સંતાવું; છુપાવું.
લપાઈ જવું-બેસવું-રહેવું = (૧) અંગ સંકોચી કોઈના ખોળામાં ભરાઈ બેસવું. (૨) સંતાવું; છુપાવું.

લપાવું છુપાવું અ. ક્રિ. અદશ્ય થઈ જવું; સંતાઈ જવું. દેખાતા બંધ થઈ જવું; ગુપ્ત રીતે ભરાઈ રહેવું.

લપિત ૧. [સં.] ન. કહેવું તે; બોલવું તે; વચન; ઉક્તિ.
૨. વિ. કહેલું; બોલેલું.

લપિયું ૧ વિ ચોકણાઈ કરનારું; ચોકણું
૨ વિ. માયાકીડિયું; માયું ખાનારું.
૩. વિ. લપ કરનારું; લપરા જેવું; લપ્પી.
૪ વિ. લપલપ કરનારું; વાતોડિયું.

લપુક સ. લપુક લપુક; લપુ લપુ; બનથી કૂબ વધારે એમ.

લપુલપુ ૧. અ. એવો અવાજ થાય તેમ.
૨. અ. ઝડપથી; ઉતાવળે.
૩. અ. નરમાશથી.
૪ અ. લપુક લપુક; મન અને માત્રનું સકોચાવું ને વિસ્તૃત થવું તેમ; બનવી અસર હોય તેમ; લબુલબુ
લપુલપુ થવી = બીક લાગવી; ધાસ્તીથી ગભરાવું.

લપૂક લપૂક જુઓ લપુ લપુ.

લપૂકિયું જુઓ લપુકિયું

લપૂકો પું. બીકથી લપુ લપુ થવું તે.

લપૂડું (લપૂડું) ૧. વિ. પેટમાં વાત રહે નહિ તેવું; બેવકું; બલાવકું; બધુ પૂછે કરડી દે તેવું.
૨. વિ. બહુબોલું; વાતોડિયું; લપલપિયું; બકબકિયું.

લપેટ ૧. સ્ત્રી. ઝબરામણ.
૨. સ્ત્રી. ધડી.
૩ સ્ત્રી. ફેરાવો.
૪. સ્ત્રી. ઉતરપિંડી; ઠમાર્ક.
૫. સ્ત્રી. ઠંડક; ચેષ્ટન.
૬. સ્ત્રી. ન સમજાય તેવી બાબત.
૭. સ્ત્રી. નુકસાની.
૮. [હિ] સ્ત્રી. પકડ; બંધન.
૯. સ્ત્રી. મગદળનોડીની એક કસરત.
૧૦. સ્ત્રી. મુરકેથી; મુગરથી.
૧૧. સ્ત્રી. વળ.
૧૨. સ્ત્રી. પોંટવું કે ઠંકવું તે.
૧૩. સ્ત્રી. ગડ

લપેટલપેટ ૧. સ્ત્રી. મોટાળો.
૨. સ્ત્રી. ઝટકવું તે.

લપેટવું ૧. સ. ક્રિ. ભરડવું; લેપન કરવું.
૨. સ. ક્રિ. ગતિ કે ગાલ રોકવી;
૩ સ ક્રિ. દબાવ તેમ પોંટાડવું; આંટો લઈ ઠંકવું; પકડમાં લાવવું; ઉપર ઢબડુ કે કાગળ પોંટવું; ઠંકી દેવું; ચેષ્ટન કરવું; પોંટવું.
૪. સ. ક્રિ સોકવું; સમેટવું.
૫. સ ક્રિ. સકોચવું; સાથે જોડવું; સામેલ કરવું; કાંદામાં લેવું; ગૂંચવવું; સાથે ભળેલું કરવું.

લપેટાવવું સ ક્રિ. લપેટાવ તેમ કરવું, લપેટવાની ક્રિયા કરાવવી.

લપેટાવું અ. ક્રિ. લપેટવાની ક્રિયા થવી.

લપેટો ૧. પું. આચ્છાદન; ઢાકણ; આવરણ; પડ; અસ્તર; સંરક્ષણ માટે ચડાવેલી વસ્તુ.
૨. પું. ખૂબ કસબવાળું રેશમી વસ્ત્રાટનું કપડું; કસબથી લપેટી લીધેલા તારનો વસ્ત્રાટ; રેશમ કે સુતર જેમાં કસબથી બિલકુલ ઢંકાઈ ગયેલું હોય તેવું તે; જરીનું વસ્ત્ર.
મોર મુગટ શિર કુમ બિરાજે,
પહેર્યો છે પીળો લપેટો રે. મીરાબાઈ
૩. પું લપ્પો.
૪. પું. કલ્પમત થયા પછી ફરી પોચે હાથે અક્ષો ફેરવવો તે.
૧. લપેટો મારવો = (૧) ઉતરવું. (૨) સારુ ખોટું લગાડવું.
૨. લપેટો લેવો – (૧) પ્રથમ અનિષ્ટ કરીને પાછળથી સારુ કરાવવું. (૨) કલ્પમત થયા પછી ફરી પોચે હાથે અક્ષો ફેરવવો.

લપેઠવું (લપેઠવુ) જુઓ લપરડવું.

લપેડાવવું (લપેડાવવુ) સ. ક્રિ. લપેડવાની ક્રિયા કરાવવી; લપેડવાનું કહેવું; લપેડાય તેમ કરવું.

લપેડાવું (લપેડાવું) અ. ક્રિ. લપેડવાની ક્રિયા થવી.

લપેડો (લપેડો) ૧. પું મોટો હાથ.
૨. પું. લડથોડિયું.
૩. પું. લપરડો; લાડો લેપ.
૪. પું. કલ્પમતનો થપેડો.

લપૈઠ (લપૈઠ) ૧. સ્ત્રી. કંટાળો આપે એવું કામ; પંચાત.
૨. વિ. ચોંટી જાય તેવું; ખૂબ ચીકણું, ચીકટ.

લપૈઠવું (લપૈઠવું) જુઓ લપરડવું.

લપૈડો (લપૈડો) જુઓ લપેડો.

લપોઠ (લપોઠ) ૧. પું. એક જાતની ગાળ.
૨. પું. ખાલી વચન આપનાર માણસ; જૂઠું વચન આપનાર વ્યક્તિ.
૩. પું. મૂર્ખ માણસ.
૪. વિ. ખુશામતિયું.
૫. વિ. લપ મારનાર; ગપ્પાં ઠંઠનાર; અપ્પીલાસ.
૬. વિ. જૂઠું ને ડેફાણા વસ્ત્રનું; ચારિત્ર્ય રહિત; ઉદ્ધત ને ભારખોજ વસ્ત્રનું
૭. વિ. નકામી વાત કરનાર.
સોનુ વાલજ દેની સંખલી રે,
તે તજી લીધા રોગ લપોઠ હો લાલ
દલપતરામ
૮. વિ. બુદ્ધિ કે સારી સમજ વગરનું, મૂર્ખ; અણસમજુ, અતાનું શબ્દ.
૯. વિ લાસટિયું; સમજ ન મૂકનાર.

લપોડશંખ (લપોડશ્રુખ) ૧. પું. એ નામનો શબ્દ; વચન માત્રથી સતોષ કરે પણ આપે નહિ એવો ઉતરનાર શબ્દ.

પંચાયે આપે પંચ પોકડ.
લપોડશંખ કહે જે ને લાખ.
પણ ગણીને ગાદીએ આપ્યા તગી,
વળી કોઈ ન પૂરે સાખ.
નિષ્કુળાનંદ

લપોડશંખ ! હે લાખ, તો કહે. લે લપોડશંખ = (૧) કહેવા કરતાં કરવું ઘણું. (૨) જે વચન આપવામાં આગળ પડે પણ તે પાળે નહિ તેવા માણસ માટે બોલાતી કહેવત; કહેવું કર્યું ને કરવું કાર્ય; જે મોટા મોટા વચન આપે તેની પાસે કંઈ મળે નહિ.

૨. કું. ખુશામદખોર.

૩ કું. ખોટાં વચન આપનાર માણસ; ખોટી ડંફાસ મારનાર; લપાડી; ઝપીલસા; ઠોબિયો; કામઢાંણાં વિનાના ખોટા તડાકા મારનાર માણસ.

૪. કું. બહુબોલો માણસ; નકામી વાતો કરનાર વ્યક્તિ.

ચનિતા ન રહી તો વાંઝણી?
લપોડશંખ જેણે જણ્યા. સામળ

૫. કું. બુદ્ધિ કે સમજ વગરનો માણસ; અક્કાની જાત.

૬. કું. મૂર્ખ માણસ.

૭. કું. લપોડ; એક જાતની ઝાળ

૮. કું. લાકડિયો પુરુષ; સગડ ન મૂકનાર વ્યક્તિ.

લપોડી (લપોડી) જુઓ લપોડ.

લપોડો (લપોડો) કું. મોટી ઉંમરના પુરુષની ઉદ્દિમ.

લોંડીના કરમમાં લપોડો જ રહ્યો = અભાગીના ભાગ્યમાં કંઈ હોય નહિ.

લપ્પટ વિ. બરોબર સમજ્યા ચોરેલું.

કહીં લક્ષ્મીવાળું છે અગર, બાળતો લપ્પટ કહીં.
અમરરાવ

લપ્પડ ૧. [હિ.] સ્ત્રી. લપ્પડ; લપડાક; ખોબા; લપૈડ; લપાટ; લપાડ; તમાચો.

૨. વિ. લપટાર્યું ભાષ તેવું; ચીકણું; સમજ્યા ચોટી ભાષ તેવું.

લપ્પનછપ્પન ૧. સ્ત્રી.; ન. બાનગી મસલત; લપછપ.

૨. સ્ત્રી.; ન. બાલતી વાતને છોડી દઈને આડુંઅવળું બોલવું તે; મુખ્ય વિષયને છોડી દઈ બીજી બાબત ઉપર બોલવું તે.

૩. સ્ત્રી ; ન. છૂપી રીતે બાલતી લેવડદેવડ.

૪. સ્ત્રી.; ન. ઠોઠ કકાપચ્ચુ; તીનપાંચ.

લપ્પનછપ્પન કરવી = ઠોઠ કકાપચ્ચુ કરવું; તીનપાંચ કરવી; પતરાજી કરવી. વધારી વધારીને કહેવું.

૫. સ્ત્રી ; ન. પંચાત; લપ; પીંજણ.

૬. સ્ત્રી.; ન. બહાનું; નિમિત્ત; ઢોંગ.

૭. સ્ત્રી ; ન. લપાઈ છુપાઈને કામ કરવું તે; છૂપી ચાલબેલ. કોઈ જાણે નહિ તેમ અહીંનું તહીં, આડુંપાડું ને ઊંધુંચત્તું કરવું તે; છૂપુ કામકાજ કે વ્યવહાર.

લપ્પનછપ્પન રાખવી = બાનગી કે ધ.લમેલનો સંબંધ રાખવો.

૮. સ્ત્રી.; ન. લુચ્ચાઈ; ઠગાઈ.

૯ સ્ત્રી ; ન. સાફ ખુલ્લું કે ઉઘાડું નહિ તે; સ્પષ્ટ ને જાહેર નહિ તે; ચોટાળો; જાનું ખુડાલું.

૧૦. ન. ઊંધુંચત્તું; અરજાગરો; ચોળાચૂથા.

૧૧. ન. કોળાહળ. ખોટી પંચાત; પરા; અરબડ; સામું બોલાબોલ કરવું તે.

૧૨. વિ. બેબ્રહ્મરેબ્રહ્મ; બેરબીબેર.

૧૩ ક્રિ. ચોરીથી; ચૂપકીથી.

૧૪. ક્રિ. વિશેષતાદર્શક કથનસૂચક રીતે

લપ્પનછપ્પનિયું વિ. ઠોઠ કાચું; વધારી વધારીને કહેનારું; લપ્પનછપ્પન કરનારું.

લપ્પા ૧. [હિ.] કું. ઝિનખાબ.

૨. કું. જરીકામ

લપ્પાદાર ૧. વિ. લપેટો ચડાવેલું; ખૂબ કસબ કે જરીવાળું; પુષ્કળ ને ભારે જરીની જરચકતાવાળું

૨ વિ. લપ્પાની ભોરવાળું; કસબી ઘડાવાળું; જરીભોરવાળું

લપ્પી જુઓ લપિયુ.

લપ્પીદાસ કું. લપ કરનાર માણસ.

લપ્પો ૧. કું. એક જીનની ઝાડોઝાડ કસબી છુટ્ટા હોય તેવી એક જોબી જાતનો ઝિનખાબ; જરચક કસબવાળો વસ્ત્રાદ; જરૂર જેટલાં રેશમ સાથે નરદમ કસબ જરી બનાવવું તે.

૨. કું. કપડાના જરી ગયેલા ભાગ ઉપર સીવેલ લુગડાનો કટકો; ટંકણિયા વસ્ત્રનું પીંછું.

૩. કું. ખૂબ કસબ ઝાલેલ હોય તેવો પટો. કસબથી ભરપૂર ભોર.

૪. કું. થેગો; ભાડો ચોપડેલ લોંદા જેવો પદાર્થ; લપેટો.

લપ્પો મારવો–લગાડવો = થીંગડો કરવો; ભાડો લેપ લગાડવો.

૫. કું. મોટો ગાંઠો કે ડોબિયો.

લપ્પિકા [સં.] સ્ત્રી. લાપસી.

લફ ૧. ન. કાદવમાં ખૂંચતાં બતો એવો અવાજ.

૨. ન. બસડી.

લફ કર્યું ને = બસડીયું.

લફડખંડું (લફડખંડું) ૧. વિ. તડાકો; ચૂર્ણ.

૨. વિ. ભેજરમું

૩. વિ. લેંકું કે લપકારેલું પણ સ્વભાવે પૂર્ણ; સાદું બતાં પૂર્ણ; લુખ્ખું.

લફડવું (લફડવું) ૧. વિ. છૂટું અને લબડતું હોય તેવું; લટકતું; લબડતું; ઝૂલતું ને ફફડતું; ઓઢવાળિયે આવતું; પગે અથડાતું કે આડે આવતું; અડફેટમાં આવે તેવું.

૨ વિ. ઢીલું

લફડફફડ (લફડફફડ) ૧. ન અવાજ સાથે ઝૂલે તેમ; ઝૂલતા કે ઝોલતાં ફફડે તેમ; અવાજ સાથે ફરફરે તેમ

૨. ન. વસ્ત્રનાં અથડાય તેમ; છૂટું અને અડફેટમાં આવતું હોય તેમ; અવ્યવસ્થિત; લબડતું. કામ તેમ બીજા કરતું તથા પગે અટવાતું હોય તેમ.

લફડલફડ (લફડલફડ) જુઓ લફડફફડ.

લફડવું ૧. ન. ક્રિ. બીજા કરવું

૨. ન ક્રિ. લબડવું; આમતેમ ઘબઘા કરવું; આડે આવે અથવા અથડાય એમ લટકવું; ફફડલફડ થવું; અથડાવું; ઓઢવાળિયે આવવું; પગે નીચે લટકવું.

લફરફફર જુઓ લફડફફડ.

લફરવું જુઓ લફડવું.

લફરું ૧. ન. આડખીલી; અડચણ; અંતરાય.

૨. ન. કટાળા ચોરનું ઢીંઢલું.

૩. ન. કામમાં આડે આવે તેવું તે; વચમાં પીડા સમાન કે કંટાળો કેપજાવે તેવું અને બબુત્તમવું તે; કાઢ બ્યા કે છૂટે નહિ તેવું તે.

૪. ન. કુંવારનાં પાદડાં છોલીને કાઢેલો ગાભલો.

૫. ન. ઝરડું; ઝાંખરું; કાંટાવાળું ડાળું.

૬. ન. નકામું; બેનું મુસીબતનું ઉપાધિ; જંજાળ; પીડા પજવનારું જે કંઈ તે; વસ્તુ, કામ કે માણસ વળગવાથી થતું નડતર.

લફરું વળગવું = પીડા લાગુ થવી.

૭. ન. નાકના ચીકણા મળનો ઓદો; ચોંટનો લબડો; નાકનો મળ; નાકના રીડા; બબડબ.

લફરું લેવું = નાકની ચોંટ સાફ કરવી.

૮. ન. પજવે, દુઃખી કરે અને કંટાળો આપે તેવું માણસ; સાથે વળગેલું કે ન છોડી દેવાય તેવું જતાં પજવે ને કંટાળો આપે તે. ગનતલિખારી, લપ્પી માણસ, બૈરી, છોકરાં, પરિવાર વગેરે માટે વપરાય છે.

૯. ન. વધારાનું વળગણું; વિશેષ કામગીરી; વધારાનું બીજું કામ; પોતાના કામમાં નડે તેવું બીજું વચમાં આવી પડેલું કામ.

૧૦. ન. વળગણું; વળગેલું તે.

૧૧. ન. વારે વારે કહી કે એવું એવું બોલી માથું પકવનાર કે કંટાળો ઉપજાવનાર માણસ.

૧૨. ન. સુતરનો કટકો.

લબદા

લકલકવું અ ક્રિ. લકલક ચાલવું.

લકલકિયું વિ. ચાલતાં લકલક એમ અવાજ થાય તેવું

લકવું અ. ક્રિ. ઊડવું. ફગવવું.

લકસિંદર ન માપું લાંબુ હોય તે; આરો ન આવે તેવું તે.

લકુંગાઈ ૧. સ્ત્રી. ધૂર્ત આગરની દરકાર વગર અનીતિએ ચાલવાપણું; દુરાચાર; સંપટના; ચારિત્રભ્રષ્ટતા; વ્યભિચાર.

૨. સ્ત્રી. તોબડાઈ; ઉદ્ધતાઈ.

૩ સ્ત્રી. ધૂર્તતા. દગલબાજી; કપાઈ; લુચ્ચાપણું; લુચ્ચાઈ.

૪. સ્ત્રી. નિર્લજ્જતા; બેશરમીપણું; નફટતા.

૫. સ્ત્રી. બળાડીપણું; ખોટાઈ; બનાવટ બાજપણું.

લકુંગાવેડા (લકુંગાવેડા) જુ. બ. વ. લકુંગની માઠા વર્તવું તે; લકુંગાઈ કરવા તે; લકુંગી વર્તણૂક; લકુંગાપણું.

લકુંચું ૧. વિ. ઉદ્ધત; તોબડું.

૨. વિ. કપટી; દગલબાજ; કાવતરું કરવે પહું

૩. વિ. ખૂટું; તકાદો.

૪. વિ. નફટ; નિર્લજ્જ.

૫. વિ. લંપટ; વ્યભિચારી; કામી.

૬. વિ. લુચ્ચું; બાંકું; બાકું.

લકેરો [અ. બિહા (કબર)] જુ. કબર નાખવાની ખોદણી; પરમીડિયું; કબર.

લકેલકે ૧. સ્ત્રી. કંઈ રીતભાત.

૨. અ. વારંવાર લકલક થાય તેમ

લકેજ [અ. લકેઝ] જુ. રાગ.

લકેઝ (લકેજ) જુઓ લકેજ.

લકેડો જુ. મોટો કાકડો કે કોતિયો.

લબ્ધ ૧. [સ્ત્રી.] જુ. કાંઠો; કિનારો.

૨. જુ. કોર.

૩. જુ. માત બની તે.

૪. જુ. હોઠ; ઓઠ.

લબે હાજર = વેણ પડતાં જ હાજર થાય તેવું.

૫. સ્ત્રી. અબ્રૂ.

૬. [ઉર્દૂ] સ્ત્રી. ભાષા.

૭ સ્ત્રી મુખ.

૮. સ્ત્રી. વાણી; મુખમાંથી નીકળતું પ્રવાહી.

૯. અ. ઉત.વળે હાલતાં કે ધ્રૂજતાં થતા એવા અવાજ સાથે; લબ એવા અવાજ સાથે.

૧૦ અ. કટ; લપ; જલદી.

લબક અ. લબ એવા અવાજ સાથે.

લબકઝબક ૧. વિ. જેવું તેવું દેખાતું; દેખાય ન દેખાય તેવું.

૨. અ. જેમ તેમ; પૂરેપૂરી રીતે નહિ એમ.

લબકલબક જુઓ લપકલપક.

લબકવું અ. ક્રિ. ચમકવું.

લબકા જુ. બ. વ. ફાકે તેમ ગટગટ.

લબકારો જુઓ લપકારો.

લબકાવવું જુઓ લપકાવવું.

લબકાં ૧. ન. બ. વ. ચાટવું તે.

૨ ન. બ. વ. મરણ વખતના છેલ્લા શ્વાસ.

૩ ન. બ વ. મોટા કોળિયા.

૪. ન બ. વ. લહરાં; માંડ માંડ પહોંચતા માટેના પ્રયત્ન.

૫. ન. બ. વ. હાવાં; ડૂબતાં બચવા માટેના ઉપાય.

લબકો જુઓ લપકો.

લબકોટો (લબકોટો) જુ. લપકો; ભોંકો.

લબકોપક (લબકોપક) અ. એકદમ; તુરત; ઉતાવળથી.

લબકોપકડ (લબકોપકડ) ૧. અ. અવ્યવસ્થિતપણે.

૨. અ. જમે તેમ ઉતાવળે; ઝપાટાબંધ.

૩. અ. જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમા એકદમ ઉપડવું તેમ; જેમને તેમ; અચાનક રીતે.

૪. અ. ચમકાવીને; દમ મારીને; ભળાતકારે.

૫. અ. પરાણે; જબ્બ મારીને.

લબકોપકે (લબકોપકે) ૧. અ. ઉતાવળથી; ત્વરાથી; ઝપાટાથી; એકદમ; કોઈ પણ જાતના મેળ રાખ્યા વિના.

લબકોપકે લેવું = (૧) ઝપાટાબંધ કામ કરાવી લેવું. (૨) દમદાટીથી કામ લેવું; દમથી કામમાં ઝપાટો કરાવવો. (૩) લપડાકે અને ધક્કા મારીને કાઢી જવું. (૪) સખતપણે ધમકાવવું; ખૂબ ધમકાવવું

૨. અ. ઉદ્ધતાઈથી; મિજબજ્જા; બધલાપીને.

૩. અ. જબ્બ મારીને.

૪. અ. દમથી; ધમકાવીને; બળાત્કારે; જોરજુલમથી; જબરાઈથી

૫. અ. દરકાર રાખ્યા વગર સારી પેઠે જોરથી; જમે તેમ પણ ઉતાવળથી.

૬. અ. વહી વટાવીને; લપકામાં.

લબકોમેતકું (લબકોમેતકે) વિ. ખોટી વાત કરનાર.

લબકોલોચ વિ. મારા જેવું નરમ; બહું ચિબિલ. અમિત શરીર માટે વપરાય છે.

લબકવું (લબકવું) ૧ અ ક્રિ ઉપરના આધારે નીચેની તરફ ઝૂલવું. રહેવું; ટગાઈ રહેવું; ઝૂલવું; અદ્ધર લટકવું

ઝબકી પડવું = (૧) કામને નહિ પહોંચી શકાવું. (૨) પાછું પડવું. પીછે હઠ થવી. (૩) મૂશ્કેલીમાં મુકાવું.

૨. અ ક્રિ. કામ બાકી રહ્યા કરવું.

લબકતું મૂકવું = (૧) ચાલતું કામ અધૂરું મૂકવું; કામ થોડું કર્યા પછી છોડી દેવું. (૨) ઝૂલતું છોડી દેવું; લટકતું મૂકવું. (૩) ધ્યાન આપ્યા વગર આગળ કરવું; ધ્યાન ન આપવું. (૪) લક્ષ્ય આપીને લબકતું રાખવું; આશા આપ્યા પછી સામું ન જોવું

૩. અ. ક્રિ. ગપ હાંકવી.

૪. અ ક્રિ. ખૂટું બોલવું; લવારી કરવી.

૫. અ ક્રિ. બ્રેક કે હાથમાંથી જતું રહેવું; પારેલું ઝાડેથી તૂટી જવું; નિષ્ફળ જવું.

૬. અ ક્રિ. નબળું પડવું; શક્તિ રહિત થવું.

લબકી જવું = (૧) માંદા કે નબળા થઈ જવું; લેવાઈ જવું. (૨) રહી જવું; પાસ ન થવું.

૭. અ. ક્રિ. નિષ્ફળ ન થવો.

લબકાવવું (લબકાવવું) ૧. સ. ક્રિ. ઝાલાઝંપ કરવું; નહિ સાજી થવા દેવું; નાસીપાસ કરવું.

૨. સ ક્રિ. લબકે તેમ કરવું; લબકવાની ક્રિયા કરાવવી.

લબકાઝ સ્ત્રી. બીક કે મુશ્કેલીથી લબકાય થવું તે.

લબકી ભરી = ગભરાવવું; ગૂંચવાવું.

લબકોટ જુઓ લબકોટ.

લબતરું ૧. વિ. કોવત વગરનું; પાતળું; કસ; કીમ; નબળું; લબોતરું.

૨. વિ. પોચું અને સુંવાળું; નરમ; સ્નિગ્ધ.

લબધબ અ. બાયબાય.

અમે લબધબ કુસ્તી કરતા રે. બાલમિત્ર

લબડાવવું સ. ક્રિ. પલાળવું; ભીંજવવું.

લબડાવું ૧. અ ક્રિ. પ્રવાહીથી તરબોળ થવું કે ખરડાવું; લદબદ થવું; ભીનું થવું.

૨. અ. ક્રિ. મંદોવાવું. કમાવું.

લબડાળવું ૧. સ ક્રિ. માન વગર બોલવું.

૨. સ. ક્રિ. મોટે સોરિયે જેમ તેમ બોલવું; બોંડાળવું.

લબડું વિ. એકદમ બીનું; બહુ ભીંજાયેલું.

લબડો ૧. જુ. ચીકણો નરમ પદાર્થ.

૨. જુ જેનાસેળ કરેલો, ગમ ચડે તેવો લોટો.

૩. વિ. તદ્દન પલળી ગયેલું. તરબોળ; લોબા જેવું

લબ્બરલબ્બ [પ્રા.] અ. એક હોડથી બીજા હોડ, દરેક મોકે; દરેક જીએ

લબ્બરડ વિ. બહુ લાબુ જેમકે, લાબુ લબરડ.

લબરકો ૧. પું. ચાખવું તે; સ્વાદ લેવો તે; જીભથી ચાટતાં ચાટતાં થતો પ્રત્યેક લબરકો.
૨. પું. જીભથી ચાટી જવું તે
૩. પું. લપકારો; તોછડાઈથી વધારે પડતું બોલવું તે
લબરકા કરવા = તોછડાઈથી બોલવું તે.

લબરી ૧. સ્ત્રી જૂઠું બોલનારી સ્ત્રી; લપ્પી સ્ત્રી.
૨. સ્ત્રી. લવરી; લવારો.
૩ સ્ત્રી. લોપરી

લબલબ ૧. [પ્રા. લબ (હોઠ)] અ. બહુ વધારે બોલવું તે, લવારો; તોછડાઈ
લબલબ કરવું = સામું તોછડાઈથી બોલવું; તોછડાઈ કરવી.
૨. અ. ઉતાવળે ચાલતાં થતો તેવો અવાજ; તેવો અવાજ થાય તેમ
૩. અ. લપકેલપકે; ઉતાવળે; લબરપટ.
૪. અ. બબુલબબુ; બીકથી લપલપ થાય તેમ.

લબલબાટ ૧. પું. બહુ લવલવ કરવું તે; લવરી, બડબડાટ.
૨. પું. વહીવ સામું વિવેક તજીને બોલબોલ કરવું તે; પાત્રતા વિચાર્યા વગર સામું લવલવ કરવું તે.
૩. પું. લબલબ અવાજ

લબલબાટી સ્ત્રી. લબલબાટ.
લબલબાટી કરવી = સામું બોલવું; સામે લવારો કરવો; નાનમોટાનો વિચાર રાખ્યા વગર લવલવ કરવું.

લબલબિયું વિ. લવલવ કર્યા કરનાર; બહુ બોલવાની ટેવવાળું; લવલવિયુ

લબલબી [હિ.] સ્ત્રી. બંદૂકના ખોડાની કમાન; બંદૂકનો ખોડો અથવા વાંદરો પાકવાને બહાણીથી દબાવવામાં આવતી કમાન.

લબસ ન. એક જાતનું કપડું.

લબાચા ૧. પું. બ. વ. અસ્તવ્યસ્ત પડેલો સામાન.
૨. પું. બ. વ. કીમતી નહિ તેવો સરસામાન; બરવખરી.
૩. પું. બ. વ. જૂનો સામાન; ભાંગોતૂટ્યો સામાન
૪. પું. બ. વ. મેલાં ને ફાટેલાં લૂગડાં.

લબાચિયું ૧. વિ. ચીંથરેહાલ; દુઃખથી સબડ્યા કરેલું; ચીંથરિયું.
૨. વિ. લબાચાવાળું.

લબાચો ૧. પું. અસ્તવ્યસ્ત પડેલો સામાન.
૨. પું. કીમતી માલમ; પોચું માલમ; બારે પડે તેવું માલમ
૩. પું. ખોખો; ચોટલું
૪. પું. ભાંગ્યાતૂટ્યા સરસામાનનો જથ્થો
૫. પું. માલમિલકત; બરવખરી; કીમતી નહિ તેવો માલ
૧. લબાચા ઊંચકવા = મુકામ ઉઠાવવો; બીજે ઠેકાણે જવું
૨. લબાચા ફેરવવા = ઘરનો સરસામાન ફેરવવો.
૩. લબાચા વીંખવા = (૧) ઉજાગરા ઓછી કરવી. (૨) ઘરની બરવખરી ચૂંથવી; ઝડતી લેવી
૬. પું. મેલાં ફાટેલાં લૂગડાંના ડોચાનો જથ્થો, જેવાં તેવાં લૂગડાં; ડૂચાનો જથ્થો; ચીંથરા; ફાટ્યાતૂટ્યાં કપડાં; જીર્ણવસ્ત્રો.
૭ સ્ત્રી. અતિસબોડાથી નબળી પડી ગયેલ સ્ત્રી

લબાડિયો ૧. પું. જૂઠો માણસ.
૨. પું. બેગધાણુ; ધમડી.

લબાડી સ્ત્રી લવારો

લબાડ (લબાડ) ૧. [સં. લપ્ (બોલવું) + વૃત્તિ (ટેવ)] વિ. કોઈપણ બાબતનો નિશ્ચય નહિ કરનાર; અણમુ.
૨. વિ. જૂઠું; અસલ બોલનારું; જૂઠું બોલવાની ટેવવાળું; ખોટું; લપ્પી
૩. વિ. ઢોંગી.
૪. વિ. દુરાચરણી; વ્યભિચારી; લંપટ; લફંગું
૫. વિ. બહુ બોલે અને પાળે નહિ તેવું; બોલે તે પ્રમાણે નહિ વર્તનારું.
૬. વિ. બળબુદ્ધિ વગરનું.
૭. વિ. મૂર્ખ
૮. વિ. લાંબે ને લાંબે મુદતે પાછું આપનારું; પૈસા ઘાલવામાં ગંદ.
૯. વિ. ખુચ્ચું; ખૂર્ત. ઠગારું.

લબાડવું (લબાડવું) અ. ક્રિ. બોટું બોલવું

લબાડવેડા (લબાડવેડા) પું. બ. વ. લબાડના જેવું વર્તન

લબાડાઈ (લબાડાઈ) સ્ત્રી. બૂટાપું.

લબાડી (લબાડી) ૧. પું; સ્ત્રી. લુંગારું.
૨. સ્ત્રી. અસલ બોલવાની ટેવ.
૩. સ્ત્રી. ચાળા; ઢોંગ.
૪. સ્ત્રી. ધુરચાઈ; લબાડીપણું; લબાડી.
૫. જુઓ લબાડ.

લબાદ [પ્રા.] પું. આખો કપડો; આખો બરેલો કપડો; ' બોવરોટ '.

લબાદો જુઓ લબાડો.

લબાર જુઓ લબાડ.

લબારી જુઓ લબાડી

લબાલબ ૧. [પ્રા.] વિ. ભરપૂર; કાંઠા સુધી ભરેલું; ભરચક.
૨. અ વિચાર; મોં સુધી ભરેલું હોય એમ; ઊભોભર

લબુદબુ અ બીકથી ધ્રુજારે તેમ; ડરની અસર સાથે; બીકથી લપલપ થાય તેમ; લબુદલબુદ.
લબુદબુ થવું = બીકની અસર કે લબુલબુ થવું; બીવા માંડવું.

લબુલબુ જુઓ લબુદબુ.

લબૂક ૧. અ. એવા અવાજ સાથે.
૨. અ. ધીમેથી

લબૂકઝબૂક ૧. અ. જોરીનેરા રીતે; જેમતેમ.
૨. અ બીકથી લપલપ થાય તેમ.

લબૂકદબૂક અ ઠીક પોચું હોય તેમ.

લબૂકલબૂક જુઓ લબુદબુ

લબૂકિયાં ન બ. વ. બીકથી લબુલબુ થવું તે.
લબૂકિયાં લેવા = બીવું; ગભરાવું; અમની અસર થવી.

લબૂકિયું ન. બીકથી લબુલબુ થવું તે.

લબૂકો પું. લબૂકિયું; ભય લાગવો તે; ગભરાવું તે.
લબૂકા લેવા = ગભરાવું.

લબૂસી ૧. સ્ત્રી. એ નામનું એક ઘરેણું.
૨. વિ. સુંદર.

લબોચું ૧. ન. ઝભ્ભા.
૨. ન. મચ્છુ; આંખો નીચેનો ગાલ અને જડબાનો ભાગ.
૩. ન. ખોચી; મરદન.
૪. ન. ખોલી; વાણા.
૫. ન. મોં; મોકું; મલ્યાનો આગલો ભાગ.
લબોચું તોડી નાખવું-ભાગી નાખવું = ધમકી બતાવતાં મોં પર સખત મારવું.

લબોચો પું. થપ્પડ; થપ્પાક; લપાટ; તમાચો.
લબોચો ઠોકવો-મારવો-લગાવવો = તમાચો મારવો.

લબોડવું (લબોડવુ) સ. ક્રિ અતિ સંકોચ કરવો.

લબોતરું ૧. ન. મસોતું; રસોઈ કરતાં વાપરવામાં આવતું મેલું કપડું
૨. વિ. લબતરું.

લબ્ધ ૧. [સં.] પું. એક જાતનો ગુલામ; દાનદિમાં મળેલો ગુલામ.
૨. પું દસ માંહેના એક પ્રકારનો દાસ

૩. ન. (જ્યોતિષ) ભાગ કરવાથી આવેલું ફળ; ભાગાકાર.
૪. ન. મેળવવું તે
૫. ન લા.ભા.
૬. વિ. બે અથવા વધારે ભાગ સાથે ભાગવાથી ઉત્પન્ન થનાર
૭. [સં. લભ્ (મેળવવું)] વિ. મળેલું; પ્રાપ્ત કરેલું; લાધેલું; પામેલું.

લબ્ધકામ [સં] વિ. જેની કામના સિદ્ધ થઈ છે તેવું; જેના મનોરથ ફળ્યા હોય તેવું.

લબ્ધકીર્તિ [સં] વિ. કીર્તિ મેળવેલું, યશ પ્રાપ્ત કરેલું; પ્રસિદ્ધ; પ્રખ્યાત; વિખ્યાત.

લબ્ધચૈતન્ય [સં. લબ્ધચૈતન્ય] વિ ભાન જ્ઞાન પામેલું

લબ્ધદાસવૃત્તિ [સં.] સ્ત્રી. મિતાક્ષરામાં ગણાવેલ પંદર માઠેના એક પ્રકારની દાસવૃત્તિ.

લબ્ધનામ જુઓ લબ્ધકીર્તિ.

લબ્ધપતિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની પ્રૌઢા.

લબ્ધપરિપાલન [સં. લબ્ધ (મેળવેલું) + પરિપાલન (સારી રીતે પાળવું તે)] ન. પ્રાપ્ત થયેલાનું પરિપૂર્ણ પાલન કરવું તે.

લબ્ધપુત્ર [સં.] વું. દત્તક લીધેલ દીકરો.

લબ્ધપ્રતિષ્ઠ ૧. [સં.] ન. એક સારક ઔષધિ; નસોતર.
૨. [સં. લબ્ધ (મેળવેલું) + પ્રતિષ્ઠા (આબરૂ)] વિ. પ્રતિષ્ઠા પામેલ; સુપ્રસિદ્ધ, પ્રખ્યાત; જાહેરમાં બહુ માન પામેલ

લબ્ધપ્રતિષ્ઠિત જુઓ લબ્ધપ્રતિષ્ઠ.

લબ્ધપ્રણાશ ૧. [સં.] ન. એકથી વધારે ભળ વપરાય તેનું પરિણામ.
૨. ન. પરિણામ પામવું ભળ; અંતમાં પ્રાપ્ત થવું ભળ; બે અથવા વધારે ભળના સમોગથી ઊપજવું ભળ.

લબ્ધપ્રણાશ જુઓ લબ્ધપ્રણાશ

લબ્ધપ્રજ્ઞ ૧. [સં. લબ્ધ (મેળવેલું) + પ્રજ્ઞા (બુદ્ધિ)] વિ. પંડિત; વિદ્વાન.
૨. વિ. પ્રસિદ્ધ.

લબ્ધા ૧. વું. ચતુરશ્રજાતિ સાત માત્રાનો એકતાલ.
૨. સ્ત્રી. કુટુંબના સભ્યો, ભાગદો વગેરેની સભાળ, મુકદમી વગેરેમાંથી ઉદ્ભવતી ચિંતા;
૩ [સં.] સ્ત્રી. જેનો પતિ કે પ્રિય પુરુષ નિમકહરામ નીવડ્યો હોય તેવી સ્ત્રી; એક પ્રકારની નાયિકા; નાયકે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી નાયિકા; વિપ્રલબ્ધા.
૪. સ્ત્રી. કુટણ; જૈરીબોકરાની જનેતા; પીઠા.

લબ્ધાર્થ ૧. ન. પાર્યું સાધ્ય થવાપણું.
૨. [સં] વિ. જેના મનોરથ ફળ્યા હોય તેવું; પાર્યું સાધ્ય થયું હોય તેવું.

લબ્ધાંક ૧. [સં] વું. ગુણાકાર કરવાથી આવતી રકમ; ગુણ્યાંકનો જવાબ.
૨ [સં] વું. ભાગ રકમ, તેને જેટલે ગુણવી હોય તે અને સરવાળાની બે વચ્ચે રકમમાં મધ્યની રકમ. જેમકે, ૫ × ૩ = ૧૫. આમાં પાંચ અને પંદર બે બંને વચ્ચે ત્રણ છે તે લબ્ધાંક સમજવો.

લબ્ધાનુજ્ઞ [સં.] વિ. પરવાનાવાળું.

લબ્ધિ ૧. [સં.] સ્ત્રી. અમૂક ઐશ્વર્ય.
૨. સ્ત્રી અદિસા.
૩ સ્ત્રી. અંતરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતી શક્તિ; અત જ્ઞાનના અવરોધનો ક્ષયોપશમ. પાંચ માઠેના દરેક પ્રકારની લબ્ધિ, સમ્યક્ત્વ થતા પહેલાં પાંચ લબ્ધિઓ હોય છે. તેમા પ્રથમ ઉપદેશ તે દેશના લબ્ધિ છે. પ્રથમ દેશના લબ્ધિ થતાં પાંચે લબ્ધિનો મેળ આ પ્રમાણે છે: (૧) ક્ષયોપશમ લબ્ધિ: આંખો ફાડીને જોઈ રહે છે તે ક્ષયોપશમ લબ્ધિ છે. તેમાં હિત સ્વરૂપ શું, તે સમજવાની તાકાત જતાવે છે. (૨) વિશુદ્ધિ લબ્ધિ: કષાય પાતળા પાડ્યા સારે તત્ત્વનો વિચાર કરવાની પાત્રતા આવી છે. (૩) દેશના લબ્ધિ: આત્મા આખો કેવો છે તે સાંભળ્યું તે દેશના લબ્ધિ છે. (૪) પ્રાયોગ્ય લબ્ધિ: દ્રવ્યકર્મ જોઈ જ રહે છે. તેમાં તત્ત્વ સાક્ષાત્કારમાં બેઠામ થતાં કર્મની સ્થિતિનો રસ ઘટાડે છે. (૫) કરણલબ્ધિ: એ અંતર પરિણામની શુદ્ધતાથી સ્વ તરફ દ્રગતો ભાવ છે, તે લબ્ધિ સમ્યગ્દર્શન થવા વખતે હોય છે.
જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમને લબ્ધિ કહે છે. પંચ વિધ અંતરાયના ક્ષયથી દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિઓ પ્રકટ થાય છે. તત્ત્વાર્થસૂત્ર
૪. જ્ઞો. નાશ.
૫. જ્ઞા પરિણામ; 'રિઝલ્ટ'.
૬. [સં. લભ્ (મેળવવું)] સ્ત્રી. પ્રાપ્તિ; લાભ; મળવું તે; સિદ્ધિ.
૭. જ્ઞા. ભાગફળ; ભાગાકાર; લબ્ધાંક.
૮. સ્ત્રી. યોગસિદ્ધિ; યોગશક્તિ; એક પ્રકારની તપોજન્યશક્તિ.
૯. સ્ત્રી. ઋદ્ધિ.

લબ્ધિઅદ્રિય સ્ત્રી. (જૈન) ભાવેંદ્રિયનો એક પ્રકાર
અતિજ્ઞાનાવરણીય કર્મોદાદિનો ક્ષયોપશમ જે એક પ્રકારનો આત્મિક પરિણામ છે તે લબ્ધિઅદ્રિય છે. તત્ત્વાર્થસૂત્ર

લબ્ધિજન્ય [સં.] વિ. લબ્ધિથી મળતું; કૃત્રિમ.

લબ્ધિત્રસ વું. એક પ્રકારનો ત્રસ જીવ. ત્રસ બે પ્રકારના છે: લબ્ધિત્રસ અને ગતિત્રસ. જેમને ત્રસનામ કર્મનો ઉદય થયો છે, તે લબ્ધિત્રસ કહેવાય છે.

લબ્ધિધારી [સં લબ્ધિધારિન્] વિ. લબ્ધિધારક; જેને લબ્ધિ પ્રાપ્ત થઈ છે તેવું

લબ્ધિપ્રત્યયિક [સં.] ન. (જૈન) એક પ્રકારનું શરીર.

લબ્ધિફલ [સં.] ન. પરિણામ પામેલું તે.

લબ્ધિવિધાનમત [સં.] ન. એક જાતનું મત. તે ભાદરવા માસમાં સુદિ એકમથી બીજ સુધી કરાય છે.

લબ્ધ્યે [હા. લભ (લોક)] અ. ના.બે; જેમ કહો તેમ.
લબ્ધ્યે કરવું ન (૧) ગુલામ જેવું કરવું; જી હા, કહે તેવી સ્થિતિમાં મચવું. (૨) સ્વીકારવું; કબૂલવું

લબ્ધ્યેક ન. સેવામાં હાજર રહું, જી સાહેબ, એવા અર્થનો ઉદ્ગાર. જ્યારે સ્વામી બોલાવે ત્યારે સેવક લબ્ધ્યેક કહે છે. હાજી બોલો અહરામ ખાધા પછી, બાદશાહ એ અને એને મળતા શબ્દો ઉચ્ચારે છે, કે જેમાં પરમેશ્વરની સ્તુતિ, તેની પ્રૌઢતા, તેનું ઐશ્વર્ય વગેરે હોય છે. કાબાની ઝમારત બધાઈ પછી હજરત ઇબ્રાહીમ સાહેબને પરમેશ્વરનો હુકમ થયો કે, તમે બધા લોકોને પોકારીને કહી દો કે તેઓ કયામત સુધી આ જગાની હજ કરવાને આવે. તે ઉપરથી તેમણે સાદ કર્યો હતો. હવે હાજી લોકો લબ્ધ્યેક કહે છે. તે બધે તેમના પોકારવાના જવાબમાં કહે છે.

લબ્ધ્યેહાજર વિ. ગુલામ.

લભ્ ૧. [સં.] ૧ ક્રિ. (ધાતુ) જાણવું; સમજવું.
૨. ૧ ક્રિ. ની પાસે હોવું; ના માલિકીમાં હોવું
૩. ૧. ક્રિ. પકડવું; કબજે લેવો.
૪. ૧. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું; પામવું; લાભ મળવો. તે ઉપરથી બનેલ શબ્દ: લાભ, લબ્ધ, લબ્ધિ.
૫. ૧ ક્રિ. લાવવું.
૬ ૧ ક્રિ. ઉલ્લંઘન કરવું.
૭ ૧ ક્રિ. શોધવું; મેળાપ કરવો.

લભનીય ૧. [સં.] વિ પ્રાપ્ત કરવા યોગ્ય; મેળવવા જેવું.
૨. વિ. મેળવી શકાય તેવું; પ્રાપ્ત થઈ શકે તેવું.

લભસ ૧. પું. ઘોડાને પગે બાંધવાનું ઝાંઝર.
૨. પું. દ્રવ્ય; ધન.
૩. પું. ભિક્ષુક.
૪. પું. વડીલ.

લભ્ય ૧. [સં. લભ્ (મેળવવું)] વિ. મળી શકે તેવું; પ્રાપ્ત થઈ શકે તેવું; મળવા જોગ.
૨. વિ. મેળવવા યોગ્ય; પ્રાપ્ત કરવા જેવું; પ્રાપ્તવ્ય.
૩. વિ. યોગ્ય.
૪ વિ. શોધી કાઢે તેવું.
૫. વિ. સંમત કરવા પાત્ર.
૬. વિ. સમજી શકાય તેવું.

લભ્યમાન [સં.] વિ. પ્રાપ્ત થઈ શકે તેવું; મેળવી શકાય તેવું.

લભ્યાંશ [સં.] પું. નફાની વહેંચણીની રકમ.

લમક ૧. [સં.] પું. છિનાળવો માણસ; વ્યભિચારી કે લંપટ પુરુષ.
૨. પું. જાર; ઉપપતિ.

લમકડ (લમકડ) ૧. [હિ.] પું. કબૂતર પકડવા માટેની વાંકી લાકડી.
૨. પું. જૂની વાંકી બંદૂક.
૩. પું. બાજુ; બરછી.
૪. વિ. પાતળું અને વાંકું.

લમઝણી સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. બીજાપુરના કૈરસુરજ ઉપર આ તોપ મૂકેલી છે. તે એટલી લાંબી છે કે, બીજા સાધારણ બુરજ ઉપર તે ગોઠવી શકાતી નથી. એ માટે ખાસ કૈદર બુરજ તૈયાર કરવામા આવ્યો છે. આ તોપ છોડેના મારા માટે તૈયાર થઈ હતી. તે ત્રીસ ફૂટ આઠ ઇંચ લાંબી અને તેના મુખની કિનાર એક ફૂટની છે. આ તોપ લોખંડની કડીઓની બનાવવામાં આવી છે. તેને ફરતી લોઢાની મોટી મોટી ચીપો આપીને જકડી દેવામાં આવી છે અંદરીમાં પટીઓને ખાસ કરીને બેસાડી દેવામાં આવી છે. તોપની લંબાઈમાં એવી રીતનાં પૂરાં દોઢસો વર્તુલો જમાવેલાં છે. આ તોપની મૂઠ ઉપર મજબૂતી માટે એવાં વર્તુલો આડાવતામાં આવ્યા છે અને નાળી ઉપર પણ કેટલાંક વર્તુલો માત્ર ખૂબસૂરતી અને બાંગરા કાઢવા માટે લગાડેલાં છે

લમર્દક ૧. [હિ] પું. બગલો
૨. વિ. લાંબા પગવાળું.

લમઝાકૂટ સ્ત્રી લમઝાઝીક; માથાકૂટ.
લમઝાકૂટ કરવી = માથાકૂટ કરવી.

લમઝાઝીક સ્ત્રી. મગજમારી; માથાકૂટ; માથું દુખવા આવે એવી બકબક કરવી તે; માથાઝીક; મગજમારી.
લમઝાઝીક કરવી = લમઝા દુખે એવી સુખી બોલબોલ કરવું; ખૂબ બોલવું; બોલવાની નકામી મહેનત કરવી

લમઝાતોડ ૧. સ્ત્રી. લમઝાઝીક; માથાકૂટ; નકામી પંચાત; બોટી મહેનત.
૨. વિ. માથાકૂટિયું.

લમઝાંકૂટ જુઓ લમઝાકૂટ.

લમઝાંઝીક જુઓ લમઝાઝીક.

લમઝાંતોડ જુઓ લમઝાતોડ.

લમણું ૧. ન. કપાળ.
૨. ન માથાની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ; કપાળનાં બે પડખાં તરફનો ભાગ; માથાની ઉપરનો અવયવ.
૧. લમણાં ઝીકવાં–લેવા = માથાકૂટ કરવી; લમઝાઝીક કરવી; બબૂચકાર સુખી આડીતેડી વાત કરી માથું દુખે તેમ કરવું.
૨. લમણા શેકાઈ જવા = (૧) ગરમ તાપથી માથું કે લમણાં તપી જવા. (૨) માથાકૂટને અંગે માથું દુખવું. (૩) સૂર્યની અસહ્ય ગરમીથી દુઃખ પામવું.
૩. લમણે ફૂટી જવું = (૧) લમણાનો ભાગ તૂટી જવો. (૨) લમણો તૂટી જાય તેની વેદના થવી.
૪. લમણે હાથનું = (૧) ટાલ કરાવવી; માથું કૂટવું. (૨) જરૂર દોવી. (૩) માથે પડવું.
૫. લમણે હાથ દઈને બેસવું–લમણે હાથ દેવો–મૂકવો = નિરાશ થવું; ઉપર થઈને બેસવું; હોંસ વગરના થવું; હિંમત હારવી; આશાભંગ થવું; હતાશ થઈ જવું.
૬. લમણો દેવો = સરત રાખવી; ખ્યાલ રાખવું
૭. લમણો લૂછો = નિરાંતે ન બેસવું; દોડ્યા જ કરવું; ભંભા જ રહેવું; લમણાનો પરસેવો પણ લૂછવા વખત ન મળવો.
૮. લમણો વાળવો = ધ્યાન રહેવું.

લમણો જુઓ લમણું.

લમનઝંગ (લમનઝંગ) જુઓ લમનઝંગ.

લમતઝાગ (લમનઝંગ) જ. લાંજ

લમધારવું સ. ક્રિ. માર મારવો; મારવું; ધોલમાં દેવું.

લમેટીવાડ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. નર્મદા પંચાંગમાં લખ્યું છે કે અહીં ઉદ્રે નવ કુંડ કનું. ઘાટ ઉપર ઐરાવત હાથીના પગ પથ્થરમા સ્વયંભૂ બની ગયેલ છે. અહીં ઉદ્રેશ્વર શિવજી નામ અન્ય દેવતાઓનાં અનેક રમણીય મંદિર, ધર્મશાળા વગેરે સુશોભિત છે. ચોરે દૂર પશ્ચિમ તરફ શનિકુંડ છે. ઘાટ ઉપર પિપ્પલાદ ઋષિએ સ્થાપેલ પિપ્પલેશ્વર છે અને ઘાટની મધ્યમાં પીપળાની નીચે શનિ દેવનું મંદિર છે.

લમ્યસકરે સ્ત્રી. એક જાતની માછલી. તેને ચીકણું પડ હોય છે. તે બકે તે બકડ અથવા પ્રાણીઓને સલ્જડ પકડે છે તે ભૂમધ્ય સમુદ્ર અને આટલાંટિક મહાસાગરમાં જણાય છે. તે શિકારી છે. તેની જડપમાં આવેલી વસ્તુ જોડાવથી જકડ કરે છે.

લય ૧. [સં] પું. અખંડ વસ્તુનું આલંબન પ્રમે ન થવાથી ચિત્તની વૃત્તિની નિદ્રા; ચિત્તનિરોધનું એક વિઘ્ન; ધારણા વિના અભ્યાસમાં અભ્યાસીના ચિત્તની સુષુપ્તિના જેવી સ્થિતિ. ઉજાગરો, અજીર્ણ, અલ્પાહાર ને અતિશ્રમ એ લયના હેતુઓ છે.
૨. પું આશ્લિંગન; સંશ્લેષ.
૩. પું. પ્રલય.
૪. પું. ઉપાદાન કારણ વિદ્યમાન છતાં તેના કાર્યનો નિરોભાવ માત્ર.
૫. પું. એકાગ્રતા; કોઈ બાહ્ય વસ્તુમાં લીન થઈ જવું તે; એકલક્ષતા; લગની; એકતાર થવું તે; ધ્યાન; એક જ વસ્તુમાં મન રમવું તે; લગન; લેહ; લીનતા; તન્મયતા.
૬. [સં. લી (ઓગળવું)] પું. મનને એક થઈ જવું તે; મળી જવું તે; સમાઈ જવું.
૭. પું (સંગીત) ગાયનની કે તાલની ગતિ. ગાયન તથા વાદ્યમાં લયનો ઉપયોગ જુદીજુદી રીતે થાય છે. તેના ત્રણ પ્રકાર છે: (૧) વિલંબલય, (૨) મધ્યલય અને (૩) દ્રુતલય. વિલંબિતમાં ધીમેધીમે તાલ અપાય છે. મધ્યમમાં સાધારણ ગતિમાં તાલ અપાય છે, દ્રુતમાં જલદ તાલ અપાય છે. બહુ ધીમી ગતિને વિલંબિત લય કહે છે. મધ્યમ લયની ગતિ તેનાથી બમણી અને દ્રુતલયની ગતિ મધ્યમ લયથી બમણી ગણાય છે.
૮. પું. (સંગીત) ગાયનમાં સૂરની એકતારતા; સ્વરનું ધીરેધીરે એકતારતામાં વિરમવું તે; સૂરનું ધીમેધીમે ઓછું થવું તે.
૯. પું. છુપાઈ જવું તે; ગુમ થવું તે.
૧૦. પું. જગતનો નાશ; પ્રલય.
૧૧. [સં. લગ્ન] પું. મેળાપ; સંબંધ; મેળાપ.
૧૨. પું. નાશ; વિધ્વંસ; પાયમાલી; મરણ; સમૂળી ઊપડી જવું તે; સંહાર; ઉચ્છેદ; ક્ષય; વિનાશ; વિલય.
લય પામવું = (૧) નાશ પામવું. (૨) ભળી જવું. (૩) લીન થઈ જવું.

૧૩. પુ. સ્પર્શ, માપન અને વાદન એ ત્રણનો સુમેળ; નૃત્ય, ગાન, વાદ્ય વગેરેમાં ઓછાવત્તાપણું, માપના, વાદન, માપનાં પદ અથવા કડીઓ, નાચ વગેરે સ્વરોના તાલની ક્રિયા અને ક્રાળની પરસ્પર સમતા, ગાયનની કડીઓ જે તાલમા હોય અને તેના સ્વનોની રચના જે જે હોય, ગુરુ, દ્રુત વગેરે ક્રમની ગણવડી ક્રાળ ને ક્રાળની માત્રા કે ક્રિયાની નિયમિત ક્રમ સાથે સમતા, ઓછતા કે લીનતા

૧૪. પુ. પાકના છ ભાગેનો એક મુખ્ય

૧૫ પું. પ્રેમ; અનુરાગ.

૧૬. પું. માનસિક રસિયાતા

૧૭. પુ. મુક્તિ; મોક્ષ.

૧૮. પું. (સંગીત) વિરામ, વિક્રમ.

૧૯. પું. કૃષ્ણના દરબાર માંહેનુ એક નામ.

૨૦. પું. (યોગ) સમાધિ; આત્મા અને મનનુ એકત્વપણું

દ.જયોગ, ઉન્મની, મનોન્મની, ચિત્તવ્યાપારાભાવ, પ્રાણવ્યાપારાભાવ, ચિત્તપ્રલય, અમરત્વ, લય, તત્ત્વ, રાજયોગ, પરમપદ, અમનસ્કભાવ, અદ્વૈત, નિરાલંબ, નિરંજન જીવનમુક્તિ, સહજાવસ્થા અને તુર્યાવસ્થા, એ લયાદિના પર્યાય છે.

૫.મહે રતુક

૨૧. સ્ત્રી. (સંગીત) એક સરખો પખવાજ, તાલ અથવા ભજનવગેરા જે નિયમ પ્રમાણે એક ચીજ અથવા ટેક સરૂ કર્યા હોય તેને પૂરી થતાં સુધી તે જ નિયમ પ્રમાણે કાયમ રાખવો તેને લય કહે છે. તેના ૭ ભેદ છે: (૧) દ્રુતલય, (૨) અર્ધદ્રુતલય, (૩) આડલય, તેને દોઢ કહે છે, (૪) ત્રિગુણલય, તેને કુમન કહે છે, (૫) ત્રિગુણ લય, તેને તિગન કહે છે અને (૬) ચતુર્ગુણ લય, તેને ચોગન કહે છે.

૨૩. સ્ત્રી. તાલના દસ માત્રાનો એક પ્રાણ

૨૪. સ્ત્રી. મૂર્છા, બેદારી

લયકારી સ્ત્રી કોઈ એક તાલરૂપી એકમમા માત્રાના ચોક્કસ અરસા વિભાગ. તે ત્રણ જાતની છે: વિલંબિત, મધ્ય અને દ્રુત.

લયકાળ [સં. લય (નાશ) + કાળ (વખત)] પું. પ્રલયકાળ; ત્રિગુણની વેગાવસ્થા; પ્રલયનો સમય.

લયસિદ્ધપદી સ્ત્રી (પિંગળ) એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ; મહાદેવા. તેના પ્રત્યેક દલમાં સાત ચોકડિયા ગણ આવી ૨૮ માત્રા હોય છે. ૧, ૫, ૮, ૧૨, ૧૭, ૨૧, ૨૫ માત્રાએ તાલ આવે છે

ચોકડિયા ગણ મુનિ પ્રતિ દલમા
પ્રથમ તાલ જ ધરને;
ચારે ચરણા લયસિદ્ધપદીમાં
મહાદેવાના કરને.

સ્થપિંગળ

લયન ૧ [સં.] ન. આશ્રય; વિશ્રામસ્થાન.

૨. ન. ગળીને પ્રવાહી થયુ તે; નક્કર રૂપને ગાળીને પ્રવાહી રૂપ આપવુ તે.

૩. ન. મુકામ; ભાવ

૪ ન. ઘર

ઘરના સમ ત્યાર બાદ બેઠક બેસવા સંકેત, લયન વિરામ પદ આસપદ આશય નિલય નિકેત.

પેનળકરકૃત

૫ ન. બંદર; વહાણ

આલય આશ્રય લયન વહન, વહાણ તુંડ ક્ષમી ધામ; મુખની રાખા બેઉ છે, લાગત કોટિક કામ.

પેનળકરકૃત

૬. ન. ચોટી જવુ તે; ચોટવુ ત

૭. ન. લીન થવુ તે.

૮. ન. વિશ્રામ; સ્થિતિ

લયનાક [સં. લયન + અક (આકડો)] પું. ગરમીના જે અંશે નક્કર વસ્તુ પ્રવાહી રૂપ પામે તે અંશ; લયન માટેનો ગરમીનો અંશ.

લયનોષ્મા [સં. લયન + ઉષ્મા(ગરમી)] સ્ત્રી. લયનની ગરમી; જેથી નક્કર વસ્તુ પ્રવાહી બને તે ગરમી.

લયપુત્ર [સં.] પું. નટવો; નટ

લયપુત્રી [સં.] સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.

લયપ્રગ્રાહ પું. (સંગીત) શબ્દતુલ્ય; વાણીનુ ડોલનાં; લય કે લયકારીનો પ્રવાહ.

લયપ્રહ [સં] વિ. તાલપ્રહ.

લયબંધ ૧. પું. (સંગીત) પખવજના બાર ભેદોનો એક પ્રકાર; લય અથવા ક્રાળના અમુક પ્રમાણના બંધન ઉપર લક્ષ આપીને રચેલી તાલકાલથી બદ્ધ પખવજના. આવી પખવજ રચના પ્રબંધ કે લયબંધને નામે ઓળખાય છે

૨. પુ. શબ્દતુલ્ય.

લયબંસી સ્ત્રી. સરભૂઈની જાતનું એ નામનું એક વાજિંત્ર. આ વાજિંત્ર મોઢાની બેઉ બાજુથી ફૂંકી વગાડવામાં આવે છે.

લયબાધુર્ય ન. લય કે લીનતાને લગતી મીઠાશ.

લયયોગ ૧ [સં] પું. (યોગ) ચાર માંહેના એક પ્રકારના યોગ. વિષયોની ક્રિયા ખેંચાણની વિસ્મૃતિ થાય તે ઉપાયરૂપ યોગને લયયોગ કહે છે લયયોગની પ્રાપ્તિનો ઉપાયઃ પ્રાણાયામાદિ ક્રમ વિના જ શાંભવીમુદ્રાના અભ્યાસથી લયયોગની પ્રાપ્તિ થાય છે. શાંભવીમુદ્રાનું સ્વરૂપ હઠયોગપ્રદીપિકામાં આ પ્રમાણે કહ્યું છે: આધારથી ભ્રહ્મરંધ્રપર્યંતના ચક્રોમાંના કોઈપણ વાંછિત ચક્રમાં અંતઃકરણની વૃત્તિને સ્થાપન કરવી ને દૃષ્ટિને નિમેષોન્મેષરહિત શરીરની બહારના પ્રદેશમા સ્થાપન કરવી તે શાંભવીમુદ્રા કહેવાય છે. દૃષ્ટિ, પ્રાણ ને ચિત્તને ભ્રહ્મમાં સ્થાપન કરી શકનારને જ અમનસ્કખંડ નામના ગ્રંથમાં લયયોગવાળો તથા જેવ્ય મનોલય છે. નાસિકાના અગ્રભાગાદિક રેચોમા ક્રમાગત ચિત્તાદિ જેની દૃષ્ટિ સ્થિર છે, રેચકાદિક પ્રાણાયામના અભ્યાસ વિના જ જેના પ્રાણવાયુનો નિરોધ છે અને ષટ્ચક્રાદિકના અવલંબન વિના જ જેનું ચિત્ત એકાગ્ર છે, તે જ પુરુષ યોગી, ગુરુ અને સેવવા યોગ્ય છે. જેમ રાજયોગ અને હઠયોગ એ યોગના પ્રસિદ્ધ બે પ્રકાર છે તેમ મંત્રયોગ અને લયયોગ પણ યોગના પ્રકાર છે

૨ પું. ભ્રહ્મમાં મગ્ન જવુ તે; એક થઈ જવુ તે. જેને વેદમા પરમપદ કહે છે તેને પામવુ અને તેનામા લીન થઈ જઈ, અખંડ આનંદના ભોક્તા થવુ તેનુ નામ લયયોગ.

લયયોગી [સં] પું લયયોગવાળો પુરુષ. જગત કે જગતની જગ્યા જ્યાં છે જ નહિ, તેના કાયમના સ્વરૂપની સરિયતિમા આ લયયોગી ભ્રહ્મમાં ભ્રહ્મરૂપે જાગ્રત જણાય છે.

લયરચના સ્ત્રી (સંગીત) એક પ્રકારની રચના.

લયલા [અ] સ્ત્રી ફારસી સાહિત્યની એક પ્રસિદ્ધ માશૂક.

લયલામજનૂન [અ.] ન. ષ. ષ. લયલા અને તેનો આશક મજનૂનઃ ફારસી સાહિત્યમાં આશક માશૂકની એક પ્રસિદ્ધ જોડી.

લયલીન વિ. મગ્ન; એકતારઃ એકરૂપ બનેલ.

લયવાદન ન. (સંગીત) અવનદ્ધ કે ઘનવાદ્યથી પ્રમાણસર અવાજ કરવો તે

લયવાદ્ય [સં.] ન. (સંગીત) જેથી તાલ કે ક્રાળની પ્રસ્તુતતા અથવા ગણતરી થઈ શકે તેવુ વાદ્ય; લય પ્રકટ કરવા માટેનુ વાદ્ય જેમકે, તબલુ.

લયવાહી ૧. [સં. લયવહિન્] વિ. તાલબંધ.

૨. વિ. વીવિધ

૩. વિ. સવાદી

લયવૈચિત્ર્ય સ્ત્રી. (સંગીત) લય કે લીનતામાં રસદાયક ફેરફાર.

લયસિદ્ધિસમાધિ [સં.] સ્ત્રી. (યોગ) એક પ્રકારની સમાધિ. પ્રથમ યોનિમુદ્રાને પોતાને શક્તિમય માનીને સાધે. તેની સિદ્ધિના અંતે પોતાને શક્તિ એટલે સ્ત્રીરૂપ માની મનમા એમ માને કે, પુરુષરૂપ પરમાત્માની સાથે પોતે સ્ત્રીરૂપ થઈ શૃંગારરસ સબંધી વિહાર કરે છે. તે વિહારરસમા મગ્ન થઈ હું જ ભ્રહ્મ છું, બીજો નથી તેવો જે અનુભવ થાય તે સમાધિને લયસિદ્ધિસમાધિ કહે છે.

લયસ્થિતિ [સં] સ્ત્રી. નાશની સ્થિતિ

લયાકત (લયાકત) [અ સિયાકત સ્ત્રી. લાયકી; યોગ્યતા.

લયાનત ૧ [અ. લઅનત (ધિક્કાર)] સ્ત્રી. ધિક્કાર; ફિટકાર. ૨૬.

૨ સ્ત્રી. લ્યાનત, કહુવા; મારુ આવો તેવી ઇચ્છા બતાવવી તે

૩. સ્ત્રી. શરમ. ગેરિયતા; લાજ; બદનામી; નામોશી

લયોત્પાદક [સં] વિ. (સંગીત) વખતનું માપ જળવનારું. વાદ્ય માટે વપરાય છે

જેમાંથી માત્ર લય જ તબલા કરવામાં આવે છે, અર્થાત્ જે જે વખતનું માપ ચોકસ રીતે જળવી રાખે છે તેને આપેલ લયોત્પાદક વાદ્ય કહીશું. સંગીતવાદ્ય

લર ૧. [હિ] પું. જમીન માપવાનો સળિયો, જમીન માપવાનો પ્રજ.

૪૦૦ ચોરસ લર = વીઘો.

૨. પું. આંબો લટ; વેણી

૩. પું. હાર.

લરકત [હિ] સ્ત્રી. બેચાર્ડ જવું તે.

લરકા [હિ] પું પુત્ર.

લરકૈયા [હિ.] પું. પુત્ર.

લરજ પું. (સંગીત) સારદી વીણાના સાત માંહેનો પાંચમો તાર. તેને ખરજ પણ કહે છે.

લરજત વિ. લાગેલું; શરમાયેલું.

લરજવું ૧. અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.

૨. અ. ક્રિ. બીવું; ડરવું

લરજા ૧. પું ઘેર પ્રકારનો તાવ; ટાઢિયો તાવ. જેમાં દરદીનું શરીર કંપવા લાગે છે.

૨. પું. ધરતીકંપ.

૩. પું. ધ્રુજારી; થરથરાટ.

૪. સ્ત્રી. (સંગીત) સ્વરને ગળાથી અથવા તારથી કંપાવવો તે; આંદોલના; રકુરણા.

લરજતું વિ. લાગેલું; શરમાયેલું.,

લરજતું જુઓ લરજતું.

લરજાવવું સ. ક્રિ. લરજવાની ક્રિયા કરાવવી; લરજે તેમ કરવું.

લરજાવું અ ક્રિ. લરજવાની ક્રિયા થવી.

લરજો પું તાવની ધ્રુજારી; કંપવુ તે.

લરજવું જુઓ લરજવું

લરઝા જુઓ લરઝો.

લરઝાવવું જુઓ લરજાવવું.

લરઝાવું જુઓ લરજાવું.

લરઝો ૧ પું. કંપવાયુ; કંપવા; ધ્રુજારી.

૨ પુ ...કંપ

લરણી સ્ત્રી. અનાજ પાકયા પછી તેના ડોડા કુપચી દૂર કાપવા તે; લણવાની ક્રિયા; લણવા તે; લણની.

લરિક ન. જ બ. ઝોટરાં; મતિ

લર્દું ૧ પુ ...વર્તન

૨. પુ ...ઢંગ

લલ ૧ સ્ત્રી. તક; મોસમ

૨ સ્ત્રી આરસામાં ...ગ્રસ કે પાનેલ બેસારવા તેમ-જ ઢાંતો ફોલકોલ કે મોલમની લાઈન બેસાડવા માટે પટીની કોરીમાં મારવામાં આવતો ...ગ્રસ

૩ [સં.] વિ. ૬-૭ રાખનારું.

૪. વિ. ખુશકારક; મનરંજક.

૫. વિ. ચળકાટવાળું

૬. વિ. રમતિયાળ

૭. વિ. વિલાસી; મોજીલું.

૮. વિ સુખે પડી રહેનાર

લલક ૧. સ્ત્રી. ઇચ્છા.

૨. સ્ત્રી. ઉત્સાહ.

૩. સ્ત્રી. તરંગ.

૪. સ્ત્રી. પાણીનું એકદમ ધસારા આવવું તે; પાણીનો એકાએક ધસારો

૫. [સ. લલ્ (રમત કરવી)] સ્ત્રી. ચાળા તે; મૂર્ખાઈ તે.

૬. સ્ત્રી લાડ; લાલન

૭. સ્ત્રી લાલચ; તૃષ્ણા.

૮ સ્ત્રી લલચામણા, પ્રલોભન ઇચ્છા

૯. સ્ત્રી. શોભા; સૌંદર્ય.

૧૦ સ્ત્રી સુખે પડ્યા રહેવું તે.

લલકવું ૧ સ લલ્ (ઝૂલવું)] સ ક્રિ લટકવું, ઝૂલવું; લટકા સાથે ઝૂલવું.

પ્રિયમ તમારી પાવડીએ રે,
મોઈ લલકે મોતી સેર રે

નરસિંહ મહેતા

૨. અ. ક્રિ. લલકારવું

૩. સ ક્રિ. લગાડવું

૪. સ. ક્રિ લાલસા કરવી.

લલકારાયમાન વિ લલકવું; ઝૂલવું. લટકાં સાથે ઝૂલવું; ઝહેરથી લટકવું.

લલકાર ૧. પું. આનંદ તથા પ્રોત્સાહનનો અવાજ; પડકાર; આહ્વાન.

૨ પુ. આનંદભેર મોટો સૂર કાઢી આવું તે, આલાપ; લાંબો રાગ; સૂર ખેંચવો તે; મોટે રાગે આનંદભેર ગાવું તે; લલકારેલું ગાન.

લલકાર મારવા = તાલીને ત્રિજલતથી ગાવું.

૩ પુ ધમકો.

૪ પુ અપ. સ.ક્રિ બોલાવવું તે, ૨.૬

૫ પું સલિલ ધ્વનિ, ઘનઘનાટ

લલકારનાર વિ ...કરનાર, લલકારે તેવું.

લલકારવું ૧. સ ક્રિ. આનંદભેર ઊંચે સ્વરે ગાવું. છૂટે મોંએ આનંદી ઢંઢે સ્વર તાણવો, મોટે રાગે સૂર ખેંચીને ગાવું; મધુરો સ્વર કાઢવો

૨. સ ક્રિ. બોલાવીને હાક દેવું

૩ સ ક્રિ. ગમે તેમ બોલવું.

૪ સ. ક્રિ. જોરથી હાકો સાદ કાઢવો; અવાજ કરવો

૫ સ ક્રિ. ધમકાવવું; ધમકો આપવી.

૬. સ ક્રિ. ધૂમ પાડવી.

૭ સ ક્રિ. બોલાવવા

૮. સ ક્રિ. લડાઈનું આહ્વાન કરવું; પડકારવું.

૯ સ ક્રિ. હાકલ કે બૂમરાણ મચાવવા ઉશ્કેરવું અથવા ઉત્તેજિત કરવું.

લલકારાવવું સ ક્રિ. લલકારે તેમ કરવું; લલકારવાની ક્રિયા કરાવવી.

લલકારાવું અ. ક્રિ. લલકારવાની ક્રિયા થવી.

લલકારો પું. લલકાર.

લલકાવવું સ ક્રિ લલકે તેમ કરવું; લલકવાની ક્રિયા કરાવવી.

લલકાવું અ. ક્રિ લલકવાની ક્રિયા થવી.

લલચામણી ૧ સ્ત્રી. લાલચ.

૨ વિ સ્ત્રી. લલચાવે તેવી

લલચામણું વિ. લલચાવે તેવું.

લલચાવવું ૧ સ ક્રિ. લમાવવું

૨. સ. ક્રિ. મોહિત કરવું; આકર્ષવું; મોહમાં નાખવું

૩ સ. ક્રિ. ...લચમાં નાખવું, લાલચ આપવી; લલચાવે કે લોભાય તેમ કરવું; લોભમાં નાખવું.

૪ સ. ક્રિ. લાલસા કરાવવી.

લલચાવું ૧. અ. ક્રિ. લમાવું

૨. અ ક્રિ મોહિત થવું; પ્રેમ લાગવો.

૩ અ ક્રિ લાલચમાં ફસાવું; લોભાવું; લાલચ થવી; લોભમાં લેવાવું

૪ અ. ક્રિ. લાલસા કરવી.

જી લલચાવો = કાંઈ પણ મેળવવાને માટે પ્રયત્ન કરવા થવી.

લલજી વિ સ્ત્રી (કચ્છી) આવાની મરજી થાય તેવા; મોઢામાં આવી લાવે તેવી; મન ગમે તેવી વસ્તુ, મૂળા વગેરે લલજી ચીજ છે.

લલજિહ્વ જુઓ લલજિહ્વ.

લલજિહ્વી ૧. [સં.] સ્ત્રી. ઘંટડી.
૨. સ્ત્રી. કૂતરી.

લલજ્જિહ્વ ૧. [સં.] પું. ઘંટ.
૨. પું. કૂતરો.
૩. વિ. ચાલતી જીભવાળું
૪. વિ. જેની જીભ બહાર લબકતી હોય તેવું.
૫. વિ. હિંસા કરનાર; ભયંકર.

લલત ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુમારવલ્લિતા; અવિરામ. ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.
૨. પું. રાત્રિના ચોથા પ્રહરે ગવાતો રાગ.

લલતિ પું. આનંદ.

લલતું વિ. ભળતું ને પચરંગેલું.
અલકાવળી લલતી ચહે સલિમા. પ્રેમાનંદ

લલન ૧. પું. ચારોળીનું ઝાડ.
૨ પુ બાળક
૩ પું; સ.ગનું ઝાડ.
૪. સ્ત્રી. લલના; સ્ત્રી.
૫. ન. રમવું તે; ક્રીડવું તે.
૬ ન. જીભ હલાવવી તે.
૭. ન. રમત.
૮. વિ. પ્રેમરસ ઝરેલું.

લલના ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, મગણ અને બે સગણ મળી બાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૭ યતિ પાચે, બાર રસે લલના.
રણપિંગળ
૨. [સં.] સ્ત્રી. જીભ.
૩. સ્ત્રી. બારડ માહેની એક તેજસ્તત્ત્વ દેવતા.
૪. સ્ત્રી. લલુતા; પ્રીતિ.
૫. સ્ત્રી. વિલાસી, લહેરી કે કોડામણ સુંદર નાનુક સ્ત્રી; રસિક અને વિલાસી સ્ત્રી; ચતુર પ્રેમપ્રેમી રહિમાણી બાળા; પ્રેમ રસવાળી સુંદર સ્ત્રી; સુંદરી; ખૂબસૂરત સ્ત્રી.
સ્ત્રી નારી વનિતા વધૂ લલના લલ્લકી બામ;
અબળા બાળા અબલા પ્રેમદા કાંતા વામ.
પિંગળશબ્દકોષ
૬. સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી.
૭. [સં. લસ્ (આનંદ પામવું)] સ્ત્રી. સ્ત્રી.

લલનાકંઠ [સ.] પું. સ્ત્રીનો કંઠ, સ્ત્રીનો રાગ.

લલનાગ્રહ [સં] ન. (જૈન) તાબુરસ્થાનમાં રહેલું એ નામનું એક ચક્ર.

લલનાત્વ [સં.] ન. સ્ત્રીત્વ; સ્ત્રીપણું; બાયલાપણું.

લલનાપ્રિય ૧. [સં.] પું. કદંબનું ઝાડ.
૨ પું. જીભ જેને પ્રિય હોય તે.
૩. પું. સુગંધી વાળો; ખસ.
૪. પું. જેને પ્રિય હોય તે.

લલનાવિરહી [સં.] વિ. સ્ત્રીથી છૂટું પડેલું; સ્ત્રીનો વિરહ ભોગવતું.
એ ગિરિમા, કનકનું કટું રે સર્વે ગ્રન્થ હારે,
કાઢ્યા આસો કઈ લલનાવિરહી ગાળીએ તે,
ત્યા આષાઢી પ્રથમ દિવસે શિખરે મેઘ ઘેરતો,
ગાઢે ક્રીડાસમય નમતા હસ્તી શો રમ્ય દીઠો.
મેઘદૂત

લલના સન્માન [સં.] ન. સ્ત્રીલક્ષિણ્ય; સ્ત્રી બહુમાન; નારી પૂજા; પ્રેમસેવા.

લલના સંમાન જુઓ લલના સન્માન.

લલનિકા ૧. [સં.] સ્ત્રી. નાની કે કરીબ સ્ત્રી.
૨. સ્ત્રી. લલના, સ્ત્રી

લલપટ [સં. લલાટ] સ્ત્રી. કપાળ; ભાલ; લલાટ.
લલપટ સોહેરે આ ચાંદલો,
ને કુમકુમ કેસર આડ. વલ્લભભટ્ટ

લલપલ વિ સ્ત્રી. લહકની; મરોડવાળી.
આલ લલપલ લટ. નરસિંહ મહેતા

લલપવું અ. ક્રિ. લહેર કરવી; આનંદ કરવો.
લીલા માંડે લલપતો.
કૃષ્ણ કામનીને સંગે. નરસિંહ મહેતા

લલપો પું. લટકો; મરડભરી ચાલ.

લલપોતિકા ૧. સ્ત્રી. પો.
૨. સ્ત્રી. નાકિ સળી લટકતી રહે તેવી લાંબી માળા; મોટો અને લાંબો હાર.

લલા ૧. [વિ.] પું. દીકરો; પુત્ર.
૨. પું પરમેશ્વર.
૩. પું. પ્રેમનો શબ્દ.
૪. સ્ત્રી. ભેટવું.

લલાઈ સ્ત્રી. ત્વચાનો રક્તવર્ણ; લાલી; સુરખી. વધારે ગોઠીને ગર્ભ ને ગામડી લાલ રંગની દેખાય છે. કોપ, હર્ષ્ણ વગેરે ઉદ્વેગોમાં પણ ત્વચા ઉપર લાલાશ ચડી આવે છે. ગામડીના ઉપર સોનું આવે ત્યારે પણ ગામડી લાલ થઈ જાય છે. અંતરડાંની બરાબીથી ચડી ગોડાગોબે પણ લાલ દેખાય છે.

લલાક [હિ.] પું. પુરુષનું ચિત્ર; ચિત્ર.

લલાટ ૧. [સં.] ન. કપાળ; ભાલ
ભાલ અસ્થિ લલાટમાં ગંડક અસ્થિજરાય,
નાસિક પ્રગટી કપાળમાં ભાગ્યરેખ ચમકાય.
પિંગળશબ્દકોષ
૨. ન. નસીબ; ભાગ્ય; કર્મ.
૩. ન. નાકસલાળામા થતું એક જાતનું ઝરણ.
૪. ન. આયુ.

લલાટકી ન. ગળામાં પહેરવાનું એક ઘરેણું.

લલાટતટ [સં.] ન. કપાળ.

લલાટદ્યુતિ [સં.] સ્ત્રી. કપાળનું તેજ.

લલાટપટ જુઓ લલાટપટ્ટ

લલાટપટ્ટલ જુઓ લલાટપટ્ટ.

લલાટપટ્ટ ૧. [સં. લલાટ + પટ્ટ (પટ્ટો)] પું. કપાળ; કપાળની વિશાળ સપાટી; ભાલપ્રદેશ; ભાગ્યરેખાનું સ્થાન; વિશાળ લલાટ.
૨. પું. કપાળ ઉપર પહેરવાનું એક આભૂષણ; ઝૂલણું.

લલાટપટ્ટિકા જુઓ લલાટપટ્ટ.

લલાટપત્ર [સં] પું. લલાટનો લેખ.

લલાટપાંડરી સ્ત્રી. કપાળપ્રદેશ.

લલાટફલક [સં.] ન. કપાળની સપાટી; લલાટપટ્ટલ

લલાટભાગ પું. ખોપરીના આગલા ભાગમાં આવેલ પુરઃકપાલ નામના હાડકાનો એ નામનો એક ભાગ.

લલાટમંત્ર [સં.] પું. મસ્તક પર લખેલો લેખ; નિપિનો લેખ.

લલાટરેખા ૧. [સં. લલાટ(કપાળ) + રેખા (લીટી)] સ્ત્રી. કપાળ ઉપર રેખાતી રેખા; કપાળ ઉપર લાંબી જિંદગી બતાવતી મનાતી એક લીટી.
૨. સ્ત્રી. કપાળમાં કરેલી સંપ્રદાયના ચિહ્નની લીટી; કપાળ ઉપર રંગથી કરેલ પંથની નિશાની.
૩. સ્ત્રી. કપાળમાં લખેલું હોય તે; નસીબનો બનવાનો બનાવ; વિધાતાએ લલાટે લખેલા નસીબના લેખ.
૪. સ્ત્રી. ભલા ગ્રહવશથી કપાળમાં પડતી કરચલી.

લલાટલેખ જુઓ લલાટરેખા ૩.

લલાટાક્ષ [સં.] પું શિવ; શંકર; રુદ્ર; જેમના કપાળ મધ્યે એક નામ.

લલાટાક્ષી ૧. [સં.] સ્ત્રી. દુર્ગા.
૨. સ્ત્રી. (પુરાણ) સીતાનું સરક્ષણ કરવા રાખેલી એ નામની એક રાક્ષસી.

લલાટાસ્થિ [સ. લલાટ(કપાળ) + અસ્થિ (હાડકું)] ન. લલાટનું હાડકું; માથાની ખોપરીનું કપાળનું હાડકું.

લલાટિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક જાત શિરા. તે નાકના મૂળની એક બાજુએ હોય છે અને અધિમૂર્ધા બીજી બાજુએ હોય છે. આ શિરાઓ બન્ને મોટી હોય છે ત્યારે માણસના કપાળમાં તિલકના આકારમાં બહાર આવે છે.

૨. સ્ત્રી. કપાળ ઉપર ચંદનની બનાવેલ નિશાની.
૩. સ્ત્રી. કપાળ ઉપર પહેરવાનું એક ઘરેણું; દામણી; લલાટભૂષણ.
૪. સ્ત્રી. ભાલ; લલાટ; કપાળ.
૫. ન. એક જાતનું આલિંગન. મુખની સામે મુખ મિલાવીને, આંખની સામે આંખ અને લલાટની સામે લલાટનો સ્પર્શ કરીને આ આલિંગન કરવામાં આવે છે.

લલાટ (લલાડ) ૧ [સં. લલાટ] ન (પ્રાકૃત) કપાળ; લલાટ.

અમર ચંદન પ્રભુ રેલાયાં લલાડ. દયા.૨.૫૬

૨. ન. ત્રિપુંડ; કપાળનું ચિહ્ન.

લલાટપટ્ટ ન. સત્ર ખુલ્લાં કે રક્ષણ વગરના ઉપાડાં હોય તેમ. ઘરમાં વસતી ન હોય અને બારણાં ઉઘાડાં મૂકયાં હોય ત્યારે લલાટપટ્ટ બારણાં ઉઘાડાં મૂકયાં છે એમ બોલાય છે

લલામ ૧. પું. બોડો.
૨. પું. ચિહ્ન; નિશાન.
૩. ન. કપાળ ઉપર પહેરવાનું એક ઘરેણું.
૪. ન. બોડા કે સિંહની ગરદન ઉપરના વાળ; કેશવાળી
૫. ન. તિલક.
૬. ન. ધ્વજ.
૭ ન. પૂછડું.
૮. ન. પ્રભાવ.
૯. ન. ભૂષણ.
૧૦. ન. રત્ન.
૧૧. ન. શિખર; શૃંગ.
૧૨. ન. શીંગડું
૧૩. ન શ્રેણી; હાર; પંક્તિ.
૧૪. ન. સૌંદર્ય.
૧૫. વિ. કપાળમાં તિલકવાળું.
૧૬. વિ. લાલ રંગનું.
૧૭. વિ. સર્વોત્તમ; પ્રધાન.
૧૮. વિ. સુંદર; રમણીય.

લલામક [સં.] ન. માથામાં પહેરવાનું એક ઘરેણું. માથા ઉપરથી આગળ કપાળ ઉપર લટકતી માળા

લલામલાલિતાક્ષરા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણનો છંદ, વસંતતિલકા; જરાપતિ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ અને રગણ મળી બાર અક્ષરો આવે છે

લલામલાલિતાક્ષરા જ ર જ ર. રત્નપિંગલ

લલામી ૧. [સં.] સ્ત્રી. કાનમાં પહેરવાનું એક ઘરેણું
૨. સ્ત્રી. લાલી; સુરખી.
૩. સ્ત્રી. સુંદરતા.

લલાવટી ૧. સ્ત્રી. કપાળ
૨. સ્ત્રી. કપાળ ઉપરના ત્રીજા ભેમળ વાળ.

લલિત ૧. પું. અઠ્ઠાવીસ માંહેનો એ નામનો એક રૌદ્રાગમ.

૨. પું એ નામના નખલ્લુસથી પ્રસિદ્ધ થયેલ જ-મજૂમદાર મહાકવિ જુઓ. તેનો જન્મ જૂનાગઢમાં ઈ. સ ૧૮૭૭ માં થયો હતો અને એમનું ઉગમસ્થાન ચોરવાડ હતું. નાનપણથી એમને કવિતા કરવાનો શોખ હતો ઈ. સ. ૧૮૯૬માં તેમણે કવિતા રચવાની શરૂઆત કરેલી. છત્રીસ વર્ષની વયે ઈ સ. ૧૯૦૪ માં થયેલું ભારભૂતિના ઉત્તરરામચરિતની છાયાવાળું સીતાવનવાસ નામનું નાટક ગોંડલમાં ભજવાયું હતું. કલાપીએ તેના કંઠની મીઠાસ સાથે સવાની મજલ સાજણી અને તેમની મિત્રતા જન્મ પામી. કલાપી દ્વારા મણિલાલ નભુભાઈ તથા ગોવર્ધનરામભાઈના સમાગમમાં તેઓ આવ્યા. આ રીતે તેમનામાં કલાપી અને ગોવર્ધનરામભાઈના મોત્ર સંમિશ્રણથી થયેલી વિષાદમય અને ભવ્ય છાપ પડી છે. તે બંને માણસોની ભાષા લલિતનાં કેટલાંક કાવ્યોમાં તરે છે. વળી ભગવતી મીરાંના ભજનોની પ્રેરણા પણ તેમનાં કેટલાંક ભજનોમાં છે. માતા, પિતા, બંધુ, ભગિની, ધર્મપત્ની, મિત્રો, બાલક આ સર્વે લલિતના ગૃહભાવવાળા પદ્યો અને સારાં કાવ્યોનો આત્મા છે. એમનાં કાવ્યોમાં વિશાળ અને ઉદાર કુટુંબજીવનસત્ત્વનાં પુણ્યસ્મરણો છે. ધીમે ધીમે દુઃખીને આશ્વાસન, કમળાગીરે હિંમત, પામરોને સહબોધ અને પ્રભુની બદનામાં વિશ્વાસ એ તેમના પ્રિય વિષયો થયા. ઠગવે ઠગવે તેમાં દેશભાવના ભળી, ગૃહજીવનને સ્થિરતા અર્પનાર પ્રેમ, દંપતીપ્રેમ, સહોદરપ્રેમ, અને વિશ્વપ્રેમ એ બધાં પ્રેમનાં વિવિધ સ્વરૂપોનાં સુંદર કાવ્યો એમણે રચ્યાં. હૃદયને અસર કરી એકદમ કવિતાની મીઠાશ આપવાનો દુષ્પ્રાપ્ય ગુણ તેમની કવિતામાં સુલભતા છે એમનો શ્રીજો કાવ્યસંગ્રહ ચોદગને વરસે નામનો પ્રસિદ્ધ થયો છે. બાલ કવિ નામનું કલાપીના કેકારવ જેવું જૂની ધરેડ છોડી કોઈ નવી કેડી પાડતા કવિનું આદર્શ કાવ્ય કલાપીએ લલિતજીને ઉદ્દેશીને લખ્યું હતું. તેમા લખ્યું હતું તેમજ એમણે પોતાના જીવનમાં જીવી બતાવ્યું હતું કે:

એ રાહમોની ઉપરે પ્રીતિ રાખવાની,
એ રાહમોની સહ સાચવ દૈવ અંશ;
દોરી વિના ઉતરિને તણાઈ જવાનું,
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું !

લલિતજીએ પણ કલાપીને 'બાલા મયૂરને' નામનું કાવ્ય રચીને પોતાની નિષ્પાપાંજલિ અર્પીને કલાપીના પોતાના પ્રત્યેના સદ્‌ભાવનું ઋણ વાળી દીધું છે. એ એક સહૃદયી કવિ તો તાલેવાન્ હતા; પણ એક આદર્શ શિક્ષક પણ હતા એમના પ્રત્યે એમના શિષ્યોનો જે અનહદ ભાવ હતો તે એમના કવિહૃદયને લીધે હતો અને જ્યારે જ્યારે એમનો કોઈ વિદ્યાર્થી નાપાસ થાય કે કોઈ પણ પ્રકારના દુઃખથી પીડાઈ રહ્યો હોય ત્યારે એ જોઈ, સાંભળી એ કવિ પણ કંપતા અને કચારેક કચારેક તો તેમને આંસુ સારતા જોઈને વિદ્યાર્થીઓએ અનુપમ ભાવના ઝીલી છે. જે જમાનામાં રાષ્ટ્રભક્તિનો કોઈ એવો પ્રચાર નહોતો તે જમાનામાં પણ કવિએ પોતાના રચેલાં રાષ્ટ્રગીતો ગાઈને વિદ્યાર્થીઓની રગેરગમાં દેશપ્રેમની જ્યોત પ્રકટી છે અને તેના નમૂના તરીકેનું સને ૧૯૦૪માં સુપ્રસિદ્ધ થયેલું નીચેનું રાષ્ટ્રગીત વિદ્યાર્થીઆલમમાં અમર થઈ ગયું છે. એ જ એ કવિવરની અમરતા છે.

જ-મભૂમિનું જયમંગળ

જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજવીએ–
રઘુવીર સમ વિરલ વીર ભારતી સુભટ સુધીર,
ઉર સમુદને હિમ.ધ્યે ઉછાળીએ–જય–
જનની અંક ખૂંદીએ જનની રેણ રેલીએ,
આત્મબળ ઉજ્વલથી બાંધુ ઉજાળીએ–જય–
સત્ય અર્થે સ્વજીવ દાઓ વિજય વાવટો ઉડાવો,
વીર ધર્મથી ધરા સદા ધ્રુજાવીએ–જય–
સત્યથી સમવાય સ્વત્વ સમજી એ થઈ પ્રાપ્ત,
ધૂળીએ ઝાઝુમી જંગ તો મચાવીએ–જય–
ભૂતળ ફોડી ફેંદીએ ઊંડી જડો ઉખેડીએ,
દોર ને દમામ દેશનો જમાવીએ–જય–
સ્મિતિ સમય રખીકારીએ પ્રવૃત્તિપથ બોધીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ ?–જય–
માત દીન દુલાય છે સપુત ! પીડા પિછાનીએ,
દુઃખ દીપડીએ ઉમગને વધારીએ–જય–
દેશસેવના સ્વધર્મ અન્ય ન કર્તવ્ય કર્મ,
આત્મભાવથી બંધુ પ્રભુમય પિછાનીએ–જય–

૩ પું. (સંગીત) એ નામના પૂર્વી થાટમાંથી ઉત્પન્ન થનો એક ષાડવજાતિ રાગ. તેમાં સા રિ ગ મ ધ નિ સ્વરો આવે છે પ વર્જ્ય છે. રિ, ધ કોમળ અને મ તીવ્ર છે. તેનો વાદીસ્વર સા, વાદીસ્વર મ, સંવાદી સ્વર નિ અને ન્યાસસ્વર સા છે આરોહમાં તીવ્ર અને અવરોહમાં શુદ્ધ મ લેવાય છે. વસંતઋતુમા હમેશ તે ગવાય છે ગાવાનો વખત રાત્રે બીજો પ્રહર મનાય છે. તે કરુણ અને શૃંગારરસ ઉત્પન્ન કરે છે અને મધ્યમ પ્રકૃતિવાળો છે. તેમાં કેટલેક સ્થળે મારવા રાગનો ભાસ થાય

છે. આ રાગ મત્રાથી કહનો પ્રકોપ નાશ થાય એમ મનાય છે.

૪. પું. (સંગીત) એ નામનો એક જાતનો સ્વર.

૫. પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. જ્યાં ઉપમેયનું વર્ણન ન કરતા તેના પ્રતિબિમ્બનું વર્ણન કરવામાં આવે ત્યાં આ અલંકાર મનાય છે. જેમકે, તું વિષનાં બી વાવી અમૃતફળની અપેક્ષા રાખે છે.

૬. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રિક મત્રામેળ છંદ; લલિતપદ; માલવિકા. તેના વિષમપદમાં સોળ માત્રા તથા સમ પદમાં બાર માત્રા આવે છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

વિષમ પદે કુલ ષોળ સુહાવે, સમમાં બારહ હોય,
પ્રથમે પછી ચઉચ્ચારે તાલો, લલિત લલિત પદ જોય.

રણપિંગળ

૭. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક વર્ણમેળ છંદ. તે સત્તાવીસ વર્ણનો છે. તેના પહેલા ચરણમાં સગણ, જગણ, સગણ અને લઘુ મળી દસ અક્ષરો, બીજા ચરણમા નગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષરો, ત્રીજા ચરણમા બે નગણ, અને બે સગણ મળી બાર અક્ષરો અને ચોથા ચરણમા સગણ, જગણ, સગણ જગણ ને ગુરુ મળી તેર અક્ષરો હોય છે.

૮. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અમરી. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

૯. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અબ્ધિલલિત. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ, જગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ત્રેવીસ અક્ષર હોય છે તેમાં અગિયારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૧૦. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં અઠ્ઠાવીસ લઘુ અક્ષર આવે છે

લલિત ચરણ પર લઘુ તું ચરણ,
કુલ ત્રિસ પર વસુ પર કવિવર ! રણપિંગળ

૧૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ભાવિની, કનકમંજરી, ભામિની, ઇંદિરા, શુદ્ધકામદા, વિશ્વમોહિતા, રાજહંસી વગેરે તેનાં બીજાં નામ છે. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

લલિત થાય છે ના ર સ ત ગે. રણપિંગળ

૧૨. પું. (સંગીત) તુષ્ટના સોળ ભાદેનો એક પ્રકાર. તેના દરેક પદમાં ૨૬ અક્ષર હોય છે.

૧૩ પું. નાયકાના આઠ ભાદેનો એક સાત્ત્વિક ગુણ

૧૪ પું પ્રમાદના.

૧૫ પું. શિવનાં ડમ્બર ભાદેનું એક નામ.

૧૬. પું. (અલ્પ) હાવના અભિનય ભાદેનો એક ભેદ. સયોગ સમયમાં સર્વાંગ સરમ સૂચવવાને લલિત હાવ કહે છે.

૧૭. ન કુદરતી લાવણ્ય.

૧૮ ન. ક્રીડા; રમત.

૧૯. ન મલાવવુ તે.

૨૦ ન. યોગ્ય રીતે ધરવુ કરવુ તે બોલવુ એ આદ.

૨૧. ન. શૃંગારને અનુસરતી અમુક ચેષ્ટા.

૨૨ ન. સરલતા.

૨૩. ન. સૌંદર્ય.

૨૪. વિ. અચળ; અસ્થિર; હાલતુ. કંપત. કાંપતું.

૨૫ વિ. આકર્ષક, મનમોહક

૨૬ વિ. ધીમુ; મદ.

૨૭ વિ. નાજુક; કોમળ; કુમળું; સંવેદનશીલ, રોચક, રસભર્યું

૨૮ વિ. પ્રિય; ગમે તેવુ.

૨૯. વિ. રમતુ, ક્રીડા કરતુ

૩૦. વિ. રંજન કરે તેવુ, ખુશકારક; આનંદ ઉપજાવે તેવુ; મધુર; આદ.

૩૧. વિ. વિલાસી; ક્રીડાસક્ત, મોજી; રમતિયાળ; લહેર., તરંગી; રસિક

૩૨. વિ. સુંદર, મનોહર; જમીલું; ખૂબસૂરત; લાવણ્યમય.

લલિતક [સં.] ન. (પુરાણ) એ નામનું એક ભારતવર્ષીય તીર્થ.

લલિતકલા સ્ત્રી. લલિતકલા; મન અને કલ્પનાના શ્રમ ઉપર મુખ્ય આધાર રાખતી કળા; જેને વ્યક્ત કરવામા કોઈ પ્રકારના સૌંદર્યની અપેક્ષા રહે તેવી કળા કે વિદ્યા; ' ફ. ને આર્ટ '. જમકે, સંગીત, ચિત્રકલા, ચારકામ., મૂર્તિકામ. રંગિકતા અને કલ્પનાની જેમા જરૂર પડે એવો જે કારીગરીને કામ પૂરું પાડે તેવી કળાઓનો સમાવેશ લલિતકળામાં થાય છે. સામાન્યરીતે, લલિતકળાના બે વર્ગ પાડી શકાયઃ (૧) સ્વતંત્ર—જેનો હેતુ માત્ર ખાટની ખાતર ખાટ ઉત્પન્ન કરવાનો હોય છે. તેમાં ચિત્રકળા, કોતરકામ, શિલ્પ, સંગીત તથા કાવ્યનો સમાવેશ થાય છે. (૨) પરતંત્ર—જેનો હેતુ કોઈ ઉપયોગિતા પૂરી પાડે તેવો કોઈ ઘાટ બનાવવાનો હોય છે. તેમાં સ્થાપત્ય, માળીકામ, રાચરચીલું; મરીકામ, ઝવેરી બનાવટ, સોનીનો હુનર અને કારીગરીની બનાવટ અથવા રચનાના નિયમો લાગુ પડતા હોય તેવા બીજા કામોનો તેમાં સમાવેશ થાય છે.

લલિતકળા જુઓ લલિતકલા.

લલિતકલાનુરાગી [સં] પું. લલિતકળાનો અનુરાગી; સાહિત્યશોખીન; સુંદરકળાઓમાં પ્રેમ ધરાવનાર માણસ; સારી અને રસિક કલામાં શોખ રાખનાર વ્યક્તિ.

લલિતકાંતા [સં] સ્ત્રી. દુર્ગા.

લલિત કિદારા [હિં.] સ્ત્રી. (સંગીત) કિદારાની સાત મહેની એક રાગિણી. તે લલિત અને કેદાર રાગિણીનુ મિશ્રણ છે.

લલિતકીર્તિ પું. નાકર યુગનો એ નામનો એક કવિ. તે વિ. સં. ૧૬૩૬મા થયો. અજ્ઞાત રાસનો તે લેખક છે.

લલિત ગલિતક પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ચોવીસ માત્રા આવીને કુલ ચાર ચરણની ૯૬ માત્રા હોય છે. તેમાં ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩ માત્રાએ તાલ આવે છે

કર ચાર ઉપર ચાર ધરી પછી કલ ચાર કરો;
વળી પાય ઉપર કર ચાર કરી ગુરુ એક પર ;
અહ કલપર ગણ ધરી તાલ પછી ચઉચાર ગણ.,
લલિત ગલિતક પદ એમ કહ્યા ચોવીસ. પડા.

રણપિંગળ

લલિતગોષ્ઠિ સ્ત્રી બધિકાને ત્યાં, સભામાં અથવા બીજા કોઈ સ્થળે એકત્ર થતી વિદગ્ધ પુરાનોની મડળી.

લલિતગોષ્ઠી જુઓ લલિતગોષ્ઠિ

લલિતગૌરી સ્ત્રી. (સંગીત) લલિત અને ગૌરી રાગનું મિશ્ર સ્વરૂપ. તેમાં શુદ્ધ મધ્યમ લેવાય છે અને પંચમ વર્જ્ય છે

લલિતતા [સં] સ્ત્રી. લલિતપણુ

લલિતતિલકા ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને ભિન્ન છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને મગણ મળી નવ અક્ષર આવે છે.

નિરિમાદ સરાક રાજે, લલિતતિલકા સુઢાજે.

દલપતરામ

૨. સ્ત્રી સુંદર તિલકવાળી સ્ત્રી.

લલિતપતાકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ચાદકેરી જાતનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ, બે સગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર આવે છે.

લલિતપતાકા રચ ના ય સ સા ગા ગે.

રણપિંગળ

લલિતપદ ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રામેળ છંદ; માલવિકા; લલિત. તેના વિષમ પદમાં ૧૬ માત્રા અને સમપદમાં ૧૨ માત્રા આવી ચારે પદની ૨૮ માત્રા થાય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

વિષમ પદે કલ સોળ સુહાવે, સમમાં બાર કહાવે,
પ્રથમે પછી ચચ્ચારે તાલો. લલિત લલિતપદ આવે.
રણછોડકવિ

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અભિનવતામરસ; તામરસ. તે જગતી છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

૩. [સં] વિ. જેમાં વિલાસનું વર્ણન હોય તેવું.

૪. વિ. જેમાં સુંદર પદ કે શબ્દ હોય તેવું.

લલિતપદબંધ ૧. [સં. લલિત + પદ (સમાસ) + બંધ (બંધન)] પું. શૃંગાર રસથી ભરેલી પદરચના.

૨. વિ. શૃંગાર રસથી ભરેલું; વિષયવાસનાને ઉદ્દીપ્ત કરે તેવું.

લલિતપદા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો ભેદ છે તેના દરેક ચરણમાં ત્રણ નગણ, જગણ, સગણ, અને ગુરુ મળી સોળ અક્ષર આવે છે.

લલિતપુરાણ [સં.] પું. બૌદ્ધનો લલિતવિસ્તાર નામનો ગ્રંથ. તેમાં બુદ્ધનું ચરિત્ર વર્ણવેલું છે.

લલિતપ્રિયા [સં.] સ્ત્રી. (સંગીત) એક ચતુસ્સાલતિ, ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૭ અને ૨૧ માત્રા ઉપર છે. કોઠડીના બોલ આ પ્રમાણે છે: ધાકિટ ધિટિના, ધાકિટ ધિટિના, ધાકિટ ધિટિના, તાકિટ તના ધાકિટ ધટિન, ધાકિટ ધિટિન, તાકિટ તના.

લલિતલતિકા ૧. પું. (પિંગળ) એક જાતનો છંદ

૨. [સં.] સ્ત્રી. સુંદર વેલ.

લલિતલલામ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ, ત્રણ તગણ અને સગણ મળી ૨૧ વર્ણ આવે છે.

લલિતલલામ ન થાય બે જ પછી,
લોક ના છે સ ચરમે.
રણછોડકવિ

લલિતવદની [સં.] સ્ત્રી. સુંદર મુખવાળી સ્ત્રી

લલિતવાદ્યમય [સં.] વિ. બોધ કરતાં આનંદ વધારે આપે તેવું સાહિત્ય; આનંદપ્રધાનસાહિત્ય. ચિત્ર, કાવ્ય, સંગીત, સ્થાપત્ય એ સર્વથી સૌંદર્યનો સાક્ષાત્કાર થાય છે અને તેનું સાહિત્ય એટલે લલિતવાદ્યમય. મુ. સા. પરિષદ

લલિતવિસ્તર ૧. [સં] પું. એ નામનો બૌદ્ધનો પ્રાચીન ગ્રંથનો ગ્રંથ. તેમાં ચોસઠ લિપિઓનાં નામ લખેલાં છે

૨. ન. નેપાળમાં બુદ્ધના મુખ્ય ગણાતા નવ ગ્રંથોનો એક ગદ્યપદ્ય ગ્રંથ.

લલિતવિસ્તાર જુઓ લલિતવિસ્તર.

લલિતશૈલી [સં] સ્ત્રી કવિતાની શૈલી; કાવ્યાભ્યાસ.

લલિતસ્વર ૧. [સં.] પું (કાવ્ય) અક્ષરોના બે નામનો સંયોગવ્યવસ્થાનો વર્ણાલંકાર

૨. પું. સંચારી અલંકારો બાંધેનો એક અવરોહી અલંકાર.

લલિતસ્વરારોહ [સં] પુ. સંચારી અલંકારો બાંધેનો એક અવરોહી અલંકાર.

લલિતા ૧. પું (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્ત વર્ણમેળ છંદ તે સકોર્ખું વર્ણનો છે તેના પદોમા અને ત્રીજા ચરણમા રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર અને બીજા તથા ચોથા પદમાં સગણ, બે જગણ અને ગુરુ મળી દસ અક્ષર આવે છે

રા સ સા વિષમે ય છે;
લલિતા સમે સ જ જ ય છે. રણછોડકવિ

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચકોર; ચિત્તપ્રસન્ના. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત જગણ, ગુરુ અને લઘુ મળી ૨૩ વર્ણ આવે છે.

આ ગણ સાત તથા ગુરુથી રચ,
ચિત્તપ્રસન્ના લલિતા ચ ચકોર. રણછોડકવિ

૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સર્વેષા. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા સાત જગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર આવે છે.

સાત જ ને ગુરુથી જ દિયા,
વળી માલિની માલિની ને લલિતા.
રણછોડકવિ

૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુલલિત. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે. તેમાં પાંચમાં અક્ષરે યતિ આવે છે.

પ ચે વિરામ લલિતા ત ના જ રે.
રણછોડકવિ

૫. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; પાર્વતી; દુર્ગા

પ્રયાગમાં લલિતા નામની દેવીની પીઠ છે
ભાગવતી ભાગવત

૬. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી. કાલિકા પુરાણમાં લખ્યું છે કે, જ્યારે નિમિ રાજાના શાપથી વસિષ્ઠ દેહહીન થઈ ગયા ત્યારે તેણે હમરૂપ દેશમાં જઈ સંધ્યાચળ પર્વત ઉપર ઘોર તપ કર્યું. તેથી વિષ્ણુએ તેના ઉપર પ્રસન્ન થઈ તેને વરદાન આપ્યું. તે વરદાનના પ્રભાવથી વસિષ્ઠે એક અમૃતકુંડ બનાવ્યો. તે અમૃતકુંડના પૂર્વ ભાગમાં લલિતા નામની એક મનોહર નદી છે. તેને વિષ્ણુ લઈ આવ્યા હતા. વૈશાખ સુદ ત્રીજને દિવસે તેમાં સ્નાન કરવાનું મહાન ફળ ગણાય છે.

૭. સ્ત્રી કસ્તૂરી.

૮. સ્ત્રી. ચતુશ્રજાતિ સોળ માત્રાનો એક તાલ. તેના તાલસ્થાન ૧, ૩, ૫, ૯ માત્રા ઉપર છે. તેના કોઠડીના બોલ આ પ્રમાણે છે: સમ ૨
માત્રક માત્રક ત્રક પીપીનો ત્રક તીતીનો ત્રક.

૯. સ્ત્રી. બોલક બાંધેની એ નામની એક ચોસિતી.

૧૦. સ્ત્રી. રસિક, સુંદર ને નાજુક સ્ત્રી, લલના, મનોહર તરુણ સ્ત્રી; પ્રેમરસવાળી સુંદર સ્ત્રી; જુવાન સુંદર સ્ત્રી

૧૧. સ્ત્રી. (પુરાણ) રુક્માની એક સખી.

૧૨. સ્ત્રી. (સંગીત) વસંત રાગની ૭ બાંધેની એક રાગણી. તેના શરીરનો વર્ણ ગોર છે, ગુલ જનારી રંગનાં ઠીલાં વસ્ત્ર પહેર્યાં છે, તેમાંથી શરીરની કાંતિ વીજળી સરખી ચમકે છે. સોળ શૃંગાર સજેલા છે, કમલિનીના પુષ્પની માળા ગળામાં ઝોલે છે, મુખ ચંદ સરખું છે, ઓષ્ઠ પકવ બિમ્બફળ સમાન લાલ છે, સુંદર આખમાં કાજળ આંજેલું છે, મંદહાસ્યયુક્ત વિલાસથી ભરેલી રહી છે. કોઇ કહે છે કે, તેણે શયન કર્યું છે અથવા કોઇ એમ પણ કહે છે કે, પોતાના દુઃખને લીધે સૂઈ રહી છે અને તેની પાસે એક વૈદ ખુરશી પર બેસી તેની નાડી જોઈ રહ્યો છે. વળી કોઈ એમ પણ કહે છે કે, કૃષ્ણની શય્યા પર સૂઈ રહી છે અને તેની સન્મુખ એક પુરાતન સુંદર સ્ત્રી બે હાથમાં સુગંધી કૃષ્ણના હાર લઈ તેના સમુ એક નજરથી જોઈ રહી છે.

૧૩. સ્ત્રી. અર્જુનસારિણી સ્ત્રી.

૧૪. સ્ત્રી. સ્ત્રી.

૧૫. સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે હિંડોલ રાગની પાસ બાંધેની એક રાગિણી. તે ગાવાનો ચોથા સવારનો સમય છે. જાતિ ખોડવ એટલે ષડજ, રિષભ કોમળ, ગાંધાર

તીવ્ર, મધ્યમ કોમળ, ધૈવત કોમળ, નિષાદ તીવ્ર એ પ્રમાણે છ સ્વર આવે છે. તેમાં કોઈ મધ્યમ તીવ્ર અને કોમળ બંને પણ લે છે. કોઈ સંપૂર્ણ જાતિ પણ ગણે છે. તેમાં પંચમ આવે છે. તથા કોઈ ઓડવ જાતિ પણ ગણે છે. તેમાં રિષભ, પંચમ બંને વર્જ્ય છે. પણ પ્રસિદ્ધ મત ઓડવ જાતિનો છે. વાદી સ્વર કોમળ, મધ્યમ છે. અનુ સ્વર રિષભ અથવા ગંધાર છે. ન્યાસ સ્વર ધૈવત છે. આ રાગિણી દેશી, સિંધાસ અને પંચમથી મિશ્ર છે. કોઈ દેશાખ, બંગાલ, ધોલથી મિશ્ર ગણે છે. આ રાગિણીની ત્રણ જાતિ છે: ભદ્રારલલિત, કિદારલલિત અને ભદ્રારવાલલિત.

લલિતાક્ષ વિ. સુંદર નેત્રવાળું.

લલિતાગમન પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે સગણ, યગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

લલિતાગમને સ સા યા ગા ગે. રઘુપિંગળ

લલિતાગીતિ પું. (પિંગળ) એ નામે એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ; ગાહિની; ગાહિણી; ગાયિની. તેના પ્રથમ દલમાં ૩૦ માત્રા હોય છે. તેમાં ૧૨ અને ૧૮મી માત્રાએ યતિ એટલે વિસામો આવે છે તેમ જ બીજા દલમાં ૩૨ માત્રા હોય છે અને તેમાં ૧૨ અને ૨૦મી માત્રા ઉપર વિસામો આવે છે.

પ્રથમ જોતિ સમ સૌ, ઉત્તર
દલમાં પણ ક્રમ એ વધતી;
લલિતાગીતિ ગાહિની, ગાયિનીની,
પણ ગણાય એમાં ગણના.

રઘુપિંગળ

લલિતાગૌરી સ્ત્રી. (સંગીત) ગૌરી રાગિણીની ત્રણ માંહેની એક જાતિ.

લલિતાપંચમી [સં.] સ્ત્રી. ભાદરવા સુદિ પાંચમ

લલિતાપાંચમ જુઓ લલિતાપંચમી.

લલિતાભિનય [સં.] પું હાવભાવ.

લલિતાર્થ [સં.] વિ સુંદર અર્થવાળું.

લલિતાલવાલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, યગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

લલિતાલવાલ સ જ ય ગા ગે. રઘુપિંગળ

લલિતાવ્રત [સં.] ન. ભાદરવા સુદિ છઠ્ઠને દિવસે કરવું એ નામનું એક વ્રત. તેમાં લલિતાદેવીનું પૂજન કરી બીજો સૌભાગ્યપ્રાપ્તિ પામે છે.

લલિતાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તે શાંતિમય સ્થિતિ સૂચવે છે

લલિતાસપ્તમી ૧. [સં.] સ્ત્રી. ભાદરવા સુદિ સાતમ.
૨. સ્ત્રી. ભાદરવા સુદિ સાતમે થતું એ નામનું એક વ્રત.

લલિતાસાતમ જુઓ લલિતાસપ્તમી.

લલિતાસ્તવરાજ [સં.] પું. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

લલિતાંગી ૧. [સં.] સ્ત્રી. જુવાન સુંદર સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. સુંદર અંગવાળી.

લલિતાંબિકા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી, તેનું સ્થાન સંતાનમાં છે.

સંતાનમાં લલિતાંબિકા નામની દેવીની પીઠ છે. ભગવતીસામવત

લલિતેતર [સં.] વિ. લલિત કળા સિવાયનું.

લલિતોપમા [સં.] પું. એ નામે એક અર્થાલંકાર.

લલિયાવવું ૧. સ. ક્રિ. પુનરુક્ત.
૨. સ. ક્રિ. મરકરી કરવી

લલી ૧ [હિં.] સ્ત્રી દીકરી.
૨. સ્ત્રી. નાજુક ઓરત; સ્ત્રી.
૩. સ્ત્રી. નાના છોકરાની ઇંદ્રિય.
૪. સ્ત્રી. પ્રેમિકા; પ્રેયસી.
૫. વિ. નપુંસક.
૬. વિ સુંદર.

લલુડી સ્ત્રી. ઓરમાયી; છોકરા; જિદ્દી; લબુડી.

લલુપણ ૧. સ્ત્રી. આતુરતા.
૨. સ્ત્રી. લોલુપતા; લાલચ; ચાહના; હોંસ, તૃષ્ણા; કોઈ ચીજ મેળવી લેવાની મોટી ઇચ્છા; આશા, આકાંક્ષા; મનસા; લલસા.

લલુપતા સ્ત્રી. લાલચ; લલુપણ; તૃષ્ણા; હોંસ; લલોપતા.

લલુપપણું ૧. ન ન. ન અતિશય લાડ; બહુ મોજે ચડાવી મૂકવું તે; વધારીબગાડી મનાવવું; પ્રેમથી ફુલાવ્યા કરવું તે; બહુ પ્રેમ અને વાત્સલ્યતાની ઘેલછાવાળું લાડકું વર્તન; હુલાવવું તે.
૨. ન. ન. ન. ખુશામદ; દાદીમાં હાથ ઘાલવા તે; ભલાવડાં; હાજી હા કરવું તે; સાકે લાસે અને ખુશ થાય તેમ કરવું તે; મલાવડાં.
૩. ન. ન. ન. લાડકાં સવાસલાં; ઓવારણાં; ખુશામતિયાં વખાણ.

લલુપું વિ. મીઠું; રમ્ય.

લલેડું (લલેડું) ન. એક જાતનું પક્ષી.

લલોચ્ચંપો ૧. પુ. નિશ્ચય વિનાની વાત; આ બહુ કે તે બહુ તેવો સશય રાખવો તે.
૨. વિ. ડોમોપોચો

લલોપત સ્ત્રી. મમત; જીવ રાખવો તે.

લલોપતા ૧. સ્ત્રી. ખુશામત, ચાપલૂસી; હાજી હા; ગાઠગુલામી.
૨. સ્ત્રી. લોલુપતા; લોભનો અતિરેક; અતિલોભ.

લલોપતાં ૧. ન. બ વ. મલાવડાં, હાજી હા કરવું તે; ખુશામત.
લલોપતાં કરવાં = ખુશામત કરવી.
૨. ન. બ. વ. લાડ કે વહાલ બતાવી મનમનાવું; પ્રેમથી ફુલાવ્યા કરવું તે.
૩. ન. બ. વ. લાડકાં સવાસલાં; ખુશામતિયાં વખાણ.

લલોપતો જુઓ લલોપતાં.

લલ્લ ૧. [સં.] પું. અવ્યક્ત શબ્દોચ્ચાર.
૨. પું. એ નામનો એક ભૂમિતિકાર.
૩. પું. મધ્યકાલીન ભારતમાં થયેલા એક જ્યોતિષી. તેણે લલ્લ સિદ્ધાંતમાં આર્યભટ્ટના ભૂમધ્ય સિદ્ધાંતનો વિરોધ કર્યો છે.

લલ્લુલાલજી પું. એ નામના હિંદી ગદ્યના પ્રથમ લેખક.

હિંદી ગદ્યના જન્મદાતા લલ્લૂલાલજી આ વખતમાં થયા. પ્રસ્થાન

લલ્લો ૧. પું. મૂર્ખ; મૂર્ખનો ગોલો.
લલ્લા થે તું આતમ જ્ઞાન. પ્રીતમદાસ
૨. પું. હજાર; જ એવો ઉચ્ચાર કે અક્ષર.

લલ્લાચપ્પો જુઓ લલ્લોપપ્પો.

લલ્લોપપ્પો સ્ત્રી. સારું મનાવવા માટે બોલવામાં આવતી મીઠી વાણી; ખુશામત; સવાસલાં.
લલ્લોપપ્પો કરવી = ખુશામદ કરવી.

લલ્લોપત્તો જુઓ લલ્લોપપ્પો.

લવ ૧. [સં.] પું. (ગણિત) અપૂર્ણાંકનો અંશ.
૨. પું. અંશ; ભાગ; કટકો; અલ્પાંશ; બોડો ભાગ; લેશમાત્ર.
૩. પું. આંખ ફરવું જેટલો વખત. સોયની અણીથી કમલદલને વીંધતાં જે વખત લાગે તેને ક્ષણ કહે છે.
૨ ત્રુટિ = લવ.
૨ લવ = નિમેષ.
૪. પું. આખાના પદપ્રકારનો ૬૦ મો ભાગ.
૫. પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર.
૬. પું. એક જાતનું પક્ષી; લવા પક્ષી.
૭. પું. અંશ; ટાપણું; અણ; બીજ.
૮. પું. કેશ; વાળ.

૯ પુ. ખૂણો આપવાનું એક માપ; અશા; 'ડીગ્રી'

૧૦. પુ. ચૂટવું તે. તોડવું તે. ફૂલ માટે વપરાય છે

૧૧. પું. છસો છાસઠ વર્ષ અને ત્રણ માસનો વખત. મનુષ્ય વર્ષ ૬૬૬ અને ૯ માસ બરાબર થાય છે. સ.રે પલકનું ૧ લવ થાય છે

૧૨. પું. ઊનનું કાપવું તે.

૧૩. પુ. (સંગીત) તબલાં કે પાંખામાં આંટ આપી વચ્ચેનો તબલાંનો ભાગ.

૧૪. પું. નિમેષનો છઠ્ઠો ભાગ; આંખના પલકારાનો છઠ્ઠો ભાગ જેટલો સમય; એક મુહૂર્ત જેટલે બે ઘડીનો સાતોતેરમો ભાગ.

૧૫. [સં] પું. પ્રેમ; સ્નેહ.

૧૬. પું. બે અક્ષર જેટલો વખત.
૨ માત્રા = અક્ષર
૨ અક્ષર = લવ
૨ લવ = ૧ ક્ષણ

૧૭ પુ. ખંત.

૧૮ પું. લવણ તે.

૧૯. પુ. લાવણી

૨૦. પું. વિનંતી.

૨૧. પુ. શિવ; શંકર.

૨૨. પું. સુરાગાયના પૂંછડાના વાળ. તે ચામર બનાવવાના. ઉપયોગમાં આવે છે.

૨૩. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં રામને સીતાની કુખે થયેલ બે મહિનો નાનો પુત્ર. તેનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો. તે ઉત્તર કોસલની અંદર આવેલ શ્રાવસ્તીપુરીનો રાજા હતો.

૨૪. સ્ત્રી. પૂનમ.

૨૫. સ્ત્રી. લવરી; બકવાદ; લવલવાટ; બકવાટ, લવરી; બબાડો.
લાજ વિના લવ કરવી ઝાઝે.
નરસિંહ મહેતા.

૨૬. ન. ખસ.

૨૭. ન. જળકૂકડી.

૨૮. ન. દીપ્તિ, બિંદુ.
સાયર જલ લવથી અધિક તે નાહર ભંડાર.
જ્ઞાનસમુદ્રનય

૨૯. ન. લવિંગ.

૩૦. વિ. નાનું, લઘુ.
તુચ્છ અલ્પ લઘ સૂક્ષ્મ વસ્તુ નિપટ કૃપોદર ગારૂ;
આના મોટા માનને કમથી સમાનતાર
પિંગળશબ્દકોષ

૩૧. [પ્રા.] વિ. બકવાદ કરનાર; બહુ બોલું.

૩૨. વિ. જલ્દ; જરા; થોડુંક; લવલેશ; અલપ; જરીક; કંઈક.

૩૩. વિ. સુગંધીવાળો.

લવક [સં] વિ. કાપનાર.

લવકારા પું. ચૂનાકારી પીંડા; પાક થતાં હોય ત્યારે લપસવાને કે લવકલવાને દરદ થવું તે; પાકેલાં ગૂમડીનું અંદર થતો લોહીનો જમાવો.

લવકુશ પું ન. ૨. વાલ્મીકિ આશ્રમમાં રામચંદ્રજી એ સીતાજીને તજી દેતા સીતાને વનવાસ દરમિયાન અવતરેલ બે પરાક્રમી બાળકો
બા. પુત્ર બે જનમ્યા લવકુશ તેને,
બે આશ્રમે ઊછરતા રહી મુનિ વેષે,
વિદ્યા આપી વનમા ઋષિ વાલ્મીકિએ,
ધનુષ્યી રાજનીત તેજ બીજા પ્રકાર.
રામાયણસાર

લવકોટ ન. રામચંદ્રજીના પુત્ર લવે વસાવેલ એ નામનું નગર તેને હાલ લાહોર કહે છે.

લવચીક વ. આંગે નહિ પણ વળે તેવું નરમ.

લવજ ૧ [સ] પુ. એ નામનું એક નરક
૨ પુ. ખાટો રસ
૩ પુ. (પુરાણ) મધુવનમા ના મધુ દૈત્યમને રા. ની ભારી કુખેથી થયેલો પુત્ર. તના પિતા મધુએ પોતાના મરણ વખતે પોતાને કર તરકથી મળેલ શૂલ તેને આપી કહ્યું કે, તુ અજેય [illegible] કરજે નહિ પરંતુ [illegible] બ્રાહ્મણોને ત્રાસ આપવાનું શરૂ કર્યું. કોઈ માન તેને મારવા સમર્થ નીવડ્યો નહિ. માત્ર શંખાના એક વાર તેની સાથે યુદ્ધ થયું, પણ તે તેમાં મરાયો. છેવટે રામચંદ્રના ભાઇ શત્રુઘ્ને હેને માર્યો.
૪ પું શિવનું એક નામ.
૫. પું. (પુરાણ) સાત મહેનો એ નામનો એક સમુદ્ર ખારા પાણીનો સમુદ્ર.
તે જબૂદ્વીપને વીંટળાયેલો છે. તે દ્વીપો અનુક્રમે એકેકના કરતા બે ગા મોટા એવા લવણ, ઇક્ષુ, સુરા, સર્પિ, દધિ, દુગ્ધ અને જલના સાત સમુદ્રોથી ચારે બાજુએ વીંટાઇને રહેલા છે. પુરુષોત્તમ મીતા
૬. પું. સિંધુદેશ.
૭ ન. ક્ષાર.
૮. ન. તેજ; નૂર; કાંતિ.
૯. ન. તેજાબ અને ક્ષારને પરિણામે ઉત્પન્ન થયેલો પદાર્થ. તેમાં એક અમ્લાતનું તત્ત્વ હોય છે. એ સંયોગને પરિણામે પાણી પણ ઉત્પન્ન થાય છે પણ તે ઉપરાંત જે બીજો પદાર્થ ઉત્પન્ન થાય છે તેને ક્ષાર કહે છે.

૧૦. ન. બાહોશીઃ હોશિયારી.

૧૧. ન. મીઠું; ક્ષુધા; નિમક; ક્ષારરસ; સિંધવખાર.
વૈદકમાં લવણની આઠ જાત આ પ્રમાણે ગણાવી છે: (૧) સિંધવ અથવા સિંધાલૂણ, (૨) સમુદ્રમીઠું અથવા સાંભારણ મીઠું, (૩) બીડીબોજ્ય, બીડલવણ અથવા વમ્રકર્ણ મીઠું, (૪) સૌવર્ચલ એટલે સંચળ, (૫) સાંભરમીઠું, (૬) ઓદ્‌ભિદ, (૭) ખૂટિકા અને (૮) પાંશુજ. ગુણમાં તે દીપન, સારક, વાતહર અને વાંતિકારક મનાય છે. લવણ આમ કરીને પેટફૂલ, અફરો અને પેટચૂક વગેરે દરદોમાં વપરાય છે. પાચનશક્તિ માટે સિંધવ લૂણ અને બીડલવણ ઔષધોમાં મનાય છે. આ દેશની અંદર મીઠાના પોતાં જમીન ઉપર મૂકવામાં આવે છે. કોસેરા ઉપર પણ લવણનો ઉપયોગ થાય છે. મીઠાનાં પાણી વડે સ્નાન કોરવાથી તેનો ચળો દૂર થાય છે

૧૨. વિ. ખારું

૧૩. વિ. લાવણ્યવાળું, સુંદર.

લવણરસાધિપ [સં.] પું. લવણનો ખારો રસ.

લવણકિંશુક [સં.] સ્ત્રી. માલકાંકણી; મદનબીજનિષ્પત્તીનો વેલો તે સુકાયું ફળ લાંબે આંબલીના કચૂકા જેવી ખારા સ્વાદની લાગે છે.

લવણક્ષાર [સં.] પું. ચણાનો ખાર, લવણયુક્ત ક્ષાર.

લવણક્ષેત્ર [સં.] ન. મીઠાની ખાણોનો પ્રદેશ.

લવણજ ૧. [સં.] વિ. લવણ સમાન.
૨. વિ. લવણમાંથી ઉત્પન્ન થયેલ.

લવણજલધિ ૧. [સં.] પું. દરિયો; સમુદ્ર.
૨. ન. ખારું પાણી.
૩. ન. મીઠાનું પાણી.

લવણત્રય [સં.] ન. સિંધાલૂણ, સંચળ અને બીડલવણ.

લવણત્રિક જુઓ લવણત્રય.

લવણપેતુ [સં.] સ્ત્રી. ગાયના રૂપમાં કલ્પેલો મીઠાનો ઢગલો. તેના દાનનું વરાહપુરાણમાં ઘણું માહાત્મ્ય લખેલું છે. ગાયના છાણથી લીંપેલા સ્થાનમાં કુશના આસન ઉપર સોળપ્રસ્થ મીઠાનો એક ઢગલો રાખે અને તેને ગાયના રૂપની કલ્પના કરે. ચારેબાજુ ચારપ્રસ્થ મીઠાનો નાનો ઢગલો રાખે અને તેને વાછરડો માને. પછી ચાર સાકર રાખી ચાર પગ, સોનું રાખી મોઢું અને શીંગડાં, ચાંદી રાખીને ખરી, કાંસું રાખીને કાન, આદુ, સાકર કે ગંધ દ્રવ્ય રાખીને જીભ, માખણ રાખીને આંચળ, દોરો રાખીને પૂંછડું, કુશ રાખીને રૂંવાટાં અને ઘાસું રાખીને રોમની કલ્પના કરે. પછી યથાવિધિ પૂજન કરીને બધી ચીજોનું દાન કરી દેવું
પૃથ્વીનું અને જલધિનું વિધિ વિષ્ણુ ધર્મમાંથી અને લવણધેનુનો ઉદ્વિમોત્તરમાંથી જોવાયો છે
પુરાણ વિવેચન

લવણપંચક ન. સિંધાલૂણ, સમુદ્રનું માસિયું મીઠું, બીડલવણ, સંચળ તથા વહાગરુ એ

પાચેયને ઉકાળીને પાકેલું મીઠું; આ પાંચ પ્રકારના મીઠાનો સમૂહ.

લવણપુરુષ [સં] પું. મીઠાનું બનાવેલું માણસનું પૂતળું લવણપુરુષનું દૃષ્ટાંત અપાય છે.

લવણભય ૧ પું ખારા પાણીનો દરો.

૨. પું. ખારો સ્વાદ.

૩ વિ તેજોમય.

૪. વિ. મીઠાવાળું; ક્ષારમય; ઉષર.

લવણવર્ય [સં] પું. (પુરા.વ) ક્ષારોદધિની અંદર આવેલો એક ખંડ.

લવણવારિ [સં.] પુ. ખારો સમુદ્ર.

લવણવ્યાપત સ્ત્રી. મીઠાનો એક પ્રકારનો રોગ. તે અદ્ધ મીઠું આવવાથી થાય છે.

લવણસમુદ્ર [સં.] પું. જંબૂદ્વીપને ફરતો બે લાખ યોજનનો સમુદ્ર. આનો સ્વામી સુસ્થિત દેવ. પુરાણોક્ત સાત મોટામાં મોટો એક સમુદ્ર. પુરાણોમાં તો સાતે સમુદ્રોની ઉત્પત્તિ સગરના પુત્રોના ખોદવાથી કે પ્રિયવ્રત રાજાનો રથ ચાલવાથી બતાવી છે, પરંતુ ભાગવતમાં લખ્યું છે કે, શ્રીકૃષ્ણની એક પત્ની વિરજાના ગર્ભથી સાત પુત્રો થયા તે સાતે સમુદ્રો થયા. એમનાથી એક પુત્રના રોવાના કારણે ઘોડા વખત માટે કૃષ્ણનો વિયોગ થયો, તેથી વિરજાએ તેને શાપ આપ્યો કે, તું લવણસમુદ્ર થશે અને તારું પાણી કોઈ પીશે નહિ. આ કથા કલ્પિત જણાય છે.

લવણસંક્રાંતિવ્રત [સં.] ન. સંક્રાંતિને દિવસે બ્રાહ્મણને મીઠું તથા ગોળ દાનમાં આપી ઊજવવું એ નામનું એક વ્રત.

લવણા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

૨. સ્ત્રી. કાંતિ; દીપ્તિ.

૩. સ્ત્રી. ખારાંબણી. મ.લાવણીમાં ખારનો ભાગ છે. તે મુખમાં ખારી એટલે અરુચિ પાચક ગાંઠ, ગોળો, વાયુ, બગડેલ લીવર વગેરેને મટાડે છે માટે તેને લવણા કહે છે.

લવણાકર ૧. [સં] પું. ખારો સમુદ્ર

૨. પું. મીઠાની ખાણ.

૩. પું. સૌંદર્યનો ખજાનો.

લવણાચલ [સં.] પું. ક્ષાર માટે પ્રસિદ્ધ લવણનો પર્વત.

લવણાધ્યક્ષ [સં. લવણ + અધ્યક્ષ] પું પ્રાચીન કાળનો એક અમલદાર. તે મીઠાના વેપાર ઉપર દેખરેખ રાખતો.

લવણાબ્ધિ જુઓ લવણસમુદ્ર.

લવણાબ્ધિજ [સં.] ન. દરિયાનું મીઠું

લવણામ્લ [સં. લવણ (મીઠું) + અમ્લ (તેજાબ)] પું. મીઠાનો તેજાબ. હોજરીના રસમાં જરા લવણામ્લ હોય છે અને તેથી ને જરા ખાટો હોય છે. હોજરીના રસનો લવણામ્લ જંતુઓને મારી નાખે છે.

લવણાસુર જુઓ લવણ ૩.

લવણોત્તમ [સં] ન સિંધાલૂણ. ખનિજ

લવણોદ પુ ખારો દરિયો. સમુદ્રનો એક ભેદ

લવણોદક ૧ [સં] પું ખારો સમુદ્ર.

૨ પું ખારું પાણી.

લવણોદધિ જુઓ લવણસમુદ્ર.

લવણોદધિલંભવ [સં] ન સમુદ્રો. દરિયા કરતાં પણ સમુદ્રોમાં દરિયાઈ જાનવરો ઘણાં છે, માટે તને સમુદ્રોમાં કહે છે

લવથવ જા બોલવામાં બહેની નાખવા; મીંડાં કે વિનંક ભરેલી વાણી.

લવન ૧ ન કાપવું તે; છેદવું તે

૨. [સં.] ન. દાતરડું.

૩. [સં.] ન. દૂધ.

૪. ન. લણવાની ક્રિયા; લણ ;.

૫ ન. લણવાની મજૂરી.

લવની ૧. [હિ.] સ્ત્રી. પગાર.

૨. [સં.] સ્ત્રી. માખણ; નવનીત.

૩. સ્ત્રી. રે મરણ.

૪ સ્ત્રી. લણવાની.

૫. સ્ત્રી. લણવાની મજૂરી.

લવપુર ન લવકોટ. લાહોર. તેની સ્થાપના શ્રીરામચંદ્રજીના પુત્ર લવે કરી હતી.

લવમાત્ર વિ. જરાપણ.

લવમેરેજ [અં.] ન. વ. વ. પ્રેમલગ્ન.

લવર ૧. [સં] પું. ચાહનાર પુરુષ; પ્રેમી; આશક.

૨. સ્ત્રી અગ્નિની જ્વાળા.

૩. ન. બકરીનું બચ્ચું.

લવરકો ૧. પું. નાનો ટુકડો; કટકો.

૨. પુ લવકાટ. લવક પવક થવું તે

લવરું (લવરડું) ૧. ન. બકરીનું બચ્ચું; કરું.

૨ વિ. નાજુક; કોમળ; સુકોમળ; પાતળું.

લવરમૂછિયા જુઓ લવરમૂછો.

લવરમૂછો ૧. વિ. કાચી ઉમરનો.

૨. વિ. ઓછી મૂછવાળો.

૩. વિ. મૂછનો દોરો સહેજ દેખાય તેવો.

લવરી ૧ સ્ત્રી. કૂતરાની એક નામની એક જાત.

૨ સ્ત્રી. ટાંકેલું; નવરી વાતો; ગપ્પાં.

૩. સ્ત્રી. લવલવ કરનારી સ્ત્રી.

લવરી ૦ ૧ કાઢવી. લવરી લવવું તોડ; લવરીએ ચઢવાની જાત છે. લવરી બાજી એવું

લદ્દખ મોટી

૪. [સં. લપ્ (બોલવું)] સ્ત્રી બકર સમજ્યે તેમ જ સમજ વગર ગમેતેમ બોલબોલ કરવું તે; બકવાદ; લવારો; રોગના જોરમાં, ઘેનમાં કે મગજના બગાડથી બોલવું વગર વિચારે બોલબોલ કરવું તે; બબારો.

લવરી કરવી લવરીએ ચઢવું = વગર સમજ્યું ને સમજ વગર બોલબોલ કરવું; બકવાદ કરવું; બકબક કરવું. મગજનું સમતોલપણું ખોવાથી બકવાદ કરવો; ગમે તેમ વગર વિચાર્યું બોલ્યા કરવું; લવરી કર્યા કરવી

લવરીબાર વિ. બહુ બોલકું, લવલવ કર્યા કરનાર

વિનય વાતમૂર્તિવાળા શરીરના. બાંધાવાળો બોલકો લવરીબાર. ઠેકો, બાંધીશો, બલરામ કલાકારો અને બીજી સંતતિઓ હોય છે.

અ પુર્વેદનો સંક્ષિપ્ત પરિચય

લવલલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે છંદ અક્ષરગણી છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે છે.

ઉ લવલલિતા જરત જાત. રત્નપિંગળ

લવલવ ૧. સ્ત્રી. મિશ્રણવાળા કકડા.

૨. સ્ત્રી. લવકારો, ચૂમડાની પીડા.

લવલવ થવું – (૧) પાકની પીડા થવી. (૨) બકવાટ કર્યા કરે તેવી સ્થિતિમાં મુકાવું.

૩. સ્ત્રી. લવરી; અતિશય બકબક કરવી તે; બકવા; લવારો; બકબકાટ; લવરી; બબલબાટ.

બોલબોલ; નવરી વાતો; ગપ્પાં.

લવલવ કરવું = બકબકાટ કરવો.

૪. ન. લવલવ કરે તેમ

લવલવવું અ ક્રિ નકામું બહુ વગરનું બોલબોલ કરવું; વગર સમજ્યે સમજ વગરનું જેમ ગમે તેમ બોલ્યા કરવું; લવરી કરવી; બકવું; નિરર્થક બબડ્યા કરવું; બડબડ કરવું

લવલવાટ પું. લવરી; લપલપ કરવું તે; બકવાટ; અતિશય બકબક કરવું તે; લવારો; બકબકાટ.

લવલવારો જુઓ લવલવાટ.

લવલવિયું વિ. લવલવ કરે તેવું; કચકચિયું; બબડિયું; બોલકણું; બકબકારી.

લવલવી સ્ત્રી લવરો.

લવલી ૧. પુ. (પિંગળ) એ નામે એક અક્ષરવૃત્ત વર્ણમેળ છંદ. તે સઠારું વર્ગનો છે. તેના પહેલા ચરણમાં દસ લઘુ અને બે ગુરુ મળી ૧૨ વર્ણ, બીજા ચરણમાં આઠ લઘુ અને બે ગુરુ મળી ૧૬ વર્ણ, ત્રીજા ચરણમાં છ લઘુ અને બે ગુરુ મળી ૮ વર્ણ અને ચોથા ચરણમાં અઢાર લઘુ અને બે ગુરુ મળી ૨૦ વર્ણ આવે છે.

૨. પુ. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં આઠ લઘુ અને બે ગુરુ મળી ૧૬ વર્ણ, બીજા ચરણમાં દસ લઘુ અને બે ગુરુ મળી ૧૨ વર્ણ, ત્રીજા ચરણમાં છ લઘુ અને બે ગુરુ મળી ૮ વર્ણ અને ચોથા ચરણમાં અઢાર લઘુ અને બે ગુરુ મળી ૨૦ વર્ણ હોય છે

૩. સ્ત્રી., એ નામની આમલકમાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; ધંકુડ; કરોરવડી; ખાટી આમલી

૪. [સં] સ્ત્રી. એક જાતની વેલ કે લતા.

૫. ન. રાજઆમલીનું ઝાડ.

લવલીન વિ. મગ્ન; તલ્લીન; મશગૂલ; એકતાર, એકાગ્ર.

લવલીલતા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, નગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે.

ઉ૦ જયલીલતા જ ર ન જા ગ ધરી.
ઘનશ્યામ

લવલેશ ૧. પું. અતિ જ થોડો અંશ.

૨. વિ. જરાક; કિંચિત્; સહજ; લગાર; થોડું.

૩. અ. જરા પણ; તસમાત્ર; લેશમાત્ર.

લવવું ૧. [સં. લવ્ (ખોલવું)] સ. ક્રિ. ઊંધમા લગરી કરવી.

૨. અ. ક્રિ. મેલાં કાઢવાં; રોગ કે ઝેરના જોરથી ઝાડે તેમ સંબંધ વિનાનું બોલ્યા કરવું.

૩. સ. ક્રિ. બબારો કરવો; બબર કારણે, બબર સંબંધનું બોલબોલ કરવું; બકવું; બડબડવું; હાથે તેમ બોલવું.

જાવી જવું ન (૧) ગમે તેમ બોલી નાખવું. (૨) ગાળો ભાંડવી; હલકા શબ્દો ઉચ્ચારવા. (૩) છૂપી વાત બેદરકારીથી ખુલ્લી પાડવી; બેદરકારીમાં રહસ્ય કહી દેવું

લવસત્તમ પું. (જૈન) અનુત્તરવિમાનવાસી દેવ. આ દેવો વિષે એમ કહેવાય છે કે, તેઓનું આયુષ્ય માત્ર સાત લવ જેટલું વધારે હોત તો તેઓ સિદ્ધ બન્યા હોત. પણ તેટલું આયુષ્ય ઓછું હોવાને લીધે મોક્ષ પામવાને બદલે અનુત્તરવિમાને ગયા. તેમનું આયુષ્ય સંસારી જીવોમાં સૌથી વધારે છે

લવંગ ૧. [સં.] ન. ઉપલા ડીંટામા થતા એક વનસ્પતિના ઓડમા થતી કળી, જેમાંથી એક તેજાનો જાણીતો પદાર્થ મળે છે.

૨ ન. કમળાકાંદ, જેનાં આકાર-નું કાને પહેરવાનું સોનાનું ઘરેણું

૩. ન. જંતુઓના કોણી નાકની પાંખો.

૪ ન. લવિંગનું તેલ

લવંગકલિકા [સં] સ્ત્રી. લવિંગ, લવિંગની કળી જેને ખાવા કે ચાવવાની ટેવ પાડવામાં આવે છે, માટે તે લવંગકલિકા કહેવાય છે

લવંગચૂરી સ્ત્રી. એક જાતની સોપારી. તે કાચી જેવા દેખાય છે. આ જાતની સોપારી ખૂબ પસંદગી પામેલી છે. આ સોપારી બનાવવા માટે સોપારી અપક્વ હોય ત્યારે ઉતારી લેવામાં આવે છે અને તેનો ચરો કરવામાં આવે છે ને જ્યારે સુકાય છે ત્યારે લવિંગ જેવી દેખાય છે. ખાવાને ઢમેશની રીત મુજબ ઉકાળી સુધરવામાં આવે છે.

લવંગલતા ૧. [સં.] સ્ત્રી. રાખાની એ નામની એક કથા

૨ [સં. લવંગ + લતા (વેલી)] સ્ત્રી. લવિંગની વેલ

૩. સ્ત્રી. ઝવેરાતના બાજારની એક પ્રકારની બનાવટી મીઠાઈ. તેમાં ઉપર એક લવિંગ ખોસેલું હોય અને અંદર મેવો મસાલો ભરેલ હોય છે.

લવંગાદમોગી સ્ત્રી. (વૈદક) ખાંસી મટાડવા વપરાતી એક જાતની દવા. આ ગોળી મોઢામાં રાખી રસ ગળે ઉતારતા જવાનો હોય છે આખા દિવસમાં આઠ ગોળી સુધી લઈ શકાય છે.

લવંગાદિચૂર્ણ [સં.] ન. લવંગ વગેરેનું ઔષધોપયોગી ચૂર્ણ. તેમાં લવંગ, કપૂર, કેસર, જાતિફલ, સાકર વગેરે આવે છે. તે ઊલટામક, જ્વરનિવારક, દાહઘ્ન, ખરસેરો લાવનાર, આમરો ઉતારનાર, જંતુઘ્ન અને શક્તિવર્ધક મનાય છે. તે ઝાડી, હેડકી, અતિસાર, ખાંસ, મોઢી ઊબરસ, વા અને મૂત્રાશયનાં દરદો, ભૂખ ન લાગવી, હૃદયનો ધડકો, બોખરો અવાજ, શ્વાસ અને બળખામા લોહી પડવું વગેરે દરદોમા આપવામા આવે છે.

લવંગાદિવટિકા [સં.] સ્ત્રી. એક ઝેરની ગોળી. લવંગ, અફીણની છાલ, મરી, ધોળો ધતૂરો વગેરેનું ચૂર્ણ કરી ચાવણની અંતરજાલના કાઢામાં ગોળી કરવી. તેથી ઊબરસ મટે છે અને ઝાડાનો સોલ્યે બેસી જાય છે.

લવંગાદિવટી જુઓ લવંગાદિવટિકા.

લવંગિયા પું. જ ન એક જાતના કટાકડા.

લવંગિયું ૧. ન. કાનની બૂટમા પહેરવાનું એક ઘરેણું

૨. વિ અતિશય પ્રવૃત્તિ કરનારું; ધંધાદિયું; ચબપટ.

૩. વિ. ઠગવું

૪ ન. કાઢ ઉકાળા૦ કરવા નેતુ ચીપિયુ.

૫. વિ. તીખું

૬ વિ. નાનું, લવંગ જેવડું કે જેવું; લવંગ જેવું નાનું ને પાતળું.

લવંગિયું મરચું ૧ ન. લવંગના જેવું નાનું પણ તીખું ફોતરાવાળું મરચું

૨ વિ. ગરમ લોહાનું; ચબપટ; તેજ, તીક્ષ્ણ; ફોતરાવાળું, લવંગના જેવું નાનું મરચું તીખું તમતમતું હોય છે તેથી આ અર્થમાં બોલાય છે.

લવંગિયો દેડો જુઓ લવંગિયું મરચું

લવંગી ૧ સ્ત્રી. મોગલ શહેનશાહ શાહજહાનની એ નામની પુત્રી. તેણે જગન્નાથ પંડિત સાથે લગ્ન કર્યું હતું. આ દૃષ્ટાંત ઉપરથી જાણવા મળે છે કે, પ્રેમ માટે ધર્મ એક હોવો જોઈએ તેવું કંઈ નથી.

૨. વિ. લવંગ જેવું.

લવંગી કાકડી સ્ત્રી. વજન ભરેલી લાકડી. તે ગુના કરનારી કોમો નામની જાત હાથમા લઈને ફરે છે

લવંડર ૧. પું. એક જાતનો ઝાડ.

૨. [અં.] પું. એક જાતનો સુગંધી છોડ. તેમાંથી તેલ અને અર્ક કાઢવામાં આવે છે. ફૂલની ફોરમોને પૂરતી રીતે ખીલવા ન દેતાં મુઠ્ઠી ભરીને તોડી લઈ તેમાંથી તેલ અને અર્ક કાઢવામાં છે

૩. સ્ત્રી. એ નામની તુલસ્યાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

લવંત્રી સ્ત્રી. લવરી.

લવા [હિં.] પું. એ નામે એક જાતનું પક્ષી.

લવાક ૧. [સં.] પું. ઘાતરડું

૨. પું. લણણી.

લવાજવ ૧. [સં. લાવણ્ય] ન. ઓળખાણ.

૨. ન. ઓલવા બાલવાની લાયકી; વિવેક; વાણીની મીઠાશ; રીતભાત, વર્તણૂક વગેરેમાં લાયકી ને મીઠાશ; મુલાયમપણું

લવાજમ ૧. ન. અમુક મુદતે આપવાની રકમ; વરસૂંદ; હાલે આપવામાં આવતું નાણું, મુકરર કરેલો મુદતનો દર, ભાવ કે મૂલ.

લવાજમ ભરવું = ભાગ, માસિક વગેરેનું લવાજમ આપવું; તેના પરાક થવું

૨. ન. બદલો, મહેનતાણું; મજૂરી, મુદ્રી; દસ્તૂરી; હકસાર્ધ; રોજ્જ અપ્યું; વેતન.

૩. ન. મંડળના સભ્યો તરફથી ભરવામાં આવતી અમુક ઓકટસ રકમ.

૪. [અ. લવાજિમ] ન. સરસામાનનાં જરૂરિયાતની વસ્તુઓ.

૫. ન. સાધનસામગ્રી.

૬. ન. ઢગ.

લવાજિમ જુઓ લવાજમ.

લવાટિયું (લવાટિયુ) ન. એક જાતનો ક્ષુપ. તે જમીન ઉપર પથરાઈને રહે છે. તેમાંથી એક જાતની સુગંધ નીકળે છે. તેમાં સંયોગ ઠોર ઉપર ઝાવળાં પાન આવે છે. તેમાં નાનાં સુગંધિત સફેદ ફૂલ થાય છે. પાન દોરના દા ઉપર વાટીને ચોપડાય છે. તે દોરનું દુખ વધારનાર મનાય છે.

લવાણક ન. દાતરડું.

લવાણો પું. સુદાણો.

લવાદ ૧. પું. ન્યાયાધીશ.

૨. [અ. હિવાજ (એકબીજાનો પરસ્પર આશ્રય લીધો તે)] પું. પક્ષકારો વચ્ચે પડેલો તકરાર પતાવી આપનાર માણસ; પંચાતિયો; મધ્યસ્થ; બેઉ પક્ષની વાત સાંભળી તોડ લાવી આપનાર માણસ; પંચ પ્રતિનિધિ; સંમતિથી કે સરકાર તરફથી બેઉ બીજાની તકરારોનો નિકાલ કરવા માટે નિમાયેલ માણસ.

૩. સ્ત્રી. અરજ.

૪. સ્ત્રી. પંચાયત; પંચ.

લવાદનામું ૧. ન. લવાદની તપાસનું નિવેદનપત્રાનામું.

૨. [અ. લવાદ + ફા. નામહ (નામું)] ન. લવાદની નિમણૂકનો દસ્તાવેજ; લવાદ નીમ્યા બદલનો લેખ

લવાદ મંડળી ન. પ્રતિનિધિ મંડળ; પંચ તરીકે નિમાયેલ માણસો.

લવાદી ૧ [અ. હિવાજી (એકબીજાનો પરસ્પર આશ્રય)] સ્ત્રી. અરજદાર; અરજ કરનાર.

૨. સ્ત્રી. અરજી.

૩. સ્ત્રી. પંચ.

૪. સ્ત્રી. લવાદનું કામ; મધ્યસ્થી; તકરારની પતવણી; અમીનો; બાબો પતાવી આપવો તે.

૫. ન. પંચાતિયાપણું, મધ્યસ્થપણું.

૬ વિ. લવાદ સંબંધી.

લવાદીન્યાયાધીશી સ્ત્રી પંચાયત ન્યાયાધીશી

લવાન ન. લવારી; અતિ બોલવું તે; બડબડાટ; લવારો.

લવાન કરવું = (૧) નાચ, બીમારી કે ઘેનમાં બોલવું. (૨) બહુ બોલવું; જેમ કાવે તેમ બોલવું; ભાન વગરનું બોલવું.

લવાની સ્ત્રી. ખરાબ વાણી; ગાળી વાણી, બોલવામાં કરવું તે.

લવાબ સ્ત્રી. બેટા બકરાના આંસમાં [illegible] જેવા પાસે હોય છે તે નાના [illegible]

લવાર પું [illegible]

લવારકું (લવારકુ) ૧ ન [illegible]

૨. ન બકવું પું [illegible]

લવારચાડો પું. ગામના જે હત્તામાં સુદાર વસતા હોય તે જગ્યા; સુદારવાસ; સુદાર રહેતા હોય તે મહોલ્લો.

લવારચાડે સોય વેચવા જવું = નિષ્ફળ પ્રયત્ન કરવો; લવારામાં સોનું વેચવા જવા જેવું કામ કરવું; મર્યાદિ કરવી; રવાન પરદેશીની અનુવાદ અનાવશ્યી.

લવારિયાં ૧. ન. બ. વ. છાણાં.

૨. બ. વ. ન સુદારનું કામ કરતી ગિરમી જેવી એ નામની એક જાત.

લવારી ૧. સ્ત્રી. લવારો; બકવાદ; લવલવ; મિથ્યાભાષણ; બબડાટ; અતિશય બકવાદ કરવું તે; પ્રલાપ; લવરી.

૨. સ્ત્રી. ગાડી; ધૂક.

લવારી મારી ભૂખ પર કરી રોબો કું બાજર. ૬ બરો

લવારું ૧, ન. મીંડું; બેટાંનું બચ્ચું.

૨. ન. બાવળ બાળક

૩. ન. નાનું વાછરડું

૪. ન. બકરીનું બચ્ચું.

૫. વિ. બહુ બોલનાર.

લવારો ૧ પું એક જાતની વેલ; બારીક કુલઝાડો એક જાતનો મોગરો. તેને બહુ પાન બેઠ ડાંડલીમાં આવે છે. તેમાં વચમાં મોટું અને બડખે બે નાનાં પાન હોય છે. તેને સુગંધી નાનાં સફેદ ફૂલ આવે છે. તેમાંથી તેલ નીકળે છે તે શીતળ છે અને ઉષ્ણરોગ, મુખરોગ અને નેત્રરોગ ઉપર ઉપયોગી મનાય છે.

૨. પું. લવારી; બકવાદ; લવલવ; વગર બોલાબ્યે બોલવું તે; અતિશય બકવાદ કરવું તે; પ્રલાપ

૧ લવારે ચડવું = બકવું.

૨. લવારો કરવો = બકવાદ કરવો.

લવારોબકારો પું. બડબડાટ; લવલવ.

લવિત્ર [સં.] ન. દાતરડું

લવિરામ ન. (સંગીત) નાલનું એક અંગ; બબુરિગમ અંગ; ત્રિકૂત, ત્રિખીલવું, પંચ માત્રાનું અંગ; પંચ માત્રાને અંતરે નાલ અલ્પ તે ભાવ.

લવિંગ ૧ પું પુષ્પની જનનેન્દ્રિય

૨. ન. ઉષ્ણ પ્રદેશમાં થતા તેજતાના ઝાડમાં થતી કળી; એક જાતનો તેજાનો; કૈલકુસુમ; શ્રીમદ, શ્રીપ્રસૂનક. ને હાલારવાળી રેતાળી અને ખૂબ ખાતરવાળી ફળદ્રુપ જમીનમાં દરિયાથી ૧,૫૦૦ ફૂટ ઊંચી જમીન ઉપર થાય છે. નવાં ઝાડ બીજથી થાય છે અને વાવ્યા પછી ૬ કે માસે ઊગી નીકળે છે. રોપા બહુ ધીમે બઢનારા [illegible] ફૂટ સવા ફૂટ ઊંચા થાય ત્યારે કાયમની જગ્યાએ બારીમ ૫ ફૂટ દૂર રોપવામાં આવે છે. સાતથી આઠ વરસની ઉમર થાય ત્યારે તેમાં લવિંગ બેસે છે અને જેમ ઝાડ મોટું થાય તેમ વધારે લવિંગ બેસવાં બાય છે તે પાનમાં સમયોગ હોય છે ને ફૂલ આવે છે. ફૂલ ઊઘડવા દીધા સિવાય પીંછી વડે ઝાડ્યાથામા આવે છે તેને જ લવિંગ કહેવામા આવે છે. દારમાં અદિકના જંગબાર અને તેની નજદીકમા પેબ્બા હતુ તેને માટે દુનિયામાં પહેલા દરજ્જાની પેદાશ આપનાર ગર્ણ પણ છે. એક વખત પિનાંગ તેનું મુખ્ય બંદર હતું. તેના ફળને લવિંગ કે લવંગ કહેવામા છે તે મુખવાસ, તેલના અને દવા માટે બજારમાં વેચાય છે. દુનિયામાં વપરાતા લવંગના ૬૦ ટકા ઝેન્ઝીબાર અને પેબ્બા પૂરાં પાડે છે અને બાકીના ૧૦ ટકા પિનાંગ, મારિશિયસ, મિસિસિપિ દ્વીપ, બેનકુલન, મોલુકસ, એમ્બોયેન, બોરિયો, ક્વિક, સિલોન, મલાયા અને બીજા ઉષ્ણ કટિબંધ પ્રદેશોના ટકાનો રવાજો પૂરાં પાડે છે. તેનો ક્વિમ. સૌથી વધુ વપરાશ થાય છે. યરપમા તેની અંદરથી વરાળયંત્ર દ્વારા તેલ કાઢવામાં આવે છે તે માટે જરૂરિયાત મોટો ભાગ વપરાય છે. લવિંગ એ કે જરૂરિયાત મોટા પ્રમાણમાં જંગબાર પેબ્બામાં થાય છે. પરંતુ વધારે તેજદાર, સુગંધી અને પુષ્કળ તેલ આપનાર શ્રેષ્ઠ જાતનાં તો પિનાંગમાં થાય છે. તે વરસ સુધી જૂના થયા વગર રહી શકે છે. તે ઉષ્ણ, ઉત્તેજક, ચિરપર્ણ, સુગંધી, બલકર, દીપન, પાચન, રસ્વેદલ, વેદનાશ્રમક અને મદી છે ને ક્ષય તથા ઉદરવાયુને મટાડે છે. હોજરી અને રક્તાશયને ઉત્તેજિત કરનાર, તેની ગતિ વધારી તેની અંદરના જંતુઓનો નાશ કરનાર છે. ને હૃદય ઉપર ઉત્તેજક અસર કરી તેના મંદ થયેલા ધબકારા વધારે છે. આંતરડાં જેમાંથી તાજા,

ફેંકી થાય તેને શાંત પાડે છે. તે મજ્જાતંતુ ઉપર અસર કરી હિસ્ટીરિયા અને બીજા મજ્જાના આંચિને શાંત કરે છે લવિંગને મોંમાં રાખવાથી કફ, ને ખાતાં જંતુઓ તેનાથી દૂર નાસે છે. સખત ઠંડીના સમયમાં ફરવા જતાં લવિંગ મોંમાં રાખવાથી ઠંડી ઓછી થઈ શકે છે. લવિંગને મોંમાં રાખી તેનો રસ ઉતારવાથી તુરા ઝિમાવવામાં અતિ ઉપયોગી છે. પાન ખાવાની આદત હોય અને વધારે ચૂનો આવી જવાથી મોંનું આવી ગયું હોય ત્યારે મોંમાં લવિંગ રાખવાથી આવી ગયેલું મોંનું તરત જ મટી જશે એકાએક ઠાઢમાં ચમકારા આવવા. માંડે ત્યારે લવિંગનો રસ ઉતારવાથી ઠાઢના ચમકારા શાંત પડે છે. શરદીનો સ્વર બેસી ગયો હોય ત્યારે લવિંગ પ.ચ જોડી સાથે આર્દ્ર જળથી અવાજ ખુલી જઈ જતું સાફ થઈ જાય છે. આઠ દસ લવિંગો મોંમાં રાખી મૂકી ઊંઘ પણ ચોરી માણસને ત્યાં ગયા પછી તે લવિંગવાળું ધૂંવું મૂકો નાખવાથી ધૂંવું શરીરમાં તેનાં જંતુઓ બહાર નીકળી જશે અથવા શરીરમાં ધૂંવું જશે તો શરીરમાં નાશ પામશે. લવિંગ આસ્તે આસ્તે ઉવસમાં પડવાથી પીસ થૂંકના રહેવાની આદત રાખવાથી અનેક જેવા રોગોથી તેમ જ શરદીથી પણ બચાવ છે અને ભૂખ તેમ જ તાકાત આપવામાં ઉત્તમ ઔષધિ સમાન મનાય છે.

દેવકુસુમ બીજસ્નેહ અને લવંગ જેનું નામ,
આ લવિંગની વેલડી તુજને કરે પ્રણામ.
વિનયસદ્ગુણોધ

૩. ન. ઝેર આકારનો રહવનો નાનો ભાગ.

૪. ન. એ નામના તેજાનાના આકારનું ઘરેણું; કાનની કડી કે ઝૂમખું

૫. ન. એ નામનું એક ઝાડ.

૬. ન. અંદુકની નાળ ઉપર લવિંગના દાણા જેવો ચોકેલો ભાગ. તેના ઉપર કેપ ચઢાવવામાં આવે છે.

લવિંગડું (લવિંગડું) ન. આંબવાળા પોટલિયા; સોનાના દોરામાં જે હોય છે તે ઘરેણું. જટિયું.

લવિંગલતા સું (પિંગ) સંભવત વર્ણમેળ છંદ. તેને કલાવૃત્તા, વિજય, વિજે છંદ પણ કહે છે તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૮ જગણ અને ૧ લઘુ મળી ૨૫ વર્ણ આવે છે. તેમાં આરંભ અક્ષરે યતિ આવે છે.

લવિંગલતા વસુ બ ધર અન્ત,
લ પાદ વિરામ કલ.કુલને રચિ. સ્વરૂપિંગલ

લવિંગાદિચૂર્ણ જુઓ લવંગાદિચૂર્ણ.

લવિંગાદિવટી જુઓ લવંગાદિવટિકા.

લવિંગિયા ફેરાકિયા પું. ૧. ૧. લવિંગ જેવા બીજા ફટાકિયા.

લવિંગિયાં મરચાં ન. ૧. ૧. બીજાં, પાતળાં, અને સ્વાદે તીખાશવાળા એક જાતના મરચાં

લવિંગિયું ૧ ન. એક જાતનું બીજું ને તીખું મરચું

સુરતના લવિંગિયાં મરચાં દવથી આકારોના બે ૧.ન, પણ તીખાશની તે રીતરી છે.
નાનાભાઈ.

૨. ન. કપૂરિજ્યુસ્ત્રા; લવંગ જેવું નાનું ફળ જાતનું ખાવાનું ઘરેણું

૩. વિ. લવિંગ જેવું કે જેવડું.

લવિંગી સ્ત્રી. લવિંગનો છોડ.

લવિંત્રી સ્ત્રી લવંગી લવંત્રી.

લવિંગકૃષ્ણ પું. રાજાના અને બીજા મુખ્ય પ્રસંગોમાં પતંગોની અંદર એક લાયમાંથી બીજા લાયમાં અપનું એક જાતનું પીંજાયા ભરેલું વાજ.

લવારસું જુઓ લવારું

લવારો પું. નખ કે નોરથી કરેલ ઉઝરડો. તરુ;

લવારા કરવો-મારવો = નોરથી ઉઝરડો કરવો

લવો ૧. પું. (જુ. રા.) રોગિનો.

મુકદ્દામાથી રોગ, કારણ કરે લવા.
ત્રિભકવિ

૨. પું. ખોલવા માટે ફળના ઉપરનું કારી રીતે કાપવું તે; ફળનો લોગો; વગાડો, ફળનો હિલચાલ. સ્પષ્ટ ઉચ્ચાર કરવાને ઇન્દ્રિય પ્રમાણે ફળ કાપવાની ક્રિયા તે.

લવો તે બદામનો, લવો ફળનો તેડ,
લવા લવારાને કહે, લવો લાટનો ભેદ
બાદરાય

૧. લવો વગાડો = સ્પષ્ટ ઉચ્ચારણ થવું; સ્પષ્ટ ઉચ્ચાર કરવાની ઇન્દ્રિય પ્રમાણે ફળ કાપી રાખવું.

૨ લવો વાગવો = ફળ વગાડી; જવાબ દેવો.

૩. કુ. લઉનો, મરચાંનો; વિદ્રાક; રેતલો.

૪. પું શબ્દ; ઉચ્ચાર; સુખન

૧. લવો દેવો = જવાબ દેવો.

૨. લવો નાખવો = સવાલ પૂછવો.

૩. લવો લાગવો = જવાબ તોડવો.

૫. પું. ઢાજરે જવાબી અને રમૂજ સ્વભાવનો પાદશાહ અકબર પાસેનો એક હજૂરી.

લવ્વ પું. શબ્દ; લવ્વ; બોલ.

લવ્વો જુઓ લવ્વ.

લવ્વો જુઓ લવો.

લશુન [સં.] ન. લસણ.

લશુન ગાય ખૂણે ધરી,
દીયે દોષ દુર્જન. મોરારજી

લશૂન જુઓ લશુન.

લશ્કર ૧. [ફા.] ન. ભાવણી.

૨. ન. ટુંકા ટોળું; ઘાડિયું; માણસો વગેરેનો મોટો સમૂહ; જૂથ; ઝાપલો.

૩ ન. ફોજ; પત્તિની; વાહિની; પૃતના; અનીકિની; ચમૂ; પક્ષિની; બલ; ચક્ર; અનીક; લડનારા માણસોનો સમૂહ; લડવૈયાનું ટોળું કે સમુદાય; સેના; પલટન; સૈન્ય. નિયમિત લશ્કરમાં નીચ મુજબના પેટા વિભાગો હોય છે (૧) પાયદળ ટુકડીઓ, (૨) રસાલાદીઓના ટુકડીઓ, (૩) વિમાનચલક ટુકડીઓ, (૪) યાંત્રિક અસ્ત્રદળની ટુકડીઓ, (૫) ભારે ટેકોવાળી ટુકડીઓ, (૬) રેજિમેન્ટલ લડાયક ટુકડીઓ, (૭) વિમાનવિરોધી તોપખાનાની ટુકડીઓ, (૮) જુદાં જુદાં તોપખાનાંઓની ટુકડીઓ અને (૯) ઇજનેરી ટુકડીઓ. નિયમિત લશ્કર ઉપરાંત અનામત દળો અને રાષ્ટ્રીય રક્ષકદળો હોય છે. આ દળોને મ.ચ યુદ્ધ કે એવી અન્ય કટોકટીના સમયે ફરજ પર બોલાવવામાં આવે છે. લશ્કરમાં લડાયક ટુકડીઓ ઉપરાંત લશ્કરી, વહીવટી, ટેકનિકલ, તબીબી અને અન્ય વિભાગો હોય છે.

સ્વરાજ એટલે તો કે પ્રજાનો પૂર્ણ અંકુશ,
આપણે ને નિમારી યે લશ્કરે ને અદાલતે.
ગાંધીગીતા

૧. જીતનું લશ્કર = નાસતું લશ્કર; હારેલું લશ્કર.

૨. લશ્કર અને ઠોશી સાથેનાં ક.થે = ઉતાવળું ને મંદ સાથે જ રહે તેવા સ્થિતિ.

૩. લશ્કરનાં વાજાં = ઠંગધડા કે બેસૂરાં વિનનું જે હોય તે.

૪. ન. વહાણમાં કામ કરનારાઓનો સમૂહ.

લશ્કરખાતું ન. લશ્કરી ખ.તું; ફોજખાતું.

લશ્કરખાવું [ફા.] પું. કેમ્પ; લશ્કરી ભાવણી.

લશ્કરી ૧. પું. લશ્કરનો સિપાઈ.

૨ સ્ત્રી. સાધુ, રામાનંદી બાવા, બાવેદ, બાવા અને કબ્રસ્તી મેમણની એ નામની એક અટક

૩. વિ. લશ્કર સંબંધી, ફોજનું; લશ્કરનું.

૪. વિ. વાજામાં કામ કરનાર; બજાસી.

લશ્કરીઅમલ પું. લશ્કરી કાયદો; 'માર્શલ લૉ'.

લશ્કરીકાયદો જુઓ લશ્કરીઅમલ.

લસલસતું

લશ્કરીકોયડો જુઓ લશ્કરીજમલ

લશ્કરીખાતું ન. લશ્કરનું ખાતું; કોજખાતું.

લશ્કરી છાવણી સ્ત્રી. લશ્કર પડ્યું હોય તે સ્થળ.

> નિત્રસ (પું) અને શિબિર (ન) એ બે નામ લશ્કરી છાવણીનાં છે. અમરકોષ

લશ્કરીબળ ન. સેનાનું બળ.

લષ્ [સં.] સ.ક્રિ. (ધાતુ) ઇચ્છવું; આકાંક્ષ. ઇચ્છા રાખવી. તે ઉપરથી સંસ્કૃત શબ્દ: લષિત, અભિલાષ, અભિલાષા.

લષ્ટિ સ્ત્રી. સ્તંભ.

> ઔપશ્રુતિ (સં. ઔપશ્રુતિક) ઔપશ્રુતિ સીવિલ (સિવિલ) ની પુત્રી, જેકપીરા (જર્મેકપીરા) ની બારગીરી અર્થે (આ) લષ્ટિ (સ્થંભ) ઊભી કરાઈ.
>
> મુંબઈસમાચાર ઑતિહાસિક લેખો

લષ્ટમષ્ટમ ન. મુકોલીપીડ; મહામકેનતે.

લસણ ૧. [સં. लशुन] ન. એ નામની પ્રસિદ્ધ વર્ગી ની એક વનસ્પતિ; રસોનઃ મૂલજ; મહાકંદ; લશુન, ઉગ્રગંધ; મહૌષધ, અરિષ્ટ; ભ્રમેષ્ટક, યવનેષ્ટ; રસોનક. તે કુણીના ઝોડ જેવડો થાય છે. તેના ગાંઠિયામાં આઠ દસ કણીઓ હોય છે ધોળી અને રાતી એમ લસણની બે જાત થાય છે. તેમાંથી તેલ નીકળે છે.

> ૨. ન. બેઠ પ્રકારના ઝોડના કંદમાં થતી કણી જાતપ્રકારમાં લસણ સંબંધે એવી કલ્પિત છે કે, જે સમયે ગરુડ ઇંદ્રને લાયી અમૃત કરી ગઈ ત્યાં રહ્યો હતો, તે વખતે તેનું એક ટીપું જમીન ઉપર પડ્યું તેથી તેની ઉત્પત્તિ થઈ વળી બીજી વાત એવી છે કે, સમુદ્રમંથન વખતે વિષ્ણુએ અમૃત પી જતાં રાહુનું મસ્તક સુધી આવ્યું ત્યાં સુધી તે અમૃતબિંદુઓ પડ્યાં તેમાંથી લસણ થયું તે અતિ ઉષ્ણ અને વાતકર તરીકે સમિયા, કફિયા, આંબડો, ચૂંક, કૈડકી, ગુલ્મ, કેન્સરિયસ અને બીજા અનેક પ્રકારના વાયુમાં ખવાય છે, તેમજ ચોપડાય છે. કુખતા દાનમાં લસણની કણી તેલમાં કકડાવી સૂપમાંથી આરામ થાય છે. કેટલાકને કફ સિવાયે લસણ ખાવાની ટેવ હોય છે. આરોગ્યની દૃષ્ટિએ લસણ બહુ ઉપયોગી વસ્તુ છે. દમ, ઉપરસ, કેફસાંનાં દરદો, લોહીના દબાણનો વધારો વગેરે વિકારોમાં લસણ લેવાથી ફાયદો થાય છે. લસણની વાસ ઘણા લોકોને ગમતી નથી, પણ એમાં જ તેનો જંતુનાશક ગુણ રહેલો છે. લસણમાં ગો, બી અને સી પ્રજીવક છે. વાઈરોઈડ નામની આંતરસ્રાવક ગ્રંથિને પોષણ આપનારું આયોડીન પણ લસણમાં હોય છે આપણા શરીરમાં થાઇરોઈડ ગ્લેન્ડ બહુ જ મહત્ત્વની ગણાય છે. લસણમાં કેલ્શિયમ, ફોસ્ફરિયમ અને ફોસ્ફરસ પણ છે લસણનો મુખ્ય ગુણ ઉત્સાહપ્રેરક, સુધાપ્રદીપક અને કૃમિનાશક હોવાનો છે. વૈજ્ઞાનિકોનો મત છે કે, ક્ષય જેવા દુસાધ્ય રોગમાં લસણ બહુ જ ઉપયોગી થઈ પડે છે. આયુર્વેદમાં પણ લસણનાં ઘણાં વખાણ કરવામાં આવ્યાં છે. લસણ ખાવાથી શરીરમાં સફેદકણિકા એબિડ ઉત્પન્ન થાય છે ને તેનાથી રક્તદોષનાં જંતુઓ નાશ પામે છે. લસણ પાચક તથા ઉદરને ઉત્તેજક હોઈ પાચનક્રિયામાં ઘણે મદદરૂપ અને ખોરાકનું રોચણ કરવામાં મદદગાર બને છે. ઉદરની નિર્બળતા જન્ય અવસ્થાઓમાં લસણ અતિ ઉપયોગી મનાય છે. ઈંડાના બાફેલ ઉપર તેલની સાથે લસણ અવશ્યનું. વાયુનોળો ચડી આવતો હોય તો લસણ વડે ગરમ કરેલું દૂધ પીવડાવવું. પ્રોઢાના રોગીને લસણથી ફાયદો થાય છે.

> ૧. લસણ ખાઈને ઓસડ = (૧) કપ વળગાડી; બેદ કરવો. (૨) સામે ઓસડ; બરાબર જવાબ, સણસણ ન મૂકવા.
>
> ૨ લસણની વાસ કોઈ જાતી રહેતી નથી = દુર્જન મનુષ્ય પોતાનો ભાવ બગડ્યા વગર રહેતો નથી

લસણિયું ૧. વિ. લસણ વગરનું.

> ૨. વિ. માલ વિનાનું; નબળું.
>
> ૩ વિ. લસણ જેવું; લસણની કણીના આકાર અને રંગનું
>
> ૪. વિ. લસણની જેગવણીવાળું; જેમાં લસણ જેગવેલું હોય તેવું; લસણવાળું.

લસણિયો પું. નવ માહેનું એક રત્ન; લસણની નાની કણી જેટલા તપખીરિયા રંગનો એક મણિ; કોમતી પથ્થર કે હીરો; વૈદૂર્યમણિ. દુરજ; કેતુમણિ; વજ્રલક. અંગ્રેજમાં આ નંગને કેટ્સ આઇ એટલે બિલાડીની આંખ કહે છે. લસણિયાનું નંગ કેળવામાં લીલાશ પડતું અને કોર્પક વાર લસણના જેવા રંગનું હોય છે. આ નંગની એક નિશાની એ છે કે, તેની ઉપર સફેદ ડિસ્કની રપષ્ટ આડી એકાદ બે લાઈનો હોય છે. આ નંગો પોતાના આકારનાં એટલે પાસા વજનનાં હોય છે અને કેતુના ગ્રહ તરીકે આકર ઊંચા ફેન્સી દાગીનામાં તે વપરાય છે. મુખ્યમાં તે ઝેરઘ, શીતજ અને સર્વ રોગહર મનાય છે

લસત [સં. લસત્] વિ. લસતું હોય તેવું; દીપતું; શોભતું.

લસતલસત અ. ખેલતાં ખેલતાં; રમતાં રમતાં.

લસતું ૧. વિ. બેલતું.

> ૨. [સં. લસ્] વિ. ઘસાતું; નીચે ઊતરતું; મરતું
>
> લસવું મૂકવું = હડસેલવું; જતું કરવું; ઘસતું મૂકવું
>
> ૩ વિ. ઢીલું; નરમ
>
> ૪ વિ. લાંબતું; લંબાતું.

લગદન્યુ પુ (વિગ) એ નામે એક સમૃદ્ધ વનસ્પતિ ઝાડ તેને કમલ, પદ્મ, કમલા પણ કહે છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, રગણ અને ગુરુ મળી આઠ વર્ણ આવે છે

> લસદ્દસ્તુ ન સા લગે. રત્નપિંગળ

લસન જુઓ લસણ

લસપસતું વિ. ઘીથી તરબોળ.

> લસપસતા રીંગણની સોરણથી ઢોરીમાં પ્રસન્ન થયા. નવલરામપંડ્યા

લસબસ ૧. અ ન બન્યમ બનીને; એકતાન થઈને; એકાગ્ર ચિત્તે

> ૨. અ. તરબોળ હોય તેમ

લસરકો અ. ખૂબ ઘાસુ હોય એમ. જેમકે, સાંજું લસરકો એટલે ખૂબ ઘસવું

લસરકણું વિ. લપસી જવાય તેવું.

લસરકે લસરકે અ. ઉતાવળે; ઝપાટાબંધ; ઝડપથી; લસરકાભેર; લાંબા પગલાં ભરીને.

> ૧. લસરકે લસરકે ચાલવું = ઝડપના લસરકા કરીને ચાલવું
>
> ૨. લસરકે લસરકે ચાલવું = લાંબા પગલાં ભરીને કે ઝોકાના લસરકા કરતાં ઉતાવળે ચાલવું

લસરકો પુ. લાંબો લીટો; આડો, ઉઝરડો; ઘાપ; રેખા, સિસેટ; લસરકો, લસારો; ઝપાટો; જેવું કે લસરવું તે

> કાં હળને હથરો, કાં સેખણને ઝરસરો
> પણ તેમને હડકવ, નાર ન પહેરે નાગણ. લાડ.ક્રિ

લસરકો મારવો = ઉઝરડો કરવો.

લસરકું અ. ક્રિ ખરી જવું; નીકળી જવું.

લસરિયું વિ. લાસરિયું. ઢસરડા વિનાનું.

લસલસ અ લસલસતું હોય એમ.

> લસલસ કરવું = કૂતરા બહારે છજા કાઢીને હાંફે છે તે પ્રમાણે કરવું

લસલસતું ૧. વિ થી કે તેવું ચરબીવાળું. જેમકે, લસલસતા લાપસી

> ૨. વિ. ચીકણું, ખાંડું અને ચળકતું; ચોંટી જાય તેવું.

૩. વિ. ચળકાટ ચળકાટ થતું; તેજ મારતું ને લલિત લાગતું.
૪. વિ. મેજમાં ઠોલતું નાચતું હોય તેવું;
૫. વિ. સુંવાળું અને સ્નેહથી ભરપૂર.

લસલસવું ૧. અ. ક્રિ. ઘી તેલથી તરબોળ હોવું
૨. અ. ક્રિ. તેજથી કે કાંતિથી ચળકવું; તેજ મારવું
૩. અ. ક્રિ. નરમ અને ચીકણું થવું.
૪. અ. ક્રિ. મોજમા કે આનંદથી ઠોલવું, ખેલવું કે નાચવું.
૫. અ. ક્રિ. સ્નેહથી ભરપૂર હોવું; લસલસતું હોવું કે થવું.

લસલસાટ ૧. અ. લસલસ આવા ભાવનો હોય તેમ; સારી રીતે ઊંઘવું હોય તેમ; નિર્ભાંત નિદ્રા આવી રહેલી હોય તેમ.
૨. અ. સારી રીતે; કંઈ પણ બાકી વગર; પૂર્ણ રીતે જેમ; લસપસાટ; આસની ઓર બોલે તેમ.

લસલસાવવું સ. ક્રિ. લસલસે તેમ કરવું; લસલસતું કરવાનું કહેવું

લસવું ૧. અ. ક્રિ. ચળકવું; ઝગારા મારવું; ઝગઝગવું; દીપવું; પ્રકાશવું.
૨. અ. ક્રિ. રમવું; નાચવું; મનમાન થવું.
૩. અ. ક્રિ. લસલસવું; ચીકટ થવું.
૪. અ. ક્રિ. શોભવું; ખપવું; સારું લાગવું.
૫. અ. ક્રિ. સરી જવું; સરકવું; લસી જવું, વહી જવું, ઢળી જવું; ખાલસવું.

લસંત ૧. વિ. ઢીલું; નરમ.
૨. [સં. લસ્ (ચમકવું)] વિ સોહીતું; સુંદર; ચળકતું

લસંતા પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૪ ગુરુ અને ૬૦ લઘુ મળી ૬૪ વર્ણની ૬૪ માત્રા હોય છે.

લસંતી [સં.] વિ. સ્ત્રી. શોભતી; ચળકતી.

લસાવવું સ. ક્રિ. લસવાની ક્રિયા કરાવવી; લસે એમ કરવું.

લસિકારસ પું. માંસ અને ચામડીની વચ્ચે રહેતો રસ; રસાયુમાં આવેલી પાતળી દીવાલવાળી રક્તવાહિનીઓ પોતાની આસપાસ આવેલા જે રસમાં તરબોળ થયેલી રહેતી છે તે એક જાતનો રસ; શરીરમાં વહેતું જળમય દ્રવ્ય; શ્લેષ્મ.

લસીકા ૧ [સં.] સ્ત્રી. કેશવાહિનીઓની દીવાલોમાંથી ઝરતો લોહીનો અત્યંત પાતળો અને સ્વચ્છ પ્રવાહી ભાગ. તે શરીરની બધી ધાતુઓને પોષ્યા આપે છે.
૨. સ્ત્રી ત્વચા; ચામડી.
૩. સ્ત્રી ચૂક; ભાળ.
૪. સ્ત્રી. ગંદી; ચેપ
૫ સ્ત્રી ઈન્દ્રીનો રસ.

લસીકાગ્રંથિ [સં] સ્ત્રી. એક પ્રકારની ગ્રંથિ. બગલ, સાથળ, ડોક, કાનનું મૂળ, પેટ, છાતી વગેરે જાગોમાં આ ગ્રંથિઓ જથ્થામાં તથા છૂટી છવાઈ જોવામા આવે છે. ગોળ અથવા લંબગોળ આકારની આ ગ્રંથિઓ જાતજાતા રસાયુઓની જાળ વડે વીંટાયેલી છે તેમની સપાટી ઉપર એક ઝાડો છે. તેમા થઈ ને શિરાઓ, ધમનીઓ, નાડીઓ તેમ જ રસાયનીઓ અંદર પેસે છે. તેની બીજી બાજુ ઉપરથી નવી રસાયનીઓ બહાર નીકળે છે અને તે ગ્રંથિમાં શુદ્ધ થયેલો લસીકા વહી જાય છે. શ્વેતકણોનાં ટોળેટોળાં નજરે પડે છે. રસાયનીઓએ આણેલી લસીકા શુદ્ધ થાય છે ને તેમાં શ્વેત કણ ઉત્પન્ન થાય છે. આ શ્વેત કણો ગ્રંથિનું રક્ષણ કરે છે અને વધારાના કણો લોહીમાં ભળે છે. જ્યારે વિષ રસાયનીઓ બારીને શરીરમા ફેલાય છે ત્યારે પહેલો અટકાવ લસીકાગ્રંથિઓમાં જ થાય છે, તેમ જ તેમનો નાશનો પ્રયત્ન પણ આ જ કરવામાં આવે છે.

લસીકાસ્રાવ [સં.] પું. લસીકાનો સ્રાવ.

લસીમેંદી સ્ત્રી. કાંટા વગરની એક જાતની મેંદી.

લસોટવું સ. ક્રિ. લસરકે ચોટવું; ઘસીને ચોટવું; ઘૂંટવું; પીસવું; ઝીણું કરવું; ખૂબ બારીક ચટ્ટ તેમ ઘસવું; મુલાયમ થાય તેમ કરવું; ખલમા નાખીને ઘૂંટવું; ઘૂંટી ઝીણું કરી મેળવી દેવું.

લસોટાવવું સ. ક્રિ. લસોટવાની ક્રિયા કરાવવી; લસોટે એમ કરવું.

લસ્મોટવું અ. ક્રિ. લસોટવાની ક્રિયા થવી.

લસ્રજ્ ૧ [સં] અ. ક્રિ. (ધાતુ) શરમ અવી; શરમ લાગવી; શરમાવું. તે ઉપરથી બનેલ શબ્દ: લજ્જિત; લજ્જા.
૨. અ. ક્રિ. શરમથી લાલ થવું.

લસ્ટી પું. છિલાલેખ.
કચ્છના ભાંડાઉ ગામમાંથી ચાહના પૌત્ર રુદ્રદામાના સમયના ચાર શિલાલેખ અથવા લસ્ટી મળ્યા છે. ગુર્જરપ્રકાશ

લસ્સી ૧. સ્ત્રી. છાશ. પંજાબમાં છાશને લસ્સી કહેવામાં આવે છે અને તેમાં ખાંડ નાખીને પીણું બનાવે છે
૨ સ્ત્રી. દૂધ અને પાણીનું મરજના દુધિયુ.

લહકવું ૧. અ. ક્રિ. ચમકવું.
૨. અ. ક્રિ. કરકરવું.
૩. અ ક્રિ. લહેકવું; લહેકાથી ચાલવું, બોલવું વગેરે જેવી ક્રિયા કરવી
૪. અ. ક્રિ. હેલવું; ઝૂલવું.

લહકાવવું સ. ક્રિ. લહકે તેમ કરવું.

લહકારવું અ. ક્રિ. લહકે તેમ થવું

લહકો ન. વ ક. માંડ માંડ પૂરું કરવાની સ્થિતિ.
લહકો લેવો = (૧) ઓસરવું; બાકી રહેલ થઈ જવું. (૨) હદ ઉપરાંત કામ આકરું પડે તોપણ કર્યે જવું.

લહકો ૧. પું. ખાવાની હેર કે ભાર; નિશ્ચિંતવાદ; ઓઢ; લગોલગ; બહે.
૨. પું. શરીરનો બાંધો; મરોડ

લહર જુઓ લહેર.

લહરવું ૧. અ ક્રિ. ફરકવું.
૨. અ. ક્રિ. મોજું આવવું
૩ અ ક્રિ. લહરીઓ ઊઠવી,
૪. અ. ક્રિ. લહેર કરવી; આનંદ કરવો; મોજ કરવી.
૫. અ. ક્રિ. ઝળઝળી ઊઠવું.

લહરાવવું સ. ક્રિ લહરે એમ કરવું

લહરાવું જુઓ લહરવું.

લહરિ જુઓ લહરી.

લહરી ૧. સ્ત્રી. તરંગ; મોજું; લહેર; મીઠી નાની ઝોળની પરંપરા.
અંબ તરંગ ઝિલોલ અને બીચી ઊર્મિ આય,
લહરી હાવ પ્રકારીને જમુના પરસે પાય.
પિંગળપ્રકાશ
૨. જુઓ લહેરી.

લહલહ ૧. [હિ.] વિ. લીલુંછમ; હરિયાળું.
૨. વિ. સુંદર.
૩. વિ. હર્ષ પામેલું, પ્રફુલ્લિત.
૪. અ. છબ છબાવવાની રીતે; કૂતરા, સિંહ, દીપડા વગેરે પરસેવો કાઢવા છબ છબાવે છે તેમ.

લહલહતું ૧. વિ. ખૂબ ઘી નાખેલ અને ભેજવાળું.
૨. વિ. લીલુંછમ; હરિયાળું.
૩. વિ. સોહીતું.

લહલહવું ૧. અ. ક્રિ. આનંદ પામવો; પ્રફુલ્લ થવું.
૨. અ. ક્રિ. ખીલવું.
૩. અ. ક્રિ. પવનથી ડોલવું
૪ અ. ક્રિ. લીલુંછમ હોવું

લહલહાવવું જુઓ લસલસવું.

લહલહી [હિ.] સ્ત્રી. કાવ.

લહલોટ [હિ] વિ. ઊંઘીનું લીધેલું પાકું ન આપે તેવું.

લહવું ૧. સ. ક્રિ. કાપવું; ઉતરવું.
૨. સ. ક્રિ. ઓલવું; ઠારવું
૩. સ. ક્રિ. જાણવું; સમજવું.
અતિ રમણ ભેદ અવિ લહઈ,
એ વરજાત પિતા પ્રતિ કહઈ.
કાન્હડદેપ્રબંધ
૪. સ. ક્રિ. લેવું.
૫ સ ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.
૬. સ. ક્રિ. લખવું.
૭. સ. ક્રિ. (જૂ. ગુ.) જોવું

લહુંજ ૧ પું. ખોખીનો રાજા પોતાનો પયગંબર.
૨. પું. સરાણનો પયગંબર.
૩. પું સંપ.

લહાણ ૧. ન આનંદ.
૨. ન. અભિનંદન; વધામણી.
૩ ન. ઇનામ; બક્ષિસ
૪. ન. નફો; પરિણામે જે પ્રાપ્તિ થતી તે; ઉત્પન્ન; લાભ.
૫. ન. કાપવો.
લહાણ કાઢવું-નીકળવું = કાપવો ભણવો. નફો કરવો.

લહાણી [સં. લવન] સ્ત્રી. શુભ કાર્યમાં, ઉત્સવના મેળાવડામાં તથા રમત ગમત અને ગાયન વગેરેમાં ભાગ લેનારને અપાતી બક્ષિસ; લહાણું આપવું તે; સમાપ્તિની ભેટ; ઇનામની ચીજ કે વસ્તુ; ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી.
લહાણી કરવી-લહાવવી-વહેંચવી = શુભ પ્રસંગે હાજર રહેનારા દરેકને એક જ જાતની વસ્તુ ભેટ આપવી.

લહાણું ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. ન. લહાવો.
૪. [સં. લઘુ; પ્રા. લહુ] ન. લગ્ન; એક વર્ષના અથવા નાતના દરેક ઘર, જન અથવા કુટુંબ દીઠ અપાતી ભેટ કે બક્ષિસ; શુભારંભ પ્રસંગે નાતીલા વગેરેમાં કરાતી વહેંચણી, પોતાના વર્ગમાં, નાતમાં નામ રાખવા માટે ભાતુપાત્ર વગેરેની વહેંચણી કરવામાં આવે તે.
લહાણું નોતરું = વ્યક્તિની જમણવાર; એક વર્ગ કે સમૂહના લહાવામાંથી તરીકેની જમણવાર.
૫. વિ. એ નામની અટકનું.
૬. [મ.] વિ. નાનું.

લહાવ જુઓ લહાવો.

લહાવું ૧. સ. ક્રિ. દાબવું.
૨. સ. ક્રિ પોતાના વર્ગના કે ઓળખીતાઓમાં જથ્થા દીઠ કંઈ આપવું, વહેંચવું કે વાટવું; બિક્ષનવાગણને ભેટ કે બક્ષિસ વહેંચવી.
૩. સ. ક્રિ. લહાણી કરવી.

લહાવો ૧. [સં. લાભ] પું. ઉપભોગાનુભવ; લાભ; ઓચ્છવ; સુખાનુભવ; સુખાસ્વાદ, આનંદનો ઉપભોગ.
૨. પું. ઓરિયો; ઓરતો.

લહાસી ૧. [હિ.] સ્ત્રી. દોરડું.
૨. સ્ત્રી. મોટી દોપવી.

લહિયો [સં. લેખક; પ્રા. લિહઓ] પુ. લખવાનું કામ કરનારો માણસ; પુસ્તકનો ઉતારો કે નકલ કરવાનું કામ કરનાર માણસ; લેખક; લખનાર; અસલ ઉપરથી નકલ કરવાનો જેનો ધંધો હોય તે.

લહિલ પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગના બાર પાંદડાંનો એક પુત્ર. આ રાગ અપ્રસિદ્ધ ગણાય છે.

લહી ૧. સ્ત્રી. નદીના જે ભાગમાં પાણીનો વેગ વધારે હોય તે સ્થળ.
૨ સ્ત્રી. લહ્યું; ખેતર; કાછ. ઘઉંના મેદાને પાણીમાં ઉકાળીને બનાવેલ કોઈ વસ્તુ ચીકટાવવાનો ચીકણો પદાર્થ.
૩. સ્ત્રી. રોજ.

લહુઆ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૧૬ માત્રા હોય છે. ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.
ચોદસિમા ગણ ચારજ ધરને
સ.ત ઠના એ રીતે કરને.
ચલિ રાહ નવ જજ તાલ સુધારી
લહુઆ ભનિ મને અહ સારી.
અપિંગળ.

લહુઉ [પ્રા.] વિ. નાનું.

લહુડ (લહુડ) વિ. (જૂ. ગુ.) લઘુ; નાનું.

લહુડું (લહુડું) [સં. લઘુ; પ્રા. લહુ + ડું] ન. સૌથી નાનું; ઉંમરે નાનામાં નાનું.

લહુવો પું. કાછ.

લહૂ [હિ.] પું. લોહી; રક્ત; રુધિર.

લહે ૧. સ્ત્રી. આનંદ આવવો તે; મઝા પડવી તે; લહેજત.
૨ સ્ત્રી. ઔચિત્ય પાર્ડ જવાનું તે; ભોંકાવું થવું તે; ભોંકાણપણું; ભોંકાણ.
૩. [અ. લહ્જત] સ્ત્રી. લેહ; તાન; નેહો; સમતી; ચાસ; પ્રીતિ; અનુરાગ; મોહ.
લહે લાગવી = નેહો લાગવો.
૪. સ્ત્રી. સ્વાદ લાગવો તે.

લહેકવું ૧. અ ક્રિ પવન આવવો.
૨ અ ક્રિ કરમરવું
૩. અ ક્રિ લટકમાં ચાલવું; લહેકાથી ચાલવું, બોલવું વગેરે જેવી ક્રિયા કરવી.
૪. [હિ.] અ. ક્રિ. લલકારવું.
૫. અ. ક્રિ. હવામાં ફરફરી રહેવું; ઝૂલવું; અદ્ધર હવામાં નાચી કે રમી રહેવું; લેરવું.
૬. સ. ક્રિ. લેરવવું.

લહેકી ૧. સ્ત્રી. ઊંઘ અને આનંદની ખુમારી.
૨. સ્ત્રી. લહેર; લહેરનો.
૩. સ્ત્રી. વિચાર.

લહેકો ૧. [અ. લહ્જા (ઉચ્ચારણ)] પુ. વર્ણ સંભારીને કે રાગડો તાણીને બોલવું તે; તાણી, ઝુલારી, ચાપીને બોલવું તે; ચાપલૂસી; હાજા; અલાપ; લય; ઢબ; ઢસક.
લહેકો કરવો-કાઢવો = (૧) ચીપી ચીપીને બોલવું (૨) શરીરનો મોહક ચાળો કે મરોડ કરવો.
૨ પું. શરીરનો મોહક ચાળો કે મરોડ; હાવ, કમર અને ડોકનો ચોબીનો ચાળો; આકર્ષણ કરે એવું અંગ સંચાલન, મનોહર ચાળો. અંગવિક્ષેપ.

લહેજત ૧ [અ. લઝ્ઝત] સ્ત્રી. આનંદ; મજા; લહેર.
૨. સ્ત્રી. સ્વાદ; મજા; રસ; લહ.

લહેજતદાર ૧. વિ આનંદી; લહેરી, આનંદદાયક.
૨. [લહેજત + દાર (વાળું)] વિ. લહેજતવાળું; રુચિકર; સ્વાદિષ્ટ; રસભર્યું.

લહેજો ૧. પું. મજા; મળ.
૨. પું. લહેર.

લહેર ૧. સ્ત્રી. આનંદ; મોજમજા; વૈભવ; ચમન.
૧. લહેર ઉડાવવી-કરવી-મારવી = મજા કરવી
૨. લહેર પડવી = મજા લાગવી.
૩. લહેરમાં હોવું = ખુશ હોવું.
૨ સ્ત્રી. ઉમંગ અને આનંદની ખુમારી
લહેર ચડવું = (૧) મનમોજમાં ઉત્સાહથી ઊભરાવું. (૨) તરંગમાં ઊડવું. (૩) સ્વચ્છંદે બોલવું, ચાલવું કે વિહરવું.
૩. સ્ત્રી. ઓકળી, સીંપલાની એક ભાત.
૪. સ્ત્રી. કેપ; ઝરપરાટ; આહલાદ.
૫. સ્ત્રી. ઝેર; ઊંઘ કે ઝેરની અસર
લહેર આવવી = (૧) ઝેર કે વિષની અસરથી ઘેન આવવું. (૨) તાજ કે ચાર્જ આવવી. (૩) મજા પડવી. (૪) મોજની માદક આવવું.

૬ સ્ત્રી. પવનને લીધે પાણીમાં આવતાં નાનાં નાનાં મોજાં; તરંગ; લહરી; ઘૂઘવાતી કરચલી જેવું પાણી ઉપર દેખાવ છે તે; વીચિ.
રત્નાકર સાગરની લહેર હોવી = બધી શુભ મનત હોવી.
૭. સ્ત્રી. મદ; અહંતાનો ફરકો; આપમત.
૮. સ્ત્રી. મોજાં કે સાપની ચાલ જેવી વાંકડી ઊંચી નીચી લાંબીની ભાત કે છાપ
૯ [સ લહરી] સ્ત્રી. લહર; મદ પવનની ઝાપટ. ફરેકુ. ધીમે. ધક્કા દેકુ; પવનનું ધીમું ફરકવું
૧૦ સ્ત્રી. વિસ્તારના ઉદ્યોગો કે મોજાં. ધમિ; તર્કવિતર્ક.
૧૧. સ્ત્રી. સમૃદ્ધિની વૃદ્ધિ. આબાદી.
૧૨. સ્ત્રી. સોરઠમારી મરાઠાની એક પેટા જાતનું નામ
૧૩. ન. એ નામનું પાતળીયું એક પાઘડી.

લહેરકી સ્ત્રી. લહેર

લહેરખિયું સ્ત્રી. લહરીઓ; ઢીંચણિયા.

લહેરખી સ્ત્રી પવનની ધીમી લહેર.

લહેરવું ૧. અ ક્રિ. આનંદમગ્ન થવું
૨. અ ક્રિ. ઇચ્છવું કરવું, માનવું. રટવું ઘારવું.
૩ અ. ક્રિ. લહેરવું; ગાવું.

લહેરાવવું ૧. સ ક્રિ. આનંદ આપવો; ખુશીમાં રાખવું.
૨. સ. ક્રિ. ઉડાડવું.
૩. સ. ક્રિ ઉડાડવું.

લહેરાવું અ. ક્રિ. ઊછળવું; પવનથી છટાપૂર્વક હલવું; ફરકવું.

લહેરિયું ૧. ન. ઓઢણી; લહેર.
૨. ન. મદ, ખુમારી, ઊંચ વગેરેનું ઝોકું
લહેરિયાં લેવાં = દીર્ઘ ઝોકાં આવવાં; ઝોલાં આવાં.
૩. ન. વસ્ત્ર, ઝોંપ, કાગળ વગેરે ઉપર મોજાંના જેવી કરેલી છાપ.
લહરિયા આરસા = જરી ભરત કામમાં ઉપયોગમાં આવતી લાકડા ઉપર કોતરેલી નકશીની છાપ
૪ ન. વણાટકામથી વસ્તુ.
૫. ન. વાંકડિયા કીડાની જાતનું પકડવાનું ગૂમડું; મોજાંની જાતનો માલ્લો.
૬. ન. ઓને ઝોકે પકડવાનું એક ધરેણું

લહેરી ૧. સ્ત્રી. લહેર, મોજું.
૨. સ્ત્રી. લેકિઆ કપડાંની એક જાત.
૩. ન. એ નામની જાતનું મોજાંસ.
૪. ન. એક જાતનું પક્ષી
૫. વિ. આનંદી; મનમોજી; ઊર્મિવાળું; રંગીલું; તાની.
૬ વિ. છબરડો; વિલાસી; વિષયી.
૭. વિ. ઉડાઉ
૮. વિ. ઉદ્યોગને ન ધ્યાનારું; આળસુ; ઢીલું.
૯ વિ. એ નામની જાતનું.
૧૦. વિ. ઝોકો; બેગની; નિરાધાનુ.
૧૧. સ્ત્રી. બેવાલી. તરંગી
૧૨. વિ. દબુપયુ; સહિષ્ણુ. અસ્થિર

લહેરીબાઈ સ્ત્રી નર્મદાનિર્માણ પ્યાની એક કિસા.

લહેરીલાલા પું. રંગીલો માણસ; ઊંચાટાઉ પુરુષ.

લહેલીન વિ [ ] લીન; મગ્ન; તલ્લીન; પરવારેલ.

લહેવું ૧ સ ક્રિ. જાણવું; માનવું; સમજવું; પિછાનવું; ઓળખવું
૨. સ ક્રિ. ભણવું.
૩. સ. ક્રિ. [illegible] ધ્યાન આપવું
૪. સ. ક્રિ. પ્રાપ્ત કરવું. મેળવવું.
૫. સ. ક્રિ. આપવું.
૬. સ. ક્રિ. સાંભળવું; સહમાં લેવું. પ્રત્યક્ષ કરવું.

લહોરું સ ક્રિ લાંબું; ઝૂંપી નાખવું; ઊંચી નાખવું; ઝમવું; ઝાડી નાખવું; ઓરેસું કે વળગેલું ઘર્ષ લેવું. પોર્ટ નાખવું ઉપરથી ઝાટકી નાખવું; ધમરીને સાફ કરવું.

લહ્યો ૧ પું. પોતાને આનંદ લેનારો તે.
૨. પું. (પુરાણ) બુધનું અગિનો બાપ.
૩. પું. રમત.

લહ્યોરીઅર પું. એક પ્રખ્યાત ફ્રેંચ જ્યોતિષી; બુધ ગ્રહમાં ઉચ્ચ સ્થાનની ગતિ બીજા ગ્રહોના આકર્ષણને લીધે જેટલી હોવી જોઈએ તેનાથી સુમાર ૪૦ વિકળા વધારે છે. તે ઉપરથી આવા પ્રકારની ઉપાધિ કરનાર એકાદો ગ્રહ બુધ અને સૂર્યની વચ્ચે હોવો જોઈએ એવો ફ્રાંસના પ્રખ્યાત જ્યોતિષીનો મત છે. પરંતુ તેવો ઉપાધિ કરનાર કોઈ ગ્રહ હોય તો તે મોટો નથી. નાના નાના ગ્રહો હશે. તે ગ્રહો અભ્યાસ સૂર્ય મધ્યે વખતે દેખાવાનો સંભવ છે.

લળકવું ૧. અ. ક્રિ. ઉમંગથી ડોલતું ડોલતું આવવું.
૨. અ ક્રિ. આવાનો ભાવ થવો. જેમકે, એની ઇચ્છા લળકે છે.
૩. અ. ક્રિ ને મારે અતિ ઇચ્છા હોવી.
૪ અ ક્રિ. ઘટકતા હાવભાવથી ઝળકવું; તેજ મારવું; ચમકારો મારવા. લળ લળ થવું; ચળકવું; ચળકાટ ચળકે થવું; ચોટેલાની સ્થિતિમાં કોઈ વસ્તુએ રહી રહીને તેજ મારવું. ઝળકવું.

નયન કરત છલત ઉલટ,
મનિયન ચઈ જે અનુંખી ઝરે,
તે બુધિ મંડલના રમર ફસો,
પ્રભ લળકાવો હરે. ગીતગોવિંદ

૫ અ ક્રિ. લળવું, નીચા નમવું; ઝૂમવું, લળાવું; ઝોંગ આવી, ઢળેલું; આમ તેમ હલવું; ડોલવું.
૬. અ ક્રિ લાલસા કરવી.
૭. અ ક્રિ. ચોખવું; દીપવું; સારું દેખાવું.

લળાવવિયું વિ મુરાળું, કરું; ગમે તેમ મરડાય તેવું. બહુ જ વળતું.

લળાવું ૧ અ ક્રિ. તેજ મારવું; ચળકવું; ચળકવું.
૨. અ ક્રિ નીચું વળવું; નમવું; ઝૂકવું; નમી પડવું; સમવું; ભીંસથી ડોલતાં ડોલતાં આવવું.
લળી પડવું = ચળકવું; અમુક વજનને અંગે નમી પડવું; ભારથી નમવું; ઝળી પડવું.
લળી લળીને = નીચા નમી નમીને.
૩. અ ક્રિ, પ્રેમથી ઊભરવું; પ્રેમથી ઊમળકામાં આવી જવું.
૪. અ. ક્રિ. ભાવના ભારથી નમી જવાવું.
૫. અ ક્રિ. લાલસા કરવી.
૬ અ ક્રિ સ્વાદ લાગવો આવવું; રસ આવવો; આનંદનો ભાવ થવો.

લંક ૧. પુ. પહાર ખંડેનું એક મુખ્ય ધાન્ય.
૨. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક આત્મમેળ છંદ; ને ઇંડસિયા છંદનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૮૬ લઘુ મળી ૧૧૯ વર્ણ હોય છે
૩. પું. કમરનો સાંધો; ઉપરથી ભારે પહોળો ને નીચે જતાં પાતળો એવો કમરનો ઘાટ; ચડાવપણું; કમરનો વાંક કે સંકડાયેલો ભરોડ; કાંઠે આગળનો પાતળો સાંકડો ભાગ; પાતળી કમર. જેમકે; કેસરી કટિનો લંક.
૪. પું. હગલો, પુષ્કળતા; ગંજ.
૫. સ્ત્રી. લગામ.
૬. સ્ત્રી. લંકા, રાવણની નગરી.
લંક ભગાડવો– ભાગવો = (૧) લંકા જીતવી; મોટો જય મેળવો; બીજીવાર ઉદ્યોગ કરવાનો રહેજ નહિ એવી કતેહ મેળવી; તરી જવાનું સાધ્ય થવું; પાર પડી જવું. (૨) કામત થવું; તવસર થઈ જવું; પૈસાદાર થવું. (૩) સાહસભર્યું કામ કરવું અને તેમ. વિજયી થવું (૪) કઠ ઉપરાંત હોવું; હગલો થઈ જવો.
૭. વિ. પૈસાદાર; ધનવાન; શ્રીમંત. રાવણના રાજ્યની રાજધાની લંકા જે સોનાની હતી એમ મનાય છે તે ઉપરથી આ શબ્દ ઉપલા અર્થમાં વપરાય છે

લંકદહન પું. (સંગીત) સારંગ અને કાનડાના મિશ્રણથી બનતો એક રાગ. તે કાફી ઘાટમાંથી ઉત્પન્ન થાય છે અને મધ્યાહ્ને ગવાય છે.

લંકનાથ ૧. પું. રાવણ.
૨. પું. વિભીષણ.

લંકનાયક જુઓ લંકાનાથ.

લંકપુરી સ્ત્રી. લંકાનગરી.

લંકવવું સ. ક્રિ. લાકડામાં લાંક એટલે વાંક પડતી કારીગીરી કરવી; હળનું પાછલા ભાગનું લાકડું લાંક કે કમાનના આકારનું કરવું.

લંકા ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ લઘુ અને ૫૰ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

૨. પું. (પુરાણ) જંબુદ્વીપનો એ નામનો ઉપદ્વીપ. તેમાં ત્રિકૂટ અથવા લંબ નામનો પર્વત આવેલો છે.

૩. સ્ત્રી. એક જાતની મોટી આતશબાજી; દારૂખાનું; દારૂથી ભરેલાં ઝાડ, રાક્ષસ, વાનર ઇત્યાદિની રચના કરીને બનાવેલ દારૂખાનું.

૪. સ્ત્રી. એક જાતનું અનાજ.

૫. સ્ત્રી. કાળા ચણા.

૬. સ્ત્રી. ટાપુ.

> નોહાવરી નદી, હવે લગભગ બાર માઇલ પહોળી છે, તો કે ટાપુઓ અથવા લંકા તેના વહેનના મુખ્ય બે ભાગ પાડે છે. ઇલસ્ટ્રેટેડ વીકલિ

૭. સ્ત્રી. તરિયા ઓકાની રમતમાં બાર બાર કોઠીની હમલી કરતાં વેચટ એક કોઠી વધે તે.

૮. સ્ત્રી. રેશમનું એ નામે એક પીતરબાન. અહીં સતીનું નૂપુર પડ્યું હતું.

૯. સ્ત્રી. પુનામાં થતી કેરીની એક જાત.

૧૦. સ્ત્રી. જાતિ.

૧૧. સ્ત્રી. રાવણની રાજધાની. એ વિશ્વકર્માએ બાંધી હોવાનું કહેવાય છે.

૧. લંકા કરવી-લાવવી = (૧) મોટી આગ લગાડવી; બાળવું; ફેરવી દેવું; ફના કરવું; પાયમાલ કરવું. (૨) ટેકાના સાધનરૂપિયા આપીને મોટાકારે મોટરી સાળ મારવી.

૨. લંકા જીતવી = મોટો વિજય મેળવવો

૩ લંકા બાળવી = (૧) બરબાદ કરવું. (૨) ખુવાર કરી નાખવું; ઉધાડું પાડી દેવું; ગુપ્તવાત બહાર પાડવી.

૪. લંકા લૂંટવી = (૧) ખૂબ ધન મેળવવું; મોટા જથ્થાના મેળવવા; ખૂબ સોનું મેળવવાનો ઉદ્યોગ કરવો. (૨) છૂટ ચલાવી પૈસાદાર થવું.

૫. લાક્ષ લૂંટાણી ત્યારે ડોસો કહે મારી પૂણીઓ ગઈ = (૧) મોટાને કોઈ પૂછે નહિ એ સાધારણ નાનાની શી વાત કરવી. (૨) જો સૌની પીઠ પોકારે.

૬. લંકાની લાડી = બધે ફરની કન્યા.

૭. લંકાની લાડી ને મોમાનો વર = ન ગમે આવ એવી વાતઃ ન સંપત્ત એવી વાત. અસંભવ હોય એવું તે.

૮. લંકામાં સોનું તે શા કામનું ? = સારી ઠોર છતાં દુરની વસ્તુ શા કામની ?

૧૨. સ્ત્રી. (પુરાણ) લક્ષદ્વીપની અને તે બાજુની લંકા નગરીની મૂર્તિમાન દેવી. સીતાની શોધ માટે જ્યારે મારુતિ લંકા ગયા હતા ત્યારે દેવી અને મારુતિ વચ્ચે કંઈ સવાદ થયા પછી. તેમણે લંકામાં પ્રવેશ કર્યો હતો.

૧૩. સ્ત્રી વિષ્ણુવલ્લ્ય વસ્તુ રત્નદેવીય રત્નાન.

૧૪. સ્ત્રી. વેસવા.

૧૫. સ્ત્રી. શાખા; ડાળી.

૧૬. સ્ત્રી. સિલોન

૧૭. સ્ત્રી. રસપક્ષ નામની વનસ્પતિ.

૧૮. ન. એક જાતનું પારેવું. પારેવાની આ જાત ઝાઝે ગુમાન કરનારી છે. આવું લંકાપારેવું એની કોમને અક્કડ ઊંચી રાખીને, આખો વખત એનો અહંકાર છલકાવે છે.

લંકાકાંડ પું. (પુરાણ) રામાયણનો એ નામે એક વિભાગ; યુદ્ધકાંડ.

લંકાદાહી [સં. લંકાદાહિન્] પું. હનુમાન.

લંકાદ્વીપ પુ. (પુરાણ) જંબુદ્વીપનો એ નામનો એક દ્વીપ.

લંકાધણી પું. લંકાનો રાજા.

> મિલિઉ વિભીષણ લંકાધણી,
> અરજ કરઈ પરરાજા તણી.
> સીતાહરણ

લંકાધિપ ૧. [સં.] પું. કુબેર.

૨. પું રાવણ.

૩. પું. વિભીષણ

લંકાપતિ જુઓ લંકાધિપ.

લંકાલીલા સ્ત્રી. લંકાની પેઠે બાળી મૂકવું તે.

લંકાસુંદરી સ્ત્રી લંકાના વિદ્યાના રક્ષક વજ્રમુખની વિદ્યાના જાણકાર કન્યા. મકરધ્વજ હનુમાને લંકાપ્રવેશ વેળા વજ્રમુખને હરાવી તેનો ઘાત કર્યો હતો. લંકાસુંદરીને પણ તેણે હરાવી હતી.

લંકારોહ પું. ઝોકનો એક ઢામીનો.

લંકિત વિ. લાંછનવાળું; ચિહ્નવાળું.

લંકેશ જુઓ લંકેશ્વર.

લંકેશ્વર ૧. પું. કુબેર.

૨. [સં. લંકા + ઈશ્વર] પું. લંકાનો રાજા, રાવણ

૩. પું. વિભીષણ.

લંગ ૧. [હિ.] પું. જાર પુરુષ.

૨. પું. પ્રેમી

૩. પુ. લંપટપણું.

૪. પુ. સંયોગ.

૫. સ્ત્રી. ભાલું; ત્રિશૂલ.

૬. [અં.] ન. ફેફસું.

૭. વિ. બનાવટી; ખોટું

તૈમૂર લંગ = (૧) લંગડો તૈમૂર. (૨) લંગડો ઠોર તેવો દુષ્ટ માણસ

લંગક ૧. પું. જાર પુરુષ; વ્યભિચારી માણસ.

૨. ન. ક્ષુદ્રજાત પ્રાણી; એક જાતનું માલવાળું પ્રાણી; 'ગિનેપિગ', તે પટોગક નામની છીપમાં રહે છે.

લંગટ (લંગઢ) ૧. ન. સ્ત્રીઓના લાયમા પહેરવાનું એ નામનું એક પહેરણ.

૨ વિ. લુચ્ચું; લબાડું; લફંગાતું; ખોડું; પંપું; પાજીનું. પગની ખોડને લીધે ચાલતાં ખોડંગાતું હોય એવું તે.

લંગડખાં (લંગડખા) ૧. [લંગડ + ફા. ખા.ન (એક પદવી)] પું. લંગડી બકિત. લંગડું માણસ.

૨. વિ. લંગડું; ચાલતાં ચાલતાં પગની ખોડને લીધે ખોડંગતું હોય એવું.

લંગડાકેરી (લંગડોરી) સ્ત્રી. લંગડો દેખાતી કેરીની એક જાત.

લંગડાવું (લંગડવું) ૧. અ. ક્રિ. ખોડાવું, ચાલતાં નીચા ઊંચા ને વાંકાચૂકા પગ પડવા, લંગડું ચાલવું.

૨. સ. ક્રિ. નબળું થવું.

લંગડી (લંગડી) ૧. સ્ત્રી. એ નામની એક દેશી સાંધિક રમતઃ ખોડિયો પાડો. ભારતની બીજી મેદાની રમતોની જેમ જ લંગડી પણ બધી જૂની રમત છે. શરૂ શરૂમાં આ રમત દસ વર્ષથી ૧૨ વર્ષની ઉમરનાં બાળકો રમતાં તે આ રમત બધી જ અનુકૂળ સ્થિતિમાં હતી એટલે કે તે સાતતાળીના એક પ્રકાર તરીકે જ રમાતી. જેની ઉપર દડ આવતો તે રમનારાઓને પકડવા માટે એક પગે લંગડી સ્થિતિમાં ઊભીને જતો. ૧૯૨૫માં અખિલ મહારાષ્ટ્ર શારીરિક શિક્ષણ મંડળે આ રમતને માટેના કાયદા કાનૂનો ઘડ્યા અને ત્યાર પછી આ રમત વધારે પ્રચલિત થઈ. આ રમત રમવા માટે ૪૰ ફૂટ બાજુનું એક વર્તુળ દોરવામાં આવે છે. તેમાં રહેનારો પક્ષ તે રમનાર પક્ષ અને વર્તુળની ઉપર નિશાનીવાળી જગ્યાએ રહેનારો પક્ષ તે મારનાર પક્ષ કહેવાય છે. સીટી વાગતાં જ મારનાર પક્ષમાંથી અકેક જણે વારાફરતી એક પગ ઉપર કૂદતાં કૂદતાં તે વર્તુળની અંદર જઈ રમનાર પક્ષમાંના અંગને સ્પર્શ કરવો. આ પ્રમાણે જેમને સ્પર્શ કરવામાં આવે તે રમનારા ભિક્ષુ માર ખાયા એમ સમજવું.

૨. સ્ત્રી. એક પ્રકારનો છંદ.

લંગડી ઘોડી (લગડી ઘોડી) સ્ત્રી. એક જાતની દેશી રમત.

લંગડી ચલણ પદ્ધતિ (લંગડી ચલણ પદ્ધતિ) સ્ત્રી. દ્વિચલણવાળા દેશમાં બજારમાં મોંઘી ધાતુના સિક્કાનું ચલણ અદૃશ્ય થઈ નબળી પડેલી ધાતુનું બાકી રહેતું ચલણ.

લંગડીદોડ (લગડીદોડ) સ્ત્રી. એ નામની એક દોડ. આ દોડ સાદી દોડ જેવી જ છે. પણ આમાં બે પગને બદલે એક પગ વડે જ દોડવાનું હોય છે. હાથ મુઠ્ઠીઓ વાળી જાતી આગળ રાખવાનાં હોય છે.

લંગડું (લંગડું) ૧. વિ. ઉત્પ્રેપરા ... ખોડખાંપણવાળું.

૨ વિ. જુઓ પંગુ; પાંગળું; ખોડું; આજતાં ખોડખાંપણ હોય એવું; ચાલવાને અશક્ત હોય એવું; નિર્બળ થયેલું; ચાલતાં પગ ખંચાતો હોય એવું.

લંગડો (લંગડો) ૧. પું ઘેરીની એક પ્રખ્યાત જાત. તે કેરીનો રાજા ગણાય છે. ખુશબો અને મીઠાશમાં તે અનુપમ છે.

૨. [સં. સંજ્ઞ (લંગડો)] વિ. પું. પગો; પાંગળો; પગે ખોડવાળો

લંગડોપાડો (લંગડો પાડો)] પું. એ નામની એક દેશી રમત. તે રમનારની સંખ્યાના પ્રમાણમાં એક વર્તુળ કાઢવામાં આવે છે. બધા રમનારને તેના પરિધ ઉપર સરખા અંતરે ઊભા રાખવામાં આવે છે. પછી જેના ઉપર દાવ દેવો હોય તેણે જમણો હાથ જમણા ખોળા સાથે એક રૂમાલથી બાંધી વર્તુળની વચમાં ઊભા રહેવું. દાવ શરૂ કરવાની સિસોટી થતાં જ દાવવાળાએ કૂદતાં કૂદતાં અને તેટલા ઉતાવળા દોડવું અને હાથમાં આવે તો છોકરાને પકડવા. જે પકડાય તે બાદ થાય. વર્તુળના પરિધ બહાર કોઈના પણ બંને પગ બહાર જાય, તો તે પણ બાદ થાય. એક પગ બહાર જાય તો ચાલે. જે પકડાય તેના પર પછી દાવ આવે અને પકડનારો રમવામાં સામેલ થાય. આ રીતે આ એક દરેક મિનિટ ચાલે એટલા વખતમાં કોઈ પણ ન પકડાય તો પણ રમત પૂરી કરી, દાવ બીજા ઉપર કરાવવો.

લંગર ૧ પું. અંકોડો.

૨. પું. એક તોલ. વજન.

૩. પું. કવિ

૪. પું. તંબૂને આધાર આપવા માટેનું દોરડું.

૫. પું. મોટા દાંતાની સિલાઈ; કાચી સિલાઈ.

૬. પું. સનોટ.

લંગર નાખવું = સંગોટ પહેરવો.

૭. સ્ત્રી. તાંબાની કમનેટ.

૮. [સં.] ન. ગરીબોને મફત આપવું આવે તે ઠેકાણું; સાર્વજનિક રસોડું; સદાવ્રત; લંગરખાનું; સદાવ્રતગૃહ

૧. લંગર ઊઘાડવું = (૧) ગરીબ માણસોને જમાડવા (૨) રસોઇ કરવી. (૩) વહાણનું લંગર ઊપાડવું.

૨. લંગર ખરી કરવું = દાન આપવું.

૯ ન. ઘડિયાળના ઢાતારાના ચક્રને સમાન ગતિથી ફરવા દે એવું એક ચક્રાંત. કૂતરો

૧૦. ન. ચાંદીનો બનાવટી પત્રમાં પકડવાનો તોડો. તેનો આકાર બેડીના જેવો હોય છે

૧૧. ન. જુગારમાં વપરાતું ચિહ્ન; રમવાના પાસા ગણવાનું લંગર જેવું ચિત્ર.

૧૨. ન. ઝાંઝર; ઝીણાનું વજનમાં પહેરવાનું ઘૂઘરીઓવાળું ઘરેણું

૧૩. ન. બે અથવા વધારે બાળકોની ડોકને લટકાવી દોરડા ઘસારવાની રમત. છોકરાઓ એક છેડે રોકું આપેલો જાડે હોય તેની ગુજની દોરીઓ એકબીજામાં ભેરવી ખેંચે છે તે રમત.

લંગર લડાવવાં = (૧) બાંધોમાંથે દડિયો કરાવવો. (૨) ગરીબ લડાવવું; પતંગના માંજાને બીજા માંજાથી તોડવા પ્રયત્ન કરવો.

૧૪ ન. ભિક્ષા; દાન

૧૫. ન. લંગરના આકારનું કોતરણીનું કામ.

૧૬. ન. લોઢાની મજબૂત બેડી; બોડાના જેવી દડીને પગે આગળ પાછળ બાંધવાની સાંકળ; કમબેડી.

૧૭. ન. (વહાણવટું) વહાણ અટકાવવાનું સાધન; વહાણની ત્રિકાડી; નાંગર; વહાણ કે હોડી અટકાવવા માટે પાણીમાં નાખવાનું લોઢાનું ઓજાર; વહાણ ઊભું રાખવા માટે દરિયામાં નાખવાની પણાં પંખિયાંવાળી લોઢાની ભીંદડી; વહાણ બોલાવી રાખવા જમીનમાં જરાક તેમ નાખવાનું વાંકા અંકોડાવાળું એક સાધન.

૧. લંગર ઊઠાવવું-ઊપડવું-ઊંચકવું = (૧) રવાના થવું. (૨) વહાણ ચલાવવા લંગર કાઢી લેવું, જેથી વહાણ મુસાફરી કરી શકે.

૨. લંગર કરવું = દરિયાઈ મુસાફરીમાં વિસામો લેવો

૩. લંગર નાખવું કાસવું = લંગરવું; નાંગરવું.

૪. લંગર પર ચઢવું = લંગર નાખેલ હોવું.

૫. લંગર વાર કરવું = નાંગરવું; લંગરવું.

૧૮. ન. હાર; કતાર; એક એકની પછળ વળગેલું હોય એવું ઝૂમખું; ટોળું; મોટો સમૂહ.

લંગર લાગવી = હારબંધ હોવું; હાર લાગવી.

લંગરખર્ચ ન. મરીબના ભરણપોષણ માટે કરેલ ખર્ચ.

લંગરખાતા જુઓ લંગરખાનું.

લંગરખાનું (લંગરખાનું) ન. ગરીબોને આપવાનું આપવાનું રસોડું; ધર્મશાળા; સદાવ્રતખાનું; દાનગૃહ, નિરાશ્રિતગૃહ.

લંગરગાહ [સં.] પું. બંદર; મોટી; વહાણ લંગરવાની જગ્યા

લંગરજંગર ન બાજાં છોકરાં જેવાં; બહોળું કુટુંબ

લંગરવા ૧ પું કવિ.

૨ ન. લંગર; ઓળંગો; છેડે વજન બાંધેલી ઝોલો નાંખવાની દોરી; એક છેડે વજન બાંધેલ દોરી

૩. [હિ] વિ છકરી. ચૂંમારી.

૪. ન. લંગર જ્યાં રહે ત્યાં સુધી; લંગરના અંતર જેટલું

લંગરચાર વિ. લંગરેલું.

લંગરચાર કરવું = હારબંધ ગોઠવવું.

લંગરવું ૧. અ. ક્રિ. અટકવું; થોભવું.

૨. અ. ક્રિ આંતરવું; ઢાંકવું નાખવું.

૩. અ. ક્રિ. એકબીજાની પાછળ ચોટવું; બાઝવું; ચોંટવું; ચોટવું; એકને બીજું વળગાડી સાંકળ કે હાર કરવી

૪. અ ક્રિ જમીનમાં ખૂંપી બેસે એવા દાંતવાળું દોરડે છેડે બાંધેલું વજન નાંખીને વહાણને થોભાવવું; લંગર કરવું; લંગર નાખી વહાણને પાણીમાં સ્થિર કરવું; લંગર નાંખવું; નાંગરવું; લંગર નાખી ઊભું રહેવું.

લંગરશ્રી સ્ત્રી. ભોજનગૃહ.

આ મંદિરની વિશેષતા એ એ જણાઈ કે અહીં લંગરશ્રી કે **લંગરશ્રી** એટલે. ભોજનગૃહ. તેમાં વિદ્યાર્થીઓ, પંડિતો અને સાધુ સંતોને ખાવાની સગવડ છે. પ્રસ્થાન

લંગરાવવું ૧. સ. ક્રિ. ખૂબ કપડાં આપવાં; તનડાવવું

૨. સ. ક્રિ તગડવું; ચડવવું; કનડવું.

લંગરિયું ૧. ન. ઝાંઝર; આંબળિયું.

૨. ન માંકડું; વાંદરું.

૩. ન લંગર.

૪. ન લંગર; દોરી બાંધેલો પથ્થરનો કટકો; કનકવાની દોરી અથવા માંજાને એક છેડે ઠીકરાનો કટકો કે બીજી કોઈ ભારે વસ્તુ બાંધીને ચૂલવું રાખવામાં આવે છે.

૫ વિ. લંગરવાળું; પૂછડિયાળું; પૂછડિયું.

લંગરી ૧. [સં.] પું. ગરીબને વહેંચી આપેલો ખોરાક.

૨. સ્ત્રી. ચૂપરીઓવાળું પગનું ઘરેણું; નાનું ઝાંઝર; છોકરાને પગે બાલચાનું ચૂપરીઓવાળું નાનું ઘરેણું.
૩. [હિ.] સ્ત્રી. ત્રાંબાની મોટી થાળી.
૪. વિ. આળસુ; ધીમે કામ કરનાર.

લંગલિક ન. કરિયાતું નામે ઔષધિ. તે શક્તિવર્ધક અને પ્રમેહ મટાડે છે.

લંગાર ૧. [દ્રા. લંગર] સ્ત્રી. લાંબી હાર; પંક્તિ; કાર; ઓળ.
૨. સ્ત્રી સાંકળ; એક એકને અંકોડે બંધાયેલું કોઈ એવું તે

લંગારવું ૧. સ. ક્રિ. એકને બીજું વળગાડી સાંકળ કે હાર કરવી
૨. સ. ક્રિ. ઠાંસોમાં નાખવું; ઠસાવવું.
૩. સ. ક્રિ. લંગરવું; નાંગરવું; લંગર નાખવું.

લંગાવું જ ક્રિ. લંગડાવું, પગ તાણી કે તરછોડીને ચાલવું, ખોડવાવું, લંગડું ચાલવું, ખોડતાં ચાલવું.

લંગીસ ન. પતંગના દિવસોમાં રમાતું સગર.
લંગીસ લડાવવું = (૧) દોર લડાવવા (૨) માઠોમાઠે કજિયો કરાવવો.

લંગૂર ૧. પું. લાંબી પૂછડીવાળો કાળા મોઢાનો વાંદરો; વાંદરું; માકડું; કપિ; ' લીમર '.
પ્રતિકાર અમારા પ્રાણીઓ સહજ જેવું લંગૂરનું સામ્ય
૨. [સં. લાગૂલ] ન. પુચ્છ; પૂછડું.
૩. ન. ઝાડ.
૪. વિ. પૂછડાવાળું.

લંગૂરવા પું. પીળો; કેસો.

લંગૂરિયું ૧. ન. માકડું; વાંદરું.
૨. ન. ઝાડ.
૩. વિ. પૂછડાવાળું; પૂછડિયું.

લંગૂરિયો પું. વાંદરો.

લંગૂરી ૧. સ્ત્રી. ખોડાની એક જાતની ચાલ; આગલા બંને પગ સાથે ઉપાડે પણ જમીન ઉપર એક પગ મૂકે અને બીજો અધર રાખે તેવી ખોડાની ચાલ.
૨. [હિ.] સ્ત્રી. ચોરી પકડવામાં મદદ કરવા માટેનો બેચાતો ભદલો કે બીપાતું પ્રનામ.

લંગૂલ ૧. [સં.] ન. લાગૂર; પૂછડું; પુચ્છ; લાગૂલ.
૨. ન. વાંદરો; કપિ; માકડો.

લંગોટ ૧. [સં. લિંગ + વેષ્ટન (કંચ્ચુ)] પું. એંચીને સખત વાળેલી લંગોટી; કાછોટો; કાછો; લંગોટી જેવી લાંબી પટીવાળું તથા લંગોટીની પેઠે પહેરાતું ગરમાતમાં ત્રિકોણ કકડાવાળું એક વસ્ત્ર.
૧. લંગોટ ઓકવો = સંભોગ કરવો.
૨. લંગોટ પહેરવો = કચ્છ બીડવો
૩. લંગોટ બાંધવો = (૧) કમર કસવી. (૨) લડવા તૈયાર થવું
૪. લંગોટ મારવો = (૧) પાસે દોષ તે ઉઘાડી કર્યે કંગાલ થવું કે દુઃખી હાલતમાં આવી પડવું. (૨) લંગોટ પહેરવો. (૩) સંસારથી દૂર રહેવું; સાધુ કે જોગી થવું.
૨. પું. આકાશનું એક ખાબચીયું; પોરડીદાસ.
૩. પું. મોજ અથવા કાપડાના તીરને આધાર આપતું લાકડું
૪. પું. લંગોટના વાટનો લોઢાનો હલકો

લંગોટબંધ ૧. વિ. [હિ.] લંગોટધારી.
લંગોટબંધ રહેવું = બ્રહ્મચારી રહેવું, બ્રહ્મચર્ય પાળવું
૨. વિ. જેણે સ્ત્રી સાથે સંભોગ ન કરેલો હોય એવો બ્રહ્મચારી પુરુષ
૩. વિ. પવિત્ર; નિર્દોષ
૪. વિ. લંગોટ પહેરેલું. લંગોટ મારીને સજ્જ થયેલું.

લંગોટિયું ૧. ન. ધિરોગાનનાં બારકાં ઘટકાવવાનો લોઢાનો હથોડો
૨. વિ. ભિખારી; દરિદ્ર; કંગાલ.
૩. વિ. લંગોટી વાળીને કુસ્તી કરે એવું; બાળ કે અપુષ્ટ અવયવોનું. લંગોટી પહેરવાનું; નાનું બાળકનું.

લંગોટિયો ૧. પું નાનપણમાં લંગોટ પહેરીને જેની સાથે રમતગમત કરી તે દોસ્ત; બાળપણનો સ્નેહી; બચપણનો મિત્ર. દોસ્ત, બાળમિત્ર; સમોવડિયો; દોસ્તદાર; સાથે રમનાર; સોબતી; ગોરિયો; જોડિયો
૧. લંગોટિયો મિત્ર = બહુવારવારમાં દોસ્તી બંધાઈ હોય એનો દોસ્ત; બાળમિત્ર.
૨. લંગોટિયો વસ્તાર = પુત્રસંતતિ; કન્યા નહિ પણ છોકરાઓ જ હોય એવો પરિવાર.
૨. પું. સાધુ; વૈરાગી; યતિ; તપસ્વી; બાવો

લંગોટી ૧. સ્ત્રી. એક દોરા તેમ કમરે બાંધેલા દોરા સાથે ખેંચીને બાંધવાનો લૂગડાનો કટકો; કોપીન; લંગોટ; કચ્છો. કછોટી.
૧. લંગોટી બંધાવવી = કંગાલ કે દરિદ્ર બનાવી દેવું.
૨. લંગોટી મારવી = (૧) કોરામાં લૂગડાની કછોટી બાંધવી. (૨) પાસેની મોટપના ઉઘાડી દઈ ગરીબ બની જવું. (૩) લંગોટીથી અંગ ઢાંકવું. (૪) વૈરાગી થવું; બાવા થવું; સાધુ બનવું; સંસાર છોડી દેવો.
૩. લંગોટી વાળવી = (૧) બાવા થવું; સાધુ વૈરાગી થઈ જવું; સંસાર છોડી દેવો. (૨) બાલ મિલકત ગુમાવી દેવાં; ઉઘાડી દેવું; ગરીબ બની જવું
૪. લંગોટીનો યાર = જાનપક્ષનો દોસ્ત.
૫. લંગોટીમાં ફાગ ખેલવો = ગરીબ હોવા છતાં અયોગ્ય રીતથી રહેવું
૬. લંગોટીમાંથી રેજો ન નીકળે = જેની પાસે કઈ ન હોય તેની પાસેથી મેળવવાની આશા શી ?
૨. સ્ત્રી. કુમારની બાકડા ઉપરથી કૂદમ ઉતારવાની લૂગડાની પટી.

લંગોટો ૧. પું. બાળમિત્ર.
૨. પું. મોટો લંગોટ; કચ્છ; કાછો; કચ્છો; કાછોટો.
લંગોટો મારવો = કચ્છ બીડવો.
૩. પું. વૈરાગી; બાવો; સાધુ; લંગોટી વાળનારો; નાગો બાવો

લંગોરી જુઓ લંગૂરી. ૧

લંચ [અં] ન. બ. ક. ટેફલ

લંઘન ૧. સ્ત્રી. ઘોડાનો કૂદકા મારવાની એક ચાલ. કપિપ્લુત, . ભેકપ્લુત, એકપદપ્લુત, કિશમચારી, ઉરસ્ય ભરસંચરી એવા તેના પ્રકાર છે
૨. ન. અપમ ન.
૩. ન. અપરાધ
૪. ન. ધન્ય; નુકસાન.
૫. ન. ઉપર ચઢવું તે.
૬. ન. ઉલ્લંઘન; ઓળંગવું તે.
૭. ન. કૂદી જવું તે; કૂદકો; હદ કૂદી આગળ જવું તે, અ ગી જવું તે, કૂદવાની ક્રિયા; કૂદકા મારતા જવું તે.
૮. ન. ખેંચવું તે.
૯. ન. આદીનાથ રોગનાશક માણસનો પેરાત્મ ઓળંગવાથી મળી આંદી.
૧૦. ન. દેવ, ગુરુ કે રાજા વગેરેની આજ્ઞાનો અનાદર કરવો તે
૧૧ ન. લાંઘણ.
૧૨. ન ઘસડાવું તે.
૧૩. [સ] ન. લાંઘવું તે; લાંઘણ; ઉપવાસ.
૧૪. ન (સંગીત) રાગના આરોહ અવરોહમાં જે સ્વરો બહુ લેવાય છે તે સ્વરોનું અલપપણું આલાપમા વારંવાર બતાવવું તે; લંઘન. અનભ્યાસ અને લંઘન એમ સ્વરના બે પ્રકાર છે.
૧૫. ન. કૂદકો કરવો તે.

લંઘનક ૧. [સં] પું. જે દ્વારા ઓળંગી શકાય તે.
૨. પું. પુલ; સેતુ.

લંઘની સ્ત્રી. ઉપવાસ, ૫ વર્ણ

લંઘનીય ૧. વિ. ઉલ્લંઘન કરવા યોગ્ય, ઓળંગી કે ઊથાપી શકાય એવું.
૨ વિ. પાર જઈ શકાય એવું; પાર ઉતરાય એવું, લંઘ્ય.
૩. વિ. લાંઘવા યોગ્ય

લંઘર ૧. ન. ઢોરના ઉદર માટેનું છાપરું.
૨. જુઓ લંગર.

લંઘવું ૧. અ ક્રિ. અડીઅડીને ઉપરાણું કરવું.
૨. અ. ક્રિ. અનાદર કરવો.
૩. અ. ક્રિ. ઓળંગવું; કૂદી જવું.
૪. અ ક્રિ. ઉપવાસ ખેંચવો; ઉપવાસ કરવો; નહિ ખાવાની હઠ લઈ બેસવું; ધરણું

લંઘા સ્ત્રી. એ નામની એક હલકી જાત. આ કોમનાં બૈરાંઓ પણ ઢોલક વગાડી માગે છે. તેઓમાંના કોઈકને જૂના વખતથી જાગીરો મળેલી છે.

લંઘાવું ૧. અ ક્રિ. ઠોમાવું; તપાવું.
૨. અ. ક્રિ. ભૂખ્યા રહી જવું; ઓસરાઈ જવું.
૩. અ. ક્રિ. મોકલવું કરમાવું; ઘવાઈ જવું.
૪. અ. ક્રિ. લંઘાવું.

લંઘિત ૧. [સં.] વિ. અનાદર કરાયેલ.
૨. વિ. ઓળંગેલ.
૩. વિ. લાંઘેલું
૪. વિ. ભૂખ્યો કરાયેલ.

લંઘી ૧. સ્ત્રી. કૂદાવનારી; રાજિયા માર્ગે કૂદાવું કરાવનારી સ્ત્રી; ભાટકી, કૂદતાં શીખવનારી સ્ત્રી; મૂકા પાળા રાજિયા ચરાવનારી તેમજ જાજિયાં લેવનાવનારી સ્ત્રી
૨. સ્ત્રી. ગોલી; ખરાસાનુ; સ્ત્રી નોકર; રાણીની ચારણ.
૩. સ્ત્રી. લંપા જાતિની સ્ત્રી.

લંઘો ૧. પું. ચરણાર્થે વગાડવાનો ઘંઘો કરનાર કે ચરણાર્થે વગાડનાર મુસલમાન.
૨ વિ પું ગંદો.

લંઘોરી સ્ત્રી. ઘોડાની એક જાતની ચાલ.

લંઘોરુ સ્ત્રી. સુંદર બાંધણી રૂપાળી સ્ત્રી.

લંપ [સં.] જુઓ લપનીય.

લંચ ૧. [અં.] પું. બપોર પછી લેવામાં આવતો નાસ્તો; વિહ્નિ.
૨. પું લાંચ; રિશ્વત.

લંચણ ન. લાંચ રિશ્વત.

લંચા ૧. સ્ત્રી. ભેટ.
૨. સ્ત્રી. લાંચ, રિશ્વત.

લંચાવું અ. ક્રિ. ઓમવાવું.

લંચો પું માણસથી ખેંચાતી નાની ગાડી

લંછન જુઓ લંછન.

લંછણ જુઓ લછન.

લંછન ૧. [સં. લાઞ્છન] ન. ખોડ; ખામું
૨. ન. ચન્દ્રમાં જે ચિહ્ન દેખાય છે તે
૩ ન [ ] ડાઘ, કલંક, ખોટી રીતરસમ, બદ; ઐબ.
૪ ન [ ] ચિહ્ન, નિશાન.

લંછાવું અ. ક્રિ [ ] લાંછન લાગવું, ખોટ આવવું.

લંજના સ્ત્રી એ નામનો એક પ્રાચીન લિપિ. તેમાંના [illegible] લંજના, અને બીજાઓ નામની પ્રાચીન તરાની લિપિઓ વાઘપર ઉપર લખેલા છે. પુરાતત્વ

લંજા ૧. સ્ત્રી. નિંદા
૨. સ્ત્રી. પ્રસૂતા
૩ સ્ત્રી [illegible]
૪ સ્ત્રી. [illegible]

લંજિકા [સં.] સ્ત્રી. વેશ્યા; બદકર્મ કરનારી સ્ત્રી
દાસી, દાસી, કુંજિકા, બલા, પુંશ્ચલી કોઈ, રંડાછવા, માણસે. પુન્ન યોષિતા સ્ત્રીઈ. પિંગળપ્રકાશ

લંઠવું અ. ક્રિ. લુંટવું.

લંઠ ૧. વિ. જડ; મૂર્ખ.
૨ વિ તોફાની, મસ્તીખોર
૩. વિ. લા. ઢાળુ, દરિદ્રિ, કાર્પણ્યું ઉ.ડ
૪ વિ. લુચ્ચું, પૂર્ત; કાવતરાંખોર; કારસ્તાની; બદમાશ, બદમાશ.

લંઠાઈ સ્ત્રી લાડિયાપણું; કપટ; મદિયાપણું.
રે લંઠાઈ કરો મમ મમ, લૂંટી બાજો એની દામ. પદ્મનાભ

લંડ ૧. પું. ધર્મધર્મને નહિ માનનાર વિષયી મનુષ્ય; કલંદર.
૨. [સં. વૃષ્ટિ (ઋંત)] પું. બદમાશ; બાંદા; કાવતરાંખોર; લુચ્ચો માણસ; બંધક.
૩. પું. વિશ્વ; પુરુષની ઇંદ્રિય.
૪ ન મળ; વિષ્ટા; ગૂ
૫ વિ. લોંચું, લાંચિયું લુચ્ચું
૬. વિ. બાવા; ખૂટેલ. ચાલ, ધૂર્ત

લંડી સ્ત્રી. સ્ત્રી. રમીન માટે વપરાતો એક હલકો શબ્દ.

લંડો ૧. પુ. તોફાની છોકરો
૨. પું. હલકો માણસ.

લંઢાર ૧. પું. મોટી ઉમરનો કુંવારો કે રાંડેલો આદમી; સિવર મૃદ્વસ્થાઓની નહિ એવો પુરુષ.
૨. વિ. ઉઘાડે.
૩. વિ દુરાચારી, ચકેલ; બદફેલ, નામો, બદનસી.
૪. વિ ધૂર્ત, કપટી; લુચ્ચું, બળ, ઠગારું; વંચક
૫. વિ. બદફેલ; રખડેલ

લંપ ન ઘાસનું સૂકું કે મિશ્રણવાળું નાનું પાસ આ પાસ હલકો બનતું ગણાય છે. તે કુતરાની બનતું ચાંદી બદલ એવું ઘોર છે તેથી ઢોર તે ખાઈ શકતા નથી.

લંપક ૧. પું (પુરાણ) કાબુલ નદીને ઉત્તર કિનારે આવેલ એ નામનો એક દેશ; લંપાન.
૨. પું. લોકોનો એક સંપ્રદાય.

લંપટ ૧. [સં.] પું. આશક; હાથની માત્રથી કરનાર માણસ
૨. પું. બેદરકાર માણસ
૩. [સં.] વિ. વિષયમાં લપટાઈ ગયેલો; કામી; પત્નીમાં લુબ્ધ; વ્યભિચારી; વિષયમાં સદંતર ખૂચી ગયેલો; રંડીબાજ; છિનાળવો; લપટ.ચેલું; અસંયમ. બીજી કશીએ બાતની દરકાર ન રાખતાં ફક્ત સંસારસુખ વિષયને જ અતિશય ચાહનાર ને તેમાજ મચ્યું રહેનાર.
૪. વિ. હરામખોર; લુચ્ચું.

લંપટતા સ્ત્રી. વ્યભિચારી; લંપટપણું; આસક્તિ.

લંપટાઈ ૧. સ્ત્રી. રંડીબાજી; મજબાજી; વ્યભિચારી.
૨. સ્ત્રી. લપટાઈ ને લટૂતા.
૩. સ્ત્રી. લંપટ હોવાપણું.

લંપાક ન. એક સારી જાતનું ઘાસ; રાતક. તેમાં ગ્રહોળિયા જેવા ત્રીજા કાંટા આવ્યા ન હોય કે આવીને નીકળી ગયા કે બીજા કારણે ખરી ગયા હોય તો તે સારું ગણાય છે. કાંટા કપડામાં ચોટી જવા પછી ઢોર એટલે બાજુની જેમ ખૂંચે છે. આ ઘાસને કેટલીક જગાએ કુશ ઘાસ કહે છે. દર્ભની જેમ આ કુશ નામનું ઘાસ કાંટા લાગ્યા વગર એકઠું કરનાર કે લાવનારને કુશળ કહેવાય.

લંપાક ૧. પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ, તે કાબુલ નદીના ઉત્તર કાંઠા આજુબાજુ આવેલો હતો
૨. પું. લપટ માણસ; વ્યભિચારી મનુષ્ય

લંપાવું અ. ક્રિ. ઘુપાવું.

લંબ ૧. પું અક્ષાંશ અને ૯૦° વચ્ચેનો તફાવત.
૨. પું. અંબ.
૩. પું. એ નામનો દૈત્ય; પ્રલમ્બાસુર.
૪. પું. ઓળખો, ભમર.

૫. પુ. કોઈ લીટી ઉપર કાટખૂણે દોરેલી લીટી; લંબરૂપ લીટી; આડી લીટી ઉપર પડીને કાટખૂણો કરનારી સીધી ઊભી લીટી; ' પર્પેંડિકુલર '.
૬. પું. (જ્યોતિષ) ગ્રહોની એક પ્રકારની ગતિ.
૭. પું. (પુરાણ) પું. ત્રિકૂટ; લંકામાંનો પર્વત.
૮. પું. દરિયાનું પાણી માપવાની દોરી; સમુદ્રનું પાણી માપવાનું ઓજાર.
૯. પું. નાચનાર; નટ; નટવો.
૧૦. પું. પતિ.
૧૧. પું. રિક્થત; લાંચ.
૧૨. વિ. ઊંચું; ઊભું.
૧૩. વિ. કાંતિવાળું; સુંદર.
૧૪. વિ. મોટું.
૧૫. વિ. લટકતું.
૧૬. વિ. લાંબું; દીર્ઘ.
૧૭. વિ. વળગાડેલ.
૧૮. વિ. વિસ્તીર્ણ; વિશાળ.

લંબક ૧. પું. અક્ષાંશ અને ૯૦° વચ્ચેનો તફાવત.
૨. પું. (પુરાણ) એ નામે એક દેશ.
૩. પું. જ્યોતિષમાં એક પ્રકારનો યોગ. જેની સંખ્યા પંદર કહેવાય છે.
૪. પું. પરિચ્છેદ; અધ્યાય.
૫. પું. પાણીની ઊંડાઈ માપવાનું એક સાધન.
૬. પું. મોઢાનો એક રોગ.
૭. પું. (ગણિત) લંબ; લંબરેખા; કાટખૂણો બનાવતી સીધી ઊભી લીટી.
૮. પું. ઓલકા; ઓળંબો.
૯. સ્ત્રી. પાયરોડ; સીધું.

લંબકરજ્જુ જુઓ લંબકર્ષ.

લંબકર્ણ ૧. [સં. લમ્બ + કર્ણ (કાન)] પું. અંડોદ વૃક્ષ.
૨. પું. એ નામનો સમલાનો રાજા. સંસ્કૃત વાર્તામાં તેના દાખલા પણ આવે છે.
૩. પું. ગધેડો.
૪. પું. ગધેડો; ખર.
૫. પું. બકરો.
૬. પું. ભાજપક્ષી.
૭. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ ભૈરવ પર્વત પર અવતિકા નામના પીઠસ્થાન પર છે.
૮. પું. રાક્ષસ.
૯. પું. લાંબો કાન.
૧૦. પું. સમલું.
૧૧. પું. હાથી.
૧૨. વિ. લાંબા કાનવાળું; લટકતા કાનવાળું.

લંબકર્ણી વિ. સ્ત્રી. લાંબા કાનવાળી.

લંબકેશ ૧. પું. કુશનું આસન.
૨. પું. લાંબા વાળ; લટકતા વાળ.
૩. [સં.] વિ. લાંબા વાળવાળું.

લંબકેશિની જુઓ લંબોરી ૧.

લંબકેશી ૧. સ્ત્રી. લાંબા વાળવાળી સ્ત્રી.
૨. વિ. બરાબર રેસાવાળું.
૩. વિ. મોટા વાળવાળું.
૪. વિ. વાળ જેવાં રીંછાંવાળું.

લંબકોષ્ઠ વ. (ગણિત) કાટખૂણો.

લંબગાળો પું. બે લગ્ન વચ્ચેનું ઊંડું; લંબાતર; એક લીટીના બંને ઉદ્ગમાંથી બીજી લીટી ઉપર દોરવામાં આવેલા બંને લંબ બીજી લીટીને જે બિંદુમાં મળે તે બે બિંદુઓ વચ્ચેનો ભાગ.

લંબગોળ ૧. પું. અંડાકૃતિ; અંડાકાર; લાંબતુંગ.
૨. વિ. મધ્યમાંથી સામસામી બે બાજુ તરફ ખેંચ મળી લાંબી સપાટીવાળું; લાંબતુંગાકાર; ' ઇલિપ્સોઇડ '.

લંબગ્રીવ ૧. [સં.] પું. ઊંટ.
૨. વિ. લાંબી ગરદનવાળું.

લંબઘન પું. લાંબો ચોરસ કકડો
આ દાદરો લાકડાના દસ લંબઘનના બન્યો છે. સૌથી મોટા લંબઘનની ચોરસ બાજુ દસ સેન્ટીમીટર હોય છે અને સૌથી નાના લંબઘનની ચોરસ બાજુ એક સેન્ટીમીટર હોય છે. મોન્ટેસોરી પદ્ધતિ

લંબચકમકીઓ પું. એક જાતનો પથ્થર.
અગાતાં પારાદાર ગ્રાનિટ કે નીસ જાતના ખડકોમાં કોઈ કોઈ ઠેકાણે ચૂના પથ્થર તથા લંબચકમકીઓના પડ છે.
ગુજરાતી સર્વ સંગ્રહ

લંબચુંબક પું. લઘું કે સોયું લોહચુમ્બક; ' મેગ્નેટ.'

લંબચોરસ ૧. પું. લાંબાઈમાં વધારે ને પહોળાઈમાં ઓછો એવો ચાર સીધી લીટીઓનો આકાર; કાટખૂણ ચતુષ્કોણ; ' રેક્ટેંગલ '.
૨. વિ. લંબચોરસ જેવા આકારનું.

લંબછડી (લંબછડી) સ્ત્રી. વિજાપુરના પ્રખ્યાત ઘૂમટ માહેની એ નામની એક તોપ. તે ત્રીસ ફૂટ લાંબી છે.

લંબછેદનબિંદુ ન. ત્રિકોણના ત્રિશ્રેબિંદુમાંથી સામેની બાજુ ઉપર દોરેલા લંબ જ્યાં છેદે તે બિંદુ.

લંબજ્યા (લંબજ્યા) પું. દોર ચારવાનો તથા ચૂંદકામ કરવાનો ધંધો કરતા એક જાતના રબારીઓ; બનબંજારા; લામણી.

લંબજ્ય ન. ટૂકસૂત્ર તથા જ્યાસૂત્રની વચ્ચમાનો ગાળો.

લંબતાડ (લંબતાડ) વિ. અતિશય લાંબું; તાડ જેવું લાંબું.

લંબદંત ૧. પું. લાંબો દાંત.
૨. વિ. લાંબા દાંતવાળું.

લંબદંતા સ્ત્રી. એક જાતની પીપર.

લંબદંતી વિ. લાંબા દાંતવાળું.

લંબદોરી સ્ત્રી. લંબનું માપ; લંબની ઊંચાઈ.

લંબન ૧. [સં.] પું. વિશેષજનિત કટાક્ષ.
૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.
૩. ન. આલંબન; આશ્રય.
૪. ન. ૠણ.
૫. ન. કોઈએક પદાર્થ બે સ્થાન ઉપરથી જોતાં તેની દર્શન રેખાઓ વચ્ચેનો કરક.
૬. ન આયામાં પહેરવાનું ઘરેણું.
૭. ન. યુદ્ધનો એક પ્રકાર.
૮. ન. લટકતું તે.
૯. ન. લાખી મળાનો એક પ્રકાર.
૧૦. ન. વસ્તુ અને તેની પ્રતિકૃતિ વચ્ચેનું અંતર.
૧૧. ન. વેલના આધારની કિનાર.

લંબપાશ પું. તંદાવરણ. ઉત્પન્ન કરવા માટે કરવામાં આવતી એક ક્રિયા. શરૂઆતમાં વિદ્યાર્થી પોતાના બંને હાથ પોતાના મસ્તક ઉપર લઈ જાય છે. બાદ તે હાથ વિશેષ તરફ દબેલા રહે તેમ વિશેષના ખોળા ઉપરથી, છાતી ઉપરથી, પેટ ઉપરથી અને હાથ ઉપરથી ધીમે ધીમે ઉતારે છે. જ્યારે બને હાથ પગ સુધી પહોંચે છે ત્યારે કમર તરફ બે હાથ જરા બંધ અવસ્થામાં લઈ જઈ ત્યાં કોઈ વસ્તુ બંધેરતો હોય તેમ તે બંધેરે છે. ફરી પાછા બને હાથ મસ્તક ઉપર લઈ જઈ પહેલાંની માફક પાછા આખા શરીર ઉપર ઉતારે છે. આ રીતે જે ક્રિયા કરાય છે તેને લંબપાશ કહે છે.

લંબપુચ્છ પું. હનુમાન.

લંબર ૧. [હિં.] સ્ત્રી. લોકડી
૨. ન. એક જાતનું વાજિંત્ર.
૩. ન. જંગલી પ્રાણીના વાળનો બનેલો એક જાતનો કામળો. તે પહેરવા તરીકે વપરાય છે.
૪. ન. નંબર.

લંબરદાર ૧. [હિં.] પું. મરેલાને ઉપરાવનાર કામદાર.
૨. પું. રજિસ્ટર રાખનાર રેવન્યુખાતાનો માણસ.

લંબરદારી પું. લંબરદારનો હોદ્દો.

લંબરા સ્ત્રી. જંગલી પ્રાણીના વાળનો બનેલ પાથરણો.

લંબરેખા ૧. [સં. લંબ + રેખા(લીટી)] સ્ત્રી. અક્ષાંશની કોટિકોણની જગ્યા.
૨. સ્ત્રી. ઓળંબાની લીટી.

૩. સ્ત્રી. ક્ષિતિજની સમાંતર સપાટીઓ બનાવતી લીટી. ઊર્ધ્વરેખા.

૪. સ્ત્રી. પૃથ્વીના ગુરુત્વમધ્યબિંદુ તરફની લીટી; લગલીટી.

લંબચતુર્ભુજ ન. લંબગોળ; દીર્ઘચતુર્ભુજ; આકૃતિ; ' પ્રિઝમ '.

મહો સીધી લીટીમા ગતિ કરવાને બદલે સૂર્ય આસપાસ લંબચતુર્ભુજમાં ફરે છે.

પ્રમાણરાજ પ્રવેશિકા

લંબવું ૧. સ. ક્રિ. અવલંબન કરવું; બીજા સાથે જોડાયેલું હોવું; આધાર રાખવો.

૨. સ. ક્રિ. લટકવું; ઝૂલવું; ઝળઝવું

લંબવૃત્ત ૧. ન. આકૃતિ; ' પ્રિઝમ '.

૨. ન. શિરોબિંદુ અને અધોબિંદુ એ બેમાં થઈ ને પસાર થતા ગોળ વર્તુલ; સમમંડળ.

લંબસંગમ ન. ત્રિકોણના કોઈ શિરોબિંદુમાંથી તેની સામેની બાજુ ઉપર દોરેલા લંબ જેઓ બીજાને જ્યાં છેદે તે બિંદુ. ' ઓર્થોસેન્ટર '.

લંબસંપાતબિંદુ ન. ત્રિકોણના શિરોબિંદુમાંથી સામેની બાજુ ઉપર દોરેલા લંબ અરસપરસ જ્યાં છેદે તે બિંદુ.

લંબસ્તની સ્ત્રી. લાંબા સ્તનવાળી

લંબા ૧. પું. આબાની જેવ જાત.

૨. પું. મોટો મૂર્ખ.

૩. સ્ત્રી. કડવી તુંબડી.

૪. સ્ત્રી. દુર્ગા; પ્રૌઢી.

૫. સ્ત્રી. (પુરાણ) પ્રચેતસ દક્ષે પત્નીકરિને પરણાવેલ એ નામની જેવ કન્યા. આને વિદ્યોત નામનો જેવ પુત્ર અને ઘોષ વગેરે ઘણાક પુત્રો હતા.

૬. સ્ત્રી. લક્ષ્મી.

૭. સ્ત્રી. હિમાલયની જેવ કન્યા.

૮. સ્ત્રિ. વિશાળ; મોટું.

૯. [સ્ત્રિ.] સ્ત્રિ. લાંબું; જેની ઊંચાઈ વધારે હોય એવું.

લંબાઈ ૧. સ્ત્રી. લંબાણ; દીર્ઘતા. આધુનિક અર્વાચીન ભૂમિતિમાં લંબાઈ માપવા માટે નીચેનું કોષ્ટક આપેલું છે:

૮ પરમાણુ = ૧ રજઃકણિકામૃત્
૮ રજઃકણિકામૃત = ૧ લિક્ષ.
૮ લિક્ષ = ૧ યૂક.
૮ યૂક = ૧ યવ
૮ યવ = ૧ અંગુલ કે ઇંચ
૪ અંગુલ = ૧ ધનુર્મૂલ
૮ અંગુલ = ધનુર્મુષ્ટિ
૧૨ અંગુલ = ૧ વિતસ્તિ અથવા ૧ આમાશયકલ
૧૪ અંગુલ = ૧ ગ્રામ, હલ, પરિરય કે પદ
૨ વિતસ્તિ = ૧ અર્તની કે ૨ પ્રાજાપત્ય હસ્ત
૨ વિતસ્તિ + ૧ ધનુર્મૂલ = ૧ હસ્ત
૨ વિતસ્તિ + ૧ ધનુર્મુષ્ટિ = ૧ કિષ્કુ કે ૧ હંસ
૪૨ અંગુલ = ૧ કિષ્કુ
૫૪ અંગુલ = ૧ હસ્ત. સાગના જંગલ માપવા માટે તે વપરાય છે.
૮૪ અંગુલ = ૧ વ્યામ. દોરડાં માપવા માટે તે વપરાય છે.
૮ અંગુલ = ૧ દંડ, ૧ ધનુ, ૧ નલિક અને ૧ પૌરુષ. માણસના પડછાયાની લંબાઈ કે ત્રિકમના ભા.ગ માપવા.મા તે વપરાય છે.
૧૦૮ અંગુલ = ૧૩૫ંગલ ધનુ. સુતારી કામના માપ માટે વપરાય છે
૧૦૮ અંગુલ = ૧ પૌરુષ. ઘેટિ આવતી વખતે આ માપ વપરાય છે.
૧ હંસ = ૧ દંડ. ઝાડવાને દક્ષિણામાં આપતી જમીન માપવામા વપરાય છે.
૧૦ દંડ = ૧ રજ્જુ
૨ રજ્જુ = ૧ પરિદેશ
૩ રજ્જુ = ૧ નિવર્તન

૨. સ્ત્રી. લંબ અંતર, લંબ માપ, લંબાપણું કે તેનું માપ. વિસ્તાર

૩ રજ્જુ કરદંડ = ૧ ખારુ
૧૦૦૦ ધનુ = ૧ ક્રોશ્ત (ગામનો અવાજ)
૪ ક્રોશ્ત = ૧ યોજન

લંબાકાર ૧. પું. લાંબો આકાર.

૨. સ્ત્રિ. લાંબા આકારવાળું.

લંબાકૃતિ સ્ત્રી. લટકાર ઊપસેલો ભાગ.

લંબાક્ષ સ્ત્રી. ઊભું માપન રેખા.

લંબાઙ્ક ૧. ન. ઊંડું; દૂર સપાટીનું અંતર કે માપ; વિસ્તાર; ઉંડાણ; લાંબું અંતર; દૂરતા; લંબાપણું.

૨. ન. લંબાઈ, દીર્ઘતા.

૩. ન. લંબાવવું તે.

૪. ન. લાંબી ખિસ્તા; લાંબું સ્થાન.

૫. ન. વિલંબ; દીર્ઘ.

લંબાણી સ્ત્રી ચેહેસર તરફ વસવાટ કરતી એ નામની જેવ કોમ. કેના ચારણ અને લંબાણી એવા બે ભાગ કે લંબાણી કરતા ચારણ સહેજ ચડિયાતા છે. મહેસુર સરકારે ફુલમ ત્યાર પછી જાહેર કર્યું છે કે, ભવિષ્યમાં લંબાણીઓને બનતમરા કહેવા.

લંબાવણી સ્ત્રી. વિલંબ; લંબાણ; દીર્ઘ.

લંબાવવું ૧. સ કિ. ઊંચકવું; સવું.

૨. સ. ક્રિ. વધારો વખત ચલાવવું; લંબાણ તેમ કરવું.

લંબાવીને કહેવું–વાત કરવી = (૧) વાતને ખેંચી કાઢવી (૨) સંપૂર્ણપણે વર્ણન કરવું.

૩ સ ક્રિ. લાંબુ કરવું, વધારવું; તાણીખેંચીને દૂર લઈ જવા તેમ કરવું.

લંબાવું ૧. અ. ક્રિ. વધુ વખત સુધી પહોંચવું કે ચાલવું.

૨. અ. ક્રિ. તણાવું; ખેંચાવું.

૩. અ. ક્રિ. લંબા અર્થને સૂત્ર.

૪. અ ક્રિ. લાંબું થવું. વધુ દૂરને અંતરે પહોંચવું; વધવું; દીર્ઘ થવું.

લંબાસુર પું (પુરાણ) એક દૈત્ય; બર ન.મના દૈત્યનો ભાઈ.

લંબારા ૧. સ્ત્રી. લંબાઈ; લાંબુ હોવું તે; લાંબાપણું.

૨. સ્ત્રી. ભૂગોળનો અક્ષાંશ; ' ડો લેટિટ્યૂડ '.

લંબિકા સ્ત્રી. વાઢકાપ; ઘાવનો ચીરો; ઘાની ઊંડાઈ છોટી પિડી. તે ક્ષતના મૂળ પાસે ચરબી રહે છે ને મુખમાં અણી ચટેવરાવે છે.

લંબિત ૧. [સં.] પું. માંસ.

૨. [સં.] સ્ત્રિ. ના ઉપર આધાર રાખતું; ને વળગાડેલું.

૩ સ્ત્રિ નિરાલ થયા ઉપર બાકી રહેલું.

૪. સ્ત્રિ. નીચે ગયેલ.

૫. સ્ત્રિ લટકાવેલું; લાંબું થયેલું.

લંબિત ગલિતક પું. (પિંગળ) એક મિશ્રિત માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં મોકલિયા ગણ પાંચ અને ગુરુ એમ બાવીસ માત્રા હોય છે. તેમાં જગણ આવવો ન જોઇએ. ૧, ૫, ૮, ૧૪, ૧૭ ને ૨૧ માત્રાએ તાલ આવે છે.

લંબુષા [સં.] સ્ત્રી. સાત સેરનો હાર.

લંબૂરા ૧. પું. ઊંચો માણસ.

૨. સ્ત્રિ. સાધારણથી વધારે ઊંચું કે લાંબુ.

લંબૂસ જુઓ લંબૂસ.

લંબોર્વી સ્ત્રી ઊંટડી.

લંબોચ્ચાઈ સ્ત્રી. લંબ પ્રમાણે સીધી ઊંચાઈ.

લંબોઠ [સં. લમ્બોષ્ઠ] સ્ત્રિ. લાંબા હોઠવાળું.

લંબોત્તરદોષ પું. (જૈન) આલોચના કરતાં નાભિની ઉપર અને દીવાલથી નીચે લાંબું વસ્ત્ર રાખવું તે.

લંબોદર ૧. [સં. લંબ (લાંબુ) + ઉદર (પેટ)] પું. ગજપતિ; ગણેશ; વિનાયક; વિઘ્નરાજ; ઢૌંમાતુર; ગજાધિપ; એકદંત હેરંબ; ગજાનન.

અબ લંબોદર વિનવઉં,
પહિલુ તુહર નામ;
સુર તેત્રીસ કોટિ તુમ સ્વામઈ,
કર્મેસુ કરઉં પ્રણામ. સીતાહરણ

૨. વિ. મોટું આંતરડાં જેનું પેટ જલદી ભરાતું નથી તેવું.
૩. વિ. મોટા પેટવાળું.
૪. વિ. લાંબા પેટવાળું; ફાંદવાળું; ઢુંદવું.

લંબોદરા ૧. પું. ગણેશ.
૨. [સ.] સ્ત્રી. તારા નામે દેવી.

લંબોદરી ૧. સ્ત્રી. તારા નામે દેવી.
૨ વિ. પોતાનાં બચ્ચાં કોથળીમાં લઈને ચાલનારું. પશુ માટે વપરાય છે.

લંબોદર્ક વિ. લાંબાં પેટવાળું

લંબોષ્ઠ ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. એક પ્રકારના ક્ષેત્રપાલ દેવતા.

લંબોષ્ઠી ૧. સ્ત્રી. ઊંટડી.
૨. વિ. સ્ત્રી. લાંબા હોઠવાળી.

લંભ ૧. [સં.] પું. હરીફી પ્રાપ્તિ.
૨. પું. મિલન.
૩. પું લાભ; પ્રાપ્તિ.
૪. ન. એક જાતનું ઘાસ. તેની સાવરણી થાય છે.
૫. વિ. નષ્ટ થયેલ.

લંભનીય વિ. મેળવવા જેવું; પ્રાપ્ત કરવા લાયક

લંભાલંભી સ્ત્રી. ઊંચે રહેલી ચીજ લેવા વારંવાર ઊંચા થવું તે.

લંભાવવું ૧. સ. ક્રિ. ઊંચા થઈને લેવું.
૨. સ. ક્રિ. લાભ કરવું.

લંભાવું અ ક્રિ. આગળ વધવું; લાભ થવું.

લંબેરી સ્ત્રી. તલવાર.

લંબવું અ. ક્રિ. (ભૂ. કૃ.) વર્તવું; ચાલવું.
લંબઈ બહિર બહિર આપણી. લાવણ્યસમય

લંબાવું ૧. અ. ક્રિ. (ભૂ. કૃ.) પડવું.
સીદા તું લંબાઈ ગલઈ,
જોતાં ગર્ય ઉચિત મિલઈ. વિમલપ્રબંધ
૨. અ. ક્રિ. ખાઝવું.

લા ૧. પું. ઘડી; પડ.
દો લા ∞ બેવડું; બે પડવાળું.
૨. પું. તાડપત્રના દરક અંકો પૈકીનો ત્રીજો અંક; તાડપત્રીયો પુસ્તકનાં પાનાંની ગણતરી માટે કરેલા દરક મહિનો ત્રીજો અંકો.
૩. પું. સ્વાદ; મજા.
તને સાચે ભેટશે, ને મને સાચે યા,
હવે તારા દુઃખમાં લા નકર શા. બોધવાર્તા
૪. [સં.] સ્ત્રી. આપવું તે.
૫. સ્ત્રી. તલપ.
૬. સ્ત્રી. ના; નનો બચ્ચનો તે; નકાર.
૭. સ્ત્રી. નાદરી.
૮. સ્ત્રી. લાગ; નિશાની.
૯. સ્ત્રી. લાય; આગ; જ્વાળા.
૧૦. સ્ત્રી. લેવું તે.
૧૧. ન. ફાળ; કૂદકો; ઠેકાણ
૧. તૂટી લા સાંધવી = અઘરું થવા બેઠેલા બાજીને પાછી દાબ ધરવી.
૨. લા સાંધવી = શિકાર ઉપર તૂટી પડવા પ્લાન ઘડવો.
૧૨. ન. લિખિતંગનું ટૂંકું રૂપ.
૧૩. ન. લેટિનનું સક્રિય ચિહ્ન
૧૪. વિ. લિખિતંગ: લખનાર.
૧૫. [અ.] અ. નહિ; અરબીમાં ના, નહિ, વગર એવો અર્થ બતાવનાર નકારવાચક પૂર્વગ. જેમકે, લાઇલાજ.
૧૬. અ. સિવાઃ વિના; વગર, સિવાય.
૧૭. સ ક્રિ. આપવું; દેવું
૧૮. સ. ક્રિ. મેળવવું; લેવું.

લાઅનત [અ. લઅનત] સ્ત્રી. ધિક્કાર.

લાઇક ૧. [અં.] ન. દીવો; બત્તી.
૨. ન. પ્રકાશ; અજવાળું; રોશની; ઝગમગાટ.

લાઇક ઈયર [અં. લાઇટ (પ્રકાશ) + ઈયર (વર્ષ)] ન. પ્રકાશની ગતિ પ્રમાણેનું ૫૮૬,૧૬,૫૬,૦૦,૦૦,૦૦ માઈલનું વરસ પ્રકાશની ગતિ સેકંડના ૧,૮૬,૦૦,૦૦ માઇલની સરાસરી છે. તે રીતે એક વર્ષની ગતિ જાણવાં તેને ૬૦ × ૨૪ × ૩૬૫થી ગુણવાં આવે તેટલા આંકડાનું એક લાઇટ ઈયર થાય.

લાઇટનિંગ [અં.] સ્ત્રી. વીજળી.

લાઇટનિંગ કંડક્ટર [અં.] ન. ઘરની અંદર વીજળિક પ્રવાહને ધીમે ધીમે વહેવરાવવા માટે ધમારતોને લગાડેલું સાધન.

લાઇટનિંગ ડિસ્ચાર્જર [અં.] ન. વીજળીથી તારેલા સમાને નુકસાન થતું અટકાવનાર યંત્ર.

લાઇટ એંજિન [અં.] ન. ડબા વિનાનું એકલું એંજિન.

લાઇટર ૧. [અં.] ન. અજવાળ પ્રગટાવવાનું એક સાધન. બીડી સળગાવવા હલકમાં તે વપરાય છે.
૨. ન. દૂર રહેલ વહાણ ઉપર માલ ચઢાવવા કે ઉપરથી માલ ઉતારવા વપરાની હોડી.

લાઇટહાઉસ [અં.] ન. દીવાદાંડી.

લાઇના ૧ [અં.] સ્ત્રી. અમુક માપનું નામ.
૨. સ્ત્રી. ધંધો. વ્યવસાય; વિષય; ઉદ્યમ; ક્ષેત્ર.
૩. સ્ત્રી. પદ્ધતિ; બોરણ.
૪ સ્ત્રી. લીટી; હાર.
પોલીસ લાઇન = જેમાં સિપાઈઓ રહેતા હોય તેવાં ઘરોની હાર.
૫. સ્ત્રી સડક.
નવે લાઇન = આગગાડીના પાટાની સડક.

લાઇનક્લીઅર [અં] સ્ત્રી. સડક સાફ છે તે મતલબની સત્તા કે રજાચિઠ્ઠી. આગગાડી ઉપડ્યા પહેલા સ્ટેશન માસ્તર એંજિન ચલાવનારને તે સત્તા લખીને આપે છે. આ સત્તા મળ્યા વગર એંજિન ડ્રાઇવર ગાડી ચલાવી શકતો નથી.

લાઇનદોરી સ્ત્રી. જલાતઃ દોરા: 'રેઝર'.

લાઇનબંધ અ. હારબંધ: સીધી હારમાં.

લાઇનમેન [અં.] પું. તારનાં દોરડાં દુરસ્ત કરનાર નોકર.

લાઇનર [અં.] સ્ત્રી. મોટી આગબોટ.

લાઇનસર વિ. પધ્ધતસર; ઉદ્યમ પર હોય તેવું.

લાઇફગાર્ડ [અં] પું. અંગરક્ષક.

લાઇફબોટ [અં.] સ્ત્રી. ડૂબતા માણસને બચાવવાની હોડી.

લાઇફબોય [અં.] પું. પાણીમાં ડૂબે નહિ અને તરતું રહે એવું એક જાતનું યંત્ર. તે ડૂબતો મનુષ્યના પ્રાણ બચાવવાને માટે કામ આવે છે. તે ખાસ કરીને વહાણોમાં કે સ્ટીમરોમાં રાખવામાં આવે છે. દૈવયોગાત્ કોઈ મનુષ્ય પાણીમાં પડી જાય તો તેની મદદને માટે આ યંત્રને દરિયામાં ફેંકવામાં આવે છે.

લાઇફ મેંબર [અં.] પું. આજીવન સભ્ય.

લાઇમ ૧. [અં.] પું. ચૂનો.
લાઇમ વોટર = ચૂનાનું પાણી.
૨. પું. લીંબુ.
લાઇમ જ્યૂસ = લીંબુનો રસ.

લાઇલાજ [અ. લા (વગર) + ઇલ્લાજ] વિ. ઉપાયઃ નિરુપાયઃ જેનો ઇલાજ થાય એમ ન હોય તેવું; અયોગ્યઃ નિરુપાયઃ ઉપાયશૂન્ય.

લાઇલાજી [અ.] સ્ત્રી. ઇલાજ ન થઈ શકે એવી સ્થિતિ; નિરુપાયપણું; નિરુપાયતા; અયોગ્યતા; લાચારી.

લાઇલ્લાહ ઇલ્લલ્લાહ મુહંમદર્રસૂલુલ્લાહ [અ. લાઇલાહ ઇલલ્લલ્લાહુ મુહંમદુર્રસૂલુલ્લાહ (ઈશ્વર એક છે ને મહમદ-સ. અ.-તેના રસૂલ છે)] ન બ. ઈશ્વર એક છે ને મહંમદ એના રસૂલ છે એ અર્થનો પહેલો કલમો; ઇસ્લામનો મુખ્ય સિદ્ધાંત. તેમાં ખુદાનું ઐક્ય ને મહંમદ-સ. અ.-સાહેબના નબીપણાનો ઇકરાર છે.

લાઇસન્સ [અં.] ન. સનદ; પરવાનો; રજાચિઠ્ઠી.
લાઇસન્સ આપવું-લેવું = સનદ આપવી કે લેવી.

લાઇસન્સ ફી [અં.] સ્ત્રી. પરવાનાની લાગત.

લાઈ ૧. [હિં.] પું. ખારિયું; લાવ.

૨. વ. પેટ; જઠર.

૩. સ્ત્રી. એક પ્રકારની ઊનની ચાદર.

૪. સ્ત્રી. એક પ્રકારનું રેશમી કપડું.

૫. સ્ત્રી. ધારી

૬. સ્ત્રી. જંજરી જોખા.

૭. સ્ત્રી. લાકડી; ધાતુ વગેરેના આટાને પાતળિયા ઉકાળીને બનાવેલી ચીકણી પદાર્થ. દા.ત. બેગ.

લાઇસૂઇને અ. ક્રિ. લઈને.

હવાપરે પરા આવશો (જો) લાઇસૂઈ લેનાર, જોયી નૃપવર નટવર જોઇના ,વને, હરદમ રમ હનવર.
નટવર ગુરુમાળા

લાઉડસ્પીકર [અં.] ન. ધ્વનિવર્ધકયંત્ર; બૃહદ્ધ્વનિક્ષેપાકયંત્ર; તાણુગોલધિયુ. ' મ.હ્રોફોન ',

આજના જરૂર પડતા લાઉડસ્પીકર ખરીદી શકાય એમ એક નમેલાપી કહેતા હતા, પણ એથી કે બીજી રીતે એ તાણુગોલધિયાં અવાજને તાણીને બોટી સંભળાવનારાનું આવું જ કોઈ નામ પડાય ને ? કીર્તિદા

લાઓલાઇ ૧. [અ. લા (વગર) + અર. ઝ (વય)] વિ. પુત્ર વગરનું; નિર્વંશ; સંતાન વગરનું.

૨. વિ. બિનવારસી.

લાઓલાહ વિ. અસંખ્ય; બહુ.

લાક ૧. પું. કાચબો.

૨. [પ્ર] સ્ત્રી. લાખ.

લાકટીઅલનળી સ્ત્રી. શરીર રચનામાં દૂધને મળતી આંતરડામાં આવેલી એક નળી, જે દ્વારા મરબીનાં પરમાણુઓવાળો સફેદ અને દૂધ જેવો પદાર્થ લાકટસ નામનો રસ રક્તાભય તરફ જાય છે.

લાકડ (લાકડ) ૧. ન. લાકડું; કાષ્ઠ.

૨. વિ. કાષ્ઠ સબંધી

૩. વિ. લાકડાનું બનાવેલું; લાકડામ.

લાકડકામ (લાકડામ) ન લાકડાનું કોતરકામ; લક્કડકામ.

લાકડકૂકડ (લાકડકૂડ) ન. આખાં અને ભાંગેલાં લાકડાં; લાકડાના કટકા વગેરે પરચૂરણ સામાન; કાષ્ટકૂટ.

લાકડકૂડ (લાકડકૂટ) સ્ત્રી. રદ્દી થયેલો લાકડાનો સામાન.

લાકડસરી (લાકડસી) ૧. વિ. લાકડસી; કઠુમાર્દ; લાકડમાર્દ.

૨. વિ. લાકડા જેવું કઠણ.

૧. લાકડસી લાકુ = કઠણ અને સ્વાદ વગરના લાકડાં; એક જાતનું.

૨. લાકડસી લાકુ ખાશે તે પસ્તાશે ને નહિ ખાય તે પણ પસ્તાશે = બંને બાજુથી ગેરલાભ.

લાકડસાકું (લાકડસાકુ) ૧. પું. લાકડસી લાકુ; બોડા ઘીનો મોળીઓ લાકુ; એક જાતની મીઠાઈ; ચણાના લોટની કળી પાડી પાડી તેનો ચૂરો કરી ચાસણી પાર્ક પાળેલા લાકુ.

૨. વિ. કઠુમાર્દ; લાકડસી.

૩. વિ. લાકડાં જેવું કઠણ.

લાકડસાહી (લાકડસાહી) વિ. લાકડસી. લાકડમાર્દ

લાકડસી (લાકડસી) જુઓ લાકડસી.

લાકડાદાન (લાકડાન) ૧. ન. એ નામની એક રમત.

૨. ન. લાંચ; બિસ્વત.

લાકડિયું (લાકડિયુ) ૧. ન કોલું; આખા લાકડામાં બાનાં પાડીને મસાલો ભરવાને બનાવેલ બનાવટ; પેટી

૨. ન. લાકડાપાળી નામની રમત.

૩. ન તમાકુની લાકુ બનાવવાને કરેલું બાજરાવાળું બારું લાકડું; લકડિયુ.

૪. વિ. ડહાપણ; લાકડીયો કામ લેનું.

૫. વિ. લાકડાનું; લાકડા જેવું.

લાકડિયો ગોંધક (લાકડિયો ગોંધક) પું. એક જાતનો ગંધક. લાકડિયો, આમલસારો, કચ્ચી તથા કાચ એવા ગંધકની જાતો છે.

લાકડી (લાકડી) ૧. સ્ત્રી. આધાર; આશ્રય; ટેકો

આંધળાની લાકડી = જેના ઉપર આધાર હોય તે

૨. [સં. લકુટ. પ્રા. લક્કુડ] સ્ત્રી. હાથમાં પકડાય એવો લાકડાનો પાતળો ને લાંબો ટુકડો; દંડ; કોષ્ટિકા. લાકી; કાકી; સોટી; યષ્ટ.

૧. એક લાકડીએ હાંકવું = (૧) બુલમ કરવો (૨) નાના મોટા દરેક ઉપર જેદ રાખ્યા વગર એકસરખો દોર ચલાવવો. બો। મરખા ગણી કુદરત પજાવવો; એક સરખી સત્તા ચલાવવી.

૨. લાકડી ઉગામવી = (૧) બીક બતાવવી. (૨) મારવા જવું. (૩) મારવા માટે લાકડી ઊંચી કરવી.

૩. લાકડી કરવી = આંગળી કરવી; ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; વકરાવ કરવાને ઇશારો કરવો. (૨) લાકડી વડે મારવું; દુઃખ દેવું.

૪. લાકડી મારવી = (૧) પ્રહાર કરવો ને પલેવ. લાકડી પકડી લેવી (૨) મારવા માટે હાથમાં લાકડી લેવી. (૩) રસ્તામાં માર્ગદર્શન કરવું; દોરવું (૪) વૃદ્ધ થવું; વૃદ્ધાવસ્થા આવવી. (૫) વૃદ્ધાવસ્થામાં અશક્ત થવું. (૬) વૃદ્ધાવસ્થામાં લાકડીના ટેકાની જરૂર હોવી

૫. લાકડી બતાવવી = લાકડી મારવાની બીક બતાવવી

૬. લાકડી બાજે નહિ, અને સાપ મરે નહિ = ડહાપણ કામ લેવું.

૭. લાકડી મારવી = લાકડી વડે પ્રહાર કરવો.

૮. લાકડી રાખવી = (૧) માર મારવાની તૈયારી રાખવી. (૨) લાકડી પાસે રાખવી.

૯. લાકડી લેવી = (૧) ગુસ્સે થવું. (૨) વૃદ્ધપણું કે અશક્તિને લીધે ચાલવા માટે લાકડીનો ટેકો લેવો; વૃદ્ધપણ આવવું. (૩) મારવા માટે હાથમાં લાકડી લેવી, લડવા તૈયાર થવું

૧૦. લાકડીએ પાણી સીંચવું = (૧) જે કામ જેણે કરવાનું તે પોતે ન કરતાં બીજાને સોંપવું કે જે કદી બરાબર થાય જ નહિ. લાકડીવડે કદીપણ પાણી સિંચવાનું કામ થાય જ નહિ તે ઉપરથી આ પ્રયોગ થયો છે. (૨) મિથ્યા પ્રયાસ કરવો.

૧૧. લાકડીઓ ઊડવી = લાકડીઓ વડે મારામારી થવી; લડાઈ થવી

૧૨. લાકડીથી પૂજા કરવી = લાકડી લઈને મારવું, દુઃખ દેવું

લાકડી ગોદાવરી (લાકડી ગોદાવરી) સ્ત્રી. એ નામની રમત; તીતીઓ રાણો; તે હજાર તરફ રમાય છે.

લાકડી ઘોડો (લાકડી ઘોડો) પું. પોતાના બે પગ વચ્ચે લાકડીને ઘોડાની જેમ રાખીને નાનાં બાળકો ચાલે કે દોડે તે રમત; બાળકોના ઘોડા ઘોડા નામની એક દેશી રમત.

લાકડી સેરવણી (લાકડી સેરવણી) સ્ત્રી. એ નામની એક રમત.

લાકડું (લાકડું) ૧. ન. અડબીડી, લક્કર; મુરકેલી.

૧. કુળનું લાકડું તેને કાળ જેવું લાગ્યું = ન દૂર થઈ શકે તેવા મુશ્કેલી લાગવી.

૨. લાકડું બાલવું–પાણી દેવું–પુંસાડી દેવું–નાખવું–પેસાડવું = (૧) અડબીડી ઊભી કરવી. (૨) કેદ અક્કડ થઈ જવી. (૩) પોતાના સ્વાર્થની બાબત વચમાં બડાવી દેવી; પત્ર પેસારો કરવો તે; કોઈને આ વચ્ચે પોતાનો કામદો સોંપવાની તજવીજ કરવી.

કરવી; વચમા કરકસ કરવી (૪) વચમાં નવી કંઈક આકરી બાબત ઘુસાડવી; કર, દાણ-સાયો નુકે એવો રિવાજ ઘુસાડી દેવો.

૩. લાકડું પેસવું-પેસી જવું = (૧) કામમી નકનર થવી, વચ્ચે અલોપ થવું; નાતર થવું; અડચણ ઃ.ઁ એવું જે કાંઈ દાખલ થવું; અડબીસી ઊભી કરવી. (૨) લાગો, કર હમેશા નકે એવો રિવાજ ઘુસાડી દેવો.

૨. [સ લકુટ] સ. ઝાડનું કલેવર; ઝાડના કલેવરનો કુલપાન વગરનો લીલો અથવા સૂકો ભાગ; ઝાડનો પાતરાં વિનાનો વિભાગ; કાષ્ઠ; દારુ. કેટલાંક ઝાડનાં લાકડાં ઘર બાંધવા કે સરસામાન બનાવવાના કામમાં આવે છે તેને ઇમારતી લાકડું કહે છે અને કેટલાક બાળવાનાં કામમાં આવે છે તેને બળતણનું લાકડું કહે છે. લાકડું એવી વસ્તુ છે કે, જેનો ગમે તેવો ઘાટ મેળવી શકાય; ઉપરાંત તેના ઉપર કારીગરી કરી શકાય, એટલું જ નહિ પણ લાકડાકામને તથા રંગકામને એવો મેળ હોય છે કે જે બનતું વૈવિધ્ય લાવવું હોય તે બનતું રંગકામથી લાવી શકાય. બાંધકામમાં લાકડાની બાબી પ્રવાહિતાના કારણે તથા ઇમારતી લાકડું ગુજરાતમાં સહેલાઈથી મળવાના કારણે લાકડામાપસનો પ્રચાર બધા જૂના વખતથી હજુ ચાલ્યો આવ્યો છે, તે એટલે સુધી કે ગુજરાતના પ્રાચીન શિલ્પપ્રયોગોમાં ગુજરાતના એન્જિનિયરને બધી જગાએ સૂત્રધાર એટલે સુતાર કહેલ છે.

૧. આડે લાકડે આડો ઘેર = સીધી રીતે કામ ન થાય તો પછી બીજો રસ્તો લેવો.

૨. કુળવાનનું લાકડું = ઉચ્ચ કુટુમ્બનું બાળક, ઉચ્ચ, ખાનદાનકુટુમ્બનો વર.

૩. ધુંધવાતું લાકડું = ક્રોધાયમાન બનેલું; ક્રોધથી ધૂંધવાતું; ક્રોધથી બળી રહેલું.

૪. લાકડાની તલવારે મઢિનો આવો = (૧) બોલબોલ કામમાં ને કામમાં આવડ વગર કામ કર્યે જવું; ખોટા દેખાવમાં ને દેખાવમા કામ ચલાવ્યે જવું; કાર્ય કામ કરવુ નહિ ને હિસિયારી મારવી. (૨) પ્રપચ ઓડવવો; પ્રપંચ બળ રચવી

૫. લાકડાની તલવારે લડવું = (૧) જીવ કે વિત વિનાની નિર્માલ્ય દાનતકુળ કામ ચલાવવાની રીતિ કે રસનો. (૨) બોલબોલ કામમા ને કામમાં કામ કરવુ તે. (૩) પૂરતાં સાધન વગર ખોટો આડંબર કરી બચવહાર ચલાવ્યે રાખવો (૪) પૂરતાં સાધન વિના લડવુ.

૬. લાકડાની બીક ને માણસના પેટની અંદર પડે નહિ = પેટમાં કોઈથી પેસી નીકળાતું નથી તેમ લાકડાની બીક ઉપર ઉપરથી બનણી થઇ નથી.

૭ લાકડાનો લડુ = દેખાવમાં સારી પણ ખરી રીતે બહુ મુશ્કેલીવાળી બાબત.

૮. લાકડામાં જવુ = મરી જવુ

૯. લાકડાંમા ય પૈસા મળવાના નથી = મરી જઈશ તો પણ પૈસા મળવાના નથી.

૧૦. લાકડાં કાપવાં = (૧) ન જરૂરનું; ન લેખવવુ. (૨) લક્ષમાં ન લેવા જેવુ કામ કરવુ

૧૧ તકતા બાવ. = ઘર કે કુળ જેવુ

૧૨ લાકડા પહોંચવાં = (૧) ચિતા માટે લાકડાં સ્મશાનમાં જવાં. એટલે કે વૃદ્ધ મરવાની તૈયારીમાં હોવુ. (૨) મરી જવા કોઈને મરી જા એમ કહેવાને બદલે તારા લાકડાં પહોંચે એમ કહેવાય છે.

૧૩ ન કરે. લાકડાં = એકને આમ ને બીજાને તેમ ઊંચુનીચુ સમજાવી ઝગડો કે તકરાર થાય તેમ કરવુ, સામાવાળાં કરી લડાઈ કરાવવી

૧૪. લાકડાં લેવાં = જીવતાં સળગી મરવુ.

૧૫. લાકડાં સોરવાં = (૧) ચાકરી દ્વારા મોટા માણસની કૃપા મેળવવી. (૨) લડનારાંને લડવાને ઉત્તેજન આપવુ; તકરાર જંગાવ તેમ કર્યા કરવુ; ખોટી ઉશ્કેરણી કરવી; ઉત્તેજન આપવુ; અસર કરવી; શાંત પડેલી લડાઈ ને પાછી જગાવવી.

૧૬. લાકડાં સંકોરી તપેશ્વરીની મહેરબાની કે પ્રસાદી મેળવવી; પુણ્ય કર્મ કરવા

૧૭. લાકડું કરવું = પરાણે કામ કરાવવુ; સત્તા ચલાવવી.

૧૮. લાકડું ધરી જવું = (૧) લાકડું પેસવુ. (૨) બસને ઘર ચાલવુ

૧૯. લાકડું લાકડાને ભારે ભાગે = પાપ છાનું રહેતું નથી.

૨૦. લાકડું લાકડાનુ બળાડવુ = એકબીજાને અનુકૂળ પડે નહિ એવાં બે માણસને સાથે જોડી દેવાં; બને ત બને એવુ બેવા વિચારથી વગર ગમે તેવા ઊંટસૂસ્ટ સ્વભાવનાં બરકસ્વાનો સંબંધ બાંધી દેવો; યોગ્યતા જોવા વગર સંબંધ જોડી દેવો. (૨) બે જણ વચ્ચે તકરાર થાય એવુ કરવુ

૨૦. લીધું લાકડું ને કર્યું મોગવું = કરજ બપદ્રા માણસો માટે બોલાય છે.

૨૧. સળગતું લાકડું = (૧) બળતું લાકડું (૨) લડવા તૈયાર બનેલું; લડું લડું થઈ રહેલું, લાડવા તૈયાર બનેલું.

૨૨. સળગતું લાકડું માલવુ = બદલાનો કજિયો બદોબદી; બદલાની લડાઈ ચલમાં બાકરા.

૩. ન. બળતણ; કાડી.

૪. વિ. કઠણ; બરડ; સૂકું; રસકસ વગરનું; સૂનું.

લાકલડી (લાકલડી) જા. લાકડી.

લાકાંદની સ્ત્રી. એ નામની એક પરિવ્રાજકવસ્ત્ર દેવતા

લાકીટ સ. એક જાતનુ સોનાનું ઘરેણું તે કાંડાના ઉપરના ભાગમાં બાંધે છે.

લાકુટિક [સં.] પું. ઓકોદાર.

લાકુલી [સં લાકુલ (દંડ) + ઇન (વાળું)] પું. એ નામનો એક લાકુલીશ. બીજી સદીમાં તેણે પાશુપત પંથને સ્થાપ્યો કેટલાક તેને શિવનો અવતાર માને છે. તેના અનુયાયીઓ ચારેય રાજ્ય ભૂમે છે, કાળો પરેજવેશ અને ગૂંથેલ જટા રાખે છે

લાકુલીશ પંથ પું નકુલીશ પંથ. હિંદુસ્તાનમાં પ્રસરેલ ૭ મોટો અને આગમિક શૈવ પંથ. આગમિક શૈવ પંથો મુખ્યત્વે કરીને હિંદુસ્તાનમાં હતા. ઉત્તરમાં કાશ્મિર શૈવ પંથ, નેપાલમાં પાશુપત પંથ, ગુજરાતનો નકુલીશ અથવા લાકુલીશ પંથ અને દક્ષિણમાં વીરશૈવ તામિલ સિદ્ધાંત પંથ ને પાશુપત પંથ પ્રસરી રહ્યા હતા.

લાક્રોસ [અં.] સ્ત્રી. દડાથી રમાતી એક વિદેશી રમત. તેની શરૂઆત ઉત્તર અમેરિકના ઇંડિયનોએ કરી હતી હાલ તે કેનેડાના લોકોની પ્રિય રમત છે. ઇંગ્લંડ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ તે રમાય છે. દરેક બેલડી લાંબા દાણાવાળું સ્ટીક જે સ્ટોસ કહેવાય છે તે રાખે છે. તે સ્ટોસ વડે દડો ગોલપોસ્ટમાં આવે છે તથા તેના ઉપર ઉપાડવામાં આવે છે અને તેના ઉપરના ઊછળવામા આવે છે. મેદાનને સામસામે છેડે ઉભા કરેલા ગોલપોસ્ટથી આ પ્રમાણે જે બેલડી દડો લઈ જાય છે અથવા તેમાંથી પ્રહાર થાય તેવી રીતે ફેંકે તે જીત્યો કહેવાય છે.

લાક્ષડી [સ] સ્ત્રી સીતા.

લાક્ષણ્ય [સં] વિ. લક્ષણ સંબંધી; લક્ષણવાળુ.

લાક્ષણિક ૧. [સ.] પું. પરિભાષિક શબ્દ.

૨. પુ. (પિંગળ) બત્રીસ માત્રાના છંદની એ નામની જાતિ. પ્રસ્તારભેદથી તેની ૬૫,૨૪,૫૭૮ વૃત્તિઓ થાય છે. સત્તાવીસ, બત્રીસો, ત્રિભંગી, દુમિલા વગેરે આ જાતિના છંદ છે.

૩. પું. (વેદાંત) લક્ષણા વડે અર્થનો બોધ કરનારો શબ્દ.

૪ વિ. ઉપલક્ષિત, અન્યદર્શક; આલંકારિક.

૫. વિ. ખાસ લક્ષણ સૂચવનારું; આખા વર્ગનું સૂચક.

૬. વિ. નિશાનીવાળું; લક્ષણો સંબંધી.

૭. વિ. પારિભાષિક; લક્ષણ સંબંધી.

૮. વિ. લક્ષણ કે મિલ્કતના પરિચયવાળું.

૯. [સં.] વિ. લક્ષણથી જાણવા જોગ; લક્ષણયુક્ત; અલંકારયુક્ત; લક્ષણસૂચક; શબ્દના વ.ચ અર્થથી જુદો અર્થ બતાવનાર; સ્વભાવદર્શક; ગૌણ; અપ્રધાન. વિશેષ ગુણદોષક; મૂળ શબ્દાર્થ થતો હોય તેવું અસાધારણ.

૧૦. વિ. લક્ષણવાળું. ઉત્પ્રેક્ષાલંકારવાળું.

૧૧. વિ [વિરાટ, ૨૫ ભારિક.

૧૨. વિ. સાકેતિક, સંકેતનું; બીજા સૂચવનારું; ઢાપણ

લાક્ષણિકતા સ્ત્રી. લક્ષણસૂચકપણું.

એ સર્વ પ્રસંગોમાં શક્તિનાં દર્શન એ એના વ્યક્તિત્વની ખાસ લાક્ષણિકતા છે.

કુ. સા. પરિષદ

લાક્ષણિક પેઢી સ્ત્રી. સામાન્ય પેઢી; જેમાં તે ધંધો કરતી બીજી પેઢીઓનાં સામાન્ય લક્ષણો મળી આવતાં હોય તેવી પેઢી.

લાક્ષણિક પ્રચિતક પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ ૭૬ લક્ષણી.

લાક્ષણી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ ૭૬; લાક્ષણિક પ્રચિતક. આ છંદ વર્ણદંડક છંદ ગણાય છે. તેના દરેક ચરણમાં ભગણ, ત્રણ નગણ, સગણ, ભગણ, બે નગણ અને સગણ મળી ૨૭ અક્ષર હોય છે.

લાક્ષણ્ય ૧. [સં.] વિ. લક્ષણવાળું; લક્ષણને લગતું.

૨. વિ. શુભાશુભ લક્ષણને જાણનાર.

લાક્ષારસ [સં. લાક્ષા (લાખા) + રસ] પું. લાખ જેવો રંગ; જાળો.

લાક્ષા ૧. સ્ત્રી. ગુલાબ.

૨. સ્ત્રી. જેમાંથી લાખ અને જે તે ઝાડવું

૩. [સં.] સ્ત્રી. લાખ; લાલ રંગનો ઝાડનો ચીકણો ચીકણ; જેગણી.

લાક્ષાગૃહ [સં.] ન. લાખનું બનાવેલું ઘર; લાખ, રાળ, શણ અને જેવા તેવી પદાર્થો મેળવીને બનાવેલું ઘર. કૌરવોએ પાંડવોને બાળી નાખવા માટે આવું ઘર બનાવવાની કુટિલ યોજના કરી હતી. પુરોચન તેનો સૂત્રધાર હતો.

લાક્ષાતરુ [સં.] ન. પલાસનું ઝાડ; જેમાંથી લાખ બને છે તે ઝાડ.

લાક્ષાદ [સં.] વિ. બીજા ઉત્પન્ન કરનારું; બીજ આપનારું.

લાક્ષાદિ તેલ ન. લાખનો ઉકાળો તથા તેમાં ઔષધિ નાખી બનાવેલ તેલ. તાવ, ક્ષય, ઉન્માદ, વાયુ ઉપર હાયડો કરે છે.

લાક્ષાપ્રસાદન પું. એ નામની એક વનૌષધિ.

લાક્ષામ્લ પું. લાખનો તેજાબ.

લાક્ષારક્ત ૧. પું. કચનો ચીકણો ચીકણ બળતો. લાખનો રંગ.

૨. પું. ચૂક.

લાક્ષિક ૧. [સં. લક્ષ્ (તાકવું)] વિ. લાખથી રંગેલ.

૨. વિ. લાખની બજારી સંબંધી.

૩. વિ. લાખનું બનેલું.

લાક્ષી ૧. સ્ત્રી. એક ચમત્કારિક પ્રવાહી પદાર્થ; 'વાર્નિશ'.

૨. સ્ત્રી. (પુરાણ) દુર્યોધનની બાયડી; જનમેજયની માતા વપુષ્ટમા

લાખ ૧. સ્ત્રી. (જરથોસ્તી) અહુનવર.

લાખ બજાવવી = મરનારની પાછળ એક લાખ પંચલો અહુનવર બજાવવી.

૨. સ્ત્રી. એક જાતના ઝાડવાનાં ચોખાને ઉકાળીને બનાવેલા લાલ રંગની ચીકણી બનાવટ; લ લ રંગ; બળતો. બજારમાં તેની ઘણી બાટલા વડે પણ રવાની. શાહી કરવામાં તેનો ઉપયોગ થતો.

લાખ બજાવવી-બજાવણી = (૧) સંતાડવું. (૨) દોઢ રાતા કરવા.

૩. [હિં.] સ્ત્રી. કામનો.

૪. [સં. લક્ષ; પ્રા. લક્ખ.] સ્ત્રી. ગણતરીમાં નીકળતો લાલ રંગનો ચીકણો ચીકણ; લેકોસા; જેગણી; ઝાડ ઉપર જીવજંતુ બનાવતો લાલ રંગનો ચીકણો પદાર્થ. લાખનાં જીવડાં બહુ ઝીણા હોય છે. તે બાવળ બોરડી વગેરે ઝાડોની તાજી કૂંપળી કાળો ઉપર ઘોંટી તેમાંથી રસ ચૂસે છે અને મોટાં થાય છે. તેનાં શરીરમાંથી લાખનું ચીકણું પ્રવાહી ઝરે છે અને પોતાના શરીર આસપાસ જેવું થવા કરે છે. એક ડાળી ઉપર આવાં અનેક જીવડાં હોય તેથી આખી ડાળી ઉપર જાડો થર થઈ જાય છે. ડાળીઓ ઉપરથી લાખના થરને ચપ્પુ કે છરી વડે ઉખેડી, ઝેડહો કરી, ગાંઠ કરવાથી લાખ તૈયાર થાય છે. બંગાળ, આસામ, બિહાર અને મદ્રાસ ઇલાકાના કેટલાક ભાગોમાં મોળપૂર્વક ઝાડ ઉપર લાખનાં જીવડાં ઉછેરી લાખ તૈયાર કરવાનો ધંધો ચાલે છે. ડાળીઓ ઉપરથી ઉખેડેલી લાખ અશુદ્ધ હોય છે. તેને સારી રીતે સાફ કરે છે. રમકડાં, બંગડીઓ, સીલમોરની રેકર્ડ વગેરે લાખમાંથી જ બને છે. સોનાના પોલા દાગીનાઓમાં પણ સોની લાખ ભરે છે. જસ્તીના ઢાંચા, કલમતના પાસ વગેરે કેટલીક વસ્તુઓ ઘોંટવા માટે પણ લાખ વપરાય છે. દરજીના રજિસ્ટર કરેલા માપ કે પારસલોને લાખનાં સીલ મારેલા હોય છે. લાકડાને ચોપડવાનાં રંગ અને વાર્નિશ બનાવવામાં પણ લાખ વપરાય છે.

૫. ન. કપાસનું ઘાસ પાંખડીવાળું ઝાડવું.

૬. વિ. કીમતી; અમૂલ્ય; ઓછું

૧. કે લાખ સારે કહે તે સવા લાખ = માગણી કરતાં વધારે આપવાનું કહી કોઈ પણ ન આપવાની ચુગ્વાઈ.

૨. લાખ દહાડું-રૂપિયાનું = (૧) અસલનું. (૨) બહુ જ પ્રમાણિક ને ભલું. માણસ માટે બોલાય છે. (૩) કાયદો વાપ જેવું અને ઉત્તમ. (૪) ભારે કીમતનું; બહુ કીમતી.

૩. લાખ લાખની વાત ખરી = તડાકા મારવા; મોટી મોટી વાત કરવી.

૪. લાખ વાતની એક વાત = ઝાઝી વાત નહિ પણ ટૂંકામાં સારાંશ; મુદ્દાની વાત.

૫. લાખ વાતે = કોઈ રીતે; કોઈ પણ પ્રકારે; ગમે તેટલે ભોગે

૬. લાખનાં તૂટ્યાં કોરીએ સધાય નહિ = (૧) આકાશ ફાટ્યું તેને થીગડું કયાં દેવાય ? (૨) લાખનું ખોવા કરતાં મરવું ભલું.

૭. લાખની બાજી = ટીપે ટીપે સરોવર ભરાય તેવું; કરકસરીઓ હિસાબ.

૮. લાખની બાજી ઉપરે ઉઘાડો ઘાય = ભાંખડા ઉપર આકડો ચડે ત્યારે ભોંય ભારી થાય; ભોંય પગા ભમણા થાય.

૯. લાખનું ઘર રાખ થયું = કીમતી વસ્તુ નાશ પામવી.

૧૦. લાખનો પાલનહાર = રાજા અને જન કરતા ધરનાર તથા મોટો ઉમદા અમીર; જેની વડે લાખો માણસોનું પોષણ થાય તે; મોટો અમીર કે આશ્રયદાતા. તે ઉપરથી કહેવાય છે કે: લાખ જાળે પણ લાખનો પાલનહાર ન જાળે.

૧૧. લાખે લેખાં-લાખે જોખા લેવાયાં = (૧) લાખોની લેવડદેવડ કરવી તે; લાખો રૂપિયાની બજવણી; અમર્યાદિતપણું; અમર્યાદિત લેવડદેવડ. (૨) સોએ કે હજારે નહિ પણ જ્યાં લાખે લખાય એવાં હોય તે; નાનું નહિ પરંતુ મોટે સારે ચાલતું કામકાજ.

૧૨. લાખે જેસવું ને કરોડે ઊઠવું = મોટો વેપાર ખેડવો.

૭. [સં. લક્ષ] વિ. લક્ષ; સો હજાર; ૧,૦૦,૦૦૦.

લાખકામ ન. લાકડાં વગેરે ઉપર કરેલું સુંદર નકશીવાળું લાખનું કામ.

લાખખુશી સ્ત્રી. તડાકિયું; તોપ માન્યાની ખરી ખોટી વાતોના પ્રપાટા મારનાર

લાખણસાઈ પું. ચણાનો લોટ ઘી અને ખાંડના લાડુ; બુંદીના લાડુ.

લાખન જુઓ લાખો.

લાખપરા જુઓ લાખ પસાવ.

લાખપસાવ ૧. પું. મોટામાં મોટો સરપાવ.
૨. સ્ત્રી. એક ગામ, એક હાથી ને લાખ રૂપિયા કે બીજ કોઈ લાખ વસ્તુઓનો રાજાએ આપેલો સરપાવ.
એક નમાલા **લાખપસાવમાં** તે રાવળ ખમ કેવો નગરનો પાદરાહ શું રોકાઈ ગયો હશે ?
રસધાર

લાખ પંચોતરી ૧. પું. લબાડી; વધારી વધારીને બોલનાર માણસ; અસલ બોલનાર માણસ. બીજું મરચું ભભરાવીને બોલનાર પુરુષ.
૨ સ્ત્રી. ખોટો ઠોઠ, માત્ર ઉપરનો સુંદર દેખાવ.
૩. સ્ત્રી. ઠિંગ
૪ વિ. વધારીને વાત કહેનાર; લબાડી.

લાખલાંબું વિ. ખૂબ લાંબું.

લાખવાસા અ. જરૂર.

લાખવું ૧. સ. ક્રિ. ઓકવું.
૨. ઉ. ક્રિ. ઠોળી પાડવું; કેરવું. ઉતારવું.
૩. સ. ક્રિ. નાખવું. ગુજરાતમાં અમુક સ્થળે 'ન' નો 'લ' બોલાય છે. જેમકે, મારી લાખ્યો.
૪. સ. ક્રિ. પાથરવું.
૫. સ. ક્રિ. મૂકી દેવું.
૬. સ. ક્રિ. લાખની સીલ મારવી; રહેમનું; બંધ કરવું.
૭. સ. ક્રિ. લાખવાળું કરવું; માટીનાં વાસણો ઉપર લાખ ચડાવવા.

લાખવો વિ. પું. ગામડી ઉપરના જન્મથી લાખ રંગના ચાકવાળો.

લાખસેં વિ લાખનો, કરોડ, બધા જ.
લાખસેં વાતા કરવાં = ગરમિંદું કરી મરણી ઘણી રીતે સમજાવવું.

લાખા ૧. પું લાખનો રંગ. તે વડે બીજો ઢોર રંગે છે.

લાખાગૃહ [સં. લાક્ષાગૃહ] ન. લાખનું બનાવેલું ઘર; લાક્ષાગૃહ.

લાખાશાહી સ્ત્રી. એક જાતની તલવાર. કાઠિયાવાડમાં તેને ફેરીસ્તા જાતી કહે છે. જૂજ કે સિરોહીની બનાવટ માનવામાં આવે છે.

લાખિયું ૧. ન. લાખનું બનાવેલું ઢંકણ કે ચૂડી
૨. વિ પૈસાદાર, લાખોપતિ
૩ વિ. લાખના રંગનું
૪. વિ. લાખનું; લાખવાયું. લાખ ચડાવેલું.

લાખિરાજ ૧. સ્ત્રી. કર ન આપવો પડતો દોષ તેવી જમીન; કર વિનાની જમીન.
૨. વિ કર વગરનું; જેનો કર ન આપવો પડતા દોષ તેનું

લાખિરાજી જુઓ લાખિરાજ

લાખી ૧. પું લાખના રંગનો ઘોડો
૨ સ્ત્રી. લાખમાંથી મેળવેલો રાતો રંગ.
૩. વિ. અસલ્યા; અનેક; પુષ્કળ; સખ્યાબંધ.
૪ વિ. લાખના રંગ જેવા રંગવાળું; લાલચોળ
૫. વિ. લાખનું બનાવેલું અથવા લાખવાળું
૬. વિ. લાખો રૂપિયાની મૂડી ધરાવનાર; બહુ પૈસાદાર; માલદાર; ધનવાન; ઉદાર.
લાખી માણસ = સાચો ગૃહસ્થ; ખાનદાન માણસ

લાખીવણજારો પું. એક લાખ પોઠિયાનો માલિક એવો વણજારો; બહુ માલદાર વણજારો.

લાખું ૧. ન જન્મથી પડેલો શરીર ઉપરનો લાખના જેવો લાલ ડાઘ; શરીર ઉપરનું લીલું કે લાલ મોટું; લાંછન; ચુંદા ચિહ્ન. જડુલ કે જડુલ, કાલ્પ, વિષ્ણુ આ બધું પ્રસિદ્ધ નામ શરીર ઉપરના ડાળા રંગના લાખાનાં છે.
૨. વિ. લાખો; હજારો; અસંખ્ય.

લાખેણી સૌભાગ્ય પાંચમ સ્ત્રી. ભારતક સુદિ પાંચમ.

લાખેણું ૧. વિ. અણમોલ; ઉત્તમ; લાખ રૂપિયાનું; કીમતી.
૨. વિ. ઊંચા ગુણવાળું; અનલ્પ; સકલગુણસપન્ન; સુલક્ષણા; જેના ગુણની, રૂપની, અલાઈની કીમત ન અંકાય તેવું; લાખ ગુણવાળું
૩. [સં. લક્ષ (લાખ)] વિ પ્રતિષ્ઠિત; આબરૂદાર; પ્રમાણિક ને જાણ એવું; લાખો રૂપિયાની આબરૂવાળું; વખાણવા જોગ, સારું; નામી; નામમાત્રી.
૪. વિ. રૂપાળું.

લાખેલું વિ. લાખ ઠોકેલું; લાખોટેલું; લાખ ચડાવેલું.

લાખો ૧. પું. સુલક્ષણવનો લાખલો માણસ.
૨. વિ. પું. ગામગપ્પ વિના જમવા જનાર; વગર નોતર્યો; પરાણે પનોતો; વગર બોલાવ્યો.
૩. વિ. પું. ગરમ વગરનો. નાગતૂહ.

લાખો જેઠી પું. જે નામનો એક મહાન મહંત. તેણે હાથી સાથે લડાઈ કરી હાથીને હરાવ્યો અને બાદ જારી સીમડાના ઝાડને ઉખેડી નાખ્યું હતું. તેથી મહમદ બેગડો તેના ઉપર પ્રસન્ન થયો હતો

લાખોટકું ૧ સ. ક્રિ. ઓપ દેવો. કાચ જેવું લીસું કરવું
૨. સ. ક્રિ. લાખવાળું કરવું, બંધ બારણાં; બંધબસ્ત

લાખોટું ૧. વિ. ઓપવું; રીઢું
૨. વિ. લાખ ચમાડી ઘૂંટીને ચળકતું કરેલું.
૩. [સં. લાક્ષા (લાખ)] વિ. લાખેલું; લાખ ચડાવેલું.
૪. વિ. લીસું; ચીકણું

લાખોટો ૧. પું. ગુમ કરવ કરે કુંભારની મશિહ જગ્યા.
૨ પુ. બનાવટમાં અગ્રેસર; બધે ભરમ અને ગુલબાંગ મહેલ બધા બધામાંના અમલ દરમિયાન સવત ૧૮૯૫માં મોટો દુકાળ પડેલો ત્યારે તેમણે રૈયતને ભૂખમરામાંથી બચાવવા પોતાના નગરમાં તળાવ ઉપર બે સુંદર ને મજબૂત ઘમ્મરતો બંધાવી તે કોઠો ને લાખોટો. લાખોટો તળાવના મધ્ય ભાગમા છે; કોઠો તળાવને કાંઠે છે. સરોવર જળથી ભર્યું હોય ત્યારે લાખોટો સ્ટેટ્સગઢનું મુખ્ય સ્થાન બની પડતુ.
૩. પું. જે બનાવનાં લાખનું બર્ણ બધું હોય તેવી કુમારત.
૪. પું. મહોર કરેલો કાગળ.
૫. [સં.] પું. લાખોટો; લાખની સીલ મારી બોરીનો કાગળ.
૬. પું લાખની મોટી કાકડી; લાખોટી; લાખની ગોળી.

લાખોપતિ પું લક્ષાધિપતિ; લાખ રૂપિયાનો માલિક

લાખો ફુલાણી ૧. પું. ગુજરાતમાં થઇ ગયેલો લાખા નામનો એક પુરુષ તે મોટી મોટી વાતો કરવામાં અને શક્તિ ઉપરાન્ત ઠોગ દેખાડવામા આગળ પડનાર હતો. તેથી મોટો કુલાણી એ વિશેષણ એના નામને જોડીને લાખો કુલાણી બધા તેને કહેતા.
૨. પુ. પોતાની શક્તિ વિષે ઠંડાસ માનનારો માણસ.

લાખો વણજારો ૧. પું ગુજરાતમાં પ્રખ્યાત થઇ ગયેલો લાખા નામનો એક વણજારો
૨. પું. લાખ પોઠ રાખનારો એટલે કે મોટી વણજારનો ધણી.

લાગ ૧. પું. ઉચ્ચારણનો વજન ઊંચું કરવાની એક યોજના; ટેકો.

૨. પું. એક પ્રકારનું નૂતાંગ; એક અંગમાં બીજા અંગનું ઘણી ખૂબી સાથે મિશ્રણ કરવું તે.

૩. [સં. લગ્ન; પ્રા; લગ્ગ; દે. લગ્ગ] પુ. કામ કરવાને યોગ્ય વખત; મુહૂર્ત; ટાણું, મોકો, તક; યોગ્ય અવસર; કામ સિદ્ધ થાય તેવો જોગ

૧. લાગ આવવો = તક મળવી; પ્રસંગ પડવો, બનવું

૨. લાગ આપો = (૧) તક મળવી. (૨) બરાબર કબજામાં આવવું

૩. લાગ ખોવો-ગુમાવવો-જવો = તક જતી રહેવી; અનુકૂળ પ્રસંગ ખોવો.

૪. લાગ જોતરો = વખત જોવો, તક આવવા દેવ.

૫. લાગ જોઈને ઘા કરવો-લાગ જોવો = (૧) યોગ્ય વખતની રાહ જોવી; પ્રસંગ ખોળવો. (૨) વખત જોઈને પ્રહાર કરવો

૬. લાગ તપાવવો = ધારેલું કામ પાર પાડવાને સમય સાધવો

૭. લાગ તાક્યો = લક્ષ સાધ્યો

૮. લાગ દેવો = (૧) અનુકૂળ પ્રસંગ આપવો. (૨) કોઈ બનાવની અથવા વખતની અસર થવી.

૯. લાગ મારવો = આક્ષેપ કરવો

૧૦. લાગ મેળવવો = (૧) અનુકૂળ કે જોઈતો વખત મળે તેમ કરવું. (૨) તક પ્રાપ્ત થવી.

૧૧. લાગ લેવો = (૧) આધાર રાખવો, ટેકો દેવું. (૨) વખતનો લાભ લેવો; આવેલ પ્રસંગ ન ગુમાવવો. (૩) હકદાર થઈ ને જે લાગો આવે તે લેવો

૧૨. લાગ સાધવો = સમયસૂચકતા બતાવવી.

૧૩. લાગનું હોવું = અમુકને યોગ્ય હોવું, અમુક કામનું હોવું.

૧૪. લાગમાં આવવું = હાથમાં કે ગોટમાં આવવું.

૧૫. લાગમાં મેલવું = સત્તા નીચે લાવવું.

૧૬. લાગમાંથી ખસો જવું-જવું રહેવું = કોઈ સત્તા કે કાબૂમાંથી મુક્ત થવું; કોઈના ધ્યાનમાંથી કે કબજામાંથી છટવું.

૪. પું. કાવતરું; તરકટ.

૫. પું. કોઈ ચીજ પકડવાને કે ઝડપવાને તાકીને બેસવું તે.

૬. પું. ખર્ચ.

૭. પું. બાનગી વાત.

૮. પું. (સંગીત) ગાયન ગાતાં કે વગાડતાં એકાદ સ્વરને મૂકી દઈને બીજા ઊંચા સ્વર ઉપર જવાની ક્રિયા.

૫. સ્ત્રી. સોઢાણા જાતિમાં સગપણ વખતે મોરને આપવામાં આવતી દક્ષિણા.

લારીઉદ્ધાર પું. નખદાંતથી એક સાબોદ્ધાર સુધીનો કાપો.

લારુ ૧. સ્ત્રી. કતાર; લાર; હાર.
ખૂડે ખુડાડે લારુંછ પ્રેમાનંદ
૨. ન. આડો સંબંધ.
૩. ન. ઓળખાણ; સગપણ
૪. ન. ઝાખ, લક્ષ.
૫. ન. દોડ, ધાડું; મારગ; સતત લક્ષ; ઝોક.
૬. ન. પક્ષ
૭. ન. ઉદ્દેશ, ગરજ.
૮. ન. વશ
વધો તારે ખલું લારુ, કાર્ય આવું ને વધું.
પ્રા. મ. વલ્લભ
૯. ન. હાથવણાટ સાળનું એક ઓજાર.

લારે ૧. [હિ.] સ્ત્રી. નહાનો વખત મુકામનો તે.
૨. અ. ઓરડામાં, હારબંધ; હારે.
૩. અ. ટોળે; બાડે; બબ્બાઓનાં ટોળાં સાથે ભળ તે; સબવારે; ટોળાબંધ
૪. અ. પછવાડે; પાછળ.
૫. અ. સાથે; સમાધે.

લારોલાર ૧. વિ. અસબબ; બાહોલાહ.
લારોલાર બાવા રાતાં રે લારોલાર દુઃ ને બાયાં
મેઘાણી
૨. અ. હારબંધ.
બે કોરા લખ આ સાત હાર,
કાઠડાવાળી ઊભી લારોલાર.
નરસિંહ મહેતા

લાલ ૧. પું. એ નામના એક હિંદી કવિ.
૨. પું. એક જાતનો ઘોડ.
૩. પું. ગોસાંઈજી મહારાજનો બાળ; શ્રીવલ્લભાચાર્યના પુત્ર.
૪. પું. ઊભ; ઝાકળ; રૂંવાડું; ઝંખરો.
૧. લાલ ઘોડીએ ચડવું = ઠાર કે ગાફેલના કેમાં ઘોલું.
૨. લાલ સાહેબ = ઝંખરી માણસ, ઊભ વરણાગિનો.
૫. પું. ધણી.
૬. પું. નિશાન.
૭. પું. બાળક; છોકરો; પુત્ર; કુંવર.
હરિનો લાલ = ઈશ્વરનો લાડીલો બાળક.
૮. પું. મૂર્ખ માણસ.
૯. પું. લાડ; પ્યાર.
૧૦. પું શ્રીકૃષ્ણનું એક નામ.
૧૧. સ્ત્રી. એ નામની કાઠિયાવાડી ઘોડીની એક પ્રખ્યાત જાત; માધુરી.
લીંબડીની લાલ બીજોરાની કેસર બેટકી બનની ઘોડીઓ તો અહીં હાજર છે. મીરની વાતો
૧૨. સ્ત્રી. મંજીરાના પડામાં વપરાતી ચાર માદેની એક જાત
૧૩. સ્ત્રી. ચોપાટની રમતમાં જે કકડી બધી તરફ ફરીને વચલા ખાનામાં પહોંચી ગઈ હોય અને જેને કોઈ લાલ ચાલવાની બાકી ન હોય તેવી સોગઠી; પાકેલી સોગઠી.
૧૪. [હિ.] સ્ત્રી. ચૂંક; લાળ; મોમાથી નીકળતી ફીટ.
૧૫. [ફા. લઅલ] સ્ત્રી. માણેકના કરતાં કે મલકનો, રાતું કીમતી પત્થરનું નંગ; ચૂની; રાતા રંગનું નંગ; રાતો મણિ.
અજમાની ગણતી પસૂત, પના પિરં છ લાલ.
નિર્ગુણાનંદ
૧૬. સ્ત્રી. રાતા રંગનું એક પક્ષી, અમદાવાદી પારેવી.
૧૭. સ્ત્રી લાલસા; ઇચ્છા; અભિલાષા
રેવમવર છે તેહનો લાલા અમે છે ભૂપાલ,
પામવું વરા દેવરે,પણ આલા વહી છે લાલ.
ભાલણ
૧૮. ન. ત્રિફળામાં કરમાઈ જવું એક રોગ.
૧૯. વિ. ગુસ્સે થયેલું.
૧. લાલ આંખ કાઢવી કે દેખાડવી = ક્રોધભરી નજરથી જોવું; ગુસ્સે થઈને જોવું
૨. લાલ થઈ જવું = (૧) અધિક સંપર્કવાન થવું; ખાલ થવું (૨) ક્રોધથી તપી જવું. (૩) ક્રોધનો અભિનય કરવો.
૩. લાલ પડવું = (૧) ગુસ્સે થવું. (૨) ગહેનો લાલ કરવો.
૪. લાલપીળા આંખ કરવી = ગુસ્સે થવું.
૨૦. વિ. તપાવેલું.
૨૧. વિ. દઢ; મજબૂતબંધો.
લાલબિલ્ય = ધરૂજ લાલ
૨૨. વિ બડકો થયેલું.
૨૩. વિ. મૂંગુ.
૨૪ વિ. રમતમાં સૌથી પહેલો છતેલો.
૨૫. વિ. રાતા રંગનું; પાંચ માદેના એક વર્ણનું; માણેકના રંગવાળું; રાતું. કેમકે, લાલ એટલે માણેક તે ઉપરથી.
૨૬ વિ. રાતું; લોહિત; ગારકતા; અરુણ; રક્ત; રક્તમય; રતૂમડું; રાતા રંગનું.
૧. લાલ મોઢા કરવાં-થવાં. (૧) પાન ખાવું. (૨) મદ્ય મળવો.

૨૭. વિ. લાડકોડ પૂરનાર કે આપનાર.
૨૮. વિ. લાડીલું; દુલારું; પ્રિય; વહાલું.
૨૯. વિ. સુખી.
લાલ રહો = સુખી રહો.

લાલ ઇંદ્રાયણ [વિ.] સ્ત્રી. એ નામની કુખ્માંડાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; રાતાં ઇંદ્રામણાં; મુકુલા; કાકપાલમા; કૌંદલ.

લાલક [સં] વિ. લાડ લડાવનાર

લાલકણ ન જેનાથી લોહીનો રંગ રાતો દેખાય છે તે; રક્તકણ; રક્તપિંડ; 'રેડ બ્લડ્સેલ.'
લોહી એ જાતનાં કણોનું બનેલું છે, તેમાં મુખ્ય લાલ કણ છે. શારીરવિદ્યા

લાલકબૂતર પું. તાર માટે મેમલમાં વપરાતો એક સાંકેતિક શબ્દ.

લાલ કસ્તૂરી સ્ત્રી. એક જાતનું પક્ષી; ધોળા મળ્યાવાળું જીવલ નામનું પક્ષી

લાલ કંચન ન. એ નામનું એક ઝાડ; કંચનાર; કનરાજ.

લાલ કિતાબ ૧. સ્ત્રી એ નામનું પુસ્તક. મુશ્કેલીના વખત માટે મૂર્ખ અને અભણ માણસો તે વાંચે છે.
૨ સ્ત્રી. સદર્ભગ્રંથ; 'રેફરન્સ બુક'.

લાલખાન પું. લાલજહાંનના વખતમાં થયેલ એ નામનો એક ગવૈયો

લાલગુલાબ ૧. ન. ગુલાબની જાતનો એક છોડ. 'રેડ પોપી'. તેનું ઊગમસ્થાન યુરપના ભધ્ય ભાગો અને કશ્મીરનાં ખેતરો છે. તેનાં ફૂલો રાતાચોળ રંગનાં અને સુંદર હોય છે તેની પાંખડીઓની અંદર ઝેરી તત્ત્વ બિલકુલ નથી. તેથી તેનું શરબત અને મુરબ્બો ઝાડી તરીકે અતિસાર અને બીજા ઝાવોને અટકાવવામાં અને બચ્ચાંના કબજિયાતમાં ઉપયોગી છે. હોજરીના ભમાડને લીધે આંખ કાનમાંથી થતા ઝાવોને અટકાવવા એ સારી દવા છે તેનો રસ અફીણ જેવો જ, પણ જરા ઓછો માદક અને ઝેરી છે. તેનાં કૂમળા પાન અને કૂંપળોનું શાક તથા કચુંબર થાય છે. તેના બીજ હોજરીમાં ભમાડ થઈ આંખમાંથી થતા સ્રાવ, કફરોગ, ઝાડા, રક્તનિસાર, અજાર્તવને બંધ કરે છે. બીજ માટે ફ્રેન્ચ્હર અને જર્મનીમાં તેનું વાવેતર થાય છે. તેઓ તેની કેક બનાવે છે. તેના બીજમાંથી તેલ મળે છે તે ખાવામાં અને દવામાં વપરાય છે. તેનાં ડોડવાને સુદ્રિકા કહે છે. કશ્મીરના બ્રાહ્મણો ગોપીચંદન પાણીમાં ઘસી તેના ડોડવા ઉપરના ચટ્ટાર ભપાળાથી કપાળ અને શરીર ઉપર છાપો મારે છે તેથી એ નામ પડ્યું છે.

૨. વિ રાતુંચટક; લાલચટક; લાલચોળ.

લાલગોંડા ન. એ નામનું એક રજાંતરી પક્ષી.
લાલગોંડા શરદ ઋતુમાં અહીં આવે છે.
કનરવ.ચત

લાલઘૂમ વિ અ. ઘેરું લાલ; ખૂબ રાતું, ખાલ ત્રાંબા જેવા રંગનું; લાલચોળ; રાતુંચટક

લાલચ ૧. [સં લાલસા] સ્ત્રી લભ્યવસ્તુ તે, લાભની આશા; લાલસા; લોભ; લોલુપતા; કર્ષક મેળવી લેવાની ભાવના, ઇચ્છા કે આકર્ષણ.
૧. લાલચ આપવી–દેવી = લોભાવવું
૨ લાલચ કરવી–રાખવી = કર્ષક મળવાની ઇચ્છા કે આશા રાખવી
૩ લાલચ દેખાડવી કે બતાવવી = કાબૂ બતાવવો.
૪. લાલચમાં પડવું = લોભ લાગવો; કર્ષક મળવાની આશામાં લોભાવું.
૫. લાલચમાં લપટાવું = લોભમાં પડવું.
૬. લાલચ બૂરી છોડે કિસાબ નહિ = માલીનું મોત ઝાઝે; લાભલોભે લહુ તણાય.

૨. સ્ત્રી. લલચાવે તે; લાલચમાં નાખે તેવી વસ્તુ; લાંચ; લોભાવાને કે મોહમાં નાખવાને જે કંઈ બતાવવું કે આપેલું તે; મોહની, મોહ; લોભથી મોહમાં પડવું તે.

લાલચટક વિ લાલ સુરખીદાર; તેજ મારતી લાલાશવાળું; ચટકદાર લાલ; રાતુંચોળ, લાલમુરખ, લાલચોળ; ઘણું રાતું; રાતું અને ઝળકતું; કસુમ્બા જેવું રાતું

લાલચડી (લાલચડી) ૧. સ્ત્રી. પ્રીતિ
વાલા તમ ઉપર અતિ વારી
લાગી મુને લાલચડી ભારી.
અદા.નંદ
૨. [લાલચ + ડી (ન્યૂનતા વાચક પ્રત્યય)] સ્ત્રી. લાલચ; લાલસા.

લાલચટક જુઓ લાલચટક.

લાલચગેલી સ્ત્રી. ભારમાસી

લાલચવું અ. ક્રિ. લાલચમાં પડવું; લલચાવું
પણ તુજ મોરલા મન લાલચ્યું મારું મન ન્હો
દયારામ

લાલ ચંદન ન. એક જાતનું ઝાડ; રતાંજલી, રક્તચંદન; સેન્ડલ વુડ. આ મોટું ઝાડ દક્ષિણ હિંદમાં મલબાર, મૈસૂર અને કોરોમંડલ કિનારે અને સિલોનમાં ઊગે છે. એના લાકડાની મૂર્તિઓ બને છે. તે કપડાં રંગવા માટે ઉપયોગમાં આવે છે. તે કામોત્તેજક છે. પિત્તનો તાવ, ચામડીનો રોગ અને માથાના દુઃખાવામાં તે ઉપયોગી મનાય છે.

લાલચેપ સ્ત્રી. એક વનસ્પતિ. હિમાલયમાં ૮૦૦૦થી ૯૦૦૦ ફૂટની ઊંચાઈએ તે સિક્કિમમાં ઊગે છે આ ઝાડનાં ફૂલ બહુ સુંદર, મોટા અને ગુલાબી રંગનાં હોય છે.

લાલચિત્રક જુઓ લા.લચિત્ર.

લાલચિત્રા ૧. પું. એક જાતની ક્ષુદ્ર ઔષધિ. સામાન્ય ચિત્રક કરતાં આમાં ફેર મોટો જ છે, અને રાતા ફૂલ આવે છે. બગીચામાં વાવવામાં આવે છે. ખાસ કરીને હિમાલયમાં નીચાણના પ્રદેશના ભાગે છે.
૨. પું. રાતા સીસાપેનમાં વપરાતો એક પદાર્થ.

લાલચુ ૧. વિ. ખાવા કે લોભવસ્તુની ઇચ્છાવાળું; ખાવ કરવા ખાવાપીવાની લાલચ રાખનારું.
૨. વિ. લાલચવાળું; લાલસા રાખનારું; બહુતાવાળું, કોઈ સ્વાર્થ સાધી લેવાની કામનાવાળું; મૂર્ખી; લોભાવિષ્ટ; લોભી; લાલચ રાખનારું; અભિલાષી. મુંબ
૧. લાલચુ પંખા = પંડિત છતાં લોભિયો; લોભી ભટ્ટ.
૨. લોભી ગુરુ ને લાલચુ ચેલા કરે નર્કમાં ઠેલઠેલા = લોભને લોભ નહિ.

લાલચુક (લાલચુકું) જુઓ લાલચુ

લાલચૂસિયું ન. એક પ્રા.રનું જંતુ; કીટક. તે રંગે લા.લ છે. પાંખો ઉપર ઓછે ઠપકું હોય છે. શરીરની નીચલી બાજુ ધોળા પટ્ટા હોય છે. આ કીટકને કપાસિયાની અંદરનો તેલી પદાર્થ બહુ ભાવે છે.

લાલચોળ વિ. ખૂબ રાતું, ઘણું લાલ; લા.લચટક; ચકચકિત લાલ. અગ્નિ જોર કેસૂનો મજીઠ બહુ જ ચખ્ખાતો તે ઉપરથી લાલચોલ અને તે ઉપરથી લાલચોળ કહેવાય છે.

લાલજલાલી જુઓ લાલેજલાલી.

લાલજી ૧. પું. ધૂટણિયે માલતા શ્રીકૃષ્ણની બાળમૂર્તિ; શ્રીકૃષ્ણના બાળસ્વરૂપની પ્રતિમા; બાળક સ્વરૂપે કૃષ્ણ; બાળગોપાલ.
૨. પું દીકરો.
૩. પું વૈષ્ણવ સંપ્રદાયના મહારાજના પુત્ર; ગોસાંઈજીનો પુત્ર; લાલજી મહારાજ, લાલ

લાલટેન ન ફાનસ; હરિકેન, ચિમનીવાળો દીવો, કંદીલ

લાલટોપી સ્ત્રી ભખાર કેદી.

લાલડી (લાલડી) પું ગાના ભૂખરા રંગનો પથ્થર; એક જાતના ઝવેરાતનું નગ; માણેકને મળતો એક લાલરંગનો ઓછો પારદર્શક.

લાલતાગ ૧. પું રાતું કોકડું

૨. પું. સારનું ઝેરકું

૩ પું. હાથીની ગોઠળી આસપાસનું દોરડું.

લાલતાવ પું. એક જાતનો તાવ; ઇન્ફ્લુએન્ઝર; 'સ્કાર્લેટ ફિવર'.

લાલદાસ પું. એ નામે કવિ નર્મદાશંકરના સમકાલીન કવિ અને ગુરુ

લાલપ્રાબો પું. (વહાણવટું) ભરતી સાથ્યુ ઉપરનાં રાતાં રંગાતાં પ્રાણીનાં પાટિયાં.

લાલન ૧. પું. એક પ્રકારનો ઝેરી કીડ.

૨. [સં] પું. પરમાત્મા; વિષ્ણુ; માર્જિક.

૩. [હિં.] સ્ત્રી. આરોગી.

૪. સ્ત્રી. રખાત; માશૂક

૫. ન. પ્રોત્સાહન.

૬. ન. લાડ; લડાવવું તે; પ્યાર, હામમાં કુમારી રાખવું તે; લાડમાં ઉછેરવું કે રાખવુ તે. કુસરાવવું તે; લાડ લડાવવા તે; પંપાળવુ તે.

૭. વિ. લાડ લડાવનું.

૮. વિ. લાલો; રંગીલું; શોખીન.

૯. વિ. સમજાવનું.

લાલનપાલન [લાલન + સં. પાલન (પોષણ)] ન. લાડકોડથી પાળવું તે; ખૂબ આસનાવાસના કરવી તે; પાલનપોષણ; લાડ અને ઉછેર; સારી રીતે પાળવું અને રાખવુ તે; લાડ લડાવવુ અને પાણી પોષીને મોટું કરવુ તે; લાડમાં ઊછરવુ તે.

લાલપ સ્ત્રી. રતાશ; તેજ; લાલ રંગની ચમક; રાતાપણું; લાલાશ.

બદનની લાલપ પર કાળપ છવાઈ રહી હતી
મોહનલાલ પાની

લાલપા પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

લાલપાણી ૧. સ્ત્રી. દારૂ

૨. ન. ઓના અટકાવ વખતે જે લોહી પડે તે.

લાલપાલ ૧. સ્ત્રી. ઓરિયાળા; તમા; દરકાર; શરમ.

૨. ન. લાડ કોડથી પાળવું તે; મોટું કરવું; ને ખુશીમાં રાખવુ તે; ખૂબ આસનાવાસના કરવી તે; લાલનપાલન; લાડમાં ઉછેરવું તે; સારી રીતે રાખવું ને પાળવું તે.

લાલપાલ રાખવી = લાલનપાલન કરવુ

૩. ન. સુમસામ; સહેલાઈથી મળી જાય તેવું; વિના પરિશ્રમે પ્રાપ્ત થઈ જાય તેમ; રસ્તામાંથી મળી જાય એમ; રેઢું; કોઈના રક્ષણ વગરનું

લાલપાલ પડવું = રેઢું પડવુ.

લાલપીળું વિ. રાતું અને પીળુ.

લાલપીળું થવું = ગુસ્સે થવુ; ક્રોધ કરવો; ધુંવાપુંવા કરવુ

લાલપેન પું. કચ્ચાની જાતનું લાલ લાકડું; એક પ્રકારનું લાકડું.

લાલબત્તી સ્ત્રી. ભય જતાવનારી નિશાની, ચેતવણીની નિશાની; 'રેડ સિગ્નલ'.

લાલબત્તી દેખાડવી = ભયથી ચેતવું; કોઈ જોખમનો સંદેશો આપવો.

લાલબમ વિ. લાલચોળ

લાલબાઈ સ્ત્રી. અગ્નિ; અગ્નિ; લાલ. બન્યુ એવા અર્થમાં વપરાય છે.

મેમાનને આદરમાન ન દઈ શકતાં હોય તો મોઢેથી એની મોહબતુંમાં લાલબાઈ.
રમણલાલ

૧. લાલબાઈની ઓકો કરવી = ચોમેર આગ પથરાવી કે ફેલાવી; ચોમેર લાય લાગવી. જેમકે બદોબસ્ત કરવાની કોઈ જરૂર રહી ન હોવી કેમકે, એક દિવસ આપણા ઘર કરતી લાલબાઈની ઓકો કરી ગઈ છે.–કોતુકમાળા

૨. લાલબાઈ મેલવી–લગાડવી = (૧) ઉતારી પાડવુ. (૨) ઓકવું રહેવા દેવુ. (૩) તુચ્છકારવુ. બન્યુ એ અર્થમાં વપરાય છે. (૪) આગી મૂકવું; આગ લગાવવી; આગનું તિરસ્કાર કે ઠપકાળો દર્શાવે છે.

લાલબુખ્યાર જુઓ લાલતાવ.

લાલબુઝક્કડ (લાલબુઝક્કડ) [હિં.] પું. હોંશિયાર માણસ, બીજાના કરતાં પોતામાં વધારે ડહાપણ છે એમ માનનાર માણસ; મૂર્ખ માણસ.

લાલબુંદ વિ. લાલચોળ; ઘણું લાલ; નર્યું લાલ; કોઈપણ રંગના ભેગ વિનાનું શુદ્ધ લાલ.

લાલબૂમ વિ પણ રાતું

લાલબત્ર પું. એકવીસ માંહેનું એ નામે એક નર્ક.

લાલભટ પું. બાદુમતર જાણનાર માણસ, બાદુગર.

લાલભભકો (લાલબ્બકો) વિ. ખૂબ લાલ રંગ હોય એવુ

લાલમ સ્ત્રી. લાલપણું; રતાશ; લાલપ

લાલમનિયા ન. એક જાતનું એક પંખી.

લાલમનીઆ ન. એક જાતનું પક્ષી; રાતું મેનીઆ નામનું પક્ષી.

લાલમલાલ ૧. સ્ત્રી. જિલ્લીદાની રમતની એક જાત.

૨. વિ. ખૂબ લાલ; રાતુંચોળ.

મને રમ્યો લાલમલાલ.
ભાલમિત્ર

૩. વિ. દિલ બહલાવે એવું; મનોરંજક; મઝ, આનંદ કે ઉત્સાહ ઉપજાવે એવું; આનંદી; અંગ કે છતને ખુશ કરે તેવુ.

૪. વિ. કામણું; સુરેખ, સુંદર.

લાલમાટી સ્ત્રી. ગેરુ.

લાલલાડુ પું. દક્ષિણ ભારતમાં થતી એક પ્રકારની નારંગી. તેનું દરેકનું વજન આશરે ૭ ઔંસ થાય છે. ઉપરની છાલ લીસી અને મકમ્રતિત હોય છે. સ્વાદમાં તરસ એનુ વાવેતર થાય છે.

લાલ લશ્કર ન. બોલ્શેવિક સેના, 'રેડ આર્મિ'.

લાલલીલું વિ. રાતું અને લીલુ.

લાલલીલું થવું = ક્રોધિત થવું; ગુસ્સે થવુ.

એક વહ નડેને લાલલીલો થઈ જતો બોલ્યો.
સોરઠી સમરોર

લાલવિલાસ પું (પિંગળ) નાગવિજોગ માંહેનો એ નામનો વર્ણમેળવાળો એક છંદ.

લાલવું સ. ક્રિ. (જૂ. ગુ.) લાડ લડાવવુ; કુલાવવુ કુમાવવુ

બાળપણની લાડિયો, શીખવિયો ન હું ભત.
મેઘરાજજી

લાલશિર ન એક જાતનું પક્ષી. લાલ માથાવાળું બતક.

લાલસ ૧. વિ. આતુર; લાલસાવાળું; લોભુપ.

નયન રસાલસ લોભત લાલસ લાલચુ.
ગીતગોવિંદ

૨. વિ. તલ્લીન

૩. વિ. લાલચુ

૪. સ. અવિલમ્બે

લાલસમુદ્ર પું. આબલમાંડવથી સુએઝ સુધી ફેલાએલો એ નામે એક સમુદ્ર તે લગભગ ૧૪૦૦ માઈલ લાંબો છે અને તેની વધારેમાં વધારે પહોળાઈ ૨૩૦ માઈલ છે. પહેલા તો તે ભૂમધ્ય સમુદ્રથી જુદો હતો પરંતુ સુએઝની નહેર ખોદાઈ જવાથી આ તેની સાથે ભળી ગયો છે. તેના નામ વિષે ગોમડલ પરિક્રમમાં જણાવે છે કે: એને લાલ સમુદ્રનું નામ આપ્યુ છે તે શા કારણથી પડ્યું તે સમજાતું નથી કેમકે, બીજાં કેટલાંકનાં દરિયાઈ પાણીનાં રંગથી એ પાણીનો રંગ કાંઈ જુદો નથી. બ્યલર કહેતાં એમ જણાવ્યું છે, એ નામના મૂળ વિષે જુદી જુદી કલ્પનાઓ છે. કેટલાકનું માનવુ એમ છે કે એ દરિયામાં કોઈ કોઈવાર લાલ ખૂબ જેવા અસંખ્ય નાનાં જંતુઓ જોવામાં આવે છે ને તે દરિયાની સપાટી ઉપર આમ તેમ ફેલાતાં દેખાય છે. તે કારણને લીધે કોઈ વખતે મુસાફરે તે નામ આપ્યુ છે. કોઈ એમ પણ કે છે કે, એ દરિયો સારો નથી ને એની સપાટી નીચે પરવાળાનાં બેશુમાર ખડકો છે તેને લીધે કોઈ કોઈવાર પાણી રતાશ મારે છે. બીજાઓનો મત એવો છે કે, અમુક જાતના

દરિયાઈ લાલ ઝોક્ષ થાય છે તેનાં ઝીણાં ઝીણાં તતુઓ પાણી ઉપર પસરાઈ જઈને પાણીમાં લાલી પેદા કરે છે ને તે રંગ ઝાઝીવાર ટકતો નથી. ટૂંકામાં એ નામને માટે ફક્ત અટકળ કરવામાં આવે છે.

લાલસા ૧. પું. (પિંગળ) એ નામે અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, નગણ અને ચાર રગણ મળી અઢાર અક્ષરો હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. [સં. લસ્ (ભ્વાદિ)] સ્ત્રી. આશા; ઉત્કટ ઇચ્છા; કામના; મરજી; આતુરતા; અભિલાષા; ઉમેદ; ઉત્કંઠા; તૃષ્ણા.

૩. સ્ત્રી. ઝંખિણીનો મનોરથ; સમજમાં ન આવે એવી ઇચ્છા; ગર્ભિણીનું દોહદ.

૪. સ્ત્રી. પસ્તાવો.

૫ સ્ત્રી. યાચના; માગણી.

૬ સ્ત્રી. લાલચ; લોભ.

૭. સ્ત્રી. વિષયેચ્છા; હવસ

લાલસાદા વિ. અમદાવાદી મલરની એક જાતનું નામ.

લાલસી ૧. વિ. ઇચ્છા કરનાર; ઉત્સુક.

૨. વિ. લાલચુ.

લાલસીરસ ન એક ઝાડ; રક્તચંદન. ગોમાસામાં બી વાવી નવા રોપ કરાય છે. તેને જુલાઈથી સપ્ટેમ્બર સુધી લાલ ફૂલ આવે છે. તે ઝાડ ૧૦૦ ફૂટ ઊંચું વધે છે. તેના લાકડામાંથી ખેતીનાં હથિયાર તથા લાકડાનાં પૈડાં બનાવે છે.

લાલસુખે ૧. વિ. અતિરક્ત; લાલચોળ; બધું જ લાલ.

૨. વિ. ગુસ્સાથી લાલ બનેલું.

૩. વિ. તપાવીને લાલચોળ કરેલું.

લાલા ૧. [હિં.] પું. ઉત્તર ભારતમાં અમુક જાતિના લોકનાં નામ પૂર્વે લગાડાતો આદરવાચક શબ્દ; પંજાબ તરફ વડીલને માટે વપરાતું એક સંબોધન. માન કરીને આપને માટે તે વપરાય છે.

૨. પું. કાયસ્થોનું એક ઉપનામ. તેઓ ભટ્ટેલા, દોશિયાર અને ક્ષોખીન હોવાથી લાલા કહેવાય છે

૩. [ફા.] પું. ગુલાલ; એક ફૂલ.

૪. પું. નકલ કરનાર માણસ. લખનાર.

૫. [હિં.] પું. નાણાવટી; શરાફ

૬. પું. પ્રમેહના દસ માંહેનો એક પ્રકાર. તે દુઃખી થાય છે.

૭ પું. ભટ્ટજી; મથુરાવાસી ચાહ્યસ્વ

૮. પું. મુખ્ય નોકર

૯. પું રંગીલો, શોખીન માણસ; લાલાઈવાળો કક્કા પુરુષ; શહેરી; મોજશો આદમી; છેલ.

મુલ્લાન કે મક્કા, દિલ્લી કે લાહોર, સુરત કે ભાઈબાળ એ સબ ઝીખ મંગને વાલા.

લોકોક્તિ

લાલ લહેરી = શોખીન આનંદી માણસ.

૧૦ પું. રાજા.

૧૧. પું. વહાલો દીકરો.

૧૨. પું. ખિસ્સું.

૧૩. પું સદ્‌ગૃહસ્થ; સારો માણસ; સજ્જન.

૧૪. પું. સમરો.

૧૫. પું. સાદેપ.

૧૬. પું સ્વપતિનાં વસ્ત્ર પહેરી તેનું અનુકરણ કરવું તેવો ભાવ.

૧૭. સ્ત્રી. કચ્છીઓની એ નામની એક અટક.

૧૮. સ્ત્રી. પટાની અંદર રહેલું લોલક.

૧૯ સ્ત્રી. મોંની લાળ; સારી ચીજ દેખીને મોઢામાં આવતું પાણી; થૂંક.

શુક્ર શોણિત, પલ, મજ્જા, મેદ, અસ્થિ, ત્વચા, નખ, લાલા, સ્વેદ. ભીમ

૨૦. ન. એ નામની અટકનું માણસ.

૨૧. વિ. એ નામની અટકનું.

૨૨. વિ. ડાપટીપિનો; કક્કા; વરણાગિયો.

૨૩. વિ. રખોલા; વધેષ્ટધારી.

લાલાઈ ૧. સ્ત્રી. અક્કડલાજ; ખોટી મોટાઈ.

૨. સ્ત્રી. ઉલપણું; ઉલકી; ઠાકડાઈ; બાંકાઈ; રંગીલાપણું; વરણાગી; લાલાવત.

૩. સ્ત્રી. રતાશ.

જળમાં પોતાં પોતા જળની લાલાઈનો રંગ ઊપજે છે. દયારામ

૪. સ્ત્રી. શૌકાઈ.

લાલાકડા ન. એ નામે એક જાતનું રેશમી કાપડ. મુંબઈના સુતરમાંથી કોણી, ગોરાઓ અને બોમ્બઓ જુદી જુદી જાતનાં રેશમી કાપડ જે મલકે કહેવાય છે તે તૈયાર કરતા. જેવા, ખાસ પટા, બાંધણાવાડી, લાલાકડ, ચીનકર્ણ, કતારીઆ ચાંદ અને નીરજલહાડી. આ રેશમ મારાન, મરકત અને બોખા ખાતે ચડતું.

લાલાકુંડ પું. એ નામનો જબાસી માહેનો એક નરકનો કુંડ.

જે માણસ જિનાણનું અથવા જિનાણથી આજીવિકા ખાનારનું અન્ન જમે તે માણસ પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો સુધી લાલાકુંડમાં વસે છે.

જામવટી જામવત

લાલાગંથિ સ્ત્રી. લાળગ્રંથિ.

લાલાજી ૧. પું. પુરુષમિજાજ કક્કા; કક્કા કે વરણાગિયા થઈને ફરવું અને રહેવા કે વ્યવહાર તરફ બેદરકાર રહેવું એવી વૃત્તિનો માણસ; કક્કા પુરુષ; રંગીલો; લાલાઈવાળો પુરુષ; છેલ; વરણાગિયો.

લાલાજી કરવું = (૧) માર મારવો; પૂજા કરવી; પુરુષમિજાજ કાઢી નાખવો. (૨) રડાવવું, આડોડાઈ દૂર કરવી.

૨. પું. ડિટેક્ટિવ નરવીર લાલા લજપતરાય ને માટેનું ઉદ્‌બોધન.

લાલાજી દિવસ = લાલા લજપતરાયની મરણતિથિ.

૩. જુઓ લાલા

લાલાલટક ૧. પું. આલિંગનનો એક પ્રકાર; બંને જણ મેળવી આલિંગન કરવું તે.

૨. પું. આળસુ માણસ.

૩. પું. શૌચની નજીકમાં રહેનારો અને તેની જગ્યા ઉપર ધ્યાન રાખનારો સેવક.

૪. વિ. કાર્ય કરવામાં અસમર્થ હોવાથી સ્ત્રીનું મસ્તક જોનારું; પત્નીના આશ્રય ઉપર ગુજરાન ચલાવનાર.

૫. વિ. નકામું.

૬. વિ. નસીબનું; ભાગ્યનું.

૭ વિ. બદનસીબ સંબંધી; નસીબ સંબંધી.

૮. વિ; વિધિના લેખ ઉપર ભરોસો રાખનાર; ભાગ્યાધીન.

૯. વિ. સાવધ; હોશિયાર.

લાલાઠા પું. (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં બાર માત્રા અને બીજા અને ચોથા પાદમાં અગિયાર તેમ ચાર ચરણે મળીને કુલ ચોવીસ માત્રા આવે છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, અને ૨૧ માત્રાએ તાલ આવે છે

લાલાતાણ ૧. સ્ત્રી. અપમાન; અપકીર્તિ; નામોશી.

૨. સ્ત્રી. જેમાંથી મુશ્કેલીએ પૂરું થવા જેવો પ્રસંગ.

૩. સ્ત્રી. નાલેશી ભરી મુશ્કેલ સ્થિતિ. હે લલા! તું તાણીને ઊપર લે તો બચાય! એવા વાર્તા પ્રસંગ ઉપરથી આ પ્રમાણે કહેવાય છે.

લાલાતાણ થવી = નાલેશી ભરી મુશ્કેલ સ્થિતિમાં મુકાવું

લાલાધ પું. ફેફસું; વાઈ. મૂત્રી: 'ફિરંટીરિયા'.

લાલાપિંડ જુઓ લાલાગ્રંથિ.

લાલાભક્ષ ૧. ન. એ નામે અઢારમો નરકકુંડ. જે લોકો દેવતાઓને ભોગ ધરાવ્યા વિના જમવા

અતિથિઓને ભોજન કરાવ્યા વિના પોતે ભોજન કરી લે છે તે આ નરકમાં જાય છે.

પોતાના ભર્તુની જે થાર રે,
પાપી તે શું કરે ભ્રભિચાર રે;
તેહ પામે જમદૂત ત્યાંઈ રે,
નાખે નરક ભાલાભસ્કમાંઈ રે

નિષ્કુલાનંદ

૨. ન. (પુરાણ) જે માણસ પોતાની ઓને પોતાના રેતનું પાન કરાવે છે તેને પ્રાપ્ત થનારું નરક.

લાલા ભગત ૧. પું. એ નામના ગોહલમાં થઈ ગયેલ એક પ્રખ્યાત ભોગી ભક્ત. તેની સમાધિ ગોહલ શહેરની હદ છોડતાં ભોપાવદરની સડક મગલેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલી છે.

૨. પું. એ નામના સાવલાના એક સંત પુરુષ. તે જ્ઞાતે વાણિયા હતા. તેમનું વતન સિધાવદર હતું. તેમનામાં ભક્તિભાવ બાળપણથી જ હતો.

લાલાબાઈ પું. વાણિયાને માટે વપરાતો શબ્દ.

લાલામેહ પું. એક જાતનો પ્રમેહ; તંતુમેહ; તારમેહ. આમાં લાલ તાંતણા જેવો ચીકણો પદાર્થ શિશ્નમાર્ગ નીકળે છે. આ પ્રમેહ કફજન્ય છે. તેના ઉપર ચંદ્રપ્રભા ગોળી વપરાય છે.

લાલાયિત ૧. વિ. આતુર; ઉત્કંઠ.

૨. વિ. લલચાયેલું.

૩. વિ. સ્વાદથી મોંમાં પાણીવાળું.

લાલા લજપતરાય પું. હિંદ કેસરી નરવીર લાલાજી. આ પંજાબકેસરી લાલાજીનો જન્મ પંજાબના લુધિયાના જિલ્લાના જગરાન ગામે ઈ. સ. ૧૮૬૫માં થયો હતો. એમના પિતાનું નામ રાધાકિશન હતું. તેઓ ઉર્દૂના શિક્ષક હતા. વકીલ થઈને સાથોસાથ લાલા લજપતરાય સેવાનું કાર્ય કરવા લાગ્યા. એમણે 'દયાનંદ એંગ્લો વૈદિક કોલેજ' સ્થાપી, નિરાશ્રિત માટે આશ્રમો સ્થાપ્યાં અને રાષ્ટ્રીય મહાસભામાં જોડાયા. ઈ. સ. ૧૯૦૬માં એમને રેશનિસ્ટ કરવામાં આવ્યા પણ થોડા દિવસોમાં એમને છોડી દીધા. તે પછી ઈ. સ. ૧૯૧૪માં અમેરિકા ગયા. દેશસેવાનું વ્રત તો વિદ્યાર્થી હતા ત્યારથી જ એમણે લીધેલું હતું. વકીલ થઈને જ્યારે એ કમાવા લાગ્યા ત્યારે પણ ગરીબો માટે, શિક્ષણ માટે એ પૈસા આપતા. એમણે એક કોલેજ સ્થાપી, દુષ્કાળગ્રસ્તોનિવારણનું કામ કર્યું અને રાજદ્વારમાં જોડાવા માટે હદપારી ભોગવી હતી. પણ તેઓએ તો અમેરિકા જતાં પહેલાં સેવાનો અડગ નિશ્ચય કરી નાખ્યો. હિંદુસ્તાનથી બાર હજાર માઈલ દૂર અમેરિકામાં પાંચ વર્ષ સુધી રહી દેશની સેવા કરી. હિંદુસ્તાનની હકીકત રજૂ કરી. પત્રિકાઓ વડે જોરશોરનો પ્રચાર કરવા લાગ્યા. વિદ્યાર્થીઓને મદદ કરી, પુસ્તકો લખ્યાં. એમનાં અંગ્રેજી પુસ્તકો 'તરુણ ભારત' જે તેમણે અમેરિકામાં જ પ્રસિદ્ધ કર્યું હતું અને દેશમાં આવીને, 'ધ્રુખી હિન્દ' નામનું બીજું પુસ્તક એમણે બહાર પાડ્યું તે છે. એમનાં લખેલા જીવન ચરિત્રો પણ વાંચવા જેવાં છે. જીવનભર દેશસેવાનું વ્રત ઝીલનાર લાલાજીએ સાથીઓ તૈયાર કરવા માટે હિંદ સોકસેવકસમાજ નામે સંસ્થા સ્થાપી. લાલાજીને અમેરિકાના વસવાટ દરમિયાન નાણાંની તંગી પણ સખત ભોગવવી પડેલી. હિંદમાંથી કાળા રૂપે દેશ સેવાના ઉદ્દેશ્ય માટે બી એનીબિસંટ તરફથી તેમને મદદ મળી હતી આવી નિર્ધન સ્થિતિમાં પણ દેશસેવાના કામમાં જ આવી રકમ વાપરવા અને પોતે એમાંથી કપડાંની પૂરકથી પેટી, દેશસેવાનો પોતાનો સંકલ્પ સિદ્ધ કરવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. હિંદમાં ૧૯૨૮માં સોરાઓનું કમિશન આવ્યું. એ વખતે સાયમન સહિત તેના મંડળના સભ્યોને પંજાબમાંથી વિરોધ દર્શાવવા વીર લાલાજીએ કૂચ, બખડી બંગલ વગેરે પણ કર્યો ધર્યું. મરણાંતની સરદારી લીધી હતી. તેનો ભોગ અને મહત્ત્વિક વૃદ્ધમાં પુરાતન પુરુષને પણ. ગજબનો તરવો હતો સંગઠનના સરદાર લાલાજીને માથે લાઠીની ઝડીઓ વરસી. આવા લાઠીમાર વચ્ચે પણ ગંભીર ઝંખાપારી અણનમ રહ્યા અને "સાયમનીઓ ચાલ્યા જાવ"નો રણકાર ચાલુ રાખ્યો આ નરવીરનો આત્મા ઈ. સ. ૧૯૨૮માં સ્વરાજનો જપ જપતો જગતો ભણી માટે આ નશ્વર દુનિયાને છોડી ચાલતો થયો. આવી રીતે એ જીવ્યા દેશ માટે અને મર્યા પણ દેશ માટે.

લાલાશ ૧. સ્ત્રી. જેમાં થોડો લાલ રંગનો અંશ હોય એવું તે.

૨. સ્ત્રી. રતાશ; લાલી.

૩ વિ. લાલ રંગનું.

લાલાશાદી વિ. લહેરીપણું

લાલા સાહેબ પું. અક્કડમાજ પુરુષ ઉલ્લેખમાત્રો

લાલાસાવ ૧. પું. કરોળિયાનું જાળું.

૨. પું. કરોળિયો.

૩. પું. મોઢામાં બહુ જ પાણી અને લાળનું આવવું તે.

લાલાં ન. બ. વ. સ્મરણ; ભોગવેલ ભોગ કે સુખનું સ્મરણ.

લાલાં આવવાં = ભોગવેલ ઉપભોગનાં સ્મરણો થઈ આવવાં; સારા સમયની નજરે વખતે યાદગીરીઓ આવવી; સુખના દિવસોની દુઃખમાં યાદી કે સ્વપ્નાં આવવાં.

લાલ લાંતરે અ. ઊંડું ઊંડું સહેજસાજ સમજપણ કે સમજીની સેખવણી હોય તેમ.

લાલિક પું. પાડો.

લાલિત ૧ ન. આનંદ; ક્રીડા; સુખ.

૨. વિ. માનીતું; ચાહેલું.

૩. વિ. લડાવેલું; લાલન પાલન કરેલું; સ્નેહપૂર્વક પાળેલું; પાલન પોષણ કરેલું

લાલિત્ય ૧ [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ આકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, સગણ, રગણ, સગણ, તગણ, જગણ, નગણ અને ગુરુ મળી બારાક્ષર વર્ણ હોય છે.

૨ ન. હાવભાવયુક્ત ચેષ્ટા.

૩. ન. કાંતિ; શોભા; સૌંદર્ય; મનોહરતા; લાવણ્ય; સુકોમળપણું, ખૂબસૂરતી

૪. ન. તરંગ; લલિત કે સુંદર કલ્પના; તરંગવૃત્તિ. 'ફેન્સિ'.

૫. ન. ભાષણ અને કવિતા વગેરેમાં આવતી મજાની સુંદરતા; શબ્દ અને પદની ગોઠવણ અને તેમના અર્થનું સૌંદર્ય; શબ્દ રચનાની ખૂબી તે જણ રીતે કલાની રાકાય છે. શબ્દ લાલિત્ય; પદ લાલિત્ય અને અર્થ લાલિત્ય.

૬. ન. મન હસે કે આનંદિત થાય એવું જે વસ્તુ વગેરેનું માર્દવ ને માધુર્ય તે; લલિતપણું; છટા; ચાતુર્ય.

લાલિત્ય ભાવના સ્ત્રી. સુંદર ભાવના; 'ગ્રેસફુલ કન્સેપ્શન'.

લાલિત્યમય [સં.] વિ. કળામય; સુંદર.

સુરતના વાર ખેલવાની એમની **લાલિત્યમય** લઢણ જોઈને સૌ એ કલારાણીને તેના ઓરા રહેતા.

નવલરામ

લાલિત્યમીમાંસા સ્ત્રી લાલિત્ય સૌંદર્યનું તાત્ત્વિક અન્વેષણ કરનારી વિદ્યા; આનંદ મીમાંસા; રસશાસ્ત્ર, સૌંદર્યશાસ્ત્ર

લાલિત્યવૃત્તિ ૧ સ્ત્રી. વિનોદવૃત્તિ

૨ સ્ત્રી. સૌંદર્યપ્રિયતા

લાલિની ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેને અક્ષરાવલી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, સગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે

૨. સ્ત્રી. વેશ્યા; ગણિકાસ્ત્રી સ્ત્રી

લાલિમા સ્ત્રી. રતાશ; લાલાશ; લાલી; સુરખી.

લાવકપૂર

લ.લિયા ઇંગ્લિશ ન. ઠેઠ ગુજરાતી; અંગ્રેજી અને ગુજરાતી મિશ્ર; ભાંગીતૂટી અંગ્રેજી ભાષા; બજરચીનું ભાંગ્યું તૂટ્યું અંગ્રેજી. લાલિયો એટલે બજરચી ઉપરથી આ પ્રયોગ બન્યો છે.

લાલિયા ટેકણ જિ. ઉત્તમ નહિ તેમ કનિષ્ઠ પણ નહિ અને કામ નભી જાય એવી રીતનું; ક.મચલાઉ

લાલિયા ટેભા પું. બ. વ. મોટા ટેભા; લાંબા ટેભા.

લાલિયા પડાપડ (લ.લિયા પડાપડ) જો. ફડાફડ બોલવું તે.

લાલિયું જમાલિયું જિ. ભાત વગરનું; હિસાબ વગરનું; રેઢિયાળ

લ.લિયો ૧. પું. બંજર; ઠેઠ.

૨ પું. બજરચી.

૩. પું. લાલ કૂતરો કે બળદ.

લાલિયો ધોકો પું. કામચલાઉ ધોકો; મોટો જાડો બજરો ધોકો; ટૂંકી લાકડી.

લાલી ૧. [હિ.] જી. બાળક.

૨. જી. આસામની એ નામની એક નદી.

૩ જી. પંદરમાંનુ સોળક; પંદની ઢોકરી.

૪. જી. તંદુરસ્તી.

૫ જી પારસીની એ નામની એક અટક.

૬. જી ભુલભુલના પીળા નીચેનો લાલ ભાગ.

૭. જી. ભૂકો કરેલ ઈંટો. તે ચૂનામા ભેળવવામાં આવે છે.

૮. જી. મરડામાં પડતું લોહી.

૯. જી. રાતી પતંગ.

૧૦. જી. લાલ ભાખ.

૧૧. જી. લાલાશ; રક્તિમા; કાંતિ; રતાશ; લાલપ; સુરખી.

૧૨. જી. લાલિપાની જો.

૧૩. [સં. લોલા] જી. લાગી; જીભ.

૧૪. જી. વહાલી છોકરી.

૧૫ જી. વીરતા; શૌર્ય.

૧૬ જી શરીરનો કોઈ પણ ભાગ લાલ થઈ જવો તે.

૧૭ જા (જૂ ગુ) સિપાઈ

૧૮. જી સુંદરતા; રમ્ય.

૧૯ જી મુંબાણી ગામડીમાથી સ્વચ્છ લોહીની જે તેજ ને ચળકાટ દેખાય છે તે. સારી તંદુરસ્તીને લીધે શરીર ભાસ કરીને ગાલ ઉપર દેખાતી રાતા અને સ્વચ્છ લોહીની સુરખી તે; નવા, તાજા, સ્વચ્છ અને રાતા લોહીની ચામડી પર દેખાતી ભભક; શરીરમાં તંદુરસ્તીની રતાશ.

૧. લાલી ઝરવી = નવું લોહી આવવું; તંદુરસ્ત થવું.

૨. લાલી જવી = માંદા થવું.

૨૦. જી. ઓનો અટકાવ.

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. જિ. એ નામની અટકનું.

૨૩. જિ. ઉતરનાર.

૨૪. જિ. ઘસવાવનાર.

લાલીલેખે જ. અલેખે; નકામું; ફોગટ; અવૈ.

લાલુ ૧ પું એ નામનો ચેટીચંડનો એક સુત્રિય.

૨. પું ગુરુ નાનકના પિતા કાલુનો ભાઈ.

૩. જી. કટીની એ નામની એક અટક.

૪ જી. ઘોડાની એક જાત

૫ ન એ નામની અટકનું માણસ.

૬. જિ. એ નામની અટકનું.

લાલુડો (લાલુગો) જિ. લાલ રંગનો

લાલેજલાલી જ. શહેનશાહ આલમના વખતનો એ નામે એક ચોપડા આકારનો સોનાનો સિક્કો. તેનું વજન ઝલાલી પ્રમાણે અને ભાવ આદલાબી પ્રમાણે હતા.

લાલેશ્વરી જી. કરમીરની એ નામની એક દેવી.

લાલો ૧. પું. ઉંમર; આકેરાવા; કાકડો માણસ, લડેરી; મનમોજી; ગોખીનો લાલ.

સે સારો અને ભરે હરદાસ = કરે કોઈ અને ભોગવે કોઈ

૨. [સં. લાલ (એક જાતનું કૃમિ)] પું. કરતો, 'કટુલિપ'

૩ પુ. દીપડો

નળ કર કરે વર કરે સેજ આવા,
કર ગ્રહ્યા નળના સ્વરૂપ લાલા.

પ્રેમાનંદ

૪. પું. (જરથોસ્તી) ધાર્મિક ક્રિયામાં વપરાતું એક સાધન

૫. પુ. પારા.

૬. પુ. પારબ્રહ્મ.

કરતાનો આકાર ટ્યુલિપના ફૂલના આકાર જેવો હોય છે તેથી કરતાનું નામ લાલો પડ્યું છે.

સર જે. જે. મદી

૭ પું. ગોબરાનો; મસ્ત; ફક્કડ; ટાપટીપિયો.

લાલોત્પાદક [લાલા + સં. ઉત્પાદક (...)] જિ. લાળ કઢાવે એવું, લાળને લગતું. લાળ ઉત્પન્ન કરનાર; લાળ વધારનાર. આ ગ્રંથોત્પાદક નામના સંચારમા ચાલવાનું હોય તો તેમા બીજા વખત કરતા સોપારી જરા વધારે નાખવું પડે છે. આયુર્વેદનો સક્ષિપ્ત ઇતિહાસ

લાલોત્પાદકપિંડ પું. જેમાથી લાળ ઉત્પન્ન થાય ...

લાવ ૧. પું. આવ.

૨. પું. આત્મોન્નતિ

૩ [સ] પું એક પ્રકારનું પક્ષી.

૪ પું. ઓવિયો; લહાવ; લાભ; ઓવતો; ફોડ; મનનો અભિલાષ; આનંદ; મજા, સુખ; હોંશ; ઉમેદ; ઘડાવો.

જેસ ન લીખો લલિતકળાનો લાવ તે.

કાંત

૧. લાવ લેવગવવો = લાડકોડથી, પ્રેમપૂર્વથી આનંદ કરાવવો

૨. લાવ લેવો = આનંદ માણવો.

૩. લાવમાં આવવું = (૧) આનંદ માણવો. (૨) ભલામણમાં આવવું.

૫. પું. કાપવું તે.

૬. પું. કૂવામાથી પાણી સીંચવાનું ઓરડું; પાણીનો ઓસ ખેંચવાનું રાટવું.

લાવ ચલાવવો = ઓસ ચલાવવો.

૭. પું. જમીનનું એક માપ. એક દિવસ પંદર ઓકર જેટલી જમીનને નહેરનું પાણી પાર્ક શકાય છે તેથી લગભગ તેટલી જમીન એક લાવ કહેવાય છે.

૮. પું. નિશાન.

૯. પું. ભરવાડો ઉનાળામાં ઘેટા ઉપરથી ઊન ઉતારી લે છે તે.

૧૦ પું. મરડો.

૧૧. પું. માંસ.

૧૨. પું. લેણા પેટે અમુક વસ્તુ ભરેલાં તરીકે રાખવામાં આવે છે તે.

લાવ ચલાવવો = દેણદારની મિલકત ઉપર દાવ સાબિત કરવો અને તે લેણા પેટે વસૂલ કરવી.

૧૩. પુ. સત્તા

૧૪ પુ સાવરણી.

૧૫. પું. ઢોરીનું દોરડું.

૧૬ જિ. કાપી નાખતું.

૧૭. જિ ચૂંટી લેતું

૧૮. જિ. મારી નાખતું

લાવક ૧. પું. ચાટણ; ચાટવાની દવા.

૨. ન. તેતરની જાતનું એક પક્ષી; લાવરી.

મેષ, કુક્કટ, કપિંજલ લાવકના સમાન.

ભાવપ્ર

૩. જિ. કાપ કરનાર.

૪. જિ. લણનાર.

લાવકપૂર પું એક વૈદ્યના ચોરસ બંદામાં અફીણનો ગોર અથવા તો કમોદ કે જવનાં ફોતાં ભરી તેની અંદર મૂકેલા શરાબ સંપુટને અગ્નિ આપવો તે.

લાવજા સ્ત્રી. અમુક વસ્તુ લઈ જઈ પાછું લઈ આવવું તે; પાછું લઈ જઈ ફરી લઈ આવવું તે.

લાવજા કરવી = લાવવાની અને જવાની ક્રિયા વારંવાર કરવી.

લાવજૂદ [અ. લા (નહિ) + વજૂદ (પુરાવો)] વિ. ગેરવાજબીપણે; પુરાવા વગરનું.

લાવજ્ઞ ૧. સ્ત્રી નમ્રતા; ધીરજપણું; વિનય; વિવેક.

નજ જીવન રામ બિહારી રે,
લાવજ્ઞમાં હું લેવાણી. અખાનંદ

૨. સ્ત્રી. રાગિણી; લાવણી.

છત્રીસ લાવજ્ઞ રમે વીનાવૃંદને રંગમે.
રોણી-વીનાવૃંદનો ઢાળો

૩. [સં લાવણ્ય] સ્ત્રી. લાવણ્ય, સૌંદર્ય; લચકલચકારી, મૃદુતાપૂર્ણ સુંદરતા; રૂપની મોહકતા.

જો રે અમૂકે લલાટની લાવજ્ઞ. કાલિદાસ

૪. સ્ત્રી. સુંદરણી; બજર.

૫. ન. અથાર; વઘારાણું.

૬. ન. મીઠામાં ગુહ્ય કરેલી ઔષધિ; મીઠું ચડાવેલ ઔષધિ.

૭. વિ. મીઠા સબંધી; લવણનું.

૮. વિ. મેલું.

લાવજ્ઞતા ૧. સ્ત્રી. ભાષાની મધુરતા કે છટા.

તારા મુખની લાવજ્ઞતા મીઠી રે,
મોહન વનમાળી. અખાનંદ

૨. જુઓ લાવજ્ઞ.

લાવજ્ઞતાઈ જુઓ લાવજ્ઞતા.

લાવજ્ઞિ ૧. પું. મીઠું વેચનારો માણસ; મીઠાનો વેપારી.

૨. [સં.] ન. મીઠામાં ગુહ્ય કરેલી ઔષધિ.

૩. ન. મીઠું; લવજ્ઞ.

૪. ન. મીઠું રાખવાનું ઠામ.

૫. વિ. મનોહર; સુંદર; લાવણ્યવાળું.

૬. વિ. મીઠું ચડાવેલ

૭. વિ. મીઠું વેચનાર.

૮. વિ. મીઠા સબંધી; મીઠાનું.

લાવણી ૧. સ્ત્રી. (સંગીત) એક તાલ. તેની માત્રા આઠ છે અને તાલ ત્રણ છે. પહેલી, ત્રીજી, સાતમી માત્રા ઉપર તાલ પડે છે અને પાંચમી ઉપર ખાલી જાય છે. આ તાલ શિષ્ટ સંગીતનો ન હોઈ દક્ષિણનો દેશ્ય તાલ છે તેને દક્ષિણમાં ધુમાલી તાલ કહે છે. એમ પણ સાબ્દ્યું છે કે, દાદરા અને એમટાની દ્રુત પદ્ધતિ કરવાથી આ લાવણીનો તાલ થઈ શકે છે.

૨. સ્ત્રી. (સંગીત) ચતુઃશ્રુતિ ચાર માત્રાનો એક તાલ.

૩. સ્ત્રી. ચલતીનો ઠેકો.

૪. [સં. આલાપન; અપ. લાવણિ] સ્ત્રી. લલકારાય એવી ચર્ચાતી વાતની કવિતા; એક રાગ કે ઢાળ.

લાવણી દક્ષિણી સ્ત્રી. (સંગીત) એક જાતનો તાલ. દા દાદા દાદા દાદા દાદા દાદા એ પ્રમાણે તેની ૨૨ સંજ્ઞા છે.

લાવણીપત્રક ન. સરકારી લેખાનું આસામીવાર પત્રક.

લાવણ્ય ૧. [સં.] ન. ખારાપણું; ખારાશ.

૨. ન. ચતુરાઈ.

૩. ન. તેજસ્વી છતાં કોમળ અદ્ભુતરસપૂર્ણ સુંદરતા; સૌંદર્યનો ઝબકઝબાટ; રૂપની મોહકતા; સુંદર ને મોહક તરવરાટ, નજાકત સુરેખપણું; ઊંડાણ છટાવાળી સુંદર ભભક; સૌંદર્ય; ખૂબસુરતી. લાવણ્ય વગરનો પદાર્થ હીરો નીરસ લાગે છે. લાવણ્યમાં રહેલા એ રસતત્ત્વને અવલોકીને ગુજરાતીમાં સલૂણ, અલૂણ અને સંસ્કૃતમાં લાવણ્ય એ શબ્દો બનાવ્યા છે.

૪. ન. ભાષાનું માધુર્ય; ભાષાની મીઠાશ; વાણીની સુંદરતા; છટા, સફાઈ, લાવજ્ઞ, લચકાજ વગેરે માટે બોલાય છે.

૫. ન. મુખની મીઠાશ.

૬ ન રોગ ૮ પુના બોનવેલ દવનીના પ્રયોગથી સર્જાયેલું એ નામનું ગુલાબનું પુષ્પ. આ દંપતીએ વાંકડિયુ ગુલાબ, ગુલાબી રાજકુવરી, ઊંચકતી ઉષા, સફેદ શ્વેત, શરદની સંધ્યા, સ્વર્ગીય છાયા વગેરે અનેક જુદા જુદા નામની જાતો પ્રયોગથી ઉત્પન્ન કરી છે.

૭. ન. શીલની ઉત્તમતા.

લાવણ્યતા જુઓ લાવણ્ય.

લાવણ્યમય [સ લાવણ્ય + મય (વાળું)] સ્ત્રી. દેખાવડું; લાવણ્યિક; સુંદર.

લાવણ્યમયી ૧ સ્ત્રી એક જાતનો છંદ, લ.વણી.

થોડીવાર નીચું જોઈ, આંખો મીંચી, ઓઉથીજ કુસુમ લાવણ્યમયી ગાવા લાગી.
સરસ્વતીચંદ્ર

૨. વિ. સ્ત્રી. સુંદર; રૂપાળી.

લાવણ્યલીલાપ્લુત પું (પિંગળ) આ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ આ છંદ વર્ણદંડક કહેવાય છે. તેને ઉદ્લાલ છંદ પણ કહે છે. તેમા એક નગણ, આઠ યગણ અને એક લઘુ મળીને ૨૮ વર્ણ હોય છે.

નગણ પરે આઠ યા ને લ અન્તે ધરો,
આપ લાવણ્યલીલાપ્લુતે પાદમા ઠીક.
રણજિતરામ

લાવણ્યાર્જિત વિ. વિવાહ સમયે કન્યાને સાસુ સસરાએ આપેલ ધન.

લાવની જુઓ લાવણી.

લાવર ૧. [હિ] પું. છોડને એક ઠેકાણેથી બીજે ઠેકાણે વાવવો તે

૨. પું. સારી જાતનો ગોળ, જેમકે, લવનો ગોળ.

૩. ન. તેતરની જાતનું એક પક્ષી; લાવરી

લાવર, તેતર, તાર હરણોઈ હાકા કરે;
સાવજ વસ્ત્રા ચિત્કાર રમવા મુરકેય રાજિયા.
લે.કસહિત્ય

લાવરી ૧. સ્ત્રી. એ નામે એક જાતનું પક્ષી, લાવર. તેના પગ રાતા હોય છે, નળી એકાદ ઈંચનો હોય છે, લંબાઈ અર્ધો ફૂટ હોય છે. પક્ષાનો રંગ રતાશ પર હોય છે. માદા ચાર ૪ ઈંડાં મૂકે છે. એ ખેતરોમાં ફરે છે અને બોયાં, ઘાસનાં ઝૂમખાં ને ખેતરોમા રહે છે.

૨. [સં. લાવક; અપ. લાવય] સ્ત્રી. કપાસ વીણવા જનાર સાથેનું નાનું છોકરું કપાસનું નાનું પોટકું ભરી ખેતરના ધણી પાસથી મહત લે છે તે.

લાવરું ૧. ન. એક પખી; લાવરી; તેતરની જાતનું પંખી.

ચાતક, વેતર, હોલ, હોકુ, હોલા, હોલાં, ને લાવરાં
નિઘંટુકા ૧૬

૨. ન. કૂતરાનું કરડવું તે; કૂતરાનું ભસવું

લાવરે નાખવું-બરવું= (૧) કૂતરાએ કરડવું; કૂતરું મારવું. (૨) ગુસ્સામાં બોલવું કે તડવું.

૩. ન. કૂતરાનું ભસવું તે.

૪ ન ક્રોધ ભરેલા શબ્દો, ઉચ્ચાર કે બોલ; ગુસ્સાનો શબ્દ.

૫. ન. લાવરિયુ કૂતરું.

લાવરો પું શિકારમાં વપરાતો એક જાતનો કૂતરો; શિકારી કૂતરો. તે પાતળો અને લાંબો હોય છે.

લાવલદ [અ.] વિ. અપુત્ર; નિર્વંશ; જેને કોઈ સંતાનની આશા ન હોય તેવું; વાંઝિયું.

લાવલદ મરવું = અપુત્ર મરવું.

લાવલશ્કર ન. સરંજામ સાથેનું મોટું લશ્કર; સરસામાન અને છાવણી સાથેની ફોજ; બહુ લશ્કર

આ ઉમરાવો પોતપોતાના લાવલશ્કર સાથે મોટા ઠાઠમાઠથી આ પરાંઓમાં રહેતા હતા.
પુરાતત્ત્વ

લાવલશ્કર લઈને-સાથે = બધા પરિવાર તથા સરંજામ સાથે.

લાવવું ૧. સ. ક્રિ. આણવું, લઈ આવવું.

આગણ, બાળક ને બહિપતિ, ચોથી ઘરની નાર, સમજ્યા સમજે નહિ, લાખ, લાવ ને લાવ. લોકગીત

૧. દીલું લાવવું = અસર કરવી કે અધિકાર ધરાવવો.

૨. મનમાં લાવવું – ધ્યાનમાં લેવું

૩ લ.વી મૂકવું-રાખવું = (૧) કેદમાં આણવું; બેસતું કરવું; બેસાડવું. (૨) પકડવી લ.વી રાખવું. (૩) બચ ન બેસતું હોય તેને કેદમાંથી બહાર આણવું.

૨. સ ક્રિ. આયાત કરવું.

૩. સ ક્રિ. ઉત્પન્ન કરવું

૪. સ ક્રિ. ખરીદ કરી આણવું; વેચાતું લઈ આવવું, ખરીદવું.

લાવો નાખવું = સામું આણી દેવું

૫ સ ક્રિ. હાંસલ કરવું

૬. સ ક્રિ. બંધ કરવું, વાસવું

૭. સ ક્રિ. ઓળખ કરવું; રજૂ કરવું. ખ.સ બને તેમ કરવું; હાજર કરવું.

૮. સ. ક્રિ. સમાવેશ કરવો.

લા.વસાટ ૧. પું. કંટાળો

૨. પું સુખનો લહાવો; રવાઇ.

લાવા ૧. પું. ચોક ખાતનું પક્ષી.

તે બધાને બોધિસત્ત્વોનો **લાવા** પક્ષીના કુળમાં જન્મ થયો હતો. જાતકકથા.સંગ્રહ

૨. પું. ગાઢર ઉપરથી ઊન કાતરી લાવનાર ભરવાડ. જેમકે, હજુ લાવા આવ્યા નથી.

૩ પું. મરનાર પાછળ બરસી, ઠમ.સી, ઠો વગેરેમાં લાકડી, પડીમાં વગેરે આપવાની રીત.

૪. [અં] પું. જ્વાળામુખી કાટની બખને વહી જતો ગરમ પ્રવાહી; ભગતા પહાડમાંથી નીકળતો ધગધગતો રસ.

૫. પું શેકેલ અનાજ; ખાખી.

લાવારસ ૧ પું. વારસ બનવાનું મ.લમ

૨. વિ. વહુંસાર.

આ.ી **લાવારસ** પ્રજામા હિતની ઘણી ખરી ગતિઓ છે. નવલરામ

૩ જુઓ લાવા ૪.

લાવારસી વિ વારસ વિનાનું.

લાવારિસ ૧. પું. માલિક કે ધણી વગરનો ઢોરગ.ર, 'ડેડલેટર'.

૨. [અ] વિ. વારસ વિનાનો; અપુત્ર; નિર્વંશ; મલિક વગરનું, બીનવારસી; લાવારસ.

લાવારિસદા વારિસ બનકર,
ખિદમ્ત રાજ્ય ઝાંસી આખ્યા. પ્રવાસી

લાવારેસ વિ. કાબેસર નહિ એવું; કાયદા વિરુદ્ધનું

વારેસ અને **લાવારેસ** બાબતોના હકો સમાન હોય છે. સમાજ સ્વાસ્થ્ય

લાવાલેતરા ક્રિ પુ ત્રિરો

લાવ લાવ – ચડીચૂવાળી કરવી.

લાવાલેવા જુઓ લાવ-લેવા

લાવાં પુ ત્રિ ... કતનું પ્રે ...

લાવાંત્રખાં ! ન. બ બ. ગુજરાતને લીધે મેળ વગર ! બોલાતાં વાક્યો.

૨ બ બ બ ગુનામાંથી બચવા માટે ગુનેગાર ઘડવિનાના વચનો બોલે છે તે.

૩. બ બ બ. બેજાનમાં નકામુ બોલ્યા કરવુ તે; બંતાકડે માણપાતની માફક માલુમ બોલે છે તે, સન્નિપાત જેવા વ્યાધિમાં થતો બડબડ, બકવા; લવારો અને બબડવા.

તે બંતાકડે લાવાંત્રખાં કરતો હેઠ મૂકે પણ એના કલ્યાણમા લેશમાત્ર સંશય રાખવો નહિ. વચનામૃત

લાવાં ઝાંખરાં ન. બ. ઘ આડી ફાંકા.

લાવું ૧. [સં. લુ] ન. બચકું; બકડું; કૂતરાનું કરડું; લચકું

બે ચારેક **લાવાં** ચીબાં, બોલ કર લાવવું. પદ્મનાભ

૨. સ. ક્રિ. કટકા કરવા; કાપવું.

૩ સ. ક્રિ. પોતાના વર્ગના કે બીજાઓમાં જબરદસ્ત કરી આપવું; પહોંચવું; પાંટવું; **લલાવું** કરવું; વિદ્યાનવાળાને ભેટ કે બક્ષિસ પહોંચી આપવી, લલાવું; કરે પ્રસંગે પોતાની જાતના સર્વે જણને એક જ જાત કે કીમતની વસ્તુ ભેટ આપવા.

૪ સ. ક્રિ. ના મૂકવી, સગપણ કરવું.

લાસ્ટ કપલ આઉટ [અં.] ન. એ નામની એક રમત આ રમતમાં ભાગ લેનારની સંખ્યા બેકી હોવી જરૂરની છે. આપેલી સંખ્યામાંના એક માણસની ઉપર દાવ હોય છે અને તે બીજા બધાથી-બોધી દસથી વીસ ફૂટ આગળ ઊભો હોય છે. તેનુ મોઢું બીજા ખેલાડીઓનું મોઢું જે બાજુ હોય છે તેજ બાજુ હોય છે. બાકી રહેલા ખેલાડીઓ બે સીધી હારની અંદર બબ્બેની જોડીમા ઊભા રહે છે. એટલે કે એક હારના પહેલા માણસ, બીજી હારના પહેલા માણસ સાથે હાથ પકડીને ઊભો રહે એમ બધા ઊભા રહે છે. આમ ગોઠવાયા પછી જેની ઉપર દાવ હોય છે તે ખેલાડી ' લાસ્ટ કપલ આઉટ ' એમ બૂમ મારે છે. એટલે જેલી જોડીના જોડીદારો છૂટા પડી દરેક પોતાની હારની કોર, બબ્બેની બાજુની આગળ દોડી, દાવ આપનારની આગળ આવી બંને જોડીઓ હાથ મેળવી પાછા ફાસે છે આ દરમિયાન દાવ આપનાર બે માણસના ગમે તે જોડની પાછળ દોડે છે. જેની પાછળ દાવ આપનાર દોડે છે તેની ઉપર દાવ આવે છે અને તે (જેની ઉપરથી દાવ ઊતરેલો હોય તે) જોટો જમાર રમનાર જોડે જોડી બની બીજી આગળ આવી જોડીમાં ઊભો રહે છે. આમ બીજા રમત પછી બધાએ એક એક કપલું પકડવું જરૂરનું છે જેથી દાવ આપનાર અને કુકડી વચ્ચેનું અંતર વધે નહિ આમ રમત આગળને આગળ ચાલુ રહે છે. બાસ ધ્યાન રાખવું જરૂરનું છે કે, દાવ આપનાર જોડી છૂટ્યા પછી કઈ તરફથી આવી, કેટલે પહોંચી તે જોવા પાછળ જોવું નહિ.

લાવો ૧. પું. આણ.

૨. પું. ઝારતો; ઠોડા; બહારો; ઓળિયો.

૩. પું. ઘેટા બકરાંને કાતરવાના ઓજાર. તે સામાન્ય રીતે કરગઠ તથા બાવરવો બહિનો ગણાય છે.

૪. પું. મહાલવું તે; સુખ ભોગવવું તે; ઇચ્છેલા આનંદનો ભોગવટો; ઉપભોગ.

આજના **લાવો** લીજીયે રે કાલ કોને દીઠી છે. લોકગીત

૧. લાવો લેવો = માણવું, આનંદ કરવો.

૨ ઝગડાનો લાવો = કુટુંબનો આનંદ.

૫. પું. લાભ

લાવાલા વિ ઘણું, પુષ્કળ; આવંતા જતાથી વધારે.

તે ખંડની બાડમાં પડી ગયો તેથી **લાવોલા** કાંટા વાગ્યા. વીર દુર્ગાદાસ

લાવા જુઓ લાવ.

લાવિકા સ્ત્રી. કપૂરકાચલી.

લાવીઓ પું. સોના અથવા રૂપાના નાના વાળાનો અર્ધઘોળ ઢાપેલ કરડો.

લાવીઓ વિ (જૂ. ગુ) લબપતિ; લક્ષાધિપતિ.

લાસ ૧. પું. કૂદકા મારવા તે.

૨. પું. ઠીંગા.

૩. [સ. રાશિ] પું. (જૂ ગુ.) ઢગલો; રાશિ

ખરી લેવી પોતાની **લાસ**. કાન્હડદેપ્રબંધ

૪. પું. નાચ

૫. પુ. નૃત્ય નાચ.

૬. પું. રાબડી, ઢાંજ.

૭. સ્ત્રી. પ્રેત.

૮. [દ્વા લા.ચ] સ્ત્રી. મડદું; શબ; લોથ; મૃત શરીર, જનાવરની લ.સ ને માણસનુ મડદું. લ.સ શબ્દ જનાવરનાં મડદાંને માટે વપરાય છે. માણસના

શબ્દને માટે લાસ તેમજ ગડકું, શબ્દ કે લોપ વપરાતુ નથી

૯. સ્ત્રી લક્ષ્મી.

૧૦. સ્ત્રી. (જૂ શુ.) સુખસાહેબી; મોજમઝા.

૧૧. સ્ત્રી. દોલણદનું લાકડાનું ઓઠું. જેમકે, જેડો હજુ લાસ પર છે.

૧૨. વિ. કૂદતું; નાચતુ

૧૩. [અં. લાસ્ટ] વિ. બલાસ; છેલ્લુ, તમામ

૧૪. વિ થાકેલું, નબળુ પડી ગયેલુ.

૧૫. [અં. સૅટ્સ] વિ. ચુકસાનમા આવી ગયેલું; પેઢી બેસી ગઈ હોય તેવુ.

૧૬ વિ બરબાદ; પાયમાલ

લાસ જવુ-થઈ જવુ-થવુ = (૧) અનિરાશ નબળા પડવુ; નખ્યદ જવું. (૨) પાયમાલ થવુ; બરબાદ થઈ જવુ; નકામુ થઈ પડવુ, ખતમ થવુ

લાસક ૧. પું. ઘરનો ઉપલો માળ.

૨. પું. જુગારી.

૩. પું. નટ, નટવો.

૪. પું. મોર; મયૂર.

૫ પું. શિવ.

૬. ન. મઠો; માટલું

૭. વિ. દીમિકાર; ચમકદાનાર.

૮. ■. નાચનાર

૯ વિ. ભેટનાર.

લાસકી [સં.] સ્ત્રી. નૃત્ય કરનારી સ્ત્રી.

લાસડિયો (લાસડિયો) ૧. વિ. ગરીબ; રાંક.

૨. વિ. કરી જાય તેવો, પકડો બચરાવે તેવો

૩ વિ વહેવારમાં કાચો; કેવું તુરત ન ચુકવે તેવો

લાસપ સ્ત્રી. સુંવાળપ; લીસપ.

લાસર સ્ત્રી. ઢીલ; રમણ.જી.

લાસરિયાપણું ૧. ન. કામ કરવામાં ઢીલ નાંખવાની આદત; કામ કરવાની મંદતા, દીર્ઘસૂત્રતા; રમણાદ.

૨. ન. કામકેમણુ ન હોવ તે; અસ્થિરપણું; ચંચળપણું; ચલિતપણું; અસ્થિરતા; કામચોરપણું, ઢંગ ધડા વિનાનુ હોવાપણું; આમ તેમ કરી જવાપણું

૩. ન. બેદરકારપણું; ટાઢાપણુ; ઢીલાપણ; ધીમાપણું; સુસ્તી; ઢીલ કે વાર લગાડવી તે, રમણ.જી

૪ ન બોલ્યુ ન પાળવાપણું; કહેવુ ને કરવુ નહિ તે.

૫. ન. લેણિયાતને જલદી ન આપે તેવી આદત; લેણદારને વાયદા કર્યા કરવાની ટેવ.

લાસરિયાવેડા (લાસરિયાવેડ) જુઓ લાસરિયાપણું.

લાસરિયું ૧. વિ. અચોક્કસ; કામચોરવા વજરનું; ધડા વજરનું, વિવેક વિચાર વિનાનું; ઢંગ વજરનું.

૨. વિ અવ્યવસ્થિત; ઓવુંપોતું

૩. વિ. કરે પણ કરે નહિ તેવું.

૪ વિ. ઘડી ઘડીમાં ફરી જાય તેવું.

૫. વિ. જમા ખર્ચના હિસાબ વિનાનું

૬. વિ. ધીમુ; રમણાદવાળું; ભાગા આપે તેવુ; આપતાં વાર લગાડે કે બહાના કાઢે એવુ.

૭. વિ. લહેરી

લાસવા જુઓ લાકવા

લાસાની [અ. લા (નહિ) + સાની (દ્વિતીય)] વિ. (હિંદી) અદ્વિતીય; અનુપમ; અજોડ; બેનમૂન, ઉત્તમ.

આજે વને હું આ એક એવી ચીજ બનાવત કહું છું કે, જે ચીજ આ દુનિયામાં એક નાયબ અને લાસાની ચીજ બનાય છે.

નારાયણ વિસનજી

લાસિકા [સં] સ્ત્રી. નતકી.

લાસુ ૧. ન. કઠોળ સિવાયનું કોરડધાન્ય બાજરનું અનાજ

૨. વિ કોરું; તેલ લગાડ્યા વગરનું; સૂકું; લપ્પુ લી કે ચીકટ વિનાનું; અંગે વળગે એવુ, મળમાંથી ઝટ ચિતરી ન જતાં ચોટી રહે તેવુ.

લાસમાં ચોટી જવુ = સહેલાઈથી કામ પાર પાડવું.

લાસું ૧. ન. ઢાળ વગરનુ કોરડધાન્ય ગંધેલું અનાજ.

૨. વિ. ઋતુ ફેરફારની અસરને પાત્ર.

૩ વિ. આળસ

૪. વિ. હેવામાં ન સમજે તેવુ

૫. વિ. ધનહીન; રંક; ગરીબ; દરિદ્ર.

૬. વિ. ખાર્યુ ન ખર્ચે તેવું; લોભી.

૭. વિ. ઢીલું; સુસ્તીવાળું; ઝડપવાળું નહિ તેવું

૮. વિ. સૂકું.

લાસુંલપ વિ. બહુજ લાસું; જેને આંગળી લપટી જવાય તેવુ

લાસુંવરણ ન. નરમ ખનત; કાઠિયું વર્ષું નહિ તે.

લાસો ૧ [સિ] પું. ચીકણી વસ્તુ.

૨ પું. પક્ષી પકડવાની જાળ

લાસો લગાવવો = (૧) કજિયો કરાવવો. (૨) પક્ષી પકડવા

૩. પું. પક્ષીની ગરદન.

૪. વિ. લોભી, જેની પાસેથી કાંઈ ન પકે તેવો.

લાસોરી ૧. સ્ત્રી. ચૂડી

૨ સ્ત્રી. ભરાવ્યા લોકો રમત રમવામાં જે આડો પડદો નાખે છે તે.

લાસ્ય સ્ત્રી. (સંગીત) નૃત્ય કળાનો એક પ્રકાર; નર્તન; પ્રેમકોડા અને અવયવોનુ લાવણ્યમય નૃત્ય; નાચ; નાટય; વાદ્ય તથ. સંગીત સાથેનુ નૃત્ય; જુદા જુદા અભિનય વડે જેમાં પ્રેમ અભિવ્યક્ત કરવામાં આવે તેવુ નૃત્ય; નૃત્યના બે મોટામાં એક ભેદ; જેનું નૃત્ય, નૃત્ય શૃંગારરસ પ્રધાન છે. કેટલાક ભાવ એવા હોય છે કે જે માત્ર સ્ત્રીપાત્રને વધારે શોભા આપે છે. મતલબ કે, આ નૃત્યમાં અત્યંત શૃંગારિક ચેષ્ટાઓ, તેમ જ હાવભાવ મુખ, નેત્ર, તેમ જ ભ્રકુટિ દ્વારા પ્રકટ કરવાનાં હોય છે કવિતાની અંદર વર્ણવેલો ભાવ જો શૃંગાર, કરુણા અને વત્સલ જેવા કોમલ અથવા સુકુમાર રસવાળો હોય તો એના અંગમાંથી મોટી રીતે રૂપષ્ટ થઈ શોભી રહે છે માટે તે સ્ત્રીના નૃત્યને લાસ્યનૃત્ય કે જનાનીનૃત્ય કહેવામાં આવે છે. વળી આ નૃત્ય પતિ પત્ની સાથેનું પણ છે. વૃંદાવનની ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા, એ એક પ્રકારનું લાસ્યનૃત્ય છે. સાધારણ રીતે સ્ત્રીઓનું નૃત્ય જ લાસ્ય કહેવાય છે. કહેવાય છે કે શિવ અને પાર્વતીએ સૌથી પહેલાં નૃત્ય કર્યું હતું. શિવનું નૃત્ય તાંડવ કહેવાયું અને પાર્વતીનુ લાસ્ય. આ લાસ્ય બે પ્રકારનું છે: છુગ્ધિ અને યૌવન. સાહિત્યદર્પણમાં જેનાં દસ અંગ બતાવ્યાં છે તેનાં નામ આ પ્રકારે છે: ગેયપદ, સ્થિતપાઠ, આસીન, પુષ્પપ્રકિર, પ્રચ્છેદક, ત્રિગૂઢ, સૈંધવાખ્ય, દ્વિગૂઢક, ઉત્તમોત્તમક અને યુક્તપ્રત્યુક્ત

લાસ્ય નૃત્યમાં વિદ્વાન લોકથી સુંદર મનોરંજક અભિનય સહિત નૃત્ય થાય છે.

સંગીત દર્પણ

લાસ્યકારી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિરાકૃતી છંદનો એક ભેદ છે તેને અદરેખા પણ કહે છે. તેના પાંચ ચરણ મળી ૧૫ વર્ણ હોય છે.

રારરારાર ગાલ, રમ લાસ્યકારી ત્રિરે.

રઘુપિંગળ

લાસ્યનટ્ટ ન. રંગમંડપ

મૂળના મૂરતા લાસ્યગેહે,
રમ રસીલી ! નાચસભા આજ. ગીતગોવિંદ

લાસ્યજાતિ જુઓ લાસ્ય.

લાસ્યનૃત્ય જુઓ લાસ્ય.

લાસ્યપ્રભૂતી સ્ત્રી પાર્વતી

લાસ્યલીલા પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સત્તરીયું વર્ણનો છે.

તેના પહેલા અને ત્રીજા ચરણમા જગણ, સગણ, તગણ, તગણ અને બે ગુરુ એમ બાર અક્ષરો હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં તગણ, યગણ, રગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે.

લાસ્યલીલાલય પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમા તગણ, યગણ, રગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં જગણ, સગણ, તગણ, તગણ અને બે ગુરુ એમ બાર અક્ષર હોય છે.

લાસ્યા સ્ત્રી. નૃત્ય કરનારી સ્ત્રી.

લાસ્યાંગ પું સંગીત સાથે થતો નાચ

લાહ ૧. પું. લાભ; નફો; ફાયદો.
ધંધનનો લીજે લાહ નેમવિજય

૨. સ્ત્રી આકાંક્ષા; ઇચ્છા; ચમક; દીપ્તિ

૩. સ્ત્રી. કૂકડો; કલગ; કૂકળ.

૪. સ્ત્રી. લાખ; જોરજબરી

૫. જુઓ લાપ.

લાહર સ્ત્રી. દીવા વિલમ; વાર; મોડું થવું તે.

લાહવા (લાહવા) ૧. પું. કોઈ પણ કામ રનેહી, મિત્ર પડોશીને સાથે લઈને પૂરું કરતી વખતે અપાતું સારું ભોજન.

૨. પું. ખેતર ખેડવાની શરૂઆત કરે ત્યારે અથવા વાવણી વખતે જો એક જ દિવસમાં કામ પૂરું કરવું હોય તો બેલૂત, સામના બીજા બધા બેલૂતોને એકઠા કરી સામટાં ચાતી જોડાવે છે ત્યારે તે બધાને જમાડવા માટે કરેલ મિષ્ટાન્ન કે તે જમાડવાની ક્રિયા. ૩. પું. પૈસા કે તરવા માટે બધા જરવાડને કામે બોલાવીને જમાડવાની થતી ક્રિયા.

લાહવું ૧. સ. ક્રિ. એક ખેતરમાં આઠ દસ સાથી મળીને ચલાવવાં અને સાંતિયાળાને સાથ જમણ આપવુ

૨. સ. ક્રિ. બહારનો પૈસા કાંતરની વખતે મદદમાં બીજાને તેડી લાવી તેને પૂરતું જમાડવુ.

૩. સ. ક્રિ. સાણી કરવી; સોને સરખે હિસ્સે ને પાંતીએ પહોંચી આપવુ; અમુક વસ્તુ સમાજમાં ભેટ આપવી; શુભ પ્રસંગે ભેટ પહોંચવી.

૪ સ. ક્રિ. સિંહનું શિકાર માટે દોડવું આવવુ

લાહાણી જુઓ લહાણી

લાહાવું જુઓ લહાણું

લાહાર સ્ત્રી. કંપાર; હાર; ઓળ; કતાર; પંક્તિ.
સોનેરા સમરથ તે અઢાર,
દક્ષિત ઘોડાની શ્રીણી લાહાર. સામળ

લાહારવું સ. ક્રિ. મુસાફરી રાખવું; દીલ કરવી; વતન તજવવા.

લાહારો જુઓ લાળો.

લાહાવું જુઓ લાહવુ

લાહાવાં જુઓ લહાવો.

લાહાસિલ [અ] વિ. ફાયદા વિનાનું; બીન જરૂરી.

લાહાળો જુઓ લાળો

લાહિન ન. કરમીરમાં થતુ કેસર. તેને જેમ જેમ લટીએ તેમ તેમ નીકાસ આપનું જાય છે માટે તે કેસરને લાહિત કહે છે.

લાહુડી ૧. સ્ત્રી. એ નામનો એક છોડ.

૨. સ્ત્રી ફળ સરખા.

૩. સ્ત્રી. ખેતર વગેરેના શેઢાને બાહીને બનાવેલો નીચલ પદાર્થ; લાર; કાજ.

૪ સ્ત્રી. જેમાં હમેશ પાણી રહેતુ હોય તેવી જમીન

૫. સ્ત્રી ઢાળા ઉપર ચણી બાંધ

૬. સ્ત્રી. ઘટકડી.

૭. સ્ત્રી. (જુ. ગુ) લહાણી; વહેંચણી.

૮ [ઢિ] સ્ત્રી. લાખ

૯ સ્ત્રી લાખ જેવડો નાનો કીડો. તે ઝાડ ઉપર લાખ ઉત્પન્ન કરે છે

૧૦ સ્ત્રી. કોકેશ અનાજ.

૧૧. વિ. લાખના જેવા રંગનુ.

લાહે ૧. સ્ત્રી. ઇચ્છા; લાગણી
નાનપણમા લાલાવવાની આદતથી લાહે ન હોવાથી તેનો સ્વચ્છંદ રીતે બાર તેર વર્ષ સુધી ભેલતા.
ગુજરાત લાલાવય

૨. જુઓ લાપ.

લાહેરી જુઓ લાવરી.

લાહોર ન. એ નામનું પંજાબનું એક પ્રખ્યાત શહેર; લવપુર; લવકોટ. રામચંદ્રજીના પુત્ર લવે તે વસાવ્યું હોવાનુ મનાય છે.

લાહોલાહ જુઓ લાચોલા

લાહ્ય (લાહ્યક) ૧ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ

૨. જુઓ લાપ.

લાહ્યરી ૧. સ્ત્રી. લાવરી.

૨. સ્ત્રી ત્રિફળાનો અવાજ; લાળી.

લાહ્યા સ્ત્રી કંસારની બાયડી.

લાહ્યાયનિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ; જુનુ ઋષિ.

લાળ ૧. [સ. લાલા] સ્ત્રી અમી; રસ; લાળ; મુખરસ; મોઢાનો ચીકણો પ્રવાહી; ચૂસવું કરવુ તે; મુખભાવ, હોંટ. ખટારા અને ગળપણ જોતાં મોંમાંથી આ પ્રવાહી છૂટે છે. સૂકો ખોરાક મોંમાં નાખી ચાવતાં લાળથી ભીંજાઈ નરમ થાય છે અને પચે છે. લાળ એ એક પાચકરસ છે અને અન્ન સાથે તેનું બરાબર મિશ્રણ થવુ જોઈએ. અપચો કરાવનારો ખોરાક ખાઈએ ત્યારે લાળ તેની સાથે ભળે છે અને તે કરાવનારા પદાર્થનું આંતરમાં રૂપાંતર કરી નાખે છે તેથી જ રોટલા કે રોટલાને આપણે જેમ વધુ ચાવીએ તેમ વધુ મીઠા લાગે છે.

લાળ ગળવા–પડવી = મોંમાંથી લાળ નીકળવી.

૨. સ્ત્રી કરોળિયાનો ચૂસના તંતુઓ.

૩. સ્ત્રી. કાંટાની અણી

લાળ લાગવી = (૧) કાંટાની ણીણી અણી ખૂંચી જવી. (૨) ચક્કરમાં લાગવો. (૩) પ્રીતિ લાગવી; સ્નેહ થવો

૪. સ્ત્રી. કડકાવા કૂતરાનું ઝેર

લાળ ઝાલવી–કેરવી = (૧) કડકાયુ કૂતરું કરડવુ (૨) કડકાયુ કૂતરું કરડેલા માણસનો ચેપ લાગવો; કડકાયા કૂતરાની કરડ્યા વગર જ માત્ર લાળ જ ચોંટવી

લાળચૂતું સ. અદ્ભ વિનનો આદમી; મૂર્ખ માણસ

લાળચિંડ ન. ઓઢામાં ચૂંક પેદા કરનારી રોગણી. લાળચિંડની મુખ્ય ત્રણ જોડી હોય છે: એક બંને કાનની નજીક, બીજી કજની નીચે, અને ત્રીજી જડબાં નીચે હોય છે. આ ઉપરાંત પણ નાની નાની પુષ્કળ ગ્રોથણીઓ આમાં પથરાયેલી છે. આવી ગ્રોથણીઓ ઉપરે નાના ગોળાકાર કાટાવાળી ખારીક નળીઓની બનેલી હોય છે

લાળાલાંતરે સ. બચ્ચે ઉપરે સમયમાં હોય તેમ.

લાળાર્ણીટ ન. ગ્રેરી જનાવરની લાળ

લાળવું સ. ક્રિ. ઓશિયાળા થઈ ને આવુ.

લાળાં ૧. સ. ન. બ. વ. આકાંક્ષા; ઝલાવાલા.

લાળાં ગેરવાં = (૧) આસું પાડવાં. (૧) આકાંક્ષા કરવી. કરગરવુ

૨. સ. ન. બ. વ. એકને બદલે બીજું બોલવું તે.

લાળા ચાવવા = (૧) પ્રત્યુત્તરમા મોટા વાળવા; ખોટો જવાબ કરવો. (૨) લાચારી કરવી; આકાંક્ષા કરવી; ઝલાવાલાં કરવા (૩) વાતનું ખોટું રૂપ આપવુ.

૩. સ. ન. બ. વ. કપટ; ગોટાળો, દગો.

હાથમાં માળા ને પેટમાં લાળાં = ઉપર ઉપરથી સારો દેખાવ રાખી પેટમાં કપટ રાખવુ

૪. ન. બ. વ. ભરવાની ડોકની આજળ જે બે આંચળ હોય છે તે.

લાળાં ચીંદરડી (લાળાં ચીંદરડો) જુઓ લાળાંચીંદરી.

લાળાંચીંદરી જ. એક પંખી એક.

લાળાંચૈડું (લાળાં ચૈડ) ૧. વિ. અટકચાળું. ૨. વિ. ગાંઠાગળાવાળું; ચોંટી ગયેલું. ૩. વિ. વિચિત્ર પ્રકૃતિનું.

લાળિયું ૧. ન. કચ્ચ ભરાવું કચ્ચસહ; તાજ ઉખી. ૨. ન. કાચનો લંબગોળ પારો. ૩. ન. ભરવાની ડોકની આજળ જે આંચળ હોય છે તે. ૪. ન. બાળક માટે સોજા, ઘીની શીરા જેવી ચાની. ૫. ન. રાંધેલા વાસી અનમાં થતા લાળ જેવા જંતુ. ૬. ન. લટકતું રહે એવું એક જાતનું ઘરેણું. ૭ ન. લાળથી બદન પલળે નહિ તે માટે બાળકને ગળે બંધાતું કપડું; બાળકોને લાળથી કપડાનું રક્ષણ કરવા બાંધેલું ગાદી નાખેલ કાપડ ચોરસ. ૮. વિ. જે બાતાં લાળ ચાલે તેવું. ૯. વિ. જેને ઘણી લાળ પડતી હોય તેવા છોકરાં માટે આ શબ્દ બોલાય છે.

લાળિયો પું. કપાસની એ નામની જાત; લાંબડિયો. આ કપાસ લાળની માફક નીચે ઝૂમી રહે છે તેથી તેને લાળિયો કહે છે. આ જાત ઊંચી ગણાય છે. તેમાંથી ઝીણા તાર નીકળે છે. તેનો ઉતાર પણ લાળ જેવો નીકળતો હોઈ તે કહુ આવે છે.

લાળી ૧. સ્ત્રી. આલા. ૨. સ્ત્રી. કાનની નીચે લબડતી કુમળી ચામડી. ખટ. ૩. સ્ત્રી. ચોર લોકો શુકન પકડવા માટે રાતના વખતમાં સમી સાંજે સિયાળિયાં બોલે તેવી રાહ પાડે તે. ૪. સ્ત્રી. ખૂબ. પશુ પંખી અને તેમાંય આસ કરીને શિયાળની ખૂબને લાળી કહે છે.

> લાળી જેવ કળાયે, જબલા લાળી થામ;
> પરસ્ત્રયણી એમ ભાખે, એ સંપ દ્વારકા ન લાય.
> ૪ કવિ

લાળી કરવી = (૧) અટકચાળો કરવો. (૨) ચોર લોકોએ સંકેત પ્રમાણેની ખૂબ પાડવી. (૩) શિયાળનું બોલવું; કકો કકો એવી ખૂબ પાડવી.

૫. સ્ત્રી. રજેસ્રાવ. પશુને માટે બોલાય છે. ૬. સ્ત્રી. લાળ. ૭. સ્ત્રી. બાલક; બંટની જાત; ઘ.સી

લાળું ન. જેનું વજવાના હાથાનો નીચેનો ભાગ.

લાળે લાંતરે જુઓ લાળ લાંતરે.

લાળો પું. અંગારો; બળતો કોલસો.

> એને મૂકી જે બીજાને બજરો,
> તેનું કાળે લાળે કરમ ધસું. નરસિંહ

૧. તને શું આપે ? લાળા ? = તને કશું ય ન આપ.

૨. લાળા ઊડવા = અતિશય બળતરા કે ચિંતા થવી.

લાલચ સ્ત્રી શિયાળનો પોકાર; લાળી.

> આશ્વમણી દરયેથી શિયાળિયાની લાલચ સંભળાણી. દાદાજીની વાતો

લાલચ પાલચ [પ્રા.] સ્ત્રી. લાલનપાલનનો ભેદભાવ.

> લાલચ પાલચ કરે જદુ ધનપતિ. નરસિંહ

લાંક ૧. પું. કોર.

> મારા દાદાનુ દીમલ ભેરીયુ રે બાઈ,
> મારી માતાની આપેલ લાંક હો.
> રઢિયાળી રાત

૨. પું. જરબો. ૩. પું. પક્ષીની ડગર. ૪. પું. પગની પાટલીનો તળિયા વચ્ચેનો ભાગ; પગની વચ્ચોવચ તળિયે માર્ક રહે છે તે જગા. ૫. પું. પરિમાણ. ૬. પું. પાતળી વસ્તુનો વાંક કે મરોડ ૭. [હિ.] પું. ઓજારોથી કાપેલ બહિ અથવા ખીલ્લે એવો કાણો; તાકો સળિયો પાક. ૮. પું. વાક; કમરનો વાક કે મરોડ. ૯. પું. લંબડો માણસ. જેમકે, ૫ ૬ સાહેબ આવ્યા.

લાંકવું અ. ક્રિ. પગ ખોડંબવો; લૂલું ચાલવું.

લાંખવું અ. ક્રિ. (જૂ. પ્ર.) નાખવું; પાડવું.

> લાંખ્યા હત દમ્માયર તુરિ.
> સાતી વસ્તુ તે વહિ ચિલ્લિ કરી.
> લાવણ્યસમય

લાંગ ૧. પું. એક જાતનું વટાણા જેવું કોળ. એનો દાણો વટાણા જેવડો પણ જરા ચપટો થાય છે. એ ગરમ જિલ્લામાં થાય છે. બધા વખતથી તેનું ઉખ્ખુ અને ઉપઉખ્ખુ પ્રદેશોમાં વાવેતર કરવામાં આવે છે. તેનાં બી વટાણાની પેઠે રાંધી, દાળ બનાવી કે તેના ઓટલા લાડુ બનાવી ખવાય છે. તેમને રાંધીને ઢોર તથા પોડાઓને પણ ખવડાવવામાં આવે છે. પરંતુ તેમાં એક જાતનું ઝેરી તત્ત્વ હોવાથી જો તે વધારે પ્રમાણમાં ખવાય તો લકવા જેવું દરદ થઈ આવે છે. તેમાં વટાણા જેવો સ્વાદ હોવાથી માણસ તથા ઢોર તેમને હોંશથી ખાય છે. પણ તે માટે બહુ સાવચેતીની જરૂર છે. ઘોડાઓને તેથી લકવો થવાના ઘણા દાખલા નોંધાયા છે. ખૂબ ઊકળવાથી ઝેરી તત્ત્વ ઘણે અંશે નાશ પામે છે. તેનું તેલ બાર્બડર રેચક ગણાય છે.

૨ પું. લાંબો માણસ.

૩ સ્ત્રી. ઉતરડ; ઉપરા ઉપર વાગણ ગોઠવવાં તે.

૪. [હિ] સ્ત્રી. લંગોટ; કાછડી; કાછોટો.

લાંગ મારવી = પોતિયાંનો છેડો પાછળ ખોસવો.

લાંગર [ફા. બજર] ન. લંગર; વહાણ થોભાવવાની બિલાડી; નંગર.

> વિવેક કૂપમાં લાંગર કરીલ. ભીમ

લાંગરવું ૧ સ. ક્રિ. બાંધવું.

> હસ્તી સાંબ લાંગર્યા. પ્રેમાનંદ

૨. સ. ક્રિ. લંગર નાખીને અટકાવવું; લંગારવું; વહાણ થોભાવવું; વહાણ ઊભું રાખવું.

૩. સ ક્રિ. સલામ કરવો.

લાંબરા પું. આંબાની એક જાત.

લાંગરાવવું ૧ સ. ક્રિ. થકવવું.

૨. સ. ક્રિ. મારવું

લાંગલ ૧. પું. એ નામનો વૃક્ષ

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અંતરિક્ષકુળમાં થયેલા શુદ્ધોદનાદિ રાજાનો પુત્ર. એને પ્રસેનજિત નામનો પુત્ર હતો.

૩. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય નદી.

૪ ન. એક જાતનું ફૂલ.

૫ ન. ઘર બાંધવાનું સાધન.

૬. ન. ચંદ્રની એક કળા.

૭ ન. તાડનું ઝાડ

૮. ન. હળર.

૯. ન. સ્ત્રિ; પુરુષની જનનેંદ્રિય.

૧૦. [સં.] ન હળ

૧૧. ન. હળના આકારનું સાધન.

લાંગલી ૧. પું. ઉપવિષવર્ગ નામના સમૂહની એક ઔષધિ.

૨. પું. કલિંગારી નામની ઝેરી વનસ્પતિનો છોડ.

૩ પું. નાળિયેરનું ઝાડ.

૪. [સં. લાંગલિન્] પું. બળરામ.

૫. પું સ્તનેંદ્રિયો.

૬. પું. સર્પ

૭ સ્ત્રી ઋષભક નામની અષ્ટવર્ગીય વનસ્પતિ.

૮. સ્ત્રી. એક જાતનું કરિયાતું; કડવાં; દેશી વૈદકમાં અજાવેલ નવ માઠેનું એક ઉપવિષ; બહિનો નાશ; સ્નાયુઓને વજનાશ. તેનું ચૂર્ણ ઘણી સાવે વાટી પેઢુ ઉપર લેપ કરવાથી પ્રસવ તુરત થાય છે. ઓર પડતાં વાર લાગે ત્યારે તેનો કલ્પ

હાથ પગનાં તળિયામા બળતરા છે, તથા પીપર અને સાકરજેવું, દાહશામક ગુણે અપાય છે. મૂળને છાશમાં પીસી નાખી પલાળી રાખવાથી તેનું ઝેર ઓછું થાય છે અને સર્પદંશ ઉપર ચઢાવવાથી ફાયદો કરે છે. રામાયણ પ્રમાણે હનુમાનજી લક્ષ્મણની મૂર્છા ઉતારવા આ ઔષધિ લાવ્યા હતાં. તેનામાં મૂર્છા ઉતારવાનો ગુણ છે. એના સેવથી સ્ત્રો ગર્ભ-છોડ પડી જાય છે અને ચામડીના ઘણા દરદો મટે છે. એનાં પાન અને ફૂલ એવાં તો સુંદર હોય છે કે તે બાગમા વાવવા લાયક છે

૯. સ્ત્રી. એક જાતનું શાક.

૧૦. સ્ત્રી. મજ્જાપીપર.

૧૧ સ્ત્રી જલપીપર.

૧૨. સ્ત્રી પિઠવન

૧૩ સ્ત્રી. મજીઠ.

૧૪ સ્ત્રી. મરડી નામની લતા

૧૫. સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી

લાગુર [સં. લાંગૂલિન્ (વાનર)] પું ઋષિ; વાનર

ઋષિ રાજા મૃગ અશ્વિમુખ કીડા ખજંગ લાંગુલ. વાનર કરમાં નાગિયર દેવ વિમાત્ર કુર. પિત્રજલધુરોપ

લાંગુલ જુઓ લાંગૂલ.

લાંગૂલ ૧. પું. એક જાતના ચોખા.

૨. પું. એક જાતનું સ્થાવર વિષ

૩. પું. એક હસ્તથી બના ૨૮ અંશેના એક જાતનો અગ્નિબાણ.

૪. ન. દોઢાર; અજાજાડા

૫. ન. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૬. ન. પૂછડું

લાંગૂલી ૧ [સં.] પું. વાંદરો.

૨. સ્ત્રી. ઔષધ ઔષધિ; રૂપળકા; વજનાગ. રૂપળકાનાં ફુપમાં વજનાગનાં જેવાં રાતાં ચોળીનાં ફૂલ થાય છે માટે તેને લાંગૂલી કહે છે અને જેવો વજનાગ શીંગડિયો આવે છે તેવું જ રૂપળકા હોય છે માટે તેને લાંગૂલી કહે છે.

૩. સ્ત્રી એ નામની વનસ્પતિ; નાગલી; ઉંડાઈ તે સાત ઉપવિષમાં ગણાય છે. તેનાં પુષ્પ ઘણાં સુંદર થાય છે. ઔષધમા તેની ગાંઠ વપરાય છે તે ગાંઠ આશરે સાત આઠ ઇંચ લાંબી હોય છે. તેના એક મૂળમા બે ગાંઠ હોય છે ને તે બને ગાંઠ કાટખૂણાથી જોડાએલી હોય છે. આ કાટખૂણા ઉપર તેનું થડ ઊભે છે. કાટખૂણાના ઉપલા ભાગ ઉપર થડની નિશાની જણાય છે ને હેઠલા ભાગ ઉપર મૂળિયાંના રેસા લટકતા હોય છે. તેનાં મૂળમાંથી પોળો ઘોટ જેવો ઝૂડો ખરે છે. તેના ઘોટની ભાજા – ૧ થી ૨ વાલની છે.

૪. સ્ત્રી ડોડી વનસ્પતિ.

૫. સ્ત્રી. પૃશ્નિપર્ણી વનસ્પતિ.

૬. સ્ત્રી રામાયણમા વર્ણવેલી એક નદી; રજપૂતસ્થાનમાં આવેલી લૂણી નદી

લાંગો જુઓ લાંબો.

લાંઘા સ્ત્રી. એ નામની અનારસી કેરીની એક જાત.

લાંઘ ૧. સ્ત્રી ટાચકી.

૨. જુઓ લાંઘણ.

લાંઘણ ૧. [સ લઙ્ઘ્ (ઉપવાસ કરવો)] સ્ત્રી. ઉપવાસ, નિરાહાર રહેવું તે, ભૂખ્યા રહેવું તે; નકોરડો ઉપવાસ, લાંઘ.

કો લાંઘણ પડે જિહને,-તેમ પાસ કદિ નવ આવ રે. મુક્તાનંદ

લાંઘણ કરવી-નાખવી = (૧) તદ્દન કોરો ઉપવાસ કરવો (૨) ભાગ્યું કરવું; પોતાનો હેતુ સાધવા કોઈની સામે લાંઘણ કાઈ બેસવું. (૩) પોતે આકાશમાં ઊભી રહતાં પોતાની પુગદેવા ઉપર આધા રાખી આવું, પીવું બંધ કરી દેવું

૨. સ્ત્રી. નિદ્રામાં ન હોવું તે.

લાંઘણી સ્ત્રી. ગાડીના ધુંસરા નીચે મૂકવાની બોડી; ગાડી સમી રાખવાનું ટેકણ; લાકડાના કે વાંસના બે કકડા દોરી કે સાંકળથી ગાડીને આગલે ભાગે ધરની પાછળ બાંધી દાંગેલા હોય છે તે.

લાંઘણું ન. દેખુદાર દેવું પતાવે ત્યા સુધી લેણદારે ભૂખ્યા તરસ્યા તેને બારણે બેસી રહેવું તે; લાંઘણ; ભાગું; હેતુ સાધવા લાંઘણ લાઈ બેસવું તે.

લાંઘણ પાસવું = (૧) ઉધરાણીને માટે બારણે બેસવું. (૨) બદલાપીવાના સોગન લઈ બારણે બેસવું; ભૂખ્યા તરસ્યા બેસી રહેવું. (૩) ભાગું કરવું. (૪) પાયમા નાખવા.

લાંઘવું ૧. [સં. લઙ્ઘ્] અ ક્રિ. ઉપવાસ કરવો; ભૂખ્યા તરસ્યા બેસી રહેવું; ભૂખ્યા રહેવું; લાંઘણ કરવી; લાચો કરવો.

લાખી લોટી જેવું થવું = લાંબા મંદવાડમાં આધાપીધા વિના અને બહુ દુઃખ વેઠીને જેવું થવું

૨. અ ક્રિ. ખોટી થવું.

૩. સ. ક્રિ. ભાગું કરવું, લેવું પકડાવવા, ભાગું લેવા કે કોઈ કાર્ય સિદ્ધ કરવા માટે કોઈને ત્યાં બારણે ભૂખ્યા લાંઘણ કરવી.

૪ [હિ] સ ક્રિ. ઠેકી જવું; ઓળંગી જવું.

લાંઘો ૧. પું. ઉપવાસ; લાંઘણ.

૨ પું. ઊંટ કેળવનાર માણસ.

૩. પું. ખરાબ કામ કરનાર માણસ.

૪ પું. મોસલ.

૫ પું. લાવારૂ.

૬ પું લાંબી મોટી ફાળ; મોટું ડગલું.

૭ પું. ચરબાઈ વગાડનાર.

૮ સ્ત્રી. ચારણની એ નામની એક જાત

૯ ન એ નામની જાતનું માણસ.

૧૦. વિ એ નામની જાતનું

લાંચ ૧. પું એક જાતનો ખોટો.

૨. સ્ત્રી. કામ કાઢી લેવા સારુ કોઈ ને ઠાનુમાનું કઈ આપવું તે; કામ કઢાવવા આપાતી ગુપ્ત બક્ષિસ; અમલદાર કે સત્તાધારીને છૂપી રીતે આપાતી કે લેવાતી અયોગ્ય રકમ; પાનસોપારી, શેહ, પાપડી કે આપણીને નામે કે બહાને આપાતી રકમ; રરાયત

૧. લાંચ આપવી–અપરાવવી = કામ કાઢી લેવાને પૈસા કે બીજી કઈ વસ્તુ આપવી; ચિત્ત આપવી.

૨. લાંચ લેવી–ખાવી = કામ કરી આપવાને બીજાથી ગનુમાનું કઈ લેવું તે; હાથ મારવો; ખિસ્સાં ભરવાં; બી કેળાં કરવા.

૩. સ્ત્રી. અમે તકરાર લટકાવવાનો અને કમરે લાંબવાનો જે પટો હોય તેની ઉપર કૂપિયા, અરબી, પાયલી કે બે આનીઓ ચોડી કે જડી હોય તે.

૪. સ્ત્રી. તહેવાર આવવાથી નિયમિત કામમાં ખલેલ આવી પડે તે.

લાંચ પડવી = તહેવાર આવવાથી નિયમિત કામમાં ખલેલ પડવી.

૫. સ્ત્રી. નીચાણ તરફ ઢાળ તે; નમણ.

૬. [અં લાંચ] સ્ત્રી. લડાઈના વહાણના તળાની મોટા કદની હોડી.

લાંચબોટ = નાનો મછવો

લાંચખાઉ ૧ વિ. દુષ્ટ; ભ્રષ્ટ; વિકારી.

૨. [સં. લક્ષ + ફા. આર (ખુદ્દન = ખાવું)] વિ. લાંચિયું; લાંચ રિશ્વત લેનારું કે બનારું; લાંચખોર

લાંચખાર જુઓ લાંચખાઉ.

લાંચખાદ્રી જુઓ લાંચખાઉ.

લાંચરુશવત સ્ત્રી. ખોટી રીતે પૈસા પડાવવા તે.

લાંચલુચ્ચ જુઓ લાંચરુશવત.

લાંચવું ૧. અ ક્રિ. નમી, ઝુકી જવું; વાંકા વળવું.

૨. સ ક્રિ. રિશ્વત આપવી; લાંચ આપવી; પૈસા આપી પોતાનું કરવું.

લાંચિયું જુઓ લાંચખાઉ.

લાંચી ૧. [હિ] સ્ત્રી. એલચી.
૨. જો ઓ દોરત.
૩. જુઓ લાંચખાઉ.

લાંચીક જુઓ લાચખાઉ.

લાંચું ૧. વિ. ઓછું; કમી; ન્યૂન; આછું થયેલું.
૨. વિ. મૂર્ખ.

લાંચો પું. ખોટ; હમેશ મારે કોઈ પણ વસ્તુ નિયમિત ખરીદવા કરાવ્યું હોય છતાં લેનાર કે આપનાર કોઈ દિવસ ન લે કે ન આપે તે.

લાંઝ સ્ત્રી. પશુના તબિયાનું દાજવું તે
લાંઝ લેવડાવવી = જ્યારે માણસને લૂ લાગે ત્યારે તેને નખિયા, ઈંટ અથવા તાવેયા ઊના ધગાવી, છાશ રેડના અર્ધ પગને દઝાડવા.

લાંછન ૧. ન. ઐબ; ખોટ; કલંક; ડાઘ; મણો.
લાંછું; દીલ્યપ; ખામી; રોષ.
૨. ન. ઢીંચણના જે ભાગ ઉપર કેસરતનુ એમે છે તે ભાગ
૩. ન. નામ; સત..
૪. ન. નિશાની; ચિહ્ન.
ભૃગુલાંછન = ભૃગુઋષિએ શ્રીકૃષ્ણની છાતીમાં લાત મારવાથી થયેલું ચિહ્ન.
૫. ન. શરીર પર જન્મથી પડેલો લીલાશ પડતો કે કાળો મોટો ડાઘ; લાખું.
૬. ન. સીમ,ચિહ્ન

લાંછના સ્ત્રી. લાંછન લાગવું કે લગાડવું તે.

લાંછનિત જુઓ લાંછિત.

લાંછિત ૧. વિ. કલંકિત; ડાઘવાળું; લાંછન ધરાવનાર; બદનામ; લાંછનવાળું; દોષયુક્ત.
૨. વિ. ચિહ્નવાળું; નિશાનીવાળું.
૩. વિ. નામ ધરાવનાર; નામાભિધાનવાળું.
૪. વિ. શણગારેલું; સુસજ્જિત.

લાંજ જુઓ લાજત.

લાંજ વિ. સુગંધીવાળું.

લાંજો જુઓ લાજો.

લાંઝો ૧. સ્ત્રી. ખામી; નકતર; લાજો; કરતર; વાંધો, ઢેલો.
૨. સ્ત્રી. તકરાર.
૩. સ્ત્રી. વાંધા ભરેલ કે અપૂર્ણ લેવડદેવડ.

લાંઠ ૧. સ્ત્રી ભતડાઈ, આડોડાઈ.
૨. સ્ત્રી પરાણે લેવુ તે; લાઠ
૩. વિ કપટી, ખંધુ, ધૂર્ત, લુચ્ચો; ચાલ, કારસ્તાની, ઉઠાવગીર; લોઠ, દેગર.
૪. વિ. વશ રહે નહિ તેવુ; તોફાની; મસ્તાની; ગાંસું રહે નહિ તેવુ, ગાંઠે નહિ તેવુ; નિરકુશ.

લાંઠી (લાંઠી) [સ.] સ્ત્રી કુલટા સ્ત્રી.

લાંઠણી જુઓ લાંઠડી.

લાંઠાઈ ૧. સ્ત્રી. બદમાશી, ઠાંઠાઈ; લુચ્ચાઈ; દોંગાઈ, ઠગાતા; છળ.
૨. સ્ત્રી પક્કડ.
કામ કોમ ને લોભ લાલચ લાંટાઈનો લહાવો. સામળ
૩. સ્ત્રી. લાઠપણું; નબળુપણું

લાંડિયું જુઓ લાંઠ

લાંઠો ૧. પું. જબરો દોંગો; લાંઠ માણસ.
૨. પું. ધૂર્ત; લુચ્ચું કરવું નહિ અને કામ કાઢી લાય એવો માણસ.
૩. પુ. પાસ; ગર્ભિત પુરુષ, આદક

લાંડુ ૧. ન. ઓન્ચિતો; લદાવો.
૨. ન. નાહો; હાવદો; લાભ; લાહ્યુ.

લાંતક ૧. ન. ઉદ્ધક વિમાનનું નામ.
૨ ન. (જૈન) બ્રહ્મ માંહેનો છઠ્ઠો કલ્પ.
બ્રહ્મલોકની ઉપર ક્રમથી લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણ કલ્પ એક બીજાની ઉપર છે તત્ત્વાર્થસૂત્ર

લાંતકાધિપતિ પુ ચારે માજેના છઠ્ઠા કલ્પના એક દેવનું નામ.

લાંપ ૧. [અં. લેમ્પ પુ. દીવો; બત્તી, કંદીલ
૨. સ્ત્રી. ઉલંબ; કૂદકો.
મારુ મેવાડા પીડિયા પાની ખુરતુ. એની સાખે લાખાણા! મારું ગોરીસહ લાખ્યા! કુંડો
૩. ન. એક પ્રકારનું સૂકું કે ચિમળાયેલું ઘાસ.

લાંપડિયાળ (લાંપડિયાળ) વિ. લાંપડા ખડવાળી.
આગા મારી વીરડે ધરતી લાંપડિયાળ. સૌરાષ્ટ્રની રસધાર

લાંપડી (લાંપડી) સ્ત્રી. એ નામે એક જાતનો છોડ. આ છોડ ચોમાસે ઊગે છે. તે બાંગેક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન લાંબાં ને સાંકડાં હોય છે. કૂલોને ત્રિકા, ગુલાબી અને ભોગા મળતા રંગની કલગી આવે છે. તેનાં ફળ લીલા રંગના ઊનો ડાભલી જેવા હોય છે. તેના કુમળા પાનની ભરાંગી બાજી કરી ખાય છે, પણ તેથી શરીરમા દાહ થાય મૂત્રને ઉભરપક, કેફ અને હોય્યા કે પથરી, મરકુચ્છ, પ્રમેહ વગરે મૂત્રરોગમા દવાને માટે છે. યૂનાનીમાં નુખ્મે સરવાર્ન ને નામે તેના બી ઓળખાય છે. નાનાં, કાળાં, પ્રકાશિત ૧૮૦ જેન ક્રમમા, મારુ-લાંપે મીઠું કે અને પાણી ૧૦ (બસ નાંખી ઝાડે બાંધ ઉપર દૂધ પાવાથી ધાતુ પુષ્ટ થાય છે તે પ્રમાણીપક કે પથરી, મૂત્રકૃચ્છ્ર પ્રદર, પ્રમેહ, અતિસાર, સમદર્દી, મૂત્રાતિસાર, ઝાડા સાથે પીવાય છે.

લાંપડું (લાંપડ) ૧ ન એક દલકો જાતનું ઘાસ; સૂકું ચિમળાયેલું ઘાસ. આ ઘાસ ઘારમાં થાય છે. તેમા દાણોગિયાં થાય છે. તેને ઢોરા જેવાં સાવ પાતળાં પાન હોય છે. તે જલદી સુકાઈ જાય છે. શિયાળે બેસ આ ઘાસ બહુ ખાય છે. તેથી તે મતી થાય છે, એટલું જ નહિ પણ તેનું ઘી સફેદ દાણાદાર થાય છે. એના ડોડવા ઓકથી બે હાથ લાંબા અને ત્રીણા હોય છે.
૨. વિ. ચીકણું; લપસી જાય તેવુ
૩. વિ દમ વિનાનું; લૂલું.
એનો સાથ સયળો લાંપડો. વ-૭રાજ
૪. વિ. નરમ પડી ગયેલું.

લાંપડો (લાપડો) જુઓ લાપડું.

લાંપણું જુઓ લાંપડું

લાંપી ૧. સ્ત્રી. પટી.
૨. સ્ત્રી. (હિંદ) સફેદો અને બેલતેલને ઘૂંટી બનાવેલી ચીકણી પૂતળી; ત.ી, લાંબા ઊંચી તરેહનો રોગન કરતા પહેલાં લાકડામના કામા વગેરે બંધ કરવા માટે તેનો ઉપયોગ થાય છે. તેના બે પ્રકાર છે. ખડીને ખાંડી, ઝીણી, તેના બારીક આટાને ચાળી, કામા અળસીના તેલમાં એક રાત ભિજવવા દઈ, સારી રીતે મસળી અને ઘૂંટીને બનાવવામાં આવે છે. બીજી લાંપીનો ઊંચી તરેહનો રોગન કરતાં પહેલાં, લાકડામાનાં કામા વગેરે બંધ કરવા. માટે ઉપયોગ કરવો હોય તો એક ભાગ સફેદો અને બે ભાગ ખડીનો આટો, અળસીના તેલ સાથે મેળવી ઉપર પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. બીજા પ્રકારની લાંપીમાં, અડધા શેર અળસીના તેલમાં એક શેર રૂ.ળ નાખી સીજવવી અને તેમાં ધીમે ધીમે દોઢ શેર ખડીનો આટો નાખી, તે મિશ્રણ ખૂબ ફૂટવું. લાપી કરવુ થાય તો પણ થોડી નરમ કરી પછી થોડી ફૂટવાથી ઉત્તમ થાય છે. તે કાચ ચોડવાના કામમા પણ આવે છે.

લાંબ ૧. સ્ત્રી. એકદમ યાદ આવવુ તે; એકાએક જ્ઞાન થવુ તે; સ્મૃતિ; કામ.
૨. સ્ત્રી ચાદદાસ્ત; સંભારણું

લાંબટંગિયુ વિ. લાંબી લાંબ ધરાવનાર; લાંબા પગ જેવા હોય તેવુ; શરીરના પ્રમાણમાં જેના પગ વધારે લાંબા હોય તે.

લાંબલાંગેયું જુઓ લાંબટંગિયુ.

લાંબડ (લાંબડ) જા. લાંબાપણું.
લાંબડ થવી = લાંબાપણું થવુ

લાંબડા ઓરામન (લાંબડા ઓરામન) કું મૃગ નક્ષત્રમાંનો પાયમો તારો.

લાંબડી (લાંબડી) ૧. સ્ત્રી આંધ્ર પ્રદેશમા રહેતી, સખત કામ કરનારી, આનદી, ભટકતી કોમ

૨. સ્ત્રી. એક જાતની ભાજી. તેનાં પાંદડાં પાતળા હોય. તેને ધોળા રંગના ઝુમખા આવે છે. તેમા એનાં બીજ હોય છે તેના ફૂલ રાતા રંગના હોય છે અને દવામા કામમા વપરાય છે. તેનો ઉપયોગ પચરી, મગધાત અને શાક ઉપર થાય છે. ભાજ અને ગાળના ઉતારા ઉપર પણ તે રંધાય છે.

૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તના ફૂલ સૂક્ષ્મ હોય. રંગના ઊભી ડાબલી જેવા અને બીજ ચકચકિત કાળા રંગના હોય છે

૪ સ્ત્રી. એક જાતનુ ભાજુ ખાસ. તે બેતરમા ખોજની સાથે થોડા પ્રમાણમાં ઊગે છે. તેનો છોડ થાય છે. પાન ભર્યા ઇંચ પહોળા અને ચાર પાચ ઇંચ લાબા થાય છે છોડ ત્રણથી ચાર ફૂટ ઊંચા થાય છે ઉપર મોંઢાવાળા પૂછડા જેવા છેડા થાય છે. તેમાથી કાળા બી નીકળે છે. પેટમા ગોટો ચઢવા ઉપર દવાના કામમા આવે છે.

લાંબલોતડું (લાબલોતડું) વિ. લાબું અને તોતડું; કોઈ મેળ વિનાનું.

લાંબલાત પુ. આગલા વર્ષની ડાંગરના કણ પડવાથી આપોઆપ ઊગેલા છોડ. ભડવા.

લાંબી ૧. [સ. લમ્બ્] સ્ત્રી (વહાણવટું) હાલકાનો મારગ રાખવા માટે મૂકેલ એ લાબાં પીઢિયાં.

૨. સ્ત્રી વાદ્યકારના રમરજુયક્તિ; ચાકચક્તિ

૩. સ્ત્રી. લાપી; લાંપી.

૪. સ્ત્રી. લાંબા થવાની ક્રિયા; લાંબા થઈ સૂઈ જવાની ક્રિયા.

૫. સ્ત્રી. સ્મૃતિ; ધ્યાન; રમરણ; અનુબોધ.

લાંબીકુંદ સ્ત્રી એ નામે એક વનસ્પતિ. તેના છોડ ચોમાસે ઊગે છે ને લગભગ અડી ફૂટ ઊંચા થાય છે. લાબા વધી ઝુકી જાય છે, પાન લાંબાં, ફૂલ પીળાં અને સિંગો સહેજ જ ત્રિધારી અને લાંબી હોય છે. તે સર્વાંગ ઉપયોગી છે. એના પાનનું શાક થાય છે.

લાંબીજીભ સ્ત્રી. બહુ બોલવું તે.

લાબી જીભ કરવી = ના ણ દેવી

લાંબીટૂંકી ૧. સ્ત્રી. અતિશયોક્તિ ભરેલ વાત.

૨. સ્ત્રી. આડીતેડી; એલફેલ.

૩. સ્ત્રી ગાળાગાળી; તકરાર; ગમખ્વારિત ભાષણ; પંચાત; ચર્ચા.

૪. સ્ત્રી. દલીલ, ચર્ચાસ્પદ; હકીકત.

લાંબીદૃષ્ટિ ૧. [સ] સ્ત્રી. દૂર સજીના પરિણામનો વિચાર કરવો તે; બનવાની કે કરવાની વાત બાજુન આજની શું થશે તેનો વિચાર રાખવો તે. દૂરંદેશીપણું; ગમગચતી. દીર્ઘદૃષ્ટિ; ભવિષ્ય દર્શન.

૨ સ્ત્રી. દૂરદૃષ્ટિ; લાબો નજર, દૂર પહોંચે તેવી નજર તેનાથી આપેલી છેટેની વસ્તુ બરાબર દેખાય છે પણ પાસેની ચીજ સ્પષ્ટ દેખાતી નથી.

લાંબીનજર જુઓ લા.બીદૃષ્ટિ

લાંબીયા આસુડ (લાંબીયા આસુડ) [સં. પૃશ્નિપર્ણી] પુ એ નામનો ઊલાનને યોગ્ય એક છોડ. 'પુરેરીમા પિકરા' લાબીયા આસુડ એ રાની પરજના લોકોનુ નામ છે તેના ફૂલની ચમરી સારી થાય દવાના પૈસે તે બહુ કે

લાંબું ૧. વિ. ઊંચુ

૧. લાંબું વધવું = મોટું થવું જેમકે, છોકરો લાબો વધે છે.

૨. લાબે પને હોવું = કોઈથી ચડિયું હોવું

૨ જે જણી વાર પહોંચે તેનું લાંબાપણું, સમય વગેરેમાં લાબુ.

૧. લાબી રાશે = લાબા દિવસે, લાબે સમયે.

૨. લાબુ કાઢવું = બહુ ઝરવું, બહુ ઉઠાડા કરવું; લાબુ આયુષ્ય ભોગવવું.

૩. લાબુ ચલાવવું = (૧) બહુ દિવસ સુધી ટકવું કે નભવું (૨) વખારવાર પહોંચવું. બનવું. ન તો વખત લાબું ન -ઠેવું.

૪ લાબે સરરાશે – લાબે વખતે

૫. લાબો તાર ખેંચવો = બહુ વર્ષ ઝરવું.

૩. વિ દીર્ઘ, વિસ્તાર, જેમકે, લાંબા દહાડા.

૪. વિ. દીર્ઘકાળ; વિસ્તૃત; વિસ્તારવાળું; ફેલાવાવાળું; વિસ્તીર્ણ

૧. લાબું કરવું = (૧) કેટલા ભરેલી વિસ્તૃત હકીકતોરજૂ કરવી. (૨) લંબાવવું; પીંજણ કરવું.

૨ લાબુ પિગળ કરવું = વખારી વધારીને કહેવું; અતિશયોક્તિથી વર્ણવવું

૫. વિ. દૂરનું; આઘેનું; બેગળું દૂર, અનરવાળું. છેટેનું.

૧. લાબે લાંબે = બહુ દૂર.

૨. લાંબે ગોવું = દૂર હોવું

૬. [સં. લમ્બ] વિ. દીર્ઘ. ટૂંકાનું ઊલટું; સીધી લીટીએ વધારે આગળ વધેલું હોય તેવું; પહોળાઈ કરતાં બીજી તરફ વધારે લંબાયું હોય તેવું; લબાણવાળું.

૧. લાંબા થઈ જવું = (૧) ચાલી જવું, ઠેકાણે જવું. (૨) પાયમાલ થઈ જવું. (૩) મરી જવું.

૨. લાંબા થઈને પડવું = (૧) ચાલો જઈ સૂવું. (૨) ચાલું પડવું

૩. લાબા પડવું – પગે લગવું.

૪. લાબાની લોડે દહો જાય, મરે નહિ તો માંદો થાય = કોઈનો વાદ કરવો નહિ પરંતુ ગજા પ્રમાણે ખરચ કરીને ચાલવું, ચોરની વાદે ગજા ન ઊપાડવા.

૫. લાબી ઊંચ-નિદ્રા = મૃત્યુ.

૬. લાંબી ખેંચવી = (૧) મૃત્યુ પામવું. (૨) સોડ તાણીને સૂઈ જવું; બસબસાટ ઊંઘવું.

૭ લાબી ફાળ ભરવી = (૧) ઝારે કામ ઊકલવું; સાદલ કરવું. (૨) શક્તિ કે ગજા ઉપરાત કામ કરવું

૮. લાબી સેરમાંથી લખવું = (૧) પરોઢનો સૂર્ય ઊગ્યા પહેલાં. (૨) મોટા પ્રમાણમાં શક્તિ ઉપરાત સેરારેવડ કરવી. મોટો ખેપારા ખેડવો.

૯. લાબી સોડ ઘાલી પોઢવું = મરણ પામવું.

૧૦. લાબા મોડે સૂવું = (૧) દેવાળું કાઢવું. (૨) મરી જવું; ઉંમરે લાબી વયતનું રમશાનમા સૂવું; સના પક્ષા ઊંડા નહિ તેવી સ્થિતિમા આવી પડવું તે ઉપરથી કહેવાય છે

૧૧. લાંબુ ખાતું પાડવું = પરિચય અથવા વહીવટ વધારવો

૧૨. લાબુ ખેંચવું = (૧) મરણ પામવું. (૨) લાંબા સમયનો ખર્ચ કરવો; વખત વિતાવવો; ઢીલ કરવી.

૧૩. લાબુ થઈ જવું–થવું = (૧) ઊંચેનુ જોવા માટે પગનાં આગળાં ઉપર ઊંચા રહી હાથ ઊંચા કરવા. દૂર વધવું; વિસ્તરવું; લંબાવું. (૨) મરી જવું. (૩) ચેપારમાં બધું ખોઈ આવવું; પાયમાલ થઈ જવું (૪) સૂઈ જવું; પગ પસારીને પડવું; આરામ કરવા સૂવું; વિસામો લેવો; અંગો લંબાવીને સૂવું

૧૪. લાંબું પહોળું કરવું = કોઈ ઉત્સવ મોટા પાયા ઉપર ઊજવવો.

૧૫. લાબે પડે સૂવું = (૧) દેવાળું કાઢવું; બધા નુકસાનમાં આવી પડવું. (૨) નિરાતે સૂવું; બેદરકારીથી પડ્યા રહેવું (૩) પાયમાલ થઈ જવું (૪) મરણતોલ થવું. (૫) મોટું નુકસાન સહન કરવું

૧૬. લાબે સાથરે સૂવું = (૧) દીર્ઘદૃષ્ટિ રાખીને કામ કરવું (૨) નિરાત ભરવી. (૩) મરણ પામવું.

૧૭. લાબો હાથ કરવો = (૧) ઝટપટ કરવો; ઝડપથી નાખવી. (૨) ભીખ માગવી. (૩) મદદ કરવી; હાથ દેવો. (૪) માગણી કરવી; ચર્ચાપો મૂકવો. (૫) લાચ લેવી.

લાંબુંચોડું (લાબુંચોડું) જુઓ લાંબુંચૌડું.

લાંબુંચૌડું (લાબુંચોડું) વિ. [હિં. લમ્બાચૌડા] લાંબું અને પહોળું; લાંબું ચારેકોર.

૨. અ. વધારે લગાડ્યથી.

લાંબુંછટ વિ. ચતુપાટ.

લાંબુંટૂંકું વિ. લાંબું અને ટૂંકું.

લાંબુંટૂંકું કરવું = વેતિયાવેડા કરવા.

લાંબુંલચ વિ. બહુજ લાંબું; વધારે પડતું લાંબું. લાંબું લાબુ લાબુલચક; લાબુંલચરક.

લાંબુંલચક જુઓ લાંબુંલચ

લાંબુંલટાક જુઓ લાંબુલચ

લાંબુંલચરક જુઓ લાંબુંલચ

લાંબે અ. આયે; વેગળે; છેટે; દૂર

લાંબોડ (લાંબોડ) ન. નીવાર; ખેતરા વગર ઊગેલો ડાંગર

લાંબોસડ (લાંબોસડ) અ. લાંબો અર્થને

લાંભ ૧. સ્ત્રી. અદાવત; લાગલાગાટ.

૨. સ્ત્રી. એક રમતે એક પત્ર રાખી બીજો પત્ર જેટલો અને તેટલો લગાવવો તે.

૧. લાભ કરવો = ઢાંક કરવી.

૨. લાંભનું છોકરું = જરૂરના પછી છેટે થયા વિના ન રહે ને છોકરું થાય તે.

લાંભવું ૧. [સં. લાભ] ન. અંશ; હિસ્સો; લાંબું; વિભાગ; વહેંચણી.

૨. ન. જૂના વખતનો વહેંચણીનો દસ્તાવેજ કે મોટાની વાત; મજિયારી મિલકતની વહેંચણીનો દસ્તાવેજ

૩. ન. નસીબ; કિસ્મત.

૪. ન. પાડેલા સરખા ભાગમાંથી કયો કોણે લેવો તે નક્કી કરવાને નાખવામાં આવતી ભાગ કે જ્યો દેખાડનારી ચિઠ્ઠી કે ગાપલી; ભાગનો વાંધો પતાવવાની ચિઠ્ઠી.

લાંભવાં નાખવાં-પાડવાં = (૧) ચિઠ્ઠી મૂકવી. (૨) વહેંચણી કરવી.

૫. અ. ક્રિ. ઠાઠક થવી, સંતોષ થવો

અસાડ કોરો જિતર્યો, મૈયલ પાલવો મેહે,
દિલમા ઠાઠક દે તો, જીવ લાંબે જોડવા.
મેહ ઝાલણીનો દુહા

૬ સ ક્રિ. ટેકવું. ઢાંક ભરવી

૭ સ ક્રિ. અવલંબવું, અઢેલ લેવો

લાંભી જુઓ લાંબી.

લાંભું જુઓ લાંબવું ૧, ૨, ૩, ૪.

લાંભો પું. અવલંબન; આધાર.

લાંભડી (લાંભડી) જુઓ લાંબડી.

લાંભવું સ. ક્રિ. લાંબું કરવું. મોતીની પાસીમાં ખોલાય છે.

લિ ૧. સ્ત્રી. ઝેમતા; જરોજરી; મમાનતા.

૨. સ્ત્રી. ચાક.

૩. સ્ત્રી. નાશ.

૪. સ્ત્રી. નુકસાન.

૫. સ્ત્રી. આજુબાજ.

૬. વિ. લિખિતમનું ટૂંકું રૂપ. આ રૂપ પત્ર વ્યવહારમા ખાસ વપરાય છે. તે લિ. આ રીતે લખવામાં આવે છે.

લિકર [અં] પું. અર્ક; આસવ; દારૂ; મદિરા; મદ્ય; શરાબ.

લિકુચ ૧. ન. એ નામના ઝાડનું ફળ.

૨ ન. એ નામનું વૃક્ષ, મદાર વૃક્ષ. તેનુ લાકડું આડા લાકડા તરીકે વપરાય છે.

૩ [સં.] ન. નાનું કણસ.

લિક્ષા જુઓ લિક્ષા.

લિકખા સ્ત્રી. લીખ.

લિક્વિડેટર [અં.] પું. કોર્ટ કંપની કે પેઢી તરફથી કારભાર ચલાવવાને, તેના તરફથી અદાલતમાં કેસ લડવાને કે બીજુ આવશ્યક કાર્ય કરવાને માટે નીમાયેલો અમલદાર.

લિક્વિડેશન [અં] ન કડચો; સમુક્ત મૂડીથી ચાલતી કંપની કે પેઢીનો કારભાર બંધ કરીને તેની રકમ લેણદારોને આપવી અને બાકીની રકમ તેના ભાગીદારોને વહેંચી દેવી તે.

લિક્ષ ૧. [સ] ન. મિલ્ન.

૨. ન. લખાઈનું એક માપ.

૮ રથરેણુ વિપ્રુત = ૧ લિક્ષ

૮ લિક્ષ = ૧ યૂક

૩. ન. લીખ

લિક્ષા ૧ [સં] સ્ત્રી. ખગોળમાં સૂર્યના પ્રકાશમા દેખાતી ચાર રજ જરોજર વજન.

૨. સ્ત્રી. લંબાઈ માપવાનું એક ઘણું જ નાનુ માપ.

૮ અણુ = ૧ રજ

૮ રજ = ૧ બાળ

૮ બાળ = ૧ લિક્ષા

૧ લિક્ષા = ૧ યૂકા

૩ જુઓ લિક્ષ ૩

લિક્ષિકા [સં.] સ્ત્રી. લીખ.

લિખ્ ૧. સ. ક્રિ. આ કરવા; ચિત્રો પાડવાં.

૨. સ. ક્રિ. ચીતરવુ.

૩ સ ક્રિ. નિશાની કરવી.

૪ [સ.] સ. ક્રિ. (ધાતુ) લખવુ. તે ઉપરથી બનતા શબ્દો લેખ, લેખણ, હસ્તલિખિત, લેખક, લેખિકા, લેખિત, લખાણ, લેખન, લેખિની, ઉલ્લેખ વગેરે.

૫ સ ક્રિ. બનવુ કરવુ.

૬ સ ક્રિ. લીમોટો કરવો; વરસવુ, ઠોલવુ

૭ સ ક્રિ. સભોગ કરવો.

૮ સ ક્રિ. રપટો કરવો.

લિખત જુઓ લિખિત.

લિખન જુઓ લિખિત.

લિખિત ૧. [સં.] વ. ધર્મશાસ્ત્ર રચનાર ઋષિઓ પૈકીના એક ઋષિ; એક સ્મૃતિકાર ઋષિ. મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વશિષ્ઠ એ સર્વ ધર્મશાસ્ત્રના રચનારા છે અર્થાત આ સર્વ ઋષિઓએ બનાવેલી સ્મૃતિઓને ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે.

૨. પું સ્મૃતિનો એક ભાગ

૩. સ્ત્રી. ચિઠ્ઠી, હાથચિઠ્ઠી

૪. ન કોઈ પણ પુસ્તક.

૫. ન. બનાવ; દસ્તાવેજ; લખાણ; લેખ.

૬ ન. ગીતરવુ તે.

૭. ન. પ્રમાણપત્ર; લખેલી સનદ.

૮. ન. લખવુ તે; લખાવટ; હસ્તલેખન.

૯. ન. લખ્યા લેખ; નસીબ; પ્રારબ્ધ.

૧૦. ન. લિપિ

૧૧. ન વિવાહ, ગ્રન્થો

૧૨. વિ. ઉત્કીર્ણાયેલ.

૧૩. વિ ચીતરેલ

૧૪ વિ નિયમ પૂ થયેલુ.

૧૫. વિ. લખેલુ, લખેલ.

૧૬. અ લખીને; લખિતવાર; ચિત્રતવાર.

લિખિતકલા [સ] સ્ત્રી ચોસઠ માંહેની એક કળા. લખવાની કળા; લેખનકળા.

લિખિતપ્રમાણ ન. કલમી શાહદત્ત; લિખિત પુરાવો.

લિખિતંગ વિ લખનાર એ અર્થમાં કાગળ લખવામાં વપરાતો એક શબ્દ સામાન્ય રીતે લિખિતંગ શબ્દનું ટૂંકું રૂપ લિ જ વપરાય છે.

લિખિતા સ્ત્રી. નૃત્ય, લિપિ

લિખિતાસ્મૃતિ સ્ત્રી. અઢાર માંહેની એક સ્મૃતિ.

લિચ્છવી ૨ [સં.] પું. એક ક્ષત્રિયવંશ પ્રસિદ્ધ રાજવંશ જેનું રાજ્ય કોઈ સમયે નેપાલ, મગધ અને કોસલમા હતું. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં

મૂર્તિઓની આ શાખાનું નામ નિચ્છવી કે નિચ્છિવી મળે છે. પાલી રૂપ લિચ્છવી છે. અનુશ્રુતિ અનુસાર લિચ્છવી લોકો વાલ્હ ક્ષત્રિય હતા. તેમાં તેની ગણના ઝાલ્હ, મલ્લ, નટ, કરણ, ખશ અને દ્રવિડની સાથે કરવામા આવી છે. આ લિચ્છવી લોકો વૈદિક ધર્મના વિરોધી હતા. તેની કેટલીક શાખાઓ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. વૈશાલીવાળી શાખામાં જૈન તીર્થંકર મહાવીર સ્વામી થયા અને કોશલની શાક્ય શાખામા ગૌતમ બુદ્ધ જન્મ્યા. કોઈ એક સમયે મિથિલાથી મગધ અને કોશલ સુધી આ વંશનું રાજ્ય હતું. જેમ રીતે હિંદુઓના સંસ્કૃત ગ્રંથોમાં આ વંશને હીન કહેલો છે તેમ રીતે બૌદ્ધ અને જૈનોના પાલી અને પ્રાકૃત ગ્રંથોમા આ વંશને ઉચ્ચ કહેલો છે. ગૌતમ બુદ્ધના સમકાલીન મગધના રાજા બિંબિસારે વૈશાલીના લિચ્છવી લોકોની સાથે સગપણ બાંધ્યો હતો. પાછળથી ગુપ્ત સમ્રાટે પણ લિચ્છવી કન્યા સાથે વિવાહ કર્યો હતો.

૨. પું. પ્રાચીન સમયના એક લોક; એક બૌદ્ધકાલીન લોક પ્રજા. વૈશાલી રાજધાની અને તેની આસપાસ રહેનારા વજ્જીઓને લિચ્છવી કહેતા અને આ લિચ્છવીઓ સવાર સાજ મલ્લવિદ્યા અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા.

લિચ્છા [સં લિપ્સા] સ્ત્રી. લાભ મેળવવાની ઇચ્છા.

લિચ્છુ [સં. લિપ્સુ] વિ. લાભ મેળવવા ઇચ્છનાર; લાલચુ

લિજ્જત સ્ત્રી. લહેજત.

લિજ્જતદાર વિ. લહેજતદાર.

લિટર [અં.] ન. પ્રવાહી પદાર્થ માપવાનું એક માપ. એક ડેસીમીટર લાંબું, એક ડેસીમીટર પહોળું અને એક ડેસીમીટર ઊંડું પાત્ર છોય તેનું માપ લિટર કહેવાય છે

લિટરેચર પેપર [અં.] પું. પ્રવાહી પદાર્થના ગુણની પરીક્ષા કરવા માટે બનાવેલા આસમાની, રાતા અને પીળા રંગના કાગળ. તેની મદદથી પ્રવાહી આમ્લ એટલે ઍસિડ, આમ્લ વિરુદ્ધ એટલે અલ્કલિન અથવા બંને ગુણ રહિત છે તેની ખાત્રી થાય છે

લિટરેચર [અં] પું. સાહિત્ય; વાઙ્મય.

લિત્તવું સ ક્રિ. (જૂ. ગુ.) જીતવું; લેવું.

> હિડુ હમ હન્હ ગમા
> લડિ જિણુ લિત્તા કોટ. સાવયધમ્મ

લિથો [અં.] પું. શિલા છાપથી છાપવું તે.

લિથોગ્રાફ [અં.] પુ. શિલાછાપ; પથ્થર ઉપર અવળા અક્ષર લખીને ઉતારેલા લખાણને બીજા કાગળ પર છાપવાની કળા.

લિથોગ્રાફર [અં.] પું લિથોનું કામ જાણનાર માણસ.

લિથોગ્રાફી [અં] સ્ત્રી. શિલાછાપની વિદ્યા; શિલાલેખન કળા.

લિથોપ્રેસ [અં.] પું. જેમાં લિથો છાપવાનું હોય તેવું છાપખાનું.

લિનોટાઇપ [અં.] ન. એ નામનું યંત્રનું એક વજ. ૧૮૩૧માં ઓથનેમો શોધાયો અને તેણે અમેરિકી જીવનમા ક્રાંતિ આણી. ૧૮૪૪માં સેમ્યુઅલ મોર્સએ તાર યંત્ર શોધ્યું અને ચામડા અને ધાતુનાં દોરડાંઓએ બંડના ખૂબખૂબાને સાંધ્યો. ૧૮૭૬ માં અલેકઝાન્ડર ગ્રેહામ બેલ પ્રથમવાર ટેલિફોનનો પ્રયોગ કર્યો પણ અર્થ સહી પૂરી ન થઈ તે પહેલાં તો એક કરોડ અને સાઠ લાખ ટેલિફોનો અમરિકના સામાજિક અને અર્થિક જીવનને વેગીલું બનાવી રહ્યાં હતાં. ૧૮૬૮ માં ટાઇપ રાઇટરની શોધ થઈ અને વ્યાપારની ધૂમ ખિલવણી થઈ. એક એક વ્યાપારી પેઢીના કર્મચારયમાં ટાઇપ રાઇટરોનો ટકટક અવાજ સંભળાવા માંડ્યો. સન્વાળા કરવું અજબ પ્રકારનું યંત્ર શોધાયું. ૧૮૮૬ મા લિનોટાઇપ યંત્રે મુદ્રણ ઉદ્યોગનો વિકાસ કર્યો. રોટરી પ્રેસ શોધ્યું અને એક કલાકમાં આઠ પાનાંના અખબારની બે લાખ નકલો છપાઈ, જે કરાઈ ને નિકળવા લાગી. ૧૮૮૦ માં ઓક્ષિનના વોલ્ટર્સિક દીકરાએ અમેરિકના એક એક ગૃહમાં પ્રકાશ રેલાવ્યો. ઓડિસને ફોનોગ્રાફની શોધ કરી અને ભોજ્ય પ્રેક્ષકોને સાથે ચલચિત્રનો વિકાસ કર્યો. વિજ્ઞાનની અવનવી શોધનાં અદ્ભુત પરિણામો આ બધા સર્વ ક્ષેત્રમા ઉત્પાદન અનેકગણું વધ્યું. લોકોનું જીવન ધોરણ ઊંચે આવ્યું. અમેરિકાએ કરેલી આ શોધોનો લાભ ધીમે ધીમે આખી માનવજાતને મળ્યો.

લિપ ૧. સ. ક્રિ. ઉપર ચોપડવું; ઢાંકવું.

૨ સ ક્રિ ચોપડવું, સમારવું.

૩ [સં] સ ક્રિ. (ધાતુ) ચોપડવું, ચોપડવું; લાગવું લેપ કરવો. ને ઉપરથી બનેલ શબ્દો લેપ, લેપન, લિપ્ત વગેરે.

૪. સ. ક્રિ. કુલિત કરવું મેલું કરવું

લિપ [સં] પુ. લોપ.

> લિપવિષ્ટ = બાળને લાલ રંગવાની સાથી સ્ત્રીઓ પોતાના હોઠને લાલ રંગવામાં આનો ઉપયોગ કરે છે.

લિપિ ૧ [સં] સ્ત્રી લેખન, ખત, દસ્તાવેજ, લખવું તે; લેખ; લખાણ

૨. [સં. લિપ્ (લીંપવું)] સ્ત્રી. એક એક ઉચ્ચારનાં ચિહ્ન અથવા શબ્દનાં ચિહ્નથી મનોગત વાતચીત જણાવવાની લેખનકળા; બોલાતા બોલને વર્ણ રૂપે ઓળખવા લખવાની રીત; લખવાની કળા, લખાણની પદ્ધતિ; મૂળાક્ષર; ભાષામાં બોલાતાં વર્ણના ચિહ્ન લિપિ શબ્દ સંસ્કૃત લિપ્ એટલે લીંપવું એ ધાતુ ઉપરથી આવ્યો છે. કમકે, કાગળ, પાંદડા, કે પતરા ઉપર શાહી કે કોલસાવગેરે તે લીંપવામા આવે છે. લિપિની ઉત્પત્તિ બહુ જૂની છે. પ્રાચીન આર્યો તો એમ માનતા કે બ્રહ્મદેવે લખવાની કળા શરૂ કરી. અથર્વવેદમાં લિખ્ ધાતુ જોવામાં આવે છે. પાણિનિની અષ્ટાધ્યાયીમાં લિપિ, લિપ્સિ, લિપિકાર જેવા શબ્દો જોવામાં આવે છે. ઈ. સ. ની ૬ઠ્ઠી અગિયારમી સદી સુધી તો ગુજરાતમા પણ દેવનાગરીનો જ ઉપયોગ થતા તામ્રપત્ર ને શિલાલેખોમા પણ તે જ વપરાતી. પાછળ જતા દેવનાગરીમાંથી ગુજરાતી, મરાઠી, બંગાળી, મિથિલારી અને કૈથી લિપિ બની. પ્રાચીનકાળમાં લખવાની પદ્ધતિને પરિણામે ગુજરાતીનો જુદો મરોડ ઈ સ. ની તેરમી, ચૌદમી સદીમાં શરૂ થયો હશે ધીમે ધીમે બધા સ્વરો અને ક, ખ, ગ, ઘ, ઙ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ વ્યંજનોનાં રૂપો બદલાઈ ગયાં. સવત ૧૬૮૪ ના અંતમાં ઌ ને બે એ બને રૂપ જોવામાં આવે છે. ગુજરાતી લિપિ ક્રમે કરીને છેવટે હાલ રૂપ પામી છે તેનું વર્ણન રસિક લાગ્યા વિના રહે તેવું નથી. ચિત્રપલ્લવીમાંથી તેની ઉત્પત્તિ થઈ છે એ તો દેખીતું છે. ~ એક આડા આગળાથી પ્રથમ એક સ્વર થયો અને એ આડા આંગળાના ~ ત્રિક્રમ થી ૧ એકડો થયો. એ જ રીતે ~ બે આડાં આંગળાની ત્રિક્રમપલ્લવીમાંથી ધીરે ધીરે ૨ બનતો થયો. એ જ રીતે ક માંથી ક તમઢાની ઉત્પત્તિ થઈ. બીજી ભાષાની લિપિ પણ આ જ રીતે થઈ છે. એક જ મૂળાક્ષરનો એક જ ઓક્ષમ ઉચ્ચાર થતો જોઈએ અને જોડાક્ષર બોલવા માટે નવા નવા અક્ષરો દાખલ કરવા જોઈએ નહિ. ઉત્તમ લિપિનું આ લક્ષણ ગુજરાતી લિપિમાં છે. ગુજરાતી લિપિમાં સ્વર અને વ્યંજનની સંખ્યા પૂરી છે. હ્રસ્વ દીર્ઘનાં અને અનુસ્વાર વિસર્ગના જુદા જુદા ચિહ્નો પણ તેમાં છે. ફારસી, અંગ્રેજી વગેરે પરભાષાના ઘણાખરા ધ્વનિને દર્શાવવાની શક્તિ પણ ગુજરાતીમાં છે. મિશ્ર ઉચ્ચાર દર્શાવવાને પણ જુદા જુદા અક્ષરો ઉમેરવા પડતા નથી. દાકત ક્ષ અને જ્ઞ એવા છે. પરંતુ તે મૂળાક્ષર નથી, જોડાક્ષર છે. ક્ષ=ક્+ષ અને જ્ઞ=જ્ + ઞ ગુજરાતી લિપિમાં લખેલા અક્ષર

પ્રમાણે દરેક અક્ષરનો એક જ આકાર ને સ્પષ્ટ ઉચ્ચાર થાય છે જ્યારે અંગ્રેજી વગેરે યુરોપીય લિપિ આટલી સ્પષ્ટ નથી. સંસ્કૃત અને ગુજરાતી મૂળાક્ષરોનું વર્ગીકરણ પણ ઉચ્ચારસ્થાનના નિયમ પ્રમાણે સંપૂર્ણ, શાસ્ત્રીય અને ખૂબીવાળું છે. જુદા જુદા સ્થાનમાંથી બોલાતા શબ્દોને જુદા જુદા સમૂહમાં જોડવામાં આવ્યા છે. અંગ્રેજી વગેરે લિપિમાં આવા સમૂહ નથી પણ અમે તેમ અક્ષરોને મૂકવામાં આવ્યા છે. ઓછા અક્ષરે એટલે થોડી મહેનતે જે લિપિથી વિચારો દર્શાવી શકાય તે લિપિ પણ સારી ગણાય. દેવનાગરી અને ગુજરાતીમાં વ્યંજનોને સ્વરચિહ્નો જોડવાની જે સગવડ છે તે અંગ્રેજી વગેરે બીજી લિપિમાં નથી. આથી ગુજરાતી કરતાં અંગ્રેજીમાં વધારે અક્ષર લખવા પડે છે. નાગરી, મરાઠી કે બંગાળી કરતાં ગુજરાતીમાં લખવાની સરળતા વિશેષ છે. આ લિપિ એટલી કૃપાળી ને લખવામાં સહેલી છે કે તે રાષ્ટ્રીય લિપિ થઈ શકે. પરંતુ લખવાની સરળતામાં અંગ્રેજીના જેટલી તે ઉત્તમ નથી કેમકે: (૧) ગુજરાતી લિપિમાં દરેક અક્ષરે હાથ ઊપડવો પડે છે ત્યારે અંગ્રેજી લિપિમાં ઘણા ઊપડતા વગર શબ્દમાંના અક્ષર સાથે જોડાઈને લખાય છે, (૨) ચિત્રલિપિની દૃષ્ટિએ જોની લીટી કરતાં ત્રાસી લીટી દોરવા સહેલા પડે છે. અંગ્રેજી લિપિમાં આ લાભ પણ જોવામાં આવે છે, (૩) ગુજરાતી લિપિ લખવામાં, છાપવામાં અને ટાઇપ કરવામાં સરળ નથી. તેથી આ ત્રણે દૃષ્ટિએ તેમાં નીચે પ્રમાણે સુધારા કરવા જોઈએ: (૧) જ્યાં જ્યાં વગાડ સરખા ન હોય ત્યાં સરખા કરવા, જેમકે, રખ. (૨) માત્રા, અનુસ્વાર, વરસુ વગેરે સ્વરચિહ્નો ઉપર, નીચે ને આગળ પાછળ આવવાથી ટાઇપ કરવામાં ઠીક નથી પડતું, તો પાછળ જોડવાની કોઈ નિશાની થાય તો સારું. બધી ગુજરાતીમાં અનાવશ્યક કરેલ વગેરે શબ્દમાં જેમ પાછળ સ્વર જોડવામાં આવે છે, તેવી કોઈક યોજના હોવી જોઈએ. (૩) જોડાક્ષર અને છૂટા અક્ષરો વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ હોવો જોઇએ જેમકે, ક્રાન્ત અને વગેરે. (૪) કેટલાક અક્ષરોના વગાડમાં બહુ ફેર નથી, તેથી ભૂલ થવા સંભવ છે જેમકે, ટ ને ઠ, શ ને ષ. (૫) કેટલાક અક્ષર ને આકડા સમાન હોવાને લીધે તેમાં ભૂલ થાય છે, તેથી જુદા વગાડ અપાય તો ઠીક. જેમકે, ૫ ને ૫, ૨ ને ૨. અમુક ઉચ્ચાર દર્શાવવાને માટે ગુજરાતીમાં સાધન નથી, માટે તે નવા યોજવા જોઈએ. જેમકે, (૧) ફારસી કે અરબી ખ ને ક્ષનો ઉચ્ચાર. (૨) ક્ષ નો પૂર્ણ ઉચ્ચાર દર્શાવવા માટે ક્ષ નો ઉપયોગ કરવો જોઈએ. જેવી રીતે જ સંસ્કૃતમાં ન હતો પણ ગુજરાતીમાં દાખલ થયો તેવી રીતે ક્ષ નો ક્ષ પણ ગુજરાતીમાં ઉમેરવો જોઈએ. (૩) સોપારી, સાકર જેવા શબ્દોમાં સ નો ઉચ્ચાર શ જેવો થાય છે, તે બતાવવા નવો અક્ષર યોજવો જોઈએ. (૪) અમુક અમુક અક્ષરો ઉપર સ્વરભાર આવે છે તે બતાવવો જોઇએ. ભારતવર્ષમાં લખવાની પદ્ધતિ બધા પ્રાચીન કાળથી દાખલ થઈ છે અને ઇ.પૂ.૪. અતિ પ્રાચીન છંદોબદ્ધ મંત્ર, ગીત, ભજન, વેદોની સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદ, અષ્ટાધ્યાયી, બીજગણિત, જ્યોતિષના ગ્રંથો આદિથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. જેમ મનાય છે કે, ભારતવર્ષમાં લિપિનો પ્રચાર ઈ. સ. પૂર્વે દશમી સદી પહેલા દાખલ થયેલ છે. ભારતવર્ષમાં લખવાની પદ્ધતિ બધા પ્રાચીન કાળથી દાખલ થઈ છે અને ભાષામાં અતિ પ્રાચીન છંદોબદ્ધ મંત્ર, ગીત, ભજન, વેદોની સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદ, અષ્ટાધ્યાયી, બીજગણિત, જ્યોતિષના ગ્રંથો આદિથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. જેમ મનાય છે કે, ભારતવર્ષમાં લિપિનો પ્રચાર ઈ.સ. પૂર્વે દશમી સદી પહેલા દાખલ થયેલ છે. અહીં આઠેય લિપિનાં નામ આ પ્રમાણે છે:-(૧) બ્રાહ્મી, (૨) યવનાક્ષિકા, (૩) દોષેરિકા અથવા દોષા, (૪) ખરોષ્ઠિકા (૫) પુષ્કરસારિકા, (૬) પ્રભારતિકા, (૭) ઉચ્ચત્તરિકા, (૮) અક્ષરપૃષ્ટિકા, (૯) ભોગવતિકા, (૧૦) વેનતિકા, (૧૧) નિહ્નવિકા અથવા નૈહ્નવિકી, (૧૨) અંકલિપિ, (૧૩) ગણિતલિપિ, (૧૪) ગંધર્વલિપિ, (૧૫) આદર્શલિપિ, (૧૬) માહેશ્વરીલિપિ, (૧૭) દામલિપિ, (૧૮) પૌલિંદલિપિ. વળી ૫૮ અર્વાચીન લિપિઓનાં નામ આ પ્રમાણે છે: (૧) બિહારિક, (૨) મરાઠી (નાગરી), (૩) મોડી, (૪) ગુજરાતી, (૫) બંગાળી, (૬) ઉર્દૂ, (૭) મૈથિલ, (૮) ઉડિયા, (૯) અદોમી, (૧૦) ખાસી, (૧૧) કાશ્મીરી, (૧૨) શારદા, (૧૩) ગુરુમુખી, (૧૪) ટાકરી, (૧૫) ગ્રંથ, (૧૬) તેલુગુ, (૧૭) કાનડી, (૧૮) તામિલ, (૧૯) મલયલમ, (૨૦) તુળુ, (૨૧) કારકુની, (૨૨) સિદ્ધમાતૃકા, (૨૩) નવદ્વીપી (૨૪) સયામી, (૨૫) બોરિવન, (૨૬) ચીની, (૨૭) કાતાકાના, (૨૮) હિરાગાના, (૨૯) બનામી, (૩૦) મોંગોલિયન, (૩૧) કાલમુક, (૩૨) માંચુ, (૩૩) સિંગોકેદડી (૩૪) અરબી, (૩૫) ટર્કિશ, (૩૬) પર્શિયન, (૩૭) હિંદુસ્તાની (ઉર્દૂ), (૩૮) અર્વાચીન સામાન્યિટન, (૩૯) રેશિનિક, (૪૦) આમિનિયન, (૪૧) જ્યોર્જિયન, (૪૨) ગ્રીક, (૪૩) રોમન, (૪૪) ઈટાલિક, (૪૫) ગોથિક, (૪૬) જર્મન, (૪૭) સ્લેવોનિક, (૪૮) વાલાશિયન (૪૯) સ્લેવોરિટિક, (૫૦) રશિયન, (૫૧) ગ્રીકોનિયન, (૫૨) રોમેક, (૫૩) મહરબી, (૫૪) પ્યુનિક ઉર્ફે ફોનેશિયન, (૫૫) અબેન્સ, (૫૬) અરાઇક, (૫૭) મેન્સિકન ને (૫૮) મય. ઓઝાના સંસ્કૃત પુસ્તક 'લિપિ-વિસ્તર' પ્રમાણે ૬૪ લિપિઓનાં નામ આ પ્રમાણે છે: (૧) બ્રાહ્મી, (૨) ખરોષ્ઠી, (૩) પુષ્કરસારી, (૪) અંગલિપિ, (૫) વંગલિપિ, (૬) મગધલિપિ, (૭) માંગલ્યલિપિ, (૮) મનુષ્યલિપિ, (૯) અંગુલીયલિપિ, (૧૦) શકારિલિપિ, (૧૧) બ્રહ્મવલ્લીલિપિ, (૧૨) દ્રવિડલિપિ, (૧૩) કનારિલિપિ, (૧૪) દક્ષિણલિપિ, (૧૫) ઉગ્રલિપિ, (૧૬) સંખ્યાલિપિ, (૧૭) અનુલોમલિપિ, (૧૮) ઊર્ધ્વ-મનુલિપિ, (૧૯) દરદલિપિ, (૨૦) ખાસ્યલિપિ, (૨૧) ચીનલિપિ, (૨૨) હૂણલિપિ, (૨૩) મધ્યાક્ષરવિસ્તરલિપિ, (૨૪) પુષ્પલિપિ, (૨૫) દેવલિપિ, (૨૬) નાગલિપિ, (૨૭) યક્ષલિપિ, (૨૮) ગંધર્વલિપિ, (૨૯) કિન્નરલિપિ, (૩૦) મહોરગલિપિ, (૩૧) અસુરલિપિ, (૩૨) ગરુડલિપિ, (૩૩ મૃગચક્રલિપિ, (૩૪) વાયુમરુલિપિ, (૩૫) ભૌમદેવલિપિ, (૩૬) અંતરિક્ષદેવલિપિ, (૩૭) ઉત્તરકુરુદ્વીપલિપિ, (૩૮) અપરગોડાદિલિપિ, (૩૯) પૂર્વ વિદેહલિપિ, (૪૦) ઉત્ક્ષેપલિપિ, (૪૧) નિક્ષેપલિપિ, (૪૨) વિક્ષેપલિપિ, (૪૩) પ્રક્ષેપલિપિ, (૪૪) સાગરલિપિ, (૪૫) વજ્રલિપિ, (૪૬) લેખપ્રતિલેખલિપિ, (૪૭) અનુદ્રુતલિપિ, (૪૮) શાસ્ત્રાવર્તલિપિ, (૪૯) ગણનાવર્તલિપિ, (૫૦) ઉત્ક્ષેપાવર્તલિપિ, (૫૧) વિક્ષેપાવર્તલિપિ, (૫૨) પાદલિખિતલિપિ, (૫૩) દ્વિરુત્તરપદ-સંધિલેખિતલિપિ, (૫૪) દશોત્તરપદ-સંધિલેખિતલિપિ, (૫૫) અધ્યાહારિણી લિપિ, (૫૬) સર્વરુતસંગ્રહણીલિપિ, (૫૭) વિદ્યાનુલોમ-લિપિ, (૫૮) વિમિશ્રિતલિપિ, (૫૯) ઋષિતપસ્તપ્તલિપિ, (૬૦) ધરણીપ્રેક્ષણાલિપિ, (૬૧) સર્વૌષધિનિષ્યંદલિપિ, (૬૨) સર્વસાર-સંગ્રહણીલિપિ અને (૬૩) સર્વભૂત-રુદ્રગ્રહણીલિપિ ચીની લિપિ ઉપરથી નીચે લીટીમાં લખાય છે. સુમાત્રાની બાલ કે બતક જાપાની લિપિ નીચેથી ઉપર અને ડાબી બાજુથી જમણી બાજુ લખાય છે. પ્રિન્ટિંગ, ડિનિશિયન, ખાનદી વગેરે જમણી બાજુથી ડાબી બાજુ સીધી લીટીમાં લખાય છે. નાગરી, ગુજરાતી વગેરે લિપિઓ ડાબી બાજુથી જમણી બાજુ સીધી લીટીમાં લખાય છે.

૩ જ્ઞા. ચીતરવું તે; દોરવું તે.
૪ જ્ઞા. જે વાસણવાળી પાલખી.
૫. જ્ઞા. માટીનાં ચાર વાસણ સાથે જોડેલાં હોય અને રમકડું
૬. જ્ઞા. લેખનકળા.
૭. જ્ઞા. લેપાં ચોપડવું તે.

લિપિકર જુઓ લિપિકાર.

લિપિકા જુઓ લિપિ.

લિપિકાર ૧. પું. કાંડવો; ચૂનો બોળનાર કારીગર.
૨. પું. કોતરનાર; શિલ્પી.
૩ [સં] પું. લખનાર; લેખક; લહિયો.

લિપિજ્ઞ ૧. [સં] વિ. લખી જાણનાર.
૨. વિ. લિપિ સંબંધી જ્ઞાન ધરાવનાર.

લિપિજ્ઞાન ૧ [સં. લિપિ + જ્ઞાન] ન. કેમ વાંચવું અને લખવું તેની જાણકારી.
૨ ન. ચોપડો માંડવાની એક લેખન કળા

લિપિધારા ૧ સ્ત્રી. જોડણી, લખવાની કળા
૨ [સં લિપિ + ધારા (ધાર)] સ્ત્રી. લિપિ શીખવનાર નોંધવહી; જોડણીની ચોપડી, વિશેષ કરીને લિપિનું જ્ઞાન થયા બાદની પોથી.

લિપિપ્રમાદ [સ.] પું. હસ્તદોષ.

લિપિયંત્ર [સ ન. અક્ષરયંત્ર; લેખ્યયંત્ર. ' ટાઇપરાઇટર '.

લિપિયાંતર વિ. બીજી ભાષામાં તબ્દીલ કરેલું

લિપિવિન્યાસ પું. લેખનકળા.

લિપી જુઓ લિપિ.

લિપ્ટન [અં.] સ્ત્રી. સર નામની જાણી એક પ્રખ્યાત કંપની.
લિપ્ટન ટી = લિપ્ટનની ચા.

લિપ્સ ૧. પું ઉદક સ્વરૂપ કાળ.
૨. પું. (જ્યોતિષ) સમયનું માપ; રાશિનો સાઠમો ભાગ; જ્યોતિષમાં કહેલ રાશિના સાઠ ભાગમય કલારૂપ ભાગદાત્મક કાળ; કળા, મિનિટ.
૩. વિ. અરડાયેલું; લીંપાયેલું, લીંપેલું.
૪. વિ. ખાધેલું.
૫. વિ. ઘસેલું.
૬. [સં. લિપ્ (ચોપડવું)] વિ. ચોપડેલું; વદન વગેરેનો લેપ કરેલ.
૭. વિ. ઝેર ચોપડેલ; ઝેરી બનાવેલ.
૮. વિ. તદાકાર; તન્મીન; મશગૂલ; બાજ; રચીપચી રહેલું.
૯. વિ. ભોમવેલ.
૧૦. વિ ભ્રષ્ટ; કલંકિત.
૧૧. વિ. લપટાઝેલું; કસાઝેલું; આસક્ત; કસેલું.
૧૨. વિ. સમિશ્ર; ભળેલું; મળેલું; ભેગાયેલું; જોડેલું.

લિપ્સદોષ પું (જૈન) જૈનશાસ્ત્રમાં ગણાવેલ એ નામ એક દોષ. ગેરુ, હરતાલ, અડિયા, મૈનશીલ, આવલ વગેરેનું ચૂર્ણ, કાચું થાક, એના લેપવાળા હાથ તથા પાત્ર અથવા અપ્રાસુક જલથી બીના હાથ તથા પાત્ર દ્વારા દિયો ભોજન આપે તે લિપ્તદોષ કહેવાય

લિપ્સા જુઓ લિપ્સ. ૨.

લિપ્સિકા જુઓ લિપ્સ. ૨.

લિપ્સ્વ પું. (પ્રાકૃત) લગાડવાનો ચીકણો પદાર્થ; લેપ.

લિપ્સા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; આશા; મનોરમણા. વાંછા; અપેક્ષા; મેળવવાની ઇચ્છા
૨. સ્ત્રી. લલચ; લોભ

લિપ્સુ [સ] વિ. મેળવવા ઇચ્છનાર. લાલચુ. લોભી

લિફાફા જુઓ લિફાફો.

લિફાફો ૧. પું. આડંબર; બાહ્ય દેખાવ.
લિફાફા બનાવવા = (૧) આડંબર કરવો (૨) કાવતરાં કરવાં.
૨. [અ. લિફાફહ] પું. કવર; પરબીડિયું. પાકીટ; પોટલું; લખોટો, ઉપલું પડ.
લિફાફો ખુલી જવો = (૧) અસલ રૂપ પ્રકટ થઈ જવું. (૨) ભેદ ખૂલી જવો.
૩. પું. કાગળ; પત્ર; દસ્તાવેજ; ચબરો.
૪. પું. ઢોળ ચડાવવો તે.
૫. પું. નાશવંત વસ્તુ.
૬. પું. બનાવટી પોશાક.
લિફાફા બદલવા = બનાવટી કપડાં પહેરવાં.

લિફ્ટ [અં.] સ્ત્રી. ઉપર ચઢવા માટેનું એક યાંત્રિક સાધન; દાદર ચઢવા સિવાય નીચેથી ઉપર જવાની યાંત્રિક યોજના.

લિબરલ ૧. પું. ઉદારનીતિવાળો પક્ષકંડનો એક રાજદ્વારી પક્ષ.
૨. [અં.] પું. ઉદારમતવાદી માણસ.
૩. પું. ભારતનો એક રાજદ્વારી પક્ષ. જે શાંત ક્રાંતિ વડે આપણા દેશને સ્વતંત્ર કરવા ઇચ્છતો હતો.
૪. વિ. ઉદાર; ઉદાર નીતિવાળું; ઉદારમતવાદી.

લિબાસ ૧. પું. ખોટી સહી.
૨. પું [અ] પહેરવેશ; વેશભૂષા; પોશાક.
૩. પું. છુરખો.

લિમિટ [અં.] સ્ત્રી. હદ.

લિમિટેડ ૧ [અં] વિ. ભાગદારી મંડળીવાળું. જેમકે, કંપની.
૨. વિ. જેની આપણે નક્કી થયેલી હોય તેવું સંખ્યાને માટે કહેવાય છે.
૩. વિ ઠરાવેલી; નિયમિત

લિમ્યાક ૧. પું. એક જાતનું મિશ્રણ
૨. પું. મધેડો.

લિમ્યાકી સ્ત્રી. મધેડી.

લિયાકત (લિયાકત) ૧. [અ.] સ્ત્રી કીમત.
૨. સ્ત્રી યોગ્યતા; લાયકાત; લાયકી; યોગ્યતા, સનદી લિયાકત = પ્રમાણપત્ર; 'સર્ટિફિકેટ'.
૩. સ્ત્રી. દુરસ્તી.
૪. સ્ત્રી. પ્રવીણતા.
૫. સ્ત્રી શક્તિ; સામર્થ્ય
૬. સ્ત્રી. શીલ; શિષ્ટતા

લિયાનત [અ.] સ્ત્રી. લયાનત; લાનત; શરમ; ધિક્કાર.
હજરત મહમદે શીખવ્યો છે તે ધર્મ, આવી લિયાનતો આખી દોરે! નાનાલાલ

લિયાળા સ્ત્રી. જવાળા; લાય.
બોજી મૂમલીની બનાર લિયાળા લાગે;
કેહીરાજ ભાતે, જીવલને આભપરા મળી
કોન-હલામણનો દહો

લિરિક [અં.] ન. ઊર્મિપ્રધાન કાવ્ય; રસપ્રધાન કાવ્ય; ભાવપ્રધાન કાવ્ય.
યુરોપીય સાહિત્યમાં પરિચિત કાવ્યના ત્રણ વિભાગ એપિક, લિરિક, અને ડ્રામેટિક મિસ્ટરોહલનો જ અનુવાદ છે. મરેખાન

લિરિકલ [અં.] વિ. ઊર્મિપ્રધાન; ભાવપ્રધાન.
લિરિકલ હોય તેજ કવિતા.
બળવંતરાય ઠાકોર

લિલાટ [સં. લલાટપટ્ટ] ન. કપાળ; ભાલ; નિલવટ.
લિલાટ ઉપર રે લોલે કુંકુમ બિંદુ રવાશંકર

લિલાડું ૧. ન. વિકસ; વેચાણ.
૨. [પો. લેલ્વોંસ; નિલામુ] ન. હરરાજી, લિલામ; ઊભાળણી; બધા માલનો બચ્ચે કીમત પોકારી જે વધારે આપે તેને માલ વેચવાની રીત. આ ચિનાર્ય શબ્દ પોર્ટુગીઝો મારફત હિંદમાં આવેલો છે
૩. ન. હરરાજમાં વેચાતી ચીજો

લિલાટ ન. કપાળ; લલાટ

લિલામ જુઓ લિલાડું

લિલાહી [હિં] પું. હાથનું કાંતેલું દેશી સૂતર

લિલ્લા [અ. લિલ્લહ(ખુદાને માટે) અ. પ્રભુપ્રીને; ખુદાની ખાતર; નિષ્કામ.

લિશ્ ૧. [સં.] ન. ક્રિ. અડવું; જવું.
૨. ન. ક્રિ. પ્રીતિ કરવી.
૩. ન. ક્રિ. દૂર્ણ થવું; ઘટવું. તે ઉપરથી લિષ્ટ

લિષિતહલા સ્ત્રી પૃથ્વીચંદ્રચરિત્રમાં જણાવેલ જાતેર જાતેની એક કલા.

લિષ્મી સ્ત્રી. (જૂ. પ્ર.) લક્ષ્મી.

લિષ્ટ [સં.] વિ. નાનું થયેલું; ઓછું થયેલું.

લિષ્ય [સ.] પું. નૃત્યકાર; નર્તક

લિસોટી ૧. સ્ત્રી. ઝીણી નાની રેખા કે વાંકીચૂકી લીટી તે.
૨. સ્ત્રી. ખાતળો ટૂંકો ઉઝરડો; ઉઝરો

લિસોટો ૧. પું. આકો; ઉઝરો; ઓખાણ.
૨. પું. જાડો લીટો; મોટો ને ચાકો આડો અવળો લીટો; મોટી લિસોટી
લિસોટો પડવો = લીટો થવો-

લિસોડા (લિસોડો) પું. ગુંદો; મૂદનું વૃક્ષ

લિસ્ટ [અં.] સ. ટીપ; યાદી; ફેહરિસ્ત, ખરડો, ટિપ્પણ; પત્રક.

લિસ્ટર પું. એ નામનો એક પ્રખ્યાત શસ્ત્રવૈદ્ય અને જંતુશાસ્ત્રી જોસેફ લિસ્ટરનો જન્મ ઈ સ. ૧૮૨૭ના એપ્રિલની પાંચમી તારીખે અપ્ટન હેન વેસ્ટહમમા થયો હતો. એમના પિતા જોકસન લિસ્ટર જાણીતા વૈજ્ઞાનિક હતા. તેમણે સૂક્ષ્મદર્શક યંત્રને સંપૂર્ણતાએ પહોંચાડવાનું સુંદર કાર્ય કર્યું હતું. પિતાની ઓકસફર્ડ, ગ્રીનહાર્ડ જોસેફમા ગીતમાં હતાં. ડાકતરની પરીક્ષા પાસ કરીને જોસેફ એડિનબર્ગ ની ઇસ્પિતાલના સીમ નામના વિખ્યાત સર્જન-શસ્ત્રવૈદ્યવિખ્યાત સાથે કામ કરવા લાગ્યા. સીમે એમની સૂક્ષ્મ બુદ્ધિ અને શસ્ત્રક્રિયામાં પારંગતતા જોઈ એમને હાઉસસર્જન બનાવ્યા. તે અવસરના ઓપરેશનમાં એમનો સાથ લેવા લાગ્યા. ઈ. સ. ૧૮૬૪માં પાસ્ચ્યુરે જંતુશાસ્ત્રની શોધ કરી. આ સમયે લિસ્ટર પણ કંઈક એવા જ નિર્ણય પર આવ્યા હતા. એમણે એ શોધ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું ને વધુ સંશોધનો કર્યાં. પાસ્ચ્યુરનો મત હતો કે, ઘાની અંદર જંતુ ઉત્પન્ન થાય છે અને સડો લાગીને ઝેર થાય છે તે એમણે સ્વીકાર્યો. એ સડો દૂર કરવા એમણે અનેક રીત અજમાવવા માંડી. ઓપરેશન થતું હોય ત્યાં સુધી કાર્બોલિક ઍસિડ તે ભાગ ઉપર છાંટવાનું એમણે કર્યું. ધોયેલા રૂનાં પૂમડાં લેતાં, આગળ પાછળ જરાય ધૂળ ન ઊડે એ માટે સાવધાની રાખતા ને સાથીના હાથ બરાબર ધોવડાવતા હતા. આથી અનેક નાની મોટી વિગતો પાળવા એ મહિનાઓ સુધી મથ્યા. અનેક અખતરાઓને અંતે એમણે જોયું કે, ઘામાં પરુ થઈ તેને ઝેરી થતા અટકાવવાનો એક જ ઉપાય છે અને તે, ઘામા જંતુનાશક દવા એવી રીતે નાખવી જોઈએ કે, જેથી ત્યાં જંતુ જરી જ ન શકે. એ માટે એમણે જુદા જુદા પ્રયોગો કર્યા. કાર્બોલિક ઍસિડની જુદી જુદી રીતે મેળવણી કરીને લગાડી જોઈ. પાટાપટ્ટીની પદ્ધતિમાં પણ ફેરફારો કર્યા. કરીને ઓછું દુઃખ થાય અને ઘા સડીને ઝેરી થવાને બદલે રુઝાઈ જાય એ માટે એમણે તનતોડ મહેનત લીધી. એ પછી એમણે ઓપરેશનનાં સાધનો અને બીજા એકેએક સાધન જંતુનાશક પ્રવાહીમાં બોળીને ઉકાળીને લેવાનું ઠરાવ્યું. એમણે જંતુવિનાશક શોધ ઉપરાંત ઘા પર ટાંકા મારવા માટેની પણ નવી પદ્ધતિ શોધી. પહેલાં આ માટે જે રેશમ વપરાતું તે બદલે કોઈ જંતુ હતું. હવે એમની પદ્ધતિથી અંદર બળી જતું. એટલે જંતુ ઉત્પન્ન કરી ઝેર ફેલાવી શકતું ન હતું. વળી એ માટેની સોય અને બીજાં સાધનોની પણ શોધ એમણે કરી. એમની આ શસ્ત્રવૈદ્યની શોધને અજબ સફળતા મળવા લાગી. ઇસ્પિતાલોનું મરણપ્રમાણ ઘટવા માંડ્યું. એ વિખ્યાત શસ્ત્રવૈદ્ય હતા ને એમણે કરેલા અનેક અવનવા ઓપરેશનો જ એમનું નામ વિખ્યાત કરવા માટે પૂરતા હતા. એમણે કરેલાં વિલાયતના અઢારણી વિક્ટોરિયા અને તે પછી સાતમા એડવર્ડનાં મહારથી ઓપરેશનો ખ્યાન એવાં છે. એ જેવા શસ્ત્રવૈદ્ય હતા તેવા જંતુશાસ્ત્રી પણ હતા. સૂક્ષ્મદર્શકયંત્રની ચોકસાઈથી એ કાર્ય કરતા. એમણે રાસ અને રેખાના ભેદભાવ વિના અનેકને ચમત્કારથી પાછા આપવા અને વિલાયતનું મરણપ્રમાણ અત્યંત ઓછું થયું. એમની શોધથી મૃત્યુના મહામુખમાં હોમાઈ જતાં અનેક કમનસીબો બચ્યાં. ઈ. સ. ૧૯૧૨માં એ અવસાન પામ્યા.

લિહ્ ૧. [સં.] સ. ક્રિ. ચાખવું
૨. સ. ક્રિ. ચાટવું.
૩. સ. ક્રિ. ચૂસવું.

લિહ [સં. રેખા; પ્રા. રેહા–અપભ્રંહ–હીહ–લેહ] વિ. ચાટનાર.

લિહાજ (લિહાઝ) ૧. [અ. લિહાઝ (અદબ)] પું. અદબ; માન રાખવું તે; વિવેક.
૨. પું. આગમ.
૩. પું. ખયાલ.
૪. પું. ધ્યાન; નજર
૫. પું. પક્ષપાત; તરફદારી.
૬. પું. ફાયદો.
૭. પું. મતલબ તે
૮. પું. વિષય; સંબંધ.
૯. પું. શરમ.
૧૦. પું. સત્કાર.

લિંક ૧. [અં.] સ્ત્રી. કડી.
લિંક તૂટવી = (૧) પ્રવાહ તૂટવો. વિચાર, વ્યાપારા વગેરે માટે બોલાય છે. (૨) સંબંધ તૂટવો. (૩) સાંધવું તૂટવું.

૨. સ્ત્રી. બે ભાગને જોડવાનું મોટરમાં વપરાતું એક સાધન; બે ઉપ્પાકરોને અથવા બે ઉપકરણને જોડવાનું સાધન.
૩. સ્ત્રી. રાવણ અને તારની બનેલી મશાલ અથવા કડી, સાંકળી કે વીંટી

લિંગ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) બસવું; જવું.
૨. અ. ક્રિ. ચીતરવું
૩. અ. ક્રિ. જાતિ પ્રમાણે રૂપ કરવું.

લિંગ ૧. [સં.] ન. અહાર માંહેનું એક પુરાણ.
૨. ન. અનુમાન; સાધન; હેતુ.
૩ ન. અર્થને પ્રકાશ કરવાનું સામર્થ્ય. હેતુ, લિંગ, સામર્થ્ય એ ત્રણ શબ્દો એક જ અર્થના છે.
૪. ન. (જૈન) ચિહ્ન; નિશાની
૫. ન. (વ્યાકરણ) જાતિબોધકદર્શક સંજ્ઞા કે ચિહ્ન; પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ, એ ત્રણમાની પ્રત્યેક જાતિ. જાતિને સંસ્કૃત વ્યાકરણમાં લિંગ કહે છે. લિંગના બે પ્રકાર છે: (૧) લૌકિક–સ્વાભાવિક. (૨) શાસ્ત્રીય–કૃત્રિમલિંગ. એટલે પુરુષત્વ અને સ્ત્રીત્વનું ચિહ્ન.
ત્રણ લિંગ નીચે પ્રમાણે છે: જેમકે, પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. લિંગોનું બીજું નામ વેદ પણ છે. તત્ત્વાર્થસૂત્ર
૬. ન. જેનાથી આપણે કોઈ વસ્તુ જાણી શકીએ તે; બુદ્ધિ.
૭. ન. ઢાપ, કલંક.
૮. ન. દેહાભિમાન.
૯. ન. (શિલ્પ) પહોળાઈ પ્રમાણે લિંગના બાર ભાગોનો એક વર્ગ. તે આ પ્રમાણે છે: દૈવિક; માનુષ, રાક્ષસ અને આર્ષ.
૧૦. ન. પ્રજોત્પાદક અવયવ; જનનેંદ્રિય; મૂત્રોત્સર્જનકારક વીર્ય અને મૂત્રનું સ્થાન; પુરુષની ઇંદ્રિય; નરજાતિની ઇંદ્રિય
૧૧. ન. પ્રત્યય લાગ્યા પહેલાનું નામનું મૂળ સ્વરૂપ.
૧૨. ન. નિશાની; ઓળખવાની નિશાની.
૧૩. ન. અહંવર્ગ.
૧૪. ન. મહાદેવની પિંડી કે બાણ; મહાદેવની મૂર્તિ. શિવપુરાણમાં લખ્યું છે કે, શિવનાં બે રૂપ છે. નિર્ગુણસ્વરૂપ અલિંગ છે અને જગત કારણરૂપ શિવલિંગ છે. પદ્મપુરાણમાં શિવના આ રૂપના સબંધમા કથા છે કે, એક વાર મહારાણ્ય પર ઋષિઓએ મહો ભારે યજ્ઞ કર્યો. ત્યા તેઓએ ઋષિઓના પૂજ્ય દેવતા કોને બનાવવા જોઈએ એ બાબત ચર્ચા કરી. અંતે એવો નિશ્ચય થયો કે શિવ, વિષ્ણુ અને બ્રહ્મા એ ત્રણની પાસે જઈ આનો નિર્ણય કરવો. બધા ઋષિ પ્રથમ શિવની પાસે ગયા પણ તે

વખતે શિવ પાર્વતીની સાથે ફોગા કરી રહ્યા હતા. આથી નંદીએ દરવાજા પર તેઓને રોકી દીધા. ઋષિઓનો ઘણો કાળ વ્યતિત થયો. આથી ભૃગુઋષિએ ક્રોધ કરી શાપ દીધો કે, હે શિવ! તમે કામક્રોડાને વશ બની અમારું અપમાન કર્યું તેથી તમારી મૂર્તિ યોનિ-લિંગરૂપ થશે અને તમારું નૈવેદ્ય કોઈ ગ્રહણ નહિ કરે. યુગ પરિવર્તન રહ્યા બાદ વારાણસીમાં એવી દંતકથા છે કે, શૌનકાદિ ઋષિઓએ આ લિંગોપાસના સંબંધી પ્રશ્ન સૂત પુરાણિકને પૂછેલો. તેના ખુલાસામાં કહે છે કે, દક્ષપ્રજાપતિના યજ્ઞ સમયે પાર્વતીજી અગ્નિમાં સમાઈ જવાથી શિવજી ક્યાકુળ બનીને નગ્ન યોગીના વેશમાં આનર્ત વનમાં રખડતા રખડતા ઋષિઓના આશ્રમમાં જઈ ચઢ્યા ત્યારે ઋષિપત્નીઓ લલિત થઈ ગઈ અને ઋષિઓના શાપથી શિવજીનું લિંગ પડીને પાતાળમાં પડી ગયું. તેથી જગતમાં મહા ઉત્પાત થવા લાગ્યો. ત્યારે બ્રહ્મા-વિષ્ણુ-દેવોએ શંકર પાસે જઈ સ્તુતિ વડે કહ્યું કે સોનાના જ્યોતિર્મય લિંગનું પૂજન કરવાથી, ત્યારે પાર્વતી પોતાનું લિંગ ધારણ કર્યું. તે શિવલિંગના પૂજન-ભજનમાં બ્રહ્મા, વિષ્ણુ દેવો સર્વેના પૂજનનો સમાસ થઈ જાય છે. વેદમાં લિંગ સંબંધી કશું જણાવેલ નથી. લિંગપૂજા અર્વાચીન હોય એમ મનાય છે. મહાભારતમાં તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. નીચે જણાવેલ ૧૨ મુખ્ય લિંગ છે: (૧) સોમનાથ-ને કાઠિયાવાડમાં સોમનાથ પાટણમાં આવેલું છે. (૨) મલ્લિકાર્જુન અથવા શ્રીશૈલ-તે કૃષ્ણા નદી પાસે એક પર્વત ઉપર આવેલું છે. (૩) મહાકાલ અથવા મહાકાલેશ્વર-તે ઉજ્જયનમાં આવેલું છે. ઈ.સ. ૧૨૯૧માં અલતમશે આ લિંગ દિલ્હી લઈ જઈ તેના ટુકડા કર્યા હતા. (૪) ઓંકાર-તે નર્મદા નદીના કિનારા ઉપર આવેલ છે. (૫) અમલેશ્વર-તે ઉજ્જયનમાં આવેલ છે. (૬) વૈદ્યનાથ-બંગાળામાં દેવઘર ગામમાં તે હાલ બાર્યના રાજા તરીકે ગણાય છે. (૭) રામેશ અથવા રામેશ્વર-દક્ષિણના કુમે લાલ વચ્ચે આવેલ ટાપુ રામેશ્વરમા, હાલ ત્યાં મંદિર છે અને તેને દિલ્હીના બાદશાહ મંદિરમાં પણ ગણી શકાય છે. (૮) ભીમશંકર-ડાકિનીમાં. રાજમંદ્રી જિલ્લામા. કુરુમ ગામમા. તે આવેલ છે. (૯) વિશ્વેશ્વર તે કાશીમાં આવેલ છે. તેને જ્યોતિર્લિંગ પણ કહે છે. (૧૦) ત્રંબક અથવા ત્રયક તે ગોમતી નદીના કાંઠા ઉપર આવેલું છે. (૧૧) ગૌતમેશ (૧૨) કેદારેશ અથવા કેદારનાથ તે હિમાલયમા આવેલું છે. આ ઉપરાંત નાગનાથ, નાગનાથેશ્વર અને વામેશ્વર એવાં પણ લિંગ છે.

૧૫ ન. મીમાંસામા કહેલ ૭ લક્ષણ. તે અનુમાન પ્રમાણનો નિર્ણય થાય છે. જેમકે, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, અભાવ, ઉપક્રમ, ઉપપત્તિ, ઉપસંહાર.

૧૬ ન. વીરશૈવ ધર્મમા જણાવેલ આઠ આવેષ્ટનું એક આવરણ

૧૭ ન. બ્રાહ્મણ; અગ્નિનો આશ્રય; સાધ્યની વ્યાપ્તિ વડે વિશિષ્ટ તથા પક્ષવૃત્તિત્વરૂપ પક્ષધર્મતા વડે વિશિષ્ટ જે હેતુ-તે. જેમકે, ધૂમરૂપ હેતુ અગ્નિરૂપ સાધ્યની વ્યાપ્તિ વડે વિશિષ્ટ છે, તથા પર્વતરૂપ પક્ષ વિષે વૃત્તિત્વરૂપ પક્ષધર્મતા વડે પણ વિશિષ્ટ છે માટે એ ધૂમરૂપ હેતુને લિંગલિંગ કહે છે.

૧૮. ન. શબ્દમા રહેલ એક ધર્મ; શબ્દનું સામર્થ્ય.

૧૯. ન. સર્વભૂતમાત્ર જેમાં લય પામીને ફરી જન્મ છે તથા સર્વ સમયે ફરીથી જેમાંથી નીકળી આવે છે એવું પરમતત્ત્વ.

> સૃષ્ટિકાળમાં જે જગત આ લિંગમાંથી ઉત્પન્ન થયું છે, તે પ્રલય સમયે સર્વ લિંગલિંગમા જ લીન થઈ જાય છે. આપસ્તંબ કલ્પસૂત્રભાષ્ય

૨૦ ન. સાબિતી કે પુરાવો.

૨૧. ન. સાંખ્યમાં કહેલ પ્રધાન કે મૂળ પ્રકૃતિ.

૨૨. ન. સૂક્ષ્મ શરીર; સ્થૂળ શરીરનું મૂળ રૂપ; સૂક્ષ્મતા; અરૂપદેહત્વ.

લિંગક પું. કોનું ઝાડ.

લિંગદેહ [સં.] પું. કર્મ સંસ્કાર જેને વળગેલા છે એવો જીવાત્મા; સૂક્ષ્મ દેહ; વાસનારૂપ શરીર; કર્મની સાથે અનાદિકાળથી બાંધેલી કર્મ સંસ્કારની વાસના; જીવના ત્રણ બાંધેલા જીવની સાથે પ્રથમ જન્મારંભ જેનો જડાઈ રહેલો છે; જીવાત્માનું સૂક્ષ્મ શરીર; સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના કારણભૂત જીવનું જન્મ મરણના હેતુરૂપ આવરણ અથવા બંધન. તેમાં જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયોની બધી વૃત્તિઓ રહે છે. ફક્ત તેનું સ્થૂળ રૂપ નથી રહેતું. આ દેહમાં ૧૭ તત્ત્વો મનાય છે: ૧૦ ઇંદ્રિયો, મન, ૫ તન્માત્રા અને બુદ્ધિ. પંચમૂતોથી બનેલો આ સ્થૂળ દેહ નાશ થઈ જાય છે પણ અંગૂઠા જેવડો જે લિંગદેહ રહે છે તે કદી પણ નાશ પામતો નથી.

લિંગદ્વાર ન. વેદપાઠ.

લિંગધારણા સ્ત્રી. એ નામનો વીરશૈવપંથને માનનારાઓ માટે યજ્ઞોપવીત જેવો સંસ્કાર. આ સંસ્કાર વીરશૈવ ગોપુરુષને કરવામાં આવે છે ત્યારથી તે જગામાં ઇષ્ટલિંગ ધારણ કરી શકે હોય ત્યાં સુધી તે લિંગની પૂજા કરવાની હોય છે.

લિંગધારિણી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાનક નૈમિષારણ્યમાં છે

૨. સ્ત્રી. એ નામની દેવીનું સ્થાનક તમા પીઠ.

લિંગધારી ૧. [સં.] વિ. શિવલિંગ ધારણ કરનાર.

૨. વિ. વેષ ધરનાર.

લિંગનાશ ૧. [સ.] પું. અંધારું; અંધકાર; તિમિર.

૨ પું. (વૈદક) આંખનો એક રોગ; અંધાપો; નેત્ર રોગના ૭૮ ભેદનો એક પ્રકાર. તેજ ક્ષીણ થતાં ચોથા પટલમાં જલ એટલે દૃષ્ટિનો રોધ કરે છે તેને લિંગનાશ કહે છે. આ રોગ થવો પહેલા આકાશમાંના ચંદ્ર, સૂર્ય, નક્ષત્રો, વીજળી અને તેજસ્વી પદાર્થો દેખાય છે.

૩. પું. ચિહ્નનો નાશ.

૪. પું પુરુષની જનનેંદ્રિયનો નાશ કરવો કે છેદન કરવું તે.

લિંગપીઠી સ્ત્રી. ઉત્પાદક ઇંદ્રિયો જેમાંથી આવે છે તેનો અવયવ.

> આ જનન રેશમી પોશાકમાં **લિંગપીઠી** ઉત્પન્ન થાય છે. આ પીઠીમાં ઉત્પાદક ઇંદ્રિયો આવે છે. ગુજરાતી જ્ઞાનકોષ

લિંગપુરાણ [સં] ન. અઢાર પૈકીનું એક પુરાણ. તેમાં શિવનું માહાત્મ્ય અને લિંગપૂજનનો મહિમા વર્ણવેલો છે. તેની શ્લોક સંખ્યા ૧૧,૦૦૦ અગિયાર હજાર છે. જાહા તેના અધિષ્ઠિત વક્તા છે. તેમાં શિવને જ જાહા અને વિષ્ણુ બનેના અધિષ્ઠાન કહેલાં છે. શિવજીએ પોતાના મુખે ૨૮ અવતારોનું વર્ણન કર્યું છે. આ એક સાંપ્રદાયિક પુરાણ છે. જે પ્રકારે વિષ્ણુએ પોતાના ઉપાસક અંબરિષ રાજાની રક્ષા કરી હતી તે પ્રમાણે આમાં શિવ દ્વારા પરમ શૈવ દધીચિની રક્ષાની કથા કહેલી છે. પહેલાં પદ્મકલ્પની સૃષ્ટિની ઉત્પત્તિની કથા આપીને પછી વૈવસ્વત મન્વંતરના રાજાઓની વંશાવળી શ્રીકૃષ્ણના સમય સુધી કહેલી છે. યોગ અને અધ્યાત્મની દૃષ્ટિએ લિંગપૂજનનો ગુપ્તાર્થ પણ બતાવવામાં આવ્યો છે.

લિંગપૂજા ૧. [સં.] સ્ત્રી. નેપાળ જેવા સ્ત્રિયા રાજ્યમાં મહાદેવ પુરુષની ગુપ્ત ઇંદ્રિયની થતી પૂજા.

૨. સ્ત્રી. લિંગની પૂજા. બ્રહ્માએ મહાદેવને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કહ્યું; જેથી મહાદેવે સતીનું ચિંતન કરીને પોતાના જેવા જ હજારો અમર પ્રાણીઓને ઉત્પન્ન કર્યા. આથી બ્રહ્મા અપ્રસન્ન થયા અને શિવે બધાને સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે પોતાનું લિંગ કાપી નાખી યોગ સાધવા માંડ્યો. ત્યારથી લિંગ પૂજવા માંડ્યું. અનાર્યોની લિંગપૂજા અને આર્યોની કટપૂજા અથર્વવેદના સમય પહેલા એક થઈ ગઈ ન હતી, પણ અથર્વવેદના સમયમાં જ્યારે આર્યલોકો

અંતઃપ્રદેશની અંદર દાખલ થયા ત્યારે રક્તપુષ્પ અને લિંગપૂજાનું ઐક્ય થયું અને શિવ આર્યો તેમજ અનાર્યોનો મહાદેવ બન્યો.

૩. સ્ત્રી. શંકરની મૂર્તિની પૂજા

લિંગપ્રતિષ્ઠા [સં. લિંગ + પ્રતિષ્ઠા (સ્થાપના)] સ્ત્રી. શિવલિંગની સ્થાપના; મંદિરમાં શિવના ભાણની પ્રતિષ્ઠા વિધિપુરઃસર કરવી તે.

લિંગભંગ પું. વીર્યપાત.

પિયે મુદ્દાના પોમાનું પાણી રે,
અતિરાય અણુદ્ધ એ આણી રે,
મા તો લિંગભંગ પોયું લોય રે;
બૂતપ્રેતને પીવાનું હોય રે.

નિષ્કુળાનંદ

લિંગભેદ [સં.] પું. જાતભેદ; જાતિમાં તફાવત.

લિંગમીમાંસા સ્ત્રી. (વેદાંત) કાર્ય, બુદ્ધિનો વિષય હોઈ ને પ્રવર્તક હોવાપણું; આ કરવા યોગ્ય છે એવી કાર્ય, બુદ્ધિનો વિષય હોઈને બીજાને જે પ્રવૃત્તિ કરાવવાપણું તે; વિધ્યર્થ વગેરેનો જે અર્થ તે, એને જ પાણિનિ લિડ્અર્થ કહે છે.

લિંગવાસના સ્ત્રી. સહોજ ઇચ્છા.

લિંગવૃત્તિ ૧. [સં.] પું. નિર્વાહ માટે સન્યાસ ધારણ કરનારા કપટી સંન્યાસી

૨. વિ. કપટ વેશધારી.

૩. વિ. ઢોંગી

લિંગશરીર જુઓ લિંગદેહ.

લિંગસંન્યાસી પું. સંન્યાસીનો એક પ્રકાર. આવા સંન્યાસીઓ ઊકરડામાં ઘોડોએ બહાર ફેંકી દીધેલાં નકામાં ચીથરાં લેમાં કરી તેને ધોઈને ગોદડી બનાવે છે. અલિંગ સંન્યાસીઓ તે એમને એમ ઓઢે છે અને લિંગ સંન્યાસીઓ તેને ગેરુમાં રંગીને ધારણ કરે છે.

લિંગસ્થ પું. બ્રહ્મચારી; ધાર્મિક વિદ્યાર્થી.

લિંગાકૃતિ [સં. લિંગ (પુરુષની મૂત્રેંદ્રિય) + આકૃતિ (આકાર)] સ્ત્રી. પુરુષની મૂત્રેંદ્રિયનો આકાર.

લિંગાણાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક પરગણો. અહીં સુખમેન નામની નદીનો સંગમ થાય છે. તેને મજરોરા પણ કહે છે.

લિંગાનુશાસન ૧. ન. એ નામે અમરસિંહે બનાવેલો સંસ્કૃત કોષ.

૨. [સં. લિંગ + અનુશાસન (નિયમ)] ન. (વ્યાકરણ) લિંગ સંબંધી અર્થાત્ જાતિ વિષેના નિયમો; જાતિ કરાવવાનું પોરણ.

૩. ન. વ્યાકરણના પાંચ મોટેનું એક અંગ

લિંગાયત ૧. પું. એ નામના શૈવ સંપ્રદાયનો આદમી.

૨. [સં. લિંગ + આયત (આવેલું)] પું. ગળામાં કે જનોઈમાં શિવલિંગનું ધારણ કરીને ફરનાર શિવનો ભક્ત; એક ધાર્મિક સંપ્રદાયની વ્યક્તિ. કોટમાં શિવલિંગ રાખીને પૂજા કરનાર મનુષ્ય.

૩. પું. શૈવ મતનો એક પેટા મત; વીરશૈવમત; એક શૈવ સંપ્રદાય. તેનો પ્રચાર દક્ષિણ ભારતમાં બહુ છે. કનડી ભાષાના બસવ પુરાણમાં મળી આવે છે કે, બસવ નામના બ્રાહ્મણે જૈન ધર્મને નષ્ટ કરવાની દૃષ્ટિથી લિંગાયત મત ચલાવ્યો. એકાંત આ સંપ્રદાયનો પ્રવર્તક હતો. બસવ તો માત્ર તેનો ઉત્તમ પ્રચારક હતો. તે જૈનોનો શત્રુ હતો અને તેમની મૂર્તિઓ તોડાવી દેતો. આ સંપ્રદાયમાં અદ્વિતને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું હતું. આમાં હિંદુ સમાજના પ્રધાન અંગ વર્ણવ્યવસ્થાને કંઈ સ્થાન ન મળ્યું અને ન તો સન્યાસ આશ્રમ તપને મુખ્ય માન્યા. બસવે જણાવ્યું કે દરેક પ્રાણીએ, અરે જંગમે પણ, પોતાના ક્રમની ફરજો બજાવી જોઈએ, બીજા માટીને નહિ. કહેવાય આ સંપ્રદાયની વિશેષતા હતી. લિંગનું ચિહ્ન આ સંપ્રદાયનું ઉત્તમ ચિહ્ન છે આ સંપ્રદાયવાળા જણાયાં બાંધીની કમ્બીમાં શિવલિંગ રાખે છે. તેઓ માને છે કે, શિવે પોતાના તત્ત્વને લિંગ અને અંગમાં વિભક્ત કર્યું. વિશિષ્ટાદ્વૈતની સાથે આ સંપ્રદાયની ઘેટલીક સમાનતા છે, જ્યારે વૈદિક મતની ઘણી બાબતોથી ભિન્ન છે. યજ્ઞોપવીતને બદલે તેમનામાં દીક્ષા સંસ્કાર થાય છે. બાવડી મંત્રને બદલે તેઓ ૐ નમઃ શિવાય જપે છે અને યજ્ઞોપવીતને બદલે જણાયાં લિંગ લટકાવે છે

આરંભમાં શૈવમતમાંથી આગળ ઉપર વીરશૈવમત અથવા તો લિંગાયત સંપ્રદાયનો ઉદય કે સ. ૧૧૦૦ થી ૧૧૬૨ સુધીમાં થયો હતો.

આયુબાબ્ય

લિંગાયતમત જુઓ લિંગાયત ૩.

લિંગી ૧ પું. ઉત્તમ ચિહ્નવાળો દેવ.

૨. પું. તાપસ.

૩. પું. દેવી ભક્ત; દેવી તાપસ

૪. પું. નામયોગી અવધૂતનો કર્તા.

૫. પું. પરમેશ્વર.

૬. પું. શિવલિંગપૂજક; શિવનો ભક્ત

૭. પું. હેતુ; મૂળ.

૮. [સં. લિંગ + ઇન્ (વાળું)] વિ. ચિહ્ન ધરાવનાર; ચિહ્નવાળું; ચિહ્નવાળું.

૯. વિ. જાતિગત; જિન્સી; કોઈ પુરુષ સંબંધી; જાતિવાળું; જાતિનું; જિન્સનું.

૧૦. વિ. જેનું બાહ્યરૂપ અંતરસ્વરૂપને મળતું આવે તેનું.

૧૧. વિ પુરુષની ઇંદ્રિયવાળું.

૧૨. વિ. ચિહ્નો કે નિશાની ધારણ કરનારું ચિહ્નવાળું

૧૩. વિ. મધ્યમપદ ધરાવનાર.

૧૪. વિ. મહાદેવની મૂર્તિવાળું, શિવલિંગ ધરાવનાર.

૧૫. વિ. લિંગ દેહવાળું; સૂક્ષ્મ શરીરવાળું

૧૬ વિ. વેશધારી; કપટી.

૧૭ વિ. શિવભાર્યા

૧૮. વિ. સાધનવાળું.

૧૯. વિ. હેતુવાળું

લિંગોપાસના [સં.] સ્ત્રી. લિંગની ઉપાસના કરવી તે. પરમાત્મા કે તેઓની દૈવતમૂર્તિ શક્તિ સામ્યાવસ્થામાં રહે છે ત્યાં સુધી લિંગ કે યોનિના દૈતભાવની કલ્પના સંભવતી નથી. પરંતુ જ્યારે દૈતભાવ કલ્પાય છે, ત્યારે આધાર (યોનિ) અને આધેય (લિંગ) એમ પરસ્પર સંબંધ વિશિષ્ટ થાય છે, ત્યારે એક વિના બીજાની ઉપલબ્ધિ થતી નથી. વિશ્વની ઉત્પત્તિનું કારણ મૂળ ત્રિકોણ મહાયોનિ સ્વરૂપ છે અને જ્યારે તેનું મધ્યબિંદુ વિષ્ણુબ્રહ્મ અર્ધ, ઊર્ધ્વમુખશીલ જ્યોતિર્મય રેખા રૂપમાં પરિણમે છે, ત્યારે તેનો ઉજ્જ્વલ પ્રકાશ પુંજમાં સ્તંભરૂપે વ્યક્ત થાય છે. આ રીતે સૃષ્ટિના પ્રથમ રહસ્યની સાક્ષી લિંગોપાસના છે. લિંગમાં આકાર કે રૂપનો ઉલ્લેખ નથી, પરંતુ પુરુષ અને પ્રકૃતિના સમોનવડે સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે, તે ઉત્પત્તિ ધર્મનું સૂચક શિવલિંગ છે. અવ્યક્ત પરમાત્મા આ પ્રમાણે વ્યક્ત અર્ધ બોને જ અપર—સગુણ બ્રહ્મ અર્ધ સૃષ્ટિની ઉત્પત્તિ કરી, જેથી જગતનો ઊચિત વ્યવહાર યજ્ઞાર્થ-પુમાર્થ ચાલે છે. સૃષ્ટિકાળમાં જે જગત આ લિંગમ થી ઉત્પન્ન થયું છે તે પ્રલય સમયે સર્વ શિવલિંગમાં જ લીન થઈ જાય છે.

લિંગ્વા ફ્રાંકા [અં.] સ્ત્રી. સર્વ સામાન્ય બોલી

લિંચ લો [અં] પું. એક પ્રકારની દંડનીતિ. તેની રૂએ પ્રથમ સજા અને પછી તપાસ થાય છે

લિંચ લો એટલે એ દંડનીતિ કે જેની રૂએ પ્રથમ સજા અને પછી તપાસ. લિંચ નામનો માણસ જેણે આ પ્રથા શરૂ કરી તેના ઉપરથી એ નામ પડેલું છે. મહાત્મા ગાંધીજી

લિંદ ૧. સ્ત્રી. સસુના રેણા.

૨. [અં] ન. ઘા ઉપર મૂકવાનું કપડું; કુશલીન.

લિંબજશ (લિમડજશ) પુ ખારી નામના; ખોટા યશ.

લિંબડી (લિમડી) જુઓ લીમડી

લિંબડો (લિમડો) જુઓ લીમડો.

લિંબાળુ સ્ત્રી. લિમ્બ; લીંબુનું ઝાડ.

લિંબુ [સં. નિમ્બૂ] ન. એક ખટું ફળ એ રુધિર અને પાચક ક્રોતથી ભોજનમા દ્રવ્યગુણમ. નિરોગી અવાય છે ઔષધ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. એનું અથાણું થાય છે ફેગવાના પ્રકમ. અને ઓસડ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે લિંબુ, નારંગી, મોસંબી, સતરા, બીજોરું, પપનસ, મીઠું લિંબુ, ત્રિફેંદ અને ખાટુ લિંબુ, એ સૌ લિંબુની જ જાત છે. લિંબુના ઝાડ બિયા વાવવાથી અને કલમ કરવાથી થાય છે આ વૃક્ષ ચાર વર્ષ ફળે છે. જુઓ લીંબુ ૨.

લિંબુડી (લિમુડી) સ્ત્રી. લિંબુનું ઝાડ; લિમોર્ડ.

લિંબોઈ ૧. સ્ત્રી. લિંબુનુ ઝાડ તેમ. ફ.ર. થાય છે તેના પાન કાળાશ પડતાં લીલા અને લંબગોળ થાય છે અને તેમાં લિંબુ થાય છે.

૨. સ્ત્રી. લિંબોળી.

લિંબોડી (લિમોડી) ૧. સ્ત્રી. એક જાતનો સોનાનો દાગીનો.

૨. સ્ત્રી લિમોર્ડ.

૩. સ્ત્રી. લિંબોળી.

લિંબોળી ૧. સ્ત્રી. રાયણ જેવુ પણ કડવા રસથી ભરેલું લીમડાનું ફળ. એ પાકતા મહે જ ગળ્યુ થાય છે. તે ઉપરથી પ્રૌઢ વયે પહોચેલા બીજા પણ કડવા સ્વભાવના માણસને ટોણો મારતા એમ કહેવાય છે કે પાકતા તો લિંબોળીઓ પણ મીઠી થાય છે. લિંબોળીના ઠળિયા પીલતાં તેમાંથી નખતુ તેલ નીકળે છે. એ તેલથી રોગ મટી જાય છે. ઝરીઓ તેનો દીવો પણ બાળે છે. એના બીજ કેવાઓની જીવાતના નાશ કરે છે.

૨. જા લિંબોળીના પાકનું પડોળા મોનું એક મોટું વાસણ.

લી ૧ પુ (સગીત) હર્ષોદ્રેકી સગીતમ. પ ને બદલ બોલાતો શબ્દ.

૨ પુ નામ ઉપરથી લઘુતાવાચક નામ બનાવનાર પ્રત્યય. જેમકે, ખટલી.

૩. પુ. કાપડનું એક માપ, અર્ધા મીટર.

અ. મોતી આપ પસિદાન કરો. એનો પ્રકાશ આપણા જી સુખી પડશે. ચિત્રમય જગત

૪. પુ ચડાઈ બતાવનાર પ્રત્યય.

૫. સ્ત્રી આડો આંક, લીટ.

૬ સ્ત્રી. આલિંગન.

૭ સ્ત્રી સજ્જડ; ફેર, મોટું દુઃખ.

લી વાગી = (૧) મરણ કરવો, આડો આવે ત્યારે, અને કામમા હદ કરવી (૨) મોટ નુકસાન કરવુ (૩) કજેત કરવુ.

૮ સ્ત્રી. ચીનમાં ચલણનું એક જાતનું વજન. મામાન્ય રીતે તે ચીનના ઔંસનો ૧૦૦૦મો ભાગ છે

૯ સ્ત્રી ત્રાસ.

૧૦ સ્ત્રી લીટી

૧૧ સ્ત્રી હદ; મર્યાદ., પરાકાષ્ઠા

૧૨ [સ] અ કિ (ધાતુ) અદશ્ય થવુ તે ઉપરથી લીન, તલ્લીન, લીનતા, વગેરે.

૧૩ અ કિ ઓગળવુ, ગળવુ, પીગળવુ

૧૪ અ કિ ચોંટવુ થવુ.

૧૫ અ કિ ખૂપવુ, સતાવુ.

૧૬ અ કિ. રહ્યા થવુ, લીન રહેવુ.

૧૭ સ કિ. ઓગાળવુ, ગાળવુ, પિગાળવુ.

૧૮. સ કિ. ચોટી જવુ; વળગી રહેવુ; ભેટવુ.

૧૯ સ કિ. ભેદવુ, સધુક્ત કરવુ.

૨૦ અ કિ પડ્યુ રહેવુ, ટેકો દઈને આરામ લેવો.

લીઆ કું. સિંહ.

લીઆડલરેંથ પુ એ નામનો એક મહાન ગણિતજ્ઞ વિજ્ઞાનવેત્તા, ચિત્રકાર અને નવલકથાકાર. તેનો જન્મ બારતના પોલ્યાનામા તા. ૬ સપ્ટેમ્બર ૧૮૨૮ના રોજ થયો હતો. અને ૧૮૫૧માં તેણે સબ્સ્ટપોલી તુર્કી સામેની લડાઈમાં ભાગ લીધો તેનું લગ ૧૮૫૨મા થયુ હતુ. તેણે પોતાની પત્નીનો ૧૮૧૭માં ત્યાગ કર્યો હતો તા ૨૧ નવેંમ્બર ૧૯૧૦ના રોજ તેનું મૃત્યુ થયુ. આ મહાત્માની પત્નીએ એને વિષે નોધ્યુ છે કે, મેં તેની જીન્દગીને વશ થઈ ૧૬ વખત પ્રસવપીડા વેઠી છે મહેનતુ, સાદુ ને પ્રભુના માર્ગનું જીવન એ તેની ફિલસૂફી છે.

લીક ૧ સ્ત્રી. ખોડ; પક્તિ, લીટી, હાર.

૨ સ્ત્રી મર્યાદા; મજુરી.

૩. [કિ.] સ્ત્રી માટીના પેડાંની નિશાની; પૈડું; ગાડાં રસ્તો; ચીલો; કેડી.

લીક પકડવી = કેડી ઉપર ચાલવુ.

૪ સ્ત્રી ચાલ, પ્રથા, રીત; રિવાજ, રૂઢિ.

લીક પીટવુ = (૧) ખોટુ ભન્યુ હોય તેના ઉપર ટીકા કરવી (૨) રૂઢિ પ્રમાણે ચાલવું.

૫ સ્ત્રી ખૂન કે ડુ, લીખ.

૬. સ્ત્રી. ડાઘ, કલક; લાછન.

૭ સ્ત્રી પ્રતિષ્ઠા, યશ, નામ; આબરૂ.

લીક ખોવી = (૧) આબરૂ જાવી; સાખ બગાવી. (૨) કોઈબાત ઉપર દઢ થવુ, દઢ નિશ્ચય કરવો (૩) હદ બાધવી.

૮ સ્ત્રી. સીમા., હદ.

લીક વાળવી = હદ બહાર જવુ, સીમા ઉલ્લઘન કરવુ.

૯. ન. એ નામનો એક વિલાયતી ભાજીપાલો.

૧૦. [અં.] ન ટપકુ; ટાપુ પડવુ તે.

૧. લીક થઈ જવુ = વાત બહાર પડી જવી.

૨. લીક થવુ = ચૂવુ; ભરેલી ચીજ ધીમે ધીમે નીકળી જવી.

લીકેજ [અં.] ન ટપકુ પડવું તે.

લીખ ૧. [સ. લિક્ષ] સ્ત્રી. આઠ કેશાગ્ર; લિક્ષા.

આઠ કેશાગ્રની એક લિક્ષા, આવા એક લીખ થાય. રત્નાવલિમ

૨. સ્ત્રી. (જૈન) અડ જાતનું પરિમાણ; એક માપ

૮ કર્મરજ=૧ રથરેણ

૮ લીખ = ૧ રથરેણ

૮ રથરેણ = ૧ જવ

૮ જવ = ૧ અગુલ

૩. સ્ત્રી ત્રીજા જતુના ઈડા. જીવાતનુ ઇડાનું સ્વરૂપ, કુમિની ૨૧ માંહેની બીજા પ્રકારની એક જાત.

૪. સ્ત્રી. નાના દાગીના માપવાનું માપ

૫. સ્ત્રી. વાળમા પડતા જૂઆના, ઝીણાં ઇંડાં; જૂ નામે જીવાતની ઈંડાં રૂપે અવસ્થા

લીખ પડવી = મોટામા મોટા થવી.

૬. ન એક જાતનુ પક્ષી, બકનેતર, બગલા. તેનો મુખ્ય ખોરાક બડમાંકડી, દેડવા, દેડા વગેરે હોય છે. માદા ઝાડા રંગના ચાર પાંચ ઈંડાં મૂકે છે. એનો રંગ કાળો તથા ઝાંખપડતો આસપ સફેદ હોય છે. પગ ચોકોડી રંગના હોય છે.

લીખાંડવું (લીખડિવુ) ન નનું ભાગોઠું

લીખાડું (લીખડ) ન. વાગ્યા કે તાણ્યા માટે તાર ચડાવવા સન્કટ કે ગીજા પોલા ચકડાનો નાનો કટકો.

લીખિયું ૧ ન લોખ કાઢી નાંખવાની ઝીણા દાતાની કાસકો.

૨. વિ. જેને લીખો પડી હોય તેવુ.

૩. વિ. લીખના ઈંડાવાળુ.

લીગ ૧ [અ] સ્ત્રી. સઘ, સભા., સમાજ.

૧. મુસ્લિમ લીગ – મુસ્લિમોની એક સંસ્થા.

૨. લીગ ઓફ નેશન્સ = રાષ્ટ્રસઘ

૨. ન. બધુ મકાનનુ અંતર.

લીગનાર્ઇટ [અ] પુ. કાચો કોલસો. કાચા કોલસાને લીગનાર્ઇટ કહે છે તે ઘેરા તપખીરિયા રંગનો હોય છે. બન્ને ભાગે લાકડાને અને બરછે ભાગે કોલસાને મળતો આવે છે.

લીચ પું. પ્રાણી.

લીચડ (લીચર) ૧. [હિ.] પું. લાસડીઓ.

૨. વિ. દેણું નહિ આપનાર; કરજ ભરવામાં ધીમું.

૩. વિ. લપસી જાય તેવું.

લીચી સ્ત્રી. પૂર્વ હિંદમાં થતું એક જાતનું ઝાડ અને તેનું ફળ. લીચીનું ઝાડ નાના કદનું થાય છે અને તેની ડાળીઓ ફેલાય છે. નાનાં નાનાં ઘણાં પાંદડાં થાય છે. દરેક પાન ૩ થી ૯ ઇંચ લાંબુ હોય છે અને તેમાં બેથી આઠ વિભાગ હોય છે. તેની લંબાઈ ૩॥ ઇંચથી ૬ ઇંચ અને પહોળાઈ ૧॥ ઇંચથી ૩॥ ઇંચની હોય છે. તેને સફેદ રંગના ઘણા નાનકડા ફૂલ આવે છે અને તેમાંથી ગોળ ફળ એક ઇંચ વ્યાસના અને ઈંડા જેવડા મોટા થાય છે. લીચીની ફળની છાલ ખાટમધરીને ભૂરા રંગની હોય છે. છાલ ઉપર અણીદારાળાં ઝીંગડા હોય છે. તેમાં બે બી હોય છે અને સફેદ ગર્ભ હોય છે. છાલ કાઢી લીધા પછી તે ખવાય છે. લીચીનો સ્વાદ સુગંધીદાર મીઠો હોય છે. લીચી મૂળ ચીન દેશનું વતની છે. કલકત્તા અને બેંગલોરમાં લીચીનાં ઝાડ ઘણાં વવાય છે. મુંબઈમાં આછા વાયરાની જમીનમાં લીચી વરાય છે. જ્યાં બીનાશવંતી હવા હોય ત્યાં લીચી સારા થાય છે. આ ઝાડ બહુ જ નાજુક સ્વભાવ છે તેથી વધુ તાપ સહન કરી શકતાં નથી. બીજથી કરેલા લીચીના ઝાડ બિલકુલ સારાં થતાં નથી, પણ કલમનાં સારાં થાય છે. લીચીને સુપર ફોસ્ફેટ તથા ગળતિયા છાણનું મેળવેલ ખાતર અમર ફરિયાદી માણસોનું ખાતર અનુકૂળ આવે છે. હિવાળામાં ફાલ આવે છે અને ઉનાળામાં તેના ફળ પાકે છે. ૧૨ કૂટને અંતરે લીચીનાં ઝાડ વવાય છે. તેથી એક એકરમાં ૩૦૨ ઝાડનું વાવેતર થઈ શકે છે. પરિપક્વ સોરો લીચીનાં ફળને બહુ આવે છે. લીચીની કલમ દોઢ બે રૂપિયાની કીમતે મળે છે. લીચીનું વાવેતર સિપ્રકાશની ઋતુમાં કે ચોમાસામાં થઈ શકે છે. રેતીવાળી પોચી જમીનમાં લીચીનું વાવેતર સારું થાય છે. કલમ વાવ્યા પછી ત્રીજે વરસે ફળ આવવા માંડે છે. તે પંદર વીસ વરસ સુધી સારા ફળ આપે છે. લીચીને વખતોવખત પૂરતું પાણી પાવું જોઈએ. લીચીનાં ફળ પ્લમ જેવાં હોય છે. તેની છાલ પહેલાં રાતા રંગની અને પાકયા પછી ઝિંક્ષા ભૂરા રંગની દેખાય છે. તેની અંદર સફેદ ગર હોય છે જે મીઠો હોય છે. તેમાં મોટું બી હોય છે.

લીજ સ્ત્રી. બોટાઈ.

પ્રથમ સિંચ પછી ઢહેરે
દિન દિન અધિકો લીજ.

શ્રીઆનંદરાવ્યમહં.દધિ

લીજીએ [હિ.] સ. ક્રિ. લેવું નું વિધ્યર્થ રૂપ. આજનો લાવો **લીજીએ** ૨. દાવ કોણે દીધો છે.

લોકગીત

લીજે જુ. ક્રિ. લેવું નું વિધ્યર્થ રૂપ

લીટ ૧. સ્ત્રી. જાવણી નાખવાનાં દોરડાં.

૨. સ્ત્રી. કદ.

૩. [સં. શ્લેષ્મન્] ન. નાકમાનો બગડો, રોડા; નાકની અંદરનો નરમ મળ.

લીટ નીકળવું = નાકનું વહેવું.

લીટર [અં.] સ્ત્રી. ૧૦૦૦ ઘન સેંટીમીટર અથવા ૧૦૦૦ ગ્રામ પાણીનું માપ.

લીટી ૧. સ્ત્રી. ઓળ; પંક્તિ; હાર.

૨. સ્ત્રી. કડી; પદ.

લીટી કરવા = (૧) પંક્તિઓ રચવી. (૨) પંક્તિઓ બોલે કરવી.

૩. સ્ત્રી. ઢબો, રંગ કે શાહીથી પાડેલો સીધો આંકો કે રેખા.

લીટી મારવી = લીટી દોરી છેકી કાઢવું

૪. સ્ત્રી. જેને હકત લંબાઈજ હોય પણ પહોળાઈ અને જાડાઈ કોઈ પણ ન હોય તેવી રેખા; પહોળાઈ વગરની રેખા.

૧. લીટી ખેંચવી-દોરવી-પાડવી = (૧) રેખા કરવી. (૨) લખવું; આંકવું. (૩) લીટી ખેંચી રદ કરવું (૪) લીટી દોરી હદ ઠરાવવી કે નક્કી કરવી.

૨. લીટી દોરતાં ય ન આવડવું = તદ્દન અજ્ઞાન હોવું

૫. સ્ત્રી. બોટકું લંબેલું હોય તે.

૬. સ્ત્રી. આ રૂપિયાનો અથવા આખી વસ્તુના ત્રીજા ભાગનો સંકેત; આર આનાનો સંકેત, પ્રમાણનો સંકેત શબ્દ.

૭. સ્ત્રી. સીમા; હદ; લીક; આડો આંક.

લીટો ૧. પું. આંકો; ઉઝરડો; જાડી લીટી, લીસોટો

લીટા તાણવા = (૧) ગમે તેમ લીટીઓ ખેંચવી કે દોરવી લીટા કરવા. (૨) ગમે તેમ ચીતરવું કે લખવું.

૨. પું. છેકો

લીટો કરવો-ખેંચવો-દોરવો-મારવો = છેકી નાંખવું.

લીડર ૧. [અં.] પું. આગેવાન; નેતા; મુખ્ય.

૨. પું. કોઈ પણ સમાચાર પત્રમાં સંપાદકે લખેલો મુખ્ય લેખ; સંપાદકીય અગ્રલેખ; ' એડિટોરિયલ'.

લીઢ ૧. [સં.] વિ. ચાખેલ; ચાટેલું

૨. વિ. સ્પર્શ કરેલ.

લીલક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, તગણ, સગણ અને યગણ મળી ૧૨ વર્ણ હોય છે

લીલાલોકે ભ ત સ ય આલ્લેલક.

રત્નપિંગળ

લીલું વિ. (પ્રાકૃ) ૧ દ્ર; ખૂબ લીલું થયેલું, બગાઈ બગાઈને લીલું થયેલું.

લીલોછમ ન. લીલાના નામની દરકારવાળી સોડાની બાટલી. તે પીવાથી પેશાબ ખુલાસાથી થાય છે.

લીવોક ઍસિડ પું. પેશાબ વાટે શરીરમાંથી બહાર પડતો એક પદાર્થ. તેનું પ્રમાણ પેશાબના એક હજાર ભાગે ૪૬૮ જેટલું હોય છે અને કોબરાગ તેથી ખમરી બનાવે છે.

લીહ [હિ] સ્ત્રી. પશુઓની ભીંડા જેવી હમરડ; કાથી, ઘોડા, ગધેડા વગેરેની હમરડ કે ગાદ

લીહ કરવી = (૧) એક જગ્યાએ ગોદો કરવો. (૨) ગાદ કરવી.

લીંપનું ૧ વિ. કપડાંના ડૂચા વગેરે ને ફરનાર.

૨. વિ. ચીંથરેહાલ; વસ્ત્રવિયુ; ચીંથરિયું

લીંપરો પું. ચીંથરિયો; લત્તાવિયો.

લીંપુખાવું વિ. દબાય જેવું, હારી જાય તેવું; હરાવી શકાય તેવું.

કોકથી લીંપુખાવું ન બનવું = કોકથી કમ તું નહિ

લીંપુદીવું ૧. ન. લીંપેલી દીવેલી વસ્તુ.

૨. ન લેવાથી કે દેવાથી

પોવાપણું લીંપુદીવું જેવાનું નથી. નવલકથા

લીંપે [સં. અવ્યય] અ. તેથી; તેટલા માટે; વાસ્તે; લઈ ને; કારણે.

લીન ૧. પું (સંગીત) ગમકના સાત ભેદોનો એક પ્રકાર. કોઈપણ સ્વરનો નાદ ઉત્પન્ન કરી, તે નાદ પૂર્ણ થતા પહેલાં તેનાથી ઊંચા સ્વર સુધી શ્રુતિઓ સાથ ખેંચી તે સ્વરને સ્થાનપર જેવી સ્થિતિમાં સ્થગિત કરવો તેને લીન નામની ગમક કહેવામાં આવે છે.

૨. પું. (સંગીત) દ્રુતવેગથી સ્વરને કંપાવવો તે.

૩ સ્ત્રી. યોગની ચાર ભાદેની એક અવસ્થા.

લીન અવસ્થામાં જગત અવ્યાકૃત રૂપે હતું તેને વ્યાકૃત કર્યું. સિદ્ધાંતદર્શન

૪. ન. નાટચગ્રંથોમાં થતું એક જાતનું કરણ.

૫. વિ. અદૃશ્ય થયેલ.

૬. વિ. ઓગળેલ; પીગળી ગયેલ.

૭. વિ. ધુપાયેલ; સંતાયેલ.

૮. વિ. નમ્ર.

૯ વિ. મગ્ન, મશગૂલ. તલ્લીન; એકતાર; એકાગ્રચિત્ત; લેહ લાગેલી હોય તેવું.

લીન થવું = એકતાર થવું; તલ્લીન થઈ જવું

૧૦. વિ. લય પામેલું

૧૧ વિ. વળગેલું; જોડાએલ.

લીનતા ૧. [સં.] સ્ત્રી. એકાગ્રપણું; તન્મય થવું તે; લીનપણું, નિમગ્નતા, તન્મયતા.

૨. સ્ત્રી. (જૈન) જેથી કોઇને દુઃખ ન પહોંચે એવું સંકુચિત થઈને રહેવું તે.

લીનન [અં.] ન. કપડાની એક જાત.

લીના સ્ત્રી. ઉત્તર સમુદ્રમાં પડતી ચરિઅની એક નદી વિષ્ણુ પુરાણમાં તેને ભદ્રા નામે જણાવી છે.

લીનીમેન્ટ [અં. લીનીમંટ] ન. ઇટલી તેલ તેમજ બીજી દવાઓના સયોગથી બનેલું ચોળવાનું તેલ.

લીનોટાઇપ [અં.] ન. રેખામુદ્રણ; સને ૧૮૮૬ માં શોધાયેલું એ નામનું મુદ્રણનું એક યત્ર.

લીનોટાઇપ મશીન [અં.] ન. એક પ્રકારનું મશીન. તેમાં ૬૫ અક્ષર અને અક્ષર કપોજ થવાને સમર્થ હોય છે. હિંદુસ્તાનમાં મોટાં અખબારો આ મશીનમાં કપોજ થાય છે.

લીપયર [અં.] ન. અધિક વર્ષ. અંગ્રેજી સાલના આંકડાને ચારથી અને સૈકાના આંકડાને ચારસોથી ભરાભર ભાગી જાય તો તેને લીપ યર કહેવામાં આવે છે. આવા વર્ષના ફેબ્રુઆરિ માસના ઓગણત્રીસ દિવસ થાય છે તેથી વર્ષના ૩૬૬ દિવસ થાય છે.

લીંપણ ન. ગાર; જમીન ઉપર કરેલો ઝીણ માટીનો લેપ; લીંપણ.

૧ ધૂળ પર લીંપણ = (૧) કામકાજમાં મળતી નિષ્ફળતા; આપણ કામકાજ—જોવવું વગેરે તે. ધૂળ ઉપર ગાર ચોટતી નથી, તેમ કોઈ માણસને શિખામણની અસર ન થાય ત્યારે આ લોકોક્તિ વપરાય છે. (૨) ન રહે ન ટકે તેવું કામકાજ.

૨. લીંપણ કરવું = (૧) ગાર કરવી. (૨) ઢોળ ચઢાવો. (૩) ખૂબ વાતને ચુપાવી દેવી.

લીંપણગૂંપણ જુઓ લીંપણ.

લીંપણું ન લીંપણ.

સદ્વિચાર વિષ કરે જે પણ,
તે અમા ધૂળ ઉપર લીંપણું. અખો

લીંપવું ૧. [સં. લિપ્] સ. ક્રિ. કોઈ લીલો પદાર્થ બીજા પદાર્થ ઉપર જાની માફક લગાડવો કે લીંપવું.

૨. સ ક્રિ. ગાર કરવી; જમીનમાટીની ગારનો લેપ કરવો

લીંપવું ગૂંપવું જુઓ લીંપવું.

લીંપવું પોતવું સ. ક્રિ. સફાઈ કરવી

લીંપામણ ન લીંપણ કરાવવાને મહેનતાણું આપવું તે; લીંપામણ.

લીંપાવવું સ ક્રિ. લીંપવે એમ કરવું; ગાર કરાવવી.

લીંપેલ ગૂંપેલ ૧. વિ. લીંપણ કરેલ.

૨. વિ. સાફસૂફ કરેલ

લીંબા [અં.] ન. (ખગોળ) તુલા નામની ૭ મી રાશિ. આ સાતમી રાશિ છે તથા તેનાં સ્વાતિ તથા વિશાખા નક્ષત્રો જૂન માસમાં રાતે નવ વાગે માથા ઉપર આવે છે. તુલાના ચાર તારા ઓળખી આકારે ચાર ખૂણે ગોઠવાયેલા છે. તેમાં પશ્ચિમમાં આવેલો નીચેનો તારો વિશાખા નક્ષત્ર છે. તુલા એટલે ત્રાજવાં—સમતોલપણું. તૈત્તિરીય બ્રાહ્મણમાં નક્ષત્રોને જે દેવનાં મંદિર કહ્યાં છે, તેમના જે વિભાગ કરેલા છે: અર્થાત્ દેવસ્થાન તથા પિતૃસ્થાન. તે સમયે કૃત્તિકા નક્ષત્રમાં વર્ષનો આરંભ મનાતો હતો જેથી કૃત્તિકાથી વિશાખા સુધી દેવસ્થાન અથવા ઉત્તરાયણનાં નક્ષત્રો તથા અનુરાધાથી ભરણી સુધી પિતૃસ્થાન અથવા દક્ષિણાયનનાં નક્ષત્રો લેખાતાં હતાં અર્થાત્ ચાર રાશિઓ, આ તુલા રાશિ મધ્યમાં હતી તેથી તેનું નામ તુલા એટલે સમતોલ કે મધ્યસ્થ આપેલું હોય એ સમજાય છે. તુલા રાશિના ચાર તારામાના ત્રાજવાંની દાંડીના બે મોટા તારા તથા ત્રાજવાના અંકોડ પકડાના બે ત્રીજા તારા કલ્પવામાં આવેલ છે. ચંદ્ર જ્યારે તુલા નજદીક હોય છે, ત્યારે પકડાના બે ત્રીજા તારા દેખાતા નથી

લીંબાઓત્સવ [લીંબા + સં. ઉત્સવ] પું. ચૈત્ર શુદ પડવાને દિવસે લીંબડાના પાનનો રસ પીને કરવામાં આવતો ઉત્સવ.

લીંબડી (લીંબડી) ૧ સ્ત્રી. નાનો લીંબડો.

૨ સ્ત્રી. લીંબડાની જાતનું કોઈ પણ નાનું ઝાડ.

લીંબડો (લીંબડો) [સં. નિમ્બ; પ્રા. લિંબ; અપ. લિંબડ] પું. એ નામે એક વૃક્ષ; લીંબડો. નિમ્બ એક જાતનું મોટું ઝાડ; ખરિજક. એનાં સર્વાંગ કડવાં હોય છે. એને કાપાદાર પાંદડાં ને ખરીક સફેદ ફૂલ થાય છે. એના સેવનથી અનેક વ્યાધિઓ નિર્મૂળ થાય છે. ચૈત્ર સુદ પડવાને દિવસે કૂમળાં પાદડાં અને ફૂલ, મરી, હિંગ, સિંધવ, જીરું, અજમા, આંબલી ને ગોળ સાથે ખાવામાં આવે છે. એનાં લાકડાં ઇમારતી કામમાં વપરાય છે. ખાવા માટે તેમજ શુદ્ધ કરવા માટે તે દરેક સ્થળે વાવવામાં આવે છે એને ફળ થાય છે તેને લીંબોળી કહે છે. તેનું તેલ નીકળે છે. તે પણ ઘણું ઉપયોગી છે. લીંબડાનું પચાંગ ઘણું ઉપયોગી મનાય છે મોટો લીંબડો નામે તેની એક બીજી જાત થાય છે. એનાં પાંદડાં સુગંધીદાર હોવાથી તે કડી વગેરેમા વપરાય છે તેને મીઠો લીંબડો કહે છે. તેનાં પાન લીંબડાને મળતાં સહેજ કાળાશ પડતાં લીલાં હોય છે. તેનું ઝાડ લીમડાની જેવું થાય છે. દવા તરીકે તેનો ઉપયોગ થાય છે. તેના પાનથી ઝેરી જનાવરોનો નાશ થાય છે. મરણક્રિયામાં તેનાં પાન આવે છે. આ ઝાડની પૂજા આગ્નેય થતી હશે. પરંતુ દોષનો ઓછાયો ન પડે તેટલા માટે તેની છાળી શીતળા વગેરે વખતે રાંધે છે. તે જનતુમ તરીકે ઠંડાગરમાં આવે છે; જ્યારે બળિયાના દાણા અતિશય ન ભરાતાં વહેલા જ કરમાઈ જાય એવી ધારણાથી સૂર્યના અજવાળાને અટકાવવામાં આવે છે. લીમડો કફ જનતુમ તરીકે સારો છે. લીમડાનો ધુમાડો પણ સારો છે. આવી દવાદીની આંખ પર અજવાળું ન પડે એવી રીતે તેને રાખવો એટલી જ વસ્તુ ધ્યાનમા રાખવા લાયક છે. તેનાં ફૂલ, ફળ, છાલ, મૂળ, પાંદડાં વગેરે દરેક વસ્તુ ઘણીજ ગુણકારી છે. તેનો ઉપયોગ ખાસ, સર્પનું વિષ, પિત્ત, ગરમી, મહારોગ, કૃમળો, સુવાવેગ, ચામખાધિ, યોનિરોગ, ઊલટી, કફ, પ્રમેહ, વિછીના ડંશ ઉપર, વિષમજ્વર તથા ગૂમડાં ઉપર થાય છે.

અરિષ્ટ, સર્વતોભદ્ર, હિંગુનિર્યાસ, મહાકફ, પિચુમંદ, અને નિમ્બ એ ૬ પુસ્તિક નામ લીંબડાનાં છે.

અમરકોષ

લીમડે ચઢાવવું= અવગતિએ ચઢવું; અસદ્‌ગતિને પામવું. જ્યારે કોઈ માણસ તેનાં આલાપની પણ ઉત્તર દિશા કરતું નથી ત્યારે તેને વિષે બોલતાં વપરાય છે કે તેનાં આલાપ તો લીમડે ચઢે છે

લીંબર ન વાંદરાની જાતને મળતું એક જાતનું પ્રાણી. તેનું માથું લોંકડીને મળતું આવે છે.

લીંબલ પું. (બોલી) લીંબડો.

લીંબોચ્છવ ૧. પું. ચૈત્ર શુદ એકમને દિવસે ઊજવવામાં આવતો ઉત્સવ. તે દિવસે લીંબડાના પાનનો રસ પીવામાં આવે છે.

૨. પું સંવત્સરોત્સવ; બેડી પડવો; શાલીવાહન શકના નવા વર્ષનો દહાડો.

લીંબોત્સવ જુઓ લીંબોચ્છવ.

લીર સ્ત્રી લીરો; ચૂંથાની સાબી સાંકડી પટી; કપડાંનો ચીરો.

પહેરે ધોતે ચીર લીર ન આપે અન્યને.

કેશવકૃતિ

લીર લીર કરવું = ચીરેચીરા કરવા.

લીરા પું. ઘેટાંનું એક જાતનું ચરબી નાખ્યું

લીરેલીરા પુ. ૨વ. ચિંથરાં. ચામડાં. ૨ ચિંથરેચિંથરું

લીરો પુ. લૂગડાનો લાંબો ફાટેલો ટુકડો. ૨ ચીંથરું, ચિંદરો

લીલ ૧. પું. આસમાની રંગ

૨ પું. ગળો

૩ પું. ગળીનો છોડ

૪ પું. ઘોડા જેવું પશુ

૫ પું. (પુરાણ) વીરમાના પુત્ર માહેનો એક

૬ સ્ત્રી. આખલો.

૭. સ્ત્રી. ઉંટ

લાલ ઊનારી ૨ ઉંટનર

૮. સ્ત્રી. એક જાતનું જંતુ. તે મોળા લીમડા ખાડા કરે ત્યાં તેની ઉપર જરા ઝેરે મોઢું રાખીને છોકરા લંસ લંસ એમ ઓસે છે તેથી અવાજના બે દોસનો આકાની ઝીણી ધૂળ ઝરે છે તેથી ધૂળ ઝરે છે. તેથી કીડી આવી એમ માની બીજા માટે તે જંતુ ઉપર આવે છે

ક્રિ. ૩. કુવારા મરેલાની પછવાડે વાઝોવાઝડી પરણ્યા.વવાની ક્રિયા; ઊંત.ક્રિયા.૨

૧. લીલ પરણવી = પહેલી સ્ત્રીને મરી ગયે પૂરું વર્ષ થયું ન હોય ત્યાં બીજી પત્ની પરણવી.

૨ લીલ પરણ્યાવની = (૧) કોઈ પણ પ્રકારે અસિયારમાંનો કિસ્સો વાઝોવાઝડી પરણ્યાવવાં. (૨) વરસ પૂરું થતાં પહેલાં મરનારનું છેલ્લું માસિક શ્રાદ્ધ કરવું

૩. લીલનો સાડો = જુવાન.

૧૦. સ્ત્રી ચકલી

૧૧. સ્ત્રી. જુવાન માદા; વાઝડી.

૧૨. સ્ત્રી દાંતના ઉપર ચમાનો મેલ; દાંત ઉપર બમાતા ક્ષારના થર

૧૩. સ્ત્રી બંધિયાર પાણીમાં કે તેવી જગ્યામાં થતી લાંબી ચીકણી વનસ્પતિ; ચાલુ પાણી રહેવાથી ભીંત અને પથ્થર વગેરે ઉપર બાઝતી લીલા રંગની ચીકારાવાળી ઝીણા તંતુરૂપ નાની, સુંવાળી અને ચીકણી વનસ્પતિ; સેવાળ; નીલ, સમુદ્ર અને નદી વગેરેમાં થતી રેશમના તાર જેવા સુંવાળા ને લાંબા વનસ્પતિ. લીલની ઉત્પત્તિ પાણી ઉપર આધાર છે. લીલ પાણી વધે છે એટલે તે પાણી બગાડે છે પરંતુ થોડી લીલથી પાણી બગડવાની ધારતી નથી

૧. લીલ વળવી = (૧) ધૂળવાળી થઈ જવું; બગડી જવું. (૨) લીલથી ઢંકાઈ જવું, સેવાળ થવો.

૨. લીલ વાળવી = બરાબર કરી નાખવું, નિરુપયોગી થાય તેમ કરવું; પાયમાલ કરવું; ધૂળધાણી કરી મેલવું. પાણીમાં લીલ વળવાથી પાણી બગાડ કે નિરુપયોગી થાય છે તે ઉપરથી જોવાય છે

૧૪ સ્ત્રી રૂપ. સોનીની ચારણીમાં જોવાય છે.

૧૫ સ્ત્રી. ઝવેરાતની એક જાત.

૧૬. ન. લીલોતરી.

૧૭. ન સુખ; લીલાલહેર; મોજમજા.

તે ઘરે અવિચળ લીલ. રત્નાકર

લીલકારવું સ ક્રિ. લીલું દેખાવું.

લીલછોલું ૧ વિ. લીલી છાલનું; ઉપરથી લીલું દેખાતું પણ અંદરથી પાકેલું હોય તેવું; લીલાશ પડતું

૨ વિ લીલું

લીલજ ન નિર્લજ્જ બેશરમ નફટાઈ.

લીલજ ૨ કરે ૨ ૨ રે.

વમે ન અન્યાય મહારાજા હારમાળા

લીલજડી (લીલજડી) પું એ નામનો એક છોડ. આ છોડ હિંદના બધાય પ્રાંત, કાશ્મીર અને હિમાલયના સમશીતોષ્ણ ભાગમાં થાય છે. મૂળ પીળા રંગના હોવાથી કમીનને નામે વેચાય છે પરંતુ તેમાં તેના જેવા ગુણો નથી. આ છોડમાં તો ફ્રેંચ પ્રાઢી મણ રહેલો છે. તમાથી પીળો રંગ અને ટેનિન મળે છે માટા માટે અને ઔષધોપચારમાં દાંતનાં દર્દ, દુઃખતી આંખ, ચકામાં, બળો ધોવા માટે, ઝેરોગાં કરવા અને અગ્નિ તથા યોનિમાં પિચકારી મારવા માટે તે વપરાય છે

લીલજવેડા (લીલજવેડા) પું. બ. વ. નિર્લજ્જ વર્તન. બેશરમ વર્તન

લીલઝાડ ન લીલું ઝાડ, ચકામું; લીલાશ; લાકડાથી સોહી બાજી જઈ પડેલું લીલા રંગનું ઝાડ.

લીલનખોતરું વિ ખાઉધરું; સારા પગલાંવાળું.

લીલપ ૧. સ્ત્રી. લીલારંગની ચમક.

૨. સ્ત્રી લીલાશ; બેજ, ભીનાશ, લીલાપણું

૩. સ્ત્રી. લીલોતરી.

લીલપગલી સ્ત્રી. જેના આવવાથી ઘરમાં નિર્દમિદ્ધિનો વધારો થાય તેવી સ્ત્રી.

લીલપગું વિ. નસીબદાર; સારાં પગલાંવાળું.

લીલમ [સં.] ન નવ માહેનું એક રત્ન; નીલમણિ; મરકતમણિ, પન્ના; પાનું; લીલારંગનું એક રત્ન.

લીલમછમ વિ. અત્યંત લીલું, લીલુંછમ.

લીલમછમ પલ્લવમાં કરતા વાયુ રે.
યાત્રેલા ગોવાળનો ગાઢ ઉનરશે

નાનાલાલ

લીલમડું (લીલમડું) વિ. લીલોતરીવાળું; લીલું.

પણ ચરશે લીલમડું ઘાસ લલિત રે.

નાનાલાલ

લીલમલીલું ન લીલું કુમાશ જેવું એક ન દીલું. લીલપના જેવું લીલું

લીલરી સ્ત્રી કરચલી

કપડાં ધોયા પછીને, લીલરી કેમે જાતી
૨.ઈ પવાર

લીલરું ૧ વિ. આર્દ્ર

૨ વિ લીલું, લીલોતરીનું

લીલવટ ન. સલાટ, કડિયો, ઈ.સ

લીલવટ ૨ રાં. ૨.સાગી, ૨ એક વણ દ્વાર

નકલ હિન્દ

લીલવણ ૧ સ્ત્રી એક જાતનું ઘાસ; લીલવેણ. આ ઘાસની ટોપલી બને છે

૨ સ્ત્રી ૧.ઈ ૨ કરવા ૨.૬ વગેર ને ૧.૭૭ ૨૧૨૫૨૫૧, ૨૧૨૧૨૧૨૧

૩ સ્ત્રી ૧૦૨૧૨૧૨૧ વાળી જમીન

લીલવનસ્પતી સ્ત્રી. તાજીમાજી વનેરે વનસ્પતિ; લીલોતરી.

લીલવય [લીલું + સં. વયસ્ (ઉમર)] સ્ત્રી. કાચી ઉમર, નાનપણ, બચપણ; બા.૨૫.૧૨૫૨.

લીલવવું ૧. સ ક્રિ. લીલું કરવું.

૨ સ ક્રિ. લીંપવું.

લીલવાયું વિ ખેતીવાડીપ્રકૃત.

લીલવી પુ. નીલમણિ; લીલમ.

લીલવેણ સ્ત્રી. સુકાતાં પણ લીલારંગની રહે તેવી સળીનું ઘાસ. આ સળીઓની ટોપલીઓ અને કરંડિયા વગેરે થાય છે.

લીલવો પું કોમળપણ કોળા વગેરેનો લીલો ૨ ભાગ; ચાલ, ખાખડીનો લીલો ભાગ.

લીલશ વિ નીલરંગી; લીલું.

લીલહરિયું વિ. તાજગીનું. તે ઘી માટે કહેવાય છે

લીલહરેડા (લીલહરેડો) ૧. વિ. પું બીજે જનારો

૨. વિ. પું સાકે આનારો

લીલા ૧. પું. (પિંગળ) એ નામે ઓળખ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૨ માત્રા હોય છે. અંતે ગુરુ હોય છે તેમાં ૧૧મી માત્રા ઉપર યતિ આવે છે. તેમાં ૧, ૫, ૬, ૧૨, ૧૬ અને ૨૦ માત્રાએ તાલ આવે છે.

બાવીસ કુલ કલ થાય, ચરણ ચરણ માહે તો,
તેમા યુકે એક છેવટ છે ન્યાં હતો.
ગિરિ સિદ્ધમા યતિ થાય, ન્યતિ લીલા વિષે,
રાશિ, શર, નવ, રવિ, સોળ, ગિરા પર તાલે, દિયે.

ચંદ્રવિજય

૨ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તેમાં ૨૪ માત્રા હોય છે. તેમા ૧૨ માત્રાએ યતિ આવે છે. તેમા ૧, ૫, ૯, ૧૩, ૧૭ અને ૨૧ માત્રાએ તાલ આવે છે

૭ કલ પ્રથમ રચ ચાર તે પર પછીથી છ કલા, તે પર અઠકિયા ત્રણ રૂડા પણ રચ તુ બાદ, રવિ પર યતિ કર રોચિકા લીલા રચના કરે ત્યાં, તારિ પર પછી ગુરુ ગુરુ પર તાલ, ચડતી પર છે

રણપિંગળ

૩ પું. (પિંગળ) એ નામે એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ ... ગુરુ હોય છે.

૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેને નીલ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમા પાચ ભગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

૫. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ નિશ્રાની છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૩ લઘુ મળી ૫૩ અક્ષર હોય છે.

૬. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, યગણ અને જગણ મળી ૯ વર્ણ હોય છે

ન ય જ્યાં લીલા રચાય. રણપિંગળ

૭. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શક્વરી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ, યગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ વર્ણ હોય છે. તેમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

લીલા ત્રિયે ઠિક વ ભા યા જ ભા લ ચાય.

રણપિંગળ

૮. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે વર્ણદંડક કહેવાય છે. તેમાં નગણ, ગુરુ અને સોળ રગણ મળી ૪૬ વર્ણ હોય છે

ન પર ગા થાય છે સોળ રા
ભાદ પાદે બધા આણુ આ દંડક;
રાખિત નામ લીલા પદ જેહનુ,
ભાદ ઉતાળીસે અક્ષરો થાય છે

રણપિંગળ

૯. પું (પિંગળ) એ નામે ચોવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમા ૭, ૭, ૭ અને ૩ માત્રાએ વિરામ આવે છે એને અંતે સમણ હોય છે.

૧૦. પું. (પિંગળ) એ નામે બાર માત્રાનો એક છંદ. તેના અંતમાં એક જગણ હોય છે

૧૧. પું. (પિંગળ) એ નામે સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કન્યામુખી. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા ભગણ, તગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે

૧૨. પું. (પિંગળ) એ નામે સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સોનેરી. તેના દરેક ચરણમા ભગણ, તગણ અને એક લઘુ એમ સાત અક્ષર હોય છે.

૧૫. પું. શ્યામ રંગનો ઘોડો; આસમાની રંગનો ઝાંય મારતો ઘોડો

૧૬. સ્ત્રી. અદ્‌ભુત કરામત; અજાયબી, અદ્‌ભુત ખેલ; તમાસો; ચમત્કારી બનાવ

૧૭. સ્ત્રી. અવતારે કરેલા વિચિત્ર કામ.

લીલામાં પધાર્યા = કોઈક શરીરનો ત્યાગ કરી અલૌકિક શરીર વડે ભગવાનની નિત્યલીલામા પ્રવેશ કરવો દેવ થવ મનુષ્ય પામવુ

૧૮ સ્ત્રી. ... વિષય રમણ; વિનોદ ... લીલામ, નાટક વગેરેની ચમત્કારી ચેષ્ટા.

લીલા કરવી-રમવી વિસ્તારવી = (૧) રંગરાગ ભર્યા વિલાસ કરવા. (૨) લીલા કરી મરી જવુ, મરણ પામવુ; સ્વર્ગવાસ થવુ; પરલોક જવુ

૧૯ સ્ત્રી ... ઘર ... મોટી ચોકવાળી હાર; રચના

૨૦. સ્ત્રી. સોપન માંદની એક વાયુદેવતા.

૨૧ સ્ત્રી. નાટક.

૧. અભિનયની લીલા = શરીર વડે પર કે અભિનયના પદાર્થોનુ નાટક.

૨. માનસી લીલા = મનોવિકાર જ્ઞાન ઇત્યાદિનુ નાટક.

૨૨. સ્ત્રી. ભાવના.

૨૩. સ્ત્રી. અપૂર્વ કૃતિ; રસમય સૃષ્ટિ.

૨૪. સ્ત્રી. મનુષ્યોના મનોરંજન માટે કરેલા દેવરાક્ષસોનો અભિનય, અભિનય

૨૫ સ્ત્રી. વિલાસબુદ્ધિ કીડાબુદ્ધિ.

૨૬ ... સૌંદર્ય.

૨૭. સ્ત્રી. (જ્યો) દ્વાપર ... મહિનો એક ભેદ. પ્રિયાનુકરણ. પ્રિયાવિરહ અપ પ્રિયાપ્રિયતમના અન્યોન્ય વેષ ધારણ કરવાને લીલા કાય કહે છે.

લીલાકમળ સ. લીલા (રમતગમત) + કમળ] ન રમતગમતને માટે હાથમા રાખેલુ કમળ.

લીલાકર પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમા બે નગણ અને બાર રગણ મળી ૪૨ વર્ણ હોય છે.

ન ન ર ર ર ર સરસા સરસા સાર છે બાદ **લીલાકરે** એટલે બે ન છે બાર વો રા પછી એમ વાણી ખરો દરકે

રણપિંગળ

લીલાકાર વિ. લીલા કરનાર

નંદ કહે સુણો જામની મોરી
લીએ તે **લીલાકર** કે. નરસિંહ

લીલાખાતર ન. પરગામ

રાબનુ વાવેતર લીલાખાતર (પડવસ) માટે કરેલું હોય તો જરા મોડુ પડે કે તરત લોખંડી દાબથી જમીનને ખેડી રાબને જમીનમા દાબી દેવી

મીઠકરા.ઝ

લીલાખેલ ૧ પું (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સારંગી, સારંગિકા. તે અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાચ ભગણ મળી પદર અક્ષર હોય છે.

૨ વિ, ખેલકી; વિલાસી, રમતિયાળ.

લીલાગતિ સ્ત્રી. ધીરી મનોહર ધીમી ચાલ.

હોવે **લીલાગતિ** મધુ સુદ્ધિ સુંદરી.

ભાલણ

લીલાગર સ્ત્રી. જાંઘ; એક જાતનુ પીણુ; ત્રિજ્યા.

કોઈ **લીલાગર** ભાખી જળ સાથ લીધી.

દલપતરામ

લીલાગરી સ્ત્રી. જુઓ લીલાગર.

લીલાગાર ૧. [સ લીલા (મોજશોખ) + આગાર (મકાન)] ન. ધનિકનું ઘર.

૨. ન. મોજશોખ કરવાનું મકાન; વિલાસગૃહ.

લીલાગેહ ન જુઓ લીલાગાર

લીલાગૃહ ન. જુઓ લીલાગાર.

લીલાચંદ્ર પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિશક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ, તગણ, યગણ અને સગણ મળી પદર અક્ષર હોય છે. તેમાં ૮ મા અક્ષર ઉપર વિસામો આવે છે.

લીલાચંદે આઠે સાને, મધુ મા મા ત ય સા.

રણપિંગળ

લીલાજારા પું. લીલી ખાર, ઉનાળામાં વાવવામાં આવતી. જુવાર

લીલાડુંગ (લીલડુંગ) પું પાસવડે લીલી જણાતી જમીન; લીલોતરી, ઢારવાળી.

લીલાણ ૧. ન. લીલી ચારણ ખેતર; લીલોતરી વાળો પ્રદેશ, લીલોતરી, લીલાછમ જગ્યા, જ્યાં ત્યા લીલો દેખાવ થઈ રહેવા તે.

૨. ન. વનસ્પતિની તાજી હાલત.

૩. વિ. લીલુ, નદિ સૂકું; સહેજ આર્દ્ર.

લીલાતાલ પું. (સંગીત) એક ચતસ્ર જાતિ અક્ષર માત્રાનો તાલ. તેના તાલસ્થાન ૧–૩–૭ માત્રા ઉપર છે. ફોટડીના બોલ: ધી ધી ધાતર ૧ સમ ૨ કિટ ધિન ધીં ધી ધેતર, કિટ ધિન તિં તિ તરકિટ ધિન.

લીલાધર ૧. પું. લીલા કરનારા રામ કે કૃષ્ણ. પ્રભુ

લખ્યા લટકે, લીલાધર વેરા. કાગીદાસ

૨. [સ. લીલા + ધર (ધારણ કરનાર)] વિ. ક્રીડા કરનાર(ણી); લીલા કરનાર(ણો)

લીલાધારણ ન. કોથમીર.

લીલાધારી પું. નટ.

લીલાનટન પું. રમતિયાળ મૂલ.

લીલાપર્ણી સ્ત્રી. કાનફરી. કાનવાટી. નવપર્ણી.

લીલાપા પું. (બોલ) ઓગણી ભાદરો એ નામનો એક સિક્કો.

લીલા પુરુષોત્તમ [સં.] પું. શ્રીકૃષ્ણ. જેણે કોઈપણ મર્યાદાપુરુષોત્તમ એટલે શ્રી રામ.

લીલા અંધ્યપાત પું. લીલામાં પ્રવેશ.

કાં તો હૃદયમાં ભગવત્પ્રવેશ થાય છે યા ભગવદીયના, લીલામાં જ પ્રવેશ થાય ... એને શાસ્ત્રમાં **લીલાઅંધ્યપાત** કહે છે

મૂળજીની ભગવદ્ગીતા

લીલામું ન. અર્ધ લીલરંગ મુ. કીરે ચડવાનો કે લીલો ડાઘ પડી જાય છે તે, કાંસું આદિ.

લીલારત્ન પું. (પિંગ.) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગની છંદનો એક ભેદ છે તેમાં બે ભગણ, ભગણ, અને ભગણ મળી ૧૨ વર્ણ હોય છે

લીલારત્ન આપ્યું ભગણ ભગણ બે ભેળી.

રણછોડજી

લીલાલહેર ૧. સ્ત્રી. આબાદી; આનંદ મજા ઐશ્વર્ય તે; સુખ કરવું એવું જે ભરપૂરપણું તે; મોજ-શોખ સુસ્થિતિ. પૂર્ણ સુખરૂપતા; તન, મન ને ધનનું પરિપૂર્ણ

લીલાલહેર અને જગવાનાં વેર = બીજાના મહેમાન થયા છતાં પોતાને અર્થે આનંદ કરવો તે.

૨. સ્ત્રી. સાગ વરસાદને લીધે થતો આનંદ.

લીલાલેખ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનિરાકૃતી છંદનો એક ભેદ છે તેને સારંગી છંદ કહે છે. તેના દરેક ચરણમાં પાંચ ભગણ મળી પંદર અક્ષર હોય છે.

લીલાલોલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિરાકૃતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, સગણ, ભગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે. તેમાં ચોથા અક્ષરે વિશ્રામો આવે છે.

આ જોયા આ ગા, વિરતિ પુને, લીલાલોલે

રણછોડજી

લીલાવતાર [સં. લીલા + અવતાર (અવતરવું તે)] પું. લીલા કરવા માટે શ્રીવિષ્ણુ ભગવાન જે અવતાર લે છે તે; લીલા માટેનો વિષ્ણુનો અવતાર.

લીલાવતી ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં સાત રગણ અને સગણ મળી ૨૨ માત્રા હોય છે. ૧૮મી માત્રા ઉપર વિશ્રામો આવે છે અને ૩, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૧ માત્રા તાલ આવે છે

૨ પુ. એક છંદ. તે અખંડ માત્રામેળ દુમિલાની વિકૃતિ મનાય છે

૩ સ્ત્રી. ખંજનાનું બીજું નામ.

૪. સ્ત્રી. (પુરાણ) કુવલયાશ્વ રાજાની બીજી સ્ત્રી. જાનો પુત્ર કુવલયાશ્વ હતો

૫. સ્ત્રી. ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ પદાર્થોને પ્રતિપાદન કરનાર એક ગ્રંથ.

૬. સ્ત્રી. પુરાણપ્રસિદ્ધ એક વેશ્યા

૭. સ્ત્રી. પ્રસિદ્ધ ગણિતની ભાસ્કરાચાર્યની પુત્રી કે જેનું સર્જન.

૮. સ્ત્રી. જોજરાજાની પત્ની.

૯. સ્ત્રી. અવદાનની એક

૧૦ સ્ત્રી. (પુરાણ) મયૂરધ્વજ રાજાની સ્ત્રી

૧૧ સ્ત્રી. મંડપાચ્છાદની સ્ત્રી

૧૨ સ્ત્રી. અભિસારિકા સ્ત્રી. સ્વચ્છંદી વિલાસવતી સ્ત્રી.

૧૩. સ્ત્રી. સુંદર સ્ત્રી

૧૪ સ્ત્રી (સંગીત) કનુમત મત પ્રમાણે હિંડોળ રાગની આઠ મંદેની એક પુત્રવધૂ રાગિણી. આ આર્યા રાગિણી દેશકાર, ગૌતશ્રી અને લલિતથી મિશ્ર છે.

લીલાવતી ગણિત ન. એ નામના ભાસ્કરાચાર્યની પુત્રી લીલાવતીએ રચેલ ગ્રંથ.

લીલાવાદ પું. માત્ર રંજન માટે ઈશ્વરે જગતની રચના કરી છે તેવો વાદ. આ લીલાવાદની પાછળ તત્ત્વદૃષ્ટિ એટલી જ છે કે સર્વ વિશ્વ એકસૂત્રિત તત્ત્વમાંથી જ થયેલું છે. કેવી રીતે થયું અને શું ક્રમ થયો, એ પ્રશ્નના સમાધાન માટે લીલા શબ્દ વાપરવામાં આવે છે, ત્યારે તેનો માત્રો અર્થ એટલો જ છે કે એ ચૈતન્યના અહજ સ્વભાવથી જ થયેલું લાગે છે જ્યાં જેથી વધારે ચોક્કસ પ્રયોજન આપણે જાણી શકતા નથી.

લીલાવિગ્રહ પું. લીલાથી જગતોની રચના પૂરી કરવા ધરેલો દેહ.

લીલાવિમુગ્ધ વિ. આનંદથી મોહ પામી ગયેલ; આનંદ મોહમાં પડેલ

લીલાવૈચિત્ર્ય ન. વિવિધ પ્રકારની લીલા.

લીલાશ ૧. સ્ત્રી. લીનાશ. જર્જરતા; નબળાઈ, આર્દતા.

૨ સ્ત્રી લીલા રંગની ઝાંય, વનસ્પતિ કે તે જેવા રંગની છટા કે ભભક; નીલત્વ; લીલાપણું

લીલાશ મારવી = લીલાશ રંગવી.

૩ સ્ત્રી વનસ્પતિની તાજગી. વનસ્પતિનું લીલાપણું

લીલાશીલતા સ્ત્રી. લોલચાચલત્વ.

લીલાસત્ત્વ [સં.] પું. લીલાના મદ રૂપી સત્ત્વ.

લીલાસ્થાન ન. લીલાસ્થાન.

લીલાહેરું વિ. લીલા જેવું; લીલું, જેમકે, આ વસ્ત્ર લીલાહેરી છે

લીલાંપાણી ૧. ન. નસો. ઉપ.

૨ ન બ.વ. ધૂપેલી જગ્યાનું પેસ; ભોંગ.

લીલી ૧. પું વનસ્પતિનો છોડ. મળિયાવાળા થડને જુદું પાડવાથી આ છોડ થાય છે.

૨. સ્ત્રી. ગાજરની પોટી; સલગ.

૩. સ્ત્રી. સમુદ્રમાં થતી મુખ્ય ચાર વર્ગ માંહેની ... વનસ્પતિ.

૪. વિ. સ્ત્રી. મળીના જેવા રંગની, આસમાની.

લીલીકુંજર વિ લીલાકમ.

લીલીઘોંટી (લીલ-ઘોંટી) ૧ સ્ત્રી. કેરી પીલું.

૨. સ્ત્રી. ભાંગ; ભાવા; વિજયા.

૩. સ્ત્રી. ભાજનો રોગ.

લીલી ઘોડીએ ચડવું = (૧) અન્ય મનસ્કપણે વાત કરવી. જેમકે, આવાજી લીલીઘોડીએ ચડે એટલે ભજન નિગમની વાતો કરવા મંડી જાય. (૨) નશામાં બેઠ ખુલ્લો પાડવો. (૩) ભાંગના કેફની અસર તળે બાવવું; ભાગ પીવી.

૪ સ્ત્રી. સુંદર ઘોડી; આસમાની રંગની ઝાંય મારતી ઘોડી. આ રંગની ઘોડી ઉત્તમ પ્રકારની હોવાનું મનાય છે.

લીલીઘોંટીને બીજો ચાબખો, પાતળિયો અસવાર. લો.કહેવત

લીલી ચા ૧. સ્ત્રી. એક જાતની ચા, સુકાયેલા પત્તુ લીલા રંગનાં પાનવાળી ચા.

૨ સ્ત્રી કુરા-ડાભના જેવું એક જાતનું સુગંધીદાર ઘાસવાળી ઘાસ; એક ઘાસ કે તેને ઉકાળીને ચા પેઠે પિવાતું પેય. આની ચા પાનકી થાય છે ને લીલી ચા તરીકે ઓળખાય છે. એનો ઉકાળો કરી લોક પીએ છે અને ન્હાય પણ લે છે. આ ચા અર્ક અથવા તેલ બનાવવામાં વપરાય છે.

લીલી ચાર સ્ત્રી. ઢોરને ખવડાવવા માટેની એ નામની એક ચાર. તે પાણી ચાર્યા વગર તૈયાર કરવામાં આવે છે એટલે બાજરાના મૂલમાં તેને સ્થાન હોઈ શકે. દેશી ચારમાં સંઘિયું, બાજરિયો ઉત્તરણી, નીળવા વગેરે સુધારની જાતો ખાસ છે.

લીલીછમ વિ. સ્ત્રી. બહુ જ લીલી.

લીલીનાગરવેલ સ્ત્રી. એ નામની એક રમત. તે સોરઠ તરફ રમાય છે.

લીલીનાયેર સ્ત્રી. સોરઠનો એક પ્રાંત. તે બહુ જ લીલોતરીવાળો પ્રદેશ છે

> **લીલીનાયેરમાં લીલી વનરાય ને,**
> **લીલા મોર કહુક છે લીલી નાયેરમાં.**
>
> લાડકદાન

લીલીપરિક્રમા ૧. સ્ત્રી. રૈવ દિવાળીથી પૂનમ સુધીમાં પગે ચાલીને પૂરી કરવામાં આવતી ગીરનારની પરિક્રમા.

૨. સ્ત્રી. વજની આસપાસ કરવામાં આવતું પરિક્રમણ. શ્રી કૃષ્ણે આ પરિક્રમણ કર્યું હતું અને અમુક અમુક જગ્યાઓએ રાસ રચ્યા હતા. આ પરિક્રમણ કરતાં બે મહિના થાય છે.

લીલીપીઠ સ્ત્રી. કાચબાબજાર; જ્યાં લીલોતરી શાક વેચાતું હોય તે જગા; શાક માર્કેટ.

લીલીબહાર સ્ત્રી. એ નામનું એક ઝાડ. આ ઝાડ લીલાછમ, મોટાં પાંદડાનું થાય છે. આંતરાન, અજારેય તથા મલાયનું આ ઝાડ છે. પાંદડામાંથી પુષ્કળ ટેનિન મળે છે. બસ, ખૂજલી, ખાજાનો સખ્ત દુખાવો તથા ચામડીના દર્દ ઉપર ઔષધ છે.

લીલીસૂકી ૧. [લીલું + સં. શુષ્ક (સૂકું)] સ્ત્રી તકરારબાજી; સુખદુઃખ; મહરીપહરી; આબાદી અને પડતી; ઊથલપાથલ; ફેરફાર.

૨. સ્ત્રી. પરાજય; પરાભવ

૩. સ્ત્રી. માઠી દશા; વિપત્તિ

લીલીસોપારી સ્ત્રી. એક જાતની સોપારીનો. લીલી સોપારી તૂરી, કફની શુદ્ધિ કરનાર, અગ્નિપ્રદીપ્ત, હલકી, ગુરુ, દોષ્ટ અને અગ્નિને મંદ કરનારી છે. તે રક્તદોષ, મોઢાનો મલ, પિત્ત, આમ, કફ, આધ્માન અને ઉદરને નષ્ટ કરે છે.

લીલુડી (લીલુડી) ૧. વિ. સ્ત્રી આસમાની રંગની ઝાંય મારતી. ઘોડીને માટે બોલાય છે.

> **લીલુડી તી ઘોડી, ખાતરીઓ અસવાર.**
>
> લો.ગીત

૨. સ્ત્રી. જો લીલાશ પડતી.

૩ વિ. જો લીલીછમ; હરિયાળી

લીલુડીવાડી (લીલુડોવાડો) સ્ત્રી ઝાડપાન અને જળથી પૂરિત વાડી.

લીલુડું (લીલું: વિ લીલા રંગનું. લીલું, લીલુ ઘાસ જેવું હોય તેનું; લીલાશ પડતું, લીં રંગવાળું

લીલુ જુ. ન. લીલો ચારો

ઢોરને લીલું નાખવું = ઢોરને ચરવા માટે લીલો ચારો નાખવો.

૨. [સં. નીલ–નીલક–લીલુ] વિ આસમાની, વનસ્પતિ જેવા રંગનું; મોરપૂંછના રંગનું, આસમાની અને પીળો રંગ એકમેક કરવાથી જે વર્ણ બને છે તેવી છટાનું; સહેજ કાળી-પીળી છાંયનું; કાચી કેરીના રંગનું; લીલા રંગનું; પોપટિયા રંગનું

૧. લીલા ખેતરમાં કે ઝાડ તળે ખૂબે મરે તેવું = (૧) અતિશય ચરમાળ હોય તેવું. (૨) આળસુ; અકરણ; હરામ હાડકાનું; આવકત કે ઓસિયારી વગરનું; ઓટ; મૂર્ખ. (૩) તળાવ જઈ ને નરસ્યું આવે તેવું; જૂની વસ્તુએ તંગી જોગવે તેવું; અચતુર; સહજ મળી જાય એવું હોય તે પણ મેળવી ન શકે એવું; જોજું; નિર્બળ.

૨. લીલા ઝાડ = બાગકનો એક રોગ; લીલા રંગનો દરત વાર્ષવાર થયો તે.

૩. લીલા વનના સડા બળ્યા = પૈસો હોય તો મિત્રોનો તોટો નહિ

૪. લીલી લેખણ = (૧) તાજું લખાણ. (૨) તાજો કારભાર. (૩) ધીકતી પેઢી; ધમધોકાર ચાલતો વેપારધંધો. ગ્રાહક કે બીજા વેપારીને રોજમેળ તે બહિના લેખણ સિવાય ચાલતું નથી. વારવાર જમે ઉધારની રકમ નખાવવા લોકોની પડાપડી થાય છે અને તેથી વેપારીની કે લખનારની લેખણ લીલી તે લીલી જ રહે છે, સુકાતી નથી તે ઉપરથી એમ કહેવાય છે.

૫. લીલી વાડી = (૧) જુવાની; ખીલતી-તરવરતી અવસ્થા. (૨) ઉંમર ઝોકારનો વિસ્તાર.

૬. લીલું કરવું = (૧) કર્જ નવું જૂનું કરવું; ઉઠાગરું. (૨) કુમકો કરવો; સપત્તિ મેળવવી; લીલી વસ્તુ રસકસવાળી અને ઉપયોગી થાય એવી હોય છે તે ઉપરથી. (૩) સારું કરવું; કલ્યાણ કે ઉદય કરવો

૭. લીલું ધડપણ જોગવવું = ધડપણ છતાં જુવાન જેવો આનંદ કરવો કે ભોગવો. જ્યારે ઘરડો માણસ જાનદો અને સુખી હોય અને જુવાન પુત્રોની માથે હરીફાઈ કરી શકે એવો હોય ત્યારે તેને સિંધે જોવતાં એમ બોલાય છે કે, તે લીલું ધડપણ ભોગવે છે.

૮. લીલું નાળિયેર આપવું = દેવને ચેટાનું કે બકરાનું બલિદાન આપવું

૯. લીલું વાગવું – કપરો કરી આપવો; સાફ કરવું. લીલું કરવું કર્જ સાફ ન કર્યું હોય ત્યારે નિષ્ફળ નીવડવું તેમ વાંકામાં બોલાય છે.

૧૦. લીલે તોરણે = જેમ આવ્યા તેમ ને તેમ; નિષ્ફળતાની સાથે; વીલે મોઢે; કાર્યની સિદ્ધિ થયા વગર; એમ ને એમ; વગર પરણ્યે. કન્યાને પરણવા આવેલો વર પરણ્યા વિના પાછો જાય ત્યારે તે લીલે તોરણે પાછો ગયો એમ કહેવાય છે.

૧૧ લીલો બાંધી આપવો = લીલાનો કટકો બાંધી આપવાનું દાન કરવું; મફત આપવા જેમ હોવું

૩. વિ. ઊજળું. સારું.

૪. વિ. ખૂબ પૈસાદાર; પૈસાદકાવાળું; સુખી કે ધનવાન; જેમકે, એ તો કોઈ લીલો માણસ જોયે છે એટલે કે પૈસાદાર માણસની શોધમા છે.

૫ વિ છત્તું

૬. વિ તાજું; રસવાળું; રસકસ ભરેલું; નહિ સૂકું.

લીલું થવું = (૧) તાજામાજા થવું. (૨) નીપજવવું. (૩) મગજાં થવું. (૪) હરિયાળું થવું

૭. વિ. પાણીવાળું; પ્રવાહવું; ભીનું; આર્દ્ર; ભીનાશવાળું

લીલુકચ વિ. તદ્દન લીલું; લીલુંછમ

લીલું કરીઆતું કું. એક પ્રકારનો છોડવો. તેનો તાવમાં ઉપયોગ કરવામાં આવે છે.

લીલુંકસ જુઓ લીલુકચ

લીલુંકંચન જુઓ લીલુકચ.

લીલુંકંજાર વિ. લીલુંછમ; કુંજ જેવું લીલું; તાજું; અધે લીલું દેખાય તેવું.

લીલુંકાર વિ. ઝાંખાના ઝાર જેવું લીલું.

લીલુંકુંજાર જુઓ લીલુંકંજાર.

લીલુંછમ વિ. ઘાસના જેવું લીલું; ખૂબ લીલું; ઘેરું લીલું; બહુ જ લીલું.

લીલુંછરક વિ. એકદમ લીલા રંગનું

લીલુંપીળું ૧. વિ. ઊ-ભત; પોચેલ; જેને કે ચડ્યો હોય તેવું

લીલા પીળા દેખાવા = (૧) આંખે અંધારાં આવવાં (૨) ખૂબ નબળો પડવો; બેન પડવું.

૨. વિ. ગુસ્સે થયેલું. ચીડાયેલું. ખૂબ ક્રોધાયમાન.

લીલુંપીળું થવું–થઈ જવું = ગુસ્સે થવું.

૩. વિ. કચ્છ જેવું; બેદરકારીમાં સ્થિતિવાળું.

લીલાપીળા થઈને કરવું = (૧) બેદરકારીથી કરવું; ગાપચો કરવો. (૨) ઉલ્લાપાટાથી બનવું કે થવું. (૩) રોફ મારવો.

૪. વિ. લીલા અને પીળા રંગનું; વિવિધ રંગનું; તરેહવાર રંગનું; સુંદર; મજેનું

લીલુંસૂકું ૧. ન. તડકોછાંયો; સુખદુઃખ; ધૂપછાંવ.

૨. ન. લીલો કુમળો કે સૂકો કાચ વસ્તુ.

૩. ન. સારું માઠું થવાનું તે; પરિણામ; ઊપટનું ફળ

લીલા સૂકાનો વિચાર = યોગ્યાયોગ્ય કે સારા માઠાનો વિચાર. વનનો દાવાનળ જેમ લીલા સૂકાનો વિચાર કરતો નથી તેમ મનના અનળની હોલચાલ પણ અવિચારી હોય છે જે સારું માઠું જુએ નહિ, લાભહાનિ વિચારે નહિ, લાજ મર્યાદા જુએ નહિ, ધર્મશાસ્ત્રને ગણકારે નહિ, સગપણને વિચારે નહિ એવા સાહસિક વૃત્તિના માણસને વિષે જોડણનાં વપરાય છે.

૪. વિ. કુમળું અને કાચ.

૫. વિ. ભોટું મૂર્ખ.

૬ વિ. સારું માઠું

લીલેરું વિ લીલું

લીલૈયાન વિ જેનો રંગ લીલો હોય તેવું

લીલો ૧. [સં. નીલક] પું. માછીઓ, હલ્લા રાકઝાક વેચનાર માણસ.

૨. પું. તદ્દન સોદ નહિ પણ લીલાશ પડતી ધોળાશવાળો બગદ.

૩ વિ. પૈસાદાર; ધનવાન. જેમકે, તે લીલો છે એટલે પૈસાદાર માણસ છે.

૪. વિ. પું. કાચી કેરીના રંગ જેવો.

લીલોકંસારો પું. એ નામનું એક પંખી. તે નજરે ભાગ્યે જ દેખાશે. તેનો અવાજ એક બે માઈલ સુધી સંભળાય છે. કદ ઉંચ લાંબું આ પક્ષી રંગે ઉપરથી લીલું, માથું, ડોક અને છાતી ભૂરાં અને પાંખનાં કાંબાં પીળાં પણ ભૂરાં છે. પૂછડી લીલી અને નીચેના ભાગે કાંબા આસમાની રંગની છે. પાખો રતુમડી, આખથી આંખ સુધીની ખુલ્લી ચામડી નારંગી રંગની જાડી, ચાંચ ગુલાબી અને પગ પીળા છે. શરીરના ઉપલા ભાગે નાની શ્વેત રેખાઓ અને શ્વેત ટપકાં પણ છે. આમ આ કુળને શોભે એવા સુંદર વાઘા સજીને આ લીલોકસારો જંગલ, ઝાડનાં છટાંછવાયાં ઝુંડ અને કુંજરાય પ્રદેશમાં વસે છે. તે પણ કૃષાહારી છે અને વડ કે પીપળાના ટેટા ખાય છે. આ લાલ ચાંચવાળું, ભૂરું અને લીલું પંખી લાલ ચેપડાવાળા અને ભૂરી ડાળવાળા વડપીપળામા એવું ઓતપ્રોત થઈ જાય છે કે તમે શોધો તો પણ ન મળે અને તેને અણર પડે કે તમે તેને શોધો છો તો તે ચૂપ થઈ જશે.

લીલોકાળ જુઓ લીલોદુકાળ.

લીલોગુલાબ પું. એક જાતનો ગુલાબ.

લીલોચંપો [સં. હરિશ્ચમ્પક] પું. એક જાતનો છોડ. તે રામણીને મળતો છે. એને લીલા રંગનાં ફૂલ આવે છે. તેની સુગંધ બહુ જ સારી હોય છે.

લીલોતરી ૧. સ્ત્રી. તાજી લીલી વનસ્પતિ; નાના નાના છોડાઓ; લીલી ઘાસજાડની રચના.

૨ સ્ત્રી. ભાજીપાલો, તાજું શાક.

૩. સ્ત્રી. લીંબાણ.

લીલોદુકાળ પું. એક પ્રકારનો દુકાળ; અતિવૃષ્ટિ. જેમાં તે કરતાં બહુ જ વરસાદ પડવાથી, પાક ઘોવી જાય અને તેથી લોકો દુઃખી થાય એવો જે દુકાળ તેને લીલોકાળ કહે છે.

લીલો દુકાળ = કોઈ વાતની ખોટ ન હોય છતાં ઘરનું અર્થ ન કરાવું.

લીલોધાન ૧. [સં] ન. ડોળ કરવાનો ભાગ.

૨. ન. રેવનું વન.

લીલોપવન ન. ડોળ મારેલું ઉદ્યાન; બગીચો.

લીલોમેવો પું. અંજીર, દ્રાખ, સફરજન વગેરે તાજાં ફળોનો મેવો.

લીલ [અં.] સ્ત્રી. રજા; છુટ્ટી.

૧. કેઝ્યુઅલ લીવ = અણધારે પ્રસંગે ભોગવવાની રજા.

૨. પ્રિવિલેજ લીવ = ૯૦ દિવસ.

૩. હાફ પે લીવ = નિવૃત્ત થવાના સમય પહેલાં આપવામાં આવતી રજા. તેની મુદત વધુમાં વધુ ત્રણ મહિનાની હોય છે.

૪. ફૂલ પે લીવ = અગાઉ પગારની રજા, બારપગારી રજા.

૫. લીવ વિધાઉટ પે = કપાત પગારી રજા.

૬. સિક લીવ = માંદગીની રજા.

૭. રેપેરિયેશન લીવ = આસ કિરસા તરીકેની રજા.

૮. હાફ પે લીવ = અર્ધા પગારી રજા.

લીવર ૧. [અં.] ન. હરચલન.

૨. ન. કલેજું, પિત્તાશય; મકૃત; કાળજું.

૩. ન. ઘડીઆળમા વપરાતો એક જાતનો પિત્તળનો સંચો.

૪. ન. ટેકો.

૫. ન. તાળાંનો સંચો.

લીશરા ન. એક જાતનું પક્ષી; તાર જેવી પૂછડીવાળું પક્ષી; "સ્વૉલો".

લીસરડો (લિસરડો) ૧. પું. પગરખાનું નિશાન.

૨ પું. લીટો; લીસોટો.

લીસંટો જુઓ લીસરડો.

લીસું ૧. વિ. અકર્કશ; સ્વચ્છ; સાફ.

૨. [સં. શ્લક્ષ્ણ] વિ. નરમ, કચ્ચ વગરનું; સપાટ; ચોકટ ને સુંવાળું. જેમકે, આ બી લીસું છે.

૩. વિ નહિ ખડબચડું; નહિ બરસટ; ખાડા-ગોબા વગરનું; સુવાળું; હાથ સરકો ભય તેવું.

લીંપ્યા પાટલીનો માફક = વર્ગમાં ઉતરતો રહેનો; ઠોઠ.

૪. વિ. પોચું, સરકાવું, મક્કમ રહે નહિ તેવું; ખસી જાય તેવું.

૫. વિ. મીઠું; મધુર

૬. વિ. સાલસચિત્ત; સાદચિત્ત; અપ્રમ.ચિત્ત.

લીસો માણસ = અપ્રમ.ચિત્ત માણસ.

લીસુંલપટ વિ સાવ લીસું; લપટી કે સરકી જાય તેવું લીસું

લીસુંલસ વિ. સાવ લીસું

લીસોટી ૧. સ્ત્રી. આડી અવળી રેખા; વાંકી લીટી; નાની લીટી

૨. જુઓ બસરડો; લીસોટો.

લીસોટો ૧ પું. અંધારું; ખાડો અને લાંબો બસરડો; લીસરડો; આંકો.

૨. પું. મૂળ વસ્તુનો આકાસ.

સાપ મર્યા અને લીસોટા રહ્યા = મૂળ વસ્તુ ચાલી ગઈ છે અત્યારે તેનો આભાસ છે.

૩. પુ લીટો; આંકો

લીહ ૧ સ રેખા; પ્રા. રેહા. અપ. લિહ-લીહ-લેહ] સ્ત્રી, આંકો

૨. સ્ત્રી. ઊની ઊની તાવડી ઉપર જે પાણીનું બિંદુ પડે છે ને ચણ ચણ કરતું બળી જાય છે તે.

૩. સ્ત્રી. નીક; પ્રવાહનો મધ્ય ભાગ.

વહે શીલ તણો જે લીહ.

નેમવિજય

૪. સ્ત્રી જાજ.

રસે લોક રૂપે લીહ વાળી, પૂઠે જોકરાં પાડે તાળી.

પ્રેમાનંદ

૫. સ્ત્રી. લીટી, લીંટી, લીસોટો.

૬. સ્ત્રી હદ; મર્યાદા; સીમા; માજા.

લીહ કાઢવી = હદ ઓળંગવી.

૭. જા. આડા અવળા ઉઝરડા.

લીહી જુઓ લીહ.

લીંકન પું અમેરિકાના ૧૬મા પ્રમુખ.

લીંખ સ્ત્રી માથામા પડતી જૂ.

લીંબો પું. આડવિયો હરિજનમાં વપરાય છે.

લીંટ ૧. સ્ત્રી. નાકનો ચીકણો મળ; શેડ., નાકમાંથી નીકળતો મેલ, ગાટ; શ્લેષ્મ.

નકે લીંટુ વહી જાય. સૌરાષ્ટ્રનો રસપ્રવાહ

૨. સ્ત્રી. મુખસ્તવ, લાળ.

જતુ ચાર રીતે પ્રસરે છે (૧) મળમૂત્ર દ્વારા, (૨) મળ્યા પૂંઠે કે લીંટ મારફત, (૩) માદા માણસના સ્પર્શથી (૪) ચાવડ મચ્છર કે માકડ દ્વારા. હરિપ્રસાદ દેસાઈ

લીંટ આવવી = નાકમાંથી લીંટ નીકળવી

લીંટાળું વિ. શેડાવાળું; લીંટવાળું.

લીંટિયું ૧. ન. લીંટ લેવાનો રૂમાલ કે કટકા. નાક લૂછવાનો રૂમાલ.

૨. વિ. જેને વારેવારે નાકમાંથી લીંટ આવ્યા કરતી હોય તેવું. લીંટથી ખરડાયેલું; લીંટ ગળ્યા કરતા હોય તેવું મંદ; શેડાળુ.

લીંડકડું વિ. બીકણ; ડરપોક; કાયર. બોકસી.

લીંડકી સ્ત્રી. નાની લીંડી.

લીંડકું ન. નાનું લીંડું.

લીંડાબાજી સ્ત્રી. સંભોગ વખતની સ્થિતિ. કૂતરા કૂતરી માટે આ શબ્દ માત્ર વપરાય છે.

લીંડાબાજી થવી = કૂતરા કૂતરીનો સંભોગ થવો.

લીંડી ૧. [સં. લાષ્ટ] સ્ત્રી. ગોળાના આકારની અથવા ઘેટાં, બકરાં કે ઉંદરનો મળ; ગોળ ટગાર; મળની ગોળી.

૧. લીંડી કરવી = લીંડી જેવું અથવું.

૨. લીંડી નીકળી જવી = (૧) માઠો છૂટી જવો. (૨) માઠો જવું.

૩. લીંડીલીંડી થઈ જવું = છૂટું છૂટું થઈ જવું.

૨. સ્ત્રી. તાડના ઝાડનું ઘોળું ફૂંડ.

લીંડીપીપર સ્ત્રી એક જાતની ગરમ ઔષધિ; લીંડી જેવા આકારની ઝીણી પીપર. તેના વેલા ઘણા વર્ષ સુધી રહે છે. ગોમાસામાં એ વેલાની મૂળ પાસેના ડાળા કાપી બીજા જગ્યાએ લાવવાથી થાય છે. એને પાણી પાવું પડતું નથી પરંતુ ઉનાળામાં સુકાઈ ન જાય માટે મૂળ પાસેથી ઢાકી દે છે તેમાં ઓગસ્ટ માસમાં ફૂલ આવે છે અને જાન્યુઆરીમાં ફળ આવે છે જેને લીંડીપીપર કહે છે. તે લાંબા દાંડાની હોય છે. દવામાં વપરાય છે તેમાંથી એક ઊડી જનાર તેલ, રાળ અને પીપલીન નામનું સત્ત્વ નીકળે છે. પીપરના મૂળને પીપળી મૂળ કે ગોડા કહે છે. તાજી લીલી પીપરનું અથાણું કરે છે. ઉપરાંત બીજી જાત છે તે ગૈદલપીપર, વાનરપીપર, રાનપીપર વગેરે તેનો ઉપયોગ શ્વાસ, નિદ્રા ન આવવી હોય તે ઉપર, ગાંઠો, હેડકી, રતાંધળાપણું, આમવાત, અજીર્ણ, કફરોગ, મૂર્છા, ઉધરસ, કૃમિરોગ, વાતવિકાર, ખાંડુ, રક્તપિત્ત, દમ અને ક્ષય ઉપર થાય છે

લીંડું ન. મરઘીના જેવો કાચો મળ; લીંબુ જેવા આકારનો ઊંટ, ઘોડાં, ગધેડાં વગેરેનો મળ, છાણનો ગોળો કે ગોળ પાદવા

૧. લીંડું આવ્યા જેવું = બહુ જ થોડાંને લાયબોધ થઈ જવું.

૨. લીંડું નીકળી જવું – (૧) ઝાડા કરી જવા. (૨) બહુ જ ગામ જવું

૩. લીંડું મૂકવું = ઘોડા જેવું અથવું.

૪. ડોકિયાના લોડા = સાવ ન દેખવા તેવા ઠેકાણે, જુદું જુદું હોવું, પક્ષપક્ષા હોવી.

લીંડો વિ. પુ. કાયર. કોરી; બીકણ; બીકવા જેને ઝાઝો કરી ખાવ તેવો, વિષમ પ્રસંગે ગાઢ ખીલે નહિ તેવો

લીંડોરીંડું ન. નાની ગોળ વસ્તુ.

લીંપણ જુઓ લાંપણ

લીંપણ-ગૂંપણ જુઓ લાંપણ.

લીંપણું જુઓ લીંપણ.

લીંપવું જુઓ લાંપવું.

લીંપવું-ગૂંપવું જુઓ લીંપવું.

લીંપાગણ જુઓ લીંપામણ.

લીંપાવવું જુઓ લાંપાવવું.

લીંપેલુંગૂંપેલું જુઓ લીંપેલુંતૂંપેલું.

લીંપેલુંતૂંપેલું જુઓ લાંપેલુંતૂંપેલું.

લીંફ [અં.] ન. શરીરમાં વહેતું જલમય દ્રવ્ય; દેખ. લસિકાગ્રંથિ તે ગોળ્યો, પારદર્શક અને ક્ષારવાળું કે રવાદાર પ્રવાહી હોય છે.

લીંબુઝાંડ [અં.] સ્ત્રી. રસપેરી.

લીંબુનળી સ્ત્રી. લોહીને આખા શરીરમાં લઈ જનારી નળી.

લીંબ ૧. પું. લીમડો.

૨. ન. પાંચ માદેનું એક કટપદ્રુમ.

૩ ન. લીંબુ

લીંબડી (લીંબડી) જુઓ લીમડી.

લીંબડીઓ (લીંબડીઓ) પું રબારીનો આશ્રય

લીંબડી સંઘાડો (લીંબડો સંઘાડો) પું સ્થાનકવાસી જૈનોનો એક વિભાગ

લીંબડો (લીંબડો) જુઓ લીમડો.

લીંબણ ૧. સ્ત્રી લીંબોળ.

૨. સ્ત્રી સુતારની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું કુટુંબ

૪. વિ. એ નામની [illegible]

લીંબતરુ ન. લીંબડાનું ઝાડ; લીંબડો

લીંબવેણ સ્ત્રી. લીંબોળી, લીંબુનું ઝાડ

લીંબારો પું. ઔષધિ તરીકે ઉપયોગમાં આવતું ઝાડ. તેની છાલ અજીર્ણ ઉપર તથા તાવ ઉપર વપરાય છે અને ગરીબમાં તાકાત લાવે છે.

લીંબુ ૧. સ્ત્રી. નેપાલમાં બોલાતી એ નામની ભાષા

૨. [સં. નિમ્બ; પ્રા. લિમ્બ] ન. લીંબોળીનું ફળ; ખાટા રસથી ભરપૂર એક જાતનું નાનું ફળ. તે ગોળાકાર કે, બીજ વજનમાં ૪૫ ગ્રામ હોય છે. તેની છાલ લીલી કે પાકે ત્યારે પાતળી હોય છે. તેમાં રસ ખાટો મીઠો હોય છે. તેમાં બારે ખંડ હોય છે. તેની અંદર અનેક કણીઓવાળા ગર્ભ હોય છે તેમાંથી રસ નીકળે છે. તેમાં આઠથી ૨૦ બી હોય છે. તેનાં ફૂલમાં ૫ પાંખડી હોય છે. આનું ઝાડ બહુ મોટું નથી પણ નીચું રહે છે અને ડાળીઓ નાની કૂમળી હોય છે. તેને ચીકણી જમીન માફક નથી તેમ જ બહુ જ ભેજવાળી જમીન પણ નહિ. છૂટી, ચીકાશ વગરની ચૂનાના રેજાવાળી સમાવતારી જમીન જોઈએ. પાકાં લીંબુના તાજા બી ગોટી ચામડામાં કપડાં ભીનાં ખાતર નાખી તેમાં બી રોપી રોપા કરવા અને બીજા ચોમાસામાં તેને ફેરવી નાખવા. દસ કૂટને છેટે લીંબુના રોપા વાવવા છે. તેને દર અઠવાડિયે પાણી પાવું પડે છે લીંબુના પાક ઊતારી લીધા પછી ડિસેમ્બરમાં મોટી ડાળી હોય તે કપાવી નાખી ઝાડ સાફ કરવા જોઈએ લીંબોળીમાં ૧૫ વરસ સુધી સારાં ફળ આવે છે પછી તે પાકે ઊતરી જાય છે એક લીંબોળીમાંથી વીસ કે ત્રીસ શેર લીંબુ ઊતરે છે તે વાતહર, કફહર અને પિત્તહર છે. તેનો ઉપયોગ આયુર્વેદમાં, ખોરાકમાં અને સરબત બનાવવામાં થાય છે. લીંબુમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલા છે (૧) પ્રોટેઇન એટલે પિત્તજન્ય ૦.૪૨, (૨) ફેટ એટલે કફજન્ય ૨૮, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય ૪.૩૫૨, (૪) કેલોરી ૧૭, (૫) પ્રજીવક અ ૭૨૮, (૬) પ્રજીવક બ ૦, (૭) પ્રજીવક ક ૧૭.૬ અને (૮) આયર્ન એટલે લોહ ૦૮. તેની મુખ્ય જાતો નીચે પ્રમાણે છે:—ખાટા લીંબુ: આ ફળ બારી છાલના, ખાટાં, અથાણાં વગેરેમાં ઉપયોગી છે કાગદી લીંબુ: આ ફળ પાતળી છાલનાં, ખાટાં, રસક અથાણામાં ઉપયોગી છે બારમાસી કાગદી લીંબુ: આ ઝાડ ઉપર બારે માસ ફળફૂલ લાગે છે. એની છાલ

પાતળી, સ્વાદે ખાટાં અને આચાર શાક વગેરે માટે ઉપયોગી છે. ફરબતી લીંબુ: આ ફળ પીળા રંગનાં ફરબતમાં રસદાર છે. મીઠાં સાકર લીંબુ: નારંગી જેવડું મીઠા રસથી ભરેલું ફળ. આ ફળ જાડી છાલનાં સાકર જેવાં છે.

૧ લીંબુનું પાણી = બધા સાથે હળીમળી જાય તેવું, બધે પ્રસંગે અને બધા સમાજમાં એકરૂપ થઈ જનાર માણસ

૨. લીંબુનો તેજાબ = સાઇટ્રસઍસિડ

લીંબુર્ડ જી. લીંબુનું ઝાડ

લીંબુ ઉછાળ વિ. લીંબુ ઊછળી જેવું પડે તેટલા વજનનું મશીન

લીંબુડી (લીંબુડો) [સં. નિમ્બુક] સ્ત્રી. લીંબોર્ડ, લંબગોળ અને ઓછાડી પાન, કાંટાવાળી ડાંખળીઓ અને દુકાળે બે પાંખડીવાળાં ફૂલવાળું એક નાનું વૃક્ષ. તેમાં લીંબુ થાય છે. આ ઝાડની અનેક જાતો છે. તેમાં જુદાં જુદાં કદ અને સ્વાદવાળાં ફળ થાય છે.

લીંબોર્ડ ૧. સ્ત્રી. કઢા; મોટા વરા માટે ઢાળ વગેરે બનાવવાનું લીંબુ વાસણ

૨. [સં. નિમ્બુક] સ્ત્રી. લીંબુનું ઝાડ; લીંબુડી.

૩. વિ. લીંબુના રંગનું અમર પાટનું

લીંબોટી સ્ત્રી. સાકર અથવા મરીમીઠું નાખી અંગારા ઉપર બદબદાવી ચૂસવા માટે બનાવેલી લીંબુની ફડક જે ચૂસવાથી તાવમાં ઘણી ઊલટી બંધ થાય છે.

લીંબોડી (લીંબોડો) જુઓ લીંબોળી.

લીંબોળી ૧. સ્ત્રી. પાણી ભરવાનું ગાંગું પિતળ કે તાંબાનું વાસણ

૨. સ્ત્રી. રસિયામાં વપરાતું, લીંબોડીના આકારનું તાંબા પિતળનું વાસણ

૩. સ્ત્રી. લીંબડાનું રાયણના આકારનું દળિયાવાળું ફળ. તે ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે ઠળિયા અંદરનું મીંજ ઔષધમાં છે લીંબોળીનું તેલ સળિયા તથા ચરમ રોગ ઉપર લગાડાય છે તેમ જ કૃમિ ઉપર દવા તરીકે ૨ થી ૫ ટીપા બચ્ચાંને અપાતાં તે કૃમિનો નાશ કરે છે. ત્વચારોગમાં તેલ બહુ ગુણકારી છે. તેથી ખરજ, ઉંદરી, ખરજવું, ખસ વગેરે ઉપર તે લગાડાય છે

૪. સ્ત્રી. લીંબોર્ડ; લીંબુડી

લુઆબ પું. ચૂંક; ચીકણો પદાર્થ.

લુઈ ૧ સ્ત્રી. કરમીરમાં થતી એક જાતની વજનદાર સાદી કામળી. તેનો પનો અને લંબાઈ મોટાં હોવાથી બેવડી કરીને ઓઢી શકાય છે.

૨. સ્ત્રી. લૂ.

લુકમાન (લુકમાન) ૧. [અ.] પું. કુરાનમાં વર્ણવેલ એક વિદ્વાન; તે નામનો હકીમ.

૨. પું. ડાહ્યો માણસ.

૩. પું. પૂર્વ તરફનો એક પ્રખ્યાત કલ્પિત માણસ.

લુકંડી સ્ત્રી. એક જાતની ફેરસ. આ ફળનું ઝાડ દસ ફૂટ ઊંચું ને રંગે લાલ હોય છે. તેના પાંદડાં બહુ મોટાં હોય છે. તેનાં ફૂલ લબગોળ, મોટાં અને રંગે પીળાં હોય છે. તેની છાલ જાડી હોય છે.

લુકાટ [સં. લકુચ] ન. એક જાતનું ફળઝાડ તેનાં પાન મોટાં લાંબાં થાય છે. તેને વરસમાં બે વાર મોર આવે છે. પણ કાંઈ એકજવાર ડિસેમ્બરમાં મોર આવે તેને જ બેસે છે. બીજા ફૂલનાં ઊભાં ઝૂમખાં થાય છે. તે સુંદર સુગંધવાળાં હોય છે. ફળ પીળાં બોર જેવડા ઝૂમખાબંધ થાય છે. તે ખાવામાં ખટમીઠાં હોય છે. તે લોકાટ કહેવાય છે. પંજાબમાં સહરાનપુર બાજુમાં થાય છે અને તેની કલમ નર તરીકે વપરાય છે.

લુકાંજન [હિં. સુરંજન] ન. જે આંજણ આંખમાં આંજવાથી આજુબાજુ માણસ બધાને દેખે પણ તેને કોઈ ન દેખે તેવું આંજણ.

કાજલ મંજ પાટલ મુખીનાગ દીપસુત સોઈ,
લુકાંજન દ્રગ આંજવાં દેખી ન સકો કોઈ.
વિશ્રામસાગરકોષ

લુકીઓન [અં.] સ્ત્રી. એ નામની દવા. દિવસમાંથી રોગન ઓછો થઈ જતા.

લુકેઠ જુઓ લુકાટ.

લુકેશ્વર પું. એ નામના એક મહાદેવ. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર છે.

લુકેશ્વરતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

લુગત ૧. [અ. લુગત] ન. શબ્દકોષ; શબ્દસંગ્રહ

૨. ન. સમૂહ

લુગા [હિં.] પું. એક જાતનું પહોળું; બાજ.

લુગાઈ [હિં.] સ્ત્રી. પત્ની; બૈરી; બહુ; સ્ત્રી; ઔરત.

લુગાઈ કરવી = પરણવું.

લુગાત જુઓ લુગત.

લુગારી ૧. સ્ત્રી લૂટ.

૨. સ્ત્રી. હરણ; હર્ષ જાતે.

લુચ્ચાઈ ૧. સ્ત્રી. બનીતિ.

૨. સ્ત્રી. કપટ; ઊતરપીંડી.

૩. સ્ત્રી. બંધારણ; કાવિદ્યા; લુચ્ચાપણું.

લુચ્ચાઈ કરવી-રમવી = યુક્તિ કરવી.

૪ સ્ત્રી. બભિચાર

લુચ્ચિત વિ (જૈન) લોચ કરેલ.

લુચ્ચું ૧. [સં. લુચ્ચક] વિ. બધું; સમજણી, કપટ કરી કે બોજાને ભ્રમ કાઢી જે તેવું; પકું; પહોંચેલું, ઠગ.

૨. વિ. છળબેદ જાણનાર; યુક્તિબાજુ.

૩. વિ. ખૂબ

૪. વિ. દોંગું; કપટી.

૫ વિ સકળ

૬ વિ બભિચારી, ત્રિનાગરું

લુચ્ચુંલફંગું વિ બંધું અને ઠગાબાજ.

લુછણિયું ૧. ન. બંગૂછો.

૨. ન. રૂમાલ

૩ ન. લૂછવાનું કપડું બલાડિ જે હોય તે.

લુછપુછ ૧. બ. જેમતેમ.

૨ બ. લુરાલુરા

લુછાવવું જ. ક્રિ. લુછાય તેમ કરવું.

લુછાવું બ. ક્રિ. લુછાય તેમ થવું.

લુટ ૧. [સં] બ. ક્રિ. (ધાતુ) બાળોટવું.

૨. બ. ક્રિ. જવું.

૩ બ. ક્રિ. દીપવું; પ્રકાશવું.

૪ બ ક્રિ. બોલવું.

૫. બ. ક્રિ લમકાવું; બોડાંગવું.

૬. બ. ક્રિ સામું જોવું; સામું થવું.

૭ બ ક્રિ દુઃખ સહન કરવું.

૮. બ ક્રિ. લૂટવું.

૯. બ. ક્રિ. હરી જવું; ચોરવું.

લુટણિયું વિ. લૂટ પાડનારું, લૂટી લાય તેવું.

લુટાઉ ૧. વિ. ઘણી વખત લૂટાઈ જવું હોય તેવું; ન ખિસકાવું.

૨. વિ લૂટથી મેળવેલ; લૂટનું.

લુટારણ સ્ત્રી લુટારુ જુઓ.

લુટારુ ૧ પું લૂટનારો; બાડપાડુ.

૨. વિ. લૂટનાર.

લુટારો પું લૂટનારો; બાડપાડુ

લુટાવવું સ ક્રિ. કોઈ લૂટે તેમ કરવું; લૂટાવવું.

લુટાવું બ. ક્રિ. લુટાય તેમ થવું; લૂટાવું.

લુટિયા [હિં] સ્ત્રી. ત્રાંબા પિત્તળની નાની લોટી

લુટેરા જુઓ લુટારો.

લુઠાવવું સ. ક્રિ. આળોટાવવું, ઝબકાવવું.

> પ્રગટી મનોરમા, ચંદ્રભાગા રમા,
> લલના લલિતાદિ લુઠાવવી દીધી.
> નરસિંહ મહેતો

લુણારી [સં. લવણ] સ્ત્રી. વરને માથે લૂણ ઉતારનારી તેની બહેન.

લુણાવું અ ક્રિ. ક્ષીણ થવું, ઘસાવું.

લુત્ફ [ફા] સ્ત્રી. સ્વાદ, રસ.

લુત્ફે (લુત્ફ) ૧. પું. આનંદ; મજા.

૨ [અ લુત્ફ (તેણે કૃપા કરી)] પું. કૃપા, મહેરબાની.

૩. પું આબાદીપણું

૪. પું. સ્વાદ.

લુથારી સ્ત્રી. (વહાણવટું) જાતારી

લુનાઈ ૧. સ્ત્રી. લવણી.

૨. સ્ત્રી. લવણની મજૂરી

૩. [ફા.] સ્ત્રી. સુંદરતા; લાવણ્ય; સૌંદર્યતા; ખૂબસૂરતી

લુપ્ ૧. અ. ક્રિ. દબાઈ જવું; નાશ થવો.

૨. અ. ક્રિ. ભાંગવું; તોડવું; ખંડ કરવો.

૩. [સં.] અ. ક્રિ. મૂંઝાવું.

૪ સ. ક્રિ. ગૂમ થવું; અદશ્ય થવું.

૫. સ ક્રિ. મૂંઝવવું.

૬. સ. ક્રિ. લૂંટવું.

લુપ સ. ગૂંથ્યા વગરનો સોયા પર ઊંચકી લીધેલો ટાંકો. સોયાને ટાંકામાં પરોવીને તેમાંથી દોરો ખેંચતાં લુપ બને છે.

લુપરી સ્ત્રી. મઢેના સોટની ખોપરી; પોટિસ.

લુબ ૧. સ. ચોરાયેલ ધન; ચોરીનો માલ.

૨ વિ અદશ્ય થયેલ; ઊડી ગયેલ.

૩ વિ. અવિકસિત; વણખીલ્યું.

૪ વિ. ક્ષતિ પામેલું.

૫ વિ. ખોવાયેલું; ગૂમ થયેલું.

૬. વિ. ગુપ્ત; છુપાયેલું

૭. વિ. ઉદાયેલ.

૮. વિ. જેનું ધન ચોરાઈ ગયું હોય તેવું

૯. વિ. તૂટી ગયેલ.

૧૦. [સં. લુપ્] વિ. નાશ પામેલું; લોપાયેલું; નષ્ટ.

લુપ્તચિહ્ન [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + ચિહ્ન] ન. શબ્દમાં કોઈ અક્ષર પડતો મૂકવાની નિશાની.

લુપ્તજંતુશાસ્ત્ર [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + જન્તુ + શાસ્ત્ર] ન. અદશ્ય થયેલ જંતુઓ સંબંધી વિજ્ઞાન. પ્રાણીઓની પરંપરા એળવવાથી તેની સંતતિ અને ઉપજાતિનો ઇતિહાસ મળે છે પણ પૃથ્વીમાં ક્રાન્તિ કારણોને કારણે થતો રહેવાથી કેટલીક વચલી કડીઓનો પત્તો મળતો નથી. અમુક જાતિ તથા પ્રકારનાં જન્તુ નાશ પામ્યાં છે. ભૂસ્તરવિદ્યાના થરોમાં તેના ચિહ્ન મળતાં નથી. જેમકે, વનમાનુષની રૂપાંતર મનુષ્ય જાતિ છે, પણ એ બંનેની વચ્ચેની કડી રૂપ જાતિનો લોપ થયો છે હજુ ગર્ભશાસ્ત્રમાં એ લુપ્ત કડીનું ચિહ્ન હોવ એમ માની શકાય છે. પણ સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે. કેટલીક કારણોથી આ શાસ્ત્ર અપૂર્ણ છે તો પણ વૈજ્ઞાનિકોની શોધ માટે ઘણી સામગ્રી સંપાદન થયેલી છે.

લુપ્તતા [સં] સ્ત્રી. અદર્શન; અદશ્ય થવું તે; લોપ.

લુપ્તત્વ જુઓ લુપ્તતા.

લુપ્તનક્ષત્ર [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + નક્ષત્ર (તારાનું ઝૂમખું)] ન. અસ્ત થયેલ નક્ષત્ર.

લુપ્તપ્રયોગ [સં લુપ્ત (અદશ્ય થયેલ + પ્રયોગ (વપરાશ)] વિ અપ્રચલિત; જૂનું; પુરાણું; લુપ્તપ્રાય

લુપ્તપ્રાય ૧. [સં] વિ. ઓસરતી અણી ઉપર.

૨. વિ. સમાપ્ત નાશ પામેલું, લોપાઈ ગયેલું.

લુપ્તભાવ [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + ભાવ (લાગણી)] પું. નાશ.

લુપ્તયૌવન [સં લુપ્ત + યૌવન)] વિ. મોજશોખમાં ડૂબેલ

લુપ્તા પું. (ખિસકોલી) સફેદીમાં જાતિનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ત્રગણ, બે ભગણ અને રગણ મળી ૧૨ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં ત્રણ સગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

લુપ્તાક્ષરચિહ્ન [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + અક્ષર + ચિહ્ન (નિશાન)] ન. શબ્દ સંક્ષિપ્ત થયો છે તે જણાવવા માટે વપરાતી નિશાની.

લુપ્તાનુમાન [સં લુપ્ત (અદશ્ય થયેલ) + અનુમાન (અટકળ)] ન. બે પૂર્વ પક્ષોમાંથી નીકળતો સિદ્ધાંત આ અનુમાનમા એક પૂર્વપક્ષ ઊડી ગયો હોય છે અને બીજા બે પક્ષો આપેલા હોય છે. દાખલો આપતાં, કેશવ દર્શન લખે છે કે: આપણે પરાધીન છીએ તેથી આપણે નમ્ર રહેવું જોઈએ આ દાખલામાં આગળનો પૂર્વપક્ષ ઊડી ગયો છે. પૂરેપૂરું અનુમાન આ પ્રમાણે થાય. પરાધીન મનુષ્યોએ નમ્ર રહેવું જોઈએ આપણે પરાધીન છીએ, તેથી આપણે નમ્ર રહેવું જોઈએ

લુપ્તાવૃત્તિ [સં. લુપ્ત (અદશ્ય થયેલ) + આવૃત્તિ (પુનરુક્ત પ્રકાશન)] સ્ત્રી. છપાયેલ પ્રકાશન ખાલી જતાં બાજરમા તે ન મળે તેવી સ્થિતિ

લુપ્તોપમા [સં લુપ્ત (લોપ થયેલ) + ઉપમા (સરખામણી)] સ્ત્રી અપૂર્ણ ઉપમા; વચમાં એકાદ મુખ્યદર્શક વિશેષણ રહી જતું હોય તેવી ઉપમા. ઉપમાન, ઉપમેય, વાચક અને સાધારણ ધર્મ એ ચારમાંથી ખૂટતા અંગવાળી ઉપમા. તેના પ્રકાર આ પ્રમાણે છે: (૧) વાચકલુપ્તા, (૨) ધર્મલુપ્તા, (૩) ધર્મવાચકલુપ્તા, (૪) વાચકોપમેયલુપ્તા, (૫) ઉપમાનલુપ્તા. (૬) વાચકોપમાનલુપ્તા, (૭) ધર્મોપમાનલુપ્તા અને (૮) ધર્મોપમાનવાચકલુપ્તા.

લુપ્તોષ્મા [સં. લુપ્ત (અદશ્ય) + ઉષ્મા (ગરમી)] સ્ત્રી ગુપ્ત અથવા અદશ્ય રીતે રહેલી ગરમી. ' લેટેન્ટ હીટ '.

લુબ્ધ ૧. પું પારધી; શિકારી; બાજ, લુબ્ધક.

૨. પું. સ્વરુચિ મ.લુબ્ધ

૩. વિ. લોભુ; અભિલાષી.

૪. [સં. લુભ્ (લોભ કરવો)] વિ. જેને લાભ લાગેલો હોય તેવું; લાલચુ; લોભિયું; લોભી.

૫. વિ મોહિત, આસક્ત; લોભાયેલું

૬. વિ. લંપટ; વિષય.સક્ત.

૭. વિ લોલુપ

લુબ્ધક ૧. પું ગુપ્ત તપાસ કરનાર દૂત; બાતમીદાર

૨. પું. પારધીનો બાજ.

૩. પું લોભી મ.લુબ્ધ; લાલચુ મ.લુબ્ધ.

૪ પું. વિષયોમાં ડૂબેલ કે સ્વરુચિ મ.લુબ્ધ.

૫. પું. બાજ, શિકારી, પારધી, મૃગયુ

૬. પું. કત્તિકા નક્ષત્રને છેડે દક્ષિણ તરફ દેખાતો કરચ્છો તારાઓમાં સૌથી વધારેમાં વધારે તેજસ્વી જ્યોતો પહેલા વર્ગનો તારો. તે સૂર્યના કરતાં ૨૮ ગણુ તેજ આપે છે.

લુબ્ધા [સં.] સ્ત્રી. લોભ; આતુરતા; અભિલાષા

લુબ્ધાઈ સ્ત્રી લુબ્ધતા.

લુબ્ધાણી જુઓ લુબ્ધાણી.

લુબ્ધાવું અ. ક્રિ. લોભાવું; લલચાવું; લોભ લાગવ; લાલચુ થવું.
એમ કરતાં કરતાં મનને પ્રાપ્તિ બંધાઈ, કપિલ તેનાથી લુબ્ધાયો શ્રીમદ્ રાજચંદ્ર

લુભ્ ૧. [સં] સ. ક્રિ. ગૂંચવવું.
૨. સ ક્રિ. તૃષ્ણા રાખવી.
૩. સ. ક્રિ. મોહ પામવો
૪. સ. ક્રિ. લોભ કરવો; લલચાવું. તે ઉપરથી અનેક શબ્દ: લુબ્ધ, લોભી, લુબ્ધક.

લુભવું અ ક્રિ. લુબ્ધાવું; લોભાવું

લુભાવવું સ ક્રિ લોભાવવું; લોભાવ એમ કરવું

લુબ્ધાક્ષી પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લુબ્ધાક્ષી. તે જગની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ, નગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે.
સ સ નામ થયો રચ્ય જ લુબ્ધાક્ષી. રત્નકવિકૃત

લુપ્તનીવન ન જ્યાં જીવનો જન્મ થયા હતો તે ઉદ્યાન.
કપિલવસ્તુની પાસે લુપ્તનીવનમાં બુદ્ધ ભગવાનનો જન્મ થયા હતા. પુરાતત્ત્વ

લુલના સ્ત્રી. લોભુપતા; લાલચ.
સરવે સેના દેખી આનવા,
લાની છતવાની લુલના. પ્રેમાનંદ

લુલવાટ જ. લુલાપણું.

લુલાપ [સં] પું. બકો

લુલાયી [સં.] સ્ત્રી. ભમ.

લુલાવી જુઓ લુબ્ધાવી.

લુલિત ૧ [સં.] પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ સગણ અને એક લઘુ મળી દસ અક્ષર હોય છે.
લુલિતે સ સ ગા લ રચાય. ઋષિપિંગળ
૨. વિ. અવ્યવસ્થિત કરવામાં આવેલ.
૩. વિ. અનોખિતા; દીધોળેલ; હલાવેલ.
૪. વિ. છેડાયેલ.
૫. વિ. થકવેલ.
૬. વિ. ઢબાવેલ.
૭. વિ. લૂલુ થયેલું; લંગડું.
૮. વિ. સુંદર.

લુવાણી સ્ત્રી. લુહાણાની સ્ત્રી.

લુવાણો જુઓ લુહાણો.

લુવાર જુઓ લુહાર

લુવારણ જુઓ લુહારણ.

લુવારિયાં જુઓ લુહારિયાં.

લુવારી પું લુહાર; લુવાર.
એક કુંભાર ઉપર દેવતા રે,
નીયાં બને લુવારી બે ચાર રાજ.
રહિયાજી રાસ

લુહું ૧. ન. ચોમાસામાં થતું ત્રીજું ઊતરું.
૨ ન. ટોળાબંધ અને ખૂબ ભરાઈ રહેતા તથા અંધારામાં ફરતા મચ્છરની એક જાત

લુહા ૧. વિ. થાકેલું; શ્રમિત થયેલ; લોથપોથ થયેલ
૨. વિ. નરમ; ઢીલું; શિથિલ; મુક્ત

લુહાલુહા અ ઉતાવળે; ઝડપથી; જલદીજલદી, વગર આપ્યે

લુહાઈ સ્ત્રી ગામમાંની એક પછાત કોમ
આસામની ૮૦ લાખની વસ્તીમાંનો ચોથ, આમ નાગા, ખાસી, લુહાઈ, અબોર, મીશ્મી, કાચારી, આવો એવી પુરાણી જાતિઓના છે.
ડિક્ષનરિ ઑફ ઇસ્લામ

લુહેરી સ્ત્રી ગામમાંની એક ભાષા

લુહ્ય પુ મદારીનાચ કરી

લુહ્ય જુઓ લુહા.

લુહલુહ જુઓ લુહાલુહા.

લુહાણા સ્ત્રી. એ નામની એક જાતિ. રજપૂતની પેટા કોમોની એક જાતિ તે મુલતાન જિલ્લામાં આવેલ લોદનપુર કે લોદ્રકટ ગામ ઉપરથી ઊતરી આવેલ છે. ત્યાંથી મુસલમાનોએ પંજાબમાં કાઢયા. ત્યાંથી સિંધ તરફ ને કચ્છ તથા કાઠિયાવાડમાં આવી વસ્યા.

લુહાણો પુ. એ નામની જાતિનો માણસ; લવાણો; લુવાણો.

લુહાર [સ લોહ (લોઢું) + કાર (કરનાર)] ૧ પું લોઢાનાં સાધન, સુથારનાં લોઢું ચડાવાનાં બધાં કામ કરનાર જાતિનો આદમી. ચિતરા બંસાના મેલમાંથી તેઓ બનેલા છે એમ માનવામાં આવે છે.
૨. જ. એક જાતનું પક્ષી.

લુહારણ ૧. સ્ત્રી. લુહાર જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. લુહારની સ્ત્રી; લુવારણ; લોહારણ

લુહારવાડો (લુહારવાડો) પું. ચોરાસી માંહેનુ એક ચોકું; શહેરના જે ભાગમાં લુહારો વસતા હોય તે સ્તો; લોહારવાડો.
લુહારવાડે સોય વેચવી = નકામી મહેનત કરવી

લુહારિયાં ન. બ વ. લુહારનું કામ કરનાર એક જ જાગ્યામાં બધી ઘરવખરી રાખીને ભટકનાર ટોળી; લુહારનું કામ કરતી બિલ્લી જેવી એક જાત; લુવારિયાં. તે ઢું લોઢું ટીપી તેમાંથી સાણસી, તાવેથા, ઝરા વગેરે તૈયાર કરીને વેચે છે તથા ભાંગી ગયેલી વસ્તુઓ સમી કરી આપે છે. તેઓ સારા કારીગર છે. નકામાં જૂનાં પતરાં, ડબ્બા વગેરેમાંથી ઘરમથુ વપરાશની વસ્તુઓ તૈયાર કરી આપે છે. તેમની આર્થિક સ્થિતિ નબળી હોય છે. તેઓમાં શિક્ષણ હોતું નથી.

લુહારી સ્ત્રિ. લુહારનું.

લુહારેણ જુઓ લુહારણ.

લુહાંગ સ્ત્રી. લોઢાની સાંગ.
પાય ન ફેરે ભાઈ ન મુકે,
સાથેક ઘેર લુહાંગ.
બ્રહ્માનંદ કહે અંતર ભેદુ,
વેદના અંતોઅંત. બ્રહ્માનંદ

લુંગી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી તે હિમાલયના જંગલોમાં કુમાઉંથી નેપાળ સુધીના તળાવોને કિનારે મળી આવે છે. તેની લંબાઈ સવા ફૂટ હાથની લગભગ હોય છે. તેની આકૃતિ ઓરના જેવા હોય છે. તેનો આગલો ભાગ કાળો અને લાલ હોય છે. સફેદ ટપકીઓ પણ હોય છે. આયુ પૂરા દસની હોય છે. ઠંડીના દિવસોમાં તે મેદાનમાં ઊતરી આવે છે અને ઠીક મોટા ખાડે રહે છે. કુતરાઓની સહાયતા વડે લોકો એનો શિકાર કરે છે
૨. સ્ત્રી. કમરથી નીચનો ભાગ ઢાંકવા માટે મુસલમાન લોકોમાં પહેરવામાં આવતું; મુસલમાનોને નિમાજ પઢતી વખતે પહેરવાનું વસ્ત્ર.
૩. સ્ત્રી. કાછડી વાળ્યા વગર કેડે વીંટવાનું વસ્ત્ર.
૪. સ્ત્રી. પોતી.
૫ સ્ત્રી. કળમત વખતે ખોળામાં પાથરવાનો કકડો; બાળ કીકલાની કળમતની નાની પિછોડી કે રૂમાલ તે; લૂગડાનો કકડો.

લુંધી જુઓ લુગી.

લુંચ ૧. [સં.] સ. ક્રિ. ચપટવું; ખેંચવું
૨. સ ક્રિ. ખેંચવું; ચૂંટવું
૩. સ. ક્રિ. છોલવું; છાલ કાઢવી કે ઉતારવી.

લુંચન [સં.] ન. વાળ ટૂંપી નાખવા તે.

લુંચવું ૧. [સં] સ. ક્રિ. વાળ ચૂંટવા.
૨. સ ક્રિ. ખેંચી કાઢવું.
એક લગી લુંચી એક મૂઆ. બીરબલ

લુંચિત ૧. [સં.] વિ. છેદેલ; કપેલ.
૨ વિ. છોલેલ; છાલ ઉતારેલ.
૩. વિ. જેના વાળ ટૂંપી નાખ્યા હોય તેવું; લુચન કરેલું.

લુંચી સ્ત્રી દોડતાં દોડતાં એકદમ પાછા ફરવું તે.
લુંચી ખાવી = પાછા ફરવું.

લૂંજું ૧ ન. કોડીની એક રમત. તેમાં છોકરાંઓ કોડીનો ઢગલો કરીને વારા પ્રમાણે આંટે છે. જે આંટી ખાય તે છતે.

૨. ન. કોડીનો બચ્ચો.

લૂંટ ૧. [સં.] અ કિ આળસુ થવું; સુસ્ત થવું.

૨. અ. ક્રિ. ખોડાવું; સંતાડું થવું.

૩ અ. ક્રિ. જવું.

૪. સ ક્રિ. ચોરવું; લૂંટવું

લૂંટાણું ન. ભૂતકાટ.

અજ પક્ષા ને બેનપુ ગામ,
લૂંટાણું આડયું કામેકામ. સામળ

લૂંટિ સ્ત્રી લૂંટ.

લૂંઠ [સં.] સ. ક્રિ. ચોરવું.

લૂંડી સ્ત્રી. લૂંટ.

લૂંઠલૂંઠ ૧. વિ. જેમતેમ ખાધેલું કે ચવેટેલું

૨. વિ. ઠૂંઠું; પાંદડાં વગરનું

૩. વિ. શિંગડાં પૂછડા વિનાનું

લૂંડિકા ૧. સ્ત્રી. જોગ પદાર્થ કે દવા.

૨. સ્ત્રી. યોગ્ય ચરિત્ર

લૂકરબામ સ્ત્રી. એ નામની પુરાતની તોપ. તે મોટી તોપ છે. તે એકરીક ફૂટ સાત ઇંચ લાંબી છે. તેના મધ્યનો ઘેરાવો ચાર ફૂટ ચાર ઇંચ અને મુખનો ઘેરાવો ચાર ફૂટ પાંચ ઇંચ અને ખુદ મોઢું એક ફૂટ દોઢ ઇંચ છે. તેનું વજન ૪૭ ટન છે.

લૂકરસામ સ્ત્રી. એ નામની પુરાતની તોપ. તેને દક્ષિણમાં પુરીન્દાના કિલ્લાના બુરજ ઉપર ગોઠવવામાં આવેલી છે. તે હાલની નથી, પરંતુ જુદા જુદા ભાગોને જોડીને બનાવવામાં આવેલી છે. તે અઢાર ફૂટ બે ઇંચ લાંબી છે. તેના મુખની પાસેનો ઘેરાવો સાત ફૂટ બે ઇંચ અને મોઢાનું વર્તુલ છ ફૂટ અગિયાર ઇંચ છે.

લૂંદો પું. લચ્છો; લોંદો; ગોટો.

લૂપક ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક યોગ. તેનાથી ચોરનો ત્રાસ નડે છે.

૨. પું. (જૈન) અમદાવાદનો એ નામનો એક લેખક. તેણે સંવત ૧૫૦૮માં જૈનમતથી જુદા પડી સંવત ૧૫૩૪માં લોંકાગચ્છ નામે નવો માર્ગ ચલાવ્યો. તેમાં મૂર્તિપૂજાને સ્થાન નથી.

૩ પું. ચોર.

લૂંપિ [સં. લુમ્પિકા] સ્ત્રી (શિલ્પ) અક્કર લટકતી લાંબી ચાલવી

જે ગવાયને લૂંપિ ન હોય તેવા ગવાયનું ત્રિપદાક નામ પંડિતોએ કહ્યું છે. રાજરત્નકમ

લૂંબિકા [સં.] સ્ત્રી એક જાતનું સંગીતનું વાજિંત્ર.

લૂંબી સ્ત્રી. (શિલ્પ) શિલ્પીને આવશ્યક ત્રાંસિયા માફેના એક પ્રકારનું ઓજાર.

શિલ્પીએ લૂંબી આકેખી બરાબર જોઈએ. રાજરત્નકમ

લૂ ૧. સ્ત્રી. ઉનાળાનો ગરમ પવનનો ઝપાટો; ઉનાળામાં વરસતી ગરમી.

લૂ વરસવી–વાવી = ગરમ પવન વાવો; ખૂબ તાપ લાગવો.

૨. સ્ત્રી. ઉનાળાના ગરમ પવનનો ઝપાટો લાગવાથી થતો રોગ; ગરમ પવન અને તડકાથી આવતી બીમારી; કપાણ. બાળકને લૂ જલદી લાગે છે. લૂ લાગે ત્યારે આંખો લાલ થાય છે, આખા શરીરમાં આગ આગ જેવું લાગે છે, માથું ભમે છે, ચક્કર આવે છે, પગના તળિયામાં દાહ બળે છે, ઊલટી જેવો ભાસ થાય છે, દરદીને પડ્યા રહેવાનું મન થાય છે, ઊંઘ ઊડી જાય છે અને રોમીની ત્વચા સુકાય છે. પાણીનો રોગ બહુ વધે છે પણ તેનાથી પાણી પી શકાતું નથી. આવું, આવું આવાનું મન થાય છે અને તાવ પણ જ જોરનો પણ પણ વખત ચઢે છે. તેના ઉપચાર માટે, પગનાં તળિયામાં બરફના ચાટકાથી ઘી ઘસવું, માથા પર પણ બરફનું ઘી ઘસવું અને બીમારનો નાસ જેવો. કુલાવેલી કાકડી અથવા રતી સાથે જેરુ અથવા રતી મેળવી દિવસમાં ત્રણ વખત અથવા ખાલા ગોળના પાણી સાથે લેવા અને કાદા સાથે મીઠું લેવું.

લૂ લાગવી = ગરમ પવનથી થતી બીમારી થવી

૩ સ. ક્રિ. ચૂસવું.

૪. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઉદવું; કાપવું.

૫. સ. ક્રિ. બાજ પાકવા.

૬. સ. ક્રિ. લખવું.

૭. સ. ક્રિ. સંપૂર્ણ નાશ કરવો.

લૂઈ ૧. સ્ત્રી. રોટલી કે પૂરી વણવાની કપડાની ગરગોટો; નાનો લૂગડો

૨. સ્ત્રી. સેવાળ.

લૂઈ પાશ્ચર પું. પૈસ્ચોર; ફ્રાંસનો એક પ્રખ્યાત રસાયણશાસ્ત્રી. સમસ્ત જગતના માનવજીવનમાં ક્રાંતિ આણી, સમાજ સુખી અને સ્વસ્થ થાય એવી શોધો કરનાર લૂઈ પાશ્ચરનો જન્મ ફ્રાંસમાં ડોલ નામના સ્થળે ઈ. સ. ૧૮૨૨માં તા. ૨૭ ડિસેંબરે થયો હતો. એમણે વિજ્ઞાનની ઊંચી પદવીઓ મેળવી ને છવ્વીસ વર્ષની ઉમરે એ રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક થયા. એમણે દારૂમાં થતા કોહવાટ અને અશીરનાં કારણ શોધી કાઢને રક્ષણ બતાવ્યો. આ શોધની આગળ જતાં એમણે રોગનાં જંતુ શોધ્યા ને મહામારી, પ્લેગ, વિષમજ્વર, ક્ષય, અદિ રોગોની ચિકિત્સાની નવી પદ્ધતિ શોધી. વળી રોગના ઝેરને તે જ જાતના ઝેરથી મારવાની તરકીબની શોધ કરી ને બદેલવડેલી રસી તૈયારી કરી. રેશમના કીડાને લાગેલો સડો અને બેટાંના રોગો દૂર કર્યા ને ઢેકના નાશ પામતા ઉદ્યોગનું રક્ષણ કર્યું. પણ એમની કીર્તિને કળશ ચઢાવતી શોધ તો હડકાયા કૂતરાના કરડવાની ઉપાય એમણે શોધ્યો તે છે. આ રીતે કોટ્યાવધિ લોકોને રોગમાંથી બચાવ્યા. ફ્રાંસે અને રશિયાએ એમને માનવંતા ખિતાબથી નવાજ્યા. ફ્રાંસમાં એમનાં કીર્તિમંદિર સમુ પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ તૈયાર થયું ને એ માટે ગરીબ અને અમીર સૌએ ફાળો આપ્યો. રેશમના કીડાને લાગેલા સડાના કારણની શોધ કરતા કરતા તે સમયે અતિ પરિશ્રમથી એમને પક્ષઘાત થયો હતો. તે સારો થયો પરંતુ એ રોગનો હુમલો વળી પાછો ૧૮૬૮માં થયો ને એ તા. ૨૬મી સપ્ટેંબરના દિને મરણ પામ્યા. આમ પાશ્ચરપુરે જેતાની શોધોની એક દેહના કે એક બહના માનવીઓને ઉગાર્યા ન હતા, એમણે તો આખી માનવજાતિને ઉપયોગી ઉપચારો શોધ્યા હતા. દારૂના કોહવાટની, અશીરમાં સડવાની શોધ, રેશમના કીડાને લાગેલો સડો, બેટાંનાં દરદો, રોગનાં જંતુઓ શોધી, તેનો સામનો કરવાની પદ્ધતિ, કોલેરા, પ્લેગ, સુવારોગ, હડકવા, ક્ષય જેવા ભયંકર કષ્ટવ્યાધિ આદિની ચિકિત્સા અને ઉપચાર, દર્દોનાં વિષથી તેનાં જ વિષને મારવાની તરકીબ તે રસી, એમની માતૃભૂમિ ફ્રાંસને જગતમાં ગૌરવ મૂકી છે.

લૂગડો ૧. પું. ઘાઘરી જેવી જાતી.

૨. [સં. લગ] પું. વધુના માટે સીવેલો કપડાનો નાનો ગોળો.

સં. લગ ઉપરથી લોગડો, લોંદો, લૂંદો, લૂગડો, લૂંઈ વગેરે શબ્દ થયા છે. કેશવ હર્ષદ

લૂગડો કરવો–વાળવો = કપડાનો ગોળો કરવો.

૩. ન. એક પ્રકારનું ઝાડ. તે દરિયા કાંઠાની ઝાડી રેતી બટકાવે છે.

લૂક જુઓ લૂ ૧-૨.

લૂખ જુઓ લુ.

લૂખરી સ્ત્રી. ખૂજલી; ખસ.

લૂખસ સ્ત્રી. ખરજ આવે તેવો ચામડીનો એક રોગ; ખૂજલી. તે મટાડવા બનાસાના પાણીથી

નહાવું, સુખડનો લેપ કરવો, ઘીવેલું ઘી, મધક અથવા રસકપૂરનું પાણી ચોળવું

લૂખસ થવી = ખસ થવી; ખૂજલી થવી.

લૂખાં લાડ ન.બ.વ. ઉપરછલ્લું હેત; કૃત્રિમ પ્રેમ.

લૂખિયું ન માટીની ચૂપી; તમાકુ પીવાની નાની ચલમ.

લૂખું ૧. [સં. રૂક્ષક-લુક્ખઉ-લૂખું—લુખ્ખું] વિ ઘીતેલ વગરનું લુખ્ખું; ફિક્કું; ચીકટ વિનાનું.

લૂખ પડવું = લખું હોવું કે લાગવું.

૨ વિ. નિર્ધન; ખાલી

૩. વિ. શુષ્ક; રસ વગરનું.

લૂખું કસવું = કૃત્રિમ રીતે કસવું

૪. વિ સમાજ વગરનું; એકલું

લૂખુંપાખું વિ. સૂકું; લૂખું

લૂખુંપૂખું જુઓ લૂખુંપાખું

લૂખુંનૂખું જુઓ લૂખુંપાખું.

લૂખેરું ૧. વિ. રસ વગરનું.

૨. વિ. લૂખું

૩. વિ. સ્નેહ વગરનું.

લૂખેલૂખું વિ. રસ વગરનું.

લૂખો વું. સરહદી ન ભળ તેવી મજબૂત ભોંઠ.

લૂગડાંબોળ (લૂગડાંબોળ) ૧. સ. ભપકા પહેરેલ કપડે નહાવાની સ્થિતિ; લૂગડાં સાથેનું સ્નાન.

૨. અ. લૂગડાં ભીંજવા પડે તેમ; પહેરેલ લૂગડાં સાથે કે તે પણ પલાળીને.

લૂગડાંલત્તાં (લૂગડાંલત્તાં) સ.બ.વ. પરિધાન માટેના જુદી જુદી જાતના લૂગડાં; લૂગડાં ને તેવી બીજી વસ્તુઓ.

લૂગડું (લૂગ્ડું) ૧. ન. કપડું; વસ્ત્ર વસ્ત્ર, પહેરવા, ઓઢવા, પાથરવા વગેરે કામમાં આવતો સૂતર કે રેશમનો વણેલો ઘાટ.

૧. લાજે લૂગડાં પહેરવાં = શરમને લીધે કાર્ય કરવું.

૨. લૂગડામાં પાંચ શેરી ભાલીને મારવું = સખત પણ ગુપ્ત માર મારવો.

૩. લૂગડાં ઊતરાવવાં = હરાવવું; પરાજિત કરવું.

૪. લૂગડાં ઉતારવાં = (૧) કોઈનું મરણ થતાં તેના સંબંધી હોવાને લીધે સ્નાન કરવા કપડા કાઢીને દૂર મૂકવાં. (૨) બરાબરબસ્ત કરવું; પાયમાલ કરવું; દુર્દશામાં આવી પડવું. (૩) લુંટાવું. (૪) સંબંધ છોડી કે તજી દેવો.

૫. લૂગડાં ઉતારી લેવાં = લૂટવું; લૂગડાં સુદ્ધાં લૂંટી લેવાં.

૬ લૂગડાં ઉતારીને કાગળ વાંચવો = (૧) આશા તજી દેવી. (૨) સગાના મરણનો કાગળ વાંચવો.

૭. લૂગડાં ઉતારીને વાંચવો = અશુભ કે મરણના સમાચારનું સૂચન. અશુભ પત્રની શરૂઆતમાં લખાય છે.

૮. લૂગડાં કરવાં = બહેન દીકરીને લૂગડાં લઈ આપવાં.

૯. લૂગડાં ખંખેરવાં = પોતાની પાસે કાંઈ નથી કે પોતાને કાંઈ લેવાદેવા નથી એમ દર્શાવવા લૂગડાં ખંખેરવાં

૧૦ લૂગડાં ચઢાવવાં = ચૂંદડી ઓઢાડવી; સગાઈ કર્યા પછી કન્યાને કપડાં આપવાં.

૧૧. લૂગડાં તપાસવાં = કડકી લેવી.

૧૨. લૂગડાં પહેરવાં = કપડાં પહેરવાં.

૧૩. લૂગડાં ફાડીને મીંયરા કરવાં = સારામાંથી બગાડ કરવું; મોટા ગાડ કરવાં.

૧૪. લૂગડાં લેવાવાં = (૧) કમાવું, ખુવાવું. (૨) કજોડો થવો; આબરૂભંગ થવું.

૧૫. લૂગડાં લેવાં = (૧) આબરૂ લેવી; કજોડો કરવો. (૨) બેન દીકરીને વસ્ત્ર આપવાં. (૩) વસ્ત્ર ખરીદ કરવાં. (૪) લૂંટવું

૧૬. લૂગડાં સરતાં કરવાં = (૧) આબરૂની નારિત કરવી. (૨) લુંટાવું; નુકસાન વેઠવું.

૧૭. લૂગડા સોનું સજાગારી દેવું = (૧) છૂપો ભેદ ખૂલ્લો પાડવો, છૂપુ રહસ્ય પ્રગટ કરી દેવું. (૨) મોઢામોઢ કહી દેવું; સારું સંભળાવી દેવું.

૧૮. લૂગડામાં સૌ નાગું હોય = પોતાના દુર્ગુણો સૌ જાણતા હોય છે.

૨. ન. સાડલો; સાલ્લો.

લૂગદી ૧. સ્ત્રી. ઓઢાડો પદાર્થ પ્રવાહીમાં ઘૂંટીને બનાવેલી ઢીલી ચોળી; પ્રવાહી સાથે ઘૂંટીને બનાવેલો લોટો; લોબરી; બેપલી.

૨. સ્ત્રી. દોર પારાનો લોટો.

લૂગવું સ ક્રિ. માથાના વાળ ખેંચી કાઢવા; લોચ કરવો.

પૂજે રામ લેખિય મુનિને
કિમ લૂગ્યા તુમ કેસ. રામમુનિ

લૂગી સ્ત્રી. પૂરી.

લૂગુ સ્ત્રી. લુગ્ડું ટાપુમાં બોલાતી ભાષા.

લૂગ્ડ ન. લૂગડું તે.

લૂછણું ૧. ન. અશાસણા જેવા સારા માણસની આજુબાજુ ગોઠ ઉતારવું તે.

૨. ન. નમન; વંદન; સલામ.

૩. ન. પત્ર વગેરે લૂછવા માટે રાખેલો લૂગડાનો કટકો; લૂછણિયું.

૪. ન. હાથ લુછવાનું લૂગડું; રૂવાટ; અંગૂછો.

લૂચપૂચ જુઓ લુચ્ચુચ.

લૂચલૂચ જુઓ લુચ્ચુચ

લૂછલૂછ ૧. અ. જલદીથી; ઉતાવળથી.

૨. અ. પૂછે આપ્યા વગર.

લૂછવું ૧. સ. ક્રિ. કોઈને ઘસવું, ઘસાવું કે ચોટાડવું.

૨. સ. ક્રિ. ઉતરવું; ઠગવું

૩. સ. ક્રિ. ચૂસી નાખવું; છેકી નાખવું; કાઢી નાખવું.

૪. સ ક્રિ. ચોટવું; લોવું; ભીનું કે ભેજું હોય તેને લૂગડાથી ઘસીને સાફ કરવું.

લૂટ ૧. સ્ત્રી. અપહરણ; વસ્ત્રલોપન.

૨. [સં. લુટ (લુંટવું)] સ્ત્રી. લૂટવું તે; ઉપર ચોક્ક આરડાઓ કરી લઈ લેવું તે.

૩. સ્ત્રી. લૂટેલો માલ; લૂટેલી માલમતા વગેરે; લૂટ.

લૂટફાટ સ્ત્રી. નુકસાન કરી લૂટવું તે; ઠોકીબેસાડીને લઈ જવું તે; ખાડા કાઢી, ભાંગી અને ધામધૂમથી લૂંટવું તે.

લૂટવું ૧. સ.ક્રિ. ઠગવું; બજારભાવ કરતાં પણ વધારે કીમત લેવી

સામામાં લૂટવું = સામો પૈસો કર્યા ને માથે લેવો; નજીવી કીમતે માલ પડાવવો.

૨. સ.ક્રિ. ઘરોડો પાડી ગામ, ઘર વગેરેમાંથી જેને જેમ હાથે તેમ જે હાથમાં આવે તે ઉપાડી જવું; ધાડ પાડવી; બધા જણે એક સાથે તૂટી પડી જે કંઈ હાથ આવે તે લઈ જવું.

૩ સ ક્રિ. બજારભાવે ઠરી લેવું; પરવડે પડાવવું; ઘૂટવી લેવું; જબરદસ્તીથી સામાને મારમારીને તેની પાસેથી જે કંઈ માલમતા હોય તે વગેરે લઈ લેવી.

૧. મગજ લૂટવી = પુષ્કળ આનંદ કરવો.

૨. લૂટ ખાવી = (૧) ચોરેલા કે લૂંટેલા ધનનો ઉપભોગ કરવો. (૨) બીજાના ધનને કોઈપણ પ્રકારે લઈ લેવું.

લૂટાલૂટ સ્ત્રી. ઉપરાઉપરી કે અનેક રમણે લૂંટફાટ મચી રહેવી તે; ગમે તેમ લૂટવું તે; જેમ જેનાથી લેવાય તેમ નિડરપણે લઈ લેવું તે; લૂંટાલૂટ.

હવે કેમ વસીએ બી રુનઝુનમાં, લૂટાલૂટ મંડાણી. દયારામ

લૂટ્સ જુઓ લૂટ.

લૂઠવું ૧. સ. ક્રિ. ગબડવું; આળોટવું; લોટવું.

૨. સ. ક્રિ. આંખોડિયાં ભરવાં; ઠીંચણિયે ઠીંચણે ઘસવું.

૩. સ. ક્રિ. લંબાવું.

લૂણ [સં. લવણ] ન. મીઠું; નિમક; ક્ષારરસ; ખારાશનો ખાર

આખને ત્રિફળા, દાતને લૂણ,
પેટ ન જીમે ચારે ખૂણ.
બે વખત ખાય, એક વખત જંપલ ખાય,
તેની ઓલ્ય વૈદ્ય ન આય.

લોકોક્તિ

૧. લૂણ ઉતારવું–વળાવવું = (૧) અલાબલા દૂર રહે તે માટે વરના માથા પર નિમક વાળીને ફેરવવું. વરને કોઈની નજર લાગે નહિ તે માટે બહેન તેની પાછળ ઘોડે બેસી એક વાટકીમાં મીઠાના કાંકરા ભરીને તેના માથા પર ફેરવ્યા કરે છે. (૨) કાકડીને ઠોંટા આગળથી જરાક કાપી તે ઉપર મીઠું ભભરાવી કાપેલું ઠોંઠું ઘસી કડવાશ કાઢવી. (૩) બલા દૂર કરવા પાત્રમાં મીઠું ઘાલી માથા પરથી ઉતારવું.

૨. લૂણ ખાવું = (૧) કોઈનો રોટલો ખાવો (૨) જેનો રોટલો ખાધો હોય તેના ઓશિયાળા કે વફાદાર રહેવું; આભાર તળે રહેવું.

લૂણચાં ન. ઘ. ક. મીઠું ચડાવેલાં મરચાં કાતળી વગેરે; અથાણાં.

લૂણપથ્થું ન. ખારાશ.

લૂણપાણી ૧. ન. ખારું પાણી.

૨. ન. ખારું પાણી.

૩. ન. રોટલા વગરનું મીઠાવાળું પાણી.

૪. ન. લેખાંદેરો.

લૂણલાં ન. ઘ. ક. કપડીમાં મગના દાણા નાખી વરઘોડાને માથે લૂણ ઉતારવાપણ.

લૂણહરામ વિ. નિમકહરામ, કૃતઘ્ની; જેનું ખાધું હોય તેનું જ ખોદનાર.

લૂણહરામ કરવું = જેનો રોટલો ખાધો હોય તેને જેવા તીવાવું.

લૂણહરામી ૧. સ્ત્રી. નિમકહરામી; કૃતઘ્નતા; બેવફાઈ

૨. વિ. કૃતઘ્ન; નિમકહરામ; બેવફા.

લૂણહરામી કરવી = બેવફા નીવડવું.

લૂણહલાલ વિ. કૃતજ્ઞ; નિમકહલાલ; વફાદાર.

લૂણહલાલ કરવું = વફાદાર રહેવું.

લૂણહલાલી સ્ત્રી. કૃતજ્ઞતા; નિમકહલાલી; વફાદારી.

લૂણહલાલી કરવી = વફાદાર રહેવું.

લૂણિયું ન. ગાડાની ઊંધની નીચે માચડાને બાંધવા માટે આડું જડેલ લાકડું.

લૂણી ૧. સ્ત્રી. આટાપાટાની રમતમાં કુતના ચિહ્નરૂપે પાટ બહાર આવતાં લાવવામાં આવતી ધૂળની ચપટી.

લૂણી લાવવી = આટાપાટાની રમતમાં કુતના ચિહ્નરૂપે પાટ બહાર આવતાં ધૂળની ચપટી લાવવી.

૨. સ્ત્રી. આટાપાટામાંની આડી કરાતી પાટડી.

૩. સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન અરવલ્લીમાં છે.

૪. સ્ત્રી. એ નામની મારવાડની એક નદી.

૫ સ્ત્રી ખારાટ જમીનમાં થતી એક જાતની ભાજી. પહેલે વરસાદે તે એની મેળે જ ઊગી નીકળે છે. તે જમીન ઉપર પથરાયેલ રહે છે. તેનાં પાન તથા એક ગુલાબી પડતા લાલ થાય છે. પાન ઝીણાં થાય છે. તેની ભાજી ખાટી થાય છે. લૂણીની ભાજી ઓદી સુધારક ગણાય છે. અરબી ને ઈરાની હકીમો લૂણીને દવા તરીકે વાપરે છે તે મૂત્રકૃચ્છ્ર, તાવનો દાહ, તૃષા, કૈફમાંમાંથી થતો રક્તસ્રાવ, અર્શમાંથી પડતું લોહી, ઝાડા, મરડો, કાકડા, આંતરડાંના રોગ, સોજો, હોજરીની ગરમી, પિત્તપ્રકોપ, અજીર્ણ, પ્રદર, માથામાં થઈ ગયેલું લોહી, ગરમી, નસકોરી ફૂટવી, નિદ્રાનાશ, અંડવૃદ્ધિ, ઊલટી, ખાંસી, માંસપેશીઓની પીડા વગેરે દરદોને મટાડે છે. વાટીને ચોપડવાથી માથાનો દુખાવો તથા બીજા અંગોની વેદનાને શમાવે છે. તેની કચુંબર રક્તપિત્ત મટાડે છે. ગડગૂમડ ઉપર બાંધવાથી તે ફાયદો કરે છે. વદેમાતરમ્ માહેના 'પહેલું સુખ તે જાતે નર્યા' માં લખ્યું છે કે: ઝીણી લૂણી વળી અર્મરોગ, વાતરોગ, જીર્ણજ્વર, શ્વાસરોગ, સપ્ત ઉપરસ, પેશાબની બળતરા, જખરોગ, સોજા અને નેત્રરોગોમાં વિવિધ રીતે ઉપયોગી જણાઈ છે. મરાઠી લોકો એને 'પોળા' કહે છે. સંસ્કૃતમા તેને 'પોતિકા' કહે છે. બંગાળીઓ તેને 'વનપુત્ર'ના નામથી ઓળખે છે. તૈલંગીમાં 'અર્જકપુરા'ના નામથી તે ઓળખાતી છે. કર્ણાટિકામાં તેને 'ગોલીના' કહે છે. હિંદીમાં તેને 'મુક્કા' કહે છે. ફારસીમાં તે 'ખુરફા' કહેવાય છે. અરબીમાં તેને 'બકુલતુબ' કહે છે.

લૂણી ધ્રોને તાણી જાય = અસલચિત હકીકત બનવી; બનવા પરિસ્થિતિ મજબૂત પરિસ્થિતિને અસર કરે તેવા સંજોગોમાં આ પ્રમાણે કહેવાય છે. સામાન્ય રીતે લૂણીનાં મૂળ બહુ ઊંડાં હોતાં નથી. જ્યારે ધ્રોનાં મૂળ બહુ જ ઊંડાં હોય છે. આમ હોવાથી લૂણી ધ્રોને તાણી શકતી નથી. માટે અસલચિત પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે આ કહેવત કહેવાય છે.

લૂણીપાટ પુ. એ નામની એક દેશી રમત; આટાપાટા.

લૂણો પું ખીનસથી પથ્થર, ઈંટ, છો વગેરે બચાવીને ઉપર વળતી ભારી; ભીંતને ભારી વળતી તે; પથ્થરમાં રહેલો ક્ષારવાળો ભાગ, તે પથ્થરને બાઝી જાય છે. તે ચોમાસામાં ઝેસરે છે.

લૂણો લાગવો = ભીંત પર ભારી વળવી; લૂણો બહાર દેખાવો.

લૂતા ૧ સ્ત્રી. એક જાતનો રોગ લૂતા નામના ઝેરી જીવજંતુઓ કરડવાથી જે રોગ કે સડો થાય છે તેને લૂતા રોગ કહે છે.

૨. [સં.] સ્ત્રી. કરોળિયો. તે ઝેરી હોય છે. તેનું ઝેર ચીબી કરતાં હલકા પ્રકારનું છે. તેને સાધારણ રીતે આઠ પગ હોય છે. તેને રપર્શેંદ્રિય મુખ હોતી નથી પરંતુ પગના જેવા રપર્શાંગ હોય છે. તેને પાંખ હોતી નથી. તેને આઠ આંખ હોય છે જેમાંની બે જોડ હોય છે અને બાકીની અંડાકાર હોય છે. તેનામાં ખોલ ઉતારી નાખવાની ક્રિયા ઘણી ગંભીર હોય છે. તેમાં પગ નાશ પામે અથવા પોતે પણ મરી જાય. તેમાં રેશમ પ્રવાહી રૂપે હોય છે પણ તે હવાની સાથે સંબંધમાં આવતાં ઘન થઈ જાય છે. જીવડાં ખાનારાં પક્ષીઓ તેનાં મોટાં દુશ્મનો છે. લૂતાના સોળ પ્રકાર છે. તેમાંના આઠ ષટ્સાખ્ય અને બાકીના આઠ અસાખ્ય છે. ષટ્સાખ્ય: ત્રિમડલ, શ્વેતા, કપિલા, પીતિકા, ભાસ્વિષા, મૂત્રવિષા, રક્તા અને હસના. અસાખ્ય:–સૌવસ્તિકી, ભાજ્યવર્ત્મા, જાલિની, ઐણીપદી, કૃષ્ણા, અગ્નિવર્ત્મા, કાકાંડા અને માકાગુણા.

લૂતા સૂત્રા મકડી ઊર્ણનાભિ પણ નામ;
મકરીને શું મુજ કરી જાણી જગતમામ.

પિત્રળભક્તબોધ

૩. સ્ત્રી. કોડી.

લૂતાતંતુ [સં.] પું. કરોળિયાનું જાળું.

લૂતાતંતુન્યાય [સં.] પું. (ન્યાય) એ નામનો એક ન્યાય. જેમ કરોળિયો પોતાના શરીરમાંથી તાંતણો કાઢી જાળ બનાવે છે અને પાછો પોતે જ તેનો નાશ કરે છે તેમ બ્રહ્મ પોતામાંથી સૃષ્ટિ કરે છે અને પોતામાં લય કરે છે તેને લૂતાતંતુ-ન્યાય કહે છે.

લૂતિકા સ્ત્રી. કરોળિયો.

લૂન ૧. વિ. પૂજ્ય

૨. વિ. કરેલ.

૩. વિ. મચાવેલ.

૪ વિ. ચૂકેલ. ભેલું કરેલ.

૫. વિ. છેદેલ; કાપેલ.

૬. વિ. નાશ કરેલ.

લૂનક ૧. [સં.] પું. સૂતક; પા.

૨. પુ. જનાવર.

૩. પું. જાત; પ્રકાર
૪. જુઓ લૂત.

લૂમ ૧. પું. (સંગીત) હનુમત મત પ્રમાણે સંપૂર્ણ જાતિનો એક રાગ. તેમા બધા શુદ્ધ સ્વર આવે છે. તેના ગાવાનો સમય રાતના ૧૧ દંડથી ૧૫ દંડ સુધીનો છે. તે મેઘ રાગનો પુત્ર કહેવામ છે.
૨. [સં.] સ્ત્રી. લૂમ; ફળનું ઝૂમખું; ગુચ્છ; સાખ; સાખને લાગેલો ફળનો મોટો જથ્થો.
૩ સ્ત્રી. સાળ; કપડાં વણવાનું ઓજાર.
૪. ન પૂછવું

લૂમઝું જુઓ લૂમઝુ.

લૂમઝો જુઓ લૂમખો.

લૂમખી જુઓ લૂમ.

લૂમખું ન. ફૂલ; લૂમઝુ, બધાં ફળફૂલ અને પાનવાળો ગુચ્છ; ઝૂમખુ.
ડાળે ડાળે ફળીઓના લૂમખાં
ને ફળીફળીમાં વસંત પ્રગટ. નાનાલાલ

લૂમખો ૧. પું. મોટી માત્રા; ઢગલો.
૧. લૂમખો લૂંટાવો-લૂટાઈ જવો = લાજ જતો રહેવો; નુકસાન થવુ.
૨. લૂમખો લેવો = મોટો ઢગલો મેળવવો.
૨. પું. મોટી લૂમ; ફૂલ; લૂમઝો; ફળફૂલનો ગુચ્છ, ઝૂમખું.
બીજી વસંત કાલ લૂમખે લચી રે લોલ,
ટૂંકી આંબો, ને ડાળી ડૂબે કાં લચી રે લોલ. નાનાલાલ

લૂમઝૂમ ૧. સ્ત્રી. લૂમખું.
૨. અ. અપકારબંધ.
૩. અ.લૂમે ને ઝૂમે તેમ; લૂમ ઉપર લૂમ જામી હોય તેમ.

લૂમઝૂમવું અ ક્રિ. લૂમખાબેર લટકવુ. ફળથી લચી પડવુ; ફળફૂલના ભારથી નમી પડવું.

લૂમવું ૧. અ. ક્રિ. ઝાડ કે ઝાંખુના ખોબ્બાથી વજન વળી જવુ.
૨. અ. ક્રિ. ખૂબ પ્રસન્ન થવો.
૩. અ. ક્રિ. નમી જવુ.
૪. અ. ક્રિ. લટકવુ.
૫. અ. ક્રિ. લૂમ આવવી; લૂમ બેસવી; લૂમવું.

લૂરખી જુઓ લૂમખુ.

લૂરસારંગ પું. (સંગીત) સારંગ રાગના તેર ભાઇનો એક પ્રકારનો રાગ.

લૂલડી (લૂલડી) સ્ત્રી. લૂલી; ઢીંગ; બિછૌ.
હા હાં તેમાં જ આ લૂલડી બે પક્ષ છે. કેશવ કર્ણદ

લૂલતા સ્ત્રી. લસુતા; લોભ; લાલચ.
સમારી રૂપ અનગા કુલતાં,
યાર દેવને લાગી લૂલતા. નળાખ્યાન

લૂલરી સ્ત્રી. દાસી; ચાકરડી.

લૂલવવું સ ક્રિ. લૂ, ઝરમી કે તાપ લગાડવો. લૂલે એમ કરવું; સૂકવવું
હવને લાગ્યો હોમ, લીલવાડાને લૂલવ્યાં દિયાગીર

લૂલવું અ. ક્રિ. (ઝાડી) લૂ લાગવી; સુકાવું; ગરમી લાગવી.
કવને આવ્યા હોમ, બરડાં ગાય બકુળિયા;
ઉપા ઝવનો ઝોક, લીલો લૂખો લૂલવે. દિયાગીર

લૂલી સ્ત્રી ઢગલા; બિછૌ; ઢોલા
લૂલી ઢલાવવી-ઢલાવ્યા કરવી = (૧) કંઇ કરવુ પડ્યા વિના, માત્ર બોલે જ કરવું કે બોલવુ. (૨) કોઇ મનલાના જનાનામાં હા કહેવી. હા હા કર્યા કરવુ

લૂલીટાંગ સ્ત્રી છોકરાની એક જાતની એકડા જેવા એક રમત, એક પગે કૂદતા આવવુ તે તેમા આ છોકરો લૂલો ચાલી બીજાને પકડવા જાય છે તેથી તે લૂલીટાંગ કહેવાય છે.

લૂલીબાઈ જુઓ લૂલી

લૂલુપના સ્ત્રી. ખુશ મત, ઠોસલાપણુ તે.

લૂલું ૧. વિ અપંગ; નિર્બળ; નબળુ; કમકિત કે બળ વગરનું; અશક્ત.
૨. વિ. નિરુપાય; લાચાર.
૩. વિ. પાયા કે આધાર વગરનું.
૪. વિ. લંગડું; ખોડું; પંગુ.
૧. નસીબ ઊલમ વગર લૂલું છે = કામમાંગને કેવા મદદ મળી આવે છે
૨. લૂલાને પાળવો ને આગણુને હાંકવો = લાચડા ઉપર દયા આવી ખરી પણ આળસુનો તો સાથ પણ ન પૂગવો.
૩. લૂલી વાસીદુ વાલે ને બે જણાં કેડ ઝાલે = બીજા પાસી મદદ કરે ત્યારે લંગડો માણસ કાર્ય કરી શકે છે, પોતાના કામમાં બીજાને પણ રોકો રાખવુ.

લૂલૂમા [હિં.] પું. પંખે.

લૂલૂંલચ વિ. ઢીલુ; બિબિસ.
હૃદય ન કંઇ કુસુમ સમ લૂલૂંલચ વરવરણ વને. કેશવ કર્ણદ

લૂવું સ. ક્રિ. લૂંબવુ; લોવું; સાફ કરવુ
ઊભરસ ને ચળી નાક લૂવો નરસિંહ

લૂષ ૧.[સં.] સ. ક્રિ. ઈજા કરવી.
૨. સ. ક્રિ. ચોરવુ.
૩. સ. ક્રિ. લૂટવુ.
૪. સ ક્રિ. વધ કરવો; મારી નાખવુ.
૫. સ ક્રિ. સહન કરવુ

લૂસકાં બ. બે નામનું બિલ્લાં સુકા જંગલો અને કમ્બામાં થતું એક ઝાડ. તેના ફળ ખટમીઠાં અને આયારણ સ્વાદિષ્ટ હોય છે. તેમાં શીતળ, પિત્તશામક તથા મધી ગુણ છે. લૂ માટે આમલાંની તે બરાબર ઉપા છે.

લૂસવું ૧ સ ક્રિ અનાદર કરવો
૨. સ. ક્રિ. પીડવું; હેરાન કરવું; દુઃખ દેવુ.
૩. સ ક્રિ. ભૂંસી નાખવુ; બનું ન બનું કરી દેવુ
૪ સ ક્રિ ચૂસવુ
૫ સ ક્રિ વધ કરવો., મારી નાખવુ.

લૂસાલૂસી સ્ત્રી. લૂંટાલૂંટ.
ગમે ગમે લૂસાલૂસી કરી. કાન્હડદે પ્રબંધ

લૂંકર પું. પ્રતિમાને નહિ માનનાર મત.
સોરઠ દેશ કર્યો વિચાર, કીધો લૂંકાનો ઉદ્ધાર. ઋષભદાસ

લૂંઝણવું (ઝૂંઝણવું) ન (જૂ. ગુ.) કામ કરવા માટે બીજાનો કપડાનો કકડો.

લૂંટ ૧ સ્ત્રી. લૂંટવું તે
લૂટ પાડવી = લૂટવુ
૨. સ્ત્રી. લૂંટેલો માલ, લૂટ

લૂંટણ ન. લૂંટવુ તે.

લૂંટણનીતિ સ્ત્રી. લૂંટવાની નીતિ.

લૂંટણિયું વિ લૂટનાર; લુટણિયુ; લૂટ ચાલનાર; લૂટી ખાય તેવુ

લૂંટફાટ ૧. પું અપકરણ.
૨. સ્ત્રી. લૂટાલૂટ; લૂટવુ તે

લૂંટવું જુઓ લૂટવુ

લૂંટારૂ ૧. વિ. નપબિયાપાડુ.
૨. વિ. લૂટવુ.
૩. વિ. લૂટી ખાવાની ટેવવાળુ; લૂટારાને પાત્ર; લૂટી લેવા જેવુ.
૪. વિ લૂંટેલુ; લૂટી આણેલું; લુટાઉ.

લૂંટારો [સં. લુંટક] પું. લૂટનારા લૂંટારો; લુટારા; ધાડપાડુ

લૂંટારો પું. લૂંટનારો; ધાડપાડુ; લૂંટક; લુટારો.

લૂંટાલૂંટ સ્ત્રી. ઉપરાઉપરી કે અનેક લૂંટફાટ મચી રહેવી તે; લૂટાલૂટ

લૂંટાવવું સ ક્રિ. લૂટાય તેમ કરવુ; કોઈ લૂંટે તેમ કરવુ, લુટાવવુ.

લૂંટાવું અ ક્રિ. લૂંટ ચલાવી; માલમતા ચોરી લેવાવી; લુટાવુ.

લૂંઠ ૧ પુ પતિ; ધણી
૨. પુ જૂનો, પૂર્ત
૩. પું. લાડ
૪. વિ. જબરું; લાડ

લૂંઠવું અ ક્રિ. મળવું, ઓળઘોળ થવું

લૂંઠાવવું સ. ક્રિ. ગબડાવવું; લૂંઠે તેમ કરવું.

લૂંડાઈ સ્ત્રી. લૂંઠાપણું; ગુલામગીરી.

લૂંડી સ્ત્રી ગુલામડી, દાસી, લોંડી, બાંદી, ચાકર સ્ત્રી
મારે અન પંડપતિ એક લૂંડી. સા.મળ

લૂંડો પુ. ગુલામ; નોકર; દાસ.

લૂંદો પુ. લોંદો; ગૂમો.

લૂંબ સ્ત્રી. લૂમ; ફળનું ઝૂમખું; ફળ કે પાનના ઝારાવાળી ડાળી; ગુચ્છ.

લૂંબવું જુઓ ઝૂમવું

લૂંબઝૂંબવું જુઓ ઝૂમઝૂમવું

લૂંબેઝૂંબે ક્રિ. વિ. ઝૂમખે ઝૂમખે; લટકે લટકે

લૂંબ્યું ઝૂંબ્યું ક્રિ. વિ. પુષ્કળ હોવું.
કૂબે સુખે પીએ પીએ, ગોવાળણી રે લોલ
નવે તારા ઝૂમેઝૂંબે, ગોવાળણી રે લોલ
નરસિંહરાવ

લૂંશવું સ. ક્રિ. (જૂ. ગુ.) લૂંટવું
લાખ્યા દેશ નગર વિષે લૂરયાં,
માય વિશેષિયાં બાલ.
લાવણ્યસમય

લૂ ૧. [સં] પું. એ નામે એક સ્વર.
૨. પું. તાડપત્રના બંધો માંહેનો એકમ એક; તાડપત્રીય પુસ્તકનાં પાનની ગણતરી માટે કરેલ એકમ અંક
૩ પું તાડપત્રના દશક બંધો માંહેનો એક; તાડપત્રીય પુસ્તકનાં પાનની ગણતરી માટે કરેલ દશક અંક
૪ પુ. દેવની માં
૫. પું. પર્વત.
૬ પુ ભૂમિ.

લે ૧. અ. વાહ, ઠીક એ અર્થનો ઉદ્‌ગાર.
૨. જુઓ લેહ.

લેઅાપ સ્ત્રી. લેવું અને આપવું તે; વિનિમય.

લેઇઝ ફી [અં.] સ્ત્રી. ઓછા નાખેલ કામગીરી લેવાતો કર

લેઉઓ ૧. પું. એક જાતનો પાટીદાર.
૨. સ્ત્રી. એ નામની એક જાતિ; પાટીદાર કણબીની એક જાત. તેમાં પણ કાલારી, ગોહેલવાડી, ગુજરાતી, તારકડા એવા એના અનેક પેટાભેદો છે. હરગોવિંદદાસ કાટાવાળા લખે છે કે: લેઉવા પાટીદારના વહીવંચા કહે છે કે, લેઉવા લોહગઢ કે લાહોરથી સંવત ૭૦૨ની સાલમાં ગુજરાતમાં આવી વસ્યા.

લેકર સ્ત્રી. લાકડાં જાયણ લોઢાને ગરમ કરવાથી બહુ જ સરસ પાલીસ આવે એવા તેવો વારનીશ.

લેકિન અ. તો પ; તથાપિ; છતાં; પણ; પરંતુ.

લેક્ચર [અં.] ન. ભાષણ; આખ્યાન.

લેક્ચરર [અં.] પું. આખ્યાતા; ભાષણ આપનાર; વ્યાખ્યાન દેનાર.

લેક્ટોમીટર [અં.] ન. દૂધની જાત નક્કી કરવાનું યંત્ર

લેખ ૧. પું. કરારનું લખાણ; ખત; દસ્તાવેજ.
૨. પું ચિઠ્ઠી; પત્ર.
૩. પું. દૂહો નિબંધ; ગદ્ય લખાણ.
૮. પું. દેવ; વિબુધ.
વિવિધ લેખ, વર્ણમુખ બીનાંનુ અતિ ઓપ.
કોણ દેવતા કંઠ તીહાં નવાં ભેટા બહુવી ગોપ.
પિંગળપ્રકોપ

૫. પું. લખવાનો કામગ.
૬. [સં. લિખ્ (લખવું)] પું. લખેલું તે; લખાણ. જેમકે, શિલાલેખ, વિધિના લેખ.
૧. લખ્યા લેખ મટે નહિ = પ્રારબ્ધ નિષ્ફળ થતુ નથી
૨. લેખ કરવો = લખત કરવું.
૩. લેખ કોતરાવવો–લખાવવો = શિલા, પતરાં વગેરે ઉપર લખત કરાવવુ.
૪ લેખ પર મેખ મારવી = વિધાતાએ પ્રારબ્ધમા લખ્યું હોય તે મિથ્યા કરવુ.
૫. લેખ લખવો = (૧) ખતનો મુસદ્દો લખવો. (૨) લખાણ કરવું; નિબંધ લખવો.
૭. વિ. લખવા લાયક.

લેખક ૧. પું. કરારનામા, કબાલા, ખત વગેરે કામગ ઉપર સહી, સિક્કો, સાખ કરનાર વકીલ.
૨. [સં. લિખ્ (લખવુ)] પું. કર્તા; લેખ ઉપજાવી કાઢનાર માણસ; ગ્રંથ કે લેખ લખનાર; ગ્રંથકાર.
૩. પુ. કારકુન; મહેતો; મુનીમ.
૪ પું. ચિત્ર કાઢનાર ચિતારો.
૫ પું. બ્રાહ્મ કેમોની આઠ માંહેનો એક જ્ઞાત.
૬. પુ. લખનાર; લહિયો; નકલ કરનાર.
૭. ન. લખી નાખવું તે; લખવુ તે.

લેખક ચિત્રકાર જુઓ લેખ ચિત્રકાર.

લેખકત્વ [સં.] ન. લેખકપણુ; લખવાની શક્તિ.

લેખકદોષ [સં.] પું. લખનારની લખાણમાં થયેલી ભૂલ; નકલ કરનારની ભૂલ.

લેખકપણું જુઓ લેખકત્વ.

લેખકપ્રમાદ જુઓ લેખકદોષ.

લેખકમંડળ ન. લેખકોનું મડળ.

લેખકવિદ્યા [સં.] સ્ત્રી. ચૌદ ભાષાની એ નામની એક વિદ્યા

લેખકશાલા [સં.] સ્ત્રી. લખનારની શાળા.
આલુપશાળા રચના કામ,
લેખકશાલા તિહા અભિરામ.
ગુ. સા. પરિષદ

લેખગૃહ [સં.] ન. પત્રગૃહ; ટપાલઘર; ' પોસ્ટ ઓફિસ '.

લેખચિત્રકાર [સં.] પું. લેખો વગેરેને ચિત્રોથી સણગારનાર માણસ; લેખો ચિત્રથી શણગારનાર માણસ. રવિશંકર રાવળ લખે છે કે, આ શ્રેય ઘણું વિશાળ છે. તેમાં પણ બીજા અનેક ઉપપ્રકારો પાડી શકાય. જેવાં કે, સુશોભન રચનાકારો, વસ્ત્ર ચિત્રકાર, લેખક ચિત્રકાર, સુશોભનકાર વગેરે.

લેખચૌર્ય [સં.] ન લખાણની હકીકતની ચોરી કરવી તે; વસ્તુચોરી; ' પ્લેગરિઝમ '.

લેખણ [સં. લેખિની] સ્ત્રી. અક્ષર કાઢવાની કલમ; લખવાનું વતરણું; ટાંક; લેખણી; લખવાનું સાધન.
૧. લાંબી લેખણ = (૧) તાગે કારભાર; (૨) ધમધોકાર ચાલતો વેપાર.
૨. લેખણ ચલાવવી = (૧) ઉતાવળે લખવું. (૨) લખાપટી કરવી.

લેખણવહ વિ. કલમના ઝાપ જેમ વાહવું. જેમકે, લેખણવહ ધા.

લેખણી ૧. સ્ત્રી. બાળ ભોવાળા ઉતરાવવાનો વાસણનો કર.
૨. સ્ત્રી. લેખણ; લેખિની; લેખની; ટાંક; પીછી; લખવાનું વતરણું.
લક્ષણ જોતાં લેખણી,
નાણાવટીનું નર. સામળ

લેખપદ્ધ [સં.] સ્ત્રી. કલમ.

લેખન ૧. ન. ઊલટી.
૨. ન. એક જાતનું ઝરણું ઘાસ. તેની કલમ બનાવવામાં આવે છે.
૩. ન. કલમ; લેખણ
૪. ન. ખોતરવાનું હથિયાર.
૫. ન. ખોદવુ તે; ખોતરવું કે કોતરવું તે.
૬. ન ચિત્ર બનાવવુ તે.
૭. ન. ભોજપત્ર.
૮. ન. રસાદિક ધાતુ અને વાતાદિક દોષને સૂકવી, શરીરને શુદ્ધ કરનાર ઔષધ; શરીરની ધાતુઓને તથા મળોનું શોષણ કરી પાતળાં

કરનાર પદાર્થ. મષ, ગરમ પાણી, જવ વગેરે લેખનદ્રવ્ય કહેવાય છે.

૬. ન. લખેલું તે; લેખ; લખાણ; લખવું તે.

૧૦. વિ. ઉત્તેજિત કરનાર; સતેજ કરનાર

લેખનકલા ૧. [સં.] સ્ત્રી લખવાની કળા; લખાણની કળા; લખવાનો હુનર.

૨. સ્ત્રી. (વૈદક) સુકેલા લાગ પર સળંગી છરકા મૂકવાની કળા.

સારા અક્ષર શીખવાને સારૂ લેખનકલા આવશ્યક છે. ગાંધીજી

લેખનકળા જુઓ લેખનકલા.

લેખનકાર્ય [સં.] ન. લખવાનું કામ.

લેખનજ્ઞાન [સં.] ન. લખવાની વિદ્યા; લેખન જાણવું કે શીખવું તે

લેખનનિયંતા [સં. લેખન (લખાણ) + નિયંતૃ (નિયમન રાખનાર)] પું. છાપખાનામાં મોપદી કે લખાણ છપાવા આપતાં પહેલાં મના કરેલું કાંઈ તેની અંદર છે કે નહિ તે જોઈ જનાર અધિકારી; ' સેન્સર. '

લેખનપત્ર જુઓ લેખપત્ર

લેખનપદ્ધતિ ૧. [સં.] સ્ત્રી. ભાષાશૈલી; લખવામાં જે શબ્દરચના કે યોજના કરવામાં આવે તેનો પ્રકાર.

૨. સ્ત્રી. લખવાની રીત; છબારત; લખાણની પદ્ધતિ

લેખનપીઠ ન. લખવાનું ટેબલ; ડેસ્ક.

પ્રત્યેક વિદ્યાર્થીની બેઠક સામે નાની એવી પેટી કે બોતરો મૂકી લેવામાં ને તે ઉપર બાર કરાય તો તેના જેવું બીજું બેઠક લેખનપીઠ (ટેબલ) નથી. ત્રિભુવનદાસ

લેખનપ્રબંધ [સં.] પુ. લખવાની પદ્ધતિ કે શૈલી.

લેખનવ્યવસાય [સં.] પું. લખવાનો ધંધો.

લેખનશક્તિ [સં.] સ્ત્રી. લેખ લખવાની શક્તિ.

માત્ર શબ્દભંડોળ વિસ્તાર તે તે ઠેકાણે ઉત્તમ લેખ એ સમજવાનું છે અને કવચિત બીજરૂપ શક્તિ, એ ઠેકાણે લેખનશક્તિ એ પદ સમજવાનું છે. રમણભાઈ

લેખનશુદ્ધિ [સં.] સ્ત્રી. લખાણમાં શુદ્ધતા.

લેખનશૈલી [સં.] સ્ત્રી. લખવાની પદ્ધતિ.

અંગ્રેજ લાખાના અતિશય અભ્યસને લીધે આપણી લેખનશૈલી દૂષિત છે. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

લેખનસાધન જુઓ લેખનસામગ્રી.

લેખનસામગ્રી સ્ત્રી. લેખનસાધન; લખવાનો સામાન; લખાણ માટે જોઈતી બધી વસ્તુઓ; ' સ્ટેશનરિ '.

લેખનસાહિત્ય જુઓ લેખનસામગ્રી.

લેખનસ્વાતંત્ર્ય [સં.] ન. લખવાની બાબતમાં સ્વતંત્રતા હોવી તે.

લેખનાઘાત પું. લખેલું વાંચી શકાય પણ બોલી શકાય નહિ તે.

લેખનારંભ [સં] પું. લખવાની શરૂઆત.

લેખનિક ૧. પું. પોતાના વતી બીજા પાસે લખી કરાવનાર માણસ.

૨. [સં.] પું. લેખક; લહિયો.

લેખની ૧. [સં.] સ્ત્રી. અંજનના બંગરૂપ એક બાપાર.

૨. સ્ત્રી. કલમ; લેખણ; લેખની.

૩. સ્ત્રી. કલકો વાંસ.

૪. સ્ત્રી. ચકી.

૫. સ્ત્રી. ચમચો.

૬. સ્ત્રી. રોગ દૂર કરવાનું એક ઔષધ

લેખનીય [સં.] વિ. લખવા યોગ્ય; લેખ્ય.

લેખપત્ર ૧. પું.ન. ખતા દસ્તાવેજ. દસ્તાવેજ.

૨. પુ. ન. તાડ

૩. પું.ન. ચિત્રપત્ર, ' પીત્ર '.

લેખપત્રિકા જુઓ લેખપત્ર.

લેખપ્રતિલેખ્યલિપિ સ્ત્રી. બોલાતી ભાષાની એક પ્રકારની લિપિ.

લેખપ્રમાણ ૧. [સં.] ન. દસ્તાવેજ.

૨. ન. લિખિત પુરાવો.

લેખ ફી સ્ત્રી. જમીનના લેખ જદા રાજ્ય તરફથી લેવામાં આવતી લેનરી; લેખ તૈયાર કરવા બદલનું મહેનતાણું.

લેખમાળા સ્ત્રી લેખોનો સંગ્રહ.

લેખયંત્ર [સં.] ન. બ્રશ્યયંત્ર; લિપિયંત્ર; ' ટાઇપ રાઇટર '.

લેખર્ષભ [સં.] પું ઉંદર

લેખવણ સ્ત્રી. મષપૂરી

લેખવવું સ. ક્રિ. લખાવું; મષકારવું; કરકાર કરવી; હિસાબમાં લેવું

લેખવહી સ્ત્રી. લેખની નોંધ; લેખનો ચોપડો

લેખવું જુઓ લેખવવું.

લેખશાળા સ્ત્રી. લેહશાળા; લેશાળ; લીશાળ; નિશાળ.

અહીંના નિર્દોષ નિર્દલન પંડિતોને જોઈને મહાબુદ્ધિશાળી બૃહસ્પતિ પણ તેમનાથી અધિક વિદ્યા શીખવા ઇચ્છ્યા વગર ન રહે તેમ હજી સુધી લેખશાળા જોડવા નથી. પુરાતન

લેખસંગ્રહ જુઓ લેખાગાર.

લેખસંપાદન [સં.] ન. લેખ કરી આપવો તે; લેખ ઉપર સહી કરવી તે.

લેખસૂચિ [સં.] સ્ત્રી. નોંધવહી.

લેખહાર [સં.] પું. લખેલો પત્રાદિ વગેરે લઈ જનાર; ખેપિયો; પત્રવાહક; ' પોસ્ટમેન '

લેખહારક જુઓ લેખહાર.

લેખહારીન જુઓ લેખહાર.

લેખા ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૨૧ ગુરુ અને ૫૪ લઘુ મળી ૭૫ વર્ણની ૬૧ માત્રા હોય છે.

૨ સ્ત્રી. અનુમાન; વિચાર; સમજ.

૩. સ્ત્રી. આકૃતિ.

૪ સ્ત્રી કિનારી, બોર્ડ

૫ સ્ત્રી, મષપૂરી , હિસાબકિતાબ

૬ સ્ત્રી ચાસ, હળ

૭. સ્ત્રી, ચિત્રણ, રેખા દોરવી તે.

૮ સ્ત્રી ટોચ

૯ સ્ત્રી બીજનો અંદર ચઢતી રેખા.

૧૦ સ્ત્રી લેખ, લખાણ

૧૧ [સં] સ્ત્રી લીટી; રેખા; રેણ

લેખાક્ષર [સં.] ન. લખાણ.

લેખાગાર [સં] ન. દફતર; લેખસંગ્રહ.

લેખાચાર્ય [સં.] પું. લખતાં શીખવનાર; શિક્ષક.

લેખાધિકારી ૨. [સં. લેખાધિકારિન્] પું કહેલી કે કરેલી કોઈ વાત ટૂંકાણમાં લખી લેનાર અધિકારી.

૨. પું. કબજાવેલે કે પ્રમાણપત્રોનો અધિકારી.

૩. પું. પત્ર લખવાનું જેને સોંપવામાં આવ્યું હોય તે

લેખાપરીક્ષક પું હિસાબ તપાસનાર; ' ઓડિટર '.

લેખાપરીક્ષા સ્ત્રી. હિસાબ તપાસવો તે.

લેખાવધિયો ૧. પુ ગર્વિત બોલનાર; બોલકો; બહુક, ગર્વિતવચન'

૨. પું. ચોપડા લખનાર માણસ.

૩. પું. લેખક; લખાણ કરનારો.

લેખાવલી [સં.] સ્ત્રી. લેખપત્રનો સંગ્રહ.

લેખાવહી સ્ત્રી. હિસાબનો ચોપડો; ખાતાવહી.

લેખાવળી જુઓ લેખાવલી.

લેખાવું સ. ક્રિ. લખાવું.

પ્રાણ રહે જો પલ બઈ તો, કબ્યું પ્રભુ લેખાય. નેમવિજય

લેખાસર અ. નકામું નહિ તેવું.

લેખાંક [સં.] પું. લેખનો અંક કે આંકડો.

લેજિસ્લેટિવ કાઉન્સિલ

લેખિકા જી. [સં.] સ્ત્રી લેખક.

લેખિત [સ લિખ (લખવું)] વિ. લખેલું; લખાણના રૂપમાં હોય તેવું. લેખી.

લેખિતવાર ૧. વિ. લખાણના રૂપમાં હોય તેવું; લેખિત; લેખી.

૨. અ. લખીને.

લેખિની ૧. [સં.] સ્ત્રી. કલમ; લેખણ; 'પેન'.

અમૃત લેખિનીથી લખ્યો,
સ્નેહ મંત્ર ઉર ખડ. નન્દલાલ

૨. સ્ત્રી. ગ્રંથો.

૩. સ્ત્રી. લખવાની રીત કલા કે શૈલી.

લેખિનીચાપલ્ય ૧. [સં. લેખિની (કલમ) + ચાપલ્ય (ચપળતા)] સ્ત્રી કલમની ચપળતા

૨. સ્ત્રી. ઝટપટ કલમે લખેલું લખાણ; નિરંકુશ લખાણ.

લેખિનીનૃત્યાલય [સં.] ન. પેજ; 'પેજણ'.

લેખિનીનૃત્યાલય શબ્દ વાપરનો પ્રેમાનંદને બહુ રસ, લાગે છે. નરસિંહરાવ

લેખિનીપંત્ર [સં.] ન. અક્ષરયંત્ર; લિપિયંત્ર; લેખયંત્ર.

ત્યારે આપણી કલામાં આપણું લેખિનીપંત્ર બોલે છે. ગુ. સા. પરિષદ

લેખી જુઓ લેખિતવાર.

લેખીકબૂલત સ્ત્રી. લેખી કરાર; લેખિત સંમતિ આપવી તે.

લેખીકરાર જુઓ લેખીકબૂલત.

લેખીફરિયાદ સ્ત્રી. લખેલી અરજી; લેખિત અરજ.

લેખીખત ન. લેખિત ખતપત્ર; 'બોન્ડ'.

લેખીપુરાવો પું. દસ્તાવેજી કાગળો કે પ્રમાણ.

લેખું ૧. ન. ગણતરી; ગણના; હિસાબ

૧. લેખાં લેવાવાં = (૧) કુટુંબમાં માટે ખુલાસો પૂછવો, જવાબદાર થવું (૨) હિસાબ મગાવો.

૨ લેખાં લેવાં = હિસાબ માગવો

૩. લેખે કરવું = ગણતરીમાં ગણવું; પરવા કરવી.

૪. લેખે ચડવું = બહાદુરી બતાવવી.

૨. ન. પ્રમાણ, માપ; જથ્થો.

૩. ન. વજન આકડા માંડવે મોંએ ગણાય તેવો ઠરો સહેલો હિસાબ; મુખગણિત; મનોગણિત; માનસિક ગણિત.

લેખું પલેખું ન. હિસાબ કિતાબ.

લેખે ૧. અ. પ્રીતર્થે; વાસ્તે; માટે

પરમેશ્વરને લેખે = (૧) ઈશ્વરની ખાતર. (૨) ઈશ્વરને ખુશી કરવાના ખ્યેયથી.

૨. અ. સારુ; કારણ; કારણસર.

લેખે લાગવું = (૧) ઉપયોગમાં આવવું; કામ લાગવું (૨) મજૂરે આવવું (૩) સાર્થ થવું, ફળીભૂત થવું.

૩. અ. હિસાબે; દર મુજબ; રીતે; પ્રમાણે.

લેખ્ય ૧. [સં.] ન. ચીતરેલ આકૃતિ.

૨. ન. ચિત્રકામ.

૩. ન. પત્ર; કાગળ.

૪. ન. લખવાની ક્રિયા.

૫. ન. લખાણ.

૬. ન. લેખ; દસ્તાવેજ.

૭. વિ. લખવા યોગ્ય કે લખી શકાય તેવું.

લેખ્યગત [સં.] વિ. ચીતરેલ

લેખ્યચૂર્ણિકા ૧. [સં.] સ્ત્રી. ચિત્રકામ કરવાની પોંછી.

૨. સ્ત્રી લખવાની કલમ.

લેખ્યપત્ર ૧. [સ.] પું. તાડનું ઝાડ.

૨. ન. તાડપત્ર.

૩. ન. લખવાનો કાગળ.

૪ ન લેખિત દસ્તાવેજ

લેખ્યપત્રક જુઓ લેખ્યપત્ર.

લેખ્યપ્રસંગ [સં.] પું. લેખિત દસ્તાવેજ.

લેખ્યસ્થાન [સં.] ન. લખવાનું સ્થાન.

લેખ્યા [સં.] સ્ત્રી. મંત્રમાં મંત્રના અક્ષરરૂપ તથા ચિત્રરૂપ પ્રતિમા.

લેખ્યા, લેપ્યા અને ધાતુમયી એમ ત્રણ પ્રકારની કૃત્રિમ પ્રતિમા થાય છે.

પંચરાત્ર મુક્તાવલિ

લેખ્યારૂઢ ૧ વિ. દસ્તાવેજી.

૨. [સ] વિ. લખવા તૈયાર થયેલ.

લેગ [અં.] પું. પગ.

૧. લેગ અમ્પાયર = ક્રિકેટની રમતમાં બનતું સ્પષ્ટ કરવા માટે પગે બાંધવામાં આવતું સાધન.

૨ લેગબાઈસ – લેગ સાઈડ ઉપર બોલને ફટકારવો તે.

૩. લેગબાય = ક્રિકેટની રમતમાં દાવ લેનારના પગમાં લાગીને વિકેટની પાછળ દડો જવાથી લેવાતો રન.

૪. લેગ બિફોર વિકેટ = ક્રિકેટની રમતમાં વિકેટ ઉપર આવતા સીધા દડાને વિકેટ આડા આવી જરીરના કોઈપણ ભાગથી દાવ લેનાર અટકાવે તેથી તેનો દાવ બંધ થે:. 'એલ. બી. ડબલ્યુ'.

૫. લેગબ્રેક = લેગની સાઈડમાંથી બોલ વળાંક લઈને વિકેટમાં આવે તે.

૬. લેગ સ્ટૅંડર = લેગ સ્ટંપ દેખાવવા માટેનું સ્ટૅંડ.

૭. લેગ સ્ટમ્પર = ક્રિકેટની રમતમાં દાવ લેનારની બરાબર પાછળ બીજા રહેવાની જગ્યા.

૮. લેગ સ્ટંપ = ક્રિકેટથી રમતમાં દાવ લેનારના પગ પાસેની લાકડી.

લેગૂન [અં.] પું નદીનું મુખ; છીછરું હોવાથી બંધ રહેલો ખાડો; ખાડી; છીછરું તળાવ.

લેગ્યુમેન [અં.] ન. ચણા તથા વટાણાની જાતના અનાજની અંદર રહેલું પૌષ્ટિક તત્ત્વ.

લેજમ જુઓ લેજ્મ

લેજર [અં.] ન. રજિસ્ટર; પત્રક.

લેજારવાર અ. ધીરેધીરે; તુરત; જલદી.

અરે રહી કેમ જાય ! આ મોટર દબાવી મૂકું
કે લેજારવારમાં આવજ્યજ. ગિજુભાઈ

લેજિસ્લેટિવ [અં.] વિ. કાયદા સંબંધી, ધારણા સબંધી.

લેજિસ્લેટિવ એસેમ્બ્લિ [અં.] સ્ત્રી. નીચલી સભા. તેના સભ્યોની સંખ્યા ૫૦૦થી વધારે અને ૬૦થી ઓછી હોય નહિ. તેના સભ્યોની ચૂંટણી સીધી રીતે કરવામાં આવે છે. નીચલી સભાની મુદત પાંચ વર્ષની રાખવામાં આવી છે, તો પણ તેની મુદતમાં ઘટાડો કે વધારો ગવર્નર કરી શકે છે. નીચલી સભા પોતાનો સ્પીકર અને ડેપ્યુટિ સ્પીકર ચૂંટી કાઢે છે. સભામાં મત બબ્બત્તરી વખતે સ્પીકર અને ડેપ્યુટિ સ્પીકર મત આપી શકે નહિ પણ જો સરખા મત થાય તો તેઓ ગમે તે એક બાજુ મત આપી શકે. લેજિસ્લેટિવ એસેમ્બ્લિની બેઠક વર્ષમાં બે વાર મળવી જોઈએ અને એ બેઠક વચ્ચે ૭ માસથી વધારે વખત થવો ન જોઈએ. ગવર્નર ગમે ત્યારે ધારાસભાની બેઠક બોલાવી શકે છે અને તેને મુલતવી કે વિસર્જન કરી શકે છે. ધારાસભાના કાર્યપ્રદેશમાં કાયદા બનાવની સત્તા તેમ જ નાણાકીય સત્તા મુખ્યત્વે છે.

લેજિસ્લેટિવ કાઉન્સિલ સ્ત્રી. ઉપલી સભા. ભારતનાં જે પ્રાંતમાં ઉપલી સભા રાખવામાં આવી છે તેના સભ્યોની સંખ્યા તે જ પ્રાંતનો નીચલી સભાના સભ્યોની સંખ્યાના ત્રીજા ભાગ કરતાં વધારે રહેતી નહિ. તો પણ ઓછું તો નક્કી છે કે તેની સંખ્યા ૪૦થી ઓછી નહિ હોય. તેના સભ્યો મ્યુનિસિપલિટિ, લોકલબોર્ડ, વેપારીઓ, ગ્રામ્યામિક શાળાના શિક્ષકો વગેરેમાંથી ચૂંટાય છે. આ ઉપરાંત ગવર્નર પણ થોડા સભ્યો ચૂંટે છે. ઉપલી સભાની મુદત કાયમની હોય છે. પરંતુ

દર ત્રીજે વર્ષે તેના ભાગના મતવો છૂટા થયે અને તેટલા નવા સભ્યો ચૂંટાયે. ઉપલી સભા પોતાના ચેરમેન અને ડેપ્યુટિ ચેરમેન ચૂંટી કાઢે છે. ચેરમેન અને ડેપ્યુટિ ચેરમેનને ઠાવકાથી નક્કી થયેલા પગાર અને ભાડાભથ્થાં મળી શકે છે.

લેજીમ [ફા. લેજમ] સ્ત્રી. કસરતનું એક સાધન કે તેની કસરત. કાંદિવલી શારીરિક શિક્ષણ સંસ્થાની નોંધ મુજબ લેજીમ મહારાષ્ટ્રમાં બહુ લોકપ્રિય છે. જો કે અત્યારે ભારતના જુદા જુદા પ્રાંતમાં જુદી જુદી લેજીમની કસરતના દાવો થાય છે. તે વડે થતી કસરત તાલબદ્ધ છે. તેમાં લાકડાનો દાંડો લગભગ ૧૫થી ૧૮ ઇંચનો લાકડીનો હોય છે અને લગભગ મકોડાવાળી સોટીની સાંકળ તેના એક છેડાથી બીજા છેડે બરાબર બંધ બેસાડવામાં આવેલી હોય છે. તે સાંકળની અંદર લોટાના પતરાની ચકરડીઓ પરોવવામાં આવેલી હોય છે એટલે કે જ્યારે તે સાંકળને ખેંચવામાં આવે છે ત્યારે અવાજ થાય છે. આમ લેજીમનું એકંદર વજન સવાથી ૨ રતલ સુધીનું હોય છે. ગામડાની અંદર લેજીમની કસરત હજુ પણ પ્રચલિત છે. લડાઈના વખતમાં ખાસ કરીને મરાઠા સૈનિકો છૂટીના વખતમાં મનોરંજન માટે લેજીમથી તાલબદ્ધ નૃત્ય, તેમ જ કસરતો કરે છે. તેની સાથે તબલાં કે ઢોલ પણ ભાગે વગાડવામાં આવે છે. તેનો તાલબદ્ધ અવાજ એટલો બધો પ્રિય લાગે છે કે, લેનારા તેમ જ સાંભળનારાઓને તે બહુ જ પ્રિય લાગે છે. લેજીમની કસરતના મુખ્યત્વે બે પ્રકાર છે: હિંદી લેજીમ અને મરાઠી લેજીમ. હિંદી લેજીમમાં મુખ્ય હુકમો આ પ્રમાણે છે: લેજીમ રહેજ, આરામ, હોશિયાર, પવિત્રા, પવિત્રા બદલ વગેરે. તેના મુખ્ય દાવો આ પ્રમાણે છે: (૧) ચાર હોક, (૨) એક જણે, (૩) આડી લગાવ, (૪) પવિત્રા, (૫) દો રૂખ, (૬) આગે રૂખાવ, (૭) પાછે રૂખાવ, (૮) ઘુમ લાવ, (૯) જોડાર ચાલ, (૧૦) ચટચાટ, (૧૧) ચટચટ બૈઠક, (૧૨) દો મલ, (૧૩) દો મલ બૈઠક, (૧૪) મોમિયા, (૧૫) મજવેલ, (૧૬) શેર પંજા, (૧૭) કરતપાર, (૧૮) ગોલ ચક્ર દો, (૧૯) ગોલ ચાલ, (૨૦) ચક્રગોલ, (૨૧) ગોલ બૈઠક, (૨૨) મૃત મિલાપ એક, (૨૩) વજેદાર બૈઠક અને (૨૪) વજેદાર દો. મરાઠી લેજીમના મુખ્ય દાવો હિંદી લેજીમ જેવાં જ છે, પણ તેના દાવોમાં ફેરફાર છે. તેના દાવો આ પ્રમાણે છે: (૧) આઠ હોક, (૨) તાલસે કદમ, (૩) પવિત્રા, (૪) પાવ ચક્ર, (૫) અર્ધ ચક્ર, (૬) પુરા ચક્ર કે ગોરકી, (૭) આગે ચાલ, (૮) જોડી બનાવ, (૯) દુલ, (૧૦) જોડી બદલ, (૧૧) બૈઠક અને (૧૨) પલટ

લેટ ૧. પું. કાપડમાં કે કારખાનામાં વપરાતું એક જાતનું મશીન.

૨. [અં.] વિ. મોડું.

લેટક્ષ [સં. લુટ] ન. (વહાણવટું) સુખાથનું દોરડું કે છીરી વીંટવાનો મજબૂતીનો ગોળ ગાંઠો.

લેટરબોક્સ [અં.] સ્ત્રી. ટપાલ નાખવાની પેટી; 'પોસ્ટ બોક્સ'

લેટવું ૧ અ. ક્રિ. આડા પડવું; સૂવું. સર્વ જવું.

જે લેટતા લેટતા સ્વર્ગે તેમ ઊતરીને કયા સાગરે
છે તે અજબ અને જે અમરની સામવત

૨ સ. ક્રિ. આડા પાડવું, સૂવડાવું

લેટર હીટ [અં.] સ્ત્રી. ઉષ્ણતામાપક યંત્ર ઉપર માપી ન શકાય તેવી ગરમી; ગુપ્ત ઉષ્મા.

લેટિન [અં.] સ્ત્રી એક જાતની ભાષા; પ્રાચીન રોમની ભાષા; લૅટલિની ભાષા. તે ઉત્તમ વર્ગની ભાષા ગણાય છે

લેઠું વિ. અસંસ્કારી; ગામડિયું; નિરક્ષર.

લેડ્રિન [અં.] ન. પાયખાનું.

લેડ ૧. [અં.] સ્ત્રી. સીસાની જાતની ધાતુ. તે બીજાં ઓગળવામાં અટકળો ઊંચાનીચા થતા અટકાવવા માટે વાપરવામાં આવે છે.

૨. ન. સીસું.

લેડી ૧. [અં.] સ્ત્રી. સન્નારી; માનુ; માનવંત બાઈ. આ શબ્દને હિંદુ મગજનમાં સ્થાન છે કે, દેવી અને આર્યા શબ્દમાં જે પ્રૌઢતા છે તે લેડી શબ્દમાં નથી, કેમકે લેડી શબ્દ એસ્ટોમેકશન શબ્દ છે અને તે લાડિજ એટલે રોટી કે લોટ મસળનાર શબ્દ ઉપરથી થયો છે

૨. સ્ત્રી. સરની પત્નીનો તેવો ઇલકાબ.

લેડી ડોક્ટર [અં.] સ્ત્રી. બાઈ ડાક્ટર.

લેણ ૧. ન. ત્રિલીદંડાની રમતમાં બે માટે વપરાતો શબ્દ. તે ગનકી શબ્દ પરથી બનેલ છે.

૨. ન ત્રિલીદંડાની રમતમાં વકટ પડીનો દાવ; રેટ; લંડ.

૩ ન. લેવું; માગવું; લેવાનું તે

૪ વિ. લેનાર. એ અર્થમાં શબ્દને છેડે વપરાય છે. જેમકે, ઋણલેણ.

લેણદાર ૧. પું. લેણાવાળો; કરજે આપેલું પાછું લેવાનો હકદાર માણસ.

૨. વિ. માગનાર; આપેલું પાછું લેનાર; લેણિયાત.

લેણદેણ ૧ સ્ત્રી. લેવડદેવડ; લેણાદેણી

૨. સ્ત્રી. નાણાં આપવા લેવા સંબંધીનો વ્યવહાર; લેવડદેવડનો સંબંધ.

૧. લેણદેણ કરવી = (૧) ધંધો કરવો (૨) વ્યવહાર કરવો.

૨. લેણદેણ ન હોવી = સંબંધ ન હોવો

૩. લેણદેણ બંધ કરવી = નવો બંધ કરવો

લેણનહાર વિ. લેનાર; લેવાની મુખ્ય રાખનાર; મેળવવાને આતુર.

એ બાલકે તજ માંડયું અપરપાર
એ ઇંદ્રાસનનો **લેણનહાર**. તુલસી

લેણવેચ જુઓ લેણવેચાણ.

લેણવેચાણ ન. આપલે. લેણવેચ; વેચાણસાટાણ; લેવડદેવડ.

લેણાદેણી ૧. સ્ત્રી લેવડદેવડનો સંબંધ; લેતુદેતુ; લેણદેણ.

૨ સ્ત્રી. લેવાદેવાનો પૂર્વ સંબંધ; ઋણાનુબંધ; પૂર્વ જન્મનું માગતું આપવાનું કે લેવાનું હોય તેવો સંબંધ.

લેણાદેવી જુઓ લેણાદેણી.

લેણિયાત ૧. પું. આપેલું પાછું લેવાનો હકદાર તે; લેણાવાળો; લેણદાર.

૨. વિ. માગનાર; ધીરનાર; આપેલું પાછું લેનાર.

લેણિયાત જુઓ લેણિયાત.

લેણી ૧. સ્ત્રી. ભેટ; બક્ષિસ.

મંગલ લાવે લેણી નાર. દયારામ

૨. સ્ત્રી. રાસડામાં એક સ્ત્રી ગાય પછી બીજી સ્ત્રીઓ ઝીલે છે તે.

હું લેણી ઘરે વનિતા-પરવાન. પ્રેમાનંદ

લેણીદેણી જુઓ લેણાદેણી.

લેણું ૧. ન. આ જન્મનું અથવા પહેલા જન્મનું માગતું તે; આપેલું પાછું લેવાને હોય તે; દેવાંથી તદ્દન લહેણું; ધીરેલું તે; માગણું; કરજે આપેલું નાણું પાછું લેવું તે.

લેણું દેણું લાખ રૂપું ન હોજો કોકનો = આપણું કોઈ પાસે લેણું હોવું એ સારી વાત છે પણ માથે કરજ હોવું બહુ ખરાબ છે.

૨ ન. બીજાના પાસેથી લેવાનો સંબંધ; મુસંબંધ; મુખ થાય તેવો સંબંધ કે ભાવ; લેણાદેણી, પ્રીત; ગાઢના; ઋણાનુબંધ જેવો સારો સબંધ

લેણુંદેણું જુઓ લેણદેણી.

લેત ૧. પું. આલક; લેનાર.

૨ પુ; ન. આંસુ

લેતરી ૧. સ્ત્રી. મોસમ; કામની ખરી તક; કામનો સમય.

૨. સ્ત્રી. લેવાની ક્રિયા; લેવું તે; ટાપુ; લેવાલી. (ગ.ગમઠાઈ ખેતીમાં, વેરો, કસુંબરી, સુખડી, જ્ઞાત, કુંવરબેચરો, વિવાહવધારો, શાદી, ગમી, ચુંગી, માપલું, ફેરી, ગપટી, મૂઠી, ખોખો, ખોખો વગેરે લેતરીઓ લેવાય છે.

લેનલ વિ. લેનાર; લેવાવાળુ.

લેતાકુ સ્ત્રી. એકદમ ઊતાવળે ક્રમ કરવા દેવાની વ્યાકુળતા, ભયભરી ગભરામણ, લેમલ; હડબડોય.
લેતાકુ થવી = (૧) ખૂબ મજારામણ થવી. (૨) બારે મુસ્કેલી આવવી

લેતીદેતી સ્ત્રી. લેવડદેવ; લેવુદેવું; વેપારમાં આવની લેવડદેવડ.

લેપ ૧ [સં.] પું. લોહાનો ઘાટ ઊતારવાનો સપાટો.
૨. પું. હાથીદાંત અને હાડકાં વગેરેનો ઘાટ ઊતારવાનું યંત્ર.

લેપડ [સં.] ન. ચામડું.

લેપડકલોથ [સં.] ન. ચામડાં જેવું સુતરાઉ જાડું કપડું તેના ઉપરથી પાણી સરકી પડે છે.

લેન ૧. સ્ત્રી. કવિતાની કડી
ચિરોધમાં જાહ.ગીરના સિંહ પર એક ફારસી લેન અપેક્ષી છે. મુ. સા. પરિષદ
૨. સ્ત્રી. ગિલ્લીદાંડાની રમતમાં વાટ પછીનો દાવ; રૈંદ; લેક; લંબુ. તેમાં હાથમાં બોર્ડ એક છેડેથી પકડી તેમાં બીજેથી દંડો મારી, બોર્ડને ઘૂમરી ખવડાવી, નીચે પડ્યા ન દેતાં અદ્ધર જ મારીને ફિલ્ડમાં આવે છે. આ શબ્દ કાનડી ભાષાના શબ્દ રૈંદ પરથી આવેલ છે અને તેનો અર્થ બે ગ્રેરો થાય છે.
૩. [અ. લાઈન] સ્ત્રી. કાર; પંક્તિ.

લેનાદ્રિ ન. એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન. ત્યાંનું ગણપતિનું મંદિર પ્રખ્યાત છે.

લેનાર વિ. સ્વીકારનાર; ગ્રહીતા.

લેનિન પું. એ નામનો એક રશિયન ક્રાંતિકારી વીરપુરુષ. તેણે પરદેશમાં જેવાં એવાં જ ક્રાંતિની દોરવણી આપીને સમગ્ર જનવાની હાકલ કરી હતી. તેણે ઝારશાહી સામે જાતનો પોકાર્યો હતો અને ક્રાંતિદળો એકઠાં કર્યાં હતાં. તેની મદદથી તેણે ઝારના શીત મહેલનો કબજો લીધો અને જમીનદારો તથા મૂડીવાદીઓને ખતમ કર્યા. રશિયામાં સોવિયેટોની સત્તા સ્થાપી અને તેની રાહબરી નીચે જગતમાં પ્રથમ કામદાર કિસાન રાજ્યનાં મંડાણ થયાં. પ્રતિક્રાંતિને તરકાળ દાબી દેવા સૈનિને કડક પગલાં લીધાં. તેણે યુદ્ધવિરામની જાહેરાત કરી, સર્વ રાજ્યકીય સત્તા સોવિયેટોને સોંપી. મોટા ઉદ્યોગો રાજ્ય હસ્તક લીધા. જમીનની ખાનગી માલિકી રદ કરી. જેડોનું રાષ્ટ્રીયકરણ કર્યું. ક્રાંતિ અને ધર્મને કારણે મુકાયેલા પ્રતિબંધો અને સ્ત્રીપુરુષ વચ્ચેના સામાજિક ભેદો નાબૂદ કર્યાં. નાગરિકોની સમાનતા જાહેર કરી. આમલી સરકારનાં દેવાં રદ કર્યાં અને લાલસેના તથા નૌકાદળની સ્થાપના કરી. તેણે પિતૃ દેશની રક્ષા કાજે સર્વસ્વનું બલિદાન દેવાની રૂસી જનતાને હાકલ કરી. આજ સમયે લાલ સેનાનો જન્મ થયો તેમાં કામદારો એને કિસાનો હજારોની સંખ્યામાં જોડાયા. તેણે ધર્મ અને શિક્ષણનો એક નૂતન મંત્ર આખા રાષ્ટ્રને આપ્યો રાષ્ટ્રે આ મંત્ર ઝીલ્યો. અને રાષ્ટ્રના અર્થકારણને સમાજવાદી ધોરણે પુનઃ સંગઠિત કરવાનો પ્રારંભ થયો.

લેનોલિન સ્ત્રી. ઘેટાની ગામડીમાંથી નીકળતી પીળાશ પડતી ચરબી જેવી વસ્તુ.

લેન્સ ૧. [સં] પું કેમેરામાં છબી પાડવાનું મુખ્ય સાધન.
૨. પું. નેત્રગોળમાં આવેલો સ્ફાટિક રૂપ રસ. તે કનીનિકાની પછવાડે તથા કાચરૂપ રસની આગળ આવેલ છે. તે સ્થિતિસ્થાપક અને પારદર્શક પડમા વીંટાયેલ છે. લેન્સ આગળ પાછળ બંને બાજુ બાજુમોળ છે અને પછવાડેનો બાજુમોળાકાર આગળના બાજુમોળાકારથી વધારે છે. તેના પરિઘની કોર બારીક તથા ચપટ હોય છે અને લગભગ પહોળાઈ કે ઉંચ તથા જાડાઈ કે ઉંચ છે. તેની બારે તરફ એક બંધ આવેલો છે તેને લીધે તે નેત્રપટથી જોડાયેલ રહે છે અને તેનું સ્થળાંતર થતું નથી.
૩. પું. સામેથી આવતાં કિરણોને અંદર લઈ વાંકા વાળી એક જ બિંદુમાં મેળવે તેવી ચોક્કસ વક્રતાની અને માપની બેસાડેલ કાચ.

લેન્સેટ [અં.] ન. ફોળા ફાંકવાનું એક જાતનું અણીદાર શસ્ત્ર.

લેપ ૧. પું. ભોગ; ભોજન.
૨. પું. ચાપડવાનો કે ખરડવાનો ઢીલો પદાર્થ; લોટપું; મલમ; મર્દનદ્રવ્ય. લેપના બે ભેદ છે આલેપ અને પ્રદેહ. બીના ભેદના ચામડા જેવો, સીતાફ, પાતળો અને જલદી સુકાઈ જાય તે આલેપ અને ઘાટો, ગરમ તથા લાંબે વખતે સુકાય તે પ્રદેહ કહેવાય છે.
લેપ લગાડવો-લગાવવો = મલમ લગાવવો.
૩. [સં. લિપ્ (ચોપડવું)] પું ભીંતો પાણીમાં ભળેલા દ્રવ્યનું લીંપણ; ભરડ: ઢીલા પદાર્થનો પાતળો થર; લપેડો.
૪ પું. ડાઘ; કલંક.
૫. પું. નૈતિક અશુદ્ધિ; પાપ.
૬. પું. પિતૃઓને આપેલા પિંડનો રોષ
૭. પું. પીઠી ચોળવી તે.
૮. પું. પ્લાસ્ટર; ચૂનો મારવો તે.
૯. પું. લીંપવું તે.
૧૦. પું. લેપાવું તે; આસક્તિ.
૧૧. સ્ત્રી. એ નામની એક જાતની માછલી. તેને અંગ્રેજીમાં સોલ કહે છે. તે બે પડવાળાં મૃદુકાય પ્રાણીઓનો શિકાર કરે છે.
૧૨. [અ.] સ્ત્રી. ઘરપમા વસતી એક જાત.
૧૩. ન. એ નામની જાતનું માણસ.
૧૪ વિ. એ નામની જાતનું.

લેપક ૧. પું કડિયો
૨. પુ. નમૂનો બનાવનાર; શિલ્પી.
૩. પું. લેપ કરનારો માણસ.
૪ [સં. લેપ + કૃ (કરવું)] વિ. લેપ કરનાર; લીંપનાર.

લેપચા ૧. સ્ત્રી. આસામ અને દાર્જીલિંગમાં વસતા લોકોની એક જાત. તેઓ ચેપી રોગથી મર્યા ન હોય તેવાં ઢોરનું માંસ ખાય છે. તેઓ કદાવર અને મજબૂત બાંધાના હોય છે.
૨. સ્ત્રી. નેપાલમા બોલાતી એ નામની ભાષા.

લેપટા સ્ત્રી એ નામનો કરિયાર જીવ. તે ખાવામાં વપરાય છે.

લેપટી જુઓ લેપડી.

લેપડી (લેપડી) ૧. સ્ત્રી. માટો લેપ માર્યો હોય તે.
૨. સ્ત્રી. ઘરદ ઉપર લગાડવાની કે મૂકવાની લૂગદી; લોંદા જેવી દ્રવ્યની લૂગદી; લોપરી; પોપલી; પોટીસ.
૩. સ્ત્રી. નાનો લેપ.

લેપડુ (લેપડુ) વિ. લપ પડે તેવું; ગલેપડું; ખોટો દાવ કરનારું; ગળે પડનાર.

લેપડું (લેપડું) ૧. ન. છાપરું.
૨. ન. બોર્ડ ન ઊડવાથી તેને બોલ સરસો દંડો મારવો તે; થાપટ.
૩. વિ. લપેડું; ચોપડું; લપ ન છોડે તેવું.

લેપડો (લેપડો) [સં. લિપ્ (ચોપડવું)] પું. પોપડો; પપડો; પર.

લેપન ૧. પું. એક સુગંધી દ્રવ્ય.
૨. ન. ચિત્ર; ચિત્રણ; રંગકામ; ચિત્રકામ.
૩. ન. રોગો; પોળના આટેનો ચૂનો.
૪. [સં. લિપ્ (ચોપડવું)] ન. લેપ કરવો તે; લગાડવું કે ચોપડવું તે; ઢીલા કે ગાઢા પદાર્થનો પર ચડાવવો તે; લેપ; ભરડ, મર્દન; લીંપવું તે; ભાર; લીંપણ.
૫. ન. લેપાવું તે; આસક્તિ.

લેપરડો (લેપરડો) કુ. લપેડો.

લેપરાવેઠા (લેપરવેડા) પું. બ.વ. ચીકણાઈ; સામું ચોટવું તે.

લેપરું વિ ચીકણું; સામુ ચોટવું.

લેપવું ૧. સ કિ. ઓળંગવું; કૂદી જવું.

૨. સ. કિ. દાઝવું.

૩ [સં લિપ્ (લેંપવુ)] સ. કિ લગાડવું; ચોપડવું, લંપિવું, ગાઢા કે ઢીલા પદાર્થનો થર ચડાવવો; થેપવું

૪ સ કિ. લગાડવું, વળગવું; ચોટવું

કર્મોના ફળમા સ્પૃહા નહિ મને, લેપે ન કર્મો મને; આવું જે જન જાણે રીતથી મને, કર્મે ન બંધાય તે.

ગીતાપંચામૃત

લેપળી વિ. લેપડા; ઢીલા કરનારું

સાળ્યા જાય સુનાજ, જે શાને સમજે નહિ; કેટો કેરથી બાય, બાઈના **લેપળા** ના ઘતો

ગોકુલ.હિત્ય

લેપાવવું ૧ સ કિ. લગાવવું

૨ સ કિ. લીંપણ વગેરે કરવું; ચોપડાવવું.

૩ સ કિ. ઓટાડવું.

૪ સ. કિ. સબંધ કરાવવો.

લેપાવાપણું ૧. ન અસર તળે આવવાપણું; સસર્ગમા આવવ.પણું.

૨. ન. અટકાવ.પણું.

૩. ન. નમળાઈ; અપૂર્ણતા.

લેપાવું ૧ અ. કિ. અસર થવી; લાગવું.

૨. અ. કિ. દઝા.ઈ જવુ.

૩. અ. કિ. રાગમાં પડવું; આસક્ત થવું.

જેને બ.વ કંઈ પ્રેમ ન નથી નહિ **લેપાય** જેની મતિ; આ લોકો હણતા લગાર ન હણે બંધાય તે યે નહિ.

ગીતાપંચામૃત

૪. અ. કિ. લીંપણ થવું; ચોપડાવું.

લેપી ૧ વ્. કડિયો.

૨. વિ. લીંપનાર; ચોપડનાર.

લેપો વ્. લપેડો; થપેડો.

લેપ્પા પું. ચીનમાં ચાલતાં નાણાંનો સિક્કો

૧૦૦ લેપ્પા = ૯ રૂપિયા.

લેપ્ય ૧. ન. પદાર્થ તે; નમૂનો બનાવવો તે

૨. વિ. ચોપડવા, યોગ્ય; લેપન કરવા યોગ્ય; લેપનીય.

લેપ્યમય વિ. સુખડ, ચંદન, કેસર વગેરેથી પૂજેલ કે લેપ લગાડેલ.

લેપ્યમયી [સ] સ્ત્રી. પૂતળી; ઢીંગલી.

લેપ્યા ૧. [સ.] સ્ત્રી એક પ્રકારની માટીની બનાવેલી પ્રતિમા.

લેપ્યા, લેપ્યા અને ધાતુમયી એમ ત્રણ પ્રકારની કૃત્રિમ પ્રતિમા થાય છે.

પંચાક્ષરમુક્તાવલી

૨. સ્ત્રી. ભંગારાની એક ભાષા.

૩. સ્ત્રી. સુગંધી દ્રવ્ય લગાડેલ સ્ત્રી.

લેપ્રસી [અં.] પું. પ્લેગનો રોગ, વાતરક્ત.

લેફો પું. પત્તા કે ભોડા વગેરેને વળગેલો કાદવનો ઓટો કે લપડો.

લેફ્ટ [અં] વિ ડાબુ, જમણાથી ઊલટું

લેફ્ટનન્ટ [અં] પુ મદદનીશ કર્મચારી જેમકે, લેફ્ટનન્ટ ગવર્નર, લેફ્ટનન્ટ કર્નલ વગેરે.

લેફ્ટનન્ટ કર્નલ [અં.] પું. લશ્કરનો એક અમલદાર; મદદનીશ કર્નલ તેનો દરજ્જો કર્નલથી ઊતરતો અને મેજર કરતાં ઊંચો છે.

લેફ્ટનન્ટ જનરલ [અં.] પું. સેના કે લશ્કરનો એક અમલદાર; સહાયક સેનાધ્યક્ષ. તેનો દરજ્જો જનરલથી ઊતરતો અને મેજર જનરલથી ઊંચો છે.

લેબર [અં.] સ્ત્રી. મજૂરી; મહેનત; શ્રમ.

લેબરર [અં.] પું. મજૂર; મજદૂર.

તેને કરપ સૌંદત્તમાં નૂકર, બૂમુ સૌંદિતામા કર્મકૃત્, મમસંહિતામાં કર્મી અને અમેરિકામાં **લેબરર** કહે છે. હિંદી સિદ્ધાન્ત

લેબલ [અં.] ન ચિઠ્ઠી પત્રી; પત્રિકા; ચબરખી; નામઠામવાળું પત્તું

લેબાસ ૧. પું. પહેરવા ઓઢવાની રીત કે ઢબ.

૨. [અ લબસ (તેણે ઢાંકીને કપડાંથી ઢાંકવું)] પું પોશાક, પહેરવેશ, લિબાસ; વેષ, પહેરવા ઓઢવાનાં વસ્ત્ર

લેબાસ પહેરવો – (૧) દેખાવ કરવો. (૨) પાઠ ભજવવો (૩) પોશાક પહેરવો

૩. પું. રૂપ; સ્વરૂપ.

લેબું વિ. અસ્વચ્છ; ગંદુ. ચોપડ.

લેબોરેટરી [અં.] સ્ત્રી પ્રયોગશાળા; વિજ્ઞાનના પ્રયોગો કરવા માટે જોઈતાં સાધનોથી ભરપૂર જગ્યા.

જેમ વધ વિજ્ઞાનની **લેબોરેટરી** જેટલું જ મોન્ટેસોરી સંસ્થાનું મહત્વ છે. વારાણસિ

લેભાગુ ૧. વિ. અહીં તહીંથી ચારકુ લઈને પોતાનું ભલું કરનારું.

૨ વિ જેને કંઈ સમજ ન હોવા છતાં વચમા વચમા ડહાપણ ડોળે આવી બોલે કે ડહાપણ કરે તેવા; મામિયું

૩. વિ. જ્ઞાન નહિ હોવા છતાં જ્ઞાનનો ડોળ કરનાર; ઉપરછલ્લા જ્ઞાનવાળું; દંભી; ડોળાધાપુ.

૪ વિ. કર્મને ન નડી જનાર; કર્મને ભાગી જનાર.

લેમન ૧. [અં.] સ્ત્રી ;ન. લીંબુના ફાડચાના જેવું એક ચિલાશવી પીણું.

૨. ન. લીંબુડીનું ફળ; લીંબું.

લેમનેડ જુઓ લેમન ૧.

લેમર [અં.] પું. એક જાતનું વાદરાને મળતું પ્રાણી. તે ઝાડ ઉપર રહે છે અને ફળફૂલ, પંદડાં, ઈંડાં, કીડી, કીડા, મકોડા વગેરે ખાય છે. સૌ પ્રથમ મડાગાસ્કર ટાપુમા તે જોવામા આવ્યું હતું.

લેમૂ ન લીંબુ

લેમૂક ૧. સ્ત્રી. ઉપાડમેલ; લેવું અને મૂકવું કે ઊંચકવું તે; લેમેલ

૨ સ્ત્રી. માંડખાંડ; જરૂ કરવું તે; માંડવાળ; બાધબોડ

૩. સ્ત્રી મૂંઝવણ; ગભરાટ.

લેમેલ ૧. સ્ત્રી ઊતાવળના ગભરાટમાં વારંવાર લેવું અને મૂકવું તે.

લેમેલ થવા = ઝોર્ડ કામ બગડી જવું હોય તે વખતે તૈયારી, તાકીદ કે ઊતાવળની માથે ગભરાટ થઈ આવવો.

૨. સ્ત્રી. જોખે લેતી વખતનો ગભરાટ કે મૂંઝવણ; મરવાની તૈયારીનો ગભરાટ કે મૂંઝવણ.

૩ સ્ત્રી. મરવાની તૈયારી; જોખે લેવાનો કે નાખવાનો વખત

લેય [સં.] વ્. સિદ્ધરાશિ

લેયણી સ્ત્રી. ખોડિયાની દાંડી તથા પત્ર.માં બરોબર મધ્ય ભાગમાં પીળા, લાલ અને વાદળી રંગના લીટા પાડી આંકા કરવા તે.

લેરખું (લેરખું) ૧. ન. લેરખું; ઝૂમખું; લૂમખું

૨. વિ. ઝોખીન; ઊલટાટ.

૩ વિ. હસમુખું; આનંદી; લહેરી; મોજીલું.

લેરખી સ્ત્રી. મંદ મંદ વાતો પવન.

લેરખું ૧. ન. પવનની લહેર.

૨. ન. ફૂલ, ફળ કે પાન વગેરના ભારથી નમીને પવનમાં ઝૂલી રહેલું ડાળખીવાળું ઝૂમખું; લૂમખું

૩. વિ. આનંદી; લહેરી.

લેરખો પું. પવનનો ઝીણો સપાટો.

લેલતુલકાદર [અ. લૈલતુલકદ્ર] સ્ત્રી. એક પવિત્ર રાત્રિ. આ રાત્રે જો ભક્તિ કરવામાં આવે તો તેનું પુણ્ય ૧૦૦૦ મહિનાની ભક્તિ જેટલું ગણાય છે આ રાત્રિ વરસમાં એક જ વાર આવે છે, તેથી તેની કદર કરવામાં આવે છે એ રાત કયારે આવે છે તેની ખબર નથી.

પરંતુ કેટલાક એમ માને છે કે રમજાન મહિનાની ૨૭મી રાત્રિ તે જ આ રાત્રિ છે. તે દિવસે કુરાનનું સ્વર્ગમાંથી અવતરણ થયેલું પણ મનાય છે. કુરાનમાં આ રાત વિષે એક અધ્યાય છે.

લેલરિયું ન. અડબડિયું. જોયું.

લેલા જુઓ લેલી.

લેલાટ [સ લલાટ] ન. કપાળ. (લા.) લલાટ.

અગર ચંદન પ્રભુ રેલાયાં **લેલાટ**,
એવળાં સવળા આત્મ પેહેરીયા છ. દયારામ

લેલાટબિંદુ ન. ચાંદલો.

લેલાઢ (લેલાટ) જુઓ લેલાટ.

લેલાડી (લેલાડી) સ્ત્રી. (રાનીપરજ) કાપડમાં કામણી અગર પાટીની ભીંતમાં આડું નાનું લાકડું નાખી વચમાં થાપી લક્ષ પાડિયા જેવો બનાવવા આગ.

લેલાડું (લેલાડું) ન. એક જાતનું પક્ષી. તે બે બે એવો અવાજ કર્યા કરે છે.

લેલાર વિ. લેલૂટ; લેલૂર; પુષ્કળ; બહુ; અતિશય; ભરપૂર; પાકું; વધારે

મંગળ ગાલ લાલી **લેલાર**. દયારામ

લેલાવટ ન. લલાટ; કપાળ; ભાલ; લેલાટ.

ભાલ, તિલક, **લેલાવટે** હરિને. પ્રાચીનકાવ્ય

લેલાવટી સ્ત્રી. કપાળ ઉપરના સ્ત્રીનું સેંથળ ભાગ.

લેલાણી સ્ત્રી. અબેરાઈ.

લેલિહ ૧. [સં.] પું. એક જાતના કૃમિ.

૨. પું. સર્પ.

આશીવિષ વિષધર કૃષ્ણાભિધ વિશેરાજ ભાલ,
મહી દર્પી નદિયા **લેલિહ** કેનવકાલ.
વિજળકવિકૃત

લેલિહા [સં.] સ્ત્રી. એ નામે એક મુદ્રા.

લેલિહાન ૧. [સં] પું. શિવ.

૨. પું સર્પ

લેલિહાની [સં] સ્ત્રી સાપેણ; નાગણ

લેલી ૧. સ્ત્રી. દરસી સહિતની એક પ્રસિદ્ધ માછલી; લપલા.

૨. સ્ત્રી બહુ બોલબોલ કરનારી છોકરી કે સ્ત્રી.

૩. સ્ત્રી. લાલ રંગની ચકલી, લેલુ નામક પક્ષીની માદા.

લેલીન વિ. તલ્લીન; મરગ્રગ; લીન; લેહલીન; એકાગ્રચિત્ત; તન્મય; લયલીન.

લેલીમજનું ૧. ન. બ. વ. લપલા અને તેનો આકાર મજનન.

૨ વિ ખેદાલ; દુર્જન; નિગુણ. લેલી નામની ખૂબસૂરત ઓરત ઉપર કોઈ કૈસ નામનો મરદ, મજનૂન એટલે દીવાનો થઈ ગયો હતો તે ઉપરથી આ પ્રમાણનું બોલાય છે.

લેલું ૧. ન. એક પ્રકારનું બે બે કરતું પંખી. આ પક્ષીઓ સમૂહચારી છે, એટલે પાંચ કે સાતના ટોળામાં જ રહે છે. એટલે જ હિંદીમાં તેને મતવાલું કહે છે. રંગમાં કાબર જેવું અને રંગે ભૂરું છે. તેનાં પીળાં ટીલાં હોય છે; ચાંચ, પગ અને આંખ પર પીળો રંગ હોય છે. તેનો ખોરાક મુખ્યત્વે જીવડા છે. બોટાદામાં ફાગણથી આસપાસ સુપેમાં લેલાં કાકમાં આખો માળો બાંધીને સુંદર ઘેરા આસમાની રંગનાં ૪થી ૪ ઈંડાં મૂકે છે. અહીં પણ તેઓની સમૂહબાજના તરી આવે છે. આખું ટોળું એક જ ઝાડમાં માળા બાંધે છે.

૨ ન. કોલ ભાગવાનું કઠિયાનું ઓજાર; લેલો.

લેલૂટ ૧. વિ. અતિશય; લબકૂટ; લેલૂર; લેલૂર.

૨. વિ. લેવા લંટવાની છૂટ હોય તેવું; નખલિયાતું.

૩. વિ. હદયને તૃપ્ત કરે તેવું. સંતોષકારક; પૂરતું.

લેલૂર ૧. વિ. ઊંચે ઘેરાયેલું; ઊંચેનું.

૨. વિ. સારે તરીકે ભગવું ને ખુલવું હોય તેવું; ખૂબ ઢાંકવું પહોળું ને મહોંમતું હોય તેવું; તંગ કે ટૂંકું પડતું નહિ તેવું

૩. વિ. લેલાર; પુષ્કળ; લબકૂટ; લેલૂટ.

૪. વિ. સંપૂર્ણ ભરેલ હોય તેવું; ભરચક.

લેલૂરા સ્ત્રી. ઉતારા.

લેલૂંઢ જુઓ લેલૂટ.

લેલૂંબ વિ. ફળથી ભરચક; ઝૂમઝૂમ.

લેલૂંબવું સ. ક્રિ. ફળફૂલથી લચકાઈ જવું.

સખી આંદરણે ભરપૂર, પદ્મા પેપૂંણી રે,
સખી નિત નિત આંકે નૂર લતા **લેલૂંબણી** રે
અખાનંદ

લેલેમજનું જુઓ લેલીમજનું.

લેલો ૧. પું કઠિયાનું ઓજાર; લેલું; ચુનાળું.

૨ પુ. લેલીનો નર.

લેવક [સં.] પું. એક પ્રકારનું ઘાસ.

લેવટા સ્ત્રી. એક પ્રકારની નાની માછલી તે કાદવવાળી જમીનમાં દર જેવું કરીને રહે છે. તે માછલીઓની આસપાસ પાણીમાંથી ભણકાર કાઢવા પછી તરત મરી જતા નથી.

લેવડાં ન. બ. વ. નાનાં માછલાં.

લેવટી જુઓ લેવટા.

લેવટું જુઓ લેવટા.

લેવડ (લેવડ) ૧. સ્ત્રી. ઉધાર લેવાનો વ્યવહાર; લેતુ કરવું તે.

૨. સ્ત્રી. માગણું; લેણું; લહેણું.

લેવડદેવડ (લવડદેવડ) સ્ત્રી. આપલેનો સંબંધ; ઉઠીનું લેવાઆપવાનો સબંધ; આપલેનો વહેવાર; લેખુંદન

લેવડાઉ (લેવડાઉ) વિ. ઉતાવળ; બબિચારી; લપટ.

લેવડવાયું (લેવડવાયુ) વિ. લેવડાવવાની કે તેડાવવાની ટેવવાળું તે બાળક માટે વપરાય છે.

લેવડાવવું (લેવડાવવું) ૧. સ. ક્રિ. અંદર કરાવવું.

૨. સ. ક્રિ. ઉતરાવવું.

૩. સ ક્રિ. ખરીદ કરાવવું.

૪. સ. ક્રિ. ખરડાવવું; ખાય તેમ કરવું.

૫. સ ક્રિ. પમડાવવું; ઠપકારવું.

૬. સ. ક્રિ. લઈ લે તેમ કરાવવું; ઉપાડવું; ઉઠાવરાવવું.

૭. સ. ક્રિ. લે, પારણ કરે કે મહે તેમ કરાવવું.

લેવડાવું (લેવડાવું) સ ક્રિ. લેવાનું; મહણ કરાવું; લઈ લવાવું.

લેવડી (લેવડી) સ્ત્રી. મીઠાઈ; મિષ્ટ વાની.

લેવડેવ જુઓ લેવડદેવડ.

લેવલ ૧. [અં.] ન. ઈંટિયા અને સુતારનું ઊંચી નીચી સપાટી જોવાનું એક ઓજાર.

૨. ન. રેલવે લાઈનને કઈ જેવી કરેલી ઊંચાણ, નીચાણ તથા સપાટી બતાવતી નિશાની.

૩. ન. સપાટી; સમતલતા.

૪. ન. સપાટીથી ગણતાં ઊંચાઈ.

લેવલ ક્રોસિંગ [અં.] ન. રેલવેના રસ્તા ઉપર ચઈને જતો પગ રસ્તો.

લેવલપટ્ટી સ્ત્રી. લેવલમાં હોવાની ખાતરી કરવા માટે કામની નળીવાળી પટ્ટી; લેવલ જોવાની પટ્ટી.

લેવલપાટલી જુઓ લેવલપટ્ટી.

લેવલમાપકયંત્ર ન. સપાટી માપવાનું યંત્ર; ' થિયોડોલાઈટ '.

લેવલિકા [સં] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

લેવાક ૧. ન. ખરીદી, લેતુ તે.

૨ ન લેણું

લેવાદેવા ૧. પું.; સ્ત્રી. વ્યવહાર; કામકાજ પરવા.

૨. પું.;સ્ત્રી. લાગતું વળગતું; આપવાલેવાનો કે બીજો કોઈ પણ જાતનો સંબંધ; નિસબત; લેવડદેવડ.

લેવાદેવા વિના = નાહક; જમણું; નકામું.

લેવાલ ૧. વ. ખરીદનાર માણસ. માલની ખરીદ કરનાર તે ખરીદનાર કહેવાય અને માલનું વેચાણ કરનાર તે વેચનાર કહેવાય. શેર બજારમાં તેને લેવાલ અને વેચવાલ પણ કહે છે અને ખરીદવાની તથા વેચવાની માગણીને લેવાલી અને વેચવાલી કહે છે

૨. વિ. લેનાર; ખરીદનાર; લેણ કરનાર.

લેવાલી સ્ત્રી. ખરીદી; બજારમાં ખરીદનાર હોય તેવી સ્થિતિ; વેચવાલી; બરાકો; અપતી; ઉપાડ.

લેવાલી રેવાકી સ્ત્રી. ખરીદી અને વેચાણ.

લેવાવું ૧. જા. ક્રિ. ખરીદ કરાવું.

૨. જા. ક્રિ. અસિવાણા પડવું; ઝાખા પડી જવું; ચારમાવું.

૩. જા. ક્રિ. નિરાશ થવું.

૪. જા. ક્રિ. લૂંટાવું; ખોવું હોય તેવી હાલતમાં આવવું.

૫. જા. ક્રિ. શરીરે સુકાવું; ચિંતા પડી જવું; ક્ષીણ થવું; કુમળા પડવું.

લેવાઈ જવું = (૧) અસિવાણા પડવું. (૨) શરીરે સુકાવું.

લેવી ૧. [અં.] સ્ત્રી. ગવર્નર વગેરે સરકારી મોટા અમલદારોના અર્થબ્રહેર મેળાવડા; દરબાર; સભા; રાજા કે ગવર્નરનો લોકને મળવાનો દરબાર.

હું લેવીમાંથી મેરહાજર રહું તોપણ મારે સોપારી પડે. ઝાંપીકા

૨. સ્ત્રી. કરજિયાત ઉઘરાણું; લાગો.

લેવું ૧. સ. ક્રિ. આપે કે કરે તેમ કરવું. જેમકે, કામ લેવું.

૨. સ. ક્રિ. ઉચ્ચારવું; બોલવું; રટવું. જેમકે, તેનું નામ ન લેશો.

નામ લેવું = (૧) ઉચ્ચારણ કરવું. (૨) ચીડવવું; સતાવવું.

૩. સ. ક્રિ. ઉધાર લેવું; કરજે કરવું.

૪. સ. ક્રિ. ઉતારવું; કાપવું. જેમકે, નખ કે વાળ લેવા.

૫. સ. ક્રિ. ઉપાડવું; સ્થળાંતર કરવું. જેમકે, ટેબલ પાસે લો.

૬. સ. ક્રિ. કીમત લેવી. જેમકે, આ કાલનું શું લીધું ?

૭. સ. ક્રિ. ખરીદવું; કીમત આપી કબજે કરવું. જેમકે, ઘોડો ક્યારે લીધો ?

૧. લઈ રાખવું = આગળથી લાવી મૂકવું.

૨. લેવા જઈએ ત્યારે લેવાઈએ = ધરાકને હમેશા ઉતરવાનું જ હોય છે.

૮. સ. ક્રિ. ખાવું કે પીવું. જેમકે અત્યારે દૂધ લેશો કે ચા ?

૯. સ. ક્રિ. જોવું; વળગવું.

૧૦. સ. ક્રિ. ગણવું; લેખવું; ધારવું.

મનમાં લેવું = (૧) ખોટું લગાડવું; અસર થવા દેવી. (૨) ગણવું; લેખવું; હૃદયમાં લેવું.

૧૧. સ. ક્રિ. ઊણપવું; રહિત કરવું; વિનાનું કરવું; પડાવવું. ખાવા, વખત, છત્ર, લાજ લેવા માટે વપરાય છે

લઈ લેવું = (૧) ઊંચકી લેવું. (૨) પકડી લેવું. (૩) બાધ લેવું (૪) પોતાની પાસે રાખી લેવું; સંગ્રહ કરવો. (૫) બચાવી પડવું. (૬) લૂંટી લેવું; ઝૂંટવી લેવું.

૧૨. સ. ક્રિ. ઠાંકવું; ખોખવું; ઉતારી લેવું જેમકે, તેમનું ઠેકાણું લઈ લો.

૧૩. સ. ક્રિ. તપાસ કરી સમજવું. માપ, તાગ અને અભ્યાસ માટે વપરાય છે.

૧. અભ્યાસ લેવો = (૧) કોઈ ઉપર વેર લેવું; વેર વાળવું. (૨) તપાસ કરવી. (૩) સંભાળ રાખવી

૨. માપ લેવું = (૧) દાઝ પીવો. (૨) માપવું

૧૪. સ. ક્રિ. ચખવવું. જેમકે, કાન લેવો.

૧૫. સ. ક્રિ. દોરવું; તેડી જવું; લઈ જવું. જેમકે, ભોકરાને સાથે લીધો

૧. લઈ આવવું = લાવવું.

૨. લઈ જવું = (૧) ઉપાડી જવું; તેડી જવું. (૨) ચોરી જવું. (૩) દોરવું.

૧૬. સ. ક્રિ. ચમકારવું; કપડે આપરો. જેમકે, તે આબ્યો કે તેને લીધો

૧. લઈ નાખવું = (૧) અણગમા કે અભરદસ્તીથી અલગ કરવું. (૨) કપડો આપરો. (૩) ચમકારી કાઢવું.

૨. લઈ મૂકવું = (૧) આક્ષેપ કરવો. (૨) આગળથી લઈ રાખવું. (૩) ખરાબ કરવું. (૪) હલીલમાં હરાવવું. (૫) ચમકારવું. (૬) નષ્ટ કરવું. (૭) પૂરું કરવું; સમાપ્ત કરવું.

૧૭. સ. ક્રિ. ધરવું; ઝાલવું; પકડવું; અટકવું; અલગ કરવું; સતાવું.

૧. લઈ બેસવું = (૧) આરંભ કરવું; માંડવું. (૨) બંતથી કામે વળગવું. (૩) મચરાવું. (૪) પચાવી પાડવું. (૫) ચકોરી લેવું; માની લેવું

૨. હાથમાં લેવ = (૧) કાબૂ કે નિયંત્રણમાં લેવું. (૨) પકડવું; ઝંપવું. (૩) મારવું. (૪) વશમાં કે તાબામાં લેવું.

૧૮. સ. ક્રિ. ધારવું કરવું. જેમકે, વેશ લેવો.

૧૯. સ. ક્રિ. પૂર્વ શબ્દથી સૂચિત થતી ક્રિયા બતાવવી. જેમકે. ઊંઘ લેવી, આશ લેવો.

૧. ખોળે લેવું = દત્તક લેવું.

૨. છત્ર લેવો = (૧) પત્નીને કાયર કરવું. (૨) મારી નાખવું.

૩. મન લેવું = બીજા માણસના મનનો ભેદ લેવો

૪. માથે લેવું = જોખમ કે જવાબદારી સ્વીકારવી; વહોરવું

૫. રડતો લેવો = જવું રહેવું; પલાયન થવું.

૨૦. સ. ક્રિ. બીજા ક્રિયાપદની સાથે આવતાં તે ક્રિયા પૂરી કરવી અથવા વહેલી પતાવવી તેવો અર્થ બતાવવો. જેમકે, ખા.ધ લ્યો

૨૧. સ. ક્રિ. ભાવ કરાવવો; કીમત નક્કી કરવી.

૨૨. સ. ક્રિ. ભેળવવું; મેળવવું; દાખલ કરવું. જેમકે, એ કામમાં એને ન લેશો

૧. અંદર–માં લેવું = દાખલ કરવું.

૨ લઈ–લેતા પડવું = (૧) મળે પડવું; સડોવવું. (૨) માની લેવું; વહોરી લેવું.

૨૩. સ. ક્રિ. માગવું; પૂછવું. આ શા, પરવાનગીને માટે વપરાય છે.

૨૪. સ. ક્રિ. માન્ય રાખવું; ટેકો આપવો. પક્ષ અને ઉપરાંત માટે વપરાય છે.

૨૫. સ. ક્રિ. રજૂ કરવું; ઉપાડવું. જેમકે, વાંધો લેવો; તકરાર લેવી

૨૬. સ. ક્રિ. વહોરવું. જેમકે, નિસાસા લેવા, હાય લેવી.

૨૭ સ. ક્રિ. સ્વીકારવું; કોઈ આપે તે પોતાની પાસે આવે તેમ કરવું.

૧. લેતો જા = ખાતો જા.

૨. લેવાનું દેવું થવું = (૧) બહુ જ કામ સમય આવવો. (૨) ભલાઈ કરતાં બૂરાઈ થવી. (૩) લાભને બદલે હાનિ થવી.

લેવું દેવું ૧. લેણદેણ; નાણાં આપવા લેવા સંબંધીના વ્યવહાર; લેવડદેવડનો સંબંધ.

૨. ન. લેણદેણી.

લેવેચ ૧. સ્ત્રી. આપલે; લેવડદેવ; લેણદેણ; લેવડદેવડ.

૨. સ્ત્રી. ખરીદી અને વેચાણ.

લેવેટરિ [અં.] સ્ત્રી. હાથ પગ ધોવાની ઓરડી.

લેવો પું. રાખ અને મીઠાનો બનેલ ચીમ્બો પદાર્થ. તે સોની લોકો ઘરેણાં ઉપરે છે.

લેશ ૧ પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. તેમાં ગુણને દોષરૂપ અને દોષને ગુણરૂપ વર્ણવ્યો હોય છે.

૨. પું નાનપ; ક્ષુદ્રતા.

૩. વિ. બહુ થોડો ભાગ; અલ્પ

૪. પું. વિભાગ.

લેશ શબ્દનો અર્થ વિભાગ થાય છે.

કાવ્યપ્રકાશ

૫. ન. નાટકનાં છત્રીસ અંદેનું એક લક્ષણ.

૬. ન (જૈન) સમયનું એ નામનું એક માપ.

૨ કલા = લેશ.

૭. વિ. અલ્પ; લવ; કૅર્ક; લગાર; થોડું; નાનું; જરાક.

૮. અ. જરાએ; લગીરેક; જરા; કિંચિત્.

૯. અ. તેપર.

લેશભાર જ. જરાપણ

ઃ અસલનો લેશભાર પણ બચાવ કરતો નથી. આનંદશંકર ધ્રુવ

લેશમાત્ર ૧. વિ. જરાક; જરાક જ થોડું; અલ્પાંશ; લવ; લગાર.

૨. અ. જરાક પણ; કિંચિત્; જરા.

લેશવિદ્યા ૧. સ્ત્રી. (વેદાંત) બીજી નાખેલા લસણવાળા વાસણમાં પાકેલા લસણની વાસની પેઠે રહેલ અવિદ્યાનો સંસ્કાર.

૨. સ્ત્રી. (વેદાંત) પ્રારબ્ધ એવા વર્તમાન દેહાદિ પ્રારબ્ધકર્મ સમાપ્ત થતાં લગી ચાલવા કરે, તેવા થવાના હેતુરૂપ વિક્ષેપ શક્તિનો અંશ; વિક્ષેપ શક્તિવાળું અજ્ઞાન.

૩. સ્ત્રી. (વેદાંત) પ્રારબ્ધકાર્યને સંપાદન કરવામાં કુશળ તેવી એક પ્રકારની અવસ્થા.

લેશ્યા ૧. સ્ત્રી. (જૈન) એકવીસ માઠનો એક ઔદયિક ભાવ; કષાયોદય રંજિત યોગપ્રવૃત્તિ કે પરિણામ; જે વડે જીવ આત્મા કે કર્મ સાથે લેપાય તે. તે ૬ આ પ્રમાણે છે: કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ. ઉત્તરાધ્યયન સૂત્ર પ્રમાણે લેશ્યાના અધિકાર બીજા આ પ્રમાણે છે: વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ, ગતિ અને આયુષ્ય.

ચાર ગતિઓ, ચાર કષાય, ત્રણ લિંગવેદ, એક મિથ્યાદર્શન, એક અજ્ઞાન, એક અસંયમ, એક સિદ્ધત્વ અને ૬ લેશ્યાઓ એ એકવીસ ઔદયિક ભે. તત્ત્વાર્થસૂત્ર

૨. [સં.] સ્ત્રી. પ્રભા; કાંતિ; તેજ.

લેષ્ટુ [સં.] પુ. માટીનું ઢેકું.

લેસ ૧. [હિ.] પું. ઘોડાના ઉપર લગાડવા માટે માટી અને ચૂનાનું મિશ્રણ કે પ્લાસ્ટર.

૨. [અં.] સ્ત્રી. એક જાતની જરીની કિનાર; સોનેરી અથવા રૂપેરી જરીયે કે પટ્ટો.

લેસન ૧. [અં.] ન. પાઠ; બોધ; શિખામણ; પઢાઈપાઠ; સાર.

૨. સ્ત્રી. વિદ્યાર્થીએ ઘેરથી તૈયાર કરી લાવવાનું કામ કે અભ્યાસ.

લેસિક [સં.] પું. મહાવત; મહાવત.

લેસ્સો પું. દોરને પકડી ગાડીમાં જોડી દેવાનું દોરડું. તે લગભગ ૩૫ થી ૧૦૦ ફૂટ લાંબું હોય છે.

લેહ ૧. પું. ખાવું તે; આહાર; ભોજન.

૨. પું. અક્ષનો એક ભેદ. તેમાં પૃથ્વીની છાયા કે રાહુ, સૂર્ય કે ચંદ્રને ગ્રાસની જેમ ચાટતો હોય તેમ દેખાય છે.

૩. પું. ચાટણું; ચાટો; અવલેહ.

૪. [સં. સ્ત્રિ. (ચાટવું)] પું. ચાટવું તે.

૫. [હિ.] પું. લોધ નામનું વૃક્ષ.

૬. પું. રસ.

૭. પું. સ્વાદ લેવો તે.

૮. સ્ત્રી. આનંદ; લહેજત; મજા.

૯. સ્ત્રી. તલ્લીનતા; મગ્નપણું; તલ્લીનપણું; તાન; રાગ ધૂન; ધ્યાન; લગની

૧૦. સ્ત્રી. પ્રીતિ; સ્નેહ.

૧૧. વિ. ચાટનાર.

૧૨. વિ. સ્વાદ લેનાર.

લેહન જુઓ લેહ.

લેહરડી સ્ત્રી. લહેર; આનંદ; ખુશી

પ્રેમે પીવરે પૂરણું
મુખની લેહરડી ન માય. નરસિંહ મહેતા

લેહરા સ્ત્રી. નર્મદાને મળતી એ નામની એક નદી.

લેહરાસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક રમણીય સ્થળ. સ્થળથી બે માઈલ દૂર ભરૂચથી આવવા છે.

લેહરિયું ૧. ન. લેરિયું; ઓઢણીવાળું કપડું; લેરિયાવાળું વસ્ત્ર; લહેરિયું

૨. ન. ઓઢવાનું ચોટનું એક જાતનું ઘરેણું.

ઃ મોતીનું લેહરિયું વેપારી રે. પ્રેમાનંદ

લેહરું ન. મંદ પવન; વાયુની મંદ લહરી.

લેહર્લીન વિ. એકતાર; તલ્લીન; મશગૂલ, તદ્રૂપ.

લક્ષવેધી લેહર્લીન બાણનો,
પરખે પરખવ હાથે રે. નિરાંત

લેહવાવું અ. ક્રિ. સમજવું; ધ્યાન ઉપર આવવું; જણાવું

તે ચિત્ત આપણી ઊપરે જાઈ,
એમ નિજજ્ઞાન લહેવાય. ધીરા

લેહવું સ. ક્રિ. સમજવું; ધ્યાન ઉપર લેવું; જાણવું. પ્રા.રૂ

લેહા [સં. રેખા.] સ્ત્રી. (પ્રાકૃત) લીટી; રેખા.

લેહિણી [સં. લેખિની.] સ્ત્રી. (પ્રાકૃત) લેખણ; કલમ.

લેહિન [સં.] પું. ટંકણખાર; 'બોરેક્સ'.

લેહી ૧. સ. હાથની બહુ ઉપરનું એ નામનું એક ઘરેણું.

૨. [સં. લેહિન્] વિ. ચાટનાર.

૩. વિ. સ્વાદ લેનાર.

લેહુ ન. એક જાતનું હાસ્ય કરનું પક્ષી.

લેહું સ્ત્રી લેર; તાન; તલ્લીનતા; ચડસ; લગની.

હાંરે ચાલો ડાકોરમાં જઈ વસીએ;
મને લેહું લગાડી એ રસિયે રે.
મીરાંબાઈ

લેહેકો પુ. શરીરનો મોહક ચાળો; લહેકો; હાવભાવ.

લેહેજત ૧. [અ. સિદ્ધ્રુત] સ્ત્રી. મજા; મમત, આનંદ; મોજ.

૨. સ્ત્રી. રસ; સ્વાદ; મીઠાશ.

લેહેડો [અ. લહ્જહ] પું. આંખ મીંચાઈને ખૂલે તેટલો અલ્પ વખત; ક્ષણ, પળ; નિમેષ.

લેહેણદાર પું. લેણદાર, લેનાર વાળો.

લેહેંણું ૧. ન. ઓઢીની કોરી વસ્તુનાં એક પછી એક અક્ષરોનું છોડવું આપવું તે.

૨. ન. મજામું; લેખું, નામું.

૩. ન. લેખરેખ; લેખાજોખાં; અન્યાનુભવ.

લેહેરિયું ૧. ન. ઓઢણીનો કોરો સાલ્લો; લહેરિયું; લેરિયું.

મહારા અંગ્રી લાલ જો લેહેરિયાં જી.
દયારામ

૨ ન. ઓઢણાનું ચોટનું એક ઘરેણું.

લેહેલૂંબ સ્ત્રી. લગની.

તેની લેહેલૂંબે નરસૈંયો ડોબી રહ્યો.
નરસિંહ મહેતા

લેહેવું સ. ક્રિ. ખિલાવવું; ઓળખવું, મનમાં આણવું; લેહેવું

લેહેંચી સ્ત્રી લેંચી; પાતળી અને મુંજાણી જે પડવાળી રોટલી

લેહ્ય ૧. [સં.] ન. ખોરાક.

૨. ન. ચાટવા યોગ્ય પદાર્થ; ચાટણ; અમૃત; અવલેહ.

૩. વિ. ચાટવા યોગ્ય; ચટાય તેવું.

૪. વિ. સ્વાદ લેવા યોગ્ય.

લૅંકવું ૧. અ. ક્રિ. મૂકવું, અટકવું; ઠોલવું; લટકવું.

૨. અ ક્રિ. ફરફરવું.

૩. અ. ક્રિ. મગેડે ચાલતાં અથવા હિલચાલ કરતાં શોભવું કે સુંદર લાગવું. લહેકવું.

જેવી લીલી લટકો લૅંકે. રઘુપતિરામ

લૅંકાવવું ૧. સ. ક્રિ. તાણી કે લટકાવીને ઝોલવું; દોર ઉચ્ચાર ભાગ તેમ ખેંચીને ઉચ્ચાર કાઢવો; લેખો કરવો.

૨. સ. ક્રિ. ધ્રુજાવવું, ફરકાવવું, હલાવવું.

૩. સ. ક્રિ. લહેકાવવું; ઝુલાવવું; વીંઝવું; દિલોળવું, દીયોળવું.

લકાવું ૧ અ ક્રિ. ખસડાતા ચાલવું; શરીરમાં કાંઈ ખોડ હોવાના કારણે કાંઈક મરોડ સાથે ચાલવું; લસડાવું.

૨. અ. ક્રિ. લેંકાવ તેમ થવું.

લૅંકો ૧. પું. ચાળી ચાળીને ડહાપણના બોલ બોલવા તે.

૨ પું. દીર્ઘ ઉચ્ચાર થાય તેમ ખેંચીને બોલ કાઢવો તે.

૩. પું. કહેણ; કાલવા ચાલવાની રીત; હાથ વગેરે અવયવ દિલોળા કે લાંબા ટૂંકા કરીને ચાળો કરવો તે; લટકો; મરોડ.

લૅંકો કરવો = હાથ વગેરે અવયવનો મરોડ કરવો.

લૅંગુ ન. ચીચોડાના બાઠના બે લાકડાં જોડનાર લાકડાની ચીપ

લૅંગો જુઓ લેંબો.

લૅંબાવું સ. ક્રિ. જરાક પગે ઓડાવું; લંગડાવું; પગ જરાક ખૂડો પડવો; લંગડા ચાલવું.

લૅંબી સ્ત્રી. બાળાની સુંવણી; ચોરણી; નાનો લાંબો; નાની પાટલૂન.

લૅંબું વિ. જરાક બાંકા જેવું; અદકપાંસળા જેવું; માલાક ને તેજસ્વી નહિ તેવું; કાબારેલું; બોળુ

લૅંઘો ૧. પું. કમરથી ઘૂંટીએ પહોંચી રહે તેવુ પુરુષ કે જેનું કમરે પહેરવાનું શીવેલું કપડું; ચોરણો; સુરવાળ; મોટું સુથ્થણ; પાટલૂન; મોટી મલ્લર કે લેંથી

૨. વિ. પું. ઢીલો લુચ્ચો; કડકાઈ કે ખુમારી ન હોય તેવો.

લૅંચી સ્ત્રી. પાતળી ને કુમળી જેપડી રોટલી; મોટી સુવાળી પાતળી રોટલી; પોળી

લૅંડ ૧ સ્ત્રી. ગિલ્લીદંડાની રમતમાં જે નીચી સંખ્યા સૂચક શબ્દ. તે કાનડી શબ્દ પરથી બનેલ છે.

૨. સ્ત્રી. ગિલ્લીદંડાની રમતમાં વાટ પછીનો દાવ; રેટ; લેણ. તેમાં બોકનિ દાંડિયો મારી હવામાં થોડી ઉછાડી બીજો ફટકો મારવામાં આવે છે

૩. ન. લીંડું; મ ૮

લૅંડાડો (લેંડ્રો) પું. ડાગડો

લૅંડી ૧. સ્ત્રી. એ નામનું મોટું ઝાડ. તેનાં પાંદડાં ઉમરાનાં પાંદડાં જેવાં હોય છે. તે ચૂનામાં વગેરે ઉપર દવાના કામમાં આવે છે. તેનું પંચાંગ ચૂર્ણ પા ઉપર ક્ષારનો કરે છે

૨. સ્ત્રી. લીંડું; મળ.

લૅંડો [અં] સ્ત્રી. આર પૈડાવાળી ગાડી.

લૅંપ [અં.] પું.; ન. દીવો.

લૈખિક [સં.] પું. ડોનરેલ લેખ વાંચનાર કે ઉકેલનાર માણસ.

લૈન્ય [સં] ન. દીનપણું; ગરીબાન હોવાપણું.

લૈયો પું. લહિયો; લેખક; નકલ કરનાર માણસ; પુસ્તકોના ઉતારા કરવાનો ધંધો કરનાર માણસ.

લૈંગ ૧. [સં.] ન. ઓકાર સાહેનું અક્ષિયારમું મહાપુરાણ.

૨. વિ. લિંગ સંબંધી; લિંગનું.

લૈંગિક ૧. [સં.] પું. આકૃતિઓ કે મૂર્તિ બનાવનાર શિલ્પી.

૨. પું. વૈશેષિક દર્શન અનુસાર અનુમાન પ્રમાણ; લિંગ દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન.

૩. વિ. જનનેંદ્રિય સંબંધી.

૪. વિ. લિંગ વગેરેથી કરેલ કે અનુમાન કરેલ.

લૈંગી સ્ત્રી. સિંગિની વૃક્ષ

લો ૧. [અં.] પું. કાયદો

૨. પું. ગરબાની લીટીને છેડે લોલને બદલે આવતો શબ્દ

નરસિંહ મહેતાએ રચેલા ગરબાના અંતભાગમાં પણ લોલ શબ્દને બદલે હો શબ્દ વાપરેલો જણાય છે. વસંત

૩. પું. નરબ્રહ્મનો બ્રહ્મનારાયણ પ્રલય. જેમકે, પ્રલો

૪. વિ દબકુ; ઉતરતુ

લોબ્બર [અં.] વિ. નીચી પંક્તિનું; તાબાનું.

લોઈ ૧. [હિ.] સ્ત્રી. એક પ્રકારની પાલખી; કામળા; ઊનનું કાપડ. તે પાતળા ઊનની બનાવાય છે અને પાલખી કરતાં વધારે લાંબી અને પહોળી હોય છે. તેની વણાટ બતારી હોય છે.

૨. સ્ત્રી. લૂગડાં કામળાની ગોળી; પિંડ; લૂગો.

૩ ન લોહી; રુધિર; રક્ત

લોક ૧. [સં.] સ. ક્રિ. બોલવું.

૨. સ. ક્રિ. જોવું

૩. સ. ક્રિ. પ્રકાશવું.

૪. સ. ક્રિ. જોખવું.

લોક ૧ [સં.] પું. કર્મોના ભોગવવાનાં મનાતાં જુદાં જુદાં વિશ્વના સ્થાન કે જગત. ઉપનિષદોમાં બે લોક માનેલા છે: આ લોક અને પરલોક. નિરુક્તમાં ત્રણ લોકનો ઉલ્લેખ મળે છે: પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક અથવા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ. તે મહાભાહૃતિ કહેવાય છે. આ ત્રણ મહાવ્યાહૃતિઓની જેમ મહઃ, જનઃ, તપઃ અને સત્ય એમ બીજા ચાર શબ્દ છે. જે ત્રણે મહાવ્યાહૃતિઓની સાથે ગણીને સપ્તવ્યાહૃતિ કહેવાય છે. આ સાતે મહાવ્યાહૃતિઓનાં નામ ઉપરથી પૌરાણિક કાળમાં સાત લોકની કલ્પના થઈ તે આ પ્રમાણે છે: ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક . પાછળથી તેની સાથે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ મેળવીને ચૌદ લોક કરવામાં આવ્યા. આ પ્રમાણે ચૌદ લોક કે ભુવન માનેલા છે. સાંખ્ય અને વેદાંત પ્રમાણે લોક આઠ છે: બ્રહ્મલોક, પિતૃલોક, સોમલોક, ઇંદ્રલોક, ગંધર્વલોક, રાક્ષસલોક, યક્ષલોક અને પિશાચલોક.

૨. પું. ગોમ; જાતિ; વર્ગ. જેમ., ગોળીલોક, પોબીલોક.

૩ પુ પુલ્લી જગ્યા; અવકાશ

૪. પું. (પિંગળ) ચૌદ સૂચક સાંકેતિક શબ્દ. વાસ્તવિક રીતે લોક ચૌદ હોવાનું મનાય છે.

૫. પું. (જૈન) જે સ્થાનમાં જ પદાર્થ જણાય છે તે. લોકમાં અનંતાનંત પરમાણુઓ વગેરે જ એ દ્રવ્યો છે, તે બધી ચીજોનિશ્ચયથી એકત્વનિશ્ચયને પ્રાપ્ત છે.

૬. પુ. (જૈન) જેમાં ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો સ્થિત છે તે આકાશદ્રવ્ય

૭. પુ. જોવું તે.

૮. પું. તર્કશક્તિ અને બુદ્ધિવાળાં પ્રાણીઓથી વસાયેલો દેશ, ભૂમિ, ખંડ, વગેરે.

૯. પું. (પિંગળ) સાત સૂચક સાંકેતિક શબ્દ. વાસ્તવિક રીતે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ જેમ ત્રણ લોક મનાય છે.

૧૦. પું. દીપવું તે.

૧૧. પું. દુનિયા; આલમ; આલમ; મૃત્યુલક્ષ સૃષ્ટિ; સંસાર; જેમાં પૃથ્વી પાણી વગેરે જીવો જોવામાં આવે છે તે.

૧૨. પું. દશા; દેખાવ.

૧૩. પું. નહિ જાણીતાં વસતિમાંનાં માણસ; જન; સમાજ; જનતા; જનસમૂહ.

૧૪. પું. પ્રજા; રૈયત.

૧૫. પું. પ્રાણીની વસતિવાળો આકાશસ્થ જ્યોતિ.

જે આકાશસ્થ જ્યોતિ ઉપર પ્રાણીઓની વસ્તીઓ છે તેને આપણે લોક કહીએ.

જ્યોતિર્વિલાસ

૧૬. પું. માનવ જાતિ; માનવ; માણસ.

૧૭. પું શરીર.

આત્મજ્ઞાની ધીરે સર્વે છતીને વિષયેન્દ્રિયો, પામે આ લોકથી છૂટી સદા અમૃત ભાવ તે.

ગીતાપંચામૃત

૧૮. પું. (પિંગળ) સાત સૂચક સાંકેતિક શબ્દ. સ્વર્ગ, મૃત્યુ, પાતાળ, મહઃ; જન, તપઃ અને સત્ય જેમ સાત લોક મનાય છે.

૧૯. પું સામાન્ય ઉપયોગ; લૌકિક પ્રયોગ.

૨૦. પું. સામાન્ય જીવન.

૨૧. તું સૂર્ય આદિના પ્રકાશવાળું સ્થળ.

> મીઠા પાણીના સમુદ્ર પછી લોકાલોક નામનો પર્વત છે તેને લોક (તું સૂર્ય આદિના પ્રકાશવાળું સ્થળ) અને અલોક (સૂર્ય આદિના પ્રકાશથી રહિત સ્થળ) ના મધ્યમાં તેઓના વિમાનને વાસ્તે ઈશ્વર ફરતા મહનો ચેડે રાખેલ છે.
>
> ભાગવતી ભાગવત

લોકઅદાલત સ્ત્રી. પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી ન્યાય કચેરી

લોકઆળ ન. લોકો કે સાધારણ જનતાનો સારો અભિપ્રાય ન હોવો તે; લોકાપવાદ; લોક તરફથી મુકાતો દોષ

લોકકથા ૧. સ્ત્રી. લોકસાહિત્યમાંની કથા; લોકવાર્તા; કોઈપણ સાહિત્યમાંની વાર્તા; દંતકથા; જનવાર્તા.

> લોકકથામાં હંમેશા સત્ય વસ્તુસ્થિતિ જ હોય છે એમ માનવાનું કારણ નથી.
>
> ગુ. સા. પરિષદ

૨. સ્ત્રી. લોકોમાં પ્રચલિત વાત.

લોકકર્તા પું. દુનિયાનો સર્જનહાર.

લોકકર્મ [સં.] ન. જાહેર કાર્ય.

લોકકલ્પ ૧. [સં.] પું. દુનિયાનો ક્રમ.

૨. વિ. દુનિયાએ માન્ય કરેલ.

૩. વિ. દુનિયાને ગળતું.

લોકકલ્યાણ [સ.] ન. લોકોનું ભલું.

> લોકકલ્યાણ અર્થે કરેલી શારીરિક મજૂરી એ જ ખરો યજ્ઞ. ગાંધીજી

લોકકવિ [સં.] પુ. જનતાને રુચે તેવી કવિતા રચનાર કવિ.

> લોકકવિ તરીકે કબીર આ કાવ્યોથી ખૂબ જાણીતા થઈ ગયા છે. કૌમુદી

લોકકવિતા [સં.] સ્ત્રી. લોકોમાં પ્રચલિત કવિતા.

લોકકાવ્ય જુઓ લોકગીત.

લોકકાંત ૧. પું લોકોનો સ્વામી.

૨. [સં.] વિ. લોકોને પ્રિય; લોકપ્રિય.

લોકકાંતા [સં.] સ્ત્રી. ઋષભ ઔષધિ; ઋદ્ધિદ. તે પાસે રાખવાથી જગતમાં કે લોકોમાં કીર્તિ વધે છે એમ માનવામાં આવે છે.

લોકકૂત પુ. બકો.

લોકકૌતુક [સં.] ન. માણસો નવાઈ પામે તેવું કામ.

લોકક્ષોભ [સં] પું. લોકોમાં થયેલ ખળભળાટ.

લોકખંડ [સં] પું. અવાંતર લોક.

લોકગત [સં.] વિ. લોકોમાં પ્રચલિત.

> ધર્મોપદેશમાં લોકગત બાબતો સહુમોઁ સ્વામીનારાયણ સંપ્રદાયનું મૌલિક લક્ષણ છે. નાનાલાલ

લોકગમ્ય [સં] વિ. લોકથી જાણી કે સમજી શકાય તેવું.

લોકગાથા જુઓ લોકગીત.

લોકગીત ન. ગામડાં અથવા ભજનોના રૂપમાં આવિર્ભાવ પામેલું સાહિત્ય. તેમાં મંદિરો વગેરે ધર્મસ્થાનોમાં ગવાતાં ભજનો અને કીર્તનો તથા ભજનરસ, બોજારૂઢ વગેરે પ્રસંગે લેરીમાં ગવાતા વિનોદપ્રદ ગીતોનો સમાવેશ થાય છે. મરસિયા કે રાસડા વગેરે લોકપ્રચલિત ગીતો તથા ભાટ, ચારણ, વહીવંચા, મહંતોના કુલ, કવિત તથા રાસ જેવાં ઐતિહાસિક ગીતો પણ તેમાં સમાવિષ્ટ થાય છે. મારવાડ, રજપૂતાનામાં ગવાતા માંડ, મેવાડમાં ગવાતા મેવાડ, બનારસમાં વરસાદના દિવસોમાં ગવાતા કજરી, આગ્રા તથા મથુરામાં ગવાતાં રસિયા, બંગાળામાં એક જ ઢબથી ગવાતાં કીર્તનો અને ગુજરાતમાં ગુજરાતણોના ગરબા આ બધાં લોકગીતોના જુદા જુદા પ્રકારો છે.

> લોકગીતો એટલે સાહિત્યનું મૂળ ઝાડ.
>
> ગુ. સા. પરિષદ

લોકગ્રાહ્ય [સં] વિ. લોકોથી સ્વીકારી શકાય તેવું.

> કોઈએ પોતાની લિપિ સુધારીને તે વધારે આપક અને લોકગ્રાહ્ય બનાવવી જોઈએ.
>
> ગિરજા અને સાહિત્ય

લોકચક્ષુ ૧. પું. આકાશનો ચોક.

૨. [સં. લોક (જગત) + ચક્ષુસ (આંખ)] પું. સૂર્ય.

લોકચર્ચા સ્ત્રી. લોકવાણી; લોકવાયકા; અફવા; જપ; આમજપાટો; જનશ્રુતિ; જનપ્રવાહ; લોકોમાં ચાલતી વાત.

લોકચારિત્ર [સં.] ન. જગતની રીત; લોકરીત.

લોકછંદાનુવર્તી [સં. લોકછંદાનુવર્તિન્] વિ. લોકમત પ્રમાણે ચાલનાર

લોકજન પું. લોકો.

લોકજનની ૧. [સ.] સ્ત્રી. લક્ષ્મી; કમલા; શ્રી; રમા; ક્ષીરોદકન્યા.

૨. સ્ત્રી. લોકોની માતા.

લોકજાગૃતિ [સં.] સ્ત્રી. લોકોનું અજ્ઞાન દૂર કરી તેમને ખરી સ્થિતિનું ભાન કરાવવું તે.

લોકજિત ૧. પું. જગતને જીતનાર માણસ.

૨. પું. બુદ્ધદેવ.

લોકજિહ્વા [સં.] સ્ત્રી. લોકવાણી.

> લોકજિહ્વા આપે છે કે, બાદશાહનો મંત્રસિદ્ધિ જાણે છે. નાનાલાલ

લોકજીવન [સં.] ન. લોકનું કે સમાજનું જીવન; બહોળું જીવન.

લોકજ્ઞ ૧. વિ. પ્રજાકીય. જેમકે, લોકજ્ઞ પ્રધાન.

૨. [સં. લોક + જ્ઞ (જાણનાર)] વિ. લોકને જાણનાર; લોકની માહિતી ધરાવનાર; લોકમાન્ય.

૩. વિ. લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતું

લોકડાં (લોકડાં) ન.બ.વ. લોકડિયાં; લોકો; પ્રજા.

> જુએ અંગ લોકડાં હો. પ્રેમાનંદ

લોકડિયાં (લોકડિયાં) ન.બ.વ. લોકો; જનસમૂ...

> પ્રિયતમ પ્રિય જોઈ લોકડિયાં હસ્યાં રે. નાનાલાલ

લોકતત્ત્વ [સં] ન. મનુષ્યજાતિનું જ્ઞાન.

લોકતંત્ર ૧. [સં.] ન. અંતિમ સત્તા લોકોના હાથમાં હોય અને લોકોએ મોકલેલ પ્રતિનિધિઓ દ્વારા રાજ્ય ચાલતું હોય તેવી રાજ્યપદ્ધતિ; પ્રજાતંત્ર

> અધિકારી તંત્રને સ્થાને લોકતંત્ર સ્થપાયું નથી ત્યાંસુધી લોકહિતને અને લોકમતને જે માન મળવું જોઈએ તે મળવાનું નથી.
>
> ચંદ્રશંકર પંડ્યા

૨. ન. જગતની ગતિ.

લોકતંત્રવાદી વિ. રાજ્યમાં સત્તાની અંતિમ સત્તા લોકોને જ આધીન હોવી જોઈએ એવા મતવાળું; પ્રજાતંત્રમાં માનનાર; 'રિપબ્લિકન.'

લોકતુષાર [સં.] પું. કપૂર.

લોકત્રય [સ. લોક + ત્રય (ત્રણનો સમૂહ)] ન. ત્રિભુવન; સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એમ ત્રણ લોકનો સમૂહ.

લોકત્રયગુરુ [સં.] પું. ભૂદરપતિ.

લોકત્રયી જુઓ લોકત્રય.

લોકદંભક [સં.] વિ. સંસારી મનુષ્ય જાગળ પોતાની ભક્તાઈના ગપ્પાં મારનાર.

લોકદાઝ સ્ત્રી. લોકોની લાગણી; લોકોનું સારું નરસું જોઈ આવતી લાગણી.

લોકદ્રવ્ય [સં.] ન. (જૈન) જીવ, અજીવ આદિ પદાર્થનો સમૂહ.

લોકદ્વાર [સ.] ન. સ્વર્ગદ્વાર

લોકદ્વેષી [સં. લોકદ્વેષિન્] વિ. માણસ જાતનો ધિક્કાર કરનાર; જનદ્વેષ; વિશ્વશત્રુ.

લોકધર્મ [સં.] પું. લોકોમાં પ્રચલિત ધાર્મિક માન્યતા અને આચાર; લોકસ્વભાવ

લોકધારિણી [સં.] સ્ત્રી. પૃથ્વી.

લોકપોરણ ન. જૂના રીતરિવાજ.

લોકન ૧. [સં.] ન. દેખવું તે; અવલોકન કરવું તે.

૨. ન. પ્રતીતિ; ખાતરી.

લોકનાથ પું. પ્રાણિવૃન્દ.

લોકનાડી [સં.] સ્ત્રી. લોકોની લાગણી.

એ સરકાર લોકનાડી પારખી શકી નહિ.

અંબ અને અંબકાર

લોકનાથ ૧. પું. શુદ્ધ.

૨. પું. બ્રહ્મા

૩ [સં] પું. રાજા.

૪. પું. લોકપાળ.

૫. પું. વિશ્વનો સ્વામી.

૬. પું. વિષ્ણુ.

૭. પું. શિવ.

લોકનાભ [સં.] પું. વિષ્ણુ

લોકનાભિ [સં.] પું. લોકોની નાભિરૂપ મેરુ પર્વત.

લોકનાયક [સં.] પું. લોકોનો નાયક; આગેવાન; નેતા. લોકનાયક તે જ બની શકે કે જે લોકોની આવશ્યકતાઓને દૃષ્ટિમાં રાખીને લોકહિતને માટે તત્પર હોય અને જે સહુના સમન્વય કરી શકે. ૨. સમન્વય કરવાની શક્તિ તે વ્યક્તિમાં હોય કે જેનું દૃષ્ટિબિંદુ સંકુચિત ન હોય પણ વિશાળ હોય, ઉપરાંત તીવ્રનિરીક્ષણબુદ્ધિ, વિશાળ અભ્યાસ અને ગંભીર મનન તથા ચિંતન પણ આવશ્યક હોય છે. તે પોતાને પરોક્ષમાં રાખીને લોકોની ચિંતા કરે અને એવો વિશ્વાસ કાઢે કે જેનાથી બધાનું કલ્યાણ થાય.

લોકનાલ ન. (જૈન) લોકસ્વરૂપ.

જેમ પુરુષ બે હાથ કેડ પર પહોળા કરી ઊભા રહે તેમ લોકનાલ વિના લોકસ્વરૂપ જાણવું.

શ્રીમદ્ રાજચંદ્ર

લોકનાલી સ્ત્રી. (જૈન) લોકનાલ, સમગ્ર લોક; સંપૂર્ણ ચૌદરાજ પરિમિત લોક.

અનુત્તર વિમાનવાસી દેવો સંપૂર્ણ લોકનાલીને અવધિજ્ઞાનથી જોઈ શકે છે. તત્ત્વાર્થસૂત્ર

લોકનિયુક્ત [સં.] વિ. લોકોએ નીમેલું, પ્રજાથી નીમાયેલ.

આમ પ્રજાનું આપ્ત સાર્વજનિક દાનત મંદિર ભારતે સહકારથી અથવા લોકનિયુક્ત પંચ દ્વારા આજે એટલે ગ્રામદેવતા સંતુષ્ટ થઈને સર્વનું કલ્યાણ કરશે. કાલેલકર

લોકનિર્ભીરુતા [સં] સ્ત્રી. લોકાપવાદભયમુક્તિ; લોકોના અભિપ્રાયથી ન ડરવા રૂપ નૈતિક બળ.

લોકનિર્ભીકતા એમનામાં પુષ્કળ હતી.

પારિ. શબ્દ

લોકનીતિ [સં.] સ્ત્રી. જનનીતિ; લોકમર્યાદા.

લોકનીય [સં.] વિ. બોલવાલાયક; બોલવું સારું તેવું

લોકનૃત્ય [સં.] ન. લોકોમાં પ્રચલિત તથા બહુમાન પામેલું નૃત્ય.

લોકનેતા ૧. [સં. લોકનેતૃ] પુ. લોકનાયક; આગેવાન.

૨. પું. શિવ

લોકનેત્ર જુઓ લોકચક્ષુ.

લોકપ જુઓ લોકપાલ.

લોકપક્ષ [સં.] પું લોકોની તરફેણ; લોકોનો પક્ષ.

લોકપતિ જુઓ લોકનાથ.

લોકપતિત્વ [સં.] ન. રાજા હોવાપણું, લોકોનો માલિક હોવાપણું.

કલિંગે બૌદ્ધ ધર્મનો સંસ્કાર કરી પોતાનું લોકપતિત્વ સિદ્ધ કર્યું. કાલેલકર

લોકપથ [સં.] પું સામાન્ય માર્ગ; જનસામાન્ય માર્ગ.

લોકપદ્ધતિ જુઓ લોકપથ.

લોકપરંપરા ૧ સ્ત્રી. બહોળી પરંપરા.

૨. [સ. લોક + પરંપરા (પરિપાટી)] સ્ત્રી. પ્રાતિનિધિક પરિપાટી; રૂઢિ; વિશેષ. લોકાચાર, શાસ્ત્રોમાં ન બતાવાયેલી હોય છતાં લોકોમાં ઊતરી આવી હોય તેવી પરંપરા.

લોકપરિચિતતા [સ.] સ્ત્રી. લોકોની ઓળખાણ; લોકોની માહિતગારી.

લોકપરિવાર પુ લોકોનો સમૂહ

લોકપરિષદ [સ લોકપરિષદ] સ્ત્રી લોકસભા.

લોકપાલ ૧. [સ] પું દિશાઓનું રક્ષણ કરનાર દેવ; આઠે દિશાના દરેક ખૂણા ઉપર વસતા રક્ષક; દિક્પાલ. તે આઠ આ પ્રમાણે છે: (૧) ઇંદ્ર-પૂર્વ દિશાના, (૨) અગ્નિ-અગ્નિકોણના, (૩) યમ-દક્ષિણ દિશાના, (૪) સૂર્ય-નૈઋત્ય ખૂણાના, (૫) વરુણ-પશ્ચિમ દિશાના, (૬) વાયુ-વાયવ્ય કોણના, (૭) કુબેર-ઉત્તર દિશાના અને (૮) સોમ-ઈશાન કોણના. દરેક લોકપાલને એક એક ઐરાવત હોય છે અને કોઈ વખત આ ઐરાવતોને પણ લોકપાલના નામથી ઓળખવામાં આવે છે. તે ઐરાવતો આ પ્રમાણે છે: ઇંદ્રનો ઐરાવત, અગ્નિનો પુંડરીક, યમનો વામન, સૂર્યનો કુમુદ, વરુણનો અંજન, વાયુનો પુષ્પદંત, કુબેરનો સાર્વભૌમ અને સોમનો સુપ્રતીક. રામાયણ પ્રમાણે ઇંદ્રનો ઐરાવત વિરુપાક્ષ, વરુણનો સોમનસ, યમનો મહાપદ્મ અને કુબેરનો દ્વિપદાદર છે.

૨. પું. રાજા; રાજા.

૩. પું. લોકોના પરલોકદેવ. લોકપાલ પાંચ છે: ઇંદ્ર, યમ, વરુણ, કુબેર અને બ્રહ્મા.

૪. વિ. જગતનું રક્ષણ કરનાર.

લોકપાળ જુઓ લોકપાલ.

લોકપિતામહ [સં.] પું. બ્રહ્મા.

લોકપ્રચલિત [સં.] વિ. લોકમાં ચાલતું કે વપરાતું.

લોકપ્રતિજ્ઞા [સં.] સ્ત્રી. સમૂહની પ્રતિજ્ઞા.

લોકપ્રતિનિધિ પું. પ્રધાન મંડળમાંનો લોકોએ ચૂંટેલો સભ્ય; પ્રજાપ્રતિનિધિ.

લોકપ્રયોગ [સં.] પું. શિષ્ટ સાહિત્યમાં ન વપરાતો હોય પરંતુ સામાન્ય લોકોમાં વપરાતો હોય તેવો વાક્યપ્રયોગ.

લોકપ્રવાદ [સં.] પું. સામાન્ય લોકોક્તિ; જનશ્રુતિ,

લોકપ્રવાહ [સં.] પું લોકોનો પ્રવાહ.

લોકપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. જગત્પ્રવૃત્તિ.

એ બાબ બાળો કે તૃણ સરખી પણ લોકપ્રવૃત્તિનું જગત્પ્રવૃત્તિનું સાધન છે. પુરાતત્ત્વ

લોકપ્રસંગ [સં.] પું. સાર્વજનિક ઉત્સાહ.

લોકપ્રસંગો ગણનાં પ્રમુખરેખા પુષ્પો છે. લોકપ્રસંગ.ના અર્થમર્મ એ પુષ્પોમાનાં અમૃત છે.

નાનાલાલ

લોકપ્રસિદ્ધ [સં. લોક + પ્રસિદ્ધ (જાહેર)] વિ. જગજાહેર; સૌને જાણીતું; જગપ્રસિદ્ધ; પ્રખ્યાત; જગતમાં પ્રસિદ્ધ; વિખ્યાત.

લોકપ્રિય [સં.] વિ. જનસમુદાયમાં જેણે પ્રેમ ઉત્પન્ન કરેલ હોય તેવું; જનપ્રિય; લોકને વહાલું; લોકોને પ્રિય.

લોકપ્રિયતા [સં.] સ્ત્રી. લોકોમાં પ્રિય હોવાપણું; પ્રખ્યાતિ; જગપ્રસિદ્ધિ.

જાહેર સંસ્થાને પ્રતિવર્ષ મળતો ફાળો તે સંસ્થાની લોકપ્રિયતાની કસોટી છે. ગાંધીજી

લોકપ્રવૃત્તિશાસ્ત્ર સ્ત્રી. લોકોમાં વાનો વર્ણ તે.

લોકબંધુ ૧. પું. આકાશનો ચોક.

૨. [સં. લોક (જગત) + બંધુ (મિત્ર)] પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. વિષ્ણુ લોકોના જનક હોવાથી લોકબંધુ કહેવાય છે, કેમકે પિતા સમાન કોઈ બંધુ નથી.

૩. પું. શિવ.

૪. પું. સૂર્ય.

લોકબાહ્ય ૧. [સં.] પું. જાતિ બહાર મુકાયેલ માણસ.

૨. વિ. અસાધારણ; ચમત્કારિક.

૩. વિ. જગત બહારનું; પારલૌકિક.

૪. વિ. જાતિ બહાર મુકાયેલ.

૫. વિ. લોકમાન્ય નહિ તેવું.

લોકબાંધવ જુઓ લોકબંધુ.

લોકબુદ્ધિ [સં.] સ્ત્રી. સામાન્ય બુદ્ધિ; સાધારણ સમજ; વિવેકબુદ્ધિ; વ્યવહારબુદ્ધિ, મતી સમજ.

લોકબોલી ૧. સ્ત્રી. ગ્રામ્ય ભાષા.

૨ સ્ત્રી. સામાન્ય લોકોની બોલી.

લોકભય પું. લોકોની બીક, લોકાપવાદની ધારતી.

લોકભાવના સ્ત્રી. (જૈન) બાર ભાવનામાંની એક નામની એક ભાવના; દેવ, મનુષ્ય સર્વ ગતિઓમાં સુખ નથી, સુખ માત્ર આ સંસારની ટોચ ઉપર આવેલ સિદ્ધલોકમાં છે, જ્યાં આત્મા પોતાના મૂળ શુદ્ધ સ્વરૂપે બિરાજે છે તેવું ચિંતવન.

લોકભાષા ૧. સ્ત્રી. શિષ્ટ સાહિત્યમાં ન સચવાતી હોય પરંતુ સામાન્ય લોકોમાં બોલાતી હોય એવી ભાષા; સંસ્કૃત પ્રાકૃતના મિશ્રણ રૂપ ભાષા.

૨. [સં.] સ્ત્રી. સામાન્ય જનતાની બોલી; લોકોમાં પ્રચલિત ભાષા કે બોલી

લોકભોગ્ય [વિ.] વિ. આમ લોકોને ગમ પડે તેવું; જન સમસ્તને ભોગવવા લાયક; સાર્વજનિક; સામાન્ય.

એ સાહિત્ય વિદ્વદ્ નહિ પણ લોકભોગ્ય થવું જોઈએ અને એનો વિષય સામાન્ય જનનું હૃદય હોવું જોઈએ જેમ એ ઉત્સાહપૂર્વક પ્રતિપાદન કરતા. આનંદશંકર ધ્રુવ

લોકભ્રમ [સં.] પું. લોકોની ભ્રમણા.

લોકમત [સં.] પું. આસપાસની વસ્તીમાં બહુમતને માટે જે સારો ઓછો વિચાર બેસતો હોય તે; લોકાભિપ્રાય; લોકનો અભિપ્રાય કે મત; જનરુચિ. હરિજન બંધુમાં ગાંધીજી લખે છે કે: લોકશાહી સરકારને ગતિ આપનાર લોકમત છે. લોકશાહી સરકારનું એ જ એક આગવું લક્ષણ છે, એ જ એની શક્તિ છે અને તેમાં જ તેની તાકાત ને કમતાકાત બંને રહેલાં છે. લોકમત સુરત હોય તો લોકશાહી સરકાર સુરત બની જાય છે. એ બગડ્યો હોય તો સરકારને પ્રેરણા મળે છે.

લોકમતાધીન વિ. પ્રજાધીન; જવાબદાર; માણસોને જવાબદાર; લોકમતને આધીન.

લોકમર્યાદા ૧. [સં] સ્ત્રી. જનવ્યવહાર; લોકાચાર; લોકોમાં પ્રચલિત રૂઢિ.

૨. સ્ત્રી. લોકલજ્જા; સાર્વજનિક સભ્યતા.

લોકમહેશ્વર [સં.] પું. સર્વશક્તિમાન ઈશ્વર.

મહને બસ જનાર્દન જે બધું લોકમહેશ્વર, મધુસૂદને ભોગયુક્ત તે ફરે સર્વ પાપથી. કનિમીતા

લોકમાતર સ્ત્રી. સોળ માંહેની એ નામે એક માતૃકા.

લોકમાતા ૧. સ્ત્રી. જગતની માતા.

૨. સ્ત્રી. નદી

૩. સ્ત્રી. સમગ્ર સમુદાયને પોષનારી લક્ષ્મી; કમલા; શ્રી; પદ્મા; રમા.

૪. વિ. જગતને જાળવનાર.

લોકમાનસ [સં.] ન. લોકનું સમૂહગત માનસ; ' માસ માઇન્ડ '.

લોકમાન્ય ૧. પું નિસક મહારાજ. બાલ ગંગાધર તિલક માટે લોકોએ પ્રસન્નતાપૂર્વક કાઢેલ હુલામણો ઉદ્ગાર કે જે પ્રજાએ આપેલ તે પદવી રૂપે પ્રચલિત થઈ ગયેલ છે. જેમકે લોકમાન્ય તિલક.

૨. [સં] વિ. લોકપ્રિય; લોકોમાં માન પામેલું; લોકોએ સ્વીકારેલું.

૩. વિ. લોકોએ ચૂંટી કાઢેલું.

લોકમાર્ગ [સં.] પું. રૂઢિ.

લોકયાત્રા ૧. [સં.] સ્ત્રી. જીવનનિર્વાહ.

૨. સ્ત્રી. જીવનથી કારકિર્દી.

૩. સ્ત્રી. દુન્યવી બાબત.

૪. સ્ત્રી. લોક રિવાજ.

લોકરક્ષક ૧. પું. રાજા.

૨. વિ. પ્રજાનું રક્ષણ કરનાર.

લોકરંજું વિ. લોકને કે સમાજને ગમે એવું ચાલનારું.

અમારે ત્યાં તો ધર્મ પણ લોકરંજો થઈ પડ્યો છે. મહાદેવ દેસાઈ

લોકરમત સ્ત્રી. પ્રજામાં સામાન્ય થઈ પડેલો ખેલ અથવા વિનોદ.

લોકરવ [સં. લોક (જનતા) + રવ (અવાજ)] પું. અફવા.

લોકરંજન [સં. લોક (જનતા) + રંજન (ખુશ કરવાપણું)] ન. પ્રજાને ખુશ કરવાપણું

લોકરાક્ષસ પું દુષ્ટ માણસ.

લોકરાજ્ય [સં. લોક (જનતા) + રાજ્ય] ન. પ્રજાસત્તાક રાજ્ય.

લોકરાહ પું. જનતાએ પસંદ કરેલ માર્ગ.

બહુમતે કવિતા કરવાવાળાઓ આજે લોકરાહમાં પોતાના કવિત્વને વેચ આપી રહ્યા હોય એમ લાગે છે. ગુ. સા. પરિષદ

લોકરીતિ [સં. લોક (જનતા) + રીતિ (રિવાજ)] સ્ત્રી. પ્રથા; સામરિવાજ; ચિરસ્તો; ચાલ.

લોકરુચિ [સં. લોક (જનતા) + રુચિ (ભાવ)] સ્ત્રી. લોકોનો પ્રેમ; લોકોનો ભાવ.

લોકરૂઢ [સં. લોક (જનતા) + રૂઢ (વપરાશમાં દૃઢ થયેલું)] વિ. લોકોમાં જાણીતું થઈ ગયેલું; લોકપ્રચલિત.

લોકરૂઢિ [સં. લોક (જનતા) + રૂઢિ (રિવાજ)] સ્ત્રી. લોકોમાં પ્રચલિત રિવાજ; ચાલ; લૌકિક રૂઢિ; લોકાચાર; લોકવ્યવહાર; પ્રજાકીય રીત રિવાજ; જનરીતિ; લોક શિરસ્તો

લોકલ ૧. [અં.] સ્ત્રી ધીમી મનિવાળી ને બધાં સ્થાનોએ ઊભી રહેતી આગગાડી.

૨ સ્ત્રી મોટા શહેરના આગો અને પરામાં દોડતી ટ્રેન; સ્થાનિક વિસ્તારમાં ફરતી મોટર.

૩. વિ પ્રાંતિક; પ્રાદેશિક.

૪. વિ. સ્થાનિક; તળનું.

લોકલજ્જની જુઓ લોકલજ્જા.

લોકલજ્જા [સં. લોક (જનતા) + લજ્જા (શરમ)] સ્ત્રી. લોકોની લાજ; જનલજ્જા; લોકવ્યવહારથી ડરવું તે.

લોકલબોર્ડ ૧. [અં. લોકલ (સ્થાનિક) + બોર્ડ (મંડળ)] ન. જિલ્લા કે તાલુકામાં જ્યાં મુખ્યત્વે નગરપાલિકા નથી હોતી ત્યાં સ્થાનિક સ્વરાજની સંસ્થા.

૨. ન. સ્થાનિક પંચ; સ્થાનિક મંડળ.

લોક લંબર ન. લોકોની કતાર; માણસોની હાર.

એનું નામ Discipline બોળી હતી, આજે એ આપણા વરઘોડા કે મેળા કે ઉત્સવો કે તીર્થસ્થળો જુઓ, કે પછિમના જેના સમુદાયમાંથી આવે સરખાવી જુઓ. ટ્રેઇને ટિકિટ લેવાં, ગેરીદડાનો રમખાં પ્રસંગ નિહાળતાં, કે નાટકશાળામાંનાં આપણા પ્રેક્ષકોને રાજમેળા સાથે સરખું queue કારણમ બધાનું લોકલંબર વિચારી જુઓ.

દલપતરામ

લોકલાઈ પું. સામાન્ય જનતા; સામાન્ય માણસો.

લોકલાગણી સ્ત્રી. લોકોની લાગણી.

લોકલાજ [સં. લોક (જનતા) + લાજ (શરમ)] સ્ત્રી. લોકમાં લાજ લાગવી તે; લોકશરમ; લોકમાં બરાબર બોલાય તેવો ડર; દુનિયાની શરમ.

લોકલીલા સ્ત્રી. સંસાર વ્યવહાર.

લોકલેખા [સં. લોક (જનતા) + લિખ્ (લખવું)] સ્ત્રી. સાર્વજનિક હિસાબ

લોકલોકાંતર [સં. લોક (કર્મફળ ભોગવવાનું સ્થાન) + લોક (જગત) + અંતર (જુદું)] ન. જુદું જુદું જગત.

લોકલોચન ૧. પું. આકાશનો લોક.

૨. [સં. લોક (જગત) + લોચન (આંખ)] પું. સૂર્ય.

લોકવખાણ ન. લોકપ્રશંસા, લોક કરેલાં વખાણ.

લોકવહો પું. દેશવટો.

લોકવદનતા [સ લોક (જનતા) + વદ (બોલવું)] સ્ત્રી. લોકવાયકા; લોકોક્તિ; જનમત.

દુ ધારે છે અને કહે છે તેવી **લોકવદનતા** છે.
વ્યવસાયજ્ઞાન

લોકવદંતા જુઓ લોકવદનતા.

લોકવદંતી [સં. લોક (જનતા) + વદંતિ (તેઓ બોલે છે)] સ્ત્રી. જનમત; પ્રજાનો અભિપ્રાય

લોકવરજ [સં. લોક (જનતા) + વર્જ (વર્જ)] ન. મજૂરી કરી પેટ ભરનાર લોકોનો વર્ગ.

રોટલા કાઈ આકાશ ચાવિયાના નહિ,
લોકવરજના ગાડાના પૈડા જેવા.
દક્ષિણામૂર્તિ

લોકવર્ગ [સં. લોક (જનતા) + વર્ગ (સમૂહ)] પું. લોકોનો સમુદાય.

લોકવર્ધન [સં. લોક (જગત) + વર્ધન (વધારો)] ન. પુનર્જન્મ કાઈ પ્રપંચ વધારવો તે.

હીન ધર્મ સેવવો નહિ, પ્રમાદથી રહેવું નહિ,
મિથ્યાદૃષ્ટિ સેવવી નહિ, **લોકવર્ધન** થવું નહિ
ધર્મપદ

લોકવર્ગ [સં. લોક (જનતા) + વર્ગ (વર્ગ)] સ્ત્રી. મજૂરી કરી નિર્વાહ ચલાવનાર લોકોનો વર્ગ; ખાટી કોમ; મજૂર વર્ગ.

લોકવર્ગના લોકરાજ્યો આ દિવસે મરતા કામકાજને લીધે અને મંત્રસભામાં સીમિત કામકાજને લીધે ગાળામાં ગેરહાજર રહે છે.
ગિજુભાઈ

લોકવલ્લભ [સં. લોક (જનતા) + વલ્લભ (વહાલું)] વિ. લોકપ્રિય; પ્રજાપ્રિય

લોકવંદ્ય [સં. લોક (જનતા) + વંદ્ય (વંદવા જેવું)] વિ. લોકોને વંદનીય; જનતાએ માન આપવા લાયક.

લોકવાક્ય [સં. લોક (જનતા) + વાક્ય (વચન)] ન. લોકોનું બોલવું તે; લોકોક્તિ.

લોકવાચ્ય સ્ત્રી. લોકોની ટીકા; લોકવાણી

સુખની સ્વામિ થે લોક
મૂળ શું નથી વિચારતા ?
લોકવાચ્યે કોને કોને છોડયાં છે ?
અખાગીત–ઝવેરચંદ

લોકવાણી ૧. સ્ત્રી. પ્રજામત, લોકનો અભિપ્રાય
૨. સ્ત્રી. લોકોની ટીકા; જનચર્ચા.

લોકવાદ ૧. પું. ચોવીસ બાંહેનો એક વાદ; દુનિયા અનંત, નિત્ય અને શાશ્વત હોવાની માન્યતા.
૨. પું. જનશ્રુતિ; દંતકથા; જનવાર્તા.
૩. [સં. લોક (જનતા) + વાદ (ચર્ચા)] પું. લોકવાયકા; અફવા.

એ બધાયે પુરાણ પુરુષને ભણીને ચર્ચારૂપી !
સંસારથી મુજ ચિત્તમાં **લોકવાદે** ન ચાતી,
રાખી કહે છે તુલસી ચિરકે પ્રીતિ, તે તો નમાણી
કમ્બખે સ્થાને રસ વધી વધી વાય છે પ્રેમરાશી.
મેઘદૂત

૪. પું. લોકોની નિંદા.

લોકવાયકા ૧. સ્ત્રી. જનશ્રુતિ, દંતકથા; જનવાર્તા.
૨. સ્ત્રી. લોકની માન્યતા; લોકમત; જનમત.

અહાર વર્ષ તો **લોકવાયકામાં** છે. વર્ષ તો ગ્રહકર્મથી વિચારાયેલા માત્ર ચાર છે.
ગાંધીજી

૩. સ્ત્રી. લોકમાં ચર્ચાતી વાત; લોકમાં ચમર આધારે વિનકલ્પાવાર રીતે જે કંઈ વાત ચાલી હોય તે; અપ; અફવા; **લોકવાણી**; **લોકવદંતી**; લોકોક્તિ

લોકવાર્તા ૧. સ્ત્રી. અફવા; લોકોમાં પ્રચલિત વાત; **લોકવાયકા**.
૨. સ્ત્રી. લોકકથા; લોક સાહિત્યમાંની વાર્તા; કોરલ સાહિત્યની કથા; દંતકથા; કહાણી

કાઠિયાવાડની **લોકવાર્તા** એટલે મુલાકાત ઇતિહાસનો એક અદ્‌ભુત પ્રસંગ. કાઠિયાવાડની લોકવાર્તા એટલે ઘરની પ્રજાની કૌમેરકરી લોક કથા. વિશુદ્ધ પ્રેમ માટે પ્રાણાર્પણ; દેશને માટે મરી ફિટવાની હોંસ; પ્રજાને માટે રાજાઓની પ્રમરા; બુદ્ધિ અને ચાતુર્યની પરિસીમા. આ અને આવા પ્રસંગોએ લોકવાર્તાઓનું પ્રામાણ્ય વસ્તુ હોય છે. રજપૂતો કે કાઠિયોના દાવરામાં, કુમારી કે ચારણના નેસડામાં, આહિર કે મેરના ચોરામા આ લોકકથાઓ આજની આધુનિક નવલકથાઓ કરતા કંઈક જુદી રીતે રજાન ભોગવી રહી છે.
ગુ. સા. પરિષદ

લોકવાસનાર સ્ત્રી. (વેદાંત) નવા લોકો મારી સ્તુતિ કરે અથવા નિંદા ન કરે એમ આમરવાનો આગ્રહ. **લોકવાસના** અધિન છે, કર્મને, તે સપાદન કરવી અશક્ય છે તથા પુરુષાર્થમા નિરુપયોગી છે.

લોકવાહક [સં. લોક (જનતા) + વાહક (વિંધનો જનાર)] પું. જાહેર પ્રજાના ઉપયોગ માટેનો ભારવાહી ખટારો; ભારખટારો.

લોકવિજ્ઞાપન [સં. લોક (જનતા) + વિજ્ઞાપન (નિવેદન)] ન. જાહેરખબર; પ્રસિદ્ધિ

લોકવિદિત [સં. લોક (જનતા) + વિદિત (જણાયેલ)] વિ. લોકોમાં જાણીતું.

લોકવિદ્‌ ૧. [સં. લોક (જનતા) + વિદ્‌ (જાણવું)] વિ. લોકોને જાણનાર.
૨. વિ. લોકોમાં જાણીતું; માનીતું.

જ્ઞાનવાન પુરુષનો એવો કલ્યાણકારી દીર્ઘદૃષ્ટિવાળો હતો કે પોતે પરમશ્રેય મુમલ **લોકવિદ્‌** છે.
પુરાતત્ત્વ

લોકવિદ્વિષ્ટ [સં. લોક (જનતા) + વિ (વધારે) + દ્વિષ્ટ (ધિક્કારાએલ)] વિ. લોકોમાં નિંદિત થયેલ; પ્રજાથી તિરસ્કારાએલ

લોકવિવરણી [સં. લોક (પ્રજા) + વિવરણ (વિવેચન) + ઈન્ (વાળું)] સ્ત્રી. અમુક જગા અથવા શહેરનાં રહેવાસીઓનાં નામ રહેઠાણ વગેરેની માહીનું પુસ્તક; જનવિવરણી; ' ડિરેક્ટરી '.

લોકવિશ્રુત [સં. લોક (પ્રજા) + વિ (વધારે) + શ્રુત (સાંભળેલું)] વિ. વિશ્વવિખ્યાત; જગપ્રસિદ્ધ.

અમને કાઠેલા માલમ પડયું કે તેઓ જ અમે જેનાં દર્શનની ઇચ્છા ચિરકથી ઇચ્છા કરતા હતા તે **લોકવિશ્રુત** બંકિમચંદ્ર ચેટરજી છે.
ધર્મતત્ત્વ

લોકવીર પું. પ્રજાનો માનીતો બહાદુર પુરુષ.

લોકવૃત્ત ૧. ન. ગપાટા મારવા તે.
૨. ન. **લોકવર્તન**; સમગ્ર **લોકજીવન**.

કવિ **લોકવૃત્તના** અવેક્ષણમાં તે તે વસ્તુનો ભાવ સંબંધ સમજી તેનો પોતાની કૃતિમાં રસ નિષ્પત્તિ માટે ઉપયોગ કરે છે.
પ્રસ્થાન

૩. ન. લોકાચાર.

૪ પું. વર્તમાન પત્ર ચલાવવા વિષેનું વિજ્ઞાન; 'જર્નાલિઝમ'.

લોકવૃત્તવિવેચન [સં. લોક (જનતા) + વૃત્ત (સમાચાર) + વિવેચન (ચર્ચા)] પત્રકારિત્વ; વર્તમાન પત્ર ચલાવવાનું વિજ્ઞાન; ' જર્નાલિઝમ '.

જર્નાલિઝમને **લોકવૃત્તવિવેચન** અથવા સંક્ષેપમાં વૃત્તવિવેચન કહી શકાય.
કાલેલકર

લોકવૃત્તાંત ૧. ન. પ્રજાના જીવનનું પ્રમાણ, રોજ, આર્થિક સ્થિતિ વગેરેનો અહેવાલ; લોકોનો ઇતિહાસ; લોકોનું વર્ણન.
૨. ન. લોકાચાર.
૩. ન. સમાચાર; ખબર.

લોકવૃત્તિ સ્ત્રી. પ્રજાની માન્યતા.

કામનો **લોકવૃત્તિને** ચાળો શકે, છે કે એને અમુક માર્ગે જતાં પ્રતિબંધ કરી શકે છે.
પ્રસ્થાન

લોકવેણ ન. **લોકવચન**; લોકવાણી.

લોકવેણ તો એનાં છે ભાભી !
ને ભલાનાં જેમ કંઈ જૂનવા જૂજારો ?
નાનાલાલ

લોકવેદપંથી [સ. લોક (જનતા) + વેદ (પ્રાચીન ધર્મ પુસ્તક) + પંથ (માર્ગ) + ઈન્ (વાળું)] વિ. લોકાચાર અને વેદાચારને પ્રામાણ્ય માનનાર.

અધ્યયનમાં પ્રથમોક્ત પથને **લોકવેદપંથી** અર્થાત્ જેઓ લોકાચાર અને વેદાચારને પ્રામાણ્ય માને છે તેના પંથ કહેતા. બુદ્ધિપ્રકાશ

લોકવ્યવસ્થા સ્ત્રી. રાજ્યનો અહોભરત.

આ સર્વ પ્રકોમાં માત્ર **લોકવ્યવસ્થા**ને માટે યોગ્ય સ્થાનમાંથી પ્રાપ્ત થયેલા અધિકારનો અને અધિકારના વિષયનો વિચાર કાર્ય બીજે કોઈ વિચાર કરવાનો નથી. સરસ્વતીચંદ્ર

લોકવ્યવહાર ૧. પું. ચોસઠ માહેના એક પ્રકારનું વિજ્ઞાન.

૨. પું. રીતરિવાજ; લોકરૂઢિ; લોકાચાર.

બે સ્મૃતિઓમાં વિરોધ આવતો હોય ત્યારે **લોકવ્યવહાર**માં ન્યાય બળવાન માનવો. સિદ્ધાંતદર્શન

૩. પું. પ્રજાકીય વહેવાર; જાહેર લેવડદેવડ

લોકવ્યાપી [સં. લોક (જગત) + વ્યાપિન્ (ફેલાયેલ)] વિ. આખા જગતમાં પ્રસરેલ; પ્રજામાં વ્યાપક

લોકવ્રત [સં. લોક (જનતા) + વ્રત (નિયમપૂર્વકનું કર્મ)] ન. સામાન્ય **લોકવ્યવહાર**.

લોકશત્રુતા [સં. લોક (જનતા) + શત્રુ (દુશ્મન) + તા (પણું)] સ્ત્રી. જનદ્વેષ; જનશત્રુતા; માણસ જાતનો ધિક્કાર; મનુષ્ય પ્રત્યેનો અણગમો.

લોકશાસન [સં. લોક (પ્રજા) + શાસન (રાજ્ય ચલાવવું તે)] ન. રાજ્યનો કારભાર પ્રજાના પ્રતિનિધિઓના હાથમાં હોય એવી રાજ્યપદ્ધતિ; સ્વરાજ; પ્રજાશાસન; લોકો દ્વારા ચલાવાતું રાજ્ય; પ્રજાતંત્ર પ્રજાસત્તા; 'ડેમોક્રસી.'

લોકશાસનમાં કાર્યની સ્વતંત્રતાનું સાવધાનપૂર્વક રક્ષણ થવું જોઈએ. નવજીવન

લોકશાસનવાદી [સં. લોક (જનતા) + શાસન (રાજ્ય કરવું તે) + વાદિન્ (મતવાળું)] વિ. પ્રજાતંત્ર રાજ્ય હોવું જોઈએ એમ માનનાર.

લોકશાસિત વિ. પ્રજાદ્વારા ચાલતું.

લોકશાસ્ત્ર ન. લોકોના રીતરિવાજ.

હિંદનાં ધર્મશાસ્ત્રો, **લોકશાસ્ત્રો** અને કુદરતનું રહસ્ય સમજનાર રસજ્ઞ પુરુષથીજ હિંદી પ્રાચીન કળાનું અનુપમ મનોહર પરિપૂર્ણ સ્વરૂપ સમજી શકાય તેમ છે. પુરુષોત્તમ વિશ્રામ માવજી

લોકશાહી [લોક (પ્રજા) + શાહી (શાહ સબંધી)] સ્ત્રી. પ્રજાતંત્ર; પ્રજાસત્તા; લોકોદ્વારા ચાલતું તંત્ર. લોકશાસન; 'ડેમોક્રસી'. ગાંધીજી લખે છે કે, લોકશાહી તો સામાન્ય કોટિના અથવા એથી પણ હીનતરતાની વર્તી ચાલે છે. તેથી જો નીચલામાં નીચલા વર્ગના સર્વાંગી વિકાસ તરફ લક્ષ અપાય તો જ લોકશાહી શુદ્ધ રહેશે. બધા વહેમોનો અને સામાજિક કુરિવાજોનો તો એક જ ઝપાટામાં લોકશાહીએ અંત લાવવો જોઈએ. પ્રધાનમંડળમાંથી ખોટે રહી ગયા એમ જેમને લાગતું હોય, તેમણે ધીરજ કેળવવી અને સેવા તથા લાયકાત વધારતા રહી આગળ વધવું. પ્રધાનો બધાને સરખો ન્યાય આપે, પણ જે અવગણાયેલો ને દલિત વર્ગ છે તેને ઊંચે લાવવા સારુ ખાસ પ્રયત્ન કરે. પોતાના કાર્યથી પોતે રાષ્ટ્રના સેવક છે, સ્વામી નથી એમ સિદ્ધ કરે.

લોકશાળા સ્ત્રી. સામાન્ય જનતા માટેનું શિક્ષણ આપતી નિશાળ.

લોકશાંતિ સ્ત્રી. જાહેર સુલેહ; સાર્વજનિક શાંતિ.

લોકશિક્ષણ ન. જનસમૂહની કેળવણી

લોકશિક્ષા જુઓ લોકશિક્ષણ

લોકશ્રુતિ [સં. લોક (જનતા) + શ્રુતિ (સાંભળેલ વાત)] સ્ત્રી. જનશ્રુતિ; અફવા; લોકવાયકા

લોકસખા [સં. લોક (પ્રજા) + સખા (મિત્ર)] પું. લોકોનો મિત્ર; લોકપ્રેમી.

લોકસત્તા ૧ સ્ત્રી. પ્રજાતંત્ર; લોકોથી ચૂંટાયેલા પ્રતિનિધિઓનું શાસન.

સામ્રત સમયનો **લોકસત્તા**નો જેની ઉપર આધાર છે તે બુદ્ધિવાદનું પ્રમાણપત્ર, અભિપ્રાયોને પરિણામે વખારને વખારે પડતું નથી. વિજ્ઞાનપ્રવેશિકા

૨. સ્ત્રી. લોકોની સત્તા; પ્રજાકીય અધિકાર.

આ બંને વાંચતાં એક વાત તો તદ્દન જ સ્પષ્ટ દેખાય છે કે, બ્રહ્મ સંઘની વ્યવસ્થા **લોકસત્તા** (Democracy)ના ધોરણ ઉપર ચાલતી. કૌમુદી

લોકસત્તાક [સં. લોકસત્તા (પ્રજાતંત્ર) + ક] વિ. પ્રજાસત્તાક; જેમાં લોકોની પોતાની સત્તા ચાલતી હોય તેવું.

લોકસત્તાધીન [સં લોક (પ્રજા) + સત્તા + અધીન (તાબેદાર)] વિ. લોકસત્તાને તાબે હોય તેવું; લોકસત્તાને વશ રહે તેવું.

લોકસત્તાવાદ [સં. લોક (પ્રજા) + સત્તા + વાદ (મત)] પું. રાજ્યની સત્તા લોકોના હાથમાં રહેવી જોઈએ એવો મત; લોકશાસનનો વાદ.

ગરીબાઈની કલ્પના સાચા **લોકસત્તાવાદ**ની વિરુદ્ધની છે. નવજીવન

લોકસત્તાવાદી [સં. લોક (જનતા) + સત્તા + વાદિન્ (વાદમાં માનનાર)] વિ. લોકસત્તાવાદમાં માનનાર.

૧૮૪૮ ના ઑક્ટોબર માસમાં **લોકસત્તાવાદી**ઓની પરિષદ કોલોનમાં ભરાઈ કાર્લમાર્કસ

લોકસદ્ભાવના [સં. લોક (પ્રજા) + સત્ (સારું) + ભાવના (લાગણી)] સ્ત્રી. લોકોની શુભેચ્છા; સારી લાગણી

લોકસભા ૧. સ્ત્રી. ન્યાય મંદિર

ગમાડી લોકો જ્યારે ન્યાય મંદિર **લોકસભા**માં જનતા ભારે ત્યા પંઠ ગમાડવામાં આવતા હિંદુર જ્યવસ્થા

૨. સ્ત્રી. રાજ્ય ચલાવવા પ્રજાએ ચૂંટી કાઢેલ પ્રતિનિધિ મંડળ; પ્રતિનિધિ સભા.

લોકસમાગમસ્થાન [સં. લોક (જનતા) + સમ્ (સારી) + આગમ (આવવું તે) + સ્થાન (જગ્યા)] ન. જાહેર આરામગૃહ; જનતાને એકત્ર થવાનું સ્થળ.

લોકસમાજ ન. જનતા; પ્રજાવર્ગ.

લોકસમાધાન ન. લોકશાંતિ; સાર્વજનિક શાંતિ.

લોકસમાધાની જુઓ લોકસમાધાન.

લોકસમુદાય ૧. ન. જનસમુદાય; પ્રજાજન; આમલોક.

૨. પું. સામાન્ય લક્ષણોવાળાં મનુષ્યોનો એક વર્ગ; જાત; ટોળી; કોમ; કુદરજ વર્ગ.

આપણે ગુજરાતી પ્રજા શું આપણા મૂળ વતનમાં કે શું સંસ્થાનોમાં પ્રજા (Nation) બોલને બદલે એવા ચેતનવાળા નથી, માત્ર એક **લોકસમુદાય** (Tribe) જેવા છીએ.

બળવંતરાય ઠાકોર

લોકસંખ્યા સ્ત્રી. વસતી; જનસંખ્યા.

નવાં આર્થિક પ્રતિપાદનોમાં **લોકસંખ્યા** (Population) ઉપર વધારે નિબંધો આપ્યા હતા. કૌમુદી

લોકસંગીત [સં. લોક (જનતા) + સંગીત] ન. દેશી સંગીત; શાસ્ત્રથી અનિયંત્રિત એવું આમપ્રજાનું સંગીત. લોકસંગીતમાં સાહિત્ય અગત્યનું હોય છે. તેના તાળો માટે રાગના નિયમોનું બંધન હોતું નથી. આ ગીતોમાં સાદા સ્વરો અને તાલોનો ઉપયોગ આમ છે. હાલરડાં, ભજન, રાસ, દુહા વગેરે આપણાં લોકસંગીતનાં વિશિષ્ટ અંગો છે.

આપણાં જૂના અને જાનદાર ગામડાંઓમા રહેનાર કોરીઓ તથા પરજ કોસાંઓએ **લોકસંગીત**ના ઢાળોને મુખ્યત્વ રાખી અત્યાર સુધી કાયમ રાખ્યા છે. કૌમુદી

લોકસંગ્રહ ૧. [સં. લોક (જનતા) + સંગ્રહ (એકઠું કરવું તે)] પું. જગતનો અનુભવ.

૨. પું. પોતે સદાચારમાં પ્રવર્તીને લોકોને સદાચારમાં પ્રવર્તાવવાપણું. **લોકસમૂહ** એ શબ્દથી **લોક** એનો અર્થ વ્યાપક હોઈ માત્ર

મનુષ્ય જાતિને જ નહિ પણ સર્વ જગતને સન્માર્ગ ઉપર ચઢાવી, તેનો નાશ ન થતા સંગ્રહ થાય એટલે લોકનું સારી રીતે ધારણ, પોષણ, પાલન અને વર્ધન થાય. એ સર્વ ભાવનાનો લોકસંગ્રહ પદમાં સમાવેશ થાય છે. લોકમાન્ય તિલક ગીતારહસ્યમાં લખે છે કે: સંગ્રહ એ શબ્દના જમાવ કરવો, રાખવું, પાળવું, નિયમન કરવું વગેરે જે અર્થો શબ્દકોષમાં આપેલા છે તે સર્વ યથાસંભવ અત્રે લેવા પડશે; અને તેમ કરતાં 'લોકનો સંગ્રહ કરવો' એટલે, તેમને એકત્ર સંગ્રહ કરી તેમની પરસ્પરની અનુકૂલતાથી જે સામર્થ્ય ઉત્પન્ન થાય છે તે સામર્થ્ય તેમનામાં આવે તેવી રીતે તેમનું પાલનપોષણ અથવા નિયમન કરવું અને તે દ્વારા તેમની સુસ્થિતિ કાયમ રાખી પાછી તેમને મોક્ષપ્રાપ્તિના માર્ગ ઉપર લઈ આવવા, એવો અર્થ થાય છે. 'રાષ્ટ્રનો સંગ્રહ' એ શબ્દ આ જ અર્થમાં મનુસ્મૃતિમાં વપરાયેલો છે. શાંકરભાષ્યમાં લોકને ઉન્માર્ગમાં પ્રવૃત્તિમાં પડતાં વારવા તે, એવી આ શબ્દની વ્યાખ્યા આપેલી છે. એટલે સંગ્રહ શબ્દનો અત્રે આત્મોન્નતિના માર્ગ ઉપર લાવી મૂકવા એવો જે અર્થ કરીએ છીએ તે અપૂર્વ અથવા નિરાધાર નથી. સંગ્રહ શબ્દનો આ અર્થ થયો, પણ 'લોકસંગ્રહ' એ પદમાં 'લોક' એ શબ્દનો અર્થ કેવળ મનુષ્યવર્ગથી નથી એ પણ અત્રે કહેવું જોઈએ. જગતમાં બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ હોવાથી માનવજાતિના કલ્યાણનો જ મુખ્યત્વે કરીને 'લોકસંગ્રહ' એ પદમાં સમાસ થયો છે, એ વાત ખરી. તોપણ ભૂર્લોક, સત્યલોક, પિતૃલોક, દેવલોક ઇત્યાદિ જે અનેક લોક એટલે જગાઓ જગતને નિર્માણ કરેલી છે, તેનું પણ યોગ્ય ધારણપોષણ થાય અને તે સર્વ સારી રીતે ચાલુ રહે એટલો વ્યાપક અર્થ લોકસંગ્રહ પદનો છે એટલે કે, એક મનુષ્યલોકનું જ નહિ પણ દેવર્ષિ સર્વ લોકનું ધારણ થાય અને પરસ્પર સહાયતાથી એકબીજાનું શ્રેય સંપાદન થાય એટલો અર્થ લોકસંગ્રહ પદથી જગવાનને વિવક્ષિત છે એમ સ્પષ્ટ થાય છે

> લોકસંગ્રહ એટલે સારા કર્મે કરી લોકમાં દાખલો બેસાડવો. સારાં કામ કરી જગતમાં પુણ્યની વૃદ્ધિ કરવી વ્યા શુભ કર્મ કરી કર્મબંધનોમાંથી મુક્ત થવું.
> ગટુલાલજી

૩. પું. લોકોનું કલ્યાણ; પરોપકાર; જગતનું કે મનુષ્યજાતનું ભલું કરવાપણું; લોકહિત.

૪. પું. સમસ્ત જગત.

૫. ન. વિવરણાત્મક રચેલું એ નામનું એક શાસ્ત્ર.

આ પુસ્તકમાં જીવત પ્રાણીઓની જુદી જુદી બધી જાતિઓનું વર્ણન કરેલું છે. વળી મનુષ્યોની જુદી જુદી જાતો, તેની વચ્ચેના તફાવતો, રીતભાત અને રિવાજો, તેની ઉત્પત્તિ, વર્ણ, કદ, તેમનો ખોરાક, પહેરવેશ, જીવનપદ્ધતિ અને બીજી રસમય તેમ જ બોધક બાબતો પણ વર્ણવેલી છે. તેમાં ૧૩૧૪ જુદી જુદી ભાષા કહી છે. આ બધી ભાષાઓની ઉત્પત્તિ, કાળ અને વિકાસનું વર્ણન તથા અમુક ભાષા કોણે પ્રથમ કહી, તે કયે સમયે ઇત્યાદિ વગેરે વિષયને લગતી તમામ બાબતોનું વિવેચન કરેલું છે.

લોકસંગ્રહકારક [સં. લોકસંગ્રહ (પરોપકાર) + કારક (કરનાર)] વિ. પરોપકાર; જગતનું કલ્યાણ કરનાર.

> બોચાસણ પુરુષને સ્વાર્થ તો રહેતો નથી અને લોકસંગ્રહકારક કર્મો તેનાં પણ છૂટતાં નથી
> ગીતારહસ્ય

લોકસંઘ [સં. લોક (જનતા) + સંઘ (સમૂહ)] પું લોકસમૂહ, જનસમૂહ.

> નાટક એ બજવાય તો જ લોકસંઘ સુખી પહોંચે
> નરસિંહરાવ

લોકસંપર્ક [સં. લોક (જનતા) + સમ્પર્ક (સંબંધ)] પું. પ્રજા સાથેનો સંબંધ.

લોકસંમતિ [સં. લોક (પ્રજા) + સમ્મતિ (અનુમતિ)] સ્ત્રી. રૂઢિ; આમ; બાબો; રિવાજ.

લોકસંમાન્ય [સં. લોક (જનતા) + સંમાન્ય (માનને લાયક)] વિ. પ્રજાથી આદરસત્કાર પામેલ

લોકસંસ્કૃતિ [સં. લોક (જનતા) + સંસ્કૃતિ (સુધારો)] સ્ત્રી. પ્રજાની સામાજિક પ્રગતિ.
> વિદ્યાર્થી જીવનમાં એક કીમતી તત્વ ઉમેરાયું. લોકસંસ્કૃતિની કદર કરતાં આવ્યા વિદ્યાર્થીઓ શીખ્યા.
> શિક્ષણ અને સાહિત્ય

લોકસંસ્થા [સં. લોક (પ્રજા) + સંસ્થા (મંડળ)] સ્ત્રી. લોકોની સમિતિ
> લોકસંસ્થાઓ ચેતકાળની છે.
> પુરાતત્વ

લોકસાક્ષર [સં. લોક (જનતા) + સાક્ષર (લેખક)] પું. સામાન્ય જનસમૂહને માટે લખનારો સાક્ષર.

લોકસાક્ષી ૧. [સં. લોકસાક્ષિન્] પું. અગ્નિ ૨. પું. બ્રહ્મા.

લોકસારંગ ૧. પું. વિષ્ણુ. ૨. પું શિવ.

લોકસાહિત્ય [સં લોક (જનતા) + સાહિત્ય] ન. લોકોમા પ્રચલિત કથાવાર્તા કે કવિતારૂપી સાહિત્ય; જબાનથી ચેડી દર ચેડી ઊતરતું આવેલું ને અભણ લોકોને કંઠે સચવાઇ રહેલું સાહિત્ય. આ સાહિત્ય છાપખાનાના યુગની અને લેખન-વાચનના યુગની પહેલાંનું છે. લોકો પોતાના વિચારો પથ્થર ઉપર અને ઝાડની છાલરૂપ ચિત્રરૂપે અને બીજી રીતે નોંધવા લાગ્યા તે પહેલાંનો લોકસાહિત્યનો જન્મ છે. એ સાહિત્ય તો સમાજપુરાણું જૂનું છે. બધુંખરું લોક અને લોકસાહિત્યની ઉત્પત્તિ એકી સાથે જ થયાં છે એ વધા છે.

> સોરઠ, હાલાર, ઝાલાવાડ, એ સર્વ પ્રદેશમા વિવિધ પ્રકારનું એ લોકસાહિત્ય મળી આવે છે. સામાજિક રિવાજો, ઐતિહાસિક આહિનીઓ, શૌર્યભર્યા પ્રસંગો અને પ્રણયારીસને નવપલ્લવિત કરનાર વિવિધ પ્રકારની સાહિત્ય સામગ્રી એ લોકસાહિત્યદ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ છે. કાઠિયાવાડના રજપૂત, ખવાસ, મેર, આહિર, રબારી, મેમા, ઢાઢી, ઢાઢી એ સર્વ જાતિ, પારંપરી એ લોકસાહિત્યના જુદાં જુદાં અંગો સમજી રાખ્યા છે.
> ઝ. સા. પરિષદ

લોકસિદ્ધ [સં. લોક + સિદ્ધ (સાબિત થયેલું)] વિ લોકો તરફથી સ્વીકૃત; સામાન્ય પ્રજાએ સ્વીકારેલું; પ્રચલિત; રિવાજ મુજબનું; આમ.

લોકસુખ [સં. લોક (જનતા) + સુખ] ન. સર્વજનિક સુખ; પ્રજાસુખ.

લોકસુખવાદ [સં. લોક (જનતા) + સુખ + વાદ (મત)] પું. પ્રજાનું સુખ સાધવાનો મત.

લોકસુધારણા [સં. લોક (પ્રજા) + સુધારણા (સુધારવું તે)] સ્ત્રી. જનતાને સુધારવાનું કામ.

લોકસુલભ [સં. લોક (પ્રજા) + સુલભ (મહેનતથી મળે એવું)] વિ. લોકોને સહેલાઈથી મળી શકે તેવું; લોકોને સુલભ.

લોકસૃષ્ટિ [સં. લોક (પ્રજા) + સૃષ્ટિ (સર્જન)] સ્ત્રી મનુષ્યનું સર્જન; માણસની ઉત્પત્તિ શ્રીમદ્ ભાગવતમા જણાવ્યું છે કે: પછી લોકસૃષ્ટિ રચી તેમાં મરીચિ, અત્રિ, અંગિરા, પુલહ, પુલસ્ત્ય, પુત્રહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદ ઉત્પન્ન કીધા. એ કયાંથી ઉત્પન્ન થયા તે કહ્યું છે અને જેવા કર્દમ ઋષિ જાયામાંથી ઉત્પન્ન થયા તે કહ્યું છે. અલબત્ત, છંદ વગેરે પ્રકાર કહ્યા છે. બ્રહ્માએ બધી સૃષ્ટિ રચી તો પણ કંઈ બાક લાગ્યો નહિ. ત્યાર પછી તેના શરીરમાંથી બીજા પુરુષનું જોડું ઉત્પન્ન થયું. એ કયા પ્રસંગ કહ્યો છે.

લોકસેવક [સ. લોક (જનતા] + સેવક (સેવનાર)] પું. પ્રજાસેવક, લોકસેવા કરનાર માણસ.

લોકસેવક સંઘ [સં. લોક (જનતા) + સેવક (ચાકર) + સંઘ (સમૂહ)] પુ પ્રજાની સેવા કરનાર મંડળ.

લોકસેવા ૧. [સ લોક (પ્રજા) + સેવા] સ્ત્રી જાહેર જનતાની સેવા; સમાજસેવા

૨. સ્ત્રી. સમુદાય કામદારોની પ્રવૃત્તિ; પ્રજાની સેવા; આમવર્ગના લોકોની સેવા.

લોકસેવા વિદ્યા [સ. લોક (જનતા) + સેવા (ચાકરી) + વિદ્યા (જ્ઞાન)] પું. આમજનતાની સેવાનું જ્ઞાન. લોકસેવા વિદ્યા એટલે (૧) ગામડાંની પ્રાથમિક જ્ઞાન, ગામસફાઈ અને આરોગ્યસંરક્ષણના મૂળભૂત નિયમોનું જ્ઞાન; અ.પણાં ગામડાંમાં જાજરૂ અને પેશાબખાનાના પ્રશ્નોનો તેમ જ કુવાની આસપાસ થતી ગંદકીનો ઉકેલ. (૨) ગામડાંના લોકનાં માનસ; ગામડાંમાં કામ કરનાર કાર્યકર્તાના આચાર, વિચાર તથા માનસ કેવાં હોવાં જોઈએ; ગામડામાં કામ કેવી રીતે ઉપાડવું તથા ચોડવું તેનો વિચાર. (૩) કોડામણ, બાલવાડી, વ્રતો તથા ઉત્સવોનું સંસ્કરણ, રમતગમત તથા મનોરંજનના કાર્યક્રમો ગોઠવવા, જાજનમંડળીઓ તથા લોકગીત મંડળીઓ ઊભી કરવી. (૪) મોટી ઉમરની સ્ત્રીઓની કેળવણી; જેઓ નવરાં તથા બેકાર હોય તેમને માટે અનુકૂળ ઉદ્યોગની યોજના કરવી; ગ્રામમહિલામંડળની રચના કરી તે મારફત નવા વિચારોનો પ્રચાર કરવો; ગ્રામ પુસ્તકાલય તથા વાચનાલયની યોજના કરવી. (૫) માંદાઓની સારવાર તથા ઘરગથ્થુ ઉપચારોનું જ્ઞાન. (૬) સેવાદળની રચના, કુદરતી આફત સામે રાહતકાર્યની યોજના કઈ રીતે કરવી તથા તેની અવસ્થા કેમ ચલાવવી, ગામનાં સાર્વજનિક કામો લોકો અ.પમેળે સહકારથી કરે એવા કાર્યક્રમો ગોઠવવા. (૭) ગ્રામપંચાયત એટલે ગ્રામસ્વરાજ્યના પ્રતિનિધિની રૂપરેખા. (૮) ગામડાંના અર્થશાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન તેમ જ ગામડાની વર્તમાન દશાનો અભ્યાસ (૯) પ્રજાતંત્રના સિદ્ધાંતોની સમજ, ચૂંટણીની રીતો, મતદાર મંડળ, મતનું મહત્ત્વ, બેલટ પદ્ધતિ, મતપત્રકરીની જુદી જુદી રીતો તથા તેની પાછળ રહેલા સિદ્ધાંતો. (૧૦) આપણા દેશની રાષ્ટ્રીય જાગૃતિનો પ્રતિહાસ. આ વિષયમાં રાષ્ટ્રીય ચિહ્નો તથા રજવાડાંનો પ્રતિહાસ તેમ જ સત્યાગ્રહનું સ્વરૂપ તથા તેનો પ્રતિહાસ આવવો જોઈએ. (૧૧) આપણા વર્તમાન પ્રશ્નોનું સામાન્ય જ્ઞાનઃ બેકારી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા, સ્ત્રીઓનું સમાજમાં સ્થાન, મદ્યનિષેધ, સંસારસુધારાનાં જાગતા કાયદા વગેરે. (૧૨) દુનિયાની વર્તમાન પરિસ્થિતિનું તેમ જ નવી સમાજરચના વિષે પ્રચલિત જુદી જુદી વિચારસરણીઓનું પ્રાથમિક જ્ઞાન.

લોકસૈન્ય [સં. લોક (જનતા) + સૈન્ય (લશ્કર)] ન પ્રજાના સ્વયંસેવકોનું બનેલ લશ્કર, લોકોનું સૈન્ય.

> જ્ઞાન શક્તિને જાણ, જાણ્યાં અહાનું ત્રાણ
> અક તાણ એક ધ્યાન લોકસૈન્ય આપે.
>
> સરકાર

લોકસ્તુતિ [સં લોક (પ્રજા) + સ્તુતિ (પ્રશંસા)] સ્ત્રી. લોકનાં વખાણ.

લોકસ્યાપત્ય [સ. લોક (જનતા) + સ્ય.પત્ય (અપત્યમ)] ન પ્રજાનાં મકાનની બાંધણી. હિંદના **લોકસ્યાપત્ય** વિષેનો ખ્યાલ મેળવવા માટે કશા સાધનો ઉપલબ્ધ નહિ હોવાને લીધે પરનો અભ્યાસ નહિ થયેલો. પ્રસ્થાન

લોકસ્વિર્યાત ૧. [સં. લોક + સ્થિતિ (સ્થાન)] સ્ત્રી પ્રજાની સ્થિતિ; લોકોની દશા.

૨. સ્ત્રી. લોકવ્યવસ્થા.

૩. સ્ત્રી. લોકસ્થિતિ; દુનિયાનાં અસ્તિત્વ અને સ્થિરતા.

૪. સ્ત્રી. સર્વમાન્ય કાયદો.

લોકસ્વભાવ [સં. લોક (જનતા) + સ્વભાવ (પ્રકૃતિ)] પું. લોકોની પ્રકૃતિ. સુખનિપાતમાં લખે છે કે, લાભ અને હાનિ, જય અને અપજય, નિંદા અને સ્તુતિ, સુખ અને દુઃખ એ બધા **લોકસ્વભાવ** જાણવા.

લોકસ્વરૂપભાવના સ્ત્રી. (જૈન) વૈરાગ્યને દૃઢ કરનારી બાર બારેની એ નામની એક ભાવના. ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે દશમી **લોકસ્વરૂપભાવના** છે.

શ્રીમદ્ રાજચંદ્ર

લોકસ્વામી પું. વિષ્ણુનાં બીજાં નામોનું એક નામ. ત્રીજા લોકના સ્વામી તે **લોકસ્વામી** કહેવાય છે.

લોકસ્વાસ્થ્ય [સં. લોક (જનતા) + સ્વાસ્થ્ય (આરોગ્ય)] ન. જાહેર આરોગ્ય; પ્રજાની સામાન્ય તંદુરસ્તી.

લોકહર્ષક [સં. લોક (જનતા) + હર્ષક (આનંદ પમાડનું તે)] ન. લોકોનો આનંદ; લોકોનું રાજી થવું તે.

લોકહસારત સ્ત્રી. લોકોમાં હાંસી; જાહેરમાં મશ્કરી થવી તે.

> આજ પછી હરિ એવું ન કરીએ,
> **લોકહસારત** થાશે રે. નરસિંહ

લોકહાનિ [સં. લોક (જનતા) + હાનિ (નુકસાન)] સ્ત્રી. સાર્વજનિક નુકસાન.

લોકહાસ્ય ૧ ન. લોક હસારત; લૌકિક મશ્કરી; જાહેર મશ્કરી.

૨. ન. લોક હસારતનું પાત્ર; લોકો મશ્કરી કરે તેવી વ્યક્તિ

૩ [સં લોક (જનતા) + હાસ્ય (હસવું તે)] વિ. લોકહસારતને પાત્રભૂત

લોકહિત ૧. પું સિવનાં બીજાં ઝાડનું એક નામ.

૨. [સં. લોક (પ્રજા) + હિત (ભલું)] ન. પ્રજાનું ભલું; પ્રજાકીય હિત; લોકકલ્યાણ.

૩ વિ લોકોને હિતકારક.

લોકહિતવાદ [સ લોક (જનતા) + હિત (ભલું) + વાદ (મત)] પુ. પ્રજાનું હિત થવું જોઈએ એવો મત.

લોકહિતવાદી [સં. લોક (જનતા) + હિત (કલ્યાણ) + વાદિન્ (વાદમાં માનનાર)] પું. લોકોનું ભલું જ કરવું એ સિદ્ધાંતને માનનાર મનુષ્ય.

લોકહિતાવહ [સં. લોક (જનતા) + હિત (ભલું) + આવહ્ (લાવે તેવું)] વિ. લોકોના ભલા માટેનું; લોકોપકારક.

લોકહિતૈષી [સં. લોક (પ્રજા) + હિતૈષી (ભલું ઇચ્છનાર)] વિ. લોકનું ભલું ઇચ્છનાર.

લોકહૃદય ન. પ્રજાપ્રત્યેની લાગણી; **લોકહૈયું**.

> જેમ અંગ્રેજ બહેનોમાંથી **લોકહૃદય** જુદાઈ ગયું છે તેમ તેમના સાહિત્યમાંથી લોકપ્રાણ ઊડી ગયો છે. ત્રિભુવનદાસ

લોકહૈયું ન. લોકોનું હૃદય; લોકહૃદય.

> નવીન જેલકોને તેમજ **લોકહૈયાંને** સરખી રીતે તપવું પડ્યું છે. અખબાર

લોકાકર્ષ સ્ત્રી. અજાણ્યા તરેહનું વર્તન; પરાણાપણું; પારકાપણું; પારકા માણસ જેવો અણસાર.

લોકાકાશ પું. (જૈન) કર્મવાળા જીવોને રહેવાનું ઠેકાણું; જીવ અને તત્ત્વ રહે તે વિશ્વ; જેટલા ભાગમાં ચૌદ લોક આવેલા છે તેટલો ભાગ.

લોકાગ્ર [સં લોક (કર્મફળ ભોગવવાનું સ્થાન) + અગ્ર (મુખ્ય)] પું. (જૈન) મુક્તિસ્થાન; મોક્ષસ્થાન.

લોકાચાર [સં. લોક (જનતા) + આચાર (વર્તન)] પું. લોકોમાં ચાલતો વ્યવહાર; સમાજના નિયમ અનુસારનું વર્તન; દુનિયાદારી; લોકવ્યવહાર; રૂઢિ. રીત; ચાલ.

> સમાજ, જાતિ, ધર્મ, લોક અને લોકસંસ્થાઓમાં જે પ્રકારના આચારના નિયમો હોય તે પ્રમાણે વ્યવહાર તેનું નામ **લોકાચાર**. સમાજમાં રહેનારે તેનું પાલન કરવું અત્યંત આવશ્યક છે. ધર્માચાર એટલે ધર્મનો આચાર, જેને ક્રિયાકાંડ, કર્મકાંડ,

પૂજનપાઠ, દાન, શીલ, તપ અને ભાવ એ વગેરે ધર્મ નિયમ કહે છે તેનું પ્રતિપાલન. તેનું પાલન કરવું આપણું પરમ કર્તવ્ય છે. વિદ્યાવિજયજી

લોકાચાર કરવો = લોકોના સંતોષ માટે હરકોઈ વ્યવહાર કરવો.

લોકાચારી ૧. સ્ત્રી. દુનિયાની રીત.

૨. સ્ત્રી. મરણ પ્રસંગે કોઈને તેને ત્યાં સાંત્વન આપવા જવું તે.

લોકાટ ન. ખોર જેવું પીળા રંગનું એક જાતનું ક્ષણ; લુકાટનું ક્ષણ. તે મીઠું તેમજ આકું ક્ષોપ છે.

લોકાતીત [સં. લોક (જનતા) + અતીત (પાર ગયેલું)] વિ. અલૌકિક; લોકથી પર.

એ વેળા વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલું આભારૂપી તેજ સર્વ લોકના દેખતાં લોકાતીત અજવાળામાં ભળી ગયું. ઝાલવત

લોકાદર પું. લોકોનો આદર; લોક અથવા સમાજ તરફથી મળેલું માન; પ્રખ્યાતિ; માન મરતબો.

લોકાધિપ ૧. [સં. લોક (પ્રજા) + અધિપ (રાજા)] પું. વિષ્ણુ.

૨. પું. લોકપાલ.

લોકાધિપત્ય [સં. લોક (જનતા) + આધિપત્ય (ઉપરીપણું)] ન. પ્રજાસત્તાક રાજ્ય; લોકસત્તાત્મક રાજ્ય; પ્રજાતંત્ર રાજ્ય.

લોકાધિષ્ઠાન [સં] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. એ નિરાધાર જગતના આશ્રયથી ત્રણે લોક રહેલા છે તેથી તે લોકાધિષ્ઠાન કહેવાય છે.

લોકાધીન [સં. લોક (જનતા) + અધીન (તાબેદાર)] વિ. લોકોને જવાબદાર; પ્રજાધીન.

લોકાધ્યક્ષ ૧. [સં. લોક (જગત) + અધ્યક્ષ (માલિક)] પું. પ્રભુ; ત્રિલોકના નાથ.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. લોકોનું નિરીક્ષણ કરનાર અને લોકોને પ્રધાનરૂપથી જોનાર હોવાથી તે લોકાધ્યક્ષ કહેવાય છે.

લોકાનુગ્રહ [સં. લોક (પ્રજા) + અનુગ્રહ (કૃપા)] પું. જનતા તરફ ઉપકારવૃત્તિ.

જગતના કૃત્યુ લોકાનુગ્રહ કરવા પોતાની માયાથી જન્મ્યા હોય, દેહવાળા હોય, એમ દેખાય છે. પુરાતત્ત્વ

લોકાનુચર [સં. લોક (જનતા) + અનુ (પાછળ) + ચર્ (જવું)] વિ. લોકોને પસંદ પડે તેવી પ્રવૃત્તિ કરનાર.

ગ્રીસના સોફિસ્ટોના જેવો એક લોકાનુચર વર્ગ હાલ ઉત્પન્ન થયા છે. શિક્ષણનો ઇતિહાસ

લોકાનુપ્રેક્ષા [સં. લોક (વિશ્વ) + અનુપ્રેક્ષા (ચિંતન)] સ્ત્રી. (જૈન) બાર ભાવનામાં એક ભાવના; તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ માટે વિશ્વનું વાસ્તવિક સ્વરૂપ ચિંતવવું તે.

લોકાનુભાવ [સં. લોક (પ્રજા) + અનુભાવ (પ્રભાવ)] પું. લોકસ્વભાવ; જગદ્ધર્મ.

ભગવાન અરિષ્ટનેમિના જન્માભિષેક આદિ પ્રસંગો ઉપર દેવોના આસનનું કંપિત થવું એ પણ લોકાનુભાવનું જ કાર્ય છે. તત્ત્વાર્થસૂત્ર

લોકાપકારક [સં. લોક (જનતા) + અપ (ખરાબ) + કારક (કરનાર)] વિ. લોકોનું માઠું કરનાર.

લોકાપવાદ ૧. [સં. લોક (જનતા) + અપ (ખરાબ) + વાદ (બોલવું તે)] પું. લોકમાં અમુકને માટે જૂઠું બોલાવું તે; લોકો તરફથી મુકાતો દોષ; લોકમાં થતી નિંદા; વગોણું; લોકમાં નામર્દ કહેવાવું તે.

લોકાપવાદ ખમ્યુ નહીં, કુલકામ તમૂ આચાર. ભ ૧૬

૨. પું. લોકોમાં ફેલાયેલી અફવા. અમાણે રાજાઓ પોતાની પ્રજાની અફવાને પણ પ્રાધાન્ય આપીને પોતાના અંગતને ત્યજતા હતા. લોકાપવાદ ઉપરથી સતી સીતાનો રામે ત્યાગ કર્યો હતો.

લોકાપવાદ ધીર લક્ષ્મણને સુણાવ્યો,
ભદ્ર હું કામ એવી લોકપત્ર શિર આવ્યો.
આજ્ઞા કરી વનમહીં મૂકી આવવાને,
ગમ્યા તીરે લઈ જઈ કહ્યું સૌ સીતાને
રામાયણસાર

લોકાપવાદભયમુક્તિ [સં. લોકાપવાદ (વગોણું) + ભય (બીક) + મુક્તિ (છુટકારો)] સ્ત્રી. લોકનિર્ભયતા; દુનિયામાં લોકો પોતાને માટે શું કહેશે તેની બીક ન રાખવી તે.

ખરેખર સુધારાના ઉપદેશકોમાં વિદ્વા, વાચાળપણું, જબાની જડા, તેમ ઉદ્યોગ, ખંત, નિર્ભયતા, લોકાપવાદભયમુક્તિ, નિઃસ્વાર્થતા, સર્વજન સાથે મળતાપણું, દેશીપણું, સ્વાશ્રય સુખદુઃખનો સ્વકલ્પ વિચાર એ સૌ સદ્ગુણો જોઈએ. વર્ણેકરાકર

લોકાભિરામ [સં. લોક (જનતા) + અભિરામ (મનોહર)] વિ. લોકોમાં બહુ સુંદર.

લોકામોદ [સં. લોક (જનતા) + આમોદ (આનંદ)] પું. સાર્વજનિક ઉજાણી; જાહેર આનંદોત્સવ.

લોકાયત ૧. [સં. લોક (જગત) + આયત (ફેલાયેલ)] પું. આ લોક સિવાય પરલોકને નહિ માનનારો મનુષ્ય; પરમાત્મામાં નહિ માનનાર માણસ.

૨. પું. (પિંગળ) દુમિલ નામનો છંદ.

૩. પું. નાસ્તિક મત; નિરીશ્વરવાદ; ચાર્વાકમત.

૪. ન. ચાર્વાકદર્શન; ચાર્વાકશાસ્ત્ર.

૫ ન. જૈનોના એક ગ્રંથનું નામ.

૬. વિ. ઈશ્વરમાં ન માનનારું; નાસ્તિક.

૭. [સં. લોક (પ્રજા) + આયાત (લંબાયેલ)] વિ. લોકમાં વિસ્તાર પામેલું.

આર્યોક્રમને લોકાયત કહે છે. લોકાયતનો અર્થ લોકોમા વિસ્તારેલો એવો થાય છે.
કૌટિલ્યનું અર્થશા.

લોકાયત મત જુઓ લોકાયત વાદ.

લોકાયત અક્ષય યતિ પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિ માત્રામેળ છંદ તેના દરેક પદમા. ૮, ૮, ૮, ૮, મળી ૩૨ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ યતિ આવે છે.

લોકાયતવાદ [સં. લોકાયત (નાસ્તિકતા) + વાદ (મત)] પું. સુખવાદ; તૃપ્તિવાદ; નાસ્તિકવાદ.

લોકાયતિક ૧. [સં. લોકાયત (નાસ્તિકતા) + ઇક (વાળું)] પું. ચાર્વાકના મતવાળો માણસ.

૨. વિ. નાસ્તિક.

૩ વિ. લોકોમાં વિસ્તાર પામેલું.

લોકાર્થિક [સં. લોક (જનતા) + અર્થ (પૈસો) + ઇક (વાળું)] વિ. સામાજિક જાહેર કૃત્યને લગતું.

લોકાલય [સં. લોક (પ્રજા) + આલય (સ્થાન)] ન. લોકોના વસવાટવાળી જગ્યા.

લોકાલાકી સ્ત્રી. બોડેયા; જનવાતોડી.

લોકાલોક ૧. પું. આખું આકાશક્ષેત્ર

૨. પું. આલોક તથા પરલોક; સ્વર્ગ ને મનુષ્યલોક

અન્ય સુખથી મન હઠાવી, પ્રગટમા સુખ પેખશો;
લોકાલોકની બાલ મેલી, સુખસંતમા જેખશો.
નિષ્કુળાનંદ

૩. [સં. લોક (જગત) + અ (નહિ) લોક (જગત)] પું. પુરાણમાં જણાવેલ એ નામનો એક પર્વત. લોકાલોક નામ પાડવાનું કારણ એ છે કે, લોક અને અલોકની મધ્યમાં તેની સ્થિતિ છે. ઈશ્વર ત્રણે લોકના હેતુમાં એ પર્વતને કરેલો છે. સૂર્યથી તે છેક દૂર સુધીના તેજસ્વી પદાર્થોનાં કિરણો કે જેઓ ત્રૈલોક્યમાં ચારેકોર અજવાળું કરે છે તેઓ પેલી પાર પહોંચી શકે નહિ એટલી એ પર્વતની ઊંચાઈ છે. તે મેરુની આસપાસ ચારે બાજુએ બાર કરોડ પચાસ લાખ યોજનને સરખે અંતરે વલયાકારે આવેલો છે. એની બાજુની બાજુએ પ્રકાશ અને જરૂરની

બાજુએ અંધકાર હોવાનું મનાય છે. આ પર્વત ધ્રુવના તારાથી પણ ઊંચો હોઈને ત્રણે લોકની મર્યાદારૂપ છે. તેથી સૂર્યથી માંડીને ધ્રુવ સુધીના જ્યોતિષ્કોનાં કિરણો આ લોકાલોક પર્વતથી આ બાજુના ત્રણે લોકોને ચોતરફ પ્રકાશિત કરે છે પણ એ પર્વતની પેલી તરફ કદિ જઈ શકતાં નથી. વળી આ પર્વત દશ હજાર યોજન વિસ્તારમાં અને ત્રીસાર્ધમાં એક કરોડ યોજન હોવનું વિષ્ણુપુરાણમાં લખેલ છે. આ પર્વત ઉપર ચારે દિશાઓમાં સમગ્ર જગતના ગુરુ પરમેશ્વરે ઋષભ, પુષ્કરચૂડ, વામન તથા અપરાજિત નામના ચાર દિગ્ગજોને રચ્યા છે.

૪ પું. હિમાલયનું એ નામનું એક શિખર.

૫ વિ. સામાન્ય લોક જેવું; બહુ સંબંધ વગરનું.

લોકાલોકવ્યાપી વિ. (જૈન) લોક અને અલોકમાં વ્યાપક; સર્વવ્યાપક.

લોકાક્ષ પું. પુષ્ટિકૃિના અશ્વમેધ યજ્ઞમાં ઋત્વિજનું કામ કરનાર સોળ માહેનો એ નામનો એક ઋષિ.

લોકાગચ્છ પું. (જૈન) સ્થાનકવાસી વિભાગના આદ્ય સ્થાપક મહાપુરુષ.

લોકાભય [સં. લોક(પ્રજા) + આશ્રય (આશરો)] પું. જનતાની સહાય; માણસોની મદદ.

લોકાંતપ્રાપ્તિ [સં. લોક (જનતા) + અંત (છેડો) + પ્રાપ્તિ (મેળવવું તે)] સ્ત્રી. લોકને અંત આવે પહોંચવું તે.

સંપૂર્ણ કર્મ અને તદ્ભવિત ઔપશમિક આદિ ભાવો નાશ પામ્યા કે તુરત જ એક સમયે એક સમયમાં ત્રણ કાર્ય થાય છે: શરીરનો વિયોગ, સિદ્ધમાન ગતિ અને **લોકાંતપ્રાપ્તિ**.

તત્ત્વાર્થસૂત્ર

લોકાંતર [સં. લોક (જગત) + અંતર (બીજું)] પું. પરલોક; બીજો લોક; બીજી દુનિયા.

લોકાંતરગત [સં. લોકાંતર (પરલોક) + ગત (ગયેલો)] વિ. મરણ પામેલ; પરલોકમાં ગયેલ.

લોકાંતરિત ૧. [સં. લોકાંતર (પરલોક) + ત (સંબંધી)] વિ. પરલોકવાસી; બીજા લોકમાં ગયેલું.

૨. વિ. મરેલું, મૃત્યુ પામેલું.

૩. વિ. લોકાંતરને લગતું.

લોકાંતિક ૧. [સં. લોક (જગત) + અંત (છેડો) + ઇક (વાળું)] પું. (જૈન) એક જાતના દેવ; બીજે ભવે મનુષ્યજન્મ પામી લોકનો અંત એટલે કે મોક્ષ મેળવે તેવો દેવ.

૨. પું. સ્વર્ગલોક.

લોકિક ૧. પું.; ન. ગુજરનારની પાછળ રોતાં રોતાં જવું તે; મરખરો; ડ્રાફ્ટ.

લોકિક કરવું = કોઈને ત્યાં મરણનું રડવા જવું.

૨. જુઓ લૌકિક.

લોકિટ [અં.] ન. એક જાતનો અલંકાર. જુઓ લૉકેટ.

લોકિત [સં.] વિ. જોયેલ; દેખેલ.

લોકિયું ૧. ન. ચાંચ; ચણાક.

૨. વિ. કપુમીની વસતીવાળું; લોકવસ્તી વસતીવાળું

૩. વિ. ધરમચ્યું.

૪ વિ. પ્રાકૃત; સામાન્ય લોકનું.

એ ચેપારી આ સોને લોકિયો હિસાબ નહિ તરમજે તો હિંદુસ્તાનમાં અરાજકતા, લૂંટ અને બંડોને રોકવાં લગભગ અસંભવિત થઈ પડશે.

આપીજી

લોકી ૧. [હિં.] સ્ત્રી. દૂધી; નર્યા.

૨ સ્ત્રી. મરણની પાછળ રોવું તે; લૌકિક.

લોકીક [સ લોક (પ્રજા) + ઇક (વાળું)] પું; ન. મરણટાણે દુઃખ વિસરાવવા જવું તે; મરખરો; મોકાણ; સોમવારિયું. કોઈને ત્યાં મરણ સમય આશ્વાસન આપવા જવું તે.

લોકીક કરવી = મરખરો કરવો.

લોકેચ્છા [સં. લોક (જનતા) + ઇચ્છા (મરજી)] સ્ત્રી. પ્રજાની મરજી; પ્રજામત.

રાજ્યના હિત કાર્યોમાં **લોકેચ્છા** માનવી પડે; અનાદર પ્રજાનો જ્યાં રાજાસત્તા ન ત્યાં વસે.

રાઈનો પર્વત

લોકેન્દ્રિત [સં. લોક (જનતા) + ઇન્દ્રિત (ઇચ્છેલું)] વિ. લોક વડે ઇચ્છાયેલું.

કેટલાકે સૂંપાર અને **લોકેન્દ્રિત** સાધનોથી મનુષ્યનાં મન હરણ કર્યાં. શ્રીમદ્ રાજચંદ્ર

લોકેટ ૧. [અં. લૉકિટ] ન. એ નામનું એક જાતનું દાગીનો.

૨. ન. ભદામના આકારનું એક જાતનું ઝગારું ઘરેણું

૩. ન. બીજાને ડોળીએ પહેરવાનું એક ઘરેણું.

લોકેશ ૧. પું. એ નામના એક ગ્રહ.

૨. પું. ધાંધા

૩. [સં. લોક (વિશ્વ) + ઈશ (માલિક)] પું. બ્રહ્મા. તેમને માટે અનેક શબ્દો વપરાય છે. જેમકે, આદિભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી પિતામહ, હિરણ્યગર્ભ, સ્વયંભૂ, ચતુરાનન, ધાતા, અબ્જયોનિ, દ્રુહિણ, વિરંચિ, કમલાસન, સ્રષ્ટા, પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃજ્, વિધિ, નાભિજન્મા, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, રત્નેમૂર્તિ, સસરુ અને હંસવાહન.

૪. પું. રાજા.

લોકેશન [અં.] ન. સ્થળ; સ્થાન; ઠેકાણું.

આ જેહાનિસબર્ગના **લોકેશન**માં જમીનનો નવાણું વર્ષનો પટ્ટો અપાયો હતો. ગાંધીજી

લોકેશ્વર જુઓ લોકેશ

લોકૈકશૂર [સં. લોક (પ્રજા) + એક + શૂર (બહાદુર પુરુષ)] પું જગતમાં અનુપમ શૂરવીર.

સત્ય **લોકૈકશૂરા** તે દશાસ્યકુલ રિપુના.

જનરાજયત્રિ

લોકૈષણા ૧. સ્ત્રી. (વેદાંત) લોકમાં હું શ્રેષ્ઠ છું એવું અભિમાન અથવા લોકમાં હું શ્રેષ્ઠ કહેવાઉં એવી ચાહના.

લોલુપતા [સં.] સ્ત્રી. લોલુપ હોવાપણું; લાલસા; લોભ.
ભોજનની લોલુપતા. તરબી ઇજન અને નહીંને કદમ્બે ; પ્રેમ પણ જલદનની માફક રેડ્યામાં જ વિલીન થઈ જાય છે. મણિલાલ ત્રિપાઠી

લોલુપી [સં. લોલુપિન્] વિ. લોલુપતાવાળું.

લોલું વિ. રૈયત વસરનું; કઠી કરી ન શકે તેવું, અશક્ત; નમાલું

લોલો ૧. પું. ઝભ્ભાનો ગોલતો રતાપુ; લોબો.
૨ ઝ ઉલ્લાસ ! એક અવાજ

લોલ્લોલ્લ ૧. ન. નબળી; નાકનું ઘરોણું.
લોલ્લોલ્લ એ અમર ઉપર ચૂનવાયું. ...લાપી
૨. [સં. લોલ] વિ. લોલનું બનેલું કપ; અતિશય કંપતું; સદા અસ્થિર.

લોવડાવવું (લોવડાવવું) સ વિ. ધોવાનું; ધોઈ આપવું કરાવવું.

લોવાણિયું ન લોઢવાનું સાધન.

લોવરાવવું જુઓ લોવડાવવું.

લોવા ૧. પું કપાસનું ઝાડવું.
૨. [હિ.] પું. જમણી બાજુ.
૩. સ્ત્રી. લોમડી.
૪. ન. એક વસ્તુનું પડ્યું.

લોવાવું સ. ક્રિ. ધોવાઈ જવું.

લોવ્યલંગ સ. કરવું અગર ન કરવું થયા કરે એમ, અસ્થિરતાથી; અનિશ્ચિતપણે; અસ્થિર વિચારે.

લોશન [અં.] ન દવાની મેળવણીવાળું જખમ ધોવાનું પાણી.

લોષ્ટ ૧. પું. પથ્થર.
૨. [સં. લોષ્ટ (અદલું કરવું)] ન. બદલું કરેલ માટીનો કટકો
૩ ન ઢેફાંનો માટ.

લોસ્ત્ર [સ] પુ ગાયનાં આંચળની મોંમરી

લોષ્ઠજાત જુઓ લોષ્ટ્ર

લોસ [અં.] પુ. નુકસાન; ખોટ; હાનિ.

લોહા સ્ત્રી. એક બનનો વેલો તેના પાનને અળાયો અળતરા થાય છે

લોહિ ન [illegible]
[illegible] કહે લોહિ ગાયનુ,
શિર સાબળું અવર તે વળી રે. નિષ્કુળાનંદ

લોહોટ [હિ.] સ્ત્રી. કટક.

લોહ્યૌષધિ [સં. લોહ્ય (ખોવાયેલ) + ઔષધિ (ઔષધ)] સ્ત્રી. નષ્ટચિકિત્સાનો કે ખોવાયેલ મંત્ર

લોહ ૧ પુ અક્ષર નિરંતર.
૨ પુ ૨ ન બાણ
૩ સ ન બાજર, અદન
૪ ન. અસત્ય.
૫. [સ] ન. એક ધાતુ; લોઢું; લોખંડ; સત્ત્વ.
૬. ન. ઔષધિમાં ગણાવેલી સાત માંહેની એક મુખ્ય ધાતુ. તે પૌષ્ટિક તરીકે જુદાં જુદાં સ્વરૂપમાં વપરાય છે. (૧) કાન્તલૌહ: તેમાંથી લોહચુમ્બક બને છે. (૨) મંડૂર: તે લંડનના કાટનો બને છે. (૩) લોહસાર: તે લોખંડને જુદા જુદાં વનસ્પતિ ઔષધિ સાથે રાખવાથી બને છે.
૭. ન. તાંબું.
શુક્લ યજુર્વેદમાં તાંબાને લોહ તરીકે ઓળખાવવામાં આવ્યું છે. બુદ્ધિપ્રકાશ
૮. ન. યુદ્ધનું એક શસ્ત્ર
ખડ્ગ, ચક્ર, ભાલ્લ મુદ્ગર, લોહ, અર્ગલ, ...ત્ત. નર્મદ
૯ ન. રૂપું
૧૦. ન. સોનું.
૧૧. ન. સોનું.
૧૨. વિ. તાંબાનું બનાવેલ.
૧૩. વિ. લોહામાંથી બનેલું.

લોહક [સં.] વિ. લોહામાંથી બનેલું, જેમાં લોહ ધાતુ હોય એવું; લોહજન્ય

લોહકઢા સ્ત્રી. લોઢાની કડાઈ; તવી.
જેમ અગ્નિતાપથી ઊઠ્યા નીચા
લોહકઢામાં કણ ઊઠીને
એમ પંચ વિષયમાં પાયા પ્રાણી
નાના મોટા સહુ અજે. નિષ્કુળાનંદ

લોહકપિલ ન. લોહચૂર્ણો અને લોહીમાંથી મેળવી શકાતો એક પદાર્થ; કાપિસ; 'હિમેટિન'. તે લોહના રક્તકણોમાં તો લોહપિંડકની સાથે મળીને રહેલો હોય છે અને રક્તરંજકના રૂપમાં તે લોહીને ગાઢો રંગ આપે છે.

લોહકર્પટ [સં. લોહ (લોહું) + કર્પટ (ખેંચનાર)] ન. લોહચુંબક.

લોહકર્ષક ૧. પું મીઢાનું ઝાડ

૨. [સં. લોહ (લોહું) + કર્ષક (કાઢો)] ન. લોહાનો કાટો

લોહકાટ ૧. [સં. લોહ + કિટ (કાટ)] પું. લોહાનો કાટ.

૨. પું. કાટાનો ઝાડવાનૂપલ પરચૂરણ સામાન. રસ્તામાં એક ડોસાણે પુષ્કળ લોહકટ ભેગા આવ્યો. હરગોવિંદદાસ કાંટાવાળા

લોહકાર ૧. [સં. લોહ + કૃ (કરવું)] પું. સુથાર, લોહાનું કામ કરનાર કારીગર; લોઢું ઘડનાર કારીગર.

૨. સ્ત્રી., લોહારોની એક જાત.

કરણ સ્ત્રી સાથે આહિરિય પુરુષનો સંબંધ થતા તથા તક્ષા સ્ત્રી સાથે રથકાર પુરુષનો સંબંધ થતાં ત્રિકિપ, વર્ધકી, લોહકાર તથા કર્મારિ જાતિઓ ઉત્પન્ન થાય છે. સૂતસંહિતા

લોહકારક જુઓ લોહકાર.

લોહકાંત ૧. [સં. લોહ + કાંત (પ્રેમી)] પું. અયસ્કાંત; ચુંબક પથ્થર; ચુમક પહાણ.

૨. પું. એ નામનો એક મણિ.

૩. પું. લોહના ભેગવાળી એક ધાતુ. તે ગોટો, અર્શ, વાયુ પ્રમેહ, વિષ અને ઉદરરોગ ઉપર ઉપયોગી મનાય છે.

લોહકિટ્ટ [સં] ન. લોહાનો મેલ. ૬૮

લોહકીટ જુઓ લોહકિટ્ટ.

લોહકુંડ પું. એ નામનો નરકનો એક કુંડ.

જે માણસ પતિપુત્ર વગરની સ્ત્રીનું અથવા જોયે દિવસે રજસ્વલાએ આરેલું અન્ન જમે તે માણસ સો વર્ષ સુધી તપી લોહકુંડમાં પડે છે. અમરતી ભાગવત

લોહક્રિયા [સં. લોહ + ક્રિયા (કામ)] સ્ત્રી. લોહાને પાણી પાવાનું કામ.

લોહક્ષાર [સં.] પું. લોહાનો ક્ષાર; કાયો.

લોહખાર જુઓ લોહક્ષાર.

લોહગઢ ન. હાલના લાહોરનું જુનું નામ.

ઇસ્વી સોહગઢ (લાહોર) થી સં. ૭૦૨ ની સાલમાં ગુજરાતમાં આવી વસ્યા. હરગોવિંદદાસ કાંટાવાળા

લોહગંધિત ન. એ નામનું એક રસાયણ; 'ફેરિસલ્ફેટ'.

લોહગંધિલ ન. એ નામનું એક રસાયણ; 'ફેરિક સલ્ફાઇડ'.

લોહચાલિકા [સં.] પુ. લોઢાનું બખ્તર

લોહચિત્રલેખનાશ્માજ્ઞ ન. લોહ અને અજમ ધાતુ ઉપર ચિત્રો કોતરી કાઢવા તે. કળા

લોહચુંબક ૧. [સં. લોહ (લોહું) + ચુંબ્ (અડકવું) + અક (વાળું)] ન. ચુમકપહાણ; અયસ્કાંત; લોહાને ખેંચવાના ગુણવાળો એક પથ્થર; લોહકાંત. આ ધાતુની ખાણો જર્મની, સ્વીડન, નોર્વે, રશિયા, પૂર્વમાં, ચીન, સિયામ, હિંદિપાશ્ચત દ્વીપ, કોર્સિક અને આફ્રિકામાં કર્ણિયોપીઆમાં છે.

લોહચુંબક દરેક સમુદ્રને કાંઠે મળે છે. શાસ્ત્રકારોએ તેના બે પ્રકાર કહ્યા છે. જે નીકરમતા અને સહજસિદ્ધ હોય તે ઉત્તમ, બાકીના ખડબચડા હોય તે હલકા. હિરી સિદ્ધાન્ત

૨. ન. જેની ઉપર લોહચુંબક ચલાવ્યું હોય એવો લાખંડનો કટકો; કૃત્રિમલોહચુંબક.

૩. ન. જેમના પ્રત્યે આકર્ષણ થાય તેવું માણસ.

કુસાગ્ર બુદ્ધિવાળા જો દક્ષિ આતરસાકૂરીએ, લોહચુંબક લોકાનું મેળવી જો આત્મહુંકરી. ગાયીગીતા

લોહચુંબકત્વ ૧. [સં. લોહ + ચુમક + ત્વ (પણું)] ન. આકર્ષણ; અવાજ્ય.

દરેકમાં પ્રકાશ, વેગનિ, વીજળી તથા લોહચુંબકત્વ એ બધા વિષયોની સમાલોચનાનો સમાવેશ અહીં થાય છે. વિજ્ઞાન પ્રવેશિકા

૨. ન. લોહાને આકર્ષવાનો ગુણ; 'મેગ્નેટિઝમ.'

લોહચુંબકન્યાય ૧. [સં.] પું. એ નામનો એક ન્યાય; લોઢું જેમ નિષ્ક્રિય અને ગતિ વગરનું હોવા છતાં ચુંબકના આકર્ષણથી તેની પાસે જાય છે તેમ પુરુષ નિષ્ક્રિય હોવા છતાં પણ પ્રકૃતિના સાહચર્યથી ક્રિયામાં તત્પર થાય છે તેવો સાંખ્યમતનો ન્યાય.

૨ પું. બે ચીજો અથવા વ્યક્તિઓ વચ્ચેનો ગાઢ સંબંધ; લોઢું અને ચુમક વચ્ચે છે તેવો બે વસ્તુનો ગાઢો સંબંધ.

લોહચુંબકશલાકા [સં. લોહચુંબક + શલાકા (સળી)] સ્ત્રી. કુંપાસકાંટો; 'મેગ્નેટિક નીડલ.'

લોહચુંબકશીલ [સં. લોહચુંબક + શીલ (સ્વભાવનું)] વિ. આકર્ષક; ચુંબકીય.

લોહચૂર [સં. લોહ (લોહું) + ચૂર્ણ (ભૂકો)] પું. લોહાનો ભૂકો; લોહચૂર્ણ.

લોહચૂર્ણ ૧. પું. લોહાનો ઝાટ.

૨. [સં. લોહ (લોહું) + ચૂર્ણ (ભૂકો)] પું. લોહાનો ભૂકો; લોહચૂર.

લોહજ ૧. [સં. લોહિત (લાલ) + જ (જન્મેલ)] પું. મુદ્રાક્ષનો, રુદ્રાક્ષ જાતિનો પુરુષ

૨. ન. કાંસું.

૩. [સં લોહ (લોહું) + જ (પેદા થયેલ)] ન. લોહાનો મેલ; કાટ.

૪ વિ. લોહામાંથી ઉત્પન્ન થયેલ

લોહજાલિક [સં] ન. માંસ, કાંસાં વગેરેનું રક્ષણ કરતું લોખંડનું બખ્તર; લોહજાલિકા.

લોહજંઘ પું. (પુરાણ) પાંડવોના રાજસૂય યજ્ઞમાં સહાય કરનારો એ નામનો એક રાજા.

લોહજાલિકા સ્ત્રી. માથી થી પગ સુધીનું લોહાની જાળીનું બખ્તર

તેણે ડોકથી પગ સુધી લોહજાલિકા પહેરી હતી, પણ માથું ઉઘાડું રાખ્યું હતું. કનૈયાલાલ મુનશી

લોહજિત [સં.] પું. હીરો.

લોહજંઘિકા સ્ત્રી. તલવાર.

ઝોકરાં રણમાં કહે એમ આવો, લોહજંઘિકા ભેગલાં. રસબાર

લોહટિયાવાડ (લોહટિયાવાડ) સ્ત્રી. લોહાના વેપારીઓની દુકાનો હોય તેવો શહેરનો ભાગ; બજારવાડા; ઓરાસી આહનું એક ગોદું.

લોહટિયો પું. લોહાનો વેપારી.

લોહડું ન. (જૂ. ગુ.) લોઢું

અંતરિક્ષ આવી રહ્યા, લોહડા કેરા ગૂંચ, ભીમ

લોહતંત્ર [સં.] ન. મહર્ષિ શક્રનાથને રચેલું એક શાસ્ત્ર. તેમાં ધાતુ અને અન્નિજ પદાર્થોની જુદી જુદી જાતની ઉપયોગિતા, દુષ્ટિકરણ અને બનાવટનું વર્ણન છે.

લોહદર્શક [સં. લોહ (લોહું) + દર્શક (દેખાડનાર)] ન. કોઈ પણ વસ્તુમાં કેટલો લોહાનો ભાગ છે તે જાણવાનું એક યંત્ર. આ યંત્રમાં વપરી લોહચુંબક સળીઓ વાપરવામાં આવે છે.

લોહદંડ ૧. [સં લોહ (લોહું) + દંડ (લાકડી)] પું. લોહાની કોશ.

૨. પું. લોહાની લાકડી.

૩. ન. (પુરાણ) ભારતનું એ નામનું એક તીર્થ.

લોહદંતો પું. એ નામનો એક મુનિ; ધૌમ્ય.

લોહદાન [સં. લોહ (લોહું) + દાન (દેવું તે)] ન. લોહાનું દાન.

લોહદ્રાવી ૧. [સં. લોહ (લોહું) + દ્રાવિન્ (પિગળાવનાર)] પું. ટંકણખાર.

૨. વિ. લોહાને પિગળાવનાર.

લોહનક ન. હિમાલયનું એ નામનું એક શિખર.

લોહનાલ પું. લોઢાનું રક્ષક નાગચક્ર; પરજ

લોહપિંડક ન. સફેદીને બહુ જ મળતો આવતો એક પદાર્થ; લોહપિંડોનું મુખ્ય તત્ત્વ. ' ગ્લોબ્યુલિન '.

લોહપુરુષ [સં. લોહ (લોખંડ) + પુરુષ (માણસ)] પું. લોઢા જેવો મજબૂત માણસ

૪ ડિસેમ્બર ૧૯૪૮ને દિવસે પ્રાતીય વિધાનસભાનું ઉદ્ઘાટન **લોહપુરુષ** સરદાર પટેલે કર્યું હતું.

અભ્યુદય રાસલવર્ષતિ

લોહપૃષ્ઠ [સં. લોહ (લોહ) + પૃષ્ઠ (પીઠ)] પું. કાચબો તેની પીઠ ઉપરની પૂરક ઢાલનું પૂરક બનાવવામાં વપરાય છે.

લોહપૃષ્ઠી [સં.] સ્ત્રી. કાચબી

લોહપ્રતિમા ૧. સ્ત્રી. એજન્સ.

૨. [સં લોહ (લોહું) + પ્રતિમા (મૂર્તિ)] સ્ત્રી લોઢાની મૂર્તિ.

લોહપ્રદ [સં. લોહ (લોહ) + પ્રદ (દેનાર)] વિ. જેમાંથી લોહું મળી આવે તેવું.

લોહપ્રાણીલ ન. લોઢાનો ક્ષાર. વરસાદના પાણીમાં ઓગળેલો પ્રાણવાયુ લોહની સાથે જોડાઈ લોહપ્રાણીલ ઉત્પન્ન કરે છે.

લોહફેણું ન. લોઢાનું ઓજાર.

લોહબંધ વિ. લોખંડ જેટલું મજબૂત રીતે બંધાયેલ.

હોમરોલે લશ્કરની પુનર્રચના કરી ઇંગ્લંડના ઇતિહાસમાં લોહબંધ (Ironsides)ને નામે સુવિખ્યાત સેનાનીઓ બનાવ્યા. કુમાર

લોહભસ્મ [સં. લોહ + ભસ્મ (રાખ)] સ્ત્રી. (વૈદ્યક) લોઢાની રાસાયનિક ભસ્મ. આ દવા ક્ષય, પ્રમેહ, પાંડુ, રક્તાલ્પતા, હૃદયરોગ, સંગ્રહણી, હરસ, ગુલ્મ, કમળો તથા કમળેરીમાં બહુ લાભદાયક છે. તે જઠર, શક્તિ અને ભૂખ વધારે છે. શુદ્ધ લોહભસ્મની નિશાની એ છે કે, પાણીમાં નાખવાથી તે તરે છે. મોઢે ઘડેલા દાણો નાખીએ તો તે પણ બૂડતો નથી. જો લોહભસ્મ પાણીની અંદર ડૂબી જાય તો સમજવું કે તેની અંદર કાચું લોહું રહી ગયું છે. માત્રા ૧ રતીથી ૧ વાલ. સાવચેતી: લોહની દવા લેતી વખતે ખાટી ચીજ તથા મીઠાનો ઉપયોગ બંધ રાખવો જોઈએ.

લોહભાંડ [સં. લોહ (લોહું) + ભાણ્ડ (વાસણ)] ન. લોઢાનો સામાન.

લોહમક્ષિ પું લોહચુંબક.

એક લોહમક્ષિણી જે સળંગ લોહમય હોય છે તે વધારમાં ફાલ થાય છે. અજૂબાબ્ય

લોહમય ૧. વિ. લોઢાનું બનેલું.

૨. [સં.] વિ. લોહપ્રદ: જેમાંથી લોહું મળી આવે તેવું

લોહમારક ૧. [સ.] પું. એક વનસ્પતિ; એક ઝેર:

૨. વિ. લોઢાનું મારણ કરનાર.

લોહમાર્ગ [સં. લોહ + માર્ગ (રસ્તો)] પું. લોઢાની સડક; લોખંડનો રસ્તો; આગગાડી મારેનો લોઢાના પાટાનો રસ્તો

બેલ્જે આગળ જ્યાં જળ હતું ત્યાં સ્થળ અને મળી તે ઉપર **લોહમાર્ગ** (રેલવે) અને અગ્નિરથ ' મન સુખરામ

લોહમુખ સ્ત્રી. મહાભારતમાં જણાવેલ મનુષ્યભક્ષક કરનાર કાળા ઓવાળા માણસની એક જાત

લોહયુક્તા [સં. લોહ (લોહું) + યુક્ત (જોડાયેલ)] વિ. જેમાં લોહું હોય એવું.

લોહયુગ [સં લોહ (લોહું) + યુગ] પુ લોઢામાંથી નાની મોટી વસ્તુ પ્રથમ બનવાની શરૂઆત થઈ તે યુગ.

હથોડા સાધન તથા હથિયાર બનાવવા માટે જેવા પ્રકારની વસ્તુઓ જ્યાં જ્યાં મળી આવતી હોય તે પ્રમાણે તે તે જગ્યાએ મનુષ્યની પ્રગતિ થાય છે. એમ ઇતિહાસ ઉપરથી નક્કી થાય છે. અને તે પ્રમાણે જૂનો અને નવો પાષાણ યુગ, કાંસ્ય યુગ અને **લોહયુગ** એવા વિભાગ પાડવામાં આવ્યા છે. ત્રિભુવનદાસ

લોહર ૧. પું. ગામટિનો.

૨ પું. જડસો, મૂર્ખ.

૩. પું. રખડેલ કે તોફાની જુવાનડો.

૪. પું ઘાસો ને ખડો લોઢાનો સળિયો.

૫ પુ બરડાના સળિયા જેવો ખડા ને મજબૂત માણસ.

૬ વિ. નિર્લજ્જ, બેશરમ.

લોહરિયું વિ. લોહર જેવું: જડસું; મૂર્ખ.

લોહરિયો ૧. પું. બહો ખડો ને મજબૂત માણસ: લોહર.

૨ પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૩. [સ. લોહ] પું. લુહાર: લોઢાનું કામ કરનાર ને વેચનાર માણસ.

લોહલું ન લોહું.

લોહરા નોંધી લીધા વંશ પ્રમો કલજે મેટવી. રસધાર

લોહલ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨. [સં.] વિ. અસ્પષ્ટ બોલનાર.

૩. વિ. લોહું લેનાર.

લોહલંગર ૧. ન બહુ ભારે વજનું

૨. ન. વહાણનું લંગર.

૩. ન હાથીને બાંધવાની લાંબી સાંકળ

તેનો એક છેડો હાથીના જમણા આગલા પગે બાંધવામાં આવે છે અને બીજો છેડો ખૂંટા સાથે બાંધવામાં આવે છે. હવે મારીમાં આવે ત્યારે આ **લોહલંગર** તેને લગાડવામાં આવે છે.

આઈનિઅકબરી

લોહવણું ન. ખીજવણી; ખખવણ.

લોહવર [સં] ન. સોનું.

લોહવાવવું સ. ક્રિ. લુહારવું: લોહાર તેમ કરવું.

લોહવિમુક્ત [સં. લોહ (લોહું) + વિમુક્ત (છૂટું)] વિ. લોહ વગરનું: લોઢા વગરનું.

લોહવું ૧. સ. ક્રિ. ખખવું: ખખડાવવું: કંપવું આપવું: ધ્રુજાવું થવું.

૨. [સં. સૂજ્ઞ પ્રા. ભુઝ] સ. ક્રિ. ભૂજવું: બાથ ભરવું.

લોહવૈરિ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

લોહશલ્ય [સં.] ન. લોઢાની ભૂકી.

લોહશંકુ ૧. ન. (પુરાણ) એકવીસ નરકોનું એક નરક.

૨. [સં.] ન. લોઢાનો ખીલો.

પ્રચંડ યુદ્ધપ્રહારથી ચપટ બેસી ગયેલાં લોહશંકુની પેઠે તેઓએ ત્યારપછી ફરીને એના વતનમાં માથું ઉંચકાવ્યું નહિ. કેશવ હર્ષદ

લોહશાલા [સં. લોહ (લોહું) + શાલા (મકાન)] સ્ત્રી. લુહારની કોઢ.

લોહશિલાજિત ન. એક જાતનું શિલાજિત. તે કડવું, ખારું, પાક વખતે તીખું અને કડું હોય છે.

લોહશૃંખલા [સં લોહ (લોહું) + શૃંખલા (બેડી)] સ્ત્રી. લોઢાની બેડી.

લોહશ્લેષ્મ [સં.] ન ટંકણખાર.

લોહસર્વસ્વ ન. એ નામનું આયુર્વેદ સંબંધી એક પુસ્તક.

લોહસાર ૧. [સં] પુ. પોલાદ.

૨ સ્ત્રી લોઢાની ખાણ.

લોહસિદ્ધ સ્ત્રી. લોઢું સોનું કરવાપણું.

ધાતુવાદ બિલા એટલે **લોહસિદ્ધિ** (હલકી ધાતુને સોનામાં ફેરવી નાખવી) અને દેહસિદ્ધિ (આ માનવ શરીરને સડવું વર્યો સુધી જરા અજરામર જેમ જિના ટકાવી રાખવું) આ માટે હિંદુસ્તાનમાં પ્રાચીનકાળથી શોધખોળો ચાલી રહી છે.

આયુર્વેદ રહસ્ય

લોહસિમેંટ ન. લોઢાના સળિયાનું માળખું બનાવી તેમાં સિમેંટ, રેતી વગેરે ભરીને બનાવેલ

કામ; 'ફેરી કાંકીટ.' આવું કામ થયું મજબૂત હોવા ઉપરાંત તેમની ઉપર મરતીકપની અસર થતી નથી એમ મનાય છે

લોહસ્તંભ [સં. લોહ (લોઢું) + સ્તંભ (થાંભલો)] પું. લોઢાનો થાંભલો. રાજા વિક્રમાદિત્યનો દિલ્હીના લોહસ્તંભ કે જે આજ દિન સુધી કાટ રહિત હાર્યો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓને આશ્ચર્ય ઉત્પન્ન કરી રહ્યો છે. આ સ્તંભ ૨૩ ફૂટ અને ચાર ઇંચ જમીનથી ઊંચો છે. તેમાંથી ૧૭ ઇંચ સુધીના ભાગના વ્યાસ ૧૬ અને બાર ઇંચ એમ રખાયેલો છે. કાઠિયાવાડના રાજા વીરાજીના વેરાન સ્મારક મંદિરની મધ્યમા તથા પરસાળ ભાંગતામાં ખડો છે. મહમદશાહના રાજ્ય દરમિયાન ચડી આવેલ નાદિરશાહ ૧૭૩૯મા આ સ્તંભનું નામ સાંભળી તેના લાંબા ઊંચેડી લઈ જવા પ્રયાસ કરેલો. તાપના ગોળા ફોડાવ્યા છતાં સ્તંભ ભિખ્યો નહિ.

લોહા ૧. પું (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભાંગી છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ લઘુ અને ૪૪ ગુરુ મળી ૧૨૪ માત્રા હોય છે.

૨. [હિં.] પું. લાલ રંગનો ભડકદ.

૩. વિ. કાટેલું.

૪. વિ. લાલ.

લોહાગાર પું. લુહારની કોઠ.

લોહાચલ પું. બેલ્જારીની પૂર્વે ૭૦ માઈલ દૂર આવેલો એક પર્વત. પ્રાચીન સમયમાં તેને રોલા કહેતા.

લોહાર સ્ત્રી. મધ્યમ વર્ગની ખાડની એક જાત.

લોહાણા સ્ત્રી. હિંદુ ક્ષત્રિયની એક જાતિ; લોહાણા; લોહરવણો. સિંધમાં લાહા શહેર છે તેથી ત્યાંના પણ તેઓ મનાય છે. મુલતાન પાસે લોહાણાપુર છે. સંભવ પણ તેઓ હોય એમ મનાય છે. અસલ સિંધના હિંદુ લોહાણાઓને ઈ. સ.ના પંદરમા સૈકામાં બગદાદના પ્રખ્યાત પીર બાંકાના અબ્દુલ કાદર જિલાનીના વંશજ સૈયદ પુખરે મુસલમાન ધર્મમાં વટલાવ્યા હતા. સિંધમાંથી એક ભેમ કચ્છમાં ને એક સાથી કાઠિયાવાડમાં આવી અને પછી ગુજરાતમા પેઠી. મુકાબલે કચ્છ કાઠિયાવાડ કરતાં ગુજરાતમા મેમણોની સંખ્યા ઘણી કમી છે. કેટલાકનું એમ કહેવું છે કે, જે લોહાણાઓ એવી રીતે વટલ્યા તે મેમણ કહેવાયા અને કેટલાકનું માનવું છે કે, તેઓ ખોજા કહેવાયા.

લોહાધ્યક્ષ [સં. લોહ (લોઢું) + અધ્યક્ષ (પ્રમુખ)] પું. તાંબું, સીસું, કાંસું, કલાઈ, તાલ અને લોઢા વગેરે ધાતુઓમાંથી ચીજો બનાવવા ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

લોહાભિસાર ૧. [સં. લોહ (લોઢું) + અભિસાર (મિલન)] પું. યુદ્ધમા જતી વખતે થતી સજાવટ.

૨ પું. લશ્કરને તેજસ્વી બનાવવાની કળા.

લોહાર [સં. લોહકાર] પું. સુથાર, લાકડાનું કામ કરનાર માણસ.

લોહારી ૧. સ્ત્રી સુથારના ઓજાર.

૨. [હિં.] સ્ત્રી. સુથારનું કામ

લોહાર્ગલ ૧. પું. એ નામનું તીર્થ.

૨ [સં લોહ (લોઢું) + અર્ગલ (ભૂંગળ)] પું. લોઢાના અસ્ત્રવિશેષ.

લોહાર્યાઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંથી નૈઋર્ત્ય દિશામા બે માઈલ ઉપર વનવાસના સમયમાં પાંડવોએ પત કર્યો હતો, તેની ભસ્મ [illegible]

લોહાવરણ ૧. ન. કોડો; અણામી; [illegible]. ઢેકાણેથી પડી ન જવાય માટે કરેલી આડ.

૨. [સં. લોહ (લોઢું) + આવરણ (ઢાંકણ)] ન. [illegible] ઢાંકણ.

લોહાશ્મ [સં. લોહ (લોઢું) + અશ્મન્ (પથ્થર)] પું. લોખંડવાળો પથ્થર; લોઢાની ભેળવી ધાતુ.

લોહાસવ પું. લોહભસ્મનો આસવ. વિષમજ્વર તથા કૃમિજ્વર ઉપર તે અપાય છે.

લોહાસુર પું. ધર્માવસ્થ પર વિજય મેળવનાર રામાયણ કાળનો એ નામનો એક રાક્ષસ.

લોહાંગિણી પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ; લોહ શ્રી આ છંદ ત્રિલોક છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ લઘુની .. માત્રા હોય છે.

લોહાંગી ૧. પું (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; લોહાંગિણી.

૨ પું ભીલવાડાની પૂર્વે આવેલ રેતીના પથ્થરનો ડુંગર તેની ઉપર લોહડી નામથી પ્રસિદ્ધ કોટ પીરના મકાનો છે.

લોહિડિ ૧. સ્ત્રી. તુરેનિયનની પાંચ માંહેની એક શાખા.

૨. સ્ત્રી. એ જાતિની ભાષા.

લોહિત ૧ પું. એ નામનો એક પ્રાચીન દેશ અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય પ્રસંગે તે જીતી લીધો હતો.

૨. [સં.] પું એક જાતનો મૃગ.

૩. પું એક દૈત્યનું નામ

૪. પું (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મત્તલવસ્તુનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૪૬ લઘુ મળી ૬૭ વર્ણ હોય છે.

૫. પું બ્રહ્મપુત્રા નદી.

૬. પું મંદન કરનું તે.

૭ પું. અસુર નામનું ખાન્ય.

૮. પું. મંગળગ્રહ. તેનું તેજ રતાશ પડતું છે

૯ પું રતાળુ

૧૦ પું રાતી દવા

૧૧. પું. વિશ્વામિત્રના પુત્રના ગોત્રકાર એ નામનો એક મંત્રદ્રષ્ટા ઋષિ

૧૨. પું સર્પ

૧૩. ન. એ નામનું એક વન

૧૪ ન. કંકુ; કુંકુમ.

૧૫. ન. કાંસુ

૧૬. ન. કેસર. તે લાલના જેવા રંગવાળું લાલ હોવાથી તેને લોહિત કહે છે

૧૭ ન. તપ્તખપર્દ; તૂરી.

૧૮. ન. તાંબુ

૧૯ ન. પતંગ

૨૦ ન. પિત્તળની ભસ્મ

૨૧ ન. મંજીઠ.

૨૨ ન. મેઘધનુષ્યનું એક અપૂર્ણ રૂપ.

૨૩ ન, યુદ્ધ.

૨૪ ન. રક્ત જવી

૨૫ ન. લાલ ચોખાયન.

૨૬ ન. લાલ ચંદન

૨૭ ન. લોહી; રક્ત.

અરુણ રોષ અરક્તને લોહિત થતે રંગ,
તજ આગમ આનંદથી લાલ બાગ છે ન્હાન.

પિંગળપ્રકાશ

૨૮. ન. (પુરાણ) સપ્તર્ષિસરિ ઉપરનું એ નામનું એક સરોવર

૨૯ ન. દાડમવૃક્ષ.

૩૦. વિ. ચાહનાર.

૩૧ વિ ન જાણેલું

૩૨. વિ રાતું, લાલ, રક્ત.

લોહિતક ૧. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો દેશ; રોહતક. આ દેશ કાશ્મીરનો, ઉત્તર તરફનો હોવાનું મનાય છે.

૨. પું મંગળગ્રહ.

૩. પું. રાતા ચોખા.

૪ ન. તાંબું

૫. ન. પદ્મરાગમણિ; માણેક; લાલ મણિ.

૬ ન. પિત્તળ

૭. વિ. રાતું.

લોહિતક્ષયા સ્ત્રી. યોનિમાં બળતરા રહે અને લોહી નીકળ્યા કરે તેવો એક રોગ.

લોહિતચંદન ૧ [સં.] ન. કેસર.
૨ ન. રતાંજલી તેની શાખા, પાદડાં, થડ, મૂળ, બી બધાં રાતાં અને ગંધચંદન જેવા હોય છે માટે તે લોહિતચંદન કહેવાય છે

લોહિતજ્વર પું એક જાતનો તાવ; લાલ બુખાર.

લોહિતપુષ્પક ૧. ન. દાડમનું ઝાડ.
૨ [સં. લોહિત (લાલ) + પુષ્પ (ફૂલ) + ક (વાળું)] વિ. લાલ ફૂલવાળું.

લોહિતમંડળ પું. એક જાતનો રોગ. તેમાં આખા શરીર ઉપર રતૂંદ ચાઠાં પડી તેમાંથી રસી વહેવા માંડે છે.

લોહિતમૃત્તિકા [સં. લોહિત (લાલ) + મૃત્તિકા (માટી)] સ્ત્રી. ગેરુ; લાલ માટી.

લોહિતસમુદ્ર [સં. લોહિત (રાતું) + સમુદ્ર (દરિયો)] પું. રાતો સમુદ્ર.

લોહિતા ૧. સ્ત્રી. એક જાતની મ.છલી.
૨. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; રક્તકાંતા.
૩. સ્ત્રી. ચામડીનાં સાત મ.હેનું લાલ પડ. તે જવના દાણાના સોળમા ભાગ જેટલું જાડું કહેવાય છે.
૪. સ્ત્રી. તલ, ખીલ વગેરે લાલ તેવી ચામડી.
૫. સ્ત્રી. લાલ રંગની ઓ.
૬. સ્ત્રી. લાલ સાટોડી.
૭. સ્ત્રી. (પુરાણ) હિમાલયમાંથી નીકળતી એ નામની નદી; લોહિતારણી.

લોહિતાક્ષ ૧. પું. અઠવાસી માંહેનો એ નામનો એક ગ્રહ; મંગળ.
૨. પુ. ૬૬૬ નામનું વિમાન.
૩. પુ. એક જાતનું રત્ન.
૪. પુ. એક જાતનો સર્પ.
૫. પું કોયલ.
૬ પું (પુરાણ) જનમેજયના સત્રમાં રમાપતિ નામનો ઋત્વિજ થયેલ એ નામનો એક ઋષિ. તેણે જનમેજયને પહેલેથી જ સ્થળશુદ્ધિ કરતાં જ કહ્યું હતું કે, આ સત્રમાં એક બાહ્મણ આવી તારી પાસે તે સમાપ્ત કરાવશે.
૭ પું. બગલ.
૮. પું. રાતો રંગ.
૯. પુ વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૧૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૧. પુ. સાબણના મૂળનો ભાગ.
૧૨. પું. (પુરાણ) રુદ્રનો એ નામનો એક પુત્ર.
૧૩. [સં. લોહિત (લાલ) + અક્ષ (આંખ)] વિ. લાલ આંખવાળું; લાલ નેત્રવાળું.

લોહિતાક્ષી [સં. લોહિતાક્ષિન્] સ્ત્રી. કોયલની માદા.

લોહિતાનન ૧. [સં. લોહિત (રાતું) + આનન (મોઢું)] પું. નોળિયો.
૨ વિ. લાલ મોઢાવાળું

લોહિતાનની [સં.] સ્ત્રી. નોળિયાની માદા; નોળિયણ.

લોહિતાયસ [સં.] ન. તાંબું.

લોહિતારણી સ્ત્રી. (પુરાણ) હિમાલયમાંથી નીકળતી એ નામની નદી.

લોહિતાર્ણ ૧. પું. (પુરાણ) કૌંચદ્વીપનો સાત મ.હેનો એ નામનો એક ખંડ.
૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર પ્રતપૃષ્ઠનો એ નામનો એક દીકરો તે આ ખંડનો અધિપતિ હતો.

લોહિતાશ્વ ૧. [સં. લોહિત (લાલ રંગનું) + અશ્વ (ઘોડો)] પું. અગ્નિ.
૨. પું. (પુરાણ) એ નામનો હરિશ્ચંદ્રનો પુત્ર; રોહિતાશ્વ.

લોહિતાંક પું. અઠવાસી માંહેનો એ નામનો એક ગ્રહ

લોહિતાંગ ૧. [સં. લોહિત (લાલ) + અંગ (શરીર)] પું. એ નામનું એક ઝાડ; કપિલવૃક્ષ

૨ પું (વિશ્વ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૮૪ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૩. પું. જેમાં શરીર લાલ વર્ણ જેવો તાવ.

૪. પું. મંગળ નામનો ગ્રહ.

કુજ અંગારક ભૂમિસુત **લોહિતાંગ** મહિલાલ, મંગલ સમ જ્યાં તા ઉદિત થયા હોય લાલ. વિશ્વલહરીકોશ

લોહિતિકા [સં.] સ્ત્રી. મંજિષ્ઠા નામની આયુર્વેદિક.

લોહિતિમા [સં. લોહિતિમન્] સ્ત્રી. લાલાશ; રતાશ.

લોહિતોદ [સં.] ન. (પુરાણ) એકવીસ મ.હેનું એ નામનું એક નરક.

લોહિત્ય ૧. [સં.] પું. એક જાતના સોમ્ય.
૨ પું. બ્રહ્મપુત્રા નદી.
૩. પું. રાતો સમુદ્ર.
૪ ન. રામાયણમાં વર્ણવેલું એક પ્રાચીન ગામ. અહીં ભરત કપિધતી નામની નદીને ઓળખ્યા હતા.
૫. ન. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રનું ગોત્ર.

લોહિત્યસાગર પું. બંગાળાનો ઉપસાગર

લોહિત્યા ૧. સ્ત્રી. એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. રામાયણમાં વર્ણવેલી એક નદી; બ્રહ્મપુત્રા.

લોહિની ૧. [સં.] સ્ત્રી ચામડીનાં સાત માંહેનું એક પડ.
૨. સ્ત્રી. લાલ રંગની સ્ત્રી.

લોહિયા ૧. [હિં.] પું. રાતા રંગનો બળદ.
૨ પું. લોઢું વેચનાર માણસ.
૩ વિ. લોઢાનું બનાવેલું

લોહિયાળ જુઓ લોહિયું

લોહિયાળું ૧. વિ. લોહાયી ભરેલું.
૨. વિ. લોહીવાળું; લોહીયા ખરડાયેલું હોય તેવું

લોહિયું ન. પેણી; તવો; કઢાઈ; એક જાતનું લોઢાનું છાબડું વાસણ.

લોહી ૧. [હિં.] સ્ત્રી. એ નામે એક જાતનું રેશમી કાપડ.
૨. સ્ત્રી. પાઘળો; કામળી.
૩. સ્ત્રી મગસનું.
૪. સ્ત્રી. લોઢનો ભૂકો.
૫. સ્ત્રી. લોચો.
૬. સ્ત્રી. લોઢી; તવો.
૭. ન. કુળ.
૮. ન. પ્રાણીઓના શરીરમાં ફરતું રહેતું લાલ પ્રવાહી; રુધિર; રક્ત; ખૂન; શોણિત. લોહી ત્રણ તત્ત્વનું બનેલું છે. પ્રવાહી ભાગ, રક્તકણ અને શ્વેતકણ. રક્તકણોની સંખ્યા બધાપણ કરતાં જુવાનીમાં વધારે હોય છે. લોહી પરાળના રંગનું પાતળું પ્રવાહી છે. એના દેખીતા લાલ રંગનું કારણ એમાં લાલ રંગના લાખો લેખે રહેલા ભારીક કોષોને આભારી છે. આ કોષોની રચનામાં રહેલું પ્રધાન તત્ત્વ લોહનું છે, જે હેમોગ્લોબિન કહેવાય છે. તંદુરસ્ત અવસ્થામાં લોહીના પ્રત્યેક ઘન મિલિમીટર એટલે કે ટાંચણીના માથા જેટલી જગ્યામાં આશા અરબો કરોડ ઉપરાંત લાલ કણો હોય છે, જે આખા શરીરમાં ફરી વળી ફેફસામાંથી લીધેલો પ્રાણવાયુ જુદાં જુદાં અંગોને પહોંચાડે છે. આ લાલ કોષો ઉપરાંત તેનાથી ઘણી ઓછી સંખ્યામાં એટલે કે પાંચસો લાલ કણે લગભગ એકની સંખ્યામાં સફેદ કોષો પણ લોહીમાં રહેલા હોય છે. તેનું કામ શરીરને નિરામય રાખવાનું

ને રક્ષાત્મક હોય છે. આમ જ્યારે કોઈપણ રોગનાં જંતુ શરીર ઉપર હલ્લો કરે છે ત્યારે આ સફેદ કણો અનેકગણાં વધી જઈ રોગસ્થાન પર પહોંચી જાય છે ને હલ્લાખોર જંતુઓને ગળી જાય છે. સૂક્ષ્મદર્શક યંત્ર વડે લોહીમાં રહેલા કોષો તપાસીને ડૉક્ટર તંદુરસ્તીનું માપ આપી શકે. પૃથ્વી, જળ, અગ્નિ વગેરે પંચમહાભૂતો મળીને તે બનેલું હોવા છતાં, આ લોહીના બે મુખ્ય ભાગ છે: દ્રવભાગ અને ઘનભાગ. દ્રવભાગ પાણી જેવો સોડ્યો અને પ્રવાહી કોર્ષ રક્તજલ પ્લાઝમા નામે ઓળખાય છે. થીજી ગયેલા અથવા વટ્ટ બનેલા લોહીનો પ્રવાહી ભાગ તેના બંધારણમાં સહેજ ફેરફાર થતાં તે રક્તમસ્તુ એટલે સીરમ તરીકે ઓળખાય છે. શુદ્ધ લોહી'નો રંગ લાલ મખોડી જેવો હોય છે. જ્યારે અશુદ્ધ લોહીનો રંગ ઘેરો લાલ અથવા જાંબૂડિયો હોય છે. લોહી સહેજ ચીકાશદાર અને વજનમાં પાણીથી સહેજ ભારે છે. તેનો સ્વાદ મારાશ પડતો અને કંઈક ચોક્કસ વિશિષ્ટ પ્રકારની છે. તેની ગરમી આશરે ૧૦૦° અંશ જેટલી, જ્યારે તેનો રસાયણિક ગુણ સહેજ અમ્લ વિરહ છે. લોહીમાં અમ્લતા વધે એ હરકતની નિશાની રૂપ છે. તેનું પ્રમાણ શરીરના વજન કરતાં વીસમા ભાગનું હોય છે. સામાન્ય રીતે તંદુરસ્ત પુરુષના લોહીના, એક ક્યુબિક મિલિમીટરમાં પચાસ લાખ લાલકણો હોય છે. સ્ત્રીઓના શરીરમાં આ સંખ્યા સહેજ ઓછી એટલે કે પિસ્તાળીસ લાખ હોય છે. અનુપ તંદુરસ્ત હોય તો પણ ઘણાં કારણોને લઈને આ કણોની સંખ્યામાં ફેરફાર થતા હોય છે. શિયાળામાં કે ઠંડા પ્રદેશોમાં લાલકણો વધે છે. બીજાં કારણોમાં મનુષ્યના શરીરનું સ્વાભાવિક બંધારણ, પોષણ, રહેવાની રીત કે જીવનપદ્ધતિ, વય તથા સ્ત્રીઓમાં અટકાવ વગેરે કહી શકાય કે જેઓ, લાલકણો ઉપર ખાસ અસર કરે છે. જો લાલકણોની સંખ્યામાં ઘટાડો થાય અથવા તેઓમાં રહેલા રંજકપિત્તનું પ્રમાણ ઓછું થાય તો અમુક વ્યક્તિને પાંડુરોગ થયો કહી શકાય.

૧ ઠંડા લોહીનું = નિરાંતવાળું; ઠંડી પ્રકૃતિનું.

૨. ઠાકું લોહી = શાંતિ; સ્થિરતા; ચકોર.

૩. મીઠા લોહીનું = (૧) જે વહાલ ઉત્પન્ન કરે એવા શરીર અને સ્વભાવનું; વહાલ આણે એવું. સાલસ. (૨) જેને ચાંદા, ચાંદાં વગેરે કરે તેવું. (૩) મળતાવડું.

૪. લોહી અને માંસ એક થવાં = અતિશય મહેનતથી શરીર રમણીય બનવું.

૫. લોહી આપવું = (૧) પોતાનું લોહી કોઈ બીજાને માટે કાઢી આપવું. (૨) બીજાનું લોહી માણસના શરીરમાં નાખવું

૬. લોહી આવવું = (૧) લોહી નીકળવું; લોહીનું ઝમાર થવું. (૨) શરીરમાં લોહીનો ભરાવો થવો; પુષ્ટ થવું; શરીરમાં નવું લોહી પેદા થવું.

૭. લોહી ઉકાળો = (૧) ક્લેશ. (૨) ક્રોધ. (૩) બળાપો.

૮. લોહી ઊકળવું = (૧) ક્રોધ ચઢવો; ગુસ્સો આવવો; તપી જવું. (૨) બળાપો થવો.

૯. લોહી ઊડી જવું = (૧) બીકથી કે બેદથી મોંનો રંગ ફિક્કો પડી જવો; ઝાંખા પડી જવું; નિસ્તેજ થવું. (૨) લોહી ન રહેવાથી ફિક્કું પડી જવું. (૩) શરમિંદું થઈ જવું.

૧૦. લોહી ઊતરવું = (૧) નસોમાં લોહી ભરાઈ જવું. (૨) શરીર સુકાવું કે નિર્બળ થવું

૧૧. લોહી ઓકાવવું = ખૂબ હેરાન કરવું.

૧૨. લોહી કાઢવું = ઘા કરવો; લોહી નીકળે એમ મારવું.

૧૩. લોહી ખાવું = ચિત્તવીરીનું ખાવું; લોહ પ્રસંગનું ભોજન જમવું.

૧૪. લોહી ગરમ થવું = ગુસ્સો ચઢવો.

૧૫. લોહી ચડવું = (૧) આનંદ થવો. (૨) શરીરમાં લોહીનો વધારો થવો; તંદુરસ્તી આવવી

૧૬. લોહી ચઢી આવવું = રાતું રાતું થઈ જવું.

૧૭. લોહી ચૂસવું = સતાવવું; જુલમ કરવો.

૧૮. લોહી ઠારું પડવું = (૧) ક્રોધ શાંત થવો. (૨) નિરાંત વાળવી; સંતોષ થવો.

૧૯. લોહી તપી જવું = (૧) ગુસ્સે થવું. (૨) લોહી ગરમ થવું.

૨૦. લોહી પડવું = છાતી કે ગુદામાંથી ચોખ્ખું લોહી નીકળવું; ઊલટી કે ઝાડા કબજિયાતમાં લોહી બહાર આવવું; લોહી કાઢવું.

૨૧. લોહી પીવું = (૧) કજિયા કરવા. (૨) ચૂસી ખાવું; વિત્ત વગરનું કરવું; પ્રાણજું ખાઈ જવું. (૩) સતાવવું; ત્રાસ આપવો; દુઃખ દેવું; જંપવા ન દેવું; હેરાન કરવું. (૫) સોગન ખાવા.

૨૨. લોહી ઠરવું = લોહીનું નસોમાં વહેવું.

૨૩. લોહી બળવું = (૧) ચિંતા થવી, રોષાઈ જવાયું; સંતાપ થવો. (૨) હામણી થવી.

૨૪. લોહી ભરી જવું = કોઈ વાગવાથી લોહીનું ઝાણું પડી જવું.

૨૫. લોહી મુનરાવવું = (૧) અતિશય માર મારવો (૨) ખૂબ મિતમ ગુજારવો; મહા દુઃખ દેવું ને દુઃખી કરવું; ત્રાસ આપવો.

૨૬. લોહી રેડવું = લોહી નીકળે એમ કરવું; સામાને મારવું કે પોતાનું બલિદાન આપવું

૨૭. લોહી લેવું = (૧) લોહિયાળ થવું; (૨) શરીરમાં લોહીનો ભરાવો થવો; પુષ્ટ થવું

૨૮. લોહી સફેદ હોવું = બેદરકાર થઈ જવું.

૨૯. લોહી સુકાવું = (૧) દુઃખથી થર્ક જવું. (૨) લોહી ઠરી જવું.

૩૦. લોહીના લાડુ = મરણ પછવાડેનું જમણ; પ્રેતભોજન.

૩૧ લોહીનું તરસ્યું = (૧) ખારીલું; વેરીલું. (૨) દુઃખ દેનારું; સતાપનારું. (૩) લોહી પડતું જોવાને આતુર.

૩૨. લોહીનું ઇમાણ = મગજ ભમવું, અકળ આવવાં વગેરે જેવો લોહીનો એક રોગ. માનવીના મગજમાંથી ઉત્પન્ન થતું રસાયણ મૂત્રાશયમાંનાં રસાયણો સાથે ભળીને લોહીમાં ફેલાવાને કારણે લોહીનું ઇમાણ વધી જાય છે. આના નિષ્ણાતો જણાવે છે કે મગજમાંથી આવતું રસાયણ લોહીનું ઇમાણ વધારનાર વિવિધ કારણોમાંનું એક જ છે.

૩૩. લોહીનું પાણી કરવું = કાળજાતોડ મહેનત કરવી; અત્યંત પુરુષાતનવાળો પરિશ્રમ લેવો.

૩૪. લોહીનું પાણી થવું = (૧) ખૂબ મહેનત પડવી. (૨) લોહીવિકાર થવો; શરીર ફિક્કું પડી જવું.

૩૫. લોહીને ટીપે = મહામુસીબતે; અઘાત મહેનતે.

૩૬. લોહીને પાણી કરવું = અત્યંત પરિશ્રમ લેવો; સખત શ્રમ કરવું.

૩૭. લોહીનો કોળિયો = (૧) ચિત્તવીરીનું ખાવું તે; લોહના અવસરનું જમણ (૨) દુઃખ ને લોહનો લોભવટો.

૩૮. લોહીનો ગોટ મળવો = કડવો ઘૂંટડો ખૂબ ઉતારવો. અણગમતી વાત મોંએ મોઢે સહન કરવી.

૩૯. સૌર લોહી ચડવું = ખૂબ આનંદિત થવું.

૪૦. ઘળવું લોહી હવાલદારનું = નાનાનો વાંક ગણ્યામાં મોટાને કાંઈ કહેવાય નહિ.

લે. વ. ગુ.

૧૦ ય. સમાપણું; સમાપ્ત.

૧. એક લોહીનું હોવું = એક જ કુટુંબમાં જન્મેલું હોવું

૨. મારું લોહી = મારા સોગન.

લોહીઉકાળો કું. સંતાપ; બળાપો; ક્લેશ; કંકાસ; લોહી તપી જાય એવી તકલીફ.

લોહીચૂતું વિ લોહીલુહાણ; લોહી નીચે પડતું હોય તેવું

લોહીચૂસ વિ. લોહી ચૂસનાર.

ધનાઢ્યના શ્રીમતો કેવળ શરીર પરની જૂ જેવા લોહીચૂસ જન્મ છે. મહાદેવ દેસાઈ

લોહીચૂસણિયું વિ. લોહી ચૂસનારું; નિર્માલ્ય બનાવનાર

લોહીઝાણ વિ લોહીથી તરબોળ; લોહીલોહાણ.

લોહીતરસ્યું ૧. વિ. બહુ દુઃખ દેનાર.

૨. વિ. સામાનું લોહી રેડીને તની દાઝ શમે એવું; ખૂની

નીરો કરીને આતપકલાગર, આતપાતક, લોહીતરસ્યો બાદશાહ થયો. નવલરામ

લોહીપાન ન. લોહી પીવું તે.

લોહીપ્રસાર પું. શરીરમાં લોહીનું પરિભ્રમણ; લોહીનું ફરવું તે.

લોહીબગાડ (સં.હી બગાડ) પું. લોહીમાં બગાડ થવો તે.

લોહીબેદ પું સં.હીનો ફેરફાર

આપણા દેશમાં વર્ણભેદનું મૂળ જાતિભેદ એટલે લોહીભેદ છે. ન. ક. ઠક્કોર

લોહી ભૂકી વિ. લોહી વગરનું; સાવ સફેદ.

લોહીલુહાણ વિ. લોહીથી ખરડાયેલું; લોહી લોહી થઈ ગયેલું.

લોહીલોહાણ જુઓ લોહીલુહાણ.

લોહીવા પું રક્તપ્રદર; લોહીનો સ્રાવ; સ્ત્રીઓનો એક રોગ.

સામાન્ય રીતે ૪થી ૫ ઔંસ એટલે ૧૦-૧૨ તોલા જેટલું લોહી ઋતુ વખતે વહી જાય છે. આથી વધારે પ્રમાણમાં લોહી જાય તો તેને લોહીવા કહેવામાં આવે છે.

અખિલેશ ક્રમદાશંકર

લોહીવિકાર પું. રક્તવિકાર; લોહીનો બગાડ.

લોહીશેકણું ન. ભારે સંતાપ; બળાપો.

લોહુરી ન એ નામનું એક ઝાડ; રોહીડો. જુઓ રમતરોહાડો.

લોહૂ [હિ.] ન. લોહિત; શોણિત; રક્ત; રુધિર; ખૂન.

લોહેડા (લોહેડો) જુઓ લોહુરી.

લોહેણ ન. લોહી.

ઢાલે પડખે ભેરવ ખોસે ભુજારો,
ધીંગ.ણેમેં લોહેણજી ધમસાણ.

ઝોરડી ભક્તસ્વરૂપિયા

લોહેરો ન. એક જાતનું લાકડું.

લોહોત્તમ [સં.] ન. સુવર્ણ; સોનું.

લોળ ૧ સ્ત્રી. એક જાતની લાખની બંગડી.

કાયા કડુની લોળ, પળે પિરોજી ખોજડી,
મનકે ફેરવની કોર. કરવડું કરે કાચ્યો

સાહિત્ય

૨. સ્ત્રી. લાકડી મારવાથી શરીર ઉપર થતી ઝરોળ.

૩. સ્ત્રી. લૂમ; ઝૂંગ, કમોદ અને નંદીના છોડને આવતો ફાલ

કાયા કડુની લોળ, (અમે) સાંચવતાં સાનાં છ,
પગ્યાં સાંકને શેળ, બાદર તારે ધોરણા !

કવિ

૪. વિ. રાતું.

કામકુમારી દેહ નેણા કુકુમ લોળ. ડાયરો

લોળપચોળ ૧. ન. ઉપાધિ.

૨. ન. લાળ; ચીકાશવાળા પ્રવાહીની ધાર

લોળવું ૧. ન. બકરીનો કોકનો ઝીણો અવાજ

હરિ સાજણ ઓરી લડી, પણ મ બબ્બો કપૂત.
ઈ સાણીની કોરે જે લોળ્યાં, ઈમાં દૂધ નકર મૂત.

કવિ

૨. સ. ક્રિ. ઊંડળવું

લોળાગળા વિ. લોચા મારનાર.

લોળાગળા લાકળ, મૂંજ્ય તું ઓઢણને મટે,
સિદ્ધનદિપ સોંઢાળ, કંપણ લાગ કલટાકત.

ઝોરડી ભક્તસ્વરૂપિયા

લોળાંબવું સ. ક્રિ. લાંબા થઈ આળોટવું; લળાવીને પડોમવા પ્રયત્ન કરવો.

લોળિયું ૧. ન. એક જાતનું હાથમાં પહેરવાનું ઘરેણું

૨. ન. કબૂતરનું, મનનું ફૂંક

૩. ન. ડાગરની ડૂંટી

૪. ન. સોંચો. ઢગલો

લોળિયો પાડો = (૧) બધમાં ન આવે તેવું, બબડાટમાં નિરુપયોગી (૨) જેની કોઈ ગણતરી ન હોય તેવું. (૩) નિર્લજ્જ બનતો હોય એવી સ્થિતિ.

૫. ન. બીજાનું કાનની બૂટના ઘરેણા. કાનની લાણીમાં પહેરવાનું ઘરેણું

લોળો [સં. લોલા] પું. જીભનું રૂંવાડું; લોલો.

લોંકડી (લોંકડો) સ્ત્રી એક જાતનું નાનું ચોપગું જંગલી જનાવર. તે બધી જ બખી અને બાકોરાવાળી હોય છે. કદમાં શિયાળથી નાની હોય છે. તે જમીનમાં બાકો ખોદી રહે છે.

લોંકડીશાહ (લોંકડોશાહ). ૧. વિ. પું. નખરાળો.

૨. વિ. પું. લોંકડી જેવો ચુપ્પો.

લોંકડું (લોંકડું) વિ. કૃશકાય; દૂબળું.

લોંકા સ્ત્રી. એ નામની એક કોમ.

લોંકાગચ્છ પું. જૈનોનો એ નામનો એક સંપ્રદાય.

લોંકાશાહ નામના અમદાવાદના એક નામાંકિત વેપારી હતા. તેમના અક્ષર સુંદર હતા, એટલે એક યતિના કહેવાથી તેણે સૂત્રો લખવા માંડ્યાં; અને તે રીતે તેમણે જૈન સાહિત્ય એકઠું કર્યું. પરિણામે લોંકાશાહ એક વિદ્વાન બન્યા અને સંવત ૧૫૨૮માં લખમસી નામે એક ચારણકાર અણહિલપુર પાટણથી અમદાવાદ આવ્યા, તેમને લોંકાશાહ સાથે ધર્મચર્ચાનો પ્રસંગ આવ્યો. લખમસીને યાદ આવ્યું કે, મહાવીર પ્રભુના નિર્વાણ સમયથી બેઠેલો ભસ્મગ્રહ હવે ઊતરવાની તૈયારીમાં છે અને હવે જરૂર સત્ય ધર્મ ફેલાશે. લખમસીએ પણ લોંકાશાહની પેઠે બધા જીવોને જ્ઞાન આપ્યું. ઉપરાંત જરદગવાડા, પાટણ, સુરત વગેરે સ્થળોના ચાર સંઘો અમદાવાદ આવી પહોંચતાં બધા વરસાદના કારણે ધારવા કરતાં વધુ વખત અમદાવાદમાં રોકાવું થઈ એ સંઘપતિઓ લોંકાશાહનાં દર્શને ગયા ત્યારે લોંકાશાહે શુદ્ધ મુનિમાર્ગ અને દયાધર્મ સમજાવ્યો; તેથી લોંકાશાહ પ્રત્યે સંઘવીઓને પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ. લોંકાશાહ પોતે શુદ્ધ સાધુ દીક્ષા ન લીધી અને સંસારમાં રહ્યા. પરંતુ તેમણે ૪૫ પુરુષોને દીક્ષાની વિધિ સમજાવીને દીક્ષા આપી. આ સાધુ પુરુષોએ પોતાના ઉપકારી પુરુષનું નામ અમર રાખવા માટે પોતાના સમુદાયનું નામ લોંકાગચ્છ રાખ્યું જોતજોતામાં એ મત ઘણા ભાગમાં ફેલાઈ ગયો.

લોંકાશાહ પું. એ નામનો એક નામાંકિત વેપારી. તેણે લોંકાગચ્છ સ્થાપ્યો.

લોંકી સ્ત્રી. કરેણની ખાઈને પાકું વળવું તે; વળાંકો.

ચાલાક ઠોંસાએ તલવારને લોંકી બનાવી તલવારની ચમત્કારી બોલાવી. ડાયરો

લોંગ ૧. [હિ.] પું. લવિંગ.

૨. [અં. લૉંગ] સ્ત્રી. ક્રિકેટની રમતમાં એક ફિલ્ડિંગનું નામ; બૅટ અને બૉલ સાઈડ ઉપર દૂરની ફિલ્ડિંગ.

૩. વિ. લાંબું

લોંગકોટ [અં. લૉંગ (લાંબું) + કોટ (કમરકોટ)] પું. લાંબો કોટ; લાંબો ડગલો

લોંગક્લોથ [અં. લૉંગ (લાંબું) + ક્લોથ (કપડું)] ન. એક જાતનું લાંબા પનાનું કાપડ.

લોંગજંપ [અં. લૉંગ (લાંબું) + જંપ (કૂદકો)] ન. લાંબો કૂદકો; હનુમાનકૂદકો.

લોંગપિચ [અં] સ્ત્રી. દડાનો ટપ્પો; બૅટિંગ ક્રીઝથી કોઈ ભેદ જેટ પડે અને રમનારને આગળ આવી રમવું પડે તેવો દડો ફેંકવાની રીત.

લોંઘા જી એ નામની એક પછાત કોમ.

લોંચ ૧. [અં. લાન્ચ] સ્ત્રી. સ્ટીમબોટ.
૨ સ્ત્રી. વખાર; વંક
લોંચ મારવારવી = ઘોડાને આગળ ઉપર વાગવો.

લોંચી સ્ત્રી. વાંક; વખારો; વાંક કાઢીને તરી જવાની ક્રિયા; વળાંકો કાઢીને ખસી જવાની ક્રિયા; અચાનક વાંક વળવું તે.
લોંચી મારી = વાંક મારીને ખસી જવું.

લોંજી ફેરી સ્ત્રી. સાકરમાં આપેલી ફેરી; સાકરફેરી.

લોંઝણી સ્ત્રી. ખીચા પાણીમાં બનાવી લોંઝણાંવાળી નાની મગળ્યા તેને કાંઠો એક જ હોય છે

લોંદાલોંદો પું. લૂંટફાટ
લોંદાલોંદા કરી ગામકવાડનાં લાંડા લેવા કરતાં ગામડાને પમરાળી નાખ્યાં.
સોરઠી બહારવટિયા

લોંઠ ૧ સ્ત્રી. પ્રીતિવાળી વસ્તુ લેવાનો આગ્રહ; અડિયા લેવા માટેનો આગ્રહ.
૨. વિ ખાધું; પૂર્ત; ગ્રહ.
૩. વિ. વશ રહે નહિ તેવું; તોફાની; મસ્તાની; ગાંઠે નહિ તેવું.

લોંઠકાઈ ૧. સ્ત્રી. શક્તિ; તાકાત; કરીગળી.
કાઠી ડામરો બોલ્યા કામળીઆની લોંઠકાઈનાં વખાણ કરવા બેઠો. સૌરાષ્ટ્રની રસધાર
૨ સ્ત્રી. શ્રીમંતાઈ.

લોંઠકું ૧. વિ. બળવાન; જોરાવર.
૨. વિ. સદ્ધ; મજબૂત
૩. વિ. સંપત્તિવાન; પહોંચતું; પૈસાદાર; માતબર.
૪. વિ. હિંમતવાન; જાતીકદું.

લોંઠાઈ ૧. સ્ત્રી. બંધાઈ, કાંઠાઈ, સુચ્ચાઈ; ગ્રહતા.
૨. સ્ત્રી લોંઠપણું, લોંઠપણ; મસ્તી; તોફાન

લોંઠિયું ૧. વિ. તોફાની.
૨. વિ. લોંઠ; સુચ્ચું; પૂર્ત; બંધું; ગ્રહ.

લોંઠિયો ૧ પુ. પુખ્ત, આદમી લોંઠો.
૨. પું. મહીનો બકો.

લોંઠી ૧. સ્ત્રી. છોકરી. સુરત તરફ બોલાય છે.
૨. સ્ત્રી મજૂર કોળણ; કાઠાની કોળણ.

લોંઠું ૧. ન. છોકરું
૨. વિ. પૈસાદાર; પહોંચતું, માતબર.
૩. વિ. મજબૂત; જોરાવર; બળવાન; સદ્ધ, ધરમડ; લોંઠકું; લાંઠ.
૪. વિ. સુચ્ચું; પહોંચેલું.

લોંઠો ૧. પું. કોળી અથવા માછીમાર આદમી.
૨. પું. છોકરો.
૩ પુ. પખી, વર, ભાગ્યો
૪. પુ. લાંઠ માણસ; દોંગો; ધૂર્ત આદમી.
૫. [સ. લુંઠક] પું. જીને પોતાના પખી મિત્ર કે બીજા પુરુષ સાથે આડો વહેવાર હોય તેવો પુરુષ; યાર; આશક.
૬. વિ. દોંગિયાગ ચાલક
૭ વિ પું બદો, ધગડ
૮. વિ. પુ બળવાન; જોરદાર; મજબૂત; લોંઠો.
લોંઠા રાજા ના લાંબે હોય,
પાકાં નગરી જેવી જોય. લોંઢે
૯. વિ પુ ડાય, પુખ્તો, કપટી
૧૦. વિ પુ તાબેદાર, વૈસાદાર

લોંઠ્ય સ્ત્રી. અડિયા લેવા માટેનો આગ્રહ.
લોંઠ્ય કરવી = મનગમતું લેવાનો પ્રયત્ન કરવો.

લોંઠ વિ. દોંગું; સુચ્ચું

લોંઢકું ૧. ન. છોકરું.
૨. વિ. તોછડું; અવિવેકી
૩ વિ. સુચ્ચું, બરોબર, નોફાની.

લોંઢપણ ન. સુચ્ચાઈ; દોંગાઈ

લોંઢપાઈ જુઓ લોંઢપણ

લોંઢાઈ જુઓ લોંઢપણ

લોંઢાપણું ન. ગુલામગીરી; દાસત્વ.

લોંઢાબાજી સ્ત્રી. ગુલામગીરી; સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય.
એ ધર્મરાજમાં અનિયાર, ચોરી, લોંઢાબાજી જીવપણું, ખોટી જુબાનીના ગુનાઓને દેહાંત દંડ થતો. પ્રસ્થાન

લોંઢિયો ૧. પું. ખાટલો ભરતાં પાતર ખસે નહિ માટે છેડે બાંધ વાળીને પાતરમાં ભરાવવામાં આવતો મોંદરીનો કટકો
૨. ન. બાજનું કામનું તથા બેટકાની વચ્ચે ખીલો જડેલ હોય તે બાજ.
૩. વિ. પું. રદીબાજ; ઓલાલચુ.
૪. વિ. પું. સુચ્ચો; ઠગ.

લોંઢિયો બુશિયો વિ પું ઓચ્છો; રદીબાજ; હલકી ચાલનો.

લોંડી ૧. સ્ત્રી. ઘરકામ કરવાને રખાતી રાખેલી સ્ત્રી; દાસી; બાકરડી; લૂંડી; ગુલામડી.
૨. સ્ત્રી. વેશ્યા.
૩. વિ. સ્ત્રી. બદકામણી.
૪. વિ. સ્ત્રી કજિયાળી.
૫. વિ. સ્ત્રી સુચ્ચી

લોંડીબચ્ચું ૧. ન. દાસીથી જન્મેલ બાળક; દાસનું સંતાન; લોંડીનું સંતતિ.
૨. વિ લોંડીથી જન્મેલું; રખાતને પેટે અવતરેલું.

લોંડું ૧. વિ. કજિયાળું
૨. વિ દોંગું; સુચ્ચું

લોંડો ૧. પું. ગુલામ; નોકર; દાસ; ચાકર; હલકાં ઘરકામ વગેરે કરવાને રખાતો રાખી રાખેલો માણસ
૨. વિ પું. કજિયાળો.
૩ વિ પું ધિક્કારપાત્ર; લંપટ; રંડીબાજ.
૪ વિ પું સુચ્ચો; તોફાની

લોંદાવવું સ ક્રિ મોટા લાંદા જેવડા રોટલા ને ઝટપટ બાવ, ઓદા વ

લોંદો ૧ [સં. લબ] પું. લચકો; ગીબ્બા નરમ પદાર્થનો લોચો; નાનો પિંડો
૨ વિ ઢીલું; નરમ

લોંપડી (લોંપડી) સ્ત્રી એ નામની વનસ્પતિ.

લોંબડી (લોંબડી) સ્ત્રી ઘીનું બારીક વણાટનું કપડું; ઘીનની ઓટણી.
બાળું પાટણ દેશ, જ્યાં પટોળાં નીપજે,
સરખો સોરઠ દેશ, સાબેલી અબે લોંબડી.
લ કસાહિત્ય

લોંબરી જુઓ લોંબડી.

લૌ ૧. [હિં] સ્ત્રી. આશા; કામના.
૨. સ્ત્રી ટાનની ખૂટ.
૩. સ્ત્રી પ્રેમ; લગની
લૌ લાગવી = રટણ લાગવું; લગની લાગવી; આસક્ત થવું
૪. સ્ત્રી. બંધન.
૫. સ્ત્રી. ભડકો; જ્વાળા.
લૌ ઊઠવી–નીકળવી = જ્વાળા નીકળવી; ભડકો થવો.

લૌકાયતિક [સ.] ન. નાસ્તિક મત કે નાસ્તિક મત બોલનાર માણસ; જડવાદી માણસ.

લૌકાંતિક [સં.] પું. (જૈન) એક પ્રકારનો સ્વર્ગસ્થ જીવાત્મા. તે પંચમા સ્વર્ગ બ્રહ્મલોકમાં રહે છે એવા જીવોનો જે બીજો જન્મ થાય છે તે તેમનો છેલ્લો જન્મ હોય છે. ત્યારબાદ તેમને જન્મ લેવાની આવશ્યકતા રહેતી નથી એમ મનાય છે

લૌકિક ૧. પું. (જ્યોતિષ) જૈનસમ પ્રમાણે શનિશ્વર સવત્સરના બાર માસના બે મહિનો એક પ્રકાર.
૨. પું. (પિંગળ) સાત માત્રાનો માત્રામાંતિ છંદ તેની પ્રસ્તારભેદથી ૨૧ વૃત્તિઓ થાય છે.
૩ સ્ત્રી ; ન. ખરખરો; કાણે જવું તે. લોકીક; એક રૂઢિવાચક તે.
૪ ન. અપકીર્તિ.
૫. ન કીર્તિ.

૬. ન. લોકવ્યવહાર; લોકરૂઢિ; લોકાચાર.
૭. [સં. લોક (દુનિયા) + ઇક (વાળું)]
વિ. દુનિયાદારીનું; દુન્યવી; આ લોકનું; ઐહિક.
૮. વિ. લોકોના હિતનું.
૯. વિ. લોકમાં ચાલતું; લોકોને વિષે વિદિત; લોકપ્રસિદ્ધ; લોકમાં જાણીતું; જ્ઞ.
૧૦. વિ. વ્યાવહારિક.
૧૧ વિ. સામાન્ય.

લૌકિકઆચાર [સં. લૌકિક (દુન્યવી) + આચાર (વર્તન)] પું. લોકાચાર.
ઘરમાં અને ઘર બહાર લૌકિકઆચારો (લોકાચારો) અને રીતરિવાજો શું હતા અને હાલ શું છે ? શ્રી. પરિષદ

લૌકિકઉપાય [સં. લૌકિક (દુનિયાનું) + ઉપાય (માર્ગ)] પું. વ્યવહારુ માર્ગ.
કોઈપણ લૌકિક ઉપાય એવો નથી કે જે બધા દુઃખોનો નાશ કરી શકે અને અમુક ઉપાય અમુક દુઃખોનો નાશ કરે, તો પણ તે જ ઉપાય ઘણી વખત પરિણામે દુઃખદાયક થઈ પડે છે; માટે મુમુક્ષુ પુરુષોએ પરમ પુરુષાર્થ માટે લૌકિકઉપાયો જાણવા જરૂરના એટલે. સાંખ્યદર્શન

લૌકિકકાલ પું. ગોત્રોક્ત માહેનો એક ભારતીય સંવત. કાશ્મીર વગેરે પ્રદેશમાં ૧૦૦ વર્ષ પૂરાં થયા પછી શતાબ્દીનો આંકડો છોડીને ફરી એકથી આરંભ કરવાનો લોકોમાં પ્રચાર હોવાથી તેને લૌકિકકાલ અથવા લૌકિકસંવત કહે છે. તેનું મૂળ નામ સપ્તર્ષિ સંવત છે અને તે ઈ. સ. ૨૪–૨૫માં શરૂ થાય છે. તેને પહાડી સંવત પણ કહે છે.

લૌકિકતા [સં.] સ્ત્રી લૌકિકપણું; દુનિયાદારીપણું.

લૌકિકત્વ જુઓ લૌકિકતા.

લૌકિકદેવ પું. (જૈન) દેવોના બે મોટામાં મોટો એ નામનો એક પ્રકાર. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવ લૌકિકદેવ કહેવાય છે. તે દેવો મનુષ્યની માફક સંસારમાં રહેનારા છે. ચારે ગતિમાં પરિભ્રમણ કરવાવાળા છે તેઓ રાગ અને દ્વેષવાળા હોય છે, ૧૮ પાપોથી લિપ્ત હોય છે અને ૮ કર્મયુક્ત હોય છે તે મોક્ષના જીવ નથી. તેઓની ઋદ્ધિસમૃદ્ધિ મહીની અપેક્ષાએ ઘણું જ્યાદા હોય છે.

લૌકિકધર્મ પું. રૂઢિ; રિવાજ; શિરસ્તો.

લૌકિકપ્રત્યક્ષ ન. (વેદાંત) લોકો જેને પ્રત્યક્ષ કહે તેવું જ્ઞાન. પ્રત્યક્ષ જ્ઞાનના ૭ પ્રકાર છે એ ૭ એ પ્રકારના પણ લૌકિક અને અલૌકિક એવા બે ભેદ છે.

લૌકિકબોલી સ્ત્રી. સ્થાનિક ભાષા.

લૌકિકભ્રમ પું એક જાતની ભ્રમણા.
જીવમાં ઇશ્વરનું જ્ઞાન થવા રૂપ ભ્રમ તે લૌકિકભ્રમ. સિદ્ધાંતદર્શન

લૌકિકમાનાંક પું. દસને અંત લઈને અટકેલા કોઈ પણ સંખ્યાના માનને દર્શાવનારો આંકડો.

લૌકિકસદ્‌વાદી [સં.] વિ. વસ્તુવાદી; વાસ્તવિક અસ્તિત્વવાદી.

લૌકિકસંવત જુઓ લૌકિકકાલ.

લૌકિકસંસ્કૃત ન. લોકોમાં વપરાયેલું સંસ્કૃત. જે આર્ય ભાષા વૈદિક એટલે કે વેદના મંત્રોની ભાષા હતી અને તે એક સમયે બોલાતી હતી તે ભાષાનું સ્વરૂપ બ્રાહ્મણ પ્રજાના સમસ્તમાંથી બગડવા માંડ્યું. તે સ્થિતિ અટકાવવાના હેતુથી વ્યાકરણ રચાયું. નિયમો પડાયા. પરિણામે લૌકિકસંસ્કૃત ઉત્પન્ન થયું અને તે ભાષા લોકવાણીથી જુદી પડી. લૌકિકસંસ્કૃત ભાષાનું સાહિત્ય વિશાળ છે. આર્યો પંજાબના ઉત્તરના પ્રદેશમાં પ્રવેશ કરતા ગયા તેમ તેમ સ્થાનિક મૂળ જનતીઓના સહવાસમાં આવવા લાગ્યા. લૌકિકસંસ્કૃતની સુદ્ધતા પણ બગડવા લાગી પરિણામે પ્રાકૃત ભાષા એટલે કે એક પ્રકારની અશુદ્ધ સંસ્કૃત ભાષાનો ઉદય થયો

લૌકિકસાહિત્ય [સં. લૌકિક (દુન્યવી) + સાહિત્ય] ન. સામાન્ય લોકોનું સાહિત્ય. લૌકિકસાહિત્ય રચવાનું માન બાજની રીતે સામણ ભટ્ટને આપવામાં આવે છે પણ સામણ ભટ્ટ એ સાહિત્ય કઈ નવું રચ્યું નથી. સામણ ભટ્ટના પહેલા લગભગ ૩૦૦ વર્ષથી ગુજરાતી ભાષા લૌકિકસાહિત્ય ધરાવતી આવી હતી. જૈન સાધુઓ અને બ્રાહ્મણવર્ગના કવિઓ એ જેવું એ તરફ લક્ષ ખેંચાયું હતું અને બ્રાહ્મણગ્રંથમાં આલેખાયું હતું પણ

લૌહશ્લેષ્મણ [સં] પુ ટંકણખાર

લૌહિત ૧. પું શંકરનું ત્રિશૂળ.
૨. [સ.] વિ. લાલ રંગનું, રતું.

લૌહિતારણિ સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.

લૌહિત્ય ૧. પું એ નામનો એક પર્વત
૨. પુ. રામરૂપ દેશનો એક ભાગ
૩. પું. પદ્મપત્ર. નદ.
૪. પુ. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન સમુદ્ર, રતો સમુદ્ર.
૫. ન. એ નામનું એક તીર્થ.
૬ ન. રત.શા. લા.સા.શા.

લૌહિત્યક પું એ નામે એક નદ.

લૌહિત્યપુર ન (પુરાણ) કર્વટ દેશની પૂર્વ તરફ આવેલું એ નામનું નગર.

લૌહિત્યા સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી

લૌહી વિ. ધાતુનું

લૌંગ ૧. સ્ત્રી નાકનું કુલડી નથની.
૨. [હિ.] સ્ત્રી. લવિંગ.

લ્યંબ ન. (ખૂ ગુ) લિંગ.
જ્યાં કર્યેંબ નામ પડ્યું તે,
પ્રતિષ્ઠાનપુરનું બીજું નામ.
જ્ઞા.પ્રકાશ

લ્યાનત ૧. [અ] સ્ત્રી. ધિક્કાર; શરમ; ધિક્કાર, લાનત
૨. સ્ત્રી ન.મોશી; બદનામી
૩ સ્ત્રી બદદુઆ, ...

લ્યાળાં ૧. પુ અસ.ગો. ગમતો ઠોબલો.
૨. પુ પેટની બળતરા, મનનું દુઃખ; ઉદ્વેગ.

લ્હંડા સ્ત્રી પશ્ચિમ પંજાબ અને ૨.સ્થ પ્રાંતમાં બોલાતી એક ભાષા.

લ્હાદ પુ (પુરાણ) હિરણ્યકશ્યપુને ન.ભા.સુરની કન્યા કયાધુથી થયેલ એ નામનો એક દીકરો.

લ્હાડમાન પું (સંગીત) અગ્યાર માંહેનો એક સંચારી વર્ણવિકાર.

લ્હારી [અં લરિ] સ્ત્રી બે કે ૨.૨ પૈડાવાળી હાથગાડી.

લ્હાસા ન તિબેટનું એ નામનું મુખ્ય શહેર. તેમાં મુખ્ય ધર્મગુરુ લામા રહે છે

લ્હેરખડું (લ્હેરખડુ) વિ. આનંદી; મોજીલું.

લ્હોટા ૧. સ્ત્રી. આસામમા બોલાતી એક ભાષા.
૨. સ્ત્રી એ નામની કોમોની એક જાત.

લ્હોય સ્ત્રી. નાના જાતિની એક પેટા જાત.

વ.

વ

વ ૧. પું. અસ્ત્ર; હથિયાર.
૨. પું. અંતરમ કે અર્ધરવરી માહેનો ચોથો, ગુજરાતી મૃગ શુદિ માહેનો ચાળીસમો અને અજન માંનો ઓગણત્રીસમો વર્ષ
૩. પું. આનદ; હર્ષ.
૪. પું. ઉદ્બોધન; ઉપદેશ રૂપે કર્ષક કહેવુ તે.
૫. પુ. ઉડ્ડયધારી પુરુષ.
૬. પું. ઉત્તર મદ્ર.
૭. પું. પ્રમેતા.
૮. પું. બ.બ્ર
૯. પું મૂર્ધા નામની રેખ.
૧૦. પુ. રહેઠાણ; રહેવાનું સ્થાન.
૧૧. પું. રાહુ.
૧૨. પું. લઘુતાવાચક એક પ્રત્યય. જેમકે, લાઘવ.
૧૩ પું. લહિયાને લખતા લખતા સહેજ ઊતરતુ હોય ત્યારે અટકવાનો અક્ષર. મારવાડના લેખકો ખાસ કરીને વ ઉપર વધારે આધાર રાખે છે. એટલે કે લખતાં લખતા કોઇપણ ક્રમ માટે ઊતરવું હોય કે લખવાનું બંધ કરવુ હોય તો તે વ આવતાં ઊઠે અથવા કોઈ કાગળમાં 'વ' લખીને ઊઠે કહેછે, તેઓ માને છે કે: વ વાચે.
૧૪. પું. વચનાત્ શબ્દનું સંક્ષિપ્ત રૂપ.
૧૫. પું. વરુણદેવ.
૧૬. પું. વસતી.
૧૭. પું. વજ્ર.
૧૮ પું. વંદન.
૧૯. પું. વાદ્ય.
૨૦. પું. વાયુ; પવન.
૨૧. પું. વૃક્ષ
૨૨. પુ. વાઘ; એક પ્રકારનો કંદ
૨૩. પુ. સમુદ્ર
૨૪ પું. સમૂહ
૨૫. પુ સલાહ; મસલ્લા; મસલત.
૨૬. પુ. સાતની સંખ્યા બતાવનારો એક સાંકેતિક અક્ષર.
૨૭. પું. સાત્વન; આશ્વાસન; શાંત પાડવુ તે.
૨૮. પું. હર્ષ
૨૯. ન પાણી
૩૦. ન. બલ; જોર; કબજો
૩૧ ન. માન; આદર
૩૨. ન વસ્ત્રનું રક્ષણ
૩૩. વિ. ભગવાન.
૩૪. અ. અથવા; વા
૩૫. [સં.] અ અને
૩૬. અ સંબોધન, આમંત્રણનો એક પ્રત્યય.

વઅઝ [અ , સ્ત્રી. ઉપદેશ , બોધામૃત, સલાહ. વઅઝ રૂ૦ ઉપદેશ આપવો; શિખામણ દેવી.

વઅદા ૧. [અ.] પું. કરાર; વાયદો.
૨. પું. પ્રતિજ્ઞા.
૩. પું. વચન.
૪. પું. બાધા.

વઈગરણું [પ્રા.] પું. (જૂ. ગુ.) દફતરી, દફતર રાખનાર અમલદાર.
શ્રીમમ્મ. વઈગરણા ૭ ન ભાષ્કટપ્રબંધ

વઈદો પુ તાવાર, નદી વગેરેમા અમુકતર વિનાનો ખાડેખો કામચલાઉ નાનો કુવો; પીરડા

વઉ ૧. પું. એક જાતના પક્ષી.
૨. પું. એક પ્રકારનું આસવ ઠારવાનું યંત્ર.
૩. [સં.] પું. એક કુલપર્વત.
૪. પુ. કુબેર.
૫. પુ. ચંદ્રકાંત
૬. પુ તાડવૃક્ષ. સત્વર; ઝડપથી. ઝડપ ઝીકવાની ક્રિયા.
૭. પું. ભમરો.
૮. પું. ભીમે મારેલો એક રાક્ષસ
૯. પું. શ્રીકૃષ્ણે મારેલા એક દૈત્ય.
૧૦. ન વાસિષ્ઠ ગોત્રનું એ નામનું એક પ્રવર

વઉચ્છ [સ.] પું. એક પ્રાચીન રાજ્ય. તે નર્મદાને કિનારે આવેલ હતું. કથાસરિત્સાગરમાં લખ્યું છે કે, ઉજ્જયિનીના રાજા સાતવાહને આશ્રયનો અભ્યાસ કરવાથી પોતાના ગુરુને આ રાજ્ય ગુરુદક્ષિણામાં આપ્યું હતું.

વઉચારી [સં. વક (અશુદ્ધ.) + ચર્ (ચાલવું)] સ્ત્રી. બગલાના કૂદવા જેવી ઘોડાની ચાલ

વઉજિત ૧. [સં.] પું. ભીમસેન.
૨. પું. શ્રીકૃષ્ણ.

વઉઠ ૧. [હાનડી બન્દૂ (એક) + ઠ્ઠૂ (આવવું)] પું. ગિલ્લીદંડાની રમતમાં પહેલો દાવ; કોડિયાની રમતમાં એકની સંખ્યાવાચક શબ્દ, મોબદડાની રમતમાં દાવ આપનારે ફેકવી મોર્ દડાને વાગ્યા વગર અથવા વાગીને જમીન ઉપર પડે તો બધી પડી હોય ત્યારે ગબી ખેલી દડા ભરત, પહેલો દડ , ને વચ્ચે ઠેકવા માટે ૨ ફૂટ પગત, આગ , ના સ્થળ ઉપર મોબ મકી તેને થમ વડે થોડી ઊંચી ઉછાળી જોર ઉપર પડતાં પહેલા દડો મારી અદ્ધર ને અદ્ધર ફટકારી તે

વઉટબંધ પું. (ડિંગળ) એક ચારણી રાગ. તે ગારમાં બધરો સમૂહ છે.

વઉણિયું ન જીવનના આધાર માટે મુકતુ ધન લક્ષ , કમાણીના સમયનુ ખરચ વગેરે.

વઉ પંચક [સ.] ન. ફાલ્ગુન સુદિ અગિયારસથી પૂર્ણિમા સુધીનો પાંચ તિથિ

વઉ પુષ્પ [સ.] ન એ નામનું એક કુલવૃક્ષ.

વઉફ (વઉફ) ૧. [અ.] પું. (બ.વ.રબ્બુ) ઉચ્ચાર ન થાય એવો અક્ષર.
૨. સ્ત્રી સખાવતનું ધર્માદામાં આપેલી રકમ અથવા જમિન.
૩. વિ. સાર્વજનિક; જેનો કોઈ ખાસ માલિક ન હોય એવું; ધર્માદા.

વઉફનામા (વઉફનામા) પું [અ.] ધર્માદે આપેલી રકમનો ઠરાવલેખ.

વઉયંત્ર ન આસવ વગેરે બનાવવા માટે રસાયનશાળામાં વપરાતું એક યંત્ર.

વઉર જુઓ વક્કર.

વઉરમ [સં. વિકૃત] ન. પાપ.

વઉરમી સ્ત્રી. પાપી.

વકરવું ૧. અ. ક્રિ. આડું જવું; ત્રાંસું ચાલવું.
વકરી જવું = આડું જવું
૨. અ. ક્રિ. ભટકવું; ભમી જવું.
૩. અ. ક્રિ. જોરથી ફૂટી નીકળવું કે ફાલવું જેમકે, ભોંડો વકર્યો.
૪. અ. ક્રિ. દરકનું વધવું
૫. અ. ક્રિ. ફાટવું; બદકેવું; હદ બહાર જવું; હાથથી જવું; સામા થવું.
૬. અ. ક્રિ. ભરાવું; વીફરવું.
૭. અ. ક્રિ. બદલી જવું; ફરી જવું; વાર જોવું.
૮. અ. ક્રિ. બહુ વધી જવું; હદમાં બજારું થવું, વિકરાળ થવું.
૯. અ. ક્રિ. વિકાર થવો.

વકરી ૧. સ્ત્રી. બદલી ગયેલી બહારવટી સ્ત્રી.
૨. સ્ત્રી. રોગ ઉત્પન્ન; વેચાણનું નાણું.
૩. સ્ત્રી. વેચાણ; ખપત; વિક્રય.
૪. સ્ત્રી. વેચાયેલો માલ.

વકરેલું ૧. વિ. વકરવું; ફાટેલું.
૨. વિ. ભાંડ; તોફાની.

વકરો ૧. [સં. વિક્રય] પું. વેચવું તે; વેચાણ; ખપત; વિક્રય.
૧. વકરો કરવો = માલ વેચીને નાણાં કરવાં તે
૨. વકરો વાળિયો નહિ = વકરો લાભ નહીં વજરનો હોય જ નહિ; કંઈને કંઈક તો લાભનો થાય જ.
૨. પું. વેચાણથી ઊપજેલા પૈસા; વેચાણનું નાણું.
૩. પું. વેચાણને લગતા નામાનો મોપડો; વેચાણ ખૂડો.

વકલ ૧. પું. જથ્થો; સમૂહ.
૨. પું. જાત; તરેહ.

વકવાણી સ્ત્રી. હોંશથી કરેલ વખત.
એ ઉચ્ચારમાં વકવાણી વિનિતો અતુર વિલાસ અને વિનિત અમુરતા ભેટતાં અક્ષરે અક્ષર ઊભરાય છે. સરસ્વતીચંદ્ર

વકવું ૧. અ. ક્રિ. ગણવું; વકવું; લેખાવું.
૨. અ. ક્રિ. ચોકસ થવું.

વકવૃત્તિ વિ. સ્વાર્થી; કંઝ; બગલા જેવી વૃત્તિવાળું.

વકવ્રતધર વિ. બગલા જેવી કપટવૃત્તિવાળું.

વકવ્રતિક જુઓ વકવ્રતધર.

વકસવું અ. ક્રિ. ખીલવું; વિકસવું.

વકળવું અ. ક્રિ. આ આ કરવું; વછૂટી જવું; ખાવાપીવામાં સ્વાદને ખાતર સંયમ તજી દેવો.

વકાઉ (વકઉ) ૧. પું. કપટઘાત.
૨. પું. ઠસવ; વદાઉ; વાયદો.

વકાઉવું (વકાઉવુ) સ. ક્રિ. મંજૂર રાખવું; વદાઉવું.

વકાપી સ્ત્રી. એક જાતની માછલી.

વકાયો પું. આગળપાઈ વહીવટની જોતરીના મધ્યાગનું લખાણ.

વકાર ૧ પું. વ અક્ષર અને તેનો ઉચ્ચાર.
૨. પું. વિકાર; બગડવું તે

વકારવું ૧. અ. ક્રિ. ગુસ્સે થવું; વીફરવું; ચિડવું.
૨. [સં. વિ + કૃ (કરવું ધાતુ)] સ. ક્રિ. બદલાવવું; સામું વાદ એવું બનાવવું; ચીડવવું; ઉશ્કેરવું; ઉશ્કેરી મૂકવું; વકરે એમ કરવું
બગો બગલાની સેના સંહારી.
સિરે વકાર્યો જોમ. પ્રેમાનંદ
૩. સ. ક્રિ. બળ આપવું; બચ્ચપણાટી આણવી; બમબમાટી આણવી.

વકારાવવું સ. ક્રિ. ચિડાય તેમ કરાવવું.

વકારાવું અ. ક્રિ. ચિડાવું; ખિજવું.

વકારાંત [સં. વકાર + અંત (છેડો)] વિ. જેને છેડે વ હોય એવું; અંતે વ અંજનવાળું; છેડે વકારવાળું.

વકારિ [સં. વક (એ નામનો રાક્ષસ) + અરિ (શત્રુ)] પું. શ્રીકૃષ્ણ.

વકાલત ૧. [અ. વકાલ (તેણે કામ સોંપ્યું)] સ્ત્રી. જેલમોપણું; કૂતકર્મ.
૨. સ્ત્રી. કોર્ટના તરફથી વાતચીત કરવી તે.
૩ સ્ત્રી. મુખત્યારનો અધિકાર; પ્રતિનિધિત્વ.
૪. સ્ત્રી. વકીલના ધરજાની મોટાઈ.
૫. સ્ત્રી. વકીલનું કામ; વકીલ તરીકેનો ધંધો; વકીલાત.

વકાલતનામું [અ. વકાલત + નામા (લેખ)] ન. અસીલ તરફથી વકાલત કરવાની સત્તાનો લેખ; મુખત્યારનામું; વકીલ રાખ્યા સંબંધીનો લેખ; વકીલાતનામું; જે લેખથી કોર્ટને વકીલ કરવો તે.
વકાલતનામું આપવું = વકીલ રોકવો.

વકાશ ૧. પું. અવકાશ.
૨. પું. ખીલવું તે; વિકાસ.
૩. પું. ગાડી આંહેનો રસ્તો; વન આંહેનો માર્ગ
૪. પું. તરફ; દિશા.

વકાસવું ૧. [સં. વિકાસ] અ. ક્રિ. ઊઘડવું; ખીલવું; પ્રફુલ્લ થવું; વિકસવું
૨. અ. ક્રિ. મોં ફાડીને ટકટક જોયા કરવું.
૧. મોં વકાસવું = આશ્ચર્ય સાથે જોયા કરવું
૨. મોં વકાસીને બેસવું = નાસીપાસ થવું.
૩. સ ક્રિ. ઉઘાડવું; ખુલ્લું કરવું; ફાડવું; પહોળું કરવું; વિકાસવું.

વકાંતક પું. શ્રીકૃષ્ણ.

વકી ૧. સ્ત્રી. અંદાજ; ધારણા; આસ.
૨. સ્ત્રી. ઉમેદ; આશા.
૩. [અ. વકઅ (બનાવ બન્યો)] સ્ત્રી. સંભવ; જોગ.

વકીલ ૧. [અ.] પું. ધન્સાહની અદાલતમાં પક્ષકારો તરફથી દલીલ કરનાર બારાજાઓ; સનદી કાયદાજાણ; અમુકની તરફેણમાં કાયદેસર હકીકત રજૂ કરનાર માણસ; કોર્ટના પક્ષની વાત રજૂ કરનાર કે તે માટે મોકલનાર માણસ.
વકીલ કરવો-રોકવો = અસીલે વકીલને કામ સોંપવું
૨. પું. પરરાજ્યના દરબારમાં રાખેલો પોતાનો માણસ; મસલતિયો; એલચી; પ્રતિનિધિ; રાજદૂત.
૩. પું. પોતાની તરફથી કામ કરવાને જેને અખત્યાર આપ્યો હોય તે મુખત્યાર.
૪. પું. વાણોતર; મુખ્તારો; આડતિયો; 'એજંટ'.

વકીલવિદ્યા સ્ત્રી. વકીલાતપણું.

વકીલાત જુઓ વકાલત.

વકીલાતનામું જુઓ વકાલતનામું.

વકીલાતી વિ. વકીલને લગતું.
આની ચર્ચાને તેઓ વકીલાતી દલીલ કહી ચાલે છે. નવલરામ

વકીલી ૧. સ્ત્રી. વકાલત.
૨. સ્ત્રી. વકીલાત.

વકુ અ. અને.
અરબ્બો ન ખૂટે વકુ ચોર ન લૂટે.
મીરાંબા.ઉ

વકુલ્લા ૧. સ્ત્રી. કુદકો નામની ઔષધિ.
૨. સ્ત્રી. બોલસરીનું ઝાડ.

વકુલાભરણ પું. (સંગીત) સત્રીસ મહેલો ચોરસો ઘાટ; આસાવેરી ઘાટ. તેમાં રિ, ધ અને નિ એ કોમળ અને બાકીના સાત સ્વરો શુદ્ધ આવે છે.

વકૂલી ૧. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.
૨. સ્ત્રી બોલસરી.

વકૂ (વકૂ) ૧. [અ.] પું. બનાવ; પ્રસંગ.
૨. પું. સંભાવના

વકૂફ (વકફ) [અ. વક્ફ (તેણે અટકાવ્યું)] સ્ત્રી સમજ; હોંશિયારી; ચતુરાઈ; બુદ્ધિ; જ્ઞાન; અક્કલ; શાણપણ; ડહાપણ; ધીરજ અને જ્ઞાનવાળી મોજપતા.
બેવકૂફ = મૂર્ખ; અક્કલ વગરનું.

વકૂફદાર (વકફદાર) વિ. સમજુ; ડાહ્યું

વકૂબ જુઓ વકૂફ.

વકેરૂકા સ્ત્રી. વાયુથી વાંકી થયેલી ઝાડની ડાળી.

વકોટ પું અમલો.

વકોપવું અ. ક્રિ. વિશેષ ક્રોધવું

વક્કર ૧. [અ. વક્ર (તેણે આખરે મેળવી)] પું આખરે; પ્રતિષ્ઠા; ટેક; માન.
૧. વક્કર ખોવી–ગુમાવવી = બદનક્ષ થવું. હલકા પડી જવું; પ્રતિષ્ઠા ગુમાવવી; આબરૂ ખોવી.
૨. વક્કરનો પિંડ = (૧) તોફાની જોરાવર છોકરું (૨) કદરૂપનું બાળક.
૨. પું. કીમત.
વક્કર વગરનું = (૧) જેનો વિક્રય થાય નહિ તેવું (૨) માલ વિનાનું
૩. પું. ઢંગ; ગાંભીર્યાવાળી રીતભાત; લાપરી.
૪. પું. મોભો; બદન; માન; મરતબો; ભાર; બોજ; વજન.
વક્કર પડવો = બોજ પડવો; વજન પડવું.
૫. વિ. સાંઢ; કપરું; જોરાવર; તોફાની; પકડું; આકરા મિજાજનું.
૬. વિ. વહી ગયેલું; વર્ષુસકર.

વક્તવ્ય ૧. [સં. વક્તૃ (બોલવું)] ન. કથન, વચન; કહેવું તે; કહેવાની હકીકત; નિવેદન; ભાષણ.
૨ ન. કપડો.
૩ ન દૂષણ; દોષ.
૪ ન. નિયમ; ડાપણ
૫ વિ જવાબદાર
૬. વિ. નિંદ્ય, નિંદવા, લાયક.
૭ વિ. પરતંત્ર.
૮ વિ. બોલવા જેવું; બોલવાને યોગ્ય; બોલવા લાયક.
૯. વિ હલકું; દુષ્ટ; હીન; તુચ્છ.

વક્તવ્યતા ૧. [સં.] સ્ત્રી. અપવાદ; દૂષણ.
૨. સ્ત્રી. કહેવા યોગ્યપણું
૩ સ્ત્રી. કપડો.

વક્તવ્યત્વ જુઓ વક્તવ્યતા.

વક્તવ્યાર્થ ન. કહેવાનો અર્થ; આશય.
આચાર્યશંકરે પણ જેમ અને તેમ સૂત્રોને સ્પષ્ટ કરવા ઉપર તથા વક્તવ્યાર્થને ઢૂંકમાં કહી દેવા ઉપર બહુ ભાર મૂક્યો છે.
સિદ્ધાંતદર્શન

વક્તા ૧. [સં. વક્તૃ (બોલવું) + તૃ (નાર)] પું. કથા કહેનાર પુરુષ; આસ.
૨. પું. પંડિત.
૩. પું. બોલનાર આલુમ.
૪. પું. શિક્ષક
૫. સ્ત્રી. ભોંકડાશૂળી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. સુવાવડીનું ઝાડ.
૭. વિ. પ્રમાણિક
૮. વિ. બોલનાર; ભાષણ કરનાર.

વક્તાપદ ન. ભાષણ કરનારનું સ્થાન; વ્યાસપીઠ.

વક્તાવિશેષવ્યંગ્ય ન. (કાવ્ય) બહારથી બીજું બહાનું બતાવી ખરો ભેદ છુપાવે તે.

વક્ત્રી સ્ત્રી. મુંબઈના દરિયામાંથી મળતી એક જાતની માછલી. તે બીજા વગર સૂકવી શકાય છે.

વક્તુકામ [સં.] વિ. બોલવા ઇચ્છનાર.

વક્તૃ ૧. [સં] પું વક્તા; વાચક વ્યક્તિ; પંડિત.
૨. વિ. બોલનાર. વદનાર; કહેનાર.

વક્તૃતા જુઓ વક્તૃત્વ.

વક્તૃત્વ ૧. [સં. વક્તૃ (બોલનાર) + ત્વ (પણું)] સ્ત્રી. કથન; ભાષણ
૨. સ્ત્રી. બોલવાની શક્તિ કે છટા; છટાદાર રીતે બોલવાની સફાઈ; વાક્ચાતુર્ય; સુભાષણ; વાક્પટુતા; વાગ્મીપણું
૩. સ્ત્રી વ્યાખ્યાન.

વક્તૃત્વકળા સ્ત્રી. છટાદાર રીતે ભાષણ કરવાની કળા; ઉક્તિવિલાસ; વાક્પાટવ; બોલવાની છટા.

વક્તૃત્વશક્તિ સ્ત્રી છટાદાર રીતે ભાષણ કરવાની કે બોલવાની શક્તિ

વક્ત્ર ૧ પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ, તે અનુષ્ટુપનો એક ભેદ છે
૨. [સ.] ન. મોઢું; ઢોકો.
૩. ન આનન
૪ ન. એક પ્રકારનું રમકડું
૫. ન મહેનો.
૬. ન. ચ.ચ
૭. ન. તગરમાળ
૮. ન મુખ; મોં; વદન; મોઢું

વક્ત્રજ ૧. પું. આકાશ.
૨ વિ. મુખમાં ઉત્પન્ન થનાર.

વક્ત્રતાલ પું. મુખથી વગાડવાનું એક વાદ્ય.

વક્ત્રતુંડ [સં.] પું. ગણેશ.

વક્ત્રદલ ન. તાળવું.

વક્ત્રપદ્મ પું. તોબરો.

વક્ત્રબાહુ [સં.] પું. વારાફરી કરવું.

વક્ત્રભેદી ૧. [સં. વક્ત્રભેદિન્] પું. કડવો કે તીખો રસ.
૨. વિ. મોઢું આંગી નાખનાર.

વક્ત્રવાસ ૧. [સં.] પું. નાગરવેલ.
૨. પું. નારંગી.
૩. પું. પાનસોપારી
૪. પું. મુખની ગંધ.

વક્ત્રશાદ્વલ [સં.] સ્ત્રી. મચ્છોરી

વક્ત્રશોભી ૧. [સં. વક્ત્રશોભિન્] પું. બિલ્લેરું.
૨. વિ. મુખ શુદ્ધ કરનાર.

વક્ત્રા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્વપદ, તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, સગણ, અને બે ગુરુ એમ અનુક્રમે અક્ષર હોય જેમાં સોળ અક્ષરે વિસામો આવે છે.

વક્ત્રારવિંદ [સં. વક્ત્ર (મુખ) + અરવિંદ (કમળ)] ન. મુખારવિંદ; કમળમુખ; કમળના જેવું મોઢું

વક્ત્રાસવ ૧. [સં.] પું. અધરોષ્ઠ રસ.
૨. પું. થૂક.

વક્ત્રી [સં.] સ્ત્રી. બોલનાર સ્ત્રી; જુઓ વક્તા.

વક્ર ૧. પું આકાર; જાતિ.
૨. [અ.] પું. દહન.
૩. [હિં] પું. ધર્માદામાં આપેલી ભૂમિ કે સંપત્તિ.
૪. વિ સાર્વજનિક; જેનો કોઈ માલિક ન હોય તેવું

વક્રકરામા [અ.] પું. દાનપત્ર; બક્ષિસનો લિખિત દસ્તાવેજ.

વક્ર ૧. પું. (પિંગળ) એક પ્રકારનો છંદ; અનુષ્ટુપ.
૨. પું. જેનાથી ૩૦ અંશની અંદર સૂર્ય હોય એવો ગ્રહ; વક્રીગ્રહ.
૩. પું. (સંગીત) તાલના મુખ્ય ૭ માંહેનું આઠ માત્રાનું ચોથું અંગ; મુરુઅંગ; દીર્ઘદ્વિમાત્રિક, આઠ માત્રાને અંતરે આવતો તાલ.
૪. [સં.] પું. ત્રિપુર દૈત્ય; ત્રિપુરાસુર.
૫ પું પીતપાપડો.
૬. પું મંત્રગ્રહ.
૭. પું. કદેવ.
૮. પું. શનિશ્ચર ગ્રહ.

૬. ન. મહની ઊલટી ગતિ; મહની વાંકી ગતિ. મહ એક નક્ષત્રથી બીજી પછીના નક્ષત્ર આગળ જવો જોઈએ. તે તેમ ન કરતાં કોઈ વાર તેથી ઊલટો ચલે છે અને તેમ ચલતી વખતે કેટલીક વાર વાંકાચૂકા માર્ગ રતબ્બ દેખાય છે. ભારતીય યુદ્ધ વખતે ફૂર મહ વક્રમાં હતો.

૧૦. ન. નમરપાદુકા.

૧૧. ન. નદીનો વળાંક.

૧૨ ન. વાંકી રેખા; વક્રિમા.

૧૩. વિ. અપ્રમાણિક

૧૪. વિ. ઊલટું; વિરુદ્ધ.

૧૫. વિ. ક્રૂર.

૧૬. વિ. ગૂઢાર્થકાર; વાગ્વિદ્યું.

૧૭. વિ. પરોક્ષ

૧૮. [સં. વંચ્ (છેતરવું)] વિ. વાકું. આડું; ટેઢું; ત્રાંસું.

વક્રઅવરોહ પું. (સંગીત) નીચે નીચેના અમુક સ્વરો લઈ વળી બીજા આગળ જઈ પાછો અવરોહ પૂરો કરવો તે.

વક્રઆરોહ પું. (સંગીત) ઉપર ઉપરના અમુક સ્વરો લઈ વળી બીજા પાછળ જઈ પાછો આરોહ પૂરો કરવો તે.

વક્રકટ્યા [સં. વક્ર + કટિ (કમર)] પું. નખપતિ. કેમરો, તેમની કેડ વાંકી બનાવ છે.

વક્રકટ્યા તમે ઝટઝટકા તમો, પ્રેમાનંદ

વક્રકંઠ ૧ [સં.] પું. ઘોરનું ઝાડ.

૨. પું. બોરડી.

વક્રકંઠક જુઓ વક્રકંદ

વક્રકુંડ પું છપ્પાસી માહેનો ત્રેપનમો નરકકુંડ તે અત્યંત વાંકો, ઊંડો, ૩.૨ માઉના માપનો, ગુપ્ત જેવા આકારવાળો, ઊના પાણીથી ભરેલો, અંધારાવાળો અને ભયાનક મનાય છે.

જે માણસ માબો ઉપર અને ભાઈઓ ઉપર કુદ્રિત દૃષ્ટિ કરે તે માણસ સો પુરુષ સુધી વક્રકુંડમાં વસે છે. ભાગવતી ભાગવત

વક્રકેશી વિ વાંકડિયા વાળવાળું

વક્રકોષ્ઠ પું. બે વર્તુળો એકબીજાને જે બિંદુમાં છેદે તે બંને બિંદુમાંથી છેદેલી વર્તુળને સ્પર્શ કરતી રેખાઓ વચ્ચે બનતો ખૂણો. વક્રીભવનકોણ.

વક્રગતિ ૧. [સં. વક્ર (વાંકું) + ગતિ] પું. ભમણમહ.

૨. સ્ત્રી. આડકલાપણું.

૩. સ્ત્રી. એક પ્રકારની અંતરાલ ગતિ. આ ગતિથી જનાર જીવમાત્ર પૂર્વશરીરજન્ય પ્રયત્નથી નવા સ્થાને પહોંચી શકતો નથી. નવો પ્રયત્ન સાધ્ય કરીરથી જ સાધ્ય છે.

૪. સ્ત્રી. (જ્યોતિષ) કોઈ પણ મહની પશ્ચિમ તરફની ગતિ બુધ વગેરે પાંચ મહો કોઈ કોઈ વાર ઊલટા ચાલતા હોય એમ દેખાય છે એટલે કે કૃત્તિકામાંથી ભરણીમાં અને અશ્વિનીમાંથી રેવતીમાં એવી રીતે પાછા ફરે છે. તેઓની આ ગતિને વક્રગતિ કહે છે. મહરાજ અનુસાર સૂર્યથી બીજા, છઠ્ઠા, સાતમા અને આઠમા આવેલ મહ વક્રી મનાય છે. આ પ્રમાણે મંગળ ૩૬ દિવસ, બુધ ૨૧ દિવસ, ગુરુ ૧૧૬ દિવસ, શુક્ર ૬૨ દિવસ અને શનિ ૧૩૪ દિવસ વક્રી થાય છે.

૫. સ્ત્રી. જેમાં પ્રથમના સ્થાનથી નવા સ્થાન સુધી જતાં ઓછામાં ઓછો એક વાંક અવશ્ય લેવો પડે તેવી ગતિ

૬ સ્ત્રી વાંકી ચાલ. આડીઅવળી ગતિ; પ્રતિનમન, ઊંધી ચાલ, પાછી ગતિ. વિવર્તન. પરિભ્રમણ.

૭ વિ. કુટિલ; ધૂર્ત.

૮. વિ વાંકો ચાલ ચાલનારું

વક્રગામી ૧. વિ. અપ્રમાણિક

૨. વિ. કુટિલ; ધૂર્ત.

૩ [સં વક્રગામિન્] વિ. વાંકું જનારું; વાંકી ગતિવાળું.

વક્રગ્રીવ ૧. [સં વક્ર (વાંકી) + ગ્રીવા (ડોક)], પું ઘંટ

ઘડેલી પ્રજાઓ પરણેલા સ્વામીને લક્ષ્ય કરીને અને ચતુર પરદેશી વઢુજારાઓ સાથે ચાલી જાય. ઝવેરચંદ

૪. [સં. વનેચર (વનમાં ફરનાર)] પું. બળદોની પીઠ ઉપર માલ ભરી દેશ પરદેશ લઈ જનાર વેપારી; પોઠવાળો.

વણતર ૧. ન. કુમાશ; પોત; વણાટ.
૨. ન. રચના; નિર્માણ.
૩. ન. ફૂ, રેશમ, શણ અને બીજા રેસાઓની સકલના કરવાનો ધંધો; તાણોવાણો નાખીને સૂતર કે રેશમનું કાપડ બનાવવું તે.
૪. ન. વણવાની તરેહ કે રીત; વણવાની ક્રિયા.
૫. ન. વણવું તે

વણપરો ૧. પું. ઉપભોગ; વાપર; વપરાશ
૨. પું. કામ; ધંધો
૩. પું. પ્રપંચ.

વણમાળા સ્ત્રી. વાસુદેવની હમેશાં હાજરવર્તી, કદી નહિ કરમાતી, સર્વ ઋતુના પુષ્પોથી સુગ્રથિત રહેતી એક જાતની માળા.

વણરત [વણ (વનર) + રત (ઋતુ)] સ્ત્રી. કવખતનું; કહાડ્યું; કમોસમ.

વણલોભી વિ. લોભરહિત.

વણવાગીશ્વરી પું. (ત્રિભંગ) એ નામનો એક છંદ. તેમાં ૭ યગણ અને લઘુ, ગુરુ મળી તેવીસ અક્ષર આવે છે

વણવું ૧. સ. ક્રિ. આડા બીજા તંતુ કે તારને સાળ ઉપર ચડાવી ઠોકીને કપડું બનાવવું; ફૂ, રેશમ અને બીજા જીવા રેસાઓની સકલના કરવી; તાણોવાણો નાખીને સૂતર કે રેશમનું કપડું બનાવવું; સાળ વડે કપડું બનાવવું.
વણવું કપડું તે અને, વણવું દોરડાનું એક; વણવું ગોદડીનું એક, વણવું સેવ ગાંઠિયાનું તેહ.
વણવું તે જો સૂતરું, વણવું તાર પણીનું જેહ;
વણવું વાતનું હોય તે, વણવું વેષનાનું તેહ.
અદ્વૈતદાસ મોરી

૨. સ. ક્રિ. ઓઢવું કરવું.

૩. સ ક્રિ. કચરવું; કામમાં કેળવવું; પકોટવું; મહેનત; ટૂંપવું; ખૂંદવું.

૪. સ. ક્રિ. કણકના લૂઆને વેલણ ફેરવી કે કળાથી કળાવીને ચંદા જેવો બનાવવો; લૂઆને પાતળો ને મોટો કરવો; વેલણ વડે રોટલી અને પૂરી વગેરે કરવું.

૫. સ. ક્રિ. મસળીને દાબીને રોટલા જેવું કરી નાખવું, પાયમાલ કરવું
વણી નાખવું = પાયમાલ કરવું; તોડીફોડી નાખવું; નાશ કરવું

૬. સ. ક્રિ. પાટિયા ઉપર ઓટ મસળીને સેવ પાડવી.

૭. સ ક્રિ. રેસા અને તંતુઓને એકબીજા સાથે સાંધવા કે સંકળી સાંધો દોર કે તાર બનાવવો; આમળવું; સાંધવું; સાંધવા દઈને સાંધવું કરવું; દોર વણવો; ગૂંથવું; આમળા દઈ દઈને બનાવવું; વળ ચઢાવવા; દોરાનું કાપડ બનાવવું.
દોરી વણવી = સૂતરના તાંતણાઓ એકઠા કરી દોરડું બનાવવું.

૮. સ. ક્રિ. વિસ્તારવું; વધારવું; બનાવટ કરવી; ખીલવવું; વધારીને કહેવું.
૧. વણીને કહેવું–મૂકવું = (૧) અટકળે કહેવું. (૨) અતિશયોક્તિ કરવી. (૩) ગપ્પાં મારવાં
૨. વણીને વાત કાઢવી = (૧) બનાવટ કરવી (૨) વાત વધારવી તે

૯. સ. ક્રિ. પીંજવું, નરમો બાજ કાઢી નાખવો; બખોમાંથી સારુ દોર તે ચૂંટી કાઢવું.

વણવેઠ (વણવેઢ) ૧ વિ. અબેડ; અવિચ્છિન્ન.
૨. વિ. નહિ ઉખાડેલ તેવું.

વણવેડાએલ (વણવેઢાએલ) વિ. વચ્ચે તૂટેલું; અખંડિત

વણસાવું ૧. અ ક્રિ. કરમાવું; છેવું થઈ જવું; સુકાવું; તેજ કે તંદુરસ્તીનું ઊડી જવું.
કામનો કુપો કાયા વહારી,
વણસતાં નહિ વાર. ભોજો

૨. અ. ક્રિ. તૂટવું.

૩. અ. ક્રિ. નાશ પામવું; પાયમાલ થઈ જવું.
વણસતાં એને વાર ન લાગે,
જેમ બળતો પરપોટો. મોખાદાસ

૪. અ. ક્રિ. ખોરાક વગર બગડવું; બરાબર ચવું; કમળી જવું, બગાડી જવું.
વણસી જવું = બગડી જવું; વંઠી જવું.

વણસાઢ (વણસાઢ) ૧. પું. બગાડ; કરમાઈને બરાબર થઈ જવું તે.
૨ સ્ત્રી. વઢવેડ.
૩. ન. નાશ; લય; લય
૪. વિ વણસી જાય તેવું, વિનાશી. ક્ષણભંગુર.
મોહરૂપ સંસાર છે, ક્ષણભંગુર વણસાઢ.
નર્મદ

વણસાડવું (વણસાડવું) ૧. સ. ક્રિ. ઓળે જવું, ગુમાવવું.
બહે નરસૈંયો રુખ ચોખટે,
શીદને જનમ વણસાડો. નરસિંહ
૨ સ. ક્રિ. બગાડવું; બરાબર ચવું.
૩ સ. ક્રિ. ભેલાડવું, વણસે તેમ કરવું; નાશ પામે તેમ કરવું; પાયમાલ કરવું; ચિટાડવું; મટાડવું.

વણસાવવું ૧. સ. ક્રિ. નષ્ટ કરવું; પાયમાલ કરવું.
૨. સ. ક્રિ. બગડવું; વણસાડવું.

વણસાવું અ ક્રિ. નષ્ટ થવું; પાયમાલ થવું; વણસવું

વણસિયું સ. વરખડાનું તેલ.

વણાઈ ૧. સ્ત્રી વણવાની ક્રિયા; વણવાની રીત.
૨. સ્ત્રી. વણવાની મૂખી કે કારીગીરી; વણાટ.
૩. સ્ત્રી. વણામણ; વણામણી; વણનારનું સરામણ; વણવાનું મજૂરીનું.

વણાઉ ૧. ન કુમાશ; પોત; વણતર. વણાટનું ગણિત આ પ્રમાણે છે.
૨ તાર = ૧ ભેગ
૪ ભેગ = ૧ ચોક
૪૦ ચોક = ૧ વીસી
૮૦ ઘર = ૧ વીસી
૧૬૦ તાર = ૧ વીસી
૧૨૦ તાર = ૧ પુજ
૨. ન. ગોઠવણી
આ સુખપૂજા જડવાની કવિની લોકપ્રિયતા બાબતોના આકર્ષ વણાટ ઘર જ અવલંબે છે.
પ્રેમાનંદના રસ
૩. સ ભાગીદારીમાં એકબીજા સાથે ગોઠવવાની ક્રિયા; વણવાની ક્રિયા; વણાઈ; વણવું તે.
પ્રાચીન ઉદ્યોગમાં વણાટ અને રમકામ, છાપકામ અગત્યનું સ્થાન ભોગવે છે. વસ્ત્રઉત્પાદનમાં લાકડાના સાધનોનો પણ મોટો ઉપયોગ થાય છે ગામડામાં ઘેર ઘેર રહેલા કપાસ પીંજવાના ગાદા અને સૂતર કાતવાના પુરાણા મોટા પાખીજાના રેંટિયાઓ, ગામડે ગામડે વસેલા વણકરોની વણાટશાળાઓના બીજાઓથી માંડીને બોડી, ઢાબા, કાંસકા, કાલબા, ફોકડીઓ વગેરે તમામ વસ્તુઓ આપણે ત્યાંના લાકડામાંથી બની રહી છે. બીજી બાજુ આ ધંધો–વણાટ અને રમકામ બગડ્યાં.
સરસ્વતી મુખપત્ર

વણાટકામ ન. વણતરની કળા; વણાટનું કામ; સાળ ઉપર થતી વણાટની ક્રિયા; વણવાનું કામ.

વણાટશાળા સ્ત્રી. વણાટકામ થતું હોય કે શીખવવામાં આવતું હોય તેવી શાળા કે સંસ્થા.

વણામણ ન વણી આપવા બદલનું મહેનતાણું; વણાઈ; વણવાની મજૂરી.

વણામણી જુઓ વણામણ.

વણારસી ૧. સ્ત્રી. અમરાપુરી.
૨. [સં વારાણસી] સ્ત્રી. કાશી; અન્નરસ.
૩. વિ અન્નરસી, તે સાડી માટે વપરાય છે.

વણાવવું ૧. સ. ક્રિ. કપડું બીજા પાસે તૈયાર કરાવવું; બીજા વણે એમ કરાવવું.
૨. સ. ક્રિ રોટલી, પૂરી કરાવવી; લૂઆને વેલણથી ચંદા જેવો ગોળ અને પાતળો બનાવરાવવો.

વજ્રાસ [સં. વિનાશ] પું. અરાજકી; નાશ; પાયમાલી, વિધ્વંસ

દુકાળઓ ને ક્રાંતિ ઘોરિંગ, વેરી જેવો વાસ, માથે ભૂતરાજ ને ઘેર ઠીકરી, એટલા કરે વજ્રાસ. લોકગિ

વજ્રાસરી સ્ત્રી. એક પ્રકારની પીળા મટોડાવાળી જમીન આ જમીનમાં તરડ પડતી નથી

વણિક ૧. પું. વેપો કરનારા વેપારીઓનો સમુદાય કે જાત; વેપારી જાતિ વિશેષ; વેપારી; વસ્તુનું ક્રય કરનાર માણસ, વૈશ્ય

૨. પું વાણિયો; વણિક વર્ગનો કોઈ એક માણસ વણિકની ચોરાશી જ્ઞાતિ આ પ્રમાણે છે:— (૧) શ્રીમાળી, (૨) ઓસવાળ, (૩) પોરવાડ, (૪) વધરેવાલ, (૫) ઢાંકુવાલ, (૬) મેડતવાલ, (૭) કરસોલા, (૮) સુરાણા, (૯) પલ્લીવાલ, (૧૦) ભાંભુજાતિ, (૧૧) બહાયતા, (૧૨) પોરજ્ઞ, (૧૩) બહેરવાલ, (૧૪) ડીસાવાલ, (૧૫) ગુર્જરવાણિક, (૧૬) સુદડવાલ, (૧૭) અમરવાલ, (૧૮) જયવાલ, (૧૯) નાણાવાલ, (૨૦) કરેડિયા, (૨૧) ચિત્રાવાલ, (૨૨) કોરંટવાલ, (૨૩) સોનાવાલ, (૨૪) સોજત્તવાલ, (૨૫) નાગરજ્ઞાત, (૨૬) ઓઢ, (૨૭) જલહરા, (૨૮) કપોલ, (૨૯) ખેડાયતા, (૩૦) વાયડા, (૩૧) દાસઉરા, (૩૨) વંચા, (૩૩) નાદ્રહ, (૩૪) કરણિયા, (૩૫) ભટેરા, (૩૬) મેવાડા, (૩૭) નરસિંહપુરા, (૩૮) વાગેરા, (૩૯) પાંચાળ, (૪૦) હાલર, (૪૧) શ્રીખંડોર, (૪૨) વાપસ, (૪૩) રસ્તકડો, (૪૪) કલોલ, (૪૫) નિજ્ઞુડા, (૪૬) સોગિડા (૪૭) અમિલ્લા, (૪૮) ભોજા, (૪૯) શ્રીગુડ, (૫૦) અધિનવાલ, (૫૧) કામલ્લ, (૫૨) વાલમીક, (૫૩) તિસોરા, (૫૪) તિલહુવા, (૫૫) અજુરમી, (૫૬) લહડીકાખા, (૫૭) ગાજણ્યા, (૫૮) વધ્યખડિરા, (૫૯) વિષ્ણુનતી, (૬૦) કુમઠ અથવા અહુડવાડા, (૬૧) કુમઠવાંડા, (૬૨) નીમા, (૬૩) પદ્માવતિયા, (૬૪) ધાવડા, (૬૫) સીહનિયા, (૬૬) ખોરખોલ, (૬૭) જેહનિયા, (૬૮) આમલેરા, (૬૯) ગોલાવાલ, (૭૦) ચીત્રોડા, (૭૧) મહુડીઆ, (૭૨) કાંકલિયા, (૭૩) ભાંભિયા, (૭૪) જુગડા, (૭૫) અણહુરા (૭૬) નાગરા, (૭૭) સાચોરા (૭૮) મહાલ્હા, (૭૯) પ્રાગ્વણ્યા, (૮૦) ખાડુડ, (૮૧) મડોરા, (૮૨) કરહોમા, (૮૩) મોરઠિયા, (૮૪) નિહાલી.

વણિકપુત્ર પું વાણિયાનો દીકરો; વાણિયો

વણિકવૃત્તિ ૧. સ્ત્રી. ગામો પાળવાની આજીવિકા.

પિતા મરી ગયા પછી વસુદેવ વણિકવૃત્તિ (ગામો પાળવાની આજીવિકા) કરવા લાગ્યા. ભાગવતી ભાગવત

૨. સ્ત્રી. સુખ્યાર્થ; વાણિજ્યાગત; સ્વાર્થદૃષ્ટિ; ' પોલિટિકલ ઇમરિટ '.

૩. સ્ત્રી વાણિયાની રીત કે વર્તન; વાણિજ્યવિદ્યા.

૪. સ્ત્રી. વેપાર વડે આજિવિકા ચલાવવી તે.

વણિક્પથ ૧. [સં.] પું. વેપાર; રોજગાર; ધંધો.

૨. પું. વેપારી માર્ગ

વણિગ પું. (જુ. પુ.) વાણિયો

આણ્ય તમાં ગઈ આણઈ કલા, ઉઠ્ઠ વણિગ આવુ આવના. ઉપદેશસમય

વણિગ્માર્ગ [સં] પું બજાર.

વણિજ્વિદ્યા [સં.] સ્ત્રી. અર્થશાસ્ત્ર; વ્યાપાર નીતિ.

વણિજ ૧. પું. વ્યવિકય; વેપારવણજ.

૨. પું. તુલારાશિ.

૩. [સં. વણિજ્] પું. વણિક; વાણિયો; વ્યાપારી.

૪. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૫. ન. (જ્યોતિષ) ખાર ભાગનું છઠું કરણ. તે શુભ ગણાય છે.

વણિજકરણ ન. વ્યાપાર કરવો તે; વેપાર; રોજગાર.

વણિજ્ય ન. વેપાર.

વણિયર [સં. વનચર-વણ્ણયર-વણિયર] ન. ઉંદરના જેવા મોઢાનું, સિંહાડીથી મોટું, નોળના જેવું ભારે પૂંછડાનું ને કાળચરા રંગનું એક રાત્રિચર નાનું પ્રાણી; વલેણ; વનોત. તેની સાધારણ લંબાઈ બે ફૂટ હોય છે. પૂંછડી પણ લગભગ બે ફૂટ લાંબી હોય છે. તે બહુ ત્રાસદાયક પ્રાણી છે આ પ્રાણી કર્ણાટક અને મલબાર તરફ બહુ માલૂમ પડે છે. કોઈમાં એવી વાત છે કે, માટલાં વગેરેમાંથી વસ્તુ આપો પછી તેને પાછા જેમ હોય તેમ ઢાંકીને તે ચાલ્યું જાય છે.

વણિયેર જુઓ વાણિયેર

વણો ૧. પું. એક પ્રકારનું ઝાડ. એને વાટકવરણો પણ કહે છે. તે સિસમના ઝાડ જેવું દેખાય છે.

૨. પું. ઘાસ તથા જળતણ ઉપર લેવામાં આવતો પ્રાચીન કર

૩. પું. ચરવાની ફી; ઘાસચરાઈ; ઢોરને ચરાવવાની ફી. મસવાડી

૪. વિ. વગરનું.

વતડવું (વતડવું) [સં. વિ (જુદું) + ત્રુટ્ (તોડવું)] અ. ક્રિ. નખથી ચામડી અથવા નાખવી; ઉઝરડી નાખવું; ઉઝરડા પાડવા; નખોરિયાં ભરવાં; નખથી ખણવું કે ફાડી નાખવું; વતરડવું; વકુરવું; વતેડવું.

વતન ૧. ન. પોતા કાયમના ભોગવટાની જમીન. તેનું ઉત્પન્ન અથવા તે ઉપરનો હક્ક.

૨. ન જમીન જાગીરની જીવજ

૩ [અ. વતન (તે રહ્યો)] ન. પોતનું મૂળ ગામ કે દેશ; અસલ રહેઠાણ; જન્મભૂમિ; સ્વભૂમિ, બાપદાદાની રહેવાની જગ્યા; જે દેશ, પ્રાંત કે શહેરમાં જન્મ થયો હોય તે ઠેકાણું

૪. ન. વંશપરંપરા આજીવિકા આપ્યા કરે તે માટે સેવાના બદલામાં રાજ્ય કે સરકાર તરફથી અપાયેલી જમીન, ખેતર વગેરે તે; ઇનામ દાખલ સરકાર તરફથી મળેલ જાગીર ગામ કે ગરાસ.

વતનદાર ૧. પું. જાગીરદાર.

૨. પું શહેર કે ગામડાનો વતની

૩. [અ વતન + ફા. દાર (વાળું)] વિ. જાગીરદાર; મજમુદાર; ઇનામી; વતનવાળો, માલીકીવાળાં માલની જમીનો, અનાજ, જુદી જુદી ફરજો વગેરેથી પોતાનું ઉત્પન્ન સાધનાર.

વતનદારી સ્ત્રી. જાગીરદારી; ઇનામીગીરી.

વતનદોસ્ત વિ. સ્વદેશપ્રેમી

વતનપત્ર [સં.] ન. વંશપરંપરાનો જાગીરનો દસ્તાવેજ અથવા હકપત્ર

વતનપરસ્તી [ફા.] સ્ત્રી. સ્વદેશાભિમાન; સ્વદેશપ્રેમ

વતનફરોશ પું. દેશદ્રોહી.

વતનવાડી (વતનવાડી) સ્ત્રી. વારસાની અથવા પરંપરોપાર્જિત જાગીર; સ્થાવર મિલકત; રાજ્ય તરફથી રાજ્યની સેવાના બદલામાં મળેલી જમીન વગેરે તે

વતનવ્યવસ્થા સ્ત્રી. એક જાતની ગરાસદારી પદ્ધતિ; સાનત વ્યવસ્થા; ઉમરાવશાહી પદ્ધતિ; ' ફ્યુડલ સિસ્ટમ '.

યુરોપીય સમાજની બહુની વતનવ્યવસ્થા શિથિલ થઈ તેને સ્થાને દેશાભિમાનું નવું ચેતન રેડાવામાં આવ્યું. પારિ. કોષ

વતની ૧. પું. મૂળ રહેવાસ

૨. વિ. જેની જે જન્મભૂમિ હોય ત્યાંનો રહીશ કે નિવાસી.

૩. વિ. બીજાને આપ્યા નહિ તેવું; પોતાના જ ભોગવટામાં રહે તેવું; સ્વોપભોગ.

૪. વિ. વતનને લગતું; સ્વદેશી.

૫. વિ. શહેર સંબંધી; શહેરી.

૬. વિ. સાંસારિક, દુન્યવી

વતરડવું (વતરડવું) જુઓ વતડવું.

વતરડા (વતરડા) પુ. ન. બ. ઉઝરડા.

વતરડાવું (વતરડાવું) અ. ક્રિ. મદોન્મત્ત થવું; ફાટી જવું.

વતરણું ન લખવા, ચીતરવા કે કોતરવાનું ઓજાર; કલમ; પીંછી; ટાંકણું; લેખણ; લાકડાનું પેન; પથ્થર પેન; પટાળું.
કોઈ નિશાળિયાને વતરણું ઝાઝાં = કાર્ય કરવાની અનિચ્છાવાળો અનેક બહાનાં શોધે છે.

વતરેક અ. વિના.

વતરેક ૧. [સં. વ્યતિરેક] પું. અભાવ; ફેર; ભેદ; વ્યતિરેક
૨. અ. વગર; વિના; સિવાય.

વતરોગ અ વગર; વિના; સિવાય; વતરેક.

વતરોજે જુઓ વતરોજ.

વતંસ ૧. [સં.] પું. કાનનો દાગીનો.
૨. પું. મસ્તકનો દાગીનો; કલગી; મુકુટ
૩. પુ. કરકોર દાગીનો.
૪. વિ. ઉચ્ચ

વતાગરો ૧. પું મજૂર; મોટલિયો; વૈતરો; રેલકરી; હલકારી
૨. પું. કલમ; વતું કરનાર વ્યક્તિ

વતાડવું (વતાડવુ) ૧. સ. ક્રિ. ખુટાડવું; ખુટવડાવું.
૨ સ ક્રિ પજવવું; સતાવવું, વિતાડવું; દુઃખ દેવું.
૩ સ ક્રિ. બતાવવું; સુચવવું
૪. સ ક્રિ. વિતાવવું; ગુમાવવું; જવું રહે તેમ કરવું

વતાવવું ૧. સ. ક્રિ. અડપલું કરવું; અડવું; અડકવું; છેડવું; ચાળો કરવો.
૨. સ. ક્રિ. ખીજવવું; ચીડવવું, છંછેડવું; સતાવવું; સળી કરવી; પજવવું.
૩. સ. ક્રિ. બીવું; દેખાડવું; નિર્દેશ કરવો; બતાવવું.

વતી ૧. વિ. સ્ત્રી. નારીજાતિનું વિશેષણ બતાવનાર સંસ્કૃત પ્રત્યય. જેમકે, લાવણ્યવતી; ગુણવતી; ધનવતી.
૨. અ. થી, થકી; એ, વડે.
૩. અ. બદલે; મટે; સારુ.

વતીગણ જુઓ વતેસર.

વતીપાત ૧. પું. ઉત્પાત; ઉપદ્રવ.
૨. પું. ફસ; આકળી
૩. [સં. વ્યતીપાત] પું (જ્યોતિષ) સતાવીસ માંહેનો સત્તરમો યોગ; વ્યતીપાત. તે અશુભ ગણાય છે.
૪ વિ. ઉપાંળનું, તોફાની.

વતીપાતિયું વિ. અડપલું; જંપીને બેસે કે બેસવા દે નહિ તેવું; તોફાની; ઉપાંળનું ઉત્પાતિયું; ઉપદ્રવ કરે તેવું.

વતું ૧. [પ્રા.] ન કામ, કામગીરી; સેવા; વૈતરું; મજૂરી.
નીતુ નીતુ કીજિ સા સજુતિ વતાં. કાન્હડદેપ્રબંધ
૨. વ. નકામું કામ. બંધમાં વપરાય છે.
૩. વ મુકતા; માથાના વચેલા વાળ કાપવા કે ઓડવા તે; હજામત
વતું કરવું - (૧) ચાળીઝુડી સાફ કરવું. (૨) હજામત કરવી

વતે અ ગી. ભૂ. ઓ; વડે; આગળ.

વતેસર ૧ ન વધવું; નકામું લંબાણ; બાધ જ બનવેલું કે કોળેલું તે.
૨ વિ. લંબાણવાળું; વિસ્તારવાળું
વાતનું વતેસર કરવું = રજનું ગજ કરવું; અસાધારણ વાત કરવી

વતૈડ (વતૈડ) ૧ સ્ત્રી. બબૂચક; વધુપડતું; વધારે.
૨. સ્ત્રી ખૂબલીનો રોગ.

વતૈડવું (વતૈડ) જુઓ વતડવું.

વત્ ૧ [અ] અ એ નામે એક પ્રત્યય; વાતનું મૂળ સંસ્કૃત રૂપ નામને લાગતાં પણ એવો અર્થ બતાવે છે. જેમકે, કુલવત્.
૨. અ તી પઠ. તી જેમ; તી પ્રમાણે; તી મકાક; તી રીતે. નામને લગાડવામાં આવે છે. જેમકે, ભાતમવત

વત્ત ૧. સ્ત્રી. કીમત.
તે ગ્રન્થવાદી, તેમાં નહિ વત્ત. અખે.
૨. સ્ત્રી. (જૂ. મુ.) વાત.

વત્તું વિ. વધારે.

વત્તુંઓછું વિ થોડુંઘણું; વધારે ઓછું. વત્તું-ઓછું જાત્ર કરવી = વધારે ઓછું બોલવું.

વત્રેક ૧. [સં. વ્યતિરેક] વિ. જુદી જ જાતનું; જુદું; જેની જોડ ન મળે તેવું; અપૂર્વ.
૨. અ. વતરેક; વગર; વિના.
તેહ્રિય આજાણુને હું એક,
બીજો કોઈ નહિ વત્રેક. ભાલણ

વત્રો પું. ચૂનો; ભૂકો.

વત્સ ૧. [સં.] પું. આકારી વ્યક્તિનું નામ. જેનાં ચાર મસ્તક, ચાર પગ, નવ નાભિ, સોળ હાથ, ચારસે ને સાઠ સિદ્ધાંત અને સો હાથ છે એવા આકારવાળા વત્સ સામે અને તેનો પાછળ દ્વાર મૂકવું નહિ. સમ્રાટલક્ષ
૨ પું. એ નામનો એક પ્રાચીન પ્રદેશ યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે ભીમ તે જીતી લીધો હતો. જમા નદીને કિનારે પેલે પાર આ દેશ આવેલ હતો
૩. પુ એ નામે એક ઋષિ અને તેનું કુળ.
૪ પુ (પુરાણ) કંસ પક્ષનો એ નામનો અસુર, વત્સાસુર
૫. પું. (પુરાણ) દ્રૌપદ દેશનો કોઈ સામાન્ય રાજા આ રાજા દ્રૌપદી સ્વયંવરમાં હતો
૬. પું (પુરાણ) ગાયત્રીના ચોવીસ માંહેનો એક ઋષિ
૭. પું ભાગવતના રામના બાપે કોઈકે સંતાડી રાખેલો રાજપુત્ર. તે માળેના વાડામાં વધ્યો માથે ઊછર્યો હતો માટે તે વત્સ એવા નામથી પણ ઓળખાય છે
૮. પું ભાગવતના વક્રનો એક અંગ. તે વક્રમાં માડુક ગોત્ર આવે છે.
૯ પું. (પુરાણ) જુદા ઋષિના સાત માંહેનો એક ઋષિ
૧૦ પું. વર્ષ
૧૧ પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ
૧૨ પુ. (પુરાણ) સામવેદનો એક ઋષિ.
૧૩ પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના સેનજિત નામના રાજાના ચાર માંહેનો ચોથો પુત્ર.
૧૪. પુ ન બાળક, છોકરું; અજ્ઞ; બાળ.
૧૫ ન. એ નામના ગોત્રનું એક પ્રવર.
૧૬ ન. એ નામનું એક શહેર; કોશાંબી હાલનું કડપ્પા વગેરે
૧૭ ન. ગાયનું બચ્ચું; વાછરડું.
૧૮. ન. ગોંદાવળ ગોત્રનું એ નામનું પ્રવર.
૧૯. ન. છાતી
૨૦. ન. પુરાણ. લોગ માંહેનું એક રાજ્ય. તેને વંશરાજ્ય પણ કહેતા. આ વંશ રાજકુલ ઉત્કર્ષનું પામેલું છે.

વત્સક ૧. પું. એ નામનો એક ઔષધીય છોડ; કુટજ; ઇંદ્રજવ.
૨ પુ ગાય વગેરેનું વાછરું.
૩. [સં. વત્સ + ક (લઘુતાદર્શક પ્રત્યય)] પું બાળક, બાળક, છોકરો, બચ્ચું.
૪ પું. (પુરાણ) વત્સાસુર
૫. પું (પુરાણ) સૂર્યવંશી ધ્રુવકુલોત્પન્ન શારવસ્ત અથવા શાવસ્ત રાજાનો પુત્ર.
૬. પુ. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના સૂર રાજાને મારિષાથી થયેલા ૬૬ માંહેનો નવમો પુત્ર. તેને મિશ્રકેશી અપ્સરાથી ૬૬ આદિ પુત્રો થયા હતા.

વત્સકામ [સં.] વિ. છોકરાંની ઇચ્છાવાળું

વત્સદંત [સં] ન. એક પ્રકારનું હથિયાર.

વત્સદેશ પું. (પુરાણ) ભાગીરથીના દક્ષિણ કિનારાનો દેશ. આ દેશનો રાજા ઉદયન હતો. તે દ્રૌણાભ્રમ રાજ્ય કરતો હતો.

વત્સહાદશી [સં] સ્ત્રી. શ્રાવણ વદ બારસ.

વત્સનાભ ૧. પું. (પુરાણ) એ નામનો એક મહર્ષિ.

૨. [સં.] પું. વછનાગ; એક પ્રકારનું તીવ્ર વિષ; ઝેરી ઔષધ. આ ઔષધિનો છોડ નાનો હોય છે. તે હિમાલયના ઓછા ઠંડા ભાગોમાં થાય છે. તેનાં મૂળિયાં આસ કરીને નેપાળથી આવે છે. ઝેર મૂળમાં હોય છે. તે ઝેર શોધીને દવામાં આપવામાં આવે છે. મૂળિયાંને કાપીને તેના નાના નાના ટુકડા કરી લાલ સરસવના તેલમાં ઓળેલા કપડામાં પોટલી બાંધીને રાખે છે. તેના મિશ્રણથી મૃત્યુંજય રસ, આનંદભૈરવ રસ, પંચવક્ત્ર રસ વગેરે કેટલીક પ્રસિદ્ધ દવાઓ બને છે. તે જ્વરહર તથા વાતહર છે અને તેનો ઉપયોગ તાવ, અજીર્ણ, ઝાડો, મસ્તકશૂળ, સન્નિપાત, કૃમિ, ખાંસી અને દમ વગેરે દરદ ઉપર થાય છે. તીક્ષ્ણ તથા કડવું સન્નિપાતમાં તેમ જ શૂળ તથા રતવા માટે તે વપરાય છે. તેનું તેલ સાપા તથા શૂળ ઉપર ચોપડાય છે. તાવ ચડેલો હોય ત્યારે મરચી કમી કરવાના હેતુથી પણ તે અપાય છે.

વત્સપાલ ૧. [સં] પું. બળદેવ.

૨. પું. શ્રીકૃષ્ણ

૩. વિ. વાછરડાને ચારવાનું કામ કરનાર.

વત્સર ૧. પું. ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ રાજાને ભ્રમિ નામની ભાર્યાથી થયેલ બે માંહેનો બીજો પુત્ર. ધ્રુવની પછી તે ગાદીએ આવ્યો હતો. તેને ઇલ્વલી નામની સ્ત્રીથી ૬ દીકરા થયા હતા.

૨. [સં.] પું. વર્ષ; વરસ; પૃથ્વી સૂર્યની એક પ્રદક્ષિણા કરે તેટલો સમય; બે અયન જેટલો સમય. કશ્યપસંહિતા પ્રમાણે કાળગણના આ પ્રમાણે છે:

૧૮ નિમિષ = કાષ્ઠા
૩૦ કાષ્ઠા = કલા
૩૦ કલા = ક્ષણ
૧૨ ક્ષણ = મુહૂર્ત
૧૨ મુહૂર્ત = અહોરાત્ર
૧૫ અહોરાત્ર = પક્ષ
૨ પક્ષ = માસ
૨ માસ = ઋતુ
૩ ઋતુ = અયન
૨ અયન = વત્સર

૩. પું. વર્ષના પાંચ માંહેનો એક ભેદ.

> વસુ પ્રહાસની સૂર્યની ગતિ ઉપરથી કાળ ગણનારા વિદ્વાનોએ સંવત્સર, પરિવત્સર, ઇદાવત્સર, અનુવત્સર અને વત્સર એમ રીતે વર્ષના પાંચ ભેદ કલ્પેલા છે. ભાગવતી સામગ્રી

૪. પું વિષ્ણુનાં કલ્પર માંહેનું એક નામ.

વત્સરાજ ૧. [સં.] પું. ઉદયન; ચંદવંશી એક રાજા; વત્સદેશનો એક રાજા; અર્જુનથી પચ્ચીસમો રાજા

૨. પું. મધ્યકાલીન ભારતમાં થયેલ એક પ્રસિદ્ધ કવિ. તેણે નાટકો રચ્યાં છે.

વત્સરારંભ [સં. વત્સર (વરસ) + આરંભ (શરૂઆત)] પું. વર્ષની શરૂઆત; એનું વર્ષ. વર્ષનો પ્રથમ દિવસ

વત્સરી સ્ત્રી. વાછરડી

વત્સલ ૧. પું. પાસનો અગ્નિ

૨. પું. વાત્સલ્ય રસ

૩. પું. વિષ્ણુનાં કલ્પર માંહેનું એક નામ. તે ભક્તના સ્નેહી અને તેના પર વહાલ રાખનારા હર્ષે તેને વત્સલ કહેવામાં છે.

૪ પું. શિવનાં કલ્પર માંહેનું એક નામ.

૫. [સ.] ન. પ્રેમ; વહાલ; હેત; પ્રીતિ.

૬ વિ. દયાળુ; કૃપાળુ.

૭. વિ. કરકસર રાખનાર; સાવચેતીવાળું.

૮. વિ બાળક પર સ્નેહ રાખનાર

૯. વિ. માયાળુ; પ્રેમી, સ્નેહાળ.

૧૦. વિ વહાલું; પ્રિય; પ્યારું

વત્સલતા ૧. સ્ત્રી. દયાળુ હોવું તે

૨. [સં.] સ્ત્રી. માયાળુપણું. સ્નેહાળ હોવું તે.

૩. ન. કરકસર; સાવચેતી

૪. ન. હેત; પ્રેમભાવ; પ્રેમની લાગણી; વાત્સલ્ય

વત્સલા ૧. [સં.] સ્ત્રી. પોતાનાં વાછરડાં પ્રત્યે વધારે પડતી માયા

૨. સ્ત્રી. (પુરાણ) બળરામની પુત્રી અને પાંડુપુત્ર અર્જુનના પુત્ર અભિમન્યુની બે માંહેની મોટી સ્ત્રી. તેની સગાઈ પ્રથમ અભિમન્યુ સાથે થઈ હતી. પણ બળરામે તેને દુર્યોધનના પુત્ર લક્ષ્મણને આપવાનું વચન લીધું. તેથી કૌરવો બળ જોડીને આવ્યા. પરંતુ અભિમન્યુના કહેવાથી ઘટોત્કચ વત્સલાને ઉપાડી ગયો અને પોતે શક્તિ મારવાથી એનું રૂપ ધરી ને વત્સલાની મરજીથી તેને કરી ગયો. અભિમન્યુના લગ્ન લાવવાથી વત્સલા સાથે થઈ ગયા અને ઘટોત્કચે કૌરવોને ભિખારી કાઢ્યા.

૩ સ્ત્રી. બાળક માટે આતુર સ્ત્રી.

વત્સા ૧. [સં.] સ્ત્રી દીકરી; પુત્રી.

૨. સ્ત્રી. બાળકી; નાની છોકરી.

૩. સ્ત્રી. વાછરડી.

વત્સાસુર પું. (પુરાણ) કંસ પક્ષનો એ નામનો એક અસુર. તેને કૃષ્ણે કોઠીના ઝાડ સાથે પછાડી દઈ માર્યો હતો.

વત્સી [સં.] પું. વિષ્ણુનાં કલ્પર માંહેનું એક નામ.

વત્સેશ [સં. વત્સ + ઈશ] પું. વત્સોનો ઈશ્વર; વત્સ લોકોનો રાજા.

વથાણ પું (કચ્છી) ગોંદરો; ઢોર બેસવાની જગ્યા; ગામોને ગામમાં ભેળી કરવાની જગ્યા.

> ગામોના ગોંદરા (વથાણ)ના ઝાડ વાઘવાં. વનસ્પતિરત્નો

વદ ૧. [સ] સ. ક્રિ. કહેવું; ઉચ્ચાર કરવો.

૨. સ. ક્રિ. કોઈ વાતમાં સંપૂર્ણતા કે પ્રવીણતા બતાવવા.

૩. સ. ક્રિ. જાહેર કરવું; ખબર કરવી.

૪ સ ક્રિ. ના વિષે બોલવું કે વર્ણન કરવું.

૫. સ. ક્રિ. નામ આપવું.

૬. સ ક્રિ પ્રકાશ પાડવો.

૭. સ. ક્રિ. બોલવું. તે ઉપરથી અનેક શબ્દ વદન, સવાદ, અનુવાદ, વાદ.

૮. સ. ક્રિ. મહેનત કરવી.

૯. સ. ક્રિ. સૂચન કરવું

વદ ૨. સ્ત્રી. વદિ; કૃષ્ણપક્ષ; અંધારિયું; મહિનાનું બીજું પખવાડિયું. તેમાં અજવાળી કળા ઘટતી જાય છે. વદ એ સંસ્કૃત શબ્દ બહુલ એટલે કૃષ્ણપક્ષનું દૃઢ રૂપ છે. બહુલમાંથી વહુલ થયું. અ.મ બહુલનો વ અને દિવસનો દિ મળી વ. દિ. બનાવું હતું. કાળાંતરે બંને દરકાં બનાવા બંધ થયાં અને વદિ એ પ્રમાણે બનવાની પ્રથા પડી.

વદના કરવો આ પ્રમાણે છે:—

તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	બાલવ	કૌલવ
૨	તૈતિલ	ગર
૩	વણિજ	વિષ્ટિ
૪	બવ	બાલવ
૫	કૌલવ	તૈતિલ
૬	ગર	વણિજ
૭	વિષ્ટિ	બવ
૮	બાલવ	કૌલવ
૯	તૈતિલ	ગર
૧૦	વણિજ	વિષ્ટિ
૧૧	બવ	બાલવ
૧૨	કૌલવ	તૈતિલ
૧૩	ગર	વણિજ
૧૪	વિષ્ટિ	શકુનિ
૧૫	અમાવસ	નાગ

૨. વિ. કૃષ્ણપક્ષનું.

૩. ન. કૃષ્ણપક્ષમાં.

વદક [સ] વિ. વદનાર; કહેનાર કે બોલનાર માણસ.

વદકમ પુ. પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યનું મૂળ નામ

વદતોવ્યાઘાત [સ. વદત: (બોલનારનો) + વ્યાઘાત (વિરોધ)] પુ. એક તર્કદોષ, પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે, દેખીતું જ જે બોલવાની હકીકતમાં બોટું હોય તે વચન, બોલવામાં વિરોધ દેખાય તે દોષ; વિપરીત ઉક્તિ શબ્દ વિરોધ

વદન ૧ ન. મોઢામાંનું.
૨ ન. કથન; કહેવું તે.
૩. ન. (વદાવ્યવહ) બોલવું
૪ ન. ચતુર્ભુજ પોતાની સામે આવેલી બાજુ.
૫. ન મહેનો ચિહ્નલ, મુખારવિંદ.
૬ ન. ત્રિકોણનું શિરોબિંદુ
૭. ન. પદ્માવલિનું પહેલું પદ.
૮ સં. વદ્ (બોલવું)] ન. વક્રનૈર્દિમાં મુખ; મોઢું

વદર ૧. પુ. પરપોટો
૨. સ્ત્રી. પીંજણનો એક ભાગ. તારને તાણી તગ રાખવા માટે ડાંડી સાથે બાંધેલી ને વળ ચડાવેલ તેવી દોરી.
૩ સ્ત્રી મેરની એ નામની એક જાત
૪. ન ગામડાં કે દીવાને છેડે બગડાતો એક શબ્દ. જેમકે, ધોબાવદર; કાડવાવદર, ભંગારવદર આ શબ્દ સંસ્કૃત પદ્ર જોટલે ગામ ઉપરથી આવેલ છે. પદ્રનું પદર અને પદરમાંથી વદર બનેલ છે.

વદરત પુ. પરપોટો.

વદરામણું વિ કદરૂપું, બાટગૂટ વિનાનું; બેડોળ

વદવું ૧ અ ક્રિ. કબૂલ થવું; સ્વીકારવું; મંજૂર થવું.
૨. [સં. વદ્] સ ક્રિ. ઉચ્ચારવું; કહેવું, કથવું, બોલવું, ઉચ્ચારણ થવું.
૩. સ ક્રિ. ગણવું, ગણતરીમાં લેવું; લેખામાં આવવું.

વદંતી ૧. [સ] સ્ત્રી. બોલવું તે; વાણી; ભાષા.
૨. સ્ત્રી ભાષણ, વાતચીત
૩. સ્ત્રી. વાયદા, અદાવા; કહેનીકહેવત

વદા ૧. પુ તેલ કે ઘીમાં તળેલ અને બાકેલ કઠોળ.
૨. સ્ત્રી જતા રહેવું તે, વિદાય; સલામ કરવી તે.
૧. વદા કરવી = બોડેક સુધી સાથે રહી પછી એકલું જવા દેવું, વળાવવું; બોડેક લગી પહોંચાડવું.
૨. વદા થવી = વિદાય થવું; જવું.
૩. સ્ત્રી. મુજા; સલામ.
૪ વિ સ્ત્રી બોલનારી. જેમકે, પ્રિયંવદા.

વદાઈ જુઓ વદાય.

વદાઉગીરી સ્ત્રી. જવું તે, વિદાયગીરી, સિધાવવું તે; જુદા પડતી વખતે રજા આપવી તે; વળાવવું તે.

વદાગીરી જુઓ વદાઉગીરી.

વદાડ (વદ ડ) ૧. પુ કરાર. ઠરાવ.
૨ પુ. માં કે બોલેલું કામ કરવાને નક્કી કરવો વખત; મુદત, અવધિ
૩ પું. વાદ; અનુકરણ.
૪ પુ વાયદો, વચન, બોલ; મહત્વનું કરવાનું કામ.
૫. પુ રજપો, હરીફાઈ

વદાડવું (વદ ડવું) ૧ અ ક્રિ. પૂર્વનાને બદલે બીજાપૂર્વાથી પણ ચલાવી લેવું.
વદાડવું = બોડ્યથી ચલાવી લેવું.
૨ સ ક્રિ કબૂલ કરવું; મંજૂર રાખવું, મણતરીમાં લેવું, સ્વીકારવું
વદાડવું તે ને અણવદાડવું કોટ = મનથી મંજૂર કરેલ તે ને બીજું અને બોલેલું બોટું.
૩ સ ક્રિ. ઠરાવવું, મુકરર કરવું.

વદાય ૧. [અ વદાઅ (રજા આપવી)] સ્ત્રી. રવાનગી, વિદાય
૨ વિ. મોકલેલું, રવાનેલું.
૧ વદાય કરવું = (૧) કાઢી મૂકવું (૨) રવાના કરવું, રવાનેલું.
૨. વદાય થવું = ચાલતા જવું; રજા લઈ પ્રસ્થાન કરવું જવું.

વદાયગીરી જુઓ વદાઉગીરી.

વદાર જુઓ વદાડ

વદાલ ૧ ન એક વનસ્પતિનું માકડું
૨ ન રમણ

વદિ જુઓ વદ

વદિતા સ્ત્રી અવાજ; વાણી; સૂર.

વદી જુઓ વદ.

વદેશ ન પરદેશ; વિદેશ.

વદ્દી સ્ત્રી (ગણિત) સરવાળા કે ગુણાકારમાં, એકમ દશક સૈકો કે કોઈ સ્થાનની સરવાળા કે ગુણાકારની આવેલી રકમમાંથી એકમનો આંકડો રાખી બાકીના સ્થાનના આંક આગળના સ્થાનની રકમમાં ઉતરોતર ઉમેરવામાં આવે છે તે. વધ; ગણિતમાં આગળ ઉમેરવાનો ઉપલા સ્થાનનો આંક.

વધ ૧ [સ] ન. વાણી; બોલવું તે.
૨. વિ. અનિષ્ટ.
૩ જુઓ વદ

વધા જુઓ વદી.

વધાન ૧. સ્ત્રી. કતલ
૨ સ્ત્રી ગૂથણ કામમાં કોર્ટ બનાવે ગૂંથનો કામનો વધારો કે ઉમેરો કરવો તે
૩ સ્ત્રી. બોલવાની ક્રિયા.
૪. ન કપટ; પાખંડ, ભળ; ઠોંગાર્ય, લુચ્ચાઈ.

વધ્ [સ.] સ ક્રિ કતલ કરવું, કાપી નાખવું; મારી નાખવું. ને ઉપરથી અનેક શબ્દ: વધ, વધસ્તંભ, વધક, વધસ્થાન.

વધ ૧ [સ] પુ અદશ્ય થવું તે.
૨ પુ (સંધિમાં) ગુણાકાર.
૩ પુ ન.સ. ખૂન, હત્યા તે, કતલ; હત્યા; ઘાત, કાપીને મારી નાખવું તે; કતલ કાઢવું તે; હિંસા; જીવ લેવો તે.
૪ પું પક્ષઘાત.
૫ પું. કતલ, ઘા
૬ પું ભયંકર રોગ.
૭ પુ વિજેતા
૮ પુ વર્ધક, વધારો, વધવું તે.
૯ પું શિરનાં હજાર માંહેનું એક નામ.
૧૦ પુ (જૈન) અવકના પહેલા અજ્ઞાનના પાંચ માર્ગનો બાજો અતિસાર; પરોણો કે ચામડા આદિ વડે કોઈને દંડનો મારવો તે.
૧૧. પુ. હત્યા કરનાર માણસ.

વધક ૧. [સ.] પું. અઢાર માંહેનો એક મુખ્ય કર્મસ્થ પુરુષ.
૨. પું. જલ્લાદ.
૩ પુ મૃત્યુ
૪ પુ ઘાતક, શિકારી.
૫. વિ વધ કરનાર

વધઘટ ૧. સ્ત્રી. ઓછુંવત્તું; ચોડુંઝાઝું, ચોડુંમણું; વધારો કે ઘટાડો, ન્યૂનાધિક્ય થવું તે.
૨. સ્ત્રી. કનિષ્ઠપણું, ન્યૂનત્વપણું; ન્યૂનતા.
૩. સ્ત્રી. લાભ કે હાનિ, નફોનોટો; ચઢઊતર.

વધઘટખાતું ન. ચોપડામાં સરખે સિલક કાઢતા કોઈકાર સિલક ખર્ચ પડ્યા ઘટે તેનો તપાસ કરતાં તે માલૂમ ન પડે ત્યારે વધારીઓ જમાઉધાર કરે છે તે ખાતું.

વધઘટમલ [સં. વૃધ્ (વધવું) + ઘટ (ઘટવું) + મલ] અ. ક્રમનીન્યૂનતા, ન્યૂનાધિક્ય

વધણી સ્ત્રી બાળકની હેડકી.

વધદંડ ૧ પુ તાડનની શિક્ષા.
૨. પું. મોત કે ફાંસીની શિક્ષા.

વધૂજન

વધની ૧ સ્ત્રી. નેતરણી

ખૂબ કર વધની ચોસટ વની,
મડિયા ગાડર કર દઉ. સામળ

૨ વિ. વધનાર.

વધભૂમિ [સ.] સ્ત્રી. વધસ્થાન; વધ કરવાની જગ્યા

વધરાવવું ૧ સ. ક્રિ. વધારાવ તેમ કરવું; ઉમેરવું; વધારે તેમ કરાવવું

૨ સ. ક્રિ. ભોગવવું; ભોગ આપવો.

વધરાવળ સ્ત્રી. અંડવૃદ્ધિ; વૃષણ વધવાથી થતો એક જાતનો રોગ; વૃષણની આસપાસ રસપ્રવાહી ઘેલીમા પાણી ભરાય છે તે; વૃષણ ઉપરનો સોજો; વૃષણમાં થતું એક મૂત્રકૃચ્છ; પુરુષની બાળી મોટી હોવી તે. વાત, પિત્ત, કફ, સન્નિપાત, રક્ત, મજ્જા અને આંતરડાંની એમ સાત પ્રકારની વધરાવળ થાય છે.

વધવું ૧. [સં. વૃધ; પ્રા. વદ્ધ] અ. ક્રિ. આગળ જવું; પ્રગતિ કરવી, ઠપવું.

૨. અ. ક્રિ. ઉપર થવું; બચવું; બાકી રહેવું, શેષ રહેવું; બરાબર સમાર્હ રહ્યા પછી વિશેષ હોવું.

તેની પત્નુ ધારેલા આંકડા કરતાં વધારે થયું પાછું વધવું. શેષ વધવી.

૩. અ. ક્રિ. બાકી રહેવું.

૪. અ. ક્રિ વધ કરવો; મારી નાખવું.

૫. અ. ક્રિ (વહાણવટું) વહાણનું આગળ જવું.

૬. અ ક્રિ સંખ્યા કદ, માપ, ગુણ, કીમત, કસામા પણ વધારો થવો; મોટા થવું; ઉમેરાવું.

વાત વધી જવી-પડવી = કજિયો કે મારામારી ઉપર આવવું.

વધસ્તંભ [સ] પું. ફાંસીખાના; ફાંસી; વધ માટે ઊભો કરેલો કે બાંધેલો થાંભલો; મારી નાખવાને લટકાવવા વગેરે ક્રિયા કરવાનો થાંભલા કે માંચડો.

વધસ્થંભ જુઓ વધસ્તંભ.

વધસ્થાન ૧. [સં.] ન. ફાંસખાનું.

૨. ન. વધ કરવાની જગ્યા; ફાંસીએ ચડાવવાની જગ્યા.

વધા ૧ સુથાર.

વધાઈ ૧. [સ. વર્ધાપન; અપ. વદ્ધારણ] સ્ત્રી. અભિનંદન; સુથારકમાણી.

૨. સ્ત્રી. ખુશખબર; શુભસમાચાર; ખુશીના સમાચાર

૩ સ્ત્રી ખુશાલીનું ગાયન; મંગળ ગીત.

૪. સ્ત્રી. સારા ખબર કે શુભ સમાચાર લાવનારને અપાતી ભેટ; વધામણી.

વધાઈ આપી = (૧) કોઈને ખુશ ખબર પહોંચાડી બદલો મેળવવો (૨) ખુશ ખબર લઈ જવા

વધાઉડું (વધાઉડું) વિ. વધારે પડતું બોલનાર.

વધામણી જુઓ વધાઈ

વધામણું ૧ ન. ખુશાલીના પ્રસંગે આપેલી ભેટ.

૨. ન. મંગલકાર્ય નિમિત્તે માતાનું પૂજન.

૩. ન. શુભ સમાચાર કહેવા તે; વધામણી.

વધારણ વિ વધારનાર

વધારવું ૧. સ ક્રિ ઉદ્-વૃ. સવર્ધન કરવું

૨ સ ક્રિ. ઊંચી પાયરીએ ચડાવવું. ઉન્નતિ કરવા, ઉન્ન કરવાને લાઈ જવું

૩ સ ક્રિ. મોટું કરવું; ફેલાવવું; વિસ્તારવું; વધુ લાંબું કરવું.

૪. સ. ક્રિ. વધારો કરવો; વૃદ્ધિ કરવી; ઉમેરવું.

૫. સ. ક્રિ. શેષ રાખવી, બાકી રાખવું; બચાત કરવી

વધારાવું ૧. સ ક્રિ. ઉમેરાવવું

૨. સ. ક્રિ. ચડે તેમ ...

૩. સ. ક્રિ. તોડી ફોડી નાખે તેમ કરવું. વધારાય તેમ કરવું

૪. સ. ક્રિ. વધરાવવું; વધ તેમ કરવું

વધારે વિ. ભાજની; વિશેષ; વધું, અધિક.

વધારે પડતું = (૧) જોઈએ તે કરતાં વધુ હોવું (૨) માથે ભારરૂપ હોવું. (૩) મુરાલીના કારણરૂપ નીવડવું.

વધારેઓછું વિ. વધારે અથવા ઓછું, વધુઘટ.

વધારેપડતું (વધારે પડતું) વિ. માત્રા, કદ, મર્યાદા વગેરેથી જોઈએ કે ઘટે તેથી વધારે; વધુ પડતું

વધારો ૧. પું. ઉમરો, વધારે હોવું તે.

વધારો કરવો = ઉમેરવું; વધારવું.

૨ પું. ઊભરો; ઉછાળો

૩. પુ. ટાંચણ; પરિશિષ્ટ; પુરવણી; સાંધણ.

૪ પું પેદાશ; નફો, લાભ

૫. પું. વર્તમાનપત્રનો વધારા તરીકે આપેલો અંક

૬. પું. વિકાસ; વૃદ્ધિ, વર્ધન, ચડતી

૭ પું શેષ, અવશેષ, કાલનું ભાત.

૮. પું. મિલકત, બાકી

૧. વધારાનું = (૧) નકામું; નિરુપયોગી; ફાજલ. (૨) પડતર; જોઈએ તે કરતાં વધારે હોવાથી પાછળ વધેલું. (૩) વિશેષ; વધુ એવું

વધારોઘટાડો (વધારાંઘટાડો) પું. બાકી વધેલું કે બચતરીમાં આવેલ ઘટનો જથ્થો.

વધાવવું ૧. સ. ક્રિ. ક્રમમાં અક્ષત ચોડી ઓવારણાં લેવાં; ભક્તિથી અથવા આશીર્વાદ દેતાં ફૂલચોખા છાંટવા.

૨. સ. ક્રિ. કુમકુમ લેવાં; ઓવારણાં લેવાં.

૩. સ. ક્રિ પસંદ કરવું; માન્ય રાખવું; સ્વીકારી લેવું

વધાવી લેવું = સ્વીકારી લેવું.

૪. સ. ક્રિ. પાસવું; બંધ કરી દેવું; બીડી દેવું. જેમકે, દુકાન વધાવવી.

૫. સ. ક્રિ. હર્ષભેર આવકાર આપવો; આતિથ્યસત્કાર કરવો

વધાવું ૧. ન. રાજ્યકુટુંબના વિવાહ પ્રસંગે લોકો પાસેથી લેવામાં આવતો કર; વધામણી; માલ્લો.

૨. અ. ક્રિ. વધ થવો; હણાવું

૩. જુઓ વધ.વો.

વધાવો ૧. પું. અમુક ધારણા બાંધી નાખેલા દામમાં એકઠો આવતો તે.

૨. પું. આશિષ અને સમતિની ભેટ; ખુશ ખબરની બક્ષિસ; વધામણી; વર કે કન્યાને બોલવાની ભેટ, વધાવું.

૩. પું. જે નામનું જીવડું, તે સામું મળે તો શુકન લેખાય છે

૪. પું. મંગળસૂચક પાસો.

૫ પુ. વધાવવાની સામગ્રી.

વધાંશ પું. એક સંખ્યાને બીજી સંખ્યાથી ભાગતાં જે બાકી રહે તે; શેષ.

વધુ ૧. વિ. ઘણું; પુષ્કળ; વધારે.

૨. જુઓ વધૂ

વધુઘટ વિ. ઓછુંઅધકું; ઓછુંવધતું.

વધુપડતું જુઓ વધારેપડતું

વધૂ ૧. સ્ત્રી. જુવાન પત્ની; વહુ; નવી પરણેલી સ્ત્રી.

૨. સ્ત્રી. જુવાન બાઈ; કન્યા.

૩ સ્ત્રી. પુત્રની વહુ; દીકરાની સ્ત્રી; પુત્રવધૂ. લેવિદાણની ક્રિયામાં મુખ્ય તો કન્યાને વરને ઘેર ઉપાડી જવામાં આવતી. આ ક્રિયાને હિંદુ જોડવા ઊભકો લઈ જવું તે કહેતા. ઉપાડવાનું કાર્ય વર કરતો માટે એ ચોઢા જોડલે ઉપાડનાર કહેવાતો અને કન્યા વધૂ જોડલે ઉપાડવામાં આવેલી કહેવાતી.

નારી બનિતા વધૂ લલના યુવતી ભામ,
અબળા બાળા અનના પ્રેમદા કન્યા વામ.
પિંગળશમુકોષ

૪. સ્ત્રી. સ્ત્રી; નારી

વધૂકું વિ. વધારે પડતું, વધારાનું.

વધૂજન [સં.] સ્ત્રી. નારી; સ્ત્રીજાત.

વધૂટી જુઓ વધૂ

વધૂદોષ [સ] પુ (જૈન) કારણસર ત્યજી પરિણીત વધૂની પેઠે માયુ નીચે રાખવાપણું હોવું તે.

વધૂપ્રવેશ [સ.] પું. વહુનું પતિના ગૃહમાં પ્રથમ દાખલ થવું તે.

વધૂમાસ [સં.] પું. અધિમાસ; આનંદમાસ, લગ્ન થયા પછીનો પહેલો માસ; ' હનીમૂન '.

આ ભવપ્રધાન ભેદાને માટે વધૂમાસ જુદા જ પ્રકારનો વિધિ-કવિયે, કવિ-વિધિએ નિર્માણ કર્યો હતો. નરસિંહરાવ

વધૂવર સ. જ ન. વરવધૂ; નવદંપતી; વહુ અને વર, વરપોડિયું

વધૂસર સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષમાં એક નદી. ભૃગુ ઋષિની સ્ત્રી પુલોમાને દંડ નામનો રાક્ષસ હરણ કરી જતો હતો. પુલોમાનો ગર્ભ માર્ગમાં ગર્ભસ્રુત થયો તે ઉપરથી તેનું નામ ચ્યવન પડ્યું. એ ગર્ભના તેજથી રાક્ષસ ભસ્મીભૂત થયો. તેથી પુલોમાની આંખમાં આનંદાશ્રુ આવ્યાં. એ અશ્રુના પ્રવાહથી આ નદી બનેલી હતી.

વધેરવું ૧. સ ક્રિ. ઓસવવું; ટુકાવવું. જેમકે, દીવો વધેરવો.

૨. સ. ક્રિ. તર કાઢવી; હલાવીને તર ઉતારી કાઢવી.

છાશ વધેરવી = છાશને હલાવી ઉપરથી માખણ તારવી લેવું.

૩. સ. ક્રિ. દેવની પ્રસન્નતા માટે પશુ, શ્રીફળ વગેરે તેની આગળ કાપવું કે હોડવું; વધ કરવો; ઝાટકો નાખવું.

૪. સ. ક્રિ. કાઢવું; ચીરવું; કાપવું; જેમકે, કપડું વધેરવું.

૫. સ. ક્રિ. ભોગ આપવો. બલિદાન આપવું.

વધેરાવવું સ. ક્રિ. વધેરવ્યા તેમ કરવું; વધેરવાનું કહેવું.

વધેરાવું ૧. સ. ક્રિ. બલિદાન અપાવ તેમ થવું; ભોગ આપી રાજવો.

૨. સ. ક્રિ. વધેરી કઢાવું; ઝાટકે નખાવું

વધૈયો પું. વધામણી આનારો માણસ.

વધોદ્યત [સં] વિ. વધ કરવાને તૈયાર થયેલ.

વધ્ય ૧. [સં.] પું. વધુ.

૨. પું. શિકાર.

૩. વિ. વધ કરવાને યોગ્ય; મારવા જોગ.

વધ્યતા સ્ત્રી. વધ કરવાપણું.

વધ્યમાલા [સ.] સ્ત્રી. વધ કરતી વખતે વધ્યને પહેરાવવામાં આવતી કરેણની માળા.

વધ્યુંસધ્યું વિ. બાકી વધેલું; અવશેષ

વધ્રિ ૧. [સં.] પું. મહાભારતમાં જણાવેલ પ્રાચીન દેશ.

૨. ન. વાંધરી; ગામડાની ઢોરી.

૩. જુ સીસું

વધ્રી [સં] સ્ત્રી. ગામડાની ઢોરી; વાંધરી.

વન ૧ પું (પુરાણ) અનુરહ્લાદપુત્ર સોમવરણી ઉશીનર રાજાને સુરવાણી થયેલા ચાર મહિનો એક પુત્ર.

૨ પું. ઉમરનો છઠ્ઠો દશકો પચાસ વર્ષ પછી વન શરૂ થાય છે. જેમકે, એકાવન, બાવન વગેરે.

વનમાં બેસવું = એકાવનમું વર્ષ બેસવું.

૩. પું. એ નામે વિષમમાત્રામેળ છંદ તે મોદનવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ મુરુ અને ૩૮ લઘુ મળી ૫૧ વર્ણની ૬૪ માત્રા હોય છે

૪ પુ એ નામે ઉષ્ણમતનો એક વિકાસ.

૫. પું. અન્ત્યલીન ૬૪ માહનો એક પ્રકાર.

૬ સ ન ઝાડી; જંગલ. વનાં વસતો. અરણ્ય

૧. વન જાવું = તુલસી વગેરે પવિત્ર છોડ સુકાઈ જવા.

૨. વન વગાયાં = વૃક્ષમાં પાનખર પછી નવા પાંદડાં આવવા.

૩. વન હલાવવું = પાંખણ કરવી.

૪. વનને સિંહનો અને સિંહને વનનો ભોગ = અરસપરસ મદદરૂપ થવું

૫. વનમાં એકલું ઝાડ પણ રહે નહિ = જમ્યો અને આંખ વગર ખાધું નકામું છે.

૭. સ. તૃષ્ણા.

વન (તૃષ્ણા)નો નાશ કરી, વહ્નનો નહિ. ધમ્મપદ

૮. સ. નવની સંખ્યા બતાવતી સોનીની એક સંજ્ઞા.

૯. સ. પાણી; જળ; નીર; ઉદક.

અંબુ કમલબોલ્લાસ જલ પય પુષ્કર વન વારિ, અંબ અમ્બુ ઉદક સુધન ઘનરસ કુલ પાથરિ. પિંગલપ્રકાશ

૧૦ સ. પાંડુએ વૈરાગ્ય બતાવવામાં બટાવેલ પ્રદેશ.

૧૧. સ. પુલ.

૧૨ સ. પ્રકાશ; તેજ.

૧૩. સ. બાગ; બગીચો; ખૂબ ઝાડપાનથી ભરેલું ક્ષેત્ર; કુંજ; વાડી.

૧૪. સ. રહેઠાણ; ઘર.

૧. વન કરવું = રખડવું કે ઘરબાર વિનાનું કરવું.

૨. વન થવું = રખડવું કે ઘરબાર વિનાનું થવું.

૧૫. સ. લાકડાં; કાષ્ઠ..

૧૬. ન વાંકડાનું વજનપત્ર.

૧૭. ન. વનવન

૧૮ ■ વાદળ

૧૯ [અં.] વિ એક

વનઅડ વિ. એકલા રખડ થયેલું, રાની; રાની

વનકટી સ્ત્રી વનની ઝાડી

વનકર્મ [સં] ન. (જૈન) વન કપાવી લાકડાનો વેપાર કરવો તે.

વનકલ [સં. વલ્કલ] ન છાલ; ઝાડની છાલ.

વનકવિતા સ્ત્રી ગોપકાવ્ય; વન્ય અને ગ્રામ્યજીવન વિષેની કવિતા; ' પેસ્ટોરલ ', તેમાં ગામડાં, વાડી, વન વગેરે સ્થળોનું તેમ જ પશુ, પક્ષી, ઝાડપાન વગેરે સૃષ્ટિનું વર્ણન હોય છે.

વનકુજ [સં. વન + કુટુમ્બ (સુંદર વસ્ત્ર)] ન ઝાડની ડાળના રેસાનું વસ્ત્ર; વલ્કલ; ઝાડના પાતરાનું બનાવેલું વસ્ત્ર; પાંદડાને સાંધીને બનાવેલું વસ્ત્ર

વનકોકિલ પું. એક જાતનું પંખી

વનક્રીડા [સં.] સ્ત્રી. જંગલમાં કરવામાં આવતી ક્રીડા; વનલીલા; વનઉપવનની ક્રીડા કે ખેલ.

વનખંડી સ. રખડુ; ભટકુ; રઝળુ.

વનગજ [સં.] પું. જંગલી હાથી; જંગલનો મદોન્મત્ત હાથી.

વનગમન [સં.] ન. વનમાં જવું તે; વનપ્રવેશ.

વનગહ્વ ૧. [સં.] પું. જંગલી જગા.

૨. પું. રોગ; મૃત્ય.

વનગહ્વન ૧. [સં.] ન. અગાધ જળ.

૨. ન. ગાઢ જંગલ; ગાઢ જંગલ.

વનગાય સ્ત્રી. એક પ્રકારની ગાય. અરબી ઘરા નામની તલવારની મૂઠ આ ગાયના શીંગડાની બનેલી હોય છે. તેના વાળની ચમરી પણ બનાવાય છે.

વનચર ૧. [સં.] પું. ઝાડ પરવાળું એક કલ્પિત પ્રાણી

૨ પું. કઠિયારો.

૩ પુ. ભીલ.

૪. પુ. રાક્ષસ

૫. [સં. વન (જંગલ) + ચર્ (ફરવું)] પું. વનમાં રહેનાર કે ફરનાર પ્રાણી; જંગલી પશુ.

૬. પું. વનવાસી; રાનમાં રહેનારું માણસ.

૭. પું. વાઘરો

૮. વિ વનમાં ફરનાર; રાની; જંગલી; વનમાં રહેનારું.

વનચરક [સ ;] પું. જંગલખાતાનો એક નોકર.

વનચરત્વ [સ.] ન (શિષ્ટ) જેમા હાથી, ઘોડા, માણસ હોય તેવો જમીનનો એક ભાગ.

વનચરાઈ [સં.] સ્ત્રી. સીમમાં ઢોર ચારવા બદલ લેવાતો કર

વનચારવું જિ રખડવું; રઝળવું; ભટકવું.

વનચરી ૧ [સં.] સ્ત્રી. જંગલી સ્ત્રી; વનમાં રહેનારી સ્ત્રી

૨. સ્ત્રી. વાંદરી

૩. વિ સ્ત્રી. વનમાં વસનારી કે ફરનારી.

વનચર્યા [સં.] સ્ત્રી વનમાં રહીને તપ કરવું તે; વનવાસમા જીવન ગાળવું તે; અરણ્યવાસ; વનવાસ

વનચંદ્રિકા [સં] સ્ત્રી. મોગરો; મલ્લિકા.

વનજ ૧. [સં.] પું. એક જાતનું સુગંધી ઘાસ.

૨. પું વનડાક મીંઢુ; મિલેન્ડ

૩. પું. હાથી.

૪. ન. એક જાતની મોથ; નાગરમોથ

૫. ન. કમળ; નીલકમળ

૬. ન. જળચર પ્રાણીઓનું માંસ

કાચબા મારક આદિ જલના પ્રાણીઓના માંસને વનજ કહે છે. સુતસંહિતા

૭. ન. જંગલી સૂરણ.

૮. ન. તુવેર ફળ.

૯. વિ વનમાં ઉત્પન્ન થતું

વનજા ૧. [સ.] સ્ત્રી. જાસવંધ; મંજપત્રા.

૨. સ્ત્રી. જંગલી કપાસ.

૩. સ્ત્રી. જંગલી કપાસ.

૪. સ્ત્રી. જંગલી મગ.

વનજાસંગમતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ; ભંજરસંગમતીર્થ. નર્મદા પ્રવાસમાં લખ્યું છે કે: સંગમમહાનદીની પાસે પુરવઠામ વસેલું છે, પહેલાં તેનું નામ વિષ્ણુપુરી કહેવાતું. અહીં ભવદુંભરેશ્વર શિવજી, નર્મદાજીનો પાકો ઘાટ તથા મંદિરોની શોભા રમણીય છે

વનજ્યોત્સ્ના [સ. વન + જ્યોત્સ્ના (ચાંદની)] સ્ત્રી. એક જાતની ભૂકી; એક પ્રકારની જાલદી; ભૂકી જેવી એક વેલ.

વનજ્યોત્સ્નો જુઓ વનજ્યોત્સ્ના.

વનતર સ્ત્રી. ઝરણું; ભૂતડી; વંતરી.

વિષ મેરી કઠોર ભરત પ્રેત વનતર જબે
સામળ

વનતુલસી સ્ત્રી. એક જાતનો છોડ; જંગલીતુલસી. આ છોડ એકથી દોઢ ફૂટનો થાય છે. પાન જરા લસણને ખરસટ હોય છે. તેને મોળવાથી તીખી તુલસી જેવી વાસ આવે છે. આ છોડ મોકુળ મથુરા તરફ થાય છે. તેના પાનનો રસ કાનમાં રેડવાથી કાનનો દુખાવો મટે છે અને જ્ઞાનશક્તિ વધે છે. તુલસીના પાનનો ચા શરદી થઈ હોય તેવા માણસને પાવાથી શરદી ઠંડી જઈ સ્ફૂર્તિ આવી જાય છે.

વનતુળશી જુઓ વનતુલસી.

વનદવ [સં.] પું. જંગલનો અગ્નિ.

વનદામ પું. માણસ મરી જાય પછી તેને વનમાં મૂકી આવવું તે

વનદુર્ગ [સં.] પું. જે ઝાંઝરનો એક કિલ્લો; ગાઢ જંગલોવાળાં જંગલરૂપ કિલ્લો; જંગલથી રક્ષણ થયેલ સ્થળ.

વનદેવતા [સં.] સ્ત્રી. વનમાં રહેનારા દેવ; વનનું ઉપરીપણું રાખનાર દેવી; વનની અધિષ્ઠાતા દેવદેવી.

વનદેવી ૧. [સં.] સ્ત્રી. પરી; જંગલદેવી; અપ્સરા; રૂપસુંદરી.

૨. સ્ત્રી. પર્વતની દેવી; વસ્તિપ્રી

૩. સ્ત્રી. વનદેવતા. વનની અધિષ્ઠાતા દેવદેવી.

વનન [સં.] ન. સેવનન.

વનપક્વ ૧. વિ. ઝાડ ઉપર પાકેલું; ખરતી કાલેલું; વનમાં પાકેલું.

૨ વિ. વિના પકવ્યું; રાંધ્યા વિનાનું; કાચું

વનપતિ ૧. [સં. વન (જંગલ) + પતિ (ધણી)] પું. જંગલનો માલિક.

૨. પું વનરાજ; સિંહ

વનપદ્મિની [સં.] પું. સરગવો.

વનપાલ [સ. વન (જંગલ) + પાલ (રક્ષણ કરવું)] પુ. જંગલનો રખવાળો; વનનું રક્ષણ કરનાર વ્યક્તિ; માળી.

વનપાળ જુઓ વનપાલ

વનપિશાચ ન. (જૈન) એક પ્રકારનું પિશાચ; પિશાચના પંદર આંહેનો એક ભેદ. તેના પંદર ભેદ આ પ્રમાણે છે: કુષ્માંડ, પટક, જોષ, આહ્નક, કાલ, મહાકાલ, ચોક્ષ, અશોક, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તુષ્ણીક અને વનપિશાચ.

વનપુષ્પ [સં.] ન. વનવગડામાં ઊગતું પુષ્પ; જંગલી ફૂલ; રાની પુષ્પ.

વનપુષ્પા [સ ;] સ્ત્રી. સુરા.

વનપ્રદેશ [સં.] પું. ઝાડપાનથી આચ્છાદિત પ્રદેશ.

વનપ્રવેશ ૧. [સં.] પું. જંગલમાં પ્રવેશ કરવો તે.

૨. પું. સન્યસ્ત લેવું તે.

વનપ્રિય ૧. [સ.] પુ. નર કોયલ.

૨. ન. કપૂરકાચલી.

૩. ન. તજ.

૪. ન. અરેડાનું ઝાડ.

૫. વિ. જેને જંગલપ્રિય હોય તેવું.

વનબાંધવા [સં.] સ્ત્રી. કોયલ; કોકિલા.

વનફળ ૧. ન. જંગલમાં થતું કોઈપણ જાતનું ફળ.

૨. ન. રસવાળું, ખવાય તેવું, રાતા રંગનું ફળ.

વનભોજન ૧. [સં.] ન. એ નામનો ગ્રીષ્મ ઋતુમાં ઊજવવામા આવતો એક ઉત્સવ.

૨. ન. ગામ બહાર રમ્ય જગ્યાએ કરેલી ઉજાણી.

વનમલ્લી ૧. [સં.] સ્ત્રી. જંગલી જૂઈ; વનડાહ્યું જાઈ.

૨. સ્ત્રી. જંગલી મોગરો.

વનમહોત્સવ [સં.] પું. વૃક્ષ રોપવાનો ઉત્સવ. મોટાં ઝાડો પોતાનાં ઊંડાં ગયેલાં મૂળિયાંથી આસપાસની માટીને પકડી રાખે છે અને જમીનનું ધોવાણ અટકાવે છે. જમીન ધોવાઈ ન જાય તો ટૂંકાં મૂળવાળા અનાજના છોડને જોઈએ માટે માટી રહે. આ ઉપરાંત બીજી પણ બે રીતે મોટાં વૃક્ષો અન્નોત્પાદન યોગ્ય જમીનનું રક્ષણ કરે છે. એક તો હરિયો ધીમેધીમે દરિયાકાંઠાની જમીનને પોતામાં ભેળવે જાય છે અથવા પોતાની અંદરથી રેતીને જમીન ઉપર ફેંકે જાય છે અને બીજું રાજસ્થાન જેવા રણના પ્રદેશોની રેતી ધીમેધીમે આખા વધીને અનાજ વાવવા યોગ્ય જમીનને નકામી કરી નાખે છે તેવા બેઉ રસ્તે નાળિયેરી, તાડ જેવાં વૃક્ષોની હાર ને હાર ઊગાડવામાં આવે તો એ વૃક્ષો રેતીને આગળ વધતી અટકાવે છે અને જમીનને ખાઈ જતાં દરિયાને રોકે છે. વૃક્ષો રેતી તથા પાણીથી જમીનનો સીધો બચાવ કરે છે અને હવામાં ભીનાશ રાખીને તથા જમીનમાં પાણીને સંગ્રહાઈ રહેવામાં મુખ્ય ભાગ ભજવીને અનાજનું ઉત્પન્ન વધારવામાં મદદ કરે છે. વૃક્ષો જમીન ઉપરની માટીને ધોવાઈ જતી રોકીને તો આમ અન્નોત્પાદનમાં ઉપકાર કરે છે.

વનમાલતી [સં.] સ્ત્રી. એક જાતની સુગંધી વેલ. તેનાં પાન લાંબા હોય છે. તેને સફેદ ફૂલનું ઝૂમખું થાય છે

વનમાલા ૧. [સ.] સ્ત્રી. વનનાં પુષ્પની માળા

૨. સ્ત્રી. શ્રીકૃષ્ણ ભગવાનના સોળ માંહેનો એક શણગાર: ઘૂંટણ લગી પહોંચે તેવો ફૂલનો હાર. તુલસી, કુંદ, મદાર, પારિજાત અને કમળ આ પાંચ જાતનાં ફૂલની માળાને વનમાળા કહે છે.

વનમાલિકા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ: નવમાલિની; નવમાલિની; નવમલ્લિકા; નવમાલતી. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ અને નગણ એમ બાર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

વસુ નવમાલિકા ન જ ભ યે થી
રઘુપિંગળ

૨. [સં.] સ્ત્રી. માલણ.

વનમાલી ૧. પું. વારાહી કંદ

૨. પું વિષ્ણુ.

૩. [સં. વનમાલિન્] પું. શ્રીકૃષ્ણ.

૪. પું. (સંગીત) સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક તાલ.

૫. વિ. વનમાલા ધારણ કરનાર.

વનમાળ જુઓ વનમાલા.

વનમાળા જુઓ વનમાલા.

વનમાળી જુઓ વનમાલી.

વનયાત્રા [સં.] સ્ત્રી. વનવગડામાં ભટકવાનો સમય કે વનવાસ

વનરક્ષક ૧. [સં. વન + રક્ષક (રક્ષણ કરનાર)] પું. જંગલની સંભાળ રાખનાર અમલદાર; વનપાળ.

૨. પું. માળી.

વનરડો (વનરડે) ૧. પું. કુંભ; ચિંતણણા.

૨. પું. ઢગલો; ભવાડો; વનેડો.

૩. પું. ભંગાડો

૪. પું. વાદ: વાંધો; ઝમડો.

વનરા સ્ત્રી. અરણ્ય; વનરાઈ. મોટું વન; વગડો;

વનરાઈ જુઓ વનરાજિ.

વનરાજ ૧. [સં.] પું. આપટાનું વૃક્ષ. તેનાં પાન બીડી વાળવામાં કામ આવે છે.

૨. પું. એ નામનું એક પક્ષી.

૩ પું. એ નામનો એક સુંદર છોડ. તેને રતાશ પડતાં પાન હોય છે. શરદી પાંચ હજાર ફૂટની ઊંચાઈએ પર્વત ઉપર તે ઊગે છે.

૪. પું. ગુજરાતનો એ નામનો એક પ્રસિદ્ધ રાજા. તે વનમાં રાણી કપૂરદેવીની કૂખે અવતર્યા હતો. વઢવાણ ભીલ ભીલડીઓએ રાણીની ખરદાશ કરી હતી. રાજમહેલમા રહેતાં રાણી કપૂરદેવી વનમાં ઝાડની ડાળીએ ઝોળી બાંધી રાજકુમારને હુલરાવે. આવી ત્રિલોચનપુરી નામના એક ફકીર બનિયે રાણી અને રાજકુમારને વનમાં જોયા. પછી તેમને પોતાને ત્યાંકરે ગયો. રાણીનો પુત્ર વનમાં જનમ્યો એટલે તેનું નામ વનરાજ પાડયું. વનરાજનો મામો સૂરપાળ અણહિલવાર આણેજની અબર લઈ જતો. સરસ્વતી નદીને કિનારે અણહિલપુર પાટણ નગર વસાવી ત્યાં રાજધાની કરી, વનરાજે ૧૮ વરસ રાજ્ય કર્યું;

૫. પું. મધ્યમ કદનું એક ઝાડ. તેને દેવકમલ, રક્તકમલ, રક્તપદ્મ, રક્તોત્પલ અને આત્મગુપ્ત પણ કહે છે. તેના પાન અણીથી છ ઉંચ લાંબા હોય છે. દરેક પાનની અધવચ્ચેથી એક ચીરો હોય છે. પાંદડાના પોલાણના ભાગમાં નવથી અગિયાર રેસાઓ હોય છે. તેનાં ફૂલ મોટાં અને ગુલાબી હોય છે. દિવસના પહેલા ભાગમા તે ખીલે છે. ફૂલ પડ્યાં સુગંધી હોય છે. તેમની એક જાતનો સુંદર નીકળે છે. તેની છાલ ચામડાં કમાવવા અને રંગવામાં વપરાય છે. તેનાં પાન ચારા તરીકે હોવાને ઘરવાવવામાં આવે છે. તેનું લાકડું બેતીનાં ઓજાર બનાવવામાં તથા ઇમારતી કામમાં વપરાય છે. તેનાં મૂળ આરોગ્યવર્ધક અને ફૂલ રેચક છે. છાલનો ઉકાળો ચાંદાને ધોવા માટે વપરાય છે.

૬. પું. વડનું ઝાડ.

૭. [સં. વન + રાજન્ (રાજા)] પું. વનનો રાજા: સિંહ.

૮ સ્ત્રી મોગરી એ નામની એક જાત.

વનરાજિ ૧. સ્ત્રી. જંગલમાંનો પસરસ્તો.

૨. સ્ત્રી. લાંબો જંગલનો પ્રદેશ.

૩. સ્ત્રી. વનનાં ઝાડોની લાંબી હાર; વનની ઝાડી; ઝુંડ: વનરાજી વનરાઈ.

વનરાજી જુઓ વનરાજિ.

વનરાય ૧. પું. સિંહ

૨. જુઓ વનરાજિ.

વનરાવ પું સિંહ.

વનરાવન ૧. ન. વનનું જંગલ

૨. ન. વૃંદાવન; ગોકુલ પાસેનું વન.

વનરોહ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમવર્ણાત્ત માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ અને ૧૩૦ લઘુ મળી ૧૪૧ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૨ [સં.] ન કમળ

વનરોપણ [સં] ન. ઝાડ રોપવાની ક્રિયા. વૃક્ષારોપણ.

વનલક્ષ્મી ૧. [સં.] સ્ત્રી કેળ.

૨. સ્ત્રી. પાણીની રોળ.

૩ સ્ત્રી વનદેવી

૪. સ્ત્રી વનશ્રી

વનલતા ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા આઠ નગણ તથા બે ગુરુ મળી ૨૬ વર્ણ હોય છે

૨. [સં. વન (જંગલ) + લતા (વેલ)] સ્ત્રી. વગડાઉ વેલ: જંગલી વેલ: વનનાં ઝાડ ઉપર ચડતી લતા.

વનલીલા [સં] સ્ત્રી વનનું સૌંદર્ય.

વનવગડો (વનવગડો) પું. ઝાડ વનાં ઘાટું જંગલ: રાન

વનવટલરી સ્ત્રી. (કાવ્ય) એક જાતનો કવિતાનો અલંકાર. તેમાં અનુપ્રાસ.સંસ્કાર નવનવીન સરળતા, રસમયતા તથા મોહભરી મીઠાશ રસનો પ્રસરી રહે છે અને કવિતાની કઠિનતાનું વિસ્મરણ કરાવે છે.

વનવહ્નિ [સં.] પું. વનનો અગ્નિ: દાવાનળ.

વનવાગળું ન. વાગોળ; વડવાગોળ; એક હિંસક પક્ષી; રાત્રિચર; વડવાગળું. તે મૂળ આફ્રિકાનું વતની છે. તે પશુ તથા પક્ષી બંનેનાં લક્ષણ ધરાવે છે. તે ગરીબ સ્વભાવનું પ્રાણી છે. તેનું કદ સામાન્ય હોય છે. દિવસના અને ઓરિસ્સાનાં ભેજવાંભરા વનવગડાનાં વનસ્પતિ આહારી હોય છે. ત્રિનિદાદમાં વસતાં રાક્ષસી કદનાં વનવાગળાં માંસભક્ષી હોય છે. તેઓની પાંખો લગભગ એક વાર જેટલી પહોળી હોય છે. શિકારની તેઓની પ્રવૃત્તિ ઘણી જ વિચિત્ર હોય છે. પ્રથમ પાંખોના તાલબદ્ધ હલનથી શિકારને નિદ્રિત અવસ્થામાં લાવી મૂકે છે અને પછી તેના શરીરમાં પોતાના પિચકારી જેવા દાંત ખોસી લોહી ચૂસી લે છે

વનવાગોલ જુઓ વનવાગળું.

વનવાગોળ જુઓ વનવાગળું.

વનવાટ પું. જંગલનો રસ્તો.

વનવાસ ૧. [સં] પું. અષાઢ માહેનો એ નામનો એક દેશ.

૨. પું. જંગલમાં વસનાર માણસ: વનવાસી.

૩. પું. દેશવટો.

૪. પું. રખડુ જીવન.

૫. પું. વનમાં જઈ રહેવું તે; વનમાં વાસ કરવો કે રહેવું તે.
૧. વનવાસ કરવો = જંગલમાં જવું.
૨. વનવાસ દેવો = જંગલમાં રહેવાની આજ્ઞા આપવી
૩. વનવાસ લેવો = જંગલમાં જઈ રહેવું.

વનવાસંતી [સં.] સ્ત્રી. માધવી નામની વેલ.

વનવાસિકા પું (પિંગળ) એ નામે એક માત્રાસમક માત્રામેળ છંદ, તેમાં કુલ સોળ માત્રા હોય છે તેના પ્રત્યેક ચરણમાં આઠ માત્રા પછી જગણ અથવા વિપ્રગણ આવે છે. બાકીની માત્રા ગમે તેમ આવે છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ હોય છે

વનવાસિની ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે આર્યા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, નગણ, સગણ અને લઘુ મળી બાવીસ અક્ષરો હોય છે. તેમાં દરામ. અક્ષરે વિશ્રામો હોય છે

વનવાસિની સ જ જ ભ ર,
ન જ જ સ લા વિરતિ દશ સૂર્ય. -વૃત્તરત્નાકર

૨. [સં.] સ્ત્રી. વનમાં રહેનારી સ્ત્રી

વનવાસી ૧. પું અતિ; જોગી; તપસ્વી; સાધુ દુકાળની પરિસ્થિતિને લઈને વનવાસી ભિક્ષુઓ પ્રથમ વસ્તીવારી બન્યા. પુરાતત્ત્વ
૨. પું. દ્રોણપુષ્પ; મોટો કાળો ધતૂરો.
૩. પું. ચારાદીકંદ; કાલમણી કંદ; અપણ ઔષધિ.
૪. [સં. વનવાસિન્] વિ. જંગલમાં રહેનાર; અરણ્યવાસી; વનમાં જઈ રહેલું; વનમાં વસનારું.
૫. વિ. જંગલી.

વનવારતુંકુ [સં.] પું. એક જાતનો જંગલી છોડ.

વનવિજયા [સં.] સ્ત્રી. ભાંગ.

વનવિજ્ઞાન [સં.] ન. વન સંબંધી જ્ઞાન.

વનવિદ્યા [સં] સ્ત્રી. જંગલને લગતું જ્ઞાન.

વનવિહાર ૧. [સં.] પું. પાણીમાં વિહાર કરવો તે; જળક્રીડા.
૨ પુ બાગ બગીચાની ગમ્મત કે મજા મેળવવી તે; વાડી કે ઉપવનમાં હરવું ફરવું તે.
૩. પું. વનમાં વિહાર કરવો તે; વનોવન કરવું તે.

વનવેલી ૧. સ્ત્રી. અક્ષરસમૂહ પદ્યનો એક પ્રકાર; અપભ્રંશની એક નવી રચના.
૨. [સં.] સ્ત્રી. ઉદ્યાનલતા; વનલતા; વનની વેલી; જંગલી વેલ

વનશ્રોણિ ૧. [સં.] પું. જંગલી ચોખા.
૨ પું. વરિયાળી.
૩. પું. સામો નામનું ધાન્ય.

વનશાભન ૧. [સં.] ન. કમળ.
૨ વિ. વનને શોભાવનાર

વનશોભા ૧. [સં.] સ્ત્રી. જંગલની કે ઝાડની શોભા.
૨ સ્ત્રી. ઝાડની મહાનું સૌંદર્ય.

વનશ્રી [સં.] સ્ત્રી. વનની શોભા; જંગલની શોભા; વનનો સુંદરતી દેખાવ.

વનસરાહ ન. એક જાતનું પક્ષી.

વનસ્થ ૧. [સં.] પું. તપસ્વી, વનપ્રસ્થ.
૨. પું. ઉરપ
૩. વિ. વનનું; જંગલનું.
૪. વિ. વનમાં રહેનાર.

વનસ્થલી ૧. [સં.] સ્ત્રી. અરણ્ય પ્રદેશ.
૨. બાગ બગીચો, વનવાડી.
૩. સ્ત્રી. સૌરાષ્ટ્રમાં જૂનાગઢની પશ્ચિમે નવ માઈલ દૂર આવેલું એક ગામ; વળભી તે બહુ પુરાણું હોવાનું મનાય છે. તેને ફરતો કોટ આવેલો છે.

વનસ્થળી જુઓ વનસ્થલી.

વનસ્થાયી ૧. પું. સાધુ.
૨. [સં. વનસ્થાયિન્] વિ. જંગલમાં રહેતું; જંગલમાં રહેનાર.

વનસ્પતિ ૧. [સં.] પું. (પુરાણ) દ્રૌપદીપતિ પાંચ પાંડવોનો એ નામનો એક પુત્ર.
૨. પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો. તે એ નામના વનનો અધિપતિ હતો.
૩. પું. વનનો પ્રાંત.
૪. સ્ત્રી. (પિંગળ) અઠ્ઠાર; અઠ્ઠારની સંખ્યા.
૫. સ્ત્રી. ઝાડ, છોડ વગેરે, વનસ્પતિના મુખ્ય બે ભેદ કે વર્ગ છે. (૧) ફૂલવાળો વર્ગ અને (૨) ફૂલ નથી આવતાં તેવો વર્ગ. આ પ્રકારની સૃષ્ટિમાં જે સ્થાવરોની સૃષ્ટિ છે તેના છ ભેદ આ પ્રમાણે છે: (૧) વનસ્પતિ, (૨) ઔષધિ, (૩) લતા, (૪) વાંસ વગેરે, (૫) વીરુધ અને (૬) વૃક્ષ. જેઓ પુષ્પ વિના ફળે છે તે વનસ્પતિ, ફળ આવ્યા પછી નાશ પામે છે તે ઔષધિ, જેને ચઢવા માટે બીજાનો આધાર લેવો પડે તે લતા, જેની અંદર જ સાર હોય છે તે વાંસ વગેરે ત્વક્સાર, જે કાષ્ઠ હોવાથી બીજાના આધાર વિના રહી શકે તે છોડવાઓ વીરુધ અને જેમાં ફૂલ આવ્યા પછી જ ફળ આવે છે તે વૃક્ષ કહેવાય છે. વનસ્પતિમાં કોઈ ને કોઈ એવી શક્તિ છે કે જેથી તે પાનીમાંથી મોટી અને તેનાથી પણ મોટી થાય છે. ડોકટર જગદીશચંદ્ર બોઝે આ વાત આધુનિક વિજ્ઞાનથી સાબિત કરી દીધી છે, વનસ્પતિની અંદર પણ માણસના જેવી પ્રાણશક્તિ એટલે જીવ છે. તે પ્રાણોચ્છ્વાસ લે છે અને સુખદુઃખનો અનુભવ કરે છે. વિખ્યાત વૃક્ષદર્શક રોબર્ટ બ્રૌન કહે છે કે, વનસ્પતિ તથા જંતુઓની રચનાની બેઠવણનો પાયો એક જ છે. ઘણી જ થોડી વનસ્પતિઓ જ જીવજંતુની પેઠે હલન ચલન કરવાની ક્રિયા બતાવી શકે છે. ૧૬મી અને ૧૭મી સદીના યુરોપ ખંડમાં કેટલાક વિજ્ઞાનીઓએ એવું અનુમાન કર્યું છે, વનસ્પતિમાં પણ નર અને નારી તત્ત્વો છે અને એ તત્ત્વોનો મેળાપ થવાથી જ ઝાડ ફળવાળું થાય છે. ત્યારે લોકો બહુ આશ્ચર્ય પામ્યા. પણ ઝાડની રીતભાત પણ આવી નજરે જોતાં માલૂમ પડી આવે છે કે, નર ઝાડનું અંગ ઝાડોમાં હોવાથી જ અને તેમની સાથે મેળાપ થવાથી જ ઝાડોનો અંત વધી શકે છે. વધુમાં જાણવામાં આવ્યું છે કે વનસ્પતિ તથા પ્રાણીમાં એક મૂળ ભેદ એ છે કે, બધી વનસ્પતિ બીજા રંગની હોય છે. તેઓ સૂર્યના પ્રકાશમાં રહીને જ ક્લોરોફિલની મદદથી વાયુમાંના કાર્બોનિક એસિડ વાયુનું પૃથક્કરણ કરીને કાર્બનને પોતાના શરીરમાં પોષણ માટે લે છે તથા ઓક્સિજન તજે છે. પરંતુ પ્રાણીઓ વાયુમાંથી ઓક્સિજન લે છે અને કાર્બોનિક એસિડ તજે છે. આ ભેદથી લાલ તાંબાવત માત્ર લીલા રંગની વનસ્પતિઓને જ લાગુ પડે છે અને તે પણ જ્યારે તેઓ સૂર્યના અજવાળામાં રહે છે ત્યારે જ. નહિ તો અંધારામાં લીલા રંગની વનસ્પતિઓ પણ ઓક્સિજન લે છે, તથા કાર્બોનિક એસિડ તજે છે. વળી જે વનસ્પતિમાં ક્લોરોફિલ નથી અને જેઓ લીલા રંગની નથી તેઓની બાબતમાં બરાબર પ્રાણીઓના જેવી જ હોય છે એટલે તેઓ ઓક્સિજન લે છે અને કાર્બોનિક એસિડ વાયુ બહાર કાઢે છે. વનસ્પતિ અને પ્રાણી વચ્ચે આજે તાંબાવત હજારો સમયમાં થતો નથી. ડરિયાર્ડ કહ્યા એક પ્રકારનો એવો સ્વચ્છંદી છોડ છે કે જેનું ઘર મુખ્યત્વે કરીને અનિજનું હોય છે. ડરિયાર્ડ એનીમોન કે જે બીજા ફૂલ જેવું દેખાય છે તે ખરી રીતે પ્રાણી છે અને ઓકનું ઝાડ શીજા, કાચબા અને મોટા શીંગડાવાળા ગાયોની બાદક શિયાળામાં ગીલી જાય છે.
૬. સ્ત્રી. વનનો છોડ.
૭. ન. એક પ્રકારનું વાદ્ય. વેને દુદુભિ પણ કહે છે.

વનસ્પતિકાય ૧ પું. (જૈન) છ જીવનિકાયોનો એ નામનો એક જીવભેદ; લીલોતરીના જીવ; વનસ્પતિના શરીરવાળા વનસ્પતિના જીવ;

વનસ્પતિ સજીવ વનરાજિ. પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ જીવભેદ છે. ત્રસકાયના તેજસ્કાય અને વાયુકાય એવા બે ભેદ તથા દ્વીન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એવા પણ ત્રાર ભેદ છે.

પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણ સ્થાવરકાય છે. તત્ત્વાર્થસૂત્ર

૨. પું. વનસ્પતિ સમુદાય.

વનસ્પતિ ઘી ન. મગફળીનું વિશુદ્ધ તેલ કે વનસ્પતિમાંથી રસાયણ નાખી બનાવેલું ઘી. કૃત્રિમ ઘી; તેલીબિયાંના તેલનો રાસાયણિક પ્રક્રિયાથી ઘોર્યા કે ઠારીને બનાવાતો ઘી જેવો પદાર્થ. ઘી સાથે વનસ્પતિનો ભેળ દુકાનોમાં જ થતો નથી. ગામ જંગલવાળા વનસ્પતિ ભેળવીને જ બજારમ. વેચાય. [illegible] બનાવવામાં આવે તે પદાર્થમાં જે તે ભેળવણી બરાબર થઈ ગઈ એમ છે. વનસ્પતિ ઘીનો ઉદ્યોગ: (૧) બજારને મોંઘો કરીને એનીને જોખમમાં મૂકે (૨) આરોગ્યની પણ નિ:સંદેહ રીતે ગામડાના ગોરસના ધંધાનો નાશ કરે છે, (૩) ખાનગી ગ્રામોદ્યોગના મૂળમાં ઘા કરે છે, (૪) તેલને ચોખ્ખું કરીને તાજા તેલના આરોગ્યપ્રદ તત્ત્વોને દૂર કરે છે, (૫) તેલમાં પોષક તત્ત્વો તો કયાં ઉમેરાતાં નથી, છતાયે વિના કારણ તેલની જમાવટ કરવામાં આવે છે, (૬) આ અર્થ બજારે ઓછું હોય તેમ હવે વિટામિન 'અ' કે બીજા કોઈ કૃત્રિમ ચીજનું મિશ્રણ થવાનું છે. વનસ્પતિ ઘી એ એક એવો વેપાર છે કે જે લોકોને કેવળ છેતરવાની તેની શક્તિ પર જ આબાદ ચાલ છે. કારખાનાંવાળાઓ તેલની જમાવટ કરવા પર જે આગ્રહ રાખે છે તથા તેને રંગ આપવાનો વિરોધ કરે છે તેનું અકે કારણ એ છે કે, ઉદ્યોગપતિઓ, નિષ્ણાતો અને સરકારને આમાંથી સારી આવક મળે છે. પુ. મોંઘીદાટ વનસ્પતિ ઘી વિષે લખે છે કે: વનસ્પતિ શબ્દ મે અંગ્રેજીમાં લખ્યો છે. નામ વનસ્પતિ ઘી છે. વનસ્પતિ પોતે તો હમેશા સારી જ છે જેમકે, ફળ, ફૂલ, ભાજી અને પાલો. પણ તે જ્યારે બીજી વસ્તુનું સ્થાન લે છે ત્યારે ઝેરી બને છે. તે ઘી નથી, ન થઈ શકે. જ્યારે ચરબી ત્યારે હું પોકારીને કહીશ કે, હવે અસલ ઘીની કંઈ જરૂર નથી. કોઈપણ જનાવરના દૂધમાંથી જે ચોપડવાળો પદાર્થ નીકળે છે તે ઘી કે માખણ છે. વનસ્પતિ તેલ, ઘી કે માખણને નામે બજારુ રૂપમાં વેચાય તે હિંદુસ્તાનને દગો દેવા જેવું છે. હિંદના વેપારીઓનો ધર્મ છે કે, કોઈપણ પ્રકારે ઘીનું નામ કે રૂપરંગ આપી કોઈપણ જાતનું તેલ અથવા પદાર્થ ન વેચે સંજોગે એમ કરવું ન જોઈએ, ન કરવા દેવું જોઈએ. આ બાબતમાં જે દગો દે છે અથવા દગા સામે આંખ આડા કાન કરે છે, તે હિંદનો દુશ્મન છે વળી શ્રી દુ[illegible] કહે છે કે વનસ્પતિ ઘી એ વાસ્તવમા ઘી જ નથી કારણ કે, તેમા અસલ ઘીમાં હોય છે તેવું પ્રજીવક તત્ત્વ 'અ' જેવું કશું હોવું નથી. ઘીના જેવું ઘટ્ટ અને સુગંધી હાઈડ્રોજનમાંથી પસાર કરવામાં આવ્યું હોય એવા વનસ્પતિને બહુ બહુ તો પચી ન શકે તેવું તેલાંજણનું તેલ કહી શકાય. આ રીતે હાઈડ્રોજનમાંથી પસાર કરવામા આવેલું તેલ અસલ ઘીમા ભેળસેળ કરવા માટેનું સાધન બને છે. તે સિવાય હાઈડ્રોજનની પ્રક્રિયામાંથી પસાર થયેલા શુદ્ધ વનસ્પતિ તેલમાં બીજે કશો ગુણ હોતો નથી વનસ્પતિ તેલ અને ઘી વચ્ચે તફાવત એ છે કે, ઘી પ્રાણિજ પદાર્થ છે અને પ્રજીવક 'અ' પણ અંશે કેવળ પ્રાણિજ તત્ત્વ છે એમ કરીને જેમાં વિટામિન હોવાનો દાવો કરવામાં આવે છે એવું વનસ્પતિ ઘી, કોડલીવર ઓઈલ અને હાર્ડલીવર ઓઈલ જેવાં વિટામિન 'અ'થી ભરેલા પ્રાણિજ તેલોમાંથી કાઢેલા વિટામિન ઉમેરીને જ વિટામિનવાળું કરી શકાય.

વનસ્પતિજન્ય [સં.] વિ. વનસ્પતિમાંથી ઉત્પન્ન કે પેદા થાય તેવું.

વનસ્પતિજ્ઞ [સં. વનસ્પતિ + જ્ઞ (જાણનાર)] પું. વનસ્પતિ જાણનાર માણસ.

વનસ્પતિનાથ [સં.] પું. ચંદ્ર.

વનસ્પતિનિષ્ણાત [સં.] પું. વનસ્પતિ વિજ્ઞાનનો પંડિત; વનસ્પતિશાસ્ત્રમાં પારંગત.

વનસ્પતિપોષક ૧. પું. વનસ્પતિનું પોષણ કરનાર પદાર્થ; આમૂષાતક વાયુ; 'કાર્બન'.

ગોમૂત્રમાં રહેલા વનસ્પતિપોષકની કીમત બધુ જાણમાના વનસ્પતિ પોષકથી વધી જાય છે. ગોરક્ષા કલ્પવટ

૨. વિ. વનસ્પતિનું પોષણ કરનાર.

વનસ્પતિભક્ષક [સં.] પું. નિરામિષાહારી; શાકાહારી; અન્નફલાહારી: માત્ર વનસ્પતિ ખાનાર માણસ.

વનસ્પતિ ભક્ષણ [સં.] ન. અન્નાહાર; શાકાહાર; નિરામિષાહાર.

વનસ્પતિવાટિકા [સં.] સ્ત્રી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉપયોગી ભિન્ન ભિન્ન પ્રકારની વનસ્પતિઓનો જેમાં સંગ્રહ કરવામાં આવેલ હોય તેવો બગીચો.

વનસ્પતિવિજ્ઞાન જુઓ વનસ્પતિશાસ્ત્ર.

વનસ્પતિવિદ્યા જુઓ વનસ્પતિશાસ્ત્ર

વનસ્પતિશાસ્ત્ર [સં] ન. વનસ્પતિ સંબંધી જ્ઞાન મેળવવાની વિદ્યા; વનસ્પતિ સંબંધી શાસ્ત્ર વનસ્પતિવિદ્યા; ઉદ્ભિજ્જ વિદ્યા; વનસ્પતિ વિજ્ઞાન: ' બોટની '.

વનસ્પતિશાસ્ત્રજ્ઞ [સં.] પું. વનસ્પતિશાસ્ત્ર [illegible] માણસ; વનસ્પતિશાસ્ત્ર વિશારદ કે નિષ્ણાત

વનસ્પતિસૃષ્ટિ [સં] સ્ત્રી. સરજાયેલા તમામ વનસ્પતિઓનો સંગ્રહ.

વનસ્પતિહીરો પું. એ નામનો એક હીરો. તેની ખૂબી એ હોય છે કે, જરાક એક નજર બરાબર નાખે તમે તેને નિહાળો એટલે પાછી બે પળમાં, વનરાજિની પરંપરા સમુ કોઈ અનંત સુંદર વન આપણી સામે આવું થઈ જતું છે.

વનસ્પત્યાહારી [સં. વનસ્પતિ + આહાર (ખોરાક) + ઇન (વાળું)] વિ. શાકાહારી, માત્ર વનસ્પતિનો ખોરાક આનાર; વનસ્પતિનો ખોરાક લેનાર, કંદમૂળ ખાઈને જીવનાર, વનસ્પતિ ઉપર જ નિર્વાહ ચલાવનાર; ' વેજિટેરિઅન '.

વનહાસ પું. કાસડો ઘાસ.

વનહુતાશન [સં.] પું. દાવાનળ; દવ; વનઅગ્નિ.

વનળા [સં. અટવી] સ્ત્રી. ભાવડા કે ઢોરડા જેવી જગ્યા.

વનંત ૧. પું. એ નામે એક તારો

૨. પુ. (જરથોસ્તી) એ નામે એક હિરસ્તો.

વના ૧. સ્ત્રી. વાનગી; ચીજ; વની.

જે જે વના કહો તે કરું,
જો પેટ ભરી ખવરાવે રે. નરસિંહ મહેતા

૨ સ્ત્રી. ઓ; વનિતા.

૩. [સં.] અ. વિના; વગર, સિવાય; વણ.

વનાગ્નિ જુઓ વનહુતાશન.

વનાધિપતિ ૧. પું. (જૈન) યક્ષોના તેર માંહેનો એક પ્રકાર. યક્ષના તેર પ્રકાર આ પ્રમાણે છે: પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્ય યક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.

૨. [સં] પું. વનનો અધિપતિ; વનાધ્યક્ષ.

વનાધ્યક્ષ [સં. વન (જંગલ) + અધ્યક્ષ] પું. જંગલખાતાનો અધિકારી.

વનાયુ ૧. [સં.] પું. અરબસ્તાન દેશ. ઇદ્રયુગના વખતમાં તે દેશ વનાયુ તરીકે ઓળખાતો અને પાણીદાર ઘોડા માટે પ્રસિદ્ધ હતો.

૨. પું. (પુરાણ) કતુપુત્ર એક અશ્વ.

૩. પુ. મૃગ; હરણ.

વનાયુજ [સં.] પું. અરબસ્તાની ઘોડો.

વનારવું સ ક્રિ. કાપવું; ભોગવું; સુધારવું, સમારવું.

કાઠ વનારવું = કાઠ સુધારવું કે કાપવું.

વનાર્ય [સં.] પું. રોઝ નામનું જંગલી પ્રાણી.

વનાંત ૧. [સં.] પું. જંગલની હદ.

૨. પુ. જંગલી ભૂમિ; જંગલ.

૩. [સં. વન (જંગલ) + અંત (છેડો)] ૧. વનનો છેડો.

વનાંતર ૧. [સં વન + અંતર (બીજું)] ન બીજું વન; અન્ય અરણ્ય

૨. ન. વનનું ઊંડાણ; વનનો મધ્યભાગ, વનની અંદરનો ભાગ.

વનિ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિત્રકવૃક્ષ

૩. પુ. હરણો.

૪. પું. માગનાર; માગવું તે.

૫. સ્ત્રી. ઇચ્છા.

૬. વિ. યાચક; માગણ; માગનાર.

વનિકા ૧. [સં.] સ્ત્રી નાનું વન; ઉપવન.

૨ સ્ત્રી. બગીચો; બાગ.

વનિતા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે માત્રામેળ છંદનો એક ભેદ છે. તેને તિલકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે સગણ મળી ૬ અક્ષર હોય છે.

૨. [સં.] સ્ત્રી. અનુરાગવાળી સુવાન સ્ત્રી; પ્રેમને પાત્ર સ્ત્રી; જેને સહુ ચાહે તેવી સ્ત્રી, જેને મેળવવા સહુ ઇચ્છે તેવી સ્ત્રી; બહુ વહાલી સ્ત્રી; પ્રિયા; પ્રિયતમા.

સ્ત્રી વનિતા શા માટે કહેવાય છે? તેનું વનન થયું છે –સંવનન થયું છે માટે તે વનિતા; સવનન વિના સ્ત્રી વનિતા થતી જ નથી.

સરસ્વતીચંદ્ર

૩. સ્ત્રી. અનોખા નગરી.

૪. સ્ત્રી. પરિણિતા સ્ત્રી; પરિણીત સ્ત્રી.

૫. સ્ત્રી. નારી; સ્ત્રી; બાયડી.

નારી વનિતા વધૂ લલના યુવતી કામ,
અબળા બાળા અંગના પ્રેમદા કાન્તા વામ.

પિંગળપ્રકાશ

વનિતા વડી ઠામ ન આવે = સ્ત્રી જ્યારે ખરાબ માહતી થાય છે ત્યારે સામાન્ય રીતે સુધરતી નથી

૬. સ્ત્રી. મેદી.

વનિતાક્ષી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિનતાક્ષી. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, એ નગણ અને ગુરુ મળી તેર અક્ષરો હોય છે

વનિતાભરણ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ અને બે સગણ મળી બાર અક્ષર હોય છે.

આ લ સ સા મર વનિતાભરણે.

રત્નપિંગળ

વનિતાવિનોદિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, રગણ અને લઘુ મળી દસ વર્ણ હોય છે.

ન જ ર સે વનિતાવિનોદિ. રત્નપિંગળ

વનિતાવિલાસ [સં.] પું. સ્ત્રીનો વિલાસ, સ્ત્રીનું સ્વચ્છંદી વર્તન; અમર્યાદિત રહેણીકરણી.

વનિતાવિલોક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે તગણ, સગણ અને વગણ મળી બાર વર્ણ હોય છે.

વા વા સ વા અમ્મ વનિતાવિલોકે. રત્નપિંગળ

વનિતાવિશ્રામ ૧. [સં.] પું. સ્ત્રીઓને શિક્ષણ આપવાની સંસ્થાનું એક નામ.

૨. ન. વિધવા સ્ત્રીઓને ગુજર ગયાનું શિક્ષણ આપતી શાળા; જે આશ્રમમાં સ્ત્રીઓ રહે અને ભણે તે.

૩. ન. સ્ત્રીઓનું વસતી ગૃહ.

વનિતાસ્થાન [સં.] પું. સ્ત્રીઓ માટેનો ખાસ બગીચો.

વનિયર ન. સાંબા પૂંછડાનું ઉંદરના જેવું ચોપગું જનાવર.

વની ૧. [સં. વનિન] પું વાનપ્રસ્થ, વાનપ્રસ્થાશ્રમી.

૨. પું. વૃક્ષ

૩. પું. સોમનો છોડ.

૪. સ્ત્રી. બાગ; બગીચો; વાડી; જંગલ; નાનું વન.

૫. વિ. ઇચ્છા કરનાર.

૬. વિ દેનાર; આપનાર

૭. વિ. પુષ્કળ પાણીવાળું.

૮. વિ. પૂજા કરનાર.

૯. વિ. વનમાં રહેનાર.

૧૦. ન. વિનાની; સિવાયની.

માતામૂકે વની વરખી, મહાલી ત્રિભુવન માંય.

પ્રીતમ

વનીક [સં. વન્ (ભીખ માગવી)] વિ. માગણ; યાચક.

વનીપક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નીપવનીપક; નીપક. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક પદમાં જગણ, બે નગણ, સગણ, જગણ, ત્રણ સગણ અને ગુરુ મળી પચ્ચીસ વર્ણ હોય છે.

૨. [સ.] પું. ભિક્ષુ; યાચક; માગણ.

વનીપકદોષ પું. (જૈન) સાધુને આહારપાણી લેતા લાગતું એક જાતનું પાપ; ઉત્પાદન દોષની સોળ માંહેની એક જાત; દીનપણું દેખાડવું તે

વહોરવા જતાં સાધુને કોઈ પૂછે કે, કુવરા, દુખ્યા, અસહાયારી, બ્રાહ્મણ, વેષધારી, ત્રિદંડી વગેરેને ખોરાક આપવા આ પુણ્ય બહુ કે કેમ ? તેનો તેની કોમ મુજબ જવાબ આપી ભોજન વહોરે તે વનીપકદોષ.

પિંડવિધિ અધિકાર

વનું ૧. ન. વસ્તુ; વસ્તુ, ચીજ

૨ વિ. વગરનું; વિનાનું; સિવાય; રહિત; વર્જિત નામને અર્થે બતાવવામાં આવે છે. જેમકે, ભાવવનું.

વનૂહા સ્ત્રી. માંડવો.

વનેખા પું. બ. વ. પીડા; મુશ્કેલી; વખા; આપદા; આફત; સંકટ; દુઃખ.

આવી વિતા વનેખા તણાં,
કહેતાં પાર ન આવે પણા.

સ.મણ

વનેચર ૧. [સં.] પું. એક પ્રકારનો વનદેવતા. તેનો અર્ધ ભાગ બકરાનો તથા અર્ધ ભાગ મનુષ્ય દેહનો બનેલો છે. તે જોતા બહુ જ આનંદી અને મોજ માણવાવાળા હોય છે.

૨. પું. જંગલી લોકો; જંગલમા વસનારા મનુષ્ય

૩. પું. શિકારી.

૪. વિ. ક્રમભ્રષ્ટ; મૂર્ખ.

૫. વિ. વનચર; જંગલી; જંગલમાં ફરનાર; રખડાઉ.

વનેરા પું. વનરાઈ.

જી આવ્યો કાગ, કોઈ વનેરા બંધીને.

લોકસાહિત્ય

વનેરુ [સં વનચર] વિ. જંગલી; વનકાઉ, વનચર; રખડેલ.

વનેશ્વર ૧. [સં.] પું. અરણ્યના અધિપતિ; મહાદેવ; શિવજી.

૨. પું. સિંહ.

વનેડવું (વનેડવું) ૧. સ. ક્રિ. ખરાબ કરી નાખવું; યુક્તિથી ગોઠવલા કામને અવળી બગાડી નાખવું. બગાડવું.
૨. સ ક્રિ. દુઃખ દેવું; હેરાન કરવું

વનેઠો (વનેડો) પું. કોઈ કાર્યક્રમ અંર્ગેથી છિનાઈ ગયા જેવો ઝંખવો, બગડો; વાંધો. કાર્ય બગડે તેવી મુશ્કેલી; વનરડો; સલવાસણ. ઓખવાણ

વનો ૧ પું. કામની અનુકૂળતા; વેતો; શક્તિ; શુદ્ધિ
૨. પું. વર કે અણવર, વનો
૩. પું. વિનય; વિવેક
વનો વેરીને વશ કરે = વિનય વડે દુશ્મનને વશ કરી શકાય છે.

વનોપવનરચના સ્ત્રી શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

વનોપવનવિદ્યા [સં.] સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય ૬૨ માંહેની એક વિદ્યા.

વનોકું ન. બિલાડી કરતાં મોટું, ચોપગું જનાવર. તે ગોળની ખૂબ ચોરી કરે છે.

વનોવિજ્ઞાન ન. જંગલો વિસ્તૃત કરવાનું શાસ્ત્ર.

વનૌકસ ૧. ન. ક્રમણ.
૨. ન. જંગલી જનાવર; વાઘરો, રીંછ, ડુક્કર વગેરે એક જાતનું પ્રાણી.
૩. ન. સાધુ; સંન્યાસી.
૪. વિ. જંગલી.
૫. [સં. વન (જંગલ) + ઓકસ (સ્થાન)] વિ. વનવાસી; વનમાં રહેવાવાળું.

વનૌષધિ [સં.] સ્ત્રી. જંગલમાં ઊગતી દવામાં ઉપયોગી વનસ્પતિ.

વન્ના સ્ત્રી. ગમ પ્રસંગે પીઠી ચોળવાની ક્રિયા.

વન્ય ૧. [સં.] પું. એક જાતનું ઘાસ.
૨. પું. જંગલી સૂવ્વર.
૩. પું. વારાહીકંદ.
૪. ન. તજ.
૫. વિ. જંગલમાં ઉત્પન્ન થયેલું; જંગલનું; વગડાઉ, વનનું.
૬. વિ. જંગલી; રાની; પાળેલું ન હોય તેવું

વન્યા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ભોંય.
૨. સ્ત્રી. ગોપાલકંદી
૩. સ્ત્રી. ચણોઠી
૪. સ્ત્રી. ઝાડીઓનો સમૂહ.
૫ સ્ત્રી. પાણીનો જથ્થો.
૬ અ. બદલ; વિના; સિવાય.
એમમાંથી વન્યા આ હાથની સલામું ન હોય.
સમાર

વન્સ્પ્રેટ્ન. [ફ્રે.] મિથુન અને સિંહ એ ત્રણ રાશિના સૂર્યનાં વન્સનું મુખ ઉત્તર દિશા સામે હોય તેવી સ્થિતિ

વન્સમોર [અં] પુ. નાટકમાં કરી બતાવવા માટે કલાકાર આખો અંક જ, એક વાર ફરીથી અંક ભજવવા નાટકો દર્શકોમાં.

વપ ૧. [સ] સ ક્રિ. ઉત્પન્ન કરવું
૨. સ ક્રિ. ફેંકવું
૩ સ ક્રિ. મૂકવું; હજામત કરવી.
૪. સ. ક્રિ. રોપવું; વાવવું
૫. સ. ક્રિ. વધવું

વપટકાર સ. (સંગીત) ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં નિષાદ અને ગાંધાર વર્જ્યાથી ઉત્પન્ન થતું એક તાન.

વપત ૧. [સ વિપત્તિ] સ્ત્રી. આપદા; આફત; દુઃખ; પીડા; વિપત્તિ; વિપન
૨. સ્ત્રી. મુશ્કેલી; હેરાનગતી; અડચણ.

વપત્ય જુઓ વપત.

વપન ૧. [સં.] પું. બી વાવવાં તે.
૨. ન. હજામતની ક્રિયા, હજામત; વપું; વાગ કપાવવા કે હજામત કરાવવી તે
વપ્ત શબ્દનો ઋગ્વેદમાં તથા પાછળના વૈદિક સાહિત્યમાં હજામત કરનાર હજામ અર્થ થાય છે અને હજામતની ક્રિયા માટે વપ ધાતુમાંથી જ નીકળેલો વપન શબ્દ વૈદિક સાહિત્યમાં વપરાયો.
કે. મ. શાસ્ત્રી
વપન કરવું = હજામત કરવી.

વપની ૧. સ્ત્રી. અસ્ત્રો; મૂંડવાનું સાધન; સત્તેવો; વપન કરવાનું ઓજાર.
૨ સ્ત્રી. વસ્તુવાનું સાધન
૩. સ્ત્રી. વણાટશાળા; વસ્તુવાનું મકાન
૪. સ્ત્રી હજામની દુકાન; મૂંડનશાળા.

વપનીત વિ. યોગ્ય નહિ એવું; વિપરીત.
વિશ્વામિત્ર ગાલ્યા સુકર રૂપે,
ધરી વપનીત રૂપ. નાકર

વપરાટ પું. ઉપયોગ; વાપરવું તે; વપરાશ.

વપરાવવું ૧. સ. ક્રિ. ખર્ચાવવું.
૨. સ. ક્રિ. વપરાશ તેમ કરવું; ઉપયોગમાં આવે તેમ કરવું.

વપરાવું ૧. સ ક્રિ. ઓછું થવું; ખસવું.
૨. સ. ક્રિ ક્રમમાં આવવું; વપરાશમાં આવવું; ઉપયોગમાં આવવું.
૩. સ. ક્રિ. ખર્ચાવું.

વપરાશ ૧. સ્ત્રી. ઉપયોગ; વાપર.
૨. સ્ત્રી. ખપત.
૩. સ્ત્રી. પસારો.

વપલો પું. અચરજ; કૌતુક.

વપળો ૧. પું માથામાં બગડી જાય તેવો રોગ.
૨. જુઓ વપલો

વપા ૧ [સં.] સ્ત્રી. આંતરડાની ચામડી.
૨. સ્ત્રી. ચરબી; મજ્જા, વસા; મેદ. હાડકાંમાં રહેલો ચીકણો રસ.
૩. સ્ત્રી. છિદ્ર.
૪. સ્ત્રી. રાહડો
૫ ન. શરીરનો એક ભાગ. વેદોમાં પ્રસિદ્ધ થયેલો ઉદરપોકલાનો શરીરનો આ ભાગ ચાર ઘરો મળીને બનેલો છે. તે ઉદરગુહાની અંદર એક જાડા પડદા રૂપે લટકતો હોઈ આંતરડાને ઢાંકે છે. તે હોજરીની નીચલી કિનારીથી લટકતો હોઈને મોટાં આંતરડાનો અનુપ્રસ્થ ભાગ તથા નાના આંતરડાને ઢાંકે છે. આ પડદાની નીચલી કોર છૂટી લટકે છે ચરબીવાળાં માણસોના શરીરમાં આ પડદામાં ભરપૂર ચરબી જમા થયેલી દેખાય છે

વપુ ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.
૨. સ્ત્રી. દક્ષની પુત્રીનું નામ.
૩. [સ. વપુસ્] ન. શરીર; તન; દેહ; કાયા
કામ કલેવર પ્રભુપ વપુ હેત આદમા અંત,
વિગ્રહ ઉપચન સંહનન ધામ શરીર પર્યંત.
પિંગળપુરોધ
૪. ન. સારું સ્વરૂપ; સુંદર રૂપ; રૂડો આકાર.
૫. વિ. સુંદર; ખૂબસૂરત.

વપુષ્મા સ્ત્રી. (પુરાણ) પરીક્ષિત રાજાના પુત્ર જનમેજયની સ્ત્રી અને કાશીના રાજા સુવર્ણવર્માની કન્યા. તેને જનમેજયથી શતાનીક નામે પુત્ર થયો હતો.

વપુષ્માન ૧. પું. એક વિશ્વદેવનું નામ.
૨. [સં. વપુષ્મત્] વિ. શરીરધારી.
૩. વિ. સુંદર.

વપ્ર ૧. [સં.] પું. કાચો કોટ.
૨. પું. કિનારો.
૩. પું. આંખમાંથી ખોદી કાઢેલો બાતરનો દગલો.
૪. પું. ખેતર.
૫. પું. ચૌદમા મનુનો પુત્ર.
૬. પું. ટેકરો કે ટેકરી.
૭ પું. પિતા.
૮. પું. પ્રજાપતિ.
૯ પું. મકાનનો પાયો.
૧૦. પું. શિખર.
૧૧. ન. (શિલ્પ) એક જાતનું ક્ષેત્રગણિત
૧૨. ન. નગર.
૧૩. ન. સીસું.

વમક ૧. [સં.] પું કોટ; દોવાલ, ભીંત.
૨. પુ પરિધિ; ગોળાકારનો ઘેરાવો
૩. ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

વમકિયા જુઓ વમકીડા.

વમકીડા [સં.] સ્ત્રી જનાવરો આનંદ કે મસ્તીમાં આવી જઈ પૂંઠ કે માથું ઊંડાડે છે એ ક્રિયા; તટ અથવા બેબડ સાથેની હાથી, સાઠ બકેરેની રમત કે કોડા.

વમા ૧. [સં.] સ્ત્રી. કુંતી કરતી બેબણા.
૨. સ્ત્રી. જૈનોના એકવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથની માતાનું નામ
૩. સ્ત્રી. મજ્જક.

વમિ ૧ [સં.] પું પેનર
૨. પું. દુર્ગતિ.
૩. પુ. સમુદ્ર

વમી ૧. [સ.] સ્ત્રી. રાફડો.
૨. સ્ત્રી. સમશીતોષ્ણ કટિબંધમાં ઊગતી એક જાતની વનસ્પતિ. તેને પાંચ પત્રિકા અને દશ નકોરડા ડીંટા હોય છે. તેને છેડે દેખાવડા પચ્ચાંભરાં રાતાં કે પીળા ફૂલનો ઝૂમખો હોય ..

વક્ષ ૧. સ્ત્રી. નદી; ગાળા; ઢાળદો; ગુખ.
૨. સ્ત્રી. ભક્તિ; શ્રદ્ધા; વિશ્વાસ.
૩. [સ.] સ્ત્રી. વચનને વળગી રહેવું તે; પ્રામાણિકપણું; સત્યનિષ્ઠા; ઈમાનદારી; વફાદારી; નિમકહલાલી.
વફા કરવું = નિમકહલાલ થવુ.
૪. સ્ત્રી. સમાપ્તિ; સંપૂર્ણતા.
૫. વિ. તટસ્થ.

વફાઈ ૧. સ્ત્રી. અનુરાગ; પ્રેમ.
૨. [સ.] સ્ત્રી. વચનને વળગી રહેવાપણું. નેકી; વફાદારી; એકનિષ્ઠા.

વફાત [અ] ન. મરણ; મૃત્યુ; મોત.
વફાત શરીફ = મહમદના મરણની યાદગીરીમ. ૬૨ વર્ષે ૭૨મામાં આવતુ જમખ

વફાદાર ૧ વિ અનુરક્ત; સ્વામીભક્ત. નિમકહલાલ.
૨. પ્રે. માન અને પ્રેમથી વર્તનાર.
૩. વિ. રાજભક્ત
૪. વિ. વચની; ઈમાનદાર; વચનને વળગી રહેનાર; પ્રામાણિક.
૫. વિ વિશ્વાસુ; શ્રદ્ધાળુ; ભક્તિવાળું.

વફાદારી ૧. સ્ત્રી. અનુરાગ; સ્વામીભક્તિ; નિમકહલાલી.
૨. સ્ત્રી. ઈમાન.
૩. સ્ત્રી. નિષ્ઠા; શ્રદ્ધા; વિશ્વાસ.
૪ સ્ત્રી. રાજભક્તિ
૫. સ્ત્રી. વચનને વળગી રહેવાપણું; પ્રામાણિકતા; અચલિત શ્રદ્ધા.

વબાલ ૧. [અ.] પું. આફત; મુસીબત વિપત્તિ; કષ્ટ; સંકટ.
૨ પુ ઈશ્વરીય કોપ; દૈવી વેર.
૩. પું. ગુનો
૪. પું. પાપનું ફળ.
૫ પુ. ભાર; બોજો.
૬ પું. મસ્કરો.
૭ પુ. શાપ
૮ વિ. કમનસીબ.
૯. વિ. દુઃખણાનું; દુઃખી.

વભૂકવું જુઓ વભૂરવું.

વભૂરવું ૧. [સ. વિભોપન] ન. દુઃખ; આપદા; પીડા
૨ ન. મુશ્કેલી

વમ્મો ૧ પું આળસ ભરેલી રીતે રહેણીકરણી, મરનો ઘાટઘડ, અવઢર.
૨ પું. કુટુમનો જથ્થો
૩. પું. ઠાઠ, વૈભવ; સમૃદ્ધિ; સાહેબી.
૪ પું. પ્રતિષ્ઠા; વજન
૫. પુ. મર્યાદા; આદબ.
૬. પું. મહત્તા.

વમ ૧. [સં.] અ. ક્રિ. ઊલટી કરવી; પૂંઠો નાખવુ; મોંમાંથી બહાર કાઢવું.
૨. અ ક્રિ. નકામુ કરવું.
૩. અ ક્રિ. નીચ કૃત્યો કેવુ.
૪. અ. ક્રિ. બહાર ઓકવુ.

વમથુ ૧. [સં.] ન. ઓકવું; ઊલટી; વમન.
૨. ન. હાથીએ સૂંઢમાંથી બહાર કાઢેલ પાણી.

વમન ૧. પું. ઓકનો ભેદ.
૨. ન. આકૃતિ.
૩. [સં. વમ્ (ઓકવુ)] ન. ઊલટી; ઓકારી. તે થવાનાં કારણ –અતિ અજીર્ણ, અતિ ખારા તથા અતિ અપ્રિય પદાર્થોનું ભક્ષણ, અતિ ઊતાવળે ભોજન, અતિ ખાતળા પદાર્થનું ભક્ષણ, અકાળે ભોજન, શ્રમ, ભય, ઉદ્વેગ અને અતિ ચીતરી ચઢે એવા પદાર્થોનું દર્શન કે ભક્ષણ અને તેવા પદાર્થોની દુર્ગંધ. આ બધા કારણોથી વમન ઉત્પન્ન થાય છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત અને અણગમતી વસ્તુઓના દર્શનથી થતુ એમ વમનના પાંચ પ્રકાર છે. ત્રિફળા, ચાવડિંગ અને સૂંઠ સમાન ભાગે લઈ ચૂર્ણ કરી મધ સાથે ખાવાથી, લીંબુનાં પાદડાં ઉકાળી કે સિંધવ મીઠાં નાખી કે મધપ્રધાનું મીઠું મધમાં પાવાથી વમન બંધ થાય છે. ચોખા, મગ, ચટાકા, ઘઉં, જવ, આંબળાં, સાકર, ઘોઉં, દાડમ, નાળિયેર અને લીંબુ એ વમનમાં આવા જોવા ચાગ્ય છે. ઉષ્ણ પદાર્થ, નર્મ, મીઠાં ખોસાં, ઘોળું અને વ્યાયામ છોડી દેવાં.
૪. ન. પીડા; દુ:ખ.

વમનકારક [સ.] વિ. વમનોત્પાદક; ઊલટી કરે તેવુ

વમનધૌતિ સ્ત્રી. (યોગ) હઠયોગનો એક પ્રકાર. જુહિમાન મનુષ્યે જમ્યા પછી બે સુધી જળ પી લેવુ, પછી થોડી વાર સુધી ઊંધું મોં કરી જોઈ રહેવુ. પછી થોડી વારે તે જળને ઊલટી કરી બહાર કાઢવુ. આ ક્રિયાને વમનધૌતિ કહે છે. તેને ગજકરણી પણ કહે છે.

વમનવિદ્યા [સં.] સ્ત્રી. ઊલટી વિષેનુ સર્વ જ્ઞાન; ઊલટી કયી રીતે થાય તેમ જ કયી રીતે કરાવાય તે જાણવાના વિદ્યા.

વમની [સં] સ્ત્રી. જળો

વમનેચ્છા ૧. [સં.] સ્ત્રી ઓકારી; ઊબકો; ખોળ; ઊતરેલ; શુષ્કવમન; ઊલટી કરવાનો નિષ્ફળ પ્રયાસ.
૨. સ્ત્રી. વમન; ઊલટી.
૩. સ્ત્રી. વહાણમા આવતા ફેર; અકર.

વમવું ૧. અ. ક્રિ. દૂર થવું; નાશ થવો; મટવુ.
વિષ વમ્યો ઘાટાં તમ તણું,
ઘરો આવ્યદા અમણ વણી. સામળ
૨. સ. ક્રિ. ઓકી કાઢવું

વમળ ૧. સ્ત્રી. આતુરતા.
૨. ન. ચૂંચવણ; મૂંઝવણ; કઠણમાં કઠણ હાલત; કિર્તવ્યમૂઢતા
સમર સ્યામ, વમળ વામ સકર થાખી છે મસ્તકે.
ભળવંતરામ ઢોલેરા
૩. ન. દુઃખ; મુશ્કેલી
૪. ન. વહેતા પાણીમાં થતું કૂંઢાળુ કે ભમરી; આવર્ત; પાણીની ઘૂમરીઓ; જોરથી વહેતાં પાણીમાં જે કૂંઢાળાં થવાં તે.

વમળાકાર પું. ગોળાકાર.

વમાવવું જ ક્રિ. ઊલટી કરાવવી.

વમાવું ૧. અ. ક્રિ. ઊલટી થાય તેમ થવુ.
૨. અ. ક્રિ. વહાણનો નાશ થવો

વમાસણુ ૧. ન. ઊંડો વિચાર; ચિંતન; મનન; વિચાર
૨ ન દુ ખ
૩. ન. પશ્ચાતાપ; પ્રયાત્તાપ; વિમાસણુ.
વમાસણુ નથતી ચારો, ચાળેલી ચાજ ચારો.
નિષ્કુળાનંદ

વમાસવું ૧. સ. ક્રિ. અટકળ કરવી, ધારવું.
૨. સ. ક્રિ. ઊંડા વિચારમાં પડવું; વિચારવું.
૩. સ ક્રિ. પરતાપ; શોક કરવો; વિમાસવું, પશ્ચાત્તાપ કરવો.
૪. સ ક્રિ. મનન કરવું; ચિંતન કરવું.

વમિ ૧. [સં.] સ્ત્રી. અગ્નિ.
૨ સ્ત્રી ઊલટી; ઓકારી; વાંતિ; વાનિરોગ; વમન.
૩. સ્ત્રી. ચિત્રકવૃક્ષ
૪. વિ. જેને ઊલટી થતી હોય તેવું.
૫. વિ. ક્ષુબ્ધ; ખુતારું; ક્રૂર.

વમી જુઓ વમિ.

વમેલ ૧. વિ. અયોગ્ય આચાર કરનારું; સન્માર્ગથી ભ્રષ્ટ થયેલું, ચલિત થયેલું.
૨. વિ ઓકી કાઢેલું, વમનરૂપે બહાર કાઢેલું, વમન કરેલું; ઓકેલું

વમેલું જુઓ વમેલ.

વય ૧. પું. વયકર
૨. પું. શિવના ગણનું માર્ગનું એક નામ.
૩. [સં વયસ] સ્ત્રી ; ન. ઉમર; આયુષ્ય; આવરદા; જન્મથી માંડીને અમુકતો જીવનકાળ.
વય પ્રમાણમાં સૌને ભિન્ન ભિન્ન અહીં બધાં,
વહું આગળ બંધીને તે જ છે રામ ઉતરે.
માંગીગીતા
વય થવી = ઉમર થવી; પુખ્તાવસ્થા આવવી.
૪. સ્ત્રી.; ન. યુવાની; યૌવન; જોબન.
વયમાં આવવું = ઉમર લાયક થવું, જુવાનીમાં આવવું.
૫. ન. અન્ન.
૬ ન. આરોગ્ય; શરીરની નીરોગિતા.
૭. ન. પાંખો
૮. ન પક્ષો.
૯ ન. બલિ; આહુતિ.
૧૦. ન. બળ; તાકાત; શક્તિ.

વયગજ ન. (જૂ. ગુ.) રીંગણું; વતાક; વેંગણ.
બોલવડા તિ વયગજ જાણિ,
અણલહ્યાં ફલમૂલ મ આણિ. વિમલપ્રબંધ

વયગરણો પું. (જૂ. ગુ.) ચોપડો લખનાર; વહી લખનાર માણસ

વયજ ૧. [સં. વદન] ન. મુખમુદ્રા; ચહેરો.
૨. ન. મુરલી; વાંસળી.
૩. [પ્રા.] ન. વચન; વેણ; બોલ; વાણી, શબ્દ; ઉચ્ચાર; વચન.
મુખથી બોલે તે અમૃત વયજ જ.
નરસિંહ મહેતો
૪. ન. વિના.

વયદંડ [સં. વચનદંડ] પું. (પ્રાકૃત) દુષ્ટ વચન બોલવા બદલ કર્મથી દંડવો તે

વયધર [સ] વિ. દીર્ઘાયુષી; લાંબુ જીવન ભોગવનાર.

વયન [સં.] ન, વસ્ત્ર તે

વયનચંદ્રિકા [સં.] સ્ત્રી. અમે પહેલાં અમે પહેલા એવી ચડાચડસી. હરીફાઈ
પણ વર્ષો સુધી તો ઈંગ્લંડના ટોરમા સરકારી નોકરીઓની જ અને મારાસ્ત્રકામા વિરોધ રજાઓની માગણીઓના ચલણો અને વર્તમાન વયનચંદ્રિકા , અમે આપણ અમે આપણ અમુ ચોર બાબ્ય ; વિસ્તરતી જ જશે. આનંદશંકર ધ્રુવ

વયસા [સ વયસ્યા] સ્ત્રી. સખી.
વયસ્કા સાહેલી સખી હેતુસહચરી બેહ
અલી કેલી નંદકાતની સર્વ મનાવન તેહ
પિંગળપ્રકાશ

વયસ્ક ૧ [સં.] વિ. ઉમરનું; વયમાં આવેલું, વયનું; ઉમરવાળું, ઉમર લાયક
૨. વિ. ઘરડું; પૂરી અવસ્થાએ પહોંચેલું.

વયસ્થ ૧. [સં.] પું. મિત્ર.
૨ પું. સરપંચ; મધ્યસ્થ; દરમિયાનગીર
૩. વિ. ઉમરમાં આવેલ
૪. વિ તરુણ, યુવાન
૫ વિ. સરખી ઉમરનું.

વયસ્થમતાધિકાર [સં.] પું. પુખ્ત વય મતાધિકાર.

વયસ્થા ૧. [સં] સ્ત્રી. અવસ્થા.
૨. સ્ત્રી આંબલી.
૩. સ્ત્રી. એ નામની એક વનૌષધિ; ઘરડે.
૪ સ્ત્રી. ઘરોલી.
૫. સ્ત્રી ગળો
૬. સ્ત્રી. જુવાન સ્ત્રી.
૭. સ્ત્રી. ઝીણી એલચી.
૮ સ્ત્રી. બહેડાનું ઝાડ
૯. સ્ત્રી સખી.
૧૦. સ્ત્રી. સોમવલ્લી

વયસ્થ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; જગમગણ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં વગણ, રગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે.
વયસ્થે ના ૨ ના છે. પ્રાકૃતપિંગળ
૨. પું. (પુરાણ) એક ઋષિ; અંગિરસનો પુત્ર.
૩. [સં.] પું. દોસ્ત; મિત્ર; સોબતી.
૪. વિ. એક સમવયનું; સમવયસ્ક.
૫. વિ. સમાન વયનું

વયસ્યા ૧. [સં.] સ્ત્રી. જોડકણ; સખી; સરખી વયની સાહેલી; સૈયર; બહેનપણી; સોબતણ.
૨ સ્ત્રી. સોબતણ.
૩. સ્ત્રી ઘરડે

વયસ્તીત [સ વયસ્ (ઉમર) + અતીત (પર ગયેલું)] વિ ઉમર વીતી ગયેલું કે ઘણું; અવસ્થાથી અશક્ત થયેલું, ઘરડું.

વયુન ૧ પું કશ્યપ ઋષિને વિનતાથી થયેલ ચાર માહેનો એક પુત્ર.
૨. [સં] પું; ન. દેવમંદિર
૩ ન જ્ઞાન
૪. ન નિયમ; કાયદો
૫ ન. નિર્ણયતા.
૬ ન. રસ્તો; માર્ગ
૭. ન. રીત.

વયોગત [સં] વિ. ઘરડું થવા આવેલું; ઉમરમા મોટું થયેલ

વયોવસ્થા ૧ [સં.] સ્ત્રી. ઉમરની પાયરી
૨. સ્ત્રી. બુઢાપો; ઉત્તરાવસ્થા; વૃદ્ધાવસ્થા.

વયોવૃદ્ધ [સં વયસ્ (ઉમર) + વૃદ્ધ (વધેલું)] વિ ઘરડું; બુઝર્ગ; ઉમરે વધેલું

વર ૧. પું. મા.દું.
૨. [સં.] પું. આશીર્વાદ; શુભ.ક્રિયા.
૩. પું. ઇચ્છા.
૪. પું. ઇષ્ટ પદાર્થ.
૫. પું. પરિવાર.
૬ પું. ચૂનળ.
૭. પું. જમાઈ.
૮. પું. જેની સાથે કન્યાનાં લગ્ન થવાનાં હોય તે; વરરાજા
૧. જનમાં ગોર જાણે નહિ ને હું વરની ગોર = પોતાની કીમત ન હોય છતાં પોતે મોટકી હોવાનો દેખાવ કરવો
૨. વર ઉમલાવનો = કન્યાના ઘર તરફ વરને પરખાવવા ગઈ જવો.
૩. વર તોરણે આવવો = (૧) બહુ ઉતાવળ હોવી. (૨) વર જોરી આગળ આવવો કે પહોંચવો.
૪ વર મરો કે કન્યા મરો પણ જોરનું તરભાણું ભરો = બીજાનું થવાનું હોય તે થાય પણ પોતાનો લાભ લઈ લેવો.
૫. વર વિનાની જાન = મોવડી વગરનું ટોળું.
૬. વરને કોણ પખાળે ? તો કહે વરના મા = પોતાનું એટલું સારું એમ માનવાપણું.
૭. વરમાથી ઘર જાય = ભરીલ ઘરમા જો સારો મુરતિયો હોય તો પણ સંપત્તિ વસાવી શકે.

૯. પું દાન; સખાવત.
૧૦ પું ધણી, પસંદ કરેલો માણસ; પતિ; સ્વામી, ભરથાર
આત્માને ઓળખે તે વર, ન ઓળખે તે પર. નાનાલાલ
૧૧. પું. પરણવાયોગ્ય પુરુષ
૧૨. પું. પસંદ કરવું તે
૧૩ પું. અભિશ; બેટ
૧૪ પું. યાચના
૧૫. પું. યારે; વ્યભિચારી પુરુષ
૧૬. પું. મરજાદ; પ્રસન્નતાનું દાન; તપશ્ચર્યા કે ઉપાસનાથી જે અભીષ્ટ પ્રાપ્ત થાય તે
૧૭. પું. વિઘ્ન નાખવું તે.
૧૮ પું. વીંટવું તે; વેરવું તે
૧૯ ન કેસર
૨૦. ન ચરબી
૨૧. વિ. ઇષ્ટ; ભલું
૨૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ
૨૩. વિ. બોદું
૨૪. વિ. પસંદ કરેલું
૨૫. વિ. મોટું
૨૬. અ. વળી એવો અર્થ બતાવતો પ્રત્યય જેમકે, માનવર; નામવર
૨૭. અ. શ્રેષ્ઠ; ઉત્તમ એવો અર્થસૂચક એક પ્રત્યય. તે નામને લગાડવામાં આવે છે. જેમકે, નટવર, પંડિતવર.

વરક ૧. [સં.] પું. ઘરઘા.
૨. પું. એક જાતનું ધાન્ય; સામો.
૩. પું. ચોપડીનું પાનું.
૪. પું. જંગલી મૃગ.
૫. પું. ગબ્બો.
૬. પું. પરણવા માટે કન્યાની માગણી કરનાર પુરુષ
૭ પું. પિતપાપડો.
૮. [અ. વરક (પાંદડું)] પું. સોના રૂપાનું કે પાતળું પાનું કે પતરું; વરખ; રૂપેરી કે સોનેરી પાનું.
૯. ન. કુવાદ
૧૦. ન. વહાણ હાંકવાનું વલ્લ.

વરકન્યા ૧. ન બ વ. પરણનાર સ્ત્રી અને પુરુષ. પરણવું સ્ત્રી પુરુષનું જોડું; લગ્ન થવાના હોય તેવા સ્ત્રી પુરુષનું જોડું. વરકન્યાની યોગ્યતાના વિષયમાં યોગશાસ્ત્રકાર શ્રીહેમચંદ્રાચાર્ય કહે છે કે, જેનું કુળ અને શીલ સમાન હોય અને ભિન્ન ગોત્રવાળાં હોય તેવાં વરકન્યા પરણી શકે. કુળ સમાન ન હોય તો તેઓમાં કુસંપ થાય, પ્રેમભાવ ન રહે. તેથી બંનેનું કુળ સમાન હોવું જોઈએ. તેઓનાં શીલ સ્વભાવ, આચાર વિચાર, ખાનપાન તથા અવતાર પણ સમાન હોવાં જોઈએ. નેમ. જિનના હોય તો રોજ નેત્ર ચાનુ રહે. સયમપૂર્વક, શાંતિપૂર્વક, નિરિને સસારવ્યાપાર અતીત કરવી એ જ ગૃહસ્થ ધર્મનો સાચો ઉદ્દેશ છે ગૃહસ્થ ધર્મમાં આ ઉદ્દેશની સિદ્ધિ માટે સ્ત્રી ને પુરુષ અને પુરુષ ને સ્ત્રી સાથી રૂપ થાય છે. સુખમાં, દુઃખમાં, ચિંતામાં તેઓ એક બીજાના સાથી છે ઘરનાં કામો સારી રીતે નિભાવવાં, આવેલ અતિથિઓનો સત્કાર કરવો, બાળબચ્ચાંની સંભાળ રાખવી, ધર્મધ્યાનમાં પોતાના પતિને સહાય દેવી, સાચી સલાહ આપવી, સારા કાર્યોમાં મદદ કરવી, ઘરનાં કામો કરવાં એ સ્ત્રીના ધર્મ છે. અને આ કામો માટે સંસારમાં રહેવા છતાં ધર્મકર્મો [illegible] પુરુષ ઉપર બંધ કરી પોતાના [illegible] છે સમની ઉન્નતિ ધરાવતા યવાન તથા [illegible] કયા કયા ગુણ હોવા જોઈએ તે સબંધે શાસ્ત્રકારોએ કહ્યું છે કે, વર સારા વશનો, સદાચારી, સ્વચ્છંદી નહિ પણ કોઈના અંકુશમાં રહેનાર, ધર્મ ન હોય પણ વિદ્યાવાન, ધનવાન, પોતાનું તથા પોતાનાં કુટુંબી જનોનું પોષણ કરી શકે તેવો, શરીરમાં કોઈ પ્રકારનો ખાસ રોગ ન હોય, કન્યાને યોગ્ય ઉંમરવાળો, કન્યાથી નહિ બહુ મોટો નહિ બહુ નાનો, આ સાત ગુણવાળા પુરુષને પ્રાપ્ત કરનારી સુખની ભાગ્યશાલી થાય છે. ધર્મમાં અનુરાગવાળી, વિવેકયુક્ત, શાંત સ્વભાવવાળી, સતી, કોમળ હૃદયવાળી, ઉત્સાહયુક્ત, મધુરભાષિણી, પ્રત્યેક કર્મમાં કુશળ, સુંદર લક્ષણવાળી, સુંદર આચરણવાળી, સારા ગુણોથી યુક્ત. રાજનીતિને સારી રીતે સમજવાવાળી, પ્રસન્ન ચિત્તવાળી, દાન દેવાની રુચિવાળી, સદ્બુદ્ધિવાળી, સંતોષવૃત્તિ રાખવાવાળી, વિનયશીલા અને સદ્ભાગ્યવતી આટલા ગુણોવાળી સ્ત્રી એ સ્ત્રી નહિ પરંતુ શ્રી છે, લક્ષ્મી છે

વરખ ૧. પું આરસી પછવાડે કરેલું પારા સાથેનું કલઈનું પડ.
૨. પું. એક જાતનું સોના ચાંદીનું પાતળું પતરું; પાનનું પડ; વરક
૩ [સં. વૃષભ (બળદ)] પું બળદ
૪. પું ભીંતડું; પોપડી; પડ
૫ પુ (જ્યો.) વર્ષ; વરસ
૬ પુ ઝાડ, ઝાડ
૭ સ્ત્રી (જ્યોતિષ) આઠ મોંઢાની બીજી રાશિ; વૃષભ રાશિ. તેના વર્ષો બ, વ અને ઉ છે.

વરખગર વિ સોના ચાંદીના વરખ બનાવનાર.
વરખડી (વરખડો) ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. કપાસનો છોડ

વરખડો (વરખડો) ૧. [સં. વૃક્ષ] પું. એ નામે એક ઝાડ
૨. પું. એક જાતનું સુતારનું લોઢાનું ઓજાર. તે લાકડાં ઉતારવાના કામમાં આવે છે
વરખડો ભરવો ૦ બળાત્કારે કે ધમકીથી લેવું
૩. પું. વૃક્ષ; ઝાડ; તરુ
વરખવું ૧. અ. ક્રિ. વરસવું; વરસાદ પડવો.
૨. અ ક્રિ. વરસાદ જેમ પડવું કે રેડવું
૩. સ ક્રિ નવાજિશ કરવી; વરસાદની જેમ ઉપરથી આપવું કે વેરવું
વરખસંક્રાંતિ સ્ત્રી એક પ્રકારની સંક્રાંતિ.
વરખા સ્ત્રી. વર્ષાઋતુ.
વરખાસન ન. વાર્ષિક પગાર; વર્ષાસન; સાલિયાણું; વરસની આખરી બદલ આપવાનું ઠેરવ્યું હોય તે.
વરખી વિ વરખવાળું; જેના ઉપર વરખ ચઢાવેલું હોય તેવું.
વરખી હરતાળ સ્ત્રી. પીળી હરતાલ; પીળો સામલખાર.
વરખોળવું સ. ક્રિ. ફેંદવું; ફેલવું.
વરગ ૧. પું. તરફેણ; પક્ષ.
૨. પું. પીરણ; વર્ગ.
૩. પું. મામા; જમા
૪. પું. વરખ.
વરગણી ૧. સ્ત્રી. વર્ગણી; વહેંચણી; વર્ગ કે ભાગ પાડવા તે; ઘટતા ભાગે વહેંચણ કરવી તે.
૨. સ્ત્રી વળગણી.
વરગતિ [સં.] સ્ત્રી ઉત્તમ ગતિ; મોક્ષગતિ.
વરગી સ્ત્રી બે માંહેની એક પ્રકારની હરતાલ પુસ્તક સંશોધનમાં તે ઉપયોગી છે. તેને ભાંગતાં વખતમાં સોનેરી વરખના જેવી પતરીઓ દેખાય છે માટે તેને વરખીહરતાલ એ નામથી ઓળખવામાં આવે છે
વરગેડ (વરગેડ) જુઓ વરઘેર.
વરઘોડિયો (વરઘોડિયો) પું. વરઘોડામાં ગયેલો માણસ; વરને ઘેરવા જતી ટોળીમાંનો માણસ.
વરઘોર સ્ત્રી. કન્યાપક્ષ તરફથી વરને સામે તેડવા જતા ગોડા ઘોડની મંડળી; વરગેડ. તે દાપું પહોંચવા માટે વરની જાનને રોકી રાખે છે.
વરઘરિયો જુઓ વરઘોડિયો
વરચેલી વિ. સ્ત્રી સ્વામી પ્રત્યે બહુ પ્રેમવાળી; પતિપ્રેમમાં ઘેલી બનેલી.

વરઘોડ (વરઘોડ) જી આવેલી જનને અટકાવી તેની પાસે દાપું લેવા જનાર ગાડી અને તેમાં બેસે એવો જે માણસ.

વરઘોડિયાં (વરઘોડિયાં) ૧. ન. વ ઇ. નાસ્તો કરવા વર જોડે જતાં જનનાં છોકરાં.

૨. ન. વ. વ. પરિણીત વરકન્યા; નવદંપતી.

૩. ન. વ. વ. લગ્નના વરઘોડામાં જતાં છોકરાં

વરઘોડો (વરઘોડો) ૧. પું. કજેતી.

૧. વરઘોડે ચડવું = (૧) જાહેરમાં આવવું; જાહેરમાં આગળ પડવું (૨) કજેત થવું

૨. વરઘોડો કરવો = (૧) કજેતી કરવી (૨) વરઘોડે ચડાવવું

૩. વરઘોડો કાઢવો = (૧) ધર્તિંગ ઊભું કરવું; વિઘ્ન આણવું. (૨) કજેતી કરવી. (૩) વરઘડાનો કરવો

૪. વરઘોડો નીકળ્યો = (૧) કજેતી થયો (૨) વરઘોડો ચઢ્યો

૨. પું. લગ્નનું સરઘસ; પરણવા જતા વરની સવારી

૧. વરઘોડાની ચડી-ઝોકા = (૧) કષ્ટિકા (૨) ખોટા દમામવાળું

૨. વરઘોડો ચડ્યો = લગ્નનું સરઘસ ઊપડવું; વરને લઈ જવું સાજ નીકળવું

૩. પું. વરનો ઘોડો; વરરાજાને બેસવાનો ઘોડો.

૪. પું. સરઘસ; સવારી.

વરઘડાયો (વરઘડાયો) ૧. ન. વર જ્યારે પરણવા જાય તે વખતે ગવાતું ગીત.

૨. પું. વરનું પરણવા નીકળવું તે.

વરઘવું અ. ક્રિ. કંટાળવું; કાયર થવું.

વરઘસ પું. ભીનને ઓરિયાળું કરવાની રીત; ઠપકો આપનારને ઓરિયાળું કરવા રીસમાં અને જુસ્સામાં કંઈ કરવું તે.

વરચંદન ૧. [સં.] ન. કાળું અગર

૨. ન. દેવદાર.

વરચાવવું સ. ક્રિ. ઉચ્ચારાવવું; બોલાવવું; કહેવડાવવું

વરચાવું અ. ક્રિ. ઉચ્ચારવું; કહેવું; બોલવું; વદવું.

વરજ ૧. [સં.] ન. દૂર કરવું તે; ત્યાગ; વર્જવું તે.

ક્રોધ પ્રમાદ મૂક્યા વરજ, લોપવ્યુ પાપે અલ્પવરજ. પ્રેમાનંદ

૨. ક્રિ. જોખમ; મોવું.

વરજવું અ. ક્રિ. વર્જવું; છોડી દેવું; તજવું; ત્યાગવું.

વરજ્ય વાડ્મ કેરાં મંત્ર, અંધારે આપ્યુ તે વંત્ર. અખા

વરજંગ [સં. વર (મોટું) + જંગ (લડાઈ)] પું મોટી લડાઈ; મહાન વિગ્રહ; જબરો જંગ; ભારે યુદ્ધ

વરજાતિ પું (પિંગ) એ નામે એક સમવૃત્ત (મૂર્ણમેળ છંદ તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં. ભગણ, સગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે

આ સ ન વરજાતિ. રા.પિંગળ

વરજોગ [સં. વર + યોગ (ગ્ય-)] ક્રિ. જો વરને લાયક; પરણવા લાયક; લગ્ન કરવા યોગ્ય; ઉંમર લાયક. બીને માટે તે શબ્દ વપરાય છે

વરજોડ (વરજોડ) જુઓ વરજોર

વરજોળો ૧. પું. અપસ્મૃતિ; આળસના કાંકરા; બેબાકળા; નાસોસી; નાલેસી. ગભરાટ; કજેતી.

૨. પું. ઉચાટ; સંતાપ; ફિકર; ચિંતા; કંટાળો આવે એવો ઉદ્વેગ; પીડા; સંકટ; બા.ક્રિ.

વરજોળો જુઓ વરજોગો

વરટ ૧. પું. એક જાતનો ડોડો; ભમરો.

૨. [સં.] પું હંસ

૩. ન. ગળેથી કુલેલું એક જાતનું દરિયાઈ પક્ષી. તે પક્ષી સંખ્યાબંધ માણસોનો ખાદ્ય વાળે છે.

૪. ન. મોગરાનું ફૂલ.

વરટપતિ [સં. વરટ (હંસ) + પતિ (ધણી)] પુ. રાજહંસ; હંસોનો નાયક.

વરટા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ડોડો; ભમરો, ભમરકોટ; ડંખ મારતી માખીની એક જાત

૨. સ્ત્રી. કસ્તાનું બી

૩. સ્ત્રી. ઘૂંઘણી, હસી.

વરટાપતિ [સં.] પું. ઘૂંઘણીઓનો સ્વામી.

વરડ (વરડ) ૧. પું. એ નામનો એક કર.

૨. પું. વૈદ્ય; ચીરો.

વરડવું (વરડવું) ૧. સ. ક્રિ. ઉચ્ચરડવું; બબડવું.

૨ સ ક્રિ. મરડવું; મસળવું.

૩. સ. ક્રિ. વર્મ પાડવા.

વરડુ (વરડુ) ન. દૂરત ઉચ્ચાર કે દીર્ઘ ઉચ્ચાર માટેનું ચિહ્ન; બંજન સાથે જોડાતું ઉ કે ઊચ્ચારનું _ કે _ આવું ચિહ્ન.

વરડું (વરડું) ન. વેદું; ફૂટેલો કે કપાયેલો કઠોળનો દાણો; વાલ ચટાણા, મગ વગેરેનો કપાયેલ દાણો; કઠોળનો કપાયો.

વરણ ૧. પું. અક્ષર.

૨. પું. ઇંદ્રનું એક નામ

૩. પું. ઊંટ

૪. પુ. પુલ, સેતુ

૫. [સં. વર્ણ] પું. રંગ.

૬. પુ. વરુણ વૃક્ષ.

૭ પુ વૃક્ષ; ઝાડ.

૮ પુ ચરિત્રનો વાત

૯ સ્ત્રી અક્ષરી; લેખું

૧૦ સ્ત્રી જાતિ, જાત; પ્રકાર; ભાત.

૧૧ ન અર્થ; કામ.

૧૨. ન. કન્યા આપવા માટે જમાઈને એક પ્રકારની પ્રાર્થના કરવી તે,

૧૩. ન. કન્યાની પસંદગી.

૧૪. ન. કાળું ઝરાવદાર પૂંછડીવાળું, ખિસકોલીના જેવા મોઢાવાળું પણ કદમાં મોટી બિલાડી જેવડું, રાત્રે ભટકતું એક પ્રાણી. આ પ્રાણી સુરત જિલ્લામાં જોવામાં આવે છે.

૧૫. ન. કિલ્લો; કોટ

૧૬ ન કૃપા; અનુગ્રહ

૧૭. ન. ઘેરવું તે.

૧૮. ન. (પિંગળ) ગણની સંજ્ઞા.

૧૯. ન. ચૂંટણી; વરણી; વરવું કે પસંદ કરવું તે.

૨૦. ન. ઢાંકણું; આવરણ.

૨૧. ન. પરણી.

૨૨. ન પૂજા કરવી તે; અર્ચના.

૨૩. ન. મકાઈ કિંમામાં ખાવાના વગેરેની પસંદગી કરવી તે; કાંકુ આંખવું તે.

૨૪. ન. વાસણ બળવું કરવા તેના ઉપર બસાતી એક જાતની પીળાશ પડતી માટી.

૨૫. ન. વાસણ અને વળીઓ કે જે છાપરાં ઉપર ઢાંકણ માટે વપરાય છે તે.

વરણાગ ૧. પું. પાણીમાં બળતી જ્વાળા; વડવાનલ

૨ [સં. વર્ણ] ન કડી; છંદ.

૩ ન વખાણ; પ્રાર્થના; સ્તુતિ; વર્ણન.

વરણવવું સ. ક્રિ. વર્ણન કરવું.

સાજ આવે બાણી રે, લીલા રઘુપતિની વરણવું રે. પ્રેમાનંદ

વરણાઈ જી. પાછળ બાંધેલી ઊંટ ચૂનાની ઠીબડી

વરણાગત જુઓ વરણાગી.

વરણાગિયું વિ. ઢેલ; દેખાવ; ઠાંકણું; છબરી, ઠસાઈવાળું; ઠાઠડીપવાળું; બબડો કરનાર; વરણાગી કરનારું; ઢેલિયું; કોઢીલું.

વરણાગી ૧. સ્ત્રી. બકવાસ; લાલાઈ; બાકરી.

૨ સ્ત્રી ચતુરાઈ.
૩ સ્ત્રી. જુવાનીનું જોર કે તોર.
૪. સ્ત્રી ટાપટીપ, બનાવ; સારા કે રૂપાળા દેખાવું તે; છેલ્લાઈ પૂર્વે સ્ત્રીઓ મોઢા ઉપર કોઈક રંગ લગાડતી તે ઉપરથી વરણાગી એટલે ટાપટીપ કહેવાય છે
૫. સ્ત્રી. મોહ પામેલી સ્ત્રી; મુગ્ધા.
૬ સ્ત્રી લગ્ન વખતની એક ક્રિયા
૭. સ્ત્રી. વરણાગિયાઓનો વરઘોડો કે ઠાઠ

વરણાગીર વિ. ટાપટીપ કરનાર.

વરણાગું વિ. મોહિત; લંપટ.

વરણાવરણ ૧. સ્ત્રી. ચૂંટણી કે પસંદગી; રવાકરે.
૨. સ્ત્રી. વસ્તુ,પ્રસંગમાં; વરણાવરણી

વરણાવરણી ૧. સ્ત્રી. ન્યાતજાતના ભેદ; બાર વગરની વરણો, નાતો કે ઘેટા નાતો હોવી તે.
૨. સ્ત્રી. ન્યાતજાતની ચૂંટણી; માણસની ન્યાતજાત પ્રમાણે જુદા જુદા તહેવાર પાડવા તે.
૩. સ્ત્રી. વસ્તુ,પ્રસંગમાં; નાતજાત.

વરણાવું અ. ક્રિ. પીઠ વડે, પાકવા ઉપર આવવું. જેમકે, કેરીઓ વરણાઈ છે

વરણી ૧. સ્ત્રી. ઊંઢણી.
૨. [સં. વરણ] સ્ત્રી. ક્રિયાકર્મ કરાવવા બ્રાહ્મણ આદિને પસંદ કરી તેનું પૂજન કરવું તે.
૩. સ્ત્રી. મણતર; સેળુ.
૪. સ્ત્રી. ચૂંટણી; પસંદગી.
૫. સ્ત્રી. ટાપટીપ; બનાવ.
૬. સ્ત્રી. પાકળ બાંધેલી ઈંટ ચૂનાની ઊતરાણ.
૭. સ્ત્રી. પારસીમાં લગ્નને દિવસે વર તરફથી કન્યાને આપવામાં આવતી બક્ષિસ.
૮. ન પાણી
૯. વિ સ્ત્રી. રંગવાળી; રંગની.

વરણીય ૧. [સં] વિ. પૂજનીય; પૂજ્ય.
૨. વિ આમંત્રવાને યોગ્ય; જેમવવાને યોગ્ય.
૩. વિ. વર્ણન કરવા યોગ્ય.

વરણીવેશ પું. બ્રહ્મચારીનો વેશ

વરણીશ પું. બ્રહ્મચારીમાં મુખ્ય; મોટા બ્રહ્મચારી.

વરણું ૧ ન. વરપક્ષ તરફથી વિવાહ વખતે કાળમા મૂકવાનાં લૂગડાં વગેરે તે.
૨. વિ. રંગતુ.

વરણો ૧. [સં. વરણ] પું. એક વનસ્પતિ; વાવરણો. તે સુશોભિત ઝાડ છે. ઈંડર રાજ્યમાં આ જગાએ ઝાડ મોટું થાય છે. તેના બીજીની પેઠે ત્રેણડાં પાન થાય છે. સોપારી જેવાં મોટા ફળ થાય છે. તેનો સ્વાદ કડવો અને તીખો છે. આ ઝાડ હિંદના બધાખરા ભાગમાં થાય છે. નદી કાંઠે સામાન્ય રીતે તે માલમ પડે છે
૨ સ્ત્રી નદીના પૂર્વ તરફના હિમાલય તરફના પ્રદેશમાં બધી સખ્યામાં ઊગે છે તેની છાલ તાકાત આપનાર મનાય છે. છાલ અને મૂળિયા પેશાબ, પત્થરો સોજો, તાવ અને ચામડીના રોગ માટે અકસીર છે. પાન બહુ ગરમ હોવાથી ઉદરગેસ મટાડે છે. વાયુના ઉપદ્રવથી બનતી પથ્થરી પણ તેનાથી મટી જાય છે. જહરાબિ પ્રસિદ્ધ કરી ઝાડો પણ સાફ આવે છે. તેના કુમળાં પાન અને મૂળની છાલ રાતો રંગ કાઢવામાં વપરાય છે. ચા ઉપર તેનાં પાનનો રસ અપાય છે. નાકનું હાડકું જો સડવું હોય તો તેનાં પાંદડાનો ધુમાડો સુધરો અસરકારક મનાય છે તેનું લાકડું હોલ, પાટિયાં અને કાગળ બનાવવામાં ઉપયોગી છે લાકડાને કૂટીને ચૂના સાથે ભેળવવાથી સીમેંટ જેવો પદાર્થ થાય છે તેની છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે
૨. પુ. દિવાસળી બનાવવાનું લાકડું.
૩. ન વ્રત; બાધા, નિયમ.

વરત ૧ પુ; સ્ત્રી ઢોરને બાંધવાનું જાડું દોરડું.
કૂવામાં ઊતારી વરત કાપવી = અધવચ્ચ દગો દેવો.
૨ સ્ત્રી. દોરડી. ચરાઈ માટે લેવાતું ભરવાડ, રબારી, માલધારી આદિનું અકેનતાણું
વાછડી વરતમાં કૂણી = બાજમાં ઘર ગુમાવ્યું.
૩. ન. ઇચ્છિત વસ્તુ મેળવવા માટે દેવને કષ્ટ આપીને નિયમ સંયમ રાખીને કોઈ દેવનું પૂજન આરાધન વગેરે કરવું તે; વ્રત નિયમ.
૪. ન. ઉખાણું, સમસ્યા; કોયડો

વરતડી (વરતડી) સ્ત્રી. કાચા કે સુતરનું દોરડું; કોડાને નીચે બાંધવાનું દોરડું; પાતળું વરત કે દોરડું; પાતળો દોર; નાનુ દોરડું

વરતણ સ્ત્રી. ગામ ઓકિયત કે રાવળાબાહ્ય જમીન.

વરતણિયો ૧. પું. ગામનો ચોકીદાર; ભલામતો.
૨. પું. ચોરી ચોરી આપનાર પત્ની.
૩. પું. રાવણિયો; ગામનો રખેવાળ
૪. પું. વગાવો; ભોમિયો; વગાવિયો; મુસાફરને બીજા ગામ સુધી સહીસલામત વગાવી આપનાર મનુષ્ય

વરતનુ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમણ છંદ; માલતી. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા નગણ, બે જગણ, અને રગણ એમ બાર અક્ષર હોય છે. તેમાં પાચમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. સ્ત્રી. સુંદર સ્ત્રી
૩ [સ.] વિ સ્ત્રી સુંદર સ્ત્રીવાળી.

વરતબંધણાં ન. બ. વ. વરત કે દોરડાંને બાંધવાના લૂગડાના કકડા, સીંદરી વગેરે

વરતલા પુ. કાપડો; આળોતિયું; બાળોતિયાંનો કકડો

વરતવું ૧ અ. ક્રિ. આજ્ઞાવિધિ ચલાવવી; નિર્વાહ કરવો, ગુજરો કરવો
૨ અ ક્રિ. જણાવું; ભાસવું; લાગવું
૩. અ ક્રિ થવું; બનવું
૪ અ ક્રિ વર્તવું; ચાલવું, આચરવું
૫. સ ક્રિ. પારખવું; જાણવું; ઓળખવું.
૬. સ ક્રિ ભવિષ્ય કહેવું.
૭. સ ક્રિ. મળવું; પ્રાપ્ત થવું
૮ સ ક્રિ રીત આપવી. જેમકે, બકરાંને કંઈ વરત્યા નહિ.

વરતારો ૧. પું. આગળથી ભવિષ્ય જણાવવું તે; ભવિષ્યકથન; અનુમાન; જગમચેતી; જ્યોતિષનો ફળાદેશ.
વરતારો કાઢવો–જોવો = ભવિષ્ય ભાખવું; જોષ જોવા
૨. પું. ઓળખાણ; પિછાન.
૩. પું. ગ્રહ, યોગ વગેરેનું મંત્રિત.
૪. પું. જોષી; ગ્રહ કે ભવિષ્ય જોનારો માણસ.

વરતાવ પું. ઓળખાણ; વર્તન.

વરતાવવું ૧ સ ક્રિ. ઊંઘી દેવું; વેડફી નાખવું.
૨. સ. ક્રિ. ઓળખાવવું; પિછાણ આપવી.
૩ સ ક્રિ. જોવરાવવું.
૪. સ. ક્રિ. ધંધે લગાડવું; રોજગારે લગાડવું.
૫. સ ક્રિ પ્રસિદ્ધ કરવું; ફેલાવવું.
૬ સ. ક્રિ. વરતે કે આચરે તેમ કરવું.
વશ વરતાવવું = કોઈની સત્તા નીચે કામ કરવાની ફરજ પાડવી.
૭. સ. ક્રિ. વહેંચી દેવું; અપાવી દેવું.

વરતાવું ૧. અ ક્રિ. અપવું; વપરાવું.
૨. અ. ક્રિ. પથરાવું, પ્રસરવું.
૩. અ ક્રિ. પોષાવું.
૪. અ. ક્રિ. લાગવું; જણાવું.

વરતિ પુ. શ્રાવકનો જાતિ.
૨. સ્ત્રી વૃત્તિ.

વરતિક ૧. પું. કાસકોનો કારીગર
૨. પું. શ્રાવકોનો જાતિ.
૩. પું. વ્રત પાળવામા કાળજી રાખનાર માણસ
૪. ન. વર્ષાસન તરીકે કાર્યપત્ર મળે તે.

વરતિયો ૧. [સં. વ્રત] પું. ગોરજી.
૨. પું. જૈન સાધુ કે મુનિ; વરતિક; શ્રાવકોનો જાતિ.

મળે વેરાગી વરતિયો, મળે રજસ્વલા રડ,
વણ ટીલે વાડજ મળે, તો દૈવતણો એ દડ
મદનમોહના

૩. પું. જ્યોતિષી; જોસો; વરતારો કહેનાર માણસ; ભવિષ્યકથક

૪ પુ. વ્રત રાખવામાં કાળજી રાખનારો માણસ.

૫ વિ. વ્રતનું પાલન કરવામાં તત્પર.

વરતી ૧ પુ. આવકોનો અંત; વરવિક.

૨. [સં. વૃત્તિ] સ્ત્રી ઇચ્છા; વૃત્તિ.

૩ સ્ત્રી. ધણી; ગ્રામપ્રાન્ત.

૪. અ. પછી; કરે, અનંતર; બાદમાં; પછવાડેથી.

વરતી કાઢો, વરતી કાઢો સ્ત્રી. એક દેશી રમત. ગમારાઓના બે પક્ષ પાડી બંને પક્ષનો એક એક નાયક કરાવવો. બીજા બધા દૂર ચાલ્યા જાય. પછી બને નાયકો કોઈપણ એક ફળ પસંદ કરીને મનમાં રાખે. પછી એક પક્ષને બોલાવી તેનો આગેવાન તેને ધારી રાખેલા ફળના આકારની બોબાબાણ જણાવે અને વરતી કાઢો, રે વરતી કાઢો એમ કહે. એ છોકરાઓએ એ ફળને વરતી કાઢવું જોઇએ. પછી બીજા પક્ષને બોલાવી તેને પણ તેમ આપે. જો બંને પક્ષ વરતી કાઢે અગર ન વરતી શકે તો રમત ફરીને શરુ થાય. એક જ પક્ષ બોબાણ કાઢે તો જે ન બોબાણે તેના બધા છોકરા દસબીસ ઊઠબેસ કરે.

વરતું વિ. વર; શ્રેષ્ઠ.

વરતેજી સ્ત્રી. મુસલમાનની એ નામની એક જાત.

વરતોળું ન. નિયમ; વ્રત.
મારે વરતોળું કર્યા કરે એહવરી કરે અજંપ.
ગોવિંદરામ

વરત્ર પું. ચામડાનો પટ્ટો.

વરત્રા ૧. સ્ત્રી. ચામડાનો પટ્ટો.

૨. [સં.] સ્ત્રી. વરતડી; વરત.

૩. સ્ત્રી. હાથીની કમરે બાંધવાની ચામડાની દોરી; હાથીની કૂખ ઉપર બાંધવાનો દોર.

વરદ ૧. [સં. વર (વરદાન) + દ (આપનાર)]
પું. વિષ્ણુનાં હથિયાર માટેનું એક નામ.

૨. પું. જાતિ કર્મ માટે રખાયેલો અગ્નિ.

૩. પું. શિવનાં હથિયાર માટેનું એક નામ

૪. પું. સૂર્યનું એક નામ.

૫. ન. ઘરની ૨૯૪ જાત માંહેનું એક જાતનું બહારસુકત ત્રિકાળ ઘર.
જે ત્રિકાળ ઘરના મુખ આગળ પણ અલિંદો હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, તે પણ મુખ પૂર્વમાં હોય તો તે વરદ નામે ઘર કહેવાય. હજારીલાલ

૬ ન. નિરદ; પક્ષ; ટેક; પ્રતિજ્ઞા.
બાનુ પોતાનું જોઈ ચાલે વરદ તે. દયારામ

૭. વિ. આશીર્વાદ આપનું.

૮. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૯. વિ. વરદાન આપનારું; કૃપાળુ; વરદાયી; દાતા; દયાળુ.
વરદ હસ્તરેષાઓ અનાદિ દેવને માનવમાત્રને ઉન્નત ગંડસ્થળે ચાપીને મહામુનિ આસિત દે છે. સપ્તમિત્રા

૧૦. વિ. શુભ; કલ્યાણકારક.

૧૧ વિ. સાનુકૂળ.

વરદક્ષિણા [સં] સ્ત્રી લગ્ન સમયે કન્યાના પિતા તરફથી વરને આપવામાં આવતું ધન; દહેજ; દાયજો.

વરદચતુર્થી [સં.] સ્ત્રી. માઘ સુદિ ચોથનો દિવસ. તે દિવસે ગણપતિનું પૂજન કરાય છે. બંગાળામાં પ્રસિદ્ધિ વરની પ્રાપ્તિ માટે સ્ત્રીઓ તે દિવસે વ્રત કરે છે.

વરદમુદ્રા સ્ત્રી. (બૌદ્ધ) એ નામની એક મુદ્રા. તેમા જમણો હાથ વરદાન આપવાની સ્થિતિમાં અને ડાબા હાથની કોણી સામેની બાજુએ રાખવાનાં આંગળા, નીચેની બાજુએ લટકતા રાખવામાં આવે છે.

વરદરાજ ૧. [સં.] પુ. વિષ્ણુ.

૨. પું. વરદાન આપનાર માણસ.

૩. પું. શ્રીકૃષ્ણ.
શ્રી મહા પૂજ્ય વરદરાજ મહા વલ્લભ કૃતાંત કાળ. દયારામ

વરદર્શન [સં.] ન. (જૈન) કેવળ દર્શન.

વરદલક્ષ્મીવ્રત [સં.] ન. શ્રાવણ માસના શુક્લવારે લક્ષ્મીનું પૂજન કરી કરવામાં આવતું વ્રત.

વરદવાળું વિ. વર પામેલું; વરદાન પામેલું.

વરદહસ્ત ન. વરદાન દેનારો હાથ.

વરદા ૧. સ્ત્રી અયમયા, આસાય.

૨ સ્ત્રી આદિત્ય ભક્તા.

૩. સ્ત્રી. કન્યા.

૪. સ્ત્રી. કાનડામાં આવેલ તુંગભદ્રા નદીની એક શાખા.

૫. સ્ત્રી. દાતા સ્ત્રી.

૬ સ્ત્રી દુર્ગા.
આનંદને ઉત્પન્ન કરનારાં તમે વરેણ્યા, વરદા, ભવિષ્યા, વરવર્ણિની, ભવિષ્યા, વરારોહા, વરારોહા, નીલગંગા, સોમ્યા અને સર્વદા સોમ સોમપ્રદા એવી રીતે દસ પ્રકારનાં દુર્ગા કહેવાઓ છે.
ભગવતી ભાગવત

૭ સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એક નદી; વર્ષા નદીનું નામ
શ્રી બોપદેવ પંડિત વરાડ પ્રાંતમાં વરદા (વર્ધા) નદી કાંઠે બેદપદ નામના ગામડામાં શક ૧૧૮૨માં જન્મ્યા હતા. પુરાતત્ત્વ

૮. સ્ત્રી વારાહી દેવ.

૯. સ્ત્રી. સરસ્વતી

૧૦. સ્ત્રી. સીતાનાં હથિયાર માટેનું એક નામ.

૧૧. વિ સ્ત્રી. વરદાન દેનાર; વરદાયક; કૃપાળુ; વરદ.

વરદાચતુર્થી સ્ત્રી. માઘ સુદિ ચોથ. તે દિવસે દુર્ગાદેવીનો ઉત્સવ થાય છે.

વરદાન ૧. ન. આશીર્વાદ; દુવા; શુભાશિષ; કૃપાપ્રસાદ; વર.

૨. ન. ભક્તની ભક્તિ કે તપ વગેરેથી પ્રસન્ન થઈ દેવ, દેવી કે સતે તેની અભિલાષા પૂરી થાય એવું વચન આપવું તે.
સહિઅર સાહી સુજ કરિ આવઈ પહોતા વરદાન
તે અવધનાં એ. ઉમાદેવ

વરદાનતીર્થ [સં.] ન મહાભારતમાં બતાવેલું એક પ્રાચીન તીર્થ જ્યાં વિષ્ણુએ દુર્વાસાને વરદાન આપ્યું હતું.

વરદાની ૧. પું. ભગવાન.

૨. વિ. વરને આપનાર; મનોરથ પૂર્ણ કરનાર; વરદાયક.
તેને વામનજી નિરમાની, અહિદ્વારે બન્યા વરદાની.
નિષ્કુળાનંદ સ્વામી

વરદાભ ન. માગધ તીર્થ અને પ્રભાસ તીર્થના મધ્ય ભાગે આવેલું એ નામનું એક તીર્થ.

વરદાયક વિ. વરદાન આપનાર ; કૃપાળુ.

વરદાયિની [સં. વર (વરદાન) + દાયિન્ (આપનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)]
વિ સ્ત્રી. વરદાન આપનારી. તે દેવીને માટે વપરાય છે.
ઓ શાંત મૂર્તિ ! વરદાયિની કુલ દેવી, તારી કૃપાકિરણથી મ્હારૂં ભલું જ થશે. નાનાલાલ

વરદાયી [સં. વરદાયિન્] વિ. વર આપનાર; કૃપાળુ.

વરદાળી વિ. સ્ત્રી. બિરુદાવળી; મોટા મોટા બિરુદ ધારણ કરનારી.

વરદી ૧. [અ વર્દી] સ્ત્રી. આજ્ઞા; હુકમ.
વરદી આપવી = (૧) સૂચના કે હુકમ આપવો (૨) હુકમ પાળવાની ભલામણ કરવી.

૨. સ્ત્રી અખબર; કહેણ; સૂચિત્રો; કોઈ કામકાજને માટે આગળથી આપવામાં આવતી ખબર.
તે પછી વરદી પહોંચતા જ સર્વે સાથ સહિત બંને રાજ્યોરો ત્યા આવીને બાજુઓ ઉપર વિરાજ્યા. દલપતરામ સૂર્યરામ

વરદી કરવી–પહોંચાડવી = ભાણું કરવી.

૩. સ્ત્રી. પરવાનગી; રજા.

વરદી માગવી = રજા માગવી, હુકમ માગવો.

૪. સ્ત્રી. સિપાઇઓ, અમલદાર વગેરેનો આસ પોશાક; 'યુનિફોર્મ'

વરદીરિપોર્ટ પું. આડવાડિયાના કામનું પત્રક.

વરદુમ ન. અત્તરનું ઝાડ.

વરધ ૧. સ્ત્રી કોશનું હોરડું; વરત.

૨. સ્ત્રી પાણીનો ઘડો.

વરધ ભરવી = (૧) લગ્નને દિવસે ગોત્ર જ પૂજા માટે બેઠકમાં પાણી લાવવું. (૨) વૃદ્ધિ શ્રાદ્ધ કરવું. તેમાં ગાગરડીમાં પાણી હોય છે ને તે ઉપર શ્રીફળ હોય છે.

૩. સ્ત્રી. લગ્નના અને મડપ મુહૂર્તના વચ્ચે વચ્ચેનો એક દહાડો.

૪. [સં. વૃદ્ધિ (અભ્યુદય)] સ્ત્રી. લગ્નના મુહૂર્તની આડે રહેલ દિવસો આંહેનો પ્રાય: દરેક દિવસ.

૫. સ્ત્રી. વધારો; ફાયદો; લાભ.

એ કોઈ અણમુલ્યું કહે લગને રે,
તેની ખોટ વરધ છે અમને રે. દેવીદાસ

૬. સ્ત્રી. વિવાહમાં કુંભારને ઘેર વાસણ લેવા જતાં ગીત ગાતાં ગાતાં જવું તે; લગ્નપૂર્વની એક મંગળ વિધિ.

મેં તો થાળ ભર્યો રે સત્ય મોતીએ રે,
હું તો વરધ વધાવને જાઉં.
મારે સોના સમો રે સૂરજ ઊગીયો.
લગ્નગીત

વરધ લેવી = વિવાહમાં કુંભારને ઘેર બૈરાંઓએ ગીત ગાતાં ગાતાં વાસણ લેવા જવું; લગ્ન વખતે વરધ ભરવી.

૭. સ્ત્રી. શુભ દિવસ.

હારા આયુષોત્સવની વરધો ઊગી.
નાનાલાલ

૮. સ્ત્રી. સારા અવસરને માટે નક્કી કરેલા દિવસની આડે રહેલ દિવસ; મુહૂર્ત દરમિયાન આડા રહેલ દિવસ; મુકત પડેલાનો વાર, વાસર કે વાસો.

ત્રણ દીની વરધે લગન લીધા આજ,
સિદ્ધપાળ આવે છે સોઈ એનો સાજ.
જોયા વાળને હો યાજ. લોકગીત

વરધપત્ર પું. (જરથોસ્તી) લગક્રિયાના ચાર દિવસોમાં બીજો અને ત્રીજો દિવસ. આ બે દિવસે મરણ પામેલાના માનમાં ધાર્મિકક્રિયા કરવામાં આવે છે.

વરધસાંકળી સ્ત્રી. બાળકની કેડે પહેરાવાતી વર્ષોવર્ષ એક એક અંકોડે વધારતા જવાની સાંકળી; બાળકનો મરણ ભય ટાળનારી સાંકળી; અખોવને આપેલી ભીખની કેડી. જેનાં બાળક જીવતાં ન હોય તે માતા, જેનું એકે બાળક મરી ગયું ન હોય એવી અખોવન કન્યા માતા પાસેથી સોના કે રૂપાનો અંકોડો લઈ તે પોતાના બાળકની કેડે નાખે છે જેમ જેમ વર્ષ જતાં જાય તેમ તેમ અકકો અંકાડો પેસો સાંકળીમાં ઉમેરતા જાય.

વરધસુંવાળું ૧ ન. જનનાગોચ; બાળકની વૃદ્ધિ કે જન્મનું સૂતક; બાળક અવતરેથી ઘરના વિસાર્યું ને આવતું સૂતક; વૃદ્ધિસૂતક.

૨. ન. સુવાવડને બારણે અસ્પૃશ્યતા; વૃદ્ધિ સૂતકની સ્થિતિ.

વરધાપતિ પું. વરધી આપનાર નાહ્મ, વધામણિયો

વરધાપતિને બહુમાન.
આપ્યા વધામણિયા બહુ દાન. દેવીદાસ

વરધારો [સં. વૃદ્ધિકાર] પું. એક જાતનું ઝાડ. તેની વેલા જેવી ડાળીઓ સુગંધી હોય છે. તેનાં મૂળ ઔષધમાં ઉપયોગી છે. દિહ અને સિલોનમાં થાય છે. કેટલાક વૈદો રક્ત અને કેટલાક સમુદ્રફેણનાં મૂળને વરધારો કહે છે મહારાષ્ટ્રમાં વૈદો વરધારા તરીકે આનાં મૂળ વાપરે છે. આ મૂળ પૌષ્ટિક, રક્તશોધક, વાતહર, રક્તપિત્તહારક છે. સન્નિપ્તા, મધુમેહ, ક્ષયમાંનાં રોગ, ઉપદંશના રોગ મટાડે છે. સૂવેલા ગર્ભને સજીવન કરે છે તથા ચામડીના રોગ ઉપર ચોપડાય છે

વરધારો, બિલાડા અને સૂઢ સમાન ગણી એઓના મૂલમાં ગોળ મેળવી ગુટિકા બાંધે તો જ પ્રકારના દરદ નાશ પામે છે. ધન્વંતરિચિંતામણિ

વરધી ૧. સ્ત્રી. દોર્યું પશુ કામ માટે બોલાવી આપેલા બળદ; વરદી

૨. સ્ત્રી. પરવાનગી, રજા

આ વખતે વરધી મંગાવી રોઝ દેવકરણ અંદર આવ્યો. સોરઠી સમરોર

૩. સ્ત્રી. ફરમાન; હુકમ, આજ્ઞા.

વરધીસૂતક [સં. વૃદ્ધિ + સૂતક] ન. બાળકના જન્મથી લાગેલું સૂતક; વૃદ્ધિ સૂતક; જનનાશૌચ.

વરધા પું. વરધારો; એક જાતની વનસ્પતિ.

વરનર્ઝ [હિ.] પું (કાવ્ય) ચાર ચરણનું એક જાતનું કાવ્ય. તેની ત્રણ જાત છે: (૧) સમ એટલે દરેક લીટીમાં સરખી માત્રા હોય તે, (૨) અર્ધસમ એટલે પહેલી અને બીજી લીટીમાં સરખી અને ત્રીજી અને ચોથી લીટીમાં સરખી માત્રા હોય તે અને (૩) વિષમ એટલે દરેક લીટીમાં સરખી માત્રા ન હોય તે

વરના ૧. [સં. વરણ] પું. (હિંદી) ઘેટ.

૨. [સં.] ન. અત્તર તો.

વરનામી વિ. ઉત્તમ નામવાળું

કોઈક વાર દુ:ખી વરનામી વલ્લભ

વરની સ્ત્રી પારસી લોકોમાં કન્યાને વરરાજા તરફની મળતી અક્ષિમ

વરપક્ષ પું વિવાહમાં વરના સગાંવહાલા.

વરપર્ણી [સં પું. ક્ષીરકાકોલી નામનું વૃક્ષ

વરપુરુષ પું. ઉત્તમ પુરુષ.

સકલને મહા-ઉત્તમ-પણું નરસિંહ કહે ને
અરા કહે, નવરોજ ખાતા ... વરપુરુષ
ઉપજે પ્રમાર

વરપ્રદ ૧ [સં] પું કાર્તવીર્યના હજાર માહેનું એક નામ

૨. વિ. પ્રસન્ન

૩. વિ. વર આપનાર.

વરપ્રદા સ્ત્રી. અગસ્ત્યની અર્ધાંગી લોપામુદ્રાનું એક નામ; કૌશીતકી.

વરબોઇડું (વરબોઇડુ) ન. પર પરણવા જાય ત્યારે એક કુમારિકા કળશમાં પાણી ભરી ઉપર શ્રીફળ મૂકી ગર્ભ વરને આલ્હા કરવા જાય તે બેડું.

વરબેડું (વરબેડું) ન. પારસી લોકોમાં લગ્નને દિવસે કન્યાપક્ષથી બારણાં તરફથી વર જાગળ ધરવામાં આવતું પાણીનું બેડું.

વરમ ૧. પું. દાહ; બળતરા

૨. [અ.] પું. સોજો. દીર્ઘ વરમમાં ગુમ ઉપર ઝીણું ચળતું, પગમાં ગોટલાં વાળવાં, શરીરનું ચકરાવા સહાતું, પેટ ચડી આવવું, અક્કડતાનું વધવું વગેરે જણાય છે.

૧. વરમ કરવો = શરીરનો ગમે તે ભાગ સૂજી જવો

૨. વરમ થવું = ગુસ્સે થવું.

વરમથ [અં.] પું. અનેક સુગંધી છોડમાંથી બનતો એક જાતનો મલાર્ક

વરમંડ ૧. ન. બાવાંડ, તે આરણી બાજામાં બોલાય છે.

૨. ન. બ્યોમ; આકાશ.

૩ વિ આકાશ સુધી મોટું.

વરમંડ લાગ્યા બ્યોમ, પામત રૂપે ચિકુલા.
નરસિંહરાવ

વરમાલ ન. ઇન્દ્રના વિમાનનું એક નામ.

વરમાળ ૧. સ્ત્રી. કૃપા.

૨. સ્ત્રી. પસંદ કરેલા વરને કન્યા જે ફુલહાર પહેરાવે છે તે; સ્વયંવરમા કન્યા પસંદ કરેલ વરને આરોપે છે તે ફુલમાળા.

હું દેખી જમાઈ આવ્યા,
બસુ કહડઈ સહલી વરમાળ.
પ્રબોધ ચિંતામણિ

૩. સ્ત્રી. હસ્તમેળાપ કરાવી વરકન્યાના કંઠમાં નાખવામાં આવતી ફૂલની માળા.

વરમાળા ૧. સ્ત્રી લગ્નના વિધિમાં વરને પહેરાવવાની સોનાની માળા.

૨. જુઓ વરમાળ.

વરમાંગિયું ન. વરઘોડિયાને બેસવાનો પાટલો.

વરમાંચી સ્ત્રી. વરને બેસવાની માંચી.

વરમાંડ ન. બ્રહ્માંડ. ને ચારણી ભાષામાં બોલાય છે

પાતાળે જઈને કાના, નાખ્યો કાળે નાગ,
વારિને વરમાંડ ઠોકિયા, મેવાડી મસ્તાન.

દા.ચરણ

વરમાંસાઉં ન. (પ્રાન્ત) પરણતી વખતે, પાંખતી વખતે અને ચોરીને વખતે વરકન્યાને બેસવાનો પાટલો કે બાજોઠ

વરમુખી સ્ત્રી. રેશમના નામનું કપડાનું. તેનાં બીનો આકાર વરકન્યાના મુખ જેવો હોય છે માટે તેને વરમુખી કહેવાય છે.

વરમૂડા સ્ત્રી. ધાતુ ગાળવાની એક પ્રકારની મૂસા. તે સખત અગ્નિ બની શકે છે

વરયાત્રા ૧. સ્ત્રી. જાન; પરણવાને આવેલા માણસોનું ટોળું

૨. [સં. વર + યાત્રા] સ્ત્રી. વરઘોડો; વરનું પરણવા માટેનું પ્રયાણ.

વરયુવતિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, નગણ, બે નગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે.

વરયોનિક ન. કેસર

વરરાજા [સં. વર + રાજન્] પું. રાજા જેવા ઠાઠમાઠથી પરણવા જનાર પુરુષ; પરણનાર કે પરણવા જતો પુરુષ વર.

વરરાજા થઈને આવવું = ઓટી ભાગતમાં બાંધેલાની ખરીને આવવું.

વરરાય જુઓ વરરાજા.

વરરાશિ પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રગણ, નગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે.

વરરુચિ ૧. પું. એ નામનો એક વ્યાકરણકાર, પ્રાકૃત વ્યાકરણનો એક કર્તા. અષ્ટાધ્યાયી વૃત્તિ, પ્રાકૃતપ્રકાશ, લિંગાનુશાસન, ગણસૂત્રપાઠ વગેરે અનેક ગ્રંથ એના નામથી પ્રસિદ્ધ છે. પરંતુ બધા એના બનાવેલા નથી. તેનું પ્રાકૃતનું વ્યાકરણ પ્રાકૃતપ્રકાશ બધું પ્રાચીન અને પ્રામાણિક મનાય છે. તે કયારે થયો તેનો ચોક્કસ નિર્ણય વિદ્વાનોને હજી થયો નથી. કથાસરિત્સાગરમાં તેને પાણિનિના સહાધ્યાયી અને પ્રતિસ્પર્ધી કહેલ છે. પણ તે કલ્પનામાત્ર છે. તે જ ગ્રંથમાં વરરુચિ અને કાલાપન એક જ જણાવ્યા છે પરંતુ તે અસ્વીકાર્ય નથી. એ જ પ્રમાણે જ્યોતિર્વિદાભરણનો નવરત્ન શ્લોક પણ, જેમાં વરરુચિનું નામ છે, તે કપોલકલ્પના માત્ર છે. પ્રાકૃતપ્રકાશની ભૂમિકામાં કાવેલ સાહેબે વરરુચિને ખ્રિસ્તિશકની પહેલી સદીનો ઠરાવ્યો છે અને કોઈ કોઈ તેને ચંદ્રગુપ્ત મૌર્યની પણ પહેલાં ઈ. સ. ૪૦૦ વર્ષ પૂર્વનો માને છે.

વરરુચિ અને આમહ વચ્ચેના મતિલેખો પ્રાકૃત વ્યાકરણો જ અને કરવા છે પણ તેમાં અને નવરાત્રના પ્રકૃત વ્યાકરણમાં નદી અને સમુદ્ર જેટલું અંતર છે. પુરાતત્ત્વ

૩. પું. (પુરાણ) નાટ્યશાસ્ત્ર પ્રણેતા એ નામનો એક ઋષિ.

૪. પું. વિક્રમની નવ રત્નોમાંનો એ નામનો એક પંડિત.

૫. વિ. ઉત્તમ કાંતિવાળું.

૬ વિ. ઉત્તમ પ્રીતિવાળું.

વરરૂઢા સ્ત્રી. સુંદર સ્ત્રી.

વરલ ૧. [સં.] પું. એક જાતનો ઢોરો.

૨. પું. ભમરો

૩. પું. હંસ

૪. સ્ત્રી. કાદંબ

વરલાડલો જુઓ વરલાડો.

વરલાડી સ્ત્રી. કન્યા; પરણનાર સ્ત્રી.

વરલાડો ૧. પું. માતાનો લાડકવાયો પુત્ર.

૨. પું. વરરાજો; પરણવા જતો પુરુષ.

વરલિંગ ન. એ નામનું એક પ્રતીક. એમ કહેવામાં આવે છે કે, સુંદરીની અથવા શ્રીની વિદ્યાનું રહસ્ય ઉત્તરાપથમાં શંકરાચાર્યને પ્રાપ્ત થયું હતું અને કૈલાસપર્વત આગળથી સદાશિવના પાંચ આમ્નાયને સૂચવનારાં ગોત્રલિંગ, ભોગલિંગ, વરલિંગ, મુક્તિલિંગ, મોક્ષલિંગ નામનાં પાંચ પ્રતીકો અને શ્રીનું ચક્ર તથા તેને લગતો પંચદશાક્ષરી મંત્ર તેમણે મેળવ્યાં હતાં.

વરલી ૧. સ્ત્રી. ગુજરાતની એક રાનીપરજ કોમ. તેઓ જંગલનું પ્રમાણ તેમ જ જંગલમાં ઝાડનાં પ્રમાણ કરી ન જવાનું અને નવાં ઝાડ રોપવાનું કામ કરે છે. તેમની સંખ્યા સુમારે ૫,૦૦૦ની છે તેઓ જંગલમાં રહે છે.

૨ સ્ત્રી. ટેકણલી

વરવટ્ટિયો પું. ભોમિયો; વટાવો.

વરવત્સલા [સં.] સ્ત્રી. સાસુ.

વરવર્ણિ [સં] ન. બ. વ. બહુવીહિસમાસ; ઓપરણ્યા વર અને વહુ; પતિપત્ની.

બાળક વરવર્ણિને આશીર્વાદ આપ્યા વગર સાથે રહેવા દેતાં નથી. આંધી૪૭

વરવર [સં.] ન. તકમરિયાં.

વરવરણાગિયું વિ. વર થવાના કોડ જેને ઉત્પન્ન થયા હોય એવું.

એકદા વરવરણાગિયા ભમરૂડા,
આવ્યા વીરમાં મૂગણા એલને.

નાનાલાલ

વરવરાક વિ. ખૂબ વરવું

વરવરાહ ૧. [સં.] પું. વરાહિયા વાળવાળો જંગલી મનુષ્ય

૨. પું. શંકર; શિવના કેશર મહેનું એક નામ.

વરવર્ણ પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્તિ માત્રામેળ છંદ. તેના વિષમ પદમાં ૧૨ અને સમ પદમાં ૭ માત્રા હોય છે તેમાં ૧, ૫, ૬, ૧૨, ૧૭ માત્રાએ તાલ આવે છે. તેને નદક છંદ કહે છે.

વરવર્ણિની ૧. સ્ત્રી ગોરોચન; રોચના.

૨ સ્ત્રી. ગૌરી; પાર્વતી.

૩ સ્ત્રી. નિશા

૪. સ્ત્રી. કૃત્રિમ વનસ્પતિ.

૫. સ્ત્રી. ભર્તુભક્તા સ્ત્રી; પતિપરાયણ સ્ત્રી.

૬. સ્ત્રી. લક્ષ્મી.

૭. [સં. વર (શ્રેષ્ઠ) + વર્ણ (રંગ) + ઇન્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. શરીરના ઉત્તમ રંગવાળી સ્ત્રી; ઉત્તમ સ્ત્રી; બહુ જ રૂપાળી સ્ત્રી.

૮. સ્ત્રી. હળદર; હરિદ્રા.

વરવહુ સ્ત્રી. બહુવીહિસમાસી; દંપતી.

વરવાહ સ્ત્રી. વહેવાર; કજિયો; તકરાર.

વરવાહિયું ૧. ન. એક જાતનું ફૂલ.

૨. વિ. કજિયાખોર; તકરારી; લડાઈખોર.

વરવાહિયો પું. કલકલિયો પંખી.

વરવાન વિ. ઉત્તમરૂપ; સુંદર; સ્વરૂપવાન.

નમન ઝાડી રાજે ના તેજ જગદ્જનાં વરવાન.

નાનાલાલ

વરવાંધોલું [સં. વિરૂપ + બોલ (બોલવું તે)] વિ વિરૂપ કે અરાજ બોલ બોલનાર; ગાળો દેનારું

મારગ જોપ્યા ધર્મહત્યારૂ,
વરવાંધોલા દીસઇ બહુ.

વીમ

વરવાંધો પું. વાંધોવચકો; વાંધોતકરાર; હરકત,

વરવિક્રય ૧. પું. કન્યાના કન્યાના બાપને વરને આપવી પડતી ત્યારે રકમ

૨. યુ. સારો વર મેળવવા કન્યાપક્ષે વરપક્ષને આપવી પડતી ત્યારે રકમની પ્રથા. કેટલાંક કુટુંબોમાં કન્યાના બાપને એટલી ત્યારે રકમ વરને આપવી પડે છે કે કન્યાનો જન્મ પણ કુટુંબને શાપ સરખો લાગે છે. જેમ પુરુષમાં જાયુતર અને સમૃદ્ધિ વધારે તેમ તેની કન્યાનું મત વધારે અંકાતાની. ભણેલા, સરકારી, ઉદાર મત ધરાવતા કહેવાતા પુરુષો પોતાની કન્યાકોમન લેવા અચકાતા નથી એ શોચનીય છે

વરવીર ૧. પું. ઉત્તમવીર.

૨. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણની તેર માત્રામા આઠમી માત્રાએ તાલ આવે છે.

વરવું ૧. [સં. વિ (વિરુદ્ધ) + રૂપ] ક્રિ. કદરૂપું; બેડોળ; બદસૂરત; વહરું; વિરૂપ.

૨. ક્રિ. નરસું; નઠારું; બીજાને ન ગમે તેવું.

ઘણા આમલિ વરવૂ નવિ બહું, બી ભઈ અનેક પરિસુ. કર્ણાટ

૩. અ. ક્રિ. કૃપા હોવી.

૪. અ. ક્રિ. ખપવું; ખરચવું. વપરાવું.

૫. અ. ક્રિ. ભોગવાઈ જવું; મજામ થવું.

૬. સ. ક્રિ. આપવું; દેવું.

નિદ્રા જિવા જાણીઈ ધ્યાન, વરુ વરઈ તે ઉત્તમ જાત. ભીમ

૭. સ. ક્રિ. જાણવું.

જીનું મન હોય અચળ ઘણું, કપટ વરશે લક્ષણ તણું. પ્રેમાનંદ

૮. સ. ક્રિ. પસંદ કરવું; ચૂંટી કાઢવું.

બાઝ્યા કપિવર રાક્ષસા ફરી,
સમાન જોયા લીધા છે વરી. પ્રેમાનંદ

૯. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

૧૦. [સં. વૃ] સ. ક્રિ. વર તરીકે પસંદ કરવું.

જૌવન આગે છે, ને કુલજન આપે છે,
તો એ નર કાં નથી વરતો? ઉમેદકુમાર

૧૧. સ. ક્રિ. વરણી કરવી; વરણી કરવી; વરણીમા નોતરવું; એકાદું કામોતર કરાવવાને બ્રાહ્મણોને વિધિપૂર્વક આપવા કે નક્કી કરવું.

વરવુવચાક જુઓ વરવુવરાક.

વરવુંવરાક ક્રિ. ખૂબ વરવું

વરવૃદ્ધ પું દિવ.

વરવેણી પું સુંદર મોટો ચોટલો.

વરવેદ પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ તેના વિષમ પદમાં ૧૨ માત્રા હોય તેમાં ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે છે, તેમ જ સમ પદમાં ૭ માત્રા હોય છે. તેમાં ૧, ૫ માત્રાએ તાલ આવે છે. દરેક દલમાં અંતે લઘુ હોય છે

વરવેલ જો એક જાતનો કંટાળાળો છોડ. એમાં ગુલાબી રંગના ફૂલ થાય છે

વરવેવાર્યું ન જ ક. બેવાર્યું વહ્યા

વરવેશ ૧. પું. સારો વેશ

૨. વિ. કીમતી પોશાકવાળું; ધનાઢ્ય; માતબર, ઉત્તમવેશવાળું

વરવોણું [સં. વર + વિહીન (વિનાનું)] વિ. વર રહિત; વર વિનાનું, જેમાં વરની હાજરી ન હોય તેવું

વરશલી જો ઝીણાં સુગંધીદાર ફૂલનું એક ઝાડ અને તેનાં ફૂલ; બારમાસી.

અમારા ઘરને વરશલી રે,
દાડિમ દ્રાક્ષો અખાડ. મિરબાઈ

વરશાસ ૧. ન. બાર મહિનાનો વખત.

૨. ન. બાર મહિને નોકરીના બદલામાં જે નાણું આપવું તે.

વરશી જુઓ વરસી

વરશીતપ જુઓ વરસીતપ.

વરશીલ પું. શિવનાં કાનેર માદેનું એક નામ

વરષાશન જુઓ વર્ષાસન

વરસ ૧. પું. (અવરના) વાળ.

૨. ન. નોકરીના બદલામાં વરસે વરસે આપવાનું નાણું; વાર્ષિક મુશારો; સાલિયાણું; વાર્ષિક વેતન; વરસે મળતો પગાર.

૩. [સં. વર્ષ] ન. બાર મહિના જેટલો ગાળો; સાલ, પૃથ્વીને સૂર્યની પાછળ ફરતાં જે વખત લાગે છે તે; બાર મહિનો સમય; વર્ષ.

૪. ન. વર્ષ; ઉંમર; અવસ્થા. જેમકે, આ છોકરાને પાંચ વરસ થયાં.

૧. વરસ આવવું વરસ બેસવું

૨. વરસ કૂતરાને નામથાં = (૧) ઉંમર પ્રમાણે શરીરે ન વધવું. (૨) જીવન જેને જવું; આયુષ્ય વેડફવું. (૩) મરણ રહેવું

૩. વરસ આઈ જવાં = ઉંમર પ્રમાણે શરીરે ન થવું.

૪. વરસ થવાં = ઘડપણ આવવું

૫. વરસ દેખાવાં = અવસ્થા જણાવી ઘડપણની શરૂઆત થવી

૬. વરસનાં વરસ = ઘણા એક વરસ; વર્ષનાં વર્ષ

૭. વરસને વચલે દિ-વરસનો વચલો દિવસ = કોઈ એકાદ દિવસ; કવચિત્, કોઈ વખત.

૮. વરસે વચે તેમ અક્કલ ઘટે = બહુ ઘરડાં થાય એટલે મત જવા; સારી બુદ્ધિ નાશ

૯. સો એ વરસ પૂરા થઈ જવા = નાશ થવો, જિંદગી પૂરી થવી; મોત થવું

વરસગાંઠ ૧. જો દર વર્ષ આવતો જન્મનો દિવસ. જન્મદિવસ; સાલગીરી; વર્ષગ્રંથી.

૨. જો. વાર્ષિક દિવસ.

વરસડી (વરસડો) જો. એક જાતનું વૃક્ષ; બોરસલી

વરસણ ૧. ન વરસવું તે.

૨. ન. મેઘવર્ષા.

આજે આવું વરસણ વરસ્યું. ખેડૂત

વરસદહાડો ૧. [વરસ + દહાડો (દિવસ)] પું. આખું વર્ષ; બાર મહિનાનો ગાળો; વરસનો સમય.

૨. પું. ચોવીસો સાઠ દિવસમાં એક જ વાર આવે એવો અવસર; વર્ષમાં એક જ દિવસ આવતો શુભ પ્રસંગ; વાર્ષિક પર્વક્રિયાનો દિવસ.

વરસ દહાડાનો દહાડો = વરસમાં એક વાર આવતો દુર્લભ દિવસ.

૩. અ. વર્ષ સુધી; બાર મહિના સુધી.

વરસફળ જુઓ વર્ષફળ.

વરસલાખી ૧. જો. લગ્ન વખતની એક વિધિ.

૨. જો. લગ્ન વખતે વરને મળનાર એક જાતની રકમ.

વરસવળોટ અ. આશરે વર્ષ જેટલી મુદતે.

વરસવંટોળ અ. આશરે વર્ષ જેટલી મુદતે.

વરસવું ૧. અ ક્રિ એકાએક પામવું.

વરસે ત્યારે વાડમા પણ અને ન વરસે ત્યારે ખેતરમાં પણ નહિ = આપે તેને દીકરા આપે નહિ તો મૂંડયો જ રહે.

૨ [સં. વૃષ] અ. ક્રિ. મોટે જથ્થે પાણી વેરાતું વેરાતું ઊંચેથી પડવું; ઉપરથી આકાશમાર્ગથી નીચે જવાતું કે વેરાતું; વરસાદ પડવો; વૃષ્ટિ થવી.

૩. અ ક્રિ. વરંડાળ ઉપર માંડવાની નીચે બાજનો વરસાદ વરસાવવો

૪. સ. ક્રિ. વરસાદની જેમ છૂટથી પડવું કે રેડાવું.

વરસી જવું = આપી દેવું; ખુશી થઈને બક્ષું આપવું

વરસસુંવાળું જુઓ વરસસુંવાળુ.

વરસાડોડી જો. ચોમાસામાં થતો એક વેલો; એક જાતની ડોડી. તેનાં ફૂલનું શાક થાય છે.

વરસાણુ ન. વર્ષાસન; સાલિયાણું; વાર્ષિક પગાર; સાલિયું; વરસની આખરી બદલ જે આપવાનું ઠેરવ્યું હોય તે.

વરસાત પું. (જૂ. ગુ.) મેઘ; મેઘ; વરસાદ; વરસિ વરસિ આગઈ વરસાત. વિમળપ્રબંધ

વરસાદ ૧. પું. [સં. વર્ષા; વર્ષાગત્ર–વરસાત–વરસાદ] પુ. આકાશમાંથી બિંદુરૂપે પાણીનું પડવું તે; મેઘ; વૃષ્ટિ; મેઘ; વાદળામાંથી પાણીનું પડવું તે; ગરમી ઓછી થવાથી પાણીનાં ટીપાં રૂપે વાતાવરણની વરાળ એકઠી થઈ ને પડે છે તે. તેનું સમરૂન પ્રથમ નાનાં નાનાં ટીપાંઓથી થાય છે અને તે જથ્થામાં આકર્ષણ કરીને વાદળાં બનાવે છે. આ પહનિ આકુ રહે છે તે દરમિયાન ટીપાં મોટાં બનીને વરસાદ રૂપે નીચે પડે છે. ઉષ્ણ કટિબંધમાં પાણીની વરાળ વધારે બને છે તે ભારની હવામાં વધુ બેજ હોય છે તેથી તે ભાગમાં વરસાદ વધારે પડે છે. મધ્ય કટિબંધમા વરાળ બનવાનું પ્રમાણ ઓછું છે તેથી વરસાદ પણ ઓછો હોય છે અને શીત કટિબંધમાં પાણીની વરાળ લગભગ બનતી જ નથી, તેથી ત્યાંના કેટલાક ભાગમાં તો વરસાદ બિલકુલ ઓછો હોય છે. આકાશમાં રહેલાં વાદળામાંથી પાણી વરસાવી કૃત્રિમ વરસાદ લાવવાની હાલમાં કેટલી શોધ થઈ છે. સમુદ્ર ઉપર બંધાયેલાં વાદળાં જમીન ઉપર પવન ખેંચી લાવે છે. સમુદ્ર ઉપરથી પવન આવે તો જ વાદળ આવે. આ વાદળ ઠરે ત્યારે વરસાદ વરસે. પહાડ ઉપર જ્યારે આ વાદળને પવન લાવે છે ત્યારે ત્યાં ઠરે છે અને વરસાદ વરસે છે. ટોર્ડ વાર હવામાં બેજનું પ્રમાણ વધી જાય અથવા હવાનું ઉષ્ણતામાન ઘટી જાય ત્યારે વાદળામાની રજકણોના પાણીનાં મોટાં ટીપાં બને છે. આ ટીપાં હવા કરતાં ભારે થાય ત્યારે નીચે પડે છે. આને જ આપણે વરસાદ આવ્યો એમ કહીએ છીએ.

૧. વરસાદ ચડવો = વાદળ ઘેરાવાં; વરસાદ પડે તેવું થવું.

૨. વરસાદ ચઢ્યો–પડ્યો–વરસ્યો = (૧) મારાની મકકે ઉપરા ઉપરી પુષ્કળ વરસ્યું થવું. (૨) વરસવું.

૩. વરસાદ માઠો બેઠો જવો = વરસાદ બંધ પડી જવો.

૪. વરસાદ વરસાવવો = પુષ્કળ નાખવું કે આપવું.

૫. વરસાદની પેઠે વાટ જોવી = બહુ આતુરતાથી રાહ જોવી

૬. વરસાદનો વખત = ચોમાસું.

૭. વહુ, વહિ ને વરસાદ એ ત્રણે બરોબર = પત્ની, અગ્નિ અને વરસાદ હંમેશા એક જ તખ્તા ઉપર હોય છે. એ કે તેમના વિના જીવન જીવી શકાતું નથી તો પણ તેઓ વેળા કે કવેળાએ શબ્દ પ્રહાર સહન કરે છે.

૨. પું. ઊંચેથી કે ઉપરથી મારાની માફક મોટા જથ્થામાં પડવું તે. જેમકે, તીર, પત્થરા કે ગાળોનો વરસાદ

વરસાદી વિ. વરસાદમાં ઉપયોગી. કોટ કે કામકાજને માટે વપરાય છે.

વરસાન ન. વરસ માટે અપાતી મહેનતાણાની રકમ

આજ અમારાની રીત, વટાવ, મુદ્દત કાપવાના હિસાબ વગેરેમાં માહિતી મેળવી હોશિયાર થાય તો તેની બાવડી મુજબ છે, દસ કે બાર રૂપિયાનું વરસાન ભરી આપ. પ્રબ અને પ્રબંધકાર

વરસાલ સ. (જૂ. ગુ.) ચોમાસું; વર્ષાકાલ.

વરસાલ ઈ પનર દિનમાંહિ,
દિન તુહ્મે જિમિ પકવાન. સ.વ્રતસમય

વરસાલુ ન. પોતાને થતો એક જાતનો રોગ.

વરસાવવું ૧. [સં. વર્ષિત] સ. ક્રિ. ઉદારતા બતાવવી; કૃપા કરવી; મારી પેઠે આપવું

૨. સ. ક્રિ. ઊંચેથી નીચે પડે એમ કરવું કે કરાવવું; નેરવું, નાખવું; વૃષ્ટિ કરાવવી.

૩. સ. ક્રિ. રૂડે એમ કરાવવું.

વરસાળો પું. ચોમાસું.

વરસાંત ન. વાર્ષિક રકમ; વરસુંદ; સાલિયાણું.

વરસી ૧. સ્ત્રી. મરનારની પહેલી વાર્ષિક તિથિ; વરસતિ આવતી મરનારની મરણ તિથિ.

૨. સ્ત્રી. મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા અને જોજન કે અશુભ અવસર બધાય છે તે; પ્રથમ વર્ષનું શ્રાદ્ધ; સવત્સરી.

૧. વરસી થવી = શુભ ને બદલે અશુભ થવું.

૨. વરસી વાળવી = વરસી કરવી

૩. વિવાહની વરસી કરવી = ઊલટું સાલટું કરી નાખવું; શુભનું અશુભ કરી નાખવું.

વરસીતપ ન. (જૈન) વર્ષીતપ; એક દિવસ ઉપવાસ અને એક દિવસ જમવું એવી રીતે વર્ષ સુધી કરાતું તપ. પહેલા તીર્થંકર ઋષભદેવને એક વર્ષ સુધી ખોરાક કે પાણી નહિ મળેલ તેના અનુકરણ રૂપે આ તપ કરવાનો રિવાજ પડ્યો છે. સાધારણ રીતે અક્ષયતૃતીયાને દિવસે આ તપની શરૂઆત કરી, બીજે વર્ષે તે જ દિવસે પારણું કરવામાં આવે છે. ઋષભદેવજીને એક વર્ષનું તપ થયા પછી પારણા વખતે શેરડીનો રસ મળ્યો હતો. તેથી વરસીતપના પારણા વખતે શેરડીનો રસ પીવામાં આવે છે. મૂર્તિપૂજક જૈન ભાઈઓની એવી માન્યતા છે કે, પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાને ફાગણ વદિ આઠમથી વૈશાખ સુદિ ૩ સુધી તેર માસનો નિર્જળા ઉપવાસ કર્યો હતો. આથી વરસીતપ કરવું હોય તે ફાગણ વદિ ૮થી વૈશાખ સુદિ ૭ સુધીમાં તેની શરૂઆત કરી શકે. હાલના જમાનામાં સતત એક વર્ષનો ઉપવાસ થઈ ન શકે માટે એકાંતરા ઉપવાસ કરવામાં આવે છે

વરસીદાન ન. પ્રત્યેક તીર્થંકર દીક્ષા લીધા પહેલાં એક વર્ષ સુધી મહામૂલ્યું દાન કરે છે.

વરસુત ન. વરગોત; વર્ષાસન; સાલિયું; સાલિયાણું, વરસુંદ.

વરસુંડ જુઓ વરસોત.

વરસુડી ૧. સ્ત્રી. ગળા ઉપર માંડો નીકળીને પાકે એવો રોગ; કંઠમાળ; ગળાને થતો એક જાતનો રોગ

૨ સ્ત્રી. બળદ વગેરે જનાવરની આંખે પડેલા આટાનો પડદો; બળદની બરડનનો રોગ

વરસુંદરી પું (પિંગળ) સ્ત્રીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુંદુવદના. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, સગણ, નગણ, ગુરુ અને ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

વરસૂણ સ્ત્રી. વરસ માટે અપાતી રકમ; વરસુંદ.

અમારે ત્યાં વાણોવરીની વરસૂણ્ય હોય છે ને સાહેબને મેં તો સો સવાસોની વરસૂણિયો પધાર કહો હતો. મેં તો સો સવાસો માગ્યા હતા; આપ તો મને બમણા આપવાનું કહો છો. કવીશ્વર દલપતરામ

વરસૂંડી જુઓ વરસુડી.

વરસૂંડ ૧. સ્ત્રી. દર વરસે મળતું બલિદાન.

૨. સ્ત્રી. વરસાન, વાર્ષિક કર; વરસુંદ; વાર્ષિક મહેનતાણું; વર્ષે વર્ષે મળતી બાંધી રકમ

૩ સ્ત્રી. વર્ષાસન; વાર્ષિક વેતન.

રાજબહારમાંથી ૧૫૦૦ રૂપિયાની વરસૂંડ તેને આપવાની. નરસિંહરાવ દિવેટિયા

૪. સ્ત્રી. વસવાયાને તેમના કામના મહેનતાણા તરીકે વરસ દિવસે આપવાનું ઠરાવેલું સમાજમ.

વરસૂડિયું વિ. દર વરસે કર તરીકે આપવામા આવતું.

વરસેક અ. વરસદહાડે. જૂના વખતમાં દસ્તાવેજમાં આ શબ્દ વપરાતો.

વરસેવરસે અ ક્રિ.વિ. સાલમસાલ; દર વરસે.

વરસોડી (વરસોડો) જુઓ વરસુંદ.

વરસોવરસ અ. દર વરસે, વરસે વરસ ચાલુ એમ; દર સાલ.

વરસોળી સ્ત્રી. પ્રાણીઓના શરીર ઉપર નહિ દુખની પણ કદી વધ્યા કરતી માંસની ગાંઠ; કસોળી. ખૂલતી ગાંઠ; માંસમાં બંધાયેલી ગાંઠ; માંસગ્રંથિ

વરસોંત જુઓ વરસંદ.

વરસોદ જુઓ વરસદ

વરસોંધ જુઓ વરસંદ.

વરસ્યો [અવરસ્ત. વરસ (વાળ)] પું. (જરથોસ્તી) ધોળા વાળવાળો પવિત્ર ગણાતો એવો કર્મો વખતનો ધોળો બળદ પારસીઓની ધાર્મિક ક્રિયાઓમાં સાધારણ શુદ્ધિ માટે ગાયનું મૂત્ર વાપરવામાં આવે છે. પણ ઊંચા પ્રકારની શુદ્ધિ માટે આવા બળદનું મૂત્ર વાપરવામાં આવે છે. આ બળદ વરસથ્યુ કોર્મ કામમાં વાપરવામાં આવતો નથી. પારસીઓની ધાર્મિક ક્રિયામાં તેનું મૂત્ર તથા વાળ વપરાય છે. આ બળદ મરી જાય ત્યારે જે જે ક્રિયામાં તેનાં મૂત્ર અને વાળ વપરાય છે તે બધી ક્રિયા બંધ રાખવામાં આવે છે. તરત જ બીજો ધોળો બળદ શોધવામાં આવે છે અને તેને પવિત્ર કરવામાં આવે છે. તેમ ન થાય ત્યાં સુધી જેમાં તેના વાળ વપરાય છે તે બધી ક્રિયાઓ બંધ રાખવામાં આવે છે.

વરસ્વર્ગ [સં વર (શ્રેષ્ઠ) + સ્વર્ગ (દેવલોક)] ન. મોક્ષ

મુક્તિ અમૃત કૈવલ્ય અને અપુનર્ભવ અપવર્ગ. નિઃશ્રેયસ નિર્વાણપદ મહાસિદ્ધિ વરસ્વર્ગ. પિંગળપ્રકાશ

વરહાં ન. (પ્રાકૃ) વર.

જબર વરવું રાજ કર્યું સુખી રેવત થાઈ રે. રામાયણ

વરહુપ ન. ઓળો બનાવવાનું પેટનું એક દર્દ.

વરં [સં. વરમ્] ન. બધારે સારું; બહેતર.

વરંગો પું. ઢોરને થતો એક રોગ; વરસુંડી; કામળા; જેથી દાંત કથી બાજ ને બચાવ નહિ એવો રોગ.

વરંડ ૧. [સં.] પું. એક જાતનો ઓઢાનો રોગ.

૨. પું. ઓસરી; પડાળી.

૩. [કા વર (બહાર) + આમદા (આવેલું)] પું બહાર નીકળતો મકાનનો ભાગ; ઘર આગળનું ઓગાન.

૪. પું. બે હાથીઓ વચ્ચે લડાઈ ન થાય તેટલા માટે બાંધવામાં આવતી હાથીખાનાની એક વિગત

૫. પું હાથીઓની લડાઈનો અખાડો.

૬ પુ. સમૂહ

વરંડી સ્ત્રી. વંડી. રાજવલ્લભમાં લખ્યું છે કે ઢોર્યું પણ મોટા માનના દેવમંદિરની ચોતરફ વરંડી બાંધવામાં આવે છે

વરંડો પું. ઓસરી; પડાળી; વરંડ

વરં બૃહિ [સં] ન. પ્ર. પ્રસન્ન થઈને વરદાન માગ એમ બોલવું તે.

વરંબૃહિ બોલિયારે ત્યારે નેહે નમિયો તેહ પ્રેમાનંદ

વરા ૧ જા અમરકોશ.

૨ સ્ત્રી. કાકમાચી.

૩. સ્ત્રી. ઢાળી પાડા પાદા વનસ્પતિ.

૪ સ્ત્રી. જળો.

૫ સ્ત્રી, પોળી ભરણી

૬. સ્ત્રી. બાજરી

૭. સ્ત્રી બાકળો

૮ સ્ત્રી. મદ્ય

૯. સ્ત્રી મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૧૦. સ્ત્રી. મેદા વનસ્પતિ.

૧૧. સ્ત્રી રેણુકા નામે ઔષધ.

૧૨ સ્ત્રી. વરસાદની ધાર

૧૩. સ્ત્રી. વાર; વખત

રામળ બહુ કહે સોએક વરસ, કોઈ એક દુઃ કરે કલા. શામળ

૧૪. સ્ત્રી. વારવિલા.

૧૫. સ્ત્રી. શતમૂળી.

૧૬. સ્ત્રી. શ્વેતાપરાજિતા.

૧૭. સ્ત્રી. સોમરાજી.

૧૮. સ્ત્રી. હરડે-બહેડાં-આમળાં; ત્રિફળાં.

૧૯. સ્ત્રી. હજાર.

વરાઈ ૧. સ્ત્રી એક જાતનો પ્રાચીન સિક્કો.

૨. સ્ત્રી. ભૂંડના જેવી ચાલ.

વરાક ૧. [સં.] પું. ચિત્ર

૨. ન. ચાલ જેવા વગેરેનું આઉં.

૩. ન. પાપડો.

૪. ન. પ્રવાહીનું એક માપ.

૬૪ કુડવ = ૧ પ્રસ્થ

૪ વરાક = ૧ પ્રસ્થ

૫. ન. ગુહ્ય.

૬ વિ. કમાલ, નિકામ.

૭. વિ. નીચ; હલકટ, અધમ

૮. વિ. શોચનીય.

વરાકડું સ વિ. એક દોરે બીજા દોરને આઠીમાં માર્યું મારતું.

વરાખડો (વરાખડો) પુ. ચામડા ગોળ કરવાનું સુથારે કે સથવારાનું એક સાધન.

વરાગડું (વરાગડું) ન. તડકે સુકાઈને હલકું ને ચામડાદાર થયેલું વડાગર.

વરાટ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ આ કુલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૧ ગુરુ અને ૭૦ લઘુ એમ ૧૧૧ વર્ણ હોય છે.

૨ પું. એક પ્રકારનો સિક્કો

૩. [સ.] પું. કોડી.

૪. પુ. કોરડુ.

વરાટક ૧ [સં.] પું. કોડા.

૨. પું. દોરડું, રજ્જુ.

૩ પું. પક્ષીજાતનો કોષ

૪. પું. હર્ષના વખતનો એક સિક્કો; કુમનો તેરસો અઢારમો આગ.

વરાટિકા ૧. [સં.] સ્ત્રી. કોડી.

આમ્રચર્ચે નિ ચંદમાલ, વરાટિકા બહુ ચારિ, ચૂડી છિ ચોમચિ કરી, બહુ રંગ લેજિ ચારિ. ચાલણ

૨. સ્ત્રી. ગુપ્ત વસ્તુ.

૩. સ્ત્રી. નાગકેસર.

૪. સિ સ્ત્રી. ચરીબડી

વરાટી ૧. [સં. વરાટિકા] સ્ત્રી. કોડી; નાની મજબૂત પોટલિયા જેવી છીપ.

વરાટી વ્યાપાર વિષે ન ભાખી,
કાં મૂળગી મૂરખ ઓઢ ભાખી.
વેરાગ્ય બોધકાવ્ય

૨. પું. (સંગીત) મારવા થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ; બરાટી. તેનું આરોહવરોહ સ્વરૂપ સા, રિ, ગ, મ, પ, ધ, ધ, નિ, પ, સ, નિ, ધ, પ, મ, ગ, રિ, સ છે અને વાદી સંવાદી સ્વરૂપ ગ, ધ છે.

સંગીત સમયસારના કર્તા પાર્શ્વદેવની વરાટી રાગની બાબતમાં આપે છે. પુરાતત્ત્વ

વરાડ (વરાડ) ૧. [સં. ૧ (પ્રસંદ કરવું)] પું હાગો; ઝાડ; હિસ્સો; વાટો.

કાઈના માલને વધુ નુકસાન થયું હોય, કોઈને ઓછું નુકસાન થયું હોય જ્યાં સરખે પ્રમાણે નાણાં વહેંચાય છે. આને વરાડ શબ્દથી સૌ વેપારીઓ ઓળખે છે. પ્રસ્થાન

વરાડે આવવું-પડવું = ભાગે પડવું; ભાગે આવવું.

૨. પું મધ્યપ્રાંત બેરારનો એક પ્રાંત.

વરાડવું (વરોડવું) સ ક્રિ. વહાડવું; બબાવવું; લડાવવું

કૂકા ઉપર અંધ દોડાવ્યા,
વરાહિયા અહિલ ઝાલ્યા. પ્રેમાનંદ

વરાડી (વરડો) ૧. પું (સંગીત) એક પ્રકારનો રાગ.

મૂળમા વરાડી રાગને અદ્ધક તાલ આપેલ છે. ગીતગોવિંદ

૨. પું કર્ણાટકની એક જાત.

૩. વિ વરાડ સંબંધનું

વરાડી પદ્ધતિએ ચાલતા બે ઘોડા પણ થાય. શિક્ષણ અને સાહિત્ય

વરાડું (વરાડું) [સં. વરટ] ન. દોરડું, દોરી; રબ્બડું; વરેડું.

વરાડે (વરડ) અ. પ્રમાણસર; પ્રમાણમાં; આગે પડતું.

વરાડ ૧. સ્ત્રી બહોળું, કુટુંબ; ઝાઝા છોકરા.

૨. સ્ત્રી. ભામ, વરાઠ

૩. સ્ત્રી. લડાઈ, કજિયો; ટંટો.

વરાઢવું ૧. ન. દોરડું; રસ્સું; વરાડું

૨. સ ક્રિ લડાવવું, કજિયો કરાવવો. તકરાર કરાવવી, ઠઠ્ઠા કરાવવા.

વરાઢિયો પું. વરવટિયો એક જાતનો વેલો. એમ કહેવાય છે કે, એ વેલો કે તેના ફૂલ જેના ઉપર નાખ્યા હોય તેને લડાઇ થાય.

વરાડું વિ. વઢાળું, લડકણું, વઢવાડ કર્યા કરે એવું, વઢવાડિયું.

વરાણ ૧. જુ ઘર.

૨. પું. (કચ્છી) પક્ષ, તરફેણ.

૩ પું. વરુણ વૃક્ષ.

વરાણસી ૧. [સં] સ્ત્રી. કાશી; બનારસ

૨. સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી

વરાણિયે ૧. અ. આધારે; સહાયથી; કૂંવ કે જોરને લીધે

૨. અ. વડે; વતી; થી.

પત્ર વરાણિયે = પત્ર વડે; પગને આધારે. એ વૃદ્ધ ડોસી જ આસના બાળકના વરાણિયે જીવતી હતી. તેમા પણ ઈશ્વરે દુઃખ લાવી નાખ્યુ, ને એ ગાડી થઈ ગઈ નવલિકા

વરાણી સ્ત્રી. ટેક, કવિતાની ઓકની એક લીટી ફરીવાર ગાવા માટે મૂકવામા આવતો શબ્દ.

વરાત ૧ [અ. બરાત] સ્ત્રી. એક ટ્રેકરીથી બીજી ટ્રેકરીમા નાણું આપલે કરવાનું લખાણ; પૈસા આપવાની ચીઠ્ઠી; નાણું આપવા બૅન્કરચીએ આપેલો રૂક્કો.

૨. સ્ત્રી. લગ્નનો વરઘોડો; જાન.

૩. સ્ત્રી. હિસ્સો; ભાગ.

૪. ન. માણસોનું ટોળું.

વરાતી વિ. વિકરાળ; બિહામણું.

અદ્ભુત વરાતી આકૃતિ. પ્રીતમ

વરાદન [સ.] ન. આનંદી.

વરાધ ૧. સ્ત્રી. નાનાં છોકરાંને થતો એક જાતનો રોગ, ભારે સમજી, હાડવું

૨. સ્ત્રી મોટી પીડા

અની રીતે રીત આજની રે, બીજી તેને બાધ, પરહરિ પરી પાપણી રે, વરણી એ વરાધ. નિષ્કુળાનંદ

વરાધ વળગવી = વધારે છોકરાં છૈયાં થવાં.

૩ સ્ત્રી. વગાધ રોગ ઉપર બતાવી એક વનસ્પતિ

વરાધવાચણી સ્ત્રી એક જાતનો બાળકનો રોગ, વરાધ અને વાચણી, પેટમાં વાયુ થાય તેવુ દરદ.

વરાધી સ્ત્રી. પીડા, આપદા.

વરાધે અ બહાને. મિષે

વરાનની [સ. વર (ઉત્તમ) + આનન (મુખ)] સ્ત્રી. સુંદર મુખવાળી સ્ત્રી.

વરાપ ૧ સ્ત્રી અવકાશ; ફુરસદ, નવરાશ

૨. સ્ત્રી. તલપ, ઇચ્છા, આતુરતા

૩ સ્ત્રી. ખાસ વખતનો અટકાયતો; રહત, વિરામ.

૪. સ્ત્રી. બૂમ.

૫ સ્ત્રી. કામ કરવાની વિશ્રામ, ઉત્તમ રીત.

૬. સ્ત્રી. રમમાં અટકો પડવો તે.

૭. સ્ત્રી. વરસાદ પછીનો ઉઘાડ, વરસાદનુ થોડો વખત બંધ થવુ તે; વરસાદ રહ્યા બાદ પાકો તડકાનું નીકળવું તે

૮ [સ વર (શ્રેષ્ઠ) + આપ (વરાળ)] સ્ત્રી. વરસાદ પડ્યા પછી જમીનનું કોરું પડવું તે; જમીન પર વરસાદનુ પાણી પચી જઈ ખેતીના કામકાજ ખેતરમાં થઈ શકે એવી જમીનની સ્થિતિ થાય તે; જમીનમાં પાણી ગતરી જઈ ઉપલું પડ કઠણ અને તેવી સ્થિતિ. વરસાદ વરસતો બંધ થઈને ચારે દેખાય અને પાણી સુકાઈ જવા જેવી જે તેવી જમીનની સ્થિતિ. તે સમય વાવણી માટે શ્રેષ્ઠ ગણાય છે

સાવ ઠીની એસી ને એક ઠીની વરાપ. લોકોક્તિ

વરાપ આવવી = જમીનની વરાપની સ્થિતિ થવી.

વરાપવું અ. ક્રિ વધારે પડતો ભેજ ઊડી જવો. હવે વરસાદ બંધ થઈ ખેતર વરાપી ગયાં છે. નવલકથા

વરાપિયું ન કોરી કાંતર વાવણે કે પુખીને કરેલુ ખરુ; વરસાદ આવે તે અંતરાળમા પાણી પડીને ઉગાડેલા છોડવા, ડાંગર જાતરથી વાવેલું તરુ.

વરામ ૧ પું વહાણનો પાછલો ભાગ

૨ ન મર્મ; મર્મસ્થાન કામણ અગ જેમકે, કપાઈ વરામનુ વાગશે તો મરી જશે.

વરામવું અ ક્રિ. વિશ્રામવું, શ્રમ પડવું.

વરારોહ ૧ પું એક પ્રકારનું પક્ષી

૨. [સં.] પું ઘાર માસેના એક પ્રકારનો ઢાંચો.

૩ [સં વર શ્રેષ્ઠ + આરોહ (ચોટ)] પુ વિષ્ણુના કાનમા માલેનું એક નામ કેમકે, એમ આરૂઢ થયેલા પ્રભુજીઓને ફરી જન્મ-મરણ આવવુ પડતુ નથી

૪ વિ શ્રેષ્ઠ અવરોહવાળુ

વરારોહા ૧ સ્ત્રી. જે નાભિની હેઠી સ્તનપ્રમા અ. દેવાની પીઠ છે.

૨ સ વર (ઉત્તમ) + જઘન (નિતમ) + અ. (સ્ત્રીજાતિનો પ્રત્યય) સ્ત્રી કામદેવ તીક્ષ્ણના બંધ. મજબૂત અવયવોવાળી સુંદર સ્ત્રી, બારે અને દરતા નિતમવાળી સ્ત્રી..

૩. વિ. સ્ત્રી એક નિતમવાળી.

વરાર્થિની પુ (વિગણ) એ નામનું. એક વિષમવૃત્ત અક્ષરમેળ છંદ; વરાર્થિની તેના પહેલા ચરણમાં નગણ, જગણ અને સગણ એમ નવ અક્ષરે, બીજા ચરણમાં જગણ, તગણ, જગણ, અને ગુરુ એમ દસ, ત્રીજા ચરણમા જગણ, મગણ અને સગણ એમ નવ અક્ષરોમાં ચોથા ચરણમા, તગણ, જગણ, રગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે

વરાર્દ્ધક [સ] પું. જેમાં ચણા, કંકુ અને પાણી સરખે ભાગે હોય એવી પૂજાની એક સામગ્રી.

વરાલિકા સ્ત્રી. દુર્વાદેવી.

વરાવનુ ૧. સ ક્રિ. અપાવવુ, દેવુ

૨ સ ક્રિ ચૂર્ણ કરવુ, ચૂરવુ

૩. સ. ક્રિ ધાર્મિક વિધિ કરવાને ધર્મગુરુને પ્રસન્ન કરી અમલમા મૂકવુ, પરણીમ નોતરવુ

વરાવવા કરવા સારુ ચણા સાત બ્રાહ્મણ વરાવ્યો જગવતી ભાગવત

૪. સ ક્રિ. પરણાવવા

૫. સ. ક્રિ વાપરવુ, ખર્ચો દેવુ

૬. સ ક્રિ. વેચવાનુ કરવુ; સમરપણ કરવુ

કુંવરી વરાવશો રાજાને કે રાજવીને. ગંગાસતી

વરાવાજન ૧ ન ન વ મોટું જમણ

૨. ન. ક. ન. વરો અને વરિત્રોની ધામધૂમ.

વરાવાનું અ. ક્રિ. સજ્જ કરી શકાવું; વગાડી શકાવું.
પખાજી શકાતું
એ દુ:ખે ના વરાવાય,
સાજે કન્યા રખાય ના. કેશવ હર્ષદ

વરાવું ૧. અ. ક્રિ. અર્પાઈ જવું; વપરાઈ જવું.
૨. અ. ક્રિ. પરણીમાં આવવું.
૩. અ. ક્રિ. વરેલું થવું; પરખાવું

વરાસ સ્ત્રી. ઘાટો પાડી રોવું તે. જેમકે, તે છોકરો ઢાળી વરાસું નાખે છે.

વરાસન ૧. પુ. દ્વારપાળ.
૨. પુ. બહિચારી પુરુષ
૩. પુ. હીજડો.
૪ [સં. વર (શ્રેષ્ઠ) + આસન (બેઠક)]
ન. ઉત્તમ આસન કે બેઠક.
૫. ન. જાદુઈ કૃત્ય
૬. ન. સભામાં વરને બેસવાનું આસન.

વરાસિ ૧. [સં.] સ્ત્રી. ભાલું હથિયાર.
૨. વિ તાંબાનું વાસણ ઘડનાર

વરાહ ૧. પું. અઢાર ભારેનો એ નામનો એક નાનો દ્રાવ
૨ પું. (પિંગળ) એ નામનો એક વિષમવર્ણવૃત્ત માત્રામેળ છંદ. આ છંદ રોલાવર્ગનો એક ભેદ છે તેમા ૪૨ ગુરુ અને ૧૨ લઘુ મળી ૬૬ માત્રા હોય છે.
૩. પું. એક જાતનું માપ.
૪. પું (પુરાણ) હિમાલયની પશ્ચિમ દિશાએ આવેલો એક પર્વત. તેની તળેટીમાં જરાસંધની રાજધાની હતી.
૫ પું. ભોડેલા હાથના ૨૪ ભારેનો એક પ્રકારનો અભિનય.
૬. પું. દશાવતારી મંજીરાનાં પાનાની એક જાત
૭ પું. ભૂંડ; ડુક્કર; સૂવર; સૂઅર; ભોલ; ભિટિ; દખ્ખી; ખોરી; સ્તબ્ધરોમા; ભોડ; ભૂપર.
અસુરને પ્રભુ વરાહરૂપે મળ્યા,
અહા રૂપ નવ ભવે ધરિયા;
દાઢ અમે અવનિને ધરી,
આવે છે સ્વામી શ્રીહરિ.
શ્રીમદ્ ભાગવત
૮ પું મોથ
૯ પું વારાહીકંદ.
૧૦ પું. (પુરાણ) વિષ્ણુના દશ ભારેનો ત્રીજો અવતાર. બ્રહ્મદેવના નાકમાંથી હિરણ્યાક્ષને મારવા માટે આ અવતાર થયો અને તેને મારી નાખી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. આદ્ય કલ્પ શરૂ થતાં જ તેણે ઉત્પન્ન થઈ પૃથ્વીને સ્વસ્થાનમાં સ્થિત કરી. તેથી આ કલ્પનું નામ વરાહકલ્પ પડ્યું. તેના આદિવરાહ, યજ્ઞવરાહ ને શ્વેતવરાહ એવાં ત્રણ નામાંતરો છે
એમ ચિંતારે એટલામાં,
બ્રહ્મનાસામી તે વાર;
અંગુષ્ઠ માત્રના સ્વરૂપથી,
થયા હવો વરાહ અવતાર
પછી સ્વરૂપ વધવા દેખતામા,
પ્રૌઢ હવું ઝટિ અંગ.
મુખ નેત્ર નાસા દંત દામ્બ,
સ્વરૂપ સ્વામ્ય રંગ.
તે પ્રભુનો અવતાર છે,
સમાવ પૂર્ણાનંદ.
શ્રીમદ્ ભાગવત
૧૧. પું. શિશુમાર; એક જાતનું જલજંતુ.
૧૨. સ્ત્રી. એકસો આઠ મારેની એક ઉપનિષદ.
૧૩. સ્ત્રી. યજ્ઞોની ચોથાથ મારેની એ નામની એક મુદ્રા

વરાહક ૧. પું. (પુરાણ) એ નામનો એક વર્ષ.
૨. પું. શિશુમાર; એક જાતનું જલજંતુ.
૩. પુ. હીરા.
૪ સ્ત્રી; ન. કૃષ્ણ યજુર્વેદની એક ઉપનિષદ.

વરાહકર્ણ ૧. પું. (પુરાણ) એ નામનો એક વૃક્ષ
૨. ન. હાથના જેવી પારવાળું હથિયાર; સુવરના કાનના આકારની પારવાળી એક દંડ.

વરાહકર્ણી સ્ત્રી. આસંધ; ધોડા આસંધ, તેનાં પાદડાનો આકાર ભૂંડના કાન જેવો છે. એનાં મૂળિયાં દવાના ઉપયોગમાં આવે છે. એના છોડમાંથી ઘોડાના જેવી વાસ આવે છે તેથી તેને અશ્વગંધા પણ કહે છે.

વરાહકલ્પ પું. (પુરાણ) જેમા વરાહ અવતાર થયો હતો તે કલ્પ. તેમાં વિષ્ણુ વરાહરૂપે થયા હતા તેથી તે વરાહકલ્પ એ નામથી પ્રસિદ્ધ છે. હમણાં ચાલતો શ્વેત વરાહકલ્પ તો બ્રહ્માના આયુષ્યના બીજા પરાર્ધની આદિમાં થયો છે.

વરાહકાંતા સ્ત્રી. સિસમણીનો છોડ.

વરાહક્ષેત્ર ન. નેપાલ રાજ્યમાં આવેલ એક તીર્થસ્થાન. કાર્તિકી પૂનમે અહીં મેળો ભરાય છે.

વરાહજયંતી સ્ત્રી. ભાદરવા સુદિ ત્રીજ, વરાહાવતારનો દિવસ; હરતાલિકા ત્રીજ

વરાહતીર્થ ૧. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ; પુરુષન. નર્મદા પર્યાંસમાં એવી કથા છે કે, બીજા કલ્પમાં જ્યારે હિરણ્યાક્ષ દૈત્ય પૃથ્વીને પાતાળમા લઈ ગયો હતો, ત્યારે વરાહ ભગવાને તેને મારી અને વેદોને લઈને પોતે અહીં પ્રગટ થયા હતા.
૨. ન. મહાભારતમા જણાવેલું એક પ્રાચીન પુરુષ તીર્થ; કોકામુખ. પૂર્ણિમા મંગાણાના જિલ્લામાં નાથપુરથી ઉપરવાસે ત્રિવેણીને કિનારે આવેલુ એક ક્ષેત્ર અહીં આગળ તાંબર, અરુણ અને સોણ એ ત્રણે નદીઓ સયુક્ત હોમિસ નદી પર્વતમાંથી સપાટ પ્રદેશમાં પ્રવેશ કરે છે

વરાહદંષ્ટ્ર ૧. પું. ડુક્કરનો દાંત
૨. [મ.] ન હળ

વરાહધ્વજ પુ. (પુરા.ષ) જયદ્રથ

વરાહપુટ પું. (વૈદક) એક મોટો ઢાંચ બાંબા, પહોળા તથા ઊંડા, ચોરસ આકારમાં મહાપુટની રીતે પુટ આપવો તે.

વરાહપુરાણ ન. અઢાર મારેનું એક પુરાણ; વિષ્ણુ સબધી કથાયેલાં ૧૭ મારેનું એક પુરાણ તેમા ચોવીશ હજાર શ્લોક છે. તેમા વરાહ અવતારનું ચરિત્ર કહેવામા છે.

વરાહમિહિર ૧. પું. પ્રાચીન જ્યોતિની ને ખગોળશાસ્ત્રી. તે અવંતીમા રહેતો હતો. કાયિત્થ નામના સ્થાનમાં સૂર્યદેવને પ્રસન્ન કરી તેમણે વરદાન મેળવેલ હતું. તેના પિતાનું નામ આદિત્યદાસ હતું. તેના સમય સબધે ઘણા મતભેદ છે. કોઈ તેને વિક્રમની સભાનું એક રત્ન માને છે કોઈ શક ૫૦૬માં વરાહમિહિરનું મૃત્યુ થયાનું માને છે. પરંતુ પણ આધાર ઉપરથી માલૂમ પડે છે કે, પાચમી શતાબ્દીમાં તે થઈ ગયો હોવો જોઈએ. તેણે ભારતીય જ્યોતિષશાસ્ત્રની પુનર્રચના કરી ત્યારે સૂર્ય રેવતી તારા પાસે વિષુવવૃત્ત ઉપર હતો તે સમયે આખી પૃથ્વી ઉપર દિવસ અને રાત્ર દરેક સરખાં બાર બાર કલાકનાં હતાં એટલે આજથી ૧૫૦૦ વર્ષ ઉપર વરાહમિહિરે નક્ષત્ર અવસ્થા રેવતી તારાથી આરંભ કરી, વસંત સંપાત ત્યાંથી જ લેખ્યો.
૨. પું. ભારતનો એ નામનો એક જ્યોતિષનો મુખ્ય આચાર્ય તેના બનાવેલા બૃહત્સંહિતા, પચસિદ્ધાંતિકા અને બૃહજ્જાતક નામના ગ્રંથો પ્રસિદ્ધ છે.

વરાહમોતી ન મોતીની એક જાત; રાની વરાહના દાંતણામાંથી નીપજતું મોતી. તે દાંતણાની અણી જેવું હોય છે જેમ ગજમુક્તા હાથીમાં ઉત્પન્ન થતું મનાય છે તેમ આ મોતી વરાહમાં ઉત્પન્ન થતું મનાય છે. તે મોટે ભાગે ચણાકાર વજનનાં હોય છે અને આરોગ્યવર્ધક ગુણો માટે કીમતી ગણાય છે

વરાહાવતાર પું. વિષ્ણુએ લીધેલો વરાહનો અવતાર. આ અવતાર શ્વેતવર્ણથી ૩૨ આંગળ

ઉપર વિતસ્તા નદીને જમણે કિનારે આરામશાલામાં થયો હોવાનું મનાય છે. આ અવતાર લઈને વિષ્ણુએ હિરણ્યાક્ષને મારી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

વરાહી ૧. સ્ત્રી. આમંત્ર.

૨. સ્ત્રી. એ નામની એક વિદ્યા.

એ સાત-નીળી, સર્પ, ઉંદર, મૃગી, વરાહી, કાક અને રાકુનિકા વગેરે વિદ્યામા કુશળ છે

પુરાતત્વ

૩. સ્ત્રી. એક જાતની મોથ; નાગરમોથ.

૪. સ્ત્રી. એક પ્રકારનું પક્ષી

૫. સ્ત્રી. શુક્ર ઉપર સવારી કરનારી એક માતા.

૬ સ્ત્રી. બૂંદની બાદા; બૂબણ.

૭ સ્ત્રી. વરાહકંદ વૃક્ષ; વારાહીકંદ.

૮. સ્ત્રી. વરાહરૂપ હરિની શક્તિ.

૯. સ્ત્રી. (સંગીત) સમયસારમાં જણાવેલી એક રાગિણી.

વરાળ ૧. સ્ત્રી. ક્રોધનો ઝેરારો.

૨. સ્ત્રી. ગુસ્સા કે ક્રોધનો ઉદ્ગાર; ઠાઠ; ત્રાગણીનો ખનિ.

૩. સ્ત્રી. ક્લેસ; બળનો ઊભરો.

૧. ઊની વરાળે ય ન કાઢવી = (૧) જરા ય સામુ ન જોવવુ. (૨) મનની બળતરા કે વાત જરાય બહાર ન કાઢવી.

૨. પેટની વરાળ = હૃદયનો ઊભરો.

૩. વરાળ કાઢવી = (૧) દિલનો ઊભરો બહાર કાઢવો; અંતર કે હૃદયની બળતરા બહાર કાઢવી; દુઃખના ઉદ્ગાર કાઢવા. (૨) ધમકી આપવી; ગુસ્સે થઈને જોવું.

૪. હાય વરાળ = નિસાસો

૪. સ્ત્રી. પાણી અથવા બીનાક્ષ ગરમ થતાં તેમાંથી વાયુરૂપે નીકળતી ધુમાડી; બાષ્પ; બાક; પાણી ગરમ થતાં તેનું વાયુરૂપે થતું રૂપાંતર. આ વરાળ સ્થિતિસ્થાપક હોય છે અને તેને ઠંડી કે ઠારક ચીજનાં તેનું ફરીને પાણી થાય છે. વરાળનાં વાદળાં બને છે અને તેને ઠંડી હવા લાગતાં વરસાદ રૂપે પાણી થઈને પૃથ્વી ઉપર પડે છે પાણીની જ્યારે વરાળ થાય છે ત્યારે વરાળને પાણી કરતાં ૧૬૦૦ ગણી જગ્યા જોઈએ છીએ.

૫. સ્ત્રી બળતરા

વરાળયંત્ર ૧. ન. વરાળથી ચાલતું એંજિન; 'સ્ટીમ એંજિન'.

વરાળયંત્રથી ઓગણીસમી સદીની શરૂઆતમા એક મહાન ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને આ ક્રાંતિને લઈને જ આંધોગિક સંસ્થાઓ વિજ્ઞાનશાસ્ત્ર અને તત્વજ્ઞાનમા કહેવાતી આધુનિકતા ઉત્પન્ન થઈ.

મુ. સા. પરિષદ

૨. [સં. વરાળ + યંત્ર] ન. વરાળના જોરથી ચાલનો સર્યો; બાષ્પથી ચાલતું યંત્ર; બાષ્પના જોરથી ચાલે એવી કરામત; બાષ્પયત્ર.

વરાળરથ પું. અગ્નિરથ; 'એંજિન'.

વરાળિયું ૧. ન. વરાળ છટકવાનું બારું; વરાળ જવાની જગ્યા.

૨. વિ. જેમાંથી વરાળ નીકળતી હોય એવું.

૩. વિ. વરાળથી કરેલું; વરાળથી બનેલું.

૪. વિ. વરાળથી ચાલતું

૫. વિ. વરાળવાળું.

વરાળી પું. (સંગીત) દસ માંહેનો એ નામનો એક બાદ; ટોડી.

વરાં ૧. સ્ત્રી. વેળા; વખત; સમય

નીત ઊઠી પરબાતે ભજ, દરસન એહ વરાં તો થાય.

સામળ

૨. અ વાર; દાબ, ફેરો; ગણ. જેમકે, બાબવરા.

વરાંગ ૧. [સં. વર (શ્રેષ્ઠ) + અંગ (શરીર)] પું. કામદેવ.

૨. [સં.] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. એમનું અંગ સુંદર હોવાથી તે વરાંગ કહેવાય છે.

૩. પું. શિવ.

૪. પું. હાથી.

૫. વ. ઉત્તમ અવયવ.

વરાળપંડિત પું. વરાળથી ઉત્પન્ન થતાં બળ વડે ચાલતાં વહાણો ચલાવનાર કે વરાળયંત્રોમાં પારંગત માણસ.

માટે યંત્રપંડિત, વિદ્યુત્પંડિત, વરાળપંડિત, ગતિપંડિત, બલપંડિત અને એ ઉપનામ

બળવંતરાય ઠાકર

વરાળબાંધ ૧. ન. વરાળથી ચાલતું યંત્ર; બાષ્પયત્ર

૨. ન. સત્તા માટે વરાળ ભરી રાખવાનો મોટો ટેંક; ' બોઈલર '.

વરાળમાપકયંત્ર ન. એંજિનની કોઠીમાં વરાળનું દબાણ કેટલું છે તે બતાવવાનું સાધન. આમા પમ્પનો દાંડો લીવર સાથે જોડેલ હોય છે અને દાબને લઈ આકૃતિ રજાય જેવા ગોઠવણ કરવામા આવી હોય છે. આ આકૃતિ ઉપરથી જ વરાળનું દબાણ કેટલું છે તે માલૂમ પડે છે

વરાળયંત્ર ૧. ન. વરાળથી ચાલતુ એંજિન; ' સ્ટીમ એંજિન '.

વરાળયત્રથી ઓગણીસમી સદીની શરૂઆતમા એક મહાન ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને આ ક્રાંતિને લઈને જ ઔદ્યોગિક સંસ્થાઓ વિજ્ઞાનશાસ્ત્ર અને તત્વજ્ઞાનમા કહેવાતી આધુનિકતા ઉત્પન્ન થઈ.

મુ. સા. પરિષદ

૨. [સં. વરાળ + યંત્ર] ન. વરાળના જોરથી ચાલનો સર્યો; બાષ્પથી ચાલતું યંત્ર; બાષ્પના જોરથી ચાલે એવી કરામત; બાષ્પયત્ર.

વરાળરથ પું. અગ્નિરથ; 'એંજિન'.

વરાળિયું ૧. ન. વરાળ છટકવાનું બારું; વરાળ જવાની જગ્યા.

૨. વિ. જેમાંથી વરાળ નીકળતી હોય એવું.

૩. વિ. વરાળથી કરેલું; વરાળથી બનેલું.

૪. વિ. વરાળથી ચાલતું

૫. વિ. વરાળવાળું.

વરાણી પું. (સંગીત) દસ માંહેનો એ નામનો એક બાદ; ટોડી.

વરાં ૧. સ્ત્રી. વેળા; વખત; સમય

નીત ઊઠી પરબાતે ભજ, દરસન એહ વરાં તો થાય.

સામળ

૨. અ વાર; દાબ, ફેરો; ગણ. જેમકે, બાબવરા.

વરાંગ ૧. [સં. વર (શ્રેષ્ઠ) + અંગ (શરીર)] પું. કામદેવ.

૨. [સં.] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. એમનું અંગ સુંદર હોવાથી તે વરાંગ કહેવાય છે.

૩. પું. શિવ.

૪. પું. હાથી.

૫. વ. ઉત્તમ અવયવ.

૬. ન. એક પ્રકારનું નક્ષત્ર વત્સર. તે ૩૨૪ દિવસનું હોય છે.

૭. ન મુદ.

૮. ન. મુખ્ય ઇંદ્રિય.

૯ ન તપ

૧૦. ન આયુ; મસ્તક

૧૧. ન યોનિ; ભગ; સ્ત્રી અવયવ

સેક્રમ નામના હાડકાની સામા પ્રદેશથી ઇસ્કાયમ, ગર્ભાશય અને વરાંગ ભાગને, પાછલા ભાગ સુધી આવીને ત્યાંથી નીચેની બેઠકી બાજુ ઉપર જઈ ગર્ભાશયનું તળ બેઠકે આગારી ઉપર થઈ ગર્ભાશયના ઉપરના ભાગને ઢાંકે છે.

અશ્વિનવ કામશાસ્ત્ર

૧૨. વિ. સારા અંગવાળું; સુંદર અવયવવાળુ.

વરાંગના ૧. સ્ત્રી. વેશ્યા.

૨. [સ.] સ્ત્રી. સુંદર અંગવાળી સ્ત્રી; રૂપાળી સ્ત્રી.

વરાગપથ ૧ [સ.] પું. ગર્ભસંચેતસ

૨. પું. યોનિમાર્ગ; ભગમાર્ગ

વરાંગપથમાં આગળી નાખી તપાસ કરવાથી જણાય છે કે, તેમા વરંગના જેવી ઝીણીનાડો દેખાઓ આવેલી છે. અશ્વિનવ કામશાસ્ત્ર

વરાંગી ૧. [સં. વરાંગિન્] પું. હાથી.

૨ સ્ત્રી. ઉત્તમ અંગવાળી સ્ત્રી; સુમુખ અને સુંદર અવયવો સ્ત્રી. રૂપાળી સ્ત્રી

વરાંગી શું વિચાર કરતી, વિમવિમ કાસ વિલાસ.

પ્રેમાનંદ

૩. સ્ત્રી. (પુરાણ) ત્રિશંકુની પુત્રી અને એનો પુત્ર અંહયાતિ.

૪. સ્ત્રી. નાગદંતી.

૫. સ્ત્રી. મજ્જા.

૬. સ્ત્રી. (પુરાણ) વજ્રાંગ દૈત્યને માટે વજ્રદંષ્ટ્રે નિર્માણ કરેલી સ્ત્રી. તેણે પોતાના પતિની સાથે દુઃસહ્ય તપ કર્યું હતું.

૭. સ્ત્રી. હળદર

૮. વિ. સારાં અંગવાળુ

વરાંત સ્ત્રી. બળતરીના નામ ઉપર રૂંધિયા આપવા માટે બનાવી મિઠાઈ; રૂંધિયા આપવા બળતરીને બનાવેલો રોકો

વરાંસવું ૧. અ ક્રિ. બરાંસે ચૂલવું, વિશ્વાસે છેતરાવું

૨. અ. ક્રિ. વિશ્વાસણમાં પડવું; પસ્તાવું; પાછળથી અફસોસ કરવો

બાણી બા પુરુષનું દર્શન વરાંસિ રખે થાઈ

બાલવ

વરાંસે ૧. અ. ને લઈને.

સહાં વરાંસે લીધું બળે = દોષિત સાથ નિર્દોષને પણ નુકસાન થતુ.

૨. અ ભરોંસે; ભરોસે; ભરોસે; વિશ્વાસે; સમજમાં; મારીને; જઈને.
મેં અજાણે કર્મ આચર્યું, મૂક વાંસો કરી આજ
કે ૬. કા.

૩. અ. મિષે, બ્રમે; બહાને, કારણે.
ઓળી વરાંસો બહીંનું પરણી ઊજ્યુ.
નરસિંહ

૪. અ વડે; આશ્રયે, જોમે, એને વરાંસે એ ફેરાન થાય છે.

વરાંસો ૧. પું. આશ્રય
૨. પું. પન્તારો, ભરોસો.
૩. [સં. વિશ્રબ્ધ] પું. ભરોસો, વિશ્વાસ.
સોંપી ભૂપને ઢાબ્યું. વરાંસો એ.
કાળીદાસ

વરાંસે અ. ભરોસે, મારીને; સમજીને
મારી પેલી સાસુ ને પેલા સાસરારે જોય,
આપું વરાંસે દોયાં વાહરાં રે જોય.
રઢિયાળી રાત

વરિયાન પું નામર્પિંગળ માહેનો એક આરબી છંદ.

વરિયાળી ૧. સ્ત્રી. પહોળા મોઢાનું એક જાતનું ઢાંકણ; તાંસળી કે ઢાબળિયું.
૨. સ્ત્રી. મુખવાસ તરીકે વપરાતું એક બી; એક જાતનું મધમધતું અને આકારમાં સુવા જેવું એક વસાણું; શાલેય; શીતસિવ; છત્રા; મધુરિકા; સૌફ; મિસી; મિશ્રેયા. તે ઠંડી અને કફ હરનારી છે. તરસ તથા ઝાડાને પણ મટાડે છે. તેમાં મીઠાશ હોવાથી તેને મધુરિકા પણ કહે છે. તે ખાનમાં દૂધ વધારવાનો ગુણ ધરાવે છે. તેનો છોડ થાય છે. તેનાં પાન કોથમીરનાં પાન જેવાં ભારીક હોય છે. છોડમાં તોરા આવે છે. તેમાં વરિયાળીના દાણા હોય છે. તેમાં વાતહર, દીપન, પાચન, કૃમિઘ્ન, દુગ્ધવર્ધક, ઉત્તેજક અને મૂત્રલ ગુણો છે. તે પેટફાળા, અજીર્ણ, ઊલટી, અતિતૃષા, દાહ, ગર્ભાશયમાં થતી પીડા, ઉદરવાયુ અને જીર્ણજ્વર ઉપર વપરાય છે. તે ગર્ભાશયની અંદરના મળને બહાર કાઢી, ગર્ભાશયની અંદર વાયુ ભરાઈ ગર્ભનાદ થાય છે તેને મટાડે છે અને સ્વચ્છ અને પુષ્ટ બનાવી ગર્ભ ધારણ કરવા લાયક બનાવે છે.

વરિયારિતા પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, પરિયારિતા. તેના દરેક ચરણમાં બે સગણ, બે નગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.
સ સ ના ન ગ થી રચ વરિયારિતા
રણુપિંગળ

વરિષ [સં. વર્ષ] ન. (જૂ. ગુ.) વરસ.
સુખ ભોગવો કોડ વરિષ. પ્રેમાનંદ

વરિષ્ઠ ૧. પું. ઉત્તમસ ઋષિનું એક નામ.
૨. પું. ચાક્ષુષ મનુનો એ નામનો એક પુત્ર
૩ પું તેતર પક્ષી.
૪. પું. ધર્મ સાવર્ણિ મન્વન્તરના સાત માહેનો એક ઋષિ
૫ પું. તાડીનું ઝાડ.
૬. પું. બાજરો.
૭ પું. તાજુ
૮. ન. મરી.
૯ [સં.] વિ. ઉત્તમ; અત્યંત શ્રેષ્ઠ, પૂજનીય.
૧૦. વિ. ઘણું ભારે.
૧૧. વિ. મોટામાં મોટું; સૌથી મોટું; અત્યંત મોટું

વરિષ્ઠ અદાલત સ્ત્રી. વડી અદાલત; સર્વોપરિ કોર્ટ; ' હાયકોર્ટ '.
એવા લોભામણા કેસની દલીલ વરિષ્ઠ અદાલતમાં મારે કરવી એ મને બહુ લોભામણ લાગેલું જાણ્યું.
ગાંધીજી

વરિષ્ઠ ધર્માધિકારી પુ. રાજ્યના સર્વમાન્ય ધર્મોપદેશક.
આ રાજ્યના વરિષ્ઠધર્માધિકારી એને પોતે અયવા તેમના કોઈ પ્રતિનિધિ સાધુ તમો નવીનચંદ્ર સાધુને ક્રમો પાઠવો. સરસ્વતીચંદ્ર

વરિષ્ઠ ન્યાયાધીશ [સ. વરિષ્ઠ (સૌથી મોટો) + ન્યાયાધીશ (ન્યાય આપનાર અમલદાર)] પું. વડો ન્યાયાધીશ; ઉપલી અદાલતનો ઉપરી અધિકારી.

વરિષ્ઠ ન્યાયાધીશી સ્ત્રી. વરિષ્ઠ અદાલત.

વરિષ્ઠ ન્યાયાસન ન. વરિષ્ઠ ન્યાયાધીશી; ન્યાયની વડી અદાલત; ' હાયકોર્ટ. '

વરિષ્ઠ શહેરસુધરાઈ સ્ત્રી. કોર્પોરેશન. મોટા શહેરોમાં વરિષ્ઠ શહેરસુધરાઈઓ છે. તેમાં અમુક સભ્યો ચૂંટાઈને આવે છે અને બીજા સભ્યો જુદા જુદા મંડળો તરફથી ચૂંટવામાં આવે છે. તેના કામકાજ માટે એક કાયમી સમિતિ નીમવામાં આવે છે આ સમિતિ શહેરનાં આરોગ્ય, શિક્ષણ અને સુધારણા તરફ ધ્યાન આપે છે. ઉપરાંત સંગ્રહસ્થાનો ચલાવવાં, પુસ્તકાલયો ચલાવવાં વગેરે કરવાનો પણ સમાવેશ થાય છે. તેના આવકના સાધનરૂપે જમીનવેરો, વાહનવેરો, દીવાબત્તી, મકાન વગેરેના કર અને બીજા કર હોય છે.

વરિષ્ઠા ૧. [સં] સ્ત્રી આદિત્યભક્તા
૨ સ્ત્રી. એક પ્રકારનો છોડ; દુનેહુર.
૩. સ્ત્રી. હરદર

વરી ૧. [સ. વરટ] સ્ત્રી. ઢાંક જેવું એક જાતનું પાન્ન; મોરિસો. તે જાત, પાણી, લોટ અને બીજા પ્રકારે દહીં દૂધ સાથે લોહી આવ છે. ઉપોષણમાં એ ધાન્યનો ઉપયોગ થાય છે.
૨. [સં. શોધિ] સ્ત્રી ઢાંકરની પાણી.
મધ, ઘી, દૂધ, દહીં, સાકર, ગોળ, તલ, વરી અને બીજા ધોરે લેવાં. રાજવલ્લભ
૩. સ્ત્રી. વાડ; વાડો. કહેવાય છે કે, બાજરાઓમાં તેર વરી છે.
૪ સ્ત્રી. ઝનાનરી.
૫. સ્ત્રી. સાઠી ચોખા કે જુવાર
વરિયાળી, ભરડારિશ્ર અને નૂતા સાઠી ચોખા અને વરી એ ઔષધો સમાનભાગે લઈ સેવન કરે તો અનેક પ્રકારના દોષોને-દોષોને શાંત કરે.
રાજવલ્લભ
૬. સ્ત્રી. સૂર્યની પત્ની.

વરીઆ ૧. વિ. જ્ઞાની; પંડિત.
દયાસહજ તારાં વરીઆ વાકય જે વેદ પીયે ગત બાજે.
પ્રેમાનંદ
૨. વિ. વડું.

વરીઠું [સ. વરિષ્ઠ] વિ. (જૂ. ગુ.) મોટું.

વરીડો (વરીડ) [સં. વારિ] પું. પાણીનું નાનું ઝરતું આમોચિયું, નદી અથવા તળાવના સૂકા તળિયામાં બાજેલો કાચો કૂવો; પીરડો.

વરીષ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં બગણ અને બે લઘુ મળી પાંચ વર્ણ આવે છે.

વરીયાન ૧. [સં. વરીયસ] પું (જ્યોતિષ) સત્તાવીસ માંહેનો એક યોગ; વિષ્કંભથી ૧૮મો યોગ
૨. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાના પુલહ ઋષિના ત્રણ માંહેનો એક પુત્ર.
૩. પું (પુરાણ) હવે પછી થનારા સાવર્ણિ મનુના દશ માંહેનો એક પુત્ર.
૪. વિ. અત્યંત શ્રેષ્ઠ.
૫. વિ. ઘણું ભારે.
૬. વિ. ઘણું મોટું

વરુ ૧. [સં. પૃક] પું ; ન. કૂતરાના જેવું મોં અને રીંછના જેવા વાળવાળું એક માંસાહારી જંગલી જનાવર; એક ચોપગું હિંસક પ્રાણી; પૃક. તેનો સ્વભાવ ટોળે વળી શિકાર કરવાનો છે. તે શિકારની પૂંઠ લે છે. તેનો ખોરાક સસલાં, હરણ, બકરાં, ઘેટાં વગેરેનો છે.

૨. [સં. વરમ્] વિ. વારુ; સારું; સુંદર.
નિદ્રા જિહાં બહોઈ ધ્યાન,
વરુ વસઈ તે ઉત્તમદાન. ભીમ

વરુણ ૧. [સં.] પુ. અઢાર ઉપપુરાણોના એક ભાગ

૨. પું અથર્વવેદનો એક ઋષિ

૩. પું. અપાનવૃત્તિના અને રાત્રિના અધિષ્ઠાની દેવ

૪ પું એ નામની એક વનસ્પતિ; વરણા.

૫ પું. એક વૈદિક દેવતા. અગ્નિનો પ્રમાણ તેનું અને મિત્રનું જોડકું સયુગ્ય છે

૬ પું (પુરાણ) કશ્યપ્રજાપતિનો એ નામનો એક પશ્ચિમી દિગ્પાલ. આ જલાધિપતિ દ્વારકા એની રહેવાની નગરી માનસોત્તર પર્વત ઉપર નિમ્લોચની અથવા સુષાને નામે પ્રસિદ્ધ છે. તેની સ્ત્રીનું નામ ગૌરી હતું

૭. પું. જળ; પાણી

૮ પુ. જળપુર

૯ પું. દરિયો

૧૦. પુ. દ્વાદશ માસોનો એક આદિત્ય તે સાંપ્રત સમયનો પશ્ચિમી દિગ્પાલ છે અને કાલેષ્ટા નામની સ્ત્રી હતી ધાતા, અર્યમા, મિત્ર, વરુણ, અંશુમાન, ઇંદ્ર, વિવસ્વાન, પૂષા અને પર્જન્ય ઇત્યાદિ ૧૨ આદિત્ય છે

૧૧ પું. પાણીનો અધિષ્ઠાતા દેવ; પાશી; યાદસાંપતિ; અપ્પતિ; જલદેવ. બધા પ્રાચીન વૈદિક ઋષિઓ વરુણ પ્રધાન દેવતા હતા. પાછળથી ધીમે ધીમે તેની પ્રધાનતા ઓછી થતી ગઈ અને ઇંદ્રને પ્રધાનતા પ્રાપ્ત થઈ. વરુણ અદિતિના આઠ પુત્રો માંહેનો એક કહેવાય છે. નિરુક્તકાર તેને બાર આદિત્યોમાં ગણાવે છે. ઋગ્વેદમાં વરુણના અનેક મંત્રો છે. વરુણ જળ સૂચવી જળના દેવતા મનાય છે અને જલાશયોત્સર્જનમાં તેનું પૂજન થાય છે. સાહિત્યમાં તે કરુણ રસના અધિષ્ઠાતા મનાય છે.

વરુણ પ્રથેતા પાશપતિ અપ્પતિ જળેશ ઈશ,
મહાપતિ તુજપતિ તથા પરત વરુણ નિજ શિષ
પિંગલપ્રપ્રોપ

૧૨. પું. પાંચ જોયા એક આયુધનું નામ.

૧૩. પુ યુરેનસ નામનો ગ્રહ. જ્યોતિર્વિજ્ઞાનમાં ગણ્ય છે કે, આ ગ્રહને એક ઉપગ્રહ છે. તેનું અંતર વરુણથી ૨૨૨ હજાર માઇલ છે અને તેનો પ્રદક્ષિણાકાળ ૫ દિવસ, ૨૧ કલાક, ૩ મિનિટનો છે. તેના પૃષ્ઠભાગનું આકર્ષણ પૃથ્વીનું ૯ પટ છે કક્ષામાં સેકંડે વેગ ૩૦૪ માઇલ છે. તેનો આકાર એટલે ગોળાકાર પૃથ્વીનું ૮૩ પટ છે અને દ્રવ્ય પૃથ્વીનું ૧૭ પટ છે. તેનો મધ્યભાસ ૩૪,૫૦૦ માઇલ છે. તેની ઘનતા પાણીથી ૧.૧૫ પટ છે અને પૃથ્વીથી .૨૦ છે. તેનો સ્વપ્રદક્ષિણાકાળ જણાયો નથી. તેનો સૂર્ય પ્રદક્ષિણાકાળ ૧૬૪ વર્ષ ૨૮૦ દિવસ છે

૧૪ પું. (જ્યોતિષ) ચાલુ નક્ષત્ર ગણતાં ચોવીસમું નક્ષત્ર. આ નક્ષત્રની અંદર એક ભાગ્યવંત વર્ગ અને છે ને બાકીનાં બાળકો છૂટાં રહે છે. બાળકોનું ઘર દક્ષાવતી રેખા ઉપર ઉપર દૂર દોરવામાં આવે છે. બાળકો વરુના ઘર પાસે આવી વરુને, ' વરુભાઈ વરુભાઈ કેટલા વાગ્યા ? ' એમ પૂછવા કરે છે અને વરુભાઈ ' અમિયાર વાગ્યા ', બે વાગ્યા ' એમ જેમ તેમ જવાબ આપે છે. પણ જ્યારે ' જમવાનો વખત ' એમ કહે છે એટલે બધાં બાળકો ઝડપભેર ભાગે અને વરુ તેમની પાછળ દોડે અને જેમ તે બાળકને પકડે છે પકડનાર ઉપર દાવ આવે છે આવી રીતે રમત ચાલુ રહે છે.

વરૂડી ૧ સ્ત્રી. (ભૂ. ગુ) લગ્ન પ્રસંગે વરના સસરાને ત્યાં વર તરફથી મોકલાતું જમણ; વરોડી.

નથી વરૂડી તથા વિવાહ કીધા પીતાહના આચાર.
રાવણમંદોદરીસંવાદ

૨. જુઓ વરોડી.

વરૂઠ (વરૂઠ) ં સ્ત્રિ + સ્ત્ર (ઊખવું)] ન. પલાણીને કૂટવા દીધેલી ડાંગર; પલાણીને કૂટવામાટેની ડાંગર.

વરૂઠિયું (વરૂઠિયું) ં વરૂઠ + સં છત્ર (ઘાણ)] વિ ડાંગરને પખીમા પલાણીને તૈયાર કરેલું; વરૂઠનું બનાવેલું

વરૂડી (વરૂડી) ૧. સ્ત્રી એક અલગ જાતિની સ્ત્રી.

૨ સ્ત્રી. વરૂડી દેવી; ચારણ લોકમા મનાતી માતા

વરૂથ ૧. પું (પિંગળ) બે નામે એક અર્ધસમ માત્રામેળ છંદ. માત્રાનો પિંગળ પ્રમાણે આ છંદ ઉદ્દિષ્ટ પ્રસ્તારનો એક ભેદ છે તેમાં ૧૪ ગુરુ અને ૨૮ લઘુ મળી ૪૨ વર્ણની ૫૬ માત્રા હોય છે

૨ પુ (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે નંદ છંદનો ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૨૮ લઘુ મળી ૪૩ વર્ણની ૬૮ માત્રા હોય છે.

૩. પુ (પિંગળ) એક પ્રચુર્ણ ગીતિ માત્રામેળ છંદ આ છંદ સુંદર ગીતિનો ભેદ છે તેમા ૨૧ ગુરુ અને ૨૨ લઘુ મળી ૪૬ અક્ષરની ૬૪ માત્રા હોય છે

૪. પું (પિંગળ) એક વિષમમાત્રા વર્ણમેળ છંદ આ છંદ સદીર્ણ વર્ગનો છે તેના પહેલા ચરણમા નગણ, મગણ, જગણ અને લઘુ મળી ૧૦ વર્ણ અને બીજામાં સગણ, વગણ, જગણ અને લઘુ મળી ૧૦ વર્ણ, ત્રીજામાં રગણ, મગણ અને સગણ મળી ૯ વર્ણ અને ચોથામાં તગણ, મગણ અને રગણ મળી ૯ વર્ણ હોય છે.

વરૂણી ૧. સ્ત્રી. એક જાતની કંટાળુ વનસ્પતિ. તેના પાનના રેસ અને ચળકાટથી જંતુઓ લોભાઈને તેના તરફ આવે છે. છટવું આવતાં જ તેના ઉપર ભુજ નામની રસગ્રંથીમાંથી રસ ઝરાય છે તેથી છટવું મરી જાય છે

૨. સ્ત્રી ક્રિયાકર્મ કરાવવા બ્રાહ્મણને પસંદ કરી તેનું પૂજન કરવું તે.

બ્રાહ્મણની તાં વરૂણી કરતા સિધુ નથ્યો મરૂ આડે,
તો શું પ્રલય થયું ય ! મન શું ચિંતા પામ્યો હોડે
બ્રાહ્મણ

વરૂણીમાં આવવું = (૧) બ્રાહ્મણનું પૂજન કર્મમાં સામેલ કરાવવા. (૨) સપડાવું; ફસાવું; ભોગ દેવો

૩. સ્ત્રી મજૂરી; લેખું.

૪. [સ. ૧ (પસંદ કરવું)] સ્ત્રી. ચૂંટણી, વરણી, પસંદગી

૫ સ્ત્રી વરણાગી

૬ સ્ત્રી. શિક્ષા, માર પડવો તે.

વરૂથ ૧ પું. (પુરાણ) ભરતપુત્ર ભરદ્વાજ નામનો રાજા.

૨. પું. રથની ઓઢાની છત્રી

૩ ન (પુરા.) એ નામનું રામાયણમાં વર્ણવેલું એક ગામ.
૪ ન. ઘર
૫ ન. ગામડું
૬. ન દાલ
૭ ન. બખતર
૮ ન સૈન્ય; સેના; ફોજ.

વરૂથિની ૧. કું (પિંગ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ, ભગણ, સગણ, નગણ, જગણ અને ગુરુ એમ ઓગણીસ અક્ષરો હોય છે તેમાં પંદરમા, દશમા અને પંદરમા અક્ષર ઉપર વિસામો હોય છે
૨. સ્ત્રી. ચૈત્ર વદિ અગિયારસ. તેનું વ્રત કરવાથી સ્ત્રીઓને સૌભાગ્યસમૃદ્ધિ થાય છે અને પાપ તેમ જ દુઃખમાંથી મુક્તિ મળે છે.
૩. (સ) સ્ત્રી સેના. સૈન્ય, લશ્કર

વરૂથી ૧ વ એ નામનું એક ઝાડ.
૨ [સ. વરૂથ (કંઈ)] કું. ઓરડાર; પહેરગીર.
૩. કું માલવપતિ ભર્તૃહરિ રાજાનો એ નામનો એક ભાઈ; ગંધર્વસેનના ચાર માંહેનો એક દીકરો.
૪. કું. રથ
૫. સ્ત્રી. (પુરા) એ નામની એક નદી.

વરૂથિની કું. (પિંગ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ, ભગણ, સગણ, નગણ, જગણ અને એક ગુરુ મળી ૧૯ વર્ણ આવે છે તેમાં પાંચ, દસ અને પંદરમા અક્ષરે યતિ આવે છે.

વરૂવું ૧ [સ વિરૂપ] વિ. કદરૂપું; વરવું
મેસ પાહરયો વરૂવો વેક.
રાજરૂપ થયો જેમ રાજ સામળ ભટ્ટ
૨ વિ. વાંકું; નઠોર; હલકું
મંડ્યાં વરૂવાં બોલે છે માસ,
દાસ મારા ઉપાડીશ તારા. નરસિંહ

વરે ૧. [હિં.] અ. આ બાજુએ; નજીક
૨. અ. સામે; એ બાજુએ.
૩. અ દૂર.
૪ અ સાથે; ભેગે

વરેઠી ૧. સ્ત્રી. જનોઈ દીધા બાદ અપાતું ખુશાલીનું જમણ.
૨. સ્ત્રી. વર તરફથી લગ્નની ખુશાલીમાં કન્યાના ગામના જ્ઞાતિજનોને આપવામાં આવતું જમણ, વરોડી.

વરેઠ (વરેઠ) કું. (કચ્છી) વેરો; કર. અગે શબ્દ વેઢ છે પણ કચ્છમાં ગામધણી એક ખાનદાનનો વેરો ઉપર-વે છે તેને વરેઠ કહે છે.

વરેડું (વરેડ) ન ૨૯૬; ઢોરડું; વરતા; રસી.
રાસ.
જળ ભરવા જઈએ જેમ કહી આવો,
એડાં આવે વરેડું લાવો રે
નરસિંહ

વરેણ્ય ૧ વ ભમરો
૨. વિ ઉત્તમ; ઉમદા; વરેણ્ય.

વરેણ્ય ૧. કું (પુરા) વાસ્તવિ ભૃગુના સાત માર્ગના જ્ઞો પુત્ર; વિષ્ણુ.
૨ વ ગાયત્રિ; ગાયત્રિ છંદના ૬ઠ્ઠા અક્ષરે આવેલું એક નામ
૩. [સ.] ન. કેસર.
૪ વિ ૧લું, ૧.ગ્ય, કન્યાના વાચક.
૫. વિ. ઉત્તમોત્તમ; ઉત્તમ, સર્વોત્તમ; સર્વોપરિ.
૬. વિ. પસંદ કરવા યોગ્ય; સ્વીકારવા યોગ્ય,
મે જાણ્યું હતું તે કહું વરવાયક વરેણ્ય.
સામળ
૭. વિ પૂજનીય; પ્રાર્થના કરવા લાયક
ઉપાસ્ય ગમ્ય અજનીય વરેણ્ય હોય,
તેનુ અલારૂપ ધ્યાન અમે ધરીએ.
વિહારી
૮. વિ. મુખ્ય; પ્રધાન.

વરેરો કું. તીક્ષ્ણ હથિયારનો ઊંડો ઘા.
વરેરો પડ્યો = કોઈના શરીરમાં ઊંડો ઘા પડ્યો.

વરેલું ન. કમોદમાં થતું એક ઘાસ. તેમાં ઝીણા દાણા થાય છે.

વરો ૧. કું. કૂવામાંથી પાણી કાઢવા કૂવા ઉપર આડું નાખેલું લાકડું.
૨. વ ખૂબ વધારાનું; બધી બચત વર્ષ જવી તે; વધુ.
૩ કું નાત જમતી વખતે પીરસવા પાછળ વાપરવું તે; સ્નેહી સંબંધીને આણું આપવું તે. શુભ કે અશુભ પ્રસંગ નિમિત્તે નાત જમાડવી તે; વરણ.
વરો ન કરીએ ઘર વેચાએ,
ભાગટકે નવ રમીએલ. વીર વિજય
૧. વરો કરવો = નાતનું જમણ કરવું.
૨. વરો ઘરમે ખરો = વરો કરવાથી મોટું ખર્ચ થતાં માણસ પૈસેટકે નબળો પડી જાય છે.

વરોખરો કું. સારા નરસા પ્રસંગોએ નાતજમણ વગેરેનું ખર્ચ; શુભાશુભ પ્રસંગોએ જ્ઞાતિવહેવાર.

વરોઠો કું. ઘાટ જેવો મોટો ગોળ પથ્થર; રસ્તો સરખો કરવાને ઠોકરીને ઢાળવાનો મોટો ગોળ પથ્થર; પથ્થરનો રોલર; ગોળ આકારનો પથ્થર.

વરોઠી ૧. સ્ત્રી. જનોઈ દીધા બાદ અપાતું ખુશાલીનું જમણ.
૨. સ્ત્રી. વરોડી; લગ્નની ખુશાલીમાં વરપાળાઓ તરફથી કન્યાના ગામના જ્ઞાતિવાળાને અપાતું જમણ કે જમણવાર તે.

વરોઠ (વરોઠ) વિ.સ્ત્રી. ગર્ભ ન ધારણ કરનારી પશુ માદા માટે બોલાય છે

વરોત ન વરતા; મોટું બાકડું ઢોરડું.

વરોધ [સં વિરોધ] કું કજિયો, ટંટો; ઠાસ.
વરોધ વધારવો = કજિયો, વધારવો; વેર વધારવું.

વરોર [સ. વર (સુંદર) + ઉરુ (સાથળ)] સ્ત્રી. સુંદર સાથળવાળી સ્ત્રી
નારાયણની જંઘામાંથી ઉત્પન્ન થયેલી આ તો એ વરોર છે. વિક્રમોર્વશીય

વરોલ ૧. કું. નરમ ખમાશ.
૨. કું. ભમરો.
૩. સ્ત્રી. ઇચ્છા; અભિલાષા.
૪. સ્ત્રી. અરોલ; અરેલ; કાખા પડખામાં હાથ નીચેનો એક અવયવ તાવની બીમારીમાં તે વધીને ઢોલરી ઉપર ઢલાણ કરે છે.
૫. વ. વાંઝિયાપણું; વંધ્યત્વ.
૬. વિ. ગર્ભ ધારણ કરે નહિ તેવું; વિયાય નહિ તેવું. ઢોરને માટે તે શબ્દ વપરાય છે.
૭. વિ વિયાળ.

વરોલા ૧. સ્ત્રી. ભમરી.
૨. સ્ત્રી. મધમાખ; મધમાખી; વરોલની માદા.

વરોવરિયો કું. કન્યાને માટે વર પસંદ કરવા જનાર પુરુષ; મુરતિયાને જોવા જનાર પુરુષ.

વરોળ જુઓ વરોલ.

વરાળવું ૧. [સં.] સ. ક્રિ. કચ્ચરઘાણ કાઢવો; રોળવું; પાડી દેવું.
તેણે સેન્યા સઘળી વરોળી,
વીર છ્યો થયો સ્વોશસ્વોર. પ્રેમાનંદ
૨. સ ક્રિ વલોવવું; મથન કરવું; મથવું; ■■વું.
સુરાસુર સહી સિંધુ વરોળ્યો ૬. રણછોડ

વરોળાવવું સ. ક્રિ. વલોવાવવું; વલોરાવ તેમ કરવું

વરોળાવું અ. ક્રિ. વલોવાવું; મથન થવું.

વરોંઠી જુઓ વરોઠી.

વર્ક ૧. [અ. વરક] કું. પૂડ; પાનું, ધાતુનો ચામડા જેવો પત્ર
૨. [અં.] ન. કામ.

વર્કુણિદ્ર [અં.] સ્ત્રી. વાનિક કામનું આપ.
કામના આપને વર્કુણિદ્ર કહે છે.
ઓક્સ્ફર્ડ એન્ડ મેસ એન્જીન

વર્કર ૧. [હિં.] પું. ઘેરાનું બચ્ચું

૨. પું. ખુબ્બન પશુ.

૩. પું. બહારો.

૪ પું. હાસી; મશ્કરી; પરિહાસ.

૫. [અં.] વિ. કામ કરનાર.

વર્કરિતા પું. (પિંગળ) શિખ્ખિણીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને સુભગ, ભગ્ના, ભગ્ના અને ખડાર પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

આ આગે વર્કરિતા. રત્નમિંજા

વર્કશોપ ૧. [અં.] ન. ઉદ્યોગશાળા; કામ કરવાની શાળા; કામ કરવાનું મોટું કારખાનું; કર્મશાળા.

૨. ન. રેલ્વે વગેરેનો સામાન તૈયાર કરવાનું મોટું કારખાનું.

વર્કરી પું. દક્ષિણ હિંદમાં રહેતા વૈષ્ણવ સંપ્રદાયના લોક. તેઓ હર અષાઢ અને કાર્તિક માસની અગિયારશને દિવસે પંઢરપુરમા વિઠોબાની મૂર્તિના દર્શનાર્થે જવાનું વ્રત લે છે. તેઓ તુલસીની કંઠી પહેરે છે. જ્ઞાનદેવે ટીકા કરેલ ગીતાને તેઓ અત્યારભૂત ગ્રંથ માને છે. વિઠોબાની યાત્રા પૂરી કર્યા પછી તેઓ કસરિયો વાઘટો હાથમાં રાખે છે.

વર્કિંગ કમિટી [અં.] સ્ત્રી. કામ કરનારની સમિતિ; કાર્યકારિણી સમિતિ

વર્ગ ૧. પું. (ગણિત) કોઈપણ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણવાથી જતો ગુણાકાર; દ્વિઘાત; ' સ્કવેર '. જેમકે, ૫ × ૫ = ૨૫. એમાં ૨૫ એ ૫નો વર્ગ છે અને ૫ એ ૨૫નું વર્ગમૂળ છે.

વર્ગ કરવો = (૧) બે સમાન સંખ્યાનો ગુણાકાર કરવો (૨) વર્ગ પાડવો.

૨. પું. ખંડ; પ્રકરણ; અધ્યાય; અધ્યપરિચ્છેદ

૩. પું. જાત પ્રમાણે પાડેલા જુદા જુદા માણેનો દરેક.

૪. પું. જેની લંબાઈ તથા પહોળાઈ સરખી હોય એવું સમકોણ ક્ષેત્ર.

૫ પું. પંક્તિ; કક્ષા; શ્રેણિ; કરજ્જો; કોટી.

૬ પું. પ્રકાર.

૭. પું. મંડળ; સમ; સમૂહ.

૮. પું. મોટા સમુદાયનો એક ભાગ.

૯ પું. શાળામાં એકસરીખા વિદ્યાર્થીને ભણવા બેસવાનો ઓરડો.

વર્ગ પાડવો = વર્ગ પ્રમાણે જુદું પાડવું.

વર્ગણા સ્ત્રી. (જૈન) સજાતીય વસ્તુનો સમુદાય.

વર્ગણા એટલે સમાનજાતીય પદાર્થ એકઠાના વાસ્તવિક યા કાલ્પનિક એક સાથે વિન્યાસ અને વિજાતીય પદાર્થ એકઠાનો પૃથક્ વિન્યાસ.

તત્ત્વાર્થસૂત્ર

વર્ગણી ૧. [સં.] સ્ત્રી. સોટલ્યું.

૨. સ્ત્રી. ફાળો; ભાગ; હિસ્સો

૩. સ્ત્રી. ભેદ

૪. સ્ત્રી ભવાઈમ.

એક પત્ર પુસ્તકરાજાના વર્ગણી આખારાની વર્ગણીમાથી સધેલું હતુ. સરસ્વતીચંદ્ર

૫. સ્ત્રી. વિભાગ; વર્ગ. આ મૂળ મરાઠી શબ્દ છે પણ હવે તે ગુજરાતીમાં ખૂબ જ પ્રચલિત થઈ ગયો છે.

ગાયોના ધણ અને આયક પ્રમાણે એમ બે વર્ગણી કરવાની છે. પ્રસ્થાન

વર્ગતપ ન. (જૈન) એક પ્રકારનુ જ્ઞાનયજ્ઞાદિત અનસન.

વર્ગન્યાય પું. એક વર્ગને લાગે થતા બીજા વર્ગના અન્યાય.

વર્ગન્યાય અથવા એક વર્ગને લાગે થતા બીજા વર્ગના અન્યાય વિષે મેં બધી વાર વાચ્યુ હતુ. મહાદેવ દેસાઈ

વર્ગપદ ન. (ગણિત) વર્ગમૂલ.

વર્ગપદ્ધી સ્ત્રી. જે પદીનું દરેક પદ બે ઘાતનું હોય અથવા જે પદીનું એક પદ બે ઘાતનું હોય અને બાકીનામાનું કોઈ પણ પદ બેથી વધારે ઘાતનું ન હોય તે; બીજગણિતમાં તેને 'ક્વોડ્રેટિક ઇક્વેશન' કહે છે.

વર્ગપદ્ધતિ સ્ત્રી. દક્ષાવાર વિદ્યાર્થીઓના વર્ગ પાડવાની પદ્ધતિ

વર્ગપૂર્તિ [સં.] સ્ત્રી. (ગણિત) વર્ગ પૂરો કરવો; વર્ગમૂળ અપાવ્યા વગર બીજી કોઈ જેવી રકમ બનાવવી તે.

વર્ગપ્રેરણ ન. (ગણિત) કોઈ પણ રકમને તે જ રકમથી ગુણતાં જે ગુણાકાર આવે તે. જેમકે, ૫નુ વર્ગપ્રેરણ ૨૫ થાય છે

વર્ગફેર ૧. પું. એક વર્ગ ખાતે મજૂર થયેલી રકમની બાકીમાથી બીજા વર્ગ ખાતે ચડેલો ખર્ચ બાદ કરવો તે.

૨. પું. નિશાળમાં વર્ગ બદલવો તે; એક વર્ગમાથી બીજા વર્ગમાં બદલી કરવી તે.

૩. પું. હરતાંતર

વર્ગભેદ પું. જાતિભેદ; વર્ણભેદ; કોમીભેદ.

દુનિયામાં દરેક વસ્તુ ચેડા કરવા માટે ધંધો ઊભા કરાયાં છે. હસ્તકલાઓના પુરસ્કા વસ્તુ સાધનોનો નાશ થતો આવેલ છે. એનું કારણ કડપી અને સહેલું ઉત્પાદન અને બાનગીનું પ્રમાદીપણું.

યંત્રોથી દુનિયામાં વર્ગભેદ ઉત્પન્ન થયો છે. વર્ગકલહ વધ્યો છે અને લોકવિલાસની વાસના પાપવા યત્નો થઈ રહ્યા છે. રાતિમાતા

વર્ગમિશ્રમણ ન. જુદા જુદા વર્ગનું ભેગુ થવુ તે.

આ સમાજપટના પણ વર્ગમિશ્રણની છે

જયપ્રકાશ કાપોર

વર્ગમૂલ જુઓ વગમૂળ.

વર્ગમૂળ [સં] ન. (ગણિત) વર્ગની મૂળ સંખ્યા; 'સ્કવેર રૂટ'. કોઈ પણ સંખ્યાએ ગુણવાથી જે ગુણાકાર આવે તેને મૂળ સંખ્યાનો વર્ગ કહે છે અને તે મૂળસંખ્યાને એ ગુણાકારનુ વર્ગમૂળ કહે છે.

વર્ગવતી સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સર્વ વર્ણનો છે. તેના પહેલા તથા ત્રીજા પદમાં ત્રણ ભગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા પદમાં ત્રણ સગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

વર્ગવારી સ્ત્રી. વર્ગવાર ગોઠવણી; વર્ગીકરણ

વર્ગવિગ્રહ પું. સમાજના વર્ગો વર્ગો વચ્ચે હિતવિરોધને કારણે વિગ્રહ; સમાજના પડી ગયેલા ઊંચ અને નીચ એવા બે ભાગ વચ્ચે ચાલતું વર્ષણ; મૂડીદાર અને મજૂર વચ્ચેનો પરસ્પર હિતવિરોધ; ' ક્લાસ વૉર '.

દુનિયામાં સૌથી વધુ પવિત્ર અને જવાબદાર વ્યક્તિ જો કોઈ હોય તો તે શિક્ષક છે. શિક્ષકની પવિત્રતા ઉપર સમાજની પવિત્રતા અવલંબે છે. સમાજને જો ઉચ્ચ બનાવવો હોય, સ્વમાની અને સાચો બનાવવો હોય તો આપણે એટલે સરકારે અને સમાજે શિક્ષકનુ સ્થાનમાન સાચવવું પડશે. શિક્ષક તેની પવિત્રતાથી કામ કરતો હોય અને તેમાં સમાજ તરફથી જુદા જુદા અવરોધો ઊભા કરવામાં આવે, નોકરી ટકાવી રાખવા માટે તેને સમાજની ખુશામત કરવી પડે, સત્તાધીશોને વશ વર્તવું પડે તો આ વાતાવરણમા આજનો સમાજ શિક્ષકોની પાસેથી શું માગી શકે ? બેકારી અને અપમાનથી પીડાયેલ શિક્ષક કદાચ વર્ગવિગ્રહ ઊભા કરશે અથવા તો ગુલામોની વફાદારી જેવી કરશે. જીવનપ્રકાશ

વર્ગવિગ્રહવાદ પુ વર્ગવિગ્રહમા માન્યતાનો વાદ.

વર્ગવ્યવસ્થા સ્ત્રી. શાળાના વર્ગની અવસ્થા.

વર્ગશિક્ષક પું. નિશાળના વર્ગનો શિક્ષક; ક્રીખવનાર ગુરુ; અધ્યાપક

વર્ગશિક્ષકને મૂલ્યવાનમાં નાખવો અને કરેલ આગળો એક મોટો પ્રશ્ન તે નવરાં પડતા વિદ્યાર્થીઓનો છે. દક્ષિણામૂર્તિ

વર્ગશિક્ષણ ન. શાળાના વર્ગમાં અપાતુ શિક્ષણ; ધોરણ પ્રમાણે શિક્ષણ આપવુ તે.

વર્ગસત્તાક વિ. અમુક વર્ગ કે સમુદાયનું સત્તા૰વાળું. 'આરિસ્ટોક્રેટિક'

વર્ગસમીકરણ [સ. વર્ગ + સમીકરણ (સરખું કરવું તે)] ન. (ગણિત) વર્ગાત્મક સમીકરણ, વર્ગાત્મક સંખ્યાઓનું અનેલું સમીકરણ; વર્ગમૂળ કાઢવાનું હોય તેવું સમીકરણ. એક અથવા વધારે અજ્ઞાત રાશિવાળા બે ચલના સમીકરણને વર્ગસમીકરણ કહે છે.

વર્ગસંક્રમણ ન. (ગણિત) બે સંખ્યાની બાદબાકી અને તે જ બે સંખ્યાની વર્ગની બાદબાકી આપ્યાં હોય તે ઉપરથી તે મેળવી કાઢવાની રીત.

વર્ગા સ્ત્રી. (પુરાણ) કુબેરની સભાની એ નામની એક અપ્સરા. તે એક ઋષિના શાપથી નારીતીર્થમાં મગરી થઈને પડી હતી. અર્જુને તેનો ઉદ્ધાર કર્યો હતો.

વર્ગાત્મક વિ. [સં. વર્ગ + આત્મક (વાળું)] (ગણિત) વર્ગ બતાવનાર; જેમાં વર્ગ હોય એવું. 'સ્ક્વેડ્રેટિક'.

૨. વિ. વર્ગ સંબંધી

વર્ગાભિમાન ન. પોતાના વર્ગનું અભિમાન.

વર્ગાભિમાની વિ. વર્ગાભિમાનવાળું. 'ક્લાસ કોન્શિયસ'.

વર્ગાવર્ગી સ્ત્રી. ઉપલી પાયરીનો નોકર રજા ઉપર જતાં અવેજી મુકારી આપીને નીચલી પાયરીના હકદાર નોકરોને ઉત્તરોત્તર ઉપલી પાયરીમાં નીમવા તે; ઉપલા વર્ગનો અધિકારી રજા ઉપર જતાં નીચેના વર્ગમાંથી કામચલાઉ નિમણૂક કરવી તે

વર્ગાંતર ન. (ગણિત) બે સંખ્યાના વર્ગો વચ્ચેનો તફાવત.

વર્ગી ૧ વિ. એક જ વર્ગનું.

૨. [સં. વર્ગિન્] વિ. વર્ગ સંબંધી; પક્ષને લગતું.

વર્ગીય ગુણોત્તર ન. દ્વિગુણ ગુણોત્તર; કોઈ એક ગુણોત્તર આપેલું હોય તેના અને પદોના વર્ગો વચ્ચેનું ગુણોત્તર. જેમકે ૨ = ૩ એ ગુણોત્તર આપેલું હોય તો ૪ = ૯ એ તેનું દ્વિગુણ ગુણોત્તર થશે અને દ્વિગુણ કરતાં વર્ગીય ગુણોત્તર નામ આપવું ઠીક છે.

વર્ગીકરણ [સં. વર્ગ + કૃ (કરવું)] ન. સરખે સરખી વસ્તુઓને એક જગ્યાએ ભેગી કરી; સમાનતાવાળી વસ્તુઓને જાતવાર જુદી પાડવી તે; સરખાપણાને ધોરણે જુદું જુદું કરવું કે પાડવું તે; વર્ગ પાડવા તે.

આ રીતે પાડવા આવીને વસ્તુઓનું વર્ગીકરણ કરવાની કે વસ્તુઓને આજમાવવાની રમતો પણ રમવા રાઈ છે. મન્ટેસોરી પદ્ધતિ

વર્ગીકૃત ૧ [સં. વર્ગ (વિભાગ) + કૃત (કરેલ)] વિ. (ગણિત) વર્ગ કરતા આવેલું

૨ વિ. વિભાગ પાડેલું; વર્ગીકરણ કરેલું

આ પદ્ધતિ પ્રમાણે વર્ગીકૃત પુસ્તકોની યાદી પણ વિનામૂલ્યે આપે છે. દક્ષિણામૂર્તિ

વર્ગીય ૧ [સં.] વિ. વર્ગનું; વર્ગ સંબંધી. રસનેન્દ્રિયને લગતું.

૨. વિ. સજાતીય; એક જ વર્ગનું; સરખામણીમાં એક બીજાનો મળતું.

વર્ગીય વિચલન ન. વિચલનોનો દ્વિઘાત એટલે વર્ગ કરીને પછી તેનો દ્વિઘાતમૂળ એટલે વર્ગમૂળ કાઢીએ તો વિચલન નીકળે તેવી જાતના વિચલન કાઢવાની રીત

વર્ગોત્તમ [સં.] પું. જેમાં સ્થિત ગ્રહ શુભ દાયક ગણાય એવા બે અંશ, એક રાશિનો પ્રથમ અંશ, સ્થિર રાશિનો પાંચમો અંશ અને દ્વિસ્વભાવ રાશિનો નવમો અંશ વર્ગોત્તમ કહેવાય છે. તેના મિત્ર રાશિઓનો નવમાંશ પણ વર્ગોત્તમ કહેવાય છે.

વર્ગોદય પું. કોઈ અમુક વર્ગનો ખાસ ઉદય. વ્યક્તિ સમારંભનો નહિ પણ તેના અમુક ભાગનો ઉદય

વર્ગોપવર્ગ પું. જાત અને ઊંચી જાત.

તે વર્ગોપવર્ગ અને કાચા પ્રકારમાંથી વર્ગ ૧૨ જગદીશચંદ્ર ઠાકોર

વર્ચસ ૧ પું. અત્રિનો પુત્ર તે અગ્નિમાન્ થઈને અવતર્યો હતો એમ કહેવાય છે.

૨. પું. દૈત્ય.

વસુઓ વર્ચસોના મણિની સાથે યુદ્ધ કરવા લાગ્યા ભાગવતી આત્મવત

૩ ન. આભા.

૪ ન. ઉત્સાહ.

૫ [સં. વર્ચ (પ્રકાશવું)] ન. કાંતિ; જ્યોતિ. પ્રભા; પ્રકાશ; તેજ; દીપ્તિ

કોઈ એ કિરણો અનસ્ત મુખના આવત ત્રિલોચિયે, એવા વર્ચસ અહના ઉત્તરનો અંધાર ઉજાળશે. ત્રિવેદી

૬ ન. નાટકમાં કોઈ કરવામાં કે વેર બાળવામાં જોર બતાવવું તે.

તમે મારા ઉપર વર્ચસ કરો છો એ ઠીક નથી ભૂપેન્દ્ર બ્યાકરણ

૭. ન. રૂપ.

૮. ન. વિદ્યા.

૯. ન. વીર્ય.

૧૦ ન. શક્તિ. સૌર્ય; બળ, પરાક્રમ.

વર્ચસ્ય જુઓ વર્ચસ.

વર્ચસ્વંતું વિ. તેજસ્વી; વર્ચસ્વવાળું

કારણ નજર લઈને ચેતનવતા, વર્ચસ્વંતા, અપ્રમત્તતિવતા તક્ષશિલાના મહાન આચાર્યો પધારે છે. સંસ્કૃતિ

વર્ચસ્વની વિ. સ્ત્રી. તેજસ્વી. વીર્યવાન

વર્ચસ્વી ૧ [સ. વચસ (દીપ્તિ) + વિન્ (વાળું)] વિ. ચકમા

૨. વિ. તેજસ્વી. વીર્યવાન.

મહાન પુરુષને જો તેમના જેવી મહાન સ્ત્રીઓ મળી હોય તો મોટે ભાગે સંતાન મેધાવી, વર્ચસ્વી અને બળવાન જ થાય છે.

અભિનવ કામશાસ્ત્ર

વર્ચા ૧. પું (પુરાણ) એ નામનો એક વસુ.

૨. પું. (પુરાણ) ચંદ્રનો એ નામનો પુત્ર. તે અભિમન્યુ થઈને અવતર્યો હતો

૩ પું. (પુરાણ) સુચેતા ઋષિનો પુત્ર. તેનો પુત્ર વિહવ્ય હતો.

૪. પું. (પુરાણ) સોમ નામના વસુનો પુત્ર.

વર્જ ૧. પું વર્જવું તે

૨ વિ. બંધ કરેલું; રદ કરેલું.

૩. વિ વર્જિત. છોડી દીધેલું; તજેલું; ત્યાગ કરેલું.

વર્જક [સં] વિ. તજનાર, છોડનાર.

વર્જન ૧ [સં વૃજ્ (છોડી દેવું)] ન. તજવું તે; ત્યાગ; છોડી દેવું તે; વર્જવું તે.

૨. ન. નુકસાન; ઈજા.

૩. ન. પડતું મૂકવું તે; જાકી દેવું તે.

૪ ન. અહિષ્કાર; મના.

૫ ન ખાતર કરવું તે, બાતલ રાખવું તે.

૬. ન. હિંસા; મારણ.

વર્જના [સં.] સ્ત્રી. ત્યાગ.

કરાવવા વર્જના, દુષ્ટની વર્જના,
મિનખે નરસૈંયો હેઈ વારે.

નરસિંહ મહેતો

વર્જનીય ૧ [સ વૃજ્ (છોડી દેવું)] વિ તજવા જોગ, છોડી દેવા જેવું; ત્યાજ્ય

૨. વિ નિષિદ્ધ. મના કરેલું.

વર્જવું ૧. સ ક્રિ તજવું. છોડી દેવું; છોડવું.

લોક તથા શાસ્ત્ર તેમણે મજબૂત કરવાને અર્થે વર્જ્યાં એવા સ્થાનક રાખ્યું દેવાલય, નદી અને તળાવના આશ્રે. માર્ગે આવેલું ઝેવર, વૃક્ષની છાયા તથા આમ બળીઆ એ આદિક સ્થાનમાં મળમૂત્ર કરવું નહિ અને થૂંકવું પણ નહિ. શિક્ષાપત્રી

૨ સ ક્રિ મના કરવી

૩. સ. ક્રિ. રદ કરવું; મૂકી દેવું.

સંગ વર્જીને ને મૌની સન્તોષી આથી ને અર્થે ઘર બહારો. સ્થિર બુદ્ધિ, ભક્ત જે, તે મને પ્રિય. ગીતા

વર્જિત વિ. [સં. વર્જ (છોડી દેવું) + ક્ત] ત્યજેલું; છોડી દીધેલું, ત્યાગ કરેલું. વર્જેલું.
૨. વિ. મના કરેલું
૩. વિ. રદ કરેલું
૪. વિ. વિનાનું; હીનું; રહિત

વર્જિની [સં.] સ્ત્રી. કુમારિકા; કુંવરી છોકરી, નહિ પરણેલી સ્ત્રી

વર્જિનિયા સ્ત્રી. મકાઈની એક જાત; માકડો, ઊભડો. તે ઊંચી વધે છે. તેનાં ડોડવા મોટા, દાણો લાંબો અને આચરણો હોય છે. ખોખું જાડું હોય છે. મણે ૨૫ શેર દાણાનો ઉતાર આવે છે.

વર્જ્ય ૧. ન. ઘરેણ ગંડ નક્ષત્રમાનો એક યોગ. તેમાં કોઈ કાર્યની શરૂઆત કરવી ઇષ્ટ નથી એમ મનાય છે.
૨. ન. પ્રાચીન હિંદુ એક ગ્રહેર.
૩. [સં. વર્જ (છોડી દેવું)] વિ ત્યાગ કરવા જેવું; તજવા લાયક. ત્યાજ્ય; વર્જનીય.
નીચ જ્ઞાતાઓનું પોષણ કરી, અનિષ્ટ આનંદમાં નિમગ્ન કરાવી વાચકની અધોગતિ કરનારા પુસ્તકો તો હમેશ વર્જ્ય જ છે.
અવિનાશકર કમળાશંકર ત્રિવેદી

વર્જ્યસ્વર પું. રાગમાં નકી કરેલામાં આવતો સ્વર. જેમકે, સા રે ગ પ ધ સા. આ સ્વરોમાં અનુક્રમે મ અને નિ સ્વરો આવતા નથી તેથી તે બંને સ્વરો વર્જ્ય કહેવાય છે.

વર્જ્યાવર્જ્ય વિ. ત્યાગ કરવા ન કરવા જેવું.

વર્ટિકેટ [અં.] પું. પંચનો ફેસલો.

વર્ડઝવર્થ [અં.] પું. એ નામનો એક અંગ્રેજ કવિ. તે ઈ. સ. ૧૭૭૦માં જન્મ્યો હતો ઈ.સ. ૧૮૪૩માં તે કવિ લોરેઅટ બન્યો.

વર્ણ ૧. [સં.] સ. ક્રિ. બ્યાલ આપવો.
૨. સ. ક્રિ. પધરાવું; ફેલાવું.
૩. સ. ક્રિ. રંગવું; છાપવું.
૪. સ. ક્રિ. લખવું.
૫. સ. ક્રિ. વખાણવું.
૬. સ. ક્રિ. વર્ણન કરવું.
૭. સ. ક્રિ. સમજાવવું

વર્ણ ૨. [સં] પું. અક્ષર; ચિહ્ન, રંગ; દરકતા ઉચ્ચારનું રેખાત્મક લિપિ ચિહ્ન. વર્ણ ઉચ્ચારવામાં પણ કાળજી રાખવી જોઈએ. પાણિનિએ ૭ વર્ણને અધમ પાદક કહ્યા છે: (૧) ગાતો હોય તેમ બોલનાર, (૨) ઉતાવળથી બોલનાર, (૩) માથું હલાવી બોલનાર, (૪) સમજ્યા વિના વાંચનાર, (૫) અર્થ સમજ્યા વિના બોલનાર અને (૬) અલ્પ કંઠથી ઉચ્ચારનાર. માધુર્ય, અક્ષરની સ્પષ્ટતા, પદો છૂટાં પાડવાં, સુસ્વર, ધૈર્ય અને લય સાથે બોલવું એ છ પાઠક મુખ્ય ગુણ છે. વળી કહ્યું છે કે, ગુંગા કે બાવળા, બે બળ, દ્રઈ એ તેમ બોલવું નહિ, અભ્યકત નહિ, નાકમાંથી નહિ, કાકસ્વરથી નહિ, સ્થાન વિવર્જિત નહિ, હોઠ પીસીને નહિ, ત્વરિત નહિ, વિલંબિત પણ નહિ, અક્ષરને પીડી પીડીને ઉચ્ચારવામાં હોય તેમ નહિ, અદ્ગદિત કંઈ નહિ, અક્ષર મળી જઈને પણ નહિ. ટૂંકામાં આપણાભિમાનીઓ તો એટલું કહીને મને છે કે, દેવનાગરીના વર્ણોનો આકાર પણ સાવ કપોલ કલ્પિત નથી, પણ તે તે વર્ણો ઉચ્ચારવામાં થતી વાણીના વિકલાંગના આકારને અનુરૂપ છે. દેવનાગરી ઉપરથી ઉત્પન્ન થયેલી ગુજરાતી લિપિ પણ તેવી જ અર્થ સ્વતઃ અને સ્વાભાવિક છે વર્ણની ઉત્પત્તિ વિષે જો સાવધાનપૂર્વક ઝાઝેરાના મનના ભાખમાં સમજવે છે કે, એક જ નાદાત્મક વાણી મુખ આદિ સ્થાનમાંથી નીકળતી પરા કહેવાય છે, કેમકે નાદ સૂક્ષ્મ હોવાથી બાજણી શકાતો નથી. હૃદય તરફ જતી વાણી પશ્યન્તી કહેવાય છે, કેમકે તેને યોગીઓ જોઈ શકે છે; તે જ બુદ્ધિમાં પ્રાપ્ત થયેલી, વિવક્ષા પામેલી મધ્યમા કહેવાય છે, કેમકે તે હૃદય ન મના મધ્ય પ્રદેશમાં ઉત્પન્ન થયેલી છે; મુખમાં રહેલા, તાલ, ઓષ્ઠ આદિના વેપારથી બહાર નીકળે છે તે વૈખરીવાણી કહેવાય છે. ભગવાન પાણિનિ પણ વર્ણની ઉત્પત્તિ સંબંધે લખે છે કે, આત્મા બુદ્ધિથી જ્ઞાન પદાર્થનું જ્ઞાન મેળવી તે વિચાર બીજાને દર્શાવવા બોલવાની ઇચ્છા થવાથી મનને પ્રેરે છે. મન કાયમાંના અગ્નિને આઘાત કરે છે; અગ્નિ વાયુને પ્રેરે છે અને વાયુ છાતીને વિષે ફરતો મંદ સ્વર ઉત્પન્ન કરે છે, કંઠમાં ફરતો વાયુ મધ્યમ સ્વર ઉત્પન્ન કરે છે, મૂર્ધસ્થાનને વિષે ફરતો વાયુ તાર સ્વર ઉત્પન્ન કરે છે. આ રીતે ઊંચો ઊંચો ગયેલો વાયુ મૂર્ધસ્થાનને વિષે પ્રત્યાઘાત પામે છે અને પાછો ફરી મુખમાં આવી વર્ણને ઉત્પન્ન કરે છે.
૨. પું. (જ્યોતિષ) અમુક નક્ષત્રોથી બનો વર્ણકૂટ. તે વિવાહમાં ઉપયોગી અવયવ છે.
૩. પું (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ; કર્ણ આ છંદ ચતુષ્પદી છંદપ્રકાર છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૭ ગુરુ મળી ૧૫૨ માત્રા છે.
૪. પું (સંગીત) ગાયનની અંદર થતો સુંદર સ્વર વિસ્તાર.
૫. પું. (સંગીત) ગાવાની પ્રત્યક્ષ ક્રિયા. તેના ચાર પ્રકાર છે. (૧) સ્થાયી, (૨) આરોહી, (૩) અવરોહી અને (૪) સંચારી
૬. પું. મુખ
૭. પું. ચારણી સત્તા.
૮ પું ચિત્ર; તસ્વીર; છબી
૯. પું. જાતિ; જાત જેમકે, અઢારે વર્ણ
૧. વર્ણ બાકીથી જવું રહેવું નીકળી જવું = (૧) ગાનિભ્રષ્ટ થવું (૨) આબરૂસાર્થમાંથી જવું.
૨. વર્ણ વિનાનું = ઠેકાણા વગરનું; કહ્યું; બેસમજ
૧૦ પું પ્રાચીન હિંદનો એક દેશ
૧૧ પું આત્મા તત્ત્વ, પ્રકાશ, જ્ઞાન, વિદ્યા.
૧૨ પું બ્રહ્મનો એક નામ
૧૩ પું રંગ, રંગવા રંગવાનું
૧૪ પું રૂપ, સૌંદર્ય
૧૫ પું વિશેષણ ગુણ
૧૬ પું (ગણિત) સરવાળાની આકડો.
૧૭ પું સંગીત, સાત માત્રાનો કાર્યપક્ષ રાગ
૧૮ પું સ્તુતિ; વખાણ; યશ
૨૦. પું. કાયાની ચામડી
૨૧ પું. હિંદુ સમાજના ચાર મોટા વિભાગ; પ્રાચીન આર્યોએ મનુષ્યોના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વિભાગ પાડ્યા હતા તે મોટાનો દરેક વિભાગ; કર્મોનુસાર પાડેલા મનુષ્યના વર્ગમાંનો એક વર્ગ. ઉપનિષદોમાં વર્ણનો ઇતિહાસ મારી પેઠે મળી આવે છે. સ્મૃત્યાદિમાં બ્રાહ્મણ એક જ વર્ણ હતો. તમામ કામ બ્રાહ્મણ વર્ણ દ્વારા જ થતું. જેમ જેમ એકલા બ્રાહ્મણ વર્ણને કામનો બોજો લાગવા માંડ્યો તેમ તેમ સમાજના જુદા જુદા કર્તવ્ય પ્રમાણે ભાગ પડવા માંડ્યા. બ્રાહ્મણ પછી ક્ષત્રિય, પછી વૈશ્ય ઊભા થયા અને સૌથી છેલ્લો તમામ વર્ણે પોતાને અડચતા કામ માટે એક યોગો વર્ણ ઊભો કર્યો. એ તે શૂદ્ર કહેવાયો મધ્યકાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વચ્ચે સંબંધ સારો હતો અને પરસ્પર વિવાહ સંબંધ પણ થતો. સવર્ણ વિવાહ એક હોવા છતાં પણ બીજા વર્ણોની સાથેનો વિવાહ ધર્મશાસ્ત્રોથી પ્રતિકૂલ ન મનાતો. ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર કન્યાની સાથે પણ બ્રાહ્મણ વિવાહ કરી શકતો શાસ્ત્રકારોએ બ્રાહ્મણોને મા પછીની કન્યાનો નિષેધ કર્યો. બ્રાહ્મણે શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણના પુત્ર પરાશરનો ઉલ્લેખ કર્યો છે. દક્ષિણમાં પણ ક્ષત્રિયોની સ્ત્રી સાથે બ્રાહ્મણોના વિવાહ થયાના ઉદાહરણ મળી આવે છે. ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની કન્યા સાથે વિવાહ કરી શકતો પણ બ્રાહ્મણની કન્યા સાથે નહિ આ પ્રમાણે વૈશ્ય શૂદ્રની કન્યા સાથે વિવાહ કરી શકતો. મતલબ કે, આ સમયે અનુલોમ વિવાહની પ્રથા હતી; પ્રતિલોમની નહિ. પરસ્પરનો આ વિવાહ સંબંધ ધીરે ધીરે

કમી થઈ ગયો અને છેવટે પોતપોતાના વર્ણોમાં થવા લાગ્યો. આપીજી કહે છે કે, વર્ણનો અભાવ હું બરાબર કહેતો નથી, મારી સમજ પ્રમાણે વર્ણ એ આર્યોનો નિયમ છે અને આપણને તેનું જ્ઞાન હોય કે ન હોય તોપણ એનો અમલ થયા કરે છે. એ નિયમને મનુષ્યજાત અનુસરે તો સુખી થાય. આજે એ નિયમની અવગણના થઈ રહી છે તેથી આખા જગતમાં તે છિન્નભિન્ન થઈ રહ્યો છે. વર્ણ ઊંચ કે નીચ ભાવનો વિરોધી છે. વર્ણધર્મ એ કાંઈ મનુષ્યકૃત નિયમ નથી કે મનુષ્યની ઇચ્છા પ્રમાણે એનો અમલ થાય કે ન થાય. મનુષ્યની પૂર્ણ ઈશ્વરમય સુસંસ્કૃત અવસ્થામાં એ નિયમ એને માટે સ્વભાવસિદ્ધ છે. એની અવગણના કરે છે તેને હાનિ થાય છે. એ નિયમની હોય હિંદુસ્તાનમાં થઈ છે અને સૈકાઓ સુધી ઓછાવત્તા પ્રમાણમાં નિષ્ઠાપૂર્વક તેનું પાલન થયું છે આજે પણ સમાજ અજ્ઞાનમાં અને લાચારીપણે એનું પાલન કરે છે. એ નિયમની નજરે બ્રાહ્મણ અને ભંગી સર્વથા સમાન છે. ભંગી પોતાનું નક્કી કરેલું કર્મ પ્રસન્ન ચિત્તે અને નિષ્ઠાપૂર્વક કરતો હોય તો તેના ઉપર ભગવાન રાજી થશે, પણ કોઈ બ્રાહ્મણ ભલે તેવો વિદ્વાન હોય છતાં પોતાના ધર્મને ન અનુસરતો હોય તો ભગવાન એના ઉપર નારાજ થશે. વર્ણધર્મ અનુસાર કોઈને હલકા નથી મનાતા, કર્તવ્ય જ પ્રાપ્ત થાય છે. આ ધર્મનો સ્વીકાર અને તેનું પાલન કરવાથી જ સામ્યમાં સાચી કોઠકાઠીનો વિકાસ થઈ શકે છે, એટલે હું માનું છું કે, વર્ણમાં તો કયો દોષ નથી. દોષ એક વર્ણને બીજા વર્ણથી ઊંચો માનવામાં રહેલો છે.

૨૨. ન. કેસર.

વર્ણ આવરણ [સં.] ન. ભ્રમાસ મહત્ત્વ વખતે સૂર્યની આસપાસ દૃષ્ટિગોચર થતું પ્રકાશનું આવરણ. તેમાં હાઇડ્રોજન તથા હિલિયમ જેસનું વધારે પ્રમાણ હોય છે. તેની મોટાઈ ૧૦,૦૦૦ માઈલ સુધીની મનાય છે.

વર્ણક ૧. [સં.] પું. એક સૂત્ર પર કોઈ બીજા પ્રકારથી વ્યાખ્યાન કરેલ હોય તેવો ગ્રંથ.

૨. પું. કપિલો.

૩. પું (હિંદી) ઘસેલી વસ્તુનો લેપ; વિલેપન દ્રવ્ય.

૪. પું. ચરણ.

૫. પું. ચંદન.

૬. પું. ચિત્રકાર.

૭. પું. મડળ.

૮. પું. રંગ.

૯. પું. રંગેલ બાળગો.

૧૦. [સં. વર્ણ (વર્ણન કરવું)] પું. વ્યાખ્યાતા; જાહેરનો રિપોર્ટ આપનાર

૧૧. પું. શબ્દકાર.

૧૨. પું. હરતાલ.

૧૩. પુ હિંગળા.

૧૪. ન. ગાયકીની એક જાત, ' રૂમ '.

વર્ણક કુંડલી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધસમ વર્ણવૃત્તક. તેના દરેક ચરણમાં ૩૧ ગુરુ અને ૧ લઘુ મળી ૩૨ વર્ણ હોય છે

વર્ણક દંડક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણદંડક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ, સાત ત્રગણ, લઘુ અને ગુરુ મળી ૨૯ અક્ષર હોય છે.

વર્ણક અનઘૂર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણદંડક વસુમણ છંદ; રૂપક પનાકારી. તેમાં લઘુ ગુરુનો નિયમ નથી પણ અંતે લઘુ આવે છે તેમાં કુલ ૩૨ અક્ષર હોય છે અને દરેક આઠમા અક્ષરે યતિ આવે છે.

વર્ણકર્મ [સં.] ન. વિકલ્પસહિતામાં વર્ણવેલ ષોડશ માઠેનો એક ક્રિયા.

વર્ણકમાનુસારી [સં. વર્ણકમાનુસારિન્] વિ. મૂળાક્ષરના ક્રમ પ્રમાણેનું.

વર્ણકાર [સં.] પું. ચિત્રકાર; ચિતારો.

વર્ણચિકિત્સા [સં. વર્ણ + ચિકિત્સા (સારવાર)] સ્ત્રી. રંગની મદદથી દરદ સારું કરવું તે; વર્ણને આધારે ચિકિત્સા કરવી તે. ' હોમોપથિ '

વર્ણચોર [સં.] વિ. રંગની ચોરી કરનાર.

> તહા હોયને જળ તું નમતાં કૃષ્ણને વર્ણચોર,
> પહેળો તો યે દૂરથી નદીનો પાળો એ પ્રમાણ
> નથી કરી કૃષ્ણ નિરખતો ગોપ બિહારી નજરે,
> મોતી મબ્બ નીરમ, ભૂમિનો હાર એકાવળીએ.
> મેઘદૂત

વર્ણજ સ્ત્રી. ગળવણ સુદી છઠ.

વર્ણજ સ્ત્રી. ષોડશ માંહેની એક માનસતત્ત્વ દેવતા.

વર્ણજ્યેષ્ઠ ૧. [સં.] પું. બ્રાહ્મણ.

૨. વિ. વર્ણોમાં શ્રેષ્ઠ

વર્ણજાત સ્ત્રી. ષોડશ માંહેની એ નામની એક માનસતત્ત્વ દેવતા.

વર્ણત્રિભંગી પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં ૨૦ લઘુ પછી ભગણ, તગણ, રગણ, ભગણ અને ૨ ગુરુ મળી ૩૪ વર્ણ હોય છે. તેમાં ૮, ૧૬, ૨૫ અને ૨૬મા અક્ષર ઉપર યતિ આવે છે.

વર્ણદંડ પું. ઇષ્ટ વર્ણની ભેદાક સંખ્યાનું ઉત્તરોત્તર અર્ધ કરતાં જતાં જે એક આવે તે અંકપંક્તિ.

વર્ણધર્મ ૧. પું. એક જ વર્ણમાં જન્મ કરવાની પ્રણાલિકા

૨. [સં. વર્ણ + ધર્મ (કરજ)] પું વર્ણનું કર્તવ્ય; અદાર વર્ણ માંહે કોઈપણ વર્ણને આગે દરેલો ધર્મ, હાતિને લીધ કરજ; દરેક વર્ણનું વિશિષ્ટ કર્તવ્ય આખીએ સમે છે કે વર્ણધર્મનો હું અર્થ કરતો નથી કે એકમાં બીજા વર્ણના ગુણ હોય જ નહિ. બ્રાહ્મણ શૂદ્રની જેમ પરિચર્યા કરી પેટ નહિ ભરે પણ તેને જો પરિચર્યા કરતાં ન આવડે અથવા કરતા શરમાય તો તે બ્રાહ્મણ જ નથી. નિઃસ્વાર્થ સેવા વિના શુદ્ધ જ્ઞાન સંભવે જ નહિ અને શૂદ્ર જો કે વેદ કે શીખવાને લિક્ષા પાત્રમા મળેલા અન્ન ઉપર નિર્વાહ નહિ કરે, છતાં સુવ્યવસ્થિત સમાજમા તે પણ વેદનું જ્ઞાન તો પામ્યો જ હશે

વર્ણધાતુ સ્ત્રી. રંગવાનો પદાર્થ.

વર્ણન ૧. ન. આખ્યાન

૨. ન. આલેખન.

૩. [સં. વર્ણ (વર્ણન કરવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. કોઈ વસ્તુને તે જેવી હોય તેવી કહી કે લખી જણાવવી તે; યથાર્થ રજૂઆતલેખન; બયાન; હકીકત; વિવેચન; વર્ણવવું તે.

> આ પ્રકારના નિયમાનુસાર નહિ પણ અતિવ્યાપ્તિ આદિ દોષ વિનાનું જે લક્ષણ હોય તેને વર્ણન કહેવાય છે. મણિલાલ નભુભાઈ

૪. ન. તારીફ; વખાણ; પ્રશસ્તિ; વખાણવું તે.

> આજન આજ જમ્યા જે અમો,
> તેનું વર્ણન સુણજો તમો.
> દલપતરામ

૫. ન. રંગવું તે, ચિત્રણ.

વર્ણનકવિતા [સં.] સ્ત્રી. વર્ણનપ્રધાન કવિતા; વર્ણન કાવ્ય; આખ્યાનાત્મક કવિતા; નિર્દેશક કાવ્ય; વર્ણનાત્મક કવિતા; કોઈપણ વસ્તુનું વર્ણન બતાવનારી કવિતા.

વર્ણનકાવ્ય જુઓ વર્ણનકવિતા.

વર્ણપટ પું. ચિત્રપુસ્તિકા; રંગપટ.

વર્ણનપત્ર [સં.] પું.; ન. હકીકતવાળો કાગળ; ' કાર્ડ '.

> દરેક બાનથી જોવા લાયક વસ્તુ આગળ તેનું દૂર વર્ણન લખીને મૂકવા કહ્યું હતું અને એવી ઘણી ખરી વસ્તુઓનાં વર્ણનપત્રો મૂકવામાં આવ્યાં હતાં; પરંતુ એ કામ જેવું જોઈએ એવું સંપૂર્ણ કરી શકાયું નહિ. સુ. સા. પરિષદ

વર્ણનશૈલી સ્ત્રી. વર્ણન કરવાની પદ્ધતિ

નવલિકાની વર્ણનશૈલી સ્વાભાવિક હોવી જોઈએ. કૌમુદી

વર્ણનાતીત [સં.] વિ. વર્ણવી ન શકાય તેવું; વર્ણન ન થઈ શકે તેવું.

પ્રભુનો આખા શરીરની શોભા વર્ણનાતીત છે વિજ્ઞાનસાગર

વર્ણનાત્મક [સં] વિ. વર્ણનવાળું, વર્ણનરૂપ; ' ડૅા-ક્રીટ '.

વિજ્ઞાનના આગમક અને વર્ણનાત્મક એ બે મુખ્ય વિભાગમાં આગમક અને વર્ણનાત્મક બે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. પી. બી. શાહ

વર્ણનાત્મક જ્ઞાન [સં] ન. નજરે જોયા વગર, વર્ણન વાંચ્યા કે સાંભળ્યા ઉપરથી થતું વસ્તુનું જ્ઞાન; શ્રુતજ્ઞાન.

અહીં માત્ર જ્ઞાનના જે બે પ્રકાર છે, એક પરિચયાત્મક જ્ઞાન એટલે સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન અને બીજો વર્ણનાત્મક જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન કે પરોક્ષજ્ઞાન તે બેની વચ્ચે રહેલ સ્પષ્ટ ભેદનું સ્પષ્ટીકરણ કરવાનો આશય છે. પારિ. કોષ

વર્ણનામ ન. (જૈન) નામકર્મની ચૌદ પ્રકૃતિ પૈકી એક પિંડપ્રકૃતિ. તેના ઉદયથી જીવ જુદા જુદા વર્ણ કે રંગ પામે છે.

શરીરગત પ્લેગ આદિ પાપ વર્ણો, સુરભિ આદિ બે ગંધો, તિક્તઆદિ પાંચ રસો અને શીત આદિ આઠ સ્પર્શોના નિયામક કર્મો અનુક્રમે વર્ણનામ, ગંધનામ, રસનામ અને સ્પર્શનામ છે. તત્ત્વાર્થસૂત્ર

વર્ણનીય ૧. [સં.] વિ. રંગવા લાયક.

૨. વિ. વખાણવા લાયક

૩. વિ. વર્ણન કરવા જેવું; વર્ણવી શકાય એવું; વિવેચન કરવા લાયક; બયાન કરવા જેવું.

વર્ણનૃત્ય [સં.] ન. (સંગીત) તાલવાદનનાં તબલાં ઉપર તાલના બોલ બતાવવા તે.

વર્ણપટ ૧ [સં.] ન. ચિત્રાલોક યંત્રનું વર્ણલેખનપત્ર.

અમારી પાસે જોવા યોગ્ય ન હતાં જ્યોતિષયંત્રો કે ન હતાં વર્ણપટ કે ચિત્રાલોકયંત્રો. પારિ. કોષ

૨. ન. રંગપટ; ભાષાપટ; ક્રિસ્ટલચિત્ર, ' સ્પેક્ટ્રમ '.

વર્ણપ્રલાકા પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

સ સ જા ગ ગથી વર્ણપ્રલાકા રણપિંગળ

વર્ણભેદ [સં. પું.] રોમભેદ; જાતિભેદ; રંગભેદ. વર્ણ રંગ્યેનો ભેદ, જાતિની ભિન્નતા સૂચવે છે કે વર્ણભેદ માનવકામ. તું સૃષ્ટિના નિયમનું સમર્થન કરે છું. જન્મથી જ આપણે માતાપિતાના કેટલાક ગુણદોષો વારસામાં મેળવીએ છીએ મનુષ્યયોનિમાં મનુષ્ય જ પેદા થાય છે. એ જન્મ પ્રમાણેના વર્ણનું સૂચક છે. વળી અમુક અંશે આપણે જન્મથી પહોંચેલા ગુણદોષોમાં ફેરફાર કરી શકીએ છીએ તે જોતાં કર્મને પણ સ્થાન છે. એક જન્મારામાં આગલા જન્મના કૃત્યને તદ્દન નાબૂદ કરવા લગભગ અશક્ય છે. એ અનુભવની દૃષ્ટિએ બ્રાહ્મણ જન્મેલાને બ્રાહ્મણ માનવામાં દરેક રીતે લાભ છે. વિપરીત ક્રમો કરી બ્રાહ્મણ આ જન્મે શૂદ્ર અને પશુ જગત તેની બ્રાહ્મણ માન્યા કરે તેમાં જગતને હાનિ નથી. વર્ણભેદનો અત્યારે ઊલટો અર્થ થાય છે એ ખરું છે. તેથી તે બિનજરૂરિ થઈ ગયેલ છે એ પણ ખરું છે એમ છતાં, જે નિયમ કુદરતે કરવે કરવે સિદ્ધ થતો જોઈ છું તેનો ઇનકાર કઈ રીતે કરું.

વર્ણમંડલ [સં.] ન. સૂર્યના તેજોમંડલની આસપાસ આવેલ પ્રજ્વલિત આર્દ્ર વાયુનું આવરણ; રંગમંડળ; રંગનું આવરણ; રક્તાવરણ; સૂર્યની આસપાસનું લાલ રંગનું આકર્ષક કુંડાળું; ' ક્રોમોસ્ફિયર '.

વર્ણમંડળ જુઓ વર્ણમંડલ.

વર્ણમાલા [સં.] સ્ત્રી. અક્ષરોના ઉચ્ચાર અને તેમનો ક્રમ; અક્ષરમાળા; કક્કો; ભાષાના મૂળ અક્ષરો

ભરતખંડમાંની વર્ણમાલાની ઉત્પત્તિ અક્ષરદેવમાંથી થઈ છે. ૭ મી ગુ. સા. પરિષદ

વર્ણમાળા જુઓ વર્ણમાલા.

વર્ણમુષા [સં.] સ્ત્રી. (વૈદક) ધાતુ ગાળવાની એક જાતની કુલડી. રસપ્રકાશ સુધાકરમાં લખ્યું છે કે કપૂર અને હોતરાની રાખ સરખે ભાગે લઈ તેનાથી ચાર ગણી રાઈદાની માટી વગેરે નાખીને મૂસ બનાવવી. સુકાયા પછી તેને કૂટકડી અને ધોળી ફટકડી સરખે ભાગે મેળવી રક્તવર્ણના ઉકાળામાં ગાળી ચોપડવું. આ મૂસામાં સોનાને ઓગાળવાથી તેનો વર્ણ વધે છે.

વર્ણયતિ પું. (સંગીત) એક જાતનો તાલ. તેની ચાર માત્રા છે. તેમાં પહેલી, પાંચમી, નવમી અને ત્રેવીસમી માત્રા ઉપર તાલ અને ત્રીજી અને સાતમી માત્રા ઉપર ખાલી આવે છે.

વર્ણરંગી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રંગિલો. આ છંદ વર્ણદંડક કહેવાય છે.

વર્ણલગ્ન ન. સવર્ણ વિવાહ; એક જ જાતિનાં વરકન્યાનું લગ્ન. સજાતીય પતિપત્નીનું લગ્ન.

વર્ણલિપિ [સં] સ્ત્રી. અક્ષરો કાઢીને અર્થ બરાબર કરવાની લેખન પદ્ધતિ. કવિ નર્મદાશંકર લખે છે કે, પ્રતિષ્ઠિત જનોએ પોતાની જૂની ચલેગલિપિ બદલીને નવી વર્ણલિપિ કરી

વર્ણલેખ પું પાસાવાળા કાચના કે સૂર્ય કિરણોના બોજથી બનતો રંગબેરંગી કિરણોનો મેઘધનુષ જેવો પટ્ટો; રંગોના પ્રકાશનો પટ્ટો; ' સ્પેક્ટ્રમ. '

કાચ પણ એટલે હીરાના લોલકને સૂર્ય કિરણમાં ધરી રાખીએ ત્યારે કિરણોનું પૃથક્કરણ થઈ ને નાનાં નાનાં સાતરંગોનાં કિરણ પડે છે. કઈ બધારે બોજના કરીને આ રંગોના પ્રકાશનો જે એક પટ્ટો દેખાય છે તેને આપણે વર્ણલેખ એવું નામ આપીએ. જ્યોતિર્વિલાસ

વર્ણલેખક યંત્ર [સં] ન. વર્ણલેખના રંગો ધારણ કરવાનું યંત્ર; રશ્મિવર્ણદર્શક યંત્ર; સપ્તરંગકદર્શક યંત્ર. ' સ્પેક્ટ્રોસ્કોપ ' આ યંત્રનો પ્રભાવ એવો છે કે, અગમ્ય અંતર ઉપરના પદાર્થોનાં પરમાણુઓનાં કિરણ, તે પદાર્થ બાજો નજીક હોય તેવાં તે યંત્રમાં પડે છે અને તે ઉપરથી તેનું પ્રકૃતિજ્ઞાન થાય છે.

વર્ણલેખકયંત્રની શોધ પછી પહેલું મોટું પ્રકાશ આ દેશમાં દેખાડવાનો યોગ ઈશ્વરે આપ્યો. જ્યોતિર્વિલાસ

વર્ણલેખન [સં.] ન. ચિત્ર કરવું તે.

વર્ણલેખ યંત્ર ન. રશ્મિવર્ણદર્શક યંત્ર; વર્ણલેખક યંત્ર; 'સ્પેક્ટ્રોસ્કોપ'. આ યંત્રની શોધ પછી સૂર્યની અંદર જે જે તત્ત્વો સમાયેલાં છે તેની માહિતી મળી છે. આ યંત્રથી સૂર્યના પ્રકાશનાં કિરણોનું પૃથક્કરણ કરતાં આપણી આસપાસની સૃષ્ટિનો ભેદ ખુલ્લો થયો છે. તેનાથી સૂર્ય અને તારાઓમાં મૂંઝવણ ભરેલાં રાસાયનિક દ્રવ્યો સ્પષ્ટ થયાં છે. તેણે ગ્રહો અને ઉપગ્રહો ઉપરનાં ધન, પ્રવાહી અને વાયુમાળાં દ્રવ્યો પણ નક્કી કરેલ છે. આપણી પૃથ્વી નવ ગ્રહોમાંની એક છે. પૃથ્વીમાં જે દ્રવ્યો છે તે જ દ્રવ્યો સૂર્યમાં છે. આ કારણથી સૂર્યમાં રહેલા સપ્તરશ્મિના રંગો ઉપરથી વિજ્ઞાનશાસ્ત્રીઓએ પ્રયોગશાળામાં પ્રયોગદ્વારા જાણી લીધી છે.

વર્ણલેખા સ્ત્રી. આડી; ચાક.

વર્ણલોપ [સં. વર્ણ (અક્ષર) + લોપ (નાશ)] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર, તેમાં અક્ષર છોડી દેવાય છે.

વર્ણવતી ૧ સ્ત્રી. કુરુક્ષેત્રમાં આવેલી એ નામની એક નદી

૨. સ્ત્રી. ઇળાદર.

વર્ણવવું ૧. સ. ક્રિ. વખાણવું.
૨ સ ક્રિ. વર્ણન કરવું; વિગતે કહેવું

વર્ણવાગીશ્વરી પુ (ત્રિપદા) વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વાગેશ્વરી. તેના દરેક ચરણમાં સાત યમાતા, લઘુ અને ગુરુ મળી ૨૩ વર્ણ હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર યતિ આવે છે

વર્ણવાગેશ્વરી જુઓ વર્ણવાગીશ્વરી

વર્ણવાદ [સં] પુ વખાણ.

વર્ણવાદી વિ. [સં વર્ણ + વાદિન (ઓલનાર)] પુ ભાટ; ચારણ.
૨ વિ. વખાણ કરનાર.

વર્ણવાયવું અ. ક્રિ. વર્ણવવું તેમ કરવું; વર્ણન કરાવવું; વર્ણવિત.

વર્ણવ્યાવું સ ક્રિ. વર્ણન થવું; વર્ણાવું; વર્ણીવું થવું.

વર્ણવિકૃતિ સ્ત્રી રંગનો ફેરફાર થયો તે; રંગભાવ બદલાઈ જવો તે, રૂપવિકાર.

વર્ણવિક્ષેપ પું. રંગમાં ભંગ.

વર્ણવિચાર પું. શબ્દવિચાર; વર્ણો વિશે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર; અક્ષરવિચાર.

વર્ણવિન્યાસરાત્રો ન. રંગ, અક્ષર કે રૂપ મોઢવામાં પ્રમાણભૂત લેખાય તેવું પુસ્તક; ગૃહલેખન સબંધી પુસ્તક.

વર્ણવિન્યાસરાત્રો પું. રંગ, અક્ષર કે રૂપ મોઢવામાં નિષ્ણાત પુરુષ.

વર્ણવિપર્યય [સં. વર્ણ + વિપર્યય (ઊંધું બદલવું તે)] પુ. (વ્યાકરણ) શબ્દોમાં અક્ષરોનું આગળ પાછળ થઈ જવું તે; એક અક્ષરને સ્થાને બીજો અક્ષર મૂકવો તે; અક્ષરનું આમુપાછું થઈ જવું તે; શબ્દોમાં વર્ણો ઊલટસૂલટ થઈ જવા તે

વર્ણવિલાવ પું શિવનાં હજાર નામોનું એક નામ

વર્ણવિશ્લેષયંત્ર ન. સૂર્યમા સમાયેલાં દ્રવ્યોનું પૃથક્કરણ કરતું યંત્ર; 'સ્પેક્ટ્રોસ્કોપ'. તે યંત્રની મદદથી સૂર્યના સફેદ કિરણોનું પૃથક્કરણ કરતા રાતો, નારંગી, પીળો, લીલો, ભૂરો, જાંબુડો, ઘૂરો અને આસમાની એવા સાત રંગો જુદા પડે છે.

વર્ણવું ૧. સ ક્રિ. વખાણવું
૨ સ ક્રિ વર્ણન કરવું, હકીકત જણાવવી; બતાવવું; વિગતે કહેવું.

સ્વભાવ ઊપજે મન યકી સો બહુ સરસાર,
ભાટ મનના ગુણ વિષે વર્ણવું પ્રથમ વિચાર.
દલપતરામ

વર્ણવૃત્ત સ વર્ણ (રંગ) + વૃત્ત (છંદ)] ન (ત્રિપદા) વર્ણની સંખ્યા ઉપરથી નિયત થયેલ ગણ, અક્ષરોની સંખ્યા પ્રમાણેનો છંદ, અક્ષરમેળ છંદ.

વર્ણવ્યત્યાસ ૧ પું અક્ષર ના ને જગા, અક્ષર અદલબદલ થઈ જવા તે
૨. પું. ભ્રમ.

વર્ણવ્યવસ્થા સ. વર્ણોની વ્યવસ્થા; ચાર વર્ણો દ્વારા થતી સમાજવ્યવસ્થા પ્રાચીન ભારતવાસીઓના સામાજિક જીવનનો મહત્ત્વનો મુખ્ય ભાગ તેમની વર્ણવ્યવસ્થા છે આ વર્ણવ્યવસ્થાની દીવાલ ઉપર સમાજનું ઘણું બોજું છે આ ઘર ઉપર પ્રાચીન કાળથી અનેક આઘાતોનો મારો ચાલતો છે પણ તે હજી સુધી તૂટ્યું નથી વર્ણવ્યવસ્થાનો ઉલ્લેખ મનુસંહિતા પણ મળે છે

પણ જો સમસ્તના હિતની દૃષ્ટિએ જ વિચાર કરવો હોય, જો હિતની આજના ન્યાય અને સ્વાતંત્ર્યના તત્ત્વને નમાવવા હોય તો વર્ણવ્યવસ્થા આવશ્યક છે. આનંદશંકર

વર્ણશ્રુતિ [સં] સ્ત્રી વર્ણો; સ્વરભેદ ઉચ્ચારણ; શબ્દભાગ; માતૃકા, એક સ્વર એક પ્રવાહે બોલાતા શબ્દનો અમુક ભાગ; ' સિલેબલ '.

ધ્વનિવિજ્ઞાનમાં આ વસ્તુને ફોનેમ-Phoneme કહેવા માટે દરેક શબ્દનો જોઈ એક વર્ણશ્રુતિ (syllable)ના સ્વરવિભાગ accent ઉપર આધાર રાખવો પડે છે. બબરદાર

વર્ણશ્રેષ્ઠ [સં.] પું. બ્રાહ્મણ

વર્ણષષ્ઠી સ્ત્રી. ભાદરવા સુદિ છઠ

વર્ણસગાઈ ૧ સ્ત્રી. (કાવ્ય) એક જ સ્થાનના કે જાતના વર્ણોનું એક પછી એક આવવું તે; સજાતીય વર્ણોનું આવર્તન; વર્ણાનુપ્રાસ; એક સાથે આવતા શબ્દોના આદ્યવર્ણ એક જ હોય તેવા અલંકાર; ' એલિટરેશન '. જેમકે, દયા દાન દે દર્દીના દદ દાગો દલપતરામ
૨. સ્ત્રી પ્રાસ બેસવો કે બેસાડવો તે.

વર્ણસર સ્ત્રી જગામાં પહોંચવાનું એક ઘરેણું

વર્ણસંકર ૧. [સં. વર્ણ (જાતિ) + સંકર (મિશ્રણ)] પું. ભિન્ન ભિન્ન વર્ણના સ્ત્રીપુરુષથી ઉત્પન્ન થયેલ માણસ. વર્ણસંકર બે પ્રકારના કહેવાય છે: અનુલોમજ અને પ્રતિલોમજ અનુલોમજનો પિતા તેની માતાથી ઉચ્ચ વર્ણનો હોય છે અને પ્રતિલોમજની માતા તેના પિતાથી ઉચ્ચ વર્ણની હોય છે. પ્રતિલોમ વિવાહનો નિષેધ હતો અનુલોમ વિવાહનો પ્રચાર પ્રાચીન કાળમા હતો પરંતુ પાછળથી બંધ પડી ગયો.

પ્રાણીઓ જેમ વર્ણસંકર જાત ઉત્પન્ન થાય છે તેવી રીતે ઝાડમાં પણ થાય છે

વનસ્પતિ ૨ સ્ત્રી
૨ સ ક્રિ. [સં. સંકર (સેળભેળ)] પું વિવિધ જાતનો નબળો બનાવ; બનાવ સેળભેળપણું
૩ વિ. તોફાની, ઉપદ્રવ કરનાર, અનાડી, અણઘડ રીતભાતનું, ઉત્પાતિયું
૪ વિ. ભિન્ન જાતિના માણસોથી ઉત્પન્ન થયેલું

અધમ ઘેરતા થાય, દુરાચારી દુષ્ટસ્ત્રીઓ,
ઓઓ દુઃખ ધરતા, દુષ્ટ ' જન્મે છે વર્ણસંકર
ગીતા

૫. વિ. વ્યભિચારથી ઉત્પન્ન થયેલ

વર્ણસંકરકારી વિ. વર્ણસંકરોથી કરાયેલ
વર્ણસંકરકારી એ રૂપથી પ્રજાપતીના.
દુષ્ટે છે જાતિધર્મો ને કુલધર્મો ય શાશ્વત
ગી ૧

વર્ણસંકરતા સ્ત્રી. વર્ણસંકર દોષપણું, જાતિમિશ્રણ; વર્ણમિશ્રણ

વર્ણસંધિ સ્ત્રી શબ્દની શરૂઆત અથવા છેડે આવતું અક્ષરનું જોડાણ

વર્ણસ્થાન [સં. વર્ણ + સ્થાન (સ્થળ)] ન. જ્યાંથી વર્ણ ઉચ્ચારાય છે તે મોનું સ્થાન; અક્ષરના ઉચ્ચારનું મૂળ સ્થાન.

વર્ણસ્થિતિ સ્ત્રી. અક્ષરના ગોઠવણની સ્થિતિ.
આ ભાષાઓ તેમની વર્ણસ્થિતિમા પાલી અને શિલાલેખોની પ્રાકૃતને મળતી છે. પુરાતત્ત્વ

વર્ણહીન ૧. વિ. અક્ષર વિનાનું.
૨. વિ. જાતિમાથી બહિષ્કાર થયેલું
૩. વિ હલકા વર્ણનું.

વર્ણા ૧. સ્ત્રી તુવેર
૨ સ્ત્રી. વારાણસી શહેરની એક બાજુએ વહેતી એક નદી.

વર્ણાચાર [સ વર્ણ + આચાર] પું ભિન્નભિન્ન વર્ણના આચાર કે ધર્મ; જાતિ પ્રમાણે વર્તન બતાવવું તે.

વર્ણાઢ્ય ૧. [સ.] પું. સર્પનો.
૨ પું ચિત્રકાર.
૩. પું. નાટકિયો અભિનેતા
૪ પું પ્રેમી
૫. પું. જેની કમાણી પર જીવનાર માણસ.

વર્ણાત્મક ૧. પુ. કાકપનિક શબ્દના ત્રણ ભાષેનો એક પ્રકાર, ધ્વનિ ચિત્રણની સાથે કંઠેલા કંઠ, તાલુ આદિની સાથે અથડાવાથી થયેલો શબ્દ.

૨. [સં.] વિ. બે અક્ષરો સંબંધનું; શબ્દાત્મક
આ ૨ બ્રહ્મ છે તે મૂર્તિમા બ્રહ્મ શબ્દ છંદના અર્થના ૩-વર્ણાત્મક ગાયત્રીનો તે બોધક છે. કેદારલાલ દાદ
૩. વિ. જાતિને લગતું
૪ વિ. રંગ સંબંધી; વર્ણાત્મક.

વર્ણાત્મા [સં. વર્ણાત્મન્] પું. અકારાદિ અક્ષરવાળો એક પ્રકારનો શબ્દ

વર્ણાનુક્રમ ૧. [સ વર્ણ + અનુક્રમ (પરિપાટી)] પું. અક્ષરનો અનુક્રમ; કક્કાવારી; મૂળાક્ષર પ્રમાણેનો ક્રમ
૨. પું. જાતવારી
૩. પું વર્ણનો ક્રમ સામટીને જોડવેથી અનુક્રમણિકા; અક્ષરને અનુક્રમે રચેલું સાંકળિયું; વર્ણાનુક્રમણિકા

વર્ણાનુક્રમણિકા [સં વર્ણ + અનુક્રમણિકા (સાંકળિયું)] સ્ત્રી. વર્ણનો ક્રમ સામટીને જોડવેથી વર્ણમાળી; અનુક્રમ અક્ષરને અનુક્રમે રચેલું સાંકળિયું; કક્કાવાર કે મૂળાક્ષર પ્રમાણે જોડવેલું સાંકળિયું

વર્ણાનુક્રમણી જુઓ વર્ણાનુક્રમણિકા.

વર્ણાનુપ્રાસ [સં. વર્ણ + અનુપ્રાસ (પ્રાસ)] પું. (કાવ્ય) વર્ણોના પ્રાસની જોગવણી; અક્ષરસગાઈ; એક પ્રકારનો શબ્દાલંકાર; સજાતીય વર્ણોનું આવર્તન; યમક: ઝમક

વર્ણાનુલંકાર [સં.] પું. (કાવ્ય) સ્વરોની અમુક જાતની ગૂથણી; સ્વરોની રચના; શબ્દરચનાની ચમત્કૃતિઓ અલંકાર; શબ્દાલંકાર. ગાયનવાદનમા જણાવ્યા પ્રમાણે વિરતીર્ણ, નિષ્પર્ષ, ગાત્રવર્ણ, ઝડ, નેદ, સધિપ્રચ્છાદન, આક્ષેપ, ઉદ્‌ગીત, સદાનંદ, નિર્દોષ, ક્રોધિત, ત્રિવર્ણ, પૃથગ્વેણી, ગ્લેજ, બિંદુ, પ્રેખિત, ઉદ્ઘાટિત, પહેલો અભ્યુચ્છ્વ, આશ્લિષ્ટ, શ્રુત, સોમ, વિશેષ, પરિવર્ત, પ્રસ્તાર, પ્રેંખ, અવલોકિત, ઊર્મિ, ઝુલાઢમાન, કુંકૃતિ, પ્રસાદ, સમ, દોલિત, ઉદ્‌ઘાટિત, આપ્ત, ભાસ, નિષ્કુજિત, ચેષ્ટ, ક્રમ, સીર, પદ્માકાર; મહત્વજ, આવર્ત્ત, ઇંદ્રનીલ, મંદોદિ, મદ્રમધ્ય, પ્રકાશ, ચલિત, ચલિતવર, સલિલોત્ત, ચક્રાકાર, પ્રવૃત્તક, વારિદ, હસિત, જય, સ્વેન અને સ્વરબાહક ઇત્યાદિ બહુ વર્ત વર્ણાલંકાર છે

વર્ણાવર્ણી પું. અનેક વર્ણના લોકોનો સમુદાય; વર્ણ ને આશ્રમનું જેમાં ઠેકાણું ન હોય એવું ખીચડિયાતું; સમુદાયો, જોગસોગ વગર થયેલી ગાંગીતીગી જાતિ

વર્ણાવર્ણી સ્ત્રી અનેક જાતિઓ હોવાની સ્થિતિ; વર્ણાવર્ણ

વર્ણાવર્ણી તમારે ટાળવી રે,
કહી આપુ મુકે નિશ્વાસ. વલ્લભદાસ

વર્ણાવવું ૧. સ. ક્રિ. વખાણવું થાય તેમ કરવું.
૨. સ. ક્રિ. વર્ણન થાય તેમ કરવું.

વર્ણાવું ૧. અ. ક્રિ. વખાણવું થવાં.
૨. અ ક્રિ. વર્ણન થવું

વર્ણાશ્રમ ૧. પું ચાર વર્ણ અને ચાર આશ્રમ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યસ્ત એ ચાર આશ્રમ
૨. [સં વર્ણ + આશ્રમ] પું. વર્ણોવાર અને આશ્રમવાર વિભાગ અને તેમનાં કર્તવ્યોની વ્યવસ્થા; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણના વિભાગ અને તેમને વહેંચી આપેલાં કાર્ય વગેરે કરવાની તેમની ફરજ વગેરેની વ્યવસ્થા

જે ના વર્ણાશ્રમે ધર્મે સ્વય નીચનો જાતના,
ભ્રષ્ટ સંપ્રદાયે તો બંગી ચાંડાલ શૂદ્રર્યા.
ગાધીગીતા

વર્ણાશ્રમધર્મ પું. શાસ્ત્રવિહિત એક પ્રકારનો ધર્મ; વર્ણોઆશ્રમના વિભાગો આચરવાના ધર્મ; વર્ણ પ્રમાણે અને વય પ્રમાણે મનુષ્યે કેમ ચાલવું તેને લગતાં સૂચન. ગાંધીજી લખે છે કે: વર્ણાશ્રમધર્મ એ સંયમ ઉપર, શક્તિસંચય ઉપર અને તેના શ્રીફળ જેવા ઉપયોગ ઉપર રચાયેલો છે, સ્વચ્છદ ઉપર નહિ. વર્ણાશ્રમધર્મ એ જ હિંદુધર્મે જગતને આપેલી એક અદ્વિતીય ભેટ છે.

વર્ણાંતર ૧. [સં. વર્ણ + અંતર (બીજું)] ન. ભિન્ન વર્ણ; જાતિભેદ.
૨ વિ. ભિન્ન વર્ણનું; વિજાતીય.

વર્ણાંતર લગ્ન ન બીજા વર્ણમાં કરેલું લગ્ન; જુદા જુદા જોત્રનાં વરકન્યાનું લગ્ન; વિજાતીય લગ્ન

વર્ણાંધ વિ. રંગ પ્રત્યે આંધળું; રંગ ન જોઈ શકે તેનું
જે મનુષ્ય લીલા અથવા લાલ રંગમા તફાવત જોતા નથી તેને વર્ણાંધ કહેવાય છે. આ એક પ્રકારનો દૃષ્ટિદોષ છે. વિજ્ઞાન પ્રવેશિકા

વર્ણાંધપણું ન રંગ નહિ જોઈ શકવાપણું; રંગ પ્રત્યે આંધળાપો

વર્ણિ [સ.] ન સોનું

વર્ણિક ૧. પું. લંપટ, લફંગો.
૨. વિ. રંગ સંબંધી; વર્ણોપટિત; વર્ણ વિષયક.

વર્ણિકા ૧. [સં.] સ્ત્રી. કલમ.
૨. સ્ત્રી. ખડી
૩. સ્ત્રી ચંદ્રમા.
૪. સ્ત્રી. નાહલિયાનો પોશાક.
૫. સ્ત્રી. રંગ
૬. સ્ત્રી વાનગી.
૭. સ્ત્રી. કાવી.

વર્ણિત ૧. [સં.] વિ. તારીફ કરેલું; સ્તુતિ કરેલું; વખાણેલું; સ્તુત.
૨. વિ. રંગેલ.
૩. વિ. વર્ણવેલું.
૪. વિ વેષ પરિવર્તન કરેલ.

વર્ણિવેષ ૧. પું બ્રહ્મચારીનો વેષ
૨. પું. રંગ નહિ પારખી શકવાની શક્તિ.

વર્ણી ૧. પું. ઉચ્ચાર ક્રિયાનું એકમ; અક્ષર; 'સિલેબલ.'
કહી, કહીશ, કહું. એ શબ્દોમાં વર્ણોનો અક્ષર આપો છે. બળવતરાય ઠાકોર
૨. [સં. વર્ણિન્] પું. ચિત્રકાર.
૩. પું. બ્રહ્મચારી.
૪. પું. બ્રાહ્મણ વગેરે જાતિ.
૫. પું. લેખક
૬. પું. શિવ
૭. વિ. અમુક જાતના રંગવાળું કે રંગનું.
૮. વિ. વર્ણને લગતું; જાતિ સંબંધી.
૯. વિ. વર્ણધ્વનિવાળું; માત્રોચ્ચારવાળું.

વર્ણી વિ. ના રંગવાળું. તે સમાસના અંતે લાગે છે. જેમકે, પદ્મવર્ણી.

વર્ણો પું. એક જાતનું વૃક્ષ. તેનાં પાન બીલીના પાન જેવાં અને ફળ બોર જેવાં હોય છે. તેમાં ચૈત્ર માસમાં ધોળાં ફૂલ આવે છે. તેનાં સર્વાંગ ઉપયોગી છે. તે મૂત્રલ, સારક અને પૌષ્ટિક છે.

વર્ણોચ્ચાર [સં.] પું. વર્ણનું સ્પષ્ટ ઉચ્ચારણ; અક્ષરે અક્ષર ખુલ્લા સમજાય તેમ બોલવું તે; વર્ણોનું ઉચ્ચારણ.
વારંવાર પ્રયત્ન કરવાથી વર્ણોચ્ચારની ખામી દૂર થશે. શિક્ષણપત્રિકા

વર્ણોત્પત્તિ સ્ત્રી. જાતિની ઉત્પત્તિ

વર્ણોપગુપ્ત પું. (ગણિત) સંખ્યાનો સંબંધવાળો આંકડો; ' કોએફિસન્ટ લિટરલ '. કોઈપણ બૈજિક રાશિના અવયવોમાંનો અક્ષર રૂપ અવયવ બીજાના અવયવોનો વર્ણોપગુપ્ત કહેવાય છે. જેમકે, ' બાકાની ' એ રાશિમાં ' બા ' એ ' કની ' નો અથવા 'બાકા' એ ' ની ' નો વર્ણોપગુપ્ત છે.

વર્ણ્ય ૧. પું. આઠ મહેની એક જાતની અનુભાવ.
૨. ન. ઉપમેય.
૩. [સં.] ન. કેસર.

૪. ન. પ્રસ્તુત વિષય.
૫. ન. વનસ્પતિસમૂહ
૬ વિ. જેનું વર્ણન કરવાનું હોય તેનું.
૭. વિ. વર્ણનને યોગ્ય; વર્ણવા જેવું; વર્ણનીય.

વર્ત ૧ [સં.] પું. આવર્ત; વમળ.
અહંકાર વિનાશ, સંસાર વર્તે ત્યાં ઉદાસ.
રત્નેશ્વર
૨ પું. જમ્બુદ્વીપના નવ ખંડોનો એક ખંડ.
૩ પું. દોરડું.
ઉતારી વનકુસુમ અંગે, વર્ત બાંધતે તેમ પર્યું.
દયારામ
૪ અ. હાજર; સમક્ષ.
પાસે નહિ તો આવ વર્ત જે દીપક લેઈ આવે તર્ત.
સામળ

વર્તક ૧. [સં.] પું. એક જાતનું તરેહવાર પાંખવાળું પક્ષી; આરંક.
૨. પું. ગુજરાન મેળવનાર માણસ.
૩ પું. ઘોડાની ખરી.
૪. પું. અડધો પક્ષી.
૫. પું. મજૂર.
૬. પું. વેપારી
૭. ન. એક જાતનું ઘોડું
૮. વિ. આવશ્યક.
૯. વિ. નિર્વાહક.
૧૦. વિ. નૂતન.
૧૧. વિ. વર્તન ધરાવતું; વાંકું વર્તું
૧૨. વિ. વર્તનાર.
૧૩. વિ. હોનાર.

વર્તણૂક [સં. વૃત્ (વર્તવું)] સ્ત્રી. આચરણ; ચાલચલણ; ચાલચલગત; રીતભાત; વર્તન; આચાર; ચરિત.

વર્તન ૧. પું. કાગડો.
૨. પું. વિષ્ણુ
૩. [સં. વૃત્ (વર્તવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આચરણ; રીત; પ્રકૃતિ; ટેવ; ચાલચલણ; વર્તણૂક; રીતભાત. રહેણીકરણી
૪. ન. આજીવિકા; ગુજરાનનું સાધન; નિર્વાહ; વધો.
૫. ન. ભોગો.
૬. ન. ધાની ઊંડાઈ અને પહોળાઈ વચ્ચે માટે તેમાં સળી નાખી હલાવવું તે; શિલ્પકર્મન કર્મ.
૭. ન. ચરબાની બેઠક.
૮. ન. ચોટા
૯. ન પત્થર.
૧૦. ન. પરિવર્તન; ફેરફાર.
૧૧. ન. પાત્ર; વાસણ
૧૨. ન. ભાડું.
૧૩. ન. ઘાટ
૧૪. ન. વર્તન.
૧૫. ન. વૃત્તિ.
૧૬. ન સામાન્યરૂપ વર્તુલ
૧૭. ન. સ્થાપન
૧૮. ન. સ્થિતિ.
૧૯ ન. હકીકત; અખબાર; જાતની વાત.
૨૦. વિ વર્તનાર.
૨૧. વિ. વામન.
૨૨. વિ. વૃત્તિવાળું.
૨૩. વિ. સ્થાવર
૨૪. વિ. હોનાર.

વર્તનકોષ્ઠ પું. પ્રવાહનું ફિરવું પ્રવાહી પદાર્થમાં દાખલ થતાં વાંકું વળી જાય છે તે વાંકનો ખૂણો

વર્તનક્રમ પું. વર્તન પાળવાના નિયમોનો ક્રમ; 'પ્રોગ્રામ.'
સંપૂર્ણ અહિંસાનો વર્તનક્રમ પ્રજાને બદલે બધી આબાદીને આજે હું અધિકારી નથી.
ગાંધીજી

વર્તનગ્રાપક [સં.] ન. પ્રવાહની વાસ્તવિક ગતિ બતાવનારું તથા માપનારું યંત્ર; વહનમાપક.

વર્તનહાની સ્ત્રી. સારી ચાલચલગતને માટે બાધકારી.

વર્તના [સં.] સ્ત્રી. (જૈન) પોતપોતાના પ્રકારની ઉત્પત્તિમાં સ્વયંમેવ પ્રવર્તમાન ધર્મ આદિ દ્રવ્યોને નિમિત્તરૂપે પ્રેરણા કરવી તે.
વર્તના, પરિણામક્રિયા અને પરત્વાપરત્વ એ કાળના ઉપકારો છે. તત્ત્વાર્થસૂત્ર

વર્તનિકા સ્ત્રી. (શિલ્પ) ચાર માશનું માપ; ક્ષેત્ર મણવાનો એક પ્રકાર.
૪ કાકણી = ૧ માષ
૪ માષ = ૧ વર્તનિકા
૪ વર્તનિકા = ૧ ચાટી કે વાટી

વર્તની ૧. [સં.] પું. રસ્તો વાપરવા બદલ લેવાતો કર.
૨ સ્ત્રી. ગોટી.
૩. સ્ત્રી. પીંજણ તે; દળવું તે.
૪. સ્ત્રી. માર્ગ; રસ્તો

વર્તમાન ૧. [સં. વૃત્ (હોવું) + અ (આગમ) + માન (વર્તમાન કૃદંતનો પ્રત્યય)] પું. ખબર; વૃત્ત; સમાચાર; ચાલતી વાત કે બનાવ તે.
૨. પું. ચાલુ કાળ; વર્તમાનકાળ
૩ પું. રોજેરોજની આવક.
૪. પું. સ્વામીનારાયણ સંપ્રદાયમાં નવા દાખલ થનારને ધરાવવાના નિયમ.
વર્તમાન ધરાવવા = અમુક નિયમ પાળવા.
૫ વિ. અત્યુનિક; હમણાંનું; ચાલુ જમાનાનું.
આજ પ્રભુ હું થઈ મગ્ન સ્મરણે ને વર્તમાને સદ્ ભૂતો સર્વે બનાવને. પણ મને કોઈ નથી ભાસતું.
ગીતાર્થગંગામૃત
૬ વિ ચાલુ ચાલતું, જારી
૭. વિ. પ્રચલિત. વિદ્યમાન
૮. વિ. સમક્ષ; હાજર

વર્તમાનકર્મ ન. ક્રિયમાણ કર્મ. વર્તમાન દેહમાં થતાં નવાં કર્મ. વર્તમાન, સંચિત અને પ્રારબ્ધ એવી રીતે કર્મના ત્રણ પ્રકાર છે

વર્તમાનકાલ ૧. પું (વેદાંત) ક્રિયાના પ્રારંભથી તે સમાપ્તિ સુધી પ્રારંભ અને સમાપ્તિને વ્યાપીને રહેનારો કાળ. શબ્દનો પ્રયોગ જે કાળમાં કાર્ય તથા તેનો આરંભ કર્યો હોય અને સમાપ્તિ ન થઈ હોય તેટલો કાળ
૨. પું. ક્રિયાપદનો એક કાળ, મુખ્ય ત્રણ કાળ છે. ભૂત, વર્તમાન ને ભવિષ્ય.
૩ પું. ચાલતો વખત, ચાલતા વખતનો પ્રસંગ; ચાલુ સમય.

વર્તમાનકાળ જુઓ વર્તમાનકાલ.

વર્તમાનકૃદંત ન. (વ્યાકરણ) ક્રિયાપદનું એક કૃદંત; ચાલુ સમય બતાવતું કૃદંત.

વર્તમાનપત્ર ન. જેમાં ચાલુ સમયના વર્તમાન છપાતા હોય એવું પત્ર; છાપું; કૃતપત્ર; અખબાર; જેમાં ચાલતા સમયની ઘટનાઓ આવતી હોય તે સામયિક જોખપત્રિકા; અખબાર; દેશ દેશાવરના બનાવો તથા તેના ઉપર વિવેચન કરી લોકમત કેળવવું પ્રકાશનું; 'ન્યુસપેપર'. પ્રજામાર્સ માને છે કે, વર્તમાનપત્રોએ પોલિસ, ન્યાયાધીશ અથવા સરકારી ખાતાંના દુષ્કૃત્યો સામે બચાવ પણ તૈયાર રહેવું જોઈએ. આત્મકથામાં લખ્યું છે કે, વર્તમાનપત્ર એ ઘણે શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણીનો પ્રવાહ ગામનાં ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો પ્રવાહ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.
મારી અલ્પમતિ પ્રમાણે વર્તમાનપત્રના ધંધા આજકાલને અર્થે કરતો અનિષ્ટ છે. કેટલાક કાર્યો અતિ લોભમાં કરેલા અને સાર્વજનિક હોય છે કે તે કાર્યોમાંથી આજકાલ મેળવવાનું રાખવાથી મૂળ હેતુને હાનિ પહોંચે છે. જ્યારે વર્તમાનપત્રને તેથી પણ વિરોધ કમાણીનું સાધન કરવામાં આવે, ત્યારે તો ઘણો અનર્થ થવાનો સંભવ રહે છે. વર્તમાનપત્રનું કાર્ય લોકશિક્ષણ છે. વર્તમાનપત્રમાંથી લોકને અદ્યતન ઇતિહાસ મળી રહે છે. આ કામ ઓછી જવાબદારીનું નથી. ગાંધીજી

વર્તમાનપત્રી ૧. વિ વર્તમાનપત્ર ચલાવનાર.
૨. વિ. વર્તમાનપત્રમાં આવતું.
વર્તમાનપત્રી સમાજ બહુધા હમ્મા છે, તેને સ્થાને મૌલિન રીબ્યુ નહિ તો વસંતની પ્રાસંગિક નોંધો જેટલી પણ દષ્ટિ, રસમય શૈલી ન આવી શકે. કૌમુદી

વર્તમાનપ્રતિબંધ [સં.] પુ. (વેદાંત)
વર્તમાનકાળમાં તત્ત્વજ્ઞાન ન થવા દેનાર પ્રતિબંધ. એ પ્રતિબંધ ચાર પ્રકારનો છે: (૧) વિષયાસક્તિ, (૨) પ્રમાદાભાવ, (૩) કુતર્ક અને (૪) વિપર્યય દુરાગ્રહ.
શબ્દાદિ વિષયોમાં મારી પ્રીતિ, બુદ્ધિનું ભંદપણું, શ્રુતિ અને સ્મૃતિથી વિરોધી તર્ક અને દેહાદિમાં આત્માની બુદ્ધિરૂપ ને જગતમાં સત્યપણાની બુદ્ધિરૂપ વિપર્યયમાં દુરાગ્રહ આ ચાર **વર્તમાનપ્રતિબંધ** છે. સમાધિ વડે અને અભ્યાદિ બીજ સાધનો વડે વર્તમાનપ્રતિબંધનો નાશ કરવાથી બ્રહ્મથી અભિન્ન આત્માનું જ્ઞાન થાય છે. પ્રબોધરી

વર્તવું ૧. અ ક્રિ. અમુક રીત પ્રમાણે આચરવું; આચરણ કરવું; આચરવું; અનુકરવું; વર્તન કરવું. ને જીવનીમના એવો નીકળી સર્વ ભાગ લો, સર્વ ભાઈ બહેનો છે એ ભાવનાથી વર્તવું. ગ.પીતાંબર
૨. અ. ક્રિ. ગુજરાન ચલાવવું.
૩. અ. ક્રિ. દુકાળ ઊતરવો.
સોરઠનો પોલનાં ઠોર થઈને દુકાળ વર્તવા સૌરાષ્ટ્રમાં ચાલી નીકળવા તૈયાર થયા. રસધાર
૪ અ. ક્રિ. ભવિષ્યના બનાવ સંબંધી અનુમાન કરવું.
૫. અ. ક્રિ. હોવું; થવું; બનવું.
૬. સ ક્રિ. પારખવું; જોવું; જાણવું.
૭. સ. ક્રિ. રીત પ્રમાણે આપવું.
૮. સ ક્રિ. આખ્યાન કરવું
જિહાં વર્તાઈ બહોડા આગમ. કાન્હડદેપ્રબંધ

વર્તારો જુઓ વરતારો.

વર્તાવ ૧. પું. આચાર; વર્તવાની રીતભાત, વર્તન; વર્તણૂક; આચરણ
૨. પું. તહાવત; ખુદાપણું

વર્તાવવું ૧. સ. ક્રિ. તપાસાવવું.
૨ સ ક્રિ. પરખાવવું; અનુમાન કરાવવું
૩. સ ક્રિ. ભવિષ્યમાં શું બનશે તે જ્યોતિષ પ્રમાણે જોવરાવવું
૪ સ ક્રિ. ઘૂંટાવવું. વેડફી દેવું, ઉઘાડી દેવું
૫. સ. ક્રિ. વહેંચવું
૬ સ. ક્રિ. વળગાડવું. મારે મારવું; ચોંટાડવું

વર્તાવું ૧. અ ક્રિ. જણાવું; દેખાવું; વરતાવું; પરખાવું
૨. અ ક્રિ. ફેલાવું.

વર્તિ ૧. સ્ત્રી. અંજન.
૨. [સં. વૃત (ગોળ ફેરવવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ગોળો; મુદ્રિકા.
ગોળી સામાન્ય રીતે એક વાસણની અંદર હોળી એદેખિ. તેની નાની નાની આકૃતિ અને કદને લઈને તેને ગોટક વટી, વર્તિ, ગૌડી વગેરે નાનાં નાનાં નામો આપવામાં આવ્યાં છે. આર્યભૈષજ્ય
૩. સ્ત્રી પ્રસ્તરનો એકમ.
૪. સ્ત્રી લાકડી
૫. સ્ત્રી વાટ; દિવેટ.
૬. સ્ત્રી શરીરને ચમકાવવાનો લેપ.

વર્તિક ૧. [સં.] પુ. એક જાતનું પક્ષી, ભારદ્વાજ પક્ષી.
૨ પું. ચોર; પુરોહિત.
૩. પું ચકલો પક્ષી
૪. પું. ભાર
૫. પું. સાવક લોકોનો જાતિ.
૬ વિ. વર્તનાર; અનુસરનાર.
અહિરે રાજતી તું અહંકાર,
વંદા વર્તિક ભાલણ ઓતાર. સમણ
૭. વિ. વિરક્ત.

વર્તિકા ૧. [સં.] સ્ત્રી. ચકલી.
૨. સ્ત્રી. ચિત્ર ચીતરવાના કામમાં આવતો ચાક અથવા બીજા નરમ પથ્થરનો કકડો; ચિત્રશલાકા.
૩. સ્ત્રી. દીવાની વાટ; દિવેટ.
૪. સ્ત્રી. ભારદ્વાજ પક્ષિણી.
૫. સ્ત્રી. સુરમો કે આંખમાં આંજવાનું બીજું ઔષધ; નેત્રાંજન.

વર્તિકાવિલસિત પું (પિંગળ) સાઠીમું વર્ણનો એક નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર, બીજા ચરણમાં રગણ, નગણ ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર ત્રીજા ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને ચોથા ચરણમાં રગણ, નગણ અને બે રગણ એમ બાર અક્ષર હોય છે.

વર્તિષ્યમાણ ૧ વ્યા ભવિષ્ય કાળ.
૨ વિ ભવિષ્ય કાળનું.

વર્તી ૧. [સં.] સ્ત્રી નયનાંજન.
૨ વિ. રહેનાર; હોનાર; વર્તનાર; ચાલનાર. હોવું ને સમાસને અંતે વપરાય છે. જેમકે, મમ્મવર્તી.
૩. જુઓ વર્તિ.

વર્તુલ ૧. પું. અક્ષ
૨ પું. એ નામનો એક વર્ણવૃત્ત સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેમાં ૯ ભગણ એટલે ૨૭ વર્ણ હોય છે
૩. [સં.] પું. ગોળો.
૪. પું. વટાણા
૫. ન. એક જ આખી વડ લીટીથી જેની હદ બંધાયેલી હોય તેવી આકૃતિ; જેના મધ્યબિંદુથી વડ લીટી સુધી દોરેલી લીટીઓ સરખી હોય તેવી ગોળ આકૃતિ; એક વડ લીટીથી બનેલ ગોળ આકૃતિ; કુંડાળું; ગોળ ચકરડું; ગોળ આકાર; વૃત્ત; ગોળ; મંડલ; ' સહસ્ર. '
૬ ન. એક પ્રકારનું ઘાસ.
૭. ન. કંપ; આંદોલન.
આર્થિક વર્તુળો લડવથી કેલાવમાં મોટા અને સંખ્યામાં થોડા બતા આવે છે.
બળવંતરાય ઠાકોર
૮. ન. ચાકર.
૯. ન. ટંકણખાર.
૧૦. ન. પરિમાણ; મૂંઝળ.
૧૧. ન. (જ્યોતિષ) મનુષ્યના હાથમાં હોતું ગોળાકાર ચિહ્ન.
૧૨. વિ. ગોળ આકારનું.

વર્તુલકટીબંધ પું. બે સમાંતર છેદ વચ્ચે આવેલો વર્તુળનો ભાગ.

વર્તુલત્રિજ્યા સ્ત્રી. વક્રતાત્રિજ્યા.

વર્તુલપાદ ૧. પું. તુરીય વંશ.
૨. પું. ત્રિજ્યા.
૩. પું. પદ.
૪ પું (ગણિત) વર્તુલનો ગોળો ભાગ; ગોળનો ગોળો ભાગ; પા ગોળ; ' ક્વાર્ડ્રન્ટ. '
૫. પું. સૂર્યવંશ.

વર્તુલપ્રમાણ ન. (ન્યાય) સિદ્ધ સાધનઃ અન્યોન્યાશ્રય, સાધ્યસ્વીકાર, એક જાતનો દોષ, ચોથો દોષ સાધ્યસ્વીકાર.૨ અવય. વર્તુલપ્રમાણનું છે. તેમાં અનુમાનને જ સાધન બનાવી દેવામાં આવે છે આ પ્રકારના દોષો ખાસ ખાસ્ત્રોમાં જ થાય છે; તેથી ઉદાહરણો આપવા સહેલા નથી, પણ સાદા રૂપમાં સાધ્યસ્વીકારનો દોષ પણ થઈ થાય છે. મણિશંકર ભટ્ટ

વર્તુલપ્રિતિ ૧ સ્ત્રી ગોળ ચણિતની રીતિ.
૨. સ્ત્રી સમાન ત્રિજ્યા.

વર્તુલવિભાગ પુ (ગણિત) બે જ્યા, અને તેમની વચ્ચે આવેલા પરિઘભાગથી બનેલા આકૃતિ.

વર્તુલસ્તંભ પું કાટખૂણચતુષ્કોણની એક બાજુને સ્થિર રાખી તેની આસપાસ એ કાટખૂણચતુષ્કોણનું એક ગોળ ચક્કર ફેરવવાથી બની બન આકૃતિ.

વર્તુલા [સં.] સ્ત્રી. ચરખાની એક જાત.

વર્તુલાકાર ૧ [સં.] પું ગોળ આકૃતિ.

૨. વિ. વર્તુલના આકારનું; ગોળાકાર; ગોળ આકારનું; ' સરકયુલર. '

વર્તુલાકારી વિ. ગોળ; વર્તુલના આકારનું.

વર્તુલાકારી મુદ્રારૂપ દર્શાવતી, વર્તમાની, સુંદર મુખધારી, લલિત અંગમરોડવાળી, કદાચ અતિ નાજુકવાળી એ મૂર્તિઓ છે. સુવર્ણમાલા

વર્તુલાસન ન. યોગનું એ નામનું એક આસન; એકાસનમાં બે હાથની આંગળીઓથી બે પગનાં અંગૂઠાઓ પકડીને રાખવું તે. બે હાથ ને બે પગ ભૂમિ પર રાખી ઊંધી કમાન કરવાથી પણ આ આસન થાય છે.

વર્તુશૂળ ન. ઘાસ ચડવાનો પશુનો એક રોગ

વર્તુળ જુઓ વર્તુલ

વર્તુળાકાર જુઓ વર્તુલાકાર.

વર્તોકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે રગણ અને બે લઘુ મળી અગિયાર વર્ણ હોય છે.

વર્ત્મ ૧. ન. આધાર; આશ્રય.

૨. ન. આંખનું પોપચું; પાંપણ; નેત્રચ્છદ.

૩. ન. કિનારો

૪. [સં. વર્મન્] ન. માર્ગ; બનાવેલ રસ્તો.

વર્ત્મરોધનલીલા સ્ત્રી. રસ્તો રોકવાની લીલા.

આ રીતે જ રાસલીલા, વસ્ત્રહરણલીલા, વગેરે ભાગવતોક્ત લીલાના અનુકરણમાં ભક્ત સંતોએ રૌદ્રલીલા, દાણલીલા, વર્ત્મરોધનલીલા, ધુતલીલા, યમુનાજલકેલિ વગેરે લીલાઓની કલ્પના કરી હશે. પ્રસ્થાન

વર્ધક ૧. [સં.] પું. ભાંગરાવર્ગની એક વનસ્પતિ

૨. વિ. ગુણકારક; ગુણનાર.

૩. વિ. વેદનાર.

૪. [સં. વર્ધ્ (પૂરવું) + અક (નાર)] વિ. પૂરનાર; ભરનાર.

૫ [સં. વૃધ્ (વધારવું) + અક (નાર)] વિ. વધારનાર; વૃદ્ધિકારક; વૃદ્ધિકર્તા. તે સમાસને અંતે વપરાય છે.

વર્ધકિ [સં.] પું. સુથાર. કશ્યપસંહિતામાં ધોર, ભૃગુસંહિતામાં ભારૂ, મયસંહિતામાં વર્ધકિ કહેલ છે.

આ શ્લોકમાં નિર્દેશાનુસાર હસ્તાક્ષર શિલ્પકર્તા વર્ધકિ એટલે સુથાર ગણવો છે. પ્રસ્થાન

વર્ધન ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદની ભેદ છે. તેમાં નગણ, જગણ, જગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

૨. પું. (પુરાણ) કૃષ્ણને મિત્રવિંદાથી થયેલો એક પુત્ર

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે વૃદ્ધિ કરે છે તેથી તેમ જ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ જેવી દૈવી સંપત્તિઓને વધારનારા છે તેથી વર્ધન કહેવાય છે.

૪. ન. અભ્યાદી

૫. ન. ગુણકાર

૬. [સં. વર્ધ્ (ઉદ્યમ)] ન. ઉદ્યમ તે; આપવું તે.

૭. ન. પૂરવું તે; ભરવું તે.

૮. ન. વધવું તે.

બાળકોને વધારે પડતાં લાડકોડ કરવા, તેમને કુદરતી ક્રિયાથી દૂર રાખવાં, શરીરનું સ્વાભાવિક વર્ધન રોકવું અને છૂટી હિલચાલમાં મુશ્કેલી ઊભી કરવી એના કરતાં વધારે ક્રૂરતાભર્યું બીજું શું હોઈ શકે ? વારાણેન

૯. ન. વધારવું તે; વધારો કરવો તે; વૃદ્ધિ; ઉન્નતિ.

૧૦. વિ. ઉદ્યમનાર.

૧૧. વિ. વધનાર.

૧૨. વિ. વૃદ્ધિકારક; વૃદ્ધિવાળું

વર્ધની ૧. [સં.] સ્ત્રી. બકી.

૨. સ્ત્રી. નાળચાવાળું પાત્ર.

૩. સ્ત્રી. સાવરણી.

વર્ધમાન ૧. [સં.] પું. (જ્યોતિષ) અક્ષરીય માંહેનો એક જાતનો યોગ.

૨. પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, નગણ, રગણ, નગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

૩. પુ. (જૈન) એ નામનો એક જાતનો અલંકાર.

૪. પું. એ નામનો એક મધ્યકાલીન મહાન કવિ. જેણે ગણરત્ન મહોદધિ નામનું વ્યાકરણ લખ્યું છે.

૫. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ વર્ણમેળ છંદ; પ્રવર્ધમાન. આ છંદ સહોર્યું વર્ગનો છે. તેના પહેલા ચરણમાં મગણ, સગણ, જગણ, ભગણ, ગુરુ અને ગુરુ એમ બાર અક્ષર, બીજા ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષર, ત્રીજા ચરણમાં બે નગણ, સગણ, બે નગણ અને સગણ એમ અઢાર અક્ષર અને ચોથા ચરણમાં ત્રણ નગણ, જગણ અને નગણ એમ પંદર અક્ષર હોય છે.

૬. પું એક જાતનું પશુ.

૭. પુ. એક દેશ.

૮. પું. એરંડાનો છોડ, ધોળો એરંડો.

૯ પું. કુંભ; માટીનું એક પાત્ર.

૧૦ પું (પુરાણ) કૌંચદ્વીપના સાત માંહેનો એક પર્વત.

શાકલ, વર્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર નામના કૌંચદ્વીપના સાત પર્વત છે. ભાગવતી ભાગવત

૧૧. પું. (શિલ્પ) પ્રતિરથની રચના પ્રમાણે પાસા અને ખૂણા હોય તેવો સ્તંભ

૧૨. પું. મહાવીર સ્વામી; જૈનોના ચોવીસમા તીર્થંકર. તે ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં ત્રિશલા રાણીની કૂખે અવતર્યા હતા. તે ગર્ભે આવ્યા પછી દેશ, ધનધાન્ય વગેરે વૃદ્ધત્વ પામ્યા. આથી તેનું નામ વર્ધમાન રાખ્યું. તેમણે બાલ્યાવસ્થામાં મેરુપર્વત અંગૂઠે ચાંપેલો અને હલાવેલો હતો. વળી એક બેળા આમજર્ક ક્રીડા કરતાં દેવતાને હરાવ્યા જેથી છેવટે તેનું મહાવીર નામ આપ્યું. મહાવીર સ્વામી પછી બીજા કોઈ તીર્થંકર થયા નથી ને આ અવસર્પિણીકાળમાં થશે પણ નહિ. હાલમાં જે જૈનશાસન વર્તે છે તે વીર પ્રભુનું જ શાસન સમજવું. તેમની પાટે સુધર્મસ્વામી ગણધર થયા.

૧૩. પું. માટીનું કોડિયું.

૧૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૧૫. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. જે ઘરને પદ્ધરવાણી ઓસાળા હોય, આગળ બે અલિંદ હોય તે વર્ધમાન નામનું ઘર કહેવાય છે.

૧૬. ન. જૈન તપસ્વીઓ તરફથી આચરવામાં આવતું એક જાતનું તપ.

૧૭. ન. વઢવાણ શહેરનું જૂનું નામ. જૈનકાળમાં આ નગરની પૂર્ણ આબાદી હતી. જૈન ધર્મના પ્રસિદ્ધ મેરુતુંગાચાર્ય અહીં જન્મ્યા હતા. જૈનાગમોનાં પ્રમાણોનો સમન્વય કરવામાં આવે તો અહીં ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામી પધારેલા હશે એવું અનુમાન થાય છે. આઠમી સદીમાં વર્ધમાન સાધારણ ગામડું હતું. બારમા સૈકાના સમયમાં તેની ખ્યાતિ વધી હતી. સોલંકી રાજાઓએ એને લશ્કરી થાણા તરીકે રાખ્યું હતું. જૈનના ચોવીસમા તીર્થંકર વર્ધમાન સ્વામીના નામ ઉપરથી આ શહેરનું નામ પાડયું હોય એમ લાગે છે. એ જણાવે છે કે જૈન લોકનું આ શહેર મુખ્ય સ્થળ હશે

૧૮. ન. વધતું જતું જ્ઞાન.

જે અવધિજ્ઞાન ઉત્પત્તિકાળમાં અલ્પ વિષયક હોવા છતાં પણ પરિણામ શુદ્ધિ વધવાની સાથે જ ક્રમપૂર્વક અધિક અધિક વિષયવાળું થતું જાય છે, તે વર્ધમાન કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

૧૯ વિ. આગળ ચાલતું; પુરોગામી.
૨૦ વિ. જીરતું.
૨૧. વિ. વધતું જતું, વધતુ રહેતું; વધ્યે જતું; પ્રતિદિન સુખ સંપત્તિમાં વધતું, ચઢતી દશામાં આવતું; આબાદ થતુ
૨૨ વિ. વનસ્પતિ ઊગે એવ.

વર્ધમાનક ૧ ન. ધોકાની એક દિશામાં આગળ વધતુ અને દોઢ ફુટના ખાસવાળા ચક્કરમાં ફરવુ તે.
૨. [સં.] ન. કાંસકો.

વર્ધમાન પિપ્પલી સ્ત્રી. વાતજ્વરની તંદા દૂર કરવા તથા પૈત ઉઠાડવા માટે વપરાતું એક જાતનું ઔષધ. આ પ્રયોગ કરવા પ્રથમ લીંડી પીપર લઈ તેને દૂધમાં કરી તે દૂધ અને લીંડી પીપર બંને પી જવા. પહેલે દિવસે ત્રણ તો બીજે દિવસે ૭ એમ દરરોજ ત્રણ ત્રણ પીપર વધારવી. દશમે દિવસે ત્રીસ લીંડીપીપર થશે. ત્યારપછી ત્રણ ત્રણ ઘટાડવી. એમ કરવાથી બીજ દિવસની અંદર પાકુ ઊતરશે. આ પ્રયોગને વર્ધમાન પિપ્પલી પ્રયોગ કહે છે.

વર્ધમાનપુર [સં] ન. (પુરાણ) મહાભારતમાં જણાવેલુ એક પ્રાચીન તીર્થ; પ્રતિષ્ઠાનપુર; વઢવાણનું એક પ્રાચીન નામ.

વર્ધા ૧. સ્ત્રી. ગોદાવરીને મળનારી એ નામની એક નદી
૨. ન. હિંદનું એક વિખ્યાત શહેર. ત્યાં ગાંધીજીનો આશ્રમ છે.

વર્ધાપન ૧. [સં.] ન. ઉત્સવ.
૨. ન. નાડીચ્છેદન કર્મના અંગરૂપ એક સંસ્કાર; જન્મ દિવસે કરવાનો વિધિ.
૩. ન. વધામણું.

વર્ધિત ૧. [સં. વર્ધ્ (કાપવું)] વિ. કાપેલું; ભાગમાં વહેંચાયેલું; છેદેલુ
૨. વિ. પૂરેલ; ભરેલ; પૂર્ણ.
૩. [સં. વૃધ્ (વધવું)] વિ. વધેલું; લબાયું, જમ્યો, ગુણ વગેરેમા આવું થયેલું.

વર્ધિતક કું. અંત પુરની રક્ષા માટે રાજાએ રાખેલો નાજર પુરુષ.

વર્ધિષ્ણુ ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; જેના દરેક ચરણમા તગણ, મગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.
૨. વિ. માતબર ધનવું; ધીકતું.
૩. વિ. વધતું; સમૃદ્ધ થતુ.
૪. વિ. વૃદ્ધિ પામવાના સ્વભાવનું; વિસ્તાર પામતુ.

વર્ધ્મનક ન. ધોકાનું ગોળાકાર રીતે આગળ વધવાપણું.

વર્નાકયુલર ૧. [અં.] સ્ત્રી. મુલ્કોની ભાષા.
૨. સ્ત્રી. પ્રાતીય ભાષા.
૩. વિ. સ્વભાષા સબધી, દેશી ભાષા સંબધી.

વર્નાકયુલર સોસાયટી [અં. વર્નાકયુલર (દેશી) + સોસાયટી (મડળી)] સ્ત્રી. દેશી ભાષા સબધી મંડળી
એ પુસ્તકાલયના પુસ્તકોને માટે વરિષદ બીજી વ્યવસ્થા કરી શકે ત્યાં સુધી તે સાચવવાની કારોબારી કમિટીએ ગુજરાત વર્નાકયુલર સોસાયટીને વિનતિ કરી.
ચૌદ મુ. સા. પરિષદ

વર્ષકિના પું. એક જાતનો કૂલનો છાડ. આ છાડ વેલાની માફક પથરાય છે તેમા રેતરેંગના કૂલો થાય છે.

વર્મ ૧. [સં. વર્મન્] ન. કવચ; બખ્તર
ને વર્મન સુખી થયા અમો મૂત્રમા.
મરી વર્મ પહુચ્યા ને જાણ્યુ. પ્રેમાનદ
૨. ન. ઘર.
૩. ન. પિતપાપડો
૪. ન. રક્ષણ; આશરો.
૫. ન. કસ્તૂરી ઉપાસનાનાં પાંચ માંહેનુ એક અંગ. ઉપાસનાનાં પટલ, પદ્ધતિ, વર્મ, સદ્ભાવનાય અને રતોત્ર એમ પાંચ અંગ ગણાય છે.
૬. ન શરીરનું નાજુક સ્થાન.
૭. ન. ઢાલનું બખ્તર

વર્મક ૧. પું. (પુરાણ) ઉદ્‌ભ્રસ્થની પૂર્વ તરફના દેશના રાજા.
૨. પું. (પુરાણ) ઉદ્‌ભ્રસ્થની પૂર્વ તરફનો દેશ તે ભીમે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીત્યો હતો.
૩. પુ. બહાદેશ; બરમા

વર્મદી સ્ત્રી ઢાલ.
કર્મદી, વર્મદી, ઘાવડ ને ખોડી,
ખાત્રે ખટાપટ અર્થ રીયે.
પ્રેમાનદ

વર્મા [સં. વર્મન્] પું. ક્ષત્રિય નામસૂચક સંજ્ઞા; વર્મન; ક્ષત્રિય જાતિના કુલમના નામની પાછળ વપરાતું વિશેષણ.

વર્મિ પું. એક જાતનું માછલું.

વર્મિના પું. (પિંગળ) પંક્તિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, જગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.
વર્મિણા સ્મર ર ભ જ ગે. રઘુપિંગળ

વર્ષ ૧. પું (પુરાણ) એ નામનો એક રાક્ષસ
૨. [સં] પુ કામદેવ.
૩. પુ વર
૪. વિ ઉત્તમ.
૫ વિ. પસદ કરેલું.
૬ ન. મુખ્ય; પ્રધાન; શ્રેષ્ઠ; પ્રમુખ સમાસને અંતે વપરાય છે.
વિશ્વે આ વીરવર્ય વિજયી જયે વંદાય સૌ વર્ષથી,
નિહારી ઘર ઓખથી સુમનની વૃષ્ટિ કરે સ્વર્ગથી.
વીરરસ

વર્ષા ૧ સ્ત્રી કન્યા.
થઈ ગઈ નિષ્ફલ હો વાદવ વેદવિદ વર્ષા.
પ્રેમાનંદ
૨ [સં વૃ (પસંદ કરવુ)] સ્ત્રી પોતે વર પસંદ કરી પરણનાર કન્યા; પતિ વરવા યોગ્યની કન્યા.

વર્ષક ૧. પું. એ નામનો એક દેશ.
૨. પું એ નામનો એક પર્વત
૩. પું. ક્રમગાની જાતનો કીડો; નાની ઈયળ; લાલ; કામળો
૪. પું નાળિયેર
૫ પું. બાવળનું ઝાડ
૬ પું. વર્ષધર દેશનો વાંકડિયા વાળવાળા જંગલી રહેવાસી.
૭. પું વાંકડિયા કેશ; બાબરી
૮. સ્ત્રી. એક જાતની માખી.
૯. સ્ત્રી. ગુલ્મ ભાષા.
૧૦. ન. કરોળિયાના નાનાં બચ્ચાં
૧૧. ન. કાળા' બનતુલસી.
૧૨. ન જળ રસ.
૧૩. ન. પીળું ચંદન.
૧૪. ન. હિમળો.
૧૫ વિ. પામર.
૧૬. વિ. મૂર્ખ.

વર્ષ ૧. પુ. (પુરાણ) ઉપદેવથી વસુદેવને થયેલા સાત માંહેનો એક પુત્ર.
૨. પું. પર્વત
૩. પું. પ્રજાપતિ વમરે સાઠ માંહેનુ કોઈ એક વર્ષ.
૪. પું. (પુરાણ) મહાદ્વીપમાં કરેલા ભૂગોળમાનો દરેક ભાગ; પૃથ્વીનો અમુક અદ; જબુદ્વીપનો એક ભાગ; ખંડ. ભારતવર્ષ, કિંપુરુષ અથવા કિન્નર, હરિ, રમ્યક, હિરણ્મય, ઉત્તરકુરુ, ભદ્રાશ્વ, કેતુમાલ એમ નવ પ્રદેશ પુરાણમાં ગણાવેલ છે.
૫. પું. મેઘ; વાદળું.
૬. પું. (જૈન) વંશ. વાસ્તવ જબુદ્વીપનાં મુખ્ય સાત માંહેનું એક ક્ષેત્ર

૭. ન. ઉમર; વય.

૮. [સ.] ન. એક વાર વર્ષા ઋતુ આવી હોય ત્યાંથી શરૂ કરીને ફરીથી તેની તે ઋતુ આવે ત્યાંસુધીનો કાળ; બે અયન જેટલો વખત; બાર મહિના કે ૩૬૦ દિવસ જેટલો કાળ; સંવત; સાલ. વરસ એ શબ્દ વર્ષાદ ઉપરથી બનો છે, એટલે ૩૬૫ દિવસ, ૧૪ ઘડી અને ૩૨ પળ જેટલો સમય ગણાય. વર્ષકાળના પાંચ ભેદ કહેવામાં આવ્યા છે: સંવત્સર, પરિવત્સર, ઇદ્વાવત્સર, અનુવત્સર અને વત્સર. સૂર્યની ગતિથી સંવત્સર કહેવાય છે, બૃહસ્પતિની ગતિથી પરિવત્સર કહેવાય છે, ત્રીસ દિવસના મહિનાઓથી ઇદ્વાવત્સર કહેવાય છે, ચંદ્રની ગતિથી અનુવત્સર અને પૃથ્વી સૂર્યની એક પ્રદક્ષિણા કરે તેટલા સમયને વત્સર કહેવામાં આવે છે. સૌર, ચાંદ્ર, સાવન, નાક્ષત્ર અને બાર્હસ્પત્ય એમ વર્ષના જુદા જુદા પ્રકાર છે સૂર્યની ગતિ ઉપરથી ગણતરી કરીને જે વર્ષ ગણ છે તે સૌરવર્ષ કહેવાય છે. તે સૌરવર્ષ ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડનું હોય છે. આટલા સમયમાં પૃથ્વી સૂર્યની એક પરિક્રમા પૂરી કરી લે છે. ચંદ્રની ગતિ ઉપરથી ગણતરી કરીને જે વર્ષ નક્કી થાય છે તે ચાંદ્રવર્ષ કહેવાય છે. ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ અને ૩૬ સેકંડનું હોય છે. આટલા સમયમાં ચંદ્ર પૃથ્વીની બાર પ્રદક્ષિણાઓ પૂરી કરે છે. આ પ્રમાણે સૌરવર્ષ અને ચાંદ્રવર્ષમાં દર વરસે ૧૦ દિવસ અને ૨૧ કલાકનો તફાવત આવે છે તે દિવ પંચાંગમાં દર બીજું વર્ષ ૧૩ મહિનાનું ગણાવી દૂર કરવામાં આવે છે. વધારાના મહિનાને અધિક માસ કે મલમાસ કહે છે. સાવનવર્ષ પૂરા ૩૬૦ દિવસનું હોય છે અને તેના મહિનાના ૩૦ દિવસ હોય છે. નાક્ષત્રવર્ષ ૩૨૪ દિવસનું અને તેનો દરેક મહિનો ૨૭ દિવસનો હોય છે. આ ચાર પ્રકારના વર્ષો ઉપરાંત પણ પ્રાચીન કાળમાં બીજા કેટલાક પ્રકારના વર્ષોનો પ્રચાર હતો જેમકે, સપ્તર્ષિ વર્ષ. જુદી જુદી પ્રજાનું નવું વર્ષ જુદા સમયે શરૂ થાય છે. ચીનનું નવું વર્ષ ફેબ્રુઆરીની ૧૮, ઈરાનનું માર્ચ ૨૧, સિયામનું એપ્રિલ ૧, મુસલમાનનું એપ્રિલ ૧૬ અને પારસીનું સપ્ટેમ્બરની ૧૦મીએ શરૂ થાય છે. આખીયે પૃથ્વી પોતાની આસપાસ ફરતાં ફરતાં સૂર્યની પણ પ્રદક્ષિણા કરે છે. લગભગ ૩૬૫ દિવસમા સૂર્યની એક પ્રદક્ષિણા ફરતાં પૃથ્વીને જે સમય લાગે છે તેને વર્ષ કહે છે અને તેથી તેની આ બીજી ગતિને વાર્ષિક ગતિ કહે છે. બૃહસ્પતિ, મેષ વગેરે બાર રાશિઓમાંથી એક એકને ભોગવે અને જે વર્ષ થાય તેને બાર્હસ્પત્ય વર્ષ કહે છે અને તેના ૩૬૫ દિવસો હોય છે.

સંવત્સર, વત્સર, અબ્દ, હાયન શરદ અને સમા એ ૭ નામ વર્ષનાં છે. હાયનાંત શબ્દ પુંલિંગ અને નપુંસકલિંગ છે, શરદ સ્ત્રીલિંગ છે, સમા શબ્દ સ્ત્રીલિંગ બહુવચન છે અને શેષ પુંલિંગ છે.

અમરકોષ

૧. વર્ષ બેસવું = નવું વર્ષ શરૂ થવું
૨. વર્ષ વળવું = દુકાળ પછીના વર્ષમા સારું પાકવું.

૯. વિ. વરસનાર.

વર્ષગાંઠ જુઓ વરસગાંઠ.

વર્ષણ ૧. પુ. (કાવ્ય) એ નામનો એક વિભ્રમ

૨. [સં. વૃષ્ (વરસવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. વરસવું તે; વૃષ્ટિ; વરસાદ, તીર, પથ્થર વગેરેનું મોટે જથ્થે ઉપરથી નીચે પડવું કે વરસવું તે.

૩. ન. વિશ્વામિત્રે રાજાને આપેલ એ નામનું એક દિવ્ય અસ્ત્ર.

૪. ન. સિંચન; સિંચવું કે ભીંજવું તે.
નવલું કંઈ વર્ષણ નૂતન કરે. નરસિંહરાવ

૫. વિ. દર વર્ષે બનાવે કે જન્મ આપનાર.

વર્ષણહાર વિ. વરસવાવાળું; વરસનાર.
સૂર્યમાં જલવાનાં વર્ષણહાર
પ્રજાપાલને પૂજવો સદા પ્રજાજન.
નાનાલાલ

વર્ષધર ૧. પું. અંતઃપુરનો અધમ સેવક; નપુંસક; નાજર.
વર્ષધર તે પૂછવું રાઈ, બોલવું બાજી આવી પાસ.
ભાલણ

૨. પું. (જૈન) જંબુદ્વીપના ક્ષેત્રોને જુદા પાડનાર પર્વત.
સાત ક્ષેત્રોને એકબીજાથી જુદા પાડવા માટે તેમની વચમાં હિમવત, મહાહિમવંત, નિષધ, નીલવત, રુકમી અને શિખરી એવા ૬ પર્વતો છે તે વર્ષધર કહેવાય છે. તે બધા પૂર્વથી પશ્ચિમ લાંબા છે. તત્વાર્થસૂત્ર

વર્ષધરપર્વત પું. (પુરાણ) જંબુદ્વીપના ક્ષેત્રોને જુદા પાડનાર પર્વત; જંબુદ્વીપના નવ ખંડ કહ્યા છે. તેમની હદ હિમવાન, હેમકૂટ, નિષધ, મેરુ, નીલ, શ્વેત, શૃંગવાન અને મેરુમાદન પર્વતની આડથી આપેલી છે. તે તે બાજુ તે તે પર્વત અનેક નદીઓ વડે પાણી પૂરું પાડે છે. એ રીતે પાણીના વર્ષધરથી બંધને વર્ષધરસંજ્ઞા મળી છે અને બંધોને જુદા પાડનારા વર્ષધરપર્વત કહેવાય છે.

વર્ષપ્રતિપદા [સં.] સ્ત્રી. ચૈતરક સુદિ પડવો; બેસતા વર્ષનો પ્રથમ દિવસ.

વર્ષપ્રિય પું. મયૂર.

વર્ષફલ જુઓ વર્ષફળ

વર્ષફળ ન. (જ્યોતિષ) આવતા કે આગલા વર્ષ દરમિયાન શું ફળ મળશે તે સંબંધીનો વરતારો; વર્ષ દરમિયાન બનનાર બનાવોનો વરતારો; કોઈ માણસનું વરસ કેવી રીતે જશે તે કહેવું તે.
વર્ષફળ કાઢવું = જોઈએ વરતારો તૈયાર કરવો

વર્ષબર ન. આખું વરસ.

વર્ષમાપક વિ. વરસાદ માપવાનું યંત્ર; ' રેઈન ગોજ '.

વર્ષમાન ૧. ન. વરસાદ માપવાનું પાત્ર.

૨. જુઓ વર્ષફળ

વર્ષયંતી ૧. સ્ત્રી. કાર્તિકેયને ઉછેરનાર ૭ માંહેની એ નામની એક ધાવ. વર્ષયંતી, કુહા, ત્રિપૂષ્ણિકા, મેઘયંતી, અભ્રયંતી અને તિતઉ એ ૭ કાર્તિકેયને ઉછેરનાર ધાવ કહેવાય છે.

૨. સ્ત્રી. કૃત્તિકા નક્ષત્રના ૬ માંહેનો એક તારો; ' એલસ્ટોન '.

૩. સ્ત્રી. વર્ષા સમયની એક ઓ.
અભ્રવલ્લી, આકાશ લહરી, સ્વયંપ્રભા, રસ્મિમાલિની, અંભા, કુહા, નિરતિ, અભ્રમાલી, મેઘવલ્લિકા, વર્ષયંતી, ત્રિપુષ્ણિકા અને વારિધારા એ બાર વર્ષા સમયની મહોન્મત્ત સ્ત્રીઓ છે.
અમરવતી ભાગવત

વર્ષર્તુ [સં. વર્ષા + ઋતુ] સ્ત્રી. વરસાદની ઋતુ.

વર્ષવર [સં.] પું. રાજાના અંતઃપુરનો રક્ષક; કંચુકી; બંઠણ; નપુંસક.
આ અર્થ સ્ત્રીકારવાને લક્ષણાવૃત્તિ પણ થાય જ વર્ષધર એટલે પંઠનો પણ જુદો ઉલ્લેખ છે.
પુરાતત્ત્વ

વર્ષવિભાગ પું. સત્ર; ' ડર્મ '.
આના વર્ષવિભાગ માટે ફી રૂપિયા પોણાબાર પડે છે.
લાભાપત્ર

વર્ષવું ૧. અ. ક્રિ. વરસવું; વરસાદ પડવો.

૨. અ. ક્રિ. વરસાદ જેમ પડવું કે રેડવું.

૩. સ. ક્રિ. વરસાદની જેમ છૂટથી આપવું કે મેરવું.

વર્ષવૃત્તિ ૧. સ્ત્રી. વર્ષાસન.

૨. જુઓ વાર્ષિક ભથ્થો.

વર્ષવૃદ્ધિ ૧. [સં] સ્ત્રી. જન્મતિથિ; જન્મ દિવસ.

૨ સ્ત્રી. જન્મ દિવસે પૂજા વગેરે કરાતાં કર્મ.

વર્ષશત [સં] ન. સો વર્ષ; સૈકો.

વર્ષસ્થાચી ૧ [સં. વર્ષસ્થાયિન્] વિ. બારમાસીનો ઝોડ.

૨. વિ બારમાસી, નિત્ય; અક્ષય; અવિરત; નિરંતર.

વર્ષા ૧. [સં.] સ્ત્રી. ૭ માહેની વરસાદની ઋતુ; વરસાદની મોસમ; ચોમાસું, વર્ષાકાળ; વરસાદના દહાડા. આ ઋતુ કર્કે રાશિનો સૂર્ય થાય ત્યારે બેસે છે અને કન્યા રાશિનો સૂર્ય થાય ત્યારે ઊતરે છે એટલે કે તા. ૧૫ જુલાઈ લગભગથી તા. ૧૬ સપ્ટેંબર સુધી અમદા આવ્યું આદરવા સુધી આવે છે. વર્ષા ઋતુમાં મુખ્યત્વે ભાદરવા શુક્લ દ્વાદશીને દિવસે ઇંદ્રમહોત્સવ કરવામા આવતો હતો. મલ્લિનાથ કહે છે કે, રાજાઓ વરસાદ લાવવાને માટે ઇંદ્રધ્વજનું પૂજન કરતા હતા. ભવિષ્યોત્તર પુરાણ ઉપરથી જણાય છે કે, રાજદ્વાર આગળ એક અલંકાર ચોરસ ઇંદ્રધ્વજ સ્થાપવામાં આવતો હતો અને સારી વૃષ્ટિ થવાને માટે ઇંદ્રધ્વજની માત્રા ઊજવવામા આવતી હતી

૨. સ્ત્રી. વૃષ્ટિ; વરસાદ.

વર્ષા થવી = (૧) વધ્યા પ્રમાણમાં ઉપરથી પડવું. (૨) ઘણી સંખ્યામાં મળવું.

વર્ષાકાલ [સં.] પું. ચોમાસું; વર્ષાઋતુ.

વર્ષાકાળ જુઓ વર્ષાકાલ.

વર્ષાગીત [સં.] ન. વર્ષાઋતુમાં ગવામાં આવતું ગીત. આપણાં વર્ષાગીતો લગભગ લોકગીતો જેવાં જ સ્વાભાવિક હોય છે. ખરી રીતે કહીએ તો લોકગીતોમાં જ તેનો સમાવેશ થઈ જાે. જેમ લોકગીતો રચી કઢાતાં નથી પણ કુદરતી રીતે જ લોકમાનસ પ્રમાણે તેનું નિર્માણ થતું રહે છે તેવું જ વર્ષાગીતોમાં બનાવ બેસે માનવ લાગણીનું વાસ્તવિક કુદરતીપણું તેમાંથી પરેપરે બહાર આવે છે. વર્ષાકાલ લગભગ પ્રકૃતિનો તે કાળ છે કે જે વખતે જીવ માત્ર મરણીથી આકુળવ્યાકુળ હોય છે. વીજળીના ચમકાર, વન્ય પ્રદેશની નીરવ શાંતિ, આકાશની પ્રતિભા જેવું મેઘગર્જન એ બધુ માનવ હૃદયમાં સહેજે કવિતાનો જન્મ આપી રહે છે. કયારેક અજવાળાં, કયારેક અંધારાં એ બંને વચ્ચે મોર અપૈમાના નાદ વર્ષાગીતોના આત્માને જાગૃત કરનારાં થાય છે અને તેથી જ એ " ત્રીજા કરમર વરસે મેહ " કે એવાં બીજાં કેટલાંય લોકગીતો વર્ષા દરમિયાન ખેતરો ખેડતાં ખેડૂતોને કંઠે રમી રહે છે.

વર્ષાગૃહ [સં.] ન. કુવારાની જગ્યા.

વર્ષાઘોષ [સં.] પું. દેડકો

વર્ષાજ ન. વર્ષનો પ્રકાર; વાર્ષિક કમાણી.

૨. વર્ષનું વર્ષાજ થવા એટલે પાર પડવા. નર્મદાશંકર

વર્ષાતાંડવ [સં.] પું. વરસાદ ન પડે ત્યારે દેવતા ઉપર ગુસ્સો દેખાડવા થતું એક નૃત્ય.

વર્ષાપગમ [સં.] પું. વર્ષાની સમાપ્તિ; શરદઋતુ

વર્ષાભાવ ૧. પું. રાતી સાટોડી.

૨. [સં.] વિ. વર્ષાઋતુમા બનાર; વર્ષાકાળમાં હોનાર

વર્ષાભિનંદન [સં] ન. નવા કે બેસતા વર્ષનાં અભિનંદન.

વર્ષાભૂ ૧. [સં.] પું. ઇંદ્રગોપ કીડો.

૨. પું. દેડકો.

૩. પું. સાટોડીનો વેલો

૪. વિ. વરસાદમા ઊપજ બનાર

વર્ષામાન [સં.] ન. વરસાદ માપવાનું યંત્ર; 'યુડોમીટર'.

વર્ષાયુ [સં.] વિ. એક વરસ જીવનાર.

વર્ષારંભ [સં. વર્ષ + આરંભ] પું. વર્ષનો આરંભ; વર્ષની શરૂઆત; બેસતું વર્ષ. વિક્રમનું બેસતું વર્ષ કાર્તિક સુદિ એકમથી અને શાલિવાહનનું બેસતું વર્ષ ચૈત્ર સુદિ એકમથી મનાય છે

કેટલાક અને બીજાના મતમાં આજકાલ મહિનાથી વર્ષારંભ ચાલતો આવતો હતો જ્યોતિર્વિદાભરણ

વર્ષાવવું સ. ક્રિ. વર્ષે તેમ કરાવવું.

વર્ષાસન ૧. પું. બેઠો પગાર; " પેન્શન. "

૨. [સં. વર્ષ + આસન (બેસવું)] ન. વરઆસના વરસોદ; આહ્મણો, પંડિતો અને બીજા આશ્રિતો વગેરેને રાજા કે મુકરર તરીકથી મળતી વાર્ષિક આજીવિકા; સાલિયાણું; રાજા તરફથી નિયમિત રીતે દાનમાં મળતી મદદ, છત્રાર્થ; મુજરાત માટે મળતી વાર્ષિક રકમ.

૩. ન. વર્ષવૃત્તિ; વાર્ષિક વજીફો; દર સાલ આપવાને નક્કી કરેલ રકમ; વાર્ષિક વેતન; વાર્ષિક પગાર; વરસની આકરી બદલ જે આપવાનું ઠેરવ્યું હોય તે.

વર્ષોદ્ધારા સ્ત્રી. સાત કલ્પિત નદીઓને આપવામાં આવતું નામ.

સુરત જિલ્લાના કેટલાક બ્રાહ્મણોમાં બાળનું મુહૂર્ત નક્કી થયા પછી અને વર વર્ષોદ્ધારાની પૂજા કરવામાં આવે છે. શી, લક્ષ્મી, પૃથ્વિ, મેધા, પ્રજ્ઞા, સ્વાહા અને સરસ્વતી એ સાત કલ્પિત નદીઓને વર્ષોદ્ધારાનું નામ આપી તે દરેકના નામના કુંડના બાલા બીંબ પર કરવામાં આવે છે.

ગુજરાતની લગ્નવ્યવસ્થા અને કુટુંબ સંસ્થા

વર્ષોપલ [સં] પું વરસાદનો કરો; બરફનો કટકો.

વર્ષોપલ, કરકા એ બે નામ કરાંનાં છે. **વર્ષોપલ** પુલ્લિંગ છે અને કરકા સ્ત્રીલિંગ છે.

અમરકોશ

વર્ષોવર્ષ અ દરેક વર્ષે, પ્રતિવર્ષે, વરસોવરસ.

વર્મા ૧. ન. પગને રોકવા માટે બાંધેલો બંધ.

૨ ન પ્રમત્થ

૩. [સં વર્મન્] ન શરીર; દેહ

વર્હા ૧. [સં. વર્હસ] પું. અગ્નિ.

૨. પું કુશ

૩. પું ચિત્રકવૃક્ષ

૪. પું દીપિ

૫. પું. યજ્ઞ

વર્હાતુરા પું. (પિંગળ) પંક્તિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, નગણ, તગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.

વહાંતુરા રમ તા ના વ ગે. સ્વયંપિંગળ

વર્હિણ [સં] પું. મોરપક્ષી

વર્હિ ૧. પું. કશ્યપના એક પુત્રનું નામ.

૨. પું. તમર.

૩. [સં. વર્હિન્] પું. મોર

વલ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તેણે તથા પણિઓએ ગાયોને પર્વતના બિલમાં પૂરી રાખી હતી તેથી ઇંદ્રે તેને તથા પણિઓને મારીને ગાયોને મુક્ત કરી.

૨ પું (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. આ છંદ મોહનવસ્તુ છંદનો ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૬ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૩. પું. ઓસ; ઝાકળ.

વલ પડ્યો = (૧) ઉનાળામાં ખુલ્લા સુવાથી ભેજ પડવાથી માથાનો દુઃખાવો. (૨) ઝાકળ પડવી.

૪. પું. ઢાંકેલ દેહમા વપરાતુ એક વાલ જેટલું વજન.

૫. પું. મેઘ

૬. [સં. વલ્ (ફેરવવું)] પું. (વહાણવટું) લોલી કે પાલવાને બાંધવાનુ દોરડું કે સાકળ.

૭. પું. વાળ.

બલ બોડો વલ્લ જાંબા, હલ બાંધવા હથિયાર; બાજ બોડામાં ઝીંબો રે, મસ્તું એક જ વાર. દુહો

૮ પું. (કન્નડી) વેલો.

૯. સ્ત્રી. સમસિંધુ પ્રદેશની આસપાસ વસતી એક પ્રાચીન જાતિ.

૧૦. ન. સૈન્ય; લશ્કર.

વલકું ૧ વિ. જેવકૂફ

૨. વિ વલવલિયું; બહુ બોલકું

વલકા બોય = વધુ પડતું બોલવા કરે તેવી સ્ત્રી.

વલકૂડી (વલકૂડી) સ્ત્રી. વાણોતરીને બીજવવા માટે વપરાતો એક શબ્દ

નાનપણથી તે વગડી અને વલકૂડી હતી

સરસ્વતીચંદ્ર

વલકૂડું (વલકૂડું) ૧. વિ. બહુ જ લાલચુ.

૨. વિ. બહુ બોલે તેવું.

વલખવું ૧ [સં. વિ (અતિશય) + લષ (ઇચ્છવું)] અ. ક્રિ. અકળાવું; મુંઝાવું

૨. સ ક્રિ. તલખવું; વલખાં મારવાં; ફાંફાં મારવાં.

૩. સ ક્રિ. મરનાર પશુ કે તેના ગુણ સભારીને દુ:ખી થવું; દુ:ખનો પોકાર કરવો.

વલખાં ૧. [સં. વિ (વધારે) + લષ (ઇચ્છવું)] ન. બ. વ. કોઈ પણ પ્રકારની તૃષ્ણા પૂરી કરવાના થતા મિથ્યા પ્રયાસો; ફાંફાં; મિથ્યા પ્રયત્ન; વલવલાટ; મિથ્યા વલવલાટ કરવો તે.

જેણે સંત આપ્યા છે, તે આવજ આપશે ઝેર, દીધી, વાઘ, વરુ વગેરે જ્યાંના જન્તુ કે પ્રાણીને પોતાનો ખોરાક જે આપી રહ્યો છે, તે માણસ જાતને ભૂલવાવાળો નથી. આપણે જે વલખાં મારીએ છીએ તે શેર બાજરીના કે મૂઠી ચોખાના નહિ, પણ બટ મધુરા સ્વાદ કરવાનાં, ટાઢ સહન થઈ શકના પૂરવાં જેવાં તેવાં કપડાંનાં નહિ, પણ રેશમ ઝીનખાનાં. જો સબરી મળી ઇએ તો પ્રભુના અસ્તિત્વપોષણની ચિંતા ચોકી જ રહે.

ગાંધીજી

૨. સ. ન. ક્રિ. દુ:ખ રડવું તે; શોક કરવો તે; વિલાપ કરવો તે.

વલખાં મારવાં–વીણવાં = કહ્યાં મારવાં; નાહક પ્રયત્ન કરવો

છતાં યે મન લોભીને સ્વસ્થ સંભવે નહિ,
અંત વખ્ત સિદ્ધોલા સૌ વલખાં મારવાં જહીં.

ગાંધીગીતા

વલગ ૧. ન. આડાર; પાટ.

૨. ન. કવિતમાં કડવાની અને અને શરૂઆતમા આવતી સાખી; કવિતામાં આવતો ઊપલો, કવિતારૂપ આખ્યાનોમાં અક્ષેપ કરવાને અને જુદા ઢાળમા કડવાનુ છેવટ બતાવની સાખી.

કવિ પ્રેમાનંદ વલગ લઈ જેમ કરવાનો આરંભ કરે છે તેમ બધા કવિ પોતાનો ઊપલો લઈ પોતાના કડવાં ગાય છે.

ગુ. સા. પરિષદ

૩. ન. કોઈની સહીનો નમૂનો.

૪. ન. જુવારના ગીચ ચાસ દોય તેમાંથી ઉખેડી લીધેલ છોડ; સવલાણ બરના છોડ દોયલપુર થયા પછી તેમાંથી કાઢી લીધેલા વધારાના છોડ.

૫. ન ટેવ.

૬. ન. નક્કા તોટાની ઉપરામણી

વલગ ચૂકવવુ–પતવવુ–વાળવુ = નક્કા નુકસાનની રકમ ચૂકવે કરવી.

૭. ન. મનનું જે તરફ વળવું થાય છે તે; મનનો ઝોક; મરજી; ઇચ્છા; મનોવૃત્તિ; રુચિ; વાંછના; ભાવના; મતિ.

વલગ્ય બખલાર કરવુ–પકડવુ–લેવુ – અભિપ્રાય કે વૃત્તિ બાગ્ય કરવાં.

સુરત, ક્રમિયાવાડ અને કચ્છનું વલગ્ય મુખ્ય વરફ જ વધારે જણાય છે. બળવંતરાય ઠાકોર

૮. ન. મરોડ; વાકાપણું; વળવું તે; વાંક; વાંક; વગાડ; મરડાટ; મોડ; રવરૂપ.

૯. સ વેલગ્ય; વાણિયેજ; વનોર

વલગ્યદાર વિ. વગડાદાર; મગેડદાર. મરોડવાળું.

વલતુ [પ્રા.] અ. સિવાય.

નારાયણ વલતુ કલ્પકડે, કવીન્દ્ર નામથી સીસ.

કલ્પકડેપ્રબંધ

વલતું અ. પછી.

એમ વિચારી વલતું પરીક્ષિતે વરત કર્યો સંસાર.

કનેવર

વલદ ૧. પું. પુત્ર; બાળક.

૨. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે પેદા કર્યું. તેના ઉપરથી અનેક શબ્દ: વાલિદ, વિલાદત.

વલદલાબ્જિયું ૧. ન. લેણું પેટે કાગ કે અણોતમાંથી વાળી લેવાની શરતે કબજે રાખેલી જમીન કે તેનું લખત.

૨. વિ. મુદ્દલ અને બાજ અણોતમાં વળે લા સુધી તે રૂપિયાના બદલામાં રાખેલ. જમીન માટે વપરાય છે.

વલદે [અ. વલદ (છોકરો)] અ. નો દીકરો; મિત. જેમકે, મહમદમિયાં વલદે રહેમાનખાન એટલે મહમદમિયાં તે રહેમાનખાનનો દીકરો

વલન ૧. પું. ખલાસી.

૨. સ્ત્રી. કોચીનના માછીમારોની એક જાત

૩. ન. (જ્યોતિષ) ગ્રહ, નક્ષત્રાદિનું સાધનાકથી હટીને ચાલવું તે; વિચલન.

૪. ન. નેત્રભાવનું એક લક્ષણ; કીકીનુ હલવુ તે.

૫. ન. મનનું વલણ; રુચિ; ભાવ; અભિલાષ; ઇચ્છા; આકાંક્ષા, ભાવના

૬. [સ. વલ્ (વળવું) + અન (પ્રત્યય)] ન. વળાણ; વળવું તે; ઝોક; ઢાળ; વાંક; મરોડ.

વલનશીલતા સ્ત્રી સરેલ થી વળી શકે અથવા સુધરી શકે એવો ગુણ

વલના સ્ત્રી. (જૂ. ગુ.) વરસાદ કે બેટ.

વાંદરા ને વરસના વલના વર. વલ્લન

વલભવું અ ક્રિ. બટકી જવું; ખત થવું.

બળને બાળ વલભીઆ પીતા પીતા ખીર.

નિ. બા.નંદ

વલભી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, રગણ અને યગણ મળી બાર વર્ણ હોય છે

ઉ વલભી રચ આ જ રા ય આણી

રણપિંગળ

૨. પું. એક પ્રાચીન ગજવરા.

૩. ન. છજું, છાપરું છાપર

ઉરા કરી વલભી પગથિયાં ચૂના લુપા.

કાન્હડદેપ્રબંધ

૪. ન. ભારવહિયું; વળી કે વાસ નીચે નાખેલ લા કટ્ટ

મારૂં છે વલભી ઘરે ગામ વડે પારાવતોના સમી.

વિક્રમોવશીય

૫. ન. સૌરાષ્ટ્રનું એક પ્રાચીન ગામ; ભાવનગરથી અઢાર માઈલ દૂર વળા ગામનુ જૂનું નામ. વળાની જગ્યાએ વલભી, શ્રીમરાની જગ્યાએ જિલ્લાળ, વથળીની જગ્યાએ વામનસ્થળી વગેરે વિકાસ નગરો હતાં. સંસ્કૃત વલભીનું કૌનરૂપ વલહી થયું વલહીનું અપભ્રંશ વલ્હ અથવા વલેહ થયું અને તે ઉપરથી અણારનું નામ વળ્યા થયું. સૌરાષ્ટ્રના ગુપ્તવંશના પોઢા ભટ્ટારકે આ શહેરની સ્થાપના કરી હતી. સ્કંદગુપ્તના મરણ પછી ભટ્ટારક સ્વતંત્ર થયો. તે શહેરનો ઘેરાવો ૭ માઈલનો હતો, વસતી પુષ્કળ અને પૈસાદાર હતી. બૌદ્ધિક શિક્ષણનું એ મુખ્ય સ્થળ હતું. વલભી રાજાઓ ધર્મ ઉપરાંત વિદ્વાનને પણ ઉત્તેજન આપતા. શહેરની આસપાસ કિલ્લો હતો. ધર્મ તરફ વલભી રાજાઓની વૃત્તિ ઉદાર હતી. પણ સદી સુધી આ શહેરની પ્રખ્યાતિ રહી. વલભીપુરના નાશ સબધી અનેક દતકથાઓ છે. સિંધના મુસલમાની રાજાઓએ આશરે ઈ. સ. ૭૭૫માં આ શહેરનો નાશ કર્યો હતો લાગે છે.

તે કાળમાં વલભી બૌદ્ધ ધર્મને લગતી વિદ્યાઓનું એક મહાન વિદ્યાપીઠ હતુ. ગુ. સા. પરિષદ

વલભીકાળ પુ. વલભીપુરનો જમાનો, તેની રિદ્ધિસિદ્ધિનો સમય. ગુજરાત સાહિત્ય પરિષદની નોંધ મુજબ વલભીકાળ ગુજરાતમાં બધ્યો જ રાજવિવાળો અને આબાદ હતો એમ દેખાય છે તે વખતના શત્રુંજય મહાત્મ્ય નામના જૈન લોકોના એક ગ્રથમાં લખ્યું છે કે તેનો કર્તા

મનોજ્ઞ વલભી રાજા સિલાદિત્યનો પુર હતો. તેણે સંવત ૪૭૭માં વલભીમાં જૈનસૂત્રો લખાવવામાં મૂકવા માટે જૈન આચાર્યોની એક પરિષદ ભરી હતી.

વલભીપુર ન. હાલના વળા ગામનું પ્રાચીન નામ. તે રાજધાનીનું શહેર અને બંદર હતું નગરની આસપાસ કોટ હતો. કોટની બહાર મેદાન હતું. તેમાં સેનાની છાવણી રહેતી અને મેળા ભરાતા. ત્યાં બાજમજીયા પણ હતા. આજથી આશરે ૧૩૦૦ વરસ પહેલાં વલભીપુરમાં વલભી વિદ્યાપીઠ હતી. તેમાં દેશવિદેશના વિદ્યાર્થીઓ ભણવા આવતા. વલભીપુરનો વિસ્તાર પાંચ માઈલથી પણ વધારે હતો. ત્યાં આશરે ૧૦૦ કરતાં પણ વધારે કરોડપતિઓ હતા. અહીં બૌદ્ધધર્મના ૧૦૦થી વધારે મઠો હતા. તેમાં ૬,૦૦૦થી પણ વધારે સાધુઓ હતા. હિંદુ અને જૈનધર્મના પણ સેંકડો દેવમંદિરો હતાં. તેમાં પણ અનેક સાધુઓ રહેતા. હાલના વળાની આસપાસ પીલુડીની ઝાડીમાં જૈનાં જૂનાં ખંડેરો જોવા મળે છે. ચોમાસામાં ધેલારો નદીમાં રેલ આવે છે ને પાણીનો પ્રવાહ વેગવંત બને છે ત્યારે કિનારાની જમીનમાંથી વલભીરાજ્યના સિક્કા, શિલાલેખો, મૂર્તિઓ, જૂનાં વાસણો ને ઇમારતોની ઈંટો વગેરે ચીજો મળી આવે છે. તે કાળના રાજાઓ પંડિતોને માન આપતા. પ્રજા સુખી ને સંતોષી હતી. ગુજરાતી ભાષાની હજી જાત્યાત બની ન હતી. પંડિતો માને છે કે, કોઈ અપભ્રંશ ભાષા બોલાતી હશે. રાજાના દરબારમાં કવિઓ, જોશીઓ ને શુકન જોનારા પંડિતો રહેતા. નૃત્યકળાનો વિકાસ થયો હતો.

વલભીલિપિ સ્ત્રી. એક પ્રકારની પ્રાચીન લિપિ. તામ્રપત્ર વલભીલિપિને મળતી લિપિમાં છે.
ગુ. સા. પરિષદ

વલભપુરી પું. જમણા આંટાવાળો શંખ.

વલય ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ; દસેક તે ચટપટી છપ્પય છંદનો એક ભેદ છે.

૨. પું. કોઢરોગના ૧૭ મોટામાં એક પ્રકાર. એ પણ જ ભયંકર ચેપી રોગ છે અને તેમાં હાથના માથાં અને ખાસ કરીને ગળું, એક પ્રકારના સોજામાંથી નીકળતા રસના જમાવથી પુરાઈ જાય છે. આ રોગ ખાસ કરીને બાળકોને થાય છે. પાણી અથવા દૂધ મારફત આ રોગનાં જંતુઓ પ્રવેશે છે.

૩ પું. માયા; કપટ.

૪. પું. સંસાર.

૫. પું. સૈનિકોની બાજીની હાર.

૬. ન. એક જાતનું મૃદુકાય પ્રાણી, "બ્યુસિનમ".
વલય નામની ઉપરછી મૃદુકાય પ્રાણી કંઠાનો ચૂમખો બનાવે છે. પ્રાણીસૃષ્ટિ

૭. ન. કટિબંધ, કમાતર ઝભ્રેખા.

૮. [સં] ન. કૂવો; કોટલું; બલેવું; ચૂડી

૯ ન. કુંડાળું; વર્તુલ; ચકરડું; ગોળ મંડળ.

૧૦. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું બીજું અંગ; દ્રુતઅંગ; લઘુ; ઉત્તમ; કુપ; બિંદુ

૧૧. ન તોરણ.

૧૨. ન. પોંચી.

૧૩. ન. બાર રાશિ જેટલું ગ્રહો આવવા માટે વપરાતું માન.
૬૦ વિકલા = ૧ કલા
૩૦ કલા = ૧ રાશિ
૧૨ રાશિ = ૧ વલય

૧૪. ન. બેરખો.

૧૫. ન. રમકડું; રમકાર.

૧૬. ન. વેષ્ટનભૂમિ; ગોળાકાર જમીન.

વલયા પું (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં બાર ગુ૦ અને ચોવીસ લઘુ મળી ૩૬ અક્ષર હોય છે. તે બારવૈ છંદનો ભેદ છે.

વલયાકાર ૧. [સં. વલય + આકાર] પું. પરિમંડળ; ચૂડીનો આકાર.

૨. વિ. કંકણાકાર; ગોળ; વર્તુળાકાર; વચ્ચે પોલાણ હોય તેવા ગોળાકારનું.

વલયાકાર મહત્ત્વ ન. કુંડલાકાર મહત્ત્વ; આસપાસ ફરતા ગોળ ભાગ સિવાય ચંદ્રના પ્રતિબિંબથી આખા ઘેરાયેલા સૂર્યનું મહત્ત્વ, કંકણાકાર મહત્ત્વ.

વલયાકૃતિ [સં. વલય + આકૃતિ] વિ. ચૂડીના આકારનું.

વલલ પું. (પુરાણ) અજ્ઞાતવાસ વખતે વિરાટ રાજાના રસોયા તરીકે ભીમે ધારણ કરેલું નામ

વલવલ ૧. સ્ત્રી. ચિંતાવલાવેડા ને ઝાળા કરવા તે.

૨. સ્ત્રી. જોઈએ તેથી વધારે ચંચળતા; બેસવા, ઊઠવા, બોલવા વગેરેમાં અતિ ઝપાટા; વલવલ

૩. સ્ત્રી. ભ્રમ કરી ન બેસવું તે.

૪. સ્ત્રી. નકામું ટામકું, મિથ્યાભાષણ.

૫. સ્ત્રી. વગર પૂછ્યે બોલબોલ કરવું તે વારંવાર વગર પૂછ્યે પણ બોલ્યા કરવાપણું તે.

૬. વિ. આડું અવળું બોલનાર.

વલવલવું ૧. અ. ક્રિ. કરગરવું, વિલાપ કરવો; રોતા રોતાં બોલવું, દુઃખ પોકારતા રહેવું
આજ ઘડવું ફેરવ્યા વલવલ્યું નહિલા,
બેઉ કરમેટીને માત મ૦
નરસિંહ મહેતો

૨. અ. ક્રિ. બોલબોલ કરવું; ટાયલું કર્યા કરવું; મોટેમા જીભ નહિ ઘાલવી.

૩. અ ક્રિ. વલખા મારવા; કાયરતાથી આમ તેમ જોવું ને રોવું

૪. અ ક્રિ. આકુળ થવું
પ્રકૃષ્ણ દેખી ધ્રુવું વલવલઈ,
તડકઈ મંસ્યુ જિમ દલવલઈ નાકર

વલવલા ૧. [અ] પું. અફસોસ

૨. પું. ગુસ્સાનો બુસકો; આવેશ

૩ પું ધોંધાટ; શોરબકોર, અવાજ

વલવલાટ ૧. પું. અધીરતાથી નીપજતો ગરબડાટ.

૨ પું આકુળ રોવું તે, રુદન
મોવિંદનો વલવલાટ સાંભળી સુખી પહોંચવાનો અંતિમ પ્રયત્ન કરતો હતો. કૌમુદી

૩ પું. અધુરજ આવ્યા જેવું થવું તે. ફળાવળાટ; ચામડી ઉપર જાણે ભણવા જેવી ગામરૂપી; ખરજ.

૪. પું. ચિંતાભરત વિચારોથી બોલવું તે.

૫. પું. ફરીને નહિ બેસવું તે.

૬. પું. વલવલ કરવું તે, વલોપાત; હાયવોય.

વલવલિયું ૧. વિ. કંઈક ને કંઈક કર્યા કરે તેવું; ફરીને ન બેસે તેવું

૨. વિ ચપળ; ચંચળ

૩. વિ. વલવલ કર્યા કરવું; બોલબોલ કરનારું; બકબકાટું; ટામકું કર્યા કરે તેવું; ટાહેલું.

૪. વિ. વલોપાત કરવું; ઉત્પાતિયું; હાયવોય કરવું.

વલવલિયો પું. શરીરમાં નીકળતો એક જાતનો ચા

વલવાડી (વલવાડ) સ્ત્રી માછલીની એક જાત. તે નરસારી પ્રાંતની નદીમાં માલૂમ પડે છે.

વલવું અ ક્રિ. વખારાના છોડ ઉપેડી નિયમિત અંતરે છોડ રહેવા દેવા; નોંદવું.
ભૂવાસ્તા છોડ વલ્યાં પહેલા બે ચાર વચ્ચે અઢવાડિયાનું અંતર રાખી રોગી છોડનો ઉપજ સાથે નાશ કરવો. કૃષિકોશ

વલવરવું અ. ક્રિ. (બા. પ્ર.) બદલો વળવો; વળી જવું
દૂ ચાહઈ કહુ તુજ પહિઈ.
વલવરઈ પલ દિન થોડા મહિ.
જ્ઞાનપ્રકાશ

વલસાડી (વલસાડો) ૧. સ્ત્રી. મોખાની એક જાત

૨. વિ. વલસાડ ગામનું

વલહા વિ. વહાલું.

મારાં પણેરો વલહા, બેર બાર વાંસલિયા,
થાર પીય, મ રીત રા ... ર ... ...
૧૬૫૬ દિનય

વલળું ન. ઢોરના તબેલાને બાંધવાનું નાડું.

વલંદી પું એક જાતનો ઢોર તેને ૬, ૧૨, ૧૬ કે ૨૪ પરેલ પાડેલા હોય છે

વલંદો ૧ પું ધરખાખડના હોલૅન્ડનો રહેવાસી; ડચ.

સુરત તારી રી સૂરત, જનો પહાના સલગાવ્યા,
ફિરંગી ને અંગ્રેજ, વલંદા ફ્રાંસિસ આવ્યા
નમદ

૨. પું. લુચ્ચો માણસ.

વલંબાવું ૧. [સં અવ + લંબ્ (લટકવું)] અ. ક્રિ. અવલંબન કરેલું હોવું.

૨. અ. ક્રિ. ગૂંચવું; રોકાવું; અટવાવું હોવું.

વલંભવું ૧. અ. ક્રિ. અવલંબવું.

નીરાત નામે મન વલભે. નીરાત

૨. અ ક્રિ. ભેડવું; રોકવું; અટવાવું થવું.

વલંવલ્લા ન આપલેનો નિકાલ; ચૂકતે હિસાબ થવો તે.

વલા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ અને ગુરુ એમ બાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. (જૈન) આવખાના દશ વિભાગ કરતાં દશમે દશમે આગે દશા હોય તે માંહેની ચોથી દશા.

૩. સ્ત્રી. બલા નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. મિત્રતા.

૫. અ. નષ્ટાર્થ.

વલાગવું અ. ક્રિ. વળગવું.

પ્રેમની પ્રભુને કંઠે વલાગી.
નરસિંહ મહેતો

વલાટ ૧. [સ.] પું. મગજ.

૨. ન. વિદ્યુત આદિ વીજળીનો પ્રવાહ માપવાનું એક માપ; 'વોલ્ટ'. ૧૮૯૯માં ઇન્ટરનેશનલ ઇલેક્ટ્રિકલ કૉંગ્રેસે આ માપ નક્કી કરી મંજૂર કર્યું છે.

વલાટમાપક ન. વિદ્યુત બળ માપવાનું યંત્ર.

વલાટપ્રવાહ પું. ધાતુ અને જુદા જુદા પ્રવાહી પદાર્થોથી ઉત્પન્ન થતી વિદ્યુતનું રૂપ.

વલાણું ન. વલોણું.

એમની ચતુરાઈએ એવું માખણ કહાડવું કે હમે વલાણું બંધ કરી નિરાતે બેઠા.
સરસ્વતીચંદ્ર

વલાદત [અ. વલદ (જન્મેલું)] સ્ત્રી. જન્મ.

વલારવું ૧ સ. ક્રિ. ઘા કરવું; ચામડામાંથી વધારાના ઝોડને ખેંચી કાઢવા

૨. સ. ક્રિ. લાભ ચાહવો.

વલારી [હિ] સ્ત્રી. એ નામનો એક છોડ આ નાનો છોડ બીજી જગ્યામાં ઘણે સ્થળે થાય છે. તે ચામડીના દરદો ઉપર ઉપયોગી છે.

વલારો પું એકની એક રાતની ચૂંથાચૂંથ.

વલાલું વિ. અણઘડ; બેબનાવ.

વલાવેલું ન. વિલાસ

વલાવેલું વલહા મુને ખાણ ખાણ સાવરે બીમરા,
દુહો

વલાહક ૧ પું. એ નામનો એક દૈત્ય.

૨ પું અભ્ર નામ.

૩ પું પર્વત

૪ પું. મોથ

૫. [સં. વારિ + વાહક] પું. વાદળું; મેઘ.

૬. પું. શ્રીકૃષ્ણનો ઘોડો; કૃષ્ણના ઘોડાનું નામ.

વલાહકકાંત ન. હાથ જેવું એક આયુધ. તે સંગ્રામમાં બચાવ માટે તેમ જ હાથીને પાછા પકેલવા માટે વપરાતું. તેની ધાર ઉપર ધાતુનું પાનું હોય છે.

વલાળું વિ. વળગાળું; અટવાળું

તમે આવી આપ્યા છો પ્રેમાળી રે,
વળી વરસે રોજે છે વલાળી રે.
નિષ્કુળાનંદ

વલાંકવું સ. ક્રિ. હદ બાંધવી

જમીન પૈમાણ કીધાની તારીખથી એક વરસની મુદતની અંદર પૈમાણ કીધલી જમીન વહાંડો લખી લેઈએ અને પછી સમયકતાએ ત્રણ વરસમાં મકાન કરી લેવા.
આદેશ

વલિ ૧ પું. ઇંદ્રનો એ નામનો એક શત્રુ.

૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે ૬૬પછી છપ્પન ભેદનો એક ભેદ છે. તેમાં સોળ લઘુ અને ચાલીસ ગુરુ મળી ૮૪ વર્ણની એકમો ભાવન માત્રા છે

૩. પું. બંધ

૪. [હિ.] પું. ધાર્મિક કર; ધર્મકાર્યને માટે લેવામાં આવતો કર.

૫. પું. અત્રિ; પ્રહ્લાદનો પૌત્ર.

૬. પું. (સંગીત) સાત માંહેનો એ નામનો એક સ્વર

૨ [સ.] વિ. કરચલી પડેલું.

૩. વિ. વળેલું; વાંકું.

વલિતપાદસર્વાંગાસન [સં.] ન. (યોગ) પેટનું એક આસન. તે કરતાં પ્રથમ ચત્તા સૂઈ આખા શરીર મસ્તક સુધી ઊંચું કરી પીઠને અને હાથનો ટેકો દઈ પછી એ જ સ્થિતિમાં બંને પગ આમાપાજા ચલાવવા છે. આ આસનથી મસ્તક, છાતી, કમર, પેટ અને હૃદય શુદ્ધ તથા બળવાન બને છે.

વલિતાંક પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં સોળ લઘુ અને ચાલીસ ગુરુ મળી છપ્પન વર્ણની કુલ માત્રા હોય છે

વલિત્રય [સ] ન. ત્રણ કરચલીઓનો સમૂહ.

વલિન ૧. પું. જેની ચામડી ઢીલી પડી કરચલી વળી ગઈ હોય તેવો માણસ.

૨. વિ. કરચલીઓ પડેલી ચામડીવાળું.

વલિપલિત ૧. [સં.] ન. શરીરે કરચલીઓ પડી વાળ ધોળા થવાનો રોગ.

સ્વભાવથી જીવન જીવનારના શરીરનો વિકાસ અપૂરો અટકી અર્ધબિલ હોય છે. અટલે વલિપલિત યુક્ત બની જઈ ઘડપણને સરજે નાય છે.
અક્ષિતન કામશાસ્ત્ર

૨. વિ. ઘરડું; વળિયાંપળિયાવાળું.

વલિયાર [પ્રા.] પું. વલય બનાવનારો પુરુષ; કંકણ બનાવનારો માણસ.

વલિયારવાડ (વલિયારવાડ) સ્ત્રી. શહેરના જે ભાગમાં વલિયાર લોકોની દુકાનો હોય તે લત્તો; ચોરાસી માંહેનું એક ચૌટું.

વલી ૧. [અ.] પું. અમીર.

૨. પું. ઓલિયો; મુસલમાની પીર; સંત; સાધુ.

૩. પું. કુંવર; રાજકુમાર

૪. પું. ગાડો માણસ.

૫ પું નોકર.

૬ પું. પાલક

૭ પું. પેગમ્બર.

૮. પું. મહાત્મા; બહી; ભગત

હજરત અલિ (કરમ) અલ્લાહના વલી છે અને હજરત મોહમ્મદ (સ્વ) રસુલઅલ્લાહના વસી છે.
ઇસ્લામની આલમ

૯. પું. માલિક

૧૦. પું. મિત્ર.

૧૧ પું. રક્ષક; વાલી

૧૨. પું. શાસક; હાકેમ.

૧૩. પું સરદાર.

વલીઅલ્લાહ [અ વલી (મિત્ર) + અલ્લાહ] પુ અલ્લાહનો મિત્ર

વલીઅહદ ૧. [જા. વલી (ઉપરી) + અહદ (રાજ્ય)] પું. ગાદીવારસ; પાટવીકુવર; પાટવીકુમાર; યુવરાજ

૨. વિ. રાજ્યનું અહું કરનાર

વલીંદુ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે

સ ર ગા લે વલીંદુ સત્યપિંગળ

વલીમુખી ૧. પું. (પિંગળ) એ નામનો ગાયત્રીની જાતનો એક વર્ણમેળ છંદ; જેણી તેના દરેક ચરણમાં જગણ અને રગણ મળી ૬ વર્ણ છે.

૨. પું. મોટો માણસ; વડીલ

વલુ ૧. ન. દાસ

૨. [સં. વલમ] ન. ઘર; પડ; પોપડો; વળ

૩. ન. પક્ષ

૪. ન. પરમાર; તળિયું

૫ ન. મંડળ; સમુદાય

૬. ન. વર્તુલ; કટાળ.

વલુણ ન. વલોણું; વલોણાં વલોવવાં તે.

વહાલો ચેહળ; વલુણ કરે નરસિંહ મહેતા.

વલુરાવવું સ. ક્રિ. બજાણે એમ કરવું.

વલુરાવું અ. ક્રિ. બાજુએ આવવું

વલું ૧. ન. વળું; પડ; ઘર; પોપડો

૨. વિ. વાસના હસવાળું; જેમાં, આ સોનું ચોંટેલું છે

વલુક ૧. પું. અસુર.

૨. પું. એક જાતનું પક્ષી

૩. ન. કમળ.

૪. ન. કમળનું મૂળ, પદ્મમૂલ

વલૂડી (વલૂડો) સ્ત્રી. ગમે તેમ ચૂથાયું પહેરેલ હોય તેવી ઓરત; ભાન વગરની ઓરત.

વલૂર સ્ત્રી. બાજરો; ગોળ; ખૂજલી.

વલૂર આવવી = વલૂરવું પડે તેવું થવું.

વલૂરવું સ ક્રિ. ખણવું; ખંજવાળવું; ઉતરડવું; ખજોળવું; ગોળ ભાંગવી; ઉજરડા ભરવા; બચકું

વલગી વાનર અનઈ વલૂરઈ તે નવિ જાણઈ મારુ. કર્મભ

વલૂરાઠ પું. વલૂર; ખૂજલી; ખણ.

વલૂરિયું ન. નહોર કે નખનો ઉજરડો; ઝપૂરો.

વલૂરો પું. નહોર કે નખનો ઉજરડો; વલૂરો

વલૂંદવું ૧. અ. ક્રિ. પેખવું; પગટવું

૨ અ ક્રિ મંડવું.

૩. સ. ક્રિ. વળગવું; ચોંટવું; આગુ થવું.

વલૂંદુ વિ. પેચેલું.

વલૂંધવું જુઓ વલૂંદવું.

વલૂંધું જુઓ વલૂદું

વલે ૧ સ્ત્રી. ઉપાય

૨. સ્ત્રી. ખૂંડા હાલ; ખૂબ હાલ.

વલે કરી-મરી = દશા થવી.

૩ સ્ત્રી. સ્થિતિ. હાલ; હલત; દશા.

વલે કરવ = કેડે પાડવું.

વલેહ સ્ત્રી. વલે

વલો ૧. પું ઝાડ, બાવળ ને બાવળનાં મોદામાંથી સાળ પડે તેવો એક જાતનો રોગ; ગંદું પાણી પીવાથી ઢોરને સલેખમ થાય, તાવ આવે એવો એક રોગ. આ રોગ ત્રણચાર દિવસ રહે લાંબુથી ઢોર આઈ શકતું નથી અને ઝૂર્યા કરે છે.

૨. પું. ઝાડમાંથી માખણનું વિખરાઈ જવું તે

૩. પું. ઝબનું હાલવું તે.

૪. પું. બનાવે તેવી હાલચાલ થવી તે.

૫. પું. ઝાખનો; વસ્તુ માટેની તીવ્ર ઇચ્છા.

વલોણાવાર પું. વલોવવાનો દિવસ.

વલોણાવારે ૧. અ. ક્રિ. ઝાલ કરવાના દિવસે, ત્રણ ચાર દિવસે.

૨. અ. વારેવારે; વારેવારે; વડીએ વડીએ.

વલોણી સ્ત્રી રવઈ, નાનું વલોણું.

વલોણું ૧. [સં. વલ્ (હલાવવું)] ન. માખણ કાઢવા માટે દહીંને વલોવવું તે; રવઈથી દહીં ભાંગીને માખણ કાઢવું તે; મોરણ; વલોવવાની ક્રિયા

નહિ વલોણું વાસમાં, નહિ પરભાતી રાગ.
... નેસમાં, કાળા કહેજો કાગ.
ગંગાસતી મેપાણી

વલોણામાં મૂતરવું = સારા કામમાં અડચણ કે હરકત નાખવી. ઠીક થતા ઉપર હોય તેવા કામને બગાડી નાખવું; કપો કારેલ્યા માંથી પાણી ફેરવવું; તૈયાર થયેલા કામમાં ફાંસ મારવી; વખોડવું.

૨. ન. રવૈયો, વલોવવાનો વાંસ.

૩. ન. વલોવવાના ચમત્કાર.

વલોણું કરવું-વલોવવું = ઝાલ કરવી.

૪. ન. વલોવવાની મોગી.

૫. ન. વિચારો, કામકાજ અને લડાઈની હડોહડોહ; ધૂમાલુમી; ધોંસધોંસ.

વલોપાત ૧ પું. અધીરતા; ઉતાવળ; આકુળવ્યાકુળ; અકળામણ

૨ પું. આતુર હૃદયે રડતાં રડતાં વલવલ કરવું તે. સંતાપ; ચિંતા; શું થશે શું નહિ એવા વિચારોની હાયવરાળ

૩. પું. ત્રાસ પડી જવું તે

૪. પું. તોફાન

૫. પું. હાયવોય; આકુળ કકળાટ

વલોપાત કરવો = કકળાટ મચવો.

વલોપાતિયું વિ. વલોપાત કરનાર; અધીર થઈ ચિંતા તે ઉતાવળ કર્યા કરનારું

વલોર ૧. પું. આધાર

૨. પું. ઘાટ; દેખાવ.

વલોરવું જુઓ વલૂરવું

વલોરિયું ન. મરેલ ઢોરના માંસની સુકવણી

વલોવણું ન. વલોવવાનું સાધન.

વલોવવું ૧. સ. ક્રિ. આમતેમ હલાવવું; હલોળી નાખવું; ઘુમરડવું; ખૂબ મહોવવું; બિલકુલ હરી નાખવું; તળે ઉપર કે ઊલટસૂલટ કરી નાખવું.

૨. સ. ક્રિ. ચર્વવું; ચૂથવું.

૩. સ ક્રિ. મથન કરવું; મથવું; છડ પાડવું.

મહાબ્ધિને વિષ્ણુ જળનિધિ વલોવે જળ જતા.
દોલતરામ પંડ્યા

૪. સ. ક્રિ. માખણ કાઢવા માટે રવઈથી દહીંને ઘુમડવું; દહીં ભાંગવું.

૫. સ. ક્રિ. વારંવાર હલાવી ભગાડવું.

વલોવાવવું સ. ક્રિ. વલોવાય તેમ કરવું.

વલોવાવું અ. ક્રિ. આમતેમ હલવું; મથન થવું; વલોણે થવું.

વલ્ક ૧. [સં.] પું. એક જાતના ઓષધનું ઝાડ.

૨. પું બ્યાઘ્ર; નપુંસક.

૩. [સં.] સ્ત્રી. ઝાડની છાલ; વલ્કલ.

૪. સ્ત્રી. માછલીની ત્વચા.

૫. ન. કાચના જેવી એક વસ્તુ.

૬. ન. ખાડ; કુકડો.

૭. ન. દાંત વગરની લીસી કડક પોપડી.

૮. ન. મીનો.

૯. વિ મીનાકારીના કામને લગતું.

વલ્કલ પું. અગ્નિ; એ નામનો એક મરુ, જ્યુપીટરનો પુત્ર.

વલ્કપત્ર સ્ત્રી. એક જાતની પ્રયળ.

વલ્કપર્ણી ન. કાળીની નીચેના ભાગનો સૂક્ષ્મ અવયવ

વલ્કરજજુ [સં.] સ્ત્રી. ઝાડની છાલનું દોરડું.

વલ્કલ ૧. ન. ઝરમેદની વાલ્કલ નામની શાખા.

૨ [સં.] ન. ઝાડની છાલ; ત્વચા; વલ્ક

૩. ન. ઝાડની છાલના રેસાઓમાંથી બનાવેલું વસ્ત્ર; ઝાડની છાલનું વસ્ત્ર.

૪. ન. તજ

વલ્લ ન. દરિયા; ચાહ, ચાર
ઉંટવાડ પાસેના ઊપર, ઘટ ઉપર અગર પાસેના ઢીંચા ઉપર એક બાજુ પ્રકારના તપખીરના કરતા વલ્લકાં હોય છે. મલયાકોષ

વલ્લખલ ૧. સ્ત્રી એક જાતની ગોળ માળણી. તેનો વ્યાસ ત્રણ ફૂટ સુધીનો હોય છે. તેની પૂઠડી બાંધ ફૂટ ઊંચી હોવાથી તે ઘાટડી બાજરાના તથા વરાધ ઉપર ધમીને બાજરાને પાવાના કામમાં આવે છે.
૨. ન. બાજરી મકિયા વગેરે ભેગું વાવવું તે.

વલ્લગન ૧. ન. ઘોડાની ગોળાકાર હિલચાલ; ઘોડાને ચક્કર ચક્કર ફેરવવો તે. ઓપચેનક, વલ્મનક, વમક, અલીઢપ્લુત, વૃત્ત.ત અને ત્રિરમાસી એ ઘોડાની ગોળાકાર ગતિના જુદા જુદા પ્રકાર છે
૨. ન. ચક્કર મારવું તે.
૩. ન. બહુ બોલવું તે.

વલ્લગના જા બકવ.ટ
એ વસ્તુનું દર્શન થતા વલ્લભના ... ... અને આત્મવિશ્વાસ વધ્યો. ...૨

વલ્લરા ૧. પુ. (પિંગળ) એ ન.મનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, તગણ અને તગણ એમ નવ વર્ણ હોય છે
વલ્લરા વિષે તા તતા ધાર. રણછિપિંગળ
૨. સ્ત્રી. જમ.મ.

વલ્લિગત જુઓ વલ્લન.
ચાલવું તે.

વલ્લુ ૧. પું. બકરો.
૨. ન. (જૈન) ઊંદરે નામનું વિમાન.
૩. ન. પ્રાચીન હિંદનું એક રાહેર.
૪. [સં] વિ. મિષ્ટ; મધુર.
૫. વિ. સુંદર; ખૂબસૂરત
તુજ મધુર મીસાના વલ્લુ બાકય.
સુખી બુધ જન મન મોહ પામે. ત્રિભોવન

વલ્લુગીતિ પું (પિંગળ) એ નામનો પ્રાકૃતપિંગલોક્ત માત્રામેળ છંદ, સિંહિની ગીતિ. તેના પહેલા દલમાં ૩૨ અને બીજા દલમાં ૩૦ માત્રા હોય છે.

વલ્લુજ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વલ્લજ તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, તગણ, નગણ, જગણ અને બે ગુરુ એમ સત્તર અક્ષર હોય છે.
૨. [હિ.] પું. બકરો.

વલ્લિક [સં] પું ૨.ફડો.

વલ્લી [સં.] સ્ત્રી. કોડી

વલ્લીક ૧ ... ... અને કોડી વગેરે
... ... ચકોરા પ્રાણી કે દરંતુમે જમીન ... ... આજના કરેલો માટીનો ઢગ; રાફડો, ચરનો રેફડો.
... ... વલ્લીક વગેરે ન્યાયે નખાયલી ... ... ચિત્ર અભિમાન વસ્તુ ૩૨૬.૩૨૬૨
૨ પુ ... ...
૩. ન ... ...

વલ્લીક ૧ સ પું. ધૂપનો પોચો ઢગલો. ૩૨૬૨
૨ પું વાલ્મીકિ ઋષિ

વલ્લ ૧. પું. ... ...
૨. પું આવરણ.
૩ પુ. એક પ્રાચીન દેશ.
૪. [સં] પું. (પ્રાકૃત) ત્રણ ઋણોકારનું વજન. વાલ.
૫ [હિ.] પું. નિષેધ.

વલ્લહ ૧. પુ. વાલ
૨. [સં] પું. સમુદ્રમ રહેનાર એક પ્રકારનો જંતુ.
૩ સ્ત્રી. એક પ્રકારની વાતહર ઔષધિ.

વલ્લકી ૧. [સં.] સ્ત્રી. નારદની વીણા.
૨. સ્ત્રી. ચારુ; સત્સર્ગ વૃક્ષ.
૩. [સં.] ન. એક પ્રકારનું વાદ્ય.

વલ્લભ ૧. પું. અભ્યક્ષ; ઉપરી.
૨. પું. આરાધ્ય; પ્રીતમ; ધણી, પરમેશ્વર.
સુહૃદ મિત્ર વલ્લભ સખા,
હવિત હોત પ્રિય પ્રાનુ;
હરિ પ્રીતમણી હે કુંવરી,
નાથ આધારણ માન. પિંગળપ્રકાશ
૩. પું. ઉત્તમ ઘોડો.
૪. પું. એ નામનો એક કવિ; વલ્લભ ભટ્ટ. તે સુરતમાં જન્મ્યો તેના પિતાનું નામ નાના ભટ્ટ અને પિતામહનું નામ શુકદેવ ભટ્ટ હતું એ જ્ઞાને બ્રાહ્મણ બ્રાહ્મણ હતો. એણે ૪૦ વર્ષની ઉમરે ભાગવત રચ્યું હોય એમ લાગે છે. ભાગવતના ૧૧ સ્કંધ તેણે ત્રણ ચાર વર્ષમાં પૂરા કર્યા જણાય છે. તેમાં વર્ણનવિસ્તાર સારો ને શબ્દરચના બધી સારી રીતે કરેલી છે. વળી ભક્તિરસ એ ભાગવતનો પ્રધાનવિષય છે જે ભાષાંતરમાં બતાવવામાં ઠીક પ્રયત્ન કીધો છે. ઘણાં વર્ણનો એટલા બધાં તો સરસ રીતે કરેલાં જણાય છે કે, તે સારા કવિને પણ જોવા ગમે તેવાં છે સમુદ્રમંથનનું વર્ણન, નારાયણકવચ, ગજેંદ્રમોક્ષ ઇત્યાદિ પ્રસંગોની કવિતા આ ભાષાંતરમાં બહુ ... ... પ્રસંગપૂર્વક અવલોકન કરવા જોગ છે. વલ્લભ ભટ્ટને સંસ્કૃતનું સારું જ્ઞાન હતું ને તેણે રામાયણ પણ પદ્યબંધ કીધું છે એમ સાભળ્યું છે, ને તે શ્રીમદ્ ભાગવત કરતાં વધારે મારું છે. તેમ જ ભીષ્મપર્વ ને દ્રોણપર્વ તેના રચેલા છે એમ તેના વંશજો કહે છે. શ્રીમદ્ ભાગવતમા કવિએ ઘટલેક સ્થળે સારી કાવ્યશક્તિ બતારી છે. રત્નેશ્વર, ધનદાસ અને વલ્લભ એ પ્રેમાનંદના મુખ્ય શિષ્ય હતા
આત્મ પરિતાપ સબંધી જે દયારામનાં પદો છે તે તેની સાચાઈ અને ઊભરતા હૃદયથી વલ્લભ સિવાય બીજા બધા ગુજરાતી કવિઓના જેવા વખાણથી ઘણાં ઓળખાઈ આવે છે
નવલરામ
૫. પું. (પિંગળ) એક જાતનું કોતરકામ; વલ્લરિ
૬ પું. ગુરુ.
૭ પું. પતિ; સ્વામી; ધણી; પ્રિય.
અયોધ્યા, પ્રાણયાત્રાના તીર્થ તીર્થ, એ વલ્લભનો સહકાર પાછળી. નાનાલાલ
૮ [સં.] પુ. ઋગ્વેદસૂત્ર ઉપર ભાષ્ય લખનાર એક આચાર્ય
૯. પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એ નામનો રાજા.
૧૦ પું વલ્લભાચાર્ય; એક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય. તે તેલુગુ બ્રાહ્મણ કાશીમાં ઈ. સ. ૧૪૭૯ માં જન્મ્યા હતા. કહેવાય પ્રમાણે તે વિષ્ણુસ્વામીના અનુયાયી હતા. યાત્રા કરીને જ્યારે તે વૃંદાવન પાછા આવ્યા ત્યારે તેને કૃષ્ણ ગોપાળ તરીકે દેખાયા અને ગોવર્ધન પર્વત ઉપર આવવાને ફરમાવ્યું. વલ્લભાચાર્યજી તે પર્વત ઉપર ગયા અને ત્યાં કૃષ્ણે તેને મંદિર સ્થાપવાનું તથા નવી ભક્તિનો પ્રચાર કરવાનું જણાવ્યું. વલ્લભના મત પ્રમાણે આખું વિશ્વ અગ્નિમાંથી, દેવી તણખામાંથી ઉત્પન્ન થયેલ છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અને પૂર્ણાનંદ કહેવાય છે તેને પ્રાપ્ત કરવાનો માર્ગ પુષ્ટિમાર્ગ છે. ભક્તિ ચાર પ્રકારની છે: (૧) પ્રવાહ પુષ્ટિ ભક્તિ, (૨) મર્યાદા પુષ્ટિ ભક્તિ, (૩) પુષ્ટિ પુષ્ટિ ભક્તિ અને (૪) શુદ્ધ પુષ્ટિ ભક્તિ આ પંથના અનુયાયીઓ કપાળમા બે સીધા રાતા ચાંલ્લા નાકના ઉપરના ભાગમાં અર્ધચંદ્રાકાર આકારમાં ભેગા કરે છે અને વચ્ચે રાતો ચાંલ્લો હોય છે
૧૧. ન વૈદૂર્ય.
૧૨. [સં.] વિ મધુર, મીઠું.
૧૩. વિ. વહાલું; પ્રિય. રુચે તેવું; ગમે તેવું; ખાસું.
સંસારનાં સુખ અતિ વલ્લભ,
મન મથું પાપ પુન્યથી. અખો

વલ્લભપંથ પુ. પુષ્ટિ માર્ગ.

વલ્લભપંથી વિ વૈષ્ણવ; વલ્લભપંથને માનનાર.

વલ્લભભટ્ટ પું. ઈ સ. ૧૮મી સદીમાં થયેલ એ નામનો કવિ

વલ્લભમત પું. પુષ્ટિમાર્ગ, વલ્લભાચાર્યે સ્થાપેલો એ નામનો પંથ.

વલ્લભસંપ્રદાય પું. પુષ્ટિમાર્ગ.

વલ્લભા ૧. સ્ત્રી પત્ની; વહુ; સ્ત્રી; પ્રિયા; વહાલી સ્ત્રી,

૨. સ્ત્રી. મા,સ્ત્રી

૩. વિ. સ્ત્રી વહાલી; પ્રિયતમા

કથા દયિતા વલ્લભા પ્રિયા પ્રેયસી હોય;
તુજ સમ પ્રાણિની કાનને અન્ય ન દેખી કોઈ.
પિત્રભક્તપ્રકોપ

વલ્લભાચારી સંપ્રદાય પું વૈષ્ણવનો એ નામનો એક સંપ્રદાય.

વલ્લભાચાર્ય ૧. [સં.] પું પુષ્ટિમાર્ગના એક પ્રસિદ્ધ પ્રવર્તક; વૈષ્ણવ ધર્મના એક પ્રસિદ્ધ આચાર્ય. તેનો જન્મ તૈલંગ દેશના આન્ધ્રપ્રદેશના કાંકરવાડ નામના ગામમાં યજ્ઞનારાયણ ભટ્ટ નામના એક વિદ્વાન બ્રાહ્મણને ઘેર અગ્નિકુંડ નામની સ્ત્રીથી ૮મે માસે સને ૧૪૭૯મા સંવત ૧૫૩૫ના વૈશાખ વદિ ૧૧ને રવિવારે થયો હતો તેનું પ્રથમ નામ વલ્લમ હતું. ત્રણિયાર વર્ષની ઉંમરે તેના પિતા સ્વર્ગવાસી થતાં તેના મનમાં ઘણી ઉદાસી થઈ અને ભગવદ્ભક્તિ તરફ તેનું વલણ થયું. કહેવાય છે કે, વૃંદાવનમાં તેની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણચંદ્રે પ્રગટ થઈ બાલ ગોપાલસ્વરૂપની ઉપાસના કરવાની આજ્ઞા દીધી તેથી તેણે બાલગોપાલની ઉપાસનાનો આરંભ કર્યો અને નવો સંપ્રદાય સ્થાપ્યો. તેણે વિરોધી મતવાદીઓને શાસ્ત્રાર્થમાં હરાવીને આચાર્યપદ પ્રાપ્ત કર્યું. તે કોઈ દિવસ કાશીમાં તો કોઈ દિવસ ગોકુળમાં રહેતા. તેમણે શ્રીમદ્ ભાગવત પર સુબોધિની ટીકા, બ્રહ્મ સૂત્ર ઉપર ભાષ્ય, ગીતા ઉપર ટીકા, તથા બીજા અનેક ગ્રંથોની રચના કરી. તેમણે કેટલાક દિવસ ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કિનારા પર એક પીપળાના ઝાડની નીચે નિવાસ કર્યો હતો. તે સ્થાન આજે પણ મહાપ્રભુજીની બેઠકને નામે ઓળખાય છે. સોરઠ પ્રાંતની તેમ જ બીજી બેઠકો પણ પ્રસિદ્ધ છે. પોતે અંત સમયે કાશીમાં જઈ સંવત ૧૫૮૭માં શ્રીકૃષ્ણ સ્વરૂપમાં લીન થઈ ગયા. કહેવાય છે કે, તે જ્યારે હનુમાનઘાટ પર સ્નાન કરવા ગયા. ત્યારે ડૂબકી મારીને ત્યાં અદૃશ્ય થઈ ગયા થોડી ક્ષણ પછી ત્યાં એક દિવ્યજ્યોતિ પ્રકાશ પ્રગટ થયો અને તેમાં લોકોએ જોયું કે તે દિવ્ય શરીર ધારણ કરી ને ગોલોકમાં ગમન કરી રહ્યા હતા. તેના સંપ્રદાયના લોકો ખાસ કરીને ગુજરાત, મારવાડ, મથુરા અને વૃંદાવનમાં જોવામાં આવે છે. તેનો સંપ્રદાય 'શુદ્ધાદ્વૈત' છે, એટલે કે માયા વિરહિત શુદ્ધ બ્રહ્મ અને પરબ્રહ્મ એ એક જ છે

૨. પું. વલ્લભ ભટ્ટનો ચલાવેલો એ નામનો એક પંથ

વલ્લભીપુર ન સૌરાષ્ટ્રમાં આવેલ વળા નામનું પ્રાચીન નામ. વલ્લભીપુરનું રાજ્ય ચોથા સૈકાથી સાતમા સૈકા સુધી મોટું રાજ્ય હતું. ઘેલા અને ઢાંકીના ખાડીના મુખ ઉપર વલ્લભીપુર બંદર હતું. ઈ. સ. ૫૪૦ના અરસામાં બૌદ્ધધર્મના મુખ્ય કેન્દ્રોમાં પ્રથમ વલ્લભીપુરમાં સ્થાપાયું; ત્યાં સુધી બૌદ્ધો નિર્ભયપણે રહ્યા ચિનાઈ મુસાફર વલ્લભીનું વર્ણન કરતાં લખે છે કે, ત્યાં બધાની સેરો અને કુબેરો જેવી રમતી અને ત્યાંની લક્ષ્મીલક્ષ્મીને જોવા જેવી ત્યાંના લોકોની ધર્મનિષ્ઠા હતી.

સૌરાષ્ટ્રના હાલ જૈતિહેર ભૂત વલ્લભીપુરમાં (વળામાં) સાધુઓએ મળી, કાળ જોય, સ્મૃતિગ્રંથ આદિ જોઈને ઘણી વિચક્ષણ જણા સૂત્રોને પુસ્તકારૂઢ કર્યાં.
કુ. સા. પરિષદ

વલ્લભી ૧. પું (સમૂહ) એક જાતનું ક્રોતરકામ; વલ્લભ

૨ [સં. વલ્લભીય] વિ. વલ્લભ સંપ્રદાયનું, વલ્લભાચાર્યનું; વલ્લભાચાર્ય સંબંધી

૩. વિ. વલ્લભીપુરને લગતું.

વલ્લર ૧. [સં.] પું.; ન. ઘાસ જંગલ; જલજ પ્રદેશ

૨. પું.; ન. વનસ્પતિ

વલ્લરિ ૧. સ્ત્રી. ચિત્રમૂલ

૨. સ્ત્રી. ગાડનો મોગ

૩. સ્ત્રી ભંગરી

૪ સ્ત્રી મેથી

૫. સ્ત્રી. વેલ; લતા

વલ્લરિકા પું (સમૂહ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ વલ્લરી

વલ્લરી ૧. પું. (સમૂહ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વલ્લરિકા. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ નગણ, જગણ, નગણ, જગણ અને એક ગુરુ એમ ૨૫ વર્ણ આવે છે

૨. સ્ત્રી મંજરી, માંજર

૩. સ્ત્રી. મેથી

૪ સ્ત્રી. વેલ; લતા.

સત નિ બિસની વલ્લરી વિરતિ લતા વિમાન,
અમરવેલી એ ભૂતા વિના તેમ જ ઝાડે માન.
પિત્રભક્તપ્રકોપ

વલ્લરી ગીતિ પું. (સમૂહ) એ નામનો એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ. છંદ; સિંહની ગીતિ તેના પ્રથમ દલમાં ૧૨ માત્રા અને બીજા દલમાં ૩૦ માત્રા આવે છે

વલ્લવ ૧ [સં.] પું અડાણું માણેનો એક દેશ

૨ પું પ્રાચીન ગ્રંથોનું નામનું નામ; ભીમસેન

૩ પું ગોપ, ગોવાળિયો; ભરવાડ; રબારી

૪ પું. રસોઈયો

વલ્લવી સ્ત્રી ગોવાલણ; ભરવાડણ; રબારણ

વલ્લવી વિલાસ પું. (સમૂહ) એ નામનો સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ૨૧ણ, બે નગણ અને બે ગુરુ મળી કુલ ૧૧ અક્ષર હોય છે.

વલ્લવી વિલાસો ર ના ના ગા ગા.
રણપિંગલ

વલ્લવું જ. ક્રિ પાસે પાસે છોડ રોપવા, તેમાંના ઊપારી ભાગ છૂટા કરી નાખવા; નીંદવું; વધારાના પાસે પાસે ગોઠવવા. છોડ ઊપાડી નાખવા.

વલ્લહા વિ વહાલા

મો મેં પ્રભુજી વલ્લહા, અર અર નાસણીયાં.
કબો

વલ્લંખલ્લા જુઓ વલ્લંભલ્લા

વલ્લંભલ્લા જ પૂરું થઈ રહ્યું હોય; નહિ લાગતું વળગતું કે માગતું; ચૂકતે; હોમનું માગતું લેવાનું રહ્યું નહિ એમ. બહેવું રહ્યું નથી એમ કહી હાથ ખંખેરતાં વલ્લંભલ્લા એમ કહેવાય છે.

વલ્લંભલ્લા કરવું- થવું જ ચૂકતે કરવું કે થવું.

વલ્લાઠનામું [ફા] ન. છેલ્લાછેલ્લાની કારગતી; લમણિઝીંક પત્ર.

વલ્લાવવું ૧. સ. ક્રિ. પતાવવું; ચણી દેવું; વલ્લંભલ્લા કરવું.

૨ સ. ક્રિ. સમાધાન કરાવવું; હળીમળીને ચાલે તેમ કરવું; મૈત્રી કરાવવી

વલ્લાહ ૧. વિ વહાલું; પ્યારું

વલ્લાહ ! તમે તો મહા ચમત્કારિક માણસ છો.
નર્મદાશંકર

૨. [અ.] અ. ખુદાના કસમ; ઈશ્વરના સોગંદ

વલ્લિ ૧. સ્ત્રી. પૃથ્વી

૨. સ્ત્રી. લતા; વેલ

વલ્લિતા પલ્લવે સપટ તિમિરે,
રમ રસીલી ' નાથ સદ આવ
નીલકંઠ

વલ્લિકા [સં] સ્ત્રી વલ્લી; વેલ; લતા; વેલો

વલ્લી ૧ પુ. મોટો માણસ
૨. પુ. મહાદેવ.
૩ પુ. વારસ.
૪ [અ. વલી] પું. સાધુ, સંત.
૫. સ્ત્રી અજમોદ
૬. સ્ત્રી. ઉપનિષદનો ખંડ
કઠોપનિષદની બીજી વલ્લીમાં કહ્યું છે કે, મનુષ્યની આગળ શ્રેય અને પ્રેય બંને છે.
સૂતસંહિતા
૭. સ્ત્રી દૈવતિક.
૮. સ્ત્રી યવક.
૯ સ્ત્રી. જડીબુટ્ટી, ગુપ્તૌષધ.
૧૦. સ્ત્રી. પુરાતત્ત્વ નામે વેલ.
૧૧. સ્ત્રી. પૃથ્વી
૧૨. [સં.] સ્ત્રી. વેલ; વેલી; લતા; વેલો

વલ્લીજ [સં.] ન. તીખાં; મરી

વલ્લુર ૧. [સં.] ન. કુંજ.
૨. ન. ક્ષેત્ર.
૩. ન. ખેડ્યા વગરની ઘાસ ઊગેલી જમીન.
૪. ન. નિર્જન સ્થળ.
૫. વિ. સચોટ ને જોરદાર નહિ તેવું.

વલ્લું ૧. વિ. પહોળું; ચોડું; કલ્લું
એવું નસકોરું વલ્લું કે ઊંટના ઊંટ આવ્યા જાય = ખાળે ડૂચા ને દરવાજા મોકળા; નજીવી બાબત ઉપર ધ્યાન આપવું ને મોટી બાબતમાં બેદરકાર રહેવું.
૨. વિ. દંઢાતું; રાંડું; વાંકું.
વલ્લું ચાલવું = પહોળે પગે ચાલવું; બે પગ વચ્ચેના અંતરને મોકળું રાખી ચાલવું તે; રાંડું ચાલવું
૩. વિ. બહુ પ્રેમી; હેતવાળું; લાગણીવાળું; મમતાવાળું; વધુ. જેમકે, ભાવલ્લું; ઘરવલ્લું.

વલ્લુગ ન. નદીને કાંઠે ઊગતું એક ઝાડ; બેરી.

વલ્લૂર ૧. [સં.] ન. ક્ષાર ભૂમિ
૨. ન. તડકા વગેરેથી સુકાયેલું માંસ
૩. ન. ભંડનું માંસ
૪. ન. વનક્ષેત્ર; જંગલ; ઉજ્જડ જમીન.
૫. ન. વાહન.

વલ્વજ ૧. પું. (પિંગળ) જે નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વલ્યુજ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, તગણ, નગણ, સગણ અને બે ગુરુ મળી ૧૭ વર્ણ આવે છે
૨. [સં] પું. ઓખલી

વલ્હાર સ્ત્રી. ભીખનો ધંધો કરતી એક જાત.

વવ ૧ [સં.] પું. (જ્યોતિષ) અગિયાર માહેનું એક કરણ. તેમાં જન્મનાર મનુષ્ય બળવાન, ધીર અને વિચક્ષણ હોવાનું મનાય છે.
૨. સ્ત્રી. ખૂજલી. ખંજવાળ; અળેજ; મીઠી ચેળ. પણે આપે પારસી લોકો આ શબ્દનો ઉપયોગ કરે છે.

વવટાવું અ. ક્રિ. ચોડું વહું સુકાવું. પવનમાં ઝૂલીને સુકાવું; સુકાવા જેવું થવું

વવડાવું જુઓ વવટાવું

વવડાવવું ૨ સ. ક્રિ. પ્રેરવું, વવડાવવું તોડવડાવવા જોવું, પપડાવવું
૨. સ. ક્રિ. વાર્યે એમ કરવા બીજાને કહેવરાવવું

વવડી સ્ત્રી. નાના છોકરાની ઉલ્ટિ

વવરજવું ૧. સ. ક્રિ. ક્રમ સાચવવું; બધ આવવું
૨. સ. ક્રિ. તજવું; છોડવું
૩. ઉ ક્રિ. નક્કી કરવું; ઠેકાણે કરવું; પોક્કસ કરવું; નિમાણું કરવું
૪. સ. ક્રિ. ઇંદ્રિયો કે ઘરેપરાથી નક્કી થવું.

વવરાવવું ૧ સ ક્રિ. બીજા પાસે કરાવવું
૨. સ. ક્રિ. વાવણી કરાવવી
વવરાવે રસ્તા જ પણ, સદાવત આપે તે તણા.
સામળ

વવરાવું ૧ અ. ક્રિ. (જૂ મૂ.) કરમાવું; ઝાંખું થવું
૨ અ ક્રિ. ઘસાવું, બગડવું, બરબાદ થવું.
વહેમ વવરાવ્યા પછી ઘરી પરવશ દેહ;
અરી ! ઉઠાવ ઘરિ પતો સુત થાઉં તેહ
ભાલણ

વવળીતું સૂરણ ન બજવાળિયું સૂરણ. સૂરણના બે માહેનો એક પ્રકાર. આ સૂરણને કેટલાક લોકો કડવું સૂરણ પણ કહે છે. આ સૂરણની છાલ જરા રતાશ પર હોય છે. તેના પર ઝીણા ઝીણા કાટા હોય છે. તે કડવું વમન એનો ઉપયોગ થાય છે. પણ હોય છે આ સૂરણ અંદરથી લાલ નીકળે છે.

વવળવું ૧. અ ક્રિ. બજવાળવું પડે એમ થવું, ચામડી ઉપર ઝાંખે એમ ખૂંચવું, ખૂજલી થવી; બજવ આવવી.
૨. સ ક્રિ. વલખાં મારવા.
બહારા બીજા વવળે, બલવર વવળે વેણ વિલાસવાળા
દિલકીર

વવળાટ ૧ પું વવળવું તે; બજવાળિયું; ખંજવાળ; ચેળ; ખૂજલી; પદાર્થ કે વસ્તુની ઝીણવું ખૂંચવું તે.
૨. પું સળવળાટ.

વવળાવવું સ ક્રિ વવળે એમ કરવું; વળવળાટ ઉત્પન્ન કરવો

વવાકે સ્ત્રી. નાની ઉમરની છોકરી

કાર્ટ ગાડા ઘોડાની વચ્ચ વચારેથી વળાય નહિ. તેનો રસ્તો પૂરતો સાંધ, રક્ષા કરે રખવાળી.
કડો

વવાવવું ૧. સ. ક્રિ. ઉતરાવવું, ઉતરાય તેમ કરવું
૨ સ ક્રિ. વવાય તેમ કરવું, રોપાવવું.

વવાવું ૧ અ. ક્રિ. ઉતરવું, ઉગવું
૨ અ ક્રિ. રોપાવું

વવક પું. વિવક
જેમ તમારા મત વારીક, તમ સાદર ગ્રહ્યા વવેક
પ્રેમાનંદ

વવ્વો ૧. પું. વર્ષો રાડ પાડો એવો શબ્દ વિવક, વિચાર ને વિનય, વિવો, વિવક ને વાણી; વિવક, વિચાર ને વ્યવહાર આ ત્રિપદી સમારનાં દરેક કામકાજમાં ઘણી જ ઉપયોગી છે. તે ઉપરથી ટૂંકાણમાં એ શબ્દ વપરાય છે
૨. પું. વર્ણ અને મૂળાક્ષર અને તેનો ઉચ્ચાર, રવરૂપ
વવ્વા વેદ વચન નિરધાર પ્રેમાનંદ

વશ ૧ પુ. પ્રજા.
૨ પુ. બીજ; વસ્તુ
૩ ન જન્મ
૪. પું નિયમન; કાબૂ
વશમાં હોવું = કાબૂમાં હોવું
૫ પુ. વશપણું; સ્વાધીનપણું; પ્રભુત્વ.
૬ પુ વેરવાઓને રહેવાનું સ્થળ
૭. વિ. જીતેલું; તાબાનું હોય તેવું, નમ્રીન; તાબેદાર; આજ્ઞાંકિત, તાબે થયેલું; તાબા વાળું; આજ્ઞા કે કાબૂમાં રહેલું હોય તેવું
૮. વિ. મુગ્ધ, મોહિત; મોહ પામેલું.
વશનો પડ્યો = દૈવ જાણે. કું ૬ જાણતો નથી કે મને જાણવાની કરકાર નથી એમ બેદરકારીમાં બોલવાનાં વપરાય છે જેમકે, કોણ જાણે છે ? વશનો પડ્યો

વશકરાવું વિ. તાબામાં લે તેવું; તાબે કરનાર; વશ પડવું

વશકૃયા [સં] સ્ત્રી. વશ કરવું

વશત સ્ત્રી પૈસા. આપવાની ચિઠ્ઠી

વશરામ પું. વિસામો
રાણા આલુનો રાત વાતુનો વશરામ છે,
ઇ કાય પરિયાલુ માડા જાન હરા ત. જેઠવા.
લે.ક્ષ.દ્વિવ્ય

વશવર્તિની [સ] વિ સ્ત્રી વશ રહેનારી; તાબે રહેનારી

વશવર્તી [સ. વશવર્તિન્] વિ આજ્ઞામાં રહેનાર; આજ્ઞાનુસારી; આજ્ઞાપાલક. તાબે રહેનારું; આધીન.

વશંવદ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે તેને સુખ, સામન, સાવન, માત્રવી, સવૈયો, અંબુજ, કુસુલતા, કિશોર કે માલતી ૩૮ પણ કહે છે તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ એમ ચોવીસ અક્ષર હોય છે તેના બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨. વિ. વશવર્તી; આજ્ઞાકારી

વશા ૧. સ્ત્રી. સાયત્રીની ચોવીસ માંહેની એક શક્તિ

૨. સ્ત્રી. નપુંસક.

૩. સ્ત્રી. પત્ની

૪ સ્ત્રી. પુત્રી

૫. સ્ત્રી. વાંઝણી ગાય.

૬ સ્ત્રી. વાંઝણી સ્ત્રી; વંધ્યા.

૭. સ્ત્રી. ઢાંખણી.

વશાત ૧. સ્ત્રી. કીમત.

૨. સ્ત્રી ગણતરી; વિસાત; હિસાબ.

૩. સ્ત્રી. મહત્ત્વ; પૂછ.

વશાત્ [સં.] અ. થી; થકી; લીધે; વડે; ને લીધે; કારણસર. આ અર્થમાં સમાસને અંતે વપરાય છે. જેમકે, દૈવવશાત્.

વશાત્મા [સં. વશાત્મન્] વિ. આત્માને વશ.

મહા જીતેંદ્રિય વશાત્મા જો. પ્રેમાનંદ

વશાણતા સ્ત્રી. વિશાળતા; વિસ્તીર્ણતા.

જગત સરિખુ ઔદાર્ય, વિશ્વ સમોવડ વશાળતા. નાનાલાલ

વશિજન પું. મન વશ રાખનાર પુરુષ.

વશિતા [સં.] સ્ત્રી. આઠ માંહેની એક સિદ્ધિ.

પ્રાકામ્ય, અણિમા, પ્રાપ્તિ, મહિમા, ઈશિતા, ગરિમા, વશિતા અને લઘિમા એ સિદ્ધિના આઠ પ્રકાર છે. સૂતસંહિતા

વશિત્વ ૧. [સં] ન. વશ કરવાની શક્તિ.

૨. ન. તાબેદારી.

૩. ન. યોગની આઠ માંહેની સાતમી સિદ્ધિ; વશીકરણ. ભૂતકૌનિક પદાર્થોને ઇચ્છાનુસાર સ્થાપન કરવાનું સામર્થ્ય; એક પ્રકારનો મોહ કે અસ્મિતા; સર્વને વશ કરવાની શક્તિ તેથી સર્વને વશ કરી શકાય છે તેનાથી યોગીના વશમાં સમસ્ત પંચભૂત અને ભૌતિક પદાર્થ આવે છે.

વશિયર ૧. પું. ઝેર.

૨. પું. વિષધર; સાપ; નાગ; સર્પ; ભુજંગ.

તે પ્રત્યે વશિયર કહે જાવ. દયારામ

વશિષ્ઠ ૧. [સં.] પું. અઢાર માંહેનો એક જ્યોતિષી

૨. પું. એ નામનો એક ઋિષપદ

૩. પું. એક જિતેંદ્રિય મુનિ.

૪ પું. એક મોટા પ્રસિદ્ધ વૈદિક ઋષિ; રઘુવંશના કુલગુરુ.

૫ ન. કાત્યાયન ગોત્રનું એ નામનું એક પ્રવર.

૬. ન. કૌશિક ગોત્રનું એ નામનું એક પ્રવર.

૭. ન. ભાર્ગવ ગોત્રનું એ નામનું એક પ્રવર.

વશી ૧. [સં. વશિન્] વિ જિતેંદ્રિય; ઇંદ્રિયો વશ કરી હોય તેવું

૨. વિ દુશ્મનને વશ કરનાર.

૩ વિ. વશમાં રાખનાર; નિયામક; શાસ્તા

વશીકરણ ૧. [સં.] સ્ત્રી. (યોગ) આઠ માંહેની એક સિદ્ધિ.

૨. સ્ત્રી ચોમાસ માંહેની એક કળા.

તેના વશીકરણથી હુતાશ અને વરુણ તેની આસપાસ વીંટળાયલાને વીંટળાયલા રહે છે

મુ. સા. પરિષદ

૩. ન. ગઠડા; જમીનો ટાંચ.

૪. ન. કામદેવનાં પાંચ માંહેનું એક બાણ.

૫. ન. વશ કરવાનો મંત્ર, યુક્તિ કે પ્રયોગ; વશ કરવાની વિદ્યા; વશ કરવાની કળા; જાદુ; એક અભિચાર. તંત્રમાં ચાર પ્રકારના પ્રયોગ કહેલા છે. મારણ, મોહન, વશીકરણ અને ઉચ્ચાટન, અથર્વવેદમાં મંત્ર સિદ્ધ કરીને અગ્નિ અને ઔષધદ્વારા વશમાં કરવાનો ઉલ્લેખ છે.

એ આખો તો પીયૂષ ચિકુના અંગને લેપી લેવી,
એ આંખોથી વશીકરણ શી પ્રેમ મૂરખી વહેતી.
કલાપી

૬. ન. વશ કરવું તે.

વશીકરણવિદ્યા [સં.] સ્ત્રી. આકર્ષણ કરનારી પ્રાણશક્તિને ઉપયોગમાં લઈ બીજાઓને વશ કરવાનું જ્ઞાન જે વિદ્યા આપે છે તે વિદ્યા; પ્રાણાકર્ષણ વિદ્યા; પ્રાણપ્રયોગ; પ્રાણવિનિમય; સત્ત્વવિનિમય; માનસ યોગ; માનસિક યોગ; ' હિપ્નોટિઝમ '

વશીકરણશાસ્ત્ર [સં.] ન. વશ કરી લેનાર કામિયાર કે સાધન.

વશીકાર ૧. [સં] પું અપર વૈરાગ્યના ચાર માંહેનો એક અવાંતર ભેદ. આ લોક તથા પરલોકના વિષયોની સૂક્ષ્મ અભિલાષાની પણ મિત્તમાંથી નિવૃત્તિ થઈ જાય તે. વર્તમાન, અનિરેક, એકેંદ્રિય ને વશીકાર એ અપર વૈરાગ્યના ચાર અવાંતર ભેદ છે

૨. પું. કાણ; સંયમ.

૩. પું. વશ કરવું તે.

૪. વિ. વશ કરનારું.

વશીભૂત [સં.] વિ. તાબે થયેલું; કબજે થયેલું

વશીમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) યોગની અતીત્ર માંહેની એક મુદ્રા સિદ્ધાસને બેસી ૐ મંત્રનો દીર્ઘ ઉચ્ચાર કરી પ્રાણાપાનના આકર્ષણથી કુંડલિનીને વશ કરવી તે.

વશીર ૧. પું. મજપીપર.

૨. પું. ચવક નામની વનસ્પતિ.

૩. પું. રતવેલીઓ; રતાંજિયો

વશે ૧ અ. ખરી રીતે.

૨. અ. મનથી.

વશે અવશે = મને કમને; ખુશીથી કે નાખુશીથી; વશે કરવું

વશેક ૧ ન. કારણ; હેતુ; નિમિત્ત.

૨ ન રવરૈયત; એકમનસ્કતા; સારો મેળ; મળતાપણું.

૩. વિ ખાસ; અસાધારણ.

૪ વિ. વિશેષ; વધું; વધારે; અધિક.

મન આવતા વચન પરસ્પર.
વનિતાવૃંદ વશેક કરે. નરસિંહ

વશેકાઈ ૧. સ્ત્રી. ચાલાકી.

૨. સ્ત્રી વિશેષતા.

વશ્ય ૧. પું. (પુરાણ) અ.મિત્રનો પાંચમો પુત્ર.

૨. પું. જંબુદ્વીપનો નવ માંહેનો એક ખંડ.

૩. પું. દાસ; સેવક.

૪. ન. લગ્નિ.

૫. વિ. વશ કરાય તેવું; તાબે થાય તેવું; કાબૂમાં કે કાબ્યમાં રાખી શકાય તેવું.

૬. [સં.] વિ. વશ થયેલું; તાબે; અધીન.

૭. ન. ઓકસ; અવસર

તે માટે પ્રાતઃસ્નાન વશ્ય કરું.
વેણીસંહારિકા

વશ્યકર્મ [સં. વશ્યકર્મન્] ન. વશીકરણ સંબંધી વિદ્યા; જોનેર માંહેની એક કળા.

વશ્યતા ૧. સ્ત્રી. છપું રાખવાની ટેવ.

૨. [સં.] સ્ત્રી. વશમાં હોવાપણું; અધીનતા.

૩. સ્ત્રી સંયમ; મનોનિગ્રહ

વશ્યમિત્ર [સં.] પું. કૌટિલ્યે જણાવેલ ઉત્તમ મિત્રના ૭ માંહેનો એક ભેદ.

વશ્યા ૧. [સં.] સ્ત્રી. અ.ગાધારક સ્ત્રી; સતી.

૨. સ્ત્રી. ઓરોગ્યન.

૩. સ્ત્રી. લગ્નામ

૪. વિ. સ્ત્રી. મંત્રમાં રહે તેવી; પુરુષને આધીન થાય તેવી.

વસ્યું

વરયાત્મા [સ વરયાત્મન્] વિ. સંયમી, નિગ્રહની શક્તિવાળું.

અજ્ઞત આત્મા. યમી યોગ સમાધો આનું દુર્લભ, વરયાત્મા તો મયતાં યે ઉપાયે સાધી તે શકે.
નાનાલાલ

વષટ્ [અં] અ. દેવને બલિ આપવા માટે વપરાતો એક અવ્યય

સ્વાહા, વૌષટ્, અંવષટ્, વષટ્ અને સ્વધા એ પાંચ અવ્યયો દેવને બલિ આપવા માટે વપરાય છે.
અમરકોષ

વષટ્કાર ૧. [સ] પું અગ્નિમાં બલિદાન આપવારૂપ યજ્ઞ; દેવતાઓને ઉદ્દેશીને કરાતો યજ્ઞ; હોમ

૨. પુ. એ નામના તેત્રીસ માંહેના એક દેવતા.

૩. પું. દેવને બલિ આપવાના ઉચ્ચારરૂપ વષટ્ એવો ઉચ્ચાર; દેવને બલિદાન અથવા હોમ આપતી વખતે સ્વાહા વગેરે શબ્દ કહે છે તે.

અગ્નિ આપે છે દેવી! તું છે સ્વાહા, સ્વધા ને વષટ્કાર.
પ્રેમાનંદ

૪. પુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૫. પુ. સૂર્યનું એક નામ.

વષટ્કૃત [સં] વિ. અગ્નિમાં હોમેલું

વષ્ટાળિયો ૧. પું. ઝઘડો

૨ પું. સમજાવટ કરાવનાર; વિષ્ટિકાર; વિષ્ટિનું કામ કરનાર પુરુષ.

વષ્ટિ ૧. સ્ત્રી પંચાત.

૨. સ્ત્રી મનાવવાની કોશિશ.

૩. સ્ત્રી. વિષ્ટિ; સુલેહની વાટાઘાટ; સમાધાનીનો પ્રયત્ન; સમાધાનીની વાટાઘાટ.

વષ્ટિકાર વિ. વાટાઘાટ કરનાર; વિષ્ટિ કરનાર.

વચ્ચે પડ્યા પછી વષ્ટિકાર,
મુદ્દલ મુદ્દલનો સાચો વિચાર. દલપતરામ

વસ ન. તાકાત આપનાર ઔષધ.

વસ ૧. [સં.] ક્રિ. (ધાતુ) વસાર થવું.

વખત માટે વપરાય છે.

૨. અ. ક્રિ. રહેવું; વસવું; સ્થાયી થવું; રહેવાનું કરવું. તે ઉપરથી અનેક શબ્દો. વાસ; વસવાટ, નિવાસ

૩. અ. ક્રિ. હોવું; થવું.

વસઢાળિયો જુઓ વષ્ટાળિયો.

વસઢાળી જુઓ વસઢાળું.

વસઢાળું ૧. વ. કજિયાનું મોટું.

૨. ન. કુટિણીપણું; કુટણું; ભડવાઈ.

૩ વ. રિસાયેલાને કે બેદિલ થયેલાને મનાવવાનું કે સમજાવવાનું કામ; વિષ્ટિનું કામ.

વસઢાળો જુઓ વષ્ટાળિયો.

વસત ૧. સ્ત્રી. ચીજ; વસ્તુ

આવે વસત અનેક, ધનમાયા ચાહે કુવે;
અકલ ન આવે એક, ક્રોડ રૂપૈયે કિસનીયા.
પ્રાચીન કાવ્ય

૨. વિ. લુચ્ચું.

વસતિ ૧ [સં વસ્ (વસવું)] સ્ત્રી. ઘર; રહેઠાણ, નિવાસસ્થાન; રહેવાનું સ્થાન; મકાન.

૨. સ્ત્રી. (જૈન) જૈન સાધુઓનો માટે કે ઉપાસરો; ઉપાશ્રય; જૈન લોકોનું સામયિક પ્રતિક્રમણ કરવાનું સ્થાન

૩. સ્ત્રી. નિવાસ કરવો તે; વસવું તે; વસતી; વ.સ

૪. સ્ત્રી. બાળબચ્ચાંનો જરાવો કે વધારો. વસ્તિ કરવી = ઉત્પત્તિ કરવી.

૫ સ્ત્રી રાત્રો; રેન

૬. સ્ત્રી. લોક સંખ્યા; અમુક સ્થાન રોકીને રહેલા માણસોનો સમુદાય.

૭. સ્ત્રી. વસેલી જગા; લોકો જ્યાં વસેલાં હોય તે જગા; વાસ હોવો તે.

૮. સ્ત્રી. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્ય માટેની નવ બાબતોની એક વાડ.

વસતિ ગણતરી સ્ત્રી. વસતિની ગણતરી કરવી તે; લોકોની સંખ્યા ગણવી તે.

વસતિગૃહ ન. શાસ્ત્રોમાં ભણતા વિદ્યાર્થીઓને રહેવાનું સ્થળ; જ્ઞાનાલય; નિવાસસ્થાન.

વસતિપત્રક ન. માણસોની સંખ્યાની ગણતરીની નોંધ; વસતિ ગણતરી બતાવનારું પત્રક

વસતિયાણ વિ. વસતિવાળું

વસતિવાડી (વસતિવાડી) સ્ત્રી. બાળબચ્ચાં, કુટુંબકબીલો, છોકરાંછૈયાં.

વસતિવાળું વિ. જેમાં વસવાટ હોય તેવું; ઉજ્જડ નહિ તેવું; વસવાટવાળું; રહેણાકવાળું.

વસતિવાસી વિ વસતિમાં વસનાર.

દેશકાલની પરિસ્થિતિને લઈને વનવાસી ભિક્ષુઓ પ્રથમ વસતિવાસી બન્યા હતા. પુરાતત્ત્વ

વસતિસ્થાન [સં.] ન. વસવાનું ઠેકાણું; રહેઠાણ; નિવાસસ્થાન.

હિમાલય એ અલોનું સ્વર્ગ; યક્ષ કિન્નરનું વસતિસ્થાન છે. કાલેલકર

વસતી જુઓ વસતિ

વસતી ગણતરી જુઓ વસતિ ગણતરી.

વસતીગૃહ જુઓ વસતિગૃહ.

વસતીપત્રક જુઓ વસતિપત્રક.

વસતીવાડી (વસતીવાડી) જુઓ વસતિવાડી.

વસતેય [સ વિન્તેય] પું. અગ્નિ; દેવતા; અગ્ન

વસથ ૧. [સ] પું. ગામ; ગામડું.

૨. પું. માળો

વસદેવ જુઓ વસનેવ.

વસન ૧. ન. આચ્છાદન; લૂગડું

૨. ન. એ નામનો એક વેલો. તે જંગલી વેલો કહેવાય છે. તેના પાન રાનીલોકો દુકાળમાં ખાય છે

૩. [સં. વસ્ (પહેરવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. કપડું; લૂગડું; ઉત્તરીય; વસ્ત્ર.

ચેલ, નિચોલ, દુકૂલ પટ, અંશુક, વાસસ ચીર,
નીલ વસનમાં દીપસમ દમકત, ગૌરશરીર.
પિંગલકૃત પુરુષોત્તમ

૪ ન નિવાસસ્થાન; ઘર; રહેઠાણ.

૫. ન. વાસ; વસવું તે.

૬. ન. બસન; ટેવ; છંદ.

૭ ન ઓઢવું કટિભૂષણ કછોરો.

વસનકળા સ્ત્રી. ચોસઠ અહેવી એક કળા; વસ્ત્રાલંકાર વિદ્યા

વસનગૃહ ન. કપડાનું બનાવેલું ઘર; તંબુ.

વસનતમાલ ન. તમાલપત્ર. તેનાં પાંદડાં બહુ જ મોટાં હોવાથી કપડાની પેઠે પહેરી કે ઓઢી શકાય છે. જંગલી લોકો તેને ઉપયોગમાં લે છે

વસનતિલકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, નગણ, ત્રગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે.

ન ન ત્ર વસનતિલકા છે લો મા.
રણછોડ પિંગલ

વસનાઙ્ગરાગ જુઓ વસનતમાલ

વસનૂલી પું. વાઘનાગ.

વસભાજ ન. સાકર; ફ.ખ.

વસમું ૧. [સં વિષમ] વિ. અઘરું; કઠણ; ભારે; વિકટ; મુશ્કેલ; આકરું; કપરું.

૧. વસમી વેળા = કપરો સંજોગ; મુશ્કેલીનો વખત

૨. વસમું પડવું–પડી જવું = ભારે પડવું કે પડી જવું

૨. વિ. કઠિનાઈવાળું.

૩. વિ. ખરાબ; ખોટું; માઠું

૪ વિ ફ.ખદ.

વસમું લાગવું = ક્રોધો આવવો; બહુ જ દુઃખ થવું.

વસયા સ્ત્રી. વસ્ત્રનિર્માણ કળાની એક ક્રિયા.

વસરાઈ સ્ત્રી. ખુંદાઈ

વસરું વિ. ખરાબ; કાનને અપ્રિય; સાંભળવું ગમે નહિ તેવું

વસલા ૧. [અ. વસ્લ (તેણે જોડયું)] પુ. ૧. બ. જમીનના ભાગ; જમીનના ટુકડા.

૨ સ્ત્રી. ઉંમરાનું; મહેસાણ.

વસલેવારી [અ. વસલા (ભાગ)] સ્ત્રી. ભૂમાપન કર્મ; જમીન માપવાનું કામ.

વસલો ૧. પું. જમીનનો નાનો ટુકડો કે ભાગ.

વસલા પાડવા = આપણી સંબંધમાં બેનરના વિભાગ પાડવા

૨. [અ. વસલા (કટકા)] પુ. ભાગ; વિભાગ; જુદું કરવું તે.

વસલ્લો ૧. પું. કપડું વણતાં વચમાં તાર એકઠો કરી જવાથી આવેલી ગૂંચ; વણાટના દોષથી થતો કાપડનો નુકસાનીવાળો ભાગ; વણકરો.

૨. પું. બારદાનનો ટુકડો.

૩. જુઓ વસલો.

વસવ પું. ઈસ્વિસન ભારતમાં ઈ. સ. ૧૫૦૦ના અરસામાં થયેલ એ નામનો એક પ્રસિદ્ધ શંકરભક્ત. તેણે શિવસિદ્ધાંત મતની સ્થાપના કરી હતી. વળી તેણે શિવકવચ પણ રચેલું છે. આ વસવને ઋભવ પણ કહેતા.

વસવસાટ જુઓ વસવસો.

વસવસો ૧. [અ. વસ્વસા (વહેમ)] પુ. આંટીઓ; ખતરો; ફડકા; વહેમ; મનની ગૂંચવણ.

૨. પું. ખરાબ સાલસ.

૩. પું. હિચકારી; પસ્તાવો; સંકોચ.

૪ પું. પક્ષપાત.

વસવાટ પું. રહેઠાણ; વાસ; વસતુ તે; વસિષ્યાત્વ

વસવાટી વિ. વસવાટ કરનાર.

વસવાયું ન. બોલાતીને વસાવેલું તે; વસવાને બોલાવેલું તે; ગામ વસાવતાં ગામના લોકોને મદદ કરવા અમુક ઠરાવથી જમીનનો બદલો આપી વસવાને બોલાવેલ કારીગર લોક; ગામ તરફથી પસંદગી આપી વસાવેલા સોની, સુતાર, લુહાર, કુંભાર, વાંચી, સર્વ, સાળવી, મોચી તથા બ્રાહ્મણ વગેરે લોક. આ લોકોને ગામના લોકનું કારીગીરી વગેરેને લગતું તથા ગામમાં આવતા સરકારી કારભારીઓનું કામ મફત કરવું પડે છે

વસવાસ સ્ત્રી. સરખાઈ; ચડસાચડસી; સ્પર્ધા

વસવું ૧. અ ક્રિ. મનમાં ઠસવું; ગમવું; બસવું પડવું. દિલમાં ઊતરવું; ખાત્રી થવી; ઠસવું

૨ સ વ્યા અ ક્રિ. વાસ કરવો રહેવું. મુકામ કરવો; અમુક મુદત રહેવું; વસતી કરવી. ને ઉપમા બોલાય છે

૧ દુકાન વસતી કરવી = (૧) દુકાન બંધ કરવી (૨) દુકાને ઘરાક આવે તેમ કરવું.

૨ સોનું નર્યા જેવું દેખી, ને માણસ જોઈએ વસી = સોનાની પરીક્ષા કસવાથી થાય અને માણસની પરીક્ષા સાથે વસવાટ કરવાથી થાય.

વસવૈયું ન. ઓસિયન

વસળકું ન. ઘાંઘો.

વસંત ૧. પું. આનંદ; ભોજનાં સમયે; જુવાનીના બહારનો વખત.

જીવનની વસંત = યુવાવસ્થા

૨. પું. ઋતુરાજ; ફાગણ ચૈત્ર આસોની ઋતુ. આ ઋતુ મીન રાશિનો સૂર્ય થાય ત્યારે એસે છે અને વૃષભ રાશિનો સૂર્ય થાય ત્યારે ઊતરે છે. તેનો સમય તા. ૧૪ માર્ચ ગ્રેગરીથી તા. ૧૩ મે સુધીનો છે વસંતમાં વનસ્પતિ નવાં પાનથી અને મહોર ફૂલ વગેરેથી ખીલી રહે છે.

૩. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ ૨૬ આ છંદ ફાલ્ગુ છંદનો એક ભેદ છે. તેમાં ૫૬ લઘુ અને ૨૦ ગુરુ મળી ૭૬ વર્ણની ૯૬ માત્રા હોય છે

૪ પુ. (સંગીત) એ નામે એક પાડવ ષાડ્જાતિ રાગ. આરોહમાં સા, રિ, ગ, મ, ધ, નિ, એ ૬ સ્વર અને અવરોહમાં સાતે સ્વર આવે છે રિ, ધ કોમળ અને મ બંને છે. તેમાં ગ્રહ સ્વર મ, વાદીસ્વર સા અને ન્યાસ સ્વર સા છે. જાતિ સંપૂર્ણ છે એટલે ગાયન શુદ્ધ, શ્રીરાગ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, ધૈવત કોમળ, પંચમ શુદ્ધ અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ધૈવત અનુવાદી સ્વર છે દેવગિરિ, નટ, અલ્હાર, મારેજ અને બિલાવલથી ભિન્ન છે. સાતનો સમય વસંત ને હેમંત ઋતુમાં રાતનો ચોથો પહોર છે. તે સુગાર રસ ઉત્પન્ન કરે છે અને ગંભીર પ્રકૃતિવાળો છે. તેના શરીરનો વર્ણ શ્યામ છે ગૌર અથવા લાલ વસ્ત્ર પહેરે છે. એને કેસરનો લેપ કરેલો છે. માથા ઉપર પીંછાનો મુકુટ છે. એક હાથમાં ગુલાબના મહોરનો ગુચ્છ, બીજા હાથમાં પાનનું બીડું છે. તેની ઝાંખે તરફ ભમરા ગુંજારવ કરી રહ્યા છે. પોતાના પતિને મોહ ઉપજાવે એવી વસંત નામની રાગિણી એક બાજુમાં બેઠી છે હનુમાન પ્રહ્લાદિ વિલાસના આનંદને મનમાં ચાહે છે. કોઈ એમ પણ કહે છે કે, પોતાની સખીઓની સાથે પોતે પણ ગાઈ બજાવી નૃત્ય કરી રહી છે. વળી બીજા એમ પણ કહે છે કે શ્રીકૃષ્ણની સાથે વસંત ખેલી રહી છે

૫. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શાર્કરી વર્ગનો એક ભેદ છે. તેને નાન્દીમુખી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે તગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર યતિ કે વિસામો આવે છે

૬ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને માલતી, માનવ, મનોહર કે માલતિકા છંદ પણ કહે છે. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં બે જગણ મળી ૬ વર્ણ હોય છે.

વસંત જ ન થી. રણપિંગળ

૭. પું. એક માત્રામેળ તાલ. તેમાં તાલ સ્થાન ૧-૫-૯-૧૩-૨૧-૨૯ માત્રા ઉપર છે

૮ પું. એક પ્રકારનું ઝાડ. આ ઝાડમાં ફિક્કાળી પીળાં ફૂલ આવે છે

૯ પું. ઝાડનો રોગ.

૧૦. પું. નાટકમાં વિદૂષકનું વિશેષણ.

૧૧. પું. કૂવાનો ગુરચો.

૧૨ પું. મરડો.

૧૩ પું. શીતળાનો રોગ.

૧૪ સ્ત્રી. બાવિસા, ભોંયરાની એ નામની એક જાત

૧૫. સ્ત્રી; ન. વર તરફથી કન્યાને અપાતી વસ્ત્રાલંકારની ભેટ.

વસંતઋતુ જુઓ વસંત ૨.

વસંતક ૧. [સં.] પું. નાટકનું હાસ્ય રસ જમાવનારું પાત્ર; વિદૂષક.

૨. પું. રવૈયાનો પુત્ર

વસંતકાળ પું. વસંતઋતુ

વસંતકુસુમ ૧. પું. સેલુવૃક્ષ.

૨. ન. વસંતઋતુનું ફૂલ.

વસંતકુસુમાકર રસ પું. પ્રમેહ રોગનો નાશ કરનાર એક આંધપ.

વસંતગૌરી ૧. સ્ત્રી. એ નામનો એક ઉત્સવ. ચૈત્ર શુદ ત્રીજથી અક્ષયતૃતિયા સુધી વસંતગૌરીનો ઉત્સવ સર્વ દેવીના દેવાલયમાં ઊજવાય છે.

૨ સ્ત્રી. વહુ.

વસંતઘોષિણી સ્ત્રી. કોયલમાદા.

વસંતઘોષી [સં. વસંતઘોષિન્] પુ. કોયલનર.

વસંતચત્વર પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેને ચલામલાલિતા પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

વસંતતિલ જુઓ વસંતતિલકા

વસંતતિલક ૧. પું.; ન. એક ફૂલ.
૨. જુઓ વસંતતિલકા.

વસંતતિલકા [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ચૌદેરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, બે જગણ અને બે ગુરુ મળી ૧૪ અક્ષર હોય છે.

તે રાક્ષસોની ઉપરે પ્રીતિ રાખવાની,
તે રાક્ષસોની સહ સાચવ દૈવ આપ,
છે યુદ્ધ તો જગવવું પણ પ્રેમ રાખી,
જોહો લીધા વગર લોહી દઈ જ દેવું.-કલાપી

વસંતદૂત ૧ પુ. આંબાનું ઝાડ.
૨. પું. પંચમસ્વર.
૩. [સં. વસંત + દૂત (સંદેશો લઈ જનાર)]
૧ વસંતઋતુ આવે છે એવો સંદેશો લાવનાર પ્રાણી; કોયલ; કોકિલા.

વસંતદૂતિકા જુઓ વસંતદૂતી.

વસંતદૂતી ૧. સ્ત્રી. કોયલ માદા; કોયલ; કોકિલા.
૨. સ્ત્રી. ગજપીપરીનું ઝાડ.
૩. સ્ત્રી પાટલીવૃક્ષ, તામ્રપુષ્પી.
૪. સ્ત્રી. માધવીલતા.

વસંતદ્રુમ પું. આંબો.

વસંતપંચમી સ્ત્રી. માઘ શુક્લ પંચમી; મહા શુદિ પાંચમ. આ દિવસથી વસંતઋતુની શરૂઆત થયા માને છે.

વસંતપાક પું. હિમળુ પાક; દીવાળી પાક; પાછતર કે રવિનો પાક.

વસંતપૂજા સ્ત્રી. વસંતઋતુ બેસતાં થતુ પૂજન કે ઉત્સવ; રતિનામણી વસંત આવવાથી ખુશી થયેલા લોક ઈશ્વરનો ઉપકાર માનતા જે જે આનંદ ઉત્સવ અને ધર્મદાન નિમિત્તે પૂજન વગેરે કરે છે તે; હોળીનો ઓચ્છવ; આમ્ર મંજરીઓમા ભર્યા મીજબાનીઓ કરી વનસ્પતિના સૌભાગ્ય પુષ્ટ બ્રાહ્મણોને દાન દક્ષિણા વગેરે આપવા, તે.

વસંતબંધુ [સં] પું. કામદેવ.

વસંતમલ્હાર પું (સંગીત) મલ્હાર રાગની અગિયાર ભાર્યાની એક રાગિણી. વર્ષાઋતુમાં ગવાય છે તે મલ્હાર અને વસંત મળવાથી બને છે.

વસંતમાલતી સ્ત્રી. એક જાતની ઔષધિ. સુવર્ણ વસંતમાલતી નામની દવા બનાવી છે કોયત માટે તેનો ઉપયોગ થાય છે.

વસંતમાલિકા પુ (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ચૌદેરી વર્ગનો છે. તેને માલવાશ્રિણી છંદ પણ કહે છે. તેના પહેલા અને ત્રીજા ચરણમા સગણ, સગણ, જગણ, ગુરુ અને ગુરુ એમ આઠ અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ અને લઘુ એમ બાર અક્ષર હોય છે.

વસંતમાલિની સ્ત્રી. (વૈદક) એક ઔષધ. તેની બનાવટ: એક આમ ધોળાં મરી ને બે આમ શુદ્ધ ભાપરિયો લઈ તેને ગાયના માખણમા ઘાલવી ખલ કરવો. પાછળથી હીંગનો રસ નાખતાં જરૂ ને બલ કરતા જવુ. બપોરપા બપી ચીડ્યા મટી બાદ ત્યારપછી ખરલમા બરાબર મર્દન કરવુ ને સુકવવા પછી બાલ વાલના જોળી કરવી. વસંતમાલિની હીંડીપીપરના ચૂર્ણમાં તથા મધમા મેળવી આપવી તથા માથે દૂધબાતનુ પથ્ય પાળવાથી દરેક જાતના ઇચ્છુન્દર, વિષમજ્વરાનુગતજ્વર, લોહાગાળો પાણી જેવો પાતળો ઝાડો, પ્રદર, કમરોવતી વગેરે પર સારા ફાયદો કરે છે. તેની માત્રા એકેક વાલની છે

વસંતમુખારી પું. (સંગીત) ભૈરવી ચાટમાંથી ઉત્પન્ન થનો એ નામનો એક રાગ

વસંતરજ્જા સ્ત્રી. એ નામના વારોની જોડી એ નામના બે મિત્રો હતા. એક હતો હિંદુ, બીજો હતો મુસલમાન. એકનું નામ વસંત, બીજાનું નામ રજ્જા. બંને અમદાવાદમાં રહેતા. એક વખત અમદાવાદમાં કુસંપ થયું. હિંદુઓ બાને મૂકવા, મુસલમાનો બાને કૂટવા. એકબીજાને મારવા લાગ્યા. અને મિત્રોને ખબર પડી. તેઓ કુસંપ શાંત કરવા દોડ્યા. આગળ વસંત પાછળ રજ્જા. આવી પહોંચ્યા કુસંપસ્થાને. ગુંડા રસ્તે જનારને મારતા હતા. વસંતભાઈ તેમને સમજાવવા લાગ્યા ગુંડા તેમની આસપાસ ફરી વળ્યા. એક આગળથી ઝરી ભોંકે ! બીજાએ પાછળથી ઝરી ભોંકી ! વસંતભાઈના રામ રમી ગયા. રજ્જાભાઈ વચ્ચે પડ્યા. તેમની પણ એ જ દશા થઈ વસંતરજ્જાની સ્મશાનયાત્રા નીકળી. હજારો લોકો એમાં જોડાયા. હિંદુ હતા, મુસલમાન હતા, ઈસાઈ હતા, પારસી હતા, શીખ હતા, જૈન હતા એમ બધી કોમના લોકો હતા. એકને અગ્નિદાહ દીધો, બીજાને કબરમાં દફનાવ્યો. પ્રજાહૃદય પોકારી ઊઠ્યું કે: અમર રહો એ બંને મિત્રો વસંતરજ્જા. અમર રહો તેમની એકતાની ભાવના.

વસંતરાજશકુન ન. શકુનશાસ્ત્રનો સર્વોત્કૃષ્ટ ગ્રંથ. પશુપક્ષી સબંધી શકુન જાણવાની રીત અને ગણતરીથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણવાની રીત તેમાં સમજાવી છે.

વસંતરોગ પું. શીતળા; બળિયા.

વસંતલતિકા સ્ત્રી. વેલ મોગરો

વસંતવિષુવ પું. મહાવિષુવ; મેષસંપાત; વસંતસંપાત.

વસંતવૃક્ષ પું. આંબાનું ઝાડ.

વસંતશ્યામ પું. (સંગીત) શ્યામ રાગની બાર માંહેની એક જાતિ.

વસંતસખા [સ. વસંત + સખા (મિત્ર)] પુ. કામદેવ

વસંતસંપાત પું. વસંતવિષુવ; મેષવિષુવ; મહાવિષુવ. માર્ચ માસની ૨૨મી તારીખે સૂર્ય ક્રાંતિવૃત્તમાં ફરતો ફરતો જે બે બિંદુમાં ક્રાંતિવૃત્ત વિષુવવૃત્તને છેદે છે તેમાંના એકમાં આવે છે. આ યોગને વસંતસંપાત કહે છે. તે દિવસે આખી પૃથ્વી ઉપર દિવસ અને રાત્રિ સરખા એટલે કે બરોબર બાર બાર કલાકનાં પ્રમાણની દૃષ્ટિએ હોય છે વસંતસંપાત હાલમાં ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં થાય છે.

વસંતસેના સ્ત્રી. શુદ્રકે લખેલા મૃચ્છકટિક નાટકની નાયિકા. તે ગણિકા હતી. ચારુદત્ત નામના અતિ ઉદારતામાં ગરીબ બની ગયેલા બ્રાહ્મણ પુરુષના પ્રેમમાં પડીને તેણે તેની સાથે લગ્ન કર્યાં હતાં.

વસંતહાસ પું. (પિંગળ) એ નામે બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં મગણ, જગણ, સગણ અને વગણ એમ બાર અક્ષર હોય છે

મા જા સા મા કરતુ વસંતહાસે

રણપિંગળ

વસંતિ [સ] સ્ત્રી. એક જાતની વેલ.

વસંતિની સ્ત્રી. એક જાતનો વેલો. આ વેલો બહુ લાંબો થાય છે. તેને કઈ આધાર ન મળે તો આડી અવળી વીંટાઈને એક નાના ઝાડ જેવી થઈ રહે છે. એના વેલા કુદરતી રીતે જ મંડપની પેઠે આમતેમ પસરાતા હોય છે. એનાં પાન લાંબાં, ચમકતાં ને સામસામાં હોય છે. તે અખંડ ગોરવાળા ૩ થી ૬ ઇંચ લાંબાં અને ૩ ઇંચ પહોળાં હોય છે. તેમાં દીઠા ગુલાબી કે સફેદ રંગના વિચિત્ર રચનાવાળાં સુવાસિક ફૂલ થાય છે આ વેલાનું લાકડું પીળું હોય છે

વસંતિકું ન. વસંતઋતુમા ઓઢો પહેરે છે તે કપડાની ઝાંટવાળું ખોળું વસ્ત્ર; **વસંતઋતુમાં**

પહેરવા જેવું ફૂલફૂલાકિયું ચિત્રવિચિત્ર સુંદર સ્ત્રીનું પોતનું વસ્ત્ર; વસંતનો ફૂલબહાર ખીલ્યો હોય એવું મજેનું ઘોળું અને ફૂલવાળું વહુવારુને પહેરવાનું વસ્ત્ર.

વસંતિયું વાગવું = વસંતઋતુની ઘેલછા થવી; મોહની જાગવી.

વસંતી ૧. વિ. પીળું, પીત.

૨ વિ. વસંતઋતુનું; વસંત સબંધી.

પહેર્યાં વસંત વસંતી ન્હાલે, અલબાર અબિરામ રે, પ્રેમાનંદ

વસંતીકાન્હરા સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર ભાર્યાની એક જાતની રાગિણી

વસંતોત્સવ ૧. પું. એ નામનો વસંત ઋતુમાં ઊજવવામાં આવતો એક ઉત્સવ; હોળીનો ઉત્સવ; મદનોત્સવ; વસંત ઋતુનો ઉત્સવ. વસંતોત્સવ અગે નાટકો ભજવવામાં આવતા હતાં. માલવિકાગ્નિમિત્ર, પ્રિયદર્શિકા અને રત્નાવલી જેવાં નાટકોની રચના વસંતોત્સવને નિમિત્ત જ થયેલી છે.

૨. પું. જીવનનો ઉત્કર્ષકાળ. આનંદશંકર ધ્રુવ કહે છે કે: તમે તો જાણો છો કે, આજ રોઢના કૂવાની પોળના મકાનના ત્રીજા માળના ખંડમાં જે પુસ્તકો પડેલાં છે, તેમાંથી જ જીવનની વસંત અનુભવતાં હું શીખ્યો હું. મારા જીવનનું ઘડતર એ ખંડમાં થયું છે. એ મારે પરમ પ્રિય સ્થાન છે. એમાં રહેલાં સર્વ પુસ્તકોને એક વાર એક સાથે જોઈને એમનું સમગ્ર દર્શન કરીને પ્રણામ કરવાનો મને મનોરથ છે. એક સર્વસંમાહક દર્શન કર્યા પછી નીચે એક નાના પાટિયા ઉપર હું આટલું જ લખીશ: 'આજે મને વસ્યો છે'. આ જ મારા જીવનનો વસંતોત્સવ.

૩. વ. કવિ શ્રી નાનાલાલ દલપતરામ કૃત એ નામનું પુસ્તક.

વસંતોત્સવ પું. શિવનાં હજાર માહેનું એક નામ.

વસ ૧. પું. એક વેલો.

૨. પું. બાજ.

૩. સ્ત્રી. મજબ

૪. [સં.] સ્ત્રી. મેદ; ચરબી.

૫. સ્ત્રી વાસિષ્ઠ, હલ્લમ તથા કેટની એ નામની એક જાતની અટક.

વસાઈ સ્ત્રી. ખેતરની મીઠી જમીન.

વસા કુષ્માંડ ખાંડ સ્ત્રી. એ નામની એક ઔષધિ આ ઔષધિ ક્ષયરોગ, ખાંસી, કમળાશ્વાસ, કૈફસાનો વધુ, નપુંસકતા અને બેસુરા અવાજમાં અપાય છે.

વસાકુંડ પું. એ નામનો ૮૮૬ માદેનો એક નર્કકુંડ. તે શરીરના વસાના રસથી ભરેલો છે અને એક માણિના પ્રમાણમા છે. તે અત્યત અસહ્ય છે.

વસાકેતુ [સં.] પું. એક પ્રકારનો ધૂમકેતુ. તે પશ્ચિમમાં દેખે છે. તેની પૂંછડીનો વિસ્તાર ઉત્તરની તરફ હોય છે. તે જોવામાં સ્નિગ્ધ દેખાય છે અને તેના જોવાથી સુકાળ પડે છે.

વસાછટા સ્ત્રી. મગજનો અંદરનો પદાર્થ

વસાજ પું. માખણો ચોપ; મોવિષ.

વસાટ જ ા.મ કરવો તે; વસવાટ.

વસાઠવું (વસાડવું) ૧. સ કિ. સમજવું; માનવું; ઠસાવવું; મનમાં લાવવું.

૨. સ. ક્રિ. વસે તેમ કરવું.

વસાણ ન. ગાડા ઉપર ખાટલો નાખી શિકાર માટે બાંધેલો માંચડો.

વસાણી સ્ત્રી. દક્ષાત્રોમાણ વાણિયા, લેઉઆ કણબી તથા ભોંહાણાની એ નામની એક અટક.

વસાણું ૧. ન. ખાંધીને સાથી મજતી કોઈ પણ ચીજ; બાંધિયાટાની ચીજ.

૨ ન ફરસાણ, ગાંઠિયા, ગાંઠિયાં વગેરે.

૩. ન. વનસ્પતિનાં મૂળ, છાલ્યાં, પાન, ફળ ને બીજ વગેરે જે સુગંધી દ્રવ્ય અથવા ઔષધ તરીકે વપરાય છે.

૪. ન. શરીરને સુધારી દઇ કરે અને રોગ મટાડે એવા ઔષધિઓ નાખીને બનાવવામાં આવેલો પાક.

વસાત ૧. [અ. વિસાત (ધરની પૂંજી)] સ્ત્રી. પૂંજી; છદ્ધ માલ.

૨. સ્ત્રી. વિસાત; ગુજારો.

૩. સ્ત્રી. હિસાબ; બચતરી; લેખું; કીમત.

વસાતરાં ન. બ. વ. ગોમાસામાં થતાં એક જાતનાં ફળ. એનું શાક થાય છે.

વસાતિ ૧. પું. ઇક્ષ્વાકુનો એ નામના એક પુત્ર.

૨ પું. અજમેજયનો એ નામનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક યોદ્ધો. ચક્રવ્યૂહમા અભિમન્યુ પેઠો ત્યારે તેણે એની પ્રતિજ્ઞા કરી હતી કે આજે હું એને મારીશ, જો ન મારું તો પ્રાણ ધારણ કરીશ નહિ. પરંતુ અભિમન્યુએ જ તેને મારી નાખ્યો.

૪. પું. મહાભારતમાં કહ્યાવેલો, વાલ્હીક દેશ પાસે આવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૫. સ્ત્રી. પ્રાચીન હિંદના લોકોની એ નામની એક જાત.

વસાપ્રમેહ જુઓ વસામેહ.

વસામય ૧. વિ. ચરબીદાર; ચરબીવાળું.

૨. વિ. સ્નિગ્ધ.

વસામેહ [સં. વસા + મેહ (મૂત્રરોગ)] પું. એક જાતનો મૂત્રરોગ; મૂત્રચરબી. આ રોગમાં પેશાબની સાથે ચરબી જેવો ઘાટો ચીકણો પદાર્થ ઊતરે છે. આ પ્રમેહમાં ફરતી એકદમ ક્ષીણ, અશક્ત કે કૃશ થઈ જાય છે. આ પ્રમેહ વાતજન્ય છે

વસાવડા (વસાવડ) સ્ત્રી નાગરની એ નામની એક અટક

વસાવલેહ સ્ત્રી. એક જાતનું ચાટણ. તેમાં મુખ્ય ઔષધિ વસા, હરડે, વજ્રભોજન અને પીપળ છે. તે રક્તપ્રદર, અગ્નિપ્રનિયાગ્રહ, ધાતુપરિવર્તક અને સકોચક છે તે કૈફસાંનો ક્ષય, દમ અને બીજા રોગો કે જેમાં રક્તસ્રાવ થાય છે તેમાં ઉપયોગી છે. તે સ્વાદે કડવો હોવાથી મધમાં નાખીને ખાવા માટે દેવામાં આવે છે. તે દિવસમાં ત્રણ વખત અને રાત્રે સૂતી વખતે દૂધમાં નાખીને ૧ તોલા સુધીની માત્રામાં અપાય છે.

વસાવવું ૧. [સં. વસ્ (રહેવું)] સ. ક્રિ. ઉપયોગને માટે ખરીદી રાખવું; ખરીદ કરવું; વેચાતું લઈ રાખવું, ઉપયોગ માટે વેચાતું લઈ સંઘરવું.

૨. સ. ક્રિ. નવું સરજાન કરવું

૩. સ ક્રિ. વસતી કરવી; વાસ કરાવવો.

૪. સ. ક્રિ. વસે અને વાસે તેમ કરવું.

વસાવા સ્ત્રી. ભીલ કે રાણીપરજની જાત માહેની એક જાત.

વસાવાવાડ (વસાવાવાડ) સ્ત્રી. કહેરના જે ગામમાં વસાવા લોકો એટલે પત્રીઓ વસતા હોય તે; ચોરાસી માહેનું એક ચોટું.

વસાવું ૧. ન. રખેવાળી કરવાનું મહેનતાણું.

૨. ન. વસતીનું રખેવાળી કરવું તે; રખેવાળી.

૩. અ. ક્રિ. રહેવાનું; વસવાટ થવો; ઠરવું.

૪. સ ક્રિ. વસે તેમ કરવું.

વસાવો ૧. પું. ભીલની એક જાતિનો પુરુષ.

૨. પું. વસતીની રખેવાળી કરનારો માણસ; રખોપિયો; ચોકીદાર; પગી, રખોપિયો; વળાવો.

વસાહત ૧. સ્ત્રી. અમુક જગ્યામાં વસેલ પ્રજા કે લોકો; વસતી.

૨. સ્ત્રી. વાસું; નિવાસ; સંસ્થાન; ' કૉલોનિ '.

૩. સ્ત્રી. મૂળ સ્થાનેથી બીજે કરાતો વાસ કે તેનું સ્થાન.

ઈરાની અખાતના મુખ મુખી આવી વસેલી ભવિઓએ જેમ સિંધુની ખીણના પ્રદેશમાં આવી વસવાટ કર્યો તેમ રાતા સમુદ્રને કાંઠે રહેતી ભવિઓએ ગુજરાતમાં આવી કાઠિયાવાડ, સરસ્વતી, નર્મદા, તાપીના કાંઠા ઉપર પોતાની વસાહતો, પંચાળમાં આર્યોનું આગમન થયુ ત્યાર પહેલા, ખડી કરી હતી.

૪૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત

૪. સ્ત્રી. વસેલી જગ્યા; વસવાટ; વસિત.ખ્યુ. રહેઠાણ.

વસાહતી ૧. વિ. વસાહત કરી રહેનાર.
૨. વિ. વસાહતને લગતું

વસિયત ૧. સ્ત્રી. આજ્ઞા.
૨. [અ. વસિય્યત (સદ્ધર કરવા જતી વખતે કોઈ માણસ બીજાને કાંઈ સોંપણી કરી જાય તે)]
સ્ત્રી. વસિયતનામું; મૃત્યુપત્ર.
૧. આ વસિયત = બીજ કર્યા વિના.
૨. વસિયતે ગયાની = મોઢાનું બીજ.
૩. સ્ત્રી. વારસા તરીકે આપવું તેમ જ આપવાનું તે; વારસો.
વસિયત કરવુ = વારસામાં આપવુ.

વસિયતગર જુઓ વસિયતદાર.

વસિયતદાર પું. મૃત્યુપત્ર કરનાર માણસ.

વસિયતનામું ન. મરનારે પોતાની મિલકતની વ્યવસ્થા માટે કરેલો લેખ, મૃત્યુપત્ર; બીલ; વસિયત; વારસાનામું; વારસા વિષેનું લખાણ.

વસિયલ જુઓ વસીઅલ.

વસિયાણ [વસવું + સં. સ્થાન (સ્થળ)] ન. વસવાનું સ્થાન; વસેલી જગ્યા; વસવાટ કોયો તે; વસતિ કોરી તે; વસેલું હોવું તે; વસવું તે.

વસિષ્ઠ ૧. પું. એ નામના એક ઋષિ.
૨. પું. એ નામનો બત્રીસ માહેનો એક વિનયવાદી.
૩. પું. એ નામનો સપ્તર્ષિ મંડળનો એક તારો. અરુંધતીનો તારો પાંચમા ક્રમાંકનો છે, પણ પાસેના વધારે તેજસ્વી વસિષ્ઠના તેજમાં તેનું તેજ ઝૂની જાય છે, તેથી સારી આંખવાળા જ તેને જોઈ શકે છે. વસિષ્ઠની જરા જ પૂર્વે ન્યારીકાયથી જોતાં તે માલૂમ પડશે
૪. પું. ગાયત્રોના ગોત્રકાર માહેના એક ઋષિ.
૫. પું. યુધિષ્ઠિરના અશ્વમેધયજ્ઞમાં ઋત્વિજનું કામ કરનાર સોળ માહેના એક ઋષિ.
૬ પું. (પુરાણ) રઘુવંશના કુળગુરુ; બ્રહ્મિષ. આ સપ્તર્ષિ સ્વાયંભુવ મન્વંતરમાં બ્રહ્માના દશ માનસપુત્રો માહેના એક હતા. કર્દમઋષિની દીકરી અરુંધતી વેરે પરણ્યા હતા. તેમને બીજી ઊર્જા નામની પણ બૌ હતી. તેમણે અરુંધતીને પૂજવણી આપી જ્ઞાની બનાવી હતી. ઇક્ષ્વાકુ કુળના વિપ્રકૃષિ રાજાના તે કુળગુરુ થયા. અરુંધતીને શક્તિ વગેરે સો પુત્રો થયા હતા. અરુંધતીએ વેદ ઉપર ભાષ્ય કર્યું છે. વસિષ્ઠ સદા મોબી વેષે રહેતા હતા. એને લાંબી દાઢી હતી, માથાના કેસરી રંગના વાળ પાવડીની પેઠે વીંટાયેલા રહેતા. તેનો આશ્રમ હિમાલયના એક શિખર ઉપર હતો એ ઉપરથી એ શિખર પણ વસિષ્ઠના નામથી ઓળખાય છે. તેઓ વેદવેદાંતમાં પારંગત, ધનુર્વિદ્યામાં કુશળ, તપસ્વી, તપસ્વી, ઉત્સાહી, કર્મકાંડી, સત્યવક્તા, ત્રિકાલદર્શી ને ઉત્તમવક્તા હતા. નંદિની નામની કામધેનુનું તેને ઉત્તમ બળ હતું તે વડે એ ઋષિનો તેમની ઇચ્છા પ્રમાણે સત્કાર કરી શકતા. વસિષ્ઠ દશરથ રાજાના પુરોહિત અને મોટા પ્રધાન હતા. તેમની સલાહ પ્રમાણે રાજ્યકારભાર ચાલતો. દશરથને પુત્ર ન હોવાથી વસિષ્ઠે તેમને પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો તેથી રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન એ ચાર પુત્રો થયા. વસિષ્ઠે રામને વેદ, વેદાંગ, ધનુર્વિદ્યા, ધર્મશાસ્ત્ર, ન્યાય, નીતિ અને સકળ કળા વગેરે ચૌદ વિદ્યાનું શિક્ષણ આપ્યું હતું. તેમ જ તેમણે રામને આધ્યાત્મિક જ્ઞાન તથા યોગ સમજાવ્યો હતો એનો ગ્રંથ આજે યોગવાસિષ્ઠ અથવા મહારામાયણ નામથી પ્રસિદ્ધ છે. વળી વસિષ્ઠે સ્મૃતિગ્રંથ રચ્યો છે તેને વસિષ્ઠસ્મૃતિ કહે છે તથા તેણે રચેલી સંહિતાને વસિષ્ઠસંહિતા કહે છે. તે ૨૧ અધ્યાયની છે. વસિષ્ઠે પાછળથી અરુંધતી સહિત તપસ્વીરૂપે હિમાલય પર્વત ઉપર જાણી છે. યોગધર્મના તેઓ આચાર્ય હતા. આ યોગધર્મ વેદના જ્ઞાનકાંડ અને વેદાંતજ્ઞાનના પાયા ઉપરથી રચાયો હતો આ ધર્મમાં ગોરખ, મત્સ્યેંદ્ર, જાલંધર, નવનાથ, ગોપીચંદ સિદ્ધ, જૈનોના નવ યોગેશ્વર વગેરે યોગીઓ તેમ જ ગોપીચંદ, ભરથરી, વિક્રમ વગેરે મહારાજાઓ આ ધર્મના નિયમ ઉપર ચાલી ગયા છે. વસિષ્ઠે પોતાની નંદિની નામની ધેનુ દિલીપ રાજાને આપી હતી. વસિષ્ઠની એ જન્મની કથાથી સિદ્ધ થાય છે કે, વસિષ્ઠ મનિદાના મર્કથી ઉત્પન્ન થયા નથી. પ્રથમ જન્મમાં વસિષ્ઠ બ્રહ્માના અયોનિજ માનસિક પુત્ર હતા. શ્રીમદ્ ભાગવતમાં વસિષ્ઠને બ્રહ્માના દશ માનસ પુત્રમાંના એક કહ્યા છે. ભગવાન મનુ પણ એમ જ કહે છે. આ પ્રમાણોથી સ્પષ્ટિત થાય છે કે, વસિષ્ઠ અયોનિજ છે અને તેથી તે મણિકાપુત્ર ન હતા. એમ કહેવાય છે કે, એક રાત્રીના પ્રારંભમાં દેવો એકઠા મળ્યા હતા. ત્યાં મિત્ર અને વરુણ ઉર્વશીને જોઈ ક્ષોભ પામ્યા અને વીર્ય સ્ખલિત થયુ. તે અર્યું એક કુંભ એટલે ઘડામાં પડયુ અને અર્યું વસુ એટલે પાણીમા પડયુ. આ રીને વસુમાથી જે પ્રગટયા તેને વસિષ્ઠ કહે છે.
૭ પું. (પુરાણ) વિષ્ણુસ્મરણ નામના ક્ષેત્રમાં રહેતો કાશ્યિક ઋષિનો શિષ્ય.
૮. પું વૈવસ્વત મન્વતરના સાત મહેનો એક ઋષિ.
૯. ન. (જૈન) જૈન આચાર્યોનું એક ગોત્ર.
એ સર્વે આચાર્યોના ગોત્ર એલાવચ્ચ, ગોયમ્મ, કાલાયન, માઢર, પ્રવાયન, વસિષ્ઠ, કૌશિક ઇત્યાદિ હતાં. શ્રા. સા. પરિષદ
૧૦. ન. (પુરાણ) હિમાલય પર્વત ઉપરનું એ નામનું એક શિખર.

વસી ૧. પું મૃત્યુલેખથી દાય લેનાર; વારસનામાથી જેને વારસો મળ્યો હોય તે.
૨. પું. રક્ષણકર્તા
૩. [અ.] પું. વહીવટ કરનાર માણસ; ગામ ઉપર રહી તેનો બંદોબસ્ત રાખનાર; ગામ વસાવીને રહેનાર.
૪. સ્ત્રી. એક પ્રકારનું નાનું પ્રાણી

વસાઅલ પું. કાળો નાગ; ફેણિયો નાગ; વસિયલ.
બસી અતિ મરમાળી બોલે.
સુણી દિલ વસીઅલનું ડોલે. અખાનંદ

વસીક ૧. પું. (સંગીત) ભાવના ચાર મહેનો એક પ્રકાર.
૨. વિ. આધાર રાખતું.
૩. [અ.] વિ. દઢ.
૪. વિ. મજબૂત.

વસીકત જુઓ વસીકા.

વસીકા ૧ પું. બાજ.
૨. પું. સરકારી અમલદારમાં જમા કરાવેલી રકમ. તેનું બાજ જમા કરનારના કમાં સબંધીઓને મળતા કરે અથવા કોઈ ધર્માર્થ કે મકાન દુરસ્તીના કામમા વાપરવામાં આવે.
૩. [અ વસક (તેણે બાંધી કરી)]
સ્ત્રી. દસ્તાવેજ; લેખ.
૪ સ્ત્રી. દઢતા
૫. સ્ત્રી. લેખિત કબૂલાત
૬. સ્ત્રી સરકારી ચલણી નોટ

વસીઠવું ૧. સ. ક્રિ. ઓઢી દેવું; તરછોડવુ.
૨. સ ક્રિ. વહેવુ મૂકવુ.

વસીલાદાર ૧. વિ. આધારવાળું
૨. વિ. લાગવગ કે સબંધવાળું; વગદાર

વસીલું જુઓ વસીલો

વસીલો ૧ [અ વસીલા] પુ બ૦ વ. આધારો; આશ્રય; આધાર.
૨. પું. ઓળખાણ; નાતો.
૩. પું મોટાની લાગવગનો દોરો; કૃપા, મદદ વગેરે અર્થ; વગ; મોટા માણસનો સંબંધ.
વગવસીલો = (૧) ઓળખાણ પિછાણ (૨) લાગવગ.
૪ પુ યોગ; સંધિ.
૫ પું. સિફારસ.
૬. અ. મારફત; દ્વારા.

વસુ ૧. પું અગ્નિ.
૨. પું. આઠનો છોડ.
૩ પુ આઠ દેવોના એક મંડળ ના દરેક દેવ
૪. પુ આઠની સંખ્યા બતાવનાર શબ્દ. વસુ આઠ છે: અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, સૂર્ય, આકાશ, ચંદ્રમા અને નક્ષત્ર. આ ઉપરથી વસુ એટલે આઠની સંખ્યા કહેવાય છે.
૫. પું ઉત્તાનપાદ રાજાને સુનીતિ નામની સ્ત્રીથી થયેલ ચાર ભાઈનો એક દીકરો.
૬ પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથી નામની સ્ત્રીથી થયેલા ૭ ભાઈનો પાંચમો પુત્ર.
૭. પું. એ નામે દસ ભાઈનો બીજો વિશ્વદેવ.
૮ પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શાર્દૂળી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, રગણ, નગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
૯ પું. હિરણ્ય.
૧૦. પું. કુબેર.
૧૧. પુ (પુરાણ) કુશદ્વીપના સાત ભાઈનો એ નામનો એક ખંડ.
૧૨. પું કૃષ્ણે મારેલા મુર દૈત્યના સાત ભાઈનો એક પુત્ર.
૧૩. પું. જાયચીના ૨૪ ભાંડેના એક દેવ.
૧૪. પું. પિતાનું ઝાડ.
૧૫. પું. ઝાડ; વૃક્ષ.
૧૬. પું. તળાવ; સરોવર.
૧૭. પું. દેવતા નક્ષત્ર; ધનિષ્ઠા.
૧૮. પુ (પુરાણ) પૈલ ઋષિના પિતા.
૧૯. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર વસુનો દેવ.
૨૦. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત ભાઈનો પહેલો પુત્ર.
૨૧. પું. ભકવૃક્ષ.
૨૨. પું (પુરાણ) વસિષ્ઠ કુલોત્પન્ન ૭૮ ઋષિનો પુત્ર. તેને ઉપમન્યુ નામનો પુત્ર હતો.
૨૩. પું. (પુરાણ) વસુદેવને શ્રીદેવીથી થયેલો પુત્ર.
૨૪ પું (પુરાણ) વસુમનાનું બીજું નામ.
૨૫. પું. વિષ્ણુનાં હજાર ભાઈનું એક નામ.
૨૬. પુ શિવ
૨૭ પું. ત્રણ મહિના
૨૮. પું સજ્જન, સાધુ પુરુષ
૨૯. પું. સાતમા ભાઈનો એક અજ્ઞાનવાદી
૩૦. પું. સામવેદના એક ઋષિ.
૩૧. પું સૂર્ય
૩૨. પું. (પુરાણ) સૂર્યવંશી નૃગકુલોત્પન્ન બીજા નૃગ રાજાનો પુત્ર
૩૩ પું. (પુરાણ) સોમવંશી ચરનુના દીકરા પ્રતિબ્રહ્મને રથંતરી નામની સ્ત્રીથી થયેલ પાંચ ભાઈનો એ નામનો એક પુત્ર.
૩૪ પુ. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન કૃતિ રાજાનો પુત્ર. આનું જ પછીથી ઉપરિચર એવું નામ પડ્યું. તેણે ગિરિવ્રજનગર સ્થાપ્યું.
૩૫. પું. (પુરાણ) સોમવંશી વિજયકુલોત્પન્ન પુરુરાજ રાજાના ચાર ભાઈનો ત્રીજો પુત્ર.
૩૬. પું. (પુરાણ) હવે પછી બનારા આઠમા સાવર્ણિ મનુના દસ ભાઈનો એક પુત્ર.
૩૭ પું; સ્ત્રી. પૈસો; ધન; દ્રવ્ય; દોલત; લક્ષ્મી.
વસુ વિના નર પશુ = પૈસા વિનાના માણસને માનમર્તબો હોતો નથી.
૩૮. સ્ત્રી એક જાતની વેલ. તેની લાક્ષા જેવી ચાર હાથની હોય છે. પાન સાટોડીના પાન જેવા પણ કંઈક જાડા હોય છે. તેની બે જાત છે તે દવામાં વપરાય છે.
૩૯. સ્ત્રી. દીપ્તિ; કાંતિ.
૪૦. સ્ત્રી. ધોળી સાટોડી.
૪૧ સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષની કન્યા અને ધર્મ ઋષિની દસ ભાઈની એક સ્ત્રી; અષ્ટવસુની માતા.
૪૨. સ્ત્રી. બંગાળામાં આવેલા નાગરોની એક અટક.
૪૩. સ્ત્રી. મોટી ભોંયસરી.
૪૪. ન. એક જાતની ઔષધિ. તે વીંછીના ડંખ ઉપર દામ આવે છે.
૪૫. ન. પાણી.
૪૬. ન રત્ન.
૪૭. ન. વૃદ્ધિ ઔષધ.
૪૮. ન. સોનું.
૪૯ વિ. આઠ. સંકેત બતાવે છે.
૫૦. વિ. મધુર.
૫૧. વિ. શ્યામ.
૫૨ વિ. સુકાયકું; સૂકું
૫૩ વિ. વશ; તાબે; આધીન; ના આધારે.
વસુક જુઓ વસક.
વસુકર્મ ન. (જૈન) જ્ઞાનાવરણાદિ આઠ કર્મ.
વસુકલા પું. (પિંગળ) બે નામે એક માત્રામેળ છંદ તેમાં આઠ માત્રા હોય છે. અંતે ગુરુ અને લઘુ હોય છે અને ૩ અને ૬ માત્રાએ તાલ આવે છે.
વસુચ્છદા સ્ત્રી એક જાતની વનસ્પતિ; મહામેદાકંદ. વસુ એટલે અગ્નિ. મહામેદાનું કંદ અગ્નિ કરતાં પણ ગરમ છે અને તે કંદને છિદ્રો હોય છે તે છિદ્રોમાંથી પણ ગરમી નીકળે છે તેથી તેનું બીજું નામ વસુચ્છિદા પડેલું છે.
વસુતાલ પું. (સંગીત) એ નામનો એક તાલ.
વસુદ ૧. પું (પિંગળ) બે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શાર્દૂળી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, રગણ, નગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે.
૨ પું. [સં] કુબેર.
૩ પું ચાર ભાર્ગવ ભાંડેનો એક દેવ.
૪. પું ત્રિધન, સોનું, રત્ન વગેરે આપે તે.
૫. પું વિષ્ણુ.
૬ પું (પુરાણ) સૂર્યવંશી પ્રસેનજિત કુલોત્પન્ન પુરુકુત્સ રાજાને નર્મદા નામની સ્ત્રીથી થયેલ બે ભાઈનો મોટો પુત્ર. તેને સંભૂતિ નામનો પુત્ર હતો
વસુદા ૧. [સં.] સ્ત્રી. પૃથ્વી
૨. સ્ત્રી. માતી રાક્ષસની પત્ની તેના ચાર પુત્રો અનલ, નીલ, હર અને સંપાતિ વિભીષણના અમાત્ય હતા.
વસુદાન ૧. પું એ નામનો કુશદ્વીપના સાત ભાંડેનો એક ખંડ. તે સાત ખંડ આ પ્રમાણે છે: વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ.
૨. [સં.] પું. પરમેશ્વર, બ્રહ્માનંદ તથા ઉત્તમોત્તમ પદાર્થોના દાતા પરમેશ્વર છે માટે વસુદાન એવું નામ તેને આપવામાં આવ્યું છે.
૩. પું. પૃષદશ્વના એક પુત્રનું નામ.
૪. પું. વિદેહરાજના એક પુત્રનું નામ.
૫. પું. હિરણ્યરેતાનો એ નામનો એક દીકરો.
વસુદેવ ૧. પું. ધનિષ્ઠા નક્ષત્ર.
૨. [સં] પું. (પુરાણ) શ્રીકૃષ્ણના પિતાનું અભિધાન; દેવકીનો પતિ; સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશમાં જન્મેલા શૂર રાજાના દસ ભાંડેનો મોટો પુત્ર. આનકદુંદુભિ એવું પણ તેનું નામ હતું, કારણકે તેના જન્મપ્રસંગે દેવોએ દુંદુભિનાદ કર્યો હતો. તેને વીસ સ્ત્રીઓ હતી અને કૃષ્ણ, બળરામ વગેરે પુત્રો હતા. તેને ભૂતરૂપ અને દેવરૂપ પણ કહેવામાં આવે છે.
વસુદેવબહુ [સં.] પું. શ્રીકૃષ્ણ.

વસુદેવહીંડી સ્ત્રી. ગુણાઢ્યે પૈશાચી ભાષામાં લખેલી, ભદ્રકથાના કૌન પ્રાકૃતરૂપ સરખી ઈ. સ.ની ચોથી પાંચમી સદીમાં રચાયેલી પ્રાકૃત ગદ્યકથા. તેને ધ્યાન કરીને પ્રાકૃતનો બૃહો ઉપલબ્ધ ગ્રંથ કહીએ તો ચાલે. તેમાં જૈનધર્મના અંતિમ રથાકરમા સુખ મેળવનાર વ્યક્તિઓની વાર્તાઓ અને આડવાર્તાઓનો ભડાર ભર્યો છે અને તેમાં ગણિકાઓ મોટા પ્રમાણમાં ભાગ ભજવતી કલ્પ છે.

વસુધર [સં] ન (શિલ્પ) ભગો ચોરાણમ હેતુ એક જાતનું ઘર. તેમાં બે પીઠડા અને ચાર સ્તભો હોય છે.

વસુધરા ૧ [સં.] સ્ત્રી. અલકા; કુબેરની નગરી; ધન, રત્ન સોના વગેરેનું રથાન.
૨ સ્ત્રી પૃથ્વી.

વસુધા ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ; ત્રિદિનીકુલ. તેમા ૪૭ ગુરુ અને ૬૪ લઘુ મળી ૧૧૧ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.
૨ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે હરિણી છંદનો એક ભેદ છે. તેને પદ્યા છંદ કહે છે.
૩. [સં.] સ્ત્રી. પૃથ્વી; ધરા; અવનિ.
પૃથિવી ક્ષિતિ ક્ષ્મા ક્ષમા, ધરણી મારી ગણ,
ઉર્વી જગતી વસુમતી **વસુધા** જાણ સુજાણ.
પિંગળપ્રકાશ

વસુધાતનુજ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે મત્તલવન્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૨૮ લઘુ મળી ૬૩ વર્ણની ૮૮ માત્રા હોય છે.
વસુધાધર ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેમાં નવ સગણ અને બે લઘુ મળી ૨૯ વર્ણ હોય છે.
૨. [સં.] પું. પર્વત.
૩. પું. વિષ્ણુ.

વસુધાધિપ જુઓ વસુધાધિપતિ.

વસુધાધિપતિ [સં. વસુધા (પૃથ્વી) + અધિપતિ (ધણી)] પું. રાજા; નૃપ; નૃપતિ; વસુધાધિપ.

વસુધાધીશ જુઓ વસુધાધિપતિ.

વસુધાધીશ્વર જુઓ વસુધાધિપતિ

વસુધાપતિ જુઓ વસુધાધિપતિ.

વસુધારા ૧. સ્ત્રી. એ નામની એક નદી.
૨ [સં] સ્ત્રી. કુબેરની નગરી.
૩ સ્ત્રી (જૈન) જિનદેવની એક શક્તિ.
૪ સ્ત્રી માગલિક પ્રસંગોમાં વસુને ઉદ્દેશી કરાતી ધારા
૫. સ્ત્રી. સુવર્ણવૃષ્ટિ

વસુધેરા જુઓ વસુધાધિપતિ.

વસુનય [સં] ન. પંચકનો એક પ્રકાર. વૈશાખ વદમા જે દિવસે ધનિષ્ઠા આવે તે દિવસથી નવમે દિવસે રોહિણ આવે છે. તે નવ દિવસ વસુનય કે મહાપંચક કહેવાય છે. તેમા શુભ કામ કરવાની મનાઈ છે

વસુપદમંજરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; હરિણીપ્લવદન. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, બે જગણ અને રગણ એમ અઢાર અક્ષર હોય છે

વસુપ્રધાન ૧. પું. (પુરાણ) કુશદ્વીપ માહેનો ભાગે વર્ષ
૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર ઉત્તરવરેનાનો સાત માંહેનો બીજો પુત્ર.
૩. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્રનો દેશ
૪. પું. (પુરાણ) ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.
૫. પું. (પુરાણ) ભારતયુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. તેને દ્રોણાચાર્યે માર્યો હતો.
૬. પું. (પુરાણ) વસિષ્ઠ ઋષિનો ઊર્જા નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક દીકરો

વસુમતિ [સં.] સ્ત્રી. પૃથ્વી; વસુધા.

વસુમતી ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં સાત માત્રા હોય છે અને એક તથા પાંચ માત્રાએ તાલ હોય છે.
વસુમતી ભલ પ્રભ કહ સાવ,
પ્રથમે રારે વાસ તું કરે.
રણપિંગળ
૨ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કમલા. તેના દરેક ચરણમાં તગણ અને સગણ એમ બે અક્ષર હોય છે.
૩ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સરહતિ. તેના દરેક ચરણમાં પાંચ નગણ મળી પદર અક્ષર હોય છે
૪. સ્ત્રી (પુરાણ) ઉપરિચર વસુએ રથાપેલી નગરી. તેનું જ પાળાથી ગિરિવ્રજ નામ પડેલું
૫ સ્ત્રી. પૃથ્વી; વસુધા; ધરા.
૬ સ્ત્રી. ભાસમતી; એ નામના ચોખાની એક જાત

વસુમના ૧. [સં. વસુમનસ્] પું. (પુરાણ) ઇક્ષ્વાકુકુલોત્પન્ન હર્યશ્વ રાજાથી મિત્રાતિથિ રાજાની કન્યા માધવીની કૂખે થયેલો પુત્ર.
૨ પું. (પુરાણ) એક કૌશલ્ય ક્ષત્રિય જેણે ઉત્તરાખંડ દેશમાં ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું હતું. બ્રહ્મપ્રતિજ્ઞે તેને રાજનીતિનો ઉપદેશ કર્યો હતો
૩ પું (પુરાણ) એક મંત્રદ્રષ્ટા ઋષિનું નામ.
૪. પું. વિષ્ણુ
૫. પું શિવ.

વસુમાન ૧ પું (પુરાણ) અગ્નિવિશેષ.
૨ પું. (પુરાણ) ઉત્તર દિશામાં આવેલ એક પર્વત.
૩. પું. (પુરાણ) કૃષ્ણથી જાંબુવતીને થયેલ એ નામનો એક પુત્ર.
૪ પું. (પુરાણ) જમદગ્નિથી રેણુકાની કૂખે થયેલા પાંચ માહેનો એક પુત્ર.
૫ પું. (પુરાણ) વિદેહવંશનો એક જનક.
૬. પું. (પુરાણ) વૈવસ્વત મનુનો એ નામનો એક પુત્ર.
૭ પું. (પુરાણ) સોમવંશી પુરૂરવા રાજાનો પૌત્ર અને શ્રુતાયુ રાજાનો પુત્ર

વસુરત્ન ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેને વસુરત્ન છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, તગણ, જગણ, લઘુ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.
૨. [સં.] ન. આભૂષ.

વસુરથ પું. જયંતીનગરના વિદુરથ રાજાનો એ નામનો દીકરો. તે ત્રણ જન્મમાં એક શિકારી હતો પણ આમલકી એકાદશીના વ્રતના પ્રભાવથી રાજાના કુંવર તરીકે જન્મ્યો હતો તે રાજા થયો ત્યારે એક વખતે શિકારે જતાં ભૂલો પડ્યો. ભૂખ્યો અને થાકેલો હોવાથી નિદ્રાવશ થયો. તેવામાં યવનોનું એક ટોળું ત્યાં ચડી આવ્યું. તેઓએ તેને મારી નાખવા અનેક વાર પર્યા પણ ફાંસી પ્રાપ્ત થઈ નહિ. બીજા વખતમાં રાજાના શરીરમાંથી નીકળેલી એક શક્તિએ આ રાજાને યવનોથી મુક્ત કર્યો.

વસુરાગ [સં. વસુ (પૈસો; ધન) + રાગ (પ્રીતિ)] પું ધન ઉપર પ્રીતિ હોય તે; લક્ષ્મી માટે લેવાતા.

વસુરેતા ૧. [સં. વસુરેતસ્] પું. અગ્નિ.
૨. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ.
૩. પું. સૂર્ય.

વસુવર પું એ નામના શાલ્મલી દ્વીપના લોક. શાલ્મલી દ્વીપના શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઇષ્વધર નામના ચાર વર્ણો વેદમય ચતુર્માદ્રપી ભગવાનને ભજે છે ભાગવતી ભાગવત

વસુંધરા ૧. સ્ત્રી. અઠ્યાવીસ નક્ષત્રોમાંના ત્રીજા નક્ષત્રનો જ્યોતિષ. ૨ સ્ત્રી. એ નામની એક સ્ત્રી કે દેવી. ૩. સ્ત્રી. એ નામની મલ્લિકોપની ચોસઠ માહેની એક કળા. ૪ સ્ત્રી (ફૉન) છપ્પન માહેનો એક દિક્કુમારિકા ૫. [સં.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ; વસુધા; ધરા; જમીન.

વિશ્વભરા વસુંધરા વિષમ કારણથી અહીં, રક્ષા અનંતા જ ઈંડાં ભિન્ન કરત કવિ તાહીં
વિશ્વભરપ્રકાશ

વસૂ પું (પિંગળ) એ નામે એક અક્ષરમર્યાદિત માત્રામેળ છંદ. તે આનંદ છંદનો એક ભેદ છે તેમાં ૩ ગુરુ અને ૫૪ લઘુ મળી ૨૩ વર્ણની ૨૮ માત્રા હોય છે

વસૂક ૧. પું. બકરો.

અર્શઘ્ન, વસૂક, આસ્યદિર, મહાગ્ય, ત્રિશિખ, મન્દાર, અર્કપર્ણ એ સાત પુલ્લિંગ નામ આકડાના છે. અમરકોષ

૨. ન. એક જાતનું ગીધ; સાંભરનું પક્ષી.

૩. ન. કાળું અગર.

૪ ન એક વૃક્ષ

વસૂકવું અ ક્રિ. ગાય, ભેંસ પ્રસૂતિનું દૂધ દેના બંધ થવું. વસૂકી જવું

વસૂંડલું વિ. દૂધ દેવું બંધ થયેલું ગાય, ભેંસ ઇત્યાદિને માટે બોલાય છે.

વસૂધરા [સં.] સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં જણાવેલા એક પ્રાચીન નદી. ભૃગુની પત્ની પુલોમાના રુદનને વખતે પડેલાં અશ્રુબિંદુથી તે ઉત્પન્ન થઈ હતી.

વસૂરા સ્ત્રી. વેશ્યા; છિનાળ; કસબણ; કૂટણી.

વસૂલ ૧. ન. આવક; આમદાની.

૨. ન. જમીન ઉપરનો કર કે આકું; મહેસૂલ.

૩. [અ. વસૂલ (તેણે સોંપ્યું)] ન. જમે લેવાનું જે તે; બાકીના ચોરે ચૂકતે થયેલી રકમ; કર તરીકે જમે લેવું તે; જમાની રકમ.

૧. વસૂલ આપવું = મજરે આપવું; બાકી આપ્યું હોય તે ફુલમાં ગણી આપવું.

૨. વસૂલ કરવું-લેવું = (૧) પૈસા ઉઘરાવી કરી આપે તેમ કરવું; પૈસા જમા છે એવું હુંડીની બાબત કહી આપવું (૨) બાકીનું ચૂકતે લેવું કે વસુ; લહેણું આપવું.

૪. વિ. પ્રાપ્ત

૫. ન. ચૂકતે થઈ કે થયેલું હોય તેમ.

વસૂલદાર ૧ પું. આવક કે મહેસૂલ ઉઘરાવનાર માણસ, આમદાની લેખી કરનાર નોકર.

૨. વિ. આવક ઉઘરાવનાર; વસૂલ ઉઘરાવનાર.

વસૂલબાકી ૧. સ્ત્રી. આમદાની આપવા કે બાકી રહે તે.

૨. સ્ત્રી. મંજૂર કરેલા અર્જમાંથી અર્પાયેલી, અર્પવાની અને બાકી રહેલી રકમની વિગત.

૩. સ્ત્રી વસૂલ કરવાની બાકી રહેલી મહેસૂલ.

૪ સ્ત્રી. વસૂલાત સબંધી કામકાજ.

વસૂલાત ૧. [અ.] સ્ત્રી. જમીન ઉપર લેવાનો કર; વસૂલ કરવાની ક્રિયા, બાકી અથવા કર વગેરે જમાખર્ચી, મહેસૂલ; વસૂલ.

૨. સ્ત્રી. પૈસા જમા છે એમ હુંડીપત્રીની પાછળ લખી આપવું તે.

૩ સ્ત્રી. માગ્યું હોય તે એકઠું કરવું તે; વસૂલ લેવું કે જવું તે; લહેણા પેરે જવલ્લુ.

વસૂલાત ખાતું ન. જમાબંધી ખાતું; વિખોટીનો સ્વાંગટ બતાવનાર ખાતું; ' રેવન્યુ ખાતું.'

વસૂલાતી જે. વસૂલાત સબંધી

વસૂલાતી અધિકારી ૧. પું. કોષાધ્યક્ષ; નાખારાત્રો.

૨. પું. જમીન મહેસૂલી બાબતો મુખ્ય અધિકારી. 'રેવન્યુ કમિશનર.'

વસૈકાર્ય ૧ સ્ત્રી. બરાબર.

૨ સ્ત્રી [રીતિયતા.

વસોડી (વસોડી) સ્ત્રી. એક જાતનું વૃક્ષ. આ વૃક્ષ ૧૦ ફૂટ લાંબુ અને રાતા રંગનું હોય છે. પણ સુકાઈ પછી કાળા રંગનું થઈ જાય છે. તેના પાન લાંબાં કે ગોટકાં અણીવાળાં લીલા અથવા રાતા રંગના હોય છે. તેમાં દડી કે છત્રાની પેઠે ગુલાબી રંગના નાનાં ફૂલો પાસે પાસે આવે તે મંજરીમાં ગોઠવે છે.

વસોડો (વસોડો) પું. એક જાતનો વેલો તેનાં પાન વડ..., ત્રિકોણાકૃતિનાં, ભાલાં અને કોર ઉપર આંચકાવાળા હોય છે. તેમાં પોળા રંગનાં નાનાં ફૂલ થાય છે અને ફળ લંબિત જેવાં હોય છે વસોડો દવામાં વપરાય છે

વસો ૧. પું. આવરદા; સાબો; વટ.

વસો હારવા = આવરદા ગુમાવવી; સાબો ગુમાવવો.

૨. પું જમીનનું એક માપ; વીઘાનો વીસમો ભાગ. ૨૨૦ સ્કવેર્સી ચોરસ ફૂટ જેટલી જમીન.

૨. પું રીત

૧. અનેક વસા = અનેક રીતે.

૨. હજાર વસા = હજાર રીતે

૪. પુ. વીસમો ભાગ.

૫. પુ. સમય.

૬. પું. સવાપાંચ હાથ કે સામાન્ય જાજ જેટલું માપ.

૭ પુ. સો અથવા વીસનો અનુક્રમે સોમો કે વીસમો અંશ કે વિભાગ. સોના સબંધમાં જે પ્રમાણ આપી અટકણ કરવામાં આવે છે તે. અંશ; દિ-સો, કોડી

૧. વીસ વસા = સોએ સો ટકા

૨. વીસ વસાની વાત કોથી = સો એ સો ટકા ખરી વાત કોથી. એ છે વીસ વસાની વાત -નિષ્કુળાનંદ

વસોયા સ્ત્રી. સેકેલા ધાણાની એ નામની એક અટક

વસોરા પુ. જાનવરની ચામડા માહેની એક પેટા જાતિ

વસોવાંરા ૧. સ્ત્રી (પુરાણ) આઠ માહેના એક વસુની પત્ની.

૨ સ્ત્રી. મહાદેવ ઉપર અભિષેક થઈ રહ્યા પછી કળશીના પાણીની જે અવિચ્છિન્ન ધારા કરાય છે તે

૩. સ્ત્રી. વસુ પ્રોત્યર્થે ઘી અથવા દૂધની ધારા કરી તે

૪. ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ તે રચવેથી અલકનંદાનો ઉદ્ગમ થાય છે તે બદરીનાથથી આશરે ચાર માઈલ દૂર આવેલ છે.

વસ્ [સં.] અ. (આદરણ) એ નામનો પ્રત્યય.

વસ્ટાડલા સ્ત્રી. વિષ્ટિ

વસ્ટેલું વિ. વપરાયેલું.

વસ્ત ૧. [સં.] પું. બકરો

૨. [અ.] પુ મધ્યબિંદુ; મધ્યભાગ.

૩. સ્ત્રી દ્રવ્ય; આબરૂ; ઘરેણું.

૪ સ્ત્રી માલ. માલમતા

૫. સ્ત્રી. મૂળ ઉદય, ભાવ; મતલબ.

૬. સ્ત્રી. મૂળ સ્વભાવ; ગુણ ધર્મ.

૭. સ્ત્રી. વિષય, વાર્તા.

૮. સ્ત્રી. ઘરઘરાઉ પદાર્થ, ચીજ કે વસ્તુ.

૯. ન ઘર

વસ્તક ન. બનાવટી મોતી.

વસ્તકર્ણી પું. સાગનું ઝાડ.

વસ્તગંધા સ્ત્રી અજગંધા વનસ્પતિ.

વસ્તગોંદા [સં. વસ્તુ (અગ્નિ) + ગોંદ] સ્ત્રી. એક વનસ્પતિ; ગોંદી અજગોંદ. ગ્રિયાગામાં જેમ અગ્નિ આનંદ આપે છે તેમ આ ગોંદી અજગોંદ પણ ગરમ હોવા છતાં આનંદ આપે છે.

વસ્તર [સં. વસ્ત્ર] ન. વસ્ત્ર; કપડું

વસ્તા સ્ત્રી. વસ્તુ; ચીજ.

વસ્તાદ ૧. [ફા. ઉસ્તાદ] પું. ગુરુ; મર્મજ્ઞ; નિષ્ણાત.
૨ વિ ધૂર્ત, કાવાદાવાજ

વસ્તાદગીરી સ્ત્રી ધૂર્તતા; કાવાદાવા.

વસ્તાદી [ફા ઉસ્તાદી] સ્ત્રી. પ્રાવિણ્ય; મર્મજ્ઞતા.

વસ્તાર ૧. પું છોકરાંછૈયાં; વસ્તી; સંતતિ; પ્રજા; સંતાન; ઓલાદ, બચ્ચાંવાંઉ
૨. પું. ફેલાવો.
૩. પું ભલોતું કુટુંબ; મોટું કુટુંબ
૪ પું. વધારો.
૫. પું. વિસ્તાર.

વસ્તારણ ૧. સ્ત્રી. જેને પુષ્કળ બાળબચ્ચાંનો વસ્તાર હોય તેવી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ભલોભળ કુટુંબવાળી; પનોતી; વસ્તીવાળી; પુત્ર પૌત્રાદિકવાળી.

વસ્તારિક જુઓ વસ્તારી.

વસ્તારી વિ. વસ્તીવાળું; બચ્ચાંવાંઉવાળું; બાળબચ્ચાં અને કુટુંબ પરિવારવાળું; કુટુંબ કબીલાવાળું; ભલોભળ કુટુંબવાળું. વસ્તારિક.

વસ્તિ ૧. પું. કપડાની કિનાર; છેડો.
૨. પું. ગુદાદ્વારા લેવાતી પિચકારી.
૩. [સં.] પું. નાભિની નીચેનું મૂત્રાધાર સ્થાન; પેડુ; મૂત્રાશય; બસ્તિ.
૪. ન. ઘર; રહેઠાણ; વાસ.
મંદિર મંડપ આયતન **વસ્તિ** નિવાસ સ્થાન,
ભુવન ભૂપ ભગવાનને ગઈ સહચરી સુજ્ઞન. વિશ્વનાથપ્રકોષ

વસ્તિપ્રદેશ પું. વસ્તિનો ભાગ; શરીરનો પેડુવાળો ભાગ.

વસ્તિયંત્ર ન. ઝાડો કે મળ ઉતરાવવાનું સાધન.

વસ્તી ૧. સ્ત્રી. એક સ્થાને રહેનારો સમુદાય; રહેતાં માણસો
૨. સ્ત્રી. દુનિયા ઉપર વસતાં મનુષ્યની સંખ્યા. લોકસંખ્યા. આ સંખ્યા વારંવાર ફરતી રહે છે, તેથી દુનિયાની વસ્તીની ગણતરી કરવી તે અશક્ય છે. પરંતુ કેટલાક સુધરેલ દેશમાં અમુક મુદત પછી વસ્તી ગણતરી કરવાની રીત છે. તેથી તદ્દન સાચી તો નહિ પરંતુ અસાધિ કરતાં વધારે પ્રમાણદાર વસ્તીગણતરી થઈ શકે છે અમેરિકા અને આફ્રિકાના ઊંચા પ્રદેશમાં છૂટા છવાયા વસવાટને લઈને વસ્તીગણતરી કરવી મુશ્કેલ છે. વધારામાં મરકી, કોલેરા, લડાઈ અને એવી કુદરતી આફતોને લઈને થતા અસંખ્ય મરણને લીધે વસ્તીગણતરી ટકણ થઈ પડે છે આખી દુનિયાની વસ્તી ૧,૬૦,૦૦,૦૦,૦૦૦ માણસ છે. જેમાં અમુક ઊભજડ પ્રદેશમાં એક ચોરસ માઈલ ઉપર માત્ર ૬૩ માણસો વસે છે અને વસ્તીવાળા ભાગમાં એક ચોરસ માઈલ ઉપર હજાર માણસો વસે છે. તેમાં વરસ સાથી વધારે વસ્તીવાળો પ્રદેશ ગણાય છે અને બીજો ઓદ્યિઓ આવે છે. બીજા દેશો ઓછી વસ્તીવાળા છે. વસ્તીનું ઘાટાપણું બે જાતના પ્રદેશો ઉપર આધાર રાખે છે. એટલે તો બીનો ગરમ આબોહવાવાળો પ્રદેશ કે જ્યાં મોખા, અનાજ વગેરે મોટા પ્રમાણમાં પાકે છે. જેમકે, ચીન, જાપાન. વગેરે બીજો પ્રદેશ કે જ્યા કોલસા અને લોઢાની ખાણો હોય છે. ત્યાં પણ ઉદ્યોગને લીધે વસ્તી વધે છે. જેમકે, પશ્ચિમ યરપ અને અમેરિકા. સૌથી વધારે વસ્તીવાળા દેશ હિંદ, ચીન અને અફ્રિકા ગણાય છે.
૩ જો બકરી
૪. સ્ત્રી બાળબચ્ચાં વગેરેનો સમાવેશ કરતી તે; પુત્રાદિક તે.
છોડી પારકા ઘરની વસ્તી = દીકરી પારકું ધન ગણાય
૫. સ્ત્રી. રહેઠાણ; વાસ; વાડો, વસેલી જગા. મહોલ્લો.
૬. સ્ત્રી. રૈયત; પ્રજા; લોક; જનતા.
૭. સ્ત્રી. વસતુ તે; વસ્તી.

વસ્તીગણતરી સ્ત્રી. વસ્તીની ગણતરી.

વસ્તીગૃહ ૧. ન. જ્ઞાનાલય; વિદ્યાર્થીઆશ્રમ; 'બોર્ડિંગ'.
૨. ન. રહેવાની સગવડવાળી સરવા.

વસ્તીપત્રક ન. વસ્તીગણતરીની નોંધ; માણસોની સંખ્યાની ગણતરીની નોંધ, ગામ, શહેર વગેરેના માણસોની ગણતરીનું પત્રક.

વસ્તીપત્રકકાર વિ. વસ્તીની ગણતરી કરી નોંધ કરનાર.

વસ્તીપાલ પું. રાજા.

વસ્તુ ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તેમા ચાર, ચાર, ચાર અને ત્રણ મળી ૧૫ માત્રા હોય છે અને ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે

વણ ચારેક પર ત્રણ કલ ધરો,
એવી પદર કુલ કલ કરા,
એક ઉપર ચમ્મારે નત્ત,
વસ્તુ ખતિ વિષે સભાળ. પદ્મપિંગળ

૨. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક મ.ત્રામેળ છંદ તેને ચાઈસેના પણ કહે છે આ છંદ રેડા છંદનો એક ભેદ છે. તેમાં ૧૧૫ માત્રા અને નવ પદ હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેને વાસ્તુક છંદ પણ કહે છે તેમા મગણ, તગણ, રગણ, મગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે.

મા તા રા મા ગા રવાય છે **વસ્તુ** છંદ
પદ્મપિંગળ

૪. સ્ત્રી. અસ્તિત્વ; હયાતી.
૫. સ્ત્રી. ચીજ; દ્રવ્ય; પદાર્થ. કુદરતી ઉત્પન્ન થયેલું કે મનુષ્યે ઉત્પન્ન કરેલું જે કંઈ તેને પદાર્થ કહેવાય છે. જે પદાર્થ જડ અથવા ચૈતન્ય રૂપે હયાતીમાં છે તેને વસ્તુ કહેવાય છે. પદાર્થ તેમ વસ્તુ મહુંબ્બર નિર્જીવ ચીજો માટે વપરાય છે. ચીજ નિર્જીવ વસ્તુ તેમજ ભાવવાચક નામ, સાધન ઇલાદિમાં વપરાય છે, પ્રાણી માટે વપરાતો નથી. જ્યારે શબ્દ કહેતા રચના કે જડ પદાર્થ માટે વપરાય છે. સમયસારના આધારે જૈન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કહીએ તો જગત્ન સર્વજ્ઞે આ જગતમાં જે વસ્તુ અનાદિ અનંત ભિન્નભિન્નપણે છે એમ જોયું છે: ૧. જીવ, ૨. પુદ્ગલ, ૩. ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, ૫. આકાશ અને ૬. કાળ. તેમાં એક આત્માને જ સંસારરૂપ બંધન છે. જે યુગમાં જે વસ્તુનો વધુ વપરાશ થાય તે ઉપરથી તે યુગને ઓળખવામાં આવે છે એટલે કે, તે વસ્તુ તે યુગનું એક પ્રતીક બની રહે છે. આપણા ઇતિહાસકારોએ ઇતિહાસ પહેલાંના અને પછીના યુગોને એ જ રીતે ઓળખ્યા છે. ઇતિહાસ પહેલાંના સમયને પથ્થરયુગ તરીકે ઇતિહાસે આલેખ્યો છે એથી એ યુગનું નામ પથ્થર યુગ કહેવાયું કારણ કે, શિકાર માટે તે યુગનો માનવ પથ્થરનાં હથિયારો વાપરતો. યુદ્ધ માટે તેનાં આયુધો પણ પથ્થરનાં હતાં એટલું જ નહિ પરંતુ તેની કાયા પણ પથ્થર જેવી હતી. તેની પાસે શરીર ઢાંકવાનાં વસ્ત્રો ન હોતાં, માથે છાપરું ન હોતું. છતાં તે વરસાદ, તાપ ને ઠાર ઝીરવી શકતો. અરે કાચું માંસ પણ તેને પચી જતું એટલે પથ્થરો પણ તે પચાવી શકતો એમ કહીએ તો ખોટું ન કહેવાય. ત્યાર પછી ધાતુયુગ આવ્યો. માણસે અગ્નિની શોધ કરી, ચક્રની શોધ કરી, એમ કરતાં ધાતુની શોધ કરી. તેનાં હથિયારો પથ્થરને બદલે કાંસાની ધાતુનાં બન્યાં. તેનાં વાસણો ને બીજા ઉપયોગની વસ્તુઓ પણ ધાતુની બનવા લાગ. તેને ઇતિહાસકારોએ ધાતુયુગ તરીકે ઓળખાવ્યો મનુષ્યની પ્રગતિ વધી. કાંસું કે બીજી ધાતુ કરતાં એકે લોખંડની શોધ કરી. લોખંડ બધી ધાતુમાં કઠણ અને મજબૂત

લાગ્યુ. લોખંડનો વપરાશ વધતો ગયો તેમ તેમ લોખંડનાં જન્યાં, એટલું જ નહિ પણ જેટલા અનેક હાથકાગ્યોમા તો લોખંડનો એટલો વપરાશ વધી ગયો કે, પથ્થર અને લાકડાનુ સ્થાન પણ લોખંડે લઈ લીધું. ઘર, પૂલ, રેલવે, રાચરચીલુ બધુ જ લોખંડનુ બન્યું લોખંડે યંત્રવાદ ઉપસ્થિત કર્યો. લાયકારીગરીનું નામ નિશાન ભૂસી નાખ્યુ. આરસની કોતરણી ગઈ. આ લોખંડી યુગે જડવાદ જમાવ્યો. આ યુગને કોઈ લોખંડી યુગ તરીકે ઓળખે છે. પરંતુ એ યુગ હવે પૂર્ણ થવાની અણી ઉપર આવી ગયો છે. હવે અણુયુગના અણસારા વરતી રહ્યા છે. અણુનો ખોરાકમાં નહિ પણ મારવાને સારુ કરવામાં ઉપયોગ થશે ત્યારે તેનુ નામ અણુયુગ આપીશુ હાલ તો વિનાશ માટે જ એનો ઉપયોગ કરવા માટે સશોધનો થઈ રહ્યાં છે અત્યારનો આ યુગ પ્લાસ્ટિક યુગ છે. આજે પ્લાસ્ટિકનો ઉપયોગ વધતો જાય છે. બંગડી, નેકલાઈ, બટન, પાકિટ, ફેન્સ્લેસ, પટ્ટા, રમકડાં, ફોલ્ડર વગેરે જેવી અસખ્ય વસ્તુઓ પ્લાસ્ટિકની બની રહી છે અને તેનો વપરાશ ઘોષમાર વધી રહ્યો છે. ઉદાયેલાં શરીરના અવયવો પણ પ્લાસ્ટિકના બનાવીને મૂકવામાં આવે છે. જે યુગનાં જેવાં માનવી તે યુગના તેવાં સાધનો. આજનાં માનવી પણ પ્લાસ્ટિક જેવાં કોમળ ને સુવાળાં બની ગયાં છે તેમનાથી વધુ પરિશ્રમ વેઠાય તેમ નથી.

૬. સ્ત્રી. મૂળ ઉદ્દેશ; ભાવ; મતલબ; અર્થ.

૭. સ્ત્રી. મૂળ સ્વભાવ; ગુણધર્મ.

૮. સ્ત્રી. સત્ત્વ; સાર; ખરેખરું હોય તે.

૯. ન. નાટકનો કે કથાનો વિષય; વાર્તા; હકીકત; વૃત્ત; 'પ્લોટ.' કાવ્યશાસ્ત્રમાં વસ્તુના પ્રસિદ્ધ અને ઉત્પાદ્ય નામે બે પ્રકાર સ્વીકારાયા છે. તેમાથી જે વસ્તુ પ્રસિદ્ધ હોય તેમાં તો કવિને બાહ્ય આલબન હોય, પણ ઉત્પાદ્ય વસ્તુમાં કવિસૃષ્ટિ સર્વતંત્ર સ્વતંત્ર છે એમ કોઈ કહે; પણ ઉત્પાદ્ય વસ્તુમાં યે કવિને જગતના વાસ્તવિક પ્રસંગોનું અને ભાવોનું આલંબન લેવું પડે છે.

વસ્તુ ગૂંથવું = નાટક કે કથાના વિષયની રચના કે ગૂંથણી કરવી.

વસ્તુગત ૧. વિ. વૈયક્તિક; સર્વાનુભવી; વિષયાત્મક.

૨. વિ. સ્વાભાવિક; નૈસર્ગિક.

૩. [સં. વસ્તુ + ગતિ (ગમન)] અ. ખરું જોતાં; વસ્તુતઃ; ખરી રીતે; મૂળનો વિચાર કરતાં; વાસ્તવિક.

વસ્તુગતખાતું ન. ધણી ન હોય એવું ખાતું, શ્રીખાતું; અર્વૈયક્તિક ખાતું.

વસ્તુચિત્રાલિપિ સ્ત્રી. કહેવાની વસ્તુનુ આખુ ચિત્ર દોરીને લખવાની પ્રાચીન પદ્ધતિ

વસ્તુતત્ત્વ ૧. ન. ખરું

૨. ન. વસ્તુસ્થિતિ; સત્ય બીના; ખરી હકીકત.

વસ્તુ તંત્ર પદાર્થ સત્તાવાદ પું. વસ્તુવાદ; જડવાદ; અકલ્પિતવાદ

વસ્તુતઃ [સં] અ. વસ્તુરૂપે; સાચું જોતાં; ખરી રીતે; નિશ્ચયરૂપે; મૂળ સ્વરૂપે; વાસ્તવિક રીતે; તત્ત્વત.

વસ્તુતા ૧. સ્ત્રી. જડત.

૨ સ્ત્રી વાસ્તવિકપણું; સત્યપણું, તત્ત્વતા; સારતા; વસ્તુત્વ; વસ્તુસ્થિતિ; ખરાપણું; સાચ

વસ્તુત્વ ન. વસ્તુસ્થિતિ; તત્ત્વ; તાત્ત્વ; ખરાપણું

વસ્તુનિરૂપણ ન. ચાતુર્માસના ચાર મહિનો એક વિભાગ

વસ્તુનિર્દેશ ૧. પું. પ્રથના વિષયનું કે વાતનું સૂચન.

૨. પું. અલકારશાસ્ત્રનો એક પ્રકાર. તેમાં વર્ણન કરવા યોગ્ય વિષયનું સૂચન આપવામાં આવે છે.

૩. [સં] પું. (ન્યાય) લક્ષણમાં આવી જતા ધર્મો ઉપરાત જેમાં વસ્તુ વિષે નવા ધર્મનું કથન હોય તેવો નિર્દેશ કે કથન. લક્ષણમાં જે એક ધર્મ કહેલો હોય તે સિવાયના બીજા ધર્મ, તે પદાર્થ પરત્વે વિધાન કરવામાં આવે તો તે નિર્દેશ શબ્દ નિર્દેશ નહિ પણ વસ્તુનિર્દેશ બનાય.

૪. પું. (અલ્પ) વર્ણ્ય વિષયની સૂચના.

વસ્તુનિર્દેશાત્મક વિ. જેમાં વસ્તુ સમજાવવાનો ઉદ્દેશ બતાવવા સાથે ઈશ્વરોપાસના હોય તેવું.

> મંત્રબ્રાહ્મણ ત્રણ પ્રકારનાં છે: નમસ્કારાત્મક, વસ્તુનિર્દેશાત્મક અને આશીર્વાદાત્મક.
>
> સંસ્કૃત પુરુષાભરતિ

વસ્તુપણું ન. વસ્તુતા; સત્યતા

વસ્તુપરિચ્છેદ ૧. પું. (વેદાંત) અન્યોન્યભાવના પ્રતિયોગીપણાનું નામ; જે વસ્તુ બીજી વસ્તુથી મર્યાદિત હોય તે; જેમ ઘટનો પટમાં અને પટનો ઘટમા અન્યોન્યાભાવ રહેલો છે. તેનું જ પ્રતિયોગીપણું ઘટ તથા પટમાં છે તે જ વસ્તુપરિચ્છેદ છે.

૨. પું. (વેદાંત) કોઈપણ વસ્તુમાત્રનુ અનાત્મપણું

૩ [સં] પું વસ્તુથી થતા વિભાગ

વસ્તુપરીક્ષા સ્ત્રી. વસ્તુસ્થિતિની તપાસ; ખરી હકીકતની મેળવણી

વસ્તુપાઠ પું ચીજનું જ્ઞાન; સજ વસ્તુનો ઉપદેશ, પદાર્થપાઠ

વસ્તુપાલ ૧ પું. ગુજરાતના વાઘેલાવંશી રાજા વીરધવલનો એક મત્રી. વસ્તુપાલ અને તેજપાલ બને ભાઈઓ જૈનતના પોરવાડ વણિક હતા. આબુ, ગિરનાર અને શત્રુજ્ય ઉપર બધાવેલાં દેવળો એમની દાનશૂરતાનાં ઉત્તમ નમૂના છે. આબુનાં દેવળ મોંઘી ઊંચી કારીગરીનાં છે. અંદરની બાજુની કોતરણીનું કામ મોતી બખાણના જેવુ છે. એ કોતરણી એવી બારીકાઈથી કરેલી છે કે, બને મીણના બીબામાં ઉતારી હોય એવો ભાસ થાય છે પર્વત ઉપર કામ કરનાં કારીગરોને ઠંડ થાય નહિ, એટલા માટે તેમણે દરેક કારીગરોની પાસે સગડી મુકાવી હતી અને સાજે ગરમ ભોજન કરાવી બધાને જમાડવામાં આવતા હતા. એમ કહેવાય છે કે, કોતરણીનું બારીક કામ કરનાર કારીગરને તેણે કોતરી કાઢેલી પથ્થરની ધૂળના વજન જેટલી ચાદી મજૂરી તરીકે આપવામાં આવતી હતી.

૨. પું. નરનારાયણાનંદ મહાકાવ્ય નામના સસ્કૃત કાવ્યના એક કર્તા.

વસ્તુપાળ જુઓ વસ્તુપાલ

વસ્તુમાત્ર ૧. [સં વસ્તુ + માત્ર (તમામ)] સ્ત્રી. તમામ વસ્તુઓ; બધી ચીજો

૨. ન. કેવળ વસ્તુ; જે વસ્તુમાંથી વિષયનો વિસ્તાર કરવામાં આવે તે મૂળ વસ્તુ; કોઈ વિષયની રૂપરેખા.

વસ્તુવાદ પું જડવાદ; જાગ્રાર્થસ્તિત્વવાદ; જાગ્રાર્થસત્યત્વ; અકલ્પિતવાદ; સૃષ્ટિદૃષ્ટિવાદ; યથાર્થ દર્શન; યથાર્થતાવાદ.

વસ્તુવિચાર પું. વસ્તુની પસંદગી કરી ખરીદવાનો વિચાર. આ સબંધે ગૃહવિજ્ઞાનમાં લખ્યું છે કે: વસ્તુવિચારમાં આશ નીચેના મુદ્દાઓ જોવા જોઈએ: (૧) મજબૂતાઈ, (૨) ટકાઉપણું, (૩) દેખાવ અને (૪) અર્થ.

વસ્તુવિજ્ઞાન જુઓ વસ્તુશાસ્ત્ર.

વસ્તુવિધાન ૧. ન. કથા કે નાટકના વસ્તુની વિધિ

૨. ન. વિષય કે મુદ્દો રજૂ કરવાની ઢબ, કળા કે પદ્ધતિ.

વસ્તુવિનિમય [સં] ન સાટું, એક વસ્તુના બદલામાં બીજી વસ્તુની અદલી કરવામાં આવે તેને વસ્તુવિનિમય કહેવામાં આવે છે.

વસ્તુવિભાગ [સં.] પુ. પ્રદર્શનના જે ભાગમાં જુદી જુદી ચીજો બતાવવામાં આવતી હોય તે વિભાગ

વસ્તુશાસ્ત્ર [સં] ન. વસ્તુસ્વરૂપ વિદ્યા; સત વિષયક શાસ્ત્ર.

વસ્તુશાસ્ત્ર અને માનસશાસ્ત્ર એના ઓતપ્રોત છે કે જેમાંથી એકલાને આધારે મનનું સ્વરૂપ રચવું એ વ્યર્થ પ્રયત્ન છે. પારિ ૬.૬

વસ્તુસંકલના ૧. સ્ત્રી. અંકશાસ્ત્ર અના ચાર ભાંતનો એક વિભાગ

૨. [સં. વસ્તુ + સંકલ્ (જોડવું)] સ્ત્રી કોઈ લેખનું વસ્તુ ગોઠવવું તે; વસ્તુની યોજના, વસ્તુની ગૂંથણી; વિષયની ગૂંથણી, કથા કે નાટકના વસ્તુની યોજના કે ગૂંથણી; કેટલાક વાતના વિવિધ બનાવોને એક સાથે ગોઠવવા તે; વાર્તાના વસ્તુનો મેળ, વસ્તુતઃ જે અભાવ સત્ય કોય તે અરેખરી સ્થિતિ; વાસ્તવિકતા.

વસ્તુસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. ખરી હકીકત.

૨. સ્ત્રી. મુખ્ય બાબત.

૩. સ્ત્રી. વસ્તુતા; વસ્તુત્વ.

૪. સ્ત્રી. સંજોગો; પરિસ્થિતિ.

૫. સ્ત્રી. સ્વરૂપ.

વસ્તુસ્વભાવ પું. (જૈન) એક જાતનો સ્વભાવ. સમયસારમાં કહ્યું છે કે, ક્રોધ, રાગ, દ્વેષ આદિ હું છું એમ કર્તા થઈને રોકાઈ ગયો તેને તેનો સ્વભાવ હું હતા પણ તેમ માલૂમ પડતું નથી. અહીં તો પહેલેથી પડાઈ વસ્તુસ્વભાવ જુદા પાડ્યા છે.

વસ્તુસ્વભાવદૃષ્ટિ સ્ત્રી. (જૈન) એક જાતની દૃષ્ટિ. સમયસારમાં કહ્યું છે કે, આત્મા વિકારનું કાર્ય નથી અને વિકાર આત્માએ કર્યો નથી; અજ્ઞાન અવસ્થામાં અનાની વિકારભાવનો કર્તા છે પણ વસ્તુસ્વભાવદૃષ્ટિથી આત્મા કર્તા નથી, માટે આકાર દુઃખનું કારણ છે અને આત્મા દુઃખનું કારણ નથી.

વસ્તુપ્રેક્ષા [સં] સ્ત્રી. (જૈન) ઉત્પ્રેક્ષા અલંકારની પાંચ માંહેની એક જાત, સ્વરૂપોત્પ્રેક્ષા. તેમાં એક ચીજ બીજીના જેવી જોવામાં આવે છે.

વસ્તો પું ઈ. સ.ના સોળમા શતકમાં ગોરસદમાં થઈ ગયેલ એ નામે એક કવિ.

વસ્ત્ર ૧. ન. તમાલપત્ર.

૨ ન. ધર્મપુરુષાર્થમાં કહેલી બત્રીસ માંહેની એક કળા.

૩. [સં. વસ્ (પહેરવું)] ન. પહેરવાનું કપડું; લૂગડું; પટ, અંબર. કેટલાક વિદ્વાનો માને છે કે, કર્પાસના સમય સુધી ભારતમાં [illegible] પ્રચ[illegible] હતો પણ તેમનો [illegible] [illegible] છે ત્યારથી શીત, ઉષ્ણ [illegible] શીતોષ્ણ પ્રદેશો હોવાથી નિવનિવ[illegible]ના અત્યંત પ્રાચીન કાળથી જ જરૂર પ્રમાણે ભિન્ન પ્રકારનાં વસ્ત્રો પહેરાતાં વેદો અને બ્રાહ્મણગ્રંથમાં સોવનું નામ સૂચિ અથવા એકી મળે છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં સોવનાં ત્રણ પ્રકારના સ્વરૂપ છે: પોહાનો, ચાંદીનો અને સોનાનો. ઋગ્વેદમાં કાત-ને ઉલ્લેખ કર્યો છે. સુશ્રુતસંહિતામાં બારીક દોરીથી સીવવાનું વર્ણન છે. રેશમી કાપડને નાપ્યે અને ઊનના કપડાને સામૂલ કહેના દ્રવિડ પણ એક પ્રકારનું સીવેલું વસ્ત્ર હતું. તે વિશે માવણ લખે છે કે, તે યુદ્ધના સમયે પહેરાતું કેવળ કપડાં નહિ, આમાં પણ સીવતાં આમડાનો ઝભ્ભો કે પોલાનું વર્ણન વિવિધ સાહિત્યમાં છે. મધ્યકાલમાં આબોનો સામાન્ય પોશાક કે સાડી હતો. જેનો અર્ધો ભાગ પહેરતો અને અર્ધો ઓઢતો અથવા ઊતરી પોતાના ઉપર ઉત્તરીય એટલે દુપટ્ટો નાખતો. સ્ત્રીઓ, નર્તકીને બાદ કરતાં જેવા જેવું જરીનું વસ્ત્ર પહેરતી, જેને પટ્ટાંશુક કહેતા. સ્ત્રીઓ છીંટ જેવાં કપડાં પણ પહેરતી. બાબારી લોકો કરતા ઝભ્ભા અને કુરતા પહેરતા. દક્ષિણના લોકો સામાન્ય રીતે બે પોતીઓથી કામ ચલાવતા. એક પોતી પહેરતો અને બીજી ઓઢતો. કાશ્મીર તરફ અડધા પાટલૂન પહેરતા. રાજ્યોના વિવાહ માટે તૈયાર કરાયેલાં વસ્ત્રોનું વર્ણન કરતાં જાણ્યું જાય છે: રેશમ, ઊન અને ઊનના સાધનો કામળા જેવાં નરમ, ચામડી જેવાં, રૂપહેરી જ અત્તર પડે અને ઇંદ્રધનુષના જેવાં રંગીન કપડાંથી ઘર ભરાઈ ગયું હતું. સ્ત્રીઓ મોટે ભાગે રંગીન કપડાં પસંદ કરતી. બૌદ્ધ સંન્યાસી લાલ, હિંદુ સંન્યાસી ભગવાં અને શ્વેતાંબર જૈન સાધુઓ ધોળાં અથવા પીળાં કપડાં પહેરતા. વિધવાઓ પ્રાયઃ સફેદ કપડાં પહેરતી રાજાઓ શિર પર રત્નજડિત મુકુટ પહેરતા સામાન્ય લોક પાઘડી બાંધતા. વાળના શણગાર તરફ પૂરતું લક્ષ અપાતું. પુરુષો મોટા વાળ રાખતા સ્ત્રીઓ ભિન્નભિન્ન પ્રકારના વાળોના ગુચ્છા કરતી. વાળની પાછળ અંબોડો વાળતી, તેમાં ફૂલ ખોસાતાં. માથામાં અનેક જાતનાં મોતીઓની લટો અને રત્નજડિત આભરણો પહેરાતાં. વાહનો માથાના અને દાઢીના વાળ કપાવતા. ક્ષત્રિયો લાંબી દાઢી રાખતા. ઘણા પ્રસંગમાં ખેડા પહેરતા નહિ. પુરુષોને પહેરવાનાં વસ્ત્રો તરીકે પ્રેમાનંદે પટકૂલ, ધોતી, ચોતિયા, વાઘા, પાઘડી, ભાલ, ખોળ, ખમરી, ઉત્તરીય, પીતાંબર, મુગટા, રાખિયા, મંજિયાં, દોરિયાં, પટ્ટ કાલ, ગુચ્છપેચ, તોરા, પાયજામા અને નીમાનો ઉલ્લેખ કર્યો છે તેણે સ્ત્રીઓના વસ્ત્રોમાં આરનાં વસ્ત્રો આ પ્રમાણે ગણાવ્યાં: ક. ચોળી, કાપડાં, કમખા, ચીર, ચરણા, પટકૂલ, રેશમી સાડી, જરકસીની સાડી, સાદી સાડી, છાયલ સાડી, ઘર સાડી, ચંપકવર્ણી સાડી, નાટ, સાળુ, ઘરચોળાં, ખારોદક, ગજિયાણી સાડી, કલગેર, પીતાંબર, રાતો સાળુ, સોનેરી સ , ધોળા સાળુ, ઓઢણીઓ, ચટકળા, છીંટ, મોરવી, પટોળાં, ઘાટ. આ વસ્ત્રોનું પૃથક્કરણ કરતા માલૂમ પડે છે કે, સ્ત્રીઓને પહેરવાના વસ્ત્રોમાં ચીર, ચરણા અને ચોળી મુખ્ય હતાં. આ વસ્ત્રો આજ સુધી સ્ત્રીઓનાં મુખ્ય વસ્ત્રો રહ્યાં છે. આ ઉપરાંત ઊન અને રેશમી વસ્ત્રોમા (૧) એલવાન, (૨) આર હાસિયા, (૩) અબોલઆની, (૪) પહલેદાર, (૫) ગુલદાર, (૬) અલશો, (૭) બનરી, (૮) પરશમીના, (૯) દુચાલા, (૧૦) મર્શાદા, (૧૧) પટ્ટી, (૧૨) સાબ્બર, (૧૩) સન્નાબ, (૧૪) ધુસ્સા, (૧૫) પોસ્તી, (૧૬) સકરલતા, (૧૭) દુરપ્પા, (૧૮) શોઢાપ, (૧૯) મખમલ આદિ બહુમૂલ્ય અને ઊંચાં વસ્ત્રો વણાં પ્રકારનાં થતાં હતાં અને ભરતખંડ ઉપરાંત પરદેશોમાં પણ બહુ આદરપૂર્વક તેની પ્રશંસા થતી તથા બહુ અપ થતો. અરબસ્તાને અરબોને રોટીનો સંબંધ ધોળો બહુ જોડી દીધો છે. પરંતુ અરબનું મુખ્ય કામ રોટી દેવાનું નથી, કપડાં દેવાનું છે અને તે કોઈ નાનુંસૂનું કામ નથી. લોકો કહે છે કે, મનુષ્યની પહેલી જરૂર અન્ન અને બીજી જરૂર વસ્ત્ર છે. પરંતુ એક રીતે વસ્ત્રને પહેલી જરૂરિયાત સમજવી જોઈએ. આપણે એક દિવસ અન્નવાસ કરી શકીએ છીએ પરંતુ એક દિવસ પણ નગ્ન રહેતા નથી. કપડાં કરીથી કે વધારે જ બનાવે છે એટલું જ નહિ તે આપણી સભ્યતાનું પણ રક્ષણ કરે છે અને આજના જમાનામાં કપડાંનો તે જ ઉપયોગ છે. તે મનુષ્યની સભ્યજનતાની નિશાની ગણી શકાય છે. આ રીતે કપડાંને મનુષ્યની પહેલી આવશ્યકતા સમજવી જોઈએ અને તે અરબો પૂરી પાડે છે. એનાથી વધારે માટી અપેક્ષા કોણ રાખીએ ? મનુષ્યની નમ્રતાને ટાઢકરી એ અરબનો દાવો છે

૧. અન્નવસ્ત્ર = જીવન જરૂરિયાત. ખોરાક અને કપડાં.

૨. અંત્યવસ્ત્ર = (૧) અર્ધાંગના; પત્ની. (૨) શરીરપરનું વસ્ત્ર.

૩. ઉપવસ્ત્ર = (૧) અંદર પહેરવાનું કપડું. (૨) રૂમાલ.

૪. નવસ્ત્ર = નાગું; ઊઘાડું; વસ્ત્ર વગરનું

૫. પાંચે વસ્ત્ર = ધોતિયું, અંગરખો, ખેસ, પાઘડી અને પગરખાં.

૪ ન. માન આપવાની અથવા પૂજા કરવાની અહાર આદેની એક રીત

વસ્ત્રગાળ ૧. ન. દવાના ચૂર્ણને વસ્ત્રથી ગાળવું તે.

૨. વિ. કપડાથી ગાળી શકાય તેવું; વસ્ત્રગાળથી ગાળી શકાય તેવું. દારીક; કપડછાણ; કપડાથી ગાળેલ

૩. વિ. (વૈદક) કપડાથી સીધી સપ્ત ભસ્મ મળીથી લીપલું.

વસ્ત્રગૃહ [સં.] ન. તંબૂ.

વસ્ત્રગોપનકલા [સં.] સ્ત્રી. સૂતરના વસ્ત્રને રેશમી જેવું દેખાડવાની વિદ્યા.

વસ્ત્રગ્રંથિ [સં.] સ્ત્રી. કપડાંની ગાંઠ

વસ્ત્રધૌતિ સ્ત્રી. (યોગ) હઠયોગિના ત્રણ ભાદેનો એક ભેદ. જળાશયથી અથવા અસ્વચ્છ જળાશયોમાંથી પંદર હાથ લાંબો ને ચાર આંગળ પહોળો કપડો લઈ તેને બે ત્રણ વાર ગિળી પાણીથી બહાર કાઢી શુદ્ધ કરવો. પછી દંડધૌતિથી જળામાં ઉપસ્થિત્રિયના રપર્શથી અસ્વચ્છતા દૂર કરવી. પછી વસ્ત્રનો એક છેડો હાથમાં રાખી બાકીનો ભાગ બીજે છેડેથી ગળા દ્વારા ધીમે ધીમે પેટમાં ઉતારી જવો. પછી ધૌતિ કરી અને નહોરને કેરવવા. આ વેળા બહારનો છેડો દાંત અને હોઠથી સારી રીતે પકડી રાખવો. સાર પછી મોઢાને ઊઘાડી બહારને છેડેથી તે ધોતિને બંને હાથથી પકડી ઉપસ્થિત્રિયની એક બાજુથી ધીમે ધીમે બહાર ખેંચી કાઢવો ને તેમાં વળગેલા કાદવ મળને પાણીમાં ધોઈ નાખવો. આ ક્રિયા કરવાથી પેટમાંના કાદવ મળ દૂર થવી અને ગુલ્મ, જ્વર, પ્લીહા, ઊપરસ, શ્વાસ ને કુષ્ઠાદિ વીસ પ્રકારના રોગ દૂર થવી.

વસ્ત્રધારણ [સં.] ન. લૂગડાં પહેરવાં તે.

વસ્ત્રનિર્ણેજક પું. ધોબી.

વસ્ત્રનિર્માણ [સં.] ન. વસ્ત્ર બનાવવા તે.

વસ્ત્રનિર્માણકળા સ્ત્રી. એક પ્રકારની કળા; વસ્ત્ર બનાવવાની કળા; કાપડ બનાવવાની કળા. આ કળામાં (૧) અરજોબી, (૨) કસીદા, (૩) કલમકારી, (૪) ગિલ્ટ વર્ક, (૫) જરદોસી, (૬) જામા, (૭) જરદોજી, (૮) બંધેજ, (૯) ચિનાઈ, (૧૦) રેશમી, (૧૧) તારતોડી, (૧૨) સહેરિયાર્ક, (૧૩) સેતની, (૧૪) સુકેશી, (૧૫) ગંઢા, (૧૬) ચિનાવટ આદિ મુખ્ય હતી. એમાં પણ ચિનાવટ સંબંધી ઘણા પ્રકારના ભેદ હતા. રાજા મહારાજાઓ તથા અમીર ઉમરાવોના પોષાકમાં ચિનાવટનું કામ પ્રત્યેક ઋતુ તથા અવસરનાં જુદાં જુદાં વસ્ત્રોમાં ભિન્ન ભિન્ન પ્રકારનું ચતું હતું

વસ્ત્રનિર્માણી સ્ત્રી. કાપડની મિલ

વસ્ત્રપ ૧ [સં.] પું (પુરાણ) એ નામે એક તીર્થસ્થાન પુરાણોમાં તેનું નામ વસ્ત્રાપથક્ષેત્ર છે તે દ્વારકાનો શિખર છે.

૨ પું. રેશમ, ઊન તથા અન્ય પ્રકારના વસ્ત્રોને ઓળખનાર તથા તેના ભાવ વગેરેની માહિતી રાખનાર અમલદાર.

વસ્ત્રપરિધાન [સં. વસ્ત્ર + પરિધાન] ન કપડા પહેરવાં તે; પોષાક પહેરવો તે.

વસ્ત્રપાણિ પું રઘુવંશમાં થયેલ એ નામનો રાજા રામનો દીકરો લવ, લવનો પદ્મ, પદ્મનો ઋતુપર્ણ અને ઋતુપર્ણનો પુત્ર વસ્ત્રપાણિ છે

વસ્ત્રપ્રાવરણ [સં. વસ્ત્ર + પ્રાવરણ (પહેરવું તે)] ન. કપડાલત્તાં; પહેરવાનાં કપડાં.

વસ્ત્રબયન [સં.] ન. તંબૂ

વસ્ત્રબંગ [સં.] પું. કપડાની કરચલી; પાટલી; ચીલ્ડ; કરમિકા.

વસ્ત્રબંધનિ [સં.] સ્ત્રી. કટ, ઇજાર, રેશમ વગેરે.

વસ્ત્રરહિત [સં] વિ. નવસ્ત્ર; નાગું.

વસ્ત્રરંજક [સં] વિ. કપડાં રંગનાર.

વસ્ત્રરંજન [સં.] પું. કસુંબો.

વસ્ત્રલોચન [સં. વસ્ત્ર + લુચ્ (તૂટવું)] ન. ચોરી, લૂગડાં વગેરે સીવી ચોરાઈ કે તૂંટાઈ જવું તે; પોશાક સહિત લૂંટ; વસ્ત્રની તૂટ

વસ્ત્રલોચન કરવા = કોઈનાં વસ્ત્ર વગેરે લૂંટી લેવાં, કોઈના લૂગડાંવતાં ચાલ્યાં નાસી જવું.

વસ્ત્રવણિક [સં.] પું. કપડાનો વેપારી

વસ્ત્રવિધિ [સં.] સ્ત્રી. કપડાં સીવવાં, ધોવાં અને પહેરવાની કળા..

વસ્ત્રસંકોચન રોગ પું. (જૈન) સામાયિકમાં લાગતા પ્રમાદના બાર આંહેનો એ નામનો એક દોષ. ટાઢ વગેરેની બીકથી વસ્ત્ર સંકોચી શરીર ઢાંકવાથી લાગતો દોષ.

વસ્ત્રસેવા [સં] સ્ત્રી. ઠાકોરજીના વસ્ત્રોની સેવા

વસ્ત્રસ્વાવલંબન ૧. ન. કપડાં માટે પોતાના દેહ ઉપર આધાર રાખવો તે.

૨ [સં.] ન. વસ્ત્રની બાબતમાં સ્વાવલંબન; જાતે કાંતી, વણી પોતાનાં કપડાની જરૂર પૂરી કરી લેવી તે.

વસ્ત્રહરણ [સં.] ન. વસ્ત્ર હરણ કરવાની ક્રિયા.

વસ્ત્રહીન [સં.] વિ. વસ્ત્ર વિનાનું

વસ્ત્રહીનતા સ્ત્રી. પહેરવા માટે પૂરા કપડાં પણ ન હોય તેવી સ્થિતિ

વસ્ત્રા ૧. પું. અસ્ત્રો

૨ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, બે જગણ અને ગગણ મળી બાર વર્ણ હોય છે.

ભા જ જ ગ થી બનતો છંદ વસ્ત્રા. રણછોડ

૩. [સં.] સ્ત્રી. ચામર રજ્જુ.

૪. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

વસ્ત્રાપથ જુઓ વસ્ત્રાપથક્ષેત્ર.

વસ્ત્રાપથક્ષેત્ર ન. ગિરનાર ઉપરનાં જુદા જુદાં પવિત્ર સ્થળો. આ નામ સમયે ગિરનાર મહાત્મ્યમાં એક આખ્યાયિકા છે. એક વખત શંકર અને પાર્વતી કૈલાસ પર બેઠાં હતા. ત્યાં વિષ્ણુ ભગવાને શંકર ભગવાનને વિનતિ કરી કે, તેઓ સહેલાઈથી પ્રસન્ન થઈ દૈત્યોને વરદાન આપતા હોવાથી પોતાને જગતનું રક્ષણ કરવામાં મુશ્કેલી પડે છે. આ સાંભળી શંકર ભગવાન મુગ્ધ થઈ કૈલાસ ઉપરથી ચાલી નીકળ્યા અને પવંતીજી તથા અન્ય દેવો તેમની સોબતમાં નીકળ્યા. ગિરનાર ઉપરના એક રમણે આવી શંકર ભગવાને પોતાનાં વસ્ત્રો ફેંકી દીધાં તથા અદૃશ્ય થઈ ગયા. દેવો સાથે પાર્વતીજી ત્યે પછી આ રમણે સોબતમાં આવી પહોંચ્યા. પાર્વતીજી ગિરનારના શિખર ઉપર આસન જઈ શિવની સ્તુતિ કરવા લાગ્યા તેથી પ્રસન્ન થઈ શંકર ભગવાને દેખી શકાય તેવું સ્વરૂપ ધારણ કર્યું. દેવોએ તેમને કૈલાસ ઉપર પાછા ફરવા વિનંતિ કરી. પાર્વતી, દેવો તથા ઋષિ તે સ્થળ એટલે કે વસ્ત્રાપથક્ષેત્રમાં કાયમ રહે તે કારણે શિવે તે વિનંતિ માન્ય રાખી. શિવ અને પાર્વતીએ પોતાનો અંશ ત્યાં રાખી વિદાય લીધી. તે સમયથી ભગવાન વિષ્ણુ ત્યાં નિવાસ કરે છે અને પાર્વતી એટલે કે અંબાજીનું મંદિર પણ શિખર ઉપર છે. આ પ્રમાણે જે ક્ષેત્રમાં શિવે વસ્ત્રો ફેંકી દીધાં હતા તેને વસ્ત્રાપથક્ષેત્ર કહેવામાં આવે છે

વસ્ત્રાભૂષણ ૧. [સં. વસ્ત્ર + આભૂષણ] ન. કપડા તથા અલંકારો; વસ્ત્રો અને આભૂષણો

૨. ન. ઘરેણાં અને કપડાં પહેરવા તે; ઘરેણાં અને કપડા વડે શરીરને શણગારવું તે.

વસ્ત્રાલંકાર જુઓ વસ્ત્રાભૂષણ.

વસ્ત્રાવાસ જુઓ વસ્ત્રગૃહ

વરન ૧ [સં] ન. કીમત; મૂલ્ય
૨ ન. ચામડી.
૩. ન ચીજ
૪ ન ઢાલ; વકચલ.
૫. ન. ધન; દોલત.
૬ ન. પગાર, મજૂરી.
૭. ન. મૃત્યુ.
૮. ન વજન.
૯. ન. વાસ; રહેઠાણ.

વરેડ [અ] પુ ગુલ્લ

વરેલ ૧ [અ.] પુ દેવ; અર્હંત.
૨. પુ મેળાપ; મુલાકાત; મિલન.
૩ પુ મૈથુન; સંભોગ
૪. પું સમય
૫. પું. સયોગ; ભેટાણું; સમાગમ.
૬ ન. મૃત્યુ.

વરેલો જુઓ વરલા

વરેાંહસારા ૧. સ્ત્રી દક્ષપુરી.
૨. સ્ત્રી કુબેરપુરી
૩ સ્ત્રી અમરા
૪ [સ.] સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી; હાલ નામની નદી.
૫. સ્ત્રી સાત મંઢેની આકાશગંગાની એક પારનુ નામ.

વહ ૧. અ ક્રિ જન્મ થવો.
૨. અ ક્રિ ટેકો આપવો; ટકાવી રાખવું.
૩. અ ક્રિ. ની પ્રત્યે નજર કરવી
૪. અ. ક્રિ. ની સાસિકી ભેળવવી
૫. અ ક્રિ. ની સભાળ રાખવી.
૬ અ. ક્રિ. પવનનું વાવુ
૭. અ ક્રિ પાણીનું વહેવુ. તે ઉપરથી બનેલા શબ્દો; વહન, વહાણ, વહેણ, પ્રવાહ, પ્રવહી વગેરે.
૮. [સ.] સ. ક્રિ. (ધાતુ) ભરી જવુ; ઊંચકવુ; લઈ જવુ
૯ સ ક્રિ. અર્પવું.
૧૦. સ ક્રિ. દૂર લઈ જવુ.
૧૧ સ. ક્રિ. દોરવુ.
૧૨ સ ક્રિ બતાવવુ, દર્શાવવુ
૧૩. સ. ક્રિ. જારી રાખવુ.
૧૪ સ ક્રિ લાવવુ.
૧૫. અ ક્રિ સહન કરવુ, અનુભવ કરવો; ખમવુ
૧૬. સ. ક્રિ. ઠરણ કરવુ.

વહ ૧ [સ.] પુ. બોડો.
૨. પુ બગડતી આંખ.
૩ પુ. બાહુ, ભુજા.
૪. પુ માર્ગ, રસ્તો.
૫. પું લઈ જવું તે.
૬. પું વાયુ.
૭ પુ વાહન
૮. ન. એક જાતનુ ધનમાપ.
૨૦ દ્રોણ = ૧ કુભ
૧૦ કુભ = ૧ વહ.
૯. ન મરેસ ટોચમાંથી નીકળતી ચરબી; ચરબીનું વી.
૧૦ ન. મોટી નદી; નદ.
૧૧ વિ વહનાર, લઈ જનાર; વાહક

વહટી સ્ત્રી પ્રપાત, સમાધાની, વિષ્ટિ
વાધા વહટી = વાંધો અને સમાધાની.

વહન ૧ [સ] પું બળદ
૨. પું માર્ગ, રસ્તો.
૩. પુ. મુસાફર.
૪ (વહન) સ્ત્રી વસ્તુ, ચીજ.

વહનવાનું (વહનવાનું) [વહન (વસ્તુ) + વાનુ (ચીજ)] ન. ચીજ; વસ્તુ.

વહનિ ૧ [સ] પુ. પ્રપાત; મત્રો.
૨. પું. બળદ.
૩. પું. વાયુ.

વહની ૧. [સ] સ્ત્રી. નામ.
૨. સ્ત્રી. નદી.
૩ (વહનિ) સ્ત્રી વસ્તી.

વહરેવ (વહદેવ) પું. અગ્નિ; વહ્નિદેવ. સુરત તરફ દેવતા, અગ્નિ વગેરેને વહરેવ કહે છે.
વહરેવ મૂકવો = દેવતા મૂકવો

વહન ૧ [સ વહ્ (વહેવુ) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન અગ્નિ, દેવતા; આગ.
૨. ન ઠાણલેપ.
૩. ન ખેચીને કે માથે ઉપાડીને લઈ જવું તે.
૪ ન ચલાવવુ તે; નિભાવ કરવો તે.
૫. ન. ટેકો.
૬. ન. તરવાનું સાધન.
૭ ન ચાલલાના નવ માંહેનો સૌથી નીચનો આંક.
૮. ન. પશુઓને ખૂબ ભાર મારી હાંકવાં તે.
૯. ન. ક્ષોભ.
૧૦ ન વહેન, વહેણ, નદીનો પ્રવાહ; વહેવુ તે પાણીને માટે વપરાય છે.
૧૧. ન. વાહન; યાન.
૧૨. ન. બ્યસન.

વહનખરચ ન. હેલ; ખેંચામણુ; તબુમણુ; ઊંચકવાનુ ભાડુ

વહનશક્તિ સ્ત્રી ભાર ઉપાડવાની શક્તિ; લઈ જવાની શક્તિ.

વહનશીલ વિ પ્રવાહી; વહેનું; દ્રવ

વહનશીલતા ૧. સ્ત્રી દ્રવત્વ, પ્રવાહ. હોવાનો ગુણ
૨. સ્ત્રી લઈ જાય, દોરી જાય કે ફેલાવે એવી શક્તિ; ' કન્ડક્ટિવિટિ '.

વહમ ૧. [અ.] પું. કલ્પના; તર્ક
૨. પું. ખોટો ખયાલ
૩ પું ચિંતા.
૪ પુ ભ્રમ
૫. પુ વિચાર
૬ પુ. શક, વહેમ, શકા, સદેહ.

વહરું (વહરુ) ૧ વિ. અશુભમતું; અપ્રાપ્ત; અપ્રિય
મિથ્યા વાણી કુવિચારો ઉતાવળ પરિગ્રહ,
હલાનુ વહરું ૧૫ દુષ્કૃતિ ને અસહ્યતા.
પાપીગીતા
૨ વિ આકસ્મોલુ, વા
૩. વિ. નોઘારી; સાચવવુ મુશ્કેલ પડે તેવું.
૪ વિ બહુ ખોબરોલ કરનાર, બકબક કરનાર.
૫. વિ. ચારેતું કહેવુ

વહલ ૧ પું. કાદવ.
૨ [સ.] પુ વહાણ
૩. વિ. દઢ, મજબૂત; ગાઢ
૪ વિ બહુ, પુષ્કળ,

વહવહો (વહવહો) ૧. પુ. પસ્તાવો; અફસોસ.
૨. પુ. શકા; વહેમ.
૩. પુ. દોષ, ખચ્ચા

વહવાતી (વહવાતી) પુ. ખેતરમાં વાસો રહેનાર માણસ

વહવાનું અ. ક્રિ. ખેતરાનું; ઠમાનુ.

વહવું ૧. અ ક્રિ જવુ.
૨ અ. ક્રિ. પ્રવાહ રૂપે વહેવુ, વહી જવુ
૩. સ ક્રિ. અમીકૃત કરવુ.
૪. સ ક્રિ. નભાવવુ
૫. સ ક્રિ. પ્રતિકૂળ થવુ.
૬. [સ વહ્ (વહેવુ)] સ. ક્રિ. વહેવુ, વહન કરવુ.
૭. સ. ક્રિ. સ્વીકારવુ.
૮ સ ક્રિ દાયકામાંથી જવુ, કાયમ.થી જવુ.
વહા જવુ = વહી જવુ.
૯ (વહવું) વિ. વિકરાળ.

વહાણ ન જહાજ, ખારવાઓ, નાવ, બોડી હોડી; મબવો, નૌકા, તરણિ, તરી, નૌ, દરિયામા મુસાફરી કરવા માટેનુ મોટું સાધન, તેની જુદી

જુદી જાતો છે. જૂના વખતમાં ઉંટડીના દોઢો મોટા વહાણ બાંધનારા હતા. તેઓનાં વહાણો હલેસાં અને સઢથી ચાલતાં તથા ભૂમધ્ય અને રાતા સમુદ્રમાં ફરતાં ચીના અને હિંદુઓ બીજા દેશ માંથે વધેલા વેપાર માટે પણ વહાણ વાપરતા. ૧૬મા સૈકા પછી વહાણના આકારમાં ઘણો ફેર પડવા માંડ્યો. હીગે નામના ગાનને માટે આર્ફિમીડીઝે જે વહાણ બનાવ્યું હતું તે હાલના બાદશાહી વહાણોને ટક્કર મારે તેવું હતું. ૫૦ હજારી ભારકસો બંધાય તેટલું લાકડું તેમા વપરાયું હતું. અંદર ફરનારી બાયાને માટે મોટા ઓરડાઓ હતા. મીઠા પાણીની માછલીઓ નાખી નકવાને ટાંકીઓ હતી. તબેલાઓ, નહાવાના ઓરડાઓ, સૂવા બેસવાના પોતાને તેમ જ ફરનારીઓ માટે વિશાળ ઓરડા હતા. વળી દીનસેવને અર્પણ કરેલું દેવળ પણ હતું ઈ. સ ૧૮૦૨ સુધી ઇંગ્લંડને સારૂ વહાણ તે સડાયલ વહાણ હિંદુસ્તાનમાં બંધાતાં અને હિંદી વહાણ બાંધનાર પાસેથી ઇંગ્લંડ નકશા અને નમૂના ઊતરાવી લેતું. વહાણની ઘણી જાતો છે. જેમકે, (૧) બજ્જા (૨) પડાવ (૩) બત્તેલા (૪) દઢી અથવા બગલા (૫) દોની (૬) કોટીઓ (૭) ઢનેમારી (૮) ગંજે (૯) નાવડી અથવા કોડી (૧૦) બોખીલા આ બાબતની ૧૦ જાત ઉપરાંત બીજી ઘણી જાત થાય છે. જેમકે, (૧) વહલહર (૨) બેડી (૩) કોલ્હા (૪) વેગડા (૫) સિલ્હા (૬) આવત્તા (૭) ખુરપ વગેરે.

૧. બાપનું વહાણ અને બેસવાની તાણ = બધો ઠારભાર પોતાના હાથમાં હોવા છતાં લાભ ન મળવો.

૨. વહાણ ફમાવું = મોટો પરદેશી વેપાર બેઠવો; સારી કમાઈ કરવી; પુષ્કળ કમાવું; ફરિયાઈ વેપાર કરવો.

૩ વહાણ ફાટવું = કોઈ વસ્તુ કે માણસો ઘણા જથ્થામાં આવવા લાગવાં.

૪. વહાણ બાંધવું = વહાણ ભાડે કરવું.

૫. વહાણનો ક્રમઠો = અનબ્ધ આશ્રિત.

૬. વહાણમાં બેસવું = નાવ પક્ષમાં ભળવું; બીજા પક્ષમાં ભળવું

૭. વહાણે ચડવું = વહાણની સફર કરવી. ફરિયાઈ વેપાર કરવો; પરદેશમાં વેપાર કરવા જવું

વહાણઈ જી. પાવડી

વહાણખેડ (વહાણખેડ) જી. વહાણવટું. વહાણમાં બેસીને ફરિયાની બાંધી સફર કરવી તે; પાણી ઉપર વહાણને ચલાવવાની તથા પાણીમાં ફરી જવાએ તે છે તે જાણવાની વિદ્યા વરરુચિનો ક્રોમ કહે છે કે. વહાણખેડ ભૂમધ્યના ફિનિસ્યનો પાસેથી આરબ લોકો અને ત્યાંથી હિંદુ શીખ્યા છે. પણ ફિનિસ્યનો પોતે જ હિન્દમાંથી ત્યાં ગયેલા પણ એટલે હાલના વાહિયા લોકો હતા એમ મનાવા લાગ્યું આરબોને એ સિવાય કશુંજ નથી એ જાણવાથી તથા આપેલ શબ્દોનો અભ્યાસ કરવાથી આ દાવો જરા પણ ટકી શકતો નથી એટલું જ નહિ પણ આપણી વહાણખેડ સ્વયંભૂ છે એમ માનવાને કારણ મળે છે વેદકાળમાં આ બાબતે દ્વીપસમૂહ હતો ને હિવસે પણ વહાણખેડ સારી રીતે પ્રચલિત હતી અને દરિયામાં ફરતાં વહાણોને મદદ કરવા માટે દરિયાઈ રખોપિયા પણ રાખવામાં આવતા. નૂહોવ જૂનત જ્યારે દરિયામાં પોતાના વહાણ સાથે ફુલનો હતો ત્યારે આંધ્રભૃત્યોએ તેને બચાવ્યો એવી વાત ઋગ્વેદમાં છે. કુમારો આવી રીતે સર્વને મદદ કરતા. તેમનું વહાણ ૬ માટવાળું અને ૧૦૦ હલેસાવાળું હતું આથી સિદ્ધ થાય છે કે, ભારતની વહાણખેડની પ્રવૃત્તિ ખૂબ જ જૂની છે અને બંદરોમાં તો ખૂબ મોટા વહાણો દરિયો ખેડી રહ્યાં હતાં

વહાણખેડુ (વહણખેડુ) જિ. વહાણવટું કરનાર; બલાસી; વહાણવટી; વહાણને ખેડનાર; વહાણ ચલાવનાર

વહાણબંધો જિ. પું. વહાણ બાંધવાનું કામ કરનાર.

વહાણવટી ૧. [વહાણ + વટી (કરનાર)] પું. મોટો દરિયાઈ વેપારી; વહાણ ખેડનારો; વહાણોથી દેશ પરદેશનો વેપાર ખેડનાર; મોટા જથ્થામાં માલ વહાણમાં લાદી વેચનાર; વહાણ ભરીને દરિયો ખેડનારો; વહાણ રાખી તે વડે વેપાર ખેડનાર; વહાણો ભરી માલ લાવવાનો ધંધો કરનાર માણસ.

૨. પું. વહાણ રાખનાર અને ચલાવનાર; વહાણનો માલિક કે ઉપરી

૩. પું. સુકાની; નાવિક; ખારવો; બલાસી.

વહાણવટીઅલ પું. વહાણવાળો; કાફલાવાળો

વહાણવટું ૧. ન. દરિયાઈ મુસાફરી; જળયાત્રા; સફર; સમુદ્રયાન.

૨. ન દરિયામાં વહાણ ફેરવવાં તે વેદકાળની આગતનું વહાણવટું ઉલ્લેખ પામતું આવ્યું છે. એ કાળમાં પણ લાંબે એટલે કે બીજરવાસીઓ માંથે આગતનો વહેવાર હતો અને આ વહેવાર આંબી આપનાર વહાણ હતું. એક આખ્યાન વહાણમાં વલ્લકીપુરનો રાજકુમાર વહાણો લઈને લંકા પહોંચ્યો હતો. અશોકનાં બે સંતાનો પુત્ર અને પુત્રી જાવતની સફર વહાણમાં બેસવા ગયેલ હતાં. મીસનો ઇતિહાસ નથી છે કે પોરસ ઉપર સિકંદરે ચઢાઈ કરી એ પછી સિકંદરને બેબીલોન પરિવારો પાછા ફરવા જરૂરના વાયેલા બલાસી માંથે કરાર કરવામાં આવેલ હતો. ઈ સ. પૂ. ૪૨૫માં એટલે બે હજાર વર્ષ પહેલાં ભારતના એક બૌદ્ધ સાધુએ દેવળ સંસ્કાર કેલાવવા સારુ જાવત યાત્રા બેડી હતી અને એમનો દેહ મીસની ધરતી ઉપર દટાઈ પડ્યો હતો એવી-જ્યાં આ બૌદ્ધ સાધુની સમાધિ આજે પણ મોજૂદ છે. મુક્તેશ્વરરાવ આત્મારામે આજસુધીમાં લગભગ ૮૦ પુસ્તકો પ્રગટ કર્યાં છે. એમાંથી સાગરદ્વયાઓ એમેનું જ્ઞાન દીવાદાંડીની માફક ચળકતું છે.

૩. ન. વહાણ સાથે દરિયાઈ સફરો કરવા, કરાવવાનું અને માલની આયાત નિકાસ કરવાનું કામ કે ધંધો; વહાણો રાખીને દરિયાઈ વેપાર બેઠવો તે; વહાણ મારફતે થતો વેપાર; વહાણો દ્વારા ચલાવવામાં આવતો વ્યાપાર.

વહાણવિદ્યા સ્ત્રી. નાવ ચલાવવાની કળા.

વહાણવિયું ન. વહાણને તળિયે બાઝતી છીપ.

વહાણું ન. પરોઢિયું; પ્રભાત; મળસકું; પ્રાતઃકાળ; ઉષાકાળ; સવાર.

૧. વહાણાં વહી જવાં = ઠેઠબાર વહાડા પસાર થઈ જવા; ઘણા દિવસ થઈ જવા.

૨. વહાણું વાવું = પ્રાતઃકાળ થવો; સવાર થવી

વહાણેલું જુઓ વહાણું.

વહાબ પું એ નામનો એક આરબ સુધારક શેખ અબ્દુલ વહાબ.

વહાબી ૧. પું. શેખ અબ્દુલ વહાબનો અનુયાયી. ૨ પું. શેખ અબ્દુલ વહાબે ચલાવેલો મુસલમાની સંપ્રદાય.

૩. સ્ત્રી. એ નામના ઇસ્લામી ધર્મને માનનારી જાત

વહાર ૧ [પ્રા. વાહર (આકૃષ્ટ કરવું] પુ. સિરિમજ એટલે રાજગૃહ પાસેના પાંચ મ હેનો એક પહાડ.

૨ [દિ.] પું. તકલા અથવા વરસાદથી રક્ષણ કરવા માટે અથવા સ્ત્રીઓને ગુપ્ત રહેવા પાટે ગાડી, મિયાનો, પાલખી વગેરેના પડદો.

૩. સ્ત્રી. દાદ ફરિયાદ; પોકાર; મદદ માટેની અરજ

૪. [સં. બ્યાહ (મદદ માટે બોલાવવું)] સ્ત્રી મદદ; સહાય; કુમક, ઉપરાણું; સહાયતા.

૧. વહાર કરવી = જઈને મદદ કરવી.

૨. વહાર તેની બાઈ = ખણી ઊઠીને જોર તેને રાજ થાય કરે [રાજ થઈને લૂટી લે,

તો રૈવત કોની આગળ જઈ કહે? રક્ષક થઈને ભક્ષક થાય, તે દુઃખ કોની આગળ કહેવાય?

૩ વહારે આવવું = આવીને મદદ કરવી.

વહારકૂ પું. ગામના સીમદીના માણસો મદદે જાય તે.

વહારાંખોર વિ વારે વારે વહાર આવે એવું

વહાર્યું ૧. ન. મનનું વળવું; વેગ; ધૂન

૨. ન., ક્રિ. ૨૯.

૧. વહારે આવવું = ૨૯ પહોંચી; વગુ આવવું.

૨. વહારે ચડવું = કોઈ ચડવું; ૨૯ કરવી

વહાલ ન પ્રેમ; માયા; સ્નેહ; પ્રીતિ; હેત, પ્યાર; ઉમળકો

૧. વહાલ આવવું = પ્રેમ ઉભરાવો

૨. વહાલ કરવું = પ્રેમ કરવો.

વહાલકું (વહાલકું) વિ. પું. વહાલું; પ્યારું.

વહાલપ ન. વહાલપણું; પ્રેમ, વહાલ વહાલપણ, પ્રેમમયપણું; માયાળુપણું

વહાલપણ ન. માયા; હેત; પ્રીતિ; આસક્તિ; પ્રેમ; વહાલપ; માયાળુપણું

વહાલપણું જુઓ વહાલપણ

વહાલમ પું. ધણી; પ્રિયતમ; પતિ.

વહાલમજી જુઓ વહાલમ.

વહાલસોયું વિ. વહાલ ઊપજે એવું; ઉમળકો આવે તેવું; લાડકું; પ્રિય; પ્યારું; હેતાળ; વહાલમાં ઊછરેલું; લાડકવાયું.

વહાલાખાયું વિ. જે વરસમાં વહાલાં બાળકો કે વહાલી વસ્તુઓ પેટ નિર્વાહ માટે વેચવાં પડે એવું; અત્યંત દુકાળિયું.

વહાલાખાવંદ ન. પારસી ઓમોમાં પતિને માટે સભ્યતામાં વપરાતો માનવાચક શબ્દ.

વહાલાવેસું ૧. વિ પોતાના માણસોનું ભલું ઇચ્છનાર

૨ વિ વહાલું; માનીતું.

વહાલાં પું. ન. ન. સ્નેહીજનો.

વહાલી સ્ત્રી. પ્રિયા; પ્રિયતમા; વલ્લભા.

વહાલીડું (વહાલીડું) જુઓ વહાલું

વહાલું ૧. વિ. મનગમતું; પસંદ; જીવને આનંદ આપે એવું, મનમાં હરખ આણે એવું.

૨. [સં. વલ્લભ] વિ. લાડકું; પ્રિય; પ્યારું

૩. વિ. હેત ઊપજે એવું; સ્નેહ કે ઉમળકો આપે એવું; પ્રેમપાત્ર; વલ્લભ.

વહાલામા વટાણા નહિ = મિત્રમાં ભેદ ન જોઈએ; મન માન્યું ત્યાં જાત કોણ જોવા.

વહાલેરું જુઓ વહાલું

વહાલેશરી ન. જાતું કુટુંબનાનો, વહાલ કરનારો, વહાલ રાખનારો, હિતચિંતક; હિતેચ્છુ

વહાલો પું. પ્રિયતમ; પતિ

વહાલાવહાલી ન. ન. ન આદર કે માન.

વહાવવું ૧. સ. ક્રિ. આડે માર્ગે દોરાવવું

૨. સ. ક્રિ. ચલાવવું

૩ સ ક્રિ. ગેરમાર્ગે દોરવું

૪. સ ક્રિ. ભોગમજારી લેવરાવવી; ભોગમજારી મજૂરી લેવી.

૫ [સં. વાહ] સ. ક્રિ ભાર લેવડાવી જવો.

૬. સ. ક્રિ વહે એમ કરવું

વહાવું ૧. અ ક્રિ. ઉમામ;

૨. અ. ક્રિ. ખેંચાવું

૩. અ. ક્રિ. ઉતરાવું; વહેવાનું; ઢળાવું.

૪. અ. ક્રિ. ઝળવું.

૫. સ. ક્રિ. આશા આપી મન મનાવવું.

૬. સ ક્રિ. ઉડાવવું

૭ સ ક્રિ. જવાબદારી ઉઠાવવી.

૮. સ. ક્રિ. ખોળવું

૯. સ. ક્રિ. પહોંચવું; પોતાનું કામ કઢાવી લેવા પુરતાયો સમજાવવું.

૧૦. સ. ક્રિ. બોલ્યે સહેવો

૧૧. સ ક્રિ વાવું

વહાં [હિ.] અ ત્યાં, તે ઠેકાણે

વહિત્ર [હિ] ન. વહાણ

વહિત્રદ્વિચક્ર ન. બે પૈડાવાળી મોટર સાઈકલ.

વહિત્રયાન ન. ગાડી શકે કે વહી શકે તે; વાહન

વહિત્રરથ પું. મોટરગાડી.

વહિર્વલિ પું. (પિતૃ) એ નામે ઓક સમવૃત્ત વર્ણસમ છંદ. આ છંદ ઉષ્ણિક છંદનો ઓક ભેદ છે. તેમા બે જગણ અને ઓક ગુરુ મળી સાત વર્ણ હોય છે

વહિર્વલિ ન ज ज ગ. વર્ણપિંગળ

વહિવંતુ ન. (જૂ. ગુ) તરત; જલદી.

રાજરાજ વહિવંતુ ચાપરિવ, વહિર દાપિ ડાનાયક કરિહ. ગ્રામ્યવસમય

વહિરત ૧. [સં. અહિસ્ત ન. સ્વર્ગ.

૨. [અવ. ભેહ (સારું)નું ઐકતાદર્શક રૂપ] વિ. સારી સારુ.

વહિરતોવિરત પું. (અવસ્થા) જરથોસ્તી વર્ષને અંત આવતા પાંચ માધાના દિવસોમાં છેલ્લો દિવસ, જરથોસ્તી વર્ષનો છેલ્લો દિવસ

વહી ૧. સ્ત્રી ખુદાનો, પૈગમ્બરને પહોંચાડવામાં આવતો સંદેશો, ઈશ્વરનો સંદેશ.

ભીમ આવ સમજને મનમાય જમારી વહી બોલા જમમાય નરસિંહ

૨. સ્ત્રી ચોપડી જોરી કે લખેલી બનેને માટે વપરાય છે. જેમકે આનાવહી, ખાજાવહી વગેરે.

૩ [ન.] સ્ત્રી કેરી અનાજ

૪. સ્ત્રી પેરીનો પુ, વહાવણી; પાછલો ઇતિહાસ; પૂર્વવૃત્તાંત.

૫. સ્ત્રી. પ્રગટ થવું તે

વહી નારણ = પ્રગટ થવું

૬. સ્ત્રી કામકાજની ચોપડી, હિસાબનામાની ચોપડી, ડાયરી

૭. સ્ત્રી. વહાવણીની ચોપડી.

તેઓની વહી અને દસ્તાવેજ ભણીશું ત્યારે અમારે નથી અટકળ કરી રાખવું. નર્મદાશંકર

વહી વાચવી = (૧) જૂના બનાવો વર્ણવવા. (૨) નિંદા કરવી; જૂના દોષ કાઢીને કહેવા. (૩) વહાવણીની ચોપડી વાચવી.

૮. સ્ત્રી. વળી, ધૂન

વહી આવવી = (૧) ધૂન ચઢવી; વેળ આવવી. (૨) મૂર્છા કે તાપ આવવો

૯. ન. કાબર જાતનું સંવાસ કાળા રંગનું ટોળાબંધ રહેતું પક્ષી. તે ચાર માસ અનાજ અને જીનો વખત છવાત આપ છે તથા અક્ષર વગેરેને કોરી નાખે છે.

૧૦. [હિ.] સ. તે પોતે, તે જ.

વહીઅેલ વિ. મનગમતું કરેલ; ઉદ્દત થઈ ગયેલ; ઘમંડિત

વહીખા પું. (જૂ. ગુ) રાજાની વહી કે નિત્યનાધ લખનાર નોકર

વહીપૂજન સ્ત્રી. ચોપડાપૂજન; શારદાપૂજન; પુસ્તકની પૂજા કરવા તે; દિવાળીને દિવસે કરાતું ચોપડાઓનું પૂજન.

વહીપૂજન જુઓ વહીપૂજન.

વહીવટ ૧. પું. કડાકૂટ; માથાકૂટ; ઉપાધિ.

૨. પું. કામકાજ

૩ પું. કારભાર; વ્યવસ્થા; વ્યવસ્થા

૧. વહીવટ કરવો–ચલાવવો = કારભાર કરવો

૨. વહીવટ ખોવો = અવ્યવસ્થિત તરીકે દરજ્જો ગુમાવવો.

૩ વહીવટ ચલાવવો = વેપાર રોજગાર ખીલવવો

૪. પું. જનસી અને નગદીની બાબત ખેડૂત તથા ગ્રાહક વરતી પતાવવાં લેવી તે.

૫. પું પ્રપંચ; કાવાદાવા, ભાગબટ.

૬ પુ પ્રસંગ
૭ પું. ભોમચટો; આવતો આકાર.
૮. પુ. બજવણ.પૂર્વક કામ કરવું કે ચલાવવું તે; લેવડદેવડનું નામું વહી રાખીને કરવું તે
૯ પું સિરસ્તો; રવૈયો. પદ્ધતિ.
૧૦. પું. સંબંધ. લેવડદેવડ.

વહીવટદાર ૧. પું. તાલુકાનો મુખ્ય અમલદાર-મામલતદાર.
૨. પુ. દીવાનનું વજીર; પ્રધાન.
૩ પું મહેસૂલ ઉઘરાવનાર અમલદાર
૪. પું. વહીવટ કરનાર કારભારી; બજવણીથી કામ ચલાવનાર અમલદાર; કારભાર કરનાર માણસ.

વહીવટદારી ૧. સ્ત્રી. મહેસૂલ ઉઘરાવનારનું કામ કે ઓદ્દો
૨. સ્ત્રી. વહીવટદારનું કામ કે ઓદ્દો
૩. સ્ત્રી. બજવણીથી કામ ચલાવવું તે.

વહીવટી વિ. વહીવટને લગતું

વહીવંચો પું. અન્નદાતાનું પેઢીનામું રાખનાર ભાટ; રજપૂત, બારોટિયા અને જમીનદારોની વંશાવળી રાખનાર અને તેમનાં પૂર્વજોનાં પરાક્રમોની નોંધો વાંચી આજીવિકા ઉપજાવી લેનાર ચારણ; વહી વાચવાવાળો બારોટ

વહીવાહક પું. પ્રાચીન સમયમાં એ નામે એક અધિકારી.

વહુ ૧. [સં. વધૂ] સ્ત્રી. દીકરાની સ્ત્રી; પુત્રવધૂ
૧. વહુ તેડવી = દીકરાની સ્ત્રીને સાસરે લાવવી કે બોલાવવી.
૨. વહુ આવે તે દહાડાં ને સાસુ જાય તે દીકરાં = જેવી સાસુ ન અને તેનો દોષ દેખાય.
૩. વહુની રીસ અને સાસુનો સંતોષ = બીજાને બીજવીને પોતાનું કામ કાઢી લેવું.
૨. સ્ત્રી. પત્ની; ધણિયાણી; બૈરી; ભાર્યા; સ્ત્રી; દારા; ગૃહિણી; પ્રિયા; કાંતા; અર્ધાંગના; ભાર્યા. મુદ્દે સાત પ્રકારની વહુઓ વર્ણવી છે જે અનુસાર: (૧) વહુ ખૂની બની શકે છે, (૨) વહુ ચોર બની શકે છે, (૩) પતિ ઉપર સોટો ચલાવી શકે છે, (૪) માતા સરખી માયાળુ હોય છે, (૫) પતિ પ્રત્યે બહેન જેવી અનુકંપા અનુભવે છે, (૬) પતિની એક મિત્ર બની રહે છે અને (૭) વહુ દાસત્વ કુટુંબ હોય છે.
૧. નવી વહુ નવ દહાડા = થોડા દિવસની મજા; ચાર દિનની ચાંદની
૨. વહુ કરવી = બૈરી કરવી; પરણવું
૩ વહુ જે ઘરમાં નીચા રખાય - કેમ કે તે જે ઘરમાં આવે ઓળખાય.
૪ વહુને પણ વહાલી છે = સૌ પોતાની ચીજ સારી છે
૩ સ્ત્રી. પરણનાર કન્યા
વરવહુ = મુહૂર્તિયો અને કન્યા
૪. સ્ત્રી. પરણીને સાસરે આવેલી જુવાન સ્ત્રી. સાસરિયામાં કે મોસાળના ગામમાં પરણીને સાસરે આવેલી જુવાન સ્ત્રીને વહુ કહીને બોલાવાય છે
૫. સ્ત્રી જેનાં લગ્ન થયાં હોય તે સ્ત્રી

વહુઆર જુઓ વહુવાર.

વહુંવહું વિ. વહુ પાછળ ગાંડા ...

વહૂજીમહારાજ સ્ત્રી. વૈષ્ણવ મહારાજની પત્ની કે વહુ;

વહૂમુખું વિ વહુનું ધર્મ પ્રમેયું જેનો કુદરત ... પ્રમાણે માલમ ...

વહૂર સ્ત્રી જુવાન વહુ; નવોઢા સ્ત્રી

વહેરુ [સં.] સ્ત્રી ૧. ૨. ઓળો. વહુ-અક્ષરવનાર્યે કર્યું છે. તેમાં અક્ષરાર્થે ૨ વર્ણાયનુસ્વર છે અને બે અક્ષરવનનો બહુવ્રીહિ પ્રયોગ છે

વહુવર ૧. સ્ત્રી જુવાન કે નવોઢા સ્ત્રી; વહુવા વહાલથી વહુને વર સાથે જોડીને બોલાવાનો ચાલ છે
૨. ન. લગ્નનો વરઘોડો
૩ ન. વર અને કન્યા, વહુ અને વર; ધણીધણિયાણી; નવું પરણેલ જોડું

વહુવાર જુઓ વહુવાર.

વહુવારી જુઓ વહુવારુ

વહુવારુ સ્ત્રી. વહુવર; જુવાન કે માનીતી વહુ. વહુવારુ વહુવારુ.

વહેણ [સં. વહન] ન પ્રવાહ; વહેળો; રેલો; વહન

વહેતિયાણ વિ. વહેતું

વહેનીસર ૧ સ્ત્રી આણું આવક
૨ સ્ત્રી. વાંઝણી બનવાની બની સ્ત્રીની સ્થિતિ.
૩ વિ આણું કે આવક જ કરનું હોય તેવું.

વહેન જુઓ વહેણ

વહેમ ૧. [અ વહમ] પું. અનિષ્ટ ભય; ખરું ખોટું
૧ વહેમ ...વવો અને રહેવો-રાખવો-લાવવો = શંકા થવી.
૨. વહેમનું ભૂત ...ાડ્યું = બાધા જ વહેમી માણસ.
૩. વહેમમાં પડવું = વહેમાવું; શંકા થવી.
૨. પું. ભ્રમ; ભ્રાંતિ; ખોટી માન્યતા; ખોટી કલ્પના; અજ્ઞાનને લીધે ખરું માની લેવું

વહેમણ સ્ત્રી. વહેમ કરનારી સ્ત્રી; વહેમી સ્ત્રી

વહેમવું અ ક્રિ વહેમ આવો; વહેમ લાવવો; શંકાશીલ થવું; વહેમમાં પડવું.

વહેમાળું વિ વહેમવાળું; ભૂતપ્રેતની જેમાં બીક હોય તેવું.

વહેમી ૧. વિ. કાચા કાનનું.
૨ વિ. તરંગી; લહેરી
૩. વિ. શંકાશીલ; વહેમાય તેવું; અવિશ્વાસી; વહેમવાળું; વહેમથી ભરેલું.

વહેમીલું જુઓ વહેમી.

વહેર ૧. પું ચીરો; ફાટ.
૨ પું. વહેરતાં પડેલો ભૂકો.
વહેર દેવો-નૂકવો = બાકી મૂકવો; કરવતથી વહેરવું.

વહેરણ ૧. ન. વહેર; ચીર; ભૂકો.
૨. ન વહેરવાની ક્રિયા.
૩. ન વહેરવાનું ઓજાર; આડિયું; કરવત; આરી
૪ ન વહેરવાનું તે.
૫ ન વહેરવું તે.
૬ ન વહેરામણ; વહેરવાની મજૂરી.

વહેરણિયો ૧. ન. કરવત.
૨. વિ. આમખા ઘડને બોલવાની ટેવવાળું; બહેલા કે તેવું.

વહોરણિયો પું. વહેરનારો; લાકડાને કરવતથી વહેરીને ચીપો, પાટિયાં વગેરે પાડનારો; કરાર્ડ.

વહેરવું ૧. અ. ક્રિ. દુઃખ દેવું, રિબાવવું, સસરાએ વહુ દુઃખ દે વાહવું

૨ સ ક્રિ દાંતાવાળા ઓજારથી ઘસીને ધીરેધીરે લાકડાની ચીરો, પાટિયા વગેરે પાડવાની ક્રિયા કરવી, કરવત અથવા આડિયથી લાકડાને ચિરવું અથવા આડું કાપવું; લાકડાને ધીરેથી ઘસીને ઉંદવું. કરવત વડે કાપવું

વહેરાઈ ૧ સ્ત્રી. ગોઠ માતા કે દેવી; વરાઠો.

૨ સ્ત્રી. વહેરામણ; વહેરામણી; વહેરવાની મજૂરી

વહેરામણું અ. ક્રિ. ઠેતરવું.

વહેરામણ જુઓ વહેરાઈ ૨.

વહેરામણી જુઓ વહેરાઈ ૨.

વહેરી જુઓ વહેરાઈ ૧.

વહેરો જુઓ વહેરો આંતરો

વહેરો આંતરો પું ભેદ; તફાવત, ફેરફાર કે અંતર રાખવું તે; જુદાઈ; વેરોવઓ; અંતર્પટ; પડદો; ભિન્નભાવ; છેદ.

વહેરો ઘંચો જુઓ વહેરો આંતરો.

વહેલ ૧. સ્ત્રી. ગોઠ જાતની જૂના વખતની ગોળ છત્રીવાળી માડી; વેલ, માડો; સુંદર માડી; રથ; તાહન.

વહેલ કાઢવી = કૂતરાને સારુ ગોઠ ગામથી બીજે ગામ લાવવા, રોટલા વગેરે મોકલવાં.

૨. [સં. વહેલ] સ્ત્રી. ગોઠ મોટું જળચર પ્રાણી. જાત કટિબંધના સમુદ્રોમાં તે થાય છે. તેની ચરબીની ગોલબત્તી બને છે.

વહેલામોડું (વહેલામોડું) જુઓ વહેલુંમોડું.

વહેલું ૧. વિ. ઉતાવળું; ઝડપવાળું; મેગી; જલદી; સત્વર.

૨. અ. અમુક નિશ્ચિત વખત પહેલા

૧. વહેલા ઊઠીને ગાલ્યું જવું = કોઈને કહ્યા વગર, જે કંઈ કામમાં આવે તે લઈ ને અથવા માગવું હોય તેને આપ્યા વગર વહેલું ઊઠીને ચાલી જવું

૨. વહેલા થવું = જલદી કરવું; પાર લાવવો, ઉતાવળ કરવી

૩. વહેલું ખીલે-ફૂલે તે વહેલું કરમાય = જલ્દી ચડે તે વહેલું પડે

૪. વહેલું તે પહેલું, ભૂલે તે ચેલું = આગળ જાય તે છૂટે કે હારે.

૩. અ. જલદીથી; ઝડપથી; સત્વર; ત્વરાથી; ઝોટી વારમાં.

વહેલુંમોડું (વહેલુંમોડું) ૧. વિ. જરાક મોડું કે જરાક વહેલું; વખતસર નહિ તેવું; વહેલું કે મોડું.

૨ ક્રિ. અમે ત્યારે, અગરડે.

૩. અ વહેલું કે મોડું; એમ.

વહેલેરું જુઓ વહેલું

વહેવડામણ (વહેવડામણ) સ્ત્રી. વંચણી જવાની મજૂરી. તાણમણ, વહેવરામણ

વહેવડામણી (વહેવડામણું) જુઓ વહેવડામણ

વહેવડાવવું (વહેવડાવવું) ૧. સ. ક્રિ. વહેવવું, ઝમાવવું. ગટારથી છાસો બધ તેમ કરવું; ગાંત ગાટથી બાળકને બચાડવું.

૨. સ ક્રિ. માથે કે પીઠે ઉપડાવી લેવરાવવું, સ્વજન કરાવવું. ગોંધણી બધ તેમ કરવું, ઉપડાવવું, ઉપાડી દૂર લઈ જવા તેમ કરવું

૩ સ ક્રિ ગેલો ચાલે તેમ કરવું, રેલાવવું, નિયંત્રણ, નું, ધ.ન ચાલે તેમ કરવું. વહેવરાવવું

૧. આંસુ વહેવડાવવા = રડાવવું.

૨. ગાંઠો વહેવડાવવું = કાપીને ગોઠી બજાર કરવું

વહેવરામણ જુઓ વહેવડામણ

વહેવરામણી જુઓ વહેવડામણી

વહેવરાવવું જુઓ વહેવડાવવું

વહેવાર ૧ પું. આચાર; આચરણ

૨. પુ. આબરૂ; સાખ, ઇજ્જત

૩ પું. ઘરોબો; ગાઢ સંબંધ; ઘર જેવો સંબંધ. ઘરવટ; સગપણ.

૪. પું. ચાલ; રિવાજ; પ્રથા; રૂઢિ

૫. પું. દુનિયાદારીના સંબંધ કે કામકાજ.

વહેવારે બગાવવો-રાખવો = સંબંધ કે સંપર્ક ચાલુ રહે તેમ કરવું

૬. ધીરધાર કે લેવડદેવડ અને બીજાં કામકાજ કરવાનો આમબ્યવસાય સબંધ કે વહીવટ.

વહેવારે આપવું લેવું-લેવું દેવું = હિસાબ ચોકીનો અને અધિકૃત લાખની

૭. પું. વર્તણૂક; વર્તન.

વહેવારકુશળ વિ. વહેવારકુશળ.

વહેવારિક વિ. વહેવારને લગતું

વહેવારિકતા સ્ત્રી. ધીરધાર કે લેવડદેવડ; વહેવાર

વહેવારિયાવટ સ્ત્રી વહેવારીપણું.

વહેવારિયું ૧ વિ વ્યવહારને લગતું, વ્યવહાર સબંધી; વહેવારનું.

૨. વિ સામાન્ય

વહેવારિયો ૧. પું. લેવડદેવડમાં ચોખ્ખટવાળો માણસ; ચોખ્ખો વહીવટ રાખનાર માણસ.

૨. પુ વહેવારે ચાલનાર માણસ; વ્યવહાર સાચવનાર માણસ.

૩. પુ. વાણિયો.

૪. પું. વેપારી.

૫. પું. સાહુકાર

વહેવારી વિ. વહેવાર ચલાવનાર; વહેવારમાં હોશિયાર

વહેવારીપું વિ સંસારનું; વહેવારને શોભતું; એકદમ ઓછું કે ઊંચું કે એકદમ નીચું કે ઊતરતું નહિ પણ વચગાળાનું હોય તેવું; મધ્યમ; જેવી કામ ચાલે તેવું; કામ સરે તેવું

વહેવારુ ૧. વિ. વહેવારમાં આવી શકે તેવું; આચારમાં ઉતરી શકાય તેવું; વ્યવહારુ

૨. વિ. મધ્યમ; સાધારણ.

વહેવારુપણું વ્યવહારકુશળતા

વહેવું ૧. અ ક્રિ. જતું રહેવું; વીતવું; વીતી જવું. સમય થઈ જવો; પૂરું થવું; વહી જવું; ગુજરવું

૧. વહેતા થવું = ચાલતા થવું, રસ્તે પડવું.

૨. વહ્યું જવું = (૧) ચાલ્યું જવું. (૨) નીકળી તણાઈ જવું (૩) સમયનું પસાર થવું કે વીતવું.

૨. અ. ક્રિ. તણાઈ કે ધસડાઈ જવું; તણાવું; ખેંચાઈ જવું; ખરી કે સરી જવું

૩. અ ક્રિ. પ્રવાહે ચાલવું; પગે ચાલવું; રેલવું; પ્રવાહ રૂપે સરવું; રેલો ચાલવો.

૧. વહેતી ગંગા-સર = ચાલતી આમદાની કે રોજી

૨. વહેતી નીકે પગ ધોવો = ચાલતા ક્રમમાં ફરફાર કરવો, અમેળ કરવો; આવું પ્રવાહને જોડવો

૩. વહેતું મૂકવું = (૧) તણાતું મૂકવું. (૨) દૂર ખસેડી દેવું. (૩) ધ્યાન પર ન લેવું; રખડાવ્યા કરવું (૪) રખડતું મૂકવું. (૫) વહી જવા દેવું. (૬) સ્વચ્છંદે ચાલવા દેવું; અંકુશ નહિ રાખવો.

૪. અ ક્રિ. ખસેડવું; ઊભું કે બેસી રહેવું જવું; વહીવટ કે રીતરિવાજ બહાર જતા રહેવું; ઉદ્ધત થઈ જવું; કોઈ ને કાબૂમાં ન રહેવું; હદ બહાર જવું; મર્યાદા મૂકવું.

વહી ગયેલ = ઉદ્ધત.

૫. અ. ક્રિ. વંઠી જવું; કુળમાં પડવું; બરાબર ચાલતા બંધ થઈ જવું.

વહી જવું = (૧) જતું રહેવું. (૨) વહી જવું.

૬. [સં. વહ્] સ. ક્રિ. ઊંચકવું; ઉપાડવું; તાણવું.

૧. બોલે-ભાર વહેવો = (૧) કોઈનું ભર્યું ભોગવવું. (૨) ભેંચી જવું; ઊંચકી કે તાણી લઈ જવું. (૩) બોજો કે ભાર ઊંચકવો.

૬. સ ક્રિ. વેઠવું; સહન કરવું; સહેવું; ખમવું. માથે પડ્યું નિભાવવું; ચલાવવું.
દુઃખ વહેવું = દુઃખ સહન કરવું

વહેળિયું ન. પાણીનો નાનો ઝરો; નાનો વહેળો, નાળું; નાની નદી.

વહેળો ૧. પું. જ્યાં ઘઈને પાણી જતું હોય તે; ખોદાયેલી જમીન; વરસાદનો ખાડો.
૨. પું. વહેતા પાણીનો નાનો પ્રવાહ; નાની નદી. ઝરણું. ઝરો; પાણીનો રેલો કે વહેણ.

વહેંચણ જુઓ વહેંચણી.

વહેંચણપત્ર પું. વિભાગપત્ર; વહેંચણીનો લેખ.

વહેંચણી ૧. સ્ત્રી જે માલ ઉત્પન્ન થાય તેની આવક ખાજા, મહેનતાણું, નફો વગેરે રૂપમાં વહચાય તે.
૨. સ્ત્રી. નાનો હિસ્સો; ' ડિવિડંડ '.
૩. સ્ત્રી. વાંટણી, વહેચણી; બે અથવા વધારે સરખા ભાગ પાડવા તે; ભાટણી; વર્ગીકરણ. ભાગ; હિસ્સો; ફાળો, વાટો.

વહેંચવું ૧. સ. ક્રિ. પૈસા,ને બદલે વસ્તુ આપવી.
૨. સ. ક્રિ. ફાટફૂટ પૈસવો; મતભેદ પાડવો.
ગરાસ વહેંચવો = ભાગી પડવું; ભાગ કરવો; તકરાર કરવી.
૩. સ. ક્રિ. ભાટવું; ભાટણી કરવી; વેચી દેવું, દરેકને ભાગ પ્રમાણે આપવું.
૪. સ. ક્રિ. ભાગ કે હિસ્સા પાડવા; જુદું જુદું સરખે હિસ્સે જુદું જુદું કરી નાખવું; આખાને બે અથવા વધારે સરખે કકડે કે વિભાગે ભાગવું વાંટવું.

વહેંચાયેલ વિ. વિભક્ત.

વહેંચાવવું સ. ક્રિ. વહેંચાય તેમ કરવું; વહેંચણી કરાવવી.

વહેંચાવું ૧. અ. ક્રિ. જુદું થવું.
૨. અ. ક્રિ. તૂટ કે ફૂટ પડવી; ભાગવું.
૩. અ. ક્રિ. દોસ્તી કે સંબંધ તૂટવો, જુદા પડવું.
૪. અ. ક્રિ. ભાગ થવા.

વહો ૧. પું. નદીનો પ્રવાહ
૨. પું. પાણીનું વહન; પાણીની નીક; પાણીનો પ્રવાહ

વહોણ્ય ન. સીમમાંનો પાણીનો ખાડો.

વહોણું વ વગર વિના, વિહોણ, વિહીન, વગરનું

વહોરગત સ્ત્રી. ખરીદી

વહોરત ૧ સ્ત્રી. લેખમ.
૨ સ્ત્રી વહોરવામાં આવતું અન્ન વગેરે, ભિક્ષા; ભિક્ષામાં મળેલું તે.
૩. સ્ત્રી. વહોરવું કે માગવું તે.
૪ સ્ત્રી વેચાણ, ખરીદ; વેચાણ લેવું તે; ખરીદી; વહોરેલું તે

વહોરનિયો ૧ પું. માલ ખરીદનાર માણસ; ગ્રાહક; ઘરાક.
૨. પું. વહારનાર; ધનિ; શ્રીમંત

વહોરવું ૧. [સ ખવહૃ] સ ક્રિ. ખરીદ કરવું; વેચાતું લેવું
૨ સ ક્રિ નામી લાવવું; આણવું; લઈ જવું
૩. સ ક્રિ. મ.થે લેખમ લેવું.
૧ નિમ્મો વહોરવા ગઈ ત્યારથી ગઈ ગઈ સેવી.
૨ મ.થે વહોરવું – જવાબદારી મ.થે લેવી.
૪ સ ક્રિ ઘરમાં ઘેર-ઘરથી ભિક્ષા માગી લાવવી
વહોરવા જવું – જૈન સાધુઓનું અન્ન પાણી માટે ભિક્ષાવૃત્તિએ જવું.
૫. સ ક્રિ. સમજવું; ઓકું કરવું.
૬. સ. ક્રિ. સ્વીકારવું

વહોરા ૧. સ્ત્રી શિયા મુસલમાનની એ નામની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩ વિ. એ નામની જાતિનું

વહોરાવવું સ. ક્રિ. આપવું; જૈન સાધુ સાધ્વીને ભિક્ષા આપવી

વહોરાવાડ (વહોરવાડ) સ્ત્રી. વહોરાઓનો જનો.

વહોરાશાઈ વિ વહોરાનું; વહોરાની પદ્ધતિનું.

વહોરો પુ લોટિયો; શિયા મુસલમાનની એક જાતનો આદમી; ઠોગે.
વહોરાણું નાડું = સમજ્યા વગર લીધેલી વાત પકડી રાખવી તે.

વહોલિયું જુઓ વહોળિયું.

વહોળિયું ન. નાનો વહેળો; વહેંચિયું.

વહ્નિ ૧. [સ] પું અગ્નિ દેવતા
અગ્નિ, દેવનો બાંધવ વાસિષ્ઠ, ધર્મજ્ઞ, કૃપાદયોનિ, ... અનલવેદા, તનુનપાત, આઠ, ... ત્રણ, ... ત્રણ, ... ત્રણ

વહ્નિધૂમન્યાય [સં] પું (ન્યાય) જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ છે જ એવો ધુમાડા અને અગ્નિનો સબંધ જોયા [વ્યક્તિત્વ. જોવ તે ન્યાય. જેવી રીતે ધુમાડારૂપ કાર્ય દેખાને તેના કારણરૂપ અગ્નિનું જ્ઞાન થાય છે તેમ કાર્યદ્વારા કારણના અનુમાન માટે આ ન્યાય વપરાય છે.

વહ્નિનામ ૧. [સં.] પું. ચિત્રકવૃક્ષ.
૨. પું. ભિલામાનું ઝાડ.

વહ્નિની [સં.] સ્ત્રી. જટામાસી વનસ્પતિ.

વહ્નિનેત્ર [સં.] પુ. શિવ.

વહ્નિપુષ્પી સ્ત્રી. ધાવડીનો છોડ.

વહ્નિપ્રિયા સ્ત્રી. સ્વાહાના સોળ માંહેનું એક નામ. તેનાં સોળ નામ આ પ્રમાણે છે: સ્વાહા, વહ્નિપ્રિયા, વહ્નિજ્વા, સંતોષકારિણી, શક્તિદાત્રિ, શોભદાત્રી, પરિપાકકરી, ધ્રુવ, સર્વદાનરગતિ, દહિકા, જ્વલનક્ષમા, સંસાર, સારરૂપા, ઘોરઅંધારતારિણી, દેવજીવનરૂપ અને દેવપોષણકારિણી

વહ્નિબીજ ૧. [સં.] ન. ક્ષર.
૨. ન. તંત્રોક્ત રકાર.
૩. ન. ઘીળુ
૪. ન. સોનું

વહ્નિબોધ્ય [સં] ન. ઘી.

વહ્નિભારક [સં.] ન. પાણી.

વહ્નિમિત્ર [સં.] પું. પવન; વાયુ.

વહ્નિમિત્રા [સં.] સ્ત્રી. મુખ; મુસા; કુમુદિકા; કોવિદા.

વહ્નિમુખ [સં.] પું. દેવતા. યજ્ઞના અગ્નિમાં નાખેલો ભાગ દેવતાઓને પહોંચે છે તેથી તે વહ્નિમુખ કહેવાય છે.

વહ્નિમૂર્તિકા સ્ત્રી. અગ્નિમુદ્રા; ખડી, ખાખુની પોળી માટી, મીઠું, કોઠાનો ગટાડો એ બધાંને બેસણના દૂધમાં ખૂબ ઘૂંટીને બનાવેલ મૂર્તિકા. તેનાથી અભીલેપ કરીને પારદને પકાવ્યો હોય તો કયાંય ઊડી જઈ શકતો નથી.

વહ્નિરસ પું. (વૈદક) એ નામનું એક ઔષધ. તે શુદ્ધ પારદ ચાર ભાગ, શુદ્ધ ગંધક, હળદર અને ત્રિફળા એ દરેક ત્રણ ત્રણ ભાગ, સૂઠ, મરી, પીપર, દંતીમૂળ અને જીરું એ દરેક આઠ ભાગ એ બધાનું ચારીક ચૂર્ણ કરી તેમને અરણીના અને ભાંગરાના રસની ભાવના દઈ તેની ગોરંડિયા તેલમાં ગોળી કરાય છે. આ બનાવટ જલદર ઉપર બાગ ઉપયોગી છે. તે એક રતિથી એક વાલની માત્રામાં લેવાય છે.

વહ્નિરાભ સ્ત્રી. જીરું.

વહ્નિરેતા ૧. [સ. વહ્નિરેતસ] પું. અગ્નિ.
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. પું. શિવ
૪. ન. સોનું.

વહ્નિલોહ [સં.] ન. તાંબું

વહ્નિલોહક [સં.] ન. કાંસું.

વહ્નિવક્ત્રા સ્ત્રી. કંકિયારી કે કલિહારી નામનું વિષ

વહ્નિવધૂ ૧. [સ.] સ્ત્રી. અગ્નિની સ્ત્રી સ્વાહા.
૨. સ્ત્રી. સ્વાહામંત્ર

વહ્નિવર્ધ [સં.] ન. લાલ કમળ

વહ્નિવલ્લભ ૧. [સં.] પુ. લાખ.
૨. વિ. અગ્નિને વહાલું.

વહ્નિવાસિની [સં] સ્ત્રી. પંદર મહેની એ નામની પાંચમી તિથિ

વહ્નિશિખ ૧. [સં.] ન. કસ્તૂરી.
૨. ન. કપૂર.

વહ્નિશિખા ૧. સ્ત્રી. અગ્નિની શિખા.
૨. સ્ત્રી. એક પ્રકારનું ઝાડ; પ્રિયમ્રુ
૩. સ્ત્રી કંકિયારી નામનું વિષ.
૪. સ્ત્રી. મજબૂતપણા.
૫. સ્ત્રી ધાવડી

વહ્નિસખ ૧. [સં.] પું. કપૂર.
૨. પું વાયુ

વહ્નિસાર પું. (યોગ) સ્ત્રી. પેટાંનો એક પ્રકાર. મુખથી બાર બાર કલાક સુધી પાણી પીને પછી તેને ગુદા દ્વારા બહાર કાઢવું તેને વહ્નિસાર કહે છે.

વહ્નિસારઅંતરધૌતિ સ્ત્રી (યોગ) અંતરધૌતિના ચાર ભાગેનો એક પ્રકાર. નાભિપ્રદેશને આકર્ષીને પુનઃ પુનઃ મેરુપૃષ્ઠ કે કરોડની કરોડ સાથે લગાડવી તેને વહ્નિસારઅંતરધૌતિ કહે છે. આ ક્રિયાથી ઉદરના રોગો દૂર થઈ જઠરાગ્નિ વૃદ્ધિ પામે છે.

વહ્વી સ્ત્રી. બત્રીસ માંહેનું એક દેવાયુધ

વહ્ય ૧. [સં.] ન. ખાડું
૨. ન. વાહન

વહ્યુંવહ્યું ૧. વિ. અહીંતહીં નિષ્ફળ પ્રયત્ન કરવું.
૨. વિ. બાવરું; ગાભરું
૩. ન. ગભરામણમાં, ગભરાયેલી સ્થિતિમાં.
૪. ન હાયા મારતાં મારતા.

વળ ૧. પું. અંટસ; ગીનો; આર; દ્વેષ.
૧. વળ રાખવો = (૧) અંટસ રાખવો. (૨) પૂર્વગ્રહોને વળગી રહેવું
૨. વળ શીખવો = (૧) અંટસ રાખવો. (૨) ખોરવાને વળગી રહેવું; નમતું ન આપવું.
૨. પું. આગ્રહ; મમતા.
૩. પું. આંટી; આંબળો; આંટો; ફેર; મોડ; આમળો.
વળ આપવો -ચડાવવો -દેવો-નાખવો-ભાગવો = (૧) આમળવું; આમળો આપવો. (૨) ચડાવવું; ઉશ્કેરવું
૪. પું. ઉતાર; ઢાળ.
૫. પું એ નામનું એક ઓજાર.
૬. પું કરામત; યુક્તિ; કળા
વળેવળ બેસાડવો = યુક્તિથી બંધબેસતી ગોઠવણ કરવી.
૭. પું કસબળવું, ઊંધી સમજણ
૮. પું. ચીબોઠાના સર અને ખૂટડીના ઉપલા ભાગના આંકા; ચીબોડાના કાંઠાના વળ; સળ. તેના વડે સર અને ખૂટડી એકબીજા સાથે રહે છે;
૯. પું ઝાલાનો કાળો ખડકેળો ઢગલો; ઝાલાના ઘર ઉપર ઘર ચોઢવી ખડકેલી ભાંખી હાર.
૧૦. પુ ઝેર; ખુનસ.
૧૧. પું. નેમ.
૧૨. પુ. પક્ષ.
વળ પારખવો = પક્ષ જોવો
૧૩. પું. પેચ; આંટો.
૧૪. પુ. બનાવટ; રચના.
૧૫. પું. ખૂબથી વહુ દુઃખ; વીંટ; આંકડી.
૧૬. પું. મરડાટ, વહોકિત; વાંક
વળ આવો = (૧) ઊંધુ આવવું. (૨) ખોટો મિજાજ બોવો. બિનવવું; મુરસે થવું. (૩) મરડવું.
૧૭. પુ. માપ; પ્રમાણ.
વળે વળનું = તેવતેવડું; એક જ માપનું.
૧૮. પું. મારાપણાનું અભિમાન; મમત; કુંપદ.
૧. વળ ઊતારવો = (૧) અનુકૂળ અને સંતોષકારક વ્યવસ્થા કરવી. (૨) અવેજ વાળવો. (૩) ઉશ્કેરવું. (૪) ખંત વાળવો; જરબું જિતવું (૫) ઘાટ ઊતારવો. (૬) કુંપદ તોડવું; મમત મુકાવવો.
૨. વળે જરાવું = મમતે ચડવું.
૧૯. પું. લાગ; દાવ; તાકડો; ઘાંટો.
૧. વળ આવવો-બેસવો = (૧) લાગ આવવો. (૨) વળ ચડવો કે પાગામાં બરાબર કાયમ થવો.
૨. વળે ઢવળે = લાગે લાગે.
૩. વળમાં આવવું = દાવ કે લાગમાં આવવું.
૪. વળમા લાવવું-લેવું = દાવ કે લાગમાં લાવવું કે લેવું.
૨૦. પું. વગ; સંબંધ.
૧. વળ જોવો = (૧) લાગ જોવો. (૨) સબંધોને અનુકૂળ થવું; વળે કામ કરવું.
૨. વળનું માણસ = લાગવગ હોળનું માણસ; સમાન અભિપ્રાયનું માણસ.

૨૧. પું. વર્ગ; જાત; પ્રકાર.
૨૨. પું. સત્તા; અંકુશ; કાબૂ.
૨૩. પું. સમય; વખત.
૨૪ સ્ત્રી. ગૂંચ; આંટી; ગાઠ; વેગ.
વળ ખાલરી = (૧) સૂપડાની ગૂંચ પડી. (૨) શરીરના કોઈ પણ ભાગમાં ઈજા અથવા વરમ થઈ આવે ત્યારે તેની સાથે સંબંધ ધરાવતી રસગ્રંથિઓ સૂજી આવી મોટી થવી.

વળકણું વિ. નરમ; વળે તેવું.

વળકવળ [વળ + સં. કૃ (બરાબ) + વળ]
૧. પું; સ્ત્રી; ન. અનુકૂળતા અને પ્રતિકૂળતા; મોમાયોમ્યતા.
૨. પું.; સ્ત્રી; ન. ઘાટ અને ઢાવપેચ; આંટીઘૂંટી; યુક્તિપ્રયુક્તિ.
૩. અ. પ્રસંગે પ્રસંગ.

વળકો ૧. પું. બાકસો; ગરમી લાગવાથી બરાબ વળવી તે; બકાવું કે વકવું તે; લાક વગેરેને ગરમી લાગતાં છૂટેલી બરાબ રાખીને જરા પરિપક્વતા કે બાકસો આવવો તે; સહજ બાકસ બકાવા પર આવવું તે.
૨. પું. કાંત પકવું તે; વિશ્રામ મળવો તે; કર પકવું તે; મનની શાંતિ; ડિલગીરી ઓછી થવી તે.
૧. વળકો વળવો = (૧) ડિલગીરી ઓછી થવી. (૨) સીજવા આવવું
૨. વળકો વાળવો = (૧) ડિલગીરી ઓછી થવા દેવી. (૨) સીજવા દેવું.

વળગણ ૧. સ્ત્રી. આડો સંબંધ; પરકીય સ્ત્રી પુરુષનો સંબંધ કે પ્યાર.
૨. સ્ત્રી ઢાકણ; ભૂતાદિકથી સપડાવું તે; ભૂતપ્રેતનો વળગાડ કે ઝોક.
૩. સ્ત્રી. નિસબત; સંબંધ; કામનું વળગતું હોવાપણું; કાર્યસ્થે; સંપોજન.
૪. સ્ત્રી. પ્યાર; પ્રેમની ગાંઠ.
૫. સ્ત્રી. ભૂતપ્રેત.
૬. સ્ત્રી. સાપ.
૭. સ્ત્રી. વળગેલું ઢોર કે માણસ.
૮. સ્ત્રી ખાધિ; ઉપાધિ.
૯. ન. કબજો; માલિકી.

વળગણી ૧. સ્ત્રી કપડાં નાખવાનો આડો સળંગ; ઓરવણ; લૂગડાલત્તાં વગેરે ઊંચે નાખવા, રાખવા કે સૂકવવા માટે બાંસડાને બંને છેડે દોરીઓ બાંધી ઊંચે લટકાવે છે તે; કપડાં સૂકવવાની કે રાખવાની બાંધેલ દોરી.
૨. સ્ત્રી. ઢાકણ.

વળગણીદિ જુઓ વળગડું.

વળગણું ૧. ન. વળગણી; કપડાં અદર સૂકવવાની બાંધેલી દોરી કે લાકડી.
૨. વિ. વહાલથી ભેટનાર.
૩. વિ વળગે તેવું; બાઝનાર; વળગનાર.

વળગવું ૧. [સં. વિ + લગ્; અપ. વલગ્ગ]
અ. ક્રિ. આશ્રયથી લાગ્યા રહેવું; આશ્રયથી મઢવું.
વળગીને બોલવું = (૧) આગ્રહ કરવો. (૨) બોલતાં આડા ન જવું.
૨. અ. ક્રિ. તકરાર કરવી; લડવું; ટંટો કરવો.
૩. અ. ક્રિ. બાઝવું; ચોટવું; બીજાને અડી કે ચીકટાઈ રહેવું; જોડાવું, લાગવું, ચોપટાવું; પકડવું; પકડી રાખવું; ચીટ વું
૧. ગળે વળગવું = (૧) ગળામાં ચોટવું; નહિ ખવાવું; ગળે ન ઊતરવું. (૨) મેરબાજર મિજબી વાતચીતોને લીધે ગળે ઊતારવું અશક્ય થવું. (૩) જવાબદારી માથે આવવી; માથે પડવું (૪) બોજારૂપમાં આવવું. (૫) પોતાનું માનીને જોડવું નહિ. (૬) બીજા જરૂરિયાત મુજબીમાં મુકાવું; હેરાન થવું. (૭) રોકાવું; ગૂંચાવું.
૨. આખરે-પીડા-બલા વળગવી = (૧) દુર્બસન ચોટવું. (૨) દુષ્ટની સોબત થવી.
૪. અ. ક્રિ. ભેટવું; આલિંગન કરવું
૧. ગોટે વળગવું = બે હાથે ગળામાં બાઝી પડવું; ભેટવું.
૨. વળગી પડવું = (૧) ગળે બાઝવું; આલિંગન દેવું; બાઝી પડવું. (૨) ખોટો હક નોંધાવવો, ખોટો દાવો કરવો. (૩) જોરજુલમથી પકડવું.
૫. અ. ક્રિ. મન કે શરીરમાં દાખલ થવું.
ભૂત વળગવું = (૧) નઠારું દુઃખમાં આવી પડવું. (૨) શરીરમાં ભૂત આવવું; ધમધ્યા લાગવી
૬. અ. ક્રિ. રોકાવું.
૧. કામે વળગવું = ક્રમબધ્ધે કામ કરવું.
૨. વાતે વળગવું = વાતચીતમાં રોકાવું
૭. અ. ક્રિ. પર ઘા મારવો; પકડવું; જબરજસ્તીથી લેવું.

વળગાડૂમ સ્ત્રી. વળગાવળગી; બાઝાબાઝી; ભેંટાભેંટી; વળગાડૂમી

વળગાડૂમી જુઓ વળગાડૂમ.

વળગાડ જુઓ વળગાડ.

વળગાડ (વળગાડ) ૧. પું. પુરુષને વરાળે વળગનાર સ્ત્રી.
૨. પું. ભૂત કે કોઈ વળગવું તે; વળગાટ; ભૂતાદિકનો કહેવાતો સંચાર; વળગેલું ઝેનું તે.
૩. પું. ભૂતપ્રેત; વિશ્વાસ; બ્યતર; ઝોડકપટ.
૪. પુ. બારણ કે વિશ્રામનું વસ્તુ.
૫. પું. સપ.
મેલડીનો વળગાડ = બસે નહિ તેવો સપ.
૬. પું. બાધિ.

વળગાડવું (વળગાડવુ) ૧. સ. ક્રિ. બકાવવું; ચોટાડવું; ભેટાડવુ ચિટકાવવુ; વળગે તેમ કરવુ.
૨. સ ક્રિ. માથે નાખવું; સોંપવુ, ભેરવવુ.
કોટે વળગાડવું = માથે નાખવુ.
૩. સ. ક્રિ. લપેટવુ; વીંટાળવું; લગાડવુ.
૧. કામે–રોજગારે વળગાડવું = ધધે લગાડવુ
૨ વાતે વળગાડવુ = કોઈને ઉતરવાના હેતુથી વાતચીતમાં રોકવુ.
૩ રમતમાં વળગાડવું = ધ્યાન બેધ્યાન કરવા મનને રમતમાં રોકવુ.

વળગાવડું (વળગાવડું) વિ. વળગતું આવે તેવું.

વળગાવળગી સ્ત્રી. ખેંચતાણ.

વળગું સ્ત્રી. વળગણ; પ્રીત; સંબંધ.

વળચ ૧. ન. અભિગમ; પ્રવણતા.
૨. ન. ખૂણો; વળવાનું સ્થાન; વાંક.
૩. ન ખાપરાનું ઢાકડું.
૪. ન. બંધનું મૂળ.
૫ ન. જુવારના ડીંટ આસપાસથી ઊભેલી પીંછા છેડ.
૬. ન. નદાતોટાની ઊપરામણી.
૭. ન. મરોડ; ઢબ; રીત.
૮. ન. માર્ગ; રસ્તો.
૯. ન. રાજનો ત્રીજલો; સાખી, દુહો વગેરે તે; કવિતામાં કહેવાની ચારજાતમાં ને અંતે આવતી સાખી; કવિતામાં આવતો ત્રીજલો.
૧૦. ન વલણ; વૃત્તિ; મનસ્વભાવનો ઝોક; રુચિ; ઢબ; રૂખ; અભિરુચિ; મનનું મળવુ તે; ખબર; મરજી.

વળચદાર વિ. મરોડદાર.

વળતટિકિટ સ્ત્રી. પાછું વળવા માટે આગળથી ખરીદેલી ટિકિટ; 'રિટર્ન ટિકિટ.'

વળતદાડિયું ૧ ન. લેણા પેટે ઢાણા કે અજોતમાથી વાળી લેવાની શરતે, કબજે રાખેલી જમીન કે તેનું હક્ક; મુદ્દલ અને બ્યાજ વગે ચાં સુધી કબજે રાખેલી જમીન, લેણદાર ઊપજ બાય અને મુદ્દલ પૂરી થયે જમીન પાછી સોંપે તેવી શરતે રાખેલી જમીન
૨ વિ. જેની ઊપજ ઝેટલે ઢાણાનો પાક લેણદારના વળતરમાં જાય તેવું.

વળતભાવ પું. તબિયત સુધારા ઊપર આવવા લાગવી તે; માંદગીમાંથી આરામ થઈ જવા લાગે તે.

વળતર ૧ ન. કોઈની પાસેથી લીધેલી રકમમાંથી જે રકમ પાછી આપવામાં આવે તે.
૨. ન. નુકસાનીના બદલામાં આપવામાં આવતો બદલો.
વળતર આપવું = નુકસાનીનો બદલો આપવો.
૩. ન. બદલા તરીકે જે કંઈ મજરે આપવાનું હોય તે; હકસાઈ; વટાવ; કમિશન; બદલો; સાટું; નફો; કપાત; છૂટ.
૪. ન. મુદતને અંતે કાપી આપેલું બાજ.
૫. ન. વેર લેવું તે.

વળતરપદ્ધતિ સ્ત્રી. કોઈ પાસેથી લીધેલી રકમમાંથી અમુક રકમ પાછી આપવાની પદ્ધતિ; 'રિબેટ સિસ્ટમ'. કેટલીક કંપનિઓ બચુની બરાબી બાંધવા માટે બરાબને બજાર ભાવે અમુક ક્રમ કરી આપે છે અને તેની પાસેથી લીધેલી રકમમાંથી થોડી રકમ બરાબના નામે જમા રાખે છે અને અમુક વખત પછી તે પાછી આપે છે; તે દરમિયાન જો બરાબ બીજી કંપનિ સાથે સંબંધ બાંધે તો જમા રાખેલ રકમ પાછો આપવામાં આવતી નથી.

વળતા ૧. અ પછી; બાદ; ત્યારપછી.
૨. અ. પાછા ફરતાં.
૩. અ. વળી; વધારામાં.

વળતાં જુઓ વળતા.

વળતી ૧. અ. પછી; બાદ; ફરીને; જરા રહીને એમ; પછવાડેથી.
૨. અ. વધારામાં.
૩. અ. વળી.

વળતીદ ન. જવાબ.

વળતું ૧. વિ. આવતું; પછીનું.
૨. વિ. ઊધું થતું; નકલાતું; ફેરવાતું; વકરતું.
૩. વિ. ઠસાતું; ગંઠાતું; ગાંઠ પડેલું
૪. વિ. પાતળું.
૫. વિ. પાછું ફરતું. જેમકે, વળતો જવાબ.
૬. વિ. ભાગતું; ભેગાતું.
૭. વિ. મનાતું
૮. વિ. સામું.
૯. અ. પછી.

વળતોવાર પું. સાસરે આવેલી બાઈને તે જ ગામમાં રહેતું પિયરનું સગું બેકાદ દિવસ જમણ માટે બોલાવી સાડી પહેરાવે તે.

વળદાર ૧. વિ. અંટસિયું.
૨. વિ. આંબળાવાળું; મરોડદાર; ટેકીલું; મમતી; સ્વમત માટે આગ્રહી.
૩. વિ. પેચદાર; આંટીઘૂંટીવાળું.
૪. વિ. મિલનસાર; મિલકી.
૫. વિ. વળવાળું.

વળય ન. (જૂ. સં.) કંકણ
તિણે વળય કેદેરો સાર. ઋગ્વેદ

વળવળ સ્ત્રી. ગામડી ઉપર થતી જેવી અસર; ખૂજલી; ખણજ; ચળ; સળવળાટ; ચટપટ; ચળવળ; કીડી જેવા જંતુના ચલના સ્પર્શ જેવી અસર.

વળવળતું ૧. વિ. ટળવળતું; દુઃખ પામતું.
૨. વિ. વળવળાટ થાય તેવું; ચળ આવે તેવું; ઇચ્છા વગેરેમાં અંદર ઝબકારો કરતો હોય એવું.

વળવળવું ૧. અ. ક્રિ. ખણજ આવવી; સળવળવું
૨. અ. ક્રિ. તરફડવું
૩. અ. ક્રિ. પીડા થવી. વળવળાટ થવો.

વળવળાટ ૧. પું. મોઢામાં પાણી છૂટવું તે; ભાવ થવો તે.
૨. પું. શરીરે કોઈ કારણથી ચારે ચારે ખંજવાળ્યે તેવી ક્રિયા ઊભી થવી તે; સ્પર્શની અસર; ખણજ; સળવળાટ.

વળવળિયું ૧. વિ. અસ્થિર; ચંચુ વેગવાળું; ત્વરિત ગતિવાળું; ચાલાક દેખાય તેવું; એક જગ્યાએ સ્થિર ન રહે તેવું.
૨. વિ. વલોપાત કર્યા કરે તેવું; વલોપાતિયું.

વળવું ૧. અ. ક્રિ. અંગકસરતથી શરીરની જુદી જુદી સ્થિતિ કરવી.
૨. અ. ક્રિ. ઉદાર થવું.
૩. અ ક્રિ. કમાવું; ઓપવું થવું.
૪. અ. ક્રિ. ઠોળવું. ઠાલવું.
૫. અ ક્રિ. ગૂંચળાં કે ગાંઠ રૂપ થવું; ગંઠાવું; ગાંઠ પડેલું થવું
૬. અ. ક્રિ. થવું; બનવું. જેમકે, રોટાળ વળવી.
દમડો વળી જવું = (૧) ખૂબ પ્રમાણમાં ભેગું થવું કે આવવું. (૨) ચાલ્યું કે નિરાકારી દમલા જેવા અર્થ જેવી પડ્યા
૭. ક્રિ. નમવું; ઝૂકવું
૮. અ. ક્રિ. પલટાવું; બદલવું
વળી જવું = ગુજરી જવું; પાછું થવું.
૯. અ. ક્રિ. પહાળી કરવું, ફરી વળવું; ભરોસ્રિયું થવું; સરખું થવું
૧૦. અ. ક્રિ. પાકવું, હાથવો થવો; સરવું; ફળ બાવું. જેમકે, જેમાં ક્રમ પણે નહિ.
તેનું કાર્ય ચાલ્યું નહિ = તે અપૂર્વપણે પરાજિત થયો.
૧૧. અ. ક્રિ. પાછા ફરવું; આગળ નહિ વધતાં જ્યાંથી આવ્યા હોઈએ તે તરફ આવવું.
૧. પાછું વળવું = (૧) ઊતરી જવું; સ્વાદ બગડવો (૨) ઊલટી થવી. (૩) પાછા ફરવું. (૪) પૈસા પાછા આપવા.
૨ મૂળું વળવું = મૂર્છામાંથી મુક્ત થવું.
૩. વર્ષ વળવું = દુષ્કાળ પછી વર્ષ સારું થવું
૪. વળતાં પાણી થવાં = (૧) ઓટ શરૂ થવી. (૨) જોર ઓછું થવું જુવાની, રોગ વગેરે માટે કહેવાય છે. (૩) પાણીનું રવાદીન થવું
૫ વળતો દાડો વળતાં પાણી.
૬. વળતી વેળા = આયમતા દિવસ; પડતીની દશા.
૭. વળતો દહાડો દશા-દિવસ = સારી સ્થિતિનો દહાડો. ભાગ્યોદય
૧૨. અ ક્રિ. પાછું ફેરવું; કર્યું ફેરવું
૧૩. અ ક્રિ. અંધ થવું, અટકવું
આડું વળવું = (૧) આશ્રમ લેવો; આડે પડખે થવું. (૨) માર્ગ ફેરવવો. (૩) વચ્ચે આવવું, આગળ જવું અટકાવવું.
૧૪. અ ક્રિ. આકર્ષવું, ચિકાસવું ઓકવું થવું. ભોંઠાવું; લોચો વળવો; લાંછન વળવો, બંધાવું. ભોંઠો, લાંછન વગેરે માટે કહેવાય છે.
ન વળવા = વાપરની ચોમ્ય આકૃતિ ધારણ કરવી; બનાવું, લોચો વળવો
૧૫. અ ક્રિ. લાંબો પડાવો; લાંબ થવું; આરોગ્ય આવવું, સાજા થવું.
શરીર વળવું – તંદુરસ્ત થવું.
૧૬. અ. ક્રિ. મનનું વલણ થવું.
તે આપણી તરફ વળ્યા = તે પોતાના, મનનું વલણ ફેરવી આપણા જૂથમાં ભેળાશે.
૧૭. અ ક્રિ. મહાવરો પડવો; ઠરવું, ઠસાવું; ટેવાવાથી મળવી.
૧૮. અ. ક્રિ. માનવું, ઠેકાણે આવવું, રાહે આવવું; સીધા થવું
૧. મન વળવું = (૧) નુકસાની સહ્યા પછી શોક ભુલાઈ જવો. (૨) વાત ભૂલી જઈ સુધારા પર આવવું.
૨. સાન વળવી – નુકસાન કે ખોટ કર્યા બદલ સજા થવી
૧૯. અ ક્રિ. આંકો લાગવું; પહેલા થતું તેવું થવું; વળગવું. જેમકે, વાતે વળગ્યા
૨૦. અ ક્રિ. વાંકું થવું; વચ્ચેથી નમવું; મરડાવું.
૧. ટોળું-કુંડાળું વળવું = (૧) વર્તુળની આકૃતિ જાળવું કરવી. (૨) વર્તુલમાં ઊભા રહેવું.

૨ વાંકા વળીને કરવું = કુરચિયાત કરવું. ધૃષ્ટતા વિરુદ્ધ કરવું.

૩ વાકું વળવું = (૧) જરૂરિયાતમાં હોવું (૨) વાકું વળી જવું; મરડાવું

૨૧ અ ક્રિ. વિચાર બદલવો.

૨૨. અ ક્રિ. સીધો રસ્તો છોડી બીજો રસ્તો પકડવો

૨૩. અ ક્રિ સુધરવું, મરોડમાં આવવું

વળા વિ (બીજા) વધેલું

વળાક ૧. પું આડાઈ, આડું બોલવું તે.

૨ પું મરોડ; વળાંક.

વળાક અક્ષરનો અને વળાક ચાલનો તેહ. વળાક ઘાટ કહેવાય છે. વળાક બોલીનો જેહ.

અદ્વૈત

૩ પું વસ્તુનો અથવા રસ્તાનો વાંક

વળાકડો (વળાગડો) પું. ઊપલકો; વખતોવખત ફરીને આવવું તે

વળાકડો થઈ ને વાર આવે છે.

માઈનો પર્વત

વળાકો ૧. પું ઠંગ; સકાર.

૨. પું. વલય

૩ પું વાંક, મોગાઈ; વક્ર ભાગ.

તારા વાંકાનો વળાકો રે ગિરધારી.

રહિયાળી રાત

૪. પું. વળાંકો

વળાદ પું ઘાટ.

વળાવ્ય ન. વાંકો રસ્તો.

વળાત ન. વળી ગયેલો કચરો

વળાપના સ્ત્રી એક જાતનું રોગાણ

વળામણ ૧. સ્ત્રી. એક રમણા, ભ્રાન્તિ કે સ્થિતિમાંથી મન પાછું લાવી તે તરફ વળવાની કે આવવાની ક્રિયા, વૃત્તિ કે વલણ

૨. સ્ત્રી. પાછું ફરવું તે; પાછું વળવું તે. મોસાળમાં જરૂર કે ત્રીજે જાને ગામ કરતાં પાછા ફરવું તે.

૩. સ્ત્રી વરસાદનું જોરમાં આવવું તે.

૪. સ્ત્રી વલણ; સન્મુખ, વગ.

૫. સ્ત્રી. વાળના નીકળેલો કચરો

૬. સ્ત્રી. વાળવાની રીત.

૭. સ્ત્રી વળાવવાનું મહેનતાણું; વાળવાની મજૂરી

૮. સ્ત્રી. વિદાય.

ગોકુળ ગિરનાર ! વળામણ વેરીને ફિરો, મરતા શું ભેંસાર ભરેડી ખાગો નવ ફિરો ?

રાણક રા'ખેંગારનો દુહો

૯. વિ. વળવું થવું; વિદાય થવું.

વળામણી સ્ત્રી. વાળવાની મજૂરી.

વળામણું ૧ ન. ફિલસો.

૨. ન. વળાવવું તે; વિદાય.

૩. ન. (જૈન) સાધુ સાધ્વી ગોચરી કરી અથવા તો ગોચરે સમય રોકાઈ એક ગામથી બીજે ગામ વિહાર કરે ત્યારે જે બીજે ગામ તે ત્રણ સાં પડેલા ગામ તરફથી કરાતું સ્વામીવત્સલ જમણ.

૪ વિ. વળતું; ઓસારતું; પાછું ફરતું. જેમકે, પાણી વળ મણું થઈ ગયાં

વળાવવું ૧ સ ક્રિ. કાઢી મૂકવું. દૂર કરવું.

૨ સ ક્રિ જનારને રસ્તો દેખાડવો. આગે ચડી આવવું; વિદાય કરવું; મૂકીને આવવું; ગોઠે સુધી પહોંચાડવું

વળાવવા જવું = વિદાય દેવા.

૩. સ ક્રિ ગાડું હંકાવવું; સાદ કરાવવું; પૂંઠે દોડાવવું

૪. સ. ક્રિ. દીકરીને સાસરે મોકલવી.

૫. સ ક્રિ. નસાડવું; નસાડી મૂકવું

૬. સ ક્રિ. વળે કે વાળે તેમ કરવું.

૧. હોંશિયો વળાવવો = ભમાડવું; અથડાવવું.

૨. મન વળાવવું = દિલાસો દઈ શાંત પાડવું.

વળાવિયો ૧. પું. વળાવો; જોખમો; વાટ દેખાડનારો પુરુષ.

૨. પું., વાટમાં સંભાળ રાખનાર આદમી; રક્ષક અને જોખમના તરીકે મુસાફરની સાથે રહેનારો માણસ; વાટમાં સાથે રહેનાર સિપાઈ; વાટ રક્ષક.

વળાવું ૧. ન જોખમિયા કે માર્ગદર્શકનું બહેનતાણું કે વળામણમાં વળાવવાની ફી.

૨. ન. રક્ષક અને જોખમિયા તરીકેનું કામ; સાથે જઈ રસ્તો બતાવવો તે.

૩. અ. ક્રિ. વાંકું થવું; વળે તેમ થવું.

વળાવો જુઓ વળાવિયો.

વળાંક ૧. પું કુટિલપણું.

૨. પું. રસ્તાનું વળવું તે; રસ્તાનો વાંક.

૩. પું. વળાઉ; મરોડ; મરડાટ.

વળાંકો ૧. પું. મોગાઈ; વાંક.

૨. જુઓ વળાકો.

વળાં ન. વર્તન અને ક્ષેત્રમાં સમાન હોવું તે

વળિયાબંધુ ૧. પું. જેના કપાળમાં ત્રિનયનના મુખમાં જોવનારી સીધી લીટીમાં જમરો હોય એવો બળદ

૨. વિ જેના કપાળમાં ત્રિનયનના મુખમાં જોવનારી સીધી લીટીમાં જમરો હોય તેવું.

વળિયાંપળિયાં (સં. વલિતપલિત] ન. બ. વ. ઘરડાપણું અને બોળા વાળ હોવાની સ્થિતિ; વૃદ્ધપણું.

વળિયું ૧. ન. આંટણું; ગડું; આંકો.

૨. ન. ઘોડા વગેરેની પીઠ ઉપર મુકાતી ગાદી.

૩. ન. તમાકુના છોડને વળ દઈને બનાવેલ કાકડી. સાબુદનાં વળિયા વખણાય છે.

૪ ન. ચરુ; પોલો

૫. ન. દાંતનો વળવાળો ભાગ; ડેકણ.

૬. ન. પરસેવાનો ડાઘ; શરીરમાં પડેલ, મેલનું અમુક આકારનું લીંટા જેવું ગાદું. વળું.

વળિયાં પડવાં = (૧) કરચલા કે વળ પડવા. (૨) કપડાને પરસેવાના ડાઘ પડવા.

૭ ન. ચરત. નાડા વગેરે બનાવવા માટે કરેલું વળ દેવાનું સાધન.

૮. ન. સોનાના ઘોબલાવાળું કે ગાદીનું વળવાળું કડું; પગમાં પહેરવાનું કપાનું એક ઘરેણું વળિયાં સોનાનાં તથા ગાદીનાં બને છે સોનાનાં પગે પહેરાય છે અને ગાદીનાં પગમાં પહેરાય છે. તે સોના, ગાદી કે ગાંઠાના તાર ગૂંથીને પણ બનાવાય છે. તે વળદાર હોય છે તેથી વળિયાં કહેવાય છે.

વળી ૧. સ્ત્રી. પાતળો પણ લાંબો લોટો. તે ઘર બાંધવામાં વપરાય છે

વળીને એક અને બોજને હલકા ખાસા = નાનાને બોલું ને મોટાને વધારે, જવાબદારી કે દુઃખને માટે વપરાય છે.

૨. સ્ત્રી. લાકડીને છેડે મજબૂતી માટે જોડેલી લોખંડની બાળી.

૩. અ. એથી વધારે, વધારામાં; ઉપરાંત

૪. અ. પછી, ફરીથી, બીજી વાર; એકથી વધારે સંખ્યામાં; પાછું.

૫. અ. પણ; અને.

વળું ૧. ન. અસ્તર; માંસલ ઢાંકણ; પડ.

૨. ન. એક જાતના પથ્થરનો રંગ.

૩. ન. ખોળ; લોઢાના પતરાની ખોળી

૪. ન. ખડની પૂરી.

૫. ન. જમીનમાં વહેતા પાણીનાં વહેણ

૬. ન, સ્ત્રી; જમીનનું પડ; ખોપડો, જમીનનો પાણી બતાવનારો રસ, કૂવો ખોદતાં જમીનમાં જુદા જુદા પડ નીકળે છે તે; જે પડ કાઢતાં કરવું નીકળે છે તે.

૭. [સં. વલય] ન. પરસેવાનો ડાઘ; વળિયું

૮. ન. મનનો તરંગ; વેગ.

વળું આવવું = મનમાં તરંગ આવવો

૯ ન. મંડળ; સમુદાય; ટોળું; પક્ષ.

બ્રીટીશ કોમનવેલ્થ પાર્લામેંટને સરકારના ઘેરામાં મોકી તેની સત્તા ખૂંચી લેઈ તેમાંના જેટલા પોતાના વર્ચસ્વના હતા તેટલાની પાર્લામેંટ કરી.

સમરસેટ

૧૦. ન. રૂંવ.

૧૧ ન વર્ગ, મંડળ વગેરેનાં, મંત્રણા માટે માણસોનું મંડળ; પંચાયતીનો.
૧૨. ન. વલખું.
વળું ઉપડવું (૧) બીજી વાત ઉપાડવી. (૨) વલખું મારવું (૩) વાત ફેરવી નાખવી
૧૩ ન. શરીરનો ઘાટ; બાંધો
૧૪. ન. ખેતર માટે મકાનમાં ખુલ્લામાં કરવામાં આવતું કોતરકામ.

વળૂંકો ૧. પું. કેળવણી; તાલીમ; શિક્ષણ.
૨. પું વળોટ; સારી રીતભાત; શિષ્ટાચાર.

વળૂંદવું જુઓ વળાંદવું.

વળૂંદું જુઓ વળંદું.

વળૂંપવું ૧. અ. ક્રિ. આપીન થવું.
૨ અ. ક્રિ કાપવું; મારી નાખવું.
૩. અ ક્રિ. ચાહવું; પ્રેમમાં પડવું.
૪ અ ક્રિ. પેસવું; પેધી જવું; પળકવું.
૫. અ ક્રિ. ભાંજવું; વળગવું; વળગી રહેવું; વધુકવું. ચાલી રહેવું.
૬ અ ક્રિ. મરવું.
૭. અ. ક્રિ. લુપ્ત થવું.
૮. અ. ક્રિ. સીમાથી જવું

વળૂંપું ૧. વિ. વહ્યું; પેસેલું; પેધી ગયેલું.
૨. અ. લીધે; વડે; અર્થે; સારુ; થી; વશે.

વળૂંબવું અ. ક્રિ. ઓટમા રહેવું; ભરાઈ રહેવું; વોટાવું; વળગવું; લટકવું; અવલંબવું.

વળો ૧. પું. કાંબર બાંધવા માટે પાણીની અંદર સમાર ફેરવવાની ક્રિયા કરવી તે.
૨. પું. ઢગલો.
૩. પું. વરસાદની ધાર, વાદળમાંથી પાણીનું છૂટવું તે.
વળા ઊતરવા = ફુર વરસાદ વરસતો હોય તેની ધારનું છેટેથી દેખાવું.
૪. પું. વળીને બાંધેલ સાપ કે પેનનું પહેરીને વપરાતું લાકડું; નાની મોટી વળી.
કાળા વળા જેવું = કાળા રંગનું પાતળું કે કૃણું.
૫. પું. વેર; દુશ્મનાવટ.

વળોક ૧ પું. ઘાટ; મરોડ; વળોટ.
૨. પું. મનનું વલખું.
૩ પું. સમજવાની રીતી; ઢબ.
૪ પું વિવેક; રીતભાત; ક્રમ, વાણી, રીતભાત વગેરેનું સૌષ્ઠવ.

વળોઠ ૧ પું વળોટ.
૨. પું. વળોક.

વળોટવું ૧. અ ક્રિ. ઉલ્લંઘવું, ઓળંગવું; પાર જવું, પેલા તરફ જવું; ટપવું; ઉલ્લંઘી જવું.
૨ અ ક્રિ. ચડિયાતું થવું; ઉત્તમમાં ખપવું; ઐક્ય થવું
૩. અ. ક્રિ. પીતવું; પસાર થવું.
વળોટી જવું = પીતી જવું; પસાર થઈ જવું

વળોટાવવું જ. ક્રિ. વળોટે તેમ કરવું.

વળોટીઉં ન. ઘર પર વળા જાકારા માટે બાંધેલું ગોળ લાકડું

વંક [સ.] અ. ક્રિ. (ધાતુ) વાંકું જવું; વાંકું થવું તે ઉપરથી અનેક શબ્દ થાય; વંકાવું વગેરે.

વંક ૧. [સં. પક્ષ] પું. નદીનો વાંક.
૨. પું. પલાણ.
૩. પું વાંક; બાંધું વલણ.
૪. ન. ઓઓને ઓણી ઉપર પહેરવાનું ઐક્ય જાતનું ઘેસનું ઘરેણું; વાંક.
૫ વિ. કુટિલ; અપંકર; દુષ્ટ.
૬. વિ. વાંકું; બાંધું.

વંકક જુઓ વક.

વંકડું (વાકડું) જુઓ વંક.

વંકવિલોકણી સ્ત્રી વાંકા વાંકા ચાલતાં અને જોવું તે; ઐક્ય જાતની જોવાની ઢબ.

વંકવોળામણું વિ. વાંકુંચૂકું.

વંકહાર પું. એ નામનો ઐક્ય જાતનો હાર.

વંકાઈ ૧ સ્ત્રી આડાઈ; અવળાઈ, વિરોધ; વિપ્રતા.
૨. સ્ત્રી. વાંકાશ.
૩ સ્ત્રી. હઠ; આગ્રહ.

વંકાવવું જ. ક્રિ. વંકાય તેમ કરવું.

વંકાવું ૧. અ. ક્રિ. આડા થવું; રિસાવું; પોતાના મતની વિરુદ્ધ કે પોતાને નહિ પસંદ એવું કંઈ જાણતાં સહકારમાંથી દૂર ખસી જવું તે.
૨. અ. ક્રિ. વાંકું થવું; વળવું; વળાંક કે વાંક આવવો.

વંકારા સ્ત્રી. વાકાશ; વાંકાપણું

વંકીલું જુઓ વંકું

વંકું ૧ વિ. આડું.
૨. વિ. બહાદુર; વરવીર.
૩. વિ વાંકું; વાંકડું; કાંકડું.

વંકિ ૧. પુ.; ન. એક જાતનું વાદિત્ર.
૨. સ્ત્રી. પડખાંનું હાડકું.
૩. ન. ઘરનું વાકડું.

વંકેશ્વર ૧. [સં.] પું. સાપળની ઉપરનો સાપો. ભંજ; સાપળનું મૂળ.
૨. ન. ઊરુસંધિ; સંધિવંકણ.

વંગ ૧. [સં. બંગ] પું. બહારનું આંહેનો એક દેશ; બંગાળ
૨. પું. (પિત્તળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ તે કુડલિયા છંદનો એક ભેદ છે તેમાં ૫૮ ગુરુ અને ૩૪ લઘુ મળી ૯૩ વર્ણ હોય છે
૩. પું. કપાસ.
૪ પું. ધોળા રંગનું સુતરાઉ કપડું.
૫. પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન સુતપા રાજાના પુત્ર બલિના સાઠ ભાઈનો બીજો પુત્ર તેની માતા નામ સુદેષ્ણા હતું, તેને પેટે એ દીર્ઘતમસ ઋષિ વડે ઉત્પન્ન થયો હતો.
૬. સ્ત્રી. કલાઈ
૭. સ્ત્રી. રીંગણી
૮. સ્ત્રી લલિત વિસ્તરમાં દર્શાવેલ એક લિપિ.
૯. સ્ત્રી સીસું; જડ ગણે તેવી આછા ધોળા રંગની એક ધાતુ
૧૦. ન. ઝાંખરું.
૧૧. વિ. વંગ; વાકુ.

વંગજ ૧. ન. પિત્તળ.
૨. ન. સિંદૂર.
૩. વિ. બંગાલ દેશમાં ઉત્પન્ન થયેલું; બંગાળી.

વંગડ (વંગડ) ૧. પું. મોચીનું એક ઓજાર; વીંગડો.
૨. પું. હાથીના દાંત ઉપર મજબૂતી સારુ એક વિશેષ પ્રકારનું બંધન બાંધવામાં આવે છે તે.

વંગન [સં.] પું. રીંગણું.

વંગારી પું. (પિત્તળ) એ નામે એક સમમાત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો એક ભેદ છે, તેમાં ૧૪ ગુરુ અને ૬૪ લઘુ મળી ૧૨૨ માત્રા હોય છે.

વંગિરિ પું. (પુરાણ) કલિયુગમાં વિલિપ્રિયા નગરીમાં થયેલ એક રાજા.

વંગેશ્વર જુઓ વંગેશ્વરરસ.

વંગેશ્વરરસ પું. (વૈદક) એ નામે વૈદક પ્રસિદ્ધ એક રસ; એક ઔષધિ.

વંગેડું (વંગેડું) ન. કલમ વગેરે કાપવા માટે નીચે ત્રાંસવાનો લાકડાનો ચોખંડો ટુકડો.

વંગેલું જુઓ વંગેડું.

વંચ પું. ઠગાઈ; કપટ: છળ.

વંચક ૧ પુ. ધુર્ત્ત માણસ; ધૂર્ત; ઠગારો.
૨. [સં] ન. વાચનનો વિષય, વાંચવાનું તે; વાંચવું તે; વાચન.
૩ વિ. કપટી; ઠગનારું; છળ કરનાર; ધૂર્ત.
૪ વિ નિંદનાર

વંચકી [સં.] સ્ત્રી. સિંઘાણી

વંચણા સ્ત્રી. (જૈન) ઠગાઈ; છેતરપિંડી

વંચન ૧ ન. ઠગવું તે

૨ ન ઠગાવું તે

વંચનશીલ વિ. પ્રપંચી; ઠગબાજ.

વંચના ૧ ન. છેતરપિંડી ઠગાઈ, કપટ; છળ, ઠગવું તે; ધૂર્તતા, લુચ્ચાઈ.

૨. ન. નુકસાન.

૩. ન. ભ્રમણા.

૪ ન. વાયન; વાંચવું તે

વંચનાવિવાહ પુ છેતરીને લગ્ન કરવાં તે.

વંચવું ૧ અ ક્રિ. ઊતરી જવું; બચવું

૨ અ ક્રિ છેતરવું, ઠગવું

વંચા [સં.] સ્ત્રી. વજ્ર; એક પ્રકારના ખડના મૂળ; ભુખો વજ

વંચાડવું (વચાડવું) સ. ક્રિ વંચાવવું.

વંચાણ ન. વાંચવાનું તે; વાચન

વંચાર ન. કમર; કેડ

વંચાલો પું. નદિ વપરતો ખૂણો; બચાવ ખૂણો કે બાંધો.

વંચાવવું ૧. સ ક્રિ. ઊતરાવવું; વાંચી કહાવવું વાચે તેમ કરવું; વાચવાનું કહેવું.

૨. સ ક્રિ. ઊતારવું; બચાવવું.

૩. સ. ક્રિ. છેતરાય તેમ કરવું.

૪. સ ક્રિ નિંદા કરાવવી; ફજેતી કરાવવી; બદનામ કરાવવું

૫. સ. ક્રિ. વાંચે કે વંચે તેમ કરવું

વંચાવું ૧. અ. ક્રિ. અક્ષરનું ઊકલવું; વાંચી શકાવું; વંચાય તેમ થવું, લખેલી ભાષા ઉચ્ચારે બોલાવી.

૨. અ. ક્રિ. ચર્ચાવું નિંદા થવી; બોલોમાં ફજેતી થવી.

વંચાળો જુઓ વંચાલો.

વંચિત ૧. ન. (જ્યોત) ઉત્તરે ઓરડી તથા પરસાળ અને પશ્ચિમે ફક્ત પરસાળ હોય તેવું ઘર.

૨. વિ. છેતરાયેલ; ઠગાયેલ; જેને પ્રેમીજને ઘેહ દીધો હોય તેવું.

૩. વિ. રહિત, વગરનું; વિમુખ; લાભ ન મળેલ; હીન.

૪. અ. વિના; સિવાય

વંચુક ૧ [સં.] પું. લુચ્ચો માણસ.

૨. પું. ત્રિપાળ.

૩. વિ. લુચ્ચું.

વંછના સ્ત્રી. ઇચ્છા.

વંછવું સ ક્રિ. ઇચ્છવું.

વંછા સ્ત્રી (જૈન) ઇચ્છા, અભિલાષા.

વંછિત વિ. ઇચ્છેલું

વંઠેરવું સ ક્રિ. વીંખવું; ઊખેડવું, આમતેમ કે અડબથડ કરવું, કૂદ પાડી નાખવું; ચૂથવું

વંજ પું. વાંસ

વંજણ ૧. ન. કથીર સુખીના અંજન અક્ષર

૨ ન. શરીરના ચિહ્ન સૂચવતું શાસ્ત્ર

૩ ન. અજન; રાઈ, રાયણ, ચટણી વગેરે

૪ ન. (જૈન) શુભ શુભ સૂચક શરીરનું ચિહ્ન

વંજણકખર [સં અજનાક્ષર] ન. (જૈન) વજ્રમાળા; મૂળાક્ષર.

વંજણી સ્ત્રી. વીંજણો; પખો.

વંજન ન. વીંજવું તે; પવન નાખવો તે

વંજારી ૧. સ્ત્રી. એ નામની એક જાત. તે વાણા તરફ રહે છે અને પખો ઝોળ ઊંચકવાનો કરે છે

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

વંઠ [સં. વજુલ (નેતર)] સ્ત્રી. ખપાટોની બારી; વાંસની ચીપો. વળા અથવા સાકડા ઉપર વસની ખપાટો જડવામા આવે છે તેને વઠ કહે છે

વંજુલ ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. નિર્ગુણવૃક્ષ; આસોપાલવ.

૩. પું. નેતર; નેતસ.

૪ પુ રક્તપદ્મવૃક્ષ.

૫ વિ. ઠગ; ઠગારું.

૬. વિ. વાંકું.

વંજુલકુંજ ન. નેતસની વાટા.

વંજુલકુંજ પું. આસોપાલવ.

વંજુલપ્રિય પું. નેતર.

વંજુલા ૧ સ્ત્રી ખરું દુઃખવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી.

વંજુલિ પું. (પુરાણ) વિશ્વામિત્ર પુત્રોત્પન્ન એક ઋષિ.

વંજુલી [સં.] વિ. મહાભારતમાની એક જાતિ. એ જાતિ ક્રૂર છતાં જે ઋષિ વધતી હોય તો તે વજુલી કહેવાય છે.

વંજુલારણ્યવાસ સ્ત્રી. નનામી, કાઢવી

મૃતદેહની વંજુલારણ્યા સન્મુખ પેસ્યો અગ્નિ આજ ઘડી જવાબ છે. પણ ગાર્હસ્થ્યઅગ્નિ લઈને વંઠવની વંજુલારણ્યા સન્મુખે ચાલવાનું મારે હતુ. ન.નાતલ

વંઠો પું. ખપાટિયાંની મોટી બારી.

વંઠો મારવો = નાસી જવું. ભાગી જવું; પોબારા ગણી જવું; પત્ર મારવો; ચાલતા થવું, ચાલી નીકળવું

વંઠ વિ. ચારિત્ર્ય, છોકરાં વગરનું.

વંઠા [સં. વન્ધ્યા; પ્રા. વઝા] સ્ત્રી વાંઝણી સ્ત્રી; વન્ધ્યા, વઝા

કહ્યું વઝા = ફાગડાની માફક બીજવાર વીંઝાઈ નહિ તેની કેળ કાઢવાના કહેવાય છે.

વંઠાદોષ પુ. પુત્ર કે પુત્રી ન થવાનો દોષ.

વંઠાપો પું. ખાંડિયાપગું

વંઠી સ્ત્રી. છાપરાં ઉપર બે પેલ ઢાળ્યાં, વાંસ કે બાવળ ખપાટ; વઠ

વંઠ ૧. પું ઢોરવાડાનો ઢાળો

૨ પુ ભાગ.

૩. સ્ત્રી. શરીરમાં વાયુના જોગા આવવા તે.

૪ ન વંટ

૫. વિ ખાડુ; જેને પુંછડી ન હોય કે કપાઈ ગઈ હોય એવું

વંટક [સં.] પું. ભાગ; હિસ્સો.

વંટન [સં.] ન. વિભાજન; વહેંચણી; ભાદણી; વિભાગ કરવા તે.

વંટનપત્ર [સં.] ન. વિભાગપત્ર; વહેંચણીનો પત્ર.

વંટવું અ. ક્રિ. ઓળગવું

વંટોળ ૧. પું. ઘુમરી લઈ ફરતો જોરદાર પવન; વાવાઝોડું; ફૂંકણ ફરતો જોરમાં વાતો વાયુ; વાવટોળ; વટોળિયો, ઝંઝવાત; વાયુની ભમરી.

વટોળે ચડવું = (૧) ઢનકવાનું ઊંચે ને ઊંચે ઊડ્યા કરવું (૨) બહેરમાં આવવું. ઊડેલ તબીયતનું બગડવું વાયલ થવું. (૩) વટોળિયામાં સપડાવું; વટોળ ચઢવાથી જે સીધે રસ્તે જવાનું હોય તે સીધા રસ્તાનું કે ઘોરણનું ભાન ન રહેવું.

૨. પું. વમળ; આવર્ત.

વંટોળચક્રી ૧. સ્ત્રી પવનથી ચાલતી ચક્રી

૨. સ્ત્રી. વાયુવમળ.

વંટોળિયો જુઓ વટોળ.

વઠ ૧. પું. (જૈન) ચાકર; સેવક; દાસ

૨. પું. તાપ; આકડી.

૩. પું. ભાલું.

૪ પુ ભાંડ.

૫. પું શરીરમાં ચામડીના ઓળા વળીયા તે.
૬ વિ જેનું કોમળ અંગ ખંડિત થયેલું હોય તેવું જેમકે લૂલો, લંગડો, કુબ્જો વગેરે
૭ વિ વામન, ઠીંગણું
૮ વિ વાંકું; કુબજ

વંઠવું ૧. અ. ક્રિ. કુછંદમાં પડવું
૨ અ. ક્રિ. ફાટવું; વધી જવું, હદ બહાર જવું, ઢાયણી જવું.
વધી જવું = (૧) ફોટી જવું; વધી જવું; ફાટવું. (૨) ઢાયણી જવું. હદ બહાર જવું, બગડી જવું; છકવું
૩ [સં. વિનિષ્ટ અપ. વિનટ્ઠ] અ. ક્રિ. ભ્રષ્ટ થવું. વિકૃત થવું; બગાડ થવું; પોતાના જાતિધર્મથી ભ્રષ્ટ થવું; નાશ પામવું; બહેકવું.

વંઠાલ ૧ પું ઠોકાણું
૨. પું નોંધ.
૩. પું. ખેડૂતની ખુલ્લ કરવાની એક રીત.

વંઠેલ ૧. સ્ત્રી. વેશ્યા; રામજણી.
૨ વિ ભ્રષ્ટેલ; પતિત; ભ્રષ્ટ; વટલી ગયેલું; રંઢિયાર; દુરાચારી; વિષયી; લંપટ; બદચલન, કાબૂમાં ન રહે તેવું; વહી ગયેલું.
વઠેલાનો કેડવો = છીનાળાનો વંશ.

વંડર જુઓ વંડળ

વંડળ [સં. અંડજ] પું. અંડજ; હીજડો; ખોજો; નપુંસક; નાકર.

વંડા [સં.] સ્ત્રી પુંશ્ચલી સ્ત્રી.

વંડિલ સ્ત્રી. બે પૈડાની ગાડી. ખાસ કરીને મદ્રાસ પ્રેસીડેન્સીમાં પુરોપિયન વાપરે છે.

વંડી સ્ત્રી. માટીનો નાનો કોટ કે દીવાલ. કંપાઉંડની આજુબાજુની દીવાલ; વાડાની ભીંત; વાડ; ખુલ્લી જમીનની આસપાસની નાની ભીંત, કાચી પાળ.
૧. વડી ઠાવી = (૧) નાનું ચુલ્લક કામ કરવું. (૨) વરસાદથી ભીંજાય નહિ માટે તેના ઉપર કરાડી વગેરે મૂકી ઉપર માટીનું કાચું વગેરે નાખવા.
૨. વડી પરનું બરસાતું = તુચ્છ વસ્તુ

વંડો ૧. પું પોળ; વાડો; મહોલ્લો.
૨. પું. મોટી વંડી; માટીનો કોટ; ચોમેર ખુલ્લી જગ્યા બંધ કરવાને જે ભીંત કરેલી હોય છે તે.
૩. પુ વડીયો આંતરી લીધેલું મોકું ખુલ્લું વાડી જેનું સ્થાન; વાડો.
૪ પું વાડી; ધર્મશાળા.

વંઠ ન. રાંધેલું અનાજ ભીંજવું તે. કચ્છમાં મુસ્લીમ રોટલા માટે જે તેને વંઠ કહે છે.

વંઢી જુઓ વડી

વંઢા જુઓ વડો.

વંત [સં] સ્ત્રિ. વાન; વર્ણ શબ્દને છેડે લગાડાય છે. જેમકે, માનવન્ત

વંતર ૧ પ વ્યંતરદેવના; દેવતની ચાર માંહેની એક જાત.
૨. ન. ભૂત; પ્રેત.

વંતરાવું અ ક્રિ. છૂટા પડવું; જુદા પડવું.

વંતરી ૧. સ્ત્રી જે વિષયો મુઆ પછી ભૂત પ્રેત યોનિમાં ગઈ હોય તે; ડાકણ. ઓપ્રેત; ભૂતડી
વિષયેરી સમ વંતરી નાગણ વામન નર;
ડાકણ સાકણ દુષ્ટણી, જોને મહા અવતાર.
નિષ્કુળાનંદ
૨ સ્ત્રી નાડાની લડાઈથી સ્ત્રી. કુસ્તી

વંતાક [સં. વૃન્તાક] ન. વંતાકઃ વેંગણ; એક જાતનું. રીંગણું. રીંગણાં જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, પરમ રુચિકર, સુક્રમને કરનાર તે અતિ પ્રસારનાર છે. કફરોગ, માથાનો દુઃખાવો, જીર્ણજ્વર, કમળો, વાત, કફ, પેશાબના રોગ તથા પથરી વગેરે હણનાર છે. બહુ જ પરિપક્વ તાપથી વતાક સારી રીતે પકવ્યાં હોય તો તે હમેશા ખાવા યોગ્ય બને છે. વંતાકની ઘણી જાત થાય છે: કાળાં, ધોળાં, ગોળ, રવૈયાં, મોટા જાડા વગેરે. તેમાં વિટાકીન એ, બી અને સી હોય છે. કુમળાં રવૈયાં વાત, પિત્ત અને કફને હણનાર છે. પરંતુ રીંગણાં તજ્જ્ય દોષને પોષનાર છે, માટે રીંગણાંનાં રવૈયાં જ ખાવાં જોઈએ.

વંતારકુડી [સં. વાર્તાકી] સ્ત્રી. રીંગણી; રીંગણાંનો છોડ.

વંતારણ વિ. આજ્ઞાઓનું જેણે વમન કર્યું છે એવું; આજ્ઞારહિત.

વંતું વિ. વાળું. શબ્દને છેડે લગાડાય છે. જેમકે, ગુણવન્તું

વંત્યાક જુઓ વતાક.

વંત્રી સ્ત્રી. જાસ્પત જેરી; પુલ્લા. જુઓ વતરી

વંદ [સં] સ કિ. નમન કરવું; નમ્રતાપૂર્વક પ્રણામ કરવા.

વંદક ૧. પું ; સ્ત્રી.; ન. સ્તુતિ કરનાર પુરુષ, સ્ત્રી કે બાળક.
૨. વિ. પૂજવા યોગ્ય.

વંદણ ન. (જૈન) વંદના; સ્તુતિ.

વંદણા ન. વદન; નમવું તે.

વંદન ૧. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક મા.મેળ છંદ આ મત્ત છંદનો ભેદ છે તેમાં ૧૮ માત્રા હોય છે
૨. પું. સૂર્ય
૩. ન. નવ માંહેની એક પ્રકારની ભક્તિ.
૪ ન. વંદવું તે; નમન; સ્તુતિ કરીને નમવું તે; પ્રણામ; નમસ્કાર
વદન કરવું = પ્રણામ કરવા; નમન કરવું; પગે લાગવું; સ્તુતિ કરવી.

વંદનક પું. (જૈન) આવશ્યક શ્રુતજ્ઞાનના ૭ માંહેનો એક પ્રકાર

વંદનવાણી સ્ત્રી વદવું અને વદનરૂપે વદવું તે; વદનાત્મક વાણી.

વંદનશુદ્ધિ સ્ત્રી. રજોહરણ સહિત બેઠકીબંધને મણી ન જવાય તેમ પ્રતિલેખનાદિ કરવો, હસ્તનો ઉચ્ચાર કરવો અને આદિ રહિત કાયોત્સર્ગ કરવો તે.

વંદના ૧. પું. (પુરાણ) ભારતવર્ષીય એક દેશ.
૨ સ્ત્રી. નમસ્કાર; વદન
૩. સ્ત્રી. (જૈન) બેઠાં બેઠાં કે ઊભા થઈને, બંને હાથ જોડી માથા સુધી લઈ શિર નમાવીને, જોડેલા હાથે અમુક વાર પ્રદક્ષિણા દેવી તે.
૪. સ્ત્રી. સ્તુતિ.

વંદની ૧. સ્ત્રી. ઓરોસન.
૨. [સં.] સ્ત્રી. પુત્ર.
૩. સ્ત્રી. સ્તુતિ.

વંદનીય ૧. વિ. વખાણવા લાયક.
૨. [સં.] વિ. વદન કરવા જોગ; નમસ્કાર કરવા લાયક; પગે લાગવા જોગ; નમવા લાયક.

વંદનીયતા [સં.] સ્ત્રી. વંદન કરવાની રીત.

વંદનીયા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક રેલી. તેનું સ્થાન અજ્ઞાતમાં છે.
૨. સ્ત્રી. ઓરોસન.

વંદનોચ્ચાર [સં.] પુ. સ્તુતિ વચન.

વંદવું [સ. વંદ] સ. ક્રિ. પૂજન કે સ્તુતિ કરીને રેચને પગે લાગવું; નમવું; વખાણવું કરવા

વંદા ૧ પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે દોપદી છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૬૨ લઘુ મળી ૧૦૪ વર્ણ હોય છે.
૨ સ્ત્રી એક જાતની વેલ; અમરવેલ.
વંદા, રસ્નાદની, વૃક્ષરુહા અને છત્રન્તિકા એ ચાર ઔષધિ નામ અમરવેલના છે

૩. સ્ત્રી. સિંધારણ

૪. ન. એ નામની એક વનસ્પતિ. તેનાથી સર્પ દૂર રહે છે

વંદાક ૧ [સં.] ન. વાંદાનું ઝાડ.

૨ વિ. પરોપજીવી.

વંદાણી વિ. આનિત્રણો ધૂર્ત

નવલખ ઝાલિયે હાથ નવ બંબાય એવો બાળક વંદાણી નીરાંત

વંદાપેલ વિ. માણસો જેને વંદન કરતા હોય તેવું

વંદારુ ૧. પું. (વિશ્વ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તે બૃહતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ ને ભગણ મળી ૯ વર્ણ હોય છે.

વંદારુ ભ સ ભે થી રચ. રણછોડ

૨. પું વંદારક.

૩ પું સ્તોત્ર

૪. વિ પરોપજીવી

૫. વિ. વંદન કરનાર

૬ વિ. વંદનીય

વંદિમાગધ [સં.] પુ ચોર; ઘર ફોડનાર; ઠગ.

વંદિત ૧. વિ. વખાણેલું.

૨. [સં.] વિ. વંદન કરેલું.

૩. વિ. વંદના લાયક; પૂજ્ય; આદરણીય.

વંદિતા [સં.] વિ. સ્ત્રી, પૂજ્ય; આદરણીય.

વંદી ૧. [સં. વન્દિન્] પું. ભેદીઃ ભંદીખાન; ભંદી

૨ પું. (પુરાણ) વરુણનો પુત્ર

૩ પું. વક્તા; સ્તુતિ કરનાર પુરુષ; ભાટ; ચારણ

૪. વિ. ખુશામતિયું.

વંદીક [સં.] પું. ઊંટ.

વંદીદાદ [અવ. વી-દએવ-દાત] ન (જરથોસ્તી) જરથોસ્તી ધર્મનું એ નામનું એક પુસ્તક. પારસીમા તેને વુદ-દિવ-દાદ કહે છે, પારણે, તેમાં મોટે ભાગે શરીર અને મનની અશુદ્ધિ કરનાર શક્તિઓ સામે અસરકારક રીતે કેમ ટકવુ તેના લાયક, કાનૂન તથા સૂચના આપેલ છે તેના બીજા ભાગમાં આરોગ્યતાના નિયમો છે તમ જ તેનો બીજો ભાગ ધર્મગુરુઓનો જોગવાઈ કરવો જણાવે છે. તેમાં ૨૨ પ્રકરણ છે. વદીદાદના પ્રકરણને फरगर्द કે ફરગર્દ કહે છે અવસ્તાના સાદિકસમાં ૨૧ પુસ્તકોમાં વદીદાદ ૧૯મુ પુસ્તક છે. વદીદાદની ક્રિયા કરાવવામા બે ધર્મગુરુ ભાગ લે છે. બૂજની ક્રિયા જે ધર્મગુરુએ કરી હોય તે જ આ ક્રિયા કરાવી શકે તે ઇન્ડ્રોનમાં એટલે કે મધ્યરાત બાર વાગ્યા પછી થઈ શકે છે: આ ક્રિયામાં તેના ૨૨ પ્રકરણ જણવાનાં હોય છે, પણ તે ક્રમવાર જણવામાં આવતાં નથી. વચ્ચે વચ્ચે વચ્ચ તથા વિસ્તરદના જુદાં જુદા પ્રકરણો ઉમેરવામાં આવે છે આ પ્રમાણે વરન અને વિસ્તરદના અમુક અમુક પ્રકરણ ઉમેરાઈ તે સમેલુ વંદીદાદ અહર કહેવાય છે

માટે રીધો મારું હેમાદ્રાનારા કાવદા કાનૂનો એ પુસ્તકને વંદીદાદ (નીરાએદ્રાત ' એટલે દેવની સામે આપેલા કાયદા કહેતા

મુ. સા. પરિષદ

વંદુરવાલ [સં. વદનમાલિકા] ન. (બૂ. મુ.) ખારણે લટકાવવામાં આવતું તોરણ

વંદેમાતરમ્ ૧. [સં વદે (હું વદું છું) + માતરમ્ (માતાને) = હું માતૃભૂમિને વંદુ છું ન. કવિ બંકીમચંદ્રનું એક કાવ્ય, ભારતનુ એક રાષ્ટ્રગીત. મધીજ કહે છે કે, આપણું સંસ્કૃતિમા કોઇપણ ભાષન આપણા રાષ્ટ્રગીત ગવાતું હોય તે દરમિયાન ઊભા રહીને આદર બતાવવાનો વિધિ ઉપદેશવામાં આવ્યો નથી મને લાગે છે કે, પાંચમમાંથા આ નકામા રિવાજ આપણે હજ ઘૂસી ગયો છે એમાં ગીત ગવાય તે દરમિયાન મોજ બેર બેસી રહેવાનુ વલણ મને વધારે સોમ લાગે છે. આખરે જુઓ તો આવા પ્રસંગોએ વાહનનું બાજા વર્તન નહિ પણ તેનું આંતરિક વલણ એ જ મહત્વની બાબત ગણાય. આને લગતી મારી એક સૂચના છે કે, વદેમાતરમ્‌ની એક જ સર્વમાન્ય સુ-વાણી મુકરર થવા જોઈએ, કેમકે, એ રીતે સર્વ રમાજોએ એક જ રાગ અને સુરમાં ગવાય તો જ કોરસોનાં દિલ હલાવી શકે કોરસો એકઠા મળીને એક જ સુરમાં ને એક જ રાગમાં તે ગાઈ શકે ને ગાઇ એવો બંદોબસ્ત થવો જરૂરી છે. આખરે વિચારીએ તો રાષ્ટ્રગીતો બહુ તો એક, બે કે ત્રણ જ હોઈ શકે. પરંતુ તે બધાની સો સોની એક જ પ્રકારની સુરાવલી મુકરર કરવી જોઈએ. સર્વને સ્વીકાર્ય થાય તેવી એવા ગીતોની સુરાવલી જોડવાનું કામ શાંતિનિકેતન અગર એવી બીજી કોઇ પ્રમાણભૂત સંસ્થાએ ઉપાડી લેવુ જોઈએ આજે આ ગીત સૌ કોઈ ગાયે છે. એમા હિંદ માતાનુ કેવુ સુરમ્ય ચિત્ર દોર્યું છે. માતૃભૂમિ એ નકશાબોધાની સરહદે બાંધેલી ભૂમિ નહિ પણ સાક્ષાત્ દેવી. કેવી મૂર્તિ માતા ! કેટલુ સજીવ આલેખન ! અથવા કોઈ હિંદી એવો નહિ હોય કે જેના હૃદયમા આ ગીતના સુરે પોતાના દેશ તરફ પ્રેમ ઊભરાયો નહિ હોય. એના લેખકનું નામ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય. વંદેમાતરમ્‌નું ગીત એમની આનંદમઠ નામની એક નવલકથામા આવે છે એ નવલકથા લખીને અમણે દેશને શક્તિ, ભક્તિ, ત્યાગ અને દેશનો મંત્ર આપ્યો હતો. રવિન્દ્રનાથ ટાગોર જેવા પણ એમનાં દર્શન કરી પોતાને કૃતકૃત્ય થયેલા માનતા હતા. અર રમણભાઈ દત્ત જેવા એમની સલાહ અનુસાર જગતીમા લખવા લાગ્યા હતા. એમણે સત્તાવીસ પુસ્તકો લખ્યા છે. એમાં ધર્મતત્ત્વ ને કૃષ્ણચરિત્ર નામનાં પુસ્તકોએ તો એમની કીર્તિને સુવર્ણકળશ ચઢાવ્યો એમ કહી શકાય.

૨. ન. નમસ્કાર કરવાનો કે પત્રમાં અને લખવાનો એક પ્રયોગ; કાગળપત્રમાં તેમ જ બધની વખતે વિવેકમા વપરાતો શબ્દ આ શબ્દ રાષ્ટ્રવાદીઓ એક એક બીજાને મળતા બોલે છે

૩. ન. માતૃભૂમિને વંદન કરું છું એવો એક જયઘોષણા.

વંદો ૧. પું. મોટી મોગરી.

૨ પું. વાદો, ઝલ; પાંખવાળો એક જીવડો, આ તથા કાળો એમ બે જાતના વદા હોય છે. તેના ઇંડા સફેદ હોય છે. ગંધકથી ભરી જાય છે જે ચોપગા પશુ વાઘના નામ પરથી શેર વદાનું નામ પડ્યું છે તેનુ આબેહૂબ સ્વરૂપ છે પોતાની જાતના બચા વદાથી તે પણ જ હિંસક અને ક્રોધનો તરસ્યો છે. રંગની ખૂબસૂરતી, અતિશય ચપળતા અને વિકરાળ સ્વભાવને માટે તે જાણીતો છે. હોય નામે જાનવરના વનમા સૂર્યનો તાપ પડે ત્યાં રહે છે. ઘણા વદા એક ફૂટ ખાડો ખોદી તેમા રહે છે. નુકસાનકારક જીવજંતુઓને ઘરમાં પેસતી જ ભારી નાખે છે તથા ખાઈ જાય છે

વંદ્ય [સં.] વિ. વખાણવા લાયક; સ્તુત્ય; વદન કરવા જેવા; પૂજ્ય; નમવા યોગ્ય; આદરણીય, પૂજનીય

વંધા સ્ત્રી. ગોરૈયા; એક જોડ.

વંદ્રાવનીસારંગ પું. (સંગીત) કાફી ઠાટમાથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ.

વંધ્ય ૧. પું. અઠ્યાસી માહેનો એક ગ્રહ

૨. [સં.] પું ચાળિયુ વૃક્ષ; જેને ફળ પ્રાપ્તિ ન થાય તેવુ વૃક્ષ

૩ વિ વાંઝિયું. જેને ફળ નહિ આવેલું હોય તેવું ઝાડિયુ, નિષ્ફળ

વંધ્યત્વ ન. વાંઝણાપણું, બાળક ન થવું એ સ્થિતિ, ગર્ભ નહિ રહેવો તે; વંધ્યાપણુ. વંધ્યારોગના છ પ્રકારો મનાય છે અને એ દરેકના પેટા પ્રકારો મળીને કુલ ૨૪ થાય છે. વંધ્યારોગના છ પ્રકારો આ પ્રમાણે છેઃ (૧) બાલવંધ્યા, (૨) કાકવંધ્યા, (૩) અનપત્યા, (૪) મૃતવત્સા, (૫)

ક્ષીણવત્સા અને (૬) અપુષ્પવત્સા આ ૬ પ્રકારનું વંધ્યત્વ જુદાં જુદાં કારણોસર જન્મે છે. પરંતુ આ બધા પ્રકારોના મૂળમાં જુદી જુદી જાતના આર્તવદોષો અને તેમાંથી નીપજતા ગર્ભાશય અને ગર્ભાશયના દોષો રહેલા કહેવાય છે. બાળપણથી ઋતુ આવ્યા પહેલા ગ્રંથને પરિણામે કે વયમા આવ્યા પહેલાં સમાગમ થવાને પરિણામે સ્ત્રીના ગર્ભકોષનો ઘણી વખત અંત આવે છે ને અપત્યવત્યનો સ્ત્રીઓ ભોગ બને છે. કેટલીકવખતનો રોગ એવી જાતનો હોય છે કે, એમાં સ્ત્રીને એક વાર સંતાન થયા પછી સંતાન થતા જ નથી અને એનું કારણ એ છે કે, પહેલી વખતના સંતાન સમયે તના ગર્ભકોષના તમામ રજકણો વપરાઈ જાય છે અને પરિણામે ગર્ભકોષનો અંત આવે છે અને તેથી વંધ્યત્વ આવે છે. અનપત્યા સ્ત્રીને ગર્ભ રહે છે ખરો, પણ ગર્ભ ઝરી જાય છે આમ થવાનું કારણ આજના યુગમાં તો ગર્ભાશયનું મુખ ખુલ્લું રહી જવાનું જ જણાય છે અથવા તો ગર્ભાકુરોની અશક્તિને લઈને ગર્ભ ધારણ કરવાની અશક્તિ કારણરૂપ જોવામાં આવે છે આને માટે દૂષિત આર્તવને પરિણામે ગર્ભાકુરો નાશ પામી ગર્ભાશય અશક્ત બની જાય છે. જે સ્ત્રીને સંતાન થઈને તરત જ મરી જતાં હોય તેને મૃતવત્સા કહેવામાં આવે છે. આવા પ્રકારની સ્ત્રીઓ મરેલા બાળકને પણ જન્મ આપે છે. આજના યુગમા આમ બનવા પાછળ મુખ્યત્વે ગરમીનાં ચેપી દરદો જેવાં કે, પરમો, ઓરી રહેલાં હોય છે ને સામાન્યપણે બીજા વર્ણરોગો પણ કારણભૂત મનાય છે. જાતદૂષિત આર્તવને કારણે પણ આ જાતનું વંધ્યત્વ થવા પામે છે. સ્ત્રીવત્સા સ્ત્રી મુખ્યત્વે પાંડુ અને ક્ષય જેવા રોગથી પીડાતી હોવાના કારણે ગર્ભાશયમા કાર્યક્ષમ ઋતુનો ફેલાવ થવા પામે છે અને એમ થવાથી ઋતુ બંધ થઈ જાય છે, જેને લીધે ગર્ભાશય ગર્ભ ધારણ કરી શકતું નથી વંધ્યારોગનો અપુષ્પવત્સાનો છેલ્લો પ્રકાર મુખ્યત્વે બાર પ્રાપ્ત વસ્તુઓમાથી જન્મે છે. પણ તેની પાછળનાં કારણોમા તો ત્રિદોષ કે ઋતુદોષ જ મુખ્ય મનાય છે. ગર્ભાશયમાં એને પરિણામે માંસ બાઝી જાય છે. કોકવાર આમા આને ઓઢ રહી જાય છે એમ કહેવાય છે.

વંધ્યવીર્ય ૧. [સં] ન જે વીર્યની પ્રજા ઉત્પન્ન ન થાય તે વીર્ય

૨. ન જુલેબ વા

જે બીજ ભૂજાઈ ગયુ એટલે વંધ્યવીર્ય બનેલ બીજ ઉત્પત્તિ માટે સમર્થ નથી. કઠોપનિષદ

વંધ્યરાશિ ન. જ્યોળની બાર માંહેની એક રાશિ. મિથુન, સિંહ અને કન્યા તે પ્રત્યેક વંધ્યરાશિ કહેવાય છે.

વંધ્યા ૧ [સં] સ્ત્રી ગર્ભધારણ કરવાને શક્તિહીન સ્ત્રી: વાંઝણી: છોકરાં ન થયાં હોય તેવી સ્ત્રી: વઝ્યા.

અનેક જ્ઞાનનાં કલ્યાણ કરવા સારુ મહાસત્રે મંદિર કર્યાં છે. તેની સેવા આ દેહે ન થઈ તો આ દેહ કેવો છે કે વંધ્યા ગાયની સેવા કરવા જેવું બનવું જે દૂધ તો મળે નહિ અને છાણ, મૂત્ર બાળવાનું નિરંતર રહે.

સ્વામિનારાયણ

૧. વંધ્યા સુ જાણે પ્રસવની પીડા = અનુભવ વગર દુ:ખનો બ્યાલ આવતો નથી.

૨. વંધ્યાભોગ્ય દ્રાગતુ = સંતાન થતુ

૨. વિ સ્ત્રી. ગર્ભ ધારણ કરવાને શક્તિહીન.

વંધ્યાકરણ ન વંધ્યા કરવાની ક્રિયા: ગર્ભ ન રહે તેની ક્રિયા

વંધ્યાકરણના બધા જ પ્રયોગો આયુર્વેદના અને તબીબશાસ્ત્રના ગ્રંથોમા મળી આવે છે

અજિતસિંહ તબીબશાસ્ત્ર

વંધ્યાકર્કોટી સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તે વમનમાં પીવાથી ઊલટી કરાવે છે. તેનું મૂળ પીવાથી ઊલટી કરાવે છે.

વંધ્યાકુમાર [સં. વન્ધ્યા (વાંઝણી) + કુમાર (દીકરો)] પું. અસંભવિત વાત. વાંઝણીને દીકરો હોય નહિ માટે કોઈ અસંભવિત વાત કે બાબત વંધ્યાકુમાર કહેવાય છે.

વંધ્યાદોષ [સં.] પું. વાંઝિયાપણું.

વંધ્યાપુત્ર જુઓ વંધ્યાકુમાર.

વંધ્યાપો પું. પ્રજા ન થાય એ દોષ. અજિતસિંહ તબીબશાસ્ત્રમાં લખ્યું છે કે, સ્ત્રીપુરુષો વંધ્યાપા માટે પોતાના ભાગ્ય નિષે છે અને સ્વાર્થપરાયણ માણસો જેમ કરમાવે તેમ તે બીચારા ભરમાય છે વંધ્યાપો એ રોગ નથી. વંધ્યાપો એ દોષ છે સ્ત્રીપુરુષના જનનેંદ્રિયના અવયવોમાં કોઈ ખામી હોવાને લીધે જ વંધ્યાપો આવે છે.

વંધ્યારૂઢ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ગઝલી છંદનો એક ભેદ છે. તેને વિખ્યારૂઢ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં મગણ, રગણ, મગણ, તગણ અને બે ગુરુ મળી કોઈ અક્ષર હોય છે

વંધ્યાવૃ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ: ચંદ્રાપીડ. તેના દરેક ચરણમાં પાંચ મગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે

વંધુ વ ક્રિ. (બા. પ્ર.) વહેરવું, વિંધાવવું.

મંન વચન બાંધી વંધુ કાન,
ત્યાંહાં મંગે જઈને બાંધી પાન. નાકર

વંશ ૧. [સં.] પું એક પુરુષથી પુત્ર, પૌત્ર વગેરે ક્રમે ચાલેલી પરંપરા: પુત્રપૌત્રાદિકનો ક્રમ વંશ રહેવો = (૧) કુળપરંપરા ચાલુ રહેવી. (૨) પુત્રપ્રાપ્તિ થવી.

૨. પું. બોલ.દ; સંતતિ: બાળબચ્ચાં: પરિવાર. વંશનો વેલો-વંશવેલો = કુળ પરંપરા: કુળવેલ.

૩. પું. કુળ: ગોત્ર: જાતિ: પેઢી: શાખા: અટક.

૧. વંશ કાઢવો = કુળનો ઉચ્છેદ કરવો.

૨. વંશ જવો = નિ:સંતાન થવું: કુળનો નાશ થવો.

૩. વંશમાં અગ્નિ મૂકવો = વંશનો નાશ કરવો

૪. પું. આર શાખનું એક માપ

૫. પું. રાજાઓના વંશાવળી વિગતનું શાસ્ત્ર.

૬. પું. વર્ષ

૭. પું. વાંસ; બંસી, વાંસળી; પાવો

વંશ વગાડવો જી બોગ્દ, આર ઈ નાઈ કરઈ અમ્મુંદ. ઓમ

૮. પું વાંસ.

૯. પું વાંસકપૂર

૧૦. પું. વાંસનું ઝાડવું.

૧૧. પું. વિષ્ણુ

૧૨. પું. (પુરાણ) વેદનો એક વેદાભ્યાસ.

૧૩. પું. ઝાંઝર.

૧૪. પું. સમૂહ.

૧૫. પું. સંબંધ

૧૬. પું. શાસ્ત્રનું ઝાડ.

૧૭. પું. સામવેદનો એક ગ્રાહ્યગ્રંથ.

૧૮. સ્ત્રી. ખાનદાન.

વંશક ૧. [સં.] પું. એક જાતની શેરડી.

૨. પું. એક જાતનું માંજણું.

૩. પું. વાંસની ગાંઠ.

૪. પું. (પુરાણ) સર્પદંશથી પંદરવાનુંત્પન્ન થયેલ ભરત અથવા ભારત રાજાનો એ નામનો એક પુત્ર.

૫. ન. અગરચંદન

વંશકન્યા [સં] સ્ત્રી. બોલાદ સંબંધી કન્યા

વંશકરંજ [સં] ન. વાંસના આકારમાં હલકામાં જોવા તંતુ.

વંશકર ૧. પું. મળ પુરુષ.

ભૃગુ ગોત્રના વંશકર કુટિલ મુનિનો વંશજ હોવાથી તે પોતાને ગૌરિલ્લ કહેવડાવતો હતો. કેશવ હર્ષદ ધ્રુવ

૨. [સં.] વિ. વંશ રાખનાર: વંશવૃદ્ધિ કરનાર: વંશપરંપરા આગળ ચલાવનાર.

વંશકર્તા [સં. વંશકર્તૃ] પુ. વંશ સ્થાપક; જેના નામ કે અટક ઉપરથી વંશ કે કુળનું નામ પડ્યું હોય તે મુખ્ય માણસ.

વંશકર્પૂર [સં.] ન. વાંસકપૂર.

વંશકાર ૧. [સં.] પું. એ નામે કારીગર વર્ગનો એક મનુષ્ય

> બીજુકાર વંશકાર ઉતિયાર આલ્ટ પખાજ્જ પટ્ટ-ઉટ્ટ-પ્રમુખ સાલ્લ લાહિ કરી સભીઽ રાજ રાજસભામા ગઇઅ.
>
> પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ

૨ પું. મયૂર.

વંશકારી વિ. વંશ રાખનાર, વંશપરંપરા આગળ ચલાવનાર, દીકરા માટે બોલાય છે.

વંશકોરી [સ.] સ્ત્રી. વંશલોચન; વાંસકપૂર.

વંશગત [સં] વિ. પેઢી ઊતાર.

વંશગુલ્મ ન. (પુરાણ) નર્મદા અને શોણ નદીના સંગમ ઉપર આવેલું એ નામનું એક તી.ક્ષે. અમરકંટક ઉપર આવેલ મહાભારતકાલીન પવિત્ર કુંડ. તે નર્મદાના મૂળથી આરંભે સાડાચાર માઇલ દૂર છે

વંશચરિત [સં.] ન. વંશનો ઇતિહાસ; વંશાવળી; કુટુંબનો ઇતિહાસ; વંશમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ ના નામાવળી

વંશચરિત્ર જુઓ વંશચરિત

વંશચ્છેદ [સં] પું. કુળનો નાશ; પ્રજાક્ષય; કુટુંબનો નાશ; બોલાદનો નાશ.

વંશજ ૧. [સં. વંશ (વાંસ) + જ (જન્મેલું)] પુ વાંસકપૂર.

૨. પું. વંશમાં થતો જીવ

૩ [સ વંશ (કુળ) + જ (જન્મેલું)] પું. સંતતિ; સંતાન; બોલાદ, વારસદાર, વંશમાં ઉત્પન્ન થયેલો માણસ.

૪. વિ. વંશનું; વંશમાં જન્મેલું.

૫ વિ. સારા કુળમાં ઉત્પન્ન થયેલ.

વંશજા ૧. [સ] સ્ત્રી. કન્યા

૨. સ્ત્રી વાંસકપૂર

વંશતંડુલ ૧ પું. વાંસનું બી

૨. [સં] પું. વાંસમા થતો જવ.

વંશદગ્ધ જુઓ વંશપત્રપતિત.

વંશધર ૧. પું. પર્વત

૨. પું. વંશજ; સંતતિ, સંતાન.

૩. વિ વંશ વધારનાર

૪. [સં.] વિ. વંશને ધારણ કરનાર; વંશનું પોષણ કરનાર

૫ વિ વાંસને ધારણ કરનાર.

૬ વિ પું. વંશ ચાલુ રાખનાર પુત્ર.

વંશનાદ પું. સંભર; શિવ

વંશનાલિકા [સં.] સ્ત્રી વાંસળી

વંશપતિ ૧. [સં.] પું. વંશનો પતિ, કુટુંબનો એકનો એક પુરુષ; વંશનો એકનો એક નાગરિક

૨. સ્ત્રી. વંશની પ્રતિષ્ઠા; કુટુંબનો મોભો.

વંશપત્ર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વંશપત્રપતિત.

૨ પુ. વાંસ નામનું ઘાસ.

૩. [સં] પું. હરતાલ.

૪. ન. વાંસનું પાંદડું

૫. ન સૈરવીનું મૂળ.

વંશપત્રપતિત પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં અનુક્રમે, ન્યગણ, ન્યગણ, નગણ, જગણ નગણ, લઘુ અને ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે. તેમા દશમા અક્ષર ઉપર યતિ આવે છે. તેને જલધરરસિત, વંશપત્ર, વંશપત્ર વંશદગ્ધ કે વંશપત્રપતિતા છંદ પણ કહે છે.

વંશપત્રપતિતા જુઓ વંશપત્રપતિત

વંશપત્રી ૧. [સં] સ્ત્રી. એક જાતની ઝિંગ

૨. સ્ત્રી કીડી મારી

૩. સ્ત્રી ઝિંઝવાણી. તેના પાન વાંસને મળતા આવે છે

વંશપરંપરા ૧ [સં. વંશ + પરમ્પરા (પરિપાટી)] સ્ત્રી. પેઢીનો ક્રમ; વંશના પરંપરા; કુટુંબની પરિપાટી

૨ સ્ત્રી. વંશ; કુળ

૩ અ એક વંશ પછી બીજો વંશ એમ; પહેલેથી આવ્યું આવ્યું હોય તેમ; પેઢીના ક્રમથી; પેઢીકમાં

વંશપરંપરાગત [સં] વિ બાપદાદાથી ઊતરી આવેલ; પેઢી દર પેઢીથી ચાલ્યું આવતું.

વંશપૂરક [સં.] ન. સૈરવીનું મૂળ

વંશપ્રદીપ ૧ [સં] પું કુટુંબમાં દીવારૂપ વ્યક્તિ

૨ પું વાંસ ઉપર ટાંગેલો દીવો.

વંશભાસ્કર પુ. મહામહિ સૂર્યમલ્લજીનો લખેલ એ નામનો એક ગ્રંથ

વંશમાલિકા [સં.] સ્ત્રી કુટુંબનો આંખા; વંશાવળી

વંશમૂલ ૧ પું. (પિંગળ) ઝકરીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

૨. ન. મહાભારતમા જણાવેલુ એક પ્રાચીન તીર્થ

વંશમોતી ન વાંસની ગાંઠમાંથી ઊતરતું એક જાતનું મોતી. એ આરોગ્યવર્ધક મુખ્યો માટે ખાસ કીમતી છે તેનો રંગ તથા તેજ વરસ દિના કરતા જોતો છે આ વસ્તુઓ દુનિયા પર ઘણા નથી પણ માત્ર દેવો જ જાણે જાણે રાજે છે એવો રમણે થાય છે એમ કહેવાય છે

વંશરક્ષા [સ.] સ્ત્રી. વંશની જાળવણી; વંશ નાશ ન પામે તેની સંભાળ

> પુરુષનો રસ આપણે માટે નથી. પુરુષના પોતાના અસ્તિત્વ માટે છે, સ્ત્રી તેમજ રસાય વનસ્પતિની વંશરક્ષાને માટે છે. વનસ્પતિસા સ

વંશલોચના [સ] સ્ત્રી વાંસકપૂર.

વંશલ પું. (પિંગળ) અત્યન્તિની જાતના એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા મગણ, તગણ, જગણ જગણ, લઘુ અને ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

વંશલતા [સ] સ્ત્રી વાંસની જોડી.

વંશલોચન ૧ ન વહુદી લોકોને જગલમાં ખેંચે આપેલા ખોરાક.

૨ [સ] ન વાંસકપૂર; વાંસના ખાલા ભાગમાં થતો એક પદાર્થ તેમા ચકમક અને પોદાસનો ભાગ છે તે મધુર ચમત્કાર, શીતલ, પિત્તહર, રક્તશોધક, અને વાતકર છે. જ્વર, શ્વાસ, ઉધરસ, તૃષા, ક્ષય કમળો, રોહ, પાંડુ ઉપર ઉપયોગી છે (રાજનિઘંટુ, ધન્વંતરી, ભાવપ્રકાશ, શાલિગ્રામ, વૈદ્યકલ્પદ્રુમ)

વંશલોચના [સ] સ્ત્રી. વાંસકપૂર

વંશવર્ગ પું. (પિંગળ) સંસ્કૃતિની જાતનો ૨ ૦ સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમા ભગણ, જગણ, બે રગણ, મગણ, જગણ, ૦૦૦ મગણ મળી બાર વર્ણ આવે છે

વંશવગડા (વશવગડો) પું. વાંસનું જંગલ.

વંશવદન જુઓ વંશપત્રપતિત

વંશવધારણ વિ વંશની વૃદ્ધિ કરનાર

> ઓરડીથી આવ્યા રે મુહિયલ ગોરણી રે લોલ, આવો મારી વંશવધારણ વેલ.
>
> રાસતરંગિણી

વંશવર્ધન ૧ [સ] પું. વંશનો વધારનાર પુત્ર

૨ પું. વિષ્ણુના હજાર નામોનું એક નામ

પોતાના વંશરૂપ પ્રપંચને વંશ.રક્ષાના કે નષ્ટ કરવાના કારણથી જગવાન વંશવર્ધન કહેવાય છે.

વંશવાડી સ્ત્રી કુટુંબ વિસ્તાર.

> તમારી વંશવાડી વિસ્તાર પામો !
>
> પરકમની પ્રસાદી

વંશવારસો પું. પુત્રપરિવાર.

વંસલાવવું

વંશવિજ્ઞાન ન. સુપ્રજનન શાસ્ત્ર, વંશવિદ્યા.

વંશવિજ્ઞાની ન વંશવિજ્ઞાન જાણનાર; સુપ્રજનન વિ. જ્ઞા.

વંશવિદ્યા જુઓ વંશવિજ્ઞાન

વંશવ્યવસ્થા [સ વંશ + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. વંશની પરંપરાગત વ્યવસ્થા

વંશવ્યવસ્થા પરદેશી, જિલ્લા પ્રવેશ્ય રાજન ભીમ

વંશવિસ્તાર ૧. પું વંશ વધારવો તે.

૨. પું. વંશ વધારવો કે આગળ ચલાવવો તે.

પરસ્ત્રીગમનથી કન્યાઓને આપણા ગોત્રમાં સમાસ કરવી વંશવિસ્તાર કરી કુલાભિમાનીઓ સ્થાપીએ છીએ. નાનાલા.૭

વંશવૃક્ષ [સ વંશ + વૃક્ષ (ઝાડ)] ન. વંશાવળ; વંશાવળી; આબો. વંશવિસ્તારનું ઝાડ; પેઢીનામું. વંશની શાખા, પ્રશાખાવાળું વિસ્તાર બતાવતું નામું

વંશવૃત્ત જુઓ વંશવૃક્ષ

વંશવૃદ્ધિ ૧. [સં] સ્ત્રી. વંશની વૃદ્ધિ; વંશનું વધવું તે.

૨ સ્ત્રી. વાંસની વૃદ્ધિ

વંશવેલો ૧. પું. કુળગો

૨ પું વંશવિસ્તાર.

વંશવ્યંજન ન. વાંસનો વીંઝણો.

વંશશર્કરા [સં.] સ્ત્રી. વંશલોચન; વાંસકપૂર. તે વાંસમાંથી નીકળે છે અને સાકર જેવું મીઠું હોય છે.

વંશશલાકા સ્ત્રી. સુગંધી વાળો; ખસ.

વંશશુદ્ધિ સ્ત્રી. ઓલાદની શુદ્ધતા; કુળની પવિત્રતા.

વંશસંસ્કાર પું વંશમાંથી ઊતરી આવતા સંસ્કાર.

વંશસ્તનિત પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વંશસ્થ; વંશસ્થવિલ; મહાનિબંધા. તેના દરેક ચરણમાં જગણ, તગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે. પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

વંશસ્થ ૧. વિ. વંશમાં રહેનાર.

૨. જુઓ વંશસ્તનિત

વંશસ્થવિલ જુઓ વંશસ્તનિત.

વંશસ્થાપક પું. વંશની સ્થાપના કરનાર પુરુષ. વંશપ્રવર્તાવનાર મૂળ પુરુષ.

વંશહર્મ્ય [સં] ન. વાંસની બનાવેલી ઝૂપડી.

રા આકારો અડકી અડકી વંશહર્મ્યો રહ્યાં છે. પ્રેમાનંદ

વંશા ૧. [સં] સ્ત્રી. (જૈન) એ નામની સાત માંહેની બીજી નરક ભૂમિ, પૃથા, શૈલા, મજ્જના. શિલા માધવ્યા અને માધવી એ સાત નરકે જવાય છે.

૨. સ્ત્રી (પુરાણ) પ્રાધાની એક કન્યા; એ નામની એક અપ્સરા

વંશાગ્ર ૧. પું કુળનો પહેલો પુરુષ.

૨ પું વાંસનો અગ્રભાગ.

વંશાનુગત [સં. વંશ (કુળ) + અનુગત (પ્રવેશ આવેલ)] વિ વંશપરંપરાથી ઊતરી આવનાર; પેઢી દર પેઢીથી ચાલ્યું આવતું.

વંશાનુચરિત ન. વંશમાં થઈ ગયેલા પુરુષોનાં જીવનચરિત્ર

વંશાન્વય પુ. આનુવંશિકતા; પરંપરા; વારસો પ્રાણિના બીજ નિયમોની બાબત **વંશાન્વય** અગત્ય છે. ચંદ્રશેખર પંડ્યા

વંશાગોપી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, ભગણ, નગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે

ન, ભા, ન, ગા વડે **વંશગોપી.** રણજિતરામ

વંશાલય પું. સોળ માંહેના એક પ્રકારનો વિવાહ.

વંશાવલી જુઓ-વંશાવળી.

વંશાવળિ જુઓ વંશાવળી

વંશાવળી [સં. વંશ + આવલિ (હાર)] સ્ત્રી વંશવૃક્ષ; વંશવૃત્ત; એક એકની પછી થયેલા પિતા, પુત્ર, પૌત્ર વગેરેની અનુક્રમણી; વંશમાં થયેલા પુરુષોની વંશક્રમ નોંધ; પેઢીનામું; વંશનો આંબો; વંશમાં ઉત્પન્ન થયેલાની ક્રમવાર નામાવલિ

વંશાવળી બાંધવી = (૧) કોઈનો વંશવેલો બતાવવો. (૨) વંશનો આંબો બાંધવો.

વંશાસ્થિ [સં.] ન. કરોડનું હાડકું; વાંસાનું હાડકું

વંશાંકુર [સં.] પું. વાંસનો અગ્રભાગ.

વંશિક જુઓ વંશિક ૧.

વંશિકા ૧. [સં.] સ્ત્રી. અત્તરવાળ.

૨. સ્ત્રી. પીપર.

૩. સ્ત્રી. વાંસળી.

વંશી ૧. [સં.] સ્ત્રી વેણુ; બંસરી; વાંસળી.

૨. ન. જૈન મુનિના મતાનુસાર ત્રીસ પરમાણુ કે એક વંશસ્કંધનું મળવું તેવું એક વજન.

ત્રીસ પરમાણુનો એક વંશસ્કંધ અને તે જ વંશસ્કંધને **વંશી** કહે છે. અર્થાત્ ભળિયામા પડતા સૂર્યના કિરણોમા જે ઝીણી ઝીણી રજકણો દેખાય છે તેમાંની એક રજકણ જેટલા વજનનું તોલ વંશવિંશ સમજવું યોગશિખા.ભાષ્ય

૩. ન. ચાર કર્ષનું એક માપ; આઠ તોલાનું માપ.

૪. ન વંશપુર

૫. વિ. કુટુંબનું; વંશનું

વંશીતાંદુળ ન. જ ન વાંસના ચોખા

વંશીતાંદુળ કુવલિકને, ભગા જુઓ મહામુનિ. પ્રેમાનંદ

વંશીધર ૧ [સં] પું શ્રીકૃષ્ણ.

૨. વિ. વાંસળી ધારણ કરનાર.

વંશીય વિ વંશમાં ઉત્પન્ન થયેલ

વંશીવટ ૧. પું પ્રદાવત પર્વતના એક વડ. નીચે નાચે શ્રીકૃષ્ણે ગોપો ભેગી ભજવી હતી.

૨ [સં. વંશી + વર્તિ (વર્તન)] સ્ત્રી વાંસળી બનાવવાની રેત

વંશોત્કારસારા સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એક નદી. તેને તીરે સુરભિ નામનું વન છે. જ્યાં કુબેરનો કુલ ક્રિયાયજ્ઞ રહેતો હતો

વંશોત્કર્ષ [સં] પું. વંશોન્નતિ.

એમ છતાં રહેતા અને કાળ બળતા જોરે વિવાહનો વહેવો રોપ્યા પ્રાણ પિતા તૈયાર થયા છે. જો વંશપૂર્ણ આદમ-વહા, સુખ-કલ્યાણ અને વંશોત્કર્ષ માટે વિવાહ અને તેમના અમલમા એટલા કાયો જોઈએ. રાનમંદ્રણા

વંશોત્પાત પું. (પિંગળ) ગઝલની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, યગણ, રગણ, ભગણ અને બે ગુરુ મળી બાર અક્ષર હોય છે.

રોપી ત ય રા મા ગ ય બેઠો **વંશોત્પાત.** રણજિતરામ

વંશોપયોગ્ય [સં.] વિ વંશના જ ભોગવટામાં રહે તેવું, બીજાને અપાય નહિ તેવું.

વંશ્ય ૧ [સં] પું. કુટુંબનું કોઈ એક માણસ.

૨. પુ. પૂર્વજ.

૩. પુ વંશજ.

૪. પું. શિષ્ય.

૫. પું. સાત ઉપરની અને સાત નીચની પેઢીઓ મળે તેનું કોઈ એક સગું

૬. પું. હાથ કે પગનું હાડકું.

૭. ન. ઘરના છાપરાનો એક ભાગ

૮. વિ કરોડરજ્જુને લગતું.

૯. વિ. કુળવાન

૧૦ વિ. વંશનું; વંશી.

૧૧ વિ. વંશમાં હોનાર.

વંસલાવવું સ ક્રિ. વાંસલા વડે લાકડાને ઘડીને સાફ કરવું.

વંસાલુ ન. રૂની ગાસડી બાંધવાનું તાપડું.

વા ૧. પું અપોવાયુ.

વા છૂટવો-સરવો = (૧) ગજગજાવું; પાસલીનું માર્યું માણસ બનવું. (૨) પાદવું. વા છૂટ આવી

૨. પું. જીવ; ચૈતન્ય; પ્રાણ.

૩. પુ. મગરૂબી.

૧. માથામા વા ભરાવો = મગરૂબ થવું.

૨. વાને ઘોડે ચડવું = કુલાઈ જવું; મગરૂબ થવું.

૪ પું. મનસ્વી તરંગ; લહેર; મનનો ફાટો. વિચારનો ઊછાળો; ખેંચ

૧. વા આવે એમ કરવું = મનમાં આવે તેમ કરવું; ઇચ્છાનુસાર વર્તવું; તરંગવશ વર્તવું.

૨. વા ઉપર જવું = પૈસાના લાગવી; પૈસાદારાળું થવું; વાઝેલ કે ચમકેલ થવું; મગજ ચમકવું.

૩. વા પેલું = મનસ્વી.

૪. વાએ ચઢવું = (૧) ખીલવું. (૨) લહેર થવું. (૩) તરંગવશ થવું. (૪) લહેરે ચઢવું; મનસ્વીપણે કામ કર્યે જવું; ઘોડેસની પેઠે કામ કરવું; આનંદે ઘૂમવું; ગર્વ કરવો.

૫. વાના ઘોડા જેવું = તરંગી; ઘડીઘડીમાં વિચાર ફેરવવું.

૬. વાનો ઘોડો = જેવો તરંગ આવે તેવું કરનાર; ઉદ્ધ વિચાર ઉપર નહિ રહી શકે તેવું.

૭. વામાં આવવું = પૈસાદારીયુક્ત તરંગમાં આવવું; મિથ્યા મનોરાજ્યમાં મહાલવું; તરંગે ચઢવું.

૫. પું. રોગ કે વિકારનો ફેલાવો; રોગ કે વિકારનું મોજું.

તાવના વા = તાવનો રોગચાળો.

૬. પું. વાઈનો રોગ; ફેફરું.

૭. પું. વાયુ; પવન; સમીર; માતરિશ્વા; વાયરો; મરુત.

૧. વા કાઢવો-કાઢી નાખવો = (૧) અતિશય કામ કરાવી બધું જ ચાકરી લેવું; અધમૂઉ કરવું. (૨) ખૂબ ધમકાવી હલકું કરવું; ઉતારી પાડવું; માનભંગ કરવું. (૩) માર મારી અધમૂઉ કરી નાખવું; પ્રાણવાયુ નીકળી જાય તેવો સખત માર મારવો. (૪) ગેસ કાઢી નાખવો; ઢીલું હસ કરી દેવું

૨. વા ખાવું = રખડવું.

૩ વા ખાટ કરવું = (૧) અવગણવું. રખડાવવું; ન લેખવવું. (૨) કાંઈ ન દેવું. (૩) સૂકવવા નાખવું; પવન લાગે તેવું કરવું.

૪. વા ખાવું રહેવું = (૧) રખડી પડવું; રખડવું કે ભટકવું રહેવું. (૨) રોજગાર વગેરેને માટે કોઈના ઉપર આધાર રાખવો દોષ તેમાં નિષ્ફળ જવું.

૫. વા ખાવો = (૧) અવકાશ કરવું. કામનો પાર ન આવતાં વાર લાગવી. (૨) કામધંધા વિનાનું રહેવું; નિરુદ્યમી રહેવું. (૩) નહિ અર્થ સરવો (૪) નિરર્થક ઘડી રહેવું. (૫) રખડવું.

૬. વા ખોદીને પહાણ્ય મૂકવું = ખોટો ખર્ચ કે કાર્ય આખવું; પખત જોઈને વાત કરવી

૭ વા નીકળી જવો = (૧) ઘણી મહેનત પડવી; મરી જવા જેવું દુઃખ થવું. (૨) ખોટો જવું; ફાવટ ન આવી જવું. (૩) મરી જવું

૮. વા ને વરોળિયા જે ઘડીના = સંકટનો સમય ટૂંકો હોવો. સંકટ અલ્પ સમયમા પ્રકાર થઈ જવાં

૯. વા ખાઈને રહેવું = નિરાકુલ આધાર ન કરવો; નિરાધારી રહેવું

૧૦ વા વાવો = (૧) અમુક જાતના વિચાર કે ભાવનાઓની ખૂબ પ્રવૃત્તિ થવી; જાહેરા ચાલવી; વિચાર કે ભાવનાઓનો જોરથી ફેલાવો થવો (૨) અસર થવા; ગુપ્તદોષ લાગવો. (૩) પૈસાના આવવી. (૪) પસરવું. (૫) વાતાવરણ થવું. (૬) સારી માઠીવાતનો ફેલાવો થવો. (૭) સુખદુઃખ જોવાં, અનુભવવા કે ભમવાં.

૧૧. વા સાથે ઘઉં તેવું = સહેજ સહેજમાં બની જાય તેવા સ્વભાવનું; તડકું; ઝટિયાખોર; વગર વારણે બીજા સાથે ઝઘડનાર.

૧૨. વા સાથે વાતો કરવી = આપ મેળે કે વગર બોલાવ્યે વાતો કર્યા કરવી. જે કોઈ મળે તેની સાથે વાતો કરવી.

૧૩. વાએ ઊડવું = ફેલાવું; એકથી બીજે ગામે, બીજેથી ત્રીજે એમ સર્વત્ર વાત ફેલાવી, પવનની પેઠે જાહેર થવું કે ફેલાવું

૧૪. વાએ કમાડ દેવાયાં = વાત અંધારામાં ભળી; વાત ઊડી જવી

૧૫. વાએ જવું = (૧) અસલ્ય લોકોની જમાવટ થવી. (૨) મહાં ઊડી જવું; અધૂરે જવું; કસવાવડ થવી (૩) રજા થઈ જવું.

૧૬. વાએ વાત ચડી = જાહેર થઈ જવું. કશું જાનું ન રહેવું

૧૭. વાએ વાતું કરવી = વગર બપનું બોલવું. નકામું બોલ્યા કરવું; વગર કામે બોલ્યા કરવું.

૧૮ વાના કોડા જેવું = તદ્દન સુકલકડી અને નિર્બળ

૧૯ વાની મારી કોલસ = સહેજે આવી પડેલું. મહેલકર્યા આવી મળેલું. કોઈ વખત આવે નહિ તેવો પરોક્ષો મદી આવે તેને માટે બોલવ છે

૨૦. વાનુ કોકડું = (૧) વાયુથી શરીર પુષ્ટ થયેલું (૨) સગીન નહિ પણ મંત્ર પોચુ અને બહુ; દેખાવમા બહુ પણ ન કાંત વગરનું માલમ

૮. પું. શરીર પર ગડગૂમડ નીકળવાનો, માંસમાં કે કાનમા ચમકા નાખવાનો કે સાંધા રહી જવાનો રોગ સંધિવા

૧. વા આવવો = (૧) પવન કરવો. (૨) વિચારનો જોરા આવવો; તરંગ ચડવો. (૩) મનમા દુઃખવા; શરીરમાં વાનુ દર્દ થવું

૨. વા નીકળવો = (૧) વાંકો રહી જવું; સાંધા કઠાર્ય જવા. (૨) વાનાં ગૂમડાં થવાં.

૩. વા કુકારવો = જેના ઘરમા કે કુટુંબમાં સતી થઈ મર્યા હોય તે માણસે કોઈને ચમડી પર થતી પાણી કરતી ફોલ્લીઓ પર પોતાના મોંમાં પાણી ભરી ફૂક મારવી.

૪. વા સખાવવો = વાના ફોલ્લા મટાડવા મંત્ર ભણાવવો.

૫. વાંકો રહી જવું = (૧) વાંચી સાંધા કઠાર્ય કે અકડાઈ જવા. (૨) વાનાં ગૂમડાં થવાં.

૯ સ. તેને. ગદ્ય ભાષામાં બોલાય છે.

૧૦. વિ. ખુલ્લું; ઉઘાડું

૧૧. વિ. બહુ સુંદર.

૧૨. [સં.] સ્ત્રી. (ધાતુ) વાનુ તે ઉપરથી બનેલા શબ્દો. વાત, વાયુ, વાતાવરણ વગેરે.

૧૩. અ. અને.

૧૪. અ. કે; અથવા, કિંવા; વા.

૧૫. અ. જેટલે અંતરે કે જેટલું. આ અર્થમાં નામને છેડે લાગે છે. જેમકે, ભેતરવા.

૧૬. અ પાછુ. હરીથી.

૧૭. અ વાર.

૧૮. અ વિકલ્પ, સાદૃશ્ય, અવધારણ, નિશ્ચય, સમુચ્ચય, વિતર્ક તથા પાદપૂર્તિમાં વપરાતો એક અવ્યય.

૧૯. અ. કાળાત્રા; કીર; ભલે. પ્રસન્નતામા કે વક્રોક્તિમાં વપરાય છે.

૨૦ અ. સહેજ.

૧. વા કરવુ = સહેજ કરવુ.

૨. વા તડ = સહેજ તડ

વાઇટલફેલ્યુઈડ [અં.] ન. લોહી, રક્ત; પ્રાણાધાર પ્રવાહી. તેની આવશ્યકતા. તથ. ઉપયોગિતા પરથી તેને ઉપરનું નામ આપ્યું છે.

વાઇટલ મોરાન [અં.] સ્ત્રી જીવનગતિ; જીવતા પ્રાણીઓમાં જોવામાં આવતી ગતિ તેને લઈ તેઓ જડ પદાર્થથી જુદાં પડે છે. વાઇટલ મોરાન બે પ્રકારની છે. એક ભારીક રુવાટા ની ગતિ અને બીજી રુધાપુસફોચનથી ઉત્પન્ન થતી ગતિ

વાઇટબાલ [અં.] પુ આડો દડો; ક્રિકેટની રમતમા દાવ લેનાર ફટકો મારી શકે નહિ એટલે દૂર પડતો દડો; મેદની નીચે દડો ઊતરી જાય તેવો દડો

વાઇસ ૧. પું. સીસરો, પદાર્થને મજબૂત પકડી રાખવાનું એક સાધન

૨. [અં. વિ નાનું, ઉપ; ની નામેના દરજ્જાનું. જેમકે, વાઇસ ચેન્સેલર; વાઇસ પ્રેસિડન્ટ.

વાઇસ ચૅન્સેલર [અ.] પું. વિશ્વવિદ્યાલયનો ઉપકુલપતિ.

વાઇસરોય [અં] પું અંગ્રેજ સરકાર તરફથી નિમાયેલ હિંદનો વડો હોદ્દેદાર; પરતંત્ર કાળમા ઇંગ્લંડના રાજાનો હિંદમાં રહેતો પ્રતિનિધિ, રાજ્યપ્રતિનિધિ; સુબો દેશનો હોદ્દેદાર. હિંદી સરકારનું બધું વહીવટી સુકાન વાઇસરોય હસ્તક હતું. તેની સત્તા હિંદમાં કહેનારાઓ જેટલી હતી. તને દર માસે રૂા. ૨૦૦૦૦નો દરમાસો મળતો.

વાઈ ૧ પું. (જરથોસ્તી) એ નામનો એક મજ્દ

૨. પું જનાવર વગેરેને પકડવાનો સાપો; પાંજરું; ખાળ.

૨ [સં. વાયુ-વાયૂ-વાઈ] સ્ત્રી. એ નામનો એક વાયુ રોગ; ફેફસે; હિસ્ટીરિયા; ગોયું નામનો રોગ; મૃગી. તેથી શરીર ખેંચાય છે, મોઢે ફીણ આવે છે, હાથ પગ તરફડે છે, મોળ આવે છે અને દાંત ભિડાઈ જાય છે. શરીર ઠારુ પડી જાય છે ચિતા, ચોક વગેરેથી કોપેલ દોષ હૃદયના ઓતોમાં રહી વાહશક્તિનો નાશ કરીને વાઈ નામનો રોગ ઉત્પન્ન કરે છે તે વાઈ વાયુથી, પિત્તથી, કફથી અને ત્રણે દોષોથી એમ ચાર પ્રકારથી થાય છે. વાઈ આવવાની હોય ત્યારે જાતીમાં કંપારો, હૃદયમા જકડતા, પરસેરો, વિરમયતા, મનમાં મોહ, ઇંદ્રિયો મૂઢ અને નિદ્રાનો નાશ એટલાં લક્ષણો જોવામા આવે છે. પિત્તથી વાઈ પખવાડીએ કે તેની અંદર આવે છે, વાયુની વાઈ બારમે દિવસે કે બાર દિવસની અંદર આવે છે. કફની વાઈ એક મહિને કે મહિનાની અંદર આવે છે અને ત્રિદોષની વાઈ રોજ આવે છે.

૧. વાઈ આવવી = મોઢે ફીણ આવવાં અને હાથપગ તરફાઈ જવા. ચારી આવવાથી કે ફેર ચડવાથી જોયું ખાઈ જવું.

૨. વાઈ થવી = કંટાળો આવવો; ઝપર થવું

૪ વિ. બોડું

વાઈક્ષેત્ર ન. વિરાટ નગરી

વાઈટવોશ [અં] પું ચૂનો જેવાની ક્રિયા; ધોળવાની ક્રિયા

વાઈન ૧. પું. આસવ. દ્રાક્ષને ' રોરી ' નામના આસવ સાથે મેળવી સાત દિવસ સુધી પલાળી નીચવીને ગાળી લેવામા આવતું આપવનું પ્રવાહી

૨. [અં] પું. દ્રાક્ષનો દારૂ; દ્રાક્ષાસવ, મદિરા; દારૂ; મદ્ય

વાઈનગંગા સ્ત્રી. એ નામની નદી. પેનગંગા, વાર્ધાગંગા અને વર્ધા મળી પ્રવૃદ્ધિતા બને છે. તે ગોદાવરીને મળે છે

વાઈપ ન. વાજિત્ર

વાઈફ ૧. [અં] સ્ત્રી પત્ની, ધર્મપત્ની; સ્ત્રી; ગૃહિણી

૨. ન. (ઢબ્બી) રમકડું. રક્ષણ

વાઈલી ન. ચીનમા આવેલું એક પુરાતન મંદિર. તેને રાજગૃહવિહાર પણ કહે છે.

વાઈસર [અં.] ન. ખીલાના માથા ઉપર રાખવામાં આવતું પૈડિયું જે બાજ લોઢા વચ્ચે મુકાતી ચામડાં રબર કે ધાતુની ચકતી

વાઈસિર નાખવું-મૂકવું = પૈડિયું મૂકવું

વાઉ ૧. પું (જૂ. મુ.) વાયુ; પવન.

૨. સ્ત્રી. પવને તણિયે પડતા ચિરા; પગ ફાટવા તે; વિવા; બેઠ. જેમકે, વાઉ ફાટી છે.

૩. વિ. બેચકૂદ; વાયલ; ઢંગ વગરનું.

વાઉકાય [સં. વાયુ + કાય (શરીર)] વિ (જૈન) જીવના છ ભાદેનો એક પ્રકાર; વાયુગના જીવ.

વાઉખરો ૧. પું. ઝાડો; ઝાડખોલુ; અતિસાર.

૨ પું. વાયુના પ્રકોપને લીધે થતા ઝાડા ને ઊલટી, કોલેરા; વાઉબેગો. કોગળિયુ; કૂદિયુ; મહામારી

વાઉબેગો જુઓ વાઉખરો

વાઉચર ૧. [અં.] પું. આનરી કરી આપનાર માણસ; ઝાહરી; સાક્ષી.

૨. ન જેથી કઈ બાબત થઈ તેનો પ્રમાણ; દસ્તાવેજ; પ્રમાણલેખ.

૩. ન. પહોંચ જમા ઉધારનો આધારપત્ર.

૪. ન. બાનિયું; ઓચરિયું; ભીલ; જેમા હિસાબ લખેલો હોય તેવો કાગળ; ચોપડો.

વાઉલ ૧. વિ જેલુ

૨. [સં. વાતૂલ] વિ વાતોડિયું; બોલકણું, બાચાળ

વાઉલિ [મા.] પુ. વંટોળિયો; પવનનું તોફાન.

વાઉલું [સ વાતૂલ] વિ. બકવાસ; મસ્ત; ઉન્મત્ત; મૂર્ખ; કમબખ્ત, ગાંડું; બાવલ.

રણી વાઉલા દોડી ઉછીના,
વલતી સાહમા ચાલ્યા. કાન્હડદેપ્રબંધ

વાઓ ૧. સ્ત્રી કથા; આખ્યાન; આખ્યાન.

જમાડ્યા વાઉજ પેર,
વાઓ દ્વિજની કરવી ફેર. પ્રેમાનંદ

૨. ન. વાદ્યો; વાજાં.

વાઓજ ૧. [અ. વઅઝ (કથા)] પું. ઉપદેશ

૨ સ્ત્રી મોહમ્મદોનો ઇસ્લામી ધર્મ સંબંધી ઉપદેશ, મુસલમાન ધર્મગુરુનું બોધનું આખ્યાન; ઉપદેશ; બોધ; ધર્મકથા; વાઅજ; ધર્મોપદેશ

વાઓ ૧ પું. આકાર, આકૃતિ

૨. પું કર્મ વળગવાનો આધો

૩. પું. કઠોપાવેલ અળસીના છોડવા ઉપરના રેસા. તેના ગિલન અને કેન્વોજ નામનાં કાપડ બને છે. આર્ય-ને-અકબરી નામના ગ્રંથમાં બ્રહ્મચારીના વેશમાં વાઘના કપડાંની ટોપીનો નિર્દેશ કરેલો જણાય છે.

૪. પું. આખરાના મૂળના કે તાડબના દાંડાના રેસા. તેમાંથી દોરડાં બને છે.

૫. પું. તેજ; નૂર.

૬. પું. દમ; બળ; જોર

૭ પું. પાણી નાખીને લોટ બંધાય એવી તેની ચીકાશ

૮. પું. બંધાય એવું ચીકણ સત્ત્વ; રસ; ચીકાશ; સાર; સત્ત્વ

૯. પું ભાવ.

૧૦ પું. બળવા પર આવવાપણું; નું નરમ પડવું તે.

૧૧. પું. રાગ

૧૨ પું. સ્ત્રીની ખાનુની નસ.

૧૩. પું ઉપદ્રવખાટ.

૧૪. સ્ત્રી. એ નામનો એક ગ્રંથ.

૧૫ સ્ત્રી. વચન; બોલ

૧૬. સ્ત્રી. વાગ્દેવી; વાગ્દેવી; સરસ્વતી.

૧૭. [સં. વચ્ (બોલવું)] સ્ત્રી. વાણી; બોલી; બોલવું તે; વાચા

૧૮. સ્ત્રી વેદનો અમુક ભાગ.

૧૯. ન બનલાંઓનો સમૂહ

૨૦. ન. બાંધો

૨૧. ન. લહેજત; મીઠાશ

૨૨. વિ. બનલાનું; બનલા સંબંધી.

વાકઈ (વાકઈ) ૧. [અ.] વિ. દુરસ્ત; બરોબર.
૨. વિ. યથાર્થ; સાચું.
૩. અ. બરોબર; સત્યે.

વાકડવું (વાકડવુ) ૧ વિ સહેજ કડચારાવાળું; જરા કડવાશ હોય તેવું
૨. વિ. સહેજમાં વાંકું પાડે એવું.
૩. ક્રિ. વાંકું, આડું.

વાકડિયો (વાકડિયો) પું એક જાતનો પથ્થર. તે ભાવનગર પાસેથી મળી આવે છે.

વાકડો (વાકડો) પું. વરલિંડયમાં રેવાની રકમ, રેજ. અનાવિલોમાં વાકડો, પાટીદારમાં ચેડવું અને સામાન્ય રીતે રેજ કહેવામ છે.

વાકતી સ્ત્રી. એક જાતની માછલી. સામાન્ય રીતે તે બેસા કે રિબન ફિશ નામથી ઓળખાય છે તે બીજા સિવાય પણ જાણવી રાખી જરૂર છે. તેથી તેનો વધુ ઉપયોગ થાય છે.

વાકનવીસ જુઓ વાકેનવીસ

વાકનીસ જુઓ વાકેનવીસ

વાકફે જુઓ વાકેફ

વાકફેગાર જુઓ વાકેફગાર

વાકફેગારી જુઓ વાકેફગારી.

વાકબ જુઓ વાકેફ.

વાકબગાર જુઓ વાકેફ

વાકબગારી જુઓ વાકેફગારી.

વાકળ પું મહી અને દાહર નદી વચ્ચેનો પ્રદેશ.

વાકળું ન. વાવા માટે પરતા ઉપર બનાવેલા મોટી આંટી.

વાકળો પું. વહેળો; નાળ; નહેર; ખરનાળ; વોંકળો.

વાકિ પું. (પિંગળ) એ નામનો એક ક્રમબદ્ધ વર્ણમેળ છંદ પાંચું. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, ભગ અને લઘુ એમ પાંચ અક્ષર હોય છે

વાકુચી [સં.] સ્ત્રી સોમરાજ્ય વનસ્પતિ

વાકુંબા પું. તમાકુ તથા દીવેલીમાં થતા રોગના ભેદ. તમાકુના ખેતરમા વાકુંબા થાય છે. તેના ભોગવાનાં મૂળિયાં પાકના ભેદની મૂળિયા ઉપર લપટાઈ જઈ રસ ચૂસી લે છે. તેથી પાક મોટો થતો નથી

વાકુંબો પું. ભેડને કઠતો નકામો કૃમિનો.

વાકુંબા પું. એક જાતની ઔષધિ. ઓસડમાં વપરાય છે. તે વાતહર, રોધક અને પ્રાહી તરીકે ઊલટી, ચૂંક, અરુચી, પેટનો દુખાવો, વાયુ, કરમ વગેરેમાં બીજા દવાઓ સાથે ચૂર્ણ અને ક્વાથમા અપાય છે

વાકેઆતે આજરી [ફા.] ન. બનાવના સમયનો પ્રતિહાસ

વાકેઆતે આજરીના મૂળ ગ્રંથ તુર્કી ભાષામા હતા તેનુ અકબરે ફારસી ભાષામાં ભાષાંતર કરાવ્યું હતુ. આઈને અકબરી

વાકેનવીસ ૧ પું. નવીન બનતા બનાવોનો; કાર્યોનો અખબરપત્રો; ' રિપોર્ટર '.
૨ [ફા વાકે (બનાવ) + નવીસ (લખનાર)] પું. મધ્યકાલીન સમયનો એક અમલદાર. બાદશાહે આકબરીમાં લખ્યા પ્રમાણે તે બાદશાહનું ખાનું, પીકદાન, સુવર્ણ, ગિરદુ, ચાદી ઉપર બેસનું, અંત.પુરમાં રહેવાનો વખત, બારગાહ ખાસ તથા બારગાહ આમમાં જવા આવવાનો વખત વગેરેની નોંધ રાખનો ફરજદાન હતમ તથા સુબૂરસલામાં વચ્ચે વચ્ચે થયેલો ખર્ચ, વસૂલ નમાંના બોજા વધારના મકતા આપવામાં આવે યા ઠેરવે તે, અમેદીની તકસીમ, ગોખને કોઈ ચીજ સોંપાય તે, પેશકશ અથવા બક્ષીસની જમે. બારગાહી સિક્કાથી ભરી થયેલું ફરમાન, કોઈ જણીતા માણસની મુલાકાત અથવા તેની વિદાયગીરી, આવેદી અરજો અને તેના જવાબ, પદેશ ઉપરની ગેરહાજરી, સજાઓનાં પરિણામ, ફેરવલા કોલકરાર, કોઈ નામચીન શખ્સનું મરણ, ઇનામો અથવા મરત, બાદશાહના દરબારમાં બેસવાનો વખત, સમ અને જન્મ, બાદશાહે કોપેલી રકમ તથા બહેર હોંસલાહ અને બેતીવાડી ને બાકની હકીકત લખવાનું કામ વાકેનવીસ કરતો.
૩. પું ત્રિભાષ્ટના અષ્ટપ્રધાન મંડળ માહેનો એક અધિકારી

વાકેનીસ જુઓ વાકેનવીસ

વાકેફ ૧. [અ. વાકફ (જોવું જાણવું)] વિ. જાણીતું; મહિતગાર.
૨. વિ. નિપુણ; પ્રવીણ.

વાકેફગાર જુઓ વાકેફ.

વાકેફગારી ૧. સ્ત્રી. ખબર; જાણ; જ્ઞાન; માહિતી.
૨. સ્ત્રી. નિપુણતા; પ્રવીણતા

વાકેરી સ્ત્રી. એ નામની એક ઔષધોપયોગી વનસ્પતિ. દક્ષિણના પહાડી પ્રદેશોમાં કુદરતી રીતે જ આ ઝાડ જેવી નીપજે છે. એ ઝાડનાં મૂળ ઘણાં ઊંડા હોય છે. જમીનમાં વીસથી ત્રીસ ફૂટ ખોદ્યા પછી જ એ મૂળ હાથ આવે છે. એ મૂળ વાકેરીના બાથાને નામે દક્ષિણમાં સુવિખ્યાત છે. મુંબઈમાં અને બીજે વાકેરીનાં મૂળને નામે એ પ્રસિદ્ધ છે. વાકેરીનાં મૂળ એ એક ચમત્કારિક ઔષધિ છે. અનેક પ્રકારના દર્દો પર વાકેરીનાં મૂળ અમોઘ માલૂમ પડ્યા છે. વાકેરીનાં મૂળ પણ ઊંડેઊંડેથી કાઢવાં પડે છે પૃથ્વીમાં રહેલાં અનેક કીમતી અનીજો અને ક્ષારોનું શોષણ કરીને એ મૂળ સમૃદ્ધ બનેલાં હોય છે. એટલે શરીરમાં ખૂટતાં પ્રકૃતિક તત્ત્વો પૂરા કરવાની અજબ તાકાત એ મૂળમાં છે એ મૂળમા રક્તશોધક, રક્તવર્ધક, બળકર, તાવ, પિત્ત, કૃમિ અને દમ કે શ્વાસને મટાડવાના ગુણો રહેલા છે. કેમળાળ મટાડવા માટે એ અજોડનું છે. સોદીની બોટી મરમીનો એ નાશ કરે છે. જનુનાશક ગુણોને લીધે યા રક્તવર્ધામા એ ઉપયોગી છે. ખાસ કરીને કમળામા, કોઈ પણ પ્રકારનો કમળાનો, કેફસાંનો કે માંસનો ક્ષય, દમ, શ્વાસ, ખૂનો મરડો, પાંડુરોગ વગેરે તેનાથી મટેલા જણાવા છે પ્રદર, ગર્ભાશયનો સોજો, કસુવાવડ, રતવા વગેરે સ્ત્રીઓનાં દર્દો માટે અતિ ઉપયોગી ઔષધિ તરીકે પુરવાર થયું છે. આંબોમાંથી પડી જરતું હોય, જેને આપણા રોગોમાં રોગાને નામે ઓળખવામા આવે છે તેને પણ એ મટાડે છે ગામડીનાં દરદો એ મટાડે છે. મધુપ્રમેહ પર એ અકસીર માલૂમ પડ્યાં છે. વાકેરીની શિંગોમાંથી મળતુ ટેનિન અમેરિકની વનસ્પતિ દીવી દીવીના જેવું, જ્યાં ખમીર ન ચડે તેવું, ચામડાં ઉપર ઝાંખ ન પડે તેવું, ચેલોનિલ જેવું અને સરસ હોય છે.

વાકેચપલ [સં. વાચ્ + ચપલ (ચાલાક)] વિ બોલવામાં કે વાણીમાં ચપળ; ચાલાક.

વાકેચાતુરી જુઓ વાકચાતુર્ય

વાકેચાતુર્ય ૧. ન. નર્મ હાસ્ય; યુક્તિચાતુર્ય.
૨. [સ વાક્ (વાણી) + ચાતુર્ય (ચતુરાઈ)] ન. બોલવાની ચતુરાઈ, હોંશિયારી કે ચાલાકી; વિવિધાર્થમા શબ્દો વાપરી બોલવાની કળા; માર્મિક ને મધુર રીતે બોલવાની કળા; વાકચાતુરી.

વાકેચાપલ્ય ૧. ન. બોલકેણ બોલવું તે; બક બકવી તે
૨. [સં. વાચ્ (વાણી) + ચાપલ્ય (ચપળતા)] ન. બોલવાનું ઉદ્ધતપણું; વાકપટુતા; હાજર જવાબ; ચાપલૂસી

વાકેચાલાકી જુઓ વાકચાતુર્ય.

વાકેચેષ્ટા સ્ત્રી બોલ બોલ કરવું તે.

જે વાતો વાકચેષ્ટા કરે છે તે પૌરુષવાન છતાં પોતાનો અવસર ગુમાવેલો હોવાથી વિદ્વાનોની સભામા કદી મસ્તક કરી બોલી શકતો નથી.
પુરાતત્ત્વ

વાકછટા ૧ [સ] સ્ત્રી. વાક્ચાતુર્ય; વાણીની છટા, બોલવાની ચતુરાઈ; વાણીની હેલા

૨. સ્ત્રી. વાગ્યલંકાર શા.જ, વક્તૃત્વકલા

વાકછલ [સ વાચ્ (વાણી) + છલ (કપટ)] ન. (ન્યા.ય) ન્યાયના ત્રણ માર્ગોનો એક પ્રકાર; નીચી કક્ષાની વાતને શબ્દનો અભિપ્રેતથી જુદો અર્થ કરી ઊંધવી દેવા તે, વાણીનું કપટ, બાનામાં છળ ૫૫૫ ને ૬૨મેક, દેવદત્ત નવ કમ્બલવાળો છે એનું કોઈ, વક્રોક્ત સાભળી ઉલટાવી વક્તાના વિવક્ષિત અર્થની ઉપેક્ષા કરી સામું કરે છે કે, દેવદત્તની પાસે એક જ કમ્બલ છે, નવ કયા છે ? આ વાકછલ

વાકછળ જુઓ વાકછલ.

વાકજલ્પ [સં વાચ્ (વાણી) + જલ્પ (જલ્પ)] સ્ત્રી. વાણીની જાળ, બોલવાની ઠોકિયારી.

વાકદુષ્ટતા [સ.] સ્ત્રી. ગાળાગાળી

વાકપટ [સ.] ન. બોલપટ; ' ટોકો '.

વાકપટુ ૧. [સ. વાચ્ (વાણી) + પટુ (ચતુર)] વિ. વાણીમાં ચતુર; બોલવામા હોંશિયાર; છટાદાર બોલવું કરનાર; વક્તા, વાગ્મિ વિચારક.

૨. વિ. સર્વ.કમચતુર, વાતડાઉ

વાકપટુતા ૧ [સં.] સ્ત્રી. વક્તૃત્વ.

૨. સ્ત્રી. વાકચાપલ્ય; તડાતડ જવાબ દેવો તે, બોલવામાં કે વાણીમાં ચતુરતા; બોલકણી, વાકપ્રલાપ; વાકજલ્પિત, શબ્દચાતુર્ય, બોલવાની છટા કે હોશિયારી.

વાકપતિ ૧. [સં.] પુ. છટાદાર બોલવું કરનાર વ્યક્તિ

૨. પું. પુષ્ય નક્ષત્ર

૩. પું. ભૂદરપતિ

૪. પું. વિષ્ણુ.

૫. વિ નિર્દોષ ઉદ્ધત વચન બોલનાર.

વાકપથ [સં.] પુ. વાણીનો વિષય.

વાકપારુષ્ય ૧. [સં] ન. કઠોરતા, બોલવામાં કે વાણીમાં ચતુરતા; બોલકણી, વાકપ્રલાપ; વાકજલ્પિત, શબ્દચાતુર્ય, બોલવાની છટા કે હોશિયારી.

વાકપતિ ૧. [સં.] પુ. છટાદાર બોલવું કરનાર વ્યક્તિ

૨. પું. પુષ્ય નક્ષત્ર

૩. પું. ભૂદરપતિ

૪. પું. વિષ્ણુ.

૫. વિ નિર્દોષ ઉદ્ધત વચન બોલનાર.

વાકપથ [સં.] પુ. વાણીનો વિષય.

વાકપાટવ ૧. [સં] ન. લલિત, ઔચિત્ય અને ઓજસપૂર્વક બોલવાની કળા તેમજ તેની પ્રાપ્તિના નિયમોનું પ્રતિપાદન કરનારી વિદ્યા.

૨. ન. વાકચાતુર્ય; વાકચાતુરી; વક્તૃત્વ; વક્તૃમાધુરી

વાકપ્રચાર ૧. [સ.] પું ભાષામાં રૂઢ બનેલો શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ; ' ઇડિયમ '.

૨ પું વાણીનો પ્રચાર; વાણીનો ફેલાવો.

વાકપ્રચુર [સં.] વિ. વાણીના વિસ્તારવાળું.

પરિમલનું સ્વરૂપ જ આપણે કૃત્રિમ, દેખાવનાળું અને વાકપ્રચુર કરી નાખ્યું છે. કાલેલકર

વાકપ્રયોગ [સ.] પું. વાક્યોનો આધાર; વચનપ્રવૃત્તિ.

વાકપ્રલાપ [સ વાચ્ + પ્રલાપ] પું વાકપટુતા; વક્તૃત્વ.

વાકપ્રવાહ [સં.] પુ. વાણીનો પ્રવાહ; પાણીના પ્રવાહની પેઠે ચાલવું તે.

વાકય ૧. ન. (વેદાંત) આકાક્ષા, યોગ્યતા અને આસત્તિ આ ત્રણ ગુણ પદોનો સમૂહ. વાકયના બે પ્રકાર છે: વૈદિક અને લૌકિક સર્વત્ર ઈશ્વરે કરેલ વાકય વૈદિક છે અને આપ્તપુરુષે કહેલ વાકય લાકિક કહેવાય છે.

૨. ન. પ્રમાણ, સૂત્ર

૩ [સં.] ન. એ અથવા વધારે શબ્દોનો પૂરેપૂરો વિચાર દેખાડનારો શબ્દસમુચ્ચય; પૂર્ણ અર્થ બતાવનો શબ્દસમૂહ, અમુક પદોનો સમુદાય.

૪ ન. વચન; કથન, કથનઃ નિર્દેશ; વિધાન; બોલ, કહેવત.

વાકયકલાપ [સ.] પુ. પરિચ્છેદ; બહ: વાકયસમૂહ, ' પેરેગ્રાફ '.

વાકયપ્રબોધમાં આત્મા વર્ણો વાકયકલાપ વિષે વિચારવા અર્થે અને ભાવના આરોહ અવરોહ તે જ કવિતાબાધમાં ખરા આરોહ અવરોહ છે. જગન્નંતરામ ઠાકોર

વાકયખંડ [સં.] પુ. વાકયનો ભાગ, શબ્દસમૂહ.

વાકયખંડના [સં. વાકય + ખડન (તોડવું તે)] ન. વાકયનો રહિયો આપવો તે; દલીલ તોડી પાડવી તે; સામો માણસ બોલ્યો હોય તેનો રદિયો આપવો તે; ટીકા.

વાકયગત લક્ષણા [સ.] સ્ત્રી. (અલ્પ) શબ્દશાસ્ત્રમાં પદસમૂહમાં અન્વયયુક્ત, અર્થબોધક અને કહેવા લાયક જણાની વાકયમાની લક્ષણા.

વાકયજ્ઞ ૧. પું મીમાંસક

વેદાકરણો મહત્ત્વ અને મીમાસકો **વાકયજ્ઞ** કહેવાય છે ભાકરણ

૨. [સં.] વિ. વાકય જાણનાર.

વાકયજ્ઞાન [સ.] ન વાકયની રચના અને બોધક

વાકયદાન [સં.] ન. વચન; કોલ

વાકયદોષ [સં.] પું. વાકયમાં રહેલી ખામી, ભાકરણની કે કવિતા દૃષ્ટિએ વાકયમાં રહેલો દોષ, વાકયપદ્ધતિમાંની ખોડ; શબ્દ રચવામાં ભૂલ થવી તે.

ચરણમા નીચે પ્રમાણે પાંચ **વાકયદોષો** બતાવ્યા છે. (૧) ન્યૂન, (૨) અધિક, (૩) અનર્થક, (૪) અપાર્થક અને (૫) વિરુદ્ધ પુરાતત્ત્વ

વાકયપદ્ધતિ [સં વાકય + પદ્ધતિ (રીત)] સ્ત્રી. વાકય રચવામાં શબ્દની ગોઠવણ; વાકય રચવાની રીત, વાકયરચના, વાકય બનાવવાની રીત; વાકયની લક્ષણ

વાકયપારુષ્ય [સ] ન. (ન્યાય) અદેખી

વાકયપૂર્તિ ૧. [સં.] સ્ત્રી અધૂરું વાકય પૂરું કરનાર શબ્દ કે શબ્દો

૨. સ્ત્રી અધૂરું વાકય પૂરું કરવું તે.

વાકયપ્રબંધ [સ. વાકય + પ્રબંધ (સમાસ)] પું વાકયરચના; વાકયોનો પ્રબંધ; સંબદ્ધ નિબંધ

વાકયપ્રયોગ [સ. વાકય + પ્રયોગ (ઉપયોગ)] પું. વાકયની યોજના, વાકયનો ઉપયોગ; બોલ્યા બાબરો તે.

વાકયબાધ્ય [સં.] ન. મનો બાકીનાં વાકયો ઉપર વિશ્વાસ રાખ.

વાકયભેદ [સં. વાકય + ભેદ (જુદાઈ)] પું. કથનની જુદાઈ. બીજું જ કાંઈ કહેવું તે; બોલવામાં ફરી જવાપણું.

વાકયરચના સ્ત્રી. વાકયપ્રબંધ; વાકયપદ્ધતિ; વાકયની ગોઠવણી; પદ-ચય; વાકય રચવામાં શબ્દોની ગોઠવણ; વાકયની રચના; ' સિન્ટેક્સ '.

વાકયવિચાર ૧. પું. (આકરણ) વાકયની રચનાનું વિવેચન. તેમાં વાકયપૃથક્કરણ ને પદવિન્યાસ બને આવે છે

૨. જુઓ વાકયરચના.

વાકયવિન્યાસ જુઓ વાકયવિચાર.

વાકયવિલાસ પું. વાણીનો વિલાસ.

આ બાબતો વે પરથી, વર્ણનું **વાકયવિલાસ** અમો

વાકયવિશારદ [સં વાકય + વિશારદ (પ્રવીણ)] વિ. વાકપટુ; વક્તા; બોલવામાં હોશિયાર.

વાકયશુદ્ધિ [સં.] સ્ત્રી વાકયની શુદ્ધતા; વાકયનું દોષરહિતપણું.

શબ્દશુદ્ધિ અને જોડણી કરતાં **વાકયશુદ્ધિ** વધારે અગત્યની છે. માણેકલાલ અદ

વાકયશેષ [સ.] પું. અધૂરું વાકય કે વાણી.

વાકયસમૂહ ૧ પુ. ફકરો; પરિચ્છેદ; બહ: ' પેરેગ્રાફ '

અર્થોત્પત્તી એ કરતા પણ બ્યાપક અસર આપણી ભાષામાં **વાકયબંધારણ** અને **વાકયસમૂહનાં** બલણ અને પ્રણાલીઓ ઉપર થયેલી છે. જગન્નંતરામ ઠાકોર

૨. પું. વાકયોનો સમૂહ.

વાકયાડંબર [સં. વાકય + આડમ્બર] પું. બાબરોનો ઠોળ; વાકયોનો ઠોળ.

વાક્યાર્થ ૧. [સં.] પું. આકાંક્ષાવાળાં પદોનો અર્થ જેથી આકાંક્ષારહિત થાય તે. જેમકે, ગાય એટલું બોલવાથી ગાય સંબંધી ક્રિયા વગેરે જાણવાની આકાંક્ષા રહે છે ત્યાં ચરે છે એટલું કહેવાથી તે આકાંક્ષા નિવૃત્ત થાય છે માટે ગાય ચરે છે એ વાક્યર્થ છે.

૨. પું. (વેદાંત) વાક્યના તાત્પર્યનો વિષય; વાક્યનો અર્થ, વાક્યમાંહેનો ભાવનો; વાક્યની મુખ્ય મતલબ.

વાક્યાર્થ પ્રમા સ્ત્રી. (વેદાંત) શાબ્દીપ્રમા; શબ્દબોધ; શબ્દપ્રમાણથી જે પ્રમા ઉત્પન્ન થાય તે

વાક્યાલંકાર [સં. વાક્ય + અલંકાર] પું. વાક્યને અલંકૃત કરવા માટે તેમાં જે અલંકાર વપરાય તે; વાક્ય શોભાવનાર અલંકાર; પદપૂરણાર્થે [illegible]

વાક્યાવલી ૧. સ્ત્રી. બોલવાની રીત.

૨. સ્ત્રી. બોલી; વાચા; વાણી

૩. [સં. વાક્ય + આવલી (હાર)] સ્ત્રી વાક્યોની હાર કે પંક્તિ; વચનસમૂહ.

વાક્યાવાળી જુઓ વાક્યાવલી.

વાક્યાંગ [સં.] ન. વાક્યનો ભાગ.

વાક્યોચ્ચય પું. વાક્યનો સમૂહ.

મિશ્રનના વાક્યોચ્ચયની કલ્પના ગુજરાતી ભાષામાં બતાવવી બહુ અઘરી છે.

રમણભાઈ

વાક્શક્તિ [સં.] સ્ત્રી. બોલવાની શક્તિ; વાણીનું બળ.

તાંત્રિકોનું માનવું છે કે, વાક્શક્તિ શબ્દબ્રહ્મ કે પ્રણવમાંથી હ્રસ્વ પામી પ્રમાણ માત્રા રૂપે સ્થૂલ શરીરમાં વિકસિત થાય છે અને તે સામાન્યતઃ લાલ્ય મંત્રમાં કલ્યાણી છે.

ડાહ્યાભાઈ દેસાઈ

વાક્શાસ્ત્ર [સં.] ન. અલંકારશાસ્ત્ર; સાહિત્યશાસ્ત્ર.

વાક્શૂર ૧. [સં.] પું. વક્તા; વિદ્વાન.

આવીના વાક્શૂરોને જોઈને બૃહસ્પતિ પણ નીચું માથું નમાવે.

પુરાતત્ત્વ

૨. વિ. વાચાળ શક્તિવાળું.

વાક્શૈલી [સં] સ્ત્રી. બોલવાની ઢબ; બોલવાની રીત

વાક્સંયત [સં.] વિ વાણીનો સંયમી

વાક્સંયમ [સં. વાક્ + સંયમ (નિગ્રહ)'] પું. (જૈન) વાણી ઉપરનો કાબૂ; વાણીનો સંયમ; બોલવામાં સંયમ રાખવો તે; સંયમના સત્તર ભેદોનો એક પ્રકાર.

પાંચ સ્થાવર અને ત્રસ એ નવના વિષયમાં મન સંયમ, પ્રેક્ષસંયમ, ઉપેક્ષસંયમ, અપહૃત સંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકરણસંયમ એ પ્રકાર સત્તર સંયમ છે.

તત્ત્વાર્થસૂત્ર

વાક્સામર્થ્ય [સં.] ન. વાગ્મિતા; વાણીનું બળ.

વીરરસ કાવ્યને માટે પ્રાસ વગેરેના અને દૃઢ વાક્સામર્થ્યની જેટલી જરૂર છે તેટલી જરૂર કોમળ ભાવોની આવશ્યકતા છે.

રમણભાઈ

વાક્સાહિત્ય [સં.] ન. વાણીને અલંકૃત અને અસરકારક બનાવવાના નિયમોનું શાસ્ત્ર; વક્તૃત્વકલા.

વાક્સિદ્ધિ [સં] સ્ત્રી. હમેશાં બોલી પડે તેવી વાણી થવી તે; વાણીની સિદ્ધિ; મોઢેથી બોલેલી વાત સાચી પડે તેવી સિદ્ધિ.

જેઓ સત્ય બોલનારા છે તેમને વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ત્રિભોવનદાસ દર્પણ

વાક્સુધા [સં.] સ્ત્રી. અમૃતરૂપી વાણી; અમૃતરૂપી વચનો

વાક્સ્તંભ [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો સાત્ત્વિક ભાવ; બોલતાં બોલતાં અટકી જવું તે.

સ્વરભંગ, વાક્સ્તંભ આદિ સાત્ત્વિક ભાવ હર્ષ નામે સંચારી ભાવનો ઉદય દર્શાવે છે.

કેશવ હર્ષદ

વાક્સ્વાતંત્ર્ય [સં.] ન. પોતાના વિચારો છૂટથી બતાવવાની સ્વતંત્રતા; વાણી સ્વાતંત્ર્ય.

સભ્યોએ સ્વતંત્રતા અને દેશી રાજ્યને મજબૂત બના જેવું વાક્સ્વાતંત્ર્ય બતાવ્યું.

ગાંધીજી

વાખ ૧. પું. તાડબંના ઢેટા; તાડબંના ઠોરા જેવા રેસા

૨. પું સીમની બાજુની નસો

૩. ન. અણવસ્તું દુઃખ

૪. ન. દુર્દશા; બાકાત.

વાખડ ન. જે લાકડાં બહુબારે જેવો કે વાંકી ઊભળનો આંબાનો એક રોગ; વારંવાર થતું આંબાનું દરદ અને તે દરદથી ઝીણી ઝર્દ ગયેલી જેવી આંબો તે. તેમાં બાંધણના વાળ ખરી પડે છે.

વાખરો પું. આંબોતુહ્યો તેમજ ઘરવપરાશ કામનો સરસામાન; ઘર બનાવવાને ઉપયોગી સામાન; ઘરવાખરો; ઘરચૂલ્હા સામાન; રાચરચીલું. બધું કરીને તે શબ્દ ઘર સાથે વપરાય છે.

વાખવાખી ૧. સ્ત્રી. બાળકના કંઠેરા થવા તે; હાંસી.

૨. સ્ત્રી. વખાણ; પ્રશંસા

વાખાતું વિ. પવન લાગે તેમ ઉઘાડું

વાખો ૧. [અ. વક્રિયા] પું. આપત્તિ; આપદા; કમબખ્તી; દુઃખભેળા; આફત; વખો; સંકટ

૨. પું. કોલેરા

૩. પું. ખામી; તંગી; ઊણપ; સાંસા; અભાવ.

૪. પું. મરકો; મહામારી.

૫. પું વખો; ભૂખમરાની પીડા, ભૂખનું દુઃખ; અનવઅનું દુઃખ; આજીવિકાની સંકડામણ.

તરસ લાગે કૂવો ખોદે, વાખા પડે વાવણ દોડે = મુસલની સાબવાનાં માઠાં પરિણામ.

વાગ ૧. [સં. વલ્ગા; પ્રા વગ્ગા] સ્ત્રી. ઘોડાની લગામ; રાસ; રેન.

મૂકી વાજની વાગ. પ્રેમાનંદ

૨. સ્ત્રી. ચુનરી, ઘરેણાંથી સજ્જ થયેલી સ્ત્રીમૂર્તિનો. નામરોમાં વપરાય છે

૩. સ્ત્રી. વાણી; બોલી. વાક

૪. ન. વાઘ; વાઘરાનું ટોળું.

વાગજીવી પું. મરકરો.

વાગડ (વ ગ ડ) ૧ પું. કચ્છ નામનો ગુજરાતનો એક પ્રદેશ

સિંધમાં સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છી ત્રણે માસ.

લોકસાહિત્ય

૨. પું. કપાસની એક જાત; એક પ્રકારનું દેશી ૧. આ જાત સૌરાષ્ટ્રમાં વિશેષ પ્રમાણમાં અને ગુજરાતમાં ઓછે ઠેકાણે વવાય છે. આ જાતના કપાસને વાગડિયો, કુમાડિયો, સમલિયો, રાજડિયો, ગાજલિયો વગેરે નામો આપવામાં આવ્યા છે. આ જાતના કપાસનો છોડ નાની ડાળીવાળો કુમસો, સામાન્યરૂપે ૧૮ થી ૩૦ ઇંચ ઊંચો અને ઉનાળી કે સુરતી દેશી કરતાં વહેલી ઓછી રુવાંટીવાળો હોય છે. કુમળાં પાંદડાં પર મોટી અને જાડી રુવાંટી જણાય છે. પરંતુ મોટાં પાન કેવા વજનનાં અને તેમની ખાસ બનાવટી સપાટીવાળાં હોય છે. છોડનાં મોળ, સાદ અને સુંવાળાં પણ કવચિત્ સહેજ અણીવાળાં અને બહુધા ત્રણ પાંખિયાંવાળાં હોય છે. ખાસ પાંખિયા ઊપસતાં નથી અને તેથી કાચાં તોડી લઈ પાકવાથી હાથે ફોલીને કપાસ કાઢવામાં આવે છે.

વાગડજરા (વાગડજરા) પું. કાલો જરા; આળો જરા; બનાવટસે મળતો જરા.

વાગડિયું (વાગડિયુ) ૧. ન. અમુક તરેહનો બનેલું કાપડ; ઓઢવાને પહેરવાનું એક જાતનું મળી રંગનું સુતરાઉ કપડું; બનો

૨. વિ. વાગડનું; વાગડ સંબંધી.

૩. વિ. વાગડ પ્રદેશનું. જેમકે, વાગડિયા મગ.

વાગડી (વાગડો) પું. ગામના મુખ વચ્ચેનો દક્ષિણ ભાગ

વાગડી કિંવા ગંજના મુખ વચ્ચેનાં દક્ષિણ ગંજાળમાં તથા સિંધિલામા પ્રસર્યું હતું
ગીતગોવિંદ

વાગમોરું ન. ઢોરાના કાકણી સાથે બાંધવાની દોરી.

વાગર ૧. [સં.] પું. અકસ્માત; વિઘ્ન.

૨. પું ઋષિ; પવિત્ર માણસ.

૩. પું કસોટીનો પત્થર.

૪ પું ખાતરી.

૫. પું. મુમુક્ષુ

૬. પું. વડવાગ્નિ.

૭. પું વર

૮ પું. વિદ્વાન; પંડિત

૯. પું. ચતુર માણસ.

૧૦. વિ. નિર્ભય; ભયરહિત.

વાગરી સ્ત્રી વરુની માદા.

વાગર્થ [સં. વાચ્ (વાણી) + અર્થ] પું. વાણી અને તેનો અર્થ; શબ્દ અને તેનો અર્થ.

વાગલાં ન. બ. વ. વસ્ત્રો; વાંગલા.

વાગલું ૧. ન. (પ્રાકૃ) એક જાતનું પંખી; વડવાગોળ.

૨. ન. ઓગાળ.

૩. ન ઠાંહો; સાંસાં; મિથ્યા પ્રયત્ન; નિષ્ફળ મહેનત; વ્યર્થ કરેલ મહેનત; વલખું.

વાગવું ૧. અ ક્રિ. ધ્વનિ થવો; રણકવું.

૧. તે મને વાગે છે = તે મને ધ્વનિ કરે છે

૨. વાગ્યું તો તીર, નહિતર તુક્કો = કાર્ય થયું તો ઠીક અને ન થયું તોપણ ઠીક. યત્ન તો કરવો જ એ અર્થે વપરાય છે.

૨. અ. ક્રિ. એક વસ્તુ બીજાને જોરથી અથડાવી કે અથડાવું; લાગવું. ચોટ કે ધક્કો લાગવો; પછડાવું

૩. અ. ક્રિ. ઠેકાણે અને દૂર બેસીને અવાજ નીકળવો; અંદરથી અવાજ થવો. અંદરથી ચીસો અવાજ નીકળવો; વાજવું.

૧. પગલાં વાગતાં = નજીક આવતા હોવું.

૨. વાગતે ઢોલે જવું = (૧) ખરેખર રીતે જવું (૨) વરઘોડે ચડવું; કજોડી થવી.

૩. વાગનો બટ-બૂચરો = વાતોડિયો કે પત્તરાજખોર માણસ

૪ શબ્દો વાગવા = (૧) સામાના કઠોર કે કંઠક શબ્દોની અસર થવી.

૪. અ. ક્રિ. સમય થવો. જેમકે, કેટલા વાગ્યા.

વાગસ્તંતુ પું. (વૈદક) મગજના બધા તંતુઓથી મોટા નેમ જ બધા કાનને પહોંચી વળતા તંતુઓ. નળકોટાના રનાયુ, રસપદ્મ, અનનળ, હોજરી અને ફેફસાંની સાથે તેનો સંબંધ છે. એ મતિ અને જ્ઞાનતંતુ છે

વાગળિયો પું. એક જાતનો ઘોડો

વાગણું [પ્રા. વક્કુલિ. પ્ર. વાગ–ણ ગ] ન. વાગલું; એક રાત્રિચર પંખી; વનવાગોલ ઝાડ ઉપર ઊંધે માથે લટકતું એક પક્ષી, વડવાગોળ.

વાગાઘાત [સં.] પું. જીભ ઝલાઈ જવાથી બોલી નહિ શકાવું તે.

વાગાડંબર ૧. [સં વાચ્ + આડમ્બર] પું નકામો પ્રલાપ.

૨. પું. શબ્દોનો આડંબર.

વાગાનંદ [સં. વાચ્ + આનંદ] પું. વાણીનો આનંદ.

વાગિંદ્રિય [સં. વાચ્ (વાચા) + ઇંદ્રિય] સ્ત્રી બોલવાની ઇંદ્રિય; જીભ

વાગીશ ૧. પું. કવિ

૨ પું. પુષ્ય નક્ષત્ર.

૩. [સં. વાક્ (વાણી) + ઈશ (અધિપતિ)] પું. બૃહસ્પતિ.

૪. પું બ્રહ્મા.

૫. પું. શિવ.

૬ વિ. સરસ વચન બોલનાર

૭. વિ. સારું બોલનાર; વક્તા

વાગીશા ૧. [સં વાચ્ + ઈશા] સ્ત્રી. સરસ્વતી; વાણીની દેવી

૨ વિ સ્ત્રી સરસ વચન બોલનારી.

વાગીશ્વર ૧. પું. કવિ.

૨. પું. પુષ્ય નક્ષત્ર

૩. [સં.] પું. બૃહસ્પતિ; ગુરુ.

૪. પું. બ્રહ્મા.

૫ પું મનુષોષ ઔષધિસત્ત્વ.

૬ વિ સારું બોલનાર વક્તા.

પ્રાચીન સાહિત્યમા વાણીનું આવું સંપૂર્ણ અનુસાન કરનાર વાગીશ્વર અન્ય જણ્યો નથી એ વાગીશ્વરને પોતાના કહેવાનું બાન ગુજરાતને છે. પુરાવત્ત

વાગીશ્વરી ૧. સ્ત્રી. એ નામે એક દેવી.

૨ સ્ત્રી ગુરુપત્ની.

૩. [સં. વાચ્ (વાણી) + ઈશ્વરી (સર્વોત્તમ)] સ્ત્રી. સરસ્વતી; વાણીની નિયંતા દેવી

૪ સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

વાગુજી ૧. [સં.] સ્ત્રી આભચી નામની વનસ્પતિ; બાકુચી; કૃષ્ણફલા

૨. સ્ત્રી સોમરાજી.

વાગુરા [સં] સ્ત્રી જાળ, પશુઓને પકડવાનો પાસલો.

વાગુરાવૃત્તિ ૧. [સ.] પું બાજ; શિકારી, પારધી

૨. સ્ત્રી. પશુપક્ષી પકડીને મેળવેલી આજીવિકા; જાળથી પશુ પકડવાનો ધંધો

વાગુરિક [સ. વાગુરા (જાળ) + ઇક (ને લગતું)] પું. શિકારી. પારધી; જાળમાં પશુઓને ફસાવનાર.

વાગુરી પું. (જુ ગુ) વાઘરી.

વાગું ન ઘોડાની લગામ.

વાગોદું (વાગોદ) ન કોદરા તથા ડાંગનું ભેગું વાવેતર

વાગેશ્રી [સં. વાગ્વેશ્વરી] પું. (સંગીત) મારકોષની એક રાગિણી.

વાગેશ્વરી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણવાગેશ્વરી. તે વિકૃતિ જાતનો એક ભેદ છે.

૨. પું. (સંગીત) એ નામનો એક રાગ. પચાસી આઠના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ગાંધાર નિષાદ કોમળ છે. પંચમનો ભાગ અબરોહે દુર્બળ રીતે, વક્ર અને પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વરો છે. તેનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડ્જ છે. રાત્રે બીજે પહોરે તે ગવાય છે. તેમાં કરુણરસ પ્રાધાન્ય છે. આ રાગમાં કેટલેક સ્થળે દુર્ગા, રાગેશ્વરી, માલગુંજ રાગોનો ભાસ થાય છે.

૩. સ્ત્રી. સારદા; સરસ્વતી, વિદ્યાદેવી; વાગેશ્વરી.

વાગેશ્વરી કનરો પું. (સંગીત) એક જાતનો રાગ

વાગો ૧. પું. તેલ વગેરેથી બરડાયેલી પ્રતિમા.

ઉપર વાગા માંહે નામ. = બહારના સારા દેખાવથી અંદરની હલકી વૃત્તિને ઢાંકવાપણું.

૨ પું. તેલચિટ્ટર લગાડવું કે ચોપડવું તે.

૩. પું. પોચકું

૪. પું મોટું અંબરડું, જળથી ઘૂંટવું લગ્નનો, મોટો કચલો, ચામો, જામો; ઝબ્બો.

વાગોલ જુઓ વાગોળ.

વાગોલવું જુઓ વાગોળવું.

વાગાળ ૧. સ્ત્રી. ન. એક જાતનું ઝાડ ઉપર બેસે માંથે લટકતું પંખી; વનવાગળ; રાત્રિચર પંખી; વટવાગોળ. તે તપસ્વીની માફક આખો દિવસ મોટા ઝાડોની ડાળી ઉપર ઊંધા મસ્તકે પાતાળા પગ ઉપર લટકતો રહે છે. પક્ષીને કાન હોતા નથી પણ આ પ્રાણીને કાન હોય છે. તેને ઇંડાને બદલે બચ્ચા હોય છે. તેને પૂછડી હતી નથી. માણ અરુ આ પ્રાણી નિશાચર ... છે વાગોળ ફેવળ ફળાહારી છે. તે બીજો કોઇપણ ખોરાક લેતું નથી.

જાવુ આણે ગોટ, વાગોળ ચિત નીચુ ન્યાળ
સામળ

૨. સ્ત્રી; ન. ઓમાળ; ઠોરનું વાગોળવું તે

૩. ન. ચિંતન; મનન.

વાગોળવું ૧ [પ્રા. વગ્ગોલ] સ. ક્રિ. ઠોરે ખાધેલું મોંમાં પાછુ લાવી ફરીને ચાવવું

૨. સ. ક્રિ. ધીમે ધીમે ચાવી ખાતા વાર લગાડવી; ધીમે ધીમે ચાવાને ઝાવું.

૩. સ. ક્રિ. મનન કરવું; ચિંતન કરવું.

વાગ્યુદ [સં.] પું. એક જાતનું પક્ષી

વાગ્યોગકાર [સં. વાગ્ (વાણી) + યોગ (ગમન) + કાર (કરનાર)] પુ. વાચ. અને ગમન બંને કરે તેવો અર્થાત્ ગાય. વાગ્ શબ્દોટલે વાણી, વાચા કે ' ધાતુ ' કહેવાય છે અને યોગ શબ્દોટલે ગમન કે ધાતુ કહેવાય છે તેથી જે વાચા અને ગમનને કરનાર અર્થાત્ જે ધાતુપાતુને કરનાર હોય તે વાગ્યોગકાર, એવો અર્થપાને માટે શબ્દ વપરાય છે.

એકાગ્ર ચિત્તવાળો તથા અભ્યાસી અને મુદ્દર ગુણોથી જે યુક્ત હોય તે ઉત્તમ વાગ્યોગકાર કે અર્થનો કહેવાય છે. સંગીતરાજ

વાગ્જાલ [સં. વાગ્ + જાલ (જાળ)] સ્ત્રી. વાણી રૂપી જાળ; કપટમાં નાખે તેવી બોલી; શબ્દ જાળ; ખાલી શબ્દોનો આડંબર.

વાગ્જાળ જુઓ વાગ્જાલ.

વાગ્ઝુમ્બન [સં] પું. વિદૂષક; કાર્તિકેય

વાગ્ઝુલ્લી પું. ભાષણ કરી અથવા વાણીથી આકર્ષિત ચલાવનાર માણસ

નટ, નર્તક, ગાયક, વાદક, વાગ્ઝુલ્લી અને કુશીલવો કર્મ વિક્રય ન કરે. પુરાતત્ત્વ

વાગ્ડમ્બર ૧ પું ફટાકાર વાણી.

ફેકરિયો એ જાતનું ઉદાત્ત તે વાગ્વૈભવ અને ઊતરતું તે વાગ્ડમ્બર. બળવંતરાય ઠાકોર

૨. [સં. વાગ્ (વાણી) + ડમ્બર (ડાળ)] પું. વાણીમાં ખોટો ડોળ, વાણીના આડંબર; બોલવાની છટા.

વાગ્દત્ત ૧. [સં વાચ (વચન) + દત્ત (આપેલ)] વિ. જેનો વિવાહ કરવાની કબૂલાત મોઢેથી આપી હોય તેવ

૨. વિ. મોઢેથી આપેલ.

વાગ્દત્તા સ વાચ્ + દત્તા (દીધલી)] સ્ત્રી જેને પરણવાની ન હોય પણ વિવાહાળ ... હોય તેવી કુમારિકા; જેનું વાગ્દાન કર્યું હોય તેવી કન્યા વચનથી આપેલ કન્યા.

વાગ્દલ [સ ન હોઇ

વાગ્દંડ (પુ (દંડન) વાચાની પ્રવૃત્તિથી થતુ કર્મબંધન, વચનો ...

[સ.] પુ. વાણીનો સંયમ; મિત ભાષણ.

૩. પુ રાજદ્વાર

માન્ચેસ્ટર અને વર્ષાનો વચ્ચે, માન્ચેસ્ટર અને સાથીઓ વચ્ચે જે વાગ્દંડની પ્રવૃત્તિ, ખબરઅંતર, મારામારી ચાલી રહી તે બધાનું યથાર્થ વર્ણન આપવું અશક્ય છે. રમણભાઈ

૪ ૧ શબ્દ ... કપડો; મોઢેથી ધમકાવવારૂપી દંડ.

૫. ૧ શ.૫

વાગ્દાન ૧. [સ વાચ્ + દાન] ન. વચન.

૨ ન. સગપણ, કન્યા આપીશ એમ કહેવું તે.

વાગ્દુષ્ટ ૧. પું. (પુરાણ) રૌદ્રિક અપિના સાત માંહેનો એક પુત્ર

૨. વિ કડવાશ.

૩. વિ. જેને કોઇએ શાપ આપેલો હોય તેવુ.

૪. [સં] વિ. શુદ્ધ છતાં અશુદ્ધ કહેવાયાથી દૂષિત થયેલ.

વાગ્દેવતા જુઓ વાગ્દેવી

વાગ્દેવી [સં. વાચ્ + દેવી] સ્ત્રી. વાણીની દેવી; સરસ્વતી, સરસ્વતી

વાગ્દોષ ૧. [સં વાચ્ + દોષ (ખામી)] પું ખામીવાળી વાણી; વાણીનો દોષ

૨ પુ. ગાળ; નિંદા.

વાગ્ધારા [સ. વાચ્ + ધારા] સ્ત્રી. વાણીરૂપી ધારા; વાણીનો અસ્ખલિત પ્રવાહ

વાગ્નિગ્રહ [સ.] પું. વાણીનો; સમયે કિયસે કરાતો સંયમની રીતનો કરાર.

વાગ્બંધન ૧. [સં.] ન. બોલવું બંધ કરવું તે.

૨. ન. મૌન

૩. ન. વાણીનું બંધન.

વાગ્બાણ [સં.] ન. અર્થવચનરૂપ વાણીરૂપી બાણ.

વાગ્ભિગ્રહ [સ.] વિ. ઉચ્ચાર સંબંધી. સ્વરશાસ્ત્રનું; સ્વરસંબંધી; ' ફોનેટિક. '

વાગ્ભટ પું વૈદક ગ્રંથનો લેખક; જે નામનો એક વૈદ્યાનિક પુરુષ. તેનું નિવાસસ્થાન સિંધમા હતું તેણે અષ્ટાંગસંગ્રહ નામનો ગ્રંથ રચ્યો છે.

વાગ્મિતા ૧ [સં.] સ્ત્રી. અલંકૃત અને અસરકારક વાણી

એ ગંભીરતાં કવિતા કરતા વાગ્મિતાની શોભા વધુ અરો છે. કુ. સા. પરિષદ

૨ સ્ત્રી કાવ્યશાસ્ત્રમાં વાચાલકારશાસ્ત્ર

વાગ્મી ૧. પું. (પિંગળ) જે નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, નગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

૨. [સં. વાગ્મિન્] પું. છટાથી ભાષણ કરનાર માણસ; સારો વક્તા.

નેતા, વિનીત, મધુર, જ્ઞાતા, દક્ષ, પ્રિયંવદ, રસજ્ઞલોક, શુચિ, વાગ્મી, પુરુષજ્ઞ, સ્થિર, પુણ્ય, બુદ્ધિ સમન્વિત, ઉત્સાહ સમન્વિત, ધાર્મિક જેવા પુરુષના ગુણ કહ્યા છે. રસમંજરી

૩. પું. બૃહસ્પતિ.

૪ પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેનાથી વેદમયી વાણીનો જન્મ થયો હોવાથી તે વાગ્મી કહેવાય છે.

૫. વિ. બોલવામાં કુશળ.

૬. વિ. વાતોડિયું.

૭. વિ. ખોટુ વાક્ય બોલનાર.

વાગ્યજ્ઞ [સં.] પું. વાણીથી ચલાવેલો યજ્ઞ; વાણીનો સેવાર્થે ઉપયોગ.

વાગ્યુદ્ધ ૧. ન. મરમાત્મરમ વર્ષા.

૨. [સં] ન. વાણીનું યુદ્ધ; શબ્દયુદ્ધ; માત્ર શાબ્દિકયુદ્ધ

પ્રાચીનકાળથી વાગ્યુદ્ધોના પ્રચારને લીધે આ બધા દુર્ગુણો આપણા વિદ્વાનો અને ગુરુજનોમાં વધેલા જોવામા આવે છે. કુમાર

વાગ્યે અ. ભલે ત્યારે; મધ્યાળમાં સમય થાય ત્યારે; વાગે ત્યારે; વાગતાં.

વાગ્યોગ સં.] પું. વાણીનો વ્યાપાર; વાગ્વ્યાપાર.

વાગ્રી સ્ત્રી. શાર્કને મળતી આવતી એક જાતની માછલી. તેનું વજન આશરે ૫ શેર થાય છે.

વાગ્વજ્ર ૧. [સં.] ન. વચનરૂપી વજ્ર કે ભાલું; કઠોર વાક્યો આકરો શબ્દ.

૨. ન વાણીનો એક પ્રકારનો દોષ. સકારના સ્થાનમાં શકાર અને શકારના સ્થાનમાં સકારનું ઉચ્ચારણ કરવાથી વક્તા શું કહેવા માગે છે તે નથી સમજાતું માટે એવા શબ્દને વાગ્વજ્ર કહે છે.

૩. ન. શાપ.

વાગ્વર્ધિની [સં.] વિ. સ્ત્રી વક્તૃત્વશક્તિ ખીલવનારી, બોલવાની છટા વધારનારી
દરેક સપ્તાહમા રવિવારે કુમારોની વાગ્વર્ધિની સભા મળે છે. સ્વાધ્યાયમંડળી

વાગ્વાદિની [સં.] સ્ત્રી. સરસ્વતી. વિદ્યાદેવી.

વાગ્વિદગ્ધ [સં.] વિ. બોલવામા ચાલાક; વાક્પટુ; મોઢા બોલનાર

વાગ્વિનય [સં] પું. વાણીનો વિવેક; સારાં વેણ બોલવાં તે.

વાગ્વિનોદ [સ. વાચ્ (વાણી) + વિનોદ (આનંદ)] પું. વાતચીતનો આનંદ.

વાગ્વિલાસ જુઓ વાગ્વૈભવ.

વાગ્વિલાસ ૧. પું. કોઈ તથ્ય કે તત્ત્વમીમાંસ વિનાનો વાગ્વ્યાપાર; બોલી કાઢવું તે.
૨. [સં વાચ્ (વાણી) + વિલાસ (આનંદ)] પું. વાણીનો વિલાસ; લટકાળી વાણી; બોલવાની છટા, વાતચીતની મજમત; વાતોની મજા; આનંદપૂર્વક પરસ્પર સંભાષણ.

વાગ્વિશારદ [સ.] વિ. વાણીકુશળ, પંડિત.

વાગ્વિસ્તાર [સં.] પું. વિસ્તારથી બોલવું તે.
એનો વાગ્વિસ્તાર કરવાની સરસ્વતી અને તેના ઉપાસકોને ટેવ જ હોય છે. કુ. સા. પરિષદ

વાગ્વીર [સં.] પું. છટાદાર બોલનાર પુરુષ, સુવક્તા.

વાગ્વેણાંતી [સં.] પું. દોગી; શુષ્ક વેદાંતી.

વાગ્વૈભવ [સં.] પું. વાક્પટુતા; વાગ્વિલાસ; વાક્પ્રાવીણ્ય; વાણીની રસિકતા; વાણીનો વૈભવ; વાણી પર કાબૂ.

વાગ્વ્યાપાર ૧. [સં.] પું. ઉચ્ચાર સબંધી વિદ્યા, ઉચ્ચારણશાસ્ત્ર. ' ફોનેટિક્સ '.
૨. પું. બોલવાની રીત; બોલવાની પદ્ધતિ.
૩. પું. વાણી વિસ્તારવી તે
૪. પું. વાણીની છટા; વાતચીતની ઢબ.

વાઘ ૧. પું. અમરણીમાં સમાવેશ પામેલ ઘેરું, ભીંજન વખતે રાખવાની વસ્તુ
વાઘ કરવો = (૧) અમરણી વખતે વહુને રાખવારવી. (૨) ઘરીને રૈસના પટા કરી વાઘનો વેઢ કરવો.
૨. [સં. વ્યાઘ્ર] પું. એક જાતનું હિંસક જંગલી પ્રાણી, શેર કેટલાક વહેમી લોકો તેના વાળ, નખ, તથા દાંતની તાવીજો બનાવી નાનાં છોકરાંને હાથે અથવા ગળે નજર લાગે નહિ તેથી બાંધે છે. તેનું વસતીસ્થાન હિંદુસ્થાન, ચીન, પાકદેશ, બ્રહ્મા અને સુમાત્રા છે. તે બિલાડીના વર્ગનું પ્રાણી છે. આકારમા સિંહના જેવું છે. તેની ઊંચાઈ ૩ ફૂટ અને લંબાઈ ૬ ફૂટ અને તેથી વધારે હોય છે. મોઢા પર મૂછ હોય છે રંગ પીળો હોય છે અંધારામાં તેના ડોળા ચળકે છે જળથી પાણી પીએ છે. જેના શરીર ઉપર પટ્ટા હોય છે તેને પટ્ટાવાળો વાઘ અને જેના શરીર પર ટપકા હોય છે તને ત્રિપ્પા વાઘ એટલે કે ચિત્તામા જેના ટપકાંવાળો વાઘ કરે છે. માદાને એક વેતરે બે ત્રણ બચ્ચાં અવતરે છે એક જાતીના અંગ્રેજ શિકારીએ લખ્યું છે કે, સામાન્ય રીતે વાઘ વીસ મિનિટમાં સિંહને મારી ન બે છે અને પછી એને ખાવા માંડે છે. હિંદુસ્તાનમાં જગલો પરેલાં સિંહોથી ભરેલા હતાં, પણ હિમાલય પ્રદેશમાથી ઉતરી આવતા વાઘોએ આ જંગલોમાથી સિંહોને અતમ કરી દીધા. બંગાળ અને ઉત્તર પ્રદેશના જગલો આની સાક્ષિતી આપે છે. આ શિકારીએ લખ્યું છે કે, પ્રાણીઓમાં પણ લડાઈના ચોક્કસ નિયમો હોય છે. દાખલા તરીકે, વાઘણ સિંહ પર કદી હુમલો નહિ કરે, તેમ સિંહણ પર કોઈ વાઘ પણ ત્રાપો નહિ મારે. આ માટે જબરી વિરોધનું કારણ અપાય છે.
૧. ક્રોધનો વાઘ કરવો = રજનું મજ કરવું
૨. માખીનો વાઘ મારવા જેટલું કઠણ = (૧) લાયં અલેલું. (૨) મોટી માખીને મારવા જેટલું મુશ્કેલ
૩. વાઘ ને બકરીએ એક આરે પાણી પીવું = રાજ ને રંક બંનેને એક સરખો ન્યાય મળવો
૪. વાઘ જેટલી આળસ = ઘણી જ આળસ
૫. વાઘ જેવું = સમર્થ; છતવું અઘરું.
૬. વાઘ ભગત = ઢગ ભગત
૭. વાઘ મારવો = મોટું બહાદુરીનું કામ કરી બતાવવું; પરાક્રમ કરવું; વાઘ મારવા જેવું મોટું પરાક્રમ કરવું
૮. વાઘની જોડમા હાથ વાઘરો = જોખમ ભર્યું કામ કરવાને પ્રસગ કરવો.
૯. વાઘની મારી = બિલાડી. મની.
૧૦. વાઘનું માથું લાવવું = વાઘનું માથું લાવવા જેવું મોટું પરાક્રમ કરવું.
૧૧. વાઘનું મોં લોહિવાળું = એક વખતનો ચોર, હંમેશનો ચોર.
૧૨. વાઘને કૂવે મધ = વાઘનું ખાવું કદિ સરતું હોય જ નહિ; દુર્લભ કે મુશ્કેલ વસ્તુ.
૩. પું. ચીનો.
વાઘ માંડવું = ચીનો મરવું; ઘરેણે મૂકવું.
૪. પું. દમામ: ઠાઠ
૫. પું બહાદુર માણસ.
૬. પું. બિહામણું માણસ; ખતરાની લાગે તેવું માણસ.
૭. પું. વાઘના જેવા ગુણોનું માણસ.
૮. સ્ત્રી. ઘોડાના મોઢા આકેના ચોકઠાને બાંધીને સવારના હાથમાં રાખવાનું સુતરનું એક સાધન.
૯. જા ઘોડાની સજામા: ચોકઠું, વછીટિ, પટ્ટો.
૧૦. સ્ત્રી. નોકરડી
૧૧ ન. બકરાં અથવા ઘેટાંનું ટોળું

વાઘગુફા જા માળવામાં અજંટાની એ નામની પ્રાચીન ગુફા
માળવામા આવેલી વાઘગુફાઓ, મદ્રાસ ઇલાકામાં આવેલી સીતાનવાસ ગુફાઓ અને સહ્યની ગોમ્બરિની ગુફાઓ અજન્તાના સૌથી પ્રાચીન ચૈત્યો હતુ સાબિત રહી છે. અજન્તાના કલ્પ મડાપો

વાઘચર્મ [સ] ન વાઘનું ચામડું; બબ્બર ચર્મ.

વાઘણ ૧. સ્ત્રી બહાદુર સ્ત્રી
૨ સ્ત્રી ખિસકોલી સ્ત્રી.
૩. સ્ત્રી. વાઘની માદા
૪ [સં. વેષ્ટન] ન બારબાનાનો કસો

વાઘણગાય પું એક જાતની દેશી રમત; વાઘણગોરી. જમીનમાં અઢેક હાથ ઊંચા બે બાવળા એકબીજાથી ચાર હાથને છેટે દાટેલા હોય છે તેના ઉપર અડધા બેબાડેલા બોરમાં હાથને છેટે કાં જડેલાં હોય, તે કાઢવાની બાજીનું અમણી સંખ્યાનાં દોરડા લટકાવવામાં આવે છે. દોરડાને એક છેડે લાકડાનું ચોસલું બાંધેલું હોય છે. રમનાર છોકરો ચોસલા ઉપર બેસી દોરડાનો બીજો છેડો બેચે બદલે પોતા ઉપર ચડે અને પછી ધીમે ધીમે નીચે આવે. આમ અડધા ઊતરવામાં જે પહેલો આવે તે દોડિયાવાર ગણાય. આમ બને તેટલા છોકરા વારા કરતી રમી શકે છે

વાઘણદોરી જુઓ વાઘણગાય.

વાઘણદોહરી જા. એક પ્રકારની અઘરી રમત, તેમાં એક દોરડાને બેવડું કરી બે છેડા પર બેસનાર પોતાના અગૂઠા ભેરવે અને બેચ્ચો વળેલો છેડો ઊંચે કાઢામાં ચર્ચ પ્રકાર કરી પોતાના હાથમા પકડી બેસે. જેમ કરતાં પગના અગૂઠા કાઢા પર અડે તો જ વાઘણદોહી ગણાય. પણ પગ કરતાં આવડાવાળા હાથનું વજન વધારે હોઈ ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે અગૂઠામાથી દોરડું સરકી જઈ નીચે પડી જવાય છે

વાઘદંડ પું. દંડ પીલવાનો એક પ્રકાર પ્રથમ એક દડ કરી જમીન કાદી હાથ ઊંચા લઈ નમસ્કાર કરતાં બેઠા રહેવું. એક પગ પાછળ સાવો કરવો ને બીજો પગ પાછળ લટકણિયે રહે તેમ રાખવો, પણ લૂંબણ જમીન ઉપર અડકાવો ન જોઈએ જેમ વારાફરતી બંને પગનું કરવું. આ દંડ કરતી વખતે માણસનું રૂપ બહુ ભયંકર લાગે છે.

વાઘનખ ૧. પું. એ નામનું એક હથિયાર. એક પોલાદની પટ્ટીમાં ના ઘૂમને અંતરે ચાર તીક્ષ્ણ નખ બેસાડેલ હોય છે. દરેક નખ સવા ઇંચ લાંબો હોય. પટ્ટીને બે અંગૂઠી હોય છે. આ રાખ હાથમા પહેરી સહેલાઈથી મૂઠીમા છુપાવી શકાય છે અફઝલખાનના પંજામાંથી બચવા શિવાજીએ વાઘનખનો ઉપયોગ કર્યો હતો.

૨. પું. કરંજ નામનું એક મધદ્રવ્ય.

૩ પું. વાઘના નખનું બાળકનું ઘરેણું.

વાઘનખી વેલ સ્ત્રી વાઘના નખના આકારનાં પીળાશ પડતા રંગનાં ફૂલવાળી એક વેલ.

વાઘપરોણી સ્ત્રી એક જાતની રમત; વાઘબકરી

વાઘબારી ૧. સ્ત્રી એ નામની એક મેદાની રમત તેમાં એક સિવાય બધા રમનારાઓ સીધી હારમાં ગોઠવાય છે, બાકી રહેલો રમનાર વાઘ કહેવાય. હારનો સૌથી પહેલો ઊભવાડ કહેવાય રમનારાઓ એકબીજા જોડે કેડયે સાકળાઈ જાય તે બકરી કહેવાય. વાઘ હારની પાસે ફરીને કોઈ પણ બકરીને પકડવા પેંતરા રચે છે ત્યારે ઊભવાડ સિવાયનો કોઈ રમનાર વાઘથી અડકાઈ જાય તો તે વાઘ બને છે અને મૂળ વાઘ સાદો રમનાર બની તે વાઘ બનેલાની જગ્યા લે છે વાઘ ફરતો ફરતો 'વાઘબકરી ખાઉંગા' એમ બોલે છે. ત્યારે ઊભવાડ 'નહિ ખાને દઈંગા' એમ જવાબ આપે છે. આવી રીતે આ રમત રમાય છે બીજી રીતે પણ આ રમત રમાય છે તેમા એક સિવાય બધા રમનારાઓ એક વર્તુળમાં પુરાઈને બકરી બને છે. વાઘ આવીને વર્તુળની આકરયા કોઈ પણ બકરીને ઝાઈ જવા પ્રયત્ન કરે છે. જો વાઘ બકરીને વર્તુળની બહાર કાઢી ઝાઈ જાય તો રમનાર રમતમાંથી બાદ થાય અને તે વાઘને સહાય કરવા બીજો વાઘ બને છે અને અને સાથે વર્તુળ બાંધેના બકરા ઉપર તરાપ મારે છે. જો વાઘ વર્તુળમાં ફસાઈ જાય છે તો તેને બકરીઓ ભેગી થઈ મારે છે અને બીજો વાઘ બનાવવામા આવે છે.

૨ સ્ત્રી કાકરીઓથી રમાતી એક રમત.

૩. સ્ત્રી તરતા તરતાં પાણીમા જ રમાતી એક રમત

વાઘબારસ સ્ત્રી. આસો વદિ બારસ. એ દિવસે બારણામાં વાઘ કાઢવામાં આવે છે. દિવાળીના તહેવાર બારસથી શરૂ થાય છે. આ તહેવારે વાઘના સ્વરૂપવાળા દૈત્યનો નાશ કરવામા આવ્યો હતો એ દૈત્યનો લોકો ઉપર બહુ જ ત્રાસ હતો તેને મારી નાખ્યા પછી શહેરમાં વસાડવામાં આવ્યો હતો. તેથી એવી રૂઢિ પડી છે કે, તે દિવસે શુભ મુહૂર્તે વેપારીઓ નવા ચોપડા લાઈ આવે છે.

વાઘબારસ જુઓ વાઘબારસ

વાઘમતી સ્ત્રી. ગંગાને મળનારી નેપાળમાં આવેલી એ નામની એક નદી.

વાઘમંદિર ન સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં આવેલો એક સુંદર ભવ્ય કારીગીરીવાળો રાજમહેલ. તે મોરબીના રાજવી વાઘજી ઠાકોરે બંધાવ્યો હતો. આર્ય સ્થાપત્યમાં પંચરત્ન શિખરની બાબણી પ્રસિદ્ધ છે તેનો અહીં સુંદરતમ પ્રયોગ થયો છે. સૌરાષ્ટ્રમાં ઊંચુ નિમાણ કરનાર કારીગર આ યુગમા યે બની શકેલ છે.

વાઘમારો ૧ વિ. ફોજિયારીખોર; મોટી મોટી બડાશની વાતો કરનાર; વાતૂડિયુ

૨. વિ બહાદુર; શૂરવીર; હિમતવાન

૩ વિ ભાગરૂ; બીકણ

૪ વિ. વાઘ મારનાર, વાઘનો શિકારી

વાઘરણ ૧. સ્ત્રી. ચહા અને કૂવડ સ્ત્રી

૨. સ્ત્રી દાતણ વેચનારી બાઈ.

૩ સ્ત્રી લાકડાના સાલમાં લાગ ભરેવવાનો કટકો

૪. સ્ત્રી. વાઘરીની સ્ત્રી, વાઘરી જાતિની સ્ત્રી

૫. [અં. વૅજન] સ. ભાર ભરવાનો રેલવેનો ડબ્બો

વાઘલું સ. વાઘનું બચ્ચું.

વાઘલો પું. વાઘ; એક હિંસક પશુ.

વાઘંટી સ્ત્રી. કેરડાની જાતનું એક ઝાડ.

વાઘાટી [સં. વ્યાઘ્ર ઘટિકા] સ્ત્રી. એક જાતનો વેલો. તેના પાદડાં ઉપર કાંટા હોય છે. તે કફ તથા ઝેરનો નાશ કરે છે. વાઘ કરજો હોય તો તેનાં પાન વાટીને બંધાય છે. પાન કરમદીના પાદડાં જેવાં અને ફળ ગોળ હોય છે

વાઘાંબર [સ. વ્યાઘ્રામ્બર] ન. વાઘના ચામડાનુ વસ્ત્ર કે આસન તરીકે વપરાતું વાઘનું ચામડું; આમચર્મ

વાઘાંબરી ૧. પું શિવ; શંકર

૨ વિ. વાઘના ચામડાને વસ્ત્ર તરીકે વાપરનાર,

વાઘિયાતૂહ પું. કાંઠની એક બાજુ ભમરી હોય અને બીજી બાજુ ન હોય તેવી ઘોડાની એક ચાલ

વાઘિયો પું. ઘોડાની લગામના બે માંહેનો દરેક છેડો.

વાઘી સ્ત્રી. પાટિયાની ધાર રોકવાનુ સુતારનું એક ઓજાર.

વાઘું સ્ત્રી સરખા; સમાન.

વાધેડું ન. સુતાર જેના ઉપર મૂકીને લાકડું ઘડે છે તે લાકડું

વાધેય જુઓ વાઘ્ય.

વાધેર ૧. [સ. વાગુરા] સ્ત્રી. એ નામની એક શૂરવીર જાત. તે ખાસ કરીને ઓખામંડળમાં વસેલી છે. તેમનો કેટલોક ભાગ હાલારના દરિયા કિનારે પણ વસેલો છે. ઓખામંડળના વાધેરો મુખ્યત્વે હિંદુ છે. જ્યારે હાલારનો મોટો ભાગ મુસલમાન વાધેરનો છે. એમની ઉત્પત્તિ માટે કહેવાય છે કે, કૃષ્ણ ગોમતીમાં જળક્રીડા કરતા ત્યારે તેમને કેશી નામનો અસુર રંજાડતો. કૃષ્ણે તેને જતા પાતાળમાં ધકેલ્યો અને જે ખાડો પડ્યો તેમાંથી પ્રથમ પુરુષ પ્રગટ્યો તે વાધેરોનો આદિ પુરુષ ગણાય છે. ઉત્પત્તિ ગમે તે રીતે થઈ હોય પરંતુ

તેઓ સેંકડો વરસ થયાં ઓખામંડળમા વસતા આવ્યા છે. વાઘેર સ્વાતંત્ર્યપ્રિય કોમ છે. તેઓનુ વર્ચસ્વ અગાઉ ઓખામંડળમા ખાસ હતુ. તેઓમાના કેટલાક અગાઉ ચાંચિયાગીરીનો ધધો કરતા અને કેટલાક વહાણવટાનો ધધો કરતા. પહેલાં માછી, પછી ચાંચિયા અને છેવટે ખારા અને કાલમા મેકરુ, માછી અને ખલાસી તરીકે કામ કરે છે. તેમનામાં મૂળુ અને જેઠાભાણેક જાણીતા છે. ઈ. સ. ૧૮૧૬મા અંગ્રેજોએ ઓખામંડળ જીતીને ગાયકવાડને સોંપતાં વાઘેરોએ મૂળુ અને જેઠાભાઈની સરદારી હેઠળ અંગ્રેજોને બહાદુરીભર્યું યુદ્ધ આપેલુ

૨. ન. એ નામની જાતનુ માણસ.

૩. વિ. એ નામની જાતનુ

વાઘેલા ૧. જો. એ નામની એક અટક.

૨. જી. રજપૂતની એ નામની એક પેટા જાતિ. ગોહેલ, ગુજર, ચૌલોઢ, ચાવડા, ચોહાણ, જાદવ, ઝાલા, ડોડિયા, ડાભી, પઢીયાર, પરમાર, મકવાણા, મકવાણા, રાઠોડ, રાજપૂત, વાઘેલા, વાઘેર, સિસોદિયા, સોઢા, સોલકી વગેરે રજપૂતની જાત છે.

વાઘેલી જી. વાઘેલા રજપૂતની કન્યા

વાઘેલો પું રજપૂતોની એક જાતિનો આદમી

વાઘેશ્રી જુઓ વાઘેશ્વરી.

વાઘેશ્વરી ૧. જી. (સંગીત) એ નામની સંપૂર્ણ જાતિની એક રાગિણી. તેમાં કોમળ આધાર પ્રમાન છે, ધૈવત પર કોમલ નિષાદની મીંડ સહિત મૂર્છના છે. અવરોહમાં શુદ્ધ ગિયજ મધ્યમથી ત્યાગ લેવાય છે. નિષાદ શુદ્ધ અને કોમળ બંને આવે છે. આરોહમાં બંને સાથે લેવાય છે. ષડજ પર મૂર્છના દેવાય છે. તે રાતને બીજે પહોરે શૃંગાર રસમાં ગવાય છે. આ રાગ ગાવાથી છાતીનો દુખાવો અને કફ મટે એમ મનાય છે.

૨. જી. વાઘ ઉપર સવારી કરનારી દેવી આ શબ્દ અર્થમાં પણ અપભ્રષ્ટ થયેલ છે જેમકે, વાક્શ્વરી ઉપરથી વાગેશ્વરી અને તે ઉપરથી વાઘેશ્વરી અને તે વાઘનો વાચ અને અર્થમાં પણ વાઘ માની લીધેલ છે

૩. [સં. વાઘ્ (વાઘા) + ઈશ્વર + ઈ (નારીજાતિનો પ્રત્યય)] જી. વાણીની નિયંતા એ નામે એક દેવી

વાઘો ૧. પું ગાંસડી.

૨. પું ઠાકોરજીનો પોષાક

૧. વાઘા કરવા = ઠાકોરજી માટે પોષાક તૈયાર કરાવવો.

૨. વાઘો ચડાવવો = હનુમાનને તેલ સિંદૂર લગાડવુ.

૩ પું વાઘો: ગળામાં પહેરવાનો ચાંદીનો સોનાનો ઘરેણાનો પ્રકાર

વાઘ્ય પું. શિવને અઘોરાના સ્વરૂપમાં પૂજતો માણસ. તે શરીર ઉપર વાઘ ઓઢે છે જમણા હાથમાં ઢોકરી રાખે છે અને કડ બ્રાહ્મચર્યની કોથળી રાખે છે જેમા [illegible] રાખે છે

વાઙ્મતી ૧ પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ. તે સકોર્ભું વર્ણનો છે. તેને પ્રમદાવતી, જમદગ્ની, અમરાવતી, પરાવતી, પ્રવરમતી અને પ્રવામતી છંદ પણ કહે છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ મળી બાર અક્ષર હોય છે. તેમ જ બીજા અને ચોથા ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

૨. જી. નેપાળમા આવેલી એક નદી. હાલ તે વાગમતી કહેવાય છે. વરાહપુરાણમાં આ નદીને બહુ જ પવિત્ર કહેલ છે

વાઙ્મય ૧. [સં. વાક્ (વાણી) + મય (વાળું)] ન. ભાષા; વાણી.

૨. ન વાણીનો વિષય; સાહિત્ય; સારસ્વત. વાઙ્મયના વિશાળ પ્રદેશમાં સારસ્વતનો સમાવેશ થાય છે. જે વાઙ્મયમા ઉદાર, લલિત અભિજાત તથા નાગર ભાવ, પદ્ય, પ્રબંધ હોય તે સારસ્વત ગણાય. સારસ્વતમા સાહિત્યનો સમાવેશ થાય છે જે પ્રબંધરચના વિચાર સૌંદર્યવાળી તથા ભાષા સૌંદર્યવાળી હોય તેનો સાહિત્યમા સમાવેશ થાય છે. વાઙ્મયનાં અંગોનાં મુખ્ય નામ: ધર્મવિચાર, તત્ત્વવિચાર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, શિક્ષણ શાસ્ત્ર અને કલા. વિજ્ઞાન શબ્દથી સૂચવાતા સર્વશાસ્ત્રો જૈવિક, ભૌતિકશાસ્ત્ર, અને રસાયણથી માંડીને ભૂગોળ ને ખગોળ ને સુપ્રજાજનનશાસ્ત્ર સુધીનાં શાસ્ત્રો, ધર્મેતિહાસ, નયશાસ્ત્ર, ધારાશાસ્ત્ર રમતગમતો વિષે સિદ્ધાંતગ્રંથો તેમ જ હકીકતોનો અભ્યાસ, સમાજસુધારો, સમાજસેવા, પત્રકારિત્વ, મુદ્રણકળા, પુરાતત્ત્વનુ સંશોધન, ભાષાશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, પદ્યરચના, કાવ્ય તથા રસની મીમાંસા, કલાવિવેચન અને સાહિત્યવિવેચન.

૩. વિ. ઉચ્ચારણોથી બનેલ, જેમાં વાણીને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય તેવું; વાણીરૂપ.

૪ વિ વચન સંબંધી વાક્યાત્મક

૫. વિ વાણીદ્વારા કરેલુ

વાઙ્મય તપ ન. વાણીનુ તપ. અનુદ્વેગકર, સત્ય અને પ્રિય તથા હિતકર વાણી અને સ્વાધ્યાય એ વાઙ્મય તપ કહેવાય છે.

વાઙ્મયી [સ.] જી. સરસ્વતી.

વાઙ્મુખ ન. પ્રસ્તાવના; પ્રથમ વાક્યારંભ

વાઙ્મૌન [સં.] ન. વાણીનો નિરોધ. મૌન ત્રણ પ્રકારનું છે: વાઙ્મૌન, આઙ્મૌન અને કાષ્ટમૌન. વાઙ્મૌનમાં વાણીનો નિરોધ હોય છે. શ્રી શંકરાચાર્ય કહે છે કે, ગિરામૌન તો અન્યો માટે છે. મનુ કહે છે કે, મૌનથી સત્ય વધી જાય છે. વાઙ્મૌનનું વાસ્તવિક સ્વરૂપ તો મિતપરિભાષણ જ છે

વાચ જુઓ વાચા.

વાચક ૧. પું. અર્થ દર્શાવનાર શબ્દ; જે વડે સ્પષ્ટ અર્થ જણાય તે શબ્દ.

> શબ્દના સાંકેતિક અર્થનું અભિજ્ઞાન કરનાર શબ્દો વાચક શબ્દો કહેવાય છે.
>
> — કેશવલાલ શાહ

૨. [સ.] પું. ઉપાધ્યાય.

૩. પું. નામ; સંજ્ઞા

૪ પું. વાચક; વાંચનાર માણસ.

૫. ન. (કાવ્ય) ઉપમાનાં ચાર માંહેનું એક અંગ; સાંકેતિક અર્થ જણાવનાર શબ્દ.

૬. [સં. વક્ (બોલવુ) + અક] વિ. દર્શક; દેખાડનાર; બોધક.

૭. વિ. બોલનાર; બોલતું.

૮. વિ. વાંચનાર; કહેનાર.

વાચકલુપ્ત પું. (કોમ) એક પ્રકારનો લુપ્ત; અન્ય અવયવ કરે તેવી રીતનો લુપ્ત. ઉપમાના લુપ્ત ચાર પ્રકારના કહેવાય છે: (૧) વાચકલુપ્ત, (૨) ઉપમાનલુપ્ત, (૩) માનસલુપ્ત અને (૪) ધર્મ લુપ્ત

વાચકતા જી અર્થવાહિતા, શબ્દની વાચક શક્તિ. અર્થવાહકતા.

વાચકપદ ૧. [સં વાચક (ઉપાધ્યાય) + પદ (પદવી)] ન. ઉપાધ્યાયની પદવી.

૨. ન. સ્વયં શબ્દ વાચકપદના ચાર પ્રકાર છે: (૧) ધ્વનિવાચક, (૨) યદૃચ્છાવાચક, (૩) ગુણવાચક અને (૪) કર્મવાચક

વાચકપદધારી [સં. વાચક (ઉપાધ્યાય) + પદ (પદવી) + ધારિન્ (ધરનાર)] વિ. ઉપાધ્યાયની પદવી ધરાવનાર.

વાચક યશોવિજય પુ. એ નામના જૈન વિદ્વાન. પંડિત સુખલાલજી કહે છે કે, વાચકયશોવિજયે તત્ત્વાર્થસૂત્રના ભાષ્ય ઉપર લખેલી વૃત્તિનો અપૂર્ણ પ્રથમ અધ્યાય પૂરતો ભાગ મળે છે. એમણે શ્વેતાંબર સંપ્રદાયમાં જ નહિ પણ આખા જૈન સંપ્રદાયમાં છેલ્લામાં છેલ્લા, થયેલા સર્વોત્તમ પ્રામાણિક વિદ્વાન તરીકે ગણાતા છે. એમની મુખ્યગ્રંથ કૃતિઓ ઉપલબ્ધ છે. સત્તરમા અઢારમા સૈકા સુધીમાં થયેલ ન્યાયશાસ્ત્રના વિકાસને અપનાવી એમણે જૈન સૂત્રને તર્કબદ્ધ કર્યું છે અને ભિન્ન ભિન્ન વિષયો ઉપર અનેક પ્રકરણો લખી જૈન તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ અભ્યાસનો માર્ગ તૈયાર કર્યો છે

વાચકવર્ગ [સ] પું. વાચક જનતા; વાચનારાઓનો વર્ગ, વાંચનાર સમૂહ

વાચકશબ્દ [સ] પું સંકેત કરેલ અર્થને સાક્ષાત કરે તે શબ્દ

વાચકસિદ્ધિ [સ] જો જે જોઈ તે તરત તેની સમક્ષ ઉપસ્થિત થવું તેવી સિદ્ધિ

વાચકાઈ સ્ત્રી. વાચા, અને કળોટા
વાચકાઈ મન નિર્મલ હુએ,
મન મન જનની તેની રે.
નરસિંહ મહેતો

વાચણહાર વિ. વાંચનાર.

વાચન ૧. ન. પારાસભામાં અર્થે માટે બિલ આવવું તે; 'રીડિંગ.'
૨. ન. પ્રતિપાદન
૩. [સં. વચ્ (બોલવું)] ન. બોલવું તે; કહેવું તે; કથન.
૪. ન. વાંચવાની ઢબ; વાંચવાની રીત.
૫. ન. વાચવું તે; પાઠ કરવો તે; ભણવું તે. ગાંધીજી લખે છે કે, એક ખાંડી વજન જેટલા પુસ્તકો વાંચો તે કરતાં તેમાંથી એક અબોળ જેટલું વર્તનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

વાચનગૃહ [સ.] ન. પુસ્તકાલય

વાચનપાઠ [સં.] પું વાંચવાનો પાઠ; વાચનમાળાનો કે ભણવાનો પાઠ.

વાચનમંદિર [સ.] ન. પુસ્તકાલય.

વાચનમાળા [સં. વાચન + માલા (હાર)] સ્ત્રી. વાચનપાઠોનો સંગ્રહ; ભણવાના પાઠોની ચોપડીઓની શ્રેણી. શિક્ષણકારોએ નવલરામભાઈ લખે છે કે: આવતો જમાનો કેવા વલણનો નીવડશે એ ધ્યાનું કરીને તે સર્વે નિશાળમાં ચાલતી વાચનમાળા ઉપરથી નિશ્ચિત થાય છે. એ કારણથી શાસ્ત્રો દેશહિતેચ્છુઓ જનોએ ખાસ ઉપર અને તેમાં પણ વિશેષે કરીને ચાલતી વાચનમાળા ઉપર અસલ ધ્યાન આપે છે. લાન્ડન નામનો આધુનિક મહાપ્રસિદ્ધ શિક્ષણકારો નીચે પ્રમાણે વાચનમાળાના ચાર ઉદ્દેશ ઠર્યા છે: —(૧) વાચવાનો તથા વાંચીને વિવિધ જ્ઞાન મેળવવાનો શોખ બાળકના મનમાં ઉત્પન્ન કરવો. (૨) ભાષાજ્ઞાન આપવું એટલે ભાષાનું ભણ તથા સૌંદર્ય બાળકોના અંતઃકરણને જ્ઞાને અને તેનો ઉપયોગ કરતા શીખે એમ કરવું. (૩) રસદ્વારા નીતિની એવી પરોક્ષ કેળવણી આપવી કે બાળકોની સુવૃત્તિઓ કેળવાઈ મોટી ઉમરે તેઓ ઉમદા કામ કરતા થાય. (૪) વિવિધ શાસ્ત્રોનાં મૂળતત્ત્વોનું એવું સર્વાંદ પ્રત્યક્ષ જ્ઞાન આપવું કે તે બાળક પછી ગમે એટલું જ્ઞાન મેળવવા ચાહે તો તેઓ પોતાની મેળે જ પુસ્તકો વાંચીને મેળવી શકે. એક એમ પણ સ્પષ્ટ મત છે કે, જે વાચનમાળાથી ઊંચી જાગણીઓ ઉશ્કેરાય એટલે જે ભણવાથી બાળકના મનમાં દોસ્ત, ઉદ્યોગ, શૌર્ય, સાહસ, મમતા, સાર્વજનિક બુદ્ધિ, સુજનતા, પરમાર્થ વગેરેની વૃત્તિઓ પ્રફુલ્લિત થાય, આત્મદમનનો મહિમા સમજાય અને દુઃખમાં ઊંચા ચારિત્ર્યવાળી કાર્યો કરવા તરફ તેનો આત્મા ઘડાઈ જાય, તેના જેવું બીજું કેળવણીનું સાધન નથી. એના મોટા આગળ સામાન્ય જ્ઞાન, ઇતિહાસ ભૂગોળ, પદાર્થવિજ્ઞાન કે કળાકૌશલ્યની વાતો પાંચ વખારે કે ઓછી શીખવાય તો તેમાં કશી વિસાત છે? જે ગ્રંથો વડે પોતાનું કે પારકાનું ભલું કરવાની શક્તિ મળે છે તે ગ્રંથો જ આ લોક અને પરલોકને અર્થે ખરા કામના છે અને એ ગ્રંથો ન કેળવાય તો બીજી સઘળી કેળવણી કાંઈ પણ કામની નથી. રસિકજનોનો પહેલો ઉદ્દેશ પાર પાડવા માટે વાચનમાળાની ચોપડીઓ એવી હોવી જોઈએ કે, બાળકો પોતાની મમતને માટે નવરાં પડ્યાં હોય ત્યારે હોંશે હોંશે પણ વાંચે. ખાનગી વાચનનો શોખ ઉત્પન્ન કરવાનું પ્રથમ સાધન એ જ છે અને તેથી વાચનમાળામાં કદાપિ પણ કઠિન, કંટાળા ભરેલા કે શોખવિઘ્ન વિષયો દાખલ કરવા જોઈએ નહિ અને શૈલી તો સઘળે સ્થળે વિચિત્ર તથાપિ મનોહર જ જોઈએ. બીજાં બધાં પુસ્તકો કરતાં વાચનમાળામાં વિશેષતા એ રહેલી છે કે, તે તો ઉત્તરોત્તર જેમ જ્ઞાનબુદ્ધિ વૃદ્ધિ પામતાં જાય છે તેવાને માટે લખવાની છે અને તેથી વાચનમાળામાં આપ્યા તથા અર્થ ઉત્તરોત્તર વૃદ્ધિ જ પામતાં જવાં જોઈએ અને વળી તે વૃદ્ધિ બાળકનાં જ્ઞાનબુદ્ધિ જે અનુક્રમમાં વૃદ્ધિ પામે છે તેની સમાંતર જ ચાલી જવા જોઈએ. ઉપરના વિચારથી વાચનમાળાની ચોપડીઓના ત્રણ પગથિયાં પડે છે અને તે દરેક પગથિયે ઉપર કહેલા ચારે ઉદ્દેશ રહેલા હોય છે, તો પણ તેનું સમિશ્રણ તથા અવસ્થા જુદી જુદી રીતે જ કરવી જોઈએ સુવૃત્તિઓને કેળવવાનું ઉત્તમ સાધન જે કવિતા તે ત્રણે પગથિયે જરૂરની છે, તો પણ બીજે પગથિયે તે છૂટથી વાપરી શકાય છે અને આ પગથિયે તો તર્કશક્તિ તથા રસજ્ઞાનને પરિપૂર્ણ કરવા માટે તેનો જ મુખ્ય આધાર છે. ગદ્યપદ્યના વિષયો તથા શૈલીમાં કેટલો ફેર છે તેનો કાંઈક ભાસ આ પગથિયાની વાચન ચોપડીઓ વાંચતાં ભણનારને થવો જોઈએ અને આ પગથિયે જ તે ગદ્ય અને પદ્યના જૂદા જૂદા સ્વરૂપને ઓળખતા તથા ચાહતો થવો જોઈએ. આ રીતે પગથિયાવાર વાચનમાળાની ચોપડીઓમાં બધા ફેર રાખવાનો છે, તો પણ તેમાં કેટલાક ગુણ સામાન્ય પણ હોય છે. ભાષા તથા અર્થની ઉત્તરોત્તર વૃદ્ધિ એ તો વાચનમાળાનો મુખ્ય ગુણ છે એટલે એ ગુણ વિનાની વાચનમાળા તો ગમે તેવી સારી હોય, તો પણ કાંઈ જ કામની નહિ; પણ એ ઉપરાંત બીજા પણ કેટલાક ગુણ જરૂરના છે. વાચનમાળા આ પ્રમાણે જ ગુણવાળી જોઈએ: (૧) મનની સઘળી શક્તિઓને કેળવે એવી. (૨) ભણનારની ઉમરે જે શક્તિઓ ખીલવા માંડી હોય તેને વિશેષ કેળવણી આપે એવી. (૩) વિવિધ વિષયોથી ભરપૂર. (૪) વિવિધ શૈલીમાં લખાયેલી. (૫) વાંચતાં રસ ઉપજે એવી. (૬) મન ઉપર છાપ પાડી શકે એવા થોડી જ વિગતવાળાં પણ ચોકખાં અને સુંદર ચિત્રોવાળી.

વાચના ૧. સ્ત્રી. પુસ્તકનું પઠન કરવું કે કરાવવું તે.
૨. સ્ત્રી પુસ્તકનું મૂળ લખાણ; પાઠ; 'ટેક્સ્ટ.'
૩. સ્ત્રી. આખ્યાનપદ્ધતિ.
૪. સ્ત્રી. શિક્ષણ લેવું તે.
૫. [સ.] સ્ત્રી. (જૈન) સ્વાધ્યાયના પાંચ ભેદોનો એક ભેદ; શબ્દ કે અર્થનો પ્રથમ પાઠ લેવો તે; ધર્મધ્યાનનું એક આલેખન.

વાચનાચાર્ય [સં.] પું. અર્થ સહિત સૂત્ર ભણાવનાર ગુરુ કે આચાર્ય

વાચનાલય [સ. વાચન + આલય (ઠેકાણું)] ન. વાંચવા માટે ખાસ બનાવેલું મકાન; છાપા વગેરે વાંચવા માટે રખાતા હોય તે સ્થાન; 'રીડિંગ રૂમ'.

વાચનિક ૧ [સં.] વિ. મૌખિક

૨. વિ વચનથી કહેવામાં આવેલ; વાણીનું

વાચસ્પતિ ૧ [સં. વચસ્ (વાણી) + પતિ] પું. આચાર્ય.

૨. પું. એ નામનો એક ગ્રંથ. ઉપાધ્યાન નામના આચાર્યે આ ગ્રંથની ટીકા લખી હતી.

૩. પું દેવોના ગુરુ; બૃહસ્પતિ; સુરાચાર્ય

બૃહસ્પતિ, સુરાચાર્ય, ગીર્પતિ, વિબુધ, ગુરુ, જીવ, અંગિરસ, વાચસ્પતિ, ત્રિદશિબડિજ એ નવ પુલ્લિંગ નામ બૃહસ્પતિના છે. અમરકોષ

૪. પું. પુષ્ય નક્ષત્ર

૫. પું (સંગીત) બત્રીસ માંહેનો એકત્રીસમો થાટ. તેમાં ૫ તીવ્ર, નિ કોમળ અને બાકીના પાંચ સ્વરો શુદ્ધ આવે છે.

૬ પું ધણી.

૭. પું. વિદ્વાનો ઠઠારો

૮. પું. શંકર; શિવ.

૯ સ્ત્રી. એ નામની એક પદવી.

૧૦. વિ. ડાહ્યું

વાચસ્પતિ મિશ્ર પું. એ નામના એક સંસ્કૃત પંડિત. તે ઈ. સ. ૮૪૦ના મધ્યકાલીન અરસામાં થઈ ગયો. તે મૈથિલ બ્રાહ્મણ હતો. તેણે ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા ઉપર સાંખ્યતત્ત્વકૌમુદી નામની ટીકા લખી છે

વાચસ્પતિરયોનિજ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિષ્ણુ વાચ એટલે વિદ્યાના પતિ હોવાથી વાચસ્પતિ છે અને જનનીથી જન્મ લેતા નથી તેથી અયોનિજ છે.

વાચસ્પતિરુદારધી [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિષ્ણુ વાચ્ય એટલે વિદ્યાના પતિ હોવાથી વાચસ્પતિ અને તેની બુદ્ધિ સર્વ પદાર્થોને પ્રત્યક્ષ કરનારી છે તેથી તે ઉદારધી છે.

વાચસ્પતિવલ્લભ [સં.] ન. પોખરાજ.

વાચસ્પત્ય ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. ન. છટાદાર વાણી.

વાચા ૧. સ્ત્રી (જૂ. ગુ.) કોલ; વચન.

૨. સ્ત્રી. જીભ; જબાન.

૩ સ્ત્રી. બોલવાની શક્તિ

૪ સ્ત્રી. બોલી, વાણી; ભાષા; વચન

વિચારમાંથી વાચા ને વાચામાંથી કર્મ એમ એક પછી એક પરિણામ આવ્યા જ કરે છે. જો આપણે વિચારને ન અટકાવીએ, વાચાને ન રોકીએ તો પછી એ બંનેના પરિણામને રોકવાનો પ્રયાસ પણ મિથ્યા છે. ગાંધીજી

વાચા કૂટવી = બોલવાની શક્તિ કે હિંમત આવવી

૫. સ્ત્રી જૂના કોકડો દ્રાક્ષ આપે તે અદ્રાક્ષ એવી સંજ્ઞા થતી તે.

૬. સ્ત્રી શબ્દ.

૭. સ્ત્રી સૂત્ર

૮. સ્ત્રી. સોગંદ

૯. ન આકાશથી ઉપજતાં પાંચ માંહેનું એક તત્ત્વ

વાચાકાર પું. હલકી પંક્તિનો ગાયક; ભાતુકાર.

વાચાગુપ્તિ સ્ત્રી વાક્સંયમ; વાણીનો સંયમ

વાચાચતુષ્ટય ન. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી એવી ચાર પ્રકારની વાણીનો સમૂહ.

વાચાટ ૧. વિ અસંબદ્ધ બોલનાર, બકવાદી બોલનાર

૨. [સં.] વિ. વાચાળ, બકવાદી, વાતોડિયું

વાચાપટુ વિ. બોલવામાં પ્રવીણ

વાચાબંધન [સં.] ન. પ્રતિજ્ઞાબદ્ધ થવું તે.

વાચાબંધી સ્ત્રી. બોલવાની બંધી કરવી તે; બોલવા કરવાનો પ્રતિબંધ.

વાચારંભણ ૧. ન. ખાલી વાણીમાં જ રહેલું તે. ૨ ન. વાણી જ જેનું અવલંબન છે તે. જેમકે, વાણીથી જ આરંભ થાય છે માટે વિચાર વાચારંભણ છે

વાચાલ જુઓ વાચાળ

વાચાલંકારશાસ્ત્ર [સં.] ન. વાકશાસ્ત્ર, શબ્દ શાસ્ત્ર; સુભાષિત બોલવા કરવાની અથવા સારા લેખન વિદ્યા.

વાચાશક્તિ સ્ત્રી. વચન વડે જણાવવાની શક્તિ; વક્તૃત્વ.

વાચાસન ૧. [સં. વાચ્ + આસન (બેઠક)]

પું. વક્તા; બોલનાર

૨. પું. વિદ્વાન; અભ્યાસી

૩. વિ. વાણીની સમજવાળું.

વાચાળ ૧ વિ આત્મશ્લાઘા કરનાર, બડાઈ મારનાર

૨ વિ બકવાદ બોલી બોલનાર; સ્પષ્ટ, સરળ ને સુંદર વાણી બોલનાર.

૩ સ. વાચ્ (વાણી) + આલ (વાળું)] વિ. બકબોલું; બોલબોલ કરનારું; વાતોડું; બકવાદી બોલું; બોલવાની ખૂબ છૂટ હોય તેવું

વાચાળતા સ્ત્રી. વાચાળ હોવાપણું; બકવું બોલવું તે.

વાચાળપણું ન. બકવું બોલવાપણું; વાચાળ હોવું તે; બકવું બોલવું તે.

વાચિક ૧. [સં.] પું. એક પ્રકારનો વાક્યારંભ.

૨. ન. ખુશ ખબર

૩. ન. સંદેશાની વાણી, સમાચાર, સંદેશો, દૂત આદિના મુખથી કહેલ વાણી.

૪ વિ વાણીનું; બોલી સંબંધી; વચનથી કરેલું; બોલવાથી થયેલું; વાચા સંબંધી; વાચાનું, વાચા વડે થયેલું, મૌખિક.

વાચિક અભિનય [સં] પું અભિનયના ચાર માંહેનો એક પ્રકાર; વાણીથી કરેલો અભિનય, વાતચીત કરવાની નકલ. વાચિક અભિનયમાં ભાષા અને વાચાનો સંબંધ હોય છે. જેમકે, ભાષાનું ભાષણ હોય તો તે બોલવું બોલવું

વાચિકકર્મ [સં.] ન. વાણી વડે કરાયેલું કર્મ. કર્મ બે પ્રકારના છે. (૧) માંતર અને (૨) બાહ્ય. (૧) વાચિક અને (૨) કાયિક જેમ વળી તે બે પ્રકારના ભેદને પામે છે.

સૂતસંહિતા

વાચિકજપ [સં] પું. મોઢેથી મંત્ર જપવો તે; સ્પષ્ટ સંભળાય તેમ ઉચ્ચારાતો જપ.

વાચિકતપ [સં.] ન. વાણીનું એક પ્રકારનું તપ.

દુઃખ ન દે એવું સત્ય, પ્રિય, હિતકર વચન અને ધર્મગ્રંથનો અભ્યાસ એ વાચિકતપ કહેવાય છે. ગીતા

વાચિકપત્ર ૧. [સં] ન. છાપું; વર્તમાનપત્ર.

૨. ન. સંદેશાનો કાગળ

વાચિકપૂજા [સં.] સ્ત્રી. વચનથી અન્યના ગુણગાન કરવા તે

વાચો પું. બે દોરથી બનેલો ખૂણો

વાચોયુક્તિ ૧. [સં.] સ્ત્રી. વાણીથી દર્શાવેલી યુક્તિ.

૨. સ્ત્રી. વાણીની નિપુણતા.

૩. સ્ત્રી. વાણીની રચના; સુંદર અથવા ભાષોશીભરી વાણી.

વાચોયુક્તિપટુ [સં] વિ બોલવાની યુક્તિમાં હોશિયાર.

વાચ્ય ૧. પું. (કાવ્ય) શબ્દની અભિધા શક્તિથી જણાવા યોગ્ય અર્થ, અભિધેયાર્થ, મૂળ અર્થ

૨ ન કથન, કહેવું તે

૩. ન. ક્રિયાપદનો એક ભેદ.

૪. ન. દૂષણ, દોષ.

૫ ન નિંદા.

૬. ન. પ્રતિપાદન.

૭. ન. કહેવા જેવું.

૮ વિ. કહેવા યોગ્ય; નિંદ્ય.

૯. વિ. પ્રતિપાદન યોગ્ય

૧૦. [સં.] વિ. બોલવા યોગ્ય; બોલવા જેવું, કહેવા યોગ્ય

વાચ્યચિત્ર [સ.] ન. એક પ્રકારનું ચિત્રકાવ્ય. અર્થાલંકારવાળું કાવ્ય તે અર્થચિત્ર કે વાચ્યચિત્ર કહેવાય છે. કાવ્યાદર્શ

વાચ્યતા [સં.] સ્ત્રી. અપકીર્તિ; અપ્રતિષ્ઠા.

વાચ્યદર્શન [સં. વાચ્ય (નિંદા) + દર્શન] ન. નિંદા સાંભળવી તે.

વાચ્યનાટક [સ.] ન. જાજરી રાકાર તેનું નાટક. શિષ્ટ સાહિત્યના અંગ તરીકે જે જે નાટકો લખાયાં છે, તે વાચ્યનાટક તરીકે પણ જ ગિણ થઈ પડે છે. પ્રસાદ

વાચ્યા સ્ત્રી સીતાના દાદર માહેનુ એક નામ.

વાચ્યાર્થ [સં. વાચ્ય + અર્થ] પું. (લા) ખુલ્લો કે સ્પષ્ટ અર્થ; બોલેલા બોલનો ઓછ્યો અર્થ, શબ્દની અભિધા શક્તિથી નીકળતો મૂળ અર્થ; મૂળ અર્થ; મુખ્યાર્થ; મૂળ શબ્દાર્થ શબ્દના ત્રણ પ્રકારના અર્થો થાય છે: (૧) વાચ્ય, (૨) લક્ષ્ય, અને (૩) વ્યંગ્ય.

વાચ્યાવાચ્ય ૧. [સં.] ન. બોલવું કે ન બોલવું તે.
૨. ન. સારીનરસી કે કહેવા ન કહેવા જેવી વાત.
૩. વિ. બોલવા જેવું કે ન બોલવા જેવું.

વાછટ સ્ત્રી. વાછટ; પવનથી ઊડેલા વરસાદના છાંટા; વરસાદની છાંટ; ઝાપટાની ઊડેલી છાંટ

વાછડિયું ૧. ન. ગાડીચૂસણી કરનાર માણસ.
૨. ન. વાછટને રોકવા ભારી કે બારણા ઉપર લાકડા ને પતરાનું કરેલું છજું.
વાછટિયું સગું = સમાનું સગું.

વાછડી (વાછડી) સ્ત્રી. વાછડી.

વાછડેલ (વાછડેલ) સ્ત્રી. વાછરડાંનું ટોળું.

વાછડી (વાછડી) [સં. વત્સતરી] સ્ત્રી. ગાયનું માદા બચ્ચું
વાછડી વરતમાં ડૂબવી = મૂળમાં ખોટું.

વાછડું (વાછડું) [સં. વત્સ] ન. ગાયનુ બચ્ચું; વાછરુ.

વાછડો (વાછડો) પું. ગાયનુ નર બચ્ચું.
૧. ગાયનો વાછડો = સ્વગોત્રમાં ગમન કરનારો માણસ
૨. વાછડો કૂદે બીજાને જોરે = મોટાને ઓથે રહીને જોર કરવુ.

વાછડી (વાછડી) જુઓ વાછડી.

વાછરડું (વાછરડું) [સ. વત્સ પ્રા. વચ્છ] ન. વાછડુ; ગાયનું બચ્ચું.

વાછરડો (વાછરડો) [સં. વત્સ] પું. ગાયનુ નર બચ્ચું; વાછડો. વત્સ શબ્દમાં ૨ સ્વાર્થિક આવીને વધારો શબ્દ થયો ને તેમાં બીજે ડ પ્રત્યય આવી વાછરડો થયેલ છે.

વાછરવેલ જુઓ વાછરવેલ

વાછરવેલિયું ન. નાનાં વાછરુ પૂરવાનું મકાન.

વાછરા પું. હિંદુના એ નામના એક દેવ; વાટેપડો
રસ્તામાં જે પાણીના આશરામાં વાછરો રહ્યા કરે છે. હડકાયાની લાળ રસ્તામાં જે પાણીના આશરામાં વિશેષ લાગે છે, તેમાં તે રહ્યા કરે છે એમ કહેવાય છે. ભોગવાર્તા

વાછરું જુઓ વાછરું.

વાછલ ૧. [સં. વત્સ] ન. વહાલ; વાત્સલ્ય.
૨. વિ. લાડકું; લાડમાં ઉછરેલું; વહાલું.

વાછલડું (વાછલડું) જુઓ વાછરુ.

વાછંટિયું જુઓ વાછટિયુ

વાછૂટ સ્ત્રી. અધોવાયુ; પાદ; પાછવા; ગુદા વાટે પવન નીકળવો તે

વાછેડો (વાછેડો) પું. હાયપોચૂ અને ગિલટી માંથી દોષ તેવો રોગ; ફોલેચ.

વાજ ૧. પું. ભાદરવો માસ; ચૈત્ર માસ.
૨ [પ્રા. વજ્જ (વાસ્તુ.)] પું. તોખાર; ઝેરાનગતિ, પીડા, કટાળો, ત્રાસ
૧ વાજ આપવું – (૧) કટાળો આપવો. થકવી દેવુ, તાસા પોકરવરવો. (૨) હરાવવુ. • વાજ આવવું – (૧) તોબા તોબા પોકારવી, કંટાળ થવુ, થાકવુ (૨) પીડામા આવવુ. (૩) બેચમાં આવવું. (૪) હારી જવુ (૫) હેરાન થવુ.
૩. પું. પક્ષી
૪ પું. પ.ખ
૫ પું. પીંછુ.
૬ પું. બાણનુ પીછુ.
૭. પું. મુનિ.
૮ [સ.] પું. યજ્ઞ
૯. પું. લડાઇ; યુધ્ધ; સંગ્રામ.
૧૦. પું. વેગ; આવેશ; તાન.
૧૧. પું. શબ્દ.
૧૨. પું. સંપત્તિ.
૧૩. [અ. વજ્જ] સ્ત્રી. ઉપદેશ; વાયેજ; ધર્મ સબંધી કથન.
૧૪. સ્ત્રી. ઘોડાની વેગવાળી ચાલ.
૧. વાજ ચડવું = ઘોડાનું ઉતાવળી ગતિમાં ચાલવુ
૨. વાજમાં મૂકવું = ઘોડાને પૂરેપૂરી ઝડપથી જવા દેવો.
૧૫. ન. અન્ન.
૧૬. ન. ઘી
૧૭. ન. ઝાન; ઘોડાનું પલાણ

૧૮. ન. જે વડે યજ્ઞ સમાપ્ત થાય તે મંત્ર કે પ્રાર્થના
૧૯. ન. પાણી.
૨૦. ન. અગ્ન
૨૧. ન. મહિના; માસ.
૨૨. ન. યજ્ઞ.
૨૩. ન. વાદ્ય; વાજું; વાજિંત્ર.
૨૪ ન. હવિ.
૨૫. વિ. કંટાળેલુ.
૨૬ વિ. લાલચુ

વાજકેદ ન. કુમાર ઉપર થતું એક પ્રકારનું પ્રેરી ક્ષ

વાજડો (વાજડો) ૧ પું. એક જાતનું ઝેરી ઝાડ કરવુ તે, વલવલાટ, ફાવફાટ
૨ પું. ભરો, તોફાન મસ્તી

વાજબ ૧ સ્ત્રી સારી ઓલાદ ઉપજ ૨૮ તેરા ચ ી. સારી જાતની ઘેટી.
૨. ન ઘાસવુ; તાકવાની.
૩ ન બંદોબસ્ત
૪ વિ વાજબીવાળુ, પીંજ વેળી
૫ અ આકુવાકુ

વાજબો પુ અ.૨ જુ.

વાજન ૧. ન. (શિલ્પ) એક જાતનું ઝોનરકામ.
૨. [સ. વાદ્યાનિ- > પ્રા. વાજ્જાણિ-વાજન] ન. વાદ્યો, વાજિંત્રો વગેરેની ધામધૂમ.

વાજપેય ૧. [સ. વાજ (હવિ) + પેય (પીણું)] પું. એ નામનો એક જાતનો યજ્ઞ. તેમાં અન્ન અને ઘી પીવાનાં હોય છે. અગ્નિ આ યજ્ઞ દ્વારા ઇન્દ્રને વિજયને લગતા મહોત્સવ પ્રસંગે કરવામાં આવતો. પાછળથી તે રાજાના અભિષેક કે કોઈ ધાર્મિક પ્રતિજ્ઞાના સંબંધમાં કરવામા આવતો. વળી પ્રાચીન સમયમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો સમૃદ્ધિ મેળવવાને માટે તે કરતા. આ યજ્ઞમાં સોમરસ અને સુરા વપરાય છે તેમા બધી વસ્તુઓ ૧૭ હોય છે. દક્ષિણામાં ૧૭ હાથી અથવા ૧૭ ઘોડા, ૧૭ નિષ્ક, ૧૭ દાસી ૧,૩૨૦ ગાયો અને ૧૭ રથ આપવામાં આવતાં. રાજપુત્ર ૧૭ બાણ ફેંકતા. કહેવાય છે કે, આ યજ્ઞને બ્રહ્મદત્ત ઉત્તર મુખથી ઉપજ કર્યો હતો
૨. પું. હિંદુના સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર

વાજબ જુઓ વાજબી

વાજબી [અ. વજબ (તે જરૂરી હતુ)] વિ. ઉચિત; ઘટિત; યોગ્ય; વાજિબ; ઘટતુ; અપેક્ષિતતુ; ઠાજવું; અનુકૂળ; લાયક

વાજબીપણું ન. યોગ્યતા; લાયકાત; વાજબી હોવાપણું; અનુકૂળતા; અપેક્ષિતતુ હોવું તે.

વાજવું ૧ જ. ક્રિ. વાજનું વાજવું, ફોકવાથી અથવા ધમરવ્યથી અવાજ નીકળવો, વાજવું, વાદ્યમાંથી શબ્દ થવો

૧. વાજવું ગાજવું વાજને ગાજને = (૧) જાહેર રીતે (૨) ધામધૂમથી; ડાકમાકથી; ઢોલે ડંકા દેતાં એમ.

૨. વાજવું ગાજવું માંડવે આવવું = છેવટે ખરી અસર પડી રહેવી.

૨. જ. ક્રિ. ના કરવો; શક્ય ચલાવવું.

વાજશ્રવા ૧. પું. અગ્નિ.

૨. [સં. વાજશ્રવસ] પું. એક ઋષિ. વાજ એટલે અન્ન. તેના દાનાદિથી જેનો શ્રવ એટલે યશ વિસ્તાર પામ્યો છે તે વાજશ્રવા. તેના પુત્રનું નામ નચિકેતા હતું. પિતા ગુસ્સે થવ.થી નચિકેતા યમરાજને ત્યાં ચાલ્યો ગયો હતો અને તેની પાસેથી જ્ઞાન મેળવ્યું હતું.

૩. વિ. વાજશ્રવાના કુળનું, વાજશ્રવા ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલું.

વાજસન ૧. પું શંકરનું એક નામ.

૨. [સં.] પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ

વાજસનિ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં. વાજ (અન્ન) સનિ (દાન કરનાર)] પું. (પુરા.ણ) એ નામના એક ઋષિ અને યાજ્ઞવલ્ક્યના પિતા. વાજ એટલે સૂર્યની કૃપાથી તેને વેદની પ્રાપ્તિ થઈ હતી. તે વાજસનેયી સંહિતા કે શુક્લ યજુર્વેદ કહેવાય છે. તે અનનું બહુ દાન કરતા હતા.

૩. પું. સૂર્ય.

વાજસનેય ૧ [સં.] પું. યાજ્ઞવલ્ક્ય.

૨. સ્ત્રી.; જ. એકસો આઠ માહેની એક ઉપનિષદ; ઈશ.

વાજસનેયી ૧. [સ વાજસનેયિન્] પુ. યજુર્વેદની શુક્લ શાખાનો અભ્યાસી બ્રાહ્મણ.

૨. પું. યાજ્ઞવલ્ક્ય. સૂર્યે ઘોડાનું રૂપ ધરી પોતાની કેશવાળીમાંથી યાજ્ઞવલ્ક્યને શુક્લ યજુર્વેદ આપ્યો તેથી તે વાજસનેયી કહેવાય છે.

૩. સ્ત્રી યજુર્વેદની શુક્લ શાખા.

વાજસનેયી સંહિતા સ્ત્રી. શુક્લ યજુર્વેદ

ઋ અને ઋૂ સ્વર અને અ્ન અને અ્ન બંનેનાં તત્ત્વ અંશો છે. તેમાં સ્વરનું તત્ત્વ પ્રધાન ને અ્જનનું ગૌણ છે. સ્વરનું તત્ત્વ ૨ ને વ્યંજનનું ૧ એમ જ પણ છે એમ વાજસનેયી સંહિતામાં કહ્યું છે. બૃહદ્ ભાષારત્ન

વાજપેટી સ્ત્રી. પેટી; 'હ.મોનિયમ.'

વાજિગંધા [સ] સ્ત્રી. આસાંદ વનસ્પતિ.

વાજિતા સ્ત્રી ઘોટ.પણ.

વાજિત્ર જુઓ વાદ્યિત્ર.

વાજિત્રશાળા જુઓ વાદ્યિત્રશાળા.

વાજિત્રી જુઓ વાદ્યિત્રી.

વાજિદંતક [સ.] પું. એ નામની એક વનૌષધિ; અરડૂસો.

વાજિન ૧ [સં] પું. આમિક્ષામાંથી નીકળેલું જળ

૨. પું સામવેદનો એક દેવતા

૩. ન બહાદુરી.

૪. ન શક્તિ

વાજિની ૧. [સં] સ્ત્રી. અસોંદ વનસ્પતિ.

૨. સ્ત્રી ઉષા

૩. સ્ત્રી ઘોડી

૪ સ્ત્રી. વેગવાળી સ્ત્રી

વાજિપ્રિયા [સં. વાજિન્ (ઘોડો) + પ્રિય (વહાલું)] સ્ત્રી. ઓપરોળાનો વેલો; ઘોડવેલ; આભરેલ. તે ઘોડાના આવાના ક્રમમાં આવે છે.

વાજિબ [અ.] વિ જરૂરનું; યોગ્ય; ઉચિત; વ.જબી; લાયક

વાજિબત [અ.] સ્ત્રી. આવશ્યકતા; યોગ્યતા.

વાજિબાત [અ.] સ્ત્રી ન બ. જરૂરની વસ્તુઓ.

વાજિબી ૧. [અ.] સ્ત્રી. જરૂરિયાત.

૨. સ્ત્રી. પગાર; દરમાયો

૩. વિ યોગ્ય; લાયક; ઉચિત

વાજિમુસલબદ્ધ ૧. [અ. વાજિબ (યોગ્ય) + અલ (તે) + બજ્હ (હથાની)] પું. ખુદા

૨. વિ પોતાની મેળે હથાનીમાં આવેલું; સ્વયંભૂ

વાજિવક્ત્ર [સં. વાજિન્ (ઘોડો) + વક્ત્ર (મોરાક)] પું. અશ્વા.

વાજિયા ૧ [સં. વાજ (પાંખ)] પુ.બ.વ. એક જાતના ઘઉં; પાણો પાર્ઝ પકાવેલા ઘઉં. તેમાં ગોળ તુરત આવે છે.

૨. વિ. પાણી પાર્ઝ પકાવેલ.

વાજિયોકંદ ન. એક જાતનો ગોરી કંદ; વાજકંદ.

વાજિવાહન પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભંતાકીડ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે

વાજિશાલા [સ] સ્ત્રી ઘોડાર; તબેલો, અશ્વશાળા

વાજિશાળા જુઓ વાજિશાલા.

વાજિત્ર ૧. ન. વાજાની પેઠે જાતનો અવાજ કરવું કરતું એક સાધન; છાપું; વર્તમાન પત્ર.

હાલ કવિઓ જે કંઈ તેનો ચમત્કાર પણ ૧૮૯૭માં કોઈએ કહ્યો હોત તો તેની સામા રાસ્તબોફ્તર, કાંડિયો, ગુજરાતમિત્ર, સાધનમિત્ર, ડીકાકાર વગેરે તે કામના સુધારાના વાજિત્રોએ અનંતકુમે ચોતરફથી ઓઠો સિંહનાદ ઉઠાવી તેને કાચો ને કચો કહી ખાધો હોત

નવલરામ

૨. [સ. વાદિત્ર] ન વાજું; વાદ્ય; વાજિત્ર. તંતુવાદ્ય અથવા તતવાદ્ય, ચર્મવાદ્ય અથવા આનદ્ધવાદ્ય, કંઠવાદ્ય અથવા સુષિરવાદ્ય અને હસ્તવાદ્ય અથવા ઘનવાદ્ય એમ વાજિત્રના મુખ્ય ચાર પ્રકાર છે. વાજિત્રના બીજા પ્રકારો આ પ્રમાણે છે: મોરલી, બીન, અમૃત કુંડલિ, જળતરંગ, મૃદંગ, મદનભેરી, દુદુભી, ખંજરી, મુરચંગ, મહુવર, ડફ, શ્રૃંગ, ઘટા, ઝાલર, કિરતાલ, ઝાલઝ, ધોંસા, ગુટકી, ઉપંગ, ત્રંબી, પીનાક, સારંગી, દુધારા, ઢોલી, ડમડમી, ઝાંઝ, મજીરા, શરણાઈ, રણતૂર, સુરમંડળ, ચિકારી, રબાબ, સુંદરી, સરોદો અને બંસી.

વાજિત્રશાળા સ્ત્રી. વાજું વગાડતાં શીખવનારી સંસ્થા

વાજિત્રી [સં. વાદિત્ર (વાજું) + ઇન્ (વાળું)] પુ. વાજું વગાડનાર માણસ.

વાજી ૧. [સં. વાજિન્] પું. અરડૂસાનું ઝાડ

૨. પું. અશ્વ; હય; ઘોડો; તોખાર; તુરગ; સારી ઓલાદનો ઘોડો; ધોળા રંગનો એક ઘોડો.

૩. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૪ પુ. (પિંગળ) ગુરુ.

૫ પુ. હારેલા દાવનું પાછું

૬ પું. ય.જ્ઞ

૭ પું બૃહસ્પતિ, રુદ્ર અને બીજા દેવતાઓનું નામ

૮. પું . વાજસનેયી સંહિતાનો અનુયાયી.

૯ પું સાત સૂચક સાંકેતિક શબ્દ.

૧૦ પું જવનની સામગ્રી; હવિ.

૧૧. ન. પક્ષી.

૧૨. વિ ઉત્તમ; સરસ.

૧૩. વિ. બાજુની કડપથી ચાલનાર; કડપથી ચાલતું

૧૪ વિ. વેગવાળું

વાજીકર ૧, [સં. વાજિન્ (ઘોડો) + કૃ (કરવું)] વિ. (વૈદક) કામોત્તેજક; વિષયને વધારનાર; વૃષ્ય, ઉત્તરોત્તર સર્વ ધાતુને વધારી વીર્ય ઉત્પન્ન કરનાર

૨ વિ શક્તિવર્ધક, બળદાયક

વાજીકરણ ૧ ન જુઓ

૨ ન (વૈદક) વીર્યવર્ધક ઔષધ પ્રયોગ.

૪. [સ. વાજિન્ (ઘોડો) + કૃ (કરવું)] ન. સારુ પુરુષત્વ આપનાર ઔષધ; વીર્યવૃદ્ધિ કરનાર ઔષધ. જે દ્રવ્યોના સેવનથી પુરુષ ઘોડાની માફક ઓ સહવાર અધિક વખત સાધી શકે છે તેને વાજીકરણ કહેવામાં આવે છે.
૪. વિ વીર્યવર્ધક, શક્તિ વધારનાર.

વાજીકરણવિદ્યા જી. કામણ; જાદુ.

વાજીવિદ્યા ૧ [સ. વાજિન્ (વેગવાળું) + વિદ્યા] જી. અશ્વવિદ્યા; અશ્વમત્ર
૨. જી. જાદુ; વાજીકરણ; કામણ; કામ.

વાજું ૧. ન. એકસરખા લક્ષણવાળું ટોળું, મંડળ કે જૂથ
૧ ગોધરિયું વાજું = અરસપરસ કુબવહાર કરનારું ટોળું.
૨ વઢેલ વાજું = વઢેલ ટોળકી.
૨. [સં. વાદ્ય; પ્રા. વજ્જ] ન. ફોક્વાથી, ફુંકવાથી કે બસવાથી અવાજ કાઢે તેવા બનાવટનું સાધન; ધ્વનિ નીકળે તેવું સાધન; વાદ્યિત્ર; નાદ કરનારું વાદ્ય.

વાજોવાજ [સં. વાદ્ય (વેગ)] જ. સપાટાબંધ; એકદમ; ત્વરાથી; ઉતાવળે; ઝપાટાબંધ.

વાજોડી (વાઝડી) જી. પવનનું તોફાન.

વાજોડું (વાઝડું) ૧. ન. પવનનું તોફાન; વાવાઝોડું; સખત પવનની સાથે તોફાન.
૨. ન. મનનો ઊભાળો; ઊભામો

વાજોડું જુઓ વાઝોડું

વાઝોડું ન. વાવાઝોડું; પવનનું તોફાન; વાવટોળ; વાઝોડું

વાટ ૧. પું. ભાગ.
૨ પું. મડપ.
૩. જી. ચૂલડામાં રૂ૪ લાવવા માટે બલાતો કવાવાળા લાકડાનો ટુકડો.
૪. જી. (વહાણવટું) પુડ કરતી વખતે સાંધમાં નાખવાનું તેલવાળું રે
૫. જી. ચણા વગેરેનો પાણીથી ભેળવેલો લોટ.
૬. [સં. વર્તિ; પ્રા. વટ્ટિ] જી. દિવેટ; કાકડો.
૧. વાટ ચડવી = દિવેટ જેની મેળે ઊંચી આવવી.
૨. વાટ ચડાવવી = (૧) દિવેટ મોટી કરવી. (૨) પૈડાને લોઢાનો પાટો ભેરાડવો.
૭. [સં. વૃત્ત; પ્રા. વટ્ટ] જી. પૈડા પર ચડાવવામાં આવતો લોઢા કે રબ્બરનો પાટો.
૮. જી. પૈડામાંથી વરત બહે નહિ તે માટે કરેલી કોર; પૈડાના ઊંચા કાપાની ઉપરની પાર.
૯. જી. પ્રતીક્ષા; રાહ; ખોટી થવું તે
વાટ જોવી = (૧) ખોટો વખત ખોબવું; પ્રતીક્ષા કરવી. (૨) માપ કરવું. (૩) રાહ જોવી; ખોટી થઈ રહેવું
૧૦. જી. જીત.
૧૧. જી. રસ્તો; માર્ગ; પંથ; કેડી.
૧. વાટ ઊઘડી = (૧) કેદાળીને મકી દેવું, પડવું મૂકવું. (૨) જવા દેવું. (૩) ભમડી જવું; ખરાબ રસ્તે ચડવું; વકી જવું; ભમડવું; બગડવું; અર્થ જવું; ખૂબ મળવું.
૨. વાટ ઓસરવી = વાટ ખૂટવી; રસ્તો ઓછો થવો
૩ વાટ ઝાલવી = રસ્તો કાપવો, ચાલવા માંડવું
૪. વાટ દેવી = રસ્તો દેવો; જગા દેવી.
૫. વાટ પકડવી-લેવી= રસ્તે પડવું.
૬. વાટ પાડવી = (૧) બિંદ પડવું. (૨) ફાંટું પડવું. (૩) રસ્તો થઈ જવો. (૪) ભેટાવવું. (૫) સાજ કરવો; સમ્બાકાળ થવો
૭. વાટ પાડવી = (૧) રસ્તો પાડવો, ફાંટું પાડવું. (૨) લૂટવું, લૂટ ચલાવવી.
૮. વાટ માપવા = મુસાફરીએ જવું; પોતાને રસ્તે જવું, પોતાની મુસાફરીએ ચાલ્યા કરવું.
૯. વાટ મૂકાવવી = (૧) રસ્તો છોડાવવા કરજ પાડવી. (૨) કરાવવું; પાછા હઠાવવું.
૧૦ વાટ રોકવા = રસ્તા બધ કરવો, રસ્તો રોકીને ઊભા રહેવું.
૧૧. વાટમાં વહેવું = (૧) જતું રહેવું; ખાવી જવું. (૨) બેતબેતામાં હતા થવું.
૧૨. વાટે જતાં વટવાડ લેવી-વાટેથી વટવાડ લેવી = (૧) કન્યિો છોડીનો લેવો; વગર કારણે સહેજ બાબતમાં કજિયો કરવો. (૨) રસ્તે ચાલતાં વગર કારણે લડાઈ વહોરવી.
૧૩. વાટે જવું = સીધે માર્ગે ચાલ્યા જવું, બીજા બે ભેગા ન રહેતાં સીધુ ચાલ્યું જવું.
૧૪. વાટે ને ઘાટે = જ્યાં ત્યાં; સર્વ સ્થળે
૧૫. વાટે રહેવું = (૧) રસ્તામાં જ મરવું (૨) રસ્તે જ રહેવું
૧૨. જી વધારેલી ભાત; બાકી કડી.
૧૩. જી. વાડ.

વાટકડી (વાટકડી) જી. નાની વાટકી.

વાટકાવીરડો પું. વાટકાથી પાણી નીકળતું હોય તેવો વીરડો

વાટકી [રે. વાટ + કી (સ્વાર્થિક પ્રત્યય)] જી. વાટકડી; નાનું ખાલિયું; ખલ્લું; ખાલી; વાટકડી
૧. વાટકો જેવું મોટું = નાનું અને મોળ મોટું
૨. વાટકાનું શિરામણ = ચોકાથી પોતાના પક્ષમાં લાવી રાખવ તેનું; કૂકડીનું મોં ઠેરલીએ.

વાટકો જ. સાધારણ વાટકો; સામાન્ય ખાલિયું; નાનું ખાલું

વાટકૂટિયો ૧. પું. દગો કરી લુચ્ચાઈથી ખાનાર.
૨. પું. દલાલ
૩. પું. રસ્તામાં લૂંટ કરનાર માણસ; મુસાફરોને લૂટનાર

વાટકો ૧. પુ. તલવારની મૂઠ ઉપરનો ભાગ. તે ગોળ ચકરડા જેવો હોય છે.
૨. પું. (કચ્છી) પ્યાલો.
૩. પું. મોટી વાટકી, કાંસિયો; ખાલિયું; કટોરુ; મોટું ખાલું.
૧. વાટકો કરવો = નજર બાંધવી.
૨. હાથ વાટકો = મદદમાં આવે તેવો માણસ; કશું કામ કરે તેવો માણસ, હાલતાં ચાલતાં કામ આવે તેવો માણસ.
૪. પું. લાકડાની ઓરણીનો ઉપલો ગોળાકાર ભાગ.

વાટખરચ જુઓ વાટખરચી

વાટખરચી ૧. જી. બીજી દુનિયામાં જતાં ઉપયોગમા આવતું જીવન પર્યંત કરેલ દાન, ધર્મ અને શુભ કાર્યો.
૨. જી. મુસાફરી દરમિયાન ખરચવાની અનામત રકમ
૩. જી. મુસાફરી દરમિયાન થયેલ ખરચ, વાટમાં લાગતું ખર્ચ; મુસાફરીનો ખર્ચ.

વાટખર્ચ જુઓ વાટખરચ.

વાટખર્ચી જુઓ વાટખરચી.

વાટડી (વાટડી) જી. વાટ; રાહ.

વાટડી (વાટડી) ૧. જી નાનો રસ્તો
૨. જી. વાટ; રાહ

વાટડિયો ૧. પું. બીજા પાસે વાંકું બોલનારો આદમી.
૨. પું. વાટવાનો બોળ ઉપરવટણો.

વાટણી જી. વાટણી; વહેંચણી: ભાગ પાડી આપવા તે

વાટણો પું. વાટવાનો બોળ નિસાતરો.

વાટધાન પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ

વાટપાડુ ૧. પું. નવો રસ્તો કાઢનાર માણસ; પહેલ કરનાર આદમી; અગ્રેસર
૨. પું. લૂટનાર; ખાતરપાડુ; વાટકૂટિયો; રસ્તે જનાર માણસોને લૂટી લેનાર માણસ.

વાટમાર ૧. સ્ત્રી એ નામની એક રમત આ રમત માટે ૫૦ ફૂટનું અંતર રાખીને બે સમાંતર લીટી દોરવી. એ બે લીટીની વચ્ચેની જગામા એક નાનુ વર્તુળ કરવુ અને તે વર્તુળ ઉપર દાવવાળા છોકરાને ઊભો રાખવો. છોકરાના બે ભાગ પાડી અને લીટીને, બહાર ઊભા કરવા. સિસોટી થતા જ બને બાજુના છોકરાઓએ દોડવાનું. નં.૨ ચૂકીને સામી બ.જુએ જવા યત્ન કરવો

૨. જુઓ વાટમારુ

વાટમારુ ૧ પું મારનારો; મારો; ખૂની

૨. પું. મુસાફરોને મારી લઈ લેનાર પુરુષ; ધાડપાડુ.

૩. વિ મુસાફરોને રસ્તે જતા લૂંટનાર

વાટમાર્ગી પું. મુસાફર., વટેમાર્ગુ

વાટરખુ પું. રસ્તાની સલામતી રાખનાર સિપાઈ

વાટલડી (વાટલડી) સ્ત્રી વાટ; રાહ

વાટલા પું બ વ. અગવાથી નાના ચોખાના કણ, મોટી કણકી, ભાંગેલા ચોખા.

વાટલિયા જુઓ વાટલા

વાટલી સ્ત્રી વાટકી

વાટલું ૧. [સં. વર્તુલ] ન. કાંસાનું તાંસળા જેવુ પાત્ર; તાંસળુ; અલ્લાલું

૨. ન. ગોળનું ભીલું

વાટલો પું (જૂ. ગુ.) વાટકો.

વાટવાકર્ષણ ન. વાટવાને લીધે થતું ઘર્ષણ.

> મંત્ર બોલનારના હસ્તના ચલન સાથે તેમાંથી પ્રાપ્તવાયુ ઓછાં વિષને તે **વાટવાકર્ષણ**થી નાશ કરનારે છે. ભદ્ર ભદ્ર

વાટવુ ૧. સ. ક્રિ. ઓળગવુ.

૨ સ ક્રિ કોઈનું ખરું થાય તેવી તજવીજ કરવી; ખરાબ કરવુ

વાટી નાખવું = ખૂબ થાય તેમ કરવુ.

૩. સ ક્રિ. ટુકડીને ભારીક કરવુ; ક્યરવુ, કૂટવુ, ખાંડવુ, છંદવુ; ભૂક્કો કરવો

૪. સ. ક્રિ. નિંદા કરવી

૫. સ. ક્રિ. બ.ચવુ.

૬ સ.ક્રિ. વહેંચવુ; ભાગ પાડવા; વહ્યવણ કરવી, હિસ્સા પાડવા

૧ ઉપર મરીમીઠું વાટવુ = ની સામે પક્ષપાત કરવો.

૨. ભાગરો વાટવો = (૧) નુકસાન કરવુ. (૨) ખૂની જવુ

વાટવો [સં. વૃત્ત; પ્રા. વટ્ટ] પું. પાન સોપારી કે પૈસા વગેરે રાખવાની પડ કે ખાનાં પાડેલી સરકિયા દોરાવાળી કોથળી, બટવો; પૈસા રાખવાનું પાકીટ

વાટસરુ ૧ [સ. વાટ (રસ્તો) + સ (સાથવુ)] પું વાટે સરનારો તે; મુસાફર; પ્રવાસી; પથી, વટેમાર્ગુ; રાહદારી

૨. વિ. મુસાફરી કરનું; વાટે ચાલનું.

વાટનો વાટસરુ = (૧) કેવળ અજાણ્યો; સબંધ વિનાનો માણસ; બિનમાહિતગાર આદમી. (૨) માત્ર રસ્તે જનાર પુરુષ.

વાટાઘાટ ૧ [સ. વટ્ટ (તોડવુ) + ઘટ્ટ (બંધવુ)] સ્ત્રી ભાજગડ; પંચાત; ભાંજગડ.

૨. સ્ત્રી. વાદવિવાદ; વિવાદ; ચર્ચા

૩ સ્ત્રી નિષ્ટી; અન્યપરસ્પ સમજવવુ કોઈ પક્ષ મતની આપલે; મંત્રણા; સુલેહના કહેવુ; સમાધાની, સમાધાનની વાત.

વાટાડી (વાટાડી) પુ. માર્ગ બતાવનાર; ભોમિયો

વાટાહુ (વાટાહૂ) પું. રસ્તે જનાર; પ્રવાસી.

વાટિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ વાટિકાવિકાસ.

૨ [સ.] સ્ત્રી. એક જાતની ખાવાની વસ્તુ

૩. સ્ત્રી. ધરની જમીન

૪ સ્ત્રી. બગીચો; વાડી; ઉદ્યાન.

૫. સ્ત્રી. ભીંત

૬ સ્ત્રી. વાડ

૭ સ્ત્રી. વાડકી; વાટકી.

૮. સ્ત્રી. વાસ્તુભૂમિ.

વાટિકા વિકાસ પું. (પિંગળ) એ નામનો રાજકીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વાટિકા; વાટિકાવિલાસ. તેના દરેક ચરણમા ભગણ, નગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષરો હોય છે.

> ભા ન ર જ ગ ગ ખરો **વાટિકાવિકાસરી.**
> ભૂપિંગળ

વાટિકાવિલાસ જુઓ વાટિકાવિકાસ

વાટી ૧. [સં] સ્ત્રી. ધરની જમીન; વાટિકા.

૨ સ્ત્રી નાળિયેરની કાચલી.

૩ સ્ત્રી ભીંત

૪ સ્ત્રી વાડ

૫ સ્ત્રી વાડકી, વાટકી

૬ સ્ત્રી. વાડી; ઉદ્યાન; બાગ

૭. સ્ત્રી. વાસ્તુભૂમિ.

૮ વિ સ્ત્રી વાટેલી, વાટીને તૈયાર કરેલી.

વાટુઓ જુઓ વાટવો.

વાટું ૧. [દે. વટ્ટ] ન. ઓષધ્યાના વાટવું એક વાસણ.

૨. ન. વાટકી

વાટે અ દ્વારા; મારફત; વડે.

વાટેરુ પુ. વટેમાર્ગુ, વાટસરુ; મુસાફર

વાઢો ૧. [સં. વૃત્ત; પ્રા. વટ્ટ] પુ. ચોળ લાખો ચીંટો

૨. પું. ચૂનાનો લાખો ગોળાકાર; ચૂનાની ગોળ કિનાર; પથ્થરના સાંધા વચ્ચેનો ભાગને ચૂના વગેરેથી ચોડવો કે સુધારવો તે

૩. પુ. નરેગ; સોદ; મોજુ.

૪. પુ. પાપડ કરવા સારુ તૈયાર કરેલ પીંડાનો ગોળણ કરવાનો લાખો ગોળાકાર

૫. પુ. પેટ પર પટની ચામડીની કરચલીઓ વચ્ચેનો અંકડો ભાગ કે પડ; વલિ.

વાટા પડવા = પેટ ઉપર મોટી કરચલી થવી

૬. પું. લોઢા કે રબ્બરના ગાડીના પૈડા પર ચઢાવવામાં આવતો પટ્ટો.

વાટા ચઢવા = ઉડાડવુ; કનાકાનિયા કરવું; ઉડાઉપણે ખરચી નાખવુ.

વાઢ (વાઢ) ૧. પું. (આકરણ) નરવનસ્પતિનો એક પ્રત્યય. જેમકે, મદવાઢ.

૨. પું. રહેઠાણ બતાવનાર પ્રત્યય. જેમકે, ઝાલ.વાઢ.

૩. પું. શેરડીનુ ખેતર, શેરડીનુ વાવેતર

૧. વાઢ બેસી જવો = શેરડીમ. આગિયો આવવો; શેરડીનું વાવેતર સુકાઈ જવુ.

૨. વાઢ વાંસે ગેરડો = મુખ્ય એકને નિમિત્તે બીજાઓને લાભ લેવો

૪. સ્ત્રી. જમીન કે ખેતરની આસપાસ કાંટા વગેરેથી કરેલી આડચ કે હદ.

૧ તલવાર વાઢે કરવી = તલવાર મ્યાનમાં કરવી

૨. વાઢ કરવી બાંધવી = (૧) આસપાસ રક્ષણની જમાવટ કે યોજના કરવી. (૨) મારાનારસા કામ માટે સાથ જમાવવો

૩. વાઢ ચીભડા-તુરિયા ગળે = આશ્રયદાતા આશ્રમીને ખાય; રક્ષક ભક્ષક બનવુ.

૪. વાઢ ઠપવી = બ્યભિચારી થવુ

૫. વાઢ તેવો વેલો = જેવો રાજા તેવી પ્રજા; બાવો તેવો ચેલો, બાપ તેવો બેટો.

૬. વાઢ બાંધવી = (૧) આસપાસ જમાવ થવો. (૨) ઘેરાઈ જવુ.

૭. વાઢ રાખે ખેતરને, ખેતર રાખે વાઢને = અન્યોન્ય સહકાર હોવો.

૮ વાડ વાડનુ-વાડ વાડ ને ધાડ ધાડનું = (૧) ઘણી જાતનું. (૨) જુદા. જુદા સ્વભાવનું.

૯ વ.ડ વેલાને ખાય ત્યારે ફરિયાદ કોને કરવી = રક્ષણ કરનાર જ ભક્ષણ કરે તો કોને કહેવું ?; જેનો આશ્રય હોય તે જ હણે ત્યારે કોને કહેવું ?

૧૦ વાડ સાબળે વાડનો કાટો સાબળે = કોઈ પણ સાબળે નહિ માટે વાત ધીમેથી બોલવી; અણધાર્યે કાને વાત જાય અને જાહેર થઈ જાય.

૧૧. વાડ હોય તો વેલો ચડે-વાડ વગર વેલો ન ચડે = મદદ સિવાય કોઈ કામ સહેલાઈથી થતું નથી

૧૨ વાડે જઈને ઝાંખરે ઘસી આવવું = (૧) વધારે લેવા જતા સમૂળગુ ખોવું. (૨) ઊલટે મોટે પગલે ફરવું

૫. [અ. વૉર્ડ] સ્ત્રી મહોલ્લો, વાસ; કળિયુ, વાડો; શેરી, ગલ્લી

૬ સ્ત્રી. હદ; મર્યાદા

વાડકારેલું (વાડકારેલુ) ન. એ નામની એક વનસ્પતિ. તે ચોમાસામાં બધે ઊગી નીકળે છે. નર અને માદાની વેલ જુદી જુદી થાય છે. તે દવામાં ઉપયોગી છે. તેમાં કારેલા જેવી કડવાશ હોય છે. તેના ગુણ કારેલાંને મળતાં છે. કડવી વેલ જ્યાં ઊગી હોય ત્યાં ચોતરફ તેની કડવી વાસ આવે છે. તેનાં ફોતરાં ઉનારી બી તેલમાં તળી કે પાક બનાવી દવા તરીકે વપરાય છે. તે કૃમિ, ખાતીનો રોગ, પ્લીહાવૃદ્ધિ, કરોળિયા, અંદરનાં ચાંદાં, યોનિભ્રંશ, કાકડાંનો સડો વગેરે સુધારે છે. તે ગર્ભાશયની અંદરના મળ અને શુષ્ક ગર્ભને બહાર કાઢી ગર્ભાશયને સ્વચ્છ અને શક્તિમાન બનાવે છે અને વંધ્યાપણું પણ ટાળે છે.

વાડકી (વાડકો) સ્ત્રી. પ્યાલી; વાટકી; મધ્યો નાનો વાટકો

૧. વાડકી કરવી = પ્રસંગે રાંધેલું મિષ્ટાન્ન વાડકી ભરી સગાવહાલાં કે કુટુંબમાં પહોંચવું.

૨ વાડકીનો વહેવાર = રાંધેલું લેવા દેવાનો વહેવાર.

વાડકું (વાડકું) ન. નાની વાડકી; નાનુ પ્યાલુ; વાટકુ, પ્યાલિયું.

વાડકો (વાડકો) પુ. કાંસિયો; પ્યાલુ; વાટકો

વાડગઢલી (વાડગઢલી) સ્ત્રી. એક જાતનું પક્ષી.

વાડગીગણી (વાડગીગણી) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; જૂનવી તેનું ઝાડ ૪થી ૮ હાથ ઊંચું થાય છે. તેમાં આસમાની રંગનાં ફૂલ થાય છે. તેની વાડ મજબુત થાય છે માટે તે વાડગીગણી કહેવાય છે. તેનું મૂળ દશમૂલાદિક્વાથમાં વપરાય છે.

વાડલો (વાડલો) પું. ઓળોને હાથમાં પહેરવાનું એક જાતનું ચામડાનું બનાવટ ઘરેણું.

વાડવ (વાડવ) ૧. પું. એ નામનો પર્વત તેમાંથી સરયૂ નદી નીકળે છે

૨. [સં] પું. બ્રાહ્મણ, વિપ્ર; દ્વિજ; અગ્નિહોત્રી

૩. પુ. સમુદ્રમા રહેતો અગ્નિ; વડવાગ્નિ

૪. ન ઘોડીઓનુ ટોળુ

વાડવણગણી (વાડવણગણી) સ્ત્રી. વાડ.

વાડવાગ્નિ (વાડવાગ્નિ) [સં.] પું. વડવાનલ; સમુદ્રમાં રહેતો અગ્નિ.

વાડવાનલ (વાડવાનલ) જુઓ વાડવાગ્નિ.

વાડવાપું (વાડવાપુ) ન. જેમાં વાડ વાવલ હોય તેનું ખેતર કે પટ;

વાડવેધ (વાડવેધ) [સ.] પું વગડ

વાડા (વાડા) સ્ત્રી. એક જાતની માછલી; 'મુનહીરા'. તેના ઉપર ચોળ કાળા ડાઘ હોય છે. તેમાંથી સરસ સુગંધ નીકળે છે. આ મચ્છી દરિયામાંથી જૂન, જુલાઈ માસમા ખેતરી તણાય છે.

વાડાબંધી (વાડાબંધી) ૧. સ્ત્રી. અલગ અલગ વાડામા રખાતુ તે. જુદાઇ, પક્ષાપક્ષી.

૨. વિ વાડામા બાંધવાનુ કે અંતુ

વાડિયા (વાડિયા) સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

વાડાલુ (વાડાલુ) વિ. ભટકાવનું; ભટકિયારી.

વાડિયું (વાડિયુ) ૧. ન. અજૂર ભરવાનો કે ભરેલો સાદડીનો થેલો કે ટોપલો; વાડિયુ.

૨. ન. ભેગો કીધેલો ઝાડનો ગુચ્છો.

વાડિયો (વાડિયો) ૧. પું. વહાણ બાંધનાર માણસ.

૨. પું. વહાણ વગેરેનુ સુતારી કામ કરનાર પારસી કારીગર.

૩. પું. શોખ; હોંશ; તીવ્ર ઇચ્છા; હોંસ; ઉત્સુકતા; ચાહના

વાડી (વાડી) ૧. સ્ત્રી. ટૂંક નાગચાની ઝાડી; વાડી.

૨. સ્ત્રી. નાનો વાડો કે મહોલ્લો; પોળ જેવી જગા

૩. સ્ત્રી. બાંધ વર્તનિકાનુ એક માપ; ક્ષેત્રગણનાનો એક પ્રકાર

૫ વર્તનિકા = ૧ વાડી

૪ વાડી = ૧ કુટુંબ

૪. સ્ત્રી. કૂવાના જેવી ઝરણાની ચૂંયણી, કૂવાનુ ચૂયણ ઝરણ.

૫. [સં. વાટિકા] સ્ત્રી બાગ; બગીચો; ઉદ્યાન

૧ લીલી વાડીઓ બતાવવી = આશાઓ આપવી

૨. વાડી ધૂળધાણી કરી = ધૂળમાં મળી જવું; બગડવું, ધૂળધાણી; પાયમાલ થઈ જવું.

૩. વાડીઓ દુબળી = સારી પેદાશ આપવી.

૬ સ્ત્રી. બે ગામગીચા વચ્ચે આવેલુ મકાન કે બંગલો

૭. સ્ત્રી. બાજુએ બગાણીઓ ઉતારેલું જમણવાર વગેરે કરવાનું ખુલ્લું મકાન; નાતવરા કરવાની આસપાસ ચોમેર બાંધેલને વચમાં ઘણા ચોકવાળી જગ્યા

૮. સ્ત્રી. માથે ફૂલ ચૂથ્યા તે; ફૂલનો શણગાર કરવો તે.

૧. વાડી ભરવી = મડાની મેણી માટે ફૂલોથી ચૂથણી કરવી

૨. વાડીનો વગડો = દેખાવ કે ઠાઠમાઠવાળી પણ અંદરથી બહુ વગરની તુરત ખરાબ થઈ નાશ પામે તેવી વસ્તુ; અશાશ્વત એવું જે કાંઈ તે.

૯ સ્ત્રી. રહેઠાણ બનાવનાર એક પ્રત્યય.

૧૦. સ્ત્રી. વચમાં ઘર અને આસપાસ ફૂલઝાડ હોય તેવી જમીન.

વાડીપડું (વાડીપડું) ન. કૂવા પાસેનું પડું; કૂવાનું પાણી પીતુ ખેતર; કૂવાની આજુબાજુની જમીન.

વાડીવજીફો (વાડીવજીફો) ૧ પું. ખેતર, વાડી કે એવો કોઈપણ બરાસ; જાગીર, ખેતર વગેરે.

૨. પું. સમૃદ્ધિ.

વાડીવસ્તાર (વાડીવસ્તાર) પું. આડીવાડી; કુટુંબકબીલો.

વાડો (વાડો) ૧. પું. કચરો નાખવાની ઘૂર જગ્યા..

૨. પું. ખુલ્લી જગ્યાવાળું મોટું મકાન.

૩. પું. ઘર પાછળની બખિયાર ખુલ્લી જગા.

૪. પું. ઘેટાંબકરાં પૂરવાનુ સ્થળ; ઢોર બાંધવાની જગા

૫ [સં. વાટ; પ્રા. વાડ] પું. ચોમેર વાડથી આતરી લીધેલુ ચોગાન, ફરતી વાડ કરી હોય તેવી જગ્યા

૬. પું. પક્ષ; તરફ.

૭. પું પંથ; સંપ્રદાય

વાડો ખાધવો-ચાળવો = (૧) જમણવારને દિવસે જમવાની જગ્યા ઉપર આડા ખાટલા વગેરે રાખી હદ બાંધવી; વાડો કરવો. (૨) જૂથ, પક્ષ, તરફ કે સંપ્રદાય રચવો

૮. પું. બાપનો મોટો ભાઈ.
૯. પું. મહોલ્લો; પાડો; પોળ; શેરી; વાસ. પાટક એટલે આખું ગામ. એ શબ્દ ઉપરથી પાડો કે વાડો શબ્દ સહેર કે ગામના ભાગના અર્થમાં ઉત્પન્ન થયેલો છે
૧૦. પું. બાની મોટી બહેનનો વર; મોટી માસીનો વર.
૧૧. પું. રહેઠાણ બતાવનાર એક પ્રત્યય.
૧૨. પું. વાપરી લોકો નદીમાં ચીજડાં વગેરે વાવે છે તે જગ્યા.
૧૩. પું. સડાસ; પ્રયત્ન.નું; જબ્બર
વાડે-ચાડામાં જવું = ઝાડે જવું, બરચુ જવુ

વાડોલિયું (વાડોલિયું) ૧. ન. ઝાડની આસપાસ કરેલી નાની વાડ; ટૂંવાળું; નાના છોડના રક્ષણ માટે તેની આસપાસ કરેલો વાડનો આંતરો.
૨. ન. નાનો વાડો; વાડથી આતરેલી થોડી જગા

વાઢ ૧. પું. કાપણી; લણણી; મોલને કાપવો તે.
વાઢ પડવો = કાપણીની શરૂઆત થવી.
૨. પું. ચિચોડો; શેરડી પીલવાનો સચો.
૩. પું. જખમ; ઘા; કાપ.
વાઢ મારવો = (૧) ઊંડું રંધ કરવું. (૨) કાપવાને માટે દોરો પાડવો કે નિશાની કરવી. (૩) કાપવું; આડું કાપવું. (૪) ખાડી નાખવું.
૪. પું. ધા.૨.
વાઢ મડાવવો = ધાર કાઢવી.
૫. પું. લાકડાં કંસારાદિનો કાપેલો છેડો.
૬. પું. રોલડીનું ખેતર કે વાવેતર.
૭. સ્ત્રી. આકડી; વીંટ; પેટમાં ચઢાવું તે; ચૂંક.
વાઢ ઊપડવી = પેટમાં પીડા થવી; ચૂંક પેદા થવી.
૮. સ્ત્રી. ચારો ખૂબી જવાથી ઢોરને બીજે ચરવા લાઈ જવુ તે.

વાઢકાપ પું. અમુક રોગ મટાડવા માટે શરીરને કાપી બગાડ કાઢી નાખવાની ક્રિયા; ડાક્તરે શરીરને ચીરવું કે કાપવું તે; કાપકૂપ; શસ્ત્રક્રિયા.

વાઢકાપકારી પું. વાઢકાપ કરનાર શસ્ત્રવૈદ્ય; 'સર્જન.'

વાઢકૂટિયો ૧. પું. ભાંજગડિયો; જ્યાં ત્યાં લાઈ ટંટો ઊભો કરાવે તેવો ખટપટિયો માણસ.
૨. પું. વાઢકાપ કરનારો ડાક્તર; શસ્ત્રવૈદ્ય.
૩. પું. શરીરના કોઈ ભાગ પર ચપ્પુ વગેરે મારી લોહી કાઢીને ભીખ માગનારો ફકીર.

વાઢડો (વાઢડો) પું. તરવારનો જખમ.

વાઢણી સ્ત્રી.* કાપણી.

વાઢદિવસ ૧. પું. જન્મ દિવસ; વરસગાંઠ.
૨. પું. વૃદ્ધિનો દિવસ;

વાઢવાયું ન. જેમા રોગડીનુ વાવેતર થયું હોય તે ખેતર.

વાઢવું ૧. સ. ક્રિ. બાકી કાંકરી.
૨. સ ક્રિ. કાપવુ; આડા ભાગ પડે તેમ કરવુ, ચીરવુ; ફાડવુ; ઘાવ પાડવો; ચીરો પડે તેમ કરવુ.
૧. વાઢે તો ય લોહી ન નીકળવું = ભય કે શરમથી માણસના ચહેરામાંથી જાણે લોહી ઊડી જાય અને કાપવાથી લોહી ન નીકળે તેટલી બીકાગણ થવી.
૨. વાઢયું વહેવું = દેખાવથી વર્તવું, બાર રાખવો; ઓઢેખાઈ કરવી
૩. સ. ક્રિ. તરબોડવુ.
૪. સ. ક્રિ. બાતલ કરવુ; કાઢી નાખવુ; કાપકૂપ કરવી; રદ કરવુ

વાઢાળો પું. ચરાણિયો.

વાઢિયું જુઓ વાઢિલુ

વાઢિયો ૧. પું. ઊંચટ કન્યા; ખૂબ હોંશીલી બાયલા; ઉમેદ; ચલુતા; ચગડો.
૨. પું. કાપનારો આદમી; વાઢો; સુતાર; લાકડાનો વાઢ વહનાર ભિસ્તી વગેરે.
૩. પું. ઘર કે વહાણ બાંધનારને બપાતો એક પ્રકારનો; વાઢિયો.
૪ પું. ચાસ; સ્વાદ.
૫. પું. વાઢ; ચીરો; કાપો

વાઢી [સં. વા (વહેવું)] ૧. સ્ત્રી. બી પીરસવાનુ ટૂકા નાળચાવાળું વાસણ; ઝારી.
વાઢી આડો કપાસિયો હોવો = ઓછુ બી પીરસવુ.
૨. સ્ત્રી. સુતારેણ; સુતારની સ્ત્રી.

વાઢુ વિ. વાઢનાર.

વાઢેર ૧ સ્ત્રી એ નામની એક જાત.
૨. સ્ત્રી વનવગડામા ફરતી એ નામની એક જાત

વાઢો ૧ પું લાકડા વાઢનારો કડિયારો.
૨. પું. સુતાર.

વાઢોડવું (વાઢોડવું) સ. ક્રિ. બાવુ. જેમકે, તે બે રોટલા વાઢોડી ગયો

વાઢોવાઢ ન લાકડામાં લસ ખાન્યા વગર સાવ બેસાડવુ હોય તેમ.
વાઢોવાઢ કરવુ બંધબેસતુ કરવુ; સરખુ કરવું.

વાણ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. એ નામનો એક દૈત્ય; બાણાસુર.
૩. પુ. ગાયોના આચળ.
૪ પું. ચિત્રાનુ ઝાડ.
૫ પું. (હિંદી) બાણ; તીર; શર.
૬. પું. વણકર.
૭. સ્ત્રી. અગલ.
૮ સ્ત્રી તપી, કસર; ટાંચ; કમીના; ઓછપ; ઊણપ; ખોટ; અછત
૯. સ્ત્રી. વાણો, ભોલવુ તે; ભોલી.
વાણ વારવી = ભોલવું બંધ કરવું.
૧૦. સ્ત્રી. કરકત; પીડા, દુઃખ.
૧૧. ન એક જાતનુ તતુવાદ્ય.
૧૨. ન વહાણ; નાવ; નૌકા.
૧૩. ન. ઘાસ, કાથી, ઝીંડી, ખજૂરીનાં પાંદડાં કે બીજી વનસ્પતિના રેસાઓની બાટલામાં ભરવાની દોરી; બાટલાનું વાણ
વાણ ભરવુ = વાણથી બાટલો ભરવો.
૧૪. ન. સોંપારત; ફાયદા પડતે હોવું તે.
૧૫. વિ. કિંમતમાં; સસ્તુ; ફાયદા પડતું.
૧. વાણ પડતું ખરીદવુ = લાભ થાય તેવી રીતે લેવુ.
૨. વાણ પડતું હુન્ન આવવુ = લાભ થાય તેમ મળવુ
૩. વાણ પડતું = ફાયદો થવો; સસ્તું મળવું.
૧૬. અ. કેવળ, ફક્ત.
૧૭. અ. વિના; વગર. કવિતામાં વપરાય છે.

વાણકી સ્ત્રી. પ્રાચીન સમયની વાણિયાના ચોપડામાં લખાતી એ નામની એક લિપિ.

વાણકો પું. વાણિયો.

વાણજર સ્ત્રી. (જૂ. ગુ.) વણજાર.
લાખ ભીચારી વાણજર ચલી,
ખાર લાખ ઉલવાણ. લાલચ

વાણજારુ પું. વેપારી.

વાણવું ન. (જૂ. ગુ.) વાયણું, અભિનંદક જમણ.

વાણવૂંઠ [સ] પું વણકરની સાળ.

વાણવીઠપ સ્ત્રી વાણીની મીઠાશ.

વાણવું ન સવાર, પ્રભાત.
સુ.૨૪ ઊગો રે સહીવણિની પાળે,
કે વાણવાં ભલા વાયાં રે.
લોકગીત

વાણવીણા સ્ત્રી. (સંગીત) એક પ્રકારની વીણા વેદમા કાંડવીણા, કર્કરીવીણા, સો તંત્રવાળી વાણવીણા તેમ જ પ્રચલિત વીણા એમ વિવિધ પ્રકારની વીણાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વાણવું ૧. સ. ક્રિ. વખાણવું.
૨. સ ક્રિ. વર્ણન કરવું.

વાણવ્યંતર ૧ પુ. (જૈન) એક પ્રકારના દેવત.. દેવતાના ચાર પ્રકાર છે: (૧) ભવનપતિ, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિક

૨. જો વન કે જંગલમાં વસનારી પ્રજા.

વાણહ [સં. ઉપાનદ્] પું. (પ્રાકૃત) જોડો; પગરખું; કટારખું

વાણંદ જુઓ વાળંદ

વાણાહર પું. મોચી

વાણિ ૧. [સ.] જો વણવાની ક્રિયા.

૨. જી. વાચા

૩. જી શાળ

વાણિજ ૧ પું. વાણિયો; વેપારી.

૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

વાણિજ્ય ૧. [સ.] જ માલ લેવા આપવાનો અને નાણાંની ધીરધાર વગેરેનો ધંધો, વેપાર.

૨ પું. વણજારો.

વાણિજ્યદૂતઅભિકર્તા [સ.] પું. કોઈ પક્ષ સરકાર તરફથી બીજા દેશની સરકાર સાથે વસ્તુ તથા રાજદ્વારી સબંધોના વિનિમય માટે પરદેશ ખાતે રાખેલ માણસ.

વાણિજ્યદૂતકાર્યાલય [સ.] જ. પરદેશમાં પોતાની સરકારનું એલચીખાતું

વાણિજ્યદૂતક્ષેત્ર [સં.] જ. પરદેશમાં પોતાની સરકારના એલચી ખાતાની કચેરી.

વાણિજ્યદૂતપદ [સં] જ. પરદેશમાં પોતાની સરકારનું એલચીપદ.

વાણિજ્યમંડલ [સં.] જ. વ્યાપારની ચર્ચા કરવા માટેનું મંડળ.

વાણિજ્યવાડ ૧. [સં.] પું. ઉદ્યોગની લગની.

૨. પું. વૈશ્યવૃત્તિ

વાણિજ્યવૃત્તિ [સં.] જી. વેપારીવૃત્તિ; વેપારને લગતી માન્યતા.

વાણિજ્યવેરમ [સં.] જ વ્યાપારી વર્ચાસ્થાન.

વાણિજ્યશાસ્ત્ર [સ.] જ. વેપારવિદ્યા; અ.પ.શાસ્ત્ર.

વાણિજ્યસ્થાન [સં.] જ. વેપારનું મથક.

વાણિજ્યાલય [સ.] જ. વેપારની કચેરી, ગોદામ

વાણિજ્યાયરોપ [સ] પું. વેપાર પ્રતિબંધ.

વાણિની ૧. પું. (પિંગળ) અલ્લિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, જગણ, જગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય છે તેમા સાતમા વર્ણ ઉપર યતિ આવે છે

૨. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા નગણ, જગણ, જગણ, જગણ, રગણ અને ગુરુ એમ ૨૧ અક્ષર હોય છે તેમા સાતમા અક્ષર ઉપર યતિ આવે છે

૩ . મ] જી વાણિયાણ સ્ત્રી.

૪ જી નદી, નનકી

૫. જી. મસ્ત સ્ત્રી

૬. જી. ગરાસ પીનાર સ્ત્રી.

વાણિયણ જી. વાણિયા કોમની કે વાણિયાની સ્ત્રી.

વાણિયા જી. એ નામની એક જાતિ. આ જાતિ ચોરાસી જ્ઞાતિમાં વહેંચાયેલી છે તેનાં નામ: (૧) શ્રીમાળી, (૨) ઓસવાલ, (૩) પાખીઆવાલ, (૪) પિંડા, (૫) પકરવાલ, (૬) મસ્યારતવાલ, (૭) દશોરા, (૮) સુરાતના, (૯) પલીવાલ, (૧૦) આબુ, (૧૧) ખંડેવાલ, (૧૨) દોદિલવાલ, (૧૩) અડેરદવાલ, (૧૪) પુરવાલ, (૧૫) હિસાવાલ, (૧૬) ગુજર, (૧૭) મુડવાલ, (૧૮) અગરવાલ, (૧૯) જાદ્દલવાલ, (૨૦) માનાવાલ, (૨૧) કોલીવાલ, (૨૨) કુજરાવાલ, (૨૩) ચૈત્રાવાલ, (૨૪) મોની, (૨૫) મુરનીવાલ, (૨૬) જલોરા, (૨૭) મોઢ, (૨૮) નાગર, (૨૯) રાઠ કે લાડ, (૩૦) કપોલ, (૩૧) ખડાયતા, (૩૨) વાયડા, (૩૩) વમોરા, (૩૪) ભાભ્વાલ, (૩૫) નાકરા, (૩૬) કરહડા, (૩૭) ભણડા, (૩૮) મેવાડા, (૩૯) તરસમઢરા, (૪૦) કાથેવાલ, (૪૧) જજકવાલ, (૪૨) હાતરવાલ, (૪૩) સરખેજ, (૪૪) વધસ, (૪૫) સત્રડી, (૪૬) ખડવાલ, (૪૭) જન્ડાવાલ, (૪૮) ઓરીઉવડા, (૪૯) ઓજવાલ, (૫૦) ખાનીઆવાડા, (૫૧) શ્રીગોડ, (૫૨) કાકુર, (૫૩) વાલભીજ, (૫૪) નીસડા, (૫૫) તીલોટા, (૫૬) અન્તર્વદી, (૫૭) લાસીસડા, (૫૮) કચ્છોરા, (૫૯) કનેરા, (૬૦) ખીચુ, (૬૧) હસડ, (૬૨) નરસીમા, (૬૩) પદમાવતીઆ, (૬૪) મીરીઆ, (૬૫) હીદરીઆ, (૬૬) ખાકવાલ, (૬૭) મત્રોરા, (૬૮) ગોવલવાર, (૬૯) મદોરવાડ, (૭૦) ચિત્રાડા, (૭૧) પ્રકલીઆ, (૭૨) ભાદેલ, (૭૩) અનન્દવારા, (૭૪) નાગોરા, (૭૫) સાગોરા, (૭૬) ભુક્કડવાલ, (૭૭) મદાદડા, (૭૮) ભગમલીઆ, (૭૯) વાગડીઆ, (૮૦) મન્દોરીઆ, (૮૧) ઓરીઆલ, (૮૨) નરસીઆ પોનવ ડ, (૮૩) બધનારા અને (૮૪) નીમાવા.

વાણિયાઈ ૧. જી. વાણિયાપણું.

૨. જી. મૂરખીનાનો અભાવ, વાણિયાવિદ્યા

૩. જિ. વાણિયાવટ.

વાણિયાગત જી. વાણિયાવેડા.

વાણિયાગત કરવી = (૧) ખોટેખોટો વિવેક કરવો (૨) વખત વરતીને કામ લેવું. (૩) વાણિય.વિદ્યા કરવી

વાણિયાગીરી [સ. વણિજ્ + ગતિ] જી. વાણિયાવેડા

વાણિયાણી જુઓ વાણિયણ.

વાણિયાવટું ન. આટાપાટા નામની એક દેશી રમત

વાણિયાવાડ (વાણિયવાડ) જુઓ વાણિયાવાડો.

વાણિયાવાડો (વાણિયાવાડ્યો) પું. વાણિયાવાડ; વાણિયાનો સમૂહ.

નાનુકડ નાર ને ધરેણાં ભારી,
કાળી ઘસી ને ચાલે ચમકાળી,
પગડી મોટી ને રોકડ ભડાકો,
એ અમદાવિષે વાણિયાવાડા. લોકોક્તિ

વાણિયાવિદ્યા જી વાણિયાવેડા; વાણિયાની રીત કે વર્તન; ચુગ્ચાર્ડ, કરકસર, વખત વરતીને કામ લેવું, લાભહાનિ પ્રથમ વિચારવાં વગેરે આબતની બુદ્ધિ.

વાણિયાવિદ્યા કરવી = (૧) આડું અવળું સમજાવી પોતાનું કાર્ય સાધી લેવું. (૨) મુશ્કેલીમાંથી નાસી જવું. (૩) વેપારીની માફક વેચવું. (૪) સમયસૂચકતા વાપરી વખતને અનુસરીને વર્તવું.

વાણિયાવેડા (વાણિયાવેડ) પું.જ વાણિયાગત; વાણિય.વિદ્યા; વાણિયાને છાજે તેવું વર્તનનું વાણિયાની રીત.

વાણિયારાઈ ૧. જી. વાણિય.ની માફક કામકાજ ચલાવવા તે, કરકસરિયો, ચાલાક અને ખામોશીવાળો કારભાર

૨. જ. વાણિયાવિદ્યા.

૩ જિ. વણિકની કળા કે નીતિરીતિનું; વાણિયાને લગતું; વાણિયાનું; વાણિયા જેવું.

વાણિયો ૧. [સ. વાણિજ; પ્રા. વાણિઅ] પું. ચાર મોટી પાંખ અને ચાંચા ડિલવાળું નીડના ઘાટનું ચોમાસામાં ઉત્પન્ન થતું એક જંતુ.

૨. પું વાણિયા જાતનો આદમી

૧. આગળ બુદ્ધિ વાણિયો ને પાછળ બુદ્ધિ ગધ = વાણિયો દીર્ઘદૃષ્ટિવાળો હોય છે ત્યારે બ્રાહ્મણ પાછળથી પસ્તાય છે.

૨. ઊભો વાણિયો લાખનો અને પડ્યો કોડીનો = ચડતીમા સૌ પૂજતુ આવે પણ પડતીમાં કોઈ ભાવ પૂછતુ નથી..

૩. વાણિયા થઈ જવું = વખત જોઈને ઠીલા પોચા થઈ જવું; અસમયેની રાખીને ગરીબ થઈ જવુ પણ વખત આવ્યે ઘા કરવો

૪. વાણિયા મગનુ નામ પાડે નહિ = પાકો માણસ જણાતો હોય છતાં સીધું બોલતો નથી.

૫. વાણિયા મૂછ નીચી ? તો કહે સાત વાર નીચી = મમતમાં આવીને એકદમ કશું કરવું નહિ, ઝાંખી નજરે વિચાર કરી કોઈ સામે નમી જવુ પડે તો નમી જવામા વાંધો નહિ; પણ તો પણ કાંઈ નહિ, કાર્ય સરે એટલે બસ.

૧. વાણિયા વાણિયા ફેરવી તોળ = એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિને અનુરૂપ થઈ જવુ

૭. વાણિયાના ઢાળ્યા જેવો = ધમધમતો. તે અગ્નિના અર્થમાં વપરાય છે.

૮. વાણિયાનું મન બાવે ને બાઝણનુ મન બાવે = જાતિસ્વભાવ પ્રમાણે વર્તન હોવુ.

૯. વાણિયો રીઝ્યો તો તાળી આપે = વેપારીના શબ્દો ઉપર આધાર રાખવો નકામો છે.

૧૦. વાણિયો વટલે નહિ ને સીનું સડે નહિ = પાકો વાણિયો કોઈથી ઊતરાતો નથી.

૧૧. વાણિયો સિત્તે પળી પળી, રામ ઉઠાવે કુપ્પા = મલ્યાં ચોરે મૂઠે અને ગલ્યા ચોરે ઊઠે; લોભિયાનું ધન પુતારા ઉઠાવી જાય.

૩. [સં. વાણિજ્ય (વેપાર)] પું. વેપારી; ધીરધારનો ધંધો કરનાર માણસ.

૪. પું. વેલને ટેકો રાખવાનું એક વજન.

વાણી ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; ચામર; સમાનિકા; સમાના. તેના દરેક ચરણમાં રગણ, જગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) માયત્રીની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; વર્ધમુખી. તેના દરેક ચરણમાં જગણ અને રગણ એમ છ અક્ષર હોય છે

૩. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા અગિયાર અક્ષર હોય છે. તેનુ પહેલું, ત્રીજું તથા ચોથુ ચરણ ઇંદ્રવજ્રાનુ અને બીજુ ચરણ ઉપેંદ્રવજ્રાનુ હોય છે.

૪. પું. (પિંગળ) પંક્તિની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; તનિમા. તેના દરેક ચરણમાં બે નગણ, સગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

૫. (સં.) સ્ત્રી અવાજ, ચાટો; સ્વર; સૂર.

૬ સ્ત્રી. એક જાતના ખાટલાના માંચાની સપાટી.

૭ સ્ત્રી. ચારની મુદ્રા

૮ સ્ત્રી. જાહેરમત; લોકઅભિપ્રાય

૯ સ્ત્રી જીભ

૧૦. સ્ત્રી ડાકલા વગાડવાની ડાંડી

૧૧. સ્ત્રી બોલી વસ્તુ, વચન, શબ્દ, બોલવું તે; વાચા; સ્પષ્ટ ઉચ્ચારેલો અવાજ કે સ્વર; જબાન; જે કાંઈ બોલેલું તે, વૈખરી. વાણીનુ યંત્ર મુખ છે. એ યંત્રમાંથી અનેક ઉચ્ચાર નીકળે છે. એ બીજાના ઉચ્ચારોમાંથી કેટલાકને આપણે સ્વર ને કેટલાકને વ્યંજન કહીએ છીએ. વાણીના ચાર પદ છે. એમાંના ત્રણ પદ ગુહામાં રહેલા એટલે બહાર આવ્યાં નથી ત્યારે ચોથુ પદ તે માણસો બોલે છે. પ્રાચીનો આ ચાર પ્રકારની વાણીનાં પરા, પશ્યતી, મધ્યમા અને વૈખરી એવાં નામ આપે છે. કોઈપણ ચેતન પ્રાણીને કાંઈ પણ બોલવાની ઇચ્છા થાય છે તે વખતે સમજી શકાય તેવા અર્થવાળા વચન ઉત્પન્ન કરવાની ઇચ્છાએ આત્મા મનને પ્રેરણા કરે છે. મન આધારસ્થાન ફિરવા મણિપુરમાં રહેલા અગ્નિને પ્રેરે છે. આ પ્રેરાયેલો અગ્નિ ત્યાં રહેલા વાયુને હલાવે છે એટલે એ વાયુ ત્યાં સૂક્ષ્મ ધ્વનિ ઉત્પન્ન કરે છે. આ સૂક્ષ્મ ધ્વનિ તે પરા નામની વાણી. ત્યારે વાયુ નાભિપ્રદેશમાં જઈ અથડાય એટલે ત્યાં સૂક્ષ્મતર ધ્વનિ ઉત્પન્ન થાય છે એ પશ્યતી નામની વાણી. ત્યારે વાયુ હૃદયના ભાગમા આવી અથડાતાં સૂક્ષ્મધ્વનિ નીકળે છે એ મધ્યમા. આ રીતે ત્રણ પ્રકારની વાણી ઉત્પન્ન કર્યા પછી વાયુ મુખમાં કંઠ, તાળુ, મૂર્ધા, દંત વગેરે સ્થાનોમા અથડાય છે, એટલે વિવક્ષિત અર્થવાળા વર્ણ ઉત્પન્ન થાય છે. આ વાણી તે વૈખરી. કહેવાનુ કે, પરાનું સ્થાન મજ્જા, પશ્યંતીનુ સ્થાન નાભિ, મધ્યમાનુ સ્થાન છાતી અને વૈખરીનુ સ્થાન મુખ છે. પરા સર્વદા સર્વને અગમ્ય છે. પશ્યંતી એ દેવભાષા—સર્વમાન્ય એક ભાષા છે. મધ્યમા એ યોગીઓની ભાષા છે અને વૈખરી તે અન્યોન્યને સમજાય તેવી પ્રાકૃત લોકની ભાષા છે. પરા અને પશ્યંતીનો વાસ કંઠ નીચે હૃદય છે અને મધ્યમા તથા વૈખરીનો વાસ મુખમાં હોય છે. વૈખરીથી શબ્દ પ્રગટ થાય છે. વાણીનો જે વ્યવહાર પ્રકૃત થયેલો છે તેની મૂળ ઉત્પત્તિ શબ્દબ્રહ્મ રૂપ ઊંમાંથી જ થયેલી છે

ઋગ્વેદમા વાણીને પુરુષ સાથે સરખાવી છે. ચાર પદ સમુદાય—નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત એ પુરુષના ચાર શીંગડા છે

૧. વાણી સૂરવી = મુખમાંથી શબ્દ નીકળવા

૨. વાણી વેરવી = બોલ બોલવા

૧૨. સ્ત્રી ભાષા.

૧૩. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક નદી.

૧૪ સ્ત્રી (જૈન) મહાવીર ભગવાનનો ૐકાર એવો એકાક્ષરી દિવ્યધ્વનિ

૧૫. સ્ત્રી વણકરની શાળ

૧૬. સ્ત્રી. વણવુ તે

૧૭. સ્ત્રી. વરકન્યાનાં પરણતી વખતનાં પગરખાં; મોજડી

૧૮. સ્ત્રી. સ્તુતિ

વાણીબાજ પું. (પિંગળ) કૃતિની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા ભગણ, ભગણ, સમણ, ભગણ, તગણ, યગણ અને બે ગુરુ એમ દસ અક્ષર હોય છે. તેમાં દસમા અક્ષર ઉપર વિસ.મો આવે છે

વાણીભૂષા પું. (પિંગળ) અતિશક્કરીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે મગણ, તગણ, નગણ અને મગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

વાણીવિદ ૧. [સં. વાણીવિદ્] પું. ઇંદ્ર.

૨. વિ. પંડિત; વિદ્વાન

વાણીવિલાસ [સં.] પું. વાણીનો મોજશોખ; બહુ બોલવાની છૂટ; બોલવાનો આનંદ.

વાણીવિવેક [સ.] પું. વાણીનો વિવેક; વિચારપૂર્વક બોલવું તે.

વાણીશૂર વિ. બોલવે શૂર; બોલવે બહાદુર.

વાણીશૂરા વાણિયા, રણશૂરા રજપૂત;
સુખશૂરા જળકાદિકો, દુ:ખશૂરા અદ્ભુત.

નવલરામ

વાણીસ્વાતંત્ર્ય [સ.] ન. બોલવાની છૂટ; ભાષણો કરવાની પરવાનગી; વિચારો દર્શાવવાની છૂટ.

વાણું ન. પરોઢિયું; પ્રભાત; મળસ્કું; વહાણું.

વાણેલું જુઓ વાનું.

વાણો પું. વણતરમાં નખાતા આડા તાંતણા, ઊભા તાંતણા તે તાણો ને આડા કે પડતા તાંતણાને વાણો કહેવાય છે.

વાણો તાણવો = બનવાને માટે તરત ગોઠવવા

વાણોતર [સં. વાણિજ્ય] પું. મુનીમ; વેપારીનુ નામું લખનાર તથા ગોદા વગેરેનુ કામ કરનાર નોકર; મહેતો, મુનીમ.

વાણોતરી સ્ત્રી. વેપારની વસ્તુઓ.

વાણોતાણો પું. વણતરમા નખાતા આડા ઊભા તાંતણા. ઊભા તાંતણા તાણો અને આડા તાતણા વાણો કહેવાય છે.

વાણોતાણો કરવા = સૂતરી નાખવું; ચૂંથી નાખવું

વાણું ન. તરતનાં પરણેલાં વરકન્યાને કે સીમંતવાળી સ્ત્રીને અપાતું ઢોંસનું જમણ, વાયણું.

વ.વણું જમાડવું = ઘેણ જમાડવી; અવરજિયાનને રાખવી આંખ્યા પછી મગ.વહાલાઓ જમવાનું કહેણ

વાણ્ય વિ. સસ્તું, સોંઘું

વાત ૧ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિસ્તાર. આ છંદ વર્ણવૃત્ત કહેવાય છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બાવીશ રગણ મળી બોતેર અક્ષર હોય છે.

૨. પું. એ નામે એક રાક્ષસ

૩. પું. (જરાસંધની) છઠ્ઠા મુખ્ય સિરસ્તા ખોરદારના મુખ્ય ત્રણ મંત્રીનો એ નામનો એક ચમત્કાર; પ્રોગ્રામ.

૪. પું. (કાવ્ય) ધૃષ્ટ નાયક.

૫. [સ વા (ધાતુ) + ત (પ્રેરણા)] પું પવન; વા.યુ; વા.

૬. પું પવનના અધિષ્ઠાતા દેવ; વાયુદેવ

૭. પું. વ્યભિચારી પુરુષ.

૮. પું શરીરમાં રહેલી ત્રણ મોટેની એક ધાતુ.

૯. પું. (વૈદ્યક) શરીરમા રહેલો વિકારી થયેલો વાયુ અને તેથી ઉત્પન્ન થતા રોગ.

૧૦. સ્ત્રી. ધનિષ્ઠાત્ર; તલવારીખ; હરકોઈ બનાવનો કહેલો કે સાંભેલો વિસ્તાર.

૧૧. [સં. વાર્તા] સ્ત્રી. કથા; વાર્તા; કહાણી, માયા; જોડી કઢેલી અથવા કલ્પનાથી બનાવેલી બીના

૧૨. સ્ત્રી કહેલું કે કહેવાનું તે. જેમકે, તમારી વાત હું સમજ્યો.

૧૩ સ્ત્રી. કહેવાનું કે કરવાનું તે. જેમકે, વખત આવે હાલે વાત

૧૪. સ્ત્રી. બાનગી બાબત; ગુપ્ત ભેદ; રહસ્ય, મસ્ત જેમકે, તેની વાત બહાર પડી ગઈ.

૧૫. સ્ત્રી. ગપ; ખોટી અફવા; તપાટો; લોકમા ચાલતી ખરીખોટી વાત; ગામગપાટો.

૧૬ સ્ત્રી દેખાવ; આકાર; મુદ્રા

૧૭. સ્ત્રી નાટચકથાના ૧૮ રૂપકો માહેનો એક ભાગ.

૧૮. સ્ત્રી (જુ ગુ.) ફિકર; પીડા; ચિંતા.

૧૯. સ્ત્રી. બહારગામ ગયેલ મરણના ખબર; કાગળ

૨૦. સ્ત્રી. બાબત; વિષય. જેમકે, પારકી વાતમાં માથું ન મારો

૨૧. સ્ત્રી. બયાન, વર્ણન; મુખ્યપાન.

૨૨. સ્ત્રી. મોટી, અગત્યની કે અજરી બાબત. જેમકે, એમાં તે શી મોટી વાત છે ?

૨૩. સ્ત્રી ચોજના; ગોઠવણ; મુદ્દો; ધારેલો હેતુ, ધારણા જેમકે, મારી બધી વાત મારી ગઈ.

૨૪. સ્ત્રી. રીત; વર્તન; વહેવાર. જેમકે, વૈષ્ણવની વાત જુદી છે

૨૫. સ્ત્રી. લોકમાં ચાલતી ચર્ચા; કુથલી; નિંદા; લોકવાતા

૨૬ સ્ત્રી વાતચીત સબાબ્દ

૨૭. સ્ત્રી. વિનતિ; અરજ. જેમકે, મારીબની વાત કોઈ સાંભળતું નથી

૨૮. સ્ત્રી શિષ્ટાચાર

૨૯. સ્ત્રી સમાચાર, ખબર.

૩૦. સ્ત્રી. સરભાઈ; વાક જેમકે, એની શી વાત કરવી ?

૩૧. સ્ત્રી. સ્થિતિ; સામર્થ્ય; હાલત.

૩૨. સ્ત્રી હકીકત; બીના; વૃત્તાંત; ઘટના; બનાવ

૧. એક જ વાત = એકસ્સ હકીકત.

૨. કાંઈ વાત છે ? = (૧) આવું તે થાય ? (૨) શી બાબત છે ? તે તેના મનમાં શું સમજે છે ?

૩. ઠીક છે, વાત છે તારી ! = પછી તારી શી વગે કરું છું તે જોજે એમકી આપતાં આ શબ્દો બોલાય છે.

૪. ની શી વાત ? = એના શા મુખ્ય વખતવા ?

૫. ની શી વાત કરવી ? = ના શા વાદ કરવા ? ની શી મરબાઈ કરવી

૬. મોટા લોકની વાત જુદી ને મરીબની વાત જુદી = મરીબની સ્થિતિ પૈસાદારથી તદ્દન જુદી જ હોય છે

૭. વખત આવે ત્યારે વાત = સમય આવશે ત્યારે કહેવા યોગ્ય થશે

૮. વાજે વાત ચાલવી = મુકરપણે વાત થવી; જનતાનો વિષય થઈ પડવો; સારે બાબુ હકીકત જાહેરાની થવી

૯. વાત આપવી = અંદરનો ભેદ ખુલ્લો કરવો કે જણાવવો

૧૦. વાત આપવી = (૧) બબર મળવા (૨) મરબના સમ.ચ.૨ આવવા.

૧૧ વાત ઉકેલવા માંડવી = કહેવાનો મુદ્દો રજૂ કરવા

૧૨. વાત ઉકેલવા કરવી = એકની એક વાતનું પીંજણ કર્યા કરવું.

૧૩. વાત ઉડાડવી = (૧) ગપ ચલાવવી; સાચીખોટી વાતને લોકમાં ચલાવવી. (૨) ચાલતી વાત પડતી મૂકવી; વાત ફેરવી નાખવી, ચાલતી વાત બંધ પડે તેવો ઉપાય કરવો; મુદ્દાનો વિષય મૂકી દેવો ને બીજી વાત પર બોલવા માંડવું

૧૪. વાત ઉપાડવી = (૧) વાત છેડી કરવી. (૨) વાતની ચર્ચા શરૂ કરવી.

૧૫. વાત ઉપાડી લેવી = (૧) કહ્યા પ્રમાણે અમલ શરૂ કરવો. (૨) કોઈ બોલતું હોય તેમાંથી બીજાએ આગળ શરૂ કરવું.

૧૬ વાત ગોકવવી = મૂઝવણમાંથી માર્ગ નીકળવો.

૧૭. વાત ગોડવી = વાત ફેલાવી.

૧૮. વાત ઘોડી જવી = વાત કપાઈ જવી; મુદ્દો તકામો મચ્યાઈ બીજી જ વાત નીકળવી.

૧૯. વાત છેડી કરવી = (૧) વાત શરૂ કરવી કે ઉપાડવી. (૨) વાતની ખોટી બનાવટ કરવી.

૨૦. વાત ઓળીટોળી નાખવી = વાત જતી કરવી

૨૧. વાત કરતાંમાં = થોડીવારમાં; આંખના એક પલકારામાં.

૨૨. વાત કરવાનું ઠેકાણું = સુખદુઃખની વાત જણાવાય તેવુ પ્રિય કે ખાસ માણસ; બાનગી વાત કરી હૈયું હળવું કરવાનું ઠેકાણું; મનના સારા કે માઠા ગિભરા કાઢવાનું યોગ્ય સ્થાન.

૨૩. વાત કરવી = (૧) ચર્ચા કરવી. (૨) નિંદા કરવી; ખરાબ બોલવું; નબળાઈ કે છુપી ટેવ ખુલ્લી પાડવી. (૩) બીના કહેવી. (૪) બોલવું; સબોધવું.

૨૪. વાત કરાવવી = (૧) કોઈનું બાનગી જાહેરમાં ખુલ્લું કરવું. (૨) કોઈને ખુલ્લો પાડવો. (૩) નિંદાનું કારણ આપવું. (૪) વાત કરવાની તક આપવી. (૫) વાને વળગાડવું.

૨૫ વાત કર્યું = કોઈ કહેવાને બદલે બાનગીમાં બોલાવવુ કે ગેબુ રાખવું; ખોટી કરવુ

૨૬. વાત કહેવી = (૧) નરીન બબર કહેવા. (૨) બોલવું. (૩) વર્ણન કરવું (૪) વાર્તા કહેવી. (૫) હકીકત કે બીના રજૂ કરવી.

૨૭ વાત કાપવી = કહેવામાં આવતી વાતને નકારીને ઉડાડી દેવી.

૨૮. વાત બાઈ-ગણી જવી = (૧) અરજનો જવાબ આપવો બંધ થવો (૨) સવ.લનો જવાબ ન આપવો; મુદ્દો દબાવી દેવો

૨૯. વાત ખૂલ્લી–ફૂટી = ગુપ્ત વાત જાહેર થઈ જવી; જાહેર પડી જવુ.
૩૦. વાત ગળે ઊતરવી = સમજમાં આવવુ; સમજવું.
૩૧. વાત ઘડવી–બનાવવી = (૧) ઓપ ચઢાવવો (૨) ખોટાં બહાનાં કાઢવાં. (૩) જૂઠાણું ઊભું કરવું; જૂઠી વાત ઊભી કરવી; જૂઠો ઊઠાવવો. (૪) બડાઈ કરવી. (૫) બહુ વાતો કરવી. (૬) વાત જોડી કાઢવી.
૩૨. વાત ઝલાવવી–છેડવી = (૧) અટવા ઝલાવવી; ગપ હાંકવી. (૨) વાતચીતનો વિષય ખોળવો
૩૩. વાત ચાલવી–ચવી = (૧) ગપ ચાલવી, ગપાટો ચાલવો. (૨) ચર્ચા ચાલવી. (૩) નિંદા થવી (૪) હકીકત કે બીના રજૂ થવી કે કહેવાવી.
૩૪. વાત ચૂપાવી = વાત ચોળાવી.
૩૫. વાત ચોરવી = છાનું રાખવુ; છુપાવવું.
૩૬. વાત ચોળવી = વાત લંબાવવી; વાત છણવી; એક જ વાતનું પીંજણ કરવું.
૩૭ વાત છણવી = વાતની ઝીણવટપૂર્વક ચર્ચા કરવી.
૩૮. વાત જતી કરવી = દરગુજર કરવુ.
૩૯. વાત જોડવી = (૧) વાત ઊભી કરવી. (૨) વાર્તા રચી કાઢવી
૪૦. વાત ટાળી નાખવી = વાત ઊડાવી દેવી.
૪૧. વાત તો એ છે કે = હકીકતમાં કહેવાનું કે
૪૨. વાત દાટી દેવી = વાત બંધ પાડવી કે છાની રાખવી.
૪૩. વાત ન કરવી = (૧) અભિમાની હોવુ. (૨) ન બોલવુ. (૩) ગુપ્ત રાખવુ.
૪૪. વાત ન કરીએ વાટે, વાત ન કરીએ રાતે = રસ્તાના માણસ સાથે કે રાત્રિની જાતિમાં વાત કરવી એ સલામતીભર્યું નથી. કેમકે, ઠીકાણાને પણ કાન હોય એમ કહેવાય છે.
૪૫ વાત નહિ, વાતનો પાયો નહિ = આધાર વિનાની વાત.
૪૬. વાત પકડવી = દોષ જોવા કે ચિદ્ર શોધવાં.
૪૭. વાત પકડી રાખવી = દુરાગ્રહ દાખવવો; હઠ લેવી.
૪૮. વાત પર આવવુ = મુદ્દાની ચર્ચા કરવી.
૪૯. વાત પલટવી–બદલવી = (૧) મુરસે થવુ (૨) છેતરવાના હેતુથી દિમ્મથી શબ્દો વાપરવા.
૫૦. વાત પામવી = જાણી જવુ; સમજાઈ જવુ; ભેદ સમજી જવો
૫૧. વાત પી જવી = (૧) ખામોશ કરવી, દરગુજર કરવુ; છાજલી ઠેકાવી રાખી ચૂપકીથી સહન કરવુ. (૨) વાત બંધ કરી દેવી; પ્રસંગ જતો કરવો.
૫૨. વાત પૂછવી = (૧) તદુરસ્તીના સમાચાર પૂછવા. (૨) દરકાર કરવી; કીમત કરવી, ભાવ પૂછવો. (૩) સવાલ કરવો
૫૩. વાત ફાટવી = (૧) રહસ્ય ખુલ્લુ થઈ જવુ; વાત ઊઘાડી પડવી. (૨) વાત ફેલાવી. (૩) હાડ જવુ; જાહેરવુ
૫૪. વાત ફેલાવવી = છાની વાત જાહેર પાડવી
૫૫. વાત ફોડવી = ખાનગી બાબત જાહેર કરવી; રહસ્ય ખુલ્લું કરી દેવુ
૫૬. વાત બગડવી–બંધવી–વાવી = (૧) આબરૂ ખોવી. (૨) કામ જાહેર જવુ; અમર્યાદ થવુ; મામલો વધારે તેજ થવો. (૩) ગરીબ થઈ જવું; દેવાળુ કાઢવું. (૪) યોજના કે ગોઠવણ કયળવી અવિવેકી થઈ ગયેલા પ્રતરાજખોર માણસને વિષે બોલતાં વપરાય છે
૫૭. વાત બગાડવી = (૧) અવ્યવસ્થિત કરવુ; ગોટાળો કરવો. (૨) આબરૂને કલંક લગાડવું, (૩) નિષ્ફળ કરવુ
૫૮. વાત બનવી = (૧) આબરૂ મેળવવી (૨) આબાદ થવુ (૩) બીના બનવી. (૪) સારું કામ બનવું; કાવવુ.
૫૯. વાત ભારે કરવી = અમુક બાબતને મોટી કે મોંઘી કરીને રજાપવી.
૬૦. વાત ભારે થવી = (૧) અગાઉના કરતાં ગુણ કીમત વગેરેમા વધારો થવો. (૨) ગર્વ થવો; ટેક કે મમત વધવાં. (૩) છેક જ કઠોર થઈને વેર વાળવા ઊપર આવવુ. (૪) ધાર્યા કરતાં ઊલટું પરિણામ જોવુ પડે તેમ થવુ.
૬૧. વાત ભારે પડી જવી = કરેલા કામનુ પરિણામ સહન ન કરી શકાય તેવુ થવુ.
૬૨. વાત મળવી = (૧) કોઈ દ્વારા હકીકતની જાણ થવી; સમાચાર જાણવા (૨) હકીકત મળતી આવવી
૬૩. વાત માનવી = (૧) આત્મસાત કરવુ. (૨) કથન કે કથાની સત્યતા સ્વીકારવી. (૩) કબૂલ કરવું; હા માનવી. (૪) સલાહ માનવી.
૬૪. વાત મારવી = (૧) દલીલમાં હરાવવુ. (૨) બોલતું બંધ કરી દેવુ. (૩) મેણું મારવું
૬૫. વાત મારી જવી = (૧) ધ્યાન ન અપાવુ. (૨) મુદ્દો કે મુદ્દાની બાબત ઊડી જવી; ધારેલી બાબત પાર ન પડવી; ભેદ કળવો જવો; ધાર્યું ન થવુ.
૬૬ વાત માંડવી = બહારગામ થયેલ મરણના સમાચાર આવતાં આભરણું કાઢવુ
૬૭. વાત રાખવી–રાખી લેવી = (૧) આબરૂ સાચવવી. (૨) કહ્યું માનવુ, વચન પાળવુ. (૩) હા પાડવી, કબૂલ કરવુ
૬૮ વાત લગાવવી. – (૧) નિંદા કરવી. (૨) ચમચાગીરી કરી દેવો
૬૯. વાત લેવી = બાબત સમજી લેવી; વાત કઢાવી લેવી
૭૦. વાત વધારવી – (૧) કજિયો લંબાવવો. (૨) મજબૂત બનાવવુ
૭૧. વાત વધી પડવી = (૧) ઊશ્કેરાઈ જવુ (૨) રજનુ મજ થઈ પડવુ
૭૨. વાત વાતમા–વાતની વાતમાં = (૧) થોડી વારમાં; જેમ જેમ.માં. (૨) નજીવી વાતમાં; સહેજમાં. (૩) દરેક બાબતમાં.
૭૩. વાત વાને પણ ન મૂકવી = કોઈના ઉપર સંપૂર્ણ વિશ્વાસ ન રાખવો
૭૪ વાત વાળવી = આબરૂ કરી આપીને મરનારના નજીકના સગાને ઘેર જવુ.
૭૫. વાતના તડાકા–ફડાકા = (૧) ગપ્પાં; ટાઢા પહોરની વાતો (૨) લડાઈની વાતો.
૭૬. વાતનુ મૂખ = વાત કરવાનું કારણ કે બહાનુ
૭૭. વાતનું વતીગણું–વનેસર કરવું = બહુ વાતને છેક મોટી કરી નાખવી; બનાવી બનાવીને કહેવુ, પીંજણ પારેવુ કરવુ; રજનુ મજ કરવુ; કામનો વાય કરવો.
૭૮. વાતમા નાખવુ = (૧) કોઈ બાબતમા સડોવવુ. (૨) વાતે વળગાડવુ.
૭૯. વાતમાં પડવુ = (૧) ની બાબતમાં માથુ મારવુ કે સડોવાવુ. (૨) વાતે વળગવુ.
૮૦ વાતમાં લાગવું = (૧) કોઈની સાથે વાત કરવામાં ચિત્ત લગાડવુ. (૨) વાત કરવા માંડવી
૮૧. વાતમાંથી વાત કાઢવી = (૧) કોઈને પોતાને મોઢે કબૂલ કરાવવું (૨) દલીલ બાંધી કરવી. (૩) મોંથી સાર લેવો
૮૨. વાતે લાગવુ–વળગવુ = વાતો કરવામા ગુલતાન થઈ જવું; બીજું કામ રહેવા દઈ રસની વાતમાં રોકાવુ.
૮૩. વાતે વળગાડવુ = ચાલુ પ્રસંગ ભુલાવી દેવા માટે બીજી વાતો કરવામાં ગુલતાન કરી દેવુ.
૮૪. વાતો કરાવવી = (૧) નિંદા કરાવવી (૨) વાતે વળગાડવુ
૮૫. વાતોનાં વડાં–વાળુ કરવા = નકામી લાંબી વાત કર્યા કરવી; ખાલી વાતો જ હાંકવી; ફક્ત વાતો કરીને પેટ ભરવું.

વાતક ૧ [સં] પું ગોખરું વનસ્પતિ
૨. પું. બટ પુરુષ
૩. પું. વાયુનો રોગ

વાતકફજ્વર પું (વૈદક) વાયુ અને કફ બંને દોષ કોપવાથી આવેલો તાવ. શરીર ભીના કપડામાં વીંટાળ્યા જેવું લાગવું, સાંધામાં પીડા થવી, ઘેન, શરીરનું ભારેપણું, માથું ભારે થઈ જવું, સળેખમ, ખાંસી, પસીનો ન થવો, શરીર તપ, મનને સતપ વગેરે તેના સ્વરૂપ છે

વાતકર [સં.] વિ. (વૈદક) વાયુ ઉત્પન્ન કરનાર

વાત કરતું યંત્ર ન. હોનોલુલુ એક દિવસ એડિસનની આંગળીમા સો ઓકાઈ. તે સામાન્ય અકસ્માત પરથી એમણે આ શોધ કરી. ટેલિગ્રાફ અને ટેલિફોન પર પ્રયોગો કરતા કરતા એ ગાવા મડ્યો. ગીતનાં આંદોલનો પાસે રહેલી ઝીણી સોયને સ્પર્શ્યાં ને એ સોય તેની આંગળીમાં ભોંકાઈ. તે પરથી એ વિચાર કરવા લાગ્યો કે, સોયની અણીથી આંદોલનો ઝીલી તે જ આંદોલનો પર સોયની અણી ફરીથી ફેરવી શકાય તો તે આંદોલનોનો અવાજ પાછો સાંભળી શકાય. તેણે એક કામગ ઉપર એ અખતરો કરી જોયો. એ સફળ થયો તેણે પોતાના યંત્ર બનાવનાર કારીગરને વાત કરી. સાંભળીને તે વિસ્મય પામ્યો. યંત્રમાથી અવાજ નીકળી શકે તે માનવા કોઈ તૈયાર ન હતું છતાં એડિસનના કહ્યા પ્રમાણે એ યત્ર બનાવવા લાગ્યો. ત્રીસ કલાકના સતત પ્રયત્ને એ તૈયાર થયું. એડિસને તે યંત્રને જોઇતું બનાવ્યું ને સૌ આશ્ચર્યમુગ્ધ થયા. પછી એ યંત્રમાં સુધારાવધારા કરતાં પચાસ વર્ષે જૂનું રૂપ કરીને તેણે નવું બનાવ્યું ને બીજું આખું વર્ષ પણ એ યંત્રના પ્રયોગો પાછળ વિતાવ્યું એ પછી પાચ રાત્રો ને દિવસના અખંડ ઉજાગરા વેઠી, અવિશ્રાંત શ્રમ લઈ રેકર્ડ કઈ રીતે બનાવવી તે શોધી કાઢયું અને આટલી જહેમત, વર્ષોનો અવિરત શ્રમ અને ૨૦,૦૦,૦૦૦ ડોલરના ખર્ચ પછી જગતને પહેલવહેલું ફોનોગ્રાફ મળ્યું.

વાતકંટક ૧ પું પગનું મરડાઈ જવું તે
૨. પું. વાયુ રોગના ૮૦ માહેનો એક પ્રકાર; ચાલતા ચાલતાં પગ ઊંચોનીચો અથવા વાંકોચૂકો પડવાથી અથવા ચાલવાનો શ્રમ થવાથી વાયુ પગોની ઘૂંટીમાં જઈ વેદના કરે તે રોગ

વાતકાશ પું (વૈદક) ઊધરસના પાંચ માહેનો એક પ્રકાર. આ ઊધરસથી જડતા, ભ્રાતી, માથું, પેટ અને પાંસળામાં શળ ઊઠે છે મોઢું ક્ષીણ અથવા શુષ્ક થાય છે. બળ, સ્વર અને ધાતુનું તેજ કમી થાય છે ઊધરસના ઢાગો વારંવાર આવે છે, અવાજ કરે છે અને ખાલી ઊધરસ થાય છે.

વાતકી [સં. વાતકિન્] વિ. વાયુના રોગવાળું.

વાતકુમાર પું. (જૈન) ભવનપતિ દેવના દસ માહેના એક પ્રકારના દેવ; પવનકુમાર દેવતા.

વાતકુંડલા જુઓ વાતકુંડલિકા.

વાતકુંડલિકા [સ] સ્ત્રી (વૈદક) મૂત્રાઘાતના તેર માહેનો એક પ્રકાર. મળદ્વારનો કુપિત થયેલો વાયુ વેદનાયુક્ત થઈ મૂત્રને રોકી સ્વાભાવિક ગતિમાં વિરુદ્ધ બની ઘૂમતો ફરે છે તેથી પેશાબ પરાણે થોડો ઊતરે અને પીડા થાય છે.

વાતકુક્ષ ૧. [સં] પું. હાથીના અંડસ્થળનો નીચલો ભાગ
૨. ન. પોપચું.

વાતકેતુ [સ પું ધૂળ, રજ.

વાતકેલિ ૧. [સં] સ્ત્રી. પ્રેમવાર્તા
૨ સ્ત્રી. સુદર આલાપ.
૩. સ્ત્રી. સ્ત્રીના સ્તન ઉપરના પુરુષના નખક્ષત.

વાતકોપ ૧. પું. ગોખ; અવાજ; બારી; બખિયુ.
૨ [સં. વાત (વાયુ) + કોપ (કોથળી)] પું વાયુ કોષ; જેમાં વાયુ રહે છે તે કોથળી; શરીરનું એક અંગ; વાતાશય.
૩. પું કપડા સીવનાર ખિત્ત

વાતકર્મકપાલભાતિ સ્ત્રી. (યોગ) કપાલભાતિનો એક પ્રકાર. નાકના ડાબા છિદ્ર દ્વારા પવનને ખેંચીને અંદર પૂરવો અને પિગળા નાડી એટલે જમણા છિદ્ર દ્વારા તે પવનને બહાર કાઢવો. આ પ્રમાણે નાકના જમણા છિદ્ર દ્વારા પવનને અંદર પૂરી પછી ડાબા છિદ્ર દ્વારા બહાર કાઢવો.

વાતકલી સ્ત્રી. બાગગાડી અથવા મોટર વગેરે વાહનની ગતિ અટકાવવા માટે વપરાતુ એક જાતનુ અટકણ; નિવાતકલી; ' બેકપુશ બ્રેક '. એક બાજુમાથી હવા કાઢી લેવાથી વાતાવરણના દબાણને લઈ તે કામ કરે છે.

વાતકહ વિ. વાતો કરવાની રેવાળું; વાતોડુ; વાતોનું રસિયુ.

વાતગંડ ૧. જ એક પ્રકારનો રોગ. તેમા નસો ફૂલી કે ચાલ અને અખત જઈ જાય છે અને ઘણા દિવસે પાકે છે
૨. ન. સ્નાયુ ગ્રથિ

વાતગુલ્મ ૧. [સ.] પુ એક જાતનો વાતરોગ; આખું પેટ; પાડુ આ ગૂમડું ઉપર પીડ થાય છે.
૨. પું પવનનો કપાટો
૩. પું. વાયુનો ગોળો.

વાતગ્રસ્ત ૧. [સં વાત (વાયુ) + ગ્રસ્ત (પકડાયેલ)] વિ. વાયુથી ઘેરાયેલ; વાયુનો દરદથી વ્યાપ્ત

વાતઘ્ન ૧ પુ (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક દીકરો.
૨. [સ. વાત (વાયુ) + ઘ્ન (હણનાર)] વિ (વૈદક) વાયુને હઠાવનારુ; વાયુને હણનાર; વાતહારક; વાયુનાશક

વાતાકી ૧. સ્ત્રી. આસોદ નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. સાલપર્ણી નામની વનસ્પતિ.
૩. [સં. વાત (વાયુ) + કી (હણનારી)] વિ. સ્ત્રી. વાયુને હણનારી.

વાતાગ્રહ ૧. ન. પૂર્વ વગેરેના વાયુનું ફાળજોદ પરત્વે શુભાશુભ સૂચક અમુક પ્રકારે વાવું તે.
૨ [સં.] ન. વંટોળિયો.
૩. ન. વાતાવરણ.

વાતાચર [સં] વિ. વાયુમાં ફરનાર.
આ અદ્ભુત મહાસાગરમાં આપણે વાતાચર પ્રાણીઓ જોઈએ. વાતાવરણ

વાતાજીત ૧. સ્ત્રી. ગપ્પાં
૨. સ્ત્રી. ચિત્ત રાખીને વાત કરવી તે.
૩. સ્ત્રી. સભાષણ.

વાતાજ [સં.] વિ. (વૈદક) વાયુને લીધે થયેલું.

વાતાજન્ય [સં.] વિ. વાયુના કોપથી થયેલું.

વાતાજ્વર ૧. પું. અજીર્ણને લીધે પેટમાંનો વાયુ વિકારી થવાથી આવતો તાવ; વાયુનો તાવ. શરીરમાં ઝૂનઝૂની છૂટવી, તાવનો વેગ વિષમ હોવો, કંઠ, હોઠ અને મોં સુકાવું, ઊંઘ, ભૂખ ન આવવાં, આમડી ચૂની દેખાવી, માથું, હૃદય અને અંગમાં પીડા થવી, જીભ બેસ્વાદ બની, ગળો સુકાઈ જવો, ઝાડા નીકળવું, બગરી ચડવો અને બગાસાં આવવાં એ તેનાં લક્ષણ છે.
૨. પું. સાધા રહી જાય તેવો તાવ.

વાતાડ ૧. સ્ત્રી. લાંબી લાંબી વાત; ટાપલું; લાંબી ને મોટી વાત.
૨. સ્ત્રી. વા જેસી શકે તેવી તરડ.

વાતાડ્યું વિ. વાતો કરવામાં ચતુર; વાતો કરીને સામાને રાજી કરી શકે તેવુ.

વાતાડી સ્ત્રી વાત; વાર્તા.

વાતાદશા સ્ત્રી. હવાની સ્થિતિ

વાતાધ્વજ ૧. [સ.] પું. ધૂળ.
૨. પું. મેઘ.

વાતાનલિકા [સ] સ્ત્રી. વા નળી; પવનની નળી; ' એર પાઇપ '.

વાતાનળ જુઓ વાતનલિકા.

વાતપ્રકૃતિ [સં] સ્ત્રી. વાયુની પ્રકૃતિવાળું; વાતુલ; સળિયાવાળું

વાતપ્રકોપ [સં] પું. વાયુ વધી જવો તે.

વાતબસ્તિ ૧. પું. મૂત્રાશયના ૧૩ માર્ગોનો એક પ્રકાર. હાજત થવા છતાં મૂત્ર નહિ કરવાથી પેડુનો વાયુ પેડુમાં મોટું બખ કરી મૂત્રને રોકે છે ૨. સ્ત્રી. વાયુના બળથી આવતી પિચકારી.

વાતમાપકયંત્ર [સં.] ન. વાયુમાપક યંત્ર; 'એરોમીટર'.

વાતમૃગ [સં.] પું. એક જાતનું વેગવાળું હરણું; જે બાજુનો પવન હોય તે તરફ મુખ કરીને દોડનારું હરણું.

વાતયંત્ર [સં] ન. હવાથી ચાલતું યંત્ર, પવનચક્કી, પવનયંત્ર.

વાતરક્ત [સં.] પું. (વૈદક) શરીરમાં રહેલા વાયુના પ્રકોપથી થયેલો રોગ; હાથ, પગ અને બીજા અવયવો સૂજી તેમાંથી ઝાંખું પાણી જેવું રસી ઝર્યા કરે એવો એક રોગ, પત્ત; 'એપ્રસિ' અસલના વખતમાં આ રોગ થયેલ માણસને જીવતું ખાણે કે દાટી દેવામાં આવતું. બાંડિયો વાતરક્ત અને શુદ્ધવાતરક્ત એવા આ રોગના બે પ્રકાર છે

વાતરઢ (વાતરડ) સ્ત્રી. વા પેસી શકે તેવી ઝીણી ફાટ

વાતરવ ૧. [સં] પું આકાશ; આભ ૨. પું વાદળું; મેઘ.

વાતરેતાર્ષંઢ પું વીર્યપાત સમયે માત્ર વાયુ જ સરે તેવો વીર્યહીન ષંઢ

વાતરોગ [સ] પું વા થઈ જવાનો રોગ; વાતવ્યાધિ; વાયુનો રોગ; વાથી શરીર જકડાઈ જાય તેવો રોગ. છત્રોરિયાના ફળને વાસીને સેંકના ઉકાળા સાથે આપવાથી વાતરોગ નાબૂદ થાય એમ કહેવાય છે

વાતરોગી વિ. વાતરોગવાળું; વાયુના રોગવાળું.

વાતલ ૧. [સ.] પું ગધો. ૨. પું. પવન ૩. વિ. આકાશગામી ૪ વિ. આકાશજ, ૫. વિ. આકાશસ્થ; નભસ્થ ૬. વિ. વાયુકારક, ૭. વિ. વાવાઝોડાવાળું; પવનવાળું

વાતલક્ષણમાપકયંત્ર [સ.] ન. હવાની સ્વચ્છતા માપવાનું યંત્ર; વાતશુદ્ધિમાપકયંત્ર; 'ન્યુડોમીટર'.

વાતલક્ષણમિતિ [સં] સ્ત્રી. હવાની સ્વચ્છતા માપવી તે; ' ન્યુડોમીટ્રિ '.

વાતલડી (વાતલડી) સ્ત્રી. વાત

વાતલતા ૧. સ્ત્રી. વાયુની નાડી ૨. વિ સ્ત્રી. વાયુના કોપવાળી.

વાતલીન ન. એક જાતનું પેટોલ તેલ, એક જાતનું દ્રાવક; 'બેસાલીન'. તેનો ધુમાડો પણ સળગી ઊઠે તેવો હોય છે.

વાતવહ સ્ત્રી. છાતીની અને આજુબાજુ આવેલી એક નાડી

વાતવિકાર [સ.] પું. વાયુનો રોગ. તેના ૮૦ પ્રકાર ગણાવાય છે

વાતવિદ્યા [સં.] સ્ત્રી વાયુશાસ્ત્ર; પવન અથવા વાયુ સંબંધી વિદ્યા.

વાતવિદ્રધિ [સ.] પું. કેદરીગના સત્તર માર્ગોનો એક પ્રકાર.

વાતવિલક પું. ઝેરી સર્પની એક જાત. આ જાતના સાપનું આયુ સોળપ્રકાર, તેના ઉપરના ભીંગડાં મોટાં અને બે હોઠ વચ્ચેનાં ભીંગડા ઉપર તરત દેખાઈ આવે એવો ખાડો હોય છે. તે ઈંડાં મૂકે છે, બચ્ચાંને છે ત્યારે જ કરડે છે. તે કૂવાને ઊંચો અને પહોળો કર્યા સિવાય કરડી શકતો નથી. આ જાતના સાપનું ઝેર જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે

વાતવિલાસ રોગ પું. ઘોડાનો એક રોગ.

વાતવિવાદ [સ.] પું. વાર્તાલાપ; વાતચીત.

વાતવેગ ૧. પું. (પુરાણ) ગરુડ પુત્ર ૨ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માર્ગોનો એક દીકરો ૩. [સં.] પું. વાયુના બળનો વેગ.

વાતવેગમાપક [સં.] ન. વાયુબળ કે વેગ માપવાનું યંત્ર; ' એનીમોમીટર '

વાતવેગમિતિ [સ] સ્ત્રી. વાયુબળ કે વેગ માપવો તે; ' એનીમોમેટ્રિ '

વાતવેત્તા [સં.] પું. વાયુશાસ્ત્ર જાણનાર પુરુષ; વાયુવિદ્યા નિષ્ણાત માણસ

વાતવૈરી ૧. [સં. વાત (વાયુ) + વૈરિન્ (દુશ્મન)] પું. એરંડો ૨. પું વાયુનો દુશ્મન ૩. સ્ત્રી બદામ.

વાતવ્યાધિ પું. એક પ્રકારનો રોગ. તેના બે પ્રકાર છે: એક પ્રકારમાં શરીરની નાડીમાં બેહદ ગતિ આવી બેચેન થાય છે જેમકે, આચકી, હિસ્ટીરિયા વગેરે. બીજામાં સાધારણ ગતિ બંધ થાય છે તેમાં સળિયા, પક્ષઘાત વગેરે થાય છે

વાતવ્યાપન્ન [સ.] ન હવા અજવાળા માટેનું બારણું; અજવાળિયું

વાતશાસ્ત્ર [સ] ન. વાયુવિદ્યા; વાયુશાસ્ત્ર

વાતશુદ્ધિમાપકયંત્ર [સં.] ન શુદ્ધ પવન કે હવા માપવાનું યંત્ર.

વાતશૂન્ય ૧. વિ. વાતચીત વગરનું; મૌન; શાંત ૨. [સ વાત (પવન) + શૂન્ય (ખાલી)] વિ. વાયુ રહિત, હવા વિનાનું. સર હમ્ફ ડેવીએ વાતશૂન્ય પ્રદેશમાં બે બરફના કકડા ઘસીને દેખાડ્યું કે, તેમ કરવાથી હવા બહારના જથ્થામાં અથવા કરેલા હામના પ્રમાણમાં ગરમી પેદા કરી શકાય છે

વાતશૂન્યતા [સ.] સ્ત્રી. હવા ન હોવાની સ્થિતિ; ' વેક્યૂમ '.

વાતશૂલ [સં] ન જ્ઞાનતંતુના શૂળનું દરદ; ચસકા નીકળવા તે.

વાતશોષકયંત્ર [સં. વાત (હવા) + શોષક (શોષનાર) + યંત્ર] ન. વાત-કર્ષકયંત્ર; વાયુરેચકયંત્ર; હવા કાઢી નાખવાનું યંત્ર.

વાતસાર જુઓ વાતાનિસાર.

વાતસારઅંતર્ધૌતિ સ્ત્રી (યોગ) અંતર્ધૌતિના ચાર માર્ગોનો એક પ્રકાર. જીભની નીચલી ચામડી જેવો જિહ્વાનો આકાર કરી તેને મોઢા બહાર રાખી તે વડે ધીમે ધીમે બહારના વાયુને અંદર ખેંચવો. આ વખતે નાસિકાનાં બંને છિદ્રો જમણા હાથથી દબાવી રાખવાં. પવન ખેંચી રહ્યા પછી નોલિ ક્રિયા વડે ઉદરને હલાવવું પછી મોં બંધ રાખી નાસિકાનાં બંને છિદ્રો દ્વારા તે વાયુને ધીરે ધીરે બહાર કાઢવો. આ વાતસારઅંતર્ધૌતિ કહેવાય છે

વાતસારથિ ૧. [સ.] પું. અગ્નિ ૨. પું. ચિત્રાનું ઝાડ.

વાતરિથતિમાપકયંત્ર [સ.] ન. હવાભારમાપક યંત્ર; પારદવત્ર; વાયુભારમાપકયત્ર; 'બેરોમીટર'.

વાતરિથતિશાસ્ત્ર ૧. [સં.] ન. હવાને લગતુંની કળા.

૨. ન. હવામાં મુસ્તફરી કરવાની કળા.

વાતહર ૧. ન ખાખરો.

૨. [સ.] વિ વાયુ હરનારું; વાતઘ્ન.

વાતહીન જુઓ વાતશત્રુ.

વાતાકર્ષકયંત્ર જુઓ વાતશોષકયંત્ર.

વાતાગમ્ય [સં. વાત + અગમ્ય] વિ. વાયુ પ્રતિબંધક; હવાથી પણ આવજા ન થાય તેવું; હવાચુસ્ત; 'એર ટાઈટ'.

વાતાતિસાર પું (વૈદક) અતિસારના ૭ ભેદોનો એક પ્રકાર; વાતજનિત અતિસાર. ઝાડો કઠિન લાલાશ ઊપર ઊતરે અને ઝાડામાં ફીણ મળેલું હોય તથા ભૂખો અને થોડો વારંવાર અલ્પ સહિત આવે અને ઝાડો થતી વખતે પેડુમાં પીડા થાય તેને વાતાતિસાર કહે છે.

વાતાદી ૧ [સં.] સ્ત્રી. બદામ.

૨. સ્ત્રી. વાયુના પ્રકોપથી ઉત્પન્ન થતો એક રોગ. તેમાં દરદી મૂર્ખ, દાંત કકડાવે, દાઢો ચોંટી જાય, ફીણ આવે, શ્વાસ ચડે અને આખે લાલ કે કાળાં અંધારાં આવે.

વાતાપિ ૧. પું. (પુરાણ) ભક્ત પ્રહ્લાદને ધમનિ નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક પુત્ર. તે ને પોતાના લાડ ઈલ્વલે અતિથિ તરીકે આવેલ અગસ્ત્ય માટે બકરો બનાવી રાખ્યા હતો. પરંતુ અગસ્ત્ય પોતાના તપોબળ વડે તેને જીરવી ગયા હતા.

૨. ન. બિજાપુર નજીકનું હાલનું બાદામી નામનું શહેર. તે ચાલુક્યોની રાજધાની હતું.

વાતાભિજ્ય જુઓ વાતાગમ્ય.

વાતામોદા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

વાતાયન ૧. [સ. વાત + અયન (જવું તે)] પું. ઘોડો.

૨. ન. ગવાક્ષ; ગોખ; જાળું; જાળિયું, ઝરુખો.

૩. ન. હવા માટેનું કાણું; હવાનો માર્ગ; હવા માટેનું સૂક્ષ્મ છિદ્ર; હવા આવજા કરે તેવું બાકું; બારી.

વાતાયનાસન [સં.] ન. યોગનાં ચોરાશી માહેનું એક આસન. તેમાં ડાબા પગની પાની જમણા સાથળના મૂળમાં ભરાવીને તેજ પગનો ઢીંચણ જમણા પગની બૂંટીને અડાડીને ઊભા રહેવાનું હોય છે.

વાતાવની [સં.] સ્ત્રી. ઘોડી.

વાતાયુ [સં.] પું. મૃગ; હરણ.

વાતારિ ૧. [સં.] પું. અજમોદ. તે વાયુની દુશ્મન છે તેથી વાતારિ કહેવાય છે.

૨. પું. એરંડો

૩. પું. ગળોનો છોડ.

૪. પું. ઘોડો.

૫ પું. તિલકવૃક્ષ.

૬. પું. ચોર.

૭. પું. પુનર્નવાવૃક્ષ.

૮. પું. બારંગ વનસ્પતિ.

૯. પું. બિલાડાનું ઝાડ

૧૦. પું. લાખ.

૧૧. પું. વાવડિંગ

૧૨. પું. સપ્તપર્ણી

૧૩. પું. સૈરેયકિકા.

૧૪ પું. સૂરણ.

વાતાલિ [સ.] સ્ત્રી. વટોળિયો

વાતાલી જુઓ વાતાલિ.

વાતાવરણ ૧. ન. અવસ્થા; આજુબાજુના નૈતિક કે માનસિક સજોગો; દશા; હાલ; હાલત; પરિસ્થિતિ

૨. [સ. વાત (વાયુ) + આવરણ (ઢાંકણ)] ન. પૃથ્વીની આસપાસનું હવાનું ઢાંકણ; પૃથ્વીની આસપાસ વીંટાયેલું વાયુનું પડ કે આવરણ; પૃથ્વીના ગોળાની ચોમેર રહેલી હવા; વાયુનું વેષ્ટન; વાયુનું ઢાંકણ; પૃથ્વીના પૃષ્ઠ ભાગની ઉપર સુમારે બેએક માઈલ સુધી વાયુ છે. આ વાયુનું ઢાંકણ આખી પૃથ્વીને છે. તે ઢાંકણને વાતાવરણ કહે છે

વાતાવરણીયવિદ્યુત [સં. વાતાવરણીયવિદ્યુત્] સ્ત્રી. સ્થિર વિદ્યુતનો એક પેટા ભાગ; હવાનું ઉષ્ણાણ, મેઘ કે કોઈ બીજી નૈસર્ગિક રીતે વાતાવરણમાં ઉત્પન્ન થતી વિદ્યુત. તે વીજળીના ચમકારામાં, સર્પાકારે ગતિશીલ વીજળીમાં અને વીજળીના ગોળા જેમ ત્રણ પ્રકારે જોવામાં આવે છે. વીજળીના ચમકારાને વાતાવરણ બિલકુલ અટકાયત કરતું નથી તેથી તે ત્વરિત નજરે પડે છે. વાતાવરણીય વિદ્યુતનું ઉષ્ણાણ એટલું ભયંકર હોય છે કે, મનુષ્યને તે ખાળી નાખે છે

વાતાવર્ત [સં.] પું. વટોળિયો.

વાતાશ્વ [સં.] પું. ઉત્તમ ઘોડો.

વાતાસ્ત્ર [સં.] ન. વાયુના મંત્ર સાથે મૂકેલું બાણ; વાયુના મંત્રનું અસ્ત્ર.

વાતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. કપૂર.

૩. પું. ચંદ્ર.

૪. પું. વાયુ; પવન.

૫ પું. સૂર્ય

વાતિક ૧. વિ. વાંકું.

૨. [સં.] વિ. વાતના રોગવાળું

૩. વિ. વાયુને લઈને થતું.

વાતિકઅસ્ત્ર ન. અપમાનો એક પ્રકાર.

વાતિકરોગ [સ.] પું. આપતાનક રોગ; તાંડવરોગ; હાસ્યાનુકારી મુખભંગ. તેમાં હોઠ ખૂણામાંથી ખેંચાઈ જુદા પડી જાય અને ઉપર ચડી જાય છે

વાતિકસંધિશોથ પું. વાનો એક જાતનો રોગ. આ રોગમાં સાંધાઓ બેડોળ અને સ્તબ્ધ થઈ જાય છે તથા તેના ઉપર સોજો આવે છે આ રોગ પુરુષ કરતાં સ્ત્રીઓને વધારે થાય છે. સેલાબ, શીત અને કબજિયાત જોવામાં આ રોગ પેદા થાય છે. પહેલાં હાથપગની આંગળીઓમાં, પછી ઘૂંટણ, અને ઢીંચણોમાં અને પછી બીજા સાંધાઓને લાગુ પડે છે પીડા અને મરડવાના ઉપલા ભાગ ઉપર પણ આક્રમણ કરે છે પહેલાં સોજો, પછી પીડા અને પછી સ્તબ્ધતા અને અક્કડપણું હાજર પડે છે. બધા સાંધા ક્રમાનુસાર જાય છે.

વાતિત્ર ૧. [સં] પું. એક જાતનું ઝાડ.

૨. પું. અનિજ પદાર્થોનું ક્ષાર ધરાવનાર માણસ.

વાતી ૧. સ્ત્રી. જેની પૂણીમાંથી સુવાસ આવે તેવી સુગંધીદાર વનસ્પતિ કે દ્રવ્યોની સળી; અગરબત્તી; સુગંધી વાટ કે સળી

૨. [સં. વર્તિ] સ્ત્રી દિવેટ; વાટ.

૩. સ્ત્રી ભત્તી

૪. સ્ત્રી. રાત્રિ.

વાતીય ૧. [સં] ન હંજી.

૨. વિ. વાતરોગવાળું.

વાતુલ [સં.] પું. વાયુનો સમૂહ; પવનનો ગોળો; વટોળિયો; વાયુનો ગોટો.

૨. ન. ચોસઠ માહેનું એક તંત્ર.

૩. વિ. ઉન્મત્ત.

૪. વિ. ભોલકણું; ભોબકું; વાચાળ; વાતૂડિયું.

૫. વિ. વાના રોગવાળું; વાયુના રોગથી પીડાતું.

૬. વિ. વાયકું; વાચાળું; વાયુવાળું. શરીરની સાથે વપરાય છે.

વાતુલિ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે વગણ અને બે લઘુ મળી આઠ અક્ષરો હોય છે.

ય મા તા ન સ થી વાતુલિ. ઉપજાતિ

૨. [સ.] પું. એક જાતનું પક્ષી.

વાતૂડિયું (વાતૂડિયું) જુઓ વાતૂડું.

વાતૂડું (વાતૂડું) ૧. વિ. બોલતાં થાકે નહિ તેવું; વાચાળ.
૨ વિ. વાતચરું; ઘણીવારતો કરવાની ટેવવાળું; વાતો કર્યા કરે તેવું

વાતૂલ જુઓ વાતુલ.

વાતેવાતે અ. વાતમાં ને વાતમાં; પ્રસંગવગાત; વાત નીકળી હોય તેમાં

વાતેહ (વાતેહ) સ્ત્રી. વા સમચરે તેવી ત્રીણી તેહ કે ચીર

વાતોડિયણ (વાતોડિયણ) વિ. સ્ત્રી વાતો કરવાની ટેવવાળી

વાતોડિયું (વાતોડિયું) જુઓ વાતૂડું

વાતોડું (વાતોડું) જુઓ વાતૂડું.

વાતોદર પું. (વૈદક) ઉદરરોગના આઠ માંહેનો એક પ્રકાર; વાયુના પ્રકોપથી થતો પેટનો રોગ. વાતોદરમાં હાથ, પગ, નાભિ તથા મુખ એ ઠેકાણે સોજો, સાથા તૂટવા, આંતી ઉપરસ આવવી, શરીર ભરડાઈ જવું, કુક્ષરથી નીચે જડપણું જણાવું, મળનો સમય થયો, ત્વચા, નખ, નેત્ર,દિક્ષ કાળાં કે રાતાં થવાં, પેટનું અકસ્માત મોટું કૂલવું અથવા નાનું થઈ જવું, પેટ ઉપર ચારે દિશાએ ઝીણી કાળી શિરાઓનું ઉપડવું વગેરે થાય છે અને પેટ ઉપર ટકોર મારવાથી કૂલેલી પખાલ જેવો શબ્દ થાય છે એ ઉદરમાં વાયુ બધે ફરી વળા કરે છે અને ગગડે છે. સર્વ ઉદરરોગો ઉપર રેચ એક મુખ્ય ઔષધ ગણાય છે.

વાતોન્મત્ત [સં.] વિ. ચિત્તભ્રમ થયેલું; ગાંડું થયેલું

વાતોન્માદ પું (વૈદક) ઉન્માદના છ માંહેનો એક પ્રકાર; વાતની અધિકતાને લીધે થતો ઉન્માદ. વધુ ઝઝ, સૂધા અને શીત ભોજન, ધાતુક્ષય અને ઉપવાસથી વાતોન્માદ થાય છે.

વાતોર્મી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. ચોથા અક્ષર પછી વિસામો આવે છે.

વાતોર્મિમા, ૨૫ મા ભા ન ગી ગા.

રણછોડ

વાતોષ્માપક [સં.] ન. હવાનું ઉષ્ણતામાન માપવાનું યંત્ર

વાત્યા ૧ પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, નગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે

ભા ન ન ગ ની બે વાત્યા. રણછોડ

૨ [સં.] સ્ત્રી.; ન. વાનું તોફાન, વાવાઝોડું; વટોળ

વાત્યાનળી સ્ત્રી. ફૂંકણી

વાત્સક [સ.] ન. વાછરાનો સમૂહ

વાત્સલ્ય [સ. ન ટાળુના, બાળક વગેરે ઉપરનો દયાળુ ત ો સ્નેહ, મમત , મ.વા, પ્રેમ, સ્નેહ, વત્સલત., વહાલપણું

વાત્સલ્યભાવ [સં] પું ભક્તિના પાંચ માંહેના એક પ્રકારનો ભાવ; પ્રેમની લાગણી; સ્નેહભાવના.

વાત્સલ્યમયી [સ વિ સ્ત્રી. મતિ પ્રત્યેના પ્રેમથી ભરેલી.

વાત્સલ્યમૂર્તિ [સ.] સ્ત્રી. પ્રેમની મૂર્તિ; સ્નેહની પ્રતિમા.

વાત્સ્ય ૧. [સ.] પું. ગોત્રપ્રવર્તક એક મુનિ
૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; ગંગા અને યમુના નદીઓની વચ્ચે કાનપુર નગરની દક્ષિણ દિશાએ, કૌશાંબીની ઉત્તર દિશાએ અને અલ્લાહબાદની પશ્ચિમ દિશાએ આવેલો દેશ. ત્યાં ઉદયન રાજાનું રાજ્ય હતું.
૩. પું વત્સપુત્ર એક ઋષિ. જન્મેજયના સર્પસત્રમાં એ સદસ્ય હતો
૪. ન. એ નામે એક ગોત્ર તેમાં ઔર્વ, ચ્યવન, ભાર્ગવ, જામદગ્ન્ય અને આપ્નુવાન નામના પાંચ પ્રવર હોય છે.

વાત્સ્યાયન ૧. પું. એ નામે એક પંડિત. તેણે કામસૂત્ર લખ્યું છે
૨. [સં] પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ ન્યાયસૂત્ર ઉપર ભાષ્ય રચનાર એક પંડિત. વાત્સ્યાયન એ જ કૌટિલ્ય, વિષ્ણુગુપ્ત, અને મલ્લનાગ હોવાનું મનાય છે. બધા લોકો માનુકમનું બીજું નામ વાત્સ્યાયન બતાવે છે વાત્સ્યાયન પોતે કનઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયા હોવાને કારણે એ નામથી પ્રસિદ્ધ થયા હતા. વાત્સ્યાયને ગૌતમકૃત ન્યાયસૂત્રો ઉપર ભાષ્ય રચ્યું હતું.

વાત્સ્યાયનકામસૂત્ર [સં.] ન. વાત્સ્યાયનનું લખેલ કામસૂત્ર ઉપરનું પ્રસિદ્ધ પુસ્તક પાટલીપુત્રની ગણિકાઓની આજ્ઞાથી દત્તક નામના પંડિતે જુદું પુસ્તક રચ્યું હતું. આ સાત અધિકરણો ઉપરથી સાત મહાપંડિતોએ નોખાં નોખા તંત્રો રચેલા છે. જેમકે, ચારાયણે સાધારણ અધિકરણ, સુવર્ણનાભે સાંપ્રયોગિક અધિકરણ, ઘોટકમુખે કન્યાસંપ્રયુક્ત અધિકરણ, ગોનર્દીયે ભાર્યાધિકરણ, ગોણિકાપુત્રે પારદારિક અધિકરણ, કુચમારે ઔપનિષદિક અધિકરણ અને ઉપર જણાવેલ દત્તકે વૈશિકમધિકરણ રચ્યાં છે. ઘણા કાળ પછી વાત્સ્યાયને આ સાતે અધિકરણોનો સંક્ષેપમાં સંગ્રહ કરીને વાત્સ્યાયનકામસૂત્ર રચ્યું છે

વાત્સ્યાયનસૂત્રસાર પું. ભારતના ત્રીસ માંહેનો એક પ્રાચીન કામગ્રંથ.

વાત્ય ન (જ્યો.નિષ) તારાપુંજના સાત માંહેના એક સમૂહનું નામ.

વાદ ૧ [સ.] પું ઊહ; કલ્પના; સંભાવના; ઉપન્યાસ; પક્ષ; કલ્પિતાર્થ, પ્રતિજ્ઞા; તર્ક; અટકળ
જે પરિણામો આપણને પ્રત્યક્ષપણે માલૂમ પડે છે પણ તેનાં કારણો અત્યંત સૂક્ષ્મતાને લીધે અથવા બીજાં કોઈ કારણને લીધે પ્રત્યક્ષ પ્રમાણથી કરાવી શકાતાં નથી તે પરિણામો સમજવવા તેના કારણો વિષે કલ્પના કરવામાં આવે તેને વાદ કહે છે. હિરાલાલ મયાશંકર
૨. પું. કજિયો; ટંટો, સામસામે તકરાર કરવી તે; બાંધછોડ; ઉહાપોહ; બોલાચાલી, તકરાર વાદ કરવો = તકરાર કરવી.
૩. પું. કોઈ પણ જાતના નિર્ણયને માટે બે અથવા વધારે જન વચ્ચે પ્રશ્નોત્તર રૂપે જે સંભાષણ કે ઊહાપોહ બોલવું તે; નિર્ણય કે તારણ માટેનું ભાષણ; સંવાદ; ચર્ચા; શાસ્ત્રાર્થ; દલીલ. વાદના મુખ્ય ત્રણ પ્રકાર છે: શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ. વાદના બાર અંગ આ પ્રમાણે છે: (૧) વાદી, (૨) પ્રતિવાદી, (૩) સભ્ય અને (૪) સભાપતિ
૪. પું. જવાબ.
૫. પું. જ્ઞાનવિજ્ઞાનના કોઈ વિષયમાં કરેલું અનુમાન કે તારણ; સિદ્ધાંત; મંતવ્ય; મત; 'થિયરી' જેમકે, વિકાસવાદ. મુખ્ય વાદો આ પ્રમાણે છે: (૧) પંચમહાભૂતવાદ, (૨) એકાત્મવાદ, (૩) તજ્જીવતચ્છરીરવાદ, (૪) અદ્વૈતવાદ, (૫) આત્મબ્રહ્મવાદ, (૬) પરમાણુવાદ, (૭) ચતુર્ધાતુવાદ, (૮) વિજ્ઞપ્તિવાદ, (૯) બિજધર્મવાદ, (૧૦) કૃતવાદ, (૧૧) અવતારવાદ, (૧૨) સિદ્ધસાધનવાદ, (૧૩) લોકવાદ, (૧૪) સુખેનસુખવાદ, (૧૫) ઓસગવાદ, (૧૬) મુક્તિસાધનવાદ, (૧૭) ક્રિયાવાદ, (૧૮) અક્રિયાવાદ, (૧૯) વિનયવાદ, (૨૦) અજ્ઞાનવાદ, (૨૧) હિંસાવાદ, (૨૨) વેદવાદ અને (૨૩) હસ્તિતાપસવાદ.
૬. પું. (ન્યાય) ન્યાયના સોળ માંહેનો એક પદાર્થ; એક જાતનો વચન વ્યાપાર. જે વચન

આપારમાં પક્ષ અને પ્રતિપક્ષને સ્વીકાર્ય હોય, અર્થાત્ જેમા એક જ પદાર્થના પરસ્પર વિરોધી એવા બે અંશોમાથી એક અંશનો વાદીએ અને પ્રતિવાદીએ પોતપોતાના પક્ષ તરીકે નિયમપૂર્વક સ્વીકાર કર્યો હોય અને તેથી જેમા વાદી, પ્રતિવાદી અને પ્રમાણ સામે તર્કદ્વારા પોતાના પક્ષનુ સ્થાપન અને પર પક્ષનુ નિરાકરણ કરતા હોય તેમ જ આ સાધન અને નિરાકરણનો પ્રકાર પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવરૂપ ન્યાય વાક્યથી યુક્ત હોય અને જે સિદ્ધાંતથી વિરુદ્ધ ન હોય એવો વચન વ્યાપાર તે વાદ

૭. પું. ફરિયાદ; દાવો. ઇન્સાફ મામવાને વાસ્તે જે અરજી કરવી તે.

૮ પું ખોલવુ તે.

૯ પું. વર્ણન; હકીકત.

૧૦. પું ધ્વનિ; ભાષા.

૧૧. પું વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈએ એવી તેરી ચુમાળીસ માહેની એક વસ્તુ.

૧૨. પું. વિષ,રસક્રિત; બુદ્ધિવ્યાપાર

૧૩. પું. સ્પર્ધા; સરસાઈ; ચડસાચડસી; હરીફાઈ; મમત

૧. વાદ કરવો = (૧) ચડસાચડસી કરવી. (૨) શાઆર્થ કરવો.

૨. વાદમા પડવુ–વાદે ચડવુ = ચડસાચડસી કરવી

વાદક ૧. [સં.] પું. બજાવવાવાળો માણસ; વગાડનાર; બજવૈયો; વાદ્ય વગાડનાર; સાજિંદો. રામાયણ કાલમાં ગાયક, વાદક તથા નર્તકના વર્ગ કરનાર લોકો હતા એમ જણાય છે ગાયકની પેઠે વાદક પણ વાદ્ય ઉપર બાપીરાથી વધારે અવ.જ એક સમકમા લાવી શકે છે.

૨. પું. બોલનાર માણસ; વક્તા.

૩. પું. મુખ્ય આધાર માંહેનો એક કર્મનુ.

૪ પું. વાદ કરનાર; તર્ક કે શાઆર્થ કરનાર.

વાદકોદ સ્ત્રી આડું આડું બોલવુ તે; મહેણાં ટોણા.

વાદખંડન ન ૨દિયો

વાદખોર વિ. તકરાર કરે તેવુ.

વાદગ્રસ્ત [સં.] વિ. વાધાવાળું; ચર્ચાસ્પદ; મતભેદવાળું; સશયયુક્ત.

વાદગ્રંથ [સં] પું. (વેદાત) ઇતર મતોના ખંડનપૂર્વક સ્વમતનું સ્થાપન કરનાર ગ્રંથ ચિત્સુખી, અદ્વૈતસિદ્ધિ, સક્ષેપ શારીરક, સ્વારાજ્યસિદ્ધિ, વેદાત પરિભાષા, સિદ્ધાંત લેશ, અદ્વૈત કૌસ્તુભ, ભેદધિક્કર વગેરે વાદગ્રથો છે.

વાદચક્રવર્તી [સ] ન. એ નામનુ એક છદ કે વૃત્તિ.

સત્વ અને સત્વાપત્તિનો સદ્ભાવ, ચારણચારણ્ય અને આક્ષેપસક્તિનું કૌશલ. સહનશીલતા, અને પરમધૃષ્ટતા આ બધે વાદચક્રવર્તી કહેવાય છે.
પુરાતત્ત્વ

વાદણ ૧ જુઓ. વાદ કરનારી સ્ત્રી.

૨. જી. વાદીની સ્ત્રી

વાદન ૧. [સ.] ન. (સગીત) બજવણી; વગાડવું તે. ગાયન, વાદન અને નૃત્ય એમ સગીતના ત્રણ પ્રકાર છે. તેમાં ગાયન પછી બીજે દરજ્જે વાદનનો છે તે પણ એક સ્વતંત્ર કલા છે. તેના પણ બે ભેદ છે. સ્વરવાદન અને લયવાદન

૨. ન બાવવુ; બોલવુ તે.

૩. ન વાદ્ય, મૃદગ વગેરે વાદ્ય

૪. ન. બોલ્યા વગાડવાનું સાધન; નખી.

વાદનકલા [સં.] સ્ત્રી. કલાનો એ નામનો એક પ્રકાર; વાદ્યકળા, વાદ્ય વગાડવાની કળા.

વાદનકળા જુઓ વાદનકલા

વાદનસમારંભ [સં.] પું. બધા સૂર સાથે રહે તે, એકરાગતા; સૂરમેળ.

વાદનિપુણ [સ] વિ. ચર્ચા કરવામાં હોશિયાર.

વાદનોત્સવ [સં] પું ગાનતાનનો મેળાવડો, જલસો; મિજલસ.

વાદપત્ર [સં] ન. જેને વાદ કરવાની ઇચ્છા હોય તેણે વાદ કરવાને માટે આપવાનું પત્ર; જાહેરખબર.

વાદપાંડિત્ય [સં.] ન. ચર્ચા કરવાની હોશિયારી.

વાદપ્રતિવાદ [સં.] પું. ચર્ચા; શાસ્ત્રીય વિષયોમાં સામસામા બે પક્ષો વચ્ચે થતુ કથન

વાદપ્રવીણ [સં.] વિ. વાદ કરવામાં હોશિયાર.

વાદપ્રિય [સ.] વિ. ચર્ચા કરવી જેને પ્રિય હોય તેવુ

વાદમાર્ગ [સં] પું. વાત જાણવાનો રસ્તો. વાદમાર્ગના જ્ઞાન માટે આ પ્રમાણે ૪૪ વસ્તુઓ જાણવાની છે: (૧) વાદ, (૨) કલ્પ, (૩) પ્રયુક્ત, (૪) કર્મ, (૫) સામાન્ય, (૬) વિશેષ, (૭) સમવાય, (૮) પ્રતિજ્ઞા, (૯) સ્થાપના, (૧૦) પ્રતિજ્ઞાપના, (૧૧) હેતુ, (૧૨) દૃષ્ટાંત, (૧૩) ઉપનય, (૧૪) નિગમન, (૧૫) ઉત્તર, (૧૬) સિદ્ધાંત, (૧૭) શબ્દ, (૧૮) પ્રત્યક્ષ, (૧૯) અનુમાન, (૨૦) ઔપમ્ય, (૨૧) ઐતિહ્ય, (૨૨) સશય, (૨૩ પ્રયોજન, (૨૪) સત્વાભિમાન, (૨૫) જિજ્ઞાસા, (૨૬) વ્યવસાય, (૨૭) અર્થપ્રાપ્તિ, (૨૮) સભવ, (૨૯) અનુયોજ્ય, (૩૦) અનનુયોજ્ય, (૩૧) અનુયોગ, (૩૨) પ્રત્યનુયોગ, (૩૩) વાક્યદોષ, (૩૪) વાક્યપ્રશસા, (૩૫) છળ, (૩૬) અહેતુ, (૩૭) અતીતકાલ, (૩૮) ઉપાલભ, (૩૯) પરિહાર, (૪૦) પ્રતિજ્ઞાહાનિ, (૪૧) અભ્યનુજ્ઞા, (૪૨) હેત્વતર, (૪૩) અર્થાતર અને (૪૪) નિગ્રહસ્થાન.

વાદમૂલ ન. કલહચર્ચા; ઝઘડવાનું કારણ.

વાદયુક્ત [સં.] પું બોલવાનો જબાનો, આખ્યાન કરવાનો જબાનો.

વાદયુદ્ધ [સ.] ન. ગરમ ચર્ચા; તકરાર.

વાદર ૧. [સ.] ન. સુતરાઉ વસ્ત્ર

૨. વિ સાતરનુ

વાદરા [સ.] સ્ત્રી. કપાસનો છોડ.

વાદરાયણ પું. વેદવ્યાસ; બાદરાયણ.

વાદરાયણિ ૧. [સં] પું. વેદવ્યાસ.

૨. પું શુકદેવ.

વાદલ ૧. સ્ત્રી. (જૂ. ગુ.) સાતરની બીબું પાયેલી મશક; પાણી ભરવાનું સાધન.

૨. ન. જોડીમબ.

૩. ન. વાદળુ

વાદલડી (વાદલડી) સ્ત્રી. વાદળી.

વાદવિવાદ ૧. [સં.] પું. ઉહાપોહ; તકરાર; પચાત; ભાંજગડ.

૨. પું. ચર્ચા; સભાષણ; સામસામા સવાલ જવાબ; વાદ; સામસામા પ્રશ્નો પૂછવા અને ઉત્તર આપવા સબધી જે ભાષણ તે.

વાદવિવાદી [સં. વાદવિવાદિન્] વિ. વાદવિવાદ કરનાર; ચર્ચા કરનાર.

વાદવિષય ૧. [સં.] પું. તકરારી વાત; વાદ વસ્તુ.

૨. પું. વિચારવાનો વિષય, મુદ્દો કે પ્રશ્ન.

વાદસભા [સ.] સ્ત્રી. ચર્ચા કરવા એકઠું થયેલ મંડળ.

વાદસંવાદ જુઓ વાદસભા.

વાદસાધન [સં.] ન. દલીલ; તર્ક કરવો તે.

વાદસ્થલી સ્ત્રી. ચર્ચાનો આનંદ કે રંગ.

જ્યાસુધી હંસ જેટલો કે વાદસ્થલીમાં નથી ઉતરતો ત્યાં સુધી વાદી બનવા જેવો મુગ્ધ દેખાય છે.
પુરાતત્ત્વ

વાદસ્થળ ૧. ન. ચર્ચા કે વિવાદ ઉત્પન્ન થાય તેવુ સ્થાન કે વિષય.

૨. ન. વાદ કરવાની જગ્યા.

વાદળ ૧ ન. આકાશ; ગગન; આસમાન.

૨ ન. આકાશમાં ઘુમાતી એકઠી થયેલી વરાળ, બાફનો સમૂહ; ઘનમૂસળ, મેઘમંડળ; આકાશમાં એકઠો થયલો વરાળનો મોટા જેવો સમૂહ, જે વરસાદ રૂપે નીચે પડે છે. તેના ચાર પ્રકાર છે: પ્રથમ જાતનું વાદળ સમુદ્રના તરંગ જેવું અથવા રેખાવાળું, દરેક દિશામાં વિસ્તૃત થતું અને સમાંતર પટવાળું હોય છે. બધાં વાદળોમાં આ વાદળ સૌથી આછું, બહુ ઊંચું અને બહુ વિવિધતાવાળું હોય છે. તેમાં વરસાદ પડવાનો ભય હોતો નથી બીજા પ્રકારનું વાદળ પ્રમાણમાં પહોળું ઓછી ઊંચાઈએ હોય છે અને દિવસના જ દેખાય છે. તે બહુધરું ઉનાળામાં જ ઉત્પન્ન થાય છે તેમાંથી વરસાદ પડતો નથી પરંતુ જ્યારે તે સાંજ સુધીમાં પણ અદૃશ્ય ન થાય અને વાદળ જો જીવે તો વરસાદ આવવાનો સંભવ ખરો ત્રીજા પ્રકારનું વાદળ બધા વિસ્તૃત પટમાં એક ઉપર બીજું એમ હોય છે આ વાદળને રાતનું વાદળ કહેવામાં આવે છે. કારણ કે, બાધું ખરું તે સાજે બંધાવા માંડે છે અને સવાર થતાં અદૃશ્ય થઈ જાય છે. આ વાદળ સૌથી નીચા.મ. નીચું હોય છે. ચોથા પ્રકારનું વાદળ એ જ ખરું વરસાદનું વાદળ છે. તે બધું ભેજવાહક, ઘટ્ટ અને કાળું હોય છે.

૧૦ ઈશ વાદળ = ખૂબ ભરાવો; બહુ મોટો ચઢાવો.

૨. વાદળ આવવું–ચડવું–ચઢી આવવું = (૧) આકાશમાં વાદળાં ભેગાં થવાં. (૨) આફત આ.વી પડવી; તોફાન આવી પડવું. (૩) જોરદાર ચઢી આવવું.

૩. વાદળ ઊતરી જવું = (૧) વાદળ વીખરાઈ જવું. (૨) સંકટ કે દુઃખમાંથી ઊગરી જવું

૪. વાદળ ઘેરાવું = (૧) આકાશ વાદળાંથી છવાઈ જવું. (૨) ભય કે સંકટ ઉત્પન્ન થવું

૫. વાદળ તૂટી પડવું = (૧) ભારે વરસાદ થવો. (૨) સામટી આફત આવી પડવી; એક સામટું દુઃખ આવી પડવું.

૬. વાદળ વીખરાવું ઘેરાવું = (૧) ઉઘાડ નીકળવો; વાદળ ખસી જવું. (૨) ભય ટળી. (૩) સંકટ કે દુઃખ ઊતરી જવું.

૭. વાદળાં આવવાં–થવાં = (૧) આકાશમાં વાદળાં ભેગાં થવા. (૨) ભય આવવો. (૩) વરસાદનાં પગરણ થવાં.

૭. ન. આડખીલી; અણગમતો અટકાવ; અવરોધ.

૪. ન. છાયા; ચર; ઢાંકણ; આવરણ.

૫ ન. ભય, સંકટ, દુઃખ વગેરેનો ઘેરાવો

૬. ન. ભારે પવન છૂટવો તે; તોફાન.

વાદળિયું ૧. વિ. વાદળોવાળું; ઢાંકું.

૨. વિ. વાદળાંમાં થઈને આવતું. સખ્ત તાપ માટે વપરાય છે

વાદળિયો તાપ પું. વાદળામાંથી પડતો તડકો, આછી વાદળીઓમાં થઈને પડતો આકરો તડકો

વાદળી ૧. સ્ત્રી. કોશેટાની અંદરની રૂવાંટાં જીવાં અને બારીક તંતુઓની જાળી

૨. સ્ત્રી. પાણી વગેરે પ્રવાહી ચૂસી રાખે તેવી એક જાતની દરિયાઈ કે તેવી કૃત્રિમ કાણાં કાણાવાળી, પોચી, પીળાશ પડતી પ્રાણિજ પેદાશ. ભૂમધ્ય સમુદ્ર અને હિંદી મહાસાગરમાના ખડકો ઉપર વળગી રહેતો એક જાતનો જીવ જેવો મધપૂડા જેવો કાણાં કાણાવાળો, પોચો પદાર્થ. તે વાદકામ અને ડાપખાનાના કામમાં આવે છે. વાદળી એમને એમ તથા બાળીને વપરાય છે. તેની રાખ અતિસાર, રક્તાતિસાર તેમ જ આંતરડાંના કૃમિ આધિમાં અપાય છે. તેમની સાથે વાટી તેની રાખ મલમાળ ઉપર લગાડાય છે.

૩. સ્ત્રી. ભૂખરી આછી વરાળનો આકાશમાં ઘૂમતો સમૂહ; ઝાકળ જળરૂપ થઈ ગયેલી વરાળનો સમૂહ; નાનું વાદળ.

૪. વિ. વાદળના રંગનું; આસમાની; ભૂરું; વાદળી રંગનું.

૫. વિ. વાદળામાં થઈને આવતું. તે સખ્ત તાપ માટે વપરાય છે.

વાદળું ૧. ન. અણગમતું આવરણ.

૨. ન. દુઃખનું કુદરતી રહેતુ તે; સંકટ; દુઃખ.

૩. ન. ન ગમતું માણસ; ભય.

૪. ન. વાદળ.

વાદાકોદ સ્ત્રી. એક બીજાના વાદ જોવા તે.

વાદાનીઈ ન. વા ભારી.

> આરે દિશાઓથી ઈંધવમા રાખેલા વાદાનીઈમાંથી પવન આવતો. કનૈયાલાલ મુનશી

વાદાનુવાદ [સં] પું. વાદ; તકરાર; વિવાદ

વાદાવાદ ૧. સ્ત્રી. કજિયાની બોલાચાલી.

૨. અ. પરસ્પર કજિયા ઠેકાસ કરવા તેમ; સામસામે વાદવિવાદ થાય તેમ.

વાદાવાદી સ્ત્રી. વાદવિવાદની ખેંચાખેંચી.

વાદિત્ર ૧. [સં.] ન. ચોસઠ કાંઠેનું એક વિજ્ઞાન

૨. ન. વાજિંત્ર; વાજું; વાદ્ય.

૩. ન. વાદન; સંગીત.

વાદિની [સં] સ્ત્રી. વગાડનારી સ્ત્રી.

વાદી ૧. પું. ગારુડી; ખેલાડી; બાજીગર; મંત્રતંત્રથી ખેલ કરનારો માણસ.

૨. પું તકરારી માણસ; વાદ કરનાર માણસ.

૩ પું. પક્ષકાર

૪. પું. ફરિયાદી; દાદ માગનાર કે સરકારમાં ફરિયાદ કરનાર માણસ

૫. [અ. વાદી (રણદ્વીપ)] પું રણમાં આવેલો બેટ; રણમાં આવેલી એવી જગ્યા.. જ્યાં આજુબાજુ રેતી હોય છે પ્રાં પાણી અને ઝાડ પણ હોય છે

૬. પું. સાપ, નોળ વગેરે પ્રાણીને પાળનાર માણસ. જંગલી અને ઝેરી પ્રાણીઓ પકડી, પાળી, કેળવી, તેમનો ખેલ કરી બતાવી આજીવિકા ચલાવનાર અને મુરલી વગેરે વગાડીને સાપ વગેરેના ખેલ કરનાર મદારી તેઓ ભગવી પાઘડી બાંધે છે રાવણ હથ્થા વગાડતા ઘેર ઘેર ફરી ગાઈ બજાવીને તેઓ ગુજરાન ચલાવે છે. તેમા કેટલાક ભૂત કાઢવાનો અને સર્પ પકડવાનો પણ ધધો કરે છે. ઓઢોને ખૂતીને પેટ ભરનારા પણ તેમાં પડયા છે. તેઓ દેવદેવીઓને પણ માને છે. તેમનામાં એકથી વધારે બૈરી કરવાનો અને છૂટાછેડાનો રિવાજ છે. તેની મુખ્ય ધધો સર્પ પકડવાનો અને મદારીનો ખેલ કરવાનો છે જ્યાં તેમનો કેટલોક ભાગ વડીનાં પડ, સૂપડાં વગેરે વેચીને નિર્વાહ કરતો જોવામાં આવે છે. વાદી હિંદુ અને મુસલમાન બને હોય છે.

૭. પું (સંગીત) સ્વરનો એક પ્રકાર; રાગનો મુખ્ય કે પ્રધાન સ્વર; જેના ઉપર કોઈપણ રાગ કે રાગિણીનો મુખ્યત્વે કરી આધાર હોય તેવો સ્વર; ગવા બજાવવામાં જે સ્વરથી સપ્તક બાંધવામાં આવે તે સ્વર. કું અમુક રાગ કું એમ પોતાના મુખીપણાથી જે સ્વર કહી થઈ તે વાદી સ્વર. રાગમાં તેની હાજરી સૌથી વધારે પડતી છે અને તેથી રાગનો મહત્ત્વનો અંશ પણ કહેવાય છે. અમુક નામનો આ રાગ છે તેનો નિશ્ચય વાદી સ્વર જ કરાવે છે અને સમયનો પણ તે જતાવનાર છે.

૮. સ્ત્રી. ખીલુ.

૯. સ્ત્રી. જેમાં થઈને નદી વહે છે તે નીચી જમીન; નદીનો પટ.

૧૦. સ્ત્રી. રણ.

૧૧. વિ. એક વાતને સમર્થન કરવાના આગ્રહવાળું; અમુક મતવાળું; અમુક એકાદા ત.ન કે મતને વળગી રહેનાર.

૧૨. વિ. બોલનાર; વદનાર. તે સામાસને અંતે આવે છે. જેમકે, સત્યવાદી.

૧૩. વિ. વાદમાં માનનાર. સમાસને છેડે આવે છે. જેમકે, વેદાંતવાદી.

વાદીગર પું ગારુડી; ખેલાડી; મદારી; બાજીગર; વાદી.

વાદીલું ૧. વિ કજિયાખોર; તકરારી; ઝઘડીલું, ટંટો કરનાર.

૨. વિ. હઠીલું; મમતી; જક્કી; જીદી; તંતીલું, ચડસીલું; વાદે ચઢી જાય તેવું.

વાદીસ્વર જુઓ વાદી ૭.

વાદોદ્ભવ [સ. વાદ (તકરાર) + ઉદ્ભવ (પરિણામ)] પું. મુદ્દો; વાદનો વિષય.

વાદોવાદ ૧. પું. વાદવિવાદ; ચર્ચા; દલીલ.

૨. ક્રિ. ઉતાવળે; ઝપાટાબંધ; ઝડપથી.

૩. અ. રપર્ધામા; વાદેવાદે.

વાદોવાદી સ્ત્રી. હરીફાઈ, રપર્ધા; સ્પર્ધાઈ; હોંસાતોંસી; ચડસાચડસી

વાધ ૧. [સં] ન. ચોસઠ માહેની એ નામની એક કળા; વાજિંત્ર વગાડવાની કળા.

૨. ન. ધ્વનિ ઉત્પન્ન કરવાનું યંત્ર; વાજું; વાદ્ય; વાજિંત્ર; વાજિંતર, ગાયનને અંગે વગાડવાનું સાધન. વાદ્યના ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) તતુ, (૨) વિતત, (૩) સુષાર અને (૪) ઘન. આ ચાર પ્રકારમાં તમામ વાદ્યોનો સમાવેશ થઈ જાય છે. તંતુવાદ્ય એટલે તારવાળાં વાદ્યો: તંબૂરો, પંચમ, સારંગી, દિલરુબા, સરોદ, સિતાર વગેરે તતુવાદ્ય છે. તંબૂરો અથવા તાનપૂરા એ જૂનું ક્રમસંગીત માટે બધું ઉપયોગી વાદ્ય ગણાય છે. તેના ગુંજારવથી ગાનારનું સંગીત પ્રભાવશાળી બને છે. તેથી શાસ્ત્રીય સંગીત માટે તંબૂરો સર્વોચ્ચ ગણાય છે. વિતત એટલે ચામડાથી મઢેલાં વાદ્યો. મૃદંગ, ઢોલ, તબલાં, ખંજરી, નગારાં વગેરેનો તેમાં સમાવેશ થાય છે. સુષીરવાદ્ય એટલે ફૂંકથી વગાડી શકાય તેવાં વાદ્યો: વાંસળી, શંખ, પાવા, રણશિંગું, તૂરી, ભેરી વગેરે સુષીરવાદ્યો છે. તે શંખ અધિક પ્રાચીન ગણાય છે. તેમજ વાંસળી અને મુરલી પણ તેટલાંજ પ્રાચીન અને પ્રરાસા પામેલી છે. ઘનવાદ્ય એટલે કાંસું તથા ધાતુની બનાવટનાં વાદ્યો. તેમાં મંજીરાં, કરતાલ, ઝાંઝ, ઘંટ વગેરેનો સમાવેશ થાય છે. તેથી ગીતનું માધુર્ય વધે છે. જમાના જૂના સંગીતવાદ્યો આ પ્રમાણે છે: (૧) આનંદલહરી–રાવણહસ્તો : મજની મદદથી વાગતું આ વાદ્ય રાવણે ઉત્પન્ન કર્યું હતું એમ કહેવાય છે. તે વગાડવું કઠણ છે. (૨) ડમરુ : વિતત જાતના વાદ્યોમાં આદિવાદ્ય ડમરુ છે. તેના ઉત્પાદક મહાદેવજી છે. મૃદંગના બોલો પ્રથમ તેમણે ડમરુમાં વગાડેલા. ડમરુમાં તેમણે સવા લાખ મહોરા ઉત્પન્ન કરેલા. (૩) મૃદંગ–પખવાજ : ડમરુ ઉપરથી આ વાદ્ય મહાદેવજીએ બનાવ્યું છે. તેનો આકાર લંબગોળ છે. આ વાદ્ય વગાડવું બહુજ મુશ્કેલ છે સાહીવાળી બાજુ તે માદા અને સાદી બાજુ તે નર. આ પ્રમાણે તેના બે ભાગનાં નામ છે. (૪) ઢક્ક : લાકડાની પટ્ટી લગભગ સાત ઇંચ પહોળી ગોળ વાળી તેના ઉપર ચામડું મઢવામાં આવે છે. જમણા હાથનાં આંગળાં તથા દંડીથી આ વાદ્ય વાને છે. મુસલમાનો ધાર્મિક પ્રસંગે અને ભરવાડી લોકો હોળીના પ્રસંગે આનો વિશેષ ઉપયોગ કરે છે. (૫) ત્રૈલોક્યપુત્રી–મોરલી: મદારી લોકો આ વાદ્ય વગાડી સાપને તેના અવાજથી મસ્ત કરે છે (૬) સરસ્વતી : લાકડાની જુદી જુદી સાત છિદ્રો પાડી આંગળીના ભાગ ઉપર વાંસની પટ્ટીઓ બનાવી આ વાદ્ય વગાડાય છે. નાની સરસ્વતી ને સુંદરી કહે છે (૭) નકુલરેખ : આ વાદ્યની રચના શંખ ઉપરથી કરેલી છે. ગળા ઉપર બે ધાતુની ખૂંટણીઓ રાખી ઘોરીનસ ઉપર મૂકી દિલની અંદર લાવીથી આ વાદ્ય બહુજ મહેનતે વાગે છે. (૮) ભાસ્તરરેખ : લાકડાની ચીપો સ્વર પ્રમાણે કાપી લાકડાની મદદથી વાગે છે રાજપ્રમોદસૂત્રમાં નીચેનાં વાદ્યોનો ઉલ્લેખ કર્યો છે: પણવ, પટહ, ઝલ્લા, ઢોલ્લિકા, ઝર્ઝરી, દુદુભિ, મુરજ, મૃદંગ, પર્ણ, આલિંગ, કરતુબ, ગોમુખી, મર્દલ, ત્રિપત્રી, વલ્લકી, ભ્રામરી, ઝામરી, પરિવાદિની, ચર્ચસા, સુઘોષા, નંદીઘોષા, મહતી, કચ્છપી, ચિત્રવીણા, આમોદ, મોમેખા, નકુલ, તૂણ, તુમ્બવીણા, મુકુંદ, કુપુક, ત્રિવિધી, કરટી, ગિમિણ, ડિંડિમ, કડાદંબરક, દર્દરિકા, કુસલ, કલશિકાતલ, તાલ, કાસ્યતાલ, રિંગિસિકા, મર્ગારિકા, શુરુમાત્રિકા, વંશ, વાલી, વેણ, પરિલી, બહુકા, પરિશિતા, મદલ, કૃકવ, કમાલા, કાહલ, તાલિમા, બસી, શંખ

૩. ન. વાજિંત્રનો અવાજ.

વાદ્યકર [સં] પું. વાજિંત્ર વગાડનાર પુરુષ.

વાદ્યકલા જુઓ વાદ્યકળા.

વાદ્યકળા સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક કળા; વાદનકળા; વાજું વગાડવાની કળા.

વાદ્યતંતુ [સં.] પું. વાગી શકે તેવો તંતુ

વાદ્યતંત્રી [સં] સ્ત્રી. તંતુવાળું વાજિંત્ર

વાદ્યમંડળ [સં.] ન. વાદ્યો વગાડતી ટોળી; જુદાં જુદાં વાદ્ય વગાડનારી મંડળી, 'બેન્ડ'.

> શૃંગ, ડમરુ, શંખ, ભેરી અને જમણા આ પાંચ અંગો પ્રાચીન સમયમાં વાદ્યમંડળ બનતું હતું. નરસિંહરાવ

વાદ્યરાજ [સં.] પું. મોટામાં મોટું અને સૌથી શક્તિશાળી વાદ્ય.

વાદ્યવાદન [સ] ન. (સંગીત) કોઈપણ જાતનું વાજિંત્ર વગાડવું તે

વાદ્યવૃંદ [સ.] ન. (સંગીત) સંગીતનાં જુદાં જુદાં વાદ્યો વગાડનાર મંડળી, 'ઓરકેસ્ટ્રા'. તેમાં ખાસ કરીને તંતુવાદ્યો અગત્યનો ભાગ ભજવે છે. આશરે ૧૭મી સદીની શરૂઆતમાં ઈટલિ અને ફ્રાંસના દેશોમાં વાદ્યવૃંદનો ઉપયોગ નાટકીય સંગીત સાથે થતો હતો વાદ્યસંગીત ધીમે ધીમે કલાની એક સાખા તરીકે વિકાસ પામ્યું અને અત્યારે ખાસ કરીને સંગીતના બીજા બધા રૂપોમાં, વાદ્યવૃંદનું સ્થાન ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું છે પહેલેથાના વખતમાં વાયોલિન એ વાદ્યવૃંદનું ખાસ મુખ્ય અંગ હતું તેનું સ્થાન વાદ્યવૃંદમા હાલ પણ અનોખું જ છે

વાદ્યસાજો [સ] પું (સંગીત) વાજિંત્રનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર માણસ

વાધ [સં. વૃધ્ (વધવું)] સ્ત્રી. વધવું તે.

વાધણ જુઓ વાઘણ

વાધણી સ્ત્રી. અગ્નિને આવતી હેડકી, વાધણ; અટકી. જેમ જેમ વાધણી આવે છે તેમ તેમ અગ્નિ વધુ બળે છે એમ મનાય છે. ઉદરપટલ અનિચ્છાથી એકદમ સંકોચાય છે એટલે એકદમ શ્વાસ લેવાની જરૂર પડે છે પણ ગળાની બારી બંધ થઈ જવાને લીધે આ શ્વાસને અટકાયત થાય છે એટલે તે જોરથી અવાજ કરે છે. જરૂરના રસમ, હેરકાર અથવા તેના કોઈ ભાગમાં કંઈ દુઃખ થવાથી આ ક્રિયા થાય છે.

વાધર ૧ સ્ત્રી વણવાની શાળમાં જે નાડા જેવા પાતળી દોરી વાધરકાડી સાથે બધાવને તાણાને ચેચા રાખે તે.

૨. સ્ત્રી. વાઘરી; વાધરડી; ચામડાની સાંકડી પટ્ટી કે દોરી

> વંત્રની અસ્થિમાં હોલાના બીજા વડે અથવા ચામડાની વાધર વડે મઢીને દૃઢ કરવી. રા.જ્ઞાનકોશ

વાધરકાઠી સ્ત્રી વણવાની શાળામાં જેમાં તાણો બંધાય તે લાકડાની પટ્ટી.

વાધરડી (વાધરડો) સ્ત્રી. લીલા તાજા ચામડાની પટ્ટી, સાટ કે દોરી

વાધરી સ્ત્રી. વાધરડી; ખાટ બાંધવાની દોરી; ચામડાની સાંકડી પટ્ટી.

> વાધરી સારુ ભેંસ મારવી = નજીવી ચીજ માટે બહુ પ્રયત્ન કરવો.

વાધવું ૧. અ ક્રિ. આગળ જવું; ધસવું, આગળ ધપવું

૨. અ. ક્રિ. ફલવાનું, સૌભાગ્ય કે સારું થવું.

૩. અ ક્રિ. ગમવું; વધુ પડતું બનવું.
૪ અ ક્રિ. ચરવું, બનવું
૫ અ. ક્રિ. વધવું
અમેરુ જ્ઞાન જો વાપ્યું ઘટવું અક્ષર જ્ઞાન તો
મમમ ધર્મ જો વાડ્યો પડ્યા ગામજનો નીચા
ગાંધીમીતા
૬. અ. ક્રિ વાધી જવું; મરી જવું. નાના બચ્ચા માટે વપરાય છે. જેમકે, બાળક વાધી ગયું
૭. અ. ક્રિ. સિધાવવું.
અમીરો બોડીલો બનને નાથ ! વાધો પ્યે મહાદેવ
નાનાલાલ
૮. અ. ક્રિ. કર્મથી કુલી જવું.

વાચિતનિષ્પત્તિ [સં.] સ્ત્રી ફરજિયાત નિર્ણય: ધ.ખનિર્ણય

વાધીસંઘાત જી જમી રહ્યા પછી થાળીમા પડી રહેલો ખોરાક

વાનુષિક વિ. બાજખોર માણસ; બાજથી આજીવિકા ચલાવનાર માણસ

વાપુ સ્ત્રી. નૌકા; વહાણ

વાપૂકવું (વાપૂકવું) જુઓ વાપૂકવું.

વાપૂકું વિ આકરું; કારણવિના વચ્ચે આવતું; વ.પૂકવું; નકામું, ફાલતુ.

વાપુસ ૧. [સં.] પું. એક ગોત્રકાર ઋષિનુ નામ.
૨. ન અઢાર મહાપુ.ઓ પૈકીનુ એ નામનુ મુખ્ય ગ્રંથસૂત્ર.

વાપ્યનિર્ણય જુઓ વાચિતનિષ્પત્તિ

વાપ્યવી ન મિત્રયુગ ગોત્રનુ એ નામનુ એક પ્રવર

વાન ૧. પું. હનિયર કે બારીબારણાના દેખાવના આગળની સપાટી. બંદરના આગળની સપાટી ઉપર બને કહેવાય છે
૨. પુ. મોટી ભરતી
૩. પુ. વહાણ
૪ પું. શરીર; દેહ.
વરવર મુજ વાન. પ્રેમાનંદ
૫ [સ] પુ. શરીરનો રંગ કે વર્ણ
૧ વાન વળવો = શરીરનો રંગ બદલાઈ જવો; કાળાશથી પોળા થઈ જવું.
૨ સોળે વાન અને વીસે વાન = સોળ વર્ષે બુદ્ધિ આવી જાય અને વીસ વરસ સુધીમાં શરીરનો રંગ નક્કી થઈ જાય છે
૬. સ્ત્રી ટાંકણી ઊખડી ગયેલી કે કાટેલી ચામડી.
૭. ન. કાળો રંગ બનાવવાનુ હીરાકસી, મહુડા વગેરેનુ મિશ્રણ
૮ ન. ગતિ
૯. ન. ગતિ; ગમન.
૧૦ ન. ગાડી; વાહન.
૧૧ ન ઝરણી જીતમાં છિદ્ર.
૧૨ ન. તપખીર.
૧૩. ન. પાણીમાં કૂદતી વાયુની લહેર.
૧૪. ન. વસ્ત્ર તે.
૧૫ ન. વનનો સમૂહ.
૧૬ ન. વાણો. વસ્ત્રવામાં ઊભા તંતુઓ તાન કહેવાય છે અને આડા તંતુઓ વાન કહેવાય છે.
૧૭ ન [illegible]
૧૮. ન હરણનો બાળો.
૧૯ ન સાદડી
૨૦ ન સુવર્ણ
૨૧. ન સુવર્ણ
૨૨ [illegible]
૨૩ ન. મૌક્તિક.
૨૪ વિ વસ્ત્ર, વસ્ત્ર સમજવું
૨૫. વિ શબ્દને છેડે વાળુના અર્થમા લાગતા શબ્દ જેમકે, ધનવાન.
૨૬ વિ સુકાયેલું

વાનકર ૧. પું. રંગ કરનાર માણસ.
૨. પુ વણકર.

વાનકી જુઓ વાનગી

વાનગી ૧. [સં. વર્ણિકા] સ્ત્રી. કોઈ સારી ચીજ વાપરી નામનાં નિશાની દાખલ રાખી મોકલો થોડો ભાગ; ચોટી ને સારી નવાઈની ચીજ
૨. સ્ત્રી. નમનો; માનભો

વાનચિત્ર પુ. જુદા જુદા રંગનો ચેનનો ચાળણો

વાનડ (વાનડ) જુઓ વાનડ.

વાનપ્રસ્થ ૧. [સં.] પું. આર્યોના ચાર આશ્રમો એ નામનો ત્રીજો આશ્રમ; બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ સારી રીતે માણી લીધા પછી ઘરમાં જરૂરી રહેવાની સ્થિતિ પ્રાપ્તાપ્તાદિક સ્વીકારે છે તે. આ આશ્રમમાં ગૃહસ્થ ૪૦ વર્ષ ઉમર થયા બાદ ઘરબારનો કારભાર પોતાના પુત્રને સોંપી જંગલમા જઈ રહે છે ને પ્રભુ ભક્તિ કરે છે. વાનપ્રસ્થના ચાર ભેદ છે: વૈખાનસ, વાલખિલ્ય, ઔદુમ્બર અને ફેનપ વૈખાનસ-ખેડ્યા વિના પાકેલા ધાન્ય વગેરે ઉપર આજીવિકા કરનારા હોય છે. વાલખિલ્ય—નવું અન્ન મળતાં જ પ્રથમ સંગ્રહ કરેલ અન્નનો ત્યાગ કરી દે છે. ઔદુમ્બર—સંવારમા ઊઠીને જે દિશા તરફ જુએ છે તે દિશામાથી આણેલાં ફળ વગેરે ઉપર આજીવિકા કરે છે. ફેનપ પોતાની મેળે પડેલાં ફળો ઉપર જીવે છે.
૨. પું એ નામે એક વનૌષધિ મહુડો.
૩. પું. ઘડપણને કારણે પેન્શન લઈ નોકરીમાંથી છૂટો થયેલ નોકરિયાત.
૪. ન. આખરો
૫ વિ નિવૃત્ત; એકાંતવાસી; વાનપ્રસ્થાશ્રમમાં ગયેલું
૬ વિ ઘડપણને કારણે પેન્શન લઈ નોકરીમ થી છૂટું થયેલું.

વાનપ્રસ્થધર્મ [સં] પું. વાનપ્રસ્થનો ધર્મ તેમાં બ્રહ્મચર્ય પાળવું, ભૂમિ ઉપર સૂવું, જટા રાખવી, મૃગચર્મ ધારણ કરવું, અગ્નિહોત્ર અને સ્નાન કરવું, દેવતા, પિતૃ અને અતિથિની પૂજા કરવી અને વન્ય આહાર કરવો એ પ્રમાણે વાનપ્રસ્થધર્મ કોટિક્રમે બતાવેલ છે

વાનપ્રસ્થાશ્રમ જુઓ વાનપ્રસ્થ ૧.

વાનપ્રસ્થાશ્રમી ૧. [સં.] પું. જેણે વાનપ્રસ્થ સ્વીકૃત કર્યો છે તે
૨. વિ. એકાંતવાસી; લાગી

વાનપ્રસ્થી જુઓ વાનપ્રસ્થાશ્રમી.

વાનપ્રસ્થ્ય [સં.] ન ગૃહસ્થાશ્રમ પછીનો ત્રીજો આશ્રમ. તેમાં માણસ વનમાં રહી સન્યાસની તૈયારી કરે છે.

વાનર ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્તિ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ, ૨૮ લઘુ મળી ૩૮ વર્ણની ૪૮ માત્રા હોય છે.
૨. પું. વન માણસ.
૩. પું. વાદરો, કપિ, મ.ખૂસના આકારનું પણ પૂછડાવાળુ વાણી રહિત અર્ધ જંગલી પ્રાણી; મર્કટ; માંકડુ.
કપિ રાજાધમ, બલિમુખ, કીરાજાવત્ર, લાંગૂર,
વાનર કરમા નાળિયર દેત વિધાતા ફૂર.
પિંગળસૂત્રોધ
૪ સ્ત્રી. દક્ષપ્રજાપતિની દક્ષિણ બાજુએ વસતી. એક જાતની પ્રજા એ પ્રજા સામાન્યરૂપ રીતે ઠીક સુધરેલી હતી. તેઓ વાનર કહેવાતા તેનું કારણ એવું હશે કે તેમનું સાંકેતિક ચિહ્ન વાદરો હતુ. તેઓ વાનરને પોતાનો ઇષ્ટદેવ માનતા.
૫. સ વાનરને મળતું કાળા અને પોળા ટપકાવાળું એક પક્ષી. તે ઉતરપિંડીના ક્રમમા લોસિયાર હોય છે આ પક્ષીની એક ખાસ આમિયત એ છે કે, તે ચળકતી વસ્તુઓને ઉપાડી લે છે આ ગુણનો લાભ લઈને શિકારીમાં એક બીજાને અટવા એક પક્ષીને લોટલીમાંથી ઝવેરાત ઉપાડી લાવતા શીખવ્યુ હતુ.

વાનરચેષ્ટા સ] સ્ત્રી. અડપલા, ચાદવાં કરવાં તે; વાંદરા-ના જેવા ચાળા કરવાં તે; વાંદરચેષ્ટા; નકલ કરવી તે; ફાંતિયા કરવા તે

વાનરદળ ન વાનરોની ફોજ; વાનરસેના

વાનરદૃષ્ટિ ૧ [સ.] સ્ત્રી. ખૂબ તપાસવું તે; જોઈ જોઈ કરવું તે; નિરીક્ષા કરવી તે; તપાસી તપાસીને જોવું તે.

૨. સ્ત્રી. ડોકિયાં કરવાં તે; છાનામાના જોવું તે.

વાનરપુચ્છ પું. હિમાલયમા આવેલા એ નામની પર્વતમાળા. તેમાંથી જમના નદી નીકળે છે.

વાનર પ્રાયુતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ અહીં તવા અથવા તપા નદીનો સગમ થાય છે. શોભા અત્યત રમણીય છે. નર્મદા પ્રવાગમા સ્નાન્ય છે કે: પ્રયાગરાજના પ્રવાગમના સગમ સમાન અહીંનું માહાત્મ્ય છે. ચદ્રગ્રહણ, સૂર્યગ્રહણ વગેરે બધા પર્વોમાં અને કાર્તિક પૂર્ણિમાને દિવસે સ્નાન દાનનું અહીં મોટું માહાત્મ્ય છે.

વાનરબાધ [સ.] પું. પોતે બાળક છે એટલી જ માત્ર સમજ.

વાનરમાતા સ્ત્રી. વાદરી.

વાનરમુખ [સં.] ન. નાળિયેર.

વાનરમુખી વિ સ્ત્રી વાંદરાના મોઢા જેવી.

વાનરરૂપધારી [સ. વાનરરૂપધારિન્] વિ. વાનરનું રૂપ ધારણ કરનાર.

વાનરવર્ય ૧. [સ.] પું. હનુમાન.

૨. વિ વાનરોમાં શ્રેષ્ઠ.

વાનરવાહિની સ્ત્રી વાંદરાઓની સેના.

> સુગ્રીવે રામનું કાર્ય કરવાના હેતુથી વાનરવાહિની સજ્જ કરવાની આજ્ઞા આપી છે. પુસ્તત્ત્વ

વાનરવેડાળા સ્ત્રી. બાળલાળા.

> વાનરલાળનો શબ્દપ્રયોગ આજની વાનરસેના ઉપરથી છે. વાનરલાળા શબ્દ નથી બનતો બાળલાલાને માટે ખૂબ બંધબેસતો પણ છે. વિશ્વપત્રિકા

વાનરસેના જુઓ વાનરસૈન્ય.

વાનરસૈન્ય ૧. [સ] ન. કપિઓનું સૈન્ય; જેની ધ્વજા ઉપર હનુમાનનું ચિત્ર છે તેવું લશ્કર

૨. ન છોકરાઓની સેના કે સમૂહ.

૩. ન. રામની વાંદરાંની સેના.

વાનરિયું વિ વાંદરાના જેવું.

વાનરી ૧. સ્ત્રી. એક જાતનો વેલો. તેના પાન વાલોળના પાનનાં જેવા ત્રેખડા હોય છે પાન ૮થી ૯ ઇંચ સુધી લાબા હોય છે ફળ ખારવું કરનારી સળી એક ફૂટ લાબી હોય છે. તે પર એક પછી એક ફલગીની પેઠે બહુ ફલ આવે છે. તેને બે ઇંચથી ચાર ઇંચ લાબી રેખાવાળી વળેલી શીંગ થાય છે. શીંગનાં રેખાને અડવાથી ચળ આવે છે.

૨. સ્ત્રી કૌંચા; એક જાતની વનસ્પતિ.

૩. [સં.] સ્ત્રી વાદરી; વાનરની માદા.

૪. વિ. વાનરને લગતું.

> ઘટ્ટજિન્નું દુ:ખ મન ધરી,
> રાય ધ્યાં પીરે સેના **વાનરી**. પ્રેમાનંદ

વાનરીઓધા ન. એક પ્રકારનું ઘાસ. આ ઘાસ ભાદવાળી જમીન પર છૂટુછવાયું ઊગે છે. તે એકાદ વેત ઊચું થાય છે. તેની મંજરી ઘણી ચકચકિત અને ખરસટ હોય છે. બીજું હોય ત્યારે ઢોર ખાય છે. તે તબકામા બરાબર જામ એવું હોય છે.

વાનરેંદ્ર ૧. [સં] પું સમૂહ; વાનરોનો રાજા

૨. પું. હનુમાન.

વાનવા પું. ઝાલાની પૂરી, ઘાઘરા

વાનવું વિ. જાગવી; ચાની

વાનવો પું વરઘ્યાને પીઠી ચોળે તે દિવસે ચણા કે મઠના ઝોટના નાના ઘાઘરા કે પૂરી વહેંચાય છે તે.

વાનસ્પતિક વિ. વનસ્પતિને લગતું; વનસ્પતિ સબધી

વાનસ્પત્ય ૧. [સં] પું. જેના પુષ્પમાથી ફળ ઉત્પન્ન થાય તેવું ઝાડ. જેમકે, આબો.

૨. વિ. આળસુ; કેવળ ખાનપાનમાં જ રત રહેનાર તથા સર્વ બુદ્ધિના અંશોથી કે ભાવોથી હીન સત્ત્વવાળું

૩. વિ. વનસ્પતિનું; વનસ્પતિવાળું.

વાના ૧. [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. સ્ત્રી. સારું ફળ; જેવો.

વાનાયુ ૧. [સં.] પું. અરબસ્તાન દેશ

૨. પું. ઘોડો કરવો.

વાનાયુજ [સં.] પું. અરબસ્તાની ઘોડો.

વાનાયુજા [સં.] સ્ત્રી. અરબસ્તાની ઘોડી.

વાનાવિક [સ.] પું. વૈમાનિક.

વાનાંભાતર ન. ચીજ; વસ્તુ

વાનિકી [સં] સ્ત્રી. વનવિદ્યા.

વાનિયાવવું સ. ક્રિ. અનાજને સળી ન જાય તેમ ચાળી મુદ્દત સુધી જળવી રાખવા સારુ રાખ પારો વગેરે વસ્તુ તેમાં ભેળવવી.

વાનિયાવેલ વિ ચાંખી મુદ્દત સુધી ન સળે તેમ રાખી મૂકવા માટે રાખ અને પારો મિશ્રણ કરેલ ચાની નાખીને તૈયાર કરેલ અનાજ માટે વપરાય છે.

વાની ૧. સ્ત્રી. એક જાતની ઝુમખી મીઠી જુવાર.

૨. સ્ત્રી કુંભાર લોકો વાસણ રંગવામાં વાપરે તે રાતી માટી

૩. સ્ત્રી. ચિતાની રાખ; મરેલ-ની રાખોડી કે ક્ષાર; મઢદાની રાખ.

> વાની ઢારવી-વધેરવી-વાળવી = બળ્યા પછી ત્રીજે દિવસે ચિતાની રાખને નદીમાં નાખી દાટી વાળવી કે ઠારવી.

૪. સ્ત્રી. ચીજ; વસ્તુ; જણસ

૫. સ્ત્રી. જાત; નમનો; પ્રકાર, વાનગી.

વાનીર ૧. [સં.] પું. નેતર; પાણીમા થતું ખરું જેવું ઘાસ

૨ પું. વજુલવૃક્ષ.

વાનીરક [સ.] પું. મુંજ ઘાસ

વાનું ૧. ન. ચેષ્ટા; ક્રિયા

૨. ન. કપડાના વણન; વાફપ્રવાહ.

૩. ન. મરણ દિવસ, બનાવ કે સમય.

> ઢાંચાં વાનાં = બોડા દિવસ; દુકો સમય.

૪. ન. રીત; પ્રકાર; જાત.

૫. ન. વસ્તુ; ચીજ; જણસ

> ૧. બધાં વાનાં કરવાં = (૧) કપડો આપવો. (૨) બરદાસ કરવી (૩) બધુ રીતે સમજાવવુ.
> ૨. સારાં વાના = સારું ફળ; સારું કામ,
> ૩. સૌ સારા વાનાં થવાં = બધું હેમખેમ પાર ઊતરવુ.

૬. ન. વાત; ખાબત; શબ્દ.

૭. ન. સમજૂતી આપવી તે; વિનવવું તે; આજીજી; આગ્રહ; વિનતિ.

વાનેડુ (વાનેડું) વિ. જાતીગણ; જાતવાળું.

વાનેય [સ.] ન. એ નામની એક વનૌષધિ કેવળીમોથ

વાનો ૧. [સં.] પું. એક જાતનો સુગંધીદાર પદાર્થ.

૨. પું. બહેનું ચેપલું; વિવાહમાં લગ્ન પ્રસગે મોકલ સિવાય બહેનના ઝોટની તળેલી પૂરી.

૩. પું. જુદી જુદી જાતના રંગ બનાવવાને જે જે રંગનું મિશ્રણ કરવામાં આવે છે તે.

૪ પું. લેપ; ખરડ; પીઠી.

> ૧. વાનાનાં વડાં = પીઠીને દિવસે વરપક્ષ તરફથી અપાતી વડેસરી.
> ૨ વાને ચાલવું-વાનો ચાલવો-દેવો = (૧) લગક્રિયામાં વરકન્યાને નહાવાનું કરાવવાનો

વિધિ કરવો (૨) વિવાહાદિકની દીક્ષા આપવી; પીઠી ચોળવી.

૩ વાને બેસાડવુ = વર તથા કન્યાએ પરણવાને આગલે દિવસે પાછળ ઊભેલી પાંચ સ્ત્રીઓને પોતાના હાથથી . કર્યા બાદ ફળફળાદિ આપવાં.

૪. વાનો પીઠી = મોસાળથી પીઠી ચોળવા આવે તે.

વાન્ત [સ] વિ. ઊલટી કરાવેલી

વાન્તિ [સં.] સ્ત્રી. ઊલટી; ઓકારી.

વાપ ૧. [સ] પું. મુંડન.

૨. પું. વપવું તે.

૩. પું. વાવણી.

વાપદેવ પું પ્રાચીન ત્રીસ માંહેનો એ નામનો એક દિવસ

વાપન ૧. [સ] ન. વાવણી કરાવવી તે

૨. ન. હજામત.

વાપર ૧. પું ઉપયોગ.

૨. [સં. વ્યા.પરણ; અપ. વાવરણ] પું. અપ; વપરાશ; ભોગવટો.

૩ પું. અર્થ; વપરાવું તે; અર્થ થઈ જવુ તે.

વાપરઅવેજ પું વીમાનો હપ્તો.

વાપરણ ન. વાપરનાર તાત્કાલિક ઉપભોગ માટે વાપરે તે માલ, આવા માલને ઉપભોગનો કે વપરાશનો માલ અથવા વાપરણ કહેવાય છે. જેમકે, પહેરવાનાં લૂગડાં.

વાપરનાર વિ. માલનો ઉપભોગ કરનાર, ' કન્ઝ્યુમર '

માલ વાપરનારને માલનો ઉપભોગ કરનાર કે વાપરનાર કહે છે. અર્થશાસ્ત્રની પરિભાષા

વાપરવું ૧. સ. ક્રિ. ઉપયોગ કરવો; કામે લગાડવુ; ઉપયોગમાં લેવુ, ભોગવટો કે ઉપભોગ કરવો.

૨. સ. ક્રિ. ખર્ચવુ; વાવરવુ.

૩. સ. ક્રિ. ભોગવવુ; નું સેવન કરવુ

વાપરે ખાપરે = વાપરે એની કોલત; ભોગવે તે ભાગ્યશાળી

વાપરહક પુ. પડોશહક.

વાપસ [ફા.] અ. પાછુ; ફરીથી; બદલામાં, પરત

વાપસ કરવુ–દેવુ = પાછુ કરવું કે મોકલવુ.

વાપસી ૧. [ફા] સ્ત્રી. પાછું આવવું તે.

૨. સ્ત્રી મોકૂફનામુ; રાજીનામુ, પાછુ મેલી દેવું તે.

વાપસી ટિકિટ [સિં. વાપસી ટિકટ] સ્ત્રી જતા આવતાની ટિકિટ; 'રિટર્ન ટિકિટ.'

વાપાતળું વિ આરીક; ઝીણુ.

વાપિ જુઓ વાપી.

વાપિકા જુઓ વાપી.

વાપિત ૧. પું એક જાતની પ્રજા

શૂદ્ર સ્ત્રી અને ક્ષત્રિય પુરુષથી દોષવંત ઉત્પન્ન થાય છે. દોષવંત સ્ત્રી બ્રાહ્મણ પુરુષદ્વારા વાપિતને ધારણ કરે છે. સુત સંહિતા

૨. ન. એક જાતનું ધાન્ય.

૩. વિ. મૂંડેલ

૪ વિ વાવેલુ.

વાપિસ જુઓ વાપસ.

વાપી ૧. સ્ત્રી કૂડ.

સ.ળકા હાથની સંભાઈવાળો અને પહોળાઈમા તેના બેટલો અથવા તેથી ઓછો જે જળપ્રદેશ તે વાપી કહેવાય છે. ભગવતી આચારત

૨. [સં] સ્ત્રી. નાનું તળાવ; તળાવડી

જ્ઞાતારાધોત્સર્ગોત્તર નામના પુસ્તક પ્રમાણે ચારે દિશાએ ૧૩૦ હાથથી ઓછી નહિ તેવી અને સોળ હજાર હાથથી વધુ લાંબી પહોળી નહિ તેવી જે બનાવવામાં આવે તે વાપી કે તળાવડી કહેવાય છે

૩. સ્ત્રી. વાવ; વાવડી, પગથિયે પગથિયે અંદર ઊતરાય તેવો ખડ પાડેલો લંબાકૃતિ કૂવો

૪ વિ દોરનાર.

વાપીસ્નાન [સં.] ન. કૂવામાં સ્નાન કરવું તે.

વાપુંબા જુઓ વાપુબા.

વાપુંબા ન. એ નામની વનસ્પતિનાં ફળ. વાપુંબા એ એક વનસ્પતિનાં ફળ નીચેની બીજી પતરીઓ છે. બાળકોના ઓસડમાં વાપુંબા બહુ કામ આવે છે. સાધારણ રીતે બાળકોના પેટમા કૃમિ પડયાં હોય ત્યારે વાવડિંગ અને વાપુંબા અપાય છે. તેથી પેટપીડ શાંત થાય છે ને બાળકોની જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. તે વાતહર, રોપક અને બ્રાહી તરીકે ઊલટી, ચૂક, અરુચિ, પેટનો દુઃખાવો, વાયુ, કરમ વગેરેમાં બીજી દવાઓ સાથે ચૂર્ણ અને ક્વાથમાં અપાય છે

વાફેલ ૧. વિ. ખોટું બોલનાર.

૨. [વા (પવન) + ફેર (ફરવું તે)] પું. પવનની પેઠે ફરી જનાર; વાયલ.

વાફેર [અ.] વિ. પુષ્કળ.

વાફેર અ. જરાતરા; જરાક.

વાફો ૧. પું. બાધો; બીજમાંથી અંકુર ફુટાડવા માટે બીને ભાઠ આપવાને બનાવેલી ભાતર અને માટીવાળી પોચી જમીન; બીજ ફણગાવવા ને બનાવેલો પોચો ક્યારો

૨. પુ. વાડીમાં ધરુ કરવા તૈયાર કરેલો ક્યારો.

વાબર પું. અતિસાર.

વાબરતું [ફા. વાબસ્તા (બંધાયેલુ)] વિ. સગું; સબંધી; સ્નેહી; ઓળખીતુ.

વાબારિયું જુઓ વાબારું.

વાબારું ન હવા ઓજવાળુ આવે તેવુ બનિયું; બારું; હવાબારી; 'વેન્ટિલેટર'.

વાભરખુ ૧. પું. સર્પ, નાગ.

૨. વિ. વા ખાનાર; વા ઉપર નિર્વાહ કરનાર.

વામણું વિ. ઓછુ બીનું; સહેજ બીનું.

વામ ૧. પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમા ૭ માત્રા હોય છે. ત્રીજી અને છઠ્ઠી માત્રા લઘુ હોય છે. તેમા ૧ અને ૪ માત્રાએ તાલ આવે છે.

૨. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માધવિકા; મકરંદ; વામા; મંજરી તે સરકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત જગણ અને ગગણ મળી એકવીસ અક્ષર હોય છે.

૩. [સ.] પું. કામદેવ

૪. પું. નિષિદ્ધ કાર્ય.

૫. પું. મહાદેવ; શિવ.

મંગળકર હર શ્રીકર સરિકર સંજ્ઞા વામ,
ઉર્ધ્વ કંઠ શિવ ભીમ અજ આર્ય કામરિપુ નામ.
પિંગળપ્રકાશ

૬. પુ. વરુણ.

૭ પું. વામમાર્ગ; તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ અને વેદાચારવિરુદ્ધ મદ્યપાનાદિ આચારવાળો અવળો માર્ગ.

૮. પું. સર્પ; નાગ.

૯. પું. સ્તન.

૧૦. સ્ત્રી. એક જાતની માછલી. તે મીઠા પાણીમાં રહે છે.

૧૧. સ્ત્રી. માપોને ભોલાવવા ભરવાડ લોકો જે એકજ સૂરથી અવાજ કરે છે તે.

૧૨. સ્ત્રી બે હાથ પહોળા કરી તે સાથે છાતીનો ઉપલો ભાગ મેળવતાં જે લંબાઈ થાય તે; આશરે ત્રણ ગજ; ૭ ફૂટ જેટલી લંબાઈનુ માપ; વાંભ

વામ ભરવી = વામથી માપવુ.

૧૩. [સં. વામા] સ્ત્રી. વામા; સ્ત્રી.

સ્ત્રી નારી વનિતા વધૂ લલના લાયતી વામ,
અબળા ભામા અંગના પ્રેમદા કાંતા વામ.
પિંગળપ્રકાશ

૧૪. ન. એક જાતનું શાક.

૧૫. ન. ડાબું અંગ.

૧૬. ન. ધન.

૧૭. વિ. અધમ, નીચ.

૧૮. વિ. આડું; અવળું; ઊલટું; વિરુદ્ધ; પ્રતિકૂલ; વિપરીત.

૧૯. વિ. ટૂંકુ

૨૦ વિ ડાબી બાજુએ આવેલું. ડાબું.

૨૧. વિ મનોહર; સુંદર.

વામ કુટિલ અને વામ સિવ વામ કામ કર વામ વામ મનોહર મૂર્તિ બે સોએ સુંદર વામ. પિંગળપ્રકાશ

૨૨. વિ. વક્ર; વાંકું; કુટિલ.

વામ વક્ર, કુંચિત, કુટિલ, દેઢી ભોંયની આખ લાલ પ્રભાતે કમળ પર ભમર ઉપાડત પાખ. પિંગળપ્રકાશ

વામક ૧ [સં.] વિ. ડાબું

૨. વિ. વાતિકારક; ઓકારે તેવું; ઊબકી કરાવે તેવું.

૩. વિ વિરુદ્ધ; ઊલટું

વામકર્ણરેફ પું. (યોગ) દ્રતપૌતિના પાંચ માંહેનો એ નામનો એક ભેદ. જમણા હાથની તર્જની કે અનામિકા વડે બંને કર્ણરંધ્રોને ક્રમથી સારી રીતે બંધ કરવાથી કર્ણરંધ્રધ્વનિ થાય છે. આ ક્રિયા સતત કરવાથી નાદનું અનુસંધાન થાય છે.

વામકુક્ષિ ૧. [સં વામ + કુક્ષિ (કુખ)] સ્ત્રી જમ્યા બાદ ડાબે પડખે સૂવું તે.

વામકુક્ષિ કરવી = જમીને ડાબે પડખે સૂવું

૨. સ્ત્રી. પત્ની; વહુ, સ્ત્રી; અર્ધાંગના.

વામગમન [સં] ન ડાબી બાજુએ ચાલવું તે.

વામચતુર્થાંશ પદ્માસન [સં.] ન. યોગશાસ્ત્રમાં પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એ નામનું એક આસન

વામચતુર્થાંશ પાદાસન [સં.] ન. યોગના ચોરાશી માંહેનું એક આસન: ડાબા પગની પિંડી ઢાંચણ તેવી રીતે જમણા પગનો નળો ભરાવીને બેસવું તે. આ આસને બેસવાથી ઊંઘ આવતી નથી અને આલસ્ય તથા અપાન વાયુ દૂર થાય છે.

વામજાન્વાસન ન. યોગનાં ચોરાસી માંહેનું એક આસન. ડાબા પગની પાની ડાબા ઢંચરાના મધ્યભાગને અડાડી તે પગ આડો રાખવો અને જમણા પગનું ઢીંચણ ડાબા પગના ઢીંચણ ઉપર રાખી, તે પગની પાની ડાબા ઢંચરાને અડાડી બેસવું તેને વામજાન્વાસન કહેવાય છે

વામજાનુપૃષ્ઠનમ્રાંસ [સ.] પું. (યોગ) પોતાની એક અને માયુ ડાબા હાથ જણી સારી રીતે નમાવીને બેસવું તે.

વામજ્યેષ્ઠ [સ.] ન. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

વામણ પું (પિંગળ) એક પ્રચલિત ગીતિ માત્રામેળ છંદ. તે ૨૬૬૬ ગીતિનો એક ભેદ છે તેને ચારણ પણ કહે છે. તેમાં ૨૨ ગુરુ અને ૨૦ લઘુ મળી ૪૨ વર્ણની ૬૪ માત્રા હોય છે

વામણું (વામણું) વિ. ઠીંગણું; ટૂંકું; નાના કદનું; વામણું.

વામણી સ્ત્રી. ભારને કારણે વહાણ ડૂબવાની ધારતી લાગેથી જરૂર પડે તેટલો માલ દરિયામાં ફેંકી દેવો પડે છે તે.

વામણું [સં. વામન] વિ. બેઢબ નીચું; ઠીંગણું; ટૂંકા કદનું; નીચું; ઠીંગરાઈ ગયેલું; પૂરેપૂરું નહિ વધેલું.

વામતર્કાસન [સં.] ન. યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એક આસન. ડાબા હાથનો પંજો જમણા કાનની ઉપર મસ્તકને અડાડીને, તે હાથને તે જ પડખાના ખોડાણ પર રાખી, તેની બાજી કોણ નમાવી બેસવું તે જમણા પગને આડો રાખી તેના પર જમણો હાથ રાખવો તે વામતર્કાસન કહેવાય છે

વામતા ૧. સ્ત્રી. અધમપણું; અધમતા; હલકાઈ, નીચપણું.

૨. સ્ત્રી. અવળાઈ; આડાઈ; પ્રતિકૂલપણું.

૩. સ્ત્રી. ડાબાપણું.

૪. સ્ત્રી. લા

વામ ત્રિકોણાસન [સં.] ન. યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એ નામનું એક આસન. ઊભડક બેસી જમણા પગની પાની ડાબા ઢંચરાને અડાડીને તે ઢીંચણ પર ડાબો હાથ રાખી, તે હાથનો પંજા મસ્તકને અડાડવો અને જમણા પગની પાની જમણા ઢંચરાને અડાડી તેને નમતો રાખી તે પર જમણો હાથ રાખવો તે વામત્રિકોણાસન કહેવાય છે

વામદક્ષિણપાર્શ્વાસનમનાસન [સં.] ન. યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એ નામનું એક આસન. જમણા પગનું ઢીંચણ જમણા પગની બગલમાં રાખી, તે બાજી બાર દઈ ડાબો પગ ઢીંચણથી વાળી, તેની એડી ડાબા ઢંચરાને અડાડી, મુદ્રા અંદર રાખી બેસવું તે વામપાર્શ્વાસનમનાસન કહેવાય છે આ આસને બેસવાથી ડાબી નાસિકામાંથી શ્વાસનું આવાગમન થવા માંડે છે ડાબા પગનું ઢીંચણ ડાબા હાથની બગલમાં રાખી, ઉપર કહેલ છે તેથી ઊલટી રીતે ડાબી બાજી બાર દઈ બેસવું તે દક્ષિણપાર્શ્વાસનમનાસન કહેવાય છે. આ આસને બેસવાથી જમણી નાસિકામાંથી શ્વાસનું આવાગમન થવા લાગે છે.

વામદેવ ૧. [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ.

૨. પું. એ નામનો જન્મ સમાવવાનો મંત્ર.

વામદેવ મંત્રથી જન્મ મુહૂર્તમાં સમાવવો. ભગવતી લાગવત

વામન ૧. [સં.] પું. અંકોટ વૃક્ષ.

૨. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. ગણપ્રસ્તારે પ્રકરણમાં આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૧૩૨ લઘુ મળી ૧૪૪ વર્ણની ૧૫૬ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક

૩. પું. (પુરાણ) કુશદ્વીપમાનો સાતમો વર્ષ, એ નામનો કુશદ્વીપનો એક ખંડ.

વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત વિવિક્ત અને વામદેવ એ સાત કુશદ્વીપના ખંડ છે. ભગવતી લાગવત

૪. પું. ગાયત્રીના ચોવીસ ઋષિનો એ નામનો એક ઋષિ.

૫. પું. (પુરાણ) ગૌતમાંગિરસ ગોત્રનો એક ઋષિ

૬ પું. દશરથ રાજાના એક મંત્રીનું નામ.

૭. પું. દશરથના બે ભાંજાનો એ નામનો એક ઋત્વિજ.

૮. પું. પુરાણાનુસાર ભાદરવા સુદના ત્રીજ માંહેનો એ નામનો ત્રીજો દિવસ

૯. પું. (પુરાણ) પ્રિયવ્રત હિરણ્યરેતાના સાત માંહેનો એ નામનો એક પુત્ર.

૧૦. પું. ભાવન માંહેનો એ નામનો એક જ્વરરિમદેવતા

૧૧. પું. મહાદેવ; શિવ; શંકર; શંભુ; મહેશ્વર.

૧૨ પું. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં ઋત્વિજ તરીકેના સોળ માંહેનો એ નામનો એક ઋષિ.

૧૩. પું. રામચંદ્રના આઠ માંહેનો એ નામનો એક ધર્મશાસ્ત્રી

૧૪ પું. (પુરાણ) શાકમલીદ્વીપ માંહેનો એ નામનો એક પર્વત.

સરસ, શતશૃંગ, વામદેવ, કપિલ, કુમુદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ એ નામના શાકમલીદ્વીપના સાત પર્વતો છે. ભગવતી લાગવત

૧૫. પું. શિવપંચાનન માંહેની એક મૂર્તિ.

૧૬ પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૧૭ પું. સામવેદનો એક ઋષિ.

૧૮. પું. (પુરાણ) હિરણ્યરેતાના પુત્ર વામદેવનો દેશ

૧૯. ન. (પુરાણ) ગૌતમાંગિરસ ગોત્રના ઋષિનું કુળ

વામદેવી ૧. [સં.] સ્ત્રી (પુરાણ) ઋચ્યની ભાર્યા

૨. સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માંહેની એ નામની એક શક્તિ.

૩. [સ] સ્ત્રી દુર્ગા.

૪. સ્ત્રી સાવિત્રી.

વામન ૧. [સં.] પું. અંકોટ વૃક્ષ.

૨. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. ગણપ્રસ્તારે પ્રકરણમાં આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૧૩૨ લઘુ મળી ૧૪૪ વર્ણની ૧૫૬ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક

માત્રામેળ છંદ. ને ગ.હિની કુંડલિની છંદનો એક ભેદ છે તેમાં ૫ ગુરુ અને ૧૪૮ લઘુ મળી ૧૫૩ વર્ણની ૧૫૮ માત્રા હોય છે

૪. પુ. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે રસકિલ્લોલ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૧૮ લઘુ મળી ૩૭ વર્ણની ૫૬ માત્રા હોય છે.

૫. પુ (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમા ૩૮ ગુરુ અને ૨૦ લઘુ મળી ૫૮ વર્ણની ૯૬ માત્રા હોય છે.

૬. પુ. (પુરાણ) કદુપુત્રો માહેનો એ નામનો એક નાગ

૭. પુ. કામરાજ નામનો ગ્રંથ લખનાર એ નામનો એક પંડિત.

૮ પુ. કાવ્યાલંકાર સૂત્ર નામના કાવ્યશાસ્ત્રના પુસ્તકનો કર્તા

૯. પું. કાશિક. વૃત્તિકાર એક પંડિત

૧૦ પુ. ક્રૌંચદ્વીપનો એક પર્વત.

૧૧ પું. (પુરાણ) ગરુડ પુત્ર

૧૨ પું (પુરાણ) ચાક્ષુ મન્વંતરના સાતમા યજ્ઞમાં ત્રેતાયુગમાં ઇંદ્રને સહાય કરવા માટે કશ્યપથી અદિતિની કૂખે અવેલો વિષ્ણુના દશ માહેનો પાંચમો અવતાર. જુઓ વામનાવતાર

૧૩. [સ.] પુ. ઠીંગણો માણસ; વામનજી, વામનમૂર્તિ

૧૪. પુ. દક્ષિણ દિશાના લોકપાલ યમનો ઐરાવત; દક્ષિણ દિશાનો દિગ્ગજ.

૧૫. પું. હરીનો શિષ્ય.

> વામન જે હરીનો શિષ્ય તે પહેલા જ જયપીઠનો પ્રમુખ હતો. પુરાવૃત્ત

૧૬. પું. (પુરાણ) દક્ષપ્રજાપતિ રામના યજ્ઞ માહેનો એક ઋત્વિજ.

૧૭. પું. પીરીનીઝ પર્વત; પન્દરમાં આરંભનો એક પર્વત.

૧૮. પું ઋગ્વેદના ચારે માહેનો એ નામનો એક ઋષી

> તે લોમાહર્ષ પર્વતની ઉપર અખિલ જગતના ગુરુ બ્રહ્મદેવે સર્વ લોકની ઉત્પત્તિના આધારભૂત એવા અગ્નિ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર હોમ ચાર દિશાઓને વિષે રાખેલા છે. પુરુષોત્તમ ગીતા

૧૯. પુ ઘુરચ્યો માણસ.

૨૦ પું. વિષ્ણુના દશાવતાર માહેનુ એક નામ.

૨૧ પુ આકરણ ઉપર શિવાનુશાસન નામનો ગ્રંથ લખનાર એક મધ્યકાલીન પંડિત.

૨૨. પુ. શિવ

૨૩. પુ સૂર્ય

૨૪. પુ હાથીની એક જાત. જેનુ શરીર ઠીંગણુ અને અરસટ હોય, કોર્મ વખતે મદ ઝરે, ખોરાકને લાયક જ જળયુક્ત રહે, બહુ જળ નહિ પીનાર, લમણામાં ગાઢા કુંવાડાવાળો, દાંત ટટપડાં હોય, નખા કાન અને પૂછડુ ટૂંકા હોય તે લાયો વામન કહેવાય.

૨૫. ન. અઢાર માહેનુ એ નામનુ એક પુરાણ

૨૬ ન ચડકો નહીંમા ચતુ એ નામનુ એક ચક્ર. જે ચક્રમા બે ચક્ર અને નવા મેખ સરખો ચાલુ હોય, અહત નાનું હોય અને નાભા જેવી રેખા નહિ હોય તે વામન નામનુ રૂપ કહેવાશે.

જ્યોતષી જાનવર

૨૭. ન. (જૈન) છ માહેનુ એ નામનુ પાંચમુ સઠાણ. કુબ્જ સઠાણથી વિપરીત લક્ષણવાળુ શરીરનુ સઠાણ.

૨૮. ન દક્ષાવતારી નાટકના પાત્રની જાત

૨૯. વિ ઠીંગણું, ટૂંકુ; નીચુ; ઊંચુ નહિ તે

૩૦. વિ નીચ,

વામનક ૧. પુ. ક્રૌંચદ્વીપના એક પવત.

૨. પુ. મહાભારતમાં જણાવેલો એક પવત.

૩. [સ] ન મહાભારતમા જણાવેલુ એક પ્રાચીન નગર

વામનકથા [સ.] સ્ત્રી. દંતકથા.

વામનજયંતિ ૧. પુ પન્દરા નીચા ક્રમનો પુરુષ; ઠીંગ .. પુરુષ

૨ [સ] સ્ત્રી. ભાદરવા સુદિ બારસ; વામન દ્વાદશી, વામન અવતારનો દિવસ

વામનજી પુ. બટુક રૂપ ધારણ કરેલ ભગવાનનુ નામ; ભગવાનના ચોવીસ માહેના એ નામનો પાચમો અવતાર.

વામનતા [સ.] સ્ત્ર ઠીંગણપણુ

વામનતત્વ [સ.] ન. ઠીંગણપણું

વામનદેહી [સ. વામનદેહિન્] સ્ત્ર. ઠીંગણુ.

વામનદ્વાદશ જુઓ વામનદ્વાદશી

વામનદ્વાદશી [સ] સ્ત્રી ભાદરવા સુદિ બારસ; વામનજયંતિ, ભગવાને વામન સ્વરૂપ ધારણ કરી બલિરાજા પાસેથી સર્વસ્વ ગ્રહણ કરી દેવ અને લોકોને તેના ભયથી મુક્ત કરવાને માટે અવતાર લીધો તે દિવસ.

વામનદ્વાદશી વ્રત [સં.] ન એ નામનુ એક વ્રત; ભાદરવા મહિનાની શુક્લ બારસે પાળવામા આવતુ વ્રત

વામનપુર [સ] ન વડનગર.

> પાંચ શ્રેષ્ઠમા વામનપુરમાં (વડનગરમા) મહારાણા શ્રી ઓકવસિટસ્યુત મૈત્રકવિદેવના વખતમાં તુરુષ્ક લોકે સાથે લડાઈમા ખપી ગયેલા કેટલાક યાદ્ધાઓની મૂર્તિઓ નોંધ કરેલી છે. પુરાવૃત્ત

વામનપુરાણ [સ] ન. અઢાર મહાપુરાણ માહેનુ એ નામનુ એક પુરાણ. બ્રહ્માના છ માહેનુ એ નામનુ પાંચમુ પુરાણ. તેમાં દશ હજાર શ્લોક છે

વામનબારશ જુઓ વામનદ્વાદશી

વામનમૂર્તિ ૧. [સ] સ્ત્રી ઠીંગણો પુરુષ

૨ જા. વિષ્ણુનો પાંચમો અવતાર

વામનયણી ૧. સ્ત્રી. સુંદર આંખ ધરાવનાર સ્ત્રી, વામલોચની; દેખાવડી સ્ત્રી.

> વિવાહ પહેલાં વામનયણી પુખપોયાએ પડે. જાતિપ્રથા

૨ વિ સ્ત્રી સુંદર નયનવાળી

વામનરૂપ ૧ વિ કદમા નાનુ, ઠીંગણુ

૨ ન વામનનુ રૂપ ધારણ કરવુ

વામનસ્થલી સ્ત્રી જૂનાગઢ પાસેના વથળીનુ પ્રાચીન નામ; વથળી આ ગામ પણ જૂનુ છે. મહાભારતમા તેનો વામનતીર્થ કહ્યું છે. ત્યા વામનનુ મંદિર છે. પાંચમી સદી દરમિયાન તે ગામ ઉપરકોટનુ મુખ્ય શહેર હતુ

વામનસ્થલી જુઓ વામનસ્થલી.

વામના ૧ સ્ત્રી (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી દિક્પાલની સ્ત્રી

વામનાવતાર [સ.] પુ. વામન રૂપે વિષ્ણુનો પાંચમો અવતાર. વૈવસ્વતયુગમા બલિ નામનો એક દૈત્ય રાજા પોતાના તપ અને ભક્તિને યોગે ત્રિલોકનુ રાજ્ય મેળવી શક્યો હતો. તેની આકરી દેવોની પદવી ઝૂંટવી ગઈ હતી અને દેવો શક્તિ રહિત બની રહ્યા હતા. દેવોનું પદ ફરીથી તેમને પ્રાપ્ત થાય અને દૈત્યો ચઢી ન આવે એ હેતુથી વિષ્ણુ ભગવાને કશ્યપ થકી અદિતિની કૂખે એક નાના ઠીંગણા સ્વરૂપે જન્મ લીધો. બલિ યજ્ઞપદને માટે સોમો યજ્ઞ કરતો હતો ત્યારે ત્રણકાળના સંપૂર્ણ જ્ઞાનવાળો આ વામન તેને ત્યાં આવ્યો બલિરાજે તેનો સત્કાર કરી કાંઈ માગવાનું કહ્યું. સંકલ્પ કરીને મારા હાથમા જળ મૂક એમ વામને કહ્યું. દૈત્ય ગુરુ શુક્રાચાર્યે બલિને ઘણો વાર્યો પણ બલિ કહે કે ના, બ્રાહ્મણને તો હું ના શબ્દ નહિ જ કહું અને જે માગશે તે આપીશ વામને માત્ર ત્રણ ડગલા જમીન આપ એમ કહેતા જ રાજા સંકલ્પ કરીને પાણી આપવા જતો હતો, પણ બ્રાહ્મણાર્થે તપોબળવડે નાળચામાંથી પાણી પડવા ન દીધું વામને ડાભીના નાળચામાં દર્ભની સળી મોખરે જોડી શુક્રાચાર્યની એક આંખ ફૂટી અને તે કાણો થયા. પરિણામે બલિએ સંકલ્પ કરીને વામનના હાથમા જળ મૂક્યું. જળ

મૂકતાં જ વિષ્ણુએ વિરાટરૂપ ધારણ કર્યું. એક પગલે પૃથ્વી અને બીજે પગલે આકાશ માપી લીધું. પછી માગ્યું કે, ત્રીજું પગલું ક્યાં મૂકું ? વચનથી બંધાયેલા બલિએ કહ્યું કે, મારા પોતાના મ.થ. ઉપર મૂકો વામને ત્રીજું પગલું તેને માથે મૂકી તેને છેક પાતાળમાં દાબી દીધો બલિ સદ્‌ગુણી અને ભક્તિવાન હોવાથી તેને પાતાળનું રાજ્ય આપ્યું. એના વચનપ્રતિપાલકત્વથી ખુશી થઈને વામને એને વરદાન માગવ.ને કહ્યું. બલિએ કહ્યું કે, આપ મારે ત્યાં દર વખત પધારતા રહો. આથી વિષ્ણુ દેવપોઢી અગિયારશથી દેવદિવાળી અગિયારશ સુધી દર વર્ષે પાતાળમાં જઈ બલિદ્વારે દ્વારપાળ તરીકે રહે છે.

વામની ૧. [સં.] સ્ત્રી. એક યોનિરોગ.
૨. સ્ત્રી ઘોડી
૩. સ્ત્રી. ઠીંગણી સ્ત્રી

વામનેત્રા ૧. સ્ત્રી દેખાવડી સ્ત્રી; સુંદર સ્ત્રી.
૨ [સં. વામ (સુંદર) + નેત્ર (આંખ)] વિ. સ્ત્રી. વામનયણી, વામાક્ષી.

વામનૌકિ સ્ત્રી. યોગની એક ક્રિયા. તેમાં સહેજ ઢળતાં ઊભા રહી પેટનો ફક્ત ડાબી તરફનો નળ આગળ પડતો રખાય છે.

વામપાદાસન [સ.] ન. યોગનાં ચોરાશી આસનોનું એક આસન. તેમાં જમણા પગ ઉપર ડાબો પગ એવી રીતે રાખવો કે જમણો પગ સીધો ઊભો રહે અને જમણો હાથ જમણા પગ તરફ રહે ને ડાબો પગ ડાબા તરફ રહે

વામપાદઙ્ગુષ્ઠાનામનાસન [સ.] ન. યોગશાસ્ત્રમાં પ્રાણાયામ માટેનાં ૮૪ આસનોનું એક નામનું એક આસન. ડાબા પગને ઢીંચણથી વાળીને તે પગનો કરવો જમણા સાથળના મૂળમાં ભરાવવો ને પાનીને પેટમાં નાખિને પડખે ભરાવીને બેસવું તે.

વામપાદત્રિકોણાસન [સં] ન. યોગશાસ્ત્રમાં પ્રાણાયામ માટેનાં ચોરાશી આસનોનું એક નામનું એક આસન. જમણા પગની પાનીથી સીવની દબાય એમ બેસીને ડાબા પગના પંજાને ડાબા ઢગરાથી આસરે એક હાથને છેટે રાખી જોરને અડાડવા તે.

વામપાદપીડાસન [સ.] ન. યોગના ચોરાશી આસનોનું એક આસન. ડાબો પગ મુઢાની નીચે રાખી જમણો પગ ઢીંચણથી વાળી તેની પાની ઢગરાને અડાડીને બેસવું તે

વામપાદપવનમુક્તાસન [સ.] ન. યોગનાં ચોરાશી આસનોનું એક આસન. ડાબા પગની પાની ડાબા ઢગરાને અડાડીને એ ગોઠણની આસપાસ અદ્ધર ભીડવી ને જમણો પગ આડો રાખીને તેનું તળિયું ડાબા પગના ઢગરાને અડાડીને બેસવું તે.

વામપાદપીડાસન [સ.] ન. યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણાયામ માટેનાં ચોરાશી આસનોનું એક નામનું એક આસન

વામપાદપીડાસન [સ.] ન. યોગનાં ચોરાશી આસનોનું એક નામનું એક આસન. બેસીને ડાબો પગ માથા ઉપર ચડાવવો તે

વામપાદાસન [સં] ન યોગશાસ્ત્રમાં પ્રાણાયામ માટેનાં ચોરાશી આસનોનું એક નામનું એક આસન. જમણો પગ પૂર્વ બેઠકે જે જણી આપવું મોં હોય તે જણી સાંબો કરી ડાબે પગે ઊભા રહેવું તે.

વામપાર્શ્વ [સં.] ન. ડાબું પડખું

વામબૂહ વિ. (વહાલવહું) વાળ ઓળે તેટલું.

વામમુખાસન ૧. [સં] ન. એ નામનું એક આસન. ડાબા હાથને કોણીથી વાળી, તે કોણી ભોંયે અડાડી, તે હાથનો પંજો માથે લગાડી, તે પર કેહનો ભાર દઈ નમીને બેસવું અને ડાબા પગ ઉપર જમણો પગ રાખી દૃષ્ટિયાં વાળવાં ને તે ઉપર જમણો હાથ રાખવો તે
૨. ન યોગના ચોરાશી આસનોનું એક નામનું એક આસન. બેસીને ડાબા ખભા ઉપર ડાબા પગને અડાડીને પછી ભોંચી પકડવી તે.

વામમાર્ગ [સં.] પું. તંત્રમાર્ગ; શાક્ત સંપ્રદાય; શક્તિ પૂજનનો એક માર્ગ; શૈવમતનો એક ફાંટો. શક્તિનો સાચો ઉપાસક પરદ્રવ્ય, પરદારા, પરાપવાદથી વિમુખ હોય, સમભી હોય વામમાર્ગનો સાચો અધિકારી તે જ હોઈ શકે કે જે જિતેંદ્રિય હોય.

વામમાર્ગી ૧. [સં.] વિ વામમાર્ગ વિધિથી દેવીનું પૂજન કરે તે; પંચ મકાર એટલે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુનનો ભોક્તા, વેદમાર્ગથી ઊલટા સંપ્રદાયને માને તે; શાક્ત, વામ.ચારી; અપસમાગી
૨. વિ. વામમાર્ગનું કે તેને લગતું આર્યધર્મ નીતિથી ઊલટી રીતનું; વામસંપ્રદાયનું

વામમુક્તાસન [સ.] ન. પ્રાણાયામ માટેના ચોરાશી આસનોનું એક નામનું એક આસન.

વામલોચન ૧. [સં.] ન કુદૃષ્ટિ
૨. ન. ડાબી આંખ.

વામલોચના ૧. સ્ત્રી. સુંદર નેત્રવાળી સ્ત્રી; સુંદર કે દેખાવડી સ્ત્રી
૨ વિ સ્ત્રી. વાંકાં લોચનવાળી; વાંકી દૃષ્ટિવાળી.

વામલોચની જુઓ વામલોચના.

વામવહાસન [સ.] ન. યોગનાં ચોરાશી આસનોનું એક નામનું એક આસન. જમણા પગને ગોઠણથી ત્રાસો વાળવો અને ડાબા પગનો ઢીંચણ જમણા પગના ઢીંચણથી એક વેંત છેટે રાખી તે પગનો નળો જમણા પગના પંજા ઉપર રાખવો તે.

વામવટના ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ, બે તગણ, અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

વામવટના રમો આ જ વા તા ન ગી.

દલપતિંગળ

૨ [સ.] સ્ત્રી. સુંદર મુખવાળી સ્ત્રી.

વામવસુ ૧. [સં] પું ઉત્તર દિશાનો સૂર્ય.
૨ સ્ત્રી. મનોહર સ્ત્રી

વન લે વસી જે મન વામવસુ. **કેમાનંદ**

વામવું ૧. અ. ક્રિ. અટકવું; વિરામવું.

નિરહારી દેહી કેસા વિરામે વિષયો, પ્રા
રહ રહે; વસે વામે પ્રાણના અહર્દશે.

કવિનીલ

૨. અ. ક્રિ. ઓછું થવું; ઘટવું.
૩. અ. ક્રિ. અટવું; રમી જવું
૪. [સં. વમ્] સ ક્રિ. ઊલટી કરવી.
૫. અ. ક્રિ. ઓછું કરવું; ઘટાડવું.
૬. અ. ક્રિ. તજવું; છોડી દેવું.
૭. સ ક્રિ. બાર ઓળે કરવા ફેંકી દેવું; તોફાનને વખતે વહાણને હળવું કરવા માલ દરિયામાં ફેંકી દેવો; કમી કરવું; બહાર નાખી દેવું.
૮. અ. ક્રિ. અટકાવવું; દૂર કરવું; ટાળવું.
૯. અ. ક્રિ. મનની વાત કહી દેવી; વિચાર જણાવવો
૧૦. અ. ક્રિ. સમજાવવું.

વામવૃક્ક ન. ડાબું મૂત્રપિંડ; પ્રીહા નીચે ડાબી બાજુએ આવેલું મૂત્રાશય; ડાબો ગુરદો

વામશંખાસન [સં.] ન. યોગશાસ્ત્રમાં પ્રાણાયામ માટેના ચોરાશી આસનોનું એક નામનું એક આસન.

વામશાખાસન [સ.] ન યોગના ચોરાશી આસનોનું એક આસન. ડાબા પગની પાની જમણા સાથળના મૂળમાં ને તે પગનો ઢંચો જમણા પગની પિંડી ઉપર રાખીને બેસવું તે

વામશીલ ૧ [સં] પુ ક્રમદેવનું એક નામ.
૨. વિ. અવળા વર્તનવાળું

વામપાર્શ્વસંગમનાસન [સ] ન યોગશાસ્ત્રમાં પ્રાણાયામનાં ચોરાસી માંહેનું એ નામનું એક આસન. જમણા પગનુ ઢીંચણ જમણા હાથની કાખલીમાં રાખી તે બણી ભાર દઈ ડાબો પગ ઢીંચણથી વાળી તેની એડી ડાબા ઢગરાને અડાડી ગુદા અધર રાખી બેસવુ તે. આ આસને બેસવાથી ડાબી નાસિકામાંથી શ્વાસોચ્છ્વાસનું આવવુ જવુ થવા લાગે છે

વામસિદ્ધાસન [સ.] ન. યોગનાં ચોરાશી મહેનુ એક આસન. ડાબા પગની પાની સીવની એટલે બેસણીમાં ભરાવી જમણો પગ લાબો કરીને બેસવુ તે.

વામહસ્ત [સ.] પું. ડાબો હાથ.

વામહસ્તચતુષ્કોણાસન [સં.] ન. યોગના ચોરાશી માહેનું એક આસન. ડાબા પગને ઘૂટણથી વાળી બેસવું અને પછી ડાબા પગના પજાને ડાબા પગની કોણીમાં લગાડીને જમણા હાથની આગળીઓ પરસ્પર ભિડાવવી તે

વામહસ્તભયંકરાસન [સ.] ન. યોગના ચોરાશી માહેનું એક આસન. ડાબા હાથને ઊંચો રાખી પલાઠી વાળીને બેસવુ તે.

વામહસ્તમુષ્ટ્યાસન [સ.] ન. યોગનાં ચોરાશી માહેનુ એક આસન. બેસીને ડાબા ખભા ઉપર ડાબા પગને ચડાવીને પછી ડાબે હાથે બોચી પકડવી તે.

વામા ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને માધવિકા છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં સાત જગણ અને ગગણ મળી ૨૪ અક્ષર થાય છે જુઓ માધવિકા.

૨. પું. (પિંગળ) એ નામે દશ અક્ષરનો એક અક્ષરમેળ છદ; સુપ્રભા. તેના દરેક ચરણમાં તગણ, યગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે

૩. સ્ત્રી. અક્ષોભ નામના રાજાની રાણી; જૈન ધર્મના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથની મા.

૪ સ્ત્રી. અવળચડી સ્ત્રી; ઊલટા આચરણવાળી સ્ત્રી

૫ સ્ત્રી. દુર્ગા દેવી; પાર્વતી

૬. સ્ત્રી. શ્રાવન માહેની એ નામની એક જલરશ્મિદેવતા.

૭. સ્ત્રી લક્ષ્મી.

૮. સ્ત્રી. વાડલ નામનું ઝાડ.

રવાથી વાડલ ફૂલ રહ્યા વામા રવામા નામ.
અણપરખા મહુ કુતિકા વાડલ કરતી પ્રણામ.
પિંગલપ્રકાશ

૯. સ્ત્રી. સરસ્વતી.

૧૦. સ્ત્રી સુંદર સ્ત્રી.

૧૧ [સ વામ (ડાબું શરીર)] સ્ત્રી. નારી, અર્ધાંગના.

વામાક પું. તળાવના આસપાસનો પ્રદેશ; રેવતી નદીના દક્ષિણ કાઠાનો ભાગ; વાલાક્ષેત્ર.

વામાક્ષી ૧ સ્ત્રી દીર્ઘ ઈકાર.

૨. સ્ત્રી સુંદર નેત્રવાળી સ્ત્રી

વામાચાર [સ વામ + આચાર] પું. વેદ વિરુદ્ધ આચાર; તત્રશાસ્ત્રપ્રસિદ્ધ મદ્યમાસસેવનરૂપ આચાર વામમાર્ગ

વામાચારી વિ. વામમાર્ગી

વામાચાર્ય પું. વામમાર્ગના આચાર્ય.

વામાટામા પું. ન ક. અનિશ્ચયમા કે સશયમાં પડ્યા માણસો તું; અહીતા; હા ના; આનાકાની, તનતનપલ્લ, ઢ કામ કરવામા આળસ કરી આનાકાની બતાવવા કરેલુ તે

વામાટામા મારવા = સકલાંતકલા કે આનાકાની કરવા

વામાપીડન (વામાપીડન) પું. પીડનું ઝાડ

વામાર્ધપદ્માસન [સ.] ન. યોગનું એ નામનુ એક આસન. તે ડાબા પગનુ ઢીંચણ વાળી જમણા સાથળ ઉપર રાખીને જમણા પગનો ઢચુકો ડાબા ઢીંચણની પાસે પૃથ્વી ઉપર રાખીને કરી શકાય છે.

વામાર્ધપાદાસન [સ.] ન. યોગનું એ નામનુ એક આસન. ડાબા પગની પિંડી દબાય એવી રીતે તે પગને જમણા પગના સાથળ ઉપર રાખી, જમણા પગની પાની જમણા ઢગરાને અડાડીને બેસવાથી તે આસન કરી શકાય છે.

વામાવર્ત [સં.] પું શંખના બે માહેનો એક પ્રકારે. રાખ બે જાતના થાય છે. દક્ષિણાવર્ત અને વામાવર્ત. જમણી બાજુના શંખને દક્ષિણાવર્ત અને ડાબી બાજુના શંખને વામાવર્ત કહે છે. દક્ષિણાવર્ત રાખ મળવા બહુ મુશ્કેલ છે

વામાસન [સ.] ન. યોગનું એ નામનું એક આસન. આ આસન કરતી વખતે પલાઠી વાળીને બેસવુ પરતુ પગના પંજા પ્રત્યેક જાંઘથી દબાવવા અને બને હાથ પેટ ઉપર રાખવા

વામાંગ ૧ [સ.] સ્ત્રી. પત્ની; ધણીનું ડાબું અંગ; ધણિયાણી

૨ ન. ડાબુ અંગ; શરીરની ડાબી બાજુ

વામાંગના જુઓ વામાંગ

વામાંગ પ્રાણાયામ [સ] પું. એક જાતનો પ્રાણાયામ; નાડીશોધક પ્રાણાયામ

વામાંગુષ્ઠાસન [સં] ન. યોગનુ એ નામનુ એક આસન. ડાબો પગ ઢીંચણથી વાળી તે પગના ફણા ઉપર ભાર દઈને બેસવુ અને જમણા પગની પાની જમણા ઢગરાને અડાડી તે ચોક્કસ વિસ્તાર ઊંચો ઉપાડી રાખીને કરી શકાય છે.

વામાંઢામાં ન. ક. વ. જુઓ વામાટામા.

વામિક વિ વામમાર્ગી.

વામિકા ૧ સ્ત્રી. રેંટ ચકલીની ડાબી બાજુથી જમણી તરફ જવાની ગતિ.

૨. સ્ત્રી. (શિલ્પ) દોઢી.

વામિયાં ન ક. વ. તરવામાં વામ ભરવી તે.

વામિયોતારો પું. વામ ભરીને તરવાની રીત.

વામી ૧. પું. કુમાર્ગી માણસ

૨ પું. ખચ્ચર.

૩. સ્ત્રી. ઊંટડી.

૪. [સં.] સ્ત્રી. ગધેડી.

૫. સ્ત્રી. ઘોડી.

૬. સ્ત્રી. શિવાળરી.

૭. સ્ત્રી. હાથણી.

૮. વિ. નાસ્તિક

૯. વિ. વામમાર્ગી, વામમાર્ગનુ અનુયાયી; વેદ વિરુદ્ધ નીતિના સંપ્રદાયને માનનાર.

વામીમંડળ ન. વામમાર્ગના અનુયાયીનું મંડળ.

વામીસંપ્રદાય પું. વેદ વિરુદ્ધ એ નામનો એક સંપ્રદાય; વામમાર્ગ.

વામૂઢ વિ. અતિ મૂર્ખ

વામેક્ષુજ સ્ત્રી. એક જાતની ખાંડ. શેરડીની ખાંડમા પાણી નાખી તેનો આયો કરવામાં આવે છે, પછી તે પાણી ચૂસી જઈ વામેક્ષુજ નામની ખાંડ બનવાય છે. વળી મધ, પક્ષિઓ ફળ વગેરેમાં પુષ્કળ જથ્થામાં માલમ પડતી એક જાતની રસદાર ખાંડ તે વામેક્ષુજ કહેવાય છે.

વામેતર [સ વામ (ડાબુ) + ઇતર (બીજુ)] વિ. ડાબાથી બીજુ એટલે જમણુ.

વામૈયું ન તરતી વખતે બે હાથ પહોળા ને લાંબા કરી વારા ફરતી આગળ પાછળ કરવા તે.

વામોપચાર પું. મેલી વિદ્યા; 'બ્લૅક મેજિક'.

વામોરુ [સં. વામ (સુદર) + ઊરુ (સાથળ)] સ્ત્રી. સુંદર સાથળવાળી એટલે રૂપાળી સ્ત્રી.

વામોરૂ જુઓ વામોરુ.

વાય ૧. પું. વધુવુ તે.

૨. [સ. વાત] પુ. વાયુ; પવન; અનિલ; વા

વાય નાખવો = પવન ઠોળવો; વા નાખવો.

૩. પું. સાધન
૪. સ્ત્રી. ચકરી આવી મૂર્છા આવતો વાકુનો એક રોગ; 'હિસ્ટીરિઆ'.
૫. સ્ત્રી જીત; ફતેહ
૬. અ. કલ્યોપર્યંત
૭. અ ખીજાને હુલાવા કુલાવા કે તિરસ્કારવાને વપરાતો એક શબ્દ.
૮. અ. વાહવાહ.
આમ તેની વાય = બળતરની વાહવાહ છે.
૯. અ. હાય! કેટલાંક બૈરાંઓ કૂટતાં હાયને બદલે વાય શબ્દ વાપરે છે.

વાયક ૧. [સં] પું. વાચનાર; વક્તા.
૨. ન. આજ્ઞા; હુકમ; આદેશ.
૩. ન. ધારણ. અનાજ કે વગેરે વસ્તુ તોળાતી વખતે તોળાટ ચૂકલી વાર તોળાણું તેની સંખ્યાનો આંકડો મોટેથી બોલે છે તેની સાથે આ શબ્દનો ઉપયોગ કરે છે. જેમકે પાંચ, વાયક પાંચ.
૪. ન. વચન; વેણ; વાક્ય; બોલ; કહેવું; શબ્દ; વ.ગે
૫. ન. સકર, સાત, ફીન, વગેરે માલેની એક વર્ણસકર પ્રજા.

વાયકા ૧. સ્ત્રી. અફવા; વાત; જપ.
વાયકા ઊડવી = જપ ચાલવી.
૨. સ્ત્રી. બેજાબદારપણાની જાહેરાત.
વાયકા વગાવી = બેજાબદાર થવી.

વાયક્ય ૧. [સં. વાચક] પું. ઉપાધ્યાય; શાસ્ત્ર વંચાવનાર માણસ.
૨. પું પૂર્વધર; પૂર્વના જાણનાર પુરુષ.

વાયજ ૧. [અ. વાએઝ] પું. ઉપદેશક.
૨. પું. વાયુ
૩. સ્ત્રી. મુસલમાન ધર્મગુરુનું મોઢાનું વ્યાખ્યાન; ઉપદેશ; ભાષણ; ધર્મ સંબંધી મોટેથી કરેલું ભાષણ; પ્રવચન; વ્યાખ્યાન; બોધ
વાયજ કરવી = ધર્મ સંબંધી બોલવું

વાયજી જુઓ વાયજ.

વાયજ્ઞ જુઓ વાયજ

વાયડાઈ (વાયડાઈ) ૧. સ્ત્રી. જળ ઉપરવટની મોટી મોટી વાતો કરવાની પ્રકૃતિ
૨. સ્ત્રી. વાચળાઈ; વાચળાઈપણું
૩. સ્ત્રી. ડોળ; દબ.
૪. સ્ત્રી. પત્તરાજી, બડાઈ; શેખી.
૫. સ્ત્રી. વગર જરૂરનું બોલબોલ કરવું તે.
૬. સ્ત્રી. વાયડા જેવું વર્તન; વાયડાપણું

વાયડાવેડા (વાયડાવેડા) પું. બ. વ. વાયડા જેવું વર્તન

વાયડી (વાયડી) ૧. સ્ત્રી. વાળા, ઝાલની કડી. કબ્જામાં બોલાય છે.
૨. સ્ત્રી. બહુ બોલકી.

વાયડું (વાયડું) ૧. વિ. ડોળા; દબી.
૨. [સં. વાતૂલ. પ્રા. વાઉલ] વિ. (વૈદક) પેટમાં વાયુ ઉત્પન્ન કરે એવું; જેથી પેટમાં વાયુ ગ્રામ, ગડગડ ગ્રામ અને પસ્તાં વાર લાગે તેવું; વાતૂલ
વાયડું પડવું = (૧) ખોટું લાગવું; માઠું લાગવું. (૨) આદી થવી. (૩) આરે પડવું, ધાર્યા કરતાં જવળું પરિણામ આવવું. (૪) વાયુ થવુ
૩. વિ. ગમતી; જિદ્દી; હઠીલું; અણોલું; જક્કી
વાયડું થવું = (૧) દોઢ ડહાપણ ચલાવવું. (૨) હઠીલું કે જિદ્દી થવું; સમજાવ્યું ન સમજતાં આડું ને આડું જ ચાલ્યા કરવું; જક્કી બનવું
૪. વિ. વહેમી
૫. વિ. શેખીખોર; બોલકું; વાચાળ; બડાઈબોલું; વગર જરૂરનું બોલબોલ કરે તેવું; મોટી મોટી જાત ઉપરની વાતો કરનાર; બડાઈ મારનાર; કરવાની શક્તિ હોય તેના કરતાં અનેકગણી વાતોના ઠઠારા કે ફુલારા મારવાની ટેવવાળું.

વાયડેલ (વાયડેલ) વિ. ગાડા જેવું.

વાયક ૧. (સં. ગુ.) પું. વાદ્ય વગાડનાર માણસ.
સાવિર્ઠ રથ ઘોડાના ઘાટ,
ભોટ્ય માયક વાયક્ય ભાટ.
ભાલ્મસમણ
૨. વિ. પવનવેગી.
પામરિયા પતયા પોપડા,
વાયક્ય પરમ સોલાળ. પ્રેમાનંદ

વાયણા ૧. સ્ત્રી ધર્મગ્રંથનું પ્રથમ આવંજન.
૨. [સં. વાચના] સ્ત્રી. ધર્મનું વાચન.

વાયણું ૧. [સં વાજ + અણ] ન. નવાં પરણી આવેલાં વરકન્યાને અથવા સીમંતિનીને અપાતું સગાં તરફનું હોંસનું જમણ; ખુશાલીનું જમણ.
વાયણું જમાડવું = પોતે જમાડવી.
૨ ન નાના સૂપડામાં કંકુની કાજલી, કાંસકી વગેરે સૌભાગ્ય સામગ્રી મૂકી ઓળોઓ દાન કરવું તે.

વાયણો પું. ભોંચીનું એક ઓજાર.

વાયદ પું. વાદક; વાદ્ય વગાડનાર માણસ; જન્નવૈયો

વાયદંડ [સં] પું. (હિંદી) કપડું વણવાનું એક સાધન.

વાયદાખત જુઓ વાયદાચિઠ્ઠી.

વાયદાચિઠ્ઠી સ્ત્રી. લેખિત કરાર; કરારનામું; વચનપત્ર; વાયદાખત; વાયદાપત્ર; અમુક દિવસે વાયદા પ્રમાણે કાંઇ ભરવા બદલ જે ચિઠ્ઠી કે લેખિત વચન આપવામાં આવે તે; વાયદો વાળવા બદલનું લખાણ; અમુક મુદતે પૈસા આપવાની કબૂલતનું લખાણ; 'પ્રોમિસરી નોટ'.

વાયદાપત્ર જુઓ વાયદાચિઠ્ઠી.

વાયદાસર અ. નક્કી કરેલે વખતે જ; મુદત પ્રમાણે, અવધિને દિવસે; મુદતસર; વાયદા પ્રમાણે.

વાયદેબંદી સ્ત્રી. મુદત પ્રમાણે કરવાનો કરાર.

વાયદો ૧. પું. એક મુદત વીતે બીજી, ત્રીજી એમ થયા કરે તે દરેક મુદત.
૧. વાયદા ઉપર વાયદા તેમાં કોણ કાઢે ફાયદા ?—વાયદે જયું તે વાયે ગયું = વાયદાની વાદીમાં કશો ફાયદો નીકળે નહિ.
૨. વાયદે ચડવું = એક પછી એક મુદત મળવી; ટલ્લે ચડવું; મુલતવી રહ્યા કરવું.
૨. પું. કોઈ પણ કામને માટે મુકરર કરેલો વખત; મુદત; અવધિ
૧. અસરતના વાયદા = અરાકય મુદત; ન પાળવા માટે બતાવેલી મુદત; ખોટા વાયદા; અનિશ્ચ લાંબા વાયદા; મુદત આપવી પણ તે કદી પાળવી નહિ તે; તાળવે ગોળ વળગાડવા જેવું વચન.
૨. વાયદો કરવો–બાંધવો = (૧) કન્યા કે વહુને વળાવવાની મુદત નક્કી કરવી. (૨) ભવિષ્યમાં અમુક સમય કરાવવો; વખત મુકરર કરવો; મુદત બાંધવી કે કરાવવી.
૩. વાયદો માળવો = મુદત વટાવવી કે વિતાવવી.
૩. પું. મુદત પર કરવાનું કામ.
૪ [અ. વઅદ] પું. મુદતને માટે આપેલું વચન; તરત કામ ન કરતાં અમુક વખતને માટે આપેલી કબૂલત; કરાર બોલી; પ્રતિજ્ઞા; સંકેત; વદાડ
૫. પું. વેપારમાં અમુક મુદતનો ભાવ કે તે મુદતના ભાવ પ્રમાણે થયેલું કે કરેલું સાટું
૧. વાયદાનો સોદો = અમુક મુદતે અમુક ભાવે માલ લેવાનો સટ્ટાનો વેપાર.
૨. વાયદામાં પડવું = વાયદાના સોદાનો ધંધો કરવો

વાયન ૧. [સં] ન. સારા પ્રસંગે બ્રાહ્મણને મીઠાઈ આપવી તે.
૨. ન. સૂપડામાં ફળ, કંકુ અને કાંસકી મૂકી દાન આપવું તે; વાયણું.
વાયન દાનને વાયે જેવા, હલના રાકે ભૂમિ જોટ.
પ્રેમાનંદ

વાયનદાન ન વાયનનું દાન

વાયનદિન પું. વાયન આપવાનો દિવસ; શ્રાવણી અમાસ.

વાયની સ્ત્રી. એક જાતનું ઝાડ.

વાયપર પું. એક જાતનો ઝેરી સાપ. આ જાતના સાપ વરપ, આફ્રિકા અને એશિઆમાં માલૂમ પડે છે. ખરા વાયપરને ત્રિકોણાકાર ચપટું મસ્તક હોય છે. તેનું શરીર જાડું અને ટૂંકું હોય છે. આ જાતના સાપ દર વર્ષે ઘણાં મરણ ઉપજાવે છે. આફ્રિકામાં આ જાતના સાપને નાનાં શીંગડાં હોય છે.

વાયર [અં.] પું. તાર; તારનું દોરડું; વાળો.
વાયર કરવો = તાર મારફત સંદેશો મોકલવો, તાર કરવો.

વાયરલેસ [અં. વાયર (તાર) + લેસ (વગરનું)] પું. તારના દોરડાનો સંદેશો, ખબર કે તાર

વાયરલેસ ટેલિગ્રાફ [અં.] પું. વગર દોરડાંનો તાર; બિનતારી સંદેશા. આવો સંદેશો તેજની ગતિ જેટલી ઝડપથી સફર કરે છે કાંસથી બોરટ્રેબિઅ સંદેશો જવા માટે હકા $\frac{1}{100}$ સેકંડ લાગે છે.

વાયરલેસ રેડિયોગ્રાફી [અં.] સ્ત્રી "સંદેશા મોકલવાનું દોરડા વગરનું એક સાધન. તેની શોધ ૧૮૯૫માં માર્કોનીએ કરી છે

વાયરું ૧. ન. ખરડિયું; ઘોકે ચોમાસું.
૨. ન. પવનના સુસવાટા
૩. ન. વરસાદ વિનાનું હોવું તે; વરસાદ એક વખત વરસી ફરી વરસવામાં લંબાયું હોય તેવી સ્થિતિ

વાયરો ૧. [સં. વાત; પ્રા. વાય] પું. વાયુ; પવન; વા.
૧. વાયરે ચડવું = (૧) ઊંચી સ્થિતિમાં આવી જતાં ફુલાવું; ખૂબ ખીલવું; લહેરમાં આવવું (૨) કોઈના કહેવાથી ઉશ્કેરાઈ જવું. (૩) ખોળામાં પડવું. (૪) મનસ્વીપણે વિચારોના ઊભરા સાથે ઘૂમવું. (૫) વિચારના તરંગો ઉપર ઊડવું; હવાઈ કિલ્લા બાંધવા.
૨. વાયરે જવું = (૧) ની બાલુમા ઊભા રહેવું. (૨) નો ખોરાકમાં ઉપયોગ કરવો જેમકે, હું કોઈ દિવસ ભાંગને વાયરે જતો નથી. (૩) નો પક્ષ કરવો.
૩. વાયરો ઠાઢવો–ઠાંડી નાખવો = (૧) અધમૂઆ કરી નાખવું. (૨) ખૂબ ધમકાવવું. (૩) ચકમી નાખવું
૪. વાયરો આવો = (૧) દુઃખ જોગવવું. (૨) પવન વાય તેનો ઉપયોગ કરવો. (૩) રાહ જોવા કરવી
૫. વાયરો નીકળવો–નીકળી જવો = (૧) માણસને હોય ત્યાં જવું; દૂત નીકળી જવો (૨) મરણતોલ થઈ જવું
૬. વાયરો વાવો = (૧) તુક્કો ચાલવો. (૨) પવન ફુંકાવો.
૨. પું. સમયની ગતિ, સમયનું વહેણ.
વાયરા વાઈ ચૂક્યા = સુખદુઃખના અનુભવ થઈ જવા

વાયલ ૧. [અં. વૉઇલ] ન. એક જાતનું ઝીણું કાપડ; જાત જાતના રંગનું વાને તરેહનું રેશમી તથા સુતરાઉ કાપડ.
૨. વિ જેને વાયનું દરદ હોય તેવું
૩ વિ તરંગી; વાયા જે વિચારના ઊભરામા આવે તેમ કરનાર; વા આવે કે તુરંગ આવે તેમ વર્તનાર; અંચળ; અનિશ્ચિત વિચારનું, સહેજ વારમાં ફરી જાય એવું, ઢહતા વગરનું, ઉન્મત્ત, ભ્રાન્તચિત્ત; અસ્થિર; ઊડેલ તબિયતનું; કામ કોઠાવા વગરનું; બેજાબાવાળું.
૪ વિ મૂર્ખ
૫. વિ વહેમી
૬. [સ. વાતુલ] વિ વાતુલ; વાતોડિયું; બોલકણું.
૭. વિ. વાવડું

વાયલી જુઓ વાયલ ૩.

વાયવડિંગ (વાયવડિંગ) [હિં. વાયવિડંગ] સ્ત્રી.; ન. વાયવડિંગ; મરી જેવાં ઔષધિનાં બી.

વાયવરણો [સં. વાયુ + વરુણ] પું. એ નામનું એક ઝાડ; વરણો. દક્ષિણમા એનાં પાનનું સાક થાય છે. તે કડવું હોવાથી દૂંગળી સાથે નખાય છે. કોંકણ પ્રાંતમા એનાં ઝાડ ઘણાં થાય છે એનાં પાંદડાં ત્રિલ બીલીનાં પાદડાં જેવાં હોય છે. એ પાંદને એરડાના પાદના જેવુ થાંસુ ડીંડુ હોય છે

વરુણ, વરણ, રેચ, ત્રિકંટકાપ અને કુમારક એ પાંચ પુંલિંગ નામ વાયુવરુણનાં છે.
અમરકોષ

વાયવી ૧. [સ.] સ્ત્રી. પવનનો પ્રદેશ.
૨. સ્ત્રી. વાયવ્ય ખૂણો
૩. સ્ત્રી. વાયુની શક્તિ.
૪. ન. એક જાતનું મોતી. તે કોમળ અને સહ હોય છે.
૫. વિ. ઊડી જાય તેવું
૬ વિ. ચપળ; ચંચળ
૭. વિ વાયવ્ય દિશાનુ, વાયવ્ય દિશાને લગતું; વાયવ્ય દિશામાં થયેલું
૮. વિ વાયુ સંબંધી; વાયુ પરિણામી

વાયવી અંગાર પું. અંગારની એક જાત.

વાયવીમુદ્રા સ્ત્રી. એક પ્રકારની પંચધારણમુદ્રા..

વાયવીય ૧. વિ વાયવ્ય દિશા.નું
૨. વિ. વાયુનુ; વાયુ સબંધી, વાયુને લગતુ

વાયવીયદ્રાવ્ય પું વાતાવરણનુ દ્રવાણુ

વાયવ્ય ૧. સ્ત્રી. ઉત્તર પશ્ચિમ વચ્ચેનો ખૂણો.
૨. ન. એક અસ્ત્રનુ ના.મ.
૩. ન. ભીમનુ એ નામનું એક મનુષ્ય.
૪. ન. વહાણનું પાત્ર.
૫. ન, વાયુપુરાણ.
૬. ન શરીરમાં વહ્યચક્રમાંનુ ચોથુ ચક્ર શૈવતત્રમાં જણાવેલ ૭ ચક્ર આ પ્રમાણે છે: ૫.ગુદ, આધા, નાભસ, ચ.વક્ષ, નાભસ અને માનસ.
૭. [સ.] વિ. ઉત્તર પશ્ચિમ વચ્ચેના ખૂણા સબંધી; ઉત્તર પશ્ચિમ ખૂણાને લગતુ
૮. વિ. વાયુ જેનો દેવ હોય તેવુ.
૯. વિ વાયુ સબંધી.

વાયવ્યકોણ જુઓ વાયવ્ય ૧.

વાયવ્યા ૧ [સ.] સ્ત્રી. વાયવ્ય ખૂણો.
૨. વિ વાયુ જેનો દેવ છે એવુ. તે પશુ વગેરેના અર્થમા વપરાય છે
૩. વિ વાયુરૂપ.

વાયવ્યાસ્ત્ર ૧. ન પવનાસ્ત્ર; વાયવ્ય; વાદળાંને વિખેરનારુ અસ્ત્ર.
૨. ન વિશ્વામિત્રે રામને આપેલ દિવ્ય અમોઘ અસ્ત્રો માહેનુ એક.

વાયસ ૧. પું અગરનું ઝાડ
૨. [સં. વયસ (કાગડો)] પું. કાગડો; કાકપક્ષી; કાગ.
૩. પું. શ્વેતસરલ વૃક્ષ
૪. ન. એક ઝાડમાંથી નીકળતુ ઊડી જાય એવુ તેલ; નખતલ, 'ટર્પેન્ટાઇન '

વાયસતુંડ પુ. એ નામનો જડબાંના હાડમાંનો સાંધો; અધોહનુસંધાન

વાયસકોષ પુ. (કૌન) કાઉસગ્ગ કરતી વખતે કાગડાની માફક ડોળા ફેરવવા તે.

વાયસકાદની સ્ત્રી. માલકાકણી, કાકતુંડી વનસ્પતિ

વાયસાજ્ઞ [સ વાયસ + અજ્ઞ] ન. રાંધેલી રસોઈમાંથી કાગડા માટે જુદો કાઢેલો ભા.ગ; કાગવાશ.

વાયસારાતી પું. ઘુવડ; ઉલૂક

વાયસી ૧. સ્ત્રી કાગડી.
૨. સ્ત્રી. પીલુડી.

૩ સ્ત્રી. મલદ્વારમાંથી; કોઠાદુંબરિકા; કાકમાચી; કે.કજના, કે.કડુડી.

વાયસોલી સ્ત્રી. કાળીક કોલી નામે ઔષધિ.

વાયા પું એક જંગલી છોડ. એનાં પાન રાની લોકો દુકાળમાં ખાય છે

વાયાત ૧ સ્ત્રી ખોટી પતરાજી; આપવડાઈ.
૨ વિ. વગર વિચાર્યું બોલનાર
૩. વિ વાયડું
૪. વિ. વાચાળ.

વાયાતી. ૧ સ્ત્રી છેડગાઠ
૨ સ્ત્રી નાગાઈ; નફટાઈ
૩. સ્ત્રી. મશ્કરી; વાયડાપણું

વાયુ ૧ પું (ર.વ) એ નામના એક ઋષિ
૨ પું. એ નામનો દેવ. દિગ્પતિત્વ. પવનદેવ.
૩. પું. એ નામનું ૨૪ માંહેનું એક તત્ત્વ.
૪. પું એ નામનો એક વિભાગ
૫ પું. એક બ્રહ્મનો રોગ
૬ પું ગાયત્રીના ચોવીસ માંહેના એક દેવ.
૭ પું ચોવીસ માંહેના એ નામનું, તેરીનમું તત્ત્વ
૮ પું બારી, અપચો, વાત, કફ ને પિત્ત એ ત્રણ માંહેના. એક દોષ; શરીરના પ્રવાહીમાંનો એક વિકાર વાયુદોષ ધાતુ, મળ વગેરેને એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં લઈ જવા જે શરીરનું ક્રિયામાં કારણ આવે છે. વાયુ વિકાર પામેલો ન હોય તો શરીરમાં ઉત્સાહ અને ચેષ્ટાઓની પ્રવૃત્તિ કરીને ધાતુઓને ગતિ આપી ઇંદ્રિયોમાં ચપળતા લાવે છે. તે કોઠામાં, હૃદયમાં આંતરડામાં, મળાશયમાં અને આખા શરીરમાં રહે છે. પેટમાં વાયુ થયો હોય તે ઉપર અસર કરનાર દવાઓ નીચે પ્રમાણે છે: મીંઢુ, સાજીખાર, અજમો, આદુ, ચિત્રકમૂળ, ઝેરકોચલું, તજ, પીપર, મેથી, હરિંગ, લસણ, વાવડિંગ, સૂંઠ, સુવા, હિંગ વગેરે
૧. અર્ધાંગ વાયુ = લકવા; પક્ષઘાત.
૨ વાયુ થયો = (૧) બારી થવી. (૨) રીસ ચઢવી; કટાળો આવવો.
૯. પું. વા; હવા; પવન. તે વાય છે અથવા ગંધ કરે છે માટે વાયુ કહેવાય છે અને રૂપ કે આકાર નથી પણ એ લાગે છે માટે જણાય છે. શબ્દ અને સ્પર્શ ગુણવાળું દ્રવ્ય. નવ દ્રવ્ય આ પ્રમાણે છે: પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન. પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એ પ્રકારના. દશ વાયુઓ આ નાડીઓને માર્ગે સંચાર કરી રહ્યા છે તે પંચ મહાભૂતમાંનું બીજું મહદ્ભૂત ગણાય છે. નેતા અધિષ્ઠાતા દેવ વાયુદેવ કહેવાય છે. કલ્પારંભે બ્રહ્મદેવે એને પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનું આધિપત્ય આપ્યું હતું એટલે એ દિશાનું નામ વાયવ્ય પડ્યું ન હતું પણ આજે છે. વળી એટલે સીતાનું નિર્દોષપણું જાહેર કર્યું હતું. એનો ધર્મપિતા. કર્યો હતો. એનાથી કુંતીને પેટે ભીમસેન જન્મ્યો હતો વાયુમા સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, સંસ્કાર એમ નવ ગુણો છે વૃક્ષાદિકને કપાવવા પડ્યું, તૃણાદિક ભેગા કરવા પડ્યું અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયને શ્રોત્રાદિક પાંચ ઇંદ્રિયો પ્રત્યે પમાડવાનું અને સર્વ ઇંદ્રિયોનું આત્મા પણું એ વાયુનું લક્ષણ છે.

> અસન, સ્પર્શન, વાયુ, માતરિશ્વા, સદાગતિ, પૃષદશ્વ, ગન્ધવહ, ગંધવાહ, અનિલ, મારુત, સમીર, મારુત, મરુત, જગત્પ્રાણ, સમીરણ, નભસ્વાન, વાત, પવન, પવમાન, પ્રભંજન એ દસ પુલિંગ નામ વાયુનાં છે અમરકોશ

૧૦ પું ર.ર નપુંસક એ નામનું આઠમું બાદરમાન.
૧૧ પું વિષ્ણુના દશમા નામનું એક નામ
૧૨ પું સ્વરના એકસ્વર આદિ નામનું એક નામ.
૧૩ ન. કોલેરા, કોલેરાસિક.
૧૪. ન. કૌન સુવર્ણ પ્રમાણ નવ [વિષ્ણુના ચોવીસ માંહેનું એક પ્રમાણ
૧૫ ન. [ ] ૬ દક્ષિણના મેવાસામા મોટો વાદળો.
૧૬. ન. મન. કરતાં, વાયુ સદા અતિશીઘ્ર ને પ્રત્યક્ષગામી છે અને મન પણ સદા અતિશીઘ્ર ને પ્રત્યક્ષગામી છે તેથી મન વાયુરૂપ કહેવાય છે.
૧૭. ન [illegible] નથી
[illegible] આવી.
૧૮ ન. સિદ્ધ મહાત્મા એ નામનું એક પુરાણ.

વાયુઅક્ષર પું વાયુનો અનેક અક્ષર; 'ગેસ લેટર.' કાર્ડ પરની બહાર અક્ષર કે અક્ષરોની પ્રસિદ્ધિ માટે વિરાટ કદના વાયુ અક્ષરો હવામાં અધર ઉત્પન્ન કરવામાં આવે છે થોડીવાર પછી તે ઊડી જાય છે

વાયુઉદ્ગમન [સ [illegible] ન ઊબકો; ઊલ્ટી.

વાયુકાય ૧ પું [illegible] એ નામનો એક જુગટ્યો

> પૃથ્વી ય. [illegible] વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસ એ ૬ ઠરાવેલ છે પુરાતત્ત્વ

૨. વિ. વાયરાનું, પવનનું.
૩. વિ. વાયુમા ન જનાર નેવું ન હવાના અર્થમાં વપરાય છે.

વાયુકારક સ [illegible] વધારનાર

વાયુકાર્યાલય ન. ગેસ ઉત્પન્ન કરનાર કારખાનું. 'ગેસ વર્કસ'.

વાયુકુમાર પું. (જૈન) પવનકુમાર; ભવનપતિ દેવના દસ માંહેનો એક પ્રકાર. તેઓમાં બે ઇંદ્ર છે. વેલમ્બ અને પ્રભંજન.

વાયુકેતુ ૧. પું. ધુવડ.
૨. પું. ધૂમ.

વાયુકોણ [સં. વાયવ્ય + કોણ (ખૂણો)] પું. વાયવ્ય ખૂણો, ઉત્તર પશ્ચિમ ખૂણો.

વાયુકોપ ૧. પું. પિત્તોન્માદ.
૨. પું. વિવાદ; ઉદ્વેગ

વાયુકોશકપાત્ર ન. લાકડાનું અથવા ધાતુના પતરાનું બનેલું વાસણ. તે ગેસ જેવા કરવાના કામમા વપરાય છે

વાયુકોષ ૧. [સં. વાયુ + કોષ (કોથળી)] પું. વાતકોષ; વાયુની કોથળી; શરીરનું એક અંગ; હવાની કોથળી; ફુગ્ગો.
૨. પું. (વૈદ્યક) વાયુ નળીના. બારીક છેડાઓ ઉપર થતી સૂક્ષ્મ પરપોટી. ત્યાં બગડેલા લોહી હવાના સંબંધમા આવી શુદ્ધ થાય છે.
૩. પું. શરીરના જુદા જુદા ભાગોમાં આવેલ હવા ભરવાનું પાત્ર; ફેફસાંની હવાનળીની દીવાલો માંહેનું ઝીણું કોષ

વાયુક્રિયા [સં.] સ્ત્રી. હવાનું કાર્ય.

વાયુગતગુણ [સ.] પું. વાયુના નવ માંહેનો એક ગુણ

વાયુગતિ ૧. [સ.] સ્ત્રી. વાયુની ગતિ; પવનવેગ.
૨. વિ પવનવેગી

વાયુગતિદર્શક [સ.] ન. વાયુની ગતિ બતાવનાર યંત્ર.

વાયુગતિવિજ્ઞાન [સં.] ન. પવનગતિવિદ્યા; વાયુગતિવિદ્યા.

વાયુગતિવિદ્યા જુઓ વાયુગતિવિજ્ઞાન.

વાયુગતિશાસ્ત્ર [સં.] ન. હવા અને બીજા વાયુની ગતિને લગતું શાસ્ત્ર; હવામાનશાસ્ત્ર; વાતાવરણના વાયુગતિના સિદ્ધાંતોનું વર્ણન કરતું વિજ્ઞાન.

વાયુગામી [સં.] વિ. વાયુને વેગે દોડનાર કે જનાર.

વાયુગુણકથાસ્ત્ર [સં.] ન હવાના લક્ષણ વગેરે લગતી શાસ્ત્ર

વાયુગુરુત્વ [સ વાયુ + ગુરુત્વ (ભાર)] ન. વાયુનુ ગુરુત્વ, વાયુભાર.

વાયુગુરુત્વમાપક ૧. [સ. વાયુગુરુત્વ + માપક (માપનાર)] પું વાયુભારમાપક યંત્રવડે વાતાવરણની સ્થિતિનું અવલોકન કરનાર પુરુષ; વાયુચક્રવાતો.

૨. વિ. વાયુનું ગુરુત્વ માપનારું; વાયુભારમાપક.

વાયુગુરુત્વમાપકયંત્ર [સ વાયુગુરુત્વમાપક + યંત્ર] ન. વાયુનું ગુરુત્વ માપનાર યંત્ર; વાયુભારમાપક યંત્ર; 'બેરોમીટર'.

વાયુગુલ્મ જુઓ વાયુગોળો.

વાયુગોળો ૧. પું. વટોળિયો.

૨. પું. વાયુથી ચડતો ગોળો; એક જાતનો પેટનો વાયુનો રોગ; ગોટો, ગુલ્મ

વાયુગ્રસ્ત [સં. વાયુ + ગ્રસ્ત (પકડાયેલ)] વિ. વાયુના રોગથી પીડાતું; જેનામાં વા વધી ગયેલ હોય તેવું; વાયી જવું થયેલું; વાતરોગથી પીડાતું.

વાયુઘનતામાપકયંત્ર [સ.] ન. હવા કેટલી ઘટ્ટ છે તે માપવાનું યંત્ર.

વાયુચક્ર ૧. પું. (પુરાણ) મરુદ્ગણ ઋષિના સાત માંહેનો એક પુત્ર.

૨. ન. પૃથ્વીની આસપાસ વીંટાયેલું વાયુનું પડ; પૃથ્વી આસપાસનું વાયુમંડળ; વાતાવરણ, હવામાન.

વાયુચક્રવિદ જુઓ વાયુચક્રવૈજ્ઞાની.

વાયુચક્રવૈજ્ઞાની [સં.] ન. હવામાન જાણવાનું શાસ્ત્ર; વાતાવરણના અભ્યાસની વિદ્યા; વાતાવરણમાં બનતા ફેરફારો જાણવાનું શાસ્ત્ર; નભોવિદ્યા; 'મીટીઅરૉલૉજિ'.

વાયુચક્રવૈજ્ઞાની [સં. વાયુચક્રવૈજ્ઞાનિન્] પું. વાયુચક્રવૈજ્ઞાનમાં પારંગત પુરુષ; હવામાન વિજ્ઞારદ; વાયુવેત્તા; વાયુચક્રવિદ.

વાયુચર ૧. ન. પવન ખાઈને જીવનાર પ્રાણી.

૨. [સં. વાયુ + ચર્ (ફરવું)] ન. પવનમાં ફરનાર પંખી; ખેચર; ખગ.

૩. વિ. આકાશગામી.

વાયુચર્યા [સં.] સ્ત્રી. હવાઈ વ્યવહાર; 'એર સર્વિસ'.

વાયુચાપ [સં] ન. વાયુભાર; હવાનું દબાણ.

વાયુચાપમાન [સ.] ન. વાયુભારમાપકયંત્ર.

વાયુચોષક ન. વાયુ ચૂસી લેવાનું યંત્ર; વાયુ કાઢી નાખવાનું યંત્ર; હવા અથવા ગેસને પ્રવાહી અથવા ઘન પદાર્થમાંથી અથવા ઉપરથી પસાર કરનારું યંત્ર; 'એસ્પિરેટર'.

વાયુછોડ (વાયુછોડ) પું. માત્ર વાયુ ઉપર જીવનાર છોડ; રોપો.

વાયુજ ૧. પું. ભીમસેન.

૨. પું. હનુમાન.

૩. [સં.] વિ. હવાથી ઉત્પન્ન થયેલું.

વાયુજનિ [સં.] વિ. વાયુથી ઉત્પન્ન થતું.

વાયુજન્ય જુઓ વાયુજનિ.

વાયુજલ [સં] પું. જલવાયુ; આબોહવા; હવાપાણી.

વાયુજ્વાલ જુઓ વાયુચક્ર.

વાયુજાત જુઓ વાયુજ.

વાયુજાન જુઓ વાયુજ.

વાયુતત્ત્વ ૧. ન. દુષ્ટ દળ આપનાર તત્ત્વ.

> સ્વરનો વાયુ વિરુદ્ધ અથવા ત્રાસો ચાલતો હોય વા તેને **વાયુતત્ત્વ** બહુવું. એ વાયુતત્ત્વનું ફળ દુઃખ છે. રાજારામ

૨. [સ] ન શરીરમાં રહેલ પાંચ તત્ત્વો માંહેનું એક તત્ત્વ. આ તત્ત્વનો આકાશમાં ક્ષેત્ર છે હલનચલન રૂપ ગુણ છે. આકૃતિ ગોળ છે અને સ્પર્શ કરવા રૂપ ઇંદ્રિય વ્યાપાર છે.

વાયુતત્ત્વદેવતા [સ] સ્ત્રી. એ નામની ચોપત માંહેની એક દેવતા.

વાયુતનય ૧. [સ. વાયુ + તનય (પુત્ર)] પું. ભીમસેન.

૨ પું. હનુમાન.

વાયુતીર્થ [સ] ન. (પુરાણ) સરસ્વતી નદીના તટ ઉપર આવેલું એ નામનું એક તીર્થ.

વાયુદાહાત પું. ડામર.

વાયુદાહ [સ] પુ મડદાને ખુલ્લી હવામા મૂકી દેવાની ક્રિયા.

વાયુદ્વીપ સ [પું. આસપાસ સળગતો દીવો; વાયુથી સળગે તેવો દીવો

વાયુદેવ [સ] પુ પવન દેવ, વાયુ દેવતા.

વાયુદેવતા જુઓ વાયુદેવ.

વાયુદ્રવ્ય [સ] ન (વેદાંત) વાયુના નવ માંહેનું એક દ્રવ્ય.

વાયુદ્વાર [સ] ન વાયુને શ્વાસ નળીમાં અને ફેફસામાં જવાનુ ગળામા આવેલું દ્વાર.

વાયુધ્વજ [સ.] પું. પવનની દિશા જાણવાનું યંત્ર, પવનચકો, વાયુનિદર્શકયંત્ર; હાયો

વાયુનલી જુઓ વાયુનળી

વાયુનળી સ્ત્રી. શ્વાસનળી; ફેફનળી

વાયુનંદન જુઓ વાયુતનય.

વાયુપરિણામી [સ.] વિ. હવામાં ઊડી જાય તેવું; વાયુપરિણામશીલ

વાયુપુટ [સં.] પું. જાતીમાં હવા ભરવા માટેનું ખાનું; વાયુપોટ.

વાયુપુત્ર જુઓ વાયુતનય.

વાયુપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એક પુરાણ.

વાયુપેષણી [સં.] સ્ત્રી. વાયુથી ચાલતી દળવાની ઘટી; પવનચક્કી; 'વિંડ-મિલ'.

વાયુપોટ જુઓ વાયુપુટ

વાયુપ્રકોપ [સં.] પું. વાયુનુ પોતાના માપથી વધ્યુ તે.

વાયુપ્રતિબંધક વિ. હવાથી પણ આવળ કરી શકાય નહિ તેવું; બખિયાર, હવાને જતી રોકે તેવું; વાયુને અંદર પેસવા ન દેનાર; વાતારંભ; વાતારિષ્ટ; તંગ, 'એર-ટાઈટ'.

વાયુપ્રલાપ સ [પુ વા.પ વડે થતો પ્રલાપ; અનર્થક વચન.

વાયુપ્રવાહ [સં] પું પવનનો ઝપાટો.

વાયુપ્રવેશ [સ] પુ ગોખ; બારી.

વાયુબંધન [સ] ન સિદ્ધસંહિતામ વર્ણવેલ ચોસઠ માંહેની એક ક્રિયા.

વાયુભક્ષ ૧ [સ.] પું માત્ર વા.યુ પર જીવનાર માણસ.

૨. પુ (પુરાણ) પુષ્કિરિન. અશ્વમેધનો સદસ્ય એક ઋત્વિજ.

૩. પું. સર્પ.

વાયુભક્ષણ ૧ [સ] ન ફક્ત શ્વાસ લઈને જ જીવવું તે, પવન ઉપર રહેવું તે

૨. ન. વાયુનું ભક્ષણ

વાયુભક્ષી ૧. પું સર્પ, નાગ

૨. પું. સાધુ; સંત; ઓલિયો.

૩. [સં. વાયુભક્ષિન્] વિ. વાયુનું ભક્ષણ કરી જીવનાર; વા ખાઈને જીવનાર

વાયુભાર [સ] પુ. વા.યુચાપ; હવાનુ દબાણ.

વાયુભારદર્શકયંત્ર જુઓ વાયુભારમાપકયંત્ર.

વાયુભારમાપકયંત્ર [સ.] ન. હવા.નુ દબાણ માપવાનું યંત્ર; 'બેરોમીટર'.

વાયુભૂતિ પુ. (જૈન) તીર્થંકર મહાવીર સ્વામીન. ત્રીજા ગણધર.

વાયુમદ [સં] પું આઠ માંહેનું એક જાતનુ અભિમાન; અભાણ કરનારને પરદેશની ધન્ધ કરાવનાર મદ.

વાયુમરુલિપિ સ્ત્રી. લલિત વિસ્તરમાં જણાવેલ ૬૪ ચોસઠ માંહેની એક લિપિ.

વાયુમંડલ ૧. [સં] ન. આકાશ

૨. ન. (જ્યોતિષ) પૃથ્વીને ફરતું વાતાવરણ, વાયુમડળ. આવાં વાયુમડળ સાત છે. તે આ પ્રમાણે છે: (૧) અવાહ, (૨) પ્રવાહ, (૩) સમવાહ, (૪) ઊડવાહ, (૫) સુવાહ, (૬) પરિવાહ અને (૭) પાવાહ. પહેલું મડળ લગભગ ૧૨ યોજન એટલે ૪૨ માઈલની ઊંચાઈ સુધીનુ છે

ઉ ન (પુરાણ) મરુત્વક ઋષિના મત મહેનુ એક પ્રા.ર

૪ ન વાયુનો પ્રકોપ

વાયુમંડલવિદ્યા સ] સ્ત્રી. વાયુચક્રશાસ્ત્ર, હવામાનવિદ્યા, વાતાવરણ સંબંધી વિદ્યા

વાયુમંડળી જુઓ વાયુમંડલ

વાયુમાન ન. વાતાવરણ; વાયુનું દબાણ

વાયુમાપક યંત્ર [સ.] ન. વાયુનું વજન અને તેનું દબાણ માપવાનું યંત્ર, બેરોમીટર

વાયુમાર્ગ ૧ પુ (યૌ ક) નાકનાં નસકોરાંથી ફેફસાં સુધીનો વાયુને જવાનો રસ્તો

૨ પુ. હવાનો માર્ગ; હવાનો રસ્તો; વાતાયન.

વાયુમિતિ સ] સ્ત્રી. વાયુની ઘટના માપવાની ક્રિ૦

વાયુયંત્ર ૧. [સ] ન વાયુથી ચાલતું યંત્ર; 'પ્ન્ય મોટર'

૨ ન હવાનો ભાર માપવાનું યંત્ર; 'બેરોમીટર'

વાયુયાન ૧. સ.] ન. વિમાન; હવાઈ જહાજ; ૨૦૦ તેન

૨ ન વાર્તા મુસાફરી

વાયુયાન અડ્ડો = હવાઈ જહાજનું મથક

વાયુરાજ [સ.] પુ સખત તોફાન, વાવાઝોડું

વાયુરાશિ [સં.] સ્ત્રી. અગોળની બાર મહેની મિથુન, તુલા કે કુંભ રાશિ

વાયુરૂપ [સ.] વિ. હવા જેવું

વાયુરેચકયંત્ર [સં.] ન. વાતાકર્ષકયંત્ર; વાતશોષકયંત્ર; કોઈ વસ્તુ મોંઢેથી હવા કાઢી નાખવાનું યંત્ર

વાયુરેતા પું. (પુરાણ) મરુત્વક ઋષિના સાત માહેનો એક પુત્ર

વાયુરોગ [સં.] પું વાયુના પ્રકોપથી ઉત્પન્ન થતો એક જાતનો રોગ. તેના ૮૦ પ્રકાર આ પ્રમાણે છે: (૧) આક્ષેપક, (૨) હનુસ્તંભ, (૩) ઊરુસ્તંભ, (૪) શિરોગ્રહ, (૫) બાહ્યાયામ, (૬) અભ્યંતરાયામ, (૭) પાર્શ્વશૂળ, (૮) કટ્યગ્રહ, (૯) ઉદાવર્તાનાહ, (૧૦) ખલ્લી, (૧૧) જાનુવાતાસ્થિ, (૧૨) આક્ષિપ્ત, (૧૩) પક્ષઘાત, (૧૪) કોષ્ટકુબ્જત્વ, (૧૫) મત્યારસ્તંભ, (૧૬) પંગુત્વાદિ, (૧૭) ક્લાપખંજ, (૧૮) ગૃધ્રસી, (૧૯) મંથગ્રહ, (૨૦) ખંજ, (૨૧) પાદહર્ષ, (૨૨) ગૃધ્રસી, (૨૩) વિશ્વાચી, (૨૪) અપતાનક, (૨૫) અપતાનક, (૨૬) સર્વાંગાયામ, (૨૭) વાતકંટક, (૨૮) અપતંત્રક, (૨૯) અંગભેદ, (૩૦) અંગશોષ, (૩૧) મિણમિણ, (૩૨) કલ્યતા, (૩૩) ખલ્લિકા, (૩૪) પ્રલંબીતા, (૩૫) વામનત્વ, (૩૬) કુબ્જત્વ, (૩૭) અંત્રપીડ, (૩૮) અંત્રવૃદ્ધિ, (૩૯) સંકોચ, (૪૦) સ્તબ્ધ, (૪૧) રુક્ષ, (૪૨) અંત્રકૂજન, (૪૩) અંત્રવિક્રિયા, (૪૪) વિડ્ભેદ, (૪૫) બહ્વવિકટતા, (૪૬) મૂકત્વ, (૪૭) અતિજૃંભ, (૪૮) અરુષ્કરાર, (૪૯) આવર્તજન, (૫૦) વાન્ત્રપ્રવૃત્તિ, (૫૧) રક્તપિત્ત, (૫૨) શિરોપરુષ, (૫૩) કંપ, (૫૪) કારશ્ય, (૫૫) સ્તબ્ધતા, (૫૬) પ્રલાપ, (૫૭) શ્લિપ્રમૂત્રતા, (૫૮) નિદ્રાનાશ, (૫૯) સ્વેદનાશ, (૬૦) દુશ્ચર્મત્વ, (૬૧) બલક્ષય, (૬૨) શુક્રાતિપ્રવૃત્તિ, (૬૩) શુક્રકાર્શ્ય, (૬૪) શુક્રનાશ, (૬૫) અનવસ્થિતચિત્તત્વ, (૬૬) કાર્દિન્ય, (૬૭) વિરસાસ્યતા, (૬૮) કષાયવક્ત્રતા, (૬૯) આધ્માન, (૭૦) મલાખ્યાન, (૭૧) કીતતા, (૭૨) રોમહર્ષ, (૭૩) બધિરત્વ, (૭૪) જૈદવાયુ, (૭૫) કંડૂ, (૭૬) રસાજ્ઞતા, (૭૭) શબ્દાજ્ઞતા, (૭૮) પ્રસુપ્તિ, (૭૯) મધ્યસ્થત્વ અને (૮૦) કૃષ્ટિક્ષય

વાયુલોક ૧. પું. આકાશ.

૨. [સ.] પું (પુરાણ) એ નામનો એક લોક

દૈવયોગમા ઉત્તરાયણ પછી સંવત્સર, વાયુલોક, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત્, વરુણલોક, ઉદધિલોક, મન્વંતરાદિ, અને અક્ષરબ્રહ્મલોક એ રીતે આગળની સર્વ પાયરીઓ ભાંગેથી ૭. ગીતાપંચામૃત

વાયુવર્ત્મ [સં.] ન. આકાશ.

વાયુવમન [સ.] ન. વંટોળિયાથી; સમીરાવર્ત.

વાયુવમળ જુઓ વાયુવમન.

વાયુવલન [સં.] ન. વાતાવરણની હવાને લઈને તોફાનો ફિરકીની વક્રગતિ.

વાયુવાદ્ય [સ.] ન. વાયુથી વાગતું વાદ્ય. જેમકે, વાંસળી, પાવો, ભોરલી, શંખ વગેરે.

વાયુવાહ [સં.] પું. પ્રભાતો.

વાયુવાહન ૧ પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ

૨ પું. શિવ.

વાયુવાહિની [સ.] સ્ત્રી. શરીરમાં વાયુનો સંચાર કરનારી નાડી.

વાયુવિદ્યા [સં.] સ્ત્રી વાયુશાસ્ત્ર; વાયુચક્રશાસ્ત્ર; સમીરવિદ્યા.

વાયુવિદ્યુત [સં. વાયુવિદ્યુત્] સ્ત્રી. વાતાવરણની વીજળી; હવાની વીજળી.

વાયુવિષ [સં.] ન. વાયુરૂપી ઝેર; વરાળરૂપે પ્રસરતું ઝેર

વાયુવિષયક [સં] વિ. વાયવી; વાયુનું; વાયુમય.

વાયુવીક્ષણયંત્ર જુઓ વાયુભારમાપકયંત્ર.

વાયુવેગ ૧. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માહેનો એ નામનો એક પુત્ર

૨. પું પવનનો ઝપાટો, પવનનો વેગ

૩ પું. ભારતયુદ્ધમા દુર્યોધન પક્ષનો એક૨.ભ.

વાયુવેગમાપકયંત્ર [સ.] ન. વાયુની ગતિ માપવાનુ યંત્ર; 'વેન્ટોમીટર'.

વાયુવેગી [સ. વાયુવેગિન્] વિ. વાયુ જેવી ત્વરિત ગતિવાળું; પવનવેગી.

વાયુવેત્તા [સં. વાયુવેત્તૃ] પુ. આકાશમાં ઉત્પન્ન થનારી વસ્તુની વિદ્યા જાણનાર વાયુશાસ્ત્રી; 'મીટીઓરોલોજિસ્ટ'

વાયુવ્યયમાપક [સં] ન. અમુક જગ્યાએ આપેલ વખતમાં વાયુનો કેટલો જથ્થો બળ્યો કે બહાર ગયો તેનું માપ બતાવનારું એક જાતનું યંત્ર; 'ગેસોમીટર'.

વાયુશક્તિ [સ.] સ્ત્રી. પવનનું બળ; 'વિંડ પાવર'.

વાયુશાસ્ત્ર [સં.] ન. પવન વિષેનુ શાસ્ત્ર.

વાયુશાસ્ત્રી [સં. વાયુશાસ્ત્રિન્] પું. પવન વિષેના શાસ્ત્રનો જાણનાર માણસ; વાયુચક્રશાસ્ત્ર જાણનાર માણસ; વાયુવેત્તા.

વાયુશોષક યંત્ર [સં.] ન. કોઈ પદાર્થ વગેરમાંથી વાયુ ખેંચી કાઢનાર યંત્ર

વાયુશ્વસન [સ] ન. વાયુનો શ્વાસોચ્છ્વાસ.

વાયુસકંધો પુ. વાયુબંધ.

વાયુસખ [સં.] પું. અગ્નિ.

વાયુસર્વસાર પુ. એક પ્રકારનો મુખપાક. તેનાથી મુખમાં સર્વત્ર ફોડલા થઈ ઘણી પીડા થાય છે

વાયુસંજનક [સ.] ન. હવાને સમારનાર યંત્ર; 'એર કોન્સર'.

વાયુસંચાર [સં] પું. અપાન વાયુનો સંચાર; વછૂટ.

વાયુસંતાન ૧. [સ] પું. જીમ.

૨. ન. વાયુમાં રહેતાં નાનાં નાનાં જંતુ.

૩. પું. હનુમાન.

વાયુસારથિ [સં] પું અગ્નિ.

વાયુસુત જુઓ વાયુસંતાન.

વાયુસૂક્ષ્મતામાપક ન. વાયુનુ પાતળાપણું માપવાનુ સાધન

વાયુસૂનુ જુઓ વાયુસંતાન.

વાયુસેના [સ.] સ્ત્રી. આકાશસેના; વિમાની સૈન્ય.

વાયુસ્નાન [સ ન. આખ્ય. ફરીને ૯વ. લાગે તેમ કરવું તે, શરીર ખુલ્લું રાખી વાયુ આવવા દેવો તે

વાયુસાર [સ] પું. ગુદાદ્વારથી અપાન વાયુ જવો તે

વાયું ૧. ન. દર્દિમુ; મરકી; ઝાડો ને ઊલટી થાય તેવો એક રોગ.

૨ ન. નદીના કાંઠા ઉપર સાધારણ ફૂવા જેવું કરી તેમાંથી કોસ દ્વારા ચંપતરને પાણી પાવામાં આવે છે તે

૩. ન પવન લાગે નહિ તેવું દીવો મકવાનું માટીનું ઢાંકણ, વાંકી દીવો ઓલવાઈ ન જાય તે માટે અંદર મૂકવા દેવાય છે. કુંભે બાકાંવાળો બનાવેલો માટીનો ઘાટ.

વાયોત્તરતંત્રપ્રકરણ ન. મહર્ષિ શાકટાયને રચેલું એ નામનું એક શાસ્ત્ર. તે ગ્રંથમાં વ્યાકરણમય જુદાં જુદાં આવરણો, પુષ્પાની તાંત્ર નક્ષત્રકનાં આવરણોનાં સ્વરૂપ તથા ગુણો અને વનસ્પતિસૃષ્ટિના ગુણ, રંગ, સ્વાદ વગેરેનું વર્ણન આવે છે

વાયોલા [અં.] ન. એ નામનું એક જાતનું ૭ તારવાળું સારંગી જેવું વાદ્યવિશેષ.

વાયોલિન [અં] ન. એક તતુવાદ્ય; બોડા મૂકની વિલાયતી સારંગી, સારંગીને મળતું એક અંગ્રેજી વાદ્ય; ચાર તાર બાંધેલું અને કાંદીથી વગાડવું એક નાનું પાશ્ચિમાત્ય વાદ્ય; 'ફીડલ'. તે કાષ્ઠની પાતળી ચીપોને એકમેક સાથે જોડીને બનાવેલી લાકડાંના પેટીના આકારનું હોય છે. પેટીના પોલાણ ઉપર નકશીદાર છિદ્રો હોય છે અને તેની લાંબી બાજુની ઉપલી સપાટીની મધ્યમાં અને છેડે લાંબો દાંડો હોય છે. તેના ઉપર ચાર તાર ગોઠવાય છે, જે માંહેના ત્રણ તાર તાંતના અને એક ધાતુનો હોય છે.

વાયોલેટ ૧ [અં.] ન. એક જાતનું વિલાયતી ફૂલઝાડ

૨ ન વાયલની હલકી જાતનું એક સુતરાઉ કાપડ

વાર્ક્ષ [સ.] ન વાયુનું અસ્ત્ર; પવનાસ્ત્ર

વાર ૧ [સ.] પું. આવરણ, ઢાંકણ.

૨ પું (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; વ.રિ. તેના દરેક ચરણમાં રગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે

૩. પું દરવાજો; જકાત

૪ પું. ત્રણ ફૂટ, દોઢ ગજ, છત્રીસ ઇંચ કે પોણા બે હાથની લંબાઈનું માપ; 'વાર્ડ'.

૫. પું. દરવાજો, દ્વાર

૬ પું દાંતનો ખાલો.

૭. પું મીજબ

૮. પું. નદીનો નજીકનો કાંઠો

૯. પું નદીનો સામો કાંઠો.

૧૦. પું. ધ્વાસના પાંચ માઠેનો એક ભાગ

૧૧. પું કટકો; માર; ઘા

૧૨ પું. કુમક

૧૩. પું બાણ, તીર.

૧૪. પું. શિવનું એક નામ.

૧૫ પું સમય; સમૂહ; સમુદાય

૧૬ પું સાત ગ્રહોના નામ ઉપરથી પાડેલ સાત નક્ષત્રોનો દરેક દિવસ; આઠવાડિયાના સાત મહોદ્ય દરેક દિવસ પ્રાચીન જ્યોતિષીઓના મત પ્રમાણે સર્વ ગ્રહ પૃથ્વીની આસપાસ ફરે છે તેનો ક્રમ જોઈએથી લઈએ તો શનિ, ગુરુ, મંગળ, રવિ, શુક્ર, બુધ, અને ચંદ્ર છે. આમાંનો પહેલો શનિ લઈને પછી ચોથો ગ્રહ ફરી ફરી લઈએ તો સાતે વાર આપણા ક્રમ પ્રમાણે આવશે, દિવસના ૨૪ ભાગ કરીને તે પ્રત્યેક ભાગને હોરા સત્તા અપાય છે અને તે હોરાના સ્વામી તરીકે [illegible] દિવસ પહેલા ક્રમ પ્રમાણ માને છે અર્થાત [illegible] દિવસમ, અર્થ [illegible] પછીના [illegible] દરમ્યાન. [illegible] અનુક્રમ સ્વામી થાય છે [illegible] એક સોક્રમ દિવસ પહેલી [illegible] સ્વામી થાય છે [illegible] ૨૧મા કલાકનો સ્વામી ચંદ્ર થશે ત્યાર પછી ૨૨, ૨૩ અને ૨૪મા કલાકના સ્વામી અનુક્રમે શનિ, ગુરુ ને મંગળ આવશે. આ પ્રમાણે શનિવાર પૂરો થયા બાદ બીજો દિવસ રવિ થશે તેની પહેલી હોરાનો સ્વામી [illegible] પ્રમાણ [illegible] દિવસ ચંદ્ર આવશે પ્રત્યેક દિવસ પહેલી હોરાનો જે અધિપતિ હોય તે જ તે વારનો સ્વામી ગણવો આ પ્રમાણે [illegible] પ્રથમ ઉત્પન્ન થયા અને પૃથ્વી ઉપર દાક્ષમાં જ્યાં ત્યાં વાર ચાલે છે ત્યાં તે જ ક્રમ છે, એટલું જ નહિ પણ આપણા દેશમાં અત્યારે જે વાર છે તે જ વાર પૃથ્વી ઉપર સર્વત્ર છે. આ વારનાં નામ પણ સર્વે દેશમાં લગભગ કરી એક જ અર્થના છે. એક દિવસ અને રાત્રિના સરવાળા જેટલો એક વાર દરપ્રદેશે ૨૪ કલાક અથવા ૬૦ ઘડીનો થાય છે

૧ વાર થવો. અમુક વાર કે દિવસ હોવો

૨ વાર રહેવા વાર વરતોલું રહેવું = એક ચોક્કસ જગ્યાએ અમુક ઉપવાસ કરવો

વાર વરતોલું = મારો દિવસ, તહેવાર.

૩. વારે પડવું = કામમાં બરોબર લેવું દેવું

૧૭ પું હુમલો

૧. વાર કરવો. વ. કરવો; હુમલો કરવો.

૨ વાર પર વાર = ઉપરાઉપરી હુમલા.

૧૮. [illegible] કામ, વગેરેમાં મદદ.

૧. વાર કરવો. મદદ કરવા.

૨ વાર પડ્યા જાય પ [illegible] મદદ આવી, નહિ તો ડૂબી જવું

વારે જવું = ચોક્કસ કામને આવવા લાયક થવું.

૧૯ [illegible] પાણી, ફેરો, અ.વૃત્તિ. જેમકે, પચ વાર

૨૦. [illegible] મોટી [illegible], ઢીલ, અટકાવ, [illegible]; મોડું; વિલંબ

૧. વારના વારે જવા = ઘણો વિલંબ થવો

૨ વાર [illegible] - વિલંબ કરવો કે થવો, મોડું કરવું કે થવું

૨૧ [illegible] [illegible], મૌન

૨૨. [illegible], પ્રસંગ; વાર; કોળ, સમય.

વારે લાગવી = સમય લાગવો.

૨૩. [સ. વારિ] ન. પાણી; જળ

આવા રચનામાંની આહના, વિષમમ ધરતીના વારે. સામળ

૨૪. ન. (કુમાઉની) વાળ; મોવાળા.

૨૫. અ. આ ઘડીએ જ; તરત; સાથે. જેમકે, જમતાં વાર

૨૬. [સા] જ જેવું, મળતું આવતું, સમાન, લાયક કે મરબુ એવા અર્થે બનાવનો એક પ્રત્યય.

૧. દીકરાવાર = છોકરા જેવો.

૨. રાજવાર = રાજાને લાયક; રાજાને છાજે એવું; બાદશાહી

૨૭. અ. નામને અંતે પ્રમાણે, અનુસાર, મુજબ એવા અર્થમાં સમાસમાં આવતો પ્રત્યય. જેમકે, ક્રમવાર, શ્રેણીવાર

૨૮. અ. વાળું અર્થ બતાવનાર પ્રત્યય. જેમકે, ઉમદવાર

વારક ૧ [સ.] પું એક જાતનો ઘોડો.

૨. પું. કટસ્થાન.

૩. પું ઘોડાની એક ચાલ

૪ પું. પ્રાચીન કાળનું એક માપ, ૨૦૫૦ દ્રોણભારનું એક વજન.

૫ પું. શત્રુ

૬. પું. સુગંધી વાળો, ખસ.

૭. વિ. અટકાવનાર, વારનાર, રોકનાર

વારક પ્રેરક નહિ આત્મને, વસ્તુ જણાવી એમ અર્થો

વારકન્યા [સ] જુઓ વેશ્યા.

વારકરી પું મહારાષ્ટ્રનો એક ભક્તિ સમ્પ્રદાય કે તેનો અનુયાયી.

વારકવાર પું. (જ્યોતિષ) સાતેનરસો દિવસ.

વારકારી સ્ત્રી. મહારાષ્ટ્રમાં રહેતી એ નામની એક અસ્પૃશ્ય જાતિ.

વારકીર ૧ [સં] પું. જુ.
૨ પું. હાથિયો
૩ પું. ડાકપાળ
૪. પું મજૂર
૫. પું લડાઈનો ઘોડો.
૬ પું વડવાનળ
૭. પું. સાગો.

વારણ ૧ પું અંકુશ.
૨. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ મા.ત્રામેળ છંદ આ છંદ પદ્મપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૭૦ લઘુ અને ૪૧ ગુરુ મળી ૧૧૧ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.
૩. પું. કાચું સીસમ
૪. [સં.] પું. મજ્જા; હાડકાંની
વારણની સુદ ચાકી, વાયના છે નખ વાકા. દલપતરામ
૫ પું હરતાલ
૬ ન. અટકાવવું તે; હરકત કરવી તે; વારવું તે; અટકાયત; રોકાણ; નિરોધ.
૭. ન. ઉતાર
૮. ન. ઘેર ઉતારવાનો ઉપાય;
૯. ન. નિવારવું તે; દૂર કરવું તે; વાળવું તે.
૧૦. ન. બખ્તર.
૧૧. ન. રક્ષણ.
૧૨. ન. વારી જવું તે; વારણાં લેવાં તે; વિઘ્ન દૂર કરી સુખ કરવું તે
૧૩ ન વિઘ્ન
૧૪ ન સામનો
૧૫ ન સૈન્ય
૧૬. વિ. શત્રુઓને નિવારણ કરવાવાળું
૧૭ વિ હરકત કરનાર.

વારણપુષ્પા [સ.] સ્ત્રી. કેળ.

વારણમુખ [સ] પું. ગણપતિ.

વારણયુદ્ધ [સ.] ન. અન્યનું આક્રમણ નિવારી આત્મરક્ષા અર્થે માથે લીધેલો વિગ્રહ; રક્ષણ કરવા કે પોતાના બચાવ માટે લડવું તે.

વારણયુથપ [સ] પું. ગજેન્દ્ર.

વારણવલ્લભા [સં.] સ્ત્રી. કેળ.

વારણા [સં] સ્ત્રી શરીરમાં રહેલી મુખ્ય ચૌદ માંહેની એક નાડી. આ ચૌદમાં પણ ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય છે અને કૂહૂ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, વારુણા, યશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની તથા અલંબુષા ગૌણ છે

વારણાવત જુઓ વારણાવત

વારણાવત ૧. [સં] ન. કૌરવોના તાબાની એ નામની એક નગરી જ્યાં પાંડવોને બાળવામાં આવ્યા હતા.
૨. ન મહાભારતમાં જણાવેલું હસ્તિનાપુર પાસેનું નગર, હાલમાં મીરતના વાયવ્ય ખૂણા ૧૬ માઈલ દૂર આવેલ ગામ. અહીં દુર્યોધને પાંડવોને બાળવાના હેતુથી લાક્ષાગૃહ નિર્મ્યું હતું. તે લાક્ષાગૃહ પુરોચન નામના શિલ્પીએ બનાવ્યું હતું.

વારણાવતી જુઓ વારણાવત

વારણાં ન ન ન વહાલનાં અભિનંદન; મીઠાં; ન્યોછાવર

વારણી ૧ [સં વારણિ] પું. ઘાટ
અંબુ, આબરી, મદિરા, મીરા, સુરા, વારણી. પેમ; આસવ, મદ, કાદમરી. મધુનાદિ, મેરેય. પિંગળપ્રકાશ
૨. સ્ત્રી. હાથણી

વારણું ૧ [સં. વારણક] ન. ઓવારણું; ન્યોછાવર.
૨ ન વરવધૂના જન્મદિવસે તેમને ઘેર આવ્યા પછી વરપક્ષના ભાઈઓ, સ્નેહીઓ, વગેરે વરવહુને જમાડે તે
૩. ન વારવું, વારવું તે
વારણું વાળવું ક્રિ ને માથે આવતો રોગ વગેરેમાંથી બચાવી લેવું કે બચાવ કરવો

વારતહેવાર પું અમુક માસના વાર અને તહેવાર; વ્રત કે ઉત્સવનો દિવસ; મંગળ કે આનંદનો અવસર કે પ્રસંગ; પર્વનો દિવસ

વારતા જુઓ વાતા.

વારતિથિ સ્ત્રી. તારીખ; વાર.

વારનારી [સં.] સ્ત્રી. વેશ્યા; વારાંગના.

વારનિરા જુઓ વાર્નિશ.

વારપત્ર ન અઠવાડિક પત્ર; સાપ્તાહિક પત્ર.

વારપરબ જુઓ વારતહેવાર.

વારપરબ જુઓ વારપરબ.

વારપર્વણી જુઓ વારતહેવાર.

વારફેર ૧ સ્ત્રી ઓવારણું.
૨ સ્ત્રી. બદલ
૩. સ્ત્રી. વર કે વધૂના માથા ઉપર ફેરવીને ઉપર રૂપિયા, પૈસા માગી અન્યવર્ગવાળીઓને આપવામાં આવે છે તે.
૪ સ્ત્રી વારબદારી
૫ સ્ત્રી વ્યવસ્થા
૬ સ્ત્રી સેવાચાકરી

વારબવાર જુઓ વારંવાર.

વારમુખી [સં. વારમુખ્યા] સ્ત્રી વેશ્યા
વારમુખી, અજવાસવા, કહત સંજ્ઞી એહ;
વિશ્વવસુ એ નામના ગણિકા કહિયે તેહ. પિંગળપ્રકાશ

વારમુખ્યા [સ] સ્ત્રી. સૌથી શ્રેષ્ઠ ગણિકા; ગુજરાનપ્રણાલી ઘોડો વડે આદર કરાયેલી ગણિકા

વારવ ત્રિક પું (પિંગ.) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.
ભા ૨ ભા બે છે વારવાત્રિક. રણછોડપિંગળ

વારવિતા [સં. વારવિતૃ] વિ. રોકનાર; અટકાયત.ર.

વારવેશ્યતા [સં.] સ્ત્રી ગણિકા; વેશ્યા.

વારવતી ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, બે ભગણ અને ગુરુ મળી દસ અક્ષર આવે છે
સ ભ ભા બે રથ વારવતી. રણછોડપિંગળ
૨. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એક નદી.

વારવધૂ [સ.] સ્ત્રી. વેશ્યા; વારાંગના; છીછલ સ્ત્રી.

વારવનિતા જુઓ વારવધૂ

વારવાણ ૧. [સ] ન. એક જાતનું બખ્તર.
૨. ન. એક જાતનો ધાબળો. તે કામળા તરીકે વપરાય છે.

વારવાણવૃત્ત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેને હીરાચંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ૭ ભગણ મળી અઠ્ઠાવીસ અક્ષર હોય છે.

વારવાણિ ૧. પું ગવૈયો.
૨. પું. જ્યોતિષી.
૩. પું. ન્યાયાધીશ
૪ પું. મોરલી, પાવો, શરણાઈ વગેરે વાદિત્ર વગાડનાર માણસ.
૫ પું. વર્ષ; વરસ.
૬. સ્ત્રી વેશ્યા.

વારવાણી જુઓ વારવાણિ ૬.

વારવાર ૧. [હિં] અ. આરપાર; મોંસરું
૨. અ ૫.ર્ંપ.ર, વારેઘડીએ.

વારવારણ ૧. ન. અંગરખું.
૨. ન. ચોળી
૩. ન. અખતર
૪. ન. બંડી

વારવાંઢું (વારવાઢું) ૧. ન. જરૂરના દિવસ માટે જ્યોતિષના મૂહૂર્તનો અભ્યાસ.
૨. ન. વારકવાર; સ.રોનરમો દહ.ડો.

વારવિલાસિની સ્ત્રી. વેશ્યા

વારવું ૧. સ ક્રિ. અટકાવવું; મના કરવી; ચોળ.વવું; નહિ કરવા કે આચરવાનું કહેવું, કોઈ ને શિખામણ દઇ ખરાબ કામમાંથી અટકાવવું.
૧ મ યા ! મોંને વારજે, મોં માર્યું ભંગાવશે = જીભ કરે અ.ળપંપાળા અને આમડાં આય શિર કપ.ળ
૨. વાર્યું કરવું = સલ.હ માનવી
૩. વાર્યા રહે પણ વાર્યા ન રહે = કોઈ પણ કાર્યમાં હતાશ થઈ જાય ત્યારે પોતાની મેળે અટકી જાય પણ કોઈ શિખામણ આપે કે, તારે આમ કરવું નહિ, એમ કહે તો અટકે નહિ.
૨. સ. ક્રિ. બા.રતી ઉતારવી.
૩. સ ક્રિ. ઓવારવું; કુરબાન કરવું.
૪. સ ક્રિ. દિલા થઈ જવું; મોહી પડવું.
૧. વારી જવું = (૧) ઓવ.રણાં લેવા. (૨) દિલા દિલા થઈ જવું. (૩) બલા કે રોગદોષ લેવો. (૪) મોહી પડવું; મુગ્ધ થઈ જવું. (૫) વહાલમાં ભોગ આપવો; કુરબાન થઈ જવું.
૨. વારી નાખવું = માથે ઓવારી કે ઉત.રી ફેંકી દેવું; કદરદ.નીમા ફેંકવું.
૫. સ ક્રિ. રક્ષણને માટે વિઘ્ન આવતું અટકાવવું. વિઘ્ન દૂર કરવું

વારવેળા [સં. વારવેલા] સ્ત્રી. અશુભ સમય. રવિવ.રે ચોથા પહોરનો પહેલો અર્ધ ભાગ, સોમવ.રે સાતમા, મંગળવારે બીજા, બુધવારે પાંચમા, ગુરુવારે આઠમા, શુક્રવ.રે ત્રીજા અને શનિવારે છઠ્ઠા પહોરના પહેલા ભાગમાં વારવેળા થ.ય છે તે શુભકાર્યમાં અતિનિંદ્ય મનાય છે.

વારસ [અ. વરસ્ (તેને વારસો મળ્યો)] પુ મરનારની મિલકતનો હકદાર; જેના નામનું વસિયતન.મું કર્યું હોય તે; મિરાસગીર; ઉત્તરાધિકારી, મરનારની મિલકત, જવ.બદારી, હક; દાવો વગેરેનો હકદાર.

વારસદાર જુઓ વારસ.

વારસનામું [અ. વારિસ + ફા. નામા] ન મરનારે પોતાની મિલકત અને અધિકાર, અમુકને મળે એવા હેતુથી કરેલો લેખ; વસિયતનામું; મૃત્યુપત્ર, ' વીલ '.

વારસપ્તક [સં.] ન. અઠવાડિયું.

વારસાઈ સ્ત્રી. વારસો. મિરાસગીરી.

વારસામત વિ. વંશપરંપરામા ઊતરેલું; વારસામાં મળેલું

વારસાવેરો પું. એક પ્રકારનો કર; વારસા પ્રમ.ણે કરાવવા દરથી સરકારને ભરવાનો કર.

વારસાહક જુઓ વારસાહક્ક.

વારસાહક્ક પુ. મરનારની મિલકત અને અધિકારના ભોગવટાનો હક્ક; વારસાહક.

વારસી [અ. વારિસ] પું. ઉત્તરાધિકારી

વારસું જુઓ વારસો.

વારસુંદરી [સં.] સ્ત્રી. વેશ્યા.

વારસો ૧. પું. મરનારની માલમિલકત તેના વારસને મળી હોય તે; મિરાસ; દાયભાગ; મરનારની મિલકત અને અધિકારના ભોગવટાનો હક્ક; મરનારની જે મિલકત મળવાની હોય તે.
૨. પું. વસિયતનામાથી મેળવેલી મિલકત.
૩. પું. વંશપરંપરાએ ઊતરી આવેલું તે.

વારસ્ત્રી જુઓ વ.રાંગના

વારંગ ૧. ન. એક જાતનું ઝાડ; ખોરી ક.રવ.ણી. તેના રેણ સરસ થાય છે. દીવાસળીની સળી તથા પેન્સી બનાવવા માટે આ ઝાડ કીમતી ગણાય છે
૨. ન. એક પ્રકારનું અસ્ત્ર
૩ ન. તલવારની મૂઠ.

વારંગલ ન. રાજ્યમાં વસેલું એક શહેર; અસલનું કાકપુર.

વારંટ ૧ [અં વૉરંટ] ન ગુનેગારને એકદમ પકડી લાવવાનો સરકારી તાકીદ કે લેખિત હુકમ. વારંટ એ મેજિસ્ટ્રેટે અથવા કોર્ટે સહી કરેલો, મહોર કરેલો અને ફાડેલો લેખીહુકમ હોય છે.
૨. ન પકડવાના કે જપ્ત કરવાના હુકમનો કાગળ
૧. વારંટ ગિરફતાર = પકડવાનો હુકમ.
૨ વારંટ જારી કરવું = વારંટ ચાલુ રાખવું.
૩. વારંટ તલ.શી – ગે.મીને પકડવાનો હુકમ.

વારંવાર [સ] અ. વારેઘડીએ, ફરીફરીને; ઘડીએઘડીએ

વારા ૧. [હિં.] પું ફાયદો; લાભ
૨. પુ. બચાવ; કરકસર; પૈસા બચાવવા તે.
૩ પું. ભોગ.
૪ પુ સં.ઘર્ષ
૫ વિ સજ્જ, તૈયાર

વારાકંદ જુઓ વારાહકંદ.

વારાણસી [સં] સ્ત્રી. કાશી; બનારસ. આ શહેર વારણા અને અસી એ બે નદીઓની વચ્ચેના પ્રદેશમાં વસેલું છે માટે તેનું નામ વારાણસી પડ્યું છે

વારાણસેય [સં.] વિ. કાશી કે બનારસમાં હોનાર કે બનાર

વારાદાર વિ. વારાવાળો; જેનો વારો હોય તેવું.

વારાફરતી ૧ અ જેમ જેનો વારો આવે એમ, એક પછી એક; યથા અનુક્રમે; ક્રમપ્રમાણે.
૨. અ. રહીરહીને; થોડીથોડી વારે એમ.

વારાફેરા ૧ પું બ.વ. ચડતીપડતી.
એ મહાસત્તાઓ પણ ઘણા વારાફેરા જોયા છે. આંધીજી
૨ પું. વારંવાર આવવું જવું તે; આંટા આવા તે; આમતેમ વારવ.ર આવજા કર્યા કરવી તે.

વારાંબીપદ્ધતિ સ્ત્રી. પરિવર્તનપદ્ધતિ; બદલીની પદ્ધતિ.

વારાંભોય પું. (કચ્છી) એક પ્રકારની વનસ્પતિ. તેની ડાંડી ઝીણા વાળ જેવી હોવાથી તેને કચ્છમાં વારાંભોય કહે છે

વારાંયલ ન. (કચ્છી) એક જાતનું ઝાડ. તેને ખાટખટુંબો કહે છે

વારાંવેલ સ્ત્રી (કચ્છી) એક જાતનો વેલો. તેને ત્રણ આંચાવાળાં, પીપળાનાં પાન જેવાં, એક ડીંટમાં પાંચ પાન હોય છે તેને ઝીંણા જેવાં નાનાં ફળ થાય છે. ફૂલ સફેદ થાય છે.

વારાહ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે રસઉલ્લાસનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૧૦ લઘુ મળી ૩૩ વર્ણની ૫૬ માત્રા હોય
૨. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક છંદનો એક ભેદ છે તેને કાસાર છંદ પણ કહે છે. તેમાં બે નગણ અને એકત્રીસ રગણ મળી ૬૬ વર્ણ હોય છે
૩. [સ] પું એક જાતનું ઝાડ.
૪. પુ. (પુરાણ) કલ્પના ત્રણ મ.હેનો એક પ્રવ.ર, એ નામનો એક કલ્પ. જ્ઞાનદેવના નાકમાંથી હિરણ્યાક્ષ દૈત્યને મારવા માટે પર.હ

ઉત્પન્ન થયા. તેણે હિરણ્યાક્ષને મારી નાખી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. આવું કલ્પ શરૂ થતાં જ તેણે ઉત્પન્ન કરી પૃથ્વીને સ્વસ્થાનમાં સ્થિત કરી. આ મહત્ કાર્ય કરવા આ કલ્પનું નામ વારાહકલ્પ પડ્યું

૫. પું. ઘોડાની એક ચાલ; વરાહની માફક ઘોડાનું દોડવું તે.

૬. પું. (પુરાણ) મગધ દેશમાં આવેલ મહાભારતકાલીન એક પર્વત.

૭ પુ વરાહ; ભૂડ; ડુક્કર

૮ વિ ભૂંડનો લગતું; ડુક્કરનું.

વારાહકર્ણી [સં.] સ્ત્રી આસપ નામે વનસ્પતિ

વારાહપત્રી જુઓ વારાહકર્ણી

વારાહપિત્ત [સં.] ન પિત્તના પાંચ ભેદોનો એક પ્રકાર. આયુર્વેદરત્નાકરમાં અન્નપિત્ત, આમ્લપિત્ત, અમ્લપિત્ત, વારાહપિત્ત અને ભ્રમરપિત્ત એમ પચપિત્ત ગણાવ્યાં છે.

વારાહપુરાણ [સં.] ન. (પુરાણ) અઢાર મોટેનું એક પુરાણ.

વારાહી ૧. [સં.] પું. (પુરાણ) અગિરા કુલોત્પન્ન એ નામના એક ઋષિ.

૨ સ્ત્રી. એક પ્રકારની વેલ તેના કંદને ડુક્કરકંદ કે વારાહીકંદ પણ કહે છે.

૩. સ્ત્રી. એક માપ.

૪. સ્ત્રી. ચોસઠ ભેદોની એક યોગિની.

૫. સ્ત્રી. પૃથ્વી

૬. સ્ત્રી. ભૂંડણ; ડુક્કરી; સૂવરની માદા.

૭. સ્ત્રી. વારાહરૂપે વિષ્ણુની શક્તિ

૮. સ્ત્રી સ્વામિકાર્તિકની.

૯. સ્ત્રી. સપ્તમાતૃકાઓ પૈકીની પાંચમી દેવી. તેનું વાહન વરાહ છે.

વારાહીકંદ ન. ડુક્કરકંદ; ભોંયકોળુ; એક જાતના વેલાની ગાંઠ. તે કૃષ્ણ, શીતલ, મૂત્રલ, રસાયન અને વાજીકર છે. ડાંગના જંગલમાં તેની અનેક જાતો જોવામાં આવે છે. તેના વેલા ડુંગરામાં થાય છે. તેને નાગરવેલનાં જેવા પાન હોય છે વેલો જમીન ઉપર ચાલે છે. તે હાથ હાથને છેટે મૂળ નાખે છે.

વિષ્ણુસેનપ્રિયા, વૃદ્ધિ, વારાહી અને અદરા એ ચાર સ્ત્રીલિંગ નામ વારાહીકંદનાં છે.

અમરકોષ

વારાહીતંત્ર [સં.] ન. આઠ મોટેનું એ નામનું એક બહુરૂપતંત્ર.

વારાહીસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ.

વારાહીસંહિતા સ્ત્રી. (જ્યોતિષ) એ નામનું જ્યોતિષનું એક પુસ્તક. આ પુસ્તક વરાહમિહિરે રચ્યું છે. તેમાં નવ ગ્રહ, અગસ્ત્ય અને સપ્તર્ષિની ગતિનું ફળ, સૂર્ય ગ્રહણ, ચંદ્ર ગ્રહણ અને ધૂમકેતુના ફળ, ગ્રહયુદ્ધ, ગ્રહસમાગમ, ગ્રહચારફળ, દિગ્દાહ, ભૂમિકંપ, ઉલ્કા, પરિવેષ, ઇંદ્રધનુષ, ગંધર્વનગર, ભગ્નદર્શન, ઉત્પાત, મયૂરચિત્રક, પુષ્પદંતાન, પટ્ટલક્ષણ વગેરે ૧૦૮ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે

વારાંગ ૧ પું. એક જાતનો છોડ

૨. પું. દાતરડામાં હાથો બેસાડવાનું સ્થાન

વારાંગઢા જુઓ વારાત્ર.

વારાંગના ૧. [સ. વાર (ઢોળ) + અંગના] સ્ત્રી. ગણિકા; વેશ્યા; પારકી.

૨. સ્ત્રી નૃત્ય અને સંગીતદ્વારા વિનોદ આપનારી સ્ત્રી.

વારાંનિધિ [સં.] પું. સમુદ્ર; દરિયો

વારિ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પ્રતિપા છંદનો એક ભેદ છે તેમાં પગમાં અને લઘુ મળી ચાર વર્ણ હોય છે

૨. સ્ત્રી. કેડી સ્ત્રી

૩. સ્ત્રી. પાળી ભરવાની મજૂરી

૪ સ્ત્રી પાળી ભરવાની

૫ સ્ત્રી. કાર્યોને બાંધવાની જગ્યા.

૬. સ્ત્રી કાર્યોને બાંધવાની મજૂરી, દોરડું વગેરે

૭ ન. એક જાતનું ધનમાપ.

૧૬ દ્રોણ = વારિ.

૮૦ દ્રોણ = કુંભ.

૮. ન. ગોળ પકવવાની ચૂલમાં નાખવાનું કચરા જેવું જ્વલનશીલ બળતણ

૯. [સ.] ન. પાણી, જળ; નીર; ઉદક; સલિલ અપ્, વારૂ, વારિ, કમલ, જલ, પયસ્, કીલાલ, અમૃત, જીવન, ભુવન, વન, કબંધ, પાયસ, પુષ્કર, સર્વતોમુખ, અંભસ, અબ્જસ, તોય, પાનીય, ક્ષીર, અંબુ, કુંભર, એવપુષ્પ અને ઘનરસ એ નામ પાણીનાં છે

અંબુ જલ કીલાલ જલ પય પુષ્કર વન વારિ,
અંભ અમ્બુ જીવન ભુવન ઘનરસ કુલ તોયાદિ.

પિંગળ ભુજબેય

૧૦. ન. પ્રવાહી.

૧૧. ન. મુખથી બાળો; બસ.

વારિકં ૧. ન. કાનમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

૨. ન. ગાય ભેંસ દોહવાનું માટીનું વાસણ તે ખાસ કાળા રંગનું જ હોય છે.

વારિકણ [સં.] પું. પાણીનું બિંદુ.

વારિકર્પૂર [સં.] ન. એક જાતનું માળવું.

વારિકેદક ૧. [સ.] પુ પાણીમાં થતો એક જાતનો છોડ

૨. ન ત્રિશોડુ

વારિકોક [સ.] પું. પક્ષીનો એક જાત, જાતની માફક ધસમસતું ચાલવું તે

વારિકુજ્જ [સં.] ન ત્રિશોડુ

વારિકુજ્જક જુઓ વારિકુજ્જ

વારિકુક્ષિ [સ.] પું જળો.

વારિગત [સ.] પું. ગમે ત્યાં કૂવો, નદિ કેનાં જળસ્રોતના અમુક વિસ્તારમાં જ કરવા દેવામાં આવતો ઈજારાવેરો લાગો.

વારિગૃહ [સ.] ન. પાણી સંગ્રહવા કામચલાઉ કરવાનું સ્થાન

વારિચર ૧. [સ.] પું. જળચર પ્રાણી

૨ પું. માછલું.

૩. પું. સર્પ

૪. વિ. પાણી ઉપર ફરનાર

વારિત્રયામક [સં.] ન. ખેવાળ.

વારિજ ૧ [સં.] પું. શંખ; છીપ

૨. ન. એક જાતનું લવણ કે મીઠું.

૩. ન કમળ; પદ્મ, પોયણું

૪ ન. ગૌર સુવર્ણ; એક જાતનો છોડ

૫. ન. સવિશ કેમકે, તે પણ જળ ઉપર ચાર પાખડીયો સુશોભિત એવા કમળની માફક જ હોય છે.

૬. વિ પાણીમા ઉત્પન્ન થયેલું; પાણી ઉપર ફરનારૂ

વારિજનયન [સ.] વિ કમળ સમાન નેત્રવાળું.

વારિજપત્થર પું. પાણિયો પત્થર; પાણી ટપકીને બનેલો પત્થર.

વારિજમુખ [સ.] વિ. કમળ જેવા મુખવાળું.

વારિજમૂહ [સ. વારિ (પાણી) + જ (જન્મેલું) + મૂંદ (જથ્થો)] ન. કમળનો જથ્થો; કમળનો સમૂહ.

વારિજા [સ.] સ્ત્રી. પાણીમાંથી ઉત્પન્ન થયેલ લક્ષ્મી; રમા; વિષ્ણુની પત્ની. દેવદાનવોએ મળીને સમુદ્રમંથન કર્યું ત્યારે તેમાંથી ચૌદ રત્ન નીકળ્યા હતાં, તેમા લક્ષ્મી પણ એક હતાં. તેથી તે સમુદ્રની પુત્રી કે વારિજા કહેવાય છે.

વારિત [સં.] વિ. નિવારેલું, નિષેધેલું; વાર્યું; રોકેલું; અટકાવેલ.

વારિતર ૧. ન ઘાસ, બાળો; એક જાતનું ઘાસ.

૨. [સ. વારિ (પાણી) + તૃ (તરવું)] ન. પાણીમાં તરે એવી ભસ્મ, લોહ વગેરે

ધાતુની ભસ્મને રૂનાં પૂંભડા વતી પાણી ઉપર નાખત. તે તરવા માંડે એટલું જ નહિ પણ તે તરતી ભસ્મ ઉપર ઘઉંના દાણા મૂકવાથી તે પણ તરવા માંડે ત્યારે ભસ્મ વારિતર થઈ ગણાય

વારિતરકર ૧ [સં.] પું. આકડાનો છોડ.
૨. પું મેઘ.
૩. પું મોથ.
૪. પું સૂર્ય.

વારિદ ૧. પુ. અઢાવન માહેનો ચોપનમો વણ્ણલકાર.
૨. પું મોથ.
૩ પું વાદળું; મેઘ; જલધર; જીમૂત.
૪. [સં] વિ. પાણી આપનાર; પાણી ઉત્પન્ન કરનાર

વારિદ [સ.] પું ચાતક; અબેવો.

વારિધર ૧ [સ.] ન. નાગરમોથ.
૨. ન. વાદળું

વારિધાર [સ.] પું. એ નામનો ભરતખંડનો એક પર્વત.

> શ્રીદેવ, મહેન્દ્ર, વારિધાર, મિદ્રમ, સુક્તિમાન વગેરે ભરતખંડના પર્વતો છે. ભાગવતી ભાગવત

વારિધારા ૧. [સ.] સ્ત્રી. પાણીની ધાર.
૨. સ્ત્રી. વર્ષા સમયની બાર માહેની એક મદોન્મત્ત સ્ત્રી

> શ્રાવણલક્ષ્મી, ભાદ્રપદલક્ષ્મી, સ્વરસ્થા, રસ્થમાલિની, ભોગા, દુગ્ધા, નિરુત્તી, અમ્રમતિ, મેઘમંતિકા, વર્ષમંતી, ત્રિભુવિકા અને વારિધારા એ બાર વર્ષાસમયની મદોન્મત્ત સ્ત્રીઓ છે. ભાગવતી ભાગવત

વારિધિ ૧. [સં.] પું પાણીના આધાર રૂપ ખડો વગેરે
૨. પું. મેઘ; વાદળું.
૩. પું. સમુદ્ર; સાગર; દરિયો, વારિનિધિ.

વારિધિનાથ જુઓ વારિનાથ.

વારિધિયાન પું. (પિંગળ) નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂકતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ભગણ, તગણ અને જગણ મળી નવ વર્ણ આવે છે.

વારિનાથ ૧. [સં] પું. મેઘ; વાદળ
૨. પુ. વરુણદેવ.
૩. પુ. સમુદ્ર.

વારિનિધિ જુઓ વારિનાથ.

વારિપથિક [સ.] વિ. જળમાર્ગે જનાર; પાણી ઉપર મુસાફરી કરનાર.

વારિપર્ણિકા [સં.] સ્ત્રી. કુમિક્ષ નામની વનસ્પતિ; જળકુબી.

વારિપર્ણી જુઓ વારિપર્ણિકા.

વારિપુષ્પ ૧. [સં.] ન. કમળ.
૨. ન. લવિંગ.

વારિપુંજ [સ.] પું પાણીનો સમૂહ; વાદળું.

વારિબાલક [સં.] પું. સુગંધી વાળો; ઉશીર.

વારિભવ ૧. [સં.] ન. એક જાતનું અંજન.
૨. વિ. પાણીમાં હોનાર કે થનાર.

વારિમસિ ૧. [સં.] પું. મેઘ; વાદળું.
૨ પું મોથ.

વારિમુચ જુઓ વારિમસિ.

વારિરથ [સં] પું. વહાણ, હોડી; તરાપો.

વારિરાશિ ૧. [સં.] પું. પાણીનો જથ્થો.
૨ પું. સમુદ્ર
૩. પું. સરોવર.

વારિરુહ ૧. [સં.] ન. કમળ.
૨. વિ પાણીમા ઉત્પન્ન થયેલ

વારિવહન [સં.] ન. એક જાતનું આમળું.

વારિવર [સં] ન. કરમદું.

વારિવલ્લભ [સ.] વિ. પાણી જેને વહાલું હોય તેવું.

વારિવલ્લભા [સં.] સ્ત્રી. વિદારી નામે વનસ્પતિ.

વારિવરકૃત ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. પું. વેદમા વપરાયેલું ઋષિનું એક નામ.

વારિવાહ ૧. [સ.] ન. અભ્ર; વાદળું; પયોધર; મેઘ

> પીવે ન પાણી નિજનું નદીઓ,
> સ્વય ન આપે ફલ વૃક્ષ કોઈ;
> ન આમ માન્યે વણી વારિવાહો,
> પરોપકારાર્થ વિભૂતિ સૌની. સુભાષિત

૨. ન. મોથ.

વારિવિષધર ૧. [સં.] પું. સંકર.
૨. વિ. સર્પનું ઝેર ધારણ કરનાર.

વારિશ [સં.] પું. વિષ્ણુ

વારિશાલા પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; વિતાન. તેના દરેક ચરણમાં જગણ, તગણ, ગુરુ તથા ગુરુ મળી આઠ અક્ષર આવે છે.

> જ તે ત ગે વારિશાલા. સ્યુપિંગળ

વારિસ ૧. પું. ધણી; માલિક; પતિ.
૨. [અ. વરસ (તેને વારસો મળ્યો)] પું. વ.૨૫

વારિસંચય [સં] પું હોજ; જલાશય; ટાંકી.

વારિસા ૧. [હિં.] પું. વારસો.
૨. [અ.] સ્ત્રી. વારસદાર સ્ત્રી.

વારિસાર ૧. પું (યોગ) અંતર્ધૌતિના ચાર માર્ગોનો એક પ્રકાર મોઢામાંથી ગળા સુધી જલનું પાન કરી નૌલિક્રિયા વડે પેટને હલાવવું અને પછી તે જલનુ મુખદ્વારા વિરેચન કરવું તે વારિસારઅંતર્ધૌતિ કહેવાય છે. યોગીઓ આ ક્રિયાને શંખપ્રક્ષાલન પણ કહે છે
૨. પુ. ચંદ્રગુપ્તનો એ નામનો એક પુત્ર.

વારિસાર અંતર્ધૌતિ જુઓ વારિસાર ૧.

વારિસિંચન [સં.] ન પાણી છાંટવું તે; જળસિંચન; પાણી પાવું તે.

વારિસીમાધ્યક્ષ [સં.] ન. નહેર ખાતાનો ઉપરી.

વારિસ્થલ [સં.] ન. જ્યાં પાણી હોય તેવું સ્થળ

વારિહૃદ [સ.] પું. પાણીનો ધરો.

વારી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે નિશાની છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૧૫ લઘુ મળી ૧૯ અક્ષર હોય છે.
૨. પું. ઘોડો; હય; અશ્વ
૩. પું ચડતીની વેળા; આબાદી; ઉન્નતિ.
૪. પુ. દાવદો; લાભ.
૫. પુ. બદલો લેવા.નો અવસર.
૬. પુ. બળતણ; ઇંધન.
૭ પું વખત; સમય; વેળા; ટાણું; અવસર.
૮. પું. હાથી.
૯ પુ. હાથીને બાંધવાની જગ્યા.
૧૦ પું. હાથીને બાંધવાની સાંકળ.
૧૧. સ્ત્રી. અગ્નિમાં બાઝતો બાષ્પ તેવી ચીજ નાખવી તે; તાપણામાં ઘાસ, છાણાં, લાકડાં, વગેરે નાખવાં તે.
૧૨. સ્ત્રી. અટકાવ; રોકવું તે.
૧૩. સ્ત્રી. અમુકોએ; અમુક ધંધાવાળાએ અમુક દિવસે કામ ન કરવાનો દિવસ; આથો
૧૪. સ્ત્રી. અનુક્રમમાં ફેરો આવવો તે; વારો; ક્રમ; પાળી; ખેપ
૧૫. સ્ત્રી. એક જાતનું વજન.

૮૮ મોર સર્ષપ	= ૧ રૂપું માષ
૧૬ રૂપું માષ	= ૧ ધરણ (રૂપું તોળવા માટે)
૨૦ માષ	= ૧ ધરણ (તાંબું તોળવા માટે)
૨૦ તદ્દુલ	= ૧ ધરણ (હીરા તોળવા માટે)
૧૦ ધાન્યમાષ	= ૧ માષ (સોનું તોળવા માટે)
૧૬ સુવર્ણમાષ	= ૧ કર્ષ
૪ કર્ષ	= ૧ પલ (સોનુ તોળવા માટે)
૨૦૦ ધાન્યપલ	= દ્રોણ
૪ ખારિકા	= ૧ વારી
૮૪ કુડુંબ	= ૧ વારી (ધાન્ય તોળવા માટે)

૧૬. સ્ત્રી. ક્યારિયો; નાની ગટર.
૧૭ સ્ત્રી. કાનમા પહેરવાનું ઘરેણું.
૧૮. સ્ત્રી. બદલો.
૧૯. સ્ત્રી. પેડનો વારો.
૨૦. સ્ત્રી. રોકડીનો રમ ઉકાળવાનું કરડનું બળતણ.
૨૧. વિ. વિભાગ પાડેલું હોય તેનું; વિગત જુદી પાડી હોય તેનું. જેમકે, તુલવારી પત્રક; જાતવ.રી.
૨૨. અ. જુદું જુદું પાડેલું હોય તેમ.

વારીયોડો (વારી ઘોડો) પું. ખસી કર્યા વિનાનો ઓલાદ ઉત્પન્ન કરવાનો ઘોડો; જેનાથી પહેરા લેવર.વવ.ના હોય તેવો સારા.માં સારો ઘેડો.

વારીદ [સં.] પું. હાથી.

વારીશ ૧. [સં.] પું. વરુણ દેવ.
૨. પું. વિષ્ણુ.
૩. પું. સમુદ્ર

વારીશ્વર જુઓ વારીશ

વારુ ૧. [સ. વરમ્] વિ. સારું; સુંદર; ભલતું.
૨. અ. ભલે; ઓહો; વાહ.
૩. અ. સારું; ઠીક; હા. જવાબમાં વપરાય છે.

વારુણ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમા રગણ, જગણ અને મગણ મળી નવ વર્ણ, બીજા ચરણમાં ત્રે તગણ, રગણ મળી નવ વર્ણ, ત્રીજા ચરણમાં તગણ, રગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ તથા ચોથા ચરણમાં બે તગણ અને રગણ મળી નવ વર્ણ આવે છે.
૨. પું. ભારતવર્ષના નવ ભાગોનો એક વિભાગ.
૩. પું વિષ્ણુનાં કલ્કિ અવતારનું એક નામ.
૪. ન. અઢાર મહેસું એક ઉપપુરાણ.
૫. ન. એ નામનું એક અસ્ત્ર.
૬ ન. એક જાતનું ભૂત. તે સરોવર અને નદી આગળ ફરતું રહે છે.
૭. ન. જળ; પાણી, વારિ.
૮. ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે રાત્રિ દિવસનાં ૩૦ મ.હેનું એક મુહૂર્ત.
૯. ન. (શિલ્પ) જળગોળ આકારનું શહેર.
જે નગર વિશોકન અથવા લંબગોળ હોય તેનું નામ વારુણ. રાજવલ્લભ
૧૦ ન. શતતારા નક્ષત્ર.
૧૧. ન. સામગાનની એક રીત.
૧૨. ન. સોનુ.
૧૩. ન. હરતાલ.
૧૪. વિ. પાણી કે વરુણ જેનો દેવ હોય તેનું; વરુણને લગતું
૧૫. વિ પાણીનું; પાણી સબંધી.

વારુણપ્રતીચ્ય [સ] ન (પુરાણ) કાસ્પક વનની દક્ષિણ દિશાએ આવેલું એક તીર્થ

વારુણપાત્ર [સં.] ન. વરુણનું પ્રોક્ષણનું પાત્ર.

વારુણપારા [સં.] પું (પુરાણ) એ નામનુ એક અસ્ત્ર.

વારુણશિલ્પ [સ.] ન. કલ્પપ પ્રજા શિલ્પશાસ્ત્રના પાડેલા ચૌદ ભાગોનો એક વિભાગ તેના સ્થાપક નામ ઋષિ હતા. તે શાસ્ત્ર સુતાર લોકમાં પ્રચલિત થયુ હતુ.

વારુણાસ્ત્ર [સ.] ન. એ નામનુ એક અસ્ત્ર

વારુણિ ૧ [સ] પું અનલ્પ મુનિ
૨. પું દેવગણપણો હાથી
૩ પું. ભૃગુ
૪. પું. પુરેનસ નામનો ગ્રહ. શનિની પેલી પાર બીજો ગ્રહ નથી એવી માન્યતા ઘણો વખત રહી, પરંતુ વિલિયમ હર્શલે ઈ સ ૧૭૮૧ના માર્ચની ૧૩મી તારીખે આ ગ્રહ શોધ્યુ હિદ કર્યું. તેથી ત્રીજા જ્યોર્જે તેને સરનો ઇલકાબ એનાયત કર્યો. યુરેનસ ૧,૭૮,૨૮,૦૦,૦૦૦ માઈલ દૂર છે. આપણા ૮૪ વર્ષમાં તે એક વખત સૂર્ય આસપાસ ફરી રહે છે. તેનો વ્યાસ આશરે ૩૧,૦૦૦ માઈલ છે. તે એટલો બધો દૂર હોઈ આપણા કરતાં ૬૬૦ મા ભાગનું સૂર્યનું તેજ મેળવે છે; પણ તેની સપાટી વિશેષ પ્રતિબિંબ પાડી શકે છે તેથી તે જોઈએ તે કરતાં વિશેષ ચળકાટ મારે છે. તેની સપાટી ઉપર પટ્ટાઓ માલૂમ પડે છે. તેની ધરી આસપાસ એક વખત ફરવા માટે તેને આપણી ૧૦ કલાક અને ૪૫ મિનિટ લાગે છે. તેને ચાર ઉપગ્રહ છે
૫. પું વસિષ્ઠ.
૬. પું (પુરાણ) વિનતાનો એક પુત્ર.
૭. પું. વૈવસ્વત મન્વતરનો એક ઋષિ

વારુણિ અંગિરા પું (પુરાણ) અંગિરા ઋષિ વરુણના યજ્ઞમાં જે બધા ઋષિ નિમાયા હતા તેમાના તે એક હતા.

વારુણિ હવિ પું. (પુરાણ) વરુણના યજ્ઞમા ઉત્પન્ન થયેલ એક ઋષિ. તેને વસુદેવ પોતાના પુત્ર તરીકે સ્વીકારેલ હતા.

વારુણિ દ્વીપ પું. (જૈન) પુષ્કરવર સમુદ્ર અને વારુણી સમુદ્રની વચ્ચે આવેલો એ નામે એક દ્વીપ. તે સોળ લાખ જોજન લાંબો પહોળો મનાય છે.

વારુણિ સમુદ્ર પું (જૈન) વારુણી દ્વીપને ફરતો આવેલો એ નામનો એક સમુદ્ર. તે એક કરોડ બેતાલીસ લાખ જોજન લાંબો પહોળો મનાય છે.

વારુણી ૧ સ સ્ત્રી કદંબવરણી નામની વનસ્પતિ.
૨ સ્ત્રી આ નામની એક નદી
૩ સ્ત્રી નક્ષત્ર નામની આપત્તિ
૪. સ્ત્રી. ઘોડાની એક ચાલ
૫. સ્ત્રી. ચૈત્ર સુદ તેરસ શતભિષા નક્ષત્રનો સાથે યોગ. તેની સાથે શનિવાર હોય તો મહાવારુણિ અને શુભયોગ પણ હોય તો મહા મહાવારુણિ કહેવાય છે
૬. સ્ત્રી. છપ્પન માહેની એક દિક્કુમારિકા.
૭. સ્ત્રી. ઘો; પ્રોખડ
૮ સ્ત્રી. નસો લાવનાર દારૂ; મદિરા.
૯. સ્ત્રી. પશ્ચિમ દિશા
૧૦ સ્ત્રી પુરુષની જનનેન્દ્રિયમ રહેલ, મૂત્ર અને વીર્ય વિસર્જનની નાડી
૧૧. સ્ત્રી. વરુણની સ્ત્રી
૧૨. સ્ત્રી હાથણી
૧૩ વિ. પાણીવાળુ
૧૪. વિ વરુણદેવ સબંધી.

વારુણીય સ્ત્રી. એ નામનો એક ધાતુ, યુરેનિયમ. તે ચળકતો સફેદ પરંતુ સહેલાઈથી ઓક્સીજન સબંધ કરતુ હોવાથી તે ભૂરી રાખમા તેવો ધાતુ છે તેજાબ અને રંગમા તે લોઢાને મળતી છે. તે કાળા ચૂર્ણના રૂપમાં બનાવામા આવે છે

જોકરશે શોધી કાઢયું કે વારુણીય ધાતુના ક્ષાર અંધારા ને તેજનાં કિરણોનો આક્ષેપ કરે છે તે કિરણો ઉપરછોડિયા નજરે જોતા અદશ્ય કિરણોને મળતા હોય છે.

વિજ્ઞાન પ્રવેશિકા

વારુણેશ્વર [સ.] ન. સોરઠ મ.હેનું એક તીર્થ. જેમા જેની સબંધી વિગતો આપેલ છે

વારૂ ૧. સ્ત્રી. બંધી; બનાવટ; અટકાયત; નિષેધ. જુઓ આ ખંડ માંહી બંધારૂ.
ઓને બાધવા કોઈ વારૂ ન. લેડકહું
૨ સ્ત્રી વખત; વિલબ; ઢીલ; રોકાણ.
હાથીના ન ખોવા રાજ, પત્રીઓ ન ખોવા રાજ
આવડી વારૂ તે શીદ લાગીયું.
રહિમાબી રાત
૩. સ્ત્રી. વારી જવું તે; ઓવારણાં; દુખણાં લેવા તે.

વારે અ માફક; ની જેમ

વારે ઘડીએ (વા.રે ઘડીએ) અ ઘણી વખતે; વારંવાર; ઘડીએ ઘડીએ, થોડી થોડી વારે; રહી રહીને એમ; ઘણીવાર એમ, પુન.પુનઃ.

વારેદાર ૧. વિ અનુક્રમે જેનો હક હોય તેવુ, વારાવાળુ; ક્રમ પ્રમાણે અધિકાર અથવા કામ ઉપર ચડનાર
૨. વિ કર ઉઘરાવનાર.

૩. જિ કામકાજ કરવા અને તૈયા. થવા માટે ગોઠવેલી બાબી મુદતનુ

વારેફેરે જુઓ વારે ઘડીએ

વારેવારે જુઓ વારે ઘડીએ.

વારેસારે જુઓ વારે ઘડીએ

વારો ૧ પુ આનુક્રમિક, અમુક પ્રયોજન, એ અમુક દિવસ ક્રમ ન કરવાનો દિવસ, પખવાડિયું

૨ પું અનુક્રમમા કરે, આવે, તે, દિન, ઐક પછી એક એમ આવતા કરતુ તે, અનુક્રમ, ક્રોતુ તે

૩ પુ કામ કરવાનો ઠરાવેલો ક્રમ, પખવાડિયા આવર્તને કરવાનો ક્રમ વર્ષે, અનુક્રમ

૪. પુ ઘર, કેન કામકાજ માટે ઠરી રહેલો સમય, ઠરેલી મુદત દરમ્યાન કામ થવા. થવું તે, તબક્કા

૫. પુ ઘડા, કુલ

વારો મૂકવો = ગરમ પાણી ભરીને ઘડો પેટ ઉપર મૂકી શેકવુ

૬. પુ દર; ભાગ.

૭. પું. ફાયદો; ક્રિયાપદ માગવું તે

વારો પડવો = દુઃખદ અને સખ્તે અનુ

૮ પું વેપારીઓએ પાળવાની રજાઓમા એકાદ બપોરે દુકાન બપોરે રાખવાનો ગોઠવેલો નિયમ.

વારોઠી (વારોટી) જી. મારીની કુલડી.

વારોફેરો ૧. પું. ચઢતીપડતી, સુખદુઃખ.

૨. પું. જન્મ મરણનો ફેરો

દાદો નસજિતની **વારોફેરો** ૨. દયારામ

વારોવાર ૧. અ. એક વાર પછી સામે તે જ વાર પાછો આવે ત્યારે; બીજે અઠવાડિયે તે જ દિવસે

૨. અ દરરોજ, દિવસદિવસ

૩. અ. વારેવારે; વારેવારે, ફરીફરીને.

વારોવારિયું જિ. વાર પ્રમાણે દિવસો રાતની કામકાજમા આવતું, બીજા ગણવા માટે બોલાય છે

વાર્ડ્ઝિ પું. દાવાનળ; વનાગ્નિ.

વાર્ષિક સમીકરણ ન. અમુક રાશિની કીમત કાઢવા જવાબ આકડાને બદલે અક્ષરમા આવે તેવુ સમીકરણ

વાર્ત પુ. રોગ રહિત માણસ.

વાર્તકર્મ ન. વેપાર

વાર્તા ૧. પુ. કાવ્યના ૪૫ માહેનો એ નામનો એક અલકાર.

> સૂર્ય અસ્ત પામ્યો, અદ્ર પ્રકાશે છે, પક્ષીઓ માળામાં બધ છે. આવા સાયકાળના વર્ણનવાળું કાવ્ય કુશિત કાવ્ય છે, એને વાર્તા અલકાર કહે છે. કાવ્યદોહન

૨. જી., અર્થોપાર્જન.

આન્વીક્ષકી વિદ્યા (તત્ત્વજ્ઞાન) તથા ત્રયી અધ્યાત્મિક વિદ્યા) તેમ જ વાર્તા અર્થોપાર્જન) અને દડનીતિ (રાજનીતિ શાસ્ત્ર) તે સમયમાં પ્રચલિત હતાં. અશોક અસ્થિ

૩. [સ વાર્તા] જી. આજીવિકા; ગુજરાન.

૪ જી કાળથી થતો પ્રાણીઓનો નાશ.

૫. જી કોઈ પણ પ્રસગનું સળંગ અને રસમય વર્ણન

૬ જી પશુ, પશુપાલન અને વેપારની વિદ્યા.. ધન્વન્તરિ

૭. જી. ગપ; અફવા

૮ જી. તવારીખ; ઇતિહાસ

૯ જી દુગ દેવી

૧૦ જી ખબર

૧૧ જી બાતમી, વર્તમાન, સમાચાર, ખબર

૧૨ જી રહસ્ય તે

13 જી. રીંગણી.

૧૪ જી વાત; કથા; કહાણી; ગપ્પા; ગોષ્ઠિ.

વાર્તાઆદેશ [સ.] જી. વાર્તા રૂપે આદેશ કે બોધ દેનારી વાતો.

> ઉપનિષદોની Parables-વાર્તા આદેશની કેવી બાઈબલમાં સારી વિકસેલી છે. પ્રસ્થાન

વાર્તાક ૧. [સં.] ન. અઢાર માંહેનું એક મુખ્ય ધાન્ય

૨ ન. એક જાતનુ પક્ષી

૩ ન. રીંગણ, વગણ

વાર્તાકથક [સં.] જિ. વાર્તા કહેનાર

વાર્તાકથન ૧. [સં.] ન. વાર્તા કહેવાની ક્રિયા.

૨ ન. વાર્તા કહેવી તે.

વાર્તાકાર [સં.] જિ. વાર્તા કે કથા રચનાર અથવા કહેનાર

વાર્તાકિ જી. ઊભી ભોરિંગડી.

વાર્તાકુ [સ.] જી. રીંગણી.

વાર્તાકુશળ જિ. વાર્તા કહેવામાં હોશિયાર; શ્રોતાનાં મનરંજન કરે એવી રીતથી વાર્તા કહેનાર

વાર્તાગુચ્છ [સ.] પું. વાર્તાઓનો સમૂહ

વાર્તાગ્રંથ [સ.] પુ. કલ્પિત કથા; 'નોવેલ'.

વાર્તાધન જી. સચવ સામા; ટપાલ ખાતાની ક્રમિક પેદી; ' પોસ્ટલ સેવિંગ્સ બેંક '.

વાર્તાનાયક [સં.] પું. વાર્તાનું મુખ્ય પુરુષ પાત્ર

વાર્તાનિવેશ જિ વાર્તા લખનાર.

વાર્તાપદ્ધતિ [સં.] જી વાર્તા દ્વારા શિક્ષણ આપવુ તે, વાર્તા કહેવાની કલા એ શિક્ષણ પદ્ધતિનો આત્મા છે વળી કથનની છટા એ એ. પદ્ધતિનુ આવશ્યક અંગ છે આ પદ્ધતિથી ચાલાક શિક્ષક દરેક વિષય રસીકથી શકે

વાર્તાબાસી જિ વાર્તા સમુ; વાર્તા જેવુ; વાર્તાની કોટિનું

વાર્તાયંત્ર [સં] ન. અવણ યંત્ર; 'ટેલિફોન'.

વાર્તાલાપ ૧. [સં.] પું. વાર્તા કહેવી તે, સામ સામી રસપૂર્વક વાતો કરવી તે.

૨ ન. એ નામનું સ્વામી શ્રી પ્રકાશાનંદજીએ પ્રસિદ્ધ કરેલ પુસ્તક. આ પુસ્તકમા ૩૫ પ્રસગોએ થયેલ જુદા જુદા ૫૦૫ વિષયો ઉપર શકા સમાધાન કરતાં કરતાં વાર્તાલાપરૂપે ગીતા, ઉપનિષદ, વેદ વગેરેના આધારે ઉત્તમ અને વિવિધ ન ભુલાય એવાં દૃષ્ટાતોથી બહુ જ સરલ અને સચોટ સદ્બોધ આપવામાં આવ્યો છે. તુકારામ, કબીર, અખો, જીસસ ક્રાઇસ્ટ, મુસ્લીમ મહાત્માઓ વગેરેનાં વચનોથી પણ તેને સર્વપક્ષી પ્રમાણિત કરવામાં આવેલ છે. આ પુસ્તક બહુ લોકપ્રિય થતા તેની ઘણી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે અને તેમાં અવણ, મનન, નિદિધ્યાસન તેમ જ છેવટે સવિકલ્પ, નિર્વિકલ્પ સમાધિની અનુભવસિદ્ધ ક્રીબ્રી ક્રીબ્રી માર્ગદર્શક વિગતો આપીને આ. જન્મે જ આવશ્યક અંગ કરીને જીવન્મુક્ત થવાનો માર્ગ એટલે ઘરને પામવાનો માર્ગ બતાવ્યો છે

વાર્તાલેખન [સ.] ન વાર્તા લખવી તે.

વાર્તાવાહક યંત્ર ન. અવણ યંત્ર; ' ટેલિફોન '.

વાર્તાવૃત્તિ [સં.] જી. વાર્તા કે કથા કહી સભળાવી ગુજરાન ચલાવવુ તે.

વાર્તાહર ગૃહ [સં.] ન. પત્રગૃહ; કાગળ; ટપાલ ઓફિસ.

વાર્તાહારિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, જગણ, યગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

વાર્તિક ૧ [સ] પું કાસદ; દૂત; ખાસદાર, ખાતમીદાર.

૨. પુ. ચકલો પક્ષી.

૩. પું વેપારી; વૈશ્ય

૪. ન. ટીપ; પરિશિષ્ટ

૫. ન સૂત્ર વગેર ઉપરની સભાષ્ય ખુલાસાવાર સમજૂતી, વ્યક્તિએ કરેલો ગ્રથ; વિવરણ ગ્રથ, વિવેચનવાળી ટીકા.

૬. જિ. વાર્તાવાળુ.

વાર્તિકકાર [સં પુ. વાર્તિક કે ટીકા રચનાર માણસ

વાર્તિક પત્ર સ ,, ન ગુણદોષનું વિવેચન કરનાર પત્ર.

વાર્તિકા ૧ સ્ત્રી. નાની વાર્તા.
૨ સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય બાવીસ મંડ્રની ઓગણીસમી શ્રુતિ.

વાર્ત્તા ૧ [સ] ન અરોગ્ય, તંદુરસ્તી.
૨. ન. પ્રતીક્ષતા; કુશળતા.
૩. વિ નિરામય, નીરોગી; તંદુરસ્ત.
૪ વિ. વૃત્તિવાળું; આજીવિકાવાળું; ગુજરાન ચલાવી શકે તેવું.
૫. વિ. સાર પગરનું.

વાર્ત્તા જુઓ વાર્તા.

વાર્ત્તાકથન જુઓ વાર્તાકથન

વાર્ત્તાકાર જુઓ વાર્તાકાર.

વાર્ત્તાવહ ૧. પુ એની કે વેપાર ઉપર જીવતો વેપારી
૨. ન દૂધ
૩. [સ વિ સમાચાર લઈ જનાર

વાર્ત્તિક જુઓ વાર્તિક.

વાર્ત્તિકકાર જુઓ વાર્તિકકાર.

વાર્ત્તિકા જુઓ વાર્તિકા.

વાર્ધક જુઓ વાર્ધક્ય

વાર્ધક્ય ૧. ન. વૃદ્ધ માણસોનો સમૂહ.
૨ સ] ન વૃદ્ધાવસ્થા, ઘડપણ.

વાર્ધકષટપદી પુ (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ

વાર્ધુષિકપત્ર ન તરત. સોનીની બ.ક.ઠા; વાયદાચિઠ્ઠી; વચનપત્ર; 'ડિબેન્ચર'.

વાર્ધ્રિ ૧. પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ગુરુ અને લઘુ મળી પાંચ વર્ણ આવે છે.
જ ગા લ વાર્ધ્રિ રણછિભણ
૨. [સ.] પુ સમુદ્ર; દરિયો

વાર્નિશ [અં ન લાકડાને ઓપવાળું કરવાનું દ્રવ્ય; એક જાતની પ્રવાહી બનાવટ.
વાર્નિશ કરવું = વાર્નિશ ચડાવવો કે ચોપડવો.

વાર્ષભ્ય ૧ [સ. ન સખતરધારી માણસોનું ટોળું
૨ ન. સખતરોનો સમૂહ.

વાર્ષિષ્ય જુઓ વાર્ષભ્ય

વાર્ષ્ય ૧. ન. આશિષ; વરદાન.
૨ સ વિ વારી શકાય તેવું, અટકાવવા લાયક

વાર્ષ ૧ [સં.] વિ. વરસાદનું; વરસાદ સંબંધી.
૨ વિ. વર્ષનું; વર્ષ સંબંધી

વાર્ષિક ૧ [સં.] સ્ત્રી એ નામની એક ઔષધિ; ગાયમાળ.
૨ વિ. વરસે વરસે આવતું કે બનતું; વર્ષ સંબંધી; વર્ષોવર્ષનું, પ્રતિ વરસ અ.વ., બારમાસી
૩ વિ. વર્ષાઋતુ સંબંધી

વાર્ષિકગતિ [સ.] સ્ત્રી એક વર્ષમાં ફરવું તે. પૃથ્વી પોતાની ધરી ઉપર પૈડાની માફક ગોળ ફરતી ફરતી સૂર્યની આસપાસ ગોળ ફરે છે. તે આ પ્રદક્ષિણા ૩૬૫ દિવસમાં પૂરી કરે છે. તેને વાર્ષિકગતિ કહે છે.

વાર્ષિકચિત્તવિવરણ ' સ ન વાર્ષિક મહેસૂલી અ.ઠ.ત, 'એન્યુઅલ ફિનેન્સિયલ સેટલમેંટ'

વાર્ષિકવિવરણ ' સ ન વાર્ષિક પેદાશ, 'એન્યુઅલ રિટર્ન.'

વાર્ષિકવૃત્તિ [સ] સ્ત્રી. વાર્ષિકી, 'એન્યુટિ'

વાર્ષિકશ્રાદ્ધ [સ] ન મૃતકના પહેલા વરસ દિયરે કરવામાં આવતું શ્રાદ્ધ

વાર્ષિકી ૧ સ્ત્રી. ઠોલરની વેલ; મલ્લિકા, મોગરો
૨ ' સ] વિ વરસને લગતી, વરસ સંબંધી.

વાર્ષિકોત્સવ [સ.] પુ. દરેક વરસે એક વખત કરવામાં આવતો ઉત્સવ

વાર્ષ્ણિ પુ (પુરાણ) યદુ ઋષિનું નામ

વાર્ષ્ણેય ૧ પુ નળીનો એ નામનો સારથિ તેણે સાથે જેણે પોતાના છોકરા, કરીનપુર મોકલ્યાં હતા.
૨. પુ. વૃષ્ણીવંશનો પુરુષ.
૩ સં ' પુ યદુવંશ
અમમેં પડી વાર્ષ્ણેય દૃષ્ટ થાને કૃષ્ણ જોઓ,
ઓઓ દુષ્ટ થયે જન્મે વજ્રસકર સૌ પ્રજા.
ગીત
૪. પુ. વિષ્ણુ.
૫ વિ વૃષ્ણીકુળમાં ઉત્પન્ન થયેલ

વાર્ષ્ણેયી [સ] સ્ત્રી. (પુરાણ) કુંતી; પાંડવોની માતા

વાર્ષ્યાયણી પુ એ નામનો એક પ્રાચીન આકરગ્રંથકાર

વાર્હત ન બૃહસ્પતિનું કર્મ

વાર્હદ્રથ પુ. બૃહદ્રથ રાજાનો પુત્ર; જરાસંધ રાજા.

વાર્હસ્પત્ય જુઓ બાર્હસ્પત્ય

વાલ ૧ પુ એક જાતનું કઠોળ; ઝાલર; ઓળિયા. તેનાં દાળ શાક થાય છે. ગુણમાં તે સારક, પિત્તકર, વાતકર અને વાયનું વર્ધક છે. તેને ફળદ્રુપ, ઊંડી અને હલકી જમીન વધારે માફક આવે છે. આગલી ઋતુના પાક માટે સારી રીતે નંખેલ, ખાતરવાળી જમીન તેને વધારે ફાવે છે. જો જમીન ખાતરવાળી ન હોય તો ગાયના છાણનું જૂનું ખાતર અથવા પાદડાનું જૂનું ખાતર વાવવા પહેલાં એકાદ બે મહિના પહેલા નાખી જમીન સુધારવી. તાજું અથવા અર્ધસડેલું ખાતર વાપરવું નહિ. જો તાજું કે સડેલું ખાતર નખાય તો ડાંડલીઓ વધારે મોટી થઈ પાક ઘણોજ ઓછો ઊતરશે અને છોડવાઓ ઉપર ઘણીવાર જંતુ લાગી જશે. મેદાનમાં ઓગસ્ટથી ડિસેંબર સુધી તે વવાય છે. વાવતા પહેલા તેનાં બિયાં ત્રણથી ચાર કલાક પાણીમાં પલાળી રાખી સૂકવી નાખવા અને પછી વાવવા. સવારના સૂર્યનો ખૂબ પ્રકાશ ઉપર પડે તેમ બિયાં વાવવાં; પણ ત્યારપછીના દિવસમાં છાપો આવે તેવી જગ્યા પસંદ કરવી. શિંગો સારી બેસી ભર પછી મુખ્ય કણગુચ્છો ચૂંટી કાઢી નાખવા કે જેથી વધારે ઊગતો અટકે અને શિંગો વધારે બેસે
વાલ ચડવાના નથી = કાર્ય સિદ્ધિ થવાની નથી; ધાર્યું કાર્ય થવાનું નથી
વાલ ઝોલવા = વાલના ફોતરા કાઢી નાખવા.
૨. પુ. ત્રણ રતિનું વજન; તોલાનો ૩૨મો ભાગ.
સોળ વાલ ને એક રતિ = સહજ ક્રમ
૩. [અં] પુ. નળી વગેરેની અંદર રાખેલો એક જાતનો ઊંચો થઈ શકે તેવો પડદો.
૪ પુ ખાળક
૫. પું વહાલ; પ્યાર; પ્રેમ, હેત
૬. પુ. વાળ; મુવાળી જુઓ બાલ
૭. સ્ત્રી. ઝંખવાને બાંધવાનું લાંબુ દોરડું
૮ ન. લાકડાં કે કોલસાથી ચાલતા યંત્રમાં વરાળ માપવાનું સાધન.
૯. ન. (વહાણવટું) વહ; ખોલી કે પાયડાને બાંધવાનું દોરડું કે સાંકળ.

વાલક ૧ [હિ] ન. કલ્લુ; ચૂડી

૨. ન વાળો; ખસ, એક જાતનું સુગંધી ઘાસ.

વાલકું વિ. વહાલું, સ્નેહવાળું

વાલખિલ્ય ૧ [સ] પુ એ નામનો એક ઋષિગણ અંગુઠાની અણી જેવડા વાલખિલ્ય નામના સાઠ હજાર ઋષિઓ સૂર્યના મોઢા આગળ અત્યંત સુંદર વેદના સૂક્તરૂપ વાક્યોથી સ્તુતિ કરતા હોય છે.

૨ પું (પુરાણ) વસિષ્ઠ કુલોત્પન્ન સામવેદના એક ઋષિ

૩. પું. વાનપ્રસ્થાશ્રમના ચાર ભાંડેનો એક ભેદ

૪ પું. શિવનાં હજાર ભાંડેનું એક નામ

૫. પુ (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ક્રતુ ઋષિયા ક્રિયા નામની ભાવાની કુખે થયેલા સાઠ હજાર પુત્ર. ગાયની ખરીથી થયેલા પગલાના ખાડામા તે રહ્યા હતા. તેમને બેટલા નાના. હોઈને ઇંદ્રે મશ્કરી કરવાથી તેઓ ગુસ્સે થયા. તેમણે ઇંદ્રને સજા કરવાને મરુદને ઉત્પન્ન કર્યો હતો.

૬. બ. વ. વાલખિલ્ય ઋષિઓએ બનાવેલા સૂક્ત. તે વેદને છેડે ઉમેરવામાં આવ્યાં છે. ઋગ્વેદ સંહિતાનાં ૧૦ મંડળ છે તેમાં વાલખિલ્ય સહિત ૧,૦૨૮ સૂક્ત છે

૭. વિ અંગૂઠા જેવડું

વાલગુંજ ન. એક જાતનો પદાર્થ. તેમાંથી ઘરેણા બનાવાય છે.

વાલટચૂમ [સં.] સ્ત્રી. સાયકલ કે મોટરની નળીમાંથી હવા નીકળી ન જાય તે માટે ચક્ર ઉપર રબ્બરની પાતળી નળી રાખવામાં આવે છે તે.

વાલણ ન. ગિલટા ગુણવાળી ચીજ.

વાલણો પું. વીંજણો; પખા.

વજ માગે તી આપે વાલણો
અલી અવળાઈને કરનાર. નિષ્કુળાનંદ

વાલનટ [અં.] ન. એક જાતનું ફળ ઝાડ. તેને મધ્યમ ગોળ ફળ થાય છે

વાલપ [સં. વલ્લભ] ન. હેત, સ્નેહ; પ્રેમ; વહાલ; પ્રીત

વાલપડી (વાલપઢી) [હિં] સ્ત્રી. વાલોળને મળતી કઠોળની એક જાત.

વાલપાપડી (વાલપાપઢી) સ્ત્રી વાલની સિંગ; લીલી સિંગ કે પાપડી; જેમાંથી ઝાલર નીકળે છે તે

વાલફેર પું ગદિયાણાન. મોળામા ભાગના જેટલો તફાવત

વાલબંધ પું. માથાના વાળનો અંબોડો

વાલભ સ્ત્રી એ નામની કાઠિયાવાડની એક જાત.

વાલભી [સં. વલ્લભીપુરનું

વાલમ ૧. પું પ્રિય; પુરુષ

૨. પુ. પાઉડ. દોણી ઉપર તેનું માટીનું ફૂલાળું બનાવાય છે

૩. પુ. મૂર્ખ માણસ

૪ પું. વહાલો પુરુષ. વાલમજી

૫ પું. શ્રીકૃષ્ણ.

૬ [સ વલ્લભ] પું સ્વામી; નાથ; પતિ, ધણી

૭. પું. હજામ; વાળંદ

૮. સ્ત્રી. એ નામની વાઘરણની એક જાત. ર.ર નદ શબ્દનો અપભ્રંશ થઈને વાલમ થયો છે

૯. વિ. વહાલું; વલ્લભ, પ્રિય.

વાલમજી ૧. પું. પતિ; સ્વામી, ધણી.

વાન્યો છે રંકનો ભેડ રમવા દિયા વાલમજી.
લોકગીત

૨. પું વહાલો માણસ

વાલમભાઈ પું. વાઘરીનો બનાવેલ નામો પુરુષ. રમતમા આ શબ્દ વપરાય છે

વાલમિયો જુઓ વાલમજી

વાલમી સ્ત્રી એક જાતની સારી ભેંસ

વાલમો જુઓ વાલમજી

વાલરસ [અં.] સ્ત્રી દરિયાઈ માછલીની એક જાત.

વાલરા સ્ત્રી. જેના ઉપર આગલા પાકના પૂપરાં કે કૂંડાં ખાતરમાં આવ્યા હોય તેવી જમીન જે જમીન ઉપર વાવણી કર્યા અગાઉ સફા ઓડવા અગર વનસ્પતિ બાળેલી હોય તે.

વાલકે ન. વાલ, ચોખા, તુવેર વગેરેનું જેમાં વાવણ

વાલવ [હિં.] પું. જ્યોતિષ પ્રસિદ્ધ એક કરણ.

વાલવું સ. ક્રિ. ખાર ખાજરીમાં કચરો ભળેલો હોય તેને પવનથી જુદો પાડવો, ઝિપણવું, ઝાપલવું

વાલવેધી વિ વાળને પણ વીંધી નાખવાની શક્તિવાળું

વાલશ પુ. પલાશ; ખાખરો

વાલહો પું વાલમ, નાથ; સ્વામી.

આજ સહી ઝાંખેરો વાલહો. ન કહે અનની વાત.
આનંદાનંદમહોદધિ

વાલંજ ન એક જાતનું સુશોભિત ઝાડ. તે હિમમાં મહાબળેશ્વર, આસામ અને મણિપુરમાં અને બહારદેશ તથા મલબારમા થાય છે ને ૨૦થી ૪૦ ફૂટ ઊંચું થાય છે. તેમા પૌષ્ટિક અને ઔષધમાં વપરાય છે

વાલંદ પુ. હજામ; નાપિત; રોમશત્રુ; નાવી, નાપિત વગેરે

વાલાંબુરી ન દક્ષિણમાં આવેલું એ નામનું એક સ્થળ. ત્યાંથી કાવેરી નદીનો પ્રવાહ શરૂ થાય છે

વાલા ૧. પું. (પિંગળ) ઇંદ્રવજ્રા અને ઉપેંદ્રવજ્રાના મિશ્રણથી બનેલ ઉપજાતિ છંદનો એક પ્રકાર. તેના પહેલાં ત્રણ ચરણમા બે તગણ, જગણ અને બે ગુરુ હોય છે તથા ચોથા ચરણમા પ્રથમ વર્ણ લઘુ થાય છે બાકીના જેમનાં તેમ રહે છે.

૨. પુ. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; હેમહંસ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ રગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે

૩. પું (પિંગળ) પાંચ અક્ષરનો એ નામનો એક અક્ષરમેળ છંદ; સમોદ્ગાસ; સમોહા; વિશ્વતશ્ચાંતા. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા મગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે

આ આ બે વાલા. રણપિંગળ

૪. [ફા.] વિ ખાનદાન; નામદાર; મોભો વધારેલું; ખાનદાન.

૫. [હિં] અ. ક્રિયા કરનારને બતાવનારો પ્રત્યય.

વાલાક્ષેત્ર પું. ગોકુળ નદીના દક્ષિણ કાંઠાનો ભાગ

વાલામ ૧. પુ. વાળની અણી

૨. [સ] ન. એક જાતનું પ્રાચીન માપ. તે આઠ રજનું બનાતું હતું.

પ્રસરેણુ, વાલાગ્ર, લીખ, યૂકા, જવ એમ ઉત્તરોત્તર આઠ વધારતા વધારતા ભોજન સુધીનું માપ વર્ણવ્યું છે પુરાતત્ત્વ

વાલાજાહ [ફા વાલા (ઊંચો) + જાહ (હોદ્દો)] વિ. ખાનદાન; ઊંચા કુળનું; અમીર; ઉમદા

વાલાજી પું પ્રભુ; ભગવાન

વાલાઝનાકૂબ જુઓ વાલાજાહ

વાલાઝરાતબ્ય જુઓ વાલાજાહ.

વાલામુખી સ્ત્રી એ નામે એક ગાળ. તે વહાલી સ્ત્રીને માટે વપરાય છે

વાલામુઓ પું. એ નામે એક ગાળ તે વહાલા પુરુષ માટે વપરાય છે

વાલાર ૧ પું (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ; તેમાં ૧, ૫, ૯, ૧૩ અને ૧૭ માત્રાએ તાલ આવે છે.

૨ જુઓ વાલા ૨

વાલારી સ્ત્રી દક્ષિણ હિંદમાં વપરાતું એક જાતનું હથિયાર તે ઘણે ભાગે લાકડાનું અનેલું અને લંબાઈમા આશરે ૧૮ તસુ હોય છે તેને છેડે નાનો ગાઠો હોય છે આ હથિયાર જમીન ઉપર ચાલનાર પ્રાણીઓનો શિકાર કરવામાં વપરાય છે પણ જ્યારે લડાઈમાં વપરાય છે ત્યારે તે લોઢાનું બનાવવામા આવે છે સત્તરમી સદી સુધી દક્ષિણ હિંદના કારીગર અને મારવાર લોકોએ તેનો ઉપયોગ યુદ્ધમાં કર્યો હતો ખરેખર આ વાલારી નામનું હથિયાર તેઓનું રાષ્ટ્રીય હથિયાર ગણી શકાય. કારણકે, હજુ તેઓના વિવાહ પ્રસંગે આ હથિયાર તેની ખાસ ક્રિયા ગણાય છે. પુદુકોટા રાજ્યના સમહસ્થાનમાં તેનો સુંદર નમૂનો છે. તેની બજારની ગોળાઈ ૧૬½ ઇંચ હોય છે અને તે છેડે ૨ ઇંચ પહોળી, સપાટ અને ભુકી છે તેની બંને બાજુએ કુલોની ભાત કોતરેલી હોય છે. આ હથિયાર પણ જૂનું છે અને પહેલાં આખા હિંદુસ્તાનમાં અસલના વતનીઓ થોડું ઘણું વાપરતા હશે; પણ અત્યારે તો મદ્રાસ પ્રદેશના એક દક્ષિણના ભાગમાં જ તે જોવામા આવે છે

વાલારાજન જુઓ વાલાજાહ.

વાલાંગરડાં (વાલાંગરડાં) સ્ત્રી. બકરાના વાળની દોરી.

વાલાંગરડાં સિલ્ક મીલ્સ, કોઈ સિલ્ક શિવ કપડેસ. અખો

વાલિ ૧. પું એ નામનો એક વાનરરાજ.

૨. પું. લોભ.

૩. પું (પુરાણ) વરુણલોક માર્ગનો એ નામનો એક રાક્ષસ

૪. પું. સરદાર.

૫. પું. (પુરાણ) સુગ્રીવનો મોટો ભાઈ. ઇંદ્ર અને અહલ્યાના અશ્રુથી એક વાનરીથી તેનો જન્મ થયો હતો કિષ્કિંધાનો તે રાજા હતો તેને બ્રહ્માનું વરદાન હતું તેથી યુદ્ધમાં સામાવાળિયાનુ અર્ધું બળ તે હરી લેતો સુગ્રીવ તેનો સહોદર ભાઈ હતો તેની સાથે અનીતિ કરવાથી રામને હાથે તે મર્યો મયો હતો. એક વાર બ્રહ્મા સભામા બેઠા બેઠા યોગાભ્યાસ કરતા હતા, તેવામાં તેમના નેત્રમાથી અશ્રુબિંદુ પડ્યુ. તેને હાથમા લઈને તેણે પૃથ્વી ઉપર ફેંક્યુ તેમાંથી એક વાનર ઉત્પન્ન થયો જે વાનરોમા શ્રેષ્ઠ હતો બ્રહ્માના કહેવાથી તે ઋક્ષ રાજા તેની પાસે રહ્યો અને બ્રહ્મવરનાં બળ આવવાથી થોડા જ કાળમાં તે બધ્રો જ બળવાન થયો એક સમય તે તરસથી પીડિત થઈ જળ પીવાના આશયથી મેરુના ઉત્તર શિખર તરફ ગયો. ત્યાં નિર્મળ જળવાળું એક સરોવર દીઠું તેમાં પોતાનું પ્રતિબિંબ જોઈને ધાર્યું કે આ કોઈ મારો દુશ્મન હોય એમ લાગે છે તેથી તેણે તેમાં કૂદકો માર્યો; પણ જ્યારે એ તરીને સામે કિનારે બહાર નીકળ્યો ત્યારે સ્ત્રી થઈ ગયો. તે ત્યાં ઊભો હતો ત્યારે ત્યાંથી ઇંદ્ર અને સૂર્ય નીકળ્યા અને તેનું અદ્ભુત સ્વરૂપ જોઈને બંને દેવો કામવશ થઈ ગયા ઇંદ્રનું વીર્ય સ્ખલિત થતા તે એના માથા ઉપર પડ્યું તેથી એક પુત્ર ઉત્પન્ન થયો ઇંદ્રનું વીર્ય વાળમાં પડ્યુ હતું તેથી તે પુત્રનું નામ વાલિ પડ્યુ. સૂર્યનું વીર્ય તેની ગ્રીવા ઉપર પડ્યું તેથી બીજો પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ સુગ્રીવ પડ્યુ. બીજે દિવસે ઋક્ષ રાજા કરીને પુરુષત્વ પામ્યો અને બ્રહ્માના કહેવાથી તે કિષ્કિંધા નગરીમાં જઈને રાજા તરીકે રહેવા લાગ્યો. ઋક્ષ રાજાના મૃત્યુ પછી વાલિ રાજા થયો હતો તેની સ્ત્રીનું નામ તારા અને પુત્રનું નામ અંગદ હતું એક વખત રાવણ તેની સાથે યુદ્ધ કરવા આવ્યો ત્યારે વાલિએ તેને બગલમા દબાવી રાખ્યો હતો અને એક માસ પછી જવા દીધો હતો દુદુભી નામના રાક્ષસને પણ તેણે માર્યો હતો પછી દુદુભી રાક્ષસનો ભાઈ માયાવી વાલિ સાથે લડવા આવ્યો. તેનું અને વાલિનું પણ દિવસ યુદ્ધ ચાલતાં તેમાં હાર પામી માયાવી એક ગુફામાં ભરાયો. વાલી તેની પાછળ પડ્યો ગુફાના દ્વાર પર સુગ્રીવને રાખી પોતે તેની અંદર પેઠો એક માસ બીતી ગયો પણ વાલિ બહાર આવ્યો નહિ તેથી સુગ્રીવને ચિંતા થઈ એટલામાં માયાવીના લોહીના પ્રવાહ ગુફાની બહાર નીકળ્યો. આથી વાલિ મૃત્યુ પામ્યો હશે એમ ધારી સુગ્રીવે ગુફાના મોં ઉપર એક પ્રચંડ પથ્થર મૂકી કિષ્કિંધા ગયો અને ત્યાં રાજ્ય કરવા લાગ્યો કેટલેક દિવસે વાલિ ગુફાના દ્વાર આગળનો પથ્થર તોડી કિષ્કિંધા આવ્યો અને સુગ્રીવને પરાજય પમાડી ઋષ્યમૂક પર્વત ઉપર નસાડી મૂક્યો અને વાલિ કિષ્કિંધા આવી સુગ્રીવની સ્ત્રીનુ હરણ કરી રાજ્ય કરવા લાગ્યો. પછી સુગ્રીવને રામ સાથે મૈત્રી થઈ અને તેમણે વાલિને માર્યો

૬. સ્ત્રી. અપ્સરાની

૭. ન. (સંગીત) એક પ્રકારનુ વાદ્ય

૮ ન ધોડાર; અશ્વશાળા.

વાલિકા ૧ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; હીર.. તેમાં ૧, ૪, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૯ અને ૨૨ માત્રાએ તાલ આવે છે

૨ પું. (પિંગળ) એ નામનો એક સમજાત વર્ણમેળ છંદ તે પંક્તિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા રગણ, નગણ, સગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે

૩ સ્ત્રી એલચી

૪ સ્ત્રી કાનનુ એક ઘરેણું; વાળી

૫. [સં.] સ્ત્રી પ્રવાહ વખતે જમીની તરફથી ઊંડી ઢાળી તરફ ઊતરે તેવી રેતચટલી.

૬. સ્ત્રી બાલિકા; નાની છોકરી.

૭ [હિં] સ્ત્રી મા

વાલિગૃહા સ્ત્ર. રામાયણમાં વર્ણવેલું એક રક્ષણ. તે અનાગોંદીથી ૧૫ માઈલ દૂર છે

વાલિદ ૧ [અ વલદ (તેણે પેદા કર્યું)] પું બાપ; પિતા

૨. પું શેઠ, ધણી

વાલિદા [અ સ્ત્રી. મા, માતા.

વાલિદીન જુઓ વાલિદૈન

વાલિદૈન [અ વલદ (તેણે પેદા કર્યું), બ વ વ. માબાપ

વાલિનંદન [સ] પું અંગદ; વાલિ નામના વાનરનો પુત્ર; વાલિની સ્ત્રી તારાનો પુત્ર.

વાલિયા ૧ પું. વ. વ. ઘોડિયાં સાથે ઝોળી કે ખોબો બાંધવાની દોરી; ઠોબાઓની દોરી; પારણું કે ત્રાજવાં જે દોરીઓને આધારે લટકે છે તે.

૨ પું વ. વ. નેતરાં; દહીં વલોવવાનાં દોરડાં.

વાલિસુત [સં] પું. વાલિનો પુત્ર; અંગદ.

વાલી ૧. પું. આબાદો

૨. પું. પાળીપોષી ઉછેરનાર મુરબ્બી; સરપ્રસ્ત આપનાર, વડીલ.

૩. પું. માલિક; સ્વામી; ધણી

૪ પું. રાજા

૫ પું. સુગ્રીવનો મોટો ભાઈ; અંગદનો પિતા.

૬. સ્ત્રી નાના દાગીનાનો વાલ

૭. સ્ત્રી બહાલી સ્ત્રી; વહાલબા; પ્રિયા.

૮ વિ રક્ષક; પાલક.

૯. વિ હિમાયતી; પક્ષ ખેંચનાર.

વાલીઓ વેલો પું એક જાતનો વેલા જેવો છોડ. તેને બધુ નાન પાતળ વેખાઉ આવે છે ત પાન અતર આવતા દેખાય છે નામ ફીકા કતપલી રંગનાં ફૂલ થાય છે. શિંગ જરા મીઠા અને લાબી હોય છે તેનો આકાર કળિયાની શિંગ જેવો હોય છે આ વેલો ઠેરઠેર બહુ ખાય છે.

વાલીઘોડો (વાલીઘોડો) પું. ઘોડારમાનો મુખ્ય કે ઊંચા નુખમનો ઘોડો, મજબૂત, બાંધાનો બળદાન અને સારી જાતનો આધાન માટે રાખેલો ઘોડો; બસી નદિ કરેલો નર ઘોડો તેને ઘોડી ઉપર દોગ્યાને રાખેલો હોય છે

વાલીડું (વાલીડું) ૧ વિ નાટકી, ઢોંગી

વિદ્યાપીઠમાં સિદ્ધાળી નથી, કુલપતી નથી, કામ નથી એમાં આખી માણસાં, છે પણ શું સાસરો જ વિદ્યાપીઠ ચલાવે ? માણસ ભલે આખી હોય એ આખી હૃદયવાળા જોઈએ, નાટકી નહિ વિદ્યાપીઠમાં એવા પડેલા છે, જેમને વાલોડાં કહે છે, તે જે વેરા બજવો હોય તે બજવે, એવા નહિ પણ જેનુ હૃદય ખરેખર આખી છે એવા વિદ્યાપીઠ ચલાવી શકશે. ઝાવીદ

૨ જ વહાલું, પ્રિય

વાલીડા ઉદ્ગા. તે વિષાદના સમ ખાસે.

મુક્તાનદ

વાલીવારસ પુ. આશ્રયદાતા; રક્ષક; માબાપ, મરણતર

વાલીસુત સ ; પુ અગદ

વાલુ ૧ સ્ત્રી સ્ત્રીનું ધૂ ન ૨,

૨ સ્ત્રી તરબૂચ

૩ ન તરેલાને બાંધવું ખેતર વગેરે

વાલુક સ] ન ચણાફોતરાં

વાલુકા ૧ સ્ત્રી કપૂર

૨ સ્ત્રી કાકડી

૩ સ્ત્રી ચૂર્ણ ભૂકો

૪ [સ] સ્ત્રી નદી વગ

૫ સ્ત્રી શાખા.

વાલુકાપુટ પું. દવા પકવવાની એક રીત. મજબૂતની જાડી અર્ધોથી ચોડી છાણાથી ભરવા. તેના ઉપર ચેતીથી ભરેલા ઘડામા દવાનો સપુટ વચ્ચમા મૂકી ઘડાનુ મોં છાદી તે ઘડો જાડીમાં મૂકી તેના ઉપર બીજા અડાયાં છાણાં ઘડકો સળગાવવા તે વાલુકાપુટ કહેવાય છે આ જાડી બાજ રીત પણ થાય છે. તેમા ઓછામા ઓછા અગાઉના અંદરના ભાગની જાડી કરવા તેને અગિયાર આંગળનુ જાડપણુ રાખવુ તેમાં લાકડા નાખી નીચેથી અગ્નિ આપવા દોઢ કુટની ઊંચાઈ થાય એટલે નાદ રહી શકે તેવા ત્રણ પગા મૂકવા અથવા લોઢાના બારના આગમ કરવા. પછી ભરી રાખવા માટે કુલ પોણાચાર કુટ ઊંચાઈની થાય એટલે ચોતરફ લીપી લેવા પછી બાર કુટની નાદ અંદરનો પગા ઉપર મૂકવા તે એટલે કે જાડીના બારની ગોળાઈમા બરાબરની થાય તેવા કરવાના તે નાદમા અર્ધ નીચે અર્ધ ઉપર રેતી ભરી વચ્ચમ દવાનો સપુટ મૂકી એ નાદ ઉપર પોણા બે કુટના જાડીના પોલાણમા છાણાં બાકડી સળગાવવા અને ઉપરના છાણાં સળગી ઠરી બાદ લાકડી જાડીના બારણામા પણ છાણા લાકડા નાખી તાપ કમા કરવો. તે વાલુકાપુટ કહેવાય છે

વાલુકાપ્રભા [સ.] સ્ત્રી સાત માહેની ચોથી નરકભૂમિ

ઘમ્મા, વંશા, શૈલપ્રભા, રિષ્ટપ્રભા, મઘવી, પૃથ્વીપ્રભા, તમ પ્રભા અને મહાતમપ્રભા એ સાત ભૂમિઓ છે. લોકપ્રકાશ

વાલુકાયંત્ર ૧. [સં] ન કલાક જાણવાની રેતી વાપરવાની જૂની રીત

૨. ન. વૈદકમાં ઔષધ બનાવવાનુ રેતી ભરેલી શીશીના માપનુ એક પત્ર. મારીના વાસણમાં તળિયે નાનું છિદ્ર પાડી તેના ઉપર નાની ટીકરી મૂકી વાસણને અરધો અગ્ન રેતીથી ભરી દઈ તમા કુપીપક્વ રસાયન બનાવવા માટેની સાત કપડમરી કરેલી કુપી મૂકી જરૂર પ્રમાણે અગ્નિ આપવો. તેને વાલુકાયત્ર કહે છે. આ જ રીતે [illegible] મારીના વાસણમાં તળિયે [illegible] રેતી ભરી દઈ નીચે અગ્નિ આપવામાં આવે તેને પણ વાલુ-યત્ર કહી શકાય

વાલુકાં (વાલુકાં) ન ૧. ૧ વાલોળનાં બી.

વાલુસુર ન એક જાતનુ પશુ તે ઉત્તર હિંદુસ્તાનમા વસે છે. તેનો આહાર કલહારાદિ છે તે આખો દહાડો સુસ્ત પડી રહે છે પણ આખી રાત પ્રવૃત્તિમા રહે છે

વાલુસ્નાન [સં વાલુકાસ્નાન] ન રેતીસ્નાન; રેતીથી ભરાઈ જવુ તે.

વાલું ૧ ન. કૂવામાંથી કોસ ખેંચવા માટે બળદની ડોકે મુકાતા તરેલાંને બાંધવાનુ નાનું દોરડું

૨. વિ મનને પસદ પડતુ, મનગમતું, મનમાનતુ

૩. વિ વહાલું; વલ્લભ, પ્રિય, વ્હાલું, માનીતુ

વાલુડી સ્ત્રી. કાકડી; એક જાતની વનસ્પતિ

વાલુજ ન. સાધારણ કદનુ, નદી કિનારે થતુ એક જાતનુ ઝાડ. તેની છાલનો ચામડાં કેળવવામાં ઉપયોગ થાય છે. [illegible] ખીણમાં તે [illegible] ફુટની ઊંચાઈ એ મળે છે સિંગાપોર, જાવા, સુમાત્રા વગેરે [illegible] ને મળી આવે છે. [illegible] નરીફ વપરાય છે. [illegible] પોચા અને છિદ્રવાળા હોવાથી [illegible] વપરાય [illegible] અગ્નિકુ એટલે [illegible] માટેના લાયક. મા વપરાય છે

વાલૂક [હિ.] ન. એક જાતનુ સ્થાવર ઝેર.

વાલેરું વિ પ્યારું, વહાલુ, જેના ઉપર પ્રેમ હોય તેવુ

વાલેશરી ૧. પુ મુરબ્બી; વડીલજન

૨. વિ આપ્ત; સગવહાલુ

૩ વિ વહાલ રાખનાર; વહાલ બતાવનાર, પ્રેમાળ

૪ વિ હિતચિંતી, શુભચિંતક; ભલું ઇચ્છનાર; શુભેચ્છક

વાલો ૧. પું કપાસને સમ ચમકે ઓઢાડવાની પાલવવાળી રેશમી ચૂંદડી

૨. પું. ઢોરનો પેશાબ બંધ કરનારો એક રોગ.

વાલોજી ૧ પુ ધણી; પતિ; સ્વામી

૨. પું. વહાલો માણસ

મારો વાલોજી રમિયા રાસ રે,
સુરત ચેલુ વાગી. વલ્લભ

વાલોચાનો પું. રાનીપરજ કોમના વસતા લોકોમાં સમપ્રસગે થતો એક પ્રકારનો નાચ

વાલોળ સ્ત્રી એક જાતની શાકમાં વપરાતી વનસ્પતિશિંબ; જાડા વાઢની પાપડી તેનો વેલો ઉષ્ણ કટિબંધમા થાય છે. શાક માટે હિંદ અને બીજા કેટલા દેશોમાં તે વવાય છે તેની ફાળી, સફેદ, ચોધારી એમ બે કે ત્રણ જાત થાય છે. વાલોળ ગુણમાં શીતળ, પૌષ્ટિક, દાહકર, વાતકર અને પિત્તહર જણાય છે તેની શિંગનું શાક સારું થાય છે. અંદરના દાણાનુ પણ શાક કરાય છે. વીંછીના વિષ ઉપર વાલોળની ભાજીનો રસ ચોપડાય છે વાલોળના વેલા થાય છે. તેનાં ફૂલની સેરો આસમાની તથા સફેદ હોય છે તેનાં ફળ થોડાં વાંકાં પરદીઆ જેવા હોય છે. શેરડીના વાઢમાં બોરિયાને કાંઠે વાલોળ વવાય છે. એરડા તથા કાંટાની વાડ ઉપર પણ તેના વેલા ફેલાય છે કાળી વાલોળનુ શાક સારું થાય છે તેની બીજી જાત આ પ્રમાણે છે: કરણી વાલોળ, ચકડિયા વાલોળ, પાપડી વાલોળ, સુરતી વાલોળ વગેરે. ઉનાળામાં બીજું શાક મળતુ નથી ત્યારે ચોધારી વાલોળનુ વાવેતર કરવાથી તે ખૂબ થઈ પડે છે

વાલોળિયાં ન. ૧ ૧ વાલોળનાં બી.

વાલોળિયો પું. વાલોળનો વેલો

વાલ્ક સ] ન. ઝાડની છાલનું અનેલું વસ્ત્ર; વલ્કલ

વાલ્કલ જુઓ વાલ્ક.

વાલ્કલી સ્ત્રી એક જાતની મદિરા, દારૂ

વાલ્મક જી. વાઢાણ્ય અને કાયસ્થની એ નામની એક જાત

વાલ્મિકિ જુઓ વાલ્મીકિ.

વાલ્મીકિ ૧. પું. એ નામના એક પ્રસિદ્ધ ઋષિ. તે એક બ્રાહ્મણને ત્યાં જન્મ્યા હતા; પણ તેના માતાપિતા જે તપ કરવા જંગલમાં ગયાં હતાં તેમણે તેને જંગલમાં મૂકી દીધા. પછીથી કોઈ ભીલની દૃષ્ટિએ તે પડ્યા. તેણે તેને ઉઠેવ્યા. તે મોટા થયા એટલે તેને ધનુર્વિદ્યામાં નિપુણ બનાવી ભીલ તેની પાસે ચોરીનું કામ કરાવવા લાગ્યો એક વખત તે અરણ્યમાં, લૂટને માટે ફરતા હતા ત્યાં એક મહર્ષિને જોઈને તેની પાસે જે હોય તે માગ્યું. ઋષિએ તેને કહ્યું કે, જેને માટે તું પાપ કરે છે તે તારાં સગાંઓને પૂછી આવ કે, તેઓ તારા પાપમાં ભાગીદાર થશે? કુટુંબીઓને પૂછતાં તેઓએ ના કહી. આથી તેને બહુ ખોટું લાગ્યું અને ઋષિને શરણે ગયા તેથી તે મહર્ષિ તેને રામનામની જપ કરવાનું કહી અંતર્ધાન પામ્યા મહર્ષિ જતાં તે ત્યાં જ જપ કરતા કરતા એટલા કાળ પર્યંત બેઠા કે, તેના શરીર ઉપર ઊધઈના રાફડા થઈ ગયા પછી એ જ ઋષિએ આવી તેને એ રાફડામાંથી કાઢ્યા. રાફડાને સંસ્કૃતમાં વલ્મીક કહે છે તે ઉપરથી તેનું વાલ્મીકિ એવું નામ પડ્યું. તે પછી તેની ગણના ઋષિમાં થવા લાગી તે તમસા નદીને કાંઠે આશ્રમ કરી રહ્યા તેના શિષ્યોમાં ભરદ્વાજ ઋષિ મુખ્ય હતા. એક વખત તે નદીએ સ્નાન કરવા ગયેલા. સ્નાન કરતા કરતાં સામેના વૃક્ષ પર ક્રૌંચ પક્ષીનાં જોડાં ઉપર તેની નજર પડી એ જોડામાંનો નર જે કામાસક્ત બન્યો હતો તેને એક શિકારીએ બાણ વડે વીંધી નાખ્યો તેથી પાછળ રહેલા પક્ષીને અતિશય શોક થયો આથી વાલ્મીકિ ઋષિના હૃદયમાં એટલી બધી દયા ઊપજી કે, તેના મુખમાંથી **मा निषाद** એમ પ્રારંભવાળી અનુષ્ટુપ છંદોબદ્ધ વાણી નીકળી પાછળથી બ્રહ્મદેવની આજ્ઞા પ્રમાણે પરમેશ્વરના જે નામ વડે પોતે પાવન થયા હતા તેના જ નામ ઉપર રામકોટિ કાવ્ય તેણે રચ્યું આ પહેલા કોઈ પણ નિયમિત કાવ્ય હતું જ નહિ. આ કાવ્ય પ્રથમ જ રચાયેલું અને કવિ પણ પહેલા જ હોઈને વાલ્મીકિ આદ્યકવિ કહેવાય છે સંસ્કૃતના આદિ કવિ વાલ્મીકિએ રામાયણની સાઠ હજાર વર્ષ પહેલાં જ દિવ્યદૃષ્ટિથી રામાયણની રચના કરી હતી તેણે રચેલો ગ્રંથ વાલ્મીકિ રામાયણ આજ પણ સુપ્રસિદ્ધ છે તે કાવ્યના સુબોધથી લાખો મનુષ્ય સુબુદ્ધિ તથા સુનીતિ શીખ્યા છે અને હજુ પણ એ ગ્રંથનો લાભ લેવાય છે આ કવિ જેવા સંસ્કૃત ભાષામાં નવ રસમય વર્ણન કરવામાં બીજા થોડા જ કવિ થયા હશે. આ મહર્ષિની પવિત્રતા રામચંદ્રજી પણ જાણતા હતા વનવાસ દરમિયાન રામ ચિત્રકૂટ ઉપર વાલ્મીકિને આશ્રમે આવી ઘણા દિવસ રહ્યા હતા. વળી ધોબીના વચનથી રામે સીતાને વનમાં મોકલ્યાં ત્યારે વાલ્મીકિ પોતાના ગંગા કિનારા ઉપરના આશ્રમે સીતાને તેડી લાવ્યા હતા. આ ઋષિએ લવ અને કુશને વેદ, ધનુર્વિદ્યા વગેરે ઘણાનું શિક્ષણ આપ્યું હતું. રામચંદ્રજીનો વાલ્મીકિ ઉપર પૂર્ણ ભાવ હતો તેથી તેમણે તેમની સલાહ સાથે પ્રજાહિતનાં કામો કરેલાં છે. આ ઋષિનાં પ્રાચેતસ વગેરે બીજાં પણ નામ છે.

૨. પું. ભીલ

૩ જુઓ વાલ્મક

વાલ્મીકિઆશ્રમ [સં.] પુ. વાલ્મીકિ ઋષિનો આશ્રમ. તે ગંગાની દક્ષિણે પ્રયાગથી દશ ગાઉને અંતરે તમસા નદી પર હતો

વાલ્મીકેશ્વર [સં.] પુ નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલા એ નામના મહાદેવ. નર્મદ. પ્યામમાં લખ્યું છે કે: ગોદાવરી યાત્રાથી પાછા વળતાં વાલ્મીકિઋષિએ આ લિંગ વેળુનું બનાવીને આરાધના કરી તેમણે સ્થાપન કરેલ છે. પહેલું વાલુકાલિંગ ગોદાવરી ઉપર છે આ લિંગ બીજું છે.

વાલ્લભ પું. પ્રભુ; ધણી; પતિ; સ્વામી.

> આલુની અમરાત જે જે પંખી ભોલીયાં,
> વાલ્લભ તમારી વાત ખોટી હોને ખીમરા
> ભોજાભક્તિલ

વાલ્લો પુ. સ્ત્રીઓને કાને અને નાકે પહેરવાનો સોનાનો વાળો; સોના રૂપાના ઝીણા તારનું વાળિયું; બારાડી; બેવલ્લી; મોટી નથ. ઉત્તર હિંદની સ્ત્રીઓ તે પહેરે છે.

વાલ્વ [અં.] પું. કોઈ પાત્ર કે નળીમાં રહેલા પદાર્થને એક તરફ વહેવા દેનાર પણ બીજી તરફ જતાં અટકાવનાર પડદો

વાલ્હીક ૧ પું. મધ્ય એશિયામાં આવેલ બલ્ખ દેશ. ચદ્રગુપ્તના વખતમાં તે વાલ્હીક કહેવાતો અને ત્યાંના ઘોડા બહુ સારા ગણાતા

૨. [સં.] ન [illegible], વચારણી.

વાલ્હીકી જી. એ નામની એક પ્રાકૃત ભાષા.

વાવ ૧ [અ.] પુ અરબી ભાષાનો ૨૬મો અને ફારસી ભાષાનો ૩૦ મો અક્ષર અબજદમાં તેની કીમત ૬ છે રોજનીશીમાં તે શુક્રવાર અને તુલા રાશિ બતાવે છે. અરબીમાં તે સોગંદ માટે પણ વપરાય છે.

૨. [સં. વાપી] જી ઢાળ પડતા પગથિયાંવાળો લંબાણ કૂવો, અંદર ઊતરવાનાં પગથિયાંવાળો કૂવો.

૩. જી. દિશા

૪. જી પગમાં પડતો ચીરો

વાવટાકવાયત જી એ નામની એક કસરત; 'ફ્લેગ ડ્રિલ'. તેમાં વાવટાનું માપ ૧½ ફૂટ × ૧½ ફૂટનું હોય છે અને લાકડીની લંબાઈ ૨ ફૂટની હોય છે તેમ જ લાકડીની ગોળ જાડાઈનો વ્યાસ ½ ઇંચનો હોય છે. કસરતમાં રાઇફાતની સ્થિતિમાં વાવટાઓ આગળના ભાગમાં સામેથી સામે એકની ઉપર બીજાનો હાથ આવે તેમ આડા રાખવાના હોય છે. પછી વાવટાઓ પકડેલા બને હાથને આગળ, બાજુ પર, ઉપર અને મૂળ સ્થિતિમાં, તેમ જ ડાબી બાજુ ફરી, બધી રીતે આગળ, ઉપર, બાજુ ઉપર, અને મૂળ સ્થિતિમાં એમ જોખા જોખા જલ્દી દાવો લાઈ શકાય છે. વાવટાકવાયત દેખાવને માટે ઠીક છે. તેની સમૂહ કવાયત પણ જ સુંદર લાગે છે. વાવટા કસરતો મર્યાદિત નથી પણ જે રીતે ફિલચાલ સારી દેખાય તેમ હાવો પણ બદલી શકાય છે.

વાવટાકાઠી જી. વાવટો ઊડાડવા માટેની લાકડી; જેના ઉપર વાવટો ઊડે તે સ્તંભ; ધ્વજ કે વાવટાનો દંડ; વાવટો ચડાવવાનો વાંસ.

વાવટાદંડ જુઓ વાવટાકાઠી.

વાવટો ૧. પું. ધ્વજ; પતાકા; ફરકાવવાનું નિશાન; અમુક નિશાન કરેલો લાકડીને છેડે બાંધી, ઊંચે હવામાં ફરકતો રાખેલો લશ્કરનો ત્રિકોણાકાર કે ચોરસ કટકો; નેજો; નિશાન; ઝંડો. મોનીઅર લખે છે કે, વાવટાની મૂળ આકૃતિના યોગ્ય તરીકે મારે કહેવું જોઈએ કે, ત્રણ રંગના પટા હિંદની બધી કોમોના સૂચક હતા અને ચરખો અહિંસાનું પ્રતીક હતો

૧ વાવટો ઊડાડવો = (૧) કૂચ કરવું; નાલેશી જાહેર કરવી. (૨) વિજયી થવું.

૨. વાવટો ઝીલવો = ધ્વજ ફરકવો; ધ્વજ ફરકતો થવો.

૩. વાવટો ચડવો = (૧) ધ્વજ તેની ટોચે ઉપર ચડવો. (૨) કૂચ કરવું. (૩) વિજયી થવું.

૪. વાવટો ચડાવવો = (૧) જયચિહ્ન રોપવું (૨) જાહેર કરવું. (૩) નિશાન ફરકાવવું

૨ પું વહાણમાં સોખવાણનું ઊભું લાકડું

વાવટાવું અ ક્રિ. બીનાં કપડાનું પવન કે તાપ વડે સુકાઈ જવું.

વાવડ (વાવડ) ૧. પું. ખબરઅંતર; સમાચાર; સંદેશો

૨. પું. ભાગ; પત્તો; શોધ; સગડ

૩. પું રોગનું ફેલાવું તે; વાવર; એક જ જાતનો રોગ ગામને માથે થવો તે; મરજ

વાવડવું (વાવડવુ) ૧ સ ક્રિ પવનથી સુકવવું તે કપડાં માટે વપરાય છે
૨ સ. ક્રિ. ખબર મળવી; સમાચાર આવવા; વાવડ મળવા; બાતમી મળવી.

વાવડિંગ (વ.વડિંગ) સ્ત્રી વ.ત્યવડિંગ; એક જાતની વનસ્પતિ; મરી જેવાં ઔષધિનાં બી. મુંબઈ ઇલાકામાં તે પુષ્કળ થાય છે મરીની પેઠે ગૂમખાખય મતાં આ ફળ વાતહર અને કૃમિઘ્ન તરીકે ૧/૨ થી ૧ ડ્રામની માત્રામાં ઊલટી, કરમ, ઝાડો, તાવ, અરુચિ, અજીર્ણ, ચૂંક, ત્વચારોગ વગેરે ઉપર ક્વાથ અગર કલ્ક રૂપે અપાય છે. વાવડિંગનો દાણો ચણકબાબની પેઠે લીસો હોય છે. વાવડિંગ, ચણકબાબ અને મરી એ ત્રણેના ફેરફારમાં એટલું જાણવાનું છે કે, મરીની ઉપલી છાલમાં કરચલી હોય છે અને વાવડિંગ તથા ચણકબાબ ઉપર કરચલી હોતી નથી. ચણકબાબ વાવડિંગ કરતા જરા મોટાં થાય છે અને તે ઉપર જરા ઊંડુ હોય છે. મરી ભાગવાથી અંદરનો મર ધોળા રંગનો નીકળે છે, અને વાવડિંગમાથી ભૂખરા રાતા રંગનો નીકળે છે, ચણકબાબમાંથી ભૂખરા કાળા રંગનો નીકળે છે કોલેરા વખતે કપૂરનું પાણી અથવા વાવડિંગનું ઉકાળેલું પાણી પીવાથી ફાયદો થાય છે.

વાવડી (વાવડી) [વાવ+ડી (લઘુતાવાચક પ્રત્યય)] સ્ત્રી. નાનો કૂવો; વાપિકા; નાની વાવ
વાવડી ચસકવી = (૧) મગજનું સમતોલપણું ગુમાવવું; ડગળી ખસવી. (૨) મુશ્કેલીમાં આવી જવું. (૩) મૂર્ખાઓએ અક્કલહીન પુરુષાર્થ કરવો.

વાવડો (વાવડો) પું. પવન.

વાવણ સ.ત્ર.ન. વાવણી; વાવવું તે.

વાવણિયું ૧. ન. ઓરણી; વાવવાનું ઓજાર.
૨. ન. બીજ રાખવા માટે ખેડૂતો ખળામાં પાણકોરાની કોથળી રાખે છે તે.

વાવણિયો ૧ પું. વાવણી કરનાર ખેડૂત.
૨ પું વાવણી કરવાનુ ઓજાર; ખેતરમાં બીજ ઓરવાનુ રાચ; ફડાકો, ફડકી; ઓરવાનુ ઓજાર.

વાવણી ૧. સ્ત્રી ચોમાસાની ઋતુ
૨ સ્ત્રી. બી વાવવું તે; રોપણી; પેરણી, જમીનમાં બી નાંખવાં તે; ઓરવુ તે; ઓરણી, ઓવુ તે. વાવણી અને રોપણીમાં ફેર છે. વાવણી એટલે બી જમીનમાં નાખવાં અને રોપણી એટલે ઊગેલા છોડને ફરીને જમીનમાં ચોપવા.
વાવણી વી તાવણી = ખેડૂતની કહેવત છે કે, બી તાવવામાં જેવી કાળજી રાખવી તેવી જ ત્વરા અને કુશળતા વાવતી વખતે રાખવી.

વાવતર જુઓ વાવેતર.

વાવદૂક [સં.] વિ. વાચાળ; બોલવાના સ્વભાવવાળું; અતિભાષી

વાવદૂકતા [સં.] સ્ત્રી બહુ બોલ્યા કરવુ તે.

વાવર ૧. [હિં.] પુ. ઉત્તર હિંદની એક જાતની મીઠાઈ.
૨. [સં. આપરસ્; અપ. વાવરસ્] પું. ઠંડો ધીમો પવન
૩. પું. પ્રચાર; ફેલાવો.
૪. પું. બાબ; પત્તો; સમાચાર
૫. પું. મરજ; રોગ પ્રસર; કોઈ એક રોગનો ઉપાદ્ય; વાવડ; રોગનું ફેલાવું તે.
૬ પુ મોસમ, ઋતુ
૭. પુ વાપર. વપરાશ, ખપ, ઉપયોગ
૮. સ્ત્રી. રૂઢિ, રીત, પ્રથા
૯. સ્ત્રી. વાવરવું તે; ખર્ચ

વાવરવું ૧. સ. ક્રિ. ઉભાગવુ; સામું ધરવુ.
૨. સ. ક્રિ. ઉડાડી દેવુ; ખરચવુ
વાવરી નાખવુ = ખરચવુ; ખરચી ઉડાવી દેવુ.
૩ સ ક્રિ ઉપયોગ કરવો, ભોગવવુ; ખપમા લેવુ, વાપરવુ

વાવરી સ્ત્રી. બાળકોને થતો એ નામનો એક રોગ.

વાવરો પું. હવા; વાયુ; પવન

વાવલડી (વાવલડી) સ્ત્રી. નાનો કૂવો; વાવડી

વાવલવું ૧. સ ક્રિ. ઊપણવુ; ઝાટકવુ; ઉપરથી નીચે નાખતાં અનાજ વગેરેમાથી વાની મદદથી ફોતરાં કસ્તર છૂટાં પાડવાં; બીજા બૂકાને કે તેવી વસ્તુને પવનમાં ઉડાડવી. ફૂંસાં, રાખ કે કસ્તરવાળાં અનાજને ટોપલી, સૂડલો કે સૂપડામાં લઈ ઝાકડાની ઊંચી ચોડી ઉપર કે જમીન ઉપર ઊભી નીચે જમીન ઉપર વેરવું, જેથી ફૂસા, રાખ કે કસ્તર પવનથી ઊડી જાય અને અનાજ સાફ થાય
૨. સ ક્રિ કોઈ વાતનો વિચક વગર જાહેરાતમાં ફેલાવો કરવો; જ્યાં ત્યાં વાત કરવા
ધૂળ વાવશે તો કાકરા નીકળે = કરે તેવું પામે.

વાવલાં ૧. ન બ વ ફોતરાં
૨. ન. બ.વ. વલખાં; ફાફાં
૩. ન બ વ વસવાયાને ગામનુ કામકાજ કરવાના નોકરીના બદલામાં ખેડી આવા આપેલી જમીન; કપસાયતું.

વાવલિયો પુ. વાયગો; વાયુ; પવન; વા.

વાવલી ૧. સ્ત્રી પોતાનાં સગાંથી છાના પૈસા બેગા કરવા તે
૨. સ્ત્રી. શાક, છ.ચ, દહીં વગેરે અ.નગીમાં વેચી તેના પૈસા પોતાની પ.સે રાખિ લેવો સ્ત્રી

વાવલું ૧ ન આંખમા કાળા ડોળા.ની કોર ઉપર નાની રાઈ જેવડી ઝૅક કે વધ.રે ધોળા પીળા રંગની ફોલ્લી થવી તે; આ.ખમાં પડલુ પ્રીયુ કહ્યુ. તે ધોડા દિવસમા ફૂટીને મટી જાય છે. વખતે વારંવાર થાય છે. ફૂલ્યાં અને સડગૂમડવાળાં બા.ળકોને તે થાય છે તે મટાડવા આખો મરમ પાણીથી ધોઈ રોક કરવો અને બી ચોપડવુ.
૨. ન. ખાતર કે જમાર્ડને ખેડી આવા આપેલી પણ નામ ફેર ન કરી આપેલી ધોડી જમીન
૩. ન નાનુ માળિયુ
૪ ન. પસાયતુ; પસાયતી જમીન
૫. ન. ફોતરુ.
૬. ન એ મ.ણસના નિવાહ પૂરતું અનાજ પાકે તેટલો જમીનનો કટકો

વાવવું ૧. સ. ક્રિ. ઊભે કે આ.ગળ ઉપર કૂદી નીકળે તેમ કરવુ, ઊપણ થાય, ફળે કે ઊગી નીકળે તેમ કરવુ
૨. સ. ક્રિ. બિયાંને જમીનમાં દાટવાં કે નાખવાં; રોપવુ; પ્રેરવુ; વાવણી કરવી, ઉગાડવા માટે જમીનમાં બી કે રોપ નાખવા.
જેવા બીજને વાવશો તેવાં ઝાડ, આવાનું ફળ વાવશો તો ઊતરો નહિ વાડ.
તારાગીત
૧. ઠેર ઠેર ઓગા વાવવા = દરેકની સા.થે ઝૂડાસ કરવી; બધા જણનુ બગાડીને દુશ્મનાવટ વધારી મૂકવી
૨. વટાણા વાવી જવા – નાશી જવું; ભાગી જવું; પલાયન થવુ
૩. વાવે કોઈ ને લણે કોઈ = બીકની મહેનત બીજો ખાઈ જાય
૪. વાવે તેવુ લણે ને કરે તેવુ પામે = આપે તેવુ પામે; કરણી તેવી પાર ઉતરણી; ખાડો ખોદે તે પડે

વાવરી સ્ત્રી. એક જાતની મા.છલી મુખ્યત્વે તે આખુ વર્ષ મળે છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તે ઉત્તમ મળે છે

વાવરૈક પું ફાસદ દૂત, સંદેશો લઈ જનાર મા.ણસ

વાવરૈતા સ્ત્રી બાબત, હકીકત, વાત

વાવળ ૧ સ્ત્રી. નાનાં છોકરાંનો તાવ અને ખાંસીનો રોગ

૨. સ્ત્રી. પવન આવતો હોય તેવી જગ્યા.
૩. સ્ત્રી. વરસાદનો પવન.

વાવળા પું. એક જાતનું મોટું ઝાંખરાંવાળું બાવળનું ઝાડ. તેનાં ઊંચા વાંસવાળાં પાન બદામ ઉપર બંધાય છે. ગૂમડાં વગેરે ઉપર તે દવાના ક્રમમાં આવે છે.

વાવળી સ્ત્રી. બાળકોને થતો પેટનો એક રોગ.

વાવંટોળ ન. પટોળિયા કે ઘુમાતા વાનું તોફાન; ચક્રવાત; ઠેકઠેકાણે ઘૂમરી લેતા વાયુનું જોર કે વહાવું તે; વાનું તોફાન; વાવાઝોડું; પવનનો ઝપાટો.

વાવા ૧. સ્ત્રી જળસુ
૨. વિ. સારું; મનગમતું; સરસ; સુંદર. તે બાળકની ભાષામાં વપરાય છે

વાવાઝરડું (વાવાઝરૂં) જુઓ વાવાઝોડું.

વાવાઝોડું (વાવઝોડું) ન. પવનનું મોટું તોફાન; વાવંટોળ; જોરથી પવન ફૂંકાવો તે.

વાવાતા ૧. સ્ત્રી. અભિમાનીતી રાણી.
૨. સ્ત્રી. યજ્ઞ કરવા બેઠેલ રાજા પાસે હાજર રહેતી ચાર મહિષી રાણી

વાવારુંબા પું. ઘઉંમાં આવતો એક જાતનો રોગ

વાવાવળ ૧. ન. જોરદાર વાનો પવન અને વાદળ; તોફાન સાથે વાદળ ચડી આવી વરસાદ થવો તે; વા અને વાદળ બંને સાથે હોય તે, તોફાની વાદળ
૨. ન. સંકટ; મોટી આપત્તિ; કટકટણ; એક સાથે થયેલું મોટું આક્રમણ

વાવાશ ન. ખુલ્લામાં; પવન લાગે તેવી જગામાં.

વાવું ૧. ન. ક્રિ. ખેંચાવું; તણાવું.
૨. અ. ક્રિ. ચાલવું; ફરવું
૩. અ. ક્રિ. ફૂંકાવું; વહેવું, પવન આવવો; વા ચાલવો.
૪. અ ક્રિ. વાગવું; ભટકવું; અથડાવું કે સૂર નીકળવો
૫. અ. ક્રિ. વિયાવું; પ્રસવ થવો; જન્મ આપવો.
૬ અ ક્રિ. શરીરને હવા લાગવી; ચામડી ઉપર ટાઢા કોના પવનની અસર થવી.
૭ અ. ક્રિ. સવાર પડવી
૮ સ ક્રિ. ચલાવવું; ફેરવવું; ઉગામી મારવું.
૯ સ ક્રિ ચોપડવું.
૧૦. સ. ક્રિ. ઉતરવું, ઉડાવવું; ભગાવું, પટાવવું, પોતાનું કામ કાઢી લેવાને સમજાવવું, ફોસલાવવું, ઠગવું.
૧૧. સ ક્રિ. ચલાવવું.
૧૨. સ. ક્રિ. વગાડવું; બજાવવું; ફૂંકવાથી સૂર નીકળે તેમ કરવું

વાવૂ પું. વાવનાર ખેડૂત.

વાવેતર ૧. ન. જેમાં વાવેલું હોય તે જમીન કે ખેતર; વાવણીની જમીન; વાવેલી જમીન.
૨. ન. પાક; કરસણ; ઊગેલા છોડ વગેરે તે; જે કાંઈ વાવેલું હોય તે.
૩. ન. વાવવું તે

વાવેલાં ૧. ન. ક ન. ઝાલ્યાં; રહ્યા; આકંદ; રોકકળ
૨ અ. વાહ ! અરે !

વાવ્ય ૧. સ્ત્રી. પગથિયાંવાળો કૂવો.
૨. [સં. વાયવ્ય] સ્ત્રી પશ્ચિમ અને ઉત્તર વચ્ચેની દિશા

વાશ ૧. સ્ત્રી. શ્રાદ્ધવાશ; શ્રાદ્ધને દિવસે કાગડાને રાંધેલું અન્ન નાખવામાં આવે છે તે.
વાશ નાખવી = શ્રાદ્ધને દિવસે પિતૃઓની તૃપ્તિ માટે રાંધેલું અન્ન કાગડા વગેરેને નાખવું
૨ વિ રોનાર, રડનાર

વાશિતા ૧ સ્ત્રી [સં] સ્ત્રી
૨ [સં] સ્ત્રી

વાશી સ્ત્રી સોનીનું એક ઓજાર

વાશેટી સ્ત્રી. વાસણી; શાકમાં વપરાતી એક જાતની વનસ્પતિ

વાસ ૧. [સં.] પું. અરડૂસાનું ઝાડ.
૨. પું આશ્રમ; મુકામ; સ્થાન; ઘર.
૩. પુ. (પુરાણ) એ નામનો એક પર્વત.
એક પર્વતના મૂળ આખમાં વાસ નામનો પર્વત આવેલો છે. ભગવતી ભાગવત.
૪. પું. ઘરખટલો
૫. પું. તબૂ.
૬. પું. વસવું તે; રહેવું તે; વસવાટ; નિવાસ.
૧. વાસ પૂરવો = વસવાનું શરૂ કરવું, વસવું.
૨. વાસ ભરાવવો = ઊંચાળા ભરાવવા; ઘરેચખરી સાથે જવાની ફરજ પાડવી; ઘરેચખરી ઉપાડી લઈ જવાની ફરજ પાડવી.
૭. સ્ત્રી ગામ કે ગામડાનો એક ભાગ; પાડો; મહોલ્લો, લત્તો, પોળ.
૮ સ્ત્રી દુર્ગંધ
૯. સ્ત્રી નિશાની, ચિહ્ન.
૧૦. સ્ત્રી. પરિમલ, ખુશબો, સુગંધ
૧૧ સ્ત્રી ઓ, નવ
૧ વાસ આવવી – નવાવું
૨ વાસ મારવી = દુર્ગંધ છૂટવી.
૩ વાસ લેવી – સૂંઘવું

૧૨. સ્ત્રી. શેરડીના રસને ઉકાળી ગોળ બનાવવા ચૂલમાં નાખવાનું બળતણ.
૧૩. સ્ત્રી. સુવાસ; કીર્તિ.
૧૪ સ્ત્રી. રચના; ઠેકાણું; જગ્યા
૧૫. ન. વસ્ત્ર; કપડું; પહેરવાનું લૂગડું.

વાસક ૧. [સં] પું. અરડૂસો. તે તાવ, દમ, ખાંસી, કોહસાનો રોગ, મૂર્છા, મતુર વગેરે દરદોમાં બહુ જ ફાયદો કરે છે.
૨. પું. ગાયનનું એક અંગ.
૩ પું ન ન કપડા; લૂગડાલત્તા
૪. વિ. વાસ આપવું; સુગંધી.
૫. વિ. વાસ કરાવનાર.

વાસકલીલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે તેમાં ભગણ, મગણ, સગણ, તગણ, યગણ, ભગણ મગણ અને ગુરુ મળી બાવીસ વર્ણ આવે છે

વાસકલીલા આ મા સ છે તા યા,
ઉપર આ મા પર છે ના અન્તે.

રણછોડકવિ

વાસકવેણી સ્ત્રી. વાસુકિ નાગ જેવો મોટલો.

વાસકવેણુ ૧. ન. વાસુકી નાગ જેવો મોટલો.
૨. વિ સુગંધી ભરેલું; ખુશબોદાર

વાસકસજ્જા [સં.] સ્ત્રી આઠ માંહેની એક નાયિકા; ભોગની શય્યા તૈયાર કરી ઠીકઠાક થઈ પ્રીતમની વાટ જોવા ફરતી નાયિકા; પ્રેમીના આગમનની રાહ જોઈ બેઠાબેઠા તથા ઘર વગેરે સજાવી તૈયાર થયેલી નાયિકા.

ન સહી વિલંબ વરજ હમ્મ,
વિલપે બાકુલ વાસકસજ્જા.

ગીતગોવિંદ

વાસકસજ્જિકતા જુઓ વાસકસજ્જા.

વાસકારિયું ન. વણવાની શાળમાં વાંસની ઝીણી ઝણ ઝાડી તાણ્યામાં રાખની પછવાડે બાંધવામાં આવે છે તે.

વાસકિ ૧ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને સુવાસક, સુભાસા, સુભાસ, રાસા, સવાસન પણ કહે છે. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેમાં નગણ, જગણ અને લઘુ મળીને સાત વર્ણ આવે છે.
ન જ લ થી વાસકિ. રણછોડ
૨ પું. વાસુકિ નાગ.

વાસકુટ ૧. પું ચોળી; પોલકું
૨. [અં. વેઇસ્ટ કોટ] પુ આડિયો કબજો; બંડી કબજો; બદન; કુડતું.

વાસકોટ જુઓ વાસકુટ.

વાસગૃહ ૧. [સં] ન. છાત્રાલય; વિદ્યાર્થીઓને રહેવાનું તથા જમવાનું સ્થળ.

૨. ન નાસિકા; નાક

૩. ન. વસતિગૃહ; રહેવાકનું ઘર.

વાસગેહ જુઓ વાસગૃહ

વાસચર્યા [સ.] સ્ત્રી. ઉપાય એટલે સાધકની શુદ્ધિનાં કારણના પાંચ ભાંહેનો એક પ્રકાર; એક જ જગ્યાએ રહેવાની ટેવ.

વાસણ ન. રસોઈ કરવાની તેમ જ પ્રવાહી કે ઢાબુદાણી ભરવાની માટી, કાચ કે ધાતુની બનાવટ; ઠામ; ભાંડ; પાત્ર; ભાજન.

૧. બે વાસણ હોય તો ખડખડે = સગાસબંધી હોય તો મનદુઃખ થાય

૨. વાસણ ખખડવાં = કંકાસ થવો; માબાપને પતિપત્ની વચ્ચે તકરાર થવી

૩. વાસણ ઘસવાં–માંજવાં = વાસણ ઊટકીને સાફ કરવા.

૪. વાસણ છોલવાં = વાસણને બાગેલો કાટ કે મેલ ઉતારવો

૫ વાસણ થવ. = ઊટકવા માટે ઓઠવાડનાં વાસણ તૈયાર થવાં.

વાસણકૂસણ ન. રાંધવા વગેરેનાં વાસણ.

વાસણપાણી ન. વાસણ સાફ કરવાં અને પાણી ભરવું તે.

વાસતેતુ [સં] પું. સુગંધ દુર્ગંધનું જ્ઞાન કરાવનાર મગજનો તંતુ.

વાસહ ન. (શિલ્પ) એક પ્રકારનું ત્રિશાળ ઘર

જે ત્રિશાલ ઘરના મુખ આગળ એક હસ્ત હોય, તે હસ્ત આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક અલિંદ કરીએ અને તે ઘરનું મુખ દક્ષિણે હોય તો તે **વાસહનામનું** ઘર કહેવાય. રાજવલ્લભ

વાસધૌતિ [સં.] સ્ત્રી. (યોગ) ધૌતિનો એક પ્રકાર. ચાર આંગળ પહોળું અને ઓછામાં ઓછું પાંચ હાથ માપરપાટનું કપડું લઈ તેને સ્વચ્છ કરી ધીરે ધીરે મુખ દ્વારા ગળામાં ઉતારવું. તેનો છેડો બહાર રાખવો પછી તેને ધીરે ધીરે બહાર કાઢવું એ વાસધૌતિ કહેવાય છે

વાસન વેલ સ્ત્રી પાતાળ તૂંબડી; તાણનો વેલો આ વેલની સૂકી પાણીમાં ચોળવાથી પાણી બહુ જ ઘટ્ટ થઈ જાય છે. તેના મૂળિયા સંધિવા ઉપર કામ લાગે છે. બેસનને વાસનવેલ ખવરાવવાથી દૂધ વધે એમ કહેવાય છે

વાસના ૧ [સ] સ્ત્રી. અજ્ઞાન.

૨. સ્ત્રી. (વેદાંત) અનુભવથી જન્ય એવી સ્મૃતિનો હેતુ; આગળપાછળનો વિચાર કર્યા વિના એકાએક ઊપજી આવનાર પ્રેરણાદિક અમુક વૃત્તિઓનો હેતુ; ચિત્તમાં રહેલો એક પ્રકારનો સંસ્કાર

૩. સ્ત્રી. (પુરાણ) અદિતિ નામના વસુની સ્ત્રી. તેનો પુત્ર તપાદિ હતો

૪. સ્ત્રી (જૈન) કર્મની અસર કે છાપ; કર્મ થઈ ગયા પછી પણ મનમાં રહેતી તેની અસર. આપણે જે કર્મો કરીએ છીએ તેનાથી આપણી વાસના બંધાય છે અને વાસનાથી પુનર્જન્મ થાય છે

૫. સ્ત્રી. ગંધ; પરિમલ; વાસ

૬. સ્ત્રી દુર્ગા

૭. સ્ત્રી. મનમાં થતું આત્માની સ્વાભાવિક ઇચ્છા; ભાવના; પૂર્વના સંસ્કારોથી દૃઢ થયેલા કામના; તૃષ્ણા; મનોવૃત્તિની અસર; મનની વૃત્તિનું વલણ; રુચિ; પ્રકૃતિ.

૮. સ્ત્રી વિષયવાસના; કામવૃત્તિ.

વાસનાક્ષય [સ] પું. (વેદાંત) વિવેકને લીધે ચિત્તની શાંતિરૂપ વાસના દૂર થવાથી અહંકારના નિમિત્ત જ્યાં પણ ક્રોધ વગેરેની ઉત્પત્તિ ન થવી તે.

વાસનાત્મક જીવ [સ પું. (વેદાંત) વાસનાથી ભરેલો આત્મા. જીવાત્મા જ્યારે સ્થૂલ શરીર છોડે છે એટલે મરણ પામે છે ત્યારે તેના સ્થૂલ શરીરને તો બાળી નાખવામાં કે દાટવામાં આવે છે; પરંતુ અતિ સૂક્ષ્મ એવા વાસનાત્મક લિંગ કે વાયુદેહ દ્વારા અથવા સૂક્ષ્મદેહ દ્વારા આ ગોલક બદલીને પહેલાં તેને ચાંદ્રલોકોમાં જવું પડે છે. આ પ્રદેશમાં જતાં તેને બાર તિથિઓ જેટલો સમય લાગે છે, કારણ કે ચાંદ્રલોકોના પ્રદેશમાં તો આપણી બાર તિથિઓ એટલે તમના એક દિવસ એટલે અહોરાત્ર એ પ્રમાણેનો ક્રમ ચાલે છે. તે પ્રદેશ સુધી પહોંચતાં આ લિંગદેહધારી વાસનાજીવને બાર તિથિઓ જેટલો સમય લાગતો હોવાથી મરણ થયા બાદ બાર દિવસની ક્રિયાઓ દરરોજ કરવાને માટે શાસ્ત્રોએ કહ્યું છે

વાસનાત્મા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

વાસનાદેહ [સ.] પું. સૂક્ષ્મ શરીર

વાસનાનંદ [સ.] પુ. એક પ્રકારનો આનંદ. અંતઃકરણવૃત્તિની તૃપ્તા સ્થિતિમાં વિષયના અનુભવ વિના જે આનંદ થાય છે તે વિષયથી ઊપજેલો ન હોવાથી અને સામાન્ય અહંકાર વડે ઢંકાયેલો હોવાથી વાસનાનંદ કહેવાય છે

વાસનાપૂર્તિ [સ ; જ્ઞો વાસના+પૂર્તિ] સ્ત્રી. તે.

વાસનાપ્રધાન જુઓ વાસનામૂલ

વાસનાબદ્ધ [સ.] વિ વાસનાથી બંધાયેલું

વાસનામૂલ વિ. ઊર્મિલ; ભાવનાકારી

વાસનાપ્રધાન; જેમાં ઘણી વાસના હોય એ

એક લિપિ અને એક ભાષાનું **વાસનામૂલ** મહત્ત્વ તેઓ સારી રીતે સમજતા હતા.

બળવંતરાય ઠાકોર

વાસનાલિંગ [સ.] ન. વાસનારૂપી શરીર

જ્યાં સુધી જીવાત્માનું જીવપણું પૂરેપૂરું જતું નથી એટલે કે વાસનાનો લેપ માત્ર પણ તેનામાં રહે છે ત્યાં સુધી તેનું **વાસનાલિંગ** લય પામ્યું ગણાતું નથી

વાસનાશરીર જુઓ વાસનાદેહ

વાસનાસ્તંભ [સં.] પું. ભોગની ઇચ્છા. ભોગની ઇચ્છા તે આસુરી વૃત્તિ છે અને તેની નિવૃત્તિ ઇચ્છવી એ દૈવી વૃત્તિ છે. પહેલીને વાસનાસ્તંભ કહે છે અને બીજીને ધર્મસ્તંભ કહે છે. આ બે વૃત્તિઓ વચ્ચે હમેશા વિગ્રહ ચાલ્યા કરે છે. તેમાં જે વૃત્તિ બળવાન હોય તેની જીત થાય છે. જો ધર્મમાં પોતાનો પગ ટેકવી ભોગોને વશ કરે તો પરમ જીત મેળવે છે આ કઠોર મનનું યુદ્ધ છે. ધર્મની દૃઢતામાં પોતાનો પગ ટેકવવો તેનું નામ જ સંતોષ

વાસનાસ્વાતંત્ર્ય [સ] ન સ્વભાવ, પ્રવૃત્તિસ્વાતંત્ર્ય, ' ફ્રી વીલ'

વાસનિક વિ. વાસનાવાળું

જેના હૃદયે તે **વાસનિક** મળિયા ૧. નરસિંહ

વાસપુષ્પા [સ.] સ્ત્રી. અશ્વગંધા, એક જાતની વનસ્પતિ

વાસપૂજા [સં] સ્ત્રી. વાસ્તુ, નવા ઘરમાં વાસ કરતા પહેલાં હોમ, પાઠ વગેરે કરવાની વિધિ.

વાસભૂમિ [સ] સ્ત્રી. નિવાસસ્થાન, રહેઠાણ

વાસમણું ન. રહેવાક; રહેઠાણ

વાસમુહૂર્ત [સ.] ન. નવા ઘરમાં રહેવા જવા માટેની મંગળ ઘડી, નવા ઘરમાં વાસ કરવાનો શુભ દિવસ

વાસયષ્ટિ ૧ [સ] સ્ત્રી. પક્ષીઓને ઊડતાં આવીને બેસવા રહેવાનો વાંસ

૨. સ્ત્રી. પક્ષીને બેસવાનો પીંજરાની અંદરનો આડો સળિયો

વાસયોગ ૧. પું. અશ્લીલ.

૨. પું. વહેમાણ ચૂનું

વાસર ૧. [સં.] પુ. એક પ્રકારનો નાગ.

૨ પું. દિવસ, દહાડો; દિન; વાર.

૩ પું. (હિંદી) સ્નાન કર્યા પછી પહેલી રાતે સ્ત્રી પુરુષને ખાવાનું ઘર
૪ પુ. ય.ય, વા, પવન
વાસર દોગવો–ન.ખવા = પવન આવે તેમ કરવું, પવન નાખવો

વાસરમણિ [સ વાસર (દિવસ) + મણિ (રત્ન)] પુ. સૂર્ય; રવિ; આદિત્ય.

વાસરમણિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગણી છંદનો એક ભેદ છે. તેમા, ભગણ, બે સગણ અને ભગણ મળી બાર વર્ણ હોય છે
વાસરમણિકા રચ ના સા સ ભ.
૨૪પિંગળ

વાસરવું ૧. અ. પવન આવે તેવી રીતે, હવા આવ તેમ, ખુલ્લા પવનમા ફફડવું એમ. જેમકે, કપડા વાસરવાં મકા
૨. અ ક્રિ. ગુદા દ્વારેથી અપાન વાયુનુ સરવુ, પાદવુ

વાસરશય્યા [સ જી. પ્રેમીના આગમનની રાહ જોઈ પોતાનુ શરીર તથા સ્થનરૂપ સજ્જતાને તૈયાર થયેલી નાયિકા

વાસરિકા જુઓ વાસરી

વાસરી [સં] જી. શેજળીશી; 'પ્રાયરી'.

વાસરો પું. (હિન્દી) વાયરો; પવન

વાસલ ક્રિ. પક્કર રાખેલું. બેનરે માટે વપરાય છે

વાસલવાડ (વાસલવાડ) ન. એક પ્રકારનુ શસ્ત્ર

વાસલાત [અ. વાસિલાત] જી. હકનો, નિકાલ; નિર્ણય

વાસવ ૧ [સ] પુ. ઇંદ્ર; દેવોનો રાજા
૨. પું (પિંગળ) એ નામનો સાત માત્રાનો એક માત્રામેળ છંદ
૩. ન (વિકલ્પ) એક જાતનું દિવાળી ઘર
જે દિવાળી ઘરના મુખ આગળ ચાર બારિયો હોય અને ડાબી તરફ એક બારિયો હોય તે વાસવ ઘર કહેવાય છે. રાજવલ્લભ
૪ ન ધનિષ્ઠા નક્ષત્ર
૫. વિ ઇંદ્રનુ; ઇંદ્ર સબંધી.

વાસવદત્તા ૧. જી ઉજ્જયિનીના રાજા પ્રદ્યોતની એ નામની કુવરી. પ્રદ્યોત રાજા અંગારક દૈત્યની પુત્રી અંગારવતીને પરણ્યા તેનાથી ઇંદ્રના વરદાનથી અલૌકિક રૂપ અને ગુણવાળી કન્યા થઈ. તે વાસને એટલે ઇંદ્રે આપેલી હોવાથી તેનુ નામ વાસવદત્તા પડ્યુ વત્સરાજ ઉદયનને સ્વપ્નમાં જોઈને તે તેની સાથે પ્રેમમાં પડી હતી. તેને છપી રીતે ઉજ્જયિની પકડી લાવવામાં આવ્યો અને પ્રદ્યોત રાજાએ તેને જેલમાં પૂરી રાખ્યો; પણ યૌગંધરાયણ નામના પ્રધાને તેને યુક્તિથી છોડી કાઢી ને વાસવદત્તાને કૌશાંબી ઉપાડી ગયો
૨. જી એ નામે એક સંસ્કૃત આખ્યાયિકા ગ્રંથ.

વાસવર્ધન [સ.] વિ સુવાસ પ્રસરાવનાર; ખુશબો વધારનાર
કુસુમાયર મર્દન વાસવર્ધન મલિયા હરે મેરુજ
પ્રેમાનંદ

વાસવદંદિતા પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમા મગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમા તગણ, જગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે આ છંદ સવૈયાનો વર્ગનો છે તેનાં વિષમપદ વિરાટ છંદ મુજબ અને સમપદ રથોદ્ધતા મુજબ હોય છે
મા સા વાસવદંદિતા જ ત્રે,
તા જ ર કરો સમે વળે
૨૪પિંગળ

વાસવદાસિની જુઓ વાસિની ૧

વાસવાનુજ ૧ સ પુ [ના. નાના, બાદ વામનજી ન વિષ્ણુનો અવતાર તેમને
૨ પુ વિષ્ણુ. નાના ભાઈનું એક નામ

વાસવિલાસવતી પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિજગતી જાતનો. એક ચરણ દીઠ બાર વર્ણ હોય છે. તેમા વસુ જગણ, મગણ, અને ગુરુ મળી તેર વર્ણ હોય છે
વાસવિલાસવતી ન ન ના મા ગા
૨૪પિંગળ

વાસવી ૧ [સ] જી ઇંદ્રાણી, ઇંદ્રની પત્ની
૨ જી ઇંદ્રે કર્ણને આપેલ એ નામની એક શક્તિ કે હથિયાર
૩. જી (પુરાણ) ઉપરિચરવસુ રાજાની કન્યા
૪. જી રાવણને તેના સસરા મયાસુરે કન્યાદાનમાં આપેલી એ નામની સાત
તવ ઊઠ્યા રાવણ હોમ કરી,
સાત વાસવી કરમા ધરી. પ્રેમાનંદ
૫ જી. બ્રાહ્મણી માતા; ભટ્ટણ્યા
૬ વિ ઇંદ્રનુ; ઇંદ્ર સબંધી.

વાસવું ૧ અ ક્રિ. કૂકડાનું બોલવું
૨. અ. ક્રિ. સુખેથી દાર કર્યા રહેવું; વાસસ્થાન થવું; કોરી રહેવું; અહેકવું; વાસિત થવું.
૩. સ ક્રિ. આપવું
૪. સ ક્રિ. ત્રંપ કરવું; હાકવું; દેવું
૫. સ ક્રિ. સાર્થ જાર્ણ રાખવું.
૬ સ ક્રિ વગાડવું, અજવવું
૭. સ ક્રિ. વસાવવું; વસે એમ કરવું.

વાસસ [સ. વાસસ્] ન. વસ્ત્ર, ચીર; પટ; લૂગડું; વસન

વાસસ્થાન [સ ન રહેવાનું, રહેવાનુ ઠેકાણું

વાસુગ પું મોટો નાગ; વાસુકિ, નાગનો રાજા

વાસંત ૧ પુ મદ
૨ પુ કામા મગ
૩ પુ દોવસનો. નર
૪ પુ દક્ષિણનો પવન; દક્ષિણવાયુ
૫ પુ મીઠાનું ઝાડ
૬ પુ વસંતઋતુ
૭. પુ. શીતળાનો રોગ.
૮ વિ વસંતઋતુનુ; વસંતઋતુ સબંધી
૯. વિ વસંતકાળ. આ અથારે કે હોનાર
૧૦ વિ સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર.

વાસંતિક ૧ પુ નટ
૨ પું વિદૂષક; નાટકમાનુ હાસ્યજનક પાત્ર
૩ વિ વસંતઋતુનુ

વાસંતિકા જી. વસંતઋતુમાં ખીલતા રાજગરો પાનેથી ઉપરાચનો એક જાતનો હર

વાસંતી ૧ પું (પિંગળ) એ નામનો એક છંદ તે શક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા, મગણ, તગણ, તગણ, તગણ, મગણ અને બે ગુરુ એમ બાર અક્ષરે હોય છે. તેના ચોથા, અને દસમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે
વાસંતીના ચાર ચ ત ત મા મા મા ગા.
૨૪પિંગળ
૨ જી ગળી
૩ જી એ નામની એક ભા.જ
૪ જી દોવસની માદા
૫ જી જૂઈ; નવમલ્લિકા; મોગરો
૬ જી દુર્ગા
૭ વિ. વસંતઋતુનુ કે તેને લગતુ, વસંતઋતુ સબંધી; વસંતનુ.

વાસંદી જી આસરણી

વાસા ૧ પુ નવા જન્મેલા બાળકની દિવસમ કિંમત દિવસ; વામો
૨ જી અરડૂસી
૩ જી વાસની, મારવી લતા

વાસાકુષ્માંડખંડ પુ. (વૈદક) કોળામાંથી બનતી એક જાતની દવા

વાસાખંડપાક [સ.] પું. (વૈદક) અરડૂસીમાંથી બનતી એક જાતની દવા. તે ઝાડાઊલટીના રોગ ઉપર બે તોલાની માત્રામાં અપાય છે

વાસાદિચૂર્ણ [સં.] ન. (વૈદક) અરડૂસી અને બીજી દવાઓનો ભૂકો. આ ચૂર્ણ કાગળ કે સકા પાનમા નાખી તેની બીડી બનાવી પીવાથી કફ છૂટો પડી બ્રાંધિ ઓછી થાય છે

વાસાપુટપાક [સં.] પું (વૈદક) એક જાતની અરડૂસીની બનાવટ. આ દવા ક્ષય, અતિસાર, રક્તનિસાર અને ત્રિદોષ અવસ્થામા અપાય છે તેની માત્રા ૧ થી ૨ તોલાની હોય છે

વાસાવલેહ [સં.] પું. (વૈદક) અરડૂસીની એક જાતની બનાવટ આ દવા ક્ષયની અંદર અપાય છે તેની માત્રા ૧થી ૨ તોલાની હોય છે

વાસિત ૧. [સં] વિ. કપડાં વડે ઢાંકેલું

૨. વિ વાસવાળું; પરિમલયુક્ત; હોરી રહેલું, સુગંધવાળું; સુગંધીદાર; સુવાસિત કરેલું

૩. વિ. વાસી તાજું નહિ તેવું

વાસિતા ૧. પું. (પિંગળ) એ નામનો એક આર્યા માત્રામેળ છંદ

૨. સ્ત્રી. સ્ત્રી; પત્ની

૩. સ્ત્રી કસ્તૂરી

વાસિની ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; વાસવવાસિની. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, જગણ, ભગણ, રગણ, જગણ અને ગુરુ એમ સોળ અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં તગણ, જગણ, ભગણ, બે જગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે

૨ વિ. સ્ત્રી. રહેનારી.

વાસિષ્ઠ ૧. [સં.] ન. અઢાર માહેનું વસિષ્ઠ ઋષિએ રચેલું એક ઉપપુરાણ.

૨. ન. ચિત્રા નક્ષત્ર.

૩. ન. લોહી; રક્ત.

૪. વિ. વસિષ્ઠનું; વસિષ્ઠ સંબંધી

વાસી ૧. પું. સુથારનો વાંસલો.

૨. સ્ત્રી. ઊલટી; બાંધેલું પાકું નીકળવું તે. વ.સી વળવી = ઊલટી થવી

૩. સ્ત્રી. ચોખાની એક જાત.

૪. સ્ત્રી કરવત; કુહાડી.

૫ સ્ત્રી વસનીઓ રહેનારા લોકો.

૬. ન શહેર

૭. વિ. કરમાયેલું; ચિમળાયેલું.

૮. વિ. તાજું નહિ એવું; એક રાત બેટલું જૂનું; પડી રહેલું; પાતર, જૂનું.

૯. વિ. રહેનાર, વાસ કરનાર. તે સમાસને છેડે આવે છે. જેમકે, નગરવાસી.

૧૦. વિ વાસ મારતું; વધારે વખત રહેવ.થી બગડી ગયેલું.

૧૧. વિ. શીળું; ટાઢું.

વાસી ઈદ સ્ત્રી. ઈદનો બીજો દિવસ.

વાસીકૂસી વિ. જૂનું થઈ ગયેલું; પડતર રહેલું, બગડી ગયેલું. વાસ મારતું; સડેલું.

વાસીદું ન. ઠોરનું છાણ, મૂતર વગેરે, કચરોપૂજો; મોસાળાનો કચરો, ઝાડુ.

૧ વાસીદામાં સાબેલું જવું = (૧) અસ્તવ્યસ્ત થવું. (૨) મોટી ભૂલ થઈ જવી.

૨. વાસીદું કાઢવું-વાળવું = છાણ, પૂંજો વગેરે વાળી નાખી આવવાં

વાસીવિકાર પું. સગર્ભા સ્ત્રીને સવારે થતી ઊલટી

વાસીંગણું ન. રહેવાનું ઠેકાણું; રહેઠાણ

વાસુ ૧. પુ આત્મા

૨. પું. નાગની એક જાત

૩. પું. પરમાત્મા; પરમેશ્વર.

૪ પુ. રાતનો ખેતરપાળ; રાતે ખેતરમાં રહેનાર વાસુપિયો, ખેતરમા રાતવાસો રહી ચોકી કરનાર માણસ

વાસુએ જવું = ખેતરમાં રાતે સૂવા જવું.

૫. પું. વિષ્ણુ

૬. ન. પુનર્વસુ નક્ષત્ર

૭. ન. રાત્રે ખેતરની સંભાળ રાખવા જવું તે

૮ અ તરફ; બાજુએ

વાસુકિ ૧ પું. નાગનો રાજા; મોટો ઝેરી સાપ; કશ્યપ અને કદ્રુનો પુત્ર. કદ્રુએ હજાર નાગને જન્મ આપ્યા હતા. આ સર્વ સર્પોનો અધિપતિ વાસુકિ હતો. તેની બીજુ નામ રાતરીષો હતું. દેવો અને દૈત્યોએ સમુદ્રમથન કાજે તેનું નેતરું બનાવ્યું હતું. તે પાતાળમાં રાજ્ય કરે છે આવણ માસમાં પંચમીને દિવસે તેનો ઉત્સવ ઊજવાય છે. કેટલાક ભાગમાં વખા બીજા આ દિવસે સર્પના દર આગળ દૂધ અને ધાંડાનું નૈવેદ્ય મૂકે છે

૨. પું. બાર માહેનો એક મેઘ.

૩. પુ. રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે આવેલ એક તારા સમુદાય. તેને અંગ્રેજીમાં 'હીડ્રા' (Hydra) કહે છે. તેનો આકાર નાગ જેવો છે

૪ ન સૌરાષ્ટ્રમાં આવેલું એ નામનું સર્પદેવતાનું એક પુરાણું સ્થળ. તે થાનની પૂર્વ દિશાના દ્વારપ્રદેશ પ્રીતમ નામના તળાવને પૂર્વ કાંઠે આવેલું છે. આ જગામાં એક ભાભૂએ પૂર્વાભિમુખે શ્વેત સંગેમરમરની દાદાની દેરી બાંધેલી છે. દેરીમાં દાદાની ત્રણ સર્પાકૃતિઓ કંડારેલી છે. તે દેરી ઊતરતાં માર્ગમા હનુમાન આવે છે અને દેરીનાં ચાર પગથિયાં ઊતરતાં યજ્ઞવેદી આવે છે. ત્યાં હવનાષ્ટમીને દિવસે હવન થાય છે. પાંચાલમાં શ્રીવાસુકિ દાદાનો એટલો બધો પ્રભાવ છે કે જ્યાં જુઓ ત્યાં સર્પ નીકળે પણ કદી કોઈને કરડે નહિ. જો કરડે તો સ્નાત્રની હાળકી બસ થઈ પડે ત્યાંના રબારીઓ, માલધારીઓ વગેરે બીજા લોકો પોતાના ઘરની પવિત્રતા જતવવા વાસુકિ દાદાના સોગદ લે છે તેના પૂજારી પણ સુચરિત્રવાળા અને રૂડા જેવા છે તેને પૂછીએ તો દાદાનુ વર્ણન કરતાં કહે છે કે, કોઈ અંધારી રાત્રે જાણે સર્વસાધારણ હોય તેવો પ્રકાશ ફેલાયતા દાદા કરવા નીકળે છે ને આટો મારી ચાલ્યા જાય છે. તેને જાડુ ગઢ શરીર, સફેદ મૂછો અને સુપડા જેવી ફેણ છે

વાસુકિતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

વાસુકિફણા [સં.] સ્ત્રી. સર્પની ફેણ.

વાસુકિવર [સં.] સ્ત્રી. વાસુકિ નાગના જેવી ઉત્તમ વેણી

વાસુતા પું. (પિંગળ) એ નામનો સમાન્તિ માત્રામેળ છંદ. તે જગણવાળી આર્યા છંદનો ભેદ છે. તેમાં સાત ગુરુ અને તેતાલીસ લઘુ મળી પચાસ વર્ણ આવે છે

વાસુદેવ ૧. પું. આત્મા

૨. પું. (જૈન) ચક્રવર્તી કરતા અર્ધું બળ ધરાવનાર ત્રણ ખંડનો રાજા. દરેક કાળચક્રમાં નવ વાસુદેવ થાય છે. તેમનાં નામ આ પ્રમાણે છે: ત્રિપૃષ્ટ, દ્વિતર, સ્વયંભૂ, પુરુષોત્તમ, સિંહપુરુષ, પુંડરિક, દત્ત, લક્ષ્મણ અને શ્રીકૃષ્ણ.

૩. પું. પીપળો

૪. પું. લીલાવતારમાં વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ. આચાર્ય આનંદશંકર ધ્રુવ લખે છે કે: મહાપુરુષનું જીવનચરિત એ જગતનો કૂટપ્રશ્ન છે એમાં પણ પરમ પુરુષ શ્રીકૃષ્ણનું જીવન એમની માયા જેવો અલૌકિક કૂટપ્રશ્ન છે. કર્યાકાર્યવિચારણાપરાયણ કેટલાંક જનોને એમનાં કેટલાંક કાર્યો અનુચિત જણાય છે અને એમની પરમ પુરુષતાની સાથે અવિરોધ કરવો કઠિન લાગે છે પરંતુ વસ્તુતઃ જેટલા પ્રમાણમાં શ્રીકૃષ્ણનો ભારતજનોના હૃદય ઉપર પ્રભાવ પડ્યો છે તેટલા પ્રમાણમાં તે તે જનોએ શ્રીકૃષ્ણની કલ્પના વધારી છે. એમના ચરિત્રમાં વાસ્તવિક ઇતિહાસ અને રૂપક બંનેનુ સમિશ્રણ કરેલું છે. કેટલાક વિદ્વાનો રૂપકનો અંશ માનતા નથી પરંતુ, મહાભારતના કૃષ્ણ અને હરિવંશ, વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, વગેરેના કૃષ્ણ એમ બે કૃષ્ણને જુદા કરે છે અને એકને મહાપુરુષ અને બીજાને તેનાથી વિપરીત માને

છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ભાગવતાદિના કૃષ્ણનો ત્યાગ કરી મહાભારતના કૃષ્ણનું બહુ ગૌરવ કરે છે. શ્રી રામકૃષ્ણ ભાંડારકર ભાગવત (ભક્તિ) ધર્મપ્રવર્તક સાત્વત ક્ષત્રિયવર વાસુદેવ કૃષ્ણ અને ગોકુલનિવાસી ગોપાલકૃષ્ણ એમ ભેદ માને છે અને એક પ્રાચીન મહાભારતના અને બીજા પાછળથી રચાયેલા હરિવંશાદિના છે એમ કહે છે પરંતુ ભાગવતધર્મનો આરંભ અતિ પ્રાચીન છે બૌદ્ધ અથવા જૈન ધર્મથી પણ એ પ્રાચીન છે બૌધધર્મના સુત્તમાં પણ એ મતનું સૂચન છે અને પતંજલિમહાભાષ્ય, મેગેસ્થનીસ, ભાસનાં નાટકો અને અનેક શિલાલેખોના પ્રમાણ ઉપરથી એ ધર્મની પ્રાચીનતા–ખ્રિસ્તી ધર્મથી એની પૂર્વતનતા–હવે નિર્વિવાદ રીતે સિદ્ધ થઈ છે પરંતુ ગોપાલકૃષ્ણના વિષયમાં મોટી શંકા રહી છે ડૉ. રામકૃષ્ણ એમ બતાવે છે કે, મહાભારતની દક્ષિણ હિંદુસ્તાનની પ્રતમાં ઘણો ભેદ છે. એમાં એક ભેદ એ છે કે, સભાપર્વમાં ગોકુલનું જીવન દક્ષિણ મહાભારતમાં મળી આવે છે; પરંતુ ઉત્તરના મહાભારતમાં મળતું નથી. કૃષ્ણ ગોપ છે એટલે જરાસંધ એની સાથે લડવાનું સ્વીકારતો નથી એમ દક્ષિણની પ્રતમાં કહ્યું છે; ઉત્તરની પ્રતમાં નહિ. વિષ્ણુના અવતારના વર્ણનમાં દક્ષિણની પ્રતમાં ગોપાલકૃષ્ણનો ઉલ્લેખ છે: ઉત્તરની પ્રતમાં એ નથી સભાપર્વમાં શિશુપાલ કહે છે કે, કૃષ્ણે પૂતનાને મારી અને ભીષ્મે ગોકુલમાં કરેલાં કાર્યોની સ્તુતિ કરી; પરંતુ ભીષ્મની એ સ્તુતિમાં એ ભાગ મળતો નથી મહાભારતમાં ગોવિંદ શબ્દ આવે છે પરંતુ એ શબ્દનો અર્થ ભાગવત ગોપેંદ્ર કરે છે એવો મહાભારતમાં અર્થ નથી, પરંતુ નષ્ટાં ચ ધરણીં પૂર્વમવિન્દ વૈ ગુહાગતમ્ ઇત્યાદિ વચનમાં ગાં ધરણીં પૃથ્વીં વિન્દતિ લભતે અસૌ ગોવિંદઃ એવો અર્થ નજરે આવે છે. આ ઉપરથી ડૉ ભાંડારકર એવો તર્ક કરે છે કે, મહાભારતકારને ગોપાલકૃષ્ણનું જ્ઞાન હોત તો ગોવિંદ શબ્દનો અર્થ ભાગવતની રીતથી ગોપેંદ્ર કર્યો હોત અને ગામવિન્દમ્ એવો કર્યો ન હોત. હરિવંશમાં ગોપાલકૃષ્ણનું ભારે ગૌરવ કર્યું છે, પરંતુ એ પુસ્તક ઇસવીસન પછી ત્રીજા શતકમાં રચાયું છે. કારણ, એમાં રોમનસિક્કા દીનારનો ઉલ્લેખ દેખાય છે. ગોપાલકૃષ્ણની આભીર જાતિ હિંદુસ્તાનમાં ખ્રિસ્તી સન પછી પહેલી સદીમાં આવી અને એણે ક્રાઇસ્ટ શબ્દને સ્થાને કૃષ્ણ શબ્દ મૂકી દીધો. આ કથનને હું પૂર્વપક્ષરૂપ અર્થાત્ વિચાર કરવા યોગ્ય પણ ખંડન કરવા યોગ્ય ગણું છું. હરિવંશને પરમ પૂજ્ય વિદ્વદ્વર દીનાનાથ પ્રબોધના કારણે ત્રીજા સૈકામાં મૂકે છે તે ઠીક નથી જે અધ્યાયમાં આ શબ્દ મળી આવે છે તે બીજા અધ્યાયોની અપેક્ષાએ ભાષામાં બહુ જ ફરક જોવા મળે છે અને અના આરંભના શ્લોકનો એના પહેલાના અધ્યાયની સાથે કંઈ પણ સમ્બંધ નથી; એથી એમાં એ ક્ષેપક છે એમ સહજરીતે શંકા થાય છે. અર્થાત્ એક અધ્યાય અથવા અધ્યાયના શ્લોકથી સમસ્ત હરિવંશની અર્વાચીનતા સિદ્ધ થઈ શકતી નથી. પતંજલિના મહાભાષ્યમાં અર્થાત્ ઈ. સ પૂર્વે ૧૫૦ વર્ષ ઉપર કંસવધના ઉલ્લેખ છે એની પણ કંઈ કીમત હોવા જોઈએ, વળી ભાસના નાટક પણ આમાં બહુ જ પુષ્ટિ આપે છે એક બીજી વાત બૌદ્ધમય ઘટજાતકમાં કંસની બહેન દેવગબ્ભાના પુત્ર વાસુદેવને અંધકવેણ્હુ અને એની પત્નિ નંદગોપાને સુપ્રત કરેલ છે એમ કહ્યું છે બધા જાતકો પ્રાચીન નથી એમ કહેવું કબૂલ છે; પરંતુ કૃષ્ણ જે અંધક અથવા વૃષ્ણિ વંશના હતા તેને અંધકવંશ બનાવી દીધા છે અને નંદના સ્થાને નંદગોપા નામની સ્ત્રી બનાવી દીધી છે. આવી ગરબડ શક્ય હોઈ શકે તે માટે મૂળ કથા અને જાતક વચ્ચે સારું અંતર રાખવું જોઈએ. આ પ્રમાણે મહાવીર સ્વામીની કથામાં પણ દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં ગયાની કથાનો ભાગ છે. એ પણ કૃષ્ણજન્મની પ્રાચીનતર કથાનું જ રૂપાંતર છે અને આ બંને વચ્ચે પણ અંતર જોઈએ ઇત્યાદિ અનેક રીતે પૂર્વોક્ત પૂર્વપક્ષને શિથિલ કરી શકાય. પરંતુ આથી પણ વિશેષ વિચારવા લાયક સ્થિતિ છે કૃષ્ણની ગોપકથાને હું ઓગણીસમાના પહેલા સૈકામાં આભીર લોક હિંદુસ્તાનમાં આવ્યા તે પહેલાં મૂકું છું. મારું અનુમાન માનવું છે કે, કૃષ્ણ–ગોપની કથા તો ભૂતકાળમાં વેદથી ચાલી આવે છે. ઋગ્વેદ સંહિતાના વિષ્ણુસૂક્તમાં વિષ્ણુર્ગોપા અદાભ્યઃ– વિષ્ણુ કોઈથી દબાય નહિ એવો ગોપ છે એમ કહ્યું છે વળી વિષ્ણુલોકમા પદ ત્રીજો ભૂરિકર્મા ભવાસઃ– મોટાં કીર્તિવાળી માયો છે એવું વર્ણન કર્યું છે. અર્થાત્ કૃષ્ણ અને અર્જુનનું સખ્ય, નરનારાયણ દ્વારા દ્વા સુપર્ણા સયુજા સખાયા છાંદોગ્ય આદિ ઉપનિષદ વાક્યમાં થઈને છેક ઋગ્વેદ સંહિતા પર્યંત લઈ જઈ શકાય તેમ છે આ પ્રમાણે કૃષ્ણનું ગોપ જીવન તે વેદમૂલક છે, ખ્રિસ્તી આભીર લોકની જનશ્રુતિ મૂલક નથી. વળી કૃષ્ણનું ક્રિસ્ત થાય છે પણ ક્રિસ્તનો કૃષ્ણ તો માત્ર કલ્પના છે. હજી એક પ્રશ્ન થાય કે, કૃષ્ણની કથાને હું ઐતિહાસિક માનું છું કે રૂપક માનું છું કૃષ્ણ દેવકીપુત્રનો ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદમા આવે છે અને ત્યા સિદ્ધાંત પ્રતિપાદન કરવામા આવ્યો છે તે ભગવદ્ગીતાના સિદ્ધાંતને અનુકૂળ છે શતપથબ્રાહ્મણમા મહાભારત, બીજા કેટલાક પુરાણોનો ઉલ્લેખ છે આ બધુ વિચારતાં હું કહી શકું છું કે, કૃષ્ણ ઐતિહાસિક પુરુષ છે. પરંતુ કેટલાક અંશમા એની કથા ઉપર બતાવ્યું તે પ્રકારનું રૂપક પણ છે કેટલાક અંશ કેવળ રૂપક અને કેટલાક ઐતિહાસિક છે, કેટલાક બંને છે

૫ પુ વિષ્ણુના હજાર માહેનુ એક નામ બધા પ્રાણી જેમાં વસે છે તથા બધા પ્રાણીઓમા જે વસે છે તેથી વિષ્ણુ ભગવાન વાસુદેવ કહેવાય છે

૬ ન એકસો આઠ માહેનુ એ નામનુ એક ઉપનિષદ.

૭ ન શ્રવણ નક્ષત્ર

વાસુદેવક [સં.] પુ. વાસુદેવનો પૂજારી.

વાસુદેવમાં જેને અડિગ દોષ તેને વાસુદેવક કહેવો. ભીલારહસ્ય

વાસુદેવખાલો પું. એક જાતનો ખાલો. તેમાં વિષ્ણુ કે કૃષ્ણની મૂર્તિને પાણી અડે કે તરત જ બાજુ છેડેથી પાણી નીકળવા માંડે છે

વાસુદેવજ્યાહ [સં.] પુ. નારાયણનું એક સ્વરૂપ જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બલ, વીર્ય અને તેજવાળું રૂપ તે વાસુદેવવ્યૂહ કહેવાય છે.

વાસુદેવાનંદ પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક કવિ.

વાસુદેવિયું વિ. વાસુદેવરૂપે પરમાત્માનું ભજન કરનાર

હવે ત્યાગીઓ પોતાને વાસુદેવિયા, નારાયણિયા અને ઘનશ્યામીનારાયણિયા કહેવડાવતા થયા. સ્વ. ગા. ખરિયક

વાસુપિયો પું તૈયાર થયેલા પાકની ચોકી કરવા ગામ સીમમાં કે ખેતરમા જઈ રહેનારો માણસ, ખેતરમા રાતવાસો રહી ચોકી કરનાર પુરુષ: વાસુ

વાસુપી જુઓ વાસુપિયો.

વાસુપૂજ્ય પુ. જૈનના એ નામના બારમા તીર્થંકર. તેનુ ચિહ્ન ભેંસનું હતું. તેમનો જન્મ અને મૃત્યુ ચંપાપુરીમા થયા હતાં. તેમાં તે રહેતા અને ત્યાં જ મૃત્યુ પામ્યા છે. તેનુ દેવળ યુધિષ્ઠિર સંવત ૨૫૫૪માં બંધાયુ છે

વાસુભદ્ર ૧. [સં.] પું. વિષ્ણુ

૨ પું શ્રીકૃષ્ણ.

વાસુરા ૧ [સં] સ્ત્રી ભૂમિ; જમીન.
૨ સ્ત્રી રાત્રિ.
૩. સ્ત્રી રસ્સી
૪. સ્ત્રી. હથણી.

વાસુરી સ્ત્રી શિયાળવી; શિયાળની માદા.

વાસૂકું વિ. પવનથી થોડુંઘણું સુકાયેલું.

વાસેલ ૧. વિ ચાલુ વાવેતરને લીધે જગ્યા રહેતા કસ સાચવવાને માટે વચ્ચેની ક્યા વગર કે વાસી રાખેલું સાખુ; કાજળી; પડતર રાખેલું. તે ખેતર માટે વપરાય છે
૨ વિ બંધ કરેલું
૩. વિ. સુરક્ષિત કરેલું.

વાસેલું જુઓ વાસેલ.

વાસેંદ્રિય [સ] સ્ત્રી. ઘ્રાણેંદ્રિય; નાસિકા; સૂંઘવાની ઇંદ્રિય; નાક

વાસો ૧. પું. સોડી કરવા રાત રહેવું તે
૨ [સ વાસરક; વાસરડિ, વાસો] પુ. બાળકના જન્મથી ગણાતો દિવસ વ.સર; દહાડો સારા વખતની જહુતરીમાં દહાડો નહિ પણ વાસો કહેવામ છે
૩. પુ રહેઠાણ; મુકામ.
૪. પું વાસો કરવો તે; વાસ; રહેવું તે.

વાસોતી જુઓ વાસુપિંડો

વાસોપિંડું વિ રાત્રે ખેતરની નજર રાખનાર; મોસની ચોકી કરનાર

વાસોપી જુઓ વાસોતી.

વાસોપું ન. રાત્રે મોલનુ રખોલુ કે રક્ષણ કરવું તે.

વારકૂટ ન એક જાતનુ બાંય વગરનું ટૂંકું બદલ; કબજો, 'વન્ટકોટ'.

વારકો ડી ગામા પું. તે નામનો પ્રવાસી. તે ઈ.સમાં ઈ.સ ૧૪૯૮મા આવ્યો હતો.

વાસ્તવ ૧. [સં] ન. વાજબીપણું.
૨. ન. સત્યભૂત પદાર્થ.
૩. ન. સાચી હકીકત.
૪ વિ. નિશ્ચિત; નક્કી કરેલું.
૫. વિ પ્રત્યક્ષ; મૂર્ત; વાસ્તવિક.
૬. વિ. બરોબર; ખરેખર; યોગ્ય; ઘટિત; યથાર્થ; સાચું; ખરું; વાજબી.
વાસ્તવમાં = અસલમાં, ખરેખર; સત્યતઃ

વાસ્તવતા [સ.] સ્ત્રી સત્યતા; ખરું હોવું તે, વાસ્તવ હોવાપણું.

વાસ્તવદર્શી [સ. વાસ્તવદર્શિન્] વિ. યથાર્થદર્શી; કલ્પના કે ભાવનાથી દોરાઈને નહિ પણ વસ્તુતાએ હોય તે જોનારું; 'રિયલિસ્ટ'

વાસ્તવદૃષ્ટા જુઓ વાસ્તવદર્શી

વાસ્તવવાદી [સ વિ સત્ય કે વાસ્તવ બાબતમાં માનનારું

વાસ્તવિ ૧ [સ વિ અસ્પષ્ટ, અરોબર સાચું
૨. વિ. જોવું હોય કે જોઈએ તેવું, પ્રત્યક્ષ
૩. વિ વાજબી, યોગ્ય, યથાર્થ

વાસ્તવિકતા ૧ [સ. યથાર્થદર્શન; સાચી હકીકત; વાસ્તવિક હોવું તે
૨ સ્ત્રી વાજબીપણું.

વાસ્તવિકતાવાદી [સ.] વિ. પ્રત્યક્ષવાદી. પ્રત્યક્ષ વસ્તુ કે બાબતમાં માનનારું

વાસ્તવિકદોષ [સં.] પું. યથાર્થ હેત્વાભાસ.

વાસ્તવ્ય ૧. પુ. રહેવાસી.
૨. ન રહેઠાણ; મુકામ
૩. ન વસતી
૪. વિ. રહેનારું; વાસ કરનારું
૫. [સ. વસ્ (રહેવું)] વિ. વાસ કરવા જેવું; રહેવા લાયક

વાસ્તા ૧ [હિ.] પું આડકતરો; દલાલ.
૨ પુ કારખ
૩ પુ પત્રો; ઉદ્યોગ
૪ પું. મિત્રતા; મૈત્રી
૫ પું. સ્નેહ; લાગ
૬ પું સાધન
૭ પુ સ્ત્રી અને પુરુષનો અનુચિત સંબંધ.
૮ પું દરિયાઈ
૯ પુ હિમાલય.

વાસ્તુ ૧ [સ પુ (કૃદંત) એક પ્રેતનો પુરુષ એ અર્થમાં ઉલ્લેખ છે કે, અંધક દૈત્ય માર્યો અગ્નિમ કરતા મહાદેવજીનો પરિશ્રમ થયે પરમેશ્વરો થયો તેનુ બિંદુ ભૂમિ ઉપર પડ્યુ તે બિંદુમાંથી આકાશ અને ભૂમિને ભય કરે તેવું પ્રાણી ઊપજ્યુ તે પ્રાણીને બધા દેવતાઓએ મળીને એકદમ પકડી નીચે મુખ ઊંધું નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો ત ઉપરથી તે પ્રાણીનુ નામ વાસ્તુપુરુષ પડ્યું છે.
૨. પું. ઘર; મકાન; વાસસ્થાન; રહેઠાણ
૩. પું ઘરવખરી, રાચરચીલુ
૪ પું ચીજની ભાજી; ટાંકો
૫. પું વસવાટ; રહેવું તે
૬ પું (પુરાણ) વિશ્વામિત્રકુલોત્પન્ન એ નામે એક ઋષિ
૭. ન ઘર બાંધવાની જગ્યા
૮. ન. નવા ઘરમાં રહેવા જવાની ક્રિયા; વાસ્તુપૂજન; નવા ઘરમાં વાસ કરતાં પહેલાં દેવતાની શાંતિ અર્થે કરવામાં આવતી ધાર્મિક ક્રિયા.
૯ ન નવી ચીજનો પ્રથમ ઉપયોગ કર્યો તે

વાસ્તુક ૧ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; વસ્તુ તેના દરેક ચરણમાં મગણ, તગણ, રગણ, મગણ અને ગુરુ એમ સોળ અક્ષરો હોય છે
૨ પું. (પિંગળ) એ નામનો ચોવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમા ૧, ૫, ૮, ૧૨, ૧૫, ૧૯ માત્રાએ તાલ આવે છે તેમાં ૧૧ માત્રાએ યતિ આવે છે. તેને કવ્વ છંદ પણ કહે છે
૩ પુ ટંક. ખાર બનાવવાની ભાઠ
૪ ન તળિયું
૫. ન મકાન બાંધવાની જગ્યા

વાસ્તુકરેણુ સ., ન. વાસ્તુવિદ્યાનો એક ભાગ.

વાસ્તુકર્મોપકરણમંડળી સ્ત્રી ઘર બાંધનારી મંડળી

વાસ્તુકલા [સ સ્ત્રી. ઘર બાંધવાની કળા.

વાસ્તુનંત્ર જુઓ વાસ્તુકરણ

વાસ્તુદેવ જુઓ વાસ્તુદેવતા

વાસ્તુદેવતા [સ] સ્ત્રી વાસ્તુવિદ્યાના અધિષ્ઠાતા દેવ

વાસ્તુપ ૧. [સ.] પુ. બાંધેલ ઘરનુ રક્ષણ કરનાર દેવ, વાસ્તુપુરુષ
૨ પું વેદમાં વપરાયેલું રહેવું એવું નામ.

વાસ્તુપુરુષ પુ. મહાદેવના પરસેવાના બિંદુમાંથી ઉત્પન્ન થયેલ પ્રાણી. જુઓ વાસ્તુ ૧.

વાસ્તુપૂજન જુઓ વાસ્તુશાંતિ.

વાસ્તુપૂજા જુઓ વાસ્તુશાંતિ.

વાસ્તુભૂમિ [સં] સ્ત્રી ગામડાનું; ઘરઘાટ; ઘરસ્થાન; ગામ તળિયાટ

વાસ્તુમતી પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મધુમતી તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ગુરુ એમ સાત અક્ષરો હોય છે

વાસ્તુમંડન [સ] ન. (શિલ્પ) મકાન નામના શિલ્પશાસ્ત્રીઓએ રચેલો એ નામનો ગ્રંથ

મંડને શિલ્પનો ઉદ્ધાર કરી રૂપમંડન, **વાસ્તુમંડન**, પ્રાસાદમંડન, આપતત્ત્વ, વસ્તુસાર ઇત્યાદિ ગ્રંથો રચેલા છે તેમજ તેના નાના ભાઈ નાથુરામે પણ વાસ્તુમંજરીમય રચેલો જોવામા આવે છે.

રાજસ્થાન

વાસ્તુમંડલ [સ ન ઘર બાંધનારા લોકોનો સમૂહ.

વાસ્તુલક્ષણ [સ] વિ ઘર કે મકાન સંબંધી વિષયનું

વાસ્તુવિક્રય [સ] પું મકાન કે જગ્યા મિલકત વેચવી તે.

વાસ્તુવિદ્યા [સ] સ્ત્રી ઘર બાંધવાની વિદ્યા; શિલ્પશાસ્ત્ર; સ્થાપત્ય; મકાન બાંધવા સંબંધી વિદ્યા, મકાન માટે કેવી જગ્યા પસંદ કરવી અને કેવી સગવડતાવાળાં બાંધવાં તે સંબંધી વિદ્યા; ઇમારત બાંધવાનો હુનર

વાસ્તુશાસ્ત્રી [સ] પું. શિલ્પશાસ્ત્ર અથવા બાંધકામની વિદ્યા જાણનાર માણસ

વાસ્તુશાંતિ [સ.] સ્ત્રી નવા ઘરમાં રહેવા જતાં કરાતી શાંતિક્રિયા; નવા ઘરમાં રહેવા જતાં પહેલાં ભૂમિદેવતા પાસે શાંતિહોમ અને જમણજોજન વગેરે ક્રિયા કરવી તે, વાસ્તુપૂજા; વાસ્તુપૂજન.

વાસ્તે અ. કાજે; માટે; અર્થે; નિમિત્તે; સારુ.

વાસ્તેય ૧ [સં.] પું. વસ્તીથી મઢેલ રથ

૨. વિ. વસ્તુનું બનેલું

વાહ ૧. પું. આઠ ખારી જેટલું માપ. મનમાપનું કોષ્ટક નીચે મુજબ છે:

૪ કુડચમુલ (ચીમટી) = ૧ પંગામુલ
૪ પંગામુલ = ૧ મુષ્ટિ
૪ મુષ્ટિ = ૧ કુડવ
૪ કુડવ = ૧ પ્રસ્થ
૪ પ્રસ્થ = ૧ આઢક
૪ આઢક = ૧ દ્રોણ
૨ દ્રોણ = ૧ શૂર્પ
૧૧૧ શૂર્પ = ૧ ખારી
૮ ખારી = ૧ વાહ

૨. પું. ગાડાખેડુ

૩. પું મોડો; તુરત

૪. પું. ઠંડા પ્રદેશમાં રહેતુ નોળિયાની જાતનુ એક પ્રાણી

૫. પું. પાડો

૬. [સં. વહ્ (વહેવુ)] પું પ્રવાહ.

૭ પું. પ્રવાહી વસ્તુઓનુ ૧૦ કુલ જેટલુ માપ

૧૦ આચમની = ૧ પળી
૮૦ પળી = ૧ દ્રોણ
૧૬ દ્રોણ = ૧ ખારી
૨૦ દ્રોણ = ૧ કુલ
૧૦ કુલ = ૧ વાહ

૮ પું બળદ

૯. પું. ભાર ખેચનાર પ્રાણી

૧૦. પું મજૂર

૧૧. પું વાયુ; પવન

૧૨. પું વાસ; રહેઠાણ

૧૩ પું વાહન

૧૪. પું. ન્યાય

વાહ્ય વડે તરવા નિધિ આપ મારે.
પ્રેમાનંદ

૧૫ અ. સરસ બરોબર તેમ, બરાબર; ઓહ કહેવાય તેમ

૧૬ અ. શાબાશ, ધન્ય; કેવુ સારુ એવા પ્રશસાનો ઉદ્ગાર

વાહક ૧. [સ.] પુ ઘોડાને કેળવનાર માણસ.

૨. પુ. ઘોડેસવાર; ઘોડા ઉપર બેસનાર પુરુષ

૩. પું પાણીનો પ્રવાહ

૪. પુ. મજૂર

૫. પું વહન કરનાર માણસ; સચાલક

૬. વિ. વહેનાર, ખેચનાર; લઈ જનાર; વહી જનાર; ઊંચકી અથવા ખેચીને લઈ જનાર

૭ વિ હાંકનાર, ચલાવી જનાર

વાહકતા ૧. [સં] સ્ત્રી એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાપણું

૨ સ્ત્રી. વીજળી અથવા ગરમીને એક વસ્તુમાંથી બીજામાં લઈ જવી તે; ' કન્ડક્ટિવિટિ '

વાહકયોગ્ય [સ.] વિ. સાધનયોગ; આપવાલાયક; નાખ્યાં ચૂકવી આપવા જેવુ

વાહન ૧. પું. અગ્નિ. જેમકે, કવ્યવાહન; કવ્યવાહન

૨. ન. જમીન ઉપર આવજા માટે વપરાતુ સાધન. જેવુ કે, ગાડી પશુ વગેરે. દરેક દેવતાને ખાસ વાહન હોય છે. જેમકે, બ્રહ્માનું હંસ, શિવનુ વૃષભ, વિષ્ણુનું ગરુડ, ગણેશનું ઉદર, કાર્તિકેયનું મોર, અગ્નિનું બેટો, યમનું પાડો, કામદેવનું પોપટ કે મકર, ઇંદ્રનુ ઐરાવત હાથી, વરુણનુ માછલી, વાયુનુ હરણ, શનિનુ ગીધ અને દુર્ગાનું વાહન વાઘ મનાય છે

૧. વાહન કરવુ = ગાડી વગેરે ભાડે લેવુ
૨. વાહન રાખવું = વાહન પોતાને બેસ વસાવવું.

૩ ન. વિચાર, લાગણી કે દરદ પ્રગટ કરવા માટે વપરાતું સાધન; માધ્યમ

વાહનખરચ ન. વાહનનુ ખર્ચ

વાહનખર્ચ જુઓ વાહનખરચ

વાહનઘર ન. (શિલ્પ) વાહન રાખવાનો ઓરડો

વાહનપતિ ૧ [સં.] પું. રાજા.

રેર બધુ વાહનપતિશુ, કુપદ એહનું નામ.
મહાભારત

૨. પું. સેનાપતિ

વાહનબગડું ન. વાહન પેટે આપાતુ ભાડુ

વાહનમંડપ [સ.] પું. વાહન રાખવા માટેનુ ઘર

વાહર ૧ પુ પવન; હવા; વાયુ; વા

૧. વાહર નાખવો = પવન નાખવો
૨. વાહર કૂકવા = ખુશામત કરવી

૨. સ્ત્રી ખબર, સમાચાર

૩ સ્ત્રી. વાર; મદદ; કુમક

વાહરવું ૧. વિ વા વાળુ

૨. અ પવન આવે તે દિશે

૩ અ. ક્રિ. અધોવાયુ મૂકવો; પાદવુ

૪ સ ક્રિ. ધાટવુ, પીસવુ

૫. સ ક્રિ દયામાં મૂકવુ.

વાહરાત સ્ત્રી. યુદ્ધ; મળસ્થાન

વાહરિયું ન હવા આવવાની નાની બારી.

વાહરું ૧. ન. ધૂન; બેસણા.

૨. ન. વાર; ઘટક; સરકર.

વાહરેવાહ અ. ઘણુ સારું; અજેનું; ખુશકારક; રાજીપાભરયુ; બહુ અચ્છુ એવો અર્થ બતાવનાર ઉદ્ગાર

વાહલ ૧. પું. ધીમો પવન.

૨. પું. હેત; પ્રેમ; સ્નેહ; વહાલ

૩. ન. ઔરિસક ગોત્રનું એ નામનુ એક પ્રવર.

વાહલિયો પું. પીળો આગિયો; એક જાતનો ઝોડ. ઢોરનાં શીંગડાના રોગ ઉપર વાટીને બેહતો તેને ચોપડે છે.

વાહલું જુઓ વહાલું.

વાહવા જુઓ વાહવાહ

વાહવાહ ૧. સ્ત્રી કીર્તિ; યશ

૨. સ્ત્રી. વખાણ; પ્રશસા

૧. વાહવાહ કરવી–કહેવી = વખાણવુ; શાબાશ ! શાબાશ ! કહેવુ

૨. વાહવાહ થવી = વખાણ થવાં

૩ અ શાબાશ; કેવુ સારુ એવો અર્થ બતાવનાર ઉદ્ગાર

વાહવાહિયું વિ વાહવાહ કરાવે તેવુ

વાહવાહી સ્ત્રી. લોકોની પ્રશસા; વખાણ; સ્તુતિ

વાહવાહી લેવી–લૂટવી = લોકોની પ્રશસાને પાત્ર બનવુ

વાહનું ૧ અ કિ ગમનનું આશ્રયરૂપ
૨ અ કિ ચાલતું
૩ અ કિ ખોટવું, વગોવવું
૪ સ કિ ઉપાડવું, ધારણ કરવું
ચઢણી ચટણી ઉદ્ધિત ચાખ,
માલ ભાગી એક વાહિ હાથ. ભાવપ્રકાશમ
૫. સ ક્રિ. ખેંચવું; તાણવું
૬ સ કિ ઉતારવું, ફોસલાવવું, ફંદવું
૭ સ કિ મારવું.
૮ સ ક્રિ. લઈ જવું
૯ સ કિ વગાડવું, બજાવવું; અવાજ કરવો.
નહિ બલોણા વાહ્યા, નહિ પ્રભાતી રામ.
મેઘાણી
૧૦ સ. ક્રિ અતીત કરવું; માર્યું; વહે તેમ કરવું.
૧૧ સ કિ સમજાવવું; પટાવવું; મનાવવું.

વાહરાવું અ ઘ પાડે.

વાહા ! અ. જો બાહુ; ભુજા

વાહાડવું (વહડવું) સ કિ ભુંડું કરવું, કપવું.

વાહાણ ન. વહાણ; હોડી; નૌકા.

વાહાર જો બહાર, કુમક
૧ વાહારે કરવી = મદદ કરવી
૨. વાહારે ચડવું = કુમકે ચડવું

વાહાલ ન હેત; ફિકરવેડો. વહાલ; પ્રેમ.

વાહાંતરિત પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, બે ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે.
વાહાંતરિત વિષે પ્રસ્તે તનજાજાન ગુરુ.
વસુવિનય

વાહિણી જુઓ વાહિની.

વાહિત્ર [સં] ન. વગાડીને બોલતું અને પેદા થાતું વાદન; 'મોટર.'

વાહિદ ૧. [અ.] પુ ઈશ્વર, ખુદા
૨ પુ (વ્યાકરણ) એકવચન.
૩. વિ. અનુપમ; અપ્રતિમ; અદ્વિતીય.
૪ વિ. એક

વાહિદશાહિદ અ અ પ્રભુની સાક્ષીએ

વાહિની ૧ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં તગણ, ય ગણ અને વગણ મળી બાર અક્ષર હોય છે તેમાં સાતમે, અગિયારે ઉપર વિસ્રામો આવે છે.
૭ વાહિનીમા સાતે, કે વા ન આ યા.
વસુવિનય

૨ [સ.] સ્ત્રી. એક પ્રકારનું લશ્કર. તેમાં હાથી, ૮૧ રથ, ૨૪૩ ઘોડા અને ૪૦૫ પાયદળ હોય છે
પૂતના પ્રલિની વાહિની ચમૂ ચરિની સેના;
સેના ચમૂ નૃપતિ નહિ નૃપતિ વિના નહિ સૈન
પિંગળપ્રકાશ
૩. સ્ત્રી. નદી
અબલા નરે જિતણી રહી રે પેલી વાહિની વાંકે,
આસુ ભરી અવલેહી રે આજ સારથી સાથે.
ઓદાહરણ
૪. સ્ત્રી નસ.
૫. સ્ત્રી. સેના; લશ્કર.
૬. સ્ત્રી (પુરાણ) સોમવંશી કુરુરાજાની એ નામની પત્ની.
૭ વિ સ્ત્રી વહેનારી; વહી જનાર; ધારા કે પ્રવાહ રૂપે દોડનારી; વાહી.

વાહિનીગતિક જો લશ્કર નદીઓને ઓળંગ. રોકનારે મુખ્ય નાવી.

વાહિનીચાલક જુઓ વાહિનીગતિક

વાહિનીપતિ ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.
૨ [સં વાહિની (નદી) + પતિ] પું સમુદ્ર
૩ પુ સેના.પતિ, ઉપચમપતિ, 'જિગડિયર'

વાહિયાત ૧. [અ] વિ. બરાબર; હલકું.
૨. વિ. નકામું; વ્યર્થ

વાહી ૧. [સં.] સ્ત્રી. ગાય.
૨. સ્ત્રી. ઘોડી
૩ સ્ત્રી વાહિની; નદી
૪ વિ. ઊંચકનાર; વહન કરનાર. બધે ભાગે સમાસને અંતે વપરાય છે. જેમકે, ભારવાહી, સ્વરવાહી
૫. [અ.] વિ. ખોટું; નિરર્થક; વ્યર્થ
૬ વિ ઠેકાણા વગરનું
૭ ન. નગળું.
૮ વિ નબળું
૯ વિ બેહદ
૧૦ વિ રખડુ; રઝળુ
૧૧ ન વનસ્પતિ
૧૨. વિ. મુર્ખ; મંદ

વાહીક ૧. પું. એ નામના એક જાતના લોક. મહાભારતમાં નિર્દિષ્ટ કરેલા વાહીક લોકો તે પંજાબમાં વસતા હોવાનું મનાય છે.
૨ સ (પુ એ નામનો એક દેશ
૩ પુ ગામડિયો. જંગલી જેવો માણસ.

વાહુલિયું વિ માલ વગરનું; નકામું; વ્યર્થ સુરત તરફ બોલાય છે.

વાહેલ જુઓ વાહેલું.

વાહેલું ૧. વિ. ભરાઈ.ગયેલું, આવરી.બનેલું
૨. વિ ઢંકાઈ.ગયેલું; ઢંકાયેલું
૩. વિ જેણે અત્યંત.તે જન્મ આપેલ હોય તેવું; વિયાઈ.ગયેલું
૪ વિ ભ્રમિત થયેલું; મૂંઝવાયેલું.
વિપ્ર અમે ઘના લોભના વાહેલા,
દાન માટે પણ્યો હું ન રાખું.
નરસિંહ મહેતા

વાહોલિયું ન. વલખું; હાકું

વાહોલિયો પું. વાયરો, વા; પવન

વાહ્ય ૧. પુ વાંદરો
૨ ન ભાર ખેંચનાર પ્રાણી, ઘોડો વગેરે વાહન
૩. વિ ઉપાડવા કે ઊંચકવા જેવું
૪. વિ બલવું; વહી શકાય તેવું

વાહ્લીક ૧. [સ] પું એ નામે એક દેશ.
૨ પું પ્રાચીનમાં વસતા એક જાતના લોકો. તેમનો પ્રદેશ ઘોડા અને ઊનની પેદાશ માટે પ્રખ્યાત હતો
૩ પું. વાહ્લીક દેશનો ઘોડો
૪ ન કેસર
૫. ન. ઊન; વસ્ત્રણી

વાળ ૧ પું. એક જાતનું લંબાઈનું ટૂંકું માપ
૮ અણુ = ૧ રજ
૮ રજ = ૧ વાળ
૮ વાળ = ૧ લિક્ષા
૨. પું. બાલ; ભોવાળો; કેશ; નિભાળો. ઉંમર લાયક થતાં પહેલાં સ્ત્રી પુરુષની જનનેંદ્રિયના ઉપલા ભાગ ઉપર વાળ ઊગવા લાગે છે તે પછી આશરે એક વર્ષ પછી બગલમાં કેશ ઊગવા લાગે છે. માણસ ઉંમર લાયક થવાની આ નિશાની હોય છે. અને તે સ્ત્રી પુરુષ બંનેને લાગુ પડે છે, આશરે કે તે જ સમયે સ્ત્રીઓને ઋતુપ્રાપ્તિ થાય છે. તેમ જ પુરુષોનું રેતપતન થઈ શકે છે સ્ત્રીઓમાં આ વાળની ઉપલી હદ એક સીધી લીટીમા હોય છે અને તે વસ્ત્રોપયોગ મર્યાદા નીચે નમેલી હોય છે. પુરુષોમા આ હદની રેખા વક્રતા ભાગમા ઉપર ગયેલી હોય છે અથવા ઊંટી સુધી વાળ ગ્રીવીને ત્રિકોણ થયેલો હોય છે. પાકિસ્તાની અંદર આવેલા ગિલગીત જિલ્લામાં કેલાસા ટેકરીઓ ઉપર ૩,૬૫૦ ફુટ ઉપર એક મંદિર આવેલું છે આ પેગોડાનો ત્યાં મોટો મહિમા છે આ પેગોડા જે ગોળ પથ્થર ઉપર રચવામા આવ્યો છે એ ગોળ પથ્થર પોતે જ ભૂગોળનો એક અજાયબો છે આ ગોળ પથ્થર વગર ટેકે વરસોથી આમ ને આમ મજબૂત રીતે જળવાયો છે ઝરાથુસ્તોએ આ ગોળાકારને ખેસવ્યો નથી પણ કુદરતની આ અજાયબી ઉપર કુમકું લટકાવવા

માનવીએ એ ગોળ પથ્થર ઉપર પેગોડાની બાંધણી પાર પાડી છે. બાલદેશમાં એવી માન્યતા છે કે, આ ગોળ પથ્થર આ રીતે બીજા પથ્થર ઉપર જળવાઈ રહ્યો છે કારણકે ભગવાન બુદ્ધના એક વાળે એ પથ્થર સાંભળ્યો છે. વૈજ્ઞાનિકો આ બાબતથી દંગ થઈને સ્તબ્ધ થઈ ગયા છે. આ પેગોડા ઉપર પહોંચવા માટે દોરડાની સીડીનો ઉપયોગ કરવામાં આવે છે. એશિયામા આવી અનેક આશ્ચર્યકારક બાબતો આજે પણ એવી ને એવી ઊભી છે. વાળ અને તેના ઉપયોગ પણ વિવિધ છે. જેમકે, બિયાંમાંથી તેલ કાઢવાને અતિશય દબાણની જરૂર પડે છે એ દાબયંત્રમા બીજાથી તેલ જુદું પાડવાને કાપડનુ એક મળણું હોય છે. એ કાપડ સારામાં સારું માણસના વાળમાંથી બને છે ને તે માટે બીજી કોઈ પ્રજા કરતાં ચીનાના વાળ વધારે કસદાર મનાય છે. જો સિંહ અથવા વાઘનો વાળ ખાવામાં આવે તો પેટમા ખૂબ જ ત્રાસ થાય છે અને માણસ બેજાન જેવો બની જાય છે. તે વાળ પેટમાં જાય તો એરંડીનાં પાન ઉપર મૂત્ર કરવાથી ખબર પડશે કે વાળ પેટમા ગયો છે કે નહિ. જો પેટમાં ગયો હશે તો પાનના ટુકડેટુકડા થઈ જશે. જો વાળ પેટમાં ગયો માલૂમ પડે તો કાસુદરાનાં પાનને વાટી તેનો રસ દિવસમાં સવારસાજ એમ બે વખત લગભગ બબ્બે તોલા જેટલો ત્રણ દિવસ આપવાથી આરામ થશે. ગાંધીજી લખે છે કે: ગૃહસ્થ જીવનમાં વાળ વધારવા એટલે મેલ વધારવો અથવા તેને સાફ રાખવામાં પણ વખત દેવો પુરુષે તો ઝીણી શિખ. સિવાયનો ભાગ કાતર વતી કપાવી કે અસ્ત્રા વતી મૂંડાવી નાખવો એજ યોગ્ય લાગે છે. મારું કોઈ માને તો હું બાળાઓના વાળ પણ અવશ્ય કપાવું વાજબી. શોભા છે એ તો આપણને અભ્યાસ પડ્યો છે તથી માનીએ છીએ. શોભા માત્ર વર્તનમાં રહેલી છે, બહારના દેખાવમા નથી. વાળ કુદરતી છે તેથી ન કપાય કે ન મૂંડાય એ વહેમ છે. આપણે નખ કાપીએ છીએ, ન કાપીએ તો તેમાં મેલ ભરાય અથવા આખો દહાડો તેને સાફ રાખવા જોઈએ. નાહવાની ક્રિયા કરી આપણે ચામડી ઉપરનું પડ કેમેરા ઉતારીએ છીએ.

૧. વાળ ઉતારવા = વિશ્વાસના વાળ લેવા
૨ વાળ ઊતરવા = વાળ ખરી પડવા
૩. વાળ ઊભા થવા = રોમાંચ થવો
૪. વાળ ન તૂટવો–વાંકો ન થવો = જરા પણ દુઃખ ન થવું.
૫. વાળ લેવા = (૧) ખાસ અમુક જગ્યાના વાળ કાઢી નાખવા. (૨) વિશ્વાસના વાળ ખોડી નાખવા.
૬. વાળ વડા કરાવવા = બાળકના વાળ પહેલી વખત ઊતરાવવા. આ શબ્દ પહેલા બોળાના કોહારાના વાળ ઊતરાવતી વખતે ખાસ વપરાય છે.
૭. વાળ વડે ગળુ કાપવું = હેતરીને મારવું
૮. વાળ વાંકો થવો = ઈજા થવી

વાળઓળ ૧ સ્ત્રી. આમતેમ સમજાવવું તે, વાતને દૂકી કરવા યુક્તિથી સમજાવવું તે
૨. સ્ત્રી. આવકાર
૩. સ્ત્રી. રીતભાત; સભ્યતા
૪ સ્ત્રી સાચવણી, સભાળ

વાળકો પું. વાળ. તુચ્છકારમાં વપરાય છે

વાળજાડ (વાળજાડ) જુઓ વાળઝૂડ

વાળઝૂડ (વાળઝૂડ) સ્ત્રી વાળીચોળી સાફ કરવું તે

વાળટોપી સ્ત્રી એક જાતની ટોપી, ' વિગ '

વાળણ ૧. ન ઉતાર; વાળવું તે; અસર પોંચી નાખવાની ક્રિયા
મારણ જાણે તે વાળણ કેમ ન જાણે '
શ્રીધર
૨. ન. કમરો; પૂંજો; વાળી કાઢેલો કચરો.
૩. ન. પ્રતિકાર; ઉપાય

વાળદ ન. આખની પાંપણમાં થતો ઝીણો જંતુ

વાળપગા જ માઠમાંડ; પરાણે

વાળલોચન ન. માથું મૂંડાવવું તે
શું થયું મરી જવા બરમોચન કર્યું.
શું થયું **વાળલોચન** કીધે.
નરસિંહ મહેતો

વાળવાળી સ્ત્રી આવરણી

વાળવાંકડું (વાળવાકડ) ન અશુભ મુહૂર્ત

વાળવું ૧. સ. ક્રિ. અસર ન કરે એમ કરવું; ઉતારવું; કમજોર કરવું. જેમકે, માઠ વાળવી, ઝેર વાળવું
૨. સ ક્રિ આગળ જતું અટકાવવું, જતું બંધ કરવું; ગળતું અટકાવી લેવું જેમકે, નીક વાળવી.
૩. સ ક્રિ, આપી દેવું; ખાવી દેવું. જેમકે, દેવું વાળવું.
૪. સ. ક્રિ. ઊભરો સમાવવો; દિલાસો દેવો, નિરાંત વાળવી; શાંત કરવું; સંતોષ પકડવો.
૫. સ. ક્રિ. ઊંધું ખસેડવું; ભગાડી કે વેતરી નાખવું
૬. સ. ક્રિ. કચરો કાઢવો; સાફ કરવું; ઝાડુ કાઢવું; પૂજે વાળવો; ઝાડવું; વાસીદું કાઢવું
૧. ઊંધુ વાળવું = ઉદ્યમણાને દિવસે ઊંધુ વાસીદું કરવું.
૨. કલમ વાળવી = એક છોડ ઉપર બીજા છોડની કલમ લગાવવી
૩. કેડ–કમ્મર વાળવી = મહેનત ઊઠાવવી; પરિશ્રમ લેવો, ખૂબ કામ કરવું
૪. જીભ વાળવી = અધરા ઉચ્ચાર કરતા શીખવું
૫. ઢગલો વાળવો = ઢગલો કરવો
૬. પગ વાળવા = થાક ખા.વો; આરામ લેવા બેસવું
૭. પલાડી વાળવી = પગને વાળીને બેસવું.
૮. મન વાળવું = સંતોષ પકડવો; સમાધાન કરી લેવું, મન મનાવવું
૯ વાળવું ઝાડવું–ઝૂડવું = બારી કાપીને સાફ કરવું
૧૦. વાળી આપવું = માગણા પેટે માલ વગર વર્ષે અ.પવ., અદા કરવું.
૧૧. વાળી લાવવું = (૧) પા.છું ફેરવી લાવવું, બાકી લાવવું. (૨) વાળીને બેગુ કરવું; વાળી આણવું
૧૨. વાળી લેવું = (૧) આપલે આદ કરીને પછે ને લેવુંદેવું. (૨) માગણા પેટે કા.પી લેવું (૩) વગર સહાયે ઊંચકી લેવું; જાતે ઊઠાવી લેવું; નીચેથી ઊંચકી બા.ર પોતાને માથે લેવ. (૪) વાળીને એકઠું કરવું. (૫) સાફાળી લેવું
૧૩. હાથ વાળવા = (૧) અદબ કરવી. (૨) કેટવું (૩) છેડો વાળવો

૭. સ ક્રિ. ખીચડો કરવો; એકઠું અને સેળભેળ કરી નાખવું
૮. સ. ક્રિ. ગોળાકારે બનાવવું; વીંટો કરવો; ગોળ લપેટવું; બગળું કરવું; વાળીને આકાર કરવો કે ગોઠવવું, વીંટવું. લાડુ, બીડી, ઢગલો વગેરે માટે વપરાય છે
૯. સ ક્રિ. ઘડી પાડવી; કલ્લી કરવી, ઉપરા ઉપરી આવે એમ ગોઠવવું; સંકેલવું; સળ પડે તેમ કરવું.
૧૦. સ. ક્રિ. જવાબ દેવો; સવાલ વાળવો; ઉત્તર આપવો.
૧૧. સ. ક્રિ. જોરવાળું ને પુષ્ટ કરવું.
૧૨. સ. ક્રિ. દુઃખો કરવો; માથે ઉતારવું; મંત્ર ભણી આધી રાખવું જેમકે, દાણા વાળવા
૧૩. સ ક્રિ. ઢાંકવું; ઉપર ઢાંકવું જેમકે, ઉપર મૂળ વાળવી.
૧૪. સ. ક્રિ. નીચુ પાડવું.
૧૫. સ. ક્રિ. પાછું આપવું, ભરપાઈ કરવું.

૧૬. સ. ક્રિ. પાછું ફેરવવું; બીજી દિશા તરફ હંકારવું; બીજી બાજુ તરફ જાય એમ કરવું, ગતિની દિશા બદલાવવી

૧૭. સ ક્રિ. પાણી પસરાવવું; ફેલાવવું, પાણી જવાનો રસ્તો કરવો, કે જેથી અમુક ઠેકાણે ન જતાં અમુક ઠેકાણે પહોંચે. જેમકે, પાણી વાળવું.

૧૮. સ. ક્રિ. પૂરું કરવું; સમાપ્ત કરવું; આવેલી ક્રિયા કે પ્રસંગ પૂરા કરવા.

વરસી વાળવી = વાર્ષિક શ્રાદ્ધ કરવું; મરનારની વરસ દહાડાની શ્રાદ્ધ સારવા સબંધી ક્રિયા પૂરી કરવી.

૧૯. સ. ક્રિ. બગાડવું; વણસાડવું; ઊંધું કરવું; ખરાબ કરવું

૨૦. સ. ક્રિ. બદલો લેવો; વેર વાળવું

૨૧. સ. ક્રિ. બહાર જતું અટકાવી અંદર લેવું

૨૨. સ. ક્રિ બીડવું.

૨૩. સ. ક્રિ. મોં ઢાંકીને રડવું; મોં ઉપર લૂગડું લાવીને રડવું

ઉંડો વાળવો–મોં વાળવું = લૂગડાંથી મોં ઢાંકીને રડવું

૨૪ સ ક્રિ. પળ દઈને ગોળ ગાંઠ બાંધવી જેમકે, અંબરેડો વાળવો.

૨૫. સ. ક્રિ. વળ દેવો; આમળવું.

૨૬. સ. ક્રિ. વાંકું કરવું; નમાવવું; મરડવું; વાંક દેવો

વાળરાજ જુઓ વાળદ

વાળંદ પું. વાળ કાપનાર માણસ; નાપી; નાપિત; હજામ; રોમરાજ; વાળરાજ, માવજો. રાત.

ડોબળામાંથી સાપ જ નીસરે
વાળંદના દન હોય જે વાંકા. સામળ

વાળંદણ સ્ત્રી. વાળંદની સ્ત્રી; વાળંદની વહુ; હજામડી.

વાળંદાણી જુઓ વાળદણ

વાળ ૧ પું ન.બ. ધાતુના પાતળા લાંબા તાર; ધાતુના તારના ગૂંચળા.

૨. પુ.ન.બ. પુરુષને કાને પહેરવાનું સોનારૂપાના તારનું વચ્ચમાં બબ્બે મોતી હોય તેવું એક જાતનું ઘરેણું

૩. સ્ત્રી. કાઠી, રજપૂત કે મરાસિયાની એ નામની એક જાત. જાટ લોકો કહે છે કે, પૃથાને સૂર્યથી ગર્ભ કરણ અને કરણને વૃતકેતુ નામે પુત્ર થયો વૃતકેતુ વસુદહિને નામે ભારતના યુદ્ધમાંથી પાછો વળ્યો માટે તેના બધા વંશજો વાળા કહેવાયા. વૃતકેતુના વશના રાજા પ્રથમ ગંગાજમનાના પ્રદેશમાં રાજ્ય કરતા હતા. ત્યાંથી માળવામા માડવગઢ આવ્યા. ત્યાંથી કેટલાએક સૌરાષ્ટ્ર આવી વસ્યા અને વલભીપુરના ખંડેરો નજદીકના વળા ગામને પોતાની ગાદીની જગ્યા કરાવી. ત્યાંથી કેટલાક તળાજા તરફ ગયા. કેટલાક ઝાંઝમેરમાં થાણું સ્થાપીને રહ્યા હતા. વાળાઓ વલભી તૂટ્યા પછી તળાજામાં અને ભાદોરમાં રાજ્ય કર્યું અને તે જાગનુ નામ વાળાક અથવા વાળાક્ષેત્ર રાખ્યું હતું. તે કુળની એક શાખા ચોળ તામ્રે ઢાંકમાં ઠકરાઈ કરતી

૪. જ. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

૬. જ. કેટલીક અટકોમાં અંતે આવતું 'વાળુ'નું રૂપ જેમકે, ઓટવાળા.

વાળાક પું. સૌરાષ્ટ્રમાં છેક દક્ષિણે ભાંબળાર અને મોરબારની દક્ષિણે મહુવા પાસે આવેલો પ્રદેશ; શેત્રુજી નદીની દક્ષિણનો ભાગ.

વાળાકી વિ. વાળાક પ્રદેશનું.

વાળાકુંચી સ્ત્રી. જાડા બરછટ વાળની સોનીની દાગીના ધોવાની પીંછી; જાડા વાળનો ઓપણિયો; ઓપ આપવા અને ઘરેણાં ધોવાનો કૂંડ વગેરેના વાળનો ગુચ્છો

વાળાગરણું ૧. વિ. ભાદલું; તકલાદી.

૨. વિ. સેળભેળવાળું; મિશ્ર; મૌલિક નહિ એવું.

વાળાગ્ર પુ વાળનો છેડો

વાળાપુંછો પુ. શેરડીના વાડમાં આવતો એક જાતનો રોગ

વાળાચૂંક સ્ત્રી. તારની ચૂંક; ખીલી

વાળાચીંભડો પું. વીરણ નામની વનસ્પતિનો પ્રકાર.

શીતળ વાળાચીંભડા. રહી જેવા નાખે વાય છ. પ્રેમાનંદ

વાળાવેલ સ્ત્રી. એક જાતની વેલ. તેનાં ફૂલ રાતવાં જેવાં, પાન સીતાફળી જેવાં લંબગોળ અને ફૂલ ધોળાં હોય છે.

વાળિયો પું. ખળીમાં અનાજ ઝિલ્યાનાં ડુંડાવાળો કચરો રહે તે; ઝિલ્યો; અનાજ પરના ભૂકાને ઝિલ્યાની વખતે અનાજના ઢગલા ઉપર વાળવું તે.

વાળી ૧. સ્ત્રી. નથ; વેસર; નાકાભૂષણ; કોકરવું; નાકનું એક ઘરેણું.

૨. સ્ત્રી. પુરુષને કાને પહેરવાની કડી.

૩. અ. ફરીથી; વળી.

વાળીઘોડો (વાળીધોડો) પું. ઓલાદ વધારવા માટે રાખેલો ઘોડો; ભીનખ.

વાળીવાળી અ. વારંવાર; ફરીફરી.

વાળીવાળી વદન નિહાળી આરતી અમર ઉતારું રે. નરસિંહ મહેતો

વાળુ ૧. [સં. વાલુકા] સ્ત્રી કણદાર રેતી; વાલુકા; રેતી; વેળુ; કાકરી.

૨. સ્ત્રી.; ન. સાજનું કે રાતનું ભોજન; રાત્રિભોજન.

૩. વિ. ચોપડાયેલું, ખરડાયેલું, લાગેલું હોય એવું.

૪. વિ. ભરપૂર; ભરેલું.

વાળુકડ (વાળુકડ) સ્ત્રી. બાજરાની એક પ્રખ્યાત જાત. ભાવનગર પાસે આવેલા વાળુકડ ગામમાં તે નીપજે છે. તેવો માલ ભારતના કોઈ ભાગમાં ભાગ્યે જ નીપજતો હશે. તેનો દાણો લીલો અને મગ જેવડો થાય છે.

વાળુકા જુઓ વાલુકા.

વાળુકાયંત્ર જુઓ વાલુકાયત્ર.

વાળુકાણું જુઓ વાળુવેળા.

વાળુપાણી જ. રાત્રિભોજન.

વાળુવેળા સ્ત્રી. રાત્રિનું ભોજન લેવાનો વખત.

વાળું ૧. જ. ખરડાયેલું, ચોપડાયેલું, લાગેલું હોય એવું, ભરેલું વગેરે અર્થ દર્શાવતો પ્રત્યય.

૨. જ. ના સંબંધનું, ની માલિકીનું, ના ધંધાનું વગેરે અર્થમાં નામને અંતે લાગતો પ્રત્યય.

વાળેણી સ્ત્રી. સસણી; દમ; એક જાતનો ખાસીનો રોગ.

વાળો ૧. પું. એ નામનો એક જાતનો રોગ. તે ખરાબ પાણી પીવાથી થાય છે. ગોકળો વાયની અંદર જઈ પાણી ભરે છે અને લાંબો લૂમે છે, તેથી દેખીતી રીતે પાણી ખરાબ થાય છે. વાયમાં કીડી જેવાં નાનાં જંતુ હોય છે અને તેના પેટમાં વાળાના જંતુઓ હોય છે. જ્યારે આવું પાણી પીવામાં આવે છે ત્યારે તે કીડી જેવાં જંતુ આપણી કોજરીમાં પ્રવેશ કરી જાય છે અને વાળાના જંતુઓ તેમાંથી છૂટાં પડે છે. ચામડાનાં છિદ્રોમાં તે મોટાં થાય છે જ્યારે તેને ઈંડાં મૂકવાનાં હોય ત્યારે શરીરમાં કાણાં પાડીને તે ચામડી ઉપર આવે છે. ચામડીમાંથી સફેદ રંગનો એક લાંબો તાર જેવો જીવડો નીકળે છે તેને વાળો કહે છે. તે વખતે સોજા રહે છે અને દરદ થાય છે. પાણી પીધા પછી ૭ મહિનાથી એક વર્ષની મુદતમાં વાળો બહાર નીકળે છે. ચોમાસામાં એ દરદનું જોર વધારે હોય છે તેથી દરદીઓ લાંબા વખત સુધી પીડાય છે. વાળાનો જંતુ માણસની ચામડીમાં અને અંદર આવેલી પેશીમાં ભરાય છે એટલે તે ભાગ સૂજી જાય છે અને તેની અંદર ખાડ પડે છે. વાળો નીકળવાની શરૂઆત બે ત્રણ રીતથી થાય છે. કેટલાકને વાળાનાં ગૂંચળા ચામડીમાં સ્પષ્ટ લાગે

છે, કેટલાકને સોજો તથા દરદ થઈ તા પાકી આવીને ફૂટી વાળાની છેડો બહાર આવે છે કેટલાકને એકાએક શીળસ ઊપડે છે અને ઘણી વેદના થાય છે તેને વાળાસોય કહે છે. આમડીમા વાળો લાગતો હોય તો છેદ મૂકી કાઢી નાખવો આમડી કૂટીને તેનો છેડો બહાર આવ્યા પછી તેના છેડાને એક સળીકડા સાથે બાંધી રાખવો કે અંદર પાછો જઈ શકે નહિ. નાખ્યાથી વાળો તૂટે છે અને તૂટવાથી તે બહુ પીડા કરે છે. વાળો નીકળે તો આકડાનાં પાન, એરંડ નાં પાન, એરંડિયા તેલનુ પોતું, અફીણ, ધતૂરાના પાન, લીમડાન પાકેલા પાન, હિંગ, કાર્બોલિક તેલ વગેરે તેના ઉપર ચોપડવુ હિંગ તથા અરીઠા માટેનો મરહ આ બનેને ગરમ કરીને બાંધવુ આ ગ્રેન હિંગને અંગારા ઉપર ફુલ્લાને દિવસમાં ત્રણ વાર ને મળાવવા. એલિવો, બાવળની બાવ તથા કાસકીનાં પાંદડાને ખૂદીને બાંધવાથી, કમળગોળાના બિયાને છોલીને ચુસવાથી, કમળગોળા બિયાને મેળવીને વાળા ઉપર લગાડવાથી આ રોગ મટે છે કલ્હારના પાંદડાને વાટીને તેમજ આકડાનાં પાદડાનો લેપ કરીને તે ઉપર બાંધવો. કમળ, હિંગ તથા સાબુ આ ત્રણેને સરખે ભાગે મિશ્ર કરીને તે ઉપર ચોપડવુ તેરેકાચનાં તોલો એક, ગિરગિટિયો વછનાગ તોલો અરધો, ધતૂરાની તોલો અરધો અને અફીણ બેઆનીભાર એ બધાને પાણીમાં વાટીને તેને બરસ કરી તેની બેપલી બનાવીને વાળા ઉપર બાંધવી. જો ઉપર ચળો દેખાતો હશે તો એક દિવસમાં નીકળી જશે અને અંદર હશે તો ત્રણ દિવસમાં બળી જશે. વાળાના રોગથી બચવાના ઉપાય આ પ્રમાણે છે: વાળાનાં જંતુવાળી વાવનુ પાણી પીવાના ઉપયોગમા લેવુ નહિ. તે વાવના પાણીને ગાળીને બરાબર ઉકાળીને પીવુ. તેની વાવો બંધ કરવી અને તેને કૂવાના રૂપમા બદલી નાખવી જોઈએ. આવી વાવોના પાણીમા કીડી જેવાં નાનાં જંતુઓના પેટમા વાળાનાં જંતુ હોય છે માટે આ પ્રાણીઓનો નાશ કરવાની યોજના કરવી જોઈએ બહા મુસથી જેઠ માસ સુધી વાવમાં પાણી ઓછુ હોય છે માટે આ મહિનાઓમા વાવનુ બધું પાણી ઉલેચી નાખવું અને પછી તેમા ૩૫ શેર ફાકીચૂનો નાંખવો. એક આઠવાડિયા પછી પાછું વાવનું પાણી ઉલેચી નાખવુ અને ફરી તેમાં ૩૫ શેર ફાકીચૂનો નાખવો. વર્ષમા બે વાર જો આવી રીતે પાણી ઉલેચી તેમાં જો ફાકીચૂનો નાખવામાં આવે તો કીડી જેવાં જતુઓ મરી જાય છે અને રોગનો ઉપદ્રવ ઓછો થાય છે. પછી તેમાં પોટાસિયમ પરમેંગેનેટ નખાવી દેવો અને તે કૂવામાંથી ચોવીસ કલાક કોઈને પાણી ભરવા ન દેવું

વાળો નીકળવો = વાળાનો રોગ થવો, શરીરમાંથી તાંતણા જેવો પાતળો તંતુ પીડા કરીને નીકળતો બહાર જેવો એક રોગ થવો

૨. પું. એક જાતની વનસ્પતિનાં લાબા તાર જેવાં સુગંધીદાર મૂળિયાં. તેની પીળી અને કાળી એવી બે જાત છે. મૂળ તે શીતળ અને સ્તંભક છે અને પિત્તજ્વર, દાહ, તૃષા, પરમીઓ, ઊલટા, ત્વચારોગ, સંગ્રહણી, રક્તદોષ તેમજ અતિસાર ઉપર કપાય અથવા ચૂર્ણના રૂપમા અપાય છે. તે સુગંધી હોઈ તેનાં તેલ અને અત્તર બનાવાય છે ઉનાળાની ગરમીમાં તેની ટટ્ટીઓ બનાવી બારણાંઓ ઉપર બંધાય છે. તેનુ શરબત પણ બને છે. આ પાસ ૨થી ૪ ફૂટ ઊંચુ થાય છે. ફૂલોની ચમરી લાબી મુગ્જદાર, પાતળી સળીઓવાળી અને સૂક્ષ્મ ફૂલોવાળી હોય છે. તેનાં મૂળ સુગંધિત અને વાળ જેવાં ઝીણાં થાય છે માટે તેને વાળો કહે છે. દોરના બારા તરીકે તે કામ આવતું નથી

૩. પું. ગેરની અસર જાણી રહે તેવો ઉપાય, ઉતાર

૪. પું. ધાતુ વગેરેનો લાંબો તાર

વાળો બેઠવો = તાર કાઢવો.

૫. પું. પાણી મારફત શરીરમાં જોયેલો તંતુ જેવો એક જીવડો

૬. પું. મોકલા મંત્રને પાછો વાળવાનો મંત્ર

૭. પું. શિકારને ફસાવવા માટે કરાતી આડશ.

વાળો કરવો = છુપાયેલ શિકારી તરફ માડા વતી કે માણસે ચાલતા જઈ શિકારને હાંકી લાવવો.

૮. પું. બીજાને પત્રે પહેરવાનો એક જાતનો દાગીનો.

વાં [હિ. જ્કાં.] અ ત્યાં; પેલી તરફ; તે ઠેકાણે

વાંક ૧. પું. અપરાધ; ગુનો; દોષ; ભૂલ; તકસીર

૨. પું એક બીજાને મળતી બે લીટીઓ વચ્ચેનો ઝોક

૩. પું. આખરાના મળતો અંદર નો રસો.

૪ પું. દુષ્ટ; બદમી; ખોડ.

૧. વાંક કાઢવો = દોષ દેખાડવો કે જોવો.

૨. વાંકે નીકળવો–પડવો–માં આવવું = દોષપાત્ર કે દંડપાત્ર થવુ.

૫. પું. બરફેલ કન્યા પંચનમાં માસુ વગેરે પાસેથી પૈસા ઉઘરાવે તે

૬. પુ. રોદ; મરડાટ; વળ; વક્રતા; વળેલાપણું; વાકાશ; વાંકાપણું

૭. પું. વહાણનો એક ભાગ

૮. પુ. સમય, વખત.

૯. પુ. બીજાને કોણી ઉપર પહેરવાનું એક જાળીદાર ઘરેણું, બાકડું. તે સોના રૂપાના વાળાને આંબળો દઈ બનાવવામાં આવે છે

૧૦. સ્ત્રી એ નામની કાડીની એક અટક

૧૧. ન એ નામની અટકનુ માણસ

૧૨. ન એક જાતનું ઘાસ.

૧૩. વિ એ નામની અટકનુ

વાંકડી (વાંકડી) સ્ત્રી વહાણના પાછલા ભાગ ઉપર ઘરી ઉપરની છેલ્લી અડી

વાંકચોંક પું. વાકાંચૂકાપણું

વાંકડ (વાંકડ) ન એક જાતનું ફ

૧ વાંકડ, ભોજ, આરઢોલી અને સુરત એ જાતનુ ઘઉં. આપીજ

વાંકડું (વાકડું) ૧. ન. ખોડું કે વિરૂપ લાગવુ તે

૨. વિ. વાંકું વળેલુ.

વાંકડવેલું (વાકડવલું) ૧. ન. ગૂચળીના વાકડા આંટાવાળું વેલા જેવું વાંકુ કોણીનુ એક ઘરેણું; બોડાવાક; વાંક

૨. વિ. વાકું; વળેલું એવુ

વાંકડિયાળું (વાકડિયાળું) જુઓ વાકડું.

વાંકડિયું (વાંકડિયુ) જુઓ વાંકું.

વાંકડિયું ગુલાબ (વાંકડિયુ ગુલાબ) ન. રોઝ ટાપુનાં બ્રોનવેલ કંપનીના પ્રયોગથી સર્જાયેલું એ નામનું ગુલાબનુ પુષ્પ. કુદરતને ખોળે ખીલેલાં ગુલાબમાં વૈવિધ્ય લાવનાર માનુષી પ્રયોગોના ઉલ્લેખ એમ છે કે: પ્રથમ તો એક જ જાતનું ગુલાબી રંગનું ગુલાબનું પુષ્પ હતું. ખ્રિસ્તિ વસાહતીઓ અને સ્પેનિયાર્ડોએ ગુલાબને વિષ્વભરના બગીચામાં વેરી દીધા; પણ તે પહેલાંય નાઈલની ખીણમાં ને ગ્રેબીલોનના બગીચાઓમાં ગુલાબની નરી વનરાજીઓ પથરાઈ રહેતી. આજે તો દુનિયાભરમાં ગુલાબની સુંદર હજાર જાતો છે અને તે વિવિધ જાતો છેલ્લા એક જ સૈકામાં બની છે. રોઝ ટાપુના બ્રોનવેલ અને તેનાં પત્ની તો ગુલાબના આશકો છે. આ કંપનીએ ગુલાબમાં કઈ વિવિધતા આણી દીધી છે. કોલ્ચેસ્ટરના રોઝ આયર્લેન્ડ રીસર્ચ બગીચામાં તેઓએ રાતદિવસ અખતરાઓ કર્યા છે. ત્યા શિયાળાની કડકડતી ઠંડી ગુલાબની પાંખડીઓને ચીમળાવી શકતી નથી. જ્યા શિયાળામાં એ બગીચામા ગુલાબ

મળી શકે છે. આ ગુલાબો ફૂલતાંને બદલે બીજેથી ખીલેલાં હોય છે. એને કોઈ પ્રકારનું કૃત્રિમ રક્ષણ આપવામાં નથી આવ્યું. દક્ષિણ ત્રિ. ભ.ન શબ્દની નીચે દર્શ અંશ જેટલું નીચું હોય છે. આવાય હવામાનમાં આ ગુલાબ મળી શકે છે. આ દ્વીપની ઊનાળાની ઋતુ વખતે અખતરાઓમાં કુલ છે તેઓ જુદી જુદી ફલમોનું સમિશ્રણ કરવું અને [illegible] પાંખડીઓને નાજુક [illegible], મૂળ [illegible], ક્રમવારમાં આવે છે આ પછી એટલી જ નાજુક પીંછીથી, ફૂલના નરતનુમાંથી પુષ્પરજને અલગ કરવાનું હોય છે. આમ આ દ્વીપની ફૂલના 'નર' ભાગને મેળવે છે. આ એક નવી જાત કરવાને માટે તેને બીજા એક સખત પ્રકારના ફોડવાની માંય ભેળવવામાં આવે છે આમ એક નાજુક ગુલાબનું અનોખા પ્રકારનું એક નવું ફૂલ બની જાય છે. આ માટેની ક્રિયા એમ છે કે: 'નર' ભાગના પુષ્પરજને એક કાગળના પરબીડિયામાં રખાય છે. આ પછી એક બીજી જાતના નારી ગુલાબને તેની પાંખડીઓ કાપીને તેના નરતનુમાંથી પુષ્પરજને લેવામાં આવે છે આમ 'સ્ત્રી' ભાગ એકત્ર થાય છે બાકી રહેલ ફૂલનો ભાગ એનો ગર્ભતનુ કે જેને 'ફ્રેસ્ટર' નામથી ઓળખવામાં આવે છે એમાં ઊંટના વાળની પીંછીથી પેલી પુષ્પરજ ગોઠવવામાં આવે છે આમ ફૂલની ફળદ્રુપતા સચવાય છે. માંગિયા કાગળમાં આ એકત્ર થાય છે. પવન તેને અડકતો નથી અને એમને એમ એને ખાસવવા દેવામાં આવે છે. નવેમ્બરમાં બીનો વાવણી થાય છે. આખા સિયાળા દરમ્યાન ને છોડવામાં ફૂટે છે–વિકસે છે વસંતે તો એ છોડવા પર ફૂલ આવી ગયા હોય છે. આ દ્વીપીના અખતરા ઘણીવાર નિષ્ફળ જતા છે, પણ જો કોઈક નવી જાત તો મળી રહે છે આવી નવી નવી જાતને આ દ્વીપી નવાં નવાં નામો આપે છે. જેમકે, (૧) વાંકડિયું ગુલાબ, (૨) ગુલાબી રાજકુંવરી, (૩) ગ્રેયકની ઊંચા, (૪) સૂક્ષ્મશ્વેત, (૫) શરદની છાયા, (૬) સ્વર્ગીય છાયા અને (૭) લાવણ્ય

વાંકડિયો (વાંકડિયો) ૧ પુ. ચોમાસામાં વવાતો એક પ્રકારનો ગુવાર. તે કૂણો અને ત્વચે મીઠા હોય છે. તેની શિંગ લાંબી થાય છે

૨ પુ. ઊલટસૂટ; ફાકડો માણસ

વાંકડી (વાંકડી) ૧. સ્ત્રી. એક જાતની ચાળેલ મૂછ

૨. સ્ત્રી ચોટીની એક જાત

૩. સ્ત્રી તલવાર

વરી એમ વાંકડી ખેંચતો રે
ખાતો ધીંગો દરબાર. પ્રેમાનંદ

૪ સ્ત્રી સોપારીની એક જાત; મેવર્ધની સોપારી, સારી જાતની સોપારી.

૫. ખિ સ્ત્રી વાંકા ડાગવાળું . પાડી

વાંકડું ૧. [સં. વક્ર] ન. વક્રતા; વાંકું હોવું તે

૨. ન સ્ત્રી પુરુષ અંગને લાંબની વસ્ત્રો આભૂષણો પહેરવાનું વીંટલા જેવું એક ઘરાણું; પેઢ; ધોતો

૩ ન જમીનમાં પાણી ઉપર પહોંચવાનું એક જાતનું ચણતર, ચાર, ગાડવાટ

૪ ન અવરુ; ખોડું, ગૂંચ

૫ વિ. કુટિલ, સરળ નહિ એવું

૬ વિ ઘણી મહેનત અને વિચારે સમજવા એવું, ગમ્મી, અઘરણી જેવું

૭ ન જુઓ, નાનું નાનું નાનું, ટેઢું

૮ ન વિઘ્ન, નડતર થવું

વાંકડો (વાંકડો) ૧. પુ. કેળવણી, તરકીબ વગેરે આપવાની રીતિ પરંપરા; વરને આપવા કન્યાની રીતિ પ્રમાણે કરાતો અમુક ખર્ચ, અમુક ચીજો અને સુરત તરફના અનાવિલ જ્ઞાતિજનોમાં [illegible] રીત છે

૨ પુ ગાડાનો વાંકો

વાંકડોડર (વાંકડોડર) પુ ઝાડ પાળો જુઓ વાંકડો

વાંકણું જ. ક્રિ. પર્વત ખડક, ન જડવામાં.

વાંકડેખું ૧ ન ખોદતાંખોદતા ખડક નીકળવો

૨ વિ. સમારેલા વૈભવ તરફ નિરુત્સાહથી જોનાર

વાંકપ સ્ત્રી. વાંકાપણું, વાંકું હોવું તે

વાંકરમૂતરો પું. એક જાતનો અપશુકનવાળો ધાડો. તે હમેશા વાંકો ચાલે કૂદવાની રીતે ચાલે છે

વાંકલ ૧. સ્ત્રી મારવાડમાં વસતા નદવાણા ચારણોના કુળદેવી

નદવાણાઓ ચારણોના શાપથી બેદરાજાનું જ્ઞાન ખોયું, પણ વાંકલની કૃપાથી તેઓએ પાણ મેળવ્યું છે. ગુજરાત સર્વસંગ્રહ

૨ ન. આગા ચામડાનું માંસ જુદું પાડી શોધવા ચામડું કરવાનું લોઢાનું હથિયાર. તેનો આકાર મોટા દાતરડા જેવા હોય છે

વાંકલડું (વાંકલડું) જુઓ વાંક

વાંકલી ૧. સ્ત્રી એક જાતની ઝાડવી.

૨ સ્ત્રી ટસરનું ગૂંથણ

વાંકસ પું. વાંસકો; સુતારનું એક હથિયાર

વાંકસાથીઓ ૧ પુ એક જાતનું નાથિયા, વીંછી પેખાવનું પણ મોટું સાથિયો, વક્ર સ્વસ્તિક

૨ પુ મોટો સ્વસ્તિક

વાંકાઈ ૧. સ્ત્રી. આડાઈ; વિરુદ્ધપણું; આડાપણું

૨. સ્ત્રી. બાકાપણું; છેલાઈ; રેડાઈ

૩ સ્ત્રી. વક્રતા; વાંકું હોવું તે; વાકાશ; વાકાપણું

૪. સ્ત્રી ઢહીલાઈ

વાંકાદેખું જુઓ વાકદેખુ

વાંકાબોલું ૧. વિ. આડાબોલું, ખોટું અને અવળું કે જડું બોલનાર.

૨. વિ. જૂઠું; અપ્રામાણિક

૩. વિ નિંદક; નિંદાખોર

જો વાકાબોલી નાર વાંકું બાખે છે,
તો સીખથી બોલાવે બાલ વાત રાખે છે
પ્રેમા.નંદ

૪ વિ બોલીને ફરી જનાર.

વાંકારેદ જુઓ વાંકાઈ

વાંકિયું ૧. ન. ગાડી કે ગાડામાં ડાગળાના બાજમાં બાકડા કે બોર્ડનો કાટખૂણ આકારનો જડવામાં આવતો બાજ

૨. ન દેશી પગરખાંના બરામાં કરેલી કારીગરી.

૩. ન. નાનાં બચ્ચાને પગમાં પહેરવાનું વાંકીયું ઘરેણું.

૪. ન. પાસાબંધી કેડિયામાં છાતી ઉપરના ભાગમાં આડકા જેવો આકાર કરી બનેલ ભાગ તે.

૫ ન. બારસાખની બંને બાજુએ રાખવાનું તારણ.

૬. ન. વાકવાળી કચકડાની ચૂડી કે છલ્લો.

૭. ન. વાંકા છેડાવાળું લોઢાનું ઓજાર. તે બાંડણી બનાવવામાં ઉપયોગી છે

૮ ન. કેરડીનો રસ જેવો કરવાની કૂંડી

૯ ન. સાંધિયા, નળ વગેરેના જોડાણ માટેનો વાંકો આકૃતિનો ટુકડો

વાંકિયો પું. રૂપાની કડકી બોલવવાને કંસારા કે સુનાર લોકો લોઢાની હથોડીના મહેજ આકારનું પણ એક જ બાજુએ વાંકી અણીવાળું હથિયાર વાપરે છે તે.

વાંકીલી સ્ત્રી. લાણીના બાકડાને અને નાડવેલાને જે જગાએ દોરડા વડે જોડવામાં આવે છે ત્યા રાખવામા આવતી કાટખૂણાના આકારની લોઢાની કે લાકડાની ખીલી

વાંકું ૧. [સં.] ન. અણબનાવ; મેરસમજૂતિ, વાંધો

૨ ન ગાડાનું પૂંઠિયું

૩ ન. વાકું તે; વક્રતા

૪. વિ. અસમાન; સીધું નહિ એવું, ટેઢું, વક્ર, વળેલું, વાકવાળું, એકાદ બાજુ નમેલું.

૫ વિ ઊલટું, વિરુદ્ધ; આડું, સામે થયેલું, વિરોધી; અવળું, ઊંધું

૧. વાંકી દોરી = અવળું ભાગ્ય; પ્રતિકૂળ નસીબ.

૨. વાંકી નજરે = (૧) કટાક્ષ. (૨) ગુસ્સાભરી નજરે, અવકૃપા

૩. વાંકી નજરે જોવું = (૧) અપ્રસન્નતા દેખાડવી. (૨) ક્રોધભરી નજરથી જોવું (૩) કુદૃષ્ટિ કરવી. (૪) ગુસ્સે થવું. (૫) અનાદર કરવો

૪ વાંકી પાઘડી મૂકવી = છેલ્લાઈ કરવા, ટાપટીપ કરવી (૨) કેવાળું કાઢવું

૫ વાંકું કરવું = (૧) ખંડિત કરવું. (૨) વાળવું.

૬ વાંકું ચાલવું = (૧) આડું ચાલવું, ઊલટું ચાલવું (૨) ખરું ન્યાયે જવું; વિરુદ્ધ વર્તવું; અનીતિને રસ્તે ચાલવું.

૭ વાંકું થવું = (૧) ગુસ્સે થવું. (૨) ખરું થવું, બગડી બગડી થવું

૮. વાંકું પડવું = (૧) ગુસ્સે થવું (૨) આડું લાગવું; ઊલટું લાગવું; ખોટું લગાડવું; કનડાજ થવું

૯. વાંકું બોલવું = (૧) આડું બોલવું. (૨) ખોટું બોલવું (૩) નિંદા કરવી; અરાબ બોલવું (૪) બોલીને ફરી જવું; નામકર જવું; કબૂલેલ, કે કહ્યા કરતાં જુદું કહેવું. (૫) રીસમાં બોલવું

૧૦. વાંકું મોં કરવું = (૧) અવળું જોવું; મોંમરડવું; મોં ફેરવવું. (૨) ગુસ્સે થવું; નાખુશ થવું. (૩) ચેષ્ટા કે મશ્કરી કરવી.

૧૧. વાંકું વળવું = (૧) નમી જવું; વાંકા થઈ જવું; નીચા નમવું. (૨) કટાવું. (૩) મરડાવું; વક્ર થવું. (૪) મહેનત લેવા

૧૨. વાંકું વળી જવું = નમી જવું; ઝૂકી જવું.

૧૩. વાંકું વાળવું = (૧) ઊંધું વાળવું; નીચું કરવું. (૨) નરમ કરવું; તાબે કરવું. (૩) મરડવું; નમાવવું

૧૪. વાંકું હોવું = ન ગમતું; કબજિયો હોવો; નઠારા હોવું.

૧૫ વાંકો દહાડો = કમબખ્તીનો સમય; નહિ લાભકારક સમય; અણધાર્યો દહાડો; પ્રતિકૂળ સમય; પડતી દશા.

૧૬ વાંકો વાળ = (૧) ઓછી અમલ્યતા, અલ્પમનાવ. (૨) પરિચિત પીડા; કંટાળો; હરકત; નડતર. આંચ

૧૭. વાંકો વાળ થવો – જરા પણ નકસાન થવું, જરાપણ અડચણ કે હરકત આવવી કે નડવું

૬ વિ ઓર વિનાનું; વિચિત્ર વલણનું

૭. વિ. કડવું

વાંકું વેણ = કડવું વચન

૮ વિ. કુટિલ; અણોણું; સરળ નહિ એવું; આડે રસ્તે ચાલનાર

૯ વિ છેલ, રેઢું, કાકરું, ખાડું; છેલાઈ ભરેલું

૧૦ વિ જૂનું; બોદું; ખુવારીવાળું કરેલું

૧૧ વિ તિરસ્કારવું,

૧૨ વિ નકામું, બગાસ

૧૩. વિ અણધાર્યું, ઓખી કરનારું

૧૪. વિ. અજાણ્યું; અજાણ્યું.

૧૫ વિ મુકેલું; અણગમે.

વાંકુંચૂંકું વિ વાંકું, આડુંઅવળું, અપાકારે

વાંકુંટીકું જુઓ વાકુંચૂકું

વાંકુંદેકું (વાકુંદેકું) વિ. બધું જ વાંકું, વળી ગયેલું; સાવ વાંકું

વાંકુડી (વાકુડી) સ્ત્રી. વાંકી; ટેડી

સં. ૧૪૬૦માનું 'મુગ્ધાવબોધ' વાંકુડી કહિત કહે છે. સંવત ૧૫૦૮નું 'વસન્તવિલાસ' 'વાંકુડી' શબ્દ પ્રયોજે છે. આ કાવ્યોની ભાષા પોતાની રમ્યતાસાથ કરતાં પચાસ સો વર્ષ પૂર્વની સ્થિતિ દર્શાવે છે ગુ. સા. પરિષદ

વાંકું વરસાગીત ન. કટાક્ષ

જુઓ વાંકા વરસાગીત. દયારામ

વાંકું વરણાગિયું વિ. ટેડાઈ ને ટાપટીપવાળું; ફક્કડતા દેખાડવાને અક્કડપણે વર્તનારું; છેલાઈના મરોડમાં રહેનારું; ટાપટીપિયું; છેલ; કાંકરું, ઠાઠમાકિયું; છેલાઈવાળું

વાંકુંવસાનું ૧. ન. અણગમતાપણું; વાંધોવચકો; ઊંધું મન.

૨. ન. અગાડ

૩ વિ અણધાર્યું અણગમતું બનવું અકરું લાગે તેવું, રીસ ચડે તેવું

૪. વિ વિપરીત; ઊલટું

વાંકોડું (વાંકોડું) જુઓ વાંકું

વાંકોમ પું. એક જાતનો કોલ્હીનો રોગ તેમાં અમ નથા કોપ વડે કોપેલો વાયુ પિત્ત સાથે મળી મુખ ઉપર અ ને કાલીઓ ચિપડી આવે છે. તેથી દુઃખ થતું નથી.

વાંગક ન વનસ્પતિ. જાતના ક્ષુપ ૧૦ ૨ એક જાત

વાંગડ (વાંગડ) ૧ પું ખોટો ગમાર

૨ વિ ગાડ જેવું, ડિમ્પ્રિય, અસંસ્કાર ગમારનું

૩ વિ બોલવામાં, વાવડ વાવલ; વાંકુળ

૪ વિ દોશિયાર્ડ નો સાંઠો ડોળ રાખનાર.

વાંગડવાયું (વાંગડવાયું) જુઓ વાંગડ

વાંગડું (વાંગડું) જુઓ વાંગડ

વાંગના સ્ત્રી. સારા શરીરવાળી સ્ત્રી.

વાંગલાં ન ૧ ૧ ફાકડા; વલખ.

વાંગલાં મા.૨૨. - ફાકડ મારવા; વલખાં મારવાં

વાંગલી સ્ત્રી કાઠિયાવાડી પોટીની એક બોલાઢ.

વાંગલીઓ પું. એક જાતનો ઘોડા

વાંગળી જુઓ વાંગલો

વાંગી ન. રીંગણું

વાંગીભાત પું. રીંગણાં અને ભાતની એક વાની

વાંકું ૧. ન. ચોમાસાના પાણીના જોરથી કે નદીના પૂરથી જમીન ખોદાઈ જઈને પડેલો ખાડા અને ઊંડો આડો; કોતર; બખોલ

૨ ન. યોનિભાગથી દુર્ગંધયુક્ત મેલ. બોલીનો સ્રાવ થવાનો સ્ત્રીનો એક રોગ, રક્તપ્રદર; લ્યુકોરિયા.

વાંઘટો (વાંઘટો) પું. મગરમચ્છ

વાંચ ૧ પું કોતર

૨ પું પંક્તિ

૩ પું. સ્થિતિ, વલણ, તરેહ

વાંચાળવું વિ બહુ બોલ્યા કરે એવું

વાંચણી સ્ત્રી વાંચવાની રીત

વાંચન ૧ [સં. વાચન] ન. અભ્યાસ; અધ્યયન; વિદ્યાભ્યાસ; પઠન

૨. ન. કહેવું તે; ભાખવું તે

૩. ન સિદ્ધો અથવા સંતોઓ જેમ.ડી અર્થે મનજાવો તે.

૪. ન. જ્ઞાન; માહિતી

૫ ન વાંચવાની ક્રિયા; ઊકેલવાની ક્રિયા

૬. ન. વાંચવું તે; અક્ષરે લખેલી ભાષાને મુખથી ઉચ્ચારવી તે; લેખ પ્રમાણે બોલવું તે.

સંસ્કૃત શબ્દ વાચન છે. તેમાં પ્રાકૃતની અસરથી અસલ નહિ તેવું અનુસ્વાર દાખલ થતા ગુજરાતીમાં વાંચન શબ્દ થયો છે. ગુ. સા. પરિષદ.

વાંચનકળા સ્ત્રી ચોસઠ માઠેની એક કળા. ચોપડી ચોપડીને નહિ, પણ અક્ષરોથી વાંચવું તેમ કે કોઠે પોઢમ જમ્યાએ જ મકોચી સ કે રાખીને વાચવું એ આ કળાનો પ્રકાર છે. આ કળા જાણવા માટે અનેક ગ્રંથ જોવા જોઈએ. લિપિની ઉત્પત્તિ પણ આ કળાનો જ પ્રકાર છે. ભાષાનું બંધારણ, ભાષામા સાંકેતિક શબ્દ કેવા છે, કેમ વપરાય છે તે સર્વે વાંચનકળાયા જાણવાનું બને છે

વાંચનમાળા સ્ત્રી વાંચવા ભણવાની ક્રમાનુસારી ચોપડીઓ. વાંચવાની ચોપડીઓની માળા કે શ્રેણી.

વાંચનહારિણી વિ.સ્ત્રી. વાચનારી

> એ હસ્તપત્રલિખિત ટેબલ ઉપર મુલાકાતની મે અનરદાની છે. મૂનારે તો ત્યારે સોભા મારે મૂરખાં હશે, પણ કાળમંગોની વાંચનહારિણી વિધાત્રીએ બહુ એ મુકાબલા લાગે છે.
>
> નાનાલાલ

વાંચના સ્ત્રી. (જૈન) વાચવું તે; વ્યાખ્યાન.

વાંચનાર વિ. વાચન કરનાર

વાંચનાલય ૧. [સં. વાચન + આલય] ન. અભ્યાસગૃહ; અભ્યાસ માટેનો ઘરનો ઓરડો ૨. ન. વાંચનશાળા; ગ્રંથાલય; વાચનાલય; પુસ્તકશાળા; 'લાયબ્રેરિ '

વાંચવું ૧. અ. ક્રિ. ઊંઘરવું; અચવું ૨. [સં. વાચ્] સ. ક્રિ. અભ્યાસ કરવો; જ્ઞાન મેળવવું, અધ્યયન કરવું; પારંગત થવું, સમજવું, જાણવું; ભણવું; મહમાં લેવું ૩. સ. ક્રિ. ઇચ્છવું; ગ્રંતવું. ૪. સ ક્રિ. કહેવું, ભાખવું. ૫. સ. ક્રિ. ચિહ્ન કે સંજ્ઞાઓ કે અક્ષરે લખેલી ભાષા સમજવા તેમ ઉકેલવી; ફોતરેલું, લખેલું કે ચીતરેલું જોઈને સમજવું અને બોલવું; લખેલું મનમાં બેસાડી સમજવું અથવા તો મોટેથી ઉકેલવું; લેખ પ્રમાણે બોલવું; વાંચન કરવું, લખેલું ઉકેલવું

૧. વહી વાંચવી = (૧) એક બીજાની ખરી બોડી કહી બડવું. (૨) ચોપડો ઉકેલવો. (૩) વકાવળી કહેવી.

૨. વાચી કાઢવું–જવું = (૧) ઉતાવળું વાંચી નાખવું. (૨) પૂરું વાચવું

૩ વાચી જોવું = (૧) ધ્યાનપૂર્વક વાંચવું. (૨) વાંચવાનો પ્રયત્ન કરવો.

વાંચી સ્ત્રી. એક જાતની ડાંગર.

વાંછ [સં.] સ. ક્રિ. (ધાતુ) ઇચ્છવું. તે ઉપરથી વાંછના, વાંછિત, વાંછુ વગેરે શબ્દ બનેલા છે.

વાંછટી સ્ત્રી એક જાતનો વેલો. તેનાં પાન રતાળુના પાન જેવાં હોય છે. તેમા સક્કાના આકારનાં ફળ થાય છે તેમાં રેશમ જેવું ફ અને બીજાં દાણા હોય છે

વાંછન જુઓ વાંછા

વાંછના જુઓ વાછા.

વાંછનીય [સં.] વિ. ઇચ્છવા યોગ્ય

વાંછવું [સ વાઞ્] વિ ઇચ્છવું, ન ઇચ્છા રાખવી

વાંછા ૧ સ્ત્રી. આત્મવૃત્તિ. સિદ્ધાંત મુક્તાવલિ અનુસાર વાંછા નામની આત્મવૃત્તિ બે પ્રકારની છે: એક ઉપાય-વિષયિણી અને બીજી ફલ-વિષયિણી. ફલનો અર્થ છે સુખની પ્રાપ્તિ અને દુઃખનુ ન હોવુ તે. જે વાછાનું કારણ ફલજ્ઞાન હોય અર્થાત્ જે વાંછા એવા રૂપમાં હોય કે અમુક સુખ મને મળે, તે ફલ વિષયિણી છે. જે વાછા કોઈ એવા ઉપાયના સંબંધમાં હોય જેથી ઇષ્ટ સાધન થાય, તે ઉપાય-વિષયિણી છે

૨. સ્ત્રી. ઇચ્છા; અભિલાષ; ભાવ; મરજી; વાંછા; વાસના; ક્રામના

૩. સ્ત્રી. ધારણા; મુરાદ; આશય, હેતુ

વાંછિત [સં] વિ, ઇચ્છેલું; ધારેલુ

વાંછિની [સ] સ્ત્રી. અભિચારિણી સ્ત્રી

વાંછિયાર વિ. રખડતાં ફરી દૂધ વેચવાનો ધધો કરતુ.

વાંછી ૧. [સ. વાञ્છિન્] વિ ઇચ્છાવાળુ. ૨. વિ, કામાતુર

વાંછુ વિ ઇચ્છનાર.

વાંજણો પું. ચોરખો

વાંજણ્યાન સ્ત્રી વાંઝણી સ્ત્રી

વાંજુલ પું. એક જાતનો ઘોડ; જલબંબાવો. તેનુ દોડુ રાતું હોય છે અને તેનાં પાન આકરાનાં પાન જેવાં હોય છે. તેમાં સફેદ ફૂલ થાય છે અને ફળમાં ઝીણાં બીજ હોય છે

વાંઝ ૧. સ્ત્રી. અફળદ્રુપતા, નદિ ફળવાપણું; વાઝિયાપણું; પ્રજોત્પત્તિ નદિ થવાપણું.

૨. વિ વાઝિયું; વાઝરૂ.

વાંઝકકોડી (વાંઝકકોડી) સ્ત્રી એક જાતનો વેલો. તેમાં એકલાં નરફૂલ થાય છે. માદાફૂલ થતાં નથી એટલે ફળ પણ થતાં નથી. તેનો ક્ષ સર્પ વિષ ઉપર કામ આવે છે. રતનરોગ ઉપર વાંઝકકોડીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો

વાંઝકકોડી જુઓ વાઝકકોડી

વાંઝડ વિ. વાઝિયુ; સંતાન વિનાનુ

વાંઝણી [સં. વન્ધ્યા] સ્ત્રી વન્ધ્યા; વઝા; અસંતાન સ્ત્રી; સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી.

વાંઝણી વિદ્યાની–ને છોકરાં આવવાં = કદ બહાર વિલક્ષણ થવો.

વાંઝવું ૧. વિ પોતાના જેવુ નવુ બીજુ બનાવવાની શક્તિ વિનાનુ; પોતાની જાતિ વધારવાને કે પ્રજોત્પત્તિ કરવાને અશક્ત; પ્રજોત્પત્તિ જેને કદી કે થતી ન હોય એવુ; અપ્રજ; સંતતિ રહિત; વાઝિયુ

૨. વિ. ફળ, ફળ કે નફો જેમાંથી થાય નહિ તેવુ.

વાંઝું ન. રાની જાતનું જાંબુ

વાંઝા ૧ સ્ત્રી. વણવાનો ધધો કરનારી એક હિંદુ જાત આ કોમ સૌરાષ્ટ્રભરમાં છે. પહેલા આ કોમના લોકો મેલી વિદ્યાના ખાસ જાણકાર મનાતા. અગસરા અને અમરેલી તરફ તેમની વસતી વધારે છે. હાલ કેટલાક પરદેશમાં વસે છે અને તેઓ ભણેલગણેલ છે. તેઓમાં અગસરા તરફનો વર્ગ મિશ્રસૂતર વણવાનો ધધો કરે છે. રાજકોટ તરફનો વર્ગ વજ્રમાંથી સુડલા સાડલીઓ બનાવવાનો ધધો કરે છે

૨. ન. એ નામની જાતનુ માણસ

૩. વિ. એ નામની જાતનુ

વાંઝાવાડ (વાંઝાવાડ) સ્ત્રી વાંઝા લોકોનો સમૂહ

વાંઝિયાબાર જુઓ વાઝિયાબાર

વાંઝિયાબારું ૧. ન. એકનો એક છોકરો

વાંઝિયાબારું ઊપડવુ = વંશ ચાલતો રાખનાર પુત્ર પ્રાપ્તિ થવી

૨. વિ ફળે નહિ કે ફૂટે નહિ એવું; નિષ્ફળ.

૩. વિ વાઝિયાનું; બિનવારસી

વાંઝિયામહેણું ન. વાઝિયા હોવાનું મહેણું; વાઝિયાપણાની ખોડ; વાંઝિયાપણું.

વાંઝિયામહેણે ભાંગવું = સંતતિ થવી

વાંઝિયું જુઓ વાંઝરૂ

વાંઝી જુઓ વાંઝાણી

વાંઝું જુઓ વાઝરૂ.

વાંઝેડી (વાંઝડી) જુઓ વાંઝણી

વાંઝો પું. વણકર.

વાઢ ૧. પું. જમીનો બનાવવા માટે મીઠુ મરચું નાખી પાણીથી ઠોએલો અબુનો લોટ

૨. સ્ત્રી ચાલ; રીત, ઢબ

૩. સ્ત્રી નૈવેદ્યની પ્રસાદી

૪. સ્ત્રી. ભાગ; હિસ્સો; ફાળો.

૫ સ્ત્રી વહેંચણી, વિભાજણી. બ.ક પડવા તે.

વાંટણી સ્ત્રી. બાટણી; વહેંચણી, વહેંચવુ તે; ભાગ કરવા તે, વહેંચણ

વાંટવું સ.ક્રિ. વહેંચવુ, ભાગ પાડવા; વાટવુ; બાટવુ.

વાંટાદાર જુઓ વાટિયો.

વાંટિયો પું. ભાગીદાર; ભાગીદારવાળી ગરાસિયો

વાંઢો ૧. પું. ગરાસમાં મળેલી જમીનનો ભાગ; રાજસેવાના બદલામાં મળેલી બિનકરવાણી જમીન; સરકારી ધારો ભરવાનો ન હોય પણ ફક્ત સલામી સત્વાજમ આપવુ પડતું હોય તેવી ગરાસની જમીન; ગરાસ કે નરવાની જમીનનો ટુકડો.

૨. પું. પેટ ઉપર ચરબીને લીધે પડતી કરચલી

૩. પું. ભાગ, હિસ્સો; પાંતી, વાંટ

વાંડલી સ્ત્રી ગંડોઢાનો આથ.

વાંઢ ૧ સ્ત્રી. દૂધાળાને લગતો પરંપરાગત જત. દૂધાળાં પશુનું ધણ

૨ ન ખેતરમાં આખેઆખું ઘાસનું છાપરું

૩ ન ચારા માટેની ઘાસ પાણીવાળી જગ્યા

૪ ન ઢોરના ચારા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જનાર માણસોનું ટોળું

વાઢે જવું = ઢોરને ચરવાને એક જગ્યાથી બીજે સ્થળે લઈ જવા

વાંઢાર પું વહાણનો એક ભાગ; તળપાટિયો; ભાઠાગર

વાંઢિયા સ્ત્રી. એ નામની રજપૂતની એક પેટા જાતિ

વાંઢિયાર ન મરિયાણા મારવાડ વગેરે પ્રદેશોમાં પોતાના ઢોર લઈ જનાર માણસોનું ટોળું; ભટકતા રબારી લોક.

વાંઢી ૧ સ્ત્રી વગર પરણેલી સ્ત્રી; કુંવારી સ્ત્રી, અવિવાહિત કુમારિકા.

૨ સ્ત્રી વધ્યા, વાઝણી સ્ત્રી

૩. વિ સ્ત્રી. વરના અભાવે પરણ્યા વિનાની

વાંઢું વિ. કુંવારું; પરણ્યા વિનાનું

વાંઢો ૧ પું આંબા,ના ઝાડની ડાળી ઉપર ચઢતો એક જાતનો વેલો

૨. પું. કુંવારો માણસ, વગર પરણ્યો પુરુષ, કુટુંબ કે સ્ત્રીબોકરાં વગરનો માણસ

૩ વિ પું. કન્યા ન મળવાથી કુંવારો રહેલો

૪. વિ. પું. વિધુર; રંડાયેલો

વાંઢ્યો પું. દૂધાળો; દૂધાળાનો વપરાશ

વાંત ૧. [સં.] સ્ત્રી. ઊલટી, વમન

૨. વિ. ઓકેલું, બહાર કાઢેલું; ઊલટી કરી કાઢેલું

૩. સ તરતજ; તુરત; જલદી ક્રિયાના વર્તમાન કૃદંતના રૂપને લાગતાં તે ક્રિયા થવાની સાથોસાથ તરતોતરત એવો અર્થ બતાવે છે. જેમકે, જતાંવાંત.

આંબ્યા ઉપડતા વાંત કર્યા નરસિંહરાવ

વાંતભાર પું. (પિંગળ) એ નામનો એક સમકૃત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, તગણ, ગુરુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે

ન ત ત ગા વાંતભારે. રહપિંગળ

વાંતર ન. ક્યારાની સળંગ હારે ઊભી હોય તેવા ખેતરમાં હળથી ચાસ પાડવા તે

વાંતરવું ૧. સ. ક્રિ. કરડવું

૨. સ. ક્રિ. કાંતરવું, ખેતરવું, કાપવું કે કરડીને કાપી નાખવું

૩ સ ક્રિ. [illegible]

૪ સ ક્રિ. [illegible] નાખવું, બગાડી નાખવું

૫ સ ક્રિ. [illegible]

૬ સ ક્રિ. [illegible] નાખવા

વાંતરી ૧ સ્ત્રી અનાજમાં પડતાં એક જાતનાં જંતુ; કિલાડી; એકેદ્રીય જીવડાં તે અનાજમાં પડતાં વાંદા જેવાં જીવડાં આવે છે તથા અનાજ અંદરથી કોલી ખાઈ ફક્ત ઉપરનું પડ રાખે છે.

[illegible] = જીવાતથી [illegible]

૨ સ્ત્રી [illegible] ખેતરને કરડી ખાનાર એક જાતનાં [illegible] નાનાં જંતુ

વાંતિ સ્ત્રી [illegible] તે. આખેલું પાકું વમેલું ન કામનું આદમી

વાંથી ન [illegible] ઉપર [illegible] કે [illegible] કુલ આઠ ચીજનું ચંદન [illegible] આ આઠ ચીજનું ચંદન છે

વાંદણું ન. (જૂ જુ) [illegible]

આવિયે જોવી પ્રભુ તમ
જેઈ સકાટિ જીવડે વાંદણું

કાન્હડદેપ્રબંધ

વાદણાં દેવાં = કોઈના મનિતે [illegible]

વાંદર ૧. [સ વાનર.] પું મ [illegible] આકૃતિનું, સર્કસ વગેરેમાં કેળવાયું અને અભ્યાસ કરાવાનું ચતુર પ્રાણી; વાનર.

૨ સ્ત્રી. ઘોડીની એક જાત

વાંદરકૂંચી સ્ત્રી. ઝાડો વગેરે કેરવવાનું ઓજાર.

વાંદરચેષ્ટા સ્ત્રી. ચોકાળ; અટકચાળું કૃત્ય તે, વાંદરવેડા; અડપલાં, વાંદરા જેવી ચેષ્ટા

વાંદરનકલ સ્ત્રી [illegible] તે

વાંદરન્યાય પું [illegible] ન્યાય [illegible] ન્યાય [illegible] પંચાયતી ઝઘડો ન ઉકેલ્યો [illegible] વપરાય છે

વાંદર રોટી સ્ત્રી [illegible] તેનાં પાન લાંબા અને [illegible] પીળાં રંગનાં હોય છે

વાંદરવિદ્યા સ્ત્રી અટકચાળાપણું; વાંદરવેડા; વાંદરાં જેવા ચાળા કર્યા કરવાનો સ્વભાવ.

વાંદરવેડા (વાંદરવેડ) પું બ વ વાનરચેષ્ટા, અડપલું, [illegible] વાંદરા જેવા ચટાઓ કરવી તે

વાંદરા ટોપી સ્ત્રી માથું, કાન, ગાલ અને દાઢી ઢાંકવાને પહેરવાની એક જાતની ટોપી.

વાંદરા ઢોળું ન એ નામની એક દેશી રમત.

વાંદરા લંગૂરી સ્ત્રી ઘોડાની એક જાતની ચાલ.

વાંદરાવેડા (વાંદરાંવેડા) જુઓ વાંદરવેડા

વાંદરિયાં ન બ વ વાંદરા જેવી ચેષ્ટા કરવી તે

વાંદરિયું ૧ ન એક જાતનું ઘાસ. તે ચોમાસે ક્યારાણી જમીન ઉપર છૂટું છવાયું ઊગેલું જંતરડાં આવે છે તેનો છોડ ચારેક દસ ઇંચ ઊંચો હોય છે તેની ચમરી બળી ચકચકિત અને ખરસટ હોય છે.

૨. ન એક જાતનો રોગ

૩ [illegible] અસભ્ય, અવિવેકી.

૪ [illegible] જેવું, અટકચાળું, આળપંપાળ.

વાંદરી ૧. સ્ત્રી બેઠોણ અને ચિબાવલી સ્ત્રી.

૨. સ્ત્રી. વાંદરાની માદા, ભોંજલી, બનરી

વાંદરીઓ પું એક જાતનો ઘોડો

વાંદરું ૧ ન. કપિ; મર્કટ; માનવ, નર, વાનર

૨. ન. નોકરની [illegible]

વાંદરો ૧. પું. નાળ,માંનો અડ્ડો ખાલો; ઉકારો

૨ પું અંદરથી વળેલી આપ કે કળનો નીચેનો ભાગ; ભાંપ; ખીલો તે બેસવાથી ખીલો કેપ ઉપર પડે છે

૩. પું ભાર ઉપાડવાનું એક જાતનું પત્ર

૪ પું વાંદરો, મર્કટ; કપિ, વાનર. તેની ઘણી જાત થાય છે કેટલાકને પૂંછડી હોતી નથી, કેટલાકને લાંબી હોય છે તો કેટલાકને ટૂંકી હોય છે બીજલાં અંકડાં, રંગમાં ભોનાં હોય છે નીલ, કાળા મોના ને શરીર લાંબું લીલું હોય છે જંબુવાન, કાળાં ને દીઠને ભગાતાં આવે છે. તે બરાબર ખુંધા વિના કશી ચીજ ખાતું નથી અને કોળિનો મળે ઊનારતાં પહેલાં ભવિષ્યમાં ભૂખ લાગે તો બપ લાગ બેઠલા માટે એ પોતાનાં બને ગલોફામાં ખોરાક ભરી લે છે. અગાઉ વાંદરાઓને ઘોડાને, તબેલામાં રાખવામાં આવતા. આ વિચિત્ર પ્રાણી એવી માન્યતા હતી કે તેઓની સમાયમાં ઘોડાની તબીયત સારી રહે છે આવા માન્યતા હજુ પણ ચાલે છે

૧. ચડતાં વાંદરાં ઊતાર્યાં = ભારે મુશ્કેલ કામ કરવું

૨ વાંદરાની ગાદમા સળી કરવી = સહેલો સાપ જમાદારો; બેઠેલો પોપડો ઊખેડવો.

૩. વાંદરાનું મૂતર પીવું = (૧) ન કરવાં જેવાં હલકાં કામ કરવાં કે અનભવવાં. (૨) મહાદુઃખ વેઠવું

૪. વાંદરાને નિસરણી આપવી-ચઢવી-મળવી = અટકચાળાને ઘણી વધુ લાગ આપવો;

મૂર્ખને ઉશ્કેરણી આપવી; ચઢાઉને ચઢાવવો; ગાડાને ભાગ પાવો.

૫. વાદરાને સળી કરે એવું – ટેવ અટકવાનું; અગારીનું. તોફાની.

૬. વાંદરાનો ઘા = નાદક ચોળાને ચીકણું કરવું તે; ચોઠાને ઘણું કરી નાખવું તે; ચૂનીને બગાઠવું તે.

૭. વાદરો ઘરઢો થાય પણ ગુલાંટ ન ભૂલે = પડી ટેવ તો ટળે જ નહિ

૫. કું ગળગાવતાં આમતેમ ફૂદે અને ઘૂમરી ખાય એવી આતરાબાજી; એક પ્રકારનું દારૂખાનું

૬ વિ અટકચાળો, તોફાની

વાંકવું ૧ સ. ક્રિ. (જૂ ગુ) વાળવું

સાતશ તણુ કમિર સુરતાણિ વાંકું વીરતણ બંબાણી. કાન્હડદે પ્રબંધ.

૨. સ. ક્રિ. (જૈન) પગે લાગવું; નમસ્કાર કરવો; વદન કરવું; પ્રણામ કરવો

વાંદી કુ. એક જાતનો જંગલી છોડ. તેનાં ફૂલ અથવા મોર રાની ભોંકો દુકાળમાં ખાય છે

વાંકો ૧ કું. અમુક ઝાડના થડ કે ડાળમાંથી નીકળતો બીજી જાતનો નકામો ફણગો

૨. કું. એક પ્રકારનો વેલો. તે બણ કરીને આંબાના, ઝાડ ઉપર થાય છે તેનાં પાન કરમદીનાં પાન જેવાં હોય છે. ફળ પીળાં ગુલાબી અથવા સિંદૂરી રંગનાં થાય છે. જે ઝાડ ઉપર તે ચઢે છે તે ઝાડનાં ફળ નાશ પામે છે. હિંદનાં ઘણાં જંગલ, વાડી અને બાગમાં ઝાડ ઉપર મૂળ જમાવીને પડેલ આ વેલો મળી આવે છે. આયુર્વેદમાં તે કૃમિ, દમ અને ગાંડપણ માટે પ્રખ્યાત ઔષધ છે. તે શીતળ, ઠંડું, કડવું અને મધુર છે કફ, વાતરક્ત, કૃમિ, વ્રણ, વિષ, રક્તવિકાર અને વાતવ્યાધિઓને તે મટાડે છે. તેના સૂકા પાન અને ફૂલનો ક્વાથ સમભાગે મટાડે છે. પાન અને ડાળીઓમાંથી રેસ મળે છે તે કપડા રંગવામાં વપરાય છે. પાનને કેળાનાં પાનમા લપેટી, અંગારા ઉપર ગરમ કરી પુટપાકની રીતે રસ કાઢી તે રસ કાનમાં નાખવાથી કર્ણપાક તથા કર્ણશૂળ મટાડે છે. તેના ઝાડમાંથી ટેનિન મળે છે અને તે ચામડાં કેળવવામાં વપરાય છે

૩. કું. કડવા અને બેજવાબી અંધારી જગ્યામા થતો રાની પાખવાળો છોડવો; ઝાડ; વડો.

વાંધર વિ વ્રણવિકારવાળો અથવા બળી ફરતાં રહી ગયેલી એકાદ રગને લીધે જેના વૃષણ વધી ગયેલાં હોય એવો આખલો

વાંધાખોર જુઓ વાંધાખોરિયું

વાંધાખોરિયું વિ. વાંધાવચકા કાઢયા કરનારું.

વાંધાળું વિ. વાંધાવાળું, જેમાં વાંધો હોય એવું

વાંધો ૧. [સ આધક] પુ. અડચણ; હરકત, નડતર, અગવડ. આંચ

૨ પુ દોષ; ભલ; ખોડ

૩ પુ. મતભેદ; પ્રતિરોધ; કડવો કે નિકાલ થવામાં આડુ પડતુ હોય તે.

૪. પુ. વિરોધ, તકરાર; કજિયો, ટંટો; ઝઘડો

૧. વાંધો આવવો–ઊઠવો–નીકળવો = હરકત કે ઝઘડો પેદા થવો

૨. વાંધો ઊભવવો કાઢવો–લેવો = તકરાર કરવી; વિરોધ કરવો

૩. વાંધો કાઢવો = આંખ લંબો; વિરુદ્ધ પડવુ.

૪. વાંધો પડયો = (૧) ખોટ લાગવુ; વિરોધનુ કારણ મળવુ. (૨) હરકત કે ઝઘડો થયો

૫. પુ. રાડ; વહેમ

વાંધોવચકો ૧. પુ. ખોડખાંપણ; કાંઈને કાંઈ છિદ્ર કે વિરોધનુ કારણ; ખૂલચૂક

૨. પુ. મતભેદ

વાંધોવચ્ચિ ન વિમતભેદ, વિરોધ, તકરાર

વાંધોસાંધો જુઓ વાંધો

વાંન ૧. પુ. વાન; વર્ણ, રંગ

૨. સ વર્ત; વાન; વાળુ

વાંપાયર ન. વાગોળની જાતનું લોહી ચૂસનારું જંગલી વિકરાળ હિંસક પ્રાણી. તે દક્ષિણ અમેરિકામાં રહે છે. એના મોંની દાઢ મોટી હોય છે. ઉપર કાયમ ફોલ્લીઓ હોય છે

વાંપી ન એક પ્રકારનું ઝાડ. તેનાં ફળનો મુરબ્બો કરાય છે

વાંફળ ૧. વિ અણી બોથલ કે અણી હોવા કરે તેવા અસ્તિત્વ સ્વભાવનું; વિકળ; વાયકું; વાંફણ.

૨. વિ. જેમ તેમ બોલે અને વિચાર વગર ચાલે. ખરચે કે વાપરે તેવુ.

૩. વિ. ફોગટ; અમથું; નકામુ. નિરર્થક, નિરુપયોગી; ખાલી; તત્ત્વ વગરનુ

૪. વિ મૂર્ખાઈ ભરેલુ

વાંફળપણું જુઓ વાફળાઈ

વાંફળાઈ ૧ સ્ત્રી. વાફળ હોવુ તે; વાંફળપણું

૨. સ્ત્રી ઉડાઉપણું

વાંભ ૧. સ્ત્રી. આરડ; માબોને બોલાવવાનો અવાજ, વાછરડાં કે ઢોરને વાળીને એકઠાં કરવા કરતો અવાજ

૨. [સં. આમ] સ્ત્રી બે હાથ મીંચા એક લીટીમા રાખવાથી મળું માપ કે અંતર; બને હાથ પહોળા કરવાથી મળું લંબાઈનું માપ. વામ

બંને હાથ પહોળા કરવા થી વામ અથવા વાંભ કહેવાય છે તેની પહોળાઈ અને ઉંચાઈ પણ તેટલી જ હોય છે રાજવલ્લભ

વાંભળાળ વિ એક વાંભ ઊંડું પાણી હોય તેવુ

વાંભડી (વાંભડી) સ્ત્રી ગાય અથવા ભેંસને બોલાવવાનો બોલાવાનો. અમ ૬૪

વડલે બાજે છે મામ નારિતા રાસડા,
મોરારે ગોકળીની વાંભડી છ રે

મેઘાણી

વાંભવું ૧. સ ક્રિ ગાયો અથવા ભેંસોનાં ટોળાને વાંભ અવાજે હલકારીને બોલાવવા

૨ સ ક્રિ પડકારવુ, બોલાવુ.

વાંભોર ન એક જાતનુ માછલું. તેનુ મોઢું પાતળું અને દાંત ઝાણા હોય છે. તેના મોઢા આગળ વાળ હોય છે

વાંસ ૧ [સં.] વિ વંશનુ; કુળનુ, વંશપરંપરાનું.

૨. વિ. વાંસડાનું; વાંસડા સંબંધી

વાંસિયો ૧. [સ] પુ વાંસળી વગાડનાર માણસ.

૨ ખ. વાંસ કાપનાર

૩ વિ વાંસનો ભારો લઈ જનાર

વાંસિરકા સ્ત્રી. (સંગીત) મધ્યસ્થનીચ બાવીસ માંહેની તેરમી કુતિ.

વાંસિયો પુ. વગાડનાર, ફૂંક કરનારે માણસ.

વાંસી ૧. ન. ફૂલ પાડવાનુ વાંસનુ એક ઓજાર.

૨. ન. વંશલોચન; વાંસકપૂર

વાંસ ૧. પુ. એક જાતનુ ઝાડ; ઊભા સોટા જેવી પેરે પેરે ગાંઠ અને પોલાણવાળી વનસ્પતિ. તેનુ થડ ઉપયોગી છે. કાઢવાળા વાંસ જાડા અને ઘણા ઊંચા થાય છે. તેમાં ઘઉના જેવા દાણા થાય છે. આ દાણા ચોખાની માફક ખવાય છે. ગરીબ લોકો તેની રોટલી અને પૂરી બનાવીને ખાય છે તે ઉપરાંત સોડવા પીલ્વ પણ બનવે છે. વાંસના ચોથાં એટલાં ગાઢ હોય છે કે, તોપનો ગોળો પણ અંદર જઈ શકતો નથી. વાંસના કેદમાંથી કણસો એટલા જોરથી બહાર નીકળે છે કે, તેના પર જો પથ્થર હોય તો તેને ઊડાડી દે અથવા તેમા જઈને બહાર નીકળે. નરવામ ઘર બાંધવાના કામમાં, ટોપલા અને સાદડીઓ બનાવવાના કામમા, છપરાનાં લંઢણ, ચટાઈઓ, લાકડીઓ, સપડાં, પખા, કરંડિયા, પાલખીના દાડા, ખુરસી, કોચ, પલગ વગેરે જુદી જુદી વસ્તુઓ બનાવવામા વપરાય છે વાંસમા જે પાણી વળે છે તેનુ વંશલોચન થાય છે તે કપૂર જેવુ સફેદ હોય છે તે ઔષધ માટે વપરાય છે. વાંસની ગાંઠ, પાદડા વગેરે પણ ઔષધમા વપરાય છે.

તેની કુમળી ટીશીઓ ખવાય છે. તેના છોતરાંનું શાક અને અથાણું થાય છે હોડીની ઠોલ કઠોરાપણાની કરાય છે. મીઠામા નાખેલા વાંસના કટ થાય બે વર્ષ સુધી ટકે છે આ ઝાડ વધારેમાં વધારે ૫૦ થી ૬૦ ફૂટ ઊંચું વધે છે. તેનાં છટકે છટકે ઘૂંચ્છાં થાય છે. વાંસને ૬૦ વર્ષે ઝમર આવે છે. દક્ષિણ ભારતમાં બંને કિનારાના મેદાન અને મૈસુરમા વાંસની વિપુલ પેદાશ થાય છે વનથી આ વાંસનો દુષ્ક જેવો પાતળી માવો બનાવાય છે આ માવામાંથી જ કાગળ બનાવાય છે મુલાઈ, પૂના, તિરપુર (કૈદરાબાદ), મૈસૂર, રાજમહેંદ્રી અને આરેજટીની કાગળની મિલો પ્રખ્યાત છે. વડા, ત્યકુસાર, કમાર, વંશિસત્ર, તૃણધ્વજ, શતપર્વા, યવફલ, વેણુ, મરુકર, તેજન એ દશ નામ વાંસનાં છે. જેમા છિદ્ર પડી પવન ભરાવાથી શબ્દ થાય તેવા વાંસને ક્રીચક કહે છે

૧ વાંસ છે – કાર્ય નથી.

૨. વાંસ કરવો = (૧) ઘરમાં રાચરચીલું સગ્રહ નહિ હોવું. (૨) નિર્ધનતા હોવી. (૩) વાંસ કરવા જેવી ખુલ્લી જગ્યા હોવી.

૩. વાંસ અથવા = ઠાઠડી અંધાય કે તું મરી જાય તેવી બદદુઆ. તે ગાળ દેતાં વપરાય છે.

૪. સવો વાંસ મારવો = ઘસીને ના પાડવી; મોઢામાં ના કહેવી..

૨. પું ભોટો રવૈયો; છેડે ઝાડવાનું કુલ જડેલો દહીં ભાગવાનો વાંસ; વલોણાનો વાંસ; મંથનદંડ; વલોવવાનો દંડ

૩. પું. વાંસડો; વાંસનો સોટો

૪. પું. સાતઆઠ હાથ કે દશ ફૂટ જેટલું માપ.

૫. સ્ત્રી. વાંસની નીસરણી

૬. ન. કડિયાનું ઈંટો છોલવાનું ઓજાર.

વાંસ સ્ત્રી. અરજૂસી

વાંસકપૂર ન વાંસ ફોડતાં તેમાંથી નીકળતું વશલોચન; વશનિપસિ; વાંસની અંદરનો રસ; કપૂર જેવો ધોળો કરી ગયેલ વાંસનો રસ. તે કષાય, શીતળ, ગુરુ અને મારી છે પથી દોષ પિત્ત માત્રામા તે ક્ષય, શ્વાસ, ઊધરસ અને રક્તદોષ ઉપર ઉપચાર તરીકે અપાય છે. તેનાથી ઝાઠો અને રક્તસ્રાવ બંધ થાય છે. તે બીજી દવાઓ સાથે પણ અપાય છે. તે વજનમા હલકું હોય છે વનસ્પતિ હોવા છતાં પણ ઓસિડની તેના પર અસર થતી નથી. ઔષધ આપનારી દવા તરીકે તે વપરાય છે

વાંસગર પું વાંસડાનો ગર, વાંસનો મધ્યભાગ તેનું અથાણું થાય છે.

વાંસજાળી ૧. સ્ત્રી. વાંસકપૂર; વાંસમાનો રસ; વશલોચન.

૨. સ્ત્રિ. વાંસ જેટલું; દશ ફૂટ જેટલું. તે વાડાઈ માટે વપરાય છે

વાંસજાળ પાણી = વાંસ ડૂબે તેટલું ઊંડું પાણી.

વાંસડી (વાંસડી) ૧. સ્ત્રી ઘોળા રોરડીની એક જાત

૨. સ્ત્રી ત્રણીચામાં થતી ઘાસ જેવી એક વનસ્પતિ

વાંસડો (વાંસડો) પું. વાંસ; વાંસનો સાંઠો સોટો; વળો

વાંસડો ફરવો = આવા પાન ન હોય તેવી સ્થિતિ થવી

વાંસણી જુઓ વાંસળી

વાંસદાણા પું. સાબુચોખા જેવાં એક જાતનાં બિયાં; ટાપિયોકા

સાબુચોખા અને **વાંસદાણા** (ટાપિયોકા) બંનેમાથી પણ વાંસ કાચ ઉત્પન્ન થઈ શકે છે. ધરબોણી

વાંસદિયોનુંપાન પું. તાકાત કે સૌર્ય વિનાનો યુવાન માણસ. વાંસદા તરફના જુવાનમાં તાકાત ઓછી હોવાથી સુરત તરફ પ્રયોગ થાય છે.

વાંસપૂર વિ. વાંસ જેટલું ઊંડું

જ્યાં વહ હોય ત્યા **વાંસપૂર** પાણી અવારે એવો છે. મનસુખલાલ મહેતા

વાંસફોડ્યું (વાંસફોડ્યુ) ૧. સ્ત્રી. વાંસફોડાની જાતની સ્ત્રી.

૨. સ્ત્રી. વાંસફોડાની પત્ની, વાંસ ફોડનારની સ્ત્રી

વાંસફોડા (વાંસફોડા) પું. વાંચી; વશકાર; વાંસનું કામ કરનાર માણસ

એનજ, ચર્મકાર, **વાંસફોડા** અથવા વાંચી અને કલાલ એ લોકોને દક્ષિણ વિભાગમા વસાવવા. રાજ્યવહીવટ

વાંસફોડાવાડ (વાંસફોડાવાડ) સ્ત્રી. વાંસફોડા લોકોની જાતી, ગામના જે ભાગમાં વાંસફોડાઓ વસતા હોય તે ભાગ

વાંસફોડી (વાંસફોડી) જુઓ વાંસફોડ્યું.

વાંસફોડો (વાંસફોડો) પું. વાંસને ફોડનાર માણસ; વાંસને ચીરી કાંબડાં કરનારો, તેની ચટાઈ ટોપલીઓ અને છાબડાં બનાવનારો પુરુષ; ભારડો; વાંચો.

વાંસમોતી ન. મોતીની એક જાત. તે વાંસની ગાઠમાથી ઉદ્‌ભવે છે. તેનો રંગ તથા તેજ વરસાદના કરા જેવા હોય છે. આ વાંસનું ઝાડ દુનિયા પર બધું નથી પણ માત્ર જેવો જ જ્યાં જ્યાં જઈ શકે એવે સ્થળે થાય છે

વાંસલડી (વાંસલડી) સ્ત્રી પાવો, વેણુ, બંસી; વા કુદરતથી વાગે તેવી વાંસની ભૂંગળી. વાંસળી

વાંસલાવવું સ ક્રિ વાંસલા વડે લાકડું સરખું ને સંસું કરવું.

વાંસલી સ્ત્રી લાકડા છોલવાનું સુતારનું સાધન

વાંસલો પુ. લાકડા છોલવાનું સુતારનું એક ઓજાર. તાબ્બી કુહાડાનું પાનું હાથાને સમાતર હોય છે ત્યારે વાંસલાનું પાનું આડું હોય છે. કુહાડાનો ઉદ્દેશ લાકડા ઉપર ઘા કરી એકના બે કટકા કરવા એ છે આ રીતે લાકડાના બે કટકા થાય છે ખરા પણ એમાંના એકેયને કઈ આકાર મળતો નથી અને લાકડાને પડખે કુહાડીના ઘા કરતાં નજર બરોબર પહોંચતી નથી એટલે એ મુશ્કેલી ટાળવા ખાતર માણસે કુહાડીનું પાનું ઊભું હતું તે આડું બનાવી એમાંથી વાંસલો ઉપજાવ્યો.

વાંસલો હલાવીને મારવા જવું = કામ કરવું નહિ પણ માત્ર દેખાડો કરવો.

વાંસવંશા સ્ત્રી વાંસળી

વાંસવાડો (વાંસવાડો) પું. વાંસ વેચવા માટેનું સ્થાન

વાંસળી ૧. સ્ત્રી બંસી, વેણુ; પાવો; ફૂંકીને વગાડવાનું નળી જેવું એક વાદ્ય. તે વાંસની બનતી હોઈને વાંસળી કહેવાય છે હવાથી વાગતા વાદ્યોમાં વાંસળી, મોરલી અને બંસી સૌથી મુખ્ય છે વાંસ અથવા લાકડાની લગભગ એક ફૂટ લાંબી પોલકળ લાકડીમા ખુલ્લા છેડા તરફ સાથે છ છિદ્રો અને જે તરફ બંધ છેડો હોય છે ત્યાં એક એમ મળી સાત છિદ્ર હોય છે. બંધ છેડા ઉપરના છિદ્રો આગળ હોઠ રાખી, ફૂંક મારવાથી નાદ ઉત્પન્ન થતાં નીચેથી અનુક્રમે છિદ્રો ખોલતા સાત સુસ્વર નીકળે છે. આ વાદ્યમાં અનુભવી વાદક સિવાય અન્યથી સૂર કાઢી શકાતા નથી, કારણ કે, તે કાઢવા અતિ દુષ્કર છે. કૃષ્ણની વાંસળી માટે આર્યાવર્ત પ્રાચીન કાળમાં લખ્યું છે કે: એ હસ્તનું એ હૃદય વાંસળી વાદનનો શણગાર એ, ગોકુળનું એ રમકડું હરિ હસ્તનું દયિતકર એ; એને જ ધૈર્યે તાનમાં ગોકુળ સહુ ગાડુ થયું, એના અલૌકિક ગાનમાં મધુવન મધુર બની રહ્યું; એ બંસીમાં વાંસાયને નિજ ભોગ ગાત્ર બધાં હતા, એમા પતંજલિએ પધારી યોગસૂત્ર પૂર્યા હતાં, ત્યાં વ્યાસના વેદાંતસૂત્રો બીજરૂપે વિરમ્યા, ત્યાં વૈખરી સાથે પરા પશ્યતી વાણી મધ્યમ..

૨. સ્ત્રી હાલે એક એક રૂપિયો રહે એવી મજબૂત કપડાની લાંબી કોથળી; રૂપિયા ભરવાની લાંબા સાકડી કોથળી તે કમરની આસપાસ બધાય છે.

પાસળીએથી વાંસળી રે પળી ઝોડીને આપી બાંધ. નરસિંહ મહેતો

વાંસાખંડી સ્ત્રી એક બાજુ કમ આવીને પહોંચવાની નદી.

વાંસાખોર અ એકની પાછળ એક અમ. કેડકેડ; આગળપાછળ

વાંસામોર્યે જુઓ વાસામાર્યે

વાંસિયાચોખા પું ઘ ક સામુદ્રલવણ

વાંસિયું ૧. વિ વાંસ જેવડું વાંસનું

૨. વિ. વાંસ સબંધી.

વાંસિયુંચોમડું ન ઘોરડીના રસની કઢી ઉપર ઢાકવાનું લાકડાનું ઢાકણ

વાંસી ૧. સ્ત્રી. એક છેડે દાતરડા જેવું કરવું બેસાડેલો લાંબા પાતા; ઊભા ઝાડના નાના ડાળા કાપી નાખવાનું એક ઓજાર.

આમારા પણ ઢેઢા, વધરા, **વાંસી** કલાદિનો વ્યવહાર કરવાનો વિચાર કરશો એ પણ અયોગ્ય ગણિ છે. અદ્ભુત

૨. સ્ત્રી ચામડાની એક જાત. નવસારી તરફથી તે આવે છે. તેનો દાનો લાંબો અને એક છેડો પોળી કપડાંવાળો હોય છે.

૩. સ્ત્રી ડાંગ, લાકડી.

૪. સ્ત્રી. લાકડીની એક જાત. તે પાતળી અને કાણુ છે. તે નુરત જીલ્લામાં થાય છે.

વાંસે ૧. અ ત્રિજાજરીમા

૨. અ. પાછળ, પૂંઠે, પછવાડે.

૩. અ પૂંઠે લાગુ. લાગુ રહેવું તેમ, બંધ, મત. વાસે પડવું–લાગવું = પૂંઠે લાગુને લાગુ રહેવું, બેધો કરવો.

વાંસો પુ ખરડા. પીઠ; શરીરનો પાછલો ભાગ.

૧ વાસો કરવો = વાસાના ભાગમા મારવું, મોડા કે ધૂળ ઘસીને માંજીથી શરીરના વાંસાની ચામડી સ્વચ્છ કરવી

૨. વાસો ઢાંકવો - લાજ રાખવી

૩ વાસો થાબડવો = ઉત્સાહન કે શાબાશી આપવા.

૪ વાસો દેવો = મદદ કરવી

૫ વાસા ફાટવા = વાસા દુખવા

૬ વાસો બતાવવો = રસ્તો લેવો; ચાલતુ થવું

૭. વાસો ભારે થવો = (૧) ખરાબ-ખોટો થવું. (૨) ભારે ખાવાનાં લક્ષણ થવા; વાસામા મારે મારી હલકો કરવાની જરૂર પડવા (૩) બિનજરૂર વધવો

૮ વાસો આગળો હલકો કરવો = મારે મારવો

વાંસોડ (વાસોડ । ન. વાસનુ પીઠ; વાંસનુ વન; વાસવાડો

વાંસોવાંસ અ. પાછળ; તુરત પછવાડે

વાંહે અ. (પ્રાચ્ય) પાછળ

વિ ૧. પું. (હિંદી) અમ

૨ પુ. આકાર

૩ (સ । પુ ઘોડા

૪ પુ. નેત્ર, આંખ

૫ પુ પક્ષી

૬ પુ વાયુસાર

૭ પુ રથ

૮ વિ વધ, બાદ વિયોગ દોષ વગ

૯ વિ જુદું કે જાદોનું

૧૦ વિ વારસાવાળુ, કુટુંબનું પોષક

૧૧ અ જુદાઈ, દૂરાઈ, અભાવ, વિવિધતા, વિશેષ, પ્રતિકૂળતા સૂચવના, કુત્સિત, દુષ્ટતાપણુ નકારપણુ, વગેરેનું વર્જન અર્થ બતાવનારી એક ઉપસર્ગ અનુદીપ્તિ સમાસમાં વપરાતુ. વિશેષ જોવા અર્થમાં આવે છે જેમકે, વિપત્તિ

૧૨. અ વિનાશ, વિનાશ, નિષ્ફળ, અસફળ, નિષ્ફળ, દેવુ, અવ્યાપ્તિ, ખોટું, પરિણામ, અવજ્ઞાજ્ઞાન,જ્ઞાન. વિશેષ મતિ. આશ્ચર્ય, પાલન વગેરેના અર્થમા વપરાતો એક આક્ષેપ

વિઅ [પ્રા] ન. નેત્ર; આંખ

વિઅરઅ [સ્ત્રી. વિદરક . પું. ચીરડો; પાખું માટે આખેલો આડા

વિઅગ્ધ ૧. સ્ત્રી. । પું. કેળ મદ.

૨. પું. પ્રેમ

૩. પુ. બૌદ્ધ સાધુ; ક્ષપણક.

૪. ન. બીજિલ. ફલવાળુ ઝાડ

૫ ન બીજિલ ફલ

૬. વિ કેળ વગરનુ; બોડુ; વાળ વિનાનુ

૭ વિ વિકસેલુ, બીજિલુ, પ્રફુલ્લ

૮ વિ વિખરાયલુ.

દમયંતીને સદને આવી ઈર્ષિયા દીધી બારી, વિદગ્ધ વાર જવન દેખી ઉતર્યા તે અણસારિ. ભાલણ

વિદગ્ધચતુરી પું (બિગણ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, ભગણ મળી નવ વર્ણ આવે છે

વિદગ્ધચતુરીમાં ના ન ભ સ. સ્વયિગણ

વિદગ્ધા ૧. પું. અઢારમી માંત્રાનો એ નામનો એક મત્ર.

૨. પું. (પુરાણ) અમદ મારેલો એ નામનો એક રાક્ષસ.

૩. પુ. (પુરાણ) એ નામનો એક રુદ્રગણ

૪ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માઠનો એ નામનો એક પુત્ર

૫. (સ્ત્રી. । પું. વિસ્ફોટક; ચાદીનો રોગ.

૬. વિ. અઘરું; મુશ્કેલ; દુસ્તર; અઘવડ પડે તેવુ આજે સ્વરાજનો સીધો **વિદગ્ધ** પણ તે પચે. ટકરી જાઈએ તેમા તોડવાં જૂથના પડે. ગાધીગીતા

૭. વિ અણઘડ; આવડત વિનાનુ.

૮. વિ. અપ્રસિદ્ધ; જાણીનું નહિ તેવુ

૯. વિ અભિમાની

૧૦ વિ જબરું; મોટું.

૧૧ વિ. દુર્ગમ જ્યાં જલદ નહિ તેવુ

૧૨ વિ અપકર, નિકામાણુ, વિકરાળ, બીભત્સ

૧૩ વિ મોટા દાતવાળુ

૧૪ વિ વિકૃત, ખરાબ, બાદ

૧૫ વિ વિકાર.

વિદગ્ધત્વ સ.] ન. વિદગ્ધ હોવું તે

વિદગ્ધપથ [સ. । પું. સકટથી ભરેલો માર્ગ. ચલો કુબાવતે **વિદગ્ધપથ** ક્ષારાબ્ધિ વહતો. નરસિંહરાવ

વિદગ્ધા ૧. સ્ત્રી આઠોક વનમા રાંમેલી એ નામની એક રાગિણી

૨. [સ્ત્રી] સ્ત્રી. માયાદેવી.

વિદગ્ધાકાર [સ.] વિ. બબકર આકૃતિવાળું.

વિદગ્ધાનન ૧ પું. (પુરાણ) પ્રિયવ્રતના સો માંહેનો એ નામનો એક પુત્ર

૨. [સ્ત્રી] સ્ત્રી. ભાયાદેવી.

વિદગ્ધાનન ૧ પું. (પુરાણ) પ્રિયવ્રતના સો માંહેનો એ નામનો એક પુત્ર

૨. [સ્ત્રી] વિ. બબકર મુખવાળુ.

વિદગ્ધાલન ૧. પું (બિગણ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, જગણ, સગણ અને સગણ મળી બાર વર્ણ આવે છે.

વિદગ્ધાલન માહ ધર ન જ સ સા. સ્વયિગણ

૨ [સ્ત્રી] ન. આત્મશ્લાઘા; પોતાનાં વખાણ.

૩. ન. કટાક્ષ.

૪. વિ. આત્મશ્લાઘા કરનારું; બડાઈ હાંકનાર.

વિદગ્ધા સ્ત્રી કુબડી, નકામી ખોટી વાત, બકવાસ વાત.

વિદર ૧. પું. જંતુનો નાશ કરનારું વસ્તુ.

પછી ધૂપ કરીને ત્યાં સર્પ આદિ **વિદર** ચારેકોર નાખવા. જગતી જાગવણ

૨. [સ્ત્રી.] પું રોગ.

૩ પુ સારસ્વત દેશ

વિદરણ ૧. પું ચીરો આપવો.

૨ ન. જુદું પાડવું તે; પૃથક્કરણ.

૩. ન. નાના મોટાં રૂપ બનાવવાની શક્તિ.

૪. ન. સંસ્કૃતના એક ગણના ધાતુને બીજા ગણના ધાતુથી જુદો પાડનાર પ્રત્યય
૫. [સં] વિ. ઇંદ્રિયો વિનાનું.

વિકરન પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે ત્રાદ્વિની કુંડલિનીનો એક ભેદ છે તેમાં ૮૦ લઘુ અને ૩૯ ગુરુ મળી ૧૧૯ વર્ણની ૧૫૮ માત્રા આવે છે.

વિકરાલ જુઓ વિકરાળ

વિકરાળ [સં વિ (વિશેષ) + કરાલ (ભયંકર)] વિ ભીષણ લાગે તેવું, વધારે ભયંકર; બિહામણું; કરામણું; ભીષણ; ભયાનક

આ રૂપ દાઢ બહુથી વિકરાલ તારું,
જે જોઉં સર્વ નીરખી દુ:ખી ને દુ રે દુ.

નીતાપચ્ચ મૂત

વિકરાળતા સ્ત્રી. ભયંકરતા; બિહામણાપણું

વિકરી સ્ત્રી. વકરો; ખપત; માલનો ઉપાડ

વિકર્ણી ૧. પું. (ગણિત) કર્ણ; ચતુષ્કોણનાં સામસામા બે કોણબિંદુને જોડનારી સીધી લીટી; ' ડાયગોનલ '.
૨. પું. કર્ણનો પુત્ર.
૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર; દુર્યોધનનો નાનો ભાઈ. તે બહારથી હતો અને બધા ભાઈઓમાં મોટો ન્યાયી હતો. જ્યારે દ્રૌપદીને સભામાં લાવ્યા ત્યારે તેણે સભાસદોને પૂછ્યું હતું કે આ ધર્મ કે અધર્મ? ત્યારે તેણે વિદુરની પેઠે જ આ અધર્મ છે એવો પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો હતો." તેથી દુર્યોધન વગેરેને તે પ્રિય ન હતો પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે યુદ્ધ સમયે ભીમને જ્યારે મારવાનો તેને પ્રસંગ આવ્યો ત્યારે ભીમને ઘણું ખરાબ લાગ્યું પરંતુ નિરુપાય થઈ તેણે તેને માર્યો.

આપ ને ભીમ કહ્યું રે દુ:ખ ને સમિતિજ્ય.
અક્ષત્રામા વિકર્ણે છે સૌમદત્તિ જયદ્રથ.

નીતાનુસેજન

૪. ન એક પ્રકારનું ધાણ.
૫. [સ વિ (વિનાનું) + કર્ણ (કાન)]
વિ. કાન વગરનું.
૬ વિ. ખૂણા ખાંચા ન પડે તેવું.

જે નગર રચવું હોય તે **વિકર્ણ** ન કરતા અર્થાત ખૂણા ખાંચા ન પડે તેવી રીતે કાટખૂણામાં બરાબર કરવું. રાજવલ્લભ

વિકર્તન ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. બાર ભાઈનો એ નામનો એક મેઘ

વિકર્તને વિટપ ખિલ્યો મેઘ વર્ષો કઈ બીજ.

કનેયર

૩. પું. સૂર્ય.
૪. ન. કાપવું તે.

વિકર્તા ૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક ના.મ.
૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ
૩. [સ. વિકર્તૃ] વિ. કાપનાર

વિકર્મ [સ. વિ (વિરુદ્ધ) + કર્મન્ (કામ)] ન ખરાબ કામ; ઊલટું આચરણ; વિરુદ્ધ ક્રિયા, નિષિદ્ધ કર્મ, દુષ્કર્મ, પાપ સ્મૃતિ અને સ્મૃતિએ જેનો નિષેધ કર્યો હોય એવા કર્મો વિકર્મ કહેવાય છે; કારણ કે, તેવાં કર્મો વેદવિહિત્થી વિપરીત છે જેને સૂચવેલાં કર્મો વિહિત કહેવાય છે વેદમાં વિધિ કહેલી હોય તે કર્મ, વેદમાં જે કહ્યું હોય તે ન કરવું તે અકર્મ અને તેનો નિષેધ હોય તે કરવું તે વિકર્મ કહેવાય છે ચિત્ત સંશોધન માટે જે કર્મ કર્યે જાય તેને વિકર્મ કહે છે. મન સાથે ... એ વિકર્મ અંતર ભાવથી કરવું એ વિકર્મ સાધનના ફળ. જો મનમાં શુદ્ધ ભાવના ન હોય ... સ મેળવ્યા ભયાનક નીવડે. આપ્યો કર્મ ના ત્યે બનતા ... ખાવો એને ગીતામાં વિકર્મ કહ્યું છે કર્મના સાથે વિકર્મ ભળે તો ધીરે ધીરે નિષ્કામતા આવે છે

વિકર્મસ્થ [સ.] વિ. નિંદ્ય આચારવાળું; ખરાબ કર્મ કરનાર

વિકર્મિયો પું. એ નામનો એક વર્ણસંકર

વિકર્મિયો વળી કુકર્મિયો ત્રિભુવનાનંદ

વિકર્ષ ૧. [સં.] પું. ખેંચવું તે
૨. પું. ખેડવું તે
૩ પું નીચું; ખાબું.
૪. પું તે.ટી નાખવું તે.

વિકર્ષક ૧ સ વિ ઓછું કરે તેવું
૨. વિ સામો ધક્કો મારે તેવું; પ્રતિઘાતક.

વિકર્ષણ ૧ ન. આડો ઘા કરવો તે.
૨. [સ] ન. ખેંચવું તે.
૩. ન. ખેંચવું તે.
૪. ન. વિદોહન; પાણ ખેંચવું તે; આકર્ષણથી ઊલટી ભાવના થવી તે; પ્રતિકર્ષણ, અપાકર્ષણ.
૫. ન. વિભાગ; હિસ્સો
૬. ન. વિશ્લેષ; શબ્દોમાં જોડાક્ષરને છૂટા પાડવાની ક્રિયા.

વિકલ ૧. પું. વિકળ; કળાનો ૬૦મો ભાગ.
૨. વિ. અશક્ત; જડ.
૩. વિ. અસમર્થ; શક્તિ વિનાનું.
૪. વિ. ઉચ્ચારેલું; ઉચ્ચાર બાબુએ લખેલું.
૫. વિ ઓછી વધતી શ્રુતિવાળા સ્વરો બેસૂરા સ્વરોથી જાનાર.
૬. [સં.] વિ. કળા વિનાનું; કળા રહિત; કલાહીન.
૭ વિ અપૂર્ણ; અપૂર્ણ
૮ વિ. ચિંતાગ્રસ્ત
૯ વિ જાગ્રતી ન શકાય તેવું.
૧૦ વિ. નકામું
૧૧ વિ ભયભીત; ગાભરું; ગભરાયેલું
૧૨ વિ રહિત, વિનાનું
૧૩ વિ. બાકુળ, વિહ્વળ; બેચેન.

વિકલતા [સ.] સ્ત્રી વિકલ હોવું તે

વિકલન [સં] ન છૂટું પાડી નાખવું તે; ' ડિફરન્શ્યુએશન '.

વિકલન નિયમ [સ.] પું. (ગણિત) કોઈની અંદર અનેક રાશિઓ + અથવા – થી જોડાયેલી હોય અને તે આખા કોઈને કોઈ એક રાશિથી ભાગવાના કે ગુણવાના હોય ત્યારે કોઈની દરેક ... ન રાશિથી ગુણી કે ભાગીને છૂટા છૂટા ... ના નિયમ; ' લો ઓવ ડિસ્ટ્રિબ્યુશન '. દા.ત., (વા + વા વા) × વો = વા × વો + વા × વો વા × વો

વિકલનપત્ર [સં] ન. કોઈનો નામનું ઉપરનું લખાણ

વિકલનપાર્શ્વે [સ] ન. ઉધાર બાજુ

વિકલનપ્રવિષ્ટ જુઓ વિકલનપત્ર

વિકલનાધિકાર્ય [સ., ન. નામે આવી. ચૂકવવાપણું

વિકલપ્રાણ [સં.] વિ. મરી ગયેલું; પ્રાણ વિનાનું

વિકલબ્રહ્મકુલવલ્લી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે તગણ મળી બાર અક્ષર હોય છે

વિકલબ્રહ્મકુલવલ્લી ન ના ગા ત. રણપિંગળ

વિકલા ૧. [સં.] સ્ત્રી. ઋતુમતી સ્ત્રી; ગર્ભવતી
૨. સ્ત્રી. એક અંશનો ૩,૬૦૦મો ભાગ; કળાનો સાઠમો ભાગ; કલ્પથી પણ થોડો વખત.
૩. સ્ત્રી. કલાનો છઠ્ઠો ભાગ
૪. સ્ત્રી. ચુંબ ગ્રહની ગતિ.
૫. સ્ત્રી પરિધિનો નાનો ભાગ.

વિકલાદેશ પું. (જૈન) અનેક ધર્મવાળી વસ્તુને અખંડરૂપ એક માની તેના અનેક કાર્યવિશેષને દેખી અનેક ધર્મવિશેષસ્વરૂપ નિશ્ચય કરવો તે; અનેક ગુણોના સમુદાયરૂપ અખંડ એક દ્રવ્ય

વિકલાંગ ૧. [સ.] વિ. લગડું; લૂલું; કુદરતી સ્વાભાવિક રીતે ઓછા વધતા અંગવાળું; અપંગ.
૨. વિ. વિકૃળ; બાકુલ

વિકસિત ૧ વિ દુઃખી; પીડાયેલું

૨ વિ. નામે ઉચારેલું.

૩ [સ] વિ. વ્યાકુળ; બેચેન

વિકલીકરણ [સં] ન. પૃથક્કરણ; છૂટું પાડવું તે.

વિકલેંદ્રિય ૧. [સ.] વિ. જેની ઇંદ્રિયો વશમા ન હોય તેવું.

૨. વિ. જેની કોઈ પણ ઇંદ્રિય અરાબ હોય કે બિલકુલ ન હોય તેવું; ન્યૂનેંદ્રિય.

વિકલ્પ ૧. પું. અડચણ

૨. પું. (કાવ્ય) અનેક વિધાનમા વિરોધ હોવ.થી એક પક્ષનુ ગ્રહણ કરવામાં આવે તેવો અલકા.૨

૩. પુ અપવાદ

૪. પું. ઐચ્છિક વિષય

૫. પુ. કલ્પનામય વિચાર; તર્કવિતર્ક.

૬. પું. ખોટો કે આડો વિચ.૨; વિપરીત કે વિરુદ્ધ કલ્પના કે વિચાર. ધર્મના નામે પ્રમાણ, વિક્ષેપ, નવતત્ત્વ, ૭ દ્રવ્ય વગેરેનો મન દ્વારા વિચાર કરતાં તે સંબંધી અનેક વિકલ્પરૂપ રાગમાં એકાકાર થઈ અનેક ભેદને પામવું, જુદો સાક્ષી જ.૫૬ જ પું એ ભૂલી જવું એ અજ્ઞાનીના વિકલ્પ છે. જ્ઞાનીને તો તે ક્ષેપ છે, કારણ કે તેની દૃષ્ટિ અખંડ ગુણ ઉપર પડી છે. પૂર્ણ એકત્વ સ્વરૂપ શુદ્ધ સાધ્યની રુચિનો મહિમા અખંડજ્ઞાનપણે આત્મામાં જ વર્તે છે. વર્તમાન પુરુષાર્થની નબળાઈથી શુભાશુભ વિકલ્પમા જોડાય છે, પણ સાથે જુદાપણું જ્ઞાન છે અને રાગનો નકાર વર્તે છે. તેથી એકરૂપ જ્ઞાયક સ્વભાવનું લક્ષ ટકાવીને અનેક ભેદરૂપ વિષમને જાણતાં છતાં પોતામાં અખંડજ્ઞાન સ્વભાવને જ અનુભવે છે. હું મને જાણું હું એવો એકપણાનો નિશ્ચય તે જ્ઞાનીનો સકલ્પ છે અને જ્ઞેયોના ભેદને ભિન્નપણે જાણતા પર તરફની વૃત્તિ ખેંચીને એકાકાર જ્ઞાન માત્રનો અનુભવ કરવો તે જ્ઞાનીનો વિકલ્પ છે. સકલ્પવિકલ્પોનો નાશ કરનાર એવો સમ્યક્સકલ્પ તે સમ્યગ્દર્શન છે અને ઇંદ્રિયો તરફના જોડાણ વિના સ્વરૂપ સન્મુખ અંશે સ્થિરભાવ તે સ્વરૂપાચરણરૂપ સમ્યક્વિકલ્પ છે તે જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાનથી દેહાદિક અનેક સયોગોની ફેરફાર જણાય છે. તેમા પરજ્ઞેયો પલટતાં હું બદબદ રૂપે થઈ ગયો, હું જન્મ્યો, વૃદ્ધ થયો, મને રોગ થયો, દેહમા જે કાર્ય ક્રિયા થ.ય તે મારી અવસ્થા છે એમ મ.ની પરમાં ઊંડાણથી ભાવપણ પુણ્યપાપની વૃત્તિ ઊઠે તે અનેક ભેદરૂપે હું પુ એવો વિકલ્પ તે ચ.ત્રિમોહ છે. નિમિત્ત નથા રાગાદિરૂપ હું પુ એમ પરમા અટકવુ, રાગમાં એકાકાર થવુ તે અનતાનુબધી કષાયરૂપ ચારિત્રમોહ છે.

૭. [સ.] કું. ચાલી શકે તેવી બધી વસ્તુઓમાથી ગમે તે લેવાની છૂટ હોવી તે.

૮. કું. જુદો મત.

૯. કું. સ્મૃપસ્મૃપણું; સશય; અનિશ્ચય; શક

૧૦. પું. તફાવત.

૧૧. પુ. પ્રકાર.

૧૨. કું. બીજી વસ્તુનો બોધ કરનારો શબ્દ.

૧૩. કું. ભૂલ.

૧૪ કું. મરજી; ઇચ્છા

૧૫. કું યુક્તિ

૧૬. પુ. મીમાસાના પ્રમાણેની ચિત્તની પાચ માઠેની એક વૃત્તિ. ચિત્તની પાંચ વૃત્તિઓ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ છે

૧૭. કું. વૈચિત્ર્ય; વિરુદ્ધ આચાર

૧૮. કું. સમાધિનો એક ભેદ. તેને સવિકલ્પ પણ કહે છે

૧૯ વિ વૈકલ્પિક; એકને બદલે બીજું

વિકલ્પ થયો = બદલે આપવુ, એકને બદલે બીજું વપરાવુ

વિકલ્પન જુઓ વિકલ્પ.

વિકલ્પના [સં.] સ્ત્રી. વિચારશક્તિ.

વિકલ્પનિર્દેશ [સ.] કું. ઉદ્દેશપદમાં કોઈ નવો ધર્મ ઉમેરનાર અને ઉદ્દેશપદનો સ્વગતધર્મ એટલે કે તે શબ્દના જાતિવિશિષ્ટત્વથી પ્રસિદ્ધ થયેલો ધર્મ સ્પષ્ટ કરી બતાવનાર નિર્દેશ; વસ્તુનિર્દેશ

વિકલ્પપ્રાયક [સં.] વિ. વિકલ્પ બતાવનારું. જેમકે, અથવા, વા, કે, યા.

વિકલ્પવાદ [સં.] કું. તર્કવિતર્કનો સિદ્ધાંત; કલ્પનામય વિચારનો સિદ્ધાત.

વિકલ્પવાદી [સં. વિકલ્પવાદિન્] વિ. વિકલ્પમાં માનનાર.

વિકલ્પવૃત્તિ જુઓ વિકલ્પસમ.

વિકલ્પસમ [સં.] સ્ત્રી ન્યાયની ચોવીસ માઠેની એક વૃત્તિ.

વિકલ્પાભાસ [સ.] કું (કાવ્ય) એ નામનો એક અલકાર.

વિકલ્પ કરેલ્લાથી એકત્વ બાધ્યું હોય ત્યાં વિકલ્પાભાસ અલકાર છે

કાવ્યપ્રકાશ

વિકલ્પિત ૧. [સં] વિ. અનિયમિત; જેનો કોઈ નિયમ ન હોય તેવું

૨. વિ. જેના અર્થમાં નિશ્ચય ન હોય તેવું, સદિગ્ધ

વિકલ્પે અ. ન કરાય તો; ન થાય તો; અભાવે; ચૂકે તો.

વિકલ્પ્ય [સ.] વિ કલ્પનામાં આવી શકે તેવું; સામાન્ય બુદ્ધિથી જાણી શકાય તેવું

વિકસ ૧. [સં.] કું. કપૂર.

૨. કું. ચંદ્ર

વિકસન [સ.] ન. ખિલવણી; વિકાસ.

વિકસવું અ. ક્રિ. ખીલવું; ઊઘડવું; ફૂલવું; પ્રફુલ્લિત થવું

જેહથી અંતરથી એક પ્રગ્ન મારતી બીજાને,
તેહથી અંતરથી ના હો કના વિકસતી જ્ઞાં.

સામીગીતા

વિકસા સ્ત્રી. મજીઠ; એક જાતની વનસ્પતિ

વિકસાવવું સ. ક્રિ. વિકસે તેમ કરવું; ખીલવવું; વિકાસ કરવો.

વિકસાવું અ. ક્રિ. ખીલવું; વિકસવુ.

વિકસિત [સં.] વિ. મુકુલિત; ખીલેલું; વિકચ; પ્રફુલ્લ; ઊઘડેલું; વિકાસ પામેલું.

વિકસિતપદ્માવલી કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે ભગણ અને બે ગુરુ મળી અગિય.૨ અક્ષર હોય છે.

વિકસિતપદ્માવલી જો જાણો,
ન ભ ભ ભ ગા ગા એમાં આણો.

પિંગળ

વિકસ્વર ૧. કું. એ નામનો એક કાવ્યાલકાર. તેમાં કોઈ એક વિરોધ વાત કહીને તેની પુષ્ટિ સામાન્ય વાતથી કરવામાં આવે છે

૨. [સ.] વિ. ખીલતું; વિકસતું; વિકાસ પામેલું.

૩. વિ. પ્રકાશતું; પ્રકાશવાળું

૪. વિ. મોટા ઘાંટાવાળું; સાંભળી શકાય તેવું.

વિકળ જુઓ વિકલ.

વિકળતા જુઓ વિકલતા

વિકળા જુઓ વિકલા

વિકળો કું. એક જાતનું કાંટાવાળું ઝાડ.

વિક્ટોરિઅ ન. તે નામનું સરોવર. કેનિયાની પશ્ચિમ સરહદ ઉપર આ સરોવર આવેલું છે. અહીં સરોવરને ન્યાંઝા કહે છે. મીઠા પાણીના સરોવર તરીકે વિક્ટોરિઅ ન્યાંઝા દુનિયાનુ બીજા નબરનુ સરોવર છે. મોમ્બાસાથી વિક્ટોરિઅ ન્યાંઝા ઉપરના કિસુમ શહેર સુધી આગગાડી જાય છે. તેનો એક ફાંટો નૈરોબીથી યુગાન્ડામાં ગયેલો છે. વિક્ટોરિઅ સરોવરમા આગબોટનો વ્યવહાર ચાલે છે. નાઈલ નદી આ વિક્ટોરિઅ સરોવરમાંથી જ નીકળે છે

વિકંકત ૧. પું એ નામનો એક દાનવ.
વરાહ વિકંકતની સામે યુદ્ધ કરવા લાગ્યા.
ભાગવતી ભાગવત
૨ પુ એ નામનો એક પર્વત
કુરમ કુરર, કુરુમ, વિકંકત આદિ પર્વતો મેરુ મૂળ ભાગમા છે. ભાગવતી ભાગવત
૩. પું એક જાતનું ઝાડ તે પચમહાલમાં બહુ થાય છે તેના ઝાડ ૫ થી ૧૦ ફૂટ જેટલા ઊંચા થાય છે. ઉપર કાંટા આવેલા હોય છે શિયાળામા તેને સફેદ રંગના ફૂલ બેસે છે. ફળ કાચાં હોય ત્યારે લીલા અને બંજુડી રંગનાં અને પાકે એટલે કાળાં પડી જાય છે. પાકા ફળ ખટમધુરા હોવાથી ખાવામા મીઠા લાગે છે
૪ પું વહેંગોળ; કરો

વિકંજન પુ (પુરાણ) સોમવરી હસ્તી નામના રાજાનો પુત્ર. તેનં. બ્રો સુંદરા અને પુત્ર અજમીઢ હતો

વિકં. ૧ ૧. [સ] પુ જવાસો નામની વનસ્પતિ.
૨. પું. હરણાનું ઝાડ. આ ઝાડનું લાકડું ઇમારતી લાકડા તરીકે વપરાતું નથી
૩. વિ કાઢા વિનાનું.
૪ વિ. સાજુ વિનાનું

વિકંપ જુઓ વિકપિત.

વિકંપન ૧. પું. (પુરાણ) એ નામનો એક રુદ્રગણ
૨. [સં.] ન. ધ્રૂજવું તે.

વિકંપિત ૧. [સ.] પું. બોલવામાં અક્ષર માંહેના એક પ્રકારનો દોષ; કંપિતપણે થયેલો ઉચ્ચાર.
૨. વિ. અસ્થિર; ચચળ
૩. વિ. ફફડતું ખાતું
૪ વિ. ધ્રૂજતું; કંપતું; થરથરતું; કંપાયમાન.

વિકંસીકરણ ન. ઢોંસ વિનાનું કરવું તે; ઢોંસ છોડી નાખવા તે.

વિકાર ૧. [સ] પું. (વેદાંત) જે પોતે જન્ય હોઈ ને બીજાનું જનક ન હોય તે. જેમકે, ઘટ પૃથ્વીથી જન્ય છતાં તે કોઈ બીજાનો જનક નથી માટે ઘટ એ વિકાર કહેવાય છે
પાચ કર્મેંદ્રિય, પાચ જ્ઞાનેંદ્રિય, પાંચ મહાભૂત અને મન એવી રીતે કાર્યકારણરૂપ આ સોળ વસ્તુઓનો સમુદાય વિકાર કહેવાય છે.
ભગવતી ભાગવત
૨. પું. પરિવર્તન, કોઈ પણ વસ્તુની સ્વાભાવિક કે અસલ સ્થિતિમાં થતો ફેરફાર.
૩. પું. પૂર્વાવસ્થાનો ત્યાગ કરીને બીજી અવસ્થામાં આવવું તે; પરિણામ. જેમકે, દૂધનો વિકાર દહીં છે
૪. પું. બગાડ; નુકસાની; ખરાબી; વિકૃતિ
૫. પુ. ભેદ, ' વૅરિએશન '
૬. પું. મનનો ખુલ્લો; આવેશ; લાગણી; એકાદ ખુલ્લાથી જે ઉપદ્રવ થયો તે; આકુળતા
૭. પું મૌલિક ગુણ કે સ્વરૂપની વિપરીતતા; વિપર્યય; પલટો.
૮ પુ શરીરનો રોગ; બાધિ; રોગાદિકનો ઉપદ્રવ; શારીરિક બગાડ.
૯. પુ. સ્વર ઉચ્ચોચ્ચારો કરવો તે; સ્વરભેદ

વિકારક [સ.] વિ વિકાર કે ફેરફાર કરનારું.

વિકારપોષક [સં.] વિ. વિકારને ઉત્તેજન આપે તેવું

વિકારલાલસા [સ.] સ્ત્રી. વિકારની ભાવના

વિકારવશ [સં] વિ. વિકારને વશ થયેલું.

વિકારવું ૧. અ ક્રિ અવાજ કરવો; બોલાવવું; બરકવું
૨. અ. ક્રિ. ઉશ્કેરવું; ઉત્તેજવું.
૩. અ. ક્રિ. વિકૃતિ કરવી; બદલવું; ફેરફાર કરવો

વિકારશીલ [સં.] વિ. જેના રૂપમાંથી ફેરફાર થાય તેવું, અસ્થિર

વિકારશીલતા [સં] સ્ત્રી. અસ્થિરતા; બદલાવાનો ગુણ

વિકારહેતુ [સ.] પું વિકૃતિનો આરંભ; પ્રયોજન; કારણ.

વિકારાભાવ [સં વિકાર (ફેરફાર) + અભાવ (ન હોવાપણું)] પું. ફેરફાર ન હોવાપણું; નિર્વિકારસ્થિતિ.

વિકારી ૧. [સં.] પું. પ્રભવથી તેત્રીસમો સવત્સર; વિષ્ણુની વીસીનો તેરમો સંવત્સર.
૨. જ વિશેષણનો એક પ્રકાર. તેમાં વિશેષ્ય જાતિ અને વચન પ્રમાણે ફરે છે. જેમકે, સારો છોકરો, સારી છોકરી, સારું છોકરું.
૩. [સં. વિકારિન્] વિ. બરાબ ભાવનાવાળું; કુત્સિત; જેમાં સ્વાર્થ ભાવના ભરેલી હોય તેવું
૪. વિ. જેમાં વખતોવખત ફેરફાર થયા કરે તેવું; જેનું માપ સદા એક સરખું રહે નહિ તેવું
૫. વિ મોહ કે આસક્તિવાળું; કામી.
૬. વિ. રૂપાતરકારક; ફેર પાડે તેવું.
૭. વિ. વિકાર ઉત્પન્ન કરે તેવું; શરીર મન વગેરે બગાડે તેવું; રોગી; બપથ્ય.
૮. વિ. વિકાર કે ફેરફાર થઈ શકે તેવું.
૯. વિ. વિકારવાળું; બગડી ગયેલું.

વિકારી નામ ન. નામનો એક પ્રકાર. તે જાતિ જાતિમાં ફેરફાર થઈને વાપરી શકાય છે. જેમકે, છોકરો, છોકરી, છોકરું.

વિકારીભાવ [સ.] પુ. પુરુષ, બાપનો રૂડોગરો ભાર

વિકારોત્પાદક [સ.] વિ. વિકાર પેદા કરનાર.

વિકાર્ય ૧ [સ.] જ. ધર્મિસ્થ કર્મના ચાર ભાદેનો એક પ્રકાર.
૨. વિ. જેનો વિકાર થાય તેવું.

વિકાર્યતા [સં] સ્ત્રી. પરિવર્તનિયતા; ફેરફાર થાય એવું હોવું તે.

વિકાલ ૧. [સં.] પું. સધ્યાકાળ; દિવસનો અંતકાળ, સાંજ.
૨. પુ રાતની વેળા; વિરુદ્ધ સમય.

વિકાલક પું. અક્ષયશ્રી ભાદેનો એ નામનો એક પક્ષ.

વિકાલિકા સ્ત્રી ઘડિયાળ; ઘડી

વિકાવું અ. ક્રિ. (જુ. ગુ) બોલાવું.
વસ્ત્ર વિકાઈ ચૂકયાં બહી,
વિલા વિલાઈમિ દાયકી. ભાલણકૃતમય

વિકાશ જુઓ વિકાસ.

વિકાશક જુઓ વિકાસક.

વિકાશન જુઓ વિકાસન.

વિકાશવાદ જુઓ વિકાસવાદ.

વિકાશવું જુઓ વિકાસવું.

વિકાશી જુઓ વિકાસી

વિકાસ ૧. પું. આકાશ.
૨. પું. અવિષ્કાર.
૩. પું. ઉદ્ઘાટના; ઉઘાડવું તે.
૪. પું. (અલ્પ) એ નામનો એક કાવ્યાલકાર. જ્યાં વિકાસનું વર્ણન કરવામાં આવે તે વિકાસ અલકાર કહેવાય છે.
૫. પું. એક ઉત્ક્રાંતિ જાતનો પ્રસિદ્ધ પાશ્ચાત્ય સિદ્ધાત. તેનો આચાર્ય ડાર્વિન નામનો પ્રસિદ્ધ પ્રાણીવિજ્ઞાનવેત્તા છે. આ સિદ્ધાંતમાં એમ માનવામા આવેલું છે કે, આધુનિક સમસ્ત સૃષ્ટિ અને તેમાં રહેતાં જીવજતુ, વૃક્ષ વગેરે એક જ મૂળતત્ત્વમાથી ઉત્તરોત્તર નીપજતાં આવ્યાં છે. આખી સૃષ્ટિ જેવી છે તેવી જ એકી સાથે ઉત્પન્ન થઈ હતી એ વાતનો આ સિદ્ધાંત વિરોધી છે
૬. પું. કોઈ પણ રકમને તેટલી જ કીમતની બીજી રકમનું રૂપ આપવું તે
૭. પું. કોઈ વસ્તુની વૃદ્ધિને માટે તેના રૂપ વગેરેમાં ઉત્તરોત્તર પરિવર્તન થતું તે.
૮. પું. ખિલવણી; ખીલવું તે; ઉન્નતિ.
૯ પું. જાહેરાત
૧૦. પું. તેજ; પ્રકાશ.

૧૧. સ વિ (વધારે) + કાસ્ (પ્રકાશવું)] પુ. તેજ, સુરખી
૧૨ પુ પ્રફુલ્લિત થવું તે; ઊઘડવું તે
૧૩ પુ પ્રસવ
૧૪ પુ ફેલાવ; વિસ્તાર; પ્રસાર.
૧૫. પુ હરખ, આનંદ

વિકાસક [સં.] વિ. ખિલવનાર, વિકાસ કરનાર.

વિકાસક્રમ ૧. [સં] પુ. ઉત્ક્રાંતિ; વિવરણ; સમૃદ્ધિ, પરિણામ, પ્રસારણ; વિસ્તાર.
૨ પુ વિકાસશ્રેણી; વિકાસનું એક પછી એક આવતું પગથિયું; વિકાસ થવાનો ક્રમ.

વિકાસદશા [સં.] સ્ત્રી ખિલવણી, વિકાસવાળી સ્થિતિ.

વિકાસન ૧. [સં] ન. ખીલવું તે; વધવું તે; વિકાસ
૨. ન. પ્રગટ કરવું તે; ખુલ્લું કરવાપણું, અનાવિષ્કરણ.

વિકાસવાદ [સ] પુ પરિણામવાદ, ઉત્ક્રાંતિવાદ, પ્રગતિવાદ; ઉત્ક્રાંતિવાદ, જાતિવિકાસો, 'ઇવોલ્યુશન' એકદમ નવાં સર્જનો નથી પણ અગાઉ પ્રચલિત એવા આકારો પરથી ધીમે ધીમે વિકાસ પામીને બન્યા છે એવો મત

વિકાસવાદી [સ. વિકાસવાદિન્] વિ. ઉત્ક્રાંતિવાદી, પ્રગતિવાદી, પરિણામવાદી; ઉત્ક્રાંતિવાદી; વિકાસવાદમાં માનનાર.

વિકાસવું ૧. અ.ક્રિ. ખીલવું; ફૂલવું; ઊઘડવું; પહોળું થવું.
૨. અ.ક્રિ. પ્રકટ થવું; જાહેર થવું.
૩ સ ક્રિ ઉઘાડવું; પહોળું કરવું; ફાડવું
૪ સ ક્રિ. દૂર દૂર મોં ફાડી જોયા કરવું
૫ સ.ક્રિ. પ્રકટ કરવું.
૬ સ ક્રિ ફુલાવવું, હવા ભરવી,
૭ સ ક્રિ વર્ણવવું
૮. સ ક્રિ વિકસાવવું; પ્રફુલ્લ થાય તેમ કરવું

વિકાસસિદ્ધિ [સ] સ્ત્રી વિકાસ પ્રાપ્ત કરવો તે

વિકાસસ્થાન [સ] ન વિકાસ કરવાનું ઠેકાણું

વિકાસાતીત [સ] વિ. વિકાસથી પર; વિકાસ થઈ શકે નહિ તેવું
પરંતુ અમને જ્ઞાકરણનો એવડો ભારે ભ્રામોદ નથી થતો કે તેઓ તેને સંપૂર્ણ વિકાસાતીત રાજા અથવા તે આપોઆપથી થતું ઑટોમેટિક યંત્ર માની બેસે. કૌમુદી

વિકાસાભાવ [સં] પુ ખિલવણી ન હોવાપણું

વિકાસી ૧ વિ [illegible]

૨. વિ. બીજાનું; વિકસનું.
૩ વિ ખૂલનું; પહોળું થતું
૪. વિ. ઢીલું કરનારું; રોચિલ્યપદ; સાંધાને શિથિલ કરનાર

વિકિર ૧ ન. કૂવો
૨. [સ] ન. પક્ષી.
૩. ન ચિત્ર દૂર કરવા માટે ચોખા કે સરસવ ભટવા તે

વિકિરણ ૧. [સં] પું. આકડાનો છોડ.
૨ ન. કિરણપ્રસરણ; કિરણનો ફેલાવો; અગ્રપ્રસરણ
૩ ન જ્ઞાન
૪ ન વિષે મનન, ચિંતન અથવા જ્ઞાન કે જ્ઞાનનું તે
૫ ન ફેંકવું તે
૬ ન વિખરાવું તે, ફેલાવું તે, પ્રસરવું તે
૭ ન દિલ દઈને તે
૮ વિ ચિન્હ વિનાનું

વિકીર્ણ ૧ પુ બોલવાના અઢાર ભાંહેના એક પ્રકારનો દોષ તેમાં એક વર્ણ ઉચ્ચારવો હોય ત્યાં અનેક વર્ણ ઉચ્ચાર્યાનો જેવો ભાસ થાય છે
૨ [સ.] વિ. ઉડાડેલું; છૂટુંછવાયું કરી નાખેલું, ફેંકી દીધેલું
૩. વિ પ્રસરેલું; પ્રસિદ્ધ; મશહૂર.
૪ વિ વિખરાયેલું, આમતેમ ફેંકાયેલું કે ફેલાયેલું; વિખરાયેલું, વિખૂટું

વિકુક્ષિ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુ રાજાના સો માંહેનો સૌથી નાનો પુત્ર. તેને શશાદ પણ કહેતા હતા. વસિષ્ઠ તેના કુલગુરુ હતા.
૨. વિ. ફાંદવાળું; જેનું પેટ ફૂલેલું કે આગળ નીકળેલું હોય તેવું

વિકુનિયા ન બચ્ચાંને મળતું એક જાતનું જંગલી પ્રાણી. તે દક્ષિણ અમેરિકામાં વસે છે. તેના વાળનું આફઘાકા નામનું કાપડ બને છે.

વિકુર્વાણ ૧. [સં.] પું શિવનાં હજાર માંહેનું એક નામ
૨. વિ. પ્રસન્નચિત્ત; આનંદ પામેલા મનવાળું

વિકુર્વી ન. પોતાની શક્તિથી કરી બતાવવું તે.

વિકુલ ૧. ન. અંજુસમાસ; પાણીમાં થતું ઘાતળું પણ મજબૂત નેતર.
૨. વિ. બહુ સુંદર.
આમૂલ્ય તો અનેક છે પ્રભુજી વિકુલ.
દયારામ

વિકુળ ૧ ન [illegible]
૨ વિ. કુળ વિનાનું.
૩ વિ [illegible]

વિકુંઠ ન [illegible]

વિકુંઠકુંઠ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્ક્રાંતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી છવ્વીસ વર્ણ હોય છે.

વિકુંઠા સ્ત્રી. (પુરાણ) રૈવતમન્વંતરમાંના વિષ્ણુ અવતારની માતા.

વિકુંઠિત [સં.] વિ. બુઠ્ઠું; કુંઠિત થઈ ગયેલું.

વિકૃત ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.
૨. પું. એ નામની બીજો પ્રજાપતિ.
૩. પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૪. પું સ્વરના બે માંહેનો એક વિભાગ. સ્વરના વિભાગ માટે શુદ્ધ અને વિકૃત એ બે શબ્દનો પ્રયોગ કરેલો છે. તેના અંતર અને બાહિર એવા બે પ્રકાર છે. જે વિકૃત હૃદયથી એટલે ગાનારી ઉત્પન્ન થાય છે તે અંતર અને બીજા વગેરે વાદ્ય વગાડવાથી ઉત્પન્ન થાય તે બાહિર સ્વર કહેવાય છે. વિકૃત સ્વર બાર છે: કુત, અકુત, કાકલી, અતિકાકલી, મધ્યમ, અતિમધ્યમ, વિકૃત, અતિવિકૃત, અંતર, સાંતર, ક્રમક અને અતિક્રમક.
૫. ન. રોગ; બગાડ.
૬. ન. વિકાર; ફેરફાર.
૭. ન સાઠ માંહેનું ચોવીસમું વર્ષ.
૮. વિ. અધૂરું; અપૂર્ણ.
૯. વિ. જેના સ્વરૂપમાં કે ગુણમાં ફેરફાર થઈ ગયેલો હોય તેવું; બગડી ગયેલું; ખરાબ; બેહોળ.
૧૦. વિ નિયમ વિરુદ્ધ; ધારાથી ઊલટું.
૧૧. વિ. રોગી; બીમાર.
૧૨. વિ. વિદ્રોહી; બરાબર.

વિકૃતગર્ભ [સં.] પું. વિકારવાળો ગર્ભ.

વિકૃતચિત્ત [સં] વિ. ભ્રાંતચિત્ત; ગાંડું; અસ્વસ્થ મગજનું.

વિકૃતજાતીયતા [સ.] સ્ત્રી. વિકાર પામેલી જાતિની ભાવના

વિકૃતદૃષ્ટિ [સં] સ્ત્રી. વિષમદૃષ્ટિ; ફેરફાર પામેલી નજર.

વિકૃતદાઢી [સ.] વિ રોગવાળું; બીમાર

વિકૃતપરિણામ [સં.] ન. મૂળરૂપમાં આવી ન શકાય તેવું પરિણામ. દૂધમાંથી ચનો દહીંનો વિકાર એવા પ્રકારનો છે કે, આપણે તેને દૂધના રૂપમાં ફરી ફેરવી શકીએ નહિ. આનું નામ વિકૃત પરિણામ છે

વિકૃતપરિણામપક્ષ પું (સંગીત) શ્રુતિઓમાંથી જ્યાં થયા કે જેમાંથી શ્રુતિઓ થઈ એ વિચારના સમર્થમાં પ્રાચીનકાળમાં પાંચ પક્ષો

પ્રચલિત હતા તેમાનો એક પક્ષ. આ પક્ષ શાસ્ત્રે માન્ય રાખ્યો છે

વિકૃતવાસના [સં] સ્ત્રી વિકારી દમ્ભ; વિપરીત વાસના, કામી વિચાર; અવળાક્રમની મનોવૃત્તિ.

વિકૃતસ્વર [સં.] પું (સંગીત) શુદ્ધ સ્વરને ઊંચો કે નીચો કરવાથી થતો વિકાર પામેલો સ્વર

વિકૃતસ્વરમાળા સ્ત્રી. (સંગીત) સાત શુદ્ધ સ્વર અને તેની વચમાંના પાંચ કોમળ તીવ્ર સ્વર મળી થતો કુલ બાર સ્વરનો સમૂહ. સા, રિ, ગ, મ, પ, ધ, નિ એ સાત શુદ્ધ સ્વર અને તેની વચમાંના પાંચ કોમળ તીવ્ર જે વિકૃત સ્વર તે મળી કુલ ૧૨ સ્વરોની એક વિકૃતસ્વરમાળા થાય છે. તેને અંગ્રેજીમાં ક્રોમેટિક સ્કેઈલ કહે છે

વિકૃતિ ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે ઝાઝિની કુલિની છંદનો એક ભેદ છે. તેમાં ૪૫ ગુરુ અને ૧૮ લઘુ મળી ૧૧૩ વર્ણની ૧૫૮ માત્રા હોય છે

૨. પું. ચોવીસની સંખ્યા સૂચક સાંકેતિક શબ્દ.

૩. પું પ્રભવથી ચોવીશમો સવત્સર; વિષ્ણુની પાશ્ચીનો ચોથો સવત્સર.

૪. પું. રોગ; વિકાર; વ્યાધિ; માંદગી.

૫. પું. (પિંગળ) વૃત્ત કે અક્ષરમેળ છંદની એક જાત. આ જાતના દરેક ચરણમાં ૨૩ અક્ષર આવે છે. અદ્રિતનયા, વર્ષાવાગીશ્વરી, ઇંદ્રવિજય, મલ્લિકા, લલિત, શોભા, સુંદરી અને સભા એ આ જાતના પ્રસિદ્ધ છંદ છે.

૬. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં થયેલા જ્યામઘ પુલોત્પન્ન ક્રમવંશના ભૂમ્રત રાજાનો પુત્ર. તેનું વિમલ એવું નામાંતર હતું.

૭ સ્ત્રી. અદ્રસરતી; વિરૂપત્વ; બદશિકલ

૮ સ્ત્રી આર્હંસ્પત્ય સવત્સરનાં સાઠ માહેનું ચોવીશમું વર્ષ.

૯ સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી સાઠ માહેની એક કલા

૧૦ સ્ત્રી. મનોવિકાર; વિકાર; વિક્રિયા; બગાડો; સ્વાભાવિક સ્વરૂપ કે ગુણ વગેરેમાં થયેલો નરસો ફેરફાર

૧૧. સ્ત્રી. વેદમંત્રોના પદ સંધિ વિના જુદાં પાડી તેના પાઠ કરવાની એકવડી, બેવડી કે ત્રેવડી એમ આઠ રીત ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ઘનક્રમ, દંડક્રમ અને ઘન એવી આ રીત રાવણે રચી હોવાનું કહેવાય છે.

૧૨ સ્ત્રી. સ્થિતાંતર; પરિવર્તન; પરિણામ.

૧૩. સ્ત્રી હોનારત

વિકૃતિકાવ્ય [સં] ન મૂળ કાવ્યની વિકૃતિરૂપ કાવ્ય; ' પેરડિ '.

વિકૃતિગતસ્વાધર્મ્ય [સં.] ન. (વૈદક) વાત, પિત્ત, કફ વગેરે ત્રિદોષ જ્યારે વિકારને પામે ત્યારે તેમનો પ્રકટ થતો વિશિષ્ટ સ્વભાવ

વિકૃતિચિત્ર [સં.] ન. હાસ્યચિત્ર; અંગચિત્ર; કટાક્ષચિત્ર; નર્મચિત્ર; ' કેરિકેચર'.

વિકૃતિદશા [સં.] સ્ત્રી ફેરફાર પામેલી સ્થિતિ

> દરેક પદાર્થ જ્યાં સુધિમાં અભાવ કરે છે મૂળ પ્રકૃતિદશામાં, પછીથી પ્રકૃતિ-વિકૃતિ દશામાં અને છેવટે વિકૃતિદશામાં આવી કરે છે
>
> રાજા સંપ્રસાદ

વિકૃતિભૂત [સં.] વિ. વિકાર પામેલું.

વિકૃષ્ટ ૧. ન. ઉગ્ર તપ

૨. ન. કઠિન માર્ગ; મુશ્કેલ રસ્તો.

૩. [સં.] વિ ખેંચેલું; તાણેલું; આકૃષ્ટ

૪. વિ. ઘસડેલું

વિકૃષ્ટઅભ્ય [સં] ન. નાટ્યગૃહનો એ નામનો એક પ્રકાર. આ નાટ્યગૃહ ૬૪ હાથ લાંબુ તથા ૩૨ હાથ પહોળું હોય છે

વિકૃષ્ટચ્યેષ્ઠ ન. નાટ્યગૃહનો એ નામનો એક પ્રકાર. આવું નાટ્યગૃહ ૧૦૮ હાથ લાંબું તથા ૬૪ હાથ પહોળું હોય છે.

વિકૃષ્ટાચર [સં.] ન. નાટ્યગૃહનો એ નામનો એક પ્રકાર. આ નાટ્યગૃહ ૨૨ હાથ લાંબુ તથા ૧૬ હાથ પહોળું હોય છે.

વિકેટ [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતમાં વપરાતી ત્રણ લાકડીનો સમૂહ અને તે ઉપરનાં ચકલાં; 'સ્ટમ્પ્સ એન્ડ બેઈલ્સ'.

> આવા વિકેટ કીપરનો વિરલ આલમેનકના નામથી પરિચિત છે. વિરલ સસેક્સનો બડપી બોલર હતો. ૧૮૪૮થી ૧૮૫૦ વચ્ચે તેણે ૨,૭૦૦ વિકેટો લીધી હતી. વિશ્વની વિચિત્રતાઓ

વિકેટકીપર [અં.] પું. ક્રિકેટની રમતમાં દાવ દેનારા માહેનો વિકેટ પાછળ ઊભો રહેતો અને દડા ફેંકનારના દડા અટકાવનાર ખેલાડી

વિકેરા ૧. પું. એક પ્રકારનું પ્રેત.

૨. પું. ખુબડીઓ તારો.

૩. [સં.] વિ. વાળ વગરનું, ઓકું.

વિકેશી ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની રાક્ષસી.

૨. સ્ત્રી. વાળ વગરની સ્ત્રી

૩. સ્ત્રી. સ્ત્રિની પૃથ્વી રૂપ પત્ની

વિકેંદ્રણ જુઓ વિકેંદ્રીકરણ

વિકેંદ્રીકરણ [સં.] ન. વિભાજન; ભાગ પાડી નાખવા તે.

વિકોચ ન મોટું થવું તે, ફેલ થવું અથવા ખોલવું તે.

વિકોષ ૧. પું. ખુલ્લી તલવાર.

૨. [સં] વિ ખુલ્લું; મયાન વગરનું

વિકૌતુક પું. જ્યોતિષશાસ્ત્રનું એક સ્વરૂપ

વિક્ક [સં] પું. હાથીનું બચ્ચું

વિક્ટોરિયા ૧ પું એ નામનો એક ન.નો ગ્રહ. તેની શોધ ફૈંડ નામના એક યરપિયને સને ૧૮૫૦માં કરી હતી

૨. સ્ત્રી. ઇંગ્લંડની એ નામની મહારાણી.

૩. [અં] સ્ત્રી એક પ્રકારની ઘોડાગાડી; બે માણસ બેસી શકે અને હાંકનારને બેસવાની બેઠક આડીને ઓખરે હોય એવી નીચી અ.૨ પૈડાવાળી સફેદ કરવાની ગાડી; બગી

વિક્ટોરિયાક્રોસ [અં.] પું બહાદુરીના કામ માટે ઇંગ્લંડના સરકારી તરફ. નૌકાસૈન્ય ખાતામાં અપાતો ચાંદ.

વિક્તિ ૧. [સં. ઉક્તિ] સ્ત્રી કહેવું તે.

૨. સ્ત્રી. બાનપણ; કથા.

૩. સ્ત્રી. વિગત.

૪ સ્ત્રી. વિવેક; સારાસારનો ભેદ.

વિક્રમ ૧. પું. ઘોડાની એક ચાલ; બળ પ્રમાણે પગલાં ભરી ચાલવું તે.

૨ [સં.] પું. નાચ; ' રેઢ '.

> સ્કેન્ડિનેવિયાનો પ્રસિદ્ધ દોડનાર મેન્સન અર્નસ્ટ ૧૮૨૫માં પેરિસથી બોરકો સુધી ૧૩ દિવસ સુધી દરરોજના ૧૨૫ માઈલની ઝડપે દોડ્યો હતો. ખરાબ રસ્તા તથા અયોગ્ય હવામાં તે દોડ્યો હતો. રસ્તામાં તેને ૧૩ મોટી નદીઓ ઓળંગવી પડી હતી. ઓગણિસમી સદીની શરૂઆતનો આ વિક્રમ હજુ કોઈએ તોડ્યો નથી
>
> વિશ્વની વિચિત્રતાઓ

૩. પું. પગલું; ક્રમ.

૪. પું. પરાક્રમ; પુરુષાર્થ; શૌર્ય.

૫. પું. પરાક્રમવાળું સૌભાગ્ય; ઝળહોજલાલી

૬. પું. વિક્રમ સવત પ્રવર્તાવનાર એ નામનો ગુપ્તવંશ ઉજ્જૈનનો પરાક્રમી પરોપકારી રાજા; વિક્રમાદિત્ય

૭ પું વિષ્ણુનાં હજાર મ હેનું એક નામ

૮. ન. એ નામનો એક સવત

૯. ન. ચાલવું તે; પગલાં ભરવાં તે; ગતિ.

૧૦ ન. ક્રમ; પ્રકાર; રીત

૧૧. ન. સાઠ માંહેનું એ નામનું આઠમું વર્ષ.

૧૨ ન સ.મરણ, જાગ.

૧૩. વિ ઉત્તમ, શ્રેષ્ઠ

૧૪ વિ. ક્રમ વિનાનું; અનિયમિત.

વિક્રમકાળ ૧ પુ. ઉજ્જૈનના પ્રસિદ્ધ વિક્રમાદિત્ય રાજાના નામથી શરૂ થયેલો સંવત. અગાઉ સિવાય આખા ઉત્તર ભારતમાં વિક્રમકાળ અથવા વિક્રમસંવત ચાલુ છે. સાધારણ સમજૂતી એવી છે કે, વિક્રમાદિત્યે પરદેશી લોકોની સવારી પાછી હઠાવી તેથી આ કાળ ગણવાની રૂઢિ પડી આ વાતની શરૂઆત જુદા જુદા ભાગોમાં જુદે જુદે [illegible] અમાસ ગણવું. કાર્તિક સુદ એકમથી ૬ કાર્તિક વદમા અષાઢ સુદ ત્રીજથી થાય છે અને રજપૂતાનામાં પૌર્ણિમાંત ચૈત્ર સુદ એકમથી થાય છે

૨. પુ ભારતીય ચોવીસ માંહેનો એક સંવત તે ઈ. સ ૧૦૬૪થી. એટલે વિક્રમાદિત્ય છઠ્ઠાના રાજ્યાભિષેકથી શરૂ થયેલ છે. કલ્યાણપુરના ચૌલુક્ય બાલકી રાજા વિક્રમાદિત્ય છઠ્ઠાએ પોતાના રાજ્યમાં શરૂ સંવતને બદલે પોતાના નામનો સંવત ચલાવ્યો. માળવાના પ્રસિદ્ધ વિક્રમાદિત્યના સંવતથી આ જુદો છે એમ બતાવવા માટે તેને ચાલુક્ય વિક્રમકાળ, ચાલુક્ય વિક્રમવર્ષ, વીર વિક્રમ કાળ, વિક્રમકાળ, વિક્રમવર્ષ વગેરે નામ આપવામાં આવેલ છે. એ સંવત એ રાજાના રાજ્યાભિષેકથી શરૂ થયેલ છે. આ સંવતનો પ્રારંભ ચૈત્ર શુદિ એકમથી થાય છે તે સંવત ૧૨૦ વર્ષ સુધી ચાલીને પછી બંધ પડી ગયો હોય તેમ લાગે છે.

વિક્રમભૂમિ [સં.] સ્ત્રી. સમરાંગણ; યુદ્ધભૂમિ.

વિક્રમવર્ષ જુઓ વિક્રમકાળ

વિક્રમશાળી વિ પરાક્રમી, બહાદુર

> આ **વિક્રમશાળી** રાજાનો વૃત્તાંત પણ સ્વયંપ્રભસૂરિના ઉપોદ્ઘાતમાં આપ્યો છે.
>
> વિ. મ. ભટ્ટ

વિક્રમશીલ જુઓ વિક્રમશાળી.

વિક્રમશીલતા [સં] સ્ત્રી પરાક્રમીપણું; બહાદુરી

> સાહિત્યનું સર્વસ્વ, સાહિત્યનો જે પ્રાણ જે ઓજસ્વિતા છે, **વિક્રમશીલતા** છે, સત્ત્વવૃદ્ધિ છે.
>
> કલાકર

વિક્રમશીલા ન. મગધ દેશનું એ નામનું એક પ્રાચીન શહેર. તે વિશ્વવિદ્યાલય માટે પ્રસિદ્ધ હતું. તે ભાગલપુર જિલ્લાની અંદર આવેલા સુલતાનગંજની સમીપ ગંગાની જમણી બાજુના કિનારે એક પહાડના શિખર પર આવેલું હતું તેમાં કુલ એકસો આઠ ભવન હતાં. આ વિશ્વવિદ્યાલયને બીજાં છ મહાવિદ્યાલયો હતાં, જેમાં એકસો આઠ પંડિતો શિક્ષણ આપતા હતા અને બધા પંડિતો તથા અન્ય અતિથિ વિદ્વાનોનો ખર્ચ મહારાજાઓએ આપેલાં ગામોની આવકથી ચાલતો હતો. વચ્ચેનું ભવન વિજ્ઞાનમંદિરના નામથી વિખ્યાત હતું. તેના ત્રિદ્વારના મહતો ને પંડિતો પાસેથી બૌદ્ધધર્મના ગ્રંથોનું શિક્ષણ લેતા હતા અને તે પંડિતો વિશ્વવિદ્યાલયના પ્રથમ અને દ્વિતીય સ્તૂપ ગણાતા. રાજા જયપાલના શાસનકાળમાં વિશ્વવિદ્યાલયની દેખરેખ માટે ૬ પંડિતો હતા આ સમયમાં જ મહાત્મા દીપંકરીએ એક રસોડું સ્થાપિત કર્યું હતું તેમાં વિક્રમશીલાના વિદ્યાર્થીઓને મફત ભોજન મળતું હતું વિદ્યાર્થીઓને સાત્ત્વિક ભોજન આપવા ચાર રસોડાં પહેલેથી જ હતાં. તે સિવાય બારેકના અધીરા મહારાજા સનાતનીએ દસમી શતાબ્દીમા પહેલા એક વધુ રસોડું ખોલ્યું હતું વિશ્વવિદ્યાલયના પ્રબંધ માટે ૬ પંડિતોની સભા હતી. તેનો સભાપતિ રાજગોવિંદ હતો હતો. મહારાજા ધર્મપાલના સમયમાં અધ્યક્ષપદ પર શ્રી બુદ્ધિજ્ઞાનપાદાચાર્ય હતા. અગિયારમી શતાબ્દીમાં આ પદ પર શ્રી દિપંકર નિવત હતા પોતાના સમયમા તે વિખ્યાત હતા. આ વિશ્વવિદ્યાલયમાંથી અભ્યાસ કરી બહાર નીકળતા તેમને પંડિતની પદવી એનાયત થતી હતી. આ વિશ્વવિદ્યાલયમા બૌદ્ધદર્શન, ધર્મ, ન્યાય, વિજ્ઞાન તથા વૈદક આદિ બધા વિષયોનું શિક્ષણ અપાતું હતું.

વિક્રમસંવત [સં.] પુ. ઈ. પૂ ૫૬ થી શરૂ થયેલ એ નામનો શક; વિક્રમ રાજાએ ચલાવેલો સંવત્સર. ફક્ત વિ. સં. લખાય છે આ સવત કલિયુગ સવતનાં એટલે યુધિષ્ઠિરના ૩,૦૪૪ વર્ષ પછી શરૂ થયો મનાય છે. આખા ઉત્તર ભારતમાં અને બધે સ્થળે દક્ષિણ ભારતમાં પણ તે ચાલુ છે. માળવાના રાજા વિક્રમે શકનો પરાજય કરીને પોતાના નામનો સવત ચલાવ્યો છે. માલવ અથવા માળવાના રાજા કે રાજ્યની સ્વતંત્ર સ્થાપના જે સમયથી થઈ તે સમયથી એ સવતનો પ્રારંભ થયો છે તેથી તેને વિક્રમસવત કે માલવ સવત પણ કહે છે. આ સવતમાંથી ૫૬ વર્ષ બાદ કરવાથી ખ્રિસ્તીસન આવે છે અને ૧૩૫ વર્ષ બાદ કરવાથી શકસંવત આવે છે આ સવતનો પ્રારંભ ઉત્તર ભારતમાં ચૈત્ર સુદ એકમથી, દક્ષિણમાં કાર્તિક સુદ એકમથી અને સૌરાષ્ટ્ર, ગુજરાત તથા રજપૂતાનાના કેટલાક ભાગમા અષાઢ સુદ એકમથી થાય છે. ઉદેપુર વગેરે રાજ્યોમાં રાજકીય વિક્રમસવત શ્રાવણ વદિ થી શરૂ થાય છે તે સંવતને અષાઢાદિ સવત પણ કહે છે; કેમકે, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં અષાઢથી તે સવત શરૂ થાય છે.

વિક્રમસેન પુ. માળવાનો વિક્રમાદિત્ય રાજા

વિક્રમાદિત્ય પું. ઉજ્જયિનીમા રાજ્ય કરનો એક પ્રખ્યાત રાજા. તે ગર્દભિલ્લ રાજાનો પુત્ર હતો તેની કચેરી નવરત્ન માટે પ્રખ્યાત છે વિક્રમ સવત તેના નામ ઉપરથી યોજાયેલ છે વિક્રમાદિત્યને તેના ભાઈ એ નાસ સંન્યાસી થઈ ને રાજ્યગાદી છોડી દીધી હતી તે મળી તે ભાઈ એ પવિત્ર સિપ્રા નદીને કિનારે વર્ષો સુધી એ રીતે રહીને તપશ્ચર્યા કરી તેણે પ્રજાનું પુત્ર પેઠે પાલન કરી અંધારપછેડો ઓઢી પ્રજાનાં દુઃખ ટાળ્યાં હતાં. વિદ્વાનોને આશ્રય આપી પોતા પાસે રાખ્યા હતા. શક લોકોને હરાવી ભારતખંડમા શાંતિ સ્થાપવાથી લોકો તેનો સવત ચલાવ્યા હોવા જોઈએ છે જે હજી ચાલે છે તે ન્યાય કરવામાં ખૂબ કુશળ હતો તેથી જ કહેવત પડી છે કે, ન્યાય તો રાજા વિક્રમનો. વિક્રમાદિત્ય પરદુઃખભંજન હતો. તે છપ્પા વેશે પ્રજાના દુઃખો જાણી લેતો ને તે દૂર કરતો. તેના દરબારમાં પંડિતો ને કવિઓને માન ને આશ્રય મળતાં. સંસ્કૃત ભાષાનો મહાકવિ કાલિદાસ એના દરબારમાં રહેતો. ધન્વંતરી, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વૈતાલભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર, વરરુચિ આ નવ વિક્રમ રાજાની સભાનાં નવરત્ન ગણાય છે. તેની સભામાં ૮૦૦ માંડલિક ખંડિયા રાજા હતા. તેઓ સભાસદ બનવાના એક કરોડનું લશ્કર હતું. તેની સભામાં ૧૧ પંડિતો, ૧૬ જ્યોતિષશાસ્ત્રના વિદ્વાન, ૧૬ વૈદ્યો, ભટ્ટો, ૧૬ પૌરાણિકો, ૧૬ ગુણમાન કરનારા ગુણજ્ઞાકોઓ અને વેદના પંડિતો અને વેદ પાઠકો ૧૬ હતા. તેણે પોતાના દેશપર આક્રમણ કરનારા એક લાખ શક લોકોને હણીને પોતાનો શક કે સંવત ચલાવ્યો હતો.

વિક્રમાર્ક ૧. [સં] પું. વિક્રમનું વર્ષ; વિક્રમસંવત. ૨. પું વિક્રમાદિત્ય રાજા.

વિક્રમી ૧. [સં] પું. બહાદુર પુરુષ.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાનનો વિક્રમ કે શૂરવીરતા સમસ્ત પુરુષોથી પણ વિલક્ષણ છે તેથી તે વિક્રમી કહેવાય છે. વળી અદ્ભુત પરાક્રમોના કરનારા પણ તે જ છે
૩. પું. સિંહ.
૪. વિ બહાદુર; પરાક્રમી.
૫. વિ. વિક્રમને લગતું; વિક્રમનું; વિક્રમ સંબંધી.

વિક્રમોજ્જત [સં.] પું શિવ

વિક્રમોર્વશીય [સં.] ન. એ નામનું મહાકવિ કાલીદાસ કૃત એક નાટક. તેમા **ઉર્વશી** પરાક્રમને લીધે પુરૂરવા તરફ આકર્ષાઈ તેને પરણે છે તે સંબંધનું કાલીદાસ કવિએ રચેલું સંસ્કૃત નાટક

વિક્રય [સં] પું વિક્રી; વેચાણ; વેચવું તે; મૂલ્ય લઈને આપવું તે.

વિક્રાંત ૧ સ , પુ એક સ્થળેથી બીજે સ્થળે જનાર માણસ.
૨. પું ચાલવાની રીત.
૩. પું બહાદુર પુરુષ.
૪. પુ. વૈદ્યકમણિ
૫. પુ. વ્યાકરણમાં એક પ્રકારની સંધિ. તેમાં વિસર્ગ અવિકૃત જ રહે છે
૬ પુ વિષ્ણુના હજાર માંહેનું એક નામ
૭. પું સિંહ
૮. વિ આક્રમણ કરી ગયેલું.
૯. વિ. ઉશ્કેરાયેલું, ઉન્માદ ઉપર ચડેલું.
૧૦ વિ તેજસ્વી, પ્રતાપી
૧૧. વિ પરાક્રમી; બહાદુર; વીર.
૧૨ વિ. સિદ્ધ.માઠું, બીક લાગે તેવું; ડરામણું, વિકરાળ.

વિક્રિયા ૧ [સં] સ્ત્રી. ઊલટી ક્રિયા થવી તે બગડવું તે; બગાડ
૨. સ્ત્રી. ફેરફાર
૩. સ્ત્રી. રોગ; વ્યાધિ.
૪. સ્ત્રી. વિકાર; ખરાબી

વિક્રી ૧. [સં. વિક્રય] ન. વેચાણ; લીલામ; વિક્રય.
૨. ન. વેચાણમાં મળેલું ધન.

વિક્રીત [સ.] વિ. વેચેલું.

વિક્રીતર પું. વેચાતું કીમત.

વિક્રીપત્ર ૧. પું. ભરતિયું; વેપારીએ બનાવેલ માલની તપસીલ અને કીમત જેમાં લખેલાં હોય તે કાગળ
૨ પું. વેચાણખત; વિક્રયલેખ.

વિક્રીપાત્ર વિ વેચી શકાય તેવું

વિક્રીયોગ્ય જુઓ વિક્રીપાત્ર.

વિક્રીલેખખત ન. કોઈ પણ વસ્તુ વેચવાનો લેખ કરી આપવો તે.

વિક્રેતા [સં] પું વેચનાર માણસ

વિક્રેય સ , ન વેચવાની વસ્તુ, વેચવા લાયક વસ્તુ.

વિક્લવ ૧ [સ વિ ગદ્‌ગદ, દુઃખી, ખિન્ન.
૨. વિ. વિહ્વળ; બેચેન; ગભરાયેલું.

વિક્લવતા ૧. [સ. , સ્ત્રી દુઃખી રહેવું તે
૨ સ્ત્રી. વિહ્વળતા; અસ્થિરતા; વિકળતા.

વિક્ષત ૧. [સં] વિ. ઘાયલ થયેલું
૨. વિ વિખ્યાત; પ્રખ્યાત.
વૈરૂં દેવ વિક્ષત ૨ રાખ્યા. દયારામ

વિક્ષબ્ધ વિ ભરાયેલું, ગભરાયેલું, બેચેન.

વિક્ષય પું. ક્ષોભ પામવો તે; મુંઝાવું તે.

વિક્ષર ૧ પું (પુરાણ) કશ્યપની સ્ત્રી, દનુનો એ નામનો એક પુત્ર
૨. પું. વિષ્ણુ. તે ક્ષરથી રહિત કોઈ અવિનાશી પદ પામ્યા છે

વિક્ષા સ્ત્રી કારણ, હેતુ

વિક્ષાત વિ. (જુ. પુ) વિખ્યાત, પ્રખ્યાત થવું તે

> કેસરી કહિ મહિલા સુધિ વાત,
> ઉદિત કવુ યે જગ વિક્ષાત
> વિશ્વપ્રબંધ

વિક્ષાર [સં.] પું. સાજીનાં ફૂલ

વિક્ષારક સ. વિ ક્ષારના ગુણોનો નાશ કરનાર

વિક્ષાલન [સ] ન. ધોવાનું તે; ધોવું તે; પ્રક્ષાલન.

વિક્ષિપ્ત ૧ સં.] ચ ચિત્તની પાંચ માંહેની એ નામની એક ભૂમિકા. ચિત્તભૂમિ પાંચ છે: ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરોધ. સત્વગુણની પ્રધાનતાને લઈને દુઃખસાધનનો પરિહાર અને સુખસાધનને પ્રાપ્ત કરવામાં પ્રવૃત્તિવાળા ચિત્તને વિક્ષિપ્ત કહે છે. તે ધ્યાનયુક્ત હોવાથી ક્ષિપ્ત કરતાં શ્રેષ્ઠ છે અને તેથી તે વિક્ષિપ્ત કહેવાય છે.
૨. વિ. ઉન્મત્ત; ગાંડું; પાગલ; પાગલ
૩. વિ જેનો ત્યાગ કરેલો હોય તેવું; ત્યક્ત
૪ વિ. ફેંકેલું
૫. વિ. વિક્ષેપ પામેલું.
૬. વિ. વેરાયેલું; વિખરાયેલું.

વિક્ષિપ્તકગલિતક પું. (પિંગળ) પચ્ચીસ માત્રાનો એ નામે એક માત્રામેળ છંદ તેમાં ૧, ૫, ૬, ૧૪, ૧૮ અને ૨૨ માત્રાએ તાલ આવે છે

વિક્ષિપ્તચિત્ત (સ , વિ વિકૃત બુદ્ધિવાળું, ગાંડું; ઉન્મત્ત.

વિક્ષિપ્તાવસ્થા સ , સ્ત્રી (યોગ) ચિત્તની પાંચ માંહેની એ નામની એક અવસ્થા. તેમાં ચિત્ત કોઈ સમય ધ્યાનમાં જોડાય છે પણ પાછું તે થોડા વખતમાં જ આકુળ અથવા વ્યગ્ર થઈ જાય છે

વિક્ષીર ૧ [હિં] પુ આકડાનો છોડ
૨. વિ. દૂધ વિનાનું.

વિક્ષીરિણી સ્ત્રી. નાગાર્જુની દૂધેલી

વિક્ષુબ્ધ (સ , વિ વિક્ષોભ પામેલું; ખળભળેલું, ક્ષુબ્ધ, ઉશ્કેરાયેલું.

વિક્ષેપ ૧ પું (વેદાંત) અખંડ વસ્તુનું આવરણ પ્રાપ્ત ન થવાથી ચિત્તની વૃત્તિઓ જે ખોટા પદાર્થનું આવરણ કરે તે
૨ પું. આત્મનેમ વેરવું તે
૩ પુ આંતર , સં ન આડખલ; વિઘ્ન, હરકત; અટકાવ, બંતર.
વિક્ષેપ પડવો. = આડખલ થવો.
૪. પું. કોઈ આકાશીય પદાર્થની ગતિવૃત્તિથી થતું કંપન
૫ પુ કર્મ કાર્ય કે વિચારમાં લાગી રહેલા ધ્યેયમાં વિઘ્ન પડવું તે; અવધાન; મનનું વિખરાઈ જવું તે, કોઈ કામ ઉપરથી ચિત્ત ઊઠી જઈ બીજા વિષય પ્રત્યે જવું તે
૬ પું. ચિત્તની ચંચળતા, અસ્થિર મન; મનનું ભમવું, અસ્થિરતા; મૂંઝવણ
૭ પુ ત્યાગ; ફેરીકરવું; છોડી દેવું તે
૮. પુ. દ્વેષ, ઈર્ષા, અદેખાઈ
૯ પું. ધક્કો, બીક; ડર
૧૦ પુ નાખવું તે; ફેંકવું તે
૧૧ પુ (સંગીત) નિઃશબ્દ ક્રિયાના ચાર માંહેના એક પ્રકાર. ગાયના તબિયાને ઉંચે લઈ જવું નીચું લાવી આલી આપવી તે.
૧૨ પુ. (ન્યાય) ન્યાયના બાવીશ માંહેનું એક નિગ્રહસ્થાન; કોઈ પણ કામનું સૂચન કરીને તેનો વિચ્છેદ કરવો તે.
૧૩ પુ વાર, વિલબ; ઢીલ
૧૪ પુ વધ કરવો; બાકી વળી જવું તે
૧૫ પુ વિખરવું તે; વેરવું તે.
૧૬. પું. બાજી આપે તેમ મૂકીનું રોકાણ.
૧૭. પુ. સેનાનો પડાવ; છાવણી
૧૮. સ્ત્રી સ્ત્રીઓનો એક સાત્ત્વિક અલંકાર

વિક્ષેપક સ. વિ. વિક્ષેપ નાખનાર, વિક્ષેપ કરે તેવું.

વિક્ષેપણ ૧. [સ] ન. વિખેરવું તે; દૂર કરવું તે; ઉડાડવાપાડું, ફેંકવું તે
૨. ન. વિઘ્ન; અડચણ, હરકત

વિક્ષેપણયુત [સ.] પું ગ્રહની કક્ષાનો સૌથી વધારે પાત

વિક્ષેપપરિણામ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલી ૬૪ માંહેની એ નામની એક લિપિ

વિક્ષેપપૃચ્છા [સં.] ન. (અસ્થિત) સહેતુકારક પ્રશ્ન, મદદગાર કુદાળુ

વિક્ષોભ ૧. [સ] પું. ખળભળાટ; આંદોલન.
૨. પું. મનની ચંચળતા કે ઉદ્વિગ્નતા, આઘાત; ક્ષોભ
૩. પુ. હાથીની જાતીનો એક જાત કે જાનવર.

વિખ ૧. [સ વિષ] ન. ઝેર; પ્રાણની હાનિ કરે એવું દ્રવ્ય, ગરલ; વિષ; વખ.
વિખ વાવવું = ઝેરવરસું મૂળ રોપવું
૨ વિ. નકામું વગરનું; નકટું

વિખડું (વિખડું) ન વિખ; ઝેર.
વહાયે વિખડાં વાર્યાં, તે મીરાંબાઈના રે. ભીમદાસ

વિખણું ૧. ન. વિક્ષેપ; અભ્યુત્થાન; વૈમનસ્ય.
૨. ન શત્રુતા

વિખદંત [સં. વિષદન્ત] પું નાગનો ઝેરી દાંત

વિખધર ૧. [સ. વિષધર] પું. શિવ; શંકર; મહાદેવ
૨ પું. સાપ; ઝેરી નાગ

વિખધરી સ્ત્રી. સાપણ; નાગણ.

વિખમ ૧. [સં વિષમ] વિ. અઘરું; મુશ્કેલ. વિષમ. કવિતામાં વપરાય છે
૨. વિ. અસમાન; જુદું પડતું.

વિખમોગરી સ્ત્રી. એક જાતની વેલ. તે સર્પના ઝેર ઉપર ફાયદો કરે છે તેનાં પાદડાં લાંબાં અને પહોળાં તથા સ્વાદે ખાટાં કડવા હોય છે. તેને મોગરી જેવાં ફૂલ થાય છે. તેનાં ફળ ત્રીજાં હોય છે. તે શરદીમાં દવા તરીકે અપાય છે

વિખરાવવું જ.ક્રિ. વિખેરાવવું; વિખરાવ તેમ કરવું; ફેલાવ એમ કરવું.

વિખરી સ્ત્રી. એ નામની એક વેલ. તેના ઉપર ગુચ્છાવાળાં તોરાઓ આવે છે. એ તોરાઓના ઉપરના ભાગમાં કાંટા જેવું હોય છે. તે દવાના કામમાં આવે છે.

વિખવાણ [સં. વિષ + વાણી] સ્ત્રી. કડવી વાણી; કટુ વચન; કડવા બોલ; વિખવણ; ઝેરી બોલ; મહેણું; કટુ ભાષણ

વિખવાદ [સં. વિષ + વાદ] પું. વેરઝેર પેદા થાય એવી બોલચાલ; કજિયો; તકરાર; વેરઝેર, ઓટસ; વેર થાય તેવો વાદ; વાગ્યુદ્ધ; વાણીની લડાઈ

વિખવાવું ૧. જ. ક્રિ. જતા રહેવું.
૨. જ ક્રિ. નાશ પામવો.

વિખવું સ ક્રિ ખીંખવું; ખોખવું, કેદવું; ક્રોધ કે આવેશમાં આવી ફાડી તોડી નાખવું.

વિખવેણ જુઓ વિખવાણ

વિખસાગર પું. વિષરૂપી સમુદ્ર.

વિખાણ ન પ્રશંસા; વખાણવું

વિખાણવું સ ક્રિ. વખાણવું; પ્રશંસા કરવી.
ભડકા, ગપ્પાં, બાકડા વનતણા,
તે તહાં સૈન્યને શું **વિખાણે**. સામળ

વિખાદ ૧. [સં. વિષાદ] પું ખેદ, અફસોસ; વિષાદ, દુઃખ, કલેશ.
૨ પું. તકરાર, કજિયો

વિખાર ૧. [સ. વિષ] ન. એક પ્રકારનું ઝેરી જંતુ
૨. ન. ઝેર; વિષ.

વિખાવું જ ક્રિ. વિખરાવું; પીંખાઈ જવું; છૂટુંછવાયું પડી જવું.

વિખિયા ૧. સ્ત્રી. ઝેરીલી કે ફુલટા સ્ત્રી; રાંડ નિઃસ્કારમાં બોલાય છે.
૨ સ્ત્રી. બાઈડી, સ્ત્રી, બૈરી.
૩. સ્ત્રી. વિષકન્યા

વિખુરડો (વિખુરડો) પું. નખથી છેદાય તેવી રીતે બાચકો ભરવો તે, ઉઝરડો

વિખૂટું વિ. જુદું; સાથમાંથી છૂટું પડી ગયેલું.
વિખૂટું પડવું = જુદું પડવું.

વિખે જ. વિષે; માં; માટે, કાજે; સંબંધે; અર્થે; બાબત.
જે જે સુખ લંકા **વિખે**.
મુખ આવ્યા નીસરે આજ રે. પ્રેમાનંદ

વિખેરવું સ ક્રિ. છૂટું પડવું; નોખું કરી દેવું, વેરવિખેર કરવું; વિસ્તારવું; વેરવું; છૂટું કરી નાખવું; આમતેમ વેરાતું કરવું; પાથરવું; અસ્તવ્યસ્ત કે છિન્નભિન્ન કરી નાખવું.

વિખેરાવવું જ.ક્રિ. વિખેરાવ તેમ કરવું; છૂટું પડાવવું.

વિખેરાવું જ.ક્રિ. છૂટું પડવું; જુદું પડવું; વિખરાય તેમ થવું.

વિખેરી ન. એક જાતનું ઝાડ. તે નાનું, સદા લીલુંછમ ને ખૂબસૂરત પાદડાનું હોય છે. હિંદના પહાડો હિમાલય, સહ્યાદ્રિ અને નીલગિરિમાં તે મળે છે. તેની છાલ કડવી, તેજનાદાર, મારક, જ્વરઘ્ન, કૃમિ અને વિષઘ્ન છે. ચામડીનાં જૂનાં રોગ તે મટાડે છે. હિંદમાં સર્પદંશ માટે તે ખાસ કીમતી મનાય છે. તેની અંદરથી કડવા સ્વાદનું ઉકુપત મુખથી તેલ મળે છે. તે રક્તશોધક કોઢ કોઢ, જૂના ઉપદંશના વિકાર, જૂનો સંધિવા, ચામડીનાં જૂનાં દર્દ તથા લોહી બગાડ માટે સારી દવા છે. તે લોહીની કાળાશ દૂર કરી લાલાશ વધારે છે નેત્રરોગમાં તે આંખોમા અંજાય છે.

વિખોડિયો (વિખોડિયો) જુઓ વિખુરડો.

વિખોડો (વિખોડો) જુઓ વિખુરડો.

વિખ્યાત ૧. પુ (પુરાણ) તેર માઠેનો એ નામનો એક મૈદિક્ય
૨. [સ. વિ (વિશેષ) + ખ્યા (વખાણવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. વખણાયેલું; જાણીતું; નામાંકિત, પ્રખ્યાત; પ્રસિદ્ધ.
૩. વિ. સ્પષ્ટ કહેલું કે જણાવેલું

વિખ્યાતિ ૧. [સ.] સ્ત્રી નામાંકિતપણું; પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.
૨. સ્ત્રી યશ, કીર્તિ, આબરૂ, નામના.

વિખ્યાન [સ] ન કહેવું તે.

વિખ્યાપન ૧. [સ.] ન. જાહેરાત; પ્રસિદ્ધ કરવું તે.
૨. ન. વર્ણન; આખ્યાન

વિગઈ ૧. [પ્રા.] સ્ત્રી વિકાર; વિકૃતિ.
૨. સ્ત્રી વિકાર ઉત્પન્ન કરનાર વસ્તુ; ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ અને તળેલ વસ્તુઓ, મીઠું વગેરે.
સચિત્ત દ્રવ્ય **વિગઈ** પગારખંડ;
વજ્જ કુસુમ વાહન સાવજ્જ. સાધુપ્રતિક્રમણ

વિગઢન [હિં.] સ. જુદું હોવું તે; વિઘટન; ભિન્નતા. આ શબ્દ સંગઠનથી ઊલટો અર્થ બતાવે છે.

વિગણન સ. દેવું ચૂકવવા રકમ ગણવી તે; વિશેષ ગણતરી.

વિગત ૧. સ્ત્રી. આધાર; મુદ્દો.
૨. સ્ત્રી. ગમ; સૂઝ.
વિગત પડવી = ઓળખાવું; સમજાવું.
૩. સ્ત્રી પક્ષીની ગતિ.
૪. સ્ત્રી. માહિતી; જાણ.
૫. સ્ત્રી. રીત; પ્રમાણ
૬. [સં વિ (વિશેષ) + ગતિ (સમજ)] સ્ત્રી. સારી રીતે જાણેલું એવું તે; બીના; વિસ્તાર; હકીકત; બાબત; હેવાલ; તપસીલ.
૭. વિ. ગત; અતીત; ગયેલું; વીતેલું
૮. વિ જુદું પડેલું.
૯. વિ. પાછળ
૧૦. વિ. મૃત; મરી ગયેલું
૧૧. વિ. રહિત; વિનાનું.

વિગતખાતું ન. જુદાં જુદાં ખાતાંની જમા ખર્ચની રકમો એક જ ઘણીને ખાતે જમા કે ઉધાર કરી હોય તેવું ખાતું.

વિગતવી વિ. બધ થઈ ગયો હોય તેવું, બીકમાંથી મુક્ત થયેલું; ડર વિનાનું.

વિગતવાર અ. સઘળી અપેક્ષિત હકીકત સાથે, તપસીલવાર; વિસ્તારપૂર્વક; જુદી જુદી વસ્તુઓના જુદા જુદા સ્પષ્ટ ખુલાસાઓ સાથે; દરેક વિગતસહિત; વિગતે; હકીકત મુજબ; હેવાલ પ્રમાણે

વિગતા ૧ સ્ત્રી. (જૂ. ગુ.) સ્ત્રીતા; ફિકર.

મણી બોલ કહું છું અહવે,
ગયની વિગતા કરજો લહ્મે.

ઝવેરદાસ.

૨ વિ. સ્ત્રી. પરપુરુષ સાથે પ્રેમ કરતી હોય એવી

૩. [સં.] વિ. સ્ત્રી વિવાહ કરવા યોગ્ય ન રહી હોય એવી.

વિગતાર્તવા [સં વિગત (ગયેલું) + આર્તવ (સ્ત્રીનો અટકાવ) + આ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. રજોધર્મ નાશ પામ્યો હોય તેવી સ્ત્રી; નિષ્ફલા; નિષ્ફલી

વિગતિ ૧. [સં.] સ્ત્રી. અરાજમતિ; અવગતિ; અધોગતિ.

૨. સ્ત્રી. ગોઠવણ; વ્યવસ્થા.

૩. સ્ત્રી. યુક્તિ; બારીકાઈ

વિગતે જુઓ વિગતવાર.

વિગતેચ્છ [સં] વિ. ઇચ્છારહિત; નિષ્કામ.

વિગતેચ્છુ જુઓ વિગતેચ્છ.

વિગતેથી જુઓ વિગતવાર.

વિગમ ૧. [સં] પું. અંત; સમાપ્તિ; વિરામ.

૨. પું. ક્ષય થવું તે.

૩ પું. નાશ.

૪ પું. પ્રસ્થાન; ઊપડવું તે.

૫. પું. મોક્ષ

વિગમન જુઓ વિગમ.

વિગમનાત્મક [સં.] વિ. નિર્ણયસૂચક; ' ડિક્લિટિવ '.

વિગરણો પું. (જૂ. ગુ.) રાજ્યમાં સભા વગેરેનું કામ કરનાર નોકર.

સીજરણા વિગરણા વહીના
આપ આપણે થાનક રહ્યા.

લાવણ્યસમય

વિગર્ભ પ્રાણાયામ [સં.] પું. જપ અને ધ્યાનાદિને સાથે રાખ્યા વિના કરાતો પ્રાણાયામ.

વિગલિત ૧. [સં] વિ. ગળેલું; ગળી ગયેલું; ઢીલું પડી ગયેલું; શિથિલ.

૨. વિ. ટપકેલું, ટપકી ગયેલું

૩ વિ. પડી ગયેલું

૪. વિ. ભાગેડેલું.

વિગલિતક પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૫ માત્રા હોય છે. તેમાં ૧, ૪, ૮, ૧૧, ૧૫, ૧૮ અને ૨૨ માત્રાએ તાલ આવે છે.

વિગંધક [સં.] પું. છોડિયાનું ઝાડ.

વિગંધિકા [સં] સ્ત્રી. આસધ નામની વનસ્પતિ

વિગાહ ૧ [સં] ન. નિંદા.

૨. વિ. ડૂબેલું.

૩. વિ. નાહેલું. સ્નાત કરેલું

૪ વિ. પ્રવેશ કરેલું

વિગાથ પું. (પિંગળ) એ નામનો એક ઉદ્ગીતિ માત્રામેળ છંદ. તેના વિષમ પદોમાં ૧૨, બીજામાં ૧૫ અને ચોથામાં ૧૮ માત્રા હોય છે અને છેલ્લો વર્ણ ગુરુ હોય છે

વિગાહ ૧. ન. ડૂબવું તે

૨. [સં] ન. નાહવું તે; સ્નાન.

૩. ન. પ્રવેશ

૪. જુઓ વિગાધ

વિગાહિતગેહ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે તેને ગાહિતગેહ કે ગાહિતદેહ છંદ પણ કહે છે. તેમાં ક્રમે નગણ, નગણ, નગણ, નગણ, જગણ અને નગણ મળી ૨૪ વર્ણ હોય છે.

વિગિતિ ૧. પું. (પિંગળ) એ નામનો એક પ્રકૃતિગીતિ માત્રામેળ છંદ.

૨ સ્ત્રી. નિંદા.

વિગુણ ૧. [સં.] વિ. (ગણિત) અવિભાજ્ય.

૨. વિ. ખરાબ; વિરુદ્ધ ગુણવાળું.

૩. વિ. ગુણરહિત.

જેમ સ્વધર્મે વિમુખો સકલ પરધર્મેથી,
સ્વધર્મે મૃત્યુ થે જેમ પરધર્મે ભયકર.

ગીતાનુશીલન.

વિગૂચવું અ ક્રિ. અફસોસ કરવો; પસ્તાવું

વાત વિગૂચતાં દીસાં. કાન્હડદેપ્રબંધ

વિગૂઢ ૧. [સં] વિ. ગૂઢ; સંતાડેલું

૨. વિ. નિંદિત, તિરસ્કારેલું

વિગૃહ્યાસન [સં] ન. આસનના બેટલે બે રાજાઓએ સંધિ કરી ચૂપચાપ રહેવાપણાના પાંચ પ્રકારોમાંનો એક પ્રકાર.

વિગોત્રી વિ. જુદા જુદા ગોત્રનું

વિગ્રાહા પું (પિંગળ) આર્યા છંદના પાંચ ભાગોનો એક ભેદ; ઉદ્ગીતિ

વિગ્રહ ૧. [સં] પું. અંશ; ભાગ; ટુકડો.

૨. પું. આકાર; સ્વરૂપ; મૂર્તિ

૩ પું. છેદ; અંતર; દૂર હોવું તે

૪ પું તકરાર; ઝગડો, ટંટો; વહવાડ; કજિયો

૫ પું ફેલાવો, વિસ્તાર.

૬. પું. લડાઈ, યુદ્ધ, સંગ્રામ.

૭. પું (વેદાંત) પ્રકૃતિના અર્થનું બોધન કરનાર વાક્ય

૮. પું શરીર; દેહ

૯. પું શિવનું એક નામ

૧૦. પું સત્કાર; શૃંગાર

૧૧. પું. (વ્યાકરણ) સમાસના અવયવો કે શબ્દ જુદા પાડવા તે.

વિગ્રહખોરી સ્ત્રી યુદ્ધ શોધવાની પ્રકૃતિ; યુદ્ધમાં રાચવું તે; ' વૉર-મૉંગરિંગ '

વિગ્રહગતિ [સં.] સ્ત્રી એક શરીર છોડી બીજું શરીર લેવા જતાં તે શરીરમાં દાખલ ન થાય ત્યાં સુધીની જીવની ગતિ.

વિગ્રહ પરસ્તી જુઓ વિગ્રહખોરી.

વિગ્રહજ્ઞાન [સં] ન. શરીરનું જ્ઞાન.

નામ્યો નૃસિંહ નિજ વિગ્રહજ્ઞાન ભૂલી.

ભોજાદ્યાર

વિગ્રહભૂમિ [સં.] સ્ત્રી. કુરુક્ષેત્ર.

વિગ્રહરાજ પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક કવિ. તેણે હરકેલિ નામે નાટક રચ્યું છે.

વિગ્રહરેખા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) શબ્દ તૂટેલો જણાવવાને કરવામાં આવતી – આવી નિશાની; સમુરેખા.

વિગ્રહવાન ૧. [સં. વિગ્રહ (શરીર) + વત (વાળું)] ન. દેહધારી પ્રાણી.

૨. વિ. શારીર; દેહી, દેહધારી; શરીરધારી.

વિગ્રહસભા [સં.] સ્ત્રી. લડાઈ સંબંધે કામ કરનારી રાજકારોબારી સભા.

વિગ્રહી આસન [સં.] ન. રાજાએ જણાવેલા ૭ માંહેનો એ નામનો એક ગુણ; શત્રુ સામે હરહમેશ વેર રાખી રહેવું આવડવું તે. રાજાના ૭ ગુણ આ પ્રમાણે છે: સંધાનાસન, યાત્રાસંધાન, વિગ્રહી આસન, ક્રોધી ભાવાસન, સંધી કરાસન અને અન્યાશ્રયાસન.

વિગ્રાપન [સં.] ન. નકામી મહેનત; વ્યર્થ પરિશ્રમ.

વિઘટક [સં] વિ. જુદું પાડનાર.

વિઘટન ૧. ન. કોઈ પણ સયુક્ત પદાર્થને તેના ઘટક તાત્ત્વિક ભાગોમાં ફેરવી નાખવાની ક્રિ.; પૃથક્કરણ

૨. ન. છૂટું પાડવું તે; વ્યવચ્છિન્નતા; વિચ્છેદ.

૩. ન. તોડી ફોડી નાખવું તે; નાશ.

૪ ન પાચનક્રિયા.

વિઘટિકા [સ] સ્ત્રી. ઘડી; ઘડીનો સાઠમો ભાગ

વિઘટિત ૧ [સ] વિ છૂટું પાડેલું; જુદું કરેલું
૨. વિ તોડી ફોડી નાખેલું

વિઘટ્ટન ૧ [સં] ન અથડાવું કે પછડાવું તે
૨ ન અન્યાય કરવો તે.
૩ ન ઘસવું તે
૪ ન ઘાટું હોવું તે
૫. ન. ચલાવવું તે
૬. જુઓ વિઘટન

વિઘટ્ટના જુઓ વિઘટ્ટન

વિઘટ્ટિત ૧ [સ.] વિ ઘસેલું
૨. વિ. ચલાવેલું
૩. વિ. જુદું કરેલું
૪ વિ તોડી ફોડી નાખેલું

વિઘરાવવું સ. ક્રિ. વીખરવું તેમ કરવું.

વિઘરો ૧. પું. કજિયો, ઝગડો; દંટો
૨. પું. કુસંપ થયો તે; અધ્યસનાય.
૩. પું. બગાડવાની તૈયારીમાં આવવું તે

વિઘસ પું. ભોજનમાંથી બાકી રહેલું અન્ન.

વિઘાત ૧. [સં.] પું. ટુકડેટુકડા કરી નાખવા તે; તોડવું ફોડવું તે; નાશ; સંહાર.
૨. પું. (જૂ. ગુ.) નડતર; વિઘ્ન, બાધા.
વિઘ્ના બોધે કુમરનિ હીડા વહું **વિઘાત**.
બાલવ્યુ
૩. પું. પરાજય; હાર; પાયમાલી
૪. પું. મારવું તે; ઘા કરવો તે; આઘાત; પ્રહાર.

વિઘાતક વિ. વિઘાત કરનાર.

વિઘાતકતા જુઓ વિઘાતકત્વ

વિઘાતકત્વ ન વિઘાતકપણું; વિઘાતક હોવાનો ગુણ.

વિઘાતકત્વચા સ્ત્રી. વનસ્પતિની ઉપલી કાટેલી છાલ

વિઘાતી જુઓ વિઘાતક

વિઘાટિયું વિ વિઘોટી સંબંધી

વિઘોટી સ્ત્રી ઠર વીઘે આકારણી કે ભરવાની મહેસૂલ; જમાબંદી; વીઘાને હિસાબે જમીનનો કર.
વિઘોટી ભરવી ૩ મહેસૂલ ભરવું.

વિઘોટી ઠારકુન પુ. વિઘોટી ઉઘરાવનાર ઠારકુન; વહીવટી, જમીન મહેસૂલ ઉઘરાવનાર માણસ

વિઘ્ન ૧. [સં.] પુ. (જૈન) રાક્ષસોના સાત માહેનો એક પ્રકાર. રાક્ષસોના સાત પ્રકાર આ પ્રમાણે છે: ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જખરાક્ષસ, રાક્ષસ રાક્ષસ અને ખબરાક્ષસ.
૨. ન. (વેદાંત) કાર્યની ઉત્પત્તિમાં હેતુરૂપ ધર્મને નિષ્ફળ કરનારો ધર્મ.
૩. ન. કોઈ કાર્ય કરવામાં જે બાધો કે હરકત આવે તે; અડચણ; નડતર; આડખીલી, પ્રસવાય; અંતરાય
વિઘ્ન આવવું-પડવું - હરકત પેદા થવી.
૪ ન મુશ્કેલી, સંકટ, દુઃખ

વિઘ્નકર્તા [સ.] વિ. વિઘ્ન કરનાર.

વિઘ્નકર્ત્તા જુઓ વિઘ્નકર્તા.

વિઘ્નકારી જુઓ વિઘ્નકર્તા.

વિઘ્નનાયક [સ.] પું. ગણેશ

વિઘ્ननાશક ૧. [સ.] પું. વિઘ્ન દૂર કરનાર ગણપતિ; ગણેશ.
૨ વિ. વિઘ્નનો નાશ કરનાર

વિઘ્નનાશન જુઓ વિઘ્નનાશક.

વિઘ્નભૂત [સ.] વિ. અડચણરૂપ હોય એવું.

વિઘ્નરાજ [સ. પુ ગણેશ, ગણપતિ

વિઘ્નવિનાયક જુઓ વિઘ્નરાજ

વિઘ્નસંતોષી ૧ પું પારકાના કોઈ પણ કાર્યમાં વિઘ્ન નાખી સંતોષ પામનાર માણસ
૨. વિ વિઘ્ન કરવામાં રાજી થનારું.

વિઘ્નહર જુઓ વિઘ્નનાશક

વિઘ્નહર્તા જુઓ વિઘ્નનાશક

વિઘ્નહર્ત્તા જુઓ વિઘ્નનાશક.

વિઘ્નિત સ ત્રિ કોઈ કામમાં અટકેલું, કોઈ નડતરને લીધે અળેલું; વિઘ્ન થયું હોય તેવું, વિઘ્નમાં આવી પડેલું; બાધામાં કે હરકતમાં આવી પડેલું; અંતરાયોથી અટકાયેલું.

વિઘ્નેશ ૧. [સ] પું. ગણપતિ; ગણેશ.
વિઘ્ન હરતા, સિદ્ધિ કરતા, વકતુંડ **વિઘ્નેશ**.
કાલિદાસ
૨ પુ. શંકર; મહાદેવ

વિઘ્નેશ્વર જુઓ વિઘ્નેશ.

વિઘ્ર ૧ વિ. બાવરું; ગભરાયેલું; ભ્રમિત.
૨ વિ ભયંકરપણું; ત્રાસકારીપણું

વિચ અ વચ્ચે. અંદર; મધ્યે, વચ્ચમાં
અરજુન **વિચ** આસન ચાયાને જે કોઈ બેસે.
રામળ

વિચકા સ્ત્રી. જગો

વિચક્ર પુ । વિષ્ણુ. । એક નામનો એક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે તેમાં ૪૨ ગુરુ અને ૧૨ લઘુ મળી ૫૪ વર્ણ હોય છે

વિચક્ષણ ૧ [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. વિ. ચતુર; તીવ્ર સમજશક્તિવાળું; તરત સમજી જાય એવું, બુદ્ધિમાન
૩. વિ ચંચળાઈવાળું; ચાલાક; ચબળ
૪ વિ નહિ જાન્યું જાય તેવું
૫. વિ. પ્રકાશમાન; ચમકતું
૬ વિ. વિચારશીલ
કામ્ય કર્મ તજી ન્યાસ સંન્યાસ કવિઓ ગણે,
સર્વ કર્મ ફલત્યાગકો ત્યાગ **વિચક્ષણ**.
ગીતા
૭ વિ વિદ્વાન; પંડિત
૮. વિ ડાહ્યું; ડાહ્યું; કાબેલ; હોશિયાર.
૯. વિ. સ્પષ્ટ નજરે પડે એવું

વિચક્ષણતા સ્ત્રી વિચક્ષણ હોવું તે

વિચર્ચિકોદ પું કોઢનો એક પ્રકાર તેમાં ફોલ્લામાંથી કાળી રસી ઝરે છે

વિચયન ૧. [સ.] ન. ચૂંટવું કરવું તે
૨. ન. તપાસ; શોધ

વિચરણ [સં] ન. ભ્રમણ; ચાલવું તે; આમતેમ ફરવું તે.

વિચરવું ૧. અ ક્રિ આમતેમ ફરવું
૨. અ ક્રિ. ચાલવું; જવું.
૩ અ ક્રિ. દાખલ થવું; પેસવું
૪ અ ક્રિ. પ્રવાસ કરવો
૫. અ. ક્રિ. બહાર જવું; નીકળવું

વિચર્ચિકા ૧. [સં] સ્ત્રી. ચામડીનો એક રોગ. તેમાં શરીરની ચામડીમાં રાતા રંગનાં ચકરડાં થાય અને ચળ આવે, બળેજાથી ધોળી બુખરા રંગની ફોતરી ઊતરે અને ચામડી જાડી થઈ જાય.
૨. સ્ત્રી. ખુજલ

વિચલ [સં.] વિ અસ્થિર, ચલાયમાન; હાલતું ચાલતું; અત્યંત ચંચળ; બહુ જ ગતિવાળું
મનવિચલ થતુ = મનનું કોઈ એક વાત ઉપર ન ઠેરાવું, ચિત્તનું ચંચળ થવું.

વિચલન ૧ [સ.] ન. અસ્થિરતા; ચંચળતા.
૨ ન. વહીવટમાં, જુદા જુદા ધનત્વ એટલે નક્કરવાળી એક ચીજમાંથી બીજામાં પસાર થતી વખતે પ્રકાશના કિરણનું મરડાવું તે. 'રિફ્રેક્શન'.
૩. ન. વિક્ષેપ, સ્ખલન; ચ્યુતિ; વિમાર્ગગમન; અપવર્તન. મૂળ રસ્તેથી ખસીને બીજે રસ્તે જવું તે
૪ ન. હાલવું તે; ચાલવું તે

વિચલા [સં] સ્ત્રી એક જાતની માખી.

વિચલિત ૧. [સ] વિ અસ્થિર; હાલતું; ચલાયમાન
૨. વિ ઘણું ચંચળ

વિચણ જુઓ વિચલ

વિચાર ૧. પું. અટકાવ; રોકાઈ જવું તે; ખોળવું તે

૨ પું આનાકાની, ગૂંચવણ; ગડમથલ

૩ પુ. ઉદ્દેશ, હેતુ, આશય

૪ પુ કલ્પના; તર્ક; મનસૂબો; મનોરથ

૫ પું. ચિંતા; ફિકર, કાળજી.

૬. પુ. જ્ઞાનશક્તિથી મેળવેલો અનુભવ; નિશ્ચય; ઠરાવ; અભિપ્રાય, મત

૭ પુ ખ્યાલ; લક્ષ, નજર.

૮ પુ નાટકનાં ૩૬ માંહેનુ એક લક્ષણ

૯ પુ. ન્યાય, ઇન્સાફ

૧૦ પુ. પરિણામનો ખ્યાલ

૧૧ પુ. પશ્ચાત્તાપ; પસ્તાવો

૧૨ પું (વેદાંત) પ્રમાણ વડે તત્ત્વની પરીક્ષા કરવી તે; તાત્પર્યને અનુકૂળ યુક્તિઓનું અનુસંધાન કરવું તે

૧૩ પું બીક; ભય

૧૪ પુ મંત્ર

૧૫ પું વિવેક; મર્યાદા; સભ્યતા

૧૬. પું. સારુંખોટું અને કર્તવ્યાકર્તવ્ય સંબંધી તુલના કે પરીક્ષા કરવાની સમજશક્તિ; સદસદ્ વિવેક કરવાનું જ્ઞાન; ઇંદ્રિયો મારફત જણાયેલી બાબત ઉપર મનમાં ચાલતો વ્યાપાર, મનમાનુ ચિંતન; મનન; મનોવ્યાપાર; સમજ. ધર્મરાજ પ્રમાણે હું કોણ છું? આ જગત કેવી રીતે થયું? આનો કર્તા કોણ છે? આનું ઉપાદાન કારણ કોણ છે? આ ચાર પદાર્થ વિષયક જે ભાવના તેનું નામ વિચાર. વિચાર એ એક શક્તિ છે અથવા મનોમય પુરુષ છે તેથી જેટલા વિચાર આવે તેટલા કલ્પિત પુરુષો થાય છે, તેમના કોટા સૂક્ષ્મ શરીરમાં ગુમપણે પડી રહે છે અને સ્વપ્નમાં તેના ઉપર સત્તમ રહેતો નથી તેથી પ્રગટ થાય છે. વિચાર સંબંધી ગાંધીજી કહે છે કે: માણસને કોઈ નવો વિચાર આવે, તેના ઉપર તે કુરબાન થઈ જાય અને તરત જગતને આપી દે તો તેમાં તેણે ખોયું છે અને જગતે પણ ખોયું છે; પણ માણસ વિચાર સંયમે, તેના ઉપર અખતરા કરે, પોતે કરે, બાળકો ઉપર અખતરા કરે અને આખરે તાળો મેળવે અને પછી પણ રોકાઈ જાય તો જગતે કાંઈ ખોવાનુ નથી. આપણે જે વિચારો પ્રગટ કર્યા વિના મરીએ તે વિચારો આત્મા સાથે જશે અને કોઈ કાળે તે જગતને જરૂર મળશે. વિચારોને પણ રોકવાની ચાવી મનુષ્ય પાસે છે એ વિષે મને શંકા નથી; પણ એ ચાવી દરેક પોતાને સારૂ શોધવી રહી છે એવા નિર્ણય ઉપર અત્યારે તો હું આવ્યો છું મહાપુરુષો આપણા સારૂ પોતાના અનુભવો મૂકી ગયા છે તે માર્ગદર્શક છે; તે અપૂર્ણ નથી. સંપૂર્ણતા એ કેવળ પ્રભુપ્રસાદી છે અને તેથી જ જીવનો પોતાની તપશ્ચર્યાથી પુનિત કરેલા મને આપણને પાવન કરનારા રામનામાદિ મંત્રો મૂકી ગયા છે. સંપૂર્ણ ઈશ્વરાર્પણ વિના વિચારોની ઉપર સંપૂર્ણ જય ન જ મળી શકે. વિચાર એ જાતના હોય છે એકાર અથવા નકામા અને કાર્યને પ્રેરનારા. એ પૈકીના ઉદાર વિચાર માણસના મગજમાં કરોડો ઉભરાય પણ તેમનો કશો જ અર્થ નથી, ગણતરી નથી. એવા વિચારો ચેતનશક્તિનાં બીજ વિનાનાં માખીનાં ઇંડાંના ઢગલા જેવા હોય છે. તે આખા ઢગલામાંથી કશું નીપજતુ નથી. પણ એક જ શુદ્ધ, પ્રાણવાન, અંતરના ઊંડાણમાંથી પ્રગટેલો અને માણસની સમગ્ર જીવનશક્તિની એકાગ્ર પ્રેરણાવાળો વિચાર સમર્થ હોય છે અને બીજયુક્ત ઈંડાંની માફક નવી શક્તિને જન્મ આપે છે. ઉપનિષદનો એક મંત્ર કહે છે કે, માણસ જેવા વિચાર કરે તેવો થાય. ચારણ માણસોનો અનુભવ આ વચનમાં રહેલ સત્યને ટેકો આપે છે એટલે દુનિયામાં ઢગલા માણસો જેવા વિચાર કરશે તેવી આ દુનિયા બનશે; પણ નિષ્ક્રિય એકાર તરંગ એ કંઈ વિચાર નથી. બસર વિચારે પ્રવૃત્તિ કરનારો સમુદાય જેવુ કાર્ય કરશે તેવી દુનિયા બનશે એમ કહેવુ એ મોટી ભૂલ છે

૧. ઘાણો વિચાર = ઘરનાં પરિણામોનો ખ્યાલ

૨. વિચાર આપવો = અભિપ્રાય આપવો; સલાહ આપવી.

૩. વિચાર આવવો = (૧) કલ્પના ઊઠવી કે સૂઝવી. (૨) કાર્યાકાર્ય સંબંધી મનોવ્યાપાર ચાલવો; ચિંતન કરવું. (૩) ખોલતાં અટકવું કે ખોળવું. (૪) મનસૂબો થવો; નિર્ણય માટે મનમાં ગડમથલ થવી. (૫) વહેમ કે શંકા થવી

૪. વિચાર ઊઠવો = તર્ક થવો

૫ વિચાર કરવો = (૧) ચિંતવવું (૨) ખોળવું; ખોલતા ... (૩) બીજા સાથે વિવાદ ... (૪) મનસૂબો કરવો (૫) મસલત ...

૬ વિચાર ... = (૧) કલ્પના કરવી; ઘણી જ બારીકીથી ધારવું. (૨) મસલત કરવી. (૩) વિચારવું; ચિંતવવું.

૭ વિચાર છુપાવવો = હેતુ જાહેર નહિ કરવો; સંયમ ધારવો; અભિપ્રાય કે હેતુ ગુપ્ત રાખવો

૮. વિચાર જાણવો = સામાનો જો અભિપ્રાય છે તે જાણવાનો યત્ન કરવો.

૯. વિચાર ડગમગવો = ઠરાવ કે અભિપ્રાય શિથિલ થવો; આનાકાની થવી

૧૦ વિચાર દબાવવો = મનોભાવ છુપાવવો અથવા સંયમ ધરવો; મન મારવું; મનોભાવ પ્રકટ ન કરવો

૧૧ વિચાર દરાવવો = વિચાર પ્રગટ કરવો કે જણાવવો

૧૨. વિચાર ધરવો = મનસૂબો રાખવો

૧૩. વિચાર ધરાવવો = અભિપ્રાય કે ઉદ્દેશ હોવો

૧૪ વિચાર પરખવો = સામાનું મન જોઈ લેવું; મનોભાવ કળવો.

૧૫ વિચાર પૂછવો = અભિપ્રાય જાણવા માગવો

૧૬. વિચાર ભમવો = મનની સમતોલતા જતી રહેવી; મન અસ્થિર હોવું.

૧૭ વિચાર રાખવો = (૧) વિચાર ધરાવવો. (૨) વિવેક રાખવો; મર્યાદા રાખવી.

૧૮. વિચાર સાંભળવો = બીજાનો મત સાંભળવો; વક્તવ્ય જાણવું.

વિચારક ૧. [સં.] પું ચિંતનશીલ પુરુષ; વિચાર કરનાર માણસ.

૨. પું જાણકાર

૩. પું નેતા

૪ પું ન્યાયાધીશ.

૫ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૬. વિ. ઊંડો વિચાર કરનાર.

૭. વિ. તત્ત્વનિર્ણય કરનાર.

વિચારકલન [સં.] ન. સામા માણસના મનમાની વાત જાણવી તે.

વિચારક્રાંતિ [સં.] સ્ત્રી વિચારનો ફેરફાર.

વિચારગમ્ય [સં.] વિ વિચાર કરવાથી સમજાય તેવું.

વિચારગ્રસ્ત [સં] વિ. વિચારમાં પડેલું.

વિચારછાયા [સ.] સ્ત્રી માનસિક વિચારોનું પ્રતિબિંબ

વિચારજન્ય [સં] વિ વિચાર ઉત્પન્ન કરનાર.

વિચારણ ૧. [સં.] ન જેના સેવનથી મનમાં અનેક જાતના વિચાર ઉદ્ભવે તેવું દ્રવ્ય. જેમકે, અફીણ, ભાંગ, દારૂ.

૨. ન તત્ત્વનિર્ણય.

૩ ન. વસ્તુકલ્પના; શોધના; સામાન્ય કલ્પના; વિચાર કરવો તે.

વિચારણા ૧. [સ.] સ્ત્રી (યોગ) આત્મજ્ઞાનની સાત ભૂમિકા શાસ્ત્ર અને સત્સંજનસંગતિ તથા વૈરાગ્ય અને અભ્યાસથી સદાચારમાં જ્યારે પ્રવૃત્તિ થાય ત્યારે એ અવસ્થાનું નામ વિચારણા કહેવાય છે

૨. સ્ત્રી. પરીક્ષા; તપાસ

૩ સ્ત્રી મનન; ચિંતન

૪ સ્ત્રી વિચાર કરવો તે

વિચારણીય ૧. [સં] વિ. વિચારવા જેવું; વિચાર કરવા જેવું; મનન કરવા લાયક

૨. વિ. સંદિગ્ધ; શંકાવાળું.

વિચારદર્શન [સં.] ન. વિચાર દર્શાવવો તે.

વિચારદૃષ્ટિ [સ.] સ્ત્રી. વિવેકબુદ્ધિ; સદસદ્ વિચાર

વિચારદોષ [સં] પું. વિચારનો દોષ; ભૂલભરેલો વિચાર; વિચારપદ્ધતિ કે તેની સરણીનો દોષ; વિચાર કરવામાં થતી ભૂલ

વિચારદોહન [સ] ન. કરેલ વિચારમાંથી સાર ખેંચ્યો તે

વિચારપદ્ધતિ [સં.] ન. વિચાર કરવાની રીત

વિચારપરંપરા [સં] સ્ત્રી વિચારોની હાર; એક પછી એક આવતા વિચાર.

વિચારપરિવર્તન [સં.] ન. વિચાર ફરી જવો તે.

વિચારપૂર્વક અ વિચાર કરીને

વિચારપ્રણાલિ જુઓ વિચારપદ્ધતિ.

વિચારપ્રધાન [સં.] વિ. જેમાં વિચાર અને મનન વિશેષ હોય તેવું

વિચારપ્રેરકયંત્ર ન. રેડિયો. ગાંધીજી કહે છે કે: અમેરિકાના લોકોની આગળ રેડિયો-વિચારપ્રેરકયંત્ર—છે, એ રીતની રજૂઆત કરવાનો મારો ઇરાદો છે. રેડિયાવર્ગમાં હું ફ્રાંસ્વા શીખવાને અને ફ્રાંતવાને બેસતો હતો ત્યારે મને ઘેરો અનુભવ થયો છે કે, હું ને મારો રેડિયો બે એકલા જોગા ભોર્ડ એ છીએ, ત્યારે તે મારા વિચારને ગતિ આપે છે અમેરિકાના લોકોને રેડિયા ઉપર ફ્રાંતવાનું સૂઝી જાય તો ને લોકો કઠંકે વિચાર કરતા થશે કેમકે, બીજી રીતે તેમને પોતાનું મગજ ચલાવવાની ફુરસદ જ રહેતી નથી! પછી રેડિયો કદાચ તેમને આબુસોમની વાત પણ ભુલાવી દે.

વિચારબાહુલ્ય [સ.] ન ઘણા વિચાર આવવા તે

વિચારબીજ [સ] ન વિચારરૂપી બી

વિચારભ્રષ્ટ [સં] વિ. વિચારમાં ફુંગેલું. વિચારમાં તલ્લીન.

વિચારમાપકયંત્ર [સં] ન. વિચાર માપવાનું યંત્ર; 'આઇડિયોમાટ્ર'.

વિચારમાળા [સ. વિચારમાલા] સ્ત્રી એક પછી એક વિચારનું આવવું તે.

વિચારવંત ૧. વિ. કરેલ બુદ્ધિનું; વિવેકી, ડાહ્યું; સમજુ

૨. વિ. વિચારશીલ, વિચારવાળું

વિચારવાન જુઓ વિચારવત.

વિચારવાહક [સં., વિ. વિચાર દર્શાવનારું.

વિચારવાહન [સ] ન. વિચાર દર્શાવવાનું સાધન; વાણી, ભાષા

વિચારવિનિમય [સં.] પું. વિચારની આપલે, વિચારનો અદલોબદલો; વિચાર જણાવવા અને જણાવવા તે.

વિચારવિપ્લવ [સ.] પું. વિચારનો ફેરફાર; વિચારક્રાંતિ

વિચારવિભેદ [સં.] પું. વિચારમાં ભિન્નતા; જુદા વિચાર

વિચારવું ૧. સ. ક્રિ. તપાસવું; શોધવું; ગોતવું.

૨. સ ક્રિ. ધારવું

૩. સ. ક્રિ. પૂછવું.

૪. સ. ક્રિ. વિચાર કરવો; જોવા, જણવા કે સમજવામાં આવેલી બાબત ઉપર મનમાં વ્યાપાર ચલાવવો.

૧. વિચાર્યા વગર બોલવું નહિ = બોલતા પહેલાં વિચાર કરવો જોઈએ; બોલ્યું બદલાર પડે; બોલ્યું ન બોલ્યું થાય નહિ

૨ વિચાર્યું વાઘે જાય અને અણવિચાર્યું આગળ થાય = આદર્યાં અધૂરા રહે ને કરે સો હોય; માણસ ધારે અને ઈશ્વર પાર ઉતારે

૫ સ ક્રિ. સારાસાર સમજવો

વિચારવ્યંજક [સ.] સ્ત્રી. ચિત્રલિપિના બે માર્ગનો એક પ્રકાર

વિચારવ્યાપાર [સ] પુ વિચાર કરવો તે.

વિચારશક્તિ [સં] સ્ત્રી વિચાર કરવાની શક્તિ

જેનું મન મલિન નથી તેની **વિચારશક્તિ** કદાપિ ઘસાતી નથી. ગાંધીજી

વિચારશાલી જુઓ વિચારવત

વિચારશાસ્ત્ર [સ] ન ન્યાયશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર

આ બધું **વિચારશાસ્ત્ર** (બ્રહ્મમીમાંસા) વગર બનવું નથી કેશવલાલ શાહ

વિચારશીલ જુઓ વિચારવત

વિચારશૂન્ય [સં.] વિ વિચાર વિનાનું; મુર્ખાવેડું

વિચારશ્રેણિ જુઓ વિચારશ્રેણી

વિચારશ્રેણી [સ.] સ્ત્રી. વિચારસંકલના; વિચારમાળા; વિચારની પરંપરા, વિચારસરણી.

વિચારસરણિ ૧. સ્ત્રી. વિચાર કરવાની રીત. ૨ સ્ત્રી વિચારશ્રેણી, વિચારની માળા; વિચારોની પરંપરા; વિચારની સરણી–તેની પદ્ધતિ, ક્રમબદ્ધતા વગેરે

વિચારસરણી જુઓ વિચારસરણિ

વિચારસંકલના [સ.] સ્ત્રી વિચારનું સંધાન; એક પછી એક વિચારની સાંકળ ગૂંથવી તે; વિચાર સાથે જોડી દેવું તે

વિચારસંગતિ [સં.] સ્ત્રી. સયોજના; સંબંધ, બે દ્રવ્યોને જોતાં જે **વિચારસંગતિ** જીના મનમાં થઈ આવી તેથી તે આનંદ પામી હસવા લાગ્યો. મુકાબસિંહ

વિચારસૃષ્ટિ [સં.] સ્ત્રી વિચારની પરંપરા; મનોભાવસૃષ્ટિ; વ્યક્તિના સમગ્ર વિચારોનો સમૂહ.

વિચારસૂત્ર [સ.] ન. વિચારનો મુદ્દો

વિચારસ્વતંત્રતા સ્ત્રી. પોતાને યોગ્ય લાગે તેવા વિચારો સ્વતંત્ર રીતે દર્શાવવા તે.

વિચારસ્વાતંત્ર્ય જુઓ વિચારસ્વતંત્રતા

વિચારાત્મક [સં.] વિ. કારણસિદ્ધ; બુદ્ધિસિદ્ધિ; 'રેશનલ'

વિચારાનુગમ [સ.] પું. (યોગ) સંપ્રજ્ઞાત સમાધિનો એક પ્રકાર. સંપ્રજ્ઞાત સમાધિ ચાર પ્રકારની છે: વિતર્કાનુગમ, વિચારાનુગમ, આનંદાનુગમ અને અસ્મિતાનુગમ

વિચારાર્થપ્રેષણાજ્ઞા [સં.] સ્ત્રી. ધ્યાનમાં રાખવા માટે મોકલવાનો હુકમ

વિચારાવવું સ ક્રિ. વિચારાય તેમ કરવું; વિચારવાનું કહેવું

વિચારાવું અ ક્રિ. વિચાર કરાવો

વિચારિણી ૧ વિ સ્ત્રી. વિચરનારી; ફરનારી

૨. વિ સ્ત્રી વિચાર કરનારી

વિચારિત ૧ [સં.] વિ મનથી નક્કી કરેલું.

૨ વિ. વિચારેલું; ચિંતેલું; ધારેલું

વિચારી ૧ વિ જેના ઉપર ચાલવા માટે બહુ જ મોટા મોટા માર્ગ બન્યા હોય તેવું. તે પૃથ્વી માટે બોલાય છે

૨ [સ વિચારિન્] વિ વિચાર કરનાર; વિચારશીલ, વિચારવંત, વિચારવત, વિચારયુક્ત

૩ વિ ડહાપણ ડાહ્યું વિવેકી

વિચારો પુ. (પુરાણ) કૃષ્ણથી રુક્મિણીને થયેલો એ નામનો પુત્ર

વિચારેલ જુઓ વિચારિત.

વિચારેલું જુઓ વિચારિત

વિચાર્ય [સં.] વિ. વિચાર કરવા જેવું.

વિચાલન ૧ ન. અભિમાન, ગર્વ

૨. ન અસ્થિરપણું; ચંચળપણું

૩. ન. ચલાવવું તે

૪ ન નાશ કરવું તે

વિચિ ૧. [સં] સ્ત્રી. તરંગ; લહેર; મોજું.

૨. સ્ત્રી. શોધ; તપાસ

વિચિકિત્સા જુઓ વિચિકિત્સા.

વિચિકિત્સા [સં.] સ્ત્રી. શંકા; સંદેહ; સંશય; દક્ષ માંહેનો એ નામનો એક કલેશ.

> મર્યા પછી આત્મા જ છે નથી કે,
> એ વિચિકિત્સા જાણે જ બાપ;
> કૃપા કરી મુજ ઉપરે તું.
> કહે મને એ વર માગું ત્રીજું.
>
> કઠોપનિષદ

વિચિક્ષણ જુઓ વિચક્ષણ.

વિચિત્ર ૧. પું (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે માંહિની કુકુભિનીનો એક ભેદ છે. તેમાં ૪૪ ગુરુ અને ૬૦ લઘુ મળી ૧૨૪ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૨. પું. જ્યાં કોઈની પ્રજ્ઞાઓ વિપરીત એવા અર્થનું કથન કરવામાં આવે તે અલંકાર.

૩. પું. (પુરાણ) રૈવતમન્વંતરમાં મનુના બનારા પુત્રોમાંનો એ નામનો એક.

૪. પું (પુરાણ) ભારતપુરમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા

૫ પું. (પુરાણ) યમનો એ નામનો એક લહિયો.

૧. સ્ત્રી. (સંગીત) સંગીતની એકવીસ મૂર્છનામાંની એક મૂર્છના.

૭ વિ. અજાયબ જેવું; અદ્‌ભુત; નવાઈ પમાડતું; અજબ; ચમત્કારિક

૮. વિ. અપૂર્વ; નવીન; નવું, જોયેલું ન હોય તેવું

૯. વિ. ઘાટ, ઢોળ કે સમતા વગરનું. બેડોળ

૧૦. વિ ડામાડોળ થયેલું

૧૧ વિ ચંચળ વગરનું, ચકળ મનનું; સ્વભાવના ઠેકાણા વગરનું

૧૨ વિ વિવિધતાવાળું; બનાવનારું; નવીનતા, તરેહવાર; વિલક્ષણ

૧૩. વિ. સુંદર, ખૂબસૂરત

વિચિત્રતા સ્ત્રી વિચિત્રપણું

વિચિત્ર ધૂન સ્ત્રી અજાયબ જાતની રેલ. કેટલાક મહાપુરુષોની વિચિત્ર ધૂનો આ પ્રમાણે આપવામાં આવી છે: (૧) જર્મન કવિ શિલર ખરાબ વાની ઊપર પગ રાખીને સડેલાં સફરજનની સુગંધ ન લે ત્યાંસુધી તે એકાગ્ર થઈ શકતો નથી. (૨) પ્રતિભાના રાજા બીજા ફ્રેડરિકને ખૂનો કોટ બદલી નવો કોટ પહેરવાનું ગમતું નહોતું. બીજી બધી રીતે ચકોર હોવા છતાં તેના આખા જીવનમાં તેની પાસે ભેગાસુધી વધારે કોટ ન હતા. (૩) રશિયન લેખક લિયો ટોલ્સ્ટોયે ઓરડાનાં બારણાં બંધ કરી બાંધોની માફક હાથ પગ વીંટે ત્યારીમાથી હવામાં તરવાનો પ્રયત્ન કર્યો હતો કહેવાની જરૂર નથી કે, તે મોટા ફીટ ઊંચેથી પડ્યો હતો. (૪) મુસ્તેફ કમાલપાશાની કલ્પનાશક્તિ એવી તીવ્ર હતી કે, મારામ બોલીને ઝેર આપવા સબબી સજા પામ્યા. તેણે આત્મહત્યા કરવી નક્કી કર્યું અને તેથી તે સખત માંદો પડી ગયો હતો (૫) નવલકથાકાર ટોમસ હ કર્ડીન્સીના ભાઈએ તો હદ કરી હતી. માખીની માફક સીલિંગ પર ચાલવાનો પ્રયત્ન કરીને તેણે એક સરસ આપાટિને ધૂળમાં મેળવી હતી.

વિચિત્ર નાટક ન. એ નામનું નાટક. ગુરુદ્વારા કમિટીએ હિંદીના અભ્યાસીઓ માટે ગુરુ ગોવિંદસિંહજી મહારાજની પવિત્ર વાણી વિચિત્ર નાટક રૂપે હિંદી ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. દશમા ગુરુજીએ એ સમયની જનભાષા હિંદીમાં વિપુલ સાહિત્ય રચ્યું છે. વાસ્તવમાં આ નાટક કોઈ ગ્રંથ નથી પરંતુ સાહિત્યની દૃષ્ટિએ તેને મહાકાવ્ય જ ગણવામાં છે. આમ છતાં તેને નાટકનું નામ અપાયું છે. કારણ કે, એ કાવ્યમાં ગુરુજીની આત્મકથાનું વર્ણન કરાયું છે અને સાથોસાથ પરલોકની ઘટનાઓને લોકદૃષ્ટિએ સમજાવાઈ છે. ગ્રંથ સમજાવવા ગુરુજીએ પારલૌકિક ઘટનાઓ, કેવળ અભિનય દ્વારા જ સરળ બનાવી છે. એમાંના અભિનયો અદ્‌ભુત અને વિચિત્ર ભાસતા હોઈ એ પ્રયત્નનું નામ વિચિત્ર નાટક રખાયું છે.

વિચિત્રપુર ન. જબલપુરીના રસ્તામાં આવેલું એ નામનું જાડેલું શહેર

વિચિત્રલલિતા ન (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણવૃત્ત છંદ તે આઠ ઠોરી છંદનો એક ભેદ છે તેમાં નગણ, સગણ, નગણ, જગણ અને યગણ મળી પદ વર્ણ હોય છે

વિચિત્રવિભ્રમા પૌદા [સં.] સ્ત્રી મોહ ઉપજાવી પોતાના પતિનું મન હરણ કરનારી સ્ત્રી

વિચિત્રવીર્ય ૧ [સં.] પું. (પુરાણ) પ્રતીપ અને પાંડુનો પિતા શંતનુ અને સત્યવતીનો કૂખે થયેલા બે માંહેનો બીજો પુત્ર. મોટો ભાઈ ચિત્રાંગદ એક ગંધર્વની સાથે યુદ્ધ કરતાં મરાયો ત્યારે ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો અને કાશી રાજાની અંબિકા અને અંબાલિકાનાં તેની સાથે લગ્ન કર્યાં. દૈવયોગે તેને કંઈ સંતતિ થઈ નહિ અને નાની વયમાં મૃત્યુ થયું. પછી સત્યવતીએ નિયોગથી વ્યાસ વડે અંબિકા ને અંબાલિકામાં ધૃતરાષ્ટ્ર ને પાંડુ ઉત્પન્ન કરાવ્યા..

૨. વિ. અસાધારણ પરાક્રમવાળું.

વિચિત્રવીર્યમંચિ સ્ત્રી. પુત્રનો માતા તરફનો અને પુત્રીનો પિતા તરફનો અત્યંત પ્રેમ

વિચિત્રા ૧. સ્ત્રી એક જાતની કાકડી

૨. સ્ત્રી. (સંગીત) એકવીસ માંહેની એક મૂર્છના; ગાંધારગ્રામની એક મૂર્છના મદ્રસ્થાની નિષાદથી અંત્યસ્થાની નિષાદ સુધી આરોહાવરોહણ કર્મોથી આ મૂર્છના થાય છે.

૩. સ્ત્રી. (કોન) છપ્પન માંહેની એ નામની એક દિક્‌કુમારિકા

વિચિત્રાંગ ૧. [સં.] પું. ચિત્તો.

૨. પું. દીપડો.

૩. પું. મોરપક્ષી.

૪ પું. વાઘ.

૫ ન. અદ્‌ભુત શરીર.

૬. વિ. રંગબેરંગી શરીરવાળું

વિચિત્રાંગી ૧. [સં.] સ્ત્રી. રેલ.

૨. સ્ત્રી. દીપડી.

૩. સ્ત્રી. વાઘણ

વિચિત્રિત ૧. [સં.] વિ. રંગબેરંગી.

૨. વિ ચિત્રિત; નવાઈ ભરેલું.

વિચિરો સ્ત્રી ઓખા પાસે મળી આવતી એક જાતની માછલી

વિચી જુઓ વિચિ

વિચે અ. વચ્ચે; મધ્યે; વચમાં.

વિચેતન ૧. [સં] વિ. ચેતના રહિત, બેભાન; નિઃસત્ત્વ; બેહોશ; અચેતન.

૨. વિ. વિવેક વગરનું; જેને સારાનરસાનું જ્ઞાન ન હોય એવું.

વિચેતસ [સં] વિ ઉદાર મનવાળું; મોટા મનનું

વિચેલ [સં વિચૈલ] વિ વસ્ત્રરહિત; નગ્ન, નાગું

વિચેષ્ટ [સં] વિ નિશ્ચેષ્ટ, અચલન, ગતિ રહિત; વિચેતન

વિચેષ્ટ ૧ [સં] જી અડપલું, ચેષ્ટા
૨. જી ખરાબ વર્તન.
૩. જી નિષ્ક્રિયતા; જડતા
૪. જી. મસ્કરી

વિચેષ્ટિત [સ] વિ. ચેષ્ટા વિનાનું; બેભાન; વિચેતન.

વિચોવિચ અ. બરાબર વચ્ચે; વચ્ચોવચ.

વિચ્છ [સ] અ. ક્રિ (ધાતુ) જવું.

વિચ્છાય ૧. [સ.] વિ. પક્ષીના સમૂહની છાયા.
૨. વિ નિસ્તેજ; તેજ ઊડી ગયું હોય એવું

વિચ્છિત્તિ [સ.] વિ. વધારે અલંકાર પહેરવાથી સુંદર દેખાઈશ એવો સ્ત્રીનો એક ભાવ; હાવના અગિયાર પ્રકારનો એક ભેદ.

વિચ્છિત્તિ ૧. જી. એક પ્રકારનો હાર.
૨. જી. ક્ષતિ; ત્રુટિ; ખામી
૩ જી રંગ વગેરેથી શરીરને ચીતરવું તે.
૪. જી વિભાગ; વિચ્છેદ; જુદું પાડવું તે.
૫. [સં.] જી સ્ત્રીનો એક વિલાસ; અંગત સૌંદર્યની મગરૂરીથી સજીધજી વગેરેમાં અમુક લાપરવાહી દેખાડવી તે.

વિચ્છિન્ન ૧. ન. છેદ; નાશ; કાપવું તે.
૨. [સં.] ન. સમચિત્તને ઝિલમિલ કરવાની અભ્યંતર અભ્યક્ત અવિદ્યાનું એક સ્વરૂપ.
૩. વિ. કુટિલ, ગુન્ચ્ચ
૪. વિ. છૂટું પડેલું; છેદાઈભેદાઈ ગયેલું, કાતરી ગયેલું; નાશ પામેલું; વિખરાયેલું; વિચ્છેદ પામેલું.

વિચ્છુઆસ ન. કૂતરા જેવો એક પ્રકારનો છોડ. તેનો સ્પર્શ વીંછીના જેવી વેદના કરે છે.

વિચ્છેદ ૧. [સ.] પું. એક જાતના કલ્પ કે ગ્રહ વગેરેનું બીજી જાતના કલ્પ કે ગ્રહ વચે થતું વ્યવધાન
૨. પું. કાપીને જુદું પાડવું તે
૩. પું. છૂટાછેડા; તલાક
૪. પું. છેદ; કાપ; ઘા
૫. પું. જુદાઈ, વિયોગ; છૂટા પડી જવું તે; વિરહ.
૬. પું નાશ.
વિચ્છેદ જવું–થવો = નાશ પામવું.
૭. પું પુસ્તકનું પ્રકરણ કે અધ્યાય
૮. પું. વિભાગ, ભાગ; પરિચ્છેદ.
૯. પું. સતતનિરહિતપણું; છોકરાં ન હોવાં તે.

વિચ્છેદક [સ.] વિ. વિચ્છેદ કરનાર.

વિચ્છેદન [સ.] ન. વિચ્છેદ કરવો કે થવો તે.

વિચ્છેદનશાલા [સ.] જી કાપકૂપનો ઓરડો; 'ઓપરેશન રૂમ'

વિચ્છેદપત્ર [સ.] પું કારકીપત્ર; મોચનપત્ર

વિચ્છેદવું સ. ક્રિ. આડે આવવું, અંતરાય કરવો.

વિચ્છેદીકરણ [સ.] ન. પૃથક્કરણ, વિઘટન

વિચ્યુત [સં.] વિ. ચ્યુત થયેલું, ખસેલું

વિછળાભણ ન. વીંઝોલું પાણી

વિછળાવવું સ. ક્રિ. વીંઝણે એમ કરાવવું

વિછાયુ ન. ભિક્ષાનું; ખપારી

વિછિયો પું સ્ત્રીઓનું પગના અંગૂઠામાં પહેરવાનું એક ઘરેણું

વિછુઆ ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રા છંદ. તે બરવે છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૪ લઘુ મળી ૨૧ વર્ણની ૩૮ માત્રા હોય છે.
૨ પું ન વ. સ્ત્રીઓનું પગને અંગૂઠે પહેરવાનું ઘરેણું; વીંછીના આકારનું કડું; વીંછુવા

વિછુવ જુઓ વિછુઆ

વિછૂટું વિ. વિખૂટું; જુદું

વિછોડિ વિ. છૂટું પાડેલું; વિખૂટું કરેલું

વિછોડવું (વિછોડવુ) સ ક્રિ વછોડવું; અળગું કરવું

વિછોડો (વિછોડો) પું વિયોગ

વિછોવવું જુઓ વિછોડવુ

વિછોવુ સ. ક્રિ છોડી દેવું; ત્યાગ કરવો.

વિછોહ પું. જુદું પાડવું તે; અળગું રાખવું તે વિયોગ; જુદાઈ; વિક્ષેપ

વિછોહવું સ. ક્રિ. વિખૂટું કરવું; જુદું કરવું

વિછોહી વિ. વિયોગી; વિખૂટું પડેલું

વિજુઆ (વિજુઅ) જી. કોટીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

વિજન ૧. [સં.] ન. એકાંતની જગા
૨. વિ. એકાંત; એકલું; જ્યાં કોઈ હોય નહિ એવું, માણસના પગરાટ અથવા અવરજવર વગરનું; ઉજ્જડ; વેરાન

વિજનતા જી. એકાંતપણું

વિજનન [સં.] ન. જણવું તે; ઉત્પન્ન કરવું તે; ઉત્પત્તિ.

વિજનિત [સ.] વિ. જણેલું; ઉત્પન્ન થયેલું.

વિજન્મા [સં. વિજન્મન્] પું કોઈપણ સ્ત્રીને પોતાના ઉપપતિ કે બારથી ઉત્પન્ન થયેલો પુત્ર

વિજય ૧ [સ.] પું. અર્જુન. કેમકે, તે હમેશ જીત મેળવતો હતો
જિષ્ણુ, ધનંજય, વિજય, નર, ફલ્ગુન, કિરીટી હોઈ; સુકાકેશ, માદ્રીનંદન, પાર્થ, કપિધ્વજ સાંઈ.
પિંગળપ્રકાશ
૨ પું અર્જુનનો એ નામનો રથ
૩. પું. આસો માસ; આશ્વિન
૪. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે કામ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૮૬ લઘુ અને ૪ ગુરુ મળી ૯૦ વર્ણની ૯૬ માત્રા હોય છે
૫. પું એક પ્રકારનું શુભ મુહૂર્ત.
૬ પું કશ્યિનો એક પુત્ર
૭ પું. (પુરાણ) કુન્તીથી પાંડુપત્નીને થયેલ એ નામનો એક પુત્ર
૮. પું ઇંદ્ર, દેવેંદ્ર; જય
૯. પું જૈન ધર્મના બીજા બળદેવ
૧૦ પું (પુરાણ) દશરથ રાજાના આઠ માહેનો એક પ્રધાન
૧૧. પું (પિંગ.) પચીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. સવિગજતા તે અતિકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા આઠ જગણ અને લઘુ મળી પચીસ અક્ષર હોય છે. તેમા બારમા અક્ષર ઉપર વિસામો આવે છે
૧૨. પું. પ્રભવથી સત્તાવીસમો સવત્સર; વિષ્ણુની પીસ્તીસમો સવત્સર
૧૩ પું. યમ
૧૪ પું. (પુરાણ) બાલવલ્કય ઋષિના વસુ માહેનો ત્રીજો પુત્ર
૧૫. પું. યુધિષ્ઠિરે લડાઈના મેદાનમાં વગાડેલો એ નામનો શંખ
૧૬ પું (પુરાણ) વિદેહવંશી જય નામના જનકનો પુત્ર. તેનો પુત્ર ઋત નામનો જનક હતો.
૧૭. પું. વિષ્ણુ કેમકે, તે દૈત્યો સાથે રણસંગ્રામમા વિજય મેળવનાર છે.
૧૮. પું શિવનું એક નામ.
૧૯. પું. સજ્જનો એ નામનો પુત્ર
૨૦. પું (પુરાણ) સૂર્યવંશી ક્ષત્રવૃદ્ધ કુલોત્પન્ન હરિશ્ચંદ્ર વંશના સુદેવ રાજાનો મોટો પુત્ર. તે સુતેજાનો મોટો ભાઈ હતો.
૨૧. પું. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન પૃથુલાક્ષ પુત્ર બૃહદ્ભનો પ્રપૌત્ર અને જયદ્રથ રાજાનો પુત્ર. તેનો પુત્ર ધૃતિ હતો.
૨૨. પું. (પુરાણ) સોમવંશી પુરુરવા રાજાના છ માહેનો પાંચમો પુત્ર. તેને ભીમ નામે પુત્ર હતો
૨૩. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.

જે વિશાળ ઘરના મુખ્ય આગળ-ઓરડા કરતાં કદમાં મોટો હોય, તે કદમાં આગળ ઓરડા કરતાં મોટો હોય, ને મોટા આગળા ઓરડા ભદ્ર હોય અને તેવા ઘરનું મુખ ઉત્તર કે પૂર્વ હોય તો તે વિજય નામનું ઘર કહેવાય છે

૨૪. ન. પાંચ માઈલનું એ નામનું એક અનુત્તર વિમાન.

વિજયકીર્તિ [સ] સ્ત્રી. વિજય મેળવીને પ્રાપ્ત કરેલ યશ.

વિજયઘોષ [સ] પું. જયની ગર્જના

વિજયચંદ્ર સ્ત્રી ૫૦૪ સેરવાળી મોતીની માળા

વિજયટંકાર પું વિજયનો ડંકો

વિજયડંકો પું વિજય મેળવ્યાનો ડંકો; વિજયભેરી

વિજયતાંડવ [સં.] ન. વિજયનું જુલમ; જય મેળવીને નાચવું તે.

વિજયતોરણ ન વિજયની નિશાની તરીકે ગામને દરવાજે બાંધવામાં આવતું તોરણ.

વિજયદંડક પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૪૦ માત્રા હોય છે

વિજયધન્વા [સં.] વિ વિજય મેળવ્યો હોય એવું; વિજયી; વિજયનો વાવટો ફરકાવનાર.

વિજયધર્મસૂરિ પું. એ નામે એક જૈન સાધુ. તેઓ એક સાધુ હોવા છતાં દિલની ઉદારતા, પરધર્મસહિષ્ણુતા અને સાંપ્રદાયિકતાની દુર્ગંધથી સર્વથા દૂર રહ્યા હતા. તેમણે જૈન જનકલ્યાણ માટે પોતાનું જીવન વ્યતીત કર્યું હતું. જૈન સાધુ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરવાવાળા વીસમી શતાબ્દીના તે એક મહાપુરુષ થઈ ગયા છે. વિજયધર્મસૂરિજીના જીવનમાં એક વિશેષતા એ હતી કે, તેઓ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું સંપૂર્ણ પાલન કરવાવાળા યતિ હતા. કોઈ પણ જાતના વાહન વિના, પગે મુસાફરી કરી ભારતના ખૂણેખૂણામાં ભ્રમણ કરી જનતાને નૈતિક ધરને ઊંચો ઉઠાવવાનો તે ઉપદેશ કરતા હતા. તે જ્ઞાનપ્રચાર માટે ઠેકઠેકાણે ગુરુકુળ, બ્રહ્મચર્યાશ્રમ, વિદ્યાલય, અનાથાશ્રમ, પુસ્તકાલય, જ્ઞાનભંડાર આદિ સ્થાપન કરાવતા. 'જીવો અને જીવવા દો' મહાવીરના એ સિદ્ધાંતને સામે રાખી તે અહિંસાનો પ્રચાર કરતા હતા. પ્રાચીન ભંડારો જે અંધારી કોટડીમાં બંધ રાખવામાં આવતા હતા તેના ઉદ્ધાર કરતા હતા. ધરપના વિદ્વાનોમાં ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય અને ભારતીય ધર્મો પ્રત્યેની જે ભ્રમ ફેલાયેલો હતો તેને દૂર કરવાને પ્રયત્ન કરતા હતા. ભારતીય સંસ્કૃતિના તેઓ પક્ષપાતી હતા. ભારતીય વિદ્યાકલા અને પરદેશ વિદ્યાકલાને એકસૂત્રમાં સંબદ્ધિત કરવામાં તેઓ સમર્થ સર્વોજ્ઞ હતા. તેઓનું માનવું હતું કે, ભારતીય મૂળભૂત ભાષાઓ સંસ્કૃત અને પ્રાકૃતના પ્રચારથી જ સંસ્કૃતિનું રક્ષણ થઈ શકે અને તેજ કારણ હતું. કાશીમાં એક સંસ્કૃતમહાવિદ્યાલય સ્થાપન કરી અનેક ધુરંધર વિદ્વાનો તેણે તૈયાર કર્યા શિવપુરીનું શ્રીસત્યપ્રકાશકમંડળ તેમની જ દ્વારા સ્થાપન થયેલ સંસ્કૃતમહાવિદ્યાલય છે. તેઓ અજ્ઞાનજન્ય રૂઢિયોના કટ્ટર વિરોધી હતા. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ કરવાવાળા સંત હોવા છતાં આક્રમકતાના તેઓ દુશ્મન હતા. જૈનધર્મના મૌલિક સિદ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ તત્ત્વોનો વાસ્તવિક પ્રચાર કરતા. તેમના ભક્તો કેવળ જૈન મહાજન જ નહિ હતા પરંતુ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, પારસી, બહુદી, મુસલમાન, ક્રિશ્ચિયન બધા જ હતા તેઓની વિદ્વત્તાની ખ્યાતિ ધરપ અને અમેરિકામાં પણ ખૂબ ફેલાઈ હતી. જર્મનિ ને ઇટલિની સોસાયટિઓએ પણ તેમને પદવીઓથી વિભૂષિત કરી સન્માનિત કર્યા હતા. સવત્ ૧૯૭૮ ના ભાદરવા સુદ ૧૪ ને દિવસે પ્રાતઃકાળમા ૬ વાગ્યે તેમનો સ્વર્ગવાસ શિવપુરીમાં થયો હતો

વિજયધ્વજ [સં.] પું વિજયપતાકા; વિજયનો વાવટો

વિજયનગર ન. દક્ષિણમાં હિંદુ રાજ્યનું રાજધાનીનું શહેર. તેનું પહેલું નામ વિદ્યાનગર કહેવાતું, પરંતુ પ્રવીણ માધવાચાર્ય મંત્રીએ તેનું નામ વિદ્યારણ્ય રાખ્યું. પાછળથી ઇતના સમયમાં તેને વિજયનગર કહેવામાં આવ્યું.

વિજયપતાકા જુઓ વિજયધ્વજ.

વિજયપરિચ્છા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમા બે નગણ, નગણ અને પગણ મળી બાર અક્ષર હોય છે

વિજયપરિચ્છામાં ન ન ન ગ ગ રવૃપિંગળ

વિજયપુષ્પિમા , સં] સ્ત્રી કારતકપૂનમ આસો વદ પૂનમ. આ તિથિએ જંગમાયામાં ઘંટડીનું પૂજન થાય છે અને ઉત્સવ મનાવવામાં આવે છે

વિજયપ્રદ ૧ [સ] પું પુરુષોત્તમનાં કમળ મંત્રનું એક નામ

૨ વિ જય આપનાર.

વિજયપ્રેન પું વિજયનો વાવટો

બુદ્ધિ હૃદયમસ્ત્રિના વિજયપ્રેન ફરકાવ. ભળવરદાન કાકોર

વિજયભૂમિ [સં.] સ્ત્રી. વિજય મળ્યો હોય તે સ્થાન.

વિજયભેરી સ્ત્રી વિજયનો ડંકો.

વિજયમંત્ર [સં.] પું. વિજય મેળવવા માટે ઉપયોગી મંત્ર.

વિજયમાળ ૧. સ્ત્રી. જય; કલેહ.

૨. [સં. વિજયમાલા] સ્ત્રી જીતની નિશાની રૂપ ફૂલની માળા.

વિજયયાત્રા [સં.] સ્ત્રી. વિજયની ઉજવણીની યાત્રા

વિજયવંત [સં] વિ. જીત પામેલું, કલેહ મેળવેલું.

વિજયવાવટો જુઓ વિજયધ્વજ.

વિજયવાંછુ વિ. જીતની ઇચ્છા રાખનારું.

વિજયવૈજયંતી જુઓ વિજયમાળ.

વિજયશ્રી ૧. સ્ત્રી જય; સફળતા; કલેહ.

૨. [સં.] સ્ત્રી. વિજયની અધિષ્ઠાત્રી દેવી.

વિજયસાર ન. એ નામનું એક ઝાડ. તે મધ્ય અને દક્ષિણ ભારત, સિલોન અને મલબારમાં થાય છે. કોઢ, મધુપ્રમેહ અને ભીનાં ચામડીનાં દરદોમાં તે ખાસ વપરાય છે. તેનાથી હાલ મટે છે અને ઘાળ વધે છે.

વિજયસેના [સં.] સ્ત્રી. સંરક્ષણ માટે રાખેલું લશ્કર

વિજયસ્તંભ પું. વિજય મેળવ્યો હોય તેની યાદગીરીમાં ઊભો કરવામાં આવેલો આંબલો; કીર્તિસ્તંભ. કુતુબમિનાર પાસે આવો સાત ધાતુનો એક સ્તંભ છે. ઓછા સૈકામાં ગુપ્તવંશ રાજાએ ભારતના તમામ ભાગમાં ભાડુતળથી જીત મેળવી હતી તેની યાદગીરીમાં આ સ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો. સંસ્કૃતમા લખેલી છ લીટીઓના શિલાલેખ ઉપરથી તે ઈ. સ. ૩૧૯માં લખેલો જણાય છે દોઢ હજાર વર્ષ ઉપર બનાવેલા આ સ્તંભને નથી લાગ્યો કાટ કે નથી કોરાયો તે ખડિત થઈ શકયો સ્તંભની નીચે અગ્નિ સળગાવી ધાતુઓનું પૃથક્કરણ કરવા પ્રયત્ન કરેલો હોવાથી તેનો કેટલોક ભાગ ખરબચડો થઈ ગયો છે. ભરતખંડમાં રસાયણવિદ્યા કેટલી પ્રબળ હતી તેની સાબિતી માટે આવા પ્રાચીન કારીગીરીના નમૂના જ બસ છે.

વિજયંત ૧. [સં] પું ઇંદ્ર

૨ વિ. વિજયવંત

વિજયંતી ૧. [સ.] સ્ત્રી. ઇંદ્રાણી.
૨ સ્ત્રી (જ્યોતિષ) જૈન સત્ર પ્રમાણે કૃષ્ણ પક્ષની એક રાત્રિનું નામ
૩. સ્ત્રી. ગળો નામે વનસ્પતિ.

વિજયા ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે તેના દરેક ચરણમાં ૩૨ વર્ણ હોય છે પરંતુ અંતે લઘુ અને ગુરુ અથવા નગણ હોય છે અને દરેક આઠમા વર્ણ પછી યતિ હોય છે
૨. પું. (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ તેમાં ૪૦ માત્રા હોય છે. તેમાં દરેક દશમી માત્રાએ યતિ ને ૧, ૬, ૧૧, ૧૬, ૨૧, ૨૬, ૩૧ ને ૩૬ માત્રાએ તાલ આવે છે
૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધરા. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં નગણ અને ગુરુ મળી ચાર વર્ણ હોય છે
૪. [સ.] સ્ત્રી. અભિનય વૃક્ષ.
૫. સ્ત્રી આસો સુદ દશમ; વિજયાદશમી.
૬ સ્ત્રી. એ નામની એક યોગિની.
૭. સ્ત્રી એક જાતની અસ્ત્રવિદ્યા
૮. સ્ત્રી ખીજડાનું ઝાડ
૯ સ્ત્રી. ચાર મુખવાળી બાર ફૂટ લાંબાઈની વાદ્ય.
૧૦. સ્ત્રી. ૭ હાથ લાંબી બંદૂક.
૧૧. સ્ત્રી (જૈન) ઉપપાત માહેની એ નામની એક દિક્કુમારિકા.
૧૨. સ્ત્રી. દક્ષિણ અમેરિકામાં ઊગતું એક પ્રકારનું કમળ. તેનાં પાંદડાં ઘણાં મોટાં હોય છે. તેનો ઘેરાવો ૪૦ ફૂટ હોય છે. આ પાંદડાની આસપાસ ત્રણ કે ચાર ઇંચ ઊંચી દીવાલ હોય છે. તેથી તેનો આકાર મોટી રકાબી જેવો થઈ રહે છે આ કમળનાં ફૂલ બહાર ધોળાં અને અંદર મુલાયમ રંગનાં હોય છે. તેનો ઘેરાવો એકાદ વાર જેટલો હોય છે. આ ફૂલમાંથી માણસનાં માથા જેવડા ફળ થાય છે. આ ફળમાં કાંજીથી ભરપૂર બી હોય છે જે ખોરાક તરીકે વપરાય છે
૧૩. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૧૪ સ્ત્રી. પાર્વતીની એ નામની એક સખી. તે ગૌતમની કન્યા હતી.
૧૫. સ્ત્રી. (પુરાણ) ભગવાનની માયા.
૧૬. સ્ત્રી. ભાંગ.
૧૭. સ્ત્રી. મજીઠ
૧૮. સ્ત્રી યમની સ્ત્રી.
૧૯. સ્ત્રી. વજ્ર
૨૦. સ્ત્રી કરકોર્ષ મહિનાની રવિવારયુક્ત સુદ સાતમ
૨૧ સ્ત્રી. કરકોર્ષ મહિનાની શ્રવણનક્ષત્રયુક્ત સુદ બારસ.
૨૨. સ્ત્રી. હરડે

વિજયાએકાદશી સ્ત્રી. મહા વદ અગિયારસ આ એકાદશીનું વ્રત કરવાથી કે સાંભળવાથી રાજા ઉપર વિજય મેળવી શકાય એવું. તેનું નામ વિજયાએકાદશી પડ્યું

વિજયાકલ્પ [સં.] પું. આમળાના પાણીથી બધી રસોઈ બનાવી તે ખાવાનો પ્રયોગ

વિજયાચૂર્ણ ન (વૈદક) ભાંગને શેકી તેનું ચૂર્ણ કરવું તે.

વિજયાદશમી [સં] સ્ત્રી. આસો સુદ દશમનો તહેવાર; દશેરા; ક્ષત્રીપૂજનનો દિવસ. તે દિવસ નક્ષત્રના ઉદય સમયે વિજયા નામનો યોગ હોય છે અને તે જો સર્વ પ્રકારે પ્રાપ્ત થાય છે તો રાજા ઉપર વિજય મેળવવા માટે રાજાએ એ સમયે પ્રયાણ કરવું જોઈએ. આ વિજયાને દિવસે જો શ્રવણ નક્ષત્ર હોય તો અતિ ઉત્તમ છે. શત્રુવિજય કરવાનો ન હોય તો પણ પોતાની સીમાનું ઉલ્લંઘન કરી સીમોલ્લંઘન પૂજન કરી પ્રાર્થના કરવી જોઈએ. રામચંદ્રજીએ રાવણ સામે અને પાંડવોએ કૌરવો સામે આ દિવસે ચઢાઈ કરી હતી. આ દિવસે જુદ્ધાવતાર થયો હતો. દુર્ગાએ મહિષાસુરને મારી આ દિવસે જય મેળવ્યો હતો

વિજયાનંદ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩ અને ૨૫ માત્રા ઉપર છે
૨ [સં.] પું. જીત થવાની ખુશાલી, જય થયાનો આનંદ
૩. પું. પરમેશ્વર
૪. પું. સ્વવિજયમાં જે આનંદ સ્વરૂપ છે તે. પદ્મ

વિજયાપાક પું એક પ્રકારનો પાક જેમાં ભાંગને સારી રીતે ઘોઈ દૂધમાં કકડી તેમાં બીજી ઔષધિ નાખવામાં આવે છે. તેનાથી સ્ત્રીઓનાં પ્રદર અને યોનિશૂળ મટતાં મનાય છે

વિજયાહોમ પું. રુદ્રસૂક્તનો હોમ કરી, સંસાર ત્યાગી, સંન્યાસી થતી વખત કરવાનો થતો. વિજયાહોમ અધુ ભાગે અઘોરીના પંચમા થાય છે. દરસાલ જૂનાગઢમાં શિવરાત્રિના દિવસે આરતી વખતે તે ભવનાથમાં થાય છે

વિજયિની વિ. સ્ત્રી વિજય અપાવનારી; ફતેહમંદ.

વિજયી ૧. [સં.] પું. અર્જુન
૨ પું પુરાણોમાંના દસમે આવેલું અડસઠ નામે
૩. [સં. વિજયિન્] વિ જીતવું, ફતેહ મેળવેલું હોય તેવું, જીત પામેલું, ફતેહમંદ; જયવંત; યશસ્વી.

વિજયેશ્વર [સં.] પું. એ નામે શુકરનું એક પ્રખ્યાત લિંગ. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ પેશવાની ધર્મશાળામાં પેશવાઓએ તેની સ્થાપના કરી હતી.

વિજયોત્સવ [સં] પું. વિજયનો ઉત્સવ

વિજયોત્સાહ [સં] પું. વિજય મળવાથી આવેલો ઉત્સાહ.

વિજલ ૧ સ્ત્રી. વીજળી
૨. [સં.] વિ. પાણી વગરનું; નિર્જલ.

વિજાત ૧. પું (પિંગળ) એ નામનો એક છંદ.
૨. વિ જુદું; બીજી જાતનું
૩. [સં] વિ વ્યભિચારથી ઉત્પન્ન થયેલું; વર્ણસંકર, હરામનું

વિજાતા [સં] સ્ત્રી. જોકરા વગા હોય તેવી સ્ત્રી.

વિજાતાત્મા [સં] પું દિવ

વિજાતિ ૧ [સં] સ્ત્રી. પરજાત; જુદી જાતિ; ભિન્ન જાતિ, બીજી જાત
૨ વિ. જુદું, જુદી તરેહનું
૩ વિ બીજી જાતિનું

વિજાતીય જુઓ વિજાતિ ૨, ૩

વિજાતીયભેદ [સં.] પું. (વેદાંત) વિરુદ્ધ જાતિવાળા પદાર્થોનો પરસ્પર ભેદ. જેમકે, વૃક્ષ અને પશુ. એ બેનો ભેદ વિજાતીય છે

વિજાતીયવિપ્રપ્રપંચ [સં] પું પ્રસ્તુત વિશ્વથી બીજા પ્રકારનાં વિશ્વોનો નારા

વિજાતીય [સં] વિ વિશેષ જાણવું હોય તેવું.

વિજાપરો પું. છટકો; નિકાલ, તોડ

વિજામાતા [સં] પું ખરાબ જમાઈ

વિજાર ૧. [હિં.] સ્ત્રી. એક પ્રકારની ભૂમિ.
૨. [અ. ઇજાર] સ્ત્રી. પાયજામો.

વિજારણ ન. કોઈ વસ્તુમાંથી પ્રાણવાયુ જુદો કરવો તે

વિજારી ૧. સ્ત્રી. જાદુવિદ્યા; હાથચાલાકી.
૨. સ્ત્રી. જારીને છુપાવવાની કળા.
૩. સ્ત્રી ચુચ્ચાર્ય
૪ સ્ત્રી અભિચાર
૫. વિ અભિચારી, જારકર્મ કરવાવાળું.

વિજાવવું સ ક્રિ. બીજો નખાવવો; બીજે ગોબ કરવું

વિજાવું ૧ અ.ક્રિ. બીજે ગોબ થવું.
૨ સ. ક્રિ. ઉદ્ગમ પામવું

વિજિગીષા ૧ સ્ત્રી ઉત્કર્ષ; ઉન્નતિ.
૨. [સં.] સ્ત્રી. જીતવાની ઇચ્છા; વિજયી થવાની મહત્ત્વાકાંક્ષા.

૩. સ્ત્રી. પેટ ભરવા માટે નિંદ્ય કર્મ વગેરેમા પ્રવૃત્તિ

વિજિગીષુ [સ] વિ. જીતવા ઇચ્છનાર; વિજયની ઇચ્છા રાખનાર

વિજિજ્ઞાસા [સ] સ્ત્રી. જિજ્ઞાસા; વિશેષ જાણવાની ઇચ્છા

વિજિત જુઓ વિજીત

વિજિતાત્મા ૧ [સ] પું વિષ્ણુ

૨ પુ. શિવનાં હજાર માહેનુ એક નામ

૩ વિ. સમર્થ; પોતાના મનને જીતી લીધુ હોય એવ

વિજિતાશ્વ પું (પુરાણ) ઉત્તાનપાદ વંશના પૃથુરાજાથી અર્ચિ નામની સ્ત્રીને થયેલ પાંચ માંહેનો પહેલો પુત્ર. તેના પિતા પૃથુરાજાએ નવાણું યજ્ઞ કરી સોમો અશ્વમેધ શરૂ કર્યો એટલે ઇંદ્રે ચોરીને તેના ઘોડનું હરણ કર્યુ તે ઇંદ્ર પાસેથી તે ઘોડો છોડાવી લાવ્યો માટે તેનું નામ વિજિતાશ્વ પડ્યુ. તેનામાં ગુરુ રહેવાની પણ શક્તિ હતી તેથી તેનુ અંતર્ધાન એવુ પણ નામ હતુ. તેને શિખંડિની અને નભસ્વતી એવા બે સ્ત્રી હતી. તેમાની પહેલીને અગ્નિપાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્ર હતા. બીજી નભસ્વતીને હવિર્ધાન નામનો એક જ પુત્ર હતો.

વિજિતેંદ્રિય [સ. વિ (વિશેષ) + જિત (જીતેલું) + ઇંદ્રિય] વિ. જેણે ઇંદ્રિય જીતી છે એવુ; ઇંદ્રિયદમન કરેલુ

> ફક્ત વિજ્ઞાનથી તૃપ્ત કૂટસ્થ **વિજિતેંદ્રિય**,
> યુક્ત યોગી કહેવાયે સમલોષ્ટાશ્મકાંચન
> ગીતાનુશ્લોકન

વિજીત વિ જિતાયેલુ, હારેલુ.

વિજૃંભણ ૧. [સં] ન. બગાસું; બગાસુ

૨. ન. ધનુષની દોરી ખેંચવી તે.

૩. ન. બગાસુ

૪. ન. રમત; ક્રીડા

વિજે ૧ પું. જય અને વિજય નામના વિષ્ણુના દ્વારપાળ મહેનો વિજય નામે દ્વારપાળ.

> જે **વિજે** બે બોલિયા હતા,
> તેણે તત્ક્ષણ મેલ્યા કાઢી રે. નરસિંહ મહેતા

૨ [સં.] પુ. વિજય; જીત; હતેહ.

વિજેતા [સં.] વિ. જીતનાર, વિજય મેળવનાર.

વિજેતુ જુઓ વિજેતા.

વિજે પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેને સવિજયતા છંદ પણ કહે છે.

વિજૈતા પુ. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે ગાહિની કુટુંબિનીનો એક ભેદ છે. તેમાં ૬૮ ગુરુ અને ૨૨ લઘુ મળી ૯૦ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

વિજોગ ૧ પુ અળગા રહેવાપણુ.

૨. [સં. વિયોગ] પુ. જુદાઈ; વિરહ; છૂટું પડવુ તે; વિયોગ; અળગુ કે દૂર રહેવુ તે

૩ પુ. પ્રિયજનનુ દેશથી દૂર હોવુ તે.

વિજોગણ સ્ત્રી વિરહિણી; પતિથી દૂર પડેલી સ્ત્રી; વિયોગી સ્ત્રી

વિજોગિણી જુઓ વિજોગણ

વિજોગિસું જુઓ વિજોગી

વિજોગી ૧. વિ જુદાઈવાળું, વિરહ,

૨ વિ વિયોગી, વિરહી, સ્વજનથી વિખૂટુ કે દૂર પડેલુ વિરહવાળુ

વિજોદ્ધા પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અક્ષરનો એક અતિકૃતિ છંદ, વિરહ તેના દરેક ચરણમા ૧૨, વિરહ તેના દરેક ચરણમા બે ન અને ત્રણ ર હોય છે

વિજ્જા પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. વિદ્યાધર તેના દરેક ચરણમા ત્રણ નગણ અને છ રગણ મળી અઢાર અક્ષર હોય છે

વિજ્જુ [પ્રા.] સ્ત્રી. વીજળી

વિજ્જુમાલા પું. (પિંગળ) એ નામનો આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, મગણ, ગુરુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

વિજ્જુલા જુઓ વિજ્જુ.

વિજ્જુલી જુઓ વિજ્જુ.

વિજ્જૂ જુઓ વિજ્જુ

વિજ્જોહા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિમોહા. તે માત્રવૃત્ત છંદનો એક ભેદ છે

વિજ્ઞ ૧. [સં.] પું. આત્મા.

૨ પું. પંડિત.

૩. વિ. વિશેષ જાણનાર; ડાહ્યું; પ્રવીણ; હોશિયાર; ચતુર; બુદ્ધિમાન.

વિજ્ઞપ્તિ ૧. [સં.] સ્ત્રી. લાંચરુશ્વત.

૨. સ્ત્રી. વિનતિ; અરજ; આજીજી; વિજ્ઞાપના; પ્રાર્થના

વિજ્ઞાત ૧. પું. (પુરાણ) શાલ્મલી દ્વીપનો એ નામનો એક ખંડ.

૨ [સં] વિ પ્રખ્યાત; જાણીતું

૩. વિ સારી રીતે જાણેલુ; વિદિત; સમજાયેલુ.

વિજ્ઞાતા [સ. વિજ્ઞાતૃ] વિ સમજદાર; જ્ઞાની; સારી રીતે જાણનાર

વિજ્ઞાન ૧. ન. અનુભવજ્ઞાન

૨ ન આત્મા

૩ ન આત્મા

૪ ન વિ (વિશેષ) + જ્ઞાન (જાણવુ તે)] ન. ઊંચું અને ઉચ્ચ પ્રકારનું જ્ઞાન; અવિશેષ જ્ઞાન, શાસ્ત્રીય જ્ઞાન; કોઈ પણ પ્રકારનું જાણપણ કે જ્ઞાન. અંગ્રેજીમા. જે વિષયોને સાયન્સ કહેવામાં આવે છે તેને માટે ગુજરાતીમાં વિજ્ઞાન શબ્દ હવે રૂઢ થઈ ગયો છે. સાયન્સ શબ્દનો મૂળ અર્થ જ્ઞાન થાય છે, તેને બદલે ગુજરાતીમાં વિજ્ઞાન શબ્દ વાપરવાનું ખાસ પ્રયોજન છે. સંસ્કૃત તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મવિદ્યામાં જ્ઞાન અને વિજ્ઞાન એ બે શબ્દો જુદી રીતે વપરાયા છે જ્ઞાન ખાન અને ચિંતનથી પ્રાપ્ત થાય છે જ્યારે વિજ્ઞાન પ્રત્યક્ષ અનુભવથી મેળવી શકાય છે પ્રાપ્ત થાય છે. વિજ્ઞાન ઉપરાંત વિવિધ પ્રકારનું જ્ઞાન અને તે પ્રત્યક્ષ અનુભવ અને નિરીક્ષણથી રચાયેલું છે. આ ઉપરાંત વિજ્ઞાનની વિશેષતા વ્યવસ્થા અને નિયમમાં સમાયેલી છે. સામાન્ય જ્ઞાન છૂટક વસ્તુઓ કે વિચારોનું હોય છે પણ જ્યારે આ છૂટક જ્ઞાનને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં આવે ત્યારે તેમાંથી વિજ્ઞાનનાં તત્ત્વોનો આવિર્ભાવ થાય છે. સામાન્ય જ્ઞાનને ઈંટોના ઢગલાની સાથે સરખાવીએ તો વિજ્ઞાનને તેમાંથી ઈંટોને નિયમસર ગોઠવીને બનેલી દીવાલ સાથે સરખાવી શકાય

૫ ન. ગુરુ કે શાસ્ત્રના ઉપદેશથી ઉત્પન્ન થયેલ આત્માના પરોક્ષ જ્ઞાનના ફળરૂપ અનુભવથી થયેલું આત્માનું અપરોક્ષ જ્ઞાન.

૬. ન. ચૈતન્ય; ચેતન

૭. ન. ચોસઠ માંહેનુ એક વિજ્ઞાન. પૃથ્વીચંદ્ર ચરિત્રમાં ૬૪ વિજ્ઞાન આ પ્રમાણે કહ્યાં છે: (૧) નૃત્ત, (૨) કવિત, (૩) ચિત્ર, (૪) વાદિત્ર, (૫) મંત્ર, (૬) મંત્ર, (૭) તંત્ર, (૮) વિજ્ઞાન, (૯) કલા, (૧૦) જલકર્મ, (૧૧) ગીતજ્ઞાન, (૧૨) તાલવાદ્યનુ, (૧૩) મેઘવૃષ્ટિ, (૧૪) ફલવૃષ્ટિ, (૧૫) આરામરોપણ, (૧૬) આકારગોપન, (૧૭) ધર્મ વિચાર, (૧૮) શકુનસાર, (૧૯) ક્રિયાકલ્પ, (૨૦) સંસ્કૃતજલ્પ, (૨૧) પ્રાસાદરીતિ, (૨૨) ધર્મનીતિ, (૨૩) વર્ણિકાવૃદ્ધિ, (૨૪) સુવર્ણસિદ્ધિ, (૨૫) સુરભિતૈલકરણ, (૨૬) લીલાસંચરણ, (૨૭) ગજાશ્વનિરીક્ષણ, (૨૮) પુરુષસ્ત્રીલક્ષણ, (૨૯) વસ્તુવર્ણભેદ, (૩૦)

અષ્ટાદશલિપિપરિચ્છેદ, (૩૧) તત્કાલબુદ્ધિ, (૩૨) વાસ્તુસિદ્ધિ, (૩૩) વૈદ્યક્રિયા, (૩૪) કામક્રિયા, (૩૫) યંત્રભ્રમ, (૩૬) સ.રિપરિશ્રમ, (૩૭) અંજનયોગ, (૩૮) ચૂર્ણયોગ, (૩૯) હસ્તલાઘવ, (૪૦) શાકુનત્વ, (૪૧) નેપથ્યવિધિ, (૪૨) વાણિજ્યવિધિ, (૪૩) મુખમંડન, (૪૪) શાલિખંડન, (૪૫) કથાકથન, (૪૬) પુષ્પગ્રથન, (૪૭) વક્રોક્તિ, (૪૮) કાવ્યશક્તિ, (૪૯) સારવેશ, (૫૦) સકલભાષાવિશેષ, (૫૧) અભિધાનજ્ઞાન, (૫૨) આભરણપરિધાન, (૫૩) વૃક્ષોપચાર, (૫૪) ગૃહાચાર, (૫૫) રંધન, (૫૬) દેશભાષન, (૫૭) પ્રીણનાદ, (૫૮) વિતંડાવાદ, (૫૯) અંકવિચાર, (૬૦) લોકવ્યવહાર, (૬૧) વશીકરણ, (૬૨) ચારિતરંજન, (૬૩) પ્રશ્નપ્રહેલિકાકાવ્યાદિ અને (૬૪) ધર્મધ્યાન.

૮. ન. દુનિયાદારીની પાકી સમજણ.

૯. ન. પદાર્થનું વાસ્તવજ્ઞાન; પદાર્થજ્ઞાન, તત્ત્વજ્ઞાન; ઈશ્વર અને સત્ય વસ્તુ સંબંધી જ્ઞાન; કેવળજ્ઞાન

૧૦. ન. રસાયણશાસ્ત્ર.

૧૧. ન. સંવેદન; પ્રજ્ઞા; જ્ઞાન

વિજ્ઞાનકળા સ્ત્રી. બૉતેર પ્રકારની એક કળા

વિજ્ઞાનપત્ર [સં.] ન. પ્રસિદ્ધિપત્ર; બધાને સમજ આપનાર ખુલાસાવાર કાગળ કે પત્ર; 'પ્રૉસ્પેક્ટસ'

વિજ્ઞાનમય ૧. [સં.] વિ. ડાહ્યું; જ્ઞાની; સમજુ

૨. વિ. દુનિયાદારીના અનુભવથી પ્રાપ્ત કરેલા જ્ઞાનવાળું.

૩ વિ વિજ્ઞાનથી કરેલું; વિજ્ઞાનનું બનેલું

૪. વિ. શારીરિક; દેહી

વિજ્ઞાનમય કોશ પું. (યોગ) સૂક્ષ્મ દેહમાનો પાંચ પ્રકારનો એક કોશ; જીવના પાંચ આંદોનો એક કોશ; પાંચ જ્ઞાનેન્દ્રિય સહિત શરીરમાં રહેલો પાંચ આંદોનો એક કોશ. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એવા શરીરમાં પાંચ કોશ રહેલા છે. વિજ્ઞાનમય કોશ જ્ઞાનને હૃદયમાં ઉતારે છે અને ગ્રહણ કરેલા જ્ઞાનને વિવેક કરી ધારણ કરવાની શક્તિ આપે છે

વિજ્ઞાનમય કોષ જુઓ વિજ્ઞાનમય કોશ

વિજ્ઞાનમંદિર [સં.] ન વિજ્ઞાનની એ નામની સંસ્થા. આ મંદિર 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ રીસર્ચ' નામે બૅંગલોરમા ખોલવામા આવેલુ છે. વિજ્ઞાનસંશોધક જમશેદજી નસરવાનજી તાતાએ આ મંદિર સ્થાપ્યુ. રૂપિયા ત્રીસ લાખનું દાન કરી તેમણે આ વિજ્ઞાનમંદિર વધુમા વધુ કેવી રીતે ઉપયોગી થાય તે માટે ઘણો જ શ્રમ વેડી તેની પાછળ ખાસ નિષ્ણાતો રોકયા. આ સંસ્થાનો સ્થાપક એ ઉદ્યોગવીર અને વેપારવીર બાર વર્ષની ઉંમરે નવસારીથી નીકળ્યો હતો. અઢાર વર્ષની વયે ધંધા માટે દેશ પરદેશ ખૂંદ્યો આજે એના કેટલાય ઉદ્યોગ દેશમાં ઊભા નીકળ્યા છે. તેમ પશ્ચિમઘાટ ઉપર મુંબઈથી લગભગ ૮૦ માઈલ દૂર લોણાવલામાં સમુદ્રની સપાટીથી ૨,૦૪૦ ફૂટની ઊંચાઈએ ૨૫૦ એકર જમીનમાં વિશાળ તળાવ બાંધેલા છે. તેની આજુબાજુ ડુંગરની દીવાલો છે. એક બાજુએ આ પાણીને વહી જતું અટકાવવા જબરદસ્ત બંધ બાંધેલો છે. ત્યાંથી એક નહેર મારફતે અને પછી નળમા થઈને એ પાણી ૧,૭૪૦ ફૂટની ઊંચાઈએ ટાટાની તોતેરી ઉપર આવે છે આમ ઊંચાઈ પરથી આવતા પાણીનુ દબાણ ઉપર ચોરસ ઇંચ ૮૭૦ પાઉન્ડ થાય છે એમાંથી એટલી વીજળી ઉત્પન્ન થાય છે કે દૂર દૂર માઈલોના માઈલ સુધી તે પૂરી પડે. આ માટે તળેટીમા અપોલી નામના ગામે એક પાવર હાઉસ બાંધેલુ છે; બીજુ એનુ મુખ્યમાં છે. અપોલીના પાવર હાઉસમાં વીજળી ઉત્પન્ન થાય ને મુંબઈમાં મિલો ચાલે અને દીવા થાય. વીજળીથી મિલો ચાલે એટલે ધૂમાડાનાં ગોટા બંધાય નહિ અને હવા શુદ્ધ રહે. વળી આ પાણી વીજળી પૂરી પાડીને રહી નથી જતુ. એ પાણીની પાકી નાની નહી વહે છે. તેથી આજુબાજુના પ્રદેશને પાણી મળે છે ને ખેતી થાય છે. વરસી જતા વરસાદનો કેવો ઉપયોગ કરેલ છે તથા વિજ્ઞાનથી માણસ કેટલુ કરી શકે છે તે આ જોવાથી ખ્યાલ આવી શકાય છે. આ પાણીથી વીજળી ઉત્પન્ન કરે એવાં કારખાનાં કાઢતા પહેલા લોખંડની વસ્તુઓ ને પોલાદ બનાવવાનું કારખાનુ કાઢવાનો તેને વિચાર આવ્યો. એમણે તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની કાઢી. આજે આ કંપનીની બનાવટ દેશમાં જ નહિ પણ પરદેશમાં યે ખપે છે. આ માણસ એક વખત ચીન ગયા હતા. તે પછી તે જપાન ગયા, પછી સ્વિટ્ઝરલાંડ ગયા સ્વિટ્ઝરલાંડ એટલે કાપડનું જ કારખાનુ કાઢીએ તો ચાલે. ત્યાં તો કાપડની મિલો જ મિલો તે વખતે આપણે સામ્રાજ્ય પરદેશથી કાપડ આપતા હતા ત્ય. તેણે કાપડ બનાવવાનો ઉદ્યોગ જોયો, યંત્રની મિલો જોઈ, લક્ષ્મીનો ઉપયોગ જોયો. તેને લાગ્યુ કે, નવા નવા ઉદ્યોગમાં નાણાં રોકાં લોભ તો તે વધે. વળી નવાં નવાં કારખાનાં નીકળતાં લોકોને રોજી મળે; રોજી મળતાં ખૂબ્મરો ટળે અને દેશમા પૈસો વધે આવો વિચાર કરી દેશમાં આવીને તેણે મિલો કાઢી. વળી તેણે મુસાફરી દરમિયાન જોયું કે, કે સારું હોય તો કાપડ સારુ નીકળ એટલે તેણે સારી જાતનું કે ઉત્પાદન પ્રાપ્ત કર્યો જેમ લેંકેશાયર-માન્ચેસ્ટર જનાર કાપડની મિલો જુએ તેમ જપાન જનારને રેશમનો ઉદ્યોગ આકર્ષે જ. તેણે રેશમી કાપડ પણ કઢાવવા માંડયુ.

વિજ્ઞાનવાદ ૧. [સં.] પું ગુહ્ય જગતને સબોધિલુ જ્ઞાન; ગુહ્યનો ઉપદેશ; પદાર્થ માત્ર મનોમય છે, એટલે વિજ્ઞાન એ જ તત્ત્વ છે એવો બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક સિદ્ધાંત.

૨. પું જડ અને આત્માની એકતા પ્રતિપાદિત કરતો વાદ કે સિદ્ધાંત

વિજ્ઞાનવાદી [સ વિજ્ઞાનવાદિન્] વિ ગુહ્યના ઉપદેશમ માનનાર, વિજ્ઞાનવાદમાં માનનાર.

વિજ્ઞાનવાન વિ. બુદ્ધિમાન; વિશેષ જ્ઞાનવાળુ

> વિજ્ઞાનવાન જે છે તે સ્વાધીન મનનો સદા,
> દૃઢિયો થઇ જેની છે સારથિ સારથિ પરે.
>
> કઠોપનિષદ

વિજ્ઞાનવિદ [સં.] વિ. શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર.

વિજ્ઞાનવિહાર [સં.] પું. સાહિત્ય વિહાર; કલાવિહાર; ' એકેડેમિ '.

વિજ્ઞાનવીર [સ.] પું. વિજ્ઞાનકળામાં પ્રવીણ માણસ.

વિજ્ઞાનવેત્તા [સ.] વિ. વિજ્ઞાન જાણનાર; વૈજ્ઞાનિક.

વિજ્ઞાનશાસ્ત્ર [સં.] ન. વિજ્ઞાન સંબંધી વિદ્યા.

વિજ્ઞાનશાસ્ત્રી વિ. વિજ્ઞાન જાણનાર; વૈજ્ઞાનિક; ' સાયન્ટિસ્ટ '.

> વિજ્ઞાનશાસ્ત્રીની પેઠે પુરુષાર્થ આદરી,
> જાણ્યા છે જે સિદ્ધાંતો મેં અર્પું છું તે જ હું અહીં.
>
> ગાંધીગીતા

વિજ્ઞાનશરીર [સં] પું (વેદાંત) હું, હું, એવું આલય વિજ્ઞાન અને ચક્ષુરાદિક ઇંદ્રિયોથી જન્ય નિર્વિકલ્પક જ્ઞાન.

વિજ્ઞાનાચાર્ય જુઓ વિજ્ઞાનશાસ્ત્રી

વિજ્ઞાનાદ્વૈત [સં.] પું. એ નામનો એક મત. બૌદ્ધોમાં એક વિજ્ઞાનાદ્વૈત માનનાર સંપ્રદાય છે. તેનુ માનવું છે કે, સૃષ્ટિક વિજ્ઞાનોની પરંપરા જ બધુ જગત છે. બાહ્ય જે સૃષ્ટિ દેખાય છે તે ખોટી છે અને પ્રકૃતિ જેનું કર્યું જડ જગતનું ઉપાદાન કારણ નથી. આત્મામા જે અખંત છે તેનું કારણ પણ આ વિદ્યા જ છે. સાંખ્યસૂત્ર તેનું મંડન કરે છે.

વિજ્ઞાનિક ૧. પુ. વૈજ્ઞાનિક; વિજ્ઞાનશાસ્ત્રી.

૨. વિ. વિજ્ઞાન જાણનાર.

૩. વિ વિજ્ઞાનને લગતુ; વિજ્ઞાન સંબંધી

વિજ્ઞાની જુઓ વિજ્ઞાનિક.

વિજ્ઞાપક ૧. [સ.] પું. ખબર પહોંચાડનાર માણસ, બાતમીદાર પુરુષ.
૨. વિ જાહેરખબર.
૩. વિ. માહિતી આપનાર પુસ્તક કે ચોપાનિયું; બોધપત્ર
૪ પું. શિક્ષક, અધ્યાપક
૫. વિ જાહેર કરનાર; ખબર કહેનાર.
૬ વિ વિનતિ કરનાર.

વિજ્ઞાપત્ર જુઓ વિજ્ઞાપન પત્ર

વિજ્ઞાપન ૧. [સ.] ન. ઢંઢેરો; જાહેરનામું, જાહેરખબર.
૨. ન. નિવેદન, રજૂઆત; જણાવવું તે, ખબર કહેવી તે
૩ ન બધું વિવેકથી વીનવવું તે; અરજ કરવી તે, વિતપ્તિ, માનપૂર્વક કરવી વિનતિ, નમ્રતાથી વિવેકનું જે કંઈ કહેવું તે; વિનતિ સાથે નિવેદન કરવું તે.

વિજ્ઞાપનપત્ર ન. પ્રસિદ્ધિ પત્ર; જાહેરનામાનો કાગળ.

વિજ્ઞાપના જુઓ વિજ્ઞાપન.

વિજ્ઞાપિત ૧ [સં.] વિ. જાહેરાત કરેલું; જાહેરખબરમાં આપેલું.
૨. વિ નમ્રપણે રજૂ કરેલું; માનપૂર્વક નિવેદિત કરેલું કે જણાવેલું.
૩. વિ. પ્રાર્થિત; જેની વિનતિ કરી હોય એવું; વિતાપેલું

વિજ્ઞેય ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૨. [સં. વિ (વિશેષ) + જ્ઞેય (જાણવા યોગ્ય)] વિ. વિશેષ જાણવા યોગ્ય.

વિજ્ઞોલિતક ન. ભોગનું એક આસન ઇંદ્રિયપ્રવેશ થયા પછી જોડે પોતાના પગ પૂર્ણપણે લાંબા કરવા, એટલે તેણીના પગ પુરુષના પગની વચ્ચે આવવા દેવા વિશેષ કરીને પુરુષની ઇંદ્રિય તદ્દન નાની ન હોય પણ તેનું પૂરતું ઉત્થાન ન થયું હોય ત્યારે આ આસનથી વધારે લાભ કાંઈ પૂર્ણ ઉત્થાન થતાં પણ તેના વડે મદદ થાય છે. જોડે પોતાના કમરાની નીચે તકીઓ રાખવાથી આ આસન વધારે ઉદ્દીપક બને છે. વાત્સ્યાયને આ પ્રકારને ઉદ્ઘુષ્ક એવું નામ આપ્યું છે. જંઘ જો વધારે ખુલ્લી રાખવામાં આવે તો વિજ્ઞોલિતક અને પગ ઉપરની બાજુએ પૂર્ણપણે રાખવામા આવે તો તે આસનને ઉદ્ઘાલિક કહે છે. આ આસન ઉદ્ઘાલિકે પ્રથમ જોયું કહ્યું હતું એમ કહેવાય છે. આ આસનમાં યોનિલિંગને વધારે ઘર્ષણ થવાથી સ્ત્રીનું પણ વધારે ઉદ્દીપન થાય છે

વિજ્વર [સં.] વિ તાવ ઊતરી ગયો હોય એવું.

વિઝ ન. મોટી બિલાડી જેવું એક જાતનું હિંસક જનાવર.

વિટ ૧. [સં.] પું. ઉંદર
૨. પું. એ નામનો એક પર્વત
૩. પું. (પિંગલ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ગુરુ અને લઘુ મળી ૫૫ વર્ણ આવે છે

વિટ લ ગા ગાગી. રત્નમિલા

૪. પું. એક જાતનું લવણ કે ક્ષાર; સંચળ.
૫. પું. એક જાતનો ખેર.
૬. પું. નાટકમાં નાયકનાવિદ્યકનો વિદૂષક જેવો સાથી
૭ પું નારંગીનું ઝાડ.
૮ પું. ભાડવો; વેશ્યાનો અનુચર.
૯. પું. ભાડ.
૧૦ પું. યાર; જાર.
૧૧ પું. સ્પષ્ટ માલૂમ; પ્રસિદ્ધ.
૧૨ પું. વૈશ્ય; વિસ.
૧૩ પું. ધૂર્ત; ઠગ; ધૂતારો
૧૪. ન. મળ; વિષ્ટા
૧૫. વિ. ચટલેલું; ભ્રષ્ટ.

વિટપ્રીતિ સ્ત્રી. ભાડપણું.

વિટપ ૧. પું. આદિત્યનો પુત્ર
૨ [સં] પું. ડાળી; પલ્લવ; શાખા.
૩. પું. પેડુ નીચેનો ભાગ
૪. ન. વૃક્ષ; ઝાડ
૫. વિ બલિષ્ઠારી ઝોટોનું પાલન કરનાર.
૬. વિ સુભાષિત; સુંદર.

વિટપમર્મ ન. બંને સાથળ તથા વૃષણની વચમાં આવેલું એક આંગળના વિસ્તારવાળું રુંવાટીમર્મ.

વિટપાવલિ [સં.] સ્ત્રી. ઝાડની હાર.

વિટપી ૧. ન. અંતરનું ઝાડ.
૨. [સં વિટપિન્] ન. ઝાડ; વૃક્ષ; તરુ

સાખી વિટપી અનોહહ પ્રભ દ્રુમ પાદપ કહેવાય. અર્વાચીની પછી કવી વૃક્ષ ઝાડ થાય. પિંગળશાસ્ત્ર

૩. ન. વડનું ઝાડ.
૪. વિ. જેને ડાળીઓ હોય એવું.

વિટભુજ [સ વિટભુજ્] વિ. વિષ્ટા ખાનાર; વિષ્ટા પર જીવન ગાળનાર.

વિટભૂત પું. (પુરાણ) વરુણ લોકમાંનો એ નામનો એક અસુર.

વિટમણ્યા સ્ત્રી. દુઃખ; સંતાપ; વિટળણા; મુશ્કેલી

વિટલ ૧. [સ] વિ. દુષ્ટ; અધમ; હલકું; ટળેલી બુદ્ધિવાળું
૨. વિ. ન ટળે એવું; અવિચળ; દૃઢ.
૩. વિ. મૂર્ખ, અણસમજુ.

વિટલા પું. બ. વ. સ્ત્રી અને છોકરાંને કાને પહેરવાના સોનાના વાળા

વિટલાઈ સ્ત્રી. વરીઠરણ વિદ્યા.

વિટશૌચ [સ વિષ્ + શૌચ] ન દિશાએ જઈ આવ્યા પછીની પવિત્રતા. તેમાં લિંગ પર એક વાર, મુદ્દા પર ત્રણ વાર, ડાબા હાથ પર દસ વાર અને બંને હાથ પર સાત વાર શૌચ સિદ્ધ કરનારી માટી બતાડી.

વિટસારિકા [સ વિષ્ + સારિકા] સ્ત્રી. મેના.

વિટંક [સ.] ન. મહેલ વગેરેની ટોચ ઉપર બનાવેલ ઝાકડાનું બખ્તરબાનું.

વિટંગા ૧. [સં. વિટ્ + અંગના] સ્ત્રી. કામેલ સ્ત્રી.
૨. સ્ત્રી. કુલટા સ્ત્રી; છિનાળ.

વિટંડ [સં. વિતંડા] ન. પાખંડ; ઢોંગ; ખોટો વાદ; વિતંડા.

વિટંડવું ૧. સ ક્રિ. દુઃખ આપવું.
૨. સ. ક્રિ. નાશ કરવો.

વિટંબ જુઓ વિટળણા

વિટંબણ જુઓ વિટળણા.

વિટંબણા ૧. [સ. વિડંબન] સ્ત્રી. ક્લેશ; પીડા; સંતાપ; દુઃખ.
૨. સ્ત્રી. કજોડી; હાંસી.
૩. સ્ત્રી. ભાયાફોડ; પ્રપાત; તકરાર; માથાકૂટ.
૪. સ્ત્રી. મુશ્કેલી; હરકત; નડતર; અડચણ

વિટંબણા થવી–પડવી = (૧) મુશ્કેલી આવવી. (૨) સંતાપ થવો.

વિટા સ્ત્રી. ઈંટ.

વિટામિન [અં.] ન. શરીરને પોષણ આપનાર કીમતી તત્ત્વ; ખોરાકમાં હોવું એક પ્રાણ્યુદ્ભવી તત્ત્વ; પ્રજીવન; સત્ત્વ, જીવનરસ; પ્રાણુતત્ત્વ. ખોરાકમાં વિટામિન નામના એક તત્ત્વની શોધ થઈ છે. તે ઘણા સૂક્ષ્મ રૂપમાં અને થોડા પ્રમાણમાં હોવા છતાં શરીરની જીવનશક્તિ અજબ રીતે વધારી શકે છે. બીજું, દૂધમાંનું તાજું દૂધ અને ઝાડ, પ્રફુલ્લિત ફોળ, ઘઉં અને ચોખા ઉપરના ફોતરામાં, તાજું દૂધ અને માખણમાં, ઈંડાં, માછલી વગેરે પદાર્થમાં આ તત્ત્વ મળી આવે છે રાંધતી વખતે ખોરાકમ

તાપ લાગવાથી આ તત્વનો નાશ ન થાય તેની સંભાળ રાખવી પડે છે. આપણા ખોરાકમાં વિટામિન તત્વો આવશ્યક છે. વિટામિન એ, બી, સી અને ડી એમ ચાર પ્રકારનાં હોય છે. આ વિટામિન આપણે યોગ્ય પ્રમાણમાં લેવાં જરૂરિ નહિ તો આપણે રોગના ભોગ થઈ પડીએ અને તંદુરસ્તીને નુકસાન પણ પહોંચ વિટામિન 'એ' માખણ દૂધ, દહીં, મલાઈ તેમ જ કલેજાના તેલમાંથી મળી શકે છે લીલા પાંદડાવાળાં શાકભાજીમાં પણ આ વિટામિન હોય છે આપણા ખોરાકમાં પાંદડાવાળાં તેમજ લીલાં શાકભાજીનો સમાવેશ થવો જોઈએ વિટામિન 'બી' ઈંડામાં, માંસમાં તેમ જ ઘઉંનાં છડેલા ચોખામાં હોય છે આ વિટામિનના અભાવથી 'બેરીબેરી' નામનું દર્દ થાય છે. વિટામિન 'સી' લીલા, આમળામાં, ખાટા ફળોમાં તેમ જ ફણગાવેલા કઠોળમાં હોય છે. આ વિટામિનના અભાવથી શરીરના જુદા જુદા ભાગ પર સોજા ચઢી આવે છે. વધુને વધુ સમય રાંધવાથી તેમાનું આ વિટામિન નષ્ટ થાય છે. વિટામિન 'ડી' સૂર્ય પ્રકાશમાંથી મળે છે. માછલીના કલેજાના તેલમાં પણ આ વિટામિન હોય છે. આ વિટામિનના અભાવથી હાડકાં નબળાં પડે છે

વિટ્પ્રકોપ ૧ પું. મકોદારોની સત્તા.

૨. [સં.] પું. વૈશ્યપ્રકોપ, ઊલોગધૂત; વૈશ્યવૃત્તિની પ્રબળતા.

વિટ્રિયસ [અં] ન. નેત્રદર્પણની આગળના પોકળ ભાગમાં આવેલો એક જાતનો રસ નેત્રગોળની પહોળાઈનો ૨/૩ ભાગ આ રસથી ભરેલો છે અને બાકીના ૧/૩ ભાગમા લેન્સ અને જળરૂપ રસ આવેલાં છે. આ રસની આગળની બાજૂએ આવેલા ખાડામાં લેન્સનો પાછળનો બાહ્યગોળ ભાગ બેસે છે તે સંપૂર્ણ પારદર્શક છે તથા મુરબ્બાના જેવો નરમ છે અને પાણી તથા કેટલાક ક્ષારનો બનેલો છે.

વિટ્વરાહ [સં] પું. ડુક્કર

વિઠ્ઠુ [સં. વિષ્ણુ] પું વિષ્ણુ

વિઠોબા [સ. વિષ્ણુ] પું. વિષ્ણુનું એક નામ

વિઠ્ઠલ ૧. [સં.] પું. કૃષ્ણ

૨. પું વિષ્ણુનું એક નામ, વિષ્ણુનો એક અવતાર

વિઠ્ઠલનાથ જુઓ વિઠ્ઠલ

વિઠ્ઠલભાઈ પટેલ પું. એ નામના એક સુપ્રસિદ્ધ દેશભક્ત. વડી ધારાસભાના આ પ્રથમ પ્રમુખનો જન્મ વડોદરા તાલુકાના કરમસદ મુકામે ઈ. સ ૧૮૭૨માં થયો હતો. વર્ષો પહેલાં દિલ્લીની વડી ધારાસભાએ તેમને પોતાના પ્રમુખ ચૂંટ્યા વડી ધારાસભાના પ્રમુખને કાળો ઝભ્ભો પહેરવો પડતા આપણા આ પ્રમુખ ચૂસ્ત ખાદીધારી હતા તેમને બધો પોશાક ખાદીનો જ. આજે એ પ્રમુખ ચૂંટાયા ને આખરી કાયદાની સભામાં નો કાળો ઝભ્ભો પહેરીને જ હાજર થવું જોઈએ. એ સમયે વડી ધારાસભાની બેઠક સિમલામાં મળતી સિમલામા મુખ્યત્વે સરકારી અમલદારો વસતા હતા. તે બાદી પહેરતા જ નહિ પરદેશી સરકાર બાદી અને બ્રિટી સ્વદેશી વસ્તુ તરફ ધ્યાન શા માટે આપે ? તેથી સિમલામાં બાદી બિલકુલ મળતી ન હતી અને તેઓ બાદીનો જ આગ્રહ ધરીને બેઠા. તેમણે જણાવ્યું કે, પ્રજાપક્ષના વરાયેલા પ્રમુખનો પોશાક તો બાદીનો જ હોય. પણ બાદી શોધી જડે નહિ એટલે શું કરવું ? એક જ રાતમાં બાદી દૂર બહારગામથી મગાવી શકાય એમ ન હતુ. એમના સાથી મૂંઝાયા અને એ પણ મૂંઝાયા, વિચારમાં પડ્યા. છતાં બીજે દિવસે બાદીનો જ પોશાક પહેરીને એ પ્રમુખ સાહેબ ધારાસભામાં હાજર થયા. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. આ પ્રમુખ સાહેબ બાદી ક્યાંથી લાવ્યા ? નજીકથી જોઈ જોનારને પણ ખ્યાલ ન હતું કે એમનો પોશાક સાડીમાંથી બનાવેલો હતો. માત્ર શ્રીમતી સરોજિની નાયડુ એ વાત જાણતાં હતાં પોતાના સાથીઓ વિખેરાયા પછી એમણે સરોજિની દેવીને બોલાવ્યાં ને કહ્યું, મારે તમારું જરૂરી કામ છે. તમારી કાળી સાડી તાકીદે જોઈએ છે. સરોજિની વિચારમાં પડ્યાં. આ એકલા માણસને વળી મારી સાડીની શી જરૂર પડી ? પછી ઝબ્બાની મુરબ્બી વાત આવતાં એ હસ્યાં હસતાં હસતાં જ્યારે તરત જ સાડી મોકલી આપી. આ સાડીમાંથી પ્રમુખનો આખો પોશાક બન્યો હતો. પણ સાડીના ઝબ્બામાં સજ્જ થયેલા આ પ્રમુખે કેવી સરસ રીતે કામ કર્યું કે ફરીથી એ પ્રમુખ ચૂંટાયા. સરકારપક્ષે તેમ જ પ્રજાપક્ષે એમના નિર્ણયોની ઉત્સુકતાથી વાટ જોવાતી. પ્રમુખ તરીકે એમનો પગાર પાંચ હજાર રૂપિયાનો હતો. પહેલા મહિનાથી દર મહિને પગારમાંથી અર્ધો ઉપરાંતની રકમ રાષ્ટ્રસેવા માટે આપવાનું તેમણે નક્કી કર્યું અને ગાંધીજીને તે મુજબ પત્ર લખ્યો. ત્યારપછી ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે આલેખાયેલું એ વર્ષ આવ્યું. માટીમાંથી માણસ સર્જાતું, મુડદામાંથી પ્રાણ પૂરાતું, એ ઈસુની ૧૯૩૦ની સાલનું એ વર્ષ. એ વર્ષમા આપણી આઝાદીની લહત ફરીથી વેગપૂર્વક શરૂ થઈ મીઠા પર પરદેશી સરકાર કર લેતી હતી તે અને એવા ખંડિત અન્યાયી કાયદાનો ભંગ કરીને સત્યાગ્રહ કરવાનું નક્કી થયું. એ માટે મહાત્મા ગાંધીજી અમદાવાદથી પગે ચાલીને દાંડી ગયા. દાંડી ગામ સુરત જિલ્લામાં દરિયા કિનારે આવ્યું છે. ત્યાં મીઠું પુષ્કળ થાય છે. ત્યાં ગાંધીજી પહોંચ્યા ને મધરાતે પકડાયા. તરતજ વિઠ્ઠલભાઈએ પોતાના પ્રમુખપદનું રાજીનામું આપ્યું. પગારમાંથી બાકી રહેલી પચાસ હજારની રકમ ગાંધીજીને અર્પણ કરી અને સત્યાગ્રહમાં જોડાયા. એટલે વડી ધારાસભાના આ પ્રથમ પ્રમુખને રાજીનામા બાદ જેલ મળી. જેલનાં એ માંદા પડ્યા, છૂટ્યા અને સારવાર માટે વિદેશ ગયા. એ સાજા થવા વિદેશ ગયા પણ ત્યાંયે એમને આરામ સાંપડ્યો વિદેશમાં યે દેશની સાચી પરિસ્થિતિ દર્શાવતાં વ્યાખ્યાનો આપ્યાં. માતૃભૂમિની સેવા એ જ એમનો ધ્યાનમંત્ર હતો એટલે સાજા થઈને એ દેશમાં પાછા ફર્યા. ફરીથી આઝાદીનું કામ કરતાં પકડાયા પણ એમનું વૃદ્ધ શરીર તો આ પહેલા થાકી ગયું હતું. જેલમાં ગંભીર માંદગીએ ફરી એમને ઘેર્યા. સારવાર માટે એ પરદેશ જાય એવું નક્કી કરીને સરકારે એમને છોડ્યા. જેલમાંથી છૂટીને એ પરદેશ ગયા અને ત્યાના પ્રખ્યાત ડાક્ટરોની સલાહ લીધી નિષ્ણાત ડાક્ટરો પાસે સારવાર કરાવી પણ એમનું ક્ષીણ થતું શરીર બચી ન શક્યું. ઈ સ. ૧૯૩૩ માં પરદેશમાં એ અવસાન પામ્યા. તે સમયે એમની પાસે જે કંઈ મિલકત હતી તે બધી જ દેશને ચરણે એમણે ધરી દીધી. આવા આપણા પ્રથમ પ્રમુખ તે મહાન મુત્સદ્દી વિઠ્ઠલભાઈ પટેલ

વિઠ્ઠ [સં.] ન. એક પ્રકારનું મીઠું; સંચળ

વિડંગ [સ.] પુ; સ્ત્રી; ન વાવડિંગ

વિડંબક ૧. [સં] પું ભાંડ; વિદૂષક

૨. વિ. વિડંબના કરનાર.

વિડંબન ૧. [સં] ન. અનુકરણ; નકલ કરવી તે

૨. ન. અનેક જાતનાં રૂપ ધારણ કરવાની વિદ્યા.

૩. ન. ઉપહાસ; મશ્કરી

૪ ન ઇજા; કષ્ટ

૫ ન. ધિક્કાર; તિરસ્કાર

૬ ન. નિરર્થક કરવું તે; વ્યર્થ કરવું તે.

૭. ન. પ્રમાદી; ગૂઢવચન; ગૂઢવચ

૮ ન. પીડા; સંકટ; આપદા; દુઃખ.

૯. ન કરેલી; ગેરવ્યાજબી થયી તે.
૧૦ ન. મુશ્કેલી, અડચણ; હરકત, વિટમ્બણા.

વિડંબના જુઓ વિડંબન

વિડંબવું અ ક્રિ. દુઃખમાં ડૂબવું.

વિદારણ ન વિદારવું તે

વિદારવું ૧ સ. ક્રિ ચીરવું, ફાડવું, કાપવું.
૨. સ ક્રિ ભગાડવું. નસાડવું.
૩. સ. ક્રિ મારી નાખવું, નાશ કરવો
તે માટે આદિમા સર્વે છટિયો થાય ! નિશ્ચયી.
જ્ઞાનવિજ્ઞાનના ઘાતી એ પાપીને વિદાર્યું.
નીતાનુશ્લોક્ત

૪. સ ક્રિ. વેરણછેરણ કરવું.
૫ સ ક્રિ સરભાવવું.

વિદાલક [સ] ન હરતાલ.

વિદુલ [સ] પું નેતરનું ઝાડ

વિદૌજા [સં વિદૌજસ] પું. ઇંદ્ર.

વિદ્યોત પુ ચમક । ઝબકારો

વિદ્વરાહુ [સ.] પું. ભૂંડ; ડુક્કર.

વિદ્યુદ્વિઘાત પું. મંત્રતંત્રનો એક પ્રકાર

વિધુ અ. વિના; વગર; સિવાય.

વિધ્વંસવું અ ક્રિ. નાશ થયો.
કાંક્ષદોષ વિધ્વંસ્યા સ્વભાવની.
પર્વ જે હું ધર્મના મૂઢ ચિત્તે;
નહીં હોયે અદ્ર આયાં મહને તે,
સિદ્ધા આપો, સિદ્ધ પણ આપ રાજે.
નીતાનુશ્લોક્ત

વિધ્વંસાઢ (વિધ્વંસાડ) પું. વધ્વંસાડ, ભગાડ

વિધ્વંસાઢવું (વિધ્વંસાડવું) સ. ક્રિ. (જૂ. પ્ર.) ભગાડવું; વધ્વંસાડવું
એવિ શું વિધ્વંસાડિયું, જે મારિવ ! નારિ
આલાપ

વિધ્વાંચૂડા પું. વહાલ, બીક અને અધીરપણાથી શું કરું, શું કરવું અને કયારે મળાશે એવો વલોપાત થઈ રહેવો તે; વ્યાકુળતા; અકળામણ; ગભરામણ, ઉત્તાપ; ચિંતા; બેચેની; આતુરતા.

વિધ્વામણ ૧. ન. અનાજની અંદરના કાંકરા વગેરે, અનાજમાંથી વીણી કાઢેલ કચરા.
ધૂળનું વિધ્વામણ કાકરા ન હોય તેમાંથી શું નીકળે ?
૨. ન ઓડમ્બરપણું; ટોપ.
૩. ન. પસંદ કરવાનું તે.
૪ ન. વીણવાનું મહેનતાણું; વીણવાની મજૂરી.
૫. ન. વીણવું તે

વિધ્વામણી જુઓ વિધ્વામણ

વિધ્વાવવું સ. ક્રિ. વિણે તેમ કરવું.

વિધ્વાવું અ ક્રિ. વિધ્વામ તેમ થવું.

વિધ્વાસણ વિ. (જૂ. પ્ર.) ખાઈ ભગાડનાર
અને વિધ્વાસણ જે આનવી,
રામકથા કિમ અમારી કથી
સીતાહરણ

વિધ્વાસવું સ ક્રિ. (જૂ. પ્ર.) નાશ કરવો
દેવ તણા પ્રાસાદ વિધ્વાસ્યા.
કાન્હડદેપ્રબંધ

વિધ્વિજ ન. (જ્યોતિષ) દિવસનાં અગિયાર મહેનું એક કરણ

વિન્ [સ.] સ ક્રિ ત્યાગ કરવો; દાનમાં આપવું તે ઉપરથી વિત્ત શબ્દ બનેલ છે

વિત [સં. વિત્ત] ન. ધન; વિત્ત

વિતત ૧ સ્ત્રી. આંગળીના ચોવીસ મહેની એ નામની એક મુદ્રા.
૨. [સ.] ન. પહોળા અથવા જેને મર્યાદ આવવું કોઈ વાદ્ય
૩ [વિ] [વિતન્ ...] વિસ્તીર્ણ, ફેલાયેલું

વિતતપન્થા ૧ [સં] પુ. ચંદ્રમા વગેરે ગ્રહોનું રહેવું એક નામ
૨. વિ ઘણા પંથવાળા મનુષ્યવાળું

વિતતાન (સ) ન વિસ્તાર્યું; ફેલાવો કરવો તે; પ્રસારણ

વિતતાભિનય (સં) ન (નાટ્યશાસ્ત્ર) એક જાતનો અભિનય. કોઈ પણ મિશ્ર અભિનય જ્યારે
૧
૨+૧
અથવા ઉપમ અને ઉપમેય તેને
વિતતાભિનય અભિનય કહે છે

વિતતાધ્વ [સં.] ન. ચામડાનું બનેલું કોઈ વા.જ. જેમકે, ડમરુ, મૃદંગ, પખવાજ, ઢોલક, તબલાં, ખંજરી, નોબત, તાસાં, ઢોલ વગેરે.

વિતતિ (સ) સ્ત્રી. ફેલાવો; પ્રસાર; વૃદ્ધિ, પ્રસરણ, વિસ્તરણ

વિતતિયાળ ન ખેંચાણ

વિતતિમાપક ન પ્રવાહી પદાર્થ ગરમીથી કેટલો વધે છે તે માપવાનું યંત્ર.

વિતતી સ્ત્રી. અંગમર્દનનો એક પ્રકાર; સ્નાયુના લાંબા થવાથી શરીરનો એક ભાગ બીજાથી દૂર જાય તે ક્રિયા.

વિતત્ય પું. (પુરાણ) વિભ્ય ઋષિનો એ નામનો પુત્ર. તેનો પુત્ર સત્યશ્રવિ હતો

વિતથ ૧. પું. (પુરાણ) સોમવંશી ભરત રાજાનો ભરદ્વાજ નામનો પુત્ર
૨. [સં.] ન. અસત્ય; જૂઠાણું
૩. વિ. ખોટું, અસત્ય, જૂઠું, મૃષા.
૪ વિ. મિથ્યા; ફોગટ

વિતથવાદ ૧. પું. અવળું કે જૂઠું બોલવું તે.
૨. [સ] પુ ખોટી તકરાર

વિતથવાદી ૧. [સં વિતથવાદિન્] વિ. અસત્યવાદી; ખોટું બોલનાર
૨. [સ.] વિ ખોટી તકરાર કરનાર; કજિયાખોર

વિતદ્રુ [સ] સ્ત્રી. પંજાબમાં આવેલી એ નામની એક નદી

વિતનુ ૧. [સ વિ (વિનાનુ) + તનુ (શરીર)] પુ. અનંગ; કામદેવ, સ્મર
૨ વિ ઘણું ઝીણું, બારીક; અતિ સૂક્ષ્મ
૩ વિ નાજુક; પાતળું.
૪ વિ સુંદર

વિતનુતાપ [સં] પું. કામજ્વર; વિષય વાસનામાં શરીર તપી આવવું તે

વિતમસ પુ અઠ્યાસી મહેનો એ નામનો એક ગ્રહ.

વિતરડવું (વિતરડવું) સ ક્રિ નખથી ઉઝરડા ભરવા.

વિતરણ ૧ [સ.] ન. અર્પણ; દેવું તે, આપવું તે
૨ ન વિભાગ પાડવા તે, વહેંચણી, વિભાજન

વિતરવું ૧. સ ક્રિ. આપવું, દેવું
૨ સ ક્રિ વહેંચવું

વિતર્કમા વિ સ્ત્રી વિચારશક્તિ; એક ચિત્તવાણી.
ખાતી અંબે રવિતન રીઝાય તું
અંગ સુરંગ ધરી વિતર્કમા પ્રેમાનંદ

વિતરિત [સં.] વિ વહેંચેલું; વિતરણ કરેલું.

વિતરેક ૧. પું ત્યાગ; વર્જન; છોડી દેવું તે
૨ [સં અતિરેક] પું. ભિન્નતા; જુદાઈ; જુદાપણું
૩. અ. સિવાય.

વિતર્ક ૧. [સં] પુ. અટકળ; ધારણા
૨. પું. ઊડતો વિચાર; કલ્પના; તરંગ; તરેહવાર તર્ક
૩. પું. એ નામનો એક અર્થાલંકાર; કોઈ બાબતનો વિચાર કરતાં તેના સંબંધીનો વિચાર કરવો તે
૪ પું. એક તર્ક પછીનો બીજો તર્ક; તર્કવિતર્ક.
૫. પું. શંકા; સંદેશો; શકા; સંદેહ; વહેમ.

વિતર્કવું અ. ક્રિ. ખોટા તર્ક કરવા; ફોગટની ભનવું.

વિતર્કાનુગમ [સં] પું. (યોગ) સંપ્રજ્ઞાત સમાધિનો એક પ્રકાર

વિતર્કિત ૧. [સં.] વિ. અટકળ કરેલું, ધારણા બાંધેલું
૨. વિ. શંકાવાળું; જેમાં સંદેહ હોય તેવું

વિતર્કી વિ. વિવાદ કરવામાં હોશિયાર.

વિતર્દિ [સં.] સ્ત્રી. હિંસા કરનાર; ખાતકી

વિતલ ૧. ન. સાત માહેનું બીજું પાતાળ. અહીં હાટકેશ્વર નામના મહાદેવ રહે છે.
૨ વિ. તળિયા વિનાનું

વિતરોહ ન. અશોકનું ઝાડ; આસોપાલવ.

વિતસ્તા સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી; હાલની જેલમ નદી

વિતસ્તિ ૧. [સં.] સ્ત્રી. અંગૂઠાથી ઊભેલી આંગળી સુધીની લંબાઈ; વેંત
૨. સ્ત્રી. બાર આંગળનું માપ.
૩. સ્ત્રી. વિસ્તાર; ફેલાવો.

વિતળ જુઓ વિતલ.

વિતંડ ૧ પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવર સમયે આવેલો દંડ રાજાનો પિતા.
૨. [સં.] પું. હાથી.
૩. ન. પાખંડ; ફેંક; બનિંગ.

વિતંડાવાદ જુઓ વિતંડાવાદ

વિતંડા ૧ પું. એ નામે એક વાદ; વિતંડાવાદ.
૨ પું. કડછી
૩. પું. કરેણનું ઝાડ
૪. પું. પારકા ગુપ્ત દોષ પ્રકટ કરવા તે.
૫ પું. બકવાદ; નકામી માથાકૂટ.
૬. પું. વિરુદ્ધ દલીલ.
૭. પું. શિલારસ

વિતંડાવાદ ૧. પું. નકામી માથાકૂટ; નાહક બકવાદ; ખોટી રીતે તકરાર કરવી તે; માથું મારે તેવી નકામી તકરાર; માથાફોડ
૨. પું. પોતાનો પક્ષ જ ન હોય અને સામા પક્ષનું ખંડન જ ફક્ત કરવું તે; મિથ્યાવાદ; પોતાનો જ પક્ષ સાબી પારકા પક્ષનું જેમાં ખંડન હોય તેવો એક વાદ

વિતંડાવાદી વિ. વિતંડાવાદ કરનાર

વિતંડી વિ વિતંડાવાળું

વિતંતુ ૧. પું. ઉત્તમ ઘોડો
૨. સ્ત્રી. વિધવા સ્ત્રી

વિતંસ [સં.] પું. પાશ; બંધન; ફાંસો

વિતાડવું (વિતાડનું) ૧. સ ક્રિ. દુઃખ દેવું; પજવવું; હેરાન કરવું; પીડા કરવી
૨. સ ક્રિ. પસાર કરવું; માર્યું, વ્યતીત કરવું
૩. સ. ક્રિ. ધીમે એમ કરવું, પતાવવું

વિતાણ [સં. વિતાન] ન આવડ,જ્ઞાન

વિતાન ૧. પું. (પિંગળ) એ નામનો આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, તગણ, જગણ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.
૨ પું પ્રસંગ; અવસર.
૩. પું ચંદરવા
૪. પું. યજ્ઞની અગ્નિ
૫. ન. પૃથ્વી; નકશેત
૬ [સં] ન. ચંદરવો; છત્ર; છત્ર.
૭. ન પ્રસાર; ફેલાવો; વિસ્તાર
૮ ન મંડપ; માંડવો
૯ ન ૫૫
૧૦ ન સમૂહ જથ્થો
૧૧ વિ તુચ્છ; અધમ
૧૨ વિ ધોળું, સફ
૧૩. વિ ચંદ્ર, ખાલી

વિતાનિતા પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક વર્ણમેળ છંદ. તે શકરી છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે

વિતાલ ૧ પું (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ તેમાં ૨૬ માત્રા હોય છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે
૨ વિ તાલ વગરનું; બેતાલ

વિતાવવું જુઓ વિતાડવું

વિતી સ્ત્રી. આપદા, પીડા; સંકટ; દુઃખ

વિતુન્નક ૧. ન. ન જ. ખાણ.
૨ ન ન ન જોંધ આગળનો.
૩. ન. ન ન ખોરથૂથુ

વિતુષ વિ ફોતરાં વગરનું; છડેલું; જેના ઉપરથી ફોતરાં ખાંડી નાખ્યાના આવ્યાં હોય એવું

વિતુષ્ટ ૧ [સં] પું અસંતોષ
૨. વિ. સંતોષ નહિ પામેલું

વિતુંડ પું હાથી.

વિતૃષ્ણ [સં.] વિ સંતોષી; તૃષ્ણા વગરનું

વિતૃષ્ણ કર્મ ન. કામની ઇચ્છા વગર કરેલું કામ.

વિતૃષ્ણા [સં.] સ્ત્રી. તૃષ્ણા ન હોવી તે; તૃષ્ણાનો અભાવ; સંતોષ

વિત્ત ૧ ન. (શિલ્પ) એક જાતનું દિવાળ ઘર
૨. ન. ધન; દોલત; પૈસોટકો; મરણ; પૂંજી; સંપત્તિ; દ્રવ્ય
૩ ન. બળ; પ્રભાવ; શક્તિ.
૪ ન. મંત્રમિલકત.
૫. ન રસ; પાણી; હીર, સત્ય; સાર; કસ
૬ [સં. વિદ્ (જાણવું)] વિ જાણેલું, જ્ઞાત, સમજેલું
૭. વિ પ્રખ્યાત, પ્રસિદ્ધ
૮ વિ મેળવેલું
૯ વિ. વિચારેલું.

વિત્તજ [સં.] વિ ધનથી ઊપજ થયેલું

વિત્તજ્ઞાન [સં.] ન. સંપત્તિ સંબંધી જ્ઞાન.

વિત્તદ [સં.] વિ. ધન આપનાર

વિત્તનાથ [સં.] પું. કુબેર; ધનેશ.

વિત્તપાળ જુઓ વિત્તનાથ.

વિત્તવાન વિ વિત્તવાળું

વિત્તવૃદ્ધિ ૧ [સં.] સ્ત્રી. ધનસંપત્તિમાં વધારો થવો તે
૨. ન. (શિલ્પ) એક જાતનું ઘર. વિપુલ ધરના અપવર્કમાં પટદારુ આવે તો તે વિત્તવૃદ્ધિ નામે ઘર થાય

વિત્તશાઠ્ય [સં] ન. પૈસાની લેવડદેવડમાં કરાતી ગુપ્તચાર્યા

વિત્તશોચ્ય [સં.] ન. પૈસા છીનવી લેવાની ક્રિયા.

વિત્તહીન ૧ [સં.] વિ. ધન વગરનું; દરિદ્રી.
૨ વિ. નાદાર; દેવાળિયું.

વિત્તહીનત્વ [સં.] ન. નાદારી; દેવાળું.

વિત્તાન્વેષણ [સં.] ન ખિલકત શોધવી તે.

વિત્તિ ૧. [સં.] સ્ત્રી. જ્ઞાન, સમજ.
૨. સ્ત્રી લાભ
૩. સ્ત્રી. વિચાર; સંભાવના

વિત્તીય વિ. આર્થિક

વિત્તેશ [સં. વિત્ત (પૈસો) + ઈશ (અધિપતિ)] પું. કુબેર; ધનેશ
કદીના હારે જે હું. વિત્તેશ બક્ષ રાક્ષસે,
વસુએ સાથે જે હું. મેરુ હું પર્વતો વિશે.
ગીતાનુવેદન

વિત્તેશ્વર જુઓ વિત્તેશ

વિત્તૈષણા [સં] સ્ત્રી ધનની ઇચ્છા

વિત્તોપાર્જન [સં] ન પૈસા કમાવા તે; ધનપ્રાપ્તિ, કમાણી

વિથ સ સ ક્રિ. માગણી કરવી; માગવું; યાચવું

વિથળ વિ વિખનાયેલું, છોલેલું; ઢીલું થયેલું.

વિથિલ વિ. મળગાંઠ પડેલું, મૂંઝાયેલું.

વિદુર ૧ પું ક્ષય; નાશ
૨. [સં.] પું ચોર.
૩. પું. રાક્ષસ.
૪ વિ. અલ્પ; ઓછું.
૫. વિ. દુઃખી

વિદ્ ૧ [સં] વિ. સમાસમાં ઉત્તરપદ તરીકે આવતાં જાણનાર અર્થ બતાવતું. દા. વસ્તુવિદ.
૨. અ ક્રિ. આખ્યાન કરવું
૩. અ ક્રિ. રહેવું; વસવું
૪ અ ક્રિ વાદવિવાદ કરવો.
૫. અ ક્રિ. સુખ વગેરે અનુભવવું.
૬. અ. ક્રિ. હોવું
૭. સ. ક્રિ. ઓળખવું; પારખવું; જાણવું; સમજવું. તે ઉપરથી વેદ, વેત્તા, વિદ્વાન, વિદ્યા વગેરે શબ્દ થયેલા છે.
૮. સ. ક્રિ. પામવું, મેળવવું.
૯. સ ક્રિ. ભોગવું.
૧૦. સ. ક્રિ. વિચારવું; ધારવું

વિદ ૧. પું. પંડિત; જ્ઞાની પુરુષ
૨. પું મુખ ગ્રહ.
૩. ન. એ નામનું એક ગોત્ર.
૪. [સં. વિદ્ (જાણવું)] વિ. જાણનાર, માહિતગાર સમાસને અંતે આ શબ્દ વપરાય છે. જેમકે, હોવિદ.

વિદક્ષિણ [સં.] વિ. બધું જ હોશિયાર; બહુ જ ચતુર.

વિદગ્ધ ૧. [સં.] પું. ચતુર નાયક
૨. પું (પુરાણ) શાકલ્ય ઋષિનું બીજું નામ.
૩. વિ. બળેલું; દાઝેલું
૪. વિ. બહુ બળેલું કે શેકાયેલું; દાઝેલું.
૫. વિ. ચતુર; હોશિયાર; ડાહ્યો; મુત્સદ્દી; પાકું
૬ વિ. કુશળ; પૂર્ણ; પહોંચેલું
૭. વિ તરાપ મારનાર.
૮. વિ પરિપક્વ; પાકેલું.
૯. વિ. બળીને ભસ્મ થયેલું.
૧૦ વિ. રસિક; રસજ્ઞ
૧૧ વિ વિદ્વાન; ભણેલું.
૧૨. વિ. બ્યભિચારી

વિદગ્ધતા [સ.] સ્ત્રી. વિદગ્ધ હોવું તે.

વિદગ્ધત્રિલોકી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ વર્ણદંડક પ્રસ્તારમાં છે. તેમાં તગણ, નગણ, તગણ, જગણ, તગણ, નગણ, રગણ, જગણ, તગણ, નગણ, તગણ, નગણ, તગણ, નગણ, રગણ અને જગણ મળી ૪૮ અક્ષર હોય છે.

વિદગ્ધા ૧. [સ.] સ્ત્રી. ચતુર નાયિકા; ચતુર સ્ત્રી.
૨. સ્ત્રી. હોશિયાર સ્ત્રી.

વિદગ્ધાસ્ટ્રક્ [સં.] ન. આખેલું અન્ન બળી જાય એવો અજીર્ણનો એક પ્રકાર. આ રોગમાં બગાસાં તથા તરસ લાગે છે, મૂર્છા આવે છે અને જ્વર તથા ઝાડીમાં બળતરા થાય છે.

વિદગ્ધ ૧. પું. વૈદ્ય.
૨. પું. યોગી પુરુષ
૩. [સ. વિદ્ (જાણવું)] ન. જ્ઞાન.
૪ ન પુષ્ક
૫. વિ. કુશળ; જાણકાર.

વિદગ્ધ મંડલ [સં.] ન. વૈદિક કાળમાં બ્રહ્મચારીના ધાર્મિક જીવનની અવસ્થા કરનાર મંડલ

વિદર્ભ ૧. પું. (પુરાણ) ઋષભદેવને જયંતીથી થયેલા સો ભાઈનો એ નામનો એક પુત્ર. તેના બધાનું પણ એ જ નામ હતું.
૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ
૩. પું. (પુરાણ) ભરતખંડના નવ ભાઈનો એક ખંડ
૪. [સ] પું. વિરાટ; વરાડ દેશ
૫. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાંના જ્યામઘ રાજાનો પુત્ર

વિદર્ભજ [સ.] પું. વિદર્ભ દેશમાં ઉત્પન્ન થનાર

વિદર્ભજા [સં.] સ્ત્રી વિદર્ભ દેશની સ્ત્રી. જેમકે, દમયંતી, રુક્મિણી, લોપામુદ્રા વગેરે

વિદર્ભદેશ [સં.] પું. વિરાટ દેશ; વરાડ દેશ.

વિદર્ભરાજ [સ.] પું. વિદર્ભ દેશનો રાજા.

વિદલ ૧. [સં.] ન. ફોળ અને દહીં ભળવા દહીંની એક જાતની ખાવાની વાની
૨. ન. ઝાડની છાલ
૩. ન. ઝાડમનો ડાબ્બો
૪. ન. વાંસનો ટોપલો
૫. ન. સોનું.
૬. વિ. દાળ વિનાનું.
૭. વિ. બે ભાગમાં વહેંચાયેલું.
૮. વિ વિકસિત; ખીલેલું.

વિદલક જુઓ એક જાતની છાપ.

વિદલન ૧. [સં.] ન. કર્મનો નાશ કરવો તે.
૨. ન. તોડીફોડી નાખવું તે.
૩. ન. મસળવું કે દબાવવું તે.

વિદલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, તગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

રમ હું વિદલા આદે ન સ ત ય ગ.

વિદલ્લ પું. (પુરાણ) મધ્યવયમાં થયેલા ધ્રુવસંધિ રાજાનો પ્રધાન.

વિદળ જુઓ વિદલ.

વિદંડ પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવર વખતે આવેલા રાજાઓ માંહેનો એ નામનો એક. તે દડ રાજાનો પિતા થતો હતો

વિદાઈ [અ. વદાઅ (તેણે રજા લીધી)] સ્ત્રી. રજા લેવી તે; વિદાય; મોકલવું તે.

વિદાઉ વિ. વળાવેલું; મોકલેલું

વિદાય ૧. સ્ત્રી. રજા; છૂટા પડવું તે
વિદાય આપવી–લેવી = રજા દેવી કે લેવી.
૨. [હિ.] ન. દાન
૩. [અ. વદાઅ (રજા આપવી)] વિ. વળાવેલું, મોકલેલું; રવાના કરેલું.
વિદાય કરવું = (૧) કાઢવું; કાઢી મૂકવું. (૨) વળાવવું; રજા આપવી; રવાના કરવું.

વિદાયગીત ન. છૂટા પડતી વખતનું ગીત.

વિદાયગીરી ૧. [અ.] સ્ત્રી. જવાની રજા આપવી તે; વધાઈ; વળાવવું તે.
૨. સ્ત્રી. મોકલવું તે.
૩ સ્ત્રી. વળાવતાં માણસને જવાની રજા આપી ભેટ અને આશિષ આપવી તે.

વિદાયસોલ પું. વિદાય લેતાં કે આપતાં બોલાતો શબ્દ.

વિદાયસંદેશ પું. જતા માણસને આપવામાં આવતો સંદેશ.

વિદાર ૧. પું. પાણીનો પ્રવાહ.
૨. વ પુષ્ક
૩. ન. વિદારણ, તોડવું તે; વિભાગ કરવા તે.

વિદારક ૧. [સં.] ન. પાણીની વચ્ચે રહેલ ઝાડ
૨. ન. સુકાયેલી નદી વગેરેનું પાણી ધારણ કરી શકે તેવો ખાડો; પાણીનો બંધ.
૩ વિ. ટાળનાર; વિદારનાર; ભાંગનાર; નાશ કરનાર.
૪ વિ ફાડનાર; ચીરનાર; વિદારણ કરનાર.

વિદારણ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. ન. કજોરનું ઝાડ.
૩. ન. ફાડ; ફાટ; ચીરો.
૪ ન. (કૌન) બીજાએ કરેલાં પાપોને પ્રસિદ્ધ કરવાં તે.
૫. ન. ભેદન; નાશ.
૬. ન. મારવું તે
૭. ન. ફાડાર્ક; પુષ્ક.

૮. ન. વિદારવું તે, ફાડવું તે; ચીરવું તે; વિભાગ

૯. ન. ફાડવું ભાગવું તે.

વિદારણ ક્રિયા સ્ત્રી. (જૈન) બીજાએ કરેલી પાપ ક્રિયા પ્રગટ કરવી તે

વિદારણશીલ [સં.] વિ. અવાજ સાથે ફૂટનાર

વિદારવું ૧. સ ક્રિ. છટા પાડી નાખવું

૨. સ. ક્રિ. નાશ કરવું, સંહારવું; મારી નાખવું.

૩ સ ક્રિ ફાડવું. ચીરવું; કાપવું; વાઢી નાખવું

૪ સ ક્રિ મટાડવું, દબાવું

વિદારિકા ૧. સ્ત્રી એક પ્રકારની કાકડી તે ધરતી અંદાર અગિકોણમાં રહે છે

૨ સ્ત્રી કડવી તૂમડી

૩. [સં.] સ્ત્રી ખમાસો નામની વનસ્પતિ.

૪ સ્ત્રી. વિકારી કંદ.

વિદારિકાદિચૂર્ણ [સં] ન. (વૈદક) વિદારીકંદ અને બીજી દવાઓનો ભૂકો.

વિદારિત [સં.] વિ. ફાડી નાખેલું; ચીરી પાડેલું, ચીરેલું.

વિદારી ૧. સ્ત્રી. એક જાતનો બળતાનો રોગ તેમાં પીડા સાથે બળતામાં લાલ રંગનો સોજો થાય છે. તે ભાગમાં માંસ સડી વિખાય છે અને પરુ નીકળે છે

૨. સ્ત્રી. એક જાતનો વેલો. તે વધ્યો લાબો થાય છે. તેનાં પાન આખરાની પેઠે ત્રણ ત્રણ જોળાં હોય છે. આ વેલાની લાબી લટ ઉપર દીકાં આસપાસની રેખાનાં ગોળાનાં ફૂલ જેવાં પતંગિયાના આકારનાં સફેદ મધુરી વાસવાળાં નાનાં ફૂલ થાય છે. તેને ત્રણથી ચાર ઇંચ લાબી, બેથી છ બીજવાળી શીંગ થાય છે

૩. સ્ત્રી નિતંબમાં થતો એક જાતનો સોજો પિત્ત પ્રકોપથી આ રોગ થતો મનાય છે પડખાનું સૂવાથી દરદીને જરા ઠીક રહે છે

૪ સ્ત્રી. ભોંયકોળું; વિદારી કંદ.

૫. [સં વિદારિન્] વિ. ફાડનાર; વિદારણ કરનાર.

વિદારીકંદ પું વિદારીનું કંદ; ભોંયકોળું વિદારીના વેલા ઉષ્ણરાળ પ્રદેશની ભીંત ઝાડીમા બધે થાય છે. જમીનમા કોળાં જેવડી કે તેથી પણ ત્રણ ચાર ગણી મોટી તેની ગાંઠ બાજે છે. તેને વિદારીકંદ કહે છે. તેમને ચીરતાં ચીકણો રસ ઝરે છે, જે જલદી સુકાઈ જાય છે. આ કંદ ધાતુપૌષ્ટિક, મૂત્રલ, સ્નિગ્ધ, દુગ્ધવર્ધક, રાસાયન, વૃષ્ય અને ગર્ભપ્રદ મનાય છે તે પિત્ત, દાહ, રક્તદોષ, દાહ, બીલડીનો નાશ કરનાર મનાય છે. આ કંદને તાજો લાવી તરત જ તેનાં ફાકાં કરી ચૂસવા. જો તાજિયત ન હોય તો એક બે દિવસમાં તે સડી જાય છે. આ ફાકાંનાં ચૂસણે તેના જ રસની ભાવના આપી મૈથુન શક્તિની કમનાકાત, શરીરની કળતર, સ્ત્રીઓમા પ્રદરરોગ અને પુરુષના વીર્યસ્રાવમાં દૂધસાકર ના.ય નાખાય છે. તેનો પાક પણ બનાવી લોકો ખાય છે તે સાથે સાલમ, મુસળી, ગોખરુ વગેરે ચીજો નાખવામાં આવે છે. તેમા પ્રમેહ વગેરે નો ખરેખ ગુણ છે જરૂરમક રોગમાં જ્યારે અતિ ભૂખ લાગે છે ત્યારે આ કંદનું ચૂર્ણ સારું કામ કરે છે તેથી તરત જ અતિ ભૂખ બંધ થઈ શરીર ઉંકાઈ આવે છે નાનાં બચ્ચાં જગતાં જરૂર અનાજ પચવું નથી તે વખતે તનું ચૂર્ણ તેમોને બહુ માફક આવે છે. આયુર્વેદની. ઇજનીયરણ વનસ્પતિઓમાની આ એક છે તેના સેવનથી ઝાડો તેમ જ મૂત્ર પણ સાફ આવે છે. તેની મોટી માત્રા વામક છે આ કંદ વાટી સોજા ઉપર લેપ થાય છે. તેની પ્રસાદીથી સારા રેસા મળે છે. ચીન, જાપાનમાં રેસા માટે તેનું વાવેતર થાય છે

વિદારીગંધા [સં.] સ્ત્રી. સાલવણ; સાલપર્ણી, શાલપાન નામની વનસ્પતિ.

વિદારીમૂલ ન. વાજીકરણ માટે વપરાતી એક જાતની દેશી ઔષધિ

વિદારૂ પું ઝાકોડો

વિદારપીસ સ્ત્રી હાલની જેલમ નદીનું પ્રાચીન નામ

વિદાહ [સં.] પું. બળતરા; દાહ.

વિદાહી [સં. વિદાહિન્] વિ. બળતરા કરે તેવું

વિદિત ૧. [સં.] પું. કવિ; વિદ્વાન; પંડિત.

૨ ન. જ્ઞાન; બુદ્ધિ

૩. ન. વિખ્યાતિ; પ્રસિદ્ધિ

૪. વિ. જાણીતું, જાણેલું; જાણમાં આવેલું

૫ વિ જ્ઞાની; જાણનાર

૬ વિ પ્રસિદ્ધ; વિખ્યાત.

વિદિતકામા સ્ત્રી. નાયિકાનો એક પ્રકાર. જે મુગ્ધાને પોતાને પ્રગટ થયેલા કામની ખબર પડે છે તેને વિદિતકામા નાયિકા કહે છે.

વિદિતા સ્ત્રી. તેરમા જૈન તીર્થંકરની શાસનદેવી.

વિદિની સ્ત્રી. શરીરમાં થતો ફોડ જેવો એક જાતનો ચામડીનો રોગ.

વિદિશા ૧. [સં.] પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૨. વિ. આજ્ઞા આપનાર.

૩. ન. અવળી દિશામાં હોય તેમ.

વિદિશા ૧. સ્ત્રી કોણ; ખૂણો

૨. [સ] સ્ત્રી દશાર્ણ દેશની એ નામની રાજધાની; મધ્યદશાનું એ નામનુ એક પ્રાચીન નગર. તે વેત્રવતી નદીને કાંઠે આવેલ હતી. હાલ તેને ભિલસા કહે છે

૩ સ્ત્રી. મહાભારતમા જણાવેલી એક પ્રાચીન નદી. તે પારિયાત્ર પર્વતમાંથી નીકળતી હતી.

વિદીન [સ] વિ બહુ જ ગરીબ.

વિદીર્ણ [સં] વિ. ચીરેલું; નાશ કરેલું, વિદારિત; ચિરાયેલું

વિદુ ૧ પું ઘોડાના કાનની નીચેનો ભાગ.

૨ પું. પાણીનો ઘોડો

૩ પું હાથીના ગંડસ્થળનો મધ્યભાગ, હાથીના બંને કુંભોની વચ્ચેનું આકાશસ્થાન

વિદુર ૧ [સં.] પુ (પુરાણ) વિચિત્રવીર્યની સ્ત્રી અંબિકાની દાસીની કૂખે કૃષ્ણદ્વૈપાયન વ્યાસથી થયેલ પુત્ર; ધૃતરાષ્ટ્ર અને પાંડુના નાના ભાઈ. તે યમનો અંશ મનાય છે. જ્યારે ધૃતરાષ્ટ્ર અંધ જન્મ્યા અને પાંડુ પણ રોગી જન્મ્યા ત્યારે સત્યવતીએ પોતાની બંને પુત્રવધૂઓને વ્યાસ પાસે ફરીથી જવાની આજ્ઞા કરી. તેમણે પોતે ન જતાં અંબિકાની દાસીને મોકલી. તેથી વિદુરની ઉત્પત્તિ થઈ. વિદુરને પાંડવો ઉપર નાનપણથી જ પ્રીતિ હતી. દુર્યોધને જ્યારે પાંડવોને વારણાવત મોકલ્યા ત્યારે વિદુર યુધિષ્ઠિરને ચેતવ્યા હતા કે, તેમને બાળી નાખવાને માટે લાક્ષાગૃહ બનાવવામાં આવ્યું છે. ધૃતરાષ્ટ્ર તેનાથી વયે મોટા છતાં પણ તેનું અસ્તિત્વ માન રાખતા. વિદુરે દુર્યોધનને તેમ જ ધૃતરાષ્ટ્રને પાંડવોને ભાગ આપવા માટે ઘણું સમજાવેલ. પાંડવો જ્યારે ખાંડવપ્રસ્થમાં ગયા ત્યારે અમુક વખત સુધી તે તેમની સાથે રહ્યા. પછી યાત્રા કરવા નીકળી પડ્યા અને બાકીનો સમય અરણ્યમાં ગાળ્યો. માંડવ્ય ઋષિના શાપ પ્રમાણે વિદુરે પોતાનાં સો વર્ષ પૂરા થતા જ દેહનો ત્યાગ કર્યો.

વિદુરની ભાભી = ગરીબની સેવા

૨. ન. નેતરનું ઝાડ.

૩. વિ કંગાળ; ગરીબ; દીન

૪ વિ. જ્ઞાતા; જાણનાર.

૫. વિ ડાહ્યું; શાણું.

વિદુરનીતિ [સ] સ્ત્રી. એ નામનો નીતિ શાસ્ત્રનો એક ઉત્તમ ગ્રંથ. તેમાં વિદુરજીએ ધૃતરાષ્ટ્રને શિખામણ આપેલી છે. તે મહાભારતમાં ઉદ્યોગ પર્વમાં અધ્યાય ૩૩ થી ૪૧ એમ ૯ અધ્યાયમા છે

વિદુરમુખી વિ. સમજતું નહિ તેવું; લક્ષમાં પણ ન આવે તેવું

વિદુરવાક્ય ન. બોધ કે ઉપદેશનું વચન

વિદુરવેડા (વિદુર+) પુ.બ.વ. ફગાસિયત બતાવવા કરાતી તુમ તુમ પુ. જેવી તોછડી ઠેકડી; ટીખળ

વિદુલ ૧ [સં.] ન. પ્રવાસ નામનું દ્રવ્ય
૨ ન. નાતર
૩. ન. સમુદ્રફીણ

વિદુલા સ્ત્રી. (પુરાણ) સૌવીર દેશના રાજની સ્ત્રી તેનો પતિ મરણ પામવાથી અને પુત્ર નાનો હોવાથી સિંધુ દેશના રાજાએ તેનું રાજ્ય લઈ લીધું પછી જ્યારે તેનો પુત્ર મોટો થયો ત્યારે તે વીર સ્ત્રીએ સિંધુરાજા પાસેથી પોતાનું રાજ્ય પાછું લીધું તેના પુત્રનું નામ સંજય હતું

વિદુષા સ્ત્રી. (પુરાણ) પવિત્ર પર્વતમાંથી નીકળતી ભારતવર્ષની એ નામની એક નદી

વિદુષિકા જુઓ વિદુષી

વિદુષી [સં.] સ્ત્રી. પંડિતા; વિદ્વાન સ્ત્રી

વિદૂર ૧ પુ. એ નામનો એક પર્વત કે શહેર. સાથી પર્વે વૈદૂર્યમણિ મળી આવતો
૨. [સં.] વિ. અત્યંત દૂર; ખૂબ દૂર

વિદૂરતા [સં., સ્ત્રી.] ખૂબ દૂર હોવું તે

વિદૂરથ ૧ પુ. (પુરાણ) હસ્તકનો ભાઈ. તેણે કૃષ્ણે માર્યો હતો
૨ પુ. (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન એ નામનો એક રાજા. તે બાલ્યાવસ્થામાં જ પ્રજાનો રક્ષક થઈ ગયો હતો [illegible] નિ:ક્ષત્રિય પૃથ્વી કરતા હતા ત્યારે તેને ઋષ્યમૂક પર્વત ઉપર રહેતા એક ઋષિના આશ્રમમાં મૂકી દીધો હતો પછી જ્યારે પરશુરામ ક્ષત્રિયોનો નાશ કરવાના કર્મથી વિરામ્યા અને મહેન્દ્ર દેશમાં ગયા ત્યારે તે ફરીથી પુરુકુળની વૃદ્ધિ કરનાર થયો
૩ ન. કુરુક્ષેત્રનું એક નામ

વિદૂરમણિ પુ. વૈદૂર્ય, એક જાતનો કાળા રંગનો મણિ

વિદૂરાદ્રિ [સં.] પુ. એ નામનો એક પર્વત

વિદૂષક ૧ [સં.] પુ. નાયક અને નાયિકાનું વિશ્વાસસ્થાન બનેલો, બનેને મેળા કરીને રંજન કરી પોતાની આજીવિકા મેળવનાર પુરુષ; નાટકમાં નાયકનો મિત્ર.
૨. પુ. ભવાઈનો બનેલો ટોળી માણસ; રાજા અને મોટા માણસ પાસે હાજરજવાબી માટે રહેતો ટીખળી માણસ
૩ પુ. બાજ
૪ પુ. મરકટ, વાનર, તરકડિયો; ભવાઈ વગેરે ખેલ અને જલસાઓમાં હાસ્ય ઉપજાવે એવું તોફાન કરનાર નકલી પાત્ર
૫ પુ. લબરમૂછો માણસ.
૬ પુ. ખિજવી પુરુષ; કાગડો

વિદૂષકપણું ન. વિદૂષકનું કામ

વિદૃતિ પુ. (યોગ) બ્રહ્મરંધ્રથી નાભિ સુધીનો નાડીમાર્ગ. મે.

વિદેશ [સં.] પુ. પરદેશ; પારકો દેશ; દેશાંતર

વિદેશગમન [સં.] ન. પરદેશ જવું તે.

વિદેશણ સ્ત્રી. બીજા દેશની સ્ત્રી

વિદેશવાસી જુઓ વિદેશસ્થ.

વિદેશવિપત્ર ન. પરદેશી હૂંડી

વિદેશસ્થ [સં.] વિ. પરદેશમાં રહેનાર.

વિદેશી ૧ પુ. પરદેશી માણસ
૨ વિ. પરદેશનું બનાવટી, પરદેશનું નહિ એવું; પરદેશી, બહારના દેશનું, આંતરદેશીય

વિદેશીકરણ [સં.] ન. વિદેશીમય થઈ જવું તે

વિદેશીય વિ. પરદેશી પરદેશનું, આંતરદેશીય

વિદેહ ૧ પુ. [illegible]
૨ [illegible] પુ. [illegible], મિથિલાનું બીજું નામ. અહીં પ્રાચીનકાળે જનકનું તત્ત્વજ્ઞાન વિકસ્યું હતું અને જનક તેનો શિષ્ય હતો. ભવિષ્યમાં આ દેશ બૌદ્ધ ધર્મ ને જૈનધર્મનું ઉત્પત્તિસ્થાન થઈ પડ્યો. તેઓની સંન્યાસની ભાવના પણ આ દેશમાં જ જન્મ પામી
૩ પુ. વાયુ
૪ પુ. આત્મવિદ્યાથી બનતા આનંદમાં કૃતાર્થપણું માનીને તેનાથી પર પ્રધાન પુરુષને અનુભવનાર યોગી
૫ વિ. [illegible], મનોમયકોશથી મુક્ત થયેલું, [illegible] થયેલું. દેહને ભરીને લાગતી [illegible], દેહને ન [illegible] તેવું અને દેહે કરીને દેહને [illegible], આત્મનો તત્ત્વજ્ઞ દેહનો. આત્મરૂપ તત્ત્વનો [illegible] તેવું [illegible] પોતાનું [illegible] હોય તેવું [illegible] અસ્તીર્ણ
૭ વિ. [illegible], [illegible]
૮ ન. [illegible], [illegible]

વિદેહકુમારી [સં.] સ્ત્રી. સીતા જનકની

વિદેહકૈવલ્ય [સં.] ન. મોક્ષ. નિર્વાણ.

વિદેહનગર ન. (પુરાણ) મિથિલાનગરી

વિદેહમુક્ત [સં., વિ.] મુક્તિ પામેલું; મોક્ષ મળ્યો હોય એવું

વિદેહમુક્તિ [સં.] સ્ત્રી. મરણ બાદ પ્રાપ્ત થતી મુક્તિ; જીવન્મુક્તિથી ઊલટું

વિદેહમોક્ષ જુઓ વિદેહમુક્તિ.

વિદેહરાજ [સં. વિદેહરાજન્] પું. જનક રાજા.

વિદેહવર્ષ ન. (જૈન) જંબુદ્વીપનાં સાત મોટાં ક્ષેત્ર.

વિદેહા [સં.] સ્ત્રી. જનક રાજાની નગરી મિથિલા.

વિદેહી જુઓ વિદેહ.

વિદોહક [સં., વિ.] વિદોહન કરનાર; દૂહી બતાવનાર.

વિદોહન ૧. ન. અયોગ્ય રીતે ઉપયોગ કરવો તે.
૨ [સં.] ન. ધાતુશોધન; ધાતુને શુદ્ધ કરવી તે
૩. ન. વિકર્ષણ, ન્યૂનીકરણ; સારણક્રિયા

વિદ્ધ ૧ [સં., પું.] દુર્ગ; કિલ્લો
૨. પુ. શિવના હજાર નામોનું એક નામ
૩. વિ. અંદર-પ્રવેશેલું.
૪ વિ. અનાદર્યા; જેણે સહન કર્યું હોય એવું.
૫. વિ. ઘાયલ થયેલું; જખમાયેલું
૬. વિ. ફેંકેલું.
૭. વિ. બરાબર; સમાન.
૮ વિ. વપરાયેલું, ઉપયોગમાં આવેલું.
૯. વિ. પાકું.
૧૦. વિ. વીંધાયેલું; વેધ પડેલો હોય એવું; વીંધેલું; કાણું પાડેલું.

વિદ્ધકર્ણ [સં.] વિ. કાન વીંધેલું.

વિદ્ધકર્ણી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ, કાણીપાટ

વિદ્ધા ૧. [હિં.] સ્ત્રી. એક જાતનો રોગ. તેમાં નાની નાની ફોડકીઓ નીકળે છે.
૨. સ્ત્રી. વેધ પામેલી તિથિ.

વિદ્યમાન ૧. [સં.] વિ. જીવતું; હયાત. નામમાં પિતાના નામ પૂર્વે 'વિ.' લખી તે હયાત છે એમ સૂચવાય છે
૨. વિ. નજર સામે હોય એવું; પ્રત્યક્ષ; હાજર; સમક્ષ
૩. વિ. વર્તમાન; પ્રચલિત.

વિદ્યમાનકાળ પું. ચાલતો વખત; અર્વાચીન કે વર્તમાનકાળ.

વિદ્યમાને અ. મારફતે, જોગકે, જોની વિદ્યમાને કાગળ પહોંચાડો

વિદ્યા ૧. પુ. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેમાં તગણ, જગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૨ પુ (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્તિ માત્રામેળ છંદ. તે જગણવાળી આર્યા છંદનો એક ભેદ છે તેમાં ૨૩ ગુરુ અને ૧૧ લઘુ મળી ૩૪ વર્ણ આવે છે

૩ પુ. મોટું સૂચક સાંકેતિક શબ્દ

૪. સ્ત્રી આયુર્વેદ, ધનુર્વેદ અને ગાંધર્વવેદ એ ત્રણનો સમૂહ. શરીર સંબંધી ચોક્કસ જ્ઞાન અથવા ઔષધની વિદ્યા જણાવનાર શાસ્ત્ર તે આયુર્વેદ કહેવાય છે. ધનુષ્ય અથવા શસ્ત્રો સંબંધી વિદ્યા જણાવનાર શાસ્ત્ર તે ધનુર્વેદ કહેવાય છે. ગાંધર્વની એટલે સંગીતની વિદ્યા જણાવનાર શાસ્ત્ર તે ગાંધર્વવેદ કહેવાય છે. આ ત્રણે વિદ્યા અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ મુખ્ય વેદના. ઉપવેદ છે તેવી જ રીતે સ્થાપત્ય એટલે બાંધકામ સંબંધી વિદ્યા તે અથર્વવેદનો ઉપવેદ છે

૫ સ્ત્રી. આવડત

૬ સ્ત્રી. ઈશ્વરની સર્વજ્ઞતા, ઈશ્વરની ચાર મહેની એક શક્તિ

૭. સ્ત્રી ઉપાસના; ભક્તિ

> મોક્ષ, જ્ઞાન, કર્મ અને વિદ્યા એટલે ઉપાસનાથી મોક્ષ થતો નથી; કિંતુ બ્રહ્મ અને આત્માની એકતાના જ્ઞાનથી જ સંપ્રાપ્ત થાય છે અને તે વેદાંતના અભ્યાસથી જ થાય છે.
>
> શંકરાચાર્ય

૮. સ્ત્રી એક જાતની વેલ; ભાંજો. કુડાં અને કમારીમાં તે થાય છે

૯ સ્ત્રી કર્મ રહિત કેવળજ્ઞાન

૧૦. સ્ત્રી. કોઈ વસ્તુ કે કામની માહિતી અથવા જ્ઞાન.

૧૧. સ્ત્રી ભરપૂર ભેળાં.

૧૨. સ્ત્રી જીવ અને બ્રહ્મના અભેદને વિષય કરનારી અંતઃકરણની વૃત્તિ વિદ્યા બે પ્રકારની મનાય છે: પરા અને અપરા. જે વિદ્યા દ્વારા બ્રહ્મજ્ઞાન થાય છે તે પરા વિદ્યા અને તે સિવાયની બીજી લૌકિક કે પદાર્થવિદ્યાઓ છે તે બધી અપરાવિદ્યા કહેવાય છે.

> અવિદ્યા = અજ્ઞાન; માયા; અજ્ઞાનમય

૧૩ સ્ત્રી જ્ઞાનનું શાસ્ત્ર કે કળા. જેમકે, સમાજવિદ્યા. ઋક્, યજુસ, સામ અને અથર્વ એ ચાર વેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ છ અંગ, ધર્મશાસ્ત્ર, મીમાંસા, તર્ક અથવા ન્યાય અને પુરાણ એમ ચૌદ વિદ્યા કહેવાય છે

> ૧. ચૌદ વિદ્યા = બધી વિદ્યા; સમગ્રજ્ઞાન.
> ૨. ચૌદે વિદ્યાનું જણાવું = (૧) ઉતરાય નહિ એવું, હોશિયાર. (૨) જાણેલું; વિદ્વાન; પંડિત. (૩) ચુક્યું, કામ. બંનમાં તેમ બોલાય છે.

૧૪ સ્ત્રી. દેવતા

૧૫ સ્ત્રી (વેદાંત) પુરુષાર્થનું સાધન.

૧૬ સ્ત્રી જન્મોના રોગ. તે આવવાથી વિદ્યા આવે છે એમ સમજી આગળ આવે છે

૧૭ સ્ત્રી અક્ષરો: શિક્ષણ, કેળવણી, કેળવણી પૂરતું આધાર કર્યું છે કે: જ્યાં લગી દેશમાં વિદ્યાદાન આપનારા શિક્ષકોની મારફતે નહિ થાય, ત્યાં સુધી ગરીબમાં ગરીબ દિવસે દિવસે ગરીબ થતા જશે, ત્યાં સુધી વિદ્યા અને ધર્મનો સંપૂર્ણ સંગમ નહિ થયો હોય, ત્યાં સુધી વિદ્યાને હિંદની પરિસ્થિતિની સાથે સંબંધ નહિ જોડ્યો હોય, ત્યાં સુધી પરભાષાની મારફતે શિક્ષણ આપી બાળકો અને જુવાનોમાં મનની ઉપર અસહ્ય બોજો પડે છે તે દૂર કરવામાં નહિ આવ્યો હોય, ત્યાં સુધી પ્રજાજીવન કદી ઊંચું આવવાનું નથી એ નિઃશંક છે એજ વિદ્યા છે કે જે, વિવિધ-આધિક, સામાજિક અને આધ્યાત્મિક-મુક્તિ અપાવે. જે વિદ્યાથી આપણી મુક્તિ દૂર થાય છે તે વિદ્યા ત્યાજ્ય છે, તે વિદ્યા રાક્ષસી છે, તે વિદ્યા અધર્મ છે; માટે જે મુક્તિ અપાવે તેનું નામ વિદ્યા. જેને પ્રથમ પ્રકારની મુક્તિ નથી તેને બીજી અસંભવિત છે. વિદ્યાના મોહને હું વખોડતો નથી વિદ્યાનો મોહ હોવો એ જુવાનોનો ધર્મ છે; એ મને સ્વીકાર્ય છે. પણ એ મોહની ખાતર આપણા દેશને-આપણા ધર્મને ભોગવો નહિ જોઈએ 'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે જે વિદ્યાથી ધર્મને સાચવી શકીએ તે જ વિદ્યા. 'સા વિદ્યા યા વિમુક્તયે' એ ગુજરાત વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર છે. મોટી મુક્તિમાં નાની પણ આવી જ જાય એ ન્યાયે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય અને લૌકિક મુક્તિનો આધ્યાત્મિકમાં સમાવેશ થાય છે. એટલે કેળવણીની સંસ્થાઓમાં જે જ્ઞાન મળે તેથી આપણી આઝાદીનો રાહ શીખવવો જોઈએ અને તે તરફ વિદ્યાર્થીને લઈ જવો જોઈએ.

૧૮. સ્ત્રી. યુક્તિ; ઊતરપાંદી

૧૯. સ્ત્રી. વધ; વધા; સરવાળા કે ગુણાકારમાં, એકમ દશક વગેરે કોઈ એક સ્થાનના સરવાળા કે ગુણાકારની આવેલી રકમમાંથી એકમનો આંકડો રાખી બાકીના સ્થાનના અંક આગળના સ્થાનની રકમમાં ઉત્તરોત્તર ઉમેરવામાં આવે છે તે.

૨૦. સ્ત્રી વિજ્ઞાન, 'સાયન્સ'

૨૧ સ્ત્રી. સારી રીતે જાણવાનું જે હોય તે.

૨૨. સ્ત્રી. સીતાનાં દત્તક માહેનું એક નામ.

વિદ્યાકલા [સ] સ્ત્રી. શાસ્ત્ર તથા હુનરઉદ્યોગ.

વિદ્યાખાતું ન. કેળવણીખાતું.

વિદ્યાગુરુ પું. વિદ્યા ભણાવનાર આચાર્ય; શિક્ષક; મહેતાજી; શિક્ષાગુરુ; અધ્યાપક; વિદ્યા શીખવનાર ગુરુ

વિદ્યાગૃહ [સં] ન. શાળા; નિશાળનું મકાન; પાઠશાળા; 'સ્કૂલ'.

વિદ્યાચતુર [સ] વિ. વિદ્યાથી પ્રખ્યાત; જ્ઞાન વડે પ્રસિદ્ધિ પામેલું

વિદ્યાતુર [સં.] વિ. વિદ્યા માટે આતુર બનેલું, જિજ્ઞાસુ.

> અર્થાતુરોને ન સુખ ન બંધુ,
> કામાતુરોને ન ભય ન શરમ,
> વિદ્યાતુરોને ન સુખો ન નિદ્રા,
> ક્ષુધાતુરોને ન રુચિ ન વેલા. સુભાષિત

વિદ્યાદલ [સ.] ન. ભોજપત્રનું ઝાડ.

વિદ્યાદંભ [સં.] પું. પંડિતાઈનો ખોટો ડોળ.

વિદ્યાદાન ન વિદ્યા ભણાવવી તે; શિક્ષા આપવી તે; વિદ્યાનું દાન. વિદ્યાદાનનું માહાત્મ્યવર્ણન કરતા પાલવલકર ઋષિ પોતાની સ્મૃતિમાં લખે છે કે: જે દાતાનું અન્ન વિદ્યાભ્યાસથી પચે છે તે દાતાની દસ આગળની અને દસ પાછળની પેઢીનો ઉદ્ધાર થાય છે

વિદ્યાદેવી ૧. સ્ત્રી જૈનોની સોળ માહેની એક જિનદેવી

૨. [સં.] સ્ત્રી સરસ્વતી; વિદ્યાની દેવી; શારદા

વિદ્યાદોષ [સ.] પું (જૈન) જૈન સાધુને આહારપાણી લેતાં લાગતું એક જાતનું પાપ; ઉત્પાદન દોષની સોળ માહેની એક જાત; વિદ્યાનો પ્રભાવ વાપરીને ભિક્ષા લેવી તે.

વિદ્યાધન ૧. [સં.] ન. વિદ્યાથી પ્રાપ્ત કરેલું ધન; બાહ્યતરથી મેળવેલ સંપત્તિ

૨. ન. વિદ્યારૂપી ધન.

વિદ્યાધર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતિ છંદનો એક ભેદ છે. તેને વિદ્યાધાર, વિદ્યાધરી અને વિદ્યાહાર પણ કહે છે. તેના દરેક ચરણમાં ચાર મગણ હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક વર્ણોદ્ગત વર્ણમેળ છંદ. તેમાં ૩ નગણ અને ૬ રગણ મળી ૨૭ વર્ણ હોય છે.

> ત્રણ નગણ પર બંને રા ગણો,
> આદિને અંતમાં આવ વિદ્યાધરી છંદ.
>
> અપિંગલ

૩. [સં.] પું. કૈલાસપર્વત ઉપર રહેતા અર્ધદેવલોકની એક જાતિનો પુરુષ; એક દેવયોનિનો

દેવ તેઓ આકાશ અને પૃથ્વી વચ્ચે રહેતા હોવાનું અને માયાળુ પ્રકૃતિના હોવાનું મનાય છે તેઓ ઇંદ્રના અનુચર છે; પણ તેઓને પોતાનો જુદો રાજા હોય છે. કોઈ કોઈ વાર મનુષ્યો સાથે સ્નેહથી તેઓ જોડાતા હોય તેમ દર્શાવવામાં આવે છે તેઓને કામરૂપી, ખેચર, નભઃચર, પ્રિયંવદ વગેરે અનેક નામ આપવામા આવ્યા છે

૪ ન. એક જાતનું વસ્ત્ર

૫. ન. એક પ્રકારનું અસ્ત્ર

૬. વિ. વિદ્વાન; પંડિત; ભણેલું

વિદ્યાધરયંત્ર ન (વૈદક) પારામાંથી બિજોરા કાઢવા માટે વપરાતું યંત્ર.

વિદ્યાધરા સ્ત્રી. મંડનમિશ્રની વિદુષી પત્ની. તેણે ભગવાન શંકરાચાર્ય સામે શાસ્ત્રાર્થ કરીને તેમને પરાજિત કર્યા હતા

વિદ્યાધરી ૧. સ્ત્રી વજ્રટરી; જહાજ ઉપર યોદ્ધાઓને ઊભા રહેવા માટેની આડશ.

૨. [સં.] સ્ત્રી. વિદ્યાધર વર્ગની સ્ત્રી.

વિદ્યાધામ [સ. વિદ્યાધામન્] ન પાઠશાળા; નિશાળ

વિદ્યાધાર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તેને વિદ્યાધર, વિદ્યાધારી, વિદ્યાહાર છંદ પણ કહે છે. તેમાં ૪ ભગણ આવતા હોય છે.

આમા આવી વિદ્યાધારે આવે આવે,
આવે આવે, આવે સાથી છંદો સાવે.
શ્યામપિંગળ

૨. [સં.] વિ. પંડિત; વિદ્વાન.

વિદ્યાધારી જુઓ વિદ્યાધાર.

વિદ્યાધિકારી [સં. વિદ્યા + અધિકારી] પું વિદ્યા કે કેળવણી ખાતાનો અધિકારી; 'ડી પી આઈ'

વિદ્યાધ્યયન [સં] ન. અભ્યાસ; વિદ્યા ભણવી તે

વિદ્યાનંદ ૧ [સ] પુ. વિદ્યાપ્રાપ્તિનો આનંદ, વિદ્યાથી થતો આનંદ

૨. ન. જૈન વિદ્વાને લખેલું એ નામનું વ્યાકરણ.

વિદ્યાનિકષ [સ.] સ્ત્રી. વિદ્યાની કસોટી કરનાર સભા, 'યુનિવર્સિટિ'.

વિદ્યાનિધિ ૧. [સ.] પુ. વિદ્યાનો ભંડાર.

૨. પું. વિદ્યાસમિતિનો પ્રમુખ

વિદ્યાનિપુણ [સ.] વિ. વિદ્વાન; ભણેલું

વિદ્યાનુરાગ [સં.] પું વિદ્યા માટેનો પ્રેમ.

વિદ્યાનુરાગી [સં. વિદ્યાનુરાગિન્] વિ. વિદ્યા.વિલાસી, જ્ઞાનપ્રાપ્તિમા જ જેને પ્રેમ હોય એવું; અભ્યાસપ્રેમી; વિદ્યામાં પ્રેમ કે અનુરાગવાળું

વિદ્યાનુલોમા [સ.] સ્ત્રી. લલિતવિસ્તારમાં જણાવેલી ચોસઠ માંહેની એક લિપિ

વિદ્યાનુવાદ [સ.] પું વિદ્યાનો અનુવાદ; જ્ઞાનની પુનરાવૃત્તિ; અભ્યા.

વિદ્યાપતિ પુ. એ નામના એક હિંદી કવિ વિદ્યાપતિને ભક્ત કવિ માનવા કે શૃંગારી માનવા તે બાબતમાં વાદવિવાદ આવે છે. પરંતુ લોકો તો તેને શૃંગારી કવિ જ માને છે. તેની ભક્તિ માધુર્યભાવની છે. તે સંસ્કૃત અને દેશી ભાષાના મહાન વિદ્વાન હતા તે સંસ્કૃત, અપભ્રંશ અને મૈથિલી ભાષાના વિદ્વાન કવિ હતા. તેના કાવ્યોમાં આપણને ભાષાનું અદ્ભુત સૌંદર્ય, છંદશાસ્ત્રનું વિસ્તૃત જ્ઞાન, કોમલકાંતપદાવલી, રસનિરૂપણ અને અદ્ભુત વાણીનું વૈદગ્ધ્ય મળે છે. તે મિથિલાનરેશના આશ્રિત હતા. તેનાં પદો આદર્શ મનાય છે. તેનામાં કયાંય પણ ખામી જોવામાં આવતી નથી. અલંકાર ક્ષેત્રમાં પણ તે અદ્ભુત હતા. તેનો મુખ્ય અલંકાર ઉત્પ્રેક્ષા હતો. તેમાં કલ્પનાનો સુંદર વિકાસ જોવામાં આવે છે. તેનું કુદરતવર્ણન અદ્ભુત અને સૌંદર્યથી ઓતપ્રોત હતું. કારણ કે, તે સૌંદર્યના જ કવિ હતા. તેનું જ્ઞાનજ્ઞાન અપૂર્વ હતું. વિદ્યાપતિની ભાષા મૈથિલી હતી. ભાષા રસવાળી, પ્રસન્નતાવાળી, મધુર અને નિર્મળ હતી

વિદ્યાપરિષદ [સં.] સ્ત્રી. શિક્ષણસંમેલન.

વિદ્યાપારમિતેશ્વર [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

વિદ્યાપીઠ ૧. [સ] સ્ત્રી. ગુજરાત વિદ્યાપીઠ; ગાંધીજીએ ગુજરાતમાં સ્થાપેલ રાષ્ટ્રીય યુનિવર્સિટિ

૨ સ્ત્રી. મહાવિદ્યાલય; વિદ્યાનું ધામ; ઉચ્ચવિદ્યા શીખવવાનું સ્થાન; 'યુનિવર્સિટિ'.

વિદ્યાપીઠ સમિતિ [સ] સ્ત્રી. વિદ્વત્ સભા, વિદ્વન્મંડલ, 'સેનેટ'

વિદ્યાપ્રતિપદા [સં.] સ્ત્રી ચૈત્ર સુદ એકમ. જે સૃષ્ટિના આરંભનો દિવસ કહેવાય છે. બ્રહ્માનું પૂજન પણ આ જ દિવસે આવે છે

વિદ્યાપ્રબોધોદ્ભવવેદ પુ. (જૈન) આદિ તીર્થંકર શ્રી ઋષભદેવના મોટા પુત્ર ભરતચક્રીએ રચેલ ચાર માંહેનો ચોથો વેદ

વિદ્યાબાહ્ની સ્ત્રી. એ નામની એક વેલ. તે કૂવામાં અને ખાડામાં વાવવામાં આવે છે.

વિદ્યાભિજ્ઞ [સં.] વિ વિદ્યાને જાણનાર; વિદ્વાનિપુણ; વિદ્વાન

વિદ્યાભિલાષી [સ] વિ. વિદ્યાની ઇચ્છા રાખનાર.

વિદ્યાભૂષણ [સ] સ્ત્રી એ નામની એક વનસ્પતિ.

વિદ્યાભ્યાસ [સં] પુ. ભાષા, વિચાર, વિષય વગેરે બાબતોના સારા જ્ઞાનને મેળવવા કે શિક્ષા લેવી તે; ભણવું તે; ભણવાનો અભ્યાસ, ભણતર; કેળવણી; અધ્યયન; શિક્ષણ. વિદ્યાભ્યાસ વિષે મહાત્મા ગાંધીજી કહે છે કે, આજ જે ઘણાં પુસ્તકો પ્રગટ થાય છે તે કંઈ વિદ્યાર્થીઓની પાસે નજર મારું. લખીવાંચી જાણનાર વિદ્યાર્થીઓ પણ ખરું શિક્ષણ તો શિક્ષકને મોઢેથી જ પામે. તેઓ ઓછાં ઓછાં પુસ્તકો વાંચે; પણ જે વાંચે તે વિચારે ને વિચારતાં જે વસ્તુ સ્વીકારવા જેવી લાગે તેનો તેઓ અમલ કરતા થાય. આમ કરતા વિદ્યાર્થીનું જીવન રસમય, વિચારમય, વિવેકમય, નિર્ભય, પવિત્ર અને તેજસ્વી થાય. આવો વિદ્યાભ્યાસ ગરીબ પ્રજાને શોભે, આવો વિદ્યાભ્યાસ વિદ્યાર્થી અને પ્રજાને લાભદાયી નીવડે

વિદ્યામદ [સં.] પુ. પંડિત હોવાનો દુરાગ્રહ; વિદ્વાનો મદ.

વિદ્યામંત્રદોષ [સં.] પું. (જૈન) આહાર લેનાર બંતરાદિ દેવોને વિદ્યા તથા મંત્રથી બોલાવી સાધના કરવી તે.

વિદ્યામંદિર [સં] ન. નિશાળ; પાઠશાળા. તેને વિષે ગાંધીજી લખે છે કે, આ મંદિરોમાં પ્રથમ ચોપડીના પીંજનાર, કાંતનાર અને વણનાર થાય, પ્રથમ ચોપડીના કપાસની ખેતી જાણનારા થાય, તેમને ગામડાંને ઉપયોગી સુતારકામ આવડતું હોય એટલે તેમને સરસ કોદાળો બનાવતા આવડતો હોય, ગાડાં, હળ વગેરે બનાવવાનું નહિ તો તેનું સમારકામ આવડતું હોય, તેઓ ગામડાં જોયું સીવણકામ જાણતા હોય, તેમનાં મોતીનાં દાણા જેવા અક્ષર હોય, તેઓ સામાન્ય હિસાબનકળા જાણતા હોય, તેમને દેશી આંક મોઢે હોય, તેઓ રામાયણ, મહાભારત વગેરે પ્રાચીન સાહિત્ય અને તેના આધ્યાત્મિક તથા આધુનિક અર્થોથી માહિતગાર હોય, ગામડાની રમતો જાણતા હોય, આરોગ્યના નિયમો જાણતા હોય, તેમને ઘરવૈદું સારી રીતે આવડતું હોય એટલે કે, તેઓ સામાન્ય રોગોની પરીક્ષા કરનારા ને તેમના ઉપચાર જાણનારા હોય, ગામના ઊકરડા, તળાવ, કૂવા વગેરે સાફ કરવાની કળા જાણનારા હોય, વગેરે વગેરે. મતલબમાં, તેઓ ગામડાની દરેક પ્રકારે સેવા કરવાને તૈયાર હોય.

વિદ્યામૃત [સં] ન વિદ્યારૂપી અમૃત; જ્ઞાનરૂપી સુધા

વિદ્યારક્ષક [સ.] પું. વિદ્યાનું રક્ષણ કરનાર માણસ

વિદ્યારંભ [સ] પું. ભણવાની શરૂઆત કરવી તે. જ્યોતિષશાસ્ત્ર મુજબ શનિ અને મંગળ સિવાયના વારમાં શુભ તિથિએ અનુરાધા, હસ્ત, ચિત્રા, અશ્વિની, પુષ્ય, સ્વાતિ, આર્દ્રા, રેવતી, શ્રવણ અને અશ્વિની એ નક્ષત્રોમાં છોકરાને પાંચમે વર્ષે નિશાળે બેસાડવો એ ઉત્તમ ગણાય છે.

વિદ્યારાજ્ઞિ [સં.] પું. શિવ; મહાદેવ

વિદ્યાર્ણવ [સં.] પું વિદ્યાસાગર; બહુ જ ભણેલો માણસ; મોટો પંડિત.

વિદ્યાર્થિની સ્ત્રી. ભણનાર સ્ત્રી

વિદ્યાર્થી [સ. વિદ્યા + અર્થિન્] પું. વિદ્યા ભણનાર; નિશાળિયો; શિષ્ય; વિદ્યાભ્યાસી, અભ્યાસી ગાંધીજી કહે છે કે, વિદ્યાર્થીઓએ સોથી પહેલાં ને સોથી વધારે નમ્ર થવાનું હોય ને તદ્દન મર્યાદિત વર્તન રાખવાનું હોય. વિદ્યાર્થીઓનું જીવન પોતાના અભ્યાસકાળ દરમિયાન સન્યાસીના જીવન જેવું હોય. તે પોતાના આચાર વિચારમાં કડક સંયમ ને ચિવટ પાળે તેનાથી ક્ષમ ન થાય ને સ્વચ્છંદ બ્યાભિચાર પણ ન થાય. તેને ઠાઠ ને એવા બીજા કેટલા પદાર્થોનું વ્યસન ન હોય. તેનું વર્તન નમૂનેદાર સંયમનો પ્રત્યક્ષ પાઠ હોય. તે સાદું જીવન અને ઊંચા શુદ્ધ વિચારની મૂર્તિ હોય. શિસ્તનો તે અવતાર હોય. પોતાના અભ્યાસમાંથી જ તે આનંદ મેળવે. પોતાની માથે આવી પડેલી બેઠ ઉતારવાની છે એવા અભ્યાસને વિનંતી ભાવના દૂર કરીને સાથે તેમાંથી સાચો આનંદ મેળવે જ્ઞાનના એક ક્ષેત્રને સર કરી બીજામાં પ્રવેશ કરી આગળ વધતા રહી જ્ઞાન માત્રને હસ્તગત કરવું એથી વધારે આનંદ વિદ્યાર્થીને બીજો કયો હોય ?

> કામ ક્રોધ તથા લોભ સ્વાદુ શૃંગાર કૌતુક,
> અતિનિદ્રા અતિસેવા **વિદ્યાર્થી** આઠ એ તજે.
> કાકચેષ્ટા બકધ્યાન શ્વાનનિદ્રા તથા ચળી,
> સ્વલ્પાહાર ગૃહી યે ત્યાગ વિદ્યાર્થી પંચ લક્ષણ.
>
> સુભાષિત

વિદ્યાર્થીઆશ્રમ [સ] ન. વિદ્યાર્થી માટે ભોજનની તેમજ રહેવા કરવાની વ્યવસ્થાવાળી સંસ્થા, છાત્રાલય.

વિદ્યાર્થીગૃહ જુઓ વિદ્યાર્થીઆશ્રમ.

વિદ્યાર્થીછાત્રાલય જુઓ વિદ્યાર્થીઆશ્રમ.

વિદ્યાર્થીનિવાસ જુઓ વિદ્યાર્થીઆશ્રમ.

વિદ્યાર્થીભવન જુઓ વિદ્યાર્થીઆશ્રમ

વિદ્યાર્થીવૃત્તિ [સ.] સ્ત્રી શિષ્યવૃત્તિ; વિદ્યાવેતન; અભ્યાસ કરતી વખતે સહાયરૂપે કાર્ય રકમ મળતી તે; ' સ્કૉલરશિપ '

વિદ્યાર્થીવેતન જુઓ વિદ્યાર્થીવૃત્તિ

વિદ્યાર્થીશિક્ષક પું. શિક્ષકનું કામ કરનાર મોટો વિદ્યાર્થી; ' મૉનિટર '

વિદ્યાર્થીસંઘ [સ] પું. વિદ્યાર્થીઓનું મંડળ ગાંધીજી લખે છે કે: વિદ્યાર્થીસંઘ એક જ અર્થ તો તેમાંથી મહાન શક્તિ પેદા થાય ને વિદ્યાર્થીઓ દેશની ... ... ઉદ્દેશ એક જ હોય કેમ કે દેશનો નહિ, પણ દેશની ... ... તેઓનું ... ... ભાગ લે. ભણવાનું તો ભણવાનું જ મુખ્ય ધારવાનો જ મુખ્ય ધારે. વિદ્યાર્થીસંઘનું મોટું ... ... એ છે કે, સાથે કામ કરવાથી ઊંચામાં ઊંચી તે પોતાને ... ... કરવા ... ... પહેલા વિદ્યાર્થીના ... ...

આપીને આ બે સંસ્થા જોયા વિના ભાગ્યે જ જશે. શિવપુરીની સંસ્થામાં મહિનાઓ કે વર્ષો સુધી રહીને અનેક યુરોપીયન વિદ્વાનોએ પણ વિદ્યાવિજયજીની પાસે અભ્યાસ અને મદદ લીધાનું પ્રાયે અત્યાર સુધીમાં કર્યું છે તેમાં જર્મનીના વિદ્વાન ભારતીય સાહિત્યવિશારદ ડૉ. શાર્પેન્ટિયર ફ્રાઉન્ડ વુમ્બર્ટ્રેસીએ માત વર્ષ સુધી આ સંસ્થામાં રહીને [illegible] તિબેટી, ગુજરાતી, બંગાળી વગેરે હિંદી ભાષાઓ વગેરેનો અભ્યાસ કર્યો હતો. આવી જ રીતે અમેરિકન વિદ્વાન ડૉ. બ્લૂમફિલ્ડ, મિસ જોનસન વગેરે અનેક વિદ્વાનોએ વિદ્યાવિજયજીની વિદ્યા અને ઉદારતાનો લાભ લીધો છે. 'જગદ્ગોમંડલ' નામક આ પુસ્તક શબ્દકોશના વિકાસમાં તેઓનો ફાળો જબ્બર છે

વિદ્યાવિનયસંપન્ન [સં.] વિ. વિદ્યા અને વિનયવાળું.

> વિદ્યાવિનયસંપન્ન બ્રાહ્મણ ગાય હાથીમાં,
> શ્વાન ચંડાળ આદે યે પંડિતો સમદર્શિ છે
> ગીતાનુશ્લોકન

વિદ્યાવિનોદી [સં] વિ. વિદ્યામાં આનંદ લેનાર.

વિદ્યાવિભાગ [સં પું. અભ્યાસનો વિભાગ; 'ફૅકલ્ટિ'.

વિદ્યાવિભૂષિત [સં.] વિ વિદ્યાવડે શોભતું.

વિદ્યાવિમુખ [સં] વિ અભણ; નહિ ભણેલું, અજ્ઞાન; કેળવણી વિનાનું

વિદ્યાવિલાસી જુઓ વિદ્યાવિનોદી.

વિદ્યાવિશિષ્ટ [સં.] વિ વિદ્યાથી જેણે વિશેષતા પ્રાપ્ત કરી હોય એવું; પંડિત તરીકે પ્રખ્યાત.

વિદ્યાવિષયક [સં.] વિ સાક્ષરી; વિદ્યા સંબંધી.

વિદ્યાવિહીન જુઓ વિદ્યાવિમુખ.

વિદ્યાવીર [સં] વિ વિદ્વાન; ભણેલું.

વિદ્યાવૃત્તિ [સં] સ્ત્રી વિદ્યાર્થીને ઉત્તેજન આપવા મદદ દાખલ આપવી રકમ, શિષ્યવૃત્તિ, ભણવા માટે મદદ તરીકે આપવી રકમ. વિદ્યા વેતન, 'સ્કોલરશિપ'

વિદ્યાવેતન જુઓ વિદ્યાવૃત્તિ

વિદ્યાવ્યસની જુઓ વિદ્યાવ્યાસની

વિદ્યાવ્યાસંગ [સં] પું. વિદ્યા ઉપર પ્રેમ, જ્ઞાન મેળવવાની અભિરુચિ

વિદ્યાવ્યાસંગી ૧ પું વિદ્યાના અભ્યાસનો શોખી પુરુષ

૨ વ વિદ્યામાં આસક્ત, વિદ્યાના અભ્યાસવાળું

વિદ્યાવ્રત [સં] ન [illegible] ભણવાના ઉદ્દેશથી પાળવું [illegible] શરૂ કરી દરેક મહિનાના [illegible]

વિદ્યાવ્રતસ્નાતક [સં પું પૂર્ણ બ્રહ્મચર્ય પાળવા કરીને વેદાભ્યાસનું પદન કરનાર વિદ્યાર્થી

વિદ્યાશક્તિ જુઓ વિદ્યાસામર્થ્ય

વિદ્યાશાલા [સં.] સ્ત્રી વિદ્યાલય; પાઠશાળા, નિશાળ.

વિદ્યાશાળા જુઓ વિદ્યાશાલા.

વિદ્યાસત્ર [સં] ન. વિદ્યાનું મંદિર.

વિદ્યાસભા જુઓ વિદ્યાસમિતિ

વિદ્યાસમાજ પું શારદાપીઠ; વિશ્વવિદ્યાલય; વિદ્યાપીઠ

વિદ્યાસમિતિ સ્ત્રી. વિદ્યાપીઠમાં કોઈ પણ વિદ્યાના અભ્યાસ સંબંધી વિચાર કરવા નીમેલું મંડળ

વિદ્યાસંપન્ન [સં] વિ. ભણેલું; વિદ્વાન; વિદ્યા મેળવેલું

વિદ્યાસાગર [સં] પું. વિદ્યાનો સાગર, વિદ્વાન; પંડિત

વિદ્યાસામર્થ્ય [સં] ન. વિદ્યાનું બળ.

વિદ્યાસ્નાન [સં] ન. (બ્રહ્મચારીનું) પુત્ર અને વિદ્યાનું સુખ બતાવનારું જન્મકુંડલી સંબંધી પાંચમું ભુવન

વિદ્યાસ્નાતક [સં. વિદ્યા (જ્ઞાન) + સ્નાત (સ્ના+ કર્તરિ) + અક (નારો)] પું વિદ્યાની સાથે પાર ઊતરેલો વિદ્યાર્થી જે ઉત્તમ નિયમોનું પાલન કરીને પૂર્ણ વિદ્યા શીખે છે, પણ બ્રહ્મચર્યાશ્રમ સમાપ્ત કરતો નથી તેને વિદ્યાસ્નાતક કહે છે

વિદ્યાહારી પું (પિંગળ) એ નામનો એક ગણ; વિદ્યાધર

વિદ્યુચ્ચાપ [સં] ન વીજળીની કમાન.

વિદ્યુચ્ચાલક [સં.] વ. વીજળીની મદદથી ચાલતી મોટર

વિદ્યુચ્ચાલક બળ ન. વીજળીનું બળ કે દબાણ

વિદ્યુચ્ચિકિત્સા [સં.] સ્ત્રી વીજળીની મદદથી રોગ મટાડવાની ક્રિયા

વિદ્યુચ્ચિત્રાકૃષ્ટ [સં] વ વીજળીથી મૃતદેહ બાળવાની વિલાયતી રીત. આ વિદ્યુચ્ચિત્રાકૃષ્ટના મૃતદેહોને જલાવવા માટે બે વીજળીની ભઠ્ઠીઓ હોય છે સ્મશાનયાત્રામાં [illegible] મૃતદેહની સાથે હોય છે મુંબઈ મ્યુનિસિપાલિટી આવું એક વિદ્યુચ્ચિત્રાકૃષ્ટ ડેમ દેવી પાંચ લાખ રૂપિયાના ખર્ચે બનાવ્યું છે તેમ કરે વર્ષે ૧૧ હજાર મૃતદેહોને જલાવવા પહેલાં મૃતદેહને અભિષેક આપવાનો અર્થે આઠઆઠ રૂપિયા ચૌદ આને છે અને લગભગ પંદર મિનિટમાં મૃતદેહ બળીને ખાક થઈ જાય છે.

વિદ્યુચ્ચુંબક [સં.] ન. પોલાદના કટકાની આસપાસ તાંબાના વાળનું ગૂંચળું વીંટાળી વીજળીનો પ્રવાહ મોકલવાથી ચુંબકીય થઈ જાય તેવો લોઢાનો કટકો

વિદ્યુચ્છક્તિ [સં.] સ્ત્રી વીજળીની શક્તિ; 'ઇલેક્ટ્રિસિટિ'

વિદ્યુચ્છક્તિમાપક [સં.] ન વીજળીની શક્તિ માપવાનું યંત્ર; અસવિદ્યુ-માપક

વિદ્યુચ્છક્તિમિતિ [સં] સ્ત્રી. અસવિદ્યુ-માપકથી વીજળીની શક્તિ માપવાની ક્રિયા

વિદ્યુચ્છટા [સં.] સ્ત્રી. વીજળીના ચમકારા.

વિદ્યુચ્છાલા જુઓ વિદ્યુજ્જનનાલય

વિદ્યુચ્છાસ્ત્ર [સં] ન વીજળી સંબંધી શાસ્ત્ર.

વિદ્યુજ્જનક [સં] વિ. વીજળી ઉત્પન્ન કરનાર

વિદ્યુજ્જનનાલય [સં] ન. વિદ્યુચ્છાલા; પાવરહાઉસ; 'પાવર હાઉસ'.

વિદ્યુજ્જિહ્વ ૧. પું (પુરાણ) અમૃતનું રક્ષણ કરનાર એ નામનો એક સર્પ

૨ પું (પુરાણ) એ નામનો એક રાક્ષસ; સુવર્ણપુષ્પાનો પતિ

વિદ્યુત [સં. વિદ્યુત્] ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને ચંદ્રિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષરે યતિ આવે છે.

૨. પું. (પિંગળ) ચાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ, જેમાં તેના દરેક ચરણમાં એક રગણ હોય છે

૩ સ્ત્રી. એક પ્રકારની વીણા

૪ સ્ત્રી વનસ્પતિનો અભ્રકો. અબરખ વિદ્યુત એ આકર્ષણ અને પ્રતિસારણના યોગે બનતી શકાય છે પ્રાચીન ગ્રીક ભાષામાં એ નામ વિદ્યુતશોધક ગ્રંથ એન્ડ્રમિન ફ્રાંકલિને આપ્યાં છે. કાચ ઉપર રેશમ ઘસવાથી જે વીજળી ઉત્પન્ન થાય છે તેને પ્રાચીન વિદ્યુત એવું નામ આપ્યું છે લાખ, કાચ અને તે જાતની વસ્તુપર ઊન ઘસવાથી ઉત્પન્ન થાય તેને ઋણ વિદ્યુત એવું નામ આપ્યું છે. કાચ ઉપર માંજરચમ એટલે બિલાડીનું ચામડું ઘસવાથી ઋણ વિદ્યુત ઉત્પન્ન થાય છે વિદ્યુતની ઉત્પત્તિ સહાર્ષ,

ધર્ષણની ગતિ અને ઉષ્ણતા ઉપર આધાર રાખે છે જેમકે, બે કાચની રકાબી લઈ–એક લીસી અને બીજી ખરબચડી–એકબીજાને ઘસીએ તો લીસી રકાબી ધન વિદ્યુલ્લતાથી જાગૃત થશે અને જે ખરબચડી છે તે ઋણ વિદ્યુલ્લતાથી જાગૃત થશે. રેશમી પટ્ટા એક એક ઉપર પકડીને ઘસવામાં આવે તો જે આડો પટ્ટો ઘસવામાં આવે તે ઋણ વિદ્યુત્ બતાવે છે, જ્યારે બીજો ધન વિદ્યુત્ દર્શાવે છે. એમ પણ શોધી કઢાયું છે કે, ધન વિદ્યુત્નું એકમેકને આકર્ષણ થતું નથી. ધન અને ઋણ એકમેકને આકર્ષણ કરે છે. જેવી રીતે ઈશ્વર અનંત, અલક્ષ્ય, નિરાકાર અને સર્વવ્યાપી કોઈ જગતનો ચાલક છે તે પ્રમાણે વીજળી અનંત છે. કારણ કે, વીજળીનો અંત હજી સુધી કોઈ ને જણાયો નથી. વીજળી કોઈને જણાતી નથી પરંતુ તે ન જણાવા છતા તેનો પ્રકાશ લાગતાની વાર આ ઠેકાણે વીજળી છે એમ ભાસ થાય છે. વીજળીનો કોઈપણ પ્રકારનો આકાર નથી કારણ કે, તે ચોપડીથી કહેવાતું નથી. જેમ પાણીને આકાર નથી પરંતુ જે પ્રકારના વાસણમાં તેને મૂકીએ તેવો તેનો આકાર થાય છે, તે જ પ્રકાર વીજળીનો પણ છે; અર્થાત્ પાણીની જેમ વિદ્યુત્ પણ નિરાકારી છે. જગતની પ્રત્યેક વસ્તુમાં વીજળી છે એમ શોધકોએ સિદ્ધ કર્યું છે તે એક ઈશ્વરી શક્તિ છે. વિદ્યુત્ વિષે બે કલ્પના છે એક કલ્પના પ્રમાણે દરેક વસ્તુમાં એક અતિ સૂક્ષ્મ અને ગુરુત્વશૂન્ય પદાર્થ હોય છે. એ પદાર્થને વિદ્યુત્દ્રવ કહે છે અને તે ધન અને ઋણ એ બે જાતનો અતિ સૂક્ષ્મદ્રવનો બનેલો છે દરેક દ્રવનાં પરમાણુઓ એટલા તો બારીક હોય છે કે, આપણને તેનો ખ્યાલ પણ આવી શકે નહિ. એ પરમાણુઓમાં એવો ગુણ છે કે, તે એકબીજાનું આકર્ષણ કરે છે, પણ એક પ્રકારના દ્રવના પરમાણુઓ બીજા પ્રકારનાં પરમાણુઓને આકર્ષે છે. જ્યાંસુધી એ બે દ્રવો કોઈપણ પદાર્થમાં એકત્ર થયેલાં હોય છે, ત્યાં સુધી તે પદાર્થ પોતાની સ્વાભાવિક સ્થિતિમાં હોય છે; એટલે કે, તેનામાં વીજળી ઉત્પન્ન થયેલી કહેવાની નથી અર્થાત્ તેમાં વીજળી છે કે નહિ તેનું જ્ઞાન આપણને થઈ શકતું નથી પણ ઘર્ષણ અને એવાં બીજાં કાર્યોથી એ બે દ્રવોનું પૃથક્કરણ થઈ શકે છે; એટલે કે, એ બે દ્રવોને છૂટા પાડી શકાય છે જ્યારે એ પ્રમાણે થાય છે ત્યારે એક વસ્તુમાં એક જાતનો દ્રવ રહે છે અને બીજામાં બીજી જાતનો દ્રવ ભળે છે. જેમકે, કાચ અને રેશમને ઘસવાથી એકમાં એક દ્રવ રહે છે અને બીજામાં બીજો ભળે છે. આ બે દ્રવો ધન અને ઋણ વિદ્યુતના નામથી ઓળખાય છે. આ કલ્પના પ્રમાણે કોઈપણ પદાર્થમાં વીજળી ઉત્પન્ન કરવી તેનો અર્થ એટલો કે, તે વસ્તુમાં રહેલા બે દ્રવોનું પૃથક્કરણ કરી એક બીજાથી જુદા પાડવા, એટલે એમાંથી કોઈપણ દ્રવનું પ્રમાણ બીજા કરતાં વધારે રહેવા દેવું. કોઈપણ વસ્તુમા આ બે દ્રવોનો સરખા પ્રમાણમાં સયોગ થાય તો તે વસ્તુની વિદ્યુતસ્થિતિ તદ્દન નષ્ટ થઈ ગયા છે. બીજી કલ્પના પ્રમાણે એમ માનવામાં આવે છે કે, દરેક વસ્તુમાં અતિ સૂક્ષ્મ અને ગુરુત્વશૂન્ય પ્રવાહી પદાર્થ છે, તેને વિદ્યુત દ્રવ કહેવામા આવે છે પણ આ બે કલ્પનામા ફેર એટલો છે કે, પહેલી કલ્પના પ્રમાણે એક દ્રવ બીજા બે દ્રવોનો બનેલો માનવામાં આવે છે અને આ બીજી કલ્પના પ્રમાણે આ દ્રવ અવિભાજ્ય માનેલો છે; એટલે કે, દ્રવ એક જ છે અને બીજા એનો બનેલો નથી દરેક વસ્તુમા, આ દ્રવ અમુક નિયમિત પ્રમાણમાં હોય છે અને જ્યાંસુધી આ પ્રમાણમાં રહેલો હોય છે ત્યા સુધી તે વસ્તુમાંની વીજળીનું આપણને જ્ઞાન થતું નથી; પણ કોઈ કારણથી આ પ્રમાણ વધે કે ઘટે તો તે વસ્તુમા વિદ્યુત જાગૃત થયેલી કહેવાય છે. જો પ્રમાણ વધે તો તેમાં ધન વિદ્યુત ઉત્પન્ન થાય છે અને જો ઘ ટે તો ઋણ વિદ્યુત પેદા થાય છે. આ બંને મત પ્રમાણે જ્યારે દરેક વસ્તુ વિદ્યુન્મય હોય છે એટલે કે, તેમાં વિદ્યુત તો હોય છે; પરંતુ વીજળીનું જ્ઞાન જ્યાં સુધી વસ્તુ પોતાની સ્વાભાવિક સ્થિતિમાં હોય છે ત્યાં સુધી થતું નથી. આ બંને મતોમા કેટલુક સત્ય સમાએલું છે. પહેલી કલ્પના પ્રમાણે બે દ્રવોનું પૃથક્કરણ થાય છે અને બે દ્રવો એક બીજાથી છૂટા પડે છે ત્યાં જ વીજળી ઉત્પન્ન થયેલી કહેવાય છે એટલે એક વસ્તુમાં એક જાતનો દ્રવ રહે છે અને બીજામાં બીજી જાતનો બીજા મત પ્રમાણે વિદ્યુત દ્રવનું પ્રમાણ વધે કે ઘટે ત્યારે જ તે વસ્તુમાં વીજળી પેદા થયેલી કહેવાય. એક વસ્તુમાં દ્રવનું પ્રમાણ વધે તો બીજી કોઈ વસ્તુમાં તેનું પ્રમાણ ઘટવું જ જોઈએ એ તે સ્પષ્ટ છે. એટલે બંને જાતની વીજળી એક જ વખતે પેદા થવી જોઈએ

૫. સ્ત્રી. પ્રાણી માત્રમાં જે ગુપ્ત બળ રહેલું છે તે.

૬. સ્ત્રી. વીજળી; વાદળાં એક બીજા સાથે અથડાવાથી ઉત્પન્ન થતો એક અગ્નિ; ચપલા; દામિની.

૭. સ્ત્રી. સંખ્યા

૮. વિ. નિસ્તેજ; કાંતિ વગરનું

૯. વિ. પ્રકાશમાન; ચમકતું

વિદ્યુતજ્ઞાંતા પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, વાલા. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ભગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર આવે છે

વિદ્યુત્કણ [સ.] પું. વિદ્યુત્કણ; 'ઈલેક્ટ્રોન' એક વિદ્યુત્કણ નામનાં નાના પરમાણુ કરતાં વજનમા ૧૮૦૦ ગણો હલકો છે.

વિશ્વની વિચિત્રતાઓ

વિદ્યુત્કર્ષા પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પીજરકર્ષા. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમા ભગણ, ભગણ, તગણ, નગણ, સગણ, નગણ, નગણ, સગણ, રગણ અને ગુરુ મળી અઠ્ઠાવીસ અક્ષર હોય છે

વિદ્યુત્કલ [સ.] સ્ત્રી. વીજળીની બત્તી કરવાની કળ

વિદ્યુત્કુમાર પુ. (જૈન) એક જાતના ભવનપતિ દેવ. તેના હરિ અને હરિસહ બે ઇંદ્ર છે

વિદ્યુત્કુલ્યા [સં.] સ્ત્રી. વીજળીના તારનો રસ્તો

વિદ્યુત્કૂંચી જુઓ વિદ્યુત્કલ

વિદ્યુત્કેશ પુ. (પુરા.) હેતિ રાક્ષસની સ્ત્રી ભયાની કૂખે થયેલ એ નામનો એક પુત્ર.

વિદ્યુત્કોષ [સં.] પું જેમા વીજળી પેદા કરવામાં આવે તે પત્ર; 'એટરિ'

વિદ્યુત્ક્ષેત્ર [સ.] ન. વીજળીનો પ્રકાશ જેટલી જગ્યામાં પહોંચે તેટલી જગ્યા

વિદ્યુત્તરંગ [સ.] ન. વિદ્યુત લહરી; વીજળીનું મોજું

વિદ્યુત્તરા [સ.] સ્ત્રી. વીજળી જેટલી ઝડપ.

વિદ્યુત્પરિમાણ [સ.] ન. વીજળીનું કદમાપ.

વિદ્યુત્પરીક્ષક [સં.] વિ. વીજળીની તપાસણી કરનાર.

વિદ્યુત્પરીક્ષક ઘટ [સ.] પું. કોઈ પણ પદાર્થમાં વિદ્યુત્ જાગૃત થઈ છે કે નહિ તે જાણવાનું સાધન, 'ઇલેક્ટ્રોસ્કોપ'.

વિદ્યુત્પાત [સં.] પું. વીજળી પડવી તે.

વિદ્યુત્પૃથક્કરણ [સં.] ન. કોઈ પદાર્થ જાનો બનેલો છે તે વીજળીની મદદથી શોધી તેના વિભાગ જુદા પાડવા તે.

વિદ્યુત્પ્રવાહ [સ.] પું. વીજળીનો પ્રવાહ.

વિદ્યુત્પ્રવાહમાપક [સં.] ન. વીજળીનો પ્રવાહ માપવા માટેનું યંત્ર; ' ગેલ્વેનોમીટર '.

વિદ્યુત્પ્રવાહરોધક [સં] વિ. વીજળીના પ્રવાહને રોકનાર.

વિદ્યુત્પ્રવાહરોધક જુઓ વિદ્યુત્પ્રવાહમાપક.

વિદ્યુત્પ્રવેશમાપક જુઓ વિદ્યુત્પ્રવાહમાપક.

વિદ્યુત્પ્રિય [સં.] ન કાંસું

વિદ્યુત્શાલા [સં.] સ્ત્રી વિદ્યુત્પાદકગૃહ; પીજરઘર; ' પાવર હાઉસ '

વિદ્યુત્સંકેતકરજ્જુ [સં] પું. વીજળીથી સંદેશ મોકલવાનો તાર.

વિદ્યુત્સંકેતવિભાગ [સ] પું. તારખાતું.

વિદ્યુત્સંચાર [સં.] પું. વીજળીનું દાખલ થવું તે.

વિદ્યુત્સંચાલક [સં.] વિ. વીજળીના જોરથી ચાલનાર

વિદ્યુત્સંદેશાયંત્ર [સં.] ન. વીજળીની મદદથી તાર મોકલવાનું યંત્ર.

વિદ્યુત્સંદેશારજ્જુ ૧. ન. તારથી મોકલેલો સંદેશો; ' ટેલિગ્રામ '

૨. [સં.] ન. તારનું દોરડું.

વિદ્યુત્સૂક્ષ્મકાલદર્શક [સં.] ન. વખત જાણવા માટે વપરાતું એક જાતનું ઘડિયાળ.

વિદ્યુત્સ્વરયંત્ર [સં.] ન. વીજળીની મદદથી અવાજ ઉત્પન્ન કરવાનું યંત્ર

વિદ્યુદણુ [સ] ન. વીજળીનો અણુ; વિદ્યુત્ કણ; ' ઇલેક્ટ્રોન '. તેનો દ્રવ્યરાશિ અર્દ્ધજનકવાયુના પરમાણુનો હજારમો ભાગ છે.

વિદ્યુદાધકારી [સં] પું. વીજળીખાતાનો અમલદાર; ' ઇલેક્ટ્રિકલ એન્જિનિયર '.

વિદ્યુદાકર્ષણ ૧. [સં.] ન. વીજળીનું ખેંચાણ.

૨. ન. વીજળીને ખેંચવા માટેનું માથાને શિખર, બુરજ વગેરેને વીજળી નાશ ન કરે તે માટે લોઢાનો સળિયો લગાડવામાં આવે છે, તેને વિદ્યુદાકર્ષણ કહે છે

વિદ્યુદાલી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત વર્ણ પછી એકવીસ વર્ણ હોય છે.

રચો વિદ્યુદાલી તમે સાત સા
પાદ આખી કરી રોળતા જે. ઋષિપિંગળ

વિદ્યુદ્વિત [સ.] વિ વીજળીવાળું; જેમાં વીજળી હોય તેવું.

વિદ્યુદ્વૃતિમાપક [સ.] ન. વીજળીનો વેગ માપવાનું યંત્ર.

વિદ્યુદ્વૃતિવિદ્યા [સ] સ્ત્રી. વીજળી સંબંધી ગતિ જાણવાનું શાસ્ત્ર

વિદ્યુદ્વમન [સ] ન વીજળીથી ઉત્પન્ન થતી ગતિ

વિદ્યુદ્ગૃહ [સં] ન પીજરઘર; ' પાવર હાઉસ '.

વિદ્યુદ્ઘટ [સ] પું. વીજળી ઉત્પન્ન કરનારી બેટરીમાં વપરાતું એક વાસણ.

વિદ્યુદ્ઘટમાલા [સ] સ્ત્રી વીજળીનો વેગ ઉત્પન્ન કરનાર યંત્ર.

વિદ્યુદ્ઘડી (વિદ્યુદ્ઘડી) સ્ત્રી. વીજળીથી ચાલતી ઘડિયાળ.

વિદ્યુદ્ઘંટ પું વીજળીના પ્રવાહથી વાગતી ઘંટડી

વિદ્યુદ્દર્શક [સં.] ન. વીજળી વિષે વિજ્ઞાન બતાવનાર એક યંત્ર.

વિદ્યુદ્બલ [સ] ન. વીજળીનું બળ.

વિદ્યુદ્બલમાપક [સ.] ન. વીજળીનું બળ માપનાર યંત્ર; ' વોલ્ટમીટર '.

વિદ્યુદ્ભાજ્ય [સં] પું. વીજળીનો ચૂલો; વીજળીથી ચાલતો ચૂલો

વિદ્યુદ્યંત્ર ૧. [સં.] ન. વીજળી ઉત્પન્ન કરવાનું યંત્ર. આ યંત્રને વીજઆકર્ષનું વિદ્યુદ્યંત્ર કહે છે. જુદી જુદી જાતનાં યંત્રોમાં આ યંત્ર સર્વોત્તમ છે. એ યંત્રમાં કાચની બે તકતી પાસે પાસે મૂકવામાં આવી છે અને એની બેઠવણ રાખવામાં આવી છે કે, બંને તકતી એક બીજાથી ઊલટી દિશામાં મોળ કરે છે. દરેક તાસક ઉપર પિત્તળના ફેટલાક નાના કટકા જડવામાં આવેલા છે. એ બે તાસકોને ફેરવવામાં આવે છે ત્યારે આ પિત્તળનાં પતરાંઓ દબ સાથે ઘસાય છે અને ઘર્ષણથી યંત્રમાં વીજળી ઉત્પન્ન થાય છે. આ યંત્રમાં બીજી એવી ગોઠવણ કરવામાં આવી છે કે, જે વીજળી ઉત્પન્ન થાય તે પિત્તળના સળિયા ઉપર એકઠી થયા કરે. આ યંત્રમા એક જાતની વિદ્યુત્ ઉત્પન્ન થતી નથી પણ બને જાતની થાય છે. એક જાતની વિદ્યુત્ એક સળિયાને છેડે એકઠી થાય છે અને બીજી જાતની વિદ્યુત્ બીજા [illegible] છેડે એકઠી થાય છે. આ યંત્રમા વિદ્યુત્ ધણા [illegible] ઉત્પન્ન કરી શકાય છે અને તેથી વિદ્યુતના પ્રયોગોમા એ જ યંત્ર હવે વાપરવામા આવે છે

૨. ન. વીજળીથી ચાલતો સંચો; વીજળીને જોરે ચાલતું યંત્ર

વિદ્યુદ્યુગ્મ [સં.] પું. વીજળીનો જમાનો.

વિદ્યુદ્રજ્જુપથ [સં.] પું. વીજળીના તારનો રસ્તો

વિદ્યુદ્રસાયન [સં.] ન. વીજળી અને રસાયનશાસ્ત્રનો સંબંધ દર્શાવનારું શાસ્ત્ર

વિદ્યુદ્વાહક [સ] વિ વીજળી વહી જનારું; જેમાં વીજળી ઝટ વહી શકે તેવું; વીજળી વહેનારું. વીજળી દરેક પદાર્થમાંથી ઓછાવધતા પ્રમાણમાં વહી શકે છે કોઈ પદાર્થ, જેવા કે બધી ધાતુઓ, તેના વહનને અતિશય ઓછા પ્રમાણમાં હરકત કરે છે. પથ્થર, માટી, ચૂનો વગરે પદાર્થમાંથી પણ વીજળી વહી શકે છે, તેથી આ પદાર્થો સારા વિદ્યુદ્વાહક કહેવાય છે. લાકડું, રબ્બર, કાચ વગેરે પ્રવાહને આળે છે તેથી તે પ્રવાહરોધક તરીકે વપરાય છે હવા થોડી ઘણી વિદ્યુદ્વાહક છે, પણ જો ભેજવાળી હોય તો અતિ પ્રમાણમા વાહક બને છે. વીજળીના તારને વીંટાળેલું રબ્બરનું આવરણ કે કવચ હોય છે તે તેટલા જ માટે રાખવામાં આવે છે. તેના મુખ્ય હેતુ બે હોય છે: ભેજયુક્ત હવાને લીધે વીજળી વહી ન જાય અને પ્રાણી માત્રને તારનો સ્પર્શ થતાં આંચકો ન લાગે

વિદ્યુદ્વાહક તાર પું. વીજળી વહી જનાર દોરડું.

વિદ્યુદ્વાહક પથ [સં.] પું. વીજળીના તારનો રસ્તો

વિદ્યુદ્વાહક રજ્જુ [સં.] ન. વીજળી વહી જનાર દોરડું.

વિદ્યુદ્વાહક રેખા જુઓ વિદ્યુદ્વાહક રજ્જુ.

વિદ્યુદ્વિદ્યા [સં.] સ્ત્રી. વિદ્યુત્ના તત્ત્વનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર; ' ઇલેક્ટ્રોસોજિ '.

વિદ્યુદ્વિશ્લેષણ [સ.] ન. વીજળીની મદદથી બે પદાર્થો જુદા પાડવા તે

વિદ્યુદ્વેગ [સં.] પું. વીજળીનો વેગ.

વિદ્યુદ્વેગી [સં.] વિ વીજળીના વેગવાળું; અતિ ત્વરિત.

વિદ્યુન્નપુંસક [સં.] વિ વિદ્યુત્ જામત ન કરે તેવું

વિદ્યુન્નિયામક [સ] વિ. વીજળીનો પ્રવાહ અટકાવનાર.

વિદ્યુન્મય ૧ [સ.] વિ ઉત્તેજિત; તેજ સ્વરૂપ.

૨. વિ. વિદ્યુત્થી પરિપૂર્ણ, વીજળીવાળું.

વિદ્યુન્માન ૧. [સં.] ન. વીજળીનું માપ.

૨. ન. વીજળીનું માપ બતાવનાર યંત્ર.

વિદ્યુન્માપક [સં.] ન. વીજળીક બળ માપવાનું યંત્ર; ' મીટર '.

વિદ્યુન્માલા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે

મા મા ગા ગા જે વિદ્યુન્માલા. સ્વરૂપિણ

૨. જુઓ એ નામની એક વનસ્પતિ

૩. [સં.] જુઓ. વીજળીનો ચમકારો.

૪. જુઓ વીજળીનો પ્રવાહ ઉત્પન્ન કરવાનું સાધન; ' ઇલેક્ટ્રિ '.

વિદ્યુન્માલી પુ. (પુરાણ) લક્ષ્મણનો એ નામનો એક રાક્ષસ

વિદ્યુન્માળા જુઓ વિદ્યુન્માલા

વિદ્યુન્મિતિ [સ.] જુઓ. વીજળી માપવાની ક્રિયા.

વિદ્યુન્મુખ ૧. [સં.] પું. એક પ્રકારનો ઉપગ્રહ

૨. ન. ફલિત જ્યોતિષ પ્રમાણે સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી પાંચમું નક્ષત્ર

વિદ્યુન્મુદ્રણ [સં.] ન. વીજળીના મદદથી છાપવાનું કામ કરવું તે

વિદ્યુલ્લતા [સં.] જુઓ વીજળીની વાંકીચૂકી રેખા., વીજળી જે સાંકડો લિસોટો; લતાના જેવા વાંકા ટેઢાંમેઢાં વીજળીના પ્રકાર

વિદ્યુલ્લેખા પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રોળા. તે માત્રામેળ છંદના એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ આવી છ અક્ષર હોય છે.

મા મે વિદ્યુલ્લેખા સ્વરૂપિણ

વિદ્યેશ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વિધાત પું. (પુરાણ) ધર્મ ઋષિની પત્ની લક્ષ્માનો એક પુત્ર. તેનો પુત્ર સ્તનવિત્નુ હતો.

વિધાતા જી. (પુરાણ) એ નામની એક અપ્સરા

વિધોત્તેજક [સં વિદ્યા + ઉત્તેજક] વિ. વિદ્યાને ઉત્તેજન આપનાર.

વિધોપજીવી [સ. વિદ્યોપજીવિન્] વિ વિદ્યા ઉપર ગુજરાન ચલાવનાર

વિધોપાર્જન [સ.] ન. વિદ્યા મેળવવી તે.

વિધોપાર્જિત [સ.] વિ. વિદ્યા વડે મેળવેલું.

વિધોપાસક [સ.] વિ. વિદ્યાનો ઉપાસક; પંડિત, વિદ્વાન.

વિધોપાસના [સં.] જી. વિદ્યા મેળવવાની ઉપાસના

વિદ્રત [સ.] પું. સ્ત્રીમાંથી પતિ સાથે ન બોલાય તેવો શબ્દ.

વિદ્રધિ [સ પુ એક જાતનો ગ્રહમુખનો રોગ; પ્રમાદી બનવું ગાડું, 'કબજિયાત' જાતે ખોરાક ખાવાથી, તુરાવાળા રાક ખાવાથી, અતિશય મૈથુન કરવાથી, ખાટા પદાર્થો ખાવાથી, અજીર્ણ ગરમ પદાર્થો ખાવાથી, કુદરતી હાજતો રોકવાથી અને માર લાગવાથી આ રોગ થાય છે. જુદી જુદી જગ્યાઓ ઉપર થતા વિદ્રધિમાં જો ગુદામા વિદ્રધિ થયો હોય તો પેટમાં પવન ઉપર જાય છે અને રોકાઈ જાય છે મૂત્રાશયમાં વિદ્રધિ થયો હોય ત્યારે મૂત્ર મુશ્કેલીથી ઊતરે છે અને તકલીફ થાય છે. નાભિમા વિદ્રધિ થયો હોય તો હેડકી અને ઊલટા આવ્યા કરે છે પેટમા વિદ્રધિ થયા હોય તો વાયુનો સખત પ્રકોપ થાય છે. સામાન્યત: મૂળમાં વિદ્રધિ થયો હોય તો અસહ્ય રીતે દેહ તથા પીઠ ભારે બને છે. કાખમાં વિદ્રધિ થયો હોય તો પડખામાં દુખાવો થાય છે ખભેલમા વિદ્રધિ થયો હોય તો ખભા ભારે બને છે. હૃદયમાં વિદ્રધિ થયો હોય તો ખભા અગો સખત રીતે પકડાઈ જાય છે તથા ઉધરસ આવે છે. જઠરમા પરુ થયું વિદ્રધિ થયા હોય તો ખાસ તથા હેડકી થાય છે અને તાવ આવે છે. સ્થાન ઉપર થયો હોય તો ભારે તાવ આવે છે. નાભિથી ઉપરના ભાગમા વિદ્રધિ થયા હોય અને તેનો પાક થાય ત્યારે તેનો સ્રાવ મોઢામાંથી થાય છે અને નાભિથી નીચેના ભાગમાં વિદ્રધિ થયા હોય અને તેનો પાક થાય ત્યારે તેનો સ્રાવ ગુદામાર્ગથી થાય છે; પણ નાભિમા જ જો વિદ્રધિ થયો હોય તો તેનો સ્રાવ મોઢા તથા ગુદામાર્ગથી થાય છે અને એ સ્રાવમાં ગોબરી તથા રસી જેવી વસ્તુઓ હોય છે વિદ્રધિના રોગીઓએ ઉપવાસ કરવા એ સૌથી પ્રથમ અને જરૂરી ઉપચાર ગણાય છે.

વિદ્રભા પું વિદર્ભ દેશ

વિદ્રભા નવું આજ. પ્રેમાનંદ

વિદ્રમહોલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ, તગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

ન ય ત ય થી બારો વિદ્રમહોલા. સ્વરૂપિણ

વિદ્રવિષ્ણું પું દવામાંથી બીજાને ચૂકી લઈ પ્રવાહી થઈ જાય તેવો ક્ષાર.

વિદ્રાવ ૧. [સં.] પું ઝરવું તે

૨. પું. પલાયન; નાસી જવું તે

૩. પું. પીગળવું તે.

૪. પું. યુદ્ધ; લડાઈ.

વિદ્રાવક [સ.] વિ. ઓગાળી નાખે તેવું

વિદ્રાવક દ્રવ્ય [સ] ન ઓગાળી શકે તેવા પદાર્થ આમા ટરપેન્ટાઇન તેલ મુખ્ય હોય છે

વિદ્રાવણ ૧ પું (પુરાણ) દનુનો એ નામનો એક દાનવ પુત્ર

૨. ન ઊકળવું તે

૩ [સ] ન. ઓગાળવું તે, પ્રવાહી કરવું તે

૪ ન. કોઈ ચીજ ગળવાથી થયેલું પ્રવાહી; અમુક દ્રવ્ય જેમાં ભળેલું હોય તે પાણી

૫. ન. ફાડવું તે

વિદ્રાવ્ય [સ] વિ. પ્રવાહી થઈ શકે તેવું; દ્રવણશીલ

વિદ્રુત ૧. [સ.] વિ ખરેલું; ઝરેલ

૨ વિ. દ્રવાયેલું; પીગળેલ

૩ વિ પલાયન થયેલું

વિદ્રુમ ૧. ન વિદ્રુમલવ, કરા

૨. ન દરિયાના એક જાતના જીવડાં પોતાના શરીરના મજબૂતીથી રહેવા જેવું ઘર બાંધે છે ત

૩. [સ] ન પ્રવાલ, પરવાળું; એક જાતનું રત્ન

કાનની આમ વિદ્રુમના વાળા,
રત્ન જડિત ગાલ્યા મારુલ મેડી
નરસિંહ મહેતો

વિદ્રુમચ્છવિ પું. શિવનાં હજાર માંહેનું એક નામ

વિદ્રુમતા જી. વિદ્રુમના જેવા રંગની ઝાંય.

વિદ્રુમલતા સ.] જી. એ નામની એક વનસ્પતિ. વનૌષધિ. નાલી; નલિકા.

વિદ્રુમા જી. (સંગીત) તાર્સ્થાનીય બાવીસ નાદોની એક શ્રુતિ

વિદ્રોહ ૧. [સ.] પું. કલેશ; કજિયો; કંકાસ.

૨ પું. દ્રોહ કરવો તે

૩. પું બળવો

વિદ્રોહી [સ વિદ્રોહિન્] વિ. દેશદ્રોહી; રાજદ્રોહી; બળવો કરનાર

વિદ્વજ્જન [સ.] ન વિદ્વાન માણસ; પંડિત; જ્ઞાની; ક્ષિલષ્ટક

વિદ્વત્કલ્પ [સ.] વિ. લગભગ વિદ્વાન જેવું; પંડિત જેવું

વિદ્વત્તમ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેનો શબ્દાર્થ એમ છે કે, વિદ્વસ્ એટલે વિદ્વાન અને તમ એટલે ઉત્તમ, કેમકે ઉત્તમ વિદ્યા જાણનારા ભગવાન વિષ્ણુ જ છે.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વિદ્વત્તા [સ] સ્ત્રી. જ્ઞાન; પંડિતાઈ

વિદ્વત્ત્વ જુઓ વિદ્વત્તા

વિદ્વત્પરિષદ [સ ., સ્ત્રી. વિદ્વાન માણસોની મંડળી, વિદ્વન્મંડળ, 'સેનેટ'.

વિદ્વત્સભા જુઓ વિદ્વત્પરિષદ.

વિદ્વત્સંન્યાસ [સ.] પું. જ્ઞાન થયા પછી મરનો ત્યાગ કરવો તે; પૂર્ણ જ્ઞાનીનો સંન્યાસ.

વિદ્વદ્ભોગ્ય વિ. [સં.] વિ. વિદ્વાનને ભોગવટે, વિદ્વાન માણસો જ જેનો ઉપભોગ કરી શકે તેવું. ૨ વિ. વિદ્વાનોને જ રસ પડે તેવું

વિદ્વદ્વર [સ.] વિ. વિદ્વાનોમાં ઉત્તમ.

વિદ્વદ્વર્ગ [સ] પું પંડિતગણ; સુજ્ઞમંડળ; વિદ્વાનોનો સમૂહ

વિદ્વદ્વર્ય [સ.] વિ. વિદ્વાનોમાં શ્રેષ્ઠ; પંડિત શિરોમણિ; મહાન વિદ્વાન

વિદ્વન્મંડળ જુઓ વિદ્વત્પરિષદ

વિદ્વન્મંડળી સ્ત્રી. સાહિત્ય, વિજ્ઞાન અને કળાને વિકસાવવા માટે યોજનાબદ્ધ વિદ્વાનોની મંડળી.

વિદ્વાન ૧. પું. જ્ઞાની માણસ.

૨ [સ વિદ્વસ્] વિ. વિદ્વાન, જ્ઞાનવાન; જ્ઞાનયુક્ત ૨, જ્ઞાની, પંડિત; વિજ્ઞ, વિદ્યા સંપાદન કરેલો હોય તેવું, જ્ઞાતા, વિષયોનું મનન કરનાર.

વિદ્વતા ને નૃપત્વ એ નથી તુલ્ય કદાચન,
સ્વદેશે નૃપ પૂજાયે જ્યમે વિદ્વાન પૂજિત.

સુભાષિત

વિદ્વેષ ૧. [સ] પું. અદેખાઈ, ઝેર; ખાર; દ્વેષ; ઈર્ષ્યા.

૨. પું દુશ્મનાવટ; શત્રુતા.

વિદ્વેષણ ૧. [સ.] ન. તંત્રોક્ત એક અભિચાર

૨. ન. દુશ્મનાવટ; શત્રુતા

૩. ન. દુષ્ટતા; અધમતા

વિદ્વેષિતા સ્ત્રી. વિદ્વેષી હોવાપણું.

વિદ્વેષી [સ વિદ્વેષિન્] વિ. વિદ્વેષવાળું; અદેખું.

વિદ્વેષ્ટા [સં. વિદ્વેષ્ટૃ] વિ વિદ્વેષ કરનાર; અદેખું

વિધ ૧. [સં.] સ્ત્રી. પ્રકાર; તરેહ; જાત; વિધિ; રીત.

૨ વિ રીતનું. સમાસને અંતે વપરાય છે. જેમકે, બહુવિધ.

૩. અ. પ્રમાણે; રીતે

વિધન [સ.] વિ. નિર્ધન; ધન વગરનું.

વિધનતા સ્ત્રી. નિર્ધનપણું; કરીબાઈ.

વિધરાવું અ ક્રિ તણાયાથી ચિરાઈ જવું; ફાટી જવું

વિધર્મ ૧. [સં.] પું. વિરોધી કે ભિન્ન ધર્મ; પોતાના ધર્મથી જુદો ધર્મ; પારકો ધર્મ

૨. કિ ધર્મશાસ્ત્રોમાં જેની નિંદા કરાઈ હોય તેવું.

૩. વિ વિરોધી કે ભિન્ન ધર્મવાળું; વિધર્મી

વિધર્મી ૧ વિ. ધર્મભ્રષ્ટ.

૨. વિ. વિરોધી કે ભિન્ન ધર્મવાળું; ઊલટા ધર્મવાળું; જુદા ધર્મવાળું; પરધર્મી

વિધવા [સં વિ (વગર) + ધવ (ધણી) + આ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી; રાંડીરાંડ; રેઢાંગેલી સ્ત્રી ગાર્ગેય લખે છે કે વૈધવ્યની બાબતમાં બે મત વિવાદ આવી જ ન શકે. વિધવા એટલે ન જ્યાં કે જેનો પતિ મૃત્યુ પામ્યો છે, એ રહી કે જેણે લાયક ઉંમરે પોતાની ઇચ્છા કે સમતિથી વિવાહ કર્યો છે ને જેણે બીજા પુરુષ વચ્ચેનો સંબંધ જાણ્યો છે. આ બાબતમાં અજ્ઞાત યોનિનો કે બાપાપે દીધી દીધેલી કુમળી વયની બાળાનો સમાવેશ થતો જ નથી ને થવો ન જ જોઈએ. વળી હિંદુ વિધવાને ઘડીને તો વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે. જ્યારે ત્યારે પુરુષ વર્ગને પોતાનાં દુઃખની કથા કહેતો હું સાંભળું છું ત્યારે ત્યારે વિધવા બહેનોની પ્રતિમા મારી પાસે ખડી થાય છે પોતાનું દુઃખ રોનારે પુરુષને હું દયું છું હિંદુ ધર્મ સમયને ઊંચામાં ઊંચી કોટિએ જઈ ગયો છે અને વૈધવ્ય તેની પરિસીમા છે વિધવાનું દર્શન મારે સારુ અપશકુનની નિશાની નથી પ્રાતઃકાળમાં તેનાં દર્શન કરી હું કૃતાર્થ થઉં છું

વિધવાદાય પું. વિધવાને ભાગમાં મળેલો વારસો

વિધવાલક્ષણ ન. વિધવા થવાનાં ચિહ્નો સામુદ્રિકમાં લખ્યું છે કે જે સ્ત્રીના હાથમાં વધારે રેખા હોય, પેટ ઉપર વાળ હોય, ડોક લાંબી હોય, માથામાં ભમરા હોય, આંગળીઓ વાંકી હોય, સ્તન ઉપર તલ અથવા મસા હોય અને જાંઘ કે પિંડી ઉપર વાળ હોય તો તે વિધવા થશે એમ જાણવું

વિધવાવિવાહ [સં.] પું. વિધવાનું પુનર્લગ્ન; પતિ મરી ગયા પછી ફરીથી બીજે લગ્ન કરવું તે. વેદમંત્ર ઉપરથી સિદ્ધ થાય છે કે વેદયુગમાં વિધવા થયેલી સ્ત્રીને ફરીથી પરણવાની છૂટ હતી, એનું જાણ્યે સાયણાચાર્યે આ પ્રમાણે કર્યું છે: " આ તારો મૃતપ્રાયઃ પતિ પાસે રહેલી બહેન, તું ત્યાંથી ઊઠ અને જીવતા માનવસમૂહ આગળ આવ, તથા પુનર્વિવાહ કરવા ઇચ્છતા વરની તું પત્ની થા ". આમ વિધવાવિવાહ શ્રુતિસમત ઠરે છે, તે ઉપરાંત સ્મૃતિસમત પણ છે. વળી માધવાદિ ગ્રંથકારે, તે વિનાના આ એક શ્લોક મનુનો પણ છે તેમ માને છે કે:- " પતિ ખોવાઈ જાય, મરી જાય, સન્યાસી થાય, નપુંસક થાય કે પતિત થાય-આ પાંચ આપદામાં નારી બીજો પતિ કરી શકે " વળી વ્યાઘ્રપાત નામે સ્મૃતિકાર લખે છે કે, પત્ની મરતાં જેમ પતિના તેમ પતિ મરતાં પત્નીના ફરીથી વિવાહ થાય કવિ શ્રી નાનાલાલે વિધવાવિવાહ સંબંધે યથાર્થ કહ્યું છે કે: દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન જેવું પુણ્ય નથી અને જીવલગ્નની વિધવાને પુનર્લગ્ન જેવું પાપ નથી ગાંધીજી લખે છે કે: વૈધવ્ય પાળવું એ પુણ્યકર્મ છે. પણ વિધવાવિવાહ સર્વથા પાપકર્મ તો નથી જ. જ્ઞાનિઓ જો વર્ણાશ્રમધર્મને શોભાવવા માગતી હોય, તેનો લોપ થવા દેવા ન ઇચ્છતી હોય, તો તેમાં આવી ગયેલી અનેક પ્રકારની કુપ્રથાઓને દૂર કરવી પડશે અને તેમાં ઊભા થતા દરેક પ્રશ્નનો ધાર્મિક દૃષ્ટિથી હલ્લો કરવો જોઈએ. એટલે હું વિધવાઓને કહું કે તમે તમારા વૈધવ્યને પવિત્ર માની શોભાવજો, તેવા દાખલા હિંદુ સંસારમાં અનેક પડ્યા છે. જ્ઞાનિઓને કહું કે જો આજવિધવાઓ પુનર્લગ્ન ન કરવા ઇચ્છે તો તેમને તરછોડશો નહિ, તેમને જ્ઞાનિ બહાર ન મૂકશો.

વિધવાશ્રમ [સં] પું. વિધવાઓને રહેવાનું સ્થળ.

વિધવાંશ [સ.] પું. વિધવાને ભાગે આવેલો વારસો.

વિધવિધ વિ જુદી જુદી જાતનું; બહુ પ્રકારવાળું; વિવિધ; તરેહવાર.

વિધસ ૧ [સં વિધસ્] પું દેવ, પિતૃ આદિના ભોજનનો શેષ ભાગ

જે પોતાને માટે પાક કરે છે તે કેવળ પાપનું જ ભોજન કરે છે; યજ્ઞ કર્યા પછી જે શેષ રહે તેનું અમૃત અને બધા જમી રહે પછી જે શેષ રહે (બ્રહ્મશેષ) તેનું વિધસ એવું નામ છે અને તે જ ખરા શિષ્ટ પુરુષોને વિહિત છે.

ભાષ્ય ભગવદ્ રામાનુજ

૨. ન. ભોજન.

વિધા ૧. [સં.] સ્ત્રી. કર્મ; કામ.

૨. સ્ત્રી. પ્રકાર; જાત; રીત.

વિધાતા ૧. પું. (પુરાણ) એ નામના એક આદિત્ય.

૨. પું. કામદેવ.

૩. [સં. વિધાતૃ] પું. પ્રજાપતિ; બ્રહ્મા; બ્રહ્મદેવ.

૪. પું. ભૃગુમુનિનો એ નામનો એક પુત્ર

૫. પું. ભક્તિ; દાર.

૬ પું. વિશ્વકર્મા.
૭. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.
૮ પું. શિવનાં હજાર માહેનું એક નામ.
૯. સ્ત્રી ગજપીપર.
૧૦. સ્ત્રી. ભાગ્ય નિર્માણ કરનારી ઈશ્વરી શક્તિ, છઠ્ઠીના લેખ લખનારી દેવી, ભાગ્યદેવતા; પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી; દૈવ; વિધાત્રી.
૧૧ વિ. ઉત્પન્ન કરનાર.
૧૨. વિ. વ્યવસ્થા કરનાર

વિધાત્રી ૧. [સં] સ્ત્રી. ઋગ્વેદ માહેની એક શ્રુતિ તેઓ અનુક્રમે વિધાત્રી, અભિધાત્રી અને વિનયોદ્ગત્રી એમ હોય છે.
૨. સ્ત્રી. ધાત્રી
૩. જુઓ વિધાતા ૯, ૧૦.

વિધાન ૧. [સં.] ન. અથર્વવેદના પંચ મહાયજ્ઞોમાંનો એક કલ્પ
૨ ન. અનુષ્ઠાન
૩. ન. અભ્યાસ; ટેવ; મહાવરો; પ્રયોગ.
૪ ન. આયોજન
૫. ન ઉપાય.
૬. ન. કથન; બયાન; કેફિયત.
૭. ન ક્રમ; ક્રિયા
૮ ન. કારણ.
૯. ન. ધનસંપત્તિ.
૧૦ ન નિયમ; ધારો; કાયદો
૧૧. ન. મોક્ષનું તે
૧૨. ન. રાજ્યવ્યવસ્થા.
૧૩. ન વળગાડવું તે; જોડવું તે; સંધાન.
૧૪. ન. વિધિ; રીત; પ્રકાર.
૧૫ ન. વ્યવસ્થા; પ્રબંધ; બંદોબસ્ત.
૧૬. ન. શાસ્ત્રવાક્ય; શાસ્ત્રાજ્ઞા.
૧૭. ન. સર્જન; રચના.
૧૮. ન. સરકાર.
૧૯. ન સેવા; ઉપાસના.
૨૦. ન. હાથીને માટે કરેલો બાકુ.
૨૧ ન. હાથીનો એક કોળિયો.
૨૨. ન. હેતુ; પ્રતિજ્ઞા; આધારભૂત વાક્ય; વિધિવાક્ય.

વિધાનજ્ઞ ૧. [સં.] પું. પંડિત.
૨ વિ. વિધાન જાણનાર.

વિધાનપરિષદ [સં.] સ્ત્રી. કાયદા ઘડનારું મંડળ; ધારાસભા; કાયદા ઘડનારી સભા; 'લેજિસ્લેચર'.

વિધાનમંડલ જુઓ વિધાનપરિષદ.

વિધાનમાર્જન [સં.] ન. હાથથી પ્રાણાયામ કરવાની રીત; માર્જન ક્રિયાનો એક પ્રકાર. પ્રાણ વિનિમયમાં વપરાય છે: આ ક્રિયા વિધેયના માથાથી પગ સુધી એક અવયવ પે હાથથી કરવામાં આવે છે લાકડો કે દંડો પકડ્યો હોય ત્યારે હથેલી જેવો આકાર લે તેવો આકાર હાથને આપી તે હથેલી વિધેયના માથા, છાતી કે પગ સુધી લઈ જવી હથેલી તથા આંગળીનાં ટેરવા વિધેય તરફ રાખવાં. પછી આંગળીમાંથી નીકળતો ઓજસ પ્રવાહ વિધેય ઉપર ફેંકવો. આ ક્રિયા વિધાનમાર્જન કહેવાય છે.

વિધાનસભા જુઓ વિધાનપરિષદ

વિધાનાત્મક [સં.] વિ. ભાવસૂચક; ભાવ બતાવનાર

વિધાપક ૧. પું. પ્રાણવિનિમયનો એક પ્રકાર.
૨. પું. સ્થાપકસંસ્થાઓ; ' ઓર્ગેનિઝર.'
૩ વિ. આજ્ઞા કરનાર.
૪. વિ. રચનાર; બનાવનાર.
૫ વિ અવસ્થા કરનાર
૬. વિ. સમગ્ર એકતા બતાવનારું.

વિધાપાચક [સં.] વિ. હાથી અને ઘોડા માટે ખોરાક તૈયાર કરનાર

વિધામા પું. (પિંગળ) એ નામનો એક માત્રાદંડક માત્રામેળ છંદ તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૩૬ ગુરુ અને ૧૮ લઘુ મળી ૫૭ વર્ણની ૬૧ માત્રા હોય છે.

વિધાયી વિ. અર્થે જનેરું; મૃત્યુ પામેલું.

વિધાયક ૧. [સં.] પું. આજ્ઞા કરનાર.
૨. પું. કાર્ય કરનાર; કર્તવ્ય બજાવનાર.
૩. પું ઘડનાર; રચનાર; બનાવનાર.
૪. પું. પ્રાણ વિનિમયનો પ્રયોગ કરનાર; આકર્ષણ કરનારી પ્રાણશક્તિને ઉપયોગમાં લઈ બીજાઓને વશ કરનાર.
૫. પું. વ્યવસ્થાપક; અવસ્થા કરનાર.
૬. પું સ્થાપના કરનાર.
૭. વિ. રચનાત્મક.

વિધાયન ન. ખોરડાસરની ક્રિયા; ' પ્રોસેસ .'

વિધાયિની ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, જગણ અને રગણ મળી ત્યાર અક્ષર હોય છે.
૨. સ્ત્રી. સીતાનાં હજાર માહેનું એક નામ.

વિધાયી જુઓ વિધાયક.

વિધારણ ૧. ન. કુંભક પ્રાણાયામ.
૨. ન. ધારણ કરવું તે.

વિધારિતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ જગણ અને રગણ મળી ત્યાર અક્ષર હોય છે.

વિધિ ૧. પું. (વેદાંત) અજ્ઞાત અર્થને જણાવનારો વેદનો ભાગ
૨. પું. (વેદાંત) દૃષ્ટિ સાધનાના બોધક પ્રકરણથી ઘટિત થતું વાક્ય.
૩. પું. ઉપાય; પ્રકાર.
૪. પું. એ નામનો એક અર્થાલંકાર. જેમકે, મણિ પગે અથડાય અને કાચ મસ્તકે ધારણ કરવામાં આવે તો પણ રૂપની દૃષ્ટિએ કાચ તે કાચ અને મણિ તે મણિ
૫. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમમાત્રામેળ છંદ. તે નંદ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૩૦ લઘુ મળી ૩૪ વર્ણ હોય છે.
૬. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે રોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૧ ગુરુ અને ૨૪ લઘુ મળી ૬૦ વર્ણની ૬૧ માત્રા હોય છે.
૭ પું. ક્રમ
૮ પું. ક્રિયાપદનું આજ્ઞાર્થ રૂપ
૯. પું. ચંદ્ર.
૧૦ પું દશ્યકાવ્ય રૂપે રૂપકનો એ નામનો એક ભેદ
૧૧ પું. ધારો; નિયમ
૧૨ પું (વેદાંત) પુરુષને પ્રવૃત્તિ કરાવનાર વાક્ય
૧૩ પું. બ્રહ્મદેવ; પ્રજાપતિ; બ્રહ્મા.
૧૪. પું. ભાગ્યદેવતા; દૈવ; ભાગ્ય; નસીબ.
વિધિના લેખ = નસીબમાં માંડ્યું હોય તે; ભા.પ્ર
૧૫. પું. વિધાન; પ્રતિજ્ઞા; વિધિવાક્ય
૧૬. પું. વિશ્વકર્મા.
૧૭. પું. વિષ્ણુ
૧૮. પું. વેષ
૧૯. પું વ્યવસ્થા; યોજના
૨૦ પું સરકાર.
૨૧. પું. હાથીને માટે કરેલો બાકુ; વિધાન.
૨૨. પું.;સ્ત્રી. આજ્ઞા; શાસ્ત્રાજ્ઞા; શાસ્ત્રપ્રમાણ.
૨૩. પું.;સ્ત્રી કરવાનું તે; ક્રિયા.
૨૪. પું.;સ્ત્રી. કાર્ય કરવાની રીત; પદ્ધતિ; રંગઢંગ; પ્રકાર; પદ્ધતિ
૨૫. સ્ત્રી છઠ્ઠીને દિવસે ભવિષ્ય આલેખનાર સ્ત્રી.

વિધિકર [સં. વિધિ (કાર્ય) + કૃ (કરવું)] પું ચાકર; નોકર; દાસ; સેવક; અનુચર.
વિધિકર ઉપર દાસ અને સેવક અનુચર પહાણિ,
મૂલ કૂરે રતિનાથ સમા જગી બરણી નથી અતિ.
ઉપજાતિપ્રયોગ

વિધિકલ્પ [સં.] પું બ્રહ્માનો એક દિવસ.

વિધિર્દૈવ સ્ત્રી. વેદવાક્યનું દાસત્વ; શાસ્ત્રને આધીન રહેવાપણું

> અગ્નિને સંન્યાસાગ્નિ નહિ અડવું જોઈએ, તેમ છતાં વિધિર્દૈવ ભેટવા વેદવાક્યનું દાસત્વ ન સ્વીકારતા સ્વતંત્ર બ્રહ્મનાદીરૂપે આવ શંકરાચાર્યે પોતાની માતાના શબ્દો કહ્યા કરી તેમને અગ્નિદાહ કર્યો. શંકરાચાર્ય ચલાવ

વિધિચિહ્ન [સં] ન. વધતા, ઓછા, મુરવા, ભાગ્યા, ઘાત અથવા મૂળની નિશાની; કેવા પ્રકારની અણતરી કરવાની છે તે બતાવનારી નિશાની

વિધિજ [સ.] પું. બ્રહ્માના પુત્ર નારદ.

વિધિદગ્ધન [સ.] ન. નસીબથી થતી પીડા

વિધિનયોગ [સ.] પું. ઈશ્વરી અવસ્થા; દૈવઘટા.

વિધિનિર્મિત [સ] વિ. વિધિથી નક્કી કરેલું.

વિધિનિષેધ [સ.] પું. આમ કરવું અને આમ ન કરવું એવી શાસ્ત્રની આજ્ઞા; અમુક કરવા ન કરવા સબંધી શાસ્ત્રનું વિધાન.

વિધિપક્ષ [સ.] ન. વિધેય; ' પ્રેડિકેટ '.

વિધિપાલક [સં.] વિ. નિયમ પાળનારું; નિયમને અનુસરનારું.

વિધિપુરઃસર [સ] અ. રીતસર; રિવાજ પ્રમાણે; વિધિ મુજબ.

વિધિપુસ્તક [સ.] પું. કાયદાનો ગ્રંથ.

વિધિપૂર વિ. વિધિપૂર

વિધિપૂર્વક જુઓ વિધિપુરઃસર

વિધિભવિષ્યકાળ પું. (વ્યાકરણ) કાળના મુખ્ય ૭ મહેનો એક પ્રકાર.

વિધિભવિષ્યભૂત પું. (વ્યાકરણ) ભિશ્રકાળના ચૌદ મહેનો એક પ્રકાર.

વિધિભવિષ્યવર્તમાન પું. (વ્યાકરણ) ભિશ્રકાળના ચૌદ મહેનો એક પ્રકાર.

વિધિભંગ [સં] પું. કાયદાનો ભંગ; ધારાનું ઉલ્લંઘન કરવું તે.

વિધિભંજન જુઓ વિધિભગ

વિધિમાલખંડ પું. પૃથ્વી ઉપરના નવ મહેનો એ નામનો એક ખંડ. તે ઉત્તર દિશામાં આવેલ છે.

વિધિમુખ [સં.] વિ. બ્રહ્માના મુખનું; વેદનું

વિધિમુખપ્રતીતિ સ્ત્રી. (વેદાંત) નકાર વિનાનું કથન. જેમકે, આ ઘડો છે, આ ઘડો છે એવી પ્રતીતિને વિધિમુખપ્રતીતિ કહે છે.

વિધિયજ્ઞ [સ.] પું. વિધિ પ્રમાણે કરવાનો યજ્ઞ. જેમકે, દર્શપૌર્ણમાસ.

વિધિયુક્ત [સં.] વિ શાસ્ત્રાજ્ઞા પ્રમાણ; વિધિપુરઃસર.

વિધિરૂપ [સ.] વિ. આજ્ઞારૂપ; અમુક કરવાની આજ્ઞાવાળું

વિધિલીલા સ્ત્રી. વિધાતાની અકલ્પિત કળા

વિધિલેખ [સં] પું નસીબ; ભાગ્ય; વિધિના લેખ.

વિધિવચન ૧ [સં] ન. વિધિ અથવા પ્રેરણાના અર્થમાં વાપરેલું હોય તેવું વાક્ય. જેમકે, સ્વર્ગની ઇચ્છા રાખનારે અગ્નિહોત્ર કરવો.

૨. ન. શાસ્ત્રાજ્ઞા

વિધિવત્ ૧. [સ.] અ યથાયોગ્ય; નિયમસર

૨. અ. વિધિ પ્રમાણે; શાસ્ત્રમાં કહેલી રીતે.

વિધિવશ [સ.] વિ. ભાગ્યને આધીન.

વિધિવાક્ય ૧. [સં.] ન. પ્રતિજ્ઞા; ક્રિયા કરવા સબંધી વાક્ય. તેના ત્રણ પ્રકાર છે: અપૂર્વવિધિ, નિયમવિધિ અને પરિસંખ્યાવિધિ.

> તેથી કરી અર્થ અજાર્થ નિર્ણેતા
> પ્રમાણનુ શાસ્ત્ર જ પાર્થ ! તાહરે;
> ને શાસ્ત્ર કેરા વિધિવાક્યજ જાણીને
> પરોજ કર્યો કરવા તહને અહીં
>
> નીતાપમામૃત

૨. જુઓ વિધિવચન

વિધિવાહન [સં.] ન. બ્રહ્માનું વાહન; હંસ

વિધિવિદ્યા ૧. [સ.] સ્ત્રી. પદ્ધતિશાસ્ત્ર; પદ્ધતિવિદ્યા.

૨. સ્ત્રી. રીત, પદ્ધતિ કે પ્રક્રિયાનું જ્ઞાન.

વિધિવિધાન [સં.] ન. અનુષ્ઠાન. આપણા કલાપ મદ હોય અને અંત.કરણ શુદ્ધ હોય તો કોઈપણ બ્રહ્મચારી જેસીને કોઈપણ પ્રકારનું વિધિવિધાન કરવામાં આવે તો તે ક્રિયા આત્મશુદ્ધિ, આત્મકલ્યાણનું કારણભૂત થાય છે

વિધિવિધાયકસભા [સં.] સ્ત્રી. ધારાસભા; કાયદા ઘડનારું મંડળ

વિધિવિધાયિની સભા જુઓ વિધિવિધાયકસભા.

વિધિવિરુદ્ધ [સં.] વિ. અસાધારણ; અપ્રાકૃતિક; અસ્વાભાવિક; નિયમથી ઊલટું

વિધિવિરોધ [સં.] પું. કાયદા કે નિયમની પરસ્પર અથડામણ

વિધિવિવાહ [સં.] પું. કાનૂની વિવાહ; ' સિવિલ મેરેજ '.

વિધિવિહીન [સં] વિ. જેમાં કાંઈ વિધિ ન હોય એવું

વિધિવ્રત [સં.] ન કાયદાનું ભંગ.

વિધિશેષ પું મીમાંસકોના મત પ્રમાણે અર્થવાદના બે ભાગોનો એક ભાગ

વિધિસર જુઓ વિધિપુરઃસર

વિધિસંગત [સં.] વિ. નિયમ મુજબનું.

વિધિસિદ્ધ અધિકાર [સં] પું. કાયદેસર હક.

વિધિસિદ્ધતા [સં.] સ્ત્રી. કાયદેસરપણું

વિધિસિદ્ધ ધાર્યત્વ [સં.] ન. કાયદેસરની જવાબદારી

વિધિસિદ્ધ પુરસ્કાર [સં.] પું. કાયદેસરનું મહેનતાણું.

વિધિસિદ્ધ પ્રતિનિધિ [સં] પું. કાયદેસરના વારસ કે વકીલ.

વિધિસ્નાતક [સં.] પું. કાયદાનો સ્નાતક; ' બેચલર ઑવ્ લૉઝ.'

વિધિહુત [સં.] ન. વિધિ પ્રમાણે હોમેલું

વિધીર પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ગાહિની કુટુંબિતીનો એક ભેદ છે. તેમાં ૪૯ ગુરુ અને ૬૦ લઘુ મળી ૧૦૯ વર્ણની ૧૫૮ માત્રા આવે છે

વિધુ ૧ [સં.] પું. આયુષ; હથિયાર

૨ પું. એકની સંખ્યા સૂચક સાંકેતિક શબ્દ.

૩ પું. કપૂર.

૪ પું ચંદ્ર, ચંદ્રમા; શશી; નિશાપતિ

૫ પું. બ્રહ્મા

૬ પું. રાક્ષસ

૭ પું વાયુ

૮ પું વિષ્ણુ

૯ પું શંકર

૧૦ પું શ્રીકૃષ્ણ.

૧૧ ન. જલસ્નાન; પાણીમાં નાહવું તે.

૧૨ ન યુદ્ધ

૧૩ ન. વિધિ; ભાગ્ય; નસીબ.

વિધુકલા [સ.] સ્ત્રી ચંદ્રની કળા.

વિધુક્ષય ૧. [સં. વિધુ (ચંદ્ર) + ક્ષય (નાશ)] પું. અમાવાસ્યાનો દિવસ; ચંદ્રનો ક્ષય થતો હોય તે દિવસ; અમાસ

૨. પું. ચંદ્રમાનો ક્ષય.

વિધુત ૧. [સં.] વિ કંપિત; ધ્રુજેલું

૨ વિ ફેંકી દીધેલું; અળગેરેલું; ઉડાડી મૂકેલું.

વિધુનિધુવન પું. (પિંગળ) એ નામનો ઓગણીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, બે નગણ, તગણ, નગણ, મગણ અને ગુરુ મળી ઓગણીસ અક્ષર હોય છે. આવે છે વિધુનિધુવનમાં મા ન ન ત ન ગા ગા ધારે

વિધુપ્રિય ૧ સ્ત્રી. હરણી.
૨ [સં] વિ. ચંદ્રને વહાલું
વિધુપ્રિયા [સ.] સ્ત્રી. ચંદ્રની સ્ત્રી
વિધુમય વિ. અમૃતથી ભરેલું.
વિધુમાર્ગ [સ.] પું. ચંદ્રનો રસ્તો
વિધુમુખ [સ.] ન. ચંદ્રમાનું મોઢું.
વિધુમુખી ૧. [સં.] સ્ત્રી. સુંદર સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ચંદ્રમુખી, ચંદ્રમાના જેવા મુખવાળી
વિધુર ૧. પું. જ્ઞાનનો પાંજળાનો ભાગ.
૨. પું કૈવલ્ય; મોક્ષ.
૩. પું. જેની પત્ની મરી ગઈ હોય એવો પુરુષ.
૪. પું મનની મૂંઝવણ.
૫. પું શત્રુ
૬ ન. છૂટાપણું, વિયોગ; જુદા પડવું તે
૭ વિ અશક્ત, અસમર્થ.
૮ વિ ગભરુ; બેબાકળું; બ્યાકુળ.
૯. વિ. દુખિયારું; દુ.ખી; ખિન્ન.
૧૦. વિ. વિયોગી; વિયોગ પામેલું.
૧૧ વિ રંડાયેલ; રાંડેલ.
વિધુરવિતાન પુ. (પિંગળ) એ નામનો તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, ભગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે
ઉ.ય વિધુરવિતાન ન ન ભ સ ગ ગ.
રત્નપિંગળ
વિધુરવિધિ વિ. ક્રમ વિનાનું; ક્રમનસીબ.
વિધુરવિરહિતા પું. (પિંગળ) એ નામનો સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે.
સતયભાનાલા મુકથી પાંચે વિધુરવિરહિતા.
રત્નપિંગળ
વિધુરવિવાહ પું વિધુરનું પુનર્લગ્ન.
વિધુરા ૧. વિ સ્ત્રી રંડાયેલી, વિધવા.
૨. વિ સ્ત્રી વિયોગિની; વિરહિણી; પ્રિયના વિયોગથી પીડિત.
૩. વિ સ્ત્રી. બ્યાકુળ થયેલી; અકળાયેલી.
વિધુરું ૧. વિ. આકુળવ્યાકુળ; અકળાયેલું, ગભરાયેલું; ગાભરું.
૨. વિ વિધુર; રાંડેલું.
૩. વિ. વિયોગી; છૂટું પડેલું.
વિધુવદની [સં.] વિ. સ્ત્રી ચંદ્રના જેવા મુખવાળી; ચંદ્રમુખી
વિધુવર [સં.] પું. ચંદ્રમા.
વિધુવાર [સં.] પુ. સોમવાર
વિધુંતુદ [સ પુ રાહુ તે ચંદ્રને પીડા કરતો હોવાથી તે વિધુતુદ કહેવાય છે
વિધુનન ૧. [સ.] ન. કંપવું તે; ધ્રૂજવું તે.
૨. ન હલાવવું તે; ખંખેરવું તે.
વિધૃત [સ.] વિ ધરી રાખેલું; ધારણ કરેલું; ઉપાડેલું.
વિધૃતિ ૧. [સં] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ
૨. પુ (પુરાણ) સૂર્યવંશી ક્ષદ્વાકુકુલોત્પન્ન કુશાવતીના ભાનુ રાજાનો પુત્ર. તેનો પુત્ર હિરણ્યનાભ હતો.
વિધેય ૧. [સં.] પું. (વ્યાકરણ) કહેવાની બાબત; વાક્યમાં ઉદ્દેશને વિષે જે કંઈ કહ્યું હોય તે.
૨. પું. પ્રાણીવિનિગ્રહનો જેના ઉપર પ્રયોગ કરાય છે તે માણસ.
૩. વિ. અપેક્ષ; અધિન; સ્થિર; હાલ્યાચાલ્યા વગરનું
૪. વિ. અધીન; તાબાનું; વશ હોય એનું; આજ્ઞાધારક; આજ્ઞાકારી
૫. વિ. કરવાલાયક; કરવા જેવું; કરવા લાયક.
વિધેયક [સં.] વિ. કંઈ પણ પ્રશ્ન કર્યા વગર આજ્ઞા ઉઠાવે એવું.
વિધેયજ્ઞ [સં.] વિ. કંઈ પણ પ્રશ્ન કર્યા વગર આજ્ઞા ઉઠાવે એવું.
વિધેયજ્ઞતા [સં.] સ્ત્રી. આજ્ઞાનુશીલતા; આજ્ઞા પ્રમાણે વર્તવું તે.
વિધેયતા ૧. [સં.] સ્ત્રી. અધીનતા; તાબે હોવું તે.
૨. સ્ત્રી. કરવા યોગ્યપણું
૩. સ્ત્રી. શબ્દને ઉદ્દેશીને કોઈ વિધાન કરવું તે. તેના પાંચ પ્રકાર છે: પર સામાન્ય, અપર સામાન્ય, વિશેષ, ધર્મ અને ઉપાધિ.
વિધેયપદ [સં.] ન. ક્રિયાપદનું પદ.
વિધેયપરિચ્છેદ [સં.] પું. વાક્યમાં ઉદ્દેશને વિષે જે કાંઈ કહ્યું હોય તેનો ભાગ.
વિધેયપૂરક ૧. ન. વિધેયના અર્થમાં વધારો કરનારું પદ.
૨. વિ વિધેયના અર્થમાં વધારો કરનાર.
વિધેયવર્ધક જુઓ વિધેયપૂરક.
વિધેયાત્મા ૧. [સ.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.
૨. વિ જેનું મન વશ હોય એવું
વિધોગતિ વિ (જૂ ગુ.) ભાતભાતનું; વિવિધ.
આવ્યા કુળ વિધોગતિ ઘણા, જય પુજાવિ
પરમેશ્વરજ્ઞા જ્ઞાનપ્રસમય
વિધ્ન [સં.] વિ. વીંધેલું; પરોવેલું.
વિધ્યનુકૂલ [સં.] વિ. માન્ય; સમર્થ; યોગ્ય; વિધિસર.
વિધ્યનુકૂલતા [સં.] સ્ત્રી. યોગ્યતા; સાર્થકતા.
વિધ્યનુસાર [સં.] અ. કાયદા પ્રમાણેનું; નિયમ મુજબનું
વિધ્યર્થ ૧. [સં.] પું (વ્યાકરણ) સ.જ્ઞા, પ્રેરણા, ઉપદેશ કે હરજનો અર્થ બતાવતું ક્રિયાપદનું રૂપ
૨. અ. આજ્ઞાના અર્થમાં; આજ્ઞાર્થક.
વિધ્યર્થક [સં.] વિ. વિધ્યર્થનું; વિધ્યર્થવાળું
વિધ્યાન [સં.] ન. વધારે ધ્યાન રાખવું તે.
વિધ્યાભાસ [સ] પું. એ નામનો એક અલંકાર. તેમાં ઘોર અનિષ્ટની સંભાવના દેખાતાં છતાં અનિચ્છાપૂર્વક કોઈ વાતની અનુમતિ અપાઈ જાય છે
વિધ્વસ્ત ૧. [સ. વિધુ (ચંદ્ર) + અસ્ત] ન. ચંદ્રમાનું અસ્ત થવું તે.
૨. [સં.] વિ. નાશ પામેલું
વિધ્વંકમાલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને પ્રકારબંધ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં પણ તગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.
વિધ્વંસ ૧. પું. અપમાન; અનાદર.
૨. પું. દુશ્મનાવટ; વેર.
૩. [સં. વિ (વધારે) + ધ્વંસ (નાશ કરવો)] પુ. નાશ, પાયમાલી; બરાબી; ઉચ્છેદ, વિનાશ
૪. પું. પ્રતિકૂળતા
વિધ્વંસક [સં.] વિ. વિધ્વંસ કરનાર.
વિધ્વંસી વિ. નાશ કરનાર; પાયમાલી આણનાર; વિધ્વંસક
વિન અ વિના
વિન રીતે વા રીત કહી દમયંતી
વિનત ૧ પું. (પુરાણ) રામની સેનાનો એ નામનો એક વાનર
૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.
૩ [સં.] વિ નમેલું, જેણે નમન કર્યું હોય એવું
૪ વિ. વાંકું; નમી ગયેલું
૫. વિ વિનયી, નમ્ર
૬. વિ શિક્ષિત; શિષ્ટ.

વિનતડી (વિનતડે) ૧ સ્ત્રી કાલાવાલા; આજીજી, વિનતિ; અરજ

મારી વિનતડી અવિચાર તારી નિહાળો ૨.
નરસિંહ મહેતો

૨. સ્ત્રી. નમ્રતા

વિનતા ૧ સ્ત્રી. એક જાતનો નાની નાની ફોલ્લી થવાનો રોગ.

૨. સ્ત્રી. (પુરાણ) દક્ષ પ્રજાપતિની પુત્રી અને અને કશ્યપ ઋષિની તેર માંહેની એક પત્ની; ગરુડની માતા. તેને અરુણ, ગરુડ, અરુણિ અને વારુણિ એવા ચાર પુત્ર અને સૌદામિની નામની એક કન્યા હતી

૩. સ્ત્રી. વનિતા; સ્ત્રી; બૈરી.

જે નારી વિશ્વાસઘાતી, બંડળ વિનતા વેશ.
મુક્તાનંદ

૪. સ્ત્રી. (પુરાણ) સીતાના સરક્ષણ માટે મૂકેલા એ નામની એક રાક્ષસણી

૫. જાઓ કુબ્જી સ્ત્રી

વિનતાક્ષી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ, બે નગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

વિનતાક્ષી રચ જ ભ ન ન ત ય થી.
રત્નપિંગળ

વિનતાત્મજ [સં] પું. ગરુડ. તે વિનતાનો પુત્ર હતો.

વિનતાપુત્ર જુઓ વિનતાત્મજ.

વિનતાસુત જુઓ વિનતાત્મજ.

વિનતિ ૧. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨. પું. શિક્ષા; દંડ

૩. [સ વિજ્ઞપ્તિ; પ્રા. વિન્નવુત્તી] સ્ત્રી. કાંઈ કહેવું તે; અરજ; કાલાવાલા; આજીજી; પ્રાર્થના; વિનંતિ.

૪. સ્ત્રી. નમસ્કાર

૫ સ્ત્રી નમ્રતા; નમ્રપણું; વિનય.

વિનતિપત્ર ૧. [સ.] પું. માગણીનો પ્રકાર.

૨. પું. સભ્યતાથી લખેલો પત્ર; નમ્રતાવાળો પત્ર; વિનયપત્ર.

વિનતોદ્ભવ [સં.] પું. ગરુડ

વિનન્દિની પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર સગણ, લઘુ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે.

સ સ સ સ લ ગે રચ ઠીક વિનન્દિની.
રત્નપિંગળ

વિનમ્ર [સ.] વિ. દીનતાવાળું; વિશેષ નમ્ર, અત્યંત નમ્ર

વિનમ્રતા [સં.] સ્ત્રી. નરમાશ; વિનય.

વિનય ૧. પું. આભ્યંતર તપનો એક પ્રકાર; પૂજ્ય કે માન આપવા લાયક મનુષ્યનો આદર કરવા રૂપ તપ.

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે.
શ્રીમદ્ રાજચંદ્ર

૨. પું ઉપદેશ

૩. પું. (જૈન) ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું તે

૪. પું. દંડ; શિક્ષા

૫. પું. નમસ્કાર; પ્રણામ

૬. પું. નમ્રતા, નમ્રપણું

૭. પું. નમ્રતા દેખાડવી તે; વિવેક; સભ્યતાર્યું; મવ ડીલતાર; નમ્રતાથી જે વિવેક કરવો તે; સભ્યત. વિશ્વ.ન્ય આપીએ સૌએ છે કે: વિનય સત્યપ્રદનો સ્ત્રીનમાં કઠિન અંશ છે. વિનય એટલે માનપૂર્વક વચન ઉચ્ચારવું એટલો જ અર્થ અહીં નથી. વિનય એટલે વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, સરળ ભાવ, તેના હિતની ઇચ્છા ને તે પ્રમાણે વર્તન. સત્યના આગ્રહ વિનાનો વિનય વિનય નથી પણ ખુશામત છે, દંભ છે, તેથી ખરું જોતાં તે અવિનય છે

ધર્મા ને મારમાંથી જે વિનય વિદ્વત્તા વર્યા,
વર્યા જ્ઞાનજનતા સાથ કર્યું દુષ્કર સુકર એ.
સાપીગીતા

૮. પું. બૌદ્ધ સાધુઓના આચારનું વર્ણન આપવામાં આવ્યું હોય તે ગ્રંથ.

૯. પું વાગ્વિનો

૧૦. પું. વિશિષ્ટ નીતિ

૧૧. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. તે દુષ્ટ પ્રજાને વિનય એટલે દંડ દે છે તેથી તે વિનય કહેવાય છે.

૧૨. પું વેપારી

૧૩. પું. શિસ્ત

૧૪. વિ. જિતેંદ્રિય; ઇંદ્રિયોને જીતી હોય એવું.

વિનયગ્રાહી [સં. વિનયગ્રાહિન્] વિ. શિખામણ માનનારું અધીન; કાબૂમાં રહેનાર; આજ્ઞાકારી.

વિનયદીક્ષિત [સં.] વિ. સાદાઈ અને સેવાની દીક્ષા લેનાર.

વિનયન ૧. [સં.] ન. કેળવણી; શિક્ષા; શિક્ષણ.

૨. ન. નિયમન; સંયમન; દાબ; કાબૂ.

વિનયનિધાન [સં.] વિ. વિનયથી ભરેલું.

વિનયપત્ર જુઓ વિનતિપત્ર.

વિનયપત્રિકા સ્ત્રી. તુલસીદાસજીએ રચેલો એ નામનો એક ગ્રંથ

વિનયપાત [સં.] પું. દયા; કૃપા; મહેર.

વિનયપિટક [સ.] ન. એ નામનું બૌદ્ધધર્મનું એક પુસ્તક. તેમાં બુદ્ધ ભગવાનના શિષ્યોએ કરેલ અનેકવિધ ચર્ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે

વિનયભંગ [સં.] પું. વિવેકનું ઉલ્લંઘન કરવું તે

વિનયમર્યાદા [સં.] સ્ત્રી. વિવેકની હદમાં રહેવું તે

વિનયમંદિર [સં.] ન. પ્રાથમિક કેળવણી આપનારી શાળા; ' હાઈસ્કૂલ '.

વિનયમૂર્તિ [સં.] સ્ત્રી વિવેકની સાક્ષાત્ મૂર્તિ

વિનયવતી [સ] સ્ત્રી. વિનયવાળી સ્ત્રી.

વિનયવ્રત [સં.] પું. (જૈન) બત્રીસ મહિનો એ નામનો એક વ્રત; સત્યને અસત્ય અને અસત્યને સાચું માનવાની વિનયવાદીઓની માન્યતા

વિનયવાદી [સં. વિનયવાદિન્] વિ વિનયવાદમાં માનનારું

વિનયવિલાસ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, નગણ, ભગણ, નગણ, ભગણ, નગણ, ભગણ અને બે ગુરુ મળી બત્રીસ વર્ણ હોય છે.

વિનયવિલાસે ભગણ વિષે ચાર
ન ભ પછી બે ગુરુ ચરમે આવે છે.
રત્નપિંગળ

વિનયશીલ [સં.] વિ. વિનયવાળું; નમ્ર; સુશીલ.

વિનયશીલતા [સં.] સ્ત્રી. વિવેકવાળું આચરણ હોવાનો ગુણ.

વિનયસંપન્ન [સં.] વિ. વિવેકશીલ; વિવેકવાળું.

વિનયસંપન્નતા [સં.] સ્ત્રી. વિનયવાળું હોવું તે.

વિનયસ્થ [સં] વિ. વિનયવાળું; વિનયી.

વિનયિતાસાક્ષી [સં.] પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. વિનય કે અવિનય, સાચું કે જૂઠું, ભાવ કે અભાવ તે પારખી લેનારા હોવાથી વિષ્ણુ વિનયિતાસાક્ષી કહેવાય છે.

વિનયી [સં. વિનયિન્] વિ. વિનયવાળું; નમ્ર.

વિનવણી સ્ત્રી. વિનતિ; અરજ; કાલાવાલા; આજીજી; વીનવવું તે.

વિનિમયઅધિક્ષેપ

વિનવવું જુઓ વિનવણી

વિનવાવવું સ. ક્રિ. વિનતિ કરાવવી.

વિનશન [સં.] ન. વિનાશ: નાશ.

વિનશનતીર્થ [સ.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ; સરહિદના રણમાં સરસ્વતી નદી થાણેશ્વરથી નીકળી પશ્ચિમ દિશાએ વહી અદૃશ્ય થાય છે તે સ્થળ. આ સ્થળ નિષાદ રાષ્ટ્રના દ્વારે આવેલું છે

વિનશવું અ. ક્રિ. નાશ પામવું

વિનશ્વર વિ. બહુ નશ્વર; ક્ષણભંગુર; નાશવંત; અનિત્ય; અત્યંત નાશ પામવાના સ્વભાવનું

વિનષ્ટ ૧. ન. પાપ્ત ન થઈ નહિ તેવું ખોવાયેલ ઢોર.

૨. [સ.] વિ. નાશ પામેલું; બરાબખસ્ત; ફનાફાતિયા

૩. વિ. ભ્રષ્ટ; પતિત.

૪. વિ. મૃત; મરેલું

૫. વિ. વિકૃત; બગડેલ બગાડેલું.

વિનષ્ટિ ૧. સ્ત્રી દુઃખ; મુશ્કેલી; આપત્તિ.

૨. [સં.] સ્ત્રી. વિનાશ; પાયમાલી

વિનંતા પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે માલિનીકુલિની છંદનો એક ભેદ છે. તેમાં ૫૭ ગુરુ અને ૪૪ લઘુ મળી ૧૦૧ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

વિનંતિ જુઓ વિનતિ.

વિનંતિપત્ર પું. વિનતિ કરતો પત્ર કે લખાણ.

વિનંતી જુઓ વિનતિ.

વિના [સં.] અ. સિવાય; બગર; વગા.

વિનાડિકા (વિનાડિકા) [સં.] સ્ત્રી. ઘડીનો સાઠમો ભાગ; પળ.

§ પ્રાયુ = વિનાડિક.

વિનાડી જુઓ વિનાડિકા.

વિનાણ ૧. [સં. વિજ્ઞાન; પ્રા. વિણ્ણાણ] ન. આવડ; વિદ્યાન; વિશેષ જ્ઞાન.

ઢાલ્ય વર્ષ વાહા ઉવાણ,
ઝલિને એક પડું વિનાણ. ભાલણ.

૨ ન. બાદુ

૩. ન. તોફાન

૪. ન. યુક્તિપ્રયુક્તિ; તજવીજ; પેરવે.

વિનાથ [સં.] વિ. નાથ બગરનું, અનાથ; નિરાધાર; આશ્રય રહિત

વિનાનુમત [સં.] વિ. અધિકાર વિનાનું; પરવાનગી બગરનું; અખત્યાર વિનાનું.

વિનાનું વિ. બગરનું; રહિત; વિહોણું.

વિનામૂલે અ. બગર કીમતે; મફત.

વિનાયક ૧. [સં.] પું. ગણપતિ; ગણેશ; ગજાનન; ગૌરીપુત્ર.

કોઈ વિનાયક જો તખે મહિ કાજણ ધરી ખંભ;
તો પણ તારાપતિ મુહો ગણવા નાવત અંત.
વિનયચંદ્રકોષ.

૨. પું બુદ્ધ

૩. પું ગુરુ

૪ પું શ્રદ્ધ ભગવાન

૫. [હિં] પું. વિષ્ણ

૬ પું. વિષ્ણુ

૭. ન ભારતવર્ષનું એ નામનું એક ક્ષેત્ર.

૮ વિ. વિનયી; નમ્ર

વિનાયકચતુર્થી જુઓ વિનાયક ચતુર્દશી.

વિનાયક ચતુર્દશી [સં.] સ્ત્રી ભારતક સુદિ ૪.

વિનાયકવ્રતોદ્યાપ જુઓ વિનાયક ચતુર્દશી.

વિનાયિકા [સં] સ્ત્રી ગણની પત્ની

વિનાયેમ અ. મોના કહેવાથી; સબબથી વિના; મોની મણસી પર; વાક્યમતિથી.

વિનાશ ૧. [સં] પું બરાબી; બગાડો.

૨. પું નાશ; પાયમાલી

કોધથી થાય સંમોહ, સંમોહે સ્મૃતિ વિભ્રમ;
સ્મૃતિભ્રંશે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે
ગીતાપદ્યામૃત.

૩. પું મરણ

૪ પું હાનિ; નુકસાન

વિનાશક [સં.] વિ. નાશકારક; નાશ કરનાર; વિધ્વંસક; બંદારું કરનાર; ઘાતક

વિનાશકતા [સં] સ્ત્રી. નાશ કરવાપણું.

વિનાશકાલ જુઓ વિનાશકાળ

વિનાશકાળ પું. નાશનો વખત.

વિનાશકાળે વિપરીત બુદ્ધિ = વિનાશને વખતે ઊંધી બુદ્ધિ.

વિનાશન ૧. પું. એ નામનો એક અસુર. તે કાળનો પુત્ર હતો

૨ [સં.] ન. વિનાશ; પાયમાલી; નાશ કરવો તે

૩. વિ. વિનાશ કરનાર.

વિનાશપર્યવસાયી [સં.] વિ. જેનો અંત નાશમાં આવે તેવું; કક્ષયપરિણામક.

વિનાશમૂલક [સં.] વિ. વિનાશી; વિનાશ કરનાર.

વિનાશવું અ. ક્રિ. વિનાશ કરવો.

વિનાશિકા [સં.] સ્ત્રી. હોડાના બાન્તરવાળું એક સહાયક જહાજ; ' ડિસ્ટ્રોયર'.

વિનાશિત ૧. [સં.] વિ નાશ કરેલું

૨. વિ. બગાડેલું, બરાબ કરેલું.

૩ વિ. મારેલું.

વિનાશિની ૧. [સં] વિ સ્ત્રી. નાશ કરનારી.

૨. વિ. સ્ત્રી નાશ પામે તેવી

વિનાશી ૧. [સં.] વિ. નાશ કરનારું

૨. વિ. નાશ પામે તેવું; ન ટકે તેવું; અસુર.

૩. વિ. બગાડનાર; બરાબ કરનાર.

૪. વિ મારનાર; વધ કરનાર

વિનાશોન્મુખ [સ] વિ. નષ્ટપ્રાય; નાશ થવાની અણી પર આવેલ; નાશ થવાને તૈયાર.

વિનાસિક [સં.] વિ નાક બગરનું; નકટું.

વિનિગ્રહ ૧ પું અવરોધ; પ્રતિબંધ

૨ [સં. વિ (વિરોધ) + નિગ્રહ (સંયમ)] પું. ખૂબ નિયમન પાળવું તે; સંયમ

વિનિઘાત [સ.] પું. મરણ; મૃત્યુ.

વિનિશ્ચય [સં.] પું. નિર્ણય; ઠરાવ.

વિનિદ્ર ૧. [સ.] વિ. ખીલતું; પ્રફુલ્લ

૨. વિ. નિદ્રા બગરનું; ઊંઘ વિનાનું; જાગતું

વિનિદ્રસિંધુર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉદ્ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ચાર રગણ, જગણ, રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૨૬ વર્ણ આવે છે.

ચાર સ આઠને બે જરા આપને
વિનિદ્રસિંધુરે ધરો હ ગા પદે પદે.
રણપિંગળ

વિનિદ્રિત જુઓ વિનિદ્ર

વિનિધાન [સં.] ન. ધોરણસરનું લખાણ.

વિનિપાત ૧. [સં. વિ (વધારે) + નિ (નીચે) + પત્ (પડવું)] પું. અવનતિ; પરાજય; પડતી; વિનાશ

૨. પું પતન; પડવું તે

૩ પું. વધ; હત્યા.

વિનિમય ૧. [સં] પું. અદલોબદલો; સાટું; પ્રતિદાન; આપલે.

વિનિમયનું વાહન = જે વડે સર્વ માલનો અદલોબદલો થઈ શકે તે. જેમકે, નાણું. દરેક વસ્તુનો વિનિમય નાણા દ્વારા કરવામાં આવે છે એટલે તે વિનિમયનું વાહન કે માધ્યમ ગણાય.

૨. પું. નિયમ; આદેશ.

૩ પું. મૂકવું તે; નિક્ષેપ

૪. વિ. બંધક; બાંધનાર

વિનિમયઅધિક્ષેપ [સ.] પું. નાણાંનું રૂપાંતર કરી આપનારી પેઢી.

વિનિમય ૬૨ પું. એક બીજા દેશનાં નાણાંની અદલાબદલ કરવાનો ધં.વ

વિનિમય નિષ્પત્તિ જુઓ વિનિમય ૬૨.

વિનિમયપત્ર ૧. [સં] પું. અદલાબદલીનું ખત.

૨ પું. વેપારમાં માલનાં નાણાં વસૂલ કરવાને વપરાતી હુંડી

વિનિમયલેખ જુઓ વિનિમયપત્ર.

વિનિમયવિજ્ઞાન [સં.] ન. નાણાની લેવડદેવડ સંબંધી શાસ્ત્ર.

વિનિમયસ્થળ ન.' માલ કે નાણાની લેવડદેવડ કરવાનું સ્થળ.

વિનિમયાપેક્ષીમૂલ્ય [સ.] ન. વસ્તુ બદલા કરવામાં અન્ય વસ્તુ ઉપરથી જે કીમત નક્કી કરવામાં આવે તે

વિનમિત [સં] વિ. અન્યોન્ય; પરસ્પર

વિનિમેષ [સ.] પું. આખ મીંચવા તથા ઉઘાડવાનું કાર્ય.

વિનિયત [સં. વિ (વિશેષ) + નિયત (નક્કી કરેલું)] વિ. નક્કી કરેલું

વિનિયુક્તશાસ્ત્ર [સ.] ન એક પ્રકારનું શાસ્ત્ર ચિત્ત.નવિચ.૨માં સમાયું છે કે, જેવી રીતે ભૌતિકશાસ્ત્રમ.થી યંત્રવિદ્યા ફલિત થાય છે તેવી રીતે મનુષ્યના શરીરરચનાશાસ્ત્ર, શરીરવ્યાપા.રશા.સ્ત્ર, શરીરરસાયનવિદ્યા વગેરે શાસ્ત્રોમાંથી વૈદકશાસ્ત્ર ઉદ્ભવે છે. તેવી જ રીતે મનુષ્યની સા.મા.જિક અને માનસિક પ્રવૃત્તિમાંથી સમાજશા.સ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પૌરશાસ્ત્ર, નૃકુલવિદ્યા, અર્થશાસ્ત્ર વગેરે વિનિયુક્તશાસ્ત્રો ફલિત થાય છે

વિનિયોગ ૧ [સ.] પું. અદલોબદલો

૨ પું ઉપયોગ; પ્રયોગ.

૩. પું. જોડી દેવું તે; અમુક અર્થની બીજી આજ્ઞપ્ત સાથે યોજના કરવી તે; યોજના.

૪. પું લાગ; છોડી દેવું તે; તજવું તે.

૫ પું નિમણૂક.

૬ પું. પ્રતિબંધ; અડચણ; વિઘ્ન.

૭. પું. પ્રવેશવું તે; ઘૂસવું તે; દાખલ થવાપણું

૮. પું. મોકલવું તે; પહોંચાડવું તે.

૯. પું. સાધન

વિનિર્મિત ૧. [સં.] વિ નક્કી થયેલું, નિર્માણ થયું હોય તેવું; કરાવેલું.

૨. વિ. સરજાવેલું; ઉત્પન્ન કરેલું; ઉપજાવેલું.

વિનિવૃત્ત [સં.] વિ. તદ્દન છૂટું થયેલું.

વિનિહરણ પું. (પિંગળ) એ નામનો પીંગ માત્રાનો એક સમમાત્રિક માત્રામેળ છંદ; મત્તા. તેમાં ૧, ૫, ૮, ૧૩, ૧૭ માત્રાએ તાલ આવે છે.

વિનિંદક ૧ [સં] વિ. અવગણનાર; તુચ્છકારનું.

૨. વિ નિંદા કરનારું

વિનીત ૧. પું. વાલિયો

૨ પું. વિનયમંદિરનો અભ્યાસક્રમ સંપૂર્ણ કરી પરીક્ષા પસાર કરનાર પુરુષ

૩. [સં.] પું. વેપારી

૪ પું સુશિક્ષિત ઘોડો કે બળદ

૫. ન. બીંડણનું ઝાડ.

૬ વિ. જિતેંદ્રિય; ઇંદ્રિયોને કાબૂમાં રાખી હોય તેવું, સંયમી.

૭. વિ. દક્ષ કરેલું

૮. વિ. દૂર કરેલું

૯. વિ. ધાર્મિક.

૧૦. વિ નમ્ર; સૌમ્ય; વિનયસંપન્ન; વિવેકી, અદબદારીલ; સભ્ય; વિનયી

૧૧. વિ. નરમ પડેલું; ' સિભરલ '.

૧૨. વિ. પ્રલોભાયેલું, મરીજ; ફસાયેલું.

૧૩. વિ કેળવેલું.

૧૪ વિ લાવેલું કબજામાં

૧૫ વિ ૨ ૨; કડક સ્વભાવનું

૧૬ વિ સુશિક્ષિત. નૃપરેત

૧૭. વિ સ્વચ્છ; સાફ; માંજ

૧૮. વિ ધાર્મિકકૃત્ય કે વિનયમંદિરનો અભ્યાસક્રમ પાર કરી આવેલું

વિનીતતા ૧. [સં] સ્ત્રી ગુણવંતી; સિફતાળુ

૨. સ્ત્રી. સુશિક્ષિતતા.

૩ સ્ત્રી. સૌમ્યતા; નમ્રતા; વિનય

વિનીતપક્ષ [સ.] પું. બંધારણમાં માર્ગે રાજકીય સુધારાઓ માટે પ્રવૃત્તિ ચલાવવામાં માનતો પક્ષ; ' લિબરલ કે મોડરેટ'

વિનીતવાદી [સં. વિનીતવાદિન્] વિ. વિનીત પક્ષને અનુસરનારું.

વિનીતાત્મા ૧ [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. વિ. નમ્ર

૩. વિ. સારી વર્તણૂકવાળું

વિનુ [હિં.] અ. વિના; રહિત; બગર.

વિને પું. વિનય; સભ્યતાઈ; વનો; નમ્રતા; વિવેક.

અંતર હાલ અહિંસન દેવાં,
વિને કરી વશ કરીએ. નરસિંહ મહેતો

વિનેતા ૧. [સં.] પું. નેતા.

૨. પું. રાજા.

૩. પું. શિક્ષક; શીખવનાર માણસ.

૪. પું. સજા કરનાર

વિનેય ૧. [સં.] પું શિષ્ય; ચેલો

૨. વિ શીખવવા લાયક.

વિનોક્તિ [સ.] સ્ત્રી. ' વિના ' નો જેમાં રસિક પ્રયોગ કરાય તેવો એક અર્થાલંકાર; કોઈ વસ્તુ વિના ઉપમેયને હીન અથવા રમ્ય કહેવામાં આવે તેવો અલંકાર

વિનોદ ૧. [સ] પું. આનંદમાં રહેવું તે; ખુશીમાં હસવું બોલવું વગેરે તે; મોજ; આનંદ. વિનોદ કરવો = આનંદ કરવો.

૨ પું. ક્રીડા; ખેલ; મશ્કરી

નિર્માયેલા ચિરહરિતથી કાજના ભારી મંડપો,
ક્ષ ભૂમિએ મૂકતી, ગ્રહના ઉદરે પૂત પુષ્પો;
આજુની ક્ષ મન મુજ રતિ-ભોગ ને આલબોલો.
કતાઓને, રમણવિરહે, મુખ્ય આવા **વિનોદો.**
મેઘદૂત

૩. પું ખંડન; તોડી પાડવું તે

૪ પું. ટોળ; ઠીબળ, ઠઠ્ઠામશ્કરી, રમુજ; મજાક.

૫. પું. હિંડોળ રાગના આઠ માંહેનો એક પુત્ર.

વિનોદક [સં.] વિ. આનંદી; વિનોદ કરનાર.

વિનોદગૃહ [સં.] ન. આનંદ લેવાનું સ્થળ.

વિનોદચતુરા [સં.] સ્ત્રી. વિનોદ કરવામાં ચતુર સ્ત્રી.

વિનોદદાતા [સં. વિનોદદાતૃ] વિ. આનંદ આપનાર.

વિનોદભાવ [સં.] પું. આનંદની લાગણી

વિનોદવિકૃતિ [સં.] સ્ત્રી. પ્રતિજ્ઞાભ્ય; મૂળ કવિતામાં ફેરફાર કરી તેમાં હાસ્યરસ આણેલ હોય તેવી કવિતા; ગંભીર વિષયના કોઈ લેખમાંનાં વચન અને શૈલીની હલકા વિષયન. વર્ણનમાં નકલ કરી કરેલું કામ; કોઈ કવિની રચનાની મશ્કરી કરવા લખેલ કવિતા; ' પેરડિ '.

વિનોદવું અ. ક્રિ. આનંદ કરવો.

વિનોદવૃત્તિ [સં.] સ્ત્રી. આનંદી સ્વભાવ.

વિનોદશાસ્ત્ર [સં.] ન વિનોદ કરવાનું શાસ્ત્ર.

વિનોદસ્થાન [સં.] ન. લોકો માટે મનોરંજનનું સ્થળ.

વિનોદાવહ [સં.] વિ. આનંદદાયી; મધુર; પ્રિય; જેમાં વિનોદ આવે તેવું.

વિનોદિની ૧. [સં.] સ્ત્રી. આનંદી સ્ત્રી; હસે, હસાવે તેવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. વિનોદદાયી; વિનોદ કરનારી કે કરી શકે તેવી.

વિનોદી ૧. [સં. વિનોદિન્] વિ. આનંદી; લહેરી; વિનોદ કરનારું કે કરી શકે તેવું
૨. વિ. ઠોળી; ટીખળી; હસામણું; ગમતી; રમણ.

વિન્યસ્ત ૧. [સં] વિ. આપેલું
૨ વિ. ગોઠવાયેલું
૩. વિ ફેંકેલું
૪. વિ. મુકાયેલું.
૫ વિ. રચાયેલું

વિન્યાસ ૧. [સં] પું. મંત્રોચ્ચાર કરી હૃદય વગેરે ઉપર આંગળીઓ મૂકવી તે.
૨. પું. મૂકવું તે.
૩. પું. અવસ્થા; ગોઠવણ; રચના.
૪. પું. રચનાપદ્ધતિ

વિપક્ષ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

વિપક્ષ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આર જગણ અને આર રગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેમાં સોળમા અક્ષર ઉપર વિસામો આવે છે.
વિપક્ષ પાદ સોળ આઠ એમ બે વિરામ ને,
રચાય આર આ ર થી.
રણછોડ પિંગળ.
૨. [સં.] વિ. પૂરેપૂરું પાકેલું.
૩. વિ. રાંધેલું

વિપક્ષ ૧. [સં.] પું. શત્રુ; દુશ્મન; સામાવળિયો; પ્રતિવાદી.
૨. પું. (વેદાંત) અન્યોન્યાભાવપ્રકારક નિશ્ચયવાળો પદાર્થ.
૩. ન. (શિલ્પ) એક જાતનું ઘર. તેની દક્ષિણે અને ઉત્તરે એકેક પરસાળ હોય છે.
૪. વિ. ઊંધું, ઊલટું; વિપરીત.
૫. વિ. પાંખ વગરનું
૬. વિ. સામા પક્ષનું; વિરોધી.

વિપક્ષક જુઓ વિપક્ષ ૪-૬.

વિપક્ષતા ૧. [સં.] સ્ત્રી. દુશ્મનાવટ; વિરુદ્ધ પક્ષનું હોવું તે
રાજ્ય જેહનિ વિપક્ષતા પર્વતનિ યાં હોય,
પરપક્ષું તે પ્રત્યક્ષનિ, અનુમિનિ નહિ હોય.
અજ્ઞાત
૨. સ્ત્રી. પાંખ રહિતપણું
૩. સ્ત્રી. હરકત; વિરોધ; પ્રતિયોગ; પ્રતિક્રિયા.

વિપક્ષી ૧. [સં. વિપક્ષિન્] પું. ગરુડ.
૨ પુ શત્રુ; પ્રતિવાદી.
૩. વિ. પાંખ વગરનું.
૪. વિ. સામા પક્ષવાળું

વિપક્વ ૧. [સં.] પું. શિવનાં ઠગવર આંહેનું એક નામ
૨. ન વેચવું તે; વિક્રય; વેચાણ.

વિપણી ૧. [સં.] સ્ત્રી વેચવાની વસ્તુ
૨. સ્ત્રી. વેચવાનું બજાર; વેચવાનું સ્થળ.
૩. સ્ત્રી. વેપાર.

વિપત ૧ સ્ત્રી. દુઃખ; પીડા; આફત
૨. [સં વિપદ્] સ્ત્રી મુસ્કેલી; વિટંબણા, સંકટ, વિપત્તિ.
૩ સ્ત્રી. મૃત્યુ

વિપતડી (વિપતડી) જુઓ વિપત.

વિપત્તિ ૧ [સં.] સ્ત્રી. આપદા; વિટંબણા; મુસ્કેલી, કારમાર્ઈ, સંકટ
૨ સ્ત્રી ભય, મૃત્યુ
૩ સ્ત્રી દુઃખ, દુઃખ
૧ વિપત્તિ ઉપર્યા = સંકટ કે દુઃખ સહન કરવું
૨ વિપત્તિ નાખવી- વિપત્તિમાં નાખવું = કોઈને દુઃખ કે કષ્ટ પડે તેવી સ્થિતિમાં મૂકવું
૩. વિપત્તિમાં પડવું = દુઃખી થવું કે સંકટમાં આવી પડવું.

વિપત્તિસમુદ્ર [સં.] પું. દુઃખનો દરિયો.

વિપત્તિસાગર જુઓ વિપત્તિસમુદ્ર

વિપત્તિહારી [સં. વિપત્તિહારિન્] વિ. દુઃખ દૂર કરનાર

વિપત્નીક [સં.] વિ પું. વિધુર; જેની ભરી ગઈ હોય તેવો

વિપત્ય જુઓ વિપત્તિ.

વિપત્રધારી વિ. જેની પાસે ઢાલ હોય તેવું

વિપથ ૧. [સં.] પું. અવળો માર્ગ; કુમાર્ગ; આડો રસ્તો, નિંદિત રસ્તો
૨. પું. ધર્મથી વિરુદ્ધ વર્તન; દુરાચાર

વિપથગમન [સં.] ન. અવળે રસ્તે જવું તે.

વિપથગામી ૧. [સં. વિપથગામિન્] પું. કુમાર્ગે જનાર માણસ.
૨. વિ. ખોટે કે અવળે રસ્તે જનાર; કુમાર્ગે.
નિષિદ્ધ કર્મ કર્યું વિપથગામી થયે,
વિદ્વાન તો પણ રસ્તેચુકી જાયે.
બિહારી

વિપથચર જુઓ વિપથગામી.

વિપથચારી જુઓ વિપથગામી.

વિપથી જુઓ વિપથગામી.

વિપદ ૧. [સં. વિપદ્] સ્ત્રી દુઃખ, પીડા..
૨. સ્ત્રી. વિટંબણા; મુસ્કેલી; આફત; સંકટ

વિપદગ્રસ્ત ૧ [સં] વિ. આફતમાં આવેલું.
૨ વિ દુઃખી; પીડિત.

વિપદા જુઓ વિપદ

વિપન્ન ૧. [સં.] પું સર્પ.
૨. વિ. ખોવાઈ ગયેલ; નાશ પામેલ.
૩ વિ. દુઃખી; આર્ત; પીડિત.
૪ વિ. ભાગી પડેલું.
૫ વિ. ખૂટેલું; ભ્રમમાં પડેલું.
૬ વિ. મૃત; મરી ગયેલ
૭. વિ વિપત્તિમાં આવી પડેલું; આપત્તિવાળું.

વિપન્નકંદન પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વિપન્નકલન કે વિપન્નકવલ છંદ પણ કહે છે. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ, ભગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે
ન ર ન ભ ગ વિપન્નકંદને આવે છે.
રણછોડ પિંગળ

વિપન્નકલન જુઓ વિપન્નકંદન.

વિપન્નકવલ જુઓ વિપન્નકંદન.

વિપર સ્ત્રી ભારતવર્ષની એ નામની એક નદી. તેનું અસલ નામ ઉરુજાવતી હતું.

વિપરિણામ ૧ [સં.] પું.;ન. ખોટું કે ખરાબ પરિણામ, વિરુદ્ધ પરિણામ
૨. પું ; ન. ફેરફાર; પલટો.
૩. વિ. વિરુદ્ધ પરિણામવાળું

વિપરીત ૧. પું. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર.
૨. પું. રતિમંજરીમાં કહેલો મૈથુનનો એક પ્રકાર. તેમાં સ્ત્રી પુરુષની ઉપર હોય છે
૩ [સં] વ અનિષ્ટ, અમંગળ; અકલ્યાણ.
૪. વિ. અણુગમતું
અધર્મે ધર્મ છે એમ જે માને અજ્ઞાનથી,
વિપરીત સર્વ અહીં બુદ્ધિ તે ધર્મ ! રાજરત્ન
મીમાંસાનુકીર્તન
૫. વિ. અવળું
૬. વિ. ઊલટું; વિરુદ્ધ; પ્રતિકૂલ.
૭. વિ. ખોટું.

વિપરીતકરણ [સ] ન. ઊલટું કરવું તે.

વિપરીતકરણી સ્ત્રી. યોગની આસનમાં આવેલી એ નામની એક મુદ્રા, જેમાં સમતા આસન તેમાં હાથ શરીરને અડીને રહે તેમ ચત્તા સૂતા સૂઈ જવું. પછી પગ ધીમેધીમે એટલી ઊંચાઈનો પૂરો થાય ત્યાંસુધી ઊંચે ઉપાડવા. આ અવસ્થાને અર્ધવિપરીતકરણી કહે છે પછી હાથ કોણીની મદદ લઈ શરીરના નીચલા ભાગને ઊંચો કરી નિતમ્બ નીચે આધાર માટે હાથ રાખવા તે વિપરીતકરણી. વિપરીત આ આસન મહત્વની બીજી પણ રીત છેઃ પહેલાં જમીન ઉપર હાથ પગ લાંબા કરીને શ્વાસ મૂકવા પછી શ્વાસ ફેફસામાં ભરીને બંને પગ ઊંચા કરવા. હાથવડે કમરને પકડી રાખવી અને પગ સીધા રાખવા પગ ઉપર લઈ જતાં પહેલાં શ્વાસ યથાશક્તિ રોકવા. પછી ધીમે ધીમે શ્વાસ મૂકવો, આંખની દૃષ્ટિ પગના અંગૂઠા ઉપર રાખવી. દાઢી કંઠકૂપમાં લાગવી જોઈએ, કમર અને પગ સમરેખામાં હોવાં જોઈએ. આ મુદ્રાના અભ્યાસથી વિવલી તથા પલિતાં નાશ પામે તથા વીર્યની ઊર્ધ્વગતિ થાય એમ કહેવાય છે.

વિપરીતકરી જુઓ વિપરીતકરણી.

વિપરીતકોષ્ઠ [સં] પુ. બે કાટખૂણાથી મોટો અને ત્રણ કાટખૂણાથી નાનો ખૂણો; પરાવર્તિ કોણ; 'રિફ્લેક્સ ઍન્ગલ'

વિપરીતખૂણો જુઓ વિપરીતકોણ.

વિપરીતતા ૧. [સં] સ્ત્રી. ઊલટાપણું, વિપર્યય.

૨. સ્ત્રી. પ્રતિકૂલતા; વિરુદ્ધતા; અણગમો; આડાઈ.

વિપરીતદંડાસન [સં] ન. પેટનું એ નામનું એક આસન. આ આસન તે ઊલટા દંડ છે પહેલાં પગ લંબાવી અને હાથ માથાની બાજુ ટેકાવીને બેસવું. હાથનાં આંગળાં પકડાડે રાખવાં, પછી કમરને એકદમ ઊંચકવી અને પગના તળિયાં જમીન ઉપર રહે તેમ એકદમ સીધા થઈ જવું આ રીતે વાર પાંચ વાર ઉપર નીચે થવું, તેથી પેટ અને પગ મજબૂત થાય છે.

વિપરીતલક્ષણા [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની જહલ્લક્ષણા. તેમા વાક્યાર્થને છોડી તેની સાથે સબંધ રાખનો તેનાથી બિલકુલ વિપરીત અર્થ સમજવાનો હોય છે.

વિપરીતાખ્યાનદી પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના વીસ ચરણમાં જગણ, તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર તેમ જ બીજા અને ચોથા ચરણમાં બે તગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.

વિપરીતાભાસ [સં.] પું. વિરોધાભાસ; અસત્યાભાસ; હોવ નેથી ઊલટું દેખાવું તે.

વિપરીતાભાસી [સં. વિપરીતાભાસિન] વિ. આભાસાત્મક; અવળું જ દેખાનારું.

વિપરીતાસન [સં.] ન. સર્વાંગાસન વ્યાયામનું એક આસન. તેમાં જમીન ઉપર ચત્તા સૂઈ જઈ બંને પગને ઊંચા ઉપાડીને કેડે હાથ રાખી, પગને કેડે રાખી આગળ પાછળ ચલાવવા તેમા કોણ ને માથા ઉપર આખુ શરીર રહે છે

વિપર્ણક ૧. [સં.] ન. કુલથી ભરેલું આખરાનું ગાડું.

૨. વિ. ચોડાં પાંદડાંવાળું.

૩. વિ. પાંદડાં વગરનું.

વિપર્યય ૧. [સં.] પું. અડચણ; વિઘ્ન.

૨ પું (ન્યાય) અવાસ્તવિક મિથ્યા જ્ઞાન, હોવ તેનાથી વિરુદ્ધ સમજવું તે જેમ છીપમા રૂપાનું જ્ઞાન, શબ્દમાં પીતત્વનું જ્ઞાન અને મરુભૂમિમા જળનું જ્ઞાન એ સર્વ મિથ્યાજ્ઞાન કહેવાયું. વિપર્યય મહેય ક્લેશ છે. પાંચ પ્રકારે આ ક્લેશનું વર્ણન અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. જડને ચેતન સમજવું, અનિત્યને નિત્ય સમજવું દુઃખને સુખ અને અપવિત્રને પવિત્ર અને પવિત્રને અપવિત્ર સમજવું તે અવિદ્યા આત્મા અને પ્રકૃતિ એક જ છે તેમ સમજવું તે અસ્મિતા પ્રારબ્ધ સુખના અતિ આસક્તિ રાખવી તે રાગ દુઃખનો અર્થ દ્વેષ કરવો તે છે મરણનો ક્લેશ ત્રાસ રાખવો અને હું કદી પણ ન મરું તેવી આશા રાખવી તે અભિનિવેશ છે. યોગશાસ્ત્રમાં આ પાંચ વિપર્યયોને ક્લેશ નામ આપ્યું છે. વિપર્યયને ભ્રમ, ભ્રાંતિ અને અપ્રમા પણ કહે છે

૩. પું. ઊલટસૂલટ થઈ જવું તે; ઊંધુંચત્તું થઈ જવું તે.

૪ પું ઊલટાપણું; વ્યતિક્રમ, વિપરીતપણું

૫. પું. અરબડ; અવ્યવસ્થા.

૬ પું ઉપેક્ષાભર્યું, અવળો બદલે બીજું સમજવું તે.

૭. પું નાશ.

૮. પું ફેરફાર, વિક્રિયા; પલટો

૯. પું યોગશાસ્ત્ર પ્રમાણે ચિત્તની પાંચ માઠેની એ નામની એક વૃત્તિ. ચિત્તની પાંચ વૃત્તિઓ આ પ્રમાણે છેઃ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા, અને સ્મૃતિ.

વિપર્યય જ્ઞાન [સં.] ન. એ નામનો અપ્રમાણ જ્ઞાનના ત્રણ માઠેનો એક ભેદ; ઊલટા લક્ષણના આશ્રયથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવો તે; અન્યથા ગુણોમાં યથાર્થ બુદ્ધિ કરવી તે; મરુમરીચિકા; વિભ્રમ ભ્રમ; ભ્રમણા

વિપર્યય દોષ [સં] પું. કોઈ વસ્તુનું વિપરીત રીતે સ્થાપન કરવું તે. જેમકે, છીપને દેખીને રૂપાની ભ્રાંતિ કરવી.

વિપર્યાસ જુઓ વિપર્યય

વિપલ [સં] સ્ત્રી. ત્રીસ ક્ષણ જેટલો કાળ; પળનો સાઠમો ભાગ.

૬૦ લવ = ક્ષણ

૩૦ ક્ષણ = વિપલ

૬૦ વિપલ = પલ

વિપશ્ચિત ૧. પું. સર્વનો દ્રષ્ટા આત્મા.

જન્મે ન વિપશ્ચિત જે મરે તે,
થયો નથી તે કદિ ના થવાનો;
અજન્મી છે નિત્ય અને પુરાણો,
નથી થતો નાશ હણાય દેહે.

ઉપનિષદનુવાદ

૨. [સં વિપશ્ચિત] વિ જ્ઞાની; વિદ્વાન; જાણકાર; પંડિત

૩ વિ સમજદાર, ડાહ્યું.

વિપળ જુઓ વિપલ.

વિપાક ૧ [સં] પું કર્મનું ફળ

૨. પું. જોમ; જોબરો.

૩ પું દુર્નીતિ; દુર્દશા

૪ પું પરિણામ, છેવટનું ફળ.

૫ પું રસપાક, શરીરમા ચાલતી જારણતારણ ક્રિયાનું પરિણામ

૬ પું. રાંધવું તે.

૭. પું. રુચિ; લહેજત; સ્વાદ.

૮. પું સારી રીતે પાકીને કે ચઢીને તૈયાર થઈ જવું તે; પરિપક્વતા.

૯. પું. સંદર; પરસેવો.

૧૦ ન જૈનોનું એ નામનું એક સૂત્ર. તેના કર્તા સુધાકુમાર કહેવાય છે.

વિપાકદિવસ [સ] પું કમાલતનો દિવસ; છેલ્લો ન્યાય ચૂકવવાનો દિવસ.

વિપાકવતી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, બે જગણ, લઘુ અને ગુરુ એમ બાર અક્ષર હોય છે.

ન ભ જ જ લ ગ થી થાય વિપાકવતી.

રત્નવિજય

વિપાકવિચય [સં.] પું. (જૈન) ધર્મધ્યાનના સોળ માઠેનો એક ભેદ; શુભાશુભ કર્મના ફળ તરીકે સંસારમાં જે સુખદુઃખ મળે છે તેનું વારંવાર ચિંતન.

વિપાકશ્રુત [સં.] ન. જૈનદર્શન પ્રસિદ્ધ અગિયારમું અંગ.

વિપાકસૂત્ર જુઓ વિપાકશ્રુત.

વિપાટ ૧. [સં.] પું. સૂર્યનો રથ હાંકનાર અરુણ. તે પગ વગરનો હતો માટે વિપાટ કહેવાય છે

૨. વિ. પગ વગરનું; લગડું.

વિપાટિકા [સં] સ્ત્રી હિમાળામાં પગમા ચીરા પડવાનો રોગ.

વિપાન ન. (શિલ્પ) એક જાતનું પદ્મકારયુક્ત ત્રિશાળ ઘર.

> ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય, પછીતે એક એક અલિંદ હોય અને ડાબી વારૂ એક અલિંદ હોય તેવા ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે **વિપાન** ઘર કહેવાય છે.
>
> રાજવલ્લભ

વિપાપા ૧. પું (પુરાણ) એ નામનો એક અગ્નિ.

૨. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૩. વિ સ્ત્રી. પાપરહિત; નિર્મળ.

વિપાલ . [સં.] વિ. રક્ષક રહિત; પાલક વિનાનું.

વિપાશ ૧. [સં.] વિ. પાસ વગરનું; હાસા વગરનું

૨. જુઓ વિપાશા.

વિપાશા [સં.] સ્ત્રી. પંજાબની બિયાસ નદીનું પ્રાચીન નામ. એમ કહેવાય છે કે, વસિષ્ઠે આપઘાત કરવા પોતાની જાતને દોરડાં વતી બાંધી આ નદીમાં ઝંપલાવ્યું, પરંતુ નદીના પાણી ઓછાં થઈ ગયાં અને વસિષ્ઠને બંધનથી મુક્ત કરી કાંઠા ઉપર પાછા ફેંક્યા તેથી આ નદીનું નામ વિપાશા પડ્યું.

વિપિન ૧. ન ઉપવન; વાટિકા; બગીચો.

૨. [સં] ન. વન; જંગલ; અરણ્ય; રાન

> મહન **વિપિન** અમ્બુજ વન મહન કમ કંજર. અલિમાં આશા દીપે મોહન નંદકુમાર.
>
> વિઠ્ઠલચંદ્રોપ

વિપિનતિલક પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિપિનતિલકા. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, નગણ અને બે રગણ મળી પંદર વર્ણ આવે છે

> **વિપિનતિલકે** ન સ ન ર ર છે સામટા.
>
> ઝવેરચંદ

વિપિનતિલકા જુઓ વિપિનતિલક.

વિપુલ ૧. [સં.] પું. (પુરાણ) અર્જુને મારેલો સૌવીર દેશનો એ નામનો એક ક્ષત્રિય રાજા.

૨. પું. દાનાર્થે કલ્પેલો તલનો ઢગલો

૩. પું. મેરુ પર્વતની પાસે આવેલ એ નામે એક પર્વત તેના રક્ષણમા રહે તેવી રીતે જરાસંધની રાજધાની ગિરિવ્રજ શહેર આવેલું હતું

૪. પું. (પુરાણ) વસુદેવથી રોહિણીને થયેલ એ નામનો એક પુત્ર

૫. ન. મોક્ષનું સાધન.

૬. વિ ઊંડું; અગાધ

૭. વિ. મોટું; ભારે

૮. વિ. પુષ્કળ; ખૂબ; ઘણું

૯. વિ મોટું, વિશાળ; વિસ્તીર્ણ

વિપુલકારીકાવ્ય જુઓ વિપુલદર્શકકાવ્ય.

વિપુલગિરિ [સં.] પું. ગિરિવ્રજ પાસેના પાંચ પહાડનો એ નામનો એક પર્વત

વિપુલતા ૧ [સં.] સ્ત્રી. ઊંડું હોવું તે.

૨. સ્ત્રી. ગાઢપણું.

૩. સ્ત્રી. પુષ્કળપણું, બાહુલ્ય.

૪ સ્ત્રી. મોટાપણું, વિસ્તીર્ણતા; ફેલાવો; વૃદ્ધિ.

વિપુલત્વ જુઓ વિપુલતા

વિપુલદર્શક [સં] વિ. નાની અથવા ઝીણી વસ્તુને મોટી કરી બતાવે તેવું

વિપુલદર્શકકાવ્ય [સં.] પું. નાની અથવા ઝીણી વસ્તુને મોટી કરી બતાવે તેવો કાવ્ય; વિપુલકારીકાવ્ય; ' મેગ્નિફાઇંગ ગ્લાસ '.

વિપુલપાલિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, નગણ અને રગણ મળી ચાર વર્ણ હોય છે.

> રાજનાર અલ્પ **વિપુલપાલિકા** રસપિંગળ

વિપુલભાષ [સં.] ન. ધ્વનિવિસ્તારક યંત્ર; બોલેલું મોટેથી સંભળાવવાનું યંત્ર

વિપુલમતિ ૧. [સં] સ્ત્રી. વિશેષ જ્ઞાન ગ્રહણ કરનારી બુદ્ધિ

૨. વિ પણું બુદ્ધિમાન

વિપુલવું અ. ક્રિ. વિપુલ થવું

વિપુલા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે તેમાં આર્યા પ્રમાણે પૂર્વાર્ધ અથવા ઉત્તરાર્ધ કે ઉભયાર્ધમાં ચાર ચાર એટલે બાર બાર માત્રા ઉલટીને ત્રીજા ચરણનો શબ્દ જ્યાં પૂરો થાય ત્યાં વિરામ આવે છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે

> ૭ **વિપુલા** જ ર જ લ.
>
> રસપિંગળ

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ, પુષ્પવિપુલા તેનાં સમ ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય છે.

૪ સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

૫. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

વિપુલાચલ [સં. વિપુલ (અતિ વિસ્તારવાળું) + અચલ (પર્વત)] પું. અતિ વિસ્તારવાળો પર્વત.

વિપુલાયિત પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, નગણ, જગણ, ભગણ, નગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ત્રેવીસ વર્ણ હોય છે

> આ ના દે જ ભ પર ના જ આપ,
>
> ૨ ૪ ૫ **વિપુલાયિતે** બધે પડે.
>
> રસપિંગળ

વિપુલાર્થવાહી વિ. જેમાંથી અનેક અર્થ નીકળી શકતો હોય તેવું.

વિપૃથ્વા સ્ત્રી (પુરાણ) એ નામની કાશીરાજની કન્યા. તે જન્મેજયની સ્ત્રી હતી.

વિપુળ ૧. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર

> વધમાન ઘર આગળ બે અલિંદો આવે અને સામા વચ્ચે પદ્મકોષ આવે તો તે **વિપુળ** ઘર કહેવાય.
>
> રાજવલ્લભ

૨ જુઓ વિપુલ.

વિપૃષ્ઠ પું (પુરાણ) એ નામનો એક યાદવ સુભદ્રાહરણ વખતે તેને અર્જુન સાથે યુદ્ધ થયું હતું.

વિપૃષ્ઠ પું. (પુરાણ) વસુદેવને મૃતદેવાથી થયેલો એક પુત્ર

વિપ્ર ૧. [સં] પું. ઋષિ; જ્ઞાની.

૨. પું પીપળાનું ઝાડ.

૩. પું. પુરોહિત; યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ.

૪. પું. વેદપાઠી બ્રાહ્મણ.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના કુરુપુત્ર સુધનુના કુળમાં જરાસંધ વંશમાં જન્મેલા સૂર્યરૂપ રાજાનો પુત્ર. તેનો પુત્ર શુચિ નામનો રાજા હતો.

૬. વિ બુદ્ધિમાન; મેધાવી.

૭. વિ. વિશેષ કરી પૂરનાર કે ભરનાર.

વિપ્રકર્મ [સ વિપ્રકર્મન્] ન બ્રાહ્મણનું નિત્યકર્મ.

વિપ્રકર્ષ [સ] પું. દૂરપણું, દૂર હોવું તે.

વિપ્રકાર ૧ [સં] પુ. અપકાર
૨. પું તિરસ્કાર
૩ પુ દુષ્ટત
૪ પુ દુઃખ દેવું તે
૫ પુ વિરોધ; વૈર.

વિપ્રકીર્ણ ૧. [સં] વિ. પહોળું; વિશાળ.
૨ વિ વીખરાયેલું; અસ્તવ્યસ્ત; અવ્યવસ્થિત

વિપ્રકૃષ્ટ ૧. [સં] વિ ખેંચીને દૂર કરેલું.
૨. વિ. દૂરનું.
૩. વિ લંબાયેલું

વિપ્રચિત્તિ પું (પુરાણ) દનુપુત્ર દાનવો માહેનો મોટો પુત્ર. તે બધો બળવાન હતો તેને સિંહિકા નામની સ્ત્રીથી તેર પુત્ર થયા હતા

વિપ્રતાર જ. ઉતરવું તે; ઠગાઈ

વિપ્રતારવું જ ક્રિ. ઉતરવું; ઠગવું

વિપ્રતિપત્તિ ૧. [સં.] સ્ત્રી ગૂંચવણ; મોઢાળો.
૨. સ્ત્રી ઝઘડો; મતભેદ
૩. સ્ત્રી (ન્યાય) પરસ્પર વિરુદ્ધ અર્થને પ્રતિપાદન કરનારું વાદીનું વચન.
૪. સ્ત્રી બદનામી; કલંક
૫. સ્ત્રી. વિકાર; ફેરફાર; વિકૃતિ
૬. સ્ત્રી. વિપરીત સમજ; ઊલટું જ્ઞાન
૭. સ્ત્રી (વેદાંત) વિરુદ્ધ અર્થવાળાં બે વાક્યોથી ઊપજેલી બે પ્રકારની પ્રતીતિ; સંશય.
૮. સ્ત્રી. વિરોધ; શત્રુતા.
૯ સ્ત્રી. સંશય ઉત્પન્ન કરે તેવું વાક્ય; સંશયજનક વાક્ય.

વિપ્રતિપન્ન ૧. [સં.] વિ. વિરુદ્ધનું; સામા પક્ષનું.
૨. વિ. શત્રુતાળું.

વિપ્રપ્રિય ૧. [સં.] પું. આખરનું ઝાડ.
૨. પું ધાડુ
૩. વિ બ્રાહ્મણોને વહાલું.

વિપ્રમુક્ત [સં.] વિ સંસારની જંજાળથી છૂટેલું.

વિપ્રયુક્ત ૧. [સં.] વિ જુદું કરેલ; છૂટું થયેલ.
૨. વિ. પ્રિયજનથી છૂટું; વિયોગી; વિરહી

વિપ્રયોગ ૧. [સં] પું. બરાબ સમાચાર.
૨. પુ. ફાટફૂટ; અમેળ.
૩. પું. વિચ્છેદ; જુદા થવું તે; જુદાઈ
૪. પું. વિરોધ; શત્રુતા.
૫. પું. સ્વજન પ્રિયજનનો સહવાસ નહિ તે; વિશ્લેષ; વિયોગ; વિખૂટા પડવું તે; વિપ્રલંભ.

વિપ્રયોગી . સ વિપ્રયોગિન્ , વિ. વિયોગી, વિરહી; પ્રિયજનથી જુદુ પડેલ

વિપ્રરાય [સં] પું ઋષિ; મુનિ.

વિપ્રલબ્ધ ૧. [સ.] વિ ઠગ્યા પામેલું.
૨ વિ. ઠગાયેલું; વંચિત; પ્રતારિત; છેતરાયેલું
૩ વિ નિરાશ થયેલ; નાસીપાસ થઈ ગયેલું.
૪. વિ રહિત; વિનાનું

વિપ્રલબ્ધા [સં] સ્ત્રી (કામ્ય) એક પ્રકારની નાયિકા; સંકેત સ્થળે પતિ નહિ મળવાથી રિસાય તેવી સ્ત્રી; નાયકે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી નાયિકા.

વિપ્રલંભ ૧ [સ.] પું. અણબનાવ; કુસંપ.
૨. પું ઠગાવું તે; છેતરાવું તે; છળ; ઠગાઈ.
૩. પું. ભ્રમ; ખોટો બનાવ.
૪ પું વિપ્રયોગ; વિયોગ; વિરહ.
૫. પું વિયોગનો શૃંગાર; કુંવારના બે માહેનો એક પ્રકાર
૬. પું. વિરુદ્ધ કર્મ; બરાબ કામ

વિપ્રલંભિત ૧. [સં.] વિ. છેતરાયેલું
૨. વિ. વિખૂટું પડેલ

વિપ્રલંભી [સં. વિપ્રલંભિન્] વિ છેતરનાર; ઠગનાર; ધૂર્ત; કપટી; ઠગારું

વિપ્રલાપ ૧. [સ.] પું કજિયો; ઝઘડો
૨. પું બોટો બકવાદ; નાહક બોલવું તે; બડબડાટ; અનર્થક બોલવું તે

વિપ્રલિપ્સા [સં] સ્ત્રી. (વેદાંત) કોઈ પદાર્થ જે એક રીતે જણાતો હોય તેને તેથી જુદી જ રીતે પ્રતિપાદન કરવાની કે સમજાવવાની ઇચ્છા

વિપ્રવર [સં.] પું. વિદ્વાન બ્રાહ્મણ

વિપ્રવિપ્રહા [સં.] સ્ત્રી. શુભાશુભ ભવિષ્ય કહેનાર સ્ત્રી; જ્યોતિષ જાણનાર સ્ત્રી.

વિપ્રા પું. (પિંગળ) એક પ્રકારનો માત્રામેળ છંદ. સ્વયંભૂ કે શંભુ કૃત છંદોગ્રંથ પ્રમાણે તે આર્યા છંદનો એક ભેદ છે. આખી આર્યામાં તેર લઘુ આવે તો તે વિપ્રા કહેવાય છે

વિપ્રિય ૧. [સં.] પું. દુશ્મન; શત્રુ.
૨. ન. અનિષ્ટ; બૂરું; અહિત
૩. ન. અપરાધ
૪. ન. વિયોગ.
૫ વિ. અતિશય વહાલું.
૬ વિ. અપ્રિય; ગળામાંથું; પ્રિય નહિ તેવું.

વિપ્લવ ૧. [સં.] પું. ફરતા; ઘાતકીપણું
૨ પું. ડૂબી જઈ નાશ પામવું તે; ઓળાવું; પૂરમાં ઓળાઈ નાશ પામવું તે; મોટા પૂરમાં ડૂબાડૂબ થઈ જવું તે. જળપ્રલય.
૩. પું. નાશ; સંહાર; વિનાશ.
૪ પું પાપ.
૫ પું. પ્રજામાં અંધેડો થઈ રહેવો તે; લોથલપાથલ અને અંધાધૂંધી થઈ જવી તે; બળવો; તોફાન
૬. પું વિપત્તિ; આપત્તિ.
૭. પું શત્રુ રાજાના દેશ વગેરેથી ભય.
૮. પું. સમાધિ; ચૂક; ગોટાળો

વિપ્લવકારી ૧ [સં વિપ્લવકારિન્] વિ. બહાન કેરફાર કરનારું; વિપ્લવ કરનારું.
૨. વિ અરાજક; અરાજકતાદી; રાજ્ય સત્તાનું વિરોધી

વિપ્લવયજ્ઞ [સં.] પુ રાજ્યક્રાંતિ માટેનો પ્રયાસ

વિપ્લવવાદી [સં વિપ્લવવાદિન્] વિ. ક્રાંતિવાદી; વિપ્લવને ચાહનાર; બળવો જરૂરી છે એમ માનનારું; 'રેવોલ્યુશનિસ્ટ'.

વિપ્લવસેના [સં.] સ્ત્રી. રાજ્યક્રાંતિ માટે લડનાર લશ્કર

વિપ્લવોત્પાદક જુઓ વિપ્લવકારી

વિપ્લાવ ૧. પું. ઘોડાની એક જાતની ગતિ.
૨. પુ. આરે તરફથી પાણીની રેલ આવવી તે.

વિપ્લાવક [સં.] વિ. ક્રાંતિકારી; વિપ્લવકારી.

વિપ્લાવિત [સં] વિ. નાશકારક; સંહાર.

વિપ્લુત ૧. [સં.] વિ. અપમાન પામેલ.
૨ વિ ઉપદ્રવ પામેલું; દુઃખી થયેલું.
૩. વિ. ખોટું ઠરેલ.
૪. વિ. ખોવાઈ ગયેલું; ગૂમ થયેલ.
૫ વિ ડૂબી જઈ નાશ પામેલું
૬ વિ નિયમ, પ્રતિજ્ઞા વગેરેથી ચ્યુત થયેલું.
૭. વિ બરબાદ થયેલ.
૮. વિ ભ્રષ્ટ; પતિત.
૯ વિ. વીખરાયેલું.

વિપ્લુતવિલંબિત પું. (પિંગળ) બી નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, જગણ, અને બે રગણ મળી બાર અક્ષર હોય છે.

વિપ્લુતવિલંબિત રચો જ ૭ ૨ ૨ બી

વિપ્લુતિ

વિફરાવવું જ. ક્રિ. વીફરે તેમ કરવું; ઉશ્કેરવું.

વિફલ ૧. વિ. બોડોષ વિનાનું.
૨. [સં.] વિ. નિષ્ફળ; હાથદા વિનાનું; નકામું.
૩. વિ. હતાશ; નિરાશ.

વિફલતા ૧. [સં.] સ્ત્રી. ચૂક; ભૂલ.
૨. સ્ત્રી. નકામું હોવાપણું; નિષ્ફળતા.

વિફલા ૧. [સં] સ્ત્રી. કેવડાનું ઝાડ.
૨. વિ. સ્ત્રી. ફળ વગરની, નિષ્ફળ.

વિફલિત જુઓ વિફલ.

વિફળ જુઓ વિફલ.

વિફળતા જુઓ વિફલતા

વિબંધ [સં.] પું. ઝાડો કબજ કરનારો એક જાતનો રોગ

વિબાદ્ધ પું. આશરે ૮૦ ઇંચનું એક જાતનું માપ.

વિબુદ્ધ ૧. [સં] વિ. જાગેલું; જમાડેલું.
૨. વિ. પૂરેપૂરું ખીલેલું
૩. વિ. પ્રવીણ; ચતુર
૪. વિ. જ્ઞાનમાં આવેલું

વિબુધ ૧ [સં.] પું. બ્રહ્મા.
૨. પું. ડાહ્યો માણસ.
૩. પું. દેવ; સુર; અમર.
દેવ અમર નિર્જર વિબુધ સુર સુમનસ વિદિવેશ
દ્વારક ને વિમાનગતિ અમિલિત્ર અમૃતેશ.
પિંગળસૂર્યોદય
૪. [સં. વિ (વધારે) + બુધ્ (જાણવું)]
પું. પંડિત; જ્ઞાની; વિદ્વાન માણસ.
૫. પું. બુધ નામનો ગ્રહ.
૬. પું. (પુરાણ) વિદેહ વંશના વિબુધજનકનું બીજું નામ.
૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વિબુધપ્રિયા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, સગણ, બે જગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.
ઘામ છે વિબુધપ્રિયા ધિક્ ધૃત રા સ જ જ જ રે.
રણછોડ પિંગળ
૨. [સં.] સ્ત્રી. દેવાંગના; દેવની સ્ત્રી

વિબુધવંદિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લલિત. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે. તેમાં છઠ્ઠા અક્ષરે યતિ આવે છે.
લલિત ધામ છે ના ર રા લ રે,
કલકમકરી, છંદિકા ચંગે,
વિબુધવંદિતા, ભામિની ભાખો,
મતિ છયે ધરી, ભાવિની ભાખો.
રણછોડ પિંગળ

વિબુધા સ્ત્રી. દેવની સ્ત્રી.
વિમલા વિબુધા વિલાસકારી,
તેણે ધરામાં પન્ન દેહ ધારી.
મહિલાભૂષણ

વિબોધ ૧. [સં.] પું. (કાવ્ય) એક પ્રકારનો વ્યભિચારી ભાવ.
૨. પું. જાગવું તે; જાગૃતિ.
૩. પું. જ્ઞાનનું ઉપજવું; બોધ પામવો તે.
૪ પું. ધ્યાન ન હોવું તે
૫. પું. ભાનમાં આવવું તે.

વિબોધન ૧. [સં] ન. જગાડવું તે
૨. ન જ્ઞાન આપવું તે

વિબોધિત ૧. [સં.] વિ. જગાડેલું
૨. વિ બોધ પમાડેલું; સમજાવ્યું આપેલું
૩. વિ. શોધમાં લાવેલું

વિભક્ત ૧ સં પું ભાગ
૨ ન ભેદ
૩ ન ભાગ; હિસ્સો
૪ ન વહેંચણી
૫ ન વિભાગ
૬ વિ જુદું
૭ વિ નિર્ણય થયેલ
૮ વિ ભાંગેલ
૯. વિ. વહેંચાઈ ગયેલું, વાટા પડી ગયા જેવું; વિશ્રામ પામેલું.
૧૦. વિ સમુદાયથી જુદું પડેલું કે પાડેલું

વિભક્તતા ૧. [સં.] સ્ત્રી જુદા જુદા અલગપણું.
૨ સ્ત્રી વહેંચાઈ જવું તે; વિશ્રામ પામી જવા તે

વિભક્તિ ૧ સં સ્ત્રી જુદાપણું; ભેદ; અલગપણું
૨ સ્ત્રી વહેંચણી
૩ સ્ત્રી વિશ્રામ
૪. સ્ત્રી. વિશેષ ભક્તિ.
૫. સ્ત્રી. આકારણના કારક પ્રત્યય; નામનો ક્રિયા સાથે સંબંધ દેખાડનાર પ્રત્યય

વિભક્તિકરણ [સં.] ન. વિભાગીકરણ; ભાગ પાડવા તે

વિભક્તિલોપ [સં.] પું. વિભક્તિને લીધે થતું રૂપાખ્યાન

વિભગતા પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ તે માલિની કુડલિની છંદના એક ભેદ છે. તેમાં ૩૮ લઘુ અને ૬૦ ગુરુ મળી ૯૮ વર્ણના. ૧૫૮ માત્રા હોય છે

વિભદ્રા પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે માલિની કુડલિની છંદનો એક ભેદ છે તેમાં ૭૦ ગુરુ અને ૧૮ લઘુ મળી ૮૮ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

વિભલપણું ન. ચિબૌનતા; ગભરામણ.
વિભલપણાનું એ આચરણ
પ્રેમ ભાગનું વૃદ્ધી અનુભરણ ભાણ

વિભવ ૧ [સં] પું ઐશ્વર્ય; વૈભવ; સમૃદ્ધિ,સત્તા, આબાદી
૨ પું ધન દોલત, પૈસો , ટકા
૩ પું જન્મ ન મનો મનુષ્યનો, સં. માણેનો એમ ન માનો ઇશ્વરનો અવતાર.
૪ પું. મોક્ષ, નિર્વાણ
૫ પું વિનાશ; સંહાર
૬ પું સર્વોપરી સત્તા
૭. ન (શિલ્પ) એક જાતનું ઘર, ઉત્તરે આરડી તથા પરસાળ અને દક્ષિણે તથા પશ્ચિમે પરસાળવાળું ઘર
વિપુલ ધરની ઢાબી તરફ અપવર્ક આવે જો તે
વિભવ નામનું ઘર થાય. રાજવલ્લભ
૮. ન. વિશિષ્ટાદ્વૈત પ્રમાણે ઈશ્વરદર્શનનો એક પ્રકાર તેમાં પ્રભુ અવતાર ધારણ કરી પૃથ્વીનો ભાર દૂર કરવા તેમજ તેના ભક્તને દર્શન દેવા નીચે આવે છે

વિભવતૃષ્ણા [સં] સ્ત્રી. વિનાશની તૃષ્ણા; બૌદ્ધ સંપ્રદાયની ત્રણ માંહેની એક પ્રકારની તૃષ્ણા

વિભવી [સં. વિભવિન્] વિ ભવપ્રસંગથી છૂટેલું

વિભળ વિ વિહ્વળ; બેબાકળું; અસ્વસ્થ; ઉર્દૂ ફ.

વિભંગ ૧. [સં] પું. ટુકડા થવા તે
૨. પું. ભાગ; અંશ
૩ પું. ભાગવું તે
૪. પું. રોકાણ
૫ પું સકોચ

વિભંગજ્ઞાન ન (જૈન) સાકાર ઉપયોગના આઠ માંહેનો એક ભેદ મિથ્યાદૃષ્ટિ જીવનું અવધિજ્ઞાન. મિથ્યાત્વ હોય ત્યાંસુધી વિભંગજ્ઞાન કહેવાય છે.

વિભા ૧ પું (પિંગળ) આર્યા જાતિનો એ નામનો એક માત્રામેળ છંદ; વિષ્ણા. તેમા ૩૯ લઘુ અને ૯ ગુરુ મળી ૪૮ વર્ણની પણ માત્રા હોય છે
૨ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, યગણ, તગણ, યગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.
ન ય ત ય ગા આપો આપ વિભા માંહી.
રણછોડ પિંગળ
૩. સ્ત્રી. કિરણ
૪ સ્ત્રી પ્રભા; પ્રકાશ; કાંતિ; તેજ.
૫. સ્ત્રી. શોભા.

વિભાકર ૧ [સં.] પું. અગ્નિ
૨ પુ. આકડાનો છોડ
૩. પુ. ચંદ્ર
૪ પું ચિત્રાનું ઝાડ
૫ પુ રાગ
૬. પુ સૂર્ય; રવિ.
સૂર વિભાકર વિભાકર દિનકર ભાસ્કર હંસ. મિહિર તિમિરહર સહસ્રકર, ઉષ્ણરશ્મિ તિગ્માંશુ. પિંગલપ્રકાશ

વિભાગ ૧ [સ] પું અપૂર્ણાંકનો અંશ
૨. પું (વેદાંત) આ દ્રવ્ય એ દ્રવ્યથી વિભક્ત છે તેવો પ્રત્યક્ષ જ્ઞાનરૂપ વ્યવહાર.
૩. પું કુરુક્ષેત્ર
૪ પું (વેદાંત) જન્ય દ્રવ્યમાં રહેનો હોય તથા પોતાના સમાન અધિકરણના અભાવનો પ્રતિયોગી હોય અને સંયોગ ગુણથી ભિન્ન હોય તે ગુણ
૫. પું. તડ; વર્ગ; તર્ક.
૬ પું પડ; આનુ; આતરો.
૭. પું (વેદાંત) પરસ્પર જોગા થઈ ન શકાય તેવી રીતે વ્યાપ્ય પદાર્થના ધર્મનું કથન.
૮. પું પ્રકરણ; અધ્યાય.
૯ પું. પ્રાચીન કાળમાં આપ્યા ઉપરના દશ માહેનો એક કર
૧૦. પું. ભક્તિ
૧૧. પું. ભાગ; હિસ્સો.
૧૨. પું. ભાગનો ભાગ; પેટા ભાગ
૧૩. પુ ભત્તો; મહોલ્લો
૧૪. પું. વહેંચણ; બાદબકી
૧૫. પું. શિવનાં હજાર માહેનું એક નામ
૧૬. પું. (વેદાંત) સંયોગનો નાશ કરનાર ગુણ

વિભાગણી સ્ત્રી. વિભાગ કરવા તે; વહેંચણી; બાદબકી.

વિભાગપત્રિકા [સં] સ્ત્રી ભાગ કે વહેંચણીનો દસ્તાવેજ.

વિભાગવું ૧ સ ક્રિ. ભાગવું; ભાગ કરવો.
૨. સ ક્રિ. વહેંચવું; બાદબકી કરવી.

વિભાગાધીશ [સ] પું વિભાગનો ઉપરી માણસ

વિભાગાવું સ ક્રિ વિભાગ થવા

વિભાગી વિ વિભાગનું; વિભાગને લગતું

વિભાગીકરણ [સં] ન. ભાગ કરવા તે.

વિભાગીય જુઓ વિભાગી.

વિભાજ્ય ન. કમનસીબ; દુર્ભાગ્ય.

વિભાજક ૨ પું. (ગણિત) નિઃશેષ ભાગકો.
૨ ન ભાગ પાડવા માટે ભૂમિતિમાં વપરાતું એક સાધન; ' ડીવાઈડર્સ '
૩. વિ. ભાગ પાડનાર.
૪ વિ ભાગ પાડનાર

વિભાજકપર્ણી [સં] પું. ભાગો પાડનાર ગુણ.

વિભાજન ૧ [સં.] ન. પ્રકાશ કે અવાજોનાં જુદા જુદા રંગનાં કિરણોમાં વીખરાઈ છૂટા પડવું તે; વિકિરણ.
૨ ન વિભાગ કરવા તે; ભાગ પાડવા તે, વહેંચણ; બાદબકી

વિભાજ્ય ૧. પું (ગણિત) નિઃશેષ ભાજ્ય.
૨. [સં] વિ. ભાગી શકાય તેવું; ભાગવા જેવું
૩. વિ. વહેંચી શકાય તેવું; વાંટા કે હિસ્સા કરવા જોગ.

વિભાજ્યતા ૧ [સં.] સ્ત્રી. નિઃશેષ ભાગી શકાય તેવું હોવાપણું
૨. સ્ત્રી. ભાગ પાડી શકાવા તે

વિભાત [સ.] ન પ્રભાત; પરોઢ.

વિભાદીપ [સ.] પું. ઝગઝગાટો દીવો.

વિભાનુ પું. (પિંગળ) એ નામનો એક માત્રાછંદક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૬૨ લઘુ મળી ૭૯ વર્ણની ૯૬ માત્રા હોય છે

વિભારો પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે સાટક છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૧૧૨ લઘુ મળી ૧૧૬ વર્ણની ૧૨૦ માત્રા હોય છે

વિભાવ ૧. [સં.] પું. કારણ; હેતુ; નિમિત્ત.
૨. પું પરિચય; ઓળખાણ
૩. પું પ્રેમ; માયા.
૪ પું (જૈન) બાહ્ય ઉપાધિથી નીપજતો વિપરીત ભાવ.
૫. પું. રસનાં ચાર માહેનું એક અંગ; રસ ઉત્પન્ન કરે તેવો ભાવ

વિભાવઅર્થપર્યાય [સ.] પું. (જૈન) અર્થ પર્યાયના બે માહેનો એક ભેદ. બીજાની મદદથી જે અર્થપર્યાય હોય તેને વિભાવઅર્થપર્યાય કહે છે. જેમકે, જીવના રાગદ્વેષ.

વિભાવજ્ઞાન [સં.] ન. (જૈન) હોવાપણું કે બધનવાળું જ્ઞાન. તેના ત્રણ ભેદ છે: કુમતી, કુશ્રુત અને કુઅવધિ.

વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય [સં.] પું. (જૈન) પર દ્રવ્યના નિમિત્તથી થતી વિકારી આકારની અવસ્થા. આ પર્યાય જીવ અને પુદ્ગલોમાં જ હોય છે.

વિભાવન ૧. [સં.] ન. અવધારણ
૨. ન. કલ્પના
૩. ન. તકરાર.
૪. ન. તજવીજ
૫. ન. માનવું તે.
૬. ન. વિચારવું તે; ચિંતન.
૭. ન. સલ્તા તપાસણી તે.

વિભાવના ૧. [સં.] સ્ત્રી. એક જાતનો અર્થાલંકાર. તેમાં કારણ વિના કાર્યની ઉત્પત્તિ વર્ણવવામાં આવી હોય છે.
૨. જુઓ વિભાવન.

વિભાવરી ૧. સ્ત્રી. (પુરાણ) ઉત્તર હિંદુપાળની નગરી. તેને સ્વોકસારા પણ કહે છે. આ શહેરમાં જ્યારે સૂર્ય માથા ઉપર આવે ત્યારે ત્યાં મધ્યાહ્ન, પશ્ચિમ હિંદુપાળની દેવધાની નગરીમાં સૂર્યોદયનો સમય અને દક્ષિણ હિંદુપાળની સંયમિની નગરીમાં મધરાતનો સમય થાય છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંચચામર. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ અને જગણ એમ બાર અક્ષર હોય છે.
૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સારસનાવલિ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, બે જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે
૪. સ્ત્રી. કુટણી સ્ત્રી; વેશ્યા.
૫. સ્ત્રી. મેદાનું ઝાડ.
૬. [સં] સ્ત્રી. રાત્રિ; રજની; રાત.
સમુદ્રા સ્રજા વમસ્વિની તમિ તમિસ્રા હોઈ,
નિશા શર્વરી **વિભાવરી** રાત્રિ ત્રિયામાં જોઈ.
પિંગલપ્રકાશ
૭. સ્ત્રી. વાચાળ અને હઠીલી સ્ત્રી.
૮. સ્ત્રી. હળદર.

વિભાવવું ૧. સ. ક્રિ. પ્રકાશ આપે તેમ કરવું.
૨. સ. ક્રિ. શોભાવવું.

વિભાવસુ ૧. [સં.] પું. અગ્નિ
૨. પું. આકડાનો છોડ.
૩. પું. આઠ માહેનો એ નામનો એક વસુ.
૪. પું. (પુરાણ) એ નામના એક ઋષિ. તેણે પોતાના સુપ્રતિક નામના ભાઈના શાપે કરીને કૂર્મયોનિ પ્રાપ્ત કરી હતી. તેને ગરુડ ખાઈ ગયો હતો
૫. પુ એક પ્રકારનો હાર.
૬. પું કપૂર.
૭. પું ચંદ્ર.
૮. પુ. ચિત્રક વૃક્ષ.

૯. પું. (પુરાણ) પ્રાચેતસ વંશનો એ નામનો એક રાજા. તેની રાણીનું નામ ઉષા હતું.
૧૦. પું. (પુરાણ) મુર દૈત્યના સાત માહેનો એક પુત્ર તેને કૃષ્ણ માર્યો હતો.
૧૧. પું. સૂર્ય; સૂરજ.

વિભાવું ૧ અ ક્રિ. પ્રકાશવું
૨. અ. ક્રિ. શોભવું; જાજ્વ દેખાવું

વિભાવો પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે સાઠક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૩૧ ગુરુ અને ૧૮ લઘુ મળી ૮૯ વર્ણની ૧૨૦ માત્રા હોય છે.

વિભાવ્ય ૧. [સં.] વિ જાણવા યોગ્ય.
૨. વિ. જોવા લાયક; તપાસવા જેવું.
૩ વિ. માનવા લાયક

વિભાષા ૧. પું. (સંગીત) રાગના દશ માંહેનો એ નામનો એક પ્રકાર.
૨. [સં.] સ્ત્રી. વિકલ્પ; આમ કે આમ કે તેમ આમ તેવી છૂટવાળી જે જોડી; આ કે તે.
૩. સ્ત્રી વ્યાકરણ પ્રસિદ્ધ વિકલ્પવિધાન.

વિભાસ ૧. પું (સંગીત) ભૈરવ થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે ગાવાનો સમય પ્રાત:કાળનો પહેલો પ્રહર છે.
૨. પું. સૂર્ય
૩. સ્ત્રી શોભા; સુંદરતા.

વિભાંડ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ; ઋષ્યશૃંગના પિતા. તેમની આંખો સિંહ જેવી ચમકની હતી. તેમને આખા શરીરે વાળ ઊગી ગયા હતા. તપ તથા ધર્મકર્મમાં જ તે નિત્ય પરોવાયેલા રહેતા.
૨. પું. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં દ્વારપાલનું કામ સોંપેલ આઠ માહેનો એક ઋષિગણ.

વિભાંડક જુઓ વિભાડ.

વિભાંડી સ્ત્રી. એક જાતનો વેલો.

વિભિચારી વિ (જૂ. ગુ.) અભિચારી; કપટ.
વિભિચારી જોલમા વાલમા. નરસિંહ મહેતો

વિભિન્ન ૧ [સં.] વિ. ફાડી મૂકેલ.
૨. વિ. ભગાયેલું.
૩. વિ. છેદાયેલું
૪. વિ. જુદું; છૂટું પડેલું; અલગ; ભિન્ન; પૃથક્.
૫. વિ. કંટાયા, નિરાશ

વિભિન્નજાતિ ૧. [સ.] વિ. જુદી જુદી જાતનું
૨. વિ. (ગણિત) જેના દરેક પદના પદઘાત એક સરખા ન હોય તેવું

વિભિન્નતા [સં.] સ્ત્રી ભેદ; જુદાપણું; જુદાઈ.

વિભીત ૧. [સં.] પું.; ન. બહેડાનું ઝાડ.
૨. વિ. ભય પામેલ; બીધેલ.

વિભીતક [સં.] પું ; ન. બહેડાનું ઝાડ.
અક્ષ વિભીતક કર્ષેચ્ચ અનર્થક કલિરક્ષ.
અવળાસ બહેરમા તરી ચાલ મૂગચક્ષ.
વિજ્ઞાનકૌમુદી

વિભીષણ ૧. પું. (પુરાણ) એ નામનો એક યક્ષ
૨. પું. એ નામનો તારો; ગોપ
૩. પું. રાવણનો ભાઈ. વિશ્રવા નામના ઋષિની કૈકસી નામની સ્ત્રીને પેટે થયેલ પુત્રોમા વિભીષણ સૌથી નાનો હતો તે તેમુપ નામના ઋષિની સરમા નામની કન્યાને પરણ્યો હતો. રામચંદ્રજીનો તે શરણાગત ભક્ત હતો. રામે રાવણને માર્યા પછી લંકાની ગાદી વિભીષણને આપી હતી.
૪. ન. નાડપાસ; નાલતૃણ
૫. [સં.] વિ. વિશેષ ભયકર

વિભીષિકા ૧ [સં] સ્ત્રી. મોટો વહેમ
૨. સ્ત્રી. ભય; બીક; ડર

વિભુ ૧. પું. ઋષભદેવનો સૌથી મોટો પુત્ર. તેને રતિ નામની સ્ત્રી અને પૃથુષેણ નામનો પુત્ર હતો
૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે માલિની કુકલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૧૩૮ લઘુ મળી ૧૪૮ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.
૩. પું. દુષ્યંત નામના ભારે માહેનો એક દેવ
૪ પું દેવરાજ, ઇંદ્ર
૫. પું ધણી; સ્વામી
૬. [સ.] પું. પરમેશ્વર; સર્વવ્યાપી પ્રભુ.
ન જેનો પાપ કોનું યે ન જે સુકૃત યે વિભુ.
અજ્ઞાને જ્ઞાન આવ્યું તેથી મોહે જ જગતનો.
ગીતાનુવેચન
૭. પું. (વેદાંત) બધાં મૂર્ત દ્રવ્યોની સાથે સયોગ સંબંધવાળું દ્રવ્ય. જેમકે, પૃથ્વી, જળ, વાયુ, તેજ અને મન એ પાંચ મૂર્ત દ્રવ્યો છે તેમની સાથે સયોગ સબંધવાળું હોવાથી આકાશ વિભુદ્રવ્ય કહેવાય છે
૮. પું. બ્રહ્મા.
૯. પું રાજા.
૧૦. પું. (પુરાણ) રાત્રિયુદ્ધમાં ભીમે મારેલ દુર્યોધન પક્ષનો એક રાજા.
૧૧. પું. (પુરાણ) વારુણિ ભૃગુનો એ નામનો એક પુત્ર. તેને વરેણ્ય પણ કહે છે
૧૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ આકાશની માફક સર્વત્ર વ્યાપક, અનંત બ્રહ્માંડોને અંતર્ગત રાખનારા મહાન વિરાટ રૂપ, વ્યાપકના પણ વ્યાપક અને સૂક્ષ્મના પણ સૂક્ષ્મ હોવાથી વિષ્ણુ વિભુ કહેવાય છે
૧૩ પું વ્યાપક આત્મા
૧૪ પું શિવનાં હજાર માહેનું એક નામ
૧૫ પું સેવક; ચાકર
૧૬ વિ. દૃઢ; અચળ; નિત્ય
૧૭ વિ પરમ મહત્ત્વવાળું
૧૮. વિ. મહાન; મોટું; શ્રેષ્ઠ.
૧૯. વિ. વ્યાપક; બધી જગ્યાએ હોય તેવું; સર્વવ્યાપી
૨૦. વિ સમર્થ; શક્તિમાન.

વિભુજન પું. સર્વ સ્થળે વ્યાપી રહેનાર પ્રભુ.
બધા માંહે સહુ હો વિભુજન પુરુષ રામ.
દયારામ

વિભુતત્વ ૧ ન. દુ:ખ; પીડા; દરદ.
૨ ન સમૃદ્ધિ; વિપત્તિ

વિભુતા ૧. સ્ત્રી અચળપણું; નિત્યતા; દૃઢતા.
૨. સ્ત્રી. એશઆરામ; સુખચેન.
૩ [સં.] સ્ત્રી. પ્રભુતા; મોટાઈ; પરમ મહત્તા;
૪ સ્ત્રી બ્રહ્મપણું
૫. સ્ત્રી સામર્થ્ય; શક્તિ.

વિભુત્વ જુઓ વિભુતા

વિભુરાયા પું. પરમેશ્વર; પૃથ્વી ઉપર પ્રસરેલ સર્વવ્યાપી રાજા.

વિભુવર [સ.] પું. પરમેશ્વર; પ્રભુ.

વિભૂ ૧. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માહેનું એક અંગ
૨. જુઓ વિભૂતિ

વિભૂત ૧. [સ.] વિ. ઉત્પન્ન થયેલું; પેદા થયેલ
૨. વિ. મહાન; મોટું
૩. વિ. વ્યક્ત; દેખાયેલું

વિભૂતિ ૧. પું (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર
૨. પું સાત માહેનો કોઢના રોગનો એક પ્રકાર
૩. સ્ત્રી. અશ; ભાગ
૪. સ્ત્રી. આબાદી; કલ્યાણ; ક્ષેમ
૫. [સં] સ્ત્રી. ઐશ્વર્ય; સપત્તિ; વૈભવ; સમૃદ્ધિ.
૬. સ્ત્રી દિવ્ય કે અલૌકિક શક્તિ. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને પોતાની વિભૂતિઓ કહે

છે ?, હે અર્જુન, હું સર્વ પ્રાણીઓના હૃદયમા રહેલો આત્મા છું ભૂતોનો આદિ, મધ્ય તથા અંત હું જ છું આદિત્યોમાં વિષ્ણુ, જ્યોતિઓમાં કિરણોવાળો સૂર્ય, વાયુઓમા મરીચિ, નક્ષત્રોમાં ચદ્ર, વેદોમાં સામવેદ, દેવોમાં ઇંદ્ર, ઇંદ્રિયોમાં મન, પ્રાણીઓમાં ચેતના, રુદ્રોમાં શકર, યક્ષ અને રાક્ષસોમાં કુબેર, વસુઓમાં પાવક નામનો વસુ, પર્વતોમા મેરુ, પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ, સેનાપતિઓમાં કાર્તિકેય, જળાશયોમાં સાગર, મહર્ષિઓમાં ભૃગુ, વાણીમાં એકાક્ષર ૐકાર, યજ્ઞોમાં જપયજ્ઞ, સ્થાવરોમાં હિમાલય, સર્વ વૃક્ષોમાં પીપળો, દેવર્ષિઓમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ, સિદ્ધોમાં કપિલમુનિ, ઘોડાઓમાં અમૃતથી ઉત્પન્ન થયેલો ઉચ્ચૈશ્રવા, હાથીઓમાં ઐરાવત, મનુષ્યોમા રાજા, આયુધોમાં વજ્ર, ગાયોમા કામધેનુ, સંતાન ઉત્પન્ન કરનારો કામદેવ, સર્પોમાં વાસુકિ, નાગોમાં અનંત નામનો નાગ, જળચરોમા વરુણ, પિતૃઓમાં અર્યમા, વશ કરનારાઓમા યમ, દૈત્યોમાં પ્રહ્લાદ, ગણતરી કરનારાઓમાં કાળ, પશુઓમ, સિંહ, પક્ષીઓમા ગરુડ, પવિત્ર કરનારાઓમાં પવન, શસ્ત્રધારીઓમાં શ્રીરામ, માછલાંમાં મગર, નદીઓમાં ગગા, સૃષ્ટિઓનો આદિ, મધ્ય અને અંત, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા, ઉત્તમ વક્તાઓનો વાદ, અક્ષરોમાં અકાર, સમાસ સમૂહમાં દ્વંદ્વ સમાસ અને અક્ષય કાળ હું જ છું તથા સર્વ તરફ મુખવાળો ધાતા એટલે કર્મફળદાતા હું છું. વળી સર્વનો સંહારક મૃત્યુ અને ભવિષ્યમાં થનારાઓનુ ઉત્પત્તિકારણ હું છું સ્ત્રીઓમાં કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, મેધા, ધીરજ અને ક્ષમા, સામવેદના વિભાગોમાં બૃહત્સામ, છંદોમાં ગાયત્રી, મહિનાઓમાં માર્ગશીર્ષ, ઋતુઓમાં વસંત ઋતુ, છળ કરનારાઓમાં જુગાર, તેજસ્વીઓમા તેજ, જીતનારાઓમાં વિજય, નિશ્ચય કરનારાઓમા નિશ્ચય, સત્ત્વ વાળાઓનું સત્ત્વ, યાદવોમાં વાસુદેવ એટલે કૃષ્ણ, પાંડવોમાં અર્જુન, મુનિઓમાં વ્યાસ, કવિઓમાં શુક્રાચાર્ય, શિક્ષા કરનારાઓની શિક્ષા, જીતવા ઇચ્છનારાઓની નીતિ, ગુપ્ત ભાવોમાં મૌન અને જ્ઞાનીઓનું જ્ઞાન હું છું. વળી હે અર્જુન! સર્વભૂતોનું જે બીજ છે તે પણ હું છું તેવુ એવું સ્થાવર જંગમ ૯ ? પ્રાણી પદાર્થ નથી કે જે મારા વિના હોય. હે પરંતપ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી

૭ સ્ત્રી. ભસ્મ; રાખ.

૮ સ્ત્રી. મહત્તા; પ્રભુત્વ મહિમા

૯ સ્ત્રી. મહાન દૈવી અંશવાળી વ્યક્તિ; ઉચ્ચાત્મા વીર પુરુષ.

૧૦ સ્ત્રી. વજ્રની ભસ્મ. દેવી કે મહાદેવના ભક્તો પોતાને કપાળે તે લગાડે છે

૧૧. સ્ત્રી. સામર્થ્ય.

૧૨. સ્ત્રી સિદ્ધિ.

૧૩. સ્ત્રી. સૂર્યની એ નામની એક શક્તિ.

વિભૂતિપૂજા [સં.] સ્ત્રી. વીરપૂજા; દિવ્ય કે અલૌકિક શક્તિવાળી વ્યક્તિનું પૂજન; વિભૂતિમાનની પૂજા.

વિભૂતિમાન [સં.] વિ. વિભૂતિવાળું; દૈવી શક્તિમાન

વિભૂતિયોગ [સં] પું. ગીતાના અઢાર માંહેનો એ નામનો દસમો અધ્યાય. ભગવાનનુ સર્વવ્યાપી સ્વરૂપ જુદાં જુદાં રૂપે સર્વ વસ્તુ માત્રમાં તથા ભૂત માત્રમા રહેલું છે. ભક્તની ભક્તિ અથવા શ્રદ્ધા એક ઠેકાણે સ્થિર થવાથી સહજ સ્થિતિ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. સગુણ ભક્તિ નિર્ગુણ ભક્તિ કરતાં પરિણામકારક છે એમાં શંકા નથી. સામાન્ય બુદ્ધિને પ્રત્યક્ષ દેખનારાં તેજ, વૈભવ, ઇત્યાદિ ભગવાનની સત્વર સમજ પડવાથી શ્રદ્ધાની દૃષ્ટિ મળે તરફ થાય છે એ સઘળી બાબત ઠસાવવા માટે આ અધ્યાયની રચના થઈ છે. વિભૂતિ એટલે ઐશ્વર્ય, વૈભવ, પ્રભુત્વ ઇત્યાદિ જે જે અર્થ જે જે સ્થળે વિશેષ દેખાય છે, તે બધા પરમાત્માનાં જ સ્વરૂપ છે અથવા તેનો જ વૈભવ તે સ્થળે છે તેવું નિર્દેશન હોવાને લીધે આ અધ્યાયને વિભૂતિયોગ કહ્યો છે.

વિભૂષણ ૧. [સં.] ન. શણગાર; અલંકાર; ઘરેણું; દાગીનો; આભૂષણ.

૨. ન. શ્રી; શોભા; સુંદરતા.

વિભૂષા જુઓ વિભૂષણ.

વિભૂષિત ૧ [સં.] વિ. અલંકૃત; શણગારેલું

૨. વિ. વિશેષ શોભતું.

વિભેદ ૧. [સં] પું. ભેદ, ફાટ, ૫.

૨ પું જુદા જુદા અનેક ભેદમાનો ફરેક.

૩ પું જુદું પાડવું તે, જુદાઈ

૪. પું વિશેષ ભાગ; ચોક્કસ

૫ પું ભેદ; ફરક; તફાવત; ભિન્નતા.

વિભેદક [સં.] વિ. વિભેદ કરનાર; છૂટું પાડનાર.

વિભેદકારી જુઓ વિભેદક.

વિભેદન ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનુ એક નામ

૨. ન. છૂટું પાડવું તે.

વિભેદવું સ. ક્રિ. છૂટું પાડવું; તોડવું

વિભોગ પું. સંભોગ; વિષય વાસનાની તૃપ્તિ.

વિભોગી ૧. વિ. ભોજ માણનાર.

૨. [સં. વિભોગિન્] વિ સ્ત્રી આદિકનો ભોગ ભોગવનાર; સંભોગ કરનાર.

વિભોર [હિં] વિ. ચકિત; સ્તબ્ધિત; બહાવરું; આકુળવ્યાકુળ.

વિભ્રમ ૧. [સં.] પું. ઊતાવળનો ગભરાટ.

૨. પું. ઊતાવળમાં અયોગ્ય સ્થાને અલંકાર પહેરવા તે

૩. પું. ઊલટો વહેવાર રાખવો અને ઊલટાં વસ્ત્ર પહેરવા તેવો ભાવ.

૪. પું. ભમવું તે; ઘૂમવું તે.

૫ પું મગજની અસ્થિરતા; ચિત્તની અનવસ્થા; ગેલછા.

૬ પું મનની મોજ.

૭. પું. વહેમ; ભ્રાંતિ; ભ્રમ; ભમણા.

૮ પું. વિલાસ.

૯ પું. વિલાસયુક્ત હાવભાવ.

૧૦ પું શક; શકા.

૧૧. પું. શોભા

૧૨ પું. સ્ત્રીઓનો એક હાવ; સ્ત્રીઓની એક કૃત્રિમ ચેષ્ટા

વિભ્રમણ જુઓ વિભ્રમ.

વિભ્રષ્ટ ૧. [સં.] વિ. ખોવાયેલ.

૨. વિ. પડી ગયેલ.

૩. વિ. ભ્રષ્ટ થયેલ.

વિભ્રાજ ૧. પું. (પુરાણ) અત્રિવંશ નામના પિતરોનો બીજો.

૨. પું. સોમવંશી પુરુરવોત્પન્ન પાંચ નામના રાજાનું બીજું નામ.

વિભ્રાડ [સં] પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

વિભ્રાંત [સં] ૧. વિ. ગભરાયેલું; ભૂંઝવાયેલું.

૨. વિ. બેસુધ; બેભાન.

૩ વિ ભમતું, ઘૂમતું.

૪. વિ. ભ્રમિત થયેલું.

૫. વિ. સંશયવાળું.

વિભ્રાંતિ ૧. [સં.] સ્ત્રી. ભૂંઝવણ; ગભરાટ.

૨. સ્ત્રી ઘૂમવું તે; ભમવું તે.

૩. સ્ત્રી. બેસુધી; ભાન ન હોવું તે.

૪. સ્ત્રી. ભ્રાંતિ; શંકા; સંશય

વિમત ૧. પું. (વેદાંત) વાદી અને પ્રતિવાદી બંનેના વિવાદની વિષયભૂત વસ્તુ કે બાબત.

૨. પું. શત્રુ, દુશ્મન.

૩. વિ અસભ્ય.
૪ [સ.] વિ. વિરુદ્ધ મતવાળું.
૫ વિ. શંકાવાળું

વિમતિ ૧. પું. (પિંગળ) એ નામનો એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે રહોષક છંદનો એક ભેદ છે. તેમા બાર ગુરુ અને ચાલીસ લઘુ મળી બાવન વર્ણની ચોસઠ માત્રા હોય છે

૨. સ્ત્રી. અણગમો; નાખુશી; નારાજી.
૩. સ્ત્રી. વિરોધ; શત્રુતા.
૪. વિ. બુદ્ધિ વગરનું; મૂર્ખ.

વિમત્સર [સં] વિ. પારકાની ઉન્નતિ જોઈ મનમાં સંતાપ ન પામનાર; અદેખાઈ વિનાનું; મત્સર કે ઈર્ષા વગરનું; અદેખું નાહ તેવું; દ્વેષભાવ રહિત.

વિમદ ૧. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.
૨. [સં.] વિ. અભિમાન વિનાનું.

વિમદન પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે માલા છંદનો એક ભેદ છે તેમાં ૧૨ ગુરુ અને ૪૮ લઘુ મળી ૬૦ વર્ણની ૭૨ માત્રા હોય છે.

વિમન ૧. ન. (જૂ. પ્રા.) વમન; ઊલટી
નામ્યાં રક્તપિત્ત નહિ જાતાં,
હુવા વિમન લાખાં ઉપજાં. જાવડસમય
૨. [સ. વિમનસ્] વિ. ઊંચા મનવાળું; ઉદ્વિગ્ન; ખિન્ન.

વિમનસ ૧. [સં. વિમનસ્] વિ. ગભરાયેલું; ભયભ્રાંત; અસ્થિર.
૨. વિ દિલગીર; ઉદાસ; ખિન્ન
૩. વિ. નાખુશ; અપ્રસન્ન

વિમનસ્ક જુઓ વિમનસ.

વિમના જુઓ વિમનસ.

વિમર્ક જુઓ વિમર્દક

વિમર્દક પું. કુવાડિયાનો છોડ

વિમર્દન ૧. [સં] ન. કેસર વગેરેથી મર્દન કરવું તે.
૨. ન નાશ.
૩. ન મારી નાખવું તે.

વિમર્દવું ૧. સ. ક્રિ. ઘસવું; મર્દન કરવું; ચોળવું.
૨. સ. ક્રિ. દબાવવું; પીસવું; દળવું.
૩. સ. ક્રિ. નાશ કરવો
૪ સ ક્રિ. મારી નાખવું

વિમર્શ ૧ [સ.] પું. અમુકબાબતો બનાવ કે આપત્તિથી નાટકની વસ્તુના ફલિત થતા જતા વિકાસમા થતો ફેરફાર, નાટકના પાચ માંહેનો એક સધિ
૨. પું અસતોષ; અધીરતા.
૩. પું. ભાવના; લાગણી
૪. કું. મનન; ચિંતન; વિચારણા; બુદ્ધિથી પ્રયાસ કરેલો તે; વિચાર; આલોચન; સમીક્ષા; મનમાં વિચાર્યા કરવું તે.
૫ પું વાસના
૬ પું શોધ, તપાસ
૭ કું. સરમ; સદેહ

વિમર્શન જુઓ વિમર્શ.

વિમર્ષ ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ અને ત્રીજા રગણ મળી ૬૬ અક્ષર હોય છે.
૨. જુઓ વિમર્શ

વિમલ ૧. કું. (પુરાણ) ઇંદ્ર રાજાના પણ માહેનો નાનો પુત્ર; વૈવસ્વત મનુનો પૌત્ર.
૨. પું. જૈન ધર્મના તેરમા તીર્થંકર; વિમલનાથ
૩. કું. શિવનાં હજાર માહેનું એક નામ.
૪. ન. (શિલ્પ) એક જાતનું દ્વિતાળ ઘર.
આસાર નામના દ્વિતાળ ઘરના મુખ આગળ એક અધિક વધારીએ તો તે **વિમલ** ઘર કહેવાય. વાસ્તુસાર
૫. ન. એક જાતનું સાત્ત્વિક દાન
૬. ન. ચોસઠ માહેનુ એક તત્ત્વ
૭. [સ.] વિ ચોખ્ખું, સ્વચ્છ
૮. [સ. વિ (વગરનું) + મલ (મેલ)] વિ. મળ રહિત; પવિત્ર; શુદ્ધ, નિર્મળ.

વિમલક [સં.] પું. એક જાતનો હલકા પ્રકારનો હીરો.

વિમલતા ૧. [સ] સ્ત્રી. નિર્દોષતા
૨. સ્ત્રી. પવિત્રતા; નિર્મળતા; વિમલ હોવું તે.
૩. સ્ત્રી મનોહરતા; રમણીયતા
૪ સ્ત્રી. સ્વચ્છતા; મલ, મેલરહિત હોવાપણું.

વિમલતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

વિમલનાથ જુઓ વિમળનાથ

વિમલપ્રબંધ પું. જાવડસમય નામના એક પ્રાચીન જૈન કવિએ રચેલું એ નામનું પુસ્તક. તેમાં વિમળશાહનું જીવન ચરિત્ર પ્રાચીન ગુજરાતીમાં વર્ણવ્યું છે.

વિમલા ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે અસકોર્યું વર્ગનો છે. તેના પહેલા પદમાં નગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ અક્ષર, બીજા પદમાં નગણ, રગણ, નગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ અક્ષર, ત્રીજા પદમાં નગણ, રગણ, બે નગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ અક્ષર અને ચોથા પદમાં તગણ, જગણ, સગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ અક્ષર હોય છે.
૨. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે
વિમલા રચના સ સા જ સી ગા
ચપલવિલંબ
૩ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા સગણ અને ગુરુ મળી ચાર અક્ષર હોય છે.
૪. સ્ત્રી ગાયત્રીની ચોવીસ માહેની એક શક્તિ
૫. સ્ત્રી. શોપન માહેની એક વાયુતત્ત્વદેવતા.
૬. સ્ત્રી. (પુરાણ) મહેંદ્ર પર્વતમાથી નીકળતી એ નામની એક નદી.
૭. સ્ત્રી. સૂર્યની એ નામની એક શક્તિ.
૮. વિ સ્ત્રી પવિત્ર કે સ્વચ્છ હોય તેવા.

વિમલાચલ જુઓ વિમલાદ્રિ.

વિમલાત્મા [સ.] વિ. નિષ્કપટ; સરળ; પવિત્ર હૃદયવાળું

વિમલાદ્રિ [સ.] પું. શત્રુંજય પર્વત

વિમલાપતિ [સં] પું. વિષ્ણુ.

વિમલોદય [સં.] પું ઈશ્વર; શંકર.

વિમળ જુઓ વિમલ.

વિમળતા જુઓ વિમલતા.

વિમળનાથ [સ. વિમલનાથ] પું. (જૈન) જૈનના તેરમા તીર્થંકર. તેઓ કપિલાપુરમાં કૃતવર્મા રાજાને ત્યાં શ્યામા રાણીના ઉદરથી જન્મ્યા હતા. ગર્ભમાં આવ્યા પછી એક વેળા એ સ્ત્રી અને બ્યતર વચ્ચે ભારત સબધી ઝઘડો થયો. તેનો ચુકાદો રાણીએ વિમળ બુદ્ધિથી આપ્યો. તે પરથી તેનું વિમળનાથ નામ પાડયું તેની મૂર્તિનું ચિહ્ન ડુક્કર છે.

વિમળશાહ પું એ નામનો એક ધનાઢય શ્રાવક. ગુજરાતના રાજા ભીમદેવના સેનાપતિ તરીકે તેણે મોટી મોટી જીતો મેળવી હતી. દેલવાડાનાં જગ વેરાં બંધાવનાર તરીકે ઇતિહાસમાં તેનું નામ અમર છે

વિમંડળવૃત્ત ન. સૂર્યની ફરતા મહોને ફરવાનો માર્ગ; મહોની કક્ષા.

વિમાતર [સં. વિમાતૃ] સ્ત્રી. સાવકી માતા; ઓરમાન મા

વિમાતૃજ [સ.] પું ઓરમાન ભાઈ.

વિમાતૃજા [સ] સ્ત્રી. સાવકી બહેન; ઓરમાન બહેન.

વિમાન ૧. પુ. ઘોડો

૨. [સં. વિ (વિરુદ્ધ) + માન] ન અપમાન; અનાદર

૩. ન. આકાશમાં ઊડે એવું વાહન; વાયુયાન; આકાશયાન; હવાઈ જહાજ; 'એરોપ્લેન'. વિમાનના ઘણા પ્રકાર છે: (૧) માંત્રિક વિમાન, (૨) તાંત્રિક વિમાન અને (૩) કૃત્રિમ વિમાન. વિમાનનું બાંધકામ કરતી બ્રિસ્ટલ એરોપ્લેન કંપનીએ આસમાનમાં આજ પર્યંત ન ઊડ્યું હોય તેવું જગી વિમાન હાલમાં તૈયાર કર્યું છે આ વિમાનનું વજન ૧૨૬ ટનનું છે. તેમાં ૩,૦૦૦ અશ્વશક્તિના એંજિનો મુકાયેલા છે અને ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઈ એ ઠેકાણાના ૩૦૦ માઇલની ઝડપે ચાલે તેવાં વિશિષ્ટ યંત્રો પણ એમાં ગોઠવાયેલાં છે. આ વિમાનમાં ૧૨૦ મુસાફરોની જોગવાઈ રહેલી છે. એમાંના ૧૦૦ મુસાફરો માટે તો સૂવાની પણ સગવડો રચાયેલી છે. આ વિમાનમાં બે માળની વ્યવસ્થા હોઈને ઉપલા મજલા ઉપર રસોડાની, જમવાની અને બેસવા ઓરડા વ્યવસ્થા છે. નીચેના ભાગમાં આરામગાહો તથા પ્રસાધન ઓરડાની યોજના કરવામાં આવેલ છે. દુનિયાનું આ સૌથી મોટું વિમાન ગણાય છે.

વિદ્યાધર ભોક્ષ્મિ. દેવ, જોઈ **વિમાન** પુષ્પકાખ્યેતિ. સીતાહરણ (પંચમી સર્ગ)

વિમાનની છત્રી = હવાઈ જહાજમાંથી નીચે ઊતરવા માટેની છત્રી; છત્રવાહન; 'પેરેશ્યૂટ'.

૪. ન. (જૈન) ચક્રવર્તીનું એક પ્રકારનું ઘર; વૈમાનિક; દેવતાનું ઘર, દેવનું નિવાસસ્થાન.

૫ ન દેવી વાહન; દેવતાઈ રથ.

૬. [સં. મા (માપવું)] ન. પરિમાણ; માપ

૭. ન શબને ઊપાડવાની પાલખી.

૮. ન. સાત મજલાનું મકાન.

૯. [સં. વિ (વિનાનું) + માન] વિ. અભિમાન વગરનું

૧૦. વિ તોલ વિનાનું; ભાર વિનાનું.

૧૧. વિ માનભ્રષ્ટ; માનરહિત; અપમાનિત.

૧૨. વિ. હવામાં ઊડી શકે તેવું.

વિમાન આસ્થાન [સં.] ન. વિમાનને ઊતરવાનું ઠેકાણું.

વિમાનકારક [સં.] પું. વિમાનનો કર્મચારી વર્ગ.

વિમાનક્ષેત્ર જુઓ વિમાનગૃહ.

વિમાનગતિ ૧. [સં. વિમાન (દેવતાઈ રથ) + ગતિ] પું. દેવ

દેવ અમર નિર્જર વિબુધ સુર સુમનસ ત્રિદિવેશ, દેવાધ્ય ને વિમાનગતિ અજિજિહ્વ અમૃતેશ.
ત્રિભુવનદીપક

૨. સ્ત્રી. ઊંચે જવું તે.

નહિ હડપે પોતાથી પણ
પ્રિયાની વિમાનગતિ જોઈ.
ગોવર્ધનરામ

વિમાનચારી [સં. વિમાન + ચારિન્] વિ વિમાનમાં મુસાફરી કરનાર.

વિમાનગૃહ [સં.] ન. વિમાનઘર, વિમાન રાખવાનું છાપરું, વિમાન સ્થળ; 'એરોડ્રોમ'

વિમાનઘર જુઓ વિમાનગૃહ.

વિમાનન જુઓ વિમાનના

વિમાનના [સં.] સ્ત્રી. અપમાન; તિરસ્કાર.

ત્રિવિક્રમે ચાર્વાકને કહ્યું હતું, જ્યાં પૂજાવારમાં તેને પિતાના ગૃહમાં **વિમાનના** થઈ હતી.
સરસ્વતીચંદ્ર

વિમાનપતિ ૧. [સં.] પું. વિમાન ચલાવનાર ઉપરી

૨. પું. વિમાનનો માલિક

વિમાન પરિવહણ ન. હવાઈ ઝાપટો

વિમાન પ્રતિબંધક તોપ સ્ત્રી વિમાનો સામે ફોડવાની તોપ; 'એન્ટી-એરક્રાફ્ટ ગન'.

વિમાન પ્રબોધન ન. વિમાનને ચલાવવાની કેળવણી

વિમાન પ્રબંધક ન. હવાઈ સફરને ગોઠવનાર કંપની

વિમાનબાળ ન હવાઈ સફર

વિમાનયાત્રી [સં.] પું વિમાનમાં પ્રવાસ કરનાર માણસ

વિમાનયાત્રીઓ મરકઠરવાળો નકશો જ કેમ પસંદ કરે છે, એ પણ સાયોજના સિદ્ધાંતે જાણી લેવું જોઈએ
કાકાસાહેબ

વિમાનયુગ પું. વિમાનનો જમાનો; જેમાં વિમાનનો વધારે વપરાશ થતો હોય તે સમય.

સંજોગોવશાત્ જો વિમાનયુગ અવતરવામાં મોડ નીપજે છે તેમાં પણ ફરીએ નહિ.
ગોમુદી

વિમાનરાજ પું. વિમાનનો માલિક.

વિમાનવસ્તુ ન. (જૈન) ખુદ્દકનિકાયના પંદર ગ્રંથોનો એક વિભાગ. તેમાં સ્વર્ગ, નરક અને પ્રેત સંબંધી હકીકત આવે છે.

વિમાનવર્તી વિ. વિમાનમાં રહેલું.

વિમાનવિજ્ઞાન ન. ઊડ્ડયનશાસ્ત્ર.

વિમાનશાસ્ત્ર [સં.] ન. વાયુયાન સંબંધી શાસ્ત્ર. તેમાં અભિયાન, વિમાનચલિકા, વ્યોમયાનતંત્ર, યંત્રકલ્પ, વાનબિંદુ, ચેટયાન, પ્રક્ષેપિકા તથા વૈમાનિક પ્રકરણનો સમાવેશ થાય છે પુરુષોત્તમ વિશ્રામ મ.વજ્ઞ લખે છે કે, પ્રાચીન કાળના વિમાનશાસ્ત્રો, ભારદ્વાજ, વૈદ્યકના ગ્રંથો, જ્યોતિષગ્રંથો, શિલ્પગ્રંથો, વાયુશાસ્ત્રો, મેઘશાસ્ત્રો વગરે આપણામાં અત્યંત જે વિદ્યાનો સંચય કરેલો તેટલો સંચય પાશ્ચિમાત્યો એક બે સૈકામાં પણ લક્ષ કરી શકશે કે નહિ તે શંકા પડતું છે

વિમાનસેના જુઓ વિમાનબળ

વિમાનસ્થળ જુઓ વિમાનગૃહ

વિમાનિની ૧. પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ તે સત્તરીનું વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, ભગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર તેમજ બીજા અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે

૨. સ્ત્રી. ઊડ્ડયનકળા

વિમાની ૧. પું. વિમાન ચલાવવાની કળા જાણનાર માણસ; વિમાનચાલક. અમેરિકાએ હમણાં કરેલી સોથી નવીન અને અજબપૂર્ણ શોધ વિમાની વગર ચાલતા વિમાનની છે આ વિમાન ચાંપ દબાવતાં જ ઊડવા લાગે છે તેમાં યાંત્રિક સ્વયંસંચાલિત પાયલોટ હોય છે. તે વિમાન ચલાવે છે, વિમાન ઉપર નિયંત્રણ રાખે છે અને વિમાનને ધારેલા સ્થળે નીચે પણ ઊતારે છે. વિમાનનાં બંનો ચાલુ થયા બાદ વિમાન જમીન સાથેના કોઈ પણ વ્યક્તના સંપર્ક અને માણસના હાથના સ્પર્શ વગર ચાલે છે. આ વિમાનનો ઉપયોગ પ્રશાંત મહાસાગરમાં અણુબૉમ્બના પ્રયોગોમાં કરવામાં આવ્યો હતો.

૨. પું વિમાનનો મુસાફર

૩. [સં. વિ (વિનાનું) + માન + ઇન્ (વાળું)] વિ. અભિમાન વિનાનું

૪ વિ. વિમાનવાળું; વિમાન સંબંધી, વિમાનને લગતું

વિમાનીમથક ન હવાઈ જહાજોને ઊડવા કે ઊતરવાનું મથક કે સ્ટેશન; વિમાનના અવરજવરની ખાસ જગા; 'એરોડ્રોમ'.

વિમાર્ગ ૧. [સં. વિ (ઊલટું) + માર્ગ (રસ્તો)] પું. ઊલટો માર્ગ; અવળો રસ્તો; કુપથ

૨ પું. ખરાબ રસ્તો

૩. પુ. નિંદિત આચાર, દુરાચાર.

૪. પું. સાવરણો

વિમાર્ગગમન ૧. [સં.] ન. અપવર્તન; વાંકું વળી જવું તે.

૨. ન. ખોટે માર્ગે જવું તે.

વિમાર્ગગામી વિ અવળે રસ્તે જનાર; વિમુખ, બહિર્મુખ

વિમાર્ગી ૧. [સં. વિમાર્ગિન્] વિ. અવળે રસ્તે જનારું; અવળે રસ્તે જતું.
૨. વિ અવ્યવસ્થિત

વિમાલ પું કબીરનો એ નામનો એક શિષ્ય

વિમાસણ ૧. [સં. વિમનસ્ક] સ્ત્રી. ઊંડો વિચાર; ચિંતન
૨ સ્ત્રી. મનની અવમીત સ્થિતિ.
૩. સ્ત્રી. વિમાસવું તે; પશ્ચાત્તાપ; પસ્તાવો; મનસ્તાપ.

મના અમને ઊડી અજરામર
અજિ **વિમાસણ** કાંઈ?

દા.દોડરેપ્રબંધ

વિમાસણ દોષ પું. (કૌન) સામયિકમાં લાગતા બાર મહિનો એ નામનો એક દોષ, ગળામાં હાડ ન.ખી બેસવા.થી લાગતો એક દોષ.

વિમાસવું ૧. [સ. વિમૃશ] સ. ક્રિ. ચિંતન કરવું; વિચાર કરવો; વિચારવું.

રામચંદ્રે મનમાં **વિમાસવું** કરણ હેય સંહાર.

પ્રેમાનંદ

૨. સ. ક્રિ. પસ્તાવું; પશ્ચાત્તાપ કરવો, ફોગટ કાર્ય નહિ કરવા માટે પાછળથી ચિંતા કરવી; દિલગીર થવું.

વિમિશ્ર [સં] વિ. જુદી જુદી જાતની ભેળવણીવાળું.

વિમિશ્રિત જુઓ વિમિશ્ર

વિમિશ્રિતલિપિ [સં.] સ્ત્રી. લાલતવિસ્તરમાં જણાવેલી ચોસઠ માંહેની એક લિપિ.

વિમુક્ત ૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. મધુમાધવી લતા.
૩. [સં. વિ (વિશેષ) + મુક્ત (છૂટું)]
વિ. છૂટું; બંધનથી મોકળું; છૂટેલું
૪ વિ. ત્યકત; તજેલું; મૂકેલું; છોડેલું.
૫. વિ. સ્વતંત્ર; મુક્ત.

વિમુક્તાત્મા [સ વિ (વિશેષ) + મુક્ત (છૂટે થયેલ) + આત્મન્ (આત્મા)]
પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વિમુક્તાહાર ૧. [સ. વિમુક્ત (છોડેલ) + આહાર] પું. આહાર તજવો પડે એવું રોગ થવો.
૨. [સ. વિ (વગર) + મુક્તાહાર]
વિ મોતીની માળા કાઢી નાખી હોય તેવું.

વિમુક્તિ ૧. [સ] સ્ત્રી. છુટકારો; મુક્તિ; મોક્ષ; છૂટા થવું તે
૨ સ્ત્રી. સ્વતંત્રતા.

વિમુક્તિપુરી [સ] સ્ત્રી મોક્ષપુરી; કાશી કાશીમાં મોત થાય તે મોક્ષ પામે છે તેવી માન્યતા હોવાથી કાશીને મોક્ષપુરી કહે છે

વિમુક્ષ વિ. (જૂ. મુ.) વિમુખ.

જુઓ કોણ સુબટ **વિમુક્ષ.** પ્રાચીન કાવ્ય

વિમુખ ૧ પું (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. [સં. વિ (વિરુદ્ધ) + મુખ] પું. દુશ્મન.
૩. ન (સિલ્ક) બસો ચોરાણું માંહેની એક જાતનું પર

ખરનામા પરમા એક પટ્ટદાક વાપરવામાં આવે છે તે **વિમુખ** નામનું પર થાય.

રાજપટલક્ષ

૪. વિ અળગું; જુદું; અલગ; વેગળું; છૂટું
૫. વિ. નિરાશ થયેલું
૬. વિ. નિવૃત્ત.
૭. વિ પરાઙ્મુખ; મોં ફેરવી બેઠેલું; મોં ફેરવી લીધું હોય તેવું.
૮ વિ. ભગવાનને નહિ માનનાર.
૯ વિ મુખરહિત; મોઢા વગરનું.
૧૦ વિ વિરુદ્ધ; ગલત; વિપરિત; પ્રતિકૂળ; અનુકૂળ નહિ તેવું.

વિમુખતા ૧ [સં.] સ્ત્રી. જુદાઈ; વિરોધ; વિરુદ્ધતા; અળગાપણું; વિરમણ; સ્વવિરોધ; આનાકાની
૨. સ્ત્રી વિમુખ હોવાપણું.

વિમુખી ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ, ભગણ, સગણ અને ગુરુ એમ તેર અક્ષર તેમ જ બીજા અને ચોથા ચરણમાં બે નગણ, બે સગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.
૨. પું દુશ્મન.
૩. વિ. ઊંધું થયેલું.

વિમુગ્ધ ૧. વિ. ઉન્મત્ત; ઘેલું; પાગલ
૨. [સ વિ (વિશેષ) + મુગ્ધ (મોહ પામવો)]
વિ ગભરાયેલું, બાપુગ ચિત્તવાળું
૩. વિ બેસુધ
૪. વિ. શાંત; ભ્રમમાં પડેલું
૫. વિ. મોહપામેલું; મોહિત; આસક્ત

વિમુદ્ર ૧. [સં.] વિ. ખીલેલું; વિકાસ પામેલું.
૨. વિ. મુદ્રા વિનાનું

વિમૂઢ ૧ [સ વિ (વિશેષ) + મૂઢ (ગભરાયેલ)]
વિ અક્કલમઠ્ઠુ; નહિ સમજી શકે તેવી ઓછી અક્કલનું; મૂઢ બુદ્ધિ વગરનું, અત્યંત મૂઢ; જડબુદ્ધિવાળું; મૂર્ખ.
૨ વિ મૂર્છિત; બેસુધ, બેભાન
૩. વિ. મોહ પામેલું; ભ્રમિત.
૪. વિ. વિશેષ ગભરાયેલ.

વિમૂઢાત્મા [સં. વિ (વિશેષ) + મૂઢ + આત્મન્] પું. ભ્રમિત થયેલ મનુષ્ય

વિમૃત્યુ વિ અમર; મૃત્યુથી પર

યમે કહેલી નચિકેતને જે,
વિદ્યા વિધિ તે સહુ જાણી તેણે;
થયો **વિમૃત્યુ** વીર જે વળી તે,
થયો સહુ જે જન સાંભળે તે.

કઠોપનિષદ

વિમૃશકારી [સં. વિમૃશ્યકારિન્] વિ વિચારીને કામ કરનાર.

વિમોહા પું. નામપિંગળ માંહેનો માત્રામેળવાળો એ નામનો એક છંદ.

વિમોક્ષ ૧. [સં. વિ (વિશેષ) + મોક્ષ (મુક્તિ)] પું. છૂટું થવું તે; મોક્ષણ થવું તે; છુટકારો; સ્વતંત્રતા.
૨. પું. મુક્તિ; મોક્ષ.
૩ પું મેરુ પર્વતનું એક નામ
૪. પું. સૂર્ય કે ચંદ્રનું ગ્રહણથી છૂટવું તે.

વિમોક્ષણ [સં. વિ (વિશેષ) + મોક્ષણ (હેતુ તે)] પું. છૂટું કરવું તે; મુક્તિ દેવું તે; મુક્ત કરવું તે.

વિમોક્ષનિધિ [સં.] પું ધન સંચય; ઓષું કરવાનો અવેજ; રક્ષાનિધાન.

વિમોચન ૧. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ
૨. [સં. વિ (વધારે) + મુચ્ (છોડવું)]
ન. મુક્તિ; છુટકારો; છૂટું કરવું તે

વિમોચના [સં.] સ્ત્રી. તોડી નાખવું તે.

વિમોહ ૧. [સં.] ન. આસક્તિ.
૨. પું. બેસુધ થવું તે; બેહોશી
૩. પું. મોહ; અજ્ઞાન; ભ્રમ; ભ્રાંતિ.
૪. ન. એક નરકનું નામ.

વિમોહન ૧. ન. એ નામનું એક નરક.
૨. ન. કામદેવનાં પાંચ માંહેનું એક બાણ.
૩. ન. મોહ પમાડવાની ક્રિયા.
૪. [સં.] વિ મોહ પમાડે તેવું; મુગ્ધ કરે તેવું

વિમોહની વિ. સ્ત્રી. મોહ પમાડે તેવી.

વિમોહમયી વિ. સ્ત્રી. મોહથી ભરેલી. કવિ કાંતે એક કવિતામાં મૃત્યુને વિમોહમયી નગરી કહી છે

વિમોહા ૧ પું (પિંગળ) ત્રણગણની જાતનો એ નામનો એક છંદ. તેના દરેક ચરણમાં બે રગણ મળી ૭ અક્ષર હોય છે. તેને વિન્દહા,

વિન્નૈહા, અર્ધકમમોહિની, સાવિણી, રસાવલી, ચક્રમાલા, ભિન્નેદા, વિયોધા અને બીજા ૭૬ પણ કહે છે

૨. [સં.] વિ જો મોહ પામેલી; મોહવશ થયેલી.

વિમોહિત ૧. વિ તનમનની સુધ ભૂલેલું.

૨. [સં. વિ (વિશેષ) + મોહિત (મોહ પામેલું)] વિ. વિશેષ મોહ પામેલું

૩ મંને બહ કું તહ બીહસે ભિન બહા હો ! ન સુરષાપી મહાબાહો ! બહમાહેં વિમોહિત ?

નાનાલાલ

વિમ્લાયન ન. ધીમે ધીમે ચૂમડા ઉપર મર્દન કરી તેને નરમ બનાવવું તે

વિયણ ન. (જૂ. ગુ.) વેણ; વચન

વિહડ કરસ સાજણ વિયણુ. હરિદાસ

વિયત ૧. ન. શબ્દસ્પર્શ સાપેક્ષિક શબ્દ.

૨. [સં વિયત્] ન. આકાશ; વ્યોમ; નભ. અંબર પુષ્કર નામ **વિયત** અંતરીક્ષ ઘનવાસ, વ્યોમ અનંત વિહાયસ અરુ, સુરમગ ખં ખગવાસ.

પિંગળપ્રકાશ

વિયતિ ૧. પું. (પુરાણ) સોમવંશી નહુષ રાજાના છ માંહેનો પાંચમો દીકરો.

૨. ન. પક્ષી; પંખી.

વિયદ્ગંગા [સં.] સ્ત્રી. આકાશગંગા; સ્વર્ગ ગંગા; મંદાકિની

વિયન્મધ્ય ૧. [સં.] પું આકાશનો છોડ.

૨. પું. સૂર્ય

વિયમ ૧. [સં] પું દુઃખ; યાતના.

૨. પું. સંયમ.

વિયા સ્ત્રી. તળગરમી કે શિયાળાની ઠંડીથી હાથ પગની ચામડી ફાટી જઈ પડતો ઊંડો ચીરો; વાઢ.

વિયાખરી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત માત્રામેળ છંદ; ગાયત્રિ. તેના દરેક ચરણમાં સોળ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

વિયાજ્જ ન. વિયાવું તે; પ્રસવ થવો તે; પ્રસૂતિ, જન્મોત્તર; અવ્યે અવતરવું તે

વિયાણ ૧. ન. વિયાવું તે; વેતર

૨ વિ વિયાનું; જન્મ આપનું

વરસા વિયાણુ = વર્ષે વર્ષે વિયાનું એવું.

વિયાત ૧. વિ. પથભ્રષ્ટ; રસ્તે ભૂલ પડેલું.

૨ [સં.] વિ. બેશરમ; નિર્લજ્જ.

વિયાતણ વિ. સ્ત્રી. પ્રસૂતિવાળી

દુહી દસમો વેદ, સમજે તેને સાલે,
વિયાતણની વેદય, વાંઝણી શું જાણે ?

સોરઠી મીરાંબાઈ

વિયાન ન. (સિંધ) એક જાતનું દિવાળા પર. હસ્તિબાલ પરનું મુખ પૂર્વમાં હોય તો તે વિયાન નામનું પર કહેવાય. રાજવલ્લભ

વિયામ [સં.] પું. સંયમ.

વિયાર ૧. પું. આંટો

૨. પું. ઝાડાની હાજત.

૩. [સં. વિચાર] પું. (પ્રાકૃત) તર્ક.

૪. પું વિહાર કરવો તે.

વિયારભૂમિ સ્ત્રી. (પ્રાકૃત) જંગલ જવાની જગ્યા

વિયાવું [સ.] ક્રિ. કિ. બચ્ચાંને જન્મ આપવો; પ્રસવવું.

વિયુક્ત ૧. [સં. વિ (વિનાનું) + યુક્ત (જોડાયેલ)] વિ. જુદું પડેલું; છૂટું પડેલું.

૨. વિ. ભિન્ન; છૂટું; જુદું; નોખું; અલગ.

૩. વિ. વિનાનું; રહિત

૪. વિ. વિયોગ પામેલું.

વિયુક્તયોગી પું. (વેદાંત) અભ્યાસથી મનને વશ કરીને સર્વકાળ સમાધિમાં સ્થિત રહેનાર યોગી

વિયુક્તિ જા જુદું

વિયું ન છોકરું; બાળક; બચ્ચું; છૈયું.

મા વિયા સાંઢે નહિ = મા પોતાના સંતાનોને પણ મફ્રી દે. બાકરા જમાના વિષે બોલાય છે

વિયોગ ૧. પું. (ન્યાય) એ નામનો એક ગુણ. ગુણ ચોવીસ છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ,સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ

૨. પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

૩ [સં વિ (જુદું પડવું) + યોગ (સંબંધ)] પું. જુદા પડવું તે.

૪. પું. પક્ષીનો સમૂહ.

૫. પું. (ગણિત) બાદબાકી

૬. પું વલખાં; વિરહ; પ્રિયજનની જુદાઈ; વલખાંથી વેગળા હોવું તે; સંસર્ગનો અભાવ.

વિયોગચિહ્ન ન. (ગણિત) બાદબાકીની નિશાની; ઓછાની — બાદી નિશાની.

વિયોગણ સ્ત્રી વિરહિણી સ્ત્રી; વિયોગિણ.

અંગ સમારી અટારી ચઢું,
બાર રાત વહા વણ નાથ વણું;
નિત વિયોગણ હું રસનેગણ,
એ વરથી બહું ના વરવું.

નાનાલાલ

વિયોગપ્રમાણ ન (ગણિત) એ નામનું એક પ્રમાણ; 'ડિવિડેન્ડો'. ગણિતની પરિભાષા પ્રમાણે, બે ગુણોત્તર સરખાં આપેલાં હોય તો પહેલા ગુણોત્તરના બે પદના તફાવત અને બીજા પદનું ગુણોત્તર બીજા ગુણોત્તરના બે પદના તફાવત અને બીજા પદના ગુણોત્તરની બરાબર થશે જેમકે, $\frac{ક}{ખ} = \frac{ચ}{છ}$ હોય તો $\frac{ક-ખ}{ખ} = \frac{ચ-છ}{છ}$ થશે.

વિયોગવતી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં બે જગણ, નગણ ને સગણ એમ બાર અક્ષર હોય છે.

વિયોગવતી ૮૨ જ જ ન સ થી.

રત્નપિંગળ

વિયોગાત્મા પું. શિવનાં ડમરુ માંહેનું એક નામ.

વિયોગાસન ન એ નામનું એક આસન. તેથી બરોળ ઓછી થતી હોવાનું મનાય છે.

વિયોગાંત નાટક ન. કરુણાંત નાટક; દુઃખ પરિણામક નાટક

મીઠ વિયોગાંત નાટકોના સૂત્રધારો ઇસ્કીલસ અને સૉફોક્લીઝ તથા મીઠ સંયોગાંત નાટકોના ઉત્પાદકો ઇરાટજસ અને બ્યુરિપ્ટીડીઝ હતા સમજ મીઠ સાહિત્ય નિબંધન છે.

નૃસિંહરાવ વિદ્યારત્ન

વિયોગિની ૧. પું. (પિંગળ) સત્તાવીસવર્ગનો એ નામનો એક અર્ધસમ અક્ષરમેળ છંદ; વૈતાલીય; સુંદરી. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ત્રણ સગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે તથા બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨ સ્ત્રી. ચક્રવાક પક્ષિણી

૩. [સં. વિયોગ + ઇન્ (વાળું) + ઈ (નારી જાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી વિરહિણી; વિયોગણ; પતિથી જુદી પડેલી.

વિયોગિયું ન. એક જાતનું પક્ષી; ચક્રવાક.

વિયોગી ૧. પું. ચક્રવાક પક્ષી

૨. વિ. પ્રિયજનથી વિખૂટું પડેલું; વિરહી

વિયોજક ૧ પું (ગણિત) બાદ કરવાની સંખ્યા; ન્યૂનાંક; જે બે સંખ્યાનો તફાવત કાઢવાનો હોય તેમાંની નાની સંખ્યા

૨. વિ. છૂટું પાડનાર.

વિયોજન ૧ [સં] ન. છૂટું પાડવું તે

જન્મ એ પુનર્યોજનની ક્રિયા છે અને મૃત્યુ એ વિયોજનની ક્રિયા છે. સ્વામી વિવેકાનંદ

૨. ન. (ગણિત) બાદબાકી.

વિયોજિત [સં] વિ. છૂટું પાડેલું.

વિયોજ્ય ૧. [સં] ન. (ગણિત) અધિકાંક; જેમાંથી નાની સંખ્યા બાદ કરવી હોય તે સંખ્યા

૨. વિ. છૂટું પાડવા યોગ્ય

વિયોધા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. જુઓ વિમોહા.

વિરક્ત ૧. વિ. અનેક રંગવાળું

૨. [સં.] વિ. ઉદાસીન, બેદરકાર

૩. વિ. કંટાળેલું.

૪. વિ. બોકળું.

૫. વિ. વિષયવાસના રહિત.

૬ વિ. (વેદાંત) સંસાર ઉપરથી પ્રીતિ તદ્દ દૂર થયેલી હોય તેવું; વિરામ પામેલ; સંસારની આસક્તિ રહિત; વિરાગી, નિરપૃહ.

વિરક્તતા સ્ત્રી. ઉદાસીન હોવાપણું

વિરક્તપણું ન. વૈરાગ્યપણું; જુદાપણું.

વિરક્તમનું વિ. આસક્તિ રહિત મનવાળું

વિરક્તા વિ. સ્ત્રી. પતિથી જુદી રહેનારી

વિરક્તિ [સં] સ્ત્રી. વિરક્ત હોવું તે, ત્યાગ; સંસાર ઉપર અભાવ; વૈરાગ્ય; રાગ રહિતપણું.

વિરચન ૧. [સં.] ન. તૈયારી.

૨. ન. નિર્માણ; રચના.

વિરચના [સં.] સ્ત્રી. રચના; ગોઠવણ

આપણી જ આ વિષયમાં શિથિલતાને લીધે, આપણી કેળવણી ઉપર નકામા અભિનય જોડે પંડિત વિરચિત નાટકોનાં અંગોને કાપી નાખી કલાહીન બનાવી દીધેલી રચનાઓ કે વિરચનાઓ જોતાં આશ્ચર્ય નથી. કુ. સા. પરિષદ

વિરચવું ૧. જા. ક્રિ. કંટાળી જવું.

રામ વાત કહેતાં વિરચીયો,
અતિ અતિ કરમ વિકાર.
કેશવરાજ મુનિ

૨. સ. ક્રિ. રચવું; તૈયાર કરવું.

ઉમે બનાવી ઉત્તમ તુમે, વિરચો પુરણ ઉપાય.
મેઘરાજજી

૩. સ ક્રિ. શણગારવું; સજાવવું.

વિરચિત [સં.] વિ. રચેલું; બનાવેલું; તૈયાર કરેલું; સરજેલું.

વિરજ ૧. પું (પુરાણ) આઠમા સાવર્ણિ મન્વંતરના સપ્તર્ષિ પૈકીના એક પ્રકારના દેવ.

૨. પુ. (પુરાણ) ઋષભદેવ વંશના ત્વષ્ટા નામના રાજાને વિરોચનાથી થયેલો એક પુત્ર.

૩. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરમાના સપ્તર્ષિઓ માંહેનો એ નામનો એક ઋષિ.

૪ પુ. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૭. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના મરીચિ ઋષિનો એક પુત્ર.

૮. ન. પીપ; ધાતુ

૯. [સં વિરજસ્] વિ. કામવાસના વગરનું.

૧૦. [સં. વિ (વગરનું) + રજ (ધૂળ)] વિ. નિષ્કલંક; પાપ રહિત; નિષ્પાપ

હિરદયમાં મંદિરે વિરજ બ્રહ્મ નિર્મલ,
શુદ્ધ જ્યોતિની જ્યોતિ જે પામે છે આત્મવિદ તે.
મુંડકોપનિષદ

૧૧. વિ. રજોગુણ રહિત, રજોગુણથી પર

૧૨. વિ. સ્વચ્છ; નિર્મળ, રજ વગરનું

વિરજમાર્ગ [સં.] પું દેવયાનનો એક માર્ગ

વિરજા ૧ પુ. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એક ગ્રહ.

૨. પુ. (પુરાણ) એ નામનો એક સર્પ

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર. તેને ભીમે માર્યો હતો.

૪. પું. ભગવાન નારાયણે ઉત્પન્ન કરેલો એ નામનો એક માનસિક પુત્ર

૫. પું (પુરાણ) વાર્કણિના સાત માંહેનો છઠ્ઠો દીકરો.

૬. પુ શિવ

૭. પુ સપ્તર્ષિ, સાત માંહેનો એક ઋષિ.

૮. સ્ત્રી. એ નામની એક નદી

સાતેયની અંદર વિરજાના નીરમા નવાણે વાસ કરો
ભગવતી ભાગવત

૯ સ્ત્રી. એ નામની એક સૈવદીક્ષા. તેમા આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવાનું અને રુદ્રાક્ષ ધારણ કરી શિવમંત્ર જપવાનો હોય છે.

૧૦ સ્ત્રી કૃષ્ણની વહાલી ગોપી; રાધાની એ નામની એક ગિપ સખી

આજના મે તમને ચંદનના વનમા વિરજા નામની ગોપી સાથે રમણ કરતા જોયા હતા.
ભગવતી ભાગવત

૧૧. સ્ત્રી. જેનો અટકાવ ચાલ્યો ગયો હોય તેવી સ્ત્રી; ઋતુધર્મ વગરની સ્ત્રી; નહિ બોલાતી સ્ત્રી

૧૨ સ્ત્રી ગૌ, ઇલા

૧૩. સ્ત્રી યયાતિ રાજાની માતાનુ નામ

૧૪. સ્ત્રી શાંતિ.

૧૫. સ્ત્રી. (પુરાણ) સુરક્ષા નામના પિતરની કન્યા અને નહુષ રાજાની સ્ત્રી

વિરજાતીર્થ ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

વિરજામિત્ર પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતર માંહેના વસિષ્ઠ ઋષિને ઊર્જા નામની સ્ત્રીથી થયેલ સાત માંહેનો ત્રીજો દીકરો

વિરજાહોમ [સ.] પુ સન્યાસ લેતી વેળા કરવામા આવતો હોમ

વિરજી [સં.] પુ. એક જાતનું સુગંધીદાર મૂળ; વિરજાવાળો વેસા હોવાથી તે વાળાના નામથી ઓળખાય છે. તેની ટટ્ટીઓ અને બોજણ. વગેરે બને છે પાણી છાંટવાથી તે ઠંડક સાથે સુગંધ આપે છે

વિરજીવાળો જુઓ વિરાણ

વિરત ૧. પું (જૈન) પ્રત્યાખ્યાનના ચરણ કષાયના ક્ષયોપશમથી સર્વાંશે વિરતિ પ્રગટે છે તે.

૨ પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩ સ વિ + રિ (રિ) + રમ્ (રમવું)] વિ અટકી ગયેલું, બંધ પડી ગયેલું, વિરામ પામેલ; શાંત પામેલું; નિવૃત્તિ પામેલું, સમાપ્તિ કરેલ; આટોપેલ

હવે એવા કાયમથી મારી બુદ્ધિનો અભ્યાસ વિરત થયો છે.
સરસ્વતીચંદ્ર

૪ વિ વિરક્ત, વૈરાગી

૫. વિ. વ્રતધારી; વ્રતવાળુ

વિરતપ્રભા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, નગણ અને રગણ મળી બાર વર્ણ છે.

આ જ ન રેથી રચ વિરતપ્રભા. રત્નપિંગળ

વિરતવું જા. ક્રિ. પાછા ફરવું.

વિરતો તેહથી ઉમ કહી, કહે નામ કુમાર.
જિનહર્ષ

વિરતાવિરત ન આત્મિક સ્થિતિનાં ચૌદ માંહેનું એક ગુણસ્થાનક, દેશવિરતિ, જેમાં સમ્યગ્દર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે તે અવસ્થા

વિરતિ ૧ સ્ત્રી અટકવું તે

૨ સ્ત્રી. ત્યાગ; નિવૃત્તિ; વૈરાગ્ય

૩ સ્ત્રી પાપ કરવું ન

૪ સ્ત્રી જીવ પ્રાપ્તિ છોડીને આરંભ લેવો ન, વિરામ, સમાપ્તિ, નિવૃત્તિ.

૫ સ્ત્રી (પિંગળ) યતિ; વિરામ

૬ સ્ત્રી. વિકૃતિ

૭. સ્ત્રી. વિષયવાસના છોડવી તે.

૮ સ્ત્રી. વ્રત, નિયમ

વિરતિકલ્પ પુ (પિંગળ) એ નામનો એક વર્ણવૃત્ત છંદ વિરતિકલ્પો તેના દરેક ચરણમાં છ નગણ અને ગુરુ રગણ મળી સત્તાવીસ અક્ષર હોય છે

વિરતિક્રત ન કરિયાતું

વિરતિભવન ન. વિશ્રામસ્થાન; આરામભૂમિ.

વિરતિમહતિ પુ (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, બે નગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે

ત ના ન ય થી **વિરતિમહતિ** છે

રઘુપિંગળ

વિરત્થ [સ અર્થ] ન, અસત્ય

મિથ્યા મોહ મૃષા અનૃત અર્થ અલ્લ **વિરત્થ**. વારી અહં તુજ પતિ ઉપર, બોલો નહિ **વિરત્થ**.

પિંગળપ્રકાશ

વિરત્યંકન ન. વિરામચિહ્ન

વિરથ [સં. વિ (વગરનું) + રથ] વિ. રથ વગરનું.

નિમિષ જાયમા રામલક્ષ્મણે કીધો **વિરથ** રાય.

પ્રેમાનંદ

વિરથ સ્ત્રી. એક જાતની લતા.

વિરમણ ૧. [સં.] ન. અટકવું તે; રમણ કરવું તે; રોકાવું તે

૨. ન રમ.ગ

૩. ન. વિમુખતા; દૂર રહેવું તે.

૪. ન. સભોગ; વિલાસ

વિરમવું ૧. અ. ક્રિ. અટકવું; થોભવું; ક્રમ કરતા બંધ પડવું; નિરાંતે બેસવું; નિવૃત્ત થવું રમવું; આરામ લેવો; વિરામ કરવો

૨. અ ક્રિ. દૂર થવું; હઠવું

૩. અ ક્રિ. શાંત પામવું

વિરયા પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ તેના વિષમ પદમાં ૧૬ અને સમ પદમાં ૭ માત્રા હોય છે અને દરેક દલમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭ અને ૨૧ માત્રાએ તાલ આવે છે

વિરવિકલ્પો જુઓ વિરનિકલ્પ.

વિરસ ૧. પું (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કટિકા. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, ભગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.

આમ **વિરસ**માં ભા સ ભ ગા. રઘુપિંગળ

૨. [સં.] ન. દહીં

૩ વિ. અનેક; અખંડ; અપૂર્વ

૪. વિ અલૌકિક; અસાધારણ.

૫ વિ. અલ્પ; થોડું.

૬. વિ. અવકાશવાળું

૭. વિ. ઠોમળ; નાનું, નાજુક.

૮. વિ. છૂટુછવાયું; છૂટુંછૂટું

૯. વિ. નિર્જન.

૧૦ વિ. મહા મુશ્કેલીએ મળી શકે એવું, અહુ જ મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકાય તેવું, દુર્લભ.

૧૧. વિ. સુંદર; સારું; શ્રેષ્ઠ; ઉત્તમ.

વિરસતા ૧. સ્ત્રી. ઓજપણું; ઓછપ.

૨. સ્ત્રી. દુર્લભતા; વિરલ હોવાપણું.

૩. સ્ત્રી નિર્જનતા.

૪. સ્ત્રી ન્યૂનતા; અલ્પતા.

વિરલત્વ જુઓ વિરલતા

વિરલવાયુ પું. એ નામનો એક વાયુ.

અવસ્ત **વિરલવાયુ** અંદર એમ હોય છે તેમ તેઓ છૂટા ફરતા હોવા જોઈએ.

ગુજ. જ્ઞાનકોષ.

વિરલવિરામા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; **વિરલવૈરામ**. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, એક ભગણ અને ગુરુ એમ નેર અક્ષરો હોય છે. આ છંદ અનિજાતી છંદનો એક ભેદ છે

વિરલવૈરામ જુઓ વિરલવિરામા.

વિરલા ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વીરલા. તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં સગણ, નગણ, જગણ અને રગણ મળી બાર વર્ણ છે

વિરલા રથ સ ન જ ર આણીને. રઘુપિંગળ

૨ સ્ત્રી. દીકરવો

૩. વિ. સ્ત્રી. વિરલ; જેની ઉપમા ન આપી શકાય તેવી

વિરલાવવું અ. ક્રિ. (પ્રાકૃત) ચોળાવવું; વિલાપ કરવું

વિરલીકરણ [સં.] ન. પાતળું કરવું તે; સૂક્ષ્મતા; વિરલીભવન; તન્વીકરણ; હલકું બનાવવું તે

વિરલીકૃત વિ. પાતળું કરેલ

વિરલીભવન જુઓ વિરલીકરણ

વિરલું જુઓ વિરલ ૭–૧૧

વિરલોદ્ગતા પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, જગણ અને સગણ એમ બાર અક્ષર હોય છે.

આ છ એ સે **વિરલોદ્ગતા** રચ જાણે. રઘુપિંગળ

વિરવણ ન વિરલવાળો; એ નામનું એક સુગંધીદાર મૂળ; વિરણ.

વિરવિમાન પુ (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ૭ નગણ અને બે ગુરુ મળી ૨૦ વર્ણ હોય છે.

વિરસ ૧. પું કાવ્યમાં રસભંગ થયો તે

૨. પું. (સંગીત) ગાયકના મુખ્ય ચૌદ મહેના એક દોષ; રસ વિનાનું ગાવું તે.

૩. પુ. રસભંગ

૪. પુ (સંગીત) રસ વિના ગાનાર ગવૈયો

૫. પુ રસવિહીન કાવ્યના પાંચ માહેનો એક ભેદ.

૬. વિ. અપ્રિય; અરુચિકર.

૭ વિ રસ વગરનું; રસહીન; નીરસ.

૮. વિ વિષણ્ણ; ઉદાસ; ખિન્ન

૯. ન. સ્વાદ વગરનું; બેસ્વાદ.

વિરસતા ૧. સ્ત્રી. ઊભી ભોરિંગડી.

૨ [સ સ્ત્રી. રસહીનપણું, વિરસ હોવાપણું.

વિરહ ૧ [સ.] પું. અભાવ.

૨. પું તજવું તે; છોડવું તે.

૩. પું. પ્રિયજનના સહવાસ વગર થતી લાગણી, પ્રિયજનનો વિયોગ.

૪. પુ ભક્તિમાર્ગમાં દર્શાવેલી એક અવસ્થા. ભક્તિમાર્ગમાં પહેલા પૂર્વરાગ, પછી મિલન, પછી વિયોગ અને વિરહ અને ને પછી કાયમનું પુનર્મિલન એમ ઉત્તરોત્તર અવસ્થા આવે છે

૫. પું. વિરહ.

૬. પું. વિયોગનાં દુઃખનું વર્ણન કરતું ગીત; શોકગીત

૭. પુ શૃંગાર રસની વિપ્રલંભ નામની એક અવસ્થા. તેના દસ પ્રકાર છે: (૧) ચિંતા, (૨) જાગરણ, (૩) ઉદ્વેગ, (૪) કૃશતા, (૫) મલિનાંગતા, (૬) પ્રલાપ, (૭) જડતા, (૮) ઉન્માદ, (૯) મોહ અને (૧૦) મૃત્યુ.

૮. ન. એ નામનું એક વૃક્ષ. વિરહ નામના વૃક્ષની સૂકી ડાળીને કાપી માટીમાં રોપવી કુમારપાલના ગવૈયા સોલ્લાકે શુદ્ધ મલ્હાર રાગ ગાયો. એટલે તે ડાળીને પાંદડાં આવ્યા તે ઉપરથી મહારાજાએ તેને બાર ગામ ઇનામમાં આપ્યા.

વિરહકાવ્ય [સં.] ન. વિરહ ઉપર લખાયેલું કાવ્ય; જેમાં વિરહની વેદનાનું આલેખન થાય તેવું ગીત.

વિરહગીત જુઓ વિરહકાવ્ય.

વિરહજ્વર [સં. વિરહ + જ્વર (તાવ)] પું. પ્રિયજનના સહવાસ વગર થતું દુઃખ કે આવતો તાવ; વિયોગની વેદનાથી ચઢતો તાવ, જુદાઈ કે વિયોગથી થયેલો જ્વર.

વિરહણા સ્ત્રી. (જૈન) ભંગ પાડવો તે; વિરાધના.

વિરહવિરહસ્વ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, નગણ, તગણ, યગણ, નગણ, નગણ, સગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.

આ ન છે ન ત પર ધન પૂર્ણ નસ,
અન્તે ય પદ વિરહવિરહસ્વ. ઇન્દુપિંગળ

વિરહવ્યથા [સં] સ્ત્રી. વિયોગની વેદના.

વિરહવ્યાકુલ [સં.] વિ. વિરહથી આકુળ થયેલ.

અહો સ્થિતિ વિરહવ્યાકુલ રાધિકાની;
ઉન્માદમા પ્રલપતો નહિ ક્યાંય શાન્તિ. રાસસોપાન

વિરહાગ્નિ [સં. વિરહ (વિયોગ) + અગ્નિ (દેવતા)] પું. વિરહરૂપી અગ્નિ; વિયોગરૂપી અંગારા; સ્નેહીના વિયોગથી થતો પરિતાપ; વિરહાનલ.

વિરહાતુર [સં.] વિ. વિયોગથી અકળાયેલું, પ્રિયજનને મળવાને અધવાતું; વહાલાની જુદાઈથી આકુળ; પ્રિયજનને મળવાને આતુર.

વિરહાનલ જુઓ વિરહાગ્નિ.

વિરહાવસ્થા [સં.] સ્ત્રી. વિયોગ હોય તે સ્થિતિ.

પાઠશાળામાં જૂજવાર રજા અને પ્રીતિ રજાથી કરેલાં અંગ્રેજી તથા સંસ્કૃત કાવ્યોનો રસિક અભ્યાસી પતિ આવા પત્રોનો રસ લોગવતો અને આવા સાધન દ્વારા અભ્યાસ સમયની વિરહાવસ્થા જે પતિ પત્નીનો સ્નેહ બહો વધાર્યો. સરસ્વતીચંદ્ર

વિરહાશ્રુ [સં. વિરહ (વિયોગ) + અશ્રુ (આંસુ)] ન. અંગતનું કોઈ જુદું પડતા આવતાં આંસુ.

વિરહાશ્રુજળ [સં. વિરહ (વિયોગ) + અશ્રુ (આંસુ) + જળ (પાણી)] ન. વિયોગને લીધે પડતાં આંસુનું પાણી

રમે ચંદ્ર ઢુલાઓ સજલ વાદળે રે।
પ્રેમી કુમુદ ઢુલાણી વિરહાશ્રુજળે રે.
સરસ્વતીચંદ્ર

વિરહિણી ૧. [સં.] સ્ત્રી. પ્રકાર.

૨. સ્ત્રી. પતિથી જુદી પડેલી સ્ત્રી, વિયોગવાળી સ્ત્રી; પતિ વિયોગથી બાળાતી ને સંતાપને આતુરતાથી ઝંખતી સ્ત્રી. રતિશાસ્ત્રમા સ્ત્રીને છે પ્રકારે, જે સ્ત્રી શરીરે કૃશ બનવાથી ક્ષીણી દેખાય છે, જરા વાકી વળેલી ને ઢાળી પડેલી છે, તેમજ જેનાં અંગો શિથિલ પડી ગયાં છે, તે સ્ત્રી પતિથી દૂર રહેલી સમજવી.

૩. સ્ત્રી. જાદુ.

૪ [સં વિરહ (વિયોગ) + ઇન્ (વાળુ) + ઈ (નારી જાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. પતિથી દૂર પડેલી જુદાઈવાળી વિયોગિણી; પ્રિયના વિરહવાળી.

વિરહિત ૧. [સં. વિ (વિશેષ) + રહિત (વિનાનું)] વિ. વિયોગી; પ્રિયજનથી વિખૂટું; તજેલ.

૨. વિ. વિહોણું, વિનાનું.

વિરહી ૧. પું. વિરહવાળો પુરુષ.

હા, હું એ પરદેશી એક વખતે વહાલા! મળ્યો તા હતો, વહાલાના વિરહી અગ્નિ હૃદયને ચારી રહ્યો ત્યાં હતો. કલાપી

૨. [સં. વિરહિન્] વિ. વિરહવાળું; વિયોગી, જુદું પડેલું; વિયોગી; જુદાઈનું.

સુખીનું કે વનિત વિનાનું બધા છે પ્રેમ જોવા,
તો હવેનું મુ વિરહી બનનુ કેમની મોહિ વહાવા!
પ્રેમદૂત

વિરહોત્કંઠ સ. વિરહ + ઉત્કંઠા (ઇચ્છા)] વિ. વિયોગથી પીડાતું, જેને વિયોગ સાલતો હોય તેવું.

વિરહોત્કંઠિતા ૧. સ્ત્રી. પ્રેમીના વિરહથી પીડાતી સ્ત્રી; વહાલાના વિયોગથી પીડાતી પ્રિયા

૨. [સં. વિરહ + ઉત્કંઠિતા (ઉત્કંઠાવાળી)] સ્ત્રી (કાવ્ય) વિરહને લીધે પતિને મળવા ઉત્કંઠિત બનાતી હોય તેવી નાયિકા.

વિરહોન્મત્ત [સં. વિરહ + ઉન્મત્ત] વિ. વિરહવેદનાથી ગાંડુ.

વિરહોન્મત્તદશા [સ] સ્ત્રી. વિરહથી ઉન્મત્ત સ્થિતિએ આવેલી દશા.

વિરહોર્મિકાવ્ય [સં.] ન. વિયોગ દુઃખનું વર્ણન કરતી કવિતા.

લાગી એકેશ્વરે માટે ગુજરાતીમાં ઇષ્ટપ્રશસ્તિ શબ્દ વાપરવામા આવેલો છે. તે પ્રશસ્તિ શબ્દનો ઉપર દર્શાવેલો ઐતિહાસિક અર્થ સંભારતાં અનુચિત લાગે છે. ઇ. ૬ ઇ.એ વાપરેલું વિરહ નામ, સંસ્કૃત સાહિત્યમાં બહોળું નામ વિલાપ કે વિરહોર્મિકાવ્ય કે કલાકાવ્ય, એનું નામ એવા અસમતિ દોષથી તો મુક્ત છે. બળવંતરાય ઠાકોર

વિરંગ ૧. સ્ત્રી એ નામની એક ઔષધિ.

૨. ન. ધડિયાળ

૩. વિ અનેક રંગનુ.

૪ વિ બદસૂરત રંગનુ

૫ [સ] વિ રંગ વિનાનું.

વિરંગી [સ. વિ (વિનાનું) + રંજ્ (રંગવું) + ઘન્ (વાળું)] વિ. રંગ વગરનુ.

વિરંચ [સં] પું બ્રહ્મા.

વિરંચિ [સં.] પું બ્રહ્મા; સ્રષ્ટા, પ્રજાપતિ.

વિરંજકચૂર્ણ ન. ક્લોરિયમ અથવા ક્લોરીનનો ક્ષાર. તે ધોબી ધોકો કપડાનો રંગ ઉડાડવા માટે વાપરે છે

વિરંજત પું. (સંગીત) એ નામે એક ચતુસ્સજાતિ બાર માત્રાનો તાલ. તેમાં તાલસ્થાન અનુક્રમે, ૧, ૩, ૫, ૯ માત્રા ઉપર છે. ઠોકડીના બોલ. સમ ખિના[૧], ખિના[૨], ધા ખિનાકિટ તક[૩] ધા ખિનકિટ તક[૪] છે.

વિરંજન ૧. પું. (પિંગળ) માર્તંડની જાતનો એ નામનો એક માત્રાદંડક છંદ. તેમાં બાવીસ ગુરુ, બાવન લઘુ મળી ચુમોતેર અક્ષર હોય છે.

૨. ન. કોરાં લૂગડાં રાસાયણિક વસ્તુથી નિખારવાની ક્રિયા; કપડાનુ નિખારવું તે

વિરંજનશાળા સ્ત્રી. કોરાં લૂગડાં નિખારનારું કારખાનું

વિરામ ૧. [સ] પું. (વેદાંત) આ લોક અને પરલોકના પદાર્થોના ભોગોમાં અરુચિ.

૨. પું. (સંગીત) એકમેક થયેલ બે રાગ; એક રાગમાં બીજા રાગ જણાય હોય તે

૩. પું. વાસનાનો ક્ષય.

૪. પું. સંસાર ઉપરનો પ્રેમ ઊડી જવો તે; વૈરાગ્ય; રાગનો અભાવ; ત્યાગ; અપ્રીતિ; દુનિયાની વસ્તુઓનો ત્યાગ; સન્યાસ.

૫. વિ રંગ વિનાનું; નિસ્તેજ.

વિરાગિણ વિ. સ્ત્રી. વિરાગવાળું.

વિરાગી ૧. [સં. વિરાગિન્] પું. ત્યાગી માણસ; સાધુ; સન્યાસી

૨. વિ રાગદ્વેષ દૂર થયા હોય તેવું; ભાવ જતો રહ્યો હોય તેવું.

૩. વિ. વિચિત્ર રંગવાળું.

કસ્તૂરી ચોળી લગાડું વિરાગી. પ્રેમાનંદ

૪. વિ. સંસાર ઉપરની માયામમતા વગરનું; આસક્તિનો જેને અભાવ હોય તેવું; ત્યાગી; વિરાગવાળું; વૈરાગ્યયુક્ત.

વિરાજ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા. તે અવિક્ષિતનો પુત્ર હતો

૨. [સં. વિરાજ્] પું. એક પ્રકારનો વૈદિક છંદ

વિષ્ણુના સ્તોત્રોમાં ત્રણાવરી વિરાજ છંદ સિવાય બીજો પણ એકપદા નથી. પુરાતત્ત્વ

૩. પું ક્ષત્રિય

૪. પું. પક્ષીઓનો રાજા ગરુડ.

૫. પું બ્રહ્માંડાત્મક સ્થૂલ દેહ.વિરાટની અધિષ્ઠાત્રી, વિરાટ પુરુ

૬. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. તે ભીમને હાથે મરાયો હતો.
૭ પુ સ્વાયંભુવ મનુ.
૮. સ્ત્રી સરસ્વતી.
૯. વિ. રાજા વગરનું, અરાજક.
૧૦. વિ શોભાયમાન; વિશેષ દીપતું.
મહારાજાધિરાજ વિરાજ રાજાનુંયે માંહે કામ. પ્રેમાનંદ

વિરાજકીય [સં] વિ. અરાજકીય.

વિરાજત ૧. વિ. ભવ્ય
૨. વિ. સુંદર

વિરાજમાન ૧. વિ. પ્રકાશિત.
૨. વિ બિરાજેલું. બેઠેલું કે હાજર એ અર્થમાં માન બતાવવા વપરાય છે
૩. વિ. ભવ્ય; સુંદર.
૪. [સં. વિ (વધારે) + રાજ્ (પ્રકાશવું)] વિ. સુશોભિત; દેદીપ્યમાન; શોભાયમાન; ભભકવાળું

વિરાજવું ૧. [સં.] અ. ક્રિ. પ્રકાશવું; ભભકદારપણે ચમકવું.
૨. અ ક્રિ. બેસવું; બિરાજવું.
૩. અ. ક્રિ. દીપવું; દીપવું; ખીલવું; સારું દેખાવું.

વિરાજિકરા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, યગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે
વિરાજિકરા જ ના માંગે. ઇન્દ્રપિંગળ

વિરાજિત ૧. પું. વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અજગણ,ભગણ; સવાર્ઇ. તેમાં નગણ, બે જગણ, લઘુ અને ગુરુ મળી ત્રેવીસ વર્ણ હોય છે.
૨ [સં. વિ (વધારે) + રાજ્ (પ્રકાશવું)] વિ શોભતું, સુંદર લાગતું; સુશોભિત; પ્રકાશિત.

વિરાટ ૧. [સં.] પું. ઊંચાઈવાળા ઈશ્વરનો માયાદિ દેહ, વિશ્વરૂપે ઈશ્વરનો દેહ; ભગવાનનું મોટામાં મોટું સ્વરૂપ.
નાભિ તમારી નભ, અગ્નિ આસ્ય,
ને વારિ છે વીર્ય, સુગીર્ણ સ્વર્ગ;
ને સૌ દિશા કર્ણ, પ્રસાદ ઉર્વી,
ને ચંદ્રમા છે મન આપ કેરું.
ને સૂર્ય છે ચક્ષુ, સમુદ્ર પેટ,
અહમા અહંકાર, સુરેન્દ્ર બાહુ;
રોમાવલિ ઔષધિઓ તમારી,
છે કેશ મેઘો, મતિ છે વિરંચિ;
પ્રજાપતિ શિશ્ન, સુધર્મ હૈયું,
અધા તમે અવ્યયરૂપ, લોકો;
તેનાં મુખો ચર્ચિત છો વિરાટ,
અગમ્ય છે આપતણી મહત્તા. વિરાટસ્વરૂપ

૨. પું. એ નામનો એક દેશ; મત્સ્ય દેશ.
૩. પું. (સંગીત) એક જાતનો તાલ.
૪. પું. પચીસ તત્વોનું સુમેલન; મનુષ્ય.
૫. પું. (પિંગળ) પંક્તિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.
મા સા જ મ ગણે વિરાટ છે. ઇન્દ્રપિંગળ
૬. પું. પ્રાચીન સમયમાં હિમાલયની ઉત્તરે વસતા ઉત્તરકુરુ નામના લોકોના રાજા.
૭. પું. મૈત્રાવરુણ દેવતામાંથી ઉત્પન્ન થયેલો એ નામનો એક ઋષિ
૮ પુ (પુરાણ) વિરાટ દેશનો રાજા. પાંડવો તેના દેશમાં અજ્ઞાતવાસ રહ્યા હતા અને તેમણે પોતાનાં નામ અને રૂપ પણ બદલી નાખ્યાં હતાં. આ વિરાટને સુરથા અને સુદેષ્ણા નામની બે સ્ત્રીઓ હતી. સુદેષ્ણાને પેટે ઉત્તરકુમાર અને ઉત્તરા નામે કન્યા થઈ હતી વિરાટનો સાળો કીચક પાંડવોને હાથે મરાયો હતો. દુર્યોધને સુશર્મા રાજા પાસે વિરાટના મોંધેરનું હરણ કરાવ્યું અને પોતે ઉત્તર તરફ સૈન્ય લઈને ગયો; પણ પાંડવોની સહાયથી તેમનો પરાજય થયો. પાછળથી પાંડવો જતા રહ્યા ત્યારે વિરાટ રાજાએ ઉત્તરાને અભિમન્યુ સાથે પરણા.
૯. પું. વિશેષ રીતે રાટ પાડી જે શત્રુઓની અભિમુખ થાય તેવો પુરુષ; શત્રુઓને ભગાડે કરાવે તેવો પુરુષ. આ શબ્દ રાજ્ ધાતુનો બનેલો છે.
૧૦ પુ વૈદિક કાળના ચાર મોટા પ્રકારના જે છંદના જેટલા અક્ષર હોય, તેના કરતા બે બે અક્ષર ઓછા હોય, તો તે વિરાટ છંદ થાય છે.
૧૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૧૨. પું. શુક્રનીતિમાં બતાવેલો રાજાનો એક જાતનો દરજ્જો
૧૩. પું. સચ્ચિદાનંદના ચિત્ અંશનો આભાસ. તે ચાર પ્રકારનો છે: સાક્ષી, ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ
૧૪ પુ સમષ્ટિસ્થૂલોપાધિનું અભિમાની ચૈતન્ય. જેમ સૂર્યનું પ્રતિબિંબ શુદ્ધ જળ ઉપર, શુદ્ધ જળપરના તે પ્રતિબિંબનું પરાવર્તન કોઈ ધાતુના ચળકતા પતરા પર અને તેનું પુનઃ પરાવર્તન ચૂનો દીધેલી ભીંતી પર થાય છે તેમ જીવનું પ્રતિબિંબ માયામાં પડે છે અને માયોપાધિત જીવનું પરાવર્તન સમષ્ટિસ્થૂલ ઉપાધિમા થાય છે. માયોપાધિત ચૈતન્યને ઈશ્વર, સમષ્ટિસૂક્ષ્મ શરીરના અભિમાની ચૈતન્યને હિરણ્યગર્ભ અને સમષ્ટિસ્થૂલોપાધિના અભિમાની ચૈતન્યને વિરાટ કહે છે. પ્રત્યગ્ચૈતન્યનું પ્રતિબિંબ અવિદ્યામાં પડે છે તે પ્રાજ્ઞ, પ્રાજ્ઞનું વ્યષ્ટિસૂક્ષ્મોપાધિમાં પરાવર્તન તે તેજસ અને તેજસનું પુનઃ પરાવર્તન વ્યષ્ટિસ્થૂલોપાધિમાં થાય છે તે વિશ્વ કહેવાય છે. આ ચાર દર્શાવનારો સાંકેતિક અક્ષર ૐ છે, તેથી જ તેને શબ્દબ્રહ્મ કહે છે.
૧૫ ન. પ્રજાતંત્ર રાજ્ય.
૧૬. ન. બ્રહ્માંડ.
૧૭. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના ડાબા પગની આંગળીઓ પડી હતી.
૧૮. ન. મહાભારતના આઠ માંહેનું એક પર્વ.
૧૯. વિ. વિશાળ; મોટું; ભવ્ય; મોટા કદનું; બહુ જ મોટું

વિરાટકાય [સં.] વિ. મોટી કાયાવાળું.

વિરાટકાયી [સં.] વિ. મહાન દેહવાળું; મહાકાય

વિરાટકાવ્ય [સં.] ન. મહાન કાવ્ય. કવિ નાનાલાલ કહે છે કે: ' દલપતકાવ્ય, એ રામાયણ નથી કે મહાભારત નથી. જગતમાં એ વિરાટકાવ્યો સૈકાઓથી સંસારી સરજે છે. એ 'પ્રત્યવિરાટકવ્યોએ સરજ્યું છે એથી તો અધિકૃત માત્ર કૃષ્ણ, બુદ્ધ, જરથુસ્ત્ર, ખ્રિસ્ત, મહમ્મદ અને કોનફ્યુશિયસે સરજ્યું છે. વ્યાસ, વાલ્મીકિ, હોમર અને ફિરદોસીઓ સંસ્કૃતિઓ સરજી; ગીતા, ઉપનિષદ, ધમ્મપદ, બાઇબલ, અવસ્તા અને કુરાન એમનું તો માનવવરાના નવમાનસ સરજ્યાં છે. એ પયગમ્બરમંડળે તો સૈકાઓથી કરોડોને ઘડ્યા છે. એ સૌ જગત્પ્રેરણાઓ હતી; વિશ્વ અજવાળતા એ વિશ્વદીપો હતા.

વિરાટજ ૧. પું. બિહારમાંથી નીકળતો એક ઝાડની જાતનો હીરો
૨. વિ વિરાટ દેશમા જન્મેલ.

વિરાટદર્શન ન. મોટું સ્વરૂપ જોવું તે.
પૃથ્વીને પણ એક મધુ દ્રવ્ય બનાવી દે એવા વિરાટ આકારની સમગ્રસૃષ્ટિ રચતા રહ્યા તે પૃથ્વીના જ એક અણુમાં રહેલું સૂક્ષ્મ જગત, બે એકનું વિરાટદર્શન વિજ્ઞાને હવે સાકાર બનાવ્યું છે. હરિલાલ પંડ્યા.

વિરાટદેહ પું. મહાન દેહ.
પંચીકૃત ભૂતમાંથી વિરાટદેહ થાય છે, તે અન્નમાનો સ્થૂળ દેહ કહેવાય છે.
ભગવતી ભાગવત

વિરાટનગર ૧. ન ધોળકાનું પ્રાચીન નામ.
૨. ન. મત્સ્યપુર; વિરાટદેશનું મુખ્ય શહેર; હાલનું જયપુર

વિરાટપુરુષ ૧. પું. અધિપુરુષ; ક્ષેત્રજ્ઞ; સર્વવ્યાપી આત્મા; વિશ્વપુરુષ. આદિપુરુષથી દેહાભિમાની અત્યંત તેજસ્વી વિરાટપુરુષ પેદા થયો સર્વપ્રાણી સમષ્ટિરૂપ બહ્માંડદેહ વિરાટ કહેવાય છે. જે આ વર્તમાન જગત છે તે સર્વપુરુષ જ છે. આ જ રીતે ભૂતજગત કે ભવિષ્યજગત પણ તે પુરુષ જ છે, એટલે કે આ વર્તમાનકાળમાં જે કાંઈ પ્રાણી દેહાદિ છે, તે સર્વ એ વિરાટ પુરુષના જ અવયવો છે. એ જ રીતે ભૂતકાળમાં જે કંઈ હતાં ને ભવિષ્યકાળમાં જે કંઈ થવાનાં છે તે સર્વ એ પુરુષરૂપ જ છે. વળી જે કંઈ અમૃતરૂપે દેવત્વ છે તેના ઈશ પણ તે પુરુષ છે પ્રાણીમાત્રના ભોગ્યરૂપ જે અન્ન છે તેના નિમિત્ત કે કારણભૂત હોવાથી આ દૃશ્યમાન જે જગત છે તે તે પુરુષાધીન છે. તાત્પર્ય કે, ભૂત, વર્તમાન ને ભવિષ્યરૂપ જે જડ તત્ત્વ છે તે પણ તે પુરુષ છે, ને અન્નથી વૃદ્ધિ પામે છે તે ચૈતન્યસ્વરૂપ પણ તે જ છે. વળી અમૃત રૂપી પત્નીથી સ્તવાઈ રહેલ દેવત્વનો જે તે ઈશ છે. આટલો આ પુરુષનો મહિમા છે, પણ તે કંઈ તે પુરુષનું ખરું સ્વરૂપ તો નથી જ વસ્તુતઃ તે પુરુષનો મહિમા તો તેથી યે અતિશય અધિક છે. સર્વ લોકો આ પુરુષનો ચતુર્થાંશ છે, એટલે કે ત્રણે કાળમાં પ્રવર્તતા પ્રાણી માત્ર આ પુરુષનો ચોથો ભાગ છે અને બાકી રહેલ ત્રણ ભાગ અમૃત એટલે અવિનાશી રૂપે સ્વપ્રકાશી આકાશમાં છે. એટલે કે, બાકી રહેલ પોણો ભાગ આકાશમાં દિવ્ય અને અમર બની પ્રકાશી રહેલ છે. સત્ય, જ્ઞાન અને અનંત બ્રહ્મ વચનાનુસાર પરબ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ આપણું અજ્ઞાત છે, છતાં આ જે કંઈ જગત દૃશ્યમાન છે તે તો માત્ર તે પુરુષનો ચોથો ભાગ છે અને બાકીનો દિવ્ય પોણો ભાગ અનિર્વચનીય છે. વિવિધ પદાર્થોની રાજમાન તે વિરાટ પુરુષમાં અનંત પદાર્થ શોભે છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, નક્ષત્ર આદિની પ્રકાશ એમાં કોઈને તે વિરાટ કહેવાય છે. એટલે કે બ્રહ્માંડ એ શરીર, સૂર્યચંદ્ર તે નેત્ર, વાયુ તે પ્રાણ, પૃથ્વી તે પગ એવો આ વિરાટપુરુષ છે. પ્રજાપતિના પ્રાણરૂપ દેવ એટલે વિરાટરૂપ પુરુષ સહસ્ર માત્રથી ઉદ્ભવ્યા. તેના મુખના સામર્થ્યથી બ્રાહ્મણો, બાહુના સામર્થ્યથી ક્ષત્રિયો, સાથળના સામર્થ્યથી વૈશ્યો અને પદના સામર્થ્યથી શૂદ્રો ઉત્પન્ન થયા. જેમ એક શરીરના શિર, બાહુ, જંઘ અને પગ એ ચાર અવયવ હોય છે તેમ બ્રાહ્મણ વગેરે ચાર અવયવ નારાયણનો અખંડ એક દેહ છે. એટલા માટે જે સેવા કરવાની છે તે અખંડ ભાવથી કરવી જોઈએ કોઈ વર્ણ પોતાને બીજાથી જુદા ન સમજે, પરંતુ ચારે વર્ણ મળીને આપે બધા પરમાત્માના વિરાટદેહના અવયવ છીએ એમ સમજીને અનન્ય ભાવથી સમાજની સેવા કરે પરમાત્માની સાચી સેવા, ઉપાસના અથવા યજ્ઞ જે કહો તે આ માનવસમાજની જ સેવા છે.

૨. પું. બ્રહ્મા; પ્રજાપતિ.

૩. પું. મહાન દેખાવવાળા પ્રભુ. તેની બ્રહ્મા, અંતર્યામી, સૂત્રાત્મા અને વિરાટ એવી અવસ્થા છે

વિરાટમુખ જ. ઓજણીસની મુખ્યા સ્ત્રીઓ સાર્વત્રિક શબ્દ

વિરાટશરીર ૧. ન. બ્રહ્માંડરૂપી શરીર. તેમાં સ્થાવર જંગમ સર્વ લોક રહેલા છે

૨. વિ. સૃષ્ટિ સ્વરૂપી; વિશ્વરૂપે પ્રગટ થયેલ.

વિરાટસ્વરૂપ ૧. ન. પરમેશ્વરનું સર્વવ્યાપી જગત સ્વરૂપ; વિશ્વરૂપે ઈશ્વરનો દેહ

૨. ન. મોટો દેખાવ.

વિરાટી સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની પાંચ માંહેની એક રાગિણી.

વિરાઠપ પું. (પુરાણ) તે નામના એક ઋષિ

વિરાડલય પું. (સંગીત) ધ્રુવ અને ઝુમરા લય મળીને થતો એક પ્રકારનો લય.

વિરાડાત્મા પું. વિશ્વનો મુખ્યાભિમાની પુરુષ; પ્રજાપતીરી

વિરાડી (વિરાડો) સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની પાંચ માંહેની એક રાગિણી.

વિરાણી [સં વિરાજિન્] પું. હાથી

વિરાધ પું (પુરાણ) એ નામનો એક રાક્ષસ વનવાસ દરમિયાન રામે તેને મારી નાખ્યો. તે પૂર્વે તુમરુ નામે ગંધર્વ હતો. વૈશ્રવણના શાપના યોગે તે આ યોનિ પામ્યો હતો

વિરાધક વિ વિરાધના કરનાર.

વિરાધન જુઓ વિરાધના.

વિરાધના ૧. સ્ત્રી. (જૈન) અપરાધ કરવો તે; દોષ.

૨. [સં.] સ્ત્રી. બ્રહ્મા; અંત.

૩ સ્ત્રી નાશ.

૪. સ્ત્રી. પીડા; દુઃખ.

૫. સ્ત્રી. વિરુદ્ધ વર્તન.

૬. સ્ત્રી. હાનિ; નુકસાન.

૭. સ્ત્રી. હિંસા; મારી નાખવું તે.

વિરાધવું ૧. સ. ક્રિ. બગાડ કરવો.

૨. સ ક્રિ. પીડવું.

૩. સ. ક્રિ વિરોધ કરવો

પુત્ર વિરાધ્યો બાપનો પુત્ર.

જે વધ્યો બન મુનવર. હરિદાસ

વિરાધિની પું (પિંગળ) અતિ જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, સગણ, જગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

ન, ભ, સ, જ, ગ, થી રચો વિરાધિની.

ઋષિદાસ

વિરામ ૧. [સં.] પું. અટકવું તે; થોભવું તે; બંધ પડવું તે; વિરામવું તે

૨. પું. (સંગીત) બ્રહ્મા કૃત કાળનો એક ભેદ. તેમાં ચાર કળા હોય છે, એટલે કે એક કહેવાની સાથે તાલ આપી ચાર મુખી બોલી ગણવામાં આવે છે

૩. પું. અવસાન; અંત; મરણ; છેડો.

૪ પું. આરામ; નિવૃત્તિ; વિસામો; વિશ્રામ; જંપ; શાંતિ; અટકાવ; વિરતિ

તપ થકી વિરામ પામ્યો,
ચાલ્યો કર્મ કરવા એહ. પ્રેમ.ભ

૫. પું તહકૂબી; મોકૂફી; બંધ પડવાપણું.

૬. પું. દેવનાગરી ભાષામાં અક્ષર નીચે વપરાતી નિશાની. તે એમ બતાવે છે કે તેની પછી સ્વર આવેલો નથી

૭. પું. પ્રકરણ; ભાગ; સર્ગ.

૮. પું. મૃદંગની સોળ માંહેની એક માત્રા.

૯. પું. (પિંગળ) યતિ.

૧૦. પું. (વ્યાકરણ) વાક્યમાં અટકવાની નિશાની. જુઓ વિરામચિહ્ન.

૧૧. પું. વિષ્ણુ. જેમાં જગતજનોનું વિશ્રાંતિસ્થાન તે ઈ

૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૩. વિ. મધ્યસ્થ.

વિરામઅંગ ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેનું એક અંગ; અર્ધચંદ્ર; કરજ; અર્ધનિર્ભુક; અર્ધદ્યુત; અ; અણ; ધનુ; એકાક્ષર; સિરસ; ગતિ; બીજ. તેની એક માત્રા હોય છે.

વિરામઆંઠ પું. આરામ લેવાનો ઓરડો.

વિરામઆસનશ્રી જુઓ વિરામાસન.

વિરામગૃહ ૧. ન. આરામ લેવાનું ઠેકાણું

૨. ન. રેલવે સ્ટેશન ઉપર ઉતારુઓને બેસવા કે સૂવાનું સ્થળ; ' વેઇટિંગ રૂમ '

વિરામચિહ્ન [સં. વિરામ + ચિહ્ન] ન. (વ્યાકરણ) વિસામો લેવાનું બતાવનાર નિશાની; વાક્ય વાંચતાં અટકવાની નિશાની.

વિરામચિહ્નોથી સભાન વાચવામાં અને તેનું તાત્પર્ય સમજવામાં ઘણી સરળતા પડે છે. વિચારોની પરસ્પર સકલના એથી સ્પષ્ટ સમજાય છે. સંસ્કૃતમાં વાકય પૂરું થાય ત્યારે ઊભી લીટી મૂકવામાં આવે છે એ સિવાય બીજાં વિરામ ચિહ્નોનો પ્રયોગ થતો નથી. ગુજરાતી ભાષામાં વિરામચિહ્નો આ પ્રમાણે છે:–(૧) . પૂર્ણવિરામ (૨) ? પ્રશ્નાર્થ ચિહ્ન (૩) ! ઉદ્ગારવાચક ચિહ્ન (૪) , અલ્પવિરામ (૫) ; અર્ધવિરામ. (૬) : મહાવિરામ (૭) – વિકલ્પ રેખા કે લઘુ રેખા. (૮) — મહારેખા કે ગુરુરેખા (૯) ( ) { } [ ] કૌંસ (૧૦) " " અવતરણ ચિહ્ન.

વિરામચતુરંગ ન. (સંગીત) અનદ્રુત અને દ્રુતવર્ગ મળીને થતું એક અંગ. તેમાં ૭ કળા રહે છે એટલે એક કહેતાં એક તાલ આપી છ સુધી ગણવામાં આવે છે

વિરામકૃતાંગ ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું એક અંગ; એક માત્રાના વિરામ અને બે માત્રાના દ્રુત એ બે અંગો મળીને થયેલું ત્રણ માત્રાનું એક મિશ્ર અંગ.

વિરામપત્રિકા [સં.] સ્ત્રી. પુસ્તક વાંચતાં વચ્ચેથી અધૂરું મૂકવું હોય ત્યાં મૂકવામાં આવતી કાગળની ચબરખી

વિરામમાર્જન ન. માથું, કમર કે પેટ સુધી કરવામાં આવતી માર્જનક્રિયા.

વિરામવાદિકા ૧. સ્ત્રી. (પિંગળ) ઉત્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, રગણ, સગણ, નગણ, જગણ, રગણ, નગણ, લઘુ અને ગુરુ મળી છવ્વીસ અક્ષર હોય છે

૨. સ્ત્રી. ખગતિયો.

વિરામવું ૧. અ ક્રિ. અટકવું; શાંત થવું; થોભવું; કામ કરતાં બંધ પડવું; અંત આવવો

૨. અ ક્રિ. આરામ લેવો; થાક ખાવો, જંપવું, કામ બંધ કરી બેસવું

૩ અ ક્રિ. નિવૃત્ત થવું

૪. અ. ક્રિ. મરી જવું, અંત આવવો

વિરામસ્થાન ન આરામ લેવાની જગ્યા

> થાક લાગ્યો હોય તો પણ ઉતારી નાખે તેવી રીતના હવા આવે એનાં વિશ્રામસ્થાનો નીલબાગને, અવલોકનને અને પ્રભુનું સ્મરણ કરવાને પૂરતું છે. કૌમુદી

વિરામાસન ૧. ન. આરામ ખુરસી; વિશ્રામ ખુરસી.

૨. ન. વિશ્રામ લેવાની બેઠક.

> એક વિશ્રામાસન પર અર્ધ ઉપાડી આંખો મીંચી પડી જઈ પડી રહી. સરસ્વતીચંદ્ર

વિરાલ ૧. [સં.] પું. બિલાડો.

૨ [પ્રા.] સ્ત્રી. વરાળ

> કેમાકમ કેવાકલ સલ્લીઈ, દીસીઈ પૂમ વિરાલ. કાન્હડદેપ્રબંધ

વિરાલિ સ્ત્રી. (જૂ. ગુ.) વરિયાળી; એક મુખવાસ.

વિરાવ ૧. [સં.] પું ધ્વનિ; અવાજ; નાદ; રવ

૨ વિ. અવાજ રહિત; શબ્દ રહિત.

વિરાસત [અ વરસ (તેને વારસો મળ્યો)] પું. વારસો; દાયભાગ; વંશપરંપરાનો હક્ક.

> વિરાસતની સનદ = વારસા સર્ટિફિકેટ.

વિરાસતન અ વારસાની રૂએ.

વિરાસતનામા પું. વારસાનો દસ્તાવેજ.

વિરાહણા સ્ત્રી. (જૈન) વિરાધના; ભંગ પાડવો તે. તે ત્રણ પ્રકારની છે: (૧) જ્ઞાનમાં ભંગ પાડવો તે, (૨) સમકિતમાં ભંગ પાડવો તે અને (૩) ચારિત્ર કરણીમાં ભંગ પાડવો તે.

વિરાહુવર્ક પું. (જ્યોતિષ) સ્પષ્ટ સૂર્યમાંથી રાહુ બાદ કરતાં શેષ રહે તે.

વિરાંસવું ૧. અ. ક્રિ. (જૂ. ગુ.) અસવું; દૂર જવ

૨. અ. ક્રિ. પસ્તાવું; પશ્ચાત્તાપ કરવો.

વિરિક્ત [સં] વિ. ખૂબ ત્રીજો હોય એવું.

વિરિઞ્ચ ૧. ન ઊખર જમીન.

૨ ન. લવણ

વિરિલીકર ન. સાધારણ શરીરવાળા એક પ્રકારના જીવ

વિરિંચ જુઓ વિરિંચિ

વિરિંચન જુઓ વિરિંચિ

વિરિંચિ ૧ [સં.] પુ. બ્રહ્મા; પ્રજાપતિ.

૨. પુ. મહેશ

૩. પુ. વિષ્ણુ.

વિરી ૧ [સં વૈરી] પુ (જૂ. ગુ) વેરી; દુશ્મન.

> તે બહાર વિસી ચાંડુ,
> અતિ વિસમુ તેહનું ચાંડુ. કાન્હડદેપ્રબંધ

૨. ન. ચોખાના જેવું એક ધાન

> તાજાં નથી નીલી નથી વિરી. કાન્હડદેપ્રબંધ

વિરેચ ૧. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે ગાહિનીકુડલીનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ, ૧૪૨ લઘુ મળી ૧૫૦ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૨ વિ. નિરોગી

વિરેહ [સં.] ન. બિસ્કટ; ટેક.

વિરેહરેત પું. (પિંગળ) અમદ્રિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં મગણ, જગણ, સગણ, જગણ, તગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે

વિરુદાવલી સ્ત્રી. બિરદાવલી.

વિરુદ્ધ ૧. [સં.] પું. (ન્યાય) એ નામનો એક હેત્વાભાસ. જે હેતુ પોતાના સાધ્યની વ્યાપ્તિવાળો ન હોય પણ પોતાના સાધ્યના અભાવની વ્યાપ્તિવાળો હોય તે હેતુ વિરુદ્ધ કહેવાય છે. પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકામાં લખ્યું છે કે: તે પછી વિરુદ્ધ નામના હેત્વાભાસની ગણના છે. આમા હેતુ સાધ્યથી બરાબર વિરુદ્ધ ધર્મનું જ પ્રતિપાદન કરનારો હોય છે જેમકે, ઘડો નિત્ય છે કારણકે તે કાર્ય છે. આમાં કાર્ય હોવાના સાધનથી તો નિત્યપણા વિરુદ્ધનો ધર્મ અનિત્યત્વ જ સિદ્ધ થાય છે.

૨. પું. પાંચ માંહેનો એક વાકયદોષ.

૩ પું. (પુરાણ) પાદ્મસાર્વાર્ણ મન્વંતરમાં થનારો એ નામનો એક દેવ.

૪ સ્ત્રી. વિસ્તાર પામેલ વેલ

૫. વિ અટકાવેલું; રોકેલું

૬. વિ અયોગ્ય

૭ વિ. ઊલટું; સામું; પ્રતિકૂળ; અવળું; વિપરીત

૮ વિ જુદા વિચારનું; નહિ મળતું.

વિરુદ્ધગામી વિ. અવળું જનાર; અવળું ભાગ તેવું.

વિરુદ્ધતા સ્ત્રી. સામાપણું; વૈપરીત્ય; ઊલટાપણું; વિરોધીપણું; પ્રતિકૂલતા; વિરોધ.

વિરુદ્ધત્વ ન. (વેદાંત) એક અધિકરણમાં પદાર્થોનું ન રહેવાપણું.

વિરુદ્ધધર્મી વિ. મિત્ર કરી શકાય નહિ તેવા વિરુદ્ધ ગુણનું.

વિરુદ્ધ પક્ષકાર [સ.] પું. સામાવાળિયો; પ્રતિપક્ષી; દરીફ; વિરોધી

વિરુદ્ધપદ ન. અયુક્ત પદ; અસમાનાધિકરણ પદ

વિરુદ્ધપદી વિ. અયુક્ત પદવાળું; પ્રતિકૂલ અર્થવાળું.

વિરુદ્ધમતિકૃત [સં.] પું. (કાવ્ય) પદદોષનો એક ભેદ; વિરુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન કરનારા પદનું કથન. વિરુદ્ધ અર્થની પ્રાપ્તિ આ દોષનું કારણ છે. આ દોષ નિત્ય ગણાય છે.

વિરુદ્ધરાજ્યાતિક્રમ ૨ પુ (જૈન) જુદાં જુદા રાજ્યે માલની આયાત નિકાસ ઉપર મૂકેલા અંકુશનુ અથવા માલ ઉપર જકાત વગેરેની જાતેલી વ્યવસ્થાનુ ઊલ્લંઘન કરવુ તે. વિરુદ્ધ ધર્મ રાજ્ય સત્તાના કાયદા તોડવા તે

૨. પું. શ્રાવકના ત્રીજા વ્રતનો એ નામનો એક અતિચાર.

વિરુદ્ધરૂપક ન. (કાવ્ય) એક જાતનો અલંકાર.

વિરુદ્ધસિદ્ધાંત પું (ન્યાય) એક સિદ્ધાંતના હેતુને અને સાધ્યને ઉલટસુલટપણાથી, એટલે કે હેતુને સાધ્ય અને સાધ્યને હેતુ બનાવવાથી થતો નવો સિદ્ધાંત, અન્યાસ.

વિરૂઢ ૧. વિ (ભૂ કૃ) અરૂઢ

૨ વિ વિરૂપ, નઠારું

ચારમતિ વિરૂઢ સુણી બેહારખ્યાણ કલ્પિજ.
નાનરયણમય

વિરૂપ ૧ પું ઋગ્વેદના આઠમા મંડલના છપ્પા સૂક્તનો રચનાર એ નામનો એક ઋષિ

૨. પું (પુરાણ) એ નામનો એક રુદ્રગણ

૩ પુ (પુરાણ) કૃષ્ણનો એ નામનો એક પૌત્ર

૪. પું (પુરાણ) વરુણ લોકમાંનો એ નામનો એક અસુર

૫. પું (પુરાણ) વારુણિ અંગિરા ઋષિના આઠ માંહેનો છઠ્ઠો પુત્ર.

૬ પુ (પુરાણ) વિકૃત નામના આદિત્યપુત્રો સાથે યાદ કરેલાં એક પ્રાણાયુ.

૭. પું. શિવનાં હજાર મહેનુ એક નામ

૮ પું શુક્લ યજુર્વેદનો એ નામે એક ઋષિ.

૯. પું. (પુરાણ) સૂર્યવંશી નભગ કુલોત્પન્ન અંબરીષ રાજાનો એક દીકરો.

૧૦. ન અજાણ દેખાવ

૧૧. [સં] ન. પીપરીમૂળ.

૧૨ વિ અનિયમિત

૧૩ [સ વિ (વિનાનુ) + રૂપ] વિ કદરૂપુ, બેડોળ; અસલ રૂપવાળું, અદ્યિકલ; અદલબદલ, કૂપડું; નડારા રૂપનુ; બદલું.

૧૪ વિ નિર્લિપ્ત

૧૫. વિ. બીભત્સ.

૧૬ વિ વિવિધ પ્રકારનું

૧૭. વિ વિશેષ રૂપવાળું.

વિરૂપ છઠ્ઠી જા દહા ચિત્ર, બદબદ ચિત્ર

વિરૂપતા જી બેસૂરતપણું; અસુંદરતા, બેડોળપણું; બદસૂરતી; બદસલૂકી.

નાટક દરમ મહીને અબ્બની વિરૂપતા મારણ
કરવા પામશ નથી. કેશવ હર્ષદ ધ્રુવ

વિરૂપાક્ષ ૧. પું. અગિયાર માંહેનો એ નામનો એક રુદ્ર.

૨ પુ. અશોકવર્તિકમ વગેરેના નામક. પાંચ નાગપતિનાના એક રાજસ તેમ સહસ્રમાં યુદ્ધમાં માર્યો ગયો

૩. પુ (પુરાણ) ધર્મ અને મૂર્તિ

૪ પુ (પુરાણ) ચંદ્રમા અને અનસૂયા

૫ પુ કાશ્યપમુ દેશના એક પ્રાચીન નગર

૬ પુ (પુરાણ) કૃષ્ણપુત્ર, સાંબ

૭ પુ પૂર્વ દિશાના લોકપાલ ઇન્દ્રનો ઐરાવત

૮ પુ મદિરાપુરનો એક પ્રાચીન

૯ સ. પુ [સ] ત્રણ આંખવાળા, શિવજી, ત્રણ આંખો જેમની આંખની અસાધારણ મહત્ત્વ, હોવાથી તે આ નામથી ઓળખાય છે

૧૦ પુ ચૂનાનો પથ્થર અને અબરખ તેને પૂર્વમાં મુખ્ય ખાણ.

૧૧. વિ ઘણા રંગનું

વિરૂપાક્ષ હૈત્ર ન એ નામનો એક પ્રદેશ જેની અંદર ત્રિકોણિયા, પીળા અને કાળા તારા, માલવાન તથા ઋક્ષવન્ત પર્વત વગેરે આવેલ છે

વિરૂપિત વિ. અપંડિત, અકારણ મૂ, કદરૂપું

વિરૂપી ૧. પુ. વેદમાં બાર વાલ વજનું એક નામ

૨ ન. રથનો ઘોડાનુ પગ

૩ [સ વિ-વિરૂપ] વિ બદસૂરત, બેડોળ; વરવું

વિરૂપ ન વિરૂપ; બેડોળ રૂપ

એ વણજે થયુ વિરૂપ એહનુ; નહીં આંખની લાજ.
પ્રેમાનંદ

વિરેક ૧. [સં.] પું. ઝુલાવનાર રેચ

૨. વિ. વધારે, વિશેષ

વિરેકિ પું (વિજ્ઞા) પક્ષિની જાતનો એ નામનો એક સમજણ વધુમાં વધુ તેના દરેક પગમાં ચાર, ત્રણ, રાજ્ય અને લઘુ મળી દસ અક્ષર હોય છે.

સ ન ર ત વણી ૭ વિરેકિ. રત્નપિંગળ

વિરેચક ૧ [સ] પુ. પેટનું ઝાડ

૨. વિ. રેચ લાવનાર, રેચક; ઝુલાવ કરનાર.

વિરેચન ૧. [સ.] પું પાકુનુ ઝાડ

૨ [સં વિ (વધારે) + રિચ્ (ખાલી કરવુ)] ન ઝુલાવ; રેચ.

૩. વિ રેચ લાવનાર.

વિરોચન ૧ [સ] પુ અગ્નિ

૨ પુ આકડાનો છોડ

૩ પુ સૂર્ય

૪. પુ ખરાબ યક્ષ

૫ પુ ચંદ્ર

૬ પુ ચિત્રાનુ ઝાડ

૭. પુ. (પુરાણ) પ્રહ્લાદના સો માંહેનો એક દૈત્ય. અને ત્રણ રાજા; બલિનો બાપ.

૮ પુ નાટકનુ પાત્ર

૯ પુ વિરોચના, તેનાં માંહેનુ એક નામ. વિવિધ પ્રકારથી સુશોભિત હોવાથી ભગવાન વિરોચન કહેવાય છે

૧૦ પુ શિવ

૧૧. પુ ભોંયનાક વૃક્ષ.

૧૨. પું સૂર્ય

બલ વિરોચન વિભાવસુ માર્તંડ ત્રિનયન
તિમભિ અભરમભિ તારિ સવિતા પતંગ.
વિશ્વનાથ

૧૩. પું. સૂર્યનું કિરણ

૧૪ પુ (પુરાણ) સોમવંશી પ્રતીપરાજાના સો માંહેનો એક પુત્ર.

૧૫. વિ રુચિકર; રુચિકારક; દિલપસંદ

વિરોચના જી. (પુરાણ) ઋષભદેવ વંશના ઔવન રાજાના દીકરા ત્વષ્ટાની એ નામની સ્ત્રી, વિરજ રાજાની માતા

વિરોધ ૧. [સં] પું. અટકાવ; અવરોધ; પ્રતિકાર; અડચણ.

૨. પું. અભાવ

૩ પું. અવળાપણું; એકબીજાથી ઊલટ અભિપ્રાય; એકબીજાનાથી ઊલટાસુલટુ હોવુ તે; નહિ સરખાપણું; વિરોધ સવિધાન; ઊલટાપણું; વિપરીતતા.

૪. પુ (કાવ્ય) એ નામનો એક અલંકાર. આમા પરસ્પર વિરોધી બે વસ્તુઓનુ અથવા બે વસ્તુ વર્ણન કરવામાં આવે છે

૫ પુ (વેદાંત) એક જ અધિકરણમાં એક સાથે એક દેશમાં રહેવાપણાનો અભાવ.

૬ પુ (વેદાંત) એક જ દેશમાં જે બે પદાર્થો સાથે એકઠા ન રહી શકે તેના સમાવેશ.

૭ પુ (સિલ્પ) ઊતરમ. પહેલાંવાળી ઓરડી તથા પરસાળ હોય અને પૂર્વે પણ પરસાળ હોય એવુ ઘર

૮ પુ (યોગ) ચિત્તની પાંચ માંહેની એક ભૂમિ

૯ પુ. પ્રભવથી ત્રણ સંખ્યા સવત્સર ૬૦ વર્ષના સવત્સરનો ૬૦ મો અંક્ષ વિરોધકૃત પણ
૧૦. પુ લડાઈ, ઝઘડા; તકરાર વિગ્રહ.
૧૧ પુ વિરુદ્ધતા; [illegible] વિરોધ.
૧૨ પુ વૈર, અદાવત, દુશ્મનાવટ, કિન્નાખોરી દ્વેષ
૧૩ પુ [illegible]
૧૪ સ્ત્રી. વિરુદ્ધાચરણ. જીઓ

વિરોધક ૧ [સં વિ + રુધ્ (રોકવું) + અક (નાર)] વિ અટકાવનારું, અટકાવતું કરનારું
૨ વિ વિરોધ કરનારું, આડે આવનારું
જેમ નકામા ઝોડને નીંદીને બાજુ ઉપર કાઢી મૂકે છે, તેમ વિરોધક અને અડચણો આપણી મુક્ત અને ઊંચી ઉન્નત અવસ્થાની સુરક્ષિત રાખવાની કાળજી જેમ જેવાની હોય તેનું વર્ણન પોપટ નીચે. ચીનુભાઈ

વિરોધકૃત પુ પ્રભવથી ગિનતી ત્રાસમો સવત્સર; બાર્હસ્પત્યના સાઠ સંવત્સરોમાંનું ત્રેપનમું વર્ષ

વિરોધગર્ભ વિ જેનો ઉત્તર હા અને ના આવતો હોય એવું
આ વિરોધગર્ભ વાક્યનો અર્થ સ્પષ્ટ કરો.
અલંકાર

વિરોધચતુર્ભોજ્ય પું એ નામનો એક ચતુર્ભોજ્ય 'રિવર્સ ઓવ ઓપોઝિશન'.

વિરોધદર્શક [સં વિરોધ (અડચણ) + દર્શક (દેખાડનાર)] વિ. વિપરીતપણું દેખાડનાર.
તેની સામે વિરોધદર્શક ઠરાવ પસાર થયો હતો. મેઘાણી

વિરોધન ૧. ન. વિરોધ કરવો તે
૨. ન. વૈર; દુશ્મનાવટ.

વિરોધપત્ર પું જેમાં વિરોધ દર્શાવ્યો હોય તેવો કાગળ; બા.અ.૨૩૬

વિરોધભક્તિ સ્ત્રી વિરોધાભાસથી થતી ભક્તિ.

વિરોધભાવ પું ઊલટાપણું

વિરોધભાષી [સં વિરોધભાષિન્] વિ વિષમ.

વિરોધવાચક વિ વિરોધ બતાવનાર
વિરોધવાચક કે કર્મધારયવાચક સમાસનાં બેયની પછી મોટા વાક્ય હોય તો સામાન્ય રીતે તે અન્વયની પહેલા અર્ધવિરામ ; મુકાય છે, પરંતુ બાપણ એવા પદ અન્વયે વાક્ય નાના હોય તો અર્ધવિરામ મુકાય છે. નાના વાક્ય હોય છે પણ કેટલાક અર્ધવિરામ મૂકે છે
ભૂદરદાસાસ્ત્રુ

વિરોધવું ૧ [સં વિરુધ્] સ. ક્રિ. વિરોધ કરવો; નડતર કરવી; નિષેધવું; વાંધો ઉઠાવવો, સામા થવું, વૈરી બનવું
૨ સ ક્રિ હલ્લો કરવો,
આમે વિરાધી વિધિએ જ ઉભારી બીમો
ઉષાહરણ

વિરોધશમન ન. સમાધાની

વિરોધાત્મક [સ વિરોધ + આત્મક (વાળું)] વિ વિરોધવાળું; વાંધો ઊભો કરેલું.

વિરોધાભાસ ૧. પુ. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર જેમાં વિરોધનો આભાસ હોય પણ ખરો અર્થ વિપરીત આભાસ; અસંગતિ, અસંબંધ અને વિરોધ વિરુદ્ધ અર્થ નીકળે ત્યારે તાત્પર્ય અર્થ જુદા અર્થનો [illegible] છે અહીં વિરોધ ઉપરછલ્લો, જે વાચ્યમાં અભાસ કરાવે છે [illegible] નિરાભાસ હકીકતે છે તથાપિ
૨ પુ [illegible] બુદ્ધિ હોવું તે; [illegible] ઉપાય.
૩ પુ [illegible] વિરોધ; અણબનાવ તે.

વિરોધાભાસી [illegible]

વિરોધિતા ૧ સ [illegible] (જ્યોતિષ) નક્ષત્રોની પ્રતિકૂળ દૃષ્ટિ
૨ સ્ત્રી. વિરોધ; શત્રુતા; વૈર.

વિરોધિની વિ સ્ત્રી [illegible]

વિરોધી ૧ પુ [illegible] પ્રતિપક્ષી, નાયાગિનો
૨ પુ [illegible] એક વર્ષ
૩ વિ [illegible]
૪. વિ વિરુદ્ધ, પ્રતિકૂલ.
૫. વિ [illegible] વિરોધિની, [illegible]

વિરોધાગ્નિ ક [illegible] વિરુદ્ધતા; વિરુદ્ધતા; [illegible]; વિરુદ્ધ બોલી; પ્રતિકૂળ ભાષણ; બીજાના વચનથી વિરુદ્ધ ભાષણ; ત્રિપ્રલાપ; અન્યોન્ય વિરુદ્ધ બોલવું તે.

વિરોધોપમા [સં] સ્ત્રી (કાવ્ય) એક જાતનો ઉપમા અલંકાર ગાલ્ટી સરખામણી કરવી તે, [illegible] જેમકે
[illegible] પ્રિયા અને [illegible]; પ્રેમા પ્રીતિ મૂખઅર્કને, પ્રગટ પ્રફુલ્લિત થાય. અમ [illegible] અને તેના પ્રીતિના મુખને ચંદ્રની ઉપમા આપી, પણ ચંદ્રને જેમ કમળ પ્રફુલ્લિત થાય નહિ તેમ આ વિરોધાભાસ કહેવાય છે

વિરોધ્ય ૧ [illegible]
૨ ન [illegible] મારવું કે મારવાનું ન.
૩ ન લોહવું ન
૪ ન. લેપ કરવો તે, ચોપડવું તે

વિરોલવું સ ક્રિ. (જૂ. ગુ.) વલોવવું, મથન કરવું
સમુદ્ર વિરોલ્યો ત્રિભુવનધણી.
ગોરસ મોળી થયા ગોવાળી.
લોક

વિરોહિ પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉપેન્દ્રવજ્રા છંદનો એક ભેદ છે તેમાં જગણ, સગણ અને લઘુ ગણી સાત વર્ણ હોય છે
જ જા ગ થી વિરોહિ. રણછોડ

વિલ ૧ [સ પુ [illegible] મોટો પોલો
૨. પુ એક જાતનું ઘાસ; ખર
૩. પુ (પિંગળ) વિદ્યુન્નિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને વિલમ્બલક્ષિત છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ, સગણ, જગણ, સગણ, જગણ, લઘુ અને ગુરુ મળી તેરીશ અક્ષર [illegible] છે
૪ ન. છિદ્ર; બાકું; ગુફા; ઘર.

વિલકો પું. અરધો રૂપિયો સોની લોકો પારસી એટલે ગુપ્ત ભાષામાં બોલે છે તેનો ઉપયોગ નીચ પ્રમાણે કરે છે સાર ઝાટીમાનું સિક્કાનું [illegible] તોળ – અર્ધ સોની ' સુવર્ણાનું સોનું અરધા રૂપિયાથી તોળ

વિલક્ષ ૧ ન [illegible] એક પ્રકારનું ઘર. તેને ઉત્તર દિશામાં પરસાળ હોય અને અંદર બે પાટડા. તથા ચાર સ્તંભ હોય છે.
કુર્યુષ ઘરમાં એક વધારાનો નાખવામાં આવે તો તે વિલક્ષ નામનું ઘર થાય છે. રાજવલ્લભ
૨ [સ.] વિ આશ્ચર્ય પામેલ.
૩. વિ નિશાની વગરનું
૪ વિ નિસ્તેજ થયેલ
૫. વિ લક્ષ લક્ષણ વગરનું
૬. વિ વિસ્મય પામેલ; ચકિત
૭. વિ. શરમાયેલ; ક્ષોભવાળું પડેલ

વિલક્ષણ ૧ [સ વિ + લક્ષ્ (તાકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન જોવું તે.
૨. ન. પ્રયોજન વિનાની સ્થિતિ.
૩. ન. વિરુદ્ધ લક્ષણ
૪ વિ અદ્‌ભુત, ચમત્કારિક, અલૌકિક, નવાઈનું.
૫ વિ અનાડી, અડાણી
૬ વિ અપરિચિત
૭ વિ અસાધારણ, વિશેષ લક્ષણવાળું, અપૂર્વ, અવનવ
૮ વિ કદરૂપ, ઢંગધડા વગરનું; ઠેકાણા વગરનું.
૯. વિ ગુણવાળું
૧૦. વિ ચતુર; ચબરાક.

૧૧ વિ જુદી તરેહનુ
૧૨ વિ નૂતન
૧૩ વિ બીજુ
૧૪ વિ વિચિત્ર સ્વભાવવાળુ, તરેહવાર મિજાજનુ, ઓર તરહનુ
૧૫ વિ વિભિન્ન; જુદુ
૧૬ વિ વિશેષતાવાળુ

વિલક્ષણકોષ પુ. (સંજ્ઞા) વિચિત્ર ખૂબીનો

વિલક્ષણતા ૧. સ્ત્રી. અદ્‌ભુતતા; અજબપણો; વિચિત્રતા; અપૂર્વતા

૨ સ્ત્રી. અસાધારણપણુ

૩. સ્ત્રી વિલક્ષણ હોવાપણું; જુદાપણુ

ઈ. સ. ૧૮૬૯મા સ્થપાયેલ સંઘો, ઈ. સ ૧૮૭૩નું નમેલય, ત્યારપછી શ્રી. નવલરામભાઈની મધ્યસ્થી, ત્યારપછી ૧૮૮૭નુ થયે ગોવર્ધનરામત્રિપાઠીનુ સરસ્વતીચંદ્ર આદિ લેખોમા, તેમાં પણ આપણી **વિલક્ષણતા** પ્રતીત થશે. ગુ. સા. પરિષદ

વિલક્ષણા [સં.]સ્ત્રી દાન માટે કલ્પેલ સોનાના પુરુષની મૂર્તિયુક્ત એક પ્રકારની સ્થા.

વિલખવું અ ક્રિ તલસવુ; વિયોગથી વ્યાકુળ થવુ; દુઃખથી અકળાવુ; વલવલવુ; તલપવુ.
પ્રિયજી પધારિયા રે, હો વિલખતી જોઈને જનનાર. નિષ્કુલાનંદ

વિલખા સ્ત્રી ઇચ્છા

વિલખાવું અ ક્રિ. વલવલવુ; તલસવુ; તલપવુ

વિલખું ૧. વિ ઉદાસ; નિસ્તેજ; ઝાંખરોવેલ

૨. વિ. શરમિંદુ; ઝોંખુ.
જે સિદ્ધેન્દ્ર મામ્યા તારા વરુ આવતા **વિલખા** પડી જાય છે. પુરાતત્ત્વ

વિલગ ૧. પું. અંતર, ભેદ, ફરક.

૨. વિ અલગ; જુદુ.

વિલગવું અ. ક્રિ. વળગવુ; ચોંટવુ.
માર્ગ જોવિંદના નિજપીત,
અતર્યજ્ય અરજિ **વિલગું** ચિત. ભીમ

વિલગ્ન ૧. ન. (જ્યોતિષ) ઉદય પામેલી મેષ વગેરે રાશિ.

૨. ન. કેડ

૩. ન મધ્યભાગ

૪. વિ અપ્રવર્તમાન, બેતાલ; અસમંજસ; અસંબદ્ધ

૫. [સ. વિ (વધારે) + લગ્ન (જોડવુ)] વિ. વળગેલુ, ચોટેલુ.

વિલગ્નજ વિ લગ્નજ વગરનુ; શરમ વિનાનુ.
કરી **વિલગ્નજ** ઉચ્ચ સ્વર ગાન. દયારામ

વિલગ્ન વિ. વિદ્યમાન; હયાત. આ શબ્દ પિતા પુત્રના નામ વચ્ચે, પિતાની હયાતી બતાવવા વપરાતો તેનુ ટૂંકું રૂપ વિ. છે

વિલપન ૧. [સ] ન. ખોટી કર્કશ નાશ પામવુ તે, ગરક થઈ નષ્ટ થઈ જવુ તે.

૨. ન. દ્રાવણ.

૩ ન. ક્ષય; નાશ; અંત

૪. [સ. વિ (વધારે) + લપ (બોલવુ)] ન. રુદન; રોક કરવો તે; વિલાપ.

વિલપવુ ૧ અ. ક્રિ. અદૃશ્ય થવુ

૨. અ. ક્રિ. આફ્રંદ કરવ, રડવુ, રોક કરવા, વિલાપ કરવા

વિલપાવવું સ. ક્રિ. વિલપે એમ કરવુ; વિલાપ કરાવવો

વિલપ્ત વિ લપટ.

વિલમાવવું સ. ક્રિ. સ્રમજનવવુ.
વિલમાવે ઉમ મીઠે વચને,
રમણ ભણી તે રમણી.
અરાઢનો રાસ

વિલય ૧. [સં] પું અલોપ; અદૃશ્ય થવાપણું

૨ પું. ગળીને પ્રવાહી થઈ જવું તે; ઓગળી જવુ તે ઢાવ

૩. પુ. નાશ; પ્રલય, વિનાશ, સત્યાનાશ, ક્ષય લય, વિલય, પ્રલય અને મહાપ્રલય એ લયની ક્રમિક અને સાપેક્ષિક અવસ્થાઓ છે.
શરીરધર્મથી બનાયેલ હોય. નિર્દોષ આવો શરીરની દશિનો **વિલય** થતા આપોઆપ વિલય જવાય છે. વિષ્ણુપ્ર.ટિ
વિલય પામવું ૦ અદૃશ્ય થવુ

૪ પું. બીજાની સાથે મળીને એક થઈ જવુ તે; ગરક થઈ નાશ પામવુ તે.

૫. પું. મૃત્યુ; મોત.

વિલયન જુઓ વિલય.

વિલયનસાધક વિ ઓગાળનાર

વિલયાવસ્થા સ્ત્રી. સુષુપ્તિ અવસ્થા; અજ્ઞાન અવસ્થા.
વિજ્ઞાનમય કોશ અને મનોમય કોશ વિલીન થાય છે. તે બંને કોશોની જે **વિલયાવસ્થા** તે જ નિદ્રા કહેવાય છે. પંચદશી

વિલલાવવું સ ક્રિ ટળવળાવવુ
તે **વિલલાવત** કે સુરસા જો. નરસૈંયો

વિલલાવું અ ક્રિ. વિલાપ કરવો
પરમાતમ પદનો પ્રભુ રંક બની **વિલલાય.** નિરાનંદ

વિલવિલવું અ ક્રિ. વલવલવુ; વિલાપ કરવો.
દેખી **વિલવિલતી** કપિકા રે. નરસૈંયો

વિલવિલાટ પુ વલવલાટ; અત્યંત દુઃખથી વિલાપ કરવો તે; કલ્પાંત, કકેડો
અગ્નિથી બળેલ, છત્ર જેમ મહા **વિલવિલાટ** કરે છે તેમ સંસારથી બળેલા જીવ અનંત દુઃખરૂપ નરકથી અહોય **વિલવિલાટ** કરે છે.
શ્રીમદ્ રાજચંદ્ર

વિલવું અ ક્રિ. વિલાપ કરવા
વિલવઈ જે જાતી રે, મંદિ કરણ બંત
કાન્હડદેપ્રબંધ

વિલસવું ૧ અ ક્રિ વિલસ; ગમન કરવુ

૨ અ વિ + લસ (પ્રકાશવુ), અ ક્રિ ઝળહળ થવુ રોબો પાડવો કરવા, મોહક દેખાવુ, ચમકવુ

૩ અ ક્રિ ૧૫૫ વુ, રહેવુ

૪ અ ક્રિ કરવા ભોગવવામા રહેવુ

૫ અ ક્રિ ભમવુ, ફરવુ, ક્રીડા કરવી, આનંદ કરવો, વિલાસ કરવો
ભોમી અંક ખીલ ભરી ચિત
અને પ્રેમ ભરી મુજમા,
વિ (માર્ગ ૧૫) **વિલસતા.**
સત ધને પામતા. વિદ્યારી

૬ સ ક્રિ ભોગવવુ, ભોગવવુ

વિલસાવવું સ ક્રિ વિલસ કામ કરવુ

વિલસાવું અ ક્રિ. શોભાયમાન થવુ, પ્રકાશવુ.

વિલસિત ૧ પું (પિંગળ) આઠની ગતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છે; મજરાવિલસિત: ગણબ્રહ્મગજ. તેના દરેક ચરણમા જગણ, રગણ, જગ નગણ, અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિરામો હોય છે

૨ ન. દીપ્તિ; કાંતિ

૩ ન લટકુ; નખરા, રમતગમતનાં મલાવડા; આનંદ ચેષ્ટા, વિલાસ

૪. વિ ચમકતુ, ઝમકતુ

૫. વિ રમતગમતવાળુ; વિનોદી

વિલંબ ૧ [સ વિ + લબ્ (દ્વિગવુ) પુ. ખોટીપો; વાર, ઢીલ, મોડુ કરવુ તે.

૨ પું પ્રબંધથી કરવો સમયસર; વિધિની થોડીનો ૧૨મો સમયસર.

૩. પું. મંદતા; અગ્રગતિનતા, ઉતાવળ ન કરવી તે.

વિલંબ ત્રિતાલ પુ (સંગીત) એ નામનો એક તાલ. તે દોઢતાલનો અડધો ભાગ હોય છે. તેને ધ.મો ત્રિતાલ, ઉર્દૂ ભાષામા મુગતાલ, પદ્મતીતાલ, પુલતજ્યતાલ કહે છે તેમાં સોળ માત્રા છે તેમા પહેલા, પાંચમી, અને તેરમી માત્રા ઉપર તાલ અને નવમી માત્રા ઉપર ખાલી આવે છે ધિન ધિનતા, ના ધિન તાના, તિનતા, તાધિન તા તા

વિલંબ કૃતલય પું.,સ્ત્રી. (સંગીત) સંગીતમાં લયનો એક પ્રકાર; નવ માંહેનો એક પ્રકારનો લય

વિલંબન ૧ ન. ટેકો દેવો તે.

૨ ન. લટકવું તે.

૩ ન. વિલમ્બ, ઢીલ, વાર,

વિલંબનવિધાન ન. સંગીતમાં તાલ વ્યાપાર; હ્રસ્વ સ્વરનો દીર્ઘ સ્વર થવાનો પ્રકાર તેનાથી હ્રસ્વ સ્વરના દીર્ઘ સ્વર આ, ઈ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, ૐ, ઍ, ઑ, ઔ, ૅ, ૉ, ૌ, ં, ઃ, ઁ, ઽ, ૢ, ૣ, ૄ, ૅ, ૆, ે, ૈ, ૉ, ૊, ો, ૌ, ્, ૎, ૏ ઉપરાંત ૨૭ વ્યંજનો પછી આવે છે. છેલ્લા કહેલા બે વ્યાપાર સ્થાનાંતર વિધાન અને વિલમ્બન વિધાનની પેઠે વાગ્યોનિ, સ્વ.જા.નિ.ટ વ્યાપાર છે અને એ ભાષાના વિકાસમાં જોવામાં આવે છે અને વ્યાપારો સંસ્કૃતમાં પણ પ્રવર્તે છે જેમકે, દિશા-દેશ, દૈશિક. ઉપ ઔષધિ ઔષધ. ગુજરાતીમાં તત્સમ શબ્દમાં જ વૃદ્ધિવિધાન શ્રુતિગોચર થાય છે જેમકે તિ-નૈતિક જુદા જૌદા તદ્ભવ શબ્દોમાં તો માત્ર ગુણસ્વર થાય છે, જેમકે ચોર-ચૌર, દુઃખ-દોહલું, કૂટ-કૌટું, નિમિત્ત-નૈમિત્ત જ્યારે માત્ર સંસ્કૃત ઉપસર્ગ ઉપરથી બનતા ઔ શબ્દમાં અવશ્યમોચર થાય છે અને સૌ-આદિ ઔ, આઉ ઐ, સાર્વ-ઐ જેવાં બેવડાં રૂપમાં સંભળાય છે

વિલંબનીયા પું. (પિંગળ) શાર્દૂલની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, ભગણ, મગણ, જગણ, અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે

ન ભ મ જ ગી ગુરુ વિલંબનીયા

રણછોડ પિંગળ

વિલંબમધ્યલય પું. સ્ત્રી. (સંગીત) નવ માંહેનો એક પ્રકારનો લય.

વિલંબલય પું.,સ્ત્રી. (સંગીત) લયના નવ માંહેનો એક પ્રકારનો લય, ધીમે ગાવું તે

વિલંબલલિત પું. (પિંગળ) વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વિલ તેના દરેક ચરણમાં ભગણ, મગણ, જગણ, સગણ, જગણ, સગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચોવીસ અક્ષરો હોય છે

વિલંબવું ૧. અ. ક્રિ. ટેકો લેવા.

૨. અ ક્રિ લટકવું.

૩. [સં વિલમ્બ] અ ક્રિ. વિલમ્બ કરવો; મોડું કરવું; પાછળ રહી જવું

વિલંબસાધ્ય [સ વિલમ્બ (ઢીલ) + સાધ્ય (સાધી શકાય તેવું)] વિ. ઉતાવળે ન મળી આવે તેવું

વિલંબિકા [સ] પું અક્ષરોને લઈ બનતો એક જાતનો દોષ; કોલેરાનો એક ભેદ

અજાણ. વિમૂચિકા તથા વિલંબિકા વગેરે રોગ થવાને અજાદિનું જ અદ્વિતીય ઔષધ છે.

ડા. કેતોદ

વિલંબિત ૧. પું. (સંગીત) સંગીત વિષયક વૃત્તિનો એક પ્રકાર; એ નામે એક લય.

વિલંબિત લયમાં માત્રાની કાલ દ્રુતલય કરતાં બમણી હોય છે. કોઈ ગીત વિલંબિત લયમાં ગવાય તો તેને વિલંબિત લય કહેવામાં આવે છે. આમાં લય માટે વૃત્તિ શબ્દ આવેલો છે એ વિલંબિત, મધ્ય અને દ્રુત એ પ્રકારની છે પુરાતત્ત્વ

૨ વિ. મધ્ય કાળનું રૂપ કે ગીત.

૩. વિ. ધીમું; વિલંબ કરનારું.

૪. વિ લટકતું, ઝૂલતું.

૫. વિ વશ આવેલું; આધારે રહેલું

૬ વિ વિલમ્બ થતો હોય તેવું; મોડું કરેલું.

વિલંબિતકાલ પું (સંગીત) બધુ મીમેથી ગાવું તે, ઢાર

વિલંબિતગલિતક પું (પિંગળ) મલિતાની જાતનો એક માત્રામેળ છંદ તેના દરેક ચરણમાં ૩૬ માત્રા પછી જગણ, ચાર માત્રા પછી જગણ અને પછી ચાર મ. ગ. ગણ કુલ બાવીસ માત્રા હોય છે. તેનાં અંતે ગુરુ હોવો જોઈએ. ૨, ૮, ૧૨, ૧૬ માત્રાએ તેમાં તાલ આવે છે

વિલંબિત અષ્ટા પું (પિંગળ) એ નામનો વિષ્ટુપની જાતનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, બે સગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

વિલંબિતવૃત્તિ સ્ત્રી (સંગીત) સ્વરને ત્રણ માત્રા સુધી લંબાવીને બોલાવવો તે. આ વૃત્તિમાં સંગીતમાં ઘણો બોલાય છે. અથર્વવેદમાં દ્રુત, મધ્ય અને વિલંબિત એમ ત્રણ ધ્વનિ બતાવ્યા છે પણ દ્રુતધ્વનિમાં વિશેષ બોલાય છે.

વિલંબિતસભા [સં] સ્ત્રી. સંધાવેલી સભા; કપટ વિનાની સભા

વિલંબી ૧. પું. આકંદપત્ર સજાતીયના ૬૦ માંહેનો અઠ્ઠાવીસમો સજાતીય.

૨ સ્ત્રી એ નામની વનસ્પતિ.

૩. [સં. વિલમ્બ (ઢીલ) + અન્ (વાળું)] વિ મંદગતિવાળું, ધીમું; ઉતાવળું નહિ તેવું.

૪ વિ લટકતું, ઝૂલતું.

૫. વિ. વશ; આધારે રહેનું.

વિલાગવું અ ક્રિ ખસવું, ભાગી પડવું.

અલ્યા શું કહેવાય સંધ્યા હવે વિલાગી ગઈ

બાલાશ્વ

વિલાત જુઓ વિલાયત

વિલાતી જુઓ વિલાયતી.

વિલાપ ૧ [સં] પું (કાવ્ય) એ નામનો એક અનુભાવ

૨. પું રડવું તે; કકળવું તે; શોક કરવો તે; આક્રંદ; રુદન, બોલીને રડવું તે.

તહ રોવઈ સબ્બ આયુઈ, કરુણ વિરુવિ વિલાપ.

પ્રબોધ ચિંતામણિ

૩. પું શોકસૂચક ગીત; વિરહોભિલાપ, 'એલેજી'.

લાગી એલેજને માટે ગુજરાતીમાં કરુણપ્રશસ્તિ શબ્દ વાપરવામાં આવેલો છે. તે પ્રશસ્તિ શબ્દનો ઉપર દર્શાવેલો ઐતિહાસિક અર્થ સંસ્કારવો અનુમત લાગે છે ક. ઉ. ક.એ વાપરેલું વિશેષનામ, સંસ્કૃત સાહિત્યમાં જાણીતું નામ વિલાપ કે વિરહોભિલાપ કે કરુણકાવ્ય જેવું નામ, જૈન અર્ધમતિહાસથી મુક્ત છે.

જગન્નાથ પ્રસાદ

વિલાપકારી વિ. દુઃખથી ભરેલું; વિલાપનું; શોકનું

વિલાપન ૧. ન (વેદાંત) આપ; અપવાદ.

૨. ન લય

અહમર્થ પ્રાણનું વિલાપન પણ અવિદ્યાની અપેક્ષા રાખે છે. જોસાલાલ ભટ્ટ

૩. ન વિલાપ કરવો તે.

વિલાપના ૧ સ્ત્રી પ્રાર્થના.

૨ સ્ત્રી. શોક; અફસોસ; વિલાપ.

૩. સ્ત્રી. સંભારવું તે; યાદ કરવું તે

વિલાપિની [સ] સ્ત્રી યોગની એ નામની ચોથી ભૂમિકા. તેમાં તત્ત્વનો સાક્ષાત્કાર થવાથી વાસનાઓ મૂળ સુદ્ધા નાશ થાય છે.

વિલાયત ૧ સ્ત્રી.; ન. ઇંગ્લંડ.

૨. સ્ત્રી.; ન દૂરનો પ્રાંતનો અસલ દેશ.

૩ [અ.] સ્ત્રી.; ન. પરદેશ. હિંદુસ્તાનના વતનીઓ પોતાના દેશ સિવાયના બધા દેશને માટે વિલાયત શબ્દ વાપરતા. આમ કરીને ફ્રાંસ, અરબસ્તાન અને ઇંગ્લંડને તેઓ વિલાયત કહેતા

૪. સ્ત્રી , ન. ભવિષ્યવાણી

૫. સ્ત્રી ; ન મરુપ; ઓરા કે મરુપ્રધાન લોકોનો દેશ; ઓરા લોકોનો દેશ.

૬. સ્ત્રી ; ન. વતન; સ્વદેશ, જન્મભૂમિ.

અમુક હદમેં પોતાના વિલાયત એટલે પ્રદેશમાં બધા તે ઉપરથી. અંગ્રેજને પોતાને દેશ એટલે વિલાયત જણા કહેવાય છે.

ઇચ્છારામ દેસાઈ

૭. સ્ત્રી ; ન વધારે પાક કે વસતીવાળું સ્થળ.

૮. સ્ત્રી ; ન. આબાદપણું.

૯. સ્ત્રી ; ન ચોપાના દાવ નીચેનો પ્રદેશ.

વિલાયતી ૧. વિ. અંગ્રેજ સંબંધી.
૨. વિ. ઇંગ્લંડ જઈ આવેલું.
૩. વિ. ઇંગ્લંડ સંબંધી; વિલાયત સંબંધી.
૪. વિ. તોછડું.
૫. વિ. પરદેશી
૬. વિ મૂર્ખ.
૭. વિ. વિલાયતનું; વિલાયતમાં બનેલું.
૮. વિ. સ્વભાવના ઠેકાણા વગરનું; તરેહવાર; વિચિત્ર.

વિલાયતી એરંડિયું ન. શુદ્ધ કરેલું ચોખ્ખું એરંડીનું તેલ.

વિલાયતી ઝાડ ન. એક જાતનું ઝાડ. તે શાહજીરા જેવું થાય છે પણ તેના જેવું કાળું દોતું નથી. તેની સુગંધ સારી હોય છે. તેનું તેલ ઝાંખા પીળા રંગનું હોય છે. તે ઔરસ ઉપર વપરાય છે.

વિલાયતી ચોર પું. એક જાતનો ચોર. તેનું છીર દવાના કામમાં આવે છે.

વિલાયતી નળિયું ન. ખાંગલોરી નળિયું; છાપરાં ઉપર નાખવાનું નળિયું.

વિલાયતી બાવળ ૧. પું. એક જાતનું કાંટાળું નાનું ઝાડ. તે મૂળ અમેરિકનું જાતની છે પણ હાલ ઘણા દેશોમાં ઊગે છે. નદી અને તળાવને કિનારે હિંદમાં કુદરતી બન્યું છે. તે બહુ જલદી વધે છે. ઉપર ઉપરથી કાપતાં વાડ સારી દેખાય છે. તેનાં ફૂલ પીળાં ને સુશોભિત હોય છે.
૨. પું. બાવળની એક જાત; રામબાવળ. તેનાં ઝાડ દશથી બાર હાથ ઊંચા થાય છે. ફૂલ સુશોભિત પીળા રંગનાં, શીંગ ચારથી આઠ બીજવાળી હોય છે. કાચી શીંગ ખવાય છે. તેમાં કાંટા હોતા નથી અને તેની સુગંધ મધુરી હોય છે.

વિલાયતી ભીડું ન. રેચ લેવા માટે વપરાતી એક દવા; 'ઇપ્સમ સૉલ્ટ'.

વિલાયતી સન પું. ભારતીય કેલેન્ડર માંહેનો એક સંવત. તે ઈ. સ. ૧૮૭૩થી શરૂ થયો. વિલાયતી સન બંગાળના ફસલી સનનું બીજું નામ છે. તેનો પ્રચાર ઓરિસ્સા અને બંગાળના કોઈક ભાગમાં છે. એના માસ અને વર્ષ સૌર છે. મહિનાનાં નામ ચૈત્ર આદિ નામ ઉપરથી પાડેલ છે. એનો પ્રારંભ સૌર આશ્વિન એટલે કન્યા સંક્રાંતિથી થાય છે.

વિલાયન ન. પ્રાચીન સમયનું એક પ્રકારનું ઘરેણું અંગે.

વિલાયલું ૧. વિ. ઊતરી ગયેલું.
૨. વિ. કરમાયેલું; ફિક્કું પડી ગયેલું.

વિલારી પું. (સંગીત) કવ્વાલી સંગીતમાં 'પ'ને આપવામાં આવેલું એક નામ.

વિલાવવું ૧. સ. ક્રિ. ઓગાળવું; પિગળાવવું.
૨. સ. ક્રિ. નાશ કરવો.
૩. સ. ક્રિ. ફિક્કું પડે તેમ કરવું; કરમાવવું.

વિલાવું ૧. [સં. વિ + લી (પીગળવું)]
અ. ક્રિ. કરમાવું; ઊતરી જવું; ઢીલું કે મંદ પડી જવું; ફિક્કું થઈ જવું.
૨. અ. ક્રિ. નાશ થવો; વિલય થવો.

> ઝટ તે વહાલી રે કટારી ખરીને આજ વાઢવું,
> વિલાઈ એંધાણી હું જ સમીપ આણ ! શું કર્યું ?
> ભાપો

૩. અ. ક્રિ. પીગળવું; ગળવું; ગળી જવું; ઓગળવું.
૪. અ. ક્રિ. વિલાસવું; ભેટવું; ચિટવાવું.

> ખિસ્કો કર કુચ ઉપર ધરીને હોઠે વિલાઈ સૂતી રે.
> નરસિંહ મહેતો

વિલાસ ૧. પું. આનંદી ખેલન; મોજ મજા; રમતી ક્રીડા; રસિક રમત; ખેલ.
૨. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તે જગણવાળા રગણક છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ભાવન લઘુ મળી આઠવન વર્ણ હોય છે.
૩. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ ભગણ અને બે લઘુ મળી છત્રીસ વર્ણ હોય છે. તેમાં ૧૪ મા અક્ષરે યતિ આવે છે.
૪. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ગુરુ અને પંદર રગણ મળી ૪૯ વર્ણ હોય છે.
૫. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિલાસવાસ; સુભાગ. તે વિકૃત છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, બે ભગણ, સગણ, જગણ, ભગણ, અને બે ગુરુ મળી તેત્રીસ અક્ષર હોય છે.
૬. પું. (પિંગળ) ધૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, બે સગણ અને ગુરુ રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં ચાર, છ અને આઠમે અક્ષરે યતિ આવે છે.
૭. પું. બાહ્યાડંબર; ઝાકઝોળ.
૮. પું. મોજશોખ; આનંદ; ચેનબાજી. કાનજી મુનિ નિયમસાર ગ્રંથ ઉપર પ્રવચન કરતાં કહે છે કે, સંસારમાં બંગલા બાંધે છે, હિંડોળા માટે રેશમના તકિયે સૂવે છે, બગીચા બનાવી તેમાં ફૂવારા જોડીને વિલાસ કરે છે અને અજ્ઞાન ભાવે તેમાં સુખ માને છે; પણ સંસારના વિલાસ તે વિલાસ નથી, તે વિલાસની રુચિ તો નરકનું કારણ છે. આત્માનું જે જ્ઞાન સ્વાભાવિક વિલાસરૂપ છે તે અંદર જ છે, તેને કોઈ બાહ્ય સામગ્રીની જરૂર પડતી નથી ! તે અનાદિ અનંત એકરૂપ છે, તેનું ભાન થતાં તેમાંથી જ પ્રગટ આનંદ અવસ્થા આવે છે, તેથી સહજ જ્ઞાન પોતે આનંદના વિલાસ રૂપ છે.
૯. પું. લટકાં; મોહક વિલચાલ; ઉત્તેજક અંગ મરોડ; શૃંગારચેષ્ટા.
૧૦. શૃંગાર ક્રીડા; સુખભોગ.
૧૧. પું. (કામ્ય) સંયોગ સમયે કટાક્ષાદિ અનેક ક્રિયાઓથી ભોગિત કરવાનો સ્ત્રીઓનો એક સાત્વિક ભાવ; હાવના અગિયાર માંહેનો એક ભેદ.

> નાહું આલે નથી આવઈ આવઈ મું ન વિલાસ
> વસંતવિલાસ

૧૨. પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હંસી; યશોદા. તેના દરેક ચરણમાં જગણ અને બે ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

> ભુજે ચવાયો, વિલાસ ચારો. ઇન્દ્રિપિંગળ

૧૩. ન. (શિલ્પ) એક જાતનું ઘર.

> જે દ્વિશાલ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય, તે ઘરની કાળી અને જગાણી બાજુએ, બને તરફ એક લઘુ હોય તે વિલાસ નામનું ઘર કહેવાય છે. શિલ્પસાર

વિલાસગૃહ [સં.] પું. મહેલ.

વિલાસજીવી વિ. વિલાસમાં જ જીવન ગાળનાર; મોજશોખ જ કરનાર.

> વિલાસજીવી જમીનદારોના કુટુંબનો બાળક સર્વસ્વ લાગ જોતો. મરસ્થાન

વિલાસનૌકા સ્ત્રી. આનંદવિહારની હોડી; જલવિહારહોડી.

> લાસરીઆપણું, ભૂલાવ્યાપણું, આળસ અને જંપ એ ચાર વિનોદને માટે સરજેલા લોકોની વિલાસનૌકા છે. ઉપદેશસાર સંગ્રહ

વિલાસપ્રિય વિ. આનંદને ચાહનાર.

વિલાસપ્રિયતા સ્ત્રી. મોજશોખ ઉપરની પ્રીતિ.

> જે વસ્તુ વગર નથી જ ચાલી શકતું તે તો ઈશ્વરે કુદરત દ્વારા સહજ ભરી છે, જેમકે: હવા, પાણી, ખોરાક વગેરે. આ પ્રમાણે હોવાથી બનાવી વિલાસપ્રિયતા ધીમે ધીમે વધતાં જઈ સાચા લાગનાં અને વિરોધનાં બળ કેળવો.
> પ્રાણવિદ્યાવિલાસ

વિલાસપ્રેરક વિ. વિષય તરફ અભિરુચિ કરાવનારું.

> મું વિષયસેવન સમાજમાં એટલું વ્યાપક થઈ ગયું છે કે વિલાસ પ્રેરક સાહિત્યદ્વારા તેને ઉત્તેજન આપવાની જરૂર હોય ! કાલેલકર

વિલાસભવન ન. આનંદ કરવાનું સ્થાન; આનંદ ભોગવવાનો મહેલ.

વિલાસ રથ પું. ચાર પૈડાંની ગાડી; 'ફૈટન.'

વિલાસવતી [સ. વિલાસવત્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ સ્ત્રી. વિલાસિની; વિલાસ ભોગવવાનો શોખ ધરાવનારી; છકેલી; વિલાસવાળી

વિલાસવાડી (વિલાસવાડ઼ી) સ્ત્રી. આનંદભુવન.

વિલાસવાપી પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં તગણ, જગણ, રગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમા સગણ, ભગણ, રગણ, જગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

વિલાસવાસ પું. (પિંગળ) વિકૃતિની જાતનો એ નામનો એક વર્ણમેળ છંદ; સુભાગ; વિલાસ. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, બે ભગણ, સગણ, જગણ, ભગણ અને બે ગુરુ એમ તેવીસ અક્ષર હોય છે

વિલાસવું ૧. સ. ક્રિ. ચળકવું.
૨. સ. ક્રિ. દેખાવું; દેદીપ્યમાન થવું.
૩. સ. ક્રિ વિલાસ કરવો.

વિલાસસહાય પુ મિત્ર મળવાથી પ્રેમ ઊપજે પણ શરીરમાં ઓર તરેહની ગતિ દેખાય તેવો ભાવ.

વિલાસિકા ૧. સ્ત્રી. (કાવ્ય) ઉપરૂપકના અઢાર ભાંહેનો એક ભેદ.
૨. સ્ત્રી. (કાવ્ય) દશ્ય કાવ્યના સત્યાવીસ ભાંહેનો એક ભેદ.
૩. સ્ત્રી. પ્રેમ પ્રસગોથી ભરેલું એક જાતનું ઊતરતી જાતનું એકાંકી નાટક.
૪. વિ. સ્ત્રી. આનંદ આપનારી.

વિલાસિતા ૧. સ્ત્રી. આનંદ; મોજશોખ.
૨. સ્ત્રી. વૈભવ; એશઆરામ.
અનુરી વિનાની ક્યા તે વિલાસિતા.
કાલેલકર

વિલાસિની ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે અને અંતે યતિ હોય છે.
વિલાસિની રચો જ રા જ ગા ગે. રણપિંગળ
૨. સ્ત્રી. વિલાસવતી; મોજશોખવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. વેશ્યા; ગણિકા.
નૃત્ય દેખી વિલાસિની તણું.
સર્વ મોહ પામ્યા છે ઘણું.
મુ. સા. પરિષદ

વિલાસિની વલ્લભ પું. (વૈદક) વીર્યપાત ઓછું થવા માટે સાકર સાથે અપાતી એ નામની એક દવા.

વિલાસી ૧. [સં. વિલાસિન્] પું. અગ્નિ.
૨ પું. કપુર.
૩. પું. કામદેવ.
૪ પુ. કામીપુરુષ; વિષયી માણસ.
૫. પું. કૃષ્ણ.
૬. પું. ચંદ્ર
૭. પુ ચિત્રાનું ઝાડ.
૮. પુ. ચેનચાળા ઉઠાવનાર પુરુષ; લહેરી માણસ.
૯. પું. વડઅનૃક્ષ.
૧૦. પુ. શિવ; મહાદેવ.
૧૧. પું. સાપ; સર્પ.
૧૨ પુ.,સ્ત્રી. ચાર પૈડાંની બોડાગાડી; અબરચ.
૧૩. ન. એક જાતનું મૃદુકાય પ્રાણી.
વિલાસી નામનું નખરાંખરખાનું સુંદર પ્રાણી વસંત ઋતુમાં દિનાણ પર ઉંડાં મૂકે છે.
પ્રાણીસૃષ્ટિ
૧૪. વિ. આનંદી; રમતિયાળ; મોજીલું; શોખીન; ગમતી; રૈમી; મોજી
૧૫ વિ. કામાસક્ત; વિષયી; લંપટ.
૧૬. વિ. ચેનચાળા ઉઠાવનાર; લહેરી.
૧૭. વિ. ભોગવાળું; ભોગી; ક્રીડાસક્ત.

વિલાસીમાખી સ્ત્રી. માખીની એક જાત.
વિલાસીમાખી ચેપની જાત પ્રમાણે લીલી માખણી મુલાયમ ઝાડી ભમવા કોહવું ખાબોચિયું અથવા ભમરાનો માળો શોધતી ફરે છે.
પ્રાણીસૃષ્ટિ

વિલિ જ (શિલ્પ) સ્યામાના ખોલવાનો પ્રત્યેતિત્વસૂચક એક ઉદ્ગાર.
સ્યામા વિલિ ને શ્રુતિ બેવા શબ્દો કરે ત્યારે તે પ્રત્યેતિત્વ સમજવું.
ચતુર્વેદલ

વિલિયમ કેક્સ્ટન પું. ઇંગ્લંડનો એ નામનો એક પહેલો મુદ્રક. તેનો જન્મ ઈ. સ. ૧૪૨૨માં થયો હતો. ચૌદેક વર્ષની વયે લંડનમાં એક વેપારીને ત્યાં એ ઉમેદવારી કરતો. ત્યાંથી કોલોન નામના શહેરમાં જઈ તે મુદ્રણકલા શીખ્યો. તેણે ભર્જેસ જઈ ઈ. સ. ૧૪૭૬માં છાપખાનું કાઢીને અંગ્રેજી ભાષાનું પ્રથમ પુસ્તક બહાર પાડ્યું. ત્યાર પછી ઇંગ્લંડ પાછા જઈ ત્યાં છાપખાનું શરૂ કર્યું અને પુસ્તકો છાપવા તથા પ્રગટ કરવા લાગ્યો. એમણે પુસ્તકો પ્રગટ કરીને માત્ર કમાણી કરવાનું સાધન નહોતું માન્યું; પણ એમની માતૃભાષામાં સરસ પુસ્તકોનો જનતામાં પ્રચાર થાય, લોકોમાં સદ્ભાવ વધે ને પ્રજાનું વ્યક્તિત્વ ખીલે એવાં પુસ્તકો આપવાનું એમણે ઠરાવ્યું હતું. તે છપાઈ ને ઉદ્યોગ કરતાં પુસ્તકની વસ્તુ તરફ વિશેષ ધ્યાન આપતો. ઈ. સ. ૧૪૯૧માં ૮૦ વર્ષની ઉમરે એ છપ્યાં છપ્યાં મરણ પામ્યો.

વિલિયમ વિલ્બરફોર્સ પું. એ નામનો એક અંગ્રેજ સમાજસેવક. તેનો જન્મ ઈ. સ. ૧૭૫૯ના ઑગસ્ટમાં વિલાયતના હલ નામના સ્થળે થયો હતો. એના પિતાનો વેપાર સારો ચાલતો હતો; પણ એ નવ વર્ષનો થયો તેવામાં તે ગુજરી ગયો. એ અઢળક સંપત્તિનો વારસ થયો. એને કમાવાની જરૂર ન હતી. એ એકવીસ વર્ષનો થયો ત્યાં સુધી ભણ્યો પછી જાહેર જીવનમાં ભાગ લેવા લાગ્યો. પાર્લમેન્ટનો સભ્ય થયો ને સભાઓમાં આનંદ કરવા લાગ્યો. એને જુગારનો નાદ લાગ્યો હતો. એક દિવસ એ છસો પાઉંડ જીત્યો. પણ એ છસો પાઉંડ હારનારા ગરીબ હતા. હારનારાની દયાજનક સ્થિતિ જોઈ ને એનું અંતર રડી ઊઠ્યું. તે દિવસથી એણે સદાને માટે જુગાર છોડ્યો. પછી એક પાદરીને સાથી તરીકે રાખી ને એમની મદદ અને સલાહ સાથે તે ધરમની મુસાફરીએ ગયો. મુસાફરીમાં વખત વિતાવવા ધર્મતત્ત્વની વિચારણા અને બાઈબલનું અધ્યયન કર્યું તેથી તેનો જીવન પલટો થયો. હવે એ દરેક પ્રવૃત્તિ જનસેવાની વૃત્તિથી કરવા લાગ્યો. તેમની બધી પ્રવૃત્તિમાં ધાર્મિક ભાવના મુખ્યત્વે રહેતી. એ ભાવનાથી પ્રેરાઈને તેણે કોલ્ડારી ક્રાયદામાં સુધારણા કરતો ધારો પાર્લમેન્ટ સમક્ષ આપ્યો. ગુલામી પ્રથા નાબૂદ કરવા માટે એક મંડળી સ્થાપી. એ માટે પાર્લમેન્ટમાં પ્રયત્નો કર્યા. એમણે ૧૭૯૧માં એક બિલ આપ્યું. તેનો ગુલામોના વેપારીઓએ જબરો વિરોધ કરવાથી બિલ મોટી બહુમતીથી ઊડી ગયું. પણ એથી તે નિરાશ ન થતાં એ માટે વધુ વિગતો અને પુરાવા ભેગા કરી ફરીથી પાર્લમેન્ટ સમક્ષ એ બિલ આપ્યું. આ રીતે વારંવાર એ બિલ ઘડતા સુધારા વધારા સાથે રજૂ કરવા લાગ્યો, ને ૧૭૯૯માં પાર્લમેન્ટ સમક્ષ પહેલવહેલું આણેલું એ બિલ છેક ૧૮૦૭માં પસાર થયું ને ગુલામોનો વેપાર બંધ થયો.

વિલિયમ શેક્સપીઅર પુ. ઇંગ્લંડનો પ્રથમ પંક્તિનો એ નામનો એક નાટ્ય લેખક કવિ. એમ કહેવાય છે કે, તેનો જન્મ ઈ સ. ૧૫૬૪ની એપ્રિલની ૨૩ તારીખે ઇંગ્લંડના વૉરવિકશાયર પરગણામાં સ્ટ્રેટફોર્ડ-ઑન-એવન ગામડામાં થયો હતો. તેનો બાપ ગામડાં, હાથનાં મોજાં વગેરેનો વેપાર કરતો નિશાળમાં

તેણે સારી કેળવણી મેળવી તથા લેટિન અને ગ્રીકનું કામચલાઉ જ્ઞાન મેળવ્યું. ૧૫૮૫–૮૬માં તેણે પોતાનું વતન છોડ્યું. ૧૫૮૨માં તે હેનેઆદ એક્ટર તથા લેખક તરીકે પ્રખ્યાત થઈ ગયો હતો તેનું પહેલું પુસ્તક વિનસ અને એડોનીસ ૧૫૮૩માં બહાર પડ્યું. ૧૫૮૧ થી ૧૬૧૧ સુધીમાં તેણે નાટકોની લાંબી હારમાળા બહાર પાડેલી ૧૫૯૬માં તેનો એક દીકરો ગુજરી ગયો. કુટુંબની ચિંતાઓ હોવા છતાં તેણે પોતાનું એક્ટર તરીકેનું તથા નાટક લખવાનું કામ આગળ ચલાવ્યે જ રાખ્યું ૧૬૧૧ દરમ્યાન સ્ટ્રેટફર્ડમાં આવી રહેવા લાગ્યો અને ૧૬૧૬ના એપ્રિલની ૨૩મીએ ગુજરી ગયો. ઓગણીસમી સદીના શેક્સપીઅરનાં નાટકો વિશે ખૂબ લખ્યું છે તથા એક એવી માન્યતા પણ ઊભી કરેલી કે, શેક્સપીઅર જેવો કોઈ માણસ જ અસ્તિત્વમાં નહોતો; પણ બીજા બેકને જુદા જ નામથી આ બધું બહાર પાડેલું. જે કે આ બધામાં સત્યના કેટલી છે તે શંકા ભરેલું છે, છતાં તેનાં નાટકો ખરા જ લખાયેલાં છે. તથા અત્યાર સુધી પણ તે ખ્યાતિ ચાલુ છે.

વિલિયમ હર્શલ પું. સોળમી સદીમાં થઈ ગયેલો એ નામનો એક પ્રખર ખગોળશાસ્ત્રી તેણે સૂર્ય તથા ગ્રહો સાથેની મંડળ તથા સૌરી મંડળ તરફ એક વર્ષમાં ૪૦,૦૦,૦૦ ૦૦૦ માઈલની ઝડપે ધસ્યાં જાય છે એવી શોધ કરી હતી

વિલિયું ન. અરબી રૂપિઓ

વિલીન ૧ [સં] વિ. ઓગળી ગયેલું, દ્રવીભૂત.

૨. વિ. તલ્લીન; એકતાન, તન્મય; ગરકાવ; એકાકાર, તદાકાર

૩. વિ. નાશ પામેલું; મરણ પામેલ; કાળવશ, લય પામેલું, લય પામેલ

વિલીનવું અ ક્રિ. વિલીન થવું; લય પામવું.

આકાશનો મંડપ ગાજ્યો, ઘટાઘાળો નીંદરના પડદા સજીત થયા. ક્ષિતિજમાં રમણનો સ્વર વિલાઈ ગયો. નગીનદાસ

વિલુણું [પ્રા] વિ. વિનાનું; વગરનું

પ્રેમ વિહુણી સુકડીણી મળ્યા જેણી પેરે કરે વિચાર. આનંદઘનજીઅષ્ટપદી

વિલુપ્ત ૧. [સં] વિ. ચોરેલું; વિદારેલું.

૨. વિ ઝૂંટવી લીધેલું.

૩. વિ. નાશ પામેલું; નષ્ટ

૪. વિ. ખાનાર; ગ્રાહક.

વિલુબ્ધ ૧. [સં.] વિ. આસક્ત; ક્રમનાનો જેને લોભ લાગ્યો હોય તેવું.

૨ વિ. લોભાયેલું; આકર્ષિત; ખેંચાયેલું.

વિલુરવું સ ક્રિ. ચીરી નાખવું; ફાડી નાખવું, મરડી નાખવું

વિલુલિત મંજરી પું. (પિંગળ) ત્રિકુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, જગણ, મગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે

વિલુલિત વનમાળા પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રુતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણના બે નગણ, મગણ, બે નગણ અને મગણ મળ અઢાર અક્ષર હોય છે

વિલેખ્ય ૧. ન. (લિપ) આઠ માઠેના એક પ્રકારનું સ્થાન

સૂત્રના જાણનારાઓએ આઠ પ્રકારના સૂત્રો કહ્યા છે. તેમાં પ્રથમ દર્ભિસૂત્ર, બીજું ગજ, ત્રીજી મુજરી દારી, ચોથો સૂત્રનો તોડ, પાંચમો અવલણ અથવા ઓળખી કહ્યા કરવાનો, છઠ્ઠામાં લાપવાનું. આઠમો **વિલેખ્ય** અથવા પ્રકાર. એવી રીતે આઠ સૂત્ર કહ્યા છે. રાજવલ્લભ

૨. ન. ચતુષ્ક ક્ષેત્રનું યંત્ર; 'કપાસ'.

૩. વિ. વિરોધ સહેલાઈથી જણાય એવું. ચિત્ર કે નકશા માટે વપરાય છે

વિલેજપોલીસ [અં] પું ગામડાની સિપાઈ; પોલીસનો

વિલેજપોસ્ટમેન [અં] પું ગામડાંમાં કાગળો વગેરે પહોંચનારો માણસ

વિલેપ ૧. પું. ચોપડવું તે; વિલેપન

૨. પું લેપ કરવાનો પદાર્થ

વિલેપન ૧ [સં] ન. ચોપડવું તે; અરડવું તે.

૨. ન. લેપ કરવાનો પદાર્થ; ચોપડવા માટે તૈયાર કરેલો કેસર, ચંદન વગેરે પદાર્થ.

વિલેપની ૧. [સં.] સ્ત્રી. ખીચડી

૨. સ્ત્રી રાબડી, રાબ

૩. સ્ત્રી ખારા વેપારવાળી સ્ત્રી

વિલેપી ૧ સ્ત્રી. ખીચડી. સાર્ઙ્ગધર કહે છે કે, અનાજથી ચાર ગણા પાણીમાં રાંધેલી અને કડછીને ચોંટી જાય તેવી ખીચડીને વિલેપી કહે છે

૨. સ્ત્રી રાબડી; રાબ

વિલોકણી ૧. સ્ત્રી. જોવાની ક્રિયા; વિલોકનની છટા.

૨. સ્ત્રી. નિરીક્ષા; તપાસણી.

વિલોકત પું (સંગીત) ચતસ્રજાતિ આર મંત્રાનો એક જાતના તાલ તેને. તાલસ્થાનો અનુક્રમે ૧, ૬ અને ૧૧ માત્રાઓ ઉપર છે

વિલોકન ૧. [સં] ન. જોવું તે; નીરખવું તે; અવલોકન; વિચાર કરીને જોવું તે

કુલા અહિત પાંચ પાંડવો. તેનો પ્રેમ **વિલોકન** કરે. પ્રેમાનંદ

૨ ન નજર

૩ વિ. સજાગ

જે નગર **વિલોકન** અથવા સજાગ હોય તેનું નામ ચામુંડ. રાજવલ્લભ

વિલોકનીય [સં] વિ જોવા યોગ્ય; સુંદર.

વિલોકવું ૧ [સં. વિલોક] સ ક્રિ ઓળખવું; જાણવું

૨ સ ક્રિ. જોવું; નિહાળવું

૩ સ ક્રિ. તપાસવું; આંખ(ની)થી તપાસવું; નિરીક્ષવું દેખવું

અંધકારિલેખ આવ સમીને, બાંધી દિશાએ વટ્ટ ઉપરા વ્યોમ **વિલોકી**, એ ગ્રહનતા આદેશ બીજી બીજી. સંપત્તિત્રા

વિલોચન ૧ [સં.] પું. ત્રિનેત્રા ઈશ્વર મહાદેવ એક નામ

૨. ન. એ નામનું એક નરક

૩. ન. તપાસવું તે; જોવું તે

૪. ન. નેત્ર; આંખ; નયન; જોવાનું સાધન.

વિલોચવું જુઓ વિલોકવું

વિલોપ ૧. [સં] પું. અલોપ થઈ જવું તે; અદૃશ્ય થઈ જવું તે, લોપ, નાશ

૨ પું અપલાપ

૩ પું પશ્ચાત્તાપ

૪ પું ચિંતા; અકળામણ.

૫. પું વિયોગ

૬ પું હાનિ; નુકસાન.

વિલોપન [સં.] ન. લોપવું કે લોપાવું તે; અપવર્તન

વિલોપવું સ ક્રિ. અદૃશ્ય કરવું; વિલોપ થાય તેમ કરવું.

વિલોભ ૧. [સ. વિ (વધારે) + લોભ] પું. પ્રલોભન; વિશેષ લોભ

૨ પું. મોહ; માયા.

૩. વિ. લોભ વિનાનું; લોભ રહિત.

૪ વિ. વિશેષ લોભવાળું

વિલોભન ન. પ્રલોભન; લોભાવવું તે; લાલચ.

ચાલ જીતવું **વિલોભન** કરું. પુરાવત્ત

વિલોભનીય વિ. પ્રલોભનવાળું.

વિલોભી વિ લોભાવનાર; લલચાવનાર.

વિલોમ ૧. [સં] પું કુતરો
૨ પું ગણિતમા પ્રસિદ્ધ એક ક્રિયા.
૩ પુ પ્રભુ દેવ
૪ પુ સર્પ
૫ ન. પાણી ખેંચવામા વપરાતો સાધો; રેંટ.
૬ વિ. ઊલટા ક્રમવાળુ
૭ વિ ઊલટું, વિપરીત; પ્રતિલોમ.

વિલોમક્રિયા જી [સંસ્કૃ] ગલતી રીત. મુખ્યને બદલે ગૌણ, ગૌણને મુખ્યક, વર્ગને વર્ગમાગ, વર્ગમાગને વર્ગ, વર્ણને ઓળા, ઓળાને વર્ણ ગણવા દલીલ દાખલાનો જવાબ કાઢવાની રીત, પ્રશ્નવિધિ, ' એલ્ગેબ્રા ઓર કન્ટ્રર્ઝન '.

વિલોમજ [સ. વિલોમ + જ (જન્+ડ)] વિ ઉચ્ચ જાતિની સ્ત્રીને ઊતરતી જાતિના પુરુષથી ઊપજલ સંતાનુ.

વિલોમજાત જુઓ વિલોમજ

વિલોમ લગ્ન ન. (જ્યોતિષ) ઊચ્ચ જાતિની સ્ત્રી અને ઊતરતી જાતિના પુરુષનુ લગ્ન

વિલાસાસન [સ] ન. (યોગ) એ નામનુ યોગનું એક આસન. તેથી દીર્ઘરોગ મટે છે

વિલોમી ૧. [સં.] સ્ત્રી આમલીનુ ઝાડ
૨ સ્ત્રી કુતરી.
૩. સ્ત્રી. નાગણી

વિલોલ ૧. વિ. અસ્થિર; ચલિત્તમાન.
૨ , સં.] વિ. ચપળ; ચચળ; તરલ.
૩. વિ. પૂજ્યનું; કપનું, કરકરનુ; ઊઠનું; હાલનુ.
૪ વિ વિશેષ તૃષ્ણાવાળું
૫. વિ સુંદર
વિલોલ ચાવાવિનોદે આખાબાડિયુ આખું ભરત થયું. નાનાલાલ

વિલોલતા ૧. સ્ત્રી. અસ્થિરતા; હાલહાલ થયા કરવું તે
૨. સ્ત્રી ચચળતા; ચપળતા; તરલતા.
૩. સ્ત્રી. લોલુપતા.
૪ સ્ત્રી સુદરતા

વિલોવિલ વિ. અરબીઅરબ. સોનીની પારસી ભાષામાં એમ બોલાય છે . જેમકે, સાર સિક્કાઓમાંથી વિલોવિલ પાડી જા એટલે અરે સોની સોનામાંથી અરબોઅરબ સાર લે

વિલોસું [પ્રા વિલોવણ; સં. વિલોપન] જ. ક્રિ. ગાય, ભેંસ વગેરે પ્રાણીએ આઉ સકોચીને દૂધ ખેંચી લેવુ કે ઊઘાડી દેવું.
વિલોઈ જવું = આઉ સકોચી લેવુ

વિલોહિત ૧. વિ. ગૌર વર્ણનુ
૨. વિ. તેજોમય શરીરવાળું. વેદમા રુદ્રને માટે આ વિશેષણ વપરાયેલ છે
૩ વિ નિરિક્ષક
૪ વિ ચકચકતુ
૫ પું ઈશ્વર લાલ રગનુ

વિલોહિતા સ્ત્રી. પાંડુરોગ; લોહીની ફીકાશ.

વિલ્બરફોર્સ પુ. ઈગ્લડનો એ નામનો એક સજ્જન. તેનું નામ ફોપકારી નર તરીકે અમર છે. એના વખતમાં ગરીબના તથા અસહિષ્ણુ દેશોમાં ગુલામનો વેપાર ચાલતો મનુષ્ય જાતિનું વેચાણ કેમ બંધ થાય તેનો વિચાર કરવા ગોલ્લાઢો આવ્યા કરતો એનો સુખી હતો તેથી રાજસભામાં દાખલ થઈને પોતાનો શુભ નેમ પાર પાડવાનો તેણે નિશ્ચય કર્યો. મહાભારત કામ એમ વિના થતું નથી તે કારણથી આ મહાપુરુષને વીસ વરસ લગી પોતાનો પ્રયત્ન જારી રાખવો પડ્યો અને આખરે ગુલામ વેચવા વિરુદ્ધ કાયદો કરાવી પોતાનો મનોરથ સિદ્ધ કર્યો જુઓ વિલિયમ વિલ્બરફોર્સ

વિલ્સા ૧. [સં.] સ્ત્રી અર્થ; ભાવાર્થ; તાત્પર્ય; કહેવાનો ઉદ્દેશ.
વિવક્ષા, અવિવક્ષા અને સહવિવક્ષાના લીધે ઉપરની ત્રણ વાક્યરચનાઓના પારસ્પરિક વિવિધ વિશેષથી બીજી ચાર વાક્યરચનાઓ બને છે. જેમકે: નિત્યાનિત્ય, નિત્યઅવક્તવ્ય, અનિત્ય અવક્તવ્ય અને નિત્ય અનિત્ય અવક્તવ્ય.
સપ્તભંગીસૂત્ર
૨. સ્ત્રી. પૂજા; કોઈ પૂજ્યની મરજી
૩. સ્ત્રી. બોલવાની ઇચ્છા
૪. સ્ત્રી વિવેચન.
૫. સ્ત્રી. શક; સદેહ.

વિવક્ષિત ૧. [સં] વિ. કહેવા ધારેલું; બોલવા ઇચ્છેલુ
પાણિનિ કહે છે કે, ક્રિયાને વિષે સ્વતંત્ર કારક જે અર્થ વિવક્ષિત હોય તે કર્તા.
પૃદ્દહ્ય વ્યાકરણ
૨. વિ. વિશેષ કહેલું; નિર્દિષ્ટ

વિવધ ૧. [સં] પું. ખભે ઉપર ભાર ઉપાડવા માટેની લાકડી; કાવડ
૨. પું. બોજો; ભાર.
૩. પુ રાજમાર્ગ; સરિયામ રસ્તો
૪ પુ ;સ્ત્રી. ત્રાજવાંની દાંડી; કાંટાની દાંડી

વિવર ૧ [સં.] પું આકાર.
૨. પુ. ઉપાય; પ્રકાર.
૩. પું દોષ; વાક
૪. ન. એક જાતનું માછલું. તે ૧૦થી ૧૨ ઇચ લાબુ હોય છે. પોતાની કાંટાવાળી પાંખ વડે તે શત્રુને મારે છે.
૫. ન. છિદ્ર; કાણું; દર; ફાટ; તડ
૬. ન. ગોખર; ગુફા; કદરા; પોલાણ
પવત કેરા વિવર માહે પેસો જિમ ધનશ્યામ
ભાલણ

વિવરણ ૧ [સં વિ + વૃ (ઢાકવુ) + અન] ન ખુલ્લુ કરવુ તે, સમજાવવું સમજાવું તે, સ્પષ્ટીકરણ; નિરૂપણ; સમજૂતી, ખુલાસો; વિવેચન; કોઈ વિષયનો વિચાર કર્યો તે વિષયના વિવરણની પદ્ધતિ ગદ્યને નહીં પણ સામાન્ય પ્રત્યયમાં પ્રયોજવા કરી શકે એવા હતુઓ
૨ ન (વેદાત) પ્રપચનુ રીકા રૂપે વ્યાખ્યાન, ગ્રન્થ અથવા પદનો સમાસ ભર્યો. ખુલાસો કર્યો તે
૩ ન રીકા. ભાષ્ય
૪ સ્ત્રી. વિસ્તાર; પ્રસારણ
હાલ એક હર્બિન નામે પરિને યુરોપ ખંડમાં અનેક જ્યોતિષોના સાધનપર એવા વિચાર સિદ્ધ કરવા માગ્યા છે કે, પૂર્વે આજ નીમ જાતિના પશુપ્રાણી હતાં. તેનુ વિવરણ અથવા સહહિ થતા. તે વાનર થયા અને વાનર સુધરીને અથવા સહહિ પામવેથી મનુષ્ય થયા. મનસુખરામ ત્રિપાઠી

વિવરણકાચાર્ય પુ. વિવરણ કરવાવાળા. આ.અ.મે; વિવરણકાર
સાહિત્ય, આકાક્ષા, અન્વિત, અભિહિત, ભેદક, ગૌણ, મુખ્ય, પ્રમેયમાન, જાતિ વગેરે શબ્દોમાં આર્ય મહર્ષિઓએ સપૂર્ણ ઊંડાણ મેળવેલું હતુ અને મહર્ષિ અત્રિ, વાહિમકી, આશ્વલાયન, બોધાયન, વિવરણકાચાર્ય ભરદ્વાજ, આપસ્તંબ વગેરેના ગ્રથનું નિરીક્ષણ કરીએ ત્યારે અભિમાન અને આનદથી આપણું અત્તઃકરણ આપોલિત થાય છે.
પુરાણોત્તમ વિશ્રામ આવજી

વિવરણિકા સ્ત્રી. દરે કલાકે નવીન સમાચાર આપતી પત્રિકા; 'બુલેટિન'.

વિવરણી સ્ત્રી વિવેચન; વિવરણ.

વિવરમાર્ગ [સ. વિવર+માર્ગ] પું. મુખ; મુખદ્વાર.

વિવરવિલસિત પુ (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, નગણ, સગણ અને મગણ એમ બાર અક્ષર હોય છે
ત્ત ન ત્ત વિવરવિલસિતે ઉ લા ગા
રણછોડ

વિવર્જન ૧. [સ] ન. અનાદર.
૨. ન. વિવર્જિત કરવાની ક્રિયા; ત્યાગ; છોડવુ તે.

વિવર્જનીય [સં] વિ. ટાળવા જોગ; રદ કરવા યોગ્ય; બાતલ કરવા યોગ્ય; ત્યાગ કરવા લાયક.

વિવર્જવું સ. ક્રિ. છોડવું; તજવું.

વિવર્જિત ૧. વિ અનાદર પામેલું; ઉપેક્ષિત.
૨. [સ. વિ + વર્જ્ (છોડી દેવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ ત્યાગેલું; છોડેલું; નિષિદ્ધ; તજેલું; ત્યાગેલું.
૩. વિ. વર્જિત; રહિત.

વિવર્ણ ૧. પુ. એ નામનો એક મહાસાગર.
૨. પું જાતિ બહાર કોપ તેવો માણસ
૩. પું. હલકી જાતિનો માણસ
૪ [સ. વિ + વર્ણ્ (વર્ણન કરવું) + અ]
ન વર્ણન; કહીકત કહેવી તે
૫ વિ. અધમ; નીચ
૬ વિ ઉત્સાહ રહિત; ઝાંખી વસ્તુ. અજ્ઞાન.
૭ વિ. કદરૂપું; બેડોળ.
૮ વિ. [સં. વિ (જુદું) +વર્ણ (રંગ)]
વિ. જુદા રંગનું
૯. વિ. જુદી જાતનું
૧૦. વિ. નીચ જાતિનું
૧૧. વિ અલિન; મેલું
૧૨ વિ રંગ વગરનું; ફિક્કું; નીરસ
૧૩. વિ રંગદોષરહિત.

વિવર્ણતા સ્ત્રી. રંગ વગરનું હોવું તે; રંગની અસર નહિ થવી તે; નીરંગતા.

વિવર્ણિત [સ.] વિ. તિરસ્કાર પામેલું.

વિવર્ણું વિ. રંગ વગરનું; ફીક્કું.

વિવર્ત ૧. પું. (હિંદી) આકાશ.
૨. પું. કટાક્ષ; નેત્રભાવનું એક લક્ષણ.
૩. પું. કારણથી વિષમ સત્તાએ ઉત્પન્ન થતું કાર્ય
૪. [સં.] પું. ચક્રાકાર ફરવું તે; પરિભ્રમણ.
૫. પું નૃત્ય; નાચ
૬. પું. (વેદાંત) પૂર્વની અવસ્થાનો ત્યાગ કર્યા સિવાય બીજી અવસ્થા પ્રાપ્ત થવી તે. જેમકે, અલંકાર
૭. પું પ્રતિબિંબ
૮. પું. ફરી જવું તે
૯. [સં. વિ + વૃ (ઢાંકવું) + ત] પું. (વેદાંત) ભ્રમ; મિથ્યાભાસ; કોઈ વસ્તુને કોઈ વસ્તુરૂપ માનવી કે જોવી એ પ્રકારની ભ્રાંતિ; ઉપાદાન કારણની સત્તાથી જુદી સત્તાવાળો અન્યથાભાવ.
બ્રહ્મને કેવાલે સર્પનો ભાસ થયો તે વિવર્ત કહેવાય જીવાત્મસ્વરૂપ
૧૦. પું વિકાર; ફેરફાર; રૂપાંતર
૧૧ પું સમુદાય; સમૂહ

વિવર્તન ૧. [સ. વિ + વૃત્ (વર્તવું)]
ન. અસ્તિત્વ ધરાવવું તે.
૨. ન. ઉપરથી નીચે ગબડાવવું તે.
૩. ન. ગોળ ચક્કર ફરવું તે; પ્રદક્ષિણા કરવી તે, ચક્રાકારે ફરવું તે
૪. ન (હિંદી) નૃત્ય; નાચ
૫. ન પરાવર્તન; પાછું ફરવું તે; પ્રત્યાઘાત.
૬. ન. પરિભ્રમણ
૭. ન. પરિવર્તન; ફેરફાર; ફરી જવું તે; પ્રેમાવતાર, ઈલટસુલટ થઈ જવું તે; બદલાયેલી સ્થિતિ
ધીમે ધીમે દરેક દિશામાં કેવી રીતે વિવર્તન થવું તે વિષે કોમપ્યૂટર વર્ષો સુધી ચાલ્યા કરશે.
૭. સા. પરિષદ
૮. ન. ફરક; ફેરફાર.
૯. ન. વાસ કરવો તે; રહેઠાણ.
૧૦. ન. વિસ્તારવું; આપન; પ્રસાર

વિવર્તનકીલ પુ. જેમાં પરોવેલું ચક્કર ફરતું હોય તેવી ખરી.

વિવર્તનવાદ પું. વિકાસ ક્રમે ક્રમે થાય છે એવો મત; ક્રમવાદ

વિવર્તવાદ ૧. પું. (વેદાંત) અધિષ્ઠાનના સ્વરૂપને નહિ બાધતાં દોષના યોગથી જુદા રૂપે પદાર્થ ભાસવું છે એવું કથન.
૨. પુ. જગત એ બ્રહ્મનું પરિણામ નથી પણ મિથ્યાભાસ છે એવો વેદાંતનો એક સિદ્ધાંત; જગત મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે એવો વેદાંતનો વાદ; માયાવાદ; પરિણામવાદ. આ સિદ્ધાંત ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ભગવદ્ગીતામાં રહસ્યરૂપે રહેલો છે અને શંકરાચાર્યે પોતાનાં તે ઉપરનાં ભાષ્યો દ્વારા તેનું યુક્તિ અને યુક્તિથી પ્રતિપાદન કરેલું છે.

વિવર્તવું અ. ક્રિ. ગોળ ફરવું.

વિવર્તિત ૧ [સં] વિ. ચક્રાકારમાં ફેરવેલું; ગોળાકારમા ફેરવેલ; પરિભ્રમિત કરેલ
૨. વિ. મમકોઢાર્યે ગમેલું
૩. વિ ચાંદુ વાળેલું; વક્ર કરેલું
૪. વિ વિવર્તન પામેલું
૫ વિ. સ્થાનભ્રષ્ટ કરેલું.

વિવર્તોપાદાન ન. (વેદાંત) વસ્તુની ફેરફાર પહેલાની પૂર્વાવસ્થા
પૂર્વાવસ્થાના ભાસ ન હતા એ વસ્તુ બીજે રૂપે દેખાય છે તેની પૂર્વાવસ્થાની વસ્તુને વિવર્તોપાદાન કહે છે અને એ રૂપે દેખાય છે તેને વિવર્ત કહે છે. જેમ જીવને ક્રમે રૂપું દેખાય છે તેમા છીપ એ રૂપાનું વિવર્તોપાદાન છે અને રૂપું એ છીપનો વિવર્ત છે.
સિદ્ધાંતદર્પણ

વિવર્ધન ૧. ન. કાપવું તે
૨. [સ.] ન. વધવું તે; વૃદ્ધિ.

વિવર્ધમાન [સં.] વિ. વધતું જતું; વર્ધમાન.

વિવર્ધિત ૧. વિ. ઓછું થયેલું.
૨ વિ વધેલું, વિસ્તાર પામેલું.
સંસ્કૃતિના સંક્રાતિકાળમાં મોટા અને વ્યાપક ફેરફારો ત્યારે ક્રમશે ત્યારે વિવર્ધિત વેગથી થતા આવે છે, ત્યારે તેનો ઇતિહાસ ઘોડાના રમવામા મુકેલી પોટ જ છે એ ભણીતુ છે.
ભગવતશરણ ઉપાધ્યાય

વિવશ ૧. વિ (હિંદી) અશક્ત.
૨. [સ.] વિ. બીજાને વશ હોય એવું, પરાધીન; પરતંત્ર
૩. વિ લાચાર; નિરુપાય
૪. વિ. બ્યાકુળ; ઉદ્વેગાકુલ; વિહ્વળ
હું મદનવિવશા થઈને દિશાઓનું જ્ઞાન ખોઈ બેઠી.
મેઘદૂત

વિવશતા ૧. સ્ત્રી. પરવશપણું; પરાધીનતા.
૨. [સં.] સ્ત્રી બ્યાકુળતા.

વિવશો ૧. પુ. (જ્યોતિષ) અઢારમો મહિનો એક માસ
૨ પું. દિગ્ગજ; ગજેન
૩. પું. શિવ.
૪. પું. સૂર્યનો સારથિ; અરુણ.
૫. વિ. નાશ; નષ્ટ વગરનું

વિવસ્વત ૧. [સં. વિવસ્વત્] પું. આકાશનો છોડ.
૨. પું. આકાશ.
૩. પું. દેવ.
૪. પું. પંદરમા મન્વંતરનું નામ.
૫. પું. સૂર્ય; અદિતિ તથા કશ્યપનો પુત્ર.

વિવસ્વતી સ્ત્રી સૂર્યની નગરી.

વિવસ્વન પું. વૈવસ્વત મનુના પિતા

વિવસ્વાન ૧. પું. ગરુડે મારેલો એ નામનો એક અસુર.
૨. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરમાંના સપ્ત ઋષિઓ માહેનો એ નામનો એક ઋષિ
૩. પું. (પુરાણ) બાર માહેનો એક આદિત્ય. એને સંજ્ઞા, રાજ્ઞી અને પ્રભા એ નામની ત્રણ સ્ત્રીઓ હતી. સંજ્ઞાથી શ્રાદ્ધદેવ વૈવસ્વતમનુ, યમ અને યમુના એમ ત્રણ સંતાન થયાં હતાં વિવસ્વાન દરેક ભાદરવા માસમાં સૂર્યમંડળાધિપતિ થાય છે જ્યારે સર્વ કાળ પ્રાધાન્ય એનું જ ગણાય છે
૪ પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.
૫. [સ વિવસ્વત] પું સૂર્ય.
આ કોઠાઓની પૂર્વ દિશામાં અર્કમા તથા દક્ષિણ દિશામાં વિવસ્વાન (સૂર્ય) તથા પશ્ચિમમાં મૈત્ર અને ઉત્તરમાં પૃથ્વીધરને પૂજવા.
રાજવલ્લભ

વિધિમાં વર પાસેથી કંઈ ન લેતાં કન્યા જીવન વરને આપવામાં આવતી. (૫) આસુરી: આ વિવાહમાં કન્યાના માબાપને શુલ્ક અથવા કન્યાનું મૂલ્ય આપવું પડતું. કૈકયીનો દશરથ સાથે અને માદ્રીનો પાંડુ સાથે આ પદ્ધતિથી વિવાહ થયો હતો (૬) ગાંધર્વ: આ વિવાહમાં ઉપવર કન્યા પોતાનાં વડીલોને ન જણાવતાં પોતાને પસંદ એવા પુરુષ સાથે લગ્ન કરતી. દુષ્યંત ને શકુંતલા (૭) રાક્ષસ: એ વિવાહપદ્ધતિ બહુ અપકર ઠરી. કન્યાનું હરણ બળજબરીથી કરવામાં આવતું. કન્યાના ભાઈબંધોની કન્યા વિરહ તેને બળાત્કારથી લઈ જતા. કૃષ્ણે રુક્મિણીનું અને વિષ્ણુપુરીને માટે ભીષ્મે પણ અંબિકા અને અંબાલિકાનું હરણ રાક્ષસ વિવાહ પદ્ધતિથી જ કર્યું હતું (૮) પૈશાચ: આ વિવાહમાં કન્યા નિદ્રામાં અથવા મૂર્છિત હોય ત્યારે તેને લઈ જવામાં આવતી. મનુસ્મૃતિમાં આઠ પ્રકારને વિવાહ કહ્યા છે: બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ યાજ્ઞવલ્કયે આઠનો ઉલ્લેખ કર્યો છે પણ પહેલા ચાર જ કરવાને યોગ્ય ગણ્યા છે. વિષ્ણુ અને લઘુ સ્મૃતિઓમાં પણ પહેલા ચાર માન્ય ગણાવ્યા છે. ગૌતમ સ્મૃતિમાં ફક્ત પ્રથમને જ ઉચિત માન્યો છે. મહાત્મા ગાંધીજી કહે છે કે, જો વિવાહ એ સંસ્કાર હોય, જો વિવાહનો અર્થ નવા જીવનમાં પ્રવેશ એવો હોય, તો પરણનારી બાળા ઉમરે પહોંચી હોવી જોઈએ. પોતાનો જીવન સહચર પતિ તેણે સ્વતંત્રપણે શોધ્યો હોવો જોઈએ અને પોતાના કાર્યનું સંપૂર્ણ મહત્ત્વ તે જાણતી હોવી જોઈએ. દીકરા દીકરી જેવાં બાળકોને પરણેલા કહેવાં અને કહેવાનો પતિ મરી જાય તો તે બાળાને વિધવાની કાળી દીક્ષા દીધી બરાબર ગણાય તો તો ક્ષત્રિયની અને મનુષ્યની સ.મે અપરાધ છે

હે કુમારી! સંતાનોત્પત્તિ આદિ પ્રયોજનસિદ્ધિને માટે તારો હાથ ગ્રહણ કરું છું અર્થાત્ તારી સાથે વિવાહ કરું છું. પ્રતિજ્ઞાપૂર્વક પરસ્પર ધર્મપૂર્વક આનંદ ભોગવીએ, ઐશ્વર્યસંપન્ન અવસ્થા દુઃખે નાશવંત સર્વ જગદુત્પાદક સર્વ જગતને ધારણ કરનાર પરમેશ્વર મારી સાથે ગૃહસ્થ ધર્મના કાર્યને માટે તારો વિવાહ કર્યો છે. એમાં વિદ્વાનોની સાક્ષી છે. જો આપણામાંથી કોઈપણ આ પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરીએ તો પરમાત્મા તથા વિદ્વાનોના દંડને પાત્ર થઈએ

ઋગ્વેદ

૧. વિવાહ કરવો = પ્રણાલિકા કે લગ્ન કરવા
૨ વિવાહ તોડવો ફોક કરવો = લગ્ન કરવા ના પાડવી; સગાઈ તોડવી, સંબંધવિચ્છેદ કરવું
૩. વિવાહ થવા = સગપણ થવું

૨. પું. પરણવું તે.

૧. કેવી રીતે વિવાહ કરવો = કોને ત્યાં ને ન જોતરવા જેવો વિવાહ કરવો; મૂંગે મોંઢે વિવાહ કરવો.

૨. વિવાહ પહેલાં અગરબત્તી - પછી ચરાતું કાર્ય પહેલાં ચરુ.

૩ વિવાહ પહેલો માંડવો = માંય, પહેલ, તોરણ પોંખાવું., મરણ પહેલા ઘોર ખોદવ

૪ વિવાહ માંડવ. = વિવાહની ગોઠવણ તેમજ ઉજવણી કરવી.

૫ વિવાહ માંડી જુઓ અને ઘર ઉજેળા જુઓ - કમાવત કે લગ્નાદિ પ્રસંગના ખરચને, મેળ હોય નહિ

૬. વિવાહ વાનો ને મોંઢ ચાળતાં = કામની સમાપ્તિ; મરજી મરી ગોટલે વૈદ વેરી.

૭ વિવાહ વાનો ને મો ચાળતાં = વિવાહનું કાર્ય સાંજણી મોં ચડવું; વિવાહ પ્રસંગ પછી માગણ,ન, ઊપરાઊપરી કેવા આવે છે તેનો જવાબ દેતાં મોં ચડાવવું. પૈસા વગરના માણસોને વિવાહમાં ડોળ દેખાડવો પડે છે પણ અંતની વાત દરિ જાણે

૮. વિવાહ વેચાતો ને માઠ ઊછીનું = લગ્ન પ્રસંગે જમવા જનારે વધાવો દેવો પડે અને માઠમાં જમવા જનારે પાછું જમવાનું કહેવું જોઈએ

૯. વિવાહનાં ગીત વિવાહે જ મધુર = વખત પ્રમાણે સહુ સારું લાગે.

૧૦. વિવાહની વરસી કરવી = અવળા સવળા કરવું, બગાડી નાખવું તે, ઘૂંઘવું અટ્ટમ કરી નાખવું.

૧૧ વિવાહનો દરબ ગૌને અરબો = પરણવાનો ને પંડિતાઈનો કોડ સહુને હોય.

૩ પું. લગ્ન પ્રસંગે માંડવાત. મૂહૂર્તો ન લીને તે મુકે અતાં સુધી અનો સમારંભ.

વિવાહક સ. વિ વિવાહ કરનાર

વિવાહનિવારણ [સ. ન લગ્ન તોડવું તે, લગ્નવિચ્છેદ, તલાક, છૂટાછેડા.

વિવાહપત્રી ૧. [સ વિવાહ + પત્રિકા (કાગળ)] સ્ત્રી કંકોત્રી, લગ્નપ્રસંગની નિમંત્રણપત્રિકા.

૨ સ્ત્રી વિવાહને લગતું પત્ર, લગ્ન બાબતની કરારનામું.

વિવાહપદ્ધતિ સ્ત્રી (જૈન) આઠ માંહેનું એક નામનું પાંચમું અંગસૂત્ર.

વિવાહવિચ્છેદપત્ર [સ. પું છૂટાછેડાની કાનૂની કાર્યવાહી., લગ્નવિચ્છેદપત્ર.

વિવાહમુહૂર્ત [સ.] ન. લગ્ન માટેનો શુભ દિવસ.

જન્મપત્રિકા, વિવાહમુહૂર્ત વગેરેમાં નિષ્ણાતની જરૂર છે, નહિ તો તે પત્રિકા અને મુહૂર્ત ખૂબવાળા થાય. જ્યોતિર્વિલાસ

વિવાહવ્યવહાર ૧ પું ભાગલપદ્ધતિ બેઠકમાં રાજ્યને અપનારી એક જાતની સેનરી.

૨ પું રાજકુટુંબમાં વિવાહ પ્રસંગે લેવાતો કર

વિવાહવાજન ન વિવાહ અને તેને લગતી વાર્ષ વગેરેની ધામધૂમ; વિવાહ જે તેવો ધામધૂમવાળો અવસર

વિવાહવાજબ જુઓ. વિવાહવાજન

વિવાહવિચ્છેદ પું લગ્ન સંબંધો તોડી નાખવા. તેઃ છૂટાછેડા.

વિવાહવિચ્છેદપત્ર [સ] પું છૂટાછેડાનું લખાણ, કારનામું.

વિવાહિત [સં] વિ પરણેલું જેનું લગ્ન થયું હોય તેવું; લગ્ન કરેલ.

વિવાહિતા [સ] વિ સ્ત્રી પરણેલી

વિવાહોત્સવ પું. વિવાહ સમારંભ; લગ્નોત્સવ.

દ્રુપદી જ્યારે પરણવાને યોગ્ય થઈ ત્યારે તેના વિવાહોત્સવમાં સ્વયંવર થયો.

ભાગવતી ભાગવત

વિવાં અ. તત્કાળ.

તેહ હરિપદ કરી કે છે વળી વાલપનાં વચન, તે વદવા ન દેવા પુત્રીએ વિવાં જિહીએ અમારી જન.

નિષ્કુળાનંદ

વિ વિ જો વિશેષ વિનતિનું ટૂંકુ રૂપ તે ખાસ કરીને પત્રવ્યવહારમાં વપરાય છે.

વિવિક્ત ૧ પું ફુરદ્વીપના. સાત મહેનો છઠ્ઠો દ્વીપ.

૨ પું (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર ક્રિયાયોગેતાના સાત માહેનો છઠ્ઠો દીકરો

૩ પું વિષ્ણુના. હરણર માહેનું એક નામ, કેમકે તે જુદી જુદી જગાએ વિચરનારા છે

૪ પું ગ્રહ સ્વભાવથી કે સંસર્ગથી નિર્મલ ચિત્તની પ્રસન્નતા સાધે એવો દેશ

૫. પું. સંન્યાસી

૬ વિ એકાંત, નિર્જન

૭ વિ જુદું; છૂટું વિભિન્ન; પૃથક્ નહિ જોડાયેલું, અસંપૃક્ત

૮ વિ નિર્દોષ

૯ વિ નિર્મળ સ્વચ્છ, પવિત્ર

૧૦ વિ વિવેકી.

૧૧ વિ (જૈન) સંસર્ગ રહિત

૧૨ વિ સ્પષ્ટ

વિધિમાં વર પાસેથી કંઈ ન લેતાં કન્યા બીજા વરને આપવામાં આવતી. (૫) આસુરીઃ આ વિવાહમાં કન્યાના માબાપને શુલ્ક અથવા કન્યાનું મૂલ્ય આપવું પડતું કૈકેયીનો દશરથ સાથે અને માદ્રીનો પાંડુ સાથે આ પદ્ધતિથી વિવાહ થયો હતો (૬) ગાંધર્વ. આ વિવાહમાં ઉપવર કન્યા પોતાનાં વડીલોને ન જણાવતાં પોતાને પસંદ એવા પુરુષ સાથે લગ્ન કરતી દુષ્યંત ને શકુંતલા (૭) રાક્ષસઃ એ વિવાહપદ્ધતિ બહુ ભયંકર હતી. કન્યાનું હરણ બળજબરીથી કરવામાં આવતું કન્યાના ભાઈઓની ઇચ્છા વિરુદ્ધ તેને બળાત્કારથી લઈ જતા. કૃષ્ણે રુક્મિણીનું અને વિચિત્રવીર્યને માટે ભીષ્મે પણ અંબિકા અને અંબાલિકાનું હરણ રાક્ષસ વિવાહ પદ્ધતિથી જ કર્યું હતું. (૮) પૈશાચઃ આ વિવાહમા કન્યા નિદ્રામાં અથવા મૂર્છિત હોય ત્યારે તેને લઈ જવામાં આવતી. મનુસ્મૃતિમાં આઠ પ્રકારના વિવાહ કહ્યા છે: બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ. યાજ્ઞવલ્ક્યે આઠનો ઉલ્લેખ કર્યો છે પણ પહેલા ચાર જ કરવાને યોગ્ય બતાવ્યા છે. વિષ્ણુ અને સર્વ સ્મૃતિઓમાં પણ પહેલા ચાર પ્રાપ્ત બતાવ્યા છે. હારીત સ્મૃતિમાં ફક્ત પ્રથમને જ ઉચિત માન્યો છે મહાભા ગાંધીજી કહે છે કે, જો વિવાહ એ સંસ્કાર હોય, જો વિવાહનો અર્થ નવા જીવનમાં પ્રવેશ એવો હોય, તો પરણનારી બાળા ઊમરે પહોંચી હોવી જોઈએ. પોતાનો જીવન સહચર પતિ તેણે સ્વતંત્રપણે શોધ્યો હોવો જોઈએ અને પોતાના કાર્યનું સંપૂર્ણ મહત્ત્વ તે જાણતી હોવી જોઈએ. દીકરા દીકરી જેવાં બાળકોને પરણેલાં કહેવા અને કહેવાનો પતિ મરી જાય તો તે બાળકને વિધવાની કાળી દીકરી ચોંટાડવી એ તો ઈશ્વરની અને મનુષ્યની સામે અપરાધ છે

> હે કુમારી ! સંતતોત્પત્તિ આદિ પ્રયોજનસિદ્ધિને માટે તારો હાથ મારા હાથ સાથે જોડાય છે. અર્થાત્ તારી સાથે વિવાહ કરું છું. પ્રતિજ્ઞાપૂર્વક પરસ્પર ધર્મપૂર્વક આનંદ ભોગવીએ, એકબીજાના વ્યવસ્થાપૂર્વક નિભાવનાર સર્વ જગદુત્પાદક સર્વ જગતને ધારણ કરનાર પરમેશ્વર મારી સાથે ગૃહસ્થ-આશ્રમના કાર્યને માટે તારો વિવાહ કર્યો છે. એમાં વિદ્વાનોની સાક્ષી છે. જો આપણા-મારી કોઈપણ આ પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરીએ તો પરમેશ્વર તથા વિદ્વાનોના દંડને પાત્ર થઈએ
>
> ઋગ્વેદ

૧ વિવાહ કરવા = સગાઈ કે લગ્ન કરવાં.
૨ વિવાહ તોડવા - ફોક કરવો = લગ્ન કરવાના પાકા કરાર, સગાઈ તોડવી. લગ્નપક્ષ રદ કરવું
૩ વિવાહ મળવા = મનપસંદ થવું

૨. પું. પરણવું તે.

૧. કંઈ કંઈને વિવાહ કરવો = કોઈને ન નોતરવા જેવો વિવાહ કરવો, મૂંગે માટે વિવાહ કરવો.

૨. વિવાહ પહેલાં અબરખી = પછી થવાનું કાર્ય પહેલા થવું.

૩. વિવાહ પહેલાં માંડવો = માથા પહેલાં તોબા પોકારવી, મરતાં પહેલાં ઘોર ખોદવી.

૪. વિવાહ માંડવો = વિવાદની શોડવણ તેમ જ ઉકેલવણી કરવી.

૫. વિવાહ માંડી જુઓ અને ઘર ઊભેળા જુઓ = ઇમારત કે લગ્નાદિ પ્રસંગના અર્થનો મેળ હોય નહિ

૬. વિવાહ પીઓ ને મોઢ બાંધશે = કામની સમાપ્તિ; મરજ ગઈ એટલે વૈદ વેરી

૭. વિવાહ પીઓ ને મોં બાંધશો = વિવાદનું અર્થ સાંભળી મોં ચડવું; વિવાહ પીઓ પછી આગનારા ઉપરાઉપરી લેવા આવે છે તેનો જવાબ દેતાં મોં આવવું. પૈસા વગરના માણસોને વિવાહમાં ગોળ દેખાડવો પડે છે પણ અંતરની વાત ઘરિ જાણે

૮. વિવાહ વેચાતો ને આહ ઉછીનું = લગ્ન પ્રસંગે જમવા જનારે વધાવો દેવો પડે અને શ્રાદ્ધમાં જમવા જનારે પાછું જમવાનું કહેવું જોઈએ

૯. વિવાહનાં ત્રીજ વિવાહે જ સાચવ = વખત પ્રમાણે સહુ સારું લાગે.

૧૦. વિવાહની વરસી કરવી = અવળા સવળા કરવું; બગાડી નાખવું તે; શુભનું અશુભ કરી નાખવું

૧૧. વિવાહનો ધરમ સૌને સરખો = પરણવાનો ને પડિતાઈનો કોડ સહુને હોય.

૩. પું. લગ્ન પ્રસંગે માંડવાના મુહૂર્તથી માંડીને તે પૂરું થતાં સુધી ચાલતો સમારંભ.

વિવાહક સ. વિ વિવાદ કરનાર

વિવાહનિવારણ [સં] ન. લગ્ન તોડવું તે, લગ્નવિચ્છેદ; તલાક; છૂટાછેડા.

વિવાહપત્રી ૧. સં વિવાહ + પત્રિકા (કાગળ)] સ્ત્રી. કંકોત્રી; લગ્નપ્રસંગની નિમંત્રણપત્રિકા.

૨. સ્ત્રી વિવાહને લગતું ખત; લગ્ન સંબંધી કરારનામું

વિવાહપદ્ધતિ સ્ત્રી (જૈન) આઠ બોલનું એક નામનું પાંચમું અંગસૂત્ર

વિવાહબંધપત્ર [સં] પુ છૂટાછેડાની કાગળની લગ્નવિચ્છેદપત્ર

વિવાહમુહૂર્ત [સં.] ન. લગ્ન માટેનો શુભ દિવસ

> જન્મપત્રિકા, વિવાહમુહૂર્ત ઇત્યાદિમાં નિષ્ણાતની જરૂર છે, નહિ તો તે પત્રિકા અને મુહૂર્ત બૂતવાળા થાય. —જ્યોતિર્વિલાસ

વિવાહવધાવો ૧ પું. બાગબગીચા ખેડવા રાજાને અપાતી એક જાતની લેતરી.

૨. પું રાજકુટુંબમાં વિવાહ પ્રસંગે લેવાતો કર

વિવાહવાજના ન. વિવાહ અને તેને લગતી ધામધૂમ વગેરેની ધામધૂમ; વિવાહ કે તેવો ધામધૂમવાળો અવસર

વિવાહવાજમ જુઓ વિવાહવાજના

વિવાહવિચ્છેદ પુ લગ્ન સંબંધો તોડી નાખવા. તે; છૂટાછેડા.

વિવાહવિચ્છેદપત્ર [સં.] પુ છૂટાછેડાનું લખાણ, કારગતી

વિવાહિત [સં] વિ. પરણેલું, જેનું લગ્ન થયેલું હોય તેનું; લગ્ન કરેલ.

વિવાહિતા [સં] વિ. સ્ત્રી. પરણેલી.

વિવાહોત્સવ પું. વિવાહ સમારંભ; લગ્નોત્સવ.

> દ્રુપદની જ્યારે પરીક્ષાને યોગ્ય થઈ ત્યારે તેના વિવાહોત્સવમાં સ્વયંવર થયો.
>
> ભાગવતી ભાગવત

વિવાં અ. તત્કાળ

> તેહ હરિના કરી કે છે વળી બાલપણાં બાપત,
> તે પહચા ન દેવા પુણ્યીએ વિવાં
> ત્રિભોવને અધરથી જન
>
> નિષ્કુળાનંદ

વિ. વિ સ્ત્રી વિશેષ વિનતિનું ટૂંકું રૂપ તે બ.સ કરીને પત્રવ્યવહારમાં વપરાય છે

વિવિક્ત ૧. પું કુશદ્વીપના સાત મોટેનો છઠ્ઠો દ્વીપ

૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર ઘૃતપૃષ્ઠરાજાના સાત મોટેનો છઠ્ઠો દીકરો.

૩. પું. વિષ્ણુનાં હજાર મોટેનું એક નામ, કેમકે તે જુદી જુદી જગાએ વિચરનાર છે.

૪. પું રાહુ સ્વભાવથી કે સંસ્કારથી નિર્મલ ચિત્તની પ્રસન્નતા સાથે એવો દેશ

૫. પું. સંન્યાસી.

૬. વિ. એકાંત; નિર્જન

૭ વિ. જુદું; છૂટું; વિભિન્ન; પૃથક્; નહિ જોડાયેલું; અસંયુક્ત

૮ વિ નિર્દોષ

૯ વિ નિર્મળ, સ્વચ્છ પવિત્ર

૧૦ વિ વિવેકી.

૧૧ વિ (જૈન) અમર્યે રહિત.

૧૨ વિ સ્પષ્ટ

વિવિક્તજ્ઞતી ૧. [સં. વિવિક્તજ્ઞવિન્] વિ. રાગદ્વેષ રહિત જીવન ગાળનાર.
૨. વિ સ્ત્રી આદિના સંગ રહિત જીવન ગાળનાર.

વિવિક્તતા ૧. [સં.] સ્ત્રી. એકાંતવાસ.
૨. સ્ત્રી. પડદાપોશી
૩. સ્ત્રી વેગળાપણું; છૂટું હોવું તે.

વિવિક્ત શય્યાસન [સં.] ન. (જૈન) એ નામનું એક જાતનું તપ; બાહ્ય તપના છ ભેદોનો એક પ્રકાર. જીવોને દુઃખ ન થાય, અભ્યાસ વધે, બ્રહ્મચર્ય પાળી શકાય, ધ્યાન ધરાય એવા હેતુથી ખાલી એકાંત જગ્યામાં સૂવા બેસવા રૂપી તપ.

વિવિક્તસેવી [સં. વિવિક્તસેવિન્] વિ. એકાંત સેવનાર.

વિવિક્ષા [સં.] સ્ત્રી. પ્રવેશ કરવાની ઇચ્છા.

વિવિક્ષુ [સં] વિ. પ્રવેશ કરવા ઇચ્છનાર.

વિવિદિષા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) આત્મતત્ત્વનો સાક્ષાત્કાર તરફાળ કરવામાં જ કેવળ તત્પરપણું ઉપજાવનારી ચિત્તવૃત્તિ; તત્ત્વજ્ઞાન જાણવાની ઇચ્છા
૨. સ્ત્રી. જિજ્ઞાસા; જાણવાની ઇચ્છા.

વિવિદિષા સંન્યાસ પુ. વિશેષે કરી જ્ઞાન મેળવવાની ઇચ્છાથી ધરનો ત્યાગ કરવો તે; જિજ્ઞાસુએ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે લીધેલ સન્યાસ. તે બે પ્રકારના છે: (૧) જન્મની પ્રાપ્તિ કરાવનાર કામ્ય કર્માદિનો માત્ર ત્યાગ કરી ધરમાં રહેવું તે, અને (૨) પ્રૈષ મંત્રનો ઉચ્ચાર કરીને દંડ ધારણ કરવા રૂપ આશ્રમાંતર કરવું તે. પહેલા પ્રકારના સન્યાસીએ કેવળ ભગવાનની આજ્ઞા પાળવાની માત્ર બુદ્ધિથી પોતાનાં નિત્યાદિ શ્રૌતસ્માર્ત કર્મ કરતાં રહેવું અને તે સિવાયનાં બાકીનાં બધાં કર્મ અને તેના સાધનરૂપ ધન વગેરેની પ્રાપ્તિ માટે દૃઢ અનાદર રાખવો બીજા પ્રકારના સંન્યાસ માટે, ગૃહસ્થને જો ધર્મપત્ની વગેરેનો પ્રતિબંધ ન હોય તો વિધિપૂર્વક પ્રૈષોચ્ચાર કરીને દંડ, કમંડલુ, કષાયવસ્ત્રાદિ ક્યા, બે કૌપીન, આચ્છાદન વસ્ત્ર અને એક શાટી નામનું બહારનું વસ્ત્ર, એવા પાંચ વસ્ત્ર સિવાય શિખાસૂત્રાદિ તમામ પરિગ્રહનો ત્યાગ કરવો.

વિવિધ ૧. [સં. વિ (વિશેષ) + વિધા (પ્રકાર)] વિ અનેક પ્રકારનું; વિશેષ પ્રકારનું; બહુવિધ; તરેહવાર; જાતજાતનું; ભાતભાતનું.
૨. વિ. (બહુવ્રીત) જેમાં જુદી જુદી જાતના આંકડા હોય તેવું.

વિવિધતા ૧. [સં] સ્ત્રી નવીનતા, નવી નવી દિશા ઓળખવી તે; ભેદાભેદ કરાવવાપણું
૨ સ્ત્રી વિવિધ હોવાપણું, નાનાં નાનાનું હોવું તે
૩ સ્ત્રી વૈચિત્ર્ય; વિચિત્રતા; અદ્ભુત હોવાપણું

વિવિધમુખી વિ અનેકવિધ; ભિન્ન ભિન્ન પ્રકારની
આસ્તેહ બાજુની પ્રવૃત્તિ વિવિધમુખી હતી. કૌમુદી

વિવિધરંગી વિ. વિવિધરંગવાળું; અનેકરંગી

વિવિધરૂપી વિ. બહુરૂપી.

વિવિધવર્ણું વિ. જુદા જુદા રંગવાળું

વિવિધવસ્તુસંગ્રહ પું. બહુદર્શિતા; અનુભવસાર; સમજદારપણ

વિવિશતિ ૧. પું. (પુરાણ) રેવતથી દિષ્ટકૃલોત્પન્ન આસુત રાજાનો એ નામનો એક દીકરો; રૈવત રાજાનો પિતા
૨. પુ. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રના સો માઠેનો એ નામનો એક પુત્ર

વિવિહાર પું. (જૂ. ગુ.) વ્યવહાર; ક્રમ
ભોજન સહ ૨૬ વિવિહાર
આગળ

વિવીત સ. પું ઘાસનાં ઝાડ તથા વાસ વગેરેનાં ગાઢાં ઝુંડ

વિવીતાપ્યક્ષ [સ પુ. જંગલ ખાતાનો ઉપરી, જંગલોનાં રક્ષણના અને વ્યવસ્થાના કામ ઉપર દોરદામર અને વાયર ખાતાના છ અમલદારો માઠેનો એક તો અર્થશાસ્ત્રના જાણનારા પ્રમાણે શિકારીઓ આ અમલદારોના સીધા અંકુશ નીચે આવતા

વિવૃત ૧. વિ (બાકરણ) આભ્યંતર પ્રયત્નના ચાર ભાગોનો એક વિભાગ. સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, સંવૃત ને વિવૃત એમ ચાર વિભાગ છે
સ્વર અને ઉષ્મ વ્યંજનનો ઉચ્ચાર કરવામાં જીભના ભાગ તેના સ્થાનથી દૂર રહે છે માટે તેનો પ્રયત્ન વિવૃત કહેવાય છે. સ્વર એ અરસપરસ છે મૃહદ્બાકરણ
૨. વિ. ખુલ્લું; ઉઘાડું
૩ વિ પ્રકટ કરેલું
૪. વિ. વિસ્તૃત; ફેલાયેલ; પહોળું થયેલ
૫. વિ. વ્યાખ્યાન કરેલ; વર્ણવેલું; સમજાવેલું

વિવૃત ત્રિકાસન ન. (યોગ) પેટનું એ નામનું એક આસન. બંને પગ વચ્ચે હાથેકનું છેડું રાખી ઊભા રહીને કોણીથી વાળેલા બંને હાથ કમરની બંને બાજુએ એક સાથે આગળ પાછળ કરવા તે.

વિવૃતાક્ષ [સં.] પું. કૂકડો

વિવૃતાક્ષી [સં] સ્ત્રી. ઝકડી.

વિવૃતિ ૧. સ્ત્રી ટીકા; ભાષ્ય, વિવરણ
૨. [સ.] સ્ત્રી. વિસ્તાર; પ્રસાર ફેલાવ...
૩. સ્ત્રી. વ્યાખ્યાન

વિવૃતોક્તિ સ્ત્રી (કાવ્ય) એ નામનો એક અલંકાર
જો સ્પષ્ટપણે ગુપ્ત રાખેલી વસ્તુ કવિથી પ્રગટ કરવામાં આવે તો એ **વિવૃતોક્તિ** અલંકાર થાય છે. કાવ્યપ્રકાશ

વિવૃત્તીય [સં. વિ (વિશેષ) + વૃત્ત (કેડાળું) + ઈય (સ્વાર્થ)] ન અંડાકાર આકૃતિને તેની એમાની કોઈ ધરી ઉપર ફેરવવાથી થતી ઘન આકૃતિ; લંબગોળ આકૃતિ, અંડાકાર આકૃતિ, ' ઍલિપ્સોઈડ.'

વિવૃદ્ધ ૧. [સં. વિ (વિશેષ) + વૃદ્ધ (વધેલું)] વિ ખૂબ વધેલું
૨. વિ. વધારે પડતું.
૩. વિ વિશેષ પંડિત

વિવૃદ્ધિ [સં] સ્ત્રી વિશેષ વધારો.
અમાસ અને **વિવૃદ્ધિ**ની વચ્ચે સ્વભાવસિદ્ધ વિરોધ જ છે ગુ. સા. પરિષદ

વિવેક ૧ પું. (વેદાંત) આત્મા નિત્ય છે અને આત્માથી ભિન્ન સર્વ અનિત્ય છે એવો વિચાર
૨. પું (કાવ્ય) એક એ નામે જાતનો અલંકાર
મુખ્યસામ્યથી બેની પ્રતીતિ ન થતાં છતાં કોઈ નિમિત્તથી વૈલક્ષણ્યનું જ્ઞાન થાય એ **વિવેક** અલંકાર કહેવાય છે. કાવ્યપ્રકાશ
૩. પું. કરકસર, સંભાળીને ખરચવાની રીત
૪. [સં. વિ (વિશેષ) + વિચ્ (છૂટું પાડવું) + અ] પું. બરું ખોટું જાણવાની શક્તિ; સારાસાર સમજવાની બુદ્ધિ; સદ્સદ્ વિચાર; સમજશક્તિ; બુદ્ધિનારતમ્ય. નાંધીંદ્ર લખે છે કે' જીવનમાં મને અનુભવ થયો છે કે, એકલી જાનકી બહુ કામ આવતી નથી. આધ્યાત્મિક હિંમત અને ચારિત્ર્યની સાથે સકળાયેલો સૂક્ષ્મ વિવેકનો ગુણ હરેક જણે કેળવવો જોઈએ કોઈપણ કટોકટી ભરેલી પરિસ્થિતિમાં કયારે બોલવું અને કયારે મૂગા રહેવું, કયારે કઈક કરવું અને કયારે કઈપણ કરવાનું માંડી વાળવું એનું જ્ઞાન આવશ્યક છે આવા અવસરોમાં કર્મ અને અકર્મ પરસ્પર વિરોધી નથી રહેતા; કર્મ તે જ અકર્મ, અને તે જ કર્મ બને છે.
૫ પું ચાતુર્ય; ડહાપણ
૬. પું. ન્યાયાધીશ
૭. પું (જૈન) પરિગ્રહનો ત્યાગ, અતિ પ્રિય વસ્તુને તજવી તે.

૮. પું પાણીનો ઘરો
૯. પુ બોધ; જ્ઞાન.
૧૦. પું. વિનય; સુશીલતા; શિષ્ટતા; સભ્યતા.
૧૧. પું (વેદાંત) સાક્ષી આત્માને પાંચ કોશથી જુદો કરીને નિશ્ચય કરવો તે. ઉપનિષદ્ ભાષ્યમાં કહેલ છે કે, સંસારમાં સરવાળે સુખ કરતાં દુઃખની માત્રા જ વધુ હોવાથી વિવેકીઓએ નિર્ણય કર્યો છે કે, આ દુઃખના મહાનર્કમાંથી છૂટવાને માટે આત્મજ્ઞાન સિવાય બીજું સાધન નથી. આત્મજ્ઞાન વિવેક સિવાય ઊપજતું નથી અને વિવેક વિચારમથન સિવાય પ્રકટતો નથી. વિવેકના બે પ્રકાર છે: (૧) નિત્યાનિત્યવસ્તુ વિવેક. (૨) આત્મઅનાત્મ વિવેક

વિવેકખ્યાતિ સ્ત્રી દ્વ વિવેકજ્ઞાન; સમ્યક્જ્ઞાન.

વિવેકચિંતામણિ પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક ગ્રંથ.

વિવેકચૂડામણિ ૧. પું. શ્રી શંકરાચાર્યે લખેલો એ નામનો એક ગ્રંથ
૨. [સં.] વિ. વિવેક રૂપ ચૂડો અને તેમાં જડેલ મણિ રૂપ

વિવેકજ્ઞાન ૧ ન તત્ત્વજ્ઞાન.
૨. [સં.] ન. વિવેક સંબંધી જ્ઞાન; વિવેક પ્રકાશવાનું જ્ઞાનમાં રહેનારી શક્તિ; વિવેકબુદ્ધિ
યોગસૂત્રમાં કહ્યું છે કે મિથ્યાજ્ઞાનના અંતરહિત જે વિવેકજ્ઞાન છે, તે જ દુઃખનિવૃત્તિનું કારણ છે. સાંખ્યદર્શન

વિવેકદર્શી ૧. [સં વિવેક + દર્શિન્ (જોનાર)] પું. વિવેકબુદ્ધિ વાપરનાર મનુષ્ય; વિવેકીપુરુષ
૨. વિ વિવેકબુદ્ધિ વાપરનાર; વિવેકી.

વિવેકબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ડહાપણ, વ્યવહારબુદ્ધિ; લોકબુદ્ધિ; સમજુપણું.
૨. સ્ત્રી વિવેકતાનાં; વિવેક વાપરવાની શક્તિ, સારાસાર જ્ઞાન; વિચારદૃષ્ટિ; સારાસાર જુદો પાડવાની કે સમજવાની બુદ્ધિ

વિવેકશૂન્ય [સ.] વિ જેનામાં વિવેક નથી એવું. વિવેકશૂન્ય; સારાસારના વિચારથી ભ્રષ્ટ થયેલ; વિવેકરહિત.

વિવેકશૂન્યતા સ્ત્રી વિવેકમાંથી ભ્રષ્ટ થઈ જવું તે; વિવેકનો નાશ થઈ જવો તે.

વિવેકયુક્ત ૧. [સં. વિવેક + યુક્ત (વાળું)] વિ વિચારયુક્ત; વિવેકવાળું; વિવેકી; વિવેક વાપરનાર
૨. વિ સમજુ; વિવેકબુદ્ધિ ધરાવનાર.
૩. ક્ર વિ માનપૂર્વક; વિવેકમાંથી

વિવેકવય સ્ત્રી. સમજણની ઉમર; સારાસાર સમજવા જેટલી ઉમર.

વિવેકશક્તિ જુઓ વિવેકબુદ્ધિ

વિવેકશૂન્ય વિ. અવિવેકી; વિવેકહીન.

વિવેકસાર પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક સુસ્કૃત પદ્યાત્મક ગ્રંથ.

વિવેકહીન વિ. અવિવેકી

વિવેકહીનતા સ્ત્રી વિવેકરહિતપણું.

વિવેકાદિ ૧. ન ગમાનજ્ય મત પ્રમાણે ભક્તિ સિદ્ધ કરવાના સાત સાધન. તે સાત આ પ્રમાણે છે: વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ, અનવસાદ અને અનુહર્ષ.
૨. ન વિવેક, વૈરાગ્ય, શ્રદ્ધા, મુમુક્ષુતા, વગેરે ષટ્સંપત્તિ. આત્મજ્ઞાન મેળવવાને માટે વિવેક, વૈરાગ્ય, શ્રદ્ધા વગેરે જરૂરી સંપત્તિ નચિકેતામાં છે કે નહિ એનું પારખું કરવા માટે યમદેવે તેની ખૂબ ખૂબ પરીક્ષા કરી

વિવેકાનંદ પું અર્વાચીન હિંદને પશ્ચિમની મોહિનીમાંથી મુક્ત કરી પ્રાચીન વૈદિક સંસ્કૃતિ તરફ વાળનાર એક મહાન ઉપદેશક ઈ. સ. ૧૮૬૩માં કલકત્તામાં તે જન્મ્યા હતા. એમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી હતું એમને બાળપણમાં નરેન્દ્રના નામથી બોલાવતા. નાનપણથી જ તેઓ દયાળુ, પ્રેમાળ અને નીડર હતા. તેઓ રામાયણ, મહાભારત સાંભળતા અને ઘણી જ ઓછામતાથી પુસ્તકની ભક્તિ કરતા. તેઓની સ્મરણશક્તિ બહુ સતેજ હતી. દોડવામાં, કૂદવામાં તથા રમનો રમવામાં તેઓ એક્કા અને હિંમતવાન હતા. તેઓ સારું ભજન સુસ્વરતા અને જમીન પર સૂતા, ગરીબનો પક્ષ કરતા. શ્રીરામકૃષ્ણ પરમહંસના તેઓ શિષ્ય થયા. ઈ. સ ૧૮૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં ભરેલી ધર્મોની મહાસભામાં જઈ હિંદુધર્મના અપમાનનો બદલો કરી આંતા જ હજાર વિદ્વાનોને મુગ્ધ કરી હિંદુધર્મ એ જ વિશ્વધર્મ છે એમ એકમતે મનૂર કરાવ્યું અને હિંદુ ધર્મનું ગૌરવ દુનિયાભરમાં વધાર્યું. દક્ષિણ હિંદમાં રામનાદ નામના દેશી રાજ્યના મહારાજાએ સ્વામી વિવેકાનંદને શિકાગોની ધર્મપરિષદમાં હિંદુસ્તાન તરફથી મોકલ્યા હતા. આ પરિષદમાં વિજય મેળવી તેઓ પાછા આવ્યા ત્યારે તેમના માનમાં મહારાજાએ રામનાદમાં કીર્તિસ્તંભ બંધાવ્યો છે

વિવેકાંધતા સ્ત્રી. જે વાસ્તવિક રીતે પોતાનું નથી તેને વિષે પોતાપણું માનવા રૂપ મોહ.
મુને અને આ વૈભવને વિવેકાંધતા કારણ આવી !
પ્રેમાનંદ

વિવેકિતા સ્ત્રી. વિવેકીપણું
દેવ અને મનુષ્યજાતિને પ્રાપ્ત કરવાને માટે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, દયા, વિનમ્રતા, વિવેકિતા, સૌમ્ય × × × × આદિ સામાન્ય ગુણસમૂહોની આરાધના અવશ્ય કરવી જોઈએ.
વિજયધર્મસૂરિજી

વિવેકી ૧. [સં. વિવેકિન્] વિ. વિચારવાન; જ્ઞાની.
૨. વિ. વિવેકવાળું; સભ્ય; વિનયવાળું; વિવેકથી વર્તનાર; સમજુ

વિવેચક ૧. પું. અસલમાંથી સત્ય જાણી લેનાર ન્યાયાધીશ
૨. પું. વિવેચન, ટીકા કે સમીક્ષા કરનાર માણસ; સ્પષ્ટીકરણ કરનાર માણસ. મગજ નામના કાવ્યમીમાંસકના મતે વિવેચકો બે પ્રકારના દોષ છે: અરોચકિ અને સતૃષ્ણાજાવહારિ. અરોચકિ એટલે કોઈપણ તેમને કોઈ પણ સર્જનકૃતિથી સંતોષ થતો નથી જ્યારે સતૃષ્ણાજાવહારિ એટલે જેમને સારા નરસાનો વિવેક નથી તે. રાજશેખર કહે છે કે આ વર્ગીકરણ કાયમને માટે રહેતું નથી. અરોચકિતા જો જન્મથી જ હોય તો તે માનવ પ્રયત્નોથી કદી જતી નથી પણ જ્ઞાનને કારણે જન્મી હોય તો ઉત્તમ કાવ્યકૃતિ દૃષ્ટિ સમક્ષ આવતાં વેંત જ તે દૂર થાય છે સતૃષ્ણા.ભાવહારિતા તો દરેક વિવેચકને આરંભમાં નડે છે પણ વિવિધ પ્રકારની કાવ્યકૃતિઓના અભ્યાસથી સાચી વિવેચનદૃષ્ટિ આવી જાય છે
વિવેચક કાવ્યોના વહિર, ગુણદોષની બીજ તુલના કરનાર, નિષ્પક્ષપાતી જોઈએ. કમળાશંકર
૨ વિ. આકરસર રાખનાર; નિયમસર રાખનાર.
૪. વિ. વિવેચન, ટીકા કે સમીક્ષા કરનાર; બારીકાઈથી ગુણદોષ કાઢનાર

વિવેચકત્વ ન. વિવેચક હોવાપણું.

વિવેચક વાર્તા સ્ત્રી તત્ત્વજ્ઞાનસ્પર્શી નવલકથા; ' ફિલોસોફિકલ નોવેલ '.
જેને વિવેચક વાર્તા કહે છે તેનો બંધેજમાં આ તસ્વીરોમાં એક સરસ નમૂનો છે.
નવલરામ

વિવેચન ૧. ન. અસલમાંથી સાર જાણી લેવું તે; વિચારશક્તિ.
૨. [સ વિ (બધારે) + વિચ્ (જુદું પાડવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. ગુણદોષ જુદા પાડી બતાવવા તે; ટીકા.
૩. ન. વર્ણન; વિગતવાર કહેવું તે; વિશેષ કરી કહેવું તે; વિસ્તારીને કહેવું તે; સ્પષ્ટીકરણ

વિવેચનકાર પું વિવેચક; વિવેચન કરે તે

વિવેચનશાસ્ત્ર ન. ગુણદોષની ચર્ચાનું શાસ્ત્ર.

વિવેચનશૈલી સ્ત્રી ચર્ચાની પદ્ધતિ કે ઢબ.

વિવેચના ૧ સ્ત્રી. ચર્ચા; વિવેચન.

પહેલા આપણામાં જ નહોતી એવી કોઈ વિવેચના કે સહિષ્ણુતાની ભાવના પ્રબોધક દ્વારા આવેલી આપણા કે કોઈ વિદ્વાન ક્રમને ચર્ચી શકાય. કૌમુદી

૨. સ્ત્રી તુલના

વિવેચનાત્મક [સં. વિવેચન + આત્મક] વિ. વિવેચનવાળું

એ ઉપર અનેક વિવેચનાત્મક ગ્રંથો લખાયા છે. કૌમુદી

વિવેચનાશીલ વિ. વિવેચનવાળું

વિવેચવું [સ. વિ + વિચ્] સ. ક્રિ. વિવેચન કરવું; સમાલોચના કરવી.

વિવેચિત [સં.] વિ. વિવેચન કરાયેલું; ટીકા કરાયેલ.

વિવ્હોક પું (કાવ્ય) હાવના અગિયાર ભાવોનો એક ભેદ; સયોગ સમયમાં ગર્વપૂર્વક પ્રિયતમનો અનાદર

વિશ્ ૧. [સ.] સ ક્રિ. (ધાતુ) દાખલ થવું; માં જવું; પેસવું. તે ઉપરથી થતા શબ્દો: પ્રવેશ, સમાવેશ, આવેશ

૨. સ. ક્રિ. ની પાસે જવું અથવા આવવું

૩. સ. ક્રિ. ની માલિકીમાં આવવું

વિશ ૧. પું. કમળનો તંતુ

૨. પું ભૂપોનો પ્રતિનિધિ.

૩ પું બધુ કેળાયેલા લોકો

૪. પું. મનુષ્ય; સમસ્ત લોકો

આ સમિતિ સમસ્ત લોકો અથવા વિશનું બનેલું રાજ્યમંડળ હતું. ત્રિભુવનદાસ પટવા

૫. પું વૈશ્ય

૬. [સં] સ્ત્રી. વિષ્ટા.

વિશકલિત [સં] વિ. છૂટું પાડેલું.

કમળના દંડના અનંતકોશ બની સામુદ્રાયિક અવસ્થામાં પરમાણુઓનું રહેવું અને ત્યારે કાયમ અલગ થઈ વિશકલિત અવસ્થામાં રહેવું. એ બધા પરમાણુના પર્યાય અવસ્થા વિશેષ જ છે. તત્ત્વાર્થસૂત્ર

વિશકલિતા પું (પિંગળ) એ નામે એક વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, ભગણ, સગણ, ભગણ અને સગણ મળી ૧૫ વર્ણ હોય છે.

મ ભા સા ભા સ થી બદ્ધ એવો વિશકલિતા. ઇન્દુપિંગળ

વિશકંઠ પું. બગલો.

વિશકંઠી સ્ત્રી બગલી

વિશદ ૧. પું. ઉત્તમ પરિણામ.

૨. પું. ઔષધિનો એક ગુણ

૩. પું. પીસ માંહેનો એક સામાન્ય ગુણ; ગુણનો એક પ્રકાર.

૪ પું સફેદ રંગ; ધોળો રંગ.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સોત્પન્ન હસ્તિ રાજાના વંશના અજમીઢના પુત્ર બૃહદ્વિષ્કના વંશના જયદ્રથ રાજાનો પુત્ર. એનો પુત્ર સેનજિત

૬. વિ. ખુલ્લું.

૭. [સં.] વિ. સ્વચ્છ; નિર્મળ; શુદ્ધ, ડાઘ વગરનું

૮ વિ પ્રસન્ન કરનારું

૯ વિ. ફેલાઈ જાય એ.

૧૦ વિ. મોટું.

૧૧. વિ. શ્વેત; ધવલ; સફેદ; ધોળું; ઉજ્જ્વળ શ્યામ રાત્રિ પાછળ વિશદ અનુપમ સ્થિત અવદાત, ધવલ નવલ ઊજળી અર્થ કરવા ઘટાથી વાત. પિંગલપ્રકાશ

૧૨. વિ. સ્પષ્ટ; સરળ

વિશદચ્છદાય પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; તુલગીત. તે પંક્તિ છંદનો એક ભેદ છે, તેમાં સગણ, તગણ, યગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે અને પાંચમે અક્ષરે યતિ આવે છે

વિશદચ્છાયે સ ત યો ગા છે. ઇન્દુપિંગળ

વિશદતા ૧ સ્ત્રી ધોળાશ.

૨. [સં.] સ્ત્રી. નિર્મળતા.

૩. સ્ત્રી. મહત્તા.

૪ સ્ત્રી વિસ્તારપણું

૫. સ્ત્રી સહેલાઈથી સમજી શકે તેવી રીત.

૬. સ્ત્રી સ્પષ્ટતા; સોબાદ

વિશદત્વ જુઓ વિશદતા

વિશદદૃષ્ટ સ્ત્રી. સ્પષ્ટ નજર.

વિશદરેખ વિ રૂપપ્રધાન; રૂપદર્શી

પદ્ધતિ વાસ્તવિક હોય કે કલ્પનિક, ચિત્ર વિશદરેખ હોય કે રંગલોપી, લોકપદ્ય સાદો હોય કે વિરાટ, કવિ એક જ આપણને તમારી આત્મામંતર બનાવ પરંપરાની હોય કે જન્મી માર્મિક, રૂપ કે અનુરંગ અક્ષૌહિણીની એ સર્વ કૃતિમાં ઉપલબ્ધ થાય છે. અમૃતરાય ઠાકોર

વિશદ લેખ્ય પું. પવિત્ર ખત. સિદ્ધ છે કે, ભારતનું સવિધાન એક વિશદ લેખ્ય છે. તે એક સિદ્ધ રાષ્ટ્રની પ્રારંભિક કામનાઓને હલ કરવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરે છે. આ પ્રકારની વ્યવસ્થા સંવિધાનને નિર્વિઘ્ન રૂપે કાર્ય કરવામાં સહાયક થશે

વિશદીકરણ [સં. વિશદ + કૃ (કરવું)] ન. સ્પષ્ટીકરણ.

જેના પરિણામનું જે હું છતાં સ્થિર વિશદીકરણ અને વક્તવ્યનું જે પુષ્કલત્વ સર્વાર્થસિદ્ધિમાં છે, તે બાબતમાં ઓછામાં આપ્યું છે. તત્ત્વાર્થસૂત્ર

વિશમવું [સ વિ + શમ્] સ. ક્રિ. શમવું; વિરામવું; લય પામવું, શાંત થવું

વિશય ૧. [સ.] પુ. અધિકરણનું એક અંગ. વિષય, વિશય, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ અને સંગતિ આ પાંચ અધિકરણના અંગો છે. જેઠાલાલ શાહ

૨. પુ. સશય, શક

વિશર [સં] પું. વધ; મારી નાખવું તે

વિશરણ ન. વિસ્તાર; અભિવૃદ્ધિ; વિસ્તરણ; આપત્ત; પ્રસાર; પ્રસરણ; વિવર્તન

ફ્રેરીઅર એમ કહે છે કે, તદ્ભવ શબ્દોનું વિકારમાં જે આતર વિશરણ થાય છે, તેને અસ્ત પ્રમાણનો સંબંધ છે. પરિભાષિક કોશ

વિશરામ પું. વિશ્રામ; આરામ; વિસામો.

વિશલ્ય ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂષતી છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ યગણ મળી ૯ વર્ણ હોય છે.

વિશલ્યે ય-ગણો ત્રણે છે. ઇન્દુપિંગળ

૨. [સં.] વિ શલ્યરહિત; સાજું

વિશલ્યકરણી સ્ત્રી. મૃતસંજીવની જેવી એ નામની એક ઔષધિ

વિશલ્યા ૧ [સ] સ્ત્રી. અગ્નિશિખાવૃક્ષ

૨ સ્ત્રી અજમો

૩ સ્ત્રી. એક પ્રકારની વેલ

૪ સ્ત્રી. કલગારી

૫. સ્ત્રી અળો; તે ઔષધિ તરીકે ખાસ વાપરવામાં આવે છે.

૬. સ્ત્રી. હળદી; રતનજોત.

૭. સ્ત્રી. નેપાળો નામની એક ઔષધિ.

૮. સ્ત્રી. પાટલા નામની વનસ્પતિ

૯. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી

૧૦. સ્ત્રી વછનાગ; દુધિયો વછનાગ; એક પ્રકારની વેલ. તે નાની હોય છે. પાંદડાં, ડીંટાં સિવાય, ત્રિકટા હોય છે અને તે પારો બાંધવાના કામમાં આવે છે.

વજ્રાલતા, વિશલ્યા, કુરંટી, દંતિકા, અમૃતા, છત્રિકા, સોમવલ્લી, વિશલ્યા, ભાર્ગવી એ નવ ઔષધિ નામ ગણેલાં છે. અમરકોશ

વિશવાસ પું. ચોસઠ ચોરસવાળી જેવી જમીન.

વિશસન ૧. [સ વિ + શસ્ + અન] ન. એકવીશ માહેનુ એ નામે એક નર્ક; વિશસન.

> જે જીવ કરનારા અધમ મનુષ્યો જીવના વધોમા પશુઓને કાપી નાખે છે, તેઓ મુવા પછી વિશસન નરકમા પડે છે. ભાગવતી ભાગવત

૨. ન. ખડ્ગ, તલવાર.

૩ ન. મારણ

૪. ન મારવુ તે; કાપવુ તે; મારી નાખવુ તે; કાપી નાખવુ તે

વિશસનગૃહ ન કતલખાનુ; 'સ્લૉટર હાઉસ'

વિશસ્ત ૧. [સં] વિ. કાપેલુ

૨. વિ. મારી નાખેલુ

વિશસ્ય વિ શસ્ત્ર રહિત

વિશંક [સં.] વિ બીક વગરનું; નિર્ભય

વિશા ૧. સ્ત્રી બુદ્ધિ.

૨ સ્ત્રી વૃત્તિ.

વિશાખ ૧. [સં.] પું. એ નામે એક ઋષિ

૨. પું કાર્તિકેય સ્વામીના અંશની ઉત્પન્ન થયેલ એક દેવ.

૩. પું કાર્તિકેય; સ્કંદ; પાર્વતીનંદન.

૪. પું ધનુર્ધારીની નિશાન તાકની વેગા ઊભા રહેવાની એક સ્થિતિ.

૫ પું શિવનાં હજાર માંહેનુ એક નામ.

૬. પુ. સાટોડી.

૭. વિ. અરજદાર.

૮. વિ યાચક; માગ્યુ; માગનાર.

૯ વિ. શાખા વગરનુ.

વિશાખદત્ત ૧. [સં.] પું. ઈ. સ. ના છઠ્ઠા સૈકાથી તે ઈ. સ. ના નવમા સુધીના નાટકોના મધ્ય યુગમાં થઈ ગયેલ નાટ્યકાર; મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક કવિ. તેણે મુદ્રારાક્ષસ નામનું નાટક લખ્યું છે

૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી

વિશાખયૂપ ન. (પુરાણ) રામચંદ્રગિરિ ઉપર આવેલું એ નામે એક તીર્થ. આ સ્થળે પાંડવો વનવાસ સમયે કેટલાક દિવસ સુધી રહ્યા હતા

વિશાખા ૧. [સં.] સ્ત્રી. અઠ્ઠાવીસ માંહેનુ એ નામનુ સોળમુ નક્ષત્ર. આ નક્ષત્રના તારાની સંખ્યા કોઈ બે, કોઈ ચાર, અને કોઈ પાંચથી છ માને છે. વેદાદિકમાં બે તારાની પ્રસિદ્ધિ વિશેષ છે. તે બે માસમા ઊગે છે, ત્યારે પૂર્વ અને અગ્નિ, એ બંનેના મધ્યમાં દેખાય છે. એ ચાર માહેના બે તારા તો તદ્દન ઝીણા છે ને બે ચક્રચક્રિત છે. ચક્રચક્રિત બે માહેનો એક તો મિત્રા તારાની સાથે જ નીચે દેખાય છે અને બીજા તેના ડાબા અંગ ઉપર સહેજ નીચે છે ફેણઅરિમાં પરોવિયે, સુમારે પાંચ વાગ્યે. આ બંને મધ્યાહ્નરત્ત ઉપર આવે છે તેમાં પહેલો તારો પહેલો આવે છે અને ત્યાર પછી ૨૬ મિનિટે બીજો આવે છે. મોટા બે તારા અને ઝીણા બે તારા, તેઓનો એક સમાંતર દ્વિભુજ ચતુષ્કોણ થાય છે. પૂર્ણિમાનો ચંદ્ર નજદીક હોય છે ત્યારે, પેલા બે ઝીણા તારા બિલકુલ દેખાતા નથી એટલું જ નહિ, પણ પેલા બે મોટા તારા પણ તદ્દન ઝાંખા ઝાંખા દેખાય છે. પરંતુ કોઈ કોઈ વાર ત્યારે ચંદ્રની કોર આ બે મોટા તારાની મધ્યે આવે, ત્યારે એ ત્રણની શોભા ખરેખર મનોહર દેખાય છે. વૈશાખ માસનું નામ આ નક્ષત્ર ઉપરથી પડેલ છે. જે ગોત્ર વિશાખામાં થાય છે, તેની મુહૂર્ત વીસ દિવસની હોય છે. તેનો આકાર માળા અથવા તોરણ જેવો હોય છે. તેના સ્વામીનુ નામ ઇંદ્ર અને અધિષ્ઠાતા મિત્ર નામના દેવ છે અને પાયાના અક્ષર, તિ, તુ, તે, તો છે. આ નક્ષત્રમાં જો કે પુરુષનો જન્મ થયો હોય તો તે ઈર્ષાખોર, લોભી, ક્રાંતિવાળો, વાચાળ અને કલેશ કરાવનારો થાય છે. અંગ્રેજીમા તેને 'લિબ્રા' કહે છે. તેમાં ચાર તારા છે. તેનાં અંગ્રેજી નામ, (૧) આલ્ફા લિબ્રા, (૨) આમોટા લિબ્રા, (૩) બીટા લિબ્રા અને (૪) ગામા લિબ્રા છે.

૨. સ્ત્રી. ચંદ્રાનિ

૩ સ્ત્રી તોરણ

૪. સ્ત્રી. નાની ડાળી.

૫ સ્ત્રી. બળરામની પ્રિય ગોપી.

૬ સ્ત્રી લોઢાની આંકડીવાળી વાંસની લાકડી.

૭. સ્ત્રી. (પુરાણ) સોમની એક સ્ત્રી.

વિશાખાચમત્કાર [સં.] સ્ત્રી. વિશાખા નક્ષત્રની પહેલાનું નક્ષત્ર; સ્વાતિ નક્ષત્ર.

> સ્વાતિ સન્નિધ વસુ ન ચાલક લાસ્ય ભાસ;
> ના વિશાખા ભાસ્કર જ રીપ મહામ.
> દયારામ

વિશાખ પું. એ નામનો એક બ્રહ્મિયારી ભાવ.

વિશાખક [સ.] ન. મારી નાખવું તે; વિશીર્ણ કરવુ ત.

વિશારદ ૧. [સં.] પું. પંડિત; વિદ્વાન માણસ.

૨ પું પુરુષોત્તમનાં હજાર માંહેનુ એક નામ.

૩. પુ બોરસલીનુ ઝાડ.

૪ પું ગ્રહ માણસ.

૫ પું શિવ.

૬ વિ ચતુર; નિપુણ; દક્ષ.

૭ વિ પુરંધર

૮ વિ નિષ્ણાત; પારંગત

૯ વિ પંડિત; વિદ્વાન.

૧૦. વિ ભાહોંશ; વિચક્ષણ; હોશિયાર; કુશળ; પ્રવીણ.

૧૧ વિ માહિતગાર, જાણીતુ

૧૨ વિ. વિજયવંત

વિશારદતા સ્ત્રી નિપુણતા.

વિશારદ સમિતિ સ્ત્રી નિષ્ણાતોની મંડળી

વિશારદા ૧ સ્ત્રી. એ નામની એક પદ્યા

૨. સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ.

વિશાલ ૧. [સ] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માહેનો એ નામનો એક યોગ

૨. પું. ઇક્ષ્વાકુનો બીજો પુત્ર.

૩. પું. એ નામનો એક રાજા. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રાજાને અલંબુસા અપ્સરાની કુખે થયલા ત્રણ માંહેનો મોટો પુત્ર. એણે પોતાના નામ ઉપરથી વિશાલા નગરી સ્થાપી હતી. એને હેમચંદ્ર નામનો પુત્ર થયો હતો

૪. પું. એક જાતનો મૃગ

૫. પું. (પુરાણ) કૃષ્ણ અને બલરામનો ગોકુલમાંનો એક મિત્ર.

૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૭ પું. સૂર્યનાં એકસો આઠ માંહેનુ એક નામ.

૮. સ્ત્રી. ઉજ્જયિની શહેરનુ એક નામ.

૯. ન ઉડ્ડયન વિમાનનું એક નામ.

૧૦. ન. એ નામનું એક જાતનું ઝાડ.

૧૧. ન. એ નામનું એક જાતનું પક્ષી

૧૨. ન. (સ્થાપ) કામીદાગમમાં બતાવેલ વીસ જાતનાં મકાનોમાનો એક વર્ગ.

૧૩. ન. બહિર્દિગ્ભ્રમ.

૧૪. વિ. ઘણુ મોટું; મહાન; વિસ્તીર્ણ.

૧૫. વિ. દીર્ઘ

> પદ્મપત્ર પ્રભુ પરિઘર્ષક પદ્મ આયત બાહુ વિશાલ;
> દીર્ઘ ચારુ ભરતી સદા, મું કારણ હે બાલ!
> વિઠ્ઠલેશકુમોદ

વિશાલક પું. ગરુડ.

વિશાલકર્ણ પું. (પુરાણ) એ નામે એક કિન્નર.

વિશાલકોષ પું. રથૂલકોષ્ઠ.

વિશાલતા સ્ત્રી. મોટાપણું; વિસ્તીર્ણતા.

વિશાલપ્રભ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, બે તગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે

> જ ગા ત ગા ગે વિશાલપ્રભે. રણછોડભટ્ટ

વિશાલા ૧ [સં] સ્ત્રી. ઇંદ્રવરુણી, ઇંદ્રવારુણિ; ઇંદ્રામણી; ઇંદ્રાવલ્લ.

૨ સ્ત્રી ઉજ્જયિની નગરી. તે નગરીની રાજકન્યાનું શિશુપાલે હરણ કર્યું હતું

૩. સ્ત્રી. ઉત્તરાખંડના તીર્થોની રાજધાની; બદરીકેદાર અહીં ભગવાન બદરીકેદાર બિરાજે છે શીત ઋતુ જ્યારે આ નગરીને બરફના આવરણથી ઢાકી દે છે, ત્યારે ત્યાં કોઈ પ્રાણી રહી શકતુ નથી. એ છ મહિનામા દેવતાઓ તરફથી ભગવાનની પૂજા અને નગરીનુ શાસન ૬.૫ છ અરૂ એટલી ગયા પછી શેષ છ માસ મનુષ્યોને દર્શન પૂજનનો લાભ મળે છે. એમ પણ કહી શકાય કે ભગવાન વિષ્ણુ કાર્તિક માસમાં ક્ષીર સમુદ્રની શેષ શય્યાનો ત્યાગ કરીને અહીં બરફની મોટી ચાદર ઓઢી છ માસ સાથે રહે છે અને પોતાના અનંતશયન નામને સાર્થક કરે છે

૪. સ્ત્રી. એ નામની એક નદી

૫. સ્ત્રી. (સંગીત) એકવીસ માંહેની એક મૂર્છના; ષાંધારગ્રામની એક મૂર્છના; સંગીતના તાર સપ્તકની મૂર્છના. મધ્યસ્થાની અતિ કોમળ ઝાલરથી શરૂ કરી, તાર સ્થાની અતિ કોમળ ઝણઝ સુધી આરોહાવરોહ કરીએ ત્યારે આ મૂર્છના બને છે

૬. સ્ત્રી. ચૌદ માંહેની એક યક્ષિણી. તેઓના નામ આ પ્રમાણે છે મહાયક્ષિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિશાલા, ચન્દ્રિકા લક્ષ્મી, શોભના અને મદના.

૭. સ્ત્રી. મહેન્દ્ર વારુણિનો વેલો.

૮. વિ વિશાળ; ઘણું; વિસ્તારયુક્ત

વિશાલાક્ષ ૧. [સં.] પું. અઢાર માંહેનો એક મુખ્ય શિલ્પકા.

૨. પું. ગરુડ

૩. પું ગરુડનો પુત્ર.

૪. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર. ભીમસેને એને મારી નાખ્યો હતો.

૫. પું. (પુરાણ) પૂર્વે મત્સ્યદેશાધિપતિ વિરાટ રાજાનો એક ભાઈ કીચકના મૃત્યુ પછી આ સેનાપતિ થયો હતો.

૬. પું મત્સ્ય પુરાણમાં જણાવેલ અઢાર માંહેનો એક શિલ્પસંહિતાકાર.

૭. પું. (પુરાણ) યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમા આવેલો એક રાજા ચતુર્દશ સ્વમતપંચક ક્ષેત્રમા યજ્ઞ કર્યો તે વખતે તે સહાય કરવામાં હતો

૮. પુ. વિષ્ણુ

૯. પું. શિવ, મહાદેવ.

૧૦ પું શિવનો એ નામનો એક પાર્ષદ

૧૧. સ્ત્રી અક્ષિ.૨ દ્વાક્ષ સાળી ધાન્ય

૧૨. વિ મોટી આંખવાળુ

વિશાલાક્ષી ૧. સ્ત્રી એ નામની એક દેવીનુ સ્થાનક

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એક યોગિની.

૩. સ્ત્રી. નાગદમની.

૪ સ્ત્રી. પાર્વતી; દુર્ગાનુ એક નામ.

૫. સ્ત્રી. મણિદ્વીપની ચોસઠ માંહેની એક કલા.

૬. સ્ત્રી. (પુરાણ) વારાણસી ક્ષેત્રમાં આવેલી સતીની વિભૂતિ વિશેષ; એ નામની દેવી. એનુ સ્થાન કાશીવિમુક્તમાં છે.

૭. [સં. વિશાલ + અક્ષિન્ (આંખ)] વિ. મોટી આંખવાળી

વિશાલાંતિક પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ તગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

ત્રા ૩ ૩ ગા છે **વિશાલાંતિક.**

રત્નપિંગળ

વિશાલાબોળાદી પું. (પિંગળ) બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; અંબોળાદી. તેના દરેક ચરણમાં તગણ, સગણ, યગણ અને મગણ એમ બાર અક્ષર હોય છે

ત્રા, સ્સ, ય, મ વળી **વિશાલાંબોળાદી.**

રત્નપિંગળ

વિશાલી ૧. [સં] સ્ત્રી અજમોદ; જોડી અજમોદ; વનસ્પતિની એક જાત.

૨. સ્ત્રી. એક જાતની પક્ષિણી.

૩. સ્ત્રી. મૃગલીની એક જાત.

વિશાલેશ્વરા [સં] સ્ત્રી. ગાયત્રીની ૨૪ માંહેની શક્તિ.

વિશાલેંદ્ર પું (જૈન) કલ્પિત નિકાયના ઉત્તરેંદ્રનું નામ

વિશાળ ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ચર્ચરિકા કહેવાય છે. તેમાં લઘુગુરુનો નિયમ નથી. તેમાં ૨૧ વર્ણ હોય છે અને ૧૬ ને ૧૫ અક્ષર ઉપર યતિ આવે છે

૨. પું. એક મૃગ.

૩ ન. (શિલ્પ) બત્રીસ ચોરાણું માંહેનાં એ નામના એક ઘરની જાત

કહ્યોવ ઘરની પહોળે બે બાજિયા હોય પણ તેને પડકાર ન હોય તો તે **વિશાળ** ઘર કહેવાય.

રાજવલ્લભ

૪. વિ. પહોળુ; મોટું; લાંબું; મહાન.

૫. વિ. વિસ્તીર્ણ; વિસ્તૃત; ઘણું લાંબુ પહોળું

વિશાળકર્ણ પુ એ નામનો એક કિન્નર.

વિશાળક્ષત્ત્વ વિ. મોટી ક્ષમાવાળુ, મોટા હૈયાવાળુ, વિશાળ શરીરવાળું.

વિશાળતા ૧ સ્ત્રી ઉદારતા.

૨. સ્ત્રી. મોટાઈ; મોટપણુ; મહોળાપણુ.

૩. સ્ત્રી. વિસ્તીર્ણતા; વિસ્તૃતતા.

વિશાળદર્શન ન. સર્વદર્શન; દૃષ્ટિવિસ્તાર

વિશાળદ્રષ્ટા વિ પું વિશાળ દૃષ્ટિવાળો.

વિશાળભારત ન. આર્યતના લોકો જે દેશમાં વસવાટ કરી રહ્યા હોય તે દેશ

વિશાળા ૧. સ્ત્રી. (પુરાણ) વિશાળ રાજાએ પોતાને નામે વસાવેલી નગરી. એ જગ્યાએ પૂર્વે કુશસ્થલ વન હતુ દાશરથી રામ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા અર્થે ગયા તે કાળે આ નગરીમાં દિષ્ટકુળનો સુમતિ નામનો રાજા રાજ્ય કરતો હતો.

૨ સ્ત્રી. (પુરાણ) સરસ્વતીના સપ્ત માંહેનો એક પ્રવાહ.

૩. સ્ત્રી (પુરાણ) હિમાલયમાંથી નીકળતી એક નદી

૪. ન. ઇંદ્રવારુણિ.

૫. ન. બદરિકાશ્રમ

૬. વિ. પૂરુ; અતિશય.

૭. વિ મોટું; લાબું; પહોળું; વિસ્તીર્ણ.

વિશાળું વિ વિશાળ; મોટું.

વિશાંપતિ ૧. પું. એ નામના ઋષિ.

૨. પું. ટોળાનો વડો.

૩. [સં.] પુ. રાજા; નૃપ; લોકોનો પતિ.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વિશિખ ૧. પું (હિંદી) પ્રભુનો આવિર્ભાવ કરવા માટેનો એ નામનો દિવ્યદેહ.

૨. [સં] ન કાસડાનું ઝાડ.

૩. ન બાણ; તીર.

પૂંખક, બાણ, વિશિખ, અજિહ્મગ, ખમ, આશુગ, કલમ, માર્ગણ, શર, પત્રી, શેષ અને ઈષુ આ બાર નામ બાણનાં છે.

અમરકોષ

૪. ન ભાલા જેવુ એક શસ્ત્ર

૫ વિ મુકુટ વગરનું

૬. વિ. શિખા વગરનું; ટોચ વિનાનું.

વિશિખલતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તેમાં નગણ, જગણ અને બે રગણ મળી ૧૨ વર્ણ હોય છે.

વિશિખલતા રચે ન જ ર ર થી

રત્નપિંગળ

વિશિખા ૧. [સં.] સ્ત્રી. કોદાળી.

૨. સ્ત્રી. પાવડો

૩. સ્ત્રી. પોળ; ભેખ; શેરી.

૪ સ્ત્રી. ખંડક

૫. ન. માદાને સુવાનું ઘર
૬. ન. મોટો રસ્તો
૭ ન ૨.જ્યના સોની અને ઝવેરીઓ માટે દુકાનો જે રસ્તા ઉપર આપવામાં આવી હોય તે રસ્તો
૮ ન સોનીઓનો વાસ; સોનાર શેરી

વિશિખામ ન એ નામે ઠરકરિયાવાળું એક હથિયાર.

વિશિખાસ ૧. વિ વિવિધ શિખા કે રશ્મિવાળું
૨. [સં] વિ. વેદમાં વપરાયેલ રુદ્રનું એક વિશેષણ
૩. વિ શિખા રહિત

વિશિષ્ટ ૧. [સ.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં તગણ અને ત્રણ નગણ મળી બાર વર્ણ હોય છે
૨. પું. વંડરો; મોટો મત્સ્ય.
૩. પું. વિષ્ણુ
૪. પું શિવના હજાર માંહેનું એક નામ
૫. [સં.] વિ. અચૂક; રામબાણ; સચોટ; અવશ્ય ગુણકારી
૬. વિ અમુક
૭. વિ. અસાધારણ; વિશેષતાવાળું; અસામાન્ય; વિલક્ષણ.
૮. વિ. આખ્યાત
૯ વિ. આવશ્યક; અગત્યનું.
૧૦ વિ. ઉત્કૃષ્ટ; ઉત્તમ; બીજાથી ચડિયાતું; વધારે સારું.
૧૧ વિ ખાસ; મુખ્ય; પ્રધાન
૧૨ વિ ખુલ્લું; સ્પષ્ટ
૧૩ વિ જુદું; નોખું
૧૪ વિ નિયમિત.
૧૫ વિ. પારિભાષિક
૧૬ વિ સામયિક
૧૭ વિ. સ્વાભાવિક; લાક્ષણિક

વિશિષ્ટ ઉષ્ણતા ૧. [સં.] સ્ત્રી. અસાધારણ ગરમી; વિશિષ્ટ ઉષ્મા.
૨. સ્ત્રી. કોઈપણ એક પદાર્થના દ્રવ્યરાશિ એકમમાં ઉષ્મામાન પરત્વે એક અંશ ઉષ્માનો વધારો કરવાને આવશ્યક ઉષ્માનો એકમ; કોઈપણ પદાર્થમાં ચોક્કસ રહેલી ગરમી, ' સ્પેસિફિક હીટ '

વિશિષ્ટ ઉષ્મા જુઓ વિશિષ્ટ ઉષ્ણતા.

વિશિષ્ટક વિ ખાસ; બનાવીતું; વિશિષ્ટ

વિશિષ્ટગુરુત્વતત્ત્વ [સ] ન. ખાસ ભાર, વિશિષ્ટ ભાર. ઓઓનું વિશિષ્ટ ગુરુત્વતત્ત્વ જન્મ વખતે ૧૦૬૬, ત્રીજા વર્ષને અંતે ૧૦૪૯, ૧૪ વર્ષની વયે ૧૦૫૫ જેટલું હોય છે. ૧૭મા અને ૪૫મા વર્ષ સુધીના ગાળામાં ચૌદ વર્ષે જેટલું વિશિષ્ટ ગુરુત્વતત્ત્વ હોય છે, તેના કરતાં સહેજ ઓછું થાય છે અને પુરુષોના કરતાં આશરે ૩ અંક ઓછું થાય છે. ષડપ્રકૃતમાં સ્ત્રીઓનું વિશિષ્ટ ગુરુત્વ વધે છે. ડો. લીક્સ જણાવ્યું છે કે આને લીધે જ સ્ત્રીઓની આયુષ્ય મર્યાદા વધારે લાંબી હોય છે. વિશિષ્ટ ગુરુતત્ત્વ જેમ વધારે તેમ જીવન શક્તિ સારી હોય છે

વિશિષ્ટગુરુત્વ [સં] ન. વિશિષ્ટ ઘનતા; પાણીના ઘનમાપ વજન સાથે અન્ય પદાર્થોના ઘનમાપની સરખામણી; વિશેષ પ્રકારનું વજન; કોઈ વસ્તુના વજનનું સરખા જ કદની બીજી કોઈ વસ્તુના વજન સાથેનું પ્રમાણ; સાદતા; ' સ્પેસિફિક ગ્રેવિટી '. આ વજન કાઢવા માટે પાણીમાં ઘન એવા પદાર્થનું વજન પાણીના વજન સાથે સરખાવી જુઓ છે. કોઈ એક ચોક્કસ પદાર્થ અને પાણી સરખા આકારનાં લઈને તેનું વજન કરે પછી તે પદાર્થના વજનમાં પાણીના જેટલા પટ સમાય તેટલી સંખ્યાને, તે પદાર્થનું વિશિષ્ટ ગુરુત્વ કહે [illegible]

વિશિષ્ટઘનતા જુઓ વિશિષ્ટગુરુત્વ.

વિશિષ્ટજ્ઞાન [સ] ન. વિશેષ જ્ઞાન; વિજ્ઞાન; મતિ, શ્રુત અને અવધિજ્ઞાન

વિશિષ્ટતંત્રીમંડળ ન. ખાસ ખાનગી તંત્રીઓનું મંડળ; ' પ્રિવિ કાઉન્સિલ '

વિશિષ્ટતા ૧. [સં.] સ્ત્રી. અસાધારણ હોવું તે; અસામાન્ય હોવાનો ગુણ
૨ સ્ત્રી. વિશિષ્ટપણું

વિશિષ્ટત્વ જુઓ વિશિષ્ટતા

વિશિષ્ટ પ્રત્યય [સં.] પુ અનિવાર્ય, નિયામક, જુદું વિશેષાર્થ ખાસ પ્રત્યય; અર્થરહિત પ્રત્યય; વસ્તુશૂન્ય પ્રત્યય; ' આર્ટિકિલ્સ ઓવ રીઝન '.

વિશિષ્ટ વિસ્તાર [સ] પું અસાધારણ સર્વદેહ; વિશેષ વિસ્તાર

વિશિષ્ટ વૃત્તિ [સ] સ્ત્રી ગુણદોષ વિચારણા.

વિશિષ્ટ સમિતિ [સ.] સ્ત્રી ખાસ સમિતિ, ખાસ ચૂંટી કાઢેલ મંડળી; ' સિલેક્ટ કમિટિ '

વિશિષ્ટાદ્વૈત [સ] ન રામાનુજે પ્રવર્તાવેલા વેદાંતનો એક સિદ્ધાંત; શ્રીસંપ્રદાય; જીવ, ઈશ્વર અને માયા એ ત્રણ અનાદિ છે એવું માનવાવાળો કે એવો મત; ચિત્ અને અચિત્ સાથે પ્રભુની એકતા હોવાનો મત આ સંપ્રદાયવાળા માને છે કે, ઈશ્વરના સત્સંગથી મોક્ષ મળે છે. પરબ્રહ્મ વિષ્ણુ અથવા નારાયણનું બીજું નામ છે ઈશ્વર સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને માયાળુ છે. તે સૌનો આશરો છે તે પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને મૂર્તિ એમ પાંચ રીતે દેખાય છે રામાનુજનો વાસ્તવિક રીતે દ્વૈત અને અદ્વૈતનો આ મધ્યમાર્ગ છે. આથી તેને ભેદાભેદવાદ અથવા દ્વૈતાદ્વૈતવાદ પણ કહે છે.

વિશિષ્ટાધિકાર [સ.] પુ સર્વોપરી સત્તા.

વિશીર્ણ ૧. [સં] વિ ક્ષીણ; સુકાઈ ગયેલ; જર્જરાવસ્થાને પામેલ; જર્જરિત
૨ વિ ખરી પડેલું
૩. વિ વિખાઈ ગયેલ; ભાંગી તૂટી ગયેલું; ઉખડ્યું, ડિસ્ઇન્ટિગ્રેટેડ.

વિશીલ [સં.] વિ. ચારિત્રહીન; દુરાચરણી; શીલ વિનાનું

વિશુદ્ધ ૧ [સ] ન માનવ શરીરમાં રહેલ છ મર્મોનું એક ચક્ર આ છ ચક્ર આ પ્રમાણે છે: મૂલાધાર, સ્વાધિષ્ઠાન, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રાર. આ બધા કમળ આકારના છે
૨. વિ. નિર્મળ, શુદ્ધ; ચોખ્ખું; ભેળ રહિત. વિશુદ્ધ જલ = ચોખ્ખું પાણી; સ્વચ્છ જલ
૩. વિ. પવિત્ર; દોષ રહિત
વિશુદ્ધાત્મા = પવિત્ર આત્મા.

વિશુદ્ધચક્ર જુઓ વિશુદ્ધ ૧

વિશુદ્ધતા ૧. [સં.] સ્ત્રી. ચોખ્ખાઈ
૨. સ્ત્રી. પવિત્રતા.

વિશુદ્ધ અધસ્સાર [સ.] પુ. શોધિત સુરા.; ' રેક્ટિફાઇડ સ્પિરિટ '

વિશુદ્ધ મૂલ્ય ન. કોઈ પણ રાશિના ધર્મ કે ચિહ્ન પર લક્ષ નહિ આપતા સ્વતંત્રપણે વિચારેલ રાશિનું પરિમાણ ' એબ્સોલ્યૂટ વૅલ્યુ '. જેમકે, પાંચ રૂપિયાનો નફો અને પાંચ રૂપિયાનો તોટો એ બંનેનું પણ વિશુદ્ધ મૂલ્ય એક સરખું જ છે.

વિશુદ્ધાત્મા ૧ [સં.] પું. પવિત્ર આત્મા
૨. પું. વિષ્ણુ

વિશુદ્ધાદ્વૈત [સ] ન વલ્લભાચાર્યના મતે દોષ રહિત બ્રહ્મનું અદ્વૈતપણું કે એકતા.

વિશુદ્ધિ ૧. સ્ત્રી. (જૈન) કર્મ ખપાવવાં તે.
૨. સ્ત્રી. નિર્મળતા, ચોખ્ખાઈ
૩ સ્ત્રી. પવિત્રતા

વિશુદ્ધિચક્ર [સં.] ન. શરીરમાં આવેલ સાત ચક્ર માહેનું એક ચક્ર. તે કંઠમા આવેલું છે. તેને ષોડશદલ ચક્ર પણ કહેવાય છે. તેના અધિપતિ ભગવાન રુદ્ર છે

વિશુદ્ધિપ્રધાન [સં] ન. યોગ વિદ્યા પ્રમાણે શરીરમાનું એક ચક્ર

વિશુષ્ક [સ.] વિ. ખાલ; વિવર્ણ

વિશૃંખલ ૧. વિ. અવ્યવસ્થિત; પરંપરા વગરનું

૨. વિ કેદમાથી છૂટેલું.

૩. [સ. વિ (નહિ) + શૃંખલા (બંધન)] વિ બંધન વિનાનું, સ્વચ્છંદી; સ્વતંત્ર.

૪ વિ. સાકળ વિનાનું.

વિશૃંખલા ૧. [સં.] સ્ત્રી. શિવનાં ઢબ્બર માહેનું એક નામ.

૨. જુઓ વિશૃંખલ

વિશૃંખળ જુઓ વિશૃંખલ.

વિશે ૧. [સં. વિષયે] અ. વિષે; માં.

૨. અ. સબંધી, બાબત

વિશેઃ જુઓ વિશેષ.

વિશેખ જુઓ વિશેષ.

વિશેખી અ ખાસ કરીને; વિશેષ.

વિશેષ ૧ [સં.] પું. અર્થ દોષનો એક પ્રકાર.

૨. પું અસાધારણ ધર્મ; બાકી ધર્મ.

૩. પું. એ નામનો પદાર્થનો સાત માંહેનો એક ગુણ.

૪. પું. એ ના એ એક અર્થાલંકાર. તેમાં પ્રસિદ્ધ આધાર વિના આધેયનું વર્ણન કરવામાં આવે છે.

૫. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નીલ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં પાંચ જગણ અને ગુરુ મળી ૧૬ વર્ણ હોય છે

નીલ વિશેષ વિરે ધર પાય જ તે પર ગ. રઘુપિંગળ

૬ પું. જાત; પ્રકાર, ભાત.

૭ પું. તફાવત; ભેદ

૮ પું. સાત પદાર્થ માહેનો પાંચમો પદાર્થ

૯. ન. (વહાણવટું) દરિયામાં ફરતું વહાણ

૧૦ વિ. અમુક; અમુક; બાકી; અસાધારણ; ' સ્પેશિયલ '.

વિશેષે કરીને = ખાસ કરીને; મુખ્યત્વે કરીને.

૧૧. વિ કોઈ ખાસ ગુણ ને લીધે બીજા બધાથી જુદું પડતું, જાતિ કે વર્ગમાંનું એક

૧૨. વિ પ્રમાણ કરતાં વધારે

૧૩. અ બરાબર.

વિશેષ અધિકાર [સં] પું. ખાસ હક; ' પ્રિવિલેજ '.

વિશેષ આકાર પું જમીન ઉપર જે વિઘોટી ફરી હોય તે ઉપરાંત લેવાતી રકમ

વિશેષ આરોગ્ય કર [સં.] પું. વિશેષ આરોગ્ય શુલ્ક; આરોગ્ય સબંધીનો વિશેષ કર; આરોગ્યાર્થે ખાસ કર

વિશેષક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નીલ તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ જગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે

૨. ન. એકવાક્યતાને પામેલ બહુ પૈકીક; કાવ્યમાં જે બહુ પૈકીકનો અન્વય સાથે થતો હોય તે

૩. ન. તલનો ઘોડ

૪ ન. તિલક; લલાટમાં કરેલ ચાદલો. સ્ત્રીઓ મોં ઉપર પાદડી જેવા આકારો ચીતરે છે તે.

૫. ન. પક્ષના પાંચ માહેનો એક પ્રકાર.

૬. વિ. અસાધારણદર્શક; ભેદ બતાવનાર.

૭. વિ. વિશેષ કરનાર; વિશેષ કરતું, વિશેષતા કરતુ.

વિશેષકચ્છેદ્યકળા સ્ત્રી ચોસઠ માહેની એક કળા. કાગળ કે કેળપાત્રને કોતરી તેમાં રંગ ચિત્રો, હાથી, ઘોડા, પક્ષી, પશુ વગેરે પાડવાં તે

વિશેષજ્વર [સં] પું એકસોથી એકસો બે અંશ સુધીની ઉષ્ણતાવાળો તાવ.

વિશેષકપરીચ્છદ ન. એક જાતની ભરગાડી.

વિશેષકવલિત પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિલોકિત. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે મગણ, ત્રણ જગણ, નગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે

પ્રથમ ન ત્રણ બે આવે બે મા લોક બ ન ગા યાય વિશેષકવલિતે. રઘુપિંગળ

વિશેષ ક્રિયાસેખન ૧ ન. (સંગીત) જે ચિહ્નોથી ગાવા કે વગાડવા માટે કેટલીક ખાસ ક્રિયાઓ કરવામાં આવે છે તેની સૂચના થઈ શકે એવું લેખન.

૨. ન. સ્વર અને કાળ સિવાય જે કેટલીક ખાસ ક્રિયાઓ સ્વરને ઉચ્ચારવા કે વાદ્યમાથી શબ્દ અથવા સ્વર પ્રકટ કરવા માટે કરવામા આવે છે તે

વિશેષગુણ પું. (વેદાંત) ભેદ બતાવતો ગુણ; ખાસ ગુણ; વિશેષ ધર્મ. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્નેહ, સાંસિદ્ધિક, દ્રવત્વ, શબ્દ; બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને ભાવના એ સોળ ગુણો વિશેષ ગુણ કહેવાય છે.

વિશેષગુરુત્વ ન. વરસાદના પાણી કરતાં અમુક પ્રવાહી કેટલું વધુ વજનદાર છે તે દેખાડનાર આંક

વિશેષજ્ઞ ૧. [સં] પું કાબેલ પુરુષ, નિષ્ણાત પુરુષ

૨. વિ નિપુણ; વિદ્વાન; વિચારક; તજ્જ્ઞ; ખાસ જ્ઞાન ધરાવનાર; વિશેષ કરીને જાણનાર; સામાન્ય કરતા વિશેષ જ્ઞાન ધરાવનાર; 'એક્સપર્ટ'

વિશેષણ ૧. ન ખાસિયત; લક્ષણ.

૨. ન. નાટકનાં સોળ માહેનું એક લક્ષણ.

૩. [સં.] ન. (વ્યાકરણ) નામના અર્થમાં ગુણ કે સંખ્યાનો અર્થ બતાવનાર શબ્દ. એ નામની અંદર વિશેષ મકનાર ઉપાધિનો કે ગુણનો વાચક છે. એ ઉપાધિ ગુણ હોય કે સંખ્યા હોય. સંખ્યા એ પણ વસ્તુતઃ ગણતરીનો ગુણ જ છે. આ પ્રમાણે વિશેષ્યના ગુણવાચક અને સંખ્યાવાચક એવા બે વિભાગ થાય છે. કેટલાંક વિશેષણ ક્રિયાવાચક હોય છે. એ કૃદંત વિશેષણ કહેવાય છે. જેમકે, બેસતું, ઊઠતું વગેરે.

વિશેષણનામ ન. (વ્યાકરણ) નામાર્થે વપરાયેલું વિશેષણ.

વિશેષણરૂપ સર્વનામ ન. (વ્યાકરણ) જે સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે તે. જેમકે, જે સ્ત્રી, પેલો કુબેર, કોઈ ગામ, બીજી વાત.

વિશેષણવાક્ય ન. (વ્યાકરણ) વિશેષણરૂપ મોણ વાક્ય.

વિશેષણવિભક્તિ સ્ત્રી. (વ્યાકરણ) વિભક્તિનો એક પ્રકાર. છઠ્ઠી વિભક્તિ નામના વિશેષણ જેવી હોવાથી વિશેષણ વિભક્તિ કહેવાય છે.

વિશેષણસમાસ [સ] પું. કર્મધારય સમાસનો એક પ્રકાર જેમકે, સ્નાતાનુલિપ્ત

વિશેષણાત્મક [સં] વિ. વિશેષણ આપવા યોગ્ય

વિશેષણોત્તર કર્મધારય [સં] પું. જે કર્મધારય સમાસમાં વિશેષણ ઉત્તરપદ હોય તે. જેમકે, ઘનશ્યામ: મેઘશ્યામ

વિશેષતઃ [સં] અ અમુક; ખાસ કરીને; બાકી કરીને; મુખ્યત્વે કરીને, વિશેષે કરીને.

વિશેષતા ૧ સ્ત્રી. ઉત્કૃષ્ટતા; અસાધારણતા

૨. સ્ત્રી તફાવત

૩. સ્ત્રી અદ્ભુતતા; વધારેપણું; વિશેષપણું.

૪. સ્ત્રી ધક્ષ.

વિશેષત્વ જુઓ વિશેષતા

વિશેષદર્શી [સં વિશેષ + દર્શિન્ (દેખનાર)] વિ. વધારે જોઈ શકનાર; વધારે ડહાપું

વિશેષદ્વિત્વભૂત [સ] પું (વ્યાકરણ) મિશ્ર કાળના ચૌદ ભાદેનો એક પ્રકાર. જેમકે, તેણે ચોપડી વાંચલી હતી

વિશેષધર્મ [સ.] પું વ્યક્તિ, વર્ગ કે ઉંમરને લાગુ પડતો ખાસ ધર્મ; ધર્મના ચાર ભાદેનો એક પ્રકાર; ખાસ ધર્મ

વિશેષ નફાવેરો પું. અમુક ઠરાવેલી રકમ કરતા જેને વાર્ષિક વધારે નફો થયો હોય તેની પાસેથી ઠરેલા ધોરણ પ્રમાણે લેવાતો આવકવેરા ઉપરાંત વિશેષ વેરો

વિશેષનામ [સં વિશેષ + નામન્ (નામ)] ન નામનો એક પ્રકાર; વસ્તુ, માણસ આદિનું પાડેલું ખાસ નામ; સંજ્ઞાવાચક નામ; અમુક ખાસ માણસને કે વસ્તુને અપાતું વિશિષ્ટ નામ

વિશેષપણે ક્રિ. ખાસ કરીને

વિશેષ પદાર્થ પું. સાત ભાદેનો પાંચમો પદાર્થ

વિશેષપૃથક્‌સ્મરણ [સ] ન. ખાસ જુદો અભ્યાસ

વિશેષ પ્રતિજ્ઞા સ્ત્રી. (ભૂમિતિ) સાબિતીથી આકૃતિને અનુસરીને અ.પેલું અને સિદ્ધ કરવાની બાબતોને જણાવનારું વાક્ય

વિશેષભાગ [સં.] પું. અમુકતાનો હક્ક મળે એવો ભાગ; ' પ્રેફરન્સ શેર '.

વિશેષભાવસંનિકર્ષ [સં.] પું. (ન્યાય) ઇંદ્રિયસંનિકર્ષના લૌકિક ભેદના છ ભાદેનો એ નામનો એક ભેદ

વિશેષભાષા સ્ત્રી. સાંકેતિક ભાષા; સંજ્ઞા, નિશાની ભાષા

વિશેષભૂત પું. (વ્યાકરણ) કાળના મુખ્ય છ ભાદેનો એક પ્રકાર. તેના પ્રત્યયો એવો, એવી, એવું, એવા કે એવાં છે

વિશેષભૂતભવિષ્ય પું (વ્યાકરણ) મિશ્ર કાળના ચૌદ ભાદેનો એક પ્રકાર. જેમકે, તેણે ચોપડી વ.ચેલી હશે

વિશેષભૂતવર્તમાન પું. (વ્યાકરણ) મિશ્ર કાળના ચૌદ ભાદેનો એક પ્રકાર. જેમકે, તેણે ચોપડી વાંચલી છે

વિશેષલક્ષણ [સં] ન. અસાધારણ કારણ. આગળ પડતો ગુણ, ખાસ પ્રકૃતિ

વિશેષવર્ણન [સ.] ન. તપસીલ; બારીકાઈ; વિગત

વિશેષવિધિ [સં] પું ખાસ નિયમ.

વિશેષવિનતિ સ્ત્રી વિનંતીમાં કહેવાનું કે એ અર્થમાં પત્રમાં લખાતું લખાણ. દાખલા વિ વિ લખાય છે

વિશેષશાલીન પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; આ છંદ વર્ણદંડક કહેવાય છે તેના દરેક ચરણમાં બે નગણ અને દશ રગણ મળી છવ્વીસ અક્ષર હોય છે.

ન ન પર ર સા સહો આલ **વિશેષશાલીનના**.

રત્નપિંગળ

વિશેષશાસ્ત્ર ન. પુ અપવાદ

૨. ન. ખાસ આગમ

વિશેષસંખ્યા સ્ત્રી. (ગણિત) દરકોઈ વસ્તુની ગણતરી બતાવવાને તે વસ્તુના નામની સાથે વપરાયેલી હોય તેવી કોઈ પણ સંખ્યા. જેમકે, પચીસ રૂપિયા, સાત બળદ વગેરે

વિશેષસંપાદન ન. કોઈ ખાસ [વસ્તુના પ્રકારની] મેળવણી તે; ઇંગ્રેડિયંટ્સ; ' ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ '

વિશેષસ્તબ્ધક પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, નગણ, નગણ, નગણ, નગણ, નગણ, નગણ, ભગણ, સગણ, ભગણ, સગણ, ભગણ, સગણ, ભગણ, ભગણ, સગણ, ભગણ અને સગણ એમ સત્તાવન અક્ષર હોય છે

વિશેષસ્ત્રીધન [સં.] ન. પારિભાષિક સ્ત્રી ધન; ખાસ સ્ત્રી ધન

વિશેષસ્થાનવર્ણન [સ] ન. અમુક જગાનું સંપૂર્ણ વર્ણન.

વિશેષહાનિ [સં] સ્ત્રી. ખાસ નુકસાન; વિશેષ પ્રકારની હાનિ.

વિશેષાજ્ઞા [સં] સ્ત્રી. ખાસ ફરમાન.

વિશેષાત્મા [સ.] પું. પુરુષોત્તમનાં હજાર નામ પૈકીનું એક નામ

વિશેષાધિકાર ૧. [સં] પું. ખાસ હક્ક; વિશેષ હક્ક

૨. પું. પરવાનો, સનદ

વિશેષાલંકાર [સં.] પું (કાવ્ય) એ નામનો એક અલંકાર કર્તાએ વસ્તુનો આરંભ કરતાં અશક્ત અન્ય વસ્તુનો લાભ થતો તે. જેમકે, તને જોતાં મને કલ્પવૃક્ષનું ભાન થયું

વિશેષાંક [સં.] પું ખાસ અંક; વિશેષ અંક

વિશેષાંગ ન. (સંગીત) તાલમાં સમવાળી તાળી મારવાનું અંગ. તેના ઉપર તાલનો આધાર છે

વિશેષાંશ [સ.] પું. અમુકતાનો હક્ક મળે તેવો ભાગ; વિશેષાંશ

વિશેષિકા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, નીલ ને અબ્ધિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં પાંચ ભગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે

વિશેષિત ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિશેષકવલિત. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, બે ભગણ, એક જગણ, નગણ અને ગુરુ એમ પંદર અક્ષર હોય છે

૨ [સં.] વિ. ભેદ પાડેલું

૩. વિ. વિશેષણયુક્ત; વિશેષણ લગાડેલ; વિશેષ કરેલ

વિશેષી સ્ત્રી બોતેર ભાદેની એક આકાશતત્ત્વદેવતા.

વિશેષોક્તિ [સ. વિશેષ + ઉક્તિ] સ્ત્રી. કાવ્યના ૪૫ ભાદેનો એક અલંકાર. જેમાં સામાન્ય આવશ્યક કારણો મોજૂદ હોવા છતાં કાર્ય પરિણમતું નથી, ત્યાં સમગ્ર કારણ છતાં કાર્યની અનુત્પત્તિ વર્ણવી હોય તે અલંકાર.

જ્યાં જે નથી ત્યાં તેના કથનથી રોનારો લોભ દેખાવો એ **વિશેષોક્તિ** અલંકાર છે.

કાવ્યસાર

વિશેષોક્તિ અલંકાર જુઓ વિશેષોક્તિ.

વિશેષ્ય ૧. [સં] ન. (વ્યાકરણ) જે નામનાં મૂળ કે સાધ્યા વિશેષણથી જણાય છે તે; વિશેષણ પછી તેના સંબંધમાં આવેલું નામ કે સર્વનામ; વ્યાકરણ પ્રમાણે વિશેષણનો જેની ઉપર અન્વય થતો હોય તે; વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તેવો શબ્દ; જેનું વિશેષણ હોય તે શબ્દ.

૨. ન વિશેષ કરીને જણાવવા જેવો વિષય.

વિશોક ૧ [સં] પું. આસોપાલવ; અશોકવૃક્ષ

૨ પું (પુરાણ) કર્યું મારેલ પાંડવ પક્ષના, કૈકય રાજાનો પુત્ર

૩. પું (પુરાણ) ભીમસેનનો સારથિ. એનું બીજું નામ અશોક હતું તે શ્રીકૃષ્ણથી ત્રિવક્રાને પેટે જન્મેલો હતો. રણક્ષેત્ર પર એનો અને ભીમસેનનો સંવાદ થયો હતો

૪. પું. વિશેષ શોક; ખુબ્બણ શોક.

૫. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ

૬. પું શિવનાં હજાર નામોનું એક નામ

૭. ન. (પુરાણ) સંજીવિત નદીને કિનારે આવેલું એક અરણ્ય

૮. વિ દિલગીરી વગરનું; સુખી; શોકહીન.

વિશોકા [સ.] સ્ત્રી. (યોગ) યોગસાધક પ્રમાણે એક પ્રકારની ચિત્તવૃત્તિ

વિશોકેશ્વર [સ.] પું શંકરનું એક નામ તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ માંડવ્યાશ્રમમાં છે

વિશોધન ૧. [સં.] પું. વિષ્ણુ.
૨ ન. આખીજીવન, નક્કર પદાર્થને મરમીથી વરાળરૂપ બનાવી ઠંડકથી પાછો નક્કર પદાર્થ બનાવવાની ક્રિયા
૩ ન. વિશુદ્ધતા; સંશુદ્ધિ; શુદ્ધ કરવું તે; પવિત્ર કરવું તે
૪. ન. સ્વચ્છ કરવું તે; શોધવું તે; ખોર્યું નાખવું તે, સાફ કરવું તે
૫. વિ. પવિત્ર કરનાર; શુદ્ધ કરનાર; શોધનાર, સ્વચ્છ કરનાર

વિશોધની ૧. [સં.] સ્ત્રી. કટીરક્ષ.
૨. સ્ત્રી. નેપાળો

વિશોધી ૧. સ્ત્રી. આત્મશુદ્ધિ
૨. સ્ત્રી. નિર્મળતા.

વિશોધિત [સં] વિ. વિશુદ્ધ થયેલું

વિશોપ પું. અંજાડી.
તે વાતથી પ્રસન્ન થઈ તેને **વિશોપ** સમેત એક ગજેન્દ્ર આપ્યો અજિતરામ નથુરામ

વિશ્રબ્ધ ૧. વિ. ભય વગરનું.
૨. [સં] વિ. વિશ્વાસુ; વિશ્વાસ મુકાયેલ.
૩. વિ. શાંત મનોવૃત્તિવાળું; સ્થિર.

વિશ્રબ્ધ નવોઢા સ્ત્રી. જ્ઞાતયૌવનાના બે ભાઈનો એક ભેદ; જે નવોઢાનો પતિ ઉપર કિંચિત્ અનુરાગ અને વિશ્વાસ થાય તે

વિશ્રમ પું. આરામ; નિવૃત્તિ; વિસામો.

વિશ્રમવું ૧. [સં. વિ+શ્રમ્] અ ક્રિ. અટકવું, શ્રાંત થવું.
૨. અ ક્રિ. કામ બંધ કરી નિવૃત્તિ ભોગવવી
૩. અ. ક્રિ. થાક ખાવો; પોરો ખાવો; વિશ્રામ લેવો; આરામ લેવો; વિસામો લેવો.

વિશ્રવણ ન. પાણી ગ્રહવાને લગતી શસ્ત્રક્રિયા
વિશ્રવણનો અભ્યાસ પાણીથી ભરેલી કૂતિ ઉપર અને મરી ગયેલાં પ્રાણી ઉપર કરાવતા. આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

વિશ્રવા ૧. [સં વિશ્રવસ્] પું (પુરાણ) એ નામના એક ઋષિ; રાવણના પિતા.
૨. વિ. સાંભળે સાંભળનાર

વિશ્રંભ ૧. [સં.] પું. આરામ; થાક; વિશ્રાંતિ.
૨. પું. છૂપી વાત; અંતરની અંગત, રહસ્ય.
૩. પું તળતળાટ, લહેર
૪ પું વધ
૫. પું વિનોદ કલહ
૬ પું વિશ્વાસ, ભરોસો, ખાતરી
૭. પું શાંતિ ઠંડક

વિશ્રંભકથા સ્ત્રી સ્ત્રીની વાત; અંતરની વાત

વિશ્રંભભક્ષ જુઓ વિશ્રબ્ધ.

વિશ્રંભિની [સં.] વિ. સ્ત્રી ભરોસો રાખનારી; વિશ્રબ્ધ રાખની.

વિશ્રામ ૧ [સં] પું આરામ; વિસામો; આસાયેશ. ઉપનિષદોમાં લખેલું છે કે, જેવી રીતે દિવસ આખો રઝળી રખડી, પક્ષીઓ સાંજના પોતાના માળામાં આવી શાંતિથી બેસી જાય છે તેવી રીતે જીવાત્મા આખો દિવસ દુનિયાદારીની ઉપાધિ અને ઝંઝાળમાં ભમી ભમી થાકી જાય છે આ થાક ઉતારવા એ સાંજના હરિસ્મરણ કરી, પ્રભુ પ્રાર્થનાદ્વારા એના ચરણમાં વિશ્રામ લેવા પહોંચી જાય છે.
વિશ્રામ કરવો–ખાવો–લેવો = આરામ કરવો–ખાવો કે લેવો
૨. પું. આરામ લેવાનું સ્થાન; વિશ્રાંતિ લેવાનું ઠેકાણું.
દેવોના ધામ એ જિનનાં **વિશ્રામ** એ.
નાનાલાલ.
૩. પું. (વેદાંત) થાક કરેલા વ્યાપારનો અંત.
૪. પું. નિરાંત; સુખ.
૫ પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વિશ્રામકાળ ૧. પું આરામ અવસ્થા
૨. પું વિસામાનો સમય; આરામનો વખત.

વિશ્રામગાહ જુઓ વિશ્રામગૃહ.

વિશ્રામગૃહ ૧ [સં.] ન. આરામ લેવાનો ઓરડો; આરામગાહ; વિશ્રાંતિગૃહ.
૨. ન. મુસાફરખાનું

વિશ્રામઘાટ પું મથુરામાં જમુના નદીના કાંઠા ઉપરનો એક ઘાટ. વિશ્રામઘાટમાં સ્નાન કરવાનું માહાત્મ્ય વધારે કહેવાય છે. કહે છે કે, શ્રીકૃષ્ણે કંસને માર્યા પછી અહીં વિશ્રામ લીધો હતો, માટે આ ઘાટનું નામ વિશ્રામઘાટ પડ્યું છે. શ્રીકૃષ્ણ દ્વારકા જતી વખતે અહીં પોતાની મુગટ તથા પાદુકા મૂકી ગયા હતા. વિશ્રામઘાટની વચમા નાના મંદિર સ્થાનમાં આ પાદુકા તથા મુકુટની પૂજા તથા દર્શન થાય છે.

વિશ્રામચિકિત્સા [સં.] સ્ત્રી વિશ્રામ દ્વારા ઉપાય. મન અને શરીર બન્નેને આરામ મળવાથી અનેક માનસિક અને શારીરિક રોગ આપમેળે મટી જાય છે. ઓક્ષાનવસ, કુદરતી દફન જેવું અને સૂવું એ મોક્ષ ઉપાય છે.

વિશ્રામદાયક ન. આશ્રમ; વિસામો.

વિશ્રામદિન [સં.] પુ. અઠવાડિયે; પાકી

વિશ્રામભુવન જુઓ વિશ્રામગૃહ.

વિશ્રામવાર ૧ પું. રવિવાર.
૨. પું વાનપ્રસ્થ આશ્રમ.
૩. પું. વિશ્રામ લેવાનો દિવસ, શાંતિનો દિવસ; ' સેબ્બાથ '.
વિશ્રામવાર માણસ માટે કર્યો છે. માણસને વિશ્રામવાર માટે કર્યો નથી. આનંદશંકર ધ્રુવ

વિશ્રામવું જુઓ વિશ્રમવું.

વિશ્રામવૃત્તિ જુઓ વિશ્રામચેતન

વિશ્રામચેતન ન. નિવૃત્તિચેતન; મોટો પગાર; ' પેન્શન '.

વિશ્રામસ્થાન જુઓ વિશ્રામગૃહ.

વિશ્રામાલય જુઓ વિશ્રામગૃહ.

વિશ્રાંત ૧. વિ. આરામ પામેલ; વિસામો લીધેલ.
૨. [સં.] વિ. થંભી ગયેલું, થાકેલું

વિશ્રાંતિ ૧. [સં] સ્ત્રી અંત.
૨ સ્ત્રી. આરામ; આસાયેશ; વિસામો; વિશ્રામ.
વિશ્રાંતિ કરવી–ખાવી–લેવી = આરામ કરવો–ખાવો કે લેવો.
૩ સ્ત્રી. થાક ખાવા બેસવું તે; દમ ખાવો તે; વિરામ; શોભવું તે: મહેનતથી થોડીવાર વિશ્રામ પામવું તે
૪. સ્ત્રી મોક્ષ; મુક્તિ
૫. સ્ત્રી. સમાધિ
૬. ન પંચતીર્થમાંહેનું એક તીર્થ

વિશ્રાંતિકાળ પું. વિશ્રાંતિનો વખત; ' પેન્શન '.

વિશ્રાંતિકુંજ ન. બગીચામાં બંધાયેલું આરામગૃહ.

વિશ્રાંતિગૃહ [સં] ન. આરામગૃહ; વિશ્રામાલય.

વિશ્રાંતિભુવન ૧. ન. આરામગૃહ.
૨ ન મોટાપાયે તથા અલપાહારની સગવડતાવાળી વાડી; ' હોટેલ '.
આ પ્રમાણે શોખને ફેલાવનાર સાધન અન્ય નહિ પરંતુ સ્થળે સ્થળે ઉભરાઈ જતાં **વિશ્રાંતિભુવનો** અર્થાત્ હોટેલો જ છે. આરોગ્ય

વિશ્રી ૧. [સં] સ્ત્રી. કુરૂપતા; શોભાહીનતા.
૨. વિ. શોભાહીન; કુરૂપ; બેહદ

વિશ્રુત ૧ [સં] પું. (પુરાણ) વસુદેવનો કુંતી થયેલા પુત્રો માંહેનો એક
૨. પું (પુરાણ) વિદર્ભવંશી દેવમીઢ જનકનો પુત્ર. એના પુત્રનું નામ મહાધૃતિ જનક હતું. આ વિશ્રુતનું વાલ્મિકી રામાયણમાં વિશ્રુવ એવું નામ કહ્યું છે
૩. ન. (પુરાણ) નર્મદા ઉપરનું એ નામે એક તીર્થ
૪. સં વિ+શ્રુ (સાંભળવું) + ત] વિ જાણીતું, બહોળું જાણેલું, નામચીનું; પ્રખ્યાત; પ્રસિદ્ધ વખણાયેલ.
૫ વિ વિદિત; જાણેલું; સાંભળેલું

વિશ્રુતાત્મા [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વિશ્રુતિ [સં.] સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.

વિશ્રૃંખલા [સં] સ્ત્રી. અવ્યવસ્થા; ગોટાળો; ગેરબંદોબસ્ત.

વિશ્રેણિપતિત [સં. વિ + શ્રેણિ + પતિત] વિ. પંક્તિભ્રષ્ટ.

> જીવનું નવું ઉત્પત્તિ સ્થાન ગમે તેટલું વિશ્રેણિપતિત-પંક્તિભ્રષ્ટ હોય તોપણ તે ત્રણ વાંકમાં અવશ્ય પ્રાપ્ત થાય છે જ
>
> તત્ત્વાર્થસૂત્ર

વિશ્લિષ્ટ ૧. [સં] પું. રાગમાં નિષેધસ્વરયુક્ત ગાવું તે; ગાયકોના મુખ્ય ચૌદ દોષોનો એક દોષ

૨ [સં.] વિ. અળગું; અલગ કરેલું; જુદું, વિભક્ત; વિશ્લેષ પામેલ; જુદું પાડેલું; છૂટું પડેલું કે પાડેલું.

૩. વિ. ઢીલું; શિથિલ

વિશ્લેષ ૧. [સં.] પું. અંતર; જુદાપણું, ભેદ, જુદું પડવું કે પાડવું તે; પાર્થક્ય; પૃથક્કરણ.

૨ પું ઉચ્છેદ; નાશ; સંહાર; પ્રલય.

૩ પું. છૂટું પડવું તે; વિયોગ; વિયોગ.

૪ પું. જોડાક્ષરને છૂટા પાડવાની ક્રિયા: જેમકે, સર્વ – સરવ, ક્રિયા – કિરિયા, માર્ગ – મારગ.

૫. પું. ભાદભાકી.

૬. પું. શિથિલતા.

વિશ્લેષક ૧. પું. જુદું પાડનાર માણસ

૨. [સં.] પું. ઠરાવ; નિશ્ચય.

૩. પું. વિશ્લેષ કરનાર યંત્ર; વીજળીની અસર ન થવા દે એવી વસ્તુ.

૪. વિ. જુદું પાડનાર.

વિશ્લેષક્રિયા [સં.] સ્ત્રી. છૂટા પાડવાની કે પાડવાની ક્રિયા

વિશ્લેષઘાત સ્ત્રી. (ગણિત) મૂળ રકમનો અમુક અંશ ઉમેર્યો કે બાદ કર્યો પછી બીજો પણ અંશ ઉમેર્યો કે બાદ કર્યો હોય અને તેના પરિણામ ઉપરથી મૂળ રકમ શોધી કાઢવી તે.

વિશ્લેષણ જુઓ વિશ્લેષ

વિશ્લેષણાત્મક પદ્ધતિ [સં.] સ્ત્રી એક પ્રકારની શિક્ષણપદ્ધતિ. જૂના જમાનાનાં પુસ્તકો અને શાસ્ત્રીઓ આ પદ્ધતિમાં માનતાં નહિ આજે વિજ્ઞાનીઓ દરેક વસ્તુ કારણસર સમજે અને દરેક વિચાર મૂકવાનું કારણ જાણે તે જરૂરનું છે. ભૂમિતિમાં રચના કરતાં પહેલાં એ રચના કેમ શા પ્રકારે કરી તે જાણવું જરૂરી છે. નહિ તો તે વિનાના શિક્ષણની ખરી અસર થતી નથી. કોઈપણ પ્રમેયને ઊંધેથી સમજાવવામાં આવે તો આ પદ્ધતિનો પૂરો ખ્યાલ આવી જશે. શા માટે આમ કર્યું ? તે આ રીતિદ્વારા જવાબ છે. " અજ્ઞાતમાંથી જ્ઞાતપ્રમાણ જવું" એ માનશાસ્ત્રીઓનો સિદ્ધાંત છે તે અહીં પ્રતિપાદિત થાય છે. પણ આ રીત પરીક્ષાના જવાબ લખવામાં નકામી છે.

વિશ્લેષતા સ્ત્રી. જુદાપણું

> કાંઈ અનાદિ વિશ્લેષતા ને હોય રે.
>
> નેમવિજય

વિશ્લેષમૂલક [સં.] વિ. નાશકારક; વિનાશક.

વિશ્લોક પુ (પિંગળ) બે નામે એક માત્રામેળ છંદ

વિશ્વ ૧. પું બે નામનો એક ક્ષત્રિય

૨ [સં.] પું. (પુરાણ) બે નામે એક મંત્રદ્રષ્ટા

૩ પુ બે નામે એક દેવ. તે પૂર્વાષાઢા નક્ષત્રના સ્વામી છે

૪ પું. બે નામે એક આપ્તદેવ

૫. પું. દસ દેવોનો સમૂહ. તે દસ દેવો આ પ્રમાણે છે: ૧ વસુ, ૨ સત્ય, ૩ ક્રતુ, ૪ દક્ષ, ૫ કાલ, ૬ કામ, ૭ ધૃતિ, ૮ કુરુ, ૯ પુરુરવા અને ૧૦ માદ્રવ

૬. પું. દેહ; શરીર.

૭. પું. નવ ગ્રહોનો એક દેવ.

૮. પું. (પુરાણ) ભારતીય યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

૯. પું. મરણક્રિયામાં પૂજાતા એક ખાસ વર્ગના દેવ..

૧૦. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૧૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૧૨. પું. (પુરાણ) શ્રીમન્નારાયણ

૧૩. પું. સંસાર; સૃષ્ટરચના; જગદ્વ્યવહાર.

૧૪ પું. સર્પનું એક નામ

૧૫. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.

૧૬. ન. જગત; દુનિયા; બ્રહ્માંડ; સૃષ્ટિ વિશ્વની ઉત્પત્તિ વિષે શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે: માયાના ત્રણ ગુણથી મહત્તત્ત્વ થાય છે તેમાં રજોગુણ છે મુખ્ય જેમાં એવા, મહત્તત્ત્વથી સાત્ત્વિક, રાજસ તથા તામસ એવા રીતે ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. અહંકારથી પાંચ તન્માત્રા, પાંચ ભૂતો, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિયના દેવતાઓ તથા પાંચ કર્મેંદ્રિયના દેવતાઓ, એવી રીતે પાંચ પાંચ વસ્તુઓના સમુદાવો સર્જાયા. તેઓ એક બીજાથી જુદા રહીને બ્રહ્માંડ રચવાને અશક્ત હોવાથી તેમણે એકઠા થઈ ને દૈવયોગથી સોનાનું એક બ્રહ્માંડરૂપ ઈંડું રચ્યું. તે આત્મા વગરનો બ્રહ્માંડ મોળા સમુદ્રના પાણી પર રહ્યો તે તેમ હજાર વર્ષ ઉપરાંત રહ્યા. નાભિમાંથી કમળ થયું, તેમાંથી બ્રહ્મા થયા તે તેણે જન્મસ્થાનથી ભગવાનની આજ્ઞાથી પૂર્વકલ્પ પ્રમાણે વિશ્વ કર્યું.

> કરતો રહ્યો આત્મા જ છે એનો અર્થ એમ કે, સદાચાર લાગ્યા કરો આ વિશ્વમાં બધે.
>
> ગાંધીગીત.

૧૭ ન. તેરમી સાંકેતિક સત્તા

૧૮. વિ તમામ; બધું; સર્વ; સઘળું; નાગરિક; જનમ

વિશ્વકર્કાર્ષ્ણિ [સં. , પું ઋગ્વેદના આઠમા અષ્ટકના ૮૬મા સૂક્તનો કર્તા એક ઋષિ

વિશ્વકર [સં.] પું. જગત્કર્તા; બ્રહ્મા.

વિશ્વકર્મવિશારદ [સં.] પુ શિવનાં હજાર માંહેનું એક નામ

વિશ્વકર્મા ૧. [સં પું અગ્નિ દેવતા.

૨. પું. આકડાનો છોડ

૩ પુ બે નામના એક ઋષિ તેનાથી સુતાર જ્ઞાતિની ઉત્પત્તિ થઈ હોવાનું મનાય છે.

૪. પું. બે નામના દેવ તે હસ્ત નક્ષત્રના સ્વામી છે.

૫ પુ દત્તાત્રે

૬ પું. (પુરાણ) દેવોનો શિલ્પશાસ્ત્રી; મત્સ્ય પુરાણમાં જણાવેલ અઢાર શિલ્પસંહિતાકાર માંહેનો એક દૈવી કારીગર, સૂર્ય અને દેવતાઓના શિલ્પી; ઇંદ્રનો બાંધકામ કરનાર; મન્વંતરમાંનો પ્રભાસ નામના મનુનો પુત્ર. તે આવતા મન્વંતરમાં દેવોનો શિલ્પી છે ત્વષ્ટા એવું એનું બીજું નામ છે. પ્રજાપતિની પુત્રી વિરોચના. એની સ્ત્રી થાય સવિતાની બહેન સંજ્ઞા એની પુત્રી થાય. સંજ્ઞાથી સવિતાનું તેજ સહન ન થઈ શકવાથી વિશ્વકર્માએ સવિતાને સરાણે ચઢાવી ઝોલીને એનું તેજ ઓછું કર્યું હતું વિરોચનાને પેટે થયેલો દેવાચાર્ય ત્રિશિરા એનો પુત્ર. એણે ઇંદ્રપ્રસ્થ નગરી નિર્માણ કરી હતી સુદ અને ઉપસુંદને મારવાના સાધન તરીકે તિલોત્તમા પણ એણે ઉત્પન્ન કરી હતી ત્રિપુરને મારવાને સમયે રુદ્રને એણે રથ બનાવી આપ્યો હતો. સૂર્યને સરાણ ચઢાવીને એનું એક અષ્ટમાંશ તેજ ઝોલી કાઢતા જે કકડા પડ્યા તેમાંથી એણે વિષ્ણુનું ચક્ર, શિવનું ત્રિશૂળ, ધનપતિ કુબેરનું વિમાન અને કાર્તિકેયનો ભાલો તેમ જ બીજાં દેવોનાં હથિયારો બનાવી આપ્યાં હતાં. ભૂદેવપત્નિની જેમ બ્રહ્મવાદિની યોગસિદ્ધા તેની માતા થાય

૭. પુ પરમેશ્વર; ઈશ્વર
૮. પું પ્રજાપતિ, બ્રહ્મા
૯. પુ. વિષ્ણુનાં હજાર મા.હેનુ એક નામ.
૧૦. પું. શુક્લ યજુર્વેદનો એ નામે એક ઋષિ.
૧૧ પું સામવેદનો એક દેવતા.
૧૨ પુ. મુનિ.
૧૩ પુ સૂર્ય
૧૪. પું. (પુરા.વ્યુ) સ્વાયંભુવ મન્વંતરમાનો એક પ્રજાપતિ એણે પોતાની અદિભ્મતિ નામની કન્યા સ્વાયંભુવ મનુના મોટા દીકરા પ્રિયવ્રત રાજાને દીધી હતી
૧૫. સ્ત્રી. ચોસઠ માહેની એ નામની એક યોગિની.

વિશ્વકર્માજયંતી સ્ત્રી. ભાદ્ર સુદ તેરસ.

વિશ્વકર્મા વિ વિશ્વની રચના કરનાર

વિશ્વકામા સ્ત્રી એ નામની દેવીની એક પીઠ. તેનું સ્થાન ઉત્તર માનસમાં છે.

વિશ્વકારણ [સં. વિશ્વ + કારણ (હેતુ)] ન. વિશ્વની ઉત્પત્તિમાં કારણરૂપ બનાર દૈવી સત્તા; પ્રભુ; પરમેશ્વર; ભગવાન.

વિશ્વકીર્તિત [સં.] વિ જગવિખ્યાત; દુનિયામાં સુપ્રસિદ્ધ

પુરાણી પુરુષવતી છે વિશ્વકીર્તિત આર્યતા.
આર્યોનાં પુત્રને પુત્રી ! ન ઓળી આજ દાસતા. નાન.ત્રા.

વિશ્વકેતુ [સં.] પું. અગ્નિગ્રહ; ઉપાપતિ.

વિશ્વકોશ જુઓ વિશ્વકોષ.

વિશ્વકોષ પું. સર્વવિદ્યા.ભાંડાગાર,સમગ્ર; વિશ્વકોશ; જ્ઞાનકોષ; શબ્દસાગર; શબ્દજ્ઞાનાર્ણવ, વિશ્વજ્ઞાનસમગ્ર, સર્વવિદ્યાસમગ્રકોષ; જ્ઞાનગ્રંથ; સર્વસમગ્ર; સર્વકોષ; ' એન્સાઇક્લોપીડિઆ '.

વિશ્વક્ષેત્ર પું શિવ.

વિશ્વક્સેન ૧. [સં] પું વિષ્ણુ, શ્રીકૃષ્ણ
૨. પું. શિવ; ભગવાન.

વિશ્વક્સેના [સં] ન. પ્રિયંગુનું ઝાડ.

વિશ્વક્રિયા [સં.] સ્ત્રી વિશ્વમાં વ્યાપેલી પરમ શક્તિની ક્રિયા; સૃષ્ટિક્રિયા.

વિશ્વગ ૧ [સં.] પું બ્રહ્મા
૨. પું. (પુરાણ) સુપ્રભાથી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન પૃથુરાજાનો પુત્ર એને વિષ્વક્સેન અને વિષ્વક્રાજ એવાં નામાંતર હતાં. એને ઉદ્રુ નામનો પુત્ર હતો. એ પુત્રને પણ અદ્ર અને ભાર્દ્ર એવા નામાંતરો હતાં.
૩ પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાના બે માહેનો બીજો પુત્ર.

વિશ્વગત [સં] વિ દુનિયાની અંદર રહેલું; બધે ફેલાયેલું

વિશ્વગર્ભ [સં] પું. શિવનાં હજાર માહેનુ એક નામ.

વિશ્વગશ્વ ૧. પું (પુરાણ) ઇક્ષ્વાકુ વંશનો એ નામનો એક રાજા. તેના દિકરાનું નામ આર્દ્રક હતુ
૨. પું. હરિવંશનો એ નામનો રાજા. તેને અર્જુને હરાવ્યો હતો

વિશ્વગંધ ૧. ન ધૂપણી
૨ ન. ગંધરસ.

વિશ્વગંધા સ્ત્રી પૃશ્નિ

વિશ્વગ્રસયોગ [સં. વિશ્વ (દુનિયા) + ગ્રસ (નુકસાનકારક) + યોગ] પું. (જ્યોતિષ) જ્યોતિષમાં એક યોગનું નામ; કાલચોરસ યોગ. પ્રભવાદિ...ન ... ...

૩. સ્ત્રી વિષયની ત્રીજી સ્થિતિ.
વિષયને મૂર્છામાંથી અનુવૃત્તિમાં લાવ્યા પછી વિશ્વદૃષ્ટિમાં લાવી શકાય છે.
વિકાસદર્શકદર્પણ
૪ સ્ત્રી. વિશાળ કે વ્યાપક દૃષ્ટિ.
૫. સ્ત્રી વિશ્વભંપુત્વ ભાવના
૬ સ્ત્રી વિશ્વમા વ્યાપી રહેલા સૂક્ષ્મ પ્રાકૃતત્ત્વની સાથે વિષયના પ્રાકૃ તત્ત્વનો યોગ સ્થૂલ ઉપાધિની અડચણ દૂર થતાં થઈ આવે છે ને તે દ્વારા સર્વ વસ્તુ દૃષ્ટિગોચર થવા લાગે છે ને

વિશ્વદેવ ૧. પુ. એ નામના એક નિમિદેવ.
૨. [સં] પું. એક આદિદેવસમૂ. આ શબ્દ હમેશા બહુવચનમાં વપરાય છે
૩. પુ. તેત્રીસની સંખ્યા.
૪. [સ વિશ્વદેવ (પ્રભુ)] પુ. દશ વિશિષ્ટ દેવો માહેના એક દેવ. તેઓનાં નામ આ પ્રમાણે છે: (૧) વસુ, (૨) સત્ય, (૩) ક્રતુ, (૪) દક્ષ, (૫) કાલ, (૬) કામ, (૭) ધૃતિ, (૮) કુરુ, (૯) પુરુરવા અને (૧૦) માદ્રવ.
૫. પું. વિશ્વનો દેવ, દુનિયાના ધણી પરમેશ્વર
૬. પુ શિવ
૭. પુ. શુક્લ યજુર્વેદના એક ઋષિ

વિશ્વદેવવાદી [સ.] વિ. અદ્વૈતવાદી; અભેદવાદી.

વિશ્વદેવા ૧. પું. પરમાત્મા
૨. સ્ત્રી કડવી.
૩. સ્ત્રી નાગબલા નામની એક વનસ્પતિ.

વિશ્વદેવી સ્ત્રી. વિશ્વની દેવી; દુનિયાની માતા.

વિશ્વદેહ ૧. [સ.] પું. અવિદ્યા રૂપી મનુષ્યોનો દેહ
૨. પુ. શિવ.

વિશ્વદૈવત ન. ઉત્તરાષાઢા નક્ષત્ર

વિશ્વદ્રષ્ટા [સ.] વિ. વિશ્વને જોનાર.

વિશ્વદ્રોહી [સં.] વિ. દુનિયાનો દ્રોહ કરનાર; બબકર પાપી.
મુખે બોલે વા ગામ આદરે હરિ વખાણે,
વિશ્વદ્રોહી પાવન થાય તે જ ટાણે.
દયારામ

વિશ્વધર્મ ૧ [સં.] પું. વિશ્વપ્રત્યે પ્રેમ રાખવાની ફરજ
૨ પું. સર્વ જગતને માન્ય થઈ શકે તેવો ધર્મ

વિશ્વધા પુ. શુક્લ યજુર્વેદના એ નામે એક ઋષિ

વિશ્વધાયા ૧. સ્ત્રી. એક જાતની ગાય.
૨ [સં] વિ જગતને પાનારી

વિશ્વધાર ૧ પુ. (પુરા.પ્ર) મેધાતિથિનો એ નામનો દીકરો તે આ ખંડનો અધિપતિ હતો
૨ પું (પુરાણ) શાકદ્વીપના સાત ખંડોનો એ નામનો એક ખંડ.

વિશ્વધારિણી [સં] સ્ત્રી પૃથ્વી

વિશ્વધારી [સ] વિ. વિશ્વને ધારણ કરનાર

વિશ્વધૃક ૧ સ વિશ્વધૃ પુ વિષ્ણુના હજાર નામનું એક નામ.
૨. પું. શાકદ્વીપનો એક ખંડ. પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વધૃક એ નામના શાકદ્વીપના સાત ખંડ છે
૩. સ્ત્રી પૃથ્વી

વિશ્વનાગરિક [સં] પું. જગતનો શહેરી

વિશ્વનાગરિકત્વ [સ] ન. આખી દુનિયાનો નાગરિક હોવાપણું.

વિશ્વનાથ ૧ સ. વિશ્વ + નાથ (ધણી)]
પું. ઈશ્વર; દુનિયાનો માલિક; પ્રભુ; પરમાત્મા; વિશ્વનો ધણી; જગતનો સ્વામી; જગન્નાથ, પરમેશ્વર
૨. પું કાશીમાં આવેલું શિવના પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ. તે સબંધે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે, કાશીવિશ્વનાથ મંદિરનો ઘુમ્મટ ઈન્દોરના મહારાજા તરફથી પચાસેક મણ સોનાનાં પતરાંથી મઢેલો સુંદર છે. કળશ વગેરે સુવર્ણના છે. મંદિરની આજુબાજુનાં રજવાડાંમાં નાનાં મોટાં શંકરના ઘણાંયે આળોનાં દર્શનપૂજન થાય છે અને તેથી આ ભાગ પણ શંકરની કૈલાસપુરી જેવો લાગે છે. હાલના નવા મંદિર અને જૂના મંદિર વચ્ચે જ્ઞાનવાપ આવે છે.
કાશીપુરી નવદ્વારે રંજન નવમંદિરે.
બજાવીરે ભલી ભરે વંદું છું વિશ્વનાથને
વિહારી
૩. પું. મહાદેવ.
૪. પું. સાહિત્યદર્પણ નામના પુસ્તકના કર્તા

વિશ્વનાથ ભટ્ટ પું. સોળમાં સૈકાના ગુજરાતનો એક કવિ. એ સૈકામાં વિષ્ણુદાસ, શિવદાસ, નાકર, મુકુંદ, મુરારિ, મનોહર, ભગવાનદાસ, હરિદાસ, વિશ્વનાથ ભટ્ટ, અવિચલ આદિ કવિઓ થઈ ગયા છે

વિશ્વનાયક [સં. વિશ્વ + નાયક (નેતા)]
પું. સૃષ્ટિના નેતા; દુનિયાના પાલક ઈશ્વર

વિશ્વનિયમ પું. વિશ્વ ચલાવવાનો પ્રભુનો નિયમ. ક્રાંપ્ટ્કિ કહે છે કે, ભગવાનના સર્વ કાયદા નેચર જ નેનો અમલ આપણે સમજતા નથી. વિદ્વાનમાં વિદ્વાન વિદ્વાની કે જ્ઞાનીનું જ્ઞાન અજ્ઞના પરમાણુ જેવું છે. આ ક્ષુદ્ર જીવનની ક્ષીણતામાં ક્ષીણી વિગતમાં એનું શાસન ચાલે છે પાન પણ એની ઇચ્છા વિના ખસતું નથી એમ હું અક્ષરશઃ માનું છું એકે એક શ્વાસ હું લઉં છું ને એની આજ્ઞાને આધીન છે. ને અને તેનો કાયદો એક છે એ કાયદો ભગવાન છે. ભગવાન ઉપર આપેક્ષિત, બુદ્ધ કરણ બુદ્ધ નથી. તે પોતે જ બુદ્ધ રૂપ છે ભગવાન સત્ય, પ્રેમ, કાયદો અને મનુષ્યની ચતુરી જેને કરણ, રાક એવી લક્ષવિંધ વસ્તુ છે જેના અમલમા ભગવાન પોતે વચ્ચે પડતા નથી એવ. વિશ્વનિયમની અનિવાર્યતા ગુરુદેવની સાથે હું પણ માનું છું, કારણ કે ભગવાન જ વિશ્વનિયતા છે

વિશ્વનિયમાવલી સ્ત્ર] સ્ત્રી વિશ્વને નિયમમા, રાખનાર નિયમો

વિશ્વનિયંતા [સં. વિશ્વનિયત્] પુ પરમેશ્વર.

વિશ્વનિયામક [સ] વિ વિશ્વને નિયમમા રાખનાર

વિશ્વપ [સં] પુ. જગતનો રક્ષક; પરમાત્મા.
પ્રતાપ એ વિશ્વપ વસુધારાનો.
કેસવહર્ષ ધ્રુવ

વિશ્વપતિ ૧. પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ
૨. [સ] પું. દુનિયાનો ધણી

વિશ્વપરતા [સ.] સ્ત્રી. નિઃસ્વાર્થપણું; પરમાર્થપણું.

વિશ્વપરવૃત્તિ [સ] સ્ત્રી. પરોપકાર વૃત્તિ.

વિશ્વપા ૧. [સં.] પું અગ્નિ
૨. પુ આકડાનો છોડ
૩. પુ. કપૂર
૪. પું. ચંદ્ર.
૫. પું. ચિત્રાનું ઝાડ
૬. પું. પરમેશ્વર
૭. પું સૂર્ય
૮ વિ. જગતનું રક્ષણ કરનાર

વિશ્વપાલ [સં] વિ. દુનિયાને પાળનાર; જગતનો નિભાવ કરનાર; દુનિયાનું પાલન પોષણ કરનાર

વિશ્વપાલક જુઓ વિશ્વપાલ

વિશ્વપાવની [સં.] વિ સ્ત્રી આખા વિશ્વને પવિત્ર કરનારી
ગાંધીજીના અહોરાત્ર તેજનો પ્રકાશ પવિત્ર હૃદયો પર કોંચી વધારે પડવાની અને તેમનામાં વિશ્વપાવની શક્તિ પ્રગટ થવાની
કાકાસાહેબ

વિશ્વપાળ જુઓ વિશ્વપાલ

વિશ્વપિતા ૧. [સ] પુ જગતનો પિતા; બાપા
૨. પું. પરમેશ્વર
વિશ્વપિતાએ કહ્યું ત્યારને, એ અમૃત ને એ યુક્તિ છે.
પ્રેમાનંદ

વિશ્વપ્રદર્શન [સ] ન આખી દુનિયાની અજબ ચીજોનું સમારંભ કરવામાં આવ્યો હોય તેવું પ્રદર્શન

વિશ્વપ્રભા પુ (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અસ્તોલ્લું વર્ગનો છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, નગણ, તગણ અને ગુરુ એમ દરેક અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં જગણ, નગણ, તગણ અને ગુરુ એમ દરેક અક્ષર હોય છે

વિશ્વપ્રેમ [સ] પુ. આખા દુનિયાના પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ; દુનિયાના સર્વ જીવો ઉપર પ્રેમ રાખવો તે; 'યુનિવર્સલ લવ'

> **વિશ્વપ્રેમ** પ્રસારો તો પુણ્યારો માનવી વિશ્વે.
> માનવી મારાનો તો થૈ પ્રભુમય બની કરો.
> ગાંધીગીતા

વિશ્વપ્રેમધર્મ [સ] પુ આખા જગત ઉપર એક કુટુંબના જેવો પ્રેમ રાખવાની ફરજ.

વિશ્વપ્રેમી [સ. વિશ્વપ્રેમિન્] વિ આખા વિશ્વ ઉપર પ્રેમ રાખનાર

વિશ્વપ્લાવી [સ વિશ્વપ્લાવિન્] વિ. દુનિયાનો નાશ કરનાર; સૃષ્ટિવિનાશક

વિશ્વબંધુતા જુઓ વિશ્વબંધુત્વ

વિશ્વબંધુત્વ [સ.] ન. ભ્રાતૃભાવ; દુનિયાની સાથે ભાઈચારો રાખવો તે; સૃષ્ટિના તમામ જીવો એક સરખા છે તેવા ભાવના વિશ્વ પ્રત્યે બંધુત્વ દર્શાવવામાં આવ્યું. વિશ્વબંધુત્વનું કર્મ એમ ગણાય છે કે, જગતનાં સઘળાં ભૂત, પ્રાણી, મનુષ્ય, પશુ, પક્ષી, વનસ્પતિ, ખનિજ તેમજ અદૃશ્ય સૃષ્ટિમાં વસતી દૈવી આસુરી શક્તિઓ પ્રત્યે જે કોઈ મનુષ્ય પ્રેમભાવ રાખે છે, સૌ કોઈને મનસા, વાચા, કર્મણા અનતી સહાય કરે છે, કોઈના પણ પ્રત્યે દ્વેષ, ધિક્કાર કે અભાવ રાખતો નથી અને સૌ કોઈનો મિત્ર બનવા પ્રયત્ન કરે છે કે જેથી તેના અનેક જન્મના અનેક જીવો સાથેનાં સંચિત કર્મોની તીક્ષ્ણતા, કડવાશ ઓછી થાય છે અને ધીમે ધીમે સૌ કોઈ અભેદપણે તેના તરફ ખેંચાય છે. જેટલા પ્રમાણમાં કોઈ મનુષ્ય નિઃસ્વાર્થભાવે વિશ્વપ્રેમી બને છે તેટલા પ્રમાણમાં તે જગતમાં રહેલી વૈરવૃત્તિને ઓછી કરે છે અને સહકાર અને ભ્રાતૃભાવના ભાવિ જમાનાને થોડો નજદીક લાવે છે પણ જીવન વગરની ભ્રાતૃભાવની માન્યતાનું આવું પરિણામ આવતું નથી. ભ્રાતૃભાવમાં માનનારી વ્યક્તિઓ બહુ થોડી છે, માટે જગતમાં હજી લડાઈનો સંભવ અને ભય ડોકિયાં કરી રહેલ છે.

વિશ્વબાહુ [સં.] પુ. વિષ્ણુ.

વિશ્વબૅંક સ્ત્રી આંતરરાષ્ટ્રીય બૅંક

વિશ્વભક્ષી [સ વિશ્વભક્ષિન્] વિ આખી દુનિયાનું ભક્ષણ કરનાર

વિશ્વભર્તા [સં વિશ્વભર્તૃ] પુ. શિવનાં હજાર માહેનું એક નામ

વિશ્વભાજન [સ.] પુ શિવના હજાર માહેનું એક નામ

વિશ્વભારતી સ્ત્રી એ નામની એક ભારતીય સંસ્થા શ્રી રવીન્દ્રનાથ ટાગોરે ઈ સ. ૧૯૨૧માં શાંતિનિકેતન આદિ નિકટનું આશ્રમ વિશ્વભારતી, તે નામે (૧૯૫૧) વિદ્યાપીઠ તરીકે સ્થપાયેલી સંસ્થા શાંતિનિકેતનમાં વ્યાપેલી હતી. પૂર્વ અને પશ્ચિમી સંસ્કાર વચ્ચે શિક્ષણ તેમજ માનવએકતાના સંસ્કાર આપવા એ સંસ્થા સ્થપાયેલી હતી.

વિશ્વભાવ [સ] પુ. વિશ્વમાં રહેનાર આપણે બધા બંધુઓ છીએ, એક જ છીએ એવી ભાવના

વિશ્વભાવન [સ] પુ વિષ્ણુ

વિશ્વભાષા સ્ત્રી. વિશ્વના વહેવારમાં ઉપયોગી થતી ભાષા. આધોક્ત લક્ષણ છે કે, જેમ તામિલ વગેરે પ્રાદેશિક ભાષા છે અને હિન્દી રાષ્ટ્રભાષા છે તેવી કોઈ આંતર્રાષ્ટ્રીય વિશ્વભાષા એટલે કે જગતની ભાષા છે

વિશ્વભુજ ૧. [સ. વિશ્વભુજ] પુ. (પુરાણ) ચૌદ માહેના એક દૈત્ય

૨. પુ. (પુરાણ) તારાની કુખે થયેલો બૃહસ્પતિનો ચોથો પુત્ર એની ભગુના અગ્નિમાં થાય છે એને ગોપતિ એવું નામાંતર કર્યું

૩. પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ

વિશ્વભૂ [સ.] પુ. જુદા જુદા ધર્મોમાં થયેલ એ નામનો એક જૌદ. કાશ્યપ, વિપશ્ચી, શિખી, વિશ્વભૂ, ક્રકુચ્છંદ, કાંચન અને શાક્યમુનિ એ સાત બૌદ્ધ થયા છે

વિશ્વભૂષણ [સં.] પુ. શિવનાં હજાર માહેનું એક નામ

વિશ્વભેદ [સ.] પુ. વિશ્વનો ભેદ; દુનિયાનું રહસ્ય

વિશ્વભેષજ ૧. [સં.] ન. પાણી

૨. ન. ચા

વિશ્વમનુ પું (સંગીત) એ નામે એક શતસ્પતિ ૪૦ માત્રાનો તાલ.

વિશ્વમરાકૂર વિ. જગજાહેર

વિશ્વમહેશ્વર [સં.] પુ. શિવ.

વિશ્વમંડલ [સં.] ન. બ્રહ્માંડ.

વિશ્વમંડળ જુઓ વિશ્વમંડલ.

વિશ્વમાતૃકા [સં.] સ્ત્રી દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ ગોદાવરી તીરના જનસ્થાનમાં છે

વિશ્વમાન્ય ૧. [સં] વિ. તમામ કબૂલ કરે તે; સર્વમાન્ય

૨. વિ. દુનિયામાં માન પામેલ

વિશ્વમાલા [સ.] સ્ત્રી (પુરાણ) વિન્ધ્યાચલમાંથી નીકળતી એક નદી

વિશ્વમુખી ૧. પુ. (પિંગળ) એ નામે એક અનિયત વર્ણમેળ છંદ; સાવરી; સારસ્વતી તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે

> આ આ આ રચ વિશ્વમુખી. રણછોડ

૨ [સ.] સ્ત્રી. એ નામની એક દેવી

વિશ્વમૂર્તિ ૧. [સં. વિશ્વ (દુનિયા) + મૂર્તિ]

પુ. કૃષ્ણ

૨. પુ. પરબ્રહ્મ પરમાત્મા

૩. પુ. પુરુરોત્તમનાં હજાર માહેનું એક નામ.

૪. પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ તે સર્વાત્મક હોવાથી વિશ્વ જગન્નાથની મૂર્તિ છે તેથી જે વિશ્વમૂર્તિ કહેવાય છે

૫. પુ. શિવ.

વિશ્વમેધ [સં વિશ્વ (દુનિયા) + મેધ (યજ્ઞ)] પુ સર્વસ્વનો ત્યાગ કરવો તે.

વિશ્વમૈત્રી [સં.] સ્ત્રી. જગત પ્રત્યે મિત્ર ભાવ; વિશ્વ પ્રેમ

વિશ્વમોહિની ૧. [સ.] સ્ત્રી. દુનિયાને મોહ પમાડનારી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. દુનિયાને મોહ પમાડનારી.

વિશ્વયંત્ર ૧. [સં. વિશ્વ (દુનિયા) + યંત્ર] ન. એક જાતનું યંત્ર. તેમાં જોવાની વસ્તુ આંખને ફાડપૂર્વક હોય છે.

૨. ન. જગતનું યંત્ર; બ્રહ્માંડ

વિશ્વયાત્રા [સં.] સ્ત્રી. દુનિયાનું પરિભ્રમણ; પૃથ્વી પર્યટન.

વિશ્વયુદ્ધ [સં.] ન વિશ્વમાં લડાઈ જળાવાવે એવું યુદ્ધ.

વિશ્વયોનિ ૧. [સ.] પું. બૃહસ્પતિનું એક નામ.

૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૩. સ્ત્રી. ગાયત્રીની ૨૪ માહેની એક શક્તિ

વિશ્વરચના [સં.] સ્ત્રી. વિશ્વની રચના; દુનિયાની બનાવટ. એક અતિ સૂક્ષ્મ તત્ત્વમાંથી હાઇડ્રોજન, તેમાંથી અણુનિપરમાણુ, તેમાંથી તેજોમેઘ અને તેમાંથી તારા અને ગ્રહ ઉત્પન્ન

થયેલા છે અને અણુનિપરમાણુમાંથી જ પ્રકૃતિ અને અણુ થયા છે. અતિ ઊષ્ણ વાયુરૂપ સ્થિતિમાં રહેલા સોળ,ઓનું ઘનીભવન થઈને પાણી અને જમીન વગેરે થાય છે. જુદા જુદા તત્ત્વોને હાઇડ્રોજનનાં રૂપાંતરો છે અથવા તે સર્વનું મૂળ એક તત્ત્વ છે. આ ઉત્પત્તિ પરંપરા વેદાદિ ગ્રંથોમાંની જગત્ ઉત્પત્તિ સરખિ સાથે મળે છે

વિશ્વરશ્મિ [સં.] ન. વિશ્વકિરણ; 'કોસ્મિક રે'.

વિશ્વરાદિમાસાદ [સં.] ન. (સ્થિપ) રેવળની એક જાત.

વિશ્વરુચી [સં.] સ્ત્રી. અગ્નિની સાત માંહેની એ નામે એક જિહ્વા.

વિશ્વરૂપ ૧. [સં] પું. (પુરાણ) ઇંદ્રનો ગોર૦ ત્વષ્ટાને દૈત્યોની બહેન રચના નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક દીકરો તે દેવોનો પુરોહિત થયો હતા તેણે વૈષ્ણવી વિદ્યા–નારાયણ કવચથી ઇંદ્રનું રક્ષણ કર્યું હતું આ વિશ્વરૂપને ત્રણ મસ્તક હતાં. તેમાંનું એક સોમપાન કરનાર, બીજું સુરાપાન કરનાર ને ત્રીજું અન્નભક્ષણ કરનાર હતું. દેવોનો પુરોહિત આ વિશ્વરૂપ છાની રીતે પોતાના મોસાળ અસુરોને પણ યજ્ઞભાગ આપતો હતો. આ કપટ જાણી જવાથી ઇંદ્રે ક્રોધથી વિશ્વરૂપનાં મસ્તકો એકેકમ છેદી નાખ્યાં. તે મેળા સોમપાન કરનારું તેનું જે મસ્તક હતું તે કપિંજલ નામનું પક્ષી થયું. સુરાપાન કરનાર જે મસ્તક હતું તે કલવિંક પક્ષી થયું અને અન્નભક્ષણ કરનાર જે મસ્તક હતું તે તેતર થયું.

૨. પું. (પુરાણ) ઋષભદેવના પુત્ર ભરતની પંચજની નામની સ્ત્રીનો પિતા.

૩. પુ. જેનું રૂપ વિશ્વ છે એવી દૈવી સત્તા.

૪ પું. દેવતા.

૫ પું. (પુરાણ) વસ્તુયોકમાંનો એક અસુર

૬. પું. વેદમાં વપરાયેલું રહતું એક નામ

૭. પુ. વિષ્ણુ.

૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૯ પુ. શુક્લ યજુર્વેદના એ નામના એક ઋષિ.

૧૦. પું. શ્રીકૃષ્ણનું વિરાટ સ્વરૂપ. પરમાત્માએ કુરુક્ષેત્રમાં ગીતાના પ્રસંગે અર્જુનને આ સ્વરૂપ બતાવેલું હતું. તેમાં ભગવાને હજારો મસ્તકો, હજારો ચરણો, હજારો બાહુઓ, હજારો આંખો, હજારો સાથળો ધારણ કર્યાં હતા. સહસ્રાંગી હોવા છતાં ભગવાને હૃદય તો એક જ ધારણ કર્યું હતું

૧૧. પું. સર્વરૂપ પરમાત્મા; પરમેશ્વર.

૧૨. વિ. વિશ્વવ્યાપી; સર્વવ્યાપી.

વિશ્વરૂપદર્શનયોગ [સં] પું. ગીતાના ૧૮ માંહેનો એ નામનો ૧૧ મો અધ્યાય. આ અધ્યાયમાં મુખ્ય ભાગ જે વિશ્વરૂપનો છે, તેનું વર્ણનાત્મક વર્ણન ૧૪ થી ૩૦ શ્લોકમા કરવામાં આવેલ છે

વિશ્વરૂપા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કામધેનુની દુહિતા

૨. સ્ત્રી. મહિદ્રીપની અંદર આવેલી ૬૪ માંહેની એક કલા.

૩. સ્ત્રી. (જ્યોતિષ) હિંદુ જ્યોતિષ મુજબ શુક્લપક્ષની ચોથી રાત્રીનું નામ.

વિશ્વરેતા ૧. [સં. વિશ્વરેતસ્] પું. પાવક.

૨. પું. વિષ્ણુ.

વિશ્વરોચન ન. એક જાતનું મૂલિયું.

વિશ્વવપુ [સં. વિશ્વ (જગત) + વપુ (વપુ)] સ્ત્રી. વેશ્યા

> વારમુખી જગજનવલ્લભ કહત સંતની એહ.
> વિશ્વવપૂ જે નામકા બુદ્ધિમા કહીએ તેહ.
> વિશ્વગુણદર્પણ

વિશ્વવર્ણન ૧. [સં.] ન. પ્રાકૃતિક ભૂગોળ.

૨. ન. સર્વવર્ણન; સર્વાલેખન.

વિશ્વવર્ધની [સં.] સ્ત્રી. ભોંયકાંબલી; નામની એક વનસ્પતિ

વિશ્વવલ્લભ [સં.] પું. જગતના વહાલા શ્રી કૃષ્ણ ભગવાન.

વિશ્વવશીકર [સં.] વિ. જગતને વશ કરનાર; દુનિયાને તાબે કરનાર.

વિશ્વવસુ [સં.] પું. વિશ્વદેવ દેવતાનો સમુદાય. તે દશ હોવાનું મનાય છે

વિશ્વવંદનીય [સં.] વિ. જગતમાં વંદવા લાયક; જગતને વંદન કરવા યોગ્ય.

વિશ્વવંદિત [સં.] વિ. વિશ્વમાં સન્માન પામેલ.

વિશ્વવંદ્ય જુઓ વિશ્વવંદનીય.

વિશ્વવાટિકા [સં.] સ્ત્રી. બાગબગીચારૂપી બગીચો; દુનિયારૂપી વાડી.

વિશ્વવાડી જુઓ વિશ્વવાટિકા.

વિશ્વવાહ પું. (પિંગળ) એ નામે ઓગણત્રીસ અક્ષરનો ૬૩૬ જાતિનો એક અક્ષરમેળ છંદ; આરામ. તેના દરેક ચરણમાં બે નગણ અને પછી રગણ મળી બેતાલીસ અક્ષર હોય છે

> નનગા રરરા રાગા રાગા રાગા રાગા ગા છે પ્રાણ કે
> જે વળી વિશ્વવાહ. ઋષિનાથ

વિશ્વવિખ્યાત [સં.] વિ. દુનિયામાં પ્રખ્યાત; જગપ્રસિદ્ધ

વિશ્વવિગ્રહ [સં.] પું. વિષ્ણુ૬; વિશ્વમાં ઘરબાર કરીને તેવો વિગ્રહ; ' વર્લ્ડ વૉર. '

વિશ્વવિચારક [સં.] પું. દુનિયાનો મોટામાં મોટો વિચારક

વિશ્વવિચિત્ર વિ. દુનિયામાં વિચિત્ર હોય તેવું.

વિશ્વવિજયી [સં.] વિ. આખી દુનિયા ઉપર વિજય મેળવે એવું

વિશ્વવિજેતા પું વિશ્વ ઉપર વિજય મેળવનાર.

વિશ્વવિદારક ૧. [સં.] પું. દુનિયાનો નાશ કરનાર પ્રભુ; શંકર.

૨. વિ. દુનિયાનો નાશ કરનાર.

વિશ્વવિદ્યા ૧. [સં.] સ્ત્રી. વિશ્વજ્ઞાન.

૨. સ્ત્રી. સર્વ વિદ્યા

વિશ્વવિદ્યાલય [સં.] ન. દુનિયામાં મોટામાં મોટું વિદ્યાલય; મોટી પાઠશાળા; વિદ્યાપીઠ; શારદાપીઠ; સર્વવિદ્યાલય; ' યુનિવર્સિટી. '

વિશ્વવિધાતા [સં.] પું. પરમેશ્વર

વિશ્વવિધાત્રી [સં.] સ્ત્રી. સંસારની ભાગ્યદેવી.

વિશ્વવિધાયક [સં.] પું. વિશ્વની રચના કરનાર.

વિશ્વાવંદ્યભૂષણ [સં.] પું. શિવ

વિશ્વવિરાટ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મદાંધા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે.

> વિશ્વવિરાટમાં આ ભા જ ભ ગ ગ. ઋષિનાથ

વિશ્વવિવરણ [સં.] ન. સૃષ્ટિ વર્ણન; જગદુત્પત્તિ વિદ્યા.

વિશ્વવિવેચનશાસ્ત્ર [સં.] ન. દુનિયાના વર્ણન સંબંધી વિદ્યા. આ શાસ્ત્ર બ્યાસિમય છે. તેમાં અવલોકન અને પ્રયોગ દ્વારા પ્રત્યેક જાતના વિષયનું સ્વરૂપ તપાસવામાં આવે છે.

વિશ્વવિશ્રામ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, જગણ યગણ, બે રગણ, બે તગણ અને બે ગુરુ મળી છવ્વીસ વર્ણ હોય છે. તેમાં પાંચમા, બારમા અને ઓગણીસમા અક્ષર ઉપર વિસામો આવે છે.

વિશ્વવિસ્તાર પું. વિશ્વનો વિસ્તાર; વિશ્વનું વિસ્તૃતપણું

વિશ્વવિહારી ૧. [સં.] પું. વિશ્વમાં વિહાર કરનાર પરમેશ્વર.

૨. વિ. વિશ્વમાં વિહાર કરનાર.

વિશ્વવૃક્ષ [સં] ન. વડલો

વિશ્વવેદા ૧. [સં. વિશ્વવેદસ્] પું. હજાર વગેરે દેવતા.

૨. વિ. સમગ્ર જાણનાર.

વિશ્વવૈચિત્ર્ય ન. દુનિયાની વિચિત્રતા; માયા.

વિશ્વવ્યક્તિ [સં. વિશ્વ + વ્યક્તિ (પ્રજા)] સ્ત્રી. દુનિયામા વસતી વ્યક્તિ; પ્રજા; માણસ.

વિશ્વવ્યસન ન (વેદાંત) ઘર, ખેતર વગેરે સંપાદન કરવાની ઇચ્છાના હેતુરૂપ વ્યસન.

વિશ્વવ્યાપક ૧. [સં. વિશ્વ + વ્યાપક (વ્યાપી રહેનાર)] પું. વિશ્વમાં વ્યાપી રહેનાર પ્રભુ; પરમેશ્વર; સર્વવ્યાપક ઈશ્વર

૨. વિ સાર્વજનિક; સર્વમય; સર્વવ્યાપી; સર્વ વ્યાપક; વિશ્વવ્યાપી

વિશ્વવ્યાપી ૧. [સ. વિશ્વ + વ્યાપિન્ (વ્યાપી રહેનાર)] પું. વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહેલી કોઈ સત્તા; પ્રભુ; પરમેશ્વર

૨. વિ. આખા જગતમાં વ્યાપી રહેલું

૩. વિ. સાર્વજનિક; સર્વમય; સર્વવ્યાપી; સર્વવ્યાપક; વિશ્વવ્યાપક.

વિશ્વવ્યાપી પ્રેમ પું. વિશ્વ પ્રત્યે ભાવ રાખવો તે. ગાંધીજી કહે છે કે, જેમનો પ્રેમ વિશ્વવ્યાપી થયો છે, જેઓ પ્રાણી માત્ર ઉપર પ્રેમ કરતાં શીખ્યા છે, તેઓ એ પ્રેમથી પ્રેરાઈને ઘોર મહાન ભોગ આપે ત્યારે એની અસર આખા વિશ્વ ઉપર થયા વગર રહે જ નહિ

વિશ્વવ્યાપ્તિ સ્ત્રી સર્વવ્યાપકતા; સર્વવ્યાપીપણું.

વિશ્વવ્રાતુ [સં.] પું. માણસ જાતનો વિચાર કરનાર; જનવ્રતુ; લોકદૃષ્ટિ.

વિશ્વશાંતિ સ્ત્રી. સકળ જગતની શાંતિ

વિશ્વશક્તાહ [સં.] વિ. આખા જગતમાં સત્તા ધરાવતું.

વિશ્વશનીય [સ] વિ વિશ્વાસને પોષ્ય, ભરોસાનું; આધાર કે વિશ્વાસ રાખી શકાય એવું; ભરોસાપાત્ર.

વિશ્વશનીયતા [સં.] સ્ત્રી. ભરોસાપાત્રપણું; વિશ્વાસપાત્રતા; વિશ્વાસ રાખવાપણું

> દરેક નૌંધ, હાલ, ચાલી અને તહોમતની વિશ્વશનીયતા કેટલી છે તે કહ્યા વગર નહીં ચાલે. જનવત્સલ ઠાકોર

વિશ્વશમ્રાહ પું આખી પૃથ્વીનો ચક્રવર્તી રાજા.

> અસોકરૈપ વિશ્વશમ્રાહ હ એની અધિકા ધર્મ શમ્રાહ છે. નાનાલાલ

વિશ્વશર્જન ન. વિશ્વની ઉત્પત્તિ. મુંડકોપનિષદમાં વિશ્વશર્જન વિષે કહ્યું છે કે, પરમાત્મા સૃષ્ટિના સર્જન પહેલાં તપ કરે છે એટલે અતિશય ગંભીર વિચાર કરે છે. સર્જન માત્ર વિચારનું અનુગામી છે. તેમાંયે આ સૃષ્ટિ સર્જન તો ગંભીરતા, વિચારમય તપ માગે છે. સૃષ્ટિ એ પરમાત્માનો એક બૌદ્ધિક અને અદ્ભુત વિચાર છે. આ તપ અર્થાત્ ગંભીર વિચારને સૃષ્ટિ સકલ્પ કહેવામાં આવે છે. પરમાત્મા સૃષ્ટિના સકલ્પ માત્રથી વહ્નિને પ્રાણ મળ્યા. આમ તપોરૂઢ પરમાત્મામાંથી અન્ન જન્મે છે. અર્થાત્ ભાવયોગ્ય જડ પુરુષાર્થિની પ્રકૃતિ જન્મે છે. અન્નપ્રકૃતિની પાછી પ્રાણ જન્મે છે. ત્યારબાદ મનરૂપી મહત્તત્ત્વસુદ્ધિનો જન્મ થાય છે. એ સ્થૂલ પચમહાભૂતમાંથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ લોકો અમર તો સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રકૃતિ પ્રધાન શરીરો જન્મે છે. શરીરને લીધે કર્મ જન્મે છે. કર્મમાં અમૃત જન્મે છે. અમૃત એટલે કર્મનું ફળ; કેમકે ફળ વિના કોઈ કૃષ્ણ થતું નથી. તાત્પર્ય કે પરમાત્માના વિચારવર્ષણથી સર્જાયેલી પ્રકૃતિ સચરાચર વિશ્વને જન્માવે છે.

વિશ્વસહ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધૃષ્ણકર્મા રાજાનો પુત્ર. એનો પુત્ર બૃહદ્બાંધ રાજા હતો

૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ

વિશ્વસંચારી વિ દુનિયામાં ફેલાય તેવું; જગતમાં પ્રસરવાવાળું

વિશ્વસંરચના સ્ત્રી. વિશ્વની રચના અને વ્યવસ્થા.

વિશ્વસાર ન. એ નામનું એક તંત્ર

> મહાનિર્વાણ, કુલાર્ણવ, વિશ્વસાર વગેરે તંત્રો ઊંચા જ્ઞાનથી ભરપૂર છે. બુદ્ધિપ્રકાશ

વિશ્વસૂર જુઓ વિશ્વસૃજ.

વિશ્વસૃજ ૧. પું શિવનાં હજાર માહેનું એક નામ

૨. પું. (પુરાણ) સકળ વિશ્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ.

વિશ્વસૃષ્ટા [સં.] પું. બ્રહ્મા.

વિશ્વસેવક પું. જન સમાજની સેવા કરનાર; દુનિયાની સેવા કરનાર.

વિશ્વસ્ત ૧. પું. જમાનતદાર; સરક્ષક; નિધિપ; 'ટ્રસ્ટી'

૨ [સ.] વિ. વિશ્વાસુ; વિશ્વાસ પામેલું; ભરોસાપાત્ર.

વિશ્વસ્તતા સ્ત્રી. વિશ્વાસ; ભરોસો

વિશ્વસ્તા [સં.] સ્ત્રી. વિશ્વના સ્ત્રી. દેવતાની.

વિશ્વસ્થા સ્ત્રી. શતાવરી નામની વનસ્પતિ.

વિશ્વહિતૈષી [સં.] વિ. જગનું હિત ચાહનાર; જગત હિતેચ્છુ

વિશ્વહુતા [સં.] સ્ત્રી. નારદ મત પ્રમાણે શરીર છોડવાના માર્ગની એક મૂર્છના.

વિશ્વંભર ૧. પું. ઈંદ્ર

૨. પું બ્રહ્મા; વિધાતા

૩. [સ.] પું વિશ્વનું ભરણપોષણ કરનાર પરમેશ્વર; વિષ્ણુ; વિશ્વાધાર; પરમાત્મા

૪. પું. શિવ

૫. પું. સૂર્યનું એક નામ

૬ વિ. આખા જગતનું પોષણ કરનાર

૭. વિ સર્વવ્યાપી

વિશ્વંભર વ્યાપાર પું. સમસ્ત જગતના સર્વ પ્રાણીનો નિર્વાહ કરનારી પરમાત્માની કરુણા. પૂર્ણ અવસ્થા.

વિશ્વંભરા ૧. [સં.] સ્ત્રી ધરતી; પૃથ્વી.

> વિશ્વંભરા વસુમતી સ્થિરા ક્ષોણી અહી રસા અનંતા જૂ હંસા ભિદા કક્ષ્ય ક્ષિ તાક્ષી ધિરણલપ્રકોષ

૨. વિ સ્ત્રી. વિશ્વનું ભરણપોષણ કરનારી

વિશ્વંભરાત્મજા [સં વિશ્વંભરા (પૃથ્વી) + આત્મજા (દીકરી)] સ્ત્રી સીતા.

વિશ્વંભરી જુઓ વિશ્વંભર.

વિશ્વા ૧ પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રિક છંદ. તે જગણવાળી આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૪૫ લઘુ મળી ૫૧ વર્ણ હોય છે

૨. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ; વિશ્વાછંદ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૩૯ લઘુ અને ૯ ગુરુ મળી ૪૮ વર્ણની ૫૭ માત્રા હોય છે

૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિશ્વા. તે જૂદકતી છંદનો એક ભેદ છે તેમાં નગણ, સગણ અને યગણ મળી ૯ વર્ણ હોય છે.

૪ સ્ત્રી. અતિવિષની કળી

> વિશ્વા, વિષ, પ્રતિવિષા, અતિવિષા, ઉપવિષા, અરુણા અને ફૂંગ્રી એ સાત સ્ત્રીલિંગ અને અતિવિષ નપુંસકલિંગ નામ અતિવિષનાં છે. અમરકોષ

૫. સ્ત્રી એ નામની ભરતખંડની એક પવિત્ર નદી.

૬. [સં.] સ્ત્રી. એક જાતનો છોડ અને તેનું મૂળિયું.

૭. સ્ત્રી. સાગર.

૮. સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માહેની એક શક્તિ.

૯. સ્ત્રી. બસો વીસ હાથ લાંબી ને તેટલી જ પહોળી જગ્યા.

૧૦. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે ધર્મ ઋષિને આપેલી દસ માહેની એક કન્યા. એના પુત્રો વિશ્વેદેવો કહેવાય છે

૧૧. [હિં.] સ્ત્રી. વિસા; વીસપણાનું એક માપ.

૧૨. સ્ત્રી. શતાવરી.

૧૩. સૌ સૂર્યની બાર માઠેની એ નામની એક કળા.

૧૪. [સ] સ્ત્રી સૃષ્ટિ.

વિશ્વાચી ૧ પું. એક પ્રકારનો લકવો, હાથનો લકવો

૨ પું. પ.પુ રોગના ૮૦ માંહેનો એક પ્રકાર; એક પ્રકારનો વાયુપ્રકોપનો રોગ તેમાં દબેલી તથા આંચળો ઝલાય છે ને દાબ વગી કાંઈ કામ કરી શકાતું નથી.

૩ સ્ત્રી. (પુરાણ) એક જાતની અપ્સરા.

૪ સ્ત્રી. એક જાતનું ઝાડ. તેની છાલ રંગ કામમાં વપરાય છે

વિશ્વાત્મા ૧ પું. બ્રહ્મપતિનું એક નામ.

૨. [સ] પું. વિશ્વનો આત્મા; પરમેશ્વર, પરમાત્મા; બ્રહ્મ

૩. પું. વિશ્વનાં ઢગ્દર માંહેનું એક નામ

૪ પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

વિશ્વાત્મિકા સ્ત્રી. પરમેશ્વરી.

વિશ્વાધાર ૧. પું. એ નામનો શાકદ્વીપમાંનો એક દેશ

૨. પું (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર મેધાતિથિનો પુત્ર

૩ [સં. વિશ્વ + આધાર (ટેકો)] પું. વિશ્વનો આધારરૂપ જે છે તે; પરમેશ્વર; વિશ્વ જેને આધારે ટકી રહ્યું છે એવી દૈવી સત્તા; પ્રભુ; દેવ; ઈશ્વર.

૪. પું. સર્વ સર્વ ગ્રહ ઉપગ્રહનો આધાર સૂર્ય છે તેથી સૂર્ય વિશ્વાધાર કહેવાય છે

વિશ્વાનંદજી પું. એ નામના એક મહાપુરુષ. એ કાળો કામળો રાખતા તેથી 'એમને કાલી કમલીવાલા પણ કહે છે. બદ્રીનાથ જતા યાત્રાળુઓની સગવડતા ખાતર કાંઈ આ મહાન પુરુષે ઠેઠઠેકાણે ધર્મશાળા તથા આવાપીવાની સગવડતા કરી છે.

વિશ્વાભિમાન [સ. વિશ્વ (દુનિયા) + અભિમાન] ન. જગત અવસ્થામાં રહેલ જીવાત્મા

વિશ્વામિત્ર ૧. [સં] પું. ઋગ્વેદના ત્રીજા મંડલના સૂક્તોના કર્તા એક ઋષિ.

૨. પું. એક ક્ષત્રિય ઋષિ, કૌશિક; ગાધિજ; ગાધિનંદન; અયોધ્યાના સૂર્યવંશી રાજકુટુંબના ઉપાધ્યાય, કાન્યકુબ્જના પુરુરવી ગાધિ રાજાનો પુત્ર ક્ષત્રિય વર્ણમાં ઉત્પન્ન થઈ પોતાના તપોબળથી તેણે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું હતું. તેની ઉત્પત્તિ સંબંધમાં એવું વર્ણન છે કે, ગાધિરાજાની કન્યા સત્યવતી ઋચીક ઋષિને પરણાવી હતી. ગાધિરાજ અને ઋચીકને કાંઈ સંતાન ન થયું. તેથી ઋચીકે વંશવૃદ્ધિ અર્થે યજ્ઞ કર્યો. એકની સાથે બ્રાહ્મણ સંતાનનો અને બીજાની સાથે ક્ષત્રિય સંતાનનો આશીર્વાદ હતો. બંને વરુ ઋચીક ઋષિએ પોતાની સ્ત્રીને આપી બ્રાહ્મણપ્રધાનો વરુ પોતાને ખાવાનું અને બીજું વરુ ગાધિરાજાની સ્ત્રીને આપવા આપ્યું. ગાધિરાજાની સ્ત્રીએ વિચાર કર્યો કે કદાચ સત્યવતીનો પુત્ર અધિક શ્રેષ્ઠ હશે, કેમકે તેના સ્વામીએ તે તૈયાર કરેલ છે ઉપરથી તેનો વરુ પોતે લઈ લીધો અને પોતાનો તેને આપી દીધો. પરિણામે ગાધિરાજાની સ્ત્રીને વિશ્વામિત્ર અને સત્યવતીને જમદગ્નિ થયા, જે બ્રાહ્મણ હોવા છતાં ક્ષાત્ર ગુણથી યુક્ત હતા. તેણે ઋચીક ઋષિ પાસે સર્વ વિદ્યાનું શિક્ષણ લીધું હતું તેણે પ્રસેનજિત પુત્ર પોતે પાળી હતી. રાજ્યનો વિસ્તાર ઘણો વધારો હતો, કોષ ભરપૂર હતો મંત્રીમંડળ વિદ્વાન, નમ્ર અને દીર્ઘદૃષ્ટિવાળું હતું. એકવાર આ રાજા સૈન્ય સહિત મૃગયા રમવા નીકળ્યો, રસ્તામાં વસિષ્ઠ ઋષિના આશ્રમે ઋષિએ નંદિની કામધેનુની મદદથી રાજાનો સારો સત્કાર કર્યો, છેવટે ઋષિની ના છતાં જાતાજાતમાં કામધેનુ લઈ જવા રાજા તૈયાર થયો, નંદિનીમાંથી અસંખ્ય પુરુષો પ્રગટ થયા, તેણે વિશ્વામિત્રના સર્વ સૈન્યનો નાશ કર્યો ને ગુરુ સમક્ષ પાછી પોતાને નમર પાછો આવ્યો. ક્ષત્રિયબળ કરતા બ્રહ્મતેજનું પરાક્રમ ચડિયાતું છે એમ તેને ખાતરી થવાથી તેણે હજારો વર્ષ તપ કર્યું. તે તપના પ્રભાવથી દેવોએ તેને બ્રહ્મર્ષિ કહ્યા પણ વસિષ્ઠ તો તેને રાજર્ષિ કહીને બોલાવતા. આથી વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્રોને મરાવી નાખ્યા ને તેને મારી નાખવા તૈયાર થયા. એક રાત્રે વસિષ્ઠ અને અરુંધતી વચ્ચેની વાતચીત વખતે વસિષ્ઠના મોઢેથી વિશ્વામિત્રના તપનાં વખાણ સાંભળી, મારવા આવેલ વિશ્વામિત્ર વસિષ્ઠને પગે પડયા, ત્યારે તેનું નિરાભિમાન જોયું ત્યારે વસિષ્ઠે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહ્યા. ત્યારથી તે અને વચ્ચે ગાઢ સ્નેહ બંધાયો. આ પછી મહા તપોબળથી વિશ્વામિત્રે સિદ્ધાશ્રમમાં યજ્ઞ શરૂ કર્યો. રાક્ષસોનું જોર બહુ વધી ગયું હતું અને યજ્ઞમાં આવી વિઘ્ન કરતા. યજ્ઞના પ્રસંગમા ટોર્ઈને રાજા દશરથ નહિ જેવી શસ્ત્રમર્યાદા હોવાથી વિશ્વામિત્ર દશરથ રાજા પાસેથી રામની માગણી કરી ને રામ લક્ષ્મણ પાસે યજ્ઞના રાક્ષસોનો નાશ કરાવ્યો. વિશ્વામિત્રને મહાબલ નામે પુત્ર હતો અને માલવ નામનો એક શિષ્ય પણ હતો. તેને માધવીથી અષ્ટક નામે એક પુત્ર થયો હતો વિશ્વામિત્રના કુળમાં પોતે પોતે, દેવરાત-શુનઃશેપ, મધુચ્છંદ, અઘમર્ષણ, અષ્ટક, લોહિત-રોહિત, ભૂતકીલ, માણુદ્ધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિકિર, શાલંકાયન આ સિવાય પણ તેને ઘણા પુત્રો થયા છે. વિશ્વામિત્ર પ્રજાપક્ષી હતા, જે રાજાના રાજ્યમા પ્રજાને દાદ મળતી ન હોય ને અધિકારીઓ જુલમી હોય તેની સામે પ્રજાપક્ષે થતા. તે ભાંગફોડારા દીક્ષા કરી તૂટી પડતા રાજાઓને સલાહ આપવામાં એ એક મોટા પ્રધાન જેવા હતા. તેમણે ધનુર્વેદ પ્રથમ ક્ષત્રિયોને શીખવ્યો હતો તેણે ધનુર્વિદ્યાનો મહાન ગ્રંથ રચ્યો છે. તે વિદ્યામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ થયેલા છે. રાજાઓ એકાંતમા તેની સલાહ લેતા અને વિશ્વામિત્ર દેશની પ્રજાની દાઝ દેખે 'ટી તેમને સુખી કરવાને પ્રયત્ન કરતા એ પ્રજાપક્ષી ભાવ જે સમકક્ષિના રાજા પક્ષમાં નિભાવ્યા હતા એ ચાલુ મન્વંતરમાં સપ્તર્ષિમાં ગણાય છે. રાજા જેવી સમૃદ્ધિ અને વૈભવને છે.ડી બ્રહ્મપદની પ્રાપ્તિમા અને પ્રજાને સુખી કરવામાં એણે દેહ અર્પણ કર્યો હતો. સૃષ્ટિક વસ્તુઓ તેમને તુચ્છ હતી. તપ અને મનુષ્યનું કલ્યાણ કરવું એ જ તેને પ્રિય હતું. તત્ત્વજ્ઞાન અને ધર્મનીતિનો ઠેઠઠેકાણે ઉપદેશ આપતા. એ પોતાના આત્મબળના પરાક્રમથી આર્યાવર્તમા અમર કીર્તિ રાખી ગયા છે

૩. પું. ગાયત્રીના ચોવીસ માંહેના એક ઋષિ.

૪. પું. યુધિષ્ઠિરે કરેલા અશ્વમેધયજ્ઞમાં દ્વારપાળનું કામ સોંપાયેલ આઠ માંહેનો એક બ્રાહ્મણ

૫. પું. શિવનાં ઢગ્દર માંહેનું એક નામ.

૬. પું. શુક્લ યજુર્વેદના એક ઋષિ

૭. ન એ નામનું એક પ્રવર.

૮ ન. એ નામનું એક સરોવર.

વિશ્વામિત્રી ૧. સ્ત્રી. એ નામની એક વડોદરા પ.સેની નદી.

૨. સ્ત્રી. જુવાર. વિશ્વામિત્ર ઋષિએ જુવારનો ઉપયોગ પ્રથમ બતાવ્યો હોવાનું કહેવાય છે.

વિશ્વાયુ ૧ ન ગાયનો એક વર્ગ.

૨. વિ. જગતને આયુષ્ય આપનારી.

૩. [સં. વિશ્વ + આયુ] વિ દીર્ઘાયુ; પૂર્ણાયુ.

વિશ્વારાધ્ય પું. વીરશૈવ ધર્મના પાંચ સ્થાપક માંહેના એક આચાર્ય. તેનું સિંહાસન શ્રીશૈલ મા હતું

વિશ્વાવસુ ૧. પું. એ નામનો એક ગંધર્વ. તેની સાથે મેનકાને પ્રેમ થયો અને તેના પરિણામે તેને એક પુત્રી થઈ

૨. પું. (જૈન) ગાંધર્વ નામના અંતરના બાર માંહેનો એક પ્રકાર. ગાંધર્વના બાર પ્રકાર આ પ્રમાણે છે: હાહા, હૂહૂ, તુમુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

૩. પું. (પુરાણ) ચિત્રસેન ગાંધર્વનો પુત્ર. તેને બ્રાહ્મણના શાપને લઈને કુબધ નામે રાક્ષસ થયો હતો અને તેને રામે મારીને મોક્ષ આપ્યો હતો.

૪. પું. (પુરાણ) જમદગ્નિ ઋષિથી રેણુકાને થયેલ એક પુત્ર.

૫. પું. પ્રભવથી ૩૬મો સંવત્સર; વિષ્ણુની વીશીનો ૧૬મો સંવત્સર.

૬. પું પ્રાચીન આચાર્ય. તેણે કુતિસ્વર ઉપર ટીકા કરી છે

૭. પું. (પુરાણ) પ્રાધાને પેટે થયેલ એક દેવગંધર્વ તે પ્રતિવર્ષે શ્રાવણ માસમાં સૂર્યની સાથે સંચાર કરે છે.

૮. પું (પુરાણ) માલ્યવાન રાક્ષસની અનલા નામની કન્યાનો પતિ.

૯. પું. રાત્રિ.

૧૦. પુ. શુક્લ યજુર્વેદના એક ઋષિ.

વિશ્વાવીસ જિ. વિશ્વાસુ; વિશ્વાસી

મોહમા ઇમમણી જગત ખુપે,
વિશ્વા દાસ પ્રાણ યમ. પ્રેમાનંદ

વિશ્વાસ ૧. [સં. વિ + શ્વસ્ (વિશ્વાસ રાખવો) + અ] પું. ભરોસો; આતરી; ધૈર્યભાર; પતીજ; પાકી આશા.

૨. પું. શ્રદ્ધા; યકીન; પ્રતીતિ; પ્રત્યય; નિષ્ઠા; આસ્તિક્ય બુદ્ધિ.

૧. વિશ્વાસ આપવો-દેવો = વિશ્વાસમા લેવું.

૨. વિશ્વાસ કરવો-મૂકવો-રાખવો = ભરોસો રાખવો.

૩. વિશ્વાસ પડવો-બેસવો = આતરી થવી.

૪ વિશ્વાસે રહેવું = ભરોસો રાખી બેસી રહેવું.

વિશ્વાસઘાત [સં. વિશ્વાસ + ઘાત (મારવું)] પું. દગો; વિશ્વાસ આપીને અવળું કરવું તે; ફોર્ડએ મૂકેલો વિશ્વાસ તોડવો તે; કપટ; દગલબાજી; કાવતરું; ભરોસો તોડવો તે; વચનભંગ.

કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મોટા કરીને પોતાના વખાણ ન કરવા.
શિક્ષાપત્રી

વિશ્વાસઘાતક જુઓ વિશ્વાસઘાતી

વિશ્વાસઘાતી ૧. [સં. વિશ્વાસ + ઘાતિન્ (ઘાત કરનાર)] પું. દગો કરનાર માણસ; ફોડી; વિશ્વાસ આપીને ફરી જનાર માણસ.

૨. ન. લડાઈનું એક હથિયાર.

૩. વિ. વિશ્વાસઘાત કરનાર; કપટી; બેઈમાનીવાળું; દગલબાજ; નિમકહરામ.

વિશ્વાસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનું ચોરાસી માંહેનું એક આસન

વિશ્વાસપાત્ર [સં. વિશ્વાસ+પાત્ર (લાયક)] વિ વિશ્વાસ કરવા યોગ્ય; વિશ્વાસ મૂકવા લાયક; વિશ્વસનીય; ભરોસાપાત્ર; આતરી લાયક.

વિશ્વાસભંગ [સં.] પુ. વિશ્વાસનો નાશ

વિશ્વાસભંજક [સં.] વિ વિશ્વાસઘાતી

વિશ્વાસવું [સં. વિ + શ્વસ્] સ. ક્રિ. વિશ્વાસ કરવો. જેમકે, કયમ વિશ્વાસવા દ્યે.

વિશ્વાસસ્થાન [સં.] ન. વિશ્વાસનું સ્થાન; વિશ્વાસનું ઠેકાણું; શ્રદ્ધાસ્થાન

વિશ્વાસી ૧ પુ. ઈસુ ખ્રિસ્ત વિષે વિશ્વાસ કે શ્રદ્ધા રાખનાર; ખ્રિસ્તી; ' ક્રિશ્ચિયન '.

૨. વિ ક્રાચા કાનનું

૩. વિ વિશ્વાસપાત્ર; વિશ્વાસ રાખવા યોગ્ય; ભરોસાપાત્ર; જેનામાં વિશ્વાસ રાખી શકાય તેવું.

૪ વિ. વિશ્વાસ રાખનાર; વિશ્વાસુ; શ્રદ્ધાળુ

વિશ્વામાંદી વિ. જુઓ વિશ્વાસ કરનારી

વિશ્વાસુ જુઓ વિશ્વાસી

વિશ્વાસ્ય [સં.] વિ ભરોસાપાત્ર

વિશ્વાસ્યતા [સં.] સ્ત્રી ભરોસાપાત્ર હોવું તે.

વિશ્વાસ્યપત્ર [સં.] પું. મુખત્યારનામું.

વિશ્વાહભેષજી [સં.] વિ ઔષધિની પેઠે દરરોજ રોગ કે દારિદ્ર વગેરે નાશ કરનાર, વેદમાં વપરાયેલું કલ્પનું એક વિશેષણ.

વિશ્વાંતર્યામી ૧. [સં.] પુ. દુનિયાનું સર્વ જાણવાવાળા પ્રભુ; સર્વાંતર્યામી

૨. વિ. દુનિયાનું સર્વ જાણનાર

વિશ્વેદેવ ૧. [સં.] પું. અગ્નિ

૨. પું. ચિત્રાનું ઝાડ

૩. પુ. શિવનાં કલ્પર માંહેનું એક નામ

૪. પું. ન. બ. એક શ્રાદ્ધ દેવગણ; વિશ્વકર્મા ગણ. તેમાં ૩૩ સભ્યો હોય છે.

૫. પું. ન. બ. એકી સાથે સ્તવેલા વેદના બધા દેવ.

૬. [સં.] પું. ન. બ. (પુરાણ) વસુ, ક્રતુ વગેરે દસ દેવો; વિશ્વા નામની સ્ત્રીને ધર્મ ઋષિથી ઉત્પન્ન થયેલા દસ પુત્ર. ચાલુ મન્વંતરમાં સાત પ્રકારના દેવો છે. તેઓનાં નામ આ પ્રમાણે છે: ક્રતુ, દક્ષ, વસુ, સત્ય, કાલકામ, પુનિ, કુરજ, મનુજ, બીજ અને રોચમાન.

વિશ્વેશ જુઓ વિશ્વેશ્વર ૧.

વિશ્વેશ્વર ૧ [સં. વિશ્વ (દુનિયા) + ઈશ્વર] પું. વિશ્વના ઈશ્વર; પરમેશ્વર; વિશ્વેશ

૨. પુ. વિશ્વનાથ; કાશીવિશ્વનાથ; કાશીના મહાદેવ.

૩. પુ. વિષ્ણુ

૪. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ

વિશ્વેશ્વરી સ્ત્રી. જુઓ વિશ્વની નિયંતા દેવી; જગદંબા

વિશ્વોત્પત્તિ [સં વિશ્વ (દુનિયા) + ઉત્પત્તિ] સ્ત્રી. વિશ્વની ઉત્પત્તિ, જગતની ઉત્પત્તિ

વિશ્વોદરા [સં] સ્ત્રી. શરીરને જીવન આપનારી મુખ્ય ચૌદ માંહેની દશમી નાડી મુખ્ય ન.ડીઓ ચૌદ છે. આ ચૌદમા પણ ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય છે અને કુહૂ, સરસ્વતી, ગાંધારી હસ્તિજિહ્વા, વારુણા, યશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની તથા અલંબુષા ગણે છે

વિશ્વોદરી જુઓ વિશ્વોદરા.

વિશ્વોદ્યાન [સં. વિશ્વ + ઉદ્યાન (બગીચો)] પું. જગતરૂપી બગીચો

વિશ્વોપકારક [સં] વિ દુનિયાનું ભલું કરનાર.

વિશ્વૌષધ [સં.] ન. સુંઠ. સુંઠને આયુર્વેદી દવામાં ઢાલતા ચાલતાં વાપરે છે માટે તેને વિશ્વૌષધ કહે છે.

વિષ્ ૧. [સં.] સ. ક્રિ. પેરવું

૨. સ. ક્રિ. જાડું પાડવું

૩. સ. ક્રિ. પાસે જવું

૪ સ ક્રિ. ફેલાવું; પથરાવું; વ્યાપવું.

૫ સ ક્રિ. વિરહ જવું.

૬ સ ક્રિ. સીંચવું, છાંટવું.

વિષ ૧ ન. અત્યંત કડવું દ્રવ્ય; વછનાગ.

૨. ન. કમળનો દાંડલો; પદ્મકેસર.

૩. ન ચેપ; રોગબીજ.

૪. [સં.] ન જીવ લઈ લે તેવું દ્રવ્ય; ઝેર; વિષ; હળાહળ. ઝેરના મુખ્ય ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: (૧) સ્થાવર (૨) જંગમ અને (૩) કૃત્રિમવિષ. ઝેરની અસર ખાસ કરીને જ્ઞાનતંતુઓ ઉપર વધારે થાય છે અને તેને લઈને શ્વાસોચ્છ્વાસને લગતાં ચક્રો, ઉદરપટલનાં જ્ઞાનતંતુ અને કરોડરજ્જુના કોષોને જુદા પાડી દે છે જેથી શ્વાસ લેવો મુશ્કેલ થઈ જાય છે. નાના મગજને પણ જુદું પાડી દે છે જેથી હોઠ, જીભ, ગળા વગેરેનો લકવો થઈ જાય છે અને અવાજ સ્પષ્ટ નીકળી શકતો નથી. કંપની જગ્યાએ સોજો આવે છે અને જો

મારનું દુઃખ થાય છે. પક્ષઘાતની અસર પણ થોડા ઘણા પ્રમાણમાં થાય છે. હૃદયની ગતિ મંદ પડી જાય છે. લોહીના રક્તકણોનો નાશ થઈ જાય છે. લોહીની જામવાની ક્રિયા બંધ થઈ જવાથી લોહી એકદમ વહેવા માંડે છે, જેથી કેટલીક વાર મોંમાંથી નાકમાંથી વગેરે જગ્યાએથી લોહી વહેવા માંડે છે અથવા તો પેટના અંદરના ભાગમાં અથવા તો ચામડીના પડ નીચે લોહી ભરાઈ જાય છે. લોહીનાં રક્તકણોનો નાશ થવાથી શરીરના દરેક કોષોને પ્રાણવાયુ મળી શકતો નથી આથી શરીરની શક્તિનો નાશ થાય છે. ઝેરની અસરથી નાડીની ગતિ નબળી પડી જાય છે, બેહોશી આવે, વારંવાર ઊલટી થાય, આંખની કીકો પહોળી થઈ જાય, શરીરની ગરમી એકદમ ઘટી જાય અને શરીરે ઘણો પરસેવો વળી જાય. છેવટે હૃદય બંધ પડવાથી અથવા શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ પડવાથી મૃત્યુ થાય છે સર્પદંશનો વિષપ્રતિકાર કરવાનો અચૂક ઇલાજ માત્ર એક જ છે અને તે સર્પવિષ નિવારણ રસી. રસી મૂકતાં પહેલાં દંશના ઉપરના ભાગમાં તુરત જ એક મજબૂત પાટો બાંધવામાં આવે છે જેથી ઝેર લોહી વાટે પ્રસરે નહિ. થોડા સમયને અંતરે પાટો ઢીલો કરવો જોઈએ બીજું ડંખની જગ્યાએ નસ્તર મારી ઘા ને ખુલ્લો કરી દેવામાં આવે છે. જેથી થોડું ઝેર લોહીની સાથે વહી જાય, વળી ઘામાંથી લોહી ચૂસી લેવામાં આવે છે. આ વખતે ધ્યાન રાખવું જોઈએ કે મોંમાં ઘા ન હોવો જોઈએ. નહિતર ચૂસનારને ઝેર ચડવાનો સંભવ છે. ઘા પોટાશિયમ પરમૅંગેનેટના પાણીથી ધોવો જોઈએ. દરદીને હૉસ્પિતાલમાં લઈ જવો

૧. વિષ આપવું–દેવું = ઝેર ખવડાવવું
૨. વિષ ઉતારવું = ઝેરની અસરમાંથી મુક્ત કરવું.
૩. વિષ ઊતરવું = ઝેરની અસરમાંથી મુક્ત થવું
૪. વિષ ચઢવું = ઝેરની અસર થવી.
૫. વિષ મારવું = ઝેરની અસર નાબૂદ કરવી.
૬ વિષ લેવું = ઝેર ખાવું.

૫. ન. દ્વેષ; ધર્મ્યા, મત્સર્ય; ખાર.
૬. ન. પાણી; જળ.

વિષકન્યા [સં] સ્ત્રી. જેની સાથે સંભોગ કરનાર મરી જાય તેવા હેતુથી જેના શરીરમાં ધીમે ધીમે ઝેર દાખલ કરી દેવામાં આવ્યું હોય તેવી કન્યા કે સ્ત્રી. પ્રાચીન કાળમાં રાજાઓને સાનાનપણથી જ કેટલીક કન્યાઓના શરીરમાં અનેક પ્રકારનું ઝેર દાખલ કરી દેવામાં આવતું હતું. જેને લીધે તેના શરીરમાં એવો પ્રભાવ આવતો હતો કે જે તેની સાથે ભોગ ભોગવતા તે મરી જતા હતા. જ્યારે કોઈ રાજાને પોતાના શત્રુને ગુપ્ત રીતે મારવાની ઇચ્છા થતી ત્યારે તે આવી જાતની વિષકન્યા તેની પાસે મોકલી દેતો અને તેની સાથે સંભોગ કરવાથી તે મરી જતો

વિષકંટકિની [સં.] સ્ત્રી. વાંકણી કંટોલી; એક જાતનો વેલો

વિષકંઠ [સ. વિષ (ઝેર) + કંઠ] પું. શિવ.

વિષકંઠી પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સકેતું વર્ણનો છે. તેના પહેલા ચરણમાં નગણ, ભગણ અને રગણ એમ નવ અક્ષર હોય છે. બીજા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષરો હોય છે બીજા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે અને ચોથા ચરણમાં સગણ, ભગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે

વિષકંદ [સ. , પું નૅલકંદ, સિદ્ધિકંદ; તેલિયોકંદ આ કંદ કમળકંદ જેવો જ હોય છે. તેનાં પાંદડાં પણ કમળ જેવાં થાય છે. તેમાંથી તેલનાં ટીપાં પાણીમાં પડે છે આ કંદમાં આઠ જાતનાં ઝેર ઉતારવાનો ગુણ હોય છે. તેની આસપાસનું જળ તેલ જેવું જ લાગે છે કંદમાં સોય ખોસીએ તો સોય ઓગળી જાય છે

વિષકુંડ [સં.] પું. એ નામનો ભયાનક માણેનો એક નરકકુંડ

> જે નિર્દય મનુષ્ય જેથી પ્રાણીને મારે છે તે માણસ વિષકુંડમાં પડે છે. ભાગવતી ભાગવત

વિષખાપરો પું. એક જાતની વનસ્પતિ; સાટોડી; ઘેટલી; પુનર્નવા. આ છોડ સિંધ, પંજાબ અને વાયવ્ય પ્રાંતમાં ઊગે છે ત્યાં તેના મૂળ પેટના દુખાવામાં તથા સુવે પ્રસવ કરાવવા માટે વપરાય છે

વિષગ્ન ૧. [સં.] પું ચંપાનું ઝાડ
૨. પું. જવાસો.
૩. પું. તાંદળજો
૪. પું બહેડાનું ઝાડ. આ ઝાડ વિષ એટલે ઝેરી વસ્તુનો નાશ કરવાવાળું છે, માટે તેને વિષઘ્ન કહે છે
૫. પું શિરીષ વૃક્ષ.
૬. વિ. ઝેર ઉતારનાર; વિષનું મારણ કરનાર; વિષહર; ઝેર મટાડનાર; ઝેર દૂર કરનાર.

વિષઘ્નો ૧. [સં.] સ્ત્રી. ઉદરવરણી
૨. સ્ત્રી પલાશી
૩. સ્ત્રી. પાણી કૂકડવેલ
૪ સ્ત્રી. ભોંયઆંબલી.
૫. સ્ત્રી, મદ્યાકંજ વૃક્ષ
૬. સ્ત્રી લાલ સાટોડી
૭. સ્ત્રી. દુગદર.
૮. સ્ત્રી, દિલમોચિકા

વિષચિકિત્સક [સ] પું. ઝેરનો ઉપાય શોધનાર વૈદ્ય.

વિષણ્ણો [સં. વિષણ્ણ્] પું. વૈદિક કાળના એક જાતના અનાર્ય લોકો. જેઓ પોતાના માથા ઉપર શીંગડાં ધારતા.

વિષણ્ણ ૧. [સં. વિ + સદ્ + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ઉદાસ; ખિન્ન; નાઉમેદ; નિરાશ.
૨. વિ. દુઃખી; દિલગીર; શોકાતુર.
૩. વિ. હીનું, નિસ્તેજ.

વિષણ્ણતા ૧. [સ. વિ + સદ્ + તા] સ્ત્રી ખિન્નતા; ઉદાસીનતા.
૨. સ્ત્રી. દિલગીર
૩. સ્ત્રી. નિસ્તેજપણું.

વિષતંત્ર [સં.] સ્ત્રી. અષ્ટવિધ માંહેની એક ચિકિત્સા; વિષવિજ્ઞાન. તેમાં વિષ અને તેના પ્રભાવનું વર્ણન કરેલ હોય છે.

વિષદ ૧ [સં.] પું. ધોળો રંગ.
૨. પું. મેષ.
૩. પું. મોથ
૪. ન. મોરથૂથુ
૫. વિ. ઝેર આપનાર.
૬. વિ. ધોળા રંગવાળું

વિષદંત ૧. [સં.] પું. ઝેરી દાંત; દંષ્ટ્રા.
૨. પું. સર્પ, સાપ.

વિષદંતક [સં.] પું. સર્પ; સાપ.

વિષદિગ્ધ [સં.] ન. ઝેર ચડાવેલું.

વિષદિવ્ય [સં] ન વિષ આપીને કરવાની દિવ્યની એક ક્રિયા; વછનાગ વગેરે ઝેર પિવરાવી પાંચસો તાળીઓ પાડતાં સુધીમાં મૂર્છા, ઊલટી વગેરે ન થાય, તો ગુનેગાર શુદ્ધ ગણાય તેવી પ્રાચીન ન્યાય પદ્ધતિ; લેખ, ભોગવટો ને સાક્ષી ન હોય ત્યારે શુદ્ધ જાણવાની એક જૂની ન્યાયપદ્ધતિ.

વિષધર ૧. [સં] પું. ઝેરવાળો સાપ; ઝેર ધારણ કરનાર ભુજંગ
૨. પું શંકર
૩. વિ. ઝેર ધારણ કરનાર

વિષધરા [સ] વિ. સ્ત્રી વિષ ધારણ કરનારી.

> નિષ્પ્રભી વિષય મોહની ભુજંગધરા,
> દિવ્ય ધામ પથ જતાં આવી વિષધરા,
> વિષય દોષના અંશે અહો દમાકરા.

નરસિંહરાવ

વિષધારી ૧. [સ. વિષધારિન્] પું. મહાદેવ; શંકર. સમુદ્ર મંથન વખતે તેમાંથી હલાહલ નીકળ્યું હતું જે શંકરે પોતાના કંઠમાં રાખ્યું છે તેથી તે વિષધારી કહેવાય છે

૨. પુ. સ.૫

નીકરરો ઝહરણી વિષધારી. પ્રેમાનંદ

વિષનારાઠ [સં] વિ. પ્રતિવિષ; ઝેરનું; ઝેરનો નાશ કરનારું.

વિષનાશન ૧. [સં.] પું શિરીષ વૃક્ષ.

૨. વિ. ઝેરનું મારણ, ઝેરનો નાશ કરનાર.

વિષનાશિની [સ.] સ્ત્રી. રાસ્ના; રાસ્નાનું કંદ. તે સર્પ, વીંછી વગેરેના વિષને ઉતારી નાખે છે માટે તેને વિષનાશિની કહે છે.

વિષનાશી જુઓ વિષનાશન.

વિષપત્રિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સ્થાવર વિષ છે

વિષપાન [સ.] ન. ઝેર પીવું તે

વિષપુષ્પ [સં.] ન. કાળું કમળ.

વિષપુષ્પક [સં.] ન. મીઢોળનું ઝાડ. મીઢોળના ઝાડના ફૂલ ઝેરી હોય છે જે આવાથી ઝાડો, ઊલટી થાય છે. ઝેરકોચલાની માફક ઝેર ચડી જાય છે માટે તેને વિષપુષ્પક કહે છે

વિષપ્રકરણ [સં. વિષ+પ્રકરણ (અધ્યાય)] ન. વિષસંબંધી વિદ્યાન; ઝેર વિષેના ઉપાયો આદિ બતાવનાર શાસ્ત્ર.

વિષપ્રદ [સં.] પું. બાર માંહેનો એક મેષ.

વિષપ્રયોગ પું. ઝેરનો પ્રયોગ; વિષ આપવું કે દવામાં વાપરવું તે

વિષફળ ૧. ન. કડવાં ફળ.

૨. ન. ખરાબ પરિણામ.

વિષબાળક ન. (જ્યોતિષ) કવખતે જન્મેલ બચ્ચું. શનિવાર, અશ્લેષા નક્ષત્ર અને બીજ તિથિમા જો બાળકનો જન્મ થાય તો તે વિષબાળક કહેવાય. આવા બાળકો માતપિતા તેમ જ કુટુમ્બને પણ દુઃખદાયક થઈ પડે છે.

વિષબિન્દુ [સં.] ન. ઝેરનું ટીપું.

વિષભક્ષણ [સં.] ન. ઝેર ખાવું તે; ઝેરનું ભક્ષણ કરવાની ક્રિયા; ઝેર ખાઈ ને મરવું તે

અગ્નિ પ્રવેશ, જૂગટપન વિષભક્ષણ વગેરે ૨૯ પાદરાના ભાર્ગે છે. કેશવ હર્ષદ

વિષભુજંગ [સં.] પું. ઝેરી સાપ.

વિષમ ૧. [સં.] પું. એક જાતનો તાલ

૨. પું. તોફાની હાથીનો એક પ્રકાર; બધી જાતના દુર્ગુણવાળો હાથી. તેમાં શુદ્ધ અને સુમત બંનેની ખામીઓ મિશ્રરીતે માલમ પડે છે

૩. પુ. જૂલ્મનો એ નામનો એક પ્રકાર.

૪. પું. મેષ, મિથુન વગેરે એકોની રાશિ

૫. પું. વિકરાળ દાંતવાળો ઘોડો

૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વથી વિલક્ષણ તેમ જ તેની સમાન કોઈ ન હોવાથી તે વિષમ કહેવાય છે.

૭. ન. (કાવ્ય) એ નામનો એક અલંકાર તેમાં કાર્યકારણ વચ્ચે અસાધારણ અથવા મેળ ન ખાય તેવો સંબંધ હોય છે

૮. ન. ઉપદ્રવ; દુઃખ; સંકટ.

૯ ન. કટોકટીનો સમય; આખરીવેળા; ખરી તક

૧૦. ન. જેના ચારે ચરણ ભિન્ન હોય તેવુ એક પદ્ય

૧૧. ન. ન્યૂનાધિકતા; અસમતા

૧૨. વિ. અઘરું; કઠણ; કષ્ટસાધ્ય; મહેનતનું; મુશ્કેલ; ગૂચવણવાળું; આકરું; સકીર્ણ

૧૩. વિ. અવળું, ઊલટું, વિરુદ્ધ, પ્રતિકૂલ; સામું; દુશ્મનાર્થ કરેલું

૧૪. વિ અસમ; ઊંચુંનીચું; કજોડું; નહિ સરખું, ખાડાટેકરાવાળું.

૧૫. વિ. અસગત.

૧૬. વિ એકી. જેને બેકી સાખ્યાથી નિઃશેષ ભાગી ન શકાય તેવી સંખ્યા માટે વપરાય છે

૧૭. વિ. કુટિલ, દુષ્ટ

૧૮. વિ. ખરાબચું; હીણું નહિ એવુ.

૧૯. વિ. જેના સરખું બીજું ન હોય તેવુ; અસમાન; અદ્વિતીય; અતુલ્ય; તરેહવાર.

૨૦. વિ. તાલહીન.

૨૧. વિ ડાચ્યું; ભયાનક; વસમું; ભયકર.

૨૨. વિ. નહિ ધ્યાનમા લેવા જોગ; ખરાબ; વિપરીત.

૨૩. વિ. વક્ર; વાંકુ.

૨૪. વિ. વિલક્ષણ.

વિષમઅપૂર્ણાંક [સં. વિષમ + અપૂર્ણ (અપૂર્ણ) + અંક (આંકડો)] પું. (ગણિત) ગણિતમા જોઈએ તેવી રીતે ન લખાયો હોય તેવો અપૂર્ણાંક; ગેરરીતનો અપૂર્ણાંક; છેદ જેટલો કે તેથી મોટા અંશવાળો અપૂર્ણાંક.

વિષમઅંક [સં.] પું. (ગણિત) બેકી આંકડો. જેમકે, ૧, ૩, ૫, ૭ વગેરે

વિષમઉષ્ણતામાની [સં.] વિ. જેમાં ગરમીનું પ્રમાણ એક સરખુ ન હોય તેવું; વિષમ પ્રમાણમાં ગરમી ધરાવનાર.

વિષમકર્મ ન. (ગણિત) મૂળ રકમ જોખી કાઢવાની રીત.

વિષમકેસલ [સં] ન. અસમાન પ્રકારનું સૂક્ષ્મ પ્રાણી; જે જલનો આકાર વિષમ હોય તે.

વિષમકોણ [સં.] પું. ત્રિકોણ

વિષમકોણ સમચતુર્ભુજ [સં.] પું. જે પાચે પડખેની બેટલે કે બધી બાજુ સરખી હોય પણ ખુણા સરખા ન હોય તેવો સમાંતર ચતુષ્કોણ; 'રોમ્બસ'

વિષમગ્રહ ૧. [સં.] ન (સંગીત) તાલનાં ચાર માંહેનુ એક ગ્રહસ્થાન. સમની જગ્યાથી જે ઊલટી જગ્યા હોય તેને વિષમગ્રહ કહે છે. એટલે સમની ઊલટી જગ્યાથી આનાર અથવા જનાવનાર તાન અથવા મોઢારો લે તો તે વિષમગ્રહથી લીધા એમ કહેવાય છે. વિષમગ્રહને અ.સી પણ કહે છે.

૨. ન. (સગીત) તાલનુ એ નામનું એક સ્થાન. તાલ આપવાના સ્થાનની માત્રા જો પાછળ્યા સ્વરની સાથે મળી ગઈ હોય તો તેવે પ્રસગે એ માત્રા છૂટી પાડી શકાતી નથી; પણ તે માત્રા જે સ્વરના ઠાળ સાથે ભળેલી હોય છે તે સ્વરનો ઉચ્ચાર કરતાં કરતાં જ્યારે તે માત્રાનું સ્થાન આવે ત્યારે જે તાળી આપવી પડે છે તેવા સ્થાનને વિષમગ્રહ કહે છે.

વિષઘાત [સં] વિ. (ગણિત) જેના કરેક પદના પદઘાત એકસરખા ન હોય તેવુ; વિષમ ઘાતવાળો. જેમકે, ૩ ક્ષ ૩ – ૨ ક્ષ ૨ + ક્ષ.

વિષઘાતુરક્ષ [સં.] પું. (ગણિત) ચારમાંથી કોઈ પણ બે બાજુ સમાંતર ન હોય તેવી આકૃતિ; 'ટ્રાપેઝિયમ'.

વિષચતુર્ભુજ ૧. [સં.] ન. (ગણિત) જેની ચારે બાજુઓ વિષમ માપની હોય તેવો ચતુષ્કોણ.

૨. વિ. જેની ચારે બાજુઓ જુદા જુદા માપની હોય તેવુ; વિષમબાજુવાળું

વિષચર્ચા ૧. [સં.] સ્ત્રી. ઊલટી ચર્ચા.

૨. સ્ત્રી. ખરાબ આચરણ કરવું તે; દુષ્ટ વર્તન.

વિષચર્યા [સં. વિષમ (પ્રતિકૂળ) + ચર્યા (વર્તણૂક)] સ્ત્રી. પ્રતિકૂળ વર્તન.

વિષચ્છદ [સં.] પુ. સપ્તચ્છદ વૃક્ષ; સાતપુડાનું ઝાડ

વિષજઠરાગ્નિ [સં.] પું. (વૈદક) એક પ્રકારનું અજીર્ણ; વાયુપ્રકોપને લીધે જઠરાગ્નિનુ વિષમ થવું તે.

વિષજાતિ [સં.] પુ. (પિંગળ) એક પ્રકારનો છંદ; જેનાં સમગણ ચરણ અસમાન હોય તેવો છંદ.

વિષજ્વર [સ] પું. (વૈદક) એક વખત ઊતરી ગયા પછી આવતો તાવ; રહી રહીને આવતો તાવ; આંતરે આવતો તાવ; એકાંતરીઓ તાવ. તેમાં તાવની **સાથે** શરીર પણ ક્ષીણ થાય છે, ભૂખ લાગતી નથી, ઝાડો કબજ રહે છે, નાડી જલદ ચાલે છે, પેટમાં વાયુનું પ્રાબલ્ય જણાય છે અને જીભ મેલી હોય છે. તાવ ચડી

આવે ત્યારે અંગ ગરમ લાગે છે તથા તાવનાં બીજાં ચિહ્ન પણ જણાય છે. વિષમજ્વરના પાંચ પ્રકાર આ પ્રમાણે છેઃ સંતત, સતત, એકાંતરીઓ, તરીઓ અને ચોથીઓ. ચરક મુનિ કહે છે કે, આ પાંચ પ્રકારના તાવ સન્નિપાતથી થાય છે. હારીતાચાર્ય કહે છે કે, ચોથીઆ તાવમાં પિત્ત મુખ્ય છે. વૃદ્ધ સુશ્રુત કહે છે કે, આંતરડાં, હૃદય, મળું, આયુ અને સાંધા એ પાંચ જ્વરનાં સ્થાન છે. જે જે સ્થાન વિષે વિકારનો સંચાર થાય છે તે તે જાતિનો તાવ ઉત્પન્ન થાય છે. જો વિકાર આંતરડામાં જાય તો સતત દિવસમાં બે વેળા આવનારો તાવ આવે છે. જો હૃદયનો વિકાર આંતરડામાં આવે છે તો એકાંતરીઓ એટલે કે દિવસરાતમાં મળી એક વખત આવનારો તાવ આવે છે. કોનો વિકાર એક દિવસ હૃદયમાં પેસી બીજે દિવસે આંતરડામાં આવે તો તેથી તરીઓ એટલે કે ત્રીજે દિવસે આવનારો તાવ આવે છે માથાનો વિકાર કોઠામાં, હૃદયમાં, અને આંતરડામાં ક્રમથી ત્રણ દિવસે આવી ચોથીઆ તાવને જન્મ આપે છે.

વિષમતલમિતિ [સં.] સ્ત્રી. આડાઅવળોવિષમ-વાળી જમીનનું અંકિત કરવાની રીત.

વિષમતા ૧. [સં.] સ્ત્રી. અસમાનતા; વિષમપણું; નિયમ પ્રમાણે નહિ તેવું તે.

૨. સ્ત્રી. ક્રૂરપણું; દયાહીનપણું, નિર્દયતા.

૩. સ્ત્રી. કઠોરતા.

૪. સ્ત્રી. ન્યૂનાધિકતા.

૫ સ્ત્રી. પ્રતિકૂળતા.

૬. સ્ત્રી. મુશ્કેલી; કઠણાઈ

વિષમતિથિ [સં.] સ્ત્રી. એકેતિથિ; દેવની પ્રતિષ્ઠા કરવા માટેની શુભ તિથિ.

વિષમતિથિઓમાં નવમી વિના, પડવો, બીજ, પાંચમ, સાતમ, અગિયારસ, તેરસ, અને પુનમ શુભ છે. રાજવલ્લભ

વિષમત્રિકોણ [સં.] પું. (ગણિત) સરખી બાજુ ન હોય તેવી ત્રણ બાજુવાળી આકૃતિ.

વિષમત્રિબાહુજ જુઓ વિષમત્રિકોણ.

વિષમદીર્ઘચતુરસ્ર પું. (ગણિત) જેની સામસામેની બાજુઓ સરખી હોય પણ ચારે સરખા ન હોય તેવી આકૃતિ.

વિષમદૃષ્ટિ [સં] સ્ત્રી. વિકૃતદૃષ્ટિ

વિષમધ્રુત [સં.] પું. (સંગીત) તાલનું એક તાલનુ એક અંગ

વિષમનયન [સં.] પું. શિવ.

વિષમનેત્ર જુઓ વિષમનયન.

વિષમપદ ન. (પિંગળ) એકી નંબરનું પદ; પહેલું અને ત્રીજું પદ

વિષમપલાશા [સં.] પું. સાતપુડાનું ઝાડ.

વિષમપ્રસવ [સં.] પું. પ્રસવના ત્રણ માર્ગોનો એક ભેદ ગર્ભ આડોઅવળો થાય કે અસાંસામાં બીજી વિકૃતિને લીધે કષ્ટરૂપ કરવી પડે તે વિષમપ્રસવ કહેવાય છે.

વિષમપ્રસવમાં બ્યૂપચાર ઓર કે મેલી અંદર રહી જાય છે. લોહી વધારે પડે છે, બેભાનપણ થઈ જાય છે અને મહામુશ્કેલીએ શસ્ત્રક્રિયાથી બચ્ચાને બહાર કાઢી શકાય છે. આયુર્વેદ રહસ્યાંક

વિષમફલી [સં. વિષમફલિન્] વિ. અસમાન ફળ આપનારાળુ

વિષમબાહુકોણ [સં.] પું. (ગણિત) જેની બાજુ કે ખૂણા સરખા ન હોય તેવો બહુકોણ.

વિષમબાહુચતુષ્કોણ [સં.] પું. (ગણિત) અસમાંતર વિષમબાહુચતુષ્કોણ; વિષમચતુર્ભુજ. જે ચતુષ્કોણની બધી બાજુઓ વિષમ હોય તેને વિષમબાહુચતુષ્કોણ કહે છે.

વિષમબાહુત્રિકોણ જુઓ વિષમત્રિકોણ

વિષમભોજન [સં.] ન. અનિયમિત ભોજન.

વિષમમહાતાલ [સં.] પું. (સંગીત) એક તાલસમતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૧૩ માત્રા ઉપર છે

વિષમમય [સં.] વિ. ઝેર જેવું; ઝેરી.

વિષમયતિ [સં.] પું (સંગીત) યતિ કે વિશ્રામના પાંચ માંહેનો એક પ્રકાર. જો તાલના ઠેકા દેવામાં પ્રથમ દ્રુતલયથી એટલે જલદીથી અને ઉત્તર મધ્યલયથી એટલે બરાબર લયથી જો ઠેકા દેવાતા હોય તો તે વિષમયતિ કહેવાય છે.

વિષમર્દનિકા જુઓ વિનાશિની.

વિષમવૃત્ત [સં.] પું. (પિંગળ) વૃત્ત કે અક્ષરમેળ છંદની એક જાત; જેમાં ચારે પદ વિષમ હોય તે વૃત્ત કે છંદ. આ જાતના દરેક ચરણમાં ઓછાવત્તા અક્ષરો આવે છે

વિષમવાણી [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને બે ભગણ મળી બાર અક્ષર હોય છે.

ન સ ભ વિષમવાણીમાં ઉલ્લો આ,
ઘન પિંગળ.

વિષમવાર [સં] પું ક્રામદેવ; પ્રેમનો દેવ.

નહિ કહે કથી ભામ, અનિની, ભામની કર ભ્રહેર,
સામી ન શકે, ઝંખી દે, વધુ વિષમવારનું વેર.
ભોજપ્રબંધ

વિષમસંખ્યા [સં.] સ્ત્રી. એકીની સંખ્યા; એકીની રકમ

વિષમસ્તની [સં.] વિ. સ્ત્રી. અતિ મહાન સ્તનવાળી

વિષમસ્થ ૧ [સ] વિ ઊંચાનીચા દેશોમાં રહેનાર.

૨. વિ મુશ્કેલીમાં પડેલું; સંકટમાં રહેનાર.

વિષમસ્થાન [સં.] ન. ઊંચી નીચી જમીન.

વિષમસ્થિતિ [સં.] સ્ત્રી અસ્વાભાવિક સ્થિતિ.

વિષમહરિગીત પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તે હરિગીત છંદનો એક ભેદ છે તેમાં છવ્વીસ માત્રા હોય છે

વિષમંત્ર પું. ઝેરનું મારણ કરનાર મંત્ર.

વિષમંત્રી [સં. વિષમન્ત્રિન્] પું. ઝેર ઉતારનાર.

વિષમાહાર [સં.] વિ. અસમાન આહારવાળું.

વિષમાગ્નિ [સં.] પું. અસમ રોગનો એક પ્રકાર તે વાત દોષે કરી થાય છે. તેમાં પેટ બધું જ માલૂમ પડે છે.

વિષમાયુધ [સં.] પું. ક્રામદેવ.

વિષમાર્તવ [સં.] પું. અનિયમિત ઋતુ; દસ્તાન; આર્તવનો રોગ.

વિષમાશન ૧. ન. ઓછું વધતું જમવું તે.

૨. [સં.] ન. ખોરાક લેવાની એક રીત; સમય વગર જમવું તે.

વિષમાક્ષ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

વિષમાસન ન. અઢાસી માંહેનું એક ભોગાસન

વિષમેક્ષ [સં.] પું. ક્રામદેવ.

વિષમોત્ય [સં.] પું. (કાવ્ય) અંત્યાનુપ્રાસના પાંચ માંહેનો એક પ્રકાર. તેમાં વિષમ એટલે એકી ચરણના છેલ્લા અક્ષરનો પ્રાસ બીજો આવે છે

વિષમિત ગલિતક પું (પિંગળ) એ નામે એક ગલિતક માત્રામેળ છંદ. તેમાં ૧ અને ૨ પદમાં ૫ + ૪ + ૫ + ૪ + ગલગલ મળીને ૨૪ માત્રા હોય છે તથા ૩ અને ૪ પદમાં ૫ + ૫ + ૫ + ૪ + ગલગ મળી ૨૪ માત્રા હોય છે

વિષમુષ્ટિ ૧. [સં.] પું. ઝેરકોચલાનું ઝાડ. હિંદના ઉષ્ણ પ્રદેશમાં આ ઝાડ પુષ્કળ જોવે છે. મદ્રાસ પ્રેસિડેન્સી, મલબાર, કોરોમંડલ કિનારો, બંગાળા અને સિલોનમાં પણ તે જોવે છે.

૨ સ્ત્રી. મોટી બરબોડી.

વિષય ૧. [સં] પુ. અધિકાર સીમા; જનપદ; દેશ

૨. પું અનુબંધના ચાર માંહેનો એક પ્રકાર.

૩ પું. ઇંદ્રિયગ્રાહ્ય પદાર્થ; ઇંદ્રિયોથી કરી શકાય તે કર્મ. વિષય પાંચ પ્રકારના છે: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. સમયસારમાં કહ્યું છે કે: વસ્તુ વિષય નથી. વસ્તુ તો વસ્તુ જ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે વિષય નથી પણ તેમના પ્રત્યેનો રાગભાવ તે વિષય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ કરી જીવ રાગદ્વેષ કરે ત્યારે પરદ્રવ્ય વિકારનું નિમિત્ત હોવાથી ઉપચારથી પરદ્રવ્યને વિષય કહેવાય છે

હોયે શબ્દ અંત્રમાં અથવા બીજા કોઇપણ ઇંદ્રિયને, હોયે વિષય રાગ આદિક બીજા ઇંદ્રિય અગ્નિ જિયે. જીવાપજ્ઞામૃત

૪ પુ. હેતુ; કારણ; પ્રયોજન.

૫. પું. કાર્ય; કામ; વ્યાપાર.

૬. પું. જગ્યા; સ્થાન.

૭. પું. નિયામક.

૮. પું. પતિ.

૯ પું પારો

૧૦. પું. પાંચનો સાંકેતિક શબ્દ.

૧૧. પું. બાબત; વસ્તુ; મજકૂર; પ્રકરણ; મુદ્દો

૧. વિષય ઉપાડવો = કોઈ વાત કે મુદ્દો કાઢવો.

૨. વિષય કાઢવો–છેડવો = વાતચીતનો મુદ્દો રજૂ કરવો કે ઉપાડવો.

૧૨. પું. ભોગ્ય પદાર્થ; ભોગનું સાધન.

૧૩. પું. મનનો વિકાર; ઇંદ્રિય વિકાર; કામભોગ. વિષય કરવો = સહભોગ કરવો.

૧૪. પું. મનોવૃત્તિ; વિચારણા; તન્માત્રા.

૧૫. પું. મુલક; પ્રાંત.

૧૬. પું. વિચાર માટે કે જાણવા માટેનું વસ્તુ. જેમકે: ઋષિત, સંસ્કૃત, ભૂગોળ ઇત્યાદિ.

વિષય સેવો = (૧) અભ્યાસનો વિષય પસંદ કરવો. (૨) વિષય કાઢવો.

૧૭. પું. દીપ

વિષયક ૧. [સં.] વિ. બાબતનું; વિષય સંબંધી વિષયને લગતું; સાપેક્ષ

૨. વિ. લાગતું વળગતું; સંબંધી.

મેં જૈન અને બૌદ્ધ ગ્રંથોમાંથી સંગીતના ઉલ્લેખો આપીને તેમાંની સંગીત વિષયક માહિતી આપી હતી. પુરાતત્ત્વ

વિષયકક્રમસૂચી [સં] સ્ત્રી. સાંકળિયું.

વિષયક્રીડા [સં.] સ્ત્રી. કામક્રીડા; સ્ત્રી પુરુષનું રમવું તે.

વિષયગત ૧ [સં] વિ. ઇંદ્રિયજન્ય.

૨. વિ વિષયાત્મક; પરવિષયક; વસ્તુલક્ષી.

વિષયગામિની [સં.] વિ. સ્ત્રી. વિષયમાં જનારી

જ્ઞાનમાર્ગને અનેક વિષયગામિની બનતી અટકાવી એક વિષયગામિની બનાવી દેવી તે ધ્યાન છે. તત્ત્વાર્થસૂત્ર

વિષયરત [સં] વિ ઇન્દ્રિયાસક્ત; વિષયી.

વિષયગ્રહણ [સં.] ન. ઇંદ્રિયસરકાર; ઉપલબ્ધિ; સંવેદના; 'સેન્સેશન'.

વિષયગ્રાહી [સં. વિષયગ્રાહિન્] વિ. ગ્રહણશક્તિ; સંવેદનિક.

વિષયચર્ચા [સં.] સ્ત્રી વિષયની વાત; વિષયનો બનાવ.

વિષયચિંતન [સં] ન. વિષય સંબંધી વિચાર કરવો તે

વાસે વિષયચિંતને પુરુષને આસક્તિ તે બાંધતી આસક્તિ વધી જાય કામ, ઊપજે તે કામથી ક્રોધ તો. જીવાપજ્ઞામૃત

વિષયજન્ય [સં.] વિ. વિષયથી ઉત્પન્ન થતું.

વિષયજ્ઞાન [સં.] ન. વિષયોનું જ્ઞાન.

વિષયઠણી વિ. સ્ત્રી. બહિર્મુખી; વિષયો તરફ દોડતી

પુરુષમાં કેટલો પુરુષાર્થ છે તેની કસોટી કરવા ખાતર ભગવાને ઇંદ્રિયોને વિષયઠણી બનાવી છે. કઠોપનિષદ્ ભાષ્ય

વિષયત્યાગ [સં.] પું. કામવાસનાનો ત્યાગ.

વિષયનિયામક જુઓ વિષયનિર્ણાયક.

વિષયનિર્ણાયક [સં.] વિ. વિષયોનો નિર્ણય કરનાર; સભાની બેઠકમાં ચર્ચવાના વિષયોનો ખરડો પહેલેથી તૈયાર કરી રાખનાર; વિષયનિયામક

વિષયનિર્ણાયક સમિતિ [સં] સ્ત્રી. વિષય વિચારિણી સમિતિ; ચર્ચવાના મુદ્દા નક્કી કરનાર સમિતિ; 'સબ્જેક્ટ કમિટી.'

વિષયનિર્ણાયિકી મહાસમિતિએ પોતે વિષયનિર્ણાયક સમિતિ બનાવે કામ આરંભ્યું. નવજીવન

વિષયપરતા [સં] સ્ત્રી. અનાત્મવાદ; જડવાદ; દેહાત્મવાદ

વિષયપરાયણ [સં.] વિ. ઇન્દ્રિયાસક્ત; વિષયી.

વિષયપંચક [સં.] ન. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયોનો સમૂહ.

વિષયપ્રત્યક્ષ જુઓ વિષયગ્રહણ.

વિષયપ્રવેશ [સં] પું. વિષયની શરૂઆત; પ્રસ્તાવના; ઉપક્રમણિકા

વિષયબાહુલ્ય [સં] ન પણ વિષય હોવાપણું; વિષયોનું બહોળાપણું.

વિષયભૂત [સં.] વિ વિષયને લગતું.

વિષયભોગ [સં.] પું. કામભોગ; વિષય ભોગવવો તે; વિષયમાં આનંદ લેવો તે.

વિષયમોહની ૧. સ્ત્રી. ભોગની ઇચ્છા

૨ સ્ત્રી માયા.

૩. સ્ત્રી વિષયો તરફ મોહ ઉત્પન્ન કરનારી શક્તિ.

વિષયલંપટ ૧. વિ. વિષયમાં તલ્લીન; વિષયભોગમાં લંપટ; વિષયાંધ; કામાતુર; વિષયી.

જે પુરુષ આત્મારામ હોય તે કદીપણ વિષયલંપટ થાય જ નહિ. ભગવતી ભાગવત

૨. વિ. વ્યભિચારી; ઇન્દ્રિયાસક્ત

વિષયલંપટતા સ્ત્રી. કામાસક્તિ; વિષયમાં લપટાવાપણું; વિષયાસક્તતા; વિષયલોલુપતા; વિષયભોગની ઇચ્છા.

વિષયલીન જુઓ વિષયલંપટ.

વિષયલોલુપ વિ. વિષયાતુર; વિષયમાં મોહવાળું.

વિષયલોલુપતા સ્ત્રી. વિષય ભોગવવાની અતિ ઇચ્છા હોવી તે.

વિષયવર્ગીકરણ [સં.] ન. વિષય પ્રમાણે વર્ગ પાડવા તે

વિષયવાર ૧. અ. પ્રદેશવાર.

૨. અ. બાબતવાર.

વિષયવારી સ્ત્રી. વિષય પ્રમાણે ગોઠવણી.

વિષયવાસના [સં.] સ્ત્રી. ઇંદ્રિયજન્ય સુખની ઇચ્છા; ભોગ વિલાસની લાલસા; વિષયભોગની વાસના.

વિષયવાંછના [સં.] સ્ત્રી. ઐહિકભોગની ઇચ્છા

વિષયવિકાર ૧. [સં.] પું. કામરૂપી વિકાર.

૨. પું. વિષયને લીધે થતો વિકાર.

વિષયવિચારિણી વિ. સ્ત્રી. બાબતો ઉપર વિચાર ચલાવનારી; સભામાં રજૂ કરવાના ઠરાવ વિચારી કાઢનારી. આ શબ્દ સમિતિ માટે વપરાય છે

વિષયવિમુખ [સં.] વિ ઇંદ્રિય સુખ ઝંખે નહિ તેવું; વિષયસુખથી દૂર રહેનાર.

વિષયવિલાસ [સં.] ન. વિષયાનંદ

વિષયવિસ્તાર [સં.] પું. ફાલ્યુ, ટિપ્પણ.

વિષયવૈચિત્ર્ય [સં] ન. વિષયોની ભિન્નતા.

વિષયસંકલના ૧. [સં] સ્ત્રી. વિષયની એકતા

૨ સ્ત્રી. વિષયોની ગૂંથણી

વિષયસંરક્ષણાનુબંધી વિ. (જૈન) રૌદ્રધ્યાનના ચાર ભાંહેનો ચોથો ભેદ; પ્રાપ્ત થયેલ દરેક ચીજની રક્ષા કરવાની ચિંતા કરવી તે

પ્રાપ્ત વિષયોને સાચવી રાખવાની ચિંતામાંથી મુક્ત થવું કઠીનતા આવે છે. એને બીજે જે જે સતત ચિંતા થયા કરે છે તે વિષયસંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

વિષયસુખ [સં.] ન. વિષયભોગનું સુખ; સંભોગનો આનંદ.

વિષયસૂચિ [સં] સ્ત્રી. વિષયોની ટીપ

વિષયસેવન [સં.] ન સ્ત્રીસંગ; વિષયો માણવા તે; વિષયભોગનું સેવન.

વિષયા ૧. સ્ત્રી. ઇંદ્રિયસુખ; કામવાસના; સંસારની માયા.

અમો ન ભજે વિષયાની વાટે
અહિયાં આવ્યો છું સાપની માટે. પ્રેમાનંદ

૨. સ્ત્રી. (પુરાણ) પૃષ્ટબુદ્ધિ પ્રધાનની કન્યા અને ચંદ્રહાસ રાજાની સ્ત્રી; વિષિયા.

નાથ કહે સાભળ હે અર્જુન, કર્યા હતાં અભિલાષ; વિષ કેરી વિષયા કરી એમ કહ્યાં ચંદ્રહાસ. પ્રેમાનંદ

૩. સ્ત્રી. વિષયમાં રાચનારી સ્ત્રી

૪ સ્ત્રી. સ્ત્રી

વિષયાગાર [સં.] ન. વિષયનું ઘર

વિષયાતીત [સં.] વિ. વિષયથી પર; વિષયને પેલે પાર પહોંચેલું; વિષય વાસનાને તરી ગયેલું; ઇંદ્રિયાતીત.

વિષયાત્મક ૧. [સ.] વિ. વસ્તુગતઃ પરાક્ષી, સર્વાનુભવી.

ઈન્દ્રિયજ્ઞાનનાં સાધનો પહેલે અંશે માનસિક હતા, જ્યારે વિજ્ઞાનનાં સાધનો વિષયાત્મક હતા. ધરિ. ઠોષ

૨. વિ. વિષય સંબંધી; વિષયોને લગતું.

૩. વિ. વિષયી; વિષયરૂપ આત્માવાળું

વિષયાત્મા [સ. વિષય + આત્મન્] પું. શિવના હજાર માંહેનું એક નામ

વિષયાધીન [સં.] વિ. ઇન્દ્રિયાળવું; વિષયી

વિષયાનંદ ૧. પું. ઇંદ્રિયોને પોતાના કર્મના ભોગથી થતો આનંદ; ભોગાનંદ.

૨. પું. (વેદાંત) માળા, ચંદન, સ્ત્રી વગેરેને તે વિષયાકાર બ્રહ્માકારવૃત્તની શુદ્ધિ વડે અભિવ્યક્ત થવા યોગ્ય આનંદ.

આત્માનું આવરણ દૂર થતાં જે સહજ સ્વાભાવિક આત્માનંદની અભિવ્યક્તિ ફૂટવી અને તેના પર પડ ખાલી જતાં તે અભિવ્યક્તિનું કૃપ થઈ જવું એ પ્રકારના આત્માનંદની સ્થિતિને અનિત્યાનંદ કહે છે. તેને જ વિષયાનંદ પણ કહે છે. સૂતસંહિતા

વિષયાનુરાગ [સ.] પું વિષયમાં પ્રીતિ

વિષયાભાવવાદી સ વિષયાભાવવાદિન્] વિ ભાવનાવાદી; આદર્શવાદી

વિષયાભિમુખ [સ.] વિ. અમુક વિષય તરફ વળેલું, અમુક વિષય ભોગવવાને તત્પર થયેલું.

વિષયાશ્રિત ૧. વિ. વિષય પરત્વેનું

૨. [સં] વિ. વિષયનો આશ્રય લેનાર; વિષયમાં મગ્ન બનેલું

વિષયાસક્ત ૧. [સ.] વિ વિષયલંપટ; વિષયવાસનામાં રચ્યુપચ્યા રહેનાર; વિષયમાં મગ્ન; વિષયમાં આસક્ત

૨. વિ વિષયી; ઇન્દ્રિયાળવું; ભોગી

વિષયાસક્તિ ૧. [સ.] સ્ત્રી ભોગીપણું; વિલાસીપણું.

૨. સ્ત્રી વિષયસુખમાં આસક્તિ, વિષયવાસના.

વિષયાંતર ૧ [સં.] ન આડકથા; વાતચીતમા આડું ફાટવું તે.

૨. ન. જુદું જ પ્રકરણ.

૩. ન. વિષયનો ફેરફાર; પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઊતરી જવું તે

વિષયાંધ [સં.] વિ. કામાતુર; વિષયની લાલચમા અંધ બનેલું; કામી, વિષયી; કામાસક્ત; ભોગૈશ્વર્યમાં લીન

વિષયાંધપણું ન કામવાસનાને લીધે ભલભલું કંઈ ન સૂઝે તેવી અવસ્થા; કામાતુરપણું

વિષયી ૧. [સં વિષયિન્] પું. કામદેવ

૨. પું અન્ન કરનાર; જ્ઞાતા

૩. પું. રાજા.

૪. પું. વિષયી પુરુષ.

૫. ન. ઇંદ્રિય.

૬. ન. જ્ઞાન.

૭. વિ. કામી; કામાંધ; વિષયાસક્ત; વિષય સેવનાર; ભોગલંપટ

૮. વિ. વિષયનું; વિષયને લગતું.

વિષયેચ્છા [સં.] સ્ત્રી. ઇંદ્રિય સુખની ઇચ્છા; કામના.

વિષયેંદ્રિય [સં.] સ્ત્રી. વિષયની ઇંદ્રિય.

વિષયોત્તેજક [સં.] વિ. વિષયને ઉત્તેજનાર; કામવાસના જગાડનાર

વિષયોન્મુખ [સ.] વિ. ભોગવવું; વિષયી

વિષયોપભોગ ૧. પું વિષય ભોગવવો તે.

૨. પું. વિષયમાં આનંદ લેવો તે

વિષરૂપ [સ.] વિ ઝેરરૂપ; ઝેરી; વિષમય

વિષલતા [સ.] સ્ત્રી. ઇંદ્રવારણી નામની વેલ.

વિષવમન [સ] ન. વેરઝેર રૂપી વિષનુ પ્રદર્શન.

વિષવર્ષણ [સ] પું. ઝેરનો વરસાદ

વિષવર્ષણમા એ જ સુધાની લહાણ એ. ખોટાકર

વિષવલ્લરી [સ] સ્ત્રી વિષવેલ

આ અનકી વિરહ-વહ્નિ રાક્ષસીમા,
અહો ઠીસે મધુવતા વિષવલ્લરીમા.
રામચરિત્રામૃત

વિષવલ્લી જુઓ વિષવલ્લરી

વિષવાહિનન્ય [સ.] ન. સોમલ વગેરે ઝેરી ચીજો વેચવી તે

વિષવાદ ૧ [સ.] પું. કજિયો, તકરાર; વેરઝેર.

૨. પું. જેમાથી વેર માય તેવો વાદ

નહિ કોઈન વિષવાદ, પમ્યાસી જિનપ્રસાદ
પાંચમી સ્તા. ચરિત્ર

૩. ન. અશ્વિનીકુમારે રચેલ એ નામનુ એક શાસ્ત્ર. તેમાં જુદી જુદી જાતનાં વિષ, તેની ચિકિત્સા અને ઉપાયનું વર્ણન છે

વિષવારુણી [સં.] સ્ત્રી વિષરૂપી મદિરા; ઝેર

વિષવિક્રય [સં.] પું ઝેરી પદાર્થ વેચવા તે.

વિષવિજ્ઞાન [સં.] ન. ઝેર સબંધી જ્ઞાન; વિષવિદ્યા, વિષતંત્ર; ચિકિત્સા.જ્ઞાનની એક શાખા. તેમાં વિષ અને તેના પ્રભાવનું વર્ણન કરેલ હોય છે

વિષવિદ્યા [સં.] સ્ત્રી. વિષનો નાશ કરનાર મંત્રાદિનું જ્ઞાન; વિષવિજ્ઞાન

મંત્રપ્રયોગ અને સૂત્રોમા સર્પવિદ્યા અને વિષવિદ્યાની વાતો આવે છે. પુરાતત્ત્વ

વિષવૃક્ષ [સં.] ન. વિષ કે ઝેરનુ ઝાડ; ઝેરી ઝાડ; વિષની અસર પહોંચાડનાર ઝાડ.

વિષવૃક્ષન્યાય [સં.] પું એ નામે એક ન્યાય. વિષનુ ઝાડ વાવીને પણ કોઈ પોતે તેને કાપતું નથી, તેમ પોતાની પાણી પોષેલી વસ્તુનો કોઈ પોતાને હાથે નાશ કરતુ નથી એ બતાવનારો ન્યાય.

વિષવૈદ્ય ૧. [સ] પું એક પ્રકારનો વૈદ્ય; ઝેર ઊતારી જાણનાર વૈદ્ય

૨. પું. મંત્રાદિથી ઝેર ઊતારવાની વિદ્યા જાણનાર ગારુડી.

વિષવૈદ્ય, રોગવૈદ્ય, શસ્ત્રવૈદ્ય અથવા શસ્ત્રવૈદ્ય અને મંત્રાભિચાર વૈદ્ય અર્થાત્ પ્રયોગ જાણનાર વૈદ્ય હલ્યાદિ કિલ્લામાં રાખવા. રાજવલ્લભ

વિષશૃંગ [સં] પું. ભમરો

વિષશોષ [સં] ન એક પ્રકારનું અસ્ત્ર જેના પ્રયોગથી ઝેરનો નાશ થાય છે
એમ ત્યાં વિચાર કરી, આપ્યું **વિષશોષ** અસ્ત્ર. વલ્લભ

વિષસંચારક [સં.] વિ ઝેર ફેલાવનાર

વિષસૂચક [સં] પુ ચકોર પક્ષી

વિષસૂચકી [સં] સ્ત્રી. ચકોર પક્ષિણી

વિષહર ૧. ન એક જાતનું રત્ન
૨ [સં] વિ. ઝેર ઉતારનાર, વિષની અસર નાબૂદ કરનાર; વિષઘ્ન

વિષહરા ૧ [સં] સ્ત્રી એ નામની મનસા દેવી. તે ઝેરને હરી લેવામાં સમર્થ છે તેથી તેને વિષહરા કહે છે
૨. સ્ત્રી. શેષ નાગની બેન. તેમાં બાકુ આસ્તિક ઝેર દૂર કરનાર, શક્તિ હતી

વિષા ૧. [સં] સ્ત્રી અતિવિષની દાળ, અતિવિષા.
૨ સ્ત્રી કાકોલી
૩. સ્ત્રી બુદ્ધિ

વિષાણ ૧ [સં] ન. એક જાતનું વાદ્ય; તનૂદ; 'બ્યૂગલ'.
૨. ન. કુંજરનું દાતગૂંદ; વરાહનો દાંત
૩. ન. શિંગડું; શૃંગ
૪. ન. હાથીદાંત

વિષાણામિત પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, નગણ, રગણ, ભગણ, જગણ, તગણ, સગણ, યગણ, લઘુ અને ગુરુ મળી ૨૬ વર્ણ હોય છે.
વિષાણામિત નિયે મના છે રથ અને જતા છે સમ તથા લગ અંતમાં. રત્નપિંગળ

વિષાણાંત [સં.] પું. ગણપતિ

વિષાણિકા ૧ [સં.] સ્ત્રી. કાકડાશીંગી
૨. સ્ત્રી. મરડાશીંગી

વિષાણી ૧ પું. ઝાયણ નામની ઔષધિ. આ ખાવાથી કામ ઉત્તેજિત થાય છે તેથી તે વિષાણી કહેવાય છે.
૨. પુ. કુક્કુર
૩. પુ અગદ
૪. પું. શિંગડાવાળું પશુ.
૫. પુ હાથી
૬ સ્ત્રી કાકડાશીંગી
૭. [સં.] ન. વિષાણિન્ + ષ્ય વિષાણત્વ

વિષાદ ૧ પુ ખેદ, દુઃખ, દિલગીરી વગેરે
૨ [સં વિ (પંચમે) + સદ (બેસવું)]
પું ઉત્સાહભંગ થવાથી મન ઉપર થતી દુઃખદ લાગણી, શોક; દિલગીરી
૩ પુ ઉદાસી ખેદ, મનદુઃખ
૪. પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર. વસ્તુની ઇચ્છા હોય તેથી વિરુદ્ધ અર્થની પ્રાપ્તિનું કથન તે વિષાદ અલંકાર છે.
૫. પુ એ નામે જૈન પ્રસંગનો સંચારી ભાવ. સંચારી ભાવના તેત્રીસ ભાવોનો એક ભેદ
ઇષ્ટની હાનિ અથવા અનિષ્ટ પ્રાપ્તિથી દુઃખી થવું તે વિષાદ સંચારી કહે છે. કાવ્યરાજ
૬ પુ ઝરવું, ઢીલા પડવું વિગેરે
૭ પુ નાડિમેલ ।. નાસીપાસગ્રસ્ત; નિરાશા, અનુત્સાહ

વિષાદયોગ [સં] પું. એ નામનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો પહેલો અધ્યાય
પહેલા અધ્યાયમાં અર્જુનને વિષાદ થયો તે એમની દયાભાવનાથી રાગદ્વેષાદીમાં પરિણમ્યો. વિષાદને પરિણામે રાગદ્વેષાદી એ હૃદયમંથન કહેવાય છે. ગીતામાં અર્જુન નિમિત્ત માત્ર હોઈને પહેલા અધ્યાયમાં અર્જુન વિષાદયોગ નહિ કહેવાં તેને માત્ર વિષાદયોગ ગણવા પાત્ર છે: કેમકે, ગીતા કોઈ એક વ્યક્તિ કે કોઈ એક પ્રસંગ સમજ માટે નથી; પણ તે સર્વ માટે ને સર્વ કાળ માટે નિર્માણ થઈ છે. વિનોબા

વિષાદરોગ [સ.] પું. એક જાતનો રોગ તેમાં દરદી વિચાર જ કર્યા કરે છે અને મુખ ઉપર ભયની નિશાનીઓ દેખાય છે.

વિષાદવૃત્તિ [સ.] સ્ત્રી. અસંતોષ; નાખુશી.

વિષાદી ૧. [સં] ન તૈત્તિરીય આરણ્યક પ્રમાણે ઈશાન ખૂણામાં આવેલું એ નામનું એક નરક.
૨. વિ. દિલગીર; વિષાદયુક્ત.
૩. વિ. ઠેકી; વેર વાળવાની ઇચ્છા રાખનાર.
૪ વિ નિરાશ; વિષણ્ણ.

વિષાનન [સં] પુ. સર્પ.

વિષાનની [સં] સ્ત્રી. સાપણ

વિષાન્વિત [સં.] વિ ઘાતક, ઝેરી; ન.રાક્ષસ.

વિષાપહર ૧. [સ.] સ્ત્રી છડવાસણી વનસ્પતિ.
૨. સ્ત્રી ગીપટો
૩ સ્ત્રી ન.વમની વનસ્પતિ.
૪ સ્ત્રી સર્પાક્ષિકા વનસ્પતિ.
૫. ન સોનાપાનું ઝાડ

વિષાયુધ [સ.] પુ. સર્પ

વિષાયુધી [સ.] સ્ત્રી સાપેણ

વિષાર જુઓ વિસારવું.

વિષારી ૧ વિ ઝેર ઉત્પન્ન કરનાર.
શરીર માહેના વિકારયોગી વિષારી પદાર્થને દૂર કરનું જરૂરનું ૦ આરોગ્યવિદ્યા
૨ ન કરી, કરવા જેવું

વિષાલુ ૧ [સં] વિ ઝેરી; વિષવાળું
૨. વિ ઝેરીલું; ખાર, ઈર્ષ્યા કે અદેખાઈવાળું.

વિષાસ્ય [સ] પુ. સર્પ

વિષાસ્યા ૧. [સં.] સ્ત્રી બિલાડી
૨. સ્ત્રી. સાપણ

વિષુવ ૧. [સ. વિષુ (સરખે ભાગે)] ન પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ બે સરખા ભાગ દેખાડનારી રેખા; મેષ અને તુલા સંક્રાંતિમાં રાત અને દિવસ સરખાં થાય છે તે અયન દર્શાવનારી કલ્પિત રેખા; વિષુવવૃત્તની મધ્યરેખા
૨. ન સમાન દિવસ અને રાત્રિનો કાળ; અયનાવૃત્તમધ્ય; ક્રાંતિવૃત્ત ને વિષુવવૃત્ત જે બે બિંદુઓમાં મળે છે તે દક્ષ, મેષ અને તુલા રાશિમાં સૂર્યની આવવાનો વખત કે સંક્રાંતિ
દેવોના પ્રથમ **વિષુવમાં** સૂર્યોદય મેષ રાશિમાં થાય છે. એ દેવોનો સૂર્યોદય છે. બીજા વિષુવમાં જ્યારે સૂર્ય તુલા રાશિમાં પ્રવેશે છે તે દેવતાઓનો સાયંકાળ છે. સૂતસંહિતા

વિષુવકાલ [સં.] પું. રાત્રિ અને દિવસ સરખાં થાય તેવો કાળ; ૨૧મી માર્ચ અને ૨૧મી સપ્ટેમ્બરનો દિવસ

વિષુવકાળ જુઓ વિષુવકાલ

વિષુવત પું એક પ્રકારનો મંત્ર; જપ. એક વખત શ્વાસ લઈએ અને મૂકીએ તેટલા વખતમાં એક વખત નમઃશિવાય એ મંત્ર બોલાઈ રહે તે વિષુવતમંત્ર થયો કહેવાય;

વિષુવતિ ન. એ નામનું એક માપ; વિષુવવૃત્ત ઉપર મધ્યાહ્ન સમયે લેવાયેલ શંકુની છાયાનું માપ. જે દિવસે સૂર્ય મેષરાશિમાં પ્રવેશ કરે એટલે વસંત સંપાતમાં આવે તે દિવસે તે સમયે સૂર્ય બરાબર વિષુવવૃત્ત ઉપર હોય છે, તે દિવસે બરાબર મધ્યાહ્ન સમયે વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ ૯૦ અંશની અર્ધવ્યાસવાળા પ્રદેશના કોઈપણ સ્થળે જીવા રહીને સૂર્યથી માપ લેતાં તે શંકુની તે સ્થળે જે છાયા પડે તે છાયાને વિષુવતિ, પલભા, અક્ષભા વગેરે નામોથી ઓળખવામાં આવે છે. તે છાયા જેટલા અંગુલ લાંબી હોય તેટલા અંગુલની તે પલભા, અક્ષભા વગેરે કહેવાય છે; પરંતુ વિષુવવૃત્ત ઉપર તે પલભા અથવા અક્ષભા શૂન્ય હોય છે

વિષુવરાશિ સ્ત્રી ભગોળની બાર માંહેની મેષ અને તુલા માંહેની દરેક રાશિ

વિષુવરેખા સ્ત્રી પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ બે સરખા ભાગ દેખાડતી કલ્પિત રેખા; ભૂમધ્યરેખા; ભૂકક્ષા પ્રવૃત્તની ધરીની મધ્યમાં કાટખૂણા કલ્પેલું વર્તુળ ૦ ઈક્વેટર

વિષુવવૃત્ત ન. ઉત્તર અને દક્ષિણ ધ્રુવની વચ્ચે સરખે અંતરે પૃથ્વીના મધ્યભાગમાં થઈને જતું કલ્પિત વર્તુળ; પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ; ભૂમધ્યરેખા; ' ઇક્વેટર '. વિષુવવૃત્ત ઉપર જે પ્રદેશ છે ત્યાં રાત્રિ અને દિવસ સર્વકાળ સરખાં જ હોય છે. તે જ કારણથી આ વૃત્તનું વિષુવવૃત્ત નામ પડ્યું છે તે વિષુવવૃત્તથી પૃથ્વીના બે અર્ધભિયાં થાય છે: ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ. પૃથ્વી ઉપરના વિષુવવૃત્તની વર્તુલ રેખા કલ્પાવતાં તે રેખાથી આકાશના જે ભાગનો છેદ થાય, તેને આકાશનું વિષુવવૃત્ત જાણવું

વિષુવસંપાત [સં.] પું. મકર અને કર્ક; વિષુવવૃત્તનાં સંપાત બિંદુ; અયન

વિષુવાયન [સ.] ન. સંપાતાગ્રગતિ, અયનચલન; ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત જે બે બિંદુઓમાં મળે છે તે દરેક તરફ પ્રમાણ પૃથ્વીની ધરીને એક બાજુ જ ધીમી, ઘાંચીની બાજુ જેવી ગતિ છે, તેથી તેની ધરી જે ૨૩° ૨૭' નમેલી છે તે નમણ નેટલું જ રહેવા છતાં જરા જરા દિશા બદલતું જાય છે. ભમરડો ફરતો હોય ત્યારે ધીમે ધીમે દરેક બાજુએ લહેરિયું લેતો જાય છે તેમ પૃથ્વીની ધરી પણ ૨૫,૮૬૮ વર્ષમાં આ ગતિનું એક ચક્ર પૂરું કરે છે. આ ગતિથી સંપાત બિંદુઓ પણ ૬૨ વર્ષ ૨૦ મિનિટ વહેલાં આવતાં જાય છે અને તેથી ૬૨ વર્ષે ઋતુઓ પણ ૨૦ મિનિટ વહેલી આવતી જાય છે. આ કારણથી જ સૂર્ય પોતાના માર્ગમા છેક દક્ષિણે ૨૨ મી ડિસેમ્બરે હાલ પહોંચે છે અને તે દિવસ સૌથી ટૂંકો હોય છે, પછી તે ઉત્તર તરફ પાછો ફરવા માંડે છે તેથી દિવસ મોટા થતા જાય છે. એટલે જે ઉત્તરાયન આજથી ૧૬૦૦ વર્ષ પહેલાં મકર સંક્રાંતિને દિવસે એટલે ૧૩મી જાન્યુઆરીએ થતુ હતુ તે હાલ ૬૨ વર્ષ ૨૦ મિનિટ વહેલું આવવાને હિસાબે ૨૨મી ડિસેમ્બરે એટલે ૨૨ દિવસ વહેલું આવે છે. તેમ છતાં આપણા જ્યોતિષિઓ મકરસંક્રાંતિને જ ઉત્તરાયન ગણે છે. એ કે તેમના જ પંચાંગોમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત મુજબનો ૨૨મી ડિસેમ્બરનો દિવસ જ ટૂંકામાં ટૂંકો હોય છે. આવી રીતે દેખાતી ૨૨ દિવસની ભૂલથી બીજા દેશના વિદ્વાનો આપણા ખગોળના જ્ઞાનની મશ્કરી કરે છે. આ ગતિથી ૧૨,૦૦૦ વર્ષ પછી માગશર પોષ ઉનાળાના માસ થશે અને વૈશાખ જેઠમાં શિયાળો હશે

વિષુવાયન ગતિ [સ.] ન. એ નામની પૃથ્વીની ગતિ. પૃથ્વી તદ્દન ગોળ નથી, થોડીક ચપટી છે– જાણે નારંગીને ઉપરથી મૂઠી મારીને કોઈએ થોડીક દબાવી દીધી છે. આથી વિષુવવૃત્ત પાસેનો એનો વ્યાસ ધ્રુવબિંદુ પાસેના વ્યાસ કરતાં વધારે છે. વિષુવવૃત્ત પાસે પૃથ્વીનો વ્યાસ ૭૯૨૭ માઈલ છે અને ધ્રુવબિંદુ પાસેનો વ્યાસ ૭૯૦૦ માઈલ છે. એના આ અસમાન ગોળાકારને કારણે સૂર્યના ગુરુત્વાકર્ષણથી ખેંચાતાં એક ચક્રક આવે છે. એ ચક્રકને પરિણામે પૃથ્વીની એક બીજી ગતિ ઊભી થાય છે. આ ગતિને વિષુવાયન ગતિ કહે છે

વિષુવાંશ [સં.] પું. ભૂગોળના રેખાંશ જેવું ખગોળનું એક માપ; વિષુવરેખાના જે અંશમાં જઈને બાજુના ગોળાર્ધમાં એક તારો સાથે ઉદય થાય છે તે અંશ; ' રાઇટ એસેન્શન '. વિષુવવૃત્તના પૂર્વ પશ્ચિમ ૩૬૦ ભાગ થાય તે દરેકને વિષુવાંશ અથવા રેખાંશ કહેવાય છે.

> આ દૈનંદિન ગતિને લીધે વિષુવવૃત્ત ચોવીસ કલાકમાં પોતાની પ્રદક્ષિણા પૂરી કરે છે એટલે આવીસ કલાકમાં તે ત્રણસોસાઠ વિષુવાંશ ફરે છે. —આર્યવિદ્યાસુધા

વિષુવૃત્ત જુઓ વિષુવવૃત્ત

વિષુષ્મિ સ્ત્રી. (પુરાણ) તપ્તા રાજાના દીકરા વિરજની એ નામની સ્ત્રી

વિષુચ્ચિકા સ્ત્રી. ઝાડાનો એકદમ થઈ આવતો રોગ; કોલેરા '. વારંવાર અને અતિશય આવવાથી, ખોરાકના અપચનથી, વાતાદિ દોષ કુપિત થઈ આ રોગ થાય છે. આ રોગમાં સોયો ભોંકાવા જેવી વેદના થાય છે.

વિષૂચી ૧. સ્ત્રી. (પુરાણ) અઠ્ઠાસીમાંથી મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારની માયા.

૨. વિ. વિરહ કરાવનાર

> વિદ્યા અવિદ્યા વિષૂચી અજાયે,
> બન્ને દૂર ને તે વિપરીત જે એ;
> વિદ્યાવિદ્યાથી નચિકેત જાનું,
> મોહો ન હું વિનિય કામનાથી.
> —કઠોપનિષદ્ ભાષ્ય

વિષે ૧. અ. બાબત; સંબંધે

૨. અ. માં; વિશે

વિષૈલ વિ. ઝેરી

વિષોદકુંડ [સ] પું. સત્તાવીસ માહેનો એક નરક કુંડ

વિષોન્માદ પું. ઉન્માદ રોગનો છ માંહેનો એક પ્રકાર; જેમાં લીધે થતો ઉન્માદ. તેમાં મુખ કાળું પડી જાય છે અને જરાજર શુદ્ધિ રહેતી નથી.

વિષોપક પું. એક જાતનો હલકી જાતની સિક્કો.

વિષ્કંદ જુઓ વિષ્કંભક

વિષ્કંભક ૧. પું. અટકાવનાર કે રોકનાર માણસ.

૨. પું. એ નામનો એક પર્વત

૩. પું. ખીલો

૪. પું. થાભલો

૫. પું. પ્રતિબિંબ.

૬ [સ.] પું. ભજવવામા આવતા નાટકની વસ્તુનો પાછળનો અને આગળ આવનારો વૃત્તાંત, જેમાં ઇશારાદ્વારે એટલે કે પ્રેક્ષકોને સમજવા માટે જણાવવામાં આવેલો હોય તેવો અંશલેખ; આગલી કથાનો સાર તથા આવનાર વસ્તુનું સૂચન કરતો નાટકનો ઉપોદ્ઘાત કે અવતરણ, આમુખ; પૂર્વ કથા સાર સાથે ભાવિકથા; સદર્ભનું કથન તે; બે અંકોને જોડનાર પ્રવેશ. આ સૂચના ' રસ્પર મધ્ય પાત્રોના જાપણમા કરવામાં આવે તો તેને શુદ્ધા કહે છે અને મધ્યમ તથા હલકા પાત્રોના જાપણોમા જણાવ્યુ હોય તો તેને સકીર્ણ કહે છે. નાટકના વસ્તુના સૂક્ષ્મ અને દ્રશ્યસ્થૂલ એવા બે વિભાગો હોય છે. તેમા સૂક્ષ્મ વિભાગના પાંચ પેટા વિભાગો આ પ્રમાણે છે: (૧) વિષ્કંભક, (૨) ચૂલિકા, (૩) અંકાસ્ય એટલે અંકનું મુખ કે અંકને અંતે જે સૂચવ્યુ તે, (૪) અંકાવતાર એટલે અંકને અંતે આવવાના અંક માટે જે બોલાય તે અને (૫) પ્રકાશક

૭. પું. યોગીનો એક બંધ.

૮. પું. વિઘ્ન.

૯. પું. વિસ્તાર.

૧૦. પું. વૃક્ષ

૧૧. પું. વ્યાસ.

૧૨. પું. સૂર્ય તથા ચંદ્રના યોગથી ઉત્પન્ન થયેલા યોગ માહેનો પહેલો યોગ.

વિષ્કુંભ [સં] પું. એ નામનો એક અશુભ યોગ.

> વિષ્કુંભ અને વ્યતિપાત જે બે યોગ સારા નથી. —રાજવલ્લભ

વિષ્કુંભક યોગ [સ] પું. એ નામનો એક યોગ. શૂળયોગ, વજ્રયોગ, અતિગંડયોગ, વ્યાઘાતયોગ, વ્યતિપાતયોગ, વિષ્કુંભકયોગ, એમાંના કોઈ પણ યોગ સાથે, જેનો જેવતા કૂર હોય તેવું કોઈ પણ નક્ષત્ર યુક્ત થાય તો તે કૂર યોગ કહેવાય છે; એ કૂર યોગમાં જેને વ્યાધિનો આરંભ થયો હોય તો તે વ્યાધિ અસાધ્ય થાય છે.

વિષ્ટ [સં. વિષ્ (પેસવું)] વિ. પેસેલું; પ્રવેશેલું.

વિષ્ટપ [સ] ન. જગત; ભુવનો લોક; સંસાર.

વિષ્ટબ્ધાજીર્ણ પું. અજીર્ણ તાવના રોગનો એક પ્રકાર; આતરડામા અપચો થયો તે; આત્યાજીર્ણ. તેમાં પેટ ચડે છે, શ્વાસ ઊપડે છે, વાયુની ઘણી જાતની પીડા થાય છે, પવન અને ઝાડાનુ રોકાણ થાય છે, શરીરમાં ત્રોડ, ચૂષ અને કળતર થાય છે

વિષ્ટર ૧ [સં] પુ આસન; બાજઠ વગેરે આસન

૨. પુ. ઝાડ.

૩. પુ દર્ભની મૂઠી

૪. પું દભાસન; ઘાસનું આસન

અર્ધ વિષ્ટર પાદ કરીને કરી વાત વિવેક.

મુરારિ

વિષ્ટરશ્રવા ૧ [સં. વિષ્ટરશ્રવસ] પું. જેની કીર્તિ પ્રસરેલી છે તે વિષ્ણુ

૨. પું. શિવ

વિષ્ટંભ ૧. [સં.] પું અટકાયત; પ્રતિબન્ધ.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ સગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે

સ સ સા ગ ગ આણ વિષ્ટંભ દ્વ.

રણછિત્રણ

૩. પું. વર્ણજ રોગના આઠ માંહેનો એક પ્રકાર; છોડ. ગર્ભિણીએ અકાલે ભોજન કરવાથી વાયુ કુપિત થઈ ગર્ભને શુષ્ક કરે છે તેથી તેનુ હલનચલન અને વૃદ્ધિ બંધ પડવા માંડે છે તથા વાયુની પીડા થઈ છોડ થાય છે

૪. પું. પક્ષઘાત.

૫. પું. બદ્ધકોષ્ઠતા

૬. પું. મરકું તે; રોકાણ.

વિષ્ઠા [સં.] સ્ત્રી. મરડી; ગુદા દ્વારા નીકળતો મળ; ચૂ; નરક; મેલું; ઢગાર

વિષ્ઠાકૃમિ [સં.] પું. એ નામનો નરકનો એક કૃમિ. તે વિષ્ઠાથી જ પૂર્ણ છે. તે એક ગાઉના પરિમાણમાં છે અને પાપીઓથી સદા વ્યાપ્ત છે.

જે માણસ પોતે અન્યના ધનમાંથી આપેલી દેવ કે બ્રાહ્મણની દક્ષિણાનું હરણ કરે તે માણસ વિષ્ઠાકૃમિમા પડે છે. અજ્ઞાતની જાણવત

વિષ્ટિ ૧. [સં.] પુ જ્યોતિષશાસ્ત્રમા ૧૧ મા.હેનો સાતમો કરણ. એ કરણચર છે, લાભદાયી નથી.

૨. પું. મજૂરી કે પગાર લીધા વિના કામ કરનાર નોકર; વેઠિયો; વગર પૈસાનો મજૂર.

૩. પું. સધિવિગ્રહ કરવામાં દુતાળ વકીલનુ પ્રેષણ તે

૪. પું સેવક; ચાકર

૫ સ્ત્રી કરના બદલામાં કરાતી વેઠ; કરવેરાને બદલે જે લોકો પૈસા નહિ ભરતાં કિલ્લા અથવા સરકારી મકાનમાં મફત મજૂરી કરે તે.

૬. સ્ત્રી. કામ

૭ સ્ત્રી. પગાર

૮ સ્ત્રી ફેકવુ તે

૯ સ્ત્રી મોકલવુ તે

૧૦ સ્ત્રી. વેઠ; પૈસા વિના કરાતી મજૂરી

૧૧ સ્ત્રી. સમાધાનીની વાટાઘાટ; સંધિ માટેની ખટપટ; ઝગડો નહિ થાય તે માટે સમજૂતીનું કહેણ તે; લિટાઈ; સામોપચાર; સમજૂતીની ખટપટ; સલાહનું કહેણ.

વિષ્ટિકાર [સં.] પું. વિષ્ટિ કરનાર માણસ; બે પક્ષની વચ્ચે સમાધાની કરનાર માણસ.

વિ૬ ૧ વિષ્ટિકાર પં બ્રા ઘણે. નરસિંહ મહેતો

વિષ્ટિપત્ર [સં.] ન. સમાધાની માટેનો ખરડો.

વિષ્ઠ ૧. [સં] સ્ત્રી. પેટ

૨. સ્ત્રી પ્રાણીઓ ઉત્સર્ગ કરેલો મળ તે; મૂ; નરક, કમલ; ઝાડો; ગુદાવાટે નીકળતો મળ.

વિષ્ણુ ૧. પું. આઠ માંહેનો એ નામનો એક વસુ

૨. પું. ઈંદ્રનું એક નામ

૩. પું એ નામની મુખ્ય અઢાર માંહેની એક સ્મૃતિ

૪. પું. એ નામનું એક પુરાણ.

૫. પું. એ નામે એક નક્ષત્રમંડળ; અભિજીનક્ષત્ર.

૬. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. ગણમસ્તારપ્રમાણ પ્રમાણે તે ષટ્પદી ૭૫૫૫ છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ અને ૧૩૪ લઘુ મળી ૧૪૫ વર્ણની ૧૫૧ માત્રા હોય છે.

૭. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે ઝાઝિની કુંડલિની છંદનો એક ભેદ છે 'તેમાં ૭ ગુરુ અને ૧૪૪ લઘુ મળી ૧૫૧ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૮. પુ. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે રોલાવલુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૨૬ લઘુ મળી ૬૧ વર્ણની ૯૬ માત્રા છે.

૯. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સુખદા; સુરેશ્વર. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ જગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષરે યતિ આવે છે.

સ્વો સુખદા સવિરે યતિ ભેદો,
સુરેશ્વર આઠ જ આખરી વિષ્ણુ.

રણછિત્રણ

૧૦. પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્ષુત; પચા; પંચ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને બે લઘુ મળી પાંચ અક્ષર હોય છે

૧૧. પું ગાયત્રીના ચોવીસ માંહેનો એક દેવતા.

૧૨. પું (પુરાણ) ચેદિ દેશનો એક ક્ષત્રિય રાજા. તેને કર્ણે માર્યો હતો.

૧૩. પું. ધર્મશાસ્ત્ર રચનાર એ નામના એક ઋષિ; એક સ્મૃતિકાર.

અત્રિ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્ક્ય, ઉશના, અંગિરા, યમ, આપસ્તમ્બ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વશિષ્ઠ એ સર્વ ધર્મશા સ્ત્રના રચનારા છે. પુરુષોત્તમગીતા

૧૪ પું. (પુરાણ) પૃતિમાન નામના અગ્નિનું બીજું નામ.

૧૫ પુ. પરબ્રહ્મ પરમાત્મા; ઈ. "

એને વેદ વદે અદ્વિતીય કરે પુનિત એ વિશ્વને,
એથી વ્યાપ્ત ત્રિલોક લોક કરવે જિવે નમે એહને,
એની સર્વ વિભુબ્રહ્મ પ્રાપ્તી એની કૃપા વાચ્યું,
જ્યાં વિલાસનું વિશ્વ વાસ લયતે તે વિષ્ણુને હું નમું.

બ્રહ્મસૂત્ર

૧૬. [સં. વિશ્ (વ્યાપવુ)] પું. પરમેશ્વરનું સત્ત્વગુણનુ સ્વરૂપ; સૃષ્ટિનું પાલન કરનાર દેવ; નારાયણ; ત્રણ માંહેનો એકદેવ, વિભૂતિમાં સૃષ્ટિનું પાલન કરનાર સ્વરૂપ. વિષ્ણુ પ્રથમ અમન મૂર્તિનું સ્થાન છે, માટે નારાયણ કહેવાય છે. તે ઘણીવાર પૃથ્વીનો ભાર ઉતારવાના હેતુથી મનુષ્યરૂપે અવતાર ધારણ કરે છે ને રક્ષકદેવ તરીકેની ફરજ અદા કરે છે. ક્ષીર સમુદ્રમાં શેષનાગ પર શયન કરેલ એવા તેના નાભિકમળમાથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ છે. માટે વિષ્ણુ પુરાણમાં તે આદિ દેવ છે તેમ બતાવ્યુ છે. ઋગ્વેદમાં સૂર્ય દેવ તરીકે બતાવ્યા છે. અષાઢ સુદિ ૧૧થી કાર્તિક સુદિ ૧૧ સુધી નિદ્રા કરે છે. તે સમયને ચાતુર્માસ તરીકે ગણવામાં આવે છે. તેના ભક્તો વૈષ્ણવ કહેવાય છે. તેનું વાહન ગરુડ છે. કમળપર સુશોભિત ચતુર્ભાન માણસ તેને કલ્પવામાં આવે છે. તેને ચાર હાથ હોવાથી તે ચતુર્ભુજ કહેવાય છે. એક હાથમાં પાંચજન્ય નામનો શંખ છે, બીજામાં સુદર્શનચક્ર અથવા વજ્રનુ.ધ, ત્રીજામાં કૌમોદકી નામની ગદા અને ચોથામાં પદ્મ હોય છે. તેની છાતી ઉપર શ્રીવત્સ નામનાં ખાસ ચિહ્નો તથા કૌસ્તુભમણિ હોય છે.

વિષ્ણુ, નારાયણ કૃષ્ણ, વેકુંઠ, વિશ્વરૂપા, દામોદર, હૃષીકેશ, કેશવ, માધવ, સ્વયંભુ, દેવારિ, પુંડરીકાક્ષ, ગોવિંદ, ગરુડધ્વજ, પીતાંબર, અમ્બુજ, શાર્ગી, વિશ્વક્સેન, જનાર્દન, ઉપેન્દ્ર, દેંદાવરજ, ચક્રપાણિ, ચતુર્ભુજ, પદ્મનાભ, મધુરિપુ, વાસુદેવ, સિંધિકન્યા

દેવકીનંદન, શૌરિ, શ્રીપતિ, પુરુષોત્તમ, વનમાળી, અધિજનસી, દૈત્યારિ, ગ્રસાક્ષજ, વિશ્વંભર, કૈટભજિત, વિષ્ણુ, શ્રીવત્સલાંછન, પુરાણપુરુષ, યજ્ઞપુરુષ નરકાંતક, જલશાયી, ત્રિવિક્રમ, મુકુંદ, મુરમર્દન, એમ ઉંતાલીસ નામ વિષ્ણુનાં છે.
અમરકોશ

૧૭. પુ. બાર માહેના એક આદિત્ય; પોષ માસનો સૂર્ય; કશ્યપને અ.દિતિથી થયેલા પુત્રો માહેનો એક

તેજસ્વીમા સહિરણ રવિ વિષ્ણુ આદિત્યમા હું. નક્ષત્રોમા રાશિ મરીચિ છે હું મરુતો વિષે શુ.
ગીતાર્પણામૃત

૧૮. પું. ભૃગુકુળનો એ નામનો એક ઋષિ.

૧૯ પું. વસુદેવ.

૨૦. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૨૧. પું સાત માહેની એક શક્તિ; પુરુષશક્તિ.

૨૨. વિ. વિષ્ણુ; સર્વવ્યાપી; બાપક.

વિષ્ણુકળારા પું. વિષ્ણુ ભગવાનની સ્થાપનાનો ક્રમ

વિષ્ણુકાંચી ન. એ નામનું એક યાત્રાનું ધામ. અ.ર્વાચીન યાત્રામા ઉલ્લેખ છે કે: શિવકાંચીથી વિષ્ણુકાંચી ત્રણેક માઈલ દૂર છે. અહીંનું મંદિર અદ્ભુત કારીગીરીવાળું અતિ કીમતી છે મંદિરનો બહારનો બાજુ મોટા કાળા પથ્થરના નક્શીદાર પથ્થરો ઉપર છે. વીસ વીસ ફૂટ ઊંચા અને જાડા સ્થંભોમાં દરેક અવતારનાં કોતરેલાં ચિત્રો છે નિજમંદિર બે માળનું છે અને ઉપલા માળમાં ફરતી બેઠક છે. નીચે નૃસિંહજીની અને ઉપર બાલાજી ભગવાનની મૂર્તિઓ છે. મંદિરની જગ્યા વિશાળ છે. મંદિરના મુખ સામે એક સ્થંભ છે અહીં સ્નાનને માટે એક કુંડ પણ છે વામન અવતારનું મંદિર પણ ભગ્ન છે. બલિ રાજાને પ્રચંડ રૂપ ધરી પાતાળમા ચાંપ્યો, તે વામન અવતારની મણી જ ઊંચી મૂર્તિ દીવાલમાં છે. અહીં પણ મંદિરમાં હાથી, ઘોડા, પાલખી, રથ વગેરે રાખવામાં આવે છે. મૂર્તિઓ ચલ અચલ બંને હોય છે. ઉત્સવ વગેરે પ્રસંગે આ મૂર્તિને સરઘસના આકારમા ફેરવે છે અને ભોગ પણ ધરાય છે. કાળા પથ્થર ઉપર કારીગીરી કરેલી હોવાથી આ મંદિરો મોટે ભાગે બંધાયાં છે અને તેની મંદિરમાંની કારીગીરી, દર્શન વગેરે હૃદયને આહ્લાદ આપે છે કાંચી હરિ અને હરના અદ્વૈતભાવ દર્શાવતું હોવાથી તથા સાત મોક્ષદાયીપુરીમાં પણ ગણાતુ હોવાથી અહીંનાં બંને સ્થાનનાં મંદિરોનું માહાત્મ્ય આ તરફ વધારે ગણાય છે અને બહારનાં યાત્રાળુઓને પણ આનંદ આપી સંતોષે છે.

વિષ્ણુકાંત ૧. પું. અષ્ટકોણ સ્તંભ

૨. ન. સુખવેલી

૩. ન. (સંગીત) ષાડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં પંચમ વર્જ્યાથી ઉત્પન્ન થતુ એક તાન.

વિષ્ણુકાંતા [સં.] સ્ત્રી. ગરણીનો વેલો; અપરાજિતા નામની વનસ્પતિ તેને આસ્ફોટી અને ગિરિકર્ણી પણ કહે છે. તેનાં પાન બારીક અને લાંબા હોય છે. તેમાં બારીક કાળાશ પર રાતા રંગનાં ફૂલ થાય છે અને બારીક ફળ આવે છે મૂળ અને પાંદડાં દવામાં કામ આવે છે તે વાયુરોગ મટાડે છે

વિષ્ણુગંગા સ્ત્રી. એ નામની ઉત્તર હિંદની એક નદી. તેને ધવલગંગા અથવા ધૌળી પણ કહે છે. વિષ્ણુગંગા ને સરસ્વતી એ બને નદીઓના પ્રવાહ એકઠા થઈ ને અલકનંદા બને છે

વિષ્ણુગુપ્ત ૧. પું. ચાણક્ય; કૌટિલ્ય; મલ્લનાગ; પક્ષિલસ્વામી; દ્રામિલ; ચણકાત્મજ. તે નવ નંદ અને ચંદ્રગુપ્તના સમયમાં થઈ ગયેલ છે. તે રાજનીતિશાસ્ત્રમાં બહુ આહોશ માણસ હતો. તેને નંદ રાજાના કુળનું નિકંદન કાઢયુ. તેણે કૌટિલ્ય અર્થશાસ્ત્ર નામે પ્રસિદ્ધ ગ્રંથ લખ્યો છે.

૨. ન. એક જાતનું કંદ

૩. [સ.] વિ. વિષ્ણુએ રક્ષણ કરેલ.

વિષ્ણુગ્રંથિ [સં] સ્ત્રી. સુષુમ્ણા નાડીમાં આવેલી એક ગ્રંથિ.

સુષુમ્ણા નાડીમાં ત્રણ ગ્રંથિઓ જેને વિદ્વાનો બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ એ નામથી ઓળખાવે આપ્યા છે.
પ્રાણાયામ

વિષ્ણુચક્ર ૧. [સં.] ન. એક પ્રકારનું ઘરેણું અંગે.

૨. ન. વિશ્વામિત્રે રામને આપેલ એક દિવ્ય અમોઘ અસ્ત્ર.

વિષ્ણુચરણોદક [સં] ન. ગંગાજળ; મરણ સમયે મોંમાં મૂકાતું પાણી

વિષ્ણુતેજ ૧. [સં.] ન. ઘી, ઘૃત; આજ્ય.

૨. ન. વિષ્ણુનુ ઐશ્વર્ય.

વિષ્ણુતૈલ [સં.] ન. વૈદ્યકશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રકારનું ઔષધરૂપ તેલ.

વિષ્ણુત્વ [સં.] ન. વિષ્ણુપણું.

વિષ્ણુદાસ પું. એ નામે ગુજરાતનો એક કવિ. તેનો લેખનકાળ સં. ૧૬૩૪ થી ૧૬૮૧ સુધી નિર્ણીત થઈ શકે છે. આથી એનો જીવનકાળ સ. ૧૬૧૪થી સ. ૧૬૮૫ સુધી હોવાનો સંભવ છે. તે બ્રહ્મભટ્ટના જ્ઞાતી હતા. તે નાતે નાગર હતા. તેની માતાનું નામ ગંગા હતુ અને બીજુ નામ હાસી હતું. તેનું કુળ મકર નામનુ હતુ. તેના ગુરુનુ નામ હરિભટ્ટ હતું તેની કાવ્યસંપત્તિ વિશાળ હતી તેના જેટલું વિસ્તૃત કાવ્યલેખન પ્રેમાનંદ સિવાય અન્ય કોઈ પ્રાચીન ગુજરાતી કવિનુ નહિ હોય. તેણે ઘણા આખ્યાનો લખ્યાં છે. હાલ સુધીમાં તેણે નીચે પ્રમાણે કાવ્યો બહાર પાડેલ છે: ૧ ચંદ્રહાસ આખ્યાન, ૨. રુક્મિણિહરણ આખ્યાન, ૩. રામાયણ, ૪. હરિશ્ચંદ્ર આખ્યાન, ૫. મહાભારત, ૬. અનુરાધર આખ્યાન, ૭. બભ્રુવાહન આખ્યાન, ૮. યુગલાંગદ આખ્યાન, ૯. નિલધ્વજ આખ્યાન, ૧૦. મોરધ્વજ આખ્યાન, ૧૧. લક્ષ્મણ હરણ, ૧૨. અંગદવિષ્ટિ, ૧૩. લવકુશ આખ્યાન, ૧૪. ચંડી આખ્યાન, ૧૫. ભાલણકર આખ્યાન, ૧૬. ઓખાહરણ, ૧૭. મોસાળું, ૧૮. કુંડી, ૧૯. કારકા વિલાસ, ૨૦. શિવરાત્રીની કથા અને ૨૧. સુદામા ચરિત્ર. આમાંની કેટલીક હાથપ્રત નકલો મ.લ્યમ પડે છે અને કેટલીક પ્રકટ થયેલી છે.

વિષ્ણુ દિગંબર પું. એ નામનો એક પ્રખ્યાત મહારાષ્ટ્રીય સંગીતકાર. તેણે સંગીતનુ માન અને મૂલ્ય ઘેરઘેર સમજાવવા અને સંગીતનું સન્માન જાળવવા ૨.ળ મહારાજા કરવા માટે તેનો પ્રયાસ કરવા પ્રતિજ્ઞા લીધી હતી. યુવાન વિષ્ણુ સંગીતના અભ્યાસમાં જ લાગી ગયા હતા. વિદ્યાની દુષ્કર સાધના પાછળ બધુ ભાન ભૂલી જઈ ને દિવસને રાત બસ એ મંત્રમા જ રહેતા હતા. સંગીતની કળા તેના પર પ્રસન્ન થઈ હતી અને તેને પ્રસિદ્ધિનુ વર આપ્યો હતો એમ મનાય છે વડોદરા, કાશ્મીર અને અજમેરનાં મહાન રાજાઓએ આ સંગીતકારની કદર કરીને પોતપોતાના રાજ્યમાં સંગીતવિદ્યાલયો સ્થાપ્યાં હતાં. પંજાબમા ભાલધર પાસે એક સંન્યાસીની સમાધિ પાસે ભેળા મળેલ સંગીત વિશારદોને આ નાના ઊગતા સંગીતકાર વિષ્ણુએ મુગ્ધ બનાવી દીધા હતા અને સમાધિ પરના તોરા અને બક્ષિસ ભેટ મળ્યાં હતાં. લાહોરમાં કાશ્મીર નરેશના હસ્તે બીજુ સંગીતવિદ્યાલય પણ તેમણે ખોલ્યું હતું. પણ આમસંગીતવિદ્યાલયોની વાત આવતાં મુંબઈનું ગાંધર્વમહાવિદ્યાલય યાદ આવ્યા વિના નહિ રહે એ વિદ્યાલય પણ એમણે જ ખોલ્યુ હતું. એ વિદ્યાલય તો આપણા દેશમાં સંગીતની પહેલ વહેલી વિદ્યાપીઠ. એ વિદ્યાલયમાં રહેનાર વિદ્યાર્થીનો ખર્ચ પણ આ પંડિતજી પોતે જ ઉપાડતા હતા. એમણે ઘણા રાજ્યોની નોકરી જતી કરી દીધ, કીર્તિ અને સુખ સહેજે મેળવી શકવા શક્તિ ધરાવવા છતાં, એ બધાં તુચ્છ માની સંગીતની એકધારી સેવા કરી હતી

વિષ્ણુદૈવત ૧. [સં.] ન. ઘી, ઘૃત.

૨. ન. શ્રવણ નક્ષત્ર.

વિષ્ણુધર્મા પું. (પુરાણ) ગરુડનો પુત્ર.

વિષ્ણુધર્મોત્તર [સં.] ન એ નામનું એક ઉપપુરાણ.

વિષ્ણુધામ [સં.] ન સ્વર્ગ.

તેના પુણ્ય પ્રભાવથી તે ધાર્મિક થઈ છેવટે વિષ્ણુધામમાં પહોંચ્યો. પુરાતત્ત્વ

વિષ્ણુપદ ૧. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૨૬ માત્રા હોય છે અને અંતે એક ગુરુ હોય છે તેમાં ૧૬ માત્રાએ યતિ હોય છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ હોય છે.

શોભ ઉપર ચણી રહી ચિતિ છે, ઉઘલી રૂક ખરી, એકદર કળ છબ્બીસ બેચી, આવ ધરીજ કરી; એક ઉપર અગ્યારે ચડતી, સાત ધરો તાલી, વિષ્ણુપદ સોહાતી ગતિ, ગુણિજન મન ખાલો. રણછોડકવિ

૨. [સં.] ન. આકાશ; ગગન; વ્યોમ; સ્વર્ગનું મસ્તક

તે જ અમરપદી પગળી ભદ્રશ્વી, ભાગીરથી જેવાં જુદા જુદાં નામથી કહેવાતી સ્વર્ગના મસ્તક પર ઊતરી હતી, એ સ્વર્ગના મસ્તકને વિષ્ણુપદ કહે છે. ભગવતી ભાગવત

૩. ન. કમળ.

૪. ન. ક્ષીરસમુદ્ર

૫. ન. (પુરાણ) મેરુ પર્વત ઉપરનું એક સરોવર. તેમાંથી જ્યોતિષ્મતી નદી નીકળી છે.

૬. ન. બે ભમરો વચ્ચેનો ભાગ.

અક્ષમતી કહેતાં જગતું ટકેલું, ધ્રુવ કહેતાં તારાનું બહીકે, વિષ્ણુપદ કહેતાં બે ભમરોની વચ્ચેનો ભાગ અને માતૃમંડળ કહેતાં બંને ભમરો—આ ચાર વસ્તુઓ જેનું મસ્તક સમીપ હોય તેના જોવામાં આવતી નથી. મોરચિંતામણિ

૭. ન. વિષ્ણુનો પગ કે પગલું. તેની જગામાં પૂજા કરવામાં આવે છે

૮. ન. વિષ્ણુરૂપ સ્થાન. ત્યાં મહા વૈષ્ણવ, લોકપૂજ્ય અને ઉત્તાનપાદ રાજાનો પુત્ર શ્રીમાન ધ્રુવ કે જે કલ્પ સુધી જીવનારાઓના આધારરૂપ છે તે રહે છે

શનૈશ્ચરથી ઉપર અભિજાર લાખ યોજનને છેટે સપ્તર્ષિઓનું મંડળ છે. એ સાત ઋષિઓ લોકોનું કલ્યાણ કરે છે અને વિષ્ણુપદ નામના સ્થાનકની પ્રદક્ષિણા કર્યા કરે છે. ભગવતી ભાગવત

૯. ન. વૈકુંઠ

વિષ્ણુપદતીર્થ [સ.] ન મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

વિષ્ણુપદી ૧ [સ.] સ્ત્રી ગંગાનદી; ભાગીરથી; વિષ્ણુના પગ ધોવાથી ઉત્પન્ન થયેલ ગંગા

વિષ્ણુપદી નિર્જરતટી નિગમજટી હરિપ્રિયા, ધ્રુવનંદા મંદાકિની ભાગીરથી અનુપ. પિંગળગ્રંથોપ

૨. સ્ત્રી. સૂર્યની બાર માંહેની એક સંક્રાંતિ; સૂર્યનું કન્યા, સિંહ, વૃશ્ચિક અને કુંભ રાશિમાં બદલાવું તે.

વિષ્ણુપંચકવ્રત [સં.] ન. એ નામનું એક વ્રત. ભાદરવા સુદિ બારસને દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો આ વ્રતનો આરંભ કરાય છે. તેમાં બે એકાદશી, પૂનમ ને શ્રવણ નક્ષત્ર હોય તો તે દિવસે ઉપવાસ કરી વિષ્ણુનું પૂજન થાય છે.

વિષ્ણુપંથી ૧. [સં.] વિ. વૈષ્ણવ ધર્મ પાળનાર.

૨. વિ. વૈષ્ણવ પંથનું.

વિષ્ણુપાદ [સં.] પું. ગયામાં વિષ્ણુ મંદિરમાંની એ નામની એક શિલા. ગયા પિતૃશ્રાદ્ધ માટે પ્રસિદ્ધ છે. આ શિલા ઉપર જેસી પિતૃશ્રાદ્ધ થાય છે

વિષ્ણુપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એક મહાપુરાણ. તે ત્રેવીસ હજાર શ્લોકનું છે. તેમાં વિષ્ણુનું પ્રતિપાદન કરેલું છે તેથી તે વિષ્ણુપુરાણ કહેવાય છે તે વ્યાસજીએ બનાવ્યું છે

વિષ્ણુપુરાણનો સમય ઈ.સ. ૬૦૦ ની આજુબાજુ છે. પુરાતત્ત્વ

વિષ્ણુપુરી ૧. [સં.] સ્ત્રી. ઓંકારેશ્વરની ત્રીજી દિવસની પ્રદક્ષિણા કરતાં નર્મદાને પેલે પાર આવેલ એ નામનું એક તીર્થસ્થાન.

૨. સ્ત્રી. વૈકુંઠપુરી.

વિષ્ણુપૂજા [સં.] સ્ત્રી. રામાનુજસંપ્રદાયે રચેલ એ નામનો એક ગ્રંથ

વિષ્ણુપ્રિય [સં.] ન. (સિલ્પ) એક જાતનું ત્રિમાળી ઘર.

ત્રૈલોક્યસુંદર ઘરના મૂળ આગળના ભાગ ઉપરાંત સાત ઓસરી ક્રમમાં રાખી તે સાતે ઓસરી આગળ એક લંબચોરસ આવે તો તે વિષ્ણુપ્રિય નામે ઘર કહેવાય છે. રાજવલ્લભ

વિષ્ણુપ્રિયા ૧. [સં.] સ્ત્રી. તુલસી.

૨. સ્ત્રી લક્ષ્મી

વિષ્ણુબલિ [સં.] પું. શ્રોત્ર માંહેનો ચોથો ધાર્મિક સંસ્કાર

વિષ્ણુબ્રહ્મ [સં.] ન જાદુનું એક સ્વરૂપ

વિષ્ણુભાતખંડે પું એ નામના એક મહારાષ્ટ્રી સંગીતકાર. તેમનો જન્મ ૧૮૬૦ માં થયેલ તે વખતે સંગીત મુસલમાનોના હાથમાં હતું ગવૈયા તો મુસલમાન જ હોય એવી સામાન્ય લોકમાન્યતા પ્રવર્તતી હતી. સંગીત શીખવું એ એક પ્રકારનું લાંછન હતું. ખૂબી તો એ હતી કે જુદા જુદા ઘરાણાવાળા દરેક સંગીતકાર પોતાને તાનસેનનો વારસ માનતો. ભારતની વિવિધ પદ્ધતિનો એ કાળ હતો. તેમ છતાં હિંદમાં તે કાળે જેમ કેટલીક અમર વિભૂતિઓ જન્મી અને ભારતની પ્રતિષ્ઠા વધારી તેમ મહારાષ્ટ્રમાં ભાતખંડે જન્મ્યા અને ઉત્તર હિંદમાં અસ્તવ્યસ્ત પડેલા સંગીતને વ્યવસ્થિત બનાવી, અરાજકતા નિવારી, સંશોધન કરી, જયપુર, રામપુર અને ગ્વાલિયરના ઘરાણા વચ્ચે સુમેળ સાધી શાસ્ત્રશુદ્ધ બનાવ્યા. આખા ભારતનો પ્રવાસ કર્યો અને પ્રાચીન સંગીતનાં પુસ્તકોનું સંશોધન કરી તેમણે શાસ્ત્રશુદ્ધ સંગીતની ઉત્તરાદી ગાયકીની પ્રતિષ્ઠા વધારી. ૧૦ ગ્રંથ દ્વારા તેનું એક નવું જ કલેવર ઘડ્યું.

વિષ્ણુમત [સં.] પું (સંગીત) રાગની ઉત્પત્તિના ચાર માંહેનો એક મત. આપણામાં રાગની ઉત્પત્તિ વિષે લગભગ ચારેક મત છે: મહાદેવમત, વિષ્ણુમત, ભરતમત અને હનુમતમત. ચારેય મતાનુસાર મુખ્ય રાગ ૬ મનાય છે

વિષ્ણુમતિ [સં.] સ્ત્રી હિંદુસ્તાનની એ નામની એક નદી.

વિષ્ણુમાયા ૧. [સં.] સ્ત્રી. ઘટિતનું અઘટિત અને અઘટિતનું ઘટિત કરે તેવી પરમેશ્વરની માયા.

૨. સ્ત્રી. દુર્ગાદેવી.

વિષ્ણુમાર્ગ [સં.] પું. વૈષ્ણવ સંપ્રદાય.

વિષ્ણુમાર્ગી [સં.] વિ. વિષ્ણુમાર્ગનું કે તેને લગતું.

વિષ્ણુયજ્ઞ [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

વિષ્ણુયશા [સં.] પું (પુરાણ) એ નામનો એક બ્રાહ્મણ; કલ્કિ અવતારના પિતા; વિષ્ણુના થનાર ઇરાદા અવતાર કલ્કિના બાપ.

આ પ્રમાણે વર્તતાં અંતે વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ઘેર નારાયણની કલાના અંશરૂપ કલ્કિ ભગવાનનો અવતાર થશે. ભગવતી ભાગવત

વિષ્ણુરથ [સં.] પું (પુરાણ) વિષ્ણુનું વાહન; ગરુડ

વિષ્ણુરાત [સં.] પું. (પુરાણ) પાંડુવંશીય પરીક્ષિત રાજાનું બીજું નામ.

વિષ્ણુલોક [સં.] પું. જેમાં વિષ્ણુ વસે છે તે દુનિયા; સ્વર્ગ; મોક્ષધામ; વૈકુંઠ

વિષ્ણુવર્તિમત [સં.] ન. એ નામનું એક મત. સારા મુહૂર્તમાં પાંચ તાંતણાવાળી ચાર આંગળ લાંબી એક લાંબ દિવેટો કરી હંમેશાં બબ્બે

હજાર દિવેટો કપાસ કે માટીના કોડિયામાં સળગાવવાનું એક વ્રત

વિષ્ણુવર્ધન ૧ પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ મૈસુરનો એ નામનો રાજા. રામાનુજાચાર્યે તેને વૈષ્ણવ બનાવીને પોતાના ધર્મનો દક્ષિણમાં પ્રચાર કર્યો.

૨ ન એ નામનું એક શહેર.

વિષ્ણુવલ્લભા ૧. [સં] સ્ત્રી તુલસી

૨. સ્ત્રી લક્ષ્મી, શ્રી; પદ્મા; કમલા

શ્રી પદ્મા પદ્માલયા કમલા કમલા નેહ
વિષ્ણુસુતા આ છંદિયા વિષ્ણુવલ્લભા તેહ.
પિંગળપ્રકાશ

વિષ્ણુવાદ્ય [સં] ન. (સંગીત) મૃદંગ; પખવાજ. તાલની સાથે અનેક પ્રકારના ધ્વનિ નીકળે અને ગાનારના સ્વરની સાથે મળી જઈને સ્વરોની ભરતી થાય એટલે, મૃદંગ વગેરે નામનું વાદ્ય એટલે કે, વિષ્ણુવલ્લભ વાદ્યોમાં આવતું હોવાથી તેને લોકમાં પખવાજ કહે છે

વિષ્ણુવાહન [સં] પું ગરુડ

વિષ્ણુવિક્રમ [સં.] ન. (સંગીત) ઓડવનું એક તાન. મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત વર્જ્યવાથી તે ઉત્પન્ન થાય છે

વિષ્ણુશયની [સં.] સ્ત્રી અષાઢ શુદ અગિયારસ. તે દિવસે વિષ્ણુ ભગવાન ક્ષીરસાગરમાં શયન કરે છે. કોઈનો એવો મત છે કે, તે દિવસે વિષ્ણુ ભગવાન પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે બલિરાજાને ઘેર જાય છે

વિષ્ણુશૃંખલયોગ [સં.] પું. (જ્યોતિષ) શ્રવણ નક્ષત્રમાં આદરવા આસો સુદિ ૧૧ અને ૧૨નો એમ બંને વિયોગ હોય તેવો યોગ.

વિષ્ણુસહસ્રનામ [સં.] ન. એ નામનું એક ધર્મશાસ્ત્ર. તેમાં વિષ્ણુનાં હજાર નામ આપેલાં છે. મહાભારતમાં ભગવાનના અનન્ય ભક્ત ભીષ્મપિતામહે ભગવાનના પરમ પવિત્ર સહસ્રનામનો ઉપદેશ કર્યો છે. તેને શ્રીવિષ્ણુસહસ્રનામ કહે છે. તે મહાન શક્તિશાળી મંત્ર છે. તેનું શ્રીશંકરાચાર્યે ભાષ્ય કર્યું છે.

વિષ્ણુસાલોક્યા [સં.] સ્ત્રી. એક પ્રકારની મુક્તિ.

સાલોક્ય મુક્તિમાં શિવ સાલોક્યા, વિષ્ણુસાલોક્યા અને બ્રહ્મસાલોક્યા, એ રીતે ઈશ્વરભેદના લોકો જોવી પણ વિભાગ પડે છે.
સત્વસંહિતા.

વિષ્ણુસાવર્ણિ [સં.] પું ચૌદમો મનુ

વિષ્ણુસ્મૃતિ [સં.] સ્ત્રી. એ નામની એક સ્મૃતિ.

વિષ્ણુસ્વામી ૧. [સં.] પું. એ નામના એક ધર્મસંપ્રદાય. વિષ્ણુસ્વામીના સંપ્રદાયને રુદ્રસંપ્રદાય કહે છે. પંદરમી સદીના પ્રથમ ભાગમાં તેમણે વૈષ્ણવ ધર્મ ચલાવ્યો. શિવ અથવા એ રચેલ વૈષ્ણવ મતનો તેમણે ઉપદેશ કર્યો હતો. ગુજરાતમાં તેના પંથના ઓછો વધારે છે. તેના વંશજ વલ્લભભટ્ટ ઉત્તરહિંદમાં ગયા હતા ત્યાં તેના પુત્ર વલ્લભે વિખ્યાત પુષ્ટિમાર્ગ અથવા વલ્લભમત સ્થાપ્યો. તેઓ ઈશ્વરને સચ્ચિદાનંદ સ્વરૂપ માને છે. એ મત શુદ્ધાદ્વૈત પણ કહેવાય છે

૨. પું. રાધાકૃષ્ણનો એ નામે એક ઉપાસક. તે સૌથી પ્રથમ આચાર્ય હતો. તેણે વૃંદાવન નજીક પોતાનો વાસ રાખ્યો હતો. તે બારમી સદીની આખરમાં થઈ ગયો. તેના પછી નિમાર્ક થયો

વિષ્ણુસેન ૧. [સં.] પું. (પુરાણ) એ નામે એક ઋષિ

૨. પું. (પુરાણ) ચાક્ષુષાર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો એ નામે એક અવતાર.

૩. પું. વિષ્ણુનાં હજાર આવેલું એક નામ

૪. પું. (પુરાણ) વિષ્ણુનો એ નામે એક પાર્ષદ.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સોત્પન્ન અજમીઢનો પુત્ર; બૃહદ્વિષુના વંશના ધાર્મિક રાજાને શ્રી અથવા સરસ્વતી નામની સ્ત્રીને પેટે થયેલો પુત્ર.

વિષ્ણુસેનપ્રિયા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; વારાહીકંદ

૨. સ્ત્રી. તુલસી.

૩. સ્ત્રી. લક્ષ્મી

વિષ્ણુસ્મના ૧. [સં.] સ્ત્રી એ નામની એક વનૌષધિ

૨. સ્ત્રી. એ નામની એક સુગંધી મોથ.

૩. સ્ત્રી. એ નામનું એક ધાન્ય; કાંગ.

૪. સ્ત્રી. ત્રિવૃત્ વેલ.

વિષ્ણુસ્ત્રિતાલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, જગણ, નગણ, બે તગણ અને બે ગુરુ મળી બાર અક્ષરો હોય છે.

વિષ્ણુસ્ત્રિતાલ રચને ત ભ જ ન
ત ત ત ગા ગ આવી.
રત્નમંજરી

વિસ ૧. [સં. બિસ] ન. કમળની દાંડલી.

૨. ન. જથ્થો શેર ને નવટાંકનું માપ.

૩. ન. મૃણાલ; કમળનો પરાગ.

વિસકુસુમ [સ. બિસકુસુમ] ન. પદ્મ; કમળ.

વિસજ જુઓ વિસકુસુમ

વિસદરા [સં.] વિ. અસમાન, સદૃશ નહિ તેવું.

વિસદરાતા [સ.] સ્ત્રી. અસમાનતા.

વિસનાભિ ૧. [સ.] સ્ત્રી. કમળનો વેલો.

૨. સ્ત્રી. પદ્મનો સમૂહ.

વિસપુષ્પ [સં.] ન. કમળ.

વિસમું ૧. વિ. દુર્ગમ.

તે વાહન ગિરી ગાઢુ.
અતિ વિસમું તેહનું આઢુ.
લાવણ્યસમય

૨ [સં. વિષમ] વિ. (પ્રાકૃત) વિષમ; ભારે; વસમું

કોમઈણા વાહરિ વિસમું પીલ.
કાન્હડદેપ્રબંધ

વિસર [સં.] પું. સમૂહ; સમુદાય

વિસર નિવહ સંઘાત ઘર પૂગ ભાત પત ભર
ચય અનંત સમાજ જૂથ સ્તોમ રાશ સંઘાત.
પિંગળપ્રકાશ

વિસરાલ ૧. વિ. નાજવત.

વિહા રીસઈ નાલવિષ દુખ
કેરઈ જનમવલી જે ભૂખ
દુખ કરઈ વિસરાલ. પુરાતત્ત્વ

૨. વિ. (જૂ. ગુ.) નિષ્ફળ; ફોક.

અપહિ કે તે કર્યા ઉપાય,
તે વિસરાલ થયા અહિ રાય.
લાવણ્યસમય

૩. વિ. મુશ્કેલ; વિસર્જન.

ત્રેતાયુગ તે વિષ વિસરાલ,
અવિધિ હાથ પડ્યું કાલ.
લાવણ્યસમય

વિસરાવવું સ. ક્રિ. ભૂલી જાય તેમ કરવું.

વિસરાણ વિ. ભુલકણું.

વિસર્ગ ૧. [સં] પું. (વ્યાકરણ) અક્ષરની બાજુમાં બે ટીંપાંવાળી ખુલાતી નિશાની; હકાર જેવો ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન. તેનો ઉચ્ચાર કરવામાં શ્વાસને વિશેષ ઝોકી દેવામાં આવે છે

૨. પું. તેજ.

૩. પું. ત્યાગ; ઝોકી દેવું તે; મૂકી દેવું તે.

૪ પું. દાન.

૫. પું. પ્રલય

૬ પું. ઉચ્ચાર કાઢી મૂકવું તે.

૭. પું. મળત્યાગ.

૮. પું. મોક્ષ.

૯. પું. વિશેષ સૃષ્ટિ; વિરાટ પુરુષે કરેલી સ્થાવરજંગમ સૃષ્ટિ.

૧૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૧. પું. સર્પનું એક અસન.

વિસર્ગકાલ [સં.] પું. દક્ષિણાયન.

તે પછી સૂર્ય ૬ માસ સુધી દક્ષિણાયનનો રહે છે. તેમા વર્ષા, શરદ અને હેમંત એ ત્રણ ઋતુઓ હોય છે. તેને વિસર્ગકાલ કહે છે.

ત્રિકાલદર્શકપંચાંગ

વિસર્જન ૧. [સં.] ન. ઉત્થાપન.

૨. ન. કામ બંધ કરી છૂટા પડી જવું તે; રાજીનામું; રજા આપવી તે; સમાપ્તિ; બરખાસ્તી.

૩. ન. છોડી દેવું તે; જતું કરવું તે; જવા દેવું તે.

૪. ન. ત્યાગ.

૫. ન. દાન.

૬. ન. દૂર કરવું તે; વિદાય થવું કે કરવું તે; વિદાયગીરી.

૭. ન. ધર્મ પુરુષ.વૈનીબત્રીશ માંહેની એક કળા.

૮. ન. પ્રેરવું તે; પ્રેરણા.

૯. ન. (પુરાણ) વાદળોનું એ નામનું એક કુળ

વિસર્જનમાર્જન [સં.] ન. નિદ્રામાં પડેલ વિઘેયને જગાડવા માટે જેનો ઉપયોગ કરવામાં આવે છે તે માર્જનક્રિયા; વિધાન માર્જનથી ઊલટી ક્રિયા. શરીરના આખા ભાગ ઉપર જંપાસ કરવામાં આવે છે. તેથી ઊલટી રીતે પીઠ પાછળ કમર આગળથી શરૂ કરી માથા સુધી લઈ જઈને બંને હાથથી આ માર્જન કરવામાં આવે છે. તેથી વિશેષ જાગૃત થાય છે.

વંઠાલાજનને જ્યારે બરાબર કરવો હોય ત્યારે વક્ત ક્રિયાથી ઊલટી ક્રિયા એને વિસર્જનમાર્જન કહેવામાં આવે છે તે કરવી. ધોબીસ્તુબ

વિસર્જનીય ૧. [સં.] વિ. છોડી કે તજી દેવા જેવું; આપી દેવા જેવું; ઉત્સર્જનીય; ત્યાગ કરવા જેવું.

૨. વિ. વિસર્જન કરી શકાય કે કરવા જેવું.

વિસર્જ્ય જુઓ વિસર્જનીય

વિસર્જવું [સં. વિ + સૃજ્ (છોડી દેવું)] સ. ક્રિ. વિસર્જન કરવું; છોડી દેવું.

વિસર્જિત ૧. [સં. વિ + સૃજ્ (છોડી દેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. છોડી દીધેલું; તજી દીધેલું.

૨. વિ. જેનું વિસર્જન થયું હોય તેવું; બરખાસ્ત; વિસર્જન કરાયેલું.

૩. વિ. દાન કરેલ

વિસર્પ ૧. [સં.] પું. અરજસ; ગામડીનું એક જાતનું દરદ.

૨. પું. નાટ્યના તેત્રીસ માંહેનો એ નામનો એક અલંકાર.

૩. પું. ફેલાવો

૪ પું. ફોલ્લા થાય તેવો એક જાતનો રોગ.

૫ પું. (વૈદક) રતવા; રાતો વા. ખાસ, ખા.દ, કડવું, ઉષ્ણ તેમજ લીધાં શાકભાજી વગેરેનું બરાબર કરવાથી વાતાદિ દોષ કુપિત થઈ સાત પ્રકારના વિસર્પ રોગ ઉત્પન્ન થાય છે. આ રોગ શરીર ઉપર સર્પની પેઠે પ્રસરે છે. એના સાત પ્રકાર છે: વાત, પિત્ત, કફ, વાતપિત્ત, પિત્તકફ, કફવાત અને સન્નિપાત.

વિસર્પણ ૧. [સં.] ન. બસવું તે.

૨. ન. પ્રસાર; ફેલાવો.

વિસર્પિ ૧. ન. તૈત્તિરીય આરણ્યક પ્રમાણે અગ્નિ ભૂક્ષામાં આવેલું એ નામનું નરક.

૨. [સં. વિસર્પિન્] વિ. બસનું; સરનું.

વિસર્પિકા જુઓ વિસર્પ ૧.

વિસલદેવ પું. વિસનગર વસાવનાર એ નામનો ગુજરાતનો એક રાજા.

વિસવાસી ૧. સ્ત્રી. વાડકાનું એક માપ.

૨. સ્ત્રી. વસ્તીનો વીસમો ભાગ; વીઘાનો બારસોમો ભાગ.

૩. સ્ત્રી. હિસાબ ગણવામાં કરાતો બદામનો સોળમો ભાગ.

વિસવો પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ. માત્રથી નામપિંગળ પ્રમાણે તે ઉલ્લાલ છંદનો એક ભેદ છે. તેમાં ૫૬ લઘુની ૫૬ માત્રા હોય છે.

વિસવિ પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક વર્ણમેળ છંદ. તે માત્રથી છદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં સગણ અને નગણ એમ ૭ અક્ષરો હોય છે.

સ ન થી વિસવિ. જયદેવપિંગળ

વિ. સં. પું. વિક્રમ સવતનું ટૂંકું રૂપ.

વિસંગત [સં.] વિ. બંધ બેસે નહિ તેવું; મેળ વગરનું; સબબ વગરનું; અસંગત.

વિસંગતિ [સં.] સ્ત્રી. વિસવાદ; વિપરીતતા; અસંગતિ; વિરુદ્ધતા; બંધ બેસતા ન હોવાનો ભાવ; સંગતિનો અભાવ.

વિસંજ્ઞી સ્ત્રી. (સંગીત) વાદ્ય વગાડવાની આઠ માંહેની એક પ્રકારની કળા.

વિસંજ્ઞ [સં.] વિ. અચેત; બેભાન; સંજ્ઞા કે ભાન રહિત.

વિસંધાકલ્પ પું. અઠવાસી માંહેનો એક મહ.

વિસંબો પું. વિશ્વાસ.

વિસંયુક્ત [સં.] વિ. જોડાયેલ નહિ તેવું; છૂટું.

વિસંવાદ ૧ [સં.] પું. અસંગતિ.

૨. પું. ઊલટ ભાષણ; મિથ્યારોપ

૩. પું. ખરું ન મનાવું.

૪ પું. છેતરવું તે; ઠગવું તે.

૫. પું. પ્રતિકૂલપણું; વિરુદ્ધતા; વિરોધ

વિસંવાદિતા [સં.] સ્ત્રી. અસંગતતા.

વિસંવાદી ૧ [સં. વિસંવાદિન્] વિ. ઊલટું; પ્રતિકૂળ; વિરુદ્ધ

૨. વિ. ખોટું; માનવું નહિ તેવું

૩. વિ. [illegible]

૪ વિ. જાદું, ન ના ખાવ તેવું

૫ વિ. [illegible] ભ્રમ. ભ્રમો ઉત્પન્ન કરે તેવું વિસંવાદયુક્ત

૬ વિ. (સંગીત) વિવાદી તે સ્વર માટે વપરાય છે

વિસંવાદીભ્રમ [સં.] પું. પ્રતિકૂળ ભ્રમ; સંવાદી ભ્રમથી ઊલટો ભ્રમ; જેનને ખરો માનવાથી જ્યાં અર્થસિદ્ધિ ન થતી હોય તે.

જીવને રૂપું માનવું અથવા દીવાને બદલે બીજો તે વિસંવાદીભ્રમ. જિજ્ઞાસાદર્શન

વિસંસ્થુળ ૧. વિ. અવ્યવસ્થિત.

૨. વિ. અનિશ્ચિત

વિસાત ૧. સ્ત્રી. ઉપયોગિતા.

૨. સ્ત્રી. મજા, દમ

૩ સ્ત્રી. મહેનતાણું; લેખું; હિસાબ.

૪. [અ. બિસાત] સ્ત્રી. હોલત; પૂંજી.

૫. સ્ત્રી. સત્ત્વ; સારું; કીમત; વસાત; મહત્ત્વ.

વિસામણ ન. આરામ લેવાપણું; વિસામો.

વિસામવું ૧ સ ક્રિ. આરામ કે વિસામો આપવો કે કરાવવો. વિસામો ખાવા યોગ્યવું; થાક ખાવો

અંત પિંડના આર ભાગ કીધા,
પછે પિંડ વિસામીને લીધા.

પ્રેમાનંદ

૨. સ. ક્રિ વિસામો ખવડાવવો.

વિસામો ૧. પું આરામ કે વિસામો લેવાની જગ્યા; આરામસ્થાન.

૨. [સં. વિશ્રામ; પ્રા. વિસ્સામ] પું. થાક ખાવો તે; થોડીવાર કામથી કારક થઈ બેસવું તે; આરામ; આલબન; આશ્રય; વિશ્રાંતિ.

વિદ્યાર્થીઓના વાલના વિસામા હતા.

નાનાલાલ

૩. પું. મજૂરો માથે ભાર લઈ આવતા હોય ત્યારે ભાર ઉતારી થોડો વખત શાંતિ લેવા માટે પોતાની મેળે ભાર ઉતારી શકે તેવો

મોળા કે ચોખ્ખો, અડધેક રસ્તે કે ગામની બહારોબાર, છાનીપૂર ચાલતો ચોતરો
૪ પુ વિશ્વાસ; ભરોસો
૫ પુ રાત રહી જતાં થોભવાની જગા; મુકામને દૂર લાગી જતા રસ્તામાં જ્યાં જરાવાર ઊતારે છે તે જગ્યા કે ચોતરો

વિસાર ૧. પું ભુલાવું તે; વિસ્મરણ; વિસારો; પીસરી જવું તે

> કૃષ્ણ રહે નવ બહુ હવે વહુ;
> ભૂલ્યો તે નાખો વિસાર.
>
> દયારામ

૨. પું. મચ્છ; માછલી
૩ ન. ઝમારતી ઘરકું

વિસારવું ૧. [સં. વિ + સ્મૃ (ભૂલી જવું)] સ. ક્રિ. ભૂલી જવું; વીસરવું; ભૂલવું.
૨. સ. ક્રિ. મનમાંથી કાઢી નાંખવું; યાદદાસ્ત ઉપર નહિ લાવવું

વિસારો જુઓ વિસાર ૧.

વિસાલ ૧. પું પ્રેમ

> મારા વિસાલના લલનગાર આ સુકોમલને
> મહામ્બરની શાલ્યમા લપટાવીને મારી સારે આવી હતી.
>
> નારાયણ વિસનજી

૨. [અ. વસલ (તેણે જોડ્યું)] પું મેળાપ; વસલ; સમાગમ.

વિસુવિયસ [અં.] પું. યુરપનો એ નામનો એક જ્વાળામુખી પર્વત. તે ઇટલિમાં આવેલ છે.

વિસૂકવું અ. ક્રિ. (જૂ. ગુ.) વલોવવું; ઠોરનું દૂધ દેતાં બંધ થવું.

> નં હવઈ તાં દૂલઈ રહી, મૂબા પછી વિસૂકઈ સહી.
>
> સાબ્બસમય

વિસૂચિકા [સં.] સ્ત્રી. કોલેરા; વિષૂચિકા; ' કોલેરા '.

વિસૃત [સં.] વિ. ફેલાયેલ; વિસ્તીર્ણ; વિસ્તૃત.

વિસૃષ્ટ ૧. [સં.] વિ. આપેલ
૨. વિ. છોડેલ.
૩. વિ. પ્રેરેલું.
૪. વિ. ફેંકેલ

વિસૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. આપવું તે; ન્યાસ.
૨. સ્ત્રી. છોડવું તે; તજી દેવું તે.
૩. સ્ત્રી. વીર્યસ્મૃતિ, શુક્રસ્રવણ; વીર્યનું રખલન કે પતન. રતિગ્રાસમાં સમ્પ્રાપ્ત છે કે, વિસૃષ્ટિ એટલે રેતનું પતન. તેના ત્રણ પ્રકાર છે. રેતપતન સાધે સમયે થાય તો તે ત્વરિતસ્રવા વિસૃષ્ટિ, તરત પડે તે શીઘ્રસ્રવા અને મધ્ય સમયમાં પતન થાય તો મધ્યસ્રવા વિસૃષ્ટિ કહેવાય છે. વિસૃષ્ટિ સ્ત્રીપુરૂષ બંનેને થાય છે અને તેના નવ ભેદ છે.
૪. સ્ત્રી સૃષ્ટિ

વિસ્કો ૧. પુ તાણાનો પહેલો ખીલો.
૨. વિ. પૂર્વ

વિસ્ખલન ૧. [સં.] ન. ખુદું પાડવું તે.
૨. ન. ભૂલ

વિસ્ખલિત ૧. [સં.] વિ. અસ્તવ્યસ્ત; વેરણછેરણ
૨ વિ. ભૂલભરેલું.

વિસ્ખલિતતા સ્ત્રી. ભૂલભરેલપણું

વિસ્ત ૧. પું. એક પ્રકારનો સોનાનો નાનો સિક્કો; સોળ માસાનો નાનો સિક્કો
૨. પું એંશી રતિનું એક માપ.

વિસ્તર ૧. પું. મોઢેનો વિગતવાર વિસ્તાર; શબ્દ સમાધી વિસ્તાર.
૨. પું. પથારી; બિસ્તરો.
૩. પુ પુષ્કળતા.
૪ [સં. વિ + સ્તૃ (પાથરવું)] પું. ફેલાવો; પ્રસાર

વિસ્તરણ [સં.] ન. પ્રસાર; ફેલાવો; વિસ્તરવું તે; વિસ્તાર.

વિસ્તરવું ૧. અ. ક્રિ. કદ વધવું; લાંબું થવું; વૃદ્ધિ પામવું.
૨. સ. ક્રિ. પથરાવું; પ્રસરવું; ફેલાવું; વિસ્તાર પામવું.

> પછી એમ જ વિસ્તર્યાં બહુ વિધે જો વેદના મુખમાં,
> અમે તેહ તું બહુ કર્મથી થતા મુક્તિય તું બહુથી આ.
>
> નીલકંઠ ગામડિત

વિસ્તરી અ. ખુલાસાવાર; વિસ્તારપૂર્વક.

> આણા ઋષિએ વળી વમને કહી
> કહેજો જાન કથા વિસ્તરી.
>
> વલ્લભ

વિસ્તાર ૧. [સં. વિ + સ્તૃ (વિસ્તાર પામવો)] પું. આવતન; પ્રમાણ; પરિમાણ
૨. પું. (પિંગળ) એ નામે એક વર્ણવૃદ્ધક વર્ણમેળ છંદ; વાત. તેના દરેક ચરણમાં બે નગણ અને બાવીસ રગણ મળી છોતેર અક્ષર હોય છે

> એમ બે ના ધરી બાવિસે સ કરો,
> સામટા આપ વિસ્તાર કે વાતમાં,
> વર્ણ છોતેર તો ચરણમાં આવશે,
> આ ખરી રીત બે દંડકે બનશે.
>
> અજ્ઞાતકવિ

૩. પું. જમીન વગેરેનું લાંબુપહોળું ક્ષેત્રફળ; લંબાઈપહોળાઈમાં વધેલું તે.
૪. પુ. બહોળો પરિવાર કે કુટુંબ; વસ્તાર.
૫. પું. વિગતવાર વર્ણન.
૬. પું. વિશાળતા
૮. પું. વિષ્ણુનાં હજાર મોઢેનું એક નામ. ભજનમાં સમસ્ત લોક વિસ્તાર પામે છે તેથી તે વિસ્તાર કહેવાય છે
૯. પું. વિસ્તાર પામવો તે; ફેલાવો
૧૦ પુ ઘાસ
૧૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વિસ્તારપૂર્વક અ. લંબાણથી; વિસ્તારથી.

વિસ્તારભય પુ. લંબાણ થવાની બીકથી; લંબાણ થવાની બીક; વધુ લાંબું થવાની બીક

વિસ્તારભાગ પું. લેખનકળાનું એક અંગ; વિસ્તારપૂર્વક સમજાવવાનો ભાષાસાહિત્યનો એક પ્રકાર

> આ પ્રકારોને આપણે લેખનકળાનાં ત્રણ મુખ્ય અંગ કહીશું. વિસ્તારભાગ, સારભાગ અને સ્વતત્ત્વભાગ
>
> મુ. લેખનકળા

વિસ્તારવું ૧. સ. ક્રિ. ફુલાવવું; ફુલાવવું; વિશેષ પ્રકારે બહોળું વધારી દેવું. બહોળું કે લાંબું કરતાં વધારો કરી દેવો કે જેથી બહોળાની નામની કીમત તેની ખરી કીમત કરતાં ઘણી વધી જાય.
૨. સ. ક્રિ. ફેલાવવું; લંબાવવું; વિસ્તાર કરવો; વધારવું.

વિસ્તારિત [સં.] વિ. વિસ્તાર પામેલું.

વિસ્તારેપ્સ પું. ઈરાનનો એ નામનો એક રાજા. જ્યારે ઈરાનની ગાદી પર કાઈ વંશનો ગુસ્તાસ્પ અથવા વિસ્તારેપ્સ રાજા થઈ ગયો ત્યારે જરથોસ્ત થયા એમ મનાય છે.

વિસ્તીર્ણ ૧. [સં.] પું. અવરોધ.
૨. પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી એ નામનો એક આરોહી અલંકાર.
૩. વિ. પ્રસરેલું; ફેલાયેલું; વિસ્તૃત.

> ગતિ થઈ નજની વિસ્તીર્ણ.
> જેમ સરજના પ્રસરે ધીર્યું.
>
> પ્રેમાનંદ

૪ વિ મોટું; ઘણી લંબાઈ પહોળાઈવાળું, લાંબું.
૫. વિ. વિસ્તાર પામેલું; વિસ્તારવાળું.

વિસ્તીર્ણતા ૧. [સં.] સ્ત્રી. પહોળાઈ.
૨. સ્ત્રી. ફેલાવો.
૩. સ્ત્રી. મોકળાશ; વિશાળતા
૪. સ્ત્રી મોટાપણું, મોટાઈ.
૫. સ્ત્રી વિસ્તાર; વધારો.

વિસ્તૃત ૧. [સં] સ્ત્રી. એ નામની શાવત્રોની ચોરાસી માંહેની એક મુદ્રા.
૨. વિ. ઉઘાડું, ખુલ્લું.
૩ વિ ફેલાયેલું, વિસ્તીર્ણ

૪. વિ. બહોળું; વિશાળ.
૫. વિ. મોટું
૬. વિ. વિસ્તારવાળું; લાંબુ થયેલું.

વિસ્તૃતપાદ પાર્શ્વભૂનમનાસન [સં.] ન. એ નામનુ પેટનું એક આસન. તેમાં પગ લાંબા અને ખૂબ પહોળા કરીને બેસવું. પછી એક પગની બહારની બાજુએ હથેલીઓને ભૂમિ ઉપર રાખી બંને હાથની વચ્ચોવચ્ચ જમીન ઉપર માથું અડાડવું. તેવી જ રીતે બીજી બાજુ પણ કરવું. આ આસનથી પાસળાં, છાતી, કમર અને બાહુ તંદુરસ્ત બને છે.

વિસ્તૃતપાદ ભૂનમનાસન [સ.] ન. એ નામનું પેટનું એક આસન. તેમાં બેસીને પગને ખૂબ પહોળા કરવા. પછી પગના અંગૂઠાને હાથ વડે પકડી મ.થુ ભૂમિને અડાડવું. આ આસનથી જંઘાપ્રદેશ પહોળો થાય છે અને પગ, કમર, પીઠ અને પેટ નીરોગી થાય છે તથા વીર્યસ્તંભ થાય છે.

વિસ્તૃતપાદ હસ્તપાર્શ્વ ચાલનાસન [સં.] ન. એ નામનું એક આસન. તેમાં પગ લાંબા અને ખૂબ પહોળા કરીને બેસવું. પછી શરીરની એકેક બાજુએ એકેક સાથે બંને હાથ ચારે બાજુ લાંબા કરવા. આ આસનથી બાહુ, પેટ, કમર, ફેફસાં અને હૃદય નિર્દોષ બને છે

વિસ્તૃતિ ૧. [સં] સ્ત્રી કપવિસ્તાર; આહોબનવિસ્તાર.
૨. સ્ત્રી. પહોળાઈ.
૩. સ્ત્રી. વિસ્તાર.

વિસ્થાન [સં.] ન. સ્થાનફેર કરવો તે; સ્થિતિમાં ફેરફાર કરવો તે.

વિસ્પરદ સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક બંદગી કે સ્તબાત્રનો સમૂહ. તેમાં ખુદાની જુદી જુદી સૃષ્ટિમાંથી ઉત્તમમાં ઉત્તમ સૃષ્ટિની હકીકત તથા તેના વખાણ હોય છે. આ શબ્દ અવસ્તાના વિસ્પુ રતવો એ શબ્દો ઉપરથી નીકળેલ છે. તેના બે અર્થ આ પ્રમાણે થાય છે: (૧) બધી ઋતુઓ, (૨) બધા અમીરો કે સરદારો. આ પ્રમાણે વિસ્પરદએ ઋતુના તહેવારો ઊજવવાની એક જાતની બંદગી છે અને વળી તે એક એવી જાતની બંદગી છે કે, જેમા બધા રદ એટલે સરદાર અથવા ઉત્તમમાં ઉત્તમ સર્જનનાં નામ લેવામાં આવે છે.

વિસ્પષ્ટ ૧. પું. (પુરા.) ઇંદ્રજિતનો એ નામનો એક અનુચર.
૨. વિ. ચોકખું; સમજી શકાય તેવું; સાદું.
૩. [સં] વિ. વિસ્તારથી જણાવેલું; વધારે સ્પષ્ટ કરેલું.

વિસ્પષ્ટા સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીસ માહેની અઢારમી શ્રુતિ.

વિસ્પંદન [સં.] ન. એ નામે એક દેવતાઈ વન. શંખચૂડમાં વસંતમાં ભમરાઓના સુંદર ગુંજારવમા **વિસ્પંદન**, સુરસન, નંદન, ગંધમાદન અને ચિત્રચંદન નામના દેવતાઈ વનોમાં રમણ કરતો હતો. ભાગવતી જાગરત

વિસ્ફાર ૧. [સં.] પું. ધનુષનો ટંકાર
૨. પું ઝુલ્લગો

વિસ્ફારિત ૧. [સં.] વિ. ઉઘાડું; ખુલ્લું
૨. વિ. ટંકાર કરેલ
૩. વિ. ઝુલ્લવેલ.
૪. વિ. વિસ્તાર પામેલ
સમાધિ જેમ જેમ **વિસ્ફારિત** અને ઠીલી પડતી જાય છે તેમ તેમ ચેતના ઉપર બિંદાનુ પડ જમતુ જાય છે. પુરાતત્વ

વિસ્ફુરક [સ] વિ. અવાજ સાથે ફુટનારું; વિદારણશીલ.

વિસ્ફુલિંગ ૧. [સ.] પું. એક પ્રકારનું વિષ.
૨. પું. ચિનગારી; તણખો.

વિસ્ફુલિંગિની [સ.] સ્ત્રી. અગ્નિની દશ માહેની એ નામની એક કળા.

વિસ્ફોટ ૧. પું. ફોડલો.
૨. પું. વિસ્ફોટક નામનો ચામડીનો એક રોગ.
૩. પું. ચીતળા.

વિસ્ફોટક ૧. [સં.] પું. લોહીના વિકારને લીધે થતો ચામડીનો એક જાતનો રોગ. તેમાં શરીર ઉપર નાના, પરવાળા, પીળાશ ઉપર ફોલ્લાઓ ઉપડી આવે છે. તે શરીરના બધા ભાગ ઉપર થાય છે તથા આછા આછા હોય છે. અગિયાની માફક બીજોબીજ થતા નથી. વખતે ભેગાભેગા દાણા ફૂટે છે તો એક બીજા સાથે ફેલાઈને મળી પણ જાય છે. તેમાંથી પરુ નીકળે છે. સખત રૂપમાં હોય તો તાવ પણ આવે છે. આવો રોગ ગરમી કે ચાંદીના રોગીને વખતો વખત થાય છે.
૨. વિ. ફૂટી નીકળે તેવું
૩. વિ. બડાકો થાય તેવું.

વિસ્ફોટકિયું વિ. વિસ્ફોટકના રોગવાળું.

વિસ્ફોટા જુઓ વિસ્ફોટ.

વિસ્ફોર્યતા સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીસ માહેની બીજી શ્રુતિ.

વિસ્મ વિ. વિસ્મય.
મન અતિ **વિસ્મ** પામ્યો કેમ. ગિરધર

વિસ્મય ૧. [સં. વિ + સ્મિ (આશ્ચર્ય પામવું)] પું. અચંભો; આશ્ચર્ય; નવાઈ; અચરતી; તાજુબી.
વિસ્મય થવું–પામવું = અચરજ પેદા થવી; આશ્ચર્ય થવું
૨. પું. (કાવ્ય) આઠ માહેનો એક રસાયી ભાવ; એ નામનો એક અનુભાવ. રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા કે કંટાળો અને વિસ્મય આ આઠ રસાયી ભાવ છે
૩. પુ. ગર્વ; અભિમાન.
૪. પું. વહેમ; શક

વિસ્મયકર [સં.] વિ અચંભો ઉપજાવનાર.

વિસ્મયકાર જુઓ વિસ્મયકર

વિસ્મયકારક [સં. વિસ્મય (અચંભો) + કારક (કરનાર)] વિ. અજાયબ કરનાર; નવાઈ ઉપજાવનાર; અચંભો પમાડનાર; નવાઈ ભરેલું; વિસ્મય પમાડે તેવું

વિસ્મયકારી જુઓ વિસ્મયકારક.

વિસ્મયજનક [સં.] વિ. અચંભો ઉપજાવે તેવું; આશ્ચર્ય પેદા કરે તેવું; આશ્ચર્યકારક.

વિસ્મયતા [સં.] સ્ત્રી. નવાઈ; વિસ્મય પામવું તે; આશ્ચર્યપણું.

વિસ્મયાકુલ [સં. વિસ્મય + આકુલ (ભરેલું)] વિ. આશ્ચર્યચકિત; રતબ્ધ, હેરતભર.

વિસ્મયાવહ [સં.] વિ. અદ્ભુત

વિસ્મયાવિષ્ટ [સં. વિસ્મય (આશ્ચર્ય) + આવિષ્ટ (ઘેરાયેલું)] વિ. વિસ્મયયુક્ત.

વિસ્મરણ ૧. [સં.] ન. ભૂલ; ગફલત; પ્રમાદ.
૨. ન. યાદ નહિ રહેવું તે; ભૂલી જવું તે; વિસ્મૃતિ; ભુલાઈ જવું તે ભૂલ.વો.

વિસ્મરણશીલ [સં.] વિ. ભુલકણું; ભુલક્ષિયું; વિસરી જાય તેવું.

વિસ્મરવું [સં. વિ + સ્મૃ] સ. ક્રિ. ભૂલવું.

વિસ્માપન ૧. [સં.] પું કપટ; છળ.
૨. પું. કામદેવ.
૩. ન. અથર્વોનું દૈવી શાસ્ત્ર. તે અમુક વખત દેખાય છે અને અમુક વખત અદૃશ્ય થાય છે.
૪. વિ. આશ્ચર્ય પમાડનાર.

વિસ્મિત ૧. [સ.] વિ. અભિમાની.
૨. વિ. વિસ્મય પામેલું; ચકિત; આશ્ચર્યાન્વિત; અજાયબ થયેલું; નવાઈ પામેલું

વિસ્મિતા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મેઘવિસ્ફૂર્જિતા; મેઘવશ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, મગણ, નગણ, સગણ, બે રગણ અને ગુરુ એમ ઓગણીસ અક્ષર હોય

છે તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે

વિસ્મૃત [સં.] વિ. ભુલાયેલું; નહિ યાદ રહેલું; જેનું વિસ્મરણ થયું હોય તેનું; ભૂલી જવાયેલું.

વિસ્મૃતિ [સ] સ્ત્રી વિસ્મરણ; ભૂલી જવું તે; વિસરી જવું તે. ભુલાવો; યાદ નહિ રહેવું તે.

વિસ્ર [સં.] ન. ઢાંચા માંસની ગંધ

વિસ્રંભવું ૧. [સ. વિ + સ્રંભ્] સ. ક્રિ. અર્પવું.
૨. સ. ક્રિ. ત્યાગવું.
૩. સ. ક્રિ. મોકલવું; વિદાય કરવું.

વિસ્રબ્ધ ૧. [સ.] વિ. અતિશય; વધારે; બહું
૨. વિ. બેનગી
૩. વિ. નમ્ર
૪. વિ. વિશ્વાસુ.
૫. વિ. શાંત મનવાળું.
૬. વિ. સ્થિર

વિસ્રબ્ધકળા સ્ત્રી. પાણી જેવો પ્રવાહી બજાર કાઢવાની કળા.

વિસ્રસા ૧. સ્ત્રી. જરાવસ્થાની અધિષ્ઠાતાદેવી.
૨. સ્ત્રી. (જૈન) વિશ્રોપા પુદ્ગલ. તેનો સ્વભાવ વિલય પામવાનો છે.
૩. સ્ત્રી. ઘડપણ.
૪. સ્ત્રી. ઘડપણનો હેતુ.

વિસ્રંસ ૧. [સ.] પું. પરિશ્રમ; બોજાનાશ.
૨ પું પ્રણયકલહ
૩. પું પ્રભુપ્રાર્થના; પ્રેમ; પ્રીતિ.
૪. પું. મારી નાખવું તે.
૫. પું. રહસ્ય; બાનગી વાત.
૬. પું. વિશ્વાસ; ભરોસો; બાતરી.

વિસ્રંભણ [સ] ન. વિશ્વાસમાં લેવું તે.
સંસારીઓના કામસાધનમાં પણ કન્યાનું શીલન વિહિત છે, વિસ્રંભણ વિહિત છે અને તેવું જ સ્વજન બાબતમાં હોય ત્યારે વિહિત છે.
કલ્યાણજીભંદ્ર.

વિસ્રંભી ૧. [સં વિસ્રમ્ભિન્] વિ. ઇરકારવાળું.
૨. વિ. પરિચયવાળું.
૩. વિ. પ્રીતિવાળું.
૪. વિ. મારી નાખનાર.
૫. વિ. વિશ્વાસુ.

વિસ્રંસિ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ, તગણ અને લઘુ મળી દસ વર્ણ હોય છે.
ન સ ત લ થી વિસ્રંસિ જ.
રણછોડભંદ.

વિસ્રાવણ [સ] ન. ભણી જોઈને સોનાની કુલડી તોડી નાખી અગાઉથી હલકો ધાતુ અગ્નિમાં રાખી હોય તે તેમાં ભેળવી લઈ તેટલા ભારનું સોનું સેરવી લઈ દગો કરવાપણ.

વિસ્રાવણકર્મ [સં.] ન. બરાબ ચોરી કાઢી નાખવાની ક્રિયા.

વિસ્વર ૧. પું. ગાયકના મુખ્ય ચૌદ બાંધનો એક દોષ; બરાબર સ્વરથી ગાવું તે.
૨. [સં.] વિ. કઠોર; બેસુર; કાન ફાડી નાખે તેવું; કર્ણકઠોર; કર્કશ
૩. વિ. સ્વર વિનાનું.

વિસ્વાદ ૧. પું. બગાડ સ્વાદ.
૨. [સં.] વિ બરાબ સ્વાદવાળું.
૩. વિ. સ્વાદ વગરનું.

વિહગ ૧. [સં.] પું. બાકાશનો એક.
૨. પું. કપૂર.
૩. પું. મેઘ.
૪. પુ ચંદ્ર.
૫. પુ બાણ.
૬. પું. મોર.
૭. પુ. વાદળું.
૮. પુ. સર્પ.
૯ ન પક્ષી; પંખી; વિહંગ; વિહંગમ.
દ્વિજ શકુન પક્ષી શકુનિ બંડજ વિહગ વિહંગ, વિહંગમ પતત્રી પત્રરથ પત્રી પતગ પતંગ.
પિંગલપ્રકોષ.

વિહગપતિ [સં.] પું. ગરુડ.

વિહગરાજ જુઓ વિહગપતિ.

વિહગી [સં.] સ્ત્રી. પક્ષિણી.

વિહગેશ જુઓ વિહગપતિ.

વિહગેશ્વર જુઓ વિહગપતિ.

વિહત ૧. [સં.] વિ. બટકાવેલ.
૨. વિ. ઈજા કરેલ.
૩. વિ. હણેલ; મારી નાખેલ.

વિહતિ ૧. [સં.] પું. હોસ્તદાર; સોબતી.
૨. સ્ત્રી. નિષ્ફળતા.
૩. સ્ત્રી. મારી નાખવું તે; હણવું તે.
૪. સ્ત્રી. હાર.

વિહત્તિ [સં. વિતસ્તિ] સ્ત્રી. (પ્રાકૃત) વેંત.

વિહનન ૧. [સં.] ન. ઈજા.
૨. ન. પ્રતિરોધ; વિઘ્ન.
૩. ન. મારવું તે; હિંસા.
૪. ન. રૂ પીંજવાનું કામકું.

વિહર ૧. [સં.] પું. લઈ જવું તે.
૨. પું. વિયોગ.

વિહરણ ૧. [સં.] ન. ગમત.
૨. ન. ફરવા જવું તે.
૩. ન. લઈ જવું તે.
૪. ન. વિહાર કરવો તે

વિહરવું ૧. [સં વિ + હૃ; પ્રા. વિહર]
અ ક્રિ. આનંદે મહાલવું; આનંદ કરવો; બેસવું; ક્રીડા કરવી; રમવું; મોજ ઊડાવવી; ગમત કરવી.
૨. અ. ક્રિ. ફરવું
૩. અ. ક્રિ. (જૈન) વિચરવું; વિહાર કરવો, એક સ્થળેથી બીજે સ્થળે સાધુ કે સાધ્વીજીનું ફરવું કે જવું.
સાધુપણાની દશામાં મહાવીર સ્વામી જે ગામમાં પ્રથમવે ચોમાસું કર્યું એ ગામનું નામ તેમના વિહરવા-વિચરવા ઉપરથી વિહાર નામથી ઓળખાય છે.
આનંદશંકર ધ્રુવ

વિહરાવવું ૧. સ. ક્રિ. આનંદ આપવો; મજા કરાવવી; મોજ મજા કરાવી.
૨. સ. ક્રિ. ફોરવું; આગે બતાવવો
ત્યાં અમને વિહરાવ પ્રભુ. હરિલ
૩. સ ક્રિ. વિહાર કરાવવો

વિહવ્ય ૧. પું. અથર્વવેદનો એક ઋષિ.
૨. પું. ઋગ્વેદના દસમા મંડલના ૧૨૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.
૩. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

વિહસન [સં.] ન. મૃદુ હાસ્ય; સ્મિત; વિહસિત.

વિહસિત [સં] ન. હાસ્યના આઠ ભાંતોનો એ નામનો ત્રીજો ભેદ; ધીમેથી હસવું તે; સ્મિત; વિહસન.

વિહસ્ત ૧. [સં.] વિ. અશક્તિમાન.
૨. વિ. ઠાંઠું
૩. વિ. પંડિત.
૪. વિ. બાપુણ; બાપ્ત.
૫. વિ. હાર વગરનું.

વિહંગ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ; પૃહલા. તે બાપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ લઘુ અને ૬૪ ગુરુ મળીને ૮૮ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રામેળ છંદ. તે બજાણવાળા રહેંપક છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૫ વર્ણની ૬૪ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક માત્રા દંડક માત્રામેળ છંદ. તે મોલા છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૫૮ લઘુ મળી ૬૫ વર્ણની ૭૨ માત્રા હોય છે.
૩. ન. એ નામે એક રાગ.
૪ [સં. વિહાયસ્ (આકાશ) + ગમ્ (જવું)] ન. પક્ષી; પંખી
૫. જુઓ વિહગ.

વિહંગડું (વિહગડું) જ. પક્ષી; પંખી; વિહગમ; વિહગ.

વિહંગદર્શન જુઓ વિહગાવલોકન.

વિહંગદૃષ્ટિ [સં.] સ્ત્રી. પક્ષીની પેઠે બધી પરિસ્થિતિને એકીસાથે ઉપરથી જોઈ લેવી તે.

વિહંગમ ૧. પું. (પુરાણ) અર રાક્ષસના બાર મહિનો એ નામે એક અમાત્ય.

૨. પું. (પુરાણ) મન્વંતરમાં થનારો એ નામનો એક દેવ.

૩. [સં. વિહાયસ્ (આકાશ) + ગમ્ (જવું)]

જ. પંખી; પક્ષી; આકાશમાં ઊડતું પ્રાણી.

દ્વિજ શકુન પક્ષી શકુનિ અંડજ વિહગ વિહગ,
વિહગમ પતગ પવનરથ પત્રી પતગ પ્લવગ.

પિંગલપ્રકાશ

૪. જ. મુક્તિના ત્રણ માર્ગોનો એક માર્ગ.

વિહંગમા જુઓ વિહંગિકા

વિહંગરાજ [સં.] પું. ગરુડ.

વિહંગસ્નાન [સં] જ. પક્ષીઓને નહાવાનું સ્થળ. ઉદ્યાનમાં આવાં સ્થળો હોય છે.

વિહંગાવલોકન ૧. [સ.] જ. અવલોકન; માપન; માપણી; મોજણી.

૨. જ. વિહગદૃષ્ટિથી કરેલું નિરીક્ષણ; ઉપરથી દૃષ્ટિપાત કરવો તે; ખેચરદૃષ્ટિ.

વિહંગિકા [સ.] સ્ત્રી. ભારવૃષ્ટિ; ભાર ઊંચકવાની લાકડી.

વિહંસાવિતર્ક પું. (જૈન) વિતર્કના ત્રણ ભેદોનો એક પ્રકાર.

વિહાણ ૧. [સં. વિ. (વિશેષ) + હાણ (હાનિ)] સ્ત્રી. બહુ નુકસાન; વિશેષ હાનિ; વિનાશ; ખેદાન મેદાન.

તાપ સહ્ય લાહા લગી હોવે હાણ વિહાણ.

ઊમ

૨. સ્ત્રી. પ્રભાત, પ્રાતઃકાળ; સવાર, વહાણું.

શ્રમણિયા મું રમતા રમતા
સફલ થઈ વિહાણ રે.

નરસિંહ

વિહાણવું અ. ક્રિ. ગુજરવું; વીતવું; પુરું થવું. રમતા રે રજની વિહાણીજી.

નરસિંહ

વિહાણું [પ્રા.] જ. વહાણું; સવાર.

વિહાય ૧. [સં. વિહાયસ્] પું.; જ. આકાશ; વાતાવરણ.

૨. પું.; જ. પક્ષી, પંખી, વિહંગમ

વિહાયસ ૧. [સં.] પુ. આકાશ

અંબર પુષ્કર નભ ત્રિયત અંતરિક્ષ ખનયસ,
વ્યોમ અનંત વિહાયસ અદ્ય સુરત્રમ ભગવાસ.

પિંગલપ્રકાશ

૨. પું. પક્ષી.

વિહાયસગતિ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વિહાયો ગતિનામ જ. (જૈન) નામ કર્મની બૌદ્ધ માંહેની એક પિંડપ્રકૃતિ. તેના ઉદયથી જીવ ચાલવાની ગતિ પામે છે.

વિહાર ૧ [સં. વિ + હૃ (ક્રીડા કરવી)] પું અહીંતહીં ફરીને ક્રીડા કરવી તે; આનંદે ફરવું, ફરવું અને રમવું તે.

૨. પુ. આનંદ; ગમત; ક્રીડા.

૩. પું. આમ તેમ ફરવું; મુસાફરી કર્યા કરવી તે, અહીંતહીં જવું આવવું તે; ઠામઠામ ફરતા રહેવું તે; ભ્રમણ; વિચરવું તે; સહજ કરવી તે

વિહાર કરવો = (૧) ક્રીડા કરવી. (૨) જૈન સાધુનું મુજરી જવું. (૩) જૈન સાધુનું પ્રવાસે નીકળવું.

૪ પુ. છંદની પ્રજા.

૫ પુ. છંદનો પ્રકાર

૬ પુ એક જાતનું પક્ષી.

૭ પુ. ખભો.

૮ પું. જૈન મંદિર

૯ પું ફરવા માટેનો બગીચો

૧૦. પું. બૌદ્ધ સાધુઓનો મઠ; બૌદ્ધ સંન્યાસીને રહેવાની એકાંત જગ્યા. વિહારમાં મધ્ય ભાગે મોટો મંડપ હોય છે ને આજુબાજુ નાની ઓરડીઓ ટોરી કરેલી હોય છે. તેમાં ઠેકાણે રહેવા માટેની બેઠક અને આગળ વાસવા માટે પથ્થરની પાટલીઓ કોરેલી હોય છે. નિકટમાં પાણીનું ટાંકું હોય છે. આ વિહારોમાં બુદ્ધ ભગવાનની તથા બોધિસત્ત્વની મૂર્તિઓ જાળવેલી હોય છે, જે એકાંતમાં ઉપાસના કરવા અર્થે હોય છે

૧૧ પુ પ્રદેશ

૧૨ પુ ભ્રમણ કરવાનું સ્થાન.

૧૩ પુ મંદિર.

૧૪ પુ લાઈ જવું તે

૧૫. સ્ત્રી ભ્રમણ

૧૬. પું.; સ્ત્રી. સહવાસ; સોબતયોગ; સોસેવન

અતિ વિહારથી ક્ષય, પાતુસય, પ્રમેહ, પ્રદર, વગેરે રોગ થાય છે.

ધન્વંતરિ

વિહારકલ્પ જ. (જૈન) એ નામનો ઉત્કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

વિહારતરણી [સં.] સ્ત્રી નાની અને સુંદર હોડી; મઝવો; વિહાર નૌકા; ' બેલી બોટ. '

કુસુમ કુંડમાં કૂદી પડી અને પાણીની સપાટી ઉપર હસીસાંથી તરતી રહેલી નાની વિહારતરણી પેઠે સુંદર હાલતા કૂંડા વાળ કરતી સ્વપ્ના જાગી

સરસ્વતીચંદ્ર

વિહારતરી જુઓ વિહારતરણી

વિહારનૌકા જુઓ વિહારતરણી.

વિહારપતિ [સં.] પું. બૌદ્ધ વિહારનો ઉ પરી.

વિહારપાલ જુઓ વિહારપતિ.

વિહારપાલિકા [સં.] સ્ત્રી વિહારપાલિકા; વિહાર મઠની અધિષ્ઠાત્રી; મઠાધિકારિણી, મુખ્ય જોગણી; સાધ્વીઓની ઉપરી અધિકારિણી.

વિહારભવન [સ.] જ. પરસ્પર સ્ત્રી પુરુષોને રહેવાનો ઓરડો

વિહારભિક્ષુ પું વિહારની અંદર રહેનાર બૌદ્ધભિક્ષુ.

આ બીજાઓ મહારાજ ! જેમાંનાના વિહારભિક્ષુઓનો આ તો ધર્મસમાજ છે

સુબંધિત્ર

વિહારભૂમિ ૧. [સ.] સ્ત્રી ક્રીડા કરવાની જગ્યા; આનંદમાં ફરવા ફરવાની જગ્યા; ફોડાગ્રહ

કુમારસંભવની દેવભૂમિ. તે જ વિક્રમોર્વશીયની અંતિમ વિહારભૂમિ છે.

કેયૂર કર્ણધર

૨. સ્ત્રી. સ્વાધ્યાય કરવાનું સ્થળ.

વિહારમઠ [સ.] પું. વાનપ્રસ્થાશ્રમીઓ માટેનું આશ્રમસ્થાન

આ પુસ્તકમાં ચાર વર્ણાશ્રમ અનુક્રમે નથી માટે વર્ણ ધર્મમાં જે આશ્રમ કહેલા છે. એક સંસારી જનોનો અને બીજો સાધુજનોનો, બ્રહ્મચર્ય અને સન્યસ્તને સ્થાને આ મઠ છે. વાનપ્રસ્થને સ્થાને વિહારમઠ છે.

સરસ્વતીચંદ્ર

વિહારયાત્રા ૧ [સં.] સ્ત્રી આનંદ મેળવવા ખાતર બહાર નીકળવું તે

૨. સ્ત્રી. રાજાઓની આનંદ માટેની સહેર.

વિહારસ્થાન ૧. [સં.] જ. ક્રીડાનું સ્થાન; રમતનું સ્થાન.

૨. જ.(જૈન) જૈન મુનિઓના વિહારનું સ્થાન.

વિહારિકા [સં] સ્ત્રી એક પ્રકારનો હળવો નિબંધ; પ્રવાસિકા; રસાત્મક નિબંધ; નિબંધિકા.

વિહારિણી ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભાસિની. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

રચ્યા વિહારિણી ભાસિનીમા;
સ જ ત ગ્રમા ધરો બાદ સોમા.

રણપિંગળ

૨. [સં.] વિ. સ્ત્રી આનંદી; વિહાર કરવાવાળી; આનંદ ભોગવતી

શોધીને વિહાર દંપતિ દંપત્ય દીપાવશે
વિહારિણી વીરાંગના શરમું સૌભાગ્ય શોભાવશે.

વીરસુ

વિહારી ૧. પું એ નામના એક રાષ્ટ્રપ્રેમી કવિ. વિહારી તરીકે પ્રખ્યાત થયેલા બહેચરલાલ ત્રિકમજી પટેલનો જન્મ સવત ૧૯૨૨ માં સિદ્ધોરમાં થયો હતો પિતા સસ્કૃત ભાષાપ્રેમી હોઈ ને વેદાંતી હતા પિતાના એ ગુણો તેમને વારસામાં મળેલા. તેમણે ઉત્તમ રીતે વિદ્યાભ્યાસ કરી ત્રીજા વર્ગની પરીક્ષા પહેલે નબરે પસાર કરી હતી. સાર પછી તેઓશ્રી શિક્ષક તરીકે નોકરીમાં જોડાયા તે છેક મૃત્યુ સુધી. ભણતા હતા સારથી જ તેમને સાહિત્યનો સુદર શોખ હોવાથી કાવ્યો પણ રચતા હતા. ૨૧ વર્ષની ઉમરે તેમણે વારસિદ્ધ અને પ્રેમરાય નામનું કાવ્યગ્રથ પુસ્તક બહાર પાડેલુ. જે વખતે ગુજરાત કાઠિયાવાડમા મોન્ટેસોરી કે સ્વયસ્ફુર્તિવાળા બાલશિક્ષણનુ નામનિશાન પણ ન હતુ ને સમયે તેમણે સ્વયસ્ફુર્તિવાળા બાલશિક્ષણની દિશામા કરતું વીર માતાને ઉદ્દેશીને વારસિદ્ધ નામનું કાવ્યગ્રથ પુસ્તક રચ્યું હતુ. સાધુ સન્યાસીઓ અને સાહુરોના ખૂબ પરિચયમાં આવી તેમણે વિવિધ જ્ઞાન સપાદન કર્યું હતુ ધર્મશાસ્ત્રો ઉપરના અનિશય પ્રેમ અને વાચનમનનથી તેમની ધાર્મિકતા ઉચ્ચ પ્રકારની બની હતી ધાર્મિક ગ્રથોનો ઝીણવટથી અભ્યાસ કરી તેના દોહન રૂપે તેમણે ઘણાં પુસ્તકો રચ્યાં છે. વીરમિત્ર અને પ્રેમરાય, વારસિદ્ધ, આત્મોન્નતિ, રાષ્ટ્રગીતો, આર્યાવર્તયાત્રા આદિ એમનાં સ્વયરચિત પુસ્તકો છે. શિવસમકક્ષમ્, ગીતાભુવનમ્, વૃત્તવિહારિણી શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીકૃષ્ણરારયમ્ આદિ તેમનાં સસ્કૃત કાવ્યો અને ગ્રથો છે. તેમજ પંચદશી, મેઘદૂત, ગીતાવૃત્ત, ગીતાપદ્યામૃત, ઉપનિષદ્ ભાષાંતર, ઉત્તરરામચરિત, શાકુતલ આદિ એમના ભાષાંતરો છે. આ ઉપરાત છૂટા છવાયા પુષ્કળ સુદર કાવ્યો, દોહરા અને સોરઠા રચી વિદ્વજ્જનોમાં નામના મેળવી છે દરરોજ કઈ ને કઈ લખવું એવુ એમનુ નિયમિત જીવન હતું. દેશસેવા, રાજ્યસેવા તેમ જ શાતિસેવા પણ એમને હૈયે વસી હતી. આજીવન શુદ્ધ ખાદીધારી રહી તેમણે દેશની વિવિધ સેવા સાધી હતી અર્ધી સદી ઉપરાંત અધ્યાપક તરીકે ગોંડલ રાજ્યમાં નોકરી કરી રાજ્યસેવા પણ શુદ્ધ હૃદયથી બજાવી છે. ગોંડલ રાજ્યની અત્યિતામય વાચ્યતમાળામાં એમનો ફિસ્સો બનો જ છે ભગવદ્ગોમડલને પણ પોતાની વિદ્વત્તાની પ્રસાદી અર્પેલી છે. વળી ગોંડલ રાજ્યના અધ્યાપન મદિરના આદ્ય આચાર્ય તરીકે કામ કરી, જ્ઞાનપ્રસો માંડી, કેળવણીના ઉચ્ચ વિચારો શિક્ષકવર્ગમાં રેડ્યા છે. તેઓ હસ્તાક્ષર પારખુ, અષ્ટાવધાની, નામના નિષ્ણાત, જ્યોતિષશાસ્ત્રો અને જ્યોતિષી હતા સવત ૧૯૯૪માં તેમનુ અવસાન થયુ.

૨. પુ. (પિંગળ) એ નામે એક માત્રામેળ છદ. તેમાં બાવીસ માત્રા હોય છે. તેમાં ૮ અને ૧૪ માત્રાએ યતિ અને ૬, ૯, ૧૫, ૨૧ માત્રાએ તાલ હોય છે

> કહ આવ છ ને આવ કરી આવી વિચારી,
> કલ બોલ બકો બે વિરોધ બાય **વિહારી**;
> કરી ત્રાણ પછી ખટ, ખટથી ચાલ ચાર અલૂણે,
> એ ગગલ રાહ તો મવાળી અતિ બહુણે.
> રણછોડ.

૩ [સ. વિહારિન્] વિ આનદી; મોજીલું.

૪ વિ ક્રીડા કરનાર; રમનાર.

૫ વિ. ફરનાર

૬. વિ વિહાર કરનાર

૭. વિ. સુદર; રમ્ય

વિહારીલાલજી પુ. સ્વામીનારાયણ સપ્રદાયના એ નામના એક પ્રખ્યાત આચાર્ય. તે વડતાલની ગાદીના ત્રીજા આચાર્ય હતા અને તેમણે અમદાવાદમાં સ્વામીનારાયણ દેવોત્સર્ગ સ્થાનમાં મોટો અદ્ભુત વિષ્ણુયાગ કરેલો હતો.

વિહાવા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છદ. તે અનુષ્ટુપ છદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં બે યગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે

વિહાસ [સં] પું. મધ્યમ હસવું તે; સ્મિત.

વિહાસવું ૧ [સં. વિહસ] અ. ક્રિ. મંદમદ હસવું; સ્મિત કરવું

૨. અ. ક્રિ. શોભવું; સુંદર દેખાવું.

વિહિ પુ. (બૂ. મુ) બ્રહ્મા; વિધિ

> ત્રિભુવનની રક્ષા અણી વિહિ કીધઉ અવતાર.
> જૈનકાવ્યસંગ્રહ

વિહિત ૧. [સં.] વિ. આજ્ઞા કરેલ; વિધિથી બોધેલ; શાસ્ત્રે ફરમાવેલુ.

૨ વિ કરવા યોગ્ય.

૩. વિ. કરેલું; આચરેલુ; અમલમાં મૂકેલુ.

૪ વિ. નક્કી કરેલું; મુકરર કરેલુ.

૫ વિ. મુકાયેલું

૬ વિ રચેલુ

૭. વિ વહેંચાયેલ

૮. વિ. હિત વગરનું

વિહિતકર્મ [સ] ન (વેદાંત) શ્રુતિ, સ્મૃતિ અને સાસ્ત્રોએ વિધાન કરેલ કર્મ. જેમકે, સધ્યા વદન, અગ્નિહોત્ર. તેના ચાર પ્રકાર છે: નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને પ્રાયશ્ચિત્ત.

વિહિતકાર્ય [સં.] ન. નક્કી કરેલ કામ.

વિહિતાવિહિત [સં.] વિ. કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય.

વિહિંસા [સં.] સ્ત્રી. વધ.

> અનર્થ (દુઃખ) ના ઉપર તેવ જ વિહિંસા (વધ) ના ઉપર કેવા પ્રકારના બધન તેણે પોતે મૂકેલા, એ અશોકે એમા જણાવ્યું છે. અશોક ચરિત

વિહિંસાવિતર્ક પુ. બીજાને અથવા પોતાને ત્રાસ આપવાનો વિતર્ક; મિથ્યા સકલ્પ

> કામવિતર્ક (વિષયવિતર્ક), વ્યાપાદવિતર્ક (દ્વેષવિતર્ક), વિહિંસા વિતર્ક (બીજાને અથવા પોતાને ત્રાસ આપવાનો વિતર્ક) આ ત્રણે વિતર્કોનો એક આમ કર્યો. પુરાતત્ત્વ

વિહીણ [સ. વિહીન; પ્રા. વિહૂય] વિ (બૂ. ન) ખોટ; વગરનુ; વિનાનું.

> એક ઉમાડા વણ વિહીણ.
> કાન્હડદેપ્રબંધ

વિહીન ૧. [સં. વિ + હા (તજી દેવુ)] વિ. તજી દીધેલ

૨. વિ વિનાનું; વગરનુ.

વિહુણું [સં. વિહીન] વિ. વિનાનું; વગરનું; રહિત.

> ઉત્તમાગ વિહુણાં અંગ કેરાસ ૬૫૬

વિહૃત ૧ [સં.] ન. રમત

૨. ન. વિહાર.

૩. ન. ઓઓની એક ચેષ્ટા.

૪ વિ. રમેલ

૫. વિ. વિહાર કરેલ.

વિહોણું ૧. વિ અળગુ; છૂટું; એકલું.

૨. વિ. વગરનું; વિખૂટું, વિનાનું; રહિત; વિહુણું.

> વારસદયના સૂરા **વિહોણા** આધુનિક કવિઓને અર્પણ. અવેરચંદ મેઘાણી

વિહ્વલ ૧. [સં.] વિ. આકળું; ગાભરું; આતુર; આવર; મૂઝાયેલું; ગભરાયેલું, અકળાયેલુ

૨. વિ ઘેલુ, વિકળઘેલુ

૩. વિ આરે લાગલીવિળ

વિહ્વલતા ૧. સ્ત્રી અકળામણ; ગભરાટ; બબરાપણું, આવરાપણું

૨. સ્ત્રી કોઈ પણ બનતની અત્યંત આતુરતાવાળી ઘેલછા ભરી સ્થિતિ; મૂચ્છા

વિહ્વળ જુઓ વિહ્વલ

વિહ્વળતા જુઓ વિહ્વલતા

વિળાલો પું બેવકૂફ માણસ

વિંગ ૧. [અં.] સ્ત્રી. પાર્શ્વ; બાજુ.

૨. સ્ત્રી. પાંખ.

વિંગહો (વિંગડો) પુ. ગોવીનુ એક હથિયાર.

વિંગહો ભાંગવો. = હેઠો ન કરવુ.

વિંધ [અં.] પુ. પવન.

વિંધ્યક્ષિલા [અં] સ્ત્રી પવનચક્કી.

વિંધ્ય ૧. [સં] પુ. (પુરાણ) ભારતવર્ષીય એક પર્વત; દક્ષિણાપથ અને ઉત્તરાપથ પર્વતમાળા; આધુનિક વિંધ્યાચળ તે હિંદના મધ્યભાગમાં આવેલ છે. તેનો ઉત્તર તરફનો ભાગ ગંગા સુધી અને દક્ષિણનો ભાગ ગોદાવરી સુધી લાંબો ફેલાયેલો છે. આમ તે પર્વત હિંદુસ્તાનના ઉત્તર અને દક્ષિણ બે વિભાગ કરે છે. તેની તળેટીના અરણ્યોમાં ઋષ્યોની સંખ્યામાં જંગલી હાથીઓ વસે છે આ પર્વતના મૂર્તિમાન દેવ એક વખત ઋષને કહ્યું કે, તમે જેમ મેરુની આસપાસ પ્રદક્ષિણા કરો છો તેવી રીતે મારી આસપાસ ફરો; પણ તેથી ના પાડતા તે વધવા માંડ્યો અને એટલો મોટો થયો કે, સૂર્યચંદ્રની ગતિનો રોધ થયો. આથી તેઓ તેના ગુરુ અગસ્ત્ય ઋષિ પાસે ગયા અને વાત જાહેર કરી. આથી અગસ્ત્ય તેની પાસે ગયા. તેને જોતા જ વિંધ્યાચળ એમને નમસ્કાર કરવા સાષ્ટાંગ નમ્યો. પછી અગસ્ત્ય દક્ષિણ દિશામાં ગયા અને કહેતા ગયા કે, હું આવું ત્યાં સુધી આ સ્થિતિમાં પડી રહેજે પણ અગસ્ત્યે પોતાનો વાયદો પૂરો કર્યો જ નહિ

૨. પુ. શિકારી.

વિંધ્યગિરિ [સં] પુ. વિંધ્યાચળ પર્વત.

વિંધ્યચુલિક પું. (પુરાણ) એ નામે ભારતવર્ષીય એક દેશ; મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ

વિંધ્યપાદા [સં.] સ્ત્રી. વિંધ્ય પર્વતમાંથી નીકળતી એક નદી. આ સંબોધન નર્મદા નદી માટે વપરાય છે

> બોલા બોલું બનબુધી લાં માણી નિકુંજકુલે,
> પાણી કોટમે ચપલ ગતિયે, પય કાપી પછી તે,
> વાધીકુળી વિબુધ ખડકે નર્મદા વિંધ્યપાદા,
> એને, ભલે ચીતરી ગજને ભંગ ક્રૂંજારવેણા.
> મેઘદૂત

વિંધ્યવાસિની [સ.] સ્ત્રી. વિંધ્યાચલ પર્વત ઉપરની એ નામની એક દેવી. વિંધ્યાચલ પર્વત ઉપર દેવીને શુંભ નિશુંભ રાક્ષસ સાથે યુદ્ધ થયું હતું.

> વરદાન આપનારાઓનાં ઈશ્વરી અને શ્રીકૃષ્ણ ભગવાનનાં નાનાં બહેન એ વિંધ્યવાસિની સર્વે લોકોના પૂજ્ય થયાં. ભાગવતી ભાગવત

વિંધ્યાચલ [સં. વિંધ્ય + અચલ (પર્વત)] પું. એ નામનો એક પર્વત; મુંબઈ ઇલાકાની પૂર્વ સરહદ ઉપર આવેલ પર્વતાવલી; વિંધ્યપર્વત. વિંધ્યાચળ પર્વતના મુખ્ય શિખરો, આવાપાની ૨૩૮૫, ટોરિયા દરારથી ૨૩૪૩, સલકનપુર ૨૧૮૩, મગનાથ ૨૧૪૮ અને મનુષ્યા ભાંઠ ૨૦૧૫ ફૂટ ઊંચાં છે.

વિંધ્યાચળ જુઓ વિંધ્યાચલ

વિંધ્યાટવી [સં.] સ્ત્રી. વિંધ્યાચળની આસપાસનું પુરાણું વિશાળ જંગલ

> એક સુંદર દેશ છે વિંધ્યાટવી અભિધાન;
> પૂર્વે પાંચમ સાગર, વહી મધ્ય દેશનું અલંકાર.
> આલણ

વિંધ્યાદ્રિ જુઓ વિંધ્યાચલ

વિંધ્યારૂઢ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે તેમાં મગણ, રગણ, મગણ, તગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે

> વિંધ્યારૂઢે મરા મા તા ગા ગા અહ્નલેટ્ટા.
> સહ્યાદ્રિગણ

વિંધ્યાવલી સ્ત્રી. બલિરાજાની સ્ત્રી

> આણ પખાળે વિંધ્યાવલી રે.
> પ્રાચીન નરસૈયો

વિંધ્યાશ્વ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન દ્રસ્તિ રાજાના પુત્ર અજમીઢના નીલ નામના પુત્રના વંશમાં મુદ્ગલકુલોત્પન્ન ઇંદ્રસેન રાજાના પુત્ર. તેને મેનકા અપ્સરાથી દિવોદાસ અને અહલ્યા એમ બે સંતાન થયા હતા.

વિંશોઠી પું (પિંગળ) એક સમબ્રુત્તિ માત્રામેળ છંદ. તે દ્વિપદી છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ ગુરુ અને ૫૬ લઘુ મળી ૮૪ વર્ણની ૧૧૨ માત્રા હોય છે.

વિંશ ૧. [સં] પું. વીસમો ભાગ.

૨ વિ. વીસમું

વિંશક ૧. [સં] પું. વીસ સંખ્યો મળતાં સભાનું કામ ચલાવવાની અવસ્થાવાળો સંઘ

૨. ન. એકસો ઉપર વીસનો નંદો

૩. વિ વીસ

વિંશતિ [સં] સ્ત્રી. વીસ.

વિંશતિતમ [સં.] વિ વીસમું.

વિંશતિફલક [સં.] ન. (ગણિત) વીસ સમતલ પાસાવાળી ઘનાકૃતિ; વીસ બાજુવાળો ઘન પદાર્થ

વીંકરો ૧. પું. એક જાતનું ઝાડ. તે નદી કાંઠે થાય છે. તેનાં પાન સાંકડા અને બે થી અઢી ઇંચ લાંબા ને ત્રણેક થાય છે. થડ ને ડાળમાં જાડા કાંટા થાય છે. ફૂલ ધોળા રંગના અને ફળ મરીના દાણા જેવડા થાય છે તેને અતરસ કહે છે.

૨. પું. એક જાતનો છોડ. તેની ઊંચાઈ ૬ થી ૧૦ ફૂટ હોય છે. તેને પણ સાખાઓ હોય છે. સાખા ઉપર લાંબા તીક્ષ્ણ અણીવાળા કાંટા હોય છે. પાન જાડા ફીકા લીલા રંગના અને ફૂલ સૂક્ષ્મ ધોળાશ પડતા રંગના અને ઊંચ વાસવાળા હોય છે ને સર્વાંગ ઉપયોગી છે. તેની રવાઈ સારી બને છે.

> વીંકરો ઉનાળા, સારા વર્ષા વિષ્ને જનુસ છે.
> વનસ્પતિશાસ્ત્ર.

વીંકલો જુઓ વીંકળો

વીંકળો પું. એક જાતનું નાનું કાંટાળું ઝાડ. તે દક્ષિણ આદ્રિક તથા હિંદમાં અને કચ્છના ડુંગરોમાં મળે છે. તેની છાલ વાટીને મ.ય.ની પૂજ્યલીનાં મારીક જંતુઓ અને જૂ નાશ કરવા માટે વપરાય છે. તેની છાલ રેશમ જેવી હોય છે. ફૂલ પાકા અને મીઠાં હોય છે. ત્રિદોષ, સોજો, ગોદીગઠ તથા દાઝને મટાડે છે. પાનનો સ્વરસ પાંડુરોગમાં અપાય છે. તેને આખામાં આજવાથી તાળુ ફૂલ કપાઈ જાય છે. તેની વાટીને ગરમ કરી બનાવેલી ઊપલી મરકીની માઠો ઉપર બાંધવાથી તેને પકવી ફોડી નાખે છે મૂળ વાટીને સર્પિણાના સોજા તથા સર્પદંશ ઉપર ચોપડાય છે

વીક્ષણ ૧. [સં.] ન. આંખ; નેત્ર.

૨ ન. જંતુ તે.

> બાકી નિજ વીક્ષણ મુખ ભેગતાપી.
> ચંદુલાલ

૩. ન. દર્શન.

વીખરવું અ. ક્રિ. છૂટા પડી જવું; વેરાવું; પથરાતા પડવું; પથરાવું

> પાને પોયે ઝળીઆ હરિ,
> જેમ વેળુમા ખાડ વીખરી.
> અખો

વીખરાવું જુઓ વીખરવું.

વીખરેલું વિ. અંકુશ વિનાનું; નિરંકુશ; વેઠેલું.

વીખા સ્ત્રી. વખાણ; પ્રશંસા.

વીગત જુઓ વિગત

વીગતવાર જુઓ વિગતવાર.

વીંઝરવું ૧. અ ક્રિ. ઓગળી જવું.

૨ અ ક્રિ. ગાભરું બની જવું; મૂંઝાવું

૩. અ. ક્રિ. વેરાઈ જવું.

૪. અ. ક્રિ. હતાશ થવું.

વીંઝરાવું જુઓ વીંઝરવું.

વીઘાડોરી સ્ત્રી. જમીનની માપણી.

વીઘાભૂલું વિ. ભૂલ ન થાય તેવી બાબતમાં ભૂલ કરે તેવું

વીઘાવડ (વીઘાવડ) વિ મોટું; વિશાળ;

આખી જમીનમાં છવાઈ ગયેલ વડ જેવડું; વિસ્તીર્ણ.

વીઘું જુઓ વીઘો.

વીઘો [હિં. બીઘા] પું. લગભગ પચીસેક ગુંઠાનું જમીનનું એક માપ.

વીચ [હિં. બીચ] અ વચ્ચ

વીંછિ ૧. પું.; સ્ત્રી. અવઢારા

૨. પું ; સ્ત્રી આનંદ; હર્ષ; સુખ

૩. પું., સ્ત્રી. આહ્લાદન

૪. પું ; સ્ત્રી. અસ્થિરતા

૫. [સં.] પું.; સ્ત્રી. તરંગ; મોજું; લહર.

૬. પું.; સ્ત્રી પ્રકાશનું કિરણ.

વીચિગતિ ૧. સ્ત્રી. અસ્થિરતા.

૨. સ્ત્રી. આતરડાની અને તેના જેવી બીજી રચનાની દીવાલના સ્નાયુમય તંતુઓના ઉતરોત્તર સંકોચને લીધે ઉત્પન્ન થતી અને તેને લીધે શરીરને આગળ ચલાવતી આંદોલિત કૃમિ જેવી મોજાંની ગતિ.

વીચિતરંગ ન. પાણીનાં મોજાંની પરંપરા; પાણીમાં પથ્થર નાખવાથી જે કૂંડાળાં થાય છે તે.

વીચિતરંગન્યાય પું. (ન્યાય) એક જાતનો ન્યાય; પાણીમાં મોજાંની પરંપરાનો દાખલો એક ઉપરાંત બીજા એ ક્રમથી ઘડીઘડી આવનારી મોજાંની હારમાળાની જેમ નૈયાયિકો દ્વારા દિ વર્ણોની ઉત્પત્તિ વીચિતરંગન્યાયથી માને છે

વીચિમાલા [સં] સ્ત્રી. તરંગોની હાર.

વીચિમાલી [સં. વીચિમાલિન્] પું. સમુદ્ર

વીચિમાળ જુઓ વીચિમાલી

વીચિમાળા જુઓ વીચિમાલા

વીચિમાળી જુઓ વીચિમાલી

વીચિરેખા સ્ત્રી. તરંગ રેખા; ' વેવ લાઇન '.

વીચિવિસ્તાર [સં.] પું. મોજાંની ફેલાવાની હદ, વિસ્તાર કે મર્યાદા.

વીચી જુઓ વીચિ

વીચે જુઓ વીચ.

વીછડવું (વીછડવુ) અ ક્રિ જુદા પડવું; વિયોગ થવો; છૂટું થવું; વછૂટવું.

વીછરવું જુઓ વીછડવું

વીછળવું સ. ક્રિ. માંજેલા વાસણને હાથ ફેરવી સારા પાણીએ ધોવું; પાણી રેડી હલાવી સાફ કરવું, અજવાળવું

વીછળાવું સ. ક્રિ. વીછળે તેમ થવું

વીછી [સં. વૃશ્ચિક] પું. એક ઝેરી પ્રાણી; વીંછી; કરોળિયાની જાતનો એક જીવ. એને આઠ પગ, બે ચીપિયા ને એક પૂછડી હોય છે. પૂછડીમાં છ સાંધ ને તેને છેડે એક ગાંઠો હોય છે તેથી ઝેર ચડે છે અને બળતરા થાય છે. કરોળિયા, નાનાં જીવડાં, જીવાત વગેરેને પકડેલા વિષ દ્વારથી મારી નાખી આકડામાં પકડી આવે જાય છે. તે ઉષ્ણ કટિબંધ અને તેની આસપાસના પ્રદેશમાં માલમ પડે છે.

વીછીડો (વીછીડો) ૧ પું. એક જાતનો છોડ. તેને સુવાળી ફૂલ થાય છે અને કાળા કાંટાવાળાં દાંડીના આકારનાં ફળ આવે છે. તેનાં પાન બે આંગળ પહોળાં અને લાંબાં કાતરાદાર હોય છે

૨. પું. પોણા ફૂટ લંબાઈની પહોળી અને ચપટી લહેર જેવી કાંટાદાર માછલી તે દરિયામા રહે છે અને જાળથી પકડાય છે. તે ખોરાકમાં ઉત્તમ તાકાત આપનારી મનાય છે.

૩. પું. (જ્યોતિષ) નક્ષત્રિક રાશિ

વીછુ જુઓ વીછી

વીજુવા પું ન વ. સ્ત્રીઓનુ પગને અંગૂઠે પહેરવાનુ ઘરેણું

વીજો પું. બીજા પક્ષનો; વિરોધ. વિરુદ્ધ

વીજ [સં.] અ ક્રિ. (ધાતુ) પંખો નાખવો, વીંજવું. તે ઉપરથી અનેક શબ્દો: વીંજણું, વીંજણો, વીંજન.

વીજ [સં. વિદ્યુત્] સ્ત્રી. વીજળી

એ ! જાંમે તુજ પત્ર જતાં ઉતરે, વેગ લહાવા, જેને પ્રીતે લખન કાજે ઉજ્જયિની પુરીના, નહપે મિથ્યા દખન તુજ, જાં રાહેની સુરીના, વીજે રહ્યાં, ચકિત નાખશાં નાજ જેને કશે ના.
મેઘદૂત

વીજકર્પર પું (વિજ્ઞા) એ નામે એક સમવૃત્ત ચતુષ્પદ. છંદ, વિદ્યુત્પર્ણા. તે ચતુષ્પદક છંદ કહેવાય છે. તેમા ભગણ, જગણ, તગણ, નગણ, સગણ, નગણ, નગણ, સગણ, રગણ અને ગુરુ મળી ૨૮ વર્ણ હોય છે.

આજ પર ગાન, સાવ્યાન પર સનણ છે,
રગણ પર ચરમ ગ વીજકર્પા
અનુપિંગળ

વીજ જ્યામિતિ સ્ત્રી. ભૂમિતિનો એક પ્રકારે; ' ઍનેલિટિક જ્યૉમેટ્રી '.

વીજકૂલો પું વીંજણો; પંખો

વીજકૂવારા પું. ન. વ. પંખો નાખવો તે.

વીજણો પું. પંખો; વા નાખવાનુ સાધન, વીંજણો

વીજણો નાખવો = પવન નાખવો; વાયુ ઢોળવો.

વીજતેજ ન. વીજળીનો ચમકારો

વીજદ્યોતિ સ્ત્રી વીજળીનો ઝબકારો

કોઠાતેજે ગ્રહ ઊતરવા આવ હસ્તિ સ્મરણે, જલ્દી ચલાં રમણસિખરે સિસી પહેલાં કહેણે, અંતઃપુરે, જરી ચમકતી આગિયાપંક્તિ ઘેરે, વીજદ્યોતિ નજર કરજે અલ્પમા અલ્પ તેને.
મેઘદૂત

વીજન ૧. ન. પખાથી પવન નાખવો તે

૨. ન. પંખો; વીંજણો.

૩. ન. મદોકા; કાગડા જેવુ એક પક્ષી. તેની લંબાઈ ૨૬ ઇંચની હોય છે. નરમાદા દેખાય તથા ક્રમમાં સરખાં, પાંખો ચળકતી ભૂરી અને ભાકીના પીછાં લીલા અને જાંબુડા ચળકાટવાળાં કાળા હોય છે.

વીજનપત્ર ન. પવન નાખવાનુ સાધન; વીંજણો.

વીજની સ્ત્રી. નાનો પખો; વીંજણો.

વીજનૂર ૧. ન. ચકવાક પક્ષી; રાતો હંસ

૨. ન. ચીજ; વસ્તુ.

વીજપુષ્પ ૧ ન. મરવો.

૨ ન. મીઢળનું ઝાડ

વીજપૂર્ણું ન. બિલોક

વીજપ્રવાહ ન. વીજળીનો પ્રવાહ; ' કરંટ '.

વીજપ્રવાહ માપક ન. વીજળીનો પ્રવાહ માપવાનુ યંત્ર; ' ઍમિટર '.

વીજફલક જુઓ વીજપૂર્ણું

વીજરેખ સ્ત્રી વીજળીની રેખા.

વીજરેલમાડી સ્ત્રી. વીજળીથી ચાલતી રેલગાડી.

૧૯૨૦ની બોઢરોની, વિમાનોની, રેડિયમની, લાઉડસ્પીકરની, વાયરલેસની, રેડિયોની, ઓડકાસ્ટિંગની, ગ્રામોફોનની, વીજળીઘરોની, વીજદ્વારોની. **વીજરેલમાડીઓની** નવ દુનિયા દલપતરામને અલૂકોલખાતી જેવી લાગત
કવીશ્વર દલપતરામ

વીજલ સ્ત્રી વીજળી

વીજલડી (વીજલડો) સ્ત્રી. વીજળી

વીજવું ૧. સ. ક્રિ. ઝોલા ખવડાવવાં.

૨ સ ક્રિ દેવતાને પખા વડે સન્નિધાન કરવો.

૩ સ ક્રિ પ્રખો નાખવો; વીંજણો ઢોળવો; વા નાખવ

૪ સ. ક્રિ. દવામાં ઘુમરવવુ

વીજવેગી વિ. વીજળીના વેગ જેટલા વેગવાળુ.

કવીશ્વર દલપતરામને **વીજવેગી** કાવ્ય ઝબકાર અમર્યા છોડે છે. કવીશ્વર દલપતરામ

વીજળી ૧ સ્ત્રી તલવાર, કેમેરો તે વીજળીના ચમકારા જેવી તેજ હોય છે.

૨ સ્ત્રી. વીજળી

વીજળીચમકાર પું. પ્રકાશનો ચમકારો.

વીજળાવું અ. ક્રિ. વીજળીની અસર થવી. અષાઢ સુદિ પાંચમથી અષાઢ વદિ સાતમ સુધીમાં ભાસટિયાનાં જે વાવેતર થયાં હોય, તેનાં કણસલામાં ચૂની ચઢતી વખતે માજરીજ થઈ, વીજળીના ચમકારાના આકર્ષણથી ચૂલીનો નાશ થઈ દાણા ન ચડે ત્યારે ભાસટિયો વીજળાઈ ગયો કહેવાય છે

વીજળી ૧. [સં. વિદ્યુત્] સ્ત્રી. એક ભૌતિક શક્તિ; વીજ; વિદ્યુત. બધા વૈજ્ઞાનિકો એમ માનતા કે, વીજળી વાદળોમાંથી ઝરીને પૃથ્વી ઉપર પટકાય છે એટલે મનુષ્યો, મકાનો, વૃક્ષો વગેરેને હાનિ પહોંચે છે પણ હેલ્મી શોધથી સાબિત થયું કે વીજળી ઉપરથી પડતી નથી, પણ પૃથ્વી અંદરના વિદ્યુતક્ષેત્રમાં પહેલાં પ્રકંપન થાય છે અને વાદળામાં રહેલી વીજળી તો અસ્થિર બની રહી હોય છે જ એટલે પૃથ્વીમાંથી છટકેલી વીજળી તેને જઈ મળે છે. તો પછી વાદળાંમાં પહેલી ચમક કેમ દેખાય છે તેનું સમાધાન એમ છે કે, વાદળામાં પ્રકાશપરિવર્તન કરવાનો ધર્મ છે, પૃથ્વીમાં નથી. જ્યારે આકાશમાં તોફાન સાથે વીજળી થવા માંડે ત્યારે વાદળ અને જમીન વચ્ચે વહન કરી શકે એવા ટૂંકા માર્ગે આકાશમાંથી વીજળી જમીનમાં ઊતરી પડે છે તેનું દબાણ લાખો વોલ્ટનું હોય છે. વજ્રસનિવાળી એટલે સર્પની માફક વાંકીચૂકી ગતિવાળી વીજળી થાય ત્યારે વરસાદનું સ્થાનિક મંડાણ થાય છે આ વીજળી વાદળામાંથી છૂટી પડ્યા પછી જમીન ઉપર આવતાં જુદા જુદા ભાગ થઈ જાય છે. બળતા ગોળા જેવી વીજળી થાય ત્યારે જાણવું કે સખત તોફાન કે ઉલ્કાપાત થાય. ચોમાસું શરૂ થતાં પૂર્વની વીજળી થાય તો વરસાદનું સાધારણ જોર રહે છે ચોમાસાની શરૂઆતમાં ઈશાની વીજળી થાય તો ત્રણ પડી કે ત્રણ દિવસમાં વરસાદ થાય. પશ્ચિમની તથા ઉત્તર કે વાયવ્યની વીજળી થાય તો હિંદી મહાસાગરમાંથી વહન ઊપડ્યાની ખબર આપે છે અને ચોમાસું ઊતરતાં નૈઋર્ત્યમાંથી વીજળી થાય તો વરસાદ ખલાસ થવાની નિશાની છે. પરંતુ પૂર્વમાં વીજળી થાય તો સૂરિયદાદનું જોર રહે છે, જેથી દિવાળીમાં અને કારતકમાં વરસાદ થાય. અગ્નિકોણની વીજળી ચોમાસાની શરૂઆતમાં થાય તો તડકો પડે. રાત્રે માથા ઉપર વીજળી થાય અને પવન બંધ હોય તો જાણવું કે જલદી જોરો વરસાદ પડશે. રાત્રે ચારે બાજુ વીજળી થાય તો ઓચિંતુ વહન ઊઘડવાની નિશાની છે. આકાશમાં અકસ્માત મેઘ ચડી આવી મુશળધાર વરસાદ થોડા જ સમયમાં પડવા માંડે છે. વીજળી કેવળ ચોમાસામાં જ પડે છે એમ નથી પણ ઘણી વખત શિયાળા અને ઉનાળામાં પણ વીજળી પડતી જોવાય છે. ફ્રૂક્સ નામના એક વૈજ્ઞાનિકે શોધી કાઢ્યું કે દર ચોવીસ કલાકમાં ૪૪,૦૦૦ લાખ ભડાકાઓ આ પૃથ્વી ઉપર થાય છે અને દર એક સેકંડે વીજળીના લગભગ એકસો ચમકારા આવા ૧,૮૦૦ કરોડ ભડાકાઓમાંથી જન્મે છે. એટલે દર અઢાર કરોડ ભડાકામાંથી એક વીજળીનો ચમકારો હોય છે પશ્ચિમમાં વીજળીથી થતાં મૃત્યુનું પ્રમાણ ઘણું ઓછું છે ત્યાં ૧૦ થી ૧૨ મૃત્યુના આંકડાઓ ત્યાં નોંધવામાં આવ્યા છે. પણ દુનિયાના બીજા ભાગોમાં વીજળીથી થતાં મૃત્યુના આંકડા ઘણા વધારે છે. અમેરિકામાં દર વર્ષે લગભગ ૪૯૦ જેટલાં વીજળીથી થતાં નોંધવામાં આવ્યાં છે. ઉષ્ણ કટિબંધ ઉપર આવેલા દેશોમાં વીજળીના ચમકારાઓથી થતા મરણની સંખ્યા ઘણી વધારે [illegible] વિજળી નામના વીજળીથી થતાં મૃત્યુનો [illegible] છે. આફ્રિકામાં આ આંકડો [illegible] જેટલો છે. વીજળીના ચમકારા [illegible] માનવામાં આવે છે, અને ચોટી પડ્યો એથી તે જ જગ્યામાં રહે છે. કોઈ વખત આ આંચકાથી પગનો સ્નાયુ પક્ષઘાત થાય છે ને તે બે ચાર કલાક રહીને મટી જાય છે. કોના ઉપર વીજળી પડે તે જાણી જાય છે. માનવ દેહને સ્પર્શતા વીજળીના આ અકસ્માતોથી બચવા માટે આજના યુગમાં અનેક સાધનો સામે બીજાં સાધનો ઊભાં કરવાં પડે છે જેમકે, વીજળીના દીવાઓવાળા મકાન અને વીજળીવાળા અનેક વિમાનો ઉપર 'કન્ડક્ટર્સ' લગાડવા. તે તેમાંથી રક્ષણ મેળવવાનું મોટું સાધન છે. વીજળીના તોફાન વખતે ખાસ બચાવમાં રાખવા જેવી બાબતો : (૧) બારણાં બારીકમાં અગર નારની વાડથી દૂર રહેવું (૨) ઝાડ નીચે બેસવું અગર ઊભા રહેવું નહિ. (૩) પાણીના [illegible] અગર [illegible] દૂર રહેવું [illegible] મકાનમાં વીજળી [illegible] બધા રાખવા [illegible] નહિ (૬) મોટા મકાનો [illegible] નજદીક જેવા રહેવું નહિ (૭) ખેતીના [illegible] પાસે જવું નહિ (૮) મકાનના [illegible] રાખીને વચ્ચે જેવા રહેવું નહિ. (૧૦) ખાસ અગત્ય સિવાય ટેલિફોન અને તેનાં સાધનોનો ઉપયોગ કરવો નહિ. (૧૧) કોઈ પણ જાતની વીજળીના તારની લાઈનને, પછી ભલે તેમાં પાવર ન હોય, તોપણ તેને અડવું નહિ. (૧૨) રેડિયોના એરિયલ વાયરને અડવું નહિ

> શબ્દ : તડતડા, ફોરિણી, ઐરાવતી, દ્યુલતિકા, તડિત્, સૌદામની, વિદ્યુત્, અંચલા, અપલા એ દસ સ્ત્રીલિંગ નામ વીજળીનાં છે. અમરકોશ

૨. સ્ત્રી. કાઠિયાવાડની ઘોડીની એક પ્રખ્યાત જાત

વીજળીઓ પું એક જાતનો ઘોડો.

વીજળીક વિ. વીજળીને લગતું.

વીજળીકબળ ન. વિદ્યુત બળ; વીજશક્તિ

વીજળીકમાછલી સ્ત્રી. વીજળીના બળ જેવા જબરા આચકા કે વીજળી જેવો પ્રહાર આપવાની જેનામાં શક્તિ છે, તેવી માછલી આવી કોઈ મોટી માછલીના પંજાથી હાથ પણ ઘડીભરને માટે બળી પડે છે ઘણી જાતની માછલીઓ શોધાઈ છે કે જેમના દેહમાંથી ખૂબ પ્રબળ વીજળીક શક્તિ બહાર પડે છે. એ માછલીઓનાં અંગ્રેજી નામ 'ટોરપીડો', 'ઇલેક્ટ્રિક ઈલ', 'મોરમિયસ' અને 'ઇમનોટાસ' વગેરે આપણામાં આવ્યાં છે 'ઇમનોટાસ' નામની માછલીના દેહમાં ખૂબ તીવ્ર વીજળી શક્તિ રહેલી છે. જેના શરીરને અડકતાં જેવું એક મોટો ધોડો પણ એક પળમાં નિષ્ક્રિય બની ઢળી પડે છે આમાઝોન અને ઓરિનોકો નામના દક્ષિણ અમેરિકાના વિભાગમાં 'ઇલેક્ટ્રિક ઈલ' નામની એટલી પ્રચંડ વીજળીક શક્તિ ધરાવતી માછલીઓ છે કે જે મોટા મોટા જળ ઘોડાને પણ આંખ મીંચીને ઊઘાડતાં વાર ખલાસ કરી દે છે. એ વીજળી તેમના શરીરમાંથી કેવી રીતે બહાર નીકળે છે એ જાણવા જેવું છે 'ટોરપીડો' નામની માછલીના માથા આગળની જગ્યાએ વાદળી જેવા બદામી રંગના બે અવયવો હોય છે. એમાંથી જ વીજળી નીકળે છે 'રાઈવ' નામની માછલીની પૃષ્ઠ્ય બાજુના ભાગમાં બે નાના મોગાકાર અવયવ હોય છે. 'ઇમનોટાસ' માછલીની પૃષ્ઠદેશે પણ એવા જ અવયવો બંધારામાં આવ્યા છે. 'હિસ્ટિઓફિટ્સાઇ' નામની માછલીઓના શરીર જ વીજળીક શક્તિ ધરાવે છે મોટે ભાગે એ પ્રકારની માછલીઓની પૃષ્ઠદી તથા પેટના ભાગમાં વીજળી ઉત્પન્ન કરી શકે એવા અવયવો રહેલા છે. દરેક જીવને રનાયુ તથા પેશીઓ હોય છે. માંસપેશીનું કામ શરીરના જુદા જુદા ભાગોને સંકોચવાનું તથા ફેલાવવાનું હોય છે. રનાયુનું કામ સ્પર્શનો અનુભવ કરવાનું

હોય છે. મગજના હુકમો શરીરના અવયવોમાં પહોંચાડવાનું તથા શરીરના ભાગોની કોઈ ફરિયાદ મગજને પહોંચાડવાનું છે. એ રચાયું નથી માંસપેશી કયારેક ક્યારેક તેમનાં એ બધા કામ છોડી દઈ વીજળી પ્રગટ કરવાનું કામ કરવા માંડે છે. એથી એ અવયવોના આકાર બદલાઈ જાય છે. 'ટોરપીડો' માછલીના મોઢા આગળના ભાગમાં વીજળી ઉત્પન્ન કરનારું અવયવ હોય છે. એ અવયવમાં અસંખ્ય રચાયુઓ અને રક્તવાહિનીઓ હોય છે. નાની માછલીના શરીરમાં એ અવયવ એક સોય જેવું હોય છે. જ્યારે મોટી માછલીના શરીરમાં ગાદલા જેવડું હોય છે. આદમી ઉપર એ અવયવ ધતૂરાના ફૂલ જેવા આકારે ધારણ કરે છે.

વીજળીકાકો પુ. એ નામની એક રમત.

વીજળીખંડ પુ. વીજળી માટેનો ઓરડો.

વીજળીઘર ન. વીજળી જ્યાં ઉત્પન્ન થાય કે જ્યાંથી બધે મોકલાય તે સ્થળ; વીજગૃહ; વીજઘર; 'પાવર હાઉસ'.

વીજળીની ઇસ્ત્રી સ્ત્રી. વીજળીના પ્રવાહથી કપડાંને ઇસ્ત્રી કરવાનું સાધન 'ઇલેક્ટ્રિકલ આયર્ન'.

વીજળીનો તાર પુ. વીજળીના વહન માટે વપરાતો તાર વીજ વહન માટે ઘેટ તારના તાર સાથે તેની ઉપર ક્લાર્ક કરે છે અને તારના આસપાસ પ્રથમ શુદ્ધ રબરની નળી ચઢાવે છે તેના ઉપર વલ્કનાઈઝ્ડ રબરનું પડ ચઢાવ છે (રબરને વલ્કનાઈઝ કરવું, એટલે રબરના રેસામાં ફરાવેલ પ્રમાણમાં ગંધક ઉમેરી સિઝાવવો સિઝાવતી વખતે ગંધક રબર સાથે રાસાયણિક થઈ જાય. જે પદાર્થ બને છે તે ટાઢ તાપવા તાડકના નથી.) આના ઉપર ફરીથી, રબરનો રસ પાયેલી જીત વીંટાળે છે, અને છેવટે વણેલા સૂતર કિંવા રેશમના દોરાનું પડ હોય છે. ફ્રેંચ કિંવા દોરાનું પડ ઇન્સ્યુલેશન વીજરક્ષણ માટે વાપરતા નથી, પણ અંદરનું રક્ષક કવચ ખરાબ ન થાય માટે ઉપર રાખે છે. તારને ક્લાર્ક કરવાનો હેતુ એ છે, કે વલ્કનાઈઝ્ડ રબરમાંનો ગંધક તાંબાના તારના સંસર્ગમાં આવે, તો મોરચૂથાનો લીલા રંગનો કાટ ચઢે છે, તે ચઢે નહિ. યોગ્ય માપના અને યોગ્ય રીતે સરક્ષણ કરેલા તાર વાપરવા એ વાત ઘણી મહત્ત્વની છે. સીસાના કવચમાંના તાર હંમેશ જોડીઆ હોય છે, જ્યાં તેમાંનાં એકના ઉપરનું કવચ લાલ રંગનું અને બીજાના ઉપરનું કાળા રંગનું હોય છે લાલ રંગનું કવચ પોઝિટિવ એટલે ધન અને કાળા રંગનું નેગેટિવ એટલે ઋણ, એવો અર્થ ધ્વનિત થાય છે. મકાનના તાર મોટા પણ ભારોભાર વધારે હોય છે વપરાશમાં સર્વથી ઝીણો એક તાર, ૰૦૪૬ એટલે જેનો વ્યાસ $\frac{૪૬}{૧૦૦૦}$ ઇંચ હોય તે છે આવી બારીક તાર વાપરવા હોય તો ચલ્લુ બારીક તારની દોરી વપરાય છે દાખલા, તરીકે ૩/૦૨૬ તાર ક્રિયા ૭/૦૨૬ તાર, એટલે ૦૨૬ ઇંચ વ્યાસના ૭ તારની દોરી. બનાવવી દોરી અથવા ૧૯/૦૨૬ વ્યાસના ૧૯ તારની દોરી બનાવવી દોરી.

વીજળી ફાંસી સ્ત્રી. વીજળીથી ફાંસી દેવાની ક્રિયા; 'ઇલેક્ટ્રોક્યુશન.' અમેરિકામાં ફાંસી ઉપર સટવાયેલ ન બદલે પાંજળાના ખૂર્શી ઉપર અપરાધીને બેસાડવામાં આવે છે. અપરાધીને આ ખુરશી ઉપર બાંધવામાં આવે છે. એક વિદ્યુત તારને તેના નાયેા ઉપર તથા બીજા તેના પગની પીંડીઓ ઉપર નજીક રહે વીજળીના પ્રવાહ દાખલ કરવામાં આવે છે. માણસને ત્રણ જોરના ધક્કા લાગે છે. તેથી માણસનું તરત મરણ નીપજે છે. તે ઉપરાંત વીજળીના તારને અડવાથી મરણ નીપજે છે.

વીજળીઆતો પુ. વાદળાંના પ્રકારા કરનાર દીવો; વીજળીથી સળગતી બત્તી; 'ઇલેક્ટ્રિક લાઇટ' એડિસને વિચાર્યું કે આ વીજળીના પ્રવાહના ભાગ પાડી તેને જુદી જુદી બત્તીમાં જોડવી તો ઘણા ઘણા ઘરમાં અનેક બત્તી થઈ શકે એડિસને આ અગત્યના સાધનનું કામ હાથ ધર્યું આ માટે જરૂરી ૩,૦૦૦ સિદ્ધાંતો તપાસવા આ પ્રયત્નમાંથી. માત્ર બે જ સફળ થતા જાણ્યા. એમની મુખ્ય મુશ્કેલી દેરીમેળાવ રહે એનું કાર્બન ફિલામેન્ટ શોધવાની હતી એક ઘર પાસે પડેલા તારાને નિહાળતા એકાએકિને, ફિલામેન્ટ વિષે એડિસન વિચાર કરી રહ્યા હતા. કાતરની અણી તીક્ષ્ણ જેવા બનાવી રહ્યા હતા એમણે વિચાર તદ્દામાં હાથ લગાડ્યો ને કાર્બનનો ટુકડો એમના હાથમાં આવ્યો એ કાર્બનના ટુકડામાંથી એમને જોઈતું કાર્બન હાથ લાગ્યું. એમણે એમના સાથીને ખૂબ પાડીને એક ચીંદરડી મગાવી. તે કાર્બનમાં લપેટીને સાળગાવી. સળગે છતાં અંદરનો દોરો અસ્તિત્વ રહે એવું એમને કરવું હતું એ માટે એમણે ફરી ફરીને પાંચ પાંચ વાર પ્રયત્ન કર્યો. એ પછી એને બોળામાં રાખવાનું નક્કી કર્યું. બોળામાંથી હવા કાઢી નાખી. કારણ કે હવાથી કાર્બન બળી જાય, ને તેને સીલ કરવા સાથે જતા. વળી પણ વાર ભાગી નથી ને ચમત્કાર એ સફળ થયા ફુલાનારિક્ત સમા એ દ્વારા એમની પ્રયોગશાળામાં. ઝળકી રહ્યો પણ વિસ્તારીસ કલાકને અંતે કાર્બન બળી ગયો. એ વિસ્તારીસ કલાક સુધી તેનું અવલોકન કરતા બેસી રહ્યા. વીજળીનો દીવો શોધાયો. પણ ફિલામેન્ટ તો હજી શોધવાનું બાકી હતું એમણે ઇથરના સિદ્ધાંત ઉપર અનેક અખતરા કર્યા. વાસની ચંપ ઉપર એ સફળ થયા અને આ પ્રકાશનું જગતને એ દીપક મળ્યો. વીજળી બત્તીના ત્રણ ભાગ કરી શકાય છે (૧) ઉપરનો કાચનો ગોળ (૨) નીચેના બારીક તાર (૩) બહારની પાટકો. કાચના ગોળા જુદા જુદા ઘાટના બનતા અને સાદાકાચના મળે છે તેમાંથી વિવિધ રંગના. પ્રકાશ પાડી શકાય કે નહિ તે ઉપરથી. કાળો કે મેલો થાય, તો પ્રકાશ ઘણો કમી થઈ જાય કે, તેમ. ત્યારે તેને સોડાના પાણીમાં બરાબર કપડાંથી લૂછી, સાફ કરવો. બત્તીની અંદરના તારે બધા બૂનાઈ જતાં, તેના સૂક્ષ્મ કણ કાચની અંદરની બાજુએ ચોંટી કાચ કાળો થાય છે અને પ્રકાશ કમી પડે છે. આવું થાય તો બત્તી બદલવા સિવાય બીજો ઉપાય નથી

વીજાણુ પુ. વીજળીનો અણુ; 'ઇલેક્ટ્રોન'.

વીજ્ઞુ પુ. ન. ધોરખોદિયું. કુદરતે તેના શરીરનો ઘાટ અને પગ ઉપર જાણે નખો આપી ખોદકામ કરવામાં પ્રયોજ્યું બનાવ્યું છે એથી તે પોતાના બારકાંને જમીનમાંથી ખોદી કાઢે છે.

વીજ્ઞુડું (વીજ્ઞુઠ) જુઓ વીજ્ઞુ.

વીટ ૧ સ્ત્રી. ચોપડી, ચોપડાદિયાની રમતમાં વપરાતો લાકડીનો નાનો ટુકડો.

૨ ન એક પ્રકારનું દાંચિયાર.

વીટિ ૧. સ્ત્રી. નાગરવેલનું પાન.

૨. સ્ત્રી. પહેરવાના વસ્ત્રની ગાંઠ.

૩. સ્ત્રી પાનણીડી; પાનનું બીડું

વીટિકા જુઓ વીટિ

વીટુલ ન. લેખ ઉપર આટા પાડવા માટેનું એક જાતનું ઓજાર; 'ફ્લક ટૂલ'

વીઠો [અં] પુ. પોતાની મરજી પ્રમાણે કરવાની સત્તા; સ્વસત્તા.

વીડ (વીઢ) જુઓ વીડી

વીડડું (વીઢડું) ન નાની વીડી

વીડી (વીઢી) સ્ત્રી ઝાડનું નાનું બીડ; ઘાસ થાય તેવી નહિ ખેડાતી જમીન

વીડીઓ (વીઢીઓ) પુ. વીડી સાચવનાર માણસ

વીણ [સ વેદના; અપ. વિઅણા] સ્ત્રી. વેણ; પ્રસવવેદના; જણતી વખતનો દુઃખાવો. વીણ ઊપડ્યા પછી બણકરીને ૨૪ કલાકમાં બચ્ચું

જન્મે છે. બાળકને બહાર ધકેલવાની ક્રિયા દરમિયાન ગર્ભાશયના થતા સંકોચનો લીધે આ પીડા આવે છે. પીડા દરમિયાન ગર્ભાશય કામ થાય છે. પીડા દર બે કલાકે આવે છે, અગર્યા મિનિટ ટકે છે. પ્રત્યેક પીડા વચ્ચે થોડા સમયનો આંતરો પડે છે. પ્રસૂતિ બરા સ્વરૂપે શરૂ થાય છે ત્યારે પાંચ મિનિટનું અંતર દરેક પીડા વચ્ચે પડે છે

વીણવી ૧. જી ચૂંટવું તે; વીણવાનું કામ
૨ જી. સમૂહમાંથી પસંદ કરવું તે, પસંદગી

વીણવું ૧ [સં] સ ક્રિ. અનાજમાંથી કાંકરા વગેરે ઉપાડી લેવું કે દૂર કરવું.

કહ્યું પીધું = અનાજમાંથી કાંકરા વગેરે ઉપાડી લેવું

૨ સ ક્રિ. ચૂંટવું, તારી લેવું
ફૂલ વીણવા = ફૂલ ચૂંટવા

૩. સ. ક્રિ. સારું કંઈક લેવા; પસંદગી કરવા.

વીણવીણા જી પીંજણા ચૂંટવાની ક્રિયા.

વીણા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ નિશાની છંદનો એક ભેદ છે તેમાં ૭ ગુરુ અને ૬ લઘુ મળી ૧૬ વર્ણ હોય છે.

૨. પું તારાઓનું એ નામે એક ઝૂમખું

૩. જી. ખીન; એક તંતુવાદ્ય. તેના પ્રથમ ઉત્પાદક મહાદેવ કહેવાય છે. વીણા ચાર પ્રકારની થાય છે: શારદીવીણા, નારદવીણા, રુદ્રવીણા અને ઘોષકીવીણા. તેમાં શારદીવીણા મયૂરાકૃતિ હોય છે. આ તંતુવાદ્યની રચનામાં વાંસની અગર લાકડાની ગોળ પોકળ દાંડીના જમણી બાજુએ મયૂરાકૃતિ જેને કહે કહેવામાં આવે છે તે ત્રેસાડી ઢાળી બાજુએ તાર બાંધવા માટે ખૂંટીઓ રાખવામાં આવે છે કરા પર કાયદાતની ઘુડજ અને ખૂંટીઓની નજીકમાં વાદના પ્રમાણસર ઊંચો મેરુ ગોઠવાય છે. કરાના મૂળમાં એક નાની ખૂંટી રાખી તેમાં તાર બાંધી ઘુડજ ઉપર તારની જડામણિના પ્રમાણમાં પડેલા ખાંચામાં થઈ, તાર મેરુ ઉપરથી ખૂંટીને બાંધવામાં આવે છે કરાની બે બાજુએ મયૂરની પાંખ આકૃતિની ઘુંઘરુ મૂકી તે પર જમણી બાજુએ એક અને ડાબી બાજુએ બે તારો દાંડીની બાજુએ અદ્ધર રાખવા માટે મેરુ નજીક ગોઠવેલી બાંધવામાં નાની કાયદાતની બોડી ઉપરથી ખૂંટીએ બાંધવામાં આવે છે. ઘુડજથી મેરુ ઉપર આવેલા ચાર તારોને ન લાગે તે પ્રમાણે મેરુની આકૃતિ અને ઊંચાઈથી ચડતા ઉતરતા ક્રમને અનુસરે અનુક્રમે મંદ મધ્યમ મંદ મધ્યમ પંચમના પડદે તેને સાધે કરવામાં આવે છે તે બીજો ચાર ષડ્જ સાધે છે ચૂડજથી છ ઇંચને અંતરે દાંડીના નીચેના ભાગમાં તુંબડું કાઢ સાથે જોડે કરી બીજું તુંબ વગાડનારની ડાબીના ખોળાના પ્રમાણમાં ડાબી બાજુ ઉપર આવે તે પ્રમાણે મેરુ નીચેના ભાગે જોડવામાં આવે છે. અવાજને, પ્રસરવા માટે આ તુંબડાં નિર્માણ કરવામાં આવે છે સાથી ની ધ્વનિ મ [illegible] અવાજ સાંભળવામાં આવે છે આવેલનું સંગીત [illegible] કરે કરે [illegible] ઉપજે છે એમ મનાય [illegible] બનાવેલી વીણાવાદન [illegible] આવ્યું [illegible] અને સરસ્વતીની કલ્પના [illegible] સાથે સંકળાયેલી રહે છે, સરસ્વતીના હાથમાં વીણા મૂકવામાં આવી છે કલા અને સાહિત્યનો આ મેળ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કૃષ્ણની મોરલી અને સરસ્વતીની [illegible] આમ પુરાણ કાળથી એક સાથે રહ્યાં છે. મુનિનું સ્થાન નક્કી કરવા [illegible] આગળ જોવામાં આવ્યો છે [illegible] જેવા મહાન સંગીતકાર બાદશાહ અકબરના દરબારમાં હતા. પોતે સંગીતકાર પણ હતા એમને હિંદુસ્તાની સંગીતમાં પરદેશથી વીણાનું [illegible] [illegible] બહારગામ સમુદ્રગુપ્ત કુશળ વીણા [illegible] [illegible] બાદશાહે પણ બીનનો મોટો [illegible] બીનનો આવો મહિમા હતો ત્યારે જ સિતારની શોધ થઈ. અકબરના દરબારમાં તાનસેન ગાતા પણ એમની ગાયકીને ન્યાય આપે તેવો બીનકાર અકબર મેળવી શક્યા નહિ કહેવાય છે કે, મહારાજા સવાઈસિંહ તાનસેનની ગાયકી એની આંગળી પર જાળવી જાણતા. તેઓ ઉમદા બીનકાર હતા. તેમને અકબરના દરબારમાં તાનસેનનો સાથ કરવા બોલાવવામાં આવ્યા. રજપૂત મહારાજા સવાઈસિંહે બાદશાહ અકબરને કહેવડાવ્યું કે, એમનું બીન દેવભક્તિમાં બજતું, બાદશાહના દરબારમાં નહિ સિંધના સવાઈસિંહના આ જવાબથી અકબર નારાજ થયા અને સિંધ પર ફોજદાર ચડાવ્યું એવી એક માન્યતા છે

વીણાકાર વિ સારંગીના આકાર જેવું.

વીણાકાવ્ય ન. ઋગ્વેદકાવ્ય; બીનકાવ્ય, ધ્વનિકાવ્ય; 'સિરિક'

વીણાગ્રંથ (સં] ન. ચોસઠ માંહેનું એક તંત્ર.

વીણાચાર્ય [સં.] પુ. સંગીતશાસ્ત્રી

વીણાચૂંદા ૧ ન. અકળામણ; બેચેની, ગભરામણ

૨. ન. ચૂક અને ચોટો.

૩. ન ભૂખ આદિને સમયે થતી આતુરતા.

વીણાતંતુ પું વીણાના તાર

વીણાદંડ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો પેટા ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, સગણ, વગણ અને મગણ એમ બાર અક્ષર હોય છે

૨ [સં.] પુ વીણા વાદ્યોના ઉપરના ભાગનો દાંડો

વીણાધર [સં] પુ. નારદ

વીણાધારિણી જી સરસ્વતી દેવી; વિદ્યાની દેવી; જેના હાથમાં વીણા રહેલી છે તે દેવી. સરસ્વતીનું વાહન હંસ એટલે વિવેકબુદ્ધિ અને વીણાધારિણી એટલે કળા પ્રધાન શિક્ષણ

વીણાધારી [સં. વીણા+ધારિન્ (ધરનાર)] વિ. વીણાધારિ; વીણા ધારણ કરનાર; વીણા જેના હાથમાં ધરી છે એવું; વીણા ધર્મને કરનારે. નારદ, તુમરુ, સરસ્વતી અને વિશ્વાવસુ એ ચાર શ્રેષ્ઠ પ્રસિદ્ધ વીણાધારી ગણાય છે.

વીણાનાદ પું ચોસઠ માંહેનું એક પ્રકારનું વિજ્ઞાન.

વીણાપક્ષી જ. વીણા જેવો સ્વર કાઢતું ઓસ્ટ્રેલિયાનું એક પક્ષી તે ફોર્ન પક્ષી પક્ષી અને માણસના અવાજની આબેહૂબ નકલ કરી શકે છે. આ પક્ષી ખુશમિજાજી છે. વારંવાર આ પક્ષી આનંદમાં નાચે છે. તેઓ પોતાનાં બચ્ચાં તરફ બહુ પ્રેમ રાખે છે.

વીણાપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેના એ નામના એક સિદ્ધ.

વીણાપાણિ ૧. [સ.] પુ વીણા છે જેના હાથમાં. તે; નારદ મુનિ; વીણાધર

૨. વિ. હાથમાં વીણા રાખનાર.

વીણાપ્રવીણ [સં.] વિ. વીણા કે સિતાર વગેરે વાદ્યોની કળામાં કુશળ.

વીણામહોત્સવ [સં] પું. વીણા વગેરે વાદ્યોનો મહોત્સવ.

વીણાર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, સાત જગણ, લઘુ અને ગુરુ મળી ૨૬ અક્ષર હોય છે.

વીણાવાદ [સ.] વિ. વીણા વગાડનાર.

વીણાવાદક [સં] વિ. વીણા વગાડનાર.

વીણાવાદન ન. વીણાનું વગાડવું તે; વીણાનું સંગીત; વીણા વગાડવાની કળા.

વીણાવાદ્યા જી. સરસ્વતી દેવી.

વીણાશિખા જી॰ એ નામનુ એક તત્રરાજ.

વીણો પુ॰ નુકસાન ફેરવવાનો દાવો; સુકાનનો હાયો.

વીત ૧ પુ॰ પુદ્ગને સહન ન કરનાર હાથી કે ઘોડો

૨. [સ॰] ન॰ અકુરકર્મ

૩. ન॰ ન્યાય વગરનું, રહેલ એવું અનુમાન

૪ વિ॰ જતુ રહેલું. ગયેલુ.

૫ વિ॰ ત્યજેલુ, છોડેલુ

૬ વિ॰ રહિત, વિના

૭. વિ॰ શાત.

વીતક ૧ જી॰ ન॰ દુ:ખ સકટ, વિપત્તિ

વીતક પડવા. = દુ:ખ પડવા

૨. જી॰ ; ન॰ વીતેલુ હોય તે.

વીતકવાર્તા જી॰ વીતેલી વાત, થઈ ગયેલી કે બની ચૂકેલી હકીકત; આપવીતી; વૃત્તાત

વીતકાલ વિ॰ કાલાતીત; જૂના સમયનુ.

વીતરાગ (વીતરાગ) ૧. ન॰ જોળ મદિર.

૨. ન॰ સિદ્ધલદ્વીપમાં પોલોના રૂપા નામના સ્થળમાં આવેલું પ્રાચીન બૌદ્ધ મદિર

વીતલું (વીત્લું) ન॰ દુ:ખ, વીતક

વીતતૃષ્ણ [સં॰] વિ॰ તૃષ્ણા વિનાનુ

વીતદુ:ખ વિ॰ દુ:ખ રહિત બનેલુ

વીતદ્વેષ વિ॰ જેનો દ્વેષ નિવૃત્ત થયો છે તેવુ, દ્વેષ રહિત.

વીતભય ૧. પુ॰ વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ

૨. પુ॰ શિવનાં હજાર માહેનુ એક નામ.

૩. [સ॰ વીત (અંગ્રેજી) + ભય] વિ॰ ભય જેનો ચાલ્યો ગયો છે તેવુ; ભય રહિત બનેલું.

વીતમત્સર વિ॰ ઈર્ષા રહિત

વીતમદ વિ॰ મદ જેનો ચાલ્યો ગયો છે તેવું

વીતમન્યુ [સં॰] વિ॰ ક્રોધ રહિત; ક્રોધ શમી ગયેલ

વીતમોહ વિ॰ નિર્મોહી; મોહ રહિત.

વીતરાગ ૧ [સ॰ વીત (અંગ્રેજી) + રાગ (આસક્તિ)] પું॰ (જૈન) તીર્થંકર દેવ; જેવળી ભગવાન; ઈશ્વર; પરમાત્મા

૨. પુ॰ રાગદ્વેષ રહિત વ્યક્તિ.

૩. પું॰ શિવનાં હજાર માહેનુ એક નામ.

૪. વિ॰ રાગ કે આસક્તિ વિનાનુ; સસાર ઉપરનો પ્રેમ ઊઠી ગયેલો છે તેવું, વીતરાગી

વીતરાગી જુઓ વીતરાગ ૪.

વીતલોભ [સં॰] વિ॰ લોભ રહિત.

વીતવર્ષ વિ॰ (જૈન) વર્ષ રહિત

હું ઉર્ષ. અજા અને **વીતવર્ષ** છું. એમ આયુષ્યમાન પિતિય બોલ્યો. સુતનિપાત

વીતવું ૧. અ॰ ક્રિ. ગુજરવું; પસાર થઈ જવુ.

૧. ઓરીઓ વીતવો = સહાવો લેવાનો વખત ચાલ્યો જવો.

૨. વખત વીતવો – સમય પસાર થવો

૨ અ॰ ક્રિ॰ દુ:ખ પડવુ; વિપત્તિ પડવી; મુશ્કેલી કે સકટ પડવુ

૧ માથે વીતવુ માથે દુ:ખ પડવુ

૨ વીતી હોય તે જાણે – જેને માથે દુ:ખ પડ્યુ હોય તેને જ ખરી ખબર હોય.

વીતશોક ૧ પુ॰ (જ્યોતિષ) અઠ્ઠાવીસી માહેનો એક ગ્રહ

૨. પું॰ અશોક રાજાનો એ નામનો એક ભાઈ અને સુભદ્રાંગીનો દીકરો

૩. [સં॰] ન॰ આસોપાલવનુ ઝાડ

૪. ન॰ એક જાતનું રત્ન.

૫. વિ॰ શોક રહિત; ગયેલા શોકવાળુ

વીતહવ્ય ૧ પું॰ એ નામનો એક ઋગ્વેદિક રાજા

૨ પું॰ ન.મ.ન.ન. એક ઋષિ

૩ પુ॰ (પુરાણ) ન॰ વીતિ . . . પુત્ર કૈકયના સો મ.ન્નો મોટો . . .

૪ વિ॰ ન.ન.ન. . . . વિનાનુ

વીતિ ૧ પુ॰ (પુરાણ) એ નામનો એક અગ્નિ

૨ પુ॰ ખેદ

૩ પુ॰ (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એક ઋષિ

૪. ન॰ જાવું, ગતિ, ગમન

૫ જા॰ ક્રમિ

૬. જી॰ પ્રાપ્તિ, ઉપલબ્ધિ

૭ જી॰ ભોજન

વીતિહવ્ય ૧ પું॰ (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામના એક ઋષિ

૨. પું॰ (પુરાણ) વિદેહ વશના શુનક નામના જનકનો પુત્ર.

વીતિહોત્ર ૧ [સં॰] પું॰ અગ્નિ

યાવક વર્ણ દહન દવ જ્વલન ધનંજય ભાનુ, શિખી હવ્યવાહ વાયુસખ **વીતિહોત્ર** પ્રમાણ. પિંગળશબ્દપ્રકોષ

૨. પું॰ (પુરાણ) પ્રિયવ્રત રાજાના દશ માહેનો એ નામનો નવમો પુત્ર.

૩. પું॰ (પુરાણ) યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં આવેલ એક ઋષિ

૪. પું॰ સૂર્ય.

૫. પું॰ (પુરાણ) સોમવશી નરિષ્યંત કુલોત્પન્ન દક્ષસેન રાજાનો એ નામનો પુત્ર.

૬. પું (પુરાણ) સોમવશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ક્રાસ્ય નામના પૌત્રના કુળમાં જન્મેલા સુકુમાર રાજાનો પુત્ર

૭. પું॰ (પુરાણ) સોમવશી સહસ્રાર્જુનના પ્રપૌત્ર જયદ્ધજ રાજાનો પૌત્ર

વીતુ જી॰ વિટબણા, વીતક

વીથિ ૧ પુ॰ બૌદ્ધધર્મનો અનુરુદ્ધ નામના આચાર્યે બનાવેલો ગ્રથ

૨. પું॰ (કાવ્ય) રૂપકના દશ ભેદોનો એક પ્રકાર

૩. જી॰ અગાસી; અટારી; ઝરુખો

૪ જી॰ કુજર કે આગબોટની કેડી; પગથી.

૫ જી॰ નાટકનો એક પ્રકાર

૬ જી॰. પોળ; શેરી; ગલ્લી

૭ જી॰. રસ્તો; માર્ગ; વાટ.

ત્રિકાળ વરસે ત્રણે ઉદ્દેશોમાં જે જે દ્રવ્ય હોય વળી તે મરણ મુખ આગળ **વીથિ** હોય અને મધે બહુલ હોય તે એક પ્રકારનું મકાન ૭. રાજવલ્લભ

૮ [સ॰] જી॰ શ્રેણી; પક્તિ

વીથિકા જુઓ વીથિ ૬-૮

વીથી જુઓ વીથિ ૬-૮.

વીર્યગ ન॰ દસ્ય કાવ્ય

વીંઝરાવું અ॰ ક્રિ॰ ફસકવુ; ફાટવુ.

વીનવવું સ॰ ક્રિ॰ વિનતિ, અનુરોધ કે આજીજી કરવી.

વીનવાવું અ॰ ક્રિ॰ વિનતિ કરે તેમ થવું.

વીનાહ [સં॰] પું॰ કૂવાનું મોં ઘણેરું હોય છે તે; કૂવાનું ઢાકણ.

વી. પી. જુઓ વી. પી. પી.

વી. પી. પી. [અં॰] ન॰ આકેલ દામ આપે મળે એવુ ટપાલમાં આવતુ પાર્સલ, જુકપોસ્ટ વગેરે; 'વેલ્યુ પેએબલ પાર્સલ'નું ટૂકુ રૂપ; કીમત આપીને લેવા યોગ્ય પાર્સલ.

વીંઝરવું [સ॰ વિસ્ફુર; અપ॰ વિંફુર] અ॰ ક્રિ॰ વકરવુ; ગુસ્સે થવું; ઉશ્કેરાવું. બિલાજ ખોતો

વીમાકરાર પું॰ વીમાકંપની તરફથી વીમો ઉતરાવનારને તે સબધી કરી આપાતો લેખ; 'પોલિસી'.

વીમાકંપની જી॰. વીમો ઉતારનાર મડળી; વીમાનું જોખમ વહોરનારી મણ કરીને બનેલી માણસોની બનેલી મડળી.

વીમાખત ૧. ન॰ એક ઠેકાણેનો માલ બીજે

ફેરફારે મરીજસલામત પહોંચે તે માટે કરાવેલી વીમાની ચિઠ્ઠી

૨ ન. ક્ષેમપત્ર; વીમાપત્ર; વીમા સબંધી કરારનામું; વીમો ઉતરાવનારને મળતો લેખિત દાખલો, વીમાની પોલિસી.

વીમા ખરચ ન. વીમો ઉતરાવવા બદલ ઠરાવેલી કીમત ઉપર દર સેંકડે ખરચના આ.પવા પડતા અમુક દર; ' પ્રિમિયમ'.

વીમાગર કુ. ક્ષેમકર્તા; વીમો ઉતારનાર.

વીમાચિઠ્ઠી જુઓ વીમાખત.

વીમાદર કું. વીમાનો દર, વીમો ઉતરાવવા બદલ ઠરાવેલી કીમત ઉપર દર સેંકડે બાજની પેઠે ભરાતી રકમ.

વીમાદલાલ કું. વીમાનું કામકાજ કરનાર આડતિયો; વીમ.નો દલાલ; દલ.લી કર્યને માલ, મકાન વગેરેના લેખમના નુકસાનનો બદલો આપવ.નું સ.હું કરાવી આપનાર માણસ; વીમ.નો એજન્ટ.

વીમાનામા જુઓ વીમાખત

વીમાપત્ર જુઓ વીમાખત

વીમાપોલિસી જુઓ વીમાકરાર

વીમામંડળી સ્ત્રી. વીમો ઉતારનારી કંપની; ' ઇન્સ્યૂરન્સ કંપની'.

વીમાવાળો ૧. કું. અમુક રકમ બદલ માલની કીમત ભરી આપવાની અને જિંદગીની આખરીએ અમુક રકમ આપવાની લેખમદારી લેનારો વેપારી માણસ; કામકાજ કરતી કંપની કે મંડળીનો મુખી; વીમો ઉતારવાનો ધંધો કરનાર માણસ.

૨ જિ કું. વીમાનું કામ કરનાર.

વીમો ૧. કું. લેખમબદલું સાહસ; અમુક મુદતનું આકસ્મિકનું લેખમ.

૧. વીમો કરવો–ખેડવો = લેખમમાં ઊતરવું; સાહસ કરવું

૨. વીમો લેવો = (૧) લેખમ માથે લેવું. (૨) વીમો ઉતરાવવો

૨. [ફા. બીમહ્] કું. વસ્તુ કે જિંદગીને નુકસાન પહોંચતાં તે બદલ પૈસાથી થતી ભરપાઈ, ઠર.વેલી મુદતમાં જીવનો અગર મ.લનો નાશ થવાથી ભરપાઈ બદલ નિયમિત રકમ મળવા માટે હપતેબંધીથી પૈસા ભરવાની વ્યવસ્થા વીમાના મુખ્ય પ્રકાર આ પ્રમાણે છેઃ (૧) જિંદગીનો વીમો, (૨) માણસના મરણ બાદ તેના કુટુંબને લાભ મળે તેવો વીમો, (૩) મ.ણસની અમુક ઉમરે અથવા ઘડપણમા લાભ મળે તેવો વીમો, (૪) આગનો વીમો, (૫) વહાણનો કે આગબોટનો વીમો, (૬) વાહન અકસ્માતનો વીમો અને (૭) ચોરી લૂંટફાટનો વીમો. આ ઉપરાંત પણ વીમાના બીજા ઘણા પ્રકારો છે દાખલા તરીકે, અમેરિકામાં ખેતીવાડીને લગતા વીમા છે. તેમાં કુદરતી આફતોથી થતા નુકસાન સામે રક્ષણ મળે છે. હોસ્પિટલ વીમા છે. તેમાં માણસે હોસ્પિટલમા જવું પડે ત્યારે થતા ખર્ચની જોગવાઈ છે તંદુરસ્તીનો વીમો છે. તેમાં માણસ નાદુરસ્તીને લીધે બેકાર રહે તો તેની જોગવાઈ છે. દરેક વીમાકંપની પોતાના કામકાજ માટે વીમા દલાલો એટલે કે એજન્ટો નીમે છે. આ દલાલોનું કામ કંપની માટે વીમા મેળવવાનું હોય છે કોઈ વીમો ઉતરાવી શકે તેવા માણસો પાસે આ દલાલો જાય છે. તેમને વીમાના હાપ્તાઓ સમજાવે છે અને તેમની કંપનીમાં જુદી જુદી જાતના વીમાની જે પદ્ધતિઓ હોય તે સમજાવે છે. જ્યારે આ પ્રમાણે ઘરાક વીમા માટે તૈયાર થાય ત્યારે પહેલાં એની પાસે વીમાની દરખાસ્ત એટલે પ્રોપોઝલ ભરાવે છે. આ દરખાસ્ત પત્રમાં મુખ્યત્વે આ પ્રમાણેની બાબતો આવે છેઃ ૧. નામ, ૨. ઉમર, જન્મ તારીખ, ૩ વીમાની રકમ, ૪. ધંધો અને આશરે આવક, ૫. કોઈ મિત્રનું નામ. આ ઉપરાંત બીજી થોડાં બાનાં ભરવામાં આવે છે. આ દરખાસ્ત ભરાઈ જાય એટલે વીમો ઉતરાવનાર માણસે દાક્તરી તપાસ માટે જવું પડે છે જિંદગીનો વીમો ઉતારે તે પહેલાં ઉતરાવનારની દાક્તરી તપાસ કરવી જરૂરી છે. જે માણસ દાક્તરની દૃષ્ટિએ જિંદગીના વીમાને લાયક હોય તેની જ જિંદગી ઉપરનો લેખમ વીમાકંપની સ્વીકારે છે. આ દાક્તરી તપાસ માટે દરેક કંપની પોતાના દાક્તરો નીમે છે. દાક્તરી તપાસને પરિણામે દાક્તરના અભિપ્રાય સાથેનું પત્રક દાક્તર કંપની ઉપર મોકલી આપે છે. આ સાથે વીમો ઉતરાવનાર માણસના અંગત મિત્રને પણ આ માણસની સ્થિતિ અને તંદુરસ્તી બાબતનો અભિપ્રાય એક પત્રકમાં ભરી મોકલવો પડે છે. તેમ જ વીમા દલાલનો અભિપ્રાય પણ એક પત્રકમાં મોકલવો પડે છે. આ પ્રમાણે જિંદગીનો વીમો ઉતરાવવામાં (૧) દરખાસ્તપત્રક, 'પ્રોપોઝલ', (૨) દાક્તરની તપાસનું પત્રક, (૩) મિત્રનું પત્રક અને (૪) દલાલનું પત્રક. એમ ચાર પત્રકો ભરવાં પડે છે. આ બધાં પત્રકો વીમાકંપનીમાં જાય પછી તે કંપનીના સંચાલકો એ વીમો લેવો કે નહિ તે બાબત વિચાર કરે અને જો વીમો લેવાનું નક્કી કરે તો તે બદલ વીમો લેનાર માણસને લખી જણાવે કે, એની દરખાસ્ત સ્વીકારાઈ છે અને તેણે અમુક લવાજમ ક્યારે ક્યારે એની જિંદગી ઉપરનું લેખમ કંપની સ્વીકારશે આ લવાજમને પ્રિમિયમ કહે છે. પ્રિમિયમ ભરવાની પદ્ધતિ વીમો ઉતરાવનારની સગવડ ઉપર આધાર રાખે છે. એ પ્રિમિયમ વાર્ષિક, છ મ.સિક, ત્રિમાસિક કે માસિક હોય છે સામ.ન્ય રીતે જિંદગીના વીમાની ઓછામાં ઓછી રકમ દસ કે પંદર હજાર હોય છે. વધ.રેમાં વધારે કેટલી હોઈ શકે તે કંપની ઉપર તથા વીમો ઉતરાવનાર માણસની પ્રિમિયમ ભરવાની શક્તિ ઉપર આધાર રાખે છે. જ્યારે પ્રિમિયમનો પહેલો હપતો ભરાઈ જાય એટલે કંપની તેને ધોરણસરની પાકી રસીદ આપે છે અને તે તારીખથી તે માણસની જિંદગી ઉપરનું લેખમ કંપનીએ સ્વીકાર્યું ગણાય છે; એટલે જો તે માણસ મરણ પામે તો જેટલી રકમનો તેણે વીમો ઉતરાવ્યો હોય તે રકમ કંપની એના વારસદારને આપવા બંધાય છે. આ પછી કંપની તરફથી પેલા માણસને તેની અને કંપની વચ્ચે જે કોલકરાર થયો છે તેની સ.ખિતી માટે એક કરારપત્ર મોકલી આપે છે. એ કરારપત્ર પોલિસી કહેવાય છે. આ પોલિસીમાં મુખ્યત્વે આ પ્રમ.ણે બાબતો આવે છેઃ (૧) વીમો ઉતરાવનારનું નામ, (૨) વીમાની મુદત અને પ્રિમિયમની રકમ, (૩) પ્રિમિયમ ભરવાની તારીખ, (૪) ઉલ્લું પ્રિમિયમ ભરવાની ત.રીખ, (૫) વીમો પાકવાની તારીખ અને (૬) જો વીમો ઉતરાવનારનું મરણ થાય તો પૈસા કોને આપવા તેનું નામ. આ ઉપરાંત કંઈ કંઈ શરતોએ આ કરાર થયો છે તેની પણ વિગતો આવે છે જિંદગીના વીમાનાં પ્રિમિયમ ભરવાથી મરણથી થતા નુકસાન સ.મે બચાવ મળે છે અને જો પ્રિમિયમ ભરવાની મુદત દરમિયાન મરણ ન થાય તો ભરેલા પૈસા કોઈ થતા નથી પણ ઘડપણ માટે જોગવાઈ રૂપે પાછા મળે છે અથવા મ.ણસના મરણ બાદ તેના વારસોને એ પૈસા પાછા મળે છે પ્રિમિયમનો આધાર વીમાની રકમ અને વીમો ઉતરાવતી વખતે માણસની ઉમર ઉપર રહે છે. જેમ વહેલો વીમો ઉતરાવે તેમ પ્રિમિયમ ઓછું આવે છે. વીમાના જોરદાયદર પણ નીચે પ્રમાણે ગણાયી શકાયઃ (૧) મુદત રકમનું લાભા વખત સુધી શેકાણ, (૨) વીમાના દર ભરવામાં અશક્તિ આવી પડતાં પૈસાનું નુકસાન અને (૩) લાભુ આયુષ્ય ભોગવનારને બાજનું નુકસાન. તાજેતરમાં એક મ.ણસે વિચિત્ર પ્રકારનો વીમો ઉતરાવ્યો હતો. તે વીમો તેની પત્નીને જોઇતા

બાળકો ન અવતરે તે સામેનો હતો ! અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં જતા પહેલાં એક માણસે 'પંતાના ઉચ્ચાર અમેરિકન ન થઈ જાય' તે માટે વીમો ઉતરાવ્યો હતો. નેસ્સનના આવ્યા પાસે દુકાનદાર સ્ટોરમાં દુકાન ધરાવતા એક માણસે બાજુવાળી દુકાન પર ન પડે તેનો વીમો ઉતરાવ્યો હતો.

વીમો ઊતરાઈ કે ઊતરી જવો–ખલાસ થવો = મરી જવું, નાશ પામવું

૩. પું વસ્તુ કે જિંદગીને નુકસાન પહોંચતાં તે બદલ પૈસાથી થતી ભરપાઈ પેટે ભરવાનો હપતો

વીમો ભરવો = વીમાનો હપતો ભરવો.

૪. પું. વસ્તુ કે જિંદગીને નુકસાન પહોંચતા તે બદલ પૈસાથી થતી ભરપાઈનો કરાર.

વીમો ઊતરવો = વીમાનો કરાર કરવો

વીર ૧. પું (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ રોલાવત્થુ છંદનો એક ભેદ છે તેમાં ૩૪ ગુરુ અને ૨૮ લઘુ મળી ૬૨ વર્ણની ૯૬ માત્રા હોય છે

૨ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પયનો એક ભેદ છે તેમાં ૬ પદ હોય છે તેમાં ૨૦ લઘુ અને ૧૬ ગુરુ મળી ૮૬ વર્ણની ૧૫૨ માત્રા હોય છે

૩. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રામેળ છંદ. તેમાં ૩૧ માત્રા હોય છે. તેમાં ૧૬ અને ૧૫ માત્રાએ યતિ તથા ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ આવે છે.

૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને ક્વચિત્ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ અને લઘુ મળી ચાર વર્ણ હોય છે

૫. પું. એક જાતનો હથિયાર.

૬ પું. એક ભૂત

૧ વીર મૂકવો = (૧) મંત્રથી વીર પોતાને કબજે કરાવવો. (૨) મેલીવિદ્યાનો પ્રયોગ કરવો

૨. વીર સાધવો = મંત્રથી વીર પોતાને કબજે કરવો.

૭. [સ] પું. (પુરાણ) કશ્યપ વડે દનાયુને થયેલ એક પુત્ર

૮. પું. (કાવ્ય) કાવ્યરાજ્યના નવ મહેલનો એક રસ; વીરરસ. નવ રસ આ પ્રમાણે છે: (૧) શૃંગાર, (૨) વીર, (૩) કરુણ, (૪) રૌદ્ર, (૫) હાસ્ય, (૬) ભયાનક, (૭) બીભત્સ, (૮) અદ્‌ભુત અને (૯) શાંત.

૯. પું. કાળી વાઘણ; સુરખી વાળો; ખમ

૧૦. પું (પુરાણ) કૃષ્ણને કાવિંદીથી થયેલ એક પુત્ર

૧૧. પું. કોઈ મહાન કાર્યમાં ઉત્સાહથી ઝંપલાવનાર મર્દ માણસ

૧૨. પું. ક્ષત્રિય

૧૩. પું. (પુરાણ) તામસ મન્વંતરમાં એ નામના એક દેવ

૧૪ પું (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો પૈકીનો એક પુત્ર

૧૫ પું નટ

૧૬ પું પતિ

૧૭ પું પુત્ર

૧૮. પું. આર્ય; વીરો. કર્મઠ, જેને આર્ય ને વીર કહે છે.

૧૯. પું. (પુરાણ) ભારદ્વાજ અગ્નિને વીરાની કૂખે થયેલો પુત્ર

૨૦. પું. મહાપુરુષ; મહાનુભાવ; પ્રવીર.

રાજ્યમાં ત્રણ પ્રકારના વીર ગણાયા છે– વિદ્યાવીર, યુદ્ધવીર, દાનવીર અને દયાવીર.
પારિભાષિક શ્લેષ

૨૧. પું. યજ્ઞનો અગ્નિ

૨૨. પું પોલો; સુનટ. લબરમૂછો.

૨૩. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ

૨૪. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૨૫. પું. શક્તિવીર માણસ; પરાક્રમી માણસ; મરદ માણસ

૨૬ પું. (પુરાણ) સ્વાહાની કૂખે કૃષ્ણથી થયેલ એક પુત્ર

૨૭. પું હનુમાન; મહાવીર.

૨૮. સ્ત્રી. એ નામે એક જાતની વનસ્પતિ.

૨૯. સ્ત્રી. દરિયાનાં પાણીની વેળ; ભરતી

૧. ચાંદ માથે અને વીર સાથે = દરરોજ રાત્રે કે દિવસે ચંદ્ર બરાબર માથા ઉપર આવે ત્યારે વીર એટલે ભરતીની શરૂઆત થાય.

૨. વીર આવવી = ભરતી આવવી.

૩. વીર ઊતરવી = ભરતી ઊતરવી.

૩૦. સ્ત્રી રાજા; ચોખાની કાંજી.

૩૧. ન. (સંગીત) ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત વર્જિત કરવાથી બનતું એક તાન

૩૨ ન કમળનું મૂળ

૩૩ ન. તાજાપણ

૩૪ ન મરી; તીખાં

૩૫. ન મહાવીર સ્વામી. જૈનોના છેલ્લા તીર્થંકર.

૩૬ ન લતા કરંજ, કરેણ

૩૭. વિ. બહાદુર

૩૮. વિ બળવાન

૩૯. વિ ભાવન સત્વક સાંકેતિક શબ્દ, કારણ કે, વીર ભાવન છે

૪૦. વિ. શૂર, પરાક્રમી

૪૧. વિ બેઠ

વીર૨ ૧. પું. (પુરાણ) શિવગણ

૨ [સ.] સ્ત્રી. કરેણ.

વીરકથા [સં.] સ્ત્રી. વીરરસથી ભરપૂર વાર્તા.

વીરકરા [સં] સ્ત્રી. મહાભારતમાં વર્ણવેલી એ નામની એક પ્રાચીન નદી.

વીરકલ્પનાત્મક [સં] વિ. અદ્‌ભુત રસાત્મક; કૌતુકપ્રિય, 'રોમાન્ટિક.'

વીરકવિતા [સં.] સ્ત્રી. કવિતાની ત્રણ મોટેની એક જાત; વીરરસપ્રધાન કવિતા; પવાડો; વીરરસસંહિતા; વીરચરિત્ર; વીરકાવ્ય; મહાકાવ્ય. ગીત કવિતા, વીર કવિતા ને નાટક એ કવિતાની ત્રણ મુખ્ય જાત છે.

વીરકંઠ [સ.] પુ. બાજલાની ઉપર ઊંચા વપરાય માટે મૂકલી નાની બાજલી; ઊભ્રંલક.

વીરકાવ્ય જુઓ વીરકવિતા

વીરકેતુ પુ. (પુરાણ) દ્રોણાચાર્યે મારેલો પાંડવપક્ષના એક પાંચાળ.

વીરક્રિયા [સં.] સ્ત્રી. દુઃખિયાનું રક્ષણ કરવા સ્વાર્પણ કરવાની વૃત્તિ. સ્વાર્પણવૃત્તિ. શીખધર્મની ઉપરેખામાં લખ્યું છે ને અમૃતસરના ગુરુદ્વારમાં અનુભવ્યું છે કે, શીખ પ્રજામાં આવાં ધર્મતેજ અથવા તો વીરક્રિયાની જરૂર છે. વીરક્રિયા વગર, સાચો શીખ, નિજ ધર્મને રક્ષી નહિ શકે, તેમ જ સ્વધર્મ, સ્વાભિમાન સાચવી નહિ શકે. શીખનું જીવન તો પરોપકારનું જીવન છે. પારકી પીડા દૂર કરવા, જરૂર પડે તો કુરબાની કરવામાં પણ તે પાછો નહિ પડે. દીનદુર્બળોની વહાર ધાવું એ જ સિદ્ધ કે શીખ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. અને જ વીરક્રિયા કહેવાય.

વીરક્ષેત્ર [સ] ન. બહાદુરની જગ્યા કે સ્થળ.

વીરખલા ન. ઓંકારેશ્વર નજીકના નીલ પર્વત ઉપર સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસે આવેલું એ નામનું એક સ્થાન તે જગ્યાએથી પહેલાની પ્રથા મુજબ સ્ત્રી સતી થઈ નર્મદામા પડતી હતી. જેવી રીતે કાશીમાં કરવત મુકાવવાનો રિવાજ હતો તે પ્રમાણે અહીં પણ હતું. આ રિવાજ અત્રેના ભિન્નાલા વંશમાં શ્રી મહારાજા ભારતસિંહજી ચૌહાણના વખતથી બંધ કરી દેવામા આવ્યો હોય એમ લાગે છે.

વીરગણ [સ.] પું બહાદુરોની મંડળી; વીરોનો સમૂહ

વીરમતિ [સં] સ્ત્રી. બહાદુરને શોભે તેવું મનન. ધીરગતિ પામવી = સ્વર્ગ જવું.

વીરગર્જના [સ.] સ્ત્રી બહાદુરી ભરેલી હાક; પડકાર; આફ્વાન કે ઉત્તેજના કરનારી વીરની ગર્જના.

વીરગાથા [સં] સ્ત્રી. વીરની ગાથા; શૂરવીરની વાત.

વીરગીત [સ.] ન. પરાક્રમનું ગાયન. વીરગીતોની રચનાનો હેતુ ગીતો દ્વારા રસાસ્વાદન કરાવવાનો હોય છે.

ભગવદ્ગીતા એ **વીરગીત** છે. નવલરામ

વીરચરવિધિ સ્ત્રી. એ નામની તાંત્રિક ક્રિયાની એક વિધિ

સુંદરી અને મુરાનો જેમાં ઉપયોગ થાય છે એવી તાંત્રિક ક્રિયાની **વીરચર્યાવિધિ**માં મૂળ એ મતના પ્રચારમાં હોવાનો સંભવ છે.

રામકૃષ્ણ પરમહંસ

વીરજ ૧. [સં] ન. બહાદુરી; પરાક્રમ.

૨. ન. વીર્ય; ધાતુ; રેત

વીરજા ૧. સ્ત્રી વીરને જન્મ આપનારી સ્ત્રી.

૨. [સં.] સ્ત્રિ. સ્ત્રી. વીરથી ઉત્પન્ન થયેલી.

વીરજાનંદ પું. સ્વામી દયાનંદના એ નામના ગુરુ

વીરજાયો પું. વીરપુત્ર.

વીરડિયા (વીરડિયા) સ્ત્રી લેઉઆ કણબીની એ નામની એક અટક.

વીરડી (વીરડી) સ્ત્રી. નાનો વીરડો.

ખારા સમુદ્રમાં મીઠી વીરડી = દુઃખમાં આશ્વાસન રૂપ.

વીરડો (વીરડો) પું. નદી કે તળાવના સૂકા ભાગમાં પાણી માટે ખોદેલો ખાડો. તેનું પાણી જેમ જેમ ઊલેચવામાં આવે તેમ તેમ વધારેને વધારે પાણી તેમાં નીકળતું આવે છે અને સ્વચ્છ થતું જાય છે

વીરજુ ૧. પું (પુરાણ) એ નામે સનકાદિકોની પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરનાર એક પ્રજાપતિ.

૨ પું. ઝાળો વાળો; ખસ; એક સુગંધીદાર મૂળ; વિરણ.

૩. ન. એક પ્રકારનું ઘાસ. તે ઢોરના ચારા તરીકે કામ આવતું નથી. તેને ગૂમડ ઘાસ પણ કહે છે.

વીરજાના ઝોડ અને જો ત્યાં ઝીણાં રહેતાં હોય તે જગાએ પાણી છે એમ માનવું.

ખેતીવાડીનાં મૂળતત્ત્વો

વીરજક પું. (પુરા.) એ નામનો સર્પ

વીરજમાલા પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, નગણ અને સગણ એમ બાર અક્ષર હોય છે.

વીરજમાળા જુઓ વીરજમાલા.

વીરજવાળો જુઓ વીરજ ૨.

વીરજી સ્ત્રી. કપાસનો પાક.

કપાસના ભરેલા પાકને **વીરજી** કહે છે.

ખેતીવાડી પાઠ્યપુસ્તક

વીરતર જુઓ વીરજ ૨.

વીરતરુ ૧. [સં.] ન અર્જુનવૃક્ષ.

૨. ન. એક જાતની વનસ્પતિ.

૩. ન. કેરડી; કેરડાનું ઝાડ

૪. ન. બીલીનું ઝાડ.

૫. ન. બિલાગાનું ઝાડ.

વીરતા સ્ત્રી. શૂરવીરપણું; શૌર્ય; બળ; પરાક્રમ; પૌરુષ; મરદાઈ; બહાદુરી; વીરપણું.

ક્ષમા એ **વીરતા**નો છે કેવી મુજ સુજનાક્ષ,
પ્રેમ દયા અહિંસા એ બધાનો અર્થ એક છે.

બાપીગીતા

વીરત્વ જુઓ વીરતા.

વીરદલ [સં.] ન. આર્યવીરોનું લશ્કર.

વીરદંડ [સ.] પું. દડનો એક પ્રકાર; વ્યાયામવિદ્યામાં અંગકસરતની એક રીત.

વીરદ્યુમ્ન પું. (પુરાણ) ભૂરિદ્યુમ્ન રાજર્ષિનો પિતા. એને તનુ નામના બ્રાહ્મણની સાથે સંવાદ થયો હતો

વીરધન્વા ૧ [સં] પું. કામદેવનું એક નામ

૨. પું. (પુરાણ) ત્રિગર્તનો રહેવાસી, દુર્યોધન પક્ષનો એક રાજા. એને યુદ્ધમાં પૃષ્ટદ્યુમ્ને માર્યો હતો.

વીરધર્મ પું. (જૈન) મહાવીર સ્વામીએ સ્થાપેલ જૈનધર્મ.

આજે હિંદુસ્તાનમાં ગુજરાતની જે ખ્યાતિ છે તે ગુજરાતના કેટલા યે સુપુત્રોએ **વીરધર્મ** સ્વીકારી મરીજાદ પાલન કરી છે તેને લીધે છે.

કાલેલકર

વીરધર્મા પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા

વીરનર [સ.] પું. યોદ્ધો; સૈનિક.

વીરનાદ [સં] પું. વીરહાક; વીરનો રણપડકાર

વીરનારાયણ ન. એક જિલ્લાનું અમાઉનું એક મંદિર

ઈ. સ. બારમા તેરમા શતકમાં પશ્ચિમ હિંદમાં આ જાતનાં પદ્મનારાયણ, ગોકાનારાયણ, **વીરનારાયણ** વગેરે નામથી વિષ્ણુના અને બલદેવનાં મંદિરો બંધાયા હોવાના પુરાવા મળે છે.

ગુજરાતના તીર્થસ્થાનો

વીરનિર્વાણસંવત પું. ભારતીય ચોવીસ તીર્થંકરો પૈકી અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીના નિર્વાણ કે મોક્ષથી શરૂ થાય છે તેથી તેને વીરનિર્વાણસંવત કહે છે. એનો પ્રચાર બહુધા જૈન ગ્રંથોમાં મળે છે અને કયારેક કયારેક શિલાલેખોમાં પણ મળી આવે છે.

વીરનીરાજના પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે

વીરપત્ની [સં.] સ્ત્રી. વીરની પત્ની

વીરપત્રા [સં.] સ્ત્રી. ભાંગ

વીરપદ [સ.] ન. ઉચ્ચતા; શ્રેષ્ઠતા; બહાદુરી; શૂરવીરપણું

વીરપસલી [સં. વીર + પસલી (ભેટ)] સ્ત્રી. શ્રાવણ શુદ પૂનમે અથવા શ્રાવણ માસના પહેલા સોમવારે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ.

વીરપાન [સં.] ન. યુદ્ધમાં પરિશ્રમની શાંતિ માટે તથા યુદ્ધમાં ઉત્સાહ વધારવા માટે લેવાતું મદિરાપાન; દારૂ પીવો તે.

વીરપુંગવ ૧. [વીર + પુંગવ (હાથી)] પું. હાથી જેવો શૂરવીર પુરુષ.

૨. વિ બહાદુર.

વીરપૂજા [સં.] સ્ત્રી. વીર પુરુષનું થતું પૂજન; બહાદુર માણસની પૂજા કરવી તે; વિભૂતિપૂજા; 'હીરો વર્શિપ'.

વીરપોત ૧. [સં. વીર + પોત (બાળક)] પું. વીર બાળક.

બનવે જોઈ મુખમંત્રે કહું આ **વીરપોત** કોણ હશે?

નૈષધકાર

૨. પું શૂરવીરનો બાળક

વીરપ્રભુ [સં] પું. મહાવીર સ્વામી.

વીરપ્રસવા ૧. [સં. વીર (બહાદુર) + પ્ર + સૂ (જન્મ આપવો)] સ્ત્રી વીરસૂ; વીરપુત્રની માતા. વેદ અને સ્મૃતિમાં અપાયેલ 'વીરપ્રસવા થજો' એવો આશીર્વાદ ક્ષત્રિય ગણાય છે.

૨. વિ વીરને ઉત્પન્ન કરનારી.

વીરપ્રસૂતા જુઓ વીરપ્રસવા

વીરબહુક પું આશરે ૨૦ વર્ષની ઉંમરનો બહાદુર જુવાન

વીરખરી [હિં.] સ્ત્રી. એક જાતની મીઠાઈ.

વીરખાહુ ૧ [સં.] પું. એ નામના એક મુનિ. તેણે ઇંદ્રજાલ નામનું જાદુનું શાસ્ત્ર રચ્યું છે

૨ પું. (પુરાણ) એ નામનો એક ચાંડાલ; પ્રવીર. તેને ત્યાં રાજા હરિશ્ચંદ્ર વેચાયા હતા

૩. પું. (પુરાણ) ચેદિ દેશના નળરાજાના સમયનો એક રાજા; સુબાહુનો પિતા તેની ત્યાં દમયંતી રહી હતી

૪ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈઓ એક પુત્ર તેને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો

૫. પું. (પુરાણ) રામની સેનામાંનો એક વાનર

૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વીરખુહો સ્ત્રી. એ નામનું ઝાડવું.

આસોઠી, પદ્મકમળ, અળતો કે **વીરખુટ્ટી**ના ઝાડવા જેવું લાલ રંગનું આર્દ્ર શુદ્ધ ગણાય છે.

આયુર્વેદ રહસ્યાંક

વીરખજુ ન. એક જાતનું ઘાસ. તે ધોળું ને કુમળું હોય ત્યારે ઢોર ખાય છે. તેના મૂળમાં ઉત્તમ સુગંધી હોય છે.

વીરખદ્ર ૧. [સં.] પું. અગિયાર માંહેનો એક રુદ્ર

વીરખદ્ર, રુદ્રા, ગિરીશ, અજૈકપાત, અહિર્બુધ્ન્ય, પિનાકી, ભવાનીપતિ, ધૂર્જટિ, કપાલી, સ્થાણુ અને ભગ એ અગિયાર રુદ્રો ગણાવેલ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા

૨. પું. અશ્વમેધ યજ્ઞનો ઘોડો

૩. પું. બ્રાહ્મણ; બ્રાહ્મ.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. પું. શિવનો એક ગણ. મહાદેવજીએ આ ગણને દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ભંગ કરવા પોતાની જટામાંથી ખાસ ઉત્પન્ન કરેલ હતો. તે કાળનું અતિ ઉગ્ર સ્વરૂપ છે તે શિવનો એક પુત્ર પણ કહેવાય છે. મરાઠા લોકો તેની ખાસ પૂજા કરે છે. એલિફંટા અને ઇલોરાની ગુફામાં તેની મૂર્તિઓ માલૂમ પડે છે

રિષ ભગવાનના ક્રોધને લીધે ભદ્રકાળી તથા બીજા પાર્ષદો સહિત **વીરખદ્ર** ઉત્પન્ન થયા.

ભાગવતી કથામાલા

૬ પું. સુગંધી વાળો; ખસ

૭. વિ. કલ્યાણ કરવામાં પરાક્રમી.

વીરખદ્રાસન [સં.] ન. સર્વાંગદંડ વ્યાયામનું એક આસન. તે કરતી વખતે બે હાથ જોડી અંકારા તરફ ઊર્ધ્વ નમસ્કાર કરવા. ડાબો પગ આગળ લઈ વાળતો અને જમણો પગ પાછળ લઈ ગોઠણભેર વાળી તેના ઉપર આખા શરીરને ટેકાવવું

વીરખૂમિ [સં.] સ્ત્રી વીરોની જન્મદાતા ભૂમિ

વીરખોમ જુઓ વીરભૂમિ

વીરમ ૧. ન. ઘડાવું સમનાલ રાખવા રેતી અથવા કાંકરા ભરવા તે; વીરમ.

૨. ન વીરમગામની વસતિ

વીરમલ જુ જાલોર

વીરમંત્ર પું. કવચ, બખ્તર, સંજોયા

વીરમંત્રી પું. કલમી; બખ્તર

વીરમાતા [સં. વીરમાતૃ] સ્ત્રી. વીરપુત્ર; વીરપુરુષની માતા; વીરપ્રસવા, વીરપ્રસૂતા.

વીરમાર્ગ પું. (જૈન) જૈનધર્મ; મહાવીર સ્વામીનો પંથ

વીરયુગ [સં.] પું. જે યુગમાં વિશ્વભરમાં કોઈ મુખ્યત્વ થતા હોય તે યુગ

વીરરમણી સ્ત્રી. વીરાંગના; વીરાંગના

વીરરસ ૧ [સં.] પું. કરુણાદિ નવ મહેનો એક રસ; સાહસ, ધૈર્ય કે સામર્થ્યને પોષક કે અનુકૂળ પ્રેર એવો કાર્ય કે સ્વભાવનો ભાવ; અનુકૂળ ઉપકરણે કે પરાક્રમને પ્રેરે એવું વર્ણન. જે વિષય શરીરના વીર્ય યા ઓજસને સોંઘદાયી સ્થિતિમાં મૂકે છે તેને વીરરસ કહેવામાં આવે છે તેનો અધિષ્ઠાતા દેવ ઇંદ્ર છે. તેના દાનવીર, ધર્મવીર, દયાવીર ને યુદ્ધવીર એવા ચાર વિભાગ છે

૨. પું. નવ માનસ રસ માંહેનો એક રસ

૩. પું. જૂલના બાર માંહેનો એક રસ. આ રસ શક્તિ અને શૌર્યસૂચક છે

૪. પું. વીરકર્મ

વીરરેચ [સં.] પું. ભીમસેન.

વીરલી સ્ત્રી. જેનાં નોખ, નોખા, બેવડા કે ઓછા દાંત હોય તેવો ઘોડો

વીરવતી ૧. [સં.] સ્ત્રી પતિપુત્રવાળી સ્ત્રી

૨. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષનું એક નદી.

૩. [સં.] વિ. સ્ત્રી. વીરવાળી

વીરવર્મા ૧. પું. (પુરાણ) એ નામનો તાલધ્વજ રાજાનો એક પુત્ર

૨. પું. (પુરાણ) સારસ્વત નગરીનો એ નામનો એક રાજા. એની કન્યા માલિની તપ કરીને યમને વરી હતી

વીરવહુ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે

વીરવહુટ્ટી પું. ચોમાસામાં થતું એક જાતનું ઝાડવું; ઇંદ્રગોપ; મોકળગાય

વીરવંત વિ. વીરત્વવાળું

વીરવાટકો પું. મરાઠાસિયા કોમમાં મરનાર પુરુષના કારજ વખતે તેને સેજમાં બેન તરફથી અપાતા વાટકા સાધારણ રીતે તે ૯ કે ૧૩ હોય છે. તેમાંથી ૩ કે ૫ બેનને પાછા, ૧ વાટકો રાજગોરને, ૧ વાટકો જાનીને અને બાકી વધે તે સગાંવહાલાંઓમાં અપાય છે.

વીરવિક્રમ ૧. પું. એ નામનો એક રાજા; વિક્રમાદિત્ય.

૨. [સં.] પું. (સંગીત) રાજવિક્રમસિંહ એક તાલ.

વીરવિક્રમકાળ પું. ભારતીય ચોવીસ માંહેનો એક સંવત. તે ૧૯૭૮થી શરૂ થયો હોવાનું મનાય છે. કલ્યાણપુરના ચાલુક્ય સોલંકી રાજા વિક્રમાદિત્ય છઠ્ઠાએ પોતાના રાજ્યમાં રાજ્ય બેસતાં જ પોતાના નામનો સંવત પ્રવર્તાવ્યો હતો. માળવાના પ્રસિદ્ધ વિક્રમાદિત્યના સંવત્સર. આ સંવત જુદો છે એમ બતાવવા માટે તેને ચાલુક્ય વિક્રમકાલ, ચાલુક્ય વિક્રમવર્ષ, વીરવિક્રમકાળ, વિક્રમકાલ કે વિક્રમવર્ષ નામો આપવામાં આવેલ છે. આ સંવત એ રાજવીના રાજ્યારોહણથી શરૂ થયેલ છે. આ સંવતનો પ્રારંભ ચૈત્ર સુદિ ૧થી થાય છે. આ સંવત ૧૦૦ વર્ષ સુધી ચાલીને બંધ પડી ગયો હોવાનું મનાય છે.

વીરવિક્રાંત પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે

વીરવિજયજી પું. એ નામના એક જૈન કવિ.

વીરવિદ્યા ૧. [સં.] સ્ત્રી. કલમ; બાદલ; નાગરમોથ

૨. સ્ત્રી. ઉગ્ર સ્વભાવના કે બળવાન ભૂત સાધવાની મંત્રવિદ્યા; વીરને સાધવાની વિદ્યા; વીર વશ કરવાની વિદ્યા

૩. સ્ત્રી. પરાક્રમ કરવા સંબંધી સમજણ.

૪. સ્ત્રી. મર્દાનગીને લગતું શિક્ષણ; બહાદુરી તાલીમ

વીર વિમાન પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ૭ જગણ અને બે ગુરુ મળી વીસ અક્ષર હોય છે.

વીર વિશ્રામ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, રગણ, નગણ, રગણ અને બે ગુરુ મળી સત્તર વર્ણ હોય છે

વીરવીરી સ્ત્રી. ભાઈ બેન

વીરવૃક્ષ ૧. [સં.] ન. અર્જુનવૃક્ષ.

૨ ન. આસોંદ; એક ઔષધિ, આસંધ.
૩ ન સિલામો

વીરવૃત્ત [સં] પુ વીરરસ મહાકાવ્યની રચના માટે કવિ નર્મદાશંકર યોજેલો એ નામનો એક છંદ

વીરશુનિકા [સં] સ્ત્રી. બહુ બસનારી કુતરી.

વીરશૈવ ૧. પુ. દક્ષિણમાં વસતો એ નામનો એક શૈવ સંપ્રદાય.

૨. પુ. વીરશૈવ પંથને માનનાર માણસ; એ નામના શૈવ સંપ્રદાયનો આદમી. વીરશૈવની બાબાઓ અનેક છે. પરંતુ ટૂંકામાં વીરશૈવ એટલે જેમનું શૈવ ધર્મમાં વીર જેવું વર્તન છે, જે કાળની સાથે ટક્કર ઝીલી પોતાની શુદ્ધ પરંપરાને કાયમ રાખી શિવને શિવધર્માનુસાર જ ભજે છે, તે જ ખરેખરો વીરશૈવ કહેવાય છે

વીરશૈવ પંથ પુ દક્ષિણમ. વસતો. એ નામનો એક શૈવ સંપ્રદાય. આ ધર્મના સ્થાપક પંચાચાર્ય છે. તેઓ જુદે જુદે કેમણે સિદ્ધાસન એટલે કે પીઠ સ્થાપી મઠ મારફત આ ધર્મપ્રચારનું કાર્ય કરે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં કનડ પ્રાંતનાં દરેક ગામમાં વીરશૈવ મઠ નજરે પડે છે. આ ધર્મના ત્રણ ભેદ છે (૧) સામાન્ય વીરશૈવ. (૨) વિશેષ વીરશૈવ અને (૩) નિરાભારી વીરશૈવ.

વીરશૈવ મત જુઓ વીરશૈવ પંથ.

વીરશ્રી [સ.] સ્ત્રી. શૂરવીરની કીર્તિ અથવા તેજ

વીર સંવત પું. (જૈન) ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછીથી ચાલેલો સંવત.

વીર સંહિતા સ્ત્રી. વીરકવિતા; પવાડો; વીરરસ કાવ્ય.

વીરસાજ [સ. વીર + સાજ (સામાન)] પું. વીર પુરુષનો વેષ; વીર નરે પહેરવાનો સાજ; વીર પુરુષનાં કપડાલત્તાં, લશ્કરી સામાન વગેરે સાધનો; શૂરવીરનો પોશાક કે સામગ્રી

વીરસૂ [સં. વીર (બહાદુર) + સૂ (જન્મવું)] સ્ત્રી. વીર માતા; વીર પુરુષની માતા; વીર પુરુષ ઉત્પન્ન કરનાર માતા. એ સંબંધમાં કવિ વિહારી આજથી અરધી સદી પહેલાં વીરસૂને ઉદ્દેશીને લખે છે કે

તારા જેવી કર્મઠ ભક્ત પ્રસવી પ્રખ્યાત ભૂની મહીં,
માતા પુત્રવતી ગણાઈ પ્રસવી જાં શૂર દાતા કંઈ,
વધ્યા સારી, ન ખોઈ નૂર પ્રસવ્યા જેણે બીજા નૃપશુ,
તું થાજે નરવીરરત્ન પ્રસવી વીરાંગના વીરસૂ.

શુક્રાચાર્ય અને બને સુરગુરુ નીતિજ્ઞ બૃહસ્પતિ,
તું થાજે ગુરુ દ્રોણ શિષ્ય શીખવી જેણે કર્યા મ્હારથી,
કેવે તું નિજ શિક્ષણ કૃતિ રીતિ કેરિક કે ભેલની,
કેવે સ્પેન્સરની સ્વભાવિક રીતે શિક્ષા ગુરુ નું બની

તેને કેળવણીમહીં મનતણી વિદ્યા ઊંચી આપજે,
તેને કેળવણીમહીં નીતિતણી સદ્‌ગુણ શિખાવજે,
તેને કેળવણીમહીં તનતણી પુષ્ટિ તને આપજે,
સૌમા એક જ દિવ્ય દેશપ્રીતિનુ પ્રાધાન્ય તું રાખજે.

જેની પ્રીતિ પૂરી પ્રજા હક પાળવામાં,
જેની નીતિ અધમ રાજ્ય ઉદ્ધારવામા,
જેનાં નીતિ પ્રભુમ રાજ્ય પ્રજા અભેદે,
જેને ભીતિ નહિ રજે નિમને ન કદે.

એ વીરસ્તોત્ર તનુ વીરને કરાવે,
એ દેશભક્ત વીર હર્ષ થકી વધાવે,
એ વર્તમાન વીર કૃષ્ણ સમાન માની,
શીખે રીતિ કૃતિ અનુસરી ચાલવાની.

વીરસેન ૧ પુ અરાઠક રાજાનો, એ નામનો એક પ્રધાન.

૨. પું. (પુરાણ) કોસલ દેશનો રાજા.

૩. પું. નૈષધ દેશના રાજા સુરસેનનો ભાઈ. તે નળ રાજાનો કાકો હતો

વીરહા ૧ પુ (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે ષટપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૧૩૬ લઘુ મળી ૧૪૬ વર્ણ હોય છે

૨. [સં. વીરહન્] પું. નષ્ટાગ્નિ, જેના અગ્નિ નાશ પામ્યો છે તે અગ્નિહોત્રી

૩. પું. વિષ્ણુના હજાર આપેલ એક નામ.

વીરહાક સ્ત્રી. શૌર્ય ભર્યો પડકાર; યુદ્ધ પ્રસંગે યોદ્ધાની ભયંકર ચીસ; જોરથી હાકોટો પાડવો તે; જુસ્સાભેર હોકારો કરી લડવા માંડવું તે; રણ ગાજી રહે તેમ ગાઢ પાડી લડવું તે.

વીરહાર સ્ત્રી. ખોબોએ હાથના પોંચાથી કોણી સુધી પહેરવાની ત્રાજવાંની હાર.

વીરા ૧ પુ (પિંગળ) જાતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અવીરા; પાપિત્તા; પવિત્રા; પાર્ષ્ણિ; પ્રથિતા; પ્રાપ્તિ, પાયત્ત; પાયત્તારુ; પાદાતાલી. તેના દરેક ચરણમા મગણ, ભગણ, સગણ એમ નવ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) માત્રામેળ પિંગળ પ્રમાણે એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ; બીરા. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૨૯ ગુરુ અને ૫૪ લઘુ મળી ૮૩ વર્ણ હોય છે.

૩. [સં.] સ્ત્રી. અતિવિષની કળી.

૪. સ્ત્રી. એક જાતની કુંવાર.

૫. સ્ત્રી. એક સુગંધી પદાર્થ; એલચ.લુક..

૬. સ્ત્રી. કેળ.

૭. સ્ત્રી. ક્ષીરકાકોલી.

૮. સ્ત્રી. ક્ષીરવિદારી; વિદારી નામની વનસ્પતિ.

૯ સ્ત્રી. દુર્ગા.

૧૦. સ્ત્રી. (જ્યોતિષ) નવ તારામાની એક તારા

૧૧ સ્ત્રી. પતિપુત્રવાળી સ્ત્રી.

૧૨ સ્ત્રી. વાઢી વનસ્પતિ

૧૩ સ્ત્રી (પુરાણ) ભારદ્વાજ અગ્નિની સ્ત્રી.

૧૪ સ્ત્રી. મદિરા

૧૫ સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી

૧૬ સ્ત્રી મહારાતાવરી

૧૭ સ્ત્રી. મુરા નામનુ ગણ દ્રવ્ય; શાલિપર્ણી.

૧૮ સ્ત્રી. સીસમ.

૧૯ ન એ આગળ વધ્યેલ પાતળી ચામડીનું બંડારું.

વીરાગ્રણી [સ વીર (યોદ્ધો) + અગ્રણી (સરદાર)] પું વીર પુરુષનો સરદાર.

વીરાચાર [સં.] પુ. સમાન ભાવનો આચાર.

વીરાજી પું. વીર; વડીલ ભાઈ

વીરાતન [સં] ન. (જૂ. ગુ.) શરાતન. વહિર પુત્ર હુવ સાહસધીર વીરઈ વડુ વીરાતન વીર. ભાવપ્રકાશમય

વીરાત્મા પું. શૂરવીર નર; બહાદુર પુરુષ.

વીરાધિવીર [સ.] વિ. વીરશિરોમણિ; વીરોનો અધિપતિ, વીરમાં શ્રેષ્ઠ; વીરતમ.

વીરાન ૧. [ફા.] વિ. ઉજ્જડ; ઉજાન.
વીરાન કરવુ = (૧) ઉજ્જડ કરવું. (૨) નાશ કરવુ

૨. વિ. ઉદાસ

વીરાબ્દ પું. મહાવીર સ્વામીના વખતથી ચાલતુ વર્ષ.

વીરાલય [સં. વીર (બહાદુર) + આલય (સ્થાન)] ન. વીરભૂમિ; વીરનું સ્થાન.

વીરાવંસન [સ] ન ભયંકર યુદ્ધભૂમિ; ભારત ભય આપનાર યુદ્ધભૂમિ.

વીરાસન ૧. ન. (યોગ) એક જાતનું આસન; પર્યંકાસન; જમણા પગને ડાબા સાથળ ઉપર અને ડાબા પગને જમણા સાથળ ઉપર રાખી બંને પાનીઓ ઉપર ડાબો હાથ અને તે ઉપર જમણો હાથ ચત્તો રાખવો, ડોક સીધી રાખવી, દૃષ્ટિને નાસાગ્ર પર સીધી રાખી બેસવુ તે. ડાબા પગને ઢીંચણથી વાળીને બેવડો કરવો અને ડાબા ગુલ્ફ ઉપર બેસવુ અને તે પ્રમાણે બેવડા વાળેલા પગની જંઘ ઉપર જમણા પગનો

અમ બાજ ગોઠવ્યો. શરીર તેમ રાખવું નહિ તે પણ વીરાસન કરેવાય છે એ જ પ્રમાણે જમણા પગને વાળીને જમણી જાંઘ ઉપર ડાબા પગનો અગ્ર ભાગ મૂકવાથી વીરાસનનો બીજો પ્રકાર થાય છે. આ આસનથી પ્રમાદ દૂર થાય છે અને દરેક કાર્યમાં સત્વરતા વધે છે.

૨. ન. ખુરસી જેવું આસન.

૩. ન. ભીંત વગેરેના આધાર વિના બેસવું તે; એક પગ નીચે રાખી બીજા પગ ઉપર સાથળ રાખીને સરખી કમાયી બેસવું તે.

૪. ન. વીરને છાજે એવી રીતની બેઠક

વીરાસનિક જિ વીરાસને બેસનાર.

વીરાસ્રિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ઉંદુવલા; ઉંદવલા. તેના દરેક ચરણમાં બે તગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે તેમાં પાંચમા અક્ષર ઉપર વિસ્રામો આવે છે

વીરાંગના [સં. વીર (બહાદુર) + અંગના (સ્ત્રી)] સ્ત્રી. બહાદુર સ્ત્રી; વીર રમણી.

વીરાંતા પું. (પુરાણ) પંક્તિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

વીરાંદડી સ્ત્રી. રોંઢો કરવો તે.

વીરિણી ૧. સ્ત્રી. (પુરાણ) અદિતિક પિતરની માનસ કન્યા પીતરી. તે શુક્રાચાર્યની સ્ત્રી હતી.

૨. સ્ત્રી. (પુરાણ) બ્રહ્માના ડાબા અંગૂઠામાંથી ઉત્પન્ન થયેલી દક્ષ પ્રજાપતિની એક સ્ત્રી

૩. સ્ત્રી. (પુરાણ) વીરણ પ્રજાપતિની કન્યા નહુષના અસિક.

વીરી ૧. સ્ત્રી. બહેન

૨. સ્ત્રી. વીર રમણી, બહાદર સ્ત્રી

વીરેણી [સ.] સ્ત્રી ખસખસનો ડોડ.

વીરેય જુઓ વીરેયા.

વીરેયા [સ.] સ્ત્રી એક જાતની વેલ

વીરૂ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કાકે તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં સગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે

વીરેશ્વર ૧. [સ] પું કાશીમાં આવેલ એ નામના એક મહાદેવ

૨ પું વીરોનો પતિ

૩. પું. શિવનાં હજાર માહેનું એક નામ

વીરેંદ્ર [સં.] પું. જુઓ વીર; વીરોમાં ઇંદ્ર જેવો સર્વોત્તમ પુરુષ.

વીરો ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આગળી પિંગળ પ્રમાણે આ છંદ આઠક છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ ગુરુ અને ૬૮ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

૨. [સં. વીર] પું. ભાઈ; બંધુ; સહોદર.

વીરોચિત [સં. વીર (યોદ્ધો) + ઉચિત (લાયક)] જિ વીરપુરુષને લાયક; શૂરવીરને શોભે; વીરને છાજે તેવું.

વીરોજ ન. એક જાતનું ગળેરાતનું તંત્ર

વીરોજમંડ ન. મેંદાની પુરીના આકારની એક મીઠાઈ.

વીરોત્સાહ ૧. [સં.] પું. બહાદુરી ભરેલો ઉત્સાહ.

૨. પું. વીર પુરુષને છાજે એવો ઉત્સાહ

વીર્ગો [પ્રો. વીર્ગો (કુમારિકા)] સ્ત્રી એ નામે ગ્રીસ દેશના આર્કેડિયા નામના રાજ્યની કુમારી. તેને વિશે ગ્રીક ગાથામાં એવી વાર્તા છે કે, તે સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવી વસી; પણ પૃથ્વીના માનવીઓના અધર્મી આચરણોથી આકાશમાં ઊડી ગઈ, ત્યાં તે સ્થાયી થઈ.

વીર્ઘ [અ વિર્ઘ] ન. માળા ફેરવવી તે.

વીર્ય ૧. પું. (પુરાણ) અક્રૂરનો એ નામનો એક પુત્ર.

૨. ન. (જૈન) આત્મશક્તિ; સ્વશક્તિ; જીવનું સામર્થ્ય

૩. ન. ઉદ્દક વિમાન.

૪ ન. ઉત્સાહ

૫. ન. કાંતિ; તેજ; પ્રભાવ

૬. ન. કૌવત; બળ; શક્તિ; પરાક્રમ; સામર્થ્ય

૭. ન. શૌર્ય; શૌર્ય; મર્દાઈ

૮. ન. દ્રવ્યમાં રહેલ રસવિપાકાદિ શક્તિરૂપ એક પ્રભાવ

૯ [સ. ધૂ (રક્ષણ કરવું)] ન. ધાતુ; બીજ; રેત; શુક્ર; પુરુષની ઇંદ્રિયમાંથી પડતું સત્ત્વ; શરીરમાં રહેલી છેલ્લી ધાતુ. શરીરની આ મુખ્ય વસ્તુ આપણે જે ખોરાક ખાઈ એ છીએ તેની બને છે. ખોરાકનો પ્રથમ રસ થાય છે, રસમાંથી લોહી, તેમાંથી માંસ, માંસમાંથી ચરબી, ચરબીમાંથી અસ્થિ, તેમાંથી મજ્જા અને મજ્જાનું વીર્ય બને છે. રસમાંથી એક મહિને વીર્ય તૈયાર થાય છે. વીર્ય ગ્રંથિમાં બને છે અને તેને સર્વ જનારી નાડીઓ દ્વારા તે મૂત્રમાર્ગમાં આવે છે. શુદ્ધ વીર્ય રંગમાં સ્ફટિક જેવું, ગંધમાં મધ જેવું, મીઠાશવાળું, પ્રવાહી અને મધુર હોય છે પંદરથી સત્તરમા વર્ષ સુધીમાં પુરુષ વયમાં આવે છે અને આ સમયે અંડપુટમાં શુક્ર જંતુ ઉત્પન્ન થવા માંડે છે અને તે કોઈ માસગ્રંથિમાંથી ઉત્પન્ન થતા રસ સાથે મળી જઈને જનનેંદ્રિયમાંથી બહાર આવે છે આ સ્રાવને જ વીર્ય કહે છે. સ્ત્રીઓને પણ વીર્ય હોય છે. પણ પુરુષનું વીર્ય પ્રધાન મનાયું છે. સંભોગ વખતે સ્ત્રીઓ પણ પુરુષોની માફક વીર્ય સ્રાવ કરે છે. ઉપનિષદમાં કહ્યું છે કે, દિનરાતની અવધિમાં ઉગેલું અનાજ પ્રજાપતિ છે. અન્ન કેવી રીતે પ્રજાપતિ છે એમ સમજવા જગવતી શ્રુતિમાં કહે છે કે, અન્નથી વીર્ય ઊપજે છે એ અવજન્ય વીર્ય શાસ્ત્રીય રીતે જ્યારે સ્ત્રીસિક્ત થાય છે ત્યારે જ ઈશ્વરેચ્છાને લઈને આ પ્રત્યક્ષ પ્રજાઓ ઉત્પન્ન થાય છે. તાત્પર્ય કે ઈશ્વરેચ્છાને લઈ તે ખાધેલા અન્નનો પરિપાક થતાં વીર્યદ્વારા પ્રજા માત્રની ઉત્પત્તિ થતી હોઈને વીર્ય નિત્ય પ્રજાપતિ છે. તેમાં એક જાતનાં ગોળ ગોળ કણ રહેલા હોય છે. એક ડ્રામ વીર્ય લોહીના પાંચ ઔંસ બરાબર છે, એમ ટીસ્ટ જણાવે છે. વીર્યનું રાસાયણિક પૃથક્કરણ કરતાં તેમાં ૬૦૦ ભાગ પાણી, ૬૦ ભાગ ચુકર, ૨૦ ભાગ સોડા, ૨૦ ભાગ ફોસ્ફેટ ઑફ લાઇમ છે અભિનવ કામશાસ્ત્રમાં કહ્યું છે કે, એક વખતના સમાગમમાં અઢી તોલા વીર્ય પડવાનો સંભવ છે. એ અઢી તોલા વીર્ય બે રતલ લોહીમાંથી બને છે. બે રતલ લોહી ૮૦ રતલ ખોરાકમાંથી બને છે. હમેશનો પોણા રતલ શેર ખોરાક જે માણસ ખાઈ શકે એટલે કે બે મણ ખોરાક જેટલા વખતમાં ખવાય તેટલા વખતમાં અઢી તોલા વીર્ય બને છે અને તે એક જ વખતના સમાગમમાં પતન થાય છે

> વીર્યમાં પોતા જેવો જીવ પેદા કરવાની શક્તિ હોય તે વીર્યનો સહજ સંભવ એ જેવી તેવી વાત હોઈ જ ન શકે. જે વીર્યના એક બુદબુદા જે શક્તિ છે, તેવા અનેક બુદબુદની શક્તિનો સમૂહ થાય એ શક્તિનું માપ પણ કોણ કાઢી શકે ?
>
> ગાંધીજી

વીર્યકણ પું. વીર્યજંતુ અભિનવ કામશાસ્ત્રમાં લખ્યું છે કે, વીર્યકણ તે સ્ત્રીબીજને મળતા છે. વીર્યકણને જાડી લાંબી પૂંછડી હોય છે તેના શરીરના પ્રમાણમાં તેની પૂંછડી અત્યંત લાંબી કહી શકાય તે નરી આંખે દેખી શકાય એવા નથી પણ સૂક્ષ્મદર્શક યંત્રથી દેખાય છે. તે વીર્યના પ્રવાહમાં તરે છે. ૧ ઇંચના ૪૦ મા ભાગ જેટલી તેની લંબાઈ છે. એક વખતના સ્રાવમાં તેમની સંખ્યા ૨ થી ૪ કરોડની જણાય છે. આ બધામાં સ્ત્રીબીજને ફલદ્રૂપ કરવાની શક્તિ હોય છે

વીર્યકોષ [સ] પુ. વીર્યકોથળી. મલાશય અને બસ્તિની વચમાં આવેલી આ બે કલ્પાન્તર ગ્રંથીઓ વીર્યને સંચરવા માટે અત્યંત ઉપયોગી . સંભોગ વખતે આ અવયવોમાંથી પણ એક જાતનો સ્રાવ થાય છે. તે વીર્ય સાથે મળીને વીર્ય સ્ખલિત થઈ બહાર આવે છે. આ બને કોષોની રચના પણ બારીક છે. ઘણા ગૂંચળાં અને ભાગોના તે બનેલા હોય છે

વીર્યજંતુ જ. વીર્યમાં રહેલ સૂક્ષ્મ જીવ.

વીર્યધર પું (પુરાણ) શાલ્મલીદ્વીપ માહેના એ નામના એક જાતના લોક

શાલ્મલીદ્વીપમા કુલધર, **વીર્યધર**, વસુંધર અને ઈષ્વધર નામના ચાર વર્ણો વેદમય ચંદ્રમારૂપી ભગવાનને ભજે છે. ભાગવતી ભાગવત

વીર્યનાલ [સં વીર્ય + નાલ (નળી)] સ્ત્રી. ગર્ભાશયથી વીર્યાશય સુધી વીર્ય લઈ જનાર નળી, ગર્ભમાં રહેલી વીર્યસ્રાવ કરનારી એક નળી

વીર્યનાશ [સં] પુ. વીર્યનો દુરુપયોગ કરી તેનો નાશ કરવો તે.

બ્રહ્મચર્ય એ દમન છે અને **વીર્યનાશ** એ મરણ છે. વિદ્યાવિજયજી

વીર્યપતન જુઓ વીર્યપાત

વીર્યપાત [સં.] પું. વીર્યનું ઝરવું તે; વીર્યસ્રાવ વીર્યપતન; વીર્યસ્ખલન

વીર્યબિંદુ [સં.] ન. પુરુષબીજ; પ્રજોત્પત્તિબિંદુ.

વીર્યબીજ ન. પુરુષનાં વીર્યજંતુ. તેનાથી સ્ત્રીનું યોનિરજ મૂળરૂપ બની, ગર્ભધારણ કરે છે અભિનવ કામશાસ્ત્રમાં લખ્યું છે કે, પચીસ વર્ષ પહેલાં પુરુષનાં વીર્યબીજ પરિપક્વ નથી થતાં અને સોળ વર્ષ પહેલાં સ્ત્રીનાં સ્ત્રીબીજ (રજ) પરિપક્વ નથી હોતાં.

વીર્યભિક્ષા સ્ત્રી. ગર્ભ. હમેલ

વીર્યમદ [સં વીર્ય (પરાક્રમ) + મદ (અહંકાર)] પું. શારીરિક બળનો અહંકાર

વીર્યરક્ષક [સં] પું. બ્રહ્મચારી.

વીર્યરક્ષા [સં.] સ્ત્રી. વીર્ય ગળતું સાચવવું તે. વિદ્યાવિજયજી મહારાજ લખે છે કે, તપશ્ચર્યા અને સિદ્ધિઓ સિદ્ધ કરવાનો એક ઉપાય છે તે વીર્યરક્ષાનો છે. તેની પાછળ બધી સિદ્ધિઓ આપોઆપ આવી આવશે.

વીર્યવત્તા ૧. સ્ત્રી. ઉત્તેજન

૨. [સ.] સ્ત્રી. જનનશક્તિ

વીર્યવર્ધક વિ. (વૈદક) વીર્ય કે ધાતુ વધારનાર.

વીર્યવંત ૧ [સ.] ન. (હિંદ) એક જાતનું હિંડોળા ઘર.

એ હિંડોળા ઘરના મુખ આગળ ચાર બારિઓ હોય. કાળી, જમણી ને પાછળની બાજુએ એ પ્રમે ઘરને એક એક બારિ એટલે બે બે બારિઓ હોય અને તે ઘરના મુખ આગળ એક મંડપ બનાવીએ તો તે ઘરનું નામ **વીર્યવત** કહેવાય છે. રાજવલ્લભ

૨. વિ. પરાક્રમી; બળવાન

વીર્યવાન ૧. પું (પુરાણ) બારમા માહેના એક સાધ્ય દેવ

૨. [સ. વીર્ય (પરાક્રમ) + વત્ (વાળુ)] વિ. બળવાન; જોરાવર; પરાક્રમી

વીર્યવાહિની [સં.] સ્ત્રી વૃષણમાંથી વીર્યાશય સુધી વીર્ય લઈ જનારી નળી.

વીર્યશાલી [સં વીર્યશાલિન] સ્ત્રી. શક્તિશાળી, પરાક્રમી; બળવાન

વીર્યસંગ્રહ [સં.] પું. વીર્યનો સંગ્રહ; વીર્યરક્ષા.

વીર્યસ્ખલન [સં. વીર્ય (ધાતુ) + સ્ખલન (પડવું તે)] ન. વીર્યનું પડવું તે. વીર્યસ્રાવ.

વીર્યસ્તંભક [સં.] વિ. ધાતુને સંભાળી રાખનાર; વીર્યને દબાવી રાખનાર

વીર્યસ્રાવ [સં] પું. વીર્યનું સ્ખલન; વીર્યનિસ્સરણ; વીર્ય ઝરી જવું તે

વીર્યહાનિ ૧. [સં.] સ્ત્રી. નપુંસકતા.

૨. સ્ત્રી વીર્યનો વ્યય; વીર્યને નુકસાન

૩. સ્ત્રી. શક્તિનો અભાવ

વીર્યહીન ૧ [સં.] વિ. અશક્ત; નિર્બળ; સૌર્યરહિત

૨ વિ. પૌરુષ રહિત

વીર્યા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નિસ્કા. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ અને સગણ મળી ૭ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. એ નામની એક દેવી.

વીર્યાચાર પું. (જૈન) આચાર્યે પાળવાના પાંચ માહેનો એ નામે એક આચાર; જે ધર્મક્રિયામાં જૈન આચાર્યો પોતાની શક્તિ સંપૂર્ણ રીતે વાપરે છે તે; ધર્મની બાબતમાં પુરુષાર્થ કરવાને લગતા આચાર; જ્ઞાનાદિ મોક્ષસાધન સંપાદન કરવાને વીર્ય ફોરવવું તે

વીર્યાચારક વિ. (જૈન) વીર્યાચાર પાળનાર.

વીર્યાત્મા [સં. વીર્યાત્મન્] પું. (જૈન) સામર્થ્ય રૂપ આત્મા; આત્માના આઠ માહેનો એક પ્રકાર.

વીર્યાધાન [સં.] પું. ગર્ભમાં વીર્યપ્રવેશ.

વીર્યાશય [સં.] ન. મૂત્રવાહિનીમાનો એક ઊંચો ભાગ. તેમાં વીર્યની નળી દાખલ થાય છે.

વીર્યાશય [સ. વીર્ય + આશય (સ્થળ)] ન અંડકોષ; મૂત્રાશય અને મળાશય વચ્ચ રહેલ સ્ત્રીને સ્ત્રીનો રક્ષણકર અવયવ; જેમાં વીર્ય ભરાઈ રહે છે તે નળી; વીર્યનું સ્થાન; વીર્ય ઝરાવટની ક્રોયણી વૃષણમાંથી પેડુમાં આવી મૂત્રાશય ઉપર થઈ તેને તળીએ ઊતરતી પહોળી ગૂંચળાવાળી અને વીર્યથી ભરેલી નળીઓ તેના અને ભાગ મૂત્રાશય અને ગુદાની વચ્ચ આવે છે, તેમના પાછળના છેડા એકમેકથી દૂર અને આગળના છેડા નજીક આવે છે આ નળીઓ મૂત્રમાર્ગમાં ઊઘડે છે અને સાથી રસદાર સફાચાવથી વીર્ય બહાર નીકળે છે

વીર્યાંતરાય જ. (જૈન) અંતરાય કર્મના પાંચ માહેનો એ નામનો એક ભેદ; પુરુષાર્થ કરવા નહિ દેનારું કર્મ મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ કહે છે કે, દરેક પ્રકારનું પુણ્ય, ધર્મકાર્ય, બ્રહ્મચર્યસેવન, નાના પ્રકારનાં સત્કર્મો, સદાચાર આદિ સત્કર્મો કરતા રોકે તે અંતરાય કર્મ છે. તે કર્મોદય કરવા નથી દેતું

વીલ ૧ સ્ત્રી. એ નામનું એક પક્ષી

૨. સ્ત્રી. બરતી; વેળા

૩. જ. અડધા રૂપિયાનો સાંકેતિક શબ્દ

૪. જ. પૈડું

૫. જ. ઘાડિયું; અરધિયું

૬. [અં] જ. વસિયતનામું; મૃત્યુ વખતે કરેલ વ્યવસ્થાનું પત્ર

વીલ કરવું = વસિયતનામું કરવું

વીલકો પુ. અર્ધો રૂપિયો. તે વેપારીની ભાષામાં વપરાય છે

વીલપાઈ સ્ત્રી બેમાની. સોની લોકો ઘરાક ન સમજી શકે માટે પોતાની પારસીમા બેમાની બદલે વીલપાઈ કહે છે.

વીલપાવર ૧. [સં.] સ્ત્રી. ઇચ્છાશક્તિ.

આ બાબતમાં જેમણે પોત નો **વીલપાવર** જેવી કળવો હોય છે તેનો તે સ.મા માણસમાં અસર ઉપજાવી શકે છે. વિદ્યાવિજયજી

૨ સ્ત્રી. મનોબળ

વીલાઈ ૧ સ્ત્રી. નાગાઈ; સુરચાઈ.

૨. સ્ત્રી. સુવાણી સ્વાટી

વીલાં જ. બ વ. એક જાતના પક્ષી; વીલ આ પક્ષીઓ ટોળામા ઊડે છે માટે બહુવચનમાં બોલાય છે

વીલિયું જ. અડધા રૂપિયાનો સાંકેતિક શબ્દ.

વીલું ૧. [સં. વિહ્વલ] વિ હીનું; નિસ્તેજ; ઝાખું; નિર્માલ્ય; ઢીલું; નાસીપાસ થયેલ; શરમિંદુ, મહારામેલું

૧ વીલું પડવું = (૧) શરમિંદું થવું. (૨) માથું વિનાનું થવું.
૨ વીલું મોં કરવું = શરમ, કલંક કે ખેદથી મોં ઊતરી જવું.
૩. વીલે મોઢે = હતાશ સ્થિતિએ.
૨. વિ. કરમાયેલું; વેવલું.
૩. વિ. વિખૂટું; છૂટું; રખડતું; રઝળતું; રહેવા દીધેલું, બેદરકારીથી વહેતું મૂકેલું. તે કામ, બાળક વગેરે માટે બોલાય છે.
વીલું મૂકવું = સાથ વિનાનું કે રખડતું કરવું

વીલો [અં.] જ. અંડાકાર હોડકું. ઇંગ્લંડના વહાણવટામાં સધ્યું છે કે અંગ્રેજી ભાષામાં તે ફોરેકલ એટલે અંડાકાર હોડકું કહેવાય છે વીલો ન.મન. ક્રાંતની કાળીઓની ટોપલી બનતી તેમાં સુકાઈલા ચામડા પાયરવામાં આવતાં હતા. આ ચામડાને લીધે હોડકામાં પાણી ભરાતું નહિ.

વીલોવીલ જ અર્થોઅર્થ.

વીવધ ૧ પુ (પિંગ.) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે
૨. [સં.] પું. ચોખા વગેરેનો સમૂહ.
૩. પું. ભાર.
૪ પુ માર્ગ, રસ્તો.

વીવિંગ ૧. [અં.] જ. જેમાં સૂતર વણવાનાં યંત્રો હોય તે ખાતું.
૨. જ. વણાટ કામ.

વીવિંગ મારૂઅર [અં.] પું. વણાટ બાતાનો ઉપરી

વીવી ૧ સ્ત્રી ખોટી ખબર; અફવા; ગપ
૨. સ્ત્રી. તીવ્ર ઇચ્છા.

વીવીર ન એક જાતનું ઝાડ તે ૫૦થી ૮૦ ફૂટ ઊંચું થાય છે અરિયામા અને હિમાલય ઉપર તેની ઘણી ચેટા જાતો થાય છે. તે બહુ જલદી વધે છે આ ઝાડ પવન સામે બહુજ દૃઢતા ટકી શકે છે તેથી ઓથ માટે વવાય છે કમીરમાં રસ્તા ઉપર સાબો ઝાડો વાવવામાં આવ્યાં છે તેનુ લાકડું હલકા વજનનું અને સીક્ટ છે તનાં ક્રિકેટ બેટ સારાં બને છે. એનો કોમળ આંક કરતાં છ સાત ગણી વધારે હોય છે કુલોમ.થી બેહમુરક્ક નામનું વગાડિયુ પાણી બને છે અને તે દવા તરીકે વપરાય છે તેની છાલ પૌષ્ટિક, ગ્રાહી, કૃમિઘ્ન, જ્વરઘ્ન, તીક્ષ્ણ સ્રાવિય., વાતરક્ત, ઝાડા અને મરડા માટે કીમતી ગણાય છે. ખ.ઔષધોપચારમાં સડો અટકાવનાર તરીકે વપરાય છે.

વીશ [સં. વિંશતિ, પ્રા વીસ] વિ ને બાર દશ દશ; ૨૦.
૧ ઠેઠની વીસે સો થવું = બહુ મુશ્કેલી નડવી
૨. વીસ વસા – (૧) ઘણુખરું; મોટેભાગે. (૨) સો ટકા; સંપૂર્ણ.
૩. વીસે ધાન ને સોળે સાન = વીસ વર્ષની વયે સ્ત્રીનો રંગ ને સોળ વર્ષની વયે સમજણ આવી તો આવી એમ કહેવાય છે.

વીશમંથ પુ શ્વે. સ્થા મિનાગચ્છ સંપ્રદાયના નિષ્કુળાનંદ મુનિએ રચેલા ગ્રંથો માંહેના અમુક વીશ ગ્રંથોનો સમુદાય તે ગ્રંથોનાં નામ પુરુષોત્તમ પ્રકાશ, સ્નેહગીતા, વચનવિધિ, સાગમિહિ, ભક્તિનિધિ, હરિબલગીતા, હૃદય પ્રકાશ, ધીરજ આખ્યાન, હરિસ્મૃતિ, ચોસઠપદી, મનજ્ઞન, ગુણગ્રાહક, હરિવિચરણ, અરજીવિનય, અવતાર ચિંતામણિ, ચિત્ર ચિંતામણિ, પુષ્પ ચિંતામણિ, કલ્યાણ નિર્ણય, લેખ શુકનાવલી અને યમદંડ

વીશનખી ૧. [સ. વિંશતિ (વીસ) + નખ + ઇન્ (વાળું)] સ્ત્રી. પત્ની; વહુ; પરસ્ત્રોતર સ્ત્રી; ઘરધણિયાણી
૨. વિ. સ્ત્રી. જેને વીસ નખ હોય તેવી.

વીશનોરી ૧. સ્ત્રી. જુદા જુદા નહોર ભરાવે તેવી સ્ત્રી
૨. સ્ત્રી. પરસ્ત્રોતર સ્ત્રી.
વીશનોરી વળગશે એટલે ખભર પડશે = લગ્ન થયા પછી ગૃહસ્થાશ્રમની જવાબદારીનો ખ્યાલ આવશે.
૩. વિ સ્ત્રી. જેને વીસ નહોર હોય તેવી.

વીશપંથી સ્ત્રી જૈન ધર્મની એક શાખા સ ૧૬૮૬મા કૃષ્ણજી ત્રિના શિષ્ય હરિભૂતિએ દિગંબર મત કાઢયો. તેમાં ચાર શાખાઓ અને ચાર મઠ સ્થપાયા પછી વીસપંથી, તેરાપંથી, ગુમાનપંથી ઇત્યાદિ ફાટા પડયા

વીશભુજ પું. રાવણ.

વીશા જુઓ વીસા.

વીશી ૧. સ્ત્રી માસિક અથવા છૂટક નાણું આપવાથી જ્યાં તૈયાર જમવાનું મળે તે ઠેકાણું; ભોજનગૃહ; પૈસા લઈને જમવાની સગવડતા આપતુ ગૃહ.
વીશી આપવી–જમવી = કોઈને લગ્ન વીશીની જેમ અર્થ આપીને જમવું
૨ સ્ત્રી. વણાટમાં તાણાના તારની એક ગણતરી.
૩. સ્ત્રી. વીસ વર્ષનો યુગ; વીસ વર્ષનો ગાળો.
૧. દશી વીશી = ચડતીપડતી; પરિવર્તન.
૨. પોથી વીશી = અપ્રમાણિક
૩. વીશી આવીશી = સુખદુઃખ; ચડતી પડતીનો સમય.
૪. વીશી માણસ = પ્રામાણિક માણસ.
૪. સ્ત્રી. વીસની સંખ્યા.
૫. સ્ત્રી. વીસનો સમૂહ
૬ સ્ત્રી. સરાઈ, ધર્મશાળા.

વીશીવાળો પું. વીશીનો માલિક.

વીસ જુઓ વીશ.

વીસનખી જુઓ વીશનખી.

વીસનગરા ૧. સ્ત્રી. નાગરોની છ માંહેની એક જાત. તેઓ વીસનગરથી ઊતરી આવેલા મનાય છે.
૨. સ્ત્રી બ્રાહ્મણની ચોરાશી માંહેની એક જાત.

વીસનોરી જુઓ વીશનોરી.

વીસપંથી જુઓ વીશપંથી.

વીસભુજ જુઓ વીશભુજ

વીસમવું ૧. [સં. વિ + શ્રમ] જ. ક્રિ. આરામ કરવો; વિશ્રાંતિ લેવી.
અમારા હરે મીના અહર ઉજાળા,
વીસમશું વાળા પેલા જનમાં પીરસા. દુહો
૨. જ ક્રિ. કરવું; શાંત પડવું; ઠારું પડવું.

વીસરભોળું વિ. ભૂલકણું, વીસરી જાય તેવું.

વીસરવું [સં. વિ + સ્મૃ] જ. ક્રિ. ભૂલવું; વિસ્મરણ થવું; ભૂલી જવું

વીસરાહ પું. બદસ્વાદ.
કોડીબર ઓઢણા વીસરાહને લઈને બધાએ તેને પસંદ કરતા નથી.
૩૦. બરજોજી બહેરામજી

વીસરાવું જ. ક્રિ ભુલાઈ જવું

વીસરૂ વિ. દુઃખવાળું; સંતાપું

વીસલદેવ રાસો પું. નરપતિ નાલ્હ કવિ રચિત એ નામનું એક વીરરસ પ્રધાન કાવ્ય. વીસલદેવ એક પ્રતાપી અને વીર રાજા હતો. પરંતુ નાલ્હે તેની વીરતાનું વર્ણન ન કરતાં પોતાના ગ્રંથમાં શૃંગારરસને પ્રધાનતા આપેલ છે. શૃંગારરસની દૃષ્ટિએ વિવાહ અને રાજાનું ઉડીસા જવું વગેરેનું મનભાવ્યું વર્ણન કર્યું તથી અપ. સાહિત્યોચિત નથી પણ રાજસ્થાની છે વચ્ચેવચ્ચે આદિત્યોચિત વ્રજ ભાષાનો પ્રયોગ જોવામા આવે છે ગીતકાવ્ય હોવાથી અપભ્રંશમા પ્રાચીનતાનું દર્શન થતું નથી. તેના અંબી ફાગ્મીના અનેક ખંડ, જોવામા આવે છે.

વીસવજૈ પુ. ૧. બ વિજયા દશમી પછીના વીસ શુભ દિવસો

વીસવાસી ૧. સ્ત્રી. ગોળ લાકડાનું હિસાબનું એક માપ

૨. સ્ત્રી. જૂના વખતમાં હિસાબ ગણવામાં વપરાતું એક નાણું; બદામનો ૧૬મો ભાગ.

૩. સ્ત્રી. વસાનો $\frac{1}{20}$ ભાગ.

૪. વિ. વિશ્વાસુ

વીસસા અ. (જૈન) સ્વાભાવિક રીતે

વીસા ૧. પું. પ્રથમ શ્રેણી.

૨. પુ માતૃપિતૃ બંને પક્ષે શુદ્ધ કુળવાન માણસ.

૩. પુ બ.વ શ્રીમાળી, પ્રાગ્વાટ, લાડ જ્ઞાતિ વાણિયાનો એક પેટા ભાગ. જે શ્રીમાળીઓ વિદેશમાં સ્થિરવાસ કરીને રહ્યા તે વિસ અગર વીસા કહેવાયા. વળી એમ પણ કહેવાય છે કે, મહાલક્ષ્મીના કમળ કુલની જમણી બાજુથી જે શ્રીમાળી ઉત્પન્ન થયા તે વીસા અને ડાબી તરફથી ઉત્પન્ન થયા તે દસા કહેવાયા. જેનું કુળ દસા વસા એટલે દસા બધું ઉત્તમ તે દસા અને જેનું કુળ વીસ વસા ઉત્તમ તે વીસા કહેવાયા એમ કેટલાક માને છે. કોઈક કહે છે કે, દસા અને વીસા નામના બે ભાઈઓ હતા. દસાના વંશજો એ દસા અને વીસાના વંશજ તે વીસા કહેવાયા. બારમા સૈકામાં થઈ ગયેલ વસ્તુપાળ તેજપાળ નામના પ્રખર જૈન શ્રેષ્ઠિવાઓએ ઠેક ઠેકાણે ભવ્ય દહેરાઓ બંધાવ્યાં છે. તે બને સગા બેઉમાં ભાઈઓ હતા. કહેવાય છે કે, તે બેઉ ભાઈઓ તેમના પિતાના મરણબાદ વિધવા માતાને પેટે જનમ્યા હતા એટલે કાકાને કારણે તે કુટુંબને વણિક જ્ઞાતિની બહાર મૂકવામાં આવ્યું. વસ્તુપાળ તેજપાળ મોટા થઈ પોતાના પરાક્રમથી સારી સ્થિતિમાં આવતાં વાણિયાની નાતમા લેવા. તે બાબતઓએ અરજ કરી. તેથી તેમને નાતમાં લેવા કે નહિ તે અંગેરપદ વિષય તે વખતે થઈ પડતાં વાણિયાની બધી નાતોના અગ્રેસર ત્રીસ શ્રેષ્ઠિઓ વિચાર કરવા ભેળા મળ્યા. તે માંહેથી વીસ શ્રેષ્ઠિઓએ નાતમા. ન લેવાનો અને દસ શ્રેષ્ઠિઓએ નાતમાં લેવાનો મત આપ્યો પરિણામે એ વીસ શ્રેષ્ઠિઓના મતમાં જે જે કુટુંબો ભળ્યા તે તે વીસા કહેવાયા અને દસ શ્રેષ્ઠિઓના મતમા જે જે કુટુંબો ભળ્યાં તે દસા કહેવાયા. વસ્તુપાળ તેજપાળે આબુ ઉપર સં. ૧૨૭૮ની સાલમાં એક ભવ્ય જીનાલય જૈનોને આપ્યું હતું કહેવાય છે કે તેમા જમવા જવાની બાબતમાં અમુક કારણોસર વાંધો પડ્યો હતો. કેટલાક લોકો તેઓના પક્ષમાં રહીને જમવાને ગયા અને બીજા ગયા નહિ. જેઓ જમવા ન ગયા તેઓએ પોતાને વીસ વસાના એટલે ઉત્તમ બોળખાવ્યા અને જમવા જનારને દસા એટલે હલકા કહીને બોલાવવા લાગ્યા. કોઠારી કુટુંબની ઉત્પત્તિ લખનારાઓ આવી આવી અનેક અટકળો સશોધન દૃષ્ટિથી કરી છે.

૪ સ્ત્રી. (બૃ. સ્ત્રી.) દુરાગ્રહ; બટકો.

વીસાયંત્ર ન. જમીનની તપાસ કરવાનું એક યંત્ર, જેના વડે નવ મુખી સુધી સુલટા ફેરે અને નવથી ઊલટા સુધી ઊલટા ફેરે ગણવાનું એક જાતનું યંત્ર.

વીસાસ [સં. વિશ્વાસ] પું (પ્રાકૃત) ભરોસો; વિશ્વાસ

વીસી જુઓ વીસી

વીસેરા પું. લોબાનની એક જાત; ફ્રેસેસ.

વીસો પું. જાહેરાતમાં વપરાતું ૬૪૨૫ તોલા વજનનું એક કાટલું.

વીસોપાડ પું. મોટા પાયમાં ભક્ત લોકો આત્માના કલ્યાણની ભાવનાથી પડલ પાળો જે વિધિ કરે છે તે

વીસોપિયો પું. ખેતરનું રક્ષણ કરનાર આદમી.

વીસ્પરદ ૧. [અવ. વીસ્પ (સઘળું) + રત (સરદાર)] ન. (જરથોસ્તી) સઘળા સરદારોને લગતું ભગવાન

૨. [અવ. વીસ્પ (સઘળું) + રત (ઋતુ)] ન. સઘળી ઋતુઓને લગતા અવસર ઉપર ભણવાનું ભગવાન

વીહ ન. વિશ

વીળ ૧ સ્ત્રી. આવેશ; કોઈવાર કંઈ ઓચિંતું થઈ જવું તે

૨. [સ વેલા] સ્ત્રી. ભરતી; જુવાળ.

વીળાવું જિ. ભેવકૂફ; ભેવલું.

વીંખણ ન. ધરેણાંનું.

વીંખણવૂંખણ જુઓ વીંખણવૂંચણ

વીંખણવૂંચણ ન. અસ્તવ્યસ્ત; વેરણછેરણ; વેરવિખેર; બધુ જ્યાં તેમ છૂટે છવાડું કરી નાખ્યું હોય તેમ.

વીંખવું ૧. [સં. વિ + શિપ્ (ફેંકવું); પ્રા. વિક્ખિવ] સ. ક્રિ. ઉખેડવું; તોડવું; ચૂંટી નાખવું.

૨. સ ક્રિ. ખોળવું.

૩. સ. ક્રિ. વિખેરવું; છૂટું પાડવું; વિખેરી નાખવું; ચૂંથવું.

૪. સ. ક્રિ. હેરાન કરવું.

વીંખાવવું સ. ક્રિ. વીંખે તેમ કરાવવું; ચૂંથાવવું.

વીંગો પું. (કચ્છી) એક જાતનું ઝાડ; વીંઝો.

વીંચવું સ. ક્રિ. ખીંચવું; ખીડવું; ખંચ કરવું.

વીંછ -છી. વીંછીની માદા.

વીંછવું સ ક્રિ. કરવત ઉપર ઘસીને રૂને સાફ કરવું; ૨ વીંખવું

વીંછિયો ૧ પું. એક જાતના છોડનું વીંછીના આકારનું ફળ; વીંછીડો

૨. પું ઘોડા, બળદ વગેરે પ્રાણીઓના પૂછડામાં થતો વીંછી જેવો એક આકાર.

૩. પું. સ્ત્રીઓના પગની આંગળીમા પહેરવાનો એક જાતનો કરડો. તેનો આકાર વીંછી જેવો હોય છે. આ શબ્દ બહુવચને વપરાય છે

નેપૂર, ઝાંઝર, અણવટ, વીંછિયા
એ સોનીએ આકરણ ઘડિયા,
પ્રથમ વાજતાં દ્વારિ ગાજતા,
આજ રાત્ર થઈ નીબડિયાં પ્રેમાનંદ

વીંછી [સં. વૃશ્ચિક] પું. એક જાતનો ઝેરી જંતુ; વીંછી. તેને સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇંદ્રિયો હોય છે તેની પૂછડીને છેડે તીણો અણીવાળો આંકડો હોય છે. તે વડે તે ડંખ મારે છે ડંખ મારતી વખતે પૂછડી પીઠ ઉપર વાંકી વાળે છે. તેનાથી બહુ વેદના ઉત્પન્ન થાય છે પણ મરણ નીપજતું નથી. વીંછણ પોતાનાં બચ્ચાંને પોઠા દહાડા પીઠ ઉપર રાખે છે. સુશ્રુતમાં ત્રીસ જાતના વીંછીનાં વર્ણન છે.

૧. વીંછી ઉતારવો = મંત્ર વિદ્યાથી વીંછીના ડંખની વેદના ઓછી કરવી

૨. વીંછી છાણે ચડાવી લાવવો = (૧) અપરોક્ષ બ્રહ્મને જાણતા છતાં સાયમાં લેવું. (૨) જાણતા છતાં મુશ્કેલી વહોરવી.

૩ વીંછીના મોંને આસડું = બલવાનને બળવું.

૪. વીંછીનું વેતર = વારસામાં હોય લાઇ ને જન્મેલ દુષ્ટ માબાપનું સંતાન.

વીંછીકાંટો પું. એક જાતનો છોડ. તેનાં પાન પહોળાં, લીલા રંગનાં નાનાં અને ફળ વીંછીના આકારનાં કાળા નાનાં થાય છે આ છોડ રેચક છે

વીંછીકૂંછી [સં. વીંછી (એક જંતુ) + કુછી (નિરર્થક વપરાતો શબ્દ)] પું. બ. વ. વીંછી વગેરે ઝેરીલા જીવ.

વીંછીડો (વીંછીડો) ૧. પું. એક જાતનો છોડ તેનાં ફળને વીંછીના આકાર જેવા તીણા બે કાંટા પગની જેમ વળેલા હોય છે. એમ કહેવાય છે કે વીંછી કરડ્યો હોય તો તે ફળને વાટીને તેને ચોપડવાથી આરામ થાય છે. આ સાચું હોય કે, કેમ કે આ ફળ એટલાં મજબૂત હોય છે કે તેને વાટી ચોપડવા તૈયાર કરતાં એટલો વખત લાગે કે દરમિયાન વીંછીની પીડા આપોઆપ ઓછી થઈ જાય છે.

વુલવું

૨ પું ઘોડા કે બૈસના પુછડાના ઉેઠાની વીંછીન. આકડા જેવી વાંકી દાડી.

૩ પુ વીંછી

૪ પુ (જ્યોતિ.) વૃશ્ચિક રાશિ; ચંદ્ર વૃશ્ચિક રાશિમ. હોય તટલો સમય ચંદ્ર એક મ.સમ. આર રાશિમાં ફરી રહેનો હોવાથી વીંછીડો દરેક મહિને થાય છે. હિંદુ રિવાજ પ્રમાણે વિશાખાની ઉેલ્લી પંદર ઘડી, અનુરાધા અને જ્યેષ્ઠા મળી ત્રણ નક્ષત્ર એમ સવાબે દિવસનો વીંછીડો થાય છે. તેમાંનું અનુરાધા નક્ષત્ર શુભ કામમા લેવુ સારુ ગણાય છે. ૮૨સ્લામી મઝહબમ. વીંછીડાને કમર દર અક્રબ કહે છે અને મુસલમાની તારીખે વીંછીડો હોય ત્યારે તે વખતમા મુસાફરી તથા કામ કરવાં ખરાબ ગણે છે.

વીંછુ જુઓ વીંછી.

વીંછુડી (વીંછુરી) સ્ત્રી કાંકડી જેવાં ભાલાવાળી એક જતની માછલી હિંદની મા.જીઓનો પહેલ વહેલો અભ્યાસ કરનાર ડો. રસેલ નામના અંગ્રેજ વિદ્વાનના નામ ઉપરથી આ મા.જીને 'રસેલની વીંછુડી' એમ પણ કહે છે તના ભાલાંનો ઘા અતિશય ઝેરી હોય છે. એ માછલી બહુ કરી કરી શકતી નથી

વીંછુડો (વીંછુરો) જુઓ વીંછીડો.

વીંછુવા પુ ૧ વ વીંછુવા, ઓઓને પગને અંગૂઠે પહેરવાનુ ઘરેણું

વીંજણલો જુઓ વીંજણો

વીંજણાદેવ પું વસવાનો એક ઉપાસ્ય દેવ શુભ કામમા એનુ સ્મરણ કરવામા આવે છે

વીંજણું જુઓ વીંઝણું.

વીંજણો [સ વ્યજન] પું પખો, વીજણો, વા નાખવાનુ સાધન

વીંઝણું ૧ ન ચમરી

૨. જુઓ વીંઝણું.

વીંઝવું ૧. સ ક્રિ પવન નાખવો, વા ઢોળવો.

૨ સ.ક્રિ વેષ કરવો; વીંધવું

૩. સ ક્રિ હવામ જોરથી ઘુમાવવુ; હવામાં આમતેમ ફેરવવુ.

વીંઝાવવું સ ક્રિ વીંઝે તેમ કરવું

વીંઝાવું અ ક્રિ વીંઝાય તેમ થવુ

વીંટ ૧ સ્ત્રી. આકડી; વ.ઢ. પેટમા વહાનુ તે, પેટમા વળ આવીને દુખાવો થવડે તે

વીંટ આવવી = પેટમાં વીંટાનુ હોય તેવી બાગળી થવી. અ.મળો આવવો

૨ સ્ત્રી. ઈંટ.

વીંટકિયો પુ. દોરાની ગરગડી

વીંટલી સ્ત્રી. ઓઓને નાકમાં પહેરવાનુ એક જાતનુ માદાવાળુ સોનાનુ ઘરેણું. નથ, વાળી

વીંટલો ૧. પુ પયારીનો ગોળ બંધ

૨. પુ વીંટાળેલો ગોળ આકાર; ગોળ વાળેલી ઘડી

૩. પુ. ઓઓનુ નાકનુ એક ઘરેણું

વીંટવું ૧ સ ક્રિ ગોળાકાર કરવો

૨ સ ક્રિ ઘેરો ઘાલવો; ફમાવવુ, વીંટી વળવુ

૩ [સ વેષ્ટ] સ ક્રિ લપેટવુ, વીંટાળવુ

૪ સ ક્રિ સૂતર કે બીજા રેસાઓથી આસપાસ લપેટવુ, વણવુ

વીંટાવવું સ ક્રિ. વીંટે એમ કરવવા

વીંટાવું અ. ક્રિ લપેટાવુ.

વીંટાળવું સ ક્રિ ગોળ વીંટવુ, લપેટવુ

વીંટાળાવવુ સ. ક્રિ. વીંટાળે તેમ કરવુ

વીંટાળાવું અ ક્રિ વીંટો વાળવો

વીંટાળો પુ વીંટ., નુ. જે વીંટીને બનાવેલો ગોળ ઘાટ

વીંટી સ્ત્રી હાથની આંગળીમા પહેરવાનુ ગોળ ઘરેણું, બાજુડ, મુદ્રિકા.

૧. વીંટી બદલવી = વિવાહિત થવું.

૨ વીંટીમાનુ નગ – (૧) ફાંસલો, પકડવાનું; ઉિન્દ્રા (૨) ચાદાનુ, આંગળાનુ; ગુચ્છો

વીંટો ૧ પુ પયારીનો ગોળ બંધ

૨ પુ લપેટીને ગોળાકારે બનાવેલો બીડો, વીંટીને ગોળ વાળેલો આકાર, ગોળાકાર બિસ્તરો

વીંઠ સ્ત્રી છાજલી કેવી વખતે ચડીની અને બાજુએ રાખવામા આવતી માટી કે ગારાની કોણી; ગોળાકારે કરેલી માટીની ઢાર

વીંડલી સ્ત્રી મંડિલાની પીઠ ઉપર પ્રથમ નાખવાનુ જૂનુ લૂગડું

વીંડી સ્ત્રી ઓઓને નાકનાં પહેરવાનુ સોના કે રૂપાનુ એક ઘરેણું.

વીંડો ૧ પુ આડચ, વાડને મજબૂત કરવાને બાંધેલો બંધ.

૨ પુ. બગાની હદ નક્કી કરતી આડચા પગરમાંથી દબાવી ખેડી બળદ બહાર ન જાય માટે કાંસના પૂળા ગોઠવીને બાંધવામા આવતી આડચ

૩ પુ ગામ તળિયાનુ

૪ પું પેટા, બકરા વગેરેને વાડામાં પૂરવા માટે કરવામાં આવતી આડચ

વીંઢારવું ૧ સ ક્રિ બગાડ વઢીને સાચવી રાખવુ

૨ સ ક્રિ પોતાનુ સગાંને માથે ગુજરા કરવ. નિભાવી લેવુ

વીંઢારાવવું સ ક્રિ વીંઢારે તેમ કરવુ

વીંઢારાવું અ ક્રિ વીંઢારવાનુ થવુ

વીંધો [સ વિધ (માર્ગ પાડવો)] પુ (વહાણવટું) જમીન કે ટાપુ ની નજીકથી કાંટમૂંઝ જોઈ જવાના ઘાસા નેપ. વહાન ફરી શકે છે

વીંધ ૧ ન કાણ બાકું, વેધ

૨. ન ચોનિદ્વાર

વીંધણહાર વિ વીંધનાર

વીંધણી [સ વધન સ્ત્રી લાકડામા કાણું પડવાનુ એક ઓજાર વખારા ન લોઢાની હોય છે.

વીંધણું ન લાકડામા ચોરસ માણ પાડવાનું સુતારનું એક જતનું ઓજાર; વીંધતાનું; વીંઝારું. તેનુ પાનુ લાકડાના હાથામાં જડેલુ ચોરસીથી અઢેજ લાંબુ પણ સાકડી ધારવાળુ હોય છે

વીંધળો જુઓ વીંધણું

વીંધવું ૧ [સ વ્યધ્] સ. ક્રિ. કોચવુ; ભાકવુ; પાડવુ

૨. સ. ક્રિ. ઘા કરવો

૩ સ ક્રિ પસાર કરવુ, આરપાર થઈને જવુ; સંસરવુ નીકળવું જેમકે, તે બાણ વીંધીને આવ્યા.

૪ સ ક્રિ ભારે દુ:ખ થાય તેમ કરવુ.

૫ સ ક્રિ વીંધ પાડવુ. કાણું પાડવુ; વેધ પાડવો

પારકી મા કાન વીંધે – અમુક કામ બીજાથી લેવાય ત. સાર થાય

વીંધાયેલ ૧ વિ અનભર., પોવરેલુ; કુટાયેલ.

૨ વિ છેદ પડ.પડ

વીંધારો ૧ પુ મોતી કે કાન વીંધનારે માણસ.

૨ પુ વીંધ પાડવાનુ યત્ર

૩. પુ વધ પાડનાર પુરુષ

વીંધાવવું સ ક્રિ. વીંધાય તેમ કરવુ

વીંધાવું અ. ક્રિ. વીંધાય તેમ થવું.

વીંધિયો પુ ચામડાના કોમના માણસનુ મે મહેનુ એક હથિયાર

વીંધું ન કાણું, છિદ્ર; વીંધ

વુલવું અ ક્રિ (જૂ. ગુ) જવુ, પસાર થવુ

પાટણ થાતુ પમલા જરઈ,
પગ વારસ જવ વુલ્યા વરઈ.

વુલાવવું સ ક્રિ (જુ મુ) વગાડવું; વિદાય દેવી.

વૂઠવું ૧ સ ક્રિ. વૃષ્ટવું; પ્રમત્ર થવું
ક્ષ કૃતિક્ષા ક્ષ્ણાણ, વૂઠી પર નિદુ ઉજે
ભડલી

૨. સ. ક્રિ. નારાજ થવું.

૩. સ. ક્રિ. વરસવું; વરસાદનું આવવું.

વૂડ [અ.] ન. લાકડું.

વૂડકટ [અં.] ન. લાકડા ઉપર કરેલું ચિત્રનું બીબું. તે ઉપરથી ચિત્રો કે અક્ષરો કાપી શકાય છે.

વૂડવું અ. ક્રિ. જવું.

વૂલ [અં.] ન. ઊન.

વૂલન મિલ [અં.] સ્ત્રી. ઊનનો માલ બનાવવાનું કારખાનું

વૃ ૧. [સં] સ ક્રિ. (ધાતુ) આચ્છાદન કરવું; ઢાંકવું. એ ઉપરથી બનેલ શબ્દો: આવરણ, વિવરણ, વાતાવરણ વગેરે

૨. સ. ક્રિ. પસંદ કરવું; વરવું; લગ્નમાં પસંદગી કરવી.

૩ સ ક્રિ. માગણી કરવી; પૂજવું

૪ સ ક્રિ. રક્ષણ કરવું.

વૃક [સં] સ. ક્રિ. ઝાપી લેવું. તે ઉપરથી વૃક, વૃકોદર, વૃક્ષ વગેરે શબ્દ બનેલ છે.

વૃક ૧. પું. અનેક સુગંધી દ્રવ્યોનો ધૂપ.

૨. [સં.] પું. ખેડાણ; વરુ.

૩. પું (પુરાણ) ઉત્તાનપાદપુત્ર ધ્રુવના પૌત્ર શિષ્ટને સુચ્છાયાની કૂખે થયેલા ચાર માહેનો એક પુત્ર.

૪. પુ ઉંદર.

૫ પું. (પુરાણ) એ નામનો એક અસુર; શકુનિ અસુરનો પુત્ર.

૬. પું (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય પાયાલ. યુદ્ધમા એને દ્રોણે માર્યો હતો.

૭. પું. એ નામે એક આયુર્વેદની સંજ્ઞા.

૮. પું. કાગડો.

૯ પું. (પુરાણ) કૃષ્ણને મિત્રવિંદાની કૂખે થયેલા પુત્રોમાનો એક

૧૦. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવર વખતે આવેલા રાજાઓ માહેનો એક.

૧૧. પું. પેટનો અગ્નિ; જઠરાગ્નિ.

૧૨. પું. (પુરાણ) વૃસક યાદવને મિશ્રકેશી નામે અપ્સરાને પેટે થયેલા પુત્રો માહેનો મોટો પુત્ર.

૧૩. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુકુળના હરિત રાજાનુ બીજુ નામ

૧૪. પુ. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશીય શૂર રાજાને મારીષાને પેટે થયેલ દસ માહેનો સૌથી નાનો પુત્ર.

૧૫. પું. (પુરાણ) હિરણ્યાક્ષનો એ નામનો એક પુત્ર.

૧૬ ન. આકાશમાં આવેલું એક તારામંડળ, રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે મોળાકારમા આવેલ એક તારાસમુદાય. તેનો આકાર વરુના જેવો છે

૧૭. ન. એક જાતનુ ઝાડ

૧૮. ન. મૂત્રપિંડ; મૂત્રાશય

૧૯. ન. શિયાળ

વૃકગણ ૧. ન. રીંગણું ટોળું.

૨ [સં.] ન. વરુનું ટોળું.

વૃકગર્ત [સ.] ન. પ્રાચીન હિંદનું એ નામનુ એક શહેર.

વૃકદંશ સ , પુ દાનો

વૃકદંશી , સ , સ્ત્રી દાતરી

વૃકદેવી સ્ત્રી. (પુરાણ) વસુદેવની અનેક માહેની એક સ્ત્રી

વૃકરથ પું. (પુરાણ) અત્રિરથ સૂતના પુત્રો માહેનો એક; કર્ણનો ભાઈ. એને રાત્રિયુદ્ધમા ભીમસેને માર્યો હતો

વૃકલ પું. (પુરાણ) અક્રૂર યાદવના પુત્રો માહેનો એક

વૃકલુતા પુ કરોળિયો

વૃકસ્થલી [સં.] ન. (પુરાણ) કુરુ દેશમાં આવેલ મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન સ્થળ; પાંડવોએ પ્રાપ્તેલ પાંચ માહેનુ એક ગામ.

વૃકા [સં.] પું. વરુ.

વૃકાકાર [સં.] વિ. મૂત્રપિંડના આકાર જેવુ.

વૃકોદર ૧. [સં. વૃક (વરુ)+ઉદર (પેટ)] પું ભીમસેન; પવનકુમાર; પાંડુ રાજાનો પુત્ર. તે વરુ જેવો ખાઉધરો અને મોટા પેટવાળો હતો તેથી તેનું નામ વૃકોદર પડ્યું હતું

૨. વિ. મોટા પેટવાળો; મોટો ખાઉધરો

એ શબ્દમાં પણ વૃકોદર ખૂબ વપરાયો છે
મુરારજી

વૃકોદરી સ્ત્રી. મહિદ્રીપની અંદર આવેલી ૬૪ માહેની એક કલા.

વૃક્ક ૧. [સ.] પું. પેટની અંદર ડાબી જાજુની કટિલમ્બિની નામની પેશીની આગળ આવેલ એ નામનો એક અવયવ; મૂત્રપિંડ; મૂત્રાશય

૨. પું. પ્રકૃતિ; સ્વભાવ.

૩. પું. હૃદય.

વૃક્કકોષ [સં.] પું. મૂત્રપિંડ. તે સ્થૂલ કલાવડે વીંટળાયેલો છે અને તે કલાનું ઢાકણ વૃક્કકોષ તરીકે ઓળખાય છે આ કોષ રચાવુ સૂત્રોનો બનેલો હોઈ મૂત્રપિંડના પદાર્થ સાથે ચોટેલો છે વૃક્કદ્વાર પાસે આવતાં આ કોષ તેમાં ઊતરે છે અને તેની દીવાલ બનાવીને વૃક્કાલિંદ નામના ગલિનીના મુખની આસપાસ ફરી વળે છે

વૃક્કક્ષય [સ.] પું. ગુરદાની ક્ષીણતા.

વૃક્કદ્વાર [સં] પું. મૂત્રપિંડની અંદરની કિનારી પર આવેલ ખાડો. અહિ ગલિની પોતાના પહોળા મોં વડે મૂત્રપિંડ સાથે જોડાય છે.

વૃક્કનલિકા [સ.] સ્ત્રી. મૂત્રપિંડવાહક નળી

વૃક્કપક્ષાઘાત [સં] પું. ગુરદાનો લકવા.

વૃક્કવિવૃદ્ધિ [સં.] સ્ત્રી. ગુરદાનુ વધી જવુ તે.

વૃક્કવ્યાધિ [સં.] સ્ત્રી. ગુરદાની બીમારી.

વૃક્કશૂલ , સ] ન. મૂત્રાશયની પીડા; ગુરદાની બીમારી.

વૃક્કરોગ [સં.] પું. ગુરદાનો સોજો. આ રોગમા પહેલા લાલ રંગનો પેશાબ આવે છે અને આખની આસપાસ થોડો સોજો થઈ આવે છે ૧૦૦ થી ૧૦૧ ડિગ્રી તાવ આવે છે. માંદગી સુકાઈ જાય છે માથા અને થાસામાં દુઃખાવો થાય છે. મૂત્રની પરીક્ષામા આલબ્યુમિન જાય છે, એટલું જ નહિ પણ રક્તકણ પણ ભળી આવે છે. આમાં પેડુમા દર્દ પણ થાય છે. અંડકોષ ઉપર ખેંચતાં અને પગ લાંબો કરવા જતાં દર્દ વધે છે. રોગીને ઊંધા સુવાથી અને પગ સકોચવાથી આરામ મળે છે. પેશાબ ઓછો અને દર્દ સહિત આવે છે. આધ્મત અને અરબસ્તાને આગે આ રોગ થાય છે. આ રોગવાળાએ પથારીમાં સૂઈ રહેવુ જોઈએ. શરીર ઉપર ઓઢવામાં ધાબળો અને ગરમ કપડા વાપરવાં જોઈએ. આમાં દૂધ વગેરે ખોરાક લાભકારક નથી. જેટલો પેશાબ થાય એટલું પાણી પાવુ જોઈએ. આ રોગવાળાએ શરદીથી બચવું જોઈએ. ભોજન નિયમસર લેવું જોઈએ. દારૂ પીવો ન જોઈએ

વૃક્ષ [સં.] જુઓ વૃક્ષ.

વૃક્ષાર્બુદ ન. ગુરદાની અંદરનુ ગૂમડુ

વૃક્કાલિંદ [સં] ન. પહોળું થયેલું ગલિનીનુ મુખ. વૃક્કકોષ નામની સ્થૂલકલાના એક ભાગ વડે ઢંકાયેલા આ મોની કિનારીને વૃક્કદ્વારને લાગેલ હોય છે. દરેક મૂત્રપિંડમા દસથી બાર શિખરિકાઓ હોય છે. તેઓ અસ્થિદ્વાર અગ્રભાગમાથી ટપકતાં મૂત્રનાં બિંદુઓ, તે અણીદ્વાર આગોની આસપાસ વીંટળાયેલી વૃક્કાલિંદની શાખાઓ વડે એકત્ર થઈ ને પછી વૃક્કાલિંદ ભરવા માડે છે એ પછી મૂત્ર ગલિનીદ્વારા બસ્તિ તરફ આવવા માડે છે.

વૃક્ષારાય [સં] ન મત્સ્યાવતારોની ઉપર ગુરુદાસ આવેલ એ નામનો ભાગ. એ મત્સ્યારાયના અધરા અભિગુદાયી જુદું છે

વૃક્ષારૂઢરી [સ] સ્ત્રી ગુરુદાની પથરી અ. વિદ્યુતના મર્યાદાની બહાર એક કે અનેક પથરીનો થાય છે.

વૃક્ષાંકુરછેદન [સ.] ન વૃક્ષના અંકુરને કાપી નાખવું ત

વૃક્ષીય [સં.] વિ. મત્સ્યપિંડ સંબંધી; કિડની સંબંધી, ગુરુદા સંબંધી; ' રીનલ '.

વૃક્ષ ૧ ન સ ક્રિ ક ન

૨ સ ક્રિ નિનુ

૩ સ ક્રિ પમટ ક ન

૪ સ ક્રિ વન પન

વૃક્ષ ૧. [સ., પુ. વિષ્ણુના દસમા માહેનું એક નામ વૃક્ષની જેમ અચળ એટલે દૃઢ ભાવથી રહેલ છે તેથી તે વૃક્ષ કહેવાય છે

૨ પું શિવનાં દસમાં માહેનું એક નામ.

૩ ન ઝાડ; તરુ; ઉદ્ભિજ્જનો એક પ્રકાર; વનસ્પતિનો એક પ્રકાર; જે ફળફૂલ ધારણ કરે છે તે. હિંદુસ્તાનમાં સત્તર જાતનાં વૃક્ષ છે, જેવાં કે અશ્વત્થ, આમલક, અભયાક્ષ, ઔદુમ્બર, કપિત્થ, ચંદન, તિલાસી, તુલસી, પલાશ, પારિજાતક, પાટલી, પ્લક્ષ, બકુલ, બદરી, વટ, શાક, શિરીષ. વૃક્ષોવાળા પ્રદેશમાં વરસાદ ક્રમેસર વધારે પડે છે. વૃક્ષોને લીધે જ જમીનને પૃષ્ટિ ને રસ મળે છે. આમ વૃક્ષો એ દેશની શોભા છે, સંપત્તિ છે, ગૌરવ છે

વૃક્ષમાંથી વ ઊડી જતાં અને ક્ષ નો ખ બોલાતા ૨૫ ૨૫ નીપજેલું છે. એ રૂપ ને કોમળ કરતા આ રૂપ થયેલું છે. ગુજરાતીનાં, આ રૂપનું અને રૂખનું, બને રૂપો રૂપ સાથે સંધાયેલાં છે.

પુરાતત્વ

વૃક્ષક ૧ [સ. વૃક્ષ (ઝાડ) + ક (લઘુતાવાચક પ્રત્યય)] ન ઉદ્ભિજ્જ; નંદીવૃક્ષ

૨ ન ઝાડાછાલ

૩ ન. કૃત્રિમ વૃક્ષ

૪. ન. નાનું ઝાડવું, વરખું

વૃક્ષકર્ણી [સ] પું. શંકર, શિવ.

વૃક્ષષષ્ઠા [સં.] સ્ત્રી ઝાડવાનું જૂથ

વૃક્ષચક્ર [સ.] ન. જે ભાગમાં વરાળ, કરજ વગેરે હોય તેવો જમીનનો ભાગ

વૃક્ષચર ૧ [સ] પું. વાનર; વાંદરો

૨. વિ. ઝાડ ઉપર ફરનાર

વૃક્ષચરી [સ.] સ્ત્રી. વાંદરી.

વૃક્ષચિકિત્સા [સં.] સ્ત્રી ઝાડ વગેરે વનસ્પતિ સંબંધી ચિકિત્સા; વનસ્પતિવિદ્યા; બોતેર મહેતી એક કળા

વૃક્ષજાયા [સ] સ્ત્રી ઘણાં વૃક્ષનો છાયડો.

વૃક્ષચ્છેદન [સં.] ન. ઝાડવાં કાપવાં કે વાઢવાં તે

વૃક્ષજાયા જુઓ વૃક્ષજાયા

વૃક્ષદુર્ગ [સં.] ન. જેની આજુબાજુ ઝાડની ઝાડી હોય તેવો કિલ્લો

વૃક્ષદેવતા [સ] સ્ત્રી. ઝાડ ઉપર રહેતા દેવ.

જોકિસત્વ તે વખતે ત્યાં એક ઝાડ ઉપર વૃક્ષદેવતા થઈને રહેતો હતો. જાતકમાલાસંગ્રહ

વૃક્ષધૂપ ન. એક વનસ્પતિ; બેરજાનું ઝાડ; ' ટરપેન્ટાઈન'. કેમકે, તાપડામાં તેના ઓગળવાથી તેની ધૂપ જેવી વાસ આવે છે.

વૃક્ષનાથ [સ.] પું. વડનું ઝાડ

વૃક્ષપતિ ૧. [સં.] પું. વડ; શંકર

૨. પું. વડનું ઝાડ

વૃક્ષપંચાંગ [સ.] ન વૃક્ષનાં પાંચ અંગોનો સમૂહ. તે પાંચ અંગ આ પ્રમાણે છે: મૂળ, છાલ, પાંદડાં, ફૂલ, અને ફળ.

વૃક્ષપ્રકલ્પનન્યાય [સં.] પું. (ન્યાય) દરેકને અનુકૂળ પડે તેવી વાત સમો ન્યાય. એક માણસ ઝાડ ઉપર ચઢ્યો. તેણે નીચે ઊભેલા માણસને અમુક ડાળી કહેવા કહ્યું. બીજા માણસે બીજી કોઈ ડાળી કહેવા કહ્યું. તે માણસને ખબર ન પડી કે કઈ ડાળી કહેવી. તેવામાં એક માણસે તે જ ઝાડનું થડ પકડી કહ્યું જેથી બધી ડાળીઓ કહી ગઈ આ પ્રમાણે બધાંને અનુકૂળ પડે તેવી કોઈ એક વાતને માટે આ ન્યાય અપાય છે.

વૃક્ષપ્રબંધ [સં.] પું. એક ચિત્રકામ.

વૃક્ષફેરા ન. ગુંદીનું ઝાડ.

વૃક્ષબીજ [સં.] ન. ઉદ્ભિજ્જ; નંદીવૃક્ષ.

વૃક્ષભક્ષ્ય પું વાંદો

વૃક્ષભવન [સ.] ન ઝાડની પોલાણ

વૃક્ષભૂત [સં.] વિ. મુખ્ય મૂળ

ભીજભૂતજ્ઞાન અને વૃક્ષભૂત જ્ઞાન.

ભોગીલાલ સાંડેસરા

વૃક્ષભેદી ૧. [સં] પું. કુહાડી.

૨. પું. સુતારનો વાંસલો.

વૃક્ષમકોડી સ્ત્રી. બિસકોલી.

વૃક્ષમલ પું. વનસ્પતિનાં પાંદડાંમાંથી નીકળતો પરસેવા જેવો પદાર્થ. વનસ્પતિ લોહીનો કેટલોક ભાગ ફૂલ તથા ફળમાં જાય છે પણ તેનો ઘણો ભાગ પાંદડામાં જાય છે વનસ્પતિનું લોહી પાંદડામાં ગયા પછી ત્યાં સૂર્યનો પ્રકાશ, વ.વૂ તથા બીનાશનો સંપર્ક આદિથી તેમાં નવો ગુણ આવે છે. તેથી તે અનેક પ્રકારના વૃક્ષમલ પેદ કરવાને યોગ્ય થાય છે તથા તેનાથી કેમ વધારે અન્ન થવાથી તે પરસેવાના રૂપમાં બહાર નીકળે છે. આ વૃક્ષમલ, પાંદડાંમાં વિશેષ રુચિ તથા બીજા ગુણ ઉત્પન્ન કરે છે. એટલું જ નહિ, પણ, તે બીજી નળીઓની છાલના નવા થરમાં પ્રેતરીને તેનું પોષણ કરીને, તેને પૂર્ણાવસ્થામાં લાવે છે. તેથી એ છાલને આવતાં વર્ષનું નવું લાકડું ઉત્પન્ન કરવાની શક્તિ આવે છે. કેટલીક નળીઓ છાલમાં ઉત્પન્ન થઈને ત્યાં પૂર્ણાવસ્થામાં આવનાર જે રાળ, ગુંદર. ચીકે, ઇત્યાદિ રસ તેનું પ્રથક્કરણ કરે છે. વૃક્ષમલ ચરબી તથા મૂળિયાંના પોષણમાં જરૂરનાં છે.

વૃક્ષમાંસ જુઓ વૃક્ષમલ.

વૃક્ષમાળા સ્ત્રી. ઝાડની ઘટા

પૂર્વિમા હતું વૃક્ષમાળા પાળ્યા છે.

ઇન્દુકુમાર

વૃક્ષમુદ્ગ [સં.] ન. ઝાડ ઊખેડીને તેનાથી લડવું તે; ઝાડનો હથિયાર તરીકે ઉપયોગ કરીને ચાલતું યુદ્ધ.

વૃક્ષરત્ન ૧. [સ] ન. ઉત્તમ વૃક્ષ

૨. ન. પારિજાતક

વૃક્ષરાજ [સં.] પું. મોટું ઝાડ.

વૃક્ષરાજને સિત્તેર ચાર મેડા છે, ડાળીઓમાં ગોબલો ખોલે છે, આપે આપની હરિયાળીમા હજ્યાં રમે છે.

મેઘમિત્રા

વૃક્ષરાજિ [સં] સ્ત્રી. ઝાડનું ઝુંડ; વનરાઈ; વનસ્પતિ સમૂહ

વૃક્ષરોહા [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; અમરવેલ. તે ઔષધિ તરીકે વપરાય છે

વૃક્ષરૂઢા સ્ત્રી. વાદો.

વૃક્ષરોપણ [સં] ન. ઝાડ વાવવું તે

વૃક્ષવલ્લરી [સં] સ્ત્રી. વેલ.

વૃક્ષવસુ [સં.] ન. વનસ્પતિની બનાવટ, ફળફૂલ.

વૃક્ષવંત વિ. ઝાડવાંમય; વૃક્ષોથી ભરપૂર.

વૃક્ષવાટિકા ૧. સ્ત્રી. અમાલ અગર ગણિકાના ઘર પાસેનો ભાગ.

૨. [સ.] સ્ત્રી ઘર પાસેની વાડી; કુંજ; બગીચો

વૃક્ષવાટી જુઓ વૃક્ષવાટિકા.

વૃક્ષવિજ્ઞાન [સ.] ન. ઝાડપાન સંબંધી શાસ્ત્ર; વૃક્ષસવર્ધનશાસ્ત્ર; ઝાડ ઊછેરવા સંબંધી વિજ્ઞાન.

વૃક્ષવિદ્યા [સં] સ્ત્રી. ઝાડવાંઓની વર્ધન વિદ્યા. શિલ્પ સંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એક વિદ્યા.

વૃક્ષવીરુધિકા [સં] સ્ત્રી. ઝાડની ઝાડી.

વૃક્ષસંવર્ધનશાસ્ત્ર [સં.] ન. વૃક્ષ વિજ્ઞાન; ઝાડ ઉછેરવા સંબંધી શાસ્ત્ર

વૃક્ષસેતુ [સં] પું. ઝાડની ઘટાથી બનેલો પુલ; વૃક્ષની હાર.

વૃક્ષસ્થ [સં] વિ. વૃક્ષમાં રહેલું.

વૃક્ષસ્રોત [સં] પું. વૃક્ષમાંથી થતું ઝરણ

વૃક્ષાત્મક વિ. વૃક્ષમાં જેનો અંશ રહેલ છે એવું. ને વિષ્ણુભગવાનને માટે વપરાય છે

પીપળો, વડ, ઉંબરો, એમાં વિષ્ણુનાં ત્રણ વૃક્ષાત્મક નામો વિષ્ણુ સહસ્ર નામમા આપેલા છે. વિહારીલાલ

વૃક્ષાદની ૧. સ્ત્રી એ નામની એક જેલ, અમરકોષ, તે આંધ્રાપિ તરીકે પણ વપરાય છે.

૨. [સં] સ્ત્રી. કુહાડી

૩. ન. વાંદાનું ઝાડ. વાંદા તે મૂળ વગરના ઝાડ ઉપર કાગડા વગેરેના લાવેલા બીજ હોય છે. જે ઝાડ ઉપર જેટલા ભાગમાં હોય તેટલું ઝાડ શોષાઈ જાય છે.

વૃક્ષાધિરૂઢક ન. આસિંચનનો એક પ્રકાર

વૃક્ષામય સ્ત્રી લાખ

વૃક્ષામ્લ ૧. [સં.] ન. કોકમ; બટાઈ.

૨. ન. કોકમનું ઝાડ. જુઓ કોકમ.

વૃક્ષાયુર્વેદ ૧. [સં.] પું. ઔષધિસમૂહ; જેમા વનસ્પતિનાં નામ, ગુણ આપેલાં હોય એવો ગ્રંથ

૨. પું. ઝાડ ઉછેરવાની તથા તેના રોગો મટાડવાની રીત સૂચવતું શાસ્ત્ર; તરુશાસ્ત્ર

વૃક્ષાયુર્વેદકળા સ્ત્રી ચોસઠ માંહેની એક કળા વૃક્ષ વાવવાની કળા માળી તથા ખેતીકારને ઘણી કામની છે. બગીચા, કુંજ, લતામંડપ ઇત્યાદિ બનાવવામા આ કળા ઘણી ઉપયોગી છે. ઝાડ કેમ વાવવાં, ખેતર કેમ રાખવું, વૃક્ષ રોગનો કેમ નાશ કરવો, ફળાદિક વધુ કેમ આવે વગરે આ કળાનો વિષય છે. વળી એમાંથી ઘણી અદ્‌ભુત વસ્તુ પણ બનાવવામાં આવે છે. ઝારેડી, ઝાડના પોંચા તોડીને, પાછા ચોટાડી દે છે એ પણ આ કળાને આભારી છે. જુદાં જુદાં વૃક્ષોમાંથી નિરનિરાળી વસ્તુઓ ઉત્પન્ન કરવી, એ પણ આ કળા બતાવવાથી બને છે જેમકે. વાંસમાંથી કેળાં, કોંટામાંથી દાડમ, કાકડામાંથી રોટલી ને ચોમિયા ચોખા નીકળે છે વળી વાંસમાંથી ઘણી ઘણી વાત છે. આ કળા ઘણી કામની છે એ માટે વરાહમિહિરનો ગ્રંથ અમલનો છે.

વૃક્ષાયુર્વેદયોગ [સ.] પું. ઝાડનું આયુષ્ય જાણવાની વિદ્યા

વૃક્ષારોપણ [સ.] ન. વૃક્ષ રોપવાં તે; ઝાડ વાવવાં તે. તે વિષે હરિજન બંધુમા મહાત્મા ગાંધીજી લખે છે કે: દિલ્હીમા અત્યારે વૃક્ષારોપણનો કાર્યક્રમ ચાલે છે. તેની રાહબાત મોટા મોટા લોકો અને પૈસાવાળાઓ પાસે કરાવવાનો આગ્રહ એવો છે કે, બીજા લોકો પણ તેમની માફક ઝાડો રોપી દિલ્હી કુદરતી સંપત્તિ તેમ જ વરસાદમાં વધારો કરે જંગલો કાપી નાખવાથી વરસાદ ઘટી ગયા છે વળી ઝાડો રોપ્યા પછી, ઘોડા વખત સુધી જ તેમના પર ધ્યાન રાખવું પડે છે અને પછી તે આપોઆપ વધે છે એક વીઘા જમીનમાં પણ કરવાથી જેટલી આવક થાય તેના કરતાં કંઈગણી કરવાથી વધારે થાય. વળી કુહાડા કરીને ઠાઠાં બાર્ડ સહાય તેવાં શ્રાદ્ધાળુ અમલદારોમા કુહાડાઓમાં કરતાં આપણે રીબની જેવું જોઈએ. ખુલ્લી જમીનના કુહાડાઓમાં બદલે કુહાડાઓમા [illegible]

વૃક્ષારોહણ ન. વૃક્ષ ઉપર ચઢવાની ક્રીયા; વૃક્ષ ઉપર ચઢવું તે; શિલ્પસંહિતામાં બતાવેલી ચોસઠ માંહેની એક કળા.

વૃક્ષાલય [સં] પું. પક્ષી.

વૃક્ષાવલિ જુઓ વૃક્ષાવલી

વૃક્ષાવલી [સં. વૃક્ષ + આવલિ (હાર)] સ્ત્રી ઝાડની હાર; ઝાડની હારબંધ; ઝાડનો જત્થો

વૃક્ષાસન [સં.] ન. (યોગ) બને હાથના પંજા આગા પાસે સખ્ત ચત્તા રાખી તેની પાસે માથું ભૂમિથી ટેકારી પગ ઊંચા કરી ઊંધે મસ્તકે રહેવું તે. આ આસનને મુડાસન, કપાલાસન તે નરાસન પણ કહેવામાં આવે છે. આ આસનથી પ્રાણબળ શીઘ્ર થાય છે. માટે પ્રાણાયામનો ઉચ્ચ પ્રતિનો અભ્યાસ કરનારે આ આસનનો અભ્યાસ કરવો જોઈએ.

વૃક્ષાંકુર પું. વૃક્ષનો અંશ કે ભાગ; કોંટો.

વૃક્ષોત્પલ ન. કરેણનું ઝાડ

વૃક્ષ [સ. વૃક્ષ] પું. ઝાડ, ઝાડ

વૃક્ષડો (વખો) [સં. વૃક્ષ] પું. ઝાડ

નળ દીઠો નહિ તે નર રોગ,
ઝાડવો નહિ તે વૃક્ષડો જ. પ્રેમાનંદ

વૃક્ષળ ૧. [સં. વૃક્ષ] પું. ગોપી; પોઢિયો; ગુંદા; સાંઢ બળદ

૨. પું. બાર માંહેની એક રાશિ.

વૃખભાનુ જુઓ વૃષભાન.

વૃખભાન પું એ નામનો એક રાજા.

નૃપ, નરેશ, ઉક્ષાન્ત, ક્ષૌણ અધિપતિ, મહિપતિ, ભૂપ, રાજન્ વૃખભાનની જેટી સમ અનુપ, વિશ્વનાથમુક્તાવલિ

વૃખા પું. વરસાદ, મેઘરાજા.

વૃચ્ખ [સં વૃક્ષ] ન. ઝાડ; વૃક્ષ

વૃચ્છ ન. વૃક્ષ

સાર સુર તહાં હીયો નિવાસ,
વૃચ્છ તહાં એક અતિ અનુપ.
વિશ્વનાથમોતિ

વૃજ ૧. [સ.] સ. ક્રિ. કઠણ કરવા.

૨. સ ક્રિ (ધાતુ) છોડી દેવું; ત્યજવું; દૂર રહેવું; વર્જવું તે ઉપરથી બનેલ શબ્દો; વર્જિત, વર્જન, વર્જ્ય, વિવર્જિત.

૩. સ. ક્રિ. પવિત્ર કરવું.

૪. સ. ક્રિ. પ્રસાદ કરવુ

વૃજકિશોરી સ્ત્રી જુઓ વાગા

વૃજચંદ પું. શ્રી કૃષ્ણ ભગવાન.

વૃજન ૧. [સ.] ન. આહાર

૨. ન. પ.પ.

૩ ન. વાગ

૪. વિ. વાંકું; કુટિલ

વૃજનાથ ૧. પું અકબરના દરબારમાં થઈ ગયેલ એ નામનો એક ગવૈયો. તે રાજ્યાશ્રયમાં એક એવી શક્તિ બની કે, તે પોતાના ગાયનદ્વારા કોઈ પણ દીપકને બરફ અને વાદળ બનાવી દેતો અને વરસાદ તે દાબી બોબામાં બોબાં પીરસ માણસોનો ભક્ષ કરતો ત્યારે જ શાંત થતો

૨. પું. શ્રીકૃષ્ણ

વૃજવું સ. ક્રિ. વર્જવું; ત્યજવું

વૃજિ ૧. [સ] પું પ્રાચીન ભારતના એક લોક.

૨. પું. હિંદનો એક પ્રાચીન દેશ, હાલના અયોધ્યાની ઉત્તરનો પ્રદેશ, નેપાલ

૩ પું હિંદુ યુગમાં પ્રજાતંત્ર ભોગવતો એ નામનો એક સમાજ

૪ ન. એ નામનું એક હિંદી પ્રજાતંત્રાક રાજ્ય.

૫. ન લિચ્છવિ લોકોનું તથા વિદેહ લોકોનું રાજ્ય

ઉલ્લાં એ રાજ્યો વૃજિ અથવા વજ્જિઓને નામે ઓળખાતા હતાં. હિંદુરાજ્યવ્યવસ્થા

વૃજિન ૧. પું. પાપ; વાંકડિયા વાળ.

૨. [સં.] ન. આફત, દુ:ખ, કષ્ટ; પીડા

કદી જો તું મહામાયા સર્વથી અલગો હશે,
જ્ઞાન રૂપી જ નૌકાથી વૃજિનને તરીશ તું.
ગીતાનુશ્લોકન

૩. ન. પ.પ

કદન ત્રિપુર સંકટ તુદન, ગુહન, વૃજિન અભિનામ,
દુ:ખ દેના તું નાશને, હે ખારી સુખધામ.
પિંગલપ્રકાશ

૪. વિ. કુટિલ; વાંકું.

વૃત્ ૧. [સં.] અ. ક્રિ. ગમવું; પસંદ કરવું; ખૂટવું.

૨. અ ક્રિ હોવું, થવું. તે ઉપરથી નિવૃત્ત, પ્રવૃત્ત, વૃત્તિ, આવૃત્તિ, વૃત્તાંત, પ્રવૃત્તિ, નિવૃત્તિ, વર્તન, વર્તમાન વગેરે શબ્દો બનેલા છે.

૩. સ. ક્રિ. (ધાતુ) વર્તવું.

૪. સ. ક્રિ. વહેંચવું; ભાગલા પાડવા.

વૃતભૂમિ [સં.] સ્ત્રી. ઘેરાયેલી જમીન; વાડો; પરિઘ.૨ ભૂમિ.

વૃતમુખી પું. (પિંગળ) એ નામનો આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

વૃતહારિ પું (પિંગળ) છ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, અને જગણ એમ છ અક્ષર હોય છે.

વૃતાદેરા પુ જનોઈ આપ્યા પછી ગુરુ જે વ્રત કરવાનું કહે છે તે.

વૃતાંત જુઓ વૃત્તાંત.

વૃતાંતહાર જુઓ વૃત્તાંતનિવેદક.

વૃતિ ૧. સ્ત્રી. વાડો.

૨ સ્ત્રી ઘોડો

૩. સ્ત્રી નિમણૂક

૪. [સં.] સ્ત્રી. વરદાન.

૫. સ્ત્રી વરવું તે; સ્વીકારવું તે.

૬. સ્ત્રી. વાડ.

વૃત્ત ૧. પુ. (પુરાણ) એ નામનો સર્પ.

૨. પું. કાચબો.

૩. [સં.] પું. (પિંગળ) કુલની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંડવા. તેમાં વીસ અક્ષરો આવે છે.

૪ પું. ચક્ર; મંડળ; બિલ્લ.

૫ પુ (પુરાણ) કુરુના પુત્ર શિષ્ટના ચાર માહેનો ત્રીજો પુત્ર

૬. પુ રંગમંડપ

૭. પું. શંકર

૮ સ્ત્રી. ગુજરાત; આબુવિસ્તા

૯. ન. અનુષ્ઠાન.

૧૦. ન આચાર, દૃષ્ટિ; વર્તન; રીતભાત; વર્તણૂક ચરિત; આચાર.

૧૧ ન કતિહાસ, હકીકત, બનાવ, બાબત.

૧૨. ન. કામધંધો; ઉદ્યોગ.

૧૩. ન. ખબર, વૃત્તાંત, સમાચાર

૧૪ ન. ગોળાકાર બિલ્લ

૧૫. ન. ચરણ

૧૬. ન. છ માત્રાને અંતરે પડતો તાલ.

૧૭. ન. છંદ; દ્વાદશરાત્ર; કવિતાના માપનો એક પ્રકાર

૧૮. ન. જર્મન સિલ્વર; એક જાતની ધાતુ

૧૯ ન (સંગીત) તાલનાં મુખ્ય છ માહેનુ બીજું અંગ

૨૦ ન દોરડું

૨૧. ન. રાજ્યસભામાં વપરાતા છ માહેનુ એક જાતનું તળાવ

૨૨. ન. વર્તુળ; ગોળાકૃતિ; કૂંડાળું; ચક્કર, વળેલી આકૃતિ; વળેલી લીટી. એક જાતની ગોળ આકૃતિ જેની હદ એક વક્ર લીટીથી બંધાયેલી છે તથા તેની અંદર એક એવુ બિંદુ હોય છે કે ત્યાંથી વક્ર લીટીને રપર્શતી બધી રેખાઓ સરખી હોય છે.

૨૩. ન. શ્લોક

૨૪ ન. સભાની કાર્યવાહી

૨૫ વિ અભ્યાસ કરેલ

૨૬ વિ ઉત્પન્ન થયેલ

૨૭ વિ મરેલ

૨૮. વિ ઢાંકેલ; આવરણ કરેલ.

૨૯ [સં. વૃત્ (હોવું)] વિ થયેલુ, વર્તેલુ

૩૦. વિ. પ્રખ્યાત

૩૧. વિ. બનવું પામેલ.

વૃત્તકુંડળ [સં.] ન કમળના દોડાના આકારનું કુંડળ. તેની પહોળાઈ ૧૮ વલય અને લંબાઈ ચાર આંગળની હોય છે

વૃત્તકોરા સ્ત્રી. કુકડવેલ.

વૃત્તકપ્પરાસ્થિ ન ખોપરીમાં કાણું પાડવાનું એક ઓજાર; ' ટ્રેપાન '.

તેઓએ ખોપરીમા **વૃત્તકપ્પરાસ્થિ** વડે છિદ્ર પાડી મગજમાથી બાધિનું ખરેખર કારણ કાઢી લીધુ. આયુર્વેદનો સક્ષિપ્ત ઇતિહાસ

વૃત્તક્ષેત્ર ન. વર્તુળની સફાઈ; વર્તુળના પરિઘની અંદર ઘેરાયેલો સફાઈનો ભાગ.

વૃત્તખંડ ૧. [સં. વૃત્ત (ગોળાકૃતિ) + ખડ (કકડો)] પું. જ્યા અને ધનુષ્યથી દોરાયેલી આકૃતિ. જ્યા અને તેનાથી કપાયેલી ચાપ વડે પરિવૃત્ત થયેલ વર્તુલનો ભાગ; ' સેગમેન્ટ .'

ગોળાકૃતિ વચ્ચે આડી લીટી દોરતાં જે બે ખડ કે ટુકડા પડે તે માહેનો ગમે તે એક; પરિઘનો જેટલો ભાગ જ્યાથી છેદાય તેટલો ભાગ.

૨. પું. પૃથ્વી ઉપરના નવ મહેનો એક ખંડ. તે અગ્નિ ખૂણામા છે

વૃત્તખંડબંધન [સં.] ન શિલ્પ શાસ્ત્રમાં વર્ણવેલ ચોરસ માહેની એક ક્રિયા

વૃત્તખંડિની [સ] સ્ત્રી. વર્તુળની બહાર એક બિંદુ લઈ તે બિંદુમાથી વર્તુળને બે બિંદુમાં છેદે એવીરીતે દોરેલી લીટી

વૃત્તગંધિ ૧ [સ.] ન. એક પ્રકારનો શ્લોક. ૨. ન. સંસ્કૃત કાવ્યના ચાર માહેનો એક પ્રકાર. તેમાં વચ્ચે વચ્ચે કવિતાની જેમ પાદની છાંયાની ઝાંખી થાય છે

વૃત્તગંધિગદ્ય ન ગદ્યનો એક પ્રકાર. તેમાં મધ્યે મધ્યે વૃત્તના કોઈ કોઈ પાદની છાયાની ઝાંખી થ.ય છ

ગદ્ય ચાર પ્રકારનું છે. સર્વથા સમાસરહિત ગદ્ય તે મુક્તક; જેમા મધ્યે મધ્યે કોઈ કોઈ પાદની છાયાની ઝાંખી થાય તે **વૃત્તગંધિગદ્ય**; દીર્ઘસમાસયુક્ત ગદ્ય તે **વૃત્તવિલાપ્રાય** અને અલ્પસમાસયુક્ત ગદ્ય તે ચૂર્ણ છે.
હર્ષદિગ્વિજય

વૃત્તચક્ર પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેને ચક્ર છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં એક ભગણ, ત્રણ નગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

વૃત્તચિતિ સ્ત્રી. ચોરસ અથવા કાટખૂણા ચોખૂણની એક બાજુને સ્થિર રાખીને તેને ફરતુ તે ચોખૂણને એક પૂરું ચક્કર ફેરવતાં જે બનાકૃતિ થાય તેને વૃત્તચિતિ કહે છે અને સ્થિર રાખેલી બાજુને તે વૃત્તચિતિનો અક્ષ અથવા ઊંચાઈ કહે છે વૃત્તચિતિને નળ પણ કહે છે.

વૃત્તજાતિ સ્ત્રી. (સંગીત) એક તાલની અગિયાર માહેની એક જાતિ; જાતિના દસ માહેનો એક પ્રકાર; છ વર્ણ-સ્વરનો સમૂહ. તેમ. છ માત્રા આવે છે અને પહેલી અને ચોથી માત્રા ઉપર તાલ આવે છે.

વૃત્તજાત્યન્તચ્છેદ પું. બે વર્તુળો એક બીજાને એવી રીતે છેદે કે બે છેદન બિંદુઓમાના ગમે તે એકમાંથી બંને વર્તુળોને દોરેલા સ્પર્શકો વચ્ચેનો ખૂણો કાટખૂણો થાય તો તે બંને વર્તુલોના છેદને વૃત્તજાત્યન્તચ્છેદ કહે છે.

વૃત્તધારી ૧. [સં.] પું. વૃત્તને ધારણ કરવાવાળો

૨. વિ. નિયમ લેનાર.

વૃત્તનો આંસ પુ. વૃત્તના બે ટ્રુવને જોડનારી સીધી લીટી.

વૃત્તપત્ર [સં] ન. વર્તમાન પત્ર સમાચાર પત્ર

વૃત્તપત્ર વ્યવસાયી પુ. વર્તમાન પત્ર લખવાનો ધંધો કરનાર માણસ

વૃત્તપાદ [સ.] ન. પદ સંસ્થાન; વર્તુલપાદ.

વૃત્તપુચ્છ ન. એક જાતનું જળચર પ્રાણી જેની પૂંછડી ગોળ હોય છે અને ચામડું રૂંવે રૂંવે ભદામી હોય છે

વૃત્તપુરી [સ] સ્ત્રી. ચરોતર વિભાગમાં આવેલ વડતાલ નામે ગામ. તે સ્વામિનારાયણનું ધામ છે અને તે સંપ્રદાયની ગાદીનું સ્થાન છે.

વડતાલ તો **વૃત્તપુરીના** ચોબારે,
બદ્રિનારાયણ જેવાય. પ્રેમાનંદ સ્વામી

વૃત્તપુષ્પ ૧ [સં.] ન. કદંબનું ઝાડ; સિરીષ

૨. ન. નેતર

વૃત્તફલ [સં.] ન. રાતો અંબોડો.

વૃત્તફૂલ ૧. [સં] ન. દાડમ

૨. ન. બોર.

૩. ન. મરી.

વૃત્તફૂલા ૧. [સં.] ન. આમળાં. જેમ બોટા બોરમાં ઉપર ગર્ભ થાય છે તેમ આમળાં ઉપર પણ ગર્ભ થાય છે જેમ બોરમાં ઠળિયો હોય છે તેમ આમાં પણ થાય છે માટે તેને વૃત્તફૂલા કહે છે.

૨. ન. બોર.

વૃત્તબીજ ૧. [સં.] ન. ભીંડાનું બી.

૨. ન. ભીંડાનો છોડ.

વૃત્તબીજા [સં.] સ્ત્રી તુવેર.

વૃત્તભેદ્ય [સં.] ન ગોલ બ્રહ્મ.

વૃત્તલેખ પું વિવરણ.

વૃત્તવર્તિ ન. વર્તુળના પરિધ ઉપર આવેલ અને જેમાથી પ્રસાર થાય એવી રીતે વર્તુળ દોરી શકાય એવુ બિંદુ.

વૃત્તવિદ્યા [સ.] સ્ત્રી પત્રકારિત્વ.

વૃત્તવિવર [સં] ન. એક છિદ્ર; મધ્યમબ્રહ્મસ્થાનમાં આવેલાં બે છિદ્રમાંથી દરેક આ બે છિદ્રોદ્વારા પાંચમી નાડીઓની મધ્યમશાખાઓ ઉપરના જડબા તરફ જાય છે

વૃત્તવિવેચક [સં.] પું. પત્રકાર.

એક પ્રસિદ્ધ **વૃત્તવિવેચકે** જે અભિપ્રાય આપ્યો હતો તે સાચો પડ્યો. મહાદેવ દેસાઈ

વૃત્તવિવેચન સ ' ન પત્રકારિત્વે વર્તમાનપત્ર મારફતે વિવેચન, બનેલા બનાવોનુ વિવેચન, ' જર્નાલિઝમ ' ને અર્થે કહેવામાં કહે છે કે જેમ ફ્રેંચ-ક્રીમા અને સાહિત્યમાં તેમ વૃત્ત વિવેચનને માટે આપણે આ દેશમાં કોઈ શબ્દ રૂઢ થયો નથી એ આશ્ચર્ય છે આના સારુ દૈનિકથી માંડીને માસિક, ત્રિમાસિક અને વાર્ષિક સુધીના બધા છાપાઓ અને તેના આવતી જતી ખબરથી માંડીને ગંભીર ચર્ચા સુધીનુ બધું જેમા સમાય એવો શબ્દ ખરેખર એ કઠીન છે. અંગ્રેજી માં લોકવૃત્ત એ એવો જૂનો અને વિપુલાર્થવાહી શબ્દ છે આમાં પ્રજાજીવનનાં બધા અંગો આવી જાય છે. એ ઉપરથી જર્નાલિઝમને લોકવૃત્ત વિવેચન અથવા સક્ષેપમાં વૃત્તવિવેચન કહી શકાય. જ્યાં જ્યાં જર્નાલિઝમ શબ્દ વપરાય છે ને દરેક જગ્યાએ આ શબ્દ બંધ બેસતો આવે છે.

વૃત્તવિહારિણી સ્ત્રી. વિહારીએ અનુષ્ટુપને બદલે વિવિધ વૃત્તોમાં બનાવેલ ગીતા.

વૃત્તષડ્ભાગ પું. કોણમાપકયંત્ર. વિશિષ્ટ યંત્ર; ' સેક્સ્ટંટ. '

વૃત્તસમુદાય પુ વર્તુળોનો સમૂહ

વૃત્તસૂચ સ્ત્રી કેટલ્યુન વિદ્યાર્થીનો કર્યું ભિન્નયની બે બાજુમાંથી એક ને સ્થિર રાખી તેની ફરતો તે ત્રિકોણને ફેરવવાથી જે બનાકૃતિ થાય તે. સ્થિર રાખેલી બાજુને તે વૃત્તસૂચિનો અક્ષ, જેમ અથવા ઊંચાઈ કહે છે અને કર્યુંને તિરકસ ઊંચાઈ કહે છે. વૃત્તસૂચિને શંકુ પણ કહે છે

વૃત્તસ્પર્શ પું કોઠાળાનો સંપર્ક; કોઠાળાનુ અડકાવું તે.

વૃત્તા પુ. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; રથપદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, સગણ, મુક અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. તેમાં ચોથા અક્ષર ઉપર વિસામો આવે છે.

વૃત્તાકાર [સં.] વિ ગોળાકાર; ગોળ વર્તુળના આકારવાળુ; ચક્રાકાર, ચક્રાકૃતિ.

સોઈ સકેસરિ **વૃત્તાકારિ** ત્રિભિ, કાન્ત ત્રજા વિસ્તારી.
ભાવભૂતિમય

વૃત્તાકારગતિ [સ ' સ્ત્રી ચક્રગતિ; ચક્રાકારગતિ; ગોળ ગોળ ફરવુ તે

વૃત્તાક્ષિપ [સ.] પુ. વાદર.

વૃત્તાનુપ્રાસ [સં.] પુ. અનુપ્રાસનો એક પ્રકાર.

વૃત્તાનુસારી [સં.] વિ. વૃત્ત પ્રમાણે વર્તનાર

વૃત્તાર્ધ [સં.] પું અર્ધગોળ, વર્તુળમાં એક વ્યાસ દ્વારા થી તેના જે બે સરખા વિભાગ થાય છે, તેમાંનો પ્રત્યેક વિભાગ; 'સેમિસર્કલ'.

વૃત્તાલય [સં.] ન નડિયાદ તાલુકાનું વડતાલ નામનુ એક ગામ તે સ્વામિનારાયણ સંપ્રદાયનું મોટું ધામ છે. લક્ષ્મીનારાયણનુ મંદિર પણ ત્યા છે

વૃત્તાષ્ટભાંશ [સં] પું એક ચક્રનો આઠમો ભાગ; 'ઓક્ટંટ'.

વૃત્તાંત ૧. [સં. વૃત્ત–વર્ત (વર્તવું) + અંત (છેડો)] પુ. ઘટના; બનાવ; પ્રસગ.

૨. પું. પ્રકરણ

૩. પુ પ્રકાર

૪ પું ; ન. ખબર; સંદેશ; સમાચાર.

૫. પું ; ન. વિગત; વર્ણન; હકીકત; બયાન

૬ ન. કથા; કહાણી, ઇતિહાસ, ઇતિહાસ એટલે ઇતિ હ આસ અર્થાત થઈ ગયેલ વૃત્તાંતો કે હકીકતોનું વર્ણન

૭. ન. ગતિ; તરેહ; રીત

૮. ન. જીવનચરિત્ર.

૯. ન. પ્રક્રિયા.

૧૦. ન. પ્રસ્તાવ

૧૧. ન. રીતભાત; વર્તણૂક

૧૨. ન. સમગ્રપણું

વૃત્તાંતનિવેદક [સં] પું. ખબર આપનાર માણસ; ખબરપત્રી; વૃત્તાંતકાર.

વૃત્તાંતનિવેદિકા [સં.] સ્ત્રી. ખબર આપનાર સ્ત્રી; સ્ત્રી ખબરપત્રી; સ્ત્રી વૃત્તાંતકાર

અને અમને યાદ આવે છે તે પહેલા અમેરિકન વર્તમાનપત્રોની **વૃત્તાંતનિવેદિકા** (રિપોર્ટર) આઈએ કહે કહ્યું કે, ઉત્તેજના સોસ્યલિસ્ટ મંડળમાં મિ. બેઉસ્ટર્ફ બેઠલી 'Brainy' નામે હિમાયતીનો માણસ બોલે નહી.
આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

વૃત્તાંતનિવેદી પું બાતમી આપનાર અમલદાર; ' રિપોર્ટર '.

વૃત્તાંતપંચભુજ પુ વર્તુળના પરિધ ઉપર બધાં કોણબિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલ પંચકોણ

વૃત્તાંતષટ્ભુજ પું વર્તુળના પરિધ ઉપર બધાં કોણ બિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલા અષ્ટકોણ

વૃત્તાંતવૈભુજ પુ. વર્તુળના પરિધ ઉપર બધાં કોણ બિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલા ત્રિકોણ

વૃત્તાંતવર્તી જી. કોણબિંદુઓ વર્તુળના પરિઘ ઉપર આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલી આકૃતિ

વૃત્તાંતચતુર્ભુજ પું. વર્તુળના પરિઘ ઉપર બધા કોણબિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલો ચતુષ્કોણ

વૃત્તાંતપંચભુજ પું. વર્તુળના પરિઘ ઉપર બધા કોણ બિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલો પંચકોણ

વૃત્તાંતસમષડ્ભુજ પું. વર્તુળના પરિઘ ઉપર બધા કોણબિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલો સમષટ્કોણ

વૃત્તાંતસમિતિ જી. વર્તમાનપત્રોમાં હેવાલ છપાવવાને સતતું કામકાજ કરનાર મંડળી

વૃત્તાંતસ્રિભુજ પું. વર્તુળના પરિઘ ઉપર બધાં કોણબિંદુઓ આવે એવી રીતે વર્તુળની અંદર કાઢેલો ત્રિકોણ

વૃત્તાંશ પું. કલખંડ; 'સેગમેન્ટ'.

વૃત્તિ ૧. પું (પિંગળ) જાતિ માત્રામેળની રચનાથી બનારી પદ્ય રચના.

૨. પું. (પિંગળ) ત્રણ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગણી. તેના દરેક ચરણમાં એક મગણ હોય છે.

૩. [સં. વૃત્ (હોવું) + તિ (ક્રિયાવાચક પ્રત્યય)] જી. અંતઃકરણનું વલણ; મનનો ભાવ; ભાવના; મનનું વલણ

> ચિત્તની વૃત્તિ એટલે કે ચિત્ત જેક્ષણે જે વિષયમાં હંમેશ તે વિષય તેની વૃત્તિ કહેવાય. ચિત્તમાં પણ વૃત્તિઓ હોય છે. એમ માટે વૃત્તિ શબ્દ આવ્યો છે. પુરાતત્વ

૪. જી. આજીવિકા; ઉદ્યમ; વ્યાપાર રોજગાર; ગુજરાન માટે જે ધધો વગેરે કરવાનું તે, જીવનોપાય; જીવાઈ; રોજી; નિર્વાહ; ટકવું તે

૫ જી આહાર

૬ જી. ઇચ્છા; રુચિ; લાગણી; મરજી; ભાવ.

૭. જી જોગ; વર્તુળ

૮. જી. ચારિત્ર

૯. જી. ચાલચલણ; સ્વભાવનું આચરણ; પ્રકૃતિ; વર્તણૂક

૧૦ જી ચિત્તમાં ઊઠતો વિચાર; ચિત્તનો વ્યાપાર

૧૧. જી ટિપ્પણ; ટીકા; વિવરણ; ભાષ્ય.

૧૨. જી ચેતણી; વળગણ; ચેતન; તનખ્વાહ.

૧૩. જી ધર્માદિ ૭ માહેનો એક પદાર્થ

૧૪. જી. નિદ્રા

૧૫. જી. પ્રકાર; પદ્ધતિ

૧૬ જી ભારત., યોગદ. 'મેન્ટલ' વૃત્તિના ત્રણ પ્રકાર છે. ક્ષિપ્ત, મૂઢ, રાગ, તૃષ્ણા, રાગ, લોભ, સ્નેહ ઇત્યાદિ ક્ષિપ્ત વૃત્તિ છે, ભય, સમાધિ ઇત્યાદિ મૂઢ વૃત્તિ છે અને આરામ, વૈરાગ્ય, શાંતિ ઇત્યાદિ રાગ વૃત્તિ છે

૧૭ જી બિલ્વ ઓમ ઉચ્ચારી બોલતો બોલવા કરવાની રીતી; રમતુ મિશ્રણ, એક પ્રકારની નૃત્ય રચના, અમુક રચના મેળાપ તે ચાર છે કૌશિકી, ભારતી, ભારતી અને સાત્વતી જ્યાં શૃંગાર અને કરુણ રસ અતિ કોમળ સહજભેર વર્ણવાય ત્યાં કૌશિકીવૃત્તિ. જ્યાં રૌદ્ર અને બીભત્સ અતિ પ્રૌઢ સહજતાથી પ્રતિપાદન કરાય ત્યાં આરભટીવૃત્તિ. જ્યાં અતિ સુકુમાર નહિ એવા હાસ્ય, શાંત અને અદ્ભુત રસ અતિ સુકુમાર નહિ એવા સહજતાથી ઝબોળાય ત્યાં ભારતીવૃત્તિ અને જ્યાં અતિ પ્રૌઢ નહિ એવા વીર અને જવાનક રસ અતિ પ્રૌઢ નહિ એવા સહજતાથી મૂર્ધાય ત્યાં સાત્વતી વૃત્તિ છે. વૃત્તિનો મૂળ અર્થ અંગપ્રહાર, અંગચેષ્ટા, શરીરનું જુદી જુદી રીતે વાળવું એ છે. પાછળથી તેનો અર્થ એવી ચેષ્ટા સાથે જુદા જુદા પ્રકારની વાણી, રચના થયો. અંગ રચનામાંથી અંગરચનાયુક્ત વાણીની રચના એવો અર્થ ક્રમે થયો

૧૮. જી (પુરાણ) મનુ નામના ઋષિની પત્ની; અગિયાર આહેનો એક રુદ્રાણી

૧૯ જી ૨૯મ.

૨૦ જી રીતિ

૨૧ જી યતન, યત્ન તે

૨૨ જી વસ્તુની ૬૬ અવસ્થા એક વસ્તુ લીધી, પરિધિ

૨૩ જી (જૈન) વાડ, ઘરની જમીન; વાડો

૨૪. જી ન.કુ.ના. અમુક અમુક પ્રકારની રચના.

૨૫ જી વિશ્વામિત્રની બહેને બનાવેલી કૌશિકી નદી

૨૬ જી. શબ્દની અર્થ બતાવવાની શક્તિ. વૃત્તિઓ પાંચ પ્રકારની છે. (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ. તેના બે ભેદ છે. ક્લેશ રહિત અને ક્લેશ સહિત. એકને વિશિષ્ટ એટલે રજોગુણી અને તમોગુણી અને બીજાને અવિશિષ્ટ એટલે સત્ત્વગુણી કહે છે. આ વૃત્તિઓની નિવૃત્તિથી જ સ્વસ્થ થવાય છે

૨૭ જી. શબ્દાર્થનો બોધ કરનારો પ્રકાર

૨૮. જી. સંસ્કૃત વ્યાકરણના ૭ માહેનો એક ગ્રંથ

૨૯. જી. સમજૂતી; ટીકા.

૩૦. જી. (જૈન) સૂત્રનું વિવરણ.

વૃત્તિઉપહાર પુ. બેઠા પગાર રૂપે મળતી રકમ, 'ગ્રેચ્યુટિ'

વૃત્તિકા [સ.] જી. આજીવિકા; વૃત્તિ.

વૃત્તિકામ વિ. ગુજરાન ચલાવવાની ઇચ્છા રાખનાર

વૃત્તિકાર પું. ટીકાકાર; વિવેચક.

> કેટલાક ગ્રંથો એવા હોય છે કે, જેમાં સૂત્રકાર બીજો અને વૃત્તિકાર બીજો. પુરાતત્વ

વૃત્તિક્ષેત્ર [સ.] ન. ખેતર

વૃત્તિખંડ [સ.] પું ગોળનો ભાગ

વૃત્તિભાહી [સ.] પું. પગારદાર; વૈતનિક

વૃત્તિચ્છેદ [સં.] વિ નોકરીધધાનું છૂટી જવું તે.

વૃત્તિજનિત [સં.] વિ. લાગણીથી ઉત્પન્ન થયેલ

> બાબી બાઈ એટલી જ હતી કે, તેમનો સ્નેહ વૃત્તિજનિત નહિ પણ હેતુજનિત હતો. ત્રિ સ્વજનો ઇતિહાસ

વૃત્તિજ્ઞ [સં.] વિ આજીવિકા આપનાર

વૃત્તિનાયક [સં.] પું પ્રાચીન સમયનો એ નામે એક અધિકારી

વૃત્તિનિરોધ [સં.] પુ વૃત્તિનો વેગ રોકનાર કે નિરોધ કરનાર યોગ; રાજયોગ; સમાધિ.

વૃત્તિપરિસંખ્યાન [સં.] ન. (જૈન) બાહ્યતપના ૬ માંહેનો એક પ્રકાર; વૃત્તિસંક્ષેપ; વિવિધ વસ્તુઓની લાલચને ટૂંકાવવી તે.

વૃત્તિભિક્ષા જી ગુજરાન અર્થે આપતી ભિક્ષા.

વૃત્તિભુક્ [સં.] પુ. પગાર લઈને ભણનાર વિદ્યાર્થી; 'સ્કોલર'

વૃત્તિભેદ પું જુદાં જુદાં વલણને લઈ ઉત્પન્ન થતો ભેદ.

વૃત્તિમત [સં.] પું કોઈ વિષય પ્રતિ રહેલી આંતરિક લાગણી દર્શાવનારો મત; મનોભાવનાદર્શન

વૃત્તિમય ભ્રાન્તાભાસ [સં.] પું. અસત્ય ભ્રાન્તારોપણ; 'પેથેટિક ફેલસિ'

> જ્યારે કવિ પોતે પોતાની લાગણી વર્ણવે છે કે, એ બતાવે તે સમયે પ્રકૃતિમાં બન્યા ત્યારે આ કલ્પનાને Pathetic Fallacy એટલે વૃત્તિમય ભ્રાન્તાભાસ કહેવો પડશે અર્થાત્ અમુક સમયે માનવ વ્યક્તિની જે અમુક વૃત્તિ હોય તે પ્રકૃતિમાં પણ દરેકમાં જાણે આની હોવાની ભૂલ વિચારમાં રહેલી છે. રમણભાઈ

વૃત્તિભાષ [સં.] ન. નિર્વાહનું ખોરડું; રહેણી; જીવનખોરડું

અહીંનું માપ વૃત્તિમાપ (Standard of life) એટલું તો ઊંચું છે કે, અહીંના મજૂરવર્ગના નિવાસ હિંદીઓના મધ્યમવર્ગના જીવનધોરણ સમાન છે. તેમના નિવાસને મુકાબલે મહેલો કહેવા પડે એવા છે.
ન. કે. ઠાકોર

વૃત્તિરહિત [સં.] વિ. કામધંધા વગરનું

વૃત્તિરૂપવતી સ્ત્રી. એ નામની કૌંચદ્વીપની સાત મહેંદી એક નદી

વૃત્તિવિવાદ પુ. સ્વામિનારાયણ સંપ્રદાયનો નિષ્કુળાનંદમુનિકૃત એ નામનો ગ્રંથ. જેમ મનની વૃત્તિ ભગવાનમાં કેવી રીતે જોડાય તે વિષે કહ્યું છે

વૃત્તિવિષયત્વ ન. શક્તિ, લક્ષણા, કૃદંત તદ્ધિતાંત અને સમાસ એ બધામાંથી જેમ તે જેમના જ્ઞાનને અધીન જે જ્ઞાનનું વિષયપણું તે

વૃત્તિસંક્ષય [સં] પું લાલચ કે લોભનો સંકોચ કે સંક્ષેપ.

વાસનાના સંબંધથી ઉત્પન્ન બનતી વૃત્તિઓના નિર્મૂળ નિરોધ કરવો તે **વૃત્તિસંક્ષય.**
પુરાતત્ત્વ

વૃત્તિસંક્ષેપ ૧. પું જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાખવી તે; દ્રવ્યાદિના સંક્ષેપ જોઈ કરવા રૂપી તપ; બીજું બાહ્યતપ.

૨. પું. (જૈન) તપના બાર મહેનો એક પ્રકાર; ઇંદ્રિય અને મનની વૃત્તિઓને સંક્ષેપથી અથવા અભિગ્રહ વગેરે ધારણ કરવા તે.

૩. પું. (ભૂ. શુ.) સચેત દ્રવ્યનો ત્યાગ કરવા રૂપ તપ.

વૃત્તિસ્થિતિ [સં.] સ્ત્રી. ભાવ; વલણ

વૃત્તિહત પું. (કાવ્ય) વાક્યદોષનો એક ભેદ; ૭૬ અંગ.

એના માત્રા **વૃત્તિહત** અને વર્ણ **વૃત્તિહત** એવા બે પ્રકાર છે.
કાવ્યરાજ

વૃત્તિહીન વિ. વૃત્તિ વગરનું; કામધંધા વગરનું

દુકમાં રેડેલા પાણીની પેઠે પોતાનું સ્વરૂપ કરવાને અસમર્થ હોવાથી બધા **વૃત્તિહીન** થઈને સાક્ષાત્કારનો નાશ કરી શકતું નથી.
સિદ્ધાંતદર્પણ

વૃત્તિહીનતા સ્ત્રી. બેકારપણું

વૃત્તીય વિ. મહીય, ' સાઇક્લિક '.

વૃત્તોપદેષ્ટા પું. મૂળનું સલાહકાર.

વૃત્ત્યનુપ્રાસ [સં] પું. એક શબ્દાલંકાર; સમાન વર્ણ કે વર્ણોની આવૃત્તિ; વાક્ય કે ચરણમાં એકને એક જાતના અક્ષરોની આવૃત્તિથી આવતી વાણીની શોભા, ઝડઝમક, છેકાનુપ્રાસ

વૃત્ત્યાભરણ [સં.] ન. જીવન; પરંતુ, વૃત્તિ એટલે પત્નીને પોષણ કરવાના સાધન તરીકે આપેલું દ્રવ્ય. એ ૨૦૦૦ 'પણ' થી જેટલું અને તેટલું વધારે અપાતું. આભરણ એટલે દર દાગીના.

વૃત્ય ૧. [સં. વૃત્તિ] સ્ત્રી. વિષય; મનની કલ્પેલી વસ્તુ

૨ સ્ત્રી. વૃત્તિ; વલણ

વૃદ્ર ૧ પુ ગરુડ

૨ પુ ઇંદ્ર

૩ પુ અસુરોનો હલકો દિલમાં દાખલ થયા પછી દરેક, જેવો મૂળ અનાર્ય વતનીનો સંસ્કાર

૪. પું આર્યલોકો પ્રજાબળમાં આવ્યા ત્યારે દિલમાં રહેલા તે સમયના દાસ લોકો.

૫ ન પુ ઇંદ્રથી મરાયેલ એક રાક્ષસનું નામ, વજ્રનો પુત્ર વૃત્રાસુર. તેને અંધકારનો મહાવ્યાપક રીતે માનવામાં આવે છે વેદમાં તેને દાનવ એમ કહેલું છે

વૃ ધાતુ પરથી વૃત્ર એટલે રક્ષણ કરવામાં સમર્થ છે એટલા માટે વાર્ત્રઘ્ન પુત્ર એવું નામ પ્રખ્યાત થયું.
ભાગવતી ભાગવત

૬. પુ ઇંદ્રનું એક નામ.

૭ પુ. દુશ્મન, રિપુ

૮ પુ વૈરી

૯ ન પૈડું

૧૦. ન મન

૧૧ ન. મેઘ, વાદળાં

૧૨. ન જળ

૧૩. વિ. [illegible]

વૃત્રગીતા સ્ત્રી મહાભારતમાં શાંતિપર્વમાં આવેલ એ નામનું એક પ્રકરણ

વૃત્રજ્વાલા સ્ત્રી. (પુરાણ) કુબેરની સ્ત્રી; [illegible]

વૃત્રતર [સં વૃત્રોની વૃત્રાનુ)+તર (વધારે એવો અર્થસૂચક પ્રત્યય)] વિ. અતિશયતાથી લોકોને આવરનાર અંધકારરૂપ આવરણોથી સર્વ શત્રુઓને નષ્ટ કરે છે તેવો વૃત્રોમાં સૌથી બળવાન

વૃત્રહંતૃ ૧ [સં] પુ ઇંદ્ર

૨. વિ. વૃત્રને મારનાર

વૃત્રહા [સં. વૃત્ર (એ નામનો રાક્ષસ) + હન્ (હણવું)] પુ શક્ર; વાસવ; પાકશાસન; મઘવા, દિવસ્પતિ, ઇંદ્ર. વૃત્રાસુરને મારવાથી તેનું આ નામ પડ્યું છે.

વૃત્રારિ [સં] પું ઇંદ્ર

વૃત્રાસુર ૧. પુ. (પુરાણ) ઇંદ્રે ત્વષ્ટા નામના પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપને મારી નાખવાથી અગ્નિમાં હવન આપીને ઇંદ્રનો નાશ કરવાને ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલો અસુર. તે ઇંદ્ર સામે યુદ્ધ કરવા ગયો અને યુદ્ધમાં ઇંદ્રને ગળી ગયો. આ ઉપરથી દેવોએ એને ખગ્રસ ઉત્પન્ન કર્યું એટલે ઇંદ્ર બહાર નીકળી આવ્યો. તથાપિ તેણે દેવોની સામે યુદ્ધ કર્યું અને તેમનો પરાભવ કર્યો. તેથી ઇંદ્રે વિષ્ણુને તેની પાસે મોકલી સંધિ કરી. સંધિ થયા છતાં ઇંદ્ર વૃત્રને મારવાનો લાગ શોધતો હતો. વિષ્ણુએ કહ્યું કે જો દધીચિ ઋષિ તેનાં હાડકાં આપે તો તેના બનાવેલા વજ્રથી વૃત્રનું મૃત્યુ થાય. આથી દેવોએ દધીચિ ઋષિ પાસે જઈને તેના હાડકાં આણી આપ્યાં અને વિશ્વકર્માએ તેનું વજ્ર બનાવ્યું. તે વડે ઇંદ્રે વૃત્રાસુરને માર્યો

૨ [સં] પું. (પુરાણ) એ નામનો એક દાનવ [illegible]; તેને વિષ્ણુએ હણ્યો હતો.

૩. પુ (પરંપરા) કશ્યપને પેટે દનુથી થયેલા ચાર મહેનો કનિષ્ઠ પુત્ર

૪ પું (પુરાણ) વેદમાં કહેલો દુષ્કાળ અને સુકાળ ઉત્પન્ન કરનાર અસર એ વરસાદને રોકી રાખે છે ઇંદ્ર એની સાથે યુદ્ધ કરીને ગાયોને અને [illegible] વાદળાંને છોડાવે છે અને વરસાદ વરસી દુષ્કાળ ટળી સુકાળ થાય છે, એવી કલ્પના વેદમાં ઠેર ઠેર દેખાય છે

વૃથા ૧. સ્ત્રી રીત; રિવાજ

૨. સ્ત્રી. સ. અવિધિ કે વિધિ રહિત.

૩. અ એ નામનો એક અવ્યય

૪. [સં.] અ. ખોટું; અર્થ; મિથ્યા; નિરર્થક; હોશકોશ નકામું; નિષ્ફળ

વૃથાત્ત ન. શરીરના આગલા ભાગની બોઢાની ગોળાકાર ચામડી

વૃથામાંસ ૧. ન દેવતા વગેરે માટે નહિ યોજેલું માંસ

૨ [સં] ન. દેવતા વગેરેને ધરાવેલું પશુનું માંસ.

વૃથાય ૧. પું ઘોડાની એક ચાલચાલ. તેમાં શરીરનો આગલો ભાગ વધુ ઝૂકે છે

૨ અ નકામ, ફોગટ

વૃથાર્ત્તત્ર [સં.] સ્ત્રી વાગ્ભટ્ટી સ્ત્રી

વૃથાવાદ પું નકામી ચર્ચા; ફોગટ વિવાદ

વૃથાસામ્ય [સં] ન. ખોટું મળતાપણું.

ઘ.ઢ. ખોટું અને ઢ અને ડ જેવા દેખાવ ઢ કરવો એ ઉપરના દોષના વૃથાસામ્યનું પરિણામ છે.
કુસુમમાળા

વૃદ્ધ ન. ગણામાં થતી વિકૃતિ

વૃદ્ધદારક પું. (પુરાણ) અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા; એ નામનો એક કોરવપક્ષી યોદ્ધો

વૃદ્ધ ૧. પું અનુભવી પ્રૌઢ માણસ

૨. [સં.] પુ. ઘરડો માણસ. પ્રવરા, સ્થવિર,

વૃદ્ધ, જીર્ણ, જીર્ણું, જરઠ આ છ પુંલ્લિંગ નામ જૂનાં છે. જીર્ણિયસ, દશમિન્, જ્યાયસ આ ત્રણ પુલ્લિંગ નામ અતિવૃદ્ધનાં છે.

૩. પું. વડીલ; વડવા; બાપદાદા; વડેરા.

૪. પું. વિનાયક.

૫. પું વૃદ્ધાવસ્થામાં તાપસની પ્રવ્રજ્યા લેનાર માણસ; વાનપ્રસ્થ.

૬. ન. એ નામનું એક ઝાડ

૭. ન શિલાજિત; શૈલજ નામે ઔષ દ્રવ્ય.

૮. વિ. ઘરડું; જુનું; પાકી ઉમરે પહોંચેલું; જૂનું

૯ વિ. પંડિત.

૧૦. વિ ક્ષુધ, ક્ષાન. ડહાપણથી સમજનારું.

૧૧. વિ. મહાન.

૧૨. વિ. મોટું

૧૩ વિ વર્ધેલું; વધારેલું

૧૪ વિ. વેદમાં વપરાયેલ શિવનું એક વિશેષણ. કેમકે, તે સૌમાં વયોવૃદ્ધ અને પુરાણ છે.

વૃદ્ધકાય [સં.] વિ. જીર્ણ શરીરવાળું.

વૃદ્ધકાલ [સ.] પું. ઘડપણ.

વૃદ્ધકાલેશ્વર પું નર્મદાકાંઠેની સપ્તમ નજીકના અમરેશ્વર મહાદેવની પ્રદક્ષિણામાં આવતા સાત માહેનું એક શિવલિંગ. એ બધું પુરાણું છે.

વૃદ્ધકુમારિકાન્યાય [સં] પું. (ન્યાય) એક વસ્તુની માગણી કરતાં તેને લગતી બધી વસ્તુ તેમાં માગી લેવાય તેવી રીતની માગણી. જેમકે, કોઈ એક કુમારી તપ કરતી કરતી ઘરડી થઈ. ઇંદ્રે તેને વર માગવા કહેતાં તેણે માગ્યું કે, મારા બધા પુત્રો સોનાનાં વાસણમાં ઘી, દૂધ તથા અન્ન ખાય. આ પ્રમાણે એક વાક્યમાં તેણે પતિ, પુત્ર, ગાય, ધન, ધાન્ય વગેરે બધું માગી લીધું. તેમ એક વસ્તુની માગણીથી કે પ્રાપ્તિથી બધી વસ્તુની પ્રાપ્તિ થાય તેને માટે આ ન્યાય વપરાય છે.

વૃદ્ધક્ષત્ર પું. (પુરાણ) સિંધુ દેશાધિપતિ ક્ષત્રિય. તેને જયદ્રથ નામે પુત્ર હતો. જયદ્રથના જન્મકાળે આકાશવાણી થઈ હતી કે, યુદ્ધમાં એનું માથું તૂટી જવાથી એનું મૃત્યુ થશે. વૃદ્ધક્ષત્રે પોતાના પુત્રને એવું વરદાન આપ્યું હતું કે, જે કોઈ તારું માથું કાપીને ભૂમિ ઉપર પાડશે તેના માથાના તત્કાળ સો ટુકડા થઈ જશે અને એ મરણ પામશે જયદ્રથ મોટો થયો ત્યારે તેને ગાદી ઉપર બેસાડી પોતે સ્યમંતપંચક ક્ષેત્રમાં તપ કરવા લાગ્યો. મહાભારતના યુદ્ધમાં અર્જુને તેનું માથું એવી રીતે કાપી ઉડાડ્યું કે તે સ્યમંતપંચક ક્ષેત્રમાં વૃદ્ધક્ષત્ર સંધ્યા કરવા બેઠો હતો ત્યાં તેના ખોળામાં પડ્યું તેને એ વાતની ખબર નહિ હોવાથી સંધ્યા પૂરી થવાથી ઊઠ્યો એટલે ખોળામાં પડેલું જયદ્રથનું ડોકું ભોંય પર પડ્યું તેથી પોતાના જ શિરના ૧૦૦ ટુકડા થયા અને એ મરણ પામ્યો

વૃદ્ધક્ષત્રિ પું. જયદ્રથ

વૃદ્ધગંગાધરચૂર્ણ ન (વૈદ્ય) અતિસાર ઉપર અપાતું એ નામનું ચૂર્ણ. તેના બનાવટમાં નાગરમોથ, ઇંદ્રજવ, ટેટુ, સુંઠ, ધાવડીનાં ફૂલ, લોદર, વાળો, બીલું, મોચરસ, કાળીપાટ, કડાછાલ, આંબાની ગોટલી, અતિવિષની કળી અને રિસામણી એ સમભાગે લઈ તેનું ચૂર્ણ કરવું તેની માત્રા બે આનીથી પાવલી ભારની છે

વૃદ્ધગાર્ગ્ય પું. (પુરાણ) એક ઋષિ

વૃદ્ધગૌતમી સ્ત્રી. ગોદાવરી નદીનો ફાંટો. તેને વિષે એમ કહેવાય છે કે: વૃદ્ધ ગૌતમ ઋષિને એક પુત્ર હતો. તેનું નામ પણ ગૌતમ હતું. તેને જન્મથી નાક ન હતું. તેની આ કુરૂપતાને લીધે તે નિરાશામાં નાસી ગયો રખડતાં રખડતાં તે ત્રૈયંબિરિમાં આવેલ એક કુંડમાં [illegible] ત્યાં તેણે [illegible] જોતાં [illegible] પરશુરામની આ બાઈને આવતા હતી. ગૌતમનો પોતાનો વિરોધ છતાં બંને [illegible] પણ જાહેરમાં હાસ્યપાત્ર બન્યાં અસ્વસ્થ ઋષિની આજ્ઞા મુજબ ગોદાવરી સ્નાન [illegible] પુણ્યસલિલ પુરાણ પુરાણ બની ગયું.

વૃદ્ધચર્યા સ્ત્રી. વૃદ્ધોએ કરવાનાં કામ અથવા કર્તવ્યકર્મ

વૃદ્ધતા [સં.] સ્ત્રી. ઘડપણ; જરા; ડોસાપણું, વૃદ્ધપ પું.

વૃદ્ધત્રયી [સં.] સ્ત્રી. આયુર્વેદના ત્રણ મૂળભૂત મહાન ગ્રન્થ. આયુર્વેદના મૂળભૂત અને પરમ પ્રતિષ્ઠિત ગ્રંથો ત્રણ છે ચરક, સુશ્રુત અને વાગ્ભટ. આ ત્રણ ગ્રંથોને આપણે વૃદ્ધત્રયી કહે છે. પણ ત્રણે માંહે ચરક અને સુશ્રુત, વાગ્ભટ કરતાં પણ ઘણા વધારે પ્રાચીન અને સ્વતંત્ર છે

વૃદ્ધત્વ જુઓ વૃદ્ધતા.

વૃદ્ધદારુચૂર્ણ ન. કવચાં અને બીજી દવાઓનું ચૂર્ણ. આ ચૂર્ણ શક્તિવર્ધક છે. તેની માત્રા ૦॥ થી ૧ તોલો છે. તેની બનાવટમાં કવચ, ગોખરુ, ધોળી મૂસળી, ધોળા કૌંચાનું મૂળ, આમળાં અને જાયફળ એ બધી ચીજો સમભાગે લઈ તેને અરોબર સાકર મેળવવી

વૃદ્ધદારક ન એ નામનું એક ઝાડ; આવેગી; વરધારો

વૃદ્ધદારુ [સ.] પું સમુદ્ર સોપનો વલો; વરધારો

વૃદ્ધનગર ન વડનગરનું એક નામ

વૃદ્ધનાભિ ૧. [સં] વિ મોટી ડુંટીવાળું

૨. વિ. રોગ વડે થયેલા મોટા પેટવાળું.

વૃદ્ધપણું જુઓ વૃદ્ધત્વ

વૃદ્ધપરંપરા ૧. [સ વૃદ્ધ + પરંપરા (પરિપાટી)] સ્ત્રી વડદાદાઓની પરંપરા; બાપદાદાઓના પરિપાટી

૨ સ્ત્રી કુટુંબની પરંપરાગત રૂઢિ

૩ અ ચાલ્યા આવતું ચાલતું આવેલું એમ; પેઢી દર પેઢી

વૃદ્ધપરંપરાગત [સં. વૃદ્ધ + પરંપરા + આગત (ઊતરી આવેલું)] વિ વૃદ્ધ પરંપરાથી ઊતરી આવેલું, કુટુંબમાં બાપદાદાઓના વારસાથી ચાલતું આવેલું.

વૃદ્ધપંથી વિ. પ્રાચીન પંથનું

બૌદ્ધ ભિક્ષુઓ જે જૂના મતના હતા તે પોતાને વૃદ્ધપંથી કહેતા હતા. ગીતારહસ્ય

વૃદ્ધપાતામહ [સ.] પું. મોટો દાદો

વૃદ્ધપીલુ [સં] ન. મોટા પીલુનું ઝાડ.

વૃદ્ધબાલિકાવિવાહ જુઓ વૃદ્ધબાળલગ્ન.

વૃદ્ધબાળલગ્ન પું. મોટી ઉમરના જોડે નાની બાળાનું લગ્ન. ગાંધીજી કહે છે કે, અભિસારમાં બહુ દોષ છે, એમાં શક નથી. પણ વૃદ્ધબાળલગ્નમાં તેથીયે વધારે દોષ રહેલ છે, એમ હું માનું છું. અભિસારમાં બને પક્ષ સમત હોય છે ને જ્યારે બેમાંથી એક પણ તે પાપમાંથી છૂટવા માગે ત્યારે છૂટી શકે છે. વૃદ્ધબાળલગ્નમાં તો સુધારને, પશ્ચાત્તાપને અવકાશ જ નથી. કેમકે, તે અધર્મને અટકાવવા ધર્મ પોતે જ આડો આવે છે. આ કહેવાતા લગ્નરૂપી સંબંધને ધર્મરૂપી હાસ્યરૂપ થઈ પડે છે. વળી અધર્મ જ્યારે ધર્મનો વેશ ધારણ કરે છે ત્યારે તે ઓછો દોષિત નથી પણ વધારે દોષિત બને છે, કેમકે તેમાં પાખંડનું મિશ્રણ થાય છે.

વૃદ્ધમત્સ્યસ્તરક્રમ પું. પ્રાચીન તલ યુગનો એક ક્રમ. તેની જે રચના બનાવટમાં આવી છે તેનું મૂળ છીછરા પાણીમાં છે. અપૃષ્ઠવંશી દરિયાઈ જીવનના ઘણાખરા પ્રકાર આ ક્રમમાં થઈ ગયા હતા. પાછલા ભાગમાં મોટાં કવચી જાનવરો હતાં.

વૃદ્ધમલ્લ પું. મલ્લોના આઠ માહેનો એક પ્રકાર.

વૃદ્ધમાન [સ. વૃધ્ (વધવું) + માન (વર્તમાન કૃદંતનો પ્રત્યય)] વિ. વધતું; વૃદ્ધિ પામતું.

વૃદ્ધરૂહા [સ] સ્ત્રી. શતાવરી.

વૃદ્ધલગ્ન ન. ઘરડાને પરણાવવું તે; વૃદ્ધાવસ્થામાં કરાતું લગ્ન. ગાંધીજી લખે છે કે: વૃદ્ધલગ્ન એ જેવું બાળલગ્ન છે એ વાત ભુલાઈ ગઈ છે, કેમકે

વૃદ્ધમમાં કન્યા તો બાળક જ હોય છે અને જે વૃદ્ધ પુરુષ, વૃદ્ધ હોવા છતાં પરણવાનો વિચાર કરે છે એ બાળક જ ગણાય અથવા બાળકથી પણ ઊતરતો કન્યાને તો વર જીવતાં છતા પણ એક પ્રકારનું વૈધવ્ય જ ગણાય. જે વૃદ્ધ પુરુષો પોતાના વિકારોને રોકવા અસમર્થ હોય તેથી અથવા કોઈ બીજા કારણસર સમ કરવા ઇચ્છે, તે પોતાના જેવી જ કોઈ વૃદ્ધ સ્ત્રી અથવા પુખ્ત ઉમરે પહોંચેલી સ્ત્રી, જે વૃદ્ધની સાથે સંબંધ બાંધવા તૈયાર હોય, તેની સાથે કરે તો સમાજને ઓછામાં ઓછી હાનિ થવાનો સંભવ છે.

વૃદ્ધવાક્ય ન. વૃદ્ધનું વાક્ય; વડીલનું અનુભવપૂર્ણ બોધવાક્ય.

વૃદ્ધવામા પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં બે તગણ, જગણ, તગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે. તે અતિજગતી જાતનો એક ભેદ છે.

વૃદ્ધવામા વત ન વગા અમ્બરે

રત્નપિંગળ

વૃદ્ધવિરામ પું. વધુ વિરામ લેવાનું સ્થાન.

જ્યાં બિન્દુ હોય ત્યાં એક અક્ષર જેટલું સુખી, અર્ધવિરામ હોય ત્યાં બે અક્ષર જેટલું સુખી, વૃદ્ધવિરામ હોય ત્યાં ત્રણ અક્ષર જેટલું સુખી અને પૂર્ણવિરામ હોય ત્યાં ચાર અક્ષર જેટલું સુખી અટકવું.

કેળવણીનું શાસ્ત્ર

વૃદ્ધવૃત્તિ [સં.] સ્ત્રી. ખોટો પગાર; 'પેન્શન'.

વૃદ્ધશ્રવસ જુઓ વૃદ્ધશ્રવા.

વૃદ્ધશ્રવા ૧. [સં. વૃદ્ધશ્રવસ્] પું. ઇંદ્ર; પાકશાસન; દિવસ્પતિ; શચીપતિ.

૨. પું. કીર્તિવંત એટલે જેનો યશ વધેલ છે એવા પરમાત્મા.

વૃદ્ધશ્રાદ્ધ ન. એક જાતનું શ્રાદ્ધ; ગુજરાતમાં લગ્ન પ્રસંગે પૂર્વજોની કરવામાં આવતી પૂજા. તે વિધિમાં મરણ પામેલા પૂર્વજોના નામના પિંડ મૂકવામાં આવે છે પણ સાધારણ શ્રાદ્ધ પેઠે કાગવાસ નાખવામાં આવતી નથી.

વૃદ્ધશ્રાવક [સ.] પું. ભરતના સમયમાં જળથી બ્રાહ્મણ થવા માટે બ્રહ્મણનું નામ ધારણ કરે તેવો શ્રાવક.

વૃદ્ધસભા ૧. સ્ત્રી. કાયદા ઘડનારી સભા; નિયામકસભા; વિદ્વન્મંડળ.

એ રાજ્યને સેનેટ કે **વૃદ્ધસભા** અને લોકસભાની સંમતિ લેવા પડતી હતી.

કમળાશંકર

૨ સ્ત્રી. રાષ્ટ્રના વડેરાઓની બનેલી વરિષ્ઠ ધારાસભા.

વૃદ્ધસંયોગ પું. વૃદ્ધલોકોની સાથેનો સમાગમ.

વૃદ્ધસેના સ્ત્રી. (પુરાણ) ભરત રાજાના દીકરા સુમતિની એ નામની સ્ત્રી

વૃદ્ધસેવા [સં.] સ્ત્રી. વડેરા લોકોની સેવા.

વૃદ્ધસ્વર ૧. પું. ચોથી ઓળના એક સ્વરનું નામ. ૨. પું. રાજવલ્લભમાં વર્ણવેલ એક પ્રકારનો ધ્વનિકારક સ્વર.

વૃદ્ધા ૧. [સં.] સ્ત્રી. ઉમરે પહોંચેલી સ્ત્રી; ડોશીમા; જેને રજોનિવૃત્તિ થઈ ગઈ હોય એવી સ્ત્રી.

૨. સ્ત્રી. મહાશ્રાવણિકા નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. સીતાનાં દેવરે માંહેનું એક નામ

૪. વિ. સ્ત્રી ઘરડી થયેલી.

વૃદ્ધાઈ ૧ [સં. વૃદ્ધ + આઈ (પ્રત્ય.)] સ્ત્રી. મોટાઈ; મહત્ત્વ; પ્રધાનપણું.

૨. સ્ત્રી વૃદ્ધત્વ; ડોશી; વૃદ્ધાપણ

વૃદ્ધાચાર ૧. [સં. વૃદ્ધ + આચાર (વર્તન)] પુ રૂઢિ

૨ પુ વૃદ્ધોના આચાર, બાપદાદાઓએ રાખેલું વર્તન; વૃદ્ધલોકોનો રીતરિવાજ

વૃદ્ધાત્મા [સં.] પું. (પુરાણ) વિષ્ણુનાં દેવતર માંહેનું એક નામ. જેનો આત્મા વૃદ્ધ એટલે પુરાતન છે તે ભગવાન વૃદ્ધાત્મા કહેવાય છે.

વૃદ્ધાવસ્થા [સં. વૃદ્ધ + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. ઘડપણ; મોટી અવસ્થા; ડોશી; જરા; ઘડપણની સ્થિતિ; જુદાપો; વાર્ધક્ય; જરાવસ્થા સ્થાવિર, વૃદ્ધત્વ, વાર્ધક (વાર્ધક્ય) આ બધા નપુંસિક નામ વૃદ્ધાવસ્થાનાં છે વિક્લતા, જરા આ બે સ્ત્રીલિંગ નામ પણ વૃદ્ધાવસ્થાનાં છે. વૃદ્ધાવસ્થામાં શી દશા થાય છે તેનું વર્ણન કરતાં ભર્તૃહરિ કહે છે કે, તરુણ રમણીઓના હૃદયને આનંદ દેનારું તારુણ્ય ગયું, દાંતોની પંક્તિ પડી ગઈ, ગતિ લાકડીને વશ થઈ, શ્રોત્રયુગલ શ્રવણ રહિત થયું, છતાં પણ નિર્લજ્જ મન વિષયોને ઇચ્છે છે.

વૃદ્ધાવાસ પું જુદાપો; વૃદ્ધાવસ્થા

વૃદ્ધાંત્ર પું. લાળી, સાંકડી, નાના લાંબા જલપ્રદાન, આમારની નળી. તે અંધાંત્રની ટોચ આજળથી નીચે છે અને જુદાં જુદાં મનુષ્યોમાં જુદી જુદી રીતે વસ્તુ લે છે. કોઈક વખત તે અંધાંત્રની પાછળ જાય છે, કોઈક વખત તે ડાબી બાજુએ જાય છે અને કોઈક વખત નીચેની બાજુએ બસ્તિમાં પેસી જાય છે. તેની લંબાઈ સાધારણ રીતે ૩½ તસુ હોય છે. કોઈક મનુષ્યમાં તેની લંબાઈ એક તસુ પણ હોય છે અને કોઈકમાં ૮ તસુ સુધી પણ હોય છે. તેને વળગેલી એક ગ્રંથિ પણ હોય છે. અંધાંત્ર સાથે તેનો સંબંધ એક ધમનીથી થાય છે. પાચનક્રિયામાં વૃદ્ધાંત્રનું ખાસ કરીને શું કર્તવ્ય હશે તે વિજ્ઞાનીઓ નક્કી કરી શક્યા નથી. તેમાં કંઈ ફેરફાર થવાને લીધે અમુક જાતના રોગ થાય છે. જો કાપકૂપ કરીને તે વૃદ્ધાંત્રને આંથી કાઢી નાખવામાં આવે છે, તો તે રોગ નાબૂદ થાય છે અને બીજો કાંઈ ખાસ ફેરફાર માલૂમ પડતો નથી. અંધાંત્ર અને વૃદ્ધાંત્ર (એપેંડિક્સ) જગાના નિતંબ પ્રદેશમાં અને જમણા વક્ષઃ પ્રદેશમાં આવેલ છે.

વૃદ્ધિ ૧. પું. એ નામે એક ગંધ દ્રવ્ય.

૨. [સ.] પું. સત્તાવીસ યોગોનો અગિયારમો યોગ; વિષ્કુંભથી ૧૧ મો યોગ.

૩. સ્ત્રી. અભ્યુદય; આબાદી; ચડતી; સમૃદ્ધિ; સંપત્તિસમૃદ્ધિ; રિદ્ધિસિદ્ધિ

૪ સ્ત્રી અષ્ટવર્ગ નામે ઓળખાતી ઔષધિઓ માંહેની એક ઔષધિ.

ઋદ્ધિ, વૃદ્ધિમક, જીવક, મેદા, મહામેદા, **વૃદ્ધિ**, કાકોલી અને ક્ષીરકાકોલી એ આઠ ઔષધિઓને અષ્ટવર્ગ કહે છે. ધન્વંતરિનિઘંટુ

૫. સ્ત્રી ઊપજ કે આવક.

૬. સ્ત્રી. એ નામનો એક કંદ. આ કંદ કોરોમંડળ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે. એના વેલા થાય છે. આ કંદને છિદ્ર હોઈ એના ઉપર ધોળા કેશ હોય છે. આ કંદનાં ફળ દક્ષિણાવર્ત હોય છે. આ કંદ ગર્ભપ્રદ, શીત, પુષ્ટિકારક, મધુર, વીર્યવર્ધક અને રક્તપિત્ત, ક્ષત, કાસ અને ક્ષયનો નાશ કરનાર છે.

૭ સ્ત્રી. એક જાતનો રોગ; વધરાવળ.

૮. સ્ત્રી જ્ઞાન કે સમૃદ્ધિનો વધારો થયો તે.

૯. સ્ત્રી તેજ.

૧૦. સ્ત્રી. પ્રગતિ; પ્રગૃદ્ધિ; વિકાસ.

આ વિશ્વમાં જે **વૃદ્ધિ** (Progress)નું તત્ત્વ રહેલું છે તે જેમાં મૂર્તિમંત થાય તે જ ઉત્તમ. પારિભાષિક કોશ

૧૧. સ્ત્રી. બાળકના જન્મથી લગભગ સુતક.

૧૨. સ્ત્રી. મણિદ્વીપની ૧૪ માંહેની એક કલા

૧૩. સ્ત્રી. વધવું તે. મનુષ્યની વૃદ્ધિ ૨૦ વર્ષ સુધી થાય છે. વૃદ્ધાવસ્થા આપણને શા માટે આવે છે? તેનું કારણ એ છે કે, આપણા શરીરમાં અમુક પ્રકારના ઝેરી પદાર્થ એકઠા થાય છે કે જે આપણે સહેલાઈથી કાઢી શકતા નથી. દરરોજ શરીરમાંથી ઘણો કચરો અનેક રીતે આપણે કાઢી નાખીએ છીએ. પણ અમુક કચરો આપણે સહેલાઈથી કાઢી શકતા નથી. તેથી આપણા સાંધા અક્કડ થાય છે અને વાળ સફેદ થઈ જઈ વૃદ્ધાવસ્થા આવે છે આ ઝેરી પદાર્થનો

સમાજ કોઈમાં ૪૦ વર્ષે તો કોઈમાં ૭૦ વર્ષે પણ માલમ પડે છે. વૃદ્ધાવસ્થા દૂર કરવાના ઉપાય સહેલા છે પૂરતી ઊંઘ, સ્વચ્છ નિયમિત ખોરાક, આનંદ અને ઉપાધિનો અભાવ એ જો મળે તો શરીરની શક્તિ ટકી રહે છે અને ઝેરી પદાર્થનો નિકાલ નિયમિત થાય છે

૧૪. સ્ત્રી વધારો; ઉપચય; ઉમેરો, સેસ; વિશેષતા.

૧૫. સ્ત્રી વ્યાજ

૧૬ સ્ત્રી. શ્રાવણી પૂર્ણિમા

૧૭ સ્ત્રી (વ્યાકરણ) સંસ્કૃતમાં સ્વરોનો થતો એક ફેરપ્રકાર. ૪ કે ૫ વર્ણની એ અને ૬ કે ૭ વર્ણની વૃદ્ધિ ઔ કહેવાય છે. આ કે આ વર્ણની વૃદ્ધિ આર્ છે.

૧૮. સ્ત્રી સ્વરનું લંબાવું તે; હ્રસ્વ સ્વરનું દીર્ઘ સ્વર થવું તે.

વૃદ્ધિકર [સં.] વિ. વર્ધમાન; વર્ધક; વૃદ્ધિ સંબંધી

વૃદ્ધિકંદ પું એ નામે એક ઔષધિ; શુદ્ધિ; આસી.

વૃદ્ધિકા [સં.] સ્ત્રી. શુદ્ધિ; વૃદ્ધા

વૃદ્ધિકારક [સં.] વિ. વધારો કરે તેવું.

વૃદ્ધિકેંદ્ર ન. જે જગ્યાએથી અથવા જે બિંદુએથી ગતિની વૃદ્ધિ થાય તે બિંદુ.

વૃદ્ધિક્રમ [સં.] પું. વિકાસક્રમ; વધવાનું પ્રમાણ.

આ સઘળું તે આત્માના વૃદ્ધિક્રમ ઉપરથી નિર્ણય કરી રાકાય છે. સચ્ચિત્સુખસાધનાક્રમ

વૃદ્ધિક્ષય [સં] પું. વિકાસ અને ઘસારો; વધઘટ.

વૃદ્ધિમાહ [સં.] પું. વૃદ્ધિનું પ્રમાણ.

વૃદ્ધિલક્ષિકા [સં.] સ્ત્રી. વ્યાજવટાવનો ધંધો.

વૃદ્ધિવ ૧. [સં.] ન. શુક્રક. શુક્રકનું ઝાડ જો હાથ આવ્યું હોય અને તે ઘરમાં રાખ્યું હોય તો તે લક્ષ્મીની આવક વધારે છે તેથી તેને વૃદ્ધિ કહે છે

૨. વિ. સમૃદ્ધિ વધારનાર

વૃદ્ધિવાટી સ્ત્રી.એક કંદ; વૃદ્ધિકંદ.

વૃદ્ધિવારકગુટિકા સ્ત્રી એક પ્રકારની ઔષધની ગોળી તે વરસાદી, ભિલામ અને સાકના ચૂર્ણની બને છે એનાથી ૭ પ્રકારના દરદ મટે છે

વૃદ્ધિનાશન રસ પું એક પ્રકારની અંડવૃદ્ધિ મટાડનો રસ. પારો અને ગંધક એકેક ભાગ અને બે ભાગ સુવર્ણ માક્ષિક ને દરડેના ઝાડામાં ૩ દિવસ અને એરંડિયામાં ૧ દિવસ ખરલ કરી તેને દરડેનુ ચૂર્ણ અને એરંડિયા સાથે બાલ પ્રમાણે સેવન કરાવે અથવા તલવણના રસમાં આપે એટલે અંડવૃદ્ધિનો નાશ થાય છે.

વૃદ્ધિપત્ર ન વૃદ્ધપત્ર કોરકાત્મામાં શરીર અને ઉંમર વિષે લખ્યું છે કે, જન્મથી દશ વરસ સુધી શરીરમાં કોમળતા રહે છે, ૨૦ વર્ષ સુધી શરીર વધે છે, ૩૦ વર્ષ સુધી તેની મજબૂતી, ૪૦ વરસ સુધી વૃદ્ધિનુ અવવું, ૫૦ વર્ષ સુધી ચામડીની ઢીલતા, ૬૦ વર્ષ સુધી આવતી રાડાની, ૭૦ વર્ષ સુધી શરીરમા વીર્ય બધુ ઘટવુ નષ્ટ થાય છે, ૯૦ વર્ષે સુધી જ્ઞાન રહે છે અને ૧૦૦ વર્ષ સુધી હાથ પગમા કાર્યક બળ અને મળમૂત્ર લાગનું જ્ઞાન રહે છે, ૧૧૦ વરસ સુધી કાર્યક શક્તિનુ જ્ઞાન રહે છે, ૧૨૦ વરસ સુધી શરીરમાં માત્ર જીવ રહે છે. જો શરીર નીરોગી રહે તો ઉપર દર્શાવેલ સ્થિતિ રહે છે પણ રોગી થવાથી ૧૦ વર્ષમા ઉપર પ્રમાણેની સ્થિતિ થોડી ઘટતી બને છે આ પ્રમાણે શાસ્ત્રાનુસાર મનુષ્યનું જીવન ૧૨૦ વર્ષનુ છે

વૃદ્ધિપ્રદ વિ. ધનપુત્ર

વૃદ્ધિપ્રમાણ ન. વૃદ્ધિ સ્વરોનુ બંડકુ, ઐ, ઔ સ્વરનુ બંડકુ.

વૃદ્ધિયોગ પું (જ્યોતિષ) એ નામનો એક યોગ; થયેલો રોગ મરે એવુ ગ્રહોનુ જોડાણ.

આયુષ્યમાન યોગ, પુત્રિયોગ, મુખયોગ, પ્રતિયોગ, શુક્લયોગ, શુભયોગ, વૃદ્ધિયોગ, સિદ્ધિયોગ, હર્ષયોગ એ સર્વ સૌભાગ્યમયવાળા પુરુષોને સુખસાધ્ય છે અર્થાત્ એ યોગોમા થયેલો રોગ સારી રીતે મટી શકે છે. આયુર્વેદ રહસ્યાર્ક

વૃદ્ધિરોગ [સં.] પું. વધારાવાળુ દર્દ

વૃદ્ધિવર્ષ ન. જે વર્ષમાં ફેબ્રુઆરિ માસના ૨૯ દિવસ આવે તે વર્ષ; બોધવર્ષ; ' લીપયર '.

વૃદ્ધિશીલ [સં] વિ વૃદ્ધિ પામવાના સ્વભાવવાળુ

વૃદ્ધિશ્રાદ્ધ [સં. વૃદ્ધિ + શ્રાદ્ધ (તર્પણ)] ન. પુત્રજન્મ તથા જનોઈ વગેરે મંગળ પ્રસંગે કરવામાં આવતી પિતૃતર્પણની ક્રિયા; કોઈ પણ શુભપ્રસંગે બાપદાદાઓને ઉદ્દેશીને કરાતો યજ્ઞ

વૃદ્ધિસૂતક ન વંશવૃદ્ધિના કારણે પ્રસાતી અપવિત્રતા; બાળકના જન્મને લીધે સગોત્રીને થતી અશુદ્ધિ, જેથી કુટુંબમાં બારું કે દશ દિવસનુ સૂતક જેવુ લાગે તે

વૃદ્ધિંગત ૧. [સં.] વિ. આસ્વાદ

૨ વિ વધેલું સમૃદ્ધ, વિસ્તાર પામેલું; વૃદ્ધિ પામેલું.

વૃદ્ધોક્ષ ૧. [સં.] પું. બરડો બળદ.

૨. પું. જરદ્ગવ.

વૃદ્ધોન્માદ પું જરોન્માદ

વૃક્ષ ૧ [સં] અ કિ (ધાતુ) ઊગવું; વધવું મોટું થવું, મજબૂત થવું તે ઉપરથી બનેલા શબ્દો: વૃદ્ધિ, વૃદ્ધિગત, અભિવૃદ્ધિ, સમૃદ્ધિ

૨. અ કિ ચડવું, ચડતી થવી.

૩ અ કિ આલ્ રહેવું, બાકી રહેવું

૪ અ કિ મુખ્યારકમ કરીનુ કામ્ય હોવું

૫ સ કિ ઉગાડવું

વૃક્ષકાલ [સં વૃદ્ધકાલ] પું ઘડપણ; વૃદ્ધાવસ્થા, અંત સમય.

વૃક્ષકાલિ જે ભેદતિ આગળાપ,
બલાહકબાહિર ઘાની તસ ધાપ.
સુગાલરામ આખ્યાન

વૃક્ષ [સં સ કિ ચૂંટવું, પસંદ કરવું

વૃક્ષ ૧ પું ઝરડુમા

૨ પું આખલો

૩ પું ઉંદર.

૪. પું. વૃષભ રાશિ.

૫. ન. આદુ

વૃશ્ચિક ૧ [સં પું કાતિલ વિષ ધરાવનાર એક જાતનો કીડો.

૨ પું એ નામની બાર મહેની એક રાત્રિ, મંગળી સપ્તમી રાત્રિ, અષ્ટમીમા વીંછીના આકારનું તારાનું ઝૂમખું. વૃશ્ચિક એટલે વીંછી એ એક તારાસમૂહ છે અને તેનો આકાર વીંછીના જેવો છે. તેના ચાર ભાગ કરવામાં આવ્યા છે: વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળ. વિશાખા તેનું મોં, અનુરાધા તથા જ્યેષ્ઠા તેનુ પેટ અને મૂળ તેની પૂછડી છે. પૂંછડી તો આખેઠબ વીંછીની પૂછડીને મળતી આવે છે વૃશ્ચિક અગ્નિ કોણમાં ઊગી નૈઋંત કોણમાં આથમે છે અને તેનું પ્રાબ્યોત્તર દક્ષિણ દિશામાં થાય છે. આ રાશિમા વિશાખા એક પાદ, અનુરાધા અને જ્યેષ્ઠા નક્ષત્રો આવે છે. આ નક્ષત્રપુંજમાં મોટા મોટા ચકચકિત તારાઓ છે. આ વીંછીના આંકડાને, ખરા વીંછીના આકડાના જેવા કાપા છે. તેના મોઢા ઉપર ખરા વીંછીની માફક બે આંખુએ ચીમટા છે તે રાશિનો ગુહ્ય અવયવો ઉપર સબંધ છે. તેની નજર તુલા તરફ છે. એ રાશિ નીચ દક્ષિણ અમેરિકનો ઓરિનોકો તથા એમેઝોનનો વિસ્તીર્ણ પ્રદેશ આવે છે. આ પ્રદેશમાં વીંછી, સર્પ, મગરો વગરે રાક્ષસી પ્રાણીઓની ઘણી જ ભરતી છે. ગ્રીક આખ્યા. એવી વાતાં છે કે, જુનોની આજ્ઞાથી વીંછી જમીનમાંથી બહાર નીકળ્યો અને તેણે એક ભયકર વાઘને મારો. એટલે વીંછીને આકાશમાં અમર કર્યો

૩. પું. એક જાતની વનૌષધિ

૪ પુ. કરચલો.
૫ પુ. છાણનો એક કીડો.
૬ પુ. નાટ્યકળામાં થતું એક જાતનું કરણ.
૭ પુ. મીંઢળનું ઝાડ.
૮. પુ વીંછી; ઝેરી ડંખવાળો એક જીવ.
૯. પુ. એક કીડો.

વૃશ્ચિકકુંડ [સં.] ન. વીંછીઓથી ભરેલો ૮૬ માઠનો એ નામનો એક નરકનો કુંડ.

જે માણસ બીજા લોભથી પ્રાણીઓનો દ્રોહ કરે છે તે માણસ પ્રાણીઓના કંપાટા જેટલાં વર્ષો સુધી વૃશ્ચિકકુંડમાં વસે છે.

ભાગવતી ભાગવત

વૃશ્ચિકદંશ પું વીંછીનો ડંખ; વીંછીનું કરડવું તે વીંછીની પૂંઠડીમાં ડંખ હોય છે. તેનું વિષ મણીજ બળતરા અને પીડા ઉત્પન્ન કરે તેવું છે. આના કરડથી માણસ ખૂબ ચીસો પાડે છે ડંખ ઉપર ડીંડાનો રસ અને પોટાશિયમ પરમેંગનેટના ચૂનને પાણીમા નાખી દીપુ મૂકવાથી થોડી વારમાં આરામ થાય છે

વૃશ્ચિકસંક્રાંતિ [સં.] સ્ત્રી. સૂર્યનું વૃશ્ચિક રાશિમાં આવવું તે

વૃશ્ચિકાર્કે [સં] પું. વૃશ્ચિક રાશિમાં આવતો સૂર્ય

વૃશ્ચિકાસન ન. ચોરાશી માઠેનું એક યોગાસન. તેમાં ઊંધા સૂઈ, કોણીથી પંજા સુધી બંને હાથ ભૂમિ પર રાખી, દીવાલને આધારે બંને પગને ઊંચા ઉપાડી તેમને બની શકે તેટલા મસ્તક ભણી લાવી બંને હાથ પર આધાર રાખી સ્થિતિ કરવી તે. આ આસનથી સાથળનું જાડાપણ વધે છે, ઉમરના અંતે છે તથા પેટનાં આંતરડાં શુદ્ધ થાય છે અને શરીર સ્ફૂર્તિમાં આવે છે

વૃશ્ચિકી [સં.] સ્ત્રી. વીંછણ

વૃષ્ ૧. અ ક્રિ. સ્થિર થવું.
૨. અ ક્રિ. ગર્ભવાળા થવું
૩. અ ક્રિ. ઝાંટવું; સીંચવું.
૪. અ ક્રિ. જીનું થવું.
૫. [સ.] અ ક્રિ (ધાતુ) વરસાદ વરસવો, વરસવું. તે ઉપરથી થયેલ શબ્દ: વર્ષવું; વૃષ્ટિ

વૃષ ૧. પુ અશ્વેષ્ટ.સુર
૨. પુ ઇંદ્ર; સુરપતિ
૩. પુ ઉંદર
૪ પું. કર્ણ
૫. પુ કામદેવ
૬. પુ કામી પુરુષ, કામુક
૭. પું. (પુરાણ) કૃષ્ણને સત્યા અથવા કાલિંદીને પેટે થયેલ એ નામે એક પુત્ર
૮ પુ. ધર્મ; પુણ્ય; સુકૃત
૯. પું. પુરુષના ચાર માઠેનો એક પ્રકાર. કામશાસ્ત્રકારો પુરુષના ચાર વર્ગ પાડે છે. તેમા આ પુરુષનુ વિશાળ અને ઉન્નત શિર, મુખ અને લલાટ મોટાં, ગોરા સ્થૂલ, કાન સારા માંસલ, ઉદર કામળા જેવું, દાઢી અને ઊન્નત હાથ, હાથની રેખાઓ લાલ, કમળના જેવી આંખો વર્ણવી છે. વળી તે સત્ત્વગુણ પ્રચુર, સિંહની જેવી ગતિવાળો, મૃદુ ભાષી, ક્લેશ સહન કરી શકનારો, લાગી, વધારે નિદ્રા લેનારો, નિર્લજ્જ, જઠરાગ્નિ પ્રદીપ્ત, શ્લેષ્મ પ્રકૃતિવાળો, મધ્યમ અને અંત વયમાં સુખી, અતિ મજબૂતી ભરપૂર શરીરવાળો, મુખ્યવાન, ઘણા સંબંધીવાળો, ઉતાવળે ચાલનારો, મિત્રવાદી, નાના પ્રકારનો, મજબૂત શરીરવાળો, કીર્તિવાળો, કામ કળામા નિર્લજ્જપણે પ્રીતિ રાખનારો મનાય છે
૧૦. [સ.] પું. પોરિયો; બળદ; ગોધો
૧૧. પુ. બળદના જેવા શરીરવાળો દેવ; વૃષભ.સુર
૧૨. પુ. વિષ્ણુનાં કલ્પાર માઠેનુ એક નામ.
૧૩. પું. શિવ; શંકર. કેમકે બળદ તેનુ વાહન છે
૧૪ પું શ્રીકૃષ્ણ
૧૫. પુ. (પુરાણ) સોમવંશી યદુકુળોત્પન્ન મનાતા કુળમા ઉત્પન્ન થયેલા સૂરસેન રાજાને ત્યાં થયેલ વસુદેવનો મોટો પુત્ર
૧૬. સ્ત્રી અંડકોષ.
૧૭. સ્ત્રી અરણાઇક નામની વનસ્પતિ.
૧૮. ન (સ્થાપ) એક જાતનું દિશાળ ઘર. જે ઘરના મુખ આગળ સૂદ્ધિ માર્ગે આર આર અસિલો હોય, તે અસિલો આગળ એક મંડપ હોય પણ તે વસ્તુ મુખ પૂર્વમા હોય તો તે વૃષ નામે ઘર કહેવાય. રાજવલ્લભ
૧૯ ન. એક નક્ષત્રનુ નામ. આ નક્ષત્ર પરથી વૃષભ રાશિ કહેવાય છે
૨૦ ન ભાદ્રપદના સાઠ માઠેનું પહેલુ સંવત્સર
૨૧ ન. મોરપિંછ
૨૨. ન. શિંગડાવાળું પશુ.
૨૩. વિ. બળવાન; વીર્યવાન

વૃષક પું. (પુરાણ) સુબળ નામના રાજાના રાજાનો એક પુત્ર; શકુનીનો ભાઈ. મહાભારતના યુદ્ધમાં તે અર્જુનથી મરાયો હતો.

વૃષકર્ણિકા ૧. સ્ત્રી. અડદુસી.
૨ [સ] સ્ત્રી ઉંદરમણી

વૃષકર્મા પુ વિષ્ણુના કલ્પાર માઠેનુ એક નામ જેના કર્મ ધર્મયુક્ત હોવાથી તે નામથી કહેવાય છે

વૃષકેડ પુ (પુરાણ) કરવંદના કુળમા ઉત્પન્ન થયેલો એક ઋષિ

વૃષકેતન પું. શિવ; શંકર.

વૃષકેતુ ૧ પું. અશ્વમેધના અશ્વની રક્ષા કરવા અર્જુન સાથે ગયેલ એક વીર યોદ્ધો
૨. પુ (પુરાણ) કર્ણનો નાનો પુત્ર એને ભદ્રાવતી નામની સ્ત્રી હતી. એને વૃષભધ્વજ પણ કહ્યો છે
૩. [સ.] પું. શંકર

વૃષણ [સં.] પુ; ન અંડ; બીળા; નરદેહમાં વીર્ય ઉત્પન્ન કરનારી બે ગાંઠની એક ગ્રંથિ; વૃષણગ્રંથિ. તેઓ વૃષણગ્રંથનીઓ વડે વૃષણકોષની અંદર લટકે છે. ગર્ભમાં રહેલા બાળકના શરીરમાં બંને વૃષણો મૂત્રપિંડોની નીચે રહેલા હોય છે. ગર્ભની વૃદ્ધિ થતાં ધીમે ધીમે તે નીચે ઊતરે છે. ત્યારપછી વૃદ્ધિક્રમ આગળ ચાલતાં, વક્ષણ સુરંગ મારફતે તેઓ વૃષણકોષની અંદર આવી, જન્મ સમયે, વૃષણગ્રંથિ તેમની થેલીની અંદર જણાય છે. કેટલાક અધૂરિયા બાળકોમાં જન્મ સમયે વૃષણ કોથળીની અંદર નહિ હોતાં સાથળના મૂળમાં વક્ષણ સુરંગના બહારના દ્વારની આસપાસ રહેલ અથવા ઉદરની અંદર રહેલ જોવામા પડે છે આવા પુરુષબાળકો ગૂઢાંડ બાળક તરીકે ઓળખાય છે. આવા બાળકમા ચોડો સમય પીચ, બાદ, વૃદ્ધિક્રમ આગળ ચાલતાં વૃષણ નીચે ઊતરી આવે છે અને જો એમ ન બને તો શસ્ત્રક્રિયાની જરૂર પડે છે. વૃષણના મુખ્ય ભાગ ચાર ગણાય છે: ૧. વૃષણકોષ અથવા અંડકોષ અથવા વૃષણની કોથળી, ૨. વૃષણગ્રંથિ અથવા વૃષણની ગોળીઓ, ૩. વૃષણગ્રંથનીઓ અને ૪. શુક્રવાહિનીઓ

વૃષણકચ્છૂ [સ.] પું. એક જાતનો વૃષણનો રોગ. વૃષણ ન ધોવાથી આ રોગ થાય છે

વૃષણકૃચ્છ્ર [સ વૃષણ + કૃચ્છ્ર (દુઃખ)] ન. વૃષણમાં ચાંદું પડવાનો રોગ

વૃષણકોષ પું. વૃષણની કોથળી; અને વૃષણગ્રંથિને ધારણ કરતી કરચલીવાળી કોથળી. વૃષણકોષ ઉપર શસ્ત્રક્રિયાઓમા બે અગત્યની છે. એક મૂત્રવૃદ્ધિ માટેની સુશ્રુતે આપેલા વિસ્તારણ કર્મ પછી અંડધરપુટકમાં આયોડીન કે કાર્બોલિક એસીડ જેવું દાહક દ્રવ દાખલ કરવામાં આવે છે અથવા તો તે સમૂળગુ કાઢી નાખવામાં આવે છે તે અને બીજી શસ્ત્રક્રિયા વૃષણના ક્ષય કે અર્બુદને પ્રસંગે કરવામા આવે છે તે ક્રિયામાં વક્ષણ સુરંગના દ્વાર આગળથી વૃષણગ્રંથની સમૂળગી કપી નાખીને વૃષણ વૃદ્ધિ નાબૂદ કરી આવે છે તથા વૃદ્ધિ (૧) વધુ પડતી વિસ્તરણ અગર સ્થાનભ્રષ્ટતાને લઈને થયેલી, (૨) વૃષણગ્રંથિ અને વૃષણકોષ વચ્ચે થયેલો, (૩) વૃષણ ઉપરની અંદર વક્ષણસુરંગની

અંદર અથવા તે સુરંગના બહારના દ્વાર પર હોય છે ત્યારે વૃષણકોષ ખાલી હોય છે. એ સ્થિતિમાં શિશુની જાતિ પરત્વે ભ્રમ થાય છે (૨) આઘાતઃ વૃષણો પર લાકડી કે પાટુનો પ્રહાર થતાં અગર દબાણને લીધે ભયંકર અસર થાય છે દરદીને તે જગ્યાએ તેમજ પેડુમાં તથા સાથળમાં સખ્ત દુખ.વો થતાં તે બેહોશ થઈ જાય છે અને મરી પણ જાય છે. આઘાતને પરિણામે તે સૂજી આવે છે. (૩) મુરકભેદ. કોષ્ઠવાર વૃષણકોષ ચિરાઈ જાય છે અને વૃષણ બહાર આવે છે. આ સ્થિતિમા તેમને સાફ કરી પાછા ખોડવામાં આવે છે; અથવા તો ખિન્નને પરિણામે અંડધરપુટકની અંદર કે પીર્યવાહિનીની આસપાસ લોહી એકઠું થઈ વૃષણકોષ સૂજેલો કે મોટો થયેલો નજરે પડે છે વૃષણગ્રંથિની સૂક્ષ્મ રચના.—વૃષણગ્રંથિને ઊભી ફાપીને જોતાં તેની રચના ચોખ્ખી દેખાય છે પરંતુ સૂક્ષ્મદર્શકપત્ર વડે તેની રચના વધારે ચોખ્ખી દેખાય છે ઉપર કહેલા અંડધરપુટકની અંદર, વૃષણગ્રંથિને ઢાકનારો વળી પાછો એક વધારે કોષ માલૂમ પડે છે, જે અંડચ્છદકોષ તરીકે ઓળખાય છે. દરેક વૃષણની મોગતે દરથી બાર બ.નાં હોય છે. દરેક બાનાની અંદર શુક્ર બનાવનાર કોષો વડે વીંટળાયલો, ગૂંજળાં ખાઈને પડેલ રુધિરવાહી સ્રોતનો ગૂંચળામ નજરે પડે છે તેમ જ દરેક બાનાની અંદર રહેલી શુક્રનિર્માણકોષોની આસપાસ ફરી વળેલાં, શિરાગ્રંથીઓનાં જાલકો પણ નજરે પડે છે. તેઓમાંથી નિરંતર રસીકા ઝરે છે, તે કોષોને પોષણ આપે છે, તેમ જ વીર્ય ઉત્પન્ન કરવાની સામગ્રી પૂરી પાડે છે. વૃષણગ્રંથિ તથા તેની ઉપર રહેલી અધિવૃષણિકા આ બંને અવયવો જીવતા શરીરમાં, સ્પર્શવડે પારખી શકાય છે. તેને દબાવતા મનુષ્યને એક પ્રકારની સાગણી થાય છે જે કેટલાક વ્યાધિઓમા તે નાશ પામે છે. પુરુષત્વ વખતે વ્યાધિઓમા ઘણું ફરીને વૃષણ પર સોજો આવે છે અને બહુ પણ થાય છે, પરિણામ જતાં તે કઠણ થઈ જાય છે એ સ્થિતિમા વીર્યસ્રોતો દબાઈને બંધ થઈ જતા હોવાથી પુરુષ નપુંસક બની જાય છે

વૃષણગ્રંથિ ૧ [સં] જી બહુ રોગી

૨. જી વૃષણમાં થતું એક બતનું ગ્રંથ

વૃષણચ્છેદન ન વૃષણ કાપી નાખવા ત, બધી કરવા તે.

વૃષણથેલી જી. અંડ અથવા વૃષણ જેમાં હોય તે થેલી, ' સ્ક્રોટમ

વૃષણદાહ [સં. વૃષણ + દાહ (બળવું તે)] પુ. વૃષણમાં થતી બળતરા કે દાહનો રોગ.

વૃષણધમની જી. ઉદરગુહાના ઢાળા વક્ષણોત્તરિક પ્રદેશમાં આવેલ એ નામની ધમની

વૃષણબંધનીચ્છદ પું. અંડકોળાનું ઢાપવું તે.

વૃષણરજ્જુ [સં વૃષણ (અંડકોળી) + રજ્જુ (દોર)] ન. જેના આધારે વૃષણ લટકી રહે છે તે દોરીઓ; વૃષણમાંનો દોરડાં જેવો ભાગ.

વૃષણવરમ પું. વૃષણ ઉપર જે સોજો ચડે છે તે.

વૃષણવૃદ્ધિ જી અંડકોશની કોળીનું વધી જવું તે; વધરાવળ; ' હાઇડ્રોસિલ '

વૃષણશૂલ ન અંડકોળીમાં સખાદા આવવા તે.

વૃષણશોફ પું. મૂત્રાશયમાં બળતરા થવી તે; વૃષણદાહ

વૃષણાશય ન. (વૈદક) જેમાં વૃષણ રહે છે તે ચામડાની થેલી. તેનું બહારનું પડ ત્વચાનું અને અંદરનું પડ સ્નાયુનું બનેલું હોય છે. તેનામા સકોચાવાનો અને ઢીલા થવાનો ગુણ હોય છે. તેની મધ્યની રેખા વડે તેના બે ભાગ પડે છે તે દરેક જુદો જુદો હોય છે. તેમાં દરેક બાનાને જોળી રહે છે.

વૃષણોપઘાત પું. ક્રમોન્માદ.

વૃષદર્ભ ૧. પુ (પુરાણ) ઔશીનર શિબિ રાજાના પાંચ માહેનો મોટો પુત્ર. એક વખત એ રાજ્ય કરતો હતો ત્યારે પોતાની પછવાડે સીંચાઓ પડવાથી બધી ગાય પામેલુ કપાતર તેને શરણે આવ્યું રાજાએ અભય આપીને પોતાની પાસે રાખ્યુ. થોડીવારે સીંચાઓ પણ આવ્યો અને પોતાનો શિકાર કપાતર માગ્યુ રાજાએ કહ્યું કે, શરણે આવેલાને હું નહિ છોડું. ત્યારે સીંચાએ કપાતરના ભારોભાર તેનું માસ માગ્યું. આ ઉપરથી રાજાએ પોતાના અંગમાંથી માસ કાપીને તોળવા માંડ્યુ. પણ ગમે તેટલું માસ મૂકે તો પણ કપાતરનું પલ્લું ભારે થઈ નીચુ નમી જાય એના શરીરનુ બધું માસ ખૂટી ગયુ તો પણ કપાતર જેટલું થયું નહિ. તેથી આને શકા ગઈ કે આ કોઈ દેવ છે. તેથી તેણે પ્રાર્થના કરતાં તેઓએ પોતાનુ મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું દેવોએ રાજાને પૂર્વવત કર્યો અને આશીર્વાદ દઈને ચાલતા થયા.

૨ પુ (પુરાણ) કેકય દેશના ચદ્રવશી રાજા નિવનો પુત્ર, કેકય રાજાનો ભાઈ

૩ પુ [સં] તે નામનો કેકય દેશનો રાજા તે અને સેદક બને રાજાઓ વચ્ચે અતિ ઘનિષ્ઠ મિત્રતા પ્રીતિવાળા અને સાહચર્યમાં કુળના તેમા વૃષદર્ભે બાલપણમાંથી જ ગુરુકુળમા સાથે રહી, એ બન્નેને સોનારપા સિવાય બીજું આપવું નહિ એક વખત એક ઋષિકુમાર વેદાધ્યયન કરીને પોતાના ગુરુને આપવાની દક્ષિણામાં આપવા બદલ ઘોડા લેવા સેદક પાસે આવ્યો સેદકે તેને વૃષદર્ભ પાસે મોકલ્યો. વૃષદર્ભે તેને ચાબુક વડે પ્રહાર કર્યો. બ્રાહ્મણ અગ્નિ શાપ દેવાની તૈયારીમાં હતો, તેથી રાજાએ કહ્યું કે, હે બ્રાહ્મણ જે તને દાન ન આપે તેને શાપ દેવો એ બ્રાહ્મણધર્મને બોજ છે ? પછી તેને બીજે દિવસે બદલ ઘોડાની કીમત કરતા બમણી વધારે એવી પોતાના રાજ્યની એક દિવસની ઊપજ આપી વિદાય કર્યો.

૪. પુ. વૃષદર્ભ રાજાનો દેશ.

વૃષદંશક [સ] પું. બિલાડો

વૃષધ્વાંક્ષી [સં.] જી. નાગરમોથ. કેમકે, તેને જેમની આખ બેલા આકારની આંખ હોય છે માટે તેને વૃષભાક્ષી કહે છે

વૃષધ્વજ ૧. પું (પુરાણ) એક રાજર્ષિ. તેના પુત્રનું નામ રથધ્વજ હતુ. આ રાજા જનકવશમાના ક્ષીરધ્વજ જનકની પૂર્વે થઈ ગયો હોવો જોઇએ.

૨. પું. મહાદેવ.

૩. [સ. વૃષ (બળદ) + ધ્વજ (ધજા)] પું મહાદેવ; શકર; શિવ.

ત્રિનયન ત્રણ્ય ત્રિપુરઅરિ ઈશ ઉમાપતિ હોઈ;
જટી ત્રિપાઠી પૂર્જટિ કદ વૃષધ્વજ સોઈ.
ત્રિપાઠીકૃત શિવસહસ્રનામ

૪. પું. વૃષભ

વૃષનામ ન. એ નામનો સવત્સર.

વૃષનાશન ૧. પું. વાનરવિશેષ.

૨. પું. શ્રીકૃષ્ણ

૩. વિ. ધર્મનાશક

વૃષપાત પું. શિવ

વૃષપત્રિકા [સ.] જી. પુંગળવેલ.

વૃષપર્ણિકા [સ] જી ભારંગમૂલ.

વૃષપર્વા ૧ પું. (પુરાણ) અસુરોનો રાજા; એ નામનો કશ્યપથી દનૂને થયેલા દાનવો માહેનો એક અમુક દાનવ. તે શર્મિષ્ઠાનો યજમાન હતો

૨. પુ. (જ્યોતિષ) એક જાતનું નક્ષત્ર. એ ઉત્તર ગોળાર્ધમાં આકાશગગા અને ધ્રુવતારાની વચ્ચે આવેલું પાચ તારકોનુ ઝુમખું છે. તેનો આકાર મુકુટ રાજદડધારી ઉઘાડા શરીરના માણસ જેવો છે તેને અમેરિકા મેક્રિયસ કહે છે. તેના પાચ તારા આકાશગગા અને ધ્રુવ તારાની વચ્ચે છે. તેની પૂર્વ દિશિમા તથા પશ્ચિમે દક્ષમડળ છે. પરિવેષમ. દક્ષપ્રવ. અગસ્ત્યની એવી વાર્તા છે કે એક દિવસે દૈત્યોના રાજા

વૃષપર્વાની દીકરી શર્મિષ્ઠાને, તેના ગોર શુક્રાચાર્યની દીકરી દેવયાની સાથે તકરાર થઈ તેથી શર્મિષ્ઠાએ દેવયાનીને કૂવામાં નાખી દીધી. એટલામાં યયાતિ નામના રાજા તે કૂવા ઉપર આવી ચઢ્યા. તેમણે દેવયાનીને કૂવામાંથી કાઢી. યયાતિ પાસે દેવયાનીએ તેની સાથે લગ્ન કરવાની માગણી કરી, જે યયાતિએ સ્વીકારી. દેવયાનીએ ઘેર જઈ પિતાને સર્વ હકીકત કહી. શુક્રાચાર્ય વૃષપર્વાના આચાર્ય હતા. તે વૃષપર્વાની રાજધાની છોડી ચાલતા થયા. પરંતુ વૃષપર્વાની અતિશય આજીજીથી તે પાછા આવ્યા. પાછળથી દેવયાનીએ યયાતિ સાથે લગ્ન કર્યું. શુક્રાચાર્યની સાથે વચનથી બંધાયા પ્રમાણે વૃષપર્વાએ પોતાની દીકરી શર્મિષ્ઠાને દેવયાનીની સાથે તેની દાસી તરીકે મોકલી. દૈવયોગથી યયાતિ રાજાએ એક દિવસે દાસી શર્મિષ્ઠા સાથે સંગ કર્યો. આ પ્રસંગથી શુક્રાચાર્યે મનુષ્યને વિરૂપ કરનારી જરા કે બુઢાપો પ્રાપ્ત થવાનો યયાતિને શાપ દીધો. યયાતિને તુરત જ જરા પ્રાપ્ત થઈ. યયાતિએ પોતાના પુત્રો પાસે પોતાની જરાવસ્થા લઈને તેમની યુવાવસ્થા આપવા માગણી કરી. પુરુ સિવાયના બધા પુત્રોએ તેમ કરવા ના પાડી. પુરુએ પોતાની યુવાવસ્થા પિતાને આપીને તેમની જરાવસ્થા લીધી. તે પછી યયાતિએ લાંબા કાળ સુધી વિષયોને ભોગવ્યા. આખરે જ્યારે યયાતિને આત્મજ્ઞાન થયું ત્યારે પુરુને તેની યુવાની સોંપી પોતાની જરા પાછી લીધી. તે પછી વનમાં જઈ દુષ્કર તપોને તજ્જ દીધાથી યયાતિને ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થઈ. વરપિયન ગાથા પ્રમાણે એન્ડ્રોમેડા (દેવયાની)ને બકરા સાથે બાંધેલી હતી. તેને છોડાવવા પર્સિયસ (યયાતિ) પોતાની સાથે પેડુસા રાક્ષસી લઈ ગયો અને એન્ડ્રોમેડાને છોડાવી. એકલી રાક્ષસી પેડુસાનું એક નેત્ર તે આલ્ગોલના તારાને કહેવામાં આવે છે ઈ.સ. ૧૫૭૨ના નવેંબરથી ફેબ્રુઆરી ૧૬ મહિને વૃષપર્વા અને શર્મિષ્ઠા એ બંને વચ્ચે એ નામે એક પ્રદીપ્ત તારો દેખાતો હતો

૩. પું. (પુરાણ) નરનારાયણના આશ્રમમાં રહેતા. એક રાજર્ષિ

૪. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. કારણ કે તેમણે વૃષ એટલે ધર્મ રૂપ પર્વ એટલે સીડી બતાવેલી છે, જે પરમધામમાં ચડવાની પ્રસ્થાનત્રયીઓ માટે છે. માટે જ વૃષપર્વાના નામથી વિષ્ણુને મનુષ્યો સંબોધે છે

વૃષપૂજા ૧ સ્ત્રી. કામ કે વૃષણની પૂજા.

૨. સ્ત્રી. નીલ પરણાવવા તે.

૩. સ્ત્રી પોઠિયાની પૂજા

વૃષપ્રાસાદ પું. રેવાળની એક જાત.

વૃષપ્રિય પુ વિષ્ણુ ભગવાનનાં હજાર માહેનું એક નામ. કારણ કે, ભગવાનને જ એટલે ધર્મ અને પ્રિય એટલે વહાલો, જેથી તેને વૃષપ્રિય પણ કહ્યા છે.

વૃષભ ૧. [સં.] પું. આખલો; ગોધો; નંદિ; પોઠિયો; બળ; સૌરમેય; બદ; બળદ; સાંઢ તેને માટે વેદમાં જુદા જુદા નામો આ પ્રમાણે આપવામાં આવ્યા છે. ઉક્ષા એટલે યુવાન વૃષભ. ઋષિ એટલે અઢાર માસનો વૃષભ. દિત્યવાટ એટલે ચોવીસ માસનો વૃષભ. પંચવિ એટલે ત્રીસ માસનો વૃષભ. તુર્યવાટ એટલે બેતાલીસ માસનો વૃષભ. ષષ્ટિવત્સ એટલે છત્રીસ માસનો વૃષભ. પષ્ઠવાટ એટલે ચાર વર્ષનો વૃષભ. અનડ્વાન એટલે ગાડું વહેનારો બળદ

૨. પું. ઋષભ પર્વત; ગિરિનજ એટલે રાજગૃહ પાસેના પાંચ માહેનો એક પહાડ.

૩. પુ. (જૈન) એ નામના એક જૈન સાધુ. જૈનોના પહેલા તીર્થંકર. તેનું ચિહ્ન વૃષ છે. તેનું જન્મ સ્થળ અયોધ્યા અને મરણ સ્થળ ગુજરાત છે. તેને આદિનાથ પણ કહે છે.

૪. પું. એ નામની બાર માહેની એક રાશિ, જેમાંથી બીજી રાશિ આ રાશિમાં કૃત્તિકા નક્ષત્રપાદ, રોહિણી અને મૃગશીર્ષ અર્ધ આવે છે. આ રાશિની આકૃતિ બળદ જેવી છે. તે બધી મોટી છે. તેને બે શિંગડાં, ચાર પગ, માથું, કાખ અને થોડો પીઠનો ભાગ છે. તેના એક શિંગડાની ટોચ સારથિ ગાડાના જમણા પગને લાગેલી છે. એની કાંખ પાસે યયાતિનો પગ છે. એ ભાગે મોટા મોટા તેજસ્વી તારાઓ છે, જે ખુલ્લી આંખે દેખાય છે. એમાં મૃગ નક્ષત્રથી પૂર્વે કહ્યા પ્રમાણે વર્ષારંભનો પ્રારંભ થાય છે. તેના પ્રમાણમાં વધુ જણાવવાનું કે, આ મૃગની પાસેજ રોહિણી કે જેની ઉપર વર્ણવ્યા પ્રમાણે મૃગે આક્રમણ કર્યું. તે નક્ષત્રથી પણ કયારેક કયારેક અહીં વર્ષ ઋતુનો પ્રારંભ થાય છે. આ રાશિ નીચે મુજબ આકૃતિવાળા દેખાય છે તેની દક્ષિણ બાજુની ચમકદાર આપણા ભારતવર્ષમાંના વાપી જિલ્લા અથવા સાપુતારાના સુપરિચિત (સોપારા)ના વૈજ્ઞો ઉર્ફે ફીનીશીઅન લોકોએ કરી હતી જણાય, જાસનળીના અને તજજન્ય વ્યાધિઓ ઉપર જાય રાશિનો પ્રભાવ રહે છે. આ રાશિમાં જન્મનારના નામ બ, વ, ઉ અક્ષરથી પ્રારંભાતા શબ્દથી પડે છે. આ રાશિનો રંગ ધોળો છે. તે મુખ્ય ત્રિગે રહે છે. તે એમ સૂચવે છે કે, દોરે આ ઋતુમાં અન્યોને જન્મ આપે છે.

૫. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં, સગણ, જગણ, બે સગણ અને યગણ એમ પંદર અક્ષરો હોય છે. તે અતિ શક્કરિ છંદનો એક ભેદ છે

૬. પું. એ નામનો એક સંવત્સર.

૭. પું. એક જાતના ઘરનું રક્ષણ કરનાર દેવ.

૮. પુ (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ સવૈયા છંદનો એક ભેદ છે તેમાં ૨૩ ગુરુ અને ૭૦ લઘુ મળી ૯૩ વર્ણની ૧૨૪ માત્રા આવે છે

૯. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિ જગતિ છંદનો ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, સગણ, નગણ, તગણ અને ગુરુ મળી તેર વર્ણ આવે છે.

૧૦. પું. કાનના મૂળમાં જોને જમરી હોય તેવો ઘોડો

૧૧ પું ગોકુળ

૧૨ પું. ગોકુળમાંનો એ નામનો ગોપ.

૧૩. પું. જૈન મત પ્રમાણે પ્રાસાદ કે મંદિરના ૨૫ મંદિરો એક પ્રકાર

૧૪ પુ. તાવડ

૧૫. પું. (પુરાણ) પાંચ દેશનો એક પતિ.

૧૬. પું. ભારતના યુદ્ધમાં મરી ગયેલા શકુનિના ભાઈઓમાનો એક.

૧૭ પું. મલય દેશની એક સીમા પર્વત.

૧૮. પું. રામની સેનાનો એક વાનર. તે મારુતિની સાથે સીતાજીની શોધમાં ગયો હતો.

૧૯ પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૨૦. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન ક્રોષ્ટવીર્યઅર્જુનના મુખ્ય પાંચ માહેનો ત્રીજો પુત્ર.

૨૧. પું ઘાયીનો દાન.

૨૨. સ્ત્રી. એ નામે એક ઔષધ. આનો આકાર બળદના શૃંગ સરીખો હોય છે

૨૩. સ્ત્રી. વિદર્ભની સતી

૨૪ ન. દાનનો ભેદ

૨૫. ન. જૈન સૂત્ર પ્રમાણે ૨.૫ દિવસનાં ૩૦ માહેનું એક મુહૂર્ત

૨૬ વિ એક; ઉત્તમ. સમાસને અંતે આવે છે.

૨૭. વિ. સમર્થ

વૃષભકેતુ જુઓ વૃષકેતુ

વૃષભકેતન જુઓ વૃષકેતન.

વૃષભગતિ [સ.] પું મહાદેવજી. શંકર કેમકે તે બળદ ઉપર ગતિ કરનાર છે.

વૃષભદેવ પુ. જૈનોના પહેલા તીર્થંકર તે ચોવીસ તીર્થંકરોમાં પહેલા ગણાય છે તેમાંને આદીશ્વર, ઋષભ, પ્રથમપતિ, જગત્સ્રષ્ટા ઇત્યાદિ અનેક નામોથી ઓળખવામાં આવે છે.

વૃષભધ્વજ [સં.] પુ જેની ધ્વજામા બળદ ચિહ્ન છે એવા મહાદેવજી. શિવ; શંકર; ધતૂરો

વૃષભપુરુષ પું કામનાસ્ત્ર પ્રમાણે પુરુષોના ચાર મા.નેનો એક ભેદ જુઓ વૃષ ૧૦

વૃષભપ્રાસાદ પુ એક જાતનું દેવળ

વૃષભમલ્લ પુ. આઠ પ્રકારના મલ્લો મા ઉત્તમ એક મલ્લ. જેનાની પેઠે જે શક્તિવાન હોઈ પોતાના બળમાં જ નિર્ભય રહી ૪૦ વર્ષ સુધી જે મજબૂત રહે, જેનું શરીર બનું હોય, ચલનશક્તિએ સારો હોય, જે સ્થિર પગવાળો અને ઘણો ભાર ઉપાડી શકતો હોય તે વૃષભ મલ્લ કહેવાય છે તે મલ્લ લડવામા ઢીલો પડવામા પાછો હઠે નહિ અને બાકીને બધા ગુણ તેનો હોય છે

વૃષભયાન [સં.] પુ શિવ

વૃષભવાહન [સં.] પુ શિવ. કેમકે, જેનું તેનું વાહન છે

વૃષભશાયી [સં] પુ મહાદેવજી; શંકર

વૃષભસંક્રમણ [સ.] પું. જ્યારે રાશિમાં સૂર્યનું ક્રમણ થતું તે.

જેમાં **વૃષભસંક્રમણ** યોગ તેનું નામ વિવાહ. જ્યોતિર્વિલાસ

વૃષભા [સં.] સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં વર્ણવેલી એ નામની એક પ્રાચીન નદી.

વૃષભાક્ષ [સ.] પું. વિષ્ણુ ભગવાનનાં હજાર મા.હેનું એક નામ

વૃષભાક્ષી [સં] સ્ત્રી. છીંદરવરણી.

વૃષભાન પું. (પુરાણ) રાધિકાના પિતા વૃષભાનુ. પુરાણાનુસારે તે નારાયણના અંશથી ઉત્પન્ન થયા હતા. તેના પિતાનું નામ સુરભાનુ અને માતાનું નામ પદ્માવતી હતું. તે ગોકુળમાં મોટા સરદાર હતા. પહેલાં તે રાવળ ગામમાં રહેતા હતા. ત્યાં રાધિકાજીનો જન્મ થયો હતો. છેવટે કંસના ઉપદ્રવથી ત્યાંથી બરસાનોમા જઈ રહ્યા હતા.

મૈં **વૃષભાન** કુંવરી ગોળી,
નેના કાંન નમાવે.
મોહન સાન કરીને બુલાવે.

વિશ્વજ્યોતિ

વૃષભાનદુલારી સ્ત્રી. રાધિકા

વૃષભાનપુરા ન. બરસા.નો, રાધિકાજીના પિતા વૃષભાન જ્યાં રહેતા તે ગામ

વૃષભાનુજા [સં] સ્ત્રી. વૃષભાનુ વાઘવની પુત્રી રાધા

બીની વૃષા **વૃષભાનુજા** કહે સરદ જે આવી.
દયારામ

વૃષભાનુની સ્ત્રી. રાધિકા કેમકે તેણે વૃષભાનુ ગોપના ઘરમાં અવતાર લીધો હતો. જુઓ વૃષભાનુ ગોપની પુત્રી. ૨. જુઓ વૃષભાનુજા

વૃષભારૂઢ [સં] પુ મહાદેવ

વૃષભાષ્ટમી સ્ત્રી. કારતક વદ આઠમ રાત્રિમાં ગોપાષ્ટમી તે જ છે. લગભગ તા. ૧૩મી એના રોજ આવે છે

વૃષભાશ્રમ [સં] પુ. આઠ તથા પાંચમો. આપવાની સાળા; આપદા. ૨. મોટું

વૃષભાસન [સં.] ન. શંકરભગવાનનું બેસવાનું આસન

સાકળ કાપ્યુ, ઉંદરિયાન,
શંકરજીને કઈ નથી રતન,
બસ્મ ભાંગ ઉ. રહે મસાન,
વિશ્વાસ, **વૃષભાસન** બાણ.

અખેભર આખ્યાન

વૃષભાસુર [સ. વૃષભ (આખલો) + અસુર (દૈત્ય)] પું. એ નામનો એક બળવાન દૈત્ય તેને શ્રીકૃષ્ણે હણ્યો હતો

વૃષભોત્સવ [સં] પું આસો વદિ અમાસનો [સં. કેમકે, તે દિવસે બળદને તેલી શણગારીને વાજતે ગાજતે વરઘોડામાં ફેરવી ગામમાં ફેરવવામાં આવે છે. પછી તેનો આ રીતે ફેરવી વિસ્તૃતિ આપી તેની પૂજા કરે છે તેથી આ તહેવારનું નામ વૃષભોત્સવ કહેવાય છે. દક્ષિણના પાટ ઉપરના ગામોમાં આ તહેવાર રૂઢ છે

વૃષરાજ [સ.] પું. શંકર ભગવાનનો પોડિયો, નંદિ; બળદનો રાજા

વૃષરિપુ [સં.] પું. શ્રીકૃષ્ણ ભગવાન.

વૃષલ ૧. [સ.] પું. અધર્મી માણસ; પાપી માણસ; નાસ્તિક માણસ

૨. પુ. અંત્ય

૩. પુ. ચંદ્રવંશમાનુ એક નામ. કેમકે, તે માતૃપક્ષે શૂદ્ર હતો તેથી આખાયે તેનુ નામ વૃષલ પડયું હતુ

૪. પું. પોડિયો.

૫. પુ. બહિષ્કૃત માણસ; નીચ

૬. પુ. [સં. વૃ (ધર્મ) + અલ (નદિ)] શૂદ્ર; અવરવર્ણ; અન્યાવર; અનિશ્ચિત. આ લોકો ધર્મ પાળતા નહિ અને શુદ્ધ સંસ્કૃત ભાષા પણ બોલતા નહિ. સંસ્કૃત બોલતાં તેમને આવડે નહિ તેથી તેઓ સંસ્કૃત શબ્દના વિકાર કરીને બોલતા હતા આ ચોથા વર્ણના લોકોને [illegible] નદિ હોવાથી તેઓ પણ કહેવાયા

વળી તેઓ કેવળ જંગલી અવસ્થા માં રહેતા તેથી તેમની ભાષા બહુ ઓછી થઈ ગયેલી માટે તેઓ સંસ્કૃત શબ્દોના શુદ્ધ ઉચ્ચાર કરી શકયા નહિ

૭. ન ગાજર

૮. વિ ગામડિયો; રોચો

વૃષલક ૧ [સ] પું. (જૈન) ચંડાળ.

૨. વિ દુષ્ટ; નીચ; પાપી

વૃષલી ૧ [સ.] સ્ત્રી કુલટા સ્ત્રી

૨ જુઓ. ધોડી

૩. સ્ત્રી ચંડાળની સ્ત્રી; ચંડા

૪. સ્ત્રી ધર્મભ્રષ્ટ સ્ત્રી; પતિત સ્ત્રી

૫. સ્ત્રી. પિતાને ઘેર પરણ્યા પહેલાં જેને રજોદર્શન આવેલું હોય તેવી સ્ત્રી; ઋતુમતી સ્ત્રી.

જે કન્યાનું લગ્ન રજોદર્શનના પહેલાં ન થઈ જાય તો તે વૃષલી કહેવાય છે અને એવી કન્યાનું પાપ કોઈપણ જાતના પ્રાયશ્ચિત્તથી ધોઈ શકાતું નથી.

સુમંત મહેતા

વૃષલીપતિ [સ.] પું. બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલ બ્રહ્મચારી કે સન્યાસી

જે બ્રાહ્મણ શૂદ્રની સ્ત્રીનો સંગ કરે તે બ્રાહ્મણ **વૃષલીપતિ** કહેવાય છે. ભગવતી ભાગવત

વૃષલીભૂત [સં.] વિ. અધર્મી.

વૃષલોચન ૧ [સં] પું. ઉંદર.

૨. વિ. બળદના જેવી આંખવાળું

વૃષલોચની [સં.] સ્ત્રી. ઉંદરડી.

વૃષવાહન [સ.] પું. બળદ જેનું વાહન છે તેવા મહાદેવ; શંકર.

વૃષસેન ૧. પું ઇંદ્ર સભાનો સભાસદ એ નામનો એક રાજા

૨. પું. (પુરાણ) કર્ણના પુત્રોમાંનો એક. તેને અભિમન્યુએ હરાવ્યો હતો અને પછી અર્જુને તેને મારી નાખ્યો હતો

વૃષસ્થની [સં.] સ્ત્રી કામુકી; ભૈંયુનની ઇચ્છાવાળી સ્ત્રી

વૃષા ૧ પુ ધર્મ

૨ પુ ઘોડો

૩ પુ કૃષ્ણ

૪ પુ ધર્મ

૫ પુ બળદ

૬ પુ મેઘ વરસાદ

૭ ન [illegible] પુ શક્ર, પાકશાસન; મઘવા; ઇંદ્ર

૮ સ્ત્રી અસિ

વૃષાકપાયી ૧ [illegible] સ્ત્રી લક્ષ્મી

૨ સ્ત્રી ઉંદરડી

૩. સ્ત્રી એ નામની એક વનૌષધિ; ઢાંતી.

૪ સ્ત્રી. કુવચબીજ.
૫ સ્ત્રી. ગૌરી
૬ સ્ત્રી. ચિત્રાનું ઝાડ.
૭ સ્ત્રી. જીવતી નામની ઔષધિ.
૮ સ્ત્રી. નેપાળની એક જાત.
૯ સ્ત્રી પાર્વતી.
૧૦ સ્ત્રી લક્ષ્મી.
૧૧ સ્ત્રી. સંખ્યા
૧૨. સ્ત્રી સ્વર્ગ

વૃષાકપિ ૧. [સં.] પું. (પુરાણ) ઇંદ્ર.

૨. પું. વિષ્ણુનાં દસમાં અવતાર માહેનું એક નામ; ભગવાન નારાયણ. કેમકે, સમસ્ત કામનાઓની વર્ષા કરવાના કારણથી ધર્મને વૃષ કહે છે. પૃથ્વીનો જળમાંથી ઉદ્ધાર કર્યો તેથી કપિવરાહ ભગવાનનું નામ છે. એ રીતે વૃષ એટલે ધર્મ રૂપ અને કપિ એટલે વરાહ રૂપ હોવાથી ભગવાન વૃષાકપિ છે

૩. પું શિવનાં દસમાં અવતાર માહેનું એક નામ.

૪. પું સૂર્યનું એક નામ.

વૃષાકપિપ્રૈઉગ [સં.] પુ. ઋગ્વેદના દસમા મંડલના ૮૬મા સૂક્તનો કર્તા એક ઋષિ

વૃષાકપિસૂક્ત ન. વેદનું એક સૂક્ત; ઋગ્વેદનું એક જૂનું સૂક્ત. તે ઈ. સ. પૂર્વે ૪૦૦૦ ની આસપાસમાં રચાયું હતું.

વૃષાકર [સં.] પું. અદદ.

વૃષાકૃતિ [સં.] પું. વિષ્ણુનાં દસમાં અવતાર માહેનું એક નામ. કેમકે, તેણે ધર્મને માટે દેહ ધારણ કર્યો છે તેથી ભગવાન વૃષાકૃતિ કહેવાય છે.

વૃષાકર્ણી પું. (પુરાણ) ત્રિશિખા પાત્ર માહેનો એક પુત્ર; શૈભ્ય; વૃષદર્ભ. તેની દેવતાઓએ પરીક્ષા કરી હતી અને તેણે કૃષ્ણતરને બચાવવા માટે સોંઘાણાને પોતાના આખા શરીરનું માંસ આપ્યું હતું.

વૃષાકર્પિ જુઓ વૃષાદર્ભ

વૃષાદ્રિ પું કેરલ દેશમાં મલબાર કાંઠે આવેલો એ નામનો એક પર્વત. એમ કહેવાય છે કે, તેની ઉપર મહેશ્વર સ્વયમ્ભૂ લિંગરૂપે પ્રગટ થયા હતા ને તેમની જ આજ્ઞાથી કેરલ દેશના રાજશેખર નામે રાજાએ ત્યાં દેવાલય બંધાવ્યું હતું.

વૃષામિત્ર પું (પુરાણ) પાંડવોના સમયમાં વનમાં રહેલો એ નામનો એક ઋષિ

વૃષારવ પું. ઝિલ્લ નામનો સૂક્ષ્મ જંતુ.

વૃષાસન ૧. [સં] પું. શિવ.

૨. ન. (યોગ) યોગનું એ નામનું એક આસન. તેથી વીર્યસ્તંભ થાય છે. આ આસન માટે જમણા પગને ડાબાથી નાંસો વાળી, જમીનને અડકાડી, તે પગ નીચે ગુદા રાખી અને ડાબાના ઢાળા ભાગની પાસે ડાબો પગ ઊંધો રાખી, તે પગનો પોલ્લુ ભૂમિને અડકાડી બેસવું.

વૃષાસુર પું. એ નામનો એક રાક્ષસ.

વૃષાહ [સં] પું. ભગવાન વિષ્ણુનાં દસમાં અવતાર માહેનું એક નામ

વૃષાહી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિ જગતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ આવે છે.

૨. [સં] પું. વિષ્ણુનાં દસમાં અવતાર માહેનું એક નામ

વૃષાંક [સં.] પું. શિવ.

દક્ષના અને સપત્નિના પ્રમાદો,
ઉમા કરાવો વિરિ તે હૃત્યર્થ;
કહ્યા મહીં બંધુજનોની સાખે,
જેતો પછી વાહ વૃષાંક કેરી.

કુમારસંભવ

વૃષિગૃહ ન. કુવારો.

પામ્યાં પછી તે વેલાએ કપાલના પાલ્યાના ભોળ,
લગ્ન ઉછળી અને ચોપાસ વૃષિગૃહ થયુ

સરસ્વતીચંદ્ર

વૃષી [સં] સ્ત્રી. વ્રત પાળનારનું એક જાતનું દભનું આસન

વૃષેશ્વર [સં. વૃષ + ઈશ્વર] પુ. શિવ. [સં.

વૃષોત્સર્ગ ૧. [સં.] પું. ઉત્તમ પશુ; તજેલો સાંઢ; વિષ્ણુ આખલો.

૨. પું. કોઈ ધાર્મિક હિયા વખતે આખલો છૂટો મૂકવો તે

૩. પું. નીલોત્સર્ગ; પિતૃ સંતોષવા માટે કરવામા આવતો એક શાસ્ત્રીય વિધિ, મૃત માણસને ઉદ્દેશીને તેના પુત્ર તરફથી થતી બળદને છૂટો છોડી મૂકવાની વિધિ.

વૃષોદર ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિ જગતી છંદનો ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, નગણ, સગણ જગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ આવે છે

૨. [સં] પું. વિષ્ણુનાં દસમાં અવતાર માહેનું એક નામ. ભગવાનનું ઉદર પ્રાણની વધ કરે છે તેથી તે વૃષોદર કહેવાય છે

વૃષોદ્વાહ [સં. વૃષ (બળદ) + ઉદ્વાહ (લગ્ન)] પુ. વૃષ પૂજનનો નીલ પરણાવવા તે

વૃષ્ટ ૧ [સં] સ્ત્રી. વરસાદ; વૃષ્ટિ.

૨ વિ વરસેલું; વૃષ્ટિ થઈ હોય તેવું

વૃષ્ટિ ૧. પું (પુરાણ) આઠમા સાવર્ણિ મનુને થનારા પુત્રોમાનો એક

૨. પું મહારાજા દશરથના આઠ માહેનો એક મંત્રી

૩. [સં.] સ્ત્રી. કોઈ પણ વસ્તુનું ખૂબ આવી પડવું તે; કોઈ પણ વસ્તુનો મોટો પ્રપાત. જેમકે, પુષ્પવૃષ્ટિ

૪. સ્ત્રી. વરસાદ; પાણી પડવું તે; મેઘ આવવો તે; મેઘ

વૃષ્ટિકર્તા [સં] પું. પરમાત્મા; વરસાદ અથવા કોઈ પણ બાબતની કૃપા વરસાવનાર ઈશ્વર

વૃષ્ટિગૃહ [સં.] ન કુવારો

વૃષ્ટિજન્ય [સં] વિ. વરસાદ લાવે તેવું

વૃષ્ટિજીવન ૧. [સં.] ન. ચાતક પક્ષી

૨. વિ વરસાદ ઉપર જીવન.૨ ખેતી વગેરે માટે વપરાય છે

વૃષ્ટિદર્શક [સં] પું વરસાદ જોવાનું યંત્ર. વરસાદ કેટલો અને કયારે પડ્યો તે બતાવનાર યંત્ર

વૃષ્ટિધારા સ્ત્રી. વરસાદની ધાર.

વૃષ્ટિધારે દૂર રામવતા થાકી પ્રભુ ભયેલ,
તુને માને પ્રીતથી ભરશે પહાડ એ આમકૂટ,
સ્નેહી આજે કપણ પણ હોં પૂર્વે આભાર લેતો,
રેવામા ના વિમુખ જાતો, જો અને ઉમ્ર રાતો?

મેઘદૂત

વૃષ્ટિનંમિ પુ (પુરાણ) અક્રૂરના પુત્રોમાંનો એક

વૃષ્ટિપરિમાપક જુઓ વૃષ્ટિમાપક યંત્ર.

વૃષ્ટિપાત [સં] પું. વરસાદનું પડવું તે.

વૃષ્ટિભૂ ૧ [સં] પુ. દેડકો.

૨ વિ વરસાદમા ઉત્પન્ન થનાર.

વૃષ્ટિમાન પુ. (પુરાણ) સોમવંશી પુરુમુલોત્પન્ન પાંચ ચંદ્રના ક્રોષ્ટિન્ય રાજાનો પુત્ર.

વૃષ્ટિમાપક યંત્ર [સં.] ન. વરસાદ માપવાનું યંત્ર; વરસાદ કેટલા ઇંચ પડ્યો તે બતાવનું એક જાતનું યંત્ર, 'રેનગોજ', 'વપારે વરસાદ' મરાઠી વરસાદ', 'મપન વરસાદ' ગુજરાતી રાજ્યોથી વરસાદ બોલ્લ કેટલો પડ્યો, તેનો બોધ થતો નથી તેથી તેને માટે વરસાદ માપવાની કુદરતી જોજના હોવી જ જોઈએ. આકાશથી પડેલું વરસાદનું પાણી જમીન પરથી વહી ન જતા, જમીનમાં ચુસાઈ ન જતાં, તેનો જોજ ન થતા, તેમ જ બીજેથી વહી આવેલું પાણી ત્યાં ભેગું ન થતા, તે બધું જ પાણી જમીન પર રહે, તો તે પાણીનો થર જેટલા ઇંચ થાય તેટલા ઇંચ વરસાદ તે જગ્યએ પડ્યો એમ કહેવાય

છે; પણ વરસાદનું પાણી જમીન પર પડે એટલે તે વહી જવાનું જ અને કેટલુક જમીનમાં પણ ચુસાઈ જવાનું તેથી વરસાદનું પાણી માપવા માટે એક સાધનનો ઉપયોગ કરવામાં આવે છે તેને 'રેન ગોજ' કહે છે ને તાંબાનું બનેલું હોય છે. ઉપરનો ભાગ ગળણી આકારનો હોય છે ગળણીના તળિયાનો ડાઘો ગોળ અને સારા પ્રમાણમા હોય છે તે ડાઘો બંધમા એક તાંબાની સાંબી અને સાકડી ડાલમાં ઊભો છે વરસાદનું પાણી ડોલમાં ગળણી વાટે જાય છે અને વરસાદ બંધ થયા બાદ ડોલ કાઢી તેનું પાણી કાચના ઊભા આકારવાળા નળા વડે માપવામાં આવે છે. એક નળો બરાબર એટલે ½ ઇંચ વરસાદ પડ્યો કહેવાય છે તેના આંકડા દોરેલા બનાવે છે

વૃષ્ટિયજ્ઞ [સં.] પુ. એ નામના એક યજ્ઞ

વૃષ્ટિવિદ્યા [સં] સ્ત્રી વરસાદ સબંધી જ્ઞાન; વરસાદ કયારે થશે, કેટલો થશે, કયાં થશે, વગેરે સબંધી સપૂર્ણ જાણકારીની વિદ્યા.

વૃષ્ટિસ્નાન ૧. ન. ઝાપટાની માફક પાણી રેડી નાહવું તે

૨. [સં.] ન. વરસાદના ઝાપટામાં નાહવું તે

વૃષ્ણ ૧. [સં.] પું. ઇંદ્ર. સર્વ પ્રાણીઓની વૃષ્ટિ કરનારા ઇંદ્ર વૃષ્ણ કહેવાય છે.

૨. વિ. બળવાન

૩. વિ વૃષ્ટિ કરનાર.

૪. વિ. વેગવાન.

વૃષ્ણિ ૧. [સં.] પું. અગ્નિ

૨. પુ. ઇંદ્ર

૩. પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૪. પું. એ નામનું એક હિંદી પ્રાચીન રાજ્ય.

૫. પું ઘેટું.

૬. પું. દશાર્ણ દેશના લોકો.

> મહાભારતના સભાપર્વમાં એનો ઉલ્લેખ છે કે, દશાર્ણ (વૃષ્ણિ) લોકો રાજા વિનાના હતા.
>
> હિંદુરાજ્યવ્યવસ્થા

૭. પું પવન

૮. પું. મેઘ

૯ પું (પુરાણ) યદુપુત્ર ક્રોષ્ટાના વસના સાત્વતના પુત્ર વૃષ્ણિના કુળમાં જન્મેલા અનામિત્ર રાજાના ત્રણ માહેનો એક પુત્ર

૧૦ પુ. શૂરસેન દેશનું સાત માંહેનું એક યદવંશી ક્ષત્રિય કુળ; યાદવ.

૧૧ પુ. શ્રીકૃષ્ણના એક પૂર્વજ

૧૨. પુ. (પુરાણ) સોમવંશી યદુકુળના સહસ્રાજિતના વસના ક્રોષ્ટાવીર્ય રાજાનો પૌત્ર; મધુ રાજાના સો માહેનો જ્યેષ્ઠ પુત્ર

૧૩. પુ. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વસના સાત્વત રાજાના પુત્ર જ્યામાન રાજાને તેની પહેલી સ્ત્રીથી થયેલા ત્રણ માહેનો મોટો નાનો પુત્ર

૧૪ પું (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વસના સાત્વત રાજાના સાત માહેનો મોટો પુત્ર. તેને તેની સ્ત્રી માદ્રીને પેટે સુમિત્ર અને યુધાજિત એમ બે પુત્ર થયા હતા.

૧૫. સ્ત્રી. અટકાવ આવી જવા છતાં કુવારી રહેલી સ્ત્રી

૧૬ વિ. ઉગ્ર; ગરમ.

૧૭. વિ. પાખડી

વૃષ્ણિકુલ [સં.] ન. શ્રીકૃષ્ણનું કુળ; વૃષ્ણિનું કુળ.

વૃષ્ણિકુળ જુઓ વૃષ્ણિકુલ

વૃષ્ણિગર્ભ [સં.] પું. શ્રીકૃષ્ણ

વૃષ્ણિપતિ [સં] પુ વાદરોના સ્વામી; શ્રીકૃષ્ણ ભગવાન

વૃષ્ણિવંશીય [સં.] વિ. વૃષ્ણિ વસનું.

> હરિવંશમાં વૃષ્ણિવંશીય યદુઓને પૂર્ણ વફા સહિત ઉપર કેટલો પ્રેમ હતો.
>
> બ્યાસાય જ્ઞાનકોષ

વૃષ્ણ્યોરુદ્વેષ [સં.] પું. અંડકોષનું ઉપર ચડી જવું તે; વાતવિકાર

વૃષ્ય ૧ પું. અડદ

૨. ન એક જાતનું કંદ; ઋદ્ધિકંદ

૩. ન. વાજીકરણ ઔષધ.

૪. [સં.] વિ. વીર્યવર્ધક; કામોત્તેજક; જાતી વૃદ્ધિ કરનાર; ધાતુવર્ધિકારક; પૌષ્ટિક; બલકારક; 'ટૉનિક'. જીવન રહસ્યમા લખે છે કે, જે કોઈ પદાર્થ, અથુર, સ્નિગ્ધ, જીવન આપનાર, વૃદ્ધ કરનાર, ગુરુ અને મનને હર્ષ આપનાર હોય તેવા સર્વ પદાર્થો વૃષ્ય કહેવાય છે.

> રૂપવતી, આજ્ઞાંકિત, શિક્ષિતા અને યૌવનના ભારમાં પ્રવેશતી સ્ત્રીઓ સાથેનો સહવાસ ઉત્તમ (હોવિય) છે. વૃષ્ય છે. અભિનવ કામશાસ્ત્ર

વૃષ્યકંદા [સં.] સ્ત્રી. વિદારી વનસ્પતિ

વૃષ્યતમા વિ સ્ત્રી. બળ આપનારી

> જે સ્ત્રીના સમાગમથી આપણને તૃપ્તિ જ ન થતી (અનેક વખત સંપ્રયોગ સહ્યા કર્યા કરે) તે સ્ત્રી ખરેખર વૃષ્યતમા અર્થાત્ બળ આપનારી છે.
>
> અભિનવ કામશાસ્ત્ર

વૃહતી ૧. [સં] સ્ત્રી. નારદની વીણા.

૨. સ્ત્રી પાણીની ઝારી વગેરે.

૩. સ્ત્રી. ભોંયરીંગણી

૪ સ્ત્રી મોટી સ્ત્રી

૫. સ્ત્રી. વાણી.

વૃહત્કંદ [સં] ન ગાજર; વિષ્ણુકંદ

વૃહત્કોષ્ઠ [સં] પુ પ્રસ્થકોષ્ઠ; ૧૮૦°થી વધારે ખંજવાળો ખૂણો

વૃહત્પાદ ૧. [સં] ન. વડ

૨. વિ. મોટા પત્રવાળ

વૃહત્પર્ણિકા ૧ [સં] સ્ત્રી. કડવી તુળસી.

૨ સ્ત્રી કેળનો વેલો.

૩. સ્ત્રી. મદ્રંક વારણી

૪. સ્ત્રી. મોટા બીજોરાનું ઝાડ.

વૃહદશ્વ [સં] પું. એ નામે એક ઋષિ પાંડવો જ્યારે વનવાસ ગયેલા ત્યારે તેને આ ઋષિએ નળાખ્યાન કહેલું.

વૃહદંગ [સં.] પુ. હાથી

વૃહદંગી [સં.] સ્ત્રી. હાથણી

વૃહદ્ગ્રીવ [સં] પું. મધ્યભારતની નજીક વિંધ્યની પાછળ આવેલો એ નામનો એક દેશ

વૃહદ્ગોલ [સં.] ન. તરબૂચ

વૃહદ્ભાનુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. ન ચિત્રાનું ઝાડ

વૃહસ્પતિ [સં] પું. ગુરુ; બૃહસ્પતિ.

વૃહસ્પતિચક્ર [સં.] ન. સાઠ વરસનો કાળ.

વૃહસ્પતિવાર [સં.] પું. ગુરુવાર.

વૃહન્નલા સ્ત્રી. કંચુકી. ઉર્વશીના શાપથી નપુંસકપણાને પામેલો અર્જુન રાજકુમારી ઉત્તરાને નૃત્ય શીખવવા વૃહન્નડા કે વૃહન્નલા એવું નામ ધારણ કરી વિરાટ રાજાને ત્યાં એક વર્ષ ગુપ્ત રહ્યો. એ વૃહન્નલા શબ્દ ઉપરથી વૃહન્નડ, વૃંદલ, પડગ, અંડજા વગેરે શબ્દો બનેલ છે. બાહ્મણ કંચુકીને વૃહન્નડ કહે છે. એ વખતે રાજા રજવાડાના રણવાસમાં બધાંને કંચુકીનો અધિકાર મળતો એથી ઊલટું પ્રાચીન કાળમા પવિત્ર વિદ્વાન પ્રૌઢ વયના બ્રાહ્મણોને કંચુકી નીમતા

વૃંત ' સ ન કર્ણિયું, કંદુ, જેની ઉપર ફૂલ બેસે છે તે

વૃંતા [સં] સ્ત્રી. રોહિણી.

વૃંતાક [સં] ન રીંગણ, વાર્તાક, વંગણ; એક જાતનું શાક કડવું અને જાતના ઝાડવામા બારે માસ રહી જે રીંગણનું શાક બનાવે છે તેના બીજ ઉત્તમ છે અને તેનાં પાન પેચ લાવનાર છે

વૃંતાશ [સં] પુ બે બાજુએ રેખા અને બંને વચ્ચેના વર્તુળના પરિઘનો કોઈ પણ ભાગ.

વૃંદ ૧. પું મધ્યકાલીન ભારતમાં થયેલ એક પંડિત તેણે આયુર્વેદ ઉપર સિદ્ધિયોગ નામનો ગ્રંથ લખ્યો છે.

૨. [સ] ન. ટોળું; સમુદાય; સમૂહ.

૩. ન. દ્રા અવજ્ઞની સંજ્ઞા.

વૃંદગાયન [સં.] ન. એક કરતાં વધારે માણસ સાથે ગાય તે; સહગાન; 'કોરસ'

કોઈ વખતે લગ્ને પહેલેથી નક્કી કર્યું હોય તેમ જાણે ચારે બાજુના પક્ષીઓ એક જ ઝાડ પર બેસીને એક સામટા ગાયન શરૂ કરે છે. આ વૃંદગાયનમાં તાલનું નામ ન મળે, છતાં એક જાતનું સંગીત અને માધુર્ય જરૂર હોય છે ખરું. કાલેલકર

વૃંદગીત [સં.] ન. સાથે કરાતો કલ્લોલ; વૃંદગાયન.

નિશાચર પશુઓ પોતાનું વૃંદગીત ચલાવે છે.
મહાદેવ દેસાઈ

વૃંદચારી [સં. વૃન્દચારિન્] વિ. ટોળામાં ફરનારું

વૃંદલડાઈ સ્ત્રી. સમૂહયુદ્ધ; ટોળું બાંધીને કરાતી લડાઈ

ચાલ્યા, ઠાકર, ગામડા જેનાં પછી વૃંદલડાઈ કરે છે
અખંડ આનંદ

વૃંદવાદન [સં.] ન. એક સાથે અનેક વાદ્યોના વાદનનું સંગીત; સમૂહમાં વાદ્યિંત્ર વગાડવાપણું

ભારતના નૃત્યનાટકો દુનિયાભરમાં સહુથી પ્રાચીન ગણાય છે એના પુરાવા પણ છે. રાજદરબારોમાં અને દેવમંદિરોમાં બંધાયેલી નૃત્યકારો બે હજાર વર્ષથી નૃત્યપ્રયોગો કરતા આવ્યા છે. ઈ સ. પૂર્વે ૧૫૦ થી ૧૦૦ વરસ પરના એક કોતરકામમાં નૃત્યકારોની મંડળી રાજદરબારમાં નૃત્ય કરતી આલેખવામાં આવી છે. અમરાવતીમાં પણ આવા એક કોતરકામમાં ગ્રંથમાં ભેગું રાજકુટુંબ રાજદરબારમાં બેઠાં નૃત્યો અવલોકતું દેખાય છે. સંગીતકારો જુદાં જુદાં વાદ્યો વગાડે છે. ભારતની વૃંદવાદનનું આ સર્વ પ્રથમ સ્પષ્ટ ચિત્ર છે.

વૃંદસંગીત [સં.] ન. વૃંદગાયન; સહગાન; સંગીતિ; બધાએ સાથે કરવાનું સંગીત

વૃંદા ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં તગણ, રગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે

વૃંદા વિષે ત ર લ.
રઘુપિંગળ

૨. સ્ત્રી. જલંધર રાક્ષસની સ્ત્રી, કાલનેમિ રાક્ષસની પુત્રી.

તાત કાલનેમિ માહરો ને જલંધર નર કંથ,
નારી વૃંદા નામ માહરું, સાંભળો મુનિ સંત.
જલંધર આખ્યાન

૩. સ્ત્રી તુલસી.

૪ સ્ત્રી. વૃંદાવનમાં આવેલ એ નામની એક દેવી

૫. સ્ત્રી શ્રીકૃષ્ણની મુખ્ય આઠ માહેની એક પટરાણી; રાધિકા.

વૃંદાટવી [સં.] સ્ત્રી. વૃંદાવનની ભૂમિ.

વૃંદારક ૧ પું. કોઈ પણ વર્ગનો મુખ્ય; ટોળાનો ઉપરી; મુખી.

૨. પું. દેવ.

દેવ અમર નિર્જર, વિબુધ સુર સુમનસ ત્રિદિવેશ;
વૃંદારકને વિમાન ગતિ અભિજિદ્ અમૃતેશ.
પિંગળપ્રકાશ

૩. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; મુખ્ય

૪. [સ. પ્રકાર (સુંદર) + ક] વિ. સુંદર, મનોહર; રમણીય; સરસ

વૃંદારણ્ય [સં] ન. તુલસી વન; વૃંદાવન

વૃંદારણ્યે મધુર હરિએ મોરલી નાદ કીધો.
રાસગોપાળ

વૃંદાવન ૧. [સં. વૃંદા (તુલસી) + વન (જંગલ)] ન. મોટુરા પાસેનું એ નામનું વન; મથુરા પાસેનું એક ધામ. વૃંદાવન એ શ્રીકૃષ્ણની બાલલીલાની ભૂમિ છે. હાલમાં વૃંદાવનનાં મંદિરો હિંદુસ્તાનમાં પ્રખ્યાત છે અને તેમાં વિશેષતા એ છે કે, સ્થાપત્યના બધા નમૂનાઓ ત્યાં એકત્ર થયા છે અહીં રામાનંદી અને વૈષ્ણવ સંપ્રદાયના બે ભવ્ય અને સુંદર મંદિરો પ્રસિદ્ધ છે. આ ક્ષેત્રમાં રાજા મહેંદ્રપ્રતાપનું સ્થાપિત કરેલું પ્રેમમહાવિદ્યાલય જોવા લાયક છે આવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: વૃંદાવન મથુરાથી બે ગાઉ છે. આમેર જયપુર નરેશનું બંધાવેલું મંદિર આવે છે. તે મંદિર થોડાં વરસ અગાઉ બંધાયેલું છે અને કારીગરીથી ભરપૂર છે. દરવાજા ઉપર તેમ જ તેની કમાન ઉપર અને મંદિરમાં જોવા જેવી કારીગરી છે. મંદિરોના જુદા જુદા મંદિરમાં જુદી મૂર્તિ છે. તે બધી સુંદર અને દર્શનીય છે. એક રામાનુજ અને એક વિષ્ણુસંપ્રદાયનું એમ બે મંદિર ભવ્ય, સુંદર અને પ્રસિદ્ધ છે. શેઠ લક્ષ્મીચંદનું શ્રીરંગજીનું મંદિર શ્રેષ્ઠ છે. તેને ફરતા ત્રણ ગઢ છે તેનું બાંધકામ પણ અનુપમ છે. મંદિરને ફરતાં નાના નાનાં મંદિરોમાં ૨૪ અવતારની મૂર્તિઓ છે. તેમાં પણ વિષ્વક્સેન અને વખતસેન પૂજન દર્શન થાય છે. નિજમંદિરની સામે સુવર્ણનો ૧૨૫ ગજ ઊંચો સ્તંભ છે બીજું મંદિર લખનૌના શાહ બિહારીલાલનું બાંધેલું છે અને તે આરસનું છે. આરસમાં રાસલીલા.નાં શ્રીકૃષ્ણનાં પૂતળાં છે રાધા વગેરેની સાડીઓની ભાત પણ ઉત્તમ છે જુદા જુદા રંગની ભાત પાડવા માટે જુદા જુદા રંગના આરસ જોઈતા મેળવવાની કારીગરી તેમાં આબેહૂબ છે. બાળલીલાના બધા પ્રસંગો યમુનાજીના કાંઠા ઉપર જુદે જુદે સ્થળે બતાવવામાં આવે છે શ્રીકૃષ્ણનું પારણું, નંદનું ઘર, કાળી નાગનો ધરો, કુબ્જાલીઓ, રાસલીલા.નું જંગલ વગેરે બતાવવામાં આવે છે. કેટલેક સ્થળે રાસલીલાનાં પૂતળાં પણ છે. ગોપેશ્વર મહાદેવનું મંદિર પણ વૃંદાવનમાં છે શ્રી. રાકર ગોપીનો વેશ લઈ વૃંદાવનમાં રાસ જોવા ગયેલા, તે મહાદેવની સ્થાપના ગોપેશ્વર મહાદેવ તરીકે અહીં કરી છે. અહીં પુષ્કળ મંદિરો હોવાથી વૃંદાવનને મંદિરોનું શહેર કહીએ તો ચાલે. વળી એમ પણ કહેવા.ય છે કે, વર્તમાન વૃંદાવન એ પ્રાચીન વૃંદાવન નથી તે નથી પ્રાચીન વૃંદાવન કે જ્યાં નંદ વગેરે ગોકુલથી ગયા તે સંભવતઃ આધુનિક નંદગામના નૈઋત્યભાગ કામવનની તરફ કેસ.ંબલ હતું. એ ગોપોએ નંદગામમાં અથવા એની આસપાસ પોતાની વસ્તી વસાવી હતી. પુરાણોમાંથી અખર પડે છે કે, પ્રાચીન વૃંદાવનના એક ભાગમાં નાગજાતિના લોકોનું પ્રભુત્વ હતું. તેમના મુખી કાલિયનાગને શ્રીકૃષ્ણે હરાવ્યો અને નાગોને એ પ્રદેશમાંથી ભગાડી મૂક્યા. નાગલોકો મર્યા ન હતા પરંતુ મનાયો હતા. એમનું વિશેષ નિવાસ નામની કેટલું હતું અને તેઓ સર્પોની પૂજા કરતા હતા કોલ, ભારત અને કિરાતોની જેમ નાગલોકો પણ ભારતના પ્રાચીન નિવાસી હતા. બ્રહ્મવૈવર્તપુરાણમાં એમ કહ્યું છે કે, સત્યયુગમાં કેદાર નામનો એક ઉત્તમ રાજા થઈ ગયો. તેને વૃંદા નામની એક કન્યા હતી. તેણે આજન્મ અવિવાહિત રહેવાનું વ્રત સ્વીકારીને યમુનાને કિનારે તપશ્ચર્યા શરૂ કરી. તેથી શ્રીકૃષ્ણ સંતુષ્ટ થયા અને કહ્યું કે 'વર માગ', ત્યારે વૃંદાએ વર માગ્યો કે, 'તમે મારા પતિ થાઓ'. કૃષ્ણે તેની વિનંતિ માન્ય કરી અને તેને પોતાને ઘેર લઈ ગયા. જે વનમાં તે રાજકન્યાએ તપ કર્યું હતું તેનું નામ વૃંદાવન પડ્યું.

૨. ન. તુલસીનું વન

૩. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના કેશ પડ્યા હતા

વૃંદાવનવિહારી [સં] પું વૃંદાવનમાં વિહાર કરનારા રાધાકૃષ્ણ; રાધાકૃષ્ણની મૂર્તિનું નામ.

રાધાકૃષ્ણની મૂર્તિઓ ગોપીનાથ વૃંદાવનવિહારી, ગોલોકવિહારી, રાધારમણ, મદનમોહન વગેરે વિવિધ નામોથી જુદે જુદે ઠેકાણે ઓળખાય છે
ગુ. સા. પરિષદ

વૃંદાવની ૧. પું (સંગીત) સંગીતનો એક રાગ. તે ક ની એક જાત છે. તે કાફી

ચાટમાંથી ઉત્પન્ન થાય છે તે મધ્યાહ્નને વખતે ગંધાય છે.

૨. સ્ત્રી. તુલસી

વૃંદાવનમાં જે વૃક્ષરૂપે થતાં તારું વૃંદાવની નામ કહેવાશે. અજવતી આસવત

વૃંદાવનીય વિ. વૃંદાવનને લગતું; વૃંદાવનનું; વૃંદાવન સંબંધનું

વૃંદાવિપિન જુઓ વૃંદારણ્ય

વૃંહણ [સં.] વિ. (વૈદક) શરીરમાંના ધાતુઓની વૃદ્ધિ કરનાર; પુષ્ટ

વૃંહિત [સં] ન. શરીરનો પાછલો ભાગ વાળીને ચાલવાની ઘોડાની રીત

વે ૧ [સં.] પું. કાણું; છિદ્ર; નાકું, છેદ

૨. પું ઘર; પોલ; વિવર

કાળપ મેલી કરે., તોય અન કાળપ મેલે નહિ. ઈ વગરે પોતાનો વેરા બે બિના વસ્તામાં કરે શારદા.

૩ [અં.] પું. રસ્તો; માર્ગ

૪ સ્ત્રી ઉંમર; વય

૫. [હિં.] સ. તેઓ, પેલા.

વેઅદ [અં] ન. વજન.

વેઇટર ૧. [અં] પું ખિદમતગાર; હજૂરિયો

૨. પું. હોટલનો નોકર

વેઇટિંગરૂમ ૧. [અં.] પું. ડાક્તરને ત્યાં દરદીઓને વારો આવતાં સુધી બેસવાનો ઓરડો

૨. સ્ત્રી રેલવેસ્ટેશન ઉપર ઉપલા વર્ગોના મુસાફરોને ગાડી આવતાં સુધી બેસવા ઊઘવાનો ઓરડો.

વેઇસ્ટ પેપર બાસ્કેટ [અં.] સ્ત્રી. નકામા કાગળો નાખવાની ટોપલી

વેઉ પું એક જાતની વેલ. તેનું મૂળિયું પથ્થરના પાટલા ઉપર પાણી સાથે ઘસીને તેનો ઘસારો એક બે રૂપિયાભાર પીવાથી સાપ કરડ્યાના કિસ્સામાં દર્દીને આરામ થયેલો હોવાનું મનાય છે.

વઉનુ દહીં = એ વેલનો પાણીમાં ઝાળીને કાઢેલો ખડ્યા જેવો રસ.

વેકર ૧. [સં. વાલુકા] સ્ત્રી. રેતી; વેકૂર

૨ સ્ત્રી (વહાણવટું) રેતીવાળી જગ્યા.

વેકરડી (વેકરડી) સ્ત્રી. વેકૂર; વેળુ

વેકરિયો ૧ પું એક પ્રકારની વનસ્પતિ તેનાં બીજ વેકૂર જેવાં હોવાથી તેને વેકરિયો કહેવામાં આવે છે. તે છોડવા ઝાડના રૂપમાં થાય ઉપર ઊગે છે તેનાં બીજ સુવાવડી સ્ત્રીના કેટલામાં વપરાય છે. તેના પાન આમલીના જેવડાં પણ ગોળ અને સફેદ પડતા જરા ખરસટ હોય છે. તેને ઝીણાં પીળાં ફૂલ આવે છે મેથીની પેઠે તેને ત્રણ ત્રણ પાન જેવાં હોય છે આ વનસ્પતિ શિરમુલ્યકારી અને પૌષ્ટિક છે

૨. પું. વેકૂર ઉપર બેસાડાય તેવો મહેમાન; સામાન્ય મહેમાન

વેકરો પું. કાકરાવાળી જાડી રેતી; મોટી વેળુ.

વેકરું ૧. સ. ક્રિ. ઉતાવળ કરવી; વેગવું

૨. સ. ક્રિ. વેગવવું ઉત્તર ગુજરાતમાં વપરાય છે.

વેકળો પું નાનો વહેળો; વોકળો; વહેળિયું.

વેકૂર સ્ત્રી. નદીના તળિયાની રેતી; વેળુ; રેતી, કાકરા અને માટીનું મિશ્રણ; ઝીણી કાંકરીઓવાળી મોટી રેતી

વેકેશન [અં] ન. રજા

વેક્યુમ [અં.] ન. હવાના દબાણ વગરની કે જગ્યા; શૂન્ય; શૂન્યાવકાશ.

વેક્સિન [અં] ન. ગાયનો ચેપ; ગોશીતળા.

વેક્સિનેટર [અં.] પું. રસી મુકનાર; ગોશીતળાની રસી મૂકનાર ડાક્તર.

વેક્સિનેશન [અં.] ન. રસી મુકાવવી તે; શીતળા ટંકાવવા તે; બળિયા કઢાવવા તે.

વેખ ૧. પું. પોશાક; લેબાસ; વેષ.

૨. પું સ્વાંગ; બનાવટી પહેરવેશ.

વેખતી વિ સ્ત્રી. ખડખડ હસે તેવી; કટ હસી પડનારી

વેખતું વિ. અચંબો પામેલું; નવાઈ પામતાં હાસ્ય કરતું; ચકિત થઈને હસતું

વેખધારી ૧. વિ. દંભી; ધુતારું

૨. [સં. વેષ (પોશાક) + ધારિન્ (ધરનાર)] વિ. વેશ ધરનાર; સ્વાંગ લેનાર; વેષધારી.

વેખલ ૧. વિ. અસલ્ય; નિર્લજ્જ.

૨. વિ. કમઅક્કલ; વેવલું; ટચકું; નાલાયક.

૩. વિ. ખડખડ હસી પડે તેવું

૪. વિ. સ્વમાન વિનાનું.

વેખલું જુઓ વેખલ.

વેખવું ૧. સ. ક્રિ. અચંબો પામવો; નવાઈ લાગવી; આશ્ચર્યચકિત થવું.

૨. સ ક્રિ. જોવું, તપાસવું, અવલોકવું, નિહાળવું.

વેખળો જુઓ વેખલ.

વેખંડ સ્ત્રી. ઘોડાવજ; એક પ્ર. ની ઔષધિ.

વેગ ૧. [સં.] પું. આવેગ; પ્રેરણા; ઝોક

૨ પું. ઉતાવળ.

૩. પું. ઉતાવળી ચાલના જોરથી થતો ભણકારો કે અવાજ

૪. પું. ગતિ; દોડ; ઝડપ; ત્વરિતપણું; ચાલવાનો ઝપાટો

આ સ્થાન મંડપ થકી આવીઉ, કુમર વેગિ બાહારિ. આસા

૫. પું ગતિનો ઊભરો; ગતિનું જોર.

૬. પું. ચમકો; સણકો; શૂળના જેવા વાયુના ઝોક; ગતિના ઊભરાથી થતું દુઃખ.

વેગ મારવા = સણકા નાખવા.

૭. પું ચકળાઈ; ભાવનો ઊભરો

૮. પું. જુસ્સો; જોસ.

૯. પું. ઝાડા પેશાબની હાજત.

૧૦. પું. ત્રાસ; સંતાપ.

૧૧. પું ધક્કો; આંચકો; ચલનનો સપાટો; હડસેલો.

૧૨. પું. ન્યાયમાં કહેલી એક સરકાર.

૧૩. પું. પ્રવાહ.

૧૪. પું. મહાકાલ નામનું ફળ

૧૫ પું. વીર્ય.

૧૬. સ્ત્રી. એક જાતની મૃગયા; શિકારની એક રીત.

વેગમાં પણ વહે પૂઠ તેની મહે, વેગ નામે સુમૃગયા કહી તે.

પ્રાચીનકાવ્ય

વેગગતિ [સં] સ્ત્રી. વેગસ્વરૂપતા; ભંદગતિ; વેગરૂપ.

વેગગ્રય ૧. પું ઢીલ; વિલંબ.

૨. જુઓ વેગગતિ.

વેગગ્રહીભૂતા જુઓ વેગગતિ.

વેગઠ (વેગડ) ૧. પું. વિધવા સ્ત્રીના ઘરમાં જર્જ જાહેર રીતે સંસાર સુખ ભોગવતો પુરુષ.

૨. જુઓ વેગઠિયો

વેગઠિયાવાડ (વેગડિયાવાડ) સ્ત્રી. ચોરાસી માણેનું એક ચૌટું; જ્યાં ભાંડ, ભવાયા, વિદૂષકો વગેરે વસતા હોય તેવો હલ્લો

વેગડિયો (વેગડિયો) પું. ભાંડ; વિદૂષક.

વેગડી (વેગડી) સ્ત્રી. કૂદી જનારની એ નામની એક જાત.

ભાલિયુ, ખાનદેશુ, ભોપાલું, ભૂરિયુ, પૂતળું, દીગલું, નામ પ્રાલ્ય, ભાગરિયું, વેગડવું, વાલગું, ભાલગું. રાસ ખાડુ તણા નામ રાજ્ય.

લોકસાહિત્ય

૨. સ્ત્રી. ઘોડીની એ નામની એક જાત.

વેગડી વિચાર્યે જવી = ઘણો વખત ભાગી જવો; વિલંબ થતો.

વેગઠો (વેગડો) ૧. વિ પું. બાવામાં પીરો

૨ વિ પું મરણ પાછળ રોવાની ક્રિયા કરાવનાર.

૩. વિ પું. મદ ચુકિનો

વેગદર્શી ૧. પું. (પુરાણ) રામની સેનામાંનો એ નામનો એક વાનર.

૨. [સં. વેગદર્શિન્] વિ. વેગ બતાવનાર.

વેગન [અં] ન રેલવેની માલગાડીનો લોખંડી ડબો; માલ ભરવાનો કે ભારખાનાનો ડબો

વેગબંધ જુઓ વેગભર.

વેગભર અ. ઝડપથી; ઝપાટાબંધ; વેગબંધ

વામન પૂરે બતામાં મુખી અને તેનો ઘોડા **વેગભર** મનોહરપુરીને માર્ગે અદૃશ્ય થઈ ગયા
સરસ્વતીચંદ્ર

વેગમાન [સં.] ન. વેગનું માપ; વેગસ્થ સરકાર.

કોઈ પણ વસ્તુના વેગમાનનો આધાર તેના દ્રવ્ય તેમજ વેગ ઉપર રહે છે અને **વેગમાન** દ્રવ્ય અને વેગના ગુણકારની બરાબર હોય છે.
પદાર્થવિજ્ઞાન

વેગમાન સંરક્ષણ [સં.] ન વિજ્ઞાનના વેગ સંબંધી એક જાતનો સિદ્ધાંત. એક જ દિશાના વેગમાનોનો સરવાળો અને ઊલટી દિશાનાં વેગમાનની બાદબાકી કરતાં જોઈએ અથડાયા પછીનું સામટું વેગમાન અથડાયા પહેલાંના વેગમાન જેટલું હોય છે અથવા કુલ વેગમાન એકસરખું રહે છે તેને વેગમાન સંરક્ષણ સિદ્ધાંત કહે છે

વેગમાપક [સં.] ન. ગતિ માપવાનું સાધન; કોઈ પણ યંત્ર, વાહન કે વસ્તુની ગતિ માપવાનું યંત્ર; ઝડપ માપવાનું યંત્ર

વેગમાપલેખક [સં.] ન. યંત્ર કેટલી ઝડપે ચાલે છે એ દર્શાવનારું એક સાધન

વેગર પું. સુવાવડી સ્ત્રીને માટે પાકના લાડુમા સુવાદાણા, સૂંઠ, ગુંદર, ટોપરાં, ખિસેક, તીખાં, બળદાણા, વરિયાળી, તજ વગેરે નાખવામા આવે તે ચીજો

વેગરવું ૧. સ. ક્રિ. પાળવું, નિભાવવું

૨. સ. ક્રિ. વેડવું; સદન કરવું, ભોગવવું; ખમવું

વેગરોધ [સં.] પું. ગતિરોધ; વિલંબ; ઢીલ

વેગવતી ૧. પું (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રણેમું વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમા ત્રણ સગણ અને ગુરુ એમ દસ અક્ષરો હોય તથા બીજા અને ચોથા ચરણમાં ત્રણ ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે

ત્રણ છે સ સ સા ગ અનુપ્રાસે,
વેગવતી ભ ભ ભા ગ ગ પ્રકાશે. રત્નપિંગળ

૨. વિ સ્ત્રી. વેગવાળી; વેગવાન

વેગવર્ધક [સં.] વિ. ગતિમા વધારો કરે તેવું.

વેગવંત જુઓ વેગવાન.

વેગવંતું જુઓ વેગવત.

વેગવાન ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ

૨. પું. (પુરાણ) કશ્યપથી દનુને જન્મેલા દાનવો માંહેનો એક શાલ્વ રાજાનો પક્ષ લઈને તે કૃષ્ણની સામે યુદ્ધ કરવા આવતાં કૃષ્ણે તેને યુદ્ધમાં માર્યો હતો

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૪. પું. (પુરાણ) મત્સ્યને પેટે કૃષ્ણને થયેલ એ નામે એક દીકરો.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન બંધુમાન રાજાનો પુત્ર. એને બંધુ નામનો પુત્ર હતો

૬ [સ વેગવત્] વિ ત્વરિત; વેગવાળું; વેગી; ઉતાવળું; ઝડપી

વેગવાહિની [સં.] સ્ત્રી મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

વેગવિજ્ઞાન [સં] ન. ગતિશાસ્ત્ર; ઝડપ સબંધી શાસ્ત્રીય જ્ઞાન.

વેગવિધારણા સ્ત્રી. મળમૂત્રના વેગનો અટકાવ.

વેગવું અ. ક્રિ. ઉતાવળ કરવી.

વેગવૃદ્ધિ [સં.] સ્ત્રી. કોઈ પણ પદાર્થની ગતિના દરેક પળના વેગમાં દરેક પળે થતી વૃદ્ધિ. આગગાડી મથક પરથી ઊપડે છે ત્યારે બહુ ધીમી ચાલે છે. પછી વધારે ઝડપથી અને પછી પૂરી ઝડપથી ચાલે છે અર્થાત્ તેનો વેગ વધતો જાય છે. જો વેગ એકસરખી રીતે વધતો જતો હોય તો એક સેકંડમાં જેટલો વેગ વધ્યો હોય તેને વેગવૃદ્ધિ કહે છે

વેગવ્યલન [સં.] ન. કોઈ પણ પદાર્થની ગતિના દરેક પળના વેગમાં દરેક પળે થતું વ્યલન કે હ્રાસ; ઊલટા પ્રકારની વેગવૃદ્ધિ

આગગાડી સ્ટેશન નજીક આવતા તેની ઝડપ ઓછી થાય છે અને છેવટે ઊભી રહે છે; એ વેગના પ્રકારની વેગવૃદ્ધિનો દાખલો છે. તેને **વેગવ્યલન** કે હ્રાસ પણ કહે છે
પદાર્થવિજ્ઞાન

વેગવ્યય સંસ્કાર [સં.] પું વેગમાન; આવેગ; પ્રભાવ

વેગળાઈ ૧ સ્ત્રી. છેટું; અંતર; દૂર હોવું તે.

એક આસ્તે તેને બળદ આપી કે, અહીંથી પંદર માઈલની **વેગળાઈએ** એક પુરાતન શહેર દટાયેલું પડ્યું છે
નરે એવમ

૨. સ્ત્રી. બાજુકાઈ; વેગળાપણું; વેગળું હોવું તે.

વેગળું ૧. વિ છૂટું; જુદું; અલગ; નોખું.

૨. વિ. દૂર; છેટું; આઘું

૧. આંગળીથી નખ વેગળા એટલા વેગળા = જુદું એટલું જુદું, પછી ભલેને અંતર સાવ ઓછું હોય.

૨. વેગળું થવું = આઘે જવું; દૂર જવું

૩. વેગળું બેસવું = અભડાવું; મ.સિંહ ઋતુ આવવી; રજસ્વલા થવું

વેગળે અ. આઘે; છેટે; લાંબે અંતરે; દૂર

વેગા ૧. પું. એ નામનો એક તેજસ્વી તારો તેને દશરથ અથવા અભિજિત પણ કહે છે નક્ષત્રમંડળમાં તે અભિજિત નામના નક્ષત્ર તરીકે ગણાય છે. જેવી રીતે સપ્તર્ષિ તથા સપ્તર્ષિના એક બીજાની સામસામે આવેલાં છે તેમ વેગા એટલે અભિજિત અને બ્રહ્મહૃદય એક બીજાની સામસામે આવેલ છે આ તારો સ્વયંપ્રકાશતારક છે. તેનો રંગ કાંઈક ભૂરો છે.

ખો. ન્યુકોમ્બના શબ્દોમા કહીએ તો, મનુષ્યના ઇતિહાસની શરૂઆતના સમયથી પ્રાયે વર્ષે, કલાકે, મિનિટે અને સેકંડે ઇતિહાસના દરેક પુરાવા આપણો સૂર્ય અને સૂર્યમંડળ વેગા નામના તારા તરફ પોતે ત્વરિત ગતિથી જઈ રહ્યાં છે. દરેક કલાકમા આપણે ૨૦૦૦ માઈલ જેટલા એ તારાની સમીપ જઈએ છીએ, આ ગતિ અનંત અને અનાદિ છે. વિજ્ઞાનવિચાર

૨. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે તેમાં ૧૦૪ લઘુ અને ૧૨ ગુરુ મળી ૧૧૬ વર્ણની ૧૨૮ માત્રા હોય છે.

વેગાનિલ [સં.] પું. વેગને લીધે ઉત્પન્ન થતો પવન

દડાએ સરખી અણી સૂપી પાસ, **વેગાનિલે** છે રહી.
વિક્રમોર્વશીય

વેગાલેખન [સં] ન. ઝડપથી લખવાનો હુનર; ટૂંકાક્ષરી; ટૂંકાક્ષરવિદ્યા.

વેગાવડું (વેગાવડ) વિ. નમાલું, વેતા વિનાનું; ગાલાંચલું; ધડા વગરનું

વેગિની ૧ [સં] સ્ત્રી દસ માંહેના એક પ્રકારની મોટી દોડી.

૨. સ્ત્રી. નદી

૩. સ્ત્રી. બાજ પક્ષિની

૪ સ્ત્રી વેગવાળી સ્ત્રી

વેગી ૧. [સ વેગિન્] પું એપિયો; દૂત.

૨. પું બાજ પક્ષી

૩. વિ ઝડપથી ચાલનારું; વેગવાળું.

વેગીલું ૨ વિ તાનમાં ચડી જાય તેવા સ્વભાવનું, કોઈ બાબત મનમા આવી તો તેની પાછળ, ઉદ્યમ ને હડપૂર્વક લાગ જાય તેવા વલણવાળું.

૨ વિ વેગવાળું; ઝડપથી જનાર.

વેચુ વિ. જડબુદ્ધિ, મૂર્ખ; ઠોઠ; જડ.

વેગે અ ઝડપથી

વગે ચડવું = અત્યંત ગુસ્સામા આવી જવું.

વેચણિયો પું વેચાણ કરી દેનાર દલાલ.

વેચનાર વું વેચવાનું કામ કરનાર માણસ.

વેચવાડ ૧. સ્ત્રી. વેચાણ

૨ વિ વેચનાર, વેચાતું આપનાર; વેચવાવાળું.

વેચવાલી સ્ત્રી. વેચવાની માગણી

વેચવું ૧. [સ વિ + ક્રી] સ. ક્રિ. કીમત લઈને આપવું; બદલો લઈને આપી દેવું; મૂલ લઈ બીજાને માલ આપવો

૧. વેચવા જઈએ ત્યારે વેચાઈએ = બજારમાં જઈ વેચવા કરતા ઘર આગળ વેચવું સારું.

૨. વેચી ખાય એવું = ખાલ્યું ન ખાય કે પત ન કરે તેવું

૩ વેચીને ચણા ખાવા = (૧) પત ન થવું. (૨) વેચી વટાવીને, આબરૂ-પી ઊડાવી દેવું

૨. સ ક્રિ. ગુમાવવું

વેચવું સાટવું સ. ક્રિ. વેચવાની અને બીજાને બદલે બીજ લેવા કે આપવાની ક્રિયા કરવી.

વેચાઉ વિ વેચવા મૂકેલું; કીમત અથવા બદલો લઈને આપી દેવાનું હોય તેવું; વેચવાનું હોય તેવું

વેચાણ ૧. [સં. વિ + ક્રિ] વું. ગુલામ.

મોહ પામ્યો તે મહીપતિ,
વચન કરે નહિ લોપ;
વેચાણ થયો વનિતા તણ.,
કમારે નવ કરે કોપ ગામ૫

૨. ન. વકરો; ખપત, વેચતાં ઊપજેલી કીમત; વિક્રય

૩. ન વેચવું તે; કીમત અથવા બદલો લઈને આપવું તે; વેચી નાખવું તે.

વેચાણ કરવું = હરરાજ કરવું

૪ ન. વેચવું તે.

વેચાણ કીમત સ્ત્રી કોઈ પણ વસ્તુ વેચી નાખી જે પૈસા ઊપજે તે; ઊપજેલી રકમ

વેચાણખત ન. વેચાતું આપ્યાનું લખાણ, વેચાણનું લખાણ

વેચાણ નકરી વિ સ્ત્રી. જેના ઉપર લાગો ન હોય તેવી, કરથી મુક્ત. આ શબ્દ જમીન માટે વપરાય છે

વેચાણલેખ જુઓ વેચાણખત.

વેચાણલેવાણ ન. આપલે; લેવડદેવડ, લેણદેણ, વેચવું સાટવું તે

વેચાણ સલામતી વિ. સ્ત્રી. જમીનદારે સલામી દાખલ કરવાનું મહેસૂલ જ આપવું પડતું હોય તેવી; માત્ર મહોતરનો ખોળો ખરાવનારી. તે જમીનને માટે વપરાય છે.

વેચાણદાર પું. વેચવાનો હક્ક; માલિકી હક્ક

વેચાણિયું ૧. વિ. લાચિયું; લાચખોર.

૨. વિ. વેચાણ લીધેલું; બજારિયું; ખરીદેલું

૩. વિ. વેચી ખાય તેવું.

વેચાતું ૧. ન. સામસામું સગપણ કરવું તે

૨. વિ કીમત આપીને લીધેલું કે આપેલું

કજિયો વેચાતો લેવા-લડાઈ વેચાતી લેવી = (૧) કોઈનું ઊપરાણું લઈ લડવું. (૨) વગર કારણે કજિયો વહોરવો

૩. વિ વેચાણ; વેચવા મૂકેલું કે કાઢેલું

વેચાતું લેવું = ખરીદવું.

વેચાવવું સ. ક્રિ. વેચાણ તેમ કરવું; વેચવાનું કહેવું; વેચાણ કરાવવું.

વેચાવું અ ક્રિ. કીમત મળવી; વેચાણ તેમ થવું.

વેજ ૧. પું. ભેજ; ક્ષાર, સાર.

૨. સ્ત્રી. (દ્રવ્યની) ધાર; પીજણી.

વેજન ન. બીજવું; પખો

વાયા વેજન નાખે ચય,
કેદે અમારું છપતળ્ય વનરાય. નાકર

વેજા ૧. સ્ત્રી નિશાન; નેજા; વૈજયંતી.

૨ જાં પ્રાણ.

૩ જાં હરકત, દુઃખ; વિપત્ત; વિપત્તિ.

૪. ન છોકરાનું ટોળું; અણસમજુ માંડ્યા; વેજાડી.

ખાર બાપની વેજા = જુદી જુદી ઘણી જ્ઞાતિના છોકરાનું ટોળું.

વેજાડી (વેજાડ્ડી) જુઓ વેજા.

વેજાણું ૧. કું. પાણી ઊલેચવાનો બંબો; પાળા.

૨. ન. નાની ચાલે મોટું રૂપ પકડવું તે.

વેજો ૧. ન ન જ. કાંઈ; વલખા

૨. જુઓ વેજા.

વેજિટેબલ ૧. [અં.] વિ. વનસ્પતિનું; વનસ્પતિને લગતું

૨. જુઓ વેજિટેબલ ઘી

વેજિટેબલ ઘી [અં.] ન. વનસ્પતિમાંથી બનાવેલ ઘી; વનસ્પતિનું ઘી. મહાભાષ્ય લખે છે કે, વેજિટેબલ ઘી જેવા શબ્દ પ્રયોગની ગ્રામે મે વાપો ઊડાવ્યો છે. તેને માનું જોતાં વેજિટેબલ ઘી એટલે વનસ્પતિ તેલ એવું નામ આપવું જોઈએ

વેજિટેબલ બારકેટ [અં] સ્ત્રી. શાકપીઠ.

વેજિટેરિયન [અં.] વિ. વનસ્પતિ આહાર કરનાર; શાકાહારી

વેજું ૧. ન. કપડું વણવા માટે ચડાવવાનો ખેરવાળો આટો

૨. ન. બાદીનો તાકો; થાન

૩. ન. ચણતર.

૪. ન. પાણકોર

૫. ન. મનની ધેલછા

૬. ન. વણિયર

વેજો જુઓ વેજ.

વેજું ન નિશાન.

આડું વેજાં સાબદું બાણ,
વાર અકેકી મૂકિ બાણ. ભા.ઋષભમય

વેઠ ન. સરકાર અથવા ગ્રામપંચાયતને માટે ઉપયોગી સેવા બજાવનાર વ્યક્તિને અપાતી જમીન અથવા રોકડ વળતર.

વેઠલો પું વેઠલો; કાનનું ઘરેણું

અલ જડિયાં આવ્યા અંબલા,
કાને કનક લહ્યા વેઠલા.

ભાવસમય

વેઢિકન [અં.] પું. એ નામનો રોમના ધર્માધિકારી પોપનો મહેલ તે દુનિયામાં સૌથી મોટો મહેલ ગણાય છે. તે મહેલમાં ૪૦,૦૦૦ ઓરડાઓ અને લગભગ આઠ માળ છે ૧૩૭૭માં પોપ ગ્રેગરી ૧૧માએ પોતાના નિવાસસ્થાન તરીકે તે પસંદ કર્યો હતો. ત્યારથી તેમાં એક પછી એક ધર્માધિકારી નિવાસ કરતા આવેલ છે અને દરેક તે મહેલને દુનિયાનો સર્વોત્તમ મહેલ બનાવવાનો યત્ન કરેલ છે.

વેઢી ન. (વઢાણવઢ) વઢાણ.

વેઠ ૧. સ્ત્રી. ખાસી મહેનત; માથાકૂટ; નકામો ભાર વહેવો તે; ભાર; ઉપાધિ.

૨. સ્ત્રી. નડતર; હરકત, પીડા

૩. સ્ત્રી. ફરજિયાત વૈતરું; સરકારી વેઠ. જૈન ધર્મના ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયનમાં રામવિદ્ધિ શબ્દ વપરાયો છે ત્યાં તેનો અર્થ રાજાની વેઠ છે. ટીકાકાર આ શબ્દનો સંસ્કૃત પર્યાય આપતાં રાજવિષ્ટિ શબ્દ લખે છે. એથી એમ કહી શકાય છે કે, વેઠ શબ્દનું મૂળ વિષ્ટિ-વિદ્ધિ-વેઢિમાં રહેલું છે. વિષ્ટિમાં મૂળ ધાતુ તો રોપવો જ રહ્યો એના અર્થને અનુરૂપ મૂળ ધાતુ નજરે ચઢતો નથી.

૪ સ્ત્રી. વગર દામનું વૈતરું; જેમાં કંઈ વળતર ન હોય તેવી મહેનત

૧. દૈવના ભરની વેઠ = દુઃખી કંગાળ જિંદગી.

૨. વેઠ આવી ઊપાડવે છૂટકો = માથે પડી ભોગવ્યે છૂટકો.
૩ વેઠ ઉતારવી–કાઢવી–વાળવી = મન વગરનું જેમ તેમ કામ કરવું.
૪ વેઠ કાઢવી = નિષ્ફળ કરવું; નકામું થવું
૫. વેઠ કરવી = વગર દામે કે મરજી વિરુદ્ધ, કરજિયાત પૈસ્તર કરવું
૬ વેઠે કાઢવું-પકડવું – વગર પૈસે ને વગર મરજીએ કામ કરાવવું
૭ વેઠે જવું – વૃથા કરવા જવું
૫ સ્ત્રી. સુવાવડ આવે

વેઠણહાર વિ વેઠનારું; સહેનારું; સહન કરનાર.

વેઠવું ૧. સ ક્રિ. નિભાવવું
૨. સ. ક્રિ. સહન કરવું, ખમવું; ભોગવવું; માથે પડેલું ભોગવ્યા કરવું
૩. સ ક્રિ હાથી, ઘોડા વગેરેને વેઠે તૈયાર કરવા. એક બે, એક બે એમ સામટામાં હષ્ટપુષ્ટ થવા મોકલી દેવા.

વેઠાવવું સ ક્રિ. સહન કરાવવું; ખમાવવું

વેઠાવું અ. ક્રિ. સહન થવું; સહેવાવું; ખમાવું; સંખાવું.

વેઠિયાવાડ ૧. (વેઠિયા-વાડ) સ્ત્રી. વેઠ કરવાની માફક જેમતેમ કરજિયાત કરેલું કામ; હલ વગરનું કામ; બળાત્કારે કરેલું કામ; કમને કરેલું કામ; ગમે તેમ કરી નાખેલું કામ.
૨. વિ. ગમે તેમ કરી નાખેલું.

વેઠિયો ૧. પું વગર લવાજમનો નોકર; વેઠે પકડેલો વગર પૈસાનો નોકર.
૨. પું વેઠ કરનારો.
૩. પું. પૈતરો; મજૂર

વેઠ (વેઢ) ૧. પું કરવતની કાકર કે દાતા.
૨. પું. શેવડાના ઓરડી માફેનો એક પેટા ગચ્છ
૩. જુઓ વેઢ

વેઠનહાર (વેઠનહાર) જુઓ વેઠનાર

વેઠનાર (વેઠનાર) વિ. ઉતારનાર, તોડનાર; ચૂટનાર

વેઠવું (વેઠવુ) ૧. સ ક્રિ. ઉડાવી દેવું; નકામું ખરચવું, નાખવું, નકામો ખર્ચ કરવો
૧ વેઠવો દમ = નકામું ખરચી નાખવું, વૃથા જવા દેવું
૨ વેઠવી નાખવું = (૧) દુરુપયોગ કરવો (૨) નુકસાન કરવું.
૩. વેઠવી મારવું = બરબાદ કરવું; નાશ કરવું
૨. સ ક્રિ ગુમાવવું, અકારણ જવા દેવું
૩. સ ક્રિ બગાડવું, મટી જવા દેવું

વેઠફોવું (વેઠફાવું) ૧. અ. ક્રિ. ગુમાવવું
૨. અ. ક્રિ. નકામું બરબાદ તેમ થવું
૩. અ. ક્રિ. બગડી જવું તેમ થવું.

વેઠમી (વેઠમી) [સ વેષ્ટિમા; પ્રા. વેઢિમા] સ્ત્રી પૂરણપોળી; તુવેર કે ચણાની બાફેલી દાળમાં ગોળપણ નાખી બનાવેલો માવો કે પૂરણ બે પડની વચ્ચે આવે તેવી રીતે કરેલી રોટલી; ગળી રોટલી; વેઢમી.

વેઠલો (વેઠલો) પું. ઓના કાનનું એક ઘરેણું, વેઢલો.

વેઠવા વાઘરી (વેઠવા વાઘરી) સ્ત્રી. એ નામની વાઘરીની બે માફેની એક જાત. તેઓ સામેવા વાઘરી અને વેઠવા વાઘરી એમ બે જાતના હોય છે. વેઠવા વાઘરી પકાત અને ગુનેગાર તરીકે મશહૂર છે આ રખડતી જાત છે સામાન્ય રીતે તેઓ કાઠી ગામડાઓમાં જોવામાં આવે છે. તેઓ ઢોરાં વેચવાનો ધધો કરતા હોય છે. લાગ મળે ત્યારે ચોરી પણ કરે છે. પૈસા માટે કોઈ હરામખોરના હાથા પણ બની જાય છે. પણી વખત તેઓ આડોડિયાની જેમ ટોળામાં ભટકતું જીવન ગાળે છે. આ કોમમાં શિક્ષણ બિલકુલ નથી એટલે તેમની આર્થિક સ્થિતિ પણી નબળી હોય છે. તેમની ચોરી, ઠોરચોરી તરીકે જાણીતી છે

વેઠવું (વેઠવુ) ૧. સ ક્રિ. કરડવું; બચકું ભરવું.
૨. સ ક્રિ. કાપી નાખવું
૩. સ. ક્રિ. દુઃખ દેવું; હેરાન કરવું.
૪ સ. ક્રિ. પાયમાલ કરવું; વિનાશ કરવો.
જગતવચે ગુજરાતની કીર્તી વાદી વેડી નાખી.
સ્વામી આનંદ
૫. સ ક્રિ. ફળ મેળવવું કે પ્રાપ્ત કરવું; પામવું; લાભ કાઢવો
૬ સ. ક્રિ ઉખાડવું; બગાડવું
૭. સ ક્રિ વેલીથી તોડવું કે ઉતારવું; તોડી લેવું, ચૂટવું, ઝાડ પરથી લાગા ઓળરે ફળ તોડી કે વીણી લેવાં.

વેડવો (વેડવો) ૧. પું તળાવ કે નદીમાં પાણી માટે ખોદેલો ખાડો
૨. પું. વાઘરી

વેડા (વેડા) ૧. પું. ક ખ ઢાલને અંતે લગાડવામાં આવતો પ્રત્યય. ને લગાડવાથી નું જેવું વર્તન એવો અર્થ થાય છે. જેમકે, બાયલાવેડા.
૨ સ્ત્રી. એક જાતની ગેરડી. સર્વ પ્રકારની ગેરડીમાં વેડા ગેરડીનો રસ ઔષધિમાં અધિક ઉપયોગી હોય છે
૩. સ્ત્રી. નૌકા, વહાણ.

વેડાવવું (વેડાવવું) સ. ક્રિ. ફળ ઉતરાવવાં; ચૂંટાવાવું; વીણાવા લાગવું.

વેડાવું (વેડાવું) અ ક્રિ. ઉતારાવું; વીણાવું; ચૂટવું.

વેડાંગ (વેડાંગ) પું. અશ્વ; ઘોડો; હય
અદયા વેડાંગ બહુ વાંકડા. દુરે અહા મુજાર.
સામળ

વેડિ (વેડિ) ૧. સ્ત્રી. (જૂ ગુ.) વાડી
વાહે વાઈ વેડિ હવ આવઈ.
તેહ પ્રતિ સિજ્ઝ કરીઈ ?
પ્રાબ્ધપ્રબંધ
૨. સ્ત્રી. વીડી; બીડ

વેડિયાર (વેડિયાર) વિ રખડુ; અતિક્રમ રમનિયાણ; જ્યાં ત્યાં ભટકયા કરનાર.

વેડિયું (વેડિયુ) ન. વેડ; આંબા ઉપરથી કેરી તોડવાનું સાધન.

વેડિયો (વેડિયો) પું. કસારાનું ઘોઢાનું એક ઓજાર. તે ત્રાંબા, પિત્તળનાં વાસણ ઘડવાના ઝીણા કામમાં આવે છે

વેડી (વેડી) સ્ત્રી. કેરી તોડી લેવા માટે છેડે જાળીદાર ઝોળીવાળી લાંબી એક લાકડી; કેરી તોડવા માટે છેડે લૂગડું બાંધેલો આકડીવાળી વાંસડો; વેડિયુ, વેડ
વેડી મારવી = માબ્લાં પકડવાની એક પ્રકારની ક્રિયા કરવી બે વાંસડાને નાની જાળ બાંધી એક એક વાંસડો એક એક માણસ પાણીમાં બસડે છે અને તેમાં પકડાય તે માબ્લાં ઝોળામાં ભરી લે છે આ ક્રિયાને વેડી મારવી કહે છે

વેડુર (વેડુર) [સં. વૈદૂર્ય] જુઓ વેદૂર.

વેડૂર (વેડૂર) વિ. કાંકરું; સુંદર.

વેઢો (વેઢો) ૧. પું. કેરી વગેરે ફળ ઉતારનારો માણસ; ઊંચા ઝાડ ઉપરથી ફળ તોડી આપનારો કે વેડનારો માણસ.
૨. પું. આળો
નિરલજ વેઢો રે આઈ અમને નાવડે.
નરસિંહ મહેતા
૩. પું. નવા ખોદેલા વગર ચણેલા કૂવામાં માટી આવતી અટકાવવા સારુ કાંઠાને બદલે સાઠીઓનું ગૂથીને મુકાતું સાધન.

વેઢા સ્ત્રી. એ નામની લોકોની એક જાત. તેઓ મીલોન અથવા લઢા બેટના વતની છે તેઓ લઢા બેટની પૂર્વ બાજુએ મીચ જંગલોમાં જ માલમ પડે છે. કેડે દોરીમા બાંધેલ લૂગડાના એક લીરા સિવાય તેઓ કયૂ યે શરીર ઉપર પહેરતા નથી. તેમનાં કાળા વાળના મોટાં ગૂજ્જાં અને પાતળા પગો તરી આવે છે.

વેઢ ૧. [સં. વેષ્ટ] પું. આંગળામાં પહેરવાનો ફેરવો, વેઢ; આંગળીમાં પહેરવાનું સોના કે રૂપાનું ઘરેણું

૨. પું. જમાઈને આપવાની રકમ

૩. પું. બેથી વધારે આંટાવાળી વીંટી.

૪. પું. રોજ; કજિયો.

૫ પું. વઢો, આકો; આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો

વેઢ નરસૈં ગણે, હાલ થારી ભણે,
નહિ અન્યા મુખ જું, શી રે ચૂો. નરસિંહ મહેતા

વેઢડી વિ. સ્ત્રી વેઢા જેવી

હળવે હળવે પૂંખે રે વેવાણ વેઢડી. લોકગીત

વેઢમિકા જુઓ વેઢમી

વેઢમી જુઓ વેઢમી.

વેઢલો પું. ઓળાના ઉપલા ભાગમાં પહેરવાનું સોના કે રૂપાનું ઘરેણું

વેઢવવું જ ક્રિ. મુકાબલો કરવો; સરખાવવું; મેળવવું; મેળવી જોવું.

વેઢાં ન. બ. વ. ઘઉં તથા અન્યના લોટના શેપલાં

વેઢાગલું ૧. વિ. કરકસરિયું

૨. વિ. વેઢા કે આગળીના ટેરવા ઝણી બંધ ઉંબરનાર

વેઢારવું જ. ક્રિ. ભોગવવું

વેઢાંત પું. ખોડો

પ્રભુને પહેરાવ્યા શણગાર, વેઢાંચે ઘણા ભરનાર. સામળ

વેઢિ સ્ત્રી. કંકાસ; કજિયો, લડાઈ; તકરાર

વેઢિયું ન. વેઢ.

આંગળીએ વીંટી ને વેઢિયાં રે. પ્રેમાનંદ

વેઢી સ્ત્રી. બકરાંના વાળ કે ઊનને જોડી કરવા માટે કરેલ કાળકો.

વેઢીગાળો પું. એક જાતની વનસ્પતિ, વઢવારડી; કજિયાળી. આ ઝાડના પાન કંકુડીના પાન જેવાં હોય છે. તેમાં કોકાં જાંબલી રંગના ફૂલ થાય છે. ફૂલ અને કાચાં ફળ રંગમાં વપરાય છે

વેઢો ૧. [સં. વેષ્ટક] પું. આંગળી ઉપરનો સાંધા આંગળનો કાપો, વેઢ.

૧. વેઢા ગણવા = (૧) આતુરતાથી રાહ જોવી. (૨) વેઢા ઉપર હિસાબ ગણવો, ગણતરી કરવી

૨. વેઢે ગણ્યું એટલું = બહુ જૂજ સંખ્યામાં

૨. પું. આંગળીમાં પહેરવાનો આંટાવાળો જાડો કરડો

૩. પું. છંદનો એક પ્રકાર; વેષ્ટક છંદ

૪. પું. જાડી સૂણી ગયેલી ગાય; જે ગાયને ગેદ વખી જવાથી પ્રજોત્પત્તિ ન થતી હોય તે ગાય

૫. પું. લાકડાનો જાડો, ગોળ અને પહોળો કકડો; ઠોલકો; દીમચું; લાકડાની ચાંદ.

૬. પું. સડેલા લાકડામાંનો ઓટી ઈયળ જેવો કીડો

વેણ ૧. પું. અથર્વવેદના એક ઋષિ

૨. પું. એક જાતનો વર્ણસંકર.

૩. પું. (પુરાણ) મનુ સ્વાયંભુવના વરાજ અંગનો પુત્ર; વેન. તે બધો દુષ્ટ હતો માટે બ્રાહ્મણોએ તેને હુંકાર કરીને મારી નાખ્યો. ઋષિઓએ પછી તેના મૃત દેહને મથન કરીને પૃથુ અને અગ્નિ એ નામે જોડકું ઉત્પન્ન કર્યું અને તે બેને માંહોમાંહે પરણાવ્યા.

૪. સ્ત્રી. કપાસનો છોડ; વણ

૫. સ્ત્રી. કપાસનું ઘરેણું.

૬. સ્ત્રી. પ્રસવની પીડા; વીણ; જણતી વખતનું કષ્ટ; જનનનો દુખાવો. ગર્ભને બહાર કાઢવા માટે ગર્ભાશય સંકોચાય છે. તેથી પીડા થાય છે તે વેણ કહેવાય છે. વેણ ખોટી અને ખરી બે જાતની હોય છે. ખરી વેણ નવ મહિના પછી ઉત્પન્ન થાય છે. કપાતુ હોય તેવી દરેક સ્ત્રીને પ્રથમ પીડા થતા માટીને ધીમે ધીમે આખા પેટમાં અને કાંબોમા ફેલાય છે. તે નિયમિત ઉપડે છે અને પ્રત્યેક વખતે વધુ પીડા થાય છે. યોનિમાથી જળપટા જેવુ પડવા માંડે છે અને ગર્ભાશયનું મોં ધીમે ધીમે ઊઘડે છે. ખોટી વેણ નવ મહિના પહેલાં કોઈ પણ વખતે ઉપડે છે તે અકાળે, કાલાન્તરે, ગ્રામ, ચિંતા વગેરે કારણે થાય છે. તેમાં ખરી વેણ જેવાં લક્ષણો જણાતા નથી

૧ દુઃખ તને વેણ = દુઃખ થાય તેને પીડાની ખબર પડે.

૨. વેણ ખાધી હોય તેને ખબર પડે = દુઃખની વાત દુઃખી જાણે; પીની હોય તે જાણે.

૭. સ્ત્રી. બેડી. દાણા લેવામાં વપરાય છે

૮. સ્ત્રી. વાસળી, મોરલી; વેણુ; વીણા

રૂડી શરદ પૂનમની રાત, સુંદર વેણ વાગી. રાસ

૯. સ્ત્રી વેણી; અંબોડો.

૧૦. ન ખેતરમાં પાણીના પ્રવાહનો પાકેલ ખાળિયો; નાની નહેર.

૧૧. ન. દુઃખ; કરગરવાની પીડા.

પ્રહેલાદ નહિ બચ્યા દુઃખમા. પીરજ મોટા વીરથી, સબ રામ બીજી વેણ પ્રગટે, ત્યારે ચતરભુ થામ સરીરથી. નિષ્કુલાનંદ

૧૨. [સ. વદન] ન. નાનું નાળું; નાનો ઝરો, નાની નદી.

૧૩. ન. પરોઢિયું

૧૪. ન. પાણીનુ ઢામ.

૧૫. [સં. વચન] ન. બોલ; વચન

પૂજ્ય એક જ માગું છું. હું હોઉં જરા ય ગમગ્રહ, જે પસંદ પડે વેણુ. મુજ તે આચરો તમે. આપીગીતા

૧. વેણ આપવું = વચન આપવું

૨. વેણ કાઢવું = વચન બોલવું; શબ્દ કાઢવા

૩. વેણ ભણવા = શિખામણના શબ્દ કહેવા.

૪. વેણ માનવું = વચન માનવુ

૫. વેણ મારવું-સંભળાવવું = વાગે એવું કડવુ વચન કહેવુ; મહેણું મારવું.

૬. વેણ રાખવું = કોઈનું કહ્યું માન્ય રાખવુ

૭. વેણ સાંભળવું = કપડો કે મહેણું સાંભળવુ.

૧૬ ન. વહેણ; પાણીનું વહેતુ તે; પાણીનો પ્રવાહ

૧૭. ન. વીંઝણો.

વેણ કેવેણ પું. અપશબ્દ

વેણકા જુઓ વેણકા.

વેણુકાણી ૧. સ્ત્રી સાંભળેલાં વેણ, વચન જગામાં ઉતારનાર સ્ત્રી; સામો શબ્દ પણ નહિ બોલનાર સ્ત્રી

૨. વિ. સ્ત્રી. બીજાના બોલ સાંભળી ચૂપ રહી જોસનાર સ્ત્રી

વેણુગંગા સ્ત્રી. ગોદાવરીને મળનારી એ નામની એક નદી; પ્રાચીનકિતા. તેની આજુબાજુના મુલકને જનસ્થાન કહેવામાં આવે છે.

વેણુઝંઝા સ્ત્રી. ઊશ્કેરાટ ને ઉચ્ચારાયેલા શબ્દો, ગુસ્સાનાં વચન

હસી લઈ તે સૂણી **વેણુઝંઝા**. નર્મદ

વેણુધર ૧ પું. શ્રીકૃષ્ણ.

૨. વિ. મોરલી ધારણ કરનાર.

વેણુપદ્ધતિ સ્ત્રી શિક્ષણપ્રણાલિની એ નામની એક પદ્ધતિ. જૂના વખતમાં ગૌરીની સ્ત્રીઓ જોગી થઈ કોઈ ભળેલી સ્ત્રી પાસેથી વેણુ લઈને ગીત, બોળ વગેરે શીખતી. તેવી રીતે ગુરુઓ પણ વિદ્યાર્થીને શ્લોક મોઢેથી આપતા ને પાઠ કરાવતા. આ આપણી જૂનામાં જૂની અને કીમતીમા કીમતી પદ્ધતિ છે ' આપણી સાહિત્ય સમૃદ્ધિ અત્યાર સુધી એક વેણુથી બીજે વેણે, એક મોઢેથી બીજે મોઢે ઊતરી આવેલી છે. નિરક્ષર એવો આપણો દેશ હજી પણ જીવન સંસ્કારિતાના ઘણા અંશો સાચવી રહેલ છે તેનું કારણ આ વેણુપદ્ધતિ છે

વેણૂરખું વિ. પોતાનું વચન પાળે તેવું.

વેણૂસાં ૧ ન. બ વ વેણુ; વચન; શબ્દ.

૨. ન. બ વ સવારે; પ્રભાત.

વેણુ ૧. ન. વેણુ

શીખાં વીરાજનાં વેણુડા,
એના રીળા અવી કેરા બાજરે,
સુંદરી રીળે ભરી રે.
રાસતરંગિણી

૨. ન. સવાર; પ્રભાત

વેણુવિરોધ ૧ ન અસાધારણ વચન.

૨ ન. અાદર સત્કાર

અાદરે દીધુ માન બેસણ વેણુવિરોધ જ
નેમવિજયજી

વેણુવી [સં વેણુવિન્] પું. શિવનાં ગણનાં આહેનું એક નામ.

વેણુવું જ. ક્રિ. વેરવું; છાંટવું

વેણા ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક છંદ. તે બરવૈ છંદનો એક ભેદ છે તેમાં બે ગુરુ અને ચોત્રીસ લઘુ મળી છત્રીસ અક્ષરની ૬૮ માત્રા હોય છે

૨. જી. નસ

૩. જી. ચેનસવાળા ક્રમાડમાં વેણીને બદલે વપરાતી ઊભી પટ્ટી

૪. જી. (પુરાણ) વિષ્ણાચલમાંથી નીકળેલી એક નદી

તાપ્રપર્ણી, અંદ્રસેના, કૃતમાલા, વટોદકા, કાવેરી, વેણ્વા, પશ્ચિમની વગેરે ભારતખંડની પવિત્ર નદીઓ છે. ભાગવતી ભાગવત

૫. જી. પીણા; એક તતુવાદ્ય; બીન.

૬. જી. સ્થૂલભદ્રની એ નામની બુદ્ધિશાળી બહેન.

વેણાચૂંટા ૧. પું. બ. વ. ભૂખને લીધે થતી મૂંઝવણ; ભૂખથી થતું દુઃખ

વેણાચૂટા અવા = (૧) ચિત્ત અસ્વસ્થ થવું (૨) ભૂખથી પીડાવું

૨. પું. બ વ. મનની મૂંઝવણ; ગભરામણ; અાકુળતા; વ્યગ્રતા

વેણાપાણિ ૧ પુ. નારદ ઋષિ

૨. જી. સરસ્વતી

૩. વિ. જેના હાથમાં વીણા હોય તેવું.

વેણાસરી જી. કૃષ્ણગંગા નદીની પાસે આવેલી વેણા નામની નદી.

વેણાંચૂંટા જુઓ વેણાચૂટા

વેણાંચૂંણા પું વ ન. પ્રસૂતિની વેણ વખતે થતું દુઃખ.

વેણાંચૂંથા ક્રિ. ગભરાવું, ક્રમશઃ દુઃખાવો, ભારની ફ્રટ, મસ્તકશૂળ વગેરે દરદો માટે ઔરંગ નામની દવા ઘરગથ્થુ ઉપચારમાં વપરાય છે અને અકસીર નીવડે છે. બહિણા ભાષ્ય

વેણિ જુઓ વેણી.

વેણિક [સ.] જી. ઊભા વગેરે ગૂંથીને બનાવેલી દોરી.

વેણિકમાડ (વેણિક્રમાડ) જુઓ વેણીક્રમાડ.

વેણિબંધ જુઓ વેણીબંધ.

વેણિસંગમ જુઓ વેણીસંગમ.

વેણી ૧. જી. અંબોડા પર બાંધવાનો ફૂલનો સુંદર ગજરો; ચોટલે ગૂંથેલાં ફૂલ.

૨. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ; રાગી. તે મત્તછંદનો એક ભેદ છે. તેમાં ૭૭ માત્રા હોય છે. તેની પ્રસ્તારભેદથી તેર વૃત્તિઓ થાય છે

૩. જી. ક્રમાડનાં ઊભાં પાટિયાં પર જડવામાં આવતી લાંબી ચીપ; ક્રમાડમાં જડેલો લાકડાનો ઊભો પાટો.

૪. જી. કુકવેલ; એક વનૌષધિ.

૫. જી. કૃષ્ણાનદી; કૃષ્ણવેણી નદી

૬. પું. કેરીવાળા ઝાપનો એક ભાગ.

૭. જી. ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ થાય છે તે સ્થળ.

૮. પું. નદીઓનો સંગમ.

૯. પું. પાણીનો પ્રવાહ.

૧૦. જી. ભારતવર્ષની એ નામની એક પ્રાચીન નદી

૧૧. પું. મગમાળાનો એક ભાગ.

૧૨. જી. વાળની લટો ગૂંથીને વાળેલી ગાંઠ.

૧૩. પું (પુરાણ) સર્પ.

૧૪. [સં.] જી. સ્ત્રીઓના માથાના વાળની ગૂંથેલી લટો; ચોટલો.

વેણી ગૂંથવી = વાળની લટો ગૂંથી માથે વાળવી.

વેણીક્રમાડ (વેણિક્રમાડ) જ. વેણીબંધ ક્રમાડ; વેણી ઘોડા વાપરીને તૈયાર કરેલ ક્રમાડ.

વેણીદાનવિધિ જી. એ નામની એક વિધિ. તેમાં માડ ભવિષ્યમાં સ્ત્રીઓ અને પુરુષોએ વાળ ઉતરાવવા પડવાનાક ગણેલ છે. ઉત્તર તરફની કેટલીક સૌભાગ્યવતી સ્ત્રીઓ પણ માથું મુંડાવે છે

વેણીબંધ ૧. [સં.] પું. સાદો ગૂંથીને વાંસે લટકતા કરે એમ, વાળેલો અંબોડા વગરનો ચોટલો

૨. વિ. વેણી જડેલી હોય તેવું. ક્રમાડ માટે તે શબ્દ વપરાય છે.

વેણીબંધન ન વેણી બાંધવી તે; ચોટલો બાંધવો તે

વેણી ભુહાનાં ક્રમાડ (વેણી ભુહાનાં ક્રમાડ) જ. વેણી વાપરીને કરેલ ક્રમાડ. વેણી ભુહાનાં ક્રમાડ માટે ઊભાં પાટિયાં એક બીજા જોરે બીસી દાંતા રાખી કે બે અણિયાળી મેખથી કે તુરાઇથી જોડવામાં આવે છે અથવા પાટિયાં દોહથી જોડવામાં આવે છે. આ જોડેલાં પાટિયાંના તરાપાને, ત્રણ આડા ભુહા, કોરોને પાસ પાડી કે ગોળ કરી, બીલાથી જડે છે. એ ક્રમાડમાંથી, એક ઉપર ઊભી પટ્ટી જડે છે તેને વેણી કહે છે. આવાં ક્રમાડને નરમાદા અક્ષવા મિલ્કતરા વડે ચોકડા ઉપર ચડાવે છે. આવી જાતનાં ક્રમાડના હાથા, કડીઓ, નકૂચા, આગળિયો, સાંકળ વગેરે જોખડી હોય છે.

વેણીમાધવ ૧. પું. (પુરાણ) એ નામે એક રાજા

૨ પું (પુરાણ) પ્રયાગ ક્ષેત્રમાંની વિષ્ણુની મૂર્તિ.

વેણીર ૧ [સં.] પું. અરીઠાનું ઝાડ

૨. પું. લીમડાનું ઝાડ.

વેણીલતા જી. વાળ રૂપી લતા; ચોટલો; અંબોડો; વાળનો ગુચ્છો.

વેણીવેલ જી. એક જાતનો વેલો. એનાં પાન રાગનાં પાન જેવાં, પણ પાતળાં અને કાળી ઉપર છેટે છેટે આવેલાં હોય છે. તેમાં પીળાશ બેતાં લીલા રંગનાં નાનાં નર ને માદાનાં જુદાં જુદાં ફૂલ થાય છે અને વટાણા જેવડાં રાતા રંગનાં ફળ થાય છે. તે મધ્ય હિંદ, દક્ષિણ હિંદ, પશ્ચિમ હિંદના પહાડો, મલાકા, સિંગાપુર અને સિલોનમાં થાય છે. તેનાં ગોળ પીળા રંગનાં મૂળ દક્ષિણ હિંદમાં દવા તરીકે વેચાય છે. ખુજલી માટે સિલોનમાં તે પ્રખ્યાત દવા છે. તેમાં કડુ, વિષ્ણા, દીપન, પાચન, જ્વરઘ્ન, બળશુદ્ધિ અને રક્તશોધક ગુણો છે. તે મધુપ્રમેહ, મર્કાનાદ, અજીર્ણ, અપચો, મંદાગ્નિ, અરુચિ, આટા ઓડકાર વગેરે ઉપર સારું કામ કરે છે. બૂના ઝેરી નહિ ફ્રાતા ગણો, આમડીનાં દાદર, ખસ, ખરજવાં વગેરે દર્દો તેના પ્રયોગથી ધોવા અને મલમમાં ભેળવેલ તેનું ભારીક ચૂર્ણ એ ગણો રૂઝવવા માટે અકસીર છે આંખના દુઃખાવા ઉપર તેને વાટી ચોપડાય છે. ઝેરી પ્રાણીઓના દંશ ઉપર વાટી ચોપડાય છે. મૂળોમાંથી પીળો રંગ બને છે. દક્ષિણ હિંદમાં રંગ માટે વપરાય છે.

વેણીસંગમ [સં.] પું. ત્રિવેણીસંગમ

વેણીસંહાર [સ.] જ. નારાયણ ભટ્ટે લખેલ એ નામનું એક સંસ્કૃત નાટક; પાંડવ કૌરવોની કથા સબંધી આ જગપ્રસિદ્ધ નાટક છે.

વેણુ ૧ પું. (કાવ્ય) અઠ્ઠાવન માત્રાનો એ નામનો આડત્રીસમો વર્ણવૃત્તપ્રકાર.
૨ પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક મા.ત્રામેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે. તેમાં અડતાલીસ લઘુ આવે છે
૩ પું. એ નામનો એક પર્વત. તેમાંથી સોનું નીકળે છે
૪. પું એ નામનો એક રાજા
૫. પું. વાંસને મળતી એક જાતની વનસ્પતિ તેનો વચ્ચેનો પોલો ભાગ સાકડો હોય છે અને તે બહુ મજબૂત હોય છે
૬. પું વિષ્ણુ
૭. પું. (સંગીત) સંચારી અલંકારો માટેનો એક આરોહી અલંકાર
૮. સ્ત્રી. પાણી ભરેલ ઝાડી, વેણુ
૯ સ્ત્રી મોરલી, વાંસળી, એ નામનું એક વૃક્ષ વ.ઘ
૧૦. સ્ત્રી. વાંસ; નેતર; વેત્ર
૧૧. ન એક જાતનું તીર
૧૨ ન સુતારનું એક ઓજાર તે કામમાં પાડવામાં ઉપયોગી છે

વેણુઅચરોહ પું. (સંગીત) સંચારી અલંકારો માટેનો એક અવરોહી અલંકાર

વેણુક ૧ સ્ત્રી એક નીચ જાતિ
બ્રાહ્મણથી સ્ત્રી એક નાપિત પુરુષદ્વારા વેણુકને અને ક્ષત્રિય સ્ત્રી તેના દ્વારા ચર્મકારને ઉત્પન્ન કરે છે. સ્મૃતિસંહિતા
૨. [સં.] ન. વાંસના હાથવાળો આંકડો.
૩ ન. સવાર
વેણુક વાનું = સવારે થવું; વહાણું વાવું.

વેણુકા ૧. સ્ત્રી. પાતળા નક્કર વાંસની ઝાડી
૨. સ્ત્રી. મૌંદ.ડિ પ્રદેશમા આવેલી એક નદી
૩. [સં.] સ્ત્રી વાંસળી, મોરલી

વેણુકાધારી ૧. [સ.] પું શ્રીકૃષ્ણ, વંશીધર
૨. વિ. વંશી ધરનાર, વાંસળી ધરાવનાર

વેણુગીત [સં.] ન ભાગવતના દશમસ્કંધમા કરાયેલી ભગવાનની સ્તુતિ.

વેણુજ ૧. [સ] પું. વાંસનો જવ.
૨. સ્ત્રી વાંસની ઝાડી
૩ ન તીખા તીખાંના ભેદમા ભેદ કેવી રીતે તીખા થાય છે કે કેમ કળવું કાચા વાંસ વાંકડા ગૂંચવો હોય! તીખાંના નમુનો આવે છે માટે તેને વેણુજ કહે છે
૪ વિ. વાંસથી ઉત્પન્ન થયેલ.

વેણુતૃણાદિકૃતિ [સ] સ્ત્રી. વિ. પ્રસંગિતામાં વર્ણવેલ સોળ માટેની એક ક્રિયા.

વેણુદંડ ૧. [સં.] પું કટકા મારવાની રિયલ.
૨ પું વાંસનો ચાબખો; વાંસનો દંડ

વેણુદારી પું. (જૈન) સુવર્ણકુમાર દેવોના બે માહેનો એક ઇંદ્ર

વેણુદાર્વીંદ્ર પું. (જૈન) સુવર્ણકુમાર નિકાયની ઉત્તર દિશાનો ઇંદ્ર

વેણુદેવ ૧. [સ પું. ગરુડ પક્ષી તે વિષ્ણુનું વાહન મનાય છે
૨. પું. (જૈન) સુવર્ણકુમાર દેવના બે માહેનો એક ઇંદ્ર

વેણુદેવેંદ્ર [સ] પું (જૈન) સુવર્ણકુમાર નિકાયની દક્ષિણ દિશાનો ઇંદ્ર

વેણુપર્વતી [સ] ન ભરૂચ પર્વતનું એક વાંસ શિખર
મુકામ વહડામાંય ઝળે આખો વેણુપર્વતી
લોકસાહિત્ય

વેણુપ્રમની સ્ત્રી] સ્ત્રી દેવના કુકવાની વાસની ભૂમણી; ઉપવન પ્રદીપ્ત કરના માટેની વાસની ભૂમણી

વેણુધારી ૧ [સ પું શ્રીકૃષ્ણ; વંશીધર
૨ વ વાંસળી વગાડનાર

વેણુપાકા સ્ત્રી, પુ વાંસની ઝરેલ વર્ષા ખાવો પોતો

વેણુપ્રમ ૧ પું વાંસળી
૨. વિ વાંસળી વગાડનાર

વેણુબન [સં.] ન. મકી; નીખાં.

વેણુનાદ ૧. [સં.] પું. વાંસળીનો સૂર; વાંસળીનો નાદ; મોરલીનો અવાજ, વંશીધ્વનિ
વાંસળી તો છે આત્માના તાર
હરિજનને હૈયેહૈયે આલે ઝંકાર
વેણુનાદ એ તો નિર્બંધસંગીતના પ્રકાર
ન.ન.ત્રિ
૨ પું. કૌષીતકિબ્રાહ્મણોપનિષદ પ્રમાણે નાદના ત્રણ ભેદો એક પ્રકાર; વાંસળીના જેવો નાદ જે તનાથી મુદ્દ વિજ્ઞાન થાય છે
૩. ન. કૌષીતકિબ્રાહ્મણોપનિષદમા જણાવેલું એક વાદ્ય

વેણુનિનાદ પું. વાંસળીના ધ્વનિ
દર્શન થયા પછી કથાવસ્તુ સ્પષ્ટપણે તો વેણુનિનાદ
મારગી પણ પણ સાદ રાસાખ્યાનાદિ સંયોગ
રસાભિવ્યક્તિ કરવાની ઇચ્છા પ્રકટ થાય છે
દયારામનો અક્ષરદેહ

વેણુપત્રિકા સ્ત્રી] સ્ત્રી વાંસના પાંદડાં જેવી આકારની
વેણુપત્રી ૧ સ્ત્રી
૨ સ્ત્રી

વેણુપર્વ પું. (શિલ્પ) બાંધકામમાં વપરાતો એક જાતનો ખર્ચ; પંચપર્વ

વેણુપાણિ [સં.] પું હાથમાં વાંસળી ધારણ કરનાર કૃષ્ણ
નમો લાલ ત્રિભંગી, શ્રી વેણુપાણિ.
દયારામ

વેણુફૂટ ન. અમુક વખત મજૂરીના પગાર ચૂકવવા માટે નિમાયેલ રજાનો દિવસ ન.ણ્યું

વેણુબીજ ન. વાંસની ગાંઠ.
મજીઠ અને વેણુબીજને ઘીથી યુક્ત કરીને કરવા હોય ત્યારે આકૃતિ આપવાથી હોય ત્યારે સોનું ઉત્પન્ન થાય છે. શ્રીધરાચાર્ય

વેણુભદ્રેશ્વર પું. એ નામના એક મહાદેવ. તે સૌરાષ્ટ્રના ગોંદો ગામ પાસે વીણ અને ન.ર નદીના સંગમ પાસે બિરાજે છે. તે સ્વયંભૂ લિંગ છે

વેણુમંડળ પું (પુરાણ) કૌમદીપનો એ નામનો એક દેશ

વેણુયષ્ટિ [સં.] પું વાંસનું બીજ.

વેણુરવ [સ] પું. બંસીનો શબ્દ કે નાદ

વેણુવન [સ] ન. વાંસનું વન
આજ રેવતે દુનિયામા ગોતવું,
આપો મકરંદને વેણુવનમાં. સંધમિત્ર

વેણુવાદ [સં.] પું. વેણુનો અવાજ; વેણુવાદનો સૂર; વાંસળીનો નાદ

વેણુવાદક [સ] વિ. વાંસળી વગાડનાર

વેણુવાદન ૧. [સ] પું. એ નામના એક ઋષિ
૨ ન વાદ્ય વગાડવું તે, વેણુનું વાદન

વેણુવાદી [સ.] પું. શ્રીકૃષ્ણ

વેણુસંઘાત [સ] પું વાંસડાના ત્રાપાની જાતની ઢાલ

વેણુહય પું (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન પરિક્ષિતના પુત્ર જનમેજયનો પૌત્ર અને તાંડ્યિ નામના વેદ માહેનો મધ્યમ પુત્ર.

વેણું ૧. સ્ત્રી એ નામની એક નદી.
૨ સ્ત્રી વાંસ
૩. ન. એ નામનો અઢારપરા કુંજરનો એક વિભાગ
૪ ન. ઓળખાણ ઉતારવામા, કેડી બરાબર બેસાડવા માટે વપરાતું લોખંડનું એક સાધન.
૫ ન ચોપડા પર નામ લખવાનું એક દફતિયાર.
૬ ન
૭ ન
૮ ન
૯ ન

વેણો ૧. કું. પંખી.
૨. કું. મોતીનો દાગીનો.
૩. કું. બહેન
નદીના વેણામાંથી એક લાસ મળી આવેલી. દ્વિરેફની વાતે

વેણોત્સર્ગ કું દેહનું છૂટી જવું તે; દેહત્યાગ

વેણ્યા સ્ત્રી. ભારતવર્ષની એ નામની એક નદી.

વેણ્યું ૧. સ્ત્રી વાસણી.
૨. સ્ત્રી વાંસળી વાગતી હોય એવો અવાજ.
નરહરિને ઘેર નવલખ દૂઝે,
વલોણાની વેણ્યું વાગે રે હોલ. લોકગીત

વેત ૧. પું ધક્કો; મોખ.
૨. પું જોગવાઈ; સગવડ; તજવીજ; ગોઠવ
૩. પું. ધારેલી યુક્તિ; ઘડાદો, તદબીર
૧. વેત ઊતારવો = યુક્તિ પાર પાડવી.
૨. વેત કરવો = સગવડ રાખવી; જોગવાઈ કરવી.
૩. વેત રચવો = યુક્તિ કે છળ રચવો
૪. [સં. વેતસ] પું. નેતર.
૫. પું. યોગ્ય તક; અવસર; મોકો.
૬. અ. વેત; તરતોતરત.

વેતન ૧. ન. ઘટાવ; છૂટ; ઘટાડો.
૨. ન. છવાઈ; વરખાસત; આચ્છિદ્રા.
૩. [સં.] ન. દરમાયો; પગાર.
૪. ન. બંધ; દૂર.
૫. ન. મહેનતાણું, રોજ.

વેતનજીવી પું. પગારથી નોકરી કરનાર માણસ; પગારદાર મુલ્કમ; પગારદાર નોકર

વેતનદિવસ પું. પગાર ચૂકવવાનો દિવસ; '૨ ૩'.

વેતન નામાવલિ સ્ત્રી પગાર ચુકાવાનું પત્રક.

વેતનપત્રક ન. પગારપત્રક

વેતનકૂંક જુઓ વેલકૂંક.

વેતનભોગી [સં.] પું. પગારદાર

વેતનાદાન [સં.] ન એક પ્રકારનો વ્યવહાર; કર્મદક્ષિણા લેવી તે; મહેનતાણું લેવું તે

વેતનાવિશેષ [સં.] પું શેષવેતન; પગારની ચડેલી બાકી રકમ

વેતનિયો પું. પગારદાર

વેતર ૧ ન. છોકરાંછૈયાં, મનુષ્યનું બચ્ચું
૨. ન. વિયાવું તે; એક એક વારનું દોરવું જણતર; દરેક વખતનું વિયાણ.
૧ વેતર-વેતરે આવવું = પશુમાદાને ઓધાન કાજ આવવો; પશુ માદા પ્રાણીને ગર્ભાધાનનો સમય થવા.
૨. વેતરે વંઠવું = (૧) પ્રજનું બરાબર થવું; છોકરાંછૈયાં વધવાં (૨) સુવાવડ બગડવી.

વેતરણ ૧ સ્ત્રી. ઉપાય.
૨. સ્ત્રી. બુઝણી; જોઈતી ગોઠવણ; તજવીજ; ગોવડ; વલે
૧. વેતરણ કરવી = (૧) ઉપાય સોધી રાખવા. (૨) ગોવડ કરવી. (૩) શિક્ષા કરવી.
૨. વેતરણ રાખવી = સગવડ રાખવી
૩. વેતરણમાં હોવું = તજવીજ કરવી.
૩. સ્ત્રી. વેતરવાની રીત; આપસર વેતરવાની ક્રિયા; વેતરવું તે.
૪. સ્ત્રી. શિક્ષા

વેતરણી ૧. સ્ત્રી. કુરક્ષેત્રમાં આવેલી એ નામની એક પવિત્ર નદી.
૨ સ્ત્રી. નરકમાં આવેલી એક નદી.

વેતરવું ૧. સ. ક્રિ. કાપીકૂપીને ઘાટમાં લાવવું, બેસતું, બનાવવું કે ગોઠવું આવે તેમ કરવું.
૨. સ. ક્રિ. કોઈ કામની જોઈતી ગોઠવણ કે તજવીજ કરવી. ઘાટ બેસાડવો
૩. સ. ક્રિ. ખિજાઈ કરી નાખવું; બગાડી નાખવું; બગાડવું; ઊંધું મારવું.
૧. ઊંધું વેતરવું = નુકસાન કરવું.
૨. ઓઠનું ગોડ વેતરવું = (૧) ઊંધું મારવું; બગાડવું. (૨) ખોટું કાપવું.
૩ વેતરી આપવું = ગમે તેમ કરી આપવું; બગાડવું
૪ સ ક્રિ. શરીરને બેસતું આવે તેવી રીતે આપસર કપડાં વગેરે કાતરવાં; બંધ બેસતો ઘાટ થવા માટે લૂગડાને કાતરવું.

વેતરાવ વિ ઠેકાણું; બરોબર નિભે તેવું

વેતરાવવું ૧. સ ક્રિ. કપાવવું
૨. સ ક્રિ. વેતરાવ તેમ કરવું; વેતરવાનું કહેવું; આપ પ્રમાણે કપાવવું.

વેતરાવું ૧. અ ક્રિ. કપાઈ જવું
વેતરાઈ જવું = ખૂબ બગડી જવું.
૨. અ ક્રિ. આપ પ્રમાણે કપાવું; ઘાટ અન્વયે કતરાવું

વેતરી વિ સ્ત્રી વેતરવાળી.

વેતરું વિ વેતરવાળું

વેતરેલ ૧. વિ. ગોઠવેલું; અવસ્થિત કરેલું; જેની વેતરણ કરી હોય તેવું.
૨. વિ. આપ પ્રમાણે કપેલું, ઘાટ અનુસાર કાતરેલું; વેતરી દીધેલું

વેતલ ૧. પું. ધક્કુ ચાલનારો બળદ.
૨. વિ. પાણીદાર

વેતસ ૧. [સં] પું. અગ્નિ.
૨. પું.; ન. નેતર.
વંજુલ શીત વિકુર રય અબ્જપુષ્પ વાનીરઃ
આ વેતસની કુંજમાં બેસે છે બલવીર
પિંગળલપ્રકાશ

વેતસવૃત્તિ જુઓ વેતસીવૃત્તિ

વેતસિક્ષ [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

વેતસીવૃત્તિ [સ] સ્ત્રી નેતરની જેમ બળિયા આગળ નમી જવા છતાં સ્થિતસ્થાપક રહેવાની વૃત્તિ; વેતસવૃત્તિ

વેતા ૧. પું. કાર્યચાતુર્ય; આવડત.
૨. પું ચારિત્ર; આચાર; રીતભાત; લક્ષણ
૩. પું ઢાકણી; ઢંસ.
૪ પું. ઓલીવાર; ઠકાપણું, આવડ, સારી સમજ; અક્કલ; બુદ્ધિ

વેતાબણી વિ સ્ત્રી. વેતા કે અક્કલ વગરની સ્ત્રી

વેતાલ ૧. પું. (પિંગળ) અઠ્યાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેને ત્રિપા છંદ પણ કહે છે તેમા નવ, સાત અને ઓગણીસ માત્રાએ યતિ આવે છે.
૨. પું. (પિંગળ) એ નામે એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે ચઢપદી છપ્પયનો એક ભેદ છે. તેમાં બાવીસ લઘુ અને પાંસઠ ગુરુ મળી ૮૭ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.
૩. પું. એક ઉપદેવ.
૪. પું. એક જાતનો ભૂત; આગિયો વેતાળ.
૫. પું એક જાતનો મલ્લ.
૬. પું. દ્વારપાળ; હજૂરિયો.
૭ પું. ભૂત કે પિશાચનો રાજા.
૮ પું. ભૂત જેમાં પેઠું હોય તેવું મડદું; ભૂત શરીરમાં પેઠેલો ભૂત.
૯. પું. શિવનો એક નોકર.

વેતાલગૃહ [સં.] ન. તાર વિના સદેશા મોકલવાના યંત્રનું મથક; વાયરલેસ યંત્રનું મથક.

વેતાળ જુઓ વેતાલ

વેતાળગૃહ જુઓ વેતાલગૃહ.

વેતાળપચ્ચીસી સ્ત્રી એ નામનો સામળ કવિકૃત પચ્ચીસ વાર્તાનો એક સમૂહ.

વેતાળભટ્ટ પું. વિક્રમ રાજાના દરબારના નવ મહેનો એક નગરત્ન તે મંત્રશાસ્ત્રી હતો. તે મંત્રશાસ્ત્રોને લગતાં શાસ્ત્રો અને રાજાના રક્ષણને ઉપયોગી કામ કરતો.

વેત્તિ ન. લડાઈમા. શરીરનું રક્ષણ કરવા માટે કોટવરિયાની સાદડીનું ઢાંકણ, ઢાલ જેવું લડાઈનું એક સાધન

વેતિયાજ વિ. વહેતું; ચાલતું.

વેતીસર ૧. સ્ત્રી. જેનો પ્રવાહ નિરંતર ચાલુ હોય તે

૨. સ્ત્રી. દરરોજની આવક.

વેતુડી (વેતુડી) વિ. વહેતી, જતી

આજ સપનામાં મેં ઠોકતા ઠેમસ દીઠા બે,
વેતુડી નદી ૨ ઈંતો મારા સપનામા.
લોકગીત

વેતો જુઓ વેતા

વેત્તા ૧. પું. આત્મા અને ઈશ્વરનો સ્વભાવ જાણનાર ઋષિ

૨. પું. શિવના કલ્પર માહેનુ એક નામ.

૩. [સં. વિદ્ (જાણવું)] વિ. જાણનાર; સમજનાર; વાકેફગાર; માહિતગાર; જ્ઞાતા

કું દેવ આદિ પુરુષે પુરાણ,
તુ વિશ્વ આખાનુ પર નિધાન;
વેત્તા વળી વેદ જ જેહ ધામ,
તુંથી વિસ્તર્યું વિશ્વ આ અનંત.
મીતાક્ષરોપખ્યાન

વેત્ર ૧. [સં.] ન. મુળ; વેતર.

૨. ન છડી; લાકડી; રાજદંડ.

૩. ન. નેતર; વેતસ; બરુ.

વેત્રકીય ૨. [સં.] ન. એ નામનુ એક નદીની નજીક આવેલું એક વન. તેમાં બક નામે રાક્ષસ રહેતો હતો.

૨. વિ. જેમાં નેતરનાં જેવા પુષ્કળ થતાં હોય તેવુ

વેત્રદંડ ૧. [સં.] પું. નેતરની લાકડી.

૨. પું. દંડના મારવાની સજા કે શિક્ષા.

વેત્રધર ૧ [સં.] પું. છડીદાર; દ્વારપાળ.

૨. વિ. છડી કે લાકડી ધારણ કરનાર.

વેત્રધારક જુઓ વેત્રધર.

વેત્રપીઠક [સં.] પું. નેતરના બાન્ધેલ બગેરે આસન.

વેત્રલતા ૧ [સં.] સ્ત્રી. છડી; પ્રતિહારીના હાથમાનો દંડ.

૨ સ્ત્રી. નેતરનો છોડ; બરુ.

વેત્રવતી ૧. [સં.] સ્ત્રી. છડીદાર સ્ત્રી.

૨. સ્ત્રી મહાભારતકાલની હાલની બેટવા નદી. તે માળવામાંના ભોપાલ રાજ્યમાં છે પારિયાત્રમાંથી નીકળીને વિદિશા નદી પાસે થઈને તે વહેની. વાસ્તવ દેશમાં જમુના તે નદીને મળે છે.

૩. સ્ત્રી. દંભાસુરની માતા.

વેત્રવાહિની [સં] સ્ત્રી નદી

પાઠે ગાજ અસુર અસુરે હલેચિમાં વેણુ ભરિ,
ભૂનિવાસી અમર ચૂમી શુ વેત્રવાહિનીનુ પી.
મેઘદૂત

વેત્રાઘાત [સં.] પું. નેતરની લાકડીનો પ્રહાર; દંડના મારવાની એક શિક્ષા

વેત્રાવતી જુઓ વેત્રવતી.

વેત્રાસન ૧ [સં.] ન. નેતરની ખુરસી.

૨. ન. નેતરનું આસન.

વેત્રાસુર પું એ નામે એક અસુર.

વેત્રાંકુર પું. એક જાતની ઘણી ઝીણી વનસ્પતિ; 'બેક્ટિરિયા'. વેત્રાંકુર નામથી ઓળખાતી વનસ્પતિના અભ્યાસ સારુ તેમની હકીકત આપનારું એક સ્વતંત્ર શાસ્ત્ર છે. અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ તે વનસ્પતિ રોગોળ વર્ગની છે. તે સાધારણ રીતે સળિયાના રૂપમા એટલે વેત્રના રૂપમા તંતુ રૂપે દેખાય છે સાદા સેંદ્રિય પદાર્થમાં તે જોવામાં આવે છે. તેનામા હરિતકનો અંશ પણ હોતો નથી. તેઓ આશ્ચર્યજનક રીતે અનેક ગુણિત સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તેમની કેટલીક જાતો ઉત્સેચન ઉત્પન્ન કરનારી છે અને કેટલીક ચેપી રોગો પેદા કરનારી છે.

વેત્રાંકુરવિદ્યા [સં] સ્ત્રી. વેત્રાંકુરની હકીકત આપનારું શાસ્ત્ર. ' બેક્ટિરિયોલોજિ '.

વેત્રી ૧ [સં. વેત્ર (છડી) + ઇન્ (વાળું)] પું છડીદાર.

૨. પું. દ્વારપાળ

૩. વિ. વેત્રવાળું.

વેદ ૧. [સં.] પું. આર્ય પ્રજાનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક. વિદ્ જાણવું એ ધાતુ ઉપરથી વેદ શબ્દ બનો છે. જેને જાણવાથી યથાર્થ વિદ્યાનુ જ્ઞાન થાય છે, જેનાથી મનુષ્યને સત્યાસત્યનો વિચાર થાય છે તે વેદ જ્ઞાનમાત્રનો ભંડાર એ અર્થનો વાચક છે સર્વત્ર ચેતનઆશ્રિત નિત્યસિદ્ધ જ્ઞાનનું નામ વેદ એમ મનાય છે તેથી એ અનંત કહેવાય છે કારણ કે, ઈશ્વરના જ્ઞાનની મર્યાદા નથી. તે કયારે ઉત્પન્ન થયો તે કોઈ જાણતુ નથી, તેથી તેને અનાદિ કહે છે. તેમ તે કોણે કીધો તે કોઈ કહી શકતું નથી, તેથી તે અપૌરુષેય મનાય છે જેણી આપણે તે પૂર્વથી સાભળતા આવ્યા છીએ તેથી શ્રુતિ કહેવાય છે. વેદ ચાર છે: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ વેદમત્ર ત્રણ પ્રકારના છે. ઋક્મત્ર, યજુર્મત્ર અને સામમત્ર સામગ્યાદિ છંદ વિશેષ ઋગ્વેદ સંહિતામા છે. એને માનમાં ગોઠવવાથી સામ થાય છે યજુષ એ બેથી જુદો છે તે ગદ્યપદ્ય સ્વરૂપ છે અથર્વવેદની પણ વેદમાં જ ગણના છે પણ તેના જ્ઞાન સાથે અત્યારે ક્રિયા વિષયો પણ નિર્દિષ્ટ છે તેથી સીધી રીતે તે જ્ઞાનના ઉત્પાદક ન હોવાથી અને સન્નિકર્ષોપકારક હોવાથી વેદત્રયી કહેવાય છે. બહદી મુડકોપનિષદમાં, ચરણવ્યૂહમાં, પુરાણોમાં અને સ્મૃતિઓમાં અથર્વને ચોથો વેદ જ માન્યો છે. વેદની ઋચાઓમાં ત્રણ પ્રકારના સ્વરઝાર વપરાય છે: ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. દરેક વેદમત્ર કોઈ દેવતાને ઉદ્દેશીને હોય છે તેનો દર્શનકાર અમુક ઋષિ હોય છે અને અમુક છંદમા તે ગોઠવાયો હોય છે માટે મંત્ર માત્રને દેવતા, ઋષિ ને છંદ હોય છે. એ મત્રો સધિ સહિત ઉચ્ચારાયેલા હોવાથી તે સહિતા કહેવાય છે. સધિ વિનાના વેદમત્રોનાં પદ જુદાં પાડી તેનો પાઠ થાય અને એકવડી, બેવડી, ત્રેવડી એમ આઠ રીતે જણાય છે. તેથી વેદની ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, ઘનક્રમ, દડક્રમ, ઘન એમ આઠ વિકૃતિ કહેવાય છે એનુ ફળ એ છે કે, અનાદિ કાળથી અસ્ખલિત વેદમાં આજ લગીમાં એક માત્રા કે સ્વરનો ભેદ પડ્યો નથી. વેદમા અષ્ટક, મડલ, અધ્યાય, સૂક્ત, ષટ્ક, કાંડ, વર્ગ, દશી, ત્રિક, પ્રપાઠક તથા અનુવાક એટલા ભાગે કર્યા છે કે, પઠનપાઠન તથા મત્રની ગણના કરવામા સુગમતા થાય અને અમુક પ્રમાણમાં અમુક વિદ્યા છે એમ માલૂમ પડે. લોકમત પ્રમાણે બ્રહ્માના ચાર મુખમાથી વેદ એકી વખતે નીકળ્યા તેથી તેમા આ પહેલો, આ બીજો એમ પૂર્વાપરીભાવ કે કાળાગ્રિમતા આવી માનતા નથી. વેદમત્રોનો શામા ઉપયોગ કરવો એ ચાર પ્રયોગથી જણાય છે અને કેવી રીતે ઉપયોગ કરવો એ છ પ્રકારે પ્રયોગથી જણાય છે. આ રીતે મત્રબ્રાહ્મણરૂપાત્મક વેદમાં પૂર્વોત્તર ક્રમ આર્યલોક સ્વીકારતા નથી. પ્રત્યેક જોડે પ્રતિ વેદમાં ભિન્નભિન્ન શાખા છે વેદવાક્ય અનંત રહસ્યથી ભરેલું છે તેથી તેના અભિપ્રેત અર્થનો નિર્ણય કરવા ઋષિમુનિઓએ તેના અંગઉપાગનુ શાસન કીધુ છે, તેથી વેદનો અર્થ કલ્પનાના ઘોડા દોડાવ્યાથી અથવા કોષ ને વ્યાકરણની સહાયતાથી કરવો સાહસરૂપ ગણાય છે. પ્રાચીન ઋષિઓનો અર્થ સ્વીકારવા પાત્ર ગણવામા આવે છે સ્પિષ્ટ પરિગૃહીત વેદાર્થ જાણવો આવશ્યક છે. વેદમાં કેટલાક વચન ગૂઢ એટલે જ્ઞાનનુ બોધન કરે છે ને બાકીનાં કર્મના બોધક છે વેદમાં ચાર વિષય છે: વિજ્ઞાનકાંડ, કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ. ચાર વેદનો અર્થ સમજવામાં સહાયકારી ચાર ઉપવેદ છે વેદના અગ પુરાણ, ન્યાય, મીમાંસા ને ધર્મશાસ્ત્ર એ સઘળા મળી ચૌદની વાણીરૂપ વિદ્યાનાં આધાર ગ્રન્થન કહેવાય છે વેદ એ દુનિયામાં જૂનામાં જૂનો ગ્રંથ છે આપણા ઋષિમુનિઓને

જ્ઞાનમ. જે ઈશ્વર સબંધી જ્ઞાન રહેલું તે તેમણે તે વખતની લૌકિક ભાષામાં અને તે વખતની કથાઓ અને માન્યતાઓમાં ગોઠવી દીધું છે તેને જ વેદ કહે છે. આ વેદમાં ઇંદ્ર, મિત્ર, વરુણ, સવિતા, અર્યમા, વિષ્ણુ, ઉષા, અગ્નિ, દ્યાવાપૃથિવી, સોમ, રુદ્ર, મરુત, અશ્વિની વગેરે અનેકરૂપે પ્રકટ થનાર ઈશ્વરની અનેક જાતની પ્રાર્થનાઓ છે આપણા ધર્મોના બધા તત્ત્વોનું મૂળ એ વેદમાં છે. પુરાણની કેટલીક વાતોએનું મૂળ પણ વેદમાં મળી આવે છે વેદમાં જૂનામાં જૂનો ઇતિહાસ પણ જડે છે. આર્ચિક, ગાથિક, સામિક અને સ્વરાંતર એવા વેદગાનના ચાર પ્રકાર છે. તેમાં સ, રિ, ગ, મ, પ, ધ, નિ એ સાત સ્વરોની યોજના કરવામા આવી છે. એક સ્વરને અંતરે ગાવું તે આર્ચિક ગાન, બે સ્વરને અંતરે ગાવું તે ગાથિક ને ત્રણ સ્વરને અંતરે ગાવું તે સામિક. વળી ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતમાં પણ સાને સ્વરોને વહેંચી દીધેલા છે. ઉદાત્તમાં નિ અને ગ, અનુદાત્તમા રિ અને ધ તથા સ્વરિતમા સ, મ અને પ છે. તે સિવાય ગાયત્રી છંદનો સ્વર સ, ઉષ્ણિકનો રિ, અનુષ્ટુપનો ગ, બૃહતીનો મ, પંક્તિનો પ, ત્રિષ્ટુભનો ધ અને જગતી છંદનો સ્વર નિ કહેલો છે. આ પ્રમાણે વેદો છંદોમય અને ઉદાત્તાદિ સ્વરોમય હોઈને સરિગમમાં ગાઈ શકાય છે વેદ એ આર્ય જાતિના પ્રથમ ગ્રંથ હોવાથી આર્ય સંસ્કૃતિના દરેક અંગનું મૂળ સૂક્ષ્મરૂપે તેમાં જડી આવે છે. વેદ એટલે સર્વ સૃષ્ટિની પૂર્વે ઉત્પન્ન થયેલો એવો શબ્દ એટલે શબ્દબ્રહ્મ. વેદ શબ્દમાં સંહિતા, બ્રાહ્મણો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે. વેદોનો રચનાર કોઈ જીવાત્મા ન હોવાથી તે પૌરુષેય એટલે પુરુષના રચેલ નથી. વેદોમાં પ્રકૃતિ, આત્મા આદિ અતીંદ્રિય પદાર્થોનું વર્ણન આવે છે, તેનું જ્ઞાન અલ્પજ્ઞ જીવાત્મામાં ન હોવાથી કોઈ પણ જીવાત્મા વેદોનો રચનાર નથી. વેદનો જૂનામાં જૂનો સમય એક મતે ઈ.સ. પૂર્વે ૬૦૦૦ થી ૪૦૦૦ સુધીનો મનાયો છે. વેદના સમયમાં વસંતસંપાત મૃગશીર્ષ નક્ષત્રમાં થતો હતો પણ હાલમા ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં થાય છે એટલે કે તે ૭ નક્ષત્ર જેટલો પાછળ હઠ્યો છે. આ ઉપરથી ૨૬૦૦૦ વર્ષની વાયુપાત ગતિને હિસાબે ગણતરી કરીને વિદ્વાનો વેદકાળને હજારમાં ૫૮૦૦ વર્ષ પહેલા મૂકે છે. ચાર વેદ અને તેમની પત્નીનાં પણ નામ ગણાવાય છે ઋગ્વેદની પત્ની ધૃતિ, યજુર્વેદની પત્ની પ્રતિ, સામવેદની પત્ની સ્તુતિ અને અથર્વવેદની પત્ની શક્તિ. ગણાય છે. ચાર વેદના ઉપવેદ, શાખાઓ વિગેરેની કેટલીક માહિતી આ પ્રમાણે છે: ઉપવેદ ચાર છે: આયુર્વેદ (વૈદક), (૨) ધનુર્વેદ (ધનુર્વિદ્યા), (૩) ગાંધર્વવેદ (સંગીતશાસ્ત્ર) અને (૪) શિલ્પશાસ્ત્ર (સ્થાપત્યમ અને ચિત્રકળા). ઋગ્વેદની શાખા નવ છે: (૧) શાકલ, (૨) બાષ્કલ, (૩) આશ્વલાયન, (૪) શાંખાયન, (૫) માંડૂક, (૬) ઔતરેય, (૭) કૌષીતકી, (૮) શૈશરી અને (૯) વૈમી. ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રંથ ત્રણ છે: (૧) સાંખાયન, (૨) કૌષીતકી અને (૩) ઐતરેય. ઋગ્વેદી બ્રાહ્મણને હોતા કહે છે. યજુર્વેદની બે શાખા છે: શુક્લ યજુર્વેદ અને કૃષ્ણયજુર્વેદ. શુક્લ યજુર્વેદની શાખા સોળ છે: (૧) જાબાલ, (૨) બાધ્યદિન, (૩) જાબાલ, (૪) હરિવેય, (૫) સાપેય, (૬) સ્થાપાયનીય, (૭) કપોલ, (૮) પૌંડ્ર, (૯) વત્સ, (૧૦) આવટિક, (૧૧) પરમાવટિક, (૧૨) પારાશરીય, (૧૩) વૈણવ, (૧૪) વૈધેય, (૧૫) વૈનતેય અને (૧૬) વૈજ્ય. શુક્લ યજુર્વેદનો બ્રાહ્મણગ્રંથ શતપથ છે. કૃષ્ણ યજુર્વેદની શાખા ૨૯ છે: (૧) મરક, (૨) આવહરક, (૩) કઠ, (૪) પ્રાચ્ય કઠ, (૫) કપિષ્ઠલકઠ, (૬) ચારાયણીય, (૭) વારતંતવીય, (૮) શ્વેતાશ્વતર, (૯) ઔપમન્યવ, (૧૦) પાતા, (૧૧) મૈદિનેય, (૧૨) માનવ, (૧૩) વારાહ, (૧૪) દુંદુભ, (૧૫) છાગલેય, (૧૬) હારિદ્રવીય, (૧૭) શ્યામ, (૧૮) શ્યામાયણીય, (૧૯) તૈત્તિરીય, (૨૦) બૈધ્યીય, (૨૧) બાઢિકય, (૨૨) ઢાલેય, (૨૩) શાખાયનીય, (૨૪) હિરણ્યકેશીય, (૨૫) ભારદ્વાજીય, (૨૬) આપસ્તંબીય, (૨૭) ઔદેય, (૨૮) મૌદેય અને (૨૯) મૈત્રાયણીય. કૃષ્ણ યજુર્વેદનો બ્રાહ્મણ ગ્રંથ તૈત્તિરીય છે જેમાં આદુનિ આદિ અર્પણ કરનાર યજુર્વેદી બ્રાહ્મણને અધ્વર્યુ કહે છે. સામવેદની શાખા સાત છે: (૧) રાણાયનીય, (૨) સાત્યમુગ્ર, (૩) કાલાપ, (૪) મહાકાલાપ, (૫) લાંગલિક, (૬) કૌથુલીય અને (૭) કૌથુમ. કૌથુમ શાખાના ૭ ભેદ છે: (૧) આસુરાયણ, (૨) વાતાયન, (૩) પ્રાંજલીય, (૪) વૈનકૃત, (૫) પ્રાચીનયોગ્ય અને (૬) નૈગેય. સામવેદના બ્રાહ્મણ ગ્રંથ આઠ છે: (૧) પ્રૌઢ, (૨) ષડ્વિંશ, (૩) સામવિધાન, (૪) આર્ષેય, (૫) દેવતાધ્યાય, (૬) સંહિતોપનિષદ્. યજ્ઞમાં આવાહન કરેલા દેવોને સ્તોત્રથી સંતોષ પમાડવાનું કામ કરનાર સામવેદી બ્રાહ્મણોને ઉદ્ગાતા કહે છે. અથર્વવેદની શાખા નવ છે: (૧) પિપ્પલાદ, (૨) શૌનકીય, (૩) દામોદ, (૪) તોતાયન, (૫) જલદ, (૬) બ્રહ્મપાલાશ, (૭) કુનખ, (૮) દેવદર્શી અને (૯) ચારણ. અથર્વવેદના બ્રાહ્મણ ગ્રંથનું નામ ગોપથ છે. વેદનાં છ અંગ આ પ્રમાણે છે: (૧) શિક્ષા, (૨) કલ્પ, (૩) વ્યાકરણ, (૪) નિરુક્ત, (૫) છંદ અને (૬) જ્યોતિષ તેમાં છંદ વેદના પગ છે; કલ્પ વેદના હાથ છે; જ્યોતિષ વેદનાં ચક્ષુ છે; નિરુક્ત વેદના કાન છે; શિક્ષા વેદનું નાક અને વ્યાકરણ વેદનું મુખ છે. આ રીતે વેદનાં ગોત્ર આ પ્રમાણે છે: અગ્નિ ગોત્ર ઋગ્વેદનું, કાશ્યપ ગોત્ર યજુર્વેદનું, ભારદ્વાજ ગોત્ર સામવેદનું, વૈખાનસ ગોત્ર અથર્વવેદનું છે.

વેદનો છેડો આવવો = હદ થઈ જવી; આડો આંક વળવો; અવધિ થવી; બહુ થવું

૨. પું. (પુરાણ) એ નામનો ભૃગુકુળનો એક ઋષિ ઉપમન્યુ કે ઉત્તંક તેનો શિષ્ય હતો.

૩. પું. આરની સંખ્યા

વેદ ભણવા = (૧) આર ધારણ કરવા, બ્રાહ્મણની પરસીમાં બોલાય છે (૨) નકામો વખત કાઢવો; વખતનો વ્યય કરવો. (૩) વેદ ભણવા જેવું આરે કામ કરવું.

૪ પું. જાતિ; લિંગ.

૫ પું જ્ઞાન.

૬ પું. દર્ભની જૂડીનો કરેલો પદાર્થ

૭ પું. ધૌમ્ય મુનિનો એ નામનો એક શિષ્ય.

૮ પું. બ્રહ્મ.

૯ પું. યજ્ઞનું અંગ

૧૦ પું. (જૈન) વિષયાભિલાષાને પેદા કરનાર પુદ્ગલ.

૧૧. પું વિષ્ણુનાં હાથમાં રહેતું એક નામ.

૧૨. પું. શાસ્ત્રીય જ્ઞાન.

વેદકર્તા [સં] પું. સૂર્યનું એક નામ.

વેદકર્મ [સં.] ન. વેદ પ્રમાણેની કોઈ પણ ધાર્મિક ક્રિયા.

વેદકલાપ [સં.] પું. વેદનો સમૂહ.

વેદકર્મપ્રકૃતિ ન. (જૈન) મિથ્યાત્વ મોહનીયને સર્વથા ક્ષય કરવાના છેલ્લા સમયની સ્થિતિ. આની સ્થિતિ માત્ર એક સમયની છે. એક સમય પછી ક્ષાયક સમકિત પ્રગટે છે.

વેદકાલ પું. જે વખતે વેદો રચાયા એ વખત અથવા જ્યારે પ્રસિદ્ધિમાં આવ્યા તે વખત. જ્યારે પૃથ્વીની રચના થઈ ત્યારે પ્રથમ તો જે વસતિ હતી, તે હાલની પાશ્ચાત્ય પ્રજાના વિચાર પ્રમાણે મધ્ય એશિયામાં હતી. ત્યાંથી નીકળીને આર્ય પ્રજા આ વિશાલ, રસાલ, સુંદર અને મોહક પ્રદેશમાં જય મેળવીને આવી વસી ને શાંત સ્વભાવ સાથી આગલી વૃત્તિ ને પ્રૌઢ બુદ્ધિથી

એકતાએ રહી વેદોક્ત ધર્મકર્મને અનુસરીને વર્તવા માંડી પણ તે કાળમાં કેવા પ્રકારનો વેદોક્ત ધર્મ હતો, તેનો યથાન્વિત ઇતિહાસ આપણને મળે તેમ નથી. ઘણા ઘણા પંડિતો એમ જણાવે છે કે, આમ હોવો જ જોઈએ, પણ તેવો જ હતો તેને માટે સિદ્ધ થાય તેવું પ્રમાણ કોઈ પણ વિદ્વાન આપી શકતો નથી. પરંતુ આટલું તો સ્પષ્ટ થઈ શકે તેમ છે કે, સંતાનનિવૃત્તિ આનંદની ભોક્તા હોઈ તે બ્રાહ્મણેતર કોમે પાળી ધર્મકર્મ ને સંસારવ્યવહાર કર્મ પાળવામાં વેદકાળની પ્રજા વધારે આગળ પડતી હતી વેદકાળના મનુષ્યો ધર્મરાજ્યની વ્યવસ્થા સાચવતા, વેદાધ્યયન કરતા, કુળમર્યાદા રાખતા ને સંસારસુખ ભોગવતા તથા ઉત્તરોત્તર આશ્રમનો આશ્રય કરતા હતા, એવું અનુમાન પ્રાચીન કાળના ગ્રંથો પરથી કઈક નિશ્ચિત કરી શકીએ છીએ. તે સિવાય તે કાળના ધર્મ સંબંધી વધારે જ્ઞાન મળતું નહિ.

વેદકાલીન વિ. વેદના સમયનું; બહુ પ્રાચીન

વેદકાળ જુઓ વેદકાલ.

વેદકાંતિ પું પુરુષોત્તમનાં દલ્લર માહેનુ એક નામ.

વેદક્રિયા સ્ત્રી. વેદ પ્રમાણેની કોઈપણ ધાર્મિક ક્રિયા

વેદગજ [સં] પું. ચતુર

વેદગર્ભા [સં.] સ્ત્રી દુર્ગાદેવીનુ એક નામ

વેદગા પું (પિંગળ) એ ન.મે એક વિષમવૃત્તિ મા.ત્રામેળ છંદ. તે પદ્મપદી છપ્પય છંદનો એક ભેદ છે તેમાં ૭ ગુરુ અને ૧૪૨ લઘુ મળી ૧૪૯ વર્ણની ૧૫૬ માત્રા હોય છે.

વેદગાન [સં] ન. વેદનું ગાન કરવું તે. આર્ચિક, ગાથિક, સામિક અને સ્વરાંતર એવા ચાર વેદગાનના પ્રકાર છે. તેમાં સ (ષડજ), રિ (ઋષભ), ગ (ગાંધાર), મ (મધ્યમ), પ (પંચમ), ધ (ધૈવત) અને નિ (નિષાદ) મળી સાત સ્વરની યોજના કરવામાં આવે છે

વેદગામી [સં. વેદગામિન્] વિ વેદ ભણનાર; વેદનો અભ્યાસી

વેદઘોષ [સં] પું. વેદનો ધ્વનિ; વેદ ભણવાથી થતો અવાજ

વેદજાત [સં.] પું. અગ્નિ

વેદજ્ઞ [સં] વિ. વેદ જાણનાર

વેદત્રય [સં.] ન ઋગ, યજુર્ અને સામ એ ત્રણ વેદનો સમૂહ

વૈદત્રયી જુઓ વેદત્રય

વેદધર્મ [સં] પું વેદને અધિકૃત કરી રચેલાં સિદ્ધાંતોવાળી ધર્મ. બ્રાહ્મણધર્મમાં સુધારો થઈને આ ધર્મ બનેલો છે. તેના ઘણા વિભાગ છે અને ઇ.સ૧૬૩૧માં બધાં મળીને ૨૩,૯૧,૬૫,૧૪૦ હિંદુઓ હિંદમાં હતા તેથી હિંદુ લોકોની સંખ્યા હિંદમાં સૌથી વધારે છે એમ કહી શકાય. મૂળ બ્રાહ્મણધર્મ ઉપર બૌદ્ધધર્મની અસર થઈ અને તે બંને ધર્મ ક્રિશ્ચિયન ૮૦૦ સુધી હયાત રહ્યા તે પછી બૌદ્ધધર્મ તે દેશમાંથી અદૃશ્ય થયો અને બંને ધર્મના મિશ્રણરૂપ નવો બ્રાહ્મણધર્મ પ્રચલિત થયો. પુરાણ ઉપર રચાયેલા આ અર્વાચીન હિંદુધર્મમાં વિષ્ણુ અને શિવ કરતાં બ્રહ્માને ઓછું મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેઓને અસંખ્ય રીતે પૂજવામાં આવે છે. શિવને તાંત્રિકરાત્રે પ્રમાણે શક્તિરૂપે પૂજવામાં આવે છે.

વેદધ્વનિ [સં.] પું. વેદનો અવાજ.

વેદન ૧ ન. અનુભવવું તે; જાણવું.

૨. [સં.] ન જાણવું તે; જ્ઞાન; બુદ્ધિ

૩. પું. દુઃખ; પીડા.

૪. ન. પ્રત્યક્ષ જોઈ શકવું; જોવાની શક્તિ.

૫. ન. (જૈન) ભોગવવું તે.

૬ ન. સરકાર; ઇલાજ કરવાની તત્પરતા.

૭. ન ઉપલબ્ધિ; ઉપલબ્ધિ.

વેદના ૧. [સં.] સ્ત્રી. અનુભવવું તે; જાણવું. ૨. સ્ત્રી. જાણવું તે; જ્ઞાન; વેદન.

૩ સ્ત્રી. (બૌદ્ધ) દુઃખતત્ત્વનાં પાંચ માંહેનો એક સ્કંધ. પૂર્વ કર્મના ફળથી સુખદુઃખનો જે અનુભવ થાય છે તેને વેદના સ્કંધ કહે છે.

૪ સ્ત્રી. પીડા; દુઃખ; કળતર; અસુખ; દર્દ; વ્યાધિ.

૫ સ્ત્રી. ભાવના; શક્તિ.

૬. સ્ત્રી. મહેનત.

વેદનાકારી [સં. વેદનાકારિન્] વિ. દુઃખકર્તા

વેદનાનિમિત્તિ [સં.] સ્ત્રી. રોગ મટાડવાની ક્રિયા

વેદનારક્ષાનિર્ધૂપ પું. (વૈદક) અગર વગેરે મિશ્રિત એ નામનો ધૂપ. તે અગર, ગૂગળ, રાળ, વજ, સરલરસ, ચીંથડાનાં પાન, મીણ ને ઘી મેળવી બનાવાય છે. આ ધૂપને દેવતા ઉપર નાખી ધૂપ કરવાથી ફાપકૂપ કરતી વખતે દરદીને થતી પીડા ઓછી જણાય છે અને તેથી વાતાવરણ માફ અને શુદ્ધ થાય છે અને બહારના હવા તથા જેરી જંતુ શરીરને સ્પર્શ કરી શકતા નથી

વેદનાવ્યાપાર [સં.] પું. ભાવના વ્યાપાર; વેદનાની ક્રિયા.

વેદનાશક્તિ સ્ત્રી. ભાવનાશક્તિ.

વેદનાશામક વિ. વેદનાને શાંત પાડનાર; પીડા હરનાર

વેદનાસમુદ્‌ઘાત પુ. (જૈન) અશાતા વેદનીયથી દુઃખી થયેલો આત્મા અનંતકર્મ પરમાણુઓ વડે વિંટળેલા પોતાના કેટલાક આત્મપ્રદેશોને વીર્ય બહાર કાઢી ઉદર, બાહા વગેરેના પોલાણો ભરી અને બાહા વગેરેના આંતરાપૂર, સ્વશરીરની લંબાઈ પહોળાઈ જેટલો એકસરખો દંડાકાર જેવો થાય અને અંતે તે પ્રબલ ઉદીરણા કરવાવડે અશાતા વેદનીયના ઘણા કર્મ પ્રદેશો ઉદયાવલિકામાં નાખી એક અંતરમુહૂર્તમાં ખપાવી નાખે તે

વેદનિંદક ૧ પું બૌદ્ધ; નાસ્તિક

૨. [સં.] વિ. વેદની નિંદા કરનાર

વેદનીય ન. (જૈન) જૈનધર્મના આઠ મહાન કર્મ એ નામનું એક કર્મ. વેદનીય કર્મનો જ્ઞાની કર્તા થતો નથી. સાતાવેદનીય કે અશાતાવેદનીય કર્મ ગમે તેટલો અનુકૂળતાનો કે પ્રતિકૂળતાનો ઘેરો ઘાલ્યો હોય તો પણ જ્ઞાની તે રૂપ થઈ જતો નથી

વેદપઠન [સં] ન વેદનો અભ્યાસ.

વેદપાઠી ૧. [સં.] પું વેદનો પાઠ કરનાર બ્રાહ્મણ; વેદ ભણેલો બ્રાહ્મણ

૨. વિ વેદનું અધ્યયન કરનાર; કર્મકાંડી.

વેદપાત્ર વિ. વેદ ભણવાને લાયક; વેદ ભણેલો વિદ્વાન.

વેદપુરુષ ૧. [સં] પું. નાગરોમાં ગોરપદું કરવાનો અધિકારી મનુષ્ય.

૨. પું. વેદશાસ્ત્ર જાણનાર બ્રાહ્મણ

વેદપ્રવર્તન [સં.] ન. જ્ઞાનનો ફેલાવો.

વેદબુદ્ધિ ન. (સિદ્ધ) એક પ્રકારનું વટદાનયુક્ત ત્રિકોણ ગૃહ.

જે ત્રિકોણ ઘરનાં મુખ આગળ ત્રણ આલિંદ હોય અને તે ઘરની જમણી તરફ આલિંદ હોય નહિ પણ ડાબી તરફ એક આલિંદ હોય અને તેવા ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તેનું નામ વેદબુદ્ધિ ઘર કહેવાય છે. રાજવલ્લભ

વેદભાષ્ય [સં] ન. વેદ ઉપર કરેલ ભાષ્ય કે ટીકા

વેદભુવન ન બનારસ યુનિવર્સિટીમાંનું વેદનું અધ્યયન કરવાનું મંદિર. વેદાધ્યયન માટે બિરલાએ આર્યધર્મના આત્મેદ્ધાર નમૂના રૂપ, ભારતીય શિલ્પકળાની ઢબે, હરદ્વાર પાસે કાંગડીમાં એક ભવ્ય મકાન બંધાવ્યું છે. તેનું નામ છે વેદભુવન. વેદના ઊંડા અભ્યાસ અને સંશોધન માટે એક ખાસ વિભાગ તેમાં રખાયો છે. વિસરાઈ ગયેલ વેદનું જ્ઞાન અને કૃતિઓને નવું તથા તાજું સ્વરૂપ આપી આધુનિક જડવાદી યુગમાં, આપણી પુરાણી ધર્મસંસ્કૃતિને

પુનર્જીવન કરવાનો આ સંસ્થાનો હેતુ છે. આ ભવનમાં વેદની પવિત્ર ઋચાઓ કોતરવામાં આવેલ છે. દીવાલ ઉપર ભારતના પુરાણા ઋષિમુનિઓના ચિત્રો પણ આલેખાયાં છે

વેદમહાવિદ્યાલય [સં] ન. પ્રાચીન વેદનો સવ્યવસ્થિત અભ્યાસ કરવા માટે હરદ્વારમાં સ્થાપવામાં આવેલ એક મહાવિદ્યાલય. તેમાં વૈશેષિક, ન્યાય, સાંખ્ય, યોગ, વેદાંત વગેરે દર્શનો ઉપરાંત ચાર્વાક, બૌદ્ધ, અર્હત, પૂર્ણપ્રજ્ઞ પાશુપત, શૈવ, પ્રત્યભિજ્ઞા વગેરે દર્શનોનો પણ સાંગોપાંગ અભ્યાસ કરાવવામાં આવે છે તદુપરાંત વૈદિકપ્રક્રિયા, પ્રાતિશાખ્ય, ભાષાવિજ્ઞાન જ્યોતિષ, સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ, પાશ્ચાત્ય દર્શન, અર્થશાસ્ત્ર, રસાયનવિદ્યા વગેરે વિષયોનું પણ જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે ફાગડી ગુરુકુળના વેદભુવન પાસે વેદમહાવિદ્યાલયનું આલિશાન મકાન આવેલું છે આ મકાન પણ દિલ્હી શિલ્પશાસ્ત્રને આધારે જ બંધાયું છે કોલેજની મધ્યમા પુસ્તકાલયનો જંગી જથ્થો આવેલો છે તેમાં ૨૫,૦૦૦થી વધુ હસ્તપ્રતો જળવાયેલી છે પુસ્તકાલયની બંને બાજુએ આવેલા બ્લૉકમાં વેદ અને આર્ટ્સ કૉલેજના વર્ગો લેવાય છે આ વર્ગોમાં વેદના ઊંડા અભ્યાસ ઉપરાંત, હિંદી તત્ત્વજ્ઞાન, સંસ્કૃત સાહિત્ય, અંગ્રેજી, ઇતિહાસ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનું આધુનિક ઢબે શિક્ષણ અપાય છે આનો જાત અનુભવ કરતાં જણાયું છે કે, વેદવેદાંતનું બધુ જ આદર્શ રીતે ત્યાં જ્ઞાન અપાય છે. જ્ઞાન લેવાદેવાની પદ્ધતિ પણ પ્રાચીન આશ્રમ જેવી છે. વેદ કૉલેજમાં વેદના ધર્મની દૃષ્ટિએ ઊંડો અભ્યાસ કરવો પડે છે જ્યારે આર્ટ્સ કૉલેજમાં હિંદીભાષાના જ્ઞાનને લક્ષમાં રાખીને પસંદગી અપાયેલ છે છેલ્લી પરીક્ષા પસાર કરનારને વેદાલંકાર કે વિદ્યાલંકારની પદવી આપવામાં આવે છે. આ ગુરુકુળ ધીમી ગતિએ પણ ૧૯૨૨માં સર્વાંગસંપૂર્ણ યુનિવર્સિટીનું સ્વરૂપ ધારણ કરી શકી છે. વેદ કૉલેજ, આર્ટ્સ કૉલેજ, આયુર્વેદિક કૉલેજ એ ત્રણેય ગુરુકુળ આશ્રમની યુનિવર્સિટીનાં અંગ છે.

વેદમંત્ર [સં.] પું. વેદનો મંત્ર; ઋચા.

વેદમાતા ૧ [સં. વેદમાતૃ] સ્ત્રી. ગાયત્રી

૨. સ્ત્રી. સરસ્વતી

વેદમાન્ય [સં.] વિ વેદમાં કહેલું; વેદ સ્વીકૃત.

વેદમાર્ગી ૧. [સં.] વિ. વેદોના સિદ્ધાંતને અનુસરનાર; વેદને પ્રમાણભૂત માનનાર.

૨. વિ. વૈદિક ધર્મને અનુસરનાર.

વેદમૂર્તિ ૧. [સં.] પું. વેદમાં પારંગત જ્ઞાનવૃદ્ધ.

૨. સ્ત્રી. જાણે વેદ જ હોય એવું તે; વેદની પ્રતિકૃતિ રૂપ.

૩. વિ વેદ ભણેલો હોવાથી તેના જેવો પવિત્ર.

વેદમૂર્ત્તિ જુઓ વેદમૂર્તિ.

વેદમૂલક [સં.] વિ. વેદમાંથી ઉત્પન્ન થયેલ

વેદરત [સં.] વિ. વેદમાં પ્રીતિવાળું; વેદરત

વેદવચન ૧ ન. વેદ માર્ગનું વક્તવ્ય; વેદનું વચન.

૨. ન. વેદના જેટલો મોટો શબ્દ; વેદના જેટલું પ્રમાણભૂત વચન.

વેદવતી સ્ત્રી. (પુરાણ) કુશધ્વજ જનકને તેની માલાવતી નામની કોની કૂખે લક્ષ્મીના અંશાવતારવાળી જન્મેલી એ નામની કન્યા. તેનું જન્મતાં જ વેદધ્વનિ કર્યો માટે તેનું વેદવતી તેવું નામ પડયું હતું. કુશધ્વજે તેને વિષ્ણુની સાથે પરણાવવાનો વિચાર કર્યો હતો; તેથી બધાનાં આગળ તે પાછળ વાળતો શંખ નામના અસુરનું મારું પાપ વાળવાથી શંખચૂડે કુશધ્વજને મારી નાખ્યો અને તેની સ્ત્રીએ સહગમન કર્યું. ત્યાર પછી વેદવતીએ પુષ્કર તીર્થમાં તપ આદર્યું ત્યાર પછી આકાશવાણી થઈ કે, તું બીજે જન્મે દિવ્યધ્વનિ પામીશ એવું દિવ્ય ગવખ કરતો કરતો ત્યાં આવ્યો અને વેદવતીને તેને પરણવા બધું પણ તેણે ન પાડયું પી તેનો બલાત્કારે ખેંચવા લાગ્યો. વેદવતીએ પોતાના સામર્થ્ય વડે એને સ્તબ્ધ કરી દીધો અને શાપ દીધો કે, તું આગળ જતાં મારે જ હરણ કરવાથી પુત્ર અને આંખનો સહિત નાશ પામીશ પછી વેદવતી પોતે યોગાગ્નિ વડે બળી મરી. બીજે જન્મે પોતે સીતા રૂપે જન્મી.

વેદવાક્ય જુઓ વેદવચન.

વેદવાચસ્પતિ [સં] પું વેદનો અભ્યાસ કરાવનાર અધ્યાપક

વેદવાણી ૧ પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં મગણ, સગણ, જગણ તથા મગણ એમ બાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, યગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

૨. [સ.] સ્ત્રી. વેદની વાણી; શ્રુતિ.

૩. સ્ત્રી સત્ય વચન.

વેદવાદ ૧. પું. વેદ વિષે ચર્ચા

૨. [સ. વેદ + વાદ (બોલવું તે)] પું. વેદની માન્યતા.

૩. પું. વેદનું કથન.

વેદવાદરત [સં.] વિ. વેદના વાદ વિષે રત.

જે મનુષ્ય સમૃદ્ધિની કામનાવાળો હોય, ધનુની ગતિવાળો હોય તેણે સ્વેત અશ્વ પ્રાપ્ત કરવો ઇત્યાદિ કર્મ, કર્મનાં ફળ તથા તેનાં સાધનોને પ્રકાશ કરવાવાળા અર્થવાદ આદિ સ્વરૂપવાળાં વેદવાક્યો વિષે જેનો આસક્ત હોય તેવા પુરુષને **વેદવાદરત** કહે છે. શંકરાનંદ

વેદવાદી [સ.] વિ. વેદમાર્ગને માનનાર; વેદની તમામ ક્રિયાકાંડને માનનાર; શુષ્ક જ્ઞાની.

વેદવાસ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું બ્રાહ્મણ

વેદવાહન [સં.] પું સૂર્યનાં એકસો આઠ માહેનું એક નામ.

વેદવિત્પરા [સં] સ્ત્રી સોળ માહેની એક માનસ તત્ત્વદેવતા.

વેદવિદ ૧. પું બ્રાહ્મણ.

૨. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ

જેને મૂળ નામે કાળ અક્ષય અક્ષિતાદી તે, વેદો બ્રહ્મરૂપે જેને જે બ્રહ્મે **વેદવિદ** તે. ગીતાનુશાસન

૩. [સં. વેદવિદ્] વિ. વેદ જાણનાર.

૪. વિ. (જૈન) સૂત્રના જાણનાર; જ્ઞાની.

વેદવિન્મુનિ [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

વેદવિમુખ [સં.] વિ વેદધર્મથી ઊલટું ચાલનાર.

વેદવિહિત [સં.] વિ. વેદમાં કહેલું; વેદે ફરમાવેલું.

વેદવિહિતા [સં.] સ્ત્રી વેદની આજ્ઞા

વેદવું ૧. જા. ક્રિ. બોલવવું.

૨. [સં. વિદ્] જા ક્રિ. જાણવું; ઓળખવું.

વેદવેત્તા ૧. [સ. વેદવત્] વિ. બ્રહ્મનિષ્ઠ.

૨. વિ. વેદ જાણનાર

વેદવ્યાખ્યાતા [સં.] પું. આચાર્ય.

વેદવ્યાસ [સં.] પું. વિષ્ણુનાં ચોવીસ માહેનો ઓગણીસમો અવતાર; પરાશરના પુત્ર એક મુનિ; વેદ બનાવનાર વ્યાસ મુનિ; વ્યાસ; દ્વૈપાયન; પારાશર્ય. તેનો જન્મ યમુના નદીના એક દ્વીપમાં થયો હતો. યમુના નદી કૃષ્ણવર્ણી ગણાય છે. તેના દ્વીપમાં જન્મ્યા માટે દ્વૈપાયન અથવા કૃષ્ણ દ્વૈપાયન કહેવાય છે. તે બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા હતા તેથી તે બાદરાયણ કહેવાય છે. વળી આ મહાત્મા વેદ વિસ્તાર કરનારા થયા તેથી સાંપ્રતકાળના વ્યાસ કહેવાય છે. વેદ વિસ્તાર કરનારા તે વ્યાસ એ નામ સાધારણ છે. પણ આ મહાત્માએ કોઈ વેદની

ગુમ શાખાનો ઉદ્ધાર કર્યો છે તેથી જ વેદવ્યાસ કહેવાય છે. તેમણે ઋગ્વેદનો ઉદ્ધાર કરવા ચાર વેદનો સમૂહ, વેદાંત, મહાભારત ને અઢાર પુરાણ રચ્યાં. વેદવ્યાસે વેદનો સંગ્રહ ઈ. સ. પૂર્વે ૩૧૦૦માં કર્યો મનાય છે પરંતુ કે, તે મહાભારતના યુદ્ધના કાળમાં થઈ ગયા એમ કહેવાય છે

વેદ તણા પ્રણેતા જે વેદવ્યાસ અવતાર છે,
તેણે કર્યા પણ્ય ચતુર્દા આખ્યા પ્રભુની રીતિએ.
પ્રાપીતીવા

વેદવ્રત ૧. ન. હિંદુ જાતિના સોળ માંહેનો એક સંસ્કાર.

૨. [સં] વિ. વેદ ભણવાની ટેકવાળું

વેદશાખા સ્ત્રી. વેદની ચાર માંહેની કોઈ એક શાખા. તેનાં નામ આ પ્રમાણે છેઃ આથર્વણિક, તાંડિકે, તૈત્તિરીય, વાજસનેયી, કૌથીતકી, રાણાયણિ, શાખાપની, પૈંગ્ય, જાબાલી, ઐતરેયી, જાબાલ અને કૌંડપાયી.

વેદશાલા [સં.] સ્ત્રી. વેદ શીખવાનું સ્થળ.

વેદશાસ્ત્રવિદ [સં. વેદશાસ્ત્રવિદ] વિ. વેદશાસ્ત્રને જાણનાર.

વેદશાસ્ત્રી [સં.] પું. વેદ જાણનાર પંડિત.

વેદશિર ન. (પુરાણ) ભારતવર્ષનું એક તીર્થ.

વેદશિરા ૧. પું. (પુરાણ) કૃશાશ્વ ઋષિને ઘૃતાચી અપ્સરાથી થયેલ એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુઋષિના પુત્ર વિધાતાનો પૌત્ર અને પ્રાણ ઋષિનો પિતા.

૩. પું. (પુરાણ) સ્વારોચિષ મન્વંતરમાં થઈ ગયેલા સપ્તર્ષિઓ માંહેનો એક ઋષિ.

૪. વિ. વેદના અર્થને જાણવામાં શ્રેષ્ઠ.
આવ્યા બૃહસ્પતિ વેદશિરા,
વિશ્વામિત્ર વસિષ્ઠ સુધીરા. નિષ્કુલાનંદ

વેદશ્રુતા [સં.] સ્ત્રી. તમસા અથવા તાનસા નદી.

વેદશ્રુતિ ૧. સ્ત્રી. તમસા નદીની દક્ષિણે આવેલી એ નામની નદી.
ઓલગી વેદશ્રુતિ ગોમતી ગોદા ઘતે,
મંદાકીરે કઈ વિશ્રામ લીધી પ્રભાતે;
સુમંત્રને દીધી જનારી રજા અયોધ્યા,
ઓળંગવા નદ મળી યુદ્ધરાજ નૌકા.
રામાયણસાર

૨. સ્ત્રી. વેદના મંત્રો; ઋચા.

વેદસંહિતા સ્ત્રી. એ નામનું વૈદિક પુસ્તક; વેદોનો સંહિતા ભાગ. તેનો સમય ઈ. સ. પૂર્વે ૪૦૦૦થી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ સુધી હતો.

વેદસ્મૃતા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

વેદસ્મૃતિ સ્ત્રી. એ નામની ભરતખંડની પવિત્ર નદી.

વેદાચાર્ય [સં.] પું. (પુરાણ) સારસ્વત નામનો બ્રહ્મર્ષિ. તેને પ્રાચીનગર્ભ પણ કહે છે.

વેદાજ્ઞા [સં.] સ્ત્રી. વેદનું ફરમાન.

વેદાધિકાર [સં.] પું. વેદાદિશાસ્ત્રનું ભણવાનો અધિકાર. ઋગ્વેદાદિ ભાષ્યમાં કહેલું છે કે, આ અધિકાર સર્વેને છે. જેમકે, (૧) વેદ ઈશ્વરપ્રણિત છે, (૨) વેદનો ઉપદેશ સર્વ મનુષ્યને સદ્ધર્મનું જ્ઞાન આપવાનો છે અને (૩) વેદમાં સર્વ સત્યવિદ્યા મૂળરૂપે છે. માટે પરમેશ્વરકૃત જેટલા પદાર્થો છે તે સર્વ મનુષ્યને માટે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને ઇતર પદાર્થો જેમ મનુષ્ય માટે છે તેમ પ્રમાણે વિદ્યા પણ સર્વ મનુષ્યને માટે છે.

વેદાધિગમ [સં.] પું. વેદનું જ્ઞાન; વેદપ્રાપ્તિ.

વેદાધિપ ૧. [સં.] પું. ગુરુ.

૨. પું. બૃહસ્પતિ.

૩. પું. મંગળ.

૪. પું. વિષ્ણુ.

૫. પું. શુક્રાચાર્ય.

વેદાધ્યયન [સં.] ન. વેદનો અભ્યાસ; વેદાભ્યાસ.

વેદાધ્યાપક [સં.] પું. વેદનો અધ્યાપક.

વેદાનુયાયી [સં.] વિ. વેદને માનવાવાળું.

વેદાનુવચન [સં.] ન. વેદનો પાઠ; વેદનું અધ્યયન.

વેદાભ્યાસ ૧. પું. વેદ બોલ્યા કરવું તે; ઓમકારનો જપ.

૨. [સં.] પું. વેદનો અભ્યાસ. ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરી ગુરુશુશ્રૂષાપૂર્વક ગુરુની આજ્ઞામાં રહી કુટુંબમાં આસક્તિ વગેરે રજોગુણ વ્યવહારમાં નહિ પડતાં નિયમ પુરઃસર વેદોનું સાંગ તથા સાર્થ અધ્યયન કરવું. યદ્યપિ અભ્યાસ એ શબ્દનો અનેકવાર આવૃત્તિ કરવી એટલો જ અર્થ છે. તથાપિ આ સ્થળે તાત્પર્યાનુરોધથી સાંગ તથા સાર્થ અધ્યયન એવો અભ્યાસ પદનો અર્થ વિવક્ષિત છે. કારણ કે, કર્મ, ઉપાસના તથા જ્ઞાન એ ત્રણ કાંડમાંના કર્મકાંડાનુજ્ઞાનથી ચિત્તશુદ્ધિ સંપાદન કરવી, ઉપાસનાનુજ્ઞાનથી મલવિક્ષેપાદિ દોષોને દૂર કરી, જ્ઞાનકાંડોક્ત ત્રણ મનનાદિ ઉપાયાનુષ્ઠાનપૂર્વક સ્વરૂપ-તત્ત્વસાક્ષાત્કારમાં નિષ્ઠા પામી જીવાત્મા તથા પરમાત્માના અભેદ-અનુભવ પર્યંત પહોંચવું એ વેદાભ્યાસ પદનો તાત્પર્ય વિષયીભૂત અર્થ છે, તે સાથે અનેકવાર આવૃત્તિરૂપ મુખ્યાર્થનો પણ તેમાં સમાવેશ છે; અર્થાત્ હમેશાં વેદ તથા વેદાંગોનું અર્થાનુસંધાન પુરઃસર નિત્ય સ્વાધ્યાય તરીકે પરિશીલન કરવું તેમ જ બીજાને ભણાવવું તથા પ્રવચન કે વ્યાખ્યાન રૂપે કથન કરવું, આ સર્વ અર્થનો વેદાભ્યાસ પદમાં સમાવેશ સમજવાનો છે.

વેદાભ્યાસ જુઓ વેદવ્યાસ.

વેદારંભા [સં] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

વેદાંગ ૧. પું. કલ્પપને અદિતિથી થયેલા બાર માંહેનો એ નામનો એક પુત્ર

૨. પું. ચૈત્ર માસનો સૂર્ય

૩ પું. વિષ્ણુનાં કલ્પર માંહેનું એક નામ. વેદરૂપ અંગવાળા પણ તે જ છે. પુનઃ વેદ એ જ પ્રભુનું અંગ અથવા શરીર છે

૪. પું. શિવનાં કલ્પર માંહેનું એક નામ.

૫ પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૬. [સ.] ન. ઉચ્ચાર, શુદ્ધિ આદિ વિષયનું વેદનું અંગ. તે ૬ છેઃ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ. છંદને વેદના પગ, કલ્પને હાથ, જ્યોતિષને આંખ, નિરુક્તને કાન, શિક્ષાને નાક અને વ્યાકરણને મોઢું ગણવામાં આવ્યાં છે. આ વેદાંગનો સમય ઈ. સ. પૂર્વે ૧૯૦૦ થી ઈ. સ. પૂર્વે ૮૦૦ સુધીનો છે.

૭. ન. (પિંગળ) ગુની સંજ્ઞા.

વેદાંગગીતા સ્ત્રી. પૌરુષેય ઉપનિષદ માંહેનું એક ઉપનિષદ.

વેદાંત ૧. પું; ન. છ માંહેનું એ નામનું ઉત્તમ દર્શન. તે વેદનું રહસ્ય કે અંતિમ ધ્યેયનું નિરૂપણ કરે છે તેથી તેને વેદાંત કહેવામાં આવે છે. તેને ઉત્તરમીમાંસા પણ કહેવામાં આવે છે. તે પ્રમાણે આખું વિશ્વ બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલ છે.

૨. [સં. વેદ + અંત (છેડો)] પું.; ન. વેદનો અંત; ઉપનિષદ. ઉપનિષદ વેદને અંતે આવેલ છે માટે તેને વેદાંત કહેવામાં આવે છે.

૩ સ્ત્રી. ઓતેર માંહેની એક કળા.

૪. સ્ત્રી. બ્રાહ્મણોની એક ઊતરતી જ્ઞાતિ.

વેદાંતકલા સ્ત્રી ઓતેર માંહેની એક કલા.

વેદાંતકાર [સં.] વિ વેદાંતનો કરનાર.

વેદાંતકૃત જુઓ વેદાંતકાર.

વેદાંતકોવિદ ૧. પું. શારદાપીઠાધીશ્વર તરફથી અપાતી એક પદવી.

૨. [સ] વિ વેદાંતના જ્ઞાનનો જ્ઞાતા.

વેદાંતજ્ઞ [સ.] વિ. વેદાંતવાક્ય જાણનાર

વેદાંતતત્ત્વસાર પું રામાનુજાચાર્યે રચેલો એ નામનો ગ્રંથ.

વેદાંતદર્શન [સ.] ન ૭ વૈદિક માંહેનું એક વૈદિકદર્શન, ઉત્તરમીમાંસા તે આસે જાણ્યું છે

વેદાંતપરિભાષા સ્ત્રી શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ

વેદાંતપ્રદીપ પું રામાનુજાચાર્યે રચેલો એ નામનો ગ્રંથ

વેદાંતભૂષણ સ્ત્રી શ્રી શારદાપીઠાધીશ્વર તરફથી અપાતી એક પદવી.

વેદાંતમુક્તાવલિ સ્ત્રી. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

વેદાંતવાક્ય [સં.] ન. છેવટનું જ્ઞાન આપનાર વાક્ય; જેને જાણવાથી બીજું જાણવા જેવું નથી તેવું જણાવતું વાક્ય

વેદાંતવિષયક [સ.] વિ વેદાંતના વિષયને લગતું

વેદાંતસાર [સં.] પું. વેદાંતનું તત્ત્વજ્ઞાન; વેદાંત ઉપરની ટીકા; વેદાંતમય

વેદાંતસૂત્ર [સં.] ન. બ્રહ્મસૂત્ર.

બ્રહ્મસૂત્રને વ્યાસસૂત્ર, વેદાંતસૂત્ર, ઉત્તરમીમાંસાસૂત્ર ને શારીરકસૂત્ર પણ કહે છે.

સંસ્કૃત પુષ્પાંજલિ

વેદાંતી ૧. [સં. વેદાંતિન્] પું. વેદાંતના મતને માનનાર; અદ્વૈતવાદી; તત્ત્વજ્ઞાની; જ્ઞાની; બ્રહ્મ, સત્ય અને જગત મિથ્યા એવું માનનાર પુરુષ.

૨. વિ. વેદાંત સંબંધી; વેદાંતનું.

વેદિ ૧. પું. પંડિત.

૨. સ્ત્રી. આંગળીની વીંટી.

૩. સ્ત્રી ઓટલો.

૪. [સ.] સ્ત્રી. પરિષ્કૃતભૂમિ; ચોગાન; હોમ વગેરે માટે તૈયાર કરેલી ઓટલી કે કુંડ; વેદી.

૫. સ્ત્રી પશુ બાંધવા માટે કરેલી ઠમરૂ આકારની જમીન

૬. સ્ત્રી. પૃથ્વી.

અગ્નિ રૂપે છે જંઘા વેદિ માહે. ઋગ્વેદનિઘંટ

૭. સ્ત્રી. ઓની જનનેંદ્રિય; યોનિ.

૮. ન. બંબખ્ડા નામે વેલો.

૯. વિ. સ્ત્રીવેદ, પુરુષવેદ કે નપુંસકવેદ એ ત્રણમાંથી કોઈ પણ એકવેદ વાળો.

વેદિકા ૧. પું. એ નામનો એક દેવગ્રહ.

૨. સ્ત્રી. ઠોટડી.

૩. સ્ત્રી. ગલી; સાંકડો રસ્તો.

૪. સ્ત્રી. પથ્થરની કરતી ઊભી દીવાલ.

૫. [સ.] સ્ત્રી. પીઠ; બેસણી; વેદી; યજ્ઞ કે હોમ કરવા બનાવેલી માટીની ઓટલી અથવા કુંડ જેવી રચના; ઊંચું બનાવેલ આસન; ઊંચી બેઠક

(વર્ધ, (વિવર્ધ) વેદિકા આ બે ચોક્કસપણે વેદિ કે વેદિકાના છે. અમરકોષ

વેદિત ૧. [સં.] વિ. જાણેલું.

૨. વિ. જાણેલું; સમજેલું.

વેદિતા [સં વેદિતૃ] વિ. જાણનાર; જ્ઞાની.

વેદિની ૧. સ્ત્રી ગામડીનાં સાત માંહેનું એક પદ તે જવના દાણાથી પંચમાંશમે ભાગે જાણું છે.

૨. સ્ત્રી. દ્રૌપદી.

વેદિયાપણું ન. વેવલાપણું; અક્કલની ઊણપ

વેદિયું ૧. વિ. ઉપર દૃષ્ટિથી વિચાર કરી તેને પકડી રાખનાર.

૨ વિ જાણેલું પણ સમજેલું નહિ

૩. વિ. વેદ જાણેલું.

વેદિયુંદોર વિ. મુખપાઠ ભણે પણ અર્થ ન સમજે તેવું; પોપટિયા જ્ઞાનવાળું; પુસ્તકપંડિત; જાણેલું પણ સમજેલું નહિ

વેદિયો ૧. પું. વેદનો પાઠ કરનારો; વૈદિક કર્મકાંડ કરાવનાર; વેદપાઠી; જેણે વેદનો અભ્યાસ કરેલો હોય તે. મહાત્માજી કહે છે કે, નિર્મળ તપસ્વીઓએ આપણને શીખવ્યું છે કે, જે વેદાદિ ભણે છે પણ જે ધર્મ આચરતા નથી તેને વેદિયા કહેવાય. પણ તે નથી તરતા, નથી તારતા

૨. વિ આપમતિયો; ચીકણો; ચપચપ કરવાના સ્વભાવવાળો

૩. વિ દુનિયાદારીથી અજ્ઞાત; વ્યવહારની સમજ વગરનો; મૂર્ખ

૪. વિ. માત્ર આચારમાં જ સમજવાવાળો પણ વિચારમાં નહિ ઊતરે તે, સાધનો પ્રમાણે વર્તનાર નહિ તેવું.

વેદી ૧. પું. એ નામનો ક્ષત્રિયનો એક વંશ. એમાંના એક વડવાએ વેદ વાંચ્યા હતા તે ઉપરથી તેનો વંશ વેદી કે વેદી કહેવાયો.

૨. પું. (પિંગળ) એક સમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૩૯ માત્રા અને અંતે બે ગુરુ હોય છે.

૩. પું [સં.] પંડિત; વિદ્વાન બ્રાહ્મણ.

૪. પું. બ્રહ્મા.

૫. પું. વિષ્ણુ.

૬. સ્ત્રી. જમીનની સપાટીથી હોમ કરવા માટે સહેજ ઊંચી બાંધેલી માટીની ઓટલી કે ચોરો; ઉપનયન, વિવાહ વગેરે વિધિમાં વરના આંગણામાં કરવામાં આવતો ચોખડો માટીનો ઓટલો

૭. સ્ત્રી. (પુરાણ) બ્રહ્મદેવની શક્તિ.

૮. સ્ત્રી (પુરાણ) ભારતવર્ષીય એક નદી.

૯. સ્ત્રી. યજ્ઞનું સ્થાન તે લાકડાનું અને કુશ નામના ઘાસનું બનેલું છે

૧૦. સ્ત્રી. શિવની જળાધારી.

૧૧. સ્ત્રી. સિંહાસનના છપ્પાસી મહેના ચૌદ ભાગનો સમૂહ.

ચૌદ ભાગોની વેદી કરવી. રાજવલ્લભ

૧૨. સ્ત્રી વાડ વગેરેથી ઘેરેલી જમીન.

૧૩ વિ જાણનાર.

૧૪ વિ જેણે વેદનો અભ્યાસ કરેલો હોય તેવું.

૧૫ વિ દુનિયાદારીના જ્ઞાન વગરનું

વેદીઓ જુઓ વેદિયો

વેદીકાબ્રહ્મ [સં.] વિ. ઉભડક બેસીને કે બે હાથ ખોળામાં રાખી વદન કરનાર.

વેદીમુખ પું. આકાશમાં આવેલો એ નામનો એક તારો. તે પહેલા વર્ગનો તારો છે. તે આપણાથી ૫૮ પ્રકાશવર્ષ દૂર છે.

વેદુ [સં. વિદ્ (જાણવું)] વિ. જાણનાર; જાણકાર.

વેદૂર્ય ન પન્ના, નીલમ વગેરે અનીજ પદાર્થોનો વર્ગ, એક રસાયનિક યૌગિક તેમાં બેરિલિયમનું વિશેષ પ્રમાણ છે

વેદેશ્વર પું. એ નામના એક શંકર. તેનું મંદિર નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ વેદામગમસ્થિત સારસ્વત તીર્થમાં આવેલું છે. તેને સારસ્વત પણ કહે છે

વેદોક્ત [સં.] વિ. વેદોમાં કહેલું; વેદભાષિત; વેદમાં ફરમાવેલું; વેદવિહિત.

વેદોચ્ચારિણી [સં.] સ્ત્રી. વેદના ઉચ્ચાર કરનાર દેવી.

વેદોત્કટ ૧. પું. એ નામનો એક પર્વત.

૨. પું. એક જાતનો હીરો.

વેદોત્તર [સં.] વિ. વેદના સમય પછીનું.

વેદોદય ૧. [સં.] પું. વેદનું મૂળ

૨. પું સૂર્ય કેમકે, તે સામવેદનું મૂળ મનાય છે.

વેદ્ય ૧ [સં.] પું. જાણવું; જ્ઞાન.

એક સંત ને એક નૃપ, બે આદિ જે ભેદ,
અજ્ઞ ત્રિના ન કાંઈ તે, તે જ શુભાશુભ વેદ્ય.
અદમસિદ્ધિસાગર

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

ને સર્વને હું હૃદયે વિરાજું,
હુંથી સ્મૃતિ જ્ઞાન પ્રકાશ થાય;
સૌ વેદથી હું હું જ વેદ્ય, ને હું
વેદાંતકર્તા, હું જ વેદવેત્તા.
ગીતા

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
પિતા આ જગનો દુ:ખ મારા મારા પિતામહ;
વેદ પવિત્ર ૐકાર ઋક્, સામ અનુ વણી.
ગીતાનુવેદન

૪. વિ. જાણનાર.

૫. વિ. જાણવા જેવું; વેદિતવ્ય; જાણવા યોગ્ય; જાણી શકાય તેવું; જાણવાનું.

વેદુ ન. એ નામની એક વનસ્પતિ; વાંસ. તે વાડ બનાવવા માટે ઉગાડવામાં આવે છે. તે આજુબાજુ વીસ ફૂટ સુધીની જમીનમાંથી સત્ત્વ જેવી જમીનની ફળદ્રુપતા ચૂસી લે છે.

વેધ ૧. પું. અડચણ; બાધા; નડતર.

૨. પું. આકાશી પદાર્થનો ઊલતાંસ.

૩ પું. ઊંઠાણ

૪. પું. (ગણિત) કોઈ પણ ત્રિકોણના એક શિરોબિંદુમાંથી તેની સામેની બાજુ ઉપર દોરેલો લંબ; ઉન્મૂલ્ય; 'ઓર્થોડિનેટ ઑફ ગ્રેડ.' સમાંતર પ્રતિ ચતુષ્કોણમાં કોઈ એક બાજુના એક બિંદુ સાથે તેમાંથી સામેની બાજુ ઉપર દોરેલા લંબને પણ વેધ કહે છે.

૫. પું. બાર; દ્વેષ.

૬ પું. મહો વગેરે આકાશીય પદાર્થોની ગતિ, સમય વગેરેનું નિરીક્ષણ; ગ્રહાદિકની ગતિ અને તેમના ભ્રમણ વગેરેનું પ્રમાણ કે કાળ માપણી; વખતનું પરિમાણ.

૩ ત્રસરેણુ = ૧ ત્રુટિ
૧૦૦ ત્રુટિ = ૧ વેધ
૩ વેધ = ૧ લવ

૭. પું. છિદ્ર; કાપકૂપ; કાણું; વેદ.

૮ પું. જખમ

૯. પું. દોષ; ખાંખ; ઘર બાંધવામાં કોઈ દેકાણે કમેળ આવી જાય તે. જેમકે, ઘરના બારણા સામે ઓસરીની બાજલી હોય તો તે એક પ્રકારનો વેધ ગણાય.

૧૦. પું પરિધિનો નવમો ભાગ

૧૧. પું રાહુ

૧૨. પું. વીંધેલું તે; વીંધવું તે

૧૩. પું સુતાર કે કડિયાના કામમાં સમાંતરતાનો દોષ.

૧૪. પું. સતક

૧૫. પું સૂર્યગ્રહણ પૂર્વે ચાર પ્રહર અને ચંદ્રગ્રહણ પૂર્વે ત્રણ પ્રહરના સૂતકનો સમય.

૧૬. પું સૂર્યચંદ્રનું જેટલું ગ્રહણ થાય તે; ગ્રહાદિક બિંબનો ઢંકાયેલો ભાગ.

વેધક ૧ [સં] પું. કપૂરી વનસ્પતિ; અમ્લવેતસ.

૨. પું. કપૂર.

૩. ન બાણ.

૪. વિ. અસરકારક.

૫. વિ. નિશાન પાડનાર.

૬ વિ. વીંધાયેલું.

૭. વિ. વીંધી નાખે તેવું; મર્મવેધક; તીક્ષ્ણ

૮. વિ. વેધ કાઢનાર

વેધકાર ૧ [સં] વિ. આકાશી પદાર્થોનું નિરીક્ષણ કરનાર તથા તે સંબંધી ગણિત કરનાર

૨. વિ. વેધ લેનાર

વેધગૃહ [સં] ન. સૃષ્ટિજન્ય વસ્તુઓનું અવલોકન કરવાનું મકાન; વેધાલય

વેધણ ૧ ન વેધન; વીંધવું તે.

૨. વિ. વીંધનાર; દુ:ખ દેનાર

વેધન ૧. [સં] ન. પત્થર, લોઢું, મોતી વગેરેનો સંસ્કાર

૨ ન પાદકાપની એક ક્રિયા

૩. ન વીંધવાનું ઓજાર, ઓકવો, વીંધણ

૪ ન વેધ, છેદ, છિદ્ર; વેદ, કાણું

૫ વિ ભેદનાર, કાપનાર

વેધનકળા સ્ત્રી. કાણું પાડવાની કળા.

વેધનકુંડ [સ] પું. એ નામનો નરકકુંડ

વેધનાધાર સ્ત્રી. માદળિયું; માદીનો ભાર ઝીલતો આડો આરવટિયો.

વેધનિકા [સં.] સ્ત્રી વેદ અથવા કાણું પાડવાનું ઓજાર; 'પંચ'.

વેધની ૧. [સં.] સ્ત્રી. મેથી.

૨. સ્ત્રી. રત્ન, મોતી વગેરેને છેદ પાડવાનું ઓજાર; નાની સારડી; નાની ત્રિમલેટ.

૩ સ્ત્રી હાથીઓના કાન વીંધવાનું અણિ; અંકુશ.

વેધપદ્ધતિ [સં.] સ્ત્રી. આકાશી પદાર્થોની ગતિ વગેરે માપવાની રીત.

વેધપીઠ સ્ત્રી. એક હાથ લંબાઈ, એક હાથ પહોળાઈ અને ચાર આંગળ ઊંચાઈની કાચબાની પીઠની જેમ મધ્ય ભાગથી ઊપસેલ તથા જેના મધ્ય ભાગમાં શંકુ ખોદવામાં આવે છે તેવી પીઠ

વેધમુખ્ય પું. કચૂરો.

વેધમુખ્યક [સં.] પું. એક જાતની ઔષધિ; કચૂરો.

વેધમુખ્યા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

વેધયંત્ર [સં] ન આકાશી પદાર્થની ગતિ વગેરે જોવાનું યંત્ર.

વેધશો પું. કાનના ઉપલા ભેદમાં પહેરવાનું એક ઘરેણું

વેધસ્ચક પું. રિસામણું; મનદુ:ખ.

વેધવું ૧. [સ ધ્યધ્] સ ક્રિ. મનમાં ગાંઠી વાળવી.

૨. સ ક્રિ. વીંધવું, ભાકવું, છિદ્ર પાડવું; ઉંદરવું, કાણું કરવું અને પાડવું

વેધશક્તિ [સં] સ્ત્રી વેધ લેવાની તાકાત

વેધશાલા જુઓ વેધશાળા.

વેધશાળા [સં વેધ (સૂર્ય ચંદ્રના ગ્રહણનો કાળ) + શાળા (આકાશી પદાર્થ જોવાનું જગા)] સ્ત્રી ગ્રહાદિકની ગતિ અને તેમના ભ્રમણનો કાળ વગેરે નીરખવાનું સ્થાન; ગ્રહાવલોકન મંદિર, સૃષ્ટિજન્ય વસ્તુઓનું અવલોકન કરવાનું મકાન, તારા, ગ્રહ વગેરે જોવાની જગા, આકાશ અને તેમાંનું શિક્ષણ જોવાની નિશાળ, 'ઓબ્ઝર્વેટરિ'. દુનિયામાં સૌથી મોટામાં મોટું કુત્રિમ માઉન્ટ વિલ્સનની વેધશાળા યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા કેલિફોર્નિઆમાં છે તે દૂરબીનના કાચનો વ્યાસ ૧,૦૦૦ ઇંચનો છે બાકી મોટી વેધશાળા શિકાગોના યર્નિકસિરી તરફની કર્કીમાં છે. ત્રીજી મોટી વેધશાળા લીકની છે તે ઉપરાંત યુનાઇટેડ સ્ટેટ્સની યુનિવર્સિટિઓએ લોકોના જ્ઞાનમાં મોટા દૂરબીનવાળી વેધશાળાઓ ઠેર ઠેર ઠાઠી છે. તેમાં લોકોને મફત બતાવવા તથા સમજાવવા માટે મોટા અભ્યાસીઓને રાખ્યા છે. આવા કોઈ પ્રયત્ન આપણા દેશમાં થતા નથી. હજુ નિઝામ સરકારના રાજ્યમાં એક વેધશાળા ચાલે છે અને ત્યાં આકાશના અમુક ભાગના નકશા પણ તૈયાર કરવામાં આવ્યા છે. આપણા દેશના રાજા મહારાજાઓ જો આવા કોઈ કાર્યમાં પડે તો જ આ બાબતમાં આપણે કાર્યક્ષ બીજા દેશોની સાથે ઊભા રહી શકીએ. કારણ હવે તો દરેક સુધરેલા દેશમાં નવી ઢબની વેધશાળાઓ છે. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: ઉજ્જયનની દક્ષિણ તરફ નદી કાંઠે ગોમાટની પાસે એક વેધશાળા છે. તે સૂર્ય, ચંદ્ર, તારા, અને ગ્રહનાં આકાશમાંના નિર્ણીત સ્થળો જણાવે છે, તેમ જ વખત અને દિનમાન વગેરે જ્યોતિષ સંબંધી કેટલીક હકીકત પણ જણાવે છે. દીવાળી, અંશના ખૂણા, બરાબર લીંબિલ ગોળ દીવાલની ક્રમાનો તેમ જ ગોરાવત્ર વગેરેથી એ બધું જણાય છે. ઉજ્જયનના ઉત્તર અક્ષાંશ જેટલા ખૂણાને અંશ અથવા ધ્રુવની ઊંચાઈ જેટલે અંશે એ બધી રચના થયેલી હોય છે અને તે ગણતરી પ્રમાણે આકાશી પદાર્થોનાં સ્થાન વગેરે નક્કી થઈ શકે છે. જૂના વખતમાં જયસિંહ નામના આદરાજાના કોઈ સુબાએ પહેલી આ વેધશાળા બંધાવેલી હાલ રાજ્ય તરફથી ચાલુ રખાઈ છે. આ

વેધશાળા નાના રૂપમાં છે, પણ જોવા જેવી છે જૂના સમયથી ઉજ્જયિની જ્યોતિષની બાબતમાં પ્રસિદ્ધ છે જયપુરમાં જૂની પદ્ધતિથી ચાલતી વેધશાળા જોવા લાયક છે. અહીંના લોકો તેને જંતરમંતર કહે છે દિલ્હીમા પુરાતન ઇમ્પીરીઅલ વેધશાળા દિલ્હીના રસ્તાઓની વચ્ચે આવેલી છે વેધશાળામાં પૃથ્વી, ચદ્ર અને બીજા ગ્રહોની ગતિમાં થતા ફેરફારો અને તેના ઉપરથી ઘડી, પળ, નક્ષત્ર જાણવા માટે યંત્રો બનાવેલાં છે. એક યંત્રમાં દિવસના બાર વાગતાં સુધીના સૂર્યનાં કિરણો ઉપરથી વખતનું માપ કાઢી શકાય છે અને બીજા યંત્રમાં બાર વાગ્યા પછી સૂર્યાસ્ત સુધીમાં પડતાં કિરણોથી વખત જોઈ શકાય છે તેમાં સમમરુપિ ઉપરથી રાત્રિનો વખત જાણવા માટેનું યંત્ર છે સૂર્ય તથા ચંદ્રમણ્ડલ જાણવાના યંત્રને ક્રાંતિરાશિવલય કહે છે.

વેધા ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેને ભક્તિ છંદ પણ કહે છે. તેમાં તગણ, યગણ અને ગુરુ એમ સાત વર્ણ છે

વેધા રય તો ના ગે. ૪૯પિંગળ

૨. પું પંડિત

૩. [સં. વેધસ્] પું. બ્રહ્મદેવ; પ્રજાપતિ. બ્રહ્મા; વિધાતા. બ્રહ્મા, આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, સ્વયમ્ભૂ, ચતુરાનન, ધાતા, અબ્જયોનિ, દ્રુહિણ, વિરિંચિ, કમલાસન, સૃષ્ટા, પ્રજાપતિ, વિધાતા, વિશ્વસૃટ, વિધિ, નાભિજન્મા, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, રજોમૂર્તિ, સત્યક, હંસવાહન વગેરે બ્રહ્મા.નાં નામ અમરકોષમાં આપેલાં છે.

૪. પું. વિષ્ણુ.

૫. પું. સૂર્ય.

વેધાક્ષ [સં.] પું. ' એક્સિસ ઓફ ગ્રેઇ'.

વેધાપુત્રી [સ.] સ્ત્રી. બ્રહ્માની પુત્રી; સરસ્વતી

વેધાલય [સં.] ન. સૃષ્ટિજન્ય વસ્તુઓનુ અવલોકન કરવાનું મકાન; વેધગૃહ; વેધશાળા.

વેધાવવું ૧. સ. ક્રિ. છિદ્ર પડાવવું; કાણું પડાવવુ.

૨. સ ક્રિ. સામાના મનમાં ઊંડી અસર થાય તેમ કરવુ

વેધાવું ૧. અ. ક્રિ. છિદ્ર પડવું; કાણું પડવું

૨. અ. ક્રિ. મનમાં ઊંડી અસર થવી.

૩. અ. ક્રિ. વીંધાવું; ચિરાવું; દુભાવું

વેધિની [સં.] સ્ત્રી જળો

વેધી ૧. વિ નિશાન ઉપર જઈ વાગે એવું, વીંધી નાખે એવુ.

૨. વિ. વીંધાયેલું.

૩. વિ. વીંધે એવું; વીંધનારું; કાંકુ પાડવું.

૪. વિ. વેધવાળું; દોષવાળું

વેધુ ૧. વિ. દુશ્મન થઈ પાછળ લાગેલ.

૨. વિ. નિશાનબાજ

૩. વિ. વીંધનારુ; વેધનાર.

૪. વિ. હોશિયાર; પ્રવીણ.

વેધ્ય ૧. ન. છિદ્ર પાડવાની એક પ્રકારની શસ્ત્રક્રિયા.

૨. ન. લક્ષ્ય; ચિહ્ન

૩. ન. લક્ષ્ય.

વેન ૧. પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૨૩ મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. પું. (પુરાણ) અંગ પ્રજાપતિ મનુના પ્રપૌત્ર અને ઉલ્મુક રાજાના પાંચ અંગરાજાને સુનીથાની કુખે થયેલ એક પુત્ર; સુધારક રાજા; ઋષિ. તેણે ધર્મ નાશ કરીને વર્ણસંકરતા ફેલાવવાનો આરંભ કર્યો હતો માટીએ ઋષિઓ ત્યારે તેણે પૂજન તથા યજ્ઞની મનાઈ કરી હતી. ઋષિએ તેને ઘણુ સમજાવ્યુ, પણ જ્યારે તેણે તેઓનુ માન્યું નહિ ત્યારે તેઓએ પવિત્ર કુશની સળીઓ વડે તેને મારી નાખ્યો. હવે રાજા વગરનું રાજ્ય થયું, એટલે તેઓએ તે મૃત રાજાની જંઘા મસી એટલે તેમાંથી એક નિષાદ ઉત્પન્ન થયો પછી તેઓએ તેનો જમણો હાથ મસ્યો એટલે તેમાંથી પૃથુ રાજા ઉત્પન્ન થયા. આ પૃથુ મહારાજે કેવળ ધર્મની જ રક્ષા કરી નહિ પણ તેણે ધર્મને વિશેષ પરાક્રમી બનાવ્યો

૩. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૪ સ્ત્રી એક જાતની માછલી

૫ ન. ઓળ; પંક્તિ; હાર

૬ ન. નદીના પ્રવાહનો વધારે ઊંડાણવાળો ભાગ

૭. ન. પ્રસવની પહેલી અવસ્થામાં જન્મ માર્ગમાંથી પ્રવાહી વહેતુ તે.

૮. ન. રટણ; જાપ; ધૂન.

૯. ન. સંસાર; ભૂત; પરંપરા

૧૦. ન. વભો; વૈભવ.

૧૧. [સં. વહન] ન. વહન; વહેવું તે.

૧૨. ન. વાહન; યાન; વહેવું; જળદમાડી, ડમણિયુ

૧૩. ન. સનો.

૧૪. ન. હઠ; વાદ; જીદ; મમત.

વેન લેવું = આગ્રહ રાખી કજિયે ચડવું.

૧૫. વિ. ક્રાંતિવાળું.

વેનતિકા સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ

વેનબ્રેક [અં] સ્ત્રી. ગતિરોધક સગવાળો કમો

વેનભાર્ગવ ૧. પુ. ઋગ્વેદના નવમા મંડલના ૮૫ મા સૂક્તનો કર્તા એક ઋષિ

૨. પું. સામવેદનો એક ઋષિ.

વેનરપત્ર ન. સર્જક્રિયાનાં ૨૦ માહેનુ એક શસ્ત્ર.

વેની વિ પ્રેરી

વેનીલા ન. એક જાતની સુગંધી વનસ્પતિ. તેનો મસાલો સારો બને છે. એટેનિમાં તેને વેનીલા પ્લાનીફોલીઆ કહે છે. તે આરકેડી વર્ગનો છે તેનો વેલો થાય છે. પાતરાં દળદાર, ભાલાં, લબગોળ, અણી વગરનાં હોય છે લીલી શીંગોમાંથી કૃત્રિમ વર્ષ તેમાં મરમાળા જેવી લાળી શિંગો થાય છે. તેનો ભૂકો મીઠાઈના સુગંધી ખુશબો લાવવા વાપરવામાં આવે છે. દરિયાની સપાટીથી ૧,૫૦૦ ફૂટ ઊંચી જમીન હોય અને ભીનાશવાળી હવા હોય ત્યાં વેનીલાનું વાવેતર કરવામાં આવે છે. તેના વેલા ચડવા માટે વાસના માંડવા કરવા પડે છે અગર કોઈ પણ ઝાડ નીચે વવાય છે, તેથી ઘડને વળગી વેલા ચડે છે. વેનીલાના વેલા પાસે ઘડને કરતુ પાતરાનું ખાતર અગર બેજવાળી માટી વખતોવખત નાખવી પડે છે તેથી વેલાને ઠંડક રહે છે. એક એકર સારાં વેનીલાનાં વાવેતરની ઉપર ૨૦૦ રતલ તૈયાર કરેલી શિંગો થાય છે. આ ઠંડા પ્રદેશનો વેલો હોઈ ગરમ પ્રદેશમાં થતો નથી.

વેનીલું વિ. હળીકું; જીદી.

વેન્ટીલેટર [અં.] ન. વાયણારિયું; પવન આવવા માટે મકાનમાં રખાતી બારી.

વેન્ટીલેશન [અં.] ન. હવા બદલવાળું.

વેપ્ અ. ક્રિ. ધ્રૂજવું; કંપવું.

વેપથુ [સં.] પું. કંપ; ધ્રૂજ; થરથરાટ. તે એક પ્રકારનો સાત્ત્વિક ભાવ ગણાય છે.

વેપન ન. કંપ; સખત ધ્રુજારી

વેપમાન [સં.] વિ. કંપતું; ડોલતું.

વેપર [અં] સ્ત્રી. વરાળ; બાષ્પ.

વેપલો ૧. પું. ફાયદો ન આવે એવો વેપાર.

૨. પુ. વેપાર; ધધો તિરસ્કારમાં વપરાય છે.

વેપાર ૧. પું. જીવન વ્યવહાર ચલાવવો તે; સંસારની પ્રવૃત્તિમાં રહેવું કે વર્તવું તે; જીવન વ્યવહાર સબંધી વ્યવસાય.

૨ પુ. માલની આપલેનો વ્યવહાર; માલ વેચવા સાટવાનો ધધો; રોજગાર; ઉદ્યમ. વેપાર દેશના અદરોઅંદરનો તેમ જ દેશની બહારનો હોય છે

અંદરના વેપારને આંતરિક વેપાર અને બહારના વેપારને બાહ્ય વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે બે દેશ વચ્ચેના બાહ્ય વેપારને દ્વિદેશી વેપાર અને ઘણા દેશો સાથેના બાહ્ય વેપારને અનેક દેશી વેપાર કહે છે ગાંધીજી લખે છે કે: હિંદુસ્તાને વધારેમાં વધારે સ્વાવલંબી બનવું જોઈએ અને હિંદુસ્તાન તેમજ બીજા દેશો વચ્ચેનો વેપાર શોષણ પર નહિ પણ પરસ્પર મદદના સિદ્ધાંત પર હમેશા ચાલવો જોઈએ.

વેપાર કરવો-ચાલવો = (૧) ધંધામાં ફાવટ રહેવો. (૨) ધંધો શરૂ થવો

વેપારતુલા સ્ત્રી આયાત અને નિકાસનું પ્રમાણ

વેપારધંધો પું. વેપારનું કામકાજ; કામધંધો

વેપારનિશાન ન. વેપારીનો સંકેત; 'ટ્રેડ માર્ક'

વેપારપુરાંત સ્ત્રી. વેપારનું સરવૈયું; વેપારતુલા

વેપારયુગ પું. જેમાં વેપારનું પ્રાધાન્ય હોય તે યુગ.

વેપારરોજગાર જુઓ વેપારધંધો.

વેપારવણજ જુઓ વેપારધંધો.

વેપારવાદી વિ. સંરક્ષણ પદ્ધતિથી અને આયાત કરીને આયાત કરતાં નિકાસ વધારીને પરદેશથી ધન ખેંચી લાવીને દેશની સમૃદ્ધિ વધારવાના મતવાળું.

વેપારશાહી વિ વેપારની પદ્ધતિને લગતું; વેપારી જેવું.

વેપારશાહી સ્ત્રી વેપારને માટે જમાવેલું કે વપરાતી દ્રષ્ટિવાળું રાજ્ય કે હકૂમત.

વેપારી ૧. પું. વેપાર કરનાર માણસ; ધંધાદારી; દુકાનદાર.

૨. વિ. વ્યવહારવાળો; ઉદ્યમી; વ્યવસાયી.

વેપારીબંદર સ્ત્રી શરાફી બંદર; ટૂંકી મુદત માટે વેપારી અને ધંધાદારીઓને ધીરધાર કરનાર બંદર.

વેપારીમાર્ગ પું. વેપાર કરવા માટે અનુકૂળ માર્ગ.

વેપારીહુંડી સ્ત્રી. વેપાર અંગે કરવાની લેવડદેવડને અંગે આપવામા આવતી હુંડી. હુંડી આવતી કુલ રકમ અંગે હોય ત્યારે માલની વિગત દર્શાવતો આંકડો આપવામાં આવે છે તેને ભરતિયું કહે છે. માલ પરદેશ ચઢાવ્યો હોય તો વહાણમાં અમુક માલ ચઢાવ્યાની જે પહોંચ હોય તેને વહાણ રસીદ કહે છે.

વેફર [અં.] ન બટાટાની પતરી.

વેફરવું સ. ક્રિ. વીખેરી નાખવું.

વેભાર્ઈ ન. પૈસો; નાણું.

વેભાઈ જુઓ વેભાર્ઈ.

વેમચૂક ૧. સ્ત્રી. ધ્યાન ન હોવું તે.

૨. વિ. ધ્યાન વગરનું

૩. વિ શંકાશીલ

વેમાન ન. વિમાન; 'વહન'.

વેમાનછેડો પું. ગળામાં પહેરવાનું એક ઘરેણું.

વેમાનયજ્ઞ ન. (જૈન) વિમાન

વેમૂ વિ. વેદમૂર્તિનું ટૂંકું રૂપ. તે વિશેષણ વિદ્વાન બ્રાહ્મણને લગાડાય છે

વેયાવચ્ચ સ્ત્રી. (જૈન) તપના બાર ભેદોનો એ નામનો એક પ્રકાર; ગુરુ આદિની સેવાભક્તિ કરવી તે.

વેર્યાકરણ [પ્રા.] ન. વિવરણ; મૂળ તત્ત્વની વ્યાખ્યા.

વેર ૧. પું.;ન. ઝેર.

૨. પું ; ન. દેહ; શરીર.

૩. પું ; ન. રીંગણીનો છોડ.

૪. સ્ત્રી. ધારું ચાલવા, દોડવા કે કૂદવાથી અથવા પગના કોઈ પણ ભાગમાં ચૂમડું કે ઈજા થવાથી સાજાના મૂળમાં બંધાતી ગાંઠ. વગ

૫. સ્ત્રી. વેળા; સમય.

૬. ન આંગળીઓના અંદરના ભાગના ચીટા.

૭ ન. કરવતનો દાંત.

૮. ન. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

૯. ન. ખાર; ઝેર; દ્વેષ.

વેર વસાવવું = ઝેર પેદા કરવું.

૧૦. ન (જૈન) જ્ઞાનાવરણીયાદિ કર્મ

૧૧ ન નડ, કષ્ટ.

૧૨. [સં. વૈર] ન. દુશ્મનાર્ધ; શત્રુવટ; અદાવત.

૧. વેર કરવું તો કરવું નહિ = આંકડિયામાં માર્યું ને બબકારાથી બીવું એ શોભા નહિ.

૨. વેર કરીને ઊંઘવું નહિ = કોઈની સામે દુશ્મનાવટ કે વેર બાંધ્યા પછી સાવચેત રહેવાની બહુ જરૂર છે

૩ વેર રાખવું = દુશ્મનાવટ સેવવી; ઠોનો રાખવો

૪. વેર લેવું-વાળવું = અદાવતનો બદલો લેવો

૧૩. [અં.] ન. માલ; વેચવાનો સામાન.

૧૪. ન. લાકડું વહેરતાં કે કોતરતાં થયેલો બુકો; વહેર

૧૫. અ. સુધી; લગી; પર્યંત.

વેરખ ન બારસાખ ઉપર વપરાતું પથ્થરનું આપણું

વેરખેર વિ. અસ્તવ્યસ્ત.

વેરઝેર ન. દ્વેષભાવ; ખાર.

વેરણ ૧. સ્ત્રી. વહેરવું તે; વહેરવાની રીત

૨. [સં વૈરિણી] સ્ત્રી. વેરી; શત્રુ, દુશ્મન.

૩. વિ. વેરાયેલું; વીખરાઈ ગયેલું.

૪. વિ સ્ત્રી. બારીલી, દ્વેષ કરનારી; વેરી કે વરભાવ રાખનારી

વેરણછેરણ વિ વેરાયેલું; આમતેમ વેરાઈ ગયેલું; અસ્તવ્યસ્ત; વેરવિખેર; વીંખીચૂંથી નાખ્યું હોય તેવું

વેરછેરણ જુઓ વેરણછેરણ

વેરણિયો પું. વહેરવાનું કામ કરનાર માણસ.

વેરણી ૧. સ્ત્રી. એક જાતની સોરીની સાથે પોલી બંગળી બાંધી તેમાંથી સોંસરવો દોરો કાઢી બનાવવામાં આવતો તાણો

૨. સ્ત્રી વેરવું કરવાની કે પાથરવાની રીત.

૩. સ્ત્રી. સર્પની ઊડતી એક જીવી જાત.

વેરણ ન. લાકડા વહેરવાનું કામ

વેરભાવ પું. વેર લેવાની બુદ્ધિ, ખાર; દુશ્મનાવટ; દ્વેષ; શત્રુવટ.

ન વેરભાવને પોષો ક્ષમાભાવ જ સિંચને,
જે વિસ્તાર અંધારું પ્રેમ પ્રકાશમાં ફરી.

ગાંધીગીતા

વેરમ પું. આવાસ; સ્થાન.

વેરમખેરમ વિ. વીંખાયેલ; છિન્નભિન્ન

વેરમણી સ્ત્રી. લાગ.

વેરવાઈ સ્ત્રી. વેરણ; દુશ્મન; દુઃખ દેનારી; નડનારી; પીડાકારી.

વેરવાળું ૧. વિ. વેર જેવું તેવું; ઝેર આવે તેવું.

૨. વિ. વેરી; દુશ્મન

ઓરમાયું ને વેરવાયું = ઓરમાન છોકરાં ઉપર ઝેર આવે.

વેરવિખેર સ્ત્રી વેરણછેરણ; અસ્તવ્યસ્ત હાલત; છૂટુંછવાયું થઈ ગયેલ; વેરાયેલું.

વેરવિખેર કરવું = વિખેરી નાખવું

વેરવિરોધ પું. શત્રુવટ અને વિરુદ્ધતા; અણબનાવ અને શત્રુભાવ.

વેરવી ૧. પું. દુશ્મન; શત્રુ; વેરી.

૨. વિ. દુશ્મનાર્ધ રાખનાર; ઝેરીલું; દ્વેષી

વેરવું ૧. સ. ક્રિ. આમતેમ પડી જાય એમ કરવું; છૂટું છૂટું પડે તેમ કરવું; વિખેરી નાખવું; છૂટું છૂટું કે વીખરાતું પડે એમ કરવું.

૨. સ ક્રિ. ઉઘાડી દેવું; જુદે જુદે ઠેકાણે નાખવું.

૩. સ ક્રિ ખૂબ ખર્ચવું.

૪. સ. ક્રિ. છૂટે હાથે વહેંચવું
૫. સ ક્રિ. પાયરવું.

વેરવેર અ. વારંવાર.

વેરસી પું (જૂ. ગુ.) વારસ.

વેરહાઉસ [અં] ન. વેચવાના સામાનની વખાર; ગોદામ.

વેરાગ [સં. વૈરાગ્ય] પું. સંસાર ઉપરથી પ્રીતિ ઊતારી નાખવી તે; ગૃહસ્થાશ્રમથી અલગ થઈ જવું તે, માયા મમતાનો ત્યાગ કરવો તે; વિરાગ; વૈર.ગ.

વેરાગડો (વેરાગડો) પું. વૈરાગી; સાગી; સાધુ તિરસ્કારમાં વપરાય છે.

વેરાગણ સ્ત્રી. સાગી સ્ત્રી; વૈરાગી સ્ત્રી; બાવી; સાધુડી.

વેરાગી ૧ પું. સાગી; બાવો, સાધુ.
૨. વિ. વૈરાગવાળો.

વેરાટી પું. (સંગીત) એ નામનો એક રાગ આ રાગનો સમાવેશ સંપૂર્ણ પ્રકારના રાગમાં થાય છે. તેની ઉત્પત્તિ મારવા થાટથી થઈ છે તેમાં રિષભ કોમલ, મ તીવ્ર, બાકી સર્વે શુદ્ધ સ્વર છે. વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર પૈવત છે. આ રાગ ગ.વ.નો સમય સાયંકાલે પછી ૧૧ સુધીનો છે

કોમલ રિષભ તીવ્ર મધ્યમ સબ સુર શુદ્ધજાની
ગાધાર વાદી મ સંવાદી ધૈવત વેરાટી જાણજાની. દોહરો

વેરાડી (વેરાડી) ૧. પું. એક પ્રકારનો રાગ. આ રાગ ગુજરાતી કવિઓમાં સારી રીતે જાણીતો છે. આખ્યાનો અને કથા વર્ણનોમાં તે સુપ્રસિદ્ધ છે. સાયંકાળે અને પછી પણ તે ગવાય છે.
૨. સ્ત્રી. કપાસની એક જાત. તે માનદેશમાં વવાય છે. તાતણો ટૂંકો અને ભરભચડો, પરંતુ રૂની સફેદી વખારે હોય છે. આ છોડને ઝાઝી ખેડની જરૂર નથી

વેરાન ૧. ન. વેરાન; જંગલ.
૨. વિ. ઉજ્જડ; નિર્જન, જંગલ જેવું; રાન.

વેરાતિયું વિ. વેરો લેવાનો હોય તેવું. ગામ માટે વપરાય છે

વેરાતી જુઓ વેરાતિયું.

વેરાન ૧. [ફા] ન. જંગલ; રાન
૨. વિ. ઉજ્જડ; નિર્જન; વસતિ વગરનું

જ્યારે વરો પર્યું વિકાસગામ,
વેરાન ને ઉજ્જડ ગામડાંના;
આત્મા અને બુદ્ધિ પ્રફુલ્લશે ત્યા.
સિલ્પી, કવિ સોધક ત્યાં હશે સૌ.

સામીગીતા

વેરાની ૧. [ફા.] સ્ત્રી. ઉજ્જડ પ્રદેશ
૨. સ્ત્રી. પાયમાલી.

વેરાવ પું. વખત; સમય

આવી હરણી ચરે પાસ, ધરે હર્ષ આજે વેરાવ. નાકર

વેરાવવું ૧ સ ક્રિ. ઉઘરાવી લેવું; વાપરી નાખવું, ફોગટ ફેંકી દેવું
૨. સ ક્રિ. ઢોળાવવું
૩. સ ક્રિ. પથરાવવું

વેરાવું ૧. અ.ક્રિ. ઉ: ી જવું
૨. અ ક્રિ. ઢોળાવું.
૩. અ. ક્રિ. પથરાવું
૪. અ. ક્રિ. વીખરાવું; વીખરાઈ જવું; છૂટું પડી જવું

વેરાઈ જવું = છૂટા પડી જવું

૫ અ ક્રિ. ચલાવું.

વેરી ૧. પું. દુશ્મન; શત્રુ.

પ્રભુ પામરા તો વેરી આખણા = ભાગ્યશાળીને જગતમા મગજ

૨ વિ. ઝેરીલું; ઝેખીલું; વેર રાખનારું.

વેરીફાયર ટેલિવિઝન [અં.] ન. ઝીણામા ઝીણી શસ્ત્રક્રિયાનું દર્શન કરાવતું તબીબી દુનિયાનું નવીન યંત્ર. માનવશરીર ઉપરની ઝીણામાં ઝીણી શસ્ત્રક્રિયા આ યંત્ર દ્વારા કરી શકાય છે. આનો વરપમાંનો પહેલવહેલો પ્રયોગ માદ્રિડ ખાતે સને ૧૯૫૨ના મેની ૨૦ ને ૨૪ વચ્ચે થયો હતો. એ પ્રસંગે દુનિયાભરના ૨,૫૦૦ જેટલા શસ્ત્રવૈદ્યો જેમા આવ્યા હતા. એ દિવસો દરમિયાન એમની સભાઓ વચ્ચે શસ્ત્રક્રિયાઓ, લોહી વગેરેની ચિકિત્સા અને એવી બીજી ક્રિયાઓને આ સ્ક્રીન ટેલિવિઝન દ્વારા બતાવવામાં આવી હતી અને એથી શસ્ત્રવૈદ્યો શસ્ત્રક્રિયાની નવીનવી શોધોનું બારીક નિરીક્ષણ કરી શક્યા હતા. આ વેરીફાયર ટેલિવિઝન દ્વારા શરીરની નસો, નિરાઓ, માંસ વગેરે એમના મૂળ રંગમાં જોઈ શકાય છે આ યંત્રરચના અમેરિકની રેમિંગ્ટન રેન્ડ કંપનીએ કરી છે. શસ્ત્રક્રિયા થતી હોય તે વખતે જ એને છબીમાં નકી લેતો એક ખાસ કેમેરા વપરાય છે. સામાન્ય ટેલિવિઝન કેમેરા કરતાં એનું કદ પાચમા ભાગ જેટલું છે. માદ્રિડનો પ્રયોગ ન્યુયોર્કની મશહૂર કાર્ડિઅર કંપની તરફથી યોજવામા આવ્યો હતો. આ કંપનીના વૈજ્ઞાનિકોએ જ એપ સામેની નવી અક્સીજન દ્વારા ટેરામાઇસીન શોધી કાઢી છે ટેલિવિઝન તબીબી ને વૈજ્ઞાનિક શિક્ષણમાં એક ખૂબ જ મહત્ત્વનું નવું સાધન ઉમેરાવ છે.

વેરીઝો (વેરીઝો) પું દુશ્મન; શત્રુ

વેરુલ ૧. ન. એક નાનું ઝાડ. ભેજવાળા ભાગમાં તે ઊગે છે
૨. [સં.] ન કુળિક ગોત્રનું એ નામનું એક પ્રવર

વેરે ૧. અ અંતરે; છેટે, દૂર
૨. અ પેઠે
૩. અ સા.વે; સમા.વે, જેવું.

વેરો ૧. પું. જમીન ખેડનાર પાસેથી જમીન, માતી કે ક્રોસના પ્રમાણ ઉપર કે ઉપજની ટ.ટીના પ્રમાણ ઉપર લેવામા આવતી રોકડ રકમ. રોકડ કર માતી અથવા ધીમા ઉપર લેવાય છે. તેથી તેને માતી વેરો કે વિધોટી કહે છે. માતી વેરો જે દાણાના ભાગ યાને વળે ઉપરાંત લેવાય છે તે માંતી દીઠ પાંચથી પાંત્રીસ રૂપિયા સુધી જમીનના પ્રમા.ણમાં હોય છે
૨ પું. માલની આવજા ઉપરનો કર; સરકારી ખર્ચ માટે વ્યક્તિ કે સમુદા.ય પાસેથી ફરજિયાત લેવામાં આવતો હિસ્સો. તેને જકાત પણ કહેવામાં આવે છે. જે જકાત દેશની બહાર જતા માલ ઉપર નાખવામાં આવે તેને નિકાસ વેરો, દેશની અંદર આવતા માલ ઉપર નાખવા.માં આવે તેને આયાત વેરો, દેશની અંદર પેદા થતા માલ ઉપર નાખવા.માં આવે તેને અંતર્જકાત કે આબકારી વેરો, શહેર કે ગામની હદની અંદર આવતા માલ ઉપર ના.ખવામાં આવે તેને દાસલ કે નાકા વેરો અને દેશના એક ભાગમાથી બીજા ભાગમાં જતા આવતા માલ ઉપર નાખવામાં આ.વે તેને દાણ કહે છે. વાહન વગેરે ઉપર ગામની કે શહેરની હદ ઓળગતાં કે કોઈ પુલ કે રસ્તો ઓળગતાં જે કર નાખવા.મા આવે તેને ટોલ કે નાકાવેરો કહે છે જકાતવેરો માલની કીમતના પ્રમાણમાં નાખવામા આવે તેને કીમતવાર વેરો અને તેના કદ અથવા વજનના પ્રમાણમાં નાખવામાં આવે તેને પરિમાણ વેરો કહી શકાય. ગમે તે પ્રકારે દેશની આયાતનિકાસ ઉપર જે કરનો દર નકી કર્યો હોય, તેની જુદા જુદા માલવાર તૈયાર કરેલી પત્રી જકાતપત્રક કહે શકાય

૧ વેરો આવવો-પડવો = કર આવવો
૨ વેરો નાખવો-લેવો = કર લેવો
૩ વેરો ભરવો. = કર ભરવો

વેરોઆંતરો પું અંતર; કરક; તફાવત.

વેરોચંબો જુઓ વેરોઆંતરો

વેલ ૧. સ્ત્રી. આંખનો એ નામનો એક રોગ. ૩૦ વર્ષની ઉમર પછી ઘણુ કરી આ દરદ થાય છે. આખનુ રમપટલ એક પ્રકારના પ્રવાહી માંથી

જાડું થર્ડ રનાયુની માફક વચ્ચે છે અને કાળા ડોળા ઉપર જાય છે તેને વેલ કહે છે. વેલ પાતળી, નાની અથવા જાડી લોચા જેવી હોય છે. તે ધીમે ધીમે કૃષ્ણમંડળ ઉપર કે કીકી ઉપર આવી જાય છે. કીકી ઉપર આવે તો દેખાતું બંધ થાય છે.

૨. સ્ત્રી એકની દીકરી બીજાને ત્યાં, બીજાની ત્રીજાને ત્યાં, ત્રીજાની પહેલાને ત્યાં એમ આપવા લેવાનો સંબંધ; ગોપ્ય.

૩. સ્ત્રી. કુસ્તીનો દાવ.

૪ સ્ત્રી કૂતરાં માટે એક ગામથી બીજે ગામ અન્યો અન્ન લાડવા, રોટલા મોકલે છે તે

૫. સ્ત્રી. ગાડાના, પૈડા ઉપર જે લોઢાની પટ્ટી ચઢાવેલ હોય તે

૬. સ્ત્રી. ગીત.

૭ સ્ત્રી છૂટાછેડા કરતી વખતે સ્ત્રીના માવતર તરફથી પુરુષને આપવામાં આવતી અમુક રકમ.

૮. સ્ત્રી. નાનો રથ; ગાડીનો ગાડી; રથ; વહેલ.

૯. સ્ત્રી પગરીનો ઘોષ; ઊભાળો.

૧૦. સ્ત્રી. જેસને થતું એક દર્દ. આમાં જેસને અળેથી ફૂંદી સુધી ગાંઠો નીકળે છે.

૧૧ સ્ત્રી રહિમાની બંને બેસણીને જોડનાર લાકડું સાકડું

૧૨. [સં. વલ્લિ; પ્રા. વલ્લી] સ્ત્રી. વેલી; લતા; નાનો વેલો; લાંબી પથરાતી કે ઊંચે ચડતી ઝીણી વનસ્પતિ.

૧૩. સ્ત્રી. વેલી જેવી ફૂલપાનની જાત; વેલના આકારનું ચિત્રકામ; કોતરીને કરેલો વેલનો આકાર.

વેલક્રમ [સં] અ. ભલે પધાર્યા; આવકારસૂચક અંગ્રેજી શબ્દ.

વેલખાખર સ્ત્રી. એ નામની એક વેલ. તે મોટી ઘટાદાર વેલ છે. માણસના પગ જેવું તેનું થડ જાડું હોય છે. મોટાં ઝાડીઓ તેને પાન આવે છે. ૧૮ થી ૨૦ ઇંચ લાંબા તેનાં પાન હોય છે. નારંગી રંગનાં તેને ફૂલ આવે છે. મધ્ય અને દક્ષિણ હિંદમાં તે ઊગે છે. તેના મૂળના રેસામાંથી વિવિધ વસ્તુઓ બનાવાય છે. તેનાં પાન ચારા તરીકે ઉપયોગી છે. તેમાંથી ગુંદર નીકળે છે. તેના મૂળ, છાલ અને ફૂલ સર્પદંશ ઉપર ઉપયોગી છે. વીંછીના ડંખ ઉપર ફૂલ વપરાય છે

વેલડી (વેલડો) ૧. સ્ત્રી એક જોડ.

૨ સ્ત્રી. નાનું ગાડું; ગાડો; નાનો રથ, વેલ

૩. સ્ત્રી. વેલ; લતા

૪ સ્ત્રી ક્ષાર; સંગાર

વેલડું (વેલડું) ન. નાનો રથ, વેલડી, વેલ.

વેલણ ૧. ન. માલ વગરની વસ્તુ. અરાબ અર્થે વપરાય છે. જેમકે, શું મગાવ્યું છે? વેલણ? ૨. ન. રોટલી વગેરે વણવાનો દંડીકો

વેલણની સ્ત્રી. પાપડ. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં વપરાય છે

વેલણિયું ૧. ન. નાનું વેલણ

૨. વિ. વેલણ જેવું.

વેલગુંથી સ્ત્રી. ભરતકામ કે ચિત્રકામમાં વેલ વગરેની નકશી.

વેલગુંથો જુઓ વેલગુંથી

વેલઆંગરો પું. એક જાતનું વૃક્ષ; વેલતલાંતક.

વેલરમણી સ્ત્રી એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ તથા પાન કડવાં હોય છે. મલબારમાં તેનો ક્વાથ પૌષ્ટિક, પાચક અને ઊલટી બંધ કરનાર તરીકે વપરાય છે

વેલય સ્ત્રી. એક પ્રકારની હલકી પ્રજા

ક્ષત્રિય સ્ત્રી શૂદ્ર પુરુષ થકી વૈદેહ અથવા પુલકસ નામવાળી પ્રજાને ઉત્પન્ન કરે ; તે થકી **વેલય** પ્રજા ઉત્પન્ન થાય છે. સૂતસંહિતા

વેલવિસ્તાર પુ. વન, બોડાર

વેલંતર ન એ નામનું એક ઝાડ. આ ઝાડ નાનું હોય છે. હિંદના પશ્ચિમના પહાડોની તળેટીમાં તે થાય છે. તેને કાંટા હોય છે. ફૂલો અતિ સુંદર, આસમાની તથા પચરંગી હોય છે; છાલ તીખી ઉષ્ણ, અગ્નિવર્ધક, દીપન, પક્વ, કડવી અને ગ્રાહી છે વાતરોગ, મૂત્રકૃચ્છ, પથરી, સર્પવિષ મંત્રાઘાત તથા યોનિરોગો માટે ઉપયોગી છે અતિસારમાં તેનાં પાન વાટી ખાંડ સાથે પીવાથી ફાયદો થાય છે. તેના લાકડામાંથી દાંતણકાડીઓ તથા તજના બોક્સ થાય છે તેમાંથી ગુંદર પણ મળે છે

વેલંતરો ૧ પું. એક જાતનું કડવું લાકડું. ઘરી, ખારેકનાં બખોલિયાર વગેરેમાં મસાલાની જગ્યાએ તેનું લાકડું વપરાય છે.

૨. જુઓ વેલતર.

વેલંધર પુ. એ નામનો એક પર્વત.

વેલા ૧ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૮૮ લઘુ અને ૨૦ ગુરુ મળી ૧૦૮ વર્ણની ૧૨૮ માત્રા હોય છે

૨. [સં] સ્ત્રી અતિક્રાંત મરજાદ

૩. સ્ત્રી આપદા; વિપત્તિ; દુઃખ આપત્તિ

૪ સ્ત્રી ભરતીઓટ, ચઢતીપડતી સમુદ્રજળની વૃદ્ધિ કે ક્ષય

૫. સ્ત્રી. વખત; વેળા; સમય.

૬. સ્ત્રી. વાસ્તી.

૭. સ્ત્રી. સમુદ્રકિનારો; દરિયાનો કાંઠો

૮. સ્ત્રી હદ; સીમા; મર્યાદા

વેલાઉલિ સ્ત્રી (જૂ રૂ) વલાવલી; પંચમ રાગ સાથે સંબંધ રાખતી એક રાગિણી.

વેલાઉલિ ષડજાદિ સાતે, તેવતુ સ્વામી પંચમ કહે. ભાવભટ્ટસમય

વેલાજ્વર પું વખતસર આવનારો તાવ; ટાઢિયો તાવ

વેલાતુલ પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, જગણ, સગણ, જગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

વેલાભૂમિ [સં] સ્ત્રી. દરિયાને જુદો પાડતી નજીકની ભૂમિ

વેલાવાલિ સ્ત્રી. સમુદ્રની રેતાળ પટ્ટ

વેલાવલી ૧ સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે પ્રાતઃકાળમાં ગવાય છે.

૨. જુઓ વેલાવલિ

વેલાસર અ. વખતસર.

વેલાસંગમ [સં.] પું. નદીના પ્રવાહ અને સમુદ્રની ભરતીનો સંગમ.

વેલાસ્થલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વેલાસ્થલ. તે શક્કરી છંદનો એક ભેદ છે

વેલાંટી ૧. સ્ત્રી. વેલા જેવી આંટીઘૂંટી; અક્ષરોમાં ભેળસેળ થવાથી વાંચવામાં થતી મુશ્કેલી.

૨. સ્ત્રી. હ્રસ્વ ઇ કે દીર્ઘ ઈ નાં ચિહ્નો (િ ી) કે તેના આકાર જેવું.

વેલાતર જુઓ વેલાસ્થલ

વેલિ [સં. વલ્લી] પું. વલ્લવેલો.

વેલિયું ૧. ન. અર્ધો રૂપિયો.

૨. ન. સોના કે રૂપાના તારની કાનમાં પહેરવાની કડી

૩. વિ. જેની વેલ થાય તેવું.

૪. વિ. ઢગ વગરનું; વેવલું

વેલિયો જુઓ વેલો.

વેલી ૧ સ્ત્રી. દરિયાની ભરતી.

૨ સ્ત્રી. વેલ; નાનો વેલો; લતા.

સ્થાપનં પ્રતોલિકા અને નિધિકા હોય, આ વેલી સમ ગાતાં જન ભણે તહિં હોય. ચિત્રભાષ્યપ્રકોષ

વેલુ સ્ત્રી રેતી, વેળુ.

વેલો ૧. પું. મોટી વેલ; જેની શાખાઓ જમીન ઉપર પથરાય અગર ઝાડને વળગી ઊંચે ચડે એવી વનસ્પતિ.

૨ પુ વંશપરંપરા
વેલો આલવો-વધવો = વંશવૃદ્ધિ થવી

વેલોવિસ્તાર પુ. વંશવૃદ્ધિ.

વેલ્યુ ૧ [અં] સ્ત્રી ઉપયોગીપણું, ગુણત્વ.
૨. સ્ત્રી મૂલ્ય. આ અર્થશાસ્ત્રનો ઉપયોગી શબ્દ છે તે શબ્દનો અર્થ તદ્દન કીમત જેવો નથી અર્થશાસ્ત્ર માત્ર દ્રવ્ય કે પૈસામાં તેની કીમત અટકળે છે. અર્થશાસ્ત્રીઓ આ શબ્દનો બહોળો ઉપયોગ કરે છે અને બદલાની કીમતના જેવો અર્થ કરે છે.

વેલ્યુએશન [અં.] ન. આંકણી; આકારણી; મૂલ્યાંકન; મૂલ્ય

વેલ્યુપેએબલ [અં.] વિ. કીમત વસૂલ કરી શકાય તેવું; કીમત લઈને કંઈ વસ્તુ પોસ્ટ ખાતાના માણસ આપે તેવું: 'વી.પી.'.

વેલ્લજ [સં] પું. તીખાં; મરી.

વેલ્લિકા સ્ત્રી. વેલો

વેલ્લિતવેલ્લ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સરકૃતિ છંદનો એક ભેદ છે તેમાં ત્રણ ભગણ, ભગણ, સગણ, બે નગણ અને સગણ એમ ૨૪ વર્ણ હોય છે

વેલ્લો પું. એકાના કાનનું એક ઘરેણું.

વેવ સ્ત્રી. વ.ગનવેલ; એક જાતની વેલ; પાતાળ ગારુડી. તેનાં પાન ચવાને કાઢેલો રસ થોડી જ વારે દૂધની માફક જામી જાય છે.
વેવનું દહીં બળતા સોજા ઉપર લગાડાય છે.
વેવનું દહીં = વેવની વેલનો પાણીમાં ચોળીને કાઢેલો અડધાં જેવો રસ.

વેવડી (વેવડી) ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પાતાળ ગારુડી; જળજમની. તે ચોમાસામાં ઝીણી નીકળે છે અને વાડની ઓથ મળતાં પુષ્કળ ફેલાય છે. પાણીને જમાવી દેવાનો એના રસમાં ગુણ છે. તેનાં પાન અસમાન અને નાનાં મોટાં, કદીક બાવીના પાનના આકારનાં, તો કદીક નાગરવેલનાં પાન જેવા હોય છે આ વેલનું મૂળ મધુ ઊંડું હોવાથી તેને પાતાળ ગારુડી પણ કહે છે. જળજમનીનાં પાનથી જમાવેલા પાણીના ચોસલાં આંખો દુખતી હોય ત્યારે આંખે બાંધવામાં વપરાય છે અને જ્યાં જ્યા બળતરા થતી હોય ત્યા બાંધવાથી ઠંડક પ્રેમ થાય છે. જરૂર સાકર નાખી જમાવેલું પાણી પ્રમેહ અને ગરમીના રોગમાં પીવા અપાય છે સ્વર્ગસ્થ વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી કહે છે કે, કચ્છ–ભુજમાં એક સંન્યાસી ઘણા કાળ સુધી કડવા લીમડાનો રસ અને આ વેવડીનો રસ પીને જીવતા રહ્યા હતા. તેનાં મૂળનો કાઢો તાવ, સંધિવા અને મંત્રાલયમાં ઉપયોગી છે તથા લોહીબગાડ, ખરજવું અને વિસ્ફોટક મટાડે છે. તેનાં મૂળ સારસાપરેલાની ગરજ સારે છે.
૨ સ્ત્રી. મસ્કરી; ઠેકડી

વેવલાઈ સ્ત્રી. વેવલાપણું.

વેવલાપણું ન ઠંગધડા વગરની સ્થિતિ; ચેદિયાપણું; વેવલું હોવું તે.

વેવલાવેડા (વેવલાવેડા) પું. ન વ. વેવલું હોવું તે. આખીએ લખે છે કે, હું બહાર જવાને પાછો ફરું છું ત્યારે મારા પગને સ્પર્શ કરવાને બેઠો, અસત્ય પસારો થાય છે. તમે ટોળે વળીને અને ઝૂલણાવી નાખો છો. તમારા પ્રેમની મને કદર નથી એવું ન સમજશો. પરંતુ તમારો એ પ્રેમ વધારે પડતો ઉભરાઈ જાય અને વેવલાવેડામાં પરિણમે તેને બદલે અનેક પ્રસંગોએ અને મારા અનેક લખાણોમાં દર્શાવી છે તેવી દેશની ઠોસ રચનાત્મક સેવાનું, સ્વરૂપ લે એમ હું ઇચ્છું છું.

વેવલાં ૧. ન વ ન. ઢાંઢાં; વલખાં.
વેવલાં વીંઝવાં = (૧) તુચ્છ વસ્તુની કામના કરવી. (૨) મિથ્યા પ્રયત્ન કરવો; ઢાંઢાં મારવાં.
૨. ન વ. ન. વેતરનાં ડાંખળાં પાંદડાં; તરણાં.

વેવલું ૧ વિ અક્કલહીન; અચતુર
૨. વિ. ખોટી ખુશામત કરનાર
૩. વિ. ઠંગધડાનું; દાખારેનું; ગાલાંવેલું
૪. વિ. બોલવે ચાલવે તેમ જ પહેરવે ઓઢવે સાદું એટલે ટાપટીપ વગરનું; સાળકબોયું.
૫ વિ ક્ષયરોગ; વાત બોલી નાખે એવું; બટકબોલું; વાતોડું; વાતોનાં ચંચળાં કર્યા કરનાર; કામમાં માલ વગરનું; વાચાળ અને નાદાન; આત્મવિશ્વાસ વગરનું; આપાચીપિયું; ચેદિયું
૬ વિ. લાગણીબાંદું; રોતલ; ગાંગું; રાંક; નમાલું.
૭. વિ. વલવલનું; વિહ્વળ
૮. વિ સમજ વગરનું; જ્ઞાન વગરનું; ડ્રાલું; મૂર્ખ.
૯. વિ હૃદયદુર્બલ; ઢંમાકૂળળ.

વેવાઈ ૧. પુ. છોકરાંના વિવાહથી થયેલ સંબંધી
૨. [સં વૈવાહિક; પ્રા વેવાહિઅ] પું વરકન્યાના બાપ એકબીજાને સામસામે બોલાવે તે સગાઈ; દીકરી અગર દીકરાનો માંડવો

વેવાઈવળોટ ન વેવાઈ પક્ષનું સગપણ સંબંધી.

વેવાઈવળોઠ જુઓ વેવાઈવળોટ

વેવાઈ વેલા પું. વેવાઈ વગેરે સંબંધી; વરવધૂ તરફનાં સગાં સંબંધી

વેવાણ સ્ત્રી. વરકન્યાની માતાઓ એક બીજાને સામસામે બોલાવે તે; વેવાઈની સ્ત્રી
વેવાણ મનાવવી = વર પરણવા જાય ત્યારે પોંખતી વખતે કન્યાની મા વરનું નાક પકડે એટલે વરની મા રિસાઈ ગઈ હોય તેને પાછી બોલાવી લાવવી.

વેવારું વિ. વિવાહ પ્રસંગનાં કાર્યોમાં હોંસથી ભાગ લેતું; લગ્ન કાર્યોમાં ઉત્સાહ ઝળકનારું; વિવાહના કામમાં આનંદથી મચેલું.

વેવાર ૧. પું. આપવા લેવાનો, બોલવા ચાલવાનો એટલે કે વ્યવહારનો બીજા સ.થેનો સંબંધ; વહેવાર; વ્યવહાર
પારકે પુત્રે સપુતરા, પરમનથી સાહુકાર,
લાજરારમ નેમે મારાં, તેનો શું વેવાર.
ભીંસાહિત્ય
૨ પુ. નાતો; હાલ
૩ પું. રાજકુટુંબમાં મરણ થાય ત્યારે દરેક ખેડુ પ.સેથી લેવામાં આવતી રકમ
૪ પું. ચોક, નાત વગેરેએ અપાવેલો નૈતિક આચાર; વર્તન; ચાલ.
૫. પુ. સાખ; આબરૂ.

વેવારિયું ૧ વિ. વહેવારિયું; વ્યવહાર સંબંધી.
૨. વિ. સાધારણ; સામાન્ય.

વેવારિયો ૧. પું. નૈતિક વહેવારે ચાલનારો માણસ; પૈસા ટકાની બાબતમાં પ્રમાણિકપણે વર્તનારો માણસ.
૨. પું સાખવાળો આદમી; સાહુકાર; શાહ; વહેવારિયો
મંતો હમે રે વેવારિયા, જી રામનામના;
વેપારી આવે છે જમા ગામગામના.
નરસિંહ

વેવાહી [સં. વૈવાહિક; પ્રા. વેવાહિઓ] પું. (જૂ ગુ.) વેવાઈ
વેવાહિણી વેવહારી રંમ,
પરણિઉ કુમર મુ કીધઉ જન્મ.
પ્રબોધ ચિંતામણિ

વેવિશાળ ૧. ન. જ્યાં છોકરો છોકરી દીધેલાં હોય તે કુટુંબ સાથેનો સંબંધ
૨. ન સગાઈ; સગપણ; વાગ્દાન; વિવાહ કરવાથી થયેલો સંબંધ; વેશવાળ; વિવાહ.
તે બહ કહઁ બહુ દીહનું હલ,
તેહિ હુસિ એ વેવિસાલ.
પ્રબોધ ચિંતામણિ

વેવિશાળિયો પુ વેવિશાળ કરાવનાર માણસ; સગપણ કરાવનાર આડતિયો; વિવાહ જોડવનારો ભટ્ટ.
વાત કહે નહ આપણી વરણી,
વેવિશાળિયો બેસશે ધરણી. પ્રેમાનંદ

વેવેષ્ટિ [સં. વિષ્ (વ્યાપવું)] પું. વિષ્ણુ.

વેશ ૧. [સ.] પું. અલંકાર વગેરેથી કરેલું રૂપ.ન૨

૨. પું. કપડાંપરેણાંવાળા પહેરવેશનો દેખાવ; સોબતી દેખાવ.

૩. પું. ઘર; હરકોઈ ઘર

૪. [હિં] પું. ઘરેણાનો શણગાર

૫. પું. ઢોંગ

વેશ કરવો = ઢોંગ કરવો; દેખાવ કરવો

૬. પું. નાટક વગેરેમાં ખેલ ભજવવાનો પાઠ.

૭. [સં. વિષ્ (વ્યાપવું) + અ (ક્રિયાવાચક પ્રત્યય)] પું. પહેરવેશ; પોશાક; પરિધાન; 'ડ્રેસ'

૧. વેશ કરવો–કાઢવો–ધરવો–લેવો = નો સ્વાંગ લેવો

૨. વેશ કાઢવો–કાઢીને ઊભા રહેવું–કાઢીને–બેસવું = અણધારી મુદ્રાની ઊભી કરવી; અણધાર્યા ચહાવે ઊભા રહેવું

૩. વેશ તેની વારતા = સાંભળો પ્રમાણે વર્તવું; પરણે તેને જાવું.

૪. વેશ બદલવો = જુદા પક્ષમાં જવું

૫. વેશમાં આવવું = ભાનમાં આવું; ઠેકાણે રહ્યસ્વભા થવું

૮. [સં. વિષ્ (પેસવું)] પું. પ્રવેશ; પેસવું તે.

૯. પું. બીજાના જેવું બનવું તે; બરોબરી કરી દેખાડવી તે; સ્વાંગ; રૂપ.

૧૦. પું. લગ્નપ્રસંગમાં પહેરવાની રીત.

૧૧ પું. વેશ્યાનું ઘર; વેશ્યાઓને રહેવાનું સ્થાન.

૧૨. પું. સૌભાગ્યના ચિહ્નરૂપ શણગાર; સૌભાગ્યવતીનો પોશાક, ચાળ, ચૂડો, ચાંદલો વગેરે શૃંગાર

૧. વેશ ઉતારવો = (૧) પોશાક બદલવો. (૨) વિધવાએ માથાના કેશ વગેરે શણગાર કાઢી નાખવો; રંડાપાને લીધે શણગાર તજવા, મુંડન કરાવવું. (૩) વચનભંગ કરવો; વાકુ બોલવું. (૪) સૌભ કાઢી નાખવો

૨. વેશ રાખવો = વિધવાએ સૌભાગ્યનો પહેરવેશ ન તજવો; વિધવા છતાં સૌભાગ્યનાં અમુક ચિહ્ન રાખવાં.

વેશગર વિ. વેશ કરનાર, ઢોંગી

વેશટેક [સં. વિષ્ (પેસવું)] સ્ત્રી. કોઈ પદનો નીમ કે મમત

વેશટેક છે ખાટ ગળી,
ખાવી પડે ન શકે નીકળી. અખો

વેશધર ૧ પું ઠગ.

૨. પું. નટ; વેશધારી માણસ.

વેશધર ધર્મ આચાર્ય પદની,
બાંધવી પાઘડી ભિક્ષા ભટ્ટની. પુરાતત્ત્વ

વેશધારણ [સં.] ન. વેશ ધારણ કરવો તે.

આ ખેલ એ ક્રમની ક્રિયા Personationથી-વેશધારણથી નથી થતી પણ impersonationથી-અન્યરૂપ પ્રવેશથી થાય છે અને તેથી કરીને એ impersonal અમુક વિશિષ્ટ વ્યક્તિથી અલગ્ન રહે છે. નરસિંહરાવ

વેશધારી ૧. પું. કપટી તપસ્વી; ઢોંગી સાધુ.

૨. પું. ઠગ.

૩. પું. નટ.

૪. [સ. વેશધારિન્] વિ. કપટવેશ ધારણ કરનાર

૫. વિ. બીજાના જેવો વેશ ધારણ કરનાર; વેશ લેનાર; સોંગ લેનાર

૬. વિ. ધુર્ત્ત.

વેશન ૧. [સં.] ન. ઘર.

૨. ન. પ્રવેશ; પેસવું તે.

વેશપરિવર્તન ન. વેશ બદલવો તે; વેશબદલો; વેશમાં ફેરફાર કરવો તે.

વેશપલટો જુઓ વેશપાલટો

વેશપાલટો પું. વેશબદલો; વરતી ન શકાય તેવો પોશાક પહેરવો તે; કોઈ ઓળખી ન શકે એવી રીતે બજાવવા કરવું તે; વેશ પલટીને નવો સ્વાંગ ધારણ કરવો તે; છૂપો વેશ.

દેવાને હવે બરાબર જાણી થઈ ગઈ હતી કે રાત્રે પોતાની સાથે વેર કરવા દરબાર પોતે જ વેશપાલટો કરીને આવ્યા હતા. લોકમાન્ય

વેશબદલો જુઓ વેશપાલટો.

વેશભાત પું. કપડાં પહેરવાની રીતિ

તદુપરાંત વેશભાત અને વર્તનમાં કે આચાર વિચાર-રીતિ રાજવી અને પરસ્પરના વિચારો-ભાવનાઓ અને સુખદુઃખે આદિની પણ એકતા આદિ ભાવો અને ક્રિયાઓ એ જ દર્શાવે છે. રમણભાઈ નીલકંઠ

વેશભૂષા [સં.] સ્ત્રી. વસ્ત્રાલંકાર; વેશનો શણગાર. વેશભૂષાની દિશામાં તો આશ્ચર્યકારક પ્રગતિ સાધવામાં આવી છે. ઉદયશંકર, હીમા કેસરકોદી અને રુક્મણીદેવીની મંડળીઓએ બતાવી આપ્યું છે કે આ દિશામાં પ્રણાલિકા કે રૂઢિઓ અવરોધક બની શકે એમ નથી. પ્રાચીન પ્રણાલિ અને અર્વાચીન વિચારણાનું સમીકરણ થઈ શકે એમ છે. વેશભૂષાના આયોજનમાં ભારતના શક્તિસંપન્ન ચિત્રકારો પોતાનો ફાળો આપી શકે

વેશભૂષાકાર પું. નાટ્ય વગેરેમાં પાત્રોને શણગાર કરાવનાર માણસ

વેશર [સ.] પું. ખચ્ચર

વેશરી [સં.] સ્ત્રી. ખચ્ચરી

વેશવધૂ સ્ત્રી. કસબણ.

વેશવર વિ. વરિષ્ઠ; શ્રેષ્ઠ

જય જય જય શ્રીશૈલ, ચંદ્રશેખર શિવશંકર,
જય રુદ્રવર વિશ્વેશ, વેશવર વિશ્વંભર
શ્રીમચ્ચિતામણિ

વેશવાળ ન. વેવિશાળ; સગાઈ; સગપણ; વિવાહ; વાગ્દાન.

અમ ઘેર પુત્રી છે એક બાળ,
ઉત્તમ વેરે કરી વેશવાળ.
તુલસી

વેશંત ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. આળોમિયું.

૩ પું. ચિત્રાનું ઝાડ.

૪ પું. તળાવ; નાનું સરોવર

વેશાંભરિ પું. (પિંગળ) સાર્કરીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, નગણ, મગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર આવે છે.

વેશાલી ન. એ નામનું એક શહેર

આજ તેને ફરી ફરીને વિશાલ કરવામાં આવ્યું. તેથી તેનું નામ વેશાલી પડ્યું તે તેમનું મુખ્ય સ્થાન હતું. પુરાતત્ત્વ

વેશાંતર ન. વેશબદલો; બીજો વેશ; રૂપાંતર; વેશપલટો

વેશિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વંશિ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

વેશીલું વિ. ભોરદાર.

બીડેલા દ્વાર'ના પરેલા ખંડમાં આ વેશીલી બાબતો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ જેવી હકીકતો પર પ્રકાશ નાખવામાં આવ્યો છે. સારદા

વેશ્મ [સં. વેશ્મન્] ન. ઘર; ગૃહ; આલય; નિવાસસ્થાન; મહેલ; નિકાય; ધામ

વેશ્મભૂ [સં] સ્ત્રી. ઘર કરવા લાયક જમીન; ઘર બાંધવા યોગ્ય જમીન.

વેશ્મશાસ્ત્ર [સં.] ન. મકાનના બાંધકામ સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર. તેમાં વાસ્તુવિદ્યા, કૂવાવિદ્યા, મંદિરવિદ્યા અને પ્રાસાદવિદ્યાનો સમાવેશ થાય છે

વેશ્મ ૧. [સં.] ન. વેશ્યાનું ઘર

૨. ન. વેશ્યાવાડો

વેશ્યા [સં. વિશ્ (દાખલ થવું)] સ્ત્રી. ગણિકા; પુંશ્ચલી; ભારમાં કરનારી સ્ત્રી; પાતર; હલકી સ્ત્રી; પતિત સ્ત્રી; રામજની;

વ.ર ન., ક્રિ.વિ. ક્રિયાવિશેષણ; વ્યભિચારનો ધંધો કરી પોતાના રૂપસૌંદર્યનો વેપાર કરી આજીવિકા મેળવનારી સ્ત્રી વાત્સ્યાયન કામસૂત્રમાં સર્વે છે કે, ગણિકા તથા રૂપજીવામાં પહેલીને ઉત્તમ વેશ્યા અને બીજીને સામાન્ય વેશ્યા સમજવામાં આવે છે. કુલટાસ્ત્રી, પરિચારિકા, કુલટા, રખેંગિણી, નટી, શિલ્પકારિકા, પ્રકાશ વિનષ્ટ, આદિ અનેક ત્રીજી શ્રેણીની વેશ્યાઓમાં ગણવામાં આવેલ છે

સબલાઈ પાટણી આગળી વેશ્યા માંગી આવી ક્યાર પ્રમુખ સહુઈ આપણઈ આપણઈ કુલાચારી આલઈ છઈ.

ષષ્ઠિ શતકની ગુ ટીકા (સંવત ૧૪૯૬)

૧. વેશ્યા ને વડીલ વેચાયે ચીર અને જનાવ કઠીર = જારકર્મ કરનાર પુરુષનું મર્યાદત્વ નાશ થાય છે

૨. વેશ્યાન. કરમમાં સપોડો = જેવી ઘરાત તેવી બરકત

૩ વેશ્યાની ગાંઠે ઐસવી = વધારે સમય ન રહે તેવી ચીજ

૪. વેશ્યાનો છોકરો કોને આપ કર્યો = સોનું તે કોઈનું નહિ.

૨. સ્ત્રી. ખાડા નામની વનસ્પતિ

વેશ્યાકર્મ ન. વ્યભિચાર; કુટણીનો ધંધો

વેશ્યાખાતું ન. ગણિકાઓની રાજ્યવ્યવસ્થા માટે યોજાતું ખાતું. કૌટિલ્ય અર્થશાસ્ત્ર પ્રમાણે, આ ખાતાના મુખ્ય અધિકારીએ રાજદરબાર માટે વાર્ષિક પગારે એક ગણિકાનું આયોજન કરવું એ ગણિકા ગણિકાની પુત્રી હોય કે ન પણ હોય; માત્ર તે સૌંદર્ય, યૌવન અને કલાપ્રાવીણ્ય માટે પ્રખ્યાત હોવી જોઈએ

વેશ્યાગમન [સ.] ન. વેશ્યાની સાથે કેલી કરવી તે; વેશ્યાની સાથે સંભોગ કરવો તે. વિદ્વાનો કહે છે કે, આ ખરું વ્યસન જગપ્રસિદ્ધ હોવા છતાં પણ આજે કુનાની માફક કેટલાક લોકો વેશ્યાના દરવાજા ખખડાવી રહે છે, જ્યાતિ, ધર્મ, જીવન બધાને કલંકિત કરે છે, પતિત થાય છે. આવી વધારે મોટું પાપ કયું?

વેશ્યાગામી [સ.] પુ. વેશ્યાને ત્યાં જનાર પુરુષ; ગણિકાવૃત્તિ કરતી સ્ત્રી સાથે સમાગમ કરનાર મનુષ્ય

વેશ્યાગાર [સ.] ન. કુટણખાનું, જ્યાં ગણિકાવૃત્તિ ચાલતી હોય તે સ્થળ

વેશ્યાગુરુ [સ.] પુ. વેશ્યાનો ભડવો

વેશ્યાગૃહ [સ.] ન. વેશ્યાનું ઘર; કુટણખાનું; જાહેર વ્યભિચાર કરનાર સ્ત્રીનું મકાન

વેશ્યાચાર [સ.] પું. વ્યભિચાર.

પૂર્વના પુણ્યસંસ્કારે, પૂર્વજોની સુકૃતિના સદ્ભાવે, સત્સંગના પ્રભાવે કે ગુરુ આત્માઓના આશીર્વાદથી જ મન વેશ્યાચાર છોડી સ્વચ્છથી જાય છે. રત્નમંજૂષા

વેશ્યાચારજ [સ. વેશ્યા + આચાર્ય (ગુરુ)] પુ. વેશ્યાનો ભડવો.

વેશ્યાચાર્ય [સં.] પુ. વેશ્યાનો ભડવો.

વેશ્યાપ્રીતિ પું. (પિંગળ) સરકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, ભગણ, યગણ, ભગણ, નગણ, ભગણ, નગણ, અને સગણ મળી ચોવીસ અક્ષર હોય છે.

વેશ્યાલય [સં વેશ્યા + આલય (મકાન)] ન વેશ્યાનું મકાન.

વેશ્યાલાપ પુ મીઠી બોલી; અતિશયોક્તિ ભરેલી વેશ્યાની વાણી

જો જો ત ય અતિ અનુરાગ.
વેશ્યાલાપ વાર્તા તુ ભાગ. ભાલણ

વેશ્યાવર્તુ ન. વેશ્યાપણું

આ વેશ્યાવર્તુ સ્વાભાવિક અને મોજ માણવામાં આવ્યું છે. નવલરામ

વેશ્યાવાડ (વેશ્યાવાડ) જુઓ વેશ્યાવાડો.

વેશ્યાવાડો (વેશ્યાવાડો) [સ. વેશ્યા + વાટ (વાડો)] પું. ગોરાણી આંકેનું એક ઝાડ; વેશ્યાઓનો સમૂહ કે વાસ; જે ભાગમાં વેશ્યાઓ રહેતી હોય તે સમૂહ; વેશ્યાવીથિ; પાતરવાડો. તે નગરની દક્ષિણે રાખવાની સૂચના અગ્નિપુરાણ તેમજ મત્સ્યપુરાણમાં પણ આપવામાં આવી છે.

વેશ્યાવીથિ [સં. વેશ્યા + વીથિ (કુંજ)] સ્ત્રી વેશ્યાવાડો

વેશ્યાવૃત્તિ ૧. સ્ત્રી. પરપુરુષની સાથે ધનથી મેળવાતો અનિયમિત જાતીય સંબંધ; ગણિકાવૃત્તિ; પૈસા લઈ પરપુરુષને દેહનો ઉપભોગ કરવા દેવાનો ધંધો. વેશ્યાવૃત્તિને અટકાવવા માટે કાયદાથી પગલાં લેવાય છે

તેઓમાં પણ સ્ત્રી પરત્વનો વિચાર હતો અને સ્ત્રીઓમાં વેશ્યાવૃત્તિ ચાલતી. પ્રસ્થાન

૨. સ્ત્રી વેશ્યા જેવું વલણ; વ્યભિચાર કરવાની વૃત્તિ; વેશ્યાનો ધંધો; કુટણીનું કામ; સ્ત્રી પુરુષનો કામજન્ય વિરહનો રતિવ્યવહાર

વેશ્યાવૃત્તિ અટકાયત ધારો પુ. વેશ્યાનો ધંધો અટકાવવા માટે કરેલ ધારો; વેશ્યાગીરી કરનારા, કુટણખાના ચલાવનારા કે અનીતિની કમાણી ઉપર નભનારાઓ માટે ઠરાવેલ કેદ, દંડ કે બંનેની સજાની જોગવાઈ.

વેષ ૧. [સં.] પું. વેશ્યાવાડો.

૨. જુઓ વેશ.

વેષણા [સં.] સ્ત્રી ધાણાનો છોડ.

વેષાંતર જુઓ વેશાંતર.

વેષ્ટિ પું (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વેષ્ટિ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

વેષ્ટિ ભન ન ગ ગ થકી. રત્નપિંગળ

વેષ્ટિકા સ્ત્રી. ચમેલી.

વેષ્ટ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) વીંટવું; આરે બાજુથી ઘેરવું. તે ઉપરથી બનેલ શબ્દ: વાડ, વેષ્ટન, વેષ્ટક, વેષ્ટિત વગેરે.

વેષ્ટ ૧. પું. ગુંદર.

૨. પું. પાઘડી.

૩. પું. વાડ

૪. [સં. વેષ્ટ્ (ઘેરવું)] પું. વીંટવું તે.

જે કપટ રૂપ વેષ્ટ નમું તે અનુપને. નરસિંહ

૫. પું. વીંટો.

વેષ્ટક ૧. [સં.] પું ફિલ્લો.

૨. પું કોળ

૩ પું ભીંત.

૪. ન ગુંદર

૫ ન પાઘડી

૬. ન વાડ

૭. ન. સમાનાર્થક વાક્યોનો સમૂહ.

૮. વિ. વીંટનાર; ઘેરનાર.

વેષ્ટન ૧ [સં. વેષ્ટ્ (ઘેરવું)] ન. આચ્છાદન; ઢાંકણ; બાંધણ; ગલેફ; અસ્તર; કોટલું; વીંટિયું તે.

૨ ન. આસપાસના સંલગ્ન.

૩. ન. એક જાતનો ખાલા જેવો આહાર; ઘાંશી. તેમાં પોષણક્ષમ પ્રાણીઓના શરીર આવેલાં હોય છે

૪ ન કાનનું છિદ્ર.

૫. ન. ચૂગળી.

૬ ન ઘેરો; ઘેરવું તે.

૭ ન. પાઘડી

૮ ન. ભીંત.

૯ ન ચુકુટ

૧૦ ન. મદુકાવાદિની ચામડીનો એક ભાગ; 'મેન્ટલ'

૧૧. ન વાડ

૧૨ ન વીંટાળવું તે.

વેષ્ટની [સં] સ્ત્રી આવરણી, અવાહક વેષ્ટન; પીંજણીનો પ્રવાહ જેમા વાર્તને બીજામાં પેસી ન શકે તેવું ઢાંકણ અથવા આવરણ; 'ઇન્સ્યુલેટર'.

વેષ્ટિત ૧. [સ. વેષ્ટ્ (વેરવું) + ક્ત (વેલું)]
ક. વેરવું તે; વેરો
૨. ક. જુઓ.
૩. વિ. આચ્છાદિત; વીંટાયેલું; છવાયેલું; ઢંકાયેલું; ઢકાયેલું
સૂર્યમંડલનો એક ગ્રહ આ પૃથ્વી પાણી, વાયુ તેમ આકાશથી વેષ્ટિત છે. કૌમુદી
૪. વિ. વિરાયેલું
ગાયમડી વેષ્ટિત વાહે
નટવર નંદકિશોર.
ત્રિરખર
૫ વિ નાચનારું.
૬. વિ. રોકેલું, અટકાયેલું
૭. વિ. વીંટેલું; ઢાંકેલું

વેષ્ટિતભૂમિ [સ] સ્ત્રી. અધિકાર જમાવ્યો; આંતરેલી જગ્યા.

વેષ્ય [સં.] ન. પાણી

વેસગમન જ. (જૂ. ગુ.) વસ્વાગમન.
વેસગમન નવિ ભેદ કુત,
રાખે જૈન વસ્તુ ઘર સત. ઋષભદાસ

વેસડી (વેસડો) સ્ત્રી (જૂ. ગુ.) વેસ્યા.
મૂકો નંદન વેસડી. નેમવિજય

વેસણ ૧. ન. એક જાતનો ખાદ્ય પદાર્થ, ચણાની દાળને ઘીમાં તળી તેને વાટી મસાલો નેળવી બનાવેલો એક પદાર્થ
૨. ન. ગુણ; દોરી
૯ તંતુ = ૧ સૂત.
૯ સૂત = ૧ ગુણ; વેસણ
૯ ગુણ = ૧ પાશ; ફાંસીની દોરી.
૩. ન. ચણા અથવા કઠોળના આટાનું ખીર, પાણીમાં ડોબેલો કઠોળ વગેરેનો લોટ. તે ભજિયાં માટે પાતરાં ઉપર ચોપડવામાં આવે છે, તેમ દાળમાં પણ નખાય છે
૪. [સં વેસન (ચણા વગેરેની દાળનો લોટ)]
ન. ચણાનો લોટ.
૫. ન. પાણીઠારે વગેરે મસાલો

વેસર ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમવૃત્ત માત્રામેળ છંદ તેના પહેલા તથા ત્રીજા પદમાં ૧૬ અને બીજા તથા ચોથા પદમાં ૧૫ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ આવે છે
૨. પું. (પિંગળ) અરવૈ છંદની જાતનો એ નામનો એક અર્ધ સમવૃત્ત માત્રામેળ છંદ. તેમા ૩ ગુરુ અને ૩૨ લઘુ મળી ૩૫ વર્ણ હોય છે.
૩. [સં અધ + ઉત્તર] પું; ન. અગ્રચર; ખોડા, ગધેડામાથી ઊપજેલું સંકર પ્રાણી.
૪ સ્ત્રી. નાકમા પહેરવાની ચળી; નથ; વાળી; વીંટલી; ફુલાખ; ચૂની
૫. સ્ત્રી. નાકમાં ફુલાખ પહેરવાનુ કાણું
૬. સ્ત્રી. વાળીનુ મોતી
હેમ અહી હુવા અગર, વેસર શબ્દ અર્થ બહુ સાર. પ્રેમાનંદ
૭. ન. (શિલ્પ) માનસારમાં જણાવેલી સ્થાપત્યની મુખ્ય ત્રણ માદની એક જાત નાગર, વેસર અને દ્રાવિડ એ ત્રણ મુખ્ય જાતો બતાવી છે. તેમાં વેસર દ્વિતલ સ્થાપત્યની આંતર અને કલિંગ ઉર્ધ્વ બે શાખાઓ ગણાવે છે

વેસરી ૧. [સ] સ્ત્રી. અગ્રચર ખોડી.
ખેડા હાર્યા ઘેટ પડાવ્યા.
વેસરી પુત્ર ખાધાપ્ય કનકદેવપ્રબંધ
૨ જાં નય, નાકની વ. વ.

વેસલિન જુઓ વેસેલિન.

વેસંતર જ. (જૂ. ગુ.) વૈશ્વાનરો
ત્રિહર્ષ વેસંતર ફિરી નિરંજન ઘર અશેસુ
જય

વેસા પુ. (કચ્છી) વિશ્વાસો; વિશ્વાસ.

વેસાસ પુ. (જૂ. ગુ.) વિશ્વાસ
પ્રાણા ! નાવ કરીએ વેસાસ જ્ઞાનવિમલસૂરિ

વેસાસો પું. (જૂ. ગુ.) વિશ્વાસ
સુખદુઃખ વાત ન કા કહે,
આજ દહનો વેસાસો રે.
અનંદઘન ચમહોદધિ

વેસી વિ. કબૂલ

વેસેલાઇન [અં.] ન. મલમના કામમાં આવતો માખણ જેવો એક પદાર્થ; ચામડી નરમ રાખવાનો મલમ આ સ્નિગ્ધ પદાર્થ પેટ્રોલ વગેરેની સાથે જમીનમાંથી નીકળે છે

વેસેલિન જુઓ વેસેલાઇન

વેસ્કોટ [અં. વેસ્કટ્] પું પહેરણ, બંડી; કુડતુ; વારકોટ

વેસ્ટા પું. મંગળ અને ગુરુ વચ્ચેના લઘુ ગ્રહો માહેનો ચોથો શોધાયેલો એ નામનો ગ્રહ. કહેવાય છે કે, ૧૮૦૭મા આલ્બર્સને વેસ્ટા નામે ચોથા ગ્રહનો પત્તો મળ્યો હતા
બધા નાના ગ્રહોમા સીરીસ અને વેસ્ટા મોટા છે. તેમના વ્યાસ ૨૦૦થી ૪૦૦ માઈલ પર્યંત છે. જ્ય.ત્રિવેદીદાસ

વેસ્ટાદેવી સ્ત્રી. રોમમાં મનાતી એ નામની દેવી.

વેસ્ટીન [અં.] ન. જાકોટ જરનુ કાપડ.

વેસ્ટીબ્યૂલ ન. અંદરના કાનના ત્રણ માહેનો વચલો વિભાગ તેની પોલી જગ્યામા ત્રણ અર્ધગોળ નળીઓ ઝિંડે છે તેની અને આજુબાજુના વિભાગ કોકલા વચ્ચ એક છિદ્ર છે

વેસ્ટેજ [અં.] ન ઘટ; તોટો

વેહ ૧. [સં વેધ; પ્રા વેહ] પું કાણું, કાણું છિદ્ર, વેધ; વીંધ; ઝાર; ચે
૧. વેહ પાડવો = વીંધ પાડવુ
૨. વાંકે લાકડે વાંકો વેહ = રાઈ પ્રત્યે રાઈનુ કરવુ
૨ પુ દર, ભાખુ
૩ પુ ન.ર
૪. પુ. વેહ; વિરહ
નારનારીને આવે નહિ, વિરહી કેરા હૃદયે વેહ.
મારુમોહના
૫. સ્ત્રી (જ્યોતિ.) એ નામની એક તિથી.
૬. સ્ત્રી. વય; ઉમર.
નાની વેહેમા મૂઈ માત,
પણ આપે છત્ર મેહેતા.૬૭ વાત. વિષ્ણુદાસ ભાનુ

વેહણું ન સ્રુત; આહવન.
એ જોકરીન તરેહવાર વેહણો હતા, તેમા એક પોતાની ખાસ આગીની ખોદમા ખોદિગ કરવાનુ હતુ પીતમ

વેહત [સ. વેહત્] સ્ત્રી ગર્ભપાતક ગામ; ગર્ભ રહ્યા છતાં કોઈ સાંઢના સયોગથી ગર્ભનો પાત કરનારી વરોળ ગાય

વેહડત [અ.] ન. એકપણું
વેહડતના ઉંરના નશાની મસ્તી ચઢી.
વેદિક ધર્મ.મ

વેહડાનિયત [અ. વહદ (તે એક હતો)] સ્ત્રી. અદ્વૈત.
તેણે શીખડેલી ગુરુની વેહડાનિયત (અદ્વૈત) સમજાઈ અને બધા મનુષ્યોનુ સરખાપણું એ ગુરુ તેમા એવા સમ.વેશ છે કે જેની ખાતે જોવાપી ખાતરી થાય એમ છે મુ. સા. પરિષદ

વેહયંતી સ્ત્રી વાહ બનાવવા માટે ઉપાડવામાં આવતો એક જાતનો ઝોડ

વેહરૂ જ. પોતિયું; પોતિયુ

વેહાત સ્ત્રી. જેલમ નદીનું એક પ્રાચીન નામ.

વેહાર ૧. [સ.] પું. એ નામનો એક દેશ.
૨. પું. વિહ?
હાલ્યાય કરી રીઝવુ,
કરવા સમે વેહાર રે નરસિંહ

વેહારવું જ. ક્રિ. પસાર થવું, વહી જવુ.
રોહિણીપતિ રહે સ્થિર,
ખટ માસી રાત્રી વેહારણી. કાન્હસત્રહ

વેહેડમી (વેહેડમી) સ્ત્રી તુવર કે ચણાની દાળનો માવો બે પડમાં નાખી કરેલી મળી રોટલી; પુરચણપોળી, વેઢમી.
બડા વેહેડમી ચટાણા માસા વહાલા રે,
ભુનાયદાસ

વેહેણ જામ પું જસા જામનો એ નામનો પુત્ર. તે પોતાના ગામ ભાખિયાર વિસરામાથી હાલા નામના ડુંગરમાં વાસ આંધીને રહ્યો હતો.

વેહેલક સ્ત્રી ; ન. વહાલ, સવાર, પ્રભાત

વેહેલુંક જુઓ વેહેલક

વેહેતુર ન અગાઉનું લોહી ખેંચી કાઢવાનું એક સાધન.

જળો તથા **વેહેતુર** મૂકી લોહી કાઢવાથી તેને એકદમ નબળાઈ જણાતી નથી.

અરબ્બેજ અહેરામજી

વેહેરવું ૧ સ ક્રિ કરવતીથી કાપવું, કાતરવાગ. હથિયાર વડે ધસીને ધીરે ધીરે કાપવા, વહેરવું

૨ સ. ક્રિ. (જુ. મુ.) ભમાવવું, ઠગવું

વેહેર્યો પુગ્યો કળીયુગે જઈ.
આપે રહ્યો ગોમડો ઘઈ. ભાલણ

૩. સ ક્રિ. મારવું

પેટ ફાડી ને **વેહેરીને** સનમુખ આકમા,
અકબરાદ

૪. સ. ક્રિ. રિબાવવું; દુઃખ દેવું

વેહેરાવવું સ.ક્રિ. વેહેરાવ એમ કરવું, કરવતીથી કપાવવું

અમો ચરન કાઠ **વેહેરાવશું** રે,
અમો તેહેના માઠ ઘડાવશું રે. નરસિંહ

વેહેવળ ક્રિ. વિકૃત

પારવતીનાં દરશનને આવ્યા,
ઓખા **વેહેવળ** મન પ્રેમાનંદ

વેહેવા પું. સમ; વિવાહ

સરખે સરખા જાદવ હસીયા,
વેહેવા રૂડી થાશે. પ્રેમાનંદ

વેહેરી ન. પશુ; ઢોર.

એ દાની આદતથી આદમી **વેહેરી** જેવો બની રહે છે. ઈ. ઈ. મરજીબાન

વેળ ૧. સ્ત્રી. અવકાશ; ફુરસદ; નવરાશ.

૨. સ્ત્રી. કાનમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું, ઉપલા કાનમાં કુલની અંદર પહેરાતી વાળી.

૩. સ્ત્રી. ગાડગૂમડ કે ધાના દર્દને લીધે સાધારણ મૂળમાં આજુની ગાઠ; વળ; શરીરના કોઈ પણ ભાગમા ખૂંજ અથવા વરમ થઈ આવે ત્યારે તેની સાથે સબંધ ધરાવતી રસગ્રંથીઓનુ સૂજી જવું તે.

વેળ–વળ ઘાલવી = ગાડગૂમડ કે ધાના દર્દને લીધે સાધારણ મૂળમાં ગાંઠ આજુની

૪. સ્ત્રી. છાણાં થાપવાની જગ્યા

૫. સ્ત્રી. તરંગી ભાવના; વિચારનો ઊભરો, અમુક કરવાનુ જોમ; આવેશ; લહેર, મનનો તરંગ; વળ

૬. સ્ત્રી. તાણ; આકડી

વેળ આવવી = (૧) તાણ આવવી. (૨) વળું આવવું; ધૂન લાગવી. (૩) સમય આવવો, પ્રસંગ આવવો

૭. સ્ત્રી. ભરતી; દરિયા; જુવાળ, પાણીનું પૂર ચડે તે. ઓટ થયા પછી પાછા વળતા પાણીને વેળ કહે છે, વેલા એટલે સમુદ્રકિનારો એ ઉપરથી આ શબ્દ આવ્યો લાગે છે.

૮. સ્ત્રી. રોગનો ઊથલો

૯. સ્ત્રી વેળા; સમય; વખત.

૧. વેળ વટવી = વખત વહી જવો.

૨ વળ વળગવા = દશા સુધરવી.

વેળ વીતવી – સમય વહી જવો.

૧૦. સ્ત્રી લાભ ઉપર લાભ મળવો તે.

૧૧. ક્રિ ખાઉધરે; અકરાંતિયુ.

વેળકું ન. નાનો વહેળો

રમત એ કાઈ જીવનનો મુખ્ય ઓ નથી, તે તો ફક્ત બાલુ પર વહેતુ **વેળકુ** છે.
મુનશી

વેળદોડો [ત] પું એલચી.

વેળા ૧ સ્ત્રી અમુક નિશ્ચિત વખત.

૨. સ્ત્રી અવસર; સમય; વખત

૧. પડી વળાએ પાટુ = પહેલા ઉપર પાટુ; દુઃખમાં દુઃખ.

૨. ચાટ જોનારને વેળા સાચી આવ = દુઃખનો સમય જતો નથી

૩. વેળા વેળાની છાંયડી = ચડતી પડતી.

૩. સ્ત્રી. ચડતીના દિવસ

જેતપુરને દીવે આવા વાહેરાવાળાની વેળા વને છે. રસધાર

૪ સ્ત્રી જ્યાં સળગાવવા જેવું ઠાકું; સમિધ; પ્રસંગ; ટાઢણ

વેળા વિચારવી = તકનો વિચાર કરવો

વાગ્યાં મંદે તો કેળા = સમયે મળ્યુ તે સોનુ.

૫ સ્ત્રી ટીલ, પ.ન, વિલંબ

૬ સ્ત્રી. મુશ્કેલી કે આપદાનો વખત; દુર્ભાગ્ય.

૧ વેળા આવવી. – સમય આવવો; પ્રસંગ આવવો

૨. વેળા પડવી = દુઃખ આવી પડવુ; વિપત્તિ પડવી

૩. વેળા વટવી = વખત જવા દેવો.

૪. વેળા વટાવવી = નિશ્ચિત સમય જવા દેવો, ખોટી કરવું; સમય પીની જાય એમ કરવુ

૫. વેળા વળવી = સુખના દિવસો આવવા, ભાગ્ય ઊઘડવુ; સમનો સમય આવવો.

૬. વેળા વીતવી = સમય વહી જવો

વેળાકવેળા સ્ત્રી. શુભાશુભ વખત.

વેળાકવેળા તો એ તરફ જવું અગાઉ થઈ પડે છે પ્રસ્થાન

વેળાકુળ ન. (જૈન) અદર.

વેળાપત્રક ન સમયપત્રક; વખતપત્રક; 'ટાઈમટેબલ'.

વેળાવર પું (સંગીત) એ નામનો એક રાગ.

વેળાસર ૧. અ. ઉતાવળે; જલદી.

૨ અ નિયમસર; નિયમ મુજબ.

૩ અ વખતસર, સમય ઉપર, ચટતે સમયે.

૪ અ વહેલાં; નક્કી કરેલો વખત થાય તે પહેલા. જેમકે, સવારમાં વેળાસર ઊઠવાની છોકરાંને ટેવ પાડવી

વેળિયું ૧. ન. કાને પહેરવાનું વાળાની કડી જેવું એક ઘરેણું; કાનના વચલા ભાગે પહેરવાની વાળી.

મને કુંડળ સોજે ચાર **વેળિયું**,
કેસર અરચા કીધી છે સાર. દયારામ

૨. ન પાણીના વહેણથી પડેલો લાંબો જળમાર્ગ; ઝરણું; નાળુ; વહેળિયુ.

૩. ન. બીડી; બેઢ

વેળુ ૧. [સં. વાલુકા] સ્ત્રી. રેતી; ધૂળ.

વેળુ પાન્યે રે તેલ ન નીકળે. કુમારચંદ્ર

વેળુમા ખાંડ ઢોળાણી વેરાણી = નકામું જવું.

૨. સ્ત્રી. વાંસની એક જાત.

વેળુકા [સં. વાલુકા] સ્ત્રી રેતી

વેળુડો (વેળુડો) પું. રેતી.

ખડખી ખડખી રે કાઈ **વેળુડા**ની સેજ રે,
લોકગીત

વેળુવન ન એ નામનું એક ઉદ્યાન તે બિંબિસાર રાજાએ બુદ્ધને ભિક્ષુસંઘને રહેવા માટે આપ્યો હતો

વેળુ ૧. ન અંતર; છેટુ. જેમકે, મારે અને એને પાંચ ગાઉનુ વેળુ પડી ગયુ.

૨. ન નવરાશ; ફુરસદ.

૩. ન. સમય; વખત.

વેળુ ન. દસ હાથનુ એક માપ.

૧૦ હસ્ત = વેળુ

૨૦ વેળુ = નિવર્તન

વેળે અ. વેળાએ; વખતે.

વેળોવેળ ૧. અ બરાબર વેળાએ; તેજ વખતે.

૨. અ વખતસર

એ જ ધર્મના હેતુ વડે આ ક્ષેત્રે **વેળોવેળ** તમે કલ્યાણ રહેલું છે. સરસ્વતીચંદ્ર

વેંક પું. (પુરાત્ત) એ નામનો એક દેશ; દક્ષિણ કર્ણાટક મહેનો એક પ્રદેશ

વેંકટ [સં.] પું. એ નામનો એક પર્વત; તિરપતિ; તીરુમલા. ત્યાં વિષ્ણુપૂજા થાય છે

વેંકટસૂરિ પું એ નામે એક સૌરાષ્ટ્રીય વિદ્વાન. વેંકટસૂરિએ સંગીત રામાયણ નામનો ગ્રંથ ૬૦૦ પાનાનો ગદ્ય લખેલો છે તાંજોરના રાજા શિવાજી (સને ૧૮૫૨ થી ૧૮૫૫) તરફથી તેને ઘણુ ઉત્તેજન મળેલ એમ જણાય છે.

વેંકડાદ્રિ જુઓ વેંકટ.

વેંગ જી. સપ.

વેંગણ ૧. ન. કાનની અંદરની બાજુનું ત્રીજું હાડકું.
કાનની અંદરના ત્રીજા હાડકાનો આકાર વેંગણ જેવો છે તેથી તેને વેંગણ કહે છે.
શરીરવિદ્યા

૨. ન. રીંગણું, વતાક; રેંગણ.
. ઉનાળે વેંગણ કોઈને વાયડું પડે તો કોધને ગરમ = એક માનવી બધાંને ન રીઝવી શકે.

વેંગણગાડી જી. એ નામની એક રમત; વાંદરાટોળુ

વેંગણજી ન. રીંગણું માણસ.

વેંગણી જી. રીંગણી; વેંગણનો છોડ; વંતાકનો છોડ; વતાકડી.

વેંગણું ન. વેંગણ; રીંગણું; વતાક.

વેંગન જી. શિયાળા કે ઉનાળામાં પાણી પાઈને પકવવામાં આવતી એક જાતની કમોદ. તેની વાસ બહુ સારી આવે છે.

વેંગી [હિં] પું. રીંગણી; વેંગણનો છોડ.

વેંજવું અ. ક્રિ. (કચ્છી) નાહવું; સ્નાન કરવું.

વેંઝ [હિં. બીજુ] ન. ખોંકડી જેવું એક જાતનું લાંબા પૂછડાવાળું જનાવર; વણિયર; બોરખોદિયું. તે રીંછના વર્ગનુ પ્રાણી છે. તે દેખાવે બચ્ચુકા રીંછ જેવું લાગે પણ રંગે વિચિત્ર હોય છે. પેટ, પગ, ગળું વગેરેનો તેનો નીચેનો અરધો ભાગ કાળો હોય છે. પીઠ, ગરદન અને માથા ઉપર આછો કપેરી કે બદામી જેવો ધોળો રંગ હોય છે. તેની બાંધણી બેડા બાટની, કાન બૂચિયા, આંખો ચપટા અને પૂછડી તદ્દન ટૂંકી હોય છે. તે રાત્રિએ ફરનારું પ્રાણી છે, પણ તેનુ ફરવુ એટલું બધું ગુપ્ત છે કે, એનું દર્શન ભાગ્યે જ થાય છે. તે ભૂંડ હોવા છતાં ઝાડ ઉપર ચડવુ તેને મન રમત વાત છે. તે ભારે ચકોર પ્રાણી છે અને ખુરશિબ્બજી પણ એનુ જ છે. તાનમાં આવે ત્યારે ગુર્રાટો પર ગુર્રાટો ખાય છે. પણ સમાજમા આવા જેવુ નીડર પ્રાણી કોઈ ભાગ્યે જ હોય. ગમે તેની સામે તે મોરચો માંડે છે. માણસનો એને હિસાબ નથી. પીઠેહડની તો વાત જ નહિ. મરે ત્યારે ચાર્કે. એ ઉપરથી ગુજરાતીમા કહેવત છે કે, વેંઝની પેઠે વળગે છે. ઉંદર, પક્ષી, જીવાત, મધ, વનસ્પતિ જે મળે તે ખાય છે. જો હાથમા આવે તો એના રમતિયાળ સ્વભાવને લઈ સરળતાથી તેને પકડી શકાય છે.

વેંટિયા [સં. વેષ્ટિકા] જી. (જૂ ગુ) પોટલી; પોટકુ.

વેંડવું સ. ક્રિ. વહેંચવું; વહેંચી દેવું

વેંડું વિ. બાંડુ.

વેંઢવું જુઓ વેંઢારવું.

વેંઢારવું ૧ સ. ક્રિ. પાલવવું; પાલણપોષણ કરવું, ઉછેરવું; નિભાવવું.
૨. સ. ક્રિ. માથે ભારી પડેલું સહન કરવું; ભોગવવું, વીંઢારવું.
૩. સ ક્રિ. મારવું; ઝાપટવું
સાસરાજનોની ચોટ વેંઢારવા તુ વિકુવા.
ભોકસાહિત્ય
૪. સ. ક્રિ. બજર બરદનું માથે લેવું; સાચવવું.
૫. સ. ક્રિ. વહેવું, ભાર વહેવો; બોજ વહી જવો; વજન ઊંચકી જવું.
કેટી નાખ એ પૂતના, શીર વેંઢારેલ ભાર.
સામળ

વેંત ૧. પું. બેત; જોડવણ; ભાગ; પેગ; જોમ; જોમવાઈ; સરખાઈ; સગવડ
વેંત આવો–બેસવો = ભાગ ફાવવો.
વેંતમાં કરવુ = કોઈ દાવ કે યુક્તિ ગોઠવવા અથવા કશા પ્રયોજનસર પ્રવૃત્તિ કરવી.

૨. [સં. વિતસ્તિ; પ્રા. વિઅત્થી] સ્ત્રી. હથેળીના અંગૂઠાના ટેરવાથી ટચલી આંગળીના ટેરવા સુધીનું લાંબામાં લાબું અંતર; બિકમસ; બાર આંગળનું માપ; અરધા હાથનુ માપ
વિતસ્તિ અને દ્વાદશાંગુલ અને બે નામ અંગૂઠા ઉપરી આંગળી સહિત લંબાયે તેટલી લંબાઈ કે વેંત આવેના છે. અમરકોષ
૧. વેંત નમે તેને હાથ નમેવું = ઘોડું નમે તેને ઘણુ નમવુ
૨. વેંત ભરવી = વેંત વડે અંતર આપવુ.
૩. વેંત જોવ ન સૂઝવી = (૧) કર્તવ્ય નહિ સૂઝવુ; પોતાની અક્કલે કામનો ઉકેલ નહિ થવો (૨) બીજાની સલાહ વગર ગમ ન પડવી. (૩) શું કરવું તે જરા પણ સૂઝે નહીં, એવી સાંકડમાં આવવું; અતિગમ ગૂચવણમા આવી પડવુ; જરાય ગમ ન પડવી; મૂંઝવણમાંથી રસ્તો ન દેખાવો

૩. ન. ક્રિયાના વર્તમાન કૃદંતના રૂપને લાગતા, તે ક્રિયા થવાની સાથોસાથ, તરતોતરત એવો અર્થ બતાવતો એક શબ્દ.
સવારમા ઊઠવા વેંત પીધેલું પાણી અમૃતની ગરજ સારે છે. આરોગ્યજ્ઞાન

વેંતકડું (વેંતકડું) ન. છોકરાની કોડીની રમતમાં વપરાતો એક શબ્દ.

વેંતકૂદામણી જી. બાર કે વધારે રમનારાથી ઊભે કૂદવાની સાધન વિના રમાતી એ નામની એક મેદાની રમત, કૂદકૂદામણી; ગહોડાલી; બારીબારી; મીંદડી હેકામણી; મીની હેકામણી; રેટિયો; વેંતકૂદાણી; વેંતખોડી; વેંતડીવેંતડી; વેંતી; વેંતિયાળુ બીલડો; વેંતિયું કૂદિયું; સિહબપે. આ રમતમાં પગના ઊભા તળિયા ઉપર બીજું તળિયું ઊભુ રાખી તેને બીજા રમનારે કૂદવાનુ હોય છે

વેંતકૂંડાણી જી. એ નામની એક દેશી રમત. જુઓ વેંતકૂદામણી.

વેંતખોડી (વેંતખોડો) જુઓ વેંતકૂદામણી

વેંતડીવેંતડી (વેંતડોવેંતડી) જી. એ નામની એક દેશી રમત; વેંતકૂદામણી.

વેંતભર ક્ર. બાર આંગળ લાબાઈ હોય તેમ
નદીના પાણી કયાં સો સો કૂટ ઊંડા છે તો કયાંક વેંતભર છે. ગુજરાતનાં તીર્થસ્થાનો

વેંતાક ન રીંગણું; વેંગણ.

વેંતિયાળુવીલડો (વેંતિયાળુવીલડો) પું. એ નામની એક દેશી રમત; વેંતકૂદામણી.

વેંતિયું ૧ ન. પાતાળમાં હોવાનું મનાતું વેંત જેવડુ માણસ.
૨. વિ. ઝાતવિનાનુ; શક્તિ વગરનું.
૩. વિ કૃપ; રીંગણું; નાનુ
૪. વિ વેંત જેવું.

વેંતુયકૂદિયું ન. એ નામની એક દેશી રમત. જુઓ વેંતકૂદામણી

વેંતિયો ૧ પું (વહાલુવહુ) અંગૂઠો અને ટચલી આંગળી વચ્ચેની લંબાઈ જેવડો આશરે અડધેક આંગળનો ખાલો
૨. પું. કોડીની એક જાતની રમત; એક જણે નાખેલ દાણની સામે બીજો જણ પોતાનો દાણ ફેંકે અને એક વેંત કરે તો નીમેલી કોડી તે લઈ જાય એવી એક જાતની રમત.

વેંતિયો ૩ પું. કોડીની રમતમાં વેંત ભરીને રમાતો એક જાતનો દાવ

વેંતી જી. એ નામની એક દેશી રમત; વેંતકૂદામણી

વેંદળા જી. પુરુષનાં લક્ષણવાળી સ્ત્રી; જેનો બાટ અને સ્વભાવ પણ પુરુષને મળતો હોય તેવી સ્ત્રી તેવા સ્ત્રીને બાળક થતાં નથી.

વેંદીદાદ જી. (જરથોસ્તી) એ નામની એક ધાર્મિક ક્રિયા

વેંધવું અ. ક્રિ. ઘાયલ થવું, ઘવાવું; છેદાવું; વીંધાવું.
વેંધાવું વસ્ત્ર વાજતા, મુખ ન રહી અંગ રે.
નરસિંહ

વેંનો પું. વેનો.

વેંહકાવું અ. ક્રિ. ચિરાઈ જવું; ફાટી જવું.

વૈ ૧. પું. પતિ; ધણી.

૨. પું. વૈષ્ણવ શબ્દનું ટૂંકું રૂપ; વૈષ્ણવ પુરુષના નામની પહેલાં લખાતું એક અભિવાદન. જેમકે, વૈ. વલ્લભદાસ

૩. સ્ત્રી. ઉંદર પકડવાનો દાંડો; ઉંદરિયું; કોળવૈ

૪. સ્ત્રી. મોટું અને ઊંડું દર; ભોંયમાં પાડેલો ઊંડો ખાડો; ભોંય.

૫. સ્ત્રી. વહી; હિસાબ અને વસાવળી વગેરેની નોંધપોથી; ચોપડો; સરવૈ નામા કે ખાતાનો ચોપડો

વૈ વાંચવી = ગઈ ગુજરીનું મારી ખોટી બાબતોનું ટાપલું કરવું; ભૂલાઈ ગયેલી કાળજનવાણી જૂની વાતો કાઢી ટોણા મારવા

૬. સ્ત્રી. વા.રુ; વા.યુનો એક રોગ; આંકડી; તાણ. આ રોગમા ઓઢે ફીણ આવી માણસ બેભાન થઈ જાય છે અને અંગ તણાઈ ખેંચાઈ જાય છે.

૭. સ્ત્રી ગરદીને લીધે થયેલી બાદી. તેમાં પેટમા આકડી આવે છે અને ઊલટી થાય છે.

૮. વિ. વૈકુંઠવાસી શબ્દનું ટૂંકું રૂપ.

૯. વિ. વૈદિક શબ્દનું સંક્ષિપ્ત મિશ્ર

૧૦. [સં.] અ નિશ્ચય; જ; નક્કી. અમરકોષમાં કહ્યા પ્રમાણે એવમ્, તુ, પુનઃ, કે પુનર્, વૈ, વા એ પાંચ નિશ્ચયદર્શક અવયવો છે.

વૈ પલ કોઈનો નહ રહ્યો.
નણ્યો શી થાય દુષ્ટ. કનેયર

૧૧. અ. પ્રાર્થના, સંબોધન, પાદપૂરણ વગેરેમા વપરાતો વેદની ભાષાનો એક શબ્દ.

૧૨. અ. ક્રિ. આકી જવું.

૧૩. અ. ક્રિ. (ધાતુ) સુકાઈ જવું; સૂકું થવું. તે ઉપરથી થયેલ શબ્દઃ વૈકાલ, વૈકૃત વગેરે.

વૈકક્ષ [સં.] ન. જનોઈની પેઠે ધારણ કરાતો એક પ્રકારનો હાર.

વૈકટિક [સં] પું. ઝવેરી; હીરાનો વેપારી.

વૈકટ્યત [સં] પું. પ્રાચીન ભારતનો એ નામનો એક દેશ.

વૈકર્ણિનિ પું. (પુરાણ) ત્રીજા ભૃગુના કુળમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ

વૈકર્ણેય પું. (પુરાણ) બીજા કલ્પના કુળમા ઉત્પન્ન થયેલ એક ઋષિ.

વૈકર્તન [સં. વિકર્તન (સૂર્ય)] પું. (પુરાણ) કર્ણ રાજા. તે સૂર્યના મંત્રપ્રભાવ વડે જન્મેલો ગણાય છે.

વૈકર્તા પું. (પુરાણ) કાર્તવીર્ય રાજાનો એ નામનો એક પુત્ર.

વૈકલ્ય [સં. વિકલ] વિ. વિકળ; ચેલું; વાયેલ; અદકપાસળી; મૂર્ખ; ભેવકૂફ; ભાન વગરનું; ચેલબાવળું.

વૈકલ્પિક ૧. [સં.] વિ. જેમાંથી એક પસંદ કરવાનું બતાવનાર; વિકલ્પવાળું; આમ તેમ એવ પ્રકારે લખાય કે થાય એવું.

૨. વિ. મરજિયાત; ઐચ્છિક

૩. વિ. વિશેષ કલ્પના કરવી પડે તેવું; કલ્પનાતીત.

૪. વિ સંકલ્પરૂપ; અનિશ્ચિત.

વૈકલ્પિક સંધાન ન. ઉભય સંભવ.

એક ત્રીજા પ્રકારના સંધાનમા જે સંકેતોમાથી ગમે તે સ્વીકારીએ તો પણ કર્તા અનુમાન નીકળે છે એ વૈકલ્પિક સાધન કહેવાય છે.

અધિકારી રાજાના બદ

વૈકલ્ય ૧. [સં.] ન. અપૂર્ણતા; ખામી.

૨. ન. અંતર્હીનતા.

૩. ન. મજબરાટ, વ્યાકુળતા.

૪. ન. ગૂચવાડો; ગરબડ.

૫. ન. વિકળતા; ચેલબા; ગાંડપણ; દીવાનાપણ, મનની અસ્થિર અવસ્થા

વૈકંક પું. (પુરાણ) મેરુ પર્વતના પૂર્વ પ્રદેશમાં આવેલ એ નામનો એક પર્વત

વૈકંકત ન. એક જાતનું ઝાડ.

પલાશ, પીપળો, વૈકંકત કંજો, બિલ્વ, બી. દર્ભ સાથે એક અયુત આહુતિ આપવી.

કંદર્પાચાર

વૈકારિક [સં. વિકાર + ઇક (વાળું)] વિ. પરિવર્તન કરવાવાળું; રૂપ બદલાવી શકે તેવું; વિકારવાળું.

વૈકાલિક ૧. [સં.] પું. પાછલો પહોર.

૨. પું. સંધ્યાકાળ.

૩ વિ સંધ્યાકાળ સબંધી.

વૈકાસ પું (પિંગળ) ગુરુ.

વૈકાંત [સં.] પું. હીરા જેવો એક જાતનો કીમતી પથ્થર.

વૈકુંઠ ૧. [સં.] પું. છંદ.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દડક; ભોગી; ઉદારપાદ. તેમાં બે નગણ અને અઢાર રગણ મળી સાઠ અક્ષર હોય છે.

૩. પું. સ્વર્ગ.

૪. પું. ખોળું અગરબ.

૫. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીજા માંહેનો બાવીસમો દિવસ.

૬. પું. (પુરાણ) રૈવત મન્વંતરમાં થયેલો વિષ્ણુનો એ નામનો એક અવતાર.

૭. પુ. (પિંગળ) રોલાવસ્તુની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૨૨ ગુરુ અને ૫૨ લઘુ મળી ૭૪ વર્ણની ૬૬ માત્રા હોય છે.

૮. પું વિષ્ણુનાં હજાર માંહેનુ એક નામ. વિવિધ ગતિના અટકાવને વિકુંઠા કહે છે. ભગવાન વિકુંઠા કરનાર હોવાથી વૈકુંઠ કહેવાય છે, કેમકે જગતની શરૂઆતમાં વિખરાયેલ ભૂતોને પરસ્પર મેળવીને તેમની ગતિને તેણે રોકી હતી. વળી જેની કુંઠા એટલે રોકટોક ન હોય તે વૈકુંઠ છે. ભગવાન પણ કોઈ રીતે પ્રતિબદ્ધ નથી તેથી તે વૈકુંઠ કહેવાય છે.

૯ પું (પિંગળ) સત્તરી વર્ગનો એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ તેના પહેલા પદમાં ભગણ, રગણ અને ગુરુ મળી આઠ વર્ણ, બીજા પદમાં બે તગણ અને રગણ મળી નવ વર્ણ, ત્રીજા પદમાં યગણ, રગણ અને યગણ મળી નવ વર્ણ અને ચોથા પદમાં રગણ, યગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

૧૦. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે અપચો અને બાળકોને આવતા ઝાંત માટેનુ ઔષધ મનાય છે તેનાં પાનને ઉકાળીને આપવામા આવે તો અપચો દૂર થાય છે. બાળકોને ઝાંત આવતી વખતે આવતો તાવ આ ઔષધિનાં પાનના ઉકાળાથી દૂર થાય છે. આ ઔષધિનાં પાનને તેલમાં ઉકાળી નાખી તે તેલ સધિવા ઉપર લગાડવાથી ફાયદો થાય છે. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ આ ઔષધિનો ઉપયોગ સાપના દુખવા ઉપર કરવાની ભલામણ કરતા હતા એમ કેટલાક હસ્તલિખિત પ્રાચીન પુસ્તકો દ્વારા જાણવામાં આવ્યું છે. સસ્કૃતમાં આ ઔષધિને ઓષધપ્રસ્થ કહેવાય છે. મુંબઈના કેટલાક માળીઓ આ ઔષધિને ગોધારા કહે છે. અહીંના કેટલાક વૈદ્યો આ ઔષધિનાં પાનનો ઉપયોગ બાળકોના દાતના તાવ ઉપર કરવાની ભલામણ કરે છે. કલકત્તામાં આ ઔષધિને કરીતુમ્બે કહેવામાં આવે છે. સ્વાના કેટલાક લોકો તેનો ઉપયોગ તાવમાં તરત પરસેવો વાળવા માટે કરે છે. મરાઠીમાં વૈકુંઠને પંચા ગોધારા કહેવામાં આવે છે. કેટલાક મહારાષ્ટ્રી ભાઈઓ આ ઔષધિનો ઉપયોગ બાળકોના પેટનાં દર્દો ઉપર કરવાની ભલામણ કરે છે. તામિલમાં આ ઔષધિ સાકમ્બાર્ઈ નામથી જાણીતી છે ત્યાંના કેટલાક લોકો આ ઔષધિનાં પાનના ઉકાળાથી અપચો દૂર થાય છે એમ માને છે. તેલુગુમાં માગ્નીસના

નામથી જાણીતી આ ઔષધિનો ઉપયોગ ઝેરી લોકો વારંવાર આવતો તાવ દૂર કરવા માટે કરતાં હોવાનું જાણવા મળે છે.

૧૧. ન. વિષ્ણુનું નિવાસસ્થાન; વિષ્ણુનું ધામ; સત્યલોક; વિષ્ણુલોક. ગોલોકના નીચલા પ્રદેશમાં તેના એક ભાગ રૂપ વૈકુંઠલોક છે એમ મનાય છે.

વૈકુંઠ રચના નિર્ખતા, બ્રહ્મા મુનિનાં મન ચળી જાય રે,
જ્યાં ઋતુબુંજના ચર્ચું સેવે, આદિ લક્ષ્મી આમ રે.
સ્ફાટિક મણિના ભુવન માંયે, લક્ષ્મી કરે વિલાસ રે;
તુલસી વડે અચ્યુતની પૂજા, કરે સખીઓ સાથ રે.
તે વૈકુંઠ પુરી જોવા કાજે, સનકાદિક મથા જ્યારે રે;
ઋષિરામ રચના બહુ નીરખતાં, આવ્યા પ્રભુને દ્વારે રે.

પદબંધ શ્રીમદ્ભાગવત

વૈકુંઠ એકાદશી સ્ત્રી. માગશર માસની અગિયારસ.

વૈકુંઠકલ્પ પું. (પુરાણ) આશુ પ્લવકમાસનો બાવીસમો દિવસ.

વૈકુંઠ ચતુર્દશી સ્ત્રી. કાર્તિક સુદિ ચૌદસ. આ દિવસે વિષ્ણુએ વૈકુંઠ નિર્માણ કર્યાનું મનાય છે. આ વ્રતવાળાએ પહેલાં વિષ્ણુપૂજન સમાપ્ત કરીને પછી શિવપૂજન કરવું જોઈએ. સત્યયુગમાં ભગવાન વિષ્ણુ વિશ્વેશ્વરની પૂજા કરવા કાશી ગયા. પ્રાતઃકાલમાં મણિકર્ણિકા ઘાટ ઉપર સ્નાન કરીને સુવર્ણનાં બનાવેલાં એક હજાર કમળ લઈ વિશ્વનાથના મંદિરમાં ગયા. વિષ્ણુએ પ્રથમ પાર્વતી તથા શંકરની અર્ચના કરી પછી બંને ઉપર અભિષેક કર્યો. વિષ્ણુ મારો પરમ ભક્ત છે કે નહિ એમ પરીક્ષા કરવા માટે શિવજીએ એક કમલપુષ્પ લઈ લીધું. વિષ્ણુ સ્નાનાદિક ક્રિયા સમાપ્ત કરી જ્યારે પુષ્પ ચઢાવવા લાગ્યા ત્યારે એક ફૂલ ઓછું જણાયું તેથી પુષ્પને બદલે વિષ્ણુએ પોતાનું જમણું નેત્ર અર્પણ કર્યું. વિષ્ણુની આવી અવિચળ ભક્તિથી પ્રસન્ન થઈ શિવજીએ કહ્યું કે, ધન્ય છે, હું આજ ત્રિલોકનું રાજ્ય આપને અર્પણ કરું છું. વિષ્ણુએ કહ્યું કે નાથ, રાજ્ય તો દીધું પણ કોઈ શક્તિ વિના શાસન શી રીતે કરીશ? ત્યારે શિવે સુદર્શનચક્ર આપ્યું ને કહ્યું કે આ ચતુર્દશીનું નામ વૈકુંઠ ચતુર્દશી પડશે.

વૈકુંઠધામા પું (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ રગણ મળી ચોવીસ અક્ષર આવે છે તેમાં બારમા અક્ષર પછી યતિ આવે છે.

દેવ વૈકુંઠધામા જિના વિશ્રમા,
ધ્યાન ધારે ન ધારી ખરી ધારણે.

પિંગળ

વૈકુંઠધામો પું. (પિંગળ) એ નામનો એક છંદ.

વૈકુંઠનાથ [સં.] પું. વિષ્ણુ.

વૈકુંઠપતિ [સં.] પું. વિષ્ણુ.

વૈકુંઠપુરી [સં.] સ્ત્રી. વિષ્ણુલોક.

વૈકુંઠપુરી અતિ આછઈ સારી,
તેહનઈ એ નાથ દેવ મુરારિ.

પ્રબોધચિંતામણિ

વૈકુંઠરાય [સં.] પું. વિષ્ણુ.

વૈકુંઠલોક [સં.] પું. વિષ્ણુના નિવાસસ્થાનવાળો લોક. બ્રહ્માંડની ઉપર આવેલો એ નામનો એક લોક.

વૈકુંઠવાસ ૧. પું. મૃત્યુ; મરણ.

વૈકુંઠવાસ થયો = મૃત્યુ પામવું

૨. પું. વિષ્ણુનું ધામ.

૩ [સં. વૈકુંઠ + વાસ (વસવું તે)] પું. વૈકુંઠમાં વાસ કરવો તે; મરી જવા પછી વૈકુંઠમાં વાસ મળવો તે.

આકાશ માટે કૈલાસવાસ, ભોજન માટે વૈકુંઠવાસ
ને સુખને માટે સ્વર્ગવાસ શબ્દ વપરાય છે.

મલયકુસુમ

વૈકુંઠવાસી ૧. વિ. મરી ગયેલું; સદ્ગતિ પામેલ. ૨. [સં.] વિ. વૈકુંઠમાં જઈ વસેલું; મરણ થતાં વૈકુંઠ પામેલું; વૈકુંઠમાં વસતું.

વૈકુંઠી સ્ત્રી. ડાડી; નનામી; શબને લઈ જવાનું સાધન.

વૈકૃત ૧. પું. બીભત્સ રસ.

૨. [સં.] પું. વિકાર.

૩ વિ. અનેક રૂપ ધરનાર.

૪. વિ. બેડોળ.

૫. વિ. વિકૃતિ પામેલું; બગડી ગયેલું; મન અને આકાર બરાબર ઘડાઈ નહીં હોય તેવું; અસલ રૂપ, રંગ અને વિચાર બદલાઈ ગયેલ હોય તેવું.

વૈકૃતિક [સં.] વિ. વિકૃતિરૂપ; વિકાર તરીકે આવેલું.

વૈકૃતિગાલવ પું. (પુરાણ) વિશ્વામિત્રના કુલમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ.

વૈકૃત ન. મુખ્ય અઢાર માલની એક જાતુ; લોઢું.

વૈકૃતક ન. એ નામની એક ધાતુ; પારો.

વૈકાંત ૧. પું. (વૈદક) આઠ માલનો એક પ્રકારનો મહારસ; મોરથૂથુ.

૨. ન. એક જાતનો મણિ. તે આઠ ધારવાળો, આઠ ફણાંવાળો, ચુંવાળો, વજનદાર અને ચોખ્ખા મિશ્રણનો હોય છે. તે હીરાની સાથે મળતો આવે છે. સફેદ, પીળો, કાળો, આસમાની રંગનો, રાખોડી રંગનો, કાબરચીતરો, જાંબરો એમ સાત રંગનો હોય છે.

વૈકિય ૧. પું. (જૈન) સમુદ્ઘાતના સાત ભેદોમાંનો એક ભેદ. વેદનીય, કષાય, મરણાન્તિય, વૈક્રિય, આહારક, તેજસ અને કેવળી એ સમુદ્ઘાતના સાત ભેદ છે.

૨. પું.; ન. બહુરૂપી શરીર.

૩. વિ. જેના રૂપમાં ફેરફાર થાય તેવું; બહુરૂપી; જુદાં જુદાં રૂપ ધારણ કરનાર.

દેવસ્થાનો ઉપરનો આખો જે દિવ્ય વસ્તીથી ઢંકાયેલો રહે છે તે દેવોનું ઉપપાતક્ષેત્ર છે અને વજ્રમય ભીંતનો ગોળ જે નરકોનું ઉપપાતક્ષેત્ર છે. કર્મને લીધે તેઓ તે શરીરને માટે એ ઉપપાતક્ષેત્રમાં રહેલા વૈક્રિય પુદ્ગલોને ગ્રહણ કરે છે.

તત્ત્વાર્થસૂત્ર

૪ વિ. વિક્રિયાને ધારણ કરનાર.

વૈકિયલબ્ધિ સ્ત્રી. (જૈન) શરીરના રૂપમાં ફેરફાર કરવાની શક્તિ; બહુરૂપ બનાવવાની શક્તિ.

વૈકેય ૧. [સં.] ન. (જૈન) એક પ્રકારનું શરીર; ચોખી, માંસ, ચામડી વગરનું શરીર.

૨ વિ. બદલી શકાય તેવું.

વૈક્લવ પું. (પુરાણ) વસિષ્ઠકુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

વૈખરૂ વિ. બગડી; નકામું.

વૈખરી ૧. સ્ત્રી. કર્કશ વાણી; ઝઘડવાટ; અસભ્ય ઝઘડો; ધડાધડાટ ધારણી ફૂટે એમ બોલાતી વાણી.

૨. સ્ત્રી. ગીલા; ઠેકડી; કપટ બોલવું તે.

૩. સ્ત્રી. મંત્ર.

૪. [સં.] સ્ત્રી. મુખના વાયુ વડે વ્યક્ત થાય એવો અને સર્વથી સંભળાય એવો સ્થૂળ શબ્દ કાઢતી વાણી; સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી. પરા, પશ્યંતી અને મધ્યમા ત્રણ પ્રકારની વાણી ઉત્પન્ન કર્યા પછી વાયુ મુખ, કંઠ, તાલુ, મૂર્ધા, દાંત વગેરે સ્થાનોમાં અથડાય છે એટલે વિવક્ષિત અર્થવાળા વર્ણ ઉત્પન્ન થાય છે. સર્વસાધારણ મનુષ્યોને વૈખરી વાણી ગોચર છે. જાગ્રત અવસ્થામાં વૈખરી વાચા હોય છે. આપણે જે વડે પરસ્પર વ્યવહાર કરીએ છીએ તે જ વૈખરી વાણી કહેવાય છે.

આપણે મનુષ્યને ચાર પ્રકારની વાણી છે. મુખેથી ઉચ્ચારાતી વૈખરી, કંઠમાં થતી તે મધ્યમા, હૃદયમાં પરા અને નાભિમાં પશ્યંતી વાણી રહે છે.

જપ

૫. સ્ત્રી. વાણી; વાગ્દેવી.

૬. સ્ત્રી. વિખવાદ. ડખલો.

૭. વિ. સ્પષ્ટ ઉચ્ચારવાળું; ચોખ્ખું.

વૈખરી જપ પું. બીજા સાંભળે એવા, જીભ સ્વરથી મંત્ર કે શબ્દનો ઉચ્ચાર થાય તેવો જપ; ઉચ્ચ સ્વરે કરવામાં આવતો જપ. માનસિક, ઉપાંશુ અને વૈખરી એમ જપના ત્રણ પ્રકાર છે.

વૈખસા જી. કશ્યપ ઋષિની એ નામની એક સ્ત્રી.

વૈખસાએ બહુ રાક્ષસ, કદુએ જણીયા નાગ. પ્રેમાનંદ

વૈખાન ૧. પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ભગવાને વરાહરૂપ ધારણ કરીને પૃથ્વીને વિ.ના રૂપથી ઓદીને પાતાલવાસી હિરણ્યાક્ષને માર્યો હતો તેથી તે વૈખાન કહેવાય છે

૨ પું શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ

વૈખાનસ ૧. [સં] પું ધાર્મિક જીવનક્રમના ત્રીજા આશ્રમમા રહેતો બ્રાહ્મણ; વાનપ્રસ્થ

૨. પું. સાધુ, સન્યાસી.

૩. ન. અથર્વવેદનું એક સૌત્ર.

૪. ન. મુખ્ય અઢાર માહેનુ એક ગૃહ્યસૂત્ર

૫. વિ. વાનપ્રસ્થને લગતુ.

વૈખાનસ તંત્ર ન. એક પ્રકારનું શાસ્ત્ર. તેમા સ્મૃતિ વગેરેનુ સામાન્ય સાહિત્ય હોય છે.

વૈખાનસવ્રત ૧. ન. વાનપ્રસ્થને બદલું વ્રત.

હવે અમારે વૈખાનસવ્રત હોવુ છે, એટલે તમે મોટુ દુખ આપ્યો, અમે એનાથી માથે જટા બાંધીશું. રામાયણ

૨ ન. વાનપ્રસ્થાશ્રમ.

વૈગાઈ જી. એ નામની એક નદી.

વૈગાયન પું. (પુરાણ) ભૃગુકુળનો એ નામનો એક ઋષિ

વૈગુણ્ય ૧. [સં.] ન. અન્યાય; ગેરવ્યવસ્થા થયો તે

૨. ન. અસપૂર્ણતા; ન્યૂનતા.

૩. ન ગુણની વિશેષતા.

૪ ન. ગુણ રહિત હોવાપણું

૫. ન. દોષ; ખામી; ખોટ

૬. ન ફેરફાર

૭. ન. વિગુણપણું; વિરુદ્ધ ગુણવાળાપણુ

વૈચક્ષણ્ય [સ ન વિચક્ષણતા, હોંશિયારી, કાર્યક્ષમતા; ધારેલી મતલબ પાર પાડવાની શક્તિ.

બૈદ્ધ ધર્મની ચર્ચા તેમની વિદ્વત્તા, પ્રમાણિકતા અને વૈચક્ષણ્યનો સુંદર નમૂનો છે. પુરાતત્ત્વ

વૈચિત્ય [સ.] ન આકુળપણું; ગભરામણ

વૈચિત્ર પુ. (શિલ્પ) પંદર પ્રકાર માહેનો એક જાતનો ગવાક્ષ

વૈચિત્રવીર્ય પું ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનુ સામાન્ય નામ.

વૈચિત્ર્ય ૧. [સં.] ન અદ્ભુતતા; નવાઈ; વિચિત્રતા; વિચિત્રપણું; અજબપણું; ખૂબી.

૨. ન. તરેહવારપણું; નવુ અને આશ્ચર્યકારક લાગે એવુ હોવાપણું; વિવિધતા.

૩. ન ભિન્નભિન્નપણું; ભિન્નતા; અનેકતા; જુદાજુદી.

વૈચિત્ર્યદર્શક [સ.] ન. બહુ રૂપ દર્શક કલાદર્શ; સુંદર રૂપ દર્શક યંત્ર

વૈચિત્ર્યશૂન્યતા [સં] જી. એકવિધતા; એકવિધ; અવૈવિધ્ય; એકસૂનિ; એકતાનતા; એકરૂપતા; ' મોનોટોનિ '.

વૈચ્છાય જી. સ્વેચ્છા; પોતાની ઇચ્છા.

સમાધી હતરે વૈચ્છાયે.
અલવિદ્ પર તેને મહીએ તદા. દામોદર

વૈજનન [સં.] પું. પ્રસવ માસ; ગર્ભકાળનો છેલ્લો માસ

વૈજનાથ પું. ચિતાભૂમિમાં આવેલુ શિવનું એ નામનું એક જ્યોતિર્લિંગ

વૈજય [સં.] પું. અગિયાર માંહેનો એક પ્રકારનો કૂવો. તે કૂવો પાંચ હાથ પહોળો હોય છે

વૈજયભુત પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

વૈજયંત ૧. [સં.] પું. અરણીનુ ઝાડ.

૨. પુ ઇંદ્ર

૩. પુ ઇંદ્રની ધજા.

૪. પુ. ઇંદ્રનો મહેલ; અમરાપુરીમાં નંદન બાગમાં આવેલો ઇંદ્રને રહેવાનો મહેલ.

૫. પું. એ નામનો એક દૈત્ય.

૬. પું. (પુરાણ) ક્ષીરસમુદ્ર વચ્ચે આવેલો એ નામનો પર્વત. તે ઋતુમુખ બ્રહ્માનો આવાસ મનાતો હતો.

૭ પુ ઘર

૮ પુ વેલા; વાડો

૯ ન (પુરાણ) નિમિ રાજાની નગરી આગળ જતાં આ જ નગરીનું નામ નિમિના પુત્ર મિથિના નામ ઉપરથી મિથિલા પડયુ હતુ

૧૦. ન (પુરાણ) નિમિધ્વજ રાજાની નગરીનુ નામ. આ નગરી દક્ષિણમાં હંસકાના દેશમા આવેલ છે

૧૧. ન. (જૈન) પાંચ માંહેનુ એક અનુત્તર વિમાન

નવ ગ્રૈવેયકની ઉપર વિજય, વૈજયંત જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ વિમાન છે. તત્ત્વાર્થસૂત્ર

વૈજયંતિક ૧. પું. શ્રીકૃષ્ણ. કેમકે તે વૈજયંતી માળા ધારણ કરે છે.

૨. [સં.] વિ વાવટો ધરનાર; વાવટો ઉડાડનાર; ધ્વજા કે નિશાન ધારણ કરનાર.

વૈજયંતિકા ૧. [સ.] જી. અરણી નામનું ઝાડ જયા, જયતી, તર્કારી, નાદેયી, વૈજયંતિકા, શ્રીપર્ણી, અગ્નિમથ, કશ્યિકા, મણિકારિકા, જય એ દસ નામ અરણીનાં છે. અમરકોષ

૨. જી. એક જાતનો મોતીનો હાર

૩. જી નવ હાથની લાંબી ધજા.

વૈજયંતી ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ; જેજેવંતી.

૨. જી. કાળી તુલસી

૩. જી. કીમતી રત્નોની માળા.

૪. જી. (જૈન) છપ્પન માહેની એ નામની એક દિક્કુમારિકા.

૫ જી. તુલસીની મંજરીઓની વિષ્ણુ ભગવાનની માળા. આ માળામાં પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશના પ્રતિનિધિ, નીલમ, મોતી, માણેક, પોખરાજ અને હીરા એ પાંચ મણિ હતાં.

બધા લક્ષ્મણાઓની બનેલી વૈજયંતી નામની વનમાળા ધારણ કરે છે, તેથી તે વનમાળી કહેવાય છે. વિષ્ણુસહસ્રનામાવલિ

૬. [સ.] જી. ધ્વજા; પતાકા.

૭. જી. માળા

૮. જી. મિથિલા નગરીનું પ્રાચીન નામ. સત્યયુગમાં સૂર્યવંશીય નિમિ રાજા આ નગરીમા રાજ્ય કરતા હતા

૯. જી. શ્રીકૃષ્ણની પગ સુધી લટકતી દિવ્ય પુષ્પોની માળા; શ્રીકૃષ્ણની પાંચ હંગતી ઘુંટણ સુધી પહોચે તેવી માળા.

ઇંદ્ર આથી તેને એક દિવ્ય વિમાન તથા દિવ્ય પુષ્પની માળા (વૈજયંતી), કે જે કરમાય નહિ અને પહેરીને યુદ્ધમાં જાય તો વિજય મેળવીને જ આવે તે આપ્યાં. તહેવારનો ઇતિહાસ

૧૦. જી કાયીને પહેરવાનો એક જાતનો હાર.

વૈજયંતી કોશ પું. એ નામનો એક [illegible]

વૈજયિકી વિદ્યા ૧. જી. જય મેળવવાને માટે કરાવાની ક્રિયા

૨ જી વશીકરણ વિદ્યા

વૈજાત્ય ૧. ન. અસાધ્ય, ફેરફાર.

૨. [સ.] ન. (ન્યાય) મૂળ વાતથી જુદી જ જાતની સિદ્ધિ

૩. ન. વિજાતીયપણુ, વિજાતીયતા; માણસ, પ્રાણી અને વનસ્પતિ વગેરેના વર્ગમાં થયેલ સંકર; માણસ વગરની જાતમા થયેલી સંકરતા.

વૈજ્ઞાનિક ૧ [સ] પું બૌદ્ધોનુ રાજા; બૌદ્ધ આશ્રમ

૨. પું. વિજ્ઞાનજ્ઞ,જ્ઞો; વૈજ્ઞાની; વિજ્ઞાનવેત્તા

હિંદી વૈજ્ઞાનિકોમાં ડૉ સર જગદીશચંદ્ર બોઝે મોટી શોધો કરી છે. રશિયામાં વૈજ્ઞાનિકો

ખેતરોમાં જાય છે અને બેપૂતોને ખેતીના નવા નવા અખતરા સમજાવે છે; જમીન અને નિયારણના પ્રકારો તપાસે છે; વૃક્ષો અને છોડવાઓની પરીક્ષા કરે છે અને કેમ વધુ માટો પાક ઉતારવો તેની સમજ આપે છે. આ ઉપરાંત વનસ્પતિશાસ્ત્ર, પ્રાણિવિદ્યા અને પશુઉછેરનાં ક્ષેત્રોમા પણ વિજ્ઞાનનો ઉપયોગ થઈ રહ્યો છે. રશિયા પાસે આજે ત્રણ લાખ જાતના છોડ અને ૩૦ હજાર પ્રકારના પશુના નમૂનાઓનો સમૂહ છે. એની વિજ્ઞાનની એકેડેમીના પ્રમુખ નિકોલોઈ સીટસેને એક અજાયબ શોધ કરી છે આ શોધ પશુના નવીન પ્રકારના છોડની છે. આ છોડને દર વર્ષે વાવવાની જરૂર ન પડતાં તે એકજ મૂળિયામાંથી ઊગી નીકળે છે અને તેને સાચવી શકાય છે. આ શોધના પ્રયોગો ચાલે છે અને તે સંપૂર્ણ બનતાં ખેતીના ક્ષેત્રે મહાન ક્રાંતિ થશે

સમાજવાદીએ નિપુણે મહાન,
વૈજ્ઞાનિકે તે વળી શોધકે છે;
સરકાર વિચાર પ્રબન્ધ સહુના,
આર્થિક નૈતિક સ્થિતિ સુધારે. આંબેડકરીયા

૩. સ્ત્રી. માનસિક સાગણી; બુદ્ધિવિષયક સાગણી

૪. વિ. ઉચ્ચ જ્ઞાનનું; સાક્ષરીય.

૫. વિ. ચતુર; હોશિયાર.

૬. વિ. બૌદ્ધ શાસ્ત્ર જાણનાર.

૭. વિ. બૌદ્ધાગમ સંબંધી

૮. [સં. વિ (વિશેષ) + જ્ઞાન + ઇક (ને લગતું)] વિ. વિજ્ઞાન સંબંધી. દેશમાં ખેતીને વૈજ્ઞાનિક પાયા પર મૂકવામાં આવેલ છે. ટ્રેક્ટરો જમીન ખેડે છે. હાર્વેસ્ટરો લણણી કરે છે. યાંત્રિક સાધનો વાદળના ગર્ભ ચીરીને કૃત્રિમ વરસાદ વરસાવે છે. રશિયાના ખેતરોમાં પડેલા ભેજનો ઉપયોગ કરીને લાં બાગબગીચા બનાવાયા છે. રશિયમાં બિયારણ વાવતાં પહેલા બિયારણી વૈજ્ઞાનિક માવજત કરવામાં આવે છે. ઓછામાં ઓછી જમીનમાંથી વધુમાં વધુ પાક કેવી રીતે ઊતરે તેના પ્રયોગો કરવામાં આવે છે. વાવણી સમયે એક રાક્ષસી પક્ષી જેવું વિમાન ધરમરાટ કરતું આસમાનમા ઊડતું જાય છે અને આસપાસનાં સમગ્ર ખેતરોમાં દાણાનો વરસાદ વરસાવે છે. જો વાવણીમાં દિવસો લાગે તો મોડા જ કલાક કે મિનિટમાં પતી જાય છે

૯. વિ. વિજ્ઞાનશાસ્ત્રોમાં પારંગત.

અમુક હકીકતોથી અનેક એકાદ જ્ઞાનના વિષયનો અર્થ જાણનાર વિજ્ઞાનિક ન કહેવાય પણ તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર તેને વૈજ્ઞાનિક કહેવાય.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિ

વૈજ્ઞાનિક આતર ન. વિજ્ઞાનની રીતે ઉત્પન્ન કરાતું આતર. આતર વિજ્ઞાનની જુદી જુદી રીતે તૈયાર થાય છે જેમકે,(૧) સૌથી પહેલા ગાડગાંખર ઘાસ, કચરો, મેલું વગેરે ખાડામાં નાખીને તેની ઉપર છાણમાટીનું લીંપણ કરી નાખવામાં આવે છે એ રીતે તૈયાર થતુ આતર કુદરતી આતર કહેવાય છે. (૨) આ ઉપરાંત 'હીરા આતર' અને 'સોના આતર' નામના બે આતરો પણ બહુ ઉપયોગી બની રહે છે મૂત્ર દ્વારા તૈયાર થતાં આતરને 'હીરા આતર' અને મળ દ્વારા તૈયાર થતાં આતરને 'સોના આતર' એવાં નામ અપાય છે. તેને મેલાનુ આતર પણ કહે છે. જમીનની ફળદ્રુપતા માટે આ આતર બહુ ઉપયોગી છે. (૩) આ સિવાય પ્રાણીનાં બી વાવીને તૈયાર થતુ લીલુ આતર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે લીલું આતર તૈયાર કરવા માટે એક એકરે ૮૦ રતલ બીજનાં બી વપરાય છે ને તેમાંથી ૧૦ થી ૧૫ હજાર રતલ લીલું આતર તૈયાર થાય છે. 'સુપર ફોસ્ફેટ' આતર, મિશ્ર આતરો, સોના આતર અને હીરા આતરના વપરાશને લીધે હવે એકરે ૧૦૦ થી વધુ ગંજાણી મણ ચોખા ઉત્પન્ન થાય છે. સારે દેશી પદ્ધતિ પ્રમાણે આશરે ૨૫ મણ ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત રસાયની આતરનો પણ ઉપયોગ થઈ શકે છે.

વૈજ્ઞાનિક જહૂકર પું. ટોમસ આલ્વા એડિસન નામનો વિજ્ઞાનવેત્તા. તેનો જન્મ અમેરિકના ઓહિયો પ્રાંતના મિલાનમાં ઈ.સ. ૧૮૪૬ના ફેબ્રુઆરિની ૧૧મી તારીખે થયો હતો. નાની ઉમરે છાપાં વેચીને તેની કમાણીમાંથી તે પ્રયોગશાળાને ઉપયોગી રસાયણો ખરીદતો. પાછી એ ટેલિગ્રાફી શીખ્યો. પહેલવહેલી શોધ તેમણે ૨૩ વર્ષની ઉમરે કરી ને તે શોધ બદલ તેને ૪૦૦૦ ડોલર મળ્યા. તે સમયે ટેલિગ્રાફ એક જ બાજુ મોકલી શકાતા. જેટલી જુદી જુદી દિશામાં ટેલિગ્રાફ મોકલવા હોય તેટલી સંખ્યામાં તારના દોરડાં જોઈતાં, પણ એમણે વીજળીના પ્રવાહની દિશામાં ફેરફાર કરી, જુદી જુદી દિશામાંથી એકજ તારના દોરડા પર ટેલિગ્રાફ મોકલી શકાય એવી પદ્ધતિ શોધી. એ પછી ટેલિફોન, ફોનોગ્રાફ, મિમેમેટોગ્રાફ કે ચિત્રપટ, બોલપટ કે ટોકીઝ ને વીજળીશક્તીની શોધ કરી. ૧૮૬૪માં એમણે પહેલી શોધની ચેષ્ટા લીધી અને ૧૯૩૧માં અવસાન સુધીમાં એમણે નાની મોટી ૧,૩૦૦ શોધો નોંધાવી. એમની શોધોથી અનેક માણસોને કામ અને રોજી મળ્યાં; કરોડો રૂપિયાનો નફાનો અર્થ બની ગયો ને માનવીનુ જીવન વધુ સુખી, સમૃદ્ધ અને આનંદમય થયુ.

વૈજ્ઞાની પું. વિજ્ઞાનવેત્તા; વિજ્ઞાનશાસ્ત્રી.

વૈડૂર્ય ૧. પું (પુરાણ) મેરુ પર્વતના મૂળ પ્રદેશમાં આવેલ એ નામનો એક પર્વત.

૨. પુ. સાતપુડા પર્વતનું એક નામ: નર્મદાના ઉત્તર કિનારા પર આવેલો એ નામનો પર્વત. આના આધાના ક્ષેત્રમાં સદાશિવ પોતે વિરાજમાન હોવાનું કહેવાય છે

૩. [સં.] ન આસમાની હીરો; નીલું રત્ન; એક જાતનો મણિ.

વિશ્વ રત્ન મહિ કાંઠુ જડિઉ,
નીલ રત્ન વૈડૂર્ય જડિઉ.

જ્ઞાનેશ્વરમહારાજ

૪ ન. ઉડ્ડક નામનું વિમાન.

વૈડૂર્ય પ્રાસાદ પું એક જાતનું દેવળ; જૈનમત પ્રમાણે પશ્ચીસ માંહેના એક પ્રકારનું મંદિર.

વૈડૂર્ય રત્ન ન. એક જાતનું રત્ન; વેલુડી રત્ન.

વૈદ પું. હાથપગની આમડી હાડવાથી પાતો ચીરો. આ શબ્દ ચરોતર તરફ બોલાય છે.

વૈડું જુઓ વરડું.

વૈણ પું. વૈદેહક નીને અંબાદ પુરુષથી થયેલ દીકરો. તેનો ધર્મો રથ બનાવવાનો હતો.

વૈણવ ૧. પું. (પુરાણ) વિશ્વામિત્ર કુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

૨. ન. રેતીમાંથી કાઢેલું સોનુ.

૩. [સં.] ન. વાંસ; વાંસડો.

વેણુવની પેઠે બળી મૂઓ,
ન સાથી કોઈએ હાથ. કલેશ્વર

૪. ન. વાસનું જંગલ.

૫. ન. વાંસનું ફળ

૬. ન. વેણુ પર્વતમાંથી નીકળતું એક જાતનું સોનું. તેનો રંગ કર્ણિકાર ફૂલ જેવો હોય છે.

૭. વિ. વાંસનુ

વૈણવિક [સં.] વિ. વાંસળી વગાડનાર.

વૈણવસમાધિ સ્ત્રી. (કાવ્ય) એ નામનો અલંકાર; વર્ણ્યસમાધિ. 'એસિટરેશન'.

શબ્દાલંકારમા વૈણવસમાધિનું પાલન ત્રિજળના પ્રાયઃ સમસ્ત કવિઓએ ચીવટથી કર્યું છે.

સારસ્વા

વૈણિક [સં.] વિ. પીપુડા વગાડનાર.

વૈણિકા સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય ત્રાવીસ માંહેની ચૌદમી શ્રુતિ.

વૈણુક ૧. ન. હાથીને ચલાવવાની લોઢાની અણીવાળી વાંસની લાકડી.

૨. [સં.] વિ. વાંસળી વગાડનાર.

વૈણ્ય પું. (પુરાણ) વેન રાજાનો પુત્ર પૃથુ રાજા.

વૈતક ન. એક જાતનું પક્ષી.
ચાતક વૈતક ગોલર ઢેલવું. નિષ્કુળાનંદ

વૈતતેય ન (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જગ્રામમાં રિષભ અને પંચમનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

વૈતથ્ય [સં] ન. વિતથપણું; ખોટાપણું; અસત્યપણું; વ્યર્થપણું; જૂઠાણું

વૈતનિક ૧ [સં. વેતન (પગાર) + ઇક (વાળું)] પું. ભૂતક; કર્મકર; પગાર ખાનાર નોકર.
૨. પું. મજૂર, રોજદાર.
૩. વિ. દાડિયું; મજૂરી કરનાર.
૪. વિ ભાડા ઉપર ફરનાર.
૫. વિ. વેતન લઈને કામ કરનાર; પગારદાર; કરમાયાદાર.

વૈતરણિ જુઓ વૈતરણી.

વૈતરણી ૧. સ્ત્રી (ખગોળ) એ નામની આકાશી યમુના. પરોપકારી મૃત્યુના પાણ્યા પગરૂપી બાણમાયા જાણે એક નદી નીકળીને દક્ષિણ દિશાને પાવન કરવા વહતી નીચે ચાલી છે. જે તો જરા ઝાંખી, પણ તેના વહનના વળાંક આકાશમાં વેશની ચીતરામણી કરતા જાય છે અને આપણી આંખને આકર્ષી લે છે.
૨. સ્ત્રી. એ નામનું એક તીર્થ.
૩. સ્ત્રી. એ નામનો ચૌદમો નરકકુંડ.
૪. સ્ત્રી. ચોત્રીશ માઠેનુ એ નામનું એક નરક.
જે રાજઓ અધમ રાજનાં માણસો પોતે સારા કુળમાં ઉત્પન્ન થયા છતાં ધર્મની મર્યાદાઓને લોપી નાખે છે, તેઓ મૂવા પછી નરકના મહાની ખાઈ રૂપ વૈતરણી નામના નરકમાં પડે છે.
ભાગવતી ભાગવત
૫. સ્ત્રી. કારતક વદિ એકાદશી
૬. સ્ત્રી. યમપુરીમાં દુઃખ ભોગવવાની એક નદી. યમલોકના માર્ગમાં આવતી એ નામની કલ્પિત પૌરાણિક નદી. હિંદુઓમાં એવી માન્યતા છે કે, દાનમાં અપેલી ગાયનુ પૂછડું પકડીને મૂએલાનો જીવ એ નદી જીતરીને પાર જાય છે.
ઘણી ધર્મમર્યાદાને જાણી રે,
વસ્તો અધર્મે નર અજાણી રે,
એવા રાજા ને રાજના ભૃત્ય રે,
પડે વૈતરણીએ પામી મૃત્ય રે. નિષ્કુળાનંદ
વૈતરણી ચાલવી = ગદા પાણીની નીક વહેવી.
૭. સ્ત્રી. વિંધ્યાચળમાંથી નીકળી કલિંગ દેશમાં થઈને પશ્ચિમ સમુદ્રને મળનારી એ નામની એક નદી. તે ઓરિસામાં કટક પાસે આવેલી છે.
૮ સ્ત્રી. સ્વર્ગની એક નદી; સ્વર્ગગંગા.
સ્વર્ગમાં વૈતરણીમાં ગાયને પૂંછડે તરવાને બદલે પુણ્ય પર જઈ આકાશગંગામાં બેસી જવાનું ન હોય કે ભમા સડસડાટ ચાલ્યા જાય. ભાલણ

વૈતરણીવ્રત [સં.] ન. કારતક વદિ એકાદશીને દિવસે ગાયનું પૂજન કરીને કરવું એક વ્રત.

વૈતરાવાડ (વૈતરાવાડ) સ્ત્રી મજૂર લોકોનો મહોલ્લો; વૈતરાઓ વસતા હોય તે વસ્તી, ચોરાસી માહેનુ એક ચૌદુ.

વૈતરી ૧. સ્ત્રી. ભૂત પિશાચની નારી; દુષ્ટ સ્ત્રી.
૨. સ્ત્રી. વૈતરું કરનારી સ્ત્રી; મજૂરણ.

વૈતરું ૧ [સં વાહયિતૃક] ન. ખૂબ મહેનત કે કકાવટ પડી તે; શક્તિ ઉપરાંત કામ કરવું પડે તે; સહામજૂરી; થાક લાગે કે કંટાળો ઊપજે તેવું કામ.
૧. કપૂરનું વૈતરું = (૧) મજૂરી મળે અને તેની સાથે સહવાસનો સારો લાભ મળતો તે. (૨) ઊંચા પ્રકારની કામગીરી. (૩) વેઠ કરવામાં પણ પુષ્કળ કમાણીનો પ્રસંગ.
૨. વૈતરું કરવું = થાકી જવાય એટલું કામ કરવું; શક્તિ ઉપરાંત મહેનત કરવી.
૨. ન. મહેનતાણું
૩. ન. વેઠ

વૈતરો ૧. [સં. વહિત્ (ભાર વહેનાર)] પું. ખૂબ વૈતરું કરી શકનાર માણસ.
૨. પું. વેઠ ઉપાડનારો માણસ
૩. પું. વૈતરું કરનાર આદમી; સખત મહેનત કરનારો મજૂર.

વૈતસ ૧. [સ] પું. અમ્લવેતસ.
૨. વિ. નેતર સંબંધી; નેતરનુ.

વૈતહવ્ય ન સભવ ગોત્રનુ એ નામનુ એક પ્રવર.

વૈતંડી પું. એ નામનો એક ઋષિ.

વૈતંસિક પું. કૈટિક; માંસ વેચવાનો ધંધો કરનાર કસાઈ

વૈતાગ [સ.] પું થાક; કંટાળો

વૈતાગી વિ કંટાળેલું.

વૈતાઢ્ય પું (પુરાણ) એ નામનો એક પર્વત. કહેવાય છે કે, પ્રલય થવાના સમયે આ પર્વતમા બધા પ્રકારના જીવોનાં યુગલ રહી જાય છે

વૈતાન ૧. [સં.] પું. યજ્ઞનો પવિત્ર અગ્નિ.
૨. ન. અથર્વવેદનુ એક કલ્પસૂત્ર.
૩. વિ. યજ્ઞનુ; યજ્ઞ સબંધી.

વૈતાનિક ૧ [સ.] પું વેદની વિધિપૂર્વક અગ્નિનું સ્થાપન કરવું તે; શ્રૌતવિધિથી અગ્નિનુ સ્થાપન.
૨. ન. વૈતાન અગ્નિ ઉપર કરવામાં આવતી ધાર્મિક વિધિ.
૩. વિ. યજ્ઞના પવિત્ર અગ્નિ સંબંધી

વૈતાલ ૧. [સં. વેતાલ] પું. ઠારપાળ; હજૂરિયો.
૨. પું. ભૂતની એક જાતિ
૩. પું. ભૂતનો રાજા, વેતાલ
૪. પું. મૃત શરીરમાં પેસેલો ભૂત.
૫. પું. શિવનો એક ગણ

વૈતાલપચીશી સ્ત્રી. મડાપચીશી; સાંભળનારનું બનાવેલું પચીસ વાર્તાનું કવિતારૂપ એક પુસ્તક.

વૈતાલિક ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; ગિયા તેમાં ૨૮ માત્રા હોય છે. તેમાં ૬, ૭, ૧૨ ઉપર યતિ અને છેલ્લે ગુરુ આવે છે
૨. પું (પિંગળ) એ નામનો સંકીર્ણ વર્ગનો એક વિષમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના પહેલા ચરણમા સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર, બીજા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર, ત્રીજા ચરણમાં નગણ નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર અને ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
૩. [સં. વેતાલ (ભૂત) + ઇક (વાળું)] પું વૈતાલ સાધ્યો હોય તેવો બાદુગર.
૪. પું. સ્તુતિપાઠથી રાજાને જાગ્રત કરનાર; સ્તુતિ ગાઈને પ્રાતઃકાળે રાજાને જગાડનાર; ભાટ; ચારણ; સ્તુતિપાઠક.

વૈતાલિકવિદ્યા સ્ત્રી. ભૂતાવળને વશ કરવાની કળા; વીરમંત્રજ્ઞાન.

વૈતાલિકી સ્ત્રી. રુદ્રના મત પ્રમાણે અપભ્રંશ ભાષાનો એક વિભાગ

વૈતાલિકીકલા જુઓ વૈતાલિકવિદ્યા

વૈતાલિકીવિદ્યા જુઓ વૈતાલિકવિદ્યા

વૈતાલીય ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પદમાં પ્રથમ ૭ માત્રા કરીને પછી રગણ તથા લઘુ ગુરુ ઉમેરાય છે અને એમ ચૌદ માત્રા કરાય છે. બીજા અને ચોથા પદમાં પ્રથમ આઠ માત્રા કરાય છે ને પછી રગણ તથા લઘુ ગુરુ ઉમેરાય છે અને એમ સોળ માત્રા કરાય છે.
૨. પું. (પિંગળ) એક અર્ધ સમપદ અક્ષરમેળ છંદ, સુંદરી; વિયોગિની; સુરમાલિકા; કમલા. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

વૈતાળ જુઓ વેતાલ.

વૈતાળીય જુઓ વૈતાલીય.

વૈતી સ્ત્રી. માછીમારનો ધંધો કરતી એ નામની એક જાત

વૈતૃષ્ણ્ય [સં. વિ (વગરનું) + તૃષ્ણા (વૃત્તિ)] ન. અનાસક્તતા; તૃષ્ણા રહિત હોવાપણું; તૃષ્ણાનો ત્યાગ.

વૈત્રકપિવન ન (પુરાણ) એકચક્રા નગરી પાસે આવેલું એ નામનું એક વન તેમાં બકાસુર રહેતો હતો

વૈત્રણી [સં.] સ્ત્રી. ઓળખાવનારી સ્ત્રી
વૈત્રણી ચતુર ચોહામણી.
ભણતિ ગોત્ર તે વરા. જ્ઞાનવિમલસૂરિ

વૈદ જુઓ વૈદ્ય

વૈદક જુઓ વૈદ્યક

વૈદકીય જુઓ વૈદ્યકીય.

વૈદગ્ધ જુઓ વૈદગ્ધ્ય.

વૈદગ્ધ્ય ૧. [સં.] ન. ચતુરાઈ; પ્રવીણતા; ચાલાકી.
૨. ન. ધૂર્તતા; શઠતા; ધુર્ત્તાઈ.
૩. ન. પાંડિત્ય; વિદ્વત્તા.

વૈદગ્ધ્યક જુઓ વૈદગ્ધ્યક

વૈદધ્ય સ્ત્રી. વૈદ્યપણું; વૈદ્યાણી.

વૈદનાથ પું. ડાકર.

વૈદપત પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. ગણપ્રસ્તારપ્રકાશ પ્રમાણે આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૧૪૪ લઘુ મળી ૧૫૦ અક્ષર હોય છે.

વૈદરાજ જુઓ વૈદ્યરાજ.

વૈદર્ભ ૧. પું. (વૈદક) ચોટ લાગવાથી સોજો ચડી દાંત હાલી પીડા કરે તે રોગ; દંતમૂળનો એક રોગ.
૨. પું. દમયંતીનો પિતા; વિદર્ભ દેશનો રાજા.
૩. [સં.] પું વાક્યની કુટિલતા.
વૈદર્ભ માર્ગના બધા કાવ્યો નિઃસંદેહ સરલ છે.
પુરાતત્ત્વ
૪. વિ વિદર્ભનું, વિદર્ભને લગતું

વૈદર્ભા સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી

વૈદર્ભી ૧. સ્ત્રી. એક જાતની લિપિ.
૨. [સં વિદર્ભ (એ નામનો દેશ) + અ (અપત્યવાચક પ્રત્યય) + ઈ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી વિદર્ભ દેશના રાજાની પુત્રી; દમયંતી; નળરાજાની પત્ની
૩. સ્ત્રી. (કાવ્ય) ચાર માહેના એક પ્રકારની કાવ્યરચના, નાટકમાં વપરાતી એક જાતની વિશાળ શબ્દરચના, કોમળ વર્ણ, અલ્પ સમાસ અને મૃદુ પદ બંધ એવી કાવ્યરચના; ઓજ સમાસવાળી માધુર્યને પ્રકટ કરનાર વર્ણોચ્ચારણની લલિત રચના; શ્લેષ, પ્રાસાદ, સમતા, માધુર્ય, સુકુમારતા, અર્થવ્યક્તિ, ઉદારત્વ, ઓજસ, કાંતિ અને સમાધિ એ દશ ગુણવાળી કાવ્યરચનાની રીતિ.
વૈદર્ભી રીતિ વિદર્ભ દેશના કવિઓની સરલ તથા મૃદુ પદબંધવાળી કાવ્યરચના પ્રથાને અવલંબીને નામાંકિત થયેલી, પણ પાછળથી દેશાંતરના બીજા કવિઓના કોમળ જ સાલ અને લલિત પદબંધવાળા કાવ્યો વૈદર્ભી રીતિના કાવ્યો કહેવાયા.
કાવ્યરાજ
૪. સ્ત્રી. રુક્મિણી; શ્રીકૃષ્ણની મુખ્ય આઠ પટરાણીમાંની એક પટરાણી.
૫. સ્ત્રી. (પુરાણ) સોપાકુંદા; અગસ્ત્યની પત્ની
૬. સ્ત્રી. (પુરાણ) સગર રાજાની પત્ની કેશિનીનું નામ

વૈદર્ભી રીતિ સ્ત્રી. એક જાતની કાવ્ય રચના. જુઓ વૈદર્ભી ૩.

વૈદલ ન. શીંગમાંથી બનાવેલ ધાન્ય

વૈદવાર્તુ [સં. વૈદ્ય + કાર (કરણ)] ન. વૈદકનો ઉપચાર; વૈદું; ઔષધોપચાર કરવા તે.

વૈદંભ પું. શિવનાં હજાર માહેનું એક નામ.

વૈદાણી ૧ સ્ત્રી. વૈદની સ્ત્રી.
૨. સ્ત્રી. વૈદું કરતી સ્ત્રી

વૈદિક ૧. પું. મંત્રદ્રષ્ટા ઋષિ.
૨. [સં. વેદ + ઇક (વાળું)] પું. વેદનો પંડિત, વેદમા પારંગત બ્રાહ્મણ.
૩. સ્ત્રી. ગુજરાતના બ્રાહ્મણોની એ નામની એક જાત.
ગુજરાતના બ્રાહ્મણોમાં તળપદા અને વૈદિકના અને વળી ગૌડ અને દ્રાવિડના ભેદ કોઈપણ નિશ્ચિત કાલમર્યાદાની દોરી બાંધીએ એવા કરતા વધારે પ્રાચીન છે. ગુ. સા. પરિષદ
૪. ન. ભારતીય શાસ્ત્રનો એક ભાગ; આસ્તિક દર્શન. ભારતીય દર્શન મુખ્યપણે ત્રણ ભાગમા વહેંચાય છે: વૈદિક, જૈન અને બૌદ્ધ. વૈદિક સાહિત્યનો મૂળ આધાર વેદ અને ઉપનિષદો છે વેદો અને ઉપનિષદોમાં તત્ત્વ વિચારણાનાં છૂટાંછવાયાં બીજ છે, પણ તેમાં તે વિચારણાઓએ સ્પષ્ટ, ક્રમબદ્ધ અને સયુક્ત દર્શનોનું રૂપ પ્રાપ્ત નથી કીધુ. તેથી જ આપણે વેદ કે ઉપનિષદોમાથી કાળનિરપેક્ષ લાગતી ચોક્કસ માન્યતાઓ મેળવવા અશક્ત થઈએ એ માન્યતાઓ મેળવવા દર્શનકારો તરફ જવું જોઈએ અને દાર્શનિક સાહિત્ય તપાસવું પડશે વૈદિક દર્શનોના સ્થૂલ રીતે છ ભાગ કરવામાં આવે છે: વૈશેષિક, ન્યાય, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા કાળતત્ત્વની માન્યતાને સ્પષ્ટ સમજવા માટે એ છ દર્શનોના બે વર્ગો કર્યા છે. પહેલાં વર્ગને સ્વતંત્ર કાળતત્ત્વવાદી અને બીજાને અસ્વતંત્ર કાળતત્ત્વવાદી કહે છે.
૫ સ્ત્રી વહનગર. નાગર જ્ઞાતિનો એ નામનો એક ભાગ
૬ સ્ત્રી. વેદ પારંગતની વિદ્યા
૭ વિ. ધર્મ સંબંધી; ધાર્મિક
૮ વિ પરલોકનું
૯ વિ. વેદ ભણેલ વેદ જાણનારું
૧૦ વિ વેદ સંબંધી, વેદનો લગતું. વેદનું
૧૧ વિ વેદનું. સમજનું.
૧૨. વિ. વેદને માનનાર; વેદાનુયાયી.
૧૩. વિ. વેદમાંથી ઉદ્ભવ થયેલું.
૧૪. વિ વહોળ. કહેલું.

વૈદિકકર્મ સ] ન વેદમા બતાવેલ કર્મકાંડ.

વૈદિક કાલ પું.વેદનો જમાનો; વૈદિક યુગ; આજથી આશરે બાર હજાર વર્ષ પહેલાનો વખત.

વૈદિકછંદ પું. (પિંગળ) અક્ષરબંધ છંદ.

વૈદિકદર્શન ન. ભારતીય દર્શનનો એક ભાગ. જુઓ વૈદિક ૪

વૈદિકધર્મ પું. વેદાદિ આજ્ઞાનુસાર ધર્મ; વેદધર્મ; વેદમાં જણાવેલો એક ધર્મ. ઈશ્વરની ઉપાસના, યજ્ઞ તથા વર્ણવ્યવસ્થા આદિ આનાં મુખ્ય અંગો છે. ઈશ્વરની ઉપાસના ભિન્નભિન્ન રૂપમાં થતી. લગભગ આખા ભારતવર્ષમાં વૈદિકધર્મનો પ્રચાર હતો. બૌદ્ધ અને જૈન ધર્મની ઉન્નતિના સમયમાં વૈદિક અથવા હિંદુ ધર્મ ક્ષીણ થયો.
સમ્રાટ અશોક પહેલા એટલે ઈ. સ પૂર્વે ત્રીજી શતાબ્દીના પહેલા ગુજરાતમા સર્વત્ર વૈદિકધર્મનો અને તેના અંતર્ગત કૃષ્ણ અને શિવ સંપ્રદાયનો પ્રચાર હતો એમ આપણે દ્વારકા અને સોમનાથ વિશેની અનેક પૌરાણિક કથાઓ વગેરે ઉપરથી જાણી શકીએ ગુ. સા. પરિષદ

વૈદિકભાષા સ્ત્રી વેદના ગ્રંથોની આર્યભાષા
જે આર્યભાષા વૈદિક એટલે કે વેદના ગ્રન્થોની ભાષા હતી, જે એક સમયે બોલાતી હતી એમ કેટલાક માને છે. જેનાં પ્રાચીન સાહિત્યમાં વેદ જેવા પવિત્ર ગ્રન્થો છે તે ભાષાનું સ્વરૂપ અતાર્ય પ્રજાના સંસર્ગથી બગડવા માંડયું. તે વિકૃતિને અટકાવવાના હેતુથી વ્યાકરણ રચાયું. નિયમો ઘડાયા પરિણામે લૌકિક સંસ્કૃત જન્મ પામ્યું અને તે ભાષા લોકોએ વાપરેલી વૈદિકભાષા બની.
જયકૃષ્ણ અમરતલાલ

વૈદિકયુગ પું. વેદનો સમય.

મંત્રોની અપૂર્વ શબ્દશક્તિથી એ વખતના આર્યોની સામાજિક, ધાર્મિક, માનસિક, રાજકીય, આર્થિક વગેરે સ્થિતિ ઉપર અજવાળાં પ્રકાશ નાખતો વૈદિકયુગ અને તેઓ સુધી લબાયો છે પુરાતત્વ

વૈદિક શબ્દ તાત્પર્ય ન. (વેદાંત) છ લિંગ વડે તાત્પર્યનો નિશ્ચય કરવો તે. ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતાફલ, અર્થવાદ અને ઉપપત્તિ એ છ લિંગ ગણાય છે

વૈદિક સંપ્રદાય [સં.] પું. વેદનાં તત્ત્વો ઉપર બંધાયેલો મત.

વૈદિક સંસ્કૃત સ્ત્રી. વેદના વખતની સંસ્કૃત ભાષા; મહાસંસ્કૃત

આર્યોની મૂળભાષા વૈદિક સંસ્કૃત હતી અને તે પાછળના સમયની ભાષાથી ઘણે અંશે જુદી પડે છે. વેદની ભાષા શુદ્ધ અને અસંકીર્ણ હતી આર્યો જેમ જેમ જુદા જુદા પ્રદેશોમાં દાખલ થયા તેમ તેમ તે વિકૃતિવાળી બની. ભાષાનો વિકાર થતો અટકાવવાને પાણિનિ જેવા વૈયાકરણોએ વ્યાકરણ રચી ભાષા નિયમબદ્ધ કરી.

જનુભાઈ અંજારતરાજ

વૈદિશ ન. એ નામનું એક પ્રાચીન શહેર; શત્રુઘ્નની રાજધાનું નગર તેનો ઉલ્લેખ મહાકવિ કાલિદાસના મેઘદૂત નામના કાવ્યમાં આવે છે. વૈદિશનું અપભ્રંશ થઈને તે બેસનગર કહેવાયું જણાય છે

વૈદુ સ્ત્રી. એ નામની એક જાતિ.

તેમાં ખાસ કરીને કુંભાર, રાવળીયા, ભોલા, ભોપી, પાણકારા, ભોજક, વૈદુ વગેરે મુખ્ય હોય છે.

ખેતીવાડી વિજ્ઞાન

વૈદુષ્ય ૧. [સં] ન. પંડિતાઈ; પાંડિત્ય.

૨. ન. શોભતા

વૈદુ ન. વૈદ્યનુ કામ; રોગ પારખી દવા આપવાનો ધંધો; વૈદ્યનો ધંધો; ચિકિત્સા.

આઠમા રાતકમા સિંધમાં ન.જ્જક, તીરાટ અને ચંદ્રકને હાથે બૌદ્ધોના બોટા મઠો બન્યા જાણ્યા છે. અને આઠમાથી અગિયારમા શતક સુધીમા બંગાળામા માધવકર વૈદ્ય અને ચક્રદત્ત દ્વારા વૈદ્યનો પ્રદેશ અનેકમા ખેડાય છે. ગુ. સા. પરિષદ

૧. ન આવડે ભીખ તો વૈદુ શીખ = કંઈ ન આવડે તેણે વૈદુ કરવુ.

૨ વૈદુ કરવુ – કોઈ ને મારીને સીધું કરવું– ખલાસ કરવા.

વૈદૂર્ય ૧. પું. (પુરાણ) મેરુકર્ણિકા માહેનો એક પર્વત; મેરુના મૂળ ભાગમાં આવેલો એક પર્વત.

પ્લીનીએ પોખરાજના પર્વત વરીઠ ઓળખેલા અને તેના એક ભાગને આર્ય લોકોએ વૈદૂર્ય નામ આપેલું, જે નામથી એક જાતનો પોખરાજ સૂચવાય છે. પુરાતત્વ

૨. [સં.] ન. એક જાતનું નીલુ રત્ન; નીલમણિ, આસમાની હીરો; લસણિયો; ફૂરજ; કેતુગ્રહ; વલ્લભ તેનો રંગ પોપટની પાંખ જેવો લીલો હોય છે.

વૈદૂર્યક ન. એક જાતનું રાસાયનિક દ્રવ્ય.

વૈદૂર્યે શિખર ૧. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

૨. પું. [સ] મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

વૈદેશિક ૧. [સં.] પું. પરદેશી માણસ.

૨. વિ. પરદેશનુ; પરદેશી; વિદેશી.

વૈદેહ ૧. પું. એક જાતનો વર્ણસંકર

ક્ષત્રિય સ્ત્રી શૂદ્ર પુરુષ થકે વૈદેહ અથવા પુષ્કરસ નામવાળા પુત્રને ઉત્પન્ન કરે છે. સુતસંહિતા

૨ પું. (પુરાણ) નિમિ રાજાના વંશનો.

૩. [સં.] પું. બાહ્મણીને પેટે વૈશ્યથી ઉત્પન્ન થયલ પ્રજા, વૈદેહિક

૪. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ; કાશીની ઉત્તરે આવેલો પ્રાચીન વિદેહનો એક ભાગ

૫. પું. વિદેહ રાજા જનક.

૬. પું વેપારી

૭. પું. શૂદ્રથી વૈશ્યમાં ઉત્પન્ન થયેલો એક વર્ણસંકર

૮. વિ. વિદેહ દેશનુ; વિદેહ દેશમાં થનાર કે હોનાર.

વૈદેહક પું. વેપારી

વૈદેહક, કાર્પટિક, નૈગમ, વાણિજ, વણિજ, પણ્યજીવ, આપણિક, કવચિત્કવિક એ આઠ પુરાણ નામ કવચિત્ક કરનાર વેપારીનાં છે.

અમરકોષ

વૈદેહક જુઓ વૈદેહ ૩.

વૈદેહી ૧ પું. (પિંગળ) આર્યાની જાતનો એક માત્રામેળ છંદ. તેને દેહી, અદેહી, દેવી, દેવિકા વગેરે નામો પણ અપાય છે તેમાં ૧૫ લઘુ અને ૨૧ ગુરુ મળી ૩૬ વર્ણની પણ માત્રા હોય છે

૨. સ્ત્રી. જનમેજયના પુત્ર શતાનીકની સ્ત્રી

૩. [સં] સ્ત્રી. પીપર; લીંડીપીપર

કોલા કૃષ્ણા મારુષી ત્રિષ્ણા તુંડિલા હોઈ,
વૈદેહી રસાળા પ્રોક્તા શૌંડી પીપર જોઈ

ત્રિભાણપુકોષ

૪. સ્ત્રી. વિદેહ દેશના રાજાઓની કન્યાનું સામાન્ય નામ; વિદેહ રાજાની પુત્રી.

૫. સ્ત્રી. વેપારી સ્ત્રી.

૬ સ્ત્રી સીતા, જાનકી

૭. સ્ત્રી. હળદર.

વૈદેહીપુત્ર પું. અજાતશત્રુ કુમારે, તેની મા વિદેહ દેશની હતી

વૈદેહ્ય [સં. વિ (વગરનુ) + દેહ (શરીર) + ય (પણ)] ન. મરણ; મોત; દેહ રહિત સ્થિતિ.

કાળ આખરે વહી જતા, પામ્યા પતિ વૈદેહ્ય.

સ્નેહમુદ્રા

વૈદ્ય ૧. [સં.] પું. અરડૂસાનું ઝાડ.

૨. પું. (પુરાણ) ધૌમ્ય અથવા આપોદ ઋષિનો એ નામનો એક શિષ્ય

૩. પું રોગની પરીક્ષા કરી દવા આપવાનો ધંધો કરનાર માણસ; દેશી દવાઓ જાણનાર તથા દેશી રીતે ઉપચાર કરનાર માણસ, ચિકિત્સક; ભિષજ. આયુર્વેદના ઇતિહાસમાં લખ્યું છે કે કોઈ પણ રોગના સો ઉપાયો જાણનાર વૈદ્ય ખરેખરો વૈદ્ય કહેવાય છે, એટલા જ રોગના બસો ઉપચારો જાણનારો વૈદ્ય ભિષગ્ કહેવાય છે ગાંધીજી કહે છે કે, આજે તો મારો વૈદ્ય મારો રામજી છે. અંજની પ્રાર્થનામાં ગવાયેલ ભજનમાં કહ્યું છે તેમ આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણનો મટાડનારો તે છે. જેણે રામને પોતાના હૃદયમાં સ્થાપ્યો છે તેને બીજી કોઈ મદદની કે બીજા કોઈ ઇલાજની જરૂર રહેતી નથી. રામને રાજી રાખનારા માણસને મંત્રીના અને પાણીના ઉપચારની પણ જરૂર રહેતી નથી. વૈદ્ય ત્રણ જાતના કહેવાય છે: જાત્યવૈદ્ય, સિદ્ધસિદ્ધાંત વૈદ્ય અને વૈદ્યગુણસંપન્ન વૈદ્ય. (૧) જે બીજા વૈદ્યની સાધનસામગ્રી જોઈને તે જ પોતે વસાવીને તેના જેવા દેખાવાનો ડોળ કરે છે તેને જાત્યવૈદ્ય કહે છે. (૨) જે વૈદ્ય ગુણવાળો ન હોય પણ જેની ખ્યાતિ પૈસાદાર તેમજ જાની અને સિદ્ધ લોકોમાં ફેલાયેલી હોય તેવાને સિદ્ધસિદ્ધાંત વૈદ્ય કહે છે અને (૩) વૈદ્યકને લગતી બધી વિદ્યાઓમાં વાકેફગાર હોય તે વૈદ્યગુણસંપન્ન વૈદ્ય કહેવાય છે અને તે જ ખરો વૈદ્ય છે

દિનાતે જે પીએ દૂધ, નિશાંતે જે પીએ મધ,
ભોજનાતે જે પીએ તક્ર, વૈદ્યનું શુ પ્રયોજન?
તુલા પાણી જે પીએ, લોહી ઠેબર ખાય;
ભોંય પથારી જે કરે તે ઘર વૈદ્ય ન જાય.

લાક્ષણિક

૧. વૈદ્ય સાંધીનુ સદિવારકે = ઘીખીચડી એકનો એક; ઘણી ઘણિયાણી વદે, પણ અને એકના એક

૨ વૈદ્ય, વકીલ ને પાદરીને ત્રણે રોકડાં = એ ત્રણેય પૈસા વગર રાજી રાખતા નથી.

૩ વૈદ્યના ઘાટને = વૈદ્ય બોલાવી જેમ

પોતાના કુટુમ્બની કાળજી રાખતો નથી. સ.મ.-પરીને દરેક પ્રકારની માટે પણ આવું કહેવાય છે

૪ પુ વિદ્વાન પંડિત

૫ પુ વિષ્ણુનાં હજાર નામોનું એક નામ

૬ પુ શિવનાં હજાર નામોનું એક નામ

૭ વિ કાળ.નું; કાળ સમ્બંધી

૮. વિ. વેદનું; વેદ સમ્બંધી

વૈદક ૧. [સં] ન. રોગ પારખવાની અને તે મટાડવાની વિદ્યા; રોગ અને તેનાં ઔષધ જાણવાની વિદ્યા; રોગનાં નિદાન, ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર. વૈદકશાસ્ત્રમાં વૈદાંનો મત

૨ ન. વૈદનું કામ; વૈદું; વ્યાધિની પરીક્ષા કરવી અને દ્રવ્ય ગુણ જાણી તેનો રોગ ઉપર ઉપયોગ કરવો વગેરે નિદાન અને ચિકિત્સાને લગતું કામકાજ.

૩ વિ. વૈદનું; વૈદ સમ્બંધી.

વૈદકકલ્પદ્રુમ ન રઘુનાથપ્રસાદકૃત ઔષધિ ઉપરનો વિસ્તારવાળો એ નામનો એક ગ્રંથ.

વૈદકવિદ્યા સ્ત્રી. દવા સમ્બંધી શાસ્ત્ર.

વૈદકશાલા સ્ત્રી. દવાખાનું.

વૈદકશાસ્ત્ર [સં] ન. રોગનાં નિદાન અને ચિકિત્સા જણાવનાર શાસ્ત્ર. કોમુદીમાં લખ્યું છે કે, અત્યાર સુધી વૈદકશાસ્ત્ર એટલે રોગશાસ્ત્ર હતું, પણ ભવિષ્યમાં વૈદકશાસ્ત્ર એટલે તંદુરસ્તી શાસ્ત્ર હોવું જોઈએ

પ્રાચીનકાળનાં વિજ્ઞાનશાસ્ત્રો (યંત્રશાસ્ત્રો), જ્યોતિષશાસ્ત્રો, વૈદકશાસ્ત્રો, જ્યોતિષશાસ્ત્રો રાજ્યશાસ્ત્રો, વાયુશાસ્ત્રો, મેઘશાસ્ત્રો વગેરે આપના જાણવ.મા આવશે ત્યારે આપ સહુને પ્રતીતિ થશે કે આર્યોએ જે વિદ્યાનો સંચય કરેલો તેટલો સંચય પાશ્ચાત્યો એક બે સૈકામાં પણ હજી કરી શકશે કે નહિ તે શંકા પડે છે.

પુરુષોત્તમ વિશ્રામ માવળંકર

વૈદકી વિ. વૈદકને લગતું; વૈદકીય

હાલના વખતમાં સામાન્ય અને રાજવૈદકની ખિચડી વખતે વખતે કરવાથી જરૂરના વૈદકી જાણી મહત્ત્વ વધી છે. મણિલાલ રતનજી ભટ્ટ

વૈદકીય ૧ [સં] વિ. વૈદક સંબંધી

૨. વિ. વૈદનું; વૈદને લગતું; હકીમી; તબીબી

વૈદકીય અમલદાર પુ વૈદક ખાતાનો ઉપરી; દવાખાનાનો ઉપરી ડાક્ટર

વૈદકીય વિ વૈદને લગતું

વૈદચિંતામણિ પુ. ધન્વંતરીકૃત એ નામનો એક ગ્રંથ. તેમાં મજ્જા વિષયક વિકાર અને મૂત્રપથની અવસ્થાનું વિવેચન છે

વૈદજીવક પુ ડાક્ટર

ચકપલ્લીમાં માંદો પડયો હતો ત્યારે તેના અન્નમંત્રીએ તેને સારું કરવા મગધ દેશનો પ્રસિદ્ધ વૈદજીવક કામગજૃત્ય કર્યા ગયો હતો. પુરાતત્ત્વ

વૈદજીવન ન. આયુર્વેદ ઉપરનું એ નામનું એક પુસ્તક

વૈદણ ૧ સ્ત્રી. વૈદું કરનારી સ્ત્રી

૨. સ્ત્રી વૈદની સ્ત્રી; વૈદાણી

વૈદનાથ ૧. [સં.] પું. એ નામનો એક દેશ

૨ પું એ નામનો એક જૈનસ્થ. તેની મૂર્તિ વૈદનાથ નામના પીપરિયાનમાં છે

૩ પું. ધન્વંતરિ.

૪ પુ નર્મદાના, દક્ષિણ તટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ; તેલ્વેનાથ.

૫ પુ (પુરાણ) મહાદેવના બાર માંહેનુ એ નામનુ એક જ્યોતિર્લિંગ, બ્રહ્મદેવ મહેનુ એ નામનુ એક તીર્થસ્થાન, સંતાલ પરગણામા આવેલુ દેવઘર તે પ્રાચીન વખતમા ચિતાભૂમિ પણ કહેવાતું. મહાદેવનાં બાર માંહેનુ એક જ્યોતિર્લિંગ અહીં છે. અ. મહાદેવની સ્થાપના રાવણ કરાવ્યુ કહેવાય છે. વૈદ્યનાથ ભગવાનના પત્ની દેવા તીર્થનું દેવળ પણ અહીં આવેલું છે એ દેવી ભાગવત માંહેની એક કાદંપીઠ અધ્યાય છે આ જગ્યાએ સતીનું હૃદય કપાઈ પડ્યુ હતું.

વૈદ્યબંધુ [સં] પુ ગરમાળાનું ઝાડ

વૈદ્યભૂષણ પું એ નામની એક ઉપાધિ.

વૈદ્યમાતા સ] સ્ત્રી અરડૂસી નામની વનસ્પતિ

વૈદ્યમાતા, સિંહી, વાસિકા, વૃષ, આટરૂષ, સિંહાસ્ય, વાસક અને આટરૂષક એ આઠ ઔલિક નામ અરડૂસીના છે અમરકોશ

વૈદ્યરત્ન પું. એ નામની એક ઉપાધિ.

વૈદ્યરાજ પું. વૈદ્ય. તે માનાર્થે વપરાય છે.

વૈદ્યવર ૧ પુ એ નામની એક ઉપાધિ

૨ [સં.] પુ શ્રેષ્ઠ વૈદ્ય; વૈદ્યવર્ય.

વૈદ્યવર્ય પુ ઉત્તમ વૈદ્ય.

વૈદ્યવિદ્યા [સં] સ્ત્રી. વૈદકીય શાસ્ત્ર; વૈદકજ્ઞાનની વિદ્યા.

વૈદ્યશાલા [સં.] સ્ત્રી. વૈદ્યો તૈયાર કરનારી સંસ્થા.

વૈદ્યશાસ્ત્રી પુ એક જાતની પદવી.

વૈદ્યાણી ૧. સ્ત્રી. વૈદકનો ધંધો કરનારી સ્ત્રી

૨. સ્ત્રી વૈદની પત્ની; વૈદાણી.

વૈદ્યુત ૧ પું. (પુરાણ) ભરતખંડના દક્ષિણ ભાગમા આવેલો એ નામનો એક પર્વત.

૨. પું સૂર્યના એકસો આઠ માંહેનુ એક નામ.

૩. ન (પુરાણ) હિમાલયના કૈલાસ શિખરની વાયવ્યે આવેલું એ નામનું એક શિખર.

૪ સ.] વિ વીજળીનું; વીજળી સમ્બંધી; વિદ્યુતને લગતું

વૈદ્યુતવિશ્લેષણ [સં.] ન વીજળીની મદદથી પદાર્થનું પૃથક્કરણ કરવું તે; વિદ્યુતવિશ્લેષણ; વિદ્યુતપૃથક્કરણ.

વૈદ્યુતવિશ્લેષણ જુઓ વૈદ્યુતવિશ્લેષણ.

વૈદ્યુતાકર્ષણ [સ] ન. વીજળીનું આકર્ષણ; જેનાથી પદાર્થોમા વીજળી અથવા વીજળીના આંચકા ઉત્પન્ન થાય તે બળ; 'ઇલેક્ટ્રિકલ એટ્રેક્શન'

વૈદ્યુતાગ્નિ [સ પુ વીજળીનો તાપ, વીજળીનો તણખો

વૈદ્યુતિક વિ વીજળીનું, વીજળી સમ્બંધી.

વૈદ્યુતીય વિ વીજળીનું

વૈધ ૧ [સ] વિ ધર્મશાસ્ત્રના અનુસારનું; નિયમ અનુસારનું; કાયદેસર હોય તેનું

૨ વિ વિધિ પ્રમાણે શુદ્ધ કે બરાબર

૩ વિ વિધિથી નિર્માણ થયેલું; નિર્મિત.

વૈધ અટક [સ] સ્ત્રી કાયદેસર કેદ, કાયદેસર કબજો; વૈધ બંધન

વૈધ અધિકાર સ] પુ કાયદેસર હક.

વૈધ ઉત્તરદાયિત્વ [સ] ન કાયદેસર જવાબદારી.

વૈધ બંધન જુઓ વૈધ અટક.

વૈધરણ ૧. [સં.] પું પ્રાચીન કાળના ખાણ ઉપરના દસ માંહેનો એક કર.

૨. ન. રાજાનો માલ વેચવામાં થતી નુકસાની ભરપાઈ કરવાપણું.

વૈધરત [સં વૈધૃત] પું (જ્યોતિષ) એ નામનો સત્તાવીસમો યોગ

વૈધર્મી વિ. નવીનતાપૂજક; ફતર પ્રયાગપ્રિય; નવાગતને અવકાશનાર

વૈધર્મ્ય ૧ [સ વિ + ધર્મ + ય (પણ)] ન. અધર્મતા.

૨. ન. આચારભેદ

૩. ન (કાવ્ય) એ નામનો એક અલંકાર; પ્રથમ કહેલની પ્રતિપક્ષતાથી પાછળથી કહેલુ તે.

૪ ન. મુખ્ય કે મળ સ્વરૂપમાં ભિન્નતા.

૫. ન. જુદા ગુણવાળુ હોવુ તે; અન્યલક્ષણ; વિષમતા.

૬. ન (વેદાંત) જે પદાર્થમાં જે ધર્મ હોય તે ધર્મનું તેનાથી ભિન્ન પદાર્થમાં ન હોવાપણું;

ગુણમાં અસમાનપણું; અસમાનતા. એકનો જે અસાધારણ ધર્મ તે બીજાનું વૈધર્મ્ય કહેવાય.

૭. ન. નાસ્તિકતા.

૮. ન. પરધર્મપણું; વિધર્મતા; વિરુદ્ધ ધર્મપણું, ઊલટા ધર્મવાળું હોવાપણું; ભિન્ન કે વિરુદ્ધ ધર્મવાળા હોવાપણું.

૯. ન. ભિન્નતા.

૧૦ ન. વિરુદ્ધતા

વૈધર્મ્ય ઉપમા [સં.] સ્ત્રી (કાવ્ય) એ ન.મની એક જાતની ઉપમા.

વૈધર્મ્યગ્રહ [સં.] ન. પાત્રાપાત્રવિચારણા, સ.રાનરમાનો વિચાર કરવો તે; વિવેક; ' ડિસ્ક્રીમિનેશન '.

> પસંદગી વિષે જે ગ્રંથે કંઈ તેમાંથી એટલું સ્પષ્ટ જણાય છે કે બિન નિબંધને **વૈધર્મ્યગ્રહ** સાથે બહુ સંબંધ છે. ભક્તિલાલ નભુભાઈ

વૈધર્મ્ય દૃષ્ટાંત [સં] ન. (વેદાંત) નિશ્ચિત સા.ધ્ય અભાવવાળું તથા નિશ્ચિત સાધનના અભાવવાળું દૃષ્ટાંત. જેમકે, પા.ણીનો ઘરો એ 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' એ પ્રસિદ્ધ અનુમાનમાં વૈધર્મ્ય દૃષ્ટાંત છે, કેમકે પાણીના ઘરામાં સાધ્ય અગ્નિનો અભાવ નિશ્ચિત છે, તેમ સાધન ધૂમનો અભાવ પણ નિશ્ચિત છે. એને વ્યતિરેક દૃષ્ટાંત પણ કહે છે

વૈધર્મ્ય દોષ પું. (વેદાંત) એક ધર્મવાળા પદાર્થોનો અસમાવેશ.

વૈધર્મ્ય પરીક્ષા જુઓ વૈધર્મ્યગ્રહ.

વૈધર્મ્ય સમ સ્ત્રી. (ન્યાય) ન્યાયની ચોવીસ માંહેની એક જાતિ.

વૈધર્મ્ય સમાજાતિ સ્ત્રી. (વેદાંત) વૈધર્મ્યને લઈ ને સ્થાપના હેતુનો દૂષક ઉત્તર. જેમકે, જો ક્રિયાવાળા હોઈના સાધર્મ્યથી આત્મા ક્રિયાવાળો થાય તો તે હોઈના વિભુત્વરૂપ વૈધર્મ્યથી તે આત્મા નિષ્ક્રિય કેમ નહિ હોય ? તેમાં હોઈના સાધર્મ્યથી આત્મા ક્રિયાવાળો તો હોય છે, પરંતુ તે હોઈના વૈધર્મ્યથી તે આત્મા નિષ્ક્રિય નથી હોતો, એ અર્થમાં કાંઈ પણ નિયામક નથી. એવા ઉત્તરનું નામ વૈધર્મ્ય સમાજાતિ છે.

વૈધવ્ય [સ વિ (હીન) + ધવ (પતિ)] ન વિધવાપણું; રંડાપો; વિધવાવસ્થા. ગાંધીજી કહે છે કે, વૈધવ્ય એ હિંદુધર્મના શોભા છે. હિંદુધર્મ સંયમને ઊંચામા ઊંચી કોટીએ લઈ ગયો છે અને વૈધવ્ય તેની પરિસીમા છે. હિંદુ વિધવાને મઠીને વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે

> ૭ **વૈધવ્યે** વધુ વિનમ્રતા, બહેન સૌભાગ્યથી કંઈ કલાપી

વૈધવ્ય યંત્રણા [સં] સ્ત્રી. વૈધવ્યને લીધે થતું દુ.ખ. ગાંધીજી લખે છે કે, આ દુ:ખ મટાડવા માટે આટલા નિયમોની જરૂર છે: (૧) કોઈ માબાપે પંદર વર્ષની અંદર પોતાની દીકરીને પરણાવવી જ નહિ. (૨) જો વિવાહ આજ લગી ઉપરની મર્યાદાની અંદર થઈ ગયા હોય તે દીકરી પંદર વર્ષની અંદર વિધવા થઈ હોય તો તે દીકરીને પરણાવવાની તજવીજ કરવાનો માબાપનો ધર્મ છે. (૩) પંદર વર્ષની બાળા જો વિવાહ પછી એક વર્ષની અંદર વિધવા થાય તો ફરી પરણાવવાનું માબાપે તેને ઉત્તેજન આપવું જોઈએ. (૪) દરેક કુટુંબે વિધવા પ્રત્યે સપૂર્ણ માનની નજર રાખવી જોઈએ. (૫) માબાપ કે સાસુસસરાએ તેને પોતાનું જ્ઞાન વધારવાનાં સાધનો પૂરાં પાડવાં જોઈએ

વૈધવ્યવતી વિ સ્ત્રી. વિધવા; રાંડેલી; જેનો પતિ મરી ગયો હોય તેવી.

વૈધસંરક્ષક [સં.] ન ડાયરેક્ટર હવાલો

વૈધાત્ર [સં.] પુ. બ્રહ્માના પુત્ર; સનત્કુમાર આદિ મુનિ.

વૈધાત્રી ૧. પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વસંતતિલકા અને ઉદ્વસિતાના મિશ્રણથી બને છે. તેમા ૧, ૨, ૪ ચરણ વસંતતિલકાનાં અને ત્રીજું ચરણ ઉદ્વસિતાનું હોય છે

૨. સ્ત્રી. ભાંડી નામની વનસ્પતિ

વૈધાનિક વિ બાંધકામની રચનાનું; વિધાનને લગતું; નિમાણ સંબંધી.

> તેમા પુરુષ હુમાયુંકારવાળા માન કરવા માટે પણ જ માન **વૈધાનિક** પૂર્વ રહે છે. તે એટલે સુધી કે બાબરને પસંદગી કરવામા બધને મૂકવી પણ દે. રમણિકલાલ

વૈધિક વિ. ધર્મક્રિયા સંબંધી; શાસ્ત્રોક્ત; વિધિમય; વિધિયુક્ત

વૈધુર્ય સ્ત્રી. વિધુર હોવાની સ્થિતિ.

વૈધૃત જુઓ વૈધૃતિ ૧.

વૈધૃતા સ્ત્રી. (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વતરમાંના વિષ્ણુના અવતારની માતા

વૈધૃતિ ૧. [સં.] પુ. (જ્યોતિષ) એક જાતનો સત્તાવીસ માંહેનો છેલ્લો યોગ; વૈધરત આ યોગ અશુભ ગણાય છે. ચંદ્ર અને સૂર્ય એ બનેની ક્રાંતિ સમાન હોય છે ત્યારે વ્યતીપાત અને વૈધૃતિ થાય છે; તેમને મહાપાત કહે છે એ બે યોગો શુભારે ૧૩ દિવસને અંતરે થાય છે. જ્યારે વિષુવવૃત્તથી ઉત્તરે અથવા દક્ષિણે સૂર્ય અને ચદ્ર એક જ અક્ષાંશમાં હોય અને સૂર્યચંદ્રની ક્રાંતિ સમાન હોય તેવો યોગ વૈધૃતિ કહેવાય છે આ યોગમાં સૂર્યચંદ્રના રાશિ અને અંશોનો સરવાળો ૧૨ થાય છે આ યોગમાં જન્મનાર મનુષ્ય દરિદ્રી થાય, તેના માતાપિતા પણ દરિદ્રી થાય, તેમ પોતે પણ વ્યાધિવાળો, ભયવાળો, લક્ષ્મી વગરનો, થોડા આયુષ્યવાળો, પોતાની સ્ત્રીને દુ:ખ દેનારો અને બધી વસ્તુઓનો નાશ કરનારો એટલે વેચી નાખનારો થાય છે એમ કહેવાય છે

૨. પું (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વતરમાં સ્વર્ગમાં થનારો રુદ્ર.

૩. સ્ત્રી. (પુરાણ) તામસ મન્વતરમાં દેવની માતા

વૈધેય [સ] પુ. મૂર્ખ

વૈધોત્તરદાયિત્વ [સ. વૈધ (વિધિ કરાવેલું) + ઉત્તરદાયિત્વ (જવાબદારી)] ન. ડાયરેક્ટર જુમ્મેદારી; ડાયરેક્ટર જવાબદારી.

વૈન ૧. પુ. ઉત્તમ ગાયક.

૨. પું. બોલી; વાત.

વૈનતેય ૧ [સં.] પું. અશ્વ

૨. પું. એ નામનો એક ઋષિ.

> વૈનતેય ને નૈપુણ મળે;
> હારિતાશ્વિ આંદ્રામણ વળી. નિષ્કુળાનંદ

૩. [સં.] પું. વિનતા અને કશ્યપનો પુત્ર; ગરુડ; તાર્ક્ષ્ય; ખગેશ્વર; નાગાંતક; વિષ્ણુરથ; સુપર્ણ; પન્નગાશન. તે વિષ્ણુનુ વાહન ગણાય છે.

વૈનયિક [સં.] વિ. વિનયવાળું.

વૈનવ ન. વેણુ પર્વતમાથી નીકળતું એક જાતનું સોનુ.

વૈનસ પું. (પિંગળ) સુપ્રતિષ્ઠા છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ખંભ. તેના દરેક ચરણમાં રગણ, જગણ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે

> રે હ ના ખરો, **વૈનસે** કહી રણજિતરામ

વૈનાયક પું ભૂતોનો એક ગણ.

વૈનાયિક ૧. પું. બૌદ્ધાગમ.

૨. [સં.] પું. બૌદ્ધાગમ જાણનાર માણસ; બૌદ્ધ.

વૈનાયિકા સ્ત્રી. ચોસઠ માંહેની એક જાતની કલા; જાદુગરોની ઠગાઈ પારખવાની કલા..

વૈનાશિક ૧. [સ.] પુ. કરોળિયો.

૨. પું બૌદ્ધાગમ.

૩. પું. બૌદ્ધાગમ જાણનાર માણસ; બૌદ્ધ.

૪. વિ. ક્ષણિક

૫. વિ. પરતંત્ર

વૈનીતક [સ] ન. વ.લખી, નુખપાલ, ડોળી

વૈનૈતિક વિ. નીતિ વગરનુ.

વૈન્ય ૧. પું. (પુરાણ) વેનકુલોત્પન્ન એ નામનો એક ઋષિ

૨ પું. (પુરાણ) વેનકુલોત્પન્ન ચક્રવર્તી પૃથુ રા.ન

૩. ન. એ નામનુ એક ગોત્ર

વૈપરીત્ય ૧. [સં.] ન. ઊલટાપણું, વિપરીતપણું

કુદરતી ક્રમને બદલી કેવળ કાઢા અને નિલાશની હાલતમાંથી જે વિધિ તે આસનમા **વૈપરીત્ય** કપલબ્ધ કરે છે તેને કુદરત આશીર્વાદ આપતી નથી

ઉત્તમબ્રહ્મ

૨. ન ખરાબ.

વૈપાદિક પું એક પ્રકારનો મધ્યમ કોદ, તળગરમી; હ.થપગનું ફાટવું તે

હાથપગ ફાટે કાંઈ વેદના થાય તે **વૈપાદિક** કોદ. તેને બ્યાધ કહે છે. અ.ધન્વિધ

વૈપુલ [સં.] ન. (શિલ્પ) જેની દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરે એક એક ઓસરી હોય તેવુ ઘર; ૨૬૪ મ.હોની એક જાતનુ ઘર

વૈપુલ્ય [સ] ન. વિપુલતા; પુષ્કળપણુ

વૈફલ્ય [સં.] ન નિષ્ફળતા; વ્યર્થપણુ; વિફળ.ત.

વૈભવ ૧. [સં. વિભુ (મહત્ત્વવાળું) + અ (પણ)] પું. પ્રતાપ; કીર્તિ; ઐશ્વર્ય; સમૃદ્ધિ; ધન સામગ્રી વગેરેનો પૂરત ભરાવ; સમૃદ્ધિનો ઝળકાટ; સરસ ભોગ્ય સ.પનાથાળી ભભક; ભોગ્ય વસ્તુઓની બોલબાલી સમવડ; સાહેબી; ઠાઠમ.ઠ; ભોગ્ય સામગ્રીનુ પુષ્કળપણું

૨. પું. (શિલ્પ) સાત પ્રકારની ઊંચાઇના બોડાઓ મ.હેનો એક.

જે બોડો એવો આમણ ઊંચો હોય તે **વૈભવ** કહેવાય. રાજવલ્લભ

વૈભવશાલી જિ. વૈભવવાળું

વૈભવશાળી જુઓ વૈભવશાલી

વૈભવી [સં વૈભવ (ઐશ્વર્ય) + ઇન્ (વાળુ)] જિ. વૈભવવાળું; સારાં સુખકર સ.હિત્યનો ઉપભોગ કરી જાણનાર; ઠાઠમાઠથી રહેનાર, સુખોપભોગી

વૈભાગિક જિ. વિભાગવાળુ; ખાતાને લગતુ

ગુજરાત વર્નાકયુલર સોસાયટિએ **વૈભાગિક** માજતી કોરા કરાવવાનો આરંભ કર્યો છે

ગુ. સા. પરિષદ

વૈભાર પું રાજગૃહીમા આવેલો એ નામનો એક પર્વત. તેની તળેટીમા નિર્માલ્ય કૂવે આવેલી છે.

વૈભાર ગિરિના ઉપરે જઈ કીધો સસાર રૂ

મહાવીર પ્રભુનો રાસ

વૈભાષક પું. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મનો ચાર માહેનો એક ભેદ તેના મત પ્રમાણે વસ્તુ ચતુઃક્ષણિક છે: એટલે વસ્તુઓ ચાર ક્ષણમાં ઉપજીને વણસે છે. પહેલા ક્ષણમા જાતિ જન્મે છે એટલે ઉપજવે છે. બીજા ક્ષણમાં સ્થિતિ આપે છે એટલે રાખે છે. ત્રીજા ક્ષણમાં જરા જર્જર કરી નાખે છે એટલે પરમાણુઓને પૃથક્ પાડે છે. ચોથા ક્ષણમાં વિનાશ વિષ્ણુમાડે છે એટલે અદૃશ્ય કરી નાખે છે.

આધ્યમિક, આર્યાનિક, યોગાચાર અને **વૈભાષિક** એ બધા બૌદ્ધ ફિલસૂફીના જ ફાટાઓ છે.

પુરાતત્ત્વ

વૈભોગ [સં વિ (વિશેષ) + ભુજ્ (ભોગવવુ)] પું. વૈભવ; ભોગ્ય સામગ્રીની પુષ્કળતા; સાહેબી; ઠાઠ; વિભૂતિ; ઐશ્વર્ય; દબદબો

વૈભ્રાજ પું. (પુરાણ) કશ્યપના વશજો. તેમને ગાડીઓ અને બારેબારદારી જનાવરના ઉપયોગની ખબર ન હતી. તેઓ ગ્રામોમાં જેવી મુસાફરી કરતા.

વૈમ્ર [સં.] ન વિષ્ણુનુ ધામ; વૈ.ઠ, વિષ્ણુલોક

વૈમાજ ૧ પું (પુરા) વિમ.જ રાજાના પુત્ર નીપ રાજાનુ એક ના.મ

૨. ન. (પુરાણ) કુમુદ પર્વત ઉપરનુ એ નામનું એક વન.

૩. ન. દેવતાનો બગીચો; અલકાપુરીનો બગીચો જ્યાં સુરે ધનપતિસખા ચિત્રરો ચિત્ર માતા, આવે લેને, અખૂટ નિધિના સ્વામી બક્ષો સદા જ્યા, રાખી રાજે અમરવધિકા અપ્સરા પ્રહાર આજે. આલાપોમાં ગરક રસીઆ મોજ **વૈમાજ** માણે.

મેઘદૂત

૪. ન. મેરુ પર્વતની પશ્ચિમે સુપાર્શ્વ શિખર ઉપર આવેલ દેવી ઝાડની ઘટા

૫. ન પુરુષ પર્વતનો ઉત્તરનો ભાગ

૬. ન. (પુરાણ) સરયૂ નદીને તીરે આવેલુ એ નામનુ એક વન

વૈમાજક ન દેવોનુ ક્રીડાવન, દેવોનુ એ નામનુ એક વન

વૈમત્ય સ વિ , વિરુદ્ધ) + મત (અભિપ્રાય) + ય (પણું)] ન. ભિન્ન મત થવો તે, મતભેદ; અસમતિ; વિમતિ

વૈમનસ્ય ૧. [સં વિ (વિરુદ્ધ) + મનસ્ (મન) + ય (પણું)] ન દુરમનાપણું, વેર, ખા.ર, દ્વેષ; વૈર; કલહ; કુસંપ

૨. ન નાદુરસ્ત તબિયત; અસ્વસ્થ પ્રકૃતિ; પીડા.

૩. ન. નિરુત્સાહ; ખિન્નતા; દિલગીરી; ગ્લાનિ

વૈમલ્ય [સં.] ન. વિમલ હોવાપણું.

વૈમાતુર [સં.] પું ગણપતિ; વિનાયક

વૈમાત્ર [સં.] પુ. ઓરમાન ભાઈ

વૈમાત્રી [સં] સ્ત્રી. ઓરમાન બહેન

વૈમાત્રેય [સં. વિમાતૃ (સાવકી માતા)] પું. ઓરમાન ભાઈ; વૈમાત્ર

વૈમાત્રેયી [સ] સ્ત્રી ઓરમાન બહેન

વૈમાન ન. વિમાન, વાયુય.ન; આકાશમાં ચાલનારું વાહન

વૈમાનિક ૧. પું. (જૈન) દેવતાનો ચાર માહેનો એક ભેદ; વિમાનમાં વસતા દેવ; વૈમાનિક નિકાયના દેવ.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા તથા બીજા સ્વર્ગના **વૈમાનિક** બાદશા દેવો અનુભવની માફક કામસુખની અનુભવ કરીને પ્રસન્નતા મેળવે છે. તત્ત્વાર્થસૂત્ર

૨. [સ.] પું. વિમાન ચલાવવામાં કુશળ મ.ણસ

૩ પું. વિમાનમાં ફરનાર માણસ

૪ જિ. વિમાન સબધી. વિમાનને લગતુ

વૈમાનિક સાહસથી પ્રફુલ્લ થવાને બદલે **વૈમાનિક** જાતની ચાતરી ભેદ પ્રમાણનુ નસીબે લખ્યુ કરો. ચૌધુરી

૫. જિ. વિમાનવાળું

વૈમાનિક નિકાય પું. (જૈન) વૈમાનિક દેવોનો સમૂહ.

ભવનપતિ નિકાયના દશ, વ્યંતર નિકાયના આઠ, જ્યોતિષ્ક નિકાયના પાચ અને **વૈમાનિક નિકાયના** બાર ભેદો છે. તત્ત્વાર્થસૂત્ર

વૈમાનિક બળ ન. વિમાનમાંથી લડવાનું સામર્થ્ય; વિમાનયુદ્ધનું સામર્થ્ય.

વૈમાનિક ભૂમાપન ન. વિમાન મ.ર્ગની માપણી; 'એરિયલ સર્વે'

વૈમાનિક શિક્ષા સ્ત્રી વિમાન ચલાવવા મ.ટેનું શિક્ષણ

વૈમાનિક શિલ્પ [સ.] ન. શિલ્પશાસ્ત્રની ૧,૧૦૭ માહેની એક જાત

વૈમુખ્ય [સ] ન વિમુખપણું; વિરોધ.

વૈયક્તિક ૧. [સં.] જિ. વ્યક્તિનું; વ્યક્તિગત; વ્યક્તિને લગતું કે તેને અંગેનું; આસ.મીવાર; વ્યક્તિ સબધી.

૨. જિ સ્વાનુભવી; અંતર્ભૂત, આત્મસ્થિત

અલગ અલગ વચ્ચેના પરિચયોમાં તેઓ સમાન વર્ણના હોય છે કે વચ્ચે માત્ર દશ વર્ષનુ આંતરો હોય છે. એ નજરથી જોવી જરૂરી હકીકતથી **વૈયક્તિક** છાપ (Subjective impression ,આ બહુ ફેર પડી જાય છે.

બળવંતરાય ઠાકોર

વૈયક્તિકવાદ પુ. દેશના ઉદ્યોગધંધાનો વહીવટ અગત્યનો અંશ લોકોના સ્વૈચ્છિક અને મર્યાદિત કે મર્યાદા વગરનું કામ કરવા દેવામાં વ્યક્તિ અને વ્યવસ્થા કે અધિકાર હોય એમ માનવાનો સિદ્ધાંત; દરેક વ્યક્તિ આર્થિક, રાજકીય અને ધાર્મિક બાબતોમાં તદ્દન સ્વતંત્ર હોવી જોઈએ એવો મત

વૈયગ્ર્ય ન. વ્યગ્રતા; અસ્વસ્થપણું

વૈયર્થ્ય [સં] ન વ્યર્થતા; નકામું હોવાપણું

સામ્યના સ્વીકાર કરવા જતાં કોઈ જાતની વાચક સ્મૃતિના પરિત્યાગનો અને વૈયર્થ્યનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અનુશાસન

વૈયાકરણ ૧. [સં] પું. વ્યાકરણશાસ્ત્રનો જાણનાર પુરુષ, વ્યાકરણના શાસ્ત્રી

સંસ્કૃત મૂળ ભાષા થઈ ...ત્યારે જ અત્યજ્ઞાન પાણિનિ જેવા સમર્થ વૈયાકરણે તેને નિયમબદ્ધ કરી, ઇમળાશંકર

૨. વિ વ્યાકરણ સૂત્રથી

૩ વિ વ્યાકરણનું અધ્યયન કરનાર કે જાણનાર

વૈયાકરણ ભૂષણ પું એ નામની એક ઉપાધિ.

વૈયાકરણી જુઓ વૈયાકરણ

વૈયાકરણીય કર્તા પું (વ્યાકરણ) એક જાતનો કર્તા. જેમકે, મારાથી ચોપડી લખાઈ એ વાક્યમાં મારાથી એ જે કે ક્રિયાનો કરનાર છે તો પણ તે વૈયાકરણીય કર્તા નથી, પણ ચોપડી એ વૈયાકરણીય કર્તા છે.

વૈયાઘ્ર [સં.] પું. વાઘના ચામડાથી મઢેલ રથ

વૈયાઘ્રપદ્ય ૧. પુ. (પુરાણ) યુધિષ્ઠિરે વિરાટ રાજાને ત્યાં રાખેલું એક નામ; કંક

૨. પું. (પુરાણ) વ્યાઘ્રપાદ ઋષિના કુળમાં થયેલ એ નામનો એક ઋષિવંશ.

વૈયાત્ય ૧. [સ.] ન. નિર્લજ્જપણું; બેશરમી.

૨. ન. (વેદાંત) સમાધાન કરવાને અશક્ય એવી જે વાદીના પ્રશ્નોની પરંપરા છે, તે પ્રાપ્ત થતા જે મૌન ધારણ કરવું પડે તે જેમ, કોઈ પૂછે છે કે ઈશ્વરના સાધક પ્રમાણ વિષે શું પ્રમાણ છે ? તે પ્રમાણના સાધક પ્રમાણ વિષે શું પ્રમાણ છે ? આવી વાદીની શંકાઓની નિવૃત્તિ વૈયાત્યરૂપ તર્કથી થાય છે અર્થાત્ કોઈ ઉત્તર ન આપવો એ જ એનો ઉત્તર છે

વૈયાલી પું (પિંગળ) સંકીર્ણ વર્ગનો એ નામનો એક અર્ધસમમાત્રિક વર્ણમેળ છંદ તેના પહેલા તથા ત્રીજા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ મળી ૧૦ અક્ષર હોય છે.

વૈયાવચ્ચ જુઓ વૈયાવૃત્ય

વૈયાવૃત્ય [સં.] ન. (જૈન) મુનીશ્વરની સેવાચાકરી; બરદાસ; ધોગ્ય સાધનો પૂરા પાડીને કે પોતાની જાતને કામમાં લાવીને સેવાગરજ કરવી તે. વૈયાવૃત્યના પણ દસ પ્રકાર મનાય છે

પ્રમથિત વિનય, વૈયાવૃત્ય, સાક્ષાત્કાર, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે.

રાજચંદ્ર

વૈયાસિક [સં] પું. વ્યાસના પુત્ર; શુકદેવ

વૈયાસિકી [સં] સ્ત્રી વ્યાસે રચેલી સંહિતા

વૈયું ન. ખેતીના પાકને નુકસાન કરનાર એક પંખી. તેઓ ટોળામાં રહેનારાં, લાંબી ઉડાનનાં પખીઓ છે. સાંજની ટાણે આવી દાણા ખાય જાય છે

વૈર ૧ પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક છંદ; નંદક. તેના વિષમ પદમાં બાર અને સમપદમાં સાત માત્રા હોય છે. દરેક દલને અંતે ગુરુ ને લઘુ આવે છે. તેમાં ૧, ૫, ૬, ૧૩ અને ૧૭ માત્રાએ નાલ આવે છે

૨ [સં] ન દુશ્મનાઈ; વેર, દ્વેષ; શત્રુતા; કીનો

૩. ન. વિરોધ

૪. ન વીરપણું; શૌર્ય.

વૈરકર ૧ [સં.] વિ. દુશ્મનાઈ કરનાર.

૨. વિ વિરોધ કરનાર.

વૈરક્ત્ય [સં.] ન. વિરાગ; વિરક્ત હોવાપણું

વૈરનિર્યાત [સં.] ન. વેરમાં બંધા રહેવું તે. કવિશ્રી બાબાએ રાક્ષસના વૈરનિર્યાતમાં સ્વાભિમાનિતાની ઉદ્ઘોષણા જુએ છે.

ઉશનસ્ ઉપેંદ્ર

વૈરનિર્યાતન [સં.] ન. પ્રતિશોધ; વેર વાળવું તે; વેરનો બદલો.

વૈરભાવ [સં. વૈર + ભાવ (સ્થિતિ)] પું. વૈરની લાગણી; વેર લેવાની વૃત્તિ; વેરભાવ; દ્વેષબુદ્ધિ.

વૈરલ્ય ૧. ન. ઓછપ; ખામી; ન્યૂનપ.

૨. [સં.] ન. વિરલતા.

વૈરવૃત્તિ [સં.] સ્ત્રી વૈરભાવ; શત્રુભાવ; દ્વેષબુદ્ધિ; વેર લેવાની ઇચ્છા; દુશ્મનાવટ.

વૈરસ્ય ૧. ન ઇચ્છાનો અભાવ

૨ [સં વિરસ (સ્વાદ વગરનું)] ન. નીરસતા; રસહીન હોવાપણું

વૈરાગ જુઓ વૈરાગ્ય

વૈરાગણ સ્ત્રી. તપસ્વિની; મઠમા રહેનારી કુંવારી સ્ત્રી

વૈરાગી ૧. પુ. બાવો; જોગી; સાધુ

૨ પું મહાનુભાવ પંથના લોકોના બે મોટેનો એક વિભાગ. તેઓ કાળો ઝભ્ભો, તુલસીની માળા તથા ઓરિંગ પહેરે છે. એક સ્થળેથી બીજે સ્થળે ફરી ભિક્ષાવૃત્તિ ઉપર તેઓ નભે છે.

૩. વિ. વૈરાગી; વૈરાગ્યયુક્ત; સંસાર અસાર છે એમ માની મમતાનો ત્યાગ કરનાર; ત્યાગી; સંસાર પર પ્રીતિ ન હોય તેવું

વૈરાગ્નિ [સં.] પું. વૈર રૂપી અગ્નિ

જ્યાં વૈરાગ્નિ જાગ્યા પછી ત્યાં બીજી કોઈ ઇચ્છાઓની કદી તૃપ્તિ થાય તે ત્યાં અગ્નિની જ્વાળા ચિત્તને શાંત કરી શકતી નથી. સરસ્વતીચંદ્ર

વૈરાગ્ય ૧. પું. (વેદાંત) દૃષ્ટ એટલે આ લોકના અને અદૃષ્ટ એટલે પરલોકના વિષયોમાં રજોગુણનું વિરોધી એવું બંને પ્રકારનું ચિત્તનું પરિણામ. તે બે પ્રકારનું છે: પરવૈરાગ્ય અને અપરવૈરાગ્ય.

૨. [સં. વિ (વિનાનું) + રાગ (પ્રીતિ) + અ (પણું)] પું (વેદાંત) પ્રાકૃતલોક સુધીના લોકને ક્ષાકવિષ્ટાવત્ ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે; આ લોકના તેમજ પરલોકના પણ સુખની ઇચ્છા ન હોવી તે

૩. પું. રાગ સિવા પ્રીતિનો અભાવ; રાગશૂન્યતા; નિરિચ્છપણું.

૪. પું. વિશેષ રક્તતા; અતિ પ્રીતિ.

૫. પું (વેદાંત) વિષયોના ત્યાગની ઇચ્છા; વિષયેચ્છા દબાવવી તે; વૈરાગ; ત્યાગ.

૬. પું (વેદાંત) વિષયોમાં તૃષ્ણા રહિતપણું તે.

૭. પુ. સંયમવૃત્તિ; તપસ્વિતા.

વૈરાગ્ય અને અભ્યાસથી પણ ચિત્તવૃત્તિનો નિરોધ થઈ શકે છે. વિષયમાં આસક્તિ નહિ રાખવી તેનું નામ વૈરાગ્ય અને વિષય તરફ જતા મનને અટકાવવું તેનું નામ અભ્યાસ. યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તનો નિરોધ થાય છે. સાખ્યદર્શન

વૈરાગ્ય આવવો-ઊપજવો = સંસાર ત્યાગની ભાવના થવી

૮. પું. સંસારની માયા મમતા રહિતપણું; સંસાર ઉપરની આસક્તિનો અભાવ; વિરક્તિ; સંસાર ઉપરની પ્રીતિનો અભાવ; અનાસક્તિ; અનેક પ્રકારના દુઃખ તથા દોષોને જોઈ ને વિષયભોગની કામના રોકવી તે.

વૈરાગ્યબોધક પુ પુરુષોત્તમનાં દલ્લર માટેનું એક નામ

વૈરાગ્યવાદ પું. સંસારની વસ્તુઓમાં આસક્તિ રાખવી નહિ એવો મત

વૈરાજશતક ન. ભર્તૃહરિએ બનાવેલું વૈરાગ્ય સબંધી સો શ્લોકનું એક કાવ્ય.

વૈરાજ ૧. પું. અશ્વિનીકુમાર.

૨. પું (પુરાણ) એ નામના એક પિતર. તેની માનસકન્યા મેના તે હિમવાન પર્વતની સ્ત્રી હતી

૩. પું (પુરાણ) ચાક્ષુષ મન્વંતરમાંના વિષ્ણુના પિતા

૪. પું. ચૌદ માંહેનો એ નામનો એક લોક; એક બ્રહ્મલોક

૫. પું. પિતૃ, અર્ધદેવી જાત. તેઓ તપોલોકમાં રહેતા કહેવાય છે.

૬. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીસ માંહેનો સત્તાવીસમો દિવસ.

૭. પું. મનુ; વિરાજનો પુત્ર.

૮. ન. એ નામનું એક સામ

૯. વિ. વિરાજ એટલે બ્રહ્મા સંબંધી.

વૈરાજકલ્પ ૧ (પુરાણ) ચાલુ કલ્પ પૂરો થયા પછી બેસનારો કલ્પ.

૨. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીસ માંહેનો એક દિવસ

વૈરાજ્ય ૧. [સં.] પું. અંતરિક્ષ લોક.

૨. ન. બીજા રાજાઓથી વિરોધતાવાળું હોવું તે

૩. ન રાજા વગરની રાજ્યપદ્ધતિ; રાજા વિનાનું રાજ્યબંધારણ; રાજા વિનાની શાસનસત્તા આમાં આખો જનપદ અભિષેકને પામતો એટલે કે, રાજ્યસત્તા આખા જનપદમાં રહેતી.

> મેતરેય બ્રાહ્મણની વખતે ઉત્તરકુરુ એટલે હિમાલયના ઉત્તર તરફના દેશમા વૈરાજ્ય એટલે રાજા વગરનું રાજ્ય હતું. પુરાતત્ત્વ

૪. વિ પ્રજાસત્તાક રાજ્યના અભિપ્રાયનું; રાજા વગરના રાજશાસનના અભિપ્રાયનું.

વૈરાટ ૧. પું. અઢાણું માંહેનો એ નામનો એક દેશ; મત્સ્ય દેશના રાજા વિરાટની રાજધાની, દિલ્હીના નૈર્ઋત્ય ખૂણે ૧૭૫ માઈલ અને જયપુરની ઉત્તરે ૪૧ માઈલ દૂર આવેલો એ નામનો એક પ્રાચીન દેશ

૨ [સં.] પું. ઉંદરગોપ કીડો.

૩. પું. બ્રહ્મા

૪. પું. (પુરાણ) વિરાટ રાજાનો ઉત્તર નામનો દીકરો

૫. ન બ્રહ્માંડ

૬. વિ. મોટું

૭. વિ. મોટું; વિશાળ; વિસ્તૃત

૮. વિ. વિરાટ સંબંધી; વિરાટનું

વૈરાટનારાયણ પું. બ્રહ્માંડરૂપી નારાયણ

વૈરાટનારાયણવ્રત ત્રણિયાની મળે જે ભૂલો છે તે વૈરાટનારાયણની કાળી ચૌદશે બોલતાં ચકરપે ભૂલો જણાવેલો છે. પુરુષોત્તમજીના

વૈરાટપદ પું વૈરાટનો નકશો; ચૌદ લોક; આઠ આવરણ, સાત ગ્રન્થ, મહાગ્રન્થ, બોલોક વગેરેનો નકશો દોર્યા તે પટ

વૈરાટી ૧. સ્ત્રી. (સંગીત) વસંત રાગની છ માંહેની એ નામની એક રાગણી

૨ સ્ત્રી (પુરાણ) વિરાટ દેશના રાજાની કન્યા; ઉત્તરા

> આજિ વૈરાટી ઉત્તરા અભિમન્યુ ભૂઈ કુમરા. ભાગવત

વૈરાડી (વૈરાડ્રી) સ્ત્રી (સંગીત) ભૈરવ રાગની છ માંહેની એ નામની એક રાગણી

વૈરાણી ૧. [સં. વૈરાની] સ્ત્રી. ગેરઆબાદી; હેરાનગતી

૨. સ્ત્રી. ઉજ્જડ

વૈરાનુબંધી વિ. વેર બાંધનાર; વેર વધારનાર.

વૈરાભાવ પું. વેરનો અભાવ; વેર ન રાખવું તે.

વૈરાસિકી પું (પિંગળ) જગતીની જાતનો બાર અક્ષરનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે વંશસ્થ અને ઉપેંદ્રવજ્રાના મિશ્રણથી બને છે તેનું પહેલું ચરણ વંશસ્થનું અને બીજું તથા ચોથું ચરણ ઉપેંદ્રવજ્રા છે. ૫

વૈરિતા [સં.] સ્ત્રી દુશ્મનાવટ.

વૈરી ૧. [સં. વૈર (વેર) + ઇન્ (વાળું)] પું. દુશ્મન; વિરોધી; શત્રુ

૨. વિ વેરી

વૈરૂપ ન. એ નામનું એક સામ સ્તોત્ર.

વૈરૂપ્ય ૧. [સં.] ન. અપ્રોઝપણું

૨. ન. બગડું થયું તે

૩. ન. વસ્તુનો એક વિકાર.

૪. ન. વિરૂપતા; બેડોળ હોવાપણું; ખરાબ રૂપવાળા હોવું તે.

વૈરોચન ૧. [સં. વિરોચન (અગ્નિ) + અ (અપત્યવાચક પ્રત્યય)] પું અગ્નિનો પુત્ર.

૨. પું. એ નામનો એક સિદ્ધગણ

૩. પું. એક જાતના ધ્યાની બુદ્ધ એક સમુદાય એમ માને છે કે, આદિ બુદ્ધે પોતાના ધ્યાન વડે શ્વેત રંગના વૈરોચન, આસમાની રંગના અક્ષોભ્ય, પીળા રંગના રત્નસંભવ, લાલ રંગના અમિતાભ અને લીલા રંગના અમોઘસિદ્ધ એમ પાંચ ધ્યાની બુદ્ધને ઉત્પન્ન કર્યા.

૪ પું. (પુરાણ) વિરોચન દૈત્યનો પુત્ર બલિ; બલિરાજા

૫. પું. સૂર્યનો પુત્ર

વૈરોચનિ પું. (પુરાણ) વિરોચન દૈત્યનો પુત્ર બલિ; વૈરોચન.

વૈરોચિ જુઓ વૈરોચનિ

વૈરોટ્યા [સં.] સ્ત્રી (જૈન) સોળ માંહેની તેરમી વિદ્યાદેવી.

વૈલક્ષણ્ય ૧. [સં.] ન અસંગતિ; વિરોધતા; અસમાનપણું, જુદાપણું

૨. ન. વિચિત્રતા; અપૂર્વતા

૩. ન. વિલક્ષણતા.

વૈલક્ષ્ય ૧. [સં.] ન. અસ્વાભાવિકતા; કૃત્રિમતા.

૨. ન. મહારાષ્ટ્ર મૂલવંશનો જ્ઞાતિ.

વૈલેય પું. અગ્નિ કુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

વૈવર્ણક પું. વિવર્ણ સમુદ્રમાંથી નીકળતા હીરાની જાત.

વૈવર્ણ્ય ૧. [સં. વિવર્ણ + ય (પણું)] ન. કદરૂપાપણું; વિવર્ણતા.

૨. ન. નિસ્તેજપણું; ફીકાશ; ભેદ થતું તે; મલિનતા

૩. ન. રસનો ફેરફાર થઈ જવો તે

૪. ન. (કાવ્ય) શરીરનો કાંતિવિપર્યય; શરીરનો રંગપલટો; સાત્ત્વિકભાવના આઠ માંહેનો એક ભેદ

વૈવર્ત ૧. [સં.] પું. નવું બીજું સ્વરૂપ ઉદ્ભવવું તે.

૨. પું. ફેર; પલટો; સ્થિતિ, કાળ અને સ્વરૂપમાં થતો ફેરફાર; સ્વરૂપાંતર; રંગ, વાતાવરણ કે આકારનું પલટાઈ જવું તે.

વૈવરાપ પું. (પુરાણ) કશ્યપ કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ

વૈવસ પું. (પુરાણ) ભૃગુકુળનો એ નામનો એક ઋષિ.

વૈવસ્વત ૧. [સં] પું. અગ્નિ

૨. પું આકાશ

૩. પું. એ નામનો એક રુદ્ર

૪ પું. ચિત્રાનું ઝાડ.

૫. પું. ચૌદ માંહેનો એ નામનો સાતમો મન્વંતર.

> વૈવસ્વત મન્વંતરમાં અત્રિ ઋષિને ઘેર દત્તાત્રેય નામે વિષ્ણુનો અવતાર થયો. ભગવતી ભાગવત

૬ પું યમ દેવ

> વૈવસ્વત નર દડધર, પિતૃપતિ રવિ સુત રાજ; સંયમની પતિ મહિષ ધ્વજ સંયમતી યમરાજ પિંગળપ્રકાશ

૭. પુ (પુરાણ) વિવસ્વાન આદિત્યને ઉત્પન્ન થયેલા શ્રાદ્ધદેવ, યમ અને શનિ ગ્રહોનું સામાન્ય નામ

૮. પુ (પુરાણ) વિવસ્વાનનો પુત્ર; કલ્પના ચૌદ માન્વંતરો એ નામનો સાતમો મનુ; હાલ ચાલતા મન્વંતરનો આદિ કર્તા; વિવસ્વાન આદિત્યને રાજર્ષિ પ્રજાપતિની દીકરી સંજ્ઞાને પેટે થયેલા બે પુત્રોમાંથી પૃથ્વી પર જે મનુ થયો તે. પૂર્વે કલ્પમાં એ સત્યવ્રત રાજા હતો એણે મદરીવનમાં દસ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. એની સંજ્ઞાના કારણે વૈવસ્વત મન્વંતર કહેવામાં આવે છે

૯. વિ અગ્નિ સંબંધી

૧૦. વિ યમ સંબંધી

વૈવસ્વતી [સં. વૈવસ્વત (યમ)] સ્ત્રી દક્ષિણ દિશા.

વૈવાહિક ૧. [સં] વિ. વિવાહ સંબંધી, લગ્ન બાબત

અપત્યનિષ્કામ્યથી જેમ લગ્નની જરૂરિયા જન્મી છે, તેમ જ જે અપત્યનિષ્કામ્યથી વૈવાહિક સહજાર્થ પણ ઉત્પન્ન થયું છે. શિક્ષણ અને સાહિત્ય

૨. વિ. વિવાહથી સંબંધવાળું.

૩. વિ. વિવાહને લાયક

વૈવિધ્ય [સં.] ન. વિવિધતા; વિધવિધપણું; નવીનતા.

વર્ષાર્ થ્રામ્યતાથી અને વૈવિધ્યથી નિર્બંધ વધારે આકર્ષક પણ બને. અનંતરાય રાવળ

વૈવુક્ષિક ન. ખાવામાં પહોંચવાનું એક ઘરેણું

વૈશદ્ય [સં] ન. વિશદતા; સ્પષ્ટતા; સ્વચ્છતા.

વૈશંત પુ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

વૈશંપાયન [સં] પું. (પુરાણ) વ્યાસનો એ નામનો એક વિદ્વાન શિષ્ય; એ નામનો એક મુનિ. તે તૈત્તિરિ ઋષિના કુળનો એટલે તૈત્તિરીય શાખાનું અધ્યયન કરનાર હતો. ઇતિહાસનાં બહુ સુંદર વ્યાખ્યાનો આપનાર તરીકે તે પ્રસિદ્ધ છે. તે યાજ્ઞવલ્ક્ય ઋષિનો મામો થતો હતો વળી પરાશરકુળે યજુર્વેદની એક પ્રમુખ શાખાનો અભ્યાસ આની પાસે કરેલો હોવાથી એ વૈશંપાયનનો શિષ્ય પણ હતો અને ભાણેજ પણ હતો. વૈશંપાયને જનમેજય રાજાને મહાભારત સંભળાવ્યું હતું.

વેદોના વિભાગ કરીને તે વિદ્વાનો પોતાના શિષ્ય સુમંત, જૈમિનિ, પૈલ, વૈશંપાયન, અસિત અને દેવલને ભણાવ્યા હતા. ભગવદ્ગી ભાગવત

વૈશાખ ૧. [સં] પું એ નામે એક ગુહ્ય વર્ષ

૨. પું. રવૈયો; મચરદક્ક; રવર્ડ

૩ પું. હિંદુના બાર માહેનો કાર્તિકથી સાતમો મહિનો. તેનું નામ વિશાખા નક્ષત્ર ઉપરથી પડેલ છે. તે નક્ષત્ર આ માસમાં સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયે અસ્ત થાય છે. વૈશાખ મહિનો અંગ્રેજી મે મહિનાના અરસામા આવે છે વસંત ઋતુમાં આનો સમાવેશ કરેલો છે, તો પણ ગ્રીષ્મ ઋતુનો સખત તાપ આ મહિનામા જણાય છે

વૈશાખ માસિ ઉજ્જ્વાસિયુ સાહેલડી રે,
માસિઈ માલિમ સત સાહેલડી રે.
ઉપાધ્યાય

૪. ન. ધનુધારીઓનું એ નામનું એક આસન.

૫. ન નાટ્યકળામાં થતું એક જાતનું કરણ.

વૈશાખનંદન ૧. પું. મચ્છર; ખર. મચ્છરને માટે વૈશાખ માસ કામોદ્દીપક જણાય છે.

૨. પું. મૂર્ખ

વૈશાખબ્યૂહ પું વૈશાખ મહિનામાં ઉજવાતો એ નામનો ઉત્સવ

એ સિવાય માઘબ્યૂહ અને વૈશાખબ્યૂહ ઉત્સવો થાય છે. પ્રદ્યુમ્ન

વૈશાખી ૧. સ્ત્રી. એક જાતની માખી.

વૈશાખી નામની માખી આવા એક જ દિવસ જીવતી રહે છે. પ્રાણીસૃષ્ટિ

૨. સ્ત્રી. મહાદેવની પુત્રી; ઉષા

વૈશાખી અમાં વસ હરેસ,
હું આપ એ અરદાસ.
ઓખો ભક્ત

૩. [સં.] સ્ત્રી. વૈશાખ મહિનાની પૂનમ.

૪ વિ. વૈશાખ માસમાં આવતું કે થતું; વૈશાખ મહિનાનું; વૈશાખ સંબંધી; વૈશાખને લગતું.

આજ વૈશાખી પૂર્ણિમા છે. બુદ્ધભગવાનું જન્મપર્વ છે. સુમિત્રા

વૈશારદ્ય ૧. [સં] ન. ચાલાકી.

૨ ન. (જૈન) રજસ્તમોગુણના સંસ્કાર રહિત સત્ત્વગુણનો સ્વચ્છ સ્થિતિપ્રવાહ.

વૈશાલિક ૧. પું. (જૈન) મહાવીર સ્વામી. કેમકે, તે વિશાલા નગરીમાં જન્મ્યા હતા.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી વિશાલ રાજાના કુળમાં જન્મી વિશાલા નગરીમાં રાજ્ય કરનાર સઘળા રાજા

વૈશાલાક્ષ ન ...ું એ નામનું રાજનીતિશાસ્ત્ર

વૈશાલિક ૧. પુ. (જૈન) મહાવીર સ્વામીનું એક નામ

૨. પું. (પુરાણ) સૂર્યવંશી વિશાલ રાજાના કુળમાં જન્મી વિશાલા નગરીમાં રાજ્ય કરનાર સઘળા રાજા

૩. વિ. વિશાલા નગરીનું.

વૈશાલી ૧. સ્ત્રી. વજ્જી રાજ્યની રાજધાની.

૨. સ્ત્રી. વિશાલ નામના રાજાએ વસાવેલું અને બુદ્ધ ભગવાન અને તેમના સમકાલીન મહાવીર સ્વામીના સંબંધથી પ્રસિદ્ધ પામેલું એક મોટું શહેર. લાના અરાડકાલામ નામના સન્યાસી પાસે સિદ્ધાર્થે સંન્યાસ ગ્રહણ કર્યો હતો તે બિહારના હાજીપુરથી ૧૮ માઈલ ઉત્તરે ગંડક નદી ઉપર આવેલું છે હાલ તેને બેસારા કહે છે.

દ્વિતીયાવતાર રાજગૃહની મુક્તાઓમાં થયો;
તૃતીયાવતાર વૈશાલીના સંધાગારમાં થયો.
સંપ્રમિત્રા

વૈશાલ્ય [સં] ન. વિશાળપણું; વિશાળતા.

અમને તો હોતું પૂર્વના ચાપલ્યની સાથે ગાઢી ગાંભીર્ય (Depth) તથા વૈશાલ્ય (Breadth) વધેલું દેખાય છે. નવલરામપંડિત

વૈશાસન પું. યમપુરી માંહેનો એ નામનો સત્તરમો નરકકુંડ.

વળી આ બીજે પુરુષ દેખે રે દુઃખમય જ્વાલ આકરો રે;
મારે પશુ એ જ્વાલમાં મરે, તે મરી વૈશાસન જાય રે.
નિષ્કુળાનંદ

વૈશિક ૧ પુ (કામ્ય) વેશ્યા સાથે પ્રીતિ કે સંબંધ રાખનાર નાયક; વેશ્યાનુરક્ત પુરુષ. કોટલાદ કવિઓ વૈશિકના અનુરક્ત, કામમત્ત, મદામત્ત અને ધનમત્ત એવા ચાર ભેદ પાડે છે. સુંદરતાથી પ્રીતિ કરનાર અને મન, વચન અને કર્મથી વશ રહેનારને અનુરક્ત, કામના દુઃખને લીધે તેને વશ રહેનારને કામમત્ત, ઓની સુગંધથી આકર્ષાઈ ને તેને વશ રહેનારને સુરામત્ત ને પૈસા આપીને વશ રાખનારને ધનમત્ત કહે છે.

૨. વિ. વેશ્યા ઉપર પ્રેમ રાખનાર.

૩. વિ. વેશ્યા સંબંધી

વૈશિષ્ટ્ય ૧. [સં.] ન. ભેદ; ફેર.

૨. ન. વિશિષ્ટતા; આસિયત; વિશેષતા; અસાધારણતા; વિલક્ષણતા.

૩ ન. વિશેષણયુક્ત હોવાપણું

૪. ન. વિશેષ્ય અને વિશેષણનો સંબંધ.

૫ ન. વ્યક્તિત્વ

વૈશેષિક ૧ [સં.] પું વૈશેષિક મતનો અનુયાયી; વૈશેષિક મતને માનનાર પુરુષ.

૨. ન. કણાદ મુનિએ બનાવેલું એક શાસ્ત્ર. જુઓ વૈશેષિક દર્શન.

૩ વિ. નિપુણ; ચતુર; હોશિયાર.

૪ વિ. વિશેષ; વધારે.

૫ વિ. વૈશેષિક મતનું.

૬ વિ વૈશેષિક શાસ્ત્ર સંબંધી; કણાદ શાસ્ત્ર સંબંધી

૭. વિ. વૈશેષિક શાસ્ત્રને જાણનાર.

વૈશેષિક દર્શન [સં.] ન વૈદિક છ આસ્તિક એક દર્શન; વિશેષ નામના પદાર્થને ઉદ્દેશીને કણાદ મુનિએ પ્રવર્તાવેલું એક શાસ્ત્ર; પદાર્થોના સામાન્ય વિશેષ અંશનો નિર્ણય કરી તત્ત્વજ્ઞાન શોધનાર એ નામનું એક શાસ્ત્ર. તેમાં દસ અધ્યાય છે. તેમાં આત્મા અને અનાત્માના ધર્મો જુદા પાડી બતાવ્યા છે. ઈશ્વર જીવો થકી જુદો છે અને જીવોને કર્મ પ્રમાણે સુખદુઃખાદિક ફળો આપે છે એમ તેમાં કહેલ છે. પદાર્થોનાં લક્ષણો જાણીને મોક્ષ મેળવાય છે એમ તેમા પ્રતિપાદન કરેલું છે. તેમાં ન્યાયશાસ્ત્રથી જોગા પદાર્થ એટલે કે, માત્ર સાત પદાર્થ માનેલા છે દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એ સાત પદાર્થ છે ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા, અને વેદાંત એ તત્ત્વ નિર્ણયનાં છ દર્શનો છે

વૈશેષિકવાદ [સં] પુ. વૈશેષિકમાં માનનાર મત

વૈશેષિક શાસ્ત્ર જુઓ વૈશેષિક દર્શન

વૈશેષ્ય ૧. ન. ભેદ

૨ [સં] ન. વિશેષપણું.

૩ ન. વ્યક્તિત્વ, વિશિષ્ટતા; ...

બુદ્ધિનું સ્વાતંત્ર્ય એ આ યુગનું મુખ્ય લક્ષણ છે અને લાભુસાર કેળવણીમા કૃત્રિમ અને જડતાની પદ્ધતિને સ્થાને બાળકના સ્વાભાવિક વિકાસક્રમને અનુસરતી અને દરેક વ્યક્તિના વૈશેષ્યને પોષનારી એવી શિક્ષણપદ્ધતિ પશ્ચિમના દેશોમાં હવે વિસ્તરતી જાય છે. આનંદશંકર ધ્રુવ

વૈશ્ય ૧. [સં.] પું. આર્યોના વર્ણાશ્રમધર્મ પ્રમાણે ત્રીજો વર્ણ; વેપાર, કૃષિ અને ગોરક્ષા કરનારો વર્ગ. વૈશ્યોનું મુખ્ય કાર્ય પશુપાલન, દાન, યજ્ઞ, અધ્યયન, વાણિજ્ય, કુસીદ એટલે વ્યાજવૃત્તિ અને કૃષિ હતાં. બૌદ્ધકાળમા વર્ણવ્યવસ્થા શિથિલ પડવાથી તેમાં ફેરફાર થઈ ગયુ. બૌદ્ધો અને જૈનોના મતાનુસાર કૃષિ કરવી પાપ ગણાયું. આથી વૈશ્યોએ સાતમી સદીની શરૂઆતમાથી જ કૃષિને નીચ કાર્ય ગણીને છોડી દીધી યુઅેન્ત્સંગ લખે છે કે, ત્રીજો વર્ણ વૈશ્યો અને વેપારીઓનો છે. તેઓ પદાર્થનો વિનિમય કરીને લાભ મેળવે છે. વૈશ્યોએ પણ ખેતી છોડીને બીજા ધંધાઓ શરૂ કર્યા વૈશ્યોના રાજ્યકાર્ય કરવાના, રાજમંત્રી બનવાનાં, સેનાપતિ બનવાનાં અને યુદ્ધોમા લડવાના અનેક ઉદાહરણો મળી આવે છે. મધ્યયુગના અંતિમ ભાગમાં તેઓમાં જ્ઞાતિભેદ ઉત્પન્ન થવા લાગ્યો એ પ્રમાણે શિલાલેખોમા મળે છે.

૨. પું. (પુરાણ) પ્રૌષ્ટિક ઋષિનો એ નામનો એક શિષ્ય.

૩. પું. વણિક, વાણિયો.

૪. પું. વેપારી; વેપાર ધંધો કરનાર એક જ્ઞાતિ.

૫. ન. પીળા રંગનું એક જાતનું મોતી.

જુઓ સરખુ તેજસ્વી, મહત્ત્વનું, પીળારંગનું મોતી વૈશ્ય કહેવાય છે. હિંદી શિલ્પશાસ્ત્ર

વૈશ્યકર્મ ૧. [સં] ન વેપાર કરી આવક વધારવી તે; વેપારીવૃત્તિ; અદલોબદલો કરવાની વૃત્તિ

૨ ન. વૈશ્યનું કાર્ય કે ધંધો; વૈશ્ય જ્ઞાતિનુ વિશિષ્ટ કર્તવ્ય.

ગોરક્ષા ને કૃષિ ખરું જ એ વૈશ્યકર્મો સ્વભાવે નીતાપથ.મૃત

વૈશ્યક્રિયા [સં] સ્ત્રી. વેપાર, ખેતી વગેરે વૈશ્યનું કામ.

વૈશ્યત્વ [સં] ન. વૈશ્યપણું

ભારતનું વૈશ્યત્વ એટલે આમલેટ ને ટોસ્ટરબલ, ઠાકાની અલમલ, અમદાવાદનો ક્રિસખાળ, અબુદાચળનાં દહેરાઓ. નાનાલાલ

વૈશ્યપ્રકોપ ૧ ... પું ઉદ્યોગપ્રધાન, વાણિજ્યવાદ; વૈશ્ય એટલે ધન મેળવના કરનાર વર્ગની ખતમત ને ... પ્રકોપ, વૈશ્યવર્ગની પ્રધાનતા; ... ક્રિયમ

૨. પું નદીદ.ત. ... , નદીવાદ, મેનચેસ્ટર, 'ફ્રેન્ચિલિઝમ'.

વૈશ્યવર્ણ [સં.] પું. (જ્યોતિષ) ... નામ વર્ષ

મધ કુંભ, મિથુન એ ચાર રાશના વૈશ્યવર્ણ છે. બાલાવબોધ

વૈશ્યવૃત્તિ ૧. [સં] સ્ત્રી. વાણિજ્યવાદ; 'ઇન્ડસ્ટ્રીઅલિઝમ'.

વર્તમાનકાળમાં આજકાલ ગ્રહાત ચાતુર્વર્ણ્ય સ્વસ્થના વિહિત ધર્મોની મર્યાદાઓનો અભાવ જોઈ પ્રાપ્તાને વૈશ્યવૃત્તિમાં જ અભ્યદય માની રહ્યો છે. ગનસુખરામ મન.સુખરામ

૨. સ્ત્રી. વેપાર કરી આવક વધારવી તે; વેપારીવૃત્તિ; અદલોબદલો કરવાની વૃત્તિ

૩ સ્ત્રી. વૈશ્યનો ધંધો; વૈશ્ય જ્ઞાતિનુ વિશિષ્ટ કર્તવ્ય, ખેતી, વેપાર કે ગોરક્ષા

૪. સ્ત્રી વૈશ્યનો સ્વભાવ; દરેક કામમાં હાનિ લાભ જોવાની વૃત્તિ

વૈશ્યશ્રાદ્ધ પું. એ નામે એક નીચ જ્ઞાતિનો પુરુષ

વૈશ્ય સ્ત્રી વૈશ્યશ્રાદ્ધ વડે સુધન્વાને, સુધન્વા વડે અર્વાવસુને, તે વડે ભારદ્વાજને, ભારદ્વ વડે દ્વિજન્માને, દ્વિજન્મા વડે મૈત્રને, મૈત્ર વડે શાશ્વત મૈત્રને અને તે વડે રેવદ્વિકને ઉત્પન્ન કરે છે. સૂતસંહિતા

વૈશ્યસ્તોમ [સં] પુ પ્રાચીન સમયમા કરવામાં આવતો એક પ્રકારનો યજ્ઞ.

વૈશ્યા [સં.] સ્ત્રી વૈશ્ય સ્ત્રી, વાણિજ્યવૃત્તિ.

વૈશ્યા આર્યા સ્ત્રી (પિંગળ) આર્યા છંદનો એક ભેદ. તેમા ૨૧થી ૨૭ લઘુ સુધીની માત્રા હોય છે.

વૈશ્યાણી સ્ત્રી વૈશ્ય સ્ત્રી

વૈશ્યાપુત્ર પું (પુરાણ) ધૃતરાષ્ટ્રનો દીકરો યુયુત્સુ

વૈશ્રમણ ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે રાત્રિ દિવસના ત્રીસ મુહૂર્તનું એક મુહૂર્ત

વૈશ્રમણોપપાત ન. (જૈન) એક પ્રકારનું કલ્પિતસ્થાન

વૈશ્રવણ પુ. (પુરાણ) યક્ષરાજ; કુબેર; ચાલુ મન્વન્તરના પુલસ્ત્ય ઋષિના પુત્ર વિશ્રવાનો પુત્ર. એ રાવણ, કુંભકર્ણ અને વિભીષણનો ઓરમાન ભાઈ થતો હતો રાવણ રાક્ષસાધિપતિ અને આ યક્ષાધિપતિ કહેવાતો એ ઉપરથી જ એનુ કુબેર નામ પડી ગયુ જણાય છે આગળ જતાં તેણે હિમાલયના કૈલાસ શિખર ઉપર અલકા નામની નગરી વસાવી પોત ત્યા રહ્યો. એના માતાનુ નામ ભદ્રા હતું. બીજા મત એમ પણ ... છે કે, તે સ્વાયંભુવ મન્વન્તરમાના પુલસ્ત્યના પુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર હતો. એની માતુ નામ મો હતુ એની આકૃતિ બેવકર છે તેથી તેને કુબેર એવુ નામ પડ્યુ કહે છે, પણ એનું મુખ્ય નામ સોમ હતું. એની સ્ત્રીનુ નામ ઋદ્ધિ હતુ. કલ્પના અનુસાર, જ્યારે ઉત્પન્નો દિગ્પાલ હોવાથી ઉત્તર દિશાનુ સોબ્યા એનુ પડેલું નામ હજુ ચાલે છે તે યક્ષોનો અધિપતિ અને દેવોનો ધનાધ્યક્ષ છે તેની સભા સુંદર હોઈ નારદ વગેરે મોટા મોટા ઋષિઓ ત્યાં સતત આવતા. નલકુબેર તે આનો પુત્ર થાય. એ કદી કદી હિમવાન પર્વતના કૈલાસ શિખર પર રહે છે. માનસોત્તર પરની ત્રિભાવરી એની મુખ્ય નગરી છે

વૈશ્રવણાલય ૧. [સં.] પુ. કુબેરની નગરી

૨ પુ વડનુ ઝાડ

વૈશ્રવણાવાસ જુઓ વૈશ્રવણાલય.

વૈશ્રંભક ન. (પુરાણ) દેવોનુ એ નામનુ એક વન

વૈશ્વદેવ ૧ પુ. ગૃહસ્થાશ્રમી આર્યે જમતા પહેલાં વિશ્વદેવોને આપવાનો બલિ; વિશ્વદેવને અપાતો બલિ

૨. [સ વિશ્વ (સર્વ) + દેવ] પું. (વેદાંત) જમતા પહેલા અગ્નિને બલિદાન આપવાનો વિધિ; નિત્ય બલિ આપવો તે; પંચ મહાયજ્ઞ રૂપ એક પ્રકારનુ સ્મા‍ર્ત નિત્યકર્મ; એક પ્રકારનો યજ્ઞ. તેમાં પિતૃયજ્ઞ, દેવયજ્ઞ અને ભૂતયજ્ઞ એ ત્રણે એક વિધિમા સમાય છે. તેના ત્રણ પ્રકાર છે: (૧) જ્યારે ભોજન રંધાઈ જાય ત્યારે તેમાથી ખાટા લવણાન્ન અને ક્ષારને છોડીને ઘી, માખણ અને

દૂધવાળું તેમ જ મિષ્ટ અન્ન લઈ ચૂલાથી અગ્નિ અલગ કરી તેમાં મંત્ર સહિત આહુતિ આપવી (૨) થાળી અથવા ભૂમિ પર પાત્ર મૂકીને પૂર્વ દિશાથી શરૂ કરી યથાક્રમ બધી દિશાઓમાં મંત્ર સહિત ભાગ મૂકવા. આ ભાગ કોઈ અતિથિ હોય તો તેને આપી જમાડી દેવા અથવા અગ્નિમાં નાખવા. (૩) પછી હવનશેષ એટલે દાળ, ભાત, શાક, રોટલી આદિના છ ભાગ મંત્ર સહિત કરવા. તે ભાગ ભૂખ્યા, દુઃખી, રોગી કે કૂતરાં, કાગડા જેવાં પ્રાણીઓને નાખવા.

ગૃહસ્થના ઘરમાં ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું એ પાંચ સ્થાનકમાં હિંસા થાય છે. માટે તે પાપની શાંતિને સારુ **વૈશ્વદેવ** કરવો જોઈએ. ભાગવતી ભાગવત

૩. પું. નિત્ય આઠનો દેવ. એ દક્ષ છે. વસ્તુ, સત્ય, ઋતુ, કામ, દક્ષ, કાળ, ધૃતિ, કુરુ, પુરૂરવ અને મદ્રવ.

૪. વિ. વિશ્વદેવ સંબંધી.

વૈશ્વદેવબલિ પું. (મિતા) વૈશ્વદેવમ, અગ્નિદેવ, મનુષ્ય, ગાય, કૂતરો, કાગડા એટલે કીટપતંગ વગેરે સર્વને અમુક મંત્રોચ્ચાર પૂર્વક આપવામા આવતો બલિ.

વૈશ્વદેવવાદ [સં.] પું. આખુવિષ એ જ ઈશ્વર એવો મત; જગદીશ્વર મતવાદ; અદ્વૈતમત; અદ્વૈતવાદ; વિરાટ સ્વરૂપ મત; સર્વાત્મવાદ; બહુવાદ; સર્વદેવવાદ.

વૈશ્વદેવવાદી [સં.] વિ. વૈશ્વદેવવાદને માનનાર.

વૈશ્વદેવિયું ન. વૈશ્વદેવને બલિ આપવાનું કે અગ્નિ રાખવાનું પાત્ર; જેમાં વૈશ્વદેવ કરવામાં આવે તે કૂંડી કે તાંબાની સગડી; વૈશ્વદેવ જેમાં કરવામા આવે તે બેદિ

વૈશ્વદેવી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે મગણ અને બે યગણ મળી બાર અક્ષર આવે છે તેમાં પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. અ. છંદ શાલિની છંદની વિકૃતિ છે.

મા મા યા યે છે, **વૈશ્વદેવી** સારે લો.
રત્નપિંગળ

૨ [સ.] વિ. વૈશ્વદેવ કરનાર, નિત્ય હોમ કરનાર.

વૈશ્વનરી સ્ત્રી. (યોગ) જલધારણા

વૈશ્વનરી અથવા જલધારણા મુદ્રાથી દુસ્સહ સુધીના સ્થાનમાં ૨ બીજ સહિત ઉષ્ણતાની ભાવના કરી, ત્રણ નેત્રવાળા ઊગતા સૂર્યના જેવી કાંતિવાળા, બારમાંથી સુશોભિત થયેલા પ્રસન્ન વદનવાળા કર્પૂરગૌર મહાદેવની ભાવના કરવાથી અગ્નિતત્ત્વનો જય થઈ શકે છે. પ્રાણાયામ

વૈશ્વસૃજ [સ] પું પ્રાચીન કાળમાં કરવામાં આવતો એક પ્રકારનો મહાન યજ્ઞ.

વૈશ્વાનર ૧. [સ.] પું અગ્નિ; દેવતા; વહ્નિ; પાવક; વાયુસખા.

અતનેદા અનલ હુતાસન નિર્જરજિહ્વ હુયાન.
વૈશ્વાનર અક્ષોમ ને ધૂમકેતુ પ્રમાણ.
ચિત્રભાનુપ્રકોષ

૨. પું. અગ્નિલોકનો અધિપતિ અગ્નિ.

૩. પું. (પુરાણ) એ નામનો એક દાનવ. તેને ઉપદાનવી, હયશિરા, પુલોમા અને કાલકા નામની ચાર કન્યા હતી

૪ પું. (જ્યોતિષ) મહીનું દક્ષિણ તરફનું સ્થાન. શ્રીમદ્ ભાગવતમાં લખેલ છે કે, સર્વ મહીનાં ત્રણ જ સ્થાન હોય છે; ઉત્તરનું, વચ્ચેનું ને દક્ષિણ તરફનું. તેમાનું દક્ષિણ તરફનું સ્થાન વૈશ્વાનર કહેવામાં આવે છે. તેને દક્ષિણમાર્ગ પણ કહે છે આ દક્ષિણમાર્ગમાં અજવાથિ, મૃગશીર્ષિ તથા વૈશ્વાનરી એમ ત્રણ પીથિઓ આવેલી છે

મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ત્રણ અજવીથિ કહેવાય છે; અવમ, ધનિષ્ઠા અને શતભિષા એ મૃગવીથિ કહેવાય છે. પૂર્વા ભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ અને રેવતી એ વૈશ્વાનરી વીથિ કહેવાય છે. એ ત્રણે વીથિઓ મળીને મહીના દક્ષિણ માર્ગરૂપ વૈશ્વાનર સ્થાન કહેવાય છે.
ભાગવતી ભાગવત

૫. પું. ચિત્રાનું ઝાડ; ચિત્રાનું ઝાડ. તે અગ્નિના બાળક જેવું લાલયોળ હોવાથી તેને વૈશ્વાનર કહે છે.

૬. પું. ચેતન, ચેતના.

૭. પું. જઠરની અંદર રહેલો અગ્નિ, જઠરાગ્નિ; ભાઠર; પ્રાણીમાત્રના શરીરમાં રહીને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એમ ચાર પ્રકારનાં અન્ન પાચન કરનાર અગ્નિ

વૈશ્વાનર થઈ ને હું પ્રાણી દેહ વિષે સ્થિત.
ચાર પ્રકાર સમન્વિત પચાવું અન્ન અહર્નિશ.
ગીતાનુશોધન

૮. પું જગદ્‌ભિમાની જીવ

૯. પું. પરમેશ્વર.

૧૦. પું. (પુરાણ) પ્રાણીમાત્રના શરીરમાં રહીને અન્ન પાચન કરનાર અને નિત્યકર્મ સંબંધી અન્ન દેવને પહોંચાડનાર અગ્નિ; વિશ્વનર સૂર્યનો પુત્ર.

૧૧. પું. બહાના ચાર માંહેનો એક પાઠ.

બહાના ચાર પાઠ છેઃ સ્થૂલ ભોજને ભોજનાર વૈશ્વાનર એ પ્રથમ પાઠ છે. સિદ્ધાંતદર્શન

૧૨. પું. વાસ્તવિક રીતે તે ત્રણ હોવાથી ત્રણ સૂચક સાંકેતિક શબ્દ.

૧૩. પું વિશ્વના નેતા સૂર્ય. પ્રશ્નોપનિષદમાં લખ્યું છે કે આ સૂર્યરૂપ આત્મા વૈશ્વાનર છે, વિશ્વરૂપ છે, સૌનું જીવન છે, પ્રતિદિન પૂર્વમાં ઊગે છે. સૂર્ય રચૂણ જગતમાં વૈશ્વાનર એટલે સૌનો નેતા અર્થાત્ સૌને પોતપોતાનાં કાર્યમાં પ્રેરિત કરે છે.

ચિત્રભાનુ મૃદ્‌હભાનુ ઈન વૈશ્વાનર ધુતિવાન,
અંશુમાન બૃહદશ્વ હરિ જગચક્ષુ ભગવાન.
ચિત્રભાનુપ્રકોષ

૧૪. પું. (પુરાણ) શાંડિલ્ય ગોત્રનો એ નામનો એક ઋષિ. પ્રાણીમાત્રના શરીરમા રહીને અન્ન પાચન કરનાર અને જેના યોગ વડે દેવને વૈશ્વદેવ સંબંધી અન્ન મળે છે એ અગ્નિનું દેવતાપણું આને દોષ એમ જણાય છે. કેમકે, એ અગ્નિને શાંડિલ્યગોત્રી કહ્યો છે.

૧૫. પું (વેદાંત) સ્થૂલ દેહાભિમાની વિરાટ.

સમષ્ટિ રૂપે સ્થૂલ ઉપાધિ ધારણ કરતાં તેમા જેમનું અભિમાન રહે છે તે અભિમાની દેવતાને **વૈશ્વાનર** કહે છે. સારસંહિતા

૧૬. ન. મહર્ષિ નારદે રચેલું એ નામનું એક શાસ્ત્ર

આ ગ્રંથમા ૬૮ પ્રકારના અગ્નિ, તેમના રૂપ, સ્વરૂપ અને અંદર રહેલી ગરમીનું તુલનાત્મક પ્રમાણ વગેરે વિષયો ચર્ચવામાં આવેલા છે
મ. સા. પરિષદ

૧૭. ન. (વેદાંત) સમષ્ટિસ્થૂલ શરીર વડે ઉપહિત ચૈતન્ય; વિરાટ. સમષ્ટિ સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર તથા તે બંનેનું કારણ માયા, એ ત્રણ વડે ઉપહિત ચૈતન્ય તે વૈશ્વાનર.

૧૮ વિ બધાં માણસને સામાન્યરૂપ; બધાં માણસને યોગ્યરૂપ

વૈશ્વાનરચૂર્ણ ન. (વૈદક) એક જાતનું ચૂર્ણ; સિંધવ ૨ ભાગ, જવખાર ૨ ભાગ, અજમો ૨ ભાગ, સૂંઠ ૫ ભાગ અને હરડે ૧૦ ભાગ લઈ તેનું બનાવેલ ચૂર્ણ. તે ઊના પાણીમાં ૧ થી ૩ા રૂપિયાભારની માત્રામાં લેવાથી આમવાત, ગુલ્મ, હરસરોગ, ઝરોળ, શૂળ અને આનાહનો નાશ થાય એમ કહેવાય છે.

વૈશ્વાનરતંત્ર ન. મહર્ષિ નારદે રચેલું એ નામનું એક શાસ્ત્ર જેમાં અઠ્ઠાવીસ જાતના અગ્નિ તેના ગર્ભ, ગરમી વગેરેનું વર્ણન છે

વૈશ્વાનરિ પું (પુરાણ) એ નામના એક ઋષિ.

વૈશ્વાનરીવીથિ સ્ત્રી (જ્યોતિષ) ગ્રહ વગેરેનો ચાલવાનો રસ્તો

પૂર્વા ભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ અને રેવતી એ **વૈશ્વાનરીવીથિ** કહેવાય છે
ભગવતી ભાગવત

વૈશ્વાસિક [સં] વિ. વિશ્વાસ; ભરોસાપાત્ર

વૈશ્વસ્ય ૧. [સ] ન. (વેદાંત) કર્મ સિદ્ધ્ય ઈશ્વરને કર્તા માનવાથી થતો દોષ

૨. ન ન્યૂન.ધિકતા.
૩. ન. ફેરફાર; વિકાર.
૪ ન. ભેદ; જુદાપણું, અસામ્ય.
૫. ન. મુશ્કેલી, સંકટ; દુઃખ.
૬. ન. વિલક્ષણતા; વિચિત્રતા
૭. ન. વિષમતા; અસમાનતા.

વૈષયિક ૧. [સં. વિષય + ઇક (ને લગતું)] વિ ભોગ વિલાસ સંબંધી
૨. વિ. પરલક્ષી; બાહ્યનિષ્ઠ.
૩. વિ. વસ્તુગત.
૪. વિ વિષય એટલે બહિસ્થિત પદાર્થને લગતું; વિષય સંબંધી; વિષયાત્મક.

વૈષયિક અધિકરણ ન. (બ્યાકરણ) એક પ્રકારનું સાતમું અધિકરણ. જેમકે, મોક્ષમાં તેની ઇચ્છા છે. આ અધિકરણ વૈષયિક છે.

વૈષયિક સુખ ન. શબ્દ, સ્પર્શ વગેરે વિષયોના સાક્ષાત્કાર વડે ઊપજતું સુખ.
વૈષયિક સુખને સાપાધિક આનંદ માનવામા આવે છે. દલાભાઈ પીતાબ્બરદાસ દેસાઈસરી

વૈષ્ણવ ૧. [સં.] પું. વિષ્ણુની ઉપાસના કરનારો પુરુષ; વિષ્ણુનો ઉપાસક; વિષ્ણુનો ભક્ત.
૨. પું. વૈષ્ણવોનો પુષ્ટિમાર્ગ પંથ; શુદ્ધાદ્વૈત તેના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્ય છે. પ્રાચીન અદ્વૈતની પેઠે માયાવાદથી સૃષ્ટિનો નિર્વાહ પુષ્ટિમાર્ગીય અદ્વૈતમાં નથી. કેવળ ચિન્મય સદ્રૂપ બ્રહ્મમાં અચિન્મય અને અસદ્રૂપ માયા સંભવતી નથી. આમ હોવાથી વસ્તુતઃ શુદ્ધ બ્રહ્મ સ્વીકારવું જોઈએ. સત્ ચિત્ આનંદ સ્વતંત્ર બ્રહ્મ સ્વતઃ લીલા માટે સ્વેચ્છાથી પોતાને જ આવિર્ભાવ તિરોભાવ પ્રમાણે સૃષ્ટિ રચે છે. આમ તત્ત્વ વિચાર કરી વિષ્ણુને બ્રહ્મરૂપધારી તે અવતારોમાં પણ શ્રીકૃષ્ણાવતારને જ પરબ્રહ્મ રૂપે ભજે છે, એને જ પુરુષોત્તમ તેમ જ અક્ષરાતીત પણ કહે છે. ગોલોકવાસી ભગવાનની પાસે સખીભાવે પ્રેમરૂપમાં લીન થવું એ જ મોક્ષ. ભાગવત, વિષ્ણુપુરાણ, હરિવંશાદિ પુરાણોને અને તેમાં યે ખાસ કરી રાસપંચાધ્યાયીને માને છે અને શ્રીકૃષ્ણની બાળલીલાનું અનુકરણ પરમ ધર્મ સ્વીકારે છે. ભક્તિથી જ્ઞાનનો ઉદય થઈ પરિચ્છેદ ભ્રમ થતાં સાયુજ્ય મળે છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એમ નવ પ્રકારની ભક્તિ છે. એ ઉપરાંત દશમી પ્રેમલક્ષણા ભક્તિ મોક્ષ સ્વરૂપે છે બાલ સ્વરૂપની સવિશેષ પૂજા આચરે છે. મંદિરોમાં મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા તથા શયન એમ પૂજાના આઠ પ્રકાર થાય છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ચાર ભેદ છે: વિષ્ણુ સંપ્રદાય, રામાનુજ સંપ્રદાય, મધ્વ સંપ્રદાય અને વલ્લભ સંપ્રદાય. આ ચારે સંપ્રદાયોના મુખ્ય આચાર્યો અનુક્રમે શ્રી વિષ્ણુ, રામાનુજ, મધ્વ અને વલ્લભ હતા. મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ નામના પુસ્તકમાં લખ્યું છે કે, ભગવદ્ગીતાના વિરાટ રૂપના વર્ણનને મનમા રાખી સાત્વતો એટલે યાદવોએ વાસુદેવની ભક્તિના પ્રચાર માટે તેમની ઉપાસના શરૂ કરી ભક્તિમાર્ગના પ્રચાર સાથે વિષ્ણુની મૂર્તિઓ પણ બનવા લાગી. આનો કાળ અનિશ્ચિત છે. પરંતુ ઈ સ પૂર્વે ૨૦૦ના શિલાલેખમાં તેનુ ઉદાહરણ મળી આવે છે છતાં ઈ. સ. પૂર્વેની ચોથી શતાબ્દિના લેખક મેગાસ્થનીઝ મથુરાના, શૂરસેની યાદવોના સંબંધમાં હેરિક્લિસ હરિકૃષ્ણ અટલે વાસુદેવની પૂજાનો ઉલ્લેખ કરે છે. પાણિનિએ પણ પોતાના સૂત્રોમાં વાસુદેવ નામનો ઉલ્લેખ કર્યો છે. તેની ટીકા ઉપર પતંજલિએ વાસુદેવને આરાધ્ય દેવતા કહ્યા છે. અનુમાન થાય છે કે પાણિનિના સમયમાં એટલે ઈ સ. પૂર્વે ૬૦૦મા પણ વાસુદેવની પૂજા પ્રચલિત હતી. તેથી જ ભાગવત સંપ્રદાય તથા મૂર્તિપૂજા તેથી પણ પ્રાચીન હશે. આ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ પંચરાત્ર સંહિતા છે આ સંપ્રદાયવાળા અભિગમન એટલે મંદિરોમાં જવું, ઉપાદાન એટલે પૂજાના સામગ્રી એકઠી કરવી, ઇજ્યા એટલે પૂજા, સ્વાધ્યાય અને યોગથી ભગવાનનો સાક્ષાત્કાર થાય છે એમ માને છે. વિષ્ણુના મંદિર ઈ. સ. પૂર્વે ૨૦૦થી માંડીને મધ્યયુગ સુધી જ નહિ, પણ હજુ સુધી બની રહ્યા જોવામાં આવે છે. શિલાલેખો, તામ્રપત્રો અને પ્રાચીન ગ્રંથોમાં વિષ્ણુ પૂજકોનાં વર્ણનો મળી આવે છે

૩. સ્ત્રી. નાગર અને લેઉઆ કણબીની એ નામની એક અટક

૪. ન. અઢાર માહેનુ એ નામનુ એક પુરાણ.

૫. ન. એ નામનુ એક ઉપનિષદ

૬. ન. એ નામનું ધનુષ્ય. તે અગસ્ત્ય મુનિએ દંડકારણ્યમાં રામને આપ્યું હતું.

નિશા ક્રિયા વશથી અંકિત મુનિ સામા,
દીઠાઈ અન્ય ઋષિથી પ્રીતિથી પમાતા;
વંદ્યા મુનિ અગસ્ત્યમા સહુ પર્ણ માને,
સત્કાર કીધ સહુ રીત અતિથિનો એ;
તે રામને અદ્ભુત વૈષ્ણવ દિવ્ય દીધુ,
અજરાજ ને શર અક્ષતનું ઉદર બાણ.
રામાયણસાર

૭. વિ. વિષ્ણુ સંબંધી

૮. વિ. વિષ્ણુની ઉપાસના કરનાર.

આમા વૈષ્ણવ શિરોમણિ નરસિંહે અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે એટલે જેનામા પ્રેમ નથી તે વૈષ્ણવ નથી. જે સત્યનું પાલન નથી કરતો, જેણે સર્વ ઇંદ્રિયો ઉપર જય નથી મેળવ્યો તે વૈષ્ણવ નથી. ઝાવીછ

૯. વિ (વેદાંત) વૈખાનસ વગેરે આગમમા કહેલી દીક્ષાવાળુ

વૈષ્ણવજન [સ.] પું વિષ્ણુનો ભક્ત
પુષ્કરત્નમાં લખ્યુ છે કે, ભક્તરાજ નરસિંહ મહેતાનો વૈષ્ણવજન તે હિંદુઓમા સાચો હિંદુ, મુસલમાનોમા સાચો મુસલમાન, ખ્રિસ્તીઓમાં સાચો ખ્રિસ્તી અને જરથોસ્તીમાં સાચો જરથોસ્ત હોઈ શકે
વૈષ્ણવજન તો તેને કહીએ,
જે પીડ પરાઈ જાણે રે. નરસિંહ મહેતો

વૈષ્ણવતન્ત્ર [સં.] ન. (પુરાણ) વિષ્ણુનું એ નામનું અસ્ત્ર

વૈષ્ણવતંત્ર [સ.] ન. ઈશ્વરની ભક્તિ દર્શાવનારું એક શાસ્ત્ર

વૈષ્ણવતા [સ.] સ્ત્રી. વૈષ્ણવ ધર્મ પ્રત્યે નિષ્ઠા.

વૈષ્ણવ નક્ષત્ર [સં.] ન. શ્રવણ નક્ષત્ર

વૈષ્ણવ પંથી [સં] વિ. વૈષ્ણવ પંથનું; વૈષ્ણવ ધર્મનું અનુયાયી

વૈષ્ણવ પતિયા પું ન. ન. શુદ્ધ કરાવીને પાછો વૈષ્ણવ મત સ્વીકારનાર લોક. ગુજરાત, કચ્છ અને આનંદરાના લેઉઆ કણબીઓને આશરે ૫૦૦ વર્ષ પહેલા સૈયદ ઇમામશાહ નામના એક મુસલમાન પીરે વટલાવીને મુસલમાન બનાવ્યા હતા અને તેઓ પીરાણીમતિયા કહેવાય છે. તેમાંના કેટલાક પાછા હિંદુ ધર્મમાં આવવા લાગ્યા છે અને તેઓ વૈષ્ણવમતિયા કહેવાય છે. તેઓ રામાનંદી તથા દાદુપંથી ભેગા ભળ્યા છે તેઓએ મુસલમાની રીતરિવાજોનો સદંતર ત્યાગ કર્યો છે અને બધી રીતે લેઉઆ કણબીઓની પેઠે રહે છે, પણ તેઓને લેઉઆ કણબીઓ સાથે રોટી તથા બેટી વહેવાર નથી.

વૈષ્ણવાસ્ત્ર [સં] ન. (પુરાણ) વિષ્ણુનું અસ્ત્ર.
બ્રહ્માણીના હાથમાં ખેટ, ફલક, વૈષ્ણવાસ્ત્ર, બ્રાહ્મણાસ્ત્ર, બ્રહ્મશક્તિ વગેરે દિવ્ય અસ્ત્રો હતાં.
ભગવતી ભાગવત

વૈષ્ણવી ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી; વિષ્ણુની શક્તિ. તેનું વાહન ગરુડ કહેવાય છે.
ગરુડ ઉપર બેઠેલા અને પીળા વસ્ત્રોથી શોભતાં વૈષ્ણવી શક્તિ શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધરીને યુદ્ધમાં આવ્યા. ભગવતી ભાગવત
૨. સ્ત્રી. તુલસી.
૩. સ્ત્રી. લક્ષ્મી, પદ્મા; રમા.

૪ સ્ત્રી વૈષ્ણવની સ્ત્રી

૫ સ્ત્રી સાત માહેની એ નામની એક માતૃકા
બ્રહ્મી માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી અને ઐંદ્રી આ સાત શક્તિઓને મંત્રના કહે છે. મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ

૬ ન યજ્ઞોપવીત; વાસકપૂર

૭ વિ. વૈષ્ણવ ધર્મનું; વૈષ્ણવ પંથનું
વૈષ્ણવી સહકારમંત્રણ દોઢસોએક ચૈતન્ય દેશમાંથી બાલ દાઢીને લાવ્યા છે. નાનાલાલ

૮ વિ વૈષ્ણવને લગતું; વૈષ્ણવ સંબંધી

૯ વિ સ્ત્રી વિષ્ણુની ઉપાસના કરનારી

વૈષ્ણવી સ્મૃતિ [સં.] સ્ત્રી. અઢાર માહેની એક સ્મૃતિ.

વૈષ્ણાવડી (વૈષ્ણાવડી) સ્ત્રી. ડુંગળી; પ્યાજ

વૈસાર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ વૈસ ૨

વૈસારિણ [સં.] પું. મચ્છ; માછલું
સફરી અનિમિષ મચ્છ તિમ પ્રસુપ્તમા પાઠીન;
મકર હલ્પી અંડભક્ષ વૈસારિણ જળ મીન.
[પ્રબળસ્વ ૧૫

વૈસારી પું. (પિંગળ) સંકીર્ણ વર્ણનો એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમા તગણ, જગણ અને રગણ મળી નવ અક્ષર તથા બીજા અને ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે

વૈસાર પું. (પિંગળ) બ્રહ્મીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, વૈસારી. તેના દરેક ચરણમાં તગણ, સગણ અને મગણ મળી નવ અક્ષર હોય છે
લહો ત સ મ થી વૈસાર. રણછોડ પિંગળ

વૈસ્રસિક વિ. (જૈન) કોઈના પ્રયત્ન વિના ઉત્પન્ન થયેલું
જે શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે ને પ્રયોગજ અને જે કોઈના પ્રયત્ન સિવાય ઉત્પન્ન થાય છે તે વૈસ્રસિક. વાદળાની ગર્જના વૈસ્રસિક છે. તત્ત્વાર્થસૂત્ર

વૈસ્વર્ય ૧. [સં] ન. બાંટા કે સાદનું વિસ્વર થવું એટલે બરાબર તે

૨ ન નાટક માહેનો એક પ્રકારનો સાત્ત્વિક ભાવ

વૈહા સ્ત્રી ઠંડી ઋતુમા ઉત્તરમાંથી આવતું એક રાતું પક્ષી, તિલચર; હૈયા; લાલ મેના.

વૈહાયસ [સં. વિહાયસ્ (આકાશ)] વિ આકાશી; હવામાં ચાલે તેવું; આકાશ માર્ગે જાય તેવું.

વૈહાયસી સ્ત્રી. ભરતખંડની એ નામની એક નદી.
ગોમતી, ચંદ્રવસા, કૃતમાલા, વટોદકા, વૈહાયસી, કાવેરી, વેણા, પયસ્વિની આ નામની ભારતખંડની પવિત્ર નદીઓ છે. પ્રભાસની યાત્રાવત

વૈહાર પું. મહાભારતના સમયનો મગધ દેશમાંનો એ નામનો એક પર્વત.

વૈહારક જુઓ વૈદેહ

વૈહાસિક [સં. વિહાસ (મધ્યમ હસવું તે)] પું મશ્કરો; હસાવનાર આદમી, જોકર, ભાંડ, વિદૂષક, ચાળો

વૈહીનરિ પુ (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક ઋષિ

વૈંગ ન વિહ્વ, ચિ વાચાળ, બોલકું, બક, લવ, ચળ ચળાટ કરે તેવું; ચાળાખાઉ, અટકચાળું

વૈંતર ન બાંય, ગોદ
સાતુ કહે બહુને વૈંતર બળવું.
અખરોટિયા ઉતરનો દે. લોકગીત

વો ૧ પું. ઘોષ; પાણીવહન

૨. [સં. વહ્ (વહેવું) પું વાદળ, વરસાદ પાણીનું વહેવું તે; વહેણ, પ્રવાહ, ધારા, પ્રવાહનો આકાર તે આકાર વગેરે ભેદ, પ્રકાર. વૈતરણી પ્રવાહ; પાણીના હિલોળાનું જોર
વોમાં આવવું = પાણીના જોરથી ધસડાવું; પ્રવાહમાં તણાવું

વોકળો પું. પાણીનું નાનું વહેણ; નાળું; નાની નદી; વોંકળ.

વોકાઉટ [અં] પું વિરોધ દર્શાવવા સભામાંથી ચાલ્યા જવું તે
વોક આઉટ કરવો = વિરોધ દર્શાવી સભા છોડી ચાલ્યા જવું.

વોકાળ ન. એક જાતનું પક્ષી; આદમી રંગનું ગરુડ પક્ષી
દિવસે શિકાર કરનારામા ગીધ, વોકાળ, બાજ, સકરો, બાજ ને સમળી છે.
પ્રાણીમાત્રનું વર્ગીકરણ

વોગ પું. વજન અને ગતિનો ગુણાકાર; ઓજ; વેગ; વેગરથ સરવાળે.
Momentum (Force or weight x velocity) માટે વેગ, વોગ અથવા આવ શબ્દ યોજવા સારા ગણે. એ શબ્દની રચના. અહીં જો વજન કે બળવાચક 'વ' અથવા 'વો' અને ગતિવાચક 'ગ'માંથી થાય. એ રીતે વેગ કે વોગ શબ્દ અને અને જૂની ગરાસી પદ્ધતિએ 'વોગ'નો 'ઓજ' પણ થાય. (ગરાસમાં 'વ'નો 'ઓ' અને 'ગ'નો 'ગો' બોલાય છે. દા ત. ઓટો–

વોટ. ઓવ યોવે ઇત્યાદિ) 'વ' તથા 'ઓજ' ભાષાના પ્રચલિત શબ્દો પણ છે અને એમા રહેલો ભાવ Momentum શબ્દમા પણ રહ્યો છે. કિશોરલાલ મશરૂવાળા

વોચ [અં વૉચ] ન ગજવામાં રાખવાનું નાનું ઘડિયાળ.

વોચ એન્ડ વોર્ડ [અં.] ન. ચોકીપહેરો

વોચમેન [અં.] પું. ચોકીદાર.

વોચરિંગ [અં. વાર્પિંગ] ન. જહાજનિયુ

વોટ ૧. પું. એ નામનો એક દેશ.

૨. [અં.] પું. ચૂંટણી માટેનો મત
૧. વોટ નખાવો–પડવો = મતપેટીમાં મતપત્ર પડવો; મત અપાવો
૨. વોટ નાખવો = મતપેટીમાં મતપત્ર નાખવો, મત આપવો.

૩. પું. વીજળીની શક્તિનું માપ; વોલ્ટ અને એમ્પીઅરનો ગુણાકાર.

વોટગૅગ પુ એક જાતનો આંસો

વોટર ૧. [અં.] પું. વોટ આપનાર વ્યક્તિ; મત આપનાર

૨. ન. પાણી; જળ.

વોટરકલર ૧. [અં] પું. જેમાં પાણી મેળવીને ચિત્ર દોરી શકાય તેવી રંગ.

૨. વિ પાણી જેવા રંગવાળું

વોટર કોલમ [અં.] પું એન્જિનને પાણી લેવાનો સ્તંભ

વોટર ક્રેસ ન. એક જાતની વનસ્પતિ. તેનો શાક તરીકે પણ ઉપયોગ થાય છે.

વોટર ટાઈટ જુઓ વોટર પ્રૂફ.

વોટર પ્રૂફ [અં] વિ. જેની અંદર પાણી પેસે નહિ તેવું; જલરોધક

વોટરમેન [અં.] પું. પાણીવાળો

વોટરવર્કસ ૧. [અં.] ન. ગામની સપાટીથી ઊંચી સપાટી વાળી કોઈ જગાએ પાણી એકઠું કરી નળ દ્વારા ગામને પૂરું પાડવામાં આવે છે તે જગાના બાંધકામવાળો વગેરે

૨ ન. શહેર વગેરેની વસતિને પાણી પૂરું પાડનારું યંત્ર કે કારખાનું; ટાંકી

વોટરસ્કાઉટ્સ [અં.] ન પાણી એકઠું કરવાનું યંત્ર

વોડકા પું. એક જાતનો રશિયન દારૂ તે બટાકું કરીને રાઈ, જવ કે બટાટામાંથી બનાવવામાં આવે છે અને મરીબ લોકો તેનો ઉપયોગ કરે છે.

ચોઢકી (ચોઢકી) ૧. સ્ત્રી. જુવાન ગાય કે ભેંસ, વટ્ટી
૨ સ્ત્રી. મોટી બાળરંડી; ન વિયાણી હોય એવી ત્રણ ચાર વરસની ગાય; નાની ગાય

ચોઢકું (ચોઢકુ) ૧. ન. વટ્ટું; જુવાન ગાય કે ભેંસ
૨. ન. વિયાણા વગરની પણ પહેલી વખત વિયાવાની તૈયારી કરતી હોય તેવી ગાય

ચોઢ પું. કદમનું ઝાડ

ચોઢા ૧ પું. ઉપાડનાર મજૂર
૨ [સં] પું ખભો; બરડ
વેદિરાજાની ક્રિયામાં મુખ્ય તો કન્યાને બરડે ચોર ઉપાડી જવામાં આવતી આ ક્રિયાને 'ચોઢહન' શબ્દથી લઈ જવું કહેતા; ઉપાડવાનું કાર્ય વર કરતો માટે એ **ચોઢા** (ઉપાડનાર) કહેવાતા અને કન્યા વધૂ (ઉપાડવામાં આવેલી) કહેવતી.
નામદિ

ચાઢિયાબંધ પું. યોગની એ નામની એક મુદ્રા ગદ્દારના ઉપરના ભાગમાં અને નાભિના નીચેના ભાગમાં જે મુદ્રા બને છે તેને ચોઢિયાબંધ કહેવામાં આવે છે.

ચોઢુ ૧. પું. એ નામના એક ઋષિ
આબ્યા બસ ચોઢુ નિર્માંડક,
જરત્કારુ જૈમિનિ ભાષક. નિષ્કુળાનંદ
૨. [સ વહ્ (વહેનુ)] વિ. ભાર વહન કરનાર.

ચોણ ૧. ન. (કચ્છી) ઢાલાં; વણ; કપાસનો ઢોડ
કપ તો માતનું, કૂલ તો **ચોણનું**.
કાઠિયાવાડ સાહિત્ય
૨. ન. વહેણ; વહોણ; નાળું; જ્યાંથી પાણી વહી જતું હોય તે.
૩. જ સીમમાં વહેનું પાણી ભરાઈ રહે તેવો ક્યારો ખાડો

ચોણું ૧ વિ. વિખૂટું; છૂટું, અળગું; છોડી દીધેલું, ત્યજિત
૨. અ. વિના; સિવાય; વગર.
૩. [સં વિહીન] વિ. વિહોણું; વિનાનું; સિવાયનું
રવિ ભમતો ને ક્ષતિનો ખે,
રાહુ જો ધડ **ચોણો** રહે. અખો

ચાદ [સં.] વિ. બીનુ.

ચોદાલ [સં] પું એક જાતની મોટી માછલી; બાદલ મીંદ પ્રજાતીની આ મોટામા મોટી માછલી છે. કોઈ કોઈ માછલી તો ૭૦ ફૂટ કરતાં પણ વધુ લાંબી થાય છે

ચોપદેવ પું દેવગિરિમાં ૧૩મા સૈકામાં થઈ ગયેલો એ નામનો એક પ્રખ્યાત વ્યાકરણ કર્તા. તેણે મુગ્ધબોધ નામનું પુસ્તક રચ્યું છે

ચોમર ન. નાકના પડદામાં આવેલું ભેજ ગ્રહિત. તે ઉપર સ્ફેનોઇડ અસ્થિ અને નીચે તાળવાના અસ્થિ સાથે સંધાયેલું છે

ચોમાળા સ્ત્રી. પરમાર ક્ષત્રિયની એ નામની એક શાખા

ચોમિટિંગ [સં.] ન. ઊલટી; ઉબાડો; વમન

ચોય અ. દુઃખ કે ભયનો એક પોકાર.

ચોય ચારેના અ. ઓતારી, આહાહા; આશ્ચર્યનો એક ઉદ્ગાર.

ચોય આડી જુઓ ચોય આડી

ચોય આડી અ સારીરિક આકર માનસિક દુઃખ કે પીડા વખતનો એક ઉદ્ગાર

ચોય રે અ. દુઃખ કે ભયનો એક પોકાર.

ચોયલ [અં. વૉયલ] ન. એક જાતનું મજબૂત ભારીક સુતરાઉ કાપડ

ચાય ચોય અ. ભય કે દુઃખનો પોકાર કરે તેમ

ચોય ચોય રે જુઓ ચોય ચોય

ચોર [અં વૉર] સ્ત્રી વિગ્રહ; લડાઈ.

ચોરડી સ્ત્રી. ચીનના શહેનશાહ વાદોગે કાઢેલી એ નામની શેતરંજને મળતી એક રમત. આ રમત ૩૬૦ મહોરાથી રમાતી હતી.
ચીનના શહેનશાહ વાદોગે જે **ચોરડી** નામની રમત કાઢી હતી તે આ શેતરંજનો પૂર્વજ છે.
મુ. સા. પરિષદ

ચોર બોન્ડ [અં. વૉર બોન્ડ] સ. લડાઈની લોનના પૈસાના કાગળો.

ચોરંટ [અં. વૉરંટ] સ અખત્યારપત્ર; સત્તાદાર હુકમ; વારંટ; ધરપકડ કરવાનો સરકારી પરવાનો; 'સમન્સ'

ચોરા ૧. સ્ત્રી. નાગર, વાણિયા, હરિજન અને લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨ સ સુપારી; લવણ

ચોરાનચૈક પું. એક જાતનું કાપડ

ચોરો ૧. [સં. વ્યવહાર] પું. વેપારી.
૨ પું શિયા મુસલમાનોની એ નામની એક જાત; હિંદુમાંથી વટલેલ એક જાતિનો આદમી, વહોરો; વોહરો. વહોરા–વહીવટ–વણકરનું કામ કરનારી શિયા મુસલમાનની આ જાત મહમદ પયગમ્બર સાહેબના વજીર અલીને માનવાવાળી છે. તેમના ધર્મગુરુની ગાદી અલીયો ચાલતી આવેલી છે. હાલ પણ તે ગાદીએ બેસવામાં ગાદી ઉપર હોય તેના ફરજંદ ગાદીએ બેસી શકતા નથી; પણ તેમના કુટુંબના કોઈ પણને પટરતી નામ નથા નિશાની સાથે અસર આપે છે તેજ ગાદીએ બેસી શકે છે. કુદરતી આવતી અડચણને વટી, થઈ રહે છે. મોટે આ પંથ વહોરા = વટલ એટલે કે, કુદરતી આવતી અડચણોનો પથ ઉપરથી ઓળખાતાં અપભ્રંશ વહોરા થયેલો છે. પ્રાચ્ય પ્રવેલી પંથના નઝારી નામના ફાટાંમાંથી ખોજા કોમને હસ્તીમાં લાવનાર ઉપદેશકો નીકળ્યા તેમ એ જ પથના મુસ્તઅલી નામના ફાંટામાંથી વોરા કોમ ઉદ્ભવી. આ વોરા કોમના દાઉદી અને સુલેમાની એવા બે મોટા વિભાગ છે. વોરા કોમની શરૂઆત અબ્દુલ્લા નામના એક જમાનીના ઉપદેશકને ૬.થે ઈ. સ. ૧૬૦૭માં થયેલી કહેવાય છે એ અબ્દુલ્લાનું મુખ્ય મથક અરબસ્તાનમાં યમન શહેર હતું; ત્યાંથી મુલી સિલાના ક્રમથી લીંચ એ પથના ઉપદેશકોને મિસર નાસી જવું પડેલું. ત્યાંથી સિંધ વગેરે પ્રદેશો પર ધીમે ધીમે એમની સત્તા જામતી ગઈ અને હિંદુઓ વટલતા ગયા.

ચોર ૧. [અં. વૉર્ડ] પું કોર્ટ વગેરેમાં માટે પડાતો આખાનો વિભાગ; કોરી કે ઘણો; શહેરનો અમુક ભાગ; વિભાગ
૨. પું. દરદીઓને રાખવાની જગ્યા; દરદીઓના ખાટલાવાળો હિસ્સો પાલનો ભાગ

ચોર્ડર ૧. [અં. વૉર્ડર] પું કેદીઓનો મુકદમ; જેલના અમલદાર તરીકે કામ કરનાર કેદી. જેલની ભાષામાં બોલાય છે
આપણે જેલરોને કે **ચોર્ડરોને** શત્રુ નહિ પણ આપણા જ જેવા મનુષ્ય અને ભાતની લાગણીવાળા ગણીએ. નવજીવન
૨. પું. ચોકિયાત; રક્ષક

ચોલ ૧. [સં.] પું. યુદ્ધ
૨. સ્ત્રી. કોળીઓને આપાતી ખડણી
૩. [અં વૉલ] સ્ત્રી દીવાલ; ભીંત.
૪. ન. એક જાતનું પ્રાણી

ચોલનટ [અં.] સ એક જાતનું ઝાડ; અખરોટનું ઝાડ

ચોલરસ સ્ત્રી એક જાતની મોટી માછલી.
વ્હેલ, **ચોલરસ** અને સીલ એ શીતકટિબંધના સમુદ્રમાં મલમ પડે છે
ભૂગોળવિદ્યાના નૂતનતત્ત્વો

ચોલવું સ ક્રિ. (જૂ. ગુ.) જમવું
આજ વરસ દિમ **ચોલસેં** છ,
જુઓ દિયસે વિમ.સ રે
આનંદમાળમહોદધિ

ચોલસીઢ [અં વૉલ્સીટ] ન. વાલસેટ; લીલ્યમની બાણવાની એકડવાળી પિત્તળની દીવા

ચોલંટીઅર [અં. વૉલંટીઅર] પું. સ્વયંસેવક; પોતાની મરજીથી વગર વેતને સેવા કરનાર માણસ સ્વૈચ્છિક સેવક

વોલંટીઅર આર્મી [અં. વૉલન્ટીઅર આર્મી] ન સ્વયંસેવકોની લશ્કરી ટુકડી

વોલંટીઅર કોર [અં. વૉલન્ટીઅર કૉર્પ્સ] સ્ત્રી. સ્વયંસેવકોનું મંડળ, સ્વયંસેવકોની ટુકડી

વોલાઅણું જુઓ વોળાઅણું

વોલાવવું સ ક્રિ. વળાવવું; વિદાય કરવું.
વિપ્ર વોલાવ્યો દ્વારકા ભણી,
પત્ર લખી આપ્યું રુક્મિણિ. મામેરાકાર

વોલી [અં.] સ્ત્રી. ટેનિસની રમતમાં દડો જમીન સાથે અથડાય તે પહેલાં હરીફ મારવો.

વોલીબોલ [અં.] પું એ નામની એક રમત. આ રમત મૂળ અમેરિકાના યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોશીએશનને શોધેલ છે. આ રમત બધી તથા પુરુષ બંને સગવા ઉત્સાહથી રમી શકે છે આ રમતમાં થોડી જગ્યામા ઘણી જ સારી કસરત મળે છે. મેદાનનું ક્ષેત્રફળ [illegible] છે મેદાનની વચ્ચોવચ્ચ એક મજબૂત [illegible] આ જાલી દોરેલ છે તે મધ્યરેખા ઉપર [illegible] ઉપર એક ફળી બાંધવામા આવેલી હોય છે ફળી સહિતની કુલ ઊંચાઈ લગભગ આઠ ફૂટની હોય છે. દડો ફૂટબોલને મળતો પણ જરા નાનો હોય છે. દરેક પક્ષે છ થી નવ માણસો રાખી શકાય છે. એક પક્ષ જાળીની એક બાજુ અને બીજો પક્ષ બીજી બાજુ એમ ગોઠવાય છે. પહેલા એક પક્ષમાથી એક રમનાર હાથની મૂઠી વડે દડાને બીજા પક્ષના મેદાનમાં જાળીને ટપાવીને નાખે છે, એટલે સામેથી તેને હાથથી ઠોકર મારી જાળીને ટપાવી પાછો પહેલાના મેદાનમાં નાખે છે. આમ કરતાં દડો જેણે દડાને મૂઠી મારી મોકલ્યો હોય તેના પક્ષથી જમીન ઉપર પડી જાય કે સામેના મેદાનની બહાર ચાલ્યો જાય તો દડાને મૂઠી મારી ટપાવવાનો વારો બીજા પક્ષનો આવે છે; પંણ દડો ટપાવ્યા પછી સામેવાળા જો તેનો પ્રતિકાર નથી કરી શકતા તો દડો ટપાવનારને એક ગુણ મળે છે. આવી રીતે બંને પક્ષના ગુણો થાય છે જે પક્ષ પહેલા પંદર ગુણો કરે છે તે પક્ષની રમત થઈ કહેવાય છે અને તે વિજેતા બનેલ થાય છે. વોલીબોલના મેચોમાં જે ત્રણમાંથી બે રમત જીતે છે તે વિજેતા કહેવાય છે. દડાને મૂઠીથી મારી જાળી ટપાવવાનો વારો દરેક પક્ષે દરેક ખેલાડીનો ફરતા ફરતા આવી જાય છે.

વોલુર ન. કાશ્મીરમાં આવેલું એ નામનું સરોવર; વુલર; અરવાલો; કાશ્મીરની ખીણમાં આ સરોવર મોટામાં મોટું છે તેમાં સીંગોડાં બહુ થાય છે. વસ્તીનો મોટો ભાગ એના ઉપર પોતાનો નિર્વાહ ચલાવે છે.

વોલેચિઅન જી. વોલેચિઅ અને મોલ્ડેવિઆ ન.મ.ન. તુર્કસ્તાનના ઉત્તર પ્રાંતમાં બોલાતી એ ન.મ.ની. એક ભા.ષા

વોલ્ટ [અં.] પુ. વીજળીક દબાણના પ્રમાણની એક સંખ્યા

વોલ્ટમાપક જુઓ વોલ્ટમીટર.

વોલ્ટમીટર [અં. વૉલ્ટમીટર] ન. વીજળીક દબાણ માપવાનું યંત્ર, વિદ્યુતના પ્રેરકબલ, ઈલેક્ટ્રોમોટિવ ફોર્સ યંત્રો તે માપવાનું યંત્ર

વોલ્ટરગંજ જી. એ નામની એક જાતની મધ્યમ જાતની ખાંડ

વોલ્યુમ ૧ [અં.] ન ગ્રંથ; પુસ્તક
૨ ન ઘનફળ; આકારમાન; કદમાપ; વિસ્તાર

વોવર પું આંધણ

વોશવું સ ક્રિ. (જૂ. ગુ.) રાજવું
નગર પુર પાટણ વોશિ રે,
ઉદ્ભવ્યા કોઈ વહિ ઠાર રે ઋ.ભદેવ

વોશરૂમ [અં. વૉશરૂમ] ન. હાથ, મોં વગેરે ધોવાનાં સાધનો રાખવાની ઓરડી.

વોશિંગ [અં. વૉશિંગ] ન. ધોવાનું કામ.

વોશિંગ કંપની ૧. [અં. વૉશિંગ કંપની] સ્ત્રી. ધોવાનું કામ કરનાર મંડળી; ધોબી, ધોબણ કરનાર કંપની
૨. સ્ત્રી. વિલાયતી દવાની બેનમૂની દુકાન.

વોશિંગ સોડા [અં. વૉશિંગ સોડા] પું. એક જાતનો ક્ષાર; ધોવાના કામમાં વપરાતા સોડા

વોશિંગ્ટન પું. એ નામનો અમેરિકાનો એક પ્રમુખ. ત્રિમિલેખ સમો થયો હોવાથી રાજમંત્ર સત્તાધારી વોશિંગ્ટને પ્રવર્તાવ્યો છે કે, પ્રમુખ તે લોક પ્રતિનિધિ છે, રાજાપદ્ધતિની સંકલ્પના એ પ્રમુખપદમાં ન હોય.

વોશિષ્ઠ પુ. (પુરાણ) અંગિરા કુળના એ નામના એક ઋષિ

વોસરાવવું ૧. સ. ક્રિ. તજવું; ત્યાગ કરવો; દૂર રાખવું; છોડી દેવું; મૂકી દેવું
૨. સ. ક્રિ. પાપ ક્રિયાથી દૂર રાખવું

વોસા પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૦ લઘુ અને ૪ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

વોહ ૧. [સં. પ્રવહ્ય; દે. વોહિત્થ] પું. જોરથી વહેતા પાણીનો પ્રવાહ; વહેણ; જલપ્રવાહ.
નદીને તેના મૂળ આગમથી અટકાવી શકાય છે, પણ મોટી વચ્ચ પછી તેનો વોહ કોઈ રોકી શકતુ નથી. કલાપીકો
૨. પું. નાળું; નાની નદી; વહેળિયું.
૩. પું. પાણીને વહી જવાનો વેગદાર માર્ગ.
૪. પુ. વહેણનો લાંબો ઊંડો ખાડો.
૫. પુ. અવદાર; ઘર્ષો.

વોહડો (વોવડો) પુ. વાનડો વાયરી સોડો બોલે છે

વોહણું ન. વહાણ; પ્રવાહ; સવાર
રમખરી રમતા થયુ રે વોહણું. નરસિંહ મહેતો

વોહરત જી. ખરીદી; વેચાણ લેવા ને
અટકા સારુ રે ના થાવું. વોહરતના ધણી. કલાપીકો

વોહરાવવું સ. ક્રિ. (જૈન) જૈન સાધુને શુદ્ધ આહારપાણી આપવા; અપવુ.
એક નિર્ધન બાઈએ પ્રભુને પોતા સાઠ પોતાની ઝોળે કાંનેલ લઘા સુતરમાથી વણાવેલ ગોચ પાત્રોક વોહરાવ્યું વાલજી દેસાઈ

વોહરિ પુ. (પુરાણ) એ નામના એક ઋષિ. આસુરિ, વોહરિ અને પચશીર્ષ એ ઋષિઓ તૃપ્ત થાઓ અગવદી આપવા

વોહરોહ અ [illegible] ના અભ્યાસથી મનો અવ.જ.

વોહારક જુઓ વાહારિક

વોહારિક પુ વિ જળા રાજ્યનો એક અધિકારી; વિજેતાની સૈન્યોમાં રીતરિવાજ અથવા કાયદામાં નિષ્ણાત પુરુષ; અવહારિક; વચ્ચલા દરજ્જાનો ન્યાયાધિકારી
અધરાણી હોય જો એને કંઈ કહ્યા વગર વોહારિકને (વ્યવહારિક)ને સુપ્રત કરતા. પુરાતાવ

વોહારિકા જુઓ વોહારિક.

વોહિત ન વહાણ; જહાજ

વોહુમન પું. (જરથોસ્તી) બહમન ફિરસ્તાનું અવસ્તા ભાષાનું એક નામ.

વોહુમનો ૧. પું. (જરથોસ્તી) અમુર-મજદાની એક શક્તિ અથવા રૂપ. તે પ્રાણીઓનો અધિષ્ઠાતા ગણાય છે.
૨. પું. ભલું મન.
વોહુમનો (ભલું મન) એ ઈશ્વરનો બીજો ગુણ છે. અર્વા. જરથુસ્ત્ર

વોહોણું [સ વિહીન; પ્રા વિહુણ] વિ વિહીન, વગરનું; વિનાનું; વોણું
પ્રાણ વોહોણો દીઠો જાત,
શું થયું કહી પડ્યા રઘુનાથ. રામાયણ

વોહોત જ. તરત જ; થોડી વારમાં.
પ્રભુનાં વોહોત સુનો તુજ સાથ.
થઇ સંમધે ઝાલ્યો હાથ. ઝામળ

વોહોરત ૧ જી. ભોગમ.
૨. જી. વોરત; ખરીદી; વેચાતું લીધેલું જે કાંઈ તે; વોહોરવુ તે.
વોહોરત વોહોરે બાણિયા, કર્મ અનુસારે આય. ઝામળ

વોહોરતિયો ૧. પું. વહોરનિયો; ખરીદ કરનાર માણસ, વેચાણ લેનાર વ્યક્તિ; વોહોરનાર; ઘરાક

૨ પું. વસ્તુ પારખનાર; ઝવેરી, ચોકસી

રત્નનું જતન ન થાયે ભાત નીવડી નેટ રે.
વિષયે છે વસ્તુ વોહોરતિયા વિના.
કાં ઝરે પરપેર પેટ રે.
નળાખ્યાન

વોહોરવું ૧. સ. ક્રિ. ખરીદવું; વેચાતું લેવું

૨. સ. ક્રિ. (ક્રૌન) ઘેર ઘેરથી ભિક્ષા માગવી; માધુકરી એકઠી કરવી, ભીખવું.

૩ સ. ક્રિ. માથે ખેંચી લેવું; જંતખમ ભોગવવું

૪. સ. ક્રિ. સમારવું; એકઠું કરવું.

વોહોરાવવું જુઓ વોહરાવવું.

વોહોલાસવું ન ત્રિષ્યા પ્રયત્ન; નકામો પ્રયાસ; ખાલી મહેનત; ફાફા; વલખાં.

વોહોલિયાં વાઢવા = વલખાં મારવાં, ફાંફાં મારવાં,

વોળ પું. એક જાતનો કર. કોળી ઢાઢોરો પોતાના આડોસી પાડોશીઓ પાસેથી ગિરાસ અને વોળ નામનો કર લેતા અને લોકો તેમની લૂંટફાટમાંથી બચવાને આ હક્ક તેમને આપતા

વોળ ગરાસ પું. ચોર ચોરી ન કરે, લૂંટારાઓ લૂંટે નહિ તે માટે કોળી ઢાઢોરોને આપવામાં આવતો એક જાતનો કર.

વોળાવિયો જુઓ વોળાવિયો.

વોળાવું સ. ક્રિ. (જૂ. ગુ.) આજ્ઞાભંગ કરવો; લોપવું.

રાજાને તે વળી કહું સોઓ વોળા સીમ. વાલાદ

વોળામણ ૧. ન. આટો; ફેરો; ફરવું તે; વળવું તે; વળાંક

૨. ન. વળાંક; વક; વાંક; વાકું હોવું તે; વાંકાસ; વકાપણું, વક્રત.

૩. વિ વાંક પરાવનારું; વળતું; વાંકું; વળાંકવાળું; વાકુચૂકું, વક.

વોળામણું ૧. ન. ભૂવા લોકો કોઈનો વળગાડ કાઢતાં ઉતાર મૂકવા બદલ જમ છે તે.

૨ જુઓ વોળામણ.

વોળાવવું [પ્રા. વોલાવિઅ.] સ. ક્રિ. વળાવવું; વિદાય કરવું; રજા આપવી.

વાહાણ જેઈ વોળાવીઓ,
આઈ આવ્યો ઘેના ખત. વત્સરાજ

વોળાવિયો પું મુસાફરીમાં રક્ષણ કરનાર હથિયારબંધ માણસ; વળાવનારો; વળાવવા માટે જનાર; અજાણ્યે અથવા ભય જોખમે માર્ગે જતાં સાથે લેવામાં આવતો ભોમિયો કે ચોકીદાર

વોળાવું ન. ભોજભવાળા માણસનું રક્ષણ કરવા જવું તે; ચોકી કરતાં પગરસ્તે બીજે ગામ પહોંચાડવાની ક્રિયા.

૨ આગે કરે વીર વોળાવું, બળવત સહમલ બાલો,
૨ મારગે હરિ અરપૂર આસે, કામ ન દીસે કોઈ કલો.
ઋષિરાજ

વોળાવો જુઓ વોળાવિયો.

વોળે અ. સીધી રીતે; સાગ સાધીને. આ શબ્દ સુરત તરફ બોલાય છે. જેમકે, આટલું કામ તો વોળે કરતા આવજો.

વોંકળો પું. પાણીનું નાનું નાળું; વહેળો; નાની નદી જેવું પાણીનું નાનું વહેણ; વોકળો.

વોંઝ પું. એક જાતનો છોડ. તેનાં પાન પાચબૂણિયાં, કોકા લીલા રંગનાં અને દાંતાવાળી કોરનાં હોય છે. તેમાં પીળાં કે રાતા રંગનાં ફૂલ આવે છે ફળ કાચાં જોવાં પણ નાનાં થાય છે.

વોંઝું વિ વિહીન; વિનાનું.

આપો નિજ આતમને સ્વાપ,
ઔપમ વોંઝી બ્રહ્મ અનપ. અખો

વૌ સ્ત્રી. વહુ; સ્ત્રી

વૌલિ પું. (પુરાણ) વસિષ્ઠ કુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

વૌચારું સ્ત્રી. જુવાન માનીતી વહુ.

વૌષટ્ ૧. [સં.] અ. દેવને અર્પિ આપવા માટે વપરાતો અવ્યય.

સ્વાહા, વૌષટ્, શ્રૌષટ્, વષટ્ અને સ્વધા એ પાંચ અવ્યયો દેવને અર્પિ આપવા માટે વપરાય છે.
અમરકોષ

૨. ન. પિતૃઓને અર્પિ આપતાં કરાતો ઉદ્ગાર.

વૌષટ્કાર [સં] પું. દેવ કે પિતૃઓને અર્પિ આપતાં કરાતો વૌષટ્ ઉદ્ગારનો ઉચ્ચાર કે અવાજ.

વ્યક્ત ૧. પું. (જૈન) મહાવીર સ્વામીના ૧૧ ગણધરો એ નામનો એક મુખ્ય શિષ્ય.

૨. પું. વિષ્ણુ.

૩. વિ શંકર.

૪ પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૫. ન. આત્મા.

૬ ન. એક પ્રકારનું જ્ઞાન. જ્ઞાનના ત્રણ પ્રકાર છે. વ્યક્ત. અવ્યક્ત અને જ્ઞેય. પંચભૂત અને તેના કાર્યરૂપે સ્થૂલ પ્રપંચ સમસ્ત વ્યક્ત જ્ઞાન કહેવાય છે.

૭ ન પાંચ

૮. ન. માયા.

૯. ન. લાભ મળવા પહેલાંની સ્થિતિના પાંચ માંહેનો એક પ્રકાર. વ્યક્ત, અવ્યક્ત, જપ, આદાન અને નિક્ષા એ પાંચ પ્રકાર મનાય છે.

૧૦ [સં વિ + અંજ (ખુલ્લું કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. ઇંદ્રિયો વગેરેથી ગ્રહણ કરી શકાય એવું; ઇંદ્રિયને સ્પષ્ટ રીતે પ્રત્યક્ષ થતું.

૧૧ વિ જેનું મુખ્ય સૌ કોઈના જાણવામાં હોય એવું; જેનું મુખ્ય સ્વરૂપ સ્પષ્ટ આપેલું હોય તેવું

૧૨. વિ. દેખાવમાં આવતું, બહાર જોવામાં આવતું; જેનાં રૂપરંગ, ગુણ જણાય તેવું; પ્રકટ; દશ્ય; પ્રત્યક્ષ; મૂર્ત; જાહેર; દેખીતું, દૃષ્ટ

ભૂતો છે મૂળમાં અવ્યક્ત,
વચમા છે વ્યક્ત તે આ ભૂતો;
અંતે ભારત ! છે જ અવ્યક્ત
પળી તેમા અરે સોક શો ?
ગીતાપંચામૃત

૧. વ્યક્ત કરવું = જાહેર કરવું; કહેવું; બતાવવું; દર્શાવવું

૨. વ્યક્ત થવું = જણાવું.

૧૩. વિ પંડિત; જ્ઞાની; પ્રાજ્ઞ

૧૪ વિ. મોટું.

૧૫ વિ વાસ્તવિક; યથાર્થ.

૧૬. [હિં.] વિ. પૂર્ણ.

૧૭. વિ. સમજી શકાય એવું; જાણી શકાય તેવું; નક્કી; સ્પષ્ટ; ખુલ્લું; રહસ્ય; ઉઘાડું; જ્ઞાત; પ્રકાશિત.

૧૮. વિ. સાકાર બનેલું

૧૯. વિ. સોળ વર્ષની ઉપરનું.

વ્યક્તગણિત ન. અંકગણિત; જેની કીમત સ્પષ્ટ એટલે કે સર્વ કોઈની જાણમાં છે એવા આંકડાઓ વડે ગણિતની જાણકારી કરવાની કલા શીખવનારું શાસ્ત્ર.

વ્યક્તભાષા સ્ત્રી. પોતાના આશય જણાવવાની બોલી

વ્યક્તભાષા બોલવાની શક્તિ એ મનુષ્યત્વનું એક ખાસ લક્ષણ છે. બૃહદ્ આખ્યાન

વ્યક્તરાશિ સ્ત્રી. (ગણિત) જાણીતી રકમ; વ્યક્ત પરિમાણ

વ્યક્તવાદ પું. નિરીશ્વરવાદ.

વ્યક્તશક્તિ [સં. વ્યક્ત (સ્પષ્ટ) + શક્તિ (બળ)] સ્ત્રી ખરેખરું બળ; યથાર્થ શક્તિ; જે શક્તિ વ્યક્ત થાય તે.

વ્યક્ત સ્વરૂપ ન. પુદ્ગલત્વ.

વ્યક્તાવ્યક્ત [સં] વિ. સ્પષ્ટ છતાં અસ્પષ્ટ. સાંખ્ય મત પ્રમાણે પદાર્થની ત્રણ અવસ્થા છે: અનાગત, વ્યક્તાવ્યક્ત અને નિરોધિત.

વ્યક્તાવસ્થા [સં.] સ્ત્રી. જાણી શકાય તેવી અવસ્થા.

વ્યક્તાવ્યક્ત ૧ પું શિવ; શંકર; મહેશ.

૨. [સં. વ્યક્ત (સ્પષ્ટ) + અવ્યક્ત (અસ્પષ્ટ)] વિ દૃષ્ટાદૃષ્ટ; પ્રકટ અને અપ્રકટ.

વ્યક્તિ ૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨ સ્ત્રી. અંગતપણું

૩. સ્ત્રી. એકત્વ

૪ [સ વિ + અંજ્ (ખુલ્લું કરવું) + તિ (ભાવ)] સ્ત્રી ખુલ્લું કરવું તે; સ્પષ્ટતા; સ્ફોટ; પ્રકટપણું, પ્રકાશ, વ્યક્ત થવું તે; પ્રગટતા

જિ તા કાંઈ પ્રીછી નહીં, તે વાત કેરી વ્યક્તિ.
આનન્દ

૫. સ્ત્રી જાતિનો એક સ્વતંત્ર અંશ; મનુષ્યમાંનુ અમુક એક નામધારી પ્રાણી કે પદાર્થ; કોઈપણ વર્ગમાંનું એક. કોઈ પણ વર્ગના છૂટા છૂટા પદાર્થ લઈએ તો તે વ્યક્તિ કહેવાય છે અને વર્ગના તમામ પદાર્થમાં રહેલો ધર્મ જાતિ કહેવાય છે વ્યક્ત અને સમષ્ટિ વેદાંત પરિભાષાના શબ્દો છે. "હું" એવા પ્રકારના અભિમાનવાળા સર્વ જીવો, પોતાના સ્વરૂપ સાથે તાદાત્મ્ય સંબંધે જોડાયલા છે, એમ પોતાનું જીવોની સાથેનું એકત્વ સત્કારવાથી ઈશ્વર સર્વત્ર હોવાથી જાણે છે માટે તે ઈશ્વર જ સમષ્ટિરૂપ છે. અલબત જીવો તેમ જાણી શકતા નથી માટે તેઓ વ્યષ્ટિ કહેવાય છે. વેદાંતમાં પારિભાષિક અર્થે આ પ્રમાણે છે, તે ઉપરથી અનેકમાંથી દરકોઈ એક તે વ્યક્તિ, અનેકનો એક સમુદાય તે સમષ્ટિ, આવો અર્થ રૂઢ થઈ ગયો છે

અહિંસા ધર્મ પાળે તો કેવળ કોણ કહે,
વ્યક્તિ સમષ્ટિ સર્વેના આત્મ રાષ્ટ્ર સમાજના
ગાંધીગીતા

૬. સ્ત્રી. પૃથક્ત્વ.

૭. સ્ત્રી. મનુષ્ય; એક જણ; એક માણસ

વ્યક્તિક વિ અમુક માણસને લગતું

વ્યક્તિક કામકાજોમાં તેથી વ્યક્તિઓને સલાહકાર કરવાની મંજૂરી આ કારોબારી સમિતિ આપશે. નવજીવન

વ્યક્તિકર પું. દેખાવ.

વ્યક્તિગત ૧. [સ. વ્યક્તિ + ગત (જાણેલું)] વિ એક જ માણસ કે પ્રાણીને લગતું; વ્યક્તિ પરત્વેનું; વ્યક્તિને લગતું; અંગત; વૈયક્તિક; વ્યક્તિ વિષયક; વ્યક્તિ સંબંધી; અમુક વ્યક્તિનું. સારસ્વતી અને ગ્રીનો ઝઘડો કવિકુલગુરુએ કલ્પ્યો છે. પણ એ કલ્પના વ્યક્તિગત છે.
પ્રસ્થાન

૨. વિ દરેકનું; પોતપોતાનું

વ્યક્તિગત અધિકાર [સં.] પું. જાતહક્ક; જાતિહક્ક; ' પર્સનલ રાઇટ '.

વ્યક્તિજીવન [સં.] ન. વ્યક્તિગત વિશિષ્ટતા.

તો શું એ બાબતોનું વ્યક્તિજીવન, વ્યક્તિવિકાસ એ સર્વનું ' ભારતખંડ માટે એક બાબા'ના યજ્ઞની વેદિ આગળ બલિદાન આપવું એ ઇષ્ટ છે ?
શુ રુ. પરિષદ

વ્યક્તિતા જુઓ વ્યક્તિત્વ

વ્યક્તિત્વ ૧. ન. એકલપેટાપણું; એકત્વ

૨. ન. ખાસ લક્ષણ; વ્યક્તિનો વિશેષ ગુણ; વિશેષ જનત્વ

૩. ન પૃથક્તા.

૪ ન. માણસાઈ.

૫. ન. વિલક્ષણ સ્વભાવ, પ્રકૃતિ સ્વભાવ, દેહસ્વભાવ

પ્રત્યેક જણને પોતાનું ખાસ વ્યક્તિત્વ હોય છે.
કાંમુદી

૬ [સં.] ન. વ્યક્તિપણું; પોતાપણું; સ્વત્વ, ' ઇન્દ્રિયચિત્તમુખ્યાસિદ્ધિ '.

વ્યક્તિત્વવાદ [સં.] પું. વ્યક્તિની મહત્તાને પ્રાધાન્ય આપનારે મત

વ્યક્તિત્વવાદને વખતે પડતું મહત્ત્વ ભલું ભાવ તો નજદીકના ભવિષ્યમાં સુદૃઢ સુરેખ જડમૂળમાંથી ઊપડી ગયા વિના રહેશે નહિ
કાંમુદી

વ્યક્તિદૃષ્ટિ ૧. સ્ત્રી. વ્યક્તિતા; એકત્વ

૨. સ્ત્રી. વ્યક્તિવાદ; વ્યક્તિ સ્વાતંત્ર્યવાદ.

આ પત્રમાં પૂર્વે મોસ અને તેમના કાકાસમાંથી સૂત્રરૂપે કેટલોક બોધ લાવી કાવ્યમાં આપ્યા હતો, તથા યુરોપના અર્વાચીન યુગમાં ખાસ લક્ષણ અહિંસા અને વ્યક્તિદૃષ્ટિ બતાવી તેની રાજકીય ઇતિહાસ ઉપર થયેલી અસરનું દિગ્દર્શન કરાવ્યું હતું.
પરિ. બોધ

વ્યક્તિનિષ્ઠ આત્મા [સ.] પું ક્ષેત્રનિષ્ઠ ક્ષેત્રજ્ઞ, શરીરનિષ્ઠ જીવ. વ્યક્તિનિષ્ઠ આત્માની ત્રણ અવસ્થાને લઈને તેનાં ત્રણ નામ છે: (૧) જાગ્રતાભિમાની તે વૈશ્વાનર, (૨) સ્વપ્નાભિમાનીને તૈજસ અને (૩) સુષુપ્તિ અભિમાનીને પ્રાજ્ઞ કહે છે

વ્યક્તિનીતિ [સ.] સ્ત્રી વ્યક્તિને આચરણમાં મૂકવાના નિયમો; નીતિશાસ્ત્ર; આચારનીતિ, નીતિવિદ્યા

હોમરના જ કાવ્યોમાં તે સોળમામાં જે પ્રસંગ, વ્યવહાર અને ઇતિહાસના ઉલ્લે આવવા પડે તે એક તરફ મૂકીએ તો પણ તે પરથી વ્યક્તિનીતિ, રાજનીતિ અને આર્યોની રીતભાત સંબંધી ઠરેલું બધું રીતી રહ્યા તેમ છે.
મણિલાલ ન.દ્વ

વ્યક્તિપૂજક [સં.] વિ. વ્યક્તિને પૂજનારું

એતિયા એક છે. પણ તેની બે પુત્રો છે: વ્યક્તિપૂજક હિંદ ને સમષ્ટિ પરિસ્થત ચીન.
પ્રસ્થાન

વ્યક્તિ પૂજા [સ.] સ્ત્રી. વ્યક્તિને પ્રાધાન્ય આપવાની નીતિ; ' હીરોવરશિપ'

સાહિત્યમાં આજકાલ નિરંકુશ બહુમતી વ્યક્તિપૂજાને સહાનો દેશવટો દેવો
કૌમુદી

વ્યક્તિપ્રધાન [સં.] વિ અહંભાવ પ્રધાન; વ્યક્તિને પ્રધાન ગણવાની વૃત્તિવાળું

ઋક્ષતા, અમર્યાદિત સ્વાતંત્ર્ય, કૃત્રિમ વ્યવહાર, પ્રતારણા અને અક્ષમા એ વ્યક્તિપ્રધાન પાશ્ચાત્ય સભ્યતાનાં ફળ છે.
મણિલાલ નભુભાઈ

વ્યક્તિપ્રાધાન્યતા [સં.] સ્ત્રી અંગત દૃષ્ટિ

વ્યક્તિફુલારો સ્ત્રી. આપવડાઈ.

સંસારના વિષયોમાં બે જ વ્યક્તિવિકાસ, વ્યક્તિનિગ્રહ અને વ્યક્તિફુલારાના ઉભયમાં રાજ્ય થઈ બેઠેલા વિષયોનો કોઈકાળે સ્વીકાર થયો નથી.
જગતરામ કાકોર

વ્યક્તિભોગ્ય [સં.] વિ ફક્ત એક જ વ્યક્તિના ઉપભોગમાં આવે તેવું.

સર્વોત્કૃષ્ટ કળા વ્યક્તિભોગ્ય નહિ હશે, પણ સર્વભોગ્ય હશે.
આપ્તા ૭

વ્યક્તિરાજ્ય [સં.] ન. એક જ જણની જેમાં સર્વોપરી સત્તા હોય એવી શાસનપદ્ધતિ; સ્વચ્છંદશાસન: સ્વૈર રાજ્ય; નિષ્ફુર શાસન; ' ડેસ્પોટિક ગવર્નમેન્ટ '.

આપણા દેશમાં, તેમ જ જે જે દેશમાં વ્યક્તિરાજ્ય નથી તે સર્વ દેશોમાં અહંભાવ ભાષણોની એટલી બધી ભરમાર ન હોય, કે એ કલાનો આવો અનાદર કરીને આવે છે તેનું કાંઈ વિરોધ કારણ પણ તપાસવું જોઈએ.
મણિલાલ નભુભાઈ

વ્યક્તિરેખા [સં.] સ્ત્રી વિશેષતા; વિલક્ષણતા.

વ્યક્તિલક્ષણ [સં.] ન. દરેક માણસનું વિશેષ [illegible]

જો પણ વ્યક્તિલક્ષણથી તે ઓળખાશે.
સિક્ષણનો ઇતિહાસ

વ્યક્તિવાચક [સં] વિ. વ્યક્તિદર્શક; વ્યક્તિ બોધક; જાતિવાચકથી ઊલટું.

વિશેષ્ય માત્ર વ્યક્તિવાચક છે.
ન્યાયરાજ

વ્યક્તિવાદ [સં] પું. પોતાનામાં બધો સમાવેશ થાય તેવી ભાવના; વ્યક્તિસ્વાતંત્ર્યવાદ; એકલપેટાપણું, પ્રત્યેકતા; સામાજિક વિચારમાં વ્યક્તિ અને તેનું વ્યક્તિત્વ મુખ્ય છે એવો વાદ, વ્યક્તિદૃષ્ટિ, સૌએ પોતાનો સ્વાર્થ સાચવવો એવો મત; ' ઇન્દ્રિયચિત્તમુખ્યાસિદ્ધિ '

આર્થિક બાબતમાં અંગત હિત અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની દૃષ્ટિને જ પ્રધાનપદ આપવામાં આવે તેને વ્યક્તિવાદ કહી શકાય.
અર્થશાસ્ત્રની પરિભાષા

વ્યક્તિવાદી સ વ્યક્તિવાદિન્] વિ પોતાના જ વિચાર મનનાર, વ્યક્તિની મહત્તાને પ્રાધાન્ય આપનાર; વ્યક્તિવાદમાં માનનાર; ' ઇન્ડિવિજ્યુઅલિસ્ટ '.

વ્યક્તિવાર અ. પ્રસમાચાર; જાહેરાત, માણસદીઠ આપણા દેશમાં તેમજ બીજા દેશમાં પહેલા રોટી થવાની પદ્ધતિ બહુ કરીને વ્યક્તિવાર હતી

કેળવણીનું સાધન

વ્યક્તિવિકાસ [સ વ્યક્તિ (એકત્વ) + વિકાસ (વિકસવું તે)] પુ વ્યક્તિની, ખિલવણી

માન્ટેસરી પદ્ધતમાં **વ્યક્તિવિકાસ** પ્રમુખ છે.

મોન્ટેસોરી સાહિત્ય

વ્યક્તિવિકાસવિદ્યા [સ] સ્ત્રી વ્યક્તિવિકાસને લગતું શાસ્ત્ર, જીવના વ્યક્તિગત વિકાસના કારણોનો જેમાં અભ્યાસ હોય એવી વિદ્યા.

વ્યક્તિવિષયક સ વ્યક્તિ + વિષયક (વિષેનું)] વિ વ્યક્તિ વિષેનું, વ્યક્તિગત, અંગત

વ્યક્તિવિષય સંબંધી ચર્ચા **વ્યક્તિવિષયક** નિવારી જરૂરી છે.

ગુજરાતમિત્ર

વ્યક્તિવૃત્તાંત સ વ્યક્તિ (એક જ માણસ) + વૃત્તાંત (હકીકત)] ન એક જ માણસનું વૃત્તાંત, કોઈ પણ વર્તમાનનું કે કોઈ એક માણસનું વર્ણન, ' બાયોગ્રાફિ

ભૂતકાળ અથવા વર્તમાનકાળમાં વિદ્યમાન એક એક જનાના ચરિત્રો એ સવિશેષ જીવનચરિત્ર છે તે **વ્યક્તિવૃત્તાંત** પણ કહેવાય છે

મન સુખરામ

વ્યક્તિવેત્તા [સ. વ્યક્તિવેત્તૃ] વિ જીવનમાત્ર વિચારનાર; સત્ત્વવિદ્યા જાણનાર; સન્મીમાંસક

વ્યક્તિવૈશિષ્ટ્ય [સ] ન વ્યક્તિની વિશિષ્ટતા; મનુષ્યનો ખાસ ગુણ.

નાની નાની બાબતોમાં પણ **વ્યક્તિવૈશિષ્ટ્ય**નું દર્શન થાય છે.

મહાદેવ દેસાઈ

વ્યક્તિશઃ ૧ સ] અ. એક એક જણને, જણદીઠ, વ્યક્તિગત, અંગાંમીલ.

બધાને બાળકો ઉપર **વ્યક્તિશઃ** ધ્યાન ન આપવા સારાય

શિક્ષણ અને સાહિત્ય

૨. અ. છૂટી છૂટી રીતે.

વ્યક્તિશિક્ષણ [સ.] ન એક એકને શિક્ષણ આપવું તે; જુદું ભણાવવું તે; વિદ્યાર્થી દીઠ શિક્ષણ.

મિન્ટસમર્દન પદ્ધતિમાં સમૂહશિક્ષણની વ્યવસ્થા છે, જ્યારે મોન્ટેસોરી પદ્ધતિમાં **વ્યક્તિશિક્ષણ** જ પ્રધાનપણે છે.

ત્રિભુવન.ઈ

વ્યક્તિસુખવાદ [સ] પુ સ્વહિતવાદ, 'યુડોઈઝિમ'.

બીજો સુધારક, જે ફ્રીન્ચસુધિયસના નામથી પ્રસિદ્ધ છે, તેના સિદ્ધાંતો જનસુખવાદ સંબંધી તથા **વ્યક્તિસુખવાદ**ને પણ અનુકૂળ હોવાથી લોકોને અગમ્ય ન હતા.

મણિલાલ રેવાશંકર જોષી

વ્યક્તિસ્વાતંત્ર્ય [સં] ન. વ્યક્તિત્વ; એકત્વ; વ્યક્તિનું સ્વતંત્રપણું; વ્યક્તિની સ્વતંત્રતા; દરેક મનુષ્યને પોતાની ઇચ્છા મુજબ વર્તવાની છૂટ હોવી તે, કોઈ કોઈની બંધન સ્વતંત્રતા, માણસનું સ્વતંત્રપણું; દરેક માણસે સ્વતંત્ર રીતે રહેવું જોઈએ એવો મત. ' ઇન્ડિવિજ્યુઅલિઝમ'.

બુદ્ધિસ્વાતંત્ર્ય અને **વ્યક્તિસ્વાતંત્ર્ય** એ બે મિત્રોથી અધિષ્ઠિત ૧૮૭૫ પહેલાના જમાનાનો મુખ્ય વિષયો હતા.

આનંદશંકર ધ્રુવ

વ્યક્તિસ્વાતંત્ર્યવાદ [સ] પુ દરેક વ્યક્તિ સ્વતંત્ર હોવી જોઈએ એવો મત, વ્યક્તિદૃષ્ટિ, વ્યક્તિવાદ

વ્યક્તિસ્વામિત્વ [સ] ન એક વ્યક્તિની માલિકી

દરેક મનુષ્ય પોતાના ઉપયોગને માટે જે વસ્તુઓ જાવરે છે. તેનાથી **વ્યક્તિસ્વામિત્વ**નો હક ઉત્પન્ન થાય છે.

ભૂદાનયજ્ઞ

વ્યક્તોપાસના [સ] સ્ત્રી વ્યક્તિ

પ્રતીક રૂપે જે કોઈ પણ તેમાં એક જ તત્ત્વવ્યાપી પરમેશ્વરની ભાવના કરી જે ભક્તિ કરાય છે તે જ ખરી **વ્યક્તોપાસના** છે.

ગીતાપયામૃત

વ્યખ ન (જુ. નુ) વિષ; ઝેર

મોળે મરે પા રાધે **વ્યખ**. અખો

વ્યજ્ય ૧ [સ] પુ વિષ્ણુના હજાર માહેનું એક નામ

૨ વિ અસ્થિર, ચલિત

૩ વિ. અસક્ત

૪ વિ ક્રમમાં ગૂંથાયેલું.

૫ વિ મુશ્કેલી, ભય અને દુઃખ વગેરેથી અસ્થિર મનવાળું, માનસિક સમતોલપણામાં પડેલું અકળામણ, ભય, દુઃખ અને મુશ્કેલ પ્રસંગમાં ગૂંચવાયેલું, ચિંતાતુર, ચિંતિત; ઉદાસ, બેચેન, અન્યમનસ્ક; સંભ્રમ, અસ્થિર, મૂંઝાયેલું, ગભરાયેલું.

વ્યગ્રચિત્ત [સં.] વિ. આકુળ મનવાળું; અસ્થિર મનોદશાવાળું; આકુળ; ગભરાયેલું

વ્યગ્રતા ૧. [સં] સ્ત્રી. આસક્તિ.

૨ સ્ત્રી. કુતૂહલતા

૩ સ્ત્રી વિહ્વલતા; માનસિક અસ્વસ્થતા, ગભરાટ, દિગ્મૂઢતા; આકુળતા, અકળામણ, ઉદ્વેગ, આવેશ; ખુમારી; ઉત્તેજના; અસ્થિરતા; મૂંઝવણ.

વ્યજન ૧ પુ તાડનું પાન તેનો વીંજણો થાય છે.

૨ [સ] પુ; ન. પંખો; વીંજણો

વ્યજ્યમાન [સ વિ કંપિત, પ્રકુલ્લ થતું

વ્યટંબક [સ] પુ એ નામનો એક વનૌષધિ. એરંડો; દીવેલો

વ્યતૃ [સં. વિના] અ (જૂ. ગુ) વગર; વિના, સિવાય

કહે નારદ સાંભળ અર્જુન,
તા.ક. **વ્યતૃ** એકે નીપજે અંત.

નાકર

વ્યતિકર ૧ [સ] પુ અંત

૨ પુ દુઃખ

૩ પુ પરસ્પર વિષયગમન; પરસ્પર સંબંધ.

૪ પુ અનાવ

આપણા અનુભવ તથા વૈદ્યની કસોટી લેવાને પણ કેટલીક વખત આવા **વ્યતિકર** બને છે

પ્રાણ.આમ

૫ પુ (વેદાંત) મિશ્રણ, ભેળસેળ

૬ પુ યોગ, સંબંધ

૭ પુ સમુદાય

વ્યતિકરણ [સ] ન સમાધાન; પરસ્પર સમજૂતી; એક બીજાને નડવું તે, અથડામણ; પારસ્પરિક પ્રક્રિયા

વ્યતિક્રમ ૧ [સ] પુ ઉલ્લંઘન કરવું તે; ઓળંગવું તે

૨ પુ ઊંધુંચત્તું થવું, હાનિ; રાજ્યવિપ્લવ; રાજ્યપરિવર્તન; ' રેવોલ્યુશન'.

ફ્રાંસમાં જે મહાન **વ્યતિક્રમ** થયો તેમાં અધિકાર અને રક્ષણને બદલે બીજા કશા હેતુ પણ ન્યૂનતાને પામ્યા નથી.

પ.દિ. ઓઝા

૩ પુ ઊલટાપણું, ઊલટાઈ; પલટો; વિપર્યય; વિપર્યાસ; અવળાસ, વિરુદ્ધતા.

૪ પુ ઊલટો ક્રમ; વ્યુત્ક્રમ; આજ્ઞા વગેરેનું ઉલ્લંઘન; ક્રમથી ઊલટું હોવું તે

૫ પુ પાપ કરવાની તૈયારી કરવી તે; પાપ કરવા તરફ પગલું ભરવું તે.

૬ પુ. વિઘ્ન; બાધા; વાંધો; આડખીલી, ક્ષય.

૭ પુ. (જૈન) વ્રતનું ઉલ્લંઘન, વ્રતમાં ભૂલ કરવાની ઇચ્છા અને પછી પ્રવૃત્તિ.

વ્યતિક્રમણ [સં] ન ઉલ્લંઘન

વ્યતિક્રમણીય [સ] વિ પરિવર્તન પામી શકે એવું

વ્યતિક્રાંત ૧. વિ ઊલટું, વિલોમ; વિપરીત.

૨ વિ પરિવર્તિત, પરિવર્તિત

૩ વિ પ્રતિલોમ, વિલોમ

૪. [સં.] વિ. પીતી ગયેલ; ઓળંગી ગયેલ.

વ્યતિપાતિકભદ્ર પુ (જૈન) તેર મહિનાના એક પ્રકારનો યજ્ઞ

મક્ષના તેર પ્રકાર આ પ્રમાણે છે: પદ્મભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યંતરિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.
તત્ત્વાર્થસૂત્ર

વ્યતિરિક્ત ૧. [સં.] વિ. અળગું; જુદું; ભિન્ન

૨. વિ. બીજું; ઇતર

૩. અ. વિના; અતિરિક્ત; સિવાય; વગર

શ્રુતિના પ્રમાણથી જાણ્યો વ્યતિરિક્ત પદાર્થને મિથ્યા જ કહેવો જોઈએ. જગતની જાગવત

વ્યતિરેક ૧. પું. અપર વૈરાગ્યના ચાર માહેનો એક અવાંતર ભેદ.

અપર વૈરાગ્યના ચાર અવાંતર ભેદ છે યતમાન, વ્યતિરેક, એકેન્દ્રિય ને વશીકાર.
યોગકૌસ્તુભ

૨ પું (વેદાંત) અભાવ; ન હોવું તે; વ્યાવૃત્તિ. જેમ સ્વપ્નમાં જાગ્રતના સ્થૂલ શરીરાદિનું જ્ઞાન થતું નથી, સુષુપ્તિમાં સ્વપ્નના સૂક્ષ્મ શરીરનું જ્ઞાન થતું નથી, સમાધિમાં સુષુપ્તિના કારણ શરીરનું જ્ઞાન થતું નથી, એવી રીતે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરોનો તે તે અવસ્થા સાથે વ્યતિરેક છે.

૩. [સં.] પું. ઉત્તમતા; શ્રેષ્ઠતા.

૪. પું. ઉલટાવવું તે.

૫. પું. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર. જ્યાં કોઈ વિશેષથી અતિરેક કથન કરવામાં આવે એ વ્યતિરેક અલંકાર છે. સામાન્ય રીતે ઉપમાનમાં ઉપમેય કરતાં અધિક ગુણ હોય છે, છતાં કવિ ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું વર્ણવે તે વ્યતિરેક અલંકાર થાય છે, જેમકે ઉપમેયમાં ઉપમાન કરતાં આધિક્ય વર્ણવ્યું છે. એટલે જેમાં ઉપમાન કરતાં ઉપમેયની અધિકતા હોય તેવી ઉપમાને વ્યતિરેક કહે છે. જેમકે, આ સુંદર નેત્રવાળી સ્ત્રી, જેણે કમળની કાંતિને દાસી બનાવી છે. અર્થાત્ જે કાંતિમાં કમળથી ચડિયાતું છે. એવા નિષ્કલંક મુખ વડે કલંકિત ચંદ્રને જીતે છે. આ અલંકારમાં કોઈ એક અસાધારણ અન્ય ધર્મ વડે ઉપમાન કરતાં ઉપમેયનો અપકર્ષ કિંવા ઉત્કર્ષ વર્ણવવામાં આવે છે.

૬. પું. (ન્યાય) એકના ન હોવાથી બીજાનું ન હોવાપણું; અમુક એક વસ્તુ ન હોય તો બીજી અમુક વસ્તુ પણ ન હોય એવો સંબંધ કે નિયમ; એકના અભાવથી બીજાનો પણ અભાવ હોવો તે જેના હોવાથી જે હોય તે અન્વય કહેવાય છે, જેમ સૂર્ય હોવાથી દિવસ હોય અને જેના અભાવથી જેનો અભાવ હોય તે વ્યતિરેક કહેવાય છે, જેમ સૂર્યના અભાવથી દિવસનો અભાવ હોય છે અન્વય વ્યતિરેકથી દિવસનું કારણ સૂર્ય એમ સિદ્ધ થાય છે.

૭. પું. ત્યાગ; વર્જન.

૮ પું. નદિ મળતાપણું

૯. પું. ભિન્નત્વ, જુદાપણું, પૃથક્ત્વ.

૧૦. પુ. રેચ થાળવો તે

૧૧. પુ. વિશેષતા; અતિશયપણું; આધિક્ય

૧૨. પુ. (વેદાંત) સમવેત ન હોવા તે.

૧૩. પું. સમાવેશી જુદું હોવાપણું.

૧૪ વિ જુદું; અલગ

૧૫. વિ. વગર

વ્યતિરેક જ્ઞાન ન. લિંગ દેહના ભાવ વિનાનું જ્ઞાન. સુષુપ્તિમાં આત્માનું ભાન થવા છતાં લિંગ દેહનું ભાન થતું નથી એ વ્યતિરેક જ્ઞાન છે.

વ્યતિરેક પદ્ધતિ સ્ત્રી. (ન્યાય) અન્વયમુખ પદ્ધતિના પાંચ માહેનો એક પ્રકાર; કારણ ન હોય ત્યારે કાર્ય ન હોય એમ વ્યતિરેકના નિયમને આધારે બંધાયેલી કાર્યકારણ નક્કી કરવાની અન્વયમુખ પદ્ધતિ, ' મેથડ ઑવ ડિફરન્સ '

આ બધામાં માત્ર **વ્યતિરેક પદ્ધતિ** જ પૂરેપૂરે ચોક્કસ પરિણામ બતાવે છે અને સહવિકાર પણ તેનો પ્રકાર છે. એટલે અંશે ચોક્કસ જ છે. શેષ પદ્ધતિ આ બધાથી નિરાળી છે.
રામનારાયણ પાઠક

વ્યતિરેક વૈરાગ્ય પું. (વેદાંત) એક પ્રકારનો વૈરાગ્ય. આ જગતની સારાસાર વસ્તુ જાણવાની ઇચ્છા થતાં તદનુસાર નિરંતર યત્ન કરવાથી અભ્યાસીના ચિત્તમાં રહેલા કામક્રોધાદિ દોષોમાંના આટલા દોષોની આટલા પ્રમાણમાં નિવૃત્તિ થઈ ગઈ છે ને આટલા દોષોની આટલા પ્રમાણમાં નિવૃત્તિ કરવાનું કામ બાકી રહ્યું છે એવું વિવેચન થઈ, બાકી રહેલા દોષોની નિવૃત્તિ કરવા માટે જ્યાં થાય એવી અભ્યાસીના અંતઃકરણની સ્થિતિ તે વ્યતિરેક વૈરાગ્ય કહેવાય છે

વ્યતિરેક વ્યભિચાર પું. (વેદાંત) કારણનો અભાવ છતાં કાર્યની ઉત્પત્તિ કરી હોય તે. જેમકે, નાસ્તિક ક્રિયોમાં અજાગૃપ કારણ ન છતાં અયસમાસિરૂપ કાર્ય દેખાય છે, માટે એ વ્યતિરેક વ્યભિચાર છે.

વ્યતિરેક વ્યાપ્તિ ૧. સ્ત્રી. (વેદાંત) સાધ્ય ન હોય ત્યાં સાધન ન હોય એવું કથન; સાધ્ય સાધનના વ્યતિરેકની વ્યાપ્તિ

૨. સ્ત્રી. (વેદાંત) સાધ્યના અભાવનો વ્યાપકભૂત જે અભાવ છે, તે અભાવનું જે પ્રતિયોગીપણું તે. જેમાં સપક્ષ દૃષ્ટાંત આપેલ હોય તેને અન્વય વ્યાપ્તિ ને જેમાં વિપક્ષ દૃષ્ટાંત આપેલ હોય તેને વ્યતિરેક વ્યાપ્તિ કહે છે.

વ્યતિરેક સહચાર પું (વેદાંત) કારણનો અભાવ હોય તો જરૂર કાર્યનો પણ અભાવ જ હોવો તે. જેમકે, માટી વગેરે કારણ ન હોય તો ઘડો પણ સંભવે નહિ, એવે સ્થળે માટી વગેરે કારણો વ્યતિરેક સહચારવાળા કહેવાય છે

વ્યતિરેકી વિ (ન્યાય) કારણ ન હોય ત્યાં કાર્ય ન હોય એવું; વ્યતિરેકવાળું

વ્યતિવક્ત [સં વ્યતિ + સજ્] વિ. પ્રાપ્તિથી અધિક

જે દ્રવ્યો સ્વયં મહત્ત્વના પ્રભાવથી **વ્યતિવક્ત** થયા હોય અને જેનામાં વિશ્વ આખીની સૂક્ષ્મ દૃષ્ટિ બંધાયો છે તેનામાં આવી વક્રતાઓ પ્રકટ થાય છે. સરસ્વતીચંદ્ર

વ્યતિષંગ [સં.] પું અદલાબદલી, પરસ્પરતા.

વ્યતિહાર [સં.] પું (વેદાંત) પરસ્પર કોઈ ક્રિયા કરવી તે; અદલોબદલો; સાટું; વિનિમય

વ્યતીત ૧. [સં. વિ (વિશેષ) + અતીત (ગયેલું)] વિ ગુજરેલ; વીતી ગયેલું; વીતેલ; પસાર ગયેલું; ચિતાયેલું; ભૂતકાળનું

વ્યતીત કરવું = પસાર કરવું; માણવું; કાઢવું; ચિતાવવું.

૨. વિ ત્યક્ત; ત્યજેલું; છોડી દીધેલું

૩ વિ મૃત; મરી ગયેલું

વ્યતીપાત ૧. [સં.] પું અપમાન.

૨. પું આડખીલી; ફાંસ

૩. પુ. ઉત્પાત કે ઉપદ્રવ

૪. પું એક જાતનો મોટો ઉત્પાત.

૫. પું. પડવું તે; પડતી

૬. પુ. (જ્યોતિષ) સત્તાવીસ માહેનો એ નામનો એક યોગ: વિષ્કુંભથી સત્તરમો એક યોગ. જ્યોતિષમાં આ યોગ અશુભ ગણાતો હોવાથી તેમાં શુભ કાર્ય ત્યાજ્ય કરાય છે. જ્યારે સૂર્ય ચંદ્ર જુદા જુદા અયનમાં હોય અને તેમની ક્રાંતિ સરખી હોય તથા સૂર્ય ચંદ્રની રાશિ અને અંશોનો સરવાળો આઠ થાય તે વ્યતીપાત યોગ કહેવાય છે અથવા, અશ્વિની, ધનિષ્ઠા, આર્દ્રા તથા મૃગ નક્ષત્રોમાં અમાસ રવિવારે હોય તો વ્યતીપાત યોગ કહેવાય છે. વળી એમ પણ મનાય છે કે, આ યોગમાં જન્મ થયો હોય તે મનુષ્ય દરિદ્રી થાય અને તેના માતાપિતા પણ દરિદ્રી થાય. વળી તે મનુષ્ય ભવવાળો, લક્ષ્મી વગરનો, થોડા આયુષ્યવાળો, પોતાની સ્ત્રીને દુઃખ દેનારો, બધી વસ્તુનો નાશ કરનારો થાય છે

ચંદ્ર અને સૂર્ય એ બંનેની ક્રાંતિ સમાન હોય છે ત્યારે વ્યતીપાત અને વૈધૃતિ થાય છે. તેમને મહાપાત કહે છે. એ બે યોગો ગુમારે ૧૩ દિવસને અંતરે થાય છે.
જ્યોતિર્વિદાભરણ

વ્યતીપાત વ્રત ન. વ્યતીપાત નામનો યોગ હોય ત્યારે કરવામાં આવતું વ્રત. તેમાં ધર્મ, દાન વગેરે પુણ્ય કર્મ કરવામાં આવે છે

વ્યતીયાનિયું વિ. જપીને બેસે નહિ એવું; સનેપાતિયું; તોફાની; મસ્તીખોર; ઉપદ્રવ કરનારું

વ્યતીહાર જુઓ વ્યતિહાર.

વ્યત્પન્ન વિ. પ્રવીણ; માહિતગાર; કુશળ

વ્યત્પાત ૧. પું. અટકા

૨. પું. સમયથી પતન.

૩. પું. હિંસા.

વ્યત્યય જુઓ વ્યતિક્રમ.

વ્યત્યાસ ૧. [સં.] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર.

> દોષ અને ગુણનું અન્યથાપણું અર્થાત્ દોષનું ગુણ થઈ જવું અને ગુણનું દોષ થઈ જવું એ વ્યત્યાસ અલંકાર કહેવાય છે.

૨. જુઓ વ્યતિક્રમ

વ્યથ ૧. સ્ત્રી કાશ્મીરમાં બોલાતું જેમાં નદીનું એક નામ

૨. સ્ત્રી. વ્યથા; પીડા.

વ્યથક [સં] વિ. વ્યથા કરનાર; પીડા કરનાર

વ્યથન ૧. [સં.] ન. પીડા કરવી તે; દુઃખ દેવાપણું.

૨. ન. મારવું તે; વધ કરવો તે.

વ્યથા ૧. સ્ત્રી. (ન્યાય) કોઈ શબ્દને કોઈ શરીરનું દુઃખ, રોગ અથવા અશક્તતા કરવી તે.

> જે શબ્દને વ્યથા કરી હોય તે શબ્દને ગુનો માફી બાબતનો અધિકાર છે. હોજદારી કાયદો

૨. [સં. व्यथ् (દુઃખ ભોગવવું)] સ્ત્રી. દુઃખ; પીડા.

૩. સ્ત્રી. મનસ્તાપ; અકળામણ.

વ્યથાકર [સં.] વિ. પીડા કરનાર; દુઃખ ઉત્પન્ન કરતું

વ્યથાકારક જુઓ વ્યથાકર.

વ્યથાંતક [સં. વ્યથા (દુઃખ) + અંતક (નાશ કરનાર)] પું. (વૈદક) મરમાળો. મરમાળાનો ગોળ ખાવાથી શરીરમાં આળસ, સુસ્તી, સોજા, તૃષા, દાહ વગેરે રોગ મટવાનું મનાય છે, માટે તેને વ્યથાંતક કહે છે

વ્યથિત ૧. [સં.] વિ ઉદ્વેગી; ખિન્ન; કલાંત.

૨. વિ. ગભરાયેલું; મૂંઝવણવાળું; આકુળ.

૩ વિ. દુઃખ પામેલું; દુઃખી; પીડિત; વ્યથા પામેલું.

વ્યધ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) છેદ પાડવો તે ઉપરથી બનેલ શબ્દ: વીંધ; વીંધું; વીંધાવું; વેધ; શસ્ત્રવેધી; બાણ વગેરે.

૨ સ. ક્રિ. ભેદન કરવું.

૩. સ. ક્રિ. મારવું.

વ્યધ ૧ [સં] પું. ઘા; જખમ

૨ પું છેદ પાડવો તે

૩ પું. ભેદન.

વ્યપાધ પુ. (પુરાણ) ભૃગુકુળના એ નામના એક ઋષિ.

વ્યધિકરણ ૧. [સં.] (વ્યાકરણ) પું. જુદી જુદી વિભક્તિઓવાળા શબ્દોનો એક બહુવ્રીહિ સમા.સ.

૨. ન. ભિન્ન અધિકરણમાં રહેવું તે

૩. ન. ભિન્ન વિભક્તિમાં હોવું તે

વ્યધિકરણત્વ ન. (વેદાંત) તેના અધિકરણમાં ન હોવાપણું; પદની વિભક્તિ ભિન્ન હોઈ ભિન્ન અર્થમાં હોવાપણું.

વ્યધિકરણ બહુવ્રીહિ પું. (વ્યાકરણ) જેમાં બંને પદો એક જ વિભક્તિમાં ન હોય તેવો બહુવ્રીહિ સમાસ. આ જાતનો સમાસ અપવાદરૂપ છે. સમાનાધિકરણ બહુવ્રીહિ નિયમરૂપ છે. જેમકે, હરિણાક્ષી, કમલનયના, ચક્રપાણિ

વ્યધ્યશ્વ પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

વ્યપ્ ૧. [સં.] સ ક્રિ. (ધાતુ) ક્ષય પામવું. તે ઉપરથી બનેલ શબ્દ: અપગત.

૨. સ. ક્રિ. ફેંકવું.

વ્યપદેશ ૧ [સં.] પું. (વેદાંત) એક જ પદાર્થમાં બે વિષયોનો આરોપ. જેમકે, દેવદત્તને એક જ છોકરો છે, તેથી મોટો પણ તે જ છે અને નાનો પણ તે જ છે

૨. પું. કહેવું તે.

> સૂર્યની ઉષ્ણતા અને પ્રકાશ સતત છે. તોપણ આજે છે, પ્રકારો છે એમ સ્વતંત્રતાનો વ્યપદેશ જોવામાં આવે છે. કમળાશંકર ત્રિવેદી

૩. પું. છળ; કપટ

૪. પું. નામ લઈને કોઈ વસ્તુનું વર્ણન કરવું તે.

૫ પું. નિમિત્ત; બહાનું

૬. પુ. (વેદાંત) નિમિત્તના હોવાપણાને લીધે વિશિષ્ટ એવો અપદેશ એટલે મુખ્ય અવધાર.

૭. પું. માફી.

૮. પું. સજા.

વ્યપદેશદશા [સં.] સ્ત્રી. મુક્તિ પૂર્વના કાળમાં પ્રાપ્તસાદસ્યની દશા.

વ્યપાશ્રય ૧ [સં] પું. આશ્રય; આશરો.

૨ પું પદવાક્યનો વિચાર કરવો તે

વ્યપેક્ષા ૧. પુ. (વ્યાકરણ) પુ. શબ્દના દરેક અવયવના અર્થનો ખ્યાલ રાખવો તે, પરસ્પર મિલિત પદોનો પરસ્પર અન્વય.

૨. [સં.] સ્ત્રી અપેક્ષા; જરૂરિયાત.

૩. સ્ત્રી. આકાંક્ષા

વ્યપેત [સં.] વિ. ચાલ્યું ગયેલું

વ્યપોહ [સં] પું. કાઢી મૂકવું તે

વ્યભિચરવું અ. ક્રિ. પોતાના ગુણધર્મને વફાદાર ન રહેવું; કર્તવ્યભ્રષ્ટ થવું

> જે વિષયા બુદ્ધિ વ્યભિચરે છે તે અસત્ છે. ગીતાજ્ઞાનકોશ

વ્યભિચાર ૧. પું. અપવાદ.

૨. [સં વિ (વિશેષ) + અભિ (ચોતરફ) + ચર્ (આચરવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું. અવળે માર્ગે ગમન.

૩. પું (ન્યાય) એ નામનો એક હેત્વાભાસ.

૪. પું એકબીજાને પર હોય એવાં સ્ત્રીપુરુષનો સંબંધ; જિનાળું; જારકર્મ; પરસ્ત્રી સાથેનો સંબંધ; બીજા પરપુરુષ સાથેનું આચરણ; પર સ્ત્રીપુરુષનો આડો વ્યવહાર; પરવાના વગર ચાલતો અનિયમિત જાતીય સંબંધ; જે સ્ત્રી પુરુષ અન્યને ધર્મથી અનુપયોગી છે તેવાં સ્ત્રીપુરુષના સ્પર્શથી, સાન્નિધ્યથી, શબ્દથી, દર્શનથી કે ચિત્રથી કે એવા યોગથી મન વિકૃત થાય તે બીને કે પુરુષને મેળવવાનો ચાલો વિચાર. શ્રી વિદ્યાવિજયજી કહે છે કે, મર્યાદાનો ભંગ એ જ વ્યભિચાર છે. મર્યાદાનો ભંગ કરીને ગૃહસ્થ પોતાની સ્ત્રી સાથે પણ વિષયસેવન કરે તો બંનેને શાસ્ત્રકારોએ વ્યભિચારી કહેલ છે. વિષયસેવનની મર્યાદા બાબતમાં શાસ્ત્રકાર કહે છે કે, પુત્રની ઇચ્છા માત્રથી જ સ્ત્રી સાથે વિષયસેવન કરવાનો અધિકાર છે. પુત્રની ઇચ્છા ન હોય તેને વિષયસેવન કરવાનો કોઈ અધિકાર નથી. પુત્રની ઇચ્છા હોય તો પણ ગર્ભ ધારણ ન થાય ત્યાં સુધી વિષયસેવનનો અધિકાર છે. તે પછી કદી નહિ. શાસ્ત્રકારોએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ગર્ભધાન સમયથી બચ્ચું સ્તનપાન કરતું હોય ત્યાં સુધી બંને માટે વિષયસેવન નિષિદ્ધ છે.

૫. પું. કાર્યકારણરૂપે જોડાયેલા ન હોવાપણું તે.

૬. પું. (ન્યાય) નિયત સાહચર્ય ન હોવું તે.

૭. પુ. નિંદિત આચાર

૮. પું. પોતાના ગુણધર્મને વફાદાર ન રહેવું તે.

૯ પુ જૈનધર્મમાં જણાવાતા દશ માઠેનો એક અકુશલ કર્મપથ.

૧૦ [સ વિ (વધારે) + અભિચાર (જવું તે)] પું. વ્યાપ્ત થવું દોષ નેનાથી વધારે ઉપર જવું તે; કારણ વિના કાર્યનું થવું તે. તે એક જાતનો દોષ મનાય છે

૧૧ પુ (વેદાંત) સાધ્યના અભાવના હેતુનું રહેવું.પણ્

૧૨ પું. સ્વીકારેલા નિયમની વિરુદ્ધ જવું તે; સ્વીકૃતાચરણમાં ભંગ; નિયમનો ભંગ; આચાર કે વ્યવહારમાં ભંગ કરવો તે; કર્તવ્યભ્રષ્ટતા.

વ્યભિચારખાનું ન. વ્યભિચાર કરવાની જગ્યા.

વ્યભિચારદોષ [સં પુ. સાહિત્યમાં થતો એક પ્રકારનો દોષ

વ્યભિચારીભાવ પું અદલાનો રહેનો ભાવ

વ્યભિચારલીલા સ્ત્રી અભિચારરૂપી ખેલ, અદલેલીનો ખેલ.

વ્યભિચારિણી ૧ સ્ત્રી વ્યભિચારી સ્ત્રી, પર પુરુષ સંગી સ્ત્રી; ખરાબ ચાલની સ્ત્રી, વેશ્યા; કુલટા સ્ત્રી

પુંશ્ચલી, કર્ષિણિ, ભંધ્રી, અસતી, કુલટા, ઈશ્વરી, સ્વૈરિણી, પરૂઢા આ આઠ સ્ત્રીલિંગ નામ **વ્યભિચારિણીનાં** છે. અમરકોષ

૨. વિ સ્ત્રી. છિનાળ; કુલટા; વ્યભિચારી.

વ્યભિચારી ૧ પુ. (કાવ્ય) ચાર મહેનો એક ભાવ; રસને સહાયક ભાવ; નિર્વેદ વગેરે ભાવ

૨ [સં.] પું. (ન્યાય) વ્યભિચારરૂપ હેતુના દોષવાળો પદાર્થ.

૩. પુ. વ્યભિચારી માણસ

૪. વિ છિનાળવું; રંડીબાજ; દુરાચારી; બદ્ચલણ; વિષયી; લંપટ; અનાચારી; બદકર્મ કરનાર; બદી; વ્યભિચાર કરનારું

૫. વિ. વ્યભિચારદોષવાળું.

વ્યભિચારીભાવ [સ] પું (કાવ્ય) ભાવ વ્યક્ત કરવામાં કાયમ ન હોય પણ જેની આનુષંગિક હોય તેવી લાગણીઓ માહેની કોઈ પણ એક લાગણી; ક્ષણિક લાગણી; અસ્થાયી ભાવના; થોડો વખત રહે તેવો ભાવ; સંચારી ભાવ; રસને સહાયક ભાવ

નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, મદ, શ્રમ, આલસ્ય, દૈન્ય, ચિંતા, મોહ, સ્મૃતિ, ધૃતિ, વ્રીડા, ચપલતા, હર્ષ, આવેગ, જડતા, ગર્વ, વિષાદ, ઔત્સુક્ય, નિદ્રા, અપસ્માર, સ્વપ્ન, વિબોધ, અમર્ષ, અવહિત્થ, ઉગ્રતા, મતિ, વ્યાધિ, ઉન્માદ, મરણ, ત્રાસ, વિતર્ક એ **વ્યભિચારીભાવો** જાણવા

કાવ્યપ્રકાશ

વ્યય ૧. [સં. વિ (વિશેષ) + અય્ (જવું) + અ (પ્રત્યય)] પુ. અદૃશ્ય થવું તે.

૨. પું. અંત; વિનાશ; નાશ.

૩. પું. એ નામનો એક સંવત્સર; પ્રભવથી વીસમો સંવત્સર.

૪. પુ. ઓછું થવું તે

૫. પું. ખપત; ખપરે; વપરાશ; ઉપયોગ.

જે માલ ઉત્પન્ન થાય તેને બનાવનાર પોતે વાપરે કે તે માલ વેચાયા બાદ બીજા વાપરે તેને વપરાશ કે ઉપયોગ કે **વ્યય** કહે છે.

અર્થશાસ્ત્રની પરિભાષા

૬ પુ. ખરચ

૭. પુ જવું તે

૮. પું. નિકાસ, સ્થાનાંતર; બહાર જવું તે.

૯ પુ ફેરફાર

૧૦. પુ. બાર સૂચક સાંકેતિક શબ્દ.

૧૧. પુ ભાદરપદ સંવત્સરનાં સાડ માહેનું વીસમું વર્ષ

૧૨. ન. (જ્યોતિષ) એક જાતનું ઘર; પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફ બબ્બે અસિંદો અને અંદર બે પાટડાવાળું ઘર; ૨૯૪ માહેનાં એ નામનું એક જાતનું ઘર.

આઠદ ઘરના મુખ આગળ વધ્યા તે ઘરની બહેતે અને તે પહેલા મુખથી ડાબી વરસ એ રીતે ત્રણે બાજુ ઉપર બધ અસિંદો હોય તે દરેક અસિંદ આગળ એક એક અસિંદ વધારી આઠદમા પાટડો નાખવાથી તે વ્યય નામે ઘર થાય.

રાજવલ્લભ

૧૩. ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં લગ્નથી બારમું સ્થાન

૧૪ વિ. ફેરફારવાળું

વ્યયનીતિ સ્ત્રી. કરકસર.

વ્યયપત્ર પું ; ન. ખર્ચ સંબંધી નોંધ; ખર્ચપત્રક.

વ્યયપાર્શ્વ ન ખર્ચની બાજુ

વ્યયપ્રત્યય ૧. પું. ખર્ચ ઉપર કાબૂ રાખવાની તકેદારી

૨ પું. બધેલ ખર્ચ તપાસી તેના ઉપર થતું લખાણ.

વ્યયભાવ પું (જ્યોતિષ) જન્મકુંડલીમાં બારમો ભાવ

વ્યયભુવન ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાંનું બારમું ભુવન આ ભુવનમાં ખર્ચ, ડાબી આંખ, અને પગ, હાનિ, દંડ, કેદ, દાન વગેરે જોવામાં આવે છે

વ્યયરોપણ ન. પક્ષકાર ઉપર દાવાનું ખર્ચ નાખવું તે.

વ્યયી ૧. વિ ફેરફારવાળું હિંદી અને ગુજરાતીમાં બે રૂપ છે: એક વ્યયી અને બીજું અવ્યયી. નામ અને આખ્યાત એ વ્યયી પદ છે.

પદ

વ્યયી | અવ્યયી

નામ | આખ્યાત

૨. વિ. વ્યયવાળું; ખર્ચાળ

વ્યર્થ ૧. વિ. અસલ.

મિથ્યા મોષ મૃષા અનૃત **વ્યર્થ** અલીક વિતથ; નારી અહીં તુજ પતિ ઉપરે જોતા નહિ મિથ્ય. પિંગલપુરોષ

૨. [સં વિ (વિના) + અર્થ (કામ)] વિ. નકામું; નિરર્થક; ખપ વગરનું; અર્થ વગરનું; નિષ્પ્રયોજન; અર્થશૂન્ય; બેકામ; નાહક

૩. ન્ન ફોગટ; ઝેળે; બેકાર; ફોક; મિથ્યા.

વ્યર્થતા [સં.] સ્ત્રી. મિથ્યાપણું; ફોગટપણું; નિરર્થકતા

વ્યર્થત્વ ૧. [સં.] ન. (વેદાંત) એક ધર્મ જે અધિકરણમાં હોય તે જ અધિકરણમાં અવશ્ય કરીને ન કહી શકાય એવા બીજા ધર્મની ઘટના કરવાપણું.

૨. જુઓ વ્યર્થતા.

વ્યર્થવાચી [સં. વ્યર્થ (મિથ્યા) + વાચ્ (વાચી) + ઇન્ (વાળું)] વિ. મિથ્યાભાષી.

કોઈ કહેનારને કહેતા **વ્યર્થવાચી.** પ્રેમાનંદ

વ્યર્થાયાસ [સં. અર્થ (નિષ્ફળ) + આયાસ (પ્રયત્ન)] પું. નિષ્ફળ પ્રયાસ.

ત્યજું **વ્યર્થાયાસે** વિષય કરવો શો સમયનો। ઝોકાદાર

વ્યર્થાર્થ પું (કાવ્ય) એક પ્રકારનો અર્થદોષ એક પ્રબંધમાં જો અગાઉનો પાછળનો અર્થ બંનેનો ન હોય તો આ દોષ બને છે

વ્યર્થાવ્યર્થ વિ. અર્થ અને અવ્યર્થ; સફળ અને નિષ્ફળ

વ્યાપારી ભવિષ્ય લાભહાનિની **વ્યર્થાવ્યર્થ** કલ્પના કરે તેથી જ કલ્પના છે. સરસ્વતીચંદ્ર

વ્યલીક ૧. ન. જૂઠાણું, ખોટી વાત

૨. ન. પીઠ.

૩ વિ. અસલ; ખોટું; જૂઠું

મને પુત્રે જેવો, જેવું **વ્યલીક** પિતાના મનમાં વસી રહ્યું. સરસ્વતીચંદ્ર

૪ વિ કૃત્રિમ, બનાવટી.

૫ વિ ખરાબ; અપ્રિય

૬. વિ. નહિ કરવા યોગ્ય; અકાર્ય; અયોગ્ય.

વ્યવકલન ૧. [સ.] ન. છૂટું પાડવું તે; વિયુક્ત કરવું તે
૨. ન. (ગણિત) બાદ કરવું તે; ઓછું કરવું તે; બાદબાકી.

વ્યવકલિત ૧. [સ.] વિ. ઓછું કરેલ.
૨. વિ છૂટું પાડેલ.

વ્યવચ્છિન્ન ૧. [સ] વિ છેદેલું. કાપેલું
૨. વિ ...ત પામેલ, વિચ્છેદ પામેલ
૩. વિ. વિલક્ષણ કરેલ
ઇષ્ટ એટલે અભીષ્ટિક ચમત્કારી હોવાથી સહૃદય પુરુષોના મનને આનંદ કરનાર એવા જે અર્થો તે વડે **વ્યવચ્છિન્ન** એટલે વિલક્ષણ કરેલ એવી જે પદાવલીઓ-પદસમૂહ તે કાવ્ય કહેવાય છે.
કાવ્યપ્રકાશ
૪. વિ. વિશેષણવાળું

વ્યવચ્છેદ ૧. [સં.] પું. કાપવું તે; છેદન કરવું તે; કાપી નાખવું તે; શસ્ત્રક્રિયા કરીને છેદવું તે.
૨. પું. છોડવું તે; મોચન; મુક્ત કરવું તે.
૩. પું. નાશ, વિચ્છેદ
૪. પું. ભાગ પાડવા તે; જુદું પાડવું તે, પૃથક્કરણ; મૂળતત્ત્વ જુદાં પાડવાં તે; વિભાગીકરણ.
૫. પું. વિશેષ કરવું તે.

વ્યવચ્છેદક ૧. [સં.] વિ તદ્દાવક જુદું પાડનારું; ભેદસૂચક
૨. વિ. પૃથક્કરણ કરીને કાઢેલું.

વ્યવચ્છેદક્રિયા [સં.] સ્ત્રી. શરીર ઉપર કાપકૂપ કરવાની ક્રિયા; ' ઍનેટોમી '.
વ્યવચ્છેદક્રિયાને આવરણ મુકાંઓને તેઓ અડકતા નહિ. આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

વ્યવચ્છેદવિદ્યા ૧. [સ.] સ્ત્રી. વાઢકાપની વિદ્યા; શરીરચ્છેદન; અવચ્છેદ સંબંધી વિદ્યા, શસ્ત્રક્રિયા કરીને શારીરિક ચિકિત્સા કરવાને લગતું શાસ્ત્ર; કોઈ પણ દેહને ચીરી જોવાની વિદ્યા; શરીરવિદ્યા; શરીર પૃથક્કરણ શાસ્ત્ર; ' ઍનેટોમી '
૨. સ્ત્રી. વનસ્પતિને કાપવાની કે જુદા પાડવાની વિદ્યા.
૩. સ્ત્રી. શરીરચ્છેદન વિદ્યા ઉપર લખાયેલું એ નામનું એક પુસ્તક

વ્યવધા ૧. [સ.] સ્ત્રી. એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું આચ્છાદન.
અતર્ધા સ્ત્રીલિંગ. વ્યવધા સ્ત્રીલિંગ, અંતર્ધિ પુંલિંગ, અપવારણ નપુંસકલિંગ, અધિધાન નપુંસકલિંગ, તિરોધાન નપુંસકલિંગ, પિધાન નપુંસકલિંગ, આચ્છાદન નપુંસકલિંગ એમ આઠ નામ આચ્છાદનના છે.
અમરકોષ
૨. સ્ત્રી વચમાં આવવું તે

વ્યવધાન ૧ [સ] ન આડશ
૨. ન (વિ) અંતરાય, અડચણ વિઘ્ન, વચમાં આવવું તે; એકાગ્રતામાં ભંગ
અજ્ઞાનરૂપ તથા અસત્યત્વની વચ્ચે એકત્વનું જ્ઞાન થવારૂપી અજ્ઞાનરૂપ અવિદ્યા જે પદ્મદા રૂપે આવીને **વ્યવધાન** કરતી હતી તે જો સદંતર નિવૃત્ત થઈ જાય છે.
સૂતસંહિતા
૩ ન આડ, આડપડદો, પડદો
૪ ન (ન્યા) બેમાંથી કોઈ પણ વસ્તુ વડે બીજી વસ્તુનું આચ્છાદન કરવાનું નિરોધાન જેમકે સૂર્યપ્રકાશમાં વાદળ વડે સૂર્યનું આચ્છાદન તે વાદળ વડે સૂર્યનું વ્યવધાન થયું કહેવાય.
૫. ન. અ
૬ ન ...રેખાના વર્ણનું વચમાં આવી ગયું તે.
૭. ન. સહવાસ; સંગતિ.

વ્યવધાનકાવ્ય પું એકના એક પ્રકરણમાં જુદા, જુદા વિષયોની કલ્પના કરવા રૂપી કાવ્ય
અતિ દૂર, અતિ સામીપ્ય ઇંદ્રિયઘાત, મનોનવસ્થાન, સૌક્ષ્મ્ય, **વ્યવધાન**, અભિભવ અને સમાનાભિહાર આદિ દોષ પ્રત્યક્ષ જ્ઞાનના બાધક છે. જેમકે, અતિ પાસેની વસ્તુ હોવા છતાં દેખાતી નથી, તેથી તેનો અભાવ માની લઈએ છીએ
સાંખ્યદર્શન

વ્યવધિ [સ.] પું. વચમાં પડવું તે.

વ્યવસાનવાદ પું નિયતિવાદ; અવશ્યભાવિવાદ

વ્યવસાનવાદી વિ. અવસાનવાદમાં માનનાર; અવશ્યભાવિવાદી; નિયતિવાદી

વ્યવસાય ૧. [સ. વિ + અવ (નીચે) + સો (કાપવું)] પું. કાર્યવિષયક કોઈ વ્યાપાર, ઉદ્યોગ; બાકીનું કામકાજ કે તેની ખટપટ; કામમાં મૂકાયેલા રહેવું તે; વેપાર, રોજગાર, વાણિજ્ય.
દેશની સ્વાધીનતા મેળવવાના **વ્યવસાયમાંથી** મારી પાસે એક ક્ષણ પણ ખાલી રહેતી નથી
મોખલે
૨. પું નિશ્ચય; ઠરાવ.
૩. પું. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી વસ્તુઓ માંહેની એક વસ્તુ
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ
૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

વ્યવસાયપટુ વિ કર્મઠ
એના **વ્યવસાયપટુતા** આગળ આપણે તો અજ્ઞાનાવસ્થા છે.
નવજીવન

વ્યવસાયચિહ્ન ન. કોઈ કારખાનામાં બનાવેલ કોઈ માલ ઉપર લગાડવામાં આવેલ કારખાનાનું કોઈ વિશેષ નિશાન.

વ્યવસાયજ્ઞાન ન (વેદાંત) જ્ઞાનના વિષય એવું જે પૃથક્જ્ઞાન

વ્યવસાયપ્રધાન વિ કામકાજ કે કામનો જેને મુખ્ય દોષ તેનું

વ્યવસાયબંધુ સ પુ સાથે કામ કરનાર મદદગાર, સહાધ્યાયી, કામકાજમાં ભાગીદાર, કારભારી

વ્યવસાયસમિતિ સ્ત્રી વેપારીઓની મંડળી, વ્યાપારી સભા; વ્યાપારી મંડળ

વ્યવસાયસંઘ પુ. વેપારીઓની મંડળી

વ્યવસાયાત્મક ૧. [સં.] વિ. ઉદ્યોગી
૨ વિ. નિશ્ચયવાળું; ઠરાવવાળું
બુદ્ધિ **વ્યવસાયાત્મક** અને મન અનેકસંકલ્પાત્મક છે.
ગીતારહસ્ય

વ્યવસાયાત્મિક [સં.] વિ. કાર્ય અકાર્યનો નિશ્ચય કરનાર.
બુદ્ધિનો પ્રથમ અર્થમાં ઉપયોગ કરવો હોય ત્યારે **વ્યવસાયાત્મક** એ વિશેષણ વાપરીએ છીએ
ગીતારહસ્ય

વ્યવસાયાર્થાત્મકા [સં.] વિ સ્ત્રી નિશ્ચયાત્મિકા; કાર્ય અકાર્યનો નિશ્ચય કરનાર
બુદ્ધિ એ શબ્દની પાછળ **વ્યવસાયાત્મિકા** વિશેષણ હોવાથી વ્યવસાય એટલે કાર્ય અકાર્યનો નિશ્ચય કરનાર બુદ્ધિ-ઇંદ્રિય એવો બુદ્ધિનો અર્થ થાય છે.
ગીતારહસ્ય

વ્યવસાયાર્થાત્મકા બુદ્ધિ ૧. [સં.] સ્ત્રી કેવળ ઈશ્વરપ્રણિધિથી જ ફલેચ્છા રહિત કર્મ કરવાં એવા નિશ્ચયવાળી બુદ્ધિ.
૨. સ્ત્રી. વાસનાત્મક બુદ્ધિ.

વ્યવસાયિકશિક્ષા સ્ત્રી. વેપાર સંબંધી શિક્ષા.

વ્યવસાયિની વિ સ્ત્રી. વ્યવસાયવાળી

વ્યવસાયી ૧. [સ. વ્યવસાય (ઉદ્યોગ) + ઇન્ (વાળું)] વિ. વ્યવસાયવાળું; કામકાજ; ઉદ્યોગી; કામદું
ભગવાન સવિતા નારાયણને પશ્ચિમ દિશા પ્રતિ પ્રયાણ કરતા જોઈને સર્વે **વ્યવસાયી** લોકોએ પણ પોતપોતાનું કામ આટોપવા માંડ્યું
જયંતિ વૈલાસ
૨. વિ. વેપાર કરનાર
વ્યવસાયી બહુ વાહિયા મૂકી ગયા બાપાર,
નેમવિજય
૩ વિ. સ્ત્રી દૃઢ સંકલ્પવાળી; નિશ્ચયવાળી.

વ્યવસ્થા ૧ સ્ત્રી અર્થશાસ્ત્ર.
૨. [સ વિ + અવ (નીચે) + સ્થા (ઊભું રહેવું)] સ્ત્રી. આજ્ઞા; આદેશ, હુકમ.પું.
૩. સ્ત્રી ઉપચાર; ઇલાજ; ચિકિત્સા
૪. સ્ત્રી કાયદો
૫. સ્ત્રી. ક્રમ; પદ્ધતિ.

૬ સ્ત્રી ગોઠવણ; ગોઠવવું તે, બરોબરસ્ત, રીતસર ગોઠવણ કરવી તે. ૭ (રાજ્ય, કારોબાર વ.નું) બંદોબસ્ત, વ્યવસ્થિત નિયમસર મૂકવું, ચલાવવા અંગે રાખવું તે. 'મેનેજમેન્ટ'. ૭ સ્ત્રી રાજ્ય, કારોબાર વ.નું ૮ સ્ત્રી કુદરતનો કુદરતી ક્રમ ૯ સ્ત્રી (ન્યા.) બીજા વિષયનો પરિહાર કરીને અમુક વિષયનું સ્થાપન કરવું તે. અમુક વિષયમાં સ્થાપન. ૧૧ સ્ત્રી મકરવું તે. ૧૨. સ્ત્રી રાજનીતિશાસ્ત્ર ૧૩ સ્ત્રી વહીવટ; કારભાર; વ્યવહાર ૧૪. સ્ત્રી. રાજ્યમંડળ. ૧૫. સ્ત્રી સ્થાપવું તે.

વ્યવસ્થાકૌશલ્ય [સં.] ન ગોઠવણ કરવાની નિપુણતા

વ્યવસ્થાતંત્ર [સં] ન વ્યવસ્થા પદ્ધતિ

> અમેરિકે હવતી રહેતી પ્રજાને ધર્મે શું હોય, કળા શું હોય, વ્યવસ્થાતંત્ર શું હોય?
>
> આપીજી

વ્યવસ્થાધિકાર [સં] પું કિસ્સાનો અધિકાર ૧ અખત્યાર; 'પાવર ઑવ ડિસ્પોઝલ'.

વ્યવસ્થાન ૧ પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

વ્યવસ્થાનુસાર [સં.] અ. કાયદેસર.

વ્યવસ્થાપક ૧. [સં] પું. વ્યવસ્થા કરનાર માણસ, બંદોબસ્ત રાખનાર આદમી; નિયમસર ચલાવનાર માણસ, પરિચાલક, કર્તા, કારભારી, 'મેનેજર'

૨. પું. હુકમનામું કરી આપનાર માણસ

વ્યવસ્થાપક પરિષદ જુઓ વ્યવસ્થાપક સભા

વ્યવસ્થાપક મંડલ જુઓ વ્યવસ્થાપક સમિતિ.

વ્યવસ્થાપક સભા [સં.] સ્ત્રી. ધારાસભા; ધારામંડળ; રાજ્ય નિયમકાર સભા, કાયદા બાંધનાર સભા.; 'લેજિસ્લેચર'.

વ્યવસ્થાપક સમિતિ [સં.] સ્ત્રી. ચાલુ કામ કરનારી પેટાસભા, 'વર્કિંગ કમિટી'; 'મેનેજિંગ બોર્ડ'.

વ્યવસ્થાપત્ર [સં.] ન ઑન-રેનામું, વહીવટનું ખત; ઠરાવપત્ર; હિંદુ કાયદા શાસ્ત્રે બોધેલ ઠરાવ તરીકે આપેલ કાયદાની કલમમાંથી લિખિત ઉતારો; નુસખો

વ્યવસ્થાપન [સં.] ન. સમરચડતા

વ્યવસ્થાપિકા [સં સ્ત્રી સ્ત્રી વ્યવસ્થાપક.

વ્યવસ્થાપિત [સં.] વિ. સમાયુક્ત; સમાયોજિત.

વ્યવસ્થાપૂર્વક [સં] અ પદ્ધતિસર; નિયમસર.

વ્યવસ્થાશક્તિ [સં] સ્ત્રી. ગોઠવણની શક્તિ.

વ્યવસ્થાશાસ્ત્ર [સં.] ન. સારી વ્યવસ્થા ક્રમ રાખવો તે બતાવનાર શાસ્ત્ર, પદ્ધતિવિદ્યા; વિધિવિદ્યા; 'મેથડોલોજિ'.

> આ બૌદ્ધિકશાસ્ત્રોમાં હાલનું સમાજશાસ્ત્ર અને વ્યવસ્થાશાસ્ત્રો પણ આવી જાય છે. હાલેવાર

વ્યવસ્થાસર અ. અવસ્થિત રીતે

વ્યવસ્થાસંચાલક [સં.] પું. વ્યવસ્થા કરનાર મુખી; સમાયોજક; 'મેનેજિંગ ડાયરેક્ટર'

વ્યવસ્થિત ૧ વિ કાયદેસર; નિયમિત; રીતસર. ૨ સં. વિ (વિશેષ) + અવ + સ્થિત (નક્કી કરેલ). વિ ગોઠવણવાળું, વ્યવસ્થાવાળું; નિયમસર; વ્યવસ્થાપૂર્વક અને બરોબર ગોઠવેલું, સારી રીતે વ્યવસ્થાવાળું; યથાક્રમ; ઠીક રીતસરનું, ક્રમશુદ્ધ; બરોબર નક્કી કરેલ

૩ વિ. મુકેલ; સ્થાપેલ, નીમેલ.

૪ વિ શાસ્ત્રવિહિત

૫. વિ હુકમનામું કરેલ

૬. અ. વ્યવસ્થાપૂર્વક; પદ્ધતિસર; નિયમસર.

વ્યવસ્થિતતા [સં.] સ્ત્રી. અવસ્થિત સ્થિતિ; વ્યવસ્થા

> તે દ્વારા તે જીવનચાલ બધેરની **વ્યવસ્થિતતા** કળવે છે. ગાંધીજી

વ્યવસ્થિતદાન [સં.] ન. રાજ્ય તરફથી થતું દાન; 'સ્ટેટ ચેરિટિ'.

વ્યવસ્થિતવિભાષા [સં.] સ્ત્રી. આકરણ પ્રસિદ્ધ એક પ્રકારનો વિકલ્પ.

વ્યવસ્થિતિ ૧. [સ ' સ્ત્રી ક્રમ

૨. સ્ત્રી. ગોઠવણ, વ્યવસ્થા

> વિવિધ પ્રકારના પશુપંખીઓને, તેની ક્રીડાઓને અને તેની ક્રીડા સમયની તેમની ટેવ **વ્યવસ્થિતિને** જોઈને પણ અનુભવે વિવિધ પ્રકારના આસનો ઉપજાવી કાઢ્યા છે
>
> રસબંધવા અને અક્ષરપરિમાન

૩. સ્ત્રી નિયમન.

વ્યવહરવું ૧ સ ક્રિ. વર્તવું; વ્યવહાર કરવો.

> એક ભાષાનો જન્મ તે ભાષાના વ્યવહરનારાથી છે, એ વાત સર્વ કોઈ સ્વીકાર કરશે.
>
> મુ. સા. પરિષદ

૨ સ ક્રિ. સંબોધવું

વ્યવહર્તા ૧. [સં] પું ગ્રાહક; ઘરાક, ખરીદનાર માણસ

૨ પું. વાપરી નાખનાર વ્યક્તિ.

૩ પું વ્યવહાર કરનાર માણસ; વહેવારી.

વ્યવહાર ૧ પું. (જૈન) અજ્ઞાનીના પરના કર્તૃત્વની ખોટી માન્યતા કે પ્રતિભાસ.

૨. પું. (વેદાંત) અમુક અર્થનો બોધ કરવાને અમુક શબ્દનો પ્રયોગ કરવો તે

૩ પું આધાર; પુરાવો

૪. પું. (જૈન) ઉપચાર.

૫. પું. કાયદા અને રાજ્યતંત્રના ધારા. તેમાં કાયદાની કચેરીઓના વહીવટ, ઇન્સાફ કરવાના નિયમો અને દીવાની ને ફોજદારી કાયદાનો સમાવેશ થાય છે

૬ પું (વેદાંત) કાર્યને અનુકૂળ શબ્દનો પ્રયોગ કરવો તે

૭. પું ઘટના

૮ પું. જેના વડે વસ્તુનું ગ્રહણ, ત્યાગ વગેરે કરવામાં આવે છે તે

૯ પું. (વેદાંત) જ્ઞાન. વસ્તુનું ગ્રહણ વગેરે જ્ઞાન વડે કરવામાં આવે છે માટે જ્ઞાનનું નામ વ્યવહાર કહેવાય છે

૧૦. પું. જ્ઞાન ઉત્પન્ન કરનાર શબ્દની યોજના.

૧૧ પું. નાતો, સંબંધ; પરસ્પર આપલેનો સંબંધ; લેવડદેવડ.

૧૨. પું. (જૈન) નિમિત્તથી કથન.

૧૩ પું. (જૂ. ગુ.) પ્રતાપ.

> અમ શ્રી હસ્ત રખે મનિ આ,
> તુજ વ્યવહાર અજિ આકરૂ. જ્ઞાનપ્રકાશમય

૧૪. પું. પ્રાયશ્ચિત્ત.

૧૫. પું મન, વચન અને તન વડે થતી કોઈ પણ ક્રિયા

૧૬. પું: વર્તણૂક; વર્તન; આચાર; બાહ્યચેષ્ટા.

૧૭. [સં. વિ + અવ + હૃ (આચરવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું વહેવાર; વહીવટ; રૂઢિ; રવૈયો; લોકરીતિ; રિવાજ.

૧૮. પું વિવાદ; દાવા કજિયા; દેવું લેવું વગેરે અઢાર પ્રકારના વાદ; કરેલ અકરિતા નિમિત્તે થતો અનેક પ્રકારનો વિવાદ.

> બેટલે અમાત્યધર્મ પણ ધર્મ પ્રમાણે જ **વ્યવહાર** કજિયા કજિયા ચૂકવતો
>
> કથાસરિત્સાગર

૧૯. પું. વૈભવ

૨૦ પું વ્યવસ્થા.

૨૧. પું. વ્યાપાર; ધંધો **રોજિંદા કામકાજ**, ધર્મો; રોજગાર; ઉદ્યોગ

> અક્કલનો ઇજારો કે **વ્યવહાર** બુદ્ધિ ઉધો, નથી અક્કલવાનીનો જે અધિકાર સર્વનો.
>
> ન.ભો.ગીતા

૨૨. પું. (વેદાંત) શબ્દ, જેના વડે વસ્તુને ઓળખવામાં આવે છે તે. વ્યુત્પત્તિમાં શબ્દને વ્યવહાર કહ્યો છે, કેમકે શબ્દ વડે વસ્તુનું જ્ઞાન થાય છે.

૨૩. પું. (જૈન) સપ્તભંગી નય માંહેનો એ નામનો એક નય

સપ્તભંગી નયનાં નામ આ પ્રમાણે છે: નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. અનુભાષ્ય

૨૪. પું. સાધન; વહન; વાહન.

૨૫. પું. સુખદુઃખ; ઉપાધિ કે શાંતિ

૨૬. પું. સ્થાનાંતર

૨૭ પું. સ્થાનાંતર ગમન, ચલન.

૨૮. ન. (જૈન) એ નામનું એક અંગબાહ્યસૂત્ર

વ્યવહારકુટિલ [સં.] વિ. વ્યવહારમાં કાબેલ; વહેવારમાં પાકું

તે વ્યવહારકુટિલ મહાજની સોની જ્ઞાતિનો હતો. મુ. સા. પરિષદ

વ્યવહારકુશલ [સં., વિ. વ્યવહારની બાબતોમાં કુશલ; વ્યવહારમાં સાવધ; દુનિયાદારી કાર્ય કરવામાં ચતુર

વ્યવહારકુશલતા [સં.] સ્ત્રી. વ્યવહારકુશલ હોવાપણું

વ્યવહારકુશળ જુઓ વ્યવહારકુશલ

વ્યવહારક્રાંતિ [સં] સ્ત્રી. વ્યવહાર પ્રથામાં ઉથલપાથલ.

સેંકડો વર્ષની રાજ્યક્રાંતિઓ, વ્યવહારક્રાંતિઓ, ધર્મક્રાંતિઓ વગેરે મોટી આફતોમા તેણે પોતાનું અસ્તિત્વ અને જતન જાળવ્યું છે. મુ. સા. પરિષદ

વ્યવહારખંડ પું. દીવાનખાનું; વહેવાર કરવા માટેનો ખંડ; સામાન્ય ઓરડો.

મારા રાયનખડમા અને વ્યવહારખડમા સોનેરી અક્ષરે આ શ્લોક મે કોતરાવી રાખ્યા છે. સરસ્વતીચંદ્ર

વ્યવહારગણિત ૧. ન. (ગણિત) પાટી, વ્યવહારમા ખપ આવે એવું ગણિત; 'પ્રેક્ટિસ'. એક વસ્તુની કીમત ઉપરથી અનેક વસ્તુઓની કીમત શોધી કાઢવી હોય તો વ્યવહારી લોકો ત્રિરાશીનાં પદો માડવાની ભાજગણમા ઊતરતા નથી, પણ એકાંકડ હિસ્સા પાડીને કીમત ગણી કાઢે છે. તેથી આવા પ્રકારની કીમત શોધી કાઢવાની રીતને વ્યવહારગણિત કહે છે.

૨. ન. લેખાં

વ્યવહારગમ્ય [સં.] વિ. વ્યાવહારિક

વ્યવહાર ચિંતામણિ ન એ નામનું કાયદા સબંધી એક પુસ્તક. તેનો કર્તા વત્સરાજ મિશ્ર છે

વ્યવહારજ્ઞ ૧. [સં.] વિ. વ્યવહારકુશલ; વ્યવહાર; વ્યવહાર જાણનાર

૨. વિ. સાધારણ સમજવાળું, સાધારણ ડાહ્યું

વ્યવહારડાહ્યું વિ. પંચાતિયું અથવા ચોવટિયું.

વ્યવહારડાહ્યાઓને બે રોકડું પરખાવતો અ.વંદરાય ઠાકોર

વ્યવહારતત્ત્વ ન. કાયદા સંબંધી એ નામનું એક પુસ્તક. તેના કર્તા રઘુનંદન અથવા સ્માર્ત ભટ્ટાચાર્ય છે

વ્યવહારદક્ષ જુઓ વ્યવહારકુશલ

વ્યવહારદક્ષતા [સં.] સ્ત્રી. વ્યવહારમાં કુશળ હોવાપણું

વ્યવહારદયા સ્ત્રી. (જૈન) આઠ માંહેની એક પ્રકારની દયા. વિદ્યાવિજયજી કહે છે કે: કોઈ દુઃખી કે બીમાર હોય તેના ઉપર દયા લાવી તેનું દુઃખ મટાડવા દયા કરવામાં આવે તે. તેમાં પાણી, અગ્નિ અને વનસ્પતિની હિંસા થાય વિધિ અને ઉપયોગ રાખવા છતાં તેને મદદ કરવામાં જે હિંસા થાય તેનું નામ વ્યવહારદયા છે

ઉપયોગપૂર્વક અને વિધિપૂર્વક જે દયા પાળવી તેનું નામ વ્યવહારદયા શ્રીમદ્ રાજચંદ્ર

વ્યવહાર દૃષ્ટિ ૧ [સ. વ્યવહાર + દૃષ્ટિ (નજર)] સ્ત્રી લૌકિક જ્ઞાન

૨. સ્ત્રી. વ્યવહારોપયોગી કે વ્યવહારની દૃષ્ટિ; વ્યવહારુ નજર; વ્યાવહારિક રીતે ઊંડી નજર ઉતારવી તે

વ્યવહારદૃષ્ટિવાદ [સં.] પું. વ્યાવહારિક સત્તાવાદ; ક્રિયાવાદ; કૃત્યવાદ; વ્યાવહારિકતાવાદ

વ્યવહારદૃષ્ટિવાદી [સ] વિ વ્યાવહારિક સત્તાવાદી; ક્રિયાવાદી; કૃત્યવાદી

વ્યવહાર ધર્મ પું. (જૈન) ધર્મતત્ત્વના બે માંહેનો એક ભાગ. તેમાં દયા મુખ્ય છે. બાર મહાવ્રતો તે પણ દયાની રક્ષા વાસ્તે છે

વ્યવહારધર્મ એટલે શું? કે વર્તમાન પુરતો કામનો બંદોબસ્ત; તેનાથી આત્માના જન્મમરણનો અંત ન આવે કદાચિત્ કોઈ છબને સાચા દેવ ગુરુનો સંયોગ મળે અને પુજા, દાન, શીલ, તપ, સંયમ વગેરે વ્યવહારધર્મની વાસના પણ ઊપજી જાય ત્રિભોવનદાસ મ. ઝવેરી

વ્યવહારનય પું (જૈન) નયના બે માંહેનો એક પ્રકાર. બીજાના નિમિત્તથી એક પદાર્થને બીજા પદાર્થરૂપ જાણવા-વાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે. જેવી રીતે માટીના ઘડાને ઘીના નિમિત્તની ઘીનો ઘડો કહેવો. તેના પણ બે ભેદ છે: સદ્‌ભૂત વ્યવહારનય અને અસદ્‌ભૂત વ્યવહારનય

વ્યવહારનયાભાસ [સ] પું (જૈન) વ્યવહારનયનો આભાસ ગુણાકાર વિકારી ભાવને પોતાના માનવા તે વ્યવહારનયાભાસ છે

વ્યવહારનિપુણ [સં.] વિ. વ્યવહારમાં કુશળ.

વ્યવહારનિપુણતા [સં] સ્ત્રી. વ્યવહારકુશલતા

વ્યવહારનિષ્ઠ [સં] વિ વ્યાવહારિક કાર્યમાં ચતુર; વ્યવહારનિપુણ.

વ્યવહારનિષ્ઠતા [સં.] સ્ત્રી. દુનિયાદારી; લૌકિકનિષ્ઠા; 'વર્લ્ડલીનેસ'.

વ્યવહારનિષ્ણાત [સ] વિ વ્યવહારમાં કુશળ.

પુરુષોત્તમ ને પતંજલિ, કુમારપાળ ને હેમચંદ્ર, જિજયનગરના રાજ્યરે વિદ્યારણ્ય જેવા વ્યવહારનિષ્ણાત સાધુઓ મળ્યા હતા. નવલરામ

વ્યવહારન્યાય ૧. પું. દીવાની અદાલતે આપેલ ચુકાદો કે ફેસલો; 'સિવિલ જરિસ્ટ્સ'.

૨ [સં.] વિ. વ્યવહારુ બાબતને જ માન આપવાવાળું; સમય જોઈ ને ચાલનાર.

તેને વ્યવહારન્યાય કહો તો પણ ખિતા નથી. નવલરામ

વ્યવહારપક્ષી [સં] વિ. વ્યવહારકુશળ

વ્યવહારપદ ૧. [સં.] ન. વિવાદની જગા; ઝઘડવાનું સ્થાન

૨. ન. વ્યવહારનો વિષય

૩. વિ. મુકદમાને લાયક

વ્યવહારપલ્ય પું. (જૈન) વખતની ગણતરીનું એક માપ. બે હજાર ગાઉ ઊંડા અને તેટલા જ પહોળા ગોળ ખાડામાં કાતરેલા બે ભાગ ન પડી શકે એવા ઘેટાના વાળ તેમાં સમાય તેટલા ભરવા તેમાંથી એક વાળને દર સો વર્ષે બહાર કાઢવો. જેટલા વર્ષમાં તે બધા વાળ નીકળી રહે તેટલા વર્ષના સમયને વ્યવહારપલ્ય કહે છે.

વ્યવહારબોધક [સ.] વિ. વ્યવહાર સબંધી સૂચના આપનારું

વ્યવહારબોધ્ય [સ] વિ વ્યવહારના કામને લાયક

વ્યવહારમયૂખ ન. કાયદા સબંધી એ નામનું એક પુસ્તક. તેનો કર્તા નીલકંઠ ભટ્ટ છે

વ્યવહારમાધવ ન. હિંદુ કાયદા ઉપર શ્રી માધવાચાર્યે લખેલું એ નામનું એક પુસ્તક.

વ્યવહારમૂઢ [સં] વિ. વ્યવહારમાં રચ્યુપચ્યું.

બધ માર્ગને મોક્ષમાર્ગ માનીને જે અજ્ઞાની લોકો વ્યવહાર કરે છે અને 'અમારો વ્યવહાર રાખવા જેવા છે' એમ જે વ્યવહારને જ પકડી બેઠા છે, તેને આચાર્ય દેવે વ્યવહારમૂઢ કહ્યા છે. કાનજી મુનિ

વ્યવહારમૂઢતા સ્ત્રી વ્યવહારમાં મૂઢ હોવાપણું

ભક્તિ એટલે વ્યવહારમૂઢતા નહિ, વ્યવહાર મૂઢતા ઉપજાવે તે ભક્તિ નહિ. મહાદેવ દેસાઈ

વ્યવહારમાતૃકા [સ] સ્ત્રી વ્યવહારના નિર્ણય માટે કરેલો એક જાતનો ક્રિયાસમુદાય

વ્યવહારવય [સ.] સ્ત્રી. યૌવનાવસ્થા; સજ્ઞાનપણાની ઉમર.

વ્યવહારવર [સ] વિ. વહેવારમાં કુશળ.

વ્યવહારવાદી [સં.] વિ. વ્યવહારે કાર્ય લક્ષ્યમાં રાખી પ્રવૃત્તિ આદરનારું

એવા વિરોધીઓ વ્યવહારવાદી મોટેરાઓ તરફથી આપણે મોટે ચાન્સો અને વધારો

પ્રસ્થ ન

વ્યવહારવિધિ [સં] પું દીવાની ન્યાયનો

વ્યવહારવિલીન [સં.] વિ. વ્યવહારમુક્ત

વ્યવહારવું ૧. સ. ક્રિ. વ્યવહાર કરવો

૨. સ ક્રિ સંબંધ

અક્ષરાજ કેરાવબંદરેલ પ્રભુને આજ શબ્દથી વ્યવહારતાં ગદ્ગદ કંઠ અને સમાધિસ્થ જેવા બની જતા. ભગવતી ભાગવત

વ્યવહારશાસ્ત્ર ૧. [સ.] ન. કાયદાશાસ્ત્ર; ધ.૨.શાસ્ત્ર.

૨. ન. ધર્મશાસ્ત્ર; સ્મૃતિશાસ્ત્ર

૩. ન. વ્યાવહારિક રીતરિવાજ

વ્યવહારશાસ્ત્રવિહિત [સં] વિ. કાયદા પ્રમાણેનું, કાયદામાં જેની ના ન હોય તેવું

વ્યવહારશાસ્ત્રાનુકૂલ્ય [સ] ન કાયદા પ્રમાણે હોવું તે; કાયદેસરપણું

વ્યવહારશુદ્ધ [સં.] વિ વ્યવહારમાં શુદ્ધ; વ્યવહારમાં પવિત્ર

દિક્ષાપત્રો આપી સાંપ્રદાયિકોને વ્યવહારશુદ્ધ કીધા. નાનાલાલ

વ્યવહારશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. વ્યવહારમાં શુદ્ધ હોવાપણું; વ્યવહારની પવિત્રતા.

૨. સ્ત્રી. શુદ્ધ ન્યાય.

વ્યવહારશૂન્ય [સ] વિ. વ્યવહાર વગરનું; કોઈની સાથે સંબંધ ન રાખે તેવું

જો જ્ઞાનરૂપ બીજનું, વ્યવહારશૂન્ય અને સેવા કોરી સરસ્વતી કરવો થઈ જાય તો તે જ્ઞાની નથી પણ અહંકારી છે. નવલરામ

વ્યવહારશ્રુત કેવળી પું (જૈન) કેવળીનો એક પ્રકાર. જ્ઞાનકર્મને જાણે છે કે: જેઓ ગુણગુણીના ભેદથી પરમાર્થમાં જવા વિચરે છે, જ્ઞાનીને પોતાના આત્માના જ્ઞાન વડે અખંડને લક્ષમાં લઈ પૂર્ણને પહોંચી વળવાનો વિકલ્પ ઊઠે છે અને જે નિશ્ચયમાં ઠરવા માટે સ્વરૂપ સન્મુખ વિચારનો પ્રવાહ વહે છે, તેમને જિનદેવો વિચારશ્રુત કેવળી કહે છે

વ્યવહારસમકિત ન (જૈન) સમકિતના બે ભેદોનો એક નામનો એક પ્રકાર, જેમાં દેવ, સુગુરુ અને સુધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા હોય, દેવબુદ્ધિ, ગુરુમાં ગુરુબુદ્ધિ અને ધર્મમાં ધર્મબુદ્ધિ એ વ્યવહાર સમકિતનાં લક્ષણ છે

વ્યવહારસમ્યક્ત્વ ન (જૈન) રુચિના બળથી ઉત્પન્ન થતી ધર્મતત્ત્વનિષ્ઠા.

વ્યવહારસિદ્ધ [સં.] વિ. વ્યવહારમાં સફળ થઈ રહે એવું; વહેવારુ

વ્યવહારસૂત્ર ૧. ન. જૈનધર્મનાં પાંચ માંહેનું એક કલ્પસૂત્ર

૨ [સં.] ન. વહેવારમાં દિશાસૂચક અને એવી દરા ઊભી

વ્યવહારસ્થાપના [સં.] સ્ત્રી. (ન્યાય) કારનું વાજબીપણું

વ્યવહારસ્પર્શી [સં] વિ વહેવાર સંબંધી

વ્યવહારસ્વચ્છતા [સં.] સ્ત્રી વ્યવહારશુદ્ધિ

વ્યવહારાનુકૂલત્વ [સં.] ન. વ્યવહારને અનુકૂળ હોવાપણું

નક્ષત્ર અને મુખ મંગળ એ સર્વેનો અરસપરસ્પરનાં પ્રતિબંધ થતો એ વાત ધર્મશાસ્ત્રોનું વ્યવહારાનુકૂલત્વ જ બતાવે છે. જ્યોતિર્વિલાસ

વ્યવહારાભિયોગ [સ.] પું. દીવાની દાવો કે મુકદમો

વ્યવહારાલય ૧ [સં.] ન. કાયદાની અદાલત; ' કોર્ટ ઑવ લૉ '

૨. ન. દીવાની અદાલત; ' સિવિલ કોર્ટ '.

વ્યવહારાવું ૧. સ ક્રિ. ઓળખાવું.

ઉપનિષદ વેદાંતના નામથી પણ વ્યવહારાય છે. બેઠાલાલ શાહ

૨. સ ક્રિ. ઓળખાવું; નામાંકિત થવું.

૩. સ. ક્રિ. વ્યવહાર થવો.

દુનિયામાં જેટલા શબ્દો, અવાજો કે ધ્વનિઓ આજસુધી આપણી જાણમાં છે તે સર્વે નાદ શબ્દથી વ્યવહારાય છે. સંગીતશાસ્ત્ર

વ્યવહારિક ૧. પું. પ્રધાન

૨ પું ક્ષિત્રણી રાજાઓના સમયનો વચલા દરજ્જાનો ન્યાયાધિકારી; વોદ્દારિક.

૩. પું. સલાહકાર

૪. વિ આચરવા યોગ્ય.

૫. વિ. આપેલી દૃષ્ટિએ નજરનું કે ચલણનું હોય એવું

૬. વિ પ્રયોજક; પ્રયોજનસિદ્ધ; વાસ્તવિક.

૭ [સ] વિ વહેવાર સંબંધી; વ્યવહારને લગતું, વ્યવહારિકને લગતું; સાંસારિક; દૃષ્ટિને અનુકૂળ

૮. વિ. વ્યવહારમાં ગુથાયેલું; વ્યાવહારિક.

વ્યવહારિકતા [સ] સ્ત્રી. વ્યવહારિકપણું

વ્યવહારિક સત્તા [સં.]] સ્ત્રી. જગતને જણાવનારી એક કલ્પિત સત્તા. જે દ્વારા ' આ ઘડો છે ' ' આ સૂતરનું છે ' એવું જ્ઞાન થાય છે.

વ્યવહારિક સત્તાવાદ [સં.] પું વ્યવહાર દૃષ્ટિવાદ; ક્રિયાવાદ; કૃત્યવાદ, ' પ્રેગમેટિઝમ '.

પ્રાચીન તત્ત્વજ્ઞાનમાં હાલ થોડાક વર્ષ થયાં વ્યવહારિક સત્તાવાદ વિષે બહુ સાંભળવામાં આવે છે. અનિમુખશંકર કમળાશંકર

વ્યવહારિક સત્તાવાદી [સં.] વિ. વ્યવહાર દૃષ્ટિવાદી.

વ્યવહારિકા ૧. [સં] પું. ઉંદરિયાનું ઝાડ.

૨. સ્ત્રી લોકરૂઢિ

૩. સ્ત્રી સાવરણી

વ્યવહારિવું વિ વ્યવહાર કરવે કુશળ

વસે વ્યવહારિયા બહોળા,
પહોંચે મન તણા કોલ્હા. શ્રુ સા. પરિષદ

વ્યવહારિયો ૧ પું. વહેવાર કરનાર માણસ; વહેવારમાં કુશળ માણસ

સેનાધિપતિ અમારિયા વ્યવહારિયા રાજદ્વારિક ભંડારી કોઠારી કાપડબંડારી પૂજાભંડારી રસોયા પાણહારી...પ્રમુખ સકલ કોડિ કરી સખીઓ રાજ રાજસભા બહઠા. પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ

૨. પું. વાણિયો; વેપારી.

વ્યવહારી ૧. પું. (જૂ. ગુ.) વ્યાપારી; વેપારી

સાત ભૂમિ સોદરઈ આવાસ,
માહિ વ્યવહારી આનાવાસ.

ભાવદેવસૂરિમય

૨. [સં] વિ. વ્યવહારને લગતું.

વ્યવહારી અપૂર્ણાંક પું. (ગણિત) દરરોજ કામમાં આવે તેવા સાદા અપૂર્ણાંક.

વ્યવહારી કારાગૃહ [સં.] ન. દીવાની તુરંગ; દીવાની કેદખાનું.

વ્યવહારીકૃ વિ. બ્રહ્મમ, સાધારણ; વચલા બાધાનું

વ્યવહારુ વિ વ્યવહાર સંબંધી; વહેવારુ; વ્યવહાર્ય; વ્યવહારમાં ઉપયોગી થાય એવું.

વ્યવહારોપયોગી ૧ વિ. કાયદા મુજબનું; યોગ્ય; સાર્થક.

૨ [સં] વિ. વ્યવહારમાં ઉપયોગી.

વ્યવહાર્ય ૧. [સં.] વિ. આપણે કરી શકાય એવું; કાર્યવિષય કરાય એવું

૨ વિ નિયમસર ચલાવવા જેવું

૩. વિ. રિવાજ મુજબનું

૪. વિ વ્યવહારુ, વ્યવહારમાં લાવવા યોગ્ય; વહેવારમાં મુકાય કે ઉતારાય એવું, આચરવા યોગ્ય; ' પ્રેક્ટિકલ '.

વ્યવહિત ૧ ન. એ નામનું એક અનુમાન; પરોક્ષ અનુમાન

૨ વિ અંતરાયવાળું; વચ્ચે પડદાવાળું, ઢંકાયેલું; જેની વચ્ચે કંઈ રહેલું હોય એવું; પ્રત્યક્ષ ન થતું હોય એવું

આ પ્રમાણે બે પ્રકારનાં જ્ઞાન આપણે માનીએ છીએ. એક સાક્ષાત અને બીજું **વ્યવહિત**; એક અપરોક્ષ અને બીજું પરોક્ષ એટલે અનુમાનિક.
હી. ન. ધ્રુ

૩. વિ. ગુમ; સંતાડેલું.

૪. વિ. નષ્ટ થયેલું.

૫. [સ.] વિ. મધ્યવર્તી

વ્યવહિત તર્ક જુઓ વ્યવહિતાનુમાન.

વ્યવહિતાનુમાન [સં.] ન. પરોક્ષ અનુમાન.

વ્યવહૃત [સ] વિ. વ્યવહાર કરેલ; વાપરેલ, યોજેલ

વ્યવાય ૧. [સં.] પું. અંતર્ધાન.

૨. પું. ઢાંકવું તે.

૩. પું. મૈથુન; સંભોગ; સ્ત્રી સમાગમ.

૪. ન. તેજ.

૫ ન. શુદ્ધિ.

વ્યવાય વિધિ [સ.] પું. દારોવગમન; ઔષયોગ સંબંધી શાસ્ત્ર.

વ્યવાયી [સં] વિ. પોતાની અપક્વ સ્થિતિમાં જ આખા શરીરમાં વ્યાપી જઈ પછી પચનાર. જે પદાર્થ પ્રથમ અપક્વ સ્થિતિમાં જ પોતાના ગુણોથી આખા શરીરમાં વ્યાપ્ત થઈ પછી જ પચે એ વ્યવાયી ઔષધ છે. જેમકે, ભાંગ, અહીંણ વગેરે.

વ્યશ્વ પું. (પુરાણ) એ નામના એક રાજર્ષિ

વ્યષ્ટિ ૧. [સં.] સ્ત્રી. એક વ્યક્તિ; સમષ્ટિનો પ્રત્યેક અંશ કે વ્યક્તિ; જીવરૂપે પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન પ્રતીત થાય છે તે; એક એક જીવ સમષ્ટિ રૂપે જે જે તત્ત્વ હોય છે તે વ્યષ્ટિમાં વ્યાપેલું હોય છે. વ્યષ્ટિ તે સમષ્ટિનું કેવળ અંગ જ છે

૨. સ્ત્રી જુદી જુદી ઘણી વસ્તુઓમાંનું એકાદ જુદું અંગ; અવયવ; એકપણું; બધામાંનું એક સ્વરૂપ; એક એક વસ્તુ

એક રૂપથી ક્રમમાં પદાર્થોમાં વ્યાપ્ત તે સમષ્ટિ અને નાના રૂપથી અનેક રૂપે વ્યાપ્ત તે **વ્યષ્ટિ**.
અણુભાષ્ય

૩. સ્ત્રી પિંડ; સૂક્ષ્મ પિંડ, સૂક્ષ્મ સૃષ્ટિ, સૂક્ષ્મ જગત.

૪. સ્ત્રી. (વેદાંત) ભિન્ન ભિન્ન અનેક બુદ્ધિનો વિષય

૫ સ્ત્રી. પૃથક્ વિભાગ.

વ્યષ્ટિગત જુઓ વ્યક્તિગત

વ્યષ્ટિ ચૈતન્ય [સં] ન. પરમતત્ત્વ, આત્મ

વ્યષ્ટિ પરિષદ [સં.] સ્ત્રી. આંતરરાષ્ટ્રીય પરિષદ; સર્વપલ્લી પરિષદ; ' રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ '.

વ્યસન ૧. [સં. વિ + અસ્ (ફેંકવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. અનર્થ; દુઃખ; કષ્ટમય

વ્યસન અને ઉદયમાં બુદ્ધિને સ્થિર રાખે છે,
કૌટિલ્યનું અર્થશાસ્ત્ર

૨. ન. (વેદાંત) ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુમાં ચિત્તનું લાગી રહેવું તે; આસક્તિ.

વ્યસન શબ્દનો અર્થ ગુજરાતીમાં અનર્થ છે. સંસ્કૃતમાં એ સારા અર્થમાં વપરાય છે એનો સંસ્કૃત અર્થ આસક્તિ છે.
કાવ્યશાસ્ત્ર સમીક્ષા

૩. ન. (કામ) એ નામનો એક વિભાવ કાવ્યશાસ્ત્રમાં પ્રેમના રંગ, આસક્તિ. વ્યસન અને તન્મયતા એવા મધ્ય ચાર પ્રકાર કહ્યા છે.

૪ ન. નાપસી ઉત્પન્ન થયેલ દોષ

૫ ન. ખરાબ ચીજ ઉપરનો પ્રેમ; ખરાબ બધાબ્યુ, નકામી ટેવ

૬ ન. ચોરી, જુગટું, મદ્યપાન વગેરે દોષ શાસ્ત્રોમાં સાત વ્યસન કહેલ છે: (૧) જુગટું, (૨) માંસ ભક્ષણ, (૩) મદ્યપાન, (૪) વેશ્યાગમન, (૫) મૃગયા, (૬) ચોરી અને (૭) પરસ્ત્રીગમન.

૭ ન. છંદ; ક્રમ

જીત વ્યસન હરખાનિ હોય. ભાલ ૧

૮. ન. જુદાઈ

૯. ન. ટેવ; લત, આદત; મદ્યાવગે; અભ્યાસ; બધાબ્યુ

વ્યસન પડવું = (૧) ટેવ પડવી, લત લાગવા (૨) માદક પદાર્થની ટેવ પડવી.

૧૦. ન. દુરાચાર

૧૧ ન. દુર્દૈવનું પરિણામ

૧૨ ■ દુર્ભાગ્ય

૧૩ ન દુઃખ; આપદા; સંકટ; વિપત્તિ

૧૪ ■. નષ્ટતા

રાક્ષસ વ્યસન કંઈ જરી અન્યુ
મુદ્રારાક્ષસ

૧૫ ન. નાશ; બુચારી; બરબાદી; ભ્રષ્ટ થયું તે.

૧૬. ન. નિષ્ફળ ઉદ્યમ

૧૭. ન પાપ

૧૮. ન. પ્રેમભક્તિની ત્રણ ભૂમિકાની એક અવસ્થા.

૧૯. ન. માદક પદાર્થ લેવાની ટેવ; કેફ કરવાની ટેવ જેમકે, દારૂનું વ્યસન.

વ્યસનરેષા [સં.] સ્ત્રી. મનુષ્યના હાથ ઉપરની એક જાતની રેખા આ રેખાનું અસ્તિત્વ પ્રબળ વિષયવાસના અને માદક પદાર્થોનું સેવન સૂચવે છે

વ્યસનાધીન [સ. વિ. વ્યસનને તાબે થયેલું.

વ્યસનાર્ણવ [સં] પું દુઃખનો દરિયો

વ્યસનાસક્ત [સં.] વિ વ્યસનનો ગુલામ; વ્યસન લાગેલ

વ્યસની ૧. [સં વ્યસન (આદત) + ઇન (વાળું)] વિ. અભ્યાસી; ટેવવાળું

૨. વિ. દુઃખી, સંકટમાં પડેલું

૩ વિ માદક પદાર્થ લેવાની ટેવવાળું; કેફ કરનાર, બધાણી

આવિદ વ્યસન કંઈ ન છાજે,
નરક જો કર્યું **વ્યસની** થાજે.
ભાવિદરામ

૪ વિ. વિષયી, કામી

વ્યસ્ત ૧. [સ. વિ (ઊલટું) + અસ્ત (ફેંકાયેલું)] વિ. આમતેમ ફેંકાયેલું; વિખેરી નાખેલું; વેરાયેલું; પથરાઈ રહેલ

૨. વિ. ઊલટું; વિપરીત; અવળું, વિરોધી; ઉલ્ટક્રમ

૩ વિ છેડું પાછળ, પડઘાયેલું વહેંચી નાખેલું.

૪ વિ (ગ.) બમણું; ગુણાયેલું; ગબડાયેલું

વ્યસ્ત અલ્લાંતર [સં.] ન. (ગણિત) ત્રિરાશિમાં વ્યસ્ત પ્રમાણ થતાં જેનાં પદો અદલબદલા જે; ' ઇનવર્સ પ્રોપોર્શન ' જ્યારે બે જુદાં પરિમેયો વચ્ચે એવો સંબંધ હોય કે તેમાંનું એક અમુક પ્રમાણમાં વધે તો બીજું તેટલા જ પ્રમાણમાં ઘટે અથવા એક અમુક પ્રમાણમાં ઘટે તો બીજું તેટલા જ પ્રમાણમાં વધે; ત્યારે તેવાં બે પરિમેયોનું વિપરીત અલ્લાંતર થયું કહેવાય છે. જેમકે, અમુક કામ કરવાને માણસોની સંખ્યા વધારીએ તો વખત ઓછો લાગે અને માણસોની સંખ્યા ઘટાડીએ તો વખત વધારે લાગે, માટે તે બાબતમાં માણસ અને વખતનું વ્યસ્ત અલ્લાંતર થાય છે

વ્યસ્ત ત્રિરાશિ [સ] સ્ત્રી (ગણિત) જે ત્રિરાશિમાં એક પ્રમાણ વધવાથી બીજું ઘટે તથા એક ઘટવાથી બીજું વધે તે ત્રિરાશિ જ્યારે બે પરિમેયો વચ્ચે એવો સંબંધ હોય કે તેમાંનું એક પરિમેય જેમ જેમ વધતું જાય તેમ તેમ બીજું ઘટતું જાય અથવા એક પરિમેય જેમ જેમ ઘટતું જાય તેમ તેમ બીજું પરિમેય વધતું જાય ત્યારે તે પરિમેયો અથવા પદો ઊલટા અથવા વ્યસ્ત પ્રમાણમાં છે એમ કહેવાય છે અને એવાં પરિમેયો કે પ્રમાણમાં હોય તેની ત્રિરાશિને વ્યસ્ત ત્રિરાશિ કહે છે.

વ્યસ્ત પ્રમાણ [સં.] ન. (ગણિત) ત્રિરાશિનાં બે માહેનું એક પ્રમાણ. ત્રિરાશિમાં સમ અને વ્યસ્ત એવાં બે પ્રમાણ હોય છે. જ્યારે

એક પરિમાણ જે ગુણોત્તરમાં વધે તે જ બીજા ગુણોત્તરમાં ઘટે અગર પરિમાણ જે ગુણોત્તરમા ઘટે તે જ બીજામાં વધે તે વ્યસ્ત પ્રમાણ કહેવાય છે.

વ્યસ્ત વિકાર જુઓ વ્યસ્ત વ્યલાતર.

વ્યસ્ત વિધિ [સં] સ્ત્રી. ઊલટી રીત; વિલોપ વિધિ; વિલોપ ક્રિયા, બાજરને ગુલકૂક, ગુલકૂકને બાજરૂ, વસને વર્ગમૂળ, વર્ગમૂળને વર્ગ, વર્ગને ઓળ, ઓળને વર્ગ વર્ગને કરીને દાખલાનો જવાબ કાઢવાની રીત.

વ્યસ્તાર [સં.] પું. હાથીના ગડસ્થલમાંથી ઝરતુ મદજળ.

વ્યહાવું અ ક્રિ. (જૂ. ગુ.) નાશ પામવું

વ્યસન વ્યહાયાં દુરિ, ન્યાયે જગધિ ને પૂર. જ્ઞાનવિમલસૂરિ

વ્યહાસ ૧. [સં.] પું આકાશમાર્ગે ભ્રમણ તેવું; ઘેડાપગ; હવામા ચાલે તેવું

૨. વિ. આકાશી

વ્યંકટાદ્રિ [સં.] પું. ભરતખંડનો એ નામનો એક પર્વત.

સહ્ય કેવમિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વ્યંકટાદ્રિ, મહેંદ્ર વગેરે ભરતખંડના પર્વતો છે. ભગવદી ભાગવત

વ્યંકુ પું. મણાં શીંગડાંવાળો મૃગ

વ્યંગ ૧. પું. ચામડીનો એક રોગ; કરોળિયા થવા તે.

૨. પું. દેડકો.

૩. પું. મુખનો એક રોગ; મુખ ઉપરની કાળાશ; મોઢે પડતી ઝાંઝ; ભય કે ક્રોધ વડે કુપિત થયેલો વાયુ પિત્ત સાથે ભળી મુખ ઉપર આવે છે અને મોઢા ઉપર પીડા વિનાનુ પાતળું અને કાળી છાયાવાળું ચકરડું ચાલ ઉપર પડે છે તે; વાગ; મુખછાયા.

૪. પું. ભૂખો માણસ.

૫. પું શારીરિક ખામીવાળો મનુષ્ય.

૬. ન. ઢોળ

૭. ન. ભૂત; વળગ.

ચિત્ત પળ્યા વિચારમાં, વળગ્યું મુખને વ્યંગ સામળ

૮. ન. મશ્કરી

૯. ન. વક્રોક્તિ; વ્યાજ; કટાક્ષ; મશ્કરનુ બોલવુ તે.

સાભોપાય સુરત્ન વ્યંગ અતિશે, ખાતો ચિત્ત ગુજરી. પ્રેમાનંદ

૧૦. [સં વિ (વિના) + અંગ (શરીર)] ન. શરીરની ખોડ; ગયેલું અંગ

જો મોટાં મોટાં જાનવરો, ઘણી ભયંકર દુઃખથી માણસોનાં વ્યંગો તથા ખામીઓ દૂર કરી શકાતી હોત તો આપણે આપણને પણ તે જ ઉપાયોથી દૃષ્ટિ પાછી આપી શકીએ. તારાબેન મોડક

૧૧. વિ. અવયવ રહિત; ખોડું; એકાદ અંગ વિનાનુ; અંગહીન; ન્યૂનાંગ; ગયેલા અંગવાળું. અપંગ

૧૨. વિ. આડકતરી રીતે સૂચિત.

૧૩. વિ જેલટા અર્થવાળું.

૧૪ વિ કટાક્ષથી કહેલું.

૧૫. વિ. ખંડિત

વ્રત વ્યંગ થયું હોય તો તેના ફળ તરીકે આવતા જન્મે શરીરમા ખોડ થાય છે એમ સ્મૃતિકારન કહેનારનો આશિયો

૧૬. વિ. ગુપ્ત; પ્રચ્છન્ન

૧૭. વિ. જુદા જુદા પ્રકારના આકારવાળુ.

વ્યંગચિત્ર [સં] ન. ઉપહાસ્ય ચિત્ર; અતિ ચિત્ર; અતિરેખ વર્ણન; ઉપહાસ વિકૃતિ; કટાક્ષ ચિત્ર; કટા ચિત્ર; વિકૃતિ ચિત્ર; આડકતરી રીતે ટીકા કરીને બોધ દેનાર ચિત્ર; ' કાર્ટૂન '

વ્યંજનાશન પું. શિવનાં હજાર માહેનું એક નામ

વ્યંગપ્રૌઢાધીરા સ્ત્રી (કાવ્ય) એક પ્રકારની નાયિકા.

વ્યંગાપહ્નુતિ સ્ત્રી (કાવ્ય) અપહ્નુતિ અલંકારનો એક ભેદ.

વ્યંગાર્થ જુઓ વ્યંગ્યાર્થ.

વ્યંગી ૧. [સં.] સ્ત્રી. દેડકી.

૨. સ્ત્રી વ્યંજના.

૩. વિ. વ્યંગવાળું; માર્મિક.

બત એની હરે બાત, એની ભરેખર વ્યંગી. દયારામ

વ્યંગુલ [સં.] પું. અંગુલનો સાતમો ભાગ

વ્યંગોક્તિ [સં.] સ્ત્રી. કટાક્ષમાં કહેલ વચન; વક્રોક્તિ; અન્યોક્તિ; આડી વાત કરીને કરેલી પ્રશંસા.

વ્યંગોપચાર [સં.] પું. આડકતરી રીતે સૂચિત કે કટાક્ષથી કહેલ ઉપાય

વ્યંજ્ય ૧. ન. અભિધેય અને લાક્ષણિક અર્થ સિવાયનો શબ્દાર્થ.

૨ [સ વિ + અંજ્ (પ્રકટ કરવું) + ય (યોગ્ય)] ન વાકયના અર્થમા રહેલો બીજો ભાવ; ધ્વનિ; વક્રોક્તિ; કટાક્ષ; મર્મ.

કાવ્યમાં વ્યંગ્યાર્થના સ્વીકાર ચિત્ત જે રીતે ઠીક છે તે જ રીતે આપણા વર્તનનું વ્યંગ્ય બાબત પર સંસ્કાર પાડે છે. પ્રસ્થાન

૩. વિ. આડકતરી રીતે સૂચિત.

૪. વિ. કટાક્ષથી કહેલું

૫. વિ. ખુલ્લુ કરવા યોગ્ય.

વ્યંગ્યનિષ્ઠ [સં.] વિ જેનું વાચ્ય વ્યંગ્યમાં વિરામ પામે છે તેવુ

વ્યંગ્યાર્થ ૧. [સં વ્યંગ (કટાક્ષ) + અર્થ (હેતુ)] પું (કાવ્ય) જે નામનો એક અલંકાર; ધ્વનિ.

અર્થાલંકારમા પણ જેમાં વાચ્યાર્થ કરતા વ્યંગ્યાર્થ કે ધ્વનિ હોય તે ઉત્તમ ગણાય છે. સંસ્કૃત પુષ્પાંજલિ

૨. પું. (કાવ્ય) શબ્દની વ્યંજનાશક્તિથી સૂચિત થતો ગૂઢ અર્થ; વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી ભિન્ન એવો આડકતરી રીતે સૂચિત થતો ગૂઢ અર્થ; સૂચિત અર્થ; વ્યંજક શબ્દથી સમજાતો અર્થ; વ્યંજનાથી થતો અર્થ

વ્યંજનાથી જણાતા અર્થને **વ્યંગ્યાર્થ**, ધ્વન્યર્થ, અપેક્ષાર્થ, સૂચ્યાર્થ અને પ્રતીયમાનાર્થ વગેરે કહે છે. કાવ્યશાસ્ત્ર

વ્યંગ્યોપમા [સં.] સ્ત્રી (કાવ્ય) જેમાં વ્યંગ્યાર્થ હોય એવા અલંકારવાળી ઉપમા

વ્યંજક ૧. [સં.] વિ. કોઈ પણ રસાત્મક પદાર્થની અક્ષરિક ટૂંક સંજ્ઞા; નિશાની.

૨ વિ. અર્થપ્રદર્શક; અર્થવાહક; સૂચક; દર્શક; ઘોતક; સાંકેતિક

ચિત્રોમાં માનવમૂર્તિ સૌથી વધારે વ્યંજક છે. પ્રસ્થાન

૩. વિ. વ્યક્ત કરનાર; દર્શાવનાર; ગ્રાહક; બોધક; અવગમક; અર્થમાર્ગ બતાવનાર; સ્પષ્ટ કરનાર; ' સજેસ્ટિવ '. વ્યંજકનો દશ પ્રકારે અર્થ થાય છે: (૧) વક્તાવિશેષ, (૨) બોદ્ધવ્યવિશેષ, (૩) કાકુવિશેષ, (૪) વાકયવિશેષ, (૫) વાચ્યવિશેષ, (૬) અન્યસન્નિધિવિશેષ, (૭) પ્રસ્તાવવિશેષ, (૮) દેશવિશેષ, (૯) કાલવિશેષ અને (૧૦) ચેષ્ટાવિશેષ. જે વાચ્યાર્થ અને લક્ષ્યાર્થથી અતિરિક્ત અર્થનો બોધ કરાવે તે શબ્દ વ્યંજક કહેવાય છે.

કુમારકાળના ચિત્તરોના મુખ્ય ખૂબી એ છે કે, તેઓ સક્ષિપ્ત હોવાની સાથે નવા નવા વિચારોના તે વ્યંજક થઈ પડે છે. નવલરામ

વ્યંજકત્વ [સં.] ન (વેદાંત) વંશ વિષયમાં ' તે છે ', ' તે જણાય છે ', ઇત્યાદિ અવધારનુ પ્રતિબધ માત્ર જે હોય તેને દૂર કરનાર હોવાપણું

વ્યંજકવિદ્યા [સ.] સ્ત્રી. સજ્ઞાથી સમજાવવુ તે

વ્યંજન ૧. પું. ઇંદ્રિયનો વિષયની સાથે સંયોગ.

વ્યંજન (ઉપકરણ એટલે ઇંદ્રિયનો વિષયની સાથે સયોગ) થતા અવગ્રહ જ થાય છે. તત્ત્વાર્થસૂત્ર

૨. [સં વિ (વિશેષ) + અંજન (મેળવણી)] પું. જેના ઉચ્ચારમાં સ્વરનું વિશેષ અંજન જોઈએ તે અક્ષર; જેનો ઉચ્ચાર સ્વર મેળવ્યા વગર સારૂ થતો નથી તે મૂળાક્ષર; સ્વરના આધાર વિના નહિ બોલાતા મૂળાક્ષર, સ્વરની મદદ વિના જેનો ઉચ્ચાર ન થઈ શકે તે વર્ણ સ્વર સિવાયના બાકીના વર્ણ સ્વર મેળવ્યા વિના ઉચ્ચારાતા નથી, તેમાં સ્વરનું વિશેષ અંજન કરવું પડે છે, માટે તે વ્યંજન કહેવાય છે. તેના ચાર પ્રકાર છે. સ્પર્શ, અંતઃસ્થ કે અર્ધસ્વર, ઉષ્મ.ક્ષર અને જોડ.ક્ષર. કૂથી મ પર્યંત ૨૫ વ્યંજન સ્પર્શ કહેવાય છે; કેમકે, એ વર્ણોને ઉચ્ચારવામાં જીભનું ટેરવું, તેની પાસેનો ભાગ, મધ્ય ભાગ કે મૂલ ભાગનો જેના ઉચ્ચારસ્થાન સાથે બરોબર સ્પર્શ થાય છે. સ્પર્શ વ્યંજનોના પણ પાંચ ભાગ પાડેલા છે: (૧) ક વર્ગ, એ કંઠ સ્થાનના છે, (૨) ચ વર્ગ એ તાલુ સ્થાનના છે, (૩) ટ વર્ગ એ મૂર્ધ સ્થાનના છે, (૪) ત વર્ગ એ દંત સ્થાનના છે, (૫) પ વર્ગ એ ઓષ્ઠ સ્થાનના છે. ઋ ૠ ઌ ૡ એમાં સ્વર અને વ્યંજન બંનેનો ધર્મ આવેલો છે તેથી તેને અંતઃસ્થ કહે છે. શ ષ સ હ ઉષ્મ.ક્ષર કહેવાય છે; કેમકે, એ વર્ણોનો ઉચ્ચાર કરવામાં ઉષ્મ વાયુનો ઉપયોગ થાય છે. વ્યંજનોમાં વળી અઘોષ અને ઘોષ એવા ભાગ છે. ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ, શ, ષ, સ અને હ એ અઘોષ વ્યંજન છે. ગ, જ, ડ, દ, ભ, ઝ, ઢ, ધ, બ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, અને ળ એ ઘોષ વ્યંજન છે. હિંદી શિક્ષણશાસ્ત્રમાં સિદ્ધ અને સાધિત એમ વ્યંજનના બે પ્રકાર કહ્યા છે: ક, ગ, ચ, જ, ટ, ડ, ત, દ, પ, બ, ર, લ, વ, શ, ષ, હ, સ આ સિદ્ધ વ્યંજન છે અને ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ, ઞ, ણ, મ, ય, ક્ષ, ત્ર અને જ્ઞ આ સાધિત વ્યંજન ગણાય છે જેવી રીતે રંગભૂમિ ઉપર એક જ મનુષ્ય મુગટથી રાજા તરીકે, કાને કુંડળથી મુત્સદ્દી તરીકે, કંઠકમંડલથી સન્યાસી તરીકે એમ જુદા જુદા ચિહ્નથી જુદા જુદા પાત્ર તરીકે ઓળખાય છે, તેવી રીતે તે વિશિષ્ટ ઉચ્ચારણરૂપ ચિહ્નથી પ્રત્યેક સ્વર અનેક વિશિષ્ટરૂપ ધારણ કરે છે. આ વિશિષ્ટ ઉપલબ્ધી તે વ્યંજન. કેમકે, વ્યંજનનો અર્થ ચિહ્ન છે. ક, ચ, ટ, ત, પ એ પાંચ વર્ગોમા એક જ સામાન્ય સ્વર ઉ છે, જેને લીધે પ્રત્યેક ઉચ્ચારાય છે ઉકાર સામાન્ય છતા એ પાંચ વર્ગો પરસ્પર ભિન્ન લેખીએ છીએ એ વિવેક કકાર, ચકાર ટકાર, તકાર ને પકાર ઉપસક્ત હોવાથી થાય છે. પાંચ વર્ગોમાંના ઉકારનો પરસ્પર વિવેક કરવાનાં ચિહ્ન ક્કારાદિ છે, માટે તે વ્યંજન એટલે એક જ સ્વરનાં વિવિધ રૂપ ઉપજાવવાના ચિહ્ન કહેવાય છે. ક આદિ લઈ ત્રીસેના અક્ષરો તે કઈ પોતાને અસલને રૂપે નથી, તેઓના અસલ રૂપ તો વ્યંજન. એટલે તેઓના ઉચ્ચાર પૂરા સ્પષ્ટ થઈ શકતા નથી આ વ્યંજનમાં અ એ સ્વર જ્યારે ભળે છે ત્યારે ક, ખ, ગ, ઘ વગેરે અક્ષરો થાય છે

ક અદ્ર ન. ગાડાનો તે, નાહ જિજ્ઞ રૂપે ભાગ.
અ રૂપ વ્યંજનમા ભળે, ક ગ ઘ ત પ ય ર હ વાહ
નર્મદાશંકર

૩. ન. અવયવ; અંગ.

૪ ન ખાતરને સ્વાદિષ્ટ બનાવવામાં વપરાતી વસ્તુ, રાઈ, દિવા, અજમો, સંચળ, કોથમરી, મસાલા, વગેરે

બહારથી વ્યંજન લાવ્યું, મધુર ખારો બાઢો સ્વાદ.
દ્વારકાદાસ

૫. ન. ગુહ્યાંગ; સ્ત્રી કે પુરુષનો ગુપ્ત અવયવ.

૬. ન. ડાઘ; ચિહ્ન; નિશાની

૭. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેનું બીજું અંગ; દ્રુતાંગ; ક્ષેપ; દ્રાવૃત; વલય; કૂપ; બિંદુ; અર્ધમાત્રિક; સુક્ત; આક્રાસ; ઉત્તમ; અક્ષરદ્વય; ઋત; ૬; બે માત્રાને અંતરે તાલ આવે તે ભાગ; બે માત્રાનું અંગ.

૮ ન દંડી

૯ ન ચિહ્ન

૧૦ ન પરના તાબાનો ત

વાપ વ્યંજન વસ્તા કરે, શિર પર ધાર્યું છત્ર.
સામળ

૧૧ ન પખા, મોર.

૧૨ ન ભાત

૧૩ ન. ઔષધ., વનસ્પ. પદાર્થ.

૧૪ ન નખ

૧૫ ન નામનું અક્ષર રૂપ ધારણ કરતું

૧૬ ન સ.

૧૭ ન શબ્દની અંદર રહેલ

૧૮. ન સાબરી કે અનસાબરી વગેરે વસ્તુ.

૧૯ ન સ્તન

૨૦ ન ચામડી

વ્યંજનકૂટ પું , બૂ. પૃ] અક્ષરોનો સમૂહ, ધર્મપાઠ બોલતી વખતે એકને બદલે ક્રિયારસો બાલ્ય મૂળ.ટ્ટર

વ્યંજનકૂટ અક્ષરકૂટ કાનકે માત્ર આગલા ઓછી દેવનાગરી ખાડાખાડી સંજ્ઞાઓ કરતા પહતા ગ્રંથજ હતો હવે, × × × તેહ મિશ્રાબિ કૂકડ. પ્રાચીન ગુજર કાવ્યસંગ્રહ

વ્યંજનાંચ્છ [સં] ન. વ્યંજનની નિશાની.

વ્યંજન ચોખા પું બ. વ. ઉનાળુ ડાંગર વ્યંજનચોખા ખાસ કરીને રાંધવાના બદમાં લે છે

વ્યંજનપર્યાય જી (જૈન) પ્રદેશાત્મક ગુણનું પરિણમન

વ્યંજનપર્યય અને દ્રવ્યપર્યાય પણ કહેવાય છે વસ્તુનો આકાર તે વ્યંજનપર્યાય છે. શરીરનો આકાર હોવો. આત્મના પ્રદેશનો આકાર તે આત્માની વ્યંજનપર્યાય છે. કાનજીસ્વામી

વ્યંજનાંગવિદ્યા [સં] સ્ત્રી શરીર ઉપરના તલ, મસા વગેરે ઉપરથી ફળ જણવાની વિદ્યા; અષ્ટાંગ નિમિત્તનું એ નામનું એક અંગ.

વ્યંજનસંધિ [સં.] સ્ત્રી. સ્વરસંધિ

વ્યંજના ૧ સ્ત્રી ઉચ્ચાર

૨ સ્ત્રી. (વ્યાકરણ) એક પ્રકારની ધ્વનિ; વ્યવહારનો બોધ કરવાની શબ્દની શક્તિ; વ્યક્ત શબ્દાર્થની વૃત્તિ, તે અંજનથી અભિધા અને લક્ષણાથી નહિ જણાતા અર્થને સ્પષ્ટ બતાવી આપે છે એટલા માટે આ વૃત્તિનું નામ વ્યંજના રાખેલું છે

૩. સ્ત્રી મર્મ; કટાક્ષ.

૪ ન સ્ત્રી વ્યવહારનો ઉક્તિ; વ્યાજોક્તિ; મરકરા વાર્તા.

૫. સ્ત્રી. સાહિત્યશાસ્ત્રમાં પ્રમાણ શબ્દની કે વાક્યની એક પ્રકારની શક્તિ

વ્યંજનાના બે પ્રકાર છે. શાબ્દી અને આર્થી. શબ્દને આશ્રયે રહેલી હોય તે શાબ્દી અને અર્થને આશ્રયે રહેલી હોય તે આર્થી.
કાવ્યપ્રકાશ

૬. સ્ત્રી. સ્તવના

૭ સ્ત્રી. સ્પષ્ટીકરણ

વ્યંજનાર્દ્ધ [સં] સ્ત્રી. શરીરમાંનાં વ્યંજનવાળું.

વ્યંજનાર્થ [સં] પું. ધર્મવ્યાપ્તિ; જાતિવિશિષ્ટતા.

વ્યંજનાવૃત્તિ [સં.] સ્ત્રી. (વેદાંત) વાચ્ય, લક્ષ્ય અને તાત્પર્ય એ ત્રણે અર્થોથી ભિન્ન કોઈ ચમત્કારી અર્થનું ભાન કરાવનારી શબ્દની વૃત્તિ. જેમકે, તારે ઘોષ: એટલે કાંઠા ઉપર ગોવાળા છે એમ કહેવાથી શ્રોતાને સહેલાઈથી કાંઠા ઉપર રહેલી ગોવાળાનો બોધ થઈ શકે એમ હતું. તેમ છતાં ગંગાયાં ઘોષ: એટલે ગંગા ઉપર ગોવાળ છે એમ કહેવાનો હેતુ ગંગાનીર વિષે શીતળતા, પાવનતા આદિનો બોધ કરવા માટે છે. એ શીતળતા પાવનતાદિકના પ્રતીતિ ગંગા પદની લક્ષણાવૃત્તિથી થઈ શકતી નથી; તેમ શક્તિવૃત્તિથી થઈ શકતી નથી, તેમ વક્તાનું તાત્પર્ય ગોવાળનું સ્થાન બતાવવામા છે માટે એ ત્રણેથી ભિન્ન જે શીતતા, પાવનતાદિક અર્થનું ભાન આ વૃત્તિથી થાય છે માટે એ વ્યંજનાવૃત્તિ છે

વ્યંજનાવ્યાપાર [સં.] પું વ્યંગ્ય અર્થનો અર્થ ઉપજાવવાનો શબ્દ વ્યાપાર.

વ્યંજનાંત [સં.] વિ. છેડે વ્યંજનવાળું.

પૂર્વાર્ધમાં આવેલા **વ્યંજનાંત** વિસર્ગ શબ્દોની જોડણી સ્વરાંત કરવી. જેમકે, જગત, પારધ, અંતરમાત. સુ. સા. પરિષદ

વ્યંજવું સ ક્રિ. પખો નાખવો.

નાના રસ્તા સુગમ અતિમાય,
ચાર હાથ નિત્ય **વ્યંજઈ** વાય. ભીમ

વ્યંજિત ૧ [સં] વિ. ખુલ્લું; જાહેર કરેલું, પ્રગટ કરેલું; પ્રકાશિત.

વ્યંજિત કરવું = પ્રકાશમાં મૂકવું, પ્રકટ કરી બતાવવું

૨. વિ સૂચિત.

૩. વિ સ્પષ્ટ અથવા વ્યક્ત કરેલ, પ્રકટ

માધુર્યાદિ રસના ધર્મો યોગ્યતાઓથી **વ્યંજિત** થયા છે કાન્યરસ મે

વ્યંઢલ જુઓ વ્યાડળ

વ્યંઢલતા જુઓ વ્યાડળતા

વ્યંઢલભાવ જુઓ વ્યાડળભાવ

વ્યંઢલા જુઓ વ્યાડળા.

વ્યંઢળ ૧. પું. જનાનખાનાનો ચાકર; બોલ.

૨. [સ. વિ (વિના) + અંઢ (વીર્યસ્થાન)] પું. બાયલો પુરુષ; નપુંસક; હીજડો; પાવૈયો; પુરુષાર્થ રહિત માણસ; નામર્દ; પુરુષત્વ વિનાનો પ્રસંગ. ઉર્વશીના શાપથી નપુંસકપણાને પામેલો અર્જુન રાજકુમારી ઉત્તરાને વૃત્ત શીખવવા વૃહન્નટા કે વૃહન્નલા એવું નામ ધારણ કરી વિરાટ રાજાને ત્યાં એક વર્ષ ગુપ્ત રહ્યો હતો. એ વૃહન્નલા શબ્દ ઉપરથી વૃહદ્ધ, વૃદ્ધ, વઢળ, વ્યાડળ વગેરે શબ્દો ઘડાયેલ મનાય છે.

વ્યંઢળભાવ પું. બાયલાપણું; હીજડાપણું

પામ મા **વ્યંઢળભાવ** હવે તે મરવા નથી,
હેયાની દીનતા તુમ્ય ખાંડી જેમ પરવ
નાનાલાલ

વ્યંઢળવેશ પું. વ્યાડળનો પોશાક; પાવૈયાનો પહેરવેશ.

વ્યંઢળા સ્ત્રી. વિવાય નહિ એવું ઢોર અથવા સ્ત્રી

વ્યંઢાણી સ્ત્રી સ્ત્રીત્વ વગરની સ્ત્રી

વ્યંતર ૧. પું. (જૈન) એક જાતના હલકા દેવ. બધા વ્યંતર દેવો ઊર્ધ્વ, તિર્યક્ અને નીચે લોકમાં ભવન અને આવાસોમાં વસે છે. તે પોતાની ઇચ્છાથી અથવા બીજાની પ્રેરણાથી ભિન્ન ભિન્ન જગ્યાએ જાય છે. એમાંથી કેટલાક તો મનુષ્યોની પણ સેવા કરે છે. તે વિવિધ પ્રકારના પહાડો, ગુફાઓ તથા વનોના આંતરાઓમાં વસવાના કારણથી વ્યંતર કહેવાય છે. કિન્નર નામના વ્યંતરના દસ પ્રકાર છે, કિંપુરુષના દસ, મહોરગના દસ, ગાંધર્વના બાર, યક્ષોના તેર, રાક્ષસના સાત, ભૂતના નવ અને પિશાચના પંદર ભેદ છે. દેવોના ચાર નિકાય છે: ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક વ્યંતર દેવતાની સોળ જાત ગણાય છે: પિશાચ, ભૂત, જક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, આણપન્ની, પાણપન્ની, ઇસિવાઇ ભૂઇવાઈ, ક્રંદિત, મહાક્રંદિત, કોહંડ અને પયંગદેવ. કિન્નર નામના વ્યંતરના દસ પ્રકાર આ પ્રમાણે છે: કિન્નર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિનરોત્તમ, હૃદયંગમ, રૂપશાળી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ

૨. પું (જૈન) એક જાતનું ભૂત, ભૂત હાસ્ય વગેરે અમાનુષી શબ્દ માટેનો કોઈ પણ એક શબ્દ

તુમ નામે નાવે આપદા,
ભૂત પ્રેત વ્યંતર નહિ કદા ધર્મસિંહ

૩. પું પૃથ્વીની નીચે આવેલો એ નામનો એક લોક.

નીચે ભુવનપતિ, વ્યંતર અને સાત નરક છે
ત્રીજો અધોલોક આવી રહ્યા છે.
શ્રીમદ્ રાજચંદ્ર

૪. પું. રસ્તામાં જ પડ્યો રહે તે સર્પ

વ્યંતરનિકાય પું. (જૈન) દેવોના ચાર ભાઈનો એક સમૂહ; વ્યંતર દેવોનો સમૂહ

ભવનપતિ નિકાયના દસ, **વ્યંતરનિકાયના** આઠ, જ્યોતિષ્ક નિકાયના પાંચ અને વૈમાનિક નિકાયના બાર ભેદો છે. તત્ત્વાર્થસૂત્ર

વ્યંતરી ૧. સ્ત્રી. ડાકણ; સ્ત્રીપ્રેત; ભૂતડી, જત્રો.

૨. જુઓ નાઠારી ઓ

વ્યંતરેંદ્ર પું. (જૈન) વ્યંતર જાતિના દેવતાના ઇંદ્ર

વ્યંત્યાક સ્ત્રી. રીંગણું; વેંગણ. તેમા કાળી અને ધોળી એવી બે જાત છે

વ્યંબ્યગિરિ પું. મેરુ પર્વત.

વ્યંસ પું. (પુરાણ) સૈહિકેયો ભાઈનો એક.

વ્યંસક ૧. [સં.] પું જે હેતુ પ્રતિવાદીઓને ભ્રામોહમાં નાખે તે

૨. પું ધૂર્ત; ઠગ.

વ્યંસિત [સં.] વિ. છેતરેલું; ઠગેલું.

વ્યા સ્ત્રી. (વૈદક) ચામડી તરડી જઈ હાથ પગમાં ચીરા પડવાનો એક રોગ; વ્યાધિ. તે થવાથી હાથપગમાં જરા સોજો, દાહ અને જરા ખરજ આવે છે. હાથ કરતાં પગમાં ફાટો વધારે પડે છે. તેને આપણા લોકો બ્યા ફાટવી કહે છે. જેની બહુ બ્યા ફાટી હોય તેને એક હલકો ખુલતબ દેવો, કોકમનું તેલ લગાડવું, સુખડને પાણી સાથે ઘસી તેમાં કાંચળજળ મેળવી લેપ કરવો.

બ્યા ફાટવી = હાથપગમાં ચીરા પડવા; ચામડી તરાડવી.

વ્યાઉ પુ એક પ્રકારનો મધ્યમ કોઢ; વૈપાદિક; હાથપગ વગેરે ફાટી વેદના થાય તે; બ્યા

વ્યાકરણ ૧. [સં. વિ (વિશેષ કરીને) + આ (મર્યાદા) + કૃ (કરવું)] ન. કોઈ પણ ભાષા બોલવા અને લખવાના નિયમોનું શાસ્ત્ર; શુદ્ધ બોલવા લખવાની રીતિનું શાસ્ત્ર; ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર; ભાષાના નિયમોને લગતી વિદ્યા. વિશેષે કરીને ભાષ ને મર્યાદામાં કરવી તે; પદ અને પદાર્થની અશુદ્ધિને દૂર કરી તેની શુદ્ધિ સાધનારું શાસ્ત્ર; શબ્દની સાધુતાનો બોધ કરનાર શાસ્ત્ર, જેનાથી શબ્દોનું સ્પષ્ટીકરણ થાય તે શાસ્ત્ર; શબ્દાનુશાસન; ભાષાશાસ્ત્ર; શબ્દના અમુક અર્થને ઉદ્દેશીને સ્વર, પ્રકૃતિ, પ્રત્યય વગેરેનું વિધાન કરીને પદના વિભાગનો અર્થ વિશેષ જણાવનાર ગ્રંથ. સંસ્કૃત પુરુષાર્થસિદ્ધિમાં કહ્યું છે કે, જે શાસ્ત્રમાં શબ્દમાં પ્રકૃતિ ને પ્રત્યય જુદા પાડી પ્રત્યયના અર્થ દર્શાવ્યા હોય છે અને જેમાં શબ્દોનાં શુદ્ધ રૂપ તથા તેનો વાક્યમાં પરસ્પર સંબંધ કેવી રીતે છે તે વિષે વિવેચન કર્યું હોય છે તે વ્યાકરણ કહેવાય છે. આ રીતે એ શાસ્ત્રમાં શબ્દોનું સ્પષ્ટીકરણ થાય છે. તેને શબ્દાનુશાસન પણ કહે છે; કેમકે, એમાં શબ્દોનું અનુશાસન એટલે ઉપદેશ કરાય છે, અસાધુ શબ્દથી જુદા પાડી સાધુ શબ્દ સિદ્ધ થાય છે. વ્યાકરણ ભાષાને નિયમમાં રાખે છે અને વિકાર પામતી અટકાવે છે. તે સાધુ શબ્દનું જ્ઞાન કરાવે છે અને અસાધુ અપભ્રષ્ટ શબ્દનો પ્રયોગ અટકાવે છે. એક પિતાએ પુત્રને કહ્યું કે, ભાઈ, બીજું શાસ્ત્ર ન ભણે તો ભલે, પરંતુ વ્યાકરણનો તો અભ્યાસ કર જ. તેનું જ્ઞાન નહિ થાય તો તું ગમે તેવાં અશુદ્ધ રૂપ વાપરીશઃ સ્વજન (પોતાનાં માણસ)ને બદલે શ્વજન (કૂતરા), સકલ (સઘળું)ને બદલે શકલ (ખાઉ કકડો) અને સકૃત્ (એક વાર)ને બદલે શકૃત (છાણ) કહીશ. આવું અનિષ્ટ પરિણામ ન આવે માટે તારે વ્યાકરણ તો ભણવું જ જોઈએ. અર્થાત્ શુદ્ધ ભાષાના રક્ષણને માટે વ્યાકરણનું અધ્યયન આવશ્યક છે. શિક્ષા (ઉચ્ચારશાસ્ત્ર), કલ્પ (ક્રિયાવિધિશાસ્ત્ર), વ્યાકરણ, નિરુક્ત (વ્યુત્પત્તિશાસ્ત્ર), છંદ અને જ્યોતિષ એને

વ્યાકૃત

વેદનાં છ પ્રધાન અંગ માન્યાં છે અને પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્રોને ઉપાંગ એટલે ગૌણ અંગ માન્યાં છે. છ પ્રધાન અંગોમા વ્યાકરણ એ પ્રધાનતમ અંગ છે એમ ભાષ્યકાર અને ઋષિ માને છે; કારણ કે, વ્યાકરણના સારા જ્ઞાન વિના બાકીનાં અંગનું જ્ઞાન અપૂર્ણ છે. દરેક પ્રજા પોતાના ધર્મપુસ્તક પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવે છે. વેદ હિંદુઓનું ધર્મપુસ્તક છે. વેદ એટલે મંત્ર અને બ્રાહ્મણ. ઉપનિષદોનો સમા જ સમાવેશ થાય છે. વેદના અંત ભાગમાં છે તેથી એ વેદાંત કહેવાય છે. જે સમયે ગદ્યપદ્યની કળાનું સંશોધન થયું નહોતું તે સમયે ઋષિકુળોમાં શિષ્યો ગુરુમુખે ઉચ્ચારેલા મંત્રોનું શ્રવણ કરી વેદનું અધ્યયન કરતા. આ કારણથી વેદને શ્રુતિ કહે છે. વ્યાકરણના અભ્યાસ વગર વેદના મંત્રોનો શુદ્ધ ઉચ્ચાર કે અર્થ સમજાય નહિ, વળી સ્વરમા ફેરફાર થાય તો અર્થનો અનર્થ થાય. એ વિષે આખ્યાયિકા એમ છે કે, એક સમયે ઋત્વે ઇંદ્રનો નાશ કરવા મંત્રપ્રયોગનો આરંભ કર્યો હતો. તેમાં ઇંદ્રશત્રુર્વર્ધસ્વ એટલે તું 'ઇંદ્રનો શત્રુ-છેદનાર થા' એવો અર્થ પ્રતિપાદન કરવાનો હતો; માટે ઇંદ્રશત્રુ શબ્દમાંનો છેલ્લો સ્વર ઉદાત્ત પાડવો જોઈએ; કેમકે, તત્પુરુષ સમાસ અંતોદાત્ત છે, અર્થાત એમાં છેલ્લો સ્વર ઉદાત્ત છે; પરંતુ ઋત્વિજે એ શબ્દનો પહેલો સ્વર ઉદાત્ત ઉચ્ચાર્યો. આથી સમાસ બહુવ્રીહિ થઈ ગયો અને એનો અર્થ 'ઇંદ્ર છે શત્રુ-કાપનાર જેના' એવો વિપરીત થયો. આ પ્રમાણે સ્વરના દોષથી યજમાન જે ફળ તેનો જ નાશ થયો. દુષ્ટ શબ્દનો પ્રયોગ ન થાય માટે વ્યાકરણ શીખવું જોઇએ. ભગવાન કાત્યાયને વ્યાકરણ શીખવાનાં મુખ્ય પ્રયોજન ચાર આપ્યાં છે: (૧) શુદ્ધ ભાષાનું રક્ષણ, (૨) સંક્ષેપે જ્ઞાન, (૩) શુદ્ધ રૂપનો તર્ક, (૪) તે વિષે અસંદેહ. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમા વ્યાકરણો છે, પણ ગુજરાતી ભાષામા વિ. સં. ૧૦૦૦ સુધી કોઈ વ્યાકરણ ગ્રંથ જણાયો નથી. વ્યાકરણનાં પાંચ અંગ છે: સૂત્ર, ગણપાઠસહિતવૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન.

નેપાળની અંદર મુખ્ય ગ્રંથોમાં જુદાજુદા ૯ વ્યાકરણને નામે આળખાતા નવ ગ્રંથો છે. તેનાં નામ: (૧) પ્રજ્ઞાપારમિતા, (૨) ગંડવ્યૂહ, (૩) દશભૂમીશ્વર, (૪) લંકાવતાર, (૫) સમાધિરાજ, (૬) તથાગતગુહ્યક, (૭) સદ્ધર્મપુંડરિક, (૮) લલિતવિસ્તર. પુરાતત્વ

વ્યાકરણ સાહિત્યની ઉપર છે = વ્યાકરણ શીખવાની જંજાળમાં માણસ સાહિત્યનો રસ સમજવાનું ચૂકી જાય છે.

૨. ન. જાબાલિકૃત એક ગ્રંથ.

કદાચિત્ વ્યાકરણાદિકે કૃતવા ઉપકાર કોણ કહી. પુરાતત્વ

૩ ન (વેદાંત) પ્રપંચનું વિધાન કરવામા સામર્થ્ય વડે અર્થનો નિશ્ચય તે.

૪ ન. (જૈન) પ્રશ્નોત્તર; ખુલાસો.

૫. ન. ચોદેર મહિનાની એ નામની એક કલા.

૬ ન. વિભાજન કરવું તે; પૃથક્કરણ.

વ્યાકરણકલા [સ.] સ્ત્રી. ચોદેર માહેની એ નામની એક કલા.

વ્યાકરણકૃણા જુઓ વ્યાકરણકલા

વ્યાકરણકાર [સ.] પું. વ્યાકરણ રચનાર; વૈયાકરણ. પાણિનિ મુનિએ વ્યાકરણકારોના આ પ્રમાણે નામ આપેલાં છે: તૈદીકિ, ઔદુમ્બરાયણ, કાસ્યપ, શાકપૂણિ, કૌત્સ, શાકટાયન, સૈનક, આપિશલિ, સ્ફોટાયન, ચાક્રવર્મણ, ગાલવ, ઔપમન્યવ, ઔકૂલવાજ, વાર્ષ્યાયણિ, ભારદ્વાજ, શાકલ્ય, કોપ્પટકી, રાતભલાક્ષ, કાત્યક્ય, ચર્મશિરસ, મૌદ્ગલ્ય, સ્ફોલાક્ષી, શાલાયણ અને ગાર્ગ્ય.

વ્યાકરણગત [સં.] વિ. વ્યાકરણમાં આવેલ; 'ગ્રામેટિકલ'.

પાણિનિનું વ્યાકરણ સમજવા માટે ગુજરાતના વિદ્વાનો પર નરેશની પસંદગીમા રહીને અષ્ટિકાવ્ય રચેલું છે. એટલે એ કાવ્ય ગુજરાતનું છે, પણ તેમા વ્યાકરણગત કરતાં વ્યાકરણનો ક્રમ નથી. પુરાતત્વ

વ્યાકરણતીર્થ પું. વ્યાકરણશાસ્ત્રમાં નિપુણ પુરુષ.

વ્યાકરણતીર્થ ભટ્ટેશ્વરદાસ તેમને સંસ્કૃતસમ્રાટ એવા નામ આપે છે. હરગોવિંદદાસ કાંટાવાળા

વ્યાકરણદોષ [સં.] પું. વ્યાકરણની ભૂલ.

વ્યાકરણપદ્ધતિ [સં.] સ્ત્રી. વ્યાકરણ દ્વારા ભાષાજ્ઞાન આપવાની પદ્ધતિ.

વ્યાકરણવિદ્યા ૧. [સ.] સ્ત્રી. અઢાર માહેની એક વિદ્યા.

૨. સ્ત્રી. પ્રાચિનીય શાસ્ત્ર

વ્યાકરણશાસ્ત્ર ૧. ન. ધર્મપુરુષાર્થમા કહેલા છ માહેનું એક શાસ્ત્ર.

૨ ન. શબ્દશાસ્ત્ર.

વ્યાકરણશાસ્ત્રી પું. વ્યાકરણશાસ્ત્રમાં પારંગત પુરુષ.

વ્યાકરણશાસ્ત્રીઓનો વ્યાકરણનો વિષય અર્વાચીન વ્યાકરણકાર, ક્રિયાવાચક, ષટ્ પ્રત્યયાક્ષ ઇત્યાદિ નામના પ્રકરણ છે વાપરતા. વ્યાકરણ

વ્યાકરણશુદ્ધ [સં.] વિ. વ્યાકરણની શુદ્ધતાવાળું; વ્યાકરણના દોષ વિનાનું

વ્યાકરણશુદ્ધિ [સં.] સ્ત્રી. વ્યાકરણ સંબંધી દોષ ન હોવાપણું.

કોઈ લેખો ધર્મ સંબંધે, સંસારસુધારા સબંધે કે રાજકીય હલચલ સબંધે દર્શાવેલા વિચારો આપણને અભિમત હોય તો પણ તેના લેખમા, શિષ્ટતા ન હોય, વ્યાકરણશુદ્ધિ ન હોય તો તે લેખ ઉત્તમ નથી, તે કૃતિ કાયમી પ્રતિષ્ઠાની નથી, એવો સ્વીકાર આપણે કરવો જોઈએ. રમણભાઈ નીલકંઠ

વ્યાકરણી ૧. [સં.] પું. વ્યાકરણશાસ્ત્રી

૨. વિ. વ્યાકરણ જાણનાર, કોઈ પણ ભાષાના નિયમો વગેરેના જાણકાર; ભાષાશાસ્ત્રી; ભાષાના શબ્દ, વાક્ય અને રચના વગેરેનો પ્રબંધ કરનાર તથા જાણનાર; વ્યાકરણ બનાવનાર.

વાલ્મિ વેમાણિ બહુ મનાઈ,
વ્યાકરણી વચને નવિપરઈ છે

કુમારપાળરાસ

વ્યાકાર ૧ [સ.] વિ. બહાર પ્રગટ થયેલું.

૨. વિ. સ્થૂલ સૃષ્ટિસ્વરૂપ પામેલું.

નામ રૂપે વ્યાકાર પામેલું, અનેક કર્મો અને અને ભોક્તાથી સયુક્ત

કમળાકાંત મ્રા. ત્રિપાઠી

વ્યાકુલ જુઓ વ્યાકુળ

વ્યાકુલતા જુઓ વ્યાકુળતા

વ્યાકુલિત જુઓ વ્યાકુળિત

વ્યાકુળ ૧ વિ ગભરાયેલ, મુખ્ય ચૌદ માહેનો એક ભોગ; ગભરાઈને ગાવું તે.

૨. [સં. વિ (વિરોધ) + આકુલ (ગભરાયેલું)] વિ ગભરાયેલું, ગભરુ; વિહ્વલ; આકુળ, મુશ્કેલીમા મુંઝાયેલા મનનું; અસ્થિર; અશાંત ચિત્તવાળું; અજિબૂત; બેબાકળું; ગાભરું; મુગ્ધ મનવાળું.

વ્યાકુળતા સ્ત્રી. વિહ્વલતા, મુશ્કેલીની ગભરામણ; મુંઝવણ; અકળામણ; ગભરાટ; બાકુળપણું.

વ્યાકુળિત વિ. ગભરાયેલું.

વ્યાકુળી વિ. સ્ત્રી. ગભરાયેલી

વ્યાકુળી રામાના વિષાદનું અહીં નિરૂપણ થાય છે. શીતળોવિદ

વ્યાકુળું જુઓ વ્યાકુળ ૨.

વ્યાકૃત ૧. વિ. પૃથક્કરણ કરી સમજાવેલું કે સ્પષ્ટ કરેલું

૨. વિ પ્રકાશિત; બતાવેલ

૩. ન ' વિ સ્પષ્ટ નામપત્રાણ

જગત ક્રમણા સૃષ્ટિ પછી દશાના વિષયભૂત નામ અને રૂપે કરી વ્યાકૃત એટલે સ્પષ્ટ થયું.

પંચદશી

વ્યાકૃતિ ૧. [સં.] સ્ત્રી. છૂટા પડવું તે.

૨. સ્ત્રી. જાહેર કરવું તે.

૩. સ્ત્રી. બદલાયેલો આકાર.

૪. સ્ત્રી. વ્યાકરણસંસ્કાર.

૫. સ્ત્રી. સ્પષ્ટ કરવું તે.

વ્યાકોપ [સં] પું. પ્રકોપ, ઘણરવ તે

વ્યાકોશ કોશલ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદની જાતનો છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, યગણ, જગણ, ત્રણ સગણ, જગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે

વ્યાક્ષિપ્ત [સં.] વિ. ગભરાયેલ; બદામુખ.

આજે, બહુ મોટી ચિંતા વ્યાક્ષિપ્ત થતા બરાબર ધ્યાનમાં ન રહ્યું પુરાતત્ત્વ

વ્યાક્ષિપ્ત સભા [સં] સ્ત્રી. ગંભરાયેલી સભા; ગૂંચવાયેલી સભા

વ્યાક્ષેપ સ] પુ વિલાપ, ટીલ, લજ્જા નો ભાર વરસના વિહારની સહચારિણી એ વ્યાક્ષેપે પડાવ છે. કેશવ હર્ષદ ધ્રુવ

વ્યાક્ષોભ । સ] પું ખળભળાટ, ઉદ્વેગ, સંક્ષોભ

વ્યાખ્યા ૧. [સં. વિ + આ + ખ્યા (કહેવું)] સ્ત્રી. અર્થની સમજ; વિષય સમજાવા બતાવીને કહેવું તે; પદાર્થનો અર્થ સમજવવાની વાક્યરચના; વિસ્તૃત કે સ્પષ્ટ અર્થ, ટીકા વિવરણ, સમજૂતી; લક્ષણ; બોલવું તે, કહેવું તે, શબ્દ, વાક્ય અને વિષયનો સ્પષ્ટ અર્થ સમજવાનું વિવેચન.

બ્રહ્મચર્યની વ્યાખ્યાને સ્થૂળ રૂપ જ આપીને, પ્રતિક્ષણ કરે મુસ્લો તેને ઘોષિત ના કર્યા ગાંધીગીતા

૨ સ્ત્રી. પારિભાષિક શબ્દના અર્થનું વિવેચન

૩. સ્ત્રી. વસ્તુનું પૂરતું અને આવશ્યક વર્ણન.

વ્યાખ્યાકાર [સં.] પું. ટીકાકાર

ખાસ ધ્યાન ખેંચવા જેવી બાબત તો એ છે કે, પાંચમાથી નવમા સૈકા સુધીમા થયેલા તત્ત્વાર્થસૂત્રના પ્રસિદ્ધ અને મહાન દિગંબરીય વ્યાખ્યાકારોએ પોતપોતાની વ્યાખ્યામા કયા યે પણ તત્ત્વાર્થસૂત્રને ઉમાસ્વાતિનુ રચેલુ સ્પષ્ટપણે કહ્યુ નથી અને એ ઉમાસ્વાતિને દિગંબરીય, શ્વેતાંબરીય કે તટસ્થ કોઈ જણાવ્યા જ નથી. પંડિત સુખલાલજી

વ્યાખ્યા ચૂલિકા સ્ત્રી. (જૈન) એક પ્રકારનુ કાલિક શ્રુતજ્ઞાન.

વ્યાખ્યાત ૧. [સં] વિ. કહેલું; બોલેલુ, વર્ણવેલું.

૨. વિ. વિવરણ કરેલ; ટીકા કરેલ.

વ્યાખ્યાતા ૧. [સં.] પું. ભાષણકાર, ભાષણ આપનારે; વ્યાખ્યાનકર્તા, વ્યાખ્યાન કરનાર

૨. પું. ભાષ્યકાર; ટીકાકાર.

૩. વિ. વિદ્વાન

૪ વિ. વિશેષે કરીને રહેનાર

વ્યાખ્યાત્રી સ] સ્ત્રી. વ્યાખ્યાન કરનારી સ્ત્રી

વ્યાખ્યાન ૧ [સં. વિ (વિશેષ) + આખ્યાન (કહેવું તે)] ન. કોઈ પણ વિષયને વધારે સ્પષ્ટ કરી બતાવવો તે; વ્યાખ્યા કરવી તે; વિસ્તારપૂર્વક વિવેચન કરવું તે; વર્ણન, ટીકા; સમજૂતી; એકાદ વિષયને વિગતવાર વિસ્તારથી પ્રતિપાદન કરવો તે; ભાષણ ઉદા. ગ્રંથમાંનાં પદો છૂટાં પાડી બતાવવાં, પદોનો અર્થ કહેવો, સમાસાંત પદોનો વિગ્રહ કરી બતાવવો, વાક્યમાંના શબ્દોનો અન્વય કરી બતાવવો અને અલંકારોનુ સમાધાન કરવું એવા રીત પદ્ય લક્ષણ. જેના હોય તે વ્યાખ્યાન કહેવાય.

જે અનંતકાળની અનાદિ વસ્તુસ્થિતિ છે, તેનો અધિકાર આપ્યે તનુ સ્વરૂપ જેનુ હોય તેવુ ખુલ્લું કરવું તે વ્યાખ્યાન છે.

ઉમાસ્વાતિ

૨. ન. (જૈન) ચોમાસુ

૩ ન. સ્પષ્ટીકરણ, સ્પષ્ટીકરણ.

વ્યાખ્યાનકર્તા [સં. વ્યાખ્યાન (ભાષણ) + કર્તા (કરનાર)] પું. ભાષણ આપનાર માણસ, વ્યાખ્યાતા; ભાષણ કરનાર પુરુષ; અમુક વિષય ઉપર વ્યાખ્યાન કરનાર માણસ

વ્યાખ્યાનકાર જુઓ વ્યાખ્યાનકર્તા.

વ્યાખ્યાનકેસરી પું. (જૈન) કેસરી સિંહની માફક ગર્જનાથી ઉપદેશ આપનાર માણસ

વ્યાખ્યાનગૃહ [સ] ન. ભાષણશાળા, સભાભવન; ભાષણ કરવાની જગ્યા, વ્યાખ્યાન આપવાનુ સ્થળ

વ્યાખ્યાન પદ્ધતિ [સ] સ્ત્રી શિક્ષણ શાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; ઉપદેશાત્મક પદ્ધતિ. ' લેક્ચર મેથડ'. આ પદ્ધતિમાં શિક્ષક વ્યાખ્યાન આપ્યા કરે અને વિદ્યાર્થીઓ સાભળી સાભળીને શીખે છે આ પદ્ધતિ પ્રાથમિક તથા માધ્યમિક શાળા માટે લાભ કરવા જેવી મનાય છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થી અક્રિય રહી સાંભળ્યા કરે છે. જૂની ઘરેડની આ પદ્ધતિ ચાલુ જમાનામા દરેક રીતે ત્યાજ્ય છે. પ્રસંગોપાત બીજી પદ્ધતિઓ સાથે મર્યાદિત ઉપયોગ, વગર નુકસાને થઈ શકે ખરો.

વ્યાખ્યાનપીઠ ૧. સ્ત્રી. ઉચ્ચાસન; ભાષણ કરનાર માટે ગોઠવેલ ઊંચું આસન, જે આસનેથી આખ્યાન આપવાનું હોય તે; વ્યાસપીઠ, વક્તાઓને બોલવા માટે બનાવેલી ઊંચી જગ્યા; ' પ્લેટફોર્મ '.

૨ સ્ત્રી. સભામંડપમાં પ્રમુખને બેસવાની જગ્યા

વ્યાખ્યાનભૂષણ [સં] પું. શાસ્ત્રીને અપાતી એ નામની એક ઉપાધિ.

વ્યાખ્યાનમંચ પુ. વ્યાખ્યાન કરવાને માટે ઊભો કરેલો માચડો; જેની ઉપરથી વ્યાખ્યાન કરવાનું હોય તે માચડો

વ્યાખ્યાનમંડપ [સં.] પું. વ્યાખ્યાન આપવાની જગ્યા.

વ્યાખ્યાનમંદિર [સ] ન. ભાષણ કરવાનુ સ્થાન; ' લેક્ચર હૉલ '

વ્યાખ્યાનમાર્તંડ [સં.] પું મહાન વક્તાને અપાતો એ નામનો એક બિરુદ.

વ્યાખ્યાનમાલા જુઓ વ્યાખ્યાનમાળા.

વ્યાખ્યાનમાળા સ્ત્રી. ભાષણની ઊંગણી; ઘણાં ભાષણો; ભાષણોની પરંપરા; ભાષણો રૂપી માલા; બે ભાષણોનો સમૂહ

ગયા વર્ષે પુરાતત્ત્વમંદિર તરફથી એક આઠદિવસ વ્યાખ્યાનમાળા આપવાની પણ યોજના કરી હતી અને તે અમલમાં મુકાઈ હતી

પુરાતત્ત્વ

વ્યાખ્યાનમુદ્રા [સં.] સ્ત્રી. યોગની એ નામની એક મુદ્રા. તેમાં પદ્માસન વાળ્યા પછી ઉપદેશકની જેમ જમણા હાથની તર્જની આંગળીને અડાડી રાખવામાં આવે છે

વ્યાખ્યાનવાચસ્પતિ ૧. પું. ઉપદેશ આપવામાં નિપુણ વક્તા; પ્રખર આખ્યાનશાસ્ત્રી.

વ્યાખ્યાનવાચસ્પતિ ૧ અર્થશાસ્ત્રીઓ કુંજસભામા ભળી આવે છે. કોમુદી

૨. [સં વ્યાખ્યાન (ઉપદેશ) + વાચસ્પતિ (બૃહસ્પતિ)] વિ. ઉપદેશ આપવામા દેવોના ગુરુ બૃહસ્પતિ સમાન.

વ્યાખ્યાનશાળા સ્ત્રી વ્યાખ્યાન કરવાનુ સ્થાન.

વ્યાખ્યાનશૈલી [સં] સ્ત્રી. વ્યાખ્યાન આપવાની પદ્ધતિ.

વ્યાખ્યાનશ્રેણી [સ.] સ્ત્રી. ઉપદેશમાળા; ચાલુ આખ્યાનો આપવાં તે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્ત સ્ત્રી (જૈન) ગણિપિટકના બારમાંનુ એક અંગસૂત્ર

આચાર, સૂત્રકૃતસ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતધર્મકથા, ઉપાસકદશાધ્યયન, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ એ બાર અંગો છે. તત્ત્વાર્થસૂત્ર

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિચૂલિકા સ્ત્રી. (જૈન) એક પ્રકારનું કાલિક શ્રુતજ્ઞાન.

વ્યાખ્યેય ૧. [સં.] વિ. જેની વ્યાખ્યા કહી શકાય તેવું; વિવરણ કરવા યોગ્ય; ટીકા કરવા લાયક; વિવેચન કરવા જેવું.

દર્શપૂર્ણમાસનું પ્રથમ વ્યાખ્યાન કહીશું જે વાક્યના વ્યાખ્યેય વિષય પ્રતિપાદન કર્યો છે. કેશવલાલ શાહ

૨. વિ. સમજાવવા યોગ્ય.

વ્યાઘાત ૧. [સં. વિ (વિશેષ) + આઘાત (ઠોકો)] પું. અંતરાય; અડચણ; વિઘ્ન; પ્રતિબંધ; હરકત, અડખાંટી

પણ કાળ સુધી સામાન્યતઃ સ્વીકૃત આ મત પ્રચલિત હતો, પણ પછી જ્યારે આઇંસ્ટીન નામે તત્ત્વચિંતક પેદા થયો ત્યારે તેણે તેના વ્યાઘાત સિદ્ધ કરી બતાવ્યો. સત્યની મીમાંસા

૨. પું. ઉપદ્રવ; અંતર; ફરક

૩. પું. (કાવ્ય) એક જાતનો અર્થાલંકાર; જ્યાં તથ્યકારી વસ્તુનું અન્યથાકારી રૂપવર્ણન કરવામાં આવે તે; એક જ કારણથી અથવા કારણથી વિરોધી અસરો થાય છે, એમ જેમાં બતાવ્યું હોય એવો અલંકાર જેમકે, જ્યાં જે વડે પ્રસન્ન થાય છે તે વડે જ કામદેવ તેને પ્રહાર કરે છે.

કોઈપણ કરીને જે વસ્તુ 'યથા' અર્થાત્ જે ઉપાયથી સિદ્ધ કરવામાં આવી હોય એ વસ્તુ અન્યથી 'તથૈવ' અર્થાત્ એ ઉપાયથી જ અન્યથા કરવામાં આવે એ વ્યાઘાત અલંકાર કહેવાય છે. કાવ્યરાજ

૪. પું. કેળાતરુની શિક્ષા.

૫. પું. પરસ્પર વિરુદ્ધ ધર્મોનો એક અધિકરણમાં સમુચ્ચય તે. જેમકે, દેવદત્ત કહે છે કે: 'મારા મુખમાં જીભ નથી'. આ દૃષ્ટાંતમાં જીભનો અભાવ અને બોલવાપણું એ બંને વિરુદ્ધ ધર્મો છે અને એક જ મુખરૂપી અધિકરણમાં તેનો સમુચ્ચય દેવદત્તે કર્યો, માટે એ વ્યાઘાત દોષ છે

૬. પું ભંગ

વ્યાઘાત કરવો = ભંગ કરવો; તોડવું; વિરુદ્ધ આચરવું.

૭. પું. (ન્યાય) મૂળ વાતથી વિરુદ્ધ સાબિત થાય તે; વિરોધભાવ; વિરુદ્ધોક્તિ; વિરોધ

વિરોધ અનેક રીતે બને. સર્વદેશવિધિ સામે એકદેશનિષેધ આવે અથવા સર્વદેશનિષેધ સામે એકદેશવિધિ આવે, તો તે પણ નાના નાના વિરોધ જ છે. આ વિશેષ પ્રકારને વ્યાઘાત કહે છે. ન્યાયશાસ્ત્ર

૮. પું. વિશેષ આઘાત; પ્રહાર; માર, ઠોક

૯. પું. (જ્યોતિષ) વિષ્કંભથી તેરમો જે નામનો એક અશુભ યોગ.

વસ્તુના નામમાં પૂર્ણા અને નંદા એ તિથિઓ જેવી સારી છે. પણ વૈધૃતિ, શૂળ, ગંડ, પરિઘ, વ્યાઘાત, વજ્ર એટલા યોગો જેવા સારા નથી રા.વ.પાઠક

વ્યાઘ્ર ૧ પું (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ; જ્યાં તે દોહરા નામક એક છંદ પ્રમાણે તેમાં ચાર ગુરુ અને ચાલીસ લઘુ મળી ચુમાલીસ વર્ણની અઠતાલીસ માત્રા હોય છે

૨. પું. એ નામનો એક તારો તેનું વૈજ્ઞાનીય નામ આલ્ફાકાનીસ મેજૉરી અથવા સિરિયસ છે વિખ્યાત મૃગમંડળ કે જેને હરણ કે હરણી કહે છે તેની પૂંઠે દોડતો તારો આપણ નામે ઓળખાય છે આ તારો આખા આકાશમાંનો સૌથી ચળકતો તારો છે. તેનું અંતર સાડા આઠ પ્રકાશ વર્ષ છે, પણ તેનો તેજાંક ૧૦ હોવાથી તે આટલો ચળકતો દેખાય છે. આ વ્યાઘ્ર તારો એકલ તારો નથી, એ એક યુગ્મ તારો છે. એની પાસે જ એક બીજો તારો છે. વ્યાઘ્રના એ આથી તારાનો તેજાંક ૦.૦૦૩ (સૂર્યના હિસાબે $\frac{1}{૩૩૩૩}$ મા ભાગનો) છે

૩. પું (પુરાણ) એ નામનો એક વંશ. તે ભાદ્રપદ માસમાં સૂર્યના સમાગમમાં રહે છે.

૪. [સં.] પું. કરંજવૃક્ષ

૫. પું. નખલો

૬. પું. લાલ એરંડો.

૭ પું. વાઘ; શેર; એક જાતનું માંસાહારી અને જંગલી ક્રૂર પ્રાણી.

દ્વીપ્ય હરિ કેસરી પુંડરીક હર્યક્ષ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પણ્યક્ષ.
ત્રિભુવનદીપક

૮. સ્ત્રી. (પુરાણ) વાઘ પ્રાણીઓની આખી જાતિ. એમની ઉત્પત્તિ ક્રોધાની પુત્રી શાર્દૂલાથી થઈ કહેવાય છે.

વ્યાઘ્રકૃત્તિ [સં.] સ્ત્રી. વ્યાઘ્રચર્મ

વ્યાઘ્રકેતુ ૧. પું. (પુરાણ) દુર્યોધનપક્ષનો એ નામનો એક રાજકુમાર. મહાભારતના યુદ્ધમાં તેને માલવકિએ માર્યો હતો.

૨. પું. (પુરાણ) પાંડવપક્ષનો એ નામનો એક રાજા. મહાભારતના યુદ્ધમાં કર્ણે તેને માર્યો હતો

વ્યાઘ્રજંઘિકા [સં.] સ્ત્રી. વાઘાટીનું ઝાડ.

વ્યાઘ્રચર્મ [સં.] ન. વાઘનું ચામડું

વ્યાઘ્રચર્માંબર [સં.] પું. શિવનાં કલ્પેલ માંહેનું એક નામ.

વ્યાઘ્રદત્ત ૧ પું (પુરાણ) દ્રોણાચાર્યે મારેલો પાંડવપક્ષનો એક પાંચાળ.

૨. પું. (પુરાણ) માગધપાત્ર એક ક્ષત્રિય એને સાત્યકિએ માર્યો હતો

વ્યાઘ્રદલ [સં.] પું. એરંડાનું ઝાડ

વ્યાઘ્રનખ ૧. પું. યોનનું ઝાડ.

૨. સં. પું. નખલો નામે એક સુગંધી દ્રવ્ય.

૩. પું વાઘનો નખ

વ્યાઘ્રનખી [સં.] સ્ત્રી, નખલા નામની વનસ્પતિ.

વ્યાઘ્રનાયક [સં.] પું. સિંયાળ.

વ્યાઘ્રપદ પું. (પુરાણ) વહ્નિથી ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ

વ્યાઘ્રપશુ [સં.] ન. વાઘ, વરુ વગેરે પ્રાણી.

વ્યાઘ્રપાદ ૧ [સં.] પું એ નામની એક વનૌષધિ; રાની

૨ પું. વસિષ્ઠકુલોત્પન્ન એ નામનો એક ઋષિ. એને ઉપમન્યુ અને ધૌમ્ય નામના બે દીકરા હતા

૩. પું. વિષ્ણુ.

વ્યાઘ્રપાદલતા [સં.] સ્ત્રી. એક જાતની વેલ. આ વેલ ત્રિદળ હોય છે. પારદબંધન માટે તે ઉપયોગી ગણાય છે

વ્યાઘ્રપાદવાસિષ્ઠ પું. ઋગ્વેદના નવમા મંડલના ૬૭ મા સૂક્તની ૧૬ થી ૧૮ ઋચાનો કર્તા એક ઋષિ

વ્યાઘ્રપુચ્છ ૧. [સં.] પું એરંડાનું ઝાડ; દિવેલો

૨. પું. વાઘનું પૂછડું

વ્યાઘ્રપુરુષ [સં.] પું. ઊત્તમ પુરુષ; સવિશેષ પુરુષ

વ્યાઘ્રમલ્લ પું. આઠ માંહેની એક જાતનો મલ્લ. તે પચાસ વર્ષ સુધી યુદ્ધ કરી શકે છે. જે વાઘની પેઠે શક્તિ રાખી ચપળતાથી સામાવાળાને વશ કરી શકે, જેની કમર પાતળી, છાતી પહોળી અને પેટ નાનું હોય તે વ્યાઘ્રમલ્લ કહેવાય છે.

વ્યાઘ્રમુખ [સં.] ન. એ નામનું દાંત કાઢવાનું એક હથિયાર.

વ્યાઘ્રલોચન [સં.] પું. શિવનાં કલ્પેલ માંહેનું એક નામ

વ્યાઘ્રાહ [સં.] પું. એક જાતનું ગીધડું માનવું પક્ષી; ભારદ્વાજ.

વ્યાઘ્રાહની [સં.] સ્ત્રી નસોતર.

વ્યામાપત્ય [સં] ન. (જ્યોતિષ) રેવતી નક્ષત્રનું ગોત્ર

વ્યામાસન [સં] ન. પગની સ્થિતિ સિદ્ધાસનની પેઠે રાખી, બંને હાથના પંજા બંને ઢીંચણની બહાર ભૂમિ ઉપર ખોડી, શરીર નમાવી, મોઢું ફાડી, જિહ્વાને અરપી બહાર કાઢી આંખો સારી રીતે ઉઘાડી રાખી સ્થિર થવાય તેવું આસન.

વ્યામારય [સં] વું. બિલાડો.

વ્યામારયા [સં] સ્ત્રી. બિલાડી.

વ્યામાંબર [સં] ન. વાઘનું ચામડું

વ્યામાંબરધર ૧. [સં.] વું. શિવ; શંકર.
૨. વિ. વાઘનું ચામડું ધારણ કરનાર

વ્યામાંબરધારી જુઓ વ્યાઘ્રાંબરધર.

વ્યામ્રિ [સં] સ્ત્રી. જાંબરીગણી નામની વનસ્પતિ.
આ વિષમ જૉંબરીગણી એક એવી થાય છે કે, તેના પાંદડાં, ફળ વગેરે કાળા રંગના હોય છે અને તેને સંસ્કૃતમાં વ્યામ્રિ કહે છે. ધન્વંતરીયનિઘંટુ

વ્યામ્રિણી [સં.] સ્ત્રી. એક પ્રકારની વંધ્યા જે સ્ત્રીને મોટી ઉંમરે માત્ર એક જ પ્રસવ થાય, પછી બીજી પ્રસવ થતી નથી તેને વ્યામ્રિણી વંધ્યા કહે છે.

વ્યામી ૧. [સં.] સ્ત્રી. બેંગી જૉંબરીગણી.

૨. સ્ત્રી. મૃગીવિદ્યાની વિરોધિની એ નામની એક વિદ્યા

૩. સ્ત્રી. વાઘણ

વ્યાજ ૧. ન. અમુક મુદત માટે અમુક નાણાં વાપરવા બદલ મૂળ રકમ ઉપરાંત આપવો પડતો વધારો; લીધેલા પૈસાનું ભાડું; ધીરેલા નાણાં ઉપર મુદતના પ્રમાણમાં લેવામાં આવતો બદલો; કરજે આપેલ પૈસાના ઉપયોગ બદલ મળતી રકમ; મૂડી વપરાશના બદલામાં મૂળ રકમ ઉપરાંત જે વધારો લેવામા આવે છે તે. મૂડી એ બચતનું પરિણામ છે અને બચત કરકસર અને સંયમથી થઈ શકે છે. માણસ પોતાની આવકનો તાત્કાલિક ઉપયોગ ન કરતાં ભવિષ્ય ઉપર તેનો ઉપયોગ મુલતવી રાખે અને તાત્કાલિક અર્થ ઉપર કાબૂ રાખી ખર્ચને મર્યાદિત કરે, તો તે ભવિષ્યને માટે બચાવી શકે છે તે કરકસર એટલે કે સંયમના બદલામા તેને વ્યાજ મળે છે એમ કહેવાય છે. જે દરથી બેંક અગર શરાફ, અમુક મુદત પછી પાકનાર હૂંડી કે વેપારી બિલ જેવાં કાગળિયાં ઉપર વ્યાજની કસર કાપીને અગાઉથી નાણાં આપે છે તેને વટાનો દર કહે છે. બૅંક માગે તારે નાણાં પાછાં આપવાની શરતે જે નાણાં ધીરવામાં આવે છે તેના વ્યાજના દરને હાજર દર કહે છે. બજારમાં સામાન્ય રીતે જે વ્યાજનો દર ચાલતો હોય તેને અનુસરીને વ્યાજ ન લેતાં હદ ઉપરાંત વ્યાજ લેવામાં આવે તેને વ્યાજખોરી કહેવાય છે. સાદુ અને ચક્રવૃદ્ધિ એમ મુખ્ય બે જાતનું વ્યાજ ગણાય છે. મુદલ રકમનું ઠરાવેલ દરે કહેલી મુદત સુધીનું વ્યાજ તે સાદુ વ્યાજ અને વ્યાજનું વ્યાજ એટલે દર વરસનું અગાઉ ઠરાવેલી મુદતનું વ્યાજ તે ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાય ◇

૧. ઠાપ્યું વ્યાજ = વટાવવાળું વ્યાજ.

૨. ચક્રવૃદ્ધિ વ્યાજ = વ્યાજનું વ્યાજ

૩ વારીસારિયું વ્યાજ = રોજ દહાડે વધતું વ્યાજનું વ્યાજ.

૪. વ્યાજ કાઢવું = વ્યાજનો હિસાબ કે ગણતરી કરવી.

૫ વ્યાજ ઠાપવું = વ્યાજ બાદ કરવું

૬ વ્યાજ ખાતુ-ખેતુ = વ્યાજની ગણતરી કરવી

૭. વ્યાજ ભરવું = વ્યાજ આપવું.

૮. વ્યાજનું વ્યાજ = સંતાનનું સંતાન

૯ વ્યાજને ઘોડા પગ ન પહોંચે = વ્યાજમાં રાજ પણ ફૂલી જાય છે

૨. ન. કમાઈ; કપટ, ઉસ્તરિપીડી; દગો; કમાઈરૂપ ફળીયાનો અસલ અવલાર.

૩. [સં] ન. અન્નનું મિષ્ટ; ઘોંસ.
દેશનિકાલ કર્યા હજાર, પણ હરી શકુ સમાજ;
એ અક્ષય સેવે ચરણ, સ્વામિધર્મ ને વ્યાજ
કાન્યરાગ્રેમ

૪. ન. યુક્તિ, તદબીર.

૫. વિ કપટી.
વ્યાજ જિસ કૈસ કુટિલ કથી પર ભગી નામ,
અબક કપટી કાનને ભલો કહત હૂં આમ
વિનયવિલાસપ્રકોષ

૬. અ. (જૂ. મ.) માટે.
સખણા અણઈ વીર ચોવીસઈ,
પૂજ્યા વ્યાજ વહી જઈ. માનતુંગદેવપ્રબંધ

વ્યાજખાઉ વિ. રૂપિયા વ્યાજે ફેરવનાર; મોટે વ્યાજે નાણાની ધીરધાર કરનાર; વ્યાજ ઉપર કમાઈ કરનાર; આકરું વ્યાજ લેનાર; વ્યાજ ખાવાની વૃત્તિવાળું; વ્યાજ ખાનાર

વ્યાજખાતું ન. વ્યાજના જે પૈસા આવે તે જેમાં જમા થાય અને જે વ્યાજ દેવું પડે તો તે રકમ જેમાં ઉધાર બાજુ લખાય તેવું ખાતાવહીમાંનું ખાતું

વ્યાજખાઉ જુઓ વ્યાજખાધ.

વ્યાજખાધ સ્ત્રી. નાણા નકામા પડી રહેવાથી કે મુદત પહેલા પરત થવાથી આવતી વ્યાજની ખોટ; વ્યાજનું નુકસાન અમુક મુદત પછી નાણાની અમુક રકમ લેણી થતી હોય પણ તે મુદત પૂરી થાય ત્યાં સુધી રાહ ન જોતા તુરત જ લઈ લેવી હોય તો નાણાં વેચનારે તે રકમ પૂરેપૂરી ન આપવી, પણ જેટલો વખત મુદતથી વહેલી લેવામાં આવે તેટલા વખતના વ્યાજની ખોટની ગણતરી કરી, નાણા વેચનાર થોડા પૈસા વાળી લઈને બાકીની રકમ આપે આવી રીતે વાળી લીધેલી રકમને વ્યાજખાધ કહે છે. એ વ્યાજખાધ કાપીને જે રકમ તત્કાળ આપે છે તેને તત્કાળ ધન કહે છે

વ્યાજખોર જુઓ વ્યાજખાઉ

વ્યાજખોરી સ્ત્રી. વ્યાજ લેવાની વૃત્તિ; સામાન્ય રીતે જે વ્યાજનો દર ચાલતો હોય તેને અનુસરીને વ્યાજ ન લેતાં હદ ઉપરાંત વ્યાજ લેવું તે.

વ્યાજખોરું જુઓ વ્યાજખોર.

વ્યાજગણિત [સં] ન. ગણિતનો એક ભાગ.

વ્યાજડાં (વ્યાજડાં) ન. બ. વ વ્યાજ

વ્યાજદર પુ દર સેકડે અથવા દર રૂપિયે મુકરર વખતનું ઠરેલું વ્યાજ. દર સેકડે દર વરસે ૬ રૂ. વધુ હોય તો તેને સેકડે અમુક દર એમ ટૂંકામા કહે છે. સો રૂપિયે એક મહિને અમુક આના, અથવ. એક રૂપિયે એક મહિને અમુક કોકડા કે પૈસા ઠરાવેલા હોય તો તેને હૂંડામાં અમુક આનાની તેરીયે, અમુક કોકડા કે પૈસાની તેરીયે એમ કહે છે. જેમકે, આઠ આનાની તેરીયે કહ્યું હોય તો ૧૦૦) રૂ નું દર માસે આઠ આના વ્યાજ સમજવું

વ્યાજબારી સ્ત્રી. શેરના ઋણ માંહેનો એ નામનો એક પ્રકાર વ્યાજબારી શેર ઉપર અગાઉથી, નક્કી કર્યા પ્રમાણે જ વ્યાજ મળે છે. કોઈ વર્ષે વ્યાજ ન અપાયું હોય તો કંપની જ્યારે આપી શકે ત્યારે જેમું કરીને આપે છે.

વ્યાજનિંદા ૧. [સં] સ્ત્રી (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર; બીજા બહાના હેઠળ નિંદા કરવી તે; એકની નિંદા દ્વારા બીજાની નિંદા કરાય તે. જેમકે, અરે કાગડા, તારો કાંઈ અપરાધ નથી, તું સુખે ભોગવ્યા કર. જેણ સુધા સ્વભાવની કોયલ સાથે આમ્ર વૃક્ષમાં તારો નિવાસ નિર્માણ કીધો તે વિધાતા વિશેષ નિંદ્ય છે

૨. સ્ત્રી. કપટ ભરેલી નિંદા

વ્યાજમુદ્દલ ન. મુદલ અને તેનું વ્યાજ મળીને થતી રકમ; રાસ; વ્યાજ અને મુદ્દલનો જોગો આંકડો.

વ્યાજવટંતર ૧. ન. વ્યાજ વગેરે આકારવિકારનાં બીજું સાધન; વ્યાજે નાણાં ધીરવાનો ધંધો. ૦ વ્યાજવટંતરનો ધંધો ૦ નાણા વ્યાજ ફેરવવાનો ધંધો

૨ ન. વ્યાજવટાવ; વ્યાજ અને વટાવ વગેરેની કિંમત

વ્યાજવાંતર ન. વ્યાજ અને વટાવ વગેરે મળી એવો ધંધો.

> બેરખે બાપાર જેની ને રહેવું વ્યાજવાંતરે,
> દ્વિજ સેવાદિની દ્રનિ શૂદ્રોએ રહેવું સેનાને.
> શિક્ષાપત્રી

વ્યાજવાદું ન. વ્યાજ અને વટાવ મળી એવો ધંધો; વ્યાજ અને વટાવનો ધંધો. વ્યાજવટું પણ પરંપૂર્વથી ચાલ્યું આવે છે. મધ્યકાલમા વ્યાજનો દર ઊંચો તો જબર રહેતો. ૧૮થી ૨૪ ટકા સુધી ૧૮મી અને ૧૯મી સદીમાં કામ થતું અને તેનાં દૃષ્ટાંતો દેખાય છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ૧૫ થી ૬૦ ટકા વ્યાજ કાયદેસર ગણાયું છે અને ૨૪૦ ટકા વ્યાજનો ઉલ્લેખ પણ આ પુસ્તકમા જ છે

વ્યાજવઢો પું. વ્યાજે પૈસા લેવા દેવા તે.

વ્યાજવરો ૧. પું. વ્યાજની રકમમાંથી ગુજરાન ચલાવવું તે

૨. પું. વ્યાજમાંથી જ ગુજરાન ચલાવનાર માણસ.

વ્યાજવહી સ્ત્રી. વ્યાજ કાઢવાનો ચોપડો; ખાતાવહી ઉપરથી બાજુ ખાતાં ઉતારી તેમા વ્યાજ ગણવાનો ચોપડો; સાહુકારની રીત પ્રમાણે વ્યાજ કાઢવાની ચોપડી.

વ્યાજવેરો પું. વ્યાજની રકમમાંથી જ ગુજરાન ચલાવનાર માણસ.

વ્યાજવૈરી પું નિમિત્તરૂપે થયેલો શત્રુ

> સંકલ્પ કરી મેં શું ન કીધુ,
> વ્યાજવૈરી ! વાર્યું છે. નપુંસકાખ્યાન

વ્યાજવોરું ન. વ્યાજનો ધંધો, ધીરધારનો ધંધો; કાકરવટ.

વ્યાજસ્તુતિ ૧ [સં.] સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક શબ્દાલંકાર; દેખીતી સ્તુતિ મારફતે નિંદા કરવી અથવા દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી તે, જ્યાં નિંદા દ્વારા સ્તુતિ અથવા સ્તુતિ દ્વારા નિંદા હોય છે તેવો અલંકાર. વ્યાજસ્તુતિમાં કાંતો બહારથી સ્તુતિના શબ્દો વાપર્યા હોય અને અંદરથી નિંદાનો અર્થ નીકળતો હોય અથવા એથી ઊલટું, બહારથી નિંદા દેખાતી હોય અને અંદરથી સ્તુતિનો અર્થ નીકળતો હોય.

> વ્યાજથી (નિંદા દ્વારા) સ્તુતિ ને વ્યાજરૂપ [ખરી) સ્તુતિ અર્થાત્ સ્તુતિ દ્વારા નિંદા એમ બે અર્થમાં વ્યાજસ્તુતિ શબ્દનો અર્થ કરવો.
> બૃહદ્ વ્યાકરણ

૨. સ્ત્રી. કપટ ભરેલી સ્તુતિ.

૩. સ્ત્રી. ખોટી વાહવાહ; મશ્કરી

વ્યાજી [સં.] પું. પ્રાચીન કાળમાં બાજુ ઉપર લેવાતા દસ માંહેનો એ નામનો એક કર.

વ્યાજીઉ વિ વ્યાજવાળું

> રાત દિવસ વહાણ એ વ્યાજીઉ દેવું એવું ને
> તેવું ખેડૂતને ખાતે બાકી જ રહે છે.
> લક્ષ્મીદાસ પુરુષોત્તમ

વ્યાજુ ૧. ન. વ્યાજનો ધંધો

૨. વિ. વ્યાજ ઉપજાવે તેવું; વ્યાજે ફેરવી શકાય તેવું.

૩. વિ. વ્યાજ વિનાનું; બજર બાજુ

૪. વિ વ્યાજ સબંધી; વ્યાજે ધીરેલું અથવા લીધેલું.

વ્યાજુકું જુઓ વ્યાજુ ૨-૪

વ્યાજુખત જુઓ વ્યાજુચિઠ્ઠી.

વ્યાજુચિઠ્ઠી સ્ત્રી વ્યાજ લેવાની શરતે ધીરેલી રકમનું લખાણ; વાયદાચિઠ્ઠી, વચનપત્ર; ' પ્રોમિસરી નોટ '.

વ્યાજુવડી સ્ત્રી એક પ્રકારનો ચોપડો; વ્યાજવહી

વ્યાજોક્તિ ૧. [સં. વ્યાજ (ખોટું) + ઉક્તિ] સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અલંકાર; પ્રગટ થયેલ વસ્તુના રૂપનું જાણી છુપાવવું તે.

૨ સ્ત્રી જાણ કપટથી કહેવું તે.

૩. સ્ત્રી. વક્રોક્તિ; ઊલટી વાણી, મશ્કરી બોલી, મશ્કરાટ, અન્યોક્તિ, નિંદાસ્તુતિ; અવળાં વચન, ઉપરોધ, વ્યાજસ્તુતિ

વ્યાડ (વ્યાડ) ૧. [સં.] પું. ઉંદર

૨. પું. માંસભક્ષક વાઘ વગેરે પશુ.

૩ પું. સર્પ

૪. ન. ઠગારો; ઠગ; છેતરનાર.

વ્યાડમુખ (વ્યાડમુખ) [સં.] ન. એ નામની એક વનૌષધિ; નખલો.

વ્યાડિ (વ્યાડિ) [સં.] પું. એ નામનો એક મુનિ. તેણે સમાહ નામે એક વ્યાકરણનો ગ્રંથ રચ્યો છે

વ્યાત્તમુખ વિ. ઉઘાડા મુખવાળું

વ્યાદિશ પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

વ્યાધ ૧ પું. આકાશમાં દેખાતો એક પ્રકાશિત તારો; હસ્તિની નક્ષત્રને છેડે દક્ષિણ તરફ દેખાતો કરોડો તારાઓમાં સૌથી વધારામાં વધારે તેજસ્વી જણાતો તારો તે મુખ્યક તરીકે પણ ઓળખાય છે. તે પહેલા વર્ગનો તારો છે. આખા આકાશનો સૌથી વધુ તેજસ્વી સહેજ જુદારા પડતો બાધનો તારો છે. તે તારા ઉપરથી તેજને આપણે ત્યાં આવતાં ૮૧ વર્ષ લાગે છે. તે તારો એક સેકંડના ૨૦ માઈલની ઝડપથી અવકાશમાં ધસ્યો જાય છે. બાધનો તારો બહુ ચળકતો હોય છે. મહીને બાદ કરીએ તો બીજો કોઈ પણ તારો તેના જેટલો તેજસ્વી નથી તેજમાં તેનાથી બીજે નંબરે અગસ્ત્ય આવે છે

૨. પું. દુષ્ટ માણસ

૩. પું. નક્ષત્ર રૂપે મૃગશીર્ષની પાસે રહેતો એક શિકારી રાક્ષસ.

૪. [સં. व्यध् (ભોકવું)] પું પારધિ, શિકારી; હિંસા કરનાર

૫. પું. રોગ; ઉપાધિ; શરીરની પીડા; વેદના; આધિ; મરજ.

વ્યાધગીત [સં] પું મૃગ; હરણ.

વ્યાધગીતી [સં.] સ્ત્રી. મૃગલી; હરણી.

વ્યાધિવિનાશક વિ. બાધિ મટાડનાર.

> સર્વ જાતોનો વિધિ અને સર્વ શાંસારિક વ્યાધિવિનાશક રોગ જેવી રીતે ઈશ્વરની સ્તુતિ પ્રાર્થના આવે છે. આયુર્વેદનો ઇતિહાસ

વ્યાધિ ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક ઉપયોગ.

૨. પું. શબ્દશાસ્ત્ર પ્રમાણે આસક્તિનો એક પ્રકાર. આસક્તિના ઉન્માદ, બાધિ અને પ્રલાપ એમ ત્રણ પ્રકાર છે.

૩. પું. કાળે કરેલ નાયક કે નાયિકાની એક અવસ્થા

૪. [સં. વિ (વધારે) + આ.ધિ] પું.;સ્ત્રી અસ્વસ્થતા; અસુખ; અદવાડ; આજર; રોગ; માંદગી, મરજ.

૫. પું.; સ્ત્રી. દુઃખ; પીડા.

૬. પું ; સ્ત્રી. શરીરની ધાતુ તથા રસમાં બગાડ થવો તે, શારીરિક બગાડ; વિકૃતિ. કુપિત ધાતુ, ભય, કામ, ક્લેશ, વિરહ, અભિલાષ આદિક વિકારથી મનને તાપકારી જે જ્વરાદિક વિકાર શરીરે ઉપજે છે તેને બાધિ કહે છે

વ્યાધિક [સં.] વિ રોગી

વ્યાધિકર [સં.] વિ બનારોગ્ય; રોગ ઉપજાવે તેવું.

વ્યાધિકારણ ૧. ન. રોગનું કારણ દર્શાવનાર શાસ્ત્ર.

૨. [સં.] ન. (વૈદક) આધિનું કારણ તેના બે પ્રકાર છે. અંતર્ભૂત કારણ અને બાહ્યભૂત કારણ. અંતર્ભૂત કારણોમાં વમ, શરીરની તંદુરસ્તી, પ્રકૃતિ, વ ગ્સો વગેરે અને બાહ્યભૂત કારણોમા દેશ, હવા, પાણી, ગરમી, ઠંડી, જમીન, અન્નવાળુ ભત્યાદિ હોય છે.

વ્યાધિકૃત [સં.] વિ નિદાન વિદ્યાને લગતું.

વ્યાધિગ્રસ્ત વિ. [સં.] આધિમાં સપડાયેલું; રોગી; માંદું; બીમાર; મરીજ.

વ્યાધિગ્રસ્તપણું ન. આફતમાં આવી જવું તે; દુ:ખથી ઘેરાવું તે.

વ્યાધિત જુઓ વ્યાધિગ્રસ્ત

વ્યાધિતા [સં.] વિ. સ્ત્રી. આધિમાં સપડાયેલી; રોગી.

વ્યાધિનિર્ણય [સં] પું નિદાન; દરદના ચિહ્ન અને પ્રતિહાસ ઉપરથી કયુ દર્દ છે તે નક્કી કરવું તે.

વ્યાધિપરીક્ષા [સં.] સ્ત્રી (વૈદક) દરદનો નિર્ણય કરવા માટે દરદીની ચોક્કસ નિયમાનુસાર કરવામાં આવતી તપાસ; ચિકિત્સા.

વ્યાધિભીતિ [સં.] સ્ત્રી. દરદ થશે એવો ભય રાખવો તે.

વ્યાધિરહિત [સં.] વિ. સ્વસ્થ; તંદુરસ્ત; નીરોગી.

વ્યાધિવર્ણન [સં.] ન. દુ:ખ કે ઉપાધિનું વર્ણન.

વ્યાધિવિદ્યા [સં.] સ્ત્રી. દુ:ખ કે ઉપાધિ સબંધી જ્ઞાન; નિદાનવિદ્યા; રોગોત્પત્તિશાસ્ત્ર

વ્યાધિશમન [સં] ન. દરદ શાંત પડવું તે

વ્યાધિસંચારી [સં.] પું (કાવ્ય) સંચારી ભાવના તેત્રીસ માંહેનો એક ભેદ. શરીરમાં રોગાદિના સંચારને વ્યાધિસંચારી કહે છે.

વ્યાધિસ્વામી [સં.] પું.પ્રભદેવ.

> રહે વ્યાધિ મહાન કીધો રે,
> વ્યાધિસ્વામીએ ઘોત કીધો રે.
>
> પ્રેમાનંદ

વ્યાધિહર [સં.] વિ. રોગ મટાડે તેવું, આરામ આપે તેવું; રોગનાશક; રોગહર

વ્યાધી ૧. [સં વ્યાધ] પું. શિકારી; પારધી.

> સત્ય બને દેહ કું વ્યાધ,
> અસ્ત્ર બને વ્યાધીનું આપ. પ્રેમાનંદ

૨. સ્ત્રી એ નામની એક વનૌષધિ; અ.

વ્યાન ૧. પું. અગ્નિહોત્રનો ૐ નામનો એક મંત્ર. જેમકે, વ્યાનાય સ્વાહા.

૨ પું. પુરાણ અનુસાર બ્રહ્માના ત્રીસ માહેનો અગિયારમો દિવસ.

૩. [સં.] પું. શરીરમાંના પાંચ માહેનો ત્રીજો વાયુ; પચ માહેનો એક પ્રત્યુ. શરીરમાંના પાચ વાયુ આ પ્રમાણે છે: પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન. સોહીને ગતિ આપવાનું વ્યાનનું કાર્ય છે. તે આખા શરીરમાં વ્યાપેલ છે આ વાયુ અન્નના સારભૂત રસને શરીરના સર્વ ભાગોમા ગતિ આપ્યા કરે છે. પસીના તથા રુધિરનો સ્રાવ કરે છે અને હાથપગ વગેરે અવયવોને પ્રસારણ, આકુચન, નમન, ઉન્નમન તથા તિર્યગ્નમન એ પાંચ પ્રકારની ચેષ્ટાઓ આપે છે. આ વાયુ જો કુપિત થાય તો બધુ કરીને સખળા દેહમાં વ્યાપ્ત થનારા અતિસાર તથા રક્તપિત્ત વગેરે રોગોને ઉત્પન્ન કરે છે. વ્યાનવાયુ ત્વચામાં સર્વ સ્થળે રહેલો છે. તેનો રંગ ઇંદ્રધનુષ જેવો છે અને તે સકોચ અને વિસ્તારના ક્રમથી કુંભકના અભ્યાસથી જીતી શકાય છે. તેનો દેવતા પવન છે. વેદાંત અને તેનો દેવતા આકાશ છે

૪. પું સાપ.

૫. ન. ચોવીસ માંહેનું એક તત્ત્વ

વ્યાનમુદ્રા [સં.] સ્ત્રી અંગુષ્ઠ, અનામિકા તથા મધ્યમા ભેગી કરવાથી થતી મુદ્રા; પંચાક્ષર મુક્તાવલિ

વ્યાપ [સં.] પું. ફેલાવો; વિસ્તાર; વ્યાપ્તિ; પસારો.

વ્યાપક ૧. પું. આત્માના ચાર માહેનો એક ધર્મ; આત્મધર્મ.

૨. પું. એક જાતનો વ્યાપક છંદ; ઉદ્ગતા

૩ ન. ઉત્તમપદ, સાબિત કરવાની બાબત; સાધ્યપદ

૪ ન. (વેદાંત) જે અધિક દેશવર્તી હોય તે. પૃથ્વીત્વ જાતિ કરતાં દ્રવ્યત્વ જાતિ અધિક દેશમાં રહે છે માટે દ્રવ્યત્વ જાતિ વ્યાપક છે અને પૃથ્વીત્વ જાતિ વ્યાપ્ય છે.

૫. ન. (સંગીત) તાલના મુખ્ય ૭ માહેનુ ત્રીજુ અંગ; ચતુરસ્ર; ચાર માત્રાનું અંગ.

૬. વિ. હાંકનાર; આજ્ઞાદક.

૭ વિ વિશાળ

૮. [સં. વિ (વધારે) + આપ્ (મેળવવું)] વિ સર્વ ઠેકાણે વ્યાપી રહેનાર; જેની હાજરી દરેક ઠેકાણે હોય તેવું; બહોળા ફેલાવાવાળું; જેનો પ્રસાર સર્વત્ર હોય તેવું; વિસ્તૃત; સાર્વભૌતિક; સાર્વદેશિક

> ઈસ સત્યરૂપી વિષ્ણે વ્યાપક જડ ચેતને
> ન સ ઘટપટે તેનો જોયી સર્વ સમાન છે
>
> અખીમીતા

૯ વિ સામાન્ય

વ્યાપકતા ૧ [સ] સ્ત્રી. પ્રસાર; ફેલાવો; વિસ્તૃતિ, વિશાળતા

૨ સ્ત્રી. સર્વ ઠેકાણે વ્યાપી રહેવાપણું

૩. સ્ત્રી સામાન્યતા

વ્યાપકત્વ ૧. ન (વેદાંત) દેશ, કાળ વગેરેથી અંત ન હોવાપણું.

૨ ન પરિમેયતા

૩ ન. વિભુત્વ

૪. ન. વ્યાપકપણું; વિદ્યાગતા

૫ ન (વેદાંત) સર્વની સાથે સબંધ હોવાપણું.

વ્યાપકધર્મકથન [સ.] ન અનુગમ; બાધિમદ્વત્વ, સામાન્યીકરણ

વ્યાપકપણું જુઓ વ્યાપકતા.

વ્યાપકપક્ષ ૧. [સં.] ન. (સંક્ષિપ્ત) દ્વિપદ સિદ્ધાંતની રીતે કોઈ પણ દ્વિપદીના કોઈ પણ બાતનો વિકાસ કરતાં જે પદો આવે તેમાનું દરકોઈ પદ; ' જનરલ ટર્મ '

૨. ન. પૂર્વપક્ષ પ્રતિજ્ઞા.

વ્યાપકસામાન્યીકરણ [સં.] ન. સામાન્યીકરણ; સામા-ન્યીકરણ; વ્યાપ્તિમદ્વત્વ.

વ્યાપક સત્યાગ્રહ [સં.] પું. સર્વદેશીય સત્યાગ્રહ; વિશાળક્ષેત્રીય સત્યાગ્રહ

વ્યાપકાંજલિક [સં.] સ્ત્રી. એ નામની ગાયત્રીની ચોવીસ માહેની એક મુદ્રા.

વ્યાપન [સ.] ન. વિસ્તરણ; પ્રસાર; ફેલાવો.

વ્યાપનશીલ [સં.] વિ. બધે ફેલાઈ જવાના ગુણવાળુ

વ્યાપન્ન ૧. [સ.] વિ. નાશ પામેલુ.

૨. વિ. ભ્રષ્ટ થયેલુ.

૩. વિ મરેલુ; મૂએલું.

૪ વિ. વિપત્તિવાળુ

૫. વિ. વ્યાપ્ત થયેલુ.

વ્યાપન્નદર્શન [સં] પું (જૈન) ધર્મભ્રષ્ટ. સમ્યક્ત્વ શ્રદ્ધા પામીને પાછો તેનો લાભ કરેલો હોય તેવા મનુષ્યને જૈન શાસ્ત્રમાં વ્યાપન્નદર્શન કહે છે

વ્યાપવું ૧. અ.ક્રિ; સ.ક્રિ કોઈ ચીજની અંદર ફેલાવું.

૨. [સં વિ (વધારે) + આપ્ (મેળવવું)] અ ક્રિ ; સ ક્રિ. ફેલાવું; સર્વત્ર હોવુ; પ્રસરવું

રહેવું; પ્રસરવું; સર્વત્ર અંદર અને બહાર પેસીને રહેવું; અંદર પેસીને ઠેઠ સુધી રહેવું

ઉ૦ અવ્યક્ત રૂપથી મુજથી,
સકલ આ વિશ્વ વ્યાપી રહ્યું,
મ૦ રામા સર્વમાં રહે ભૂત,
નથી તેમા રહ્યા તોય તું ગીતા૨ત્ન.મૂત

વ્યાપાદ ૧. પું. કોઈ નું અરાજ ચિંતવવું તે પર દ્વેષ; દ્રોહ ચિંતન.

૨ પું. (જૈન) બુદ્ધિનાં પાંચ માઠેનુ એક જ્ઞ.૫રણ

૩. [સ.] પું હિંસા કરવી તે. કતલ કરવી તે.

વ્યાપાદન ૧. [સ] ન. કોઈનું અરાજ ચિંતવવું તે.

૨. ન મારવું તે; હણવું તે.

વ્યાપાદવિતર્ક [સ] પું (જૈન) ચિન્તન. ત્રણ માઠેનો એક પ્રકાર; દ્વેષચિંતન:

ા પ્રમ.સું કામચિંતા એટલે વિષયચિંતા. વ્યાપાદવિતર્ક એટલે દ્વેષચિંતા. વિહિંસાવિતર્ક એટલે બીજા અવર. પ્રાણને ત્રાસ આપવાના ચિંતન, આ ત્રણ ચિંતનોનો એક ભાગ કર્યો છે. પૂર.તાર૫

વ્યાપાદ સંકલ્પ [સ.] પું (બૌદ્ધ) ત્રણ. મઠેનો બે નામનો એક મિથ્યાસંકલ્પ. કોઈને હાનિ કરવાનો સંકલ્પ

વ્યાપાર ૧. [સં.] પું. ઇંદ્રિયો દ્વારા થતાનો પ્રવૃત્તિક્ષોભ; માનસિક ગડમથલ; માનસિક વ્ય.ાર

૨. પું. કામકાજ; કર્તવ્ય; ઉદ્યોગ; ધંધો.

૩. પું. (વેદાંત) કારણ બને જે જન્ય હોય તથા, તે કારણ બને જન્ય કાર્યનો જે જનક હોય તે. જેમ પ્રકારના ઘાટનું જ્ઞાન હંમ ૫ કારણ બને જન્ય હોય છે તથા ઘ.૨૫૬.રણજન્ય ઘટરૂપ કાર્યનુ જનક હોય છે, આ ઘટરૂપ કાર્યની ઉત્પત્તિ વિષે જે જ્ઞાન તે દંડનો વ્યાપાર કહેવાય છે.

૪ પું પ્રેરણા કે પદાર્થની ક્રિયા કે પ્રવૃત્તિ.

૫. પું. વ્યવહાર; વહેવાર; સંસાર વ્યવહારના ઉપયોગમા આવતા પદાર્થોને મેળવવા સાટવાની ક્રિયા.

૬ પું. વ્યાપાર; રોજગાર; વ્યવસાય; વાણિજ્ય; વેપાર; કરવિક્રય; વેપારવણજ; ધંધો.

વ્યાપાર અનુરૂપ [સ] વિ. વેપારને લગતું; વેપારને મદદ આપે તેવુ.

વ્યાપારખિલાડી પું માલ ખરીદીને વેપાર પોતાના હાથમા રાખનાર વેપારી

વ્યાપારખેલ પું વેપારી; વેપાર ખેડનાર; વેપાર કરનાર.

વ્યાપારગૃહ [સ.] ન. વેપારીઓને સોદા સટ્ટા કરવાનુ સ્થળ

વ્યાપારગોષ્ઠી [સં.] સ્ત્રી. મજૂર વર્ગનુ મંડેલન. તે મજૂર વર્ગના હક્ક માટે છે

વ્યાપાર ચિહ્ન [સ] ન માર્ક; 'ટ્રેડ માર્ક'

વ્યાપારનિયમ [સં] પુ. કાયદાકાનન નિયમ

વ્યાપારનીતિ [સં.] સ્ત્રી. અર્થશાસ્ત્ર, વણિજવિદ્યા

વ્યાપારપદ્ધો પું. વ્યાપાર કરવાની અમુક વરસ માટેની પરવાનગી

વ્યાપારપદ્ધતિ [સં.] સ્ત્રી વેપારની રીત.

વ્યાપારબંધી સ્ત્રી. વ્યાપાર બંધ કરવો તે.

વ્યાપારમંડળી ન. વેપારીઓની સમિતિ; વ્યવસાય સમિતિ

વ્યાપારયુગ્મ [સં] પું વેપારી જમાનો

વ્યાપારવણજ પુ. વેપાર રોજગાર

વ્યાપારવાયુ [સ.] પું. વ્યાપારને અનુકૂળ હોય તેવો પવન; વ્યાપારોત્તેજક વાયુ; વ્યાપારાનુકૂલ વાયુ; 'ટ્રેડવિંડ'. આ પવન સમુદ્રમાં વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ બને તરફ ત્રીસ ત્રીસ અંશના અંતર સુધી હમેશાં ફૂંકાયા કરે છે. તે વહાણવટીને ક્રમનો થઈ પડે છે.

ઠેઠથી ઠેઠ સુધી એક જ દિશા તરફ વાયા તે સમુદ્ર માર્ગે ચાલતા વ્યાપારને અનુકૂલ હોય છે માટે તેને વ્યાપારવાયુ અથવા વ્યાપારોત્તેજકવાયુ કહે છે. પારિ કોષ

વ્યાપારવિપત્ર [સં.] ન. વેપારી હુંડી.

વ્યાપાર વિભાગ [સં.] પું. વેપારી મંડળી.

વ્યાપારવૃત્તિ [સં.] સ્ત્રી. વેપારી વૃત્તિ.

અંગ્રેજ પ્રજામા વ્યાપારવૃત્તિ પ્રધાનપદ ભોગવે છે. ત્રિવેદી

વ્યાપારશાસ્ત્ર [સં] ન. વ્યાપારને લગતું શાસ્ત્ર

વ્યાપાર સમતા [સં.] સ્ત્રી. જેટલી આવાત હોય તેટલી જ નિકાસ હોય તેવી સ્થિતિ.

વ્યાપારસંગ્રંથ પું. વેપાર વહેવાર

વ્યાપારિક [સં] વિ. વેપારને લગતું.

વ્યાપારી ૧. [સં.] પું. વેપારી; ધંધાદારી મહાજન

૨. વિ. વેપારને લગતું.

વ્યાપારી કાફલો પું. વેપાર માટેનો વેપારીઓના વહાણનો સમૂહ.

વ્યાપારી મંડળ ન. એક જ ધંધાના વેપારીઓએ રચાયેલ મંડળ.

વ્યાપારીવૃત્તિ સ્ત્રી. વેપારી વૃત્તિ. ત્રિવેદી લખે છે કે: પ્રેમ પોતાનું કાર્યને ત્રાજવામાં મૂલ્યા ન જ કે જેમને છે તે પ્રેમ નથી, તે તો વ્યાપારી વૃત્તિ છે

વ્યાપારીહડ્યા જુઓ વ્યાપારવ.ધુ

વ્યાપારોત્તેજક વાયુ જુઓ વ્યાપા.રવાયુ

વ્યાપિન [સ.] વિ સર્વ વ્યાપક

ભાગી ગયા વિષ્ણુપાલ જરા.સંધ,
અતિ વ્યાપિત પીડ શરીર. દયારામ

વ્યાપિની [સ] સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માઠેની એક શક્તિ

વ્યાપી ૧. પું. દ્રવ્ય જગતમાં સર્વ પદ.ર્થોમાં બાહ્યાભ્યંતર વ્યાપી રહેનાર વિષ્ણુ

૨. [સ] વિ વ્યાપક, ફેલાયેલું. પ્રાય: સમાસને અંતે વપરાય છે. જેમકે, સર્વવ્યાપી

વ્યાપૃત ૧. [સ.] પું. કારભારી.

૨. પું. પ્રધાન; મંત્રી

૩ વિ. ક્રમે લાગલું; મશગૂલ થયેલ; પરોવાયેલ; રોકાયલું, મમ

વ્યાપૃતિ [સ.] સ્ત્રી. વ્યાપૃત હોવું તે.

વ્યાપ્ત ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પ્રસરવાપણાથી સર્વ કાર્યોને વ્યાપ્ત કરે છે તેથી વિષ્ણુ વ્યાપ્ત કહેવાય છે.

૨. પું (ન્યાય) વ્યાપિત્વ.ળો પદાર્થ. જેમકે, આગનો ધુમાડો.

૩. વિ. પૂર્ણ

૪. વિ પ્રખ્યાત

૫. વિ. સર્વત્ર ફેલા.યેલું, ચારે તરફ પ્રસરી રહેલું, જે ભરેલ હોય તે; વ્યાપેલું; વિસ્તીર્ણ.

ઈશથી વ્યાપ્ત આ સર્વે જે કાંઈ જડ ચેતન,
નિષ્કામ ભાવથી ભોગ લે છે વજન વેતનું.
ઈશોપનિષદ

વ્યાપ્તિમાન [સં. વ્યાપ્તમત્] વિ વ્યાપક; વ્યાપ્ત; ફેલાયેલ.

વ્યાપ્તિ ૧ [સં.] સ્ત્રી (ન્યાય) અનુમાનનું એ નામનું એક અંગ; નિત્ય સાહચર્ય; વસ્તુના જેવો આકાર ધારણ કરીને વસ્તુ સામે જોડાવું તે. સામાન્ય રીતે હેતુ જ્યાં હોય ત્યાં કાર્ય હોય અને હેતુ ન હોય ત્યા કાર્ય પણ ન હોય એવા સાહચર્ય નિયમને વ્યાપ્તિ કહે છે. વ્યાપ્તિ બે પ્રકારની છે. (૧) અન્વયવ્યાપ્તિ અને (૨) વ્યતિરેક વ્યાપ્તિ.

અનુમાનનું સૌથી વધારે ઉપયોગી અંગ વ્યાપ્તિ છે આપણા પ્રમાણવેત્તા ગ્રીકોએ અનુમાનનાં બે અંગ ગણેલા છે: વ્યાપ્તિ અને પક્ષધર્મતા.
પ્રમાણમીમાંસા પ્રસ્તાવિકા

૨. સ્ત્રી એ નામે એક અલંકાર
વિરુદ્ધ પદાર્થમાં પણ વ્યાપ્તિ એ **વ્યામિ** અલંકાર કાવ્યશ્રેષ્ઠ ૩
૩ સ્ત્રી એ નામે એક ઔષધ
૪ સ્ત્રી જાતિનિર્દેશ: સામાન્ય વિધાનવાચક.
૫. સ્ત્રી પ્રસર; ફેલાવ
૬ સ્ત્રી મેળવવું તે
૭. સ્ત્રી. વ્યાપવું તે; ફેલાવું તે
૮ સ્ત્રી (વેદાંત) સાધ્ય અને સાધન એ બંનેનું અવ્યભિચરિત સમાનાધિકરણ. જેમકે, ધૂમ સાધન અને અગ્નિ સાધ્ય છે. તેમાં ધૂમ સાધન કોઈ પણ પ્રસંગે પણ સાધ્ય એવા અગ્નિને છોડીને સ્વતંત્ર રહેતું નથી. એ જ ધૂમમાં અગ્નિની વ્યાપ્તિ છે અને અગ્નિ તો ધૂમને છોડીને તપેલા પ્રદેશના ગોળામાં પણ રહે છે; માટે અગ્નિમાં 'ધૂમની વ્યાપ્તિ નથી' અર્થાત્ સાધનમાં સાધ્યની વ્યાપ્તિ નિયત છે.
૯. સ્ત્રી સાધ્ય સાધનનો સહચર્યનો નિયમ

વ્યામિખંડ [સં.] પું. (ન્યાય) શાસ્ત્રોનો એ નામે એક વિભાગ
એ એક નિર્દેશ જ એ રીતે અદ્ભુત કરે અને સિદ્ધ થાય તે રીતે જણાવનારો શાસ્ત્રનો જે વિભાગ છે તેને **વ્યામિખંડ** કહે છે
વ્યાયશાસ્ત્ર

વ્યામિગ્રહ [સં] પું. વ્યાપ્તિ ગ્રહણ કે નિશ્ચિત કરવી તે; વ્યામિગ્રહણ; અનુમાન પરીક્ષા
વ્યામિગ્રહનો જે વ્યાપાર તે એક એક વાત પછી ઉપર ઉપર જતા સર્વદેશી નિર્દેશ પર્યાલોચના રૂપ છે. અંબિકાદત્ત નભુભાઈ

વ્યામિગ્રહણ જુઓ વ્યામિગ્રહ.

વ્યામિજ્ઞાન [સં] ન (વેદાંત) અનુમાન પ્રમાણ; વ્યક્તિ થકી સામાન્યનો નિર્દેશ કરવો તે. જેમકે, જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે, એવા પ્રકારનું રસોડા વગેરે ઠેકાણે વારંવાર જેનું દર્શન થાય છે, તે સહચરના દર્શનથી ધૂમ એ અગ્નિનો વ્યાપ્ય છે એવા પ્રકારનું વ્યામિજ્ઞાન થાય છે

વ્યામિજ્ઞાનહેતુ [સં] પું (વેદાંત) અવિચાર જ્ઞાનરૂપ પ્રતિબંધકના અભાવવાળું સહચારજ્ઞાન.

વ્યામિતત્ત્વ [સં] ન. (વેદાંત) વ્યામિનો વિષય
વિચારના નિયમોની પેઠે **વ્યામિતત્ત્વને** પણ તેને પોતાની અંતર્ગત સિદ્ધતાના બળ ઉપરથી જ સ્વાભાવિક જ્ઞાનના એક અંગ રૂપે સ્વીકારવું પડે છે. વિજ્ઞાનપ્રવેશિકા

વ્યામિદોષ [સં.] પુ ન્યાયની વ્યામિ અંગેનો દોષ

વ્યામિનિબંધનશાસ્ત્ર [સં] ન. ઘટાડવાના દાખલા લઈ અમુક નિયમ બાંધવાનું શાસ્ત્ર
વ્યામિનિબંધનશાસ્ત્રો એક એક વ્યક્તિ વ્યક્તિને અવલોકી વ્યામિ ઉપર આવવાનો યત્ન કરે છે, ત્યારે પરામર્શનિબંધનશાસ્ત્રો ગ્રામ કરેલી વ્યામિને એક એક વ્યક્તિને, એક એક પ્રસંગને લાગુ પડવા યત્ન કરે છે. અંબિકાદત્ત નભુભાઈ

વ્યામિ નિર્ણય [સં] પું. સામાન્યીકરણ

વ્યામિનિર્દેશ [સં] પું. (ન્યાય) અમુક વાત ઉપરથી કરેલ સામાન્ય અનુમાન; સામાન્યાધિગમ

વ્યામિન્યાય [સં.] પું. ન્યાયનો એ નામે એક પ્રકાર
ન્યાયના બે પ્રકાર છે- **વ્યામિન્યાય** અને અનુમાન. પાદિ. કોશ

વ્યામિપ્રામિ [સં.] સ્ત્રી વ્યામિ મેળવવી તે; વિગમન
સાધ્યના સામાન્ય વ્યાપની **વ્યામિપ્રામિ** થી પણ વિશેષ છે અને ઉદાહરણ તરીકે તે રૂપ કરવું અને તેવા ઉદાહરણોનું કેવું સાધન કરી શકાય વ્યામિ ગ્રહણની બે વિધિની ઉત્તરોત્તરાલોનું પ્રકરણ અને પાશ્ચાત્ય તર્કશાસ્ત્રના આધુનિક શાસ્ત્ર કરતા અનેકગણા વિશેષ વિસ્તારવાળું અને સુપ્રતિષ્ઠિત છે
ન્યાયસંગ્રહ

વ્યામિમય [સં] વિ વ્યામિવાળું

વ્યામિવાક્ય [સં.] ન. (ન્યાય) પૂર્વપક્ષ; ગુરુપક્ષ; સાધ્યાવયવ.
વ્યામિવાક્યને અંગ્રેજીમાં મેજોર પ્રેમિસ, હેતુવાક્યને માઇનોર પ્રેમિસ અને નિગમનવાક્યને કન્ક્લૂઝન કહે છે. કમળાશંકર ત્રિવેદી

વ્યામિવાદ [સં.] પું અનુમાનિક તર્ક
આપણો **વ્યામિવાદ** તે તેમનું દૃષ્ટકરણ અને ઉદાહરણ અથવા વ્યામિને મૂળ દૃષ્ટિ ગણ અવયવને પ્રમાણોત્પાદન કરીએ તો તે પાશ્ચાત્યોના ડિડક્શનને બહુ આવશે. ગુ. સા. પરિષદ

વ્યામિવિચાર ૧. [સં] પું. ન્યાયનાં છયાં છયાં સત્યો ઉપરથી સામાન્ય સત્યો કાઢવાં તે, અમુક આમ વાત ઉપરથી સાધારણ વાતનો ખ્યાલ; આગમ; અનાગમ.
૨. પું. સાધન અને સાધ્યનો સાહચર્ય નિયમ; 'ઇન્ડક્શન'.
પોતાના જ્ઞાનના પૂર્વાપરત્વને બાદ્ધે વસ્તુસ્થિતિના પૃથક્કરણને રચવાથી જ એકત્રિત્વેલ **વ્યામિવિચાર**, પૃથક્કરણપદ્ધતિ અને અન્વય સાધનો ખિલા છે. અંબિકાદત્ત નભુભાઈ

વ્યામિવ્યાપાર [સં.] પું. વ્યામિનું ગ્રહણ કરવું તે; વ્યામિ ગ્રહણનો વ્યાપાર; અનુગમ; આગમન; વિગમન; ઉપપાદન.

વ્યામિસાધન [સં.] ન. અનુમાન પરીક્ષા; પ્રસ્તુતપરીક્ષા; વિશેષ વાત ઉપરથી સામાન્ય વાતનું અનુમાન

વ્યાપ્ય ૧. ન (ન્યાય) કાર્ય કારણ પરત્વે જેનો પ્રદેશ નાનો હોય તે. જેમકે, ધૂમ અગ્નિ કરતાં, અલ્પ દેશમાં રહે છે તેથી. તે વ્યાપ્ય કહેવાય છે
૨. ન. કુલ ઔષધિ
૩ ન પ્રથમ પક્ષ; પક્ષ પદ
૪ ન. દરકોઈ સાધન, અનુમાનનું સાધનલિંગ.
૫ [સ.] વિ અલ્પવ્યાપક, ઓછા
૬ વિ આપેલ, ફેલાયેલ

વ્યાપ્ય જાતિ [સ] સ્ત્રી (વેદાંત) થોડા પ્રદેશમાં રહેનારી જાતિ અથવા વ્યાપક ન હોય તે બધી. જેમકે, પૃથ્વીત્વ એ દ્રવ્યત્વની અપેક્ષાએ અલ્પવ્યાપ્તિ હોવાથી દ્રવ્યત્વની વ્યાપ્ય છે; પણ તે સાથે ઘટત્વની વ્યાપક પણ નથી. પરંતુ પૃથ્વીત્વ જાતિ તો પૃથ્વીત્વની વ્યાપ્ય [illegible] કોઈની નથી માટે તે કેવળ [illegible]

વ્યાપ્યત્વાસિદ્ધ [સ પુ (ન્યાય) [illegible] પ્રકારનો હેત્વાભાસ [illegible] હેતુ સાધ્ય સાધવામાં કોઈની અપેક્ષા રાખતો હોય એટલે તે હેતુ ઉપાધિવાળો હોય ત્યારે એવો હેત્વાભાસ; જ્યાં, આ પર્વત ધૂમાડાવાળો છે, અગ્નિવાળો [illegible] હોવાથી, રસોડાની પેઠે. આ અનુમાનમાં અગ્નિવાળો હેતુ લાલા બળતણના સંયોગરૂપ ઉપાધિવાળો હોવાથી વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય છે; લીલા બળતણનો જે સંયોગ સાધ્ય છે તે જ વહ્નિમત્ત્વ હેતુમાં ઉપાધિ છે

વ્યાપ્ય પક્ષ [સં] ન. ઉત્તર પક્ષ.

વ્યાપ્યપૂર્વાવયવ [સ.] પું. ઉત્તર પક્ષ.

વ્યાપ્યવૃત્તિ [સં.] સ્ત્રી (વેદાંત) પોતાના આશ્રયભૂત દ્રવ્યના સર્વ દેશમાં વ્યાપ્ત થઈને રહે તે વૃત્તિ જેમ નીલ, પીત, વગેરે રૂપ પોતાના આશ્રયભૂત પટાદિક દ્રવ્યના સર્વ દેશમાં વ્યાપ્ત થઈને રહે છે, માટે તે નીલપીતાદિક રૂપ વ્યાપ્યવૃત્તિ કહેવાય છે

વ્યાપ્યવૃત્તિગુણ [સ] પું. (વેદાંત) પોતાના આશ્રયરૂપ દ્રવ્યના સર્વ દેશમાં રહે તે ગુણ. જેમકે, સ્પર્શ ગુણ વાયુ દ્રવ્યનો આશ્રિત છે, માટે જ્યાં વાયુ હોય ત્યાં તે રહેલો જોવામાં આવે છે

વ્યાપ્ય વ્યાપક જાતિ [સં] સ્ત્રી (વેદાંત) એક જ અધિકરણમાં રહેલી જે જાતિ કોઈની વ્યાપ્ય હોય અને બીજા કોઈની વ્યાપક હોય

વ્યાલૂ

તે જેમકે, દ્રવ્યત્વ જાતિ સત્તા જાતિની વ્યાપ્ય છે અને પૃથ્વીત્વ જાતિની આપક છે, માટે દ્રવ્યત્વ જાતિ વ્યાપ્ય વ્યાપક કહેવાય છે

વ્યામ ૧. પુ. દોરડા માપવા માટે વપરાતુ લંબાઈનુ એક માપ

૮૪ અંગુલ = ૧ વ્યામ

૨. પુ ન્યગ્રોધ

૩. [સ.] પું અને બાજુ પહોળા કરેલા બે હાથની વચ્ચેનુ માપ; વાંભ.

વ્યામમણિ પું. શનિનું નંગ. તે શ્યામ, આસમાની, વાદળી વગેરે રંગનો હોય છે. ગ્રહશાંતિને અર્થે તે જ પહેરવામાં આવે છે. સિલોન, હિમાલય અને પતિયાળામાંથી તે નીકળે છે

વ્યામૂઢ ૧. વિ. અજ્ઞાની

૨. વિ. ભોટ; પામલ.

૩. [સં.] વિ મૂઢ થયેલ; મોહિત થયેલ.

વ્યામોત્તર [સં.] ન. સક્રમણ; સંક્રાંતિ.

વ્યામોહ ૧ [સં.] પું અજ્ઞાન; મૂર્ખપણું, જડતા

૨. પું. આશ્ચર્ય; નવાઈ.

૩. પું. મોહ; ભ્રાંતિ.

૪ પું. બ્યગ્રતા; ક્ષોભ; અસ્વસ્થપણું.

વ્યાયત ૧. [સં.] વિ. અતિશય; અત્યંત.

૨. વિ. ઊંડુ

૩. વિ. ક્રોધમાં આવેલ.

૪. વિ. લાંબુ.

૫ વિ. મજબૂત

૬. વિ. લાંબું

વ્યાયામ ૧. પું. ઉદ્યોગ; પુરુષાર્થ.

૨. પું એ નામનું લંબાઈનું એક માપ; વાંભ.

૩ [સં.] પું કસરત; અવયવોને મહેનતથી કસવા તે; શરીરનાં અંગ ઉપાંગને શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર મહેનત આપવાની ક્રિયા.

વ્યાયામ એટલે શારીરિક કેળવણીને માનસિકના જેટલુ જ સ્થાન વિદ્યાભ્યાસમા હોવું જોઈએ.

ગાંધીજી

૪ પું. થાક

૫. પું. પ્રયત્ન

૬ પું. મરદાઈ.

૭ પું. મલ્લ લોકોની કુસ્તી

૮. પુ. મુશ્કેલી

૯ પુ. વેપાર; ધધો

વ્યાયામગૃહ [સં.] ન. અખાડો; કસરત કરવાનું સ્થળ

વ્યાયામજ્ઞાનકોશ [સં] પું. વ્યાયામને લગતા સપૂર્ણ જ્ઞાનનો સગ્રહ

વ્યાયામપત્રક [સ.] પું. કસરતનુ સમય પત્રક

વ્યાયામપ્રચાર [સં.] પું શારીરિક કસરતનો પ્રચાર; વ્યાયામનો ફેલાવો કરવો તે.

વ્યાયામમંદિર ૧. [સં.] ન. અખાડો; કસરતશાળા; વ્યાયામગૃહ.

૨. ન. વ્યાયામ શીખવની સસ્થા

વ્યાયામવર્ગ [સં.] પું જેમા વ્યાયામ સબંધી જ્ઞાન આપવાનાં આવતું હોય તે વર્ગ.

વ્યાયામવિદ્યા [સં.] સ્ત્રી. અંગકસરતની વિદ્યા.

વ્યાયામવિશારદ [સં.] વિ. કસરત કુશળ; અંગકસરતમાં પ્રવીણ

વ્યાયામવીર જુઓ વ્યાયામવિશારદ

વ્યાયામશાલા જુઓ વ્યાયામમંદિર

વ્યાયામશાસ્ત્ર [સં.] ન. અંગકસરત વિદ્યા

વ્યાયામશાળા જુઓ વ્યાયામમંદિર.

વ્યાયામશિક્ષક [સં.] પુ. વ્યાયામ શીખવનાર શિક્ષક; કસરતશિક્ષક

વ્યાયામશીલ ૧. [સં] વિ ઉદ્યોગી; પરિશ્રમ કરનાર

૨. વિ. નિયમિત કસરત કરનાર

વ્યાયામસ્થાન જુઓ વ્યાયામમંદિર.

વ્યાયામિક [સં] વિ. અંગકસરતને લગતું.

વ્યાયોગ [સં.] પું. દશ રૂપકના સત્તાવીસ ભેદોનો એક ભેદ, એક પ્રકારનું એકાંકી નાટક; નાટકના રૂપકનો એક પ્રકાર

વ્યાયોગવતી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, નગણ અને સગણ એમ ત્યાર અક્ષર હોય છે.

વિયોગવતી કર જ જ ન સ ઘી.

રણછોડ

વ્યાલ ૧ પું. (પિંગળ) એ નામે એક અર્ધસમ માત્રામેળ છંદ તે દોહરા છંદનો એક ભેદ છે. તેને વ્યાલ છંદ પણ કહે છે. તેમાં ૪ ગુરુ અને ૪૦ લઘુ મળી ૪૪ અક્ષરની ૪૮ માત્રા હોય છે.

૨ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિજોરશાલીન. તે વર્ણદંડક કહેવાય છે. તેમા બે નગણ અને દશ રગણ મળી છત્રીસ અક્ષર હોય છે.

ન ન ર ર દશ રા જ્યો વ્યાલ વિજોરશાલીનના, પાદમાં મૂકો છત્રિશે અક્ષરો જાણીને પુરિતથી.

રણછોડ

૩. પું. ચિત્તો

૪. પું. ચિત્રક વૃક્ષ

૫. પું. જગલી હાથી; વારણદળી હસ્તી; કાબૂમાં ન રહે તેવો મોટો હાથી.

૬. પું દુષ્ટ; લુચ્ચો માણસ

૭. પું. રાજા.

૮. પુ. વાઘ

૯. પું. વિષ્ણુના હજાર મોહેનું એક નામ. સર્પની જેમ ગ્રહણ કરવામા અશક્ય હોવાથી વિષ્ણુ વ્યાલ કહેવાય છે

૧૦. [સં.] પું. સાપ; નાગ; અહિ.

વ્યાલ કુટનર વ્યાલ ગજ દિગ્ગજ અંત પણ વ્યાલ, વ્યાલ સર્પ શિર ચઢી અને નાખ્યા નટવર લાલ હસ્તી હતી દ્વિરદ દ્વિપ પછી વારણ વ્યાલ, કુંજર ઇતિ કુળો કરી રેતજેરમ શુંડાલ.

પિંગળપુરોષ

૧૧. પું. હિંસક પશુ

૧૨ વિ. ધાતકી

૧૩ વિ. દુષ્ટ

૧૪ વિ. ધુતારું.

૧૫. વિ. લુચ્ચુ

વ્યાલક [સં] પું. દુષ્ટ હાથી.

વ્યાલગ્રંથિ [સં.] પું. નખલા નામની વનસ્પતિ. વાઘના અંગ આખાનો ભાર નખ ઝીલે છે, માટે તે વાઘનું અંગ કહેવાય છે અને તે વજરનો વાઘ જેવો કહેવાય છે. તેથી નખલા વ્યાલગ્રંથી ઓળખાય છે.

વ્યાલજાંતર [સં.] ન હિંસક પશુની વસ્તીવાળું જંગલ

તે વખતે જંબૂદ્વીપમાં પાંચ જાતનાં જંગલ હતાં: ગોરક્ષાંતર, વ્યાલજાંતર, નિરુદકભાવ, આમલુખભાવર અને અલ્પજલસ્થાંતર.

અલકાપ્રસંગલ

વ્યાલજંઘા [સં.] સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ. રાસ્નાના કંદમાંથી સર્પ જેવા જ બે છે. તે સર્પને બહુ જ પ્રિય છે. તે કંદ ઝેરને ઉતારે છે, માટે તેને વ્યાલજંઘા કહે છે

વ્યાલગ્રાહ [સં] પું. સર્પ પકડનાર માણસ.

વ્યાલગ્રાહી જુઓ વ્યાલગ્રાહ.

વ્યાલધીરા [સં.] પું. શેષનાગ.

વ્યાલરૂપ [સં.] પુ. શિવનાં હજાર મોહેનું એક નામ.

વ્યાલી ૧. [સં.] પુ સર્પ.

૨ પું. શિવ.

૩. પું હાથી.

૪ સ્ત્રી. નાગણ

૫. સ્ત્રી. વાઘણ

વ્યાલૂ [હિં] પું. વાળુ; રાત્રિભોજન.

વ્યાવચ્છેદવિદ્યા [સં] સ્ત્રી. શરીરરચનાવિદ્યા; શરીરછેદનવિદ્યા, ' સર્જરી '

વ્યાવર [સ.] પું. પ્રસવ.
મૂળ ન આવ્યું ત્યાંસુધી જ
વ્યાવર વાળો વિરામ. આનંદ-વ્યામહોદધિ

વ્યાવર્તક [સં] વિ. અટકાવ કરનારું; જુદું પાડનારું; વિભેદક.

વ્યાવર્તન ૧. ન. પૃથક્કરણ.
૨. [સં.] ન. ફરવું હોવું તે.

વ્યાવર્ત્ય [સં.] વિ. નિરાસ કરવા યોગ્ય.

વ્યાવસાયિક ૧. વિ. ઔદ્યોગિક.
૨. વિ. વેપાર સંબંધી.

વ્યાવસાયિક સંઘ [સં] પું. વેપાર અર્થે રચવામાં આવેલો સંઘ

વ્યાવહારિક ૧. પું. ન્યાયાધીશ.
૨. પું. મંત્રી; પ્રધાન.
૩. પું. સેવકદેવક ઉપર સંભાળ રાખનાર અધિકારી
૪. પું. શહેરના વેપારને રોજગાર ઉપર ધ્યાન રાખનાર અધિકારી
૫. વિ. લોકપ્રસિદ્ધ; સામાન્ય; સાધારણ, સર્વાનુભવી
૬. વિ. વહેવારુ.
૭. વિ. વ્યવહાર સંબંધી, વ્યવહારને લગતું
૮. વિ. સાંપ્રદાયિક.

વ્યાવહારિક કલ્પના [સં.] સ્ત્રી. ' ફીક્શન '

વ્યાવહારિક ગણિત [સં.] ન. મૂળ-મર્યાદ ગુણગણિત
શુદ્ધ ગણિત પછી વ્યાવહારિક ગણિત આવતું હોઈએ અને શરીરરચનાની પછી આવતું હોઈએ.
પાદિ. કોષ

વ્યાવહારિકતા [સં.] સ્ત્રી. વ્યાવહારિકપણું.

વ્યાવહારિકતાવાદ [સં.] પું. ક્રિયાવાદ; ફલવાદ; ' પ્રેગ્મેટિઝમ '
આ મત આજ વ્યાવહારિકતાવાદ (પ્રેગ્મેટિઝમ) સ્વીકારનારાઓનો લક્ષણરૂપ છે.
અતિસુખલક્ષ્મ ત્રિવેદી

વ્યાવહારિકત્વ [સં] ન. (વેદાંત) આગંતુક દોષની સહાય વિનાની અવિદ્યાનું જે કાર્યપણું તે; વ્યવહારિક સત્તા

વ્યાવહારિકનિર્મોચ પું. (જૈન) રાગદ્વેષની ગાઢ નિબિડતા ન હોય તેવી સ્થિતિ મેળવવા ઇચ્છતો પુરુષ

વ્યાવહારિક સત્તાવાદી [સં] વિ. વ્યાવહારિક સત્તાવાદમાં માનનારું; ' પ્રેગ્મેટિસ્ટ '

વ્યાવહારિકસત્ત્વ [સં] ન. (વેદાંત) આત્મજ્ઞાન થયા પહેલાં અસત્ય હોવાપણું

વ્યાવહારિકહિંસા [સં] સ્ત્રી. દ્રવ્યહિંસા.
દ્રવ્યહિંસા કે વ્યાવહારિકહિંસાનો અર્થ એટલો જ કે તેનું દોષપણું અબાધિત નથી
તત્ત્વાર્થસૂત્ર

વ્યાવહારિકી ૧. ન. ચલણ; ચલણી નાણું
૨ ન. લોકોમાં વપરાતું સામાન્ય ત્રાજવું. તેની દાંડી ૬૬ ઇંચ લાંબી હોય છે. આખા ત્રાજવાનું વજન ૫૧ પલ હોય છે
૩. વિ. ચલણ સંબંધી; લેવડદેવડમાં ઉપયોગમાં આવે તેવું.
૪. વિ વેપાર સંબંધી.

વ્યાવૃત્ત ૧. [સં.] પું. (સંગીત) અક્ષરવૃત્ત માત્રાનો એક વર્ણાલંકાર; સવારી માત્રાનો એક આરોહી અલંકાર
૨. વિ. અપવાદ રૂપ અલગ, દૂર રાખેલ
૩. વિ. અલગ કરેલું કે થયેલું
પહેલું વસ્ત્ર એના પહેલું વિશેષણ વ્યાવર્તક છે. કારણ કે વસ્ત્રને અન્ય પ્રકારના વસ્ત્રોથી વ્યાવૃત્ત કરે છે કે બીજું પાડે છે. બહદ્વ્યાકરણ
૪ વિ. અટકાવેલું, રોકાયેલું
૫ વિ. જેના કરતાં બીજું કોઈ ન હોય તેનું
૬. વિ. નિષિદ્ધ
૭. વિ. પાછું ફરેલું કે ફેરવેલું
૮ વિ. ખસ, ખસેલું

વ્યાવૃત્તિ ૧ સ્ત્રી. અલગપણું
૨ સ્ત્રી. (વેદાંત) ઇતર પદાર્થના ભેદને વિષય કરનારું અનુમિતિ જ્ઞાન. તેના હેતુ રૂપે જે જ્ઞાનક હોય તેને વ્યાવર્તક કહે છે.
૩. સ્ત્રી. નિષેધ; નિવારણ.
૪ [સં.] સ્ત્રી અનિરુદ્ધ. સ્વપ્ન, સુષુપ્તિ અને સમાધિ અવસ્થામાં શરીરનું ભાન ન હોવું તે. સ્વપ્નાવસ્થામાં સ્થૂલ શરીરનું ભાન હોતું નથી, પણ આત્માનું ભાન હોય છે. આ આત્માનો અન્વય અને તે વેળા આત્માનું ભાન છતાં પણ સ્થૂલ શરીરનું ભાન હોતું નથી તે સ્થૂલ શરીરનો વ્યતિરેક એટલે વ્યાવૃત્તિ કહેવાય છે. સુષુપ્તિ અવસ્થામાં સાક્ષી રૂપે રહેલા આત્માનું ભાન હોય છે. આ આત્માનો અન્વય અને તે વખતે સૂક્ષ્મ શરીરનું ભાન હોતું નથી. આ સૂક્ષ્મ શરીરનો વ્યતિરેક કહેવાય છે. સમાધિ અવસ્થામાં આત્માનું ભાન હોય છે. આ આત્માનો અન્વય અને તે વેળા કાર્મણશરીરનું ભાન હોતું નથી. આ કારણશરીરનો વ્યતિરેક કહેવાય છે
૫. સ્ત્રી. વ્યાવૃત્ત થવું કે કરવું તે

વ્યાવૃત્તાચરોહ પું. (સંગીત) સવારી માત્રાનો એક અવરોહી અલંકાર

વ્યાસ ૧ પું. અઢાર માત્રાનો એક નામે એક જ્યોતિષી.
૨ પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે રમણિકલાલ છંદનો એક ભેદ છે તેમાં ૧૬ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૬ વર્ણની ૬૦ માત્રા હોય છે
૩. પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે રમણિકલાલ છંદનો એક ભેદ છે તેમાં ૮ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૬ વર્ણની ૬૬ માત્રા હોય છે
૪ પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે રોલાવરતુ છંદનો એક ભેદ છે તેના ૧૬ ગુરુ અને ૬૬ લઘુ મળી ૮૨ વર્ણની ૯૬ માત્રા હોય છે
૫. પું (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે રમણિકલાલ છંદનો એક ભેદ છે તેમાં ૬ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૫ વર્ણની ૬૨ માત્રા હોય છે
૬ પું. કથા પુરાણ વાચનાર બ્રાહ્મણ
૭. પું. બ્રહ્મા; વિસ્તાર
૮. પું પુરુષોત્તમનાં બલદેવ માતાનું એક નામ.
૯. [સં] પું મહાભારત અને પુરાણોના કર્તા એક ઋષિ. આ નામ સામાન્યતઃ વેદવ્યાસને લાગુ પડે છે. તેને શાશ્વત પણ કહેવામાં આવે છે પરાશર અને ઉપરિચર નામના વસુની દીકરી સત્યવતીના તે ગેરકાયદેસર દીકરા હતા. ગેરકાયદેસર જાણ્યા હોવાથી તેને કાનીન પણ કહેવાય છે કાળા હોવાથી તે કૃષ્ણ કહેવાય છે તેની જન્મભૂમિ ઉપરથી દ્વૈપાયન કહેવાય છે. તેમણે પુરાણો બનાવ્યા છે. આ સમર્થ ગ્રંથકાર કૃષ્ણદ્વૈપાયન કહેવાય છે. જન્મ્યા પછી તે તપ કરવા ચાલ્યા ગયા અને બદરિકાશ્રમમાં ગયા. તે પરથી બાદરાયણ પણ કહેવાય છે. વેદ વ્યવસ્થાનો વિસ્તાર કર્યો તેથી તે વ્યાસ કહેવાય છે. તેમણે ભાગવત તથા મહાભારત નામે ગ્રંથો લખી તે વખતના રીતરિવાજ આબાદ સમજાવ્યા છે. બ્રહ્મસૂત્ર લખી ઉપનિષદની વાક્યતા સિદ્ધ કરી છે. એમના પુત્ર શુકદેવજી ચિરંજીવ મનાય છે એમના સિદ્ધ તો ઊપર યોગી પ્રબંધ લખ્યો છે. એ એક રાજનીતિજ્ઞ હતા. તે પરમાત્માનો એક અવતાર પણ મનાય છે તે મહાન માણેકના એક ચિરંજીવી અણુરત્ન છે
૧૦. પું વ્યથના.
૧૧ પું રચના કરનાર
૧૨ પું વર્તુલના મધ્યબિંદુમાંથી પસાર થઈ તેના પરિઘને બે સરખા અડતી લીટી, મધ્યરેખા, ' ડાયમીટર

૧૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૧૪. પું. સમાસ વગેરેનું સમાનાર્થક વિગ્રહવાક્ય.
૧૫. સ્ત્રી. એ નામની એક સ્મૃતિ. તેઓ ભગવાનનો બધો કરે છે.
૧૬. સ્ત્રી. પંજાબમાં આવેલી એ નામની એક પ્રાચીન નદી.
૧૭. સ્ત્રી. પ્રાકૃતભાષાની એ નામની એક અટક.

વ્યાસકુંડ ન. હિમાલયમા આવેલું એ નામે એક પવિત્ર સ્થાન.

વ્યાસક્ત ૧ [સં] વિ આસક્ત

૨. વિ. જુદું પાડેલ

૩. વિ. તત્પર

૪. વિ. સજ્જ, થાગેલ; ચોટેલ.

વ્યાસચાપ [સં.] સ્ત્રી. અક્ષવર્તુલ; વ્યાસ અને વર્તુલના કોઈપણ બે બિંદુઓની વચ્ચેનો ભાગ

વ્યાસજી ૧. પું. મહાભારતની કથા કહેનાર બ્રાહ્મણ.

> મહાભારત અને રામાયણના કર્તા કહેનાર વ્યાસજીનો પુરાણોના જેટલો પ્રતિષ્ઠિત ગણાતા નહિ — મુ. સા. પરિષદ

૨. [સં.] પું વ્યાસ ઋષિ તે માનાર્થે વપરાય છે

વ્યાસતીર્થ પું મધ્વાચાર્યનો એ નામનો એક શિષ્ય. તેણે સ્માર્તમતનું ખંડન કર્યું હતું

વ્યાસનંદન [સં] પું. શુકદેવ

વ્યાસપાઠ જુઓ વ્યાસપીઠ.

વ્યાસપીઠ સ્ત્રી; ન. ઉચ્চાસન; સભામંડપમાં એક ઊંચે રચેલ ઉચ્ચસ્થાન; સભામાં ભાષણ કરનારને માટે ગોઠવેલ ઊંચું આસન; વક્તા કે કથાકારને બીજા રહેવાનું કે બેસવાનું ઊંચું સ્થાન; સિંહાસનપીઠ; સભાપીઠ; 'પ્લેટફૉર્મ'.

વ્યાસપૂજા [સં.] સ્ત્રી. વ્યાસ કે આચાર્યની પૂજા

વ્યાસપૂર્ણિમા [સં.] સ્ત્રી. ગુરુના પૂજનનો દિવસ, અષાઢ સુદિ પૂર્ણિમા; ગુરુપૂર્ણિમા. આ દિવસે ગોવર્ધનમાં મોટો ઉત્સવ કરવામાં આવે છે. તેને મુડિયાપૂનમનો મેળો કહેવામાં આવે છે. ગિરિરાજની આ દિવસે પરકમ્મા કરવામાં આવે છે.

વ્યાસપ્રસ્થાનસૂત્ર [સં] ન. વેદવ્યાસે કરેલ બ્રહ્મસૂત્ર.

વ્યાસભાષ્ય [સં.] ન. એ નામનું સંસ્કૃતમાં લખેલું તત્ત્વજ્ઞાનથી ભરપૂર પુસ્તક

વ્યાસમીમાંસા [સં.] સ્ત્રી. વ્યાસરચિત એ નામનું એક પુસ્તક.

વ્યાસમૂર્તિ [સં.] પું શિવ.

વ્યાસવન [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન ક્ષેત્ર

વ્યાસશિક્ષા [સં.] સ્ત્રી. વ્યાસે રચેલ એ નામે એક શિક્ષાગ્રંથ.

> પાણિનિશિક્ષા, નારદશિક્ષા, યાજ્ઞવલ્કયશિક્ષા, વ્યાસશિક્ષા આદિ સંસ્કૃતમાં શિક્ષા ગ્રંથો છે. — બૃહદ્ વ્યાકરણ

વ્યાસસૂત્ર [સં.] ન. બ્રહ્મસૂત્ર, વેદાંતસૂત્ર.

વ્યાસસૂત્ર ભાષ્ય [સં.] ન. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો એ નામનો એક સંસ્કૃત ગ્રંથ.

વ્યાસસ્થલી સ્ત્રી મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન ક્ષેત્ર. તે બાદરીથી નૈર્ઋત્યમાં સત્તર માઈલ દૂર આવેલ છે

વ્યાસસ્મૃતિ સ્ત્રી વ્યાસ ઋષિની એક સ્મૃતિ

વ્યાસંગ ૧. [સં] પું આસક્તિ, ભક્તિ

૨. પું આલસ, હેંગ; હેઠો; રટણ.

૩. પું. બીજા કાર્યનો ત્યાગ કરી કેવળ એક જ કાર્યમાં લાગ્યા રહેવું તે

૪. પું મહાવરો; અભ્યાસ; પરિચય.

૫. પું. વળગી રહેવું તે; ચોંટી રહેવું તે.

વ્યાસંગી [સં.] વિ. આસક્તવાળું.

વ્યાસાત્મજ [સં] પું. શુકદેવ.

વ્યાસાત્મા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

વ્યાસાર્ધ [સં.] પું. વ્યાસનો અર્ધો ભાગ; ત્રિજ્યા; 'સેમી ડાયમીટર'

વ્યાસાસન ૧. [સં.] ન ગુરુપીઠ; ઉપદેશકનું ઉચ્ચાસન

> જેઈ રહ્યા મુક્ત અહાત્મા આવે તે માટે વ્યાસાસન છે. — સરસ્વતીચંદ્ર

૨ ન. જૂના ખેમમાં નાટકના પાત્રો માટે બાંધેલ ઊભું કરવામાં આવતું સ્ટેજ. આ ઉપરથી ખ્રિસ્તી દેવળોમાં ઉપદેશ કરવા માટે મોટું વ્યાસાસન બનાવવામાં આવ્યું. તે લાકડું કરીને લાકડા, પથ્થર અથવા આરસનું હોય છે

વ્યાસોદ્ધારતીર્થ [સં] ન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપદ્યાત્રામાં કહ્યું છે કે, જ્યારે શ્રીપાર્શ્વેશ્વર તીર્થમા વ્યાસજી આવ્યા ત્યારે જગત્કલ્યાણ માટે પોતાને નામે આ તીર્થ નિર્માણ કર્યું છે.

વ્યાહ [હિ. બ્યાહ] પું. વિવાહ.

> પત્ની સેવન કરમહન ઉદ્વાહ બ્યાહ વિવાહ.
> સાંતપરી ચાલ ચલી બહુ દુ:ખ દેતી નાહ.
> પિંગળપ્રકાશ

વ્યાહત ૧. પું. (કાવ્ય) અર્થદોષનો એક પ્રકાર, જે વસ્તુની નિંદા કરી હોય તેને ફરી પ્રશંસા કરીએ તે દોષ.

૨. વિ. અપ્રયુક્ત; અસંગત.

૩. વિ કુંઠિત થયેલું; નિષ્ફળ નીવડેલું; પાછું ઠેલાયેલું.

૪ વિ. બેવકૂફી ભરેલું; વિવેક શૂન્ય

૫ વિ રોકેલું; અટકાવેલું.

૬ વિ અર્થાંશે વિરુદ્ધ; વ્યાઘાતયુક્ત.

> સર્વાંશે વિરુદ્ધ બેવડે પરસ્પર **વ્યાહત** વિધાનોમાં એક કેવળ મિથ્યાત્વ અને બીજું કેવળ નિશ્ચાત્મક હોય છે. — સત્યમીમાંસા

વ્યાહતિ [સં.] સ્ત્રી. વિક્ષેપ; ભંગ

વ્યાહનન [સં.] ન. વિઘ્ન કરવું તે

વ્યાહનિ [સં.] પું. વિરોધનો એ નામનો એક પ્રકાર; વ્યાઘાત.

> વિરોધ અનેક રીતે અને છે. સર્વદેશવિધિ સામે એકદેશનિષેધ આવે અથવા સર્વદેશનિષેધ સામે એકદેશવિધિ આવે, તો તે પણ જુદા જુદા વિરોધ જ છે. આ વિરોધ પ્રકારને વ્યાઘાત અથવા **વ્યાહનિ** કહે છે. — ન્યાયરાજ

વ્યાહલ વિ. વ્યાકુલ; બહાવરું; વિહ્વળ

> બાહુપ્રાહન પ્રપંચ જ સર્વ,
> **વ્યાહલ** થયા તનની શુદ્ધ ગઈ. ૨૯૫૭

વ્યાહાર ૧. [સં] પું. અન્યના સંબંધમાં હાસ્ય અથવા શોભ ઉત્પન્ન કરનાર વચન.

૨. પું. વાણી; ઉક્તિ; વચન.

વ્યાહાર્ય પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, મગણ અને યમુ એમ સાત અક્ષર હોય છે

> આ મ ન થી **વ્યાહાર્યિ**. — રણછોડ

વ્યાહૃતિ ૧. [સં.] સ્ત્રી ઉચ્ચારણ; કથન; ઉક્તિ; કહેવું તે

૨. સ્ત્રી. ત્રણ અથવા સાત લોક વિષયક મંત્ર

૩. સ્ત્રી. ભૂ:, ભુવ:, સ્વ: એ ત્રણ પવિત્ર શબ્દ; ત્રણ ગૂઢ શબ્દ. આ વ્યાહૃતિ ગાયત્રીની પહેલા અને ૐકાર પછી ઉચ્ચારવામાં આવે છે પ્રજાપતિએ વેદનું દોહન કર્યા પછી આ ત્રણ શબ્દ: ભૂ: ઋગ્વેદમાંથી, ભુવ: યજુર્વેદમાંથી અને સ્વ: સામવેદમાંથી શોધી કાઢેલ છે. કેટલાક મહ: એમ ચોથો શબ્દ અથર્વવેદમાંથી ઉમેરે છે

> પ્રણવ અને ત્રણ વ્યાહૃતિ સહિત ગાયત્રીનું ઉચ્ચારણ કરતા પ્રાણ અને અપાનની સમતા કરનારરૂપ ત્રણ પ્રાણાયામ કરે તો સામાન્ય સ્નાન કર્યા જેવાં પણ વિધિ સહિત સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. — ભગવતી ભાગવત

વ્યાહૃતી જુઓ વ્યાહૃતિ

વ્યાળ જુઓ વ્યાલ.

વ્યાળુ ન. વાળુ; સાંજનું ભોજન.

ઓડી દાતણ જે કરે, નરણાં કરડે ખાય;
દૂધે વ્યાળુ જે કરે, તે ઘેર વૈદ્ય ન જાય.
લે.કહે.

વ્યુત્પન્ન ૧. [સં.] વિ. તૂટી ગયેલું
૨. વિ. નાશ પામેલું

વ્યુત્પેક્ષ [સં.] પું વિચ્છેદ; નાશ

વ્યુત્ક્રમ ૧. પું. અવ્યવસ્થા; ગોટાળો
૨. પું ઉલ્લંઘન; ઓળંગવું તે
૩. [સં વિ. (ઊલટું) + ઉત્ (+ ઊંચું) + ક્રમ જવું)] પું. ઊલટો ક્રમ તે; અવળો ક્રમ; ક્રમનું વિપરીતપણું

વ્યુત્ક્રમકપાલભાતિ [સં.] સ્ત્રી (યોગ) કપાલભાતિનો એક પ્રકાર

બંને નાકના છિદ્ર દ્વારા પાણીને અંદર ખેંચી પછી મોં દ્વારા તે પાણીને બહાર કાઢવું અને મુખ દ્વારા પાણી પીને પછી તે બંને નાક દ્વારા બહાર કાઢે તેને વ્યુત્ક્રમકપાલભાતિ કહે છે
ત્રિકાળદર્શકકોષ

વ્યુત્ક્રમકોષ્ઠ [સં] પું. (ભૂમિતિ) એ નામનો એક ખૂણો. કોઈ પણ એક લીટી બીજી બે સમાંતર લીટીને છેદે ત્યારે આઠ ખૂણા બને છે: ચાર બે લીટીના બહારના ભાગમાં અને ચાર તે બે લીટીના અંદરના ભાગમાં. એ અંદરના ચાર કોણમાંના બે ખૂણા એવા હોય કે જે બંને છેદક લીટીની સામસામી બાજુએ આવેલા હોય અને એકબીજાને સમમ ન હોય તો તે બે ખૂણા વ્યુત્ક્રમકોણ થશે.

વ્યુત્ક્રમક્રિયા [સં] સ્ત્રી. ઊલટી રીત કરીને દાખલાનો જવાબ શોધી કાઢવાની રીત; પ્રશ્નમાં આપેલી બાબતોમાંથી છેલ્લેથી અકેકી લઈ યોગ્ય ગણતરી કરી દાખલાનો જવાબ શોધી કાઢવાની રીત.

વ્યુત્ક્રમપદ ૧. ન. ઊલટ ક્રમ; ઊલટાવેલી એટલે અવળી કરેલી સંખ્યા
૨. [સ.] ન. ઊલટું પદ કે વાક્ય

વ્યુત્ક્રમપદ્ધતિ [સં.] સ્ત્રી. ગિણિત શાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; ઊલટા ક્રમની રીતી. કાલક્રમાનુસારી પદ્ધતિથી આ પદ્ધતિ ઊલટી છે. આમાં ઇતિહાસના વર્તમાનકાળથી શરૂ કરીને તેની પૂર્વેની સ્થિતિ, પછી તેની પૂર્વેની સ્થિતિ એ ક્રમે ભૂતકાલની હકીકતોનું જ્ઞાન આપવાનું હોય છે. વિદ્યાર્થીઓ માટે કાલક્રમાનુસારી પદ્ધતિ કરતાં આ પદ્ધતિ સ્વાભાવિક હોવાથી વધારે યોગ્ય છે.

વ્યુત્ક્રાંત ૧. [સં.] વિ. ઉલ્લંઘેલું; ઓળંગાયેલું
૨ વિ. (અક્રિ.) ઊલટી રીતનું; વ્યસ્ત; વિપરીત

વ્યુત્ક્રાંતિ ૧. [સં] સ્ત્રી. ઉલ્લંઘન
૨. સ્ત્રી. બહાર નીકળવું તે; બહાર જતા રહેવું તે
૩ સ્ત્રી મોટી ક્રાંતિ, તખ્તાપાલટ; વિપ્લવ

આ મારા વ્યુત્ક્રાંતિ વિશેની વલણમાં મૂળભૂત ફેરફાર થયો નથી. ભગવતસિંહ ઠાકોર

વ્યુત્ક્રાંતિકારક [સં.] વિ. વિપ્લવકારક; ફેરફાર કરે તેવું

આત્મનિર્ભર સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુભાવની ત્રિપુટી આદિ અમૂર્ત ભાવનાઓ અપત્રોના દ્વારમાં રાષ્ટ્રવિધાતક તે વ્યુત્ક્રાંતિકારક જોખટે. ભગવતસિંહ ઠાકોર

વ્યુત્થાન ૧. [સં.] ન અભ્યુન્નતિ.
૨. ન. એક પ્રકારનું વૃત્ય.
૩. ન. જોરથી ઊઠવું તે
૪. ન. પ્રતિબંધ; પ્રતિરોધન.
૫. ન. રોકવું તે; અટકાવવું તે.
૬. ન વિરોધ કરવો તે.
૭ ન. (વેદાંત) સમાધિમાંથી ઊઠવું તે; સમાધિનો અભાવ તે.

વ્યુત્થાનદશા [સં.] સ્ત્રી સમાધિમાંથી જાગ્રત થયા પછીની સ્થિતિ; વ્યુત્થિતદશા.

અંતરિન્દ્રિયો તો નિરોધદશામાં અને વ્યુત્થાનદશામાં પરિણામ પામવાપણું હોય છે.
સિદ્ધાંતદર્શન

વ્યુત્થિત ૧. સ્ત્રી. સ્થિતપ્રજ્ઞની બે માંહેની એક અવસ્થા; વ્યુત્થાન દશા.

સ્થિતપ્રજ્ઞની બે અવસ્થા છે: એક સમાધિની અને બીજી વ્યુત્થિત દશાની.
ગીતાજ્ઞાનકોષ

૨. [સં.] વિ. બહાર ગયેલું.

જેની બુદ્ધિ ચિદાકારમાં અચલ સ્થિતિ રાખી તેમાંથી વ્યુત્થિત થતી નથી તે મુક્ત કહેવાય છે
ત્રિકાળદર્શકકોષ

વ્યુત્પત્તિ ૧. [સં વિ (વધારે) + ઉત્પત્તિ] સ્ત્રી. (વ્યાકરણ) શબ્દ અને અર્થ વગેરેની મૂળ ઉત્પત્તિ; શબ્દનું મૂળ; શબ્દોનું વિશેષે કરી બહાર આવવાપણું; સાધન; શબ્દવિન્યાસ. વ્યુત્પત્તિ એટલે સંસ્કૃતના કૃદ અને તદ્ધિત પ્રત્યયો લાગી તૈયાર થયેલા સંસ્કૃત તત્સમ શબ્દો અને એવા જ તત્સમ ફારસી—અરબી શબ્દો તથા ગુજરાતી કૃદ અને તદ્ધિત પ્રત્યયો લાગી થયેલા યાવત્ તદ્ભવ શબ્દો. કોઈ પણ ભાષાનું જ્ઞાન તે તે ભાષાને મળેલા એના આગવા શબ્દોની વ્યુત્પત્તિના જ્ઞાન વિના અપૂર્ણ રહે છે. વ્યુત્પત્તિ માત્ર શબ્દજ્ઞાન જ નહિ, પણ આપણા પહેલાંનાં ઇતિહાસ અને સંસ્કૃતિનો પણ ખ્યાલ આપે છે. સંસ્કૃતમાં પિતા, લેટિનમાં પેટર, ફારસીમાં પિદર, અંગ્રેજીમાં ફાધર એ બધેથે આપણને શું બતાવે છે? આર્યો પૂર્વે એક જ દેશના પ્રજાજન હતા, એમાંથી કેટલાક ભારતવર્ષમાં આવ્યા, કેટલાક યરપમાં ફેલાયા, કેટલાક ઈરાનમાં રહ્યા.

વેદ અપૌરુષેય હોવા છતાં વૈદિક શબ્દની જે સ્વાભાવિક એટલે નિત્યશક્તિ છે તેને ઋષિ મહર્ષિઓ વ્યુત્પત્તિ દ્વારા શિષ્યોને સમજાવી શકે છે.
સાંખ્યદર્શન

૨ સ્ત્રી શબ્દોના અર્થનો બોધ કરનારી શક્તિ.

૩ સ્ત્રી સારી રીતે જાણવું તે; સમજવા જેટલું જ્ઞાન; જાણપણું; વિદ્વત્તા; પ્રાવીણ્ય; પાકી જાણ

૪. સ્ત્રી. સાહિત્ય વિષયોના વાચન તરીકે ભાષ.ની કેળવણીનું રાજ્ય

વ્યુત્પત્તિકાર [સં.] પું શબ્દની મૂળ ઉત્પત્તિ બતાવનાર પુરુષ

વ્યુત્પત્તિનિમિત્ત [સં] ન. વ્યુત્પત્તિરૂપ કારણ. અમુક પ્રકારની આકૃતિ, ગતિ કે જ ગાય, ઘોડો આદિ રૂઢ શબ્દોના વાચક વર્તનું નિમિત્ત છે. એથી તે આકૃતિ કે ગતિ એવા શબ્દોનું વ્યુત્પત્તિનિમિત્ત નહિ પણ પ્રવૃત્તિનિમિત્ત કહેવાય છે
તત્ત્વાર્થસૂત્ર

વ્યુત્પત્તિમૂલક [સં.] વિ. શબ્દની મૂળ ઉત્પત્તિ સંબંધી જ્ઞાન દર્શાવનાર

વ્યુત્પત્તિવાદ પું. સદાધર ભટ્ટે લખેલ એ નામનું એક પુસ્તક

વ્યુત્પત્તિવેત્તા [સં.] પું વ્યુત્પત્તિ જાણનાર પુરુષ

આ ફ્રેંચ પ્રજાનું નામ એક પ્રખ્યાત વ્યુત્પત્તિવેત્તાએ કહ્યું છે. પુરાતત્ત્વ

વ્યુત્પત્તિશાસ્ત્ર [સં.] ન. વેદનાં છ માહેનું એક અંગ; નિરુક્ત.

વ્યુત્પન્ન ૧. [સં] વિ (વ્યાકરણ) ધાતુ અને પ્રત્યય બંને મળી સિદ્ધ થયેલ; સાધિત.
૨. વિ વિદ્યા કળા સંબંધી પૂર્ણ જ્ઞાનવાળું, જાણકાર; માહિતગાર; નિષ્ણાત; વિદ્વાન; પ્રવીણ.
૩ વિ વ્યુત્પત્તિવાળું, શબ્દોના અર્થ જણાવનારી શક્તિવાળું.

વ્યુત્પાદન [સં] ન. વ્યુત્પત્તિ.

વ્યુત્પાદિત જુઓ વ્યુત્પન્ન.

વ્યુત્સર્ગ ૧. [સં.] પું. ત્યાગ.

ખરી રીતે અહંત્વ જ મમત્વની નિવૃત્તિ રૂપ ત્યાગ એક જ છે, છતાં ત્યાગવાની વસ્તુ બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકારની હોવાથી વ્યુત્સર્ગ કે ત્યાગના બે પ્રકાર માનવામાં આવ્યા છે.
તત્ત્વાર્થસૂત્ર

૨ પું. (જૈન) પ્રાયશ્ચિત્ત તપના નવ ભેદોનો એક પ્રકાર; કાયાની તમામ પ્રવૃત્તિને રોકી સ્થિર થવું તે; કાઉસગ્ગ; કાયોત્સર્ગ.

એકાગ્રતાપૂર્વક શરીર અને વચનના વ્યાપારો છોડી દેવા તે વ્યુત્સર્ગ. તત્ત્વાર્થસૂત્ર

વ્યુત્સર્જન [સં.] ન. ત્યાગ; છોડવું તે

વ્યુદાસ ૧. [સ.] પું. તિરસ્કાર કરવો તે.

૨. પું. નાશ.

પ્રકોપો પુરુષ પોતાના સત્યનો વ્યુદાસ એટલે નાશ જાહેર કરે. વિ. પ્ર. પેથ

૩. પું. મના.

વ્યુપરતક્રિયાનિવૃત્તિ [સ., સ્ત્રી.] જૈનોનું, ચાર ધ્યાનોમાં, ચાર ભેદોનો ચોથો ભેદ, જ્યારે શરીરની શ્વાસપ્રશ્વાસ આદિ સૂક્ષ્મ ક્રિયાઓ પણ અટકી જાય અને આત્મ પ્રદેશનું ઐક્યપણું પ્રકટે તે સ્થિતિ.

વ્યુપહાસ [સ., પું.] ઉપહાસ, ઠેકડી

વ્યુપહાસક ૧ [સ., ન.] ઉપહાસ વિકૃતિ; હાસ્યજનક વર્ણન કે ચિત્ર.

૨. ન. ઠોળ; મશ્કરી.

આવા વ્યુપહાસક નિર્દોષ હોય તો જ આનંદક નીવડે. ભગવતશરણ ઠાકર

૩ વિ. ઉપહાસ કરનાર.

વ્યુપ્તકેશ [સ.] પું. વિધિરૂપે મુંડિત કેશવાળા; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ

વ્યુષ્ટ ૧ પું. અશોક રાજાનો એક અધિકારી

૨. પું. પરિણામ; ફળ.

૩. પું. પ્રભાત.

૪ પું. વર્ષનો પ્રથમ દિવસ

૫. વિ. ચોખ્ખું થયેલું

૬. વિ. પસાર કરેલું.

૭. વિ. પ્રભાત થયેલું

૮. વિ. બળેલું.

૯. વિ. રહેલું.

વ્યુષ્ટિ ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. સ્ત્રી. પ્રભાત.

૩. સ્ત્રી. ફળ; પરિણામ.

૪. સ્ત્રી. સમૃદ્ધિ; આબાદી.

૫. સ્ત્રી. સ્તુતિ.

વ્યૂઢ [સ.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

વ્યૂઢ ૧. વિ. અનામત મૂકેલું; આપત્કાલ તરીકે રાખેલું.

૨ વિ. એકત્રિત થયેલ; એકઠું થયેલ.

૩. વિ. દૃઢ.

૪. વિ. પરણેલ.

૫. વિ. પહોળું; વિશાળ.

૬. વિ. મોટું.

૭. [સ.] વિ. અવસ્થિત કરેલ; વ્યૂહમાં ગોઠવેલ. સૈન્ય માટે વપરાય છે

વ્યૂહમાં ગોઠવેલું સૈન્ય તે વ્યૂઢ કહેવાય છે. એના મુખ્ય ચાર ભેદ અને તેના પેટાના પણ જુદા ભેદો છે. વિશ્વનાથ પાઠક

વ્યૂત ૧. [સં.] ન. બાંધવાનું વાણ.

૨. [સં.] વિ. ગૂંથેલું, વણાયું

૩. વિ. સીવેલું.

વ્યૂતિ [સ., સ્ત્રી.] વણવાની ક્રિયા.

વ્યૂહ ૧ [સ., પું.] એકઠું કરવું તે

૨. પું. તર્ક

૩. પું. નિર્માણ.

૪. પું. પદ્ધતિ; તંત્ર; પરિપાટી

૫ પું. રચના; ગોઠવણ

૬ પું. વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એ ચાર મૂર્તિ

૭. પું. વિકૃત ચેષ્ટા કરનાર વચનો સમૂહ; 'ઇંદ્રજિ'

૮ પું. વિશિષ્ટાદ્વૈત પ્રમાણે ક્ષીરસાગરનો એક પ્રકાર જેના પ્રભુ તેના ભક્તને કોમળતામાંથી ચાર જુદાં જુદાં સ્વરૂપે દેખાય છે

૯ પું. શત્રુના સૈન્યથી ઝટ આક્રમ્ય થાય નહિ તેવી લશ્કરી ગોઠવણ. સૈન્યની ગોઠવણી, ટૌનિકોની અભેદ્ય હારે કે રચના, લશ્કરને ગોઠવવાની રીત. વ્યૂહ રચના ઘણી જાતની છે અને તે જુદે જુદે નામે ઓળખાય છે. મહાભારતના વર્ણનમાં વ્યૂહ પ્રજાપતિના નામ ઉપરથી પણ રચવામાં આવતા. ક્રૌંચવ્યૂહ, મહાવ્યૂહ, ગરુડવ્યૂહ, સૂચિમુખવ્યૂહ, અર્ધચંદ્રાકારવ્યૂહ, મંડલવ્યૂહ, શકટવ્યૂહ, મકરાકારવ્યૂહ, શૃંગાટકવ્યૂહ, સર્વતોભદ્રવ્યૂહ, મહાપાર્શ્વવ્યૂહ, ચક્રવ્યૂહ વગેરે વ્યૂહો મહાભારતના સમયમાં રચાતા હતા

૧૦. પું. શરીર.

૧૧ પું. સમૂહ; જથ્થો

૧૨. પું. સૈન્ય

વ્યૂહદેવતા [સં.] પું. નારાયણ ભગવાનનું એક સ્વરૂપ

વ્યૂહદ્વાર [સ., ન.] સમારંભમાં પ્રવેશ કરવાનો માર્ગ.

વ્યૂહન [સં.] ન. વ્યવસ્થા, ગોઠવણ

વ્યૂહનોદ્યા [સં.] સ્ત્રી. યુદ્ધમાં ઊભું રહેવા લાયક વહાણ.

વ્યૂહપથ [સં.] પું. લશ્કરી મથકે જવાનો ચોસઠ ફૂટ પહોળો રસ્તો

વ્યૂહપ્રાકટ્ય [સં.] ન. પ્રભુની સાથે વાસુદેવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ એ ચારનું વ્યૂહ રૂપે રહેવું તે.

વ્યૂહરચના [સં.] સ્ત્રી. વ્યૂહની ગોઠવણ; લશ્કરને ગોઠવવાની રીત; સૈન્યની રચના. તે ચોસઠ કલાઓની એક કલા ગણાય છે.

વ્યૂહરચિત [સ.] વિ. વ્યૂહરચના પ્રમાણે ગોઠવાયેલું; થોડાં માણસો છતાં મોટું સૈન્ય દેખાય તેવી રીતની ગોઠવણીથી ગોઠવાયેલું.

વ્યૂહરમણા [સ.] સ્ત્રી. વ્યૂહ કેમ કરવો તથા કેમ તોડવો તેની તાલીમની રમત.

પધારો અમમ સાગરને તીર,
ને રમો સંસારનો વ્યૂહરમણા.
નાનાલાલ

વ્યૂહરાજ્ઞી [સં.] ન. લશ્કર સંબંધી વિદ્યા; યુદ્ધવિદ્યા

વ્યે ૧ [સં.] સ. ક્રિ. (ધાતુ) ઢાંકવું તે ઉપરથી ઓમ શબ્દ બનેલ છે.

૨. સ. ક્રિ સીવવું

વ્યોકાર ૧ [સં.] પું ઓંકારરૂપ; પ્રણવ.

૨. ન. આકાશમાં પ્રચલિત અદૃશ્ય તત્ત્વ ઈથર.

વ્યોમ ૧. પું. (પુરાણ) મયાસુર નામના રાક્ષસનો એ નામનો મહાવીર પુત્ર. તે આકાશમાં રહી માયા વગાડતો. તેને કૃષ્ણે માર્યો હતો.

૨ પું. (પુરાણ) સોમવંશી વસુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જ્યામઘ પુત્રોમાંના ક્રમ વંશમાં જન્મેલા દશાર્હ રાજાનો એ નામનો પુત્ર; દાશાર્હ. તેને જીમૂત નામે પુત્ર હતો.

૩ જો ચોદેક મહીની એક આકાશતત્ત્વદેવતા.

૪ સ [ઓમન્] ન. આકાશ, ગગન; નભ; અંબર; અંતરિક્ષ, ખ, વિહાયસ; અભ્ર. તે ચાર પ્રકારનું ગણાય છે: (૧) મહાકાશ, (૨) મેઘાકાશ, (૩) જલાકાશ અને (૪) ઘટાકાશ.

ઉપચારથી આકાશ વાચક વ્યોમ [વિ + ઞ] એટલે વિવિધ રૂપે હું છું. સુશ્રુતસંહિતા

૫. ન. પાણી; જળ.

૬. ન વસ્તુતઃ આકાશ એ કંઈ ન હોવાથી શૂન્યસૂચક સાંકેતિક શબ્દ

૭. ન શ્રીહરિના ડાબા ચરણારવિંદમાં અર્ધચંદ્રની સમીપમાં રહેલ એ નામનું ગોળ ચિહ્ન.

૮. ન હૃદયાકાશ

વ્યોમે વસે જ ઈડા સર્વ કાળે. કઠોપનિષદ

વ્યોમકક્ષા ૧. [સં.] સ્ત્રી. બ્રહ્માંડ મધ્યેનો મૂળ પરિધ.

૨ સ્ત્રી. વિષુવરેખા.

વ્યોમકેશ [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ.

વ્યોમગંગા [સં.] સ્ત્રી. આકાશગંગા; સુરનદી; મંદાકિની; અંધારી રાત્રે આકાશમાં દેખાતો તેજનો પટ્ટો

આંહી વહેતી વ્યોમગંગા દુખ કેરી જેજળી,
ને હૂલડા ખીલ્યાં રૂદનાં તે ગમતી ફૂલ વળી
નરસિંહરાવ

વ્યોમગોળ પું. આકાશનો ગોળો.

તે ! વ્યોમગોળ સહસા ચળકત ભૂરો
નરસિંહરાવ

વ્યોમચક્ર [સં.] ન. (યોગ) ઢાંકોચ પ્રમાણે શરીરમાં વીર્યનું સ્થાન.

છળને પળી વળીને ત્રણે નાડીઓનો માર્ગ જે કપાલછિદ્ર છે તેમાં યોગે તો તે ખેચરીમુદ્રા છે તેને વ્યોમચક્ર પણ કહે છે.
ત્રિકમદાસ,કદર્પલ

વ્યોમચર ૧. [સં. વ્યોમન્ + ચર્ (ગમ્)] ન. પંખી

બની વાણી વ્યોમચરની હું પખો મૂકું બાર્ય
પ્રેમાનંદ

૨. વિ. આકાશમાં ફરનારું; ઊડનારું

વ્યોમચારી ૧. પું. ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે આકાશી પદાર્થ.

૨. પું. દેવ

૩. પું. પક્ષી

૪. [સં. વ્યોમચારિન્] વિ. આકાશમાં ઊડનારું; આકાશમાં ચાલનારું

વ્યોમચિત્ર [સં.] ન. આકાશચિત્ર; કલ્પના.

વ્યોમદીપ [સં.] પું. આકાશનો દીવો; સૂર્ય

વ્યોમધૂમ [સં.] પું વાદળું

વ્યોમપંચક [સ.] ન. આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ ને સૂર્યાકાશ એ પાંચ આકાશનો સમૂહ.

વ્યોમપીઠ [સં.] સ્ત્રી. શાક્ત સંપ્રદાય મુજબ એ નામની એક પીઠ

આ પાંચ તત્ત્વોથી બનાવેલાં મૂલાધારમા માતૃકાપીઠ, સ્વાધિષ્ઠાનમાં કુલોડ્ડીપીઠ, મણિપુરમાં ત્રિયાપીઠ, અનાહતમાં મુદ્રાપીઠ અને વિશુદ્ધમા **વ્યોમપીઠ**-એવા પાંચ શક્તિ-પીઠોની ભાવના કરવી અને અનુક્રમે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશના મંડળની માન્યતા તે તે પીઠમાં કરવી અને પૂજનસામગ્રી તરીકે અનુક્રમે ગંધ, નૈવેદ્ય, દીપ, ધૂપ અને પુષ્પના ઉપચારો કરવા.
શાક્તસંપ્રદાય

વ્યોમભોમસંધિ [સં.] સ્ત્રી દૃષ્ટિમર્યાદા; ક્ષિતિજ

વ્યોમમંડળ ૧. [સં.] ન. આકાશ.

૨. ન. ખળ; વાવટો.

વ્યોમયાન ૧. [સ.] ન. આકાશનું વાહન; હવાઈ વાહન; વિમાન; વ્યોમમાં ફરે એવું વાહન

૨ ન. દૈવી રથ.

વ્યોમયાન તંત્ર [સં.] ન. વિમાનશાસ્ત્રનો એક ગ્રંથ.

વ્યોમરેખા [સં.] સ્ત્રી. આકાશ રેખા

વ્યોમવાણી [સં] સ્ત્રી. આકાશવાણી.

ગ્રહાગ્નિ ઉર દીપી રાવણતણું માથું પડ્યો પૃથ્વીમાં,
હાહાકાર થયો અસુરયૂથના કૃપા કવિ હર્ષમા,
વાગ્યાં દેવદુદુભિ પુષ્પ વરસ્યાં ને વ્યોમવાણી થતી,
'સૌ પૂરૂ થયું કૃત્ય તુજ સતના વિશ્વહ હિમાયતી'.
રામાયણસાર

વ્યોમવિહારી [સં] વિ. આકાશમાં રમનારું કે ફરનારું.

વ્યોમશાસ્ત્ર [સં] ન. આકાશનું જ્ઞાન આપનાર શાસ્ત્ર

વ્યોમસર [સં] ન. આકાશરૂપી સરોવર; નભોમંડળરૂપી સરોવર; આકાશી સરોવર.

જલધિ જલ દલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસરમાંહી સરતી. દલ્પ

વ્યોમસાગર [સં] પું. આકાશરૂપી સમુદ્ર.

વ્યોમસાગરનો પડગામો એ માનવ સંસાર.
નાનાલાલ

વ્યોમસ્થ [સં.] વિ આકાશમાં રહેનાર.

વ્યોમા [સં.] સ્ત્રી. બોતેર માંહેના એક આકારાતત્ત્વદેવતા

વ્યોમાસુર [સં] પું. મય નામના રાક્ષસનો એ નામનો દીકરો. તેણે મુદ્રાઓમાં પૂરી રાખેલા ગોવાળિઆઓને શ્રીકૃષ્ણે છૂટા કર્યા અને કૃષ્ણે તેને મારી નાખ્યો હતો.

વ્યોષ [સં.] ન. (વૈદક) ત્રિકટુ; સૂંઠ, પીપર અને મરી એ ત્રણ વસ્તુઓ

વ્યૌરેવાર હિસાબ પું. વિસ્તાર પ્રમાણે લખેલો હિસાબ

વ્રખભાન પું. રાધાજીના પિતાનું નામ; વૃષભાન

વ્રજ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ચોસઠ ગુરુ અને ચોવીસ લઘુ મળી અઠ્યાસી વર્ણ હોય છે.

૨. [સ.] પું. ગાયની ગોઠ કે વાડો

૩. પું. (પુરાણ) મથુરાની પાસે આવેલો ગોવાળોના અધિપતિ નંદરાજાનો નેસડો.

૪ પું. માર્ગ.

૫. પું. સમૂહ; સમુદાય.

૬ સ્ત્રી. એ નામની એક વ્રજભાષા, ગોકુળ મથુરા તરફની ભાષા

૭. ન (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં ષડ્જ અને પંચમ વર્જવાથી થતું એક તાન

૮. ન. ગાયો અને ગોવાળનું સ્થાન કે ગામ; ગોસ્થાન; ગોપગ્રામ; ઢોર સહિત ને ફરતા ગોવાળના પડાવનું સ્થાન

૯. ન. ગોકુળ પાસેનું વૃંદાવન; મથુરાની પાસેનો પ્રદેશ

વ્રજઆઠમ સ્ત્રી. ભાદરવા વદિ આઠમ

વ્રજચંદ્ર પું. શ્રીકૃષ્ણ.

વ્રજજન પું બ. વ. ગોપીજન.

વ્રજનાથ [સં.] પું. શ્રીકૃષ્ણ.

વ્રજનાર જુઓ વ્રજનારી

વ્રજનારી સ્ત્રી. ગોપી; વ્રજદેશમાં રહેનારી સ્ત્રી.

વ્રજપતિ [સં.] પું. શ્રીકૃષ્ણ

વ્રજપર્યંક [સં.] ન. ઢોરને તેના રંગ, જાતિ, શીંગડાં, કદ વગેરે પ્રમાણે કરેલ વર્ગીકરણ.

વ્રજપાલ [સં.] પું. શ્રીકૃષ્ણ.

વ્રજપુષ્પ ન. નિશાનું પુષ્પ.

વ્રજબાળા સ્ત્રી. વ્રજમાં રહેનારી બાલિકા.

વ્રજભાષા [સં.] સ્ત્રી. ગોકુળ મથુરાની ભાષા; વ્રજદેશમાં બોલાતી ભાષા.

વ્રજભૂમિ સ્ત્રી. મથુરાની આસપાસનો પ્રદેશ; વ્રજમંડળ

વ્રજભૂમિક પું ઢોરોનો અધિકારી.

વ્રજમંડળ પું. વ્રજ તેમજ તેની આસપાસનો પ્રદેશ; આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે, મથુરાની આસપાસના ૮૪ કોશના ઘેરાવાના પ્રદેશને વ્રજમંડળ કહે છે તેના મુખ્ય ધામ મથુરા, ગોકુળ, વૃંદાવન, ગિરિરાજ, દાઉજી વગેરે છે આખો વ્રજદેશ કે વ્રજમંડળ એ શ્રીકૃષ્ણની લીલાભૂમિ ગણાય છે. આ વ્રજમંડળનો વધારે પ્રદેશ ગિરિરાજે રોકેલો છે. વ્રજમંડળમાં ચાર મહાદેવ, ચાર દેવ અને ચાર દેવીઓનાં સ્થાન છે ચાર મહાદેવ. ચકલેશ્વર ગિરિરાજમાં, ભૂતેશ્વર મથુરામાં, ગોપેશ્વર વૃંદાવનમા અને કામેશ્વર કામવનમાં. ચાર દેવીઃ મહા ગિરિરાજમાં, ચંદ્રા મથુરામાં, વૃંદા વૃંદાવનમાં અને કામાક્ષી કામવનમાં. ચાર દેવ. હરદેવજી ગિરિરાજમાં, બળદેવજી દાઉજીમાં, ગોવિંદદેવજી વૃંદાવનમાં અને કેશવદેવજી મથુરામા

વ્રતપદ્ધક

વ્રજમોહન [સ.] પુ. શ્રીકૃષ્ણ

વ્રજરાજ પું. વ્રજના રાજા, શ્રીકૃષ્ણ

વ્રજરાય [સ.] પું શ્રીકૃષ્ણ

વ્રજલાલ પુ. શ્રીકૃષ્ણ.

વ્રજવધૂ [સં.] સ્ત્રી વ્રજની સ્ત્રી, ગોપી.

વ્રજવનિતા [સ.] સ્ત્રી. વ્રજની સ્ત્રી, ગોપી

વ્રજવર [સ.] પુ શ્રીકૃષ્ણ

વ્રજવલ્લભ [સં.] પુ શ્રીકૃષ્ણ.

વ્રજવાસ [સં.] સ્ત્રી. વ્રજની ગોપી

વ્રજવાસી ૧. [સ.] પું. વ્રજમા વાસ કરનાર મનુષ્ય, વૃંદાવનમા વાસ કરનાર પુરુષ

૨. પુ. શ્રીકૃષ્ણ.

૩. વિ વ્રજમાં વાસ કરનાર; વ્રજમાં રહેનાર; વૃંદાવનમા કાયમ રહેનાર

વ્રજવિહારી ૧. પું. વ્રજમાં રહેનાર મનુષ્ય.

૨. પું. શ્રીકૃષ્ણ

૩. વિ. વ્રજમાં વિહાર કરનાર.

વ્રજવું અ. ક્રિ. ગમન કરવું; જવુ.

વ્રજશુચિ [સં.] સ્ત્રી. એ નામની એક ઉપનિષદ.

વ્રજા સ્ત્રી. બાવન માત્રાની એક જાતરશ્મિદેવતા.

વ્રજાધિપ [સ.] પુ. વ્રજના ધણી; શ્રીકૃષ્ણ.

વ્રજામય [સં.] પુ. ગોવાળ.

વ્રજાંગના [સં. વ્રજ + અંગના] સ્ત્રી. વ્રજમાં રહેનારી સ્ત્રી, ગોપી

વ્રજિકા [સ.] સ્ત્રી રેખારીનો વાસ; નેસ.

વ્રજેશ્વરી ૧ સ્ત્રી ૨.પ્ર.

૨. [સં.] સ્ત્રી વ્રજની અધિષ્ઠાતા દેવી.

વ્રજેંદ્ર [સં.] પું. વ્રજપતિ; શ્રીકૃષ્ણ

રામાવર ગોપીસ ગોપીવર શ્રી વેણુવેશ વ્રજેંદ્ર
દયારામ

વ્રજ્યા ૧. [સં] સ્ત્રી. પર્યટન.

૨. સ્ત્રી. પ્રયાણ; જવુ તે.

૩. સ્ત્રી સરકરની કૂચ.

વ્રણ [સં વ્રણ (જખમી કરવુ)] પુ.;ન. ચામડી પર ગડગૂમડથી અથવા વાગવાથી પડેલ ચાઠુ, ગૂમડું; છિદ્ર કાણુ; ઘા; નાકુ; નહિ રૂઝાતુ ઘાકે.

વ્રણચ્છેદન [સં.] ન. ફૂટવું ન હોય તેવા ગૂમડાને શસ્ત્રક્રિયા કરી ફોડવુ તે.

વ્રણરોપણ ૧. ન. ઘારુ રૂઝવવું તે.

૨. વિ રૂઝ લાવનાર.

વ્રણવિદ્યા સ્ત્રી. વ્રણ સબંધીનુ જ્ઞાન.

વ્રણશુદ્ધિ સ્ત્રી. મૂળગાં અને ઘારને સાફ કરવાં તે. વ્રણશુદ્ધિ માટે કાયફળના ઝાડની છાલનો કાઢો કરી તેથી વ્રણ ધોવાથી ફાયદો થતો મનાય છે

વ્રણશોથ ૧. પું. ગડગૂમડ

૨. પું. ઘારનો સોજો.

વ્રણશોધન [સ.] ન. ઘારના સડાનો ભાગ કાઢી નાખવા તે

વ્રણહૃ ન. એરંડાનુ ઝાડ.

વ્રણહૃા સ્ત્રી. અગો નામની વનસ્પતિ.

વ્રણોત્થાન [સં.] પુ. એવી માઠેનો એક પ્રકારનો વાયુ ; અભિઘાત નિમિત્તે કરી ઉત્પન્ન થયલા વ્રણમા પ્રસર્પ, પેઠા કરનાર વાયુ

વ્રણોરિ [સં.] પુ અર્કપત્રિ

વ્રતંકૃત [સં. વ્રણ (જખમ કરવા) કૃત (કરેલુ)] વિ. વિદીર્ણ; ઘાયલ

વ્રત ૧. પું. (પુરાણ) વસુ અને બ્રહ્મવાદીનો એક પુત્ર

૨ ન અમુક ફળ વગેરેની પ્રાપ્તિનો ધાર્મિક નિશ્ચય; પણ

વ્રત કરવું વ્રતનિયમ પાળવા કરવો
વ્રત તોડવું વ્રતનિયમ ત્યજી દેવો
વ્રત લેવું = નિયમ પાળવાની પ્રતિજ્ઞા કરવી.

૩. ન. હોરડું.

૪. ન. નિયમપૂર્વક આચરવાનુ પુણ્યકર્મ; ધારી રીતે કરેલા સકલ્પથી ઉત્પન્ન થયેલી અનુષ્ઠાન કરવા યોગ્ય અમુક ક્રિયાનુ રૂપ.

૫. [સં ૨ (ઢાંકવુ)] ન. (જૈન) પાપની ક્રિયાને રોકે તે નિયમ; પાપના ક્ષય અથવા ગુણ પ્રાપ્તિ માટે ઉપોષણાદિક નિયમ પાળવા તે; બાધા; પાપ રોકનારો નિશ્ચય. વ્રતના બે પ્રકાર છે: (૧) મહાવ્રત એટલે સાધુનાં વ્રત અને (૨) અણુવ્રત એટલે શ્રાવકનાં વ્રત સાધુનાં વ્રતમા કોઈ જાતનો આગાર હોતો નથી એટલે કે, તે અખડિત પાળવાનાં હોય છે, પણ અણુવ્રતમા આગાર હોય છે આથી તેને આગારી ધર્મ કહે છે જે નિયમ શ્રદ્ધા અને સમજપૂર્વક સ્વીકારવામા આવે તે વ્રત કહેવાય છે. જૈનધર્મમાં બાર વ્રત છે. પંચ મહાવ્રત અને સાત ગુણવ્રત. અહિંસા, અસ્તેય, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, દિગ્પરિમાણ, દેશાવકાશિક, ભોગોપભોગ પરિમાણ અનર્થદંડ, સામાયિક, પૌષધ, અને અતિથિ સંવિભાગ. શ્રાવકોનાં અગિયાર મહાવ્રત આ પ્રમાણે છે સત્ય, અહિંસા, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનુ નવ પ્રકારનુ; પરિગ્રહ પરિમાણ ને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવું; અભક્ષ્ય, સ્વદેશી, સ્વાદ ન કરવો, સર્વ ધર્મો સરખા ગણવા, એ અગિયાર મહાવ્રત સમજી, નિત્યપ્રત્યે આચરવાં તેઓ ધર્મ છે કે, જગતમાં આકરામા આકરુ વ્રત સત્ય છે સત્યનો મર્મ તમારી કોઈક જ એ જ જન્મમાં પાર ઉતરે

૬ ન. રાજ્યકારોબાર.

વ્રતચર્યા [સં] સ્ત્રી. વ્રત કરવુ કે પાળવુ તે.

વ્રતતિ ૧. [સં.] સ્ત્રી લતા, વેલ

વ્રતતિ ખિલતી ચમકતી વિકસતિ વ્રત. વિતાન;
અમરવેલી જે મૂળ વિના તેમ જ તરુ આન
પ્રાણજીવન ૫

૨. સ્ત્રી વિસ્તાર

વ્રતદાન [સ.] ન અર્થે આખુવ્રત અથવા એક બે વ્રત આપી જે વ્રતનુ આરોપણ કરવું તે.

વ્રતધારી [સં] વિ નિયમો ધારણ કરનાર; વ્રત લેનાર

વ્રતપતિ [સં.] પું વ્રત ધારણ કરનાર પુરુષ.

વ્રતપાલન [સ] ન વ્રત પાળવુ તે

વ્રતપ્રસંખ્યાન ન. (જૈન) એ નામનુ એક તપ. તેમાં મુનિ ભિક્ષા લેવા, જતી વખતે એવા પ્રતિજ્ઞા કરે કે, એક જ ઘર ભિક્ષા માટે જઈશ, અથવા તો અમુક એક રસનું જ ભોજન લઈશ, અથવા એક જ વસ્તુ લઈશ; આવી અનેક જાતની પ્રતિજ્ઞા કરે. તે પ્રમાણે આહાર મળે તો લે, નહિતર પાછા ફરાય

વ્રતબંધ [સ.] પુ. ગજાધાન વગેરે સોળ માઠેનો એક સસ્કાર.

વ્રતભંગ ૧. [સ] પુ નિયમનો ભગ કરવો તે; વ્રત તોડવુ તે

૨. સ્ત્રી. વ્રતનો ભગ કર્યો હોય એવુ

કૃષ્ણ વીસ્યો વીસ્યો મુખ માંહે તો હાર રે,
પાપનુ આવું છે વ્રતભંગ થઈ આજ રે.
નાનાલાલ

વ્રતરાજ ન એ નામનુ એક પુસ્તક તેમાં દરેક વ્રતનું વિસ્તૃત વર્ણન છે

વ્રતવાદી ૧. [સં.] વિ. અક્ષણવાદી; દૃઢવાદી; નિશ્ચયવાદી.

૨. વિ. વ્રત પાળનાર

વ્રતવિધાન [સ.] ન વ્રત પાળવાની ક્રિયા.

વ્રતશીલ [સ] વિ વ્રત પાળવામાં નિષ્ઠાવાળુ.

મહાપુરુષોના જન્મ વ્રતશીલ કુળ કે પરિવારમા થાય છે રામદાસ સ્વામી તુલસીદાસના કુળમાં જમ્યા છે. વિનોબાજી

વ્રતષટ્ક [સ] ન. (જૈન) પાંચ મહાવ્રત અને છઠું રાત્રિ ભોજન ત્યાગ એ છ વ્રતનો સમૂહ

વ્રતસંગ્રહ [સ] પુ વ્રત માટે લીધેલી દીક્ષા

વ્રતસંપન્ન [સ] વિ વ્રત ધારણ કરેલું

જે શીલવાન અને **વ્રતસંપન્ન** હોય તે જ જ્ઞાની છે સુનિપાત

વ્રતસ્થ [સ] વિ વ્રતધારી; વ્રત લીધું હોય તેવું, વ્રતમાં રહેનાર

વ્રતસ્નાતક [સ] પુ ઉપનયન કરી, આચિરી વ્રત અને વેદવ્રતનું આચરણ કરી વેદાધ્યયનની સમાપ્તિ થયાથી પ્રારંભેલ સમાવર્તન કર્મ કરેલ બ્રહ્મચારી, અવધિ પહેલાં સમાવર્તન કર્મ કરનારો બ્રહ્મચારી

વ્રતાચરણ [સં] ન વ્રત આચરવું તે.

વ્રતાદેશ [સ] પુ. ઉપનયન સંસ્કાર કર્યા આપ્યા પછી ગુરુએ કરેલી પ્રારંભિક વ્રત વગેરેની સૂચના

વ્રતાધિપ પું. શિવના હજાર નામોનું એક નામ.

વ્રતાળ વિ. [સં. વ્રતાલ, વ્રત લીધેલું હોય તે, વ્રતી ન પા [સં] વ્રત પાળવાની ટેવવાળું

વ્રતાણી વિ સ્ત્રી વ્રત પાળનારી, આજ્ઞા રાખનારી.

વ્રતાળુ વિ. વ્રત કરવાની ટેવવાળું.

વ્રતિની વિ સ્ત્રી વ્રત લીધું હોય તેવી, વ્રતધારિણી; વ્રતવાળી.

લોક કહે છે સ્નેહ જગનું એ વ્રત છે,
હું યે એ વ્રતની **વ્રતિની** હતી. ઇંદુકુમાર

વ્રતિયું વિ. સ્ત્રી, વ્રતધારી, વ્રત લીધું હોય તેવું

વ્રતિસંક્ષેપ સ] પુ બાહ્ય તપના ૬ પ્રકારના એક પ્રકાર

અનશન ઊણોદરી, **વ્રતિસંક્ષેપ**, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ છ બાહ્ય તપ છે શ્રીમદ્ રાજચંદ્ર

વ્રતી ૧ પુ [પુરાણ] ચાલુ મન્વંતરમાં થઈ ગયેલ અઠ્ઠાવીસમા વ્યાસનું નામ

૨. વિ અમુક નિયમથી દેહ દમન કરનાર

૩ [સ] વ્રા (નિયમ) + ઇન્ (વાળો)] વિ જેણે વ્રત લીધું હોય એવું, વ્રતધારી, વ્રત પાળનાર; વ્રતવાળું.

વ્રત લેનાર, વ્રત ધારણ કરનાર પૂજનીય નહિ પરંતુ વ્રતોમાં સ્થિર રહેનાર જ પૂજનીય છે.
વિદ્યાવિજયજી

૪ વિ. વ્રત કરનાર

૫ વિ સાધુ; બ્રહ્મચારી, નિયમવાળું, તપસ્વી

વ્રતોચ્ચારણ [સ] ન વ્રતનું ઉચ્ચારણ; વ્રત બોલવા તે

વ્રતોત્સવ સં] પુ વ્રતના ઉત્સવ

અષ્ટાહ્ન **વ્રતોત્સવના** પૂજાવિધાન વગેરેની સંપ્રદાયમાંથી લીધા છે. નાનાલાલ

વ્રતોદ્યાપન [સ.] ન વ્રત સિદ્ધ્યર્થ જે કાંઈ ઉદ્યાપન; કરવા જોઈતી ક્રિયા

વ્રતોદ્યાપન મહાન પુરુષો એ સર્વ આધ્યાત્મિક ધાર્મિક ક્રિયા છે. ચેતન્યબાળા

વ્રતોપવાસી સ ચ ઉપવાસ જેનું વ્રત છે એવું.

વ્રતોપાયન સ] ન વ્રત લેવાની ક્રિયા

વ્રત્યનુકંપા [સ સ્ત્રી.] જૈન) વ્રતધારી ગૃહસ્થ ત્યાગ ન્યાયી એ વ્રતો ઉપર વિવિધ પ્રકારે અનુકંપા કરવી તે

ભૂત અનુકંપા, **વ્રત્યનુકંપા**, દાન, સરાગ સંયમ આદિ સાતા વેદનીય કર્મના આસ્રવ હેતુ છે. તત્ત્વાર્થસૂત્ર

વ્રશ્ચન [સ.] પુ. ઘાતુ કાપવાની છીણી, પત્રપરશુ.

વ્રશ્ચનકર્તુ અ ક્રિ. ચાલવું

ધણ ગાનાનું પારણ કે. કારે પીજણે વળકે વ્રશ્ચનકરા લાલરડા

વ્રણાકારો [સ] પુ ઝગમગાટ, ચમકારો

વ્રાચડ સ્ત્રી જૈન વ્રજની પ્રાકૃત ભાષા., અપભ્રંશ.

શતાવધાન [સ.] ન. એકી સાથે જુદી જુદી સો વાતો પર ધ્યાન આપવું કે સાંભળી યાદ રાખવાની શક્તિ.

શતાવધાની વિ. શતાવધાનવાળું, એક સાથે સો વસ્તુ ઉપર ધ્યાન આપનારું.

શતાવર ૧ [સં.] સ્ત્રી. એ નામે એક ઔષધિ; સતમૂલી તેના વેલા થાય છે. બી ઝાળા રંગનાં થાય છે, તેને ભંગોડા કહે છે. પાન સુવાના પાન જેવાં દેખાય છે. તેની ડાળોમા કાંટા થાય છે. જમીનમા મરમર જેવી ગાંઠો હોય છે. તેમા છેટે છેટે એક એક ગાંઠો હોય છે. તેથી કાઠિયાવાડમા તેને એકલગાંઠો કહે છે. શતાવરી પુષ્ટિકારક છે એનાં મૂળિયાં દરેક આંબરોજને બટાડે છે. .
૨. સ્ત્રી એક જાતનું કરિયાણું.

શતાવરી ૧. સ્ત્રી. ઇંદ્રની સ્ત્રી
૨. સ્ત્રી એ નામની વનસ્પતિ. તેના વેલા ચોમાસે થાય છે. બહુસુતા, બીરુ, ઇંદીવરી, વરી, વારામણી, શતપદી, શતવીર્યા, પીવરી વગેરે તેનાં ભિન્ન નામો છે. તેને નાનાં સુવાસિક અને ધોળા રંગનાં ફૂલનાં ઝુમખા આવે છે. તે ઝાડ ઉપર ભારીક કાંટા હોય છે. શતાવરીને જોર જેવા નાનાં ફળો આવે છે અને પાકવા પછી તેનો રંગ રાતો થાય છે. ઔષધમાં એનાં મૂળ વપરાય છે. એકેક ઝાડને સો સુધી મૂળ હોય છે. મૂળ ઉપર ત્રિફલા રાતાશ પડતા પીળા રંગની પાતળી છાલ હોય છે. શતાવરી ધાતુ પૌષ્ટિક છે. અફઘાનિસ્તાન અને હિમાલયના નીચાણના પ્રદેશમાં તે ઊગે છે તેના છોડને કાઠિયાવાડમા એકલગાંઠો કહે છે. શતાવરી ગુણમાં શીતળ, મૂત્રલ, ધાતુ પૌષ્ટિક અને બ્રાહ્મ છે. તેના મૂળની ફાકી ખાંડ અગર મધની સાથે આપવાથી ઝાડો, અતિસાર, રક્તાતિસાર અને કોઈ પણ જાતનો પિત્તનો પ્રકોપ હોય તો તેનુ શમન થાય છે અને તો તેનો મુખ્ય ફકત ઠંડક કરવાનો જ છે. તેનો બાકી મુખ્ય ગુણ તેજ નથી. મૂત્રલ તરીકે પ્રમેહ, ઊનવા અને તણખીઆમાં તથા બીજા મૂત્રપિંડના રોગમા તે ગોખરુ સાથે કામ લાગે છે. વાત વ્યાધિમાં શતાવરી અપાય છે તે શરીરને તથા મજ્જાને પુષ્ટિ આપનાર છે તેમ જ તે ધાતુ પૌષ્ટિક તરીકે પણ સારી પેઠે પ્રસિદ્ધ છે.
૩. સ્ત્રી કચુરા નામની વનસ્પતિ
૪ સ્ત્રી રતના

શતાશ્ર [સ . પું વૃદ્ધ માટ બત.વસ રસ.

શતાંશ ૧. વિ. સો ભાગવાળું
૨ વિ. સોમો ભાગ.

શતાંશક વિ સો અંશ ભાગવાળું

શતોદના સ્ત્રી સો ગાયોને ખીર પૂરી થાય તેટલું દૂધ આપનારી ગાય.

શત્રુ ૧. પું. કંટક
૨. પું. દુશ્મન; અરિ; વૈરી.
૩. પું. પ્રતિપક્ષી; હરીફ.
૪. પું. સામેથી છતું સ્થાન.
૫. પું. વૃત્ર નામનો રાક્ષસ
૬. વિ. દુઃખ આપનાર.

શત્રુકાર [સં. સત્રાગાર] ન. (જૈન) અન્નક્ષત્ર; દાનશાળા

શત્રુઘાતી પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથ રાજાનો પૌત્ર; શત્રુઘ્નને શ્રુતકીર્તિને પેટે થયેલા બે પુત્રોમાનો મોટો પુત્ર. તેનો સુપ્રસિદ્ધ પણ કહેતા તે વૈદિશ નામની નગરીમાં રહેતો ભાગવતમાં તેને શ્રુતસેન પણ કહ્યો છે.

શત્રુઘ્ન ૧. પું. (પુરાણ) અંધક યાદવના પુત્રોમાનો એક
૨. પું. એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સત્તરેક વર્ણનો છે.
૩. [સં. શત્રુ + ઘ્ન (હણનાર)] પું. (પુરાણ) દશરથને સુમિત્રાને પેટે થયેલા બે માંહેનો કનિષ્ઠ પુત્ર; લક્ષ્મણનો નાનો ભાઈ. તે કુશધ્વજ જનકની દીકરી શ્રુતકીર્તિ જોડે પરણ્યો હતો રામને નામે ચૌદ વર્ષ પર્યંત તેણે અયોધ્યામા સારી રીતે રાજ્ય ચલાવ્યુ હતુ. તેના બેટા પુત્ર સુબાહુને રાજ્યાસન પર બેસાડી પોતે રામની સાથે ગયા
૪. પું. (પુરાણ) લક્ષ્મણનો રાવણ પક્ષનો એક રાક્ષસ
૫. પું. વિચાર. આત્મરામાયણમાં શત્રુઘ્ન એટલે વિચાર એમ દર્શાવ્યું છે.
૬. પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ.
૭. પું. (પુરાણ) અંધક યાદવના તેર માહેનો એક પુત્ર.

શત્રુજિત ૧ પું. (પુરાણ) પ્રતર્દન રાજા.
૨. પું. વિષ્ણુના હજાર માહેનુ એક નામ
૩. પું. (પુરાણ) શોણાશ્વ રાજર્ષિના પુત્રોમાનો એક
૪. પું શ્રીકૃષ્ણના એક ભાઈનું નામ
૫ પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન બૃહદ્બલ રાજાને સીતાવતીને પેટે થયેલો પુત્ર.

શત્રુતા સ્ત્રી. દુશ્મનાઈ; વૈર; દુશ્મનાવટ; શત્રુવટ

શત્રુતાઈ જુઓ શત્રુતા.

શત્રુત્વ જુઓ શત્રુતા.

શત્રુપક્ષ [સં શત્રુ + પક્ષ (બાજુ)] પું. દુશ્મનની બાજુ; જે પક્ષે શત્રુ હોય તે; સામાવાળો પક્ષ; શત્રુનો પક્ષ

શત્રુભાવ [સં.] પું. દુશ્મનાવટ.

શત્રુભુવન [સ.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાંનુ છઠ્ઠું ભુવન આ ભુવનમાં શત્રુ, રોગ, મોસાળ, ચોર, વિઘ્ન, ક્લેશ, ઘા વગેરે સબંધી જોવામાં આવે છે.

શત્રુયોગ પું. (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ
> શુક્રવારે આર્દ્રા, શનિવારે રોહિણી, સોમવારે પુષ્ય, રવિવારે શતભિષા અને મંગળવારે વિશાખા હોય તો તેને શત્રુયોગ જાણવો. જ્યોતિષીઓ

શત્રુવટ જુઓ શત્રુતા.

શત્રુવિનાશન જુઓ શત્રુભુવન.

શત્રુંજય ૧. પું. (પુરાણ) અભિમન્યુએ મારેલો એ નામનો એક રાજપુત્ર
૨. પું. (પુરાણ) અજાતશત્રુને હાથે મરાયેલા દ્રુપદ રાજાના પુત્રોમાંનો એક.
૩. પું. (પુરાણ) એ નામનો રામની સેનામાંનો એક હાથી.

૪ ગુ. એ નામનો સૌરાષ્ટ્રમાં આવેલો એક પર્વત; રોજુબે તે પાલીતાણાની વડોદરા આવેલો છે તે સૌરાષ્ટ્રમા આવેલુ એક બ્રાહ્મણોનુ જૈન તીર્થ છે. સમુદ્રની સપાટીથી એની ઊંચાઈ ૧,૯૭૭ ફૂટ છે. કહેવાય છે કે, મહાત્મા યોગી નામના પોતાના ગુરુ મહર્ષિ આદિત્યની સ્મૃતિ રાખવા માટે પાદલિપ્તના નામ ઉપરથી પાલીતાણા વસાવ્યુ પાદલિપ્તનુ બીજુ નામ પાલિત્ત પણ જૈન પટ્ટાવલીના પ્રસિદ્ધ છે. બીજી તરફ મોહિલવાડનો ઇતિહાસ જૈનો એમ માનતા પડે છે કે, પાલીતાણાના ઠાકોરો ભાવનગરના ભાયાતો છે અને ઠાકોર સેજકજીના વખતમાં પાલીતાણા વસ્યુ એવી માન્યતા પ્રચલિત છે. એક જૈની પણ અનુશ્રુતિ જૈનગ્રંથમાં નોંધાયેલી છે કે, એક વાર શત્રુંજય તીર્થ ઓહોના કબજામા હતું. પછી કુમાર સૌરાષ્ટ્રમાં જૈનોનુ પ્રાબલ્ય વધ્યું ત્યારે તે તીર્થ જૈનોના કબજામા આવ્યું પંડિત ભોચરદાસના સંશોધન પ્રમાણે જ્યારે જૈનો મોર્ય રાજ્યક્રાંતિ કે ધર્મક્રાંતિના કાળે મગધમાંથી ખસતાં ખસતાં રજપૂતાના ને સૌરાષ્ટ્ર તરફ આવવા માંડ્યા અને બરાબર સ્થિર થયા ત્યારે શત્રુંજય તીર્થ કબાતીમા આવ્યું હોય તેમ લાગે છે તે સમય ભગવાન મહાવીરના નિર્વાણ પછીનો હોઈ શકે. જૈનગ્રંથો ગ્રંથોમાં નોંધ મળે છે કે, શત્રુંજય પર્વત ઉપર મુખ્ય મંદિર બાકડાનું હતું. એક વાર રાજા કુમારપાળના મંત્રી ઉદયન એ તીર્થની યાત્રાએ આવેલા. તે વખતે એમણે સંકલ્પ કર્યો કે, મંદિરને આગના ભયથી મુક્ત કરવા માટે તેને પાષાણમય બનાવવું. એમના પુત્ર બાહડ કે વાગ્ભટે તે સંકલ્પ પૂરો કર્યો. આ રીતે આ તીર્થ સાથે ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ, આચાર્ય હેમચંદ્ર, રાજા કુમારપાળ વગેરેનો વિશેષ સબંધ રહેલો છે. જૈન સમ્રદાયની દંતકથા પ્રમાણે શત્રુંજય પ્રધાન તીર્થ છે અને ગિરનાર તેનો એક ભાગ છે. મંત્રીશ્વર વસ્તુપાળ, તેજપાળ, કપર્દિકોટના જગડુશાહ, માંડવગઢના પેથડશાહ અને અમદાવાદીનના તિલિંગ દેશના સુભા સમરાશાહ તથા ચિતોડનિવાસી કર્માશાહ વગેરેએ શત્રુંજય ઉપર જીર્ણોદ્ધાર કરાવેલો છે અને નવાં મંદિરો પણ બંધાવેલાં છે. પ્રેમાકુંડ, કુમારપાળકુંડ, ભાલાકુંડ, હીરાબાઈ નો કુંડ, ભૂખણદાસનો કુંડ વગેરે કુંડો પહાડ પર ચડતાં વચ્ચે આવે છે. વળી વચ્ચે કેટલીક નાની દેરીઓ આવે છે, જેમા જૈન સંતોનાં પગલાં સ્થાપેલા હોય છે. કુમારપાળના કુંડથી આગળ જતાં હિંગળાજનો દહો આવે છે. ત્યાં હિંગળાજ માતાની નાની દેરી આવે છે. ભૂખણદાસના કુંડ પછી આગળ જતાં હનુમાનદાર આવે છે ત્યાં બાજુ શ્રીહનુમાનની મૂર્તિ સ્થાપેલા છે. અહીંથી બે માર્ગ ફાટે છે એક માર્ગ ગુજ્યા ઉપરના મુખ્ય મંદિર જાય છે અને બીજો માર્ગ નવ ટૂકો તરફ જાય છે. આ ટૂકોમાં મુખ્ય ટૂકનું નામ મોટી ટૂક કે દાદાની ટૂક આ ટૂક રામપોળ, વિમળવસી અને રતનપોળ એમ ત્રણ ભાગમા વહેંચાયેલ છે રામપોળથી જરાક આગળ જતા રાયણપગો આવે છે અહીં પગે આદીશ્વરની મૂર્તિઓ છે રામપોળથી આગળ જતાં હાથીપોળ પહોંચતાં સુધીમાં ડાબી જમણી એમ બને બાજુ સુંદર, આકર્ષક અને અવર્ણનીય કારીગરીવાળાં અનેક મંદિરો આવે છે. જાણે કે, મંદિરોનું મોટું નગર ન હોય એવો આંખને પ્રસન્ન કરે એવો દેખાવ અહો થાય છે! ગિરનાર, આબુ વગેરે બીજા પર્વત ઉપર આના જેવો દેખાવ નજરે પડતો નથી. મંદિરોનાં તોરણો, મંદિરોના ઘુમટો, ઘુમટો માંહેની પૂતળીઓ વગેરેનુ શિલ્પ ખરેખર આકર્ષક અને આશ્ચર્યજનક છે. વિમળવસી એ વિમળમંત્રીનુ સ્મારક છે. વિમળવસી શબ્દમા વિમળ એ વિશેષ નામ છે અને વસી શબ્દનો અર્થ વસતિ છે. જૈન પરિભાષામાં વસતિ શબ્દ જૈન મંદિરને સૂચવે છે. એમ બીજા જે અનેક વસીઓ આ પર્વત ઉપર છે તે બધી સાથે તેમને બંધાવનારના નામો જોડાયેલાં છે. શ્રીઋષભદેવ અથવા આદીશ્વર ભગવાનની ટૂક ઉપરાંત બીજી નવ ટૂકો છે. તેમાં રામપોળથી ભહાર નીકળતા પ્રથમ મોતીશા શેઠની ટૂક આવે છે. શત્રુંજયના જે શિખર ઉપર આદીશ્વરનું મંદિર છે તેની જ સામે એક બીજુ શિખર છે. તેના ઉપર હેમાચાર્ય કોઠે અઢળક દ્રવ્ય ખરચી બીજું મંદિર બંધાવ્યુ છે. તેનુ નામ હેમાવસી ટૂક છે. આદીશ્વર ને હેમાવસીની ટૂક વચ્ચેની કુતાસરની ઊંડી બીજુ પુરાવી દઈ મોતીશા શેઠે મોતીશા ટૂક બંધાવી છે. તેમાં અનેક રમણીય મંદિરો ગોળાકારમાં આવેલાં છે. જુદા જુદા જૈન આવકોએ ૧૬ મંદિરો બંધાવેલાં છે એ ટૂકોને જોડનાર મોતીશા શેઠની ટૂકનું મુખ્ય મંદિર ઘણું મોટું અને અતિ ભવ્ય છે. આ પછી ઘોઘાના ભાલાભાઈએ પોતાના નામની ટૂક બંધાવી છે. તેમાં પાંચ મંદિરો છે. અહીં પાસે એક અદ્ભુત પ્રતિમા છે. તને લોકો અદબદની મૂર્તિ કહે છે આદીશ્વર ભગવાનની એ અદ્ભુત મૂર્તિ ૧૮ ફૂટ ઊંચી છે અને પલાંસને બેઠેલી છે એની પલાંઠીની પહોળાઈ ૧૫ ફૂટ છે. આ મૂર્તિ નાઈ લક્ષ્મી જૈન પહાડમાંથી જ કોતરાવીને બેસાડ કરાવેલી છે. અહીં વર્ષમા એકવાર મૂર્તિનું પૂજા થાય છે અને નિસરણીથી ઉપર ચડીને મૂર્તિના મસ્તકે પૂજા કરવામાં આવે છે. આખા પર્વત ઉપર કુલ મોટાં મંદિરો લગભગ ૧૦૬ છે. નાની દહેરીઓ લગભગ ૭૦૦ થી વધારે છે, મૂર્તિઓની સંખ્યા ૧૧ હજાર છે અને પાદુકાની સંખ્યા ૯ હજાર જેટલી છે. આખા ભારતવર્ષના તમામ પ્રાંતના જૈનો શત્રુંજય પર્વત ઉપર યાત્રાએ આવે છે. શત્રુંજય પર્વતનાં નવાણું નામ છે તેનાં ઉમાશૃંગિરિ, મહાગિરિ વગેરે નામો પણ છે. આ પર્વતની આસપાસ બીજા ડુંગરો છે જેનાં નામ હસ્તગિરિ, કદંબગિરિ વગેરે છે. યાત્રાળુઓ આ પર્વતની ઢોક ગાઉની, ત્રણ ગાઉની, છ ગાઉની અને બાર ગાઉની પરકમા કરે છે. આ પર્વતની યાત્રા નિમિત્તે કાર્તિકી પૂનમ અને ચૈત્રી પૂનમે જૈનોનો મોટો મેળો ભરાય છે. જૂના વખતમાં જૈન ભક્તશ્રાવકો પાદવિહારી, એક આહારી, અદ્દાચારી, ઉભયકાલ સંધ્યાહારી, મુખસહચારી અને ભૂમિપથારી આ જાતનો આચાર સાચવીને આ તીર્થની યાત્રાએ આવી પોતાનું કલ્યાણ સાધતા

૫. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર. તેને ભીમસેને માર્યો હતો.

૬. પું. (પુરાણ) રામચંદ્રને બેસવાનો એ નામનો હાથી.

શાકબોરી સ્ત્રી. શતાવરી; શતમૂલી.

શાકુપૂ જ. કલ્પિત તરંહ પાણી બેસવાનું એક સાધન; ટેકવો. તેમાં એક વાંસને છેડે હોલ તથા બીજે છેડે ભારણ લટકાવવામાં આવે છે. ભારણવાળી બાજુને સહેજ ધક્કો મારવામાં આવે તો હોલ ઊંચે આવે છે. દક્ષિણમાં તેને ટેકલી કહે છે.

શાખા પું. આર્ય સંસ્કૃત ભાષામાં વપરાયેલ 'તુમ્' નો એક આદેશ.

> આર્ય સંસ્કૃતમાં પણ 'તુમ્' ના 'સે', 'સેન', 'અસે', 'અસેન', 'કસે', 'કસેન', 'અમ્યે', 'અમ્યેન', 'ત્વા', 'ત્વયા', 'ત્વાયે', 'ત્વાયેન', 'ત્વે', 'ત્વેન' અને 'તવેન' અને આદેશો થયેલા છે. પુરાતત્વ

શાખેન જુઓ શાખ્યે.

શાન [ફા] પું. ફારસી ભાષામાં વપરાતો સ્થળવાચક પ્રત્યય. જેમકે, ગુલશન.

શાનકાવલિ સ્ત્રી. જજપીપર

શાન-દિ સ્ત્રી. તિબેટના લોકોમા ગુનેહગારની સખ્તાઈથી તપાસ કરી થોડી થોડી વારે તેને ફટકા મારવાની રીત.

વખતે સખતાઈથી એની તપાસ ચાલે છે અને ચોર ચોક્કસ પકડાય છે. આને શનિ-દૃષ્ટિ કહે છે. [હિં.] વા.પ્રયોગ

શનિ ૧. [સં.] પું. એ નામનો સૂર્યમંડળમાંનો નવ ગ્રહોનો એક ગ્રહ. નરી આંખે દેખાતા સર્વ ગ્રહોમાં શનિ સૌથી દૂર છે. બૃહસ્પતિની માફક તેને પણ વલય ઉપગ્રહો છે. શનિના ઉપગ્રહો આ પ્રમાણે છે: ૧ મીમસ તે ૧,૧૭,૦૦૦ માઈલ દૂર ફરે છે, ૨ એન્સીલેટસ ૧,૫૩,૦૦૦ માઈલ, ૩. ટેથિસ. ૧,૮૬,૦૦૦ માઈલ, ૪. ડાયોન. ૨,૩૮,૦૦૦ માઈલ, ૫ થી. ૩,૬૨ ૦૦૦ માઈલ, ૬. ટિટન. ૭,૭૧,૦૦૦ માઈલ, ૭. હાઈપિરિયન. ૯,૩૪,૦૦૦ માઈલ, ૮. આયાપેટસ કે વનેટસ ૨૨,૭૫,૦૦૦ માઈલ, ૯ ફોબ ૮૬,૦૦૦ માઈલ દૂર છે આમાના મોટામાં મોટા ૪ ઈ. સ. ૧૬૫૫માં અને ૨ લગભગ ૧૭૫૦ માં અને નાનામાં નાનો એક લગભગ ૧૮૪૮ માં શોધી કાઢવામા આવ્યો છે શનિ તે બધા જ સૂક્ષ્મ પદાર્થોનો બનેલો છે. તેજમાં આપણને તે બહુ જ ઝાંખો દેખાય છે તે બધી રીતે બૃહસ્પતિને મળતો છે. તેનો વ્યાસ આશરે ૭૬,૪૭૦ માઈલનો છે અને તે સૂર્યની આસપાસ ૨૯½ વર્ષમાં એક વખત ફરી રહે છે તથા પોતાની ધરી ઉપર ૧૦ કલાક, ૪૮ મિનિટમાં ફરી રહે છે. તેની ક્રાંતિ વિષુવવૃત્તકોણ ૨૬ અંશ ૪૯ કળા છે. તેના પૃષ્ઠ ભાગનું આકર્ષણ પૃથ્વીનું ૧·૨ પટ છે. કક્ષામાં સેકંડે વેગ ૫·૯ માઈલ છે. તેનો આકાર એટલે મનફળ પૃથ્વીના ૭૦૬ પટ છે. તેનું દ્રવ્ય પૃથ્વીનુ ૯૩ પટ છે અને સૂર્યબિંબ પ્રકટ્ય ઉષ્ણતા પૃથ્વીની ½ છે. તેનો મધ્ય વ્યાસ ૭,૦૫,૦૦૦ માઈલ છે. તેની ઘનતા પાણીથી ·૭૫ અને પૃથ્વીથી ·૧૩ છે. તેનો અક્ષપ્રદક્ષિણા કાળ ૧૦ ક. ૧૪ મિ. અને સૂર્ય પ્રદક્ષિણાકાળ ૨૯ વર્ષ ૧૬૭ દિવસ છે. પૃથ્વીથી તેનું લઘુતમ અંતર ૭,૩૩૩ લાખ માઈલ છે. સૂર્યથી તેનું મધ્યમ અંતર ૮,૮૦૫ લાખ માઈલ છે અને પૃથ્વીથી મહત્તમ અંતર ૧૦,૨૩૬ લાખ માઈલ છે. તેની ક્રા. કેંદ્રચ્યુતિ ·૦૫૬૮ છે અને વિષુપ ૨ અંશ ૩૦ કળા છે. શનિ પહેલા વર્ગના તારા જેટલો તેજસ્વી દેખાય છે. તે એક રાશિમાં ·૨૫ વર્ષ રહે છે. હવ જ્યોતિષીઓ માને છે કે, શનિ જે રાશિમાં હોય છે તેને તથા તેની આજુબાજુની બેઉ રાશિને તે નડે છે. અર્થાત્ તે એક એક રાશિને સાડા સાત વર્ષ ઉપદ્રવ કરે છે. બીજા શબ્દોમાં શનિની દશા રાશિને સાડા સાત વર્ષની પનોતી લાગે છે. વળી તેની વક્રગતિ બહુ વિલક્ષણ છે એટલે કે, જ્યારે વક્રી થાય છે ત્યારે એક જ સ્થળે લાંબો વખત દેખાય છે. આથી શનિ વક્ર થયો હોય તો કેટલે કષ્ટ ઉપદ્રવ થાય જ એવી લોકોમા સમજણ છે. શનિ દુષ્ટ ગ્રહ છે એવી સર્વ દેશમાં માન્યતા છે. યરપિયન પુરાણોમા સેટર્ન નામનો દેવતા બહુ ખાતરી અને અસભ્ય વર્ણવવામાં આવ્યો છે. આથી શનિને સેટર્ન નામ આપવામા આવ્યું છે. શનિ જો કે બાહ્ય દૃષ્ટિથી મદ ચાલતો લાગે છે પરંતુ વાસ્તવિકરીતે તે એક મિનિટમાં ૭ માઈલ કાપે છે. તે આપણાથી બહુ જ દૂર હોવાથી મદ ગતિનો લાગે છે; પરંતુ ગણિતની દૃષ્ટિએ તો તેની ચાલ ઝડપી છે. વર્તમાન જ્યોતિષીની માન્યતા પ્રમાણે શુક્ર ગ્રહક શનિની સ્થિતિ પણ આપણી પૃથ્વીના નિરાળા જ છે. શનિમાં મુક્ત ગ્રહક હજુ બહુ અંશત પ્રકાશ છે; જે તેનામાં રહેલી ઉષ્ણતાને લીધે તેનાં બદલ કર્યો, વાતાવરણનાં જાડાં વાદળાં વગેરે બાબતો ઉપરથી અનુમાન કાઢવામાં આવે છે. શનિની એક અપૂર્વ ખૂબી એ છે કે, તેની આસપાસ વર્તુળમાં અસભ્ય પદાર્થો કદોરા માફક ફર્યા કરે છે. આજ સમકેંદ્રિત અવસ્થિતગ્રહારે ગણ્ય વલયો છે તેઓ સ્વતંત્ર ખાસ વર્તુળોમાં શનિની આસપાસ ફર્યા કરે છે. એ ચમત્કારિક વલયો વિષે એવો નિર્ણય થયેલો છે કે, અસંખ્ય નાના નાના ઉપગ્રહોના યોગને લીધે આ વલયો થયાં છે અને તેઓ બધાં જ પાસે પાસે હોવાને લીધે નિરનિરાળાં ન દેખાતાં સમૂહમાં જ શનિની આસપાસ ફર્યા કરે છે. તેમની ગોળાવત્તી આકારના પ્રમાણમા તેઓમાં ગોળવક્રુ તેજ છે. જે ભાગમાં ઉપગ્રહોનો વલયો ગટ છે ત્યાં તેજ વધારે અને જ્યાં વિરલ હોય છે ત્યાં તેજમાં કમી લાગે છે શનિનો સ્વભાવ શુષ્ક, ઠંડો, સહોગવાળો અને અડચણ કરનારો છે. તેની અસર હાડકાં, સાંધા, મુદ્રા, દાંત, ગોઠણ વગેરે ઉપર હોય છે શનિના દોષથી અર્ધાંગ, વાતજન્ય, અન્નવિકાર, સન્નિપાત, ઉધરસ વગેરે વ્યાધિઓ થાય છે. શનિ નાડીનો અધિપતિ છે. આ ગ્રહમાં જન્મનાર કીર્તિ દ્રવ્ય ખોવે, તેના પુત્ર તથા પત્નિનો નાશ થાય અને હમેશ બધાં દુઃખ વેઠે તેમ મનાય છે. શનિ એક અજબ ગોળો છે. તેના પૃષ્ઠ ભાગ ઉપર નાના પ્રકારના કેંગ્રો ચમકે છે. ધ્રુવો આગળ બળીના જેવો નીલો સફેદ પટો છે અને વચ્ચે વચ્ચે ચમત્કારિક ટપકાં છે. તેના ઉપર પીળાશ પડતો, બદામુડો, લાલ એવા રંગોની ઝાંખ મારે છે. શનિને જોતાં આપણને મહાદેવજીના ત્રિનેત્રનું લાગશે. ત્રિનની આસપાસ રાળુઝ (એક જાતના દાણા) નુ વેષ્ટન છે

૧. બારમો શનિ હોવો = હાડવેર કે અણબનાવ હોવાં; કટ્ટી દુશ્મનાવટ હોવી.

૨. શનિની દશા = (૧) જ્યોતિષ પ્રમાણે શનિગ્રહથી થતી અસર. (૨) દુ.ખ. (૩) દુર્ભાગ્ય; બારે વિપત્તિનો સમય. તે સાડા સાત દિવસ, માસ કે વર્ષ રહેતો હોવાનુ મનાય છે

૩. શનિની દશા બેસવી = વિઘ્ન ઉપર વિઘ્ન આવવાં.

૪. શનિનો ફેરો = શનિગ્રહ અશુભ રાશિમા આવવો કે શનિની દશા બેસવી

૨. પું (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રા છંદ. તે નંદ છંદનો ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૧૮ લઘુ મળી ૩૮ માત્રા હોય છે

૩. પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમા ૨ ગુરુ અને ૬૨ લઘુ મળી ૬૪ વર્ણની ૬૬ માત્રા હોય છે

૪. પું એક જાતનો કીમતી પથ્થર; નીલમણિ નીલમનો રંગ ઘૂરો હોય છે. આ રંગ તેના રંગ સિવાય બીજી રીતે ઝાંખાને મળતું જ હોય છે. આ પથ્થરોમાં પણ દુધક ચીરા વગેરે ખોળ હોય છે. માણેક કરતાં તેની કીમત ત્રીજા ચોથા ભાગ જેટલી જ હોય છે. આ નંગો ખાસ કરીને ગ્રહોના નંગ તરીકે અથવા ફેન્સી દાગીનામાં વપરાય છે. એક તરીકે બને તેટલું ચોખ્ખું નંગ વાપરવાની જ્યોતિષીઓની સલાહ હોય છે

૫. પું. સાત વારોનો એક વાર; શનિવાર; મદવાર

શનિકંકણ ન. મનુષ્યના હાથમાં હોતું એ નામનું એક ચિહ્ન. તે અશુભ સૂચક છે. આ ચિહ્નવાળા મનુષ્યો ઘણા તરેહો સેવે છે. પરંતુ કોઈ પણ બાબતમાં સફળતા પ્રાપ્ત થતી નથી.

શનિજ વ. કાળાં મરી.

શનિદૃષ્ટિ સ્ત્રી. ટેઢી નજર

શનિપ્રદોષ [સં.] પું. શનિવારે આવતી મુક્ત તેરસે સંધ્યાકાળે કરાતી શિવપૂજા. શ્રાવણ કે કાર્તિક માસમાં તેરસને દિવસે શનિવાર હોય તો તે દિવસે આ વ્રત કરાય છે.

શનિમહોત્સવ ૧. [સં.] પું. મોજમજા માણવાનો સમય.

૨. પું. હોળી.

શનિવલય [સ] ન. શનિગ્રહની આસપાસ દેખાતું એક અદ્‌ભુત કડું કે કુંડાળું

શનિવાર [સ. શનિ + વાસર (દિવસ)] પું અઠવાડિયાના સાત વારોનો એક વાર; મંદવાર; અઠવાડિયાનો સાતમો દિવસ

શનિવારિયું વિ. ન અમેરિકામાં દર શનિવારે પ્રગટ થતું એક પત્ર

૨. વિ. શનિવારે બોલતું કે થતું

શનિવારું વિ શનિવારે આવતું કે શરૂ થતું.

શનિવાસર [સં.] પું. શનિવાર.

શનિશ્ચર ૧. પું અદેખાઈ; ઝેરખંજર; ઈર્ષ્યા.

૨. પું. ઈર્ષાળુ મનુષ્ય; ઝેરીલો આદમી

૩. [સં. શનૈઃ (ધીમું) + ચર (જતું)] પું શનિ

૪. વિ. અદેખું

તેની આખમાં શનિશ્ચર છે = તે અદેખો છે

૫. વિ. ધીમું; મંદ.

શનિશ્ચર સંવત્સર પું (જ્યોતિષ) જૈન મત પ્રમાણે પાંચ માંહેનો એક સંવત્સર.

શનેઉ પું. શનિવાર. બેપારી લોકો ચોપડામાં શનિવારનું ટૂંકું રૂપ શનેઉ લખે છે

શનૈઃ ૧. પું પ્રમેહના દસ માંહેનો એક પ્રકાર. તે કફથી થાય છે.

૨. [સં.] અ. ધીમે ધીમે; આસ્તે આસ્તે; હળવે હળવે.

શનૈઃ શનૈઃ ૧. [સં.] અ. ક્રમે ક્રમે.

૨. અ ધીમે ધીમે; આસ્તે આસ્તે; હળવે હળવે.

શનૈશ્ચર જુઓ શનિશ્ચર.

શનૈશ્ચરી સ્ત્રી. શનિ નામે ગ્રહ.

શનૈશ્ચરી સ્મૃતિ સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક સ્મૃતિ.

શન્ટિંગ [સં] ન. એંજિનથી કળાનું ગાડવું તથા જોડવું તે.

શન્મુખમુદ્રા સ્ત્રી યોગની એ નામની એક મુદ્રા.

શપ્ [સં.] સ. ક્રિ સમ ખાવા; શાપ દેવો. તે ઉપરથી શાપ, શાપિત, શપથ, શપન વગેરે શબ્દો બનેલ છે

શપથ ૧. પું. ઇકરાર; પ્રતિજ્ઞા.

૨. [સ. શપથ–પ્રા. સવહ–શૌસવકુ–સબધ–અપ –સપહુ–સપહુ] પું. શપથ; સોગન; સમ; કસમ, સોગંદ. આના સમાનાર્થે સસ્કૃત શપ ઉપરથી પ્રા. સાવો અને સ થી થાય છે. ગામડાની ભાષામાં સોગનના અર્થમાં વપરાતો સમ શબ્દની પ્રકૃતિ. સ. સથો ધ્વનિ હોય. શપથ શબ્દ સસ્કૃત છે ખરો, પરંતુ મરાઠીમા તો ગામડાના કણબી લુહારમાં એ રૂઢ છે. શપથ ગ્રહ શબ્દ છે શપથ અશુદ્ધ છે

૧. શપથ અવઢાવવા–દેવા = સોગંદ દેવા.

૨ શપથ લેવા = સોગંદ ખાવા

શપથનામું [સં. શપથ + ફા. નામા] ન. પ્રતિજ્ઞા પત્ર; સોગંદનામું; ' એફિડેવિટ '.

શપથપત્ર જુઓ શપથનામું.

શપથપૂર્વક [સં] અ. સોગન ખાઈને

શપથલેખ જુઓ શપથનામું.

શપન [સં.] ન. કસમ; શપથ; સોગન.

શપ્ત [સં.] વિ. સોગંદ દીધેલું.

શફ ૧. પું. પડો.

૨. પું સામવેદનો એક ઋષિ.

૩. ન. એ નામનું એક ઝાડ

૪. ન. ગાય વગેરેની ખરી

શફર પું. એક પ્રકારની માછલી; એક જાતનું નાનું ચળકતું માછલું

શફરી ૧. સ્ત્રી. ખાટી છાશ.

૨. સ્ત્રી. નાની માછલી.

૩. સ્ત્રી. સફેદ રંગનો ઘરેણ

૪ વિ ચચળ

૫. વિ સફર કરનાર; સફરી.

શફલી વિ. નમાલી; હલકી; સાલી.

શફણી સ્ત્રી. ગાય બેસની વિયાવા વખતની શરીરની સ્થિતિ.

શફા ૧. [અ. શિફા (તંદુરસ્તી)] સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.

૨. ન. એક ગામ. અહીં દારૂડી લોકના કબીલા રહે છે

શફાઅત [અ.] સ્ત્રી. ન્યાય; તુલના.

શફાખાના [ફા. શિફા (તંદુરસ્તી) + ખાના (ગૃહ)] ન. દવાખાનું; ધર્મિષ્ઠાલય; ' ડોસ્પિટલ '.

શફાખાનું જુઓ શફાખાના

શફામચર્મ ન. છીંકની મુખ આગળની આમડી કે ટોપી.

શબ્ ૧. [સં.] સ્ત્રી. રાત્રિ

શબે રાહત = સુખની રાત્રિ

૨. [સં. શવ] ન. છવરહિત કલેવર; મડદું; મડું; મૃતકાયા; મૃતદેહ.

શબ્બગઝ [ફા શબ (રાત્રિ) + ગઝ (કરડનાર)] પું. ચાંચડ

શબ્બાહ [ફા. શબ (રાત્રિ) + ગાહ (સ્થળ બતાવનાર પ્રત્યય)] સ્ત્રી રાત્રે કંઈ વસ્તુ રાખવા માટેની જગ્યા

શબ્બીર ૧ [ફા.] પું. રાતના વખતે કામ કરનાર અને મુસાફરી કરનાર નોકર

૨. સ્ત્રી. કસારી; તમરું

૩ ન. પરોઢિયું.

૪ ન ગુલબુલ પક્ષી, રાત્રે બોલનાર કોકિલ જેવું પક્ષી.

શબ્બીરાણ ૧. [ફા.] ન. ચકચકિત હીરો.

૨. ન. પતંગિયું

૩. ન. રાતનું ફાનસ

૪. ન. વાસણમાં થયેલ ગૂમડું.

શબ્બેછદન ન. શરીર માંહેલી રચના તથા તેના વ્યાપારથી માહિતગાર થવાને પ્રાણીને ચીરવાં તે; મડદાં ચીરવાં તે; ' ઍનૉટૉમી '.

શબ્બોજ વિ. ભ્રષ્ટ; બેળસેળવાળું

શબ્બોરવું સ. ક્રિ. સૂચવવું; ભવિષ્યમાં બનનાર બનાવ માટે સાવચેત રહેવા કોઈને અગાઉથી સૂચવવું

શબ્બોલમ ૧. [ફા.] ન. ઝાકળ.

૨. સ્ત્રી. ભરતખંડમાં પૂર્વે થતું એક જાતનું અતિ ભારીક મલમલ; પાતળું કીણું તે મહુ મલમલનું કાપડ. તે પાણીમાં નાખતાં ઝાકળની માફક તેમાં ઓગળી જતું માટે તેને શબ્બોલમ કહેવામાં આવતું.

શબ્બોપરીક્ષા [સં] સ્ત્રી. મરી ગયેલા માણસની પરીક્ષા અથવા તપાસ કરવી તે; મરણોત્તર તપાસ કે પરીક્ષા.

શબ્બોયાન [સં.] સ્ત્રી ડાઘડી; નનામી.

શબ્બર ૧. પું. ગંગાની ખીણની પેલી તરફ દક્ષિણે રહેતા લોકનો એક પ્રકાર.

૨. પું. પ્રાચીન જડાવડ લોકનો એક વર્ગ.

૩. [સં.] પું. ભીલ; શિકારી; પર્વતમાં વસતા એક જાતના લોક

૪. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

૫. પું. મીમાંસાના પ્રસિદ્ધ ભાષ્યકાર.

શબ્બરકંદ [સં.] ન. સસણ.

શબ્બરચંદન ન. પીળા રંગનું ચંદન.

શબ્બરાલય ૧. [સં.] પું ભીલવાડો.

૨. પું. ભીલોનું ગામ

શબ્બરી ૧. [સં] સ્ત્રી પ્રીતિ. આત્મારામાષ્ટકમાં શબ્બરીને પ્રીતિ કહેલ છે

૨. જી. (પુરાણ) રામની પરમ ભક્ત એક ભીલડી. એ પપા સરોવરને પશ્ચિમ કિનારે રહેતા મતંગ ઋષિની દાસી હતી. એ તપસ્વિની પણ હતી રામચંદ્ર ચિત્રકૂટ પર્વત ઉપર હતા તેવામાં મતંગ ઋષિ દેવલોકમા ગયા. મરતા મરતાં શબરીને કહેતા ગયા હતા કે, થોડા જ સમયમાં રામચંદ્ર અહીં આવશે. ત્યારે તેનું આતિથ્ય કર્યા બાદ તું સ્વર્ગમાં આવજે. તેથી તે રામની વાટ જોતી હતી. જ્યારે લક્ષ્મણ સહિત રામ આવ્યા ત્યારે એનું પૂજન કરી એમને આશ્રમમાં વનફળો ખાવા આપ્યાં. તેમ જ મતંગના વનમાં સપ્ત સાગરાદિ તીર્થોની હકીકત કહીને જે જે જોવા જેવું હતું તે બધું બતાવ્યું. રામચંદ્ર ઉપર બહ્મો ભાવ લાવી પોતે ચાખી ચાખીને સ્વાદિષ્ટ ફળ તેમને ખવડાવ્યાં હતાં અને એની પ્રીતિને વશ થઈને રામચંદ્રે અષ્ટાંગ ફળ આપ્યાં હતાં.

શબરીદોષ પું. એક જાતનો દોષ; કાઢીચૂના કરતાં નમ ભીલડીની પેઠે ગુણ રહ્યાને લાભ રાખવો તે

શબલ ૧. [સં.] પું. (જૈન) અતિચાર દોષ; ચારિત્રને દૂષિત બનાવનાર એકવીસ માંહેનો એક શબ્દ દોષ. જેવાં કે, હસ્તકર્મ, મૈથુન, રાત્રિભોજન, પ્રત્યાદિ.

૨. પું. ચામરચીતરો રંગ.

૩. પું. મોટો કૂતરો.

૪. ન. ધનના ત્રણ માંહેનો એક પ્રકાર. અર્થ ત્રણ પ્રકારના છે: (૧) શુક્લ એટલે પ્રમાણિકપણે મેળવેલ, (૨) કૃષ્ણ એટલે પ્રમાણિક અને અપ્રમાણિક બને રીતે ભેગું કરેલ અને (૩) કૃષ્ણ એટલે અપ્રમાણિકપણે એકઠું કરેલ.

૫. વિ. ચામરચીતરું; ચિત્રવિચિત્ર રંગનું; કાળા પીળા વગેરે રંગવાળું

શબલતા જી. ચામરચીતરાપણું.

શબલત્વ જુઓ શબલતા.

શબલાશ્વ ૧. પું. (પુરાણ) પ્રચેતસ દક્ષને હર્યશ્વ નામનો પુત્ર થયા પછી થયેલો પુત્ર. તેને નારદે ઉપદેશ કરી વિરક્ત કર્યો હતો.

૨. પું. (પુરાણ) સોમવંશી અવિક્ષિતનો પુત્ર; એક ક્ષત્રિ

શબલિત વિ મિશ્રિત.

માયા શબલિત બ્રહ્મ = માયાની ઉપાધિવાળું બ્રહ્મ.

શબલિતા જી. માયા

શબલી ૧. જી. ચામરચીતરી ગાય

૨. જી. કામધેનુ

શબવર્ણ [સં. શબ + વર્ણ] વિ. પાંડુર; ઝાંખા રંગનું.

શબ્દગ્રાહક [સં.] પું. કાંખિયો, ઘાસને ઊંચકનાર, ડાબુ.

શબ્દગ્રાહન [સં] ન. શબ્દને ઝીલી જવું તે

શબ્દગ્રાહના [સં] જી. ચામુડા દેવી

કેટલાક હસ્તિ અને ગૃહ વર્ગમાં ચામુંડાને શબ્દગ્રાહના કહે છે. તેથી ગામમાં જતા મહુ સામું અને તો શુકન કહેવાય. સત્યાર્થ પ્રકાશ

શબ્દગ્રાહિકા [સં.] જી. નનામી; ઠાઠડી; મડદાને સ્મશાનમાં લઈ જવાની ખાટલી

શબ્દગ્રાહિની જુઓ શબ્દગ્રાહિકા

શબ્દવિચ્છેદ જુઓ શબ્દવ્યવચ્છેદ.

શબ્દવ્યવચ્છેદ ન. મરી ગયેલ માણસની ક્રિયાકૂપ કરવી તે; મુડદાંને ચીરવું તે; 'પોસ્ટમોર્ટમ'.

શબ્દાબ્ધ [સં.] જી. જુવાની; યૌવન.

શબ્દાલય ન. સ્મશાન; કબ્રસ્તાન; પ્રેતભૂમિ.

શબ્દાસન ન. (યોગ) એ નામનું એક આસન; મૃતાસન. બંને પગ તથા હાથ લાંબા કરી, મોં આકાશ ભણી રાખી, સ્વસ્થપણે, પીઠ પર ચત્તુ શયન કરવું તે શબાસન કહેવાય છે. યોગાભ્યાસ કરતાં થાક લાગે ત્યારે આ આસન કરવાથી વિશ્રાંતિ મળે છે અને શ્રમ દૂર થાય છે.

શબ્બિસ્તાન [ફા.] ન. શયનગૃહ; સૂવાનો ઓરડો.

શબ્બેકદ્ર [ફા.] જી. રમઝાન મહીનાની ૨૭મી રાત. ત્યારે કુરાને શરીફ આસમાનમાંથી ઊતર્યું હોવાનું મનાય છે.

શબ્બેરાત [હિં.] જી. નૉંધપાત્ર અથવા યાદગાર રાત; શાબાન મહિનાની ચૌદમી રાત. તે વખતે મુસલમાનો પોતાના મુજરી ગયેલાં સગાંવહાલાં માટે પ્રાર્થના, રોજા વગેરે કરે છે અથવા બલિદાન આપે છે.

શબ્બેશહાદત [ફા.] જી મોહરમ મહિનાની દસમી રાત; કતલની રાત. ત્યારે ઇમામ હુસેન શહીદ થયા હતા

શબ્બોરોજ [ફા. શબ (રાત્રિ) + વ (અને) + રોજ (દિવસ)] અ રાતદિવસ; નિરંતર; હમેશા.

શબ્દ [સં.] ક્રિ. (ધાતુ) અવાજ કરવો; ધમ પાડવી; બોલાવવું; નામ આપવું ને ઉપરથી થયેલ શબ્દ: શબ્દિત, શબ્દાર્થ, શબ્દસમૂહ, શબ્દકોષ વગેરે.

શબ્દ ૧. પું. (વ્યાકરણ) અર્થયુક્ત એક કે વધારે અક્ષરનો સમુચ્ચય તે. વ્યાકરણ આદિમાં જે વાચક છે તે શબ્દ કહેવાય છે. વૈયાકરણોના મત પ્રમાણે શબ્દ અને અર્થનો સબંધ નિત્ય છે. જેમ ઇંદ્રિયોમાં પોતાના અર્થો ગ્રહણ કરવાની યોગ્યતા સ્વાભાવિક છે, જેમ આખ સ્વભાવથી જ રૂપનું, કાન શબ્દનું, એમ ઇંદ્રિયો પોત પોતાના વિષયનું ગ્રહણ કરે છે તે જ પ્રમાણે શબ્દને અર્થ સાથે સ્વાભાવિક અનાદિ કાળથી ચાલતો આવેલો સંબંધ છે અને અર્થનો બોધ કરવાની યોગ્યતા છે. જેમ આખ રૂપનું જ ગ્રહણ કરી શકે છે, રસનું નહિ, તેમ એક શબ્દમાત્રથી અર્થનો બોધ કરવાની એવી સ્વાભાવિક યોગ્યતાને લીધે, બાળકો જ અર્થ તારવે છે: બીજો નહિ. આ પ્રમાણે વૈયાકરણો અમુક શબ્દમાંથી અમુક અર્થ તારવવો જોઈએ એ એમની ઈશ્વરેચ્છાને કે અનાદિ કાળથી ચાલી આવેલી પ્રથાને પ્રાધાન્ય આપે છે; એટલે કે, સ્વાભાવિક રીતે શબ્દમાં જ અર્થ ઉપલબ્ધ થવાની યોગ્યતા છે. શબ્દના અર્થનું જ્ઞાન ૭ સાધનથી પણ પ્રાપ્ત થાય છે: (૧) કોષ, (૨) વ્યાકરણ, (૩) આપ્ત પુરુષનું વાક્ય, (૪) પૂર્વાપર સંબંધ, (૫) ઉપમાન, (૬) પ્રસિદ્ધ શબ્દનો સંબંધ અને (૭) વ્યવહાર.

૧. બે શબ્દ = ટૂંકું ભાષણ; થોડુક કહેવું તે; વચન

૨. બે શબ્દ બોલવા = ટૂંકું પ્રવચન કે વિવેચન કરવું

શબ્દ, નિનાદ, નિનદ, ધ્વનિ, રવ, સ્વન, સ્વાન, નિર્ઘોષ, નિર્ઘ્વાદ, નાદ, નિસ્વાન, નિસ્વન, આરવ, આરાવ, સંસ્વન, વિરાવ, એ સત્તર પુલ્લિંગ નામ શબ્દ માત્રના છે. અમરકોષ

૨. [સં. શબ્દ્ (અવાજ કરવો)] પું. અવાજ; સૂર; ઘોષ; સ્વર; ધ્વનિ; આકાશ તત્ત્વનો ગુણ; નાદ. શબ્દના બે પ્રકાર છે: (૧) અબુદ્ધિહેતુક અને (૨) બુદ્ધિહેતુક. મેઘની ગર્જના, સમુદ્રમાં મોજાં એ અબુદ્ધિહેતુક ધ્વનિ છે. એથી ઊલટું ચેતન પ્રાણીઓના કંઠમાંથી નીકળતો ધ્વનિ વગેરે બુદ્ધિહેતુક છે. આ બુદ્ધિહેતુક ધ્વનિના બે ભેદ છે. (૧) સ્વાભાવિક અને (૨) કૃતિસાધ્ય. અનિચ્છાએ પણ ઉત્પન્ન થતો ધ્વનિ તે સ્વાભાવિક છે. આમાં એમાં કોઈપણ વર્ણ વ્યક્ત ન થવો જોઈએ. જો કોઈપણ વર્ણ વ્યક્ત થાય તો એ કૃતિસાધ્ય લેખાય. એમાં હેતુ એ છે કે, વર્ણો અનેક છે. પ્રજા જે જાતનો વર્ણ ઉચ્ચારવાની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રપંચ કરે છે, તેટલા પૂરતો શ્રમ તો થવો જ અને ધ્વનિ ઉત્પન્ન થાય. માટે જ એ કૃતિસાધ્ય, છે, નહિ કે સ્વાભાવિક. પ્રાણી માત્રમાં રોવું, હસવું એ સ્વાભાવિક છે. તે તે ક્રિયામાં જે જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક છે. એ પશુપક્ષી વગેરેનો ધ્વનિ તે પણ સ્વાભાવિક છે. કૃતિસાધ્યને કોઈ કાલ્પનિક કહે છે. કાલ્પનિક એટલે કલ્પનાજન્ય કિંવા મિથ્યા. આ ધ્વનિ

મિથ્યા તો નથી જ હોતો કેમકે, જો એમ કરે તો એમાથી ઉત્પન્ન થતા વર્ણ પણ મિથ્યા કરતા વિવક્ષિત અર્થ જ ન અર્પી શકે. માત્ર એમાં ઉચ્ચારણ કરતી વખતે કાઈ કૃત્રિમ કે ક્રિયાની આવશ્યકતા રહે છે, એટલા માટે એ કાલ્પનિક નહિ પણ કૃતિસાધ્ય છે. આ કૃતિસાધ્ય ધ્વનિના બે ભેદ છે: (૧) વાદિત્રોના ધ્વનિ અને (૨) વર્ણાત્મક સ્ફુટ ધ્વનિ. વાદિત્રોના ધ્વનિના બે ભેદ છે: (૧) ઢોલ, નગારાં મૃદંગ વગેરેના અને (૨) સા, રિ, ગ, મ, પ, ધ, નિ એવો રાગ ઉત્પન્ન કરનારો ધ્વનિ. આ બીજા ભેદને સંગીત-ધ્વનિ પણ કહેવામા આવે છે. વર્ણાત્મક સ્ફુટ ધ્વનિ તે માનવપ્રાણીના મુખમાથી કંઠ, તાલુ વગેરે સ્થાનોના અથડાઈ ઉત્પન્ન થતો ધ્વનિ છે પોપટ, કોંઆ, મેના વગેરે મનુષ્યપ્રાણીના શબ્દોની નકલ કરે છે, તેટલા પૂરતો તેઓના ધ્વનિનો આ વર્ગમા સમાવેશ થઈ શકે

૧. શબ્દ કરવો = અવાજ કરવો, જે વડે બોલાવવું; ઉચ્ચારવું

૨. શબ્દ કાઢવો = બોલવું; કરેક કાઢવો

૩. પું. આકાશ માંહેનો એક સ્વાભાવિક ગુણ. જે ગુણ શ્રોત્ર ઇંદ્રિયજન્ય જ્ઞાનનો વિષય હોય છે, તે ગુણ શબ્દ કહેવાય છે. શ્રોત્ર ઇંદ્રિયવડે ગ્રાહ્ય વસ્તુમાં રહેનારી તથા ગુણત્વ જાતિ વ્યાપ્ય એવી જે શબ્દત્વ જાતિ છે, તે જાતિવાળો ગુણ શબ્દ કહેવાય છે

૪. પું. આપ્ત પુરુષનું વચન.

૫. પું. આગમ

૬. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્‌પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૫૨ લઘુ અને સાત ગુરુ મળી ૧૬૬ માત્રા હોય છે

૭. પું. એક અર્થાલંકાર લક્ષણ

૮. પુ. (તાંત્રિક) છત્રીસ માંહેનુ એ નામનું સત્તાવીસમુ તત્ત્વ.

૯. પું. ઠપકો; મહેણ

એ શબ્દ કહેવા = (૧) ભલામણ કરવી. (૨) ઠપકો આપવો, ઠપકા રૂપે શિખામણ દેવી.

૧૦ પું. નવના સાત માંહેનો પાંચમો પ્રકાર.

૧૧. પું. ન્યાયમત પ્રમાણે ૨૪ માંહેના એક ગુણ. ગુણ ચોવીસ આ પ્રમાણે છે:— રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિણામ, પૃથકત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.

૧૨. [હિ.] પું. પડઘો.

૧૩. પું. મુખમાથી નીકળેલો બોલ; વચન; સખુન; વાણી.

૧૪. પું. પ્રમાણના આઠ ભેદોમાંનો એક પ્રકાર શબ્દથી જે યથાર્થ જ્ઞાન થાય છે તે શબ્દપ્રમાણ કહેવાય છે.

૧૫. પુ. વ્યવહારના જ્ઞાન માટે વસ્તુની ગોઠવેલી ૪૪ માંહેની એક વસ્તુ. શબ્દના બે પ્રકાર છે: ધ્વનિમય અને વર્ણમય. પશુઓનો શબ્દ ધ્વનિમય અને આપણો વર્ણમય છે

શબ્દકાર ૧. પું. સંગીતના શબ્દો જોડનાર.

૨ વિ. અવાજ કરનાર

શબ્દકુલ ન. શબ્દ સમુદાય, શબ્દનો જથ્થો

શબ્દકોશ જુઓ શબ્દકોષ.

શબ્દકોષ [સં. શબ્દ + કોષ (ભાંડાર)] પુ અર્થ સહિત શબ્દનો સંગ્રહ; ભાષાના શબ્દોના સમૂહનો ગ્રંથ.

શબ્દકોષ રસીલો સરસ, ભાષાનો ભંડાર, અનનિપર અધિકાર કોરત, જામવત મુખ અડાર
અ. રહીમ

શબ્દગ્રહ ૧. [સં.] પુ. કાન; શ્રોત્ર ઇંદ્રિય

૨. પું. ઉચ્ચારસ્થાન.

શબ્દચમત્કાર [સં.] પું. શબ્દની ચમક

શબ્દચમત્કૃતિ [સં.] સ્ત્રી. શબ્દની ખૂબી

કાવ્યમાં શબ્દચમત્કૃતિ ને અર્થચમત્કૃતિ બંને આવશ્યક છે.
બૃહદ્ વ્યાકરણ

શબ્દચાપલ્ય [સં. શબ્દચાપલ્યમ્] ન વાચ્યાતુરી

શબ્દચિત્ર ૧. ન. (કાવ્ય) અધમ કાવ્યના બે માંહેનો એક ભેદ

૨. ન. અર્થગાંભીર્ય વિનાનો શબ્દાડંબર.

૩. ન. ચિત્રકાવ્યના ત્રણ માંહેનો એક ભેદ તેના વર્ણચિત્ર, સ્થાનચિત્ર, સ્વરચિત્ર, આકારચિત્ર, બંધચિત્ર અને ગતિચિત્ર એવા છ ભેદો છે

૪. [સં.] ન. વર્ણન.

૫. ન. શબ્દો દ્વારા આપેલો ચિતાર; શબ્દો દ્વારા દોરેલુ ચિત્ર

શબ્દાલંકારનું કાવ્ય શબ્દચિત્ર ને અર્થાલંકારનું અર્થચિત્ર કહેવાય છે.
બૃહદ્ વ્યાકરણ

શબ્દચિત્રકાવ્ય ન. ચિત્રકાવ્યનો એક પ્રકાર; શબ્દોની ખૂબીવાળું કાવ્ય. એમાં અર્થચિત્રતા ગૌણ હોય છે

શબ્દચિત્રણ ૧. [સં.] ન. શબ્દચિત્ર આપવું તે.

૨. ન શબ્દોની ગૂંથણી.

શબ્દચિત્રલિપિ સ્ત્રી. શબ્દના સ્પષ્ટક ચિત્ર દ્વારા લખવાની લિપિ; 'હાયરેગ્લિફિક'.

શબ્દજ્ઞશબ્દ [સં.] પુ. (વેદાંત) શબ્દરૂપ અસમવાયી કારણ વડે ઉત્પન્ન થયેલો શબ્દ

શબ્દજાલ જુઓ શબ્દજંજાળ

શબ્દજાળ ૧. સ્ત્રી. ખાલી શબ્દોનો આડંબર

૨ સ્ત્રી. શબ્દના આડંબરમાં સપડાવું તે; શબ્દની જંજાળ; ચાકજાળ; શબ્દની ગૂંથણી

શબ્દજ્ઞાનાર્ણવ [સં. શબ્દ + જ્ઞાન + અર્ણવ (સમુદ્ર)] પું શબ્દસાગર નામનો કોષ, નિઘંટુ

શબ્દતઃ અ શબ્દે શબ્દ

શબ્દતાત્પર્ય ન. (વેદાંત) શબ્દનું તાત્પર્ય; શબ્દનો હેતુ

શબ્દદોષ પું. દોષનો એક પ્રકાર.

શબ્દધારા સ્ત્રી. શબ્દશ્રેણી, એક પછી એક મળતા શબ્દોનું બોલવું તે

શબ્દનય પું (જૈન) જે વિચાર શબ્દ પ્રધાન બની દેશકાલાદિ શાબ્દિક ધર્મો તરફ ઢળી તે પ્રમાણે અર્થનિર્ણય કરે તે; જેમા શબ્દો પ્રાધાન્ય હોય તે. સમભિરૂઢ, એવંભૂત અને આદિમ, વિષમ વગેરે શબ્દોમા એક જ ધાતુ જ્યાં છે અર્થભેદ દેખાય છે તે જ આ શબ્દનયની ભૂમિકા તૈયાર કરે છે.
તત્ત્વાર્થસૂત્ર

શબ્દનિર્દેશ [સં.] પું. (ન્યાય) વસ્તુના લક્ષણમાં જ આવી જતાં ધર્મો કહી બતાવવામ. આવતા હોય તેવો નિર્દેશ કે કથન.

કોઈપણ શબ્દનુ લક્ષણ કરવામા કોઈ પ્રકારનો નિર્દેશ આપણે કરીએ; આ નિર્દેશ વસ્તુનિર્દેશ નથી પણ કેવળ શબ્દનિર્દેશ છે.
ન્યાયરાજ

શબ્દપક્વ ૧. ન. પકવાનું કલાત્મક ડોસણ.

૨. ન. વાનીનુ ડોસણ.

શબ્દપરિચય સ્ત્રી. શબ્દની ઓળખાણ

શબ્દપરિચારક વિ. શબ્દોથી સેવા કરનાર; વાણી વિલાસ દ્વારા ખુશી કરી સેવા કરનાર.

શબ્દપરીક્ષા સ્ત્રી અવાજ ઉપરથી પારખવુ

શબ્દપાઠ પું. પાઠનો એક પ્રકાર.

પા એ રસને ઉચિત શબ્દ નિષ્પન્ન તે અર્થ નિષ્પન્ન છે પણ શબ્દપાઠ કરતાં ઉપર કહેલો અર્થપાઠ જ ઉત્તમ છે.
બૃહદ્ વ્યાકરણ

શબ્દપાઠ ૧. પું. પ્રત્યક્ષ થયેલ અનુભવ અથવા પ્રત્યક્ષ વસ્તુને ભાષા આપવી તે.

૨ પુ. શબ્દનો પાઠ આપવો તે.

૩. પું. શબ્દસંકલના.

શબ્દપુષ્કળતા સ્ત્રી. શબ્દબાહુલ્ય; જોઈએ તે કરતાં વધારે શબ્દો વાપરવા તે.

નહાનાલાલની શબ્દપુષ્કળતા એમની શૈલીનો આડંબર.....પણ હો તેને હો, મને તો નથી પસંદ
જયંતરાય ઠાકોર

શબ્દપોથી સ્ત્રી. જેમાં માત્ર શબ્દો જ લખ્યા હોય તેવી ચોપડી; જેનાથી શબ્દોનું શિક્ષણ મળે તે પુસ્તક

શબ્દપ્રધાન વિ જેમાં શબ્દનું અત્યંત મહત્ત્વ છે તે

વેદ પઠનમાં સહજ પણ અન્યથા ઉચ્ચાર કરવાથી પ્રત્યવાય કે પાપ થાય છે એ જ કારણથી તે **શબ્દપ્રધાન** કહેવાય છે. કનૈયાલાલ

શબ્દપ્રમાણ ૧. ન. (વેદાંત) અનુભવ કે વિસંવાદથી રહિત એવા અસન્નિકૃષ્ટ અર્થને પ્રતિપાદન કરનાર વચન; આપ્ત પુરુષે ઉચ્ચારેલું વાક્ય; શબ્દના વિશેષ જ્ઞાન વડે ઇંદ્રિય પ્રત્યક્ષ ન હોય એવા અર્થનું વિશેષ જ્ઞાન ઉત્પન્ન કરનારું વચન; સમયના સામર્થ્યથી સંશયાદિ રહિત સમ્યક્ પરોક્ષ અનુભવના સાધનરૂપ વચન

૨. ન. યથાર્થ વાક્ય

૩ ન. વેદ

૪. ન. શાબ્દિક પુરાવો.

શબ્દપ્રયોગ ૧. પું. ઇંદ્રિયપ્રયોગ.

૨. પું. શબ્દનો પ્રયોગ, ઉપયોગ કે વાપર; યોગ્ય શબ્દોથી ભાવ દર્શાવવો તે; શબ્દની અર્થભાવના

શબ્દપ્રવાહ પું. શબ્દધારા

શબ્દપ્રહાર [સ.] પું. ઠપકો; શબ્દમાર.

શબ્દબદ્ધ વિ. શબ્દમાં જોડાયેલું કે ગૂંથાયેલું; શબ્દથી બંધાયેલું

જાનકિયા આનંદ, સમાધાન, મૂરજ્ઞ અથવા અન્ય પ્રગટ કરવાની, **શબ્દબદ્ધ** કરવાની માણસમાં જે સહજ વૃત્તિ છે તેમાંથી સાહિત્યનો ઉદ્ભવ છે. કાકાસાહેબ

શબ્દબાણ ન. શબ્દરૂપી બાણ.

શબ્દબાહુલ્ય ૧. ન. ઘણી રીતે જોઈએ જ વસ્તુ કહેવી તે.

ઉદ્ધવનુંય શી અજબ સુંદર ચીજ છે તે કહેવાને અજબ વિચિત્ર **શબ્દબાહુલ્ય** (વર્ણોક્તિ) વાપરવું એ વર્ણનપદ્યમાં કોઈક વાર ઉચિતે જણાય, એમ હમેશનું પણ જોઈએ.
ભગવતરામ કડોદ

૨. ન. જોઈએ તે કરતાં વધારે શબ્દો વાપરવા તે.

૩. [સં.] ન. શબ્દોની મારામારી કરવાનું પરાક્રમ

શબ્દબોધ [સં.] પું. શબ્દ ઉપરથી થતું જ્ઞાન. વૈયાકરણો અને વૈયાયિકોને જ્ઞાનમાર્ગ જુદી રીતે થાય છે.
બૃહદ્ વ્યાકરણ

શબ્દબ્રહ્મ ૧. પું. અપરબિંદુ. બ્રહ્મ વસ્તુની પરબિંદુ અવસ્થામાંથી જે આદ્ય ક્ષોભ થઈ પ્રાકૃતત્વનો ઉદય થયો તેને તંત્રશાસ્ત્રમાં અપરબિંદુ કહે છે અને વ્યાકરણાગમમાં અને મંત્રશાસ્ત્રમાં તેને શબ્દબ્રહ્મ કહે છે

આ અપરબિંદુનું બીજું નામ **શબ્દબ્રહ્મ** છે અને તે પ્રત્યેક સચેતન પ્રાણીમાં અર્થની અભિજ્ઞનું નિમિત્ત બને છે.
રાજા સંપત્કુમાર

૨ પું. બ્રહ્મના ચૌદ માંહેનું એક નામ.

૩. ન. વાણી વાણીની મહત્તા અને આવશ્યકતાને લીધે જ જુદી જુદી પ્રજાઓ વાણીને દિવ્ય માને છે. શબ્દબ્રહ્મના પ્રકાશ પહેર જગતમાં સર્વત્ર અજ્ઞાનરૂપ અંધકાર પ્રસરત એમ કંડી કવિ વર્ણવે છે. શબ્દબ્રહ્મ પર ક્રિયામાં ઉદ્ભવ પામે છે ત્યારે ઋ: ૧૪, ૠ ત્યારે ૠ ૧૬, ૠ ત્યારે ૠ ૧૬ અને ૠ, ૠ, ૠ અને ૠ મળી ચાર એમ કુલ ૫૧ થાય છે

૪. ન. (વેદાંત) વેદ; શબ્દ સહિત સૃષ્ટિ ઉન્મુખ બ્રહ્મ; શબ્દરૂપી બ્રહ્મવેદ.

૫. પું. વેદનો તે ભાગ કે જેમાં અનેક કર્મોનાં અનેક ફળ બતાવ્યાં હોય, અર્થાત્ વેદનો અર્થવાદ ભાગ; મનુષ્ય અમુક કર્મ કરશે તો તેને અમુક ફળ મળશે એવાં કર્મ કરવામાં જોડનારો ભાગ.

૬ પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૭ ન. શ્રુતિ.

શબ્દબ્રાહ્મનિષ્ઠ [સં.] વિ. શ્રોત્રિય.

શબ્દબ્રહ્મવિજ્ઞાન વિ. શબ્દબ્રહ્મને જાણનારાળો.

શબ્દભેગ પું. શબ્દનો વિચાર કરવો તે.

શબ્દભંડાર પું. શબ્દનો ખજાનો.

શબ્દભંડોળ ન. શબ્દનો સમૂહ કે જથ્થો

હાલની આપણા **શબ્દભંડોળ**, રચના અને વ્યુત્પત્તિ પર ઠેરઠેર જાતો પ્રકાશ પડે છે.
બૃહદ્ વ્યાકરણ

શબ્દભેદ [સં.] પું. તફાવતવાળો શબ્દ

શબ્દભેદી ૧. પું. અર્જુન; શબ્દવેધી

૨. પું. ઉપસ્થ; લિંગ.

૩. [સ] પું. એક પ્રકારનું તીર

૪. પું. કેવળ શબ્દ સૂણીને નિશાન તાકી બેદી નાખનાર.

૫. પું. ગુદા.

૬. વિ શબ્દો બનાવનાર; કોયડાબાજ, 'વર્ડ હૂપર'.

શબ્દભ્રમ પું શબ્દથી વહેમાવાપણું.

શબ્દમય ૧. વિ. અવાજવાળું

૨. વિ. શબ્દથી ભરેલ; શબ્દથી ભરપુર.

શબ્દમાધુર્ય ન. શબ્દની મધુરતા.

શબ્દમાપ ન. શબ્દનું માપ

શબ્દમાર જુઓ શબ્દપ્રહાર

શબ્દમાળા સ્ત્રી. શબ્દકોષ, નિઘંટુ, 'ડિક્શનેરી'

શબ્દયોગી વિ. (વ્યાકરણ) નામ સાથે વ્યવહારમાં વપરાતું; નામયોગી

શબ્દયોગી અવ્યય [શબ્દ + યોગ + અવ્યય] પું. અવ્યય રૂપે છતાં જે શબ્દ બીજા શબ્દના સંબંધમાં આવી અમુક અર્થ નક્કી કરે છે તે, નામયોગી અવ્યય. આગળ, તરફ, સામે વગેરે અવ્યય રૂપે રહી બીજા શબ્દનો સંબંધ બતાવે છે

શબ્દરચના સ્ત્રી. બોલવા લખવાની શૈલી; બાંધણી; લેખન પદ્ધતિ; શબ્દોની ગોઠવણી; યોગ્ય શબ્દો વાપરવા તે.

શબ્દરૂપ [સં] પું પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

શબ્દલક્ષણ ન. (જૈન) વ્યાકરણ

આ જૈન ગ્રંથોનું કોઈ **શબ્દલક્ષણ** નથી તેમ ન્યાયલક્ષણ નથી તેથી તેઓ અર્વાચીન છે. આ મતનો આક્ષેપ દૂર કરવા માટે બુદ્ધિસાગરસૂરિએ પદ્યબંધ નવું વ્યાકરણ રચ્યું.
પુરાતત્ત્વ

શબ્દલક્ષી વિ. શબ્દરચના તરફ લક્ષવાળું, અર્થલક્ષીથી ઊલટું

શબ્દલાલિત્ય ૧. ન. એક જાતનો અલંકાર.

૨. ન. શબ્દોની લલિતતા, મધુર રચના કે યોજના

શબ્દલિપિ સ્ત્રી. વર્ણે વર્ણે નહિ પણ શબ્દે શબ્દે સંભળાવાળી લિપિ.

શબ્દલેખન ન શ્રુતલેખન તરીકે શબ્દો લખાવવા તે.

શબ્દલોભ પું. મિતભાષણ

શબ્દવત્ [સં.] વિ. શબ્દથી જ રમરણમાં આવતી; મૃત.

ભરતકારીથી ઢંકાઈ હોય છતાં પ્રબળ પ્રેમ બળી ઊઠવાના પ્રસંગોને શોભાવનારી એક **શબ્દવત્** પ્રેમ જાતી રહેશે.
પ્રસ્થાન

શબ્દવહા સ્ત્રી શરીરમાં આવેલી કેટલીક નાડીઓ

શબ્દવાદ પું અર્થ નહિ પણ શબ્દને પકડીને વાદ કરવો તે.

શબ્દવાહક [સં.] ન એક પ્રદેશમાંથી કોઈ બોલે તે શબ્દો શબ્દ બીજા પ્રદેશમાં સંભળાય તેવું યંત્ર, 'ટેલિફોન'.

આજે ટેલીફોન નામનાં **શબ્દવાહક** એટલે એક દેશમાંથી કોઈ બોલે તે શબ્દો શબ્દ બીજા દેશમાં સંભળાય એ યંત્રો પણ થયા.
ભક્તિલાલ નથુભાઈ

શબ્દવિચાર પું. વર્ણોચ્ચાર; શબ્દ વિષે વિવેચન; વર્ણો વિષે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર; શુદ્ધ બોલવું કે શુદ્ધ લેખન સંબંધી વિચાર.

શબ્દવિજ્ઞાન ન. બોલેલા શબ્દો પરથી કોઈ અર્થનું કથન કરવાથી કેવળ વાક્યના અર્થનું વિજ્ઞાન થાય તે

શબ્દવિતરણ ન. શબ્દ કેલાવો તે

શબ્દવિદ્યા સ્ત્રી. શબ્દસાધનવિદ્યા

પોપ, ગ્રિમ અને મેકસમૂલરના અભિસરણમાં **શબ્દવિદ્યા** અને પુરાણવિદ્યાના અલબ્ધ પ્રદેશ સર કર્યા. મુ. સા. પરિષદ

શબ્દવિનાદ [સં] પું શબ્દોની રમત, શબ્દક્રીડા

શબ્દવિન્યાસ પું. શબ્દોની ગોઠવણ

શબ્દવિરોધ પું. વદતોવ્યાઘાત; અંતર્વિરોધ

અમે તો શીઘ્રકવિતા એ શબ્દવિરોધ જ માનીએ છીએ. દુષ્ટ ધનિકતા કે ક્રૂર દયા હોય તો શીઘ્રકવિતા હોય

પરિ. ભાષ

શબ્દવિલાસ પું. વાગ્વિલાસ

શબ્દવેધ પું. અવાજ ઉપરથી વીંધવાની યુક્તિ; શબ્દની દિશા સાધી બાણ મારવું તે.

બાણવિદ્યા અર્જુન શબ્દવેધ કરી શકતા હતો એટલે શું ! એટલો જ કે, અર્જુનની આંખનું કામ પ્રસંગે એના કાન કરી શકતા હતા.

મુ. સા. પરિષદ

શબ્દવેધિતા સ્ત્રી. શબ્દની દિશા સાધી બાણ મારવાની શક્તિ

પાડવો બાણ મારનારની ચપળતા અને **શબ્દવેધિતા**થી જાણ થઈ ગયા. બાલ્ય

શબ્દવેધી [સં. શબ્દવેધિન્] વિ. શબ્દ સાંભળી તે પદાર્થ ઉપર નિશાન મારે તેવું; વસ્તુ દેખાઈ નહિ પરંતુ તેનો અવાજ સંભળાઈ તે તરફ લક્ષ દઈ બોણી કે તીર મારવામાં બાહોશ; અવાજ સાંભળીને તીર મારવામાં બાહોશ; માત્ર શબ્દ અવાજને આધારે ઘાયું બાણ મારનાર

રાખે ભરોસો બાણ મૂકું; શબ્દવેધી જેહ,
તે અવાજને વાગ્યું વહો હણી ક્રમ ધરિયો તેહ.
નિરંજન રામાનંદ

શબ્દવેધુ જુઓ શબ્દવેધી

શબ્દવૈચિત્ર્ય ન. જુદા જુદા શબ્દો; શબ્દોનું જુદાપણું

૨. દેશાદિને **શબ્દવૈચિત્ર્યમાં** જ સદા ઠપકા વરસતી આવે છે. મુ. સા. પરિષદ

શબ્દવ્યુત્પત્તિ સ્ત્રી શબ્દોના મૂળ વગેરેનું જ્ઞાન.

શબ્દવ્યુત્પત્તિકર વિ. શબ્દની વ્યુત્પત્તિ કરનાર.

રાજાએ હેમચંદ્રને વિનંતિ કરી કે, વધે **શબ્દ વ્યુત્પત્તિકર** શાસ્ત્રને રચીને અમારો ગુર્જરદેશ પૂરો કરો. પુરાતત્ત્વ

શબ્દવ્યૂહ પું. શબ્દોની રચના; શબ્દોની ગોઠવણી.

શબ્દશક્તિ [સં.] સ્ત્રી. શબ્દમાં રહેલી શક્તિ; અમુક લાભ દેખાવવાને અમુક જ શબ્દ યોગ્ય થઈ પડે અને તે એ શબ્દમાંની જે શક્તિને આધારે નક્કી થાય છે તે શક્તિ; શબ્દની અર્થબોધક શક્તિ. તે ત્રણ પ્રકારની હોય છે. લક્ષણા, અભિધા અને વ્યંજના.

શબ્દશઃ [સં] અ. શબ્દે શબ્દ; પદાનુપદ; હરફેહરફ

શબ્દશાસ્ત્ર ૧. [સં.] ન. કોષગ્રંથ

૨. ન વ્યાકરણશાસ્ત્ર

આચાર્યે કહ્યું કે, બોજ વ્યાકરણ નામનું એ **શબ્દશાસ્ત્ર** છે. પુરાતત્ત્વ

૩. ન. શબ્દરચનાની ચમત્કૃતિ

૪. ન. શબ્દોની વ્યુત્પત્તિ વગેરેની ચર્ચા કરતું શાસ્ત્ર; વ્યુત્પત્તિશાસ્ત્ર; શબ્દનું શાસ્ત્ર, ' ધ સ્ટિમોલૉજી '.

વ્યાસ, વર્ષ, પૌદ્ધ, **શબ્દશાસ્ત્ર** ઇત્યાદિ સાગરો અને ઉપસાગરોમાંથી સહેજસાજી અને સારી દિશામાં તરી જઈ પારંગત થવાનાં બળ અને હોંશ એનલ્લે પ્રાપ્ત કર્યાં છે જ.

મુ. સા. પરિષદ

શબ્દશાસ્ત્રવેત્તા પું. શબ્દશાસ્ત્રી

શબ્દશાસ્ત્રી પું. ભાષાશાસ્ત્રી

શબ્દશુદ્ધિ [સં. શબ્દ + શુદ્ધિ (શુદ્ધતા)] સ્ત્રી. શબ્દની શુદ્ધતા; શબ્દનો શુદ્ધ પ્રયોગ; શુદ્ધ સ્વરૂપે શબ્દપ્રયોગ કરવો જોઈ એ એ સિદ્ધાંતને અનુસરીને શબ્દ પ્રયોગમાં વપરાતું શબ્દનું શુદ્ધ રૂપ; શુદ્ધ સ્વરૂપે શબ્દની જાળવણીની ગોઠવણ. કવીશ્વર દલપતરામમાં લખ્યું છે કે: સ્વરોચ્ચારની ભૂલ માટે કે પિતા સોટી લેતા. માતુશ્રી આડાં પડે તો એમને મારવા જતા. મારતાં મારતાં સોટી ભાગતી. સોટીની ભરોળો તો દલપતરામને ભરડે સદાની હોય. આડોશીપાડોશી છોડાવવાને આવે. કેટલીકવાર તો બારણે સાંકળ વાસી પિતા મારતા. અગ્નિહોત્રના કુંડ સમીપે બેસી ઓકટા પિતા હોમ કરતા હતા. સન્મુખ જરા છેટે પુત્ર સહિતાનો મંત્ર બોબતો હતો અને સ્વરોદય ખૂટતો હતો. એવે સ્વરોચ્ચારની કોઈક ભૂલ પડી. પૂળનું તરભાણું પાસે પડ્યું હતું. પિતાજી ઊઠીને તે ઉઠાવી લાવ્યું. પુત્રના ગળા ઢાળે વાગ્યું. અંગૂઠાનું હાડકું ભાગી ગયું. જન્મબોડ રહી ગઈ. અર્ધ માત્રાની યે ભૂલ જેમ કાંકરાની પેઠે ત્રીજી પ્રહારવે જ હજારો વર્ષથી વેદવિદ્યા શબ્દશુદ્ધ રહી છે; મુદ્રણકલા તો શું પણ લેખનકલાના યે અભાવયુગમાં લાખ્યા ગ્રંથથી યે નિષ્કલંક ને અખંડ જળવાઈ છે

શબ્દશૂન્ય [સં] વિ. શબ્દરહિત

શબ્દશૂરું વિ ભાષણમાં સારા મોટા શબ્દો વાપરનાર.

શબ્દશ્લેષ [સં શબ્દ + શ્લેષ (એક જાતનો અલંકાર)] પું. શાબ્દિક શ્લેષ; શબ્દ પરત્વે શ્લેષ કરવો તે; જેમાંથી બે અર્થ નીકળી શકે એવા શબ્દનો ઉપયોગ અલંકાર તરીકે કરવો તે

શબ્દસગાઈ સ્ત્રી. વર્ણમૈત્રી; એક જ અક્ષરનું ફરી ફરીને આવવું તે.

શબ્દસમરણા સ્ત્રી. ઉખાણું

શબ્દસમુચ્ચય પું. શબ્દસમૂહ.

શબ્દસમુદાય જુઓ શબ્દસમૂહ.

શબ્દસમૂહ પું. શબ્દોનો જથ્થો; શબ્દ સમુદાય.

મરાઠીએ **શબ્દસમૂહ** સંસ્કૃતમાંથી લીધો. સંસ્કૃત ઉપરથી ગુજરાતીનો શબ્દસમૂહ તથા વાક્યરચના નીકળ્યાં છે; એ વાત ખરી છે.

મુ. સા. પરિષદ

શબ્દસંગ્રહ [સં. શબ્દ + સંગ્રહ (સમુચ્ચય)] પું. શબ્દનો જથ્થો.

શબ્દસંજ્ઞા [સં.] સ્ત્રી. કોઈ પણ પદાર્થને શબ્દથી તેનું નામ આપવું તે.

બધા શબ્દોને છે તે ઉત્પત્તિથી આજ સુધી વપરાતાં જણાય છે કે, તે **શબ્દસંજ્ઞા** બધા જ તેના અર્થમાં પહેલેથી વપરાતી આવેલ નથી.

પ્રસ્થાન

શબ્દસંતાન [સં.] ન. અવાજનાં તરંગો કે મોજાં; ' સાઉન્ડ વેવ્ઝ '.

શબ્દસંદેશ [સં.] પું. શબ્દોનો સંદેશો; સંદેશો. કોને સંભળાવું હું આ **શબ્દસંદેશ** ?

નાનાલાલ

શબ્દસહતિ [સં.] સ્ત્રી. શબ્દનો સમૂહ.

આમ એ માત્ર બાવન અક્ષરના સંયોગ તથા પરિવર્તનથી નીપજેલી **શબ્દસહતિ** છે.

મુ. સા. પરિષદ

શબ્દસાધુત્વ [સં.] પું. શબ્દનું સાધુપણું; શબ્દની શુદ્ધતા.

શબ્દસૂચિ [સં.] સ્ત્રી. શબ્દો બતાવનારી ટીપ; શબ્દોની અનુક્રમણિકા; સૂચિપત્ર.

શબ્દસૂચી જુઓ શબ્દસૂચિ.

શબ્દસૃષ્ટિ [સં.] સ્ત્રી. સૃષ્ટિની બાર મોંઘેરી એક જાત.

શબ્દાજ્ઞતા પું. વાયુરોગના ૮૦ ભેદોનો એક પ્રકાર; જે વાયુથી કાને શબ્દ સંભળાય નહિ તે.

શબ્દાડંબર ૧ [સં. શબ્દ + આડંબર (ડોળ)] પુ જેમાં અર્થ કે ભાવની ન્યૂનતા હોય તેવો ભારે શબ્દનો પ્રયોગ.

૨ પું. શબ્દોનો ડોળ; શબ્દજાળ; માત્ર વાણી વડે જ ડોળ કરવો તે; કૃતિમાં ન ઉતારવુ તે.

શબ્દાતીત ૧. પું વિષ્ણુનાં હજાર ભેદોનું એક નામ. શબ્દની પ્રવૃત્તિના હેતુ, જાતિ વગેરેનો ભગવાનમાં સંભવ ન હોવાથી તે શબ્દથી કહી શકાતા નથી તેથી તે શબ્દાતીત કહેવાય છે

૨. [સ. શબ્દ + અતીત (પર)] વિ. શબ્દથી ન વર્ણવી શકાય તેવુ; અવાચ્ય; અનિર્વચનીય.

શબ્દાધિક્ય [સં શબ્દ + આધિક્ય (વધારાપણું)] ન. બોલવા લખવામાં જરૂર કરતાં વધારે શબ્દો વાપરવા તે

શબ્દાનુક્રમ [સં] પું - શબ્દોની ક્રમ પ્રમાણે ગોઠવણી; શબ્દોનું લશ્કર પુ.

શબ્દાનુપાત પું (જૈન) કેટલાક નિદ્ધ નામનો એક નામનો એક અતિચાર; સ્વીકારેલી મર્યાદા બહાર રહેલા ક્ષેત્રને બોલાવીને કામ કરાવવા હોય ત્યારે ખાંસી, ઠસકું આદિ શબ્દદ્વારા તેને પાસે આવવા સાવધાન કરવો તે.

શબ્દાનુશાસન [સં.] ન. શબ્દની સાધુતા, અસાધુત્વ બતાવનાર વ્યાકરણ, શબ્દશાસ્ત્ર.

વ્યાકરણને ભાષ્યકાર પતંજલિએ શબ્દાનુશાસન કહ્યું છે. કેમકે, એમાં શબ્દો વિષે ઉપદેશ કરવામાં આવે છે; એટલે તેમાં અસાધુ શબ્દોથી છૂટા પાડી સાધુ શબ્દનો બોધ કરવામાં આવે છે.

કાવ્યસાહિત્યસમીક્ષા

શબ્દાપહ્નુતિ પું (કાવ્ય) એ નામે એક પ્રકારનો અપહ્નુતિ અલંકાર.

શબ્દાયતન [સં. શબ્દ + આયતન (સ્થાન)] ન. બૌદ્ધમતાનુસાર જ્ઞાનના સહારનું બાર ભેદોનું એક સ્થાન

શબ્દાર્ણવ [સ.] પુ. શબ્દસાગર.

તે શબ્દાર્ણવ પ્રક્રિયા નિર્ણિત કરવાને અશક્ત તે કમ શક્તિમાન થાય'

ગુ. સા. પરિષદ

શબ્દાર્થ ૧ [સં શબ્દ + અર્થ (ભાવના)] પું શબ્દનો અર્થ; શબ્દનો ભાવનો.

૨ પુ. વાચ્યિક અર્થ, શબ્દ પ્રમાણે અર્થ.

શબ્દાર્થજ્ઞાન [સ.] ન શબ્દના અર્થનું જ્ઞાન.

વાક્યાર્થ જ્ઞાન ઉત્પન્ન થવામા શબ્દાર્થજ્ઞાનની આવશ્યકતા છે. સિદ્ધાન્તલક્ષણ

શબ્દાર્થસંકોચ [સં.] પું. મૂળ અર્થનો સંકોચ. કેટલાક શબ્દોનો મૂળ અર્થ સંકુચિત થયો હોય છે જેમકે, ધર્મ શબ્દનો મૂળ અર્થ કર્તવ્ય કરજ છે પતિનો પત્ની પ્રત્યે ધર્મ, પત્નીનો પતિ પ્રત્યે ધર્મ, આપણો શરીર પ્રતિ ધર્મ, પડોશી તરફ ધર્મ, સમાજ પ્રત્યે ધર્મ આ બધે સ્થળે ધર્મનો અર્થ કરજ એટલે આપણે જે કરવાને બંધાયેલા છીએ તે છે ઈશ્વર પ્રત્યેનો ધર્મ એ અર્થ ધર્મોમા મુખ્ય હોવાથી ગુજરાતી ભાષામાં ધર્મ શબ્દ સંકુચિત થઈ ઈશ્વર પ્રત્યેની કરજનો અર્થ મનમાં પ્રથમ ઉત્પન્ન થાય છે.

શબ્દાર્થસિંધુ [સં] પુ. એ નામનો એક ગુજરાતી શબ્દકોષ.

શબ્દાર્થાવૃત્તિ સ્ત્રી (કાવ્ય) અનુપ્રાસ દોષક નામના અર્થાલંકારના ત્રણ ભેદોનો એક ભેદ.

શબ્દાલંકાર [સં. શબ્દ + અલંકાર (ભાષાની

પ્રમાણે) [illegible] શબ્દ [illegible] ના, [illegible] ના અનુપ્રાસ, યમક, શ્લેષ, પ્રિય [illegible] વિગેરે જેના શબ્દાર્થ ચમત્કાર, શબ્દ રચનાની ચમત્કૃતિવાળો અલંકાર.

શબ્દના આભરણને શબ્દાલંકાર અને અર્થના અલંકારને અર્થાલંકાર કહે છે. બૃહદ્ વ્યાકરણ

શબ્દાવલિ વિ. નકામા કે વધારે પડતા શબ્દોવાળું અયોગ્ય, તર્કા શૈલીનું

શબ્દાલુતા ૧. સ્ત્રી. અર્થ થોડો પણ શબ્દોની ભરમાર હોવી તે; ' વર્બોસિટી '

શબ્દબાહુલ્ય, શબ્દ પુષ્કળતા અને આવી કવિતાઓની પદાવલિની **શબ્દાલુતા** (Verbosity) નાનાલાલની રચનાઓમા જોવી નથી

બળવંતરાય ઠાકોર

૨. સ્ત્રી. બહુ રીતે એક જ વસ્તુ કહેવી તે.

શબ્દાવલિ [સં.] સ્ત્રી. શબ્દની હાર; શબ્દનો સમૂહ; અતિશયોક્તિ; શબ્દોનો વિસ્તાર; ' ટર્મિનોલોજી '.

શબ્દાવવું સ. ક્રિ. કહેવું; જણાવવું; શબ્દ નાખવો

શબ્દાળ વિ. જોઈએ તે કરતાં વધારે શબ્દો હોય તેવુ.

શબ્દાંગ [સં.] ન. અક્ષર, વર્ણ

શબ્દિત [સ.] વિ. બોલાયેલું

શબ્દેજ્ઞ ૧. [ફા.] પું ઉમદા ઊંટનો બોડો. તનો રંગ પુમારિયા જેવો હોય છે.

૨. પું. કચ્છુરાજના બોડાનુ નામ.

શબ્દેંદ્રિય [સ શબ્દ + ઇંદ્રિય] સ્ત્રી શબ્દને ધારણ કરનારી ઇંદ્રિય; કાન.

શબ્દોચ્ચાર [સં.] પુ શબ્દનો ઉચ્ચાર કરવો તે; ભાષા; વક્તૃત્વ, વાણીથી વિચાર બહાર લાવવા તે.

શમ ૧ [સ [illegible] અ ક્રિ [illegible] થવુ; ઓલાઈ જવું

૨ અ ક્રિ (ધા.તુ) શાંત થવું તે ઉપરથી બનેલ શબ્દ: શમન

૩. સ. ક્રિ. શાંત કરવું

૪ ન. એ નામનો એક સુખવાચક ઉપસર્ગ.

શમ ૧. પુ (પુરાણ) અદ્રુ નામના વસુનો એક પુત્ર.

૨ પુ આરામ, કર્મનો ઉપરમ.

૩. [સં. શમ્ (શાંત થવુ)] પું. ઇંદ્રિયો અને વાસનાઓનુ શાંત થવુ તે; અંતઃકરણની શબ્દાદિક વિષયોથી નિવૃત્તિ; અંતરિંદ્રિયનો નિગ્રહ; અંતર્નિગ્રહ; શાંતિ, તમામ વાસનાને સમાવી દેવી તે. યોગવાસિષ્ઠમાં કહ્યું છે કે, વાસનાના નિરાકરણપૂર્વક મનના સંકલ્પવિકલ્પનો વિરોધ કરવો તે શમ કહેવાય.

૪. પું. ક્ષમા

૫ પું (વેદાંત) નિત્ય અને નૈમિત્તિક કર્મ સિવાય બીજા વ્યાપારોને મનમાં આવતા અટકાવવા તે

૬ પું (પુરાણ) પુરુકુલોત્પન્ન ધર્મરૂપ રાજાનો એ નામનો એક પુત્ર. કૈને ધ્રુમસેન નામે પુત્ર હતો

૭. પું. (વેદાંત) જ્ઞાનસાધનને ઉપયોગી વ્યાપાર સિવાય ચિત્તના તમામ વ્યાપારોને રોકવા તે.

૮. પું. મનના ભુલચાળોને દાબી રાખવાનુ બળ, ધૈર્યવૃત્તિ; ઇંદ્રિયોના ઉછાળાને શાંત રાખવા તે; મનનો નિગ્રહ; મનની શાંતિ; નિરાત.

૯. પું વિષ્ણુનાં હજાર નામનું એક નામ

૧૦ પું (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં થયેલ ધર્મઋષિનો પુત્ર

૧૧ ન [illegible] જેવું લંબાઈનુ એક માપ.

૪ યવ = ૧ અંગુલ = ¾ ઇંચ

૧૪ અંગુલ = ૧ હાથ

શમઠ પું. (પુરાણ) ગંધમાદન પર્વત પર બદ્રિકાશ્રમ નામના સરોવરના પાસે રહેનાર એક ઋષિ.

શમણ ૧ ન. ખીજડાનુ ઝાડ

૨ ન ટાઢ પાડવાનુ મંત્રપદ

૩. ન. પક્ષી

શમણું ૧. [સં સ્વપ્નક-સિવિધુઉ શમણું] ન સોણું; સ્વપ્નુ

૨. વિ. ઊંઘમાંથેલું.

રામતા ૧ [સ રામ (શાંત થવું) + તા (પ્રત્યય)] સ્ત્રી. ક્ષમા, ધીરજ; આમોદ; ધૈર્ય.
૨ સ્ત્રી શાંતિ; ટાઢક
૩ સ્ત્રી સ્થિરતા.

રામતાઈ જુઓ રામતા.

રામદાદ ન. એક જાતનું ઝાડ

રામન ૧. પું. ઘટાડો.
૨. [સ] પું. યમરાજા
૩. [ફા] પું. મૂર્તિનો પૂજારી.
૪ પું. રામવાળું મકાન
૫. [સં રામ્ (શાંત થવું)] ન. આશ્વાસન આપવું તે; સાંત્વન.
૬. ન. ક્રોધમુક્ત થવું તે; ક્રોધમોચન
૭. ન. નાશ; અંત.
૮. ન. મનની શાંતિ.
૯. ન. મૂર્તિ
૧૦. ન. મૂર્તિપૂજા.
૧૧. ન. મૂર્તિમંદિર
૧૨ ન. (વૈદક) વાત પિત્ત.દિ દોષોનું શોષણ કરી તેને શરીરમાં સમાન કરનાર ઔષધિ. જેમકે, ગળો.
૧૩. ન. રામવું તે; ટાઢું પડવું તે.
૧૪ ન. શાંત પડવું કે પાડવું તે; શાંતિ; ટાઢક
૧૫ વિ. શાંત કરનાર.

રામનઘાડુ પું. માણસના અવસાનને વખતે જે ઘાડુનું દાન અપાય છે તે; મરણ સમાનો દાનનો ઘાડુ; સમનઘાડુ.

રામની ૧. [સં.] સ્ત્રી. રાત્રિ.
૨. સ્ત્રી.. હળદર.

રામનીય ૧. વિ. વિલાસો વર્ષા જોઈ તેવું; સાંત્વનીય.
૨. વિ. શાંત કરે તેવું.

રામનીયક [સં.] પું. રાક્ષસ. જેમકે, તેઓ રાત્રે ફરે છે.

રામપ્રધાન વિ. રામ જેમાં પ્રધાન છે તેવું.

રામબારકૂતા પું. અરબના સાત મહિનો સાતમો વાર; શનિવાર.

રામમય [સં.] વિ. શાંત; શમતાવાળું; શમથી ભરેલું

રામલ ૧. [સં.] ન. પાપ.
એન રજિન દુમૂલ દુસ્તિ. અય મલીન રે પંક;
મહમન મમાય ડિબિમ રે કરમલ રામલ મંક.
ડિંગળગહુગોપ
૨. ન મળ; ઝાડો; મૂ; વિષ્ટા.

રામલક પું. અથાર માહેનો ફોલસી પદાર્થ; 'ગ્લાનીન'. તે વકૃતનો, ફોમનો અને બીજ ગ્રંથિઓનો એક ઘટક છે. તેમાં અશરના પાચ ભાગ, આર્દ્રજનકના પાચ ભાગ, નત્રવાયના પાંચ ભાગ અને પ્રાણવાયુનો એક ભાગ હોય છે

રામવવું સ ક્રિ. શાંત કરવું; શમાવવું.

રામવાન વિ. ચિત્તની શાંતિવાળું

રામવું ૧ અ ક્રિ. ઠંડુ થવું; ઉષ્ણતા થવું; ટાઢું પડવું
૨. [સં. રામ્ (શાંત થવું)] અ ક્રિ. નરમ પડવું, ટાઢું પડવું; ઉગ્રતા થવું; શાંત થવું; ઘટવું
વેરથી વેર શમતું નથી, ક્ષમાથી જ વેર શમી જાય છે. એટલો પાઠ ભારતભૂમિ ભારતીય યુદ્ધ, મારામારીયજ્ઞ અને સર્વ સરથી શીખી ગઈ એમ કહીએ તો ચાલે. કરસનદાસ
૩. અ ક્રિ. નાશ પામવો, અદૃશ્ય થવું, અસ્તિત્વ પામવું
૪. અ ક્રિ. સ્થિર થવું; હાલવું ચાલવું બંધ થવું

રામરામવું ૧. [સં. રામ્ (શાંત થવું)] અ ક્રિ. શમવું; શાંત થવું
૨. અ ક્રિ. સ્થિર થવું, અચળ બનવું; રામરામાકાર થઈ જવું

રામરામાકાર ૧. વિ. ઇંદ્રિયોનો વ્યાપાર બંધ પડી ગયેલ હોય તેવું, સમાધિસ્થ, સ્થિર, પૂતળા જેવું, નિશ્ચેષ્ટ
૨. વિ. કશી હિલચાલ કે અવાજ થતો ન હોય તેવું, સોપો પડી ગયેલું
સપને નીરખ રામરામાકાર હતુ પણ મહારે
અંતર અનામી ક્રોધ કંઈ ભભૂકતા
નાનાલાલ

રામરીર જુઓ રામશેર.

રામશેર ૧. પું. મંજીઠના આઠ ભાંહેનો એક રંગ.
૨. [ફા. રામ (નખ) + શેર (સિંહ)] સ્ત્રી તલવાર, અસિ; કૃપાણ; સિંહના નખ જેવા આકારનું હથિયાર
૧. રામશેર ચલાવવી = તલવાર રામમાં લેવી; તલવારથી યુદ્ધ કરવો.
૨. રામશેર ફેરવવી = તલવાર વાપરવી કે વીંઝવી.
૩. રામશેર બાંધવી-લટકાવવી = લડવા તૈયાર હોવું; તલવાર કેડે બાંધવી.

રામશેર બહાદુર ૧. પું. એ નામનો ખિતાબ
૨. પું. શૂરવીર યોદ્ધો; તલવાર વાપરવામાં બહાદુર માણસ.
૩. વિ. તલવાર વાપરવામાં બહાદુર; તલવારથી લડવામાં હિંમત ધરાવનાર.
૪. વિ. હોશિયાર; ચાલાક; ચપળ; બહાદુર

રામશેરબાજ [ફા] પું. પટાબાજી ખેલનાર લડાયક યોદ્ધો, તલવાર વાપરવામાં કુશળ પુરુષ

રામશેરબાજી સ્ત્રી. તલવારની લડાઈ

રામસદન ન. અખંડ શાંતિધામ
મરીને પામે છે **રામસદન** ને શાંતિ પ્રસરે
દોલતરામ પગ્યા.

રામણી ૧. સ્ત્રી એક જાતનું પક્ષી, સમડી. તે ગીધની જેમ ગદુ કામ કરતાં પણ નથી અચકાતી અને બાજ, ગરુડ અને શકરાની જેમ બહાદુરીથી [illegible] પણ નથી ડરતી આકાશમાં [illegible] રામણીને પણ કાગડા રંજાડવા જાય છે, [illegible] રામણીની ચપળતા પાસે કામ આવતી નથી. છાપો મારીને લૂંટવાના ધધા માટે તેનું શરીર અનુકૂળ છે. પતંગ જેમ આમ પવનમાં ઊંચે.થી આમળી ઘપે છે, તેમ રામણી પણ સામા પવનમાં તરે છે અંગ્રેજી અંગ્રેજીમાં તેઓ બને માટે કાઇટ [illegible] પરાધ છે. તેના ચીલ્લી-લી-લી અવાજ પરથી તેનું હિંદી નામ ચીલ પડ્યું છે. ભારતમાં [illegible] સ્થળે એ પવિત્ર પંખી પણ ગણાય છે [illegible] તેનું શાસ્ત્રીય નામ મોવિંદા છે એક બીજી જાતની રામણી થાય છે. અંગ્રેજો તેને બાહ્મણી રામણી કહે છે. આ રામણી ઊંચી ઉડ્ડયની છે. તેનું હિંદી નામ શકરચીલ છે અને દેખાવમાં પણ તે ઘણી સુંદર છે. આપણી સામાન્ય રામણી જેમ માટીલું અને સુગઠિત સ્નાયુઓવાળું શરીર ધરાવે છે, તેમ આ સુંદર રામણી વધારામાં ભૂરો જેવો રતૂમડો રંગ, સફેદ માથું અને છાતી ને પાખના ઢાળા ઘેરાથી શોભે છે. સામાન્ય રામણી જેમ પોતાનો ખોરાક જમીન ઉપરથી મેળવે છે તેમ આ શકરરામણી પાણી ઉપરથી મેળવે છે. સામાન્ય રામણીનો અવાજ ઘોડાની હણહણાટી જેવો તીણો છે, ત્યારે આ રામણીનો અવાજ ઘોમરો છે. ખારામાં લાંગરેલાં વહાણોમાંથી જે ઓઢવાડ દરિયામાં ફેંકવામાં આવે છે તે આ શકર રામણીનો ખોરાક છે. તેનું સસ્કૃત નામ ક્ષેમકરી અને ભારતીય નામ મુખારક છે. તેની એક ત્રીજી જાત છે, તે કાબરી રામણી કહેવાય છે. તે ખરેખર રૂપાળું પંખી છે. કદમા તે જરાક્ષી કાળા કાગડા જેવડી છે. ઉપર રાખોડી અને નીચે ધોળો રંગ, આંખ પર કાળી લીટી, ભેદી હોય ત્યારે બલા પર આવતો પાખના મૂળનો કાળો રંગ. વગડામા ઝાડની ટોચે કે તારના થાભલા પર બેઠી હોય અથવા શકરની જેમ ધરતીથી થોડે ઊંચે પાંખો વીંઝતી શિકાર શોધતી હોય. તેની શરીર રચના અને રીતભાત શકરા તથા બાજને મળતી છે.

૨ સ્ત્રી. એક જાતનું વૃક્ષ અને તેનું લાકડું; 'બ્લેક્સ્વુડ મલબેરિકમ'

"તુરસાનગરના દોબી અબ્યાસ શમળી નામના ઝાડના પાટીઆ ઉપર મીણ પાથરીને કરાવતા"
આયુર્વેદના સક્ષિપ્ત ઇતિહાસ

શમા ૧. [અ. શમ્અ (તેલે પ્રજ્વાલ્યુ)] સ્ત્રી. દીવો; બત્તી; દીપ.

શમા પર જાન પરવાના, મરે શરીર ઉપર ફકીર. ગઝલ

૨. સ્ત્રી મીણબત્તી.

૩. સ્ત્રી. રોશની, પ્રકાશ

શમાક ન (વ.ઋ.ચતુ) ચતરો, ચિત્રા કુકાંદાનો આ શબ્દ છે.

શમાણીસેખુઓ પુ. પોણા બે રૂપિયા. તે સોની લોકોની પારસીમાં વપરાય છે.

શમાણીશરૈ પું. સવા બે રૂપિયા. તે સોની લોકોની પારસીમાં વપરાય છે.

શમાત ન. દુઃખ; કમનસીબ.

શમાદાન ૧. [હિં] સ્ત્રી દીવી

૨. [અ શમા (મીણબત્તી) + દાન] સ્ત્રી. મીણબત્તીની દીવી; 'વોલ્સાઇ'.

શમાદિ ન. (વેદાંત) શમ, દમ, ઉપરામ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન; ૬ સંપત્તિ.

શમાર ન. ઓરતેલ જમીન ઉપર કંતાળ ફેરવવો તે.

શમાયેલ વિ. સુંદર; સુશોભિત.

શમાલ [અ.] સ્ત્રી. (વહા.ચતુ) ઉત્તર દિશા.

શમાવવું ૧. સ.ક્રિ. અદશ્ય કરાવવું; નાશ કરાવવુ

૨. [સં. શમ્ (શાંત થવું)] સ.ક્રિ. ટાઢુ પાડવુ; શાંત કરવું; શાંત પાડવું; નરમ પાડવુ

૩. સ.ક્રિ. ઠેકાવવુ.

૪. સ ક્રિ. સિઝાવવું; વિલમવા દેવું.

શમ્યંતક [સં] પું. ક્રમદેવ. ક્રમક,.તે શાંતિનો નાશ કરે છે

શમિત ૧. વિ. શમેલું; શાંત કરેલુ

૨ વિ શાંત પામેલું; શાંત.

શમિતપાપ [સં.] વિ. જેનાં પાપ શમી ગયા છે તેવુ.

શમિતા [સં. શમિતૃ] પું. વધમાં પશુને મારનાર માણસ.

શમિયાઓ જુઓ શમિયાનો.

શમિયાનો પું. તંબૂ; શામિયાનો

શમિસૂક્ષ્મપત્ર ન. એક જાતનું ઝાડ; સદેરાડો.

શમી ૧ પુ. (પુરાણ) કુરુકુલોત્પન્ન ગોક્ષત્રિય રાજાનુ એક નામ.

૨. પુ. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર માંહેનો ત્રીજો દીકરો.

૩. [સં] સ્ત્રી. છદ્રાણી.

૪ સ્ત્રી. કાંટાવાળું એક ઝાડ; ખીજડી; સમડી. એનાં ડાળાંની સમિધ થાય છે. ઋષિઓ તેનાં લાકડાની સાટડીએ અગ્નિ ઉત્પન્ન કરતા. તેને ઝીણાં નાનાં પાન અને પીળાં ફૂલ અને શિંગો થાય છે. શિંગને સાંગરા કહે છે. શમી હવનીય વૃક્ષ છે. વિજ્યાદશમીને દિવસે રાજ તરફથી પૂજન થાય છે. શમી અતિસાર ઉપર ઉપયોગી છે. શમી અને અશ્મતક વૃક્ષમાં પણ રાક્ષનો નાશ કરવાનો ગુણ છે એમ મનાય છે. અશ્મતક એટલે આપટાનું ઝાડ. શમી ન મળે ત્યારે આ ઝાડનું પૂજન થાય છે. શમીના કકડા એક બીજા સાથે ઘસીને પ્રાચીન કાળમા અગ્નિ પેદા કરતા. શમીની સમિધો આધુનિમા કાળ આવે છે. પાંડવો જ્યારે અજ્ઞાત વાસમાં રહેતા ગયા ત્યારે તેમણે પોતાના હથિયારો એક શમીના ઝાડ ઉપર સંતાડી રાખ્યાં હતાં અને કોઈ ત્યાં જાય નહિ તેટલા માટે એક હાડપિંજર ઝાડને ઘડે બાંધી રાખ્યું હતું

૫. ન. સીમ

૬. ન. શેમી; એક જાતનું ચામડું.

૭. [સ. શમ + ઇન્ (વાળું)] વિ. શાંત; ધીર

શમીક પું. (પુરાણ) આંગિરસ કુલોત્પન્ન એ નામનો એક ઋષિ. તેની ગૌ નામની સ્ત્રીને કૃપે શૃંગી નામનો પુત્ર થયો હતો. શમીક અરણ્યમાં તપ કરતો હતો, તેવામાં એક વખત પરીક્ષિત મૃગયા કરતો કરતો ત્યાં ચડી આવ્યો તે વખતે શમીક ઋષિ સમાધિમાં બેઠા હતા. બહારથી તેણે જૂઠ પાડીને પાણી માગ્યું હતું પણ ઝૂપડીમાંથી જવાબ ન મળ્યો તેથી તે અંદર ગયો અને દુર્બુદ્ધિને વશ થઈને પાસે એક મૂએલો સાપ પડ્યો હતો તે ઋષિનાં ગળામાં ચીંટાળ્યો અને પોતે લાથી ચાલ્યો નીકળ્યો. શૃંગીએ આવીને પોતાના પિતાના ગળામાં મરેલો સાપ જોતાં જ શાપ દીધો કે, જેણે મારા પિતાના ગળામાં આ સાપ ચીંટાળ્યો છે તેને સાતમે દિવસે સર્પદંશ થશે અને મૃત્યુ પામશે. શમીક ઋષિએ સમાધિમાંથી જાગ્રત થતા પૂછ્યું ત્યારે શૃંગીએ બનેલી વાત કરી. શમીકે કહ્યું કે, તે ઠીક કર્યું નથી. કારણ કે, પરીક્ષિત ધર્મો ધર્માત્મા છે. પછી તેણે પરીક્ષિતને ખબર આપી

શમીગર્ભ ૧ , સ ' ન અગ્નિ

૨. પું. ચિત્રાનું ઝાડ

૩. પું. બાજબ

શમીજ પું. ઓચીંતો બાદ સુંધીનો પાતળો મદરો

શમીકું ન બ. વ. વાવડ; સમાચાર; સંદેશા

શમીકું જઈને પહોંચ્યા રે કે રામાટના કાનમા રે હોલ. નાગિક મહેતો

શમીધાન્ય ન. ધાન્યનો એક વર્ગ. તેમાં મગ, અડદ, વટાણા વગેરે દ્વિદલ ધાન્યોનો સમાવેશ થાય છે

શમીપત્રી [સ.] સ્ત્રી રિસામણી, સન્નમણીનો છોડ.

શમીપૂજન ૧ ન. વિજ્યાદશમી; આસો સુદિ દશમનો દિવસ. તે દિવસે સાંજે શમીપૂજન કરી સોના તરીકે શુકનમાં આપટાનાં પાંદડાં વહેંચાય છે

૨. ન વિજ્યાદશમીએ સમડીના વૃક્ષનું ખાસ કરાતુ પૂજન.

શમીર ન. નાની ખીજડીનુ ઝાડ.

શમીવૃક્ષ ન સમડીનું ઝાડ.

શમે [અ.] સ્ત્રી બત્તી; મીણબત્તી

શમેઅદાન [અ.] સ્ત્રી. મીણબત્તી રાખવાની બોડી; દીવી

એ શમેઅદાન સોનાનું હતું. અજ્ઞાત

શમેદાન [અ. શમા (મીણબત્તી) + દાન (રાખવાનું ઠેકાણું)] સ્ત્રી. મીણબત્તી રાખવાનું એક સાધન; 'વોક્સસીઝ'.

શમેદાની જુઓ શમેદાન

શમોર્ડ ન. વરપના પશ્ચિમ ભાગમાં થતું વરુ જેવુ ને શીંગડાંવાળું એક પ્રાણી. તેનું ચામડું ટાદમાં બહુ ઉપયોગી છે

શમ્યા ૧. પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, નગણ અને બે મગણ મળી બાર અક્ષર આવે છે

શમ્યા રચ ત ન મા મા આણી પોતે.
રણજિતરામ

૨. સ્ત્રી. બકરી નીચ રાખવાનું ઝાડકું; યજ્ઞનું એક ઓજાર.

૩. [સં] સ્ત્રી. ધૂંસરીનો ખીલો

૪ સ્ત્રી. યજ્ઞનું પાત્ર.

શમ્યાક [સં.] પું ગરમાળો. ગરમાળાનો ગોળ ખાવાથી શરીરમાં વાત, પિત્ત અને કફ જાણે સમન એટલે બરાબર રાખી, કોઈનો વધારો ઘટાડો થવા દેતું નથી માટે તેને શમ્યાક કહે છે.

શમ્યુ પું. સામ વેદનો એક ઋષિ

શમ્સુલ ઉલ્મા ૧. પું. ધર્મોપદેશક, મહામહોપાધ્યાય

૨. [અ. શમ્સ (સૂર્ય) + અલ (તે) + ઉલ્મા (વિદ્વાનનું બહુવચન)] પું. વિદ્વાનોમા સૂર્ય જેવો પુરુષ; પારસી અને મુસલમાન વિદ્વાનોને અપાતો ખિતાબ

શય ૧ પું (કાવ્ય) એક પ્રકારનો અભિચારી જા.વ

૨. પું. નિદ્રા

૩ પું શય્યા

૪ પું ગરત

૫ પું. સર્પ

૬. પું. સૂર્યના એકસો આઠ માહેનુ એક નામ.

૭. પું. શાયની પંક્તિ.

શયતાન ૧ [અ.] પું. ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો

૨ પું. તોફાની માણસ; મસ્તીખોર ઇસમ

૩. પું દુરમન

૪. પું ધૂર્ત માણસ; કપટી પુરુષ; બદમાશ; રોતાન

૫. પું. રાક્ષસ; દૈત્ય

શયતાન શિર પર ચઢ્યો = મગજ ગરમી જવુ.

શયતાનપુરા ન. અકબરના સમય દરમ્યાન ગણિકાઓના શહેરનો એક ભાગ.

શયતાનિયત ૧. [અ.] સ્ત્રી. ધૂર્તતા; કપટ; શયતાનપણું; બદમાશી; લુચ્ચાઈ.

જેઓ ખુદાના બંદા છે તેઓ **શયતાનિયત**ની સામે મદ્દગત રાખી શકતા નથી. નવલરામ

૨. સ્ત્રી. મસ્તી; તોફાન.

૩. સ્ત્રી. રાક્ષસી સ્વભાવ; દૈત્યનો ગુણ.

શયતાની ૧. [અ.] સ્ત્રી. લુચ્ચાઈ; દુષ્ટતા.

૨. વિ દુષ્ટ.

શયધ્વ ૧ પું. બળદ.

૨ પું. ભૂંડ; ડુક્કર.

૩ પું ઘાંસ.

૪. પું. મત્સ્ય.

૫ વિ ઊંઘણશી, ઊંઘનું.

શયદા ૧ પું ભક્ત.

૨ [ફા.] વિ. ગાડુ; ઘેલું.

૩. વિ. પ્રેમઘેલું.

શયન ૧. ન. શય્યા, પથારી, બિછાનુ.

૨. [સ] ન સૂવુ તે.

૩. ન હવેલીમા, યા ભગવાનના પોઢવાનાં દર્શન. વૈષ્ણવ સંપ્રદાયમાં દિવસમાં આઠ વખત દર્શન થાય છે. સવારે વહેલાં મંગળા, પછી શૃંગાર, સ્નાન, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા અને છેલ્લે શયન.

શયનઆરતી સ્ત્રી દેવમંદિરમા રાત્રે થતી આરતી.

શયનખંડ [સં.] પું. (શિલ્પ) સૂવાનો ઓરડો, શયનગૃહ; શયનાગાર; શયનમંદિર. ગૃહવિધાનમાં લક્ષ્યમુ છે કે. મહાજનો, આચાર્ય, રાજા, જગપતિ વગેરે દરેક દૃષ્ટિએ શયનખંડ ભવનમા ઉપર નહિ પણ માળ ઉપર હોવો જોઈએ મુજરાત માટે જે શયનખંડની દક્ષિણાદી અથવા અગ્નેયમાની બાજુ આકાશખુલ્લી કે અર્ધ આકાશખુલ્લી હોય તે શયનખંડ સરસ ગણાય.

શયનગૃહ જુઓ શયનખંડ.

શયનટહેલ પું. સૂવાની હાક.

સેનાનીઓનો **શયનટહેલ** વાગે ત્યારે સુભદ્રપતિનાં ભવનમા મચાય. નાનાલાલ

શયનબંધુ [સ.] પું. સાથે સૂનારો, જોડિયો, બદમાશ

શયનભવન જુઓ શયનખંડ

શયનભોગ પું. ઠાકોરજીને શયન વેળા ધરાવાતો ભોગ

શયનમંદિર જુઓ શયનખંડ

શયનશક્તિ સ્ત્રી. ઘણું સૂઈ ન રહેવાની શક્તિ; મહાજોએ સંપાદન કરવાની આઠ પ્રકારની શક્તિઓમાંની એક શક્તિ.

શયનાગાર જુઓ શયનખંડ.

શયનાલય જુઓ શયનાગાર.

શયનાસન ૧. ન. (યોગ) એ નામનું એક આસન; શવાસન; પ્રેતાસન; મૃતાસન; જેને હાથ તથા પગ લાંબા કરી ઓ આકાશાભિમુખી ચત્તી સ્વસ્થપણે પીઠ પર પડ્યું શયન કરવુ તે. આ આસનથી શ્રમ દૂર થાય છે.

૨. ન. સૂવા અને બેસવાની જગા.

શયનીએકાદશી સ્ત્રી અષાઢ સુદિ અગિયારસ. આ એકાદશીને દિવસે વિષ્ણુનુ શયન કરાવવાની વિધિ થતી હોવાથી તેનુ નામ શયનીએકાદશી પડ્યુ છે કર્કે સક્રાંતે અષાઢ સુદિ અગિયારસને દિવસે તૈયાર કરેલી શય્યા પર વિષ્ણુને પોઢાડવામા આવે છે. તુલા સક્રાંતે કારતક સુદિ અગિયારસને દિવસે વિષ્ણુને જાગ્રત કરવામાં આવે છે. વિષ્ણુશયનના ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ વ્રત અને નિયમો લેવાય છે

શયનીય ૧ [સ. સ્ત્રી (સૂવુ) + અનીય] ન. શયન; પથારી.

૨. વિ. સૂવા જોગ.

શયનોત્સવ પુ અષાઢ સુદિ ૧૧ને દિવસે થતો વિષ્ણુના શયનનો ઓચ્છવ

શયબાન પુ મુસલમાનોનો એક મહિનો

ઔરંગઝેબના રાજ્યમા આ લોકોને જબરદસ્તીથી શયબાનના છેલ્લા દિવસે રોઝો તોડવો પડતો અને રમ્જાનના છેલ્લા દિવસે રોઝો કરવો પડતો પુરાવસ્તુ

શયાનક ૧ ન ઢોરાવો, કાકીડો

૨. પુ. સર્પ.

શયાલુ વિ ઊંઘણશી, લાંબા, વખત સુધી સૂતા.રા.

શયિત ૧. [સં] ન નિદ્રા; ઊંઘ

૨ [સં. સ્ત્રી (સૂવુ)] વિ. ઊંઘતું; સૂતેલુ

શયુ ૧. પું અજગર.

૨. પું. આશક; પ્રેમી

શયેહા ૧. [ફા.] વિ. ગાડો; દિવાનો

૨. વિ. પ્રેમઘેલો.

શયેર [અ. શએર] સ્ત્રી. કવિતાની કડી.

શય્યા ૧. [સ] સ્ત્રી. પથારી; બિછાનુ; સેજ.

પ્રિયપુ તલ્પ **શય્યા** શયન, સંબેરાન શયનીય; દુખ ઊંઘ સમ સેજ પર જેહી ત્રિય રમણીય. પિંગળકોષ

૨. સ્ત્રી. (કાવ્ય) પદોનો પરસ્પર સુમેળ; પદોની પરસ્પર ઉત્કૃષ્ટ મૈત્રી

પદોની પરસ્પર ઉત્કૃષ્ટ મૈત્રીને **શય્યા** કહે છે. પરસ્પર એના અનુકૂળ પદો હોય કે તેમને બદલે પર્યાય પદો મૂકી ન શકાય એવી ઉત્કૃષ્ટ રચના તે **શય્યા** છે. કાવ્યસાહિત્યસમીક્ષા

શય્યાદાન [સં.] ન. પથારીનુ દાન કરવું તે.

શય્યાસન સ] ન. પથારી

બિહાર **શય્યાસન** ભોજને વા. નાનાલાલ

શર ૧. પું. આકાશસ્થ પદાર્થોયા ક્રાંતિવૃત્ત સુધીનું અંતર. આ અંતર તે આકાશસ્થ પદાર્થથી ક્રાંતિવૃત્ત ઉપર એક લંબ દોરીને તે વડે ગણાય છે. ચંદ્રનું શર સવા પાંચ અંશ પર્યંતનું હોય છે. ક્રાંતિવૃત્ત અને ચંદ્રકક્ષા એમનાં બે પાતબિંદુઓને અનુક્રમે રાહુ અને કેતુ કહે છે. રાહુ મધ્યે કે કેતુ મધ્યે ચંદ્ર હોય છે તે વખતે ક્રાંતિવૃત્તથી તેમનુ અંતર બિલકુલ હોતું નથી. ટૂંકમાં તે વખતે શર શૂન્ય હોય છે

૨. પું કાસડો

૩. પું. બિંદ

૪. પુ જ્યાના મધ્યબિંદુથી ધનુના મધ્યબિંદુ સુધી ચતી સીધી લીટી

૫. પુ. રાત્રિ ચક્ર અથવા નક્ષત્ર ચક્રની ઉત્તરે આવેલા ભાગમાં આવેલ એ નામનો તારા સમુદાય; 'સળગા'. તેનો આકાર ભાલા જેવો હોય છે.

૬. પું. (પિંગળ) ૫૨૫૬ી ૭૮૫૫૫૫ની જાતનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તેમાં ૮૦ લઘુ અને ૩૬ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૭ પું. (પિંગળ) સ્કંધકની જાતનો એક પ્રચૂર્ણનીતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ગુરુ અને ૩૪ લઘુ મળી ૬૪ માત્રા હોય છે.
૮. [સં. શૃ (હિંસા કરવી) + અ] **પું.;** ન. તીર; બાણ
૯. પું.,ન (પિંગળ) પાંચની સંખ્યાનો એક શબ્દ.
૧૦. [અ. શરઅ] **સ્ત્રી.** નિયમ; કાયદો
૧૧. ન. (સંગીત) તાલનાં મુખ્ય છ અંગોનું ત્રીજું અંગ; ચાર માત્રાને અંતે આવતો તાલ
૧૨. ન. દર્ભ.
૧૩. ન. દહીં કે દૂધની મલાઈ.
૧૪. ન. પાણી.

શરઅ [અ.] **પું** ધાર્મિક કાયદો; કાનૂન; પયગંબરે કરેલ આજ્ઞા કહેવાય છે અને હઝરત મહમ્મદે કરેલ શરઅ કહેવાય છે.

શરઈ **૧.** પું મુસલમાની ધર્મ અનુસાર ચાલનાર માણસ.
૨. સ્ત્રી. ઇજ્જત; પાયજામો; સુરવાલ

શરઉલ્યા પું. (પિંગળ) અતિશર્કરીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, સગણ, નગણ અને યગણ મળી પંદર અક્ષર હોય છે.

શરકાંઠમકાંઠ પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ, નગણ અને ચાર રગણ મળી બોંતેર અક્ષર હોય છે.

શરકુંડ પું. એ નામનો નરકનો એક કુંડ
> જે બ્રાહ્મણ બીજાઓનાં વસ્ત્ર ધોનાર, સોનાં વસ્ત્રનો કે પ્રભુની ભક્તિ વસ્ત્રનો હોય તે પોતાના કુંટાયા જેટલાં વર્ષો શરકુંડમાં વસે છે.
> જગજી જાસવત

શરકોષ [સં. શર (તીર) + કોષ (મ્યાન)] પું. તીર રાખવાનો ભાથો; તૂણીર; ભાથુકિ

શરક્ષમા પું. (પિંગળ) સત્તરીનું વર્ગનો એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, ભગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર, બીજા ચરણમાં મગણ, ભગણ, જગણ, રગણ અને સગણ એમ પંદર અક્ષર, ત્રીજા ચરણમાં ભગણ, નગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર અને ચોથા ચરણમાં મગણ, નગણ, સગણ, જગણ અને મગણ એમ પંદર અક્ષર હોય છે.

શરગાંઠ જુઓ <૧૮૫૧ ગાંઠ; દોરડી બિનવાપી કે ... ગાંઠ છોડી ...
> પહેલી ગાંઠ કેમ વાળી, પછી નીરમાંઠ
> કેમ દેવી તે પછી શરગાંઠ
> કેમ દેવી એમ બતાવી રાણીએ
> ...ત્રિવેદી

શરગીતિ પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં બે સગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે
> સ સ ગ શરગીતિ ...ત્રિવેદી

શરગુલ્મ પું. (પુરાણ) રામની સેનામાંનો એ નામનો ...

શરચંદ્ર સં પુ ...

શરજન્મા સં પુ ... તીર જેવું તેજસ્વી બાળક, ... બાણ ... કાર્તિકેય

શરજાળ જુઓ સબ્બાબંધ બાબતોથી ... જેવો અંકાર.

શરટ [સં.] પું કાકીડો; ...

શરણ **૧.** ન. અગ્નિહોત્રીને અગ્નિ રાખવાનું સ્થાન
૨. [સં. શૃ (આશરો લેવો) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. આશરો; આશ્રય; ઓથ; રક્ષણ; છત્ર; અવલંબન; ભયથી બચવાને બીજાના આશ્રયમાં જઈ ભરાવું તે; બચાવ.
> શરણે આવવું-જવું-થવું-પડવું = તાબે થવું
૩. ન. બાટલામાં ઓગીને મુકાય તે બાબુ
૫. ન. રક્ષણ કરનાર વ્યક્તિ.
૬. ન. વધ કરવો તે.
૭ ન વિષ્ણુના હાથનું એક નામ દૈત્યના ... કરનાર ... કહેવાય છે.
૮. ન. શિવનાં હાથનું એક નામ.

શરણમાર્ગ પું. ઈશ્વરને ... .

શરણકૃપ વિ આશ્રયદાતા.

શરણસ્થ [સં.] વિ. શરણે રહેલું

શરણસ્થળ ન. મદદ મળવાનું ઠેકાણું; આશ્રય સ્થાન

શરણાઈ [ફા. સહનાઈ] સ્ત્રી ... એક વાજું, ખજૂર પુષ્પની આકૃતિની ... પોલી દાંડીમાં નીચેના ભાગે છ છિદ્ર અને નળિયાના ભાગે એક મળી સાત છિદ્ર વાટી વગાડવાની વાંસની પોલી નળી

શરણાગત [સં. શરણ્ય + આગત (આવવું)] વિ. શરણે આવેલું; આશ્રિત.

શરણાગતિ સ્ત્રી. શરણાગત, શરણે આવવું તે; આશ્રય હોવાની સ્થિતિ.

શરણાપન્ન [સ શરણ્ય + આપન્ન (પામેલું)] વિ. શરણાગત, શરણે આવેલ.

શરણાર્થી **૧.** [સં શરણ્ય + અર્થિન્ (ની ઇચ્છાવાળું)] વિ. શરણ ઇચ્છનારું; શરણે આવવાની ઇચ્છાવાળું
> ચક્ર વડે પોતા મુકના મુખને ચારી નાખ્યું અને તે શરણાર્થી હોઈને કરોવરમાંથી બહાર કાઢ્યો.
> ...

૨. વિ. હિજરતી, નિર્વાસિત

શરણિ [સં.] **સ્ત્રી** માર્ગ; રસ્તો.

શરણી જુઓ શરણિ

શરણું ન. શરણ; ઓથ; આશ્રય; મદદ.

શરણોત્તમ વિ જેનું શરણ ઉત્તમોત્તમ છે તેવું; જે સર્વોત્તમ ત્રાતા હોય તેવું

શરણોન્મુખ [સં] વિ તાબે થવાની તૈયારીમાં ...

શરણ્ય **૧.** પું શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. સર્પનું એક નામ
૩. [સં.] વિ. શરણ દઈ શકે તેવું; શરણદાતા.
૪. વિ શરણે આવવા યોગ્ય.

શરત **૧** પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, ભગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે.
> શરતમાં કર ના જ ભ ગા. ...
૨. [અ. શર્ત] સ્ત્રી. આમ કરો અથવા આમ નહિ થાય તો હું આમ કરીશ, એવી કબૂલાત કે પ્રતિજ્ઞા લેવા ત, હ ડ કરાર, બોલી; દાવ માંડવો ત, કોઈ સાથે વત કે તકરારમાં હારજીતમાં આપવા લેવાની કબૂલાત; કરાર; નક્કી કરેલી બોલબણ
> ૧ ... (૧) બોલી કરવી. (૨) ...
> ... ... રમવી સગાવવી = ... કરાર કરવો
> ... -અક્ષર = જેમાં દોડવા કે ... ખેલવામાં આવે તે ...
> ... – દોડદોડની હરીફાઈમાં ...
> ... = હારજીતની હોડનો કરાર કરવો
> ૬. શરતે પડવું = શરતમાં ઊતરવું.
૩. સ્ત્રી. દોડવાની એક રમત.

૪ જી મ...

૫ ન ૨... મ...ર, પ...ર...

શરતઠોઠ જી એ ન મની ... હરની નિશાનીને ... પહેલાં આવે તે જ્યો ગણાય છે

શરતનામું ન ખોળાધરી ... જે પત્ની પતિની પાસેથી ... તે પત્ની નથી

શરતબંદી જા શરત કરી ત

શરતબંધી જા શરત કરવી ત

શરતાત વિ ...તાત; ...

બુદ્ધિમા પ્રબળ ...ું ...ુ ...ો પુર્ણ સર્વ શરતાત ...

શરતી ૧. [અ.] વિ શરત કરી હોય તેનું શરતવાળું; કરારવાળું

૨. વિ શરતને લગતું

આફ્રિકાના ...માંથી મુક્ત થવાની મરદ ...ણોનો સાથી ...એ શરતી કરીદર ...

શરત્કાલ પુ. શરદઋતુ ...

શરત્કાલિક વિ શરત્કાલના વખતનું

...ની શરત્કાલિક શીતલતા પણ ...ાભાન હોવાથી ...ાના સમમાગ ...એ જ પ્રવાસ કરી શકાશે હતો. નારાયણ વિસનજી

શરત્પુષ્પ ન. ...પોરિયાનું ...

શરત્પૂર્ણિમા [સં.] જી. આશ્વિન પૂર્ણિમા, માણેકારી પૂનમ

શરત્સંપાત ન. વસંત સંપાતથી આગળના છેદન બિંદુમાં સૂર્ય આવે તે; ભૂગોળના ઉત્તર ...મા સ્પર્શિત થાય તેમ જ દક્ષિણ ...મ, સૂર્ય ... થાય તથા ભૂગોળના કોઈ પણ પ્રદેશમાં રાત દિવસ સરખાં થાય તે ... બિંદુ ... એક બીજાને ૨૩ અંશને ખૂણે છેદતાં હોવાથી ક્રાંતિવૃત્તનો અર્ધ વિભાગ વિષવવૃત્તથી ઉત્તરે અને અર્ધવિભાગ દક્ષિણે હોય ... અને ... ઉદ્ગમબિંદુ-મેષ ... સૂર્ય ... બિંદુ, ... સંપાત તેમ જ પશ્ચિમ ...નું ... શરત્સંપાત કહેવાય છે.

શરદ ૧. પુ. રખારીના માતાજીના છંદ; શરદુ

૨. [સં. શરદ્] જી. છ ઋતુઓની એક ઋતુ, આસો અને કાર્તિક મહિનાનો સમય જ્યારે ચંદ્રમા રાત્રિનો સૂર્ય થાય ત્યારે એમ છે અને ભૂમિકરાત્રિનો સૂર્ય થાય ત્યારે આ ઋતુ ઊતરે છે. સૌ શરદ ઋતુ એવું જે કહેવામાં આવે છે તે શરદઋતુની ભયંકરતાનું સૂચન કરનાર છે ... ઋતુ ... ઋતુમાં લોકોની ... ખાખરી ... રહેતી નથી તેથી શરદ ઋતુમાં ... ... રહે છે ... આકાશ ... એમ ...

૩ જી. ...ા, ...ર, ...ર

૪ વિ ... ...

૫ વિ ... ...ળો, ... અસર ...

શરદની છાયા ન ... ...ાપુના ...ોનવેલ ...ીના પ્રવાસથી ... ...ું ...નામનું ગુલાબનું ... ... ગુલાબી ... ...

શરપંજર ન બાણોનું પાંજરું.

શરપાત જુઓ ફરમતન

શરપુંખ ૧ પું બાણનો પીંછાવાળો છેડો; અક્ષત ટીક

૨ પું શરપંખો નામની વનસ્પતિ

શરપુંખા જુઓ શરપંખો

શરપુંખિકા સ્ત્રી શરપંખો નામની વનસ્પતિ

શરપુંખો જુઓ શરપંખો

શરપ્રભવ ૧ [સ શર + પ્રભવ (જન્મ)] પું કાર્તિકેય; શરજ

૨. પું. બાણાવળી; શરસંધાનમાં પ્રવીણ પુરુષ.

શરપ્રહાર પું. બાણનો મા૨.

શરફ ૧ પું મોટાઈ; ગૌરવ; પ્રતિષ્ઠા; માન.

૨. [અ.] અ. ક્રિ. (ધાતુ) ને માનવતો હતો. ને ઉપરથી નીકળેલા શબ્દો:—અશરફ, શરીફ, શરાફત વગેરે

શરફલક [સ ; ન બાણનું પાતું; પીંછ. સિવાયનો બાણનો આકીનો ભાગ

શરબત ૧. ન. પાણીમાં નાંખેલ ખરબચડાનું સ્વાદુ પાણી

૨. [અ. શર્બ (પીવું તે)] ન. મીઠા ફળના રસને સાકરની ચાસણી સાથે મેળવીને બનાવેલું ઠંડક આપે તેવું પીણું. આ ઉનાળાની ઋતુમાં ખાસ લેવાય છે

શરબતી ૧. [અ.] સ્ત્રી. એક જાતનું બારીક કાપડ

૨. સ્ત્રી એક જાતનું ચીબું.

શરબતી ચીબું = પાતળી છાલનું ચીબું.

૩. વિ. આછા રંગનું, ખુશરંગ રંગનું

શરબતી ઘઉં = એક જાતના ઘઉં

શરભ ૧. પું (પિંગળ) અતિશક્તિકારીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર નગણ અને સગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં પાંચમે અને દશમે અક્ષરે યતિ આવે છે.

૨. [સં] પું. આઠ પગવાળું એક કાલ્પનિક બળવાન પ્રાણી. આ પ્રાણી હિમાલયમાં વસતું હોય એમ મનાય છે. એ સિંહથી પણ વધારે બળવાન કહેવાય છે.

ત્યાં કોપે જે શરભો ના નડે પંથ તો યે,
તારી સામે તરત ફરવો સ્વાંગને જાણવાને;
વિશ્વેરે તું જબરી કરીને સૃષ્ટિ તેને કરાની,
હાસી હોની નથી બની રૂપા બલ આકલવાથી
મેઘદૂત

૩. પું ઊંટ

૪ પું (પુરાણ) એ નામના એક રાજર્ષિ.

૫. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૬. પું. (પિંગળ) ગ્રન્થ છંદની જાતનો એક માત્રામેળ છંદ તેમાં ૨૪ લઘુ અને ૩૬ ગુરુ મળી ૬૦ માત્રા હોય છે

૭. પું (પિંગળ) ચુડાલા ઉપદોહાની જાતનો એ નામનો એક વિષમમાત્રામેળ છંદ તેના ૧૧ ગુરુ અને ૫૦ લઘુ મળી ૮૨ વર્ણની

૮ પું ન . [ ]

૯. પું [ ] જુઓ [ ]

૧૦. પું. (પુરાણ) દનુપુત્ર એક દાનવ

૧૧. પું (પિંગળ) દોહરાની જાતનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૨૦ ગુરુ અને ૮ લઘુ મળી ૪૮ માત્રા હોય છે

૧૨ પું પતંગિયું

૧૩. પું. (પુરાણ) રામની સેના માંહેનો એક પ્રખ્યાત વાનર

૧૪ પું વિષ્ણુનું એક નામ.

૧૫. પું. (પુરાણ) શકુનિનો એક ભાઈ. તેને ચંદ્રિપુરીમા ભીમસેને માર્યો હતો

૧૬ પું (સં. પું) સાલ્વેય પર્વત પર રહેનાર એક રાક્ષસ.

૧૭ પું. શિવનાં ઇગ્યાર નામોનું એક નામ.

૧૮ પું. (પુરાણ) શિશુપાલનો એક દીકરો જ્યારે પાંડવોના અશ્વમેધનો ઘોડો એના દેશમાં ગયો ત્યારે એણે એનું પૂજન કરી સૈનિકોનો સત્કાર કર્યો હતો

૧૯ પું (પિંગળ) ચટપટી છપ્પયની જાતનો એક વિષમમાત્રા માત્રામેળ છંદ

૨૦. પું. (પિંગળ) સ્કંધકની જાતના એ નામનો એક પ્રચલિત મીતિ માત્રામેળ છંદ

૨૧. પું. હરણનું બચ્ચું, મૃગશિશુ

૨૨. ન. અથર્વ વેદનું એક ઉપનિષદ.

૨૩. ન એક જાતનું પંખી. નકુળના ધ્વજ ઉપર બાજની શરભ પક્ષીનું ચિત્ર રહેતું એમ કહેવાય છે

શરભંગ પું. દંડકારણ્યમાંનો એ નામનો એક ઋષિ. તેણે રામનું સ્વાગત કર્યું હતું

શરભી ૧. [સં.] સ્ત્રી. ઊંટડી.

૨. સ્ત્રી. સિંહના શત્રુ મનાતા શરભ પશુની માદા

શરભૂ ૧. [સં.] પું. કાર્તિકેય,

૨ પું નાગ; સાપ

નેત્ર જ્વાળા વમતા વિષધર શરભૂ માની સોડે
ઝરતો. કેશવ હર્ષદ

શરભૂરિણ્ડી પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, સગણ, બે જગણ, જગણ, રગણ, સગણ, યગણ અને ગુરુ મળી ૨૫ અક્ષરે હોય છે.

શરમ ૧ [ફા. ગર્મ] સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા; ઇજ્જત જેમાંથી, તેણે ઉપરાણું તો લીધું પણ તેની શરમ રહી નહિ.

૧. શરમ રહેવી = ઇજ્જત કે માન આબરૂ સચવાવા.

૨. શરમ રાખવી = માન આબરૂ કે અદબનો ખ્યાલ રાખીને વર્તવું

૨. સ્ત્રી ધિક્કાર; ફિટકાર; લવારત

શરમની વાત = શરમાવું પડે તેવી વાત.

૩. સ્ત્રી લજ્જા; લાજ; સ્વભાવનો વિવેકી સંકોચ.

હાથ પગ હલાવીને અવયવોમા ન ઢોલ લો,
ન ચેન્ડુઓટને વાત પથે શરમ જાળીને.
ગાંધીગીતા

૧ શરમ આડવી-પડવી-પહોંચવી = ભાર પડવો; ભેદ પડવો; શરમ પહોંચવી

૨. શરમ આવવી થવી લાગવી = લજ્જા આવવી; સંકોચ થવો; લજ્જવું.

૩. શરમ ભાગવી = (૧) કલંક ભાગવું; નીચાજોણું થવું. (૨) શરમાવું.

૪. શરમના રેરડા પડવા = શરમની અસરથી ગાલ ઉપર રેખાઓ તરી આવવી

૫. શરમની પૂછડી = બહુ જ શરમાળ માણસ

૬. શરમમાં નાખવું = શરમાવવું.

૭. શરમમાં રહેવું = શરમાવું; શરમ રાખીને એટલે તેથી ઠપકાર્હ ને વર્તવું; માનથી ચૂપ રહેવું

૮. શરમે માર્યાનું થવું = પોતાની મરજી ન હોવા છતાં ન કહી શકવાના કારણે આબરૂ ગુમાવવી; શરમથી સહન કરવું

શરમજનક વિ. સંકોચ કરે તેવું; શરમ ઉપજાવે તેવું

શરમલિયું ન. ઓઓને પહેરવાનું ઊનનું એક જાતનું ગરમ કપડું

શરમલ્લ પું મેના પંખી

શરમાળ વિ. શરમાળ; લજ્જાવાળું

શરમાંદ પું. મેના પંખી

શરમાંદગી વિ શરમાઈ ગયેલ.

વરસાદની મોટી ઝાડી પણ તે આગળ **શરમાંદગી** થઈ રહી વિજ્ઞાન વિલાસ

શરમાંદુ વિ. શરમાળ

શરમાવવું ૧ સ ક્રિ. કોઈને સંકોચમાં નાખવું, શરમ પાડવી; કોઈ કામ કરાવવા

કાર્ય ને શરમમાં નાખવું; શરમ કે માન રાખી સમજે એમ કરવું, શરમથી મનાવવું.

૨ સ ક્રિ. ઝાંખું પાડવું ઝાંખવું

શરમાવું ૧. [દ્વા. શર્મ] અ. ક્રિ. ઓંઠા પડવું; ઝાંખવું; સંકોચાવું, ઝાંખવાણા પડવું

૨ અ ક્રિ. શરમ આવવી; સંકોચ થવો

શરમાળ વિ. નરમ સ્વભાવનું; સંકોચાળું, શરમાય એવું; અદબ રાખનારું; શરમવાળું.

શરમિંદ વિ. શરમાળ

પૂર્વ પ્રસ્થાન આ દિશ અ,
હતી હું ચાહતી તને,
કહેતા વાત તુ અવા
નહિ શરમિંદ થું યારી. કલાપિ

શરમિંદગી [ફા] સ્ત્રી. શરમ; ગેરિયત; નામોશી

માહની બદલ આત્મથી આપણી બદનામી અને શરમિંદગી થશે. નૂરેએલમ

શરમિંદું [દ્વા. શર્મિંદા (શરમાવલ)] વિ. શરમથી ઝાંખું પડી ગયેલું, શરમાઈ ગયેલું

શરમીલું વિ. શરમાળ; શરમિંદું

સખી સાસુ જોયે હિજરઈ કિશોરી **શરમીલી**. અમરશતક

શરમેયા પું (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, જગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે

શરમો પું. શેરડીનો કકડો; ગંડેરી

શરમોડી (શરમોડ઼ી) સ્ત્રી. મોડાના કાન ઉપર પહેરાવવાનું ભરતવાળું એક કપડું

શરમૌલિ સ્ત્રી. એક પ્રકારની લિપિ.

આરબ લોકો મિસ્નારી અને અંગ્રેજ લોકો એરોહેડેડ કેરેક્ટર કહે છે. આપણે તેને **શરમૌલિ** લિપિ કહીશું. તેની લીટીઓના અગ્રભાગ પરથી કેટલાકનું એમ માનવું છે કે આ શરમૌલિ લિપિ ઝાડની ડાળમાં કાઢી છે. આ શરમૌલિ લિપિ મિસરી લિપિમાંથી નીકળી હતી.

ઉસ્માન ભગત

શરયૂ ૧. સ્ત્રી. અયોધ્યા પાસેની એક નદી; સરયૂ

૨. સ્ત્રી. વીર નામના અગ્નિની બહેન

શરયૂ જુઓ શરયુ.

શરર ૧. [અ.] પું. અગ્નિનો તણખો.

૨. પું. અદેખાઈ.

શરલ [સં.] વ સોળ જેવા પાનવાળું એક ઝાડ. તે હિમાલય ઉપર ૧૫૦૦ થી ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ થાય છે

શરલિકા સ્ત્રી (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને મગણ મળી નવ અક્ષર હોય છે.

શરવ ૧. [સં.] પું. ઢાકણ.

૨. પું. શિવ

શરવણ ૧. વ. ક્રસડાનું વન

૨ ન. (પુરાણ) હિમાલય ઉપર આવેલું શિવપાર્વતીનું ક્રીડાવન. અહીં જે પુરુષ આવે તે સ્ત્રી થઈ જશે એવો પાર્વતીનો શાપ હતો, તેથી ઇલિરાજા આ વનમાં પ્રવેશ કરતાં જ સ્ત્રીત્વ પામ્યો હતો

શરવાહ પું. શરવાપક્ષ

શરવી સ્ત્રી. સાંકડા મોંનું એક જાતનું વાસણ

હેના પાણીની શરવીઓ. પાંદડાંઓ જે વપેલીઓ જેવી છે; પરંતુ એવી જાતની તપેલીઓ હવે થતી નથી. પ્રસ્થાન

શરવું ૧. [સં. શ્રૃ (સાંભળવું)] વિ. તીક્ષ્ણ શ્રવણેન્દ્રિયવાળું; જલદી સાંભળે એવું; તીક્ષ્ણ કાનનું

૨. [અ. સરવા (તૈયાર જમીન)] વિ. તૈયાર જમીન ઉપર વરસાદની ધાર પડવાથી જે ઘાસ નીકળે છે તેવું. જેમકે, નવી માટલીનું પાણી શરવું કરવું સારું છે

૩. વિ. થોડું સાંભળતાં પણ ઝટ બોની સમજી જાય એવું; સાંભળવે ને સમજવે ચતુર

૪ વિ. મીઠા સ્વાદનું; સ્વાદિષ્ટ

૫. અ ક્રિ. નિશાન તાકવું.

શરવૃષ્ટિ [સં. શર (બાણ) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. શરપાત; બાણોનો વરસાદ

શરવ્ય [સં.] ન. બાણનું લક્ષ; નિશાન

શરશય્યા ૧. [સં.] સ્ત્રી. દુઃખમય સ્થિતિ.

૨. સ્ત્રી. બાણની પથારી.

શરસડો [સં. શિરીષ] પું. એક જાતનું વૃક્ષ; શિરીષ; બરસાડિયો તેમાં પાન આંબલીનાં પાન જેવાં ત્રીબ્યાં હોય છે અને ફૂલ પીળા રંગનાં હોય છે. તે ફેલ જેવા ખારીક સુંવાળા રેશમ સરખા રેસાથી ભરપૂર હોય છે. તેની ભલ દવા તરીકે વપરાય છે

શરસંધાન [સં.] ન. બાણથી નિશાન તાકવું તે.

શરસ્તંબ ન. ઐંબા નામની વનસ્પતિ.

શરહ પું. કાકીડો

શરહતિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વસુમતિ. તેના દરેક ચરણમાં પાંચ નગણ એમ પંદર અક્ષર આવે છે

શરહંગ પું. હબૂરિયો; રાજનો ખાસ નોકર.

એ શરહંગની વાતથી કેટલાક ગ્રાહક હતા. વિજ્ઞાન વિલાસ

શરહ ૧ પું. કાકીડો

૨. વ. જળમાં તેમ જ જમીન ઉપર રહેનાર એક પ્રાણી.

શરા ૧. [અ શરઅ] પું. ઇસ્લામનો ધર્મદો.

૨ પું. એક જાતનો રોગ; ફેફરું; અપસ્માર.

૩. સ્ત્રી ચામડી ઉપર થઈ આવતી નાની નાની ફોલ્લી

૪. સ્ત્રી (શિલ્પ) સ્થંભ ઉપર પથ્થર અથવા લાકડાની કોતરેલી ફીંચકની મોટા પેટવાળી મૂર્તિ.

શરાઈ ૧. સ્ત્રી. એક જાતની સાકડી ચોરણી.

૨. સ્ત્રી. પાણી ભરવાનું સાકડા મોઢાનું એક વાસણ

શરાઉ જુઓ શરાપ.

શરાદિયા પું વ. વ. આદ્રપક્ષમાં એટલે ભાદરવામાં વવાએલ તલ. તે પોષ માસમાં તૈયાર થઈ જાય છે

ઝાકળિયા, શરાદિયા કે પુરબિયા તલનું વાવેતર બેસતી સાથે બિલ કરવું. ખેતીવાડી

શરાદિયા તલી વ. તલની એક જાત. આ તલ ભાદરવા માસમાં વવાય છે અને પોષમાં તૈયાર થાય છે

શરાદિયાં વ. વ. વ. આદ્રપક્ષ; ભાદરવા વદિના દિવસો

શરાધ [સં. શ્રાદ્ધ] ન. પિતૃઓની તૃપ્તિ માટે કરાતી ક્રિયા; શ્રાદ્ધ; પિતૃતર્પણ.

શરાધિયાં વ. વ. વ. શ્રાદ્ધપક્ષ; શ્રાદ્ધ કરવા કરાવેલા દિવસો; ભાદરવા સુદિ ૧૫ થી વદિ અમાસ સુધીની તિથિઓ.

શરાધી સ્ત્રી. શ્રાદ્ધની ક્રિયા

શરાપ [સં. શાપ] પું. શાપ; સંતાપનારનું અનિષ્ટ થવે એવો સંતાપિતનો આંતરિક ઉદ્ગાર; અંતરનો કકળાટ; બદદુવા; કડવા; કલેજા પામેલાની કરડી વાણી

૧. શરાપ આપવો–દેવો = કોઇનું બરાબ થવાનું કહેવું કે ધારવું

૨. શરાપ નડવો–લાગવો = કડવા લાગવી.

શરાપવું સ. ક્રિ. શાપ આપવો; કડવા દેવી.

શરાફ (શરાફ઼) ૧ [અ. શરફ (તે માનવંતો હતો)] પું. તિજોરીનો એક અમલદાર. તે પૈસાની આપ લે કરે છે.

૨ પું. નાણાંની ધીરધાર કરનાર માણસ હુંડી શરાફીનું કામકાજ કરનાર વેપારી; નાણાવટી.

શરાફત (શરીફત) ૧ [અ.] સ્ત્રી. માણસાઈ; ભાયકી; આબરૂની; સજ્જનતા; નમ્રતા, ભલમનસાઈ

ચલાવું વહાલ આપુમા, મગર તારી શરાફત પર. નારાયણ વિસનજી

૨ સ્ત્રી. સાહુકારી, આબરૂ, ઇજ્જત

શરાફી ૧ સ્ત્રી. નાણાંપરત્વે આપ-લે કરવાનો ધંધો. શરાફોનો ઇતિહાસ બહુ જ પ્રાચીન કાળનો ગણવા આવે છે. ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૪૦૦૦ની સાલના બાબિલની ધાન્યરસીદ ફંડને પ્રચલિત કરવા જેવું માનવાને કારણ જૂના પત્રનો ઉપયોગ મળે છે. મનુના કાયદામાં પણ નાણાંની લેતીદેતીનો ઉલ્લેખ છે, એટલે પૈસા અને હૂંડીની પ્રથા ઈ.સ. ૨૦૦ કે ૩૦૦ સુધીમાં સારી પેઠ અસ્તિત્વમાં હોવી જોઈએ. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ બાજર બદાયના દરોનો ઉલ્લેખ છે. યવની મંજરી નામના ગ્રંથમાં હૂંડીપત્રની ઉલ્લેખ થયેલ છે. અને ડા. પ્રભાતચંદ્ર બેનરજીના કથનમાં તો ગુપ્ત, અહરપતિ અને શુદ્રકના જમાનામાં બાજરના દરના પ્રયોગોનો ઉલ્લેખ છે. નારદ મહેતાએ હુંડિયા, સમયદાન વિગેરેને કેટલી સત્તા આપી છે તે જોતાં તો સર્વત્ર જણાય છે. એટલે કે આ સમયમાં હૂંડીપત્રનું ચલણ હતું. બાનસાહા સમયમાં દેશના જુદા જુદા ભાગોમાં જુદી જુદી ધાતુનાં ચલણો હતા એટલે નાણાંની લેવડદેવડ કરનાર શરાફના આ સિક્કાઓથી લેવડદેવડ કરનારનું કામ ખૂબ જ ચાલતું ને આ કામ કરનારાઓમાંથી ઠકરાળના અધિકારી તરીકેની નિમણૂક મોગલ સામ્રાજ્યમાં કરવામાં આવતી

૨. વિ. ચોક્કસ.

૩. વિ. લાયકી; યોગ્ય.

૪ વિ. શરાફને લગતું.

શરાફી બૅંક સ્ત્રી. વેપારી બૅંક; ટૂંકી મુદત માટે વેપારીઓ અને ધંધાદારીઓને ધીરધાર કરનાર બૅંક; 'કોમર્શિયલ બૅંક'.

શરાબ [અ. શરબ (તેણે પીધું)] પું. પીવાનો દારૂ; મદ્ય; મદિરા.

શરાબખાનું ન. દારૂનું પીઠું; પીવાનો દારૂ વેચવાની દુકાન કે બનાવવાનું કારખાનું.

શરાબખોર વિ. દારૂનું વ્યસની, દારૂની લતવાળું

શરાબખોરી સ્ત્રી. દારૂ પીવો તે; દારૂની લત.

શરાબઘર જુઓ શરાબખાનું.

શરાબદાર [અ. શરાબ (દારૂ) + ફા. દાર (વાળું)] વિ. મદ્ય રાખનાર; દારૂવાળો; દારૂ રાખનાર.

શરાબનોશી સ્ત્રી. દારૂ પીવો તે; દારૂની લત.

> આવી ચાંડાલ અવસ્થામાં મેં એક વાર પણ **શરાબનોશી** કરી નથી.
>
> નારાયણ વિસનજી

શરાબબંધી સ્ત્રી. દારૂનિષેધ, દારૂની બંધી.

શરાબમિજાજ વિ. દારૂખોર.

શરાબમિજાજી ૧. સ્ત્રી. દારૂ પીવાની ટેવ કરવી તે; દારૂની ઉપલબ્ધી.

૨ સ્ત્રી. દારૂનું વ્યસન, દારૂની લત

શરાબી ૧ સ્ત્રી. નકો, મસ્તી

૨ [illegible] વિ. દારૂડિયો.

શરાબેમોર [illegible] વિ. બીનદારૂડ

શરાભ્યાસ [અ.] પું. બાણ ફેંકવાનો અભ્યાસ.

શરાર પું. પુષ્પકેસર

શરારત [અ.] સ્ત્રી. દુષ્ટતા [illegible]

શરારતી [અ.] વિ. પ્રપંચી; દુ

શરારિ પું. (પુરા.) મારીચ વગેરેની સાથે સીતાની શોધ માટે દક્ષિણમાં ગયેલા વાનરો મહીનો એ નામનો એક

શરારીમુખી [સં.] સ્ત્રી. [illegible]

શરારોપ [સં.] પું. ધનુષ્ય

શરાલિ પું. ચીબરી જેવું એક જાતનું પક્ષી.

શરાવ ૧. [સં.] પું. એ કુડવાનું માપ; કર [illegible] નું માપ

૨. ન. માટીનું ઓછું કોડિયું, સરાવડું, શકોરું, ચપ્પિયું.

શરાવતી ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં બે નગણ, રગણ અને મગણ એમ બાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, નગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

૨. [સં. શર (બાણ)] સ્ત્રી. દક્ષિણ ભારતમાં આવેલી એક પ્રાચીન નદી. રાજા ત્યાં બાણ મારેલું હોવાથી તેની ઉત્પત્તિ આમ કહેવાય છે.

શરાવલું ન. શકોરું; ચપલિયું; રામપાતર.

શરાવવું સ. ક્રિ. શરાબી પેઢ પડાવવો; દારૂ પડાવવું.

શરાવાકાર [સં.] વિ. કોડીઆ જેવા આકારે

શરાવાપ પું. હાથી ઉપર રખાતી એક જાતની સામગ્રી; તીરના ભાથા.

શરાવું ૧ સ. ક્રિ. કાર્યું પડવું; શરમ પડવી.

૨. સ. ક્રિ. નથાવું; સંસારની જંજાળના અનુભવી થવું

શરાસન [સં.] પું. ધનુષ

શરાસન [સં. શર + આસન] ન. ધનુષ; કામઠું; ચાપ

શરીઅત [અ.] સ્ત્રી. કુરાનનું અનુશાસન; ધાર્મિક નિયમો. કુરાને શરીફ, પૈગમ્બર સાહેબનો આચાર અને ઇસ્લામી આલમનો એકત્ર અભિપ્રાય એ ત્રણે મળીને શરિયત બની હોવાનું મનાય છે.

શરીક [અ. શરક (તેણે ભાગ પાડ્યો)] વિ. ભાગિયો. ભાગીદાર; સાથી; સામેલ.

શરીકત [અ. શરીક (ભાગીદાર)] સ્ત્રી. ભાગીદારી, પલાળુ.

શરીકદાર [ફા.] વિ. સાથે રહેનાર; સાથી.

શરીગત ૧ વિ. ભાગીદાર; ભાગ રાખનાર.

૨. [અ. શિર્કત] વિ. સહાયક; સાથે રહેનાર; બેલી; સગી; મદદગાર

આ દુનિયામાં આપણું નથી **શરીગત** કોઈ,
બેઠ પછી બેઠી કાં હારખી કાં રોઈ

દલપતરામ

શરીફ ૧. [અં. શેરીફ] પું. મોટા શહેરનો સરકાર નિયુક્ત એક નાગરિક અધિકારી

૨ [અ. શરીફ (માનવંતુ)] પું. સજ્જન; સદ્‌ગૃહસ્થ, ખાનદાન માણસ.

૩. વિ. આબરૂદાર; પ્રતિષ્ઠિત; ખાનદાન.

૪. વિ. ઊંચા કુળનું.

૫. વિ. પવિત્ર; પાક

શરીફજાદી સ્ત્રી. બેગમ.

શરીફા ન. એક જાતનું ફળ; સીતાફળ.

શરીફાના [ફા.] સ્ત્રી. મોટાઈને છાજે તેવું કૃત્ય

શરીફી સ્ત્રી. સીતાફળી.

શરીર ૧. [સં.] ન. કલેવર; તન; દેહ; પિંડ. આ શરીરમાં ૭ કળા, ૭ આશય, ૭ ધાતુ, ૭ ઉપધાતુ, ૭ ધાતુમલ, ૭ ત્વચા, ૩ દોષ અસ્થિબંધ, ૮૦૦ નસ, ૨૧૦ હાડકાં, ૧૦૭ મર્મસ્થાન, ૨૪ ધમની નાડી, ૫૦૦ માંસપેશી, ૧૬ કંડરા, તેમજ મનુષ્ય શરીરમાં ૧૦ અને સ્ત્રીના શરીરમાં ૧૩ છિદ્ર હોય છે. શરીરમાં ૭,૨૦૦ રહેલી તે માત્ર નસ નથી પણ પ્રાણવાયુના આવાગમન માર્ગ છે. નાભિમાં એક નાડી કુંડલી આકારની છે. તેમાંથી (૧) ઇડા, (૨) પિંગલા, (૩) સુષુમ્ના, (૪) સાંધારી, (૫) હસ્તજિહ્વા, (૬) પૂષા, (૭) યશસ્વિની, (૮) અલંબુષા, (૯) કુહૂ અને (૧૦) શંખિની નામની દશ નાડી નીકળે છે આ બધી શરીરના જુદા જુદા ભાગમાં ચાલી જાય છે. આમાં

પરેલી અણ મધ્ય છે. ઇડાને અડ નાડી કૃષ્ણ મા આવે છે અને તે ડાબા નસકોરા મા છે. પિંગલાને સૂર્ય નાડી કહે છે અને તે જમણા નસકોરામાં છે. સુષુમ્નાને વાયુ નાડી કહેલ મા આવે છે અને તે બને નસકોરાની વચ્ચે છે. પૂષા નાડી નાકમાં, હસ્તજિહ્વા જમણી આંખમા, પૂષા જમણા કાનમા, યશસ્વિની ડાબા નસમા, અલંબુષા મોઢામા, કુહૂ લિંગપ્રદેશમાં અને શંખિની ગુદામા છે. આ પ્રમાણે શરીરના દસ દ્વારમાં દસ નાડી આવેલી છે. બે કાન, બે નાસિકા, બે આંખ, મોઢું, ગુદાદ્વાર, મૂત્રદ્વાર, બ્રહ્મરંધ્ર એ શરીરના દસ દ્વાર ગણાય છે. વદન મન અંતઃકરણની ક્રોધને ચેષ્ટાનો આશ્રય હોય તે દ્રવ્ય શરીર કહેવાય છે. મનુષ્ય આદિમાં શરીર, હાથપગ વગેરે અવયવથી થયેલાં હોઈને આખુ શરીર કોઈનો અવયવ નથી, તથા તે હિતાહિતની પ્રાપ્તિ નિવૃત્તિરૂપ તથા પરિહારરૂપ ક્રિયા પોતાની મેળે કરી શકે છે, માટે ચેષ્ટાનો આશ્રય છે, માટે તેના શરીરનુ લક્ષણ થટે છે. વળી સુખ કે દુઃખ જેમાંથી ઊભે તે એકનો સાક્ષાત્કાર જેમાં થાય એવુ ભોગ ભોગવવાનું સ્થળ, તે શરીરઃ એવો પણ વેદાંત મત છે તેનાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવા ત્રણ ભેદ છે. તાર્કિકોને મતે યોનિજ અને અયોનિજ એવા પણ તેના બે ભેદ છે. ન્યાય મતે શરીરને ભોગોનું આયતન કે આધાર કહે છે. જૈન મતે જીવનું ક્રિયા કરવાનું સાધન શરીર કહેવાય છે. જૈનો શરીરના પાંચ પ્રકાર માને છેઃ (૧) ઔદારિક શરીર એટલે આહારસ્થૂલ શરીર, (૨) કાર્મણ શરીર એટલે પ્રાણીનાં વિવિધ કર્મોપી શરીર, (૩) તૈજસ શરીર એટલે સ્થૂળ શરીરમા પાચનક્રિયા વગેરે કરનાર શરીર, (૪) આહારક શરીર એટલે કે એક પ્રકારનું સૂક્ષ્મ શરીર જે અમુક વિશિષ્ટ જીવો પોતાને સંશય પડે ત્યારે કેવળી ભગવાન જ્યાં હોય ત્યાં જવા માટે ધારણ કરે અને (૫) વૈક્રિય શરીર એટલે યોગસિદ્ધિથી પ્રાપ્ત થતું, નાનું મોટું કરી શકાય તેવું શરીર. સાંખ્ય મતે ત્રણ પ્રકારના શરીર છેઃ એક સૂક્ષ્મ, બીજું અધિષ્ઠાન અને ત્રીજું સ્થૂળ. સાંખ્ય કારિકામાં તથા તત્ત્વકૌમુદીમાં પણ ત્રણ પ્રકારનાં શરીરો માન્યાં છે. જેમકે, સૂક્ષ્મ શરીર, માતાપિતૃજ શરીર અને મહાભૂત શરીર. માતાપિતૃજ શરીરને ષાટ્કૌશિક સદી પણ કહે છે; કારણ કે તે શરીર લોમ, લોહિત અર્થાત લોહી, માંસ, સ્નાયુ, અસ્થિ અને મજ્જાથી બનેલુ છે. તત્ત્વકૌમુદીમા પણ ત્રણ શરીરો બતાવ્યા છેઃ સૂક્ષ્મ શરીર પહેલો વિશેષ, માતાપિતૃજ બીજો વિશેષ અને મહદ્ ભૂત એ ત્રીજો વિશેષ. માતૃજ શરીર જન્મ થયા પછી ગર્ભમાંથી બાર નીકળે ત્યારે ઉત્પન્ન થાય છે, પછીનું શરીર ઉપનયન થાય છે ત્યારે અને મહાભૂત શરીર ઉત્પન્ન થાય છે ત્યારે જરાયુજ, જેમાં શરીર પૃથ્વી ફાડીને નીકળે છે તેથી તે ઉદ્ભિજ્જ. સૃષ્ટિની શરૂઆતમા અયોનિજ શરીર હોવાથી તે સાંકલ્પિક અને સામિદ્ધિક કહેવાય છે. સત્યાર્થ પ્રકાશમા શરીરની ચાર અવસ્થા છે. (૧) બહિઃ– તેમાં ૧૬ વર્ષથી ૨૫ વર્ષ સુધી સર્વ ધાતુઓમાં વધારો થાય છે, (૨) યૌવનઃ– ૨૫ થી ૪૦ વર્ષ સુધીનો સમય, (૩) સંપૂર્ણતાઃ– આમા ૪૦ મા વર્ષની આસપાસ સર્વ ધાતુઓની પુષ્ટિ થાય છે અને (૪) કિંચિત્પરિહાણિઃ– આ સમયમા જે વધારાની ધાતુ શરીરમા હોય છે તે પ્રસ્વેદાદિ દ્વારા બહાર નીકળી જાય છે

૧. શરીર અકડાવું = એકની એક સ્થિતિમાં બહુ રહેવાથી કે સધિવા વગેરેથી શરીરના સાંધા અક્કડ થઈ જવા

૨. શરીર અમળાવું-તૂટવું = તાવ આવ એવુ લાગવુ.

૩. શરીર ફાટવું = શરીર કામકાજ વગર નકામુ થવુ

૪. શરીર કસવુ = મહેનત વગેરેથી શરીરને મજબૂત બનાવવું.

૫. શરીર બાળવુ = તપ વગેરેથી શરીરને સૂકવી નાખવુ

૬. શરીર ખસવું = કામથી શરીરને કંટાળો પડવો.

૭. શરીર છૂટવું-પડવું = મરણ પામવુ.

૮ શરીર છોડવું-તજવું = મરણ પામવું.

૯. શરીર જોવુ = શરીરની ડાક્તરી તપાસ કરવી

૧૦. શરીર ટકવું-નભવુ = ગમે અથવા રોગના મારા સામે શરીર ટકી રહેવું કે શરીરે ક્ષમ દેવુ.

૧૧. શરીર ઢાંકવુ = (૧) ગુપ્ત અંગો ઢાકવાં. (૨) પહેરવું ઓઢવુ

૧૨. શરીર દેખાડવુ = (૧) કલા દેખાડવી; ગુપ્ત અંગો દેખાડવાં (૨) શરીરની ડાક્તરી તપાસ કરાવવા.

૧૩. શરીર ધરવુ ધારણ કરવુ = (૧) રૂપ લેવું. (૨) શરીરી તરીકે અવતરવુ.

૧૪. શરીર ધીકવુ = સખત તાવ આવવો.

૧૫. શરીર ધોવાવુ = ઓજોને પ્રદરનો સ્રાવ થવો.

૧૬. શરીર ફરવુ = અશક્તાથી કામ કરવુ.

૧૭ શરીર બગડવુ = તબિયત બગડવી, રોગ પેસવો, આજારી થવુ

૧ શરીર બંધાવુ = શરીર વળવું; શરીરમા મિત્ર ન થવી

૧૯ શરીર ભરાઈ જવુ = શરીર અકડાઈ જવ

૨૦. શરીર ભરાવાવાળુ થવુ = શરીર લોહિયાળ થવુ

૨૧. શરીર ભરાવું = (૧) તાવ આવવો. (૨) શરીરમાં લોહી વધવુ; શરીર જાડું થવુ

૨૨. શરીર ભારે થવુ = (૧) જાડું થવુ. (૨) તાવ આવે એવુ થવુ. (૩) શરીરમાં ન ન ભરાવ

૨૩ શરીર ભારે લાગવુ = આળસ કે તાવ ભરાયા જેવુ લાગવુ

૨૪. શરીર લેવાવુ = શરીર સૂકાવું; દુર્બળ થઈ જવુ.

૨૫. શરીર લેવુ = નું શરીર ભરાવું કે પુષ્ટ થવુ

૨૬. શરીર વળવું = શરીર સુધરવુ કે તેમાં લોહી વધવુ; તંદુરસ્તી સુધરવી.

૨૭. શરીર વાળવું = (૧) શરીર સુધારવું. (૨) શરીરના અંગોને કાયાકષ્ટથી વળતાં કરવાં; કસરત કરવી.

૨૮. શરીર શોધવુ = શરીરનું તત્ત્વ તપાસવું. જેમકે, શરીર શોધ્યા વિના સાર નથ સાંપડે.

૨૯. શરીર સલામત તો પચાસમાં બહોત = તંદુરસ્તી સર્વ સુખનું મૂળ છે

૩૦. શરીર સુધરવુ = શરીરની સભાળ રાખવી; તબિયત સારી થવી.

૩૧. શરીરનું ધોવાવું = ધાતુનું જવું

૩૨. શરીરમાં ઊભી વાટ પડવી = અંગે અંગ લકવો થવો; મરણની છેલ્લી સ્થિતિએ પહોંચવુ.

૩૩. શરીરમાં જબ્બુ પેસવો = શરીરમાં રોગ રૂપી કીડાએ ઘર કરવુ.

૩૪. શરીરમાં લેવુ = ગુદા કે યોનિ વાટે ઔષધાદિક લેવા

૩૫. શરીરે ચટવુ = શરીરે સુકવું

૩૬. શરીરે સુખી તો સુખી સર્વ વાતે = એક તંદુરસ્તી હજાર નેઅમત.

શ. ન. (ન્યાય) ન્યાય મત પ્રમાણે બાર માંહેનુ એક પ્રમેય. પ્રમેય બાર છે–આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ, દુઃખ અને અપવર્ગ

શ. ન. સ્ત્રીની જનનેંદ્રિય; ગર્ભાશય.

શરીર તપાસવુ = સ્ત્રીની ગર્ભેન્દ્રિય જોવી.

શરીરક [સ.] પુ. જીવાત્મા

શરીરકર્મ [સ.] ન. દેહકર્મ

શરીરજ ૧. [સં.] પું કામદેવ

૨ પું. પુત્ર

૩. પું. રોગ.

૪. વિ. શરીરથી ઉત્પન્ન થનાર

શરીરદંડ [સં] પું કરોડનું હાડકું

શરીરદુર્ગ [સ.] પુ શરીર -ન. કિલ્લા

શરીરધારી [સ.] વિ શરીર ધારણ કરનાર; શરીરી, દેહધરી.

શરીરનામ ન (જૈન) નામ કર્મની એ નામની એક ભિન્નપ્રકૃતિ

ઔદારિક આદિ શરીરો પ્રાપ્ત કરાવનાર કર્મ તે **શરીરનામ**. તત્ત્વાર્થસૂત્ર

શરીરપાત [સ.] પું. દેહ પડવો તે; મરણ

શરીરયષ્ટિ ૧. [સં.] સ્ત્રી. લાકડી જેવું સીધું શરીર

૨. સ્ત્રી શરીરની કાઠી

શરીરયંત્ર [સં.] ન. શરીરની રચના

શરીરયાત્રા ૧. [સ.] સ્ત્રી. શરીરનો નિર્વાહ, આજીવિકા

૨. સ્ત્રી. શરીરનો વ્યાપાર

શરીરરચના [સં] સ્ત્રી. શરીરની રચના; દેહની રચના.

શરીરરચનાશાસ્ત્ર [સં] ન. શરીર અને તેની રચનાનું શાસ્ત્ર; શરીરવિદ્યા; 'ઍનેટોમિ'.

શરીરરચનાશાસ્ત્રી [સં. શરીરરચનાશાસ્ત્રિન્] વિ. શરીરરચના સંબંધી શાસ્ત્રમાં પારંગત; શરીરવિદ્યામાં પ્રવીણ.

શરીરલગ્ન [સં.] ન. દેહલગ્ન; શરીરથી વિવાહ થવો તે.

શરીરવિજ્ઞાન જુઓ શરીરવિદ્યા.

શરીરવિદ્યા જુઓ શરીરશાસ્ત્ર.

શરીરવ્યાપારવિદ્યા જુઓ શરીરશાસ્ત્ર.

શરીરવ્યાપારશાસ્ત્ર જુઓ શરીરશાસ્ત્ર.

શરીરશાસ્ત્ર [સં.] ન. શરીરની રચના વગેરેનું વિજ્ઞાન; શરીરવિદ્યા; દેહધર્મવિદ્યા; પ્રાણી કે વનસ્પતિનાં કદ, આકાર, અંગ તેમ જ તે અંગોનો પરસ્પર સંબંધ વર્ણવનાર શાસ્ત્ર.

શરીરશાસ્ત્રી જુઓ શરીરરચનાશાસ્ત્રી.

શરીરશિક્ષા [સં.] સ્ત્રી. શરીરને કસ્તિ થાય એવી સજા

આપણી સજાઓ એવી હોવી જોઈએ કે, જેમાં ગુનેગારોના પ્રાણને એમ ન લાગે કે મારી ગુનેગારને **શરીરશિક્ષા** આપી પડશે કે ગુનેગારોને આખો દહાડો ખરે બોજારૂપ કામ તેની પાસેથી લેવામાં આવશે. કુ. સા. પરિષદ

શરીરશોષણ [સં.] ન. આત્ર શોષવું, કૃપાન, ખોરાક વગર નિર્બળ થવું તે.

શરીરશ્રમ [સં.] પું. શારીરિક શ્રમ કે મહેનત. સાંપ્રત સમે છે કે: બુદ્ધિનું કામ શરીરની મજૂરીના કામ જેટલું જ મહત્ત્વનું ને જરૂરી છે અને જીવનની સમગ્ર યોજનામાં બેરાક તેનું સ્થાન છે, પણ મારો આગ્રહ દરેક માણસ પોતાના શરીર વડે મજૂરી કરવી જોઈએ એવો છે. મારો દાવો છે કે, કોઈ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય શરીરની મજૂરી કરવાથી બુદ્ધિનું કામ કરનાર માણસ પણ વધારે સારું કામ આપી શકે છે હું સમજવાની હિંમત કરું છું કે, પ્રાચીનકાળમાં બ્રાહ્મણો તનની ને મનની જોતી મજૂરી કરતા; પણ તે તેમ ન કરતા એવું માનીએ તોયે આજના જમાનામાં દરેક માણસને શરીરશ્રમ કરવાની જરૂર પૂરવાર થઈ ચૂકી છે

શરીરસંપત્તિ [સં.] સ્ત્રી. શરીરનું આરોગ્ય; તંદુરસ્તી; શારીરિક શક્તિ.

દિનુધર્મસંસ્કારના નિયમોમાં આઠે આને **શરીરસંપત્તિ** વર્ધક છે તે વાત લક્ષ રખાવવું છે. મ.વિનિ.

શરીરસંબંધ ૧. [સં.] પું. શારીરિક સયોગ; લગ્ન સંબંધથી ઊપજતો દેહનો સબંધ; શરીર સાથેનો સબંધ.

અકબરે રજપૂતો સાથે **શરીરસંબંધથી** જોડાઈ તેઓને કરીને ખાતામા લીધી પોતાના પક્ષમા લીધા. કુ. જ્ઞાનકોશ

૨. પું. સગપણ; સગાઈ.

૩. પું. સંભોગ સંબંધ.

શરીરસંસ્કાર ૧. [સં.] પું. વિવિધ ધાર્મિક વિધિઓથી શરીરને શુદ્ધ કરવું તે; દેહને સરક્ષારિતા આપવી તે.

૨. પું. શરીર શોભાવવાની ક્રિયા.

બ્રહ્મચર્યના પરિપાલન માટે અતિશય ઉપકારક કેટલાક મુદ્દા છે. આહાર, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ અને **શરીરસંસ્કાર** વગેરેમાં ન ફસાવું. તત્ત્વાર્થસૂત્ર

શરીરસૌષ્ઠવ [સં.] ન. શરીરની શોભા

શરીરસ્થ [સં. શરીર + સ્થ (રહેનુ)] વિ. શરીરમાં રહેલું.

અનાદિ નિર્મુક્તો હોઈ પરમાત્મા જ અમારા, સહો **શરીરસ્થ** તોયે અહિત ન કરે કંઈ. ગીતાનુશીલન

શરીરાક્ષર [સં.] પું. વ્યંજન.

સ્વર એ શબ્દાક્ષર અને વ્યંજન એ **શરીરાક્ષર** કહેવાય છે ઉમાશંકર જોશી

શરીરાંત [સ.] પુ મૃત્યુ; મરણ

શરીરી ૧ પુ આત્મા

વસો જીર્ણ ઉતારી જેમ ધરતો પુરુષ બીજાં નવાં, તથા જીર્ણ શરીર તેમ **શરીરી** ધરે નવામાં બીજાં. ગીતામૃતામૃત

૨. [સ. શરીરિન્] વિ દેહી; શરીરવાળું; શરીર ધારણ કરનાર.

૩. વિ. શરીર સબંધી; શરીરને લગતું.

શરૂ ૧. [સ.] પુ ક્રોધ, ગુસ્સો

૨. પું. તીર; બાણ

૩. પું વજ્ર નામનું શસ્ત્ર

૪ [ફા. સરવ] ન. એક જાતનું ઝાડ; સરુ. વાડ બનાવવામા તેનો ઉપયોગ થાય છે વાવ્યા પછી બારી વરસે તે ૭ ફૂટ ઊંચું થાય છે.

૫. ન. પનીરનું ઝાડ.

૬ ન. મચ્છળ

શરૂ [અ શરૂઅ] વિ. આરભાયેલું; ચાલુ; મંડાયેલું; જારી.

શરૂ કરવું = આરંભ કરવો

શરૂઆત [અ. શરૂઅ (આરંભ)] સ્ત્રી. આરંભ; મૂળમંડાણ; કોઈ કામને પહેલવહેલું ચાલુ કરવું તે; પહેલ

શરૂઉ [સં. શુ (સામર્થવુ)] વિ સ.ભળવામાં ચકોર; તેજ કર્યું દ્રિય ધરાવનાર

શરૂઆો ૧ પું શકરો.

૨. પું. કુમળો ને તીણો સ્વર.

૩. વિ. તેજદાર શ્રવણેંદ્રિયવાળું; તીક્ષ્ણ કાનનું; તરત સાંભળે તેવું; જેની સાંભળવાની શક્તિ બહુ સારી એટલે તીવ્ર હોય તેવું; ચંચળ.

શરૂથી અ. પહેલેથી.

શરૂમાં અ. આરંભમાં

શરૂવો ૧. પું. ઉદ્ગાર માણસ.

૨. [સં. ક્ષુપ (ચાટવો)] પું. પશુમાં જીભ હોમવાને બાકડાનું ચમચા ચાટવું બાંધવા કાચાવાળું પ્રમ; ચાટવો.

૩. પું. શકોરું.

૪. વિ. કાનફોડી નાખે તેવું; તીણું.

૫. વિ. ઝટ સાંભળે તેવું.

શરૂશરૂમાં અ. સરૂઆતમાં.

શરૂઈ સ. સ્તંભના ઉપરના ભાગમાં જડવું અને તે ઉપરનો ભાગ; પુષ્પાડિયાની નીચે અને સાંબેલાની ઉપરનો પાયો; ટીમણું.

હમેશીના (રાજ્યસભાના) સદસ્યના નવ સાથી કરવા અને તે નવ સાથીઓમાંથી એક સાથીની પુણી કરવી, પોષવા સાથનું ભરણું કરવું. પોષવા સાથનું રણું કરવું. રાજરત્નાકર

શરે ૧. પુ. ધર્મ
હિંદુધર્મમાં ચારેય અવસ્થાઓની બાબતમાં આપણા શરે (ધર્મ) પ્રમાણે જે ચાલવું જોઈએ તે બધા બાદ આપણો પ્રકાશિત ધર્મ (શરીઅત) જે હુકમ કરે તે મુજબ અમલ કરવો. પુરાતત્ત્વ

૨. [અ. શરઅ (મુસલમાની ધર્મ)] પું. શરેહ; મુસલમાની કાયદો

શરેઅ ૧. પુ. પેગમ્બર સાહેબની આજ્ઞા

૨. પું. મુસલમાની કાયદો

૩. [અ.] પું. મુસલમાની ધર્મરાજ્ય.

શરેઆમ ૧. વિ. જાહેર; સાર્વજનિક

૨. વિ. મોટું

શરેઈ [અ.] વિ. ધર્મશાસ્ત્રને અનુસરતું

શરેજ્ય [સં.] વિ. અધીન કરવા યોગ્ય

શરેમાત સ્ત્રી. શેતરંજની રમતમાં બાદશાહ એવી સ્થિતિમાં આવે કે તેને શેહ પડ્યા સિવાય બચે નહિ તેમજ બીજું કોઈ મહોરું ચાલી શકે તેમ ન હોય એવી સ્થિતિ.

શરેહ ૧. [અ. શરઅ (મુસલમાની ધર્મ)] પું. ધર્મશાસ્ત્રી કાયદો.

૨. સ્ત્રી. મીઠાશ; સ્વાદ; ગળી કે ખાંડ-સાકાર વસ્તુ ખાતાં જે સ્વાદ ઉત્પન્ન થાય તે.

૩. સ્ત્રી. મુસલમાની કાયદા પર ટીકા થયેલી હોય તે; ભાષ્ય.
આ શબ્દ (શરેહ) આલમગીરના હુકમથી અટકી ગયું. પણ જેની શક્તિ અરબી કાવ્યો દ્વારા વ્યક્ત થતી હતી. સુવર્ણમાળા

શરો પું. પગમાં જી હોમવા માટે કડછીના આકારનું સાધન; ચાટવો.

શરીક [સં] પું. બાજુનો ભાગ્યો કે હસ્સો

શર્ક [અ. શરક (તે ઊગ્યો)] પું. સૂર્યોદય.

શર્કરક ૧. વિ. સાકરને લગતું.

૨. વિ. સાકરમાંથી ઉત્પન્ન થતું.

શર્કરા ૧. સ્ત્રી. ઇંદ્રનીલ રત્નના સાત માંહેનો એક દોષ.

૨. સ્ત્રી. કાંકરા.

૩. સ્ત્રી. કાંકરાવાળો રેતાળ પ્રદેશ.

૪. [અ. સક્કર; સ. શર્કરા] સ્ત્રી. ખડી સાકર; ખાંડ; મિશ્રી; સાકર.
સંસ્કૃતમાં શર્કરા શબ્દનો અર્થ સાકર થાય છે. પણ શર્કરાનો મૂળ અર્થ કાંકરા છે. સાકરના સ્ફટિકો આકાર કાંકરા જેવો છે. તેનો કાંકરા આકાર જેવો અથાજ થાય છે માટે સાકરને પણ શર્કરા કહી. પ્રમાણરાજ

૫ સ્ત્રી. દંતશર્કરા; ચિરી; આઠ માંહેના એક પ્રકારનો દંતરોગ

૬ સ્ત્રી. મૂત્રાશયનો એક રોગ; પથરી રોગની એક ભેદ, મૂત્રમ. રેતી આવે છે તે. મૂત્રપિંડમાંથી મૂત્રને બસ્તીમાં લાવી મૂત્ર બનારો એક. મોટો નળી જેવો માર્ગ છે, તેમાં જે કાંકરી-નો બનેલ હોય તેને રેતી અથવા શર્કરા કહે છે.

૭. સ્ત્રી. શૂર; પર્વો, કન્યા, ગાયકવાડમાં વપરાતું એક જાતનું ઊંચું ઘાસ.

૮. સ્ત્રી. ભારતવર્ષની એ નામની એક નદી, કરવીરપુર. ત્યાં અંબાની ત્રણ [illegible] પેરી હતી

શર્કરાક્ષ પું. (પુરાણ) ભૃગુ ઋષિના કુળના થયેલ એ નામના એક ઋષિ

શર્કરાચલ [સં.] પું. દાન માટે બનાવેલો સાકરનો પર્વત.

શર્કરાપ્રભા [સં] સ્ત્રી સાત માંહેની બીજી નરક ભૂમિ.
શર્કરા એટલે કે કાકરાની જ લક્ષણે બીજી નરક ભૂમિ શર્કરાપ્રભા કહેવાય છે. [illegible] એક લાખ બત્રીસ હજાર યોજન છે. તેમાં બત્રીસ લાખ નરકવાસ છે. તત્ત્વાર્થસૂત્ર

શર્કરાપ્રમેહ [સં.] પું. એક પ્રકારનો પ્રમેહ.

શર્કરામાપક યંત્ર [સં] ન. કોઈપણ મિશ્રણમાં સાકર કેટલી છે અથવા કેટલા પ્રમાણમાં છે તે માપવાનું એક સાધન.

શર્કરામિતિ [સં.] સ્ત્રી. કોઈ પણ વસ્તુમાં સાકર કેટલી છે તે માપવાની ક્રિયા

શર્કરામિશ્રિત [સં. શર્કરા (સાકર) + મિશ્રિત (ભેળવેલ)] વિ. સાકર નાખેલ

શર્કરાવર્તા જુઓ શર્કરાવર્તિકા

શર્કરાવર્તી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામે એક નદી.

શર્કરાવર્તિકા સ્ત્રી. એ નામની ભરતખંડની પવિત્ર નદી.

શર્કરાવૃત્ત [સં. શર્કરા + આવૃત્ત (વીંટાયેલું)] વિ. જેના ઉપર સાકરનું પડ ચડાવવામાં આવ્યું હોય તેવું; સાકર ચાપેલું; 'સુગર કોટેડ'.

શર્કરાસપ્તમી [સં.] સ્ત્રી. વૈશાખ સુદ સાતમ.

શર્કરિન [સં.] વિ. ખાંડ કે સાકરવાળું કે જેવું.

શર્કરીય ખમીરી સ્ત્રી. કુમ. મીઠા પદાર્થો ઉપર આ ખમીરી કુગ આવે છે. આ રક્તશોધક, પાચક અને ઉરોજક પણ છે.

શર્કરી ૧. પુ. (પિંગળ) એ નામે એક અમુક્ત વર્ણમેળ છંદ તેના ૧૬૩૮૪ ભેદ છે. તેમાં ૧૪ વર્ણ હોય છે. દરેક ભેદમાં ચાર ચાર ચરણ હોય તે ઉપરાંત બે લઘુ અથવા બે ગુરુ અથવા એક લઘુ અને એક ગુરુ હોય છે

૨ સ્ત્રી. રાત

શર્ટ [અં] ન. અંગીસ; બદન, બંડી

શર્ટિંગ [અં] ન. અંગીસના કાપડનું કપડું

શર્ત્કારી વિ. (જૂ. પ્ર.) શરણું આપનાર.
• શર્ત્કારી પર્વ એક પ્રિયકારી નેત્ર. વલ્લભ

શર્દ્ધ વિ. [illegible] ન કરનાર, દંડણ કરનાર.
શાર્દ્ધ ન કર મમ ખરાબ. પ્રેમાનંદ

શર્ત જુઓ શરત

શર્પણ ન. બળતણ કે છાણા સાકડાં થવેરે.
દુઃખ દિન હજારા કામની લાજ ન ધરીએ જેસ,
દાખ્યો શર્પણ વેગીને નર હરિચંદ્ર નરેસ.
દયારામ

શર્મ ૧ ન. એ નામનું સિદ્ધથી બળવાન પ્રાણી.
[illegible] બાળકો બાળ ધર્મ તે જાણતો મોહો **શર્મ**. પ્રેમાનંદ

૨ સ્ત્રી. પીઠ; [illegible]

શર્મ ૧ પું ઉપાય

૨ પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તે સર્કીર્ણ વર્ગનો છે. તેના પહેલા પદમાં ત્રણ નગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ, બીજા પદમાં નગણ, જગણ, નગણ અને ગુરુ મળી દસ વર્ણ, ત્રીજા પદમાં બે જગણ અને સગણ મળી નવ વર્ણ અને ચોથા પદમાં ભગણ, બે નગણ અને ગુરુ મળી દસ વર્ણ આવે છે.

૩. પુ. લાજ.

૪. [ફા.] પું. શરમ
શુભ ધર્મ કર્મ ને **શર્મ** સૌ,
ચપળ જ્યાં સૌ તો વહી જવું સામળ

૫ ન. આશિષ

૬. ન. રક્ષણ.

૭. ન. લાજમ; ધિક્કાર.

૮. ન. સમાધાન.
વિશ્વાસિએ કરવું **શર્મ** પ્રેમાનંદ

૯ [સં. સર્મન્] ન સુખ; આનંદ; ખુશી; શાંતિ

૧૦. ન સુવાસ.

શર્મક પું. (પુરાણ) ઇન્દ્રપ્રસ્થની પૂર્વે આવેલા એક દેશ. બીજે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે ભેટની લીધો હતો.

શર્મદ ૧. [સં.] પું વિષ્ણુ.

૨. વિ. શાંતિ કે સુખ આપનાર

શર્મા ૧. પું. નામને અંતે લગાડાતો માનદ | ઉપસર્ગ. જેમકે, વિષ્ણુશર્મા

૨. જાં આકાશની એ નામની એક અટક

૩. જી. વિભીષણની સ્ત્રી

શર્માશર્મી [કા.] જાં ખાજગદારમ

શર્મિષ્ઠા [સં] જાં (પુરાણ) એ નામની વૃષપર્વા નામના દૈત્યની પુત્રી. તે યયાતી રાજાની બીજી રાણી હતી. તે પુરુની મા થાય

૨. ન (ખગોળ.) આકાશમાંનુ એ નામનુ તારાઓનુ તેરમી મંડળ તેને અંગ્રેજીમાં કેસોપીઆ કહે છે તેના પાંચ બીજા વર્ગના એ સરખા પ્રકાશિત તારા અંગ્રેજી અક્ષર ડબલ્યુ અથવા એમની આકૃતિ કરે ... તેના પહેલા તારાને જન્મદાત્રિ કહે ... આ મંડળ સપ્તર્ષિની બરાબર સામ પ્રવન. તારાની બીજી બાજુએ આવતુ ... તેમ. ... ત્રીજો છે. બાકીના આ ... ખુરશીના પાયા જેવો લાગે છે. આ ... બીજા વર્ગના. છે. રોમન લોકો શર્મિષ્ઠાને 'રોમન ધન ધ ચર ' ના નામથી ઓળખે છે. તેમના પુરાણોમાં એવી વાતા છે કે, શર્મિષ્ઠા દેવયાની એન્ડ્રોમેડાની મા થાય છે. શર્મિષ્ઠા ઉત્તર ધ્રુવ ... તારાની આસપાસ ફરે છે. ધ્રુવ તારાના આકર્ષણથી શર્મિષ્ઠા ધ્રુવ તરફ ખસડાઈ ન જાય માટે તેને સાંકળથી બાંધી રાખવામાં આવેલ છે એવી તેમની માન્યતા છે. અમેરિકા-સયુક્ત-રાજ્યમાં શર્મિષ્ઠાને આકાશીય • શુન્ય રેખાસ ઉપર માની તેને રાત્રિના વખતમાપનું સાધન બેખવામાં આવે છે. બીજા તારાઓ જેવા કે અલિજિત, સપ્તર્ષિ, બ્રહ્મહૃદય વગેરેનું અંતર શર્મિષ્ઠાથી માપેલું હોય છે. તે ઉપરથી સા રાત્રિનો વખત નક્કી કરવામાં આવે છે.

શર્મિંડગી [કા.] જી. શરમાળપણું,

શર્મિંડા [કા.] વિ. શરમાઈ ગયેલ; લાજ્યાળું.

શર્મીલા [કા] વિ. શરમાળ.

શર્યત જુઓ શરિયત.

શર્યાત [સં.] પું. એ નામનો એક રાજા. તેના વિષે શતપથ બ્રાહ્મણમા ઉલ્લેખ છે.

શર્યાતિ ૧. પું. (પુરાણ) અરિષ્ટપુત્ર એક યાદવ

૨. પું. (પુરાણ) એ નામનો વૈવસ્વત મનુના દસ માંહેનો ત્રીજો પુત્ર. એ રાજા હતો અને વેદવેદાગમા જોઠ્ઠો પારંગત હતો કે અંગિરા ઋષિના સત્રમાં બીજા દિવસનું બધું કામ તેણે ઓજારો કર્યું હતું. તેને ઉત્તાનબર્હ, તાલજંઘ આદિ પાંચ પુત્રો હતા અને સુકન્યા નામે એક દીકરી હતી. તે ચ્યવન ભાર્ગવને પરણાવી હતી.

૩. પું (પુરાણ) સોમવંશી પ્રાચીનબર્હ રાજાનો પુત્ર.

શર્વ ૧ [સં] પું (ગિણ) અગિયારની સંખ્યા; અગિયાર

૨. પું. કામદેવ

૩. પું. મહાદેવ; રિવ, રાજ્ય

નગાધર હર ગ્રાવધર, સરિધર શર્વ નામ; સર્વ રાજ્ય શિવ ભીમ ભવ ભાર્ગ ક્રાંતરિપુ નામ
પનળવપુરાણ

૪ પું. વિષ્ણુ

૫ ન. અંધારું; અંધકાર

૬ વિ. નાશ કરનાર

શર્વર ૧. [સં] પું. ... ભેદ

૨. ન અંધારું.

શર્વરી ૧. [સ] પું. (ગિણ) એ નામનો એક સમવૃત્ત વર્ણવૃ ... ભેદ ... તેનો ત્રીજો, છઠ્ઠો ... દરેક

૨ ... નો નામનો ... ભેદ ...

૩ પું (... ગણી) એ નામના ત્રીસ અક્ષરનો એક અક્ષરમાત્રા છંદ તેના દરેક ચરણમા અનુક્રમે ત્રણ જગણ, ગુરુ, ... લઘુ અને ગુરુ મળી ... અક્ષર હોય ...

૪. જી. ઓષધ માહેની એક વાયુતત્ત્વ ...

૫. જી. રાત્રિ; રાત; રજની; નિશા

ક્ષણદા ક્ષપા વપસ્વિની ઉમી તમિસ્રા હોઈ;
વિતા શર્વરી વિભાવરી રાત્રી ત્રિયામા હોઈ.
વિશ્વશબ્દકોષ

૬. જી. સ્ત્રી.

૭. જી. ... ઓ

૮ જી હળદર.

શર્વરીનાથ ૧. [સં.] પું ચંદ્ર

૨. પું. ચંદ્ર

શર્વરીપતિ જુઓ શર્વરીનાથ.

શર્વરીરાજ જુઓ શર્વરીનાથ.

શર્વરીશ જુઓ શર્વરીનાથ

શર્વવર્મા ૧. પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એ નામના એક પંડિત. તેણે સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે કાતંત્રવ્યાકરણ નામનું વ્યાકરણ રચ્યુ છે.

૨. પું. શક પ્રવર્તક સાતવાહનને સાતિક સ્વામીની કૃપાથી સાત દિવસમાં સંપૂર્ણ વ્યાકરણ શીખવનાર એ નામનો એક વિદ્વાન.

શર્વાણી ૧. [સં.] જી. એ નામે દેવીનું સ્થાનક. અન્યમાં શર્વાણી નામનું આઠે સ્થાનક
ભાગવતી ભાગવત

૨. જી. પાર્વતી; શિવા; ભવાની; દુર્ગાદેવી. તેની મૂર્તિ કન્યાશ્રમ નામના પીઠસ્થાનમાં છે.

શર્વિલ પું એ નામનો એક મુનિ. પી. છે. તેના કુળમાં ... વપરાય ... વપરે ... આકારોડમા તેનાં બાકડા કાપવા યોગ્ય થાય છે

શર્વું ૧. વિ. ચતુર; ચેતી ભાય તેવ, ચબરા

૨. વિ તીક્ષ્ણ બુદ્ધિનું, ઝટ સાભળી તે તુ; તીવ

શર્વ્યાખ્ય પું. રાષ્ટ્રકૂટ ... રાજા. શર્વસ એ નામનો એક રાજા

શલ ૧. પું (પુરાણ) ... પરીક્ષિત નામના ... ના બાર આઠના મોટા પુત્ર તે ... મન તે ... ત ... ભાગ ... ૬ ... ત્યે ... આશ્રમે જઈને ... આશ્રમ. ઋષિએ ... આપવાની શરતે ... અશ્વ મોકલ્યા. ... ત્રિ ... પણ અશ્વ આપ્યા. નહિ. પછી ... અને ધનુષ્ય સર્જી ને ઋષિને મારવા ... પણ ઋષિના વચનથી તેનો જ પુત્ર ક્ષેમજિત મરણ પામ્યો. આથી તેની સ્ત્રી તેને ચારણે આવી અને ક્ષમા માગી અને ઘોડા આપ્યા. તે ઉપરથી ... શલે ક્ષેમજિતને સજીવન કર્યો અને ઘોડાને લઈ પોતાને આશ્રમે ચાલ્યો ગયો

૨. પું. ઊંટ.

૩. પું. (ગિણ) એ નામનો એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. અનુ પ્રસ્તાર પ્રકાશ પ્રમાણે આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે તેમાં ૨૮ ગુરુ અને ૧૦૦ લઘુ મળી ૧૨૮ વર્ણ હોય છે.

૪. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૫. પું. (પુરાણ) એ નામનો કશ્યપી સંજ્ઞામાનો એક મલ્લ. ધનુર્યજ્ઞ વખતે કૃષ્ણે તેને માર્યો હતો.

કૃષ્ણે ચાણૂર, મુષ્ટિક, શલ અને તોશલ નામના મલ્લોને માર્યા. ભાગવતી ભાગવત

૬. પું. એક જાતનું ક્ષેત્ર

૭ પું. ખુન્નો

૮. પું. જ્ઞાતિની દૃષ્ટિએ જોખમનું વિરુદ્ધ આચરણ જણાવ તેમના ગુન્હાની શિક્ષા કરી જ્ઞાતિમાં લેવાની ક્રિયા.

૯ પુ ૬ ખ
૧૦ પુ દેવ
૧૧ પુ ગદા
૧૨ પુ ઢાલ
૧૩ પુ શિલા
ન સુખને આપે રાહુ પદો. પ્રેમાનંદ
૧૪. પુ. (પુરાણ) સુવ્રત પ્રમાનનો એક પુત્ર.
૧૫. પુ. સોમવંશી ધ્રુતરાષ્ટ્ર રાજાનો એ નામનો એક પુત્ર
૧૧ પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન કુરુપુત્ર જહ્નુવંશીય આલ્કીક પુત્ર સોમદત્તના ચાર માહેનો ત્રીજો પુત્ર. તે દુર્યોધનનો પરમ મિત્ર હતો. તે ભારતના યુદ્ધમાં મરાયો હતો તેને ભૂરિ અને ભૂરિશ્રવ નામે બે ભાઈ હતા.
૧૭. ન ખેતર પથરે રહેવાથી તેમાં ઝાડ ઝાખરાં થઈ બગડી જાય ત્યારે સુધારવા ખેતરનો ઘણી આગલી ઊપજ આવાની શરતે ખેતર સુધારવા બેડૂતને આપે છે તે આવી મુદત.
૧૮. ન. લંબાઈનું એક માપ
૧૪ અંગુલ = ૧ રાહ.
૧૯ ન. શલ્ય; કાંટો.
૨૦ [સં.] ન. સાકરીનું પીંછું; શેલાઈનું ઓવાડું
૨૧. ન ખરબચડ

રાહળ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૭૨ લઘુ અને ૪૦ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે તેને રાહળ કહે છે.
૨ પું (પુરાણ) એ નામે એક દાનવ.
૩. પું. (પુરાણ) ચેદી દેશનો પાંડવ પક્ષનો એક રાજા. તેને કર્ણે માર્યો હતો.
૪. પું. પતંગિયું.
૫. પું. શિવનાં હજાર માહેનું એક નામ.
૬. [સં.] ન. તીતી ઘોડો; તીડ; અંગૂઠા જેવડું એક ઊડતું જીવડું. પતંગિયું કે પતંગ, ખદ્યોત, અગ્નિયો, પ્રભાકીટ, તમોમક્ષિ, શલભ વગેરે ૭ પ્રકારની કીટી કહેવાય છે .
કરપણ હોય કવાર રાહળ ખાવા તે ખૂટ. સામળ

રાહળાર ન. (વહાણવટું) દક્ષિણ અને અગ્નિખૂણા વચ્ચેની દિશા.

રાહળલોલા પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિ જગતી છંદનો એક ભેદ છે તેમાં બે યગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે
ય ય જ સ ગે થી રચો રાહળલોલા. સુદામચરિત

[**રાહળા** ન (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર.

રાહળાસન [સં. રાહળ (તીડ) + આસન] ન એ નામનું યોગનું એક આસન. તેની આ આસની સ્થિતિમાં છાતી ઉપર મુઠ્ઠી જવાનું હોય છે પહેલી સ્થિતિઓમા મુઠ્ઠીઓવાળી હાથને શરીરની સાથે રાખવા. બેની સ્થિતિમા બેસથી શ્વાસ અંદર લેવો અને તેને રોકવો ત્રણની સ્થિતિમા શરીર અક્કડ રાખીને બંને પગોને ધૂટણથી વાળવા વગર પાછળ લગભગ ૭ ઇંચ ઊંચા કરવા. ચારની સ્થિતિમાં હાથ ઉપર ઉલાળ્યા રાખીને પગને જેટલા અને તેટલા પાછળ ઊંચા કરવા આમ રાહળાસન પૂરું થાય છે. પાછું મૂળ સ્થિતિમાં આવવા માટે ક્રમ ઊંધો લઈ મૂળ સ્થિતિમાં આવીને શ્વાસ કાઢી નાખવો રાહળાસનનો બીજો પ્રકાર અર્ધરાહળાસન છે તેમાં એક પછી એક પગ ઊંચા કરવાના હોય છે. આ આસનો શ્વાસોચ્છ્વાસના સ્નાયુઓની શક્તિ વધારે છે. તે પાચનતંત્ર ઉપર પણ અસર કરે છે. તે પેટના અને પીઠના સ્નાયુઓ ઉપર સારી અસર કરે છે આમાં શ્વાસ લીધા પછી ફેફસાંમાં રોકી રાખવાનો હોઈને, હવા ફેફસાંનાં દરેક કોશમાં ધકેલાય છે અને કોશને મજબૂત બનાવે છે

રાહળિક [સં.] ન. સાકરીનું પીંછું.

રાહા ૧. સ્ત્રી. પીંછી
ચૈતન્ય અક્ષર રાહાનું ચિત્ર ઋષિ જક્ષ માનવ પશુ ચિત્ર. અખા
૨. સ્ત્રી. ચિરિયા; પત્થર

રાહાક ૧. પું. અઢાર મુખ્ય માંહેનો એક કર્મનેત્ર
૨. પું. તરાપ; ઝલ્લાંગ.

રાહાકાર ૧. [સં.] પું. અઢાર મુખ્ય માંહેનો એક કર્મનેત્ર
૨. સ્ત્રી. આંબણી
૩. સ્ત્રી. (ભૂમિતિ) એ નામની ભૂમિતિ પ્રસિદ્ધ આકૃતિ. એ દરેક રાહાકારનો આકાર ગોમુખીને મળતો હોવાથી તેને ગોમુખી પણ કહે છે.
૪ સ્ત્રી ચરબી; ખૂંટો.
૫. સ્ત્રી. ચરબીની પરીક્ષા કરવાનું હથિયાર.
૬ સ્ત્રી. છૂપી રીતે મત આપવાની પદ્ધતિ
૭ સ્ત્રી ટાલ્યું.
૮ સ્ત્રી નરતર
૯. સ્ત્રી. બાબુ
૧૦ સ્ત્રી. મત આપવાની રંગીન ચિઠ્ઠી; 'બેલટ'.
૧૧. સ્ત્રી. મીંઢળનું ઝાડ
૧૨ સ્ત્રી. મેના.
૧૩. સ્ત્રી. રમવાની કલમ; પીંછી; રંગવા ચીતરવાનો કૂચડો.
૧૪ સ્ત્રી લાકડી
૧૫ સ્ત્રી વૈદક પ્રસિદ્ધ એક રાગ
૧૬ સ્ત્રી (ખા. ગુ.) ચેહરા
૧૭. સ્ત્રી. સળી; ધાસની કે ધાતુની પાતળી ને ગોળ સળેખડી; આખ આજવાની સળી; ધા, નાસૂર કે પેશાબમાં મૂકવાની સળી; ઓષણી
૧૮. સ્ત્રી સારડી
ખોટીમાં ઉભિ ખાદનારી રાહાકા (સ.રહી) ધરી ટાકવાનાં ટાકણાના કામમા કાંઈ શકતી નથી. કાન્યરાજ
૧૯. સ્ત્રી. સોગઠું
૨૦. સ્ત્રી ઝાડકું

રાહાકાર્બિજ્ઞાન [સં.] ન. કૂચ્ચાંરિય

રાહાકારપરીક્ષા [સ.] સ્ત્રી સળી વડે રોગનો નિર્ણય કરવો તે.

રાહાકાપુરુષ [સં. રાહાક (વખાણવા જેવું) + પુરુષ] પું. (જૈન) ઉત્તમ જન. જૈનો નીચેના ૬૩ને રાહાકાપુરુષ માને છે: તેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવ મળી ૬૩ રાહાકાપુરુષ ગણાય છે
તીર્થંકરો તેમજ બીજા રાહાકાપુરુષોની પુણ્યવાન્ આત્મા રમવા માટી શ્રી જિનવિજયજી

રાહાડ પું એક ગાડીનો ભાર.

રાહાવહું (રાહાવહું) ન. રાહોક; અપલિયુ.

રાહિસ વિ. સજેલ
રાજા રાહિસ જે કહેવાય,
તેની તો સદ્ગતિ નહિ થાય. સામળ

રાહૈઆકરો પું. સવા રૂપિયો. તે સોનીની પારસીમાં ચોખામ છે.

રાહોત્સો પું. લગ્નોત્સવ વખતે ગોર તરફથી ગવાતું એ નામનું એક જાતનું પ્રશસ્તિ કાવ્ય.

રાહ્ક ૧ [સં.] પું. કકડો; અંશ; ભાગ; ખંડ
૨. પું. કરો લાગત; લાગો; વેરો
૩. પું ઝાડની છાલ; વલ્કલ.
૪. પું. માછલીનું ભીંગડું.

રાહ્કકૃમિ [સં] ન. એક જાતનું ભીંગડાંવાળું જંતુ

રાહ્કપત્રી સ્ત્રી. એ નામનું એક જાતનું જંતુ તેને ચાર પાંખ હોય છે

રાહ્કફલી સ્ત્રી એ નામે એક જાતની વનસ્પતિ. તેનાં ફળને ખાસ પ્રકારનાં ભીંગડાં હોય છે તે ઉપરથી તે રાહ્કફલી કહેવાય છે.

રાહ્કમત્સ્ય [સં] ન. એક જાતની માછલી. તેનું ઉપરનું હાડપું ભીંગડા જેવું કઠણ હોય છે.

શલ્કવૃક્ષ ન. એ નામે એક જાતનું ઝાડ. જુઓ શલ્લકીવૃક્ષ. વૃક્ષની એક જાતિ. તેને ભીંગડાં હોય છે. વૃક્ષ પણ કહે છે અને તે દાબાજુદી વનસ્પતિના મોટાં રાક્ષસી ઝાડને નામે ઓળખાય છે. તેનાં અમૂલ્ય ઔષધનિઓ કોયલાના ઘર બનાવવામાં બહુ ઝાઝ લેતી હતી. એ ઝાડના થડ ઉપર, મોરમને સામસામે ખૂણેથી તાણતા તેનો જેવો આકાર થાય તેવા આકારના પાટડાના લીનોટા આગળ પડતા હતા. તેના પાટડા કોમળ હતા

શલ્કશકલ ન. [ ] વૃક્ષની છાલનો એક સમવાય સમૂહ, જે તે વિશેષ કરીને એક બાજુ કે તેના [illegible] જગાએ, સહુ કરતાં [illegible] હોય છે

શલ્કશૈલ પું. એ નામનો એક સ્વયંપ્રકાશ પર્વત [illegible] તે બીજી દ્વારામાં બહુ થાય છે

શલ્કા ૧. ન. સોગઠું

૨ ન. ઝાડનું

શલ્કી વિ. ભીંગડાવાળું; ભીંગડાથી ભરપૂર

શલ્ય ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ચરપટી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ લઘુ અને ૧૩ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૨. પું. પાંડુ રાજાની બીજી રાણી માદ્રીનો ભાઈ. નકુળ અને સહદેવનો મામો; મદ્ર દેશનો રાજા; મદ્રદેશાધિપતિ અશ્વપતિનો પુત્ર. તેની બહેન માદ્રી તે પાંડુની બીજી સ્ત્રી હતી તેની રાજધાનીનું નગર શાકલ હતું. યુધિષ્ઠિરે શલ્યને પોતાના પક્ષ તરફથી લડવા બોલાવ્યો હતો. પણ તેના ગામથી ઠેઠ યુદ્ધભૂમિ સુધી રસ્તામાં ઠેકાણે ઠેકાણે તાજુઓ નાખી તેનું સારું આતિથ્ય કર્યું હતું અને શલ્યે જાણ્યું કે આ બધી સરભરા યુધિષ્ઠિરનાં માણસો કરતાં હશે છેવટે સંતોષ પામીને માણસોને મોકલવાનું કહ્યું, ત્યારે દુર્યોધને માગી લીધું કે, તમે મારા પક્ષમાં આવો. આથી લાચાર થઈને તેના પક્ષમાં જવું પડ્યું. પછી યુધિષ્ઠિરને તે વાત જણાવવા જ્યા ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે, આપ ભલે તેના પક્ષમા જાઓ પણ અંતઃકરણ અમારા પક્ષમા જ રાખજો. કર્ણ જ્યારે સેનાધિપતિ થયો ત્યારે શલ્યે તેનુ સારથિપદ કર્યું હતું. કર્ણના મરણ બાદ, અઢારમે દિવસે એ સેનાપતિ બન્યો ત્યારે યુધિષ્ઠિરે તેને માર્યો હતો

૩ પું. કાકડી

૪. સ્ત્રી. અષ્ટવિધ ચિકિત્સા માહેની એ નામની એક ચિકિત્સા.

૫ ન. [illegible] એક [illegible] નામનું એક [illegible] નામના આયુર્વેદનો [illegible]

૬ ન. [illegible] કાંટો

૭. ન. ખોટી માન્યતા; મિથ્યાત્વ

૮. ન. તીર; બાણ; ભાલો

૯ ન. દુઃખ; સા.શા. શરીરમાં કોઈ પદાર્થ [illegible] કહે છે

૧૦ ન. [illegible]

૧૧ ન. [illegible]

૧૨ ન. નુકસાની

૧૩ ન. [illegible]

૧૪ ન. [illegible]

૧૫ ન. [illegible] મનનો અસ્વાસ્થ્ય [illegible]

૧૬. ન. (જૈન) સા.શા. તે ત્રણ છે: (૧) દંભ, ઢોંગ કે કપટવૃત્તિ, (૨) ભોગોની લાલસા અને (૩) સત્ય ઉપર શ્રદ્ધા ન બેસવી અથવા અસત્યનો આગ્રહ. તેને માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય પણ કહે છે.

જે શલ્ય વિનાનો હોય તે અગી કહેવાય.
તત્ત્વાર્થસૂત્ર ૭

૧૭ ન. શસ્ત્રચિકિત્સા; ચાકુકામ; શસ્ત્રવિદ્યા

૧૮ ન. મીણ.

૧૯ ન. બાળના પેટમાં રહેલ ગર્ભ સુકાઈ જાય તે.

૨૦ ન. હથિયારની અણી વગેરે વાગવાથી થતી પીડા.

૨૧ ન. (સ્થિપ) ઝાડમાં વગેરે પદાર્થો; ઝાડકાં ગામડા વગેરે જમીનમાંથી નીકળેલી ખરાબ ચીજ. જે ભૂમિમાં ઘર કરવું હોય તે ભૂમિમાં ગાવનું શલ્ય (ઝાડકું) નહીં જોઈએ તો રાજનો ભય થાય.
૨ ભગવદ્ગોમંડલ

શલ્યક ૧. ન. એ નામનું સિલેશ્મ જાતિનું પ્રાણી

૨ ન. મીંઢોળ. તેનાં વૃક્ષ ક્ષુપ જેવાં નાનાં થાય છે અને પથ્થરને અડતાં નીચાં નમી ગયેલાં જમીન તરફ નમેલાં થાય છે

શલ્યકર્તન ન. (પુરાણ) શિલા નદીને તીરે આવેલું એક નગર.

શલ્યક્રિયાભવન [સં.] ન. (હિંદી) વૈદકીય સારવાર માટે કાપકૂપની ક્રિયા કરવાનો ખંડ, ઓપરેશન રૂમ '

શલ્યચિકિત્સક [સં.] પું. શલ્ય વૈદ્ય; ' સર્જન '. આ આતુરાલયનું નામ વીરચોલેશ્વર આતુરાલય છે. અમાં ૧ કાયચિકિત્સક (Physician), ૧ શલ્યચિકિત્સક (Surgeon), ૨ પુરુષ પરિચારકો, ૨ સ્ત્રી પરિચારકો, ૧ સેવક, ૧ ધોબી, ૧ દ્વારપાળ અને ૧ કુંભાર એટલાં માણસો તે તે કામ માટે રાખ્યાં.
દુર્ગાશંકર કેવળરામ

શલ્યચિત્ર [સં.] ન. અસ્થિ વડે પ્રાણીઓની આકૃતિ આલેખવાની કળા; ચિત્રલેખના શાસ્ત્રનો એક ભેદ.

શલ્યજ્ઞાન [સં.] ન. (સ્થિપ) ભૂમિમાં રહેલાં ઝાડકાં સબંધીનું જ્ઞાન.

રાફડાવાળી ભૂમિમા ઘર કરવાથી ધનહાનિને રોગ કરે, ખારવાળી અને ફાટેલી ભૂમિમા ઘર કરવાથી ધનહાનિનુ મૃત્યુ કરે અને શલ્યવાળી ભૂમિમા ઘર કરવાથી દુઃખ પ્રાપ્ત થાય માટે જે શલ્યજ્ઞાન કહેવું જોઇએ.
રાજવલ્લભ

શલ્યતંત્ર ૧. [સં.] ન. (વૈદક) આયુર્વેદનાં આઠ માંહેનું એ નામનું એક ઉત્તમ અંગ.

૨. ન. શરીરમાં સાલતું ભાલોડું; સાલ.

જ્યાં સુધી અંગ અંગે અનને ન કરે,
આ જીવને જીવાયજ્ઞ પણ સાધ્ય શું છે.
ગીતગોવિંદ

૩ ન. શરીરરચનાશા.ત્ર

૪ ન. શસ્ત્રવિદ્યા. આમાં ચિન્તનીય પદાર્થો દૂર કરવાની, શસ્ત્રક્રિયાનાં હથિયારો વાપરવાની, પાટાપટ્ટી બાંધવાની અને શસ્ત્રક્રિયા કરવા યોગ્ય દરદીની પહેલિ આપવામાં આવી છે તેમાં ચૂહમાં વાગેલાં બાણનાં ફળાં કાઢતાં તથા કપાયેલા અવયવો ઉપર પાટાપિંડી કરવાનું જ્ઞાન આપવામાં આવેલ છે. તેને ચાકુકાપશા.ત્ર કે સર્જરી પણ કહેવામાં આવે છે.

શલ્યતંત્રવિદ્ [સં.] વિ. શલ્યતંત્ર જાણનારું; શસ્ત્રક્રિયા જાણનારું

શલ્યદા [સ.] ન. મેદાકંદ. મેદાકંદની સુંદર પથ્થરચટ્ટીની માફક તે પથ્થર ફાડીને ઊગે છે માટે તેને શલ્યદા કહે છે

શલ્યપર્ણિકા [સં] સ્ત્રી. મેદાકંદ; મેદા નામનું ક્ષુપ તે પથ્થર ઉપર સાવ નીચુ થાય છે અને તેનાં પાંદડાં પથ્થરચટ્ટી જેવાં થાય છે માટે તેને શલ્યપર્ણિકા કહે છે.

શલ્યપર્ણી જુઓ શલ્યપર્ણિકા.

શલ્યવિજ્ઞાન જુઓ શલ્યવિદ્યા.

શલ્યવિદ્યા [સ.] સ્ત્રી. શસ્ત્રવિદ્યા. વૈદકની સાથે પ્રાચીન હિંદુઓએ શસ્ત્રવિદ્યા સારી રીતે ખીલવેલી હતી. શરૂઆતમાં તો યુદ્ધમાં, ખેતીમાં અને શિકારમાં થતા અકસ્માતમાં તેનો ઉપયોગ સારો થવા પામ્યો હતો; અને તે સમયમાં તીર, કાંટા, શલ્ય વગેરે શરીરમાં દાખલ થયેલ અનિષ્ટ પદાર્થોને દૂર કરવાનું કામ પ્રાથમિક સ્થિતિમા હતો. કારણ કે, શસ્ત્રવિદ્યાને શલ્યવિદ્યા કહેવામાં આવતી

શલ્યચિકિત્સા જુઓ મૃતસંજીવની ઔષધિ
જે શલ્યચિકિત્સા એવું નામ,
તે ઔષધિ જો આવે રામ.
પ્રેમાનંદ

શલ્યવેધ પું (જ્યોતિષ) એ નામે જ્યોતિષ પ્રસિદ્ધ એક વેધ. જો લગ્નમાં ૬ મે અને ૫ મે પાપગ્રહ હોય તો શલ્યવેધ કહેવાય છે

શલ્યવૈદ્ય [સં.] પું શસ્ત્રવૈદ્ય; શસ્ત્રક્રિયા કરી જાણનાર વૈદ્ય
વિષવૈદ્ય, રોગવૈદ્ય, **શલ્યવૈદ્ય** અથવા શસ્ત્રવૈદ્ય અને મંત્રાભિચાર વૈદ્ય અર્થાત્ પ્રયોગ જાણનાર વૈદ્ય ઇત્યાદિ વિદ્વાનો રાખવા રાજવલ્લભ

શલ્યશાસ્ત્ર [સં.] ન. વાઢકા (ચીરફાડ); શસ્ત્રચિકિત્સા; 'સર્જરી'.

શલ્યહર્તૃક [સં.] પું. ખૂંચેલાં શસ્ત્રો કે કાંટા કાઢનાર માણસ

શલ્યા [સં. શિલા] સ્ત્રી. શિલા, પથ્થર; પથ્થરની છાટ; પથ્થરની બેઠકના ઘાટનો ચોરસ ટુકડો
શલ્યાની તે અહલ્યાઓ કરે છે. નાનાભાઈ

શલ્યાકૃતિ [સં.] ન. ભાલાકાર.

શલ્યાહૃતિ સ્ત્રી. શિલ્પ સંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એ નામની એક કળા

શલ્યાપડ (શલ્યાપડ) [સં. શિલાપટ્ટ] ન. પથ્થર; શિલા..
કરે ઉપર શલ્યાપડ મેલ્યાં, કાનમા કુંડાં મદનજોર. પ્રેમાનંદ

શલ્યારિ [સં. શલ્ય + અરિ (દુશ્મન)] પું. યુધિષ્ઠિર રાજા.

શલ્લ ૧. પું. ઢેકો
૨. [સં. શિલા] પું. પથ્થર.
૩. ન. છાલ; ચામડી.
૪. ન. બાણ; તીર.
૫. ન. શેઢાની, શાહુડી.

શલ્લક ૧. પું. એ નામે એક પક્ષી.
૨. પું. રોહિષવૃક્ષ.

શલ્લકપ્લુત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૮ વર્ણ હોય છે
ઉ૦ ના **શલ્લકપ્લુતે**. જયદેવપિંગલ

શલ્લકી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક જાતનું ઝાડ. એની ડાળી કાપીને બહુ વાવે છે.
૨. સ્ત્રી. ધુપેડો
૩. સ્ત્રી. શરુનું ઝાડ.
૪. સ્ત્રી. સાલેડી
૫. સ્ત્રી. શેઢાઇ; શાહુડી.

શલ્લ ૧ [સં.] ન. ઝાંખું બળ.
૨. ન. પાણી
૩. ન. મડદું; શબ; જીવ ગયા પછી રહેલું ખોખું
શલ્યન = ઠાઠડી
૪. ન. (કુસ્તી) ચિત.

શલ્લકાગ્ય [સં.] પું. કૂતરો

શલ્લકાગ્યા [સં.] સ્ત્રી કૂતરી

શલ્લચ્છેદ [સં] પું. મડદું ચીરવું તે.

શલ્લચ્છેદગૃહ [સં.] ન. શરીરનું જ્ઞાન મેળવવા માટે મૃત શરીરની કાપકૂપ કરવાનું સ્થળ

શલ્લતિ સ્ત્રી રોહિણ

શલ્લની સ્ત્રી. કૂતરી

શલ્લપુર ન. (જૂ. સ્થા.) શિવપુરી; મુક્તિપુરી, મોક્ષધામ
એ ઠાકર શલ્લપુર આવ્યા વહારી પૂજા સાર નથી. વિમલપ્રબંધ

શલ્લયાન [સં. શલ્લ + યાન (વાહન)] ન. ઠાઠડી; શબ ઉપાડી જવા માટેનું વાહન; નનામી; જનાજો.

શલ્લર ૧ પું. પહાડી કે જંગલી માણસ
૨. [સ.] સ્ત્રી. એ નામે બીજની એક જાત.
૩. ન. એ નામે એક શાસ્ત્ર.
૪. ન બાણ.
૫. ન. મીમાંસા ભાષ્યકાર એક વિદ્વાન.
૬. ન. હાથ.

શલ્લરથ [સં] પું મડદું લઈ જવાની ગાડી; શલ્યયાન.

શલ્લરાંગના સ્ત્રી. બીલડી
રાત્રે બહુ શલ્લરાંગના અપ્સરાઓપમ અંગ. ભાલણ

શલ્લરી ૧. [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; પાર્વતી.
૨. સ્ત્રી. ભોતેર માંહેની એક આદ્યાશક્તિ દેવતા.
૩. સ્ત્રી. બીલડી.
૪ સ્ત્રી. સાપણ.

શલ્લલ ૧. [સં.] પું ઝાંખરચીતરો રંગ.
૨. વિ. ઝાંખરચીતરા રંગનું; ઝાંખરચીતરું; બહુરંગી
૩. વિ. વિચિત્ર.

શલ્લલા ૧. [સ.] સ્ત્રી. ઝાંખરચીતરી ગાય.
૨. સ્ત્રી ક્રામધેનુ

શલ્લવાહિની સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

શલ્લસાન ૧. [સં.] ન. અવ્યવસ્થિત મજલ; સ્મશાન; મસાણ; કબ્રસ્તાન
૨. ન. ચોમાર્યું; મુકામ.

શલ્લસ્થાન ન. કબર

શલ્લળા [સ વજ્રમુષ્ટિ] સ્ત્રી ભાજીવર્ગીના જેવી એક જાતની ભાજી તેના છોડ વગડાઉ સૂરણ જેવા અને ભાજી ખરજવાળી હોય છે. તેને ફોલવાથી હાથે ચળ આવે છે તેને પાન આવવા માટે નાની, પીળા રંગની ઢોડી જેવી નળી નીકળે છે.

શલ્લાલ [અ] પું. મુસલમાની ચાંદ્રવર્ષનો દસમો મહિનો. તેની પહેલી તારીખે રોજા ઈદ આવે છે

શલ્લાસન ન યોગનાં ચોરાશી માંહેનું એક આસન. જમીન ઉપર શબની જેમ ચત્તું પડ્યું રહેવું તેમાં બને પગના અગ્રભાગ અડાડી રાખી આંગળીઓ સીધી રાખવી અને દ્વયને પગની બાજુએ રાખવા અને બધા અંગ પ્રત્યંગો શિથિલ બનાવી દેવું એ શવાસન કહેવાય છે. આસન તથા પ્રાણાયામથી થયેલ નાડીઓના ક્ષોભને શાંત કરવા માટે આ આસનનો ઉપયોગ થાય છે. સાંધી લીધેલા અભ્યાસ પછી શવાસન વડે અર્ધી કલાક વિશ્રામ લેવો જોઈએ. શવાસનમાં નસો સીધી રહે છે તથા રક્તાભિસરણક્રિયા પ્રકૃતિ અનુકૂલ થાય છે અને પ્રાણતત્ત્વ મસ્તક તરફ વહન કરવાથી મન શાંત બને છે. આ આસન કરતી વખતે સઘળા સ્નાયુઓ અને અવયવો બિલકુલ ઢીલાં કરી દેવાં જોઈએ અને શ્વાસ તથા ઉચ્છ્વાસ બિલકુલ ધીમે ધીમે કરવો જોઈએ. તેનું અન્ય નામ મૃતાસન પણ છે. કેટલાક આ આસનને પ્રેતાસન, શાંતિ પ્રદાસન અને શ્રમનાશન પણ કહે છે. યોગાભ્યાસ કરતાં થાક લાગે ત્યારે આ આસન કરવાથી યોગાભ્યાસીને વિશ્રાંતિ મળે છે તે શ્રમ દૂર થાય છે. ગાંધીજી લખે છે કે: જ્યાં શિક્ષણની પદ્ધતિ સારી છે ત્યાં સ્વાધ્યાયને સારુ નહિ જેવો જ સમય જોઈએ છે. વિદ્યાર્થીની ઇચ્છામાં આવે તે કરવા, વાંચવા કે આળસુ રહેવું હોય તો આળસુ રહેવાને સારુ થોડો વખત તો જોઈએ જ. યોગવિદ્યામાં એનું નામ શવાસન છે. શવાસન એટલે મુડેદાની જેમ લાંબા થઈને પડવું ને શરીર, મન વગેરેને ઢીલાં મૂકી દઈ ઉરિદાદાપૂર્વક જડ જેવા થઈ પડ્યા રહેવું. તેમાં બે રામનામ તો શ્વાસોચ્છ્વાસની સાથોસાથ ચાલતું જ હોય, પણ તે કઈ આરામમાં ખલેલ ન પહોંચાડે. ખલેલરીને તેનો શ્વાસ જ એ નામ હોય.

શવ્વાલ જુઓ શવાલ.

શશ ૧ [સં.] પું ત્રણ માંહેનો એક પ્રકારનો પુરુષ; રાનોકાળો, જરાક ભૂખરો, ઝણુર અને મધુડાના જેવી આખવાળો, કૃપ અને ગુહ્યવાળો પુરુષ લાલ વિશાળ નેત્ર, નાના અને સરખા દાંત, સોળ મો આકારમાં મનોહર, સુશ્લિષ્ટ અંગુલિયુક્ત મૃદુ અને સહેજ લાલ એવા હાથ, વણી મોટક, સુરતેચ્છા પ્રબલ, સુવાળા રોમ જેવા વાળ, બીવા બહુ દૂરી કે બહુ મોટી નહિ, જઘન અને ચરણ જરા કૃશ, આહાર અલ્પ, અભિમાન નહિ જેવું, અલ્પ સુરતરત, પવિત્ર, ધનાઢ્ય, દાન દેનાર, સુદર કાંતિવાળા, મદનજ્વલ સુરભિ અને આનંદી આ શશ પુરુષનાં લક્ષણ છે તેના રિબની લંબાઈ ૭ ઇંચ હોય છે

૨ પું.; ન. સસલું, બરગોશ. તેને લાંબા કાન, ટૂંકી પૂછડી અને નરમ વાળ હોય છે

તેતરડે શીંગાણો પકડ્યો, શશે સપડાવ્યો સિંહ
૧૧૨

૩. ન. અઢાર ભારનું એક મુખ્ય ધાન

૪. ન. ચદ્રમાં દેખાતા ડાઘ. તે સસલાને મળતા હોવાથી શશ કહેવાય છે

૫. ન. બિલેશય જાતિનું એક પ્રાણી.

૬. [જ્ઞા.] વિ જુ.

શશાંક ૧. [સં.] પું એ નામનું એક નક્ષત્રમડળ; રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણ ગોળાર્ધમા આવેલ એક તારા સમુદાય. તેને અંગ્રેજીમાં લેપસ કહે છે. તેનો આકાર સસલા જેવો હોય છે

૨. પું. ચંદ્રમાનું લાંછન. તે સસલાને મળતું હોવાનું મનાય છે.

૩ પુ પુરુષના પાંચ માંહેનો એક પ્રકાર

હસ, ભદ્ર, માલવ્ય, રુચક અને શશાંક એ પાંચ પુરુષો ભાણવા. પુરાતત્વ

૪. પું. શશિક દેશ; ભારતવર્ષીય એક દેશ વિશેષ

૫ પું.;ન. સસલું; બરગોશ.

વનમાં માને નચવી નજર ને અધર અમીરા ઢરે,
તે મુખ શરીરે અગર રજથી એ તિલક શશાંક શું કરે.
ગીતગોવિંદ

૬ ન. દરિયાઈ ઘોડાને મળતું એ નામે એક જાતનું જળચર પ્રાણી. સસલકનું શરીર માછલીના જેવું હોય છે. તે જળ અને સ્થળ બંને ઠેકાણે રહે છે. અંગે ઝીણા ઝીણા વાળ હોય છે પગ ચપટા હોય છે આ ચપટા પગથી તે પાણીમાં તરી શકે છે જમીન ઉપર આવે છે ત્યારે તેનાથી પેટ ઘસડીને ચાલે છે. કેટલાક શશક બાર બાર ફૂટ લાંબા હોય છે. એમની વસતિ ઉત્તર મહાસાગરમાં છે

શશાચર પું ચદ્ર

શશાચર ૧. પું. ઉનમ કપૂર. તે ગાનમાં માથે લગાવે છે. પૂજામાં આરતિમાં દરેક માણસો તેનો ધૂપ લઈ માથે ચડાવે છે

૩. પુ. ચદ્રમા

૨. [સં.] પું (પિંગળ) એ નામે એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે સુંદર ગીતિનો એક ભેદ છે તેને શશી પણ કહે છે

શશાન્વાન જી. એ નામની પુરાતની તોપ. આ તોપમાં નીચે પ્રમાણે કોતરવામાં આવ્યું છે: ફતેહ અકબર, બાદશાહ રણજિતસિંહ બહાદુર બુલદ ઇકબાલની આજ્ઞાથી તોપ શશન્વાન જવાહરમલની અવસ્થાથી પાટનગર લાહોરના મખાસિંગના કારખાનામાં સરદાર તેજસિંહની દેખરેખ તળે સન ૧૮૮૩ વિક્રમીમાં તૈયાર થઈ

શશાબિંદુ ૧. પું. (પુરાણ) એ નામના એક રાજર્ષિ

૨ પુ ચદ્રમા

૩. પું. વિષ્ણુનાં હજાર નામેનુ એક નામ.

૪ પું. ઇક્ષ્વિવશના ચિત્રરથ રાજાનો પુત્ર.

શશામુદ્રા જી. એક મુદ્રા; તર્જની, કનિષ્ઠિકા અને અંગૂઠો એ ત્રણ આંગળીનાં ટેરવાં મેળવી કરી આકીની બંને આંગળીને ઊભી રાખવાથી થતી આકૃતિ

શશારાશિ પું. ચંદ્ર.

શશાવિષાણ [સં. સસ (સસલું) + વિષાણ (શીંગડું)] ન. સસલાનું શીંગડું. સસલાને કદી પણ શીંગડાં હોતાં નથી તેથી તેનો અર્થ અસંભવિત વસ્તુ કે ન મળે તેવી વસ્તુને માટે વપરાય છે

શશાશૃંગ જુઓ શશાવિષાણ.

શશાહ ૧. પું. બાજપક્ષી

૨. પું. (પુરાણ) સૂર્યવશી ઇક્ષ્વાકુ રાજાના પુત્રોમાંના મોટા વિકુક્ષિનું બીજું નામ. એક વખતે એના પિતાએ તેને કહ્યું કે, આજે અષ્ટક નામનું શ્રાદ્ધ કરવું છે માટે વનમા જઈને મૃગ લાવ. મૃગ મારીને ઘેર આવતાં રસ્તામાં થાકી ગયો હતો તેથી પોતે મારેલાં મૃગોમાં સસલા હતાં તેમાંથી એક પોતે ખાધું અને બાકીનાં મૃગ પિતાને આપ્યાં તેથી તેનું નામ શશાદ પડ્યું. આ વાતની ઇક્ષ્વાકુને ખબર પડવાથી તેણે કેટલોક કાળ સુધી રાજ્યમાંથી કાઢી મૂકયો હતો. વસિષ્ઠ તેના ગુરુ હતા

શશાદન ન. શીંગાણો; બાજપક્ષી.

શશાંક ૧ [સં. શશ (ચદ્ર) + અંક (નિશાની)] પું. ઇંદુ; ચદ્ર; ચદ્રમા

૨. પું. એક સૂચક સાકેતિક શબ્દ. તે એક હોવાથી શશાંક કહેવાય છે.

શશિ ૧. પું. (પિંગળ) એ નામનો અર્ધ સમમાત્રા છંદ. તે નંદ છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને આઠ લઘુ મળી ૨૩ વર્ણ હોય છે.

૨. પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રા છંદ. તે સોરઠા છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૩૨ લઘુ મળી ૪૦ વર્ણ હોય છે

૩. પું. (પિંગળ) એ નામે એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે સુંદરીનો એક ભેદ છે. તેને સશાધર પણ કહે છે. તેમાં ૧ ગુરુ અને ૧૨ લઘુ મળી ૧૩ અક્ષર હોય છે

૪. પું (પિંગળ) એ નામે એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ ગુરુ અને ૪૦ લઘુ મળી ૬૮ વર્ણની ૯૬ માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રા માત્રામેળ છંદ તે ૭૫૫૧ છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૨ લઘુ અને ૧૫ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે

૬ પું. (પિંગળ) એ નામે એક સમમાત્રા માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૧ વર્ણની ૪૮ માત્રા હોય છે

૭. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેને ધવલ છંદ પણ કહે છે

૮. [સં.] પું. એકની સંજ્ઞા; એક સૂચક સાકેતિક શબ્દ. તે એક હોવાથી શશિ કહેવાય છે.

૯. પું. ચદ્ર; ચદ્રમા; ચાંદો.

શશિકર [સં.] પું. (જ્યો. ગ્રં.) ચંદ્ર

ચારેક સૂર ફરિ કરી ચાલ,
દીસઈ શશિકર પત્ર પ્રકાસ.
વિમલપ્રબંધ

શશિકરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂજંગી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં સગણ, નગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે

શશિકલા જુઓ શશિકળા.

શશિકળા ૧ [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને મણિગુણ છંદ પણ કહે છે

૨ પું. (પિંગળ) એ નામનો પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં ચાર નગણ અને એક સગણ મળી પંદર અક્ષર હોય છે એટલે પંદરમાના ચૌદ અક્ષર લઘુ અને પંદરમો ગુરુ હોય છે તેમા સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે

૩ સ્ત્રી. એ નામે એક દેવી

પશ્ચિમમાં શશિકલાનું પૂજન કરવું
ભગવતી ભાગવત

૪. સ્ત્રી એ નામે એક વાની; મગન; પડસટીના લોટની ચાસણી પ.પલ્લ મીઠાઈ

૫. સ્ત્રી. (પુરાણ) એ નામે હારીતના રાજા સુબાહુની કન્યા. તે સૂર્યવંશના સુદર્શન નામના રાજાને પરણી હતી

૬. સ્ત્રી ચંદ્રકળા; શશિલેખા; ચંદ્રના સોળમો ભાગ

૭. સ્ત્રી નામ

૮. સ્ત્રી માગા..

૯. સ્ત્રી સૃષ્ટિ.

શશિકાંત ૧ [સં.] પું એ નામે એક જાતનો પત્થર; ચંદ્રકાંત; ચંદ્રનો મણિ. એમ કહેવાય છે કે, એ પત્થર ઉપર ચંદ્રનાં કિરણ પડતાં તેમાંથી પાણી ઝરે છે.

જડ જેનો દ્રવતો શશી, રમરી રસમય શશિકાંત
સરસ્વતીચંદ્ર

૨. પું. પોપટ.

શશિકાંતા ૧. [સં.] સ્ત્રી. રાત્રિ

૨. સ્ત્રી. સત્તાવીસ માહેનુ પ્રત્યેક નક્ષત્ર

૩ સ્ત્રી હળદર.

શશિકાંતિ સ્ત્રી. ચંદ્રનું તેજ

શશિકાજ [સ.] પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ ગુરુ અને ૧૮ લઘુ મળી ૫૪ વર્ણની ૯૦ માત્રા હોય છે.

શશિતેજદંડ પું. ઘરનાં ચંદરવામાંથી ચંદ્રમાના કિરણની તેજસ્વી દાંડીઓ થાય છે તે; તેજના કિરણ

શશિધર ૧. પું. (પિંગળ) એ નામે વીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમા બે જગણ, એક રગણ, બ્રણ સગણ, લઘુ અને ગુરુ એમ વીસ અક્ષર હોય છે તેમાં નવમા અને અગિયારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. [સં શશિન્ (ચંદ્ર) + ધર (ધરનાર)] પું ચંદ્રને કપાળમા ધારણ કરનાર મહાદેવ; શિવ; શંકર; ઉમાપતિ; ચંદ્રશેખર.

ગંગાધર હર ચંદ્રધર શશિધર શંકર નામ;
સર્વ રાત્રુ હિન વિષમભવ આર્ય કાર્યરપુ નામ.
પિંગળપ્રકાશ

શશિન જ. ચંદ્ર

શશિનંદન પું. બુધનું એક નામ

શશિની સ્ત્રી. એ નામની ચંદ્રની એક કળા અમૃતા, માનદા, પૂષા, તૃષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા એ સોળ ચંદ્રની કળાના નામ છે

શશિશાલ પુ શંકર; જેના માથામા ચંદ્ર છે એવા શિવ

તમો હોત જગ સૃષ્ટિ કો,
કાલ હોત શશિશાલ.
દયા રામ

શશિશેખર [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને ગુણવતી છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં નગણ અને ભગણ એમ છ અક્ષર હોય છે

શશિમુખી ૧. [સં.] પુ. એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તને શશિવદના, મોરસા, મહિલતા, મણિરેખા, ચંદ્રરેખા, સીમા, ચતુરવક્ત્રા, ચતુરેખા, પ્રહરણિકા અને ચતુરંગ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ અને યગણ એમ છ અક્ષર હોય છે.

૨. વિ. સ્ત્રી. ચંદ્રના જેવા સુંદર મુખવાળી; ચંદ્રમુખી; શશિવદની.

વૈશાખની શશિમુખી સખિ પંથમાંને છે,
આજ દિન તુજ મે મુજ જાત કેમે.
નાનાલાલ

શશિમૌલિ [સં. શશિ (ચંદ્ર) + મૌલિ (કપાળ)] પું. જેની જટામા ચંદ્રમા છે એવા શિવ; ચંદ્રશેખર.

ધારણ શશિમૌલિ પર્વતિ. વિદ્યારી

શશિયર ૧. [સં] પું. ચંદ્રમા; ચંદ્ર.

શશિયર સોળ કલાયત શોભતો રે.
ગુણસુંદરીના રાસ

૨. વિ. ચંદ્રના જેવું.

શશિરાહ [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને હાટકરાશિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં તગણ અને જગણ એમ છ અક્ષર હોય છે.

શશિરેખા ૧ [સં.] સ્ત્રી. એ નામની એક શક્તિ.

૨. સ્ત્રી. ગળો.

૩. સ્ત્રી. ચંદ્રની રેખા; બીજનો ચંદ્રમા.

૪. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ૬૪ માહેની એક કલા.

૫. સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે શ્રી રાગની આઠ પુત્ર વધૂ માહેની એક રાગિણી. આ રાગિણી લલિત, પંચમ, ખટ અને સુહાયી મિશ્ર છે, પણ પ્રસિદ્ધ નથી.

શશિરેખા ૧. પું (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર નગણ અને સગણ મળી પંદર અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો આવે છે

૨. [સ.] પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને મધ્યગુણ છંદ પણ કહે છે.

૩. સ્ત્રી ગળો

૪ સ્ત્રી ચંદ્રની રેખા; બીજનો ચંદ્રમા.

૫. સ્ત્રી. બાજરો

૬. સ્ત્રી. શશિકલા; ચંદ્રની કળા

શશિવદના ૧. [સં.] પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને સરસ, પદ્મકાવલી, સિદ્ધક, સલિલનિધિ, સિદ્ધિક, સિદ્ધિકા, સિદ્ધિ અને પૃથ્વી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, બ્રણ જગણ અને રગણ મળી ૨૧ વર્ણ હોય છે.

૨. જુઓ શશિમુખી.

શશિવદની ૧. [સં. શશિ (ચંદ્ર) + વદની (મહેરાવાળી)] સ્ત્રી શશિમુખી; ચંદ્રના જેવા મુખવાળી સુંદર સ્ત્રી.

૨. વિ સ્ત્રી ચંદ્રમુખી; ચંદ્રના તેજ જેવું જેનું આહ્લાદકકારક મુખ છે તેવી; ચંદ્રના જેવા સુંદર મુખવાળી.

શશિશેખર [સ.] પું. શ્રી ભગવાન; મહાદેવ; શિવ; શંભુ.

શશિશેખરા સ્ત્રી. દુર્ગાદેવી.

શશિસુત [સં. શશિન્ (ચંદ્ર) + સુત (પુત્ર)] પું ચંદ્રપુત્ર; બુધ ગ્રહ

બુધ પંડિતને કહત કવિ બુધ શશિસુત ભગવાન,
બુધ અવતાર હરિ ભની બુધ જે અમૃત જ્ઞાન.
ભાવદાસજી

શશી ૧. [સ] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને ભદ્રાલા કે પૃથ્વી પણ કહે છે. તે મધ્યમા છંદનો એક ભાગ છે. તેના દરેક ચરણમા એક યગણ હોય છે

૨. પું. એકની સત્તા

૩. પુ ગુરુ

૪ પું. ચંદ્ર; ચાંદો; ચંદ્રમા.

શસ્ત્રોપકરણનિષેધક

આદિનો માંડિ હું વિષ્ણુ જ્યોતિમાં રવિ અશુમાન.
મરીચિ મરુતોમા હું નક્ષત્રો આહિ હું શશી.
ગીતાનુક્રમણ

૫. તું આરની સાકેતિક સત્તા.

શસ્રો ૧. પું. શ નામનો મૂળાક્ષર; શકાર; શ વ્યંજન.

૨. પું શરાબ; સસલો.

શસ્રોપજ પું. છક્કાપંજાની રમત.
શસ્રોપજ કરવો = (૧) છક્કોપંજે રમવો (૨) વહેમાવું.

શશ્વત્ [સ] અ. નિરંતર; હમેશા; સદા, વ.રવાર; સ.વે; સતત
તેને વિપત્તિ વિષે મેં **શશ્વત્** સંપત્તિનું મુખ બીજુ ૧૯૫૨

શસ્રા જુઓ શસ્સો.

શસ્સો પું. શકાર.

શાકુલ ૧. [સં.] પું. એક જાતનો પક્ષો; જલેબી.

૨. પું. એક ઝાડ.

૩. પું. કાનનું છિદ્ર.

૪. પું. માછલાની એક જાત.

શાકુલી ૧. [સં.] સ્ત્રી. કાનની નળીનું મુખ કાનની નળીનું દ્વાર; કાનનું બાકું.

૨. સ્ત્રી. જલેબી.

૩. સ્ત્રી. માછલી.

શાક્ટીદ્વી સ્ત્રી. ચાર વર્ષની ઉમરની ગાય. આવી ગાયને જો દક્ષિણા તરીકે આપવામાં આવે તો યજમાનની સર્વ મનોકામના પૂર્ણ થાય એમ માનવામાં આવતું

શાખી [સં] સ્ત્રી. છઠ; માસની સુદ તથા વદ પક્ષની છઠ્ઠી તિથિ. શ્રાવણ માસની વદમાં આવતી છઠને રાંધણ છઠ કહે છે.

શાદ્વ ૧. [સં] ન. એક જાતનું ઘાસ; નાનું કુમળું ઘાસ; સુવાળું ઘાસ; લીલી ઘો.

૨. ન. વાળ; મોવાળો; રોમ; શરીર; તુચ્છ કિંમતી વાળ; રૂંવાડું.

શાસ્ત ૧ [સં.] ન કલ્યાણ.

૨. ન ઝાડ.

૩. ન. દેહ; શરીર

૪ ન. ધનુષનો હાથો

૫ વિ. ઉત્તમ

૬ વિ. વખાણવા લાયક; સ્તુતિ કરવા લાયક.

શાસ્ત્ર ૧. [સ. શસ્ (મારી નાખવું)] ન એક જાતનું મારવાનું હથિયાર; આયુધ; હાથથી વાપરવાનું હથિયાર. તેની ૩૬ જાત છે. તેમાં મુખ્યત્વે ચક્ર, ધનુ, વજ્ર, ભાલ્લ, ક્ષુરિકા, તોમર, કુન્ત, ત્રિશૂલ, શક્તિ, પરશુ, મહિષ્કા, ગદા, ભિંદિપાલ, મુષ્ટિ, છુરી, શંકુ, પાશ, પટ્ટિશ, યષ્ટિ, કમ્બુક, કપ્પન, હલ, મૂશલ, ગુલીકા, કર્તરી, કરપત્ર, તરવાર, કૃપાણ, કુરહોટ, ગોફણી, ડાહ, કમ્બૂસ, મુદ્ગર, ગદાયુદ્ધ અને કરવાલિકા. તે ઉપરાંત બુદ્ધ માલીબા, બૂતી ગુજરાત, લાકુવાડ, પટણી, કર્ણાટકી, કલુબી, નાગન, એલમાનપટની, મગરબી, બકર તકીબા, તૈગ (પટણી), પટા, કમીઝરો, તોરાબાટ, છરો, સ્પ્રવાસ બની કત્તી (ચીપીબાવાળી), પરશુ (તબ્બલ), સિપકલ, ભાલ, કડાબીન, પેમકબજ, ધોક, અંકુર, બોબાટી, બનેટી, મોહ્યુ, પીટા, લાબી બરછી, દાસ્તાન, ચક્ર, ટોપ, બખતર, કબજા, હાથીબોનાં, બ્લેડતરવાર, બ્લેડબૈબો, ગુપ્તી, વાસલવાડ, બામનગરી ખંડક, બારિયું, કાંગ, બાગ, સુતરનાયા, બજુરા વગેરે.
શસ્ત્રથી પણ કઠિન શસ્ત્રના કારી બાબ તે.
તેથી અધિકારી દ્રઢ કામમાં સબથી હોય.
બાબીબોધ

૧. શસ્ત્ર ધરવું-બાંધવું કરવું-સજવું = હથિયાર બાંધી તૈયાર થવું.

૨. શસ્ત્ર સજવું = હથિયારને બાર કઢાવવી; પાણી ચઢાવવું.

૨. ન. કાપવાનું હથિયાર; વાઢકાપ માટેનું હથિયાર

૩. ન. બાણ

૪. ન. જબરજસ્ત ચોટ.

૫. ન. રાજ; વતરણું

૬. ન. (સંગીત) ગાવવનું એક તાન; ષડજ ગ્રામમાં નિષાદ ઉમેરવાથી ઉત્પન્ન થતું એક તાન

૭ ન સ્તોત્ર; સ્તુતિ; પ્રશંસા.

શાસ્ત્રક ન. ચોટ; ચોક.

શાસ્ત્રકર્મ ન. શસ્ત્રક્રિયા; ' ઑપરેશન '.

શાસ્ત્રકાર વિ હથિયાર બનાવનાર.

શાસ્ત્રક્રિયા [સં.] સ્ત્રી. શસ્ત્રોપચાર; દરદને દૂર કરવા શસ્ત્રવૈદને હાથે થતી કાપકૂપ કરવાની ક્રિયા; વાઢકાપ કરવાની ક્રિયા; શસ્ત્ર ચલાવવું પડવું તે; કાપવા હથિયાર વાપરવું તે; ' ઑપરેશન '. પ્રાચીન કાળમાં ભિંદમાં શસ્ત્રક્રિયામાં આઠ પ્રકારનાં શસ્ત્ર વપરાતાં: છેદ્ય, ભેદ્ય, લેખ્ય (શરીરના કોઈ પણ ભાગમાંથી પાણી કાઢવા), એષ્ય (નાડીમાં વસ્તુ તપાસવા), આહ્યે (શલ્ય અથવા પથરીને કાઢવા), વિસ્રાવ્ય (કૃમિરનો સ્રાવ કરાવવા), સીવ્ય (સીવવાનું), વૈધ્ય (નળિયાના ટીકામાં ફૂટવા).

શાસ્ત્રઘર ન. (શિલ્પ) હથિયારો મૂકવાના અથવા બનાવવાનાં ઘર
શસ્ત્રાગારો, યંત્રાગારો અને મંત્રાગારો બંધાવ્યાં.
રાજ્યવ્યવહાર

શાસ્ત્રચિકિત્સક ૧ પું. આયુર્વેદના બે પ્રસિદ્ધ સંપ્રદાયો માંહેનો એક
આયુર્વેદના બે પ્રસિદ્ધ સંપ્રદાયો છે. એક કાર્ય ચિકિત્સકોનો આત્રેય સંપ્રદાય અને બીજો શસ્ત્રચિકિત્સકોનો ધન્વંતરી સંપ્રદાય.
સુ. કા. પરિષદ

૨. [સ] પું. ઓજારો વાપરવાની કળા જાણનાર; શસ્ત્રવૈદ્ય, શલ્યતંત્રજ્ઞ.

શાસ્ત્રચિકિત્સા [સં.] સ્ત્રી ઓજારો વાપરવાની કળા; શલ્યતંત્ર, ' સર્જરી '.

શાસ્ત્રજીવી ૧ [સં.] પું શસ્ત્ર ઉપર આજીવિકા ચલાવનાર યોદ્ધો.

૨. વિ. શસ્ત્ર ઉપર આજીવિકા ચલાવનાર

શાસ્ત્રદાત્રી [સં.] વિ સ્ત્રી શસ્ત્ર આપનારી

શાસ્ત્રદીક્ષા [સં. શસ્ત્ર + દીક્ષા] સ્ત્રી. શસ્ત્ર સંબંધી નિયમોનો વ્યવહારિક દરમિયાન કરવો પડતો સ્વીકાર.

શાસ્ત્રધારી ૧. [સં.] પું. શસ્ત્ર ધારણ કરનાર યોદ્ધો; લડવૈયો

૨. વિ. શસ્ત્ર ધારણ કરનાર.

૩. વિ. હથિયારવાળું; હથિયાર ધારણ કરેલું; સજ્જ થયેલું.

શાસ્ત્રન્યાય પું. (ન્યાય) સામા માણસને મારીને અથવા મારની બીક બતાવીને પોતાનું ધારેલું સાધિત કરવું તે.

શાસ્ત્રપાણિ ૧. વિ. ગમે તેવું હિંમતનું કામ કરતાં અચકાય નહિ તેવું.

૨. [સં. શસ્ત્ર + પાણિ (હાથ)] વિ. શસ્ત્ર જેના હાથમાં છે તેવું.

શાસ્ત્રપ્રયોગ [સં] પું. અવયવ છેદન; કાપકૂપ; વાઢકાપ; શસ્ત્રક્રિયા; ' ઑપરેશન '.

શાસ્ત્રબદ્ધ [સ.] વિ. હથિયારવાળું; હથિયારથી સજ્જ થયેલ.

શાસ્ત્રબંધી સ્ત્રી. હથિયારબંધી; હથિયાર ન વાપરવાં તે.

શાસ્ત્રભૃત [સં.] વિ. શસ્ત્ર સજ્જ; શસ્ત્ર ધારણ કરનાર.

શાસ્ત્રયુદ્ધ [સં] ન. શસ્ત્રથી યુદ્ધ કરવું તે; શસ્ત્રથી થતી લડાઈ; શસ્ત્રથી થતું હિંસક યુદ્ધ.

શાસ્ત્રયુદ્ધનિષેધક [સં.] વિ શસ્ત્રથી યુદ્ધ કરવાનો પ્રતિકાર કરનાર; ' વોર-રેઝિસ્ટર '.

રાસ્ત્રવિદ્યા ૧ [સ] સ્ત્રી લડાઈમાં હથિયાર કેમ વાપરવા તે સબંધી પદ્ધતિસરનું જ્ઞાન કે સમજ; શસ્ત્ર વાપરવાની વિદ્યા; હથિયારના ઉપયોગને લગતી વિદ્યા, ધનુર્વેદ

૨ સ્ત્રી શરીરની વાઢકાપ કરવાની વિદ્યા. સુશ્રુત (ઈ.સ. ૧૦૦) ના સમય પહેલાં આ શસ્ત્રવિદ્યા સારી સ્થિતિએ પહોંચી હતી. મૃત અને જીવંત પ્રાણીઓને ચીરીને તેમની અંદરની રચના, જોવાનો તેમ જ, જીવંત પ્રાણીઓ ઉપર શસ્ત્રક્રિયા કરવામાં તે સમય ખાસ નવીનતા ગણાતી નહિ. હિંદુ શસ્ત્રવિદ્યામાં ૧૨૭ જાતનાં શસ્ત્રોનું વર્ણન છે અને તેનો ઉપયોગ કરવાને માટે વિદ્યાર્થીઓને ભોંય, દૂબળી, કાકડી વગેરેના પૂતળાં ઉપર આવતા

રાસ્ત્રવિધિ ૧. [સ] પું. પાણીમાં રહેનાર જીવોને મારવાની રીત

૨. પું. શસ્ત્રવૈદ્ય.

રાસ્ત્રવૈદું ન. ચામડી, માંસ અને હાડ ઉપરના રોગ શસ્ત્રથી કાપીને મટાડવાની રીત. વાઢકાપની વિદ્યા; ડાતરી, છેદી તથા વઢેરીને રોગ કે બગાડ કાઢવો તે; શસ્ત્રથી રોગ કાઢવાનું કામ કે ઉપચાર

રાસ્ત્રવૈદ્ય [સં.] પું. (વૈદ્યક) વાઢકાપ કરી તથા બહારના ઉપચાર કરી રોગ મટાડનાર શલ્યવૈદ્ય; શલ્યતંત્રજ્ઞ; વાઢકાપ કરનાર વૈદ્ય; શસ્ત્રચિકિત્સક; વાઢકુટિયો વૈદ્ય; 'સર્જન'. ધન્વંતરી, સુશ્રુત અને બીજા ગ્રંથકારો ઔષધિ–વૈદ્ય હોવા કરતાં શસ્ત્રવૈદ્ય હતા. હિંદુ શસ્ત્ર વૈદ્યો રીણી પણ કાઢતા હતા.

પુરાણમાં ચૌદમા અને સત્તરમા સૈકા સુધી આ કુશળ હાથોનો હાથમાં હતો. તેના કરતા પ્રાચીન હિંદુ શસ્ત્રવૈદ્યો, પોતાની વિદ્યામાં સારી પ્રગતિ કરી રાખ્યા હતા એ નિઃશંક છે.

વિજ્ઞાન વિચાર

રાસ્ત્રવૈદ્યક જુઓ શસ્ત્રવૈદું.

રાસ્ત્રસંધાન ન. (શિલ્પ) શિલ્પ સંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

રાસ્ત્રસંન્યાસ [સં] પું. હથિયારોનો સંન્યાસ; હથિયાર સંબંધી લાગણી; શસ્ત્રનો ત્યાગ.

રાસ્ત્રસેવી [સં.] વિ. શસ્ત્રથી સજ્જ રહેનાર.

રાસ્ત્રાગાર [સં.] ન. શસ્ત્રો રાખવાની જગ્યા; હથિયાર રાખવાનું ઘર; હથિયારોનો ભંડાર, શસ્ત્રો રાખવાનું મકાન

રાસ્ત્રાભ્યાસ [સ.] પું. શસ્ત્ર સબંધી અભ્યાસ.

રાસ્ત્રાસ્ત્ર ન. બ.વ. શસ્ત્ર અને અસ્ત્ર; મારવાનાં તેમ જ ફેંકવાનાં હથિયાર

રાસ્ત્રાસ્ત્રનૃહ સ.] ન હથિયારો રાખવાનો ઓરડો

રાસ્ત્રાસ્ત્રવિદ્યા [સ] સ્ત્રી શસ્ત્ર અને અસ્ત્ર સબંધી વિદ્યા

રાસ્ત્રી [સં. શસ્ત્ર + ઇન્ (વાળું)] સ્ત્રી. છરી; નાનું શસ્ત્ર; જમૈયો

રાસ્ત્રોપચાર [સ. શસ્ત્ર + ઉપચાર] પું શસ્ત્રનો ઉપયોગ; શસ્ત્ર વડે શરીરમાનું કંઈ સુધારવું તે; 'ઓપરેશન'

રાસ્ત્રોપજીવી [સ.] વિ. લડાઈ કરી જીવનાર; સૈનિક; લશ્કરી કળા અથવા સૈનિકનો ધંધો કરનાર; સૈનિક કળામાં નિપુણતા ધરાવનાર; આયુધજીવી

રાસ્ય ૧. [સ.] ન. ખેતરમાં [illegible]

૨. ન. ધાન્ય; અનાજ

૩ ન. લીલોચારો; ઘાસ; તૃણ; કરસણ; મોલ.

૪. ન ભક્ષનું દ્રવ્ય

રાસ્યદાત્રી [સ.] વિ. સ્ત્રી. પાક આપનારી.

વસુધા ઉપર શસ્યદાત્રી કૃષિકાર પાલખી રહે છે
ક્ષિતિમોહન સેન

રાસ્યશ્યામલ [સ શસ્ય (ધાન્ય) + શ્યામલ (લીલું)] વિ ખેતરોમાં; ખેતરમાં ઊગેલા ધાન્યને લીધે લીલું દેખાતું

રાસ્યસંવર સ્ત્રી.. જંગલ નામની વનસ્પતિ.

રાહ ૧ [ફા. શાહ (બાદશાહ; રાજા) નું ટૂંક રૂપ] સ્ત્રી. અમીરાત; બાનદાની; રાજા બાદશાહી.

કૃપા કરવું કૃપા વાદું કૃપામાં રાહ કમાઈ છે.
મણિલાલ નભુભાઈ

૨. સ્ત્રી. છાપ; ધાક; સામર્થ્ય, દબદબો

૩. સ્ત્રી. તક જોવી તે.

૪ સ્ત્રી. શેતરંજની રમતમા રાજાના મોરાં ઉપર બીજાં મોરાંનો પહેલો દાવ.

૫. સ્ત્રી. ગેહ; તરંગ

રાહચાલ [હિં.] સ્ત્રી શેતરંજની રમતમાં ફક્ત રાજા એક જ ચાલી શકે એમ હોય ત્યારે વપરાતો શબ્દ

રાહતૂત [ફા] પું. સેહરા; રોતુર. આ ઝાડ આખા હિંદમાં ઊગે છે. છતાં દક્ષિણ હિંદ, પંજાબ વગેરેમાં તેનો ખાસ પાક લેવામાં આવે છે. તેનાં ફળ અને છાલ મૃદુ વિરેચક છે. તાવ અને ચોળિયામા તે ખાસ અપાય છે. તેનાં પાન રેશમના કીડા ઉછેરવામાં બહુ ઉપયોગી છે.

રાહદ [ફા.] પું. મધ. જે મધ ગાયના બીજા જેવું રુચિકારક અને સુગંધિ હોય તે જ સારું હોય છે. કુતરા મધ ખાતા નથી સાચા મધમા વાટ મૂકી સળગાવવાથી વાટ બળે છે ચોકખું મધ કાગળ ઉપર રાખવાથી કાગળ ભીનો થતો નથી

રાહદ કી મક્ખી = મધમાખ

રાહદર ૧. [ફા.] પું રાહેર; ગામ મહાત્મા ગાંધીજી લખે છે કે, કપાસની કેટલીક ક્રિયાઓ ગામોમા તેમ જ રાહેરોમાં થઈ રહે આમ થતાં રાહદર–ગામનો સંબંધ નૈતિક અને શુદ્ધ થાય, તેની વૃદ્ધિ થાય અને આજનાં અવ્યવસ્થા., ભય, શકા, દ્વેષ નિર્મૂળ થાય અથવા ઓછાં પડે ગામડાઓનો પુનરુદ્ધાર થાય આ કલ્પનાનો અમલ કરતાં જૂજ દ્રવ્યની જરૂર રહે છે. તે સહેજે સાધી શકાય છે પરદેશી બુદ્ધિ કે પરદેશી યંત્રોની જરૂર નથી રહેતી દેશની પણ અર્વાચીન બુદ્ધિની જરૂર નથી પડતી. એક છેડે અજ્ઞાનમરો અને બીજે છેડે તવંગરી ચાલી રહ્યા છે તે મટી જનતા મેળ સધાય

રાહદર વસાવવું = નવું ગામ વસાવવું

૨ [અ.] સ. ક્રિ. (ધા.નુ) તેણે જાહેર કર્યું. આ ધાતુ ઉપરથી નીચેના શબ્દો: મશહૂર શુહરત વગેરે

રાહરી જુઓ શહેરી.

રાહાદત ૧. પું. આત્મભોગ; ધર્મયુદ્ધમાં પ્રાણ સમર્પણ કરવા તે; શહીદ થવું તે; શહીદી.

અ. રાહાદતથી મુસલમાન બારોનો બારમના રાતભરથી બારમા સુધી છ દિવસ બહુ દિલગીરીમા ગાળે છે.
ગાયનમાળા

૨. પું કબૂલાત.

૩ પું. ફાયદો.

૪. [અ. શહદ (તેણે સાક્ષી આપી)] પું. પુરાવો; સાબિતી; સાહેદી; સાક્ષી; પ્રમાણ; જવાબી.

એક માત્ર બાતમી કાગળ ઉપર છપાયલી બીજા રાહાદત તરીકે આપણી મદદે આવી છે.
ગુ. સા. પરિષદ

૧. રાહાદત આપવી = સાક્ષી આપવી

૨. રાહાદત લેવી = સાક્ષી લેવી

૫. પું. મરણિયાપણું

૬. પું. મહોરમનો દસમો દિવસ

રાહાદતની રાત કતલની રાત કહેવાય છે
હાર્ડિસ

૧. રોજે રાહાદત = મહોરમની દસમી તારીખ; ઇમામ હુસેનના દેહત્યાગનો દિવસ

૨ રાહાદતની રાત = કતલની રાત

રાહાદતી જુઓ રાહાદત

રાહાણી ૧ સ [illegible] સ્ત્રી એ નામનું એક ફૂલઝાડ

શહીદ ૧ [અ. પુ ધર્મયુદ્ધના પ્રાણ આપનાર માણસ જે કોઈ માણસ કોઈ ધાર્મિક કામ માટે ઉપાડે અને તે પાર પાડવાની કોશિશમાં મરણ તરફ તેને પગલાં ભરતાં કરું છે

શહીદ થવું ધર્મને કારણ મરણ વહોરવું

૨ વિ શહાદત કરનાર, મરનિયા, આત્મબલિ આપનાર, ધર્મવીર, ગાજી; ધર્મ માટે આત્મબલિદાન આપનાર; ધર્મયુદ્ધમાં પ્રાણ આપનાર

શહીદી [અ.] સ્ત્રી. શહીદનું.

શહીન ન પખાની એક જાત; કિસ્તારી પખી

શહૂર ૧ ન. આબરૂ; લાજ

શહૂર વિના મરદ્દર બનાતું નથી. કુમાર

૨. ન. તાકાત; શૌર્ય

૩ ન. તજ

એના બધા કામોમાં અને એની વાતોમાં શહૂર ભર્યું છે. મગનલાલ ગાંધી

૪. ન. પરાક્રમ

શહેનશાહ ૧. પું. અકબરના સમયનો ચલણી સોનાનો સિક્કો; એનો આકાર ગોળ હતો તેનું વજન ૧૦૧ તોલા, ૬ માસા અને ૧૭ રતી હતું તેમાં એક તરફ બાદશાહનું નામ અને કિનારી ફરતી પાંચ કમાનમાં (૧) અબ્દુલ્લતાન,સુલ્તાન (૨) આબ્બા અજમ આકાન (મહાન શહેનશાહ) (૩) અદલમોઅજમ (૪) ખુદે અલ્લાહ તઆલા (૫) મુકરુર સુલ્તાન (૬) ઝર્બુદાર્ ખિલાફતે આમ્રા (અલ્લા તેનું રાજ્ય અને અમલ અમર રાખે રાજધાનીના શહેર આમ્રામાં) બીજી બાજુએ લા ઇલ્લાહ, ઇલ્લલ્લાહ, મુહમ્મદ રસુલુલ્લાહનો કલમો અને કુરાનનું નીચેનું વાક્ય છાપેલું છે: અલ્લાહ મરજકુ મનયશ્રિ પેરી હિસાબી (અલ્લા ચાહે તેના ઉપર બે હિસાબ મહેર કરવાને સમર્થ છે) બીજી બાજુની એ કિનારી ફરતા અબુલફ, ઉમર, ઉસ્માન અને અલી એ ચાર ખલીફાનાં નામ કોતરેલાં છે. આગળ જતાં શાહજહાંએ બંને તરફના લેખ રદ કરાવી અલ્લાહ અને શહેનશાહની તારીફમાં પોતે રચેલ એનો એ સિક્કાની બંને બાજુએ કોતરાવ્યાં હતા. એ જ આકાર અને છાપનો બીજો એક સિક્કો પાડવામાં આવ્યો હતો. માત્ર તેનું વજન ઓછું એટલે ૬૧ તોલા અને ૮ માસા હતું. તેની કીમત ૧૧ માસાની એકસો મહોર જેટલું હતું.

૨. [ફા. શાહે શાહાનાં; શાહ (રાજા) + એ (નો) + શાહાન (રાજાઓ) આ શબ્દ ઇઝાફી ઇઝાફત એટલે છઠ્ઠી વિભક્તિના પ્રયોગથી ઉત્પન્ન થયો છે] પું. બાદશાહ; મોટો રાજા; સમ્રાટ; ચક્રવર્તી રાજા; રાજાઓનો રાજા.

શહેનશાહપ્રિય [ફા.] સ્ત્રી. શહેનશાહપ્રાત; સામ્રાજ્ઞી; શહેનશાહની બેગમ

શહેનશાહત ૧. [ફા.] સ્ત્રી. બાદશાહી.

૨. સ્ત્રી. સામ્રાજ્ય.

શહેનશાહપ્રાનૂ જુઓ શહેનશાહપ્રિય.

શહેનશાહવાદ પું. રાજાશાહી

શહેનશાહી ૧. સ્ત્રી. મોટું રાજ્ય.

૨. સ્ત્રી. શહેનશાહત.

૩. વિ શહેનશાહને લગતું; શહેનશાહના અમલનું; બાદશાહનું; શહેનશાહ સંબંધી; રાજાનું; સરકારી; શાહી; મહારાજાધિરાજનું; શહેનશાહનું.

શહેંશાહ જી માન ગેતરજની રમતમાં સામા ખેલાડીનું કોઈ રમકડું ન હાલી શકે તેમ કરવું તે

શહેર ૧. [ફા. શહ્ર] ન. નગર; બજારોવાળું મોટું ગામ; પુરી; નગરી.

૨. ન. રમ્યાન

શહેરજાકાત સ્ત્રી. કસ્તુરી જકાત; દસ્તૂરી; ડ્યુટી; ઓક્ટ્રોઈ'

શહેરદસ્તૂરી જુઓ શહેરજકાત.

શહેરપનાહ પું. કોટ; કિલ્લો.

શહેરસુધરાઈ સ્ત્રી. શહેરનાં આરોગ્ય અને સ્વચ્છતાની તપાસ રાખનાર જાહેર સત્તા; શહેર સુધરાઈનું ખાતું; નગરપાલિકા; પૌરપાલિકા; નગરસ્વચ્છતાપાલક સભા; શહેર સ્વચ્છતા ખાતું; નગરવ્યવસ્થા મંડળ; સુધરાઈ સમિતિ, ' મ્યુનિસિપાલિટી '. તેમાં ચૂંટાતા સભ્યો પ્રજા તરફથી ચૂંટાય છે અને તેની સંખ્યા પ્રાંતિક સરકાર નક્કી કરે છે. તેની ચૂંટણી દર ત્રણ વર્ષે થાય છે

શહેરી ૧. પું. નાગરિક; ' સિટિઝન '.

૨. પું. શહેરમાં વસનાર.

૩. વિ [ફા. શહ્રી (નાગરિક)] વિ. શહેરનું, શહેર સંબંધી

શહેરી લોબાન પું. લોબાનની ચાર ભાતોની એક જાત. તે સીદી લોકો વાપરે છે

શહેરેયર ૧ પુ. (જરથોસ્તી) અહુર–મજદાની એક શક્તિ; ધાતુઓના અધિષ્ઠાતા પારસી ફિરસ્તા

૨. પું. પારસીના બાર માસોનો છઠ્ઠો મહિનો; ફરવરદીનથી છઠ્ઠો માસ.

શહેવત સ્ત્રી. વિષયસુખની ઇચ્છા; હવસ.

શહોરાશહોર પું. શોરબકોર.

અમુક એવા ગામજ આણુ સંદાનો શહોરમશહોર. પ્રેમાનંદ

શળ ૧. [સં. શલાકા] પું આઘાત; સોટી, તમાચા વગેરેનો ચામડી પર ઊઠેલો આકો, સોળ; સોટી વગેરેનો સોળે

૨. પું. કપડા કે કપડા ઉપર પડેલો આકો, સળ; કરચલિયો; ગડી; વળ.

૧. શળ ઉઠ્યો = ચામડી ઉપર ભરોળ પાડવી.

૨. શળ ઊઠ્યો = ચામડી ઉપર ભરોળ ચડવી, ઊઠવી કે થવી; સોળનું નિશાન ચામડી ઉપર પડવું કે થવું

૩. શળ પાડવો = (૧) કાગળ કે કપડામાં આકો પાડવો (૨) વાળીને સળ કે ગડીનો આકો કરવો.

૩. પું શિલા.

શળાક [સં શલાકા] સ્ત્રી સળી.

શળંગ વિ કઠોળને પલાળી રાખી બીજે દિવસે ફણગા ફૂટ્યા પછી રંધાય તેવું તેવી દાળને શળગ દાળ કહેવામાં આવે છે

શાણી ૧. સ્ત્રી. અણીની ધાર કાઢવાનો પથ્થર; કાતરમની પથરી

૨. સ્ત્રી. ઉત્તેજન; પ્રેરણા

૩. સ્ત્રી ઉશ્કેરણી; શીખવણી

૪. [સં. શલાકા] સ્ત્રી. વાંસ કે વાંસ વગેરેની પાતળી લાંબી ચીપ આડી; શલાકા; ચીપ; સળેખડી; સળી

સળી મેલવી = કેચેટર નાખવી; સળી મેલી પેરાણ કરાવવો

૫. સ્ત્રી. જામગરી; ઓરણું; વાંદવું

૬. સ્ત્રી. તુચ્છ ચીજ; તણ.

૭ સ્ત્રી. પાવલાનો સંકેત; પાણુ; પા રૂપિયાનો વેપારી સંકેત.

શં [સં] ન. કલ્યાણ.

પ્રેમ અનામય અદ્ભ ભય, શિવ શં શુભ કલ્યાણ, ક્યાં વિચરસ પતિ કુશળ છે પૂછે કુંવરી સુનયન. વિઠ્ઠલદાસ કોઠારી

શંક ૧. [સ] સ ક્રિ. (ધાતુ) અવિશ્વાસ લાવવો.

૨. સ ક્રિ. ધારવું; માનવું; અટકળ કરવી; કલ્પના કરવી; અડસટ્ટો કરવો; અંદાજ કરવો.

૩. સ. ક્રિ. બીવું.

૪. સ. ક્રિ શક્તિ થવું; શંકા લાવવી; શક લાવવો તે ઉપરથી થતા શબ્દોઃ આશંકા, શકાશીલ; શંકા; શક્તિ

શંક સ્ત્રી શંકા; વહેમ; અંદેશો.

શંકનીય ૧ [સં. શક્ (શંકા થવી)] વિ બીકરૂ

૨ વિ. શક કરવા કે રાખવા જેવું, શક ભરેલું; ભ્રાંતિકર; સંદેહવાળું; શંકાવાળું; શકમંદ.

શંકર ૧. પુ (પુરાણ) અત્રિવાર માહેના ધનિર નામના રુદ્રનું વેદમાં વપરાયેલું બીજું નામ

૨. પું એ નામના એક અમર આદિત્ય સ્વામી.

૩. [સ.] પું (જૈન) એ નામના એક જૈન તીર્થંકર.

અર્હત દેવનાં હજારો નામો છે, જેમાં શંકર, શિવ, મહાદેવ, વિશ્વનાથ × × × × વીતરાગ આદિ નામો ગુણનિષ્પન્ન છે.

શ્રી વિજયધર્મસૂરિ

૪. પુ. (પિંગળ) એ નામનો અતિકૃતિની જાતનો એક અક્ષરમેળ છંદ. તેને શશુ પણ કહે છે. તેના દરેક ચરણમાં મગણ, તગણ, યગણ, ભગણ, બે ગગણ અને ગુરુ એમ અનુક્રમે સત્તર અક્ષર હોય છે

૫. પું (શિલ્પ) દશ માંહેનો એક જાતનો કૂવો

તેર હાથ પહોળા કૂવાને શંકર કૂવો કહે છે.

રા.વ.અભ્યાસ

૬. પું. (ચારણી) નાગ પિંગળ માંહેનો એ નામનો એક માત્રામેળ છંદ

૭. પું. બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખનાર એ નામનો એક આચાર્ય.

૮. [સ. શં (કલ્યાણ) + કર (કરનાર)] પું બ્રહ્મદેવ; શિવ; શંભુ; સારું કલ્યાણ કરનાર દેવ; ગિરીશ, ભોળાનાથ, પાર્વતીપતિ; કલ્યાણ કરનારા દેવ. તે ભસ્મભક્તિ વિચારસ્મરત મુખવાળા; ચાર હાથ, ત્રણ નેત્ર, કપાળમાં ચંદ્ર, જટામા ગંગા, ગળામાં વિષ અને સર્પોનાં આભૂષણ ધારણ કરેલાં છે તેને વ્યાઘ્રચર્મનું આસન ને નંદી એટલે પોઠીઓ વાહન છે. તેનું સ્વરૂપ યોગીનું છે તેનાં બાર જ્યોતિર્લિંગ છે. તેના લિંગની પૂજા થાય છે. તેમના ૧૦૦૮ જુદાં જુદાં નામ છે. તેને પૂજનારા શૈવમાર્ગી કહેવાય છે. દક્ષિણ હિંદમા લિંગાયત નામના પંથનો ફાટો છે. તેઓ માને છે કે મહાદેવનું કૈલાસ પર્વત ઉપર રહેઠાણ છે. પાર્વતી તેમનાં પત્ની છે. ગણેશ અને સ્કંદ-કાર્તિકેય પુત્ર છે. વળી તે ભૂત અને ગણોના અધિપતિ, ઉત્પત્તિ, રક્ષણ અને સંહાર કરનારા છે. માહ વદી ૧૪ ને દિવસે તેનો મોટો ઉત્સવ ઊજવાય છે. તેમની પૂજામાં બિલ્વ પત્ર ને વિજ્યા મુખ્ય છે કેટલાક વિદ્વાનો શંકરને જ કારણોના કારણરૂપ, સર્વદા મંગળરૂપ, મોટા દેવ, પ્રલય ને ઉત્પત્તિ રહિત, આત્મારામ, દેવતાઓના સ્વામી, ત્રણ ગુણવાળા, દુઃખને હરનાર, સંસારથી તારનાર, અવિનાશી અને સૃષ્ટિની સ્થિતિ તથા પ્રલયના કરનાર કહે છે તે ધન, પુત્ર અને સંતાનના દેવતા છે. શંકરનો ભક્ત કદી પુત્ર વિનાનો કે નિર્ધન હોતો નથી. આયુર્વેદ, યોગ, વિમાનશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સ્થાપત્યશાસ્ત્ર, મંત્રતંત્રશાસ્ત્ર, ધાતુવાદ વગેરેના અધિષ્ઠાતા દેવતા શંકર છે ચારે વેદોમા શંકરની જ સ્તુતિ કરી છે

ગંગાધર હર ગુણધર, શશિધર શંકર નામ;
રાવ સંભુ શિવ ભીમ અજ ચાર્યે કામરિપુ નામ.

પિંગળપ્રકાશ

૯. પુ. શંકરાચાર્ય

૧૦ પું. (સંગીત) હનુમત મત પ્રમાણે શ્રી રાગના આઠ પુત્રોનો એક પુત્ર રાગ. આ રાગ પ્રસિદ્ધ નથી

૧૧. સ્ત્રી. છપ્પન માહેની એક પાર્થિવતત્ત્વ દેવતા.

૧૨ સ્ત્રી આસો માહેની એક નેઋત્તત્ત્વ દેવતા.

૧૩. ન. (શિલ્પ) એ નામે એક જાતનું ઘર, પડદારુ ન હોય તેવું ઘર.

જે ઘરને પડદારુ ન હોય તે શંકર નામે કહેવાય.

રા.વ.અભ્યાસ

૧૪. વિ અગિયાર સંખ્યાનું સાંકેતિક સંજ્ઞા. કારણ કે, રુદ્ર ૧૧ છે

૧૫. વિ સુખ આપનાર.

શંકરચાહર પું. (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ. તે ઉપમાત્ત વર્ગનો છે. તેમાં ૨૫ માત્રા હોય છે

શંકરચાચર પુ. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમા ૨૬ માત્રા અને ગુરુ લઘુ હોય છે અને ૧૬ અને ૧૦ માત્રાએ યતિ અને ૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦ અને ૨૪ માત્રાએ તાલ આવે છે.

શંકરજટા સ્ત્રી. એ નામે એક જાતનું વૃક્ષ. તે ૩૦થી ૪૦ ફૂટ ઊંચા વધે છે. તેનાં પાન લાંબા પહોળાં દ્વિદલ હોય છે. તેના ત્રિભાગો વાળું કરી ત્રિકોણાકાર અને કોર ઉપર દાંતાવાળા હોય છે. ફૂલની પોટીઓ દોઢ ફૂટ લાંબી હોય છે પણ તેમાથી ફૂલ ધારણ કરનારી લટાઓ કે જટાઓ ૮ થી ૧૨ ફૂટ લાંબી હોય છે તેમાં ત્રણ નરફૂલ લાંબા ને વચમાં એક માદા ફૂલ જરા નાનું હોય છે. ફળ ગોળાકૃતિ હોય છે આશરે એક ઇંચ લાંબા બે બીજવાળાં હોય છે

શંકરજયંતી [સં. શંકર (શંકરાચાર્ય) + જયંતી (જન્મ દિવસ)] સ્ત્રી. શંકરાચાર્યનો જન્મ દિવસ; વૈશાખ સુદ ૫

શંકરદર્શન [સં.] ન. ઊભણ્યા કે ઊઠણ્યા વખતે શંકરના દર્શન કરવા એટલે શંકરને પગે લાગ્યા જવું તે.

શંકરદિગ્વિજય [સં.] પું શંકરે કરેલ દશે દિશાઓમાં વિજય સંપાદનું એ નામનું એક શાસ્ત્ર. તે મધ્વાચાર્યે લખેલું છે.

શંકરદેવ પુ એ નામન. એક ધર્મ સ્થાપક. આસામના શંકરદેવનો મહાપુરુષિયા પંથ બહુ ઉદાર છે. તેનું કારણ એ છે કે, શંકરદેવ પોતે કાયસ્થ હતો તેની સામાજિક દૃષ્ટિ બહુ ઉદાર હતી તેના શિષ્યોમાં કેટલીક જંગલી જાતો અને મુસલમાનો પણ હતા.. દેવદેવીની પૂજા, મંદિરોમા જવું, પ્રસાદ ખાવો વગેરે તેના મત મુજબ મિથ્યાચાર ગણાય છે આ પંથમા શૂદ્ર ગુરુઓના બ્રાહ્મણ શિષ્યો પણ જોવામાં આવે છે

શંકરભૂષણ [સં. શંકર + ભૂષણ (શોભા)] ન શંકરનું ભૂષણ ગણા (સર્પ, ચંદ્ર ને ગંગોડી; ભસ્મ

આરોગ્ય એ આરોગ્ય માટે **શંકરભૂષણ** થયા.

હરગોવિંદદાસ કાંટાવાળા

શંકરમત પુ. (સંગીત) સંગીતના ચાર માહેનો એક મત. આ મતની બારી નોબારી જાની કહેવાય છે. એ મત પ્રમાણે ગાવાની પદ્ધતિ બનાવી રાખી તેમા સુધારો વધારો કરનાર ન . પરંતુ દિલ્હીના પ્રખ્યાત બીનકાર નોબતખાં ન ન ક . તેમા ...કરેલ બાદલખાના અમલમાં હતા એમ કહેવાય છે

શંકરવીર [સ. શંકર (૧૧) + વીર (૫૨)] .. ૧૧૫૨ સંખ્યા સાંકેતિક શબ્દ.

શંકરશેક પું. એ નામની શેક કરવાની ક્રિયા

શંકરસાયુજ્યા સ્ત્રી એક પ્રકારની મુક્તિ.

તે જ પ્રમાણે બ્રહ્મસાયુજ્યા, મુકુન્દસાયુજ્ય, **શંકરસાયુજ્યા**ના ભેદો છે. સૂતસંહિતા

શંકરસુત [સં] પું. ગણપતિ; ગણેશ.

શંકરા ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે નિષાદવંશ ચાટમાંથી ઉત્પન્ન થાય છે. તે દિવસના બીજા પ્રહરે અથવા રાત્રિના ત્રીજા પહોરમાં ગવાય છે.

૨. પું. (સંગીત) પાડવ જાતિ એક રાગ. તેના આ રિ ગ પ ધ નિ સ્વરો છે. ગ વર્જ્ય છે. આ રાગનો મહત્સ્વર સા વાદીસ્વર સા, સંવાદીસ્વર પ અને ન્યાસસ્વર સા છે. ગ.વ.નો સમય રાત્રે બીજા પહોર પછીનો છે. શૃંગાર અને શાંત રસ ઉત્પન્ન કરે છે શાંત ગંભીર પ્રકૃતિવાળો છે

શંકરાચારી વિ શંકરાચાર્યના પંથનુ

શંકરાચાર્ય પુ અદ્વૈત મતના પ્રવર્તક એ નામના એક પ્રસિદ્ધ શૈવ આચાર્ય. તેઓ જગદ્ગુરુ ભગવાન શ્રીશંકરાચાર્ય નામે પ્રસિદ્ધ છે આદ્યગુરુ શંકરાચાર્યે સ્વયં શંકરના જ અંશ રૂપે મનુષ્યદેહ ધારણ કર્યો હતો એમના જન્મ સમય માટે ઘણા મતભેદો છે ઈસ.ની

પૂર્વે બ્રહ્મી શતાબ્દીથી લઈ નવમી શતાબ્દીની વચ્ચે એમનો જન્મ થયો હતો એમ માનવામાં આવે છે. ધનિદાસ અને જ્યોતિષના એક પ્રખર વિદ્વાને સિદ્ધ કર્યું છે કે, શ્રીશંકરાચાર્યના જન્મ ઈસાની પૂર્વે થયો હતો. મઠોની પરંપરાયી પણ આ પ્રમાણિત કરવામાં આવ્યું છે કેરલ પ્રદેશમાં પૂર્ણા નદીના તટ ઉપર આવેલ કલાદિ ગામમાં વૈશાખ સુદ પંચમીને દિવસે બ્રહ્મનિષ્ઠ શિવગુરુ નામના એક બ્રાહ્મણને ત્યાં, સુભદ્રાદેવીની કુખે એક શુભ ઔષધિયે તેમનો જન્મ થયો હતો. શિવગુરુ વૃદ્ધ થવા છતાં સંતાનહીન હતા. તેમણે શંકર ભગવાનની દુષ્કર આરાધના કરી હતી અને શંકરે દર્શન આપી વરદાન આપ્યું હતું કે, સ્વયંપ્રભુ શંકર જ તારે ત્યાં મનુષ્યદેહ ધારણ કરી, પુત્રરૂપે અવતરશે. બાળક શંકરના રૂપમાં ઈશ્વર મહાન વિભૂતિ અવતરી છે એનું પ્રમાણ બાળપણથી જ મળવા લાગ્યું હતું એક વર્ષની વયમાં જ બાળ શંકરે અદ્વિતીય ભાવ પ્રગટ કરવા શરૂ કર્યા હતા. બે વર્ષની ઉંમરે એણે પુરાણાદિ કથા શ્રવણ કરી, બધું કંઠસ્થ કરી લીધું હતું. ત્રણ વર્ષની ઉંમરે એમના પિતાનો સ્વર્ગવાસ થયો હતો. પાંચમે વર્ષે શંકરને યજ્ઞોપવીત આપી ગુરુને આશ્રમે મોકલી આપવામાં આવ્યા હતા. માત્ર સાત વર્ષની ઉંમરે તેઓ વેદ, વેદાંત, અને વેદાંગોનું પૂર્ણ અધ્યયન કરીને પાછા ફર્યા હતા. એમની અસાધારણ પ્રતિભા જોઈને એમના ગુરુ દંગ થઈ ગયા હતા. વિદ્યાધ્યયન સંપૂર્ણ કરીને એમને, સંન્યાસ લેવો હતો. માની આજ્ઞા માગી. માએ ના પાડી. બાળક શંકર માતૃભક્ત અને આજ્ઞાંકિત હતા. સંન્યસ્તનો વિચાર જતો કર્યો પણ એક દિવસ એવું બન્યું કે, શંકર અને માતા નદીમાં સ્નાન કરવા ગયા. શંકરને મગરે પકડ લીધી. માતાના હોશ ઊડી ગયા. બેચેન થઈ તેણે રોકકળ કરી મૂકી. એ વખતે શંકરે માતાને કહ્યું, મા, મને સંન્યાસ લેવાની આજ્ઞા આપશો તો મગર મને છોડી દેશે. બાકુળ માતાએ તરત જ શંકરને સંન્યાસ લેવાની આજ્ઞા આપી ને તે મગરમુક્ત થયા. બરોબર આઠ વર્ષની ઉંમરે શંકરે ઘરનો ત્યાગ કર્યો. જતી વખતે માતાને વચન આપ્યું કે, સન્યસ્ત તો લઈ છું છતાં તારી સંસારવિદાય વેળાએ ગમે ત્યાંથી હાજર થઈશ ઘરનો ત્યાગ કર્યા બાદ ચાલતા ચાલતા શંકર નર્મદા તટ ઉપર આવ્યા અને ત્યાં ગોવિંદ ભગવત્પાદની પાસે દીક્ષા ગ્રહણ કરી ગુરુએ તેનું નામ ભગવત્ પૂજ્ય પાદાચાર્ય રાખ્યું હતું ગુરુએ બતાવ્યું તે પ્રમાણે શંકરે જ્ઞાન ગ્રહણ કર્યું અને સાધના શરૂ કરી અને અલ્પકાળમાં જ [illegible] શંકરની પ્રતિભા અને [illegible] વચ્ચે પ્રશ્નો થઈને કાશી જઈ વેદાંતસૂત્રનું ભાષ્ય લખવાની આજ્ઞા આપી અને તેથી તેઓ કાશી ગયા. કાશીમાં તેની ખ્યાતિ વધવા લાગી અને અસંખ્ય માણસો તેમના શિષ્યો બન્યા. એમના પ્રથમ શિષ્યનું નામ સનન્દન હતું અને પાછળથી સનત્સુ [illegible] એમને પ્રસિદ્ધિ મળી હતી કાશીમાં [illegible] કરતા. કરતા તેમણે ગ્રંથો પણ લખ્યા હતા કહેવાય છે કે, ભગવાન વિષ્ણુએ તેમને ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યાં હતા તેમજ વ્યાસસૂત્ર ઉપર ભાષ્ય લખવાનો અને ધર્મનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો હતો વેદાંતસૂત્ર ઉપરનું ભાષ્ય પૂરું થયા બાદ એક દિવસ ત્રિવેણી સંગમે [illegible] તટે એક સૂત્રનો અર્થ પડતો મૂકવો પડ્યો એ જ સ્થળ ઉપર પ્રભુ શંકરાચાર્યે એક ચાંડાલ સાથે સંવાદમાં આઠ દિવસ સુધી શાસ્ત્રાર્થ કર્યો [illegible] સ્વયં ભગવાન વ્યાસજી ચાંડાલના રૂપમાં એમની સાથે વાદવિવાદ કરી રહ્યા હતા. ઓળખાણ પડતા પગે પડી શ્રીશંકરાચાર્યે પ્રભુને પ્રણામ કરી, વિવાદ કરવાના દોષ નિવારણની ક્ષમા માગી ભગવાન વેદવ્યાસે એમને અદ્વૈતવાદનો પ્રચાર કરવાની આજ્ઞા આપી. વિધાતાએ નિર્માણ કરેલું ૧૬ વર્ષનું આયુષ્ય ૩૨ વર્ષનું થાઓ એવું વરદાન આપ્યું. કાશી, કુરુક્ષેત્ર, બદ્રિકાશ્રમ આદિ ધામોની યાત્રા કરી શ્રીશંકરાચાર્યે વિભિન્ન મતવાદીઓને પરાસ્ત કરી, દિગ્વિજય કર્યો હતો. તેમણે અનેક ગ્રંથો લખ્યા છે. પ્રયાગમાં કુમારિલભટ્ટ એમને મળ્યા અને એમના સૂચનથી મહિષ્મતી નગરમાં મંડનમિશ્રની સાથે શાસ્ત્રાર્થ કર્યો શાસ્ત્રાર્થમાં મંડનનાં વિદુષી ધર્મપત્ની ભારતી મધ્યસ્થી તરીકે રહ્યાં હતાં અંતે મંડનમિશ્રે શંકરાચાર્યનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું. તે પછી એમનું નામ સુરેશ્વરાચાર્ય રાખવામાં આવ્યું હતું. શ્રીશંકરાચાર્યે ઉત્તરાવસ્થામાં ચાર મુખ્ય મઠોની અને બીજા અનેક ધાર્મિક કેંદ્રોની સ્થાપના કરી હતી. ઉપનિષદ સિદ્ધાંતની શિક્ષા દીક્ષાનો પ્રારંભ ત્યાંથી થયો હતો એ વખતે જૈન અને બૌદ્ધ ધર્મનું પ્રાબલ્ય વધતું હતું. યજ્ઞ, હવન, વેદ, કર્મકાંડ મદાર બંધ જેવા જ હતા. આવા વિપરીત ને વિરોધી વાયુમંડળ વચ્ચે શંકરાચાર્યે ફરીને વૈદિક્ય જગાડ્યું હતું અને વેદ ધર્મપ્રચારને ચરમ શિખરે આસનસ્થ કર્યો હતો. શક્તિમતનું ખંડન કરવા તેઓશ્રી કાશ્મીર ગયા હતા. ત્યાં એક દિવસ એમને અસહ્ય ઝાડા થઈ ગયા પીડાના એક ઝાડ નીચે તેઓ સાવ નિર્બળ અવસ્થામાં પડયા હતા. સામેથી ૧૬ વર્ષની એક ગોવાલણ માથા ઉપર દહીંની મટકી લઈને આવતી હતી. પેટમાં દાહ થતો હતો એટલે શ્રીશંકરાચાર્યે પેલી ગોવાલણને બોલાવી, તૃષા છીપવા દહીં આપવા કહ્યું ગોવાલણે કહ્યું: દહી સન્યાસી, તું અહીં આવીશ તો હું તને દહીં આપીશ. હું કેવી રીતે જઈને આવું? મારામાં શક્તિ નથી. શંકરાચાર્ય બોલ્યા. ગોવાલણે ફરી પ્રત્યુત્તરમાં કહ્યું, જો તારામાં શક્તિ નથી તો તું શક્તિમતનું ખંડન કરવા શા માટે નીકળ્યો છે? શંકરાચાર્યનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં! ત્યારથી શિવ અને શક્તિમાં અભેદ ભાવના જોર્યા અને ક્ષમાયાચનાનું માતૃ પ્રથમ સ્તોત્ર "ન મન્ત્રમ્ નો યન્ત્રમ્" ત્યાં પ્રગટયું. પછી તો તેમણે અનેક શક્તિસ્તોત્રો રચ્યા હતાં. એમની વાણીમાં જે મધુરતા, આર્દ્રતા અને જે આજંવ ભર્યાં છે તે બ્રહ્મની વાણીમાં નથી એની પ્રતીતિ એમનાં કાવ્યસ્તોત્રો વાચવાથી થાય છે શ્રીશંકરાચાર્યે અનેક મંદિર સ્થાપ્યાં છે, અનેક વ્યક્તિઓને સન્માર્ગે ઉપર લાવી, કુમાર્ગનું ખંડન કરી, ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. ઉપયોગી મતમતાંતરોનો તેમણે યથાસ્થાને સ્વીકાર કરી પ્રતિપાદન કર્યું છે કે, અશુદ્ધ બુદ્ધિ અને મનના નિશ્ચય કે સંકલ્પ ભ્રમાત્મક જ હોય છે ને તેથી સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ કલ્યાણ છે. એ કલ્યાણ માટે ધર્મોક્ત કર્મ, ભક્તિ અથવા જ્ઞાનમાર્ગે અંતઃકરણ શુદ્ધ કરી, ઇષ્ટદેવની આરાધના કરવી. ભારતવર્ષના બધાજ સંપ્રદાય ઉપર એમના સિદ્ધાંતની ન ભૂંસાય એવી છાપ પડેલી છે. બરોબર ૩૨ વર્ષની ઉંમરે એમણે સમાધિ લીધી હતી અને માતાને વચન આપ્યા પ્રમાણે માતાના અંતકાળ સમયે પ્રત્યક્ષ થયા હતા. તેમના શિક્ષણની ખાસ વિશિષ્ટતાઓ એ છે કે, (૧) ચેતા કરેલ અને પ્રત્યક્ષ વચ્ચે બહારથી તફાવત છે પણ વાસ્તવિક રીતે જણાયે નથી. બધાનું તત્ત્વ પરબ્રહ્મ છે. (૨) માણસના આત્માનું તત્ત્વ પરબ્રહ્મ રૂપ છે. (૩) આત્મા અને પરબ્રહ્મનું આ એકત્વ એટલે કે તત્ ત્વમ્ અસિ! એ જ્ઞાન મોક્ષ મેળવવા જરૂરનું છે. માયાને લીધે આપણને તફાવત ભાસે છે. તેણે આ પ્રમાણે સુધારાઓ દાખલ કર્યા: (૧) તપાવેલી ધાતુનાં બીબાં વડે શરીર ઉપર દાગ વડે પાડવામાં આવતા ધાર્મિક ચિહ્નો તેણે નાબૂદ કર્યાં. (૨) શાક્ત, ભૈરવ, મલ્લારી, કાપાલિક વગેરે પંથને દૂર કરવાનો યત્ન કર્યો (૩) અદ્વૈત જ્ઞાન માટે ઠેરઠેર મઠો સ્થાપ્યા અને લોકોના મન વશ કર્યા (૪) મઠમાં સ્ત્રીઓને

સ્થાન આપ્યું નહિ શંકરાચાર્યજીનો દાખલો ટાંકતાં શ્રી વિનોબાજી કહે છે કે, બહિષ્કૃત મનુષ્યે સમજવું જોઈએ કે, બહિષ્કાર પામવામાં જગવાનની કૃપા જ રહેલી હતી. આપણો બહિષ્કૃત બંધુઓના અનેકવિધ સંકટો અને સમાજ બહિષ્કારનો આપણને બચાવ આપે છે. બહિષ્કૃત થયેલા ભાઈને જ આજ આપણ પૂર્ણ આત્મરતી બનાવીએ કદીએ ભગવાન શંકરાચાર્યના ભારામા પણ એવું જ બન્યું છે શંકરાચાર્યથી ચડિયાતો ભક્ત, હિંદુ ધર્મમા, બીજો કોઈ થયો નથી સનાતન ધર્મ રક્ષનાર એના સિવાય બીજો કોણ હતો ?

શંકરાઝોરાસંગમ પું નર્મદાના દક્ષિણતટ ઉપર આવેલ એ નામનું સ્થળ. તેને નર્મદાતીર્થયાત્રાને સમયે આદ્ય શંકરાચાર્યે પોતાના સ્મરણાર્થિ તરીકે નિમાણ કરેલ છે.

શંકરા બિલાવલ સ્ત્રી (સંગીત) બિલાવલી રાગિણીની ચૌદ ભાર્યાની એક જાતિ કે રાગિણી

શંકરાભરણ ૧. પું. (સંગીત) એ નામે ઓક સંપૂર્ણ જાતિ રાગ. તેમાં સાત શુદ્ધ સ્વરો આવે છે તેનો ષડ્જસ્વર સા, ઋષભસ્વર મ, સંવાદીસ્વર સા, અને ન્યાસ સ્વર ગ છે. અંગ્રેજીમાં તેને નેચરલ સ્કેલ કે ડાયા ટોનિક સ્કેલ કહે છે. પ્રાચીન કાલ્પનાંતર સ્વરની પ્રથમ મૂર્ચ્છનાની સ્વરમાળા તે આ છે. સર્વ સમયે ગાઈ શકાય છે વીર અદ્ભુતાદિ રસ ઉત્પન્ન કરે છે. સર્વાનુકૂળ પ્રકૃતિવાળો છે.

૨. [સં.] પું. (સંગીત) એ નામે પ્રભાતિયાના રાગને મળતો એક રાગ. તેને શંકરી પણ કહે છે.

૩. પું. કાવ્યની એક રચનાનું નામ.

> ચૂલણા કંઠની સ્ત્રીઓ જોઈએ શંકરાભરણમાં ગાયો હરી ભિન્નકે આ ભેદ ન સમજીને **શંકરાભરણ** નામ જાનું સ્થાપી દીધું. દોપુરી

૪. પું. (સંગીત) બત્રીસ માંહેનો એ નામનો પહેલો થાટ. તેમાં બધા શુદ્ધ સ્વરો આવે છે.

૫. પું (સંગીત) હનુમત મત પ્રમાણે મેઘરાગના આઠ માંહેનો એક પુત્ર રાગ. તેનો ગાવાનો વખત મધ્યરાત્રીનો છે. જાતિ સંપૂર્ણ એટલે ઋષભ, રિષભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ, ધૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે આરોહમા રિષભ અને ધૈવત બાદ છે. અવરોહમા રિષભ માત્ર ચોડો છે. ગંધાર પ્રધાન સ્વર છે, પંચમ ન્યાસ સ્વર છે આ રાગ મારુણી શુદ્ધ રાગ અને મલ્હારથી ભિન્ન છે

શંકરાભરણથાટ પું. (સંગીત) બાર માંહેનો એક થાટ. આ થાટ શુદ્ધ સ્વરોના સમૂહથી ઉત્પન્ન થયેલો છે તે બિલાવલ થાટના નામથી પણ ઓળખાય છે આ થાટમાંથી ઉત્પન્ન થતા બીજા રાગો દેશકાર, શંકરો, દેવગીરી, બિલાવલ, સુઘરા, હેમ કલ્યાણ, મલુહ, નિલકંઠમોદ, ભિન્નષડો, સાવની કલ્યાણ અને આશાગોડી છે

શંકરાવાસ [સં.] પુ. કૈલાસ પર્વત

શંકરાંશ [સ] પું શંકરનો અવતાર.

શંકરી ૧ સ્ત્રી. બીજોડાનું ઝાડ.

૨ સ્ત્રી. નર્મદા નદી

> **શંકરી** નદીમ સુચી પડું,
> આણી પખાલ્યુ તે આદે. દયારામ

૩. સ્ત્રી. ભવાની; શંકરની પત્ની પાર્વતી.

> જેમ પ્રથમ બ્રહ્મચારી કલ્પલતાકર શિવ પરમપદમા છે તેમ પ્રથમ બ્રહ્મચારિણી કલ્પલતાકરી **શંકરી** છે. મહાદેવ દેસાઈ

૪. સ્ત્રી મજીઠ

૫. [સં શમ્ (સુખ) + કૃ (કરવું)] વિ સુખ કરનારી, આહ્લાદક

> એટલી પ્રાપ્ત કાદંબરી ભાખુ તમી વાણી **શંકરી**. ભાલણ

શંકરો પું. (સંગીત) એ નામનો એક રાગ. તે રાત્રીના ત્રીજા પહોરે ગવાય છે. આ રાગ શંકરાભરણ થાટનો છે. એટલે તેમાં સર્વ શુદ્ધ સ્વરો જ છે વળી તે ષાડવ જાતિનો છે અને મધ્યમ વર્જ્ય છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ છે તે ન્યાસે એ રાગ રાત્રીનો ભાન્યો છે. વાદી સ્વર ષડ્જ હોઈ પંચમ સંવાદી છે. વળી ગાંધાર પણ આ રાગમા મહત્ત્વનો સ્વર છે તેથી કેટલાક ગાંધારને પણ વાદી સ્વર માને છે. ષડ્જને વાદી માનતાં પંચમ અને ગાંધારને વાદી માનતાં નિષાદ સંવાદી થઈ શકે છે

શંકર્યાકાર ૧. [સં. શંકુ + આકાર (રૂપ)] પું. શંકુ જેનો આકાર; ગૂમવાળો ગોળ ઘાટ.

૨. વિ. શંકુ જેના આકારનુ.

શંકવું ૧. ન. ગાજર.

૨ અ. ક્રિ. શંકા આણવી, શંકાવું; વહેમ આવો; સંદેહમાં પડવું; સકોચાવું

શંકસૂર ન. એ નામનું એક ઝાડ; સફેદ ગુલમહોર; સંદેય

શંકા ૧. [સ શક્ (વહેમ આવો)] સ્ત્રી અધિકરણમાં દર્શાવેલ પાંચ માંહેનો એક ભાગ.

૨. સ્ત્રી. અવિશ્વાસ; અણવિશ્વાસ.

૩. સ્ત્રી. એ નામનો સમ્યક્‌ત્વવ્રતનો અતિચાર.

૪ સ્ત્રી. એક વ્યભિચારી ભાવ.

૫. સ્ત્રી. કલ્પિત ભય; ખતરો

૬. સ્ત્રી. ખામી.

૭. સ્ત્રી. ઝાડા પેશાબની હાજત.

> ૧. લઘુ શંકા = પેશાબ કરવાની હાજત.
> ૨. શંકા કરી આવવું = ઝાડા પેશાબની હાજતે જઈ આવવું
> ૩ શંકા થવી = (૧) ઝાડો અથવા પેશાબની હાજત થવી (૨) સંશય થવો

૮. સ્ત્રી ત્રાસ; ડર

૯. સ્ત્રી (જૈન) દર્શનનાં પાંચ માંહેનો એ નામે એક અતિચાર; સમકિત વિષે સંદેહ રાખવો તે; સર્વજ્ઞના વચનોમાં શંકા આવવી તે

> શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિ પ્રશંસા, મિથ્યાદૃષ્ટિ પરિચય એ પાંચ અતિચાર આલોવું. પ્રાચીન સ્તવસંગ્રહ

૧૦. સ્ત્રી. પ્રશ્ન

૧૧ સ્ત્રી બે કોટિનું જ્ઞાન

૧૨. સ્ત્રી (જૈન) મનની ડામાડોળ સ્થિતિ

૧૩ સ્ત્રી વસવસો, દગદગો

૧૪ સ્ત્રી. વાંધો.

૧૫. સ્ત્રી વહેમીપણું.

૧૬ સ્ત્રી. શક; સંદેહ; વહેમ; અંદેશો, ભ્રાંતિ; ભ્રમ. શંકાના બે પ્રકાર છે: સર્વશંકા અને અંશશંકા.

> ૧. શંકા આણવી–લાવવી = શંકા કરવી; મનમાં વહેમ લાવવો; વહેમાવું.
> ૨. શંકા આવવી–ઊઠવી–જવી–પડવી = સંશય પેદા થવો; શક પડવો; વહેમ પડવો.
> ૩. શંકા રાખવી = મનમાં શંકા ઠોકવી.
> ૪. શંકા રાખવી = વહેમાવું

૧૭. સ્ત્રી. (કાવ્ય) સંચારી ભાવનાર તેત્રીસ માંહેનો એક ભેદ.

શંકાકાર વિ શંકા કરનાર

શંકાકુલ વિ. શંકાશીલ.

> આથી **શંકાકુલ** થઈને રાજાએ બહારથી કારભારી બોલાવ્યું. પુરાતત્ત્વ

શંકાકુશંકા સ્ત્રી. સારી માઠી શંકા.

શંકાગ્રસ્ત વિ. શંકાન્વિત; શંકાશીલ.

શંકાચિહ્ન ન. શંકાની જગ્યાએ કરવામાં આવતી નિશાની; શંકાની નિશાની; '?' કેરી '.

શંકાન્વિત શંકાગ્રસ્ત

શંકાપાત્ર વિ. શંકારૂપદ.

શંકાયુક્ત વિ શંકાવાળું

શંકારૂઢ વિ શંકાવાળું.

શંકાવલી પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, જગણ, રગણ, નગણ અને સગણ એમ પંદર અક્ષર હોય છે.

શંકાવાદ ૧. [સં.] પું. નાસ્તિકતા; ઈશ્વરના અસ્તિત્વમાં શંકા રાખનાર ધર્મ.

૨ પું. વાદનો એક પ્રકાર.

શંકાવાદી ૧. વિ. શંકાશીલ રહેનાર.
૨. વિ. સંદેહવાદી

શંકાવું ૧ [સં. શઙ્ક] અ ક્રિ. ગરમાવું, સંકોચાવું; મનમાં લાજ લાગવી

૨. અ ક્રિ. શંકા આવવી; વહેમાવું; સંદેહમાં પડવું.

૩. અ ક્રિ. ફાજત થવી કે લાગવી

શંકાશીલ [સ. શંકા + શીલ (વર્તણૂકવાળું)] વિ શંકા ઉઠાવનારું; વહેમી; શંકા લેવા જેવું; વહેમ ઉપજાવે તેવું; શંકાસ્પદ; શંકિત; સંદિગ્ધ; મૂંઝવણ ભરેલું; સમજાય નહિ તેવું, સંદેહયુક્ત; વહેમ પડતું; સશયવાળું.

શંકાસ્પદ ૧ [સ. શંકા + આસ્પદ (સ્થાન)] ન. શંકાનું સ્થાન.
૨. વિ. શંકા પડે તેવું; જેને વિષે શંકા હોય તેવું; સંશયવાળું; શંકાવાળું; સંદેહવાળું; વહેમ પડતું

શંકિત ૧. [સં. શઙ્ક (શંકા આવવી) + ક્ત] પુ. વહેમવાળો માણસ.
૨. ન. સંદેહયુક્ત ગાવું તે.
૩. વિ. ડરપોક અને શંકાશીલ માનાર
૪. વિ બીધેલું; શંકાવાળું.
૫. વિ. ભરોસા વગરનું
૬. વિ. રિસાળ; રિસામણી જેવું. રિસામણીને કોઈક અડે એટલે સંકોચાઈ જાય છે માટે તેને શંકિત કહે છે
૭. વિ. સંશયમય; શંકા પડેલું; જેને સંશય પડેલો હોય તેવું; સંદેહવત; સદિગ્ધ; વિતર્કિત.

શંકિત કારાગૃહ [સં.] ન. શંકા પડતા માણસોને રાખવાની જેલ; કાચી જેલ.
પ્રથમ ગૃહ અપરાધીઓનું કારાગૃહ-પાકું કેદખાનું કહેવાતું અને બીજું શંકિતકારાગૃહ અથવા કાચું કેદખાનું કહેવાતું. સરસ્વતીચંદ્ર

શંકી [સં શઙ્કિન્] વિ. સંશયવાળું; વહેમી.
હોજ હર્યાં છબ્યા શંકી નિ-રાશી.
પ્રેમાનંદ

શંકીલું વિ. શંકાશીલ.
તે બાકી નજરે બહેનબા અને શંકીલી આંખે તપાસવા લાગી. ઇચ્છારામ સૂ દેસાઈ

શંકુ ૧. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.
૨ પું. કામદેવ.
૩. પુ જન્મેજયનો પુત્ર
૪. પું. દૈત્ય
૫. પુ.. મહાદેવ
૬. પુ વિક્રમ રાજાના દરબારના નવ માહેનુ એક રત્ન. તે તળાવો, દેવાલયો, ઇમારતો વગેરે સ્થાપત્યશાસ્ત્રને લગતાં કામ કરતાં.
૭ પું. (પુરાણ) સત્યાને પેટે કૃષ્ણને જન્મેલા દસ માંહેનો એક પુત્ર.
૮. પુ (પુરાણ) સોમવશી યદુકુલોત્પન્ન ઉગ્રસેનના નવ માંહેનો પાંચમો પુત્ર.
૯. પુ. હસ્ત
૧૦. સ્ત્રી એક પ્રકારની માછલી
૧૧ ન. એક જાતનુ પ્રાણી
૧૨. ન. એક રત્ન
૧૩. ન. કાટખૂણ ત્રિકોણની જે બાજુએથી કાટખૂણ બને છે તેમાંથી સ્થિર રહેતી એક બાજુ પર તે ત્રિકોણના ભમણથી થતી આકૃતિ
શંકુ મારવો = મૂળ મોભની લાઇન ઉપરથી વસ્તુને શંકુથી કાયમ કરવી
૧૪ ન. ખીંટો; મેખ
૧૫. ન. છત્રીશ શસ્ત્રો માંહેનું એક શસ્ત્ર
૧૬. ન. જમીન માપવાનું સાધન કે યંત્ર
૧૭. ન. ટોચ; શિખર.
૧૮. ન. ડાળી અને પાદડાં વગરનું સુકાઈ ગયેલ ઝાડ; ઝાડનુ ઠૂંઠ
૧૯. ન. ડીંટુ
૨૦. ન. દસ કરોડની સંખ્યા
૨૧. ન. દીવાની જ્યોતના આકારનો ઘન કે નક્કર પદાર્થ
૨૨. ન. ધ્રુવ
૨૩. ન. નખલો; એક સુગંધી દ્રવ્ય.
૨૪ ન. પાપ
૨૫. ન. પુરુષનું લિંગ.
૨૬. ન. ભય; બીક.
૨૭. ન. રાહડો.
૨૮. ન. વેદક્ષિત ઓગણીસ માંહેની એક સાખ્યાનુ નામ
૨૯. ન. શૂળવાળો ઊભો આકાર કે ઘાટ; ઉપરથી અણિદાર ભાલોડુ; ઉપર જતાં અણિમાણી થતી જતી ગોળ એકડની ઘન આકૃતિ.
૩૦. ન સૂચિ.
૩૧. ન સૂર્યયંત્ર; સૂર્ય ઉપરથી વખત માપવાનું યંત્ર
૩૨. ન. સોયની અણી.
૩૩ ન હજાર અબજ.
૩૪. ન. હોકાયંત્રની સોય
શંકુક વિ. ગરોળીની જાતનુ
શંકુકર્ણ ૧. [સં.] પું એ નામે એક દાનવ
૨. પું. કાર્તિકેય સ્વામીનો એક અનુચર
૩. પું. (પુરાણ) કાશીમાંનુ એક સ્થળ વિશેષ.
૪. પુ. ગધેડો
૫. પુ. (પુરાણ) રાવણની અશોકવાટિકાનો રક્ષક એક રાક્ષસ
૬ પું (પુરાણ) શિવનો એક પાર્ષદ ગણ.
શંકુકર્ણેશ્વર ન ભારતવર્ષમાં એક તીર્થ
શંકુચી સ્ત્રી. એ નામે રાજ જાતની માછલી તે ચપટી હોય છે અને તેને લાંબી પૂછડી હોય છે તે સમુદ્રને તળિયે રહે છે અને પોતાના ઉંડા રેતી ઉપર કે રેતી અંદર બકે છે અંગ્રેજીમાં તેને સ્કેટ કહે છે આ માછલી ખોરાકમા વપરાય છે તેનુ વજન કોઈક વખત ૨૦૦ રતલ જેટલુ હોય છે
શંકુચ્છેદ પું. (ગણિત) એ નામનો અંક
શંકુચ્છેદ પુ (ગણિત) શંકુને છેદતાં થતી આકૃતિ; ' કોનિક સેક્શન. '
શંકુતરુ ન. સરૂનુ ઝાડ
શંકુતવિદ્યા સ્ત્રી (શિલ્પ) શિલ્પ સંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીશ માંહેની એક વિદ્યા. આ વિદ્યામાં શાકુત શિક્ષા નામની કળાનો સમાવેશ થાય છે. જુઓ વિદ્યા
શંકુદંતી ૧. [સ. શંકુ + દંતી (દાંતવાળુ)] સ્ત્રી. એ નામે એક જાતની માછલી; સ્પેન્ડન નામની માછલી
૨ ન. મોટું બી જેવુ ઉરગ પ્રાણી તે ન્યુઝીલેંડમાં અગાઉ સામાન્ય હતું, હવે તે જૂજ છે તે બેથી અઢી ફૂટ લાંબુ થાય છે અને કાળુઝા મેરા લીલા રંગનું હોય છે તથા તેના પાસાઓ ધોળા અથવા પીળા રંગની છાંટવાળા હોય છે. તેને ગરદન સિવાય પીઠ દાંતવાળી કરોડ હોય છે
૩. વિ. શંકુના આકારના દાંતવાળું
શંકુમાન [સ] ન. શંકુમાપણી
શંકુમુખી [સં.] સ્ત્રી. એક પ્રકારની જળો; સુશ્રુતે કહેરી નદિ જેવી જળોના ૭ પ્રકાર જણાવ્યા છે તે માંહેની એક પ્રકારની જળો
શંકુયંત્ર ૧. ન. ક્ષોભપણ સરખા માપના બાર આંગળની ઊંચાઈનો ગોળાકાર અને તળે એક આંગળના વ્યાસનો તથા માથે સોયની અણી જેવો શંકુ જે વેધપીઠના મધ્યભાગે ઊભો કરવામાં આવે છે તેને શંકુયંત્ર કહેવાય છે
૨. ન. ભાપયંત્ર; ' સનડાયલ '.
શંખ ૧. પું. અઢ્યાસી માંહેનો એક ગ્રહ
૨. પુ. અઢાર માંહેની એક મુખ્ય સ્મૃતિ.
૩. પુ (પુરાણ) ઉત્તમ નામના ત્રીજા મન્વંતર માંહેના સાત ઋષિઓ માંહેનો એક. લિખિત ઋષિનો ભાઇ શંખ તે આ નહિ, તે જુદો છે
૪ પુ. (સંગીત) એ નામે એક પ્રકારનું નૈસર્ગિક વાદ્યવાજા, છત્રીસ માંહેનુ એક વાદ્યિત્ર આ નૈસર્ગિક વાદ્યવાજા હોવાથી સર્વોત્કૃષ્ટ અને

પવિત્ર મનાય છે. મુખથી તેમજ કંઠ આગળથી પોલી નસો દ્વારા આવતા વાયુની સહાયતાથી અનુક્રમે મનુષ્ય જ માત્ર આ વાદ્ય વગાડી શકે છે સામાન્ય રીતે તે મુખથી વગાડી શકાય છે

૫ પુ (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છે પ્રત્યેક છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૮ લઘુ અને ૨ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે

૬ પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ કવિત છે આ છંદ વર્ણદંડકો કહેવાય છે તેમાં બે નગણ અને ચૌદ રગણ મળી ૪૮ વર્ણ હોય છે

૭. પું. એક ઉપરત્ન.

૮ [સં.] પું. એક જાતનો જળચર પ્રાણીનું કઠણ હાડ જેવું કોટલું; મોળ વગાંદાર જાડી છીપ; શુક્તિમાં રહેનારી માછલીનું ઘર; સિંધુપુષ્પ; દરીઆઈ જનાવરનું હાડચું. તેને ફુંકવાથી અવાજ થાય છે શંખની ઉત્પત્તિ સમુદ્રમાં થાય છે નદીમાં અથવા સમુદ્રમાં ઉત્પન્ન થનારા જે મોટા શંખ તેને ક્ષુદ્ર શંખ અથવા શંખલા કહે છે. શંખ દક્ષિણાવર્ત અને વામાવર્ત બે પ્રકારના છે દક્ષિણાવર્ત શંખ પુણ્ય યોગે મળે છે તે જેને ઘેર હોય ત્યાં લક્ષ્મી વાસ કરે છે. શંખનો આકાર બે જાતનો હોય છે: કેટલાક લંબના આકારના અને કેટલાક રહેતા આકારના હોય છે. જે શંખ સંપૂર્ણ અને જાતના દર વગરના હોય છે તે ઉત્તમ પ્રકારના મનાય છે. તે શંખની કીમત તેના વજન ઉપર મનાય છે. ૪૦ તોલાની નીચેના વજનના શંખની કીમત પથી ૨૦ રૂપિયાના તોલા લેખે મનાય છે અને ૪૦થી ૧૦૦ તોલા સુધીના રૂા. ૪૦થી ૪૯ના તોલા લેખે અને ૧૦૦ તોલાથી વધારે વજનના શંખની કીમત ૫૦ રૂપિયાના તોલા લેખે ગણવામા આવે છે. કેટલાક શંખોની લંબાઈ છથી ૯ ઇંચ સુધીની હોય છે અને તેની કીમત ૫૧થી ૧૨૫ રૂપિયા સુધીની મનાય છે અને ૨થી૩ ઇંચની લંબાઈના ૧૫થી ૨૫ રૂપિયા સુધીની કીમત મનાય છે શંખના મનાય પ્રકાર છે. તેમાં બે જાતનાં શંખો મુખ્ય છે: (૧) રઘુરીંગાના પાટનો મોટો શંખ:-આ મોટા શંખમા રહેનારા પ્રાણીને શિંગડા જેવું કઠણ બારણ હોય છે. તેને બંધ કરીને તેમાં તે લપાઈ રહે છે એના શંખનો આકાર તુરાકના જેવો હોવાથી એને એ નામ આપ્યું છે (૨) લડાઈની ટોપી જેવો શંખ:-આ શંખનુ બાંધુ લાંબું અને ગોકળ હોય છે. તેમાંથી તેમાં રહેનારુ પ્રાણી પોતાનો મોટો પગ બહાર કાઢે છે મોટા અને ભારે ટોપી શંખો રમાવનો બનાવવામાં કામ આવે છે. શંખનો અવાજ બહુ મોટો થાય છે અને દૂર સુધી સંભળાય છે. અગાઉના વખતમાં લડાઈમા શંખ વગાડવામાં આવતા અને દરેક સેનાપતિ જુદી જુદી જાતનો શંખ રાખતા જેમકે, શ્રીકૃષ્ણના શંખનું નામ પાંચજન્ય, અર્જુનના શંખનું નામ દેવદત્ત, ભીમસેનના શંખનુ નામ પૌંડ્ર, યુધિષ્ઠિરના શંખનુ નામ અનંતવિજય, નકુલના શંખનુ નામ સુઘોષ અને સહદેવના શંખનુ નામ મણિપુષ્પક હતુ. જંગાળામા સમપક્ષ, સમ. સીમન વગેરે માંગલિક પ્રસંગે શંખ વગાડવામાં આવે છે ને તે વગાડવાનું માટે ભાગે બ્રાહ્મણોને જ હાથે જાય છે કહેવાય છે કે, શંખ ફુંકવાથી દમ વગેરે રોગ મટે છે. શંખનો દવાના કામમાં પણ ઉપયોગ થાય છે.

૧ શંખ ચંદ ધરાવવાં = માર મારવો

૨. શંખ નારાયણ = પાસે કંઈજ ન હોય તેવુ. જેમકે, જેમાં છે શંખનારાયણ મતલબ કે કશુ એ નથી. શંખ માધવાનંદ પણ બોલાય છે

૩. શંખ પૂરવો = શંખ વગાડવો

૪. શંખ ફુંકવો = (૧) ઉત્તરજન આપવુ, ઉચ્ચારવું. (૨) ખાલી ફોગટ ફાંકાં મારવાં (૩) દેવાળું કાઢવું. (૪) પોતાના કામમાં પાર પડવુ; હારી જઈ અધવચ પડતુ મૂકવું. (૫) બોપાળું જતાની દેવું; પાસે કાંઈ નથી એમ જણાવવુ; ભડ બેરવી. (૬) લડાઈની તૈયારી બતાવવા શંખ વગાડવો. (૭) બીમારીની સ્થિતિ સૂચવવા શંખ ફુંકવો. (૮) ઘોડાનુ ધ્યાન ખેંચવા બાવા વગેરેએ શંખ વગાડવો કે જણાવવો.

૫ શંખ વાગવો = (૧) બાલીબમ થઈ જવું; સિલકમા કાંઈ ન હોવું; ખૂટવું; ખૂટી જવું; થઈ રહેવું; પતી રહેવું; પાર પતવું. (૨) બાવા પીવાનું ખૂટી જવુ.

૬. શંખોવામ = કંઈજ નહિ; પતી રહ્યું એમ.

૯. પું. (પુરાણ) એક સર્પ

૧૦. [સં. શં. (કલ્યાણ) + ખ (આકાશ)] પુ. કલ્યાણમય આપક ભાવનાથી ઉત્પન્ન થયેલો ધ્વનિ; દીર્ઘનાદ

> આકાશ પદ્મ અને કલ્યાણ અક્ષર મુકુંદ;
> શંખ અર્થને નીલવર્ણો, નરમણિ કહીયે પુંદ.
>
> પિંગળપ્રકાશ

૧૨. પું. ઢોલો.

૧૩. પું. ગીતોપયોગી બાર માત્રાનો એક પ્રકાર

૧૪ પું. ચૌદ માત્રાનુ એક રત્ન

૧૫ પુ. છીપ

૧૬ પુ લંબેહા હાથના ૨૪ પ્રકારના અભિનય માંહેનો ૧૨ મો અભિનય

> ૨૪ પ્રકારના લંબેહા હાથ નામે પ્રમાણે છે, શિખરિત્ર, અંજલી, કપોત શંખ, પાશ વગેરે.
>
> ગુજ. જ્ઞાનપ્રકાશ

૧૭ પુ. (પુરાણ) દનુપુત્ર દાનવ માંહેનો એક.

૧૮ પું. ધર્મશાસ્ત્રનો એક લેખક; એ નામના ઋષિ; એક સ્મૃતિકાર મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તમ્બ, સવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ, અને વસિષ્ઠ એ સર્વ ધર્મશાસ્ત્રના રચનારા છે અર્થાત્ આ સર્વ ઋષિઓએ બનાવેલી સ્મૃતિઓને ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે

૧૯. પું નખલો

૨૦ પુ. નાગના આઠ માંહેનુ એક કુળ

૨૧ પુ (પુરાણ) પૂર્વ મત્સ્યાધિપતિ વિરાટ રાજાના બે ભાંહેનો મોટો પુત્ર. એ ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષમાં હતો અને દ્રોણાચાર્યને હાથે મરાયો હતો

૨૨. પું. (પુરાણ) મેરુની તળેટીએ આવેલો એક પર્વત.

૨૩ પું. રાજચિહ્ન આઈને આકારી પ્રમાણે એની બધુ કંઈ સામટી વગાડવામાં આવતી અગાઉ એ અમદાવાદમાં ચાર ઘડી રાત્રે અને સાંજે ચાર ઘડી દિવસ હોય ત્યારે વગાડતા હતા. પછીથી તે મધ્યરાત્રે અને સૂર્યોદય પહેલાં વગાડવામાં આવતો

૨૪. પું. ગળણાનુ હાડકુ.

૨૫ પું. સરકારી નગારુ.

૨૬. પું. (પુરાણ) લિખિત ઋષિનો ભાઈ.

૨૭ પું. (પુરાણ) વજ્ર ચોક માંહેનો એક અસુર.

૨૮. પું વિષ્ણુના ચાર માંહેનુ એક આયુધ. એમાં ભરેલ પાણી વડે વિષ્ણુને નવરાવવામાં આવે છે.

૨૯. પું. શંખનો આકાર

૩૦ પુ. શંખના આકારનુ આંગળા પરનું ચિહ્ન; હાથની આગળી પરનું રેખાચિહ્ન

૩૧. પું હાથ ઉપર પડાવવામાં આવતી એક મુદ્રા. વૈષ્ણવધર્મીઓ શંખ જેવી છાપ પોતાના શરીર ઉપર પડાવે છે કેમકે, તે વિષ્ણુના હાથમાં રહેતો હોઈ શંખ બીક દૂર કરે છે તથા જયની ઘોષણા કરે છે. વળી શંખ નામના રાક્ષસને વિષ્ણુએ માર્યો હતો

૩૨. પુ. હાથીનો ગાલ.

૩૩ સ્ત્રી ખોતેર આકાશ તત્ત્વ દેવના માહેની એક

૩૪ સ્ત્રી સ્મૃતિનો એક ભાગ.

૩૫ વિ ખરાબ

૩૬. વિ. જેની પાસે કંઈ નહિ હોય એવું; ખાલી.

૩૭. વિ. મૂર્ખ; ઠોઠ; જડભરત; ઓળું

૧. લપોડ શંખ = બુદ્ધિ વગરનો જડ માણસ, ક્રમઅક્કલ.

૨. શંખ જેવું = (૧) ખાલી; પાસે કંઈ ન હોય તેવું શંખ પોલો છે માટે એ પ્રમાણે બોલાય છે. (૨) મૂર્ખ; હ; અક્કલ વિનાનો; જંગલી; અક્ષરજ્ઞાન્ય.

૩ શંખભારથી = બરોબરનું મૂર્ખ; ડહાપણ વિનાનું; અક્કલ વિનાનું.

૩૮. વિ સોળી

શંખક ૧. પું ખાવનાર પશુઓનું ઘણું ચૂંચવાડા કરતું આવાનું એક હાડકું. આ હાડકામાં કાનની ઇંદ્રિયનો સમાવેશ થાય છે

૨ પું. શિરોરોગનો એક પ્રકાર. દુષ્ટ થએલ પિત્ત, રક્ત તથા વાયુ ઘણો વધી આખો ઉપર ભયંકર સોજો ઉત્પન્ન કરે છે. તેથી ઘણા જ સણકા આવે છે. બળતરા બહુ બળે છે. તે ભાગ રાતો રહે છે. તે વિષ વેગ પ્રમાણે વૃંધી ગળા સુધી જઈ તેનો રોધ કરે છે.

શંખકાર સ્ત્રી. શંખના દાગીના બનાવનાર એક વર્ણસંકર જાતિ.

શંખખંડ પું. શંખનો કકડો.

શંખખાત પું. શંખ નામના હાડકા માંહેનો ખાડો.

શંખગંડિકા ન. ગંડાસ્થિના અક્ષકક નામના પ્રવર્ધનક પર આવેલું એ નામનું ખોખરાનું એક ઉપર

શંખચક્ર ન. ૪. ૬. વિષ્ણુનાં એ નામનાં આયુધો.

શંખચૂડ (શંખચૂડ) ૧. પું. (પુરાણ) એ નામનો પાતાળનો એક નાગ.

૨. પું. એ નામે એક દૈત્ય. સુદામા નામનો ગોવાળીઓ કે જે શ્રીકૃષ્ણના અંગથી ઉત્પન્ન થયેલ તે રાધાના શાપને લીધે ભરતખંડના દૈત્ય વંશમાં ઉત્પન્ન થયો. તેનું નામ શંખચૂડ હતું અને દનુવંશમાં ઉત્પન્ન થયેલ હતો.

૩. પું. કુબેરનો એ નામનો એક અનુચર યક્ષ. તેણે જ્યારે વ્રજવાસી સ્ત્રીઓનું હરણ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે તેના મસ્તકને મુઠ્ઠીના મારથી ભાંગી નાખ્યું હતું.

૪ પું. (પુરાણ) રામની સેના માંહેનો એ નામનો એક વાનર.

૫. પું. (પુરાણ) વિપ્રચિત્તિ દાનવનો પુત્ર અને દ્રવાસુરનો પુત્ર. એણે ભૌગોલ્ય ઋષિની પાસેથી વિષ્ણુનો મંત્ર લઈને પુષ્કર તીર્થમાં અનુષ્ઠાન કર્યું હતું. એ અનુષ્ઠાન પૂરું થતાં તે બદરીવનમાં તપ કરનારી ધર્મધ્વજ રાજાની પુત્રી તુલસી પાસે ગયો. ત્યાં તે તુલસીને પરણ્યો. આગળ જતાં પોતાના તપના પ્રભાવે કરીને શંખચૂડે સઘળાંનો અધિકાર લઈ પોતે રાજ્ય કર્યું. પોતાનો અધિકાર નષ્ટ થવાથી દેવોએ એની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં શંખચૂડનો પરાભવ ન થવાને લીધે વિષ્ણુ શંખચૂડનું રૂપ ધારણ કરીને તુલસી પાસે ગયા હું સઘળા દેવોનો પરાભવ કરીને આવ્યો એમ કહીને એમણે તુલસીની સાથે ગમન કર્યું એનું પાતિવ્રત નષ્ટ થવાથી રણભૂમિ પર શંખચૂડનું તત્કાળ મરણ થયું. આ પક્ષી ખરી હકીકત જાણતાં તુલસીએ-જેને કે તેને વિષ્ણુ પર પ્રીતિ હતી છતાં-તેમને શાપ દીધો કે તમે પથ્થરરૂપ થશો. ગંડકી નદીમાં થતા કાળા ગોળ પથ્થર રૂપે વિષ્ણુ પૂજાય છે એ પ્રસિદ્ધ છે.

શંખચૂડા (શંખચૂડા) કું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં વંશસ્થ અને ઇન્દ્રવંશાનું મિશ્રણ છે. તેના દરેક ચરણમાં બાર અક્ષર હોય છે. તેનું પહેલું અને બીજું ચરણ ઇંદ્રવંશાના માપનું હોય છે તથા ત્રીજું અને ચોથું ચરણ વંશસ્થના માપનું હોય છે.

શંખચૂર્ણ [સં.] ન. શંખનો ચૂનો

શંખજ ૧. [સં.] પું. શંખમાં થતું એક મોતી.

૨. વિ. શંખમાં જન્મેલું.

શંખજીરું [હા. સમ (પથ્થર) + જરાહત (જખમ)] ન. એક જાતનો પથ્થર; એક સફેદ ચીકણો પથ્થર કે તેનો ભૂકો. એ અતિશય મૃદુ હોય છે. તેને ઘસીને જખમ ઉપર છાંટવાથી લોહી બંધ થઈ જાય છે. આનો ઉપયોગ સૂરમાં, અળાઈઓ, ખીલ, સોજા, રતવા, બળતરા, ઝામરો, કબજા વગેરે ત્વચારોગ ઉપર ચોપડવામાં થાય છે. આને સીલીકેટ ઓફ મેગ્નેસિઆ નામનો ક્ષાર કહે છે. એ ક્ષોભક પદાર્થ છે અને તેટલા માટે કેટલાક વૈદ્યો તે બને ત્યાં સુધી ખાવાને માટે નથી વાપરતા. અતિસાર, રક્તાતિસાર, અજીર્ણ, તથા ગમે તે ભાગમાંથી લોહી પડતું હોય ત્યારે તે અપાય છે. તેની ક્ષોભક અસર ન જણાય તેટલા માટે તે બાટામાં અગર દૂધની તરની અંદર અપાય છે. ઘેટાંનાં વૃષણની અંદર તેમ જ બીજા કોઈ ભાગની અંદર ઘારું પડ્યું હોય ત્યારે તેનો લેપ લગાડવાથી સારું થાય છે. તેથી રસીનો ભાગ સુકાઈ જાય છે અને રૂઝ જલદીથી આવે છે. કાચનો અને રાખકરાનો ઉંમેરો ઉપદંશ માટે ઘણો સારો છે. રાખકરા ૪ ભાગ અને કાચો એક ભાગ એ બને સાથે મેળવી તેનો બીનો અંદર લેપ કરાય છે

શંખણી [સં. શંખિની] સ્ત્રી શંખિની, કર્કશ સ્વભાવની સ્ત્રી, ઊંચી, ચીડિયણ અને ઉગ્ર સ્વભાવની સ્ત્રી, ઝંખ., તે નો કેરાવાળી, ઘરકના ભુત્સાયળી અને ચીડિયા સ્વભાવવાળી સ્ત્રી, નઠોર સ્ત્રી, કર્કશા; કંકાસિયણ સ્ત્રી, કુલટા સ્ત્રી, કુભારજા. કામશાસ્ત્રમાં ચાર જાતની સ્ત્રીઓ કહી છે:-પદ્મિની, ચિત્રિણી, હસ્તિની ને શંખિની. જે સ્ત્રીના હાથ ને માથું રહેજ લાંબા ને મુખ ઓટલે આરીક, શરીરનું કદ ભોંઠું, પગ લાંબા, કમ્મર જાડી, રંગ નીલા, હોઠવાળી, ખારા ને દુર્ગંધ મારતા કામોદકથી યોની પરનાં વાળ ઢંકેલા જીના રહે, નજર ત્રાંસી, શરીર ગરમ ને ચાલ વેગવાન હોય, સંભોગને વિષે ઢંકેલા ઔંતુર, રતિ પ્રસંગે નખથી ઓરા કરનારી, ખોરાક મધ્યમ, પિત્ત પ્રકૃતિ, લાલ રંગનાં કપડાં તથા ફૂલોનો શોખ, નિર્દય, દુષ્ટ, સ્નેહજ પીળાશ વર્ણની, બીજાની નિંદા કરવાની ટેવ, મોકરો અવાજ, વાણી કઠોર, અપકાર કરનારી એ જાતના લક્ષણોવાળી સ્ત્રી શંખણી સ્ત્રી કહેવાય છે

સતી આપ કે નહિ ને શંખણીનો લાગે નહિ = સારા માણસોના વચનની જેવી અસર થાય છે તેવી દુષ્ટ માણસોના વચનની અસર થતી નથી.

શંખતા સ્ત્રી. શંખ પ્રાપ્તિ

દેવ કેવી મતિ ન્યારી શ્રી ભર્તા ને શંખતા.

શંખતાલ પું (સંગીત) એ નામે એક ચતુશ્ર જાતિ છ માત્રાનો તાલ. કોટડીના બોલ સમ ખિલા તિના ત્રિટ તક.

શંખદ્રાવ ૧. [સં. શંખ + દ્રાવ (દ્રાવણ કરનાર વસ્તુ)] પું. અમુક ક્ષારના અર્કની પ્રવાહી દવા; શંખનું દ્રાવણ કરનાર દવા; શંખને ઓગાળનાર દ્રાવણ; ' નાઇટ્રિક એસિડ '.

૨. પું. ગુલ્મ, વાયુનો ગોળો, યકૃત, બરોળ તથા પેટનાં દરદ મટાડનાર એક ઔષધ. તેના ૪થી ૮ ટીપાં પાણી સાથે અપાય છે

શંખદ્રાવક પું. એ નામે એક ઔષધ

શંખદ્રાવયંત્ર ન. એ નામે શંખદ્રાવ કાઢવાનું એક યંત્ર; નાન્વ. તિર્યક પનો યંત્રથી કે નાલિકા યંત્રથી પણ શંખદ્રાવ નીકળી શકે છે. પરંતુ તેના

કરતાં આ યંત્ર ઘણું સહેલું હોઈ આજકાલ ઘણા વૈદો ભસ્મદાવ માટે આ યંત્રનો ઉપયોગ કરે છે. એક સાકડા મોંના ઘડામાં ભસ્મદાવ બનાવવાના હાર્દી જડી તેલ, મોં ઉપર જ અરાબર બંધબેસતો થઈ શકે તેવો તળિયે મોટી પડઘીવાળો અને પડઘીમા છિદ્ર પાડેલો એક કીનો બેબાડી કપડપટ્ટો કરીને ઘડાને ચૂલા પર મૂકી બહુ જ અગ્નિ આપે છે. કીરા ઉપર એક બેવડીઓ પૈસો મૂકવામા આવે છે કીરાની પડઘીની બાજુમા શંખદાવ ભરાય છે

શંખધર ૧. પુ વિષ્ણુ.
૨. પું સમુદ્ર
૩. વિ શંખ ધારણ કરનાર

શંખધારી [સં.] પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેને સોમરાજી છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે યગણ મળી છ અક્ષર હોય છે

શંખધ્મા ૧. [સ.] પું. દશમી શતાબ્દીમા આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ કે મત.
૨. વિ. શંખ ફૂંકનાર

શંખનાદ પુ. શંખનો અવાજ; શંખ વગાડવાથી થતો અવાજ.
શંખનાદ કરવો ≡ પોકારીને જાહેર કરવું

શંખની સ્ત્રી (યોગ) ચૌદ માંહેની એક નાડી ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂષા, યશસ્વિની, અલમ્બુષા, કુહૂ, શંખની, પયસ્વિની, સરસ્વતી, વારુણા અને વિશ્વોદરા એમ ચૌદ નાડીઓનાં નામ છે

શંખપત્ર ન એ નામે શંખમાંથી બનાવવામાં આવેલું પાત્ર. શંખપત્ર શંખને મધ્યમાંથી કાપી બનાવેલ હોય છે. બહુ સારા શંખમાંથી ત્રણ ઇંચની પહોળાઈનાં ફળા નીકળે છે. અશુમદ્ભેદાગમમાં લખ્યા પ્રમાણે શંખપત્ર ત્રણ, ચાર કે પાંચ આંગળના પહોળાઈનું હોવું જોઈએ અને કાનની બૂટની બનાવટ કરતાં જરા જરૂ જાડું હોવું જોઈએ. આ શંખપત્રો પર સુંદર નકશી કે આકૃતિઓ પણ દોરેલી હોય છે.

શંખપદ પું. (પુરાણ) એ નામે બ્રહ્મા સ્વારોચિષ મનુનો પુત્ર તેને સ્વારોચિષ મનુએ પોતે વિદ્યા ભણાવી હતી. ભૂમિ ઉપર જે મનુષ્ય બનીમ ચાર દિગ્પાળ છે તેઓમાં આ દક્ષિણ દિગ્પાળ છે.

શંખપદ્મ પુ. એ નામનો એક નિધિ

શંખપશ્ચિમા સ્ત્રી. એ નામની એક શિરા. આ શિરા કપાલપત્રાંતરિકા શિરાઓમાંની એક છે.

શંખપાદ પું. એ નામે એક તપસ્વી રાજા ને તપદ્વારા સ્વર્ગે ગયા છે

શંખપાલ ૧. પું. આકડાનો છોડ.
૨. પુ. (પુરાણ) કદ્રુને પેટે જન્મેલો એક નાગ
૩. પું. સૂર્ય

શંખપુષી જુઓ શખપુષ્પી

શંખપુષ્પી સ્ત્રી. એ નામે પ્રસિદ્ધ અને સંયુક્ત પ્રાંતમાં ઊગતી એક જાતની વનસ્પતિ, શખાવલી, શખાહ્વા; આંગ્લ્યકુસુમા.

શંખપૂર્ણા સ્ત્રી એ નામે એક શિરા. આ શિરા પણ કપાલપત્રાંતરિકા શિરાઓમાંની એક છે.

શંખપ્રક્ષાલન [સં.] ન. (યોગ) અંતર્ધૌતિના ચાર પ્રકારો પૈકી એક પ્રકાર શંખિની નાડીને વશ કરી મુખવાટે પકવાશયમાં ગયેલા પાણીથી પકવાશયને, મોટા આંતરડાને, નાના આંતરડાને, મલમાર્ગને, ગુદાના તથા ઉદરના નાડીને, મલાશયને ને ગુદાને આ ક્રિયા વડે શુદ્ધ કરવામાં આવે છે.

શંખભસ્મ સ્ત્રી. શંખને બાળી બનાવેલી રાખ. શખને લીંબુના રસમાં પલાળી કુવડીમાં મૂકી પુટ દઈને બનતી ભસ્મ. શખને લીંબુના રસની અંદર દોઢાવંતથી બેચાર કલાક રાખવાથી શુદ્ધ થયા પછી તેને મૂસમાં નાખી તેનું મોઢું બંધ કરી બાળી રાખી મૂકવાથી આ ભસ્મ બને છે. શંખમાંથી અગ્નિકુમાર રસ, શંખવટિ, ચંદ્રોદયાવર્ત્તિ નામની દવાઓ બનાવાય છે. તે વાતહર, પાચક, રોપણ તથા દીપક છે. શંખભસ્મ અજીર્ણને માટે ઉત્તમ દવા ગણાય છે. તે લીંબુના રસમાં પ્રમેહોદર તથા ગુલ્મોદર ઉપર ૧ વાલની માત્રામા અપાય છે.

શંખમારણી પું. મૂર્ખ શિરોમણી; ખરેખરો મૂર્ખ; કમકકલ માણસ; ઢંગધડા વગરનો માણસ.

શંખમૃત [સં.] પું. વિષ્ણુનાં હલાર માંહેનુ એક નામ

શંખમર્મ ૧. ન. ભમ્મરોના ઊંડાથી ઊંચે, કાન અને કપાળની વચ્ચે આવેલાં અર્ધા આંગળ વિસ્તારના સંધીવાળી અસ્થિમર્મ. તેમાં ઈજા થતા મનુષ્ય ઊંકદમ મરી જાય છે. કારણ કે, એ મર્મમાં થઈને પસ્તિષ્કવૃત્તિઓ મધ્યમા નામે ધમની પસાર થાય છે એ મજ્જની ઉપર રહેલા પડનું પોષણ કરનારી ધમની હોવાથી તે તૂટતાં મનુષ્ય મરી જાય છે. આરાવાળી, આસ્થમર્મ પ્રદેશથી તે આસ્થમર્મ કહેવાય છે.
૨. ન. લમણાનો કે ભમ્મરનો ભાગ.

શંખમંડલ ન. લલાટ અને શ્રવણ વચ્ચેનો ભાગ.

શંખમુદ્રા સ્ત્રી. એ નામે એક પ્રકારની મુદ્રા. આ મુદ્રા જમણી મૂઠી વડે ડાબો અંગૂઠો પકડીને પછી મૂઠી ખુલ્લી કરી દેવી અને અંગૂઠને પણ પ્રસારવો. પછી ડાબા હાથની આંગળીઓને બરાબર ભેગી કરી અને સીધી કરવી અને પછી જમણા અંગૂઠા વતી અડવું. આ પ્રકારના આકારને શંખમુદ્રા કહે છે

શંખમોતી ન. મોતીની એક જાત

> દેવો, અગ્નિ અને યોગના સાધનારા પિતૃઓના આત્મામાં થતો ક્રિયાઓ તેમજ કૌટુંબિક ઉત્સવ પ્રસંગોએ લેને સુખ સંપત્તિ આબાદીની ચાહના હોય તેણે હંમેશા શંખમોતી ચાંદીજ તારીજ પહેરવા એઇએ, ચિત્રમય જગત

શંખરૂપ ન. એ નામનું એક જાતનું ઘરેણું.

શંખલ [સં.] સ્ત્રી સાંકળ; બેડી

> મહ તણી શંખલ સાથ ઊંડી, મારા દુર્મન જાણ. ત્રિભુવન

શંખલપુર ન. એ નામનું ગામ ત્યાંથી બહુચરાજી પ્રથમ પ્રગટ થયાં હતાં.

શંખલા ૧. પું. શખ જેવા આકારની નાની કારીગીરીની કાંકરી
૨ સ્ત્રી. કૂકરના ઉપલા જડબામાં આવેલી નાની અને જાડી દાતરડી. તેનો આસ ઉપયોગ નીચેની દાતરડીને સજ્જાનો છે
૩. [સં કૃંખલા] સ્ત્રી. બેડી; બંધન; ફેર; સાકળ; જંજીર.

> સ્વકર્મ શંખલામાં પડયા, બીજને ગયો બહુ ગર્વ. પ્રેમાનંદ

૪. સ્ત્રી. શંખાવળી

શંખલાબંધન ૧. ન. કેદ
૨. જ. હાથમાં બેડી પડી હોય તેમ.

શંખલાભસ્મ જુઓ શખભસ્મ

શંખલિખિત ૧. પું (પુરાણ) ધર્મશાસ્ત્રના પ્રવર્તક અને સ્મૃતિના લેખક એક ઋષિ.
૨. પું. (પુરાણ) શખ અને લિખિત એ નામે બે ઋષિઓ તેઓ પરસ્પર ભાઈ થતા હતા. એ બંને જણા અયોધ્યામાં આવેલી સરયૂ કે ભાહુદા નદીને કિનારે જુદા જુદા આશ્રમ કરીને રહેતા હતા એક વખત લિખિત ઋષિ પોતાના મોટા ભાઈ શંખને મળવા આવ્યો રસ્તામા શખ ઋષિના આશ્રમના બાગમાંથી પાકાં ફળ તોડ્યાં. બંને ભાઈઓ વાતચીત કરતા હતા ત્યાં શંખની દૃષ્ટિ ફળ પર પડી. શંખે પૂછતા લિખિતે કહ્યું કે, એ ફળ મેં તમારા બાગમાંથી તોડ્યા છે. શંખે કહ્યું કે, તે મને પૂછ્યા વિના આ ફળો તોડ્યા માટે ચોરી થઈ, માટે સુદ્યુમ્ન રાજા પાસે જા અને તેને બધી હકીકત નિવેદન

કરી શિક્ષા પામી આવ. તેથી તે રાજા પાસે ગયો રાજાએ કહ્યું કે, તમે તમારો ગુનો કબૂલ કર્યો છે માટે તમને માફી આપવામાં આવે છે, પણ લિખિતે તો શિક્ષા જ માગી લીધી. તેથી લાચાર થઈ ને રાજાએ તેનાં બંને હાથના કાકા કપાવી નાખ્યા. શંખે તે જોઈ ને સંતુષ્ટ થઈ ને કહ્યું કે, બહુ સારું કર્યું. હવે બન્નો ભાઈઓ સ્નાન કરીને અહીં વહેતા આવો લિખિત ઋષિ નદીમા નહાવા પડ્યા. નહાતી વખતે તર્પણ કરવું પડે છે તેવું સ્મરણ થતા પોતાના હાથ તરફ જોવા લાગ્યા તો કપાયેલા કાકાને બદલે હાથ પૂર્વવત્ થઈ ગયેલા, આથી આ નદીનું નામ બાહુદા પડ્યું રાજાને અને શંખને પણ આથી આનંદ થયો

૩ ન. એ નામની એક સ્મૃતિ

શંખલિત ૧. વિ. કડીબંધ; આકડે આકડ ગોઠવેલું

૨. વિ. બેડીમાં પડેલું; કેદમા પડેલું.

૩. વિ સાંકળથી બંધાયેલું.

શંખલી ૧. સ્ત્રી. નાનો શંખ; શંખના બાહરની છીપલી

૨. સ્ત્રી. માંડવાના છોડમાં થતો રોગ. આ રોગથી છોડ પીળા થઈ જાય છે ને સીંગો બેસતી નથી.

શંખલુ ન. નાનો શંખ.

શંખલો ૧. પું. નદીમાં થતી એક જાતની છીપલાની જાત.

૨. પું. નાનો શંખ; દરિયાઈ જનાવરનું ઢાંકણું. દરિયા માહેના શંખલાઓ નાનાં છોકરાંઓ ઘર તરીકે બનાવેલ હોય છે. સપાટીથી તળિયા સુધી દરિયો છોકરાંથી ભરપૂર હોય છે. બધા દરિયાઈ છોકરા દુશ્મનોથી તેમ જ તોફાનથી બચવા માટે શંખલાઓ ઘર તરીકે વાપરે છે. કેમકે, નહિતર મોટા છોકરા તેઓનું ભક્ષણ કરી જાય. માબાપ ઉત્પન્ન થયાં તે પહેલાં આવા છોકરા હયાતી ધરાવતા હતા. જ્યારે શંખલાની અંદર રહેલ છોકરું મરી જાય ત્યારે તેનું શરીર પાંણીમાં ઓગળી જઈ જાય પણ શંખ આખી થઈ પાણીમા રહે છે. વર્ષો સુધી અસંખ્ય શંખો એક જ જગાએ એકત્ર થાય તો તે જગાએ અમુક જાતની જમીન બને છે કે જેને આપણે ચોક કહીએ છીએ.

૩. પું. બંધન.

શંખવટી સ્ત્રી. શંખભસ્મ અને બીજી દવાઓની ગોળી.

શંખવાહી પું. એ નામનો એક અક્ષરમેળ છંદ. તેને સોમરાજી કે અર્ધભુજંગી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ત્રે વગણ મળી છ અક્ષર આવે છે

શંખવેલ , સ્ત્ર. શંખિની ? જા. એ નામે એક જાતની લતા. એને જાતના વેલા

શંખશઠ પું. મૂર્ખ માણસ; અકલહીન કે બેવકૂફ લુચ્ચો માણસ

મર્મ ન સમજે જો શંખશઠ બાકુ આપે બહુપણથી. નર્મદાશંકર

શંખાકાળા ૧. પુ. વામમાર્ગીઓમા, મન્યુ પામ્યા થતી એક ક્રિયા; મરનાર જ્ઞા. ભરવાડ, અતીત, સાધુ વગેરે ભજન વગેરે ક્રિયા કરી જમાડ કરે છે તે

૨. પું. રાજયોગી; ગ્રામાગમ જોગો.

શંખાલુક [સ] ન. એક જાતનું કંદ. તેનું શાક થાય છે. તે શીતળ, બંધક અને મલ છે. તે રક્તપિત્ત ઉપર ઉપયોગી છે

શંખાવર્ત ન. માથાનો સાપેટ

શંખાવલિ જુઓ શખાવલી

શંખાવલી [સં. શંખપુષ્પી] સ્ત્રી. શંખ જેવા ફૂલવાળી એ નામની એક જાતની વનસ્પતિ, માખણી. તેનો છોડ આશરે એક ફૂટ ઊંચો થાય છે. તેનું થડ ચોખ્ખું હોય છે. તે થડ જેવો ઊભે છે. એની ખોળી, ડાળા અને પાલ એવી જાતો થાય છે. એની ભાજીનું શાક કરે છે. મધુપ્રમેહ ઉપર ઉપયોગી મનાય છે. ઔષધિમાં તેનું પંચાંગ વપરાય છે. મુખ્યત્વે કરીને તે સ્વરસના કામમાં આવે છે. તે પૌષ્ટિક, સારક, વૃષ્ય અને દીપન છે. તે કોઢનાશક છે અને વિષ ઉપર ઉપયોગી છે. મજ્જાના રોગ ઉપર એનો બહોળો ઉપયોગ છે. તે મજ્જાને ક્ષોભ આપનાર હોઈ ઉન્માદ, અપસ્માર અને મજ્જાની નબળાઈમાં અપાય છે. તેનો સ્વરસ મધ અને ઘીની સાથે તમામ જાતની મેલાઈમાં ફાયદો કરે છે. તેના પંચાંગનો ઉકાળો દૂધની સાથે મજ્જાની પુષ્ટિ માટે અપાય છે તે બુદ્ધિને સુધારે છે અને તેથી ખાલી પડેલો મજ્જા ભરાય છે. તેના ગુણ બ્રાહ્મીને મળતા છે. તેમાં સારક ગુણ છે. શંખાવલીનું ચૂર્ણ બોળા ઘિસ સુધી ખાવાથી બાદશક્તિ સારી થાય છે. તેની માત્રા સ્વરસ ૨ તોલાની છે.

શંખાવળી જુઓ શંખાવલી.

શંખાવું ૧. અ. ક્રિ. શરમાવું; લજ્જવું, સંકોચાવું.

૨. સ. ક્રિ. શરમાવું

૩. સ. ક્રિ. સૂત્ર ચઢવી.

શંખાવો ૧. [સં. શઙ્ક] પું. વહેમ, વિતર્ક

૨. પું. શરમ; સંકોચ

૩. પું. ભય; ભીતળી.

શંખાસન [સ.] ન. (યોગ) પ્રાણાયામના યોગાસી મહેનું એક આસન

શંખાસુર પ્ર. શંખ + અસુર (ર.ક્ષસ)] પુ એ નામનો એક દૈત્ય

શંખાસ્થિ ન. એ નામે એક જાતનું હાડકું

શંખિણી જુઓ શંખિની

શંખિની ૧ [સ] સ્ત્રી. એક જાતનું કંદ.

૨ સ્ત્રી એક ઉપદેવતા

૩. સ્ત્રી કંકણમિશ્રણ સ્ત્રી; કુલટા; કુબ.રજા; કર્કશા

૪ સ્ત્રી ચોર પુષ્પી નામની વનસ્પતિ તેને શ્વેતપુષ્પાલા, શ્વેતપુષ્પા, શ્વેતપુષ્પા અને વર્ધનિકતા વનસ્પતિ પણ કહે છે

૫. સ્ત્રી ચોસઠ મહેની એ નામની એક યોગિની

૬ સ્ત્રી. (સંગીત) મદ્રસ્થાનીય ખ વીણા માહેની નવમી શ્રુતિ

૭. સ્ત્રી શરીરમાં રહેનારી ૧૪ મહેની એ નામની અગિયારમી નાડી તે શરીરને જીવન આપી અંગોનું પોષણ કરે છે શરીરમાં ઇડા, પિંગલા, સુષુમણા, કુહુ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, વારુણા, યશસ્વિની, વિશ્વોદરા, પૂષા શંખિની, પયસ્વિની અને અલંબુષા મળી ચૌદ નાડીઓ હોય છે.

૮. સ્ત્રી. શંખવાળી સ્ત્રી

૯. જુઓ શંખણી.

શંખિયા પું. સોમલ. તે જમીનમાંથી નીકળતું એક અનીજ વિષ છે. તે પૌષ્ટિક, જ્વરઘ્ન અને રક્ત સુધારક હોઈ ને ઔષધ તરીકે $\frac{1}{10}$ થી $\frac{1}{2}$ ગ્રેનની માત્રામાં અપાય છે. દાદિયો તાવ, જીર્ણજ્વર, આંધાશીશી, શૂળ, દાંતની પીડાનો દુખાવો, જૂના ત્વચા રોગ, ખરજવાં, ગુરટ, શીળસ, કોઢ, વીરહોટક, ખીલ અને નામરદાઈ વગેરેમાં તે ગુણકારી છે.

શંખી ૧. ન. શંખમાં રહેતુ એક જાતનું છોકરું.

૨. વિ છીપવાળું; શંખવાસી; શંખનિર્મિત; શંખાવલી.

શંખીઓ પું. ખોળો સોમલ; એક જાતનો ઝેરી અનિજ પદાર્થ; સોમલખાર; સોમલની જાત માહેની એક જાત

શંખીનીચૂર્ણ ન. (વૈદક) બાદશક્તિ સારી કરવા માટે બનાવેલ એ નામનું એક ચૂર્ણ શંખાવળી, મળી, અફેણ, વાવડિંગ, કુષ્ઠ, વજ અને હરડે એ બધાં સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી બનાવવામાં આવે છે. તે ૫ા તોલાની માત્રામાં અપાય છે

શંખીલો સોમલ જુઓ શખીઓ

શંખીસ્મૃતિ સ્ત્રી. અઢાર માંહેની એક સ્મૃતિ.

શંખોદક [સ શખ + ઉદક (પાણી)] ન. શખમાં પાણી નાખી ડાકોરજીને સ્નાન કરાવવું તે

શંખોદરી [સં] ન. ગલતુરાનું ઝાડ

શંખોદ્ધાર પું. એ નામનો એક જેટ તે સૌરાષ્ટ્રમા દ્વારકા પાસે આવેલ છે અને શખનો તે ટેકરો ઉદ્ધાર થયો હતો. તે બેટનું ધામ છે. આ બેટ ઓખામઢાથી ઉત્તરે આશરે એક માઈલ ઉપર દરિયાના અખાતમા છે. તે શખના આકારનો છે તેથી તેને શખોદ્ધાર કહે છે. એમાં શખનારાયણનું જૂનું અને નવુ એમ બે મદિર છે

શંખાકૃ ૧. [સં. શખ + કૃ (કરવું)] સ્ત્રી શખના આકારની જગા પેરાવનાર સ્ત્રી

૨ વિ. શખના આકારની બનાવેલુ

શંઢર ૧. [અં] વિ. કામ ગોઠવનાર.

૨. વિ. સ્ટેશનની હદમાં એન્જિનને ચલાવનાર.

શંટિંગ [અં.] ન. રેલવેના કામ આવ્યા પાછા કરવા તે; રેલવેના કામ ગોઠવવાનુ કામ

શંટિંગ લિમિટ [અં.] સ્ત્રી. એન્જિન તથા કામ બોડવા કાઢવાને માટે મુકરર કરેલ હદ

શંઢોરીઆ ન. એ નામે એક જાતનું ફુલઝાડ. તેના થડ ઉપરથી સોટી જેવી સળીઓ નીકળે છે. તેનાં પાન લાંબાં, સાંકડાં અને દેખાવમાં બહુ જેવાં અને ફુલ પીંછી જેવાં થાય છે.

શંઢ ૧. [સં.] પું. જનાનામાં રહેનો પુરુષ નોકર; ખોજો.

૨. પું. બળદ; આખલો.

૩. પું. (પુરાણ) શુક્રાચાર્યનો એ નામનો એક પુત્ર. તે તથા તેનો ભાઈ અમર્ક એ બને પ્રહ્લાદને ભણાવતા હતા.

૪. ન. કમળનો સમૂહ

૫. ન. શાકભાજીનું.

૬. વિ નપુસક; નષ્ટવીર્ય.

શંઢણી સ્ત્રી. સાડી; કીમતી વસ્ત્ર.

શંઢામર્ક પું (પુરાણ) શંઢ અને અમર્ક નામે બે ભાઈઓ. તેઓ વારુણિ કવિના પુત્ર અને ઉશના ઋષિના પુત્ર હતા. તે હિરણ્યકશિપુના પુરોહિત હતા, એથી જ પ્રહ્લાદને ભણાવવાનું કામ એમની પાસે હતુ.

શંડિલ [સં.] પું. એક મુનિ; શાંડિલ્યના બાપ.

શંઢ ૧ [સ.] પુ. આખલો; સાંઢ.

૨ પુ ખોડો માણસ

૩. પું. જનાનામાં રહેતો પુરુષ નોકર; ખોજો, કમૂકો

૪ પું. વાજિનો પુરુષ

૫. વિ. ઉન્મત્ત.

૬ વિ પદ; નપુસક; નષ્ટવીર્ય; હીજડો; બામલો; વીર્યહીન

શંઢતા [સં. શઢ + તા (ભાવવાચક નામનો પ્રત્યય)] સ્ત્રી. નપુસકપણું, વીર્યહીનતા; પ્રજનનઅક્ષમતા; નષ્ટવીર્યતા

શંઢત્વ જુઓ શઢતા

શંતનુ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને લીલા પણ કહે છે તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, તગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે

૨. પું. (પુરાણ) એ નામે હસ્તિનાપુરના ચદ્રવશી ૨૧મા રાજા. તેને સતનરાય પણ કહે છે. એની માતું નામ સુનંદા અને ભાર્યાઓનાં નામ ઈયાપિ અને બાલ્હિક હતાં. તેના પિતા પ્રતીપ રાજાના મરણ પછી તેનો મોટો ભાઈ દેવાપિ રાજ્ય કરવા લાગ્યો, પરતુ તે કોઢીઓ હોવાથી પ્રજાએ તેને માદી પરથી ઉઠાડી મૂકી શતનુને રાજ્ય આપ્યું. શતનુ એક વાર મૃગયા રમવા ગયો હતો. ત્યાં તેણે એક સુદર કન્યા દીઠી. એ ગંગા હતી. તે એને વરી. એને પેટે એને એક પછી એક એમ સાત પુત્રો થયા. તે તેણીએ પાણીમાં કુબાડી દીધા. આઠમા પુત્ર ભીષ્મને એણે કુબાડવા દીધો નહિ, તેથી વસુની વખતે પોતે કરેલી બોલી પ્રમાણે રીસાઈને ગંગા એ પુત્ર સહિત અતર્ધાન થઈ ગઈ. ભીષ્મને સર્વ વિદ્યામાં નિપુણ કરીને ગંગાએ શંતનુ પાસે આપ્યો અને પોતે સ્વર્ગે ચાલી ગઈ પછી શંતનુએ બીજી સ્ત્રી સત્યવતી કરી. એને ચિત્રાગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્ર થયા. ત્યારપછી થોડે જ કાળે શંતનુ સ્વર્ગે ગયો. તેનામાં એવો ગુણ હતો કે, એ જેના શરીરને હાથ અડાડે તે નિરોગી થઈ જાય.

શંતમ ૧. વિ. અતિશય સુખ કરનાર.

૨. વિ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ

શંભ ૧. [સં.] પું. દરિદ્ર

૨. પું. વજ્ર.

૩. પું. સાનેલાને છેડે જડેલું લોઢું; લોઢાનો કટકો.

૪. ન. એક જાતનું ફળ ઝાડ. આ ઝાડને કાંટી હવાવાળી જગ્યાએ સારો પાક આવે છે. ફળ ઉપરની છાલ સાત ચીરી હોય છે અને અંદરનો મગજ મોટી જાતનાં બોરનાં મગજ જેવો હોય છે. ફળ મધુર, સ્વાદિષ્ટ અને જોળ દસ્ત જેવુ હોય છે

૫ વિ ભાગ્યશાળી.

શંબર ૧. પું. આર્ય લોકોએ જ્યારે પંજાબમાં પ્રવેશ કર્યો તે સમયે ત્યાં રહેતા અનાર્ય લોકોનો એક સરદાર

૨. [સં] પું. એ નામનો એક દૈત્ય. તે દિવોદાસ રાજા સામે લડ્યો હતો પણ લડાઈમાં હારી ગયો.

૩. પું. એ નામનો એક રાક્ષસ. તેને પ્રદ્યુમ્ને હણ્યો હતો.

૪ પું એ નામે એક જાતનો મૃગ.

૫. પું. એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સસ્કૃતિ છંદનો એક ભેદ છે

૬ પું. (પુરાણ) તિમિધ્વજ રાજાનુ નામ.

૭. પુ. શિવનાં હજાર માંહેનું એક નામ.

૮. સ્ત્રી. સમ્મેતિયુ પ્રદેશની આસપાસ વેદ ધર્મ વિરોધી વસતી એ નામની એક જાતિ.

૯. ન. પાણી.

૧૦. વિ. સુખી; ભાગ્યવાન; નસીબદાર.

શંબરધારી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, તગણ અને યગણ મળી ૯ વર્ણ હોય છે

શંબરધારી જાતિયે છે સ્થપિંગળ

શંબરનાથ પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ

શંબરાસુર ૧. પું. (પુરાણ) છેલ્લે મારેલો એક અસુર

૨. પું. એ નામનો દૈત્ય. કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને એને માર્યો હતો

૩. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

શંબલ ૧. [સં] પું. કિનારો.

૨. પું. મુસાફરીનું ખર્ચ.

૩ ન. કૃપણતા

૪. ન. ખર્ચ.

૫. ન. ભાથુ

૬. ન. વિચિત્રવર્ણ.

શંભા [ફા.] પું. શનિવાર.

એક શંભા = રવિવાર
દો શંભા = સોમવાર
સે શંભા = મગળવાર

શંબુક ૧. પું. (પુરાણ) દાકરથિ રામે મારેલો એક શૂદ્ર તામસ.

૨. ન. (વહાણવટું) સોમાલી કાંઠાનું વહાણ.

શંબૂક ૧. પું. (પુરાણ) એ નામનો એક વૃદ્ધ તાપસ. જેતાના વખતે અયોગ્ય એવાં તપ અને યજ્ઞ તેણે કરવા માંડ્યાં હતા તેથી રામચંદ્રે તેને મારી નાખ્યો હતો

૨. પું. એ નામે એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં સગણ, યગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે

૩. [સ.] પું. એ નામે એક દૈત્ય.

૪. પું. છીપ

૫. પું. કાર્યોના પુરસ્કર્તાનો એક ભાગ.

૬. ન. પહોળા તળવાળું વહાણ

૭. ન. બે પડવાળો શંખલો, જેમાં ગોકળગાય રહે છે એવો શંખલો

શંબર ૧. પું. એ નામનો દૈત્ય. કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને એને માર્યો હતો

૨. ન. તિમિધ્વજ નામનું નામ

શંભલ પું. (પુરાણ) જ્યાં કલ્કિ અવતાર થવાનો છે તે ગામ; સંભલ

શંભલી [સ.] સ્ત્રી કુટણી; પરસ્ત્રીપુરુષનો યોગ મેળવી આપનાર સ્ત્રી.

શંભા પું. જમવા છત્યાદિના વહેવારવાળો સમૂહ.

શંભુ ૧. પું (પિંગળ) એ નામે એક અક્ષરમેળ વૃત્ત; નિશિપાલ. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, નગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રામેળ છંદ. તે નંદ છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૩૪ લઘુ મળી ૩૬ વર્ણ હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે ચતુષ્પદી જાતિનો છંદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૧૦૧ લઘુ મળી ૧૩૧ વર્ણ હોય છે.

૪. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ જાતનો એક ભેદ છે. તેમાં ૮ મગણ અને ૧ ગુરુ મળી ૨૫ વર્ણ હોય છે

૫. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ જાતનો એક ભેદ છે. તેને શંકરસખો છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં મગણ, તગણ, યગણ, જગણ, બે મગણ અને એક ગુરુ મળી ૧૯ વર્ણ હોય છે.

૬. પું. ચિત્ર રત્નનાવાળો એક છંદ

૭. પું. (પુરાણ) જેણે કૃષ્ણજ રાજાને માર્યો હતો તે અસુર.

૮. પું. પોળો ખાડો

૯. પું. વિષ્ણુનાં ઉત્તર મસ્તકનું એક નામ ભક્તોને માટે સુખની ભાવના પેદા કરે છે તેથી તે શંભુ કહેવાય છે. જૂત એટલે પ્રાણીઓની યાવત્ ઉત્પાદક કરનારી ભૂમિકા પણ પોતે ધોરાથી શ્રી વિષ્ણુ શંભુ કહેવાય છે

૧૦. [સ. શં (કલ્યાણ) + ભૂ (થવું)] પું. શિવ; મહાદેવ; શંકર

નમામિ શમ્ભુમ્ પરમેશ્વર શંકર નામ
સર્વ શંભુ શિવ નામ જપ ભાર્યે કમલિપુ નામ.
પિંગળપ્રકાશ

૧૧ પું. (પુરાણ) શુક્રાચાર્યને પીજરીને ચેટે થયેલા પુત્ર ભાંહેનો ત્રીજો પુત્ર.

૧૨. પું. સાત ભાંહેની એક પુરુષ સંતતિ

૧૩. પું. સુખરૂપ, ઐહિક–આમુષ્મિક–સાંસારિક સુખ જેમાંથી થાય છે તેના ઉત્પાદક એવા ૩૮; વેદમાં વપરાયેલું ૩૮નું એક નામ. વીરભદ્ર, શમ્ભુ, ગિરીશ, અજ, એકપાદ, અહિર્બુધ્ન્ય, પિનાકિ, ક્ષપાલી, વિશ્વાપતિ, સ્થાણુ, હર એ ૧૧ ૩૮ છે.

૧૪ પું. સર્પનું એક નામ.

૧૫. પું. (પુરાંણ) સુર્યવંશના નવમ વંશના અંબરિષ રાજાના પુત્રો ભાંહેનો નાનો પુત્ર.

૧૬. ન. કલ્યાણનું સ્થાન.

૧૭. વિ. કલ્યાણકારી

૧૮. વિ. ભળેલું; ભેળસેળ થયેલું

૧૯. વિ. ઉચ્ચ; ધરેલું

શંભુડિયો (શંભુડિયો) પું. પિત્તળનો ઊભા ઘાટનો કળશીઓ.

શંભુડી (શભુડી) સ્ત્રી. ટબડી; સાંકડા મોંની ટબડી.

શંભુડો (શંભુડો) જુઓ શંભુડિયો.

શંભુનાથ ૧. પું. (જૈન) એ નામના એક જૈન તિર્થંકર.

૨. [સં.] પું. મહાદેવ; શિવ; શંકર; પિનાકી; મહેશ્વર.

શંભુપુત્ર જુઓ શંભુસુત

શંભુપ્રિયા [સં.] સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

શંભુમેળો ૧. પું. જુદા જુદા તેમજ મેળ ન ખાય તેવાં તત્ત્વોનું મિશ્રણ; ખીચડો; સેળભેળ; જુદી જુદી જાતો કે વસ્તુઓનો અવ્યવસ્થિત સમૂહ.

૨. [સ. સ્વયં (પોતે) + ભૂ (થવું) + મિશ્રણ (ભળવું તે)] પું. ભાંતી જાતના લોકો જેમાં ભેળા થાય તેવો મેળો; વણી જ્ઞાતિઓનો એક સામટો સમુદાય.

૩. પું. લોખંડનો મેળો; ચમન ઊડાડવા એકઠા થવું તે.

શંભુસુત [સ. શંભુ (શિવ) + સુત (પુત્ર)] પું. શંકરના પુત્ર ગણપતિ; ગણેશ; ગજાનન. દેવમાં તેની પ્રથમ પૂજા થાય છે એ બુદ્ધિના દેવ મનાય છે. તે જ્ઞાનવૃત્તિધારી, બીજી બુદ્ધિથી કામ કરનાર દેવમાં મુખ્ય મનાય છે.

શંભૂ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે પમા છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૩૨ લઘુ મળી ૩૯ વર્ણની ૪૬ માત્રા હોય છે.

શંશુ ૧. પું. (પુરાણ) તારાને બૃહસ્પતિથી થયેલો પુત્ર. ૭ પુત્રોમાં આ મુખ્ય ગણાય છે અને એની ગણના અગ્નિમાં થાય છે. એને એની સતી નામની સ્ત્રીથી ભરત અને ભરદ્વાજ એમ બે પુત્ર અને ત્રણ કન્યા થઈ હતી

૨. [સં.] વિ. ભલું.

૩. વિ. ભાગ્યશાળી. જે સારા નસીબવાળો હોય છે તેને શશુ કહે છે.

શંસ્ ૧. [સં.] સ. ક્રિ. પ્રગટવું.

૨ સ. ક્રિ ઉક્તિ કરવી; દુઃખ કરવું.

૩. સ. ક્રિ. કહેવું.

૪. સ. ક્રિ. વખાણવું.

શંસ પું. શંકા; સંશય

શંસનીય [સં.] વિ. પ્રશસનીય.

શંસા ૧. [સં] સ્ત્રી. આકાંક્ષા; ઇચ્છા.

૨. સ્ત્રી. વખાણ

૩. સ્ત્રી. વચન; બોલ; બોલવું તે; કહેવું તે.

૪. વિ. યજ્ઞ

શંસિત ૧. [સં શંસ (વખાણવું)] વિ. બોલેલું; કહેવાયેલું

૨. વિ. ઇચ્છિત.

૩. વિ. નિશ્ચિત

૪. વિ મારી નાખેલ.

૫. વિ. વખણાયેલું; પ્રશંસા પામેલું; પ્રશંસિત.

શંસ્ય ૧ [સં] વિ. કહેવા યોગ્ય.

૨. વિ મારવા લાયક.

૩. વિ. વખાણવા લાયક

શઃ [સં.] જ શબ્દને આગતાં તે કમે, હિસાબે, એવો ભાવ બતાવનાર એક અવ્યય. જેમકે, ખડશઃ, શબ્દશઃ

શઃ ૧. પું. આબરૂદાર મોટો વેપારી.

૨. પું. ગંધ; વાસ; બો

૩. પું ચોરને માટે અંબમાં વપરાતો શબ્દ.

૪ પું. બાદશાહ; શાહ

૫. પું. ચાણિયા શ્લોકમાં વપરાતા જ્ઞાતિવાચક સંબોધન તથા અભિવાદનનું ટૂંકું રૂપ.

૧. પું. વાસિષ્ઠમાં જગાઈને મોકલાવતા ગગાદવામાં આવતો પ્રવાસ. જેમકે, દલપતરા
૭. [દ્વા. શાહ (બાદશાહ)નું ટૂંકું રૂપ]
પું. શાહ કે સાહુકારનું ટૂંકું રૂપ; શાહનું દુકાનમાં લખાણ.
૮. પું. સાહુકાર, વહેવારિયો
૯. પું. સ્વાદ; મીઠાશ
જેનો સેરડે સાદ એનો દાણે નાવે દાણવા.
ઈશ્વરદાસ
૧૦ વિ. જેવું
અમલ સદા મીઠા જોલ પણ સાને અમૂરી
નાનાલાલ

રાઈ ૧. સ્ત્રી. રાજ્યઅમલ
૨. [દ્વા. સિયાહ (કાળું)] સ્ત્રી. કાજલાઈ, સહી મસી; લખવા માટે તૈયાર કરેલો કાળો અથવા કોઈ પણ પ્રકારનો રંગ; સાહ.
૧. મોં રાઈ જેવું થઈ જવું = શરમાવું
૨. રાઈ જઈને સફેદ આવવી = ઘડપણ આવવું
૩. વિ. ઓ નામે એક પ્રત્યય. નામને અને લાગતાં તેને લગતું, તે રીતનું, તેના જેવું એવો અર્થ સૂચવે છે જેમકે, વાસિષ્ઠરાઈ
૪. [દ્વા શાહી] વિ. શાહી; શાહ, બાદશાહ કે સરકારનું; શાહનું. જેમકે, અકબરશાહી

રાઉ સ. સાહે નામનું એક જાતનું જનાવર તે સિક્કિમમાં રહે છે. એ બધું મોટું હોય છે. એનો રંગ શિયાળામાં બૂરાશ પડતો અને ઉનાળામાં રતુમડો હોય છે

રાઉદ્વાર ૧. પું. ચોરને માટે બંગમા વપરાનો શબ્દ
૨. [દ્વા. શાહ + દ્વાર] વિ વહેવારિયું; સાહુકાર; પૈસાદાર.

રાઉદ્વારી ૧. સ્ત્રી. ચોલટાઈને માટે અંગમાં વપરાનો શબ્દ
૨. [દ્વા. શાહ + દ્વાર] સ્ત્રી વહેવાર; સાહુકારી

રાઉડી (રાઉડો) [સં. સલ્લકી] સ્ત્રી. જમીન ખોદીને ઊંડા દરમાં રહેનારું તરાહ જેવા અણીદાર સિસોળિયાંવાળું એક પ્રાણી; આખે શરીરે તરાહ જેવાં તીણાં અને તીરની માફક છૂટે એવી રક્ષણશક્તિવાળું ચોપણ નાનું પ્રાણી, શાહુડી.

રાઉશેર [અ. શઅર (તેણે રચ્યું)] પું. કવિ

રાઉશેરાન [અ.] ન. કાવ્ય.
જિન્નતાં રાઉશેરાન રાઉશેર નહિ જિન્નતો.
મલબારી

રાઉશેરી ૧. [અ. શઅર (તેણે રચ્યું)] સ્ત્રી. કવિત્વ; કવિત્વ શક્તિ.
કાવ્ય રચવા અને રાઉશેરી ટિલાવવા.
મલબારી
૨. સ. કાવ્ય રચના

રાઉક ૧. પું. (પુરાણ) પુરાણોમા મધ્યાવેલ સાત માઠેનો છઠ્ઠો દ્વીપ. તે ક્ષીર સમુદ્રથી વીંટાયેલો છે. પૃથ્વીને વિષે જમ્બુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક તથા પુષ્કર એમ સાત દ્વીપો છે અને તેમાં ઉત્તરોત્તર એક દ્વીપ કરતાં બીજો દ્વીપ બેવડો મોટો છે
૨. સ. મુખ્ય આહાર માંહેનું એક ઝાડ; શાક તેનાં પાદડાં અંદરથી કોરે સ્પર્શવાળાં અને બહારથી કોમળ હોય છે. આ ઝાડના નામ ઉપરથી દ્વીપનું નામ શાકદ્વીપ પડ્યું છે.
૩. સ. રસોઈના કામમાં આવે એવી ખેતરમાં પાકેલી વનસ્પતિ; રાંધીને અથવા તળીને ખાવાના કામમાં લેવાતી લીલોતરી; કંદ, ફળ, મૂળ અને પાંદડાં વગેરે અથવા એવી લીલી વનસ્પતિ; ખોરાક તરીકે વપરાતી લીલોતરી, જમવામા વધારે કસિ ઉપજાવવા માટે જે [illegible], બાર પ્રકાર મસાલા સાથે રાંધ્યાં, તળ્યાં હોય ત
કરી શાકો ખાવે, કરી સુખસુરાં ભોજન કરે
નરસિંહરાવકૃત બાબતર
શાક કરવું = (૧) પાસે રાખી નિરર્થક બગાડવા દ્રવ્ય. (૨) શાક રાંધવું
૪ સ. શાક; સાગત.
૫. સ. હરિતક; સિઝ; બથુવા.

રાઉક્ષ ૧. [સં.] પું. ખાવડીનો છોડ; શ્લેષ્માતક વૃક્ષ
૨. પું. બળદ.
સાન તો શાકક્ષને બાધ. અખો
૩. વિ. શાકનું, શાકા સબંધી.

રાઉકટમ સ. જગન્નાથ
એમ કહી શ્રીમુખે મહારાજે ૨.
શાકટમ નોતરું છે આજ ૨.
નિષ્કુલાનંદ

રાઉકટાક્ષ પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એક ઋષિ

રાઉકટાયન ૧. પું (પુરાણ) એ નામે અંગિરા કુળનો એક ઋષિ
આવ્યા અગ્નિવેશને આસિત્ત,
શાકટાયન વૃંદે શૌનક. નિષ્કુલાનંદ
૨. પું. પાણિનિ પહેલાં થઈ ગયેલ એ નામે એક વ્યાકરણશાસ્ત્રી.
૩. સ. એ નામનું શાકટાયન નામના જૈન દિગમ્બરે બનાવેલું વ્યાકરણ.
ચાર સ્વતંત્ર વ્યાકરણ ગ્રંથો જૈન વિદ્વાનના છે: (૧) સિદ્ધાનંદ, (૨) મુષ્ટિ વ્યાકરણ (૩) જૈનેંદ્ર વ્યાકરણ અને (૪) શાકટાયન વ્યાકરણ.
પુરાતત્વ

રાઉકની ૧. [સં. શાકિની] સ્ત્રી. એક જાતની પિશાચ સ્ત્રી; શાકણી; ડાકણ; પિશાચણી; ચુડેલ; ભૂતડી.
૨. સ્ત્રી. દુર્ગાના અનુચરોની એક પિશાચી કે દેવી; શાકિની; હલકી જોગણી, ઊતરતી પંક્તિની દેવી.

રાઉકણી જુઓ શાકણ

રાઉક તરકારી જો શાકભાજી.

રાઉકદ્વીપ પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દ્વીપ; પૃથ્વીના સાત માંહેનો છઠ્ઠો દ્વીપ એ ક્ષીર સમુદ્રની બહારની બાજુએ વલયાકારે આવેલો છે. તે પ્રિયવ્રત રાજાના રથના પૈડાઓથી બનેલ સાત માંહેનો એક દ્વીપ છે. તે બત્રીસ લાખ યોજન વિસ્તારમાં છે અને પોતાના જેવડા વિસ્તારના દહીંના રસના સમુદ્રથી વીંટાયેલો છે. આ દ્વીપમા શાક નામનુ એક મોટું વૃક્ષ છે. તે ઉપરથી આ દ્વીપનુ નામ શાકદ્વીપ કહેવાય છે તે શાક વૃક્ષ અત્યંત સુગંધવાળું હોઈને આખા દ્વીપને સુવાસિત કરે છે. પ્રિયવ્રત રાજાનો દીકરો મેધાતિથિ આ દ્વીપનો અધિપતિ હતો તેણે આ ખંડના સાત વિભાગ કરીને પોતાના પુત્રના નામના તે ખંડોમાં પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમાનિક, ચિત્રરેફ, બહુરૂપ તથા વિશ્વધાર નામના પોતાના પુત્રોને રાજાઓ બનાવ્યા હતા. અહીં પણ સાત મહાપર્વતો ને સાત મહા નદીઓ પ્રખ્યાત છે. તેમાં ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ તથા મહાનસ નામે સાત મહાપર્વતો છે અને અનઘા, આયુર્દા, ઉભય સ્પૃષ્ટિ, અપરાજિતા પંચપદી, સહસ્રસ્મૃતિ, તથા નિર્ઋતિ નામની સાત મહાનદીઓ છે. એ ખંડના મનુષ્યો ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત, તથા અનુવ્રત નામે ચાર વર્ણના છે અને પરમ સમાધિથી વાયુ સ્વરૂપ ભગવાનની ઉપાસના કરે છે.

રાઉકપાન ન. શાક; શાકભાજી; શાકબકાલું

રાઉકપાંદડું (શાકપાદડું) ન. શાકભાજી; શાકપત્ર; શાક.
શાક પાદડે જવું = વરા વખતે સૌની સાથે શાક સમારવા જવું.

રાઉકપીઠ સ્ત્રી. શાકનું બજાર

રાઉકપૂર્ણિ પું. એ નામના એક આચાર્ય. તેમણે અમુક શબ્દોની વ્યુત્પત્તિ આપેલી છે
યાસ્કના નિરુક્તશાસ્ત્રમા બધા પૂર્વાચાર્યોનાં નામ આપેલાં છે. તેમણે અમુક શબ્દોની વ્યુત્પત્તિ આપેલી છે: શાકપૂર્ણિ, આગ્રાયણ, ઔપમન્યવ અગ્રાંશિત, ઔર્ણનાભ તથા ચર્મશિરાથી તેમાં મુખ્ય છે.
પુરાતત્વ

શાકભાજીવાળું જુઓ શાકભાજી

શાકભાજીવાળો જી. શાકભાજીની બજાર; શાક માર્કેટ

શાકભાજી ૧. સ્ત્રી. ભાજીપાલો, શાકપકાલું; શાક ને ભાજી; કંદમૂળ અને ફળફાલ વગેરે બીજોતરી શાક

૨. સ્ત્રી સામાન્ય કે નજીવું ગણી કાઢવા જેવું કે મહત્ત્વ વિનાનું તે; સાધારણ વસ્તુ

૩. વિ. હમેશ મુજબનું; સાધારણ.

શાકભોજન ન. કુદરતી. કુદરતી શાકમાં અને ભોજન કરવામાં વપરાય છે માટે તેને શાકભોજન કહે છે.

શાકમારકેટ જુઓ શાકભાજીવાળો.

શાકર સ્ત્રી. દોઢ રૂપિયો. સોનીની પારસીમા દોઢ રૂપિયા માટે આ શબ્દ બોલાય છે

શાકલ ૧. પું (પુરાણ) એ નામનો એક દેશ ઇંદ્રપ્રસ્થની બહુજ દૂર ઉત્તરે એ આવેલો હતો તે ચંદ્રભાગા અને ઇરાવદીની વચ્ચેનો દાબનો પ્રદેશ હોય એમ માનવામાં આવે છે

૨. ન. (પુરાણ) મહાભારતકાલીન મદ્ર દેશની રાજધાનીનું શહેર; હાલના સિયાલકોટનું પ્રાચીન નામ

૩. જુઓ શાકલ્ય.

શાકલ્ય ૧ [સ.] પું. એ નામના એક ઋષિ. તેણે નવસે વર્ષ સુધી શિવનું આરાધન કર્યું હતું તેથી તે મોટો મયકાર અને સૂત્રકાર થયો હતો. તેણે યાજ્ઞવલ્કયની સાથે ઝઘડો વાદ થયો હતો. તેણે યાજ્ઞવલ્કયની નિંદા કરી હતી તેથી તે તેના ક્રોધાગ્નિમાં બળીને ભસ્મ થયો હતો.

૨. પું. (પુરાણ) પાણિનિની પૂર્વે થયેલો એ નામનો એક વ્યાકરણકાર. તેને વેદમિત્ર અથવા વેદમિત્ર પણ કહે છે. તેણે ઋગ્વેદની એક શાકલ્ય શાખાનો પ્રચાર કર્યો હતો

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૪ પું. (પુરાણ) મૌદ્ગલ્ય ઋષિનો પુત્ર. તેણે પોતાની સંહિતા પાંચ શિષ્યોને ભણાવી-હતી.

૫. સ્ત્રી. ઋગ્વેદની એ નામની એક શાખા.

શાકલ્યતંત્ર [સ.] ન. આયુર્વેદનો એ નામનો એક ભાગ. એમાં આખ, કાન, નાક વગેરે કાંસડી ઉપરના અવયવોના દરદોની સારવાર વિષે લખવામાં આવ્યું છે

શાકંભરી જુઓ શાકંભરી

શાકંભરી ૧. [સં] સ્ત્રી. અજમેરનું જૂનું નામ; અજમીઢની રાજધાની; સપાદલક્ષ નામના દેશની એ નામની રાજધાની

૨ સ્ત્રી એ નામની એક દેવી; દુર્ગા; અંબા.

૩. સ્ત્રી. વનસ્પતિ ભરનાર કે પુષ્કળ ઉપજાવનાર દેવી. તે રજપૂતોની ઇષ્ટ દેવી ગણાય છે અને દુષ્કાળથી લોકોનું રક્ષણ કરનારી મનાય છે.

શાકંભરી વલ્લભ ન. વાલનું મોટું.

શાકાહાર [સં] પું. શાકભાજીનો ખોરાક; શાકનું ભોજન; અનાહાર; વનસ્પતિનો જ આહાર; માંસાહારથી વિરુદ્ધનો કેવળ શાકભાજીનો ખોરાક

શાકાહારી ૧. [સં. શાકાહારિન્] પું. શાકાહાર કરનાર માણસ.

૨. વિ. વનસ્પતિનો આહાર કરનાર; વનસ્પતિભક્ષક; નિરામિષાહારી; વનસ્પત્યાહારી; અનાહારી; 'વેજિટેરિયન'

શાકિની ૧. [સં.] સ્ત્રી. ડાકણ; સંખણી; સાકિણ

૨. સ્ત્રી. દુર્ગાદેવીની એક સહચરી; દુર્ગાના ગણમાંની એક ખિજાગી કે દેવી

શાકિનીદોષ [સં.] પું. જ્યોતિષ પ્રસિદ્ધ એ નામે એક દોષ. આંદા માણસની કુંડળી કરી રાશી મુજબ મહો સ્થાપન કર્યા પછી મંગળ સબંધી દોષ આવે તો તે શાકિનીનો દોષ ગણાય છે.

શાકી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિ માત્રામેળ છંદ. તે ઝૂંટકો છંદનો એક ભેદ છે. તેમાં ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૨ ગુરુ મળી ૩૨ માત્રા હોય છે અને તેમાં ૧૬ માત્રાએ યતિ આવે છે

૨. [અ.] સ્ત્રી શંકા.

૩. વિ. શાકી કરનાર.

૪. વિ. ફરિયાદ કરનાર; ફરિયાદી.

શાકુન ૧. [સં.] પું. એ નામે એક પ્રકારનો ગ્રંથ; કાકચરિત.

૨. ન. પક્ષી.

૩. વિ. શુકનનું; શુકન સબંધી

૪. વિ. હમેશ હામાસક્ત, નિરંતર આહાર વિહારમાં રત થઈ રહેનાર, અસ્થિર ચિત્તવાળા, ક્રોધી, તેમ જ સંચય કરવાના સ્વભાવ વગરનું.

શાકુનશાસ્ત્ર [સં.] ન પક્ષીની ભાષા ઉપરથી ભવિષ્યની સૂચના કરનાર શાસ્ત્ર

શાકુનિક ૧. [સં.] પું. પક્ષીઓને મારીને જીવનાર; શિકારી; પારધી; જીવાંતક.

૨. પું શકુનનું સારું માઠું ફળ બતાવનાર અથવા કહેનાર; શકુન જોઈ પરિણામ કહેનાર જોશી.

૩. વિ. શકુન સબંધી

શાકુનેય [સ] પું. (પુરાણ) દુર્યોધનના મામા શકુનિનો પુત્ર.

શાકુલ [સ.] ન એક જાતનું ચામડું. હિમાલય ઉપર અરેહ નામના સ્થળેથી તે મળે છે ક્રોધ થયો હોય તેવાં મોટાં તબકાં આ ચામડામાં જોવામાં આવે છે તે મૃગચર્મ જેવું પણ હોય છે

શાકુંતલ [સં.] ન. એ નામે કવિ કાલિદાસે રચેલ એક સંસ્કૃત નાટક

શાકુંતલકાર [સં.] પું. શાકુન્તલ નામના સંસ્કૃત નાટકનો કર્તા કવિ કાલિદાસ.

શાકુંતલેય [સં.] પું. (પુરાણ) દુષ્યંત રાજાથી શકુંતલાને થયેલ એક પુત્ર

શાકે અ શાલિવાહન સંવત્સરનું એમ; શાલિવાહનના શક વર્ષમાં; શાલિવાહન વર્ષે, શક સંવત પ્રમાણે. જેમકે, શાકે ૧૮૪૩

શાકેર [સં. શર્કરા] સ્ત્રી સાકર; ખાંડની ચાસણી કરીને પાડેલા પાસાદાર ગાંગડા

શાક્ત ૧. પું. દેવીની ઉપાસનાનો માર્ગ

૨. [સ.] પું. શક્તિનો ઉપાસક; દેવી ભક્ત. તેના બે ભાગ છે: દક્ષિણાચારી કે જમણા હાથના માર્ગવાળા પૂજકો અને વામાચારી કે ડાબા હાથના માર્ગવાળા પૂજકો શાક્ત લોકો બીજાઓને શક્તિ અને પુરુષોને ભૈરવ કે વીર ગણી પ્રત્યક્ષ સ્ત્રીની પૂજા નગ્ન અવસ્થામાં અને અશ્લીલ વિધિથી કરે છે

૩. વિ. દેવીપૂજક; દુર્ગા દેવીની પૂજા કરનાર; શક્તિ કે દેવીનું પૂજક.

૪. વિ. શક્તિ સબંધી; દેવીને લગતું

શાક્તપંથ જુઓ શાક્તમત

શાક્તપીઠ [સં] સ્ત્રી. શાક્ત સંપ્રદાયની પીઠ કે સ્થાન. ગુજરાતની શાક્તપીઠોમાં મુખ્ય અંબિકાપીઠ આરાસુરમાં છે કાલિકાપીઠ પાવાગઢમાં તથા ગિરનારમાં છે. કાઠિયાવાડમાં પ્રભાસક્ષેત્ર, પિંડતારકક્ષેત્ર જાગીનાં છે. કૈલાસગિરિપીઠ તે હાલ કોયલા નામે પ્રસિદ્ધ છે તેમાં હરસિદ્ધિ દેવી છે, અને તે જામનગર રાજ્યમાં પોરબંદર પાસે છે કચ્છમા આશાપુરી માતાનો મઢ નારાયણ સરોવરથી બાર ગાઉ ઉપર છે રુદ્રાણી ભૂજથી બે.ડે દૂર છે ઓખામંડળના બેટમાં અંબા માતાનું પીઠ છે આંબલડામાં ભૂડી માતા છે દ્વારકામા રુક્મિણી અને ચંદ્રભાગા છે અને ભદ્રકાલી પીઠ પણ છે કળાધડમા રાંતળા માતા છે હળવદમાં સુંદરીપીઠ છે. ઉપલેટા પાસે ખત્રીઓની કુલદેવતા માતૃમાતા છે. ભાવનગર પાસે ખોડીઆર

માતા છે. અંગુમાં અર્બુદાચલનું પીઠ છે. નર્મદા તીરે અનુસયા ક્ષેત્ર છે. મહારાષ્ટ્ર મુખ્યત્વે એમાં છે

શાક્તમત [સં.] પું. શક્તિથી જ જગતની ઉત્પત્તિ થયેલ છે એમ માનનાર એક સંપ્રદાય. તે મત પ્રમાણે મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતી શક્તિનાં ત્રણ સ્વરૂપ છે. આથી લક્ષ્મીને જગતની માતા જગદંબા કહેવાય છે શૈવમતમાંથી શાક્તમત ઉત્પન્ન થયેલ છે અને અઘોરી પંથ તે પણ શૈવમતનો એક વિભાગ ગણાય છે

શાક્તશાસ્ત્ર [સં.] ન. શાક્તસંપ્રદાયનું શાસ્ત્ર.

શાક્તસંપ્રદાય [સં.] પું. શક્તિને માનનારો સંપ્રદાય શાક્તોના મુખ્ય ભેદ આ પ્રમાણે હતા: (૧) દક્ષિણાચારી, (૨) વામી, (૩) કાનચેલિયા, (૪) કરારી, (૫) અઘોરી, (૬) ગાણપત્ય, (૭) સૌરપત્ય, (૮) નાનકપંથી, (૯) બાબાલાલી (૧૦) પ્રાણનાથી, (૧૧) સાંઈ, (૧૨) સંતનામી, (૧૩) સિવનારાયણી અને (૧૪) શૂન્યવાદી શાક્ત ઉપાસનાનો મુખ્ય આધાર શબ્દતત્ત્વ ઉપર હોવાથી શાસ્ત્રોમાં મુખ્ય સાધનમાં મંત્ર હોય છે અને તે મંત્ર દ્વારા કરવામાં આવતી ઉપાસનામાં પટલ, પદ્ધતિ, વર્મ (કવચ), નામ સહસ્ર અને સ્તોત્ર એવાં પાંચ અંગો હોય છે તે ઉપરાંત જપ, હોમ, તર્પણ, માર્જન અને બ્રાહ્મણભોજન એવાં પાંચ ઉપાંગો હોય છે. એક શક્તિની દયાગી ઉપાસના કરવામાં આવે છે. શાક્તોના ત્રણ પ્રકાર માનવામાં આવે છે: (૧) પશુ અધિકારી–જેમનામાં આસુરભાવ નિવૃત્ત થયો નથી અને જેમનાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૭ પાશવધર્મો વિમલ વિધિ વડે પકવી શકાય છે તેવા, (૨) વીર અધિકારી–જેમનામાં વીરનો ભાવ એટલે વીર્ય બળવાન છે અને શક્તિસંગમ થવાથી જેમનું સ્વાભાવિક શૌર્ય ઝળકી ઊઠે છે તેવા અને (૩) દિવ્ય અધિકારી–જેમનામાં કામાદિ દોષોનો લય થયો છે તેવા. સાંખ્યની પરિભાષામાં તેમને તામસ, રાજસ અને સાત્ત્વિક અને વેદાંતની પરિભાષામાં તેમને કનિષ્ઠ, મધ્યમ ને ઉત્તમ કહેવામાં આવે છે. શાક્તોના વૈદિક, વૈષ્ણવ, શૈવ, દક્ષિણ, વામ, સિદ્ધાંત અને કૌલ એવા સાત ભેદો તંત્રોમાં આવે છે. પરંતુ આ સાતેનો ત્રણમાં સમાસ લક્ષ્મીધર પંડિત કરે છે: (૧) દક્ષિણ અથવા સામયિક, (૨) વામ અથવા કૌલ અને (૩) મિશ્ર એટલે દક્ષિણ અને વામમાર્ગનું સમિશ્રણ જેઓ પંચ મકારના દિવ્ય અધિકારીના નિયમ પ્રમાણે વર્તે છે તેઓ દક્ષિણ માર્ગી શાક્તો છે. તેમનું બીજું નામ સામયિક છે, એટલે શિવ–શક્તિનું સામ્ય તેઓ ચાર પ્રકારે સાધે છે. આ ચાર પ્રકારનું સામ્ય અથવા સમરસપણું આ પ્રમાણે કરવામાં આવે છે:– (૧) પિંડનું અને બ્રહ્માંડનું તે તે કેંદ્રો દ્વારા ઐક્ય, (૨) ભિન્ન શરીર અને બ્રહ્માંડના સજાતીયના શરીરનું ઐક્ય, (૩) કારણ શરીર અને અભ્યાક્તથી રંગાયેલા ઈશ્વરનાં શરીરનું ઐક્ય અને (૪) શુદ્ધ ક્ષેત્રજ્ઞ અથવા સાક્ષી આત્માનું પરમાત્મચૈતન્ય સાથે ઐક્ય ભાવ્ય પ્રકારના વામમાર્ગીઓ પ્રસિદ્ધ પંચ મકારનું સેવન સ્થૂલ રૂપમાં કરે છે. શંકરાચાર્યના સમયમાં શાક્તમતના ત્રણ રૂપો પ્રચલિત હતા:- (૧) કૌલમત, (૨) મિશ્રમત અને (૩) સામયિક મત ત્રણે મતમાં અદ્વૈતવાદ ઇષ્ટ છે, પરંતુ ઉપાસના પ્રકારમાં અને દ્રવ્યાદિ પૂજન સામગ્રીમાં ભેદ છે. ભગવતીના સ્થૂલ, સૂક્ષ્મ અને પર રૂપને લક્ષમાં લઈ અધિકારીના ચિંતના પરા, પરાપર અને દિવ્ય એવા ભેદને લક્ષમાં લઈ શાક્ત આગમોના ત્રણ વિભાગો બંધાયા છે. પ્રત્યેક અધિકારમાં ચોસઠ કલાગમો છે વીર અધિકારના આઠ આગમો છે અને દિવ્ય અધિકારના પાંચ શુભાગમો છે. એકંદર શાક્ત આગમો સિત્તોતેર છે. તેના દિવ્ય અધિકારને ઉપયોગી થાય તેવા પાંચ શુભાગમો–શુક, સનક, સનંદન, સનાતન અને વસિષ્ઠ મુનિથી પ્રબોધાયેલી સંહિતામાં છે અને તે પાંચ સંહિતા ઉપર ભગવતીની સામયિક ઉપાસનાની પદ્ધતિ રચવામાં આવી છે. હાલના જમાનામાં કૌલ મતને વામાચારી કહે છે અને સામયિક મતને દક્ષિણાચારી કહે છે. મિશ્રમત કોપામુદ્રાથી પ્રચલિત થયો મનાય છે. શાક્તધર્મ કેવળ વિચારણીય વર્ગનો નથી, પરંતુ આચરણીય વર્ગનો છે. અનુષ્ઠાન અથવા સાધના વિના તે પોતાનું ફલ પ્રકટાવી શકે તેવો નથી. તે ધર્મનું સર્વોત્તમ ચિંતન અને અનુષ્ઠાન શ્રીવિદ્યામાં હોય છે. શાક્તસંપ્રદાયમાં સ્ત્રી જાતિ પ્રત્યે અદ્ભુત રીતે ગૌરવ દૃષ્ટિ છે. સ્ત્રીને ધર્મસિદ્ધિમાં વિઘ્નરૂપ માનવામાં આવતી નથી. પરંતુ પરમ સહાયક માનવામાં આવે છે સ્ત્રીના વિવાહ સંબંધ વડે અથવા શુદ્ધ પ્રેમ વડે પુરુષનું પશુત્વ ટળે છે અને તે મોક્ષમાર્ગનો અધિકારી બને છે. તેવી જ રીતે સ્ત્રી પણ પુરુષના શુદ્ધ સંબંધથી પવિત્ર બની મોક્ષપ્રાપ્તિની થાય છે. સિદ્ધાંતમાં શાક્તસંપ્રદાય અદ્વૈત દર્શનને સ્વીકારે છે, તો પણ દ્વૈતને તે તદ્દન મિથ્યા માનનાર નથી શાક્તસંપ્રદાય આપણી ભારતવર્ષની અસ્મિતા જેવો પ્રાચીન છે અને તેની અસ્મિ પ્રત્યેક સંપ્રદાય અને પંથમાં એટલી બધી ભળેલી છે કે, શક્તિના સ્પર્શ વિનાનો કોઈ વાસ્તવ ધર્મ નથી. શાક્તસંપ્રદાયનું વિપુલ સાહિત્ય વેદની મંત્રસંહિતા, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, શ્રાદ્ધકલ્પાદિ વેદાંગો, સૂત્રો, આગમો, તંત્રો, નિબંધો અને પુરાણોમાં જોવામાં આવે છે.

શાક્તાગમન [સં] ન. શાક્ત લોકોનું આર્યાવર્તમાં આગમન પૂર્વે આર્યાવર્તમાં શાક્ત નામક એક પ્રજા રહેતી હતી એ લોકો વામમાર્ગીઓની પેઠે દેવી ભક્ત હતા. બધી રીતે વામમાર્ગી અને શાક્તોની વચ્ચે સામ્ય હતું એ શાક્ત લોકોની આ આર્યાવર્તમાં પધરામણી તે તેમનું આગમન શાક્તાગમન કહેવાય છે.

શાક્તિ ન જૂના વખતનું યંત્રયુદ્ધનું એક હથિયાર, પદર આગળથી ત્રણ હાથ સુધી લાંબા દાંડાવાળું એક અણીદાર હથિયાર; ફેંકીને મારવાના કામમાં આવતું હથિયાર

શાક્તીક [સં.] વિ. શક્તિ નામના અસ્ત્ર વડે યુદ્ધ કરનાર

શાક્તેય [સં.] ન. વસિષ્ઠ પુત્ર શક્તિના નામ ઉપરથી થયેલ એક પ્રકાર

શાક્ય ૧. [સં. શક્ (શક્તિમાન હોવું)] પું. છઠ્ઠી શતાબ્દીમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.

૨. પું બૌદ્ધધર્મના સ્થાપક; ગૌતમ બુદ્ધ

૩. પું. બૌદ્ધધર્મનો યતિ કે ભિક્ષુક

૪. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલા અંતરિક્ષ વંશના સુજય રાજાનો પુત્ર. તેના પુત્રનું નામ શાક્યોદ હતું

૫. ન. શાક્ય મુનિ; બુદ્ધ ભગવાનના કુટુંબનું નામ; ગૌતમ કુળ.

> ઇક્ષ્વાકુ વંશનો એક મનુષ્ય પિતાના શાપથી ગૌતમ વંશના કપિલ મુનિના આશ્રમમાં શાક જાતના કુળમાં જન્મ્યો હતો તેનાથી એ કુળ શાક્ય અથવા ગૌતમ એ નામથી પ્રસિદ્ધ થયું હતું.
>
> અહિર્બુધ્ન્યસંહિતા

શાક્યનંદન [સં] પું. ગૌતમબુદ્ધ.

શાક્યમુનિ [સં.] પું બૌદ્ધ ધર્મના સ્થાપનાર બુદ્ધ ભગવાન; ગૌતમબુદ્ધ. તેને શાક્યસિંહ, સર્વાર્થસિદ્ધ, સૌદ્ધોદનિ, ગૌતમ, અર્કબંધુ અને માયાદેવીસુત પણ કહે છે

શાક્યશ્રમણ [સં] પું. બૌદ્ધ ભિક્ષુ.

> એના સમયમાં શાક્યશ્રમણની નીતિમાં બગાડ થવા માંડ્યો હતો. પુરાતત્ત્વ

શાક્યસિંહ ૧. પું ગૌતમ બુદ્ધ; બુદ્ધનું એક નામ. તેને શાક્યમુનિ, સર્વાર્થસિદ્ધ, સૌદ્ધોદનિ, ગૌતમ, અર્કબંધુ ને માયાદેવીસુત પણ કહે છે.

૨ પું (બૌદ્ધ) બુદ્ધ પછી એના ધર્મમા થયેલ એ નામનો એક સંઘ.

મારપ્પ, વિપસ્સી, સિખી, વિશ્વભૂ ક્રકુચ્છંદ કનક અને શાક્યસિંહ એ સાત બુદ્ધ થયા છે.

ચરિત્રચંદ્રિકા

શાખ્ય ૧ [સં] પું (પુરાણ) અનલ નામના વસુનો એ નામે એક પુત્ર.

૨ પું (પુરાણ) એ નામે શિવનુ એક સ્વરૂપ. બ્રહ્મદેવ સરજૂપમાંથી પ્રકટ થઈ શંકર, પાર્વતી, ગંગા અને અગ્નિ એ ચારે બેઠાં હતા ત્યાં જતાં ચારેના મનમાં એવો વિચાર આવ્યો કે, આ કુમાર કોનું માન જાળવીને તેની પાસે પ્રથમ જઈને નમન કરશે આ અભિપ્રાય જાણીને શિવે તત્કાળ પોતાનાં જ બીજું ત્રણ સ્વરૂપ ઉત્પન્ન કર્યાં તેનાં નામ શાખ, વિશાખ અને નૈગમેય. પછી સ્કંદ શંકર પાસે, શાખ અગ્નિ તરફ અને વિશાખ પાર્વતી તરફ અને નૈગમેય ગંગા તરફ ગયા

૩ પું. કૃત્તિકાપુત્ર; કાર્તિક સ્વામીનો અનુચર એક ગણ

૪. પું. ગ્રંથનો અમુક ભાગ.

૫. પું રાહુ.

૬. પું. શિવનાં ડમરુ માહેનુ એક નામ

૭ સ્ત્રી. આબરૂ; ઇજ્જત; નોક; મર્યાદા; વટ.

૧. શાખ જાળો પણ શાખ ન જાઓ = આબરૂ પાસે પૈસાની કાંઈ કીમત નથી; આબરૂ હોય તો બધું જ છે

૨. શાખ ગળવી = આબરૂ ઓછી થવી.

૩. શાખ જવી = આબરૂ ગુમાવવી.

૪. શાખ પડવી–પાડવી = (૧) અટક બનવી. (૨) આબરૂ જમાવવી; આબરૂની છાપ પડવી.

૮. સ્ત્રી આંધ. પરસ્પર વિશ્વાસ અને પોતાની પાસેની માલમતાને બળે, રોકડ નાણાંની આપલે કર્યા સિવાય, કરજ કાઢવાની કે માલ ખરીદવાની શક્તિને શાખ કહે છે અને તેથી શાખ ઉપર થતી જુદી જુદી જાતની લેવડદેવડને શાખનો વ્યવહાર કહે છે. દેશાવરની હુંડી, પરદેશાવેગી હુંડી, માલનુ બિલ વગેરે શાખી સાધનો છે ઉધાર વ્યવહારનાં સાધનો ગણાય છે એમાંથી જે સાધનોની જેવી શાખ બંધાઈ હોય કે વ્યવહારમા તેમને આધારે છૂટથી લેવડદેવડ થઈ શકતી હોય, તેવા સાધનો, શાખી વિનિમય કે પત્રો કહેવાય છે

૯ સ્ત્રી કબૂલાત; સાક્ષી, સાહેદ; સમતિ.

વેદ તો એમ વદે.
સ્મૃતિ સ્મૃતિ શાખ દે.
કહ્યા કુંડળ બિજ જેહનો'ચ. નરસિંહ મહેતો

શાખ પૂરવી = સાક્ષી આપવા

૧૦. સ્ત્રી. કાચી કેરી પાકવા પર આવી હોય અને પોચી પડી ગઈ હોય તે.

શાખ પડવી = આગા ઉપરની એકાદ કેરીનુ પાકી જવુ

૧૧ [ફા.] સ્ત્રી. ડાળી; શાખા

૧૨. સ્ત્રી. સાંધા; અવટંક; અટક; અડક.

શાખકાર [ફા] વિ. ડાળીવાળુ.

શાખપત્ર પું. આંટનો કાગળ.

શાખસાર [ફા.] સ્ત્રી. ખજીરો

શાખા ૧. સ્ત્રી (કાવ્ય) આત્મિક અભિનય.

૨. [સં.] સ્ત્રીં. ઉચ્ચાર ભેદ કે યજ્ઞની વિધિના ભેદને લીધે પડેલો વેદનો ફાંટો; જુદાં જુદાં ગોત્રો કે મંડળોમાં પ્રચલિત વેદની સંહિતાનો પાઠ કે ક્રમનો ભેદ. ચરણવ્યૂહ પ્રમાણે ઋગ્વેદની શાખા નીચે પ્રમાણે છે: (૧) શાકલ, (૨) બાષ્કલ, (૩) માણ્ડુકેય, (૪) આશ્વલાયન અને (૫) સાંખાયન.

૩. સ્ત્રી. એકાદ મોટા વિષયનો ભાગ; પ્રકરણ; ગ્રંથનો પરિચ્છેદ

૪. સ્ત્રી. ડાળ; ડાળી; પાંખડી; ઝાડ, છોડ, વનસ્પતિ વગેરેના થડમાંથી નીકળેલા અવયવ અંકુર વગેરે.

અક્ષય વૃક્ષની શાખા અક્ષય વૃક્ષનાં ફળો.
શાખા ફળો ફળો ચિત્ત લો રે વૃક્ષ અખંડિત. નામીગીત

૫. સ્ત્રી. ફાંટો; આગળ વધેલો અમુક મૂળનો વિસ્તાર કે વિભાગ; મોટી નદીને મળતી નાની નદી.

૬. સ્ત્રી. (શિલ્પ) ભારણાની આસપાસના ચોકઠાઓમાં ઊભો કરાતો નકશીવાળો ભાગ.

૭. સ્ત્રી. રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર અને ત્વચા એ સાત અવયવો.

શાખાચંદ્ર ન્યાય પું. ન્યાયશાસ્ત્ર પ્રસિદ્ધ એ નામે એક ન્યાય. ઝાડની ડાળ અને ચંદ્રને કાંઈપણ સંબંધ નથી છતાં લોકો ચંદ્ર દેખાડતી વખતે કહે છે કે, પેલો ઝાડની ડાળી ઉપર ચંદ્ર રહ્યો. આવું ત્યારે દૃષ્ટાંત આપવામાં છે ત્યારે તે શાખાચંદ્ર ન્યાય કહેવાય છે.

શાખાજ્વર [સં.] પું. એ નામે એક જાતનો વિષમજ્વર. તેમાં કોઠો ક્ષીણ રહે અને માત્ર શાખાઓ એટલે હાથપગ તપી આવે છે. વિદગ્ધ અને રસથી દૂષિત થયેલો રસ કોઠામાં રહે અને દૂષિત થયેલું પિત્ત હાથપગમાં રહે તો આવો શાખાજ્વર આવે છે. આ નામ નવુ યોજેલું છે.

શાખાપ્રશાખા [સં] સ્ત્રી ૧ ૧. ડાળી અને ડાંખળીઓ

તેમાંથી શાખાપ્રશાખા ફૂટવા કરે.
જગન્નિવાસ કાપોર

શાખામાર્ગાનુયાયી જુઓ શાખામાર્ગી.

શાખામાર્ગી જુઓ શાખામાર્ગી.

શાખામૃગ [સં. શાખા (ડાળી) + મૃગ (હરણ)] પું. વાદરો; કપિ; વાનર; મર્કટ; હરણની પેઠે શાખાએ શાખાએ ઠેકડા મારનાર પ્રાણી.

શાખામૃગી [સં.] સ્ત્રી. વાનરી.

શાખાયત્ત ૧. સ્ત્રી. આયર, ખુમાણ અને વાળા એ અટકોની કાઠીની એક જાત.

શાખાવિશાખા [સં. શાખા + વિશાખા (નાની શાખા)] સ્ત્રી ૧. ૧. નાની મોટી શાખાઓ; અનેક શાખાઓ; સંખ્યાબંધ ડાળીઓ.

શાખાશ્રયી [સં.] વિ. શાખામાર્ગી; શાખામાર્ગાનુયાયી; અમુક શાખા કે પંથ પાળનાર; સાંપ્રદાયિક.

શાખાસભા [સં.] સ્ત્રી. મુખ્ય સભાની પેટા સભા; પેટા સમિતિ; શાખા સમિતિ; 'સબકમિટી'.

શાખાસંનયન [સં.] ન. શાખાને લાગેલી ખૂળ, કચરો વગેરે દૂર કરવાં તે.

આ રીતે શાખાના કલ્પ સૂત્રકાર કાત્યાયન અને આપસ્તંબ છે. તેઓ કહેલા મંત્રનો શાખા છેદનમાં અને કહેલા મંત્રને શાખાસંનયન (શાખાને લાગેલી ખૂણ કચરો દૂર કરવા) માં વિનિયોગ કરે છે. શ્રાદ્ધપીઠ

શાખોદ્ધિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, ભગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

જગાણી શાખોદ્ધિ. ઋષિમંગલ

શાખોપશાખા સ્ત્રી. જુદી જુદી જાતનાં ફાંટા; શાખા અને ઉપશાખા

શાખ્ય સ્ત્રી. (શિલ્પ) ભારસાખની બાજુનો ભાગ

ભારની શાખ્યો ઘડતાં નીચે અથવા ઉપર એમ એક તરફ પહોળી રહી જાય અને બીજી તરફ સાંકડી રહી જાય તો ખોટી છે.

ગજપૃષ્ઠના

શાગરીત ૧. [ફા. શાગિર્દ] પું. શિષ્ય; ચેલો

૨. પું. સાથે કામ કરનારો; સહાયક; મદદનીસ; મદદગાર

શાગરીદ જુઓ શાગરીત

શાગિરદ જુઓ શાગિર્દ

શાગિર્દ ૧. પું ઉમેદવાર; શિક્ષાર્થી.
૨ પું. કારીગર
૩. પું મિત્ર; આર્શ્રિત, દોસ્ત
૪ [ફા. શાહ (રાજા) + ગિર્દ (આસપાસ)] પું રાજાની આસપાસ રહેનાર માણસ; હજૂરી.
૫. પું શાગરીત; મદદગાર; સહાયક
૬. પું શિખાઉ માણસ; કાર્યપણ કરાર કરીને હુનર અથવા ધર્મો શીખવા રાખેલું કે બેઠેલું મ.ભ.સ
૭ પું [illegible] ચનો.
૮. પું સાથી રાખેલો કે સામેલ રાખેલ દોષ તથો મ.ભ.સ

શાગિર્દી ૧ [ફા] સ્ત્રી ઉમેદવારી, શિખાઉપણું, શિક્ષા.નર્વ.સી
૨ સ્ત્રી ભભાતર; ગ્રાન્ત
૩. સ્ત્રી .ચલ.ર્યા અવસ્થ.
૪ સ્ત્રી સેવા

શાગો પું. આફ્રિકામાં મેમરાજાની અનુબ્બાકાર મૂર્તિ.

શાગ્રેગ ૧. વિ. ખરું; જેની ના કહેવાય જ નહિ તેવું.
૨. વિ. પ્રમાણિક
૩. વિ. વેપાર સબંધી
૪. [ફા શાહ (બાદશાહ) + યોગ્ય (લાયક)] વિ શાહજોગ; લઈ આવનારને તરત જ નાણાં અપાવા પડે તેવું; વહેવારસર પતાવી દેવું પડે તેવું હુંડી વગેરે માટે વપરાય છે.

શાટી ૧. [સં.] સ્ત્રી. કપડું, લૂગડું.
૨. સ્ત્રી ધોતી

શાટ્યાયન ૧. [સં.] એ નામના એક ઋષિ
૨. ન. એક પ્રકારનો હોમ. તે પ્રકૃત હોમમાં કઈપણ વિધિમાં ખામી આવી હોય તો કરવામા આવે છે

શાઠ્ય ૧. ન. કઠોરપણું
૨. [સં.] ન. કપટ, ઠગાઈ; લુચ્ચાઈ; શઠતા; શઠપણું
૩. ન. કળા; ચાતુરી
૪ ન બખીલ.ઈ; કંજૂસાઇ

શાડીકર્મ ન. (જૂ. ગુ.) ધૂસકે કે ગાકું મરે કે મરાવે તે
ધડઈ ધડાવઈ કૂસર શાટ
શાડીકર્મ કાંઠણ તે વિકટ.
વિમલપ્રબંધ

શાણ ૧. પું કસોટીનો પથ્થર; 'ટચસ્ટોન'
૨ પું. પાણિનિના સમયમાં વપરાતો એક સિક્કો
૩ સ્ત્રી ધીરજ; શાંતિ
વિણ વિત્ત અતા પ્રાણજી રે,
રહતિ નથી દેવે શાણ રે. પ્રેમાનંદ
૪ વ કરવત.
૫ [સ] ન. કલિંગ દેશની પરિભાષામાં ૪ માસાનું કે ૨૪ રતિનુ જોખવામાં વપરાતું એક વજન; નિષ્ક; ટંક; ધરણ; પા તોલો
૬. ન. શણનું કપડું
૭ ન મરાણ; પાણી ચડાવવા ઘસવાની શિલા
૮. વિ શણનુ; શણ સંબંધી

શાણકું ૧. ન. અપક્વિયું; શકોરું; રામપાત્ર
૨. ન. ભીખ માગવાનુ પાત્ર કે ભાંડ; મોટુ પહોળુ કોડિયુ
શાણકું ઝલાવવું = ભીખ મગાવવું.; ભીખ માગવું કરવુ

શાણપ સ્ત્રી. ડહાપણ; ચતુરાઈ; શાણપણ.
પનારી દેખી શાણપ કર.
જેવું કાંઈ આવ કરી હસો સ્તીમર

શાણપણ ૧ ન. અકલ; ડહાપણ; સારી સમજ.
૨. ન. ચાલિન્ય; ચતુરાઈ
૩. ન. ધૈર્ય.
૪ ન. સભ્યતા; વિવેક; શિષ્ટાચાર

શાણપણું જુઓ શાણપણ

શાણપત જુઓ શાણપણ

શાણપત્રક [સ.] ન. શણનું વસ્ત્ર; શણિયું

શાણિત [સ.] વિ. અસ્ત્રાથી ઉપર ચડાવી ધાર કારેલું

શાણ્ડિલ્ય [સં.] સ્ત્રી. અથર્વવેદની એક ઉપનિષદ

શાણી ૧. પુ. ધોકાવાળો; ધોકાનો રખેવાળ.
૨. સ્ત્રી. તંબૂ.; રાવટી
૩. ન હાથ ઠોકાક્ષ વગેરેથી સ્વચ્ના કરવી તે.

શાણું ૧ ન. અપક્વિયું; શકોરું; પહોળું કોડિયુ
૨. ન. સ્વપ્નુ; સોણુ
૩. [સં. સજ્ઞાન; પ્રા. સણાણ] વિ. ચતુર; ડાહ્યું
શાણો સમજે જ્ઞાનમા, મુરખ કરે રીસ.
દલપતરામ
૧. શાણાને સાન, ગધેડાને કહ્યો–ડીકા = ચતુરને ઇશારો ને મૂર્ખને માર
૨. શાણી સિયાળ = બહારથી ડાહ્યું અને અંદરથી કપટી. સિયાળના જેવી બહારથી શાણી દેખાતી પણ અંદરખાનેથી ઘણી જ કપટી સ્ત્રીને વિષે બોલતાં આ પ્રયોગ વપરાય છે
૩. શાણી સીતા = સીતા જેવી ડાહી અને ડાયકી સ્ત્રી કે છોડી
૪. શાણુ બગલું = બગલાની પેઠે શાણું થઇ સ્વાર્થ તાકયા કરનારુ; બગલાના જેવું ધ્યાન ધરનારું; બહુ ડોળ કરી સ્વાર્થ સાધનારુ.
૪ વિ વિવેકી; સભ્ય

શાણ્ણો સ્વાર્થ [સં] પું ઉદાત્ત સ્વાર્થ નામનો એક પક્ષ.
હૉબ્સની માફક પરાર્થને સ્વાર્થનો દુરસ્તી પ્રકાર ન માનતા સ્વાર્થ અને પરાર્થ બે બંનેને તાજવામાં નાખી તેના ત્યારબાદથી પોતાનો સ્વાર્થ અતિ ચાતુર્યથી નક્કી કરવામા આવે છે તેથી આ પંથના લોક પોતાના આ પંથને ઉદાત્ત અથવા શાણ્ણોસ્વાર્થ (પણ સ્વાર્થ એ તો નિઃસંશય જ) એવું નામ આપી પોતાના મતની મહત્તા ગાય છે. અંગ્રેજીમાં આને enlightened self-interest કહે છે. આમાના enlightened શબ્દનું આપાતર અમે ઉદાત્ત અથવા શાણ્ણપણાવાળા એ પરથી કરીએ છીએ. ઉત્તમલાલ કેશવલાલ

શાત ૧. પું. ખતૂરો.
૨. સ્ત્રી. જ્ઞાન
૩ સ્ત્રી. ભાન.
પુત્ર મૂત્ર એહ ધરણી હળી, ભાત શાત વિહીન
હરિરાજ આખ્યાન
૪. સ્ત્રી શાંતિ
૫. ન સુખ
૬. વિ કાપેલું, છેદેલું,
૭. વિ તીક્ષ્ણ કરેલ.
૮. વિ. ચતુર; કુશ; પાતળું.
૯. વિ. સુખી; સુખવાળુ

શાતકર્ણી ૧. પું એ નામે એક ઋષિ
૨. પું. મધ્યકાલીન ભારતમાં દક્ષિણમાં થયેલ એ નામે એક રાજા

શાતકૌક્ષી [સં] ન. ગધકું
ગૂંજન ને વિવિધ વિચાર
વળી શાતકૌક્ષ્ણ નિરાધાર અખરેજ

શાતકુંભ ૧. [સ.] પું. કરવીર વૃક્ષ
૨. ન એક જાતનું સોનું. તે શતકુંભ નામના પર્વતમાંથી નીકળે છે. તેનો રંગ કમળની પાંખડી જેવો હોય છે
કનક અર્જુન કાર્તસ્વર હેમ હિરન્ય સુવર્ણ,
અષ્ટાપદ હાટક પુરક શાતકુંભ હરિ વર્ણ.
વિમલપ્રબંધ
૩. ન. ખતૂરો

શાતકૌળી [સ] સ્ત્રી. મેરુ પર્વતની ટોચ ઉપર ભગવાન બ્રહ્મદેવની અ.તેલી સુવર્ણનગરી. એ દસ હજાર યોજન સમ ચતુષ્કોણ છે. એ તદ્દન સોનાની છે.

શાતન ૧. ન. અવનતિ; નિકૃંતન, નાશ.
૨. [સ.] ન તીક્ષ્ણ કરવુ તે.
૩. ન. પાતળું કરવુ તે.

શાંતપુષ્પ ન. એ નામે ઓળખાતી એક જાતની વનસ્પતિ ને તેનું ફૂલ. જાપાન, મધ્ય અને દક્ષિણ યુરોપમાં થાય છે. તેનાં ફૂલ ભેગાં કરી, સૂકવીને ઔષધમાં વપરાય છે.

શાંતબાહુન પું. શાંતિવાહન

શાંતા ૧ સ્ત્રી. પુરાણોના, સુખદાયિની, આનંદ.

૨ સ્ત્રી. નક્ષત્ર.

૩. [સં. शान्त प्रा. सांत; सांता] સ્ત્રી. શાંતિ, ટાઢક; નિરાંત; મનોરંજન મળવો કે વળવો તે; વિશ્રામ

૧. શાંતા વળવી = શાંતિ મળવી કે થવા, નિરાંત વળવી, સુખ થવું

૨. શાંતાંમાં રહેવું = સુખમાં રહેવું. છેડા પક્ષની વચ્ચે સમાધાન અમલમાં કરવા માટે વપરાય છે

૩ શાંતામાં રહેવું = શાંતિથી રહેવું; સુખમાં રહેવું

૪. સ્ત્રી. સંતોષ; તૃપ્તિ

શાંતાતપ પું. એ નામના એક ઋષિ

મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્ક્ય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાંતાતપ અને વસિષ્ઠ એ સર્વ ધર્મશાસ્ત્રોના રચનારા છે, અર્થાત્ આ સર્વે ઋષિઓએ બનાવેલી સ્મૃતિઓને ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે. પુરુષોત્તમ ગીતા

શાંતાદાતા વિ. શાંતિ આપનાર.

શાંત્રવ ૧ [સં. शत्रु] પું. ન.

૨ ન. શત્રુતા; દુશ્મનાઈ

૩. ન. શત્રુઓનો સમૂહ

શાંદ ૧ [સ.] પું. ઝાડવું; ઝીંડવું

૨ પું. ફૂમણું ઘાસ

૩. [જુ.] વિ. આનંદી, ખુશ.

ખુદા એને આબાદ રાખે, એની અદાલતોને દુર કરી એના જિગરને હમેશા શાંદ રાખે.

૪ વિ. પૂર્ણ, ભરેલું

૫. વિ. સુખી

શાંદકામી [જુ.] સ્ત્રી. સુખ; આનંદ; સંતોષ

શાંદલ સ્ત્રી. ઝાડવામાં અથવા સૂકી જગાએ ખુલ્લી જમીનમાં ઊગતી એક જાતની વનસ્પતિ

શાં દીદાર [જુ. શાંદ + દીદાર (અરબી-ફારસીના નવી દરજ્જાના)] ન. ખુશાલ દરજ્જાના આ મત પ્રમાણેની ચોક્કસ પ્રમાણોની બાંધણી કરતી વખતે ચોક્કસ પ્રમાણો, બાંધણીની વચ્ચમાં, અરબસ્પરમ, ફન્નેમોરાપ નથ, દક્ષિણમોરાપ કરતી વખતે ઉપયોગે

શાંદી ૧ સ્ત્રી. આનંદ; ખુશી. ખુશાલી

૨ સ્ત્રી. ખાસ્સો થયો તે; મગજનું

૩ સ્ત્રી. આગેવાની; બેઠમા રાજ્યને અપાતી એક જાતની સેવાની

શાંદી કરવું = રાજ્યમાં કોઈ રાજકુમાર કે કુમારીના લગ્ન થાય તે સંબંધે લેવાતો કર, રાજકુટુંબમાં વિવાહ પ્રસંગે લેવામાં આવતો ... ન, કશી બજર કર બેકતના આધારે થી લેવાતા

૪ [જુ. शाद (ખુશી)] સ્ત્રી. વિવાહ, લગ્ન, પરણવું તે

શાંદી ... લગ્ન કરવું; પરણવું

શાંદ્ સ્ત્રી. નિનજથી એજેસી ટકા પાંખડી ફૂલી ઝાડે નવા જનાવર પુનઃ જિંદગીમાં આવતા બનીને છે

શાંદલ ૧ સ્ત્રી. દુર્વા; ધ્રો

૨. ન. ઘાસવાળું મેદાન; વાડી

૩. [સં.] ન. નીંદેલી ચોખ્ખી જમીન પર રાખેલું કિંમતી રહેલ લીલોતરીપૂર્ણ નાનું રથળ. નિરભ્ર જમીનનું લીલોતરીવાળું ખાબોચિયું ... ૧૨, ઝાડ કે ઊભરાઈ મેદાનમાંની કુદરતી ...

૪ વિ. ઘાસવાળું.

૫ વિ. લીલું, હરિત

શાંત ૧. [સં.] પું. ઓળખાની બાર કાઢવાની ...

૨ પું. મધપૂડો

૩. સ્ત્રી. આગ

૪. સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષા.

૫ સ્ત્રી. કંસારો.

૬. સ્ત્રી. કુમળા વિનાનું ઝીરવી જાત.

૭ સ્ત્રી. ખાખરો

૮ સ્ત્રી. દરિયાકાંઠે

૯ [અ. शान (મોટાઈ)] સ્ત્રી. દેખાવ; છટા, દમામ; વસ્ત્ર અને અલંકારથી શોભતો ઘાટ

૧૦. સ્ત્રી. ખભેરવા ઓઢવાની ઊનમ બનાવટનો; અબરો; કાઠમાંડ; અળવટ, દેશના '

૧૧ સ્ત્રી. બુદ્ધિ; સમજણ; અકલ.

૧૨ સ્ત્રી. મુખપટ્ટો; ચહેરાનો દેખાવ; શિક્ષણ ... = અમલ આવવો

૧૩ [જુ.] સ્ત્રી. સીવવા

૧૪ સ્ત્રી. વૈભવ; પ્રતિષ્ઠા

૧૫ સ્ત્રી. દલાલ

શાંત વળી જવ નિશુબને, ખતુબ ધરીને આવે.

શાંતદાર ૧ વિ. ખાસ્સું ધરાવનાર

૨ [અ. शान + જુ. दार (વાળું)] વિ. છટાદાર; ધારેલું, સારું, દેખાવનું, શાનવાળું; વાપ ધુમ્મસવાળું.

૩ વિ. કાબરચીતરું

૪ વિ. દરિયાકાંઠાનું

૫ વિ. સુંદર

શાંતશૌકત ૧ [અ. शान (ઝાકો) + शौकत (દબદબો)] સ્ત્રી. ઉજાણી; ઠાંકઝાંકપણું; કબ્રસ્તાન

૨ સ્ત્રી. બાહોશી, હોંશિયારી

૩ સ્ત્રી. બનાવટી પોશાક.

૪ સ્ત્રી. શક્તિ; માલ; દમ; હીર; સત્ત્વ

શાંતશોગાત જુઓ શાંતશૌકત

શાંતશૌકત [અ.] સ્ત્રી. ઠાઠ દમામ; ઝાકો; ઠસ્સો & સરંજામ

શાંતસોગાત જુઓ શાંતશૌકત

શાંતી સ્ત્રી. છોડવાઓની નાનકડી વનસ્પતિ.

શાંતુ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમાત્રા છંદ; ગાડું; ગાડા ને અનુકૂલતા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ગુરુ અને લઘુ એમ બે અક્ષર હોય છે

શાંને અ. શા માટે, શી રીતે; કેમ; શીદને; શું કરવા; શા માટે.

શાંપ [સં. शप (મોઢામાં બોલવા) + अ (ક્રિયાવાચક પ્રત્યય)] પું. શાપવું તે; ક્રોધ, ફફડાટ કે પીડાથી બોલવું ખરું ખોટું બોલવું તે; કોઈનું અમંગળ થાય તેવો પ્રબળ સંકલ્પ; કકડવા, બકડવા, ગાળ

યજ્ઞ કર્યા વિના બાપ તને બીજા મળે,
ચોરેલું અન્ન કે બાપ કઠિન **શાપ** તેમને.
બાબીગીતા

૧ શાપ આપવો-દેવો = ખૂબ ધમકાવવું

૨ શાપ લાગવો = અમંગળ થવું

શાપગ્રસ્ત [સં.] વિ. શાપિત; શાપ પામેલું.

શાપદગ્ધ [સં. शाप + दग्ध (બળેલું)] વિ. શાપથી બળેલું, કોઈની કકડવાથી દુઃખી થયેલ

શાપભ્રષ્ટ [સં.] વિ. શાપને લઈને ભ્રષ્ટ થયેલ

શાપમુક્ત [સં.] વિ. શાપથી છૂટેલ

શાપમુક્તા [સં.] સ્ત્રી. શાપથી છૂટકારો

શાપમુખી [સં.] વિ. સ્ત્રી. શાપ દેના મુખમાં છે એવા; શાપ દેવાના સ્વભાવવાળી

શાપવું સ. ક્રિ. શાપ દેવો, શાપ આપવો

કમાડીએ શાપ્યો બાળ સામળો તુ ધર્મભ્રષ્ટ
બાબીગીતા અનુસંધાન

શાપસંજમ પું શાપને નીચે ઊતરી ગયેલી અમસ્તા-કુમત ઘણની બીકના કે ખૂબ ન ગમતી, પ્રિયની ઇચ્છા એ તો **શાપસંજમ** હલે.
નાનાલાલ

શાપસાધક વિ શા.પ સિદ્ધ કરનાર
તે શાપમા એના મૃત્યુ કરતા એની ચિરંજીવિતા વધારે **શાપસાધક** નવી. સરવૈયાચંદ

શાપાગ્નિ [સ] પું શાપરૂપી અગ્નિ

શાપાત્ર [સ] પું મુનિ; સંત; ઋષિ.

શાપાંત [સં.] પું. શાપનો અંત.

શાપિણી [સ] વિ સ્ત્રી શાપ પામેલી.

શાપિત [સ શપ (સોગન ખાવા)] વિ બદદુવા પામેલું; શાપ દેવાએલું; શા.પ પામેલું.

શાપુરા ન એક જાતનું પ્રાણી તેનુ રહેઠાણ હિમાલય પર્વત ઉપર અને તિબેટમા છે તેનો રંગ પીરો, દાઢી નાની અને વાળ અરછટ હોય છે

શાહી ૧ સ્ત્રી ચલમ પીવાનો કપડાનો કકડો

૨ સ્ત્રી સુન્ની મુસલમાનોના ચાર મઝહેબો એક ફાંટો.

૩. વિ અંત લાવે તેવુ

શાશ્વત ૧. વિ. અસલ સ્થિતિ મુજબનું

૨. વિ. નક્કી કરેલું.

૩ વિ મજબૂત; પાકુ.

શાશ્વર ૧ પું. એ નામના એક મુનિ

૨. પુ. બાણાવળી

૩. પું હરિવંશનો કે. નામનો એક યોગી

૪ ન. પૂર્વમીમાસા ઉપર શાબર મુનિએ કરેલું એ નામનું ભાષ્ય.

૫. ન લોબ નામની વનસ્પતિ

શાશ્વલીમધ્ય [શા.શ્વ (ધ્રુવ) + ભલી (સારી) + મત (બુદ્ધિ) + ધ્યે (આપે)] ન જાણે કે ધ્રુવ ભલી મત દે (ધ્રુવ ભલી મત દે) જૂના જમાનામા વૃદ્ધ લોકો વાતની શરૂઆતમા આ શબ્દ બોલતા તેનો ભાવાર્થ એમ છે કે, પ્રભુ ! આપણને સદબુદ્ધિ પ્રેરો ! દો !
શાશ્વલેમતદે = સાહેબ ભલી મત દે

શાશ્વાન [ફા શ.અમાન] પુ. મુસલમાની વર્ષનો આઠમો મહિનો.; હિજરી સનનો આઠમ મહિનો, રમજાનથી પહેલ નો મહિનો

શાશ્વારા [ફા. શાદ (ખુશી) + આશ (આશો)] ન ધન્ય હો ! ખુશી રહો ! પરાક્રમ કે બીજા સારાં કામ માટે તે કરનારને ઉત્તેજન આપવુ અથવા વખાણ કરવા તે; સાબાશ; ફીક કપુ, વાહ વાહ ! ભલે ભલે એમ કરેલુ તે

શાશ્વારી [ફા શાદ (ખુશી) + આશ (થવુ)] સ્ત્રી. ધન્યવાદ, તારીફ; વખાણ, શ્લાઘા
૧ શાશ્વારી આપવી = ધન્યવાદ દેવો
૨ શાશ્વારી મેળવવી–લેવી = ધન્યવાદ લેવો; તારીફ પામવી.

શાસ્ત્ર ૧ ન (વેદાંત) શબ્દથી થએલું જ્ઞાન
૨. ન. (જૈન) સ્યાદ્વાદ આગૂબાષ્યમાં સપ્તભંગી નયનાં નામ આ પ્રમાણે છે: નૈગમ, સગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શાબ્દ, સમભિરૂઢ અને એવભૂત.
૩ [સ વિ મૌખિક
૪ વિ શબ્દ સબંધી
૫. વિ. સ્થાપિત મત સંબંધી

શાસ્ત્રજ્ઞાન ન પ્રમાણભૂત માણસના કે શાસ્ત્રના કથનથી થતું જ્ઞાન
વાક્યના દરેક જુદા જુદા શબ્દનો અર્થ જ્ઞાન હોવાથી વાક્યમા કહેલ, અને બુદ્ધિમા આવે થાય છે તે પણ **શાસ્ત્રજ્ઞાન** છે.
સિદ્ધાંત દર્પણ

શાસ્ત્રબોધ ૧ પુ (વેદાંત) એક પદાર્થમ. બીજા પદાર્થના સબધને વિષય કરનારું જ્ઞાન જેમકે, નીલ રંગનો ઘડો આ વાક્યમ જન્યજ્ઞાન ઘટ પદાર્થમા નીલ પદાર્થના અભેદ સબધને વિષય કરે છે, માટે એ જ્ઞાન શાબ્દબોધ કહેવાય છે એને વાક્યાર્થજ્ઞાન પણ કહે છે
૨. પું. (વેદાંત) શક્તિ કે લક્ષણા એ બેમાંથી ગમે તે એક સબધ વડે પદથી ઉત્પન્ન થતી પદની સ્મૃતિથી અવચ્છિન્ન જ્ઞાનની કારણતા સમજાઈ આવે તેવુ કાર્ય.
૩ [સ] પું શબ્દના જ્ઞાનથી થનાર કોઈ પદાર્થ વગેરેનુ એક જ્ઞાન; અન્વય બોધ.

શાસ્ત્રિક ૧ પુ વૈયાકરણ; વ્યાકરણશાસ્ત્રમાં કુશળ માણસ
આપિશલિ આદ્ય શાબ્દિકોમાનો એક મ.હો **શાબ્દિક** છે. પુરાતત્ત્વ
૨ વિ મૌખિક
૩ [સ શબ્દ (ઉચ્ચાર કરવો)] વિ. શબ્દને લગતુ; શબ્દ સબંધી, ઉચ્ચારને લગતુ

શાસ્ત્રિકસૂત્રન ન ચિંથવને બરાબર નિર્દોષ કરવા માટે શબ્દો બોલીને, ગાયન ગાઈને, વાજુ વગાડીને કે મજના કરીને ચિકિત્સક તરફ જે સ્વજન આપે તે.

શાસ્ત્રી સ્ત્રી. સરસ્વતી.

શાસ્ત્રીપ્રમા સ્ત્રી (વેદાંત) વાક્યરૂપ કરણ વડે જન્ય જે પ્રમા, શબ્દપ્રમાણથી ઉપજતી પ્રમા તેના આલંકારિક શાબ્દીપ્રમા તથ પારમાર્થિક શાબ્દીપ્રમા, એમ બે પ્રકાર છે.

શાસ્ત્રીવ્યંજના સ્ત્રી (ક.ભ) એક પ્રકારની વ્યંજના શબ્દને આશ્રયે રહેલી હોય તે શાબ્દીવ્યંજના તેના અભિધામૂલ, અને લક્ષણામૂલ એમ બે ભેદ છે

શામ ૧ પુ એક જાતનો રોગ
૨ પુ ખોળ મહાબળ મુજબ એ નામે થયેલ અંશાવતાર.
૩. પુ ખજૂરો.
૪ પુ. પ્રયાગ તીર્થનો એક વડ.
૫. પું. મેઘ.
૬ [સ શમ્ (શાંત થવુ) + અ (ક્રિ.વાચક પ્રત્યય)] પુ શાંત થવુ તે
૭. પુ. શ્રીકૃષ્ણ
૮ [ફા] પુ. સિરિયા દેશ ને પશ્ચિમમાં આવેલ હોવાથી શામ કહેવાય છે
૯. સ્ત્રી કોડલ
૧૦ સ્ત્રી. સલાહ; સંધિ
૧૧ સ્ત્રી સ.જ
૧૨ [સ શમ્ , આપેલું)] સ્ત્રી સાંભેલાની લોઢાની બનાવટ

શામક ૧ ન ચલમ
૨ સ [વિ (વૈદક) દુખ ઓછું કરનાર; ઝાળ શમ.વનાર. શાંતિ ઉપજાવનાર; શમાવે તેવું; શાંતિકારક.

શામગરી સ્ત્રી ચણાના લોટની બનતી એક જાતની મીઠાઈ.

શામદાન [ફા શમાદ.ન] ન મીણબત્તી રાખવાની લોઢી.

શામયાના [હિ.] પુ તબૂનો એક પ્રકાર.
શામયાના વરેહાર લાબા થાય છે, પણ ખરા ઓરસચોરસ આઠ ચોરસ વાલા હોય છે.

શામરા સ્ત્રી. ખેડા જિલ્લામાં થતી એક જાતની તમ.કુ

શામલા સ્ત્રી મ.યે ઓઢવ.મા આવતી ટોપી. બગાણામા તેને શ.મલા કહે છે.

શામવું ૧. [સં. શમ્] અ ક્રિ. શમવું; શાંત થવું.
૨ અ ક્રિ મીઠું, વીસમવુ, કડુ પડવુ

શામવૃક્ષ ન એક પ્રકારનુ વૃક્ષ.
શામવૃક્ષની નીચે બોધિસત્ત્વને જન્મ આપ્યો એવુ જાતક આ કથામા છે. પુરાતત્ત્વ

શામરાગલ પુ ગણિતિક અથવ. નક્ષત્રચક્રની ઉત્તરે આવેલ એક તારા સમુદાય; 'ફ્રાનિસ વેનરીમી'. તેનો આકાર બાંધેલા કૂવારા જેવો છે

શામશૂમ વિ કોઈ બોલતુ ચાલતુ ન હોય તેવુ. માણસનો કે ઢોરનો અવરજવર ન હોય તેવુ.

શામળ ૧. પું. અઢારમા શતકનો એક ગુજરાતી કવિ; જ્ઞા.મળદાસ તેણે પદ્માવતીની વાર્તા સંવત ૧૭૩૪માં રચી હતી અને કેટલાક કહ્યો સંવત ૧૭૭૬માં ઉમેરાયા હતા.
૨. [સ. શ્યામલ] પું. શ્રીકૃષ્ણ
૩. વિ. શ્યામ; કાળું; નહિ ગોર.

શામળગાત્ર [સ. શ્યામલ (શામળું) + વર્ણ (રંગ)] વિ. શ્યામ વર્ણનું; શામળા રંગના ચહેરાવાળું.

શામળાજી ૧. [સ. શ્યામલ + જી (આદરાર્થે બહુવચનનો પ્રત્યય)] પું. શ્રીકૃષ્ણ
૨ જ. ખેડા જિલ્લામાં આવેલું એક તીર્થસ્થાન

શામળિયો ૧. પું. પિત્તાઈ. ગુજરાતની પછાત જાતિમાં આ શબ્દ વપરાય છે.
૨. [સ શ્યામલ] પું. શ્રીકૃષ્ણ ભગવાન.
શામળિયો ઘરેણું આપે સાથું રે.
મીરાંબાઈ

શામળું [સં. શ્યામ (કાળુ)] વિ. કાળું; ઘેરા બદામી રંગનું; ગોરું; શ્યામ

શામળો [સં. શ્યામલ] પું. શ્રીકૃષ્ણ; કાનુડો.

શામા ૧. સ્ત્રી. એક પ્રકારની ચકલી. તેનાં મૂળિયાંમાંથી કુમારીન નામે સત્ત્વ નીકળે છે મૂળિયાં મૂર્છાવૃદ્ધિ અને રક્તદોષ ઉપર ઉપયોગી મનાય છે.
૨. સ્ત્રી. મધુરા રંગવાળું એક પક્ષી; મધ્યખંડ ઝાડોમાં જોવામાં આવતી ભૂરા રંગની એક જાતની મેના.
શામાઓ દરેકના અરસામા આ બાજુ ઊતરી આવે છે.
૩. સ્ત્રી. શ્યામા; સોળ વર્ષની ઉંમરની સ્ત્રી; સોહાના બરાબરથી સહેજ ઘેરા વર્ણની સ્ત્રી.

શામિયાનો [ફા. શમિયાના] પું. મોટો તંબૂ; શમિયાનો; એક સહેરી મંડપ. તે બાર જણથી વધારે મોટો હોય છે

શામિલ ૧ પું. સાથી; જોડિયો.
૨ [અ. શમલ (તે સમાયું)] વિ. અંદર ભળેલું; સંતાયેલામાં જોડાયેલું; જોડે રહેલું; જોડેલું; વળગેલું; સામેલ
૧. શામિલ કરવું = સાથે જોડવું; માં સમાવેશ કરવો
૨. શામિલ થવું = માં જોડાવું; ભાગ લેવો.
૩ વિ સંબંધ ધરાવતું

શામિલગીરી ૧. સ્ત્રી. અંદર ભળેલ હોવું તે; દખલગીરી; શામિલ હોવાપણું
૨. સ્ત્રી જોડીદારી, સાથી હોવું તે.
૩ સ્ત્રી સમાધ; સાજતું વળગતું હોવું તે.

શામિલાત ૧ [અ.] સ્ત્રી અવિભક્ત મિલ્કત ભાગીદારી
૨. સ્ત્રી. સહકાર; સહકારિતા; સહયોગ

શામિલાતી [અ] વિ. અવિભક્ત; સંયુક્ત.

શામૂલ [સં] ન. બિનનું કૂરતું.
રજાએ બાબાને તાર્યા અને બીજા કૂરતાને શામૂલ કહેતા. અર્વાચીન ભારતીય સંસ્કૃતિ

શામેલ જુઓ શામિલ

શામ્રા ૧. પું રેતીનું મેદાન
૨. [હિ. સામા] પું. શ્યામક
૩. ન. એક જાતનું મધુરા રાગવાળું પંખી નવ્યો દશેરાના અરસામાં આ બાજુ ઊતરી આવે છે. પરંપરાથી તેઓ આખો શિયાળો અહીં પસાર કરે છે. તેમની દિશા પારખવાની સમજ અત્યંત તીવ્ર હોય છે. પ્રતિ વર્ષ એના એ જ શામ્રાઓ એ જ સમયે એ જ જગ્યાએ જોવામાં આવે છે.

શામ્રોઝાર સ્ત્રી. હિંદની વાયવ્ય સરહદ ઉપર વસતી એક પઠાણ કોમ

શાયક ૧ પું. તરવાર
૨. પું. તીર; બાણ
૩. [સ. સહાયક] પું. મદદગાર; સહાયક
જિય રાકર શાયક જૈન નમો. કાંતરાસ
૪. વિ. ધુમ્મસવાળું
૫. [અ. શાઈક (શોખ રાખનાર)] વિ. શોખીન.

શાયદ ૧. [ફા.] અ ક્રિવિ. કદાચ.
૨. અ. ખાત્રી; ખરેખર.

શાયપોતો પું. શાકુડીના ઝાડનો પીળો કે રોડો. તે વરાખ ઉપર ખાણકોને પાય છે.

શાયર ૧. [અ. શઅર (તેણે જાણ્યું)] પું કવિ; વિદ્વાન; પંડિત
કવિઓ જ ઉજવાવે છે જગતના ઉત્સવ,
શાયરો જ છે સૌન્દર્ય મન્દિરના ધુમ્મસ.
નાનાલાલ
૨. પું. ભાટ; વહીવંચો.
૩. વિ. મોટું; વિશાળ.

શાયરકોઠો પુ દાઢ; માલ ઉપરનો વેરો; જકાત.

શાયરી ૧. [અ. શાઅરી] સ્ત્રી. કાવ્યકળા; કવિતા
૨. સ્ત્રી. શાયરપણું
શાયરીના સરબત વિના જિંદગીની હિજ્રત દુઃખી છે. નાનાલાલ

શાયિની પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, સગણ જગણ, ભગણ, જગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય છે

શારી [સ. શાયિન્ (સૂનાર)] વિ. શયન કરનાર; સૂનાર; પોઢનાર. તે સમાસને અંતે વપરાય છે જેમકે, શેષશા.યી.

શાર ૧. [અ. શાર] પું. કાણું; છિદ્ર; બાકું; બાકુ
૨. પું. કાળો રંગ.
૩. પું પાસા ખેલવાનું એક સાધન
૪. પું ચારુ
૫. ન. ચિત્ર વિચિત્ર રંગ
૬ વિ. ચિત્ર વિચિત્ર રંગનું; રંગબેરંગી.
૭. વિ. દુઃખ દેનાર; પીડનાર

શારડી સ્ત્રી. શાર પાડવાનું એક અણીદાર ઓજાર.
શારડીથી શારવું = મહેનત મારીને કે દુઃખ દઈને સતાવવું

શારડી કૂવો પું. શારડીથી નળી જેવો ઘતો કૂવો; 'બોરિંગ'.
ઉપાડો કૂવો કરવો, શારડી કૂવો (બોરિંગ) કરવો કે નળ ઉપર આધાર રાખવો તે પ્રશ્ન કેટલીકવાર ખાખલાને વિચાર કરતો કરી મૂકે છે.
પૃથ્વિવિધાન

શારડો ૧. પું. કૂવામા વધારે પાણી લાવવા શાર પાડવા કે નળ જમીનમાં ઊતારી કૂવો બનાવવો તે
શારડો મૂકવો = બોરિંગ કરવું
૨. પું. મોટી શારડી; મોટું બોકું પાડવાનું યંત્ર.

શારદ ૧. પું એ નામનો એક વ.નર.
૨ પું. કાંસડો નામનું ધાન્ય.
૩. પું કુદરતી રીતે નબળો અથવા કોઈ રોગથી નબળો બનેલો ઢોર
૪. પું. (પિંગળ) ચૂંટાયેલા ઉપદોહા છંદની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ તેમાં ૨૭ ગુરુ, ૫૪ લઘુ અને ૧૦૮ માત્રા હોય છે
૫. પું. ચોખાની એક જાત.
૬ પું. સીસમ વૃક્ષ
૭. પું (પિંગળ) ષટ્પદી છપ્પય છંદની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમા ૮૮ લઘુ, ૩૨ ગુરુ અને ૧૫૨ માત્રા છે
૮. સ્ત્રી. એક જાતની વીણા.
૯ [સં શારદા] સ્ત્રી. શારદાદેવી; વિદ્યાદેવી; જ્ઞાનની દેવી; સરસ્વતી

૧૦ ન (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર.
સતલ ઘરની જમણી તરફ તમા ઢાળી વચ્ચે અને તેની પળીને એ રીતે ત્રણે દિશાએ એક એક અડિદ હોય અને તે ઘરના મુખ આગળ બે આડિદો હોય તેમ જ વચ્ચે બહારકે હોય તો તે શારદ ઘર કહેવાય. રાજવલ્લભ

૧૧ ન. ધોળુ કમળ

૧૨ મ. બકુલ વૃક્ષ.

૧૩ વિ. અલ્પવાળું.

૧૪. વિ. શરદ ઋતુનું; શરદ ઋતુને લગતું

ઋતિ । સોનાં તે **શારદ** રાસ રે, સુંદરી સોયે ભરી રે.
સહજતરંગિણી

શારદકર્મ [સં.] ન. વધારે ચરબી, કૃશતા કે બીજી બીમારીઓને લીધે ક્રમ કરવાને અશક્ત થયેલ હાથીને ઉપયોગી બનાવવાની ક્રિયા.

શારદકંદ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં તગણ, યગણ, સગણ, લગણ અને બે ગુરુ એમ બાર અક્ષર હોય છે.

તા યા સ લ ગ યા ગા ગા ને **શારદકંદે**
રણજિત

૨. પું. શરદ ઋતુનો મેઘ.

શારદકોપ [સં] પું. શરદ ઋતુનો રોષ

ઋતુ ઋતુએ હોય ઋતુદેવને પૂજે; પુરુષ પાંચમું પાંચમી પુત્ર એમ **શારદઋતુએ શારદકોપને** પૂજે છે.
સપ્તમિયા

શારદકૌમી [સં.] સ્ત્રી. શરદ ઋતુની અધિષ્ઠાત્રી દેવી.

શારદદેશ પું. ઠંડો પ્રદેશ.

આર્યાવર્તનું કાશ્મીર **શારદદેશ** છે, અપની ભાષાદેશ છે, મલય ધર્મ દેશ છે
સંધમિયા

શારદા ૧. પું. (પિંગળ) પૃથ્વિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સરસ્વતી. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, રગણ, સગણ અને બે જગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨ સ્ત્રી. એક જાતની પ્રાચીન લિપિ. એક વખત તે વાયવ્ય હિંદુસ્તાનના પહાડી પ્રદેશમા પ્રચલિત હતી. જુઓ શારદા લિપિ.

૩. [સં] સ્ત્રી. એક જાતની વીણા

૪ સ્ત્રી. કન્યાદેવી; કાન્યદેવી.

૫. સ્ત્રી. (પુરાણ) સમા નદીને મળનારી એ નામની નદી; ગોમા

૬. [સં.] સ્ત્રી. સરસ્વતી; વિદ્યાની અધિષ્ઠાતા દેવી; વિદ્યાદેવી

૭. મ. સ્થળકમળ.

શારદાપીઠ ૧. [સ.] સ્ત્રી. શંકરાચાર્યની પશ્ચિમ ભારતમાં દ્વારકાની ગાદી કે મઠ

૨. સ્ત્રી. શારદા દેવીનું સ્થાન; સરસ્વતીનું ધામ; સરસ્વતીમંદિર; વિદ્યાપીઠ; વિશ્વવિદ્યાલય; વિદ્યામંડળ; ' યુનિવર્સિટી '

શારદાપૂજન ૧ [સં.] ન. વિક્રમ સંવતના વરસના છેલ્લા દિવસે વેપારી લોકો નવા ચોપડાઓનું જે પૂજન કરે છે તે; ચોપડાપૂજન.

૨. ન. સરસ્વતી દેવીનું પૂજન

શારદામઠ પું. શંકરાચાર્યે દ્વારકામાં સ્થાપેલ મઠ.

શારદામંદિર ન. વિદ્યાલય.

શારદાલિપિ સ્ત્રી વિંધ્ય પર્વતની ઉત્તરમા આવતી પાંચ બોલીની એ નામની એક પ્રાચીન લિપિ; કાશ્મીરી લિપિ. આ લિપિનો પ્રચાર કાશ્મીર અને પંજાબમાં હતો ઈ. સ.ની આઠમી સદીમા પંજાબમાં કુટિલ લિપિનો પ્રચાર હતો પણ તે સમય પછી કુટિલ લિપિમાંથી શારદા લિપિની ઉત્પત્તિ થઈ. એ લિપિમાંથી આધુ કાશ્મીરી અને ટાકરી લિપિ નીકળી છે ઉપરાંત પંજાબી એટલે ગુરુમુખી લિપિના બાવન અક્ષરો આ જ લિપિમાંથી ઉત્પન્ન થયા મનાય છે.

શારદાસંભવ સ્ત્રી. મંડનમિશ્રની ધર્મપત્ની સરસ્વતી. આજવાઈ નદીને કાંઠે આવેલા કાલડી ગામમાં શંકરાચાર્યનો જન્મ થયો હતો એ નદીને કિનારે શંકરાચાર્ય અને **શારદાંભવ**—મંડનમિશ્રની ધર્મપત્ની સરસ્વતીનું મંદિર છે. બંને પ્રતિમાઓ કાંસાની છે

શારદિક ૧. પું. શરદ ઋતુમાં થતો એક રોગ

૨. ન. શરદ ઋતુમાં થતું એક ધાન્ય.

૩. વિ. શરદ ઋતુનું

શારદી ૧. સ્ત્રી. રતનવેલિયો

૨. સ્ત્રી. શરદ ઋતુ

૩. સ્ત્રી શરદ ઋતુમાં કરવાની પૂજા

૪. [સં] ન. સાત્વિન નામનું વૃક્ષ.

૫. વિ. સ્ત્રી. શરદ ઋતુ સંબંધીની; શરદ ઋતુને લગતી

શારદીય [સં] વિ શરદ ઋતુનું; શરદ ઋતુને લગતું

શારદી વીણા સ્ત્રી. (સંગીત) એક જાતનુ તંતુવાદ્ય. તેને ચાલ ખીન કહે છે. તે બે તુંબડા અને દાંડ લાકડાની હોય છે તે દાંડને બંને છેડે વક્ર કરીને લાકડાની મયૂરાકૃતિ બેસાડવામા આવે છે, ત્યાં તારસ્થાન તથા તંબોળ રહે છે ખીનને સાત તાર હોય છે. તેને વગાડતાં બે મજરાળો પહેરવી પડે છે, એક પરેલી આંગળીએ અને બીજી ડચલીએ પહેરાય છે બાજનો તાર પહેલી આંગળીની મજરાળના આઘાતથી વગાડાય છે અને છેલ્લટનો તાર કે જેને અપૈયાનો તાર કહે છે તે ડચલી આંગળીની મજરાળથી વગાડાય છે. આલાપ બે મજરાળોથી તાર ઉપર જે ઝોલો નીકળે છે તેને ગાયા કહે છે આ વાદ્ય વગાડવું પણ ઘણું મુશ્કેલ ગણાય છે

શારદોત્સવ ૧. પું. શરદઋતુનો ઉત્સવ.

૨. [સ શારદા + ઉત્સવ] પું. શાળાનો ઉત્સવ; નિશાળના વિદ્યાર્થીઓ વગેરેએ કરેલો મેળાવડો.

શારદ્વત ૧. પું. (પુરાણ) શરદ્વતનો પુત્ર; કૃપાચાર્ય

૨ ન. એ નામનું એક ગોત્ર; ગૌતમાત્રિરસમાંનું એક કુળ.

શારદ્વતી ૧. સ્ત્રી (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી (પુરાણ) કૃપાચાર્યની બહેન કૃપી; દ્રોણની સ્ત્રી

શારબાઁ સ્ત્રી. ચાર પૈડાંની ખુલ્લી ગાડી.

શારભટ્ટ ન. એક જાતનું કાપડ.

શારવું ૧. [સં શૃ (કાપવું)] સ. ક્રિ કાપવું પાડવું; છિદ્ર કરવું; ચારે પાડવો.

૨. સ ક્રિ દુઃખ દેવું; પીડવું; કઠું વચન કે ટોણાથી બાળવું; હૃદયમાં કાણું પડે એવા વચનથી પીડવું; દઝવું

શારંગ ૧. પું ;ન. કોકિલ

૨. [સં.] પું ;ન. ચાતક પક્ષી.

૩. [સં. શાર્ઙ્ગ] પું ; ન. ધનુષ; કામદેવનું; સારંગ તીર કામદેવ; શાર્ંગ.

૪ પું ,ન અપૈયો.

૫ પું ,ન ભમરો

૬ પું ,ન મૃગ

૭ પું ;ન મોર.

૮ પું ;ન વિષ્ણુનું ધનુષ્ય.

૯ પું ;ન. (સંગીત) સારંગ.

૧૦ પું ;ન હરણ.

૧૧. પું ,ન. હાથી.

શારંગધર ૧. પું. પ્રાચીન હિંદુસ્તાનનો એ નામનો એક પ્રસિદ્ધ વૈદ્ય

૨. [સં. શાર્ઙ્ગ (સારંગ) + ધર (ધારણ કરનાર)] પું. વિષ્ણુ.

શારંગધર સંહિતા સ્ત્રી. શારંગધરે રચેલો એ નામનો વૈદકનો એક ગ્રંથ તેમાં રોગની ઉત્પત્તિ લક્ષણ, પ્રતિકાર, દરેક પ્રકારની ધાતુઓનુ મારણ, શોધન વગેરે પ્રયોગો સારી રીતે વર્ણવેલ છે.

શારંગપાણિ ૧. [સ. શાર્ઙ્ગ (સારંગ) + પાણિ (હાથ)] પું. અર્જુન

૨ પું વિષ્ણુ

૩. ન. રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે આવેલ એ નામનો એક તારાસમૂહ; ' અકરીલા ' તેનો આકાર ગરુડ પક્ષીના જેવો છે તેથી તેને ગરુડ પણ કહે છે

શારંગી ૧. [સ] સ્ત્રી. ચાતક પક્ષિણી.
૨. સ્ત્રી. અર્પણની આદા.
૩. સ્ત્રી. ભમરી
૪ સ્ત્રી મોર પક્ષિણી
૫. સ્ત્રી સારંગી નામનું એક તંતુ વાદ્ય
૬ સ્ત્રી. હરણી
૭ વિ ઉપરની

શારિ ૧ [સ , પુ. દ્યૂત રમનારો પુરુષ
૨ પુ પાસો કે શેતરંજનું મહોરું
૩. સ્ત્રી કપટ
૪ સ્ત્રી મેના પક્ષી.
૫ સ્ત્રી હરણીનું પહેલું બચ્ચું.

શારિકા ૧ સ્ત્રી. મધુર રાગવાળું બોલનાર એક પક્ષી, 'મેના'
૨. સ્ત્રી. મેના. આખ્યાયિકા અર્થશાસ્ત્રમાં અને અશોકની આજ્ઞાઓમાં આ પક્ષીના શિકારની મનાઈ હતી. જુઓ સારિકા
૩. સ્ત્રી. વીણા વગાડવાનું સાધન

શારી [સ. શૈવાલિકા. પ્રા. સેવાલિઆ. અપ. સેવારી. ગુ. સારી] સ્ત્રી. પારિજાતકનું ફૂલ.

શારીર ૧. [સં.] પું. દેહી; જીવાત્મા.
૨. પું. બળદ.
૩. પું શરીરનો રોગ.
૪. ન. (સંગીત) કાનની મધુરતા.
૫. ન શારીર વિદ્યા; શારીરિક શાસ્ત્ર, શરીર તથા રોગ સંબંધી વૈદ્યકશાસ્ત્ર.
૬. વિ. રોગ સંબંધી
૭ [સ. શરીર + અ (તુ)] વિ. શરીર સંબંધી; શરીરને લગતું.

શારીરક ૧. [સં.] ન. કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ્.
૨. ન. શંકરાચાર્યનું બ્રહ્મસૂત્ર ઉપરનું ભાષ્ય.
૩. વિ. શરીર સંબંધી
૪. વિ. શરીરી, શરીરવાળું.

શારીરવિદ પું. (વૈદ્ય) શરીર સંબંધી વિદ્યા જાણનાર પુરુષ

શારીરવિદ્યા [સં. શારીર (શરીરનું) + વિદ્યા (શાસ્ત્ર)] સ્ત્રી શરીર રચના સંબંધી શાસ્ત્ર; કેળની બનાવટ શીખવનારી વિદ્યા; શરીર રચના દર્શાવનારું શાસ્ત્ર; શરીર સંબંધી જ્ઞાન આપતી વિદ્યા; શારીરશાસ્ત્ર; ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, અંગવિજ્ઞાન.

શારીરશાસ્ત્ર ન ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, અંગવિજ્ઞાન; શરીરનાં અંગોનાં કાર્ય તથા ક્રમ વિષેનું શાસ્ત્ર, 'ફિઝિયોલૉજી'

શારીરશાસ્ત્રી પું. શરીરશાસ્ત્રી.

શારીરિક ૧. સ્ત્રી. એકસો અઠ્ઠાવીસ મંત્રોની એ નામની એક ઉપનિષદ્
૨. વિ. વૈદ્યક સંબંધી
૩. [સં.] વિ શરીર સંબંધી, જાતિક

શારીરિક તપ [સં.] ન. શરીરથી કરાતું તપ. દેવ, બ્રાહ્મણ, ગુરુ અને વિદ્વાનનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે

શારીરિકરાશિ સ્ત્રી. (જ્યોતિષ) બાર મહિનાની દરેક રાશિ

શારીરિક શિક્ષણ ન શરીરને લગતું બધું જ્ઞાન, બધું શિક્ષણ. શારીરિક શિક્ષણ એ સર્વ પ્રકારના શિક્ષણનું એક અનિવાર્ય અંગ છે. શારીરિક શિક્ષણથી માણસ પોતાની શક્તિને કેળવી શકે છે તથા એ શક્તિ સારી રીતે ઉપયોગમાં લઈ શકે છે અને પુષ્કળ આનંદ મેળવી શકે છે. તેથી માણસના જીવનના અને મનનો જુસ્સો ઘણા લાંબા સમય સુધી ટકી રહે છે. તેનાથી તંદુરસ્તી, સહનશક્તિ, જુસ્સો અને સંવાદક રસાયણો ઉપર કાબૂ મેળવી શકાય છે તેનાથી સામાજિક ફાયદાઓ પણ મળે છે. શારીરિક શિક્ષણથી આજ્ઞાંકિતપણું, વફાદારી, સહકાર, આત્મભોગ, ભ્રાતૃભાવ, પ્રામાણિકપણું, આત્મવિશ્વાસ, માનસિક અને શારીરિક સ્વસ્થતા, ચપળતા, અને હિંમત વગેરે ગુણો કેળવાય છે દરેક વિદ્યાર્થીની સ્થિતિ જોઈને તેને તેના પ્રમાણમાં શિક્ષણ આપવું જોઈએ. જેમકે અદ્ભુત આનંદ વર્ગને ખૂબ ઉત્સાહ અને મહેનતથી તૈયાર કરવા જોઈએ એ નબળા બાળકોને તેમને લાયક કસરત આપવી જોઈએ વ્યાયામ વર્ગમાં શિસ્ત રાખવી ઘણી જરૂરની છે. જો વર્ગમાં શિસ્ત ન હોય તો કસરતનો કોઈ ફાયદો રહેતો નથી.

શારીરિક શિક્ષણની પરીક્ષા આ જાતની કેળવણીની કસોટી. શારીરિક શિક્ષણ લીધા પછી જે અંગોનો સોમ કસોટીમાં વિદ્યાર્થી પસાર થાય તે અંગોને જરૂરનું છે. શારીરિક શિક્ષણ આપવાની જરૂરિયાત, અભ્યાસ નિયમો, રીતિ મુજબ એ પરીક્ષાને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. આવેલી છે પહેલો ભાગ– એસોલ્યુટ ટેસ્ટ બીજો ભાગ બીજી શારીરિક કસરતોમાં મેળવેલી કુશળતા, ત્રીજો ભાગ- કુલ દેખાવ અને અંતે, કસોટીના આ ત્રણ વિભાગ કયા વર્ગના છે તે, તથા તે વર્ગ વચ્ચે કેવા વયનથી નીચેના વર્ગ વિભાગ નક્કી કરવા અને પછી તેની યોગ્ય કસોટી લેવામાં આવે છે

ટેબલ અ

ગુણ	ઊંચાઈ ઇંચમાં	ઉમર વરસ અને માસમા	વજન પાઉંડમાં
	૪૬ થી નીચે અને	૯ અને	૫૦થી નીચે અને
–૧	૪૬થી૪૭	૯–૦ અને ૯–૫	૫૦થી૫૫
૦	૪૮થી૪૯	૯–૫થી ૯–૧૧	૫૬થી૫૮
૧	૫૦થી૫૧	૧૦–૦થી૧૦–૫	૬૦થી૬૫
૨	૫૨થી૫૩	૧૦–૬થી૧૦–૧૧	૬૬થી૭૦
૩	...	૧૧–૦થી૧૧ ૫	૭૧થી૭૫
૪	૫૪થી૫૫	૧૧–૬થી૧૧–૧૧	૭૬થી૮૦
૫	...	૧૨–૦થી૧૨–૫	૮૧થી૮૫
૬	૫૬થી૫૭	૧૨–૬થી૧૨–૧૧	૮૬થી૯૦
૭	...	૧૩–૦થી૧૩–૫	૯૧થી૯૫
૮	૫૮થી૫૯	૧૩–૬થી૧૩–૧૧	૯૬થી૧૦૦
૯	...	૧૪–૦થી૧૪–૫	૧૦૧થી૧૦૫
૧૦	૬૦થી૬૧	૧૪–૬થી૧૪–૧૧	૧૦૬થી૧૧૦
૧૧	...	૧૫–૦થી૧૫–૫	૧૧૧થી૧૧૫
૧૨	૬૨થી૬૩	૧૫–૬થી૧૫–૧૧	૧૧૬થી૧૨૦
૧૩	...	૧૬–૦થી૧૬–૫	૧૨૧થી૧૨૫
૧૪	૬૪થી૬૫	૧૬–૬થી૧૬–૧૧	૧૨૬થી૧૩૦
૧૫	૬૬થી૬૭	૧૭–૦થી૧૭–૫	૧૩૧થી૧૩૫
૧૬	૬૮	૧૭–૬થી૧૮–૦	૧૩૬થી૧૪૧

૧૭ ૬૯ ને ઉપર ૧૮–૦ ને ઉપર ૧૪૬ અને ઉપર

ઉપરના કોઠામાં આપ્યા પ્રમાણે વિદ્યાર્થીનાં ઊંચાઈ, ઉમર અને વજનથી મળેલા ગુણનો સરવાળો થાય છે અને પછી તેનું વર્ગીકરણ કરવામાં આવે છે દા. ત. કોઈ વિદ્યાર્થીની ઊંચાઈ ૫૦"ની હોય, ઉમર ૧૦ વર્ષની હોય અને વજન ૭૦ પાઉંડનું હોય તો તેને ૧ ગુણ ઊંચાઈનો, ૧ ગુણ ઉમરનો અને ૨ ગુણ વજનનાં એમ કુલ ૪ ગુણ મળે છે અને નીચેના કોઠા ઉપરથી તે 'A' મૂજ એલિમેન્ટરીમાં આવી શકશે. આપ્યા વિદ્યાર્થી સમુદાયનું આમ વર્ગીકરણ કરવું જરૂરનું છે

ટેબલ બ

ગુણનો સરવાળો	વર્ગ
૯ અને તેનાથી નીચે	એલીમેન્ટરી–(A)અ
૧૦ થી ૧૪	સબ–જુનિયર (B)બ
૧૫ થી ૨૪	જુનિયર (C)ક
૨૫ થી ૩૪	સબ સિનિયર–(D)ડ
૩૫ અને તેથી વધારે	સિનિયર–(E)ઇ

પ્રથમ બાબતની કસોટીમા (૧) ૫૦ વાર દોડ એલીમેન્ટરી અને સબ-જુનિયર માટે; ૭૫ વાર દોડ જુનિયર, સબ–સિનિયર અને સિનિયર માટે, (૨) ઊંચુ કૂદવુ (સીધા), (૩) કૂદબોર્ડ–દડો ફેંકે, (૪) 'પુલ અપ', (૫) લાંબો કૂદકો.

જોકરિનો માટે, (૧) ૫૦ વાર દોડ ઑબ્સ્ટેકલ-ટ્રી અને સ્પ્રિંગ-બુનિયર માટે; ૬૦ વાર દોડ જુનિયર, સ્પ્રિંગ-સિનિયર અને સિનિયર માટે, (૨) ઊંચુ કૂદવું (સીધું), (૩) કૂદબોલ-દડો ફેંક, (૪) બટાટા દોડ અને (૫) બડો કૂદકો. દરેક વર્ગ માટે નક્કી કરેલા સમયમા નક્કી કરેલ ક્રમ આવ કે તેનાથી ઓછુ વધતુ આવ તે પ્રમાણે દરેક ભાગીદાર ગુણ મળે છે.

શારીરિક સૂચના જી વિદ્યેયને મોહનિદ્રા લાવવા માટે વિદ્યાપક વિદ્યેયના શરીર ઉપર પોતાના હાથ, આગળાં કે આંખોનો ઉપયોગ કરે તે

શાર્ઈ [અં] સ્ત્રી. એક જાતની માછલસભાઉ માછલી તે ૪૦ થી ૬૦ ફૂટ લાબી થાય છે તેનો વસવાટ હિંદી મહાસાગરમાં જોવામા આવે છે હથોડી આકારના તેના માથાના બે છેડામાં તેની આખો હોય છે તેની ચામડીનુ શેગરીન ચામડુ બને છે અને તેના ફ્લેન્જમાથી તેલ મેળવાય છે. વધારે મોટી શાર્ક ગરમ સમુદ્રોમાં વધુ હોય છે અને દરિયાની સપાટી પાસે રહે છે. તેનું નીચલુ જડબુ ઘણું મજબૂત હોય છે. મોટું મોઢુ અને તેમાં તીક્ષ્ણ દાંતોની ધાર હોય છે અને જેમ મસાતા જાય તેમ નવા આવે છે. ખૂબ તરવાવાળી અને ખાવાવાળી હોવાથી નાહનારા અને વહાણ ભાંગતાં દરિયામાં પડી ગયેલાઓ માટે એ મહાન જોખમરૂપ છે.

શાર ૧. પું. એ નામના એક ઋષિ
૨. પું. ફૂંકનુ કીચુ.
૩. [સં.] પું. પથ્થરના ઢાંકરાવાળો પ્રદેશ.
૪. પું. શેલડીનો એક વિકાર.
૫. વિ. શાર્કરી નામના છંદવાળું.

શાર્ઙ્ગી ૧. [સ.] પું. શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ કરનાર વિષ્ણુ
૨. વિ. ધનુષ્ય ધારણ કરનાર.

શાર્દૂલ ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૩૬ લઘુ મળી ૪૨ વર્ણની ૪૮ માત્રા હોય છે.
૨. પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તેમાં ૫૪ ગુરુ અને ૪૪ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે
૩. પું. એક જાતનું પક્ષી.
૪. પું. ચિત્તો
૫. પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, સગણ, રગણ અને જગણ મળી અઢાર અક્ષર હોય તેમાં બારમા અક્ષરે યતિ આવે છે
૬. પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. તે યુદ્ધ કૃત હતો.
૭. [સં.] પું વાઘ
૮. પું. સિંહ
૯. પું સિંહનુ શત્રુ ગણાતું શરભ પશુ.

શાર્દૂલવિક્રીડિત પું (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; શાર્દૂલવિક્રીડિત તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, સગણ, તગણ અને સગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષરે પહેલી યતિ કે વિસામો આવે છે.

શાર્દૂલવિક્રીડિત ૧. [સં. શાર્દૂલ + વિ (વધુ) + ક્રીડા] પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, સગણ, તગણ, તગણ અને ગુરુ મળી ૧૯ વર્ણ હોય છે તેમાં બારમા અક્ષરે યતિ આવે છે.
૨. જ. વાઘની ચેષ્ટા.

શાર્દ્વલી ૧ સ્ત્રી. (પુરાણ) ક્રોધાની એ નામની એક દીકરી સિંહ, વાઘ વગેરે તેનાથી ઉત્પન્ન થયા મનાય છે
૨. સ્ત્રી. વાઘણ
૩. સ્ત્રી. શરીર મડદા

શાર્વરી ૧. પું. સાઠ સંવત્સરોનો એ નામનો ચોત્રીસમો સંવત્સર.
૨ [સ] સ્ત્રી રાત; રાત્રી
૩. સ્ત્રી. હળદર.

શાલ ૧ પું અઠ્ઠાવીસ માસેનો એ નામનો એક માસ
૨. પું. એ નામનો એક નદ.
૩. પુ. એક જાતનું માણસું.
૪. પું. મંદો.
૫. પું. હિજડો.
૬ પુ. કીચડ.
૭. પું. ધોળો ડામર
૮ [હિં સમ્] પું રાજનુ ઝાડ હિમાલય, આસામ, મધ્યભારત અને સિંગાપુરમાં જ્યાં ઊગે છે ત્યાં જૂથનાં જૂથ જોવામાં આવે છે. તેની છાલ રાતો અને કાળો રંગ બનાવવા વપરાય છે અને ટેનિન માટે લાંબા વખતથી ઓળખીતી છે. રંગ માટે તે એકલી કરતાં બીજી ઝાડો સાથે સહાયક તરીકે પણ વપરાય છે ચડમાં ઉદ કરવાથી તેમાંથી રાળ નામનો તેજિયો પદ્ધ રસ ઝરે છે. તેનો ખૂબ તરીકે ઉપયોગ થાય છે. તેના ફળનુ તેલ બાળવા અને દીવામાં જોગવાઈ કરવા માટે વપરાય છે. તેના ફળનો લોટ બનાવી ગરીબ લોકો ખાય છે. સાગ, દેવદાર અને શાલ એ ત્રણ જોર ઝાડ ગણાય છે. ઘર બાંધકામ, ફર્નિચર, રેલવેના સ્લીપર, પુલ વગેરે માટે મોટા પ્રમાણમાં તેનો ઉપયોગ થાય છે. બીજમાંથી તેલ મળે છે. સુગંધી રાળ પુષ્કળ પ્રમાણમાં મળે છે અને હિંદમા તે રાળ તરીકે વેચાય છે.
૯ પું. (પુરાણ) શક્ર વાદળને દુર્વાસાને પોટ થયેલ એ નામનો એક દીકરો
૧૦. પું. સાલિવાહન રાજા.
૧૧. પું. સિપાળ.
૧૨ પું. સાગનું ઝાડ; સાગ. તેનાં લાકડાં ઇમારતનાં કામમા આવે છે.
૧૩ પું. હરણોની જાત.
૧૪. [સં.] સ્ત્રી. ઊંચી જાતની ભરેલી કિનારવાળું ઓઢવાનું ઊન, સૂતર, રેશમ વગેરેનું ચોરસ અથવા લંબચોરસ કપડું; ઊનનું ભરેલી કિનારનું ઊંચી કીમતનું એક ઓઢવાનું વસ્ત્ર; ઓઢવાની ગરમ પાથરણી શાલ મોટે ભાગે ઠંડીથી બચવા માટે ઓઢાય છે. પણ કેટલીક વખત શોભાના વસ્ત્ર તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. કાશ્મીરની શાલ વિશ્વવિખ્યાત છે.

શાલ ઓઢાડવી = (૧) વાંકુ બોલવુ, નિંદા કરવી. (૨) ફજરપાવ આપવો; ઉપનામ અક્ષિત આપવાં, બાનાવેં ફટકોસાઠ આપવા.

૧૫. સ્ત્રી. ડાંગેર; ભાત; શાલિ.

નદી વહી વખાણે, ને કરસણ વંકી શાલ,
પુરુષ વાહો પ્રાપતીએ, જેમ નેણા જ વંકી નાર.
ઝવેરચંદ

શાલગ્રામ ૧. [સં.] પું. એ નામના પર્વતમાં બનારી વિષ્ણુની એક મૂર્તિ. તે કાળો, લીલો લખોટા જેવો પથ્થર હોય છે. વૈષ્ણવો તેની પૂજા કરે છે. કેમકે, તેમાં રહેલ ચક્ર અથવા કૂડાળાં વિષ્ણુની ખાસ વિશિષ્ટતા દર્શાવે છે. તે ગંડકી નદીમાંથી પણ મળી આવે છે. તે પથ્થરની કીમત તેનાં ચક્ર તથા છિદ્રો ઉપર આધાર રાખે છે. તેને ગરમ કરી અંદરનું સીસુ કાઢી લેવામાં આવે છે એમ કહેવાય છે.
૨. પું. એ નામનો એક પર્વત.
૩. જ. ગંડકી નદીના મૂળ પાસે આવેલું મહાભારતમા જણાવેલું પ્રાચીન ક્ષેત્ર.
૪. જ. તિબેટની તળેટીમાં આવેલું એ નામનું એક યાત્રાસ્થળ. તે પરમ પવિત્ર મનાય છે. તેની આસપાસ ચક્રાના દાણા જેટલાથી માંડીને મણ, બે મણ કે તેથી પણ વધારે વજનના કાળરો શાલગ્રામ પડેલા હોય છે. આ તીર્થના માહાત્મ્ય સંબંધી એમ કહેવાય છે કે, એક સમયે ત્યાં શાલવૃક્ષની નીચે શાલજાયન ઋષિએ ઘોર તપશ્ચર્યા કરી હતી તેમના તપથી પ્રસન્ન થઇ

ભગવાને વર આપ્યો હતો કે, તમારી પ્રસન્નતાને માટે હું શાલવૃક્ષમાં નિવાસ કરીશ. ત્યારથી શાલગ્રામ નામક વસતીની ત્યાં પ્રતિષ્ઠા થઈ ગઈ. તે જ પ્રમાણે એકવાર ગંડકી તથા નર્મદા નદીઓએ પણ એ જ સ્થાનમાં તપશ્ચર્યા કરી હતી અને ક્રમશઃ વિષ્ણુ તથા શંકરજીને પ્રસન્ન કરીને તેમના જેવા જ પુત્રો માગ્યા. બને ભગવાને કહ્યું અમારા જેવા તો બીજા કોઈ હોઈ શકે નહિ તેથી તમારા ગર્ભમાં અમે જ પાષાણ રૂપે જન્મ લેશું. તે પ્રમાણે ગંડકીમાં ગોળ અને કાળા રૂપમાં વિષ્ણુ તથા નર્મદામાં નર્મદેશ્વરના રૂપમાં શંકર ઉત્પન્ન થતા રહે છે.

શાલગ્રામગિરિ પું. એક પર્વત; શાલગ્રામ.

શાલગ્રામશિલા સ્ત્રી. ગંડકી નદીમાંથી નીકળતી વિષ્ણુની મૂર્તિ

શાલગ્રામી સ્ત્રી. ગંડકી નદીનું એક નામ.

શાલદુશાલા ૧. પું. બ. વ. ઓઢવાની એક જૂની જાતની શાલ. એકવડીને શાલ અને બે ફરવાળીને દુશાલા કહે છે.

૨. પું. બ. વ. સન્માનનાં ચિહ્નો; બહુમાનનો પોશાક; માનાર્થે અપાતાં રોકડાપાઘડી વગેરે.

શાલપાલ જુઓ શાલપાઘડી.

શાલપાઘડી સ્ત્રી. શાલ અને પાઘડી

> કવીશ્વર દલપતરામે જૈનધર્મ-માહાત્મ્યનો ગ્રંથ ગુજરાતીમાં લખ્યો. ગ્રંથ સમાપ્ત થયે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સભા ભરી દલપતરામને શાલપાઘડી ને રોકડ રૂપિયાનો સિરપાવ આપ્યો.
>
> કવીશ્વર દલપતરામ

શાલભંજિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં તગણ, બે રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. [સં.] સ્ત્રી. પુતળી; બાવલું.

૩. સ્ત્રી. વેશ્યા.

શાલમૂષક પું. નાક ઉપર ચીબું ટીચું હોય તેવો ચોટો

શાલરી સ્ત્રી એક જાતનો રોપો.

શાલવણ [સં. શાલિપર્ણી] પુ. ઔષધિમા વપરાતો એક જાતનો છોડ. પ્રસિદ્ધ દશમૂળ પૈકીનાં પાંચ લઘુપંચ મૂળમાંનો તે એક છે. તે જ્વરઘ્ન, કફઘ્ન, માર્દવ, પૌષ્ટિક,- રસાયન, કફઘ્ન અને કૃમિઘ્ન છે. વાત, પિત્ત ને કફ એ ત્રણેય દોષોનું સમન કરે છે. ને હેડકાના રોગ, ઝાડા, ઊલટી, શરીરની અંદરના ઘા, સોજા, ઉદરરોગ તથા કૃમિરોગમા ઉપયોગી છે. સતત જ્વર, સંતિકાજ્વર, ફેફસાંના વરમ, રક્તપિત્ત વગેરે વિકારો ઉપર તે ઉત્તમ ઔષધ છે

શાલા ૧. પુ. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉપેંદ્રવજ્રા અને ઇંદ્રવજ્રાના મિશ્રણથી બને છે. તેના દરેક ચરણમાં અગિયાર અગિયાર અક્ષરો હોય છે. તેનુ પહેલું, બીજું અને ચોથુ ચરણ ઇંદ્રવજ્રાના માપનુ હોય છે; તથા ત્રીજું ચરણ ઉપેંદ્રવજ્રાના માપનું હોય છે.

૨. [સં.] સ્ત્રી ઘરનો એક ભાગ; ઓરડો.

૩. સ્ત્રી. ઘેરાયેલી જગા

૪. સ્ત્રી. ઝાડની ઓટી ડાળી

૫. સ્ત્રી. પાઠશાળા; નિશાળ; અધ્યાપન મંદિર; શાળા; 'સ્કૂલ'.

૬. સ્ત્રી. મકાન; ઘર; ગૃહ; આશ્રમ.

૭. સ્ત્રી. સભાઘર

૮. સ્ત્રી. સમાન નીતિરીતિ; સમાન વિચાર વગેરેવાળો સમૂહ કે સમુદાય

શાલાક્ય [સ.] ન. ગળાની હાંસડીના ઉપલા ભાગે આવેલ આંખ, નાક, મોઢું, કાન વગેરે અંગોના વ્યાધિની કે રોગોની ચિકિત્સા સંબંધી શસ્ત્રવિદ્યાની એક શાખા

શાલાતુરીય [સં.] પું. પાણિનિ મુનિનું એક નામ. જન્મસ્થાન પરથી તેમનુ આ નામ કહેવાય છે.

શાલાધ્યક્ષ [સં. શાલા (નિશાળ) + અધ્યક્ષ (ઉપરી)] પુ. મુખ્ય શિક્ષક; આચાર્ય; નાયકગુરુ; વિદ્યાશાળાનો મુખ્ય અધિકારી

શાલામુખ [સ] પુ એક જાતના ચોખા.

શાલામૃગ [સં.] પું. શિયાળ

શાલામૃગી [સં.] સ્ત્રી. શિયાળ માદા

શાલાવૃક ૧. [સં.] પું કૂતરો

૨. પું. નિશાડો.

૩. પુ. મૃગ.

૪. પું. વાંદરો.

૫. પું. શિયાળ

શાલાંત [સં.] વિ. શાળાનો અભ્યાસ પૂર્ણ થતી વખતનું; 'સ્કૂલ-ફાઇનલ'

શાલિ ૧ પું (પુરાણ) અત્રિ, કુળનો એ નામનો એક ઋષિ

૨. પુ. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૬૦ લઘુ મળી ૯૬ માત્રા છે

૩. પું. એક જાતના વગડાઉ ચોખા.

૪. [સં.] પુ એક જાતનો ગધાતો ભિલાડો.

૫. પું. સાઠ દિવસે પાકતું હરકોઈ ધાન્ય

૬. [સ.] સ્ત્રી. ડાંગર, શાળ; ભાત; માવલ; ચોખા

શાલિક ૧ પું ક્ષત્રિય સ્ત્રીને વૈશ્ય પુરુષ વડે ઉત્પન્ન થતી પ્રજા; મામેય

૨ પુ. જડાત

૩. પુ. સાળવી; વણકર

૪. વિ. શાળાનું; શાળા સબંધી

શાલિકા ૧. સ્ત્રી શરીર માહેની એક વાયુતત્ત્વ દેવતા

૨. [સં. શાલિ] સ્ત્રી ડાંગર; ભાત

૩. સ્ત્રી. વિદારી નામની વનસ્પતિ

શાલિગ્રામ પું વિષ્ણુના પ્રતીક તરીકે પૂજાતો કાળો, લીસો, ગોળ પથ્થર. આવા પથ્થર ગંડકી નદીમાંથી મળી આવે છે

શાલિચાન્ન [સં.] ન. ચાવલ, તંદુલ; ચોખા; ભાત

શાલિની ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; મ.ત્રિ.ની. તેના દરેક ચરણમાં મગણ, બે તગણ, બે ગુરુ મળી એમ અગિયાર અક્ષર હોય છે. તેમાં ચોથા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. સ્ત્રી. મૂર્છિણી

> રોળાતી જે શાલિની સોખ્યદા.
>
> દલપતરામ

૩ વિ. સ્ત્રી વાળો એવો અર્થ બતાવતો શબ્દને છેડે લાગતો એક શબ્દ. જેમકે, વૈભવશાલિની

શાલિપર્ણી [સં.] સ્ત્રી. સાલવણ નામની વનસ્પતિ; પૃશ્નિપર્ણી; અતિગુહા; મોટો સમેરવો.

શાલિભદ્ર [સં] પું રાજગૃહી નગરનો એ નામનો એક રાજા. કહેવાય છે કે, તેને ત્યાં બત્રીસપુષ્પ અને ખોરાક આદિથી ભરેલી પેટીઓ રોજ સ્વર્ગથી આવતી

> નથી વિરોધિઈ જગૂસ્વામિ,
> શાલિભદ્ર રાજગૃહ ગામિ.
>
> રાજસ્થલમય

શાલિવાહન [સં.] પું ઈ સ ૭૮માં થઈ ગયેલો એ નામનો શક જાતનો એક પ્રસિદ્ધ રાજા. તેનાથી શક સવત ગણાય છે મહારાષ્ટ્રના પ્રતિષ્ઠાનપુર અથવા પૈઠણ ગામમાં બે ભાઈ અને એક બેન એમ ત્રણ ભાડરડા રહેતા હતાં. એક દિવસે તે ત્રણેય બજારમાં જવા નીકળી પડ્યાં રાતે એક કુમારને ત્યા રાતવાસો રહ્યા. બેન રાત્રિએ પાણી ભરવા ગોદાવરી નદી ઉપર ગઈ.

દૈવયોગે નાગદત્ત નામના ઓવારા ઉપર પાણી ભરતાં મોહિત થયલ નાગે તેનો ઉપભોગ લીધો ને પ્રસંગ પૂર્ણ થયા પછી 'તને કોઈ દુઃખ કિંવા સંકટ આવી પડતા મારું સ્મરણ કરજે એટલે હું તેનો પરિહાર કરીશ,' એવું અભય આપી નાગે તેને રત્ન આપી તેના ભાઈઓ, તેના દરીનું પરિવર્તન કર્યું, તેના ત્યાગ કરી ચાલ્યા ગયા અને તે અનાથ સ્ત્રીને તે કુંભારને ત્યાં દાસત્વ સ્વીકારવું પડ્યું આ સ્ત્રીને નાગપુરાતન, સમાગમથી ગર્ભ રહ્યો હતો. એટલે નવ માસ પરા થતાં એક પુત્રનો પ્રસવ થયો તે જ શાલિવાહન આ રીતે તે કુંભારને ઘેર પણ દરિદ્ર સ્થિતિમાં જન્મ પામ્યો પ્રધાન નું શાતવાહન એવું નામ હતું બૃહત્કથાસરિત્સાગર નામક ગ્રંથમાં સાત નામક કોઈ પક્ષ હોઈ તેના પરથી તે ઉપર તેને થયો માટે સાતવાહન એવું નામ સંસ્કૃતમાં આપ્યું એમ કહ્યું છે. આ રાજાને શાલિવાહન, સાતવાહન, શાલવાહન, સાલવાહન, સાલવાહન, સાતવાહન, સાતવાહન અને હાલ ઇત્યાદિ અનેક નામે થી અનેક કવિઓએ ઓળખાવેલ છે. શાલિવાહનનો આખરકાળ કુંભારને ત્યાંની મજૂરી, નગરમાં, પુનરો, લાકડાં, ઘોડા, સિપાર્ક વગેરે બનાવવામાં વ્યતીત થતો. ત્યાં નાગાર્જુન નામના સિદ્ધ પુરુષે તેને સર્વ કળાઓ શીખવી. ઉજ્જયનના રાજા વિક્રમાદિત્યે પોતાની જન્મપત્રિકા એક જ્યોતિષીને બતાવી પૂછ્યું કે મારા રાજ્ય પર કરનારો કોણ મનુષ્ય કયારે ઉત્પન્ન થશે કે થયો છે? જ્યોતિષીએ કહ્યું કે, પૈઠણ નગરમાં કુંભારને ત્યાં તારું રાજ્ય કરી લેનારો એક છોકરો જન્મ્યો છે. એથી રાજાએ પૈઠણ ઉપર સવારી કરી શાલિવાહનનો નાશ કરવા તૈયારી કરી. બિચારો બાળક શાલિવાહન તો રમતગમતમાં રાજા બનતો હતો, તેની પાસે સર્વ માટીના રમકડાંનું સૈન્ય વગેરે હતું. વિક્રમાદિત્યે કુંભારના ઘરને ઘેરો ઘાલી શાલિવાહનને પકડી મારી નાખવાનો નિશ્ચય કર્યો આ સંકટમાંથી બચવા શાલિવાહનની માતા સુકર્ણાએ પેલા નાગપુરુષનું સ્મરણ કર્યું તેણે આવીને શાલિવાહનને પોતાની દિવ્ય સામર્થ્યથી મોટી શક્તિ દઈ તેનું પ્રતિકારનું નિષ્ફળ સૈન્ય સજ્જ કર્યું. આ પ્રમાણે જૈની સહાયતાથી સર્વ તૈયારી થતા જ શાલિવાહનનું સૈન્ય વિક્રમિત થયું તેણે વિક્રમના સૈન્યને પકડી કેદખાનાં પૂરવાનું કાર્ય નાખ્યો વિક્રમનું સૈન્ય તથા પોત નાઠો, શાલિવાહન તેની પૂંઠે પડ્યો છેવટ નર્મદાના તટ ઉપર બંને વચ્ચે સંધિ થતા નર્મદાનો ઉત્તરનો પ્રદેશ વિક્રમાદિત્યનો અને દક્ષિણ હિસ્સાનો સર્વ પ્રદેશ શાલિવાહનનો એમ કર્યું. આવી રીતે વિક્રમાદિત્યને જીતનારો શાલિવાહન દક્ષિણાત્ય પ્રદેશનો બલાઢ્ય અને ચક્રવર્તી રાજા થયો તેનો આજે ૧૮૮૮ ચાલે છે. તેણે શક લોકોને હરાવી પાછા કાઢ્યા હતા.

શાલિવાહન શક પુ. શાલિવાહન શક અ. શક વિક્રમના ૧૩૫ વર્ષે શરૂ થયો તે દક્ષિણ હિંદમાં ખૂબ પ્રચલિત છે. શાલિવાહન નામના રાજાએ શક લોકોનો પરાજય કર્યો. તેથી આ શક ચાલુ થયો. તેનો પ્રારંભ ખ્રિસ્તી શકના ૭૮મા વર્ષમાં છે. આ સંવત શક ૧૨૩૨ એટલે ઈ. સ. ૧૩૪૦ સુધીનો શક સંવત જ રહ્યો પછી ત્યારે પછીથી તેની સાથે શાલિવાહનનું નામ જોડાયું

શાલિહોત્ર ૧ પુ અશ્વપરીક્ષા કરવાની વિદ્યા શાતવાહન શબ્દનો વિચાર કરવામાં આવે તો તેમાં પહલ્વ એટલે બાળક એ ઝોરોસ્ત્રિયન ભાષાનો શબ્દ છે. શાત એ ઓસ્ટ્રિક ભાષાનો શબ્દ છે શાત એટલે કે શાદ જેનો અર્થ તો ઘોડો થાય છે. શાદિનનો અર્થ તેથી ઘોડેસ્વાર થાય છે. શાદિ એ ભૂતનું રૂપ છે; શાલિ એ નવું રૂપ છે. આમ શાતવાહનનો અર્થ ઘોડાવાળાનો દીકરો થાય છે. મૂળ શાલિહોત્ર શબ્દમાનો પૂર્વ શબ્દ તો આમ ઘોડાનો વાચક છે હોત્ર એ શબ્દનું મૂળ અને પોટ એ શબ્દનું બૂળ એક જ પુત્ર શબ્દ છે. આ શબ્દ આર્યેતર છે શાલિહોત્રમાં ઓસ્ટ્રિક અને દ્રવિડ્ન શબ્દોનું સામ્ય છે. જેમાંથી આપણો આર્ય શબ્દ શાલિહોત્ર બન્યો હોય એમ કેટલાક માને છે

૨. પું. અશ્વવિદ્યાનો આદ્ય આચાર્ય; કપિલ ઋષિનો પુત્ર.

સુત સરિદ કરે મન માંહે, શું બાઈ માનવિ એહ? અથવા શાલિહોત્ર શું આવ્યો, કુળ ધારી દેહ!
જાલણ

૩. પું. એ નામનો અશ્વ શાસ્ત્રાચાર્ય એક રાજા

૪ પું ઘોડા વગેરે જનાવરોનું વૈદ્ય

૫. પું ઘોડાની પરીક્ષાને લગતો ગ્રંથ શાલિહોત્ર એ મૂળ અશ્વચિકિત્સાના આચાર્યનું નામ છે, તે ઉપરથી અશ્વવિદ્યાને અને અશ્વવિદ્યાના ગ્રંથને પણ શાલિહોત્ર કહે છે

૬ [સં.] પું. ઘોડો; અશ્વ.

૭. ન એ નામનું મહેશ્વર. ત્યાં શર્તને પાંડવો તાપસ વેશે એકચક્રા નગરીમાં આવ્યા હતા

શાલિહોત્રી ૧ [સ] પું સાહોત્રી; અશ્વવૈદ્ય, જનાવરોનો વૈદ્ય

૨ સ્ત્રી. ઘોડી

શાલી ૧ [સ] સ્ત્રી કાળાજીરી

૨. [સ] વિ નામને અંતે લાગતા ચાળુ એવો અર્થ બતાવતો એક શબ્દ જેમકે, પ્રજ્ઞા+શાલી

શાલીન ૧ [સ] વિ જેનું; મળતું આવતું, સમાન; સદૃશ

૨ વિ સહનશીલ, શરમાળ, ખાનદાન.

૩ વિ વિનીત; નમ્ર

૪ વિ શાલીને લગતું.

શાલીનતા સ્ત્રી શરમાળપણું

પોતાની સ્તુતિ સાંભળી સહજ **શાલીનતાના** આવેગથી રમતા નાક ઉપરનું તેજ કિંચિત્ ઝાંખું પડ્યું ગુલાબસિંહ

શાલીનપંક પુ. પોતાથી અતિ પ્રબળ, મોટી સ્ત્રી સાથે સંભોગને લીધે થઈ ગયેલો નપુંસક

શાલુર પું. (પિશા.) ચર્મદંડક જંતુનો એ નામનો એક સમગ્ર વર્ગભેદ છે; સાલુ; સાલુર. તેના દરેક શરીરમાં તગડા, આઠ નગડા, લઘુ અને ગુરુ મળી ૨૯ અક્ષર હોય છે. તેમાં આઠમા અને સોળમા અક્ષર પછી યતિ આવે છે

શાલેટુ (સાલેડ) પું ; સ્ત્રી એક વૃક્ષ, ધુપેડો; ધૂમસાઈલ; કેદારી; સલર્જ વૃક્ષ. તેનાં પાન લીંબડાનાં પાન જેવાં થાય છે અને તેમાંથી મૂદર નીકળે છે. તેને શેષગંદર, પ્રમેહ અને કોઢ રહે છે તે ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે

શાલોપયોગી વિ વિદ્યાર્થીઓને ઉપયોગી

શાલ્મલ ૧. [સં.] પું. એ નામનો એક બેટ.

૨ પું. મરુડની રાજધાનીનો એક પર્વત.

૩. પું. શીમળાનું ઝાડ.

શાલ્મલિ ૧. પું (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાઓથી બનેલ સાત માંહેનો એ નામનો એક દ્વીપ. તે ચાર લાખ યોજન વિસ્તારમાં છે. અહીં પણ અગિયારસો યોજન ઊંચું, અગિયારસો યોજન શાખાના વિસ્તારવાળુ અને થડમાં એક સો યોજન જાડું શીમળાનું એક ઝાડ છે. આ ઝાડ પરથી આ દ્વીપનું નામ શાલ્મલિ દ્વીપ પડ્યું છે આ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ હતો તેણે પોતાના એ દ્વીપના સાત ખંડો કરીને, તે તે ખંડના નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા હતા તે ખંડો સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ પારિભદ્ર, આપ્યાયન તથા અવિજ્ઞાત એવા નામે પ્રસિદ્ધ છે. તે ખંડોમાં મર્યાદા સૂચવનારા પર્વતો સાત છે અને નદીઓ પણ સાત જ પ્રસિદ્ધ છે. તેમાના પર્વતો સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ,

પુષ્પવર્ષા, તથા સહસ્રશ્રુતિ એ નામના છે અને નદીઓ અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા તથા રાકા નામની છે. તે ખંડોના પુરુષો શ્રુતધર, વીર્યધર, વસુંધર તથા ઇંધ્રધર એવા ચાર વર્ણની સત્તાવાળા હોય છે. તેઓ અદ્વયમય પરમાત્માની પૂજા કરે છે. ઉત્તરોત્તર એક દ્વીપ કરતાં બીજો દ્વીપ બેવડો મોટો છે.

૨. પુ. (પુરા.ણ) સોમવંશી અવિક્ષિત રાજાનો એ નામનો પુત્ર

૩. ન. મોચરસ.

૪. [સં.] ન. સમળી, રામી; જેને મોટે ને ડાળે કાંટા હોય એવું એક ઝાડ; ખીજડો; શીમળો

શાલ્મલિક પું. રોહિડાનું ઝાડ.

શાલ્મલી સ્ત્રી. (પુરાણ) ચંદ્રમાંથી અમૃતધારી એ નામની નદી.

શાલ્વ ૧. પું. (પુરાણ) ભારતવર્ષીય એક દેશ. તે હસ્તિનાપુરની પૂર્વમાં હતો

૨. પુ. (પુરાણ) ભીમસેને મારેલો એ નામનો એક રાજા

૩. પુ. (પુરાણ) શાલ્વ દેશનો એક રાજા. એ અસુરોએ જીતેલો હતો ત્યારે દ્યુમત્સેન રાજા ની બધુ પુત્રીઓનો સ્વયંવર થયો ત્યારે એ ત્યાં ગયો હતો. તે વખતે એને ભીષ્મની સાથે યુદ્ધ થયું. તેમાં હાર ખાઈને એ પોતાને દેશ ચાલ્યો ગયો. બધી રાજપુત્રીઓનું ભીષ્મે હરણ કરીને હસ્તિનાપુર આણી હતી. પણ તેમાંની અંબાએ શાલ્વને મનપસંદ કર્યો હતો. તેથી ભીષ્મે તેને શાલ્વને ત્યાં મોકલી, પણ હરણ કરેલી કન્યાનો શાલ્વે અંગીકાર કર્યો નહિ. પ્રચંડ સૈન્ય લઈને શાલ્વ ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લડવા આવ્યો હતો. યુદ્ધમાં એ સાત્યકીને હાથે માર્યા ગયો હતો.

૪. પું. (પુરાણ) શાલ્વ દેશનો એક બીજો રાજા. એ રાજા પણ શાલ્વ દેશનો જ હતો. એ રુક્મિણીના વિવાહ વખતે કુંડિનપુર આવ્યો હતો. ત્યાં યાદવો જોડે એનું યુદ્ધ થતાં એમાં એ પરાજય પામ્યો હતો. આથી તે યાદવોનો બહુ દ્વેષ કરતો હતો એણે ભૂમિ અવાવળી કરવા સારુ ઘોર તપ કરીને રુદ્રને પ્રસન્ન કર્યા હતા અને દેવ, અસુર, કે મનુષ્યોથી ભેદાય નહિ એવું વિમાન એની પાસેથી મેળવ્યું હતું એક વખત બલભદ્ર અને કૃષ્ણ દ્વારકામાં ન હતા ત્યારે એણે આ વિમાનમાં બેસી દ્વારકા પર ચિંતા, વૃક્ષ આદિની વૃષ્ટિ કરવા માંડી પ્રદ્યુમ્ને આની સાથે ૨૭ દિવસ યુદ્ધ કર્યું. પછી કૃષ્ણ આવતાં તેણે શાલ્વને હરાવ્યો.

શાલ્વ ૧. [સ.] પુ.; ન. બાજુ, બખ્ખું

૨. વિ મુડદાનું; મુડદા જેવું.

શાલ્વક ૧. પું.; ન. ઈંડામાંથી નીકળતા પક્ષીનું પહેલી અવસ્થાનું દેહડું; માબાપને જાણતો પાણીમાં રહેતો નાનો દેડકો.

૨. [સં.] પું.; ન. બાજુ; બખ્ખું

આમ કમ કમ સો આવ્યો, રમે શારંગ શાલ્વકો.
રામચરિતામૃત

૩. ન. પ્રાંસનું ઝાડ.

શાલ્વડ સ્ત્રી. શાલ્વવૃત્તિ; શાલ્વટ; નાવૂલવટીપાનું, શાલ્વકાર તરીકેની પ્રતિષ્ઠા.

શાલ્વર્દ્ધ ૧. વિ. ચળકતું; ચળકાટ

૨. વિ દીપતું

કનકવલ્લ કેવલ શાલ્વર્દ્ધ પહેરિયા
નરસિંહ મહેતા

શાલ્વડી [સં. શલ્વકી] સ્ત્રી. કેદારી; શાલ્વડી; જમીનમાં ખોદીને ઊંડા દરમાં રહેનારું એક નાનું જંતુ જેવી આકૃતિ. તેને આખું શરીર તરાપ જેવાં તીક્ષ્ણ સિસોટિયા હોય છે

શાલ્વરી ૧. સ્ત્રી. એક જાતની વિદ્યા.

૨. સ્ત્રી. કોંચવાનું ઝાડ.

૩. સ્ત્રી. રુદ્રના મત પ્રમાણે અપ્સરા આપેલો એક વિભાગ

૪. સ્ત્રી. શાલ્વિણી નામની વનસ્પતિ.

શાલ્વસ્ત પું (પુરાણ) સાલ્વસી કૃષ્ણવંશી કુળના યુવનાશ્વ રાજાનો એ નામનો દીકરો. એણે શ્રાવસ્તી નગરી વસાવી હતી.

શાશ્વત ૧. પું. મધ્યકાલીન ભારતનો એ નામનો એક કોષકાર. તેણે અનેકાર્થ સમુચ્ચય નામનો કોષ રચેલો છે

૨ [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. તે સર્વ કાળમાં હોવાથી તે શાશ્વત કહેવાય છે.

૩. પુ ભવાસ

૪. પું. શિવ

૫. પું. સૂર્યનાં એકસો આઠ માહેનું એક નામ.

૬. ન. પરમપદ; મોક્ષ.

૭. ન. સ્વર્ગ.

૮. વિ. એકરસ રહેનાર; નિર્વિકાર.

૯. વિ. કાયમનું; નિત્ય. હમેશનું; સતત.

૧૦. વિ. ખાતરી કરેલું; નક્કી એવું.

શાશ્વતતા સ્ત્રી નિત્યતા, કાયમ હોવાપણું.

શાશ્વતિક ન. હમેશનું.

શાશ્વતી ૧ સ્ત્રી અનંતપણું, નિરંતરતા

૨ સ્ત્રી. આંગિરસ નામના ઋષિની સ્ત્રી. તેણે ઋગ્વેદના સાતમા મંડલના પહેલા સૂક્તની ૩૪મી ઋચા રચી છે

૩. સ્ત્રી. પૃથ્વી.

૪. સ્ત્રી યોગમાયા

સીતામાં પરમારાધ્યા, અનંતા નિજધામજા,
શાશ્વતી આદેશ્વરી નિત્યા, શાશ્વતી પરમ.ગતા.
અષ્ટ.મ રામ ચંદ્ર

૫. સ્ત્રી સત્તા.

૬. વિ , સ્ત્રી કાયમની; કાયમ રહેનારી

જે આત્મા નિત્યના નિત્ય છે, ચેતનાનું ચેતન છે, જે એકલા અનેકની કામનાઓને પૂર્ણ કરે છે તેને સ્વશરીરમાં રહેલા જે બુદ્ધિમાનો અનુભવે છે તેઓને શાશ્વતી અર્થાત્ સદાયની શાંતિ મળે છે બીજાને નહિ. કઠોપનિષદ

શાશ્વતું [સ. શાશ્વત] વિ હમેશનું, કાયમનું નિત્યનું; ચિરકાલનું

શાસ ન. મલમલનું કપડું

હિંદુસ્તાનથી પણ કપડાં જતાં હતાં, જેમ. મલમલ અને અરબાના નામના બોમ્બ છે. જેને અરબીઓ 'શાસ' ને 'કુતા' કહે છે

પુરાતત્વ

શાસક ૧. પું (વહાણવટું) નાખવો

૨. [સ. શાસ્ (સત્તા ચલાવવા)] પું. રાજા; હાકેમ; બીજાના ઉપર રાજ્ય કરનાર

૩. પુ. વહાણનો કપ્તાન.

૪. પું વ્યવસ્થાપક, વડીવટ કરનાર ત.

૫. [સ. શાસ્ (રાજ્ય કરવું)] પું રાજ્ય કરનાર અમલદાર; હુકમ ચલાવનાર આદમી

૬. પું સજા કરનાર માણસ, શિક્ષા કરનાર પુરુષ

શાસક્રતુ પું. ચારણોનો નરસાં અગાઉ આગળનો રાજાઓને શાસન- શિક્ષા- શિખામણ દેતા, ન્યાય આપતા, તેના બદલામાં તેઓને જે ગરાસ મળતો તે તામ્રપત્રમાં 'શાસ્ત્રમ્' શબ્દ લખતો

કરમી બધા શાસક્રતુ કાગ્યો. ઓતીસરજી

શાસન ૧. [સ. શાસ્ (આજ્ઞા કરવી) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. અમલ; રાજ્ય; કારકીર્દિ; હકૂમત.

૨. ન. આજ્ઞા; હુકમ, ફરમાન.

૩. ન. આજ્ઞાપત્ર; સનદ; રાજ્યનો લિખિત હુકમ.

૪. ન. ઉપદેશ; બોધ; શિખામણ.

૫. ન. નિયમણા; રિસ્તા; સંયમ; સંયમન; નિયમન

૬. ન. પ્રતિજ્ઞા.

૭. ન. રાજાએ આપેલી ભૂમિ

જે બ્રાહ્મણને એક શાસન આપ્યું છે તે જ બ્રાહ્મણના પુત્રને બીજું આપ્યું છે. પુરાતત્વ

૮. ન. લખેલો દસ્તાવેજ; ખત

૯. ન. શિક્ષા; સજા; દંડ.

શાસનકર્તા [સ.] પું રાજ કરનાર વ્યક્તિ.
આદર્શ સમાજના **શાસનકર્તાએ** નમ્રતા અને સૌમ્ય, ચિંતક અને વીર્ય, એવા દેખીતા વિરોધી ગુણોનો વિકાસ કરવો જોઈએ. પુરાવસ્તુ

શાસનકર્ત્રી [સ.] વિ સ્ત્રી. રાજ્ય ચલાવનારી સમાજ શબ્દ અને **શાસનકર્ત્રી** સંસ્થાઓમાં વહેંચાઈ જવું. પ્રસ્થાન

શાસનકર્મ [સ.] ન. કારોબારી કામ; ખાતાનું કામકાજ

શાસનકાર ૧. પુ. કાયદા ઘડનાર.
૨ પું. શાસન કરનાર

શાસનતંત્ર ૧. ન. રાજ્યતંત્ર; રાજ્યપદ્ધતિ; કારભાર; વહીવટ
૨. ન. રાજ્યબંધારણ.

શાસનપત્ર ૧. [સં. શાસન + પત્ર (પત્તર)]
ન. આજ્ઞાપત્રિકા; હુકમનામું; સનદ
૨. ન રાજાએ કરેલી અક્ષિશ કે આજ્ઞાનો તામ્રપત્ર; લેખ.
શાસનપત્રો ઉપર રાજાની મહોરછાપ લગ્ન મિતિ પણ જોઈએ. પુરાવસ્તુ
૩. ન. વહીવટ સબંધી જાહેરનામું; રાજનીતિ સબંધી જાહેરનામું

શાસનપદ્ધતિ સ્ત્રી રાજ્ય ચલાવવાની પદ્ધતિ.

શાસનપ્રકૃતિ સ્ત્રી. રાજ્યબંધારણ

શાસનહર પું હુકમ મોકલી જનાર કે લાવનાર દૂત

શાસના સ્ત્રી આજ્ઞા

શાસનાધિકાર [સં શાસન + અધિકાર]
પું રાજ્યવહીવટ કરવાનો અધિકાર

શાસનાધિકારપત્ર પું. પ્રબંધાધિકારપત્ર. જ્યારે કોઈ માણસ પોતાની મિલકતનું વિલ કર્યા વિના મરી જાય ત્યારે તેના સબંધીઓએ તે મિલકતની વ્યવસ્થા કરવા માટે ન્યાયાલયથી અધિકાર મેળવવો પડે છે ન્યાયાલય જે કાગળ લખી આપે તે કાગળને માટે આ શબ્દ વપરાય છે

શાસની સ્ત્રી. ખોપરી માંહેનો એક મજ્જાતંતુ. તે મજ્જાના બધા તંતુઓમાં સૌથી વધારે પ્રસરેલો હોય છે

શાસનીય ૧. [સ. શાસ્ (રાજ્ય કરવું)]
વિ અધિકારમાં રખાય એવું; હુકમમાં રાખી શકાય એવું
૨. વિ અમલ કરવા જેવું, આજ્ઞા કરવા લાયક.
૩. વિ. શિક્ષા કરવા લાયક; શિક્ષાપાત્ર; દંડનીય

શાસનોત્તર પુ. (કાવ્ય) જ્યાં અનેક પ્રશ્નના ઉત્તર એક જ ઉત્તરમાં દેવાય તેવું અર્થચિત્ર.

શા સારૂ અ. શું કરવા

શાસિત ૧. [સં. (શાસ્ કરવું)]
વિ શાસન પામેલું
૨. વિ શિક્ષા આપેલું; ઉપદેશેલું

શાસ્તા ૧. [સં. શાસ્તૃ] પું. પિતા
૨. પું. બુદ્ધ ભગવાન
૩. પું. રાજા
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. શ્રુતિસ્મૃતિ વગેરેથી સર્વેનું અનુશાસન કરે છે તેથી તે શાસ્તા કહેવાય છે
૫. પું. શિક્ષક; ઉપદેશ કરનાર
૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૭. વિ નિયમમાં રાખનાર; શાસન કરનાર; હુકમ કે અમલ ચલાવનાર.
૮. વિ શિક્ષા કરનાર

શાસ્તાપૂજા [સ. શાસ્તૃ (વિષ્ણુ) + પૂજા]
સ્ત્રી. શાસ્તૃપૂજા; વિષ્ણુપૂજા. હિંદના અનાર્ય લોકોને સંસ્કૃત રૂઢ રીતે નહિ બોલતાં આવડતું હોવું શાસ્તાપૂજા એમ શબ્દ પ્રચલિત થયો કહેવાય છે કે, જ્યારે આર્યો હિંદમાં આવ્યા ત્યારે હિંદમાં તેમ્બોએ અન્યનાર પૂજા જોઈ તેને સુધારી તેમાં આર્યસંસ્કૃતિ અને વિચાર ઉમેરવા તેમ્બોએ એમ કર્યું કે, એક વેળા વિષ્ણુએ મોહિનીનું સ્વરૂપ લીધું અને તે સિવની સ્ત્રી થઈ તેણે એક પુત્રને જન્મ આપ્યો તેનું નામ અય્યનાર. અય્યનાર શબ્દ એ વિદ્ય નામ છે. તેનું સંસ્કૃત નામ શાસ્તૃ. શાસ્તૃના પૂજકો બધા દ્રવિદ લોકો હતા. તેમ્બો સંસ્કૃત બરવા ન હતા, એટલે શાસ્તૃપૂજા એવો રૂઢ ઉચ્ચાર નહિ કરતાં શાસ્તાપૂજા શબ્દ વપરાશમાં આવ્યો.

શાસ્તૃ પું. એક જાતના દેવ
વિષ્ણુ મોહિનીનું સ્વરૂપ ધરી શિવને વરવા. તેના પુત્ર **શાસ્તૃ**. દ્રવિદ લોકો તેની ઉપાસના કરે છે અને તેને અય્યનાર કહે છે
ડા. વરખડ

શાસ્તૃપૂજા જુઓ શાસ્તાપૂજા

શાસ્ત્ર ૧. [સં.] ન. આજ્ઞા; હુકમ; ફરમાન.
૨. ન. આજ્ઞા અને બોધનાં વચનો જેમાં હોય તે પુસ્તકો; હિત શીખવનાર ગ્રંથ.
૩. ન. કોઈ પણ વિષયનું તાત્ત્વિક તેમ જ વ્યવસ્થિત જ્ઞાન.
૪. ન. (ચિંતા) છ; છની સંજ્ઞા; ૬ સંખ્યાનો સાંકેતિક શબ્દ
૫. ન. જે કોઈ અદૃષ્ટ છે અને અજ્ઞાત છે તે વસ્તુને યથાર્થ જણાવનાર ગ્રંથ
૬. ન. (વેદાંત) જેના વડે શિષ્યોને શાસન કરાય છે એટલે તત્ત્વનું પ્રતિપાદન કરી સમજાવાય છે તે.
૭. ન. (વેદાંત) જેમાં મનુષ્યની પ્રવૃત્તિ અને નિવૃત્તિના તથા તેમના ધર્મોનો ઉપદેશ કર્યો હોય તે પુસ્તક
૮. ન. ધર્મશાસ્ત્ર; ધાર્મિકશાસ્ત્ર; ધર્મપુસ્તક; કોઈ પણ વિદ્યા કે વિષયનું પોરપ્યસર કરેલું નિબંધન તે; મનુષ્યોને સદાચારમાં ચલાવવા ઋષિમુનિઓએ બાંધેલા નિયમો. તે નિયમોના ગ્રંથો છ છે: ૧. ન્યાય, ૨. વૈશેષિક ૩. પૂર્વમીમાંસા, ૪. વેદાંત, ૫ સાંખ્ય અને ૬. પાતંજલ

આપણા હાથની વાત સાધનરૂપ જો અહીં,
અહિંસા તેથી તો **શાસ્ત્રો** પર ધર્મ મનાય છે.
ન્હ પ્રીતમ

૯. ન. વેદશાસ્ત્ર; સ્મૃતિઓમાં સંમિલ્લ શિક્ષારૂપ વિષય

શાસ્ત્રકર્તા [સં. શાસ્ત્રકર્તૃ] પુ. શાસ્ત્ર રચનાર મ.બ્ર. શાસ્ત્ર બનાવનાર કે લખનાર

શાસ્ત્રકાર જુઓ શાસ્ત્રકર્તા.

શાસ્ત્રકાળ પું. સપ્તર્ષિ કાળ. સપ્તર્ષિ કાળને શાસ્ત્રકાળ પણ કહે છે અને તે કાશ્મીર અથવા આજુબાજુના પ્રાંતમાં એ શક સંવત્સર, ઇદિ પ્રચારમાં છે

શાસ્ત્રજ્ઞ ૧. [સં. શાસ્ત્ર + જ્ઞ (જાણનાર)]
પું. શાસ્ત્ર જાણનાર; જ્ઞાની પુરુષ
૨. વિ શાસ્ત્રમાં પારંગત

શાસ્ત્રતા સ્ત્રી. શાસ્ત્રપણું; શાસ્ત્રોપયોગ

શાસ્ત્રદ [સં.] ન. (સિદ્ધ) એક જાતનું દિવાળી ઘર. રાજવલ્લભમાં લખે છે કે: ત્રાંતિદ ઘરની જમણી અને ડાબી બાજુએ તથા પછીતે એ ત્રણે તરફ એક એક આલિંદ હોય તથા મુખ આગળ બે આલિંદ હોય અને વચમાં ચોકદારો હોય તો તે શાસ્ત્રદ નામનું ઘર કહેવાય છે

શાસ્ત્રદર્શી [સં.] વિ. શાસ્ત્રમાં નિપુણ

શાસ્ત્રદૃષ્ટિ સ્ત્રી. શાસ્ત્રશુદ્ધ દૃષ્ટિ

શાસ્ત્રનિષિદ્ધ [સં] વિ. શાસ્ત્રથી મનાઈ કરેલું

શાસ્ત્રનિંદક [સ.] પું. નાસ્તિક

શાસ્ત્રપીઠ ન. ધર્મશાસ્ત્રના અભ્યાસનું મુખ્ય સ્થાન.
અવન્તિનું **શાસ્ત્રપીઠ** પાટલિપુત્ર હતું.
સંમિત્ર

શાસ્ત્રપ્રામાણ્ય ન. શાસ્ત્રોનું પ્રમાણભૂતપણું.

શાસ્ત્રચક્ષુ [સં] પું. સત્યના નિર્ણયાર્થે જે વિદ્વાનોનું શાસ્ત્રનું પરસ્પર કથન; શાસ્ત્રાર્થ

શાસ્ત્રચારી [સં. શાસ્ત્ર + ચારિન્] વિ. બંધારણ પ્રમાણે; બંધારણસરનું શાસ્ત્રીય.

શાસ્ત્રચિંતના ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અનાત્મ શાસ્ત્રોમાંના સમજણા ગ્રંથોનો અભ્યાસ કરી તેમાં કુશળતા મેળવી વાદીઓનો પરાજય કરવાના આત્મકલ્પ વાસના

૨. સ્ત્રી. (વેદાંત) જે શાસ્ત્રના અનુભવથી ઉત્પન્ન થયેલી હોઈને શાસ્ત્રનું જ પુનઃ પુનઃ સ્મરણ કરાવવાના હેતુરૂપ હોય તે વાસના. આ શાસ્ત્રચિંતના ત્રણ પ્રકારની છે: પાઠ્યવ્યસન, અર્થ શાસ્ત્ર વ્યસન તથા અનુષ્ઠાન વ્યસન. આ ત્રણ વ્યસનરૂપ વાસનાઓ કહેવાય છે એ શાસ્ત્રચિંતના મલિન છે, કેમકે તે અજ્ઞાનમાં ક્લેશ અર્થ છે, પુરુષાર્થમાં નિરુપયોગી છે, અર્થનો હેતુ છે, કષ્ટે કરીને પ્રાપ્ત કરાય તેવી છે અને જન્મનો હેતુ છે.

શાસ્ત્રવિધિ [સં. શાસ્ત્ર + વિધિ (રીત)] પું.; સ્ત્રી. શાસ્ત્રનો વિધિ; શાસ્ત્રોક્ત વિધિ; શાસ્ત્રમાં જણાવેલ વિધિ.

શાસ્ત્રવિરુદ્ધ [સં. શાસ્ત્ર + વિરુદ્ધ (વિરોધી)] વિ. શાસ્ત્રથી ઊલટું; શાસ્ત્રથી વિરુદ્ધ; અશાસ્ત્રીય.

શાસ્ત્રવિશારદ ૧ પું. એક જાતની ઉપાધિ.

૨. પું. શાસ્ત્રજ્ઞ પુરુષ.

૩. વિ. શાસ્ત્રમાં પ્રવીણ; શાસ્ત્ર જાણનાર.

શાસ્ત્રવેત્તા ૧. [સં. શાસ્ત્ર + વેત્તૃ (જાણનાર)] પું. શાસ્ત્રજ્ઞ પુરુષ.

૨. વિ. શાસ્ત્ર જાણનાર.

શાસ્ત્રશુદ્ધ વિ. શાસ્ત્રોના નિયમોને અનુસરતું.

શાસ્ત્રસંપન્ન [સં] વિ. શાસ્ત્રમાં પારંગત.

> વિદ્વાન મહામા વિચક્ષિત, સુશિક્ષિત, ઉદાર, શ્રદ્ધ, **શાસ્ત્રસંપન્ન** કર્મની અધિકારી અને અધિકારી નીમાતાં. અક્ષરબત્રીશી

શાસ્ત્રસંવત પું. ભારતીય ચોત્રીસ માહેનો એ નામનો એક સંવત તે ઈ. સ. ૨૪–૨૫થી શરૂ થાય છે તેને સપ્તર્ષિ સવત, લૌકિક કાલ, પહાડી સંવત અને લૌકિક સંવત પણ કહે છે વિદ્વાનોના શાસ્ત્ર સંબંધી ગ્રંથોમાં તેમ જ જ્યોતિઃશાસ્ત્રનાં પંચાંગોમાં તે સવત લખવાનો પ્રચાર બહુ હોવાથી તેને શાસ્ત્રસવત કહેવામાં આવે છે.

શાસ્ત્રસિદ્ધ [સં.] વિ. શાસ્ત્રના પ્રમાણથી નિર્ણય કરેલ

શાસ્ત્રાર્થ ૧ [સં] પું. શાસ્ત્રના અર્થની ચર્ચા; શાસ્ત્રના મુદ્દા ઉપર ચલાવવામાં આવતી ચર્ચા કે વાદવિવાદ, શાસ્ત્રનો બરોબર અર્થ પડાવવાને કરવામાં આવતો વાદવિવાદ.

૨ પું. શાસ્ત્રમાંથી કાઢેલું પ્રમાણ, ધર્મશાસ્ત્રના વચનનો અર્થ.

૩. [સ] પું. શાસ્ત્ર વિષયક ચર્ચા; શાસ્ત્રના વિષય ઉપર થતો વાદવિવાદ

શાસ્ત્રસંમત વિ. શાસ્ત્રના આધારે; શાસ્ત્રો જેમા સમતિ આપે છે તેવું; શાસ્ત્રોક્ત.

શાસ્ત્રી ૧ [સ શાસ્ત્રિન્] પું. શાસ્ત્ર જાણનારો પંડિત; વિદ્વાન, શાસ્ત્ર જાણેલો પુરુષ.

૨ સ્ત્રી પદ્મિની એ નામની એક જાત

૩ વિ શાસ્ત્રજ્ઞ; શાસ્ત્રનો અભ્યાસ કરનાર; શાસ્ત્રવિદ.

શાસ્ત્રીય ૧. [સં] વિ ધાર્મિક

૨ વિ માત્ર પુસ્તક દ્વારા મળતું; 'થ્યોરેટિકલ'

૩. વિ. વિજ્ઞાનને લગતું.

૪ વિ. શાસ્ત્રયુક્ત, શાસ્ત્રની રીતનું, શાસ્ત્રના ધોરણને અનુસરતું, શાસ્ત્રોક્ત.

૫. [સં.] વિ શાસ્ત્ર સબંધી; શાસ્ત્રનું

શાસ્ત્રોક્ત ૧. [સં શાસ્ત્ર + ઉક્ત (કહેલું)] વિ. વિધિયુક્ત.

૨ વિ શાસ્ત્રમાં કહેલું કે સૂચવેલું, શાસ્ત્રમા જણાવ્યુ હોય તેવું; શાસ્ત્રે વિહિત કરેલ, ન્યાયી.

> એ જ વિદ્યા અહીંયે છે ત્રિવિધ યુક્તિ આપતી, આખ્યા વિદ્યાની **શાસ્ત્રોક્ત** સા વિદ્યા આ વિમુક્તિની. ગાંધીગીતા

શાહ ૧. પું. ઈરાનના રાજાનો ઇલકાબ.

૨. પું. ચોર. તે કટાક્ષમાં બોલાય છે.

૩. પું. નાણાવટી; વહેવારીઓ; વટવાળો કે પ્રમાણિક ગૃહસ્થ.

> વચન પાળે તે **શાહ** બાકી ગુજરીનુ બાટો. સામળ

૪ પું કકોરો માટે વપરાતો એક માનવાચક શબ્દ.

૫ [ફા. શાહ (રાજા)] પુ મુસલમાન રાજા; બાદશાહ.

> શાહ રસ્તો = સરિયામ માર્ગ

૬. પું. મોટા વેપારીને માનાર્થે સંબોધવા વપરાતો શબ્દ

૭. પું. વણિક; વાણિયો; સેઠ. શાહ એ સાહુકારનું ટૂંકું રૂપ જણાય છે

૮. પું. સતરંજનો રાજા.

૯. પું. ચરાક.

૧૦. સ્ત્રી. વાણિયાની એ નામની એક જાતિ.

૧૧. વિ આંટવાળું; આબરૂદાર, આનદાન

૧૨. વિ ઉત્તમ; પ્રથમ પંક્તિનુ.

શાહઆલમ પુ એ નામનો મુસલમાની સત બાદશાહ તેનો રોજો અમદાવાદ પાસે સરખેજમાં આવેલો છે તે બહુ સુંદર છે

શાહખાતું ન (ગણિત) નામામાં અક્ષરોનું નામ ન જણાવવા બતાવાતું એક ખાતું. કોઈપણ માણસ માથે ૩,૫૪ ધીરધાર કરવી હોય અને તે માણસનુ નામ પ્રસિદ્ધ ન કરવુ હોય તો શાહખાતુ કે શ્રી ખાતુ એવે નામે જમા કે ઉધાર થાય છે

શાહજન [ફા.] ન લશ્કરમાં કર્મા તરફનો સમાજ; માંડવે આવેલ. માણસો

શાહજહા [ફા. શાહ (રાજા) + જહાં (દુનિયા)] પું. એ નામનો એક મોગલ બાદશાહ ભારતના ઇતિહાસમા. શાહજહાંનો સમય મોગલોનો સુવર્ણયુગ તરીકે પ્રખ્યાત છે. શાહજહાંએ અનેક ભવ્ય બાંધકામ કરાવ્યાં હતાં. દુનિયાની અજાયબીઓ માહેની એક અજાયબી તાજમહાલ છે તે તેણે બધાવ્યો હતો તે ઉપરાંત મયૂરાસન, દીવાનેઆમ, દીવાનેખાસ, મોતી મસ્જિદ, જુમા મસ્જિદ વગેરે કરોડો રૂપિયાને ખર્ચે બંધાવ્યાં હતાં.

શાહજાદી [ફા શાહ (બાદશાહ) + જાદહ્ન (જન્મ આપવો)] સ્ત્રી. બાદશાહની પુત્રી; કુંવરી; રાજપુત્રી.

શાહજાદો [ફા] પુ શાહ કે બાદશાહનો પુત્ર; રાજપુત્ર; રાજકુવર.

શાહજીરું ૧ [ફા. સિયાહ (કાળુ) + જીરા (જીરું)] ન. એક જાતની ઔષધિ; કાળુ જીરું; કૃષ્ણ જીરક; જીરાની એક જાત. તેનો રંગ કાળાશ પર હોય છે. આ જીરું પણ જીરા જેવું જ હોય છે. કાળીજીરી જે તદ્દન જુદી જ જાત છે તે અને શાહજીરું બંને એક બીજાને બદલે જૂદી જવાય છે. કાળીજીરીના દાણા, શાહજીરાના દાણા કરતાં મોટા થાય છે અને શાહજીરીના દાણાને એક છેડે જે ધોળુ ટપકુ હોય છે તે શાહજીરામા હોતું નથી. તે કપડામા સુવાસિતા માટે તથા ઊધઈ ન લાગે તે માટે મોટે ભાગે વપરાય છે. તેથી ઊનનાં કે રેશમી કપડામા પણ જીવાત લાગતી નથી. કીમતી દસ્તાવેજ કાગળો, પુસ્તકાલયના કબાટોમાં રાખવા ઉપયોગી છે. જીરું ૭ જાતનુ થાય છે: ૧ જીરૂ, ૨. શાહજીરું, ૩. વિલાયતી જીરું, ૪. કલૌંજીજીરું, ૫ ઓયમીજીરું અને ૬. સંભજીરું. આમાંથી શાહજીરાની ઉત્પત્તિ બાહોર અને

પશ્ચિમ હિમાલયમાં થાય છે. શાહજીરું એ બીજા કરતાં બારીક છે

૨ [ફા. સંગ (પથ્થર) + જરાહત (જખમ)] ન. ખડી જેવી એક દવા; સાબજીરું. તે એક જાતનો પથ્થર છે તેને ઘસીને જખમ ઉપર છાંટવાથી લોહી બંધ થઈ જાય છે

શાહજોગ ૧. વિ. પ્રમાણિક

૨. વિ. સાહુકારને પોસ્ત કૂટી વગેરે લઈ આવનારને તરત નાણું આપવાં પડે તેવા પોષ્ટના વહેવારવાળું

૩ વિ સ્વીકારવા જોગ; કાબલેઅર.

શાહજોગી ૧. વિ સ્ત્રી. પ્રમાણિક હોય તેવી

૨. વિ સ્ત્રી સ્વીકારવા જોગ. તે લાવનારને નાણાં આપવા પડે તેવી હુંડી માટે વપરાય છે.

શાહતરો પુ. એક જાતનો છોડ. તેને ખેતરાઉ પિત્તપાપડો કહે છે.

શાહતૂત પુ. શેતૂરનું ઝાડ કે તેનું ફળ

શાહતોશા સ્ત્રી. એક ઊંચી જાતની બારીક ઊન.

શાહદુલ્લા પું એ નામના એક મુસલમાની સંત. મધ્ય પ્રદેશના બહાદુરપુરમાં ઈ સ સત્તરમી સદીના વચગાળે તેમણે એક પંથ સ્થાપ્યો તે પંથના લોકો પીરબ્લદાના નામથી ઓળખાય છે. આ પંથના પ્રવર્તકોએ હિંદુ મુસલમાન શાસ્ત્રોમાંથી ચૂંટી કાઢેલા વચનો એકત્ર કરી બંને ધર્મોનો સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો છે.

શાહનશાહ [ફા.] પું. રાજાધિરાજ; શહેનશાહ

શાહનશાહી ૧. [ફા] સ્ત્રી. મહારાજ્ય; સાર્વભૌમ શહેનશાહી

૨. વિ. બાદશાહી; ઉત્તમ.

પાર્લામેન્ટમાં નવા ફેરફાર કરાવવાને બીજે ને પ્રમાલમડળના **શાહનશાહી** વિચારને અંગે.

ગજ્જારામ દેસાઈ

શાહની વિ. માદી; નારી જાતિનું

બચ્ચાનું જાત માદી યાને **શાહની** હોય છે

શ્રુ. સા. પરિષદ

શાહનામું ન. ઈરાનના પ્રાચીન રાજાઓ સંબંધે કવિ ફિરદોસીએ ઈ સ ૧૦૦૦ના અરસામાં સર્જેલું એક કાવ્ય

વળી ફિરદોસીનું **શાહનામું** ઈરાનના ઇતિહાસના એક પુસ્તક તરીકે તથા એક મહાકાવ્ય તરીકે અને પારસીઓ હિંદમાં આવી વસ્યા તેની નોંધ કરતું કાવ્ય કિસ્સે સંજાણ એ ખાસ વાંચવા જેવા છે.

પુરાતત્ત્વ

શાહબાજ [ફા શાહ + બાજ (શકરો)] ન. એક જાતનું પક્ષી, ટૂંકી પાંખવાળું બાજને મળતું પક્ષી

શાહબાદીશાદી સ્ત્રી. શાહબાદથી આવતી પાપડી

શાહબાનુ સ્ત્રી. મહારાણી; શાહની સ્ત્રી.

શાહબહાલ ન. દિલ્હીમા આવેલ અમીર ઉમરાવની રાજસભા મળવાનું એક સ્થળ; દીવાનેખાસ. દીવાનેખાસનું બીજું નામ શાહબહાલ પણ હતું આ દીવાનેખાસમાં ઊચ્ચ વર્ગના અમીર ઉમરાવો સમ્રાટ સમક્ષ હાજરી આપતા તે ખંડ ૯૦ ફૂટ લાંબો અને ૬૭ ફૂટ પહોળો છે તેને કમારતની કળા કરતા બાબ સાથુમારીથી વધારે વિભૂષિત કરેલ છે

શાહમૃગ [ફા. શાહ (રાજા) + મુર્ગ (પક્ષી)] ન. આફ્રિકાનુ એક જળકે પક્ષી. તે લગભગ ૮ ફૂટની ઊંચાઈ ધરાવે છે. એ બહુ શક્તિશાળી છે ને લાતથી પોતાનો બચાવ કરે છે. એની લાત એટલી તો જોરાવર હોય છે કે, માણસને તો શું પણ પોતાનો શત્રુ પણ એ વડે એકે ઘીખાના શખલા છે. મોટે ભાગે તો લાય આવી પડતાં તે નાસવાનું જ પસંદ કરે છે. તે ઊડી નથી શકતું. પણ પાંખો પસારી એટલી તો ઝડપે દોડે છે કે, ઘડીક કે ઘોડાને યે આંટી જાય. લાબી વખત એની ઝડપ કલાકના ૨૬ માઈલ જેટલી હોય છે, પરંતુ તેને ચક્રાકારે દોડવાની ફરજ હોવાથી તે શિકારીના હાથમાંથી છટકી શકતું નથી. બાબ આવી પડતા તે પોતાનું માથુ રેતીમાં ખોસી દે છે પોતે જોઈ શકતું નથી માટે શિકારી પણ તેને નહિ જુએ એવી કલ્પનામાંથી આ સહીસલામતી જન્મી છે. તેનાં પીછાં બહુ મુલાયમ હોવાથી કીમતી મનાય છે. વરપિયન બીબો શણગારમાં તેનો ઉપયોગ કરે છે. તે લાબો કાળ પાણી વગર રહી શકે છે, પણ રેતાનનું બહુ શોખીન હોય છે. કોઈ તળાવ કે પછી દરિયો પણ નજરે પડે કે, તરત જ તેમાં નહાવા માટે કંપલાવવાનુ એને ગમે સાત માદા હોય છે. માદા કેટલા ઈંડાં મૂકે છે એ ચોક્કસ નથી. ઈંડાં લગભગ ચાર રતલ જેટલા વજનનાં હોય છે. સખ્યા ચોક્કસ ન થવાનુ કારણ એ છે કે, રેતીના પોલાણમાં માળો બનાવી, એક જ માળામા બધી માદાઓ ઈંડાં મૂકે છે. શાહમૃગનો અવાજ સિંહની ગર્જનાને મળતો આવે છે, પણ મોટે ભાગે તે ચિત્કાર જ કરે છે. તેની સૌથી જબરી વિચિત્રતા એની ભૂખ છે. એ ભૂખમાં આબળો બની કે બહુ મુદ્દા બની બધ છે કેટલ કે કરી છે કે, એ બંકડા તેણે લીધેલા બારાકનો પીતવાને કામ આવે છે

શાહમૃગ જુઓ શાહમૃર્ગ.

શાહરુખી સ્ત્રી બાબરના વખતમાં ચાંદીનો એક સિક્કો. તે હાલના આઠ આનાની કીમતનો હતો.

શાહરૂપ ૧. સ્ત્રી. સરાઢના જેવી વટ; નાણાવટીપણું.

૨. સ્ત્રી. સરાઢના જેવો ચોખ્ખો વહેવાર; પ્રમાણિકપણું; બાબજની આચરણ

શાહસોદાગર પું આબરદાર વેપારી; મુખ્ય વેપારી

શાહાનશાહ [ફા. શાહાન (રાજાઓ) + શાહ (રાજા)] પું. સમ્રાટ; ચક્રવર્તી રાજા; રાજાઓનો રાજા

ચદ્રગુપ્ત હિંદુસ્તાનનો પહેલવહેલો હિંદુ શાહાનશાહ ગણાય છે. શ્રુ. સા. પરિષદ

શાહાનશાહત [ફા.] સ્ત્રી. સામ્રાજ્ય; મહારાજ્ય

શાહાનશાહી વિ. પારસીઓનો એ નામે એક વર્ગ

શાહિદ [અ. શહદ (તેણે જોયું)] પું. સાક્ષી પૂરનાર આદમી; મવ.હ.

શાહિદી [અ.] સ્ત્રી. પુરાવો; સાક્ષી.

શાહી ૧. સ્ત્રી. તબલાં ઉપર લગાડેલ કાળો મસાલો; બાપ.

૨ [ફા. સિયાહી (કાળાશ)] સ્ત્રી. રોશનાઈ; લખી લખવાની બની; લખવામાં વપરાતો પ્રવાહી રંગીન પદાર્થ. લખવાની કાળી શાહી મણસાલ હરડાં તથા લીંબોળીની મીંજવણીથી થાય છે તે રંગવાના પદાર્થોનું મિશ્રણ છે.

૩. વિ. અધિકારવાળું એવો અર્થ બતાવનારો શબ્દ. જેમકે, નોકરશાહી.

૪ વિ. કાળું; શ્યામ.

૫. [ફા.] વિ. શાહને લગતું; શાહ સંબંધી; રાજદરબારી; રાજકાજને લગતુ

૬ વિ. સામ્રાજ્યનું; સામ્રાજ્યને લગતું

શાહીચૂસ પુ; ન. શાહી ચૂસનાર કાગળ; શાહીને ચૂસી લે તેવો એક જાતનો કાગળ; 'બ્લોટિંગ'.

શાહીટુકડા પું. બ વ. એક જાતનું મુસલમાની ખાજું. દૂધમાં પલાળી રાખેલા કડક રોટીના ટુકડાને ઘીમાં તળી તેની ઉપર બદામ પિસ્તા વગેરે મસાલો છાટ્યા .

શાહીફરમાન [ફા] ન. રાજહુકમ.

શાહીબાઈ વિ. શાહીના જેવું; કાળું

શાહીવાદ પું. રાજાના જ અમલથી સામ્રાજ્ય ચાલી શકે તેવો મત; રાજાસત્તાએ રાજાને માનવું તે

શાહીવાદી વિ સામ્રાજ્યવાદમાં માનનારું; સામ્રાજ્યવાદી.

શાહીવસ વિ. ઢોરની એક જાત.

શાહીહક્ક પું રાજભાગ, રાજદેય; રાજકર; 'રોયલ્ટી'.

શાહુકાર ૧. [સ. સાધુ (સારું) + કૃ (કરવું)] પું. ઊજળો વહેવારિયો; સરાફ; પૈસાદાર, નાણાવટી.

૨. પું. ધુરંધર; ચોર

૩. પું ચટવાળો; પ્રમાણિક ગૃહસ્થ.

૪. વિ શાહ એવી સાખવાળું

શાહુકારી ૧ સ્ત્રી. ચોરી

૨. સ્ત્રી. પ્રમાણિકતા; શાહુકારપણું, પ્રમાણિકપણું

૩. સ્ત્રી. શાહુકારનો ધંધો

શાહુકારીચિઠ્ઠી સ્ત્રી. બાનું ચિઠ્ઠી; જેમાં અમુક માણસને નાણાં આપવાનું લેખી વચન આપ્યું હોય તેવો લેખ

શાહુડી [સં. શલ્યકી] સ્ત્રી. જમીનમાં બોડ કરીને રહેતું અણીદાર પીંછાંવાળું એક પ્રાણી; સાહુડી. તેને આખે શરીરે તરાક જેવાં તીક્ષ્ણ અને તીરની માફક વાગે એવા સિસોટિયાં હોય છે. આ સિસોટિયાં ખરી રીતે જોઈએ તો વાળ છે. આ વાળ વિકાસ પામીને સિસોટિયાં થઈ ગયાં અને તેની અણી અને મજબૂતપણું એ તેના બચાવના સાધન થઈ ગયાં. જ્યારે સાહુડીને દુશ્મનનો સામનો કરવો હોય ત્યારે તે પાછે પગે દોડી તેનાં સિસોટિયા દુશ્મનના પગમાં ખોડી દે છે, જેથી પગમા ઊંડા ઘા પડી બળતરા થાય છે. સાહુડીએ વાઘ દીપડા જેવા હિંસક અને ડર વગરનાં પ્રાણીઓને સખત રીતે ઘાયલ કર્યાના દાખલા. મળી આવે છે ગુમાવેલા સિસોટિયાં પાછા નવાં ઊગે છે અને તે જલદી ઊગે એ માટે સાહુડી ચીતળ સાબરનાં ખરી પડેલા શિંગડા અને ઘાડકા ખાય છે જેથી તેને તેમાંથી પુષ્કળ ફૉસ્ફરિયમ મળે છે.

શાહુરસન પું ભારતીય ચોત્રીસ માંહેનો એ નામનો એક સવત. તે ઈ સ. ૬૦૦ થી શરૂ થાય છે. તેને સૂરસન, અરબીસન અને મૂજસાલ પણ કહે છે. અરબી ભાષામાં સફરનો અર્થ મહિનો છે અને તેનું બહુવચન શહૂર થાય છે આ ઉપરથી આ સવતનું નામ શાહૂરસન પાડવામા આવ્યું લાગે છે આ સન હિજરી સનનો એક જુદો પ્રકાર છે. હિજરી સનમાં બારમાસ માનેલ છે. આ સનમાં સોર માસ માનેલ છે. જ્યારે સૂર્ય મૂજસિર નક્ષત્ર ઉપર આવે છે ત્યારે નવા વર્ષની શરૂઆત થાય છે, તેથી તેને મૂજસાલ પણ કહે છે એના મહિનાનાં નામ હિજરી સનના મહિનાનાં નામ અનુસાર છે. આ સંવત દિલ્હીના સુલતાન મહમદ તઘલખે જ્યારે પોતાની રાજધાની દિલ્હીથી ફેરવીને દેવગિરિ કે દૌલતાબાદ કરી ત્યારે શરૂ થયો મનાય છે.

શાહેદ ૧. પું. મુખત્યાર; પ્રતિનિધિ

૨. [અ. શાહિદ (સાક્ષી)] પું. સાક્ષી આપનારો માણસ; સાખ પૂરનાર માણસ; સાક્ષીદાર; સાક્ષી

શાહેદી ૧. પું. મુખ્તાર; પ્રતિનિધિ.

૨ [અ. શાહિદ (સાક્ષી)] પું. શાહેદ; સાક્ષી પૂરનાર માણસ.

૧. શાહેદી ભેળો કરવો = (૧) ખોટો સાક્ષી પૂરનાર તૈયાર કરવો. (૨) પંજરામાં સાક્ષીદારને ભોંયાવવો. (૩) સાક્ષી રબ્બુ કરવો

૨. શાહેદી મૂકવો = અદાલતમાં સાક્ષી તરીકે નામ આપવું

૩. શાહેદી રાખવો = સાક્ષી તરીકે હાજર રાખવું.

૩. સ્ત્રી. સાક્ષી; શાહેદનું કહેવું તે; સાખ; પૂરાવો

૧. શાહેદી આપવી-પૂરવી = જુબાની આપવી; પુરાવો આપવો; સાક્ષી તરીકે કહેવું.

૨. શાહેદી લેવી = અપાતી જુબાની લખી લેવી; પુરાવો લેવો.

શાહેર ૧ [અ શાયર (કવિ)] પું. કવિ; પંડિત; શાયર.

૨. પું. ભાટ; વહીવંચો

શાહેરી ૧. સ્ત્રી કાવ્યકળા; કવિતા.

૨. સ્ત્રી. શાયરપણું

શાળ ૧ પું એક જાતનો શિલાડો

૨. [સં. શાલ] સ્ત્રી. શાલિ; ડાંગર; કમોદ.

શાળા ૧ સ્ત્રી. ગૃહ; મકાન; ઠેકાણું જેમકે, પુસ્તકશાળા.

૨. [સં. શાલા સ્ત્રી. પાઠશાળા; નિશાળ; શિક્ષણગૃહ; 'સ્કૂલ'

૩. સ્ત્રી. પંડિતોની અભ્યાસશાળા.

આમિરોએ સત્તર વરસની વયે મોટોની જોડેઝમા શાળામા દાખલ થયો. પાદિ. જોષ

૪ સ્ત્રી. સમાન નીતિરીતિ, વિચાર વગેરેવાળો સમૂહ; સંપ્રદાય

શાળાખાતું ૧ ન નિશાળોનો વહીવટ કરનારું ખાતું; વિદ્યા સંબંધી ખાતું; શિક્ષણ ખાતું.

શાળાગુરુ પું. શાળાનો આચાર્ય.

શાળાગ્રંથ પુ. શાળામા ચાલતું પુસ્તક.

શાળાધ્યક્ષ પું. મહેતાજી; ગુરુ

શાળાનિકેતન ન. વિદ્યાર્થીઓને જમવાનું તથા રહેવાનું ઠેકાણું; વસતિગૃહ; શિષ્યાવાસ.

શાળાપત્ર ન. શાળાઓને લગતું પત્ર

શાળાપુસ્તક ન. નિશાળમાં ચાલતું પુસ્તક; પાઠ્યપુસ્તક

શાળામિત્ર પું. નિશાળનો ભાઈબંધ; સહાધ્યાયી મિત્ર

શાળાસમિતિ સ્ત્રી. શાળાની પેટા સભા

શાળાંત વિ. શાળાની છેલ્લામાં છેલ્લી. તે પરીક્ષા માટે વપરાય છે

શાળાંતર ન. શાળા બદલવાની ક્રિયા તે.

ધોરણાંતર કે શાળાંતર સહેલ.ઈથી થઈ શકે છે. દક્ષિણામૂર્તિ

શાળિયું [સ. શા.લિ] ન હલકી જાતની ડાંગર; સાદી જાત.

શાળી ૧. સ્ત્રી. ડાંગર; શાલિ; જાત.

૨. વિ. નામને અંતે જાગતાં વાળું એવો અર્થ બતાવનાર. જેમકે, પ્રભાવશાળી

શાળુ સ્ત્રી. જુવારની એક જાત.

દક્ષિણના ઉષ્ણ પ્રદેશમાં સિંચાણામાં ઘઉંની બોલબમાં શાળુ (જુવારની એક જાત), ચણા, ચણા, જવ, કરડાઈ વગેરેનું વાવેતર થાય છે. આ પાકને કાળી અને ફળદ્રુપ જમીન, ઠંડી હવા અને વરસાદ સાધારણ હોય તો પણ ચાલે છે. જમવનો વહેલો પાક થાય

શાળોપયોગી [સં. શાલા + ઉપયુજ્ (ઉપયોગ કરવો)] વિ શાળાના કામનું; નિશાળમાં છોકરાંને કામ લાગે એવું; નિશાળના કામને ઉપયોગી; વિદ્યાર્થીઓને ઉપયોગી

શાંકર ૧. [સ.] પું. શંકરનો બળદ.

૨. ન. (પુરાણ) શંકરે નિર્માણ કરેલું એ નામનું એક ભારતવર્ષીય તીર્થ

૩. વિ શંકર સંબંધી

૪. વિ. શંકરાચાર્યે રચેલું; શંકરાચાર્યનું; શંકર સંબંધી.

એ કે વેદાંત દર્શનના અન્ય આચાર્યોમાં રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ અને વલ્લભ કેટલીક મૂદ્દાની બાબતોમા શાંકર સિદ્ધાંતથી જુદા પડે છે

પુરાતત્ત્વ

શાંકરમત [સ] પું. શંકરાચાર્યનો સિદ્ધાંત; અદ્વૈતવાદ

શાંકરમતવાદી [સ.] વિ શંકરાચાર્યના મતને માનનાર; અદ્વૈતવાદી

શંકરમતાનુયાયી જુઓ શાંકરમતવાદી.

શંકરવેદાંતી [સં.] વિ શંકરાચાર્યના વેદાંતમાં માનનાર

શંકરસિદ્ધાંત જુઓ શાંકરમત.

શાંકરી ૧. [સ] પું અનાહત નાદના બાર ભેદોનો એક ભેદ

૨ પુ કાર્તિક સ્વામી

૩. પુ. મધુપતિ

૪ સ્ત્રી એ નામની એક દેવી.

આબુમાં **શાંકરી** નામનું આઠું સ્થાનક છે.

ભગવતી ભાગવત

૫. વિ શંકર મતનું

૬ વિ શંકર સંબંધી

૭ વિ. શંકરાચાર્યનું

શાંકરી સેનકે શંકર જ સેનના થાતી થઈને વટે અન્ય સારે. રનનેશ્વર

શાંખાયન [સં.] ન એ નામનું એક બ્રાહ્મણ.

શાંખાયનબ્રાહ્મણ [સં.] ન. ઋગ્વેદનું એક બ્રાહ્મણ. તે કૌશીતકિ નામે પણ ઓળખાય છે.

શાંખિક [સં.] વિ. શંખાદિનાં બરેલાં ઠરીને વેચનાર

શાખિનીમખની સ્ત્રી. ભમણા પાસેની ખોરી નસ.

શાંખ્યાયન પું. એ નામના એક મુનિ. તેણે કલ્પસૂત્ર બનાવેલું છે.

શાંગ સ્ત્રી એક જાતનું આયુધ

શાંઘડી સ્ત્રી. એ નામની એક દેવી. એનું સ્થાન મહેસાણામાં છે

શાંડિલી [સં.] સ્ત્રી. (પુરાણ) શાંડિલ્ય ઋષિની કન્યા. પૂર્વ સમુદ્રને તીરે ઋષભ પર્વત ઉપર તે રહેતી હતી અને મહા તપસ્વિની હતી. એક સમયે ગાલવ ઋષિને લઈને ગરુડ ત્યાં આવ્યા. તેનું શાંડિલીએ ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું. સવારે ઊઠીને જોયું તો ગરુડનાં બધા પીછાં અને પાંખ ખરી પડેલા હતાં; કારણ કે, રાત્રે ગરુડને એવો વિચાર આવ્યો હતો કે, અ. આઈ શિવ, વિષ્ણુ વગરે રહે છે તે સ્થાનમાં ન રહેતાં અહીં કેમ રહી હશે ? ત્યારે તે શાંડિલીને શરણે ગયો ત્યારે તેની પાંખો નવી ફૂટી.

શાંડિલ્ય ૧ પુ અગ્નિ હોત્રતાનું પદ પામીને વૈશ્વાનર નામનો અગ્નિ. અગ્નિનું ગોત્ર શાંડિલ્ય છે.

૨. પું. એ નામની એક વનૌષધિ.

૩ પું (પુરાણ) એ નામે એક પ્રસિદ્ધ મુનિ; શાંડિલનો પુત્ર; સ્મૃતિ તેમજ ભક્તિસૂત્રનો કર્તા | એક ઋષિ.

૪ પુ (પુરાણ) એક અગ્નિગોત્ર ઋષિ. | તેનાથી ક્ષત્રિય જાતિની ઉત્પત્તિ થઈ હોવાનું મનાય છે.

૫. પું. ખીલીનું ઝાડ

૬. પુ (પુરાણ) મરીચિના પુત્ર કશ્યપ પુત્રનો એક ઋષિ

૭. ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ; | અથર્વવેદનું એક ઉપનિષદ

૮. ન. ધનંજય ગોત્રનું એ નામનું એક પ્રવર

શાંડિલ્યવિદ્યા [સં] સ્ત્રી ઉપાસનાનો એક પ્રકાર

શાંડિલ્યસૂત્ર [સં.] ન. એ નામનું એક સૂત્ર

શાંડિલ્યસૂત્ર અથવા ભક્તિસૂત્ર જાણને બદલે મહાભારતના મોક્ષધર્મ જાણવાનો થયા.

ગીતારહસ્ય

શાંડિલ્યેશ્વરતીર્થ [સં] ન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. તેની કથા નર્મદા પ્રકરણમાં ક્રમ આપી છે કે: અહીં હનુમાનની માતા અંજની નદીરૂપ થઈને નર્મદામાં મળી ગઈ છે. રામચંદ્રજીને વશિષ્ઠે કહ્યું કે, પ્રાચીન સમયમાં જમદગ્નિ, વગેરે મોટા મોટા ઋષિઓએ યજ્ઞના હેતુથી બધા ઋષિઓને નિમંત્રિત કર્યા. બધા આવ્યા, પરંતુ કશ્યપ ઋષિ ન આવ્યા. તેથી તેના નામે કુશમયિ બનાવીને પૂજન કરવા લાગ્યા. તે સમયે કશ્યપ ઋષિ પણ પહોંચ્યા. બધા ઋષિઓએ તેનો આદર કર્યો, સ્તુતિ કરી અને કુશમયિ બનાવીને યજ્ઞનો પ્રારંભ કરવાનું કારણ કહ્યું. ત્યારે તેણે કુશમયિનું હમાડલુથી જલસિંચન કર્યું, તો તે સમયે ત્યાં અનંત રૂપવાન મૂલચર્મ પરિધાન કરેલ એક તપસ્વી પ્રાદુર્ભૂત નિર્માણ થયો તેનું નામ શાંડિલ્ય ઋષિ પડ્યું ઉપમન્યુએ પોતાની કન્યા તેને આપી તેનું નામ શાંડિલી હતું. ને બંનેએ અહીં નર્મદાતીરે તપ કર્યું અહીં વસિષ્ઠ, જમદગ્નિ, ભારદ્વાજ વગેરે ઋષીશ્વરોને નિમંત્રી અનેક યજ્ઞ કર્યા. તે સમયે આ તીર્થ પ્રગટ થયું. દરણ મનોહર છે યજ્ઞયાગ, બ્રાહ્મણભોજન, ગાયત્રીપુરશ્ચરણનું મોટું માહાત્મ્ય છે

શાંત ૧. પુ. (પુરાણ) આઠ નામના વસુનો પુત્ર

૨. પું. (પુરાણ) આપ નામના વસુનો એક પુત્ર

૩. પુ એ નામનો પ્લક્ષદ્વીપમાં આવેલ સાત માંહેનો ચોથો ખંડ

મિત્ર, યશસ, ભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એ પ્લક્ષ દ્વીપની અંદરના સાત ખંડોના નામ છે. ભાગવતી ભાગવત

૪. પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૨૬ ગુરુ અને ૩૮ લઘુ મળી ૬૪ વર્ણની ૯૦ માત્રા હોય છે

૫. પું. એક જાતનો ઘોડો; ચોરાશી આંગળ ઊંચાઈવાળો ઘોડો

૬. પું. (પિંગળ) એક જાતનો વિષમવૃત્તિ માત્રામેળ છંદ. ભણ પ્રસ્તાર પ્રકારા પ્રમાણે આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૩૪ ગુરુ અને ૮૮ લઘુ મળી ૧૨૨ વર્ણની ૧૫૬ માત્રા હોય છે

૭. પું. (કાવ્ય) નવ માંહેનો એક રસ. શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ તથા શાંત એ સામાન્યતઃ નવ રસ મનાય છે.

કામક્રોધાદિના રાગપૂર્વક નિવૃત્તની પરિપુષ્ટતાને શાંત રસ કહે છે. એનો વર્ણ શુક્લ, દેવતા, નારાયણ, સંસારની અનિત્યતા, આલંબન, તત્ત્વજ્ઞાન ઉદ્દીપન અને રોમાંચાદિક અનુભાવ છે.

કા.ભ્યરાજ

૮. પું. (પુરાણ) પ્રિયવ્રતપુત્ર મેધાતિથિના સાત માંહેનો ચોથો પુત્ર. એના દેશનું નામ પણ શાંત હતું

૯. પું. ભક્તિના પાંચ મા.હેના એક પ્રકારનો ભાવ. આ પાંચ ભા.વ આ પ્રમાણે છે: શાંત, દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને માધુર્ય. ભિક્ષુપિતામહમાં શાંતભાવની ભક્તિ હતી

૧૦. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૧૧. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૨. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર

સંગત ઘર આગળ બે અલિંદો આવે અને રાજા વચ્ચે પદ્મકોષ આવે તો તે **શાંત** નામનું ઘર કહેવાય છે. રાજવલ્લભ

૧૩. વિ કૃશિત

૧૪. વિ બોબાટ વગરનું; ચૂપ; નીરવ; કર્મ પણ દિલચાલ કે ગડબડ વગરનું

૧૫ વિ. છાયાવાળું

૧૬. વિ. ભુસ્સો નરમ પડેલો હોય તેવું; સમાયેલા ઊભરાવાળું; કૃ પડેલું

૧. શાંત પડવું = ટાઢું પડવું; નરમ પડવું; શાન્ત થવું

૨. શાંત પાડવું = ક્લેશ મટાડવો; સમાધાની કરવી

૧૭. વિ ધીમું; ઠળવું

૧૮ વિ. નમ્ર

૧૯. વિ. પવિત્ર અનેલ

૨૦. વિ. પાળેલું

૨૧. વિ. મરેલું; મરી ગયેલું.

૨૨ વિ રાગદ્વેષ રહિત; નિરાતવાળું

૧૩. [સં. શ્રમ્ (શમવું)] વિ. શાંત પામેલું, સ્વસ્થ

૨૪ વિ. શાંતિયુક્ત

એના નિવારણે આવી શાંત સત્યાગ્રહ કરે.
ઠારી કૃપણ ખાણને ઉદિત ઉદિયા સુખી.
ગાંધીગીતા

૨૫ વિ. સંતોષવાળું.

શાંત અવરોધ પુ. શાંત પ્રતિરોધ; સત્યાગ્રહ, અન્યનો શાંતિપૂર્વક પ્રતિકાર કે વિરોધ કરવો તે; અન્યને તાબે નહિ થતા શાંતિ ધારણ કરી તેની ઉપેક્ષા કરવી તે

મોટા સમય ઉપર શાંત અવરોધના પ્રકારને સંમતિ અનુકૂળ રીતે જ આ આપણો જેમ સદુચિત મહાત્મા તરફથી અમો સૈનિકોને આજ્ઞા થઈ
નરસિંહરાવ

શાંત અવસ્થા સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની નવ માઠેની એક અવસ્થા.

શુભ ગ્રહ સહિત જે ગ્રહ હોય તેને શાંત અવસ્થાનો માનવામાં આવે છે.
અંબાલાલ નાનજીભાઈ

શાંતકુંભ ન. સોનું; સુવર્ણ

શાંતચિત્ત [સં] વિ. જેનું મન શાંત હોય તેવું

શાંતતા ૧. સ્ત્રી અનુદ્વેગતા

૨. સ્ત્રી ચૂપકીદી; નીરવતા

૩. સ્ત્રી. મહત્પણું.

૪ સ્ત્રી શાંતપણું; શાંતિ

શાંતનય [સં] પુ. ભીષ્મપિતામહ; શાંતનુના પુત્ર.

શાંતનીરા [સં] વિ. સ્ત્રી જેનું જળ શાંત છે તેવી; શાંતપણે વહેતી.

આ રમ્ય વિશ્વ બ્રહ્મની, સરિતા શાંતનીરા સૂની.
નરસિંહરાવ

શાંતનુ [સં] પું. (પુરાણ) દ્વાપરે સુખમા થઈ ગયેલ પ્રતીપ રાજાનો એક પુત્ર; ભીષ્મનો પિતા

શાંતપણું જુઓ શાંતતા

શાંત પ્રતિરોધ [સં.] પુ. સત્યાગ્રહ, શાંત અવરોધ

શાંત મહાસાગર [સં] પુ. પૅસિફિક મહાસાગર. તેનું પાણી જગતના પાણી કરતાં ખારું છે

શાંતર સ્ત્રી. ગૃહશાંતિ

શ્રીફળ ફોફળ પાન પુષ્પ, સર્વે શાંતર વેદ.
પ્રેમાનંદ

શાંતરથ પુ (પુરાણ) સોમવંશી આયુપુત્ર અને નહુષ વંશના ધર્મસારથિ રાજાનો પુત્ર

શાંતરસ [સં] પુ રસશાસ્ત્રમાં માનેલો એક રસ; શાંતિ કરાવનાર રસ; નવ રસમાંનો એક માનવ રસ જ્યારે મનુષ્ય સંસાર પ્રપંચની પ્રત્યેક ક્રિયાથી મુક્ત થઈ, સચ્ચિદાનંદ સ્વરૂપમાં ભગવાની આજ્ઞાએ નિર્મૂલ પાડોપાસક બને છે ત્યારે તે જ્ઞાનમૂર્તિને શાંતરસ અથવા ભક્તિરસ કહે છે. તેના અધિષ્ઠાતા દેવ નારાયણ છે

જેમા સંસારની અનિત્યતા ભાવી થઈ, વિરાગી બની, કામક્રોધાદિનુ શમન કરવા સત્સંગ કરી, ચિત્તને શાંત આત્મતત્ત્વ દર્શન કે ચિંતન હોય તેને શાંતરસ કહે છે
મુક્તાવલી ભોજનકથા

શાંતર્ક વિ. સુખી; શાંત; આનંદી.

ગાહોને જોવા જઈએ. સખી સર્વે શાંતર્ક થઈએ.
રાજા અમર

શાંતવિરોધ [સં] પું. અંતરાત્માના આદેશ પ્રમાણે અન્યાય સામે શાંતિથી વિરોધ કરવો તે આ વિરોધમા સામા પ્રત્યે રાગદ્વેષ સંભવે નહિ

શાંતવું જા. ક્રિ. શાંત થવું; શાંતિ પામવું

કલેશ હતો કરે પ્રભુ જન પ્રીત,
દુઃખેથી શાંતે સુહિત
દયારામ

શાંતવૃત્તિ [સં] સ્ત્રી. વૈરાગ્ય, ક્ષમા અને ઉદારતા આદિ સાત્ત્વિક વૃત્તિઓ

શાંત સંકલ્પ [સં] વિ. નિવૃત્ત થયેલ ચિત્તવાળું; જેના સંકલ્પો શાંત થઈ ગયેલા છે તેવું, સંકલ્પ વિકલ્પ વિનાનું

હે મૂર્ખો ! શાંત સંકલ્પ અર્થાત્ નિવૃત્ત થયેલી ચિત્તવાળા મારા પિતા હો!
કઠોપનિષદ્

શાંતસુરભિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનિસાકરી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ભગણ, નગણ, રગણ ને બે સગણ મળી પંદર અક્ષર હોય છે.

શાંતા ૧. [સં.] સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માઠેની એક શક્તિ

૨. સ્ત્રી દુર્ગાદેવી. શાંત દુર્ગાના સ્વરૂપમાં તે અનેક કુળની કુળદેવતા છે.

૩. સ્ત્રી (જ્યોતિષ) નવ માઠેની એક તારા.

૪ સ્ત્રી ભાગવત માઠેની એક તેજસ્તત્ત્વ દેવતા.

૫. સ્ત્રી. રેચકા. ગરમીનો ગમે તેવો તાવ હોય અને માણસ બેહોશ પડ્યો હોય તો તાવ ઉતારી શાંતિ પમાડે છે માટે તેને શાંતા કહે છે

૬ સ્ત્રી અમાવાસ્યા.

૭ સ્ત્રી શાંત સ્ત્રી

૮ સ્ત્રી શાંતિ; કીર્તિતા.

૯ સ્ત્રી. સીતાના જમણે માઠેનુ એક નામ.

સીતોમા પરમભક્તિ અનંતા નિષ્કામભા,
શાંતા આકેશરી નિત્ય શાંતિની પરમાક્ષરા.
અખંડાનંદ રામાયણ

શાંતા ૧૦. સ્ત્રી (પુરાણ) સોમવંશી બૃહદ્રથ પુત્ર ક્રોષ્ટાના કુળના અંગરાજ રોમપાદની પુત્રી અને ઋષ્યશૃંગની સ્ત્રી કેટલીક જગ્યાએ એને દશરથની પુત્રી અને લોમપાદે દત્તક લીધેલી વર્ણવી છે હરિવંશમાં લોમપાદનુ બીજું નામ દશરથ કહ્યું છે

શાંતિ ૧ પું અથર્વવેદના પ્રાચ્ય માઠેનો એક ઋષિ

૨. પું. (પુરાણ) કાલિદાને પેટે કુમારીથી થયેલ દસ માઠેનો એક પુત્ર.

૩. પું (પુરાણ) ચાલુ વૈવસ્વત મન્વંતરમા અંગિરા ઋષિને સુરૂપા નામની સ્ત્રીથી થયેલ એક દીકરો, બૃહસ્પતિનો ભાઈ

૪. પું (પુરાણ) તુષિત નામના બાર માઠેનો એ નામનો એક દેવ; યજ્ઞને દક્ષિણાથી થયેલ બાર માઠેનો એક દીકરો

૫. પું (પુરાણ) પૂર્વે થઈ ગયેલો એક ઋષિ. એ પાંડુનો પુત્ર થઈ ને જન્મ્યો હતો

૬. પું. (પુરાણ) વારુણિ અંગિરા ઋષિના આઠ માઠેનો ચોથો પુત્ર

૭ પુ વિષ્ણુનાં હજાર માઠેનુ એક નામ.

૮. પું. (પુરાણ) સોમવંશી પુરુમીઢાત્પન્ન અજમીઢના પુત્ર નીલનો પુત્ર. એનો પુત્ર તે સુશાંતિ

૯. સ્ત્રી. ઉપશમ; બધા પ્રકારની બાધાકારિક પ્રવૃત્તિઓથી અલગ રહેવાની વૃત્તિ. ભગવાન શંકરાચાર્ય કહે છે કે, સંસાર સંબંધી ચિંતવનાની ક્રમેક્રમે માટે અભાવ થઈ જાય અને અંતઃકરણ સંબંધી ચંચળતા છોડી તદ્દન સાત્ત્વિક, પ્રસન્ન, સ્થિર રહે તેનુ નામ શાંતિ છે. શાંતિને ઉપરતિ પણ કહે છે એટલે કે, બધા પ્રકારની બાધાકારિક પ્રવૃત્તિઓથી અલગ રહેવાની વૃત્તિ અર્થાત્ વિષયોમાથી નિવૃત્તિને પરમ ઉપરતિ કહે છે

૧૦. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિને દેવહૂતિને પેટે થયેલી નવ માઠેની સૌથી નાની કન્યા એ અથર્વવેદ ઋષિની સ્ત્રી હતી

૧૧. સ્ત્રી. કામક્રોધ વગરનો જ્ઞાન; તૃષ્ણા અને કામનાથી રહિત થવું તે. તેના ત્રણ પ્રકાર છે: આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક

૧૨ સ્ત્રી ક્લેશ, કકાસ કે યુદ્ધનો અભાવ

૧૩. સ્ત્રી ક્ષમા; સહનશીલતા. ગાંધીજી કહે છે કે, શાંતિ એ અહિંસાનુ શસ્ત્ર છે ને તેના જ હાથમાં તે શોભે છે. શાંતિ એટલે ક્ષમા અને ક્ષમા એ તો વીરનુ ઘરેણું. શાંતિ બીકને મારે કે નબળાઈને લીધે બતાવાય છે, તે શાંતિ જ નથી. ખરી શાંતિ એ જ હોઈ શકે કે જેમાં બળ ને તેજ રહ્યાં છે. આ દિવ્ય શાંતિ એટલે જડતા નહિ, મૂઢતા નહિ, દુર્બળતા નહિ એ

તો શુદ્ધ ચેતના, જ્ઞાન અને શુદ્ધચરિતા. કામને પથ્થર કેમ મારીને જે વિકાર કરે તે એકે જ ન્યાયે બેઠ. છતા આખા જગતને હલાવ્યા જ કરે શાંતિ એ પણ એક સૂક્ષ્મશરીર છે તેનો સંચય કરનાર પ્રૌઢ બ્રહ્મચારી અને છે

૧૪ [સં. શમ્ (શાંત થવું)] સ્ત્રી ચિત્તની શાંત અવસ્થા; શાંતતા; શાંતપણું, અનુદ્વેગતા; આત્યંતિક સંસારનો ઉપશમ ગાંધીજી લખે છે કે, ધનદોલત અગર બહેલાતો જેવી બાહ્ય વસ્તુઓથી શાંતિ નથી મળતી શાંતિ આપણા અંતરની વસ્તુ છે. શ્રી રામચંદ્ર જે આપણા જેવા જ માણસ હતા તેમને સ્વપ્ને પણ બ્રાસ ન હતો કે, પોતે ગાદીએ બેસવાની આશા રાખતા હતા તે જ અવસરે તેમને વનવાસ આપવામાં આવશે; પરંતુ રામચંદ્રજી જાણતા હતા કે સાચી શાંતિ બહારની ચીજો પર આધાર રાખતી નથી, પણ પોતાની જાતમાંથી જ તેને શાંતિ મળી રહેશે. હું પથ્થરની શાંતિ નથી માગતો, હું કબ્રસ્તાનની શાંતિ નથી ઇચ્છતો આખી દુનિયાના ભાગ્યના વરસાદની સામે એક માત્ર ઈશ્વરને આશરે ખુલ્લી છાતીએ ફરનારા મનુષ્યોના હૈયામાં રહેલી સાચી શાંતિ મારે જોઈએ છીએ.

> જાગ્યા તણા ત્યાગ સ્વાર્થમાં કહો ભલે,
> અહિંસા અમને શાંતિ અર્થ એક જ સર્વત્ર.
> ગાંધીગીતા

૧ શાંતિ કરવી–થવી–પ્રાપ્ત કરવી–રાખવી = (૧) તૃપ્તિ થવી. (૨) નિરાંત થવી.

૨. શાંતિ પકડવી = બોભવું, રાહ જોવી.

૩. શાંતિ વળવી = નિરાંત થવી.

૪. શાંતિનું સામ્રાજ્ય = એકદમ શાંતિ; શાંતિનું સર્વોપરી રાજ્ય; જરા પણ અવાજ વગરની સ્થિતિ

૧૫ સ્ત્રી. ચૂપકી; સ્થિરતા

૧૬ સ્ત્રી. (પુરાણ) દક્ષ પ્રજાપતિએ ધર્મઋષિને આપેલી તેર માંહેની એક કન્યા. તેના પુત્રનું નામ સુખ

૧૭ સ્ત્રી. દુર્ગા

૧૮ સ્ત્રી. દુ:ખ નિવારણ માટે કામમાં આવતી વિધિ

૧૯ સ્ત્રી ધીરજ; ધૃતિ; ખામોશી

૨૦. સ્ત્રી નિવારણ, વારવું તે

૨૧ સ્ત્રી. નીરવતા

૨૨. સ્ત્રી અંદોબસ્ત; વ્યવસ્થા

૨૩. સ્ત્રી. બોધિસત્ત્વને પ્રાપ્ત કરવાની દશ માંહેની એ નામની એક પારમિતા

૨૪ સ્ત્રી મનનું સ્વાસ્થ્ય; આરામ; નિરાંત; ઉપદ્રવનું નિવારણ

૨૫ સ્ત્રી માનસિક કે શારીરિક ઉપદ્રવ કે વિકારનું મટી જવું તે.

૨૬ સ્ત્રી વિશ્રામ; નિવૃત્તિ

૨૭. સ્ત્રી. વિષયથી મનને નિવારવું તે; સંસારના ભોગ તરફ વિરક્તિ

૨૮. સ્ત્રી વેગ, ક્ષોભ કે ક્રિયાનો અભાવ.

૨૯. સ્ત્રી. સાતા; ટાઢક; ઠંડક; શાતા વળવી તે.

૩૦. સ્ત્રી. સંતિનાથ ભગવાન માંહેનું એક નામ.

શાંતિક ૧. [સં.] પુ. શાંતિ ઉત્સવ

૨. વિ ઉપદ્રવ દૂર કરનાર; મારણ વગેરે કર્મની શાંતિ કરનાર

> આદિ દુષ્કર્મ **શાંતિક** કીજત,
> હેમ રજત કુંભ આણિ રે, નયવિજય

૩. સં. શાંતિ કરનાર

> વિવાહના નક્ષત્રો તેમ જ પુષ્યક, અભ્યુ. હસ્ત અને અશ્વની એ ચાર નક્ષત્રો તથા શુક્રવાર, બુધવાર અને ગુરુવાર એ ત્રણ વારોને દિવસે શાંતિક અને પૌષ્ટિક કર્મ કરવાથી કલ્યાણ થાય છે. ભાગવતલાલ

શાંતિકર્મ [સં.] ન. ઉપદ્રવો દૂર કરવાને માટેના હોમ અદિ ક્રિયા

શાંતિકાર [સં.] વિ. શાંતિકારક.

> કાઈ કહે શુદ્ધ છે અંતર એનું, ગુણ ને શાંતિકાર
> મહાભારતી

શાંતિકારક [સં.] વિ. શાંતિ આપનાર; શાંતિ કરનાર.

> તુમ જગવત્સલ કરુણાવત, **શાંતિકારક** શ્રી ભગવંત.
> વિનોદ ઋષિ

શાંતિકાળ પુ. શાંતિનો સમય

શાંતિકુંજ [સં.] સ્ત્રી. પ્રોગ્રામર.

શાંતિકૃત [સં.] ન. ગોડવનું એક તાન; ષડ્જગ્રામમાં રિષભ અને પંચમ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન

શાંતિક્રિયા [સં] સ્ત્રી. ગ્રહોને શાંત કરવા માટેની ક્રિયા

> કર્મને લીધે થતા રોગો **શાંતિક્રિયા** કરવાથી, પ્રાયશ્ચિત્ત કરવાથી અને દેવતાને પ્રસન્ન કરવાથી દૂર થાય છે. આયુર્વેદ

શાંતિદ ૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨. ન (શિલ્પ) એક જાતનું ત્રિકોણ ઘર; અગ્નિખૂણાવાળું ઘર.

> જે ઘરને અગ્નિખૂણો હોય તે **શાંતિદ** ઘર કહેવાય. ભગવદ્ગોમંડલ

૩. [સં.] વિ. ટાઢક વળે તેવું.

૪. વિ નરમ પાડવું; શાંત કરવું

૫. વિ. શાંતિ આપનારું.

શાંતિદળ ન અગ્નિખૂણે સૈન્ય, મરીને જીવવાનો મંત્ર સાધનારનું મડળ. ગાંધીજી લખે છે કે, અહિંસક દળ હિંસક દળથી ઊલટું છે તેમાં શરીરને બીજું સ્થાન છે. શરીરી બધું છે, એટલે ચારિત્ર બધું છે એવા શરીરી આત્માઓને ઓળખવા કહ્યું છે, તેથી મોટા શાંતિદળો ન બની શકે. એ નાનકડા હોય, કડકડાટ્યે હોય, સમ દીઠ હોય કે બહોલ્લા દીઠ હોય. એટલે કે જે જેટલાને ઓળખતા હોય તેમની જ ટુકડીઓ બનાવે તે બધા મળીને એક મુખી નીમે. બધાનો કરારનામે એક સરખો હોય. બધા શાંતિદળોમાં એક વસ્તુ સર્વમાન્ય હોવી જોઈએ તેને ઈશ્વરમા અચળ વિશ્વાસ હોય, તે જ ખરો સાથી છે અને તે જ કર્તા છે, એવી શ્રદ્ધા હોય તે વિનાની શાંતિસેના નિર્જીવ માનું છું. આવો માણસ કોઈને મારશે નહિ, પોતે મરીને જીવશે, જીવશે આ એક કાનૂન જેનામાં જીવન રૂપ લેશે તેને સમયાનુસાર બુદ્ધિ આપમેળે સાથી રહેશે. છતા ટૂંકમાં મારા અનુભવમાંથી નિયમરૂપે આપું: (૧) સેવક પોતાની આંખે કશું દેખાય ન દેખે (૨) ટુકડીના સભ્ય તરીકે તરત ઓળખાય પડે તેમ એકાણ શરીર પર રાખે. (૩) ગવર્નની પાસે તાત્કાલિક મદદ આપવા પૂરતા પોટા, ક્રાતર, નાનકડું ગાડું, સોય વગેરે હોય (૪) ઘાયલને સરળતાથી ઉપાડી જવાની તજવીજ તેણે જોગવી હોય. (૫) આગ લાગી હોય ને ઓલાવવાની કળા, તેમાં દાઝ્યા વિના પ્રવેશ કરવાની કળા, ઊંચે ચઢવાની અને ભીતરી આવવાની કળા સેવકને અપાતી હોય. (૬) પોતાના જાનાના માણસોની ઓળખાણ કરી લેવી કે તેમની સેવા કરાજકર છે. (૭) સેવકે રામનામનો નિરંતર અભ્યાસ રાખવાનો છે અને જે કરે તેને કરાવવાનો છે

શાંતિદાતા [સં. શાંતિ + દા (આપવું તે)] વિ. શાંતિદાયક; શાંતિ અર્પનાર; શાંતિપ્રદ

> અગ્નિ હોને **શાંતિદાતા** નથી! નિશાંત વિનોદ

શાંતિદૂત [સં.] પુ શાંતિનો સંદેશવાહક હિતસ્તો

શાંતિદેવ પું (બૌદ્ધ) નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન. તે લગભગ ઈ. સ. ૬૯૫થી ૭૪૩ના અરસામાં થઈ ગયો તેણે 'સૂત્ર સમુચ્ચય', 'શિક્ષા સમુચ્ચય' અને 'બોધિચર્યાવતાર' જેવા ત્રણ ધાર્મિક ગ્રંથો લખ્યા છે તેને જડભરતની ઉપમા આપે છે, કેમકે બધાં વર્ષ સુધી તેનું જ્ઞાન બહારમ આવ્યું ન હતું.

શાંતિરથા સ્ત્રી (પુરાણ) વસુદેવની એ નામે એક સ્ત્રી તેને શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો હતા

શાંતિનાથ પું જૈનના એ નામના સોળમા તીર્થંકર તેમની જન્મભૂમિ ગજપુર, પિતા વિશ્વસેન રાજા અને માતા અચિરા રાણી હતા મરકીનો ઉપદ્રવ થયો હતો પણ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ અમૃત નગરમા છાંટયુ અને મરકી શાંત થઈ આ ગર્ભનો પ્રભાવ જાણી પ્રભુનુ નામ શાંતિનાથ રાખ્યુ પોષ સુદ નોમને દિવસે શ્રી શાંતિનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉપજ્યુ છે. તેનું વાહન મૃગ કે હરણ છે. જન્મસ્થળ હસ્તિનાપુર અને નિર્વાણસ્થળ સમેતશિખર છે.

શાંતિનિકેતન ૧ ન નવલ રવિન્દ્રનાથ ટાગોરની સ્થાપેલી એક સંસ્થા. બોલપુરથી બે માઈલ દૂર શાંતિનિકેતન છે અહીં પહેલા અરણ્ય હતુ તેની આસપાસનુ સૂકું મેદાન તેની સાક્ષી પૂરે છે. મહર્ષિ દ્વિજેન્દ્રનાથ ઉપર લૂંટારાઓએ આ જગ્યાએ હુમલો કર્યો તે વખતે તેમણે આત્મબળથી લૂંટારાઓને મહાત કરી શાંતિ મેળવી હતી અને તેથી આ જગાને " તીની અ.માર પ્રાણેર આમાર મનેર આનંદ આમાર શાંતિ " એટલે આત્મશાંતિનુ સ્થાન ગણી તેમણે અહીં વિશ્વભારતીની સ્થાપના કરી તેમના ઉપર્યુક્ત ઉદ્ગારો અહીંના પુરાતન વૃક્ષ આગળ લખી રાખેલા છે જે ચોર તેમને લૂંટવા આવ્યા હતા, તેઓ તેમના શિષ્ય બની ગયા હતા આ સંસ્થામાં જગતના વિભિન્ન દેશના શિક્ષકો અને શિક્ષિકાઓ પાસેથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ બંને એક સાથે શિક્ષણ મેળવે છે. શિક્ષણ પણ વૃક્ષ નીચે ખુલ્લી હવામાં આપવામાં આવે છે. પ્રાર્થના મંદિરમાં કવિવર દ.મોર આત્મજ્ઞાન વિષે પ્રવચન આપતા. અહીં જાતિભેદ સિવાય આઠ વર્ષની ઉમર વીત્યા બાદ વિદ્યાર્થીને દાખલ કરવા.માં આવે છે

૨. [સં] ન. શાંતિનુ સ્થાન

શાંતિની સ્ત્રી જાણકની કર્મેન્દ્રિય દ્વારા ધીમામાં ધીમા અવાજ તરફ પણ ધ્યાન ખેંચવા માટે શાંત અંધારા ઓરડામા રમાની એક રમત આ રમતમાં ૨ થી ૨૦ બાળકો રમી શકે છે. સાધનમાં એક હાથથી ભગાડવાની ટકોરી રાખવી બાળકોએ વર્તુળાકારે શિક્ષકની સામે ચાર ચાર કે પાંચ પાંચની હારમા બેસી જવુ. રમત શરૂ કરતા શિક્ષક ટકોરી વગાડે એટલે સૌએ આંખો મીંચી શાંત થઈ જવું, એટલે શાંતિ રાખવી કે આપણને દૂર દૂરના અવાજો પણ સંભળાય, શરૂઆતમા અરધી મિનિટ કે એક મિનિટ ટકોરી વગાડવી, પછી મોડે આંખો ઉઘાડવી અને પાસે શું સાંભળ્યું છે તે મનમાં ગોઠવી રાખવુ. આ રીતે શાંતિ પૂરી થયા પછી શિક્ષક બાળકોની બાજુમાં જઈ પૂછે કે, તમે શા શા અવા. (સાંભળ્યા.) બાળકોએ જે જે અવાજ સાંભળ્યા હોય તે અવાજની વાત કરવી, વળી ફરીવાર રમત કરી થાય. રમનારે અવાજ કે વાતચીત કરવી નહિ. ફરફરના અને ઝીણામા ઝીણા અવાજ સાંભળવા પ્રયત્ન કરવો. શિક્ષકે આ રમતમાં ભાગ લેવો. આ રમતથી બાળક શાંતિપ્રિય થાય છે.

શાંતિપદ ન. શાંતિપણું; મોક્ષ.

તે અવાચ્યે શાંતિપદ જેવુ. સુત્તનિપાત

શાંતિપર પુ. (જૈન) ચોરાશી માહેનો એ નામનો એક સિદ્ધ

શાંતિપર્વ [સં.] ન. મહાભારત ગ્રંથનો એક ભાગ. તેમા બીજે બાણશય્યામાં સૂતાં સૂતાં યુધિષ્ઠિરને બોધ આપ્યો હતો

શાંતિપા પું. (જૈન) ચોરાશી સિદ્ધ માહેના એ નામના એક યોગાચાર

શાંતિપાઠ પું. શાંતિ થાય એ માટે થતો મંત્રનો પાઠ; દુઃખશામક મંત્રનો ઉચ્ચાર ઉપનિષદમાં આરંભે અને અંતે શાંતિપાઠ બોલવાની પ્રણાલિકા છે. શાંતિનો અર્થ થાય છે નિવૃત્તિ. રામદેવની નિવૃત્તિ એટલે શાંતિ જ્યાં સુધી રાગદ્વેષ હોય છે ત્યાંસુધી સુખ દુઃખ ભુસાતા નથી. સુખ દુઃખમાં તટસ્થતા સિવાય જીવનનું ઉપનિષદ એટલે રહસ્ય પણ સમજાતુ નથી. ઉપનિષદના પાઠકે કરેલા શાંતિપાઠ શરૂઆત અને અંતમાં બોલવો રહ્યો. આમાં ભાવના એ મુખ્ય છે અને એ ભાવના જ પાકી થતાં સિદ્ધયુગ રૂપે મૂર્તિમંત થાય છે પ્રશ્નોપનિષદનો શાંતિપાઠઃ ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, કેનોપનિષદનો શાંતિપાઠઃ ૐ આપ્યાયન્તુ મમાંગાનિ, ક્ષોપનિષદનો શાંતિપાઠઃ ૐ સહનાવવતુ, પ્રશ્નોપનિષદનો શાંતિપાઠ. ૐ ભદ્રં કર્ણેભિ છે. આ શાંતિપાઠને અંતે પાઠક ત્રિવિધ શાંતિ માટે પ્રાર્થ છે. હે પરમાત્મન્ ! આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખની નિવૃત્તિ દો ! ઉપરા ત્રિદુઃખોનુ વર્ણન આ પ્રમાણે છે: કામ, ક્રોધ, લોભ, મોહ, ભીતિ, અસૂયા, ન ગાંડપણ આદિથી જે દુઃખ થાય છે તે માનસ દુઃખ કહેવાય ૩ તાવની પીડાથી શારીરિક દુઃખ થાય છે તે આધ્યાત્મિક દુઃખ છે અને અનાવૃષ્ટિ, ભૂકંપ, અગ્નિદાહ, જલપ્લાવન, વિદ્યુત્પાત, આદિથી જે દુઃખ થાય છે તે આધિદૈવિક દુઃખ છે સાપ, સિંહ, વીંછી, વાઘ, ચોર, લુટારા, રાજા, રાજ્યાધિકારીથી જે દુઃખ થાય છે તેનું નામ આધિભૌતિક દુઃખ છે

શાંતિપૂર્ણ [સં] વિ. શાંતિવાળુ; એકધ્યાન, તલ્લીન

શાંતિપ્રદ [સં શાંતિ + પ્ર (વિશેષ) + દા (આપવું)] વિ શાંતિ આપનાર

એ આશા અધિયાના તોડીને **શાંતિપ્રદ** પાઓ. નવલરામ

શાંતિપ્રદાસન [સં.] ન એ નામનું યોગનુ એક આસન; સવનાસન; પ્રેતાસન; શવાસન. તેમા બંને હાથ તથા પગ બાજા કરી મોં આકાશતરફ રાખી સ્વસ્થપણે પીઠ પર ચત્તું શયન કરવામાં આવે છે. આ આસનથી યોગાભ્યાસીને વિશ્રાંતિ મળે છે ને શ્રમ દૂર થાય છે

શાંતિપ્રિય [સં] વિ શાંતિ જેને પ્રિય હોય તનુ.

શાંતિપ્રિયાસન [સં.] ન. (યોગ) એ નામનુ એક આસન. તેથી બધી જાતનું સુખ મળે છે.

શાંતિબ્રહ્મા [સં.] પું. શાંત કે ચૂપ બેસી રહે તેવો ઠગ; મૂગો રહેનારો ઠગ

શાંતિભંગ ૧. [સં.] પું. ક્ષોભ; દમો; ખલેલ.

૨. પું. સુલેહનો ભંગ કે નાશ

આવા **શાંતિભંગને** લીધે કાયદાનો સવિનયભંગ કરવાનું બધુ જ કંઈ બાકી નથી છે. નવલરામ

શાંતિમય [સં.] વિ. શાંતિવાળું; શાંત; નિર્મોહી; શાંતિથી ભરેલું.

શાંતિમર્યાદિરોધ [સં.] પું. સવિનય સત્યાગ્રહ

શાંતિમંત્ર [સં] પું. શાંતિ થવા માટે બોલવાનો મંત્ર; શાંતિપાઠ.

વાનપ્રસ્થોએ અન્ય મતવાદીઓ પાસેથી રોજ આશીર્વાદ, શાંતિવચન, **શાંતિમંત્ર** અને પુરુષાદવાચન એ કશું જોવું કે કરાવવું નહિ.

પુરાતત્ત્વ

શાંતિરક્ષક ૧. [સં] પું. ત્રિપાઠી

૨ વિ. શાંતિની રક્ષા કરનાર

શાંતિલેખ [સં] પું. મરણ પછી કબર, સમાધિ કે સ્મારક ઉપર મરનારની પ્રસિદ્ધિ રાખવાને કે એના વિષે ચોડી હકીકતવાળો કરેલ ઉલ્લેખ; 'એપિટાફ'. તે મોટે ભાગે મજાના હોય છે

શાંતિવચન [સં] ન. શાંતિમંત્ર; શાંતિપાઠ

શાંતિવાદ ૧ પું દુનિયામાંથી લડાયક વૃત્તિ નાબૂદ કરી શાંતિ રાખવી એવો મત કે સિદ્ધાંત.

૨ [સં.] પુ શાંતિમાં માનનાર મત; નિવૃત્તિવાદ; દુનિયાની જંજાળમાંથી છૂટી જઈ પરમેશ્વરનુ ધ્યાન ધરવુ એજ મુક્તિનો ખરો માર્ગ છે એવો મત.

શાંતિવાદી [સં શાંતિ + વાદિન્ (અનવાળું)] વિ શાંતિવાદમાં માનનારું; શાંતિમાં માનનારું

શાંતિશ્રેય [સં.] ન. શાંતિરૂપી કલ્યાણ
લાગી પુરુષને **શાંતિશ્રેય** હોય. નરહરિ

શાંતિસુક્ત [સં] ન. શાંતિનો પાઠ; શાંતિનો પાઠ જેમાં આવતો હોય તેવું સ્તોત્ર

શાંતિસેના [સં] સ્ત્રી. લડાઈ સિવાયના શાંતિના વખતમાં રાખવામાં આવતું સૈન્ય.

શાંતિસ્થાપક [સં] વિ. શાંતિ સ્થાપનાર; શાંતિ વધારનાર

શાંતિસ્નાત્ર સ્ત્રી. (જૈન) મંત્ર વડે પવિત્ર કરેલ પાણીથી શાંતિ મેળવવા માટે કરવામાં આવતી ક્રિયા

શાંત્યતીતા સ્ત્રી એ નામની એક તેજસ્તત્ત્વ દેવતા.

શાંબ ૧ પુ. (પુરાણ) આપ નામના વસુનો એ નામનો એક પુત્ર.

૨. [સં.] પું. શ્રીકૃષ્ણ અને જાંબુવતીનો પુત્ર. દ્રૌપદીના સ્વયંવર સમયે તે દ્રૌપદીને લઈ નાસ્યો દુર્યોધન અને તેના મિત્ર તેની પાછળ પડ્યા અને તેને જેલમાં પૂર્યો. બળરામે શાંબને છોડાવવાનું માથે લઈ તે બળ લઈ હસ્તિનાપુર ગયા અને આખું ગામ નાશ કરવાની ધમકી આપી. તેથી કૌરવોએ શાંબને છૂટો મૂક્યો અને તે દ્વારકા આવ્યો. ત્યાં તેણે બહુ બરાબ જીવન ગુજારવું શરૂ કર્યું. પવિત્ર વસ્તુઓ તરફ તિરસ્કારની દૃષ્ટિએ જોવા લાગ્યો તેના દુર્જન મિત્રોએ શાંબને ગર્ભિણી સ્ત્રીનો વેષ આપી વિશ્વામિત્ર, દુર્વાસા અને નારદ ઋષિ પાસે તેને લાવ્યા અને પૂછ્યું કે, તે ગર્ભિણી સ્ત્રીને દીકરો અવતરશે કે દીકરી? ઋષિઓએ જવાબ આપ્યો કે, આ બાઈ નથી પણ કૃષ્ણનો પુત્ર છે. તેને એક સોઢાની ગદા આવશે કે જેનાથી આખા યદુકુળનો નાશ થશે ઋષિઓના કહેવા પ્રમાણે શાંબને સોઢાની ગદા અવતરી. ઉગ્રસેને આ ગદાના ચૂરેચૂરા કરી બધો ભૂકો દરિયામાં ફેંકાવ્યો. આ ભૂકોમાંથી છેવા થયા કે જે તરવાર તરીકે વપરાયા. એક ગદાનો કટકો કે જે ભગાયો ન હોતો તે માછલીના પેટમાં પડ્યો અને તે બાણના અગ્રભાગ ઉપર મૂકવામાં વપરાયો. જરા નામના શિકારીએ અજાણતાં આ બાણ કૃષ્ણ ઉપર ફેંક્યું અને તેમનો વધ થયો દુર્વાસાના શાપને લીધે શાંબને પણ રોગ થયો. તે પ્રભાસમાં ગયો. તપ કરવાથી સૂર્ય તેના ઉપર ખુશ થયો અને તેનો રોગ મટાડ્યો. ચંદ્રભાગા નદી ઉપર તેણે સૂર્યનું મંદિર બંધાવ્યું હતું.

૩. ન. એ નામનું એક ઉપપુરાણ.

શાંબરી ૧. [સં.] સ્ત્રી. એ નામની માયા; શંબર નામના દૈત્યે રચેલી માયા, ઇંદ્રજાલ વગેરે; આભિચારની વિદ્યા
અહિંસામૂર્તિ તુરત મુનિઓને પણ મોહ પમાડનારી અને સર્વ લોકનો નાશ કરે એવી **શાંબરી** માયા કરી. ભાગવતી ભાગવત

૨. સ્ત્રી. મોટો નેપાળો.

શાંભવ ૧. [સં] પું. એક જાતનું ઝેર.

૨. પુ. કપૂર.

૩. પુ. ચૂનો.

૪. પુ. દેવદાર.

૫. પું. શંભુનો ભક્ત

૬. પુ. શંભુનત્ર

૭ ન પાપોપશમ વ્રત
તેને અલ્પાક્ષમવ્રત કહે છે. **શાંભવ** તથા **સૌમ્ય** નામની પણ બે વ્રતને શાસ્ત્રોમાં કહ્યું છે.
સૂતસંહિતા

૮. ન મુખ્ય અઠ્ઠાર માંહેનું એક મૂલસૂત્ર.

૯. વિ શિવનું

શાંભવી ૧ સ્ત્રી. આઠ વર્ષની કુમારિકા
સાત વર્ષની હોય તે ચંડિકા, આઠ વર્ષની હોય તે **શાંભવી** અને નવ વર્ષની હોય તે દુર્ગા કહેવાય છે. ભાગવતી ભાગવત

૨. સ્ત્રી. એ નામની કાપોત્કટની એક મુદ્રા. યોગની કુલ પચ્ચીસ મુદ્રા છે. તેમાની મુખ્ય આ પ્રમાણે છે: મહામુદ્રા, નભોમુદ્રા, ઉડ્ડિયાનબંધ, જાલંધરબંધ, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરી, યોની, વજ્રોણી, શક્તિચારિણી, તાડાંગી, માંડવી, શાંભવી, પંચધારિણી, અશ્વિની, પાશિની, કાકી, માતંગી અને ભુજંગિની
બંને નેત્રોને સ્થિર રાખી એકાગ્ર દૃષ્ટિથી કોઈ પણ સામેની વસ્તુ તરફ જોવી એવી જે જોઈ રહેવું પણ જ્યાન અંતરમાં પરમાત્માનું ધ્યાન અને હૃદયરૂપ ચિદાનંદને જોયા કરી તેમાં વૃત્તિઓને તલ્લીન કરવી તેને **શાંભવીમુદ્રા** કહે છે. ત્રિકાળજ્ઞાન દર્પણ

૩. સ્ત્રી. શંકરની પત્ની; પાર્વતી.

શાંર્ગ ૧. [સં.] પું ; ન. ધનુષ

૨ ન. વિષ્ણુનું ધનુષ

શાંર્ગધર [સં] પું. વિષ્ણુ.

શાંર્ગપાણિ જુઓ શાંર્ગધર.

શાંશપાયન ૧ પું. (પુરાણ) વ્યાસઋષિનો શિષ્ય રોમહર્ષણ.

૨. પું. સૂતના છ માંહેનો એ નામે એક શિષ્ય

શિ. સ્ત્રી. શિક્ષિણનું ટૂંકું રૂપ. જેમકે, છ શિ

શિગ્રુ ન. પારાના રેસનું અલબાસ નામનું ઝવેરાત

શિકમી [ફા.] વિ ખેડનું, ચોથું.

શિકરામણ ૧ ન. કુંડી સ્વીકારવાનો ઘટાવ.

૨. ન. કુંડી સ્વીકારવી તે.

શિકરાવવું સ ક્રિ શિકારે એમ કરવું; માન્ય રખાવવું

શિકરાવું અ. ક્રિ. શિકારે એમ થવું; અંગીકાર થવો

શિકરો પું. બાજ પક્ષી; શકરો

શિકલ ૧. સ્ત્રી આકાર, ઘાટ; સ્વરૂપ

૨ [અ. શકલ (ચહેરો)] સ્ત્રી. ચહેરો; મુખાકૃતિ; શિકલ; એકદર ઢંગ.
૧ શિકલ જવી = (૧) આબરૂ જવી. (૨) ચહેરો ઊતરી જવો
૨. શિકલ જોવી = દીદાર જોવા; મોં જે ચહેરો જોવો
૩. શિકલ તો જુ ! ના જોઈ હોય તો ! = જેવું તાકે મોં ! બળ. શાયદાત જે માલ નથી, એમ બતાવવા વપરાય છે.

૩. [અ. સૈકલ] સ્ત્રી. પાણી; આબરૂ.

શિકલકાર જુઓ શિકલગીર

શિકલગીર ૧. ન હથિયાર રાખવાનું સ્થળ.

૨. [અ. સૈકલ (હથિયાર સાફ કરવાં તે)] વિ. હથિયાર સાફ કે દુરસ્ત કરનાર; સીકલીગર.

શિકસ્ત ૧. સ્ત્રી. નાસિપત; પડો; શિખામણ; બોધપાઠ

૨. [ફા. શિકસ્તન્ (હરાવવું)] સ્ત્રી. પરાજય; હાર
શિકસ્ત આપવી-દેવી = પરાજય પમાડવો; હાર આપવી

૩. વિ. હારીને પાછુ પડેલું; છક્કા ખાઈને ઠેકાણે આવેલું; હારીને સમજેલું.

શિકસ્તદિલ [ફા. શિકસ્ત (ભાગેલું) + દિલ (હૃદય)] વિ હારેલા કે ભાંગેલ દિલનું; કાયર
શિકસ્તદિલ કરવું = નાહિંમત કરવું.

શિકસ્તા ૧. [ફા.] પું અપભ્રંશ

૨ પું દેવાળિયો.

૩. સ્ત્રી ઉર્દૂ ભાષાની એક લિપિ

૪. સ્ત્રી. પત્ર વ્યવહારની જૂની લિપિ; મોડિયા અક્ષર

શિકંજો પુ. (હિંદી) સકંજો, સપાટો.

શિકારકર્મ [સં.] સ્ત્રી શિકારખાતું; શિકારીનું; વાળ, રેસમ જે ઊનનો મેલ કાઢવા જેવી એક વનસ્પતિ જે માથું ધોવાના કામમાં આવે છે, વીંઝી કરવા ઉપરાંત બીજા પણ ઉપયોગ છે

શિકારકાઈ જુઓ શિકારકર્દ.

શિકાયત ૧. સ્ત્રી. અફસોસ, ખોફ

૨. [અ. શકી (તેણે ફરિયાદ કરી)] સ્ત્રી. ફરિયાદ કરવી તે, સામા માણસની ભૂલ કાઢવી તે; ગિલ્લા કરવા તે; ફરિયાદ

શિકાયત કરવી = ફરિયાદ કરવી.

શિકાર ૧. [ફા.] પું. ખોરાક, ભરખ; ભક્ષ, ભોગ

૧. શિકાર થવું = (૧) થી મહાત થવું. જેમાં તે વાસનાનો શિકાર બન્યો. (૨) ના ભોગ કે ભક્ષ થઈ પડવું

૨. શિકાર સાધવો = ધારેલી વસ્તુ મેળવવી.

૨. પું ગમ્મત, કસરત કે ખોરાક માટે પશુ પંખીને મારવા તે; આખેટ; પારધ; મૃગયા

૧. શિકાર કરવો–ખેલવો–રમવો = શિકારે જવું, મૃગયા કરવા જવું

૨. શિકાર વખતે કુતરી મૂતરાણી થવી = અવસર ચૂકવો; હદમી માલ્યો કરવા આવ લા.રે મા ખોવા જવું.

૩. શિકારે જવું–નીકળવું = શિકાર કરવા કે સાધવા નીકળવું; મૃગયા કરવા જવું,

૩. પું. ચોટ મારીને લઈ લેવું તે; હરામીયો હાથ કરલી ચીજ; લૂટનો માલ

૪. પું. શિકાર કરીને મારેલું કે મારવા યોગ્ય પ્રાણી

૧. શિકાર મળવો = શિકાર હાથ આવવા.

૨. શિકાર સાધવો = શિકારની લૂંટ કરવી.

૫. વિ. શ્રીકાર; સરસ; ઉત્તમ; ઉમદા

શિકારખાના [ફા.] સ્ત્રી શિકાર કરવાની જગ્યા; જંગલ

શિકારગાહ જુઓ શિકારખાના

શિકારચી [ફા.] પું. શિકારી

શિકારણ સ્ત્રી. શિકાર કરનારી સ્ત્રી

શિકારપુરી સ્ત્રી. એ નામની એક લિપિ

શિકારબાજ [ફા.] પું. શિકારનો ખેલાડી; મોટો શિકારી

શિકારબાજી [ફા.] સ્ત્રી શિકાર ખેલવો તે; મૃગયા

શિકારવું ૧. સ ક્રિ. પાછળ પડીને મારવું; વધ કરવો

૨. સ ક્રિ. ભરવું; આપવું; હૂંડી વગેરે કબૂલ રાખી તેનાં નાણાં આપવાં; હૂંડીનાં નાણાં ભરવાં

૩. [સં. સ્વીકૃ (સ્વીકારવું)] સ ક્રિ. સ્વીકારવું; કબૂલ રાખવું; અંગીકાર કરવું; મંજૂર રાખવું; માન્ય રાખવું. હૂંડી માટે વપરાય છે.

શિકારા સ્ત્રી. નદી કે સરોવરમા ફરવા માટે વપરાતી એક પ્રકારની હોડી

શિકારી ૧. પું. એ નામનો તારા, મૃગશીર્ષ આ તારાને આપણે બાજ કહીએ છીએ તેને પારધાલો મોટો કૂતરો કહે છે. તેમને મત આપણે મૃગશીર્ષ એ શિકારી છે અને તેની પાછળ પડતો આ બાજ કૂતરો છે એવા શિકારીની સાથે નીકળેલો તે કારણે તેને આકાશમાં સ્થાપવામાં આવ્યો છે ખરો, પણ એના વિષે વરમમાં એક બીજી પણ કથા છે કે, પુરાણકાળમાં આ અવની પર એક અદ્‌ભુત કૂતરો જેવા થયેલો તેને માનવીઓએ દેવોને અર્પણ કરેલો. એ કૂતરાનો વેગ અને તાકાત જોઈને ભગવાન જ્યુપિટર તેના પર ખુશ થઈ ગયા અને તેને આકાશમાં સ્થાપી દીધો

૨ [ફા.] પું શિકાર કરનારો આદમી; પારધી, પારાધી; બાજ; આખેટક

૩. સ્ત્રી ચલિત વિસ્તરમા દર્શાવેલી ચોસઠ માંહેની એક જાતની લિપિ

૪ વિ. શિકાર કરનાર.

૫. વિ. શિકાર સબંધી

શિકારી કોટ પું. કેડના ભાગથી સહેજ નીચે રહેતો બાંયના ભાગમાં આડી ગિબ્બા પહેરવાળો કોટ

શિકારી મેવો પું. ગગેટીનાં ફળ; ગંગેટા. ગગેટી બહુ કરીને ઉજ્જડ જગ્યામાં થાય છે. તેથી શિકારીઓને તેનાં ફળ મેવાનો અર્થ સારે છે. શિકારી મેવો મોઢામા રાખવાથી તૃષા લાગતી નથી.

શિકારુ જુઓ શિકારી.

શિકારું ન. એક જાતનું હરણ. આ જાતનુ પ્રાણી પછવાડે ધોળું અને આગલા ભાગમાં રાતું, ભરડે કાળાશ પડતા લીટાવાળું, કદમાં નાનકડું અને નાનકડી શિંગડીઓવાળુ હોય છે.

શિકારો પું. મજબો; સહેલગાહ માટે વપરાતી નાની સુંદર નૌકા

શિકાર્ડ [અં.] સ્ત્રી. આલ્પમાં આવેલી એક પર્વતમાળા. તેનો પશ્ચિમ ૧૨૪ માઈલ છે

શિકાં ન ન. ઘ. મોતીની સેરના ઘૂમખાં; દામણીની મોતીસર ઝૂલ; ઓઓનો મોતીનો સણગાર; તાંત

શિકું ન. ઓના માથાના બરેણાનું એક નામ.

શિકુકા [ફા. સિમૂકા] પું ફૂલ

શિકે જુઓ શિક્કે.

શિકેકાઈ [સ શ્રીવલ્લી] સ્ત્રી. એક જાતનું કંટાળુ ઝાડ, ચિકાખાઈ, ચિકાખારી, સાતલા આ ઝાડ મોટું થાય છે, પણ પાદડાં બારીક હોય છે. તેની શિંગો લાંબી ચપટી હોય છે એ માથું સાફ કરવાના કામમા આવે છે વીંછી કરડ્યા ઉપર પાનમા અપાય છે. તે નીખી અને બાદી છે વાયુ, કફ અને સોજાનો નાશ કરે છે. તેની પાકેલી શિંગોમા સાબુ તત્ત્વ પુષ્કળ પ્રમાણમા હોવાથી હિંદમાં રેશમ કે ઊનના કપડા ધોવા તથા સ્ત્રીઓ માથાના વાળ ધોવા વાપરે છે. તથા જૂના નાશ થાય, વાળ વધે, માથાનો ખોડો દૂર થાય અને બરસ મટે છે રંગારાઓ કપડાને રંગતાં પહેલા આના ઉકાળાથી ધોવે છે તેથી ધોયા પછી કપડાં ઉપર રંગ સારા ચડે છે. તે મૂર્છાન, વામક, પિત્તશામક, વિષઘ્ન અને સારક છે. યકૃતના વિકારો મટાડે છે તથા ઝાનીમા જ્વેસેલ કાઢે બહાર કાઢે છે. અલ્પ માત્રામાં મધ સાથે સેવન કરવાથી ચામડીના રોગ મટે છે. પેટદ્રા લાંબે છે બરડેલું હોઠી સ્વચ્છ થાય છે. ચૂર્ણ તાજા ઘા ઉપર ભભરાવવાથી લોહી બંધ થાય છે.

શિકેનવિસ પું. અકબરના વખતનો એક અમલદાર.

શિકોતર ૧. સ્ત્રી એક જાતનું પ્રેત કે ભૂત; કોળીઓની કુળદેવી; બહારી જાતની ભૂત ગણેલી જી.

કાળકા બનરી ચોરો ખેડ,
જિલ્લા શિકોતર જક્ષણી જોડ સામળ

૨. સ્ત્રી. શિકોતરા જેવી ભૂતડી.

શિકોતરી જુઓ શિકોતર.

શિકોતરું ન. નકારું કે વળગેલું છૂટે નહિ તેવું ભૂત; બહારી જાતનું ભૂત.

શિકદાર પું. જમીનના અમુક ભાગમાંથી વસૂલાત ઉઘરાવવા નીમેલો અમલદાર.

શિક્કલ જુઓ સિક્કલ.

શિક્કાઈ [અ. સિક્કા] પું. સિક્કાઈ; સક્કાઈ; રાજની મહોરવાળી સિક્કો; રાજની છાપનો સિક્કો

શિક્કે ન. સિક્કે; મુદ્રા; સહિત

શિક્ષ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) શીખવું, ભણવું; અભ્યાસ કરવો; જ્ઞાન મેળવવું. તે ઉપરથી બનેલા શબ્દો: શિક્ષા, શિક્ષણ, શિક્ષિત, શિક્ષક

શિક્ષક [સં શિક્ષ (શીખવવું)] પું. શિક્ષણ આપનાર ગુરુ; શીખવનાર; મહેતાજી; ઉસ્તાદ; અભ્યાસ કરાવનાર. ગાંધીજી લખે છે કે, શિક્ષક તો સોફ્ટ્યબ્રશની માફક કામ કરે તેની પાછળ

છોકરાઓ વીંટળાઈ વળે. તેને એક ક્ષણ વાર પણ ન છોડે. શિક્ષકનો વિયોગ શિષ્યોને અસહ્ય થઈ પડે. શિક્ષણ એ શિક્ષકનો ધર્મ અપાવો જોઈએ. એ પદ્ધ કર્યા વિના જે શિક્ષક બને તે ચોર ગણાવો જોઈએ એમ આપ તો શિક્ષકોની ખોટ ન રહે અને તેમ છતાં તેમની કીમત કરોડપતિના કરતાં કરોડ ગણી વધારે ગણાય.

શિક્ષકજન [સં] પ્ર. ગુરુજન.

શિક્ષકવર્ગ [સં] પું. શિક્ષકોમા ઉત્તમ કે ગૌણ

શિક્ષકવૃત્તિ [સં] સ્ત્રી શિક્ષક તરીકેની વૃત્તિ કે ધર્મો, શિક્ષક તરીકેની કામગીરી

શિક્ષકસમુદાય પું. શિક્ષક મંડળ.

શિક્ષકસંઘ પું. શિક્ષકોનો સમૂહ કે મંડળ

શિક્ષણ ૧ ન કેળવણી; વિદ્યા

૨. ન. બોધ; ઉપદેશ

૩. [સં શિક્ષ્ (શીખવવું) + ^અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. શિક્ષા આપવી તે; ભણાવવું તે; આચાર વિચાર, રીતભાત અને કળા વગેરેનું જ્ઞાનદાન; શીખવવું તે; અભ્યુત્તર આનંદશંકર ધ્રુવ લખે છે કે, શિક્ષણ સંબંધી વિચારમાં પ્રથમ સૂત્ર એ છે કે, શિક્ષકે શાળા અને સમાજના સાધનરૂપ બનવું જોઈએ. શિક્ષણનો હેતુ શો? એની ઉપયોગિતા કોને? વ્યક્તિને કે દૃષ્ટિને? અર્થાત્ શિક્ષણ લેનારને કે જનસમાજને? આમાં વ્યક્તિના અને સમાજના જીવનની મીમાંસા કરવામાં આવે છે અને તે પ્રમાણે શિક્ષણનું સ્વરૂપ ઘડાય છે. પ્લેટો વગેરેએ આ વિદ્યામાં ઘણું કાર્ય કર્યું છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે: પ્રથમ દૃષ્ટિએ આપણે શિક્ષણ વ્યક્તિને માનવી બનાવનારું નથી. એ તો ફક્ત નોકરીને મહત્ત્વ આપતું શિક્ષણ છે. કોઈપણ તાલીમ કે જે નકારને મહત્ત્વ આપે છે એ મૃત્યુ કરતાં પણ વધારે ખરાબ છે છોકરાંને શાળામાં મોકલવામાં આવે છે ત્યાં પહેલી વસ્તુ એમને એ શીખવવામાં આવે છે કે, તેનો બાપ મૂર્ખ હતો, બીજી વસ્તુ એ શીખવવામા આવે છે કે, તેનો દાદો ગાડો હતો, ત્રીજી વસ્તુ એ શીખવવામાં આવે છે કે, તેના બધા શિક્ષકો ઠબ્બા છે અને ચોથી વસ્તુ એ શીખવવામાં આવે છે કે, બધા પવિત્ર ગ્રંથો ખોટા છે. શિક્ષણ એટલે કે તમારા મગજમાં ઠાંસી ઠાંસીને ભરેલી બધા વગરની જુદી જુદી માહિતી નહિ કે જે તમારા આખા જીવનને વાટસ્ફોટી ખીચડી બનાવે છે. આપણે તો જીવનને ઘડતા, માનવી બનાવતા અને ચારિત્રને ઘડતા વિચારોને જ એકત્રિત કરવા જોઈએ. તમે જો બરાબર પાંચ વિચારો સમજીને તમારા ચારિત્ર અને જીવન બનાવો તો એક માણસ કે જેની પાસે એક સુંદર પુસ્તકાલય છે એના કરતાં પણ વધારે શિક્ષણ લીધું કહેવાશે. ચવેડો મુખડાના લાકડા ઉપારે છે તે ફક્ત એનું વેષ્ટન જ બનાવે છે પણ એનું મહત્ત્વ સમજી શકતો નથી. જો કેળવણી માહિતીજ આપતી હોય તો પુસ્તકાલયો દુનિયાના મોટા યોગીઓ સરખાં છે અને સર્વવિદ્યાસંપન્નો ઋષિઓ સરખા છે

> ઇષ્ટ શિક્ષણનો હેતુ સ્વતંત્રતા સ્વરાજ છે, સ્વાશ્રય પણ છે એમ સાથે અંતઃકરણને.
> ગાંધીજીના

૧. શિક્ષણ આપવું = શીખવવું

૨. શિક્ષણ આપવું-લેવું = શિક્ષણ લેવ

શિક્ષણકલા [સં.] સ્ત્રી શિક્ષણશાસ્ત્ર; બોધકળા.

શિક્ષણકળા જુઓ શિક્ષણકલા

શિક્ષણકાર ૧ પું. શિક્ષણશાસ્ત્રી; પ્રતીષ્ય શિક્ષક

૨. [સં] વિ. શિક્ષણ આપનાર.

શિક્ષણપદ્ધતિ [સં.] સ્ત્રી ભણાવવાની રીત; શિક્ષણપ્રણાલી, શિક્ષણપ્રણાલિકા, શિક્ષણ ચલાવવાની શૈલી; કેળવણીની પદ્ધતિ. પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં શિક્ષણપદ્ધતિ બે પ્રકારની હતી: (૧) આશ્રમ પદ્ધતિ અને (૨) વિદ્યાપીઠ પદ્ધતિ હિંદુસ્તાનમાં આશ્રમ પદ્ધતિ હતા ઇતિહાસકાર કહે છે કે, પ્રત્યેક ૪૦૦ મનુષ્ય માટે એક આશ્રમ હતો. અંગ્રેજોએ ભંગાણ કીધું તે વખતે એકલા ભંગાણમા એવી હજાર આશ્રમ હતાં તેમાં જાણે ગુરુ પચાસ, ચાલીસ કે ત્રીસ બાળકોને ભણાવતા હતા અને તેમને શિક્ષિત, સદાચારી અને વીર નાગરિક બનાવતા હતા. આ આશ્રમોને ચલાવનારા સાધુ સન્યાસી ન હતા. આશ્રમ ચલાવનારા ત્રીજા આશ્રમે પહોંચેલા વાનપ્રસ્થ હતા. ભંગાણમાં આજે પણ ચોડાયલા રૂપમાં આશ્રમ જોવામાં આવે છે. આવાં આશ્રમને ભંગાણમાં ટોલ કહે છે હિંદુસ્તાનમાં આવાં આશ્રમોમાં વિદ્યાર્થીઓનું જીવન ઘડાતું હતું. ત્યાં પણ સઘળા જીવનોપયોગી વિષયોનું શિક્ષણ અપાતું હતું. વિદ્યાર્થી બ્રહ્મચર્ય પાળતો હતો, ગુરુની સેવા કરતો હતો, ભણ્યા, કૌશલ્ય અને શારીરિક વ્યાયામ કરતો, શહેરથી દૂર ગામોની બહાર પ્રકૃતિની ગોદમાં વિચરતો, ધર્મનું શિક્ષણ લેતા, મન, વચન, કાયાની પ્રવૃત્તિઓને વશમાં રાખતો, સુંદર સદાચારી જીવન ગાળતો હતો. આ હતી પ્રાચીન શિક્ષણપદ્ધતિ. ત્યાં મુદ્રણયંત્ર હતો, પાઠશાળા યા વિદ્યુતપંખે? જે આત્મકલ્યાણ માટે સાધનભૂત હોય તે જ વિદ્યા. અભ્યાસ જે વિદ્યાર્થીઓ અભ્યયન કરી નીકળતા હતા, તેને આશીર્વાદ અપાતો કે માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ! આચાર્ય દેવો ભવ! અતિથિ દેવો ભવ! સાધુ બોધ! ધર્મ આચર! પ્રાચીન કાળમાં શિક્ષણ આપવાની બીજી પદ્ધતિ હતી વિદ્યાપીઠોની. તંત્રી, નાલંદા, તક્ષશિલા, વલ્લભીપુર, ઉજ્જયિની તેમ જ મથુરા, અહમદનગર વગેરે ઠેકાણે ઠેકાણે હિંદુસ્તાનમાં વિદ્યાપીઠ હતી. ત્યાં દરેક પ્રકારની કળા શીખવાની હતી એક એક વિદ્યાપીઠમાં ૧,૫૦૦ શિક્ષક અધ્યાપનનું કામ કરતા હતા. શિક્ષણ લેવા ચીન, જાપાન વગેરે દૂર દૂર દેશના વિદ્યાર્થી આવતા. આવાં વિદ્યાસંકુલોમાં રહીને મોટી મોટી વિદ્યા પ્રાપ્ત કરતા હતા અને આપણા દેશનું નામ અમર કરતા હતા. આનંદશંકર આપણાઈ ધ્રુવ કહે છે કે: મનુષ્યનાં સ્વાભાવિક ગુરુ-માતા, પિતા, પ્રકૃતિ અને જનસમાજ છે. આમાંથી માતાપિતા પોતે બાળકને શિક્ષણ દઈ શકે એટલો અવકાશ એમને મળવો અશક્ય છે; અથવા મળે તો પણ યોગ્ય શિક્ષણ દઈ શકે નહિ; કારણ કે, એ દેવાની કુશળતા હોવી એ મુશ્કેલ છે. હવે પ્રકૃતિ લો. એ એટલી વિશાળ અથવા દૂર દૂર પડી છે કે, એને પ્રત્યક્ષ કરવા માટે પ્રયોગશાળા અર્થાત્ પ્રાકૃતિક વિજ્ઞાનગૃહ બનાવવાની જરૂર પડે છે. આ વિજ્ઞાનગૃહમાં વિદ્યાર્થી પ્રકૃતિની સાથે સંબંધમાં આવે છે અને પ્રકૃતિ સંબંધી પ્રશ્ન પૂછી ઉત્તર મેળવી શકે છે. હવે બાકી સ્વાભાવિક ગુરુ જનસમાજ. આ મહાન ગુરુ છે પરંતુ એની સાથે ગૃહસ્થાશ્રમમાં જ ગાઢ સંબંધમાં આવી શકાય છે એ આશ્રમમાં મનુષ્ય જો નીતિ અને વ્યવહારમાં પ્રમાદ કરે તો એ પ્રમાદનું ઘોર પરિણામ એને સહન કરવું પડે છે. આ આપત્તિના નિવારણ અર્થે એ જરૂરી છે કે, જેમ પ્રકૃતિનો પરિચય વિજ્ઞાનગૃહમાં કરાવવામાં આવે છે તેમ જનસમાજનો પરિચય વિદ્યાર્થીઓને શાળાની પ્રાર્થના, બોર્ડિંગ હાઉસ, ક્રિકેટ ક્લબ, ડિબેટિંગ સંસ્થાઓમાં કરાવવો જોઈએ. પ્રાચીન સમયમા સમગ્ર મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટે ગુરુકુલ અથવા કુલપતિના આશ્રમમાં રહેવાનો શિરસ્તો હતો વિદ્યાર્થીને અંતેવાસી કહેવામાં આવતો, કારણ કે, એ ગુરુની પાસે રહેતો અને એ રીતે કેવળ ગુરુની પાસેથી વિદ્યા જ નહિ પરંતુ ગુરુનું સમગ્ર સ્વરૂપ પોતામાં ખેંચી શકતો. ગુરુના ઘરમા વિવિધ દેશના, વિવિધ સ્વભાવના અને વિવિધ જાતિના વિદ્યાર્થી એકઠા થતા અને તેને પરિણામે વિદ્યાર્થીજીવન કેવું વિશાળ બની શકતું એનું ચિત્ર ભાસ, ચાણક્ય, કાલિદાસ અને ભવભૂતિ આદિના ગ્રંથોમા મળી શકે છે. ગુરુમાં

પ્રજ્ઞાવસ્થા–જાગ્રદવસ્થા જેને કુલપતિ કહે છે તે સિદ્ધ કરવી જોઈએ. વળી આ સાથે જેમ કુટુંબમાં અનેક પ્રકૃતિનાં કુટુંબીઓ પોતપોતાના વિશિષ્ટ ગુણો સિદ્ધ કરે છે તેમ ગુરુકુલમાં પણ પ્રત્યેક વિદ્યાર્થીનું વિશિષ્ટ સ્વરૂપ વિકસવું જોઈએ. આ માટે આપણી શાળાઓમાં, છાત્રાલયોમાં અને શિક્ષણ સંસ્થાઓમાં પુષ્કળ વૈવિધ્ય લાવવું જોઈએ. સાથે સાથે એટલું ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે, આપણા પૂર્વજોએ વિદ્યાર્થીને આશીર્વચન આપ્યું છે તેમાં આયુષ્ય, પ્રજ્ઞા, યશ, સમૃદ્ધિ, વિદ્યા, કીર્તિ અને ઐશ્વર્ય એટલા પદાર્થોની આશિષ આપી છે. આ સર્વ આપણી શિક્ષણપદ્ધતિએ સિદ્ધ કરવાનાં છે.

શિક્ષણપ્રણાલિકા જુઓ શિક્ષણપ્રણાલી

શિક્ષણપ્રણાલી [સં.] સ્ત્રી શિક્ષણ આપવાની રીત

શિક્ષણપ્રયોક્તા [સં] પુ. શિક્ષણનો પ્રયોજક

શિક્ષણપ્રયોગશાળા સ્ત્રી શિક્ષણના ક્ષેત્રમાં અખતરાઓ કરી શિક્ષણનું વિજ્ઞાન ઘડનારી શાળા.

આપણી આજની નિશાળો અને શાળાઓ ખરી શિક્ષણપ્રયોગશાળાઓ બનશે ત્યારે જ આપણે સાચા કેળવણીનો પ્રશ્ન ઉકેલ્યો.
મોન્ટેસોરી પદ્ધતિ

શિક્ષણપ્રસાર [સં.] પુ. શિક્ષણનો ફેલાવો

શિક્ષણમાળા સ્ત્રી. શિક્ષણને લગતાં પુસ્તકોની ક્રમસરણી

શિક્ષણવાહન [સં.] ન. શિક્ષણ આપવાનું માધ્યમ

શિક્ષણવિધિ [સં.] પું શિક્ષણનો વિધિ

શિક્ષણશાસ્ત્ર [સં શિક્ષણ + શાસ્ત્ર (વિદ્યા)] ન શિક્ષણને લગતી વિદ્યા, કેળવણી સંબંધી શાસ્ત્ર; શિક્ષણનું શાસ્ત્ર; શિક્ષણ પદ્ધતિના નિયમો દર્શાવતું શાસ્ત્ર. આ સંબંધી આનંદદાયક આપુજાઈ કુલ લખે છે કે: યુરોપમાં શિક્ષણશાસ્ત્ર તરફ ધ્યાન ખેંચવાનું માન રૂસોને છે. એ પ્રકૃતિ અને મનુષ્યસ્વભાવનો પૂજક હતો. બાલકના માનસિક બંધારણનો અભ્યાસ કરી એને લક્ષમાં રાખી કેળવણીનું સ્વરૂપ અને પદ્ધતિ નક્કી કરવી જોઈએ. એ બીજમાંથી વર્તમાન શિક્ષણશાસ્ત્ર જન્મ્યું છે. રૂસો પછી લાંબા વખત સુધી બાલસ્વભાવનો અભ્યાસ કરી શિક્ષણનું સ્વરૂપ અને પદ્ધતિ ગોઠવવાની રિવાજ | આવ્યો પણ તે બાલસામાન્યનો અભ્યાસ કરીને પરંતુ પ્રત્યેક બાલકના સ્વભાવનો અભ્યાસ કરવો જોઈએ અને તે પ્રમાણે પ્રત્યેક બાલક માટે | વિશિષ્ટ શિક્ષણનો પ્રકાર અને શિક્ષણની પદ્ધતિ એમાં જોઈએ એ શિક્ષણશાસ્ત્રનો તાજેતરમાં વિકાસ છે. શિક્ષણશાસ્ત્ર એ બીજી કલાઓ જેવી કલા છે. એનો હેતુ સ્વતંત્રતાથી અને અસરકારક રીતે શક્તિપ્રદાન છે. કોઈ પણ કાર્યની કુશળતામાં સમય અને શક્તિની કરકસર રહેલી છે શિક્ષણની પદ્ધતિ એ વિધિ છે અર્થાત્ એ સાધન છે, સાધ્ય નથી. વિધિ અથવા સાધનમાં શિક્ષકે એટલા બધા પરોવાઈ રહેવું ન જોઈએ કે જેથી સાધ્ય ઉપર બિલકુલ લક્ષ ન રહે. શિક્ષણશાસ્ત્ર ત્રણ પ્રકારનું છે: બાળકો માટે, મોટી ઉમરના છોકરા છોકરીઓ માટે અને પુખ્ત વયનાં મનુષ્યો માટે.

માનસશાસ્ત્રે ને ન્યાયશાસ્ત્રના વિષય શિક્ષણશાસ્ત્રના અંગભૂત બનાવ છે. વિદ્યાવૃદ્ધિ

શિક્ષણશાસ્ત્રી [સં.] પુ શિક્ષણ આપવા સંબંધી શાસ્ત્રમાં નિષ્ણાત પુરુષ; શિક્ષણશાસ્ત્રના જાણનારો

શિક્ષણસંસ્થા સ્ત્રી શિક્ષણ આપવાના નિવાસો. રત્નકૂટમાં એ એક ખમીરદાર હૃદયદ્રાવક શિક્ષણસંસ્થા છે. મુ. સા. પરિષદ

શિક્ષણસરણી સ્ત્રી. શિક્ષણપદ્ધતિ

શિક્ષણસંસ્થા [સં] સ્ત્રી. શિક્ષણ આપનારી સંસ્થા, શાળા; મહાશાળા; વિદ્યાપીઠ

શિક્ષણસાહિત્ય ૧ [સં. શિક્ષણ + સાહિત્ય (સાધન)] ન. શિક્ષણના ક્રમનું સાહિત્ય; કેળવણીને લગતી સાધનસામગ્રી; શાળાપયોગી સાહિત્ય; ભણાવવામાં જરૂરી સાધનસામગ્રી.
૨. ન. શિક્ષણશાસ્ત્રનું સાહિત્ય

શિક્ષણાનુભવશાળા સ્ત્રી શિક્ષણનો અનુભવ મેળવે તેની શાળા; 'પ્રેક્ટિસિંગ સ્કૂલ'

શિક્ષણાલય [સં] ન. કેળવણીભવન

શિક્ષણીય ૧. [સં. શિક્ષ્ (શીખવવું)] વિ. ઉપદેશ આપવા જોગ.
૨. વિ. ઉપદેશ કે બોધ લેવા જોગ
૩. વિ. નિંદ્ય; કૃપાપાત્ર
૪ વિ. શાસનીય; દંડનીય; શિક્ષાપાત્ર
૫ વિ શીખવવા યોગ્ય; શિક્ષણ આપવા યોગ્ય.
૬. વિ સજા કરવા લાયક; શિક્ષાવાળું.
૭. વિ સમજુ
તારે તે પછી શિક્ષણીય થવું જોઈએ.
દત્તારામ સૂર્યરામ

શિક્ષા ૧. સ્ત્રી (વેદાંત) ઉચ્ચારણશાસ્ત્ર; વેદના ૬ માંહેનું પહેલું અંગ, હ્રસ્વ, દીર્ઘાદિ વૈદિક સ્વરોનું ઉચ્ચારણ ક્રમ કરવું તેનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર. આ વેદાંગ વેદના મંત્રોને યોગ્ય રીતે ક્રમ બોલવા તે શીખવે છે સ્થાન પ્રમાણે | અક્ષરની વર્ણણી તેમાં પૂર્ણ જોવામાં આવે છે શિક્ષાનું પ્રમાણભૂત પુસ્તક ઈ.સ પૂર્વે ૩૦૦ના સમયમાં રચાયેલું છે તેમાં ૬૦ શ્લોક છે અને તેના ૧૧ ભાગ પાડવામાં આવ્યા છે જે ગ્રંથમાં વર્ણના સ્વરાદિના ઉચ્ચારણ પ્રકારનો ઉપદેશ કર્યો હોય તેને શિક્ષા કહે છે જુદા જુદા કર્તાઓએ જુદા જુદા શિક્ષાગ્રંથો લખ્યા છે પાણિનિશિક્ષા, નારદશિક્ષા, યાજ્ઞવલ્કયશિક્ષા, વ્યાસશિક્ષા આદિ સંસ્કૃતમાં શિક્ષાગ્રંથો છે
૨. સ્ત્રી. કાર્યપરત્વે સંખ્યા ભેદ માંહેનો એક ભેદ
નાયિકાને હિત શિક્ષા કરનાર સખીને શિક્ષા કહે છે. કાવ્યશાસ્ત્ર
૩ સ્ત્રી જ્ઞાન આપવું તે
૪ સ્ત્રી દંડ; સજા; દંડાદેશ; શિક્ષાનો હુકમ
૫. સ્ત્રી નાટ્યના તેત્રીસ માંહેનો એ નામનો એક અલંકાર.
૬. સ્ત્રી. (વેદાંત) પ્રવૃત્તિનું પ્રયોજક એવું ઇષ્ટ સાધનપણાનું જ્ઞાન
૭. સ્ત્રી. બોધ; ઉપદેશ; શિખામણ
શિક્ષા લેવા = બોધ લેવો; શિખામણ લેવી.
૮. સ્ત્રી. મોક્ષ, કરેલાં મારાં કૃત્ય કે પ્રાર્થનાથી મળતી કાયિક સજાની માફી; શિક્ષામોચન; 'પનિશમેન્ટ'.
૯. [સં. શિક્ષ્ (શીખવવું) + આ (સ્ત્રિ.પ્ર.ટાપ પ્રત્યય)] સ્ત્રી. શીખવવું તે; કેળવણી.
૧૦ સ્ત્રી સ્વૈનકપ્રસ્થ
૧૧ સ્ત્રી. સજા; શાસન; ગુનેગારને સુધારવા માટે અપાતી સજા કે કેદ તેના સાત પ્રકાર છે ૧. મોત, ૨. સમુદ્રપાર, ૩. શાસનિક દાસત્વ, ૪. સખત મજૂરી સાથે કેદ, ૫. આસન કેદ, ૫. મિલ્કત જપ્ત કરવી, ૬. દંડ અને ૭. હદપાર.
૧. શિક્ષા આપવી = (૧) મારવું. (૨) સજા કરવી.
૨ શિક્ષા થવી–મળવી = સજા થવી.
૩. શિક્ષા વળવી = (૧) સજાને પાત્ર થવું. (૨) જ્ઞાન વળવું

શિક્ષાકર ૧. [સં પુ વ્યાસ
૨. વિ શિક્ષા કરનાર
૩. વિ. શિક્ષા નામે વેદાંગનો રચનાર

શિક્ષાકાર ૧. પું (સંગીત) દરેક પ્રકારની શિક્ષણ પદ્ધતિ જાણીને શીખવવામાં જે કુશળ હોય તે આચાર્ય
૨ [સં] પું શિક્ષા નામે વેદાંગના કર્તા
૩. વિ સારા ગુરુ પાસેથી શીખીને બીજાને શીખવી શકે તેવું

શિક્ષાકેંદ્ર [સં] ન શિક્ષણની સંસ્થા

શિક્ષાગુરુ ૧ સ શિક્ષા + ગુરુ । અ.ચ.પ
પુ ધર્મગુરુ, ધર્મ શિક્ષણ આપનારા ગુરુ
૨ પું બોધ આપનારા આદમી.
૩. પુ વિદ્યાગુરુ
એમ કહેવામા આવે છે કે આદમો, ચૈત્સા, અને ક્ષત્રિયા પ્રમશાળાના શિક્ષકનો પ્રધા ઊતરતો નામના હતા છતાં બ્રહ્મનો પણ આપી રાજાના **શિક્ષાગુરુ** વરીકે કામ કરતા જિલુભાઈ

શિક્ષાગૃહ [સ] ન. પાઠ કરવાનુ ઘર

શિક્ષાગ્રંથ [સં] પુ ઉચ્ચારણનું શાસ્ત્ર.
પાણિનિ શિક્ષા, નારદ શિક્ષા, યાજ્ઞવલ્કય શિક્ષા, વ્યાસ શિક્ષા આદિ સંસ્કૃતમા **શિક્ષાગ્રંથો** છે.
ગુજરાતીસાહિત્ય

શિક્ષાનીત [સં.] વિ સમજી ન શકે તેવું, અશિક્ષણીય

શિક્ષાનવીસી સ્ત્રી ઉમેદવારી

શિક્ષાપટલ [સં] પુ વિશ્વવિદ્યાલય અંતર્ગત એક સંસદ. તેનુ કાર્ય અભ્યાસક્રમ વગેરે અંગેના નિર્ણયો લેવાનું હોય છે.

શિક્ષાપત્ર [સં.] ન. એ નામનું એક ધર્મબોધક પુસ્તક

શિક્ષાપત્રી ૧. [સં.] સ્ત્રી. એ નામનો સ્વામિનારાયણ સંપ્રદાયનો એક બોધગ્રંથ. તે સ્વામિનારાયણની આજ્ઞાપત્રીરૂપ નિત્યનિયમ તરીકે પ્રસિદ્ધ છે. તેના લખનાર શ્રી સહજાનંદ સ્વામી છે આ પુસ્તક ગીતાજીના ત્રીજા ભાગથી ને નાનકડું છે. શિક્ષાપત્રી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રુતિ નહિ પણ સ્મૃતિ.
વિ. સં. ૧૮૮૨, ઈ સ. ૧૮૨૬ની વસંત પચમીએ ગોમતી તીરે વડતાલ તીર્થમા **શિક્ષાપત્રી** રચાઈ હતી. શ્રીજી મહારાજે નિયારી બરસાવ્યા. દીનાનાથ ભટ્ટજીએ શ્લોકબદ્ધ કીધા. નાનાલાલ
૨ સ્ત્રી. શિક્ષા કે બોધ આપતું લખાણ કે ગ્રંથ.

શિક્ષાપદ્ધતિ સ્ત્રી. શિક્ષણ આપવાની પદ્ધતિ.

શિક્ષાપાઠ [સં] પું. બોધનો પાઠ.
પાઠક અને વાચક બંનેને મુખ્ય ખલામાણ એ છે કે, **શિક્ષાપાઠ** પાઠે કરવા કરતા જેમ અને તેમ મનન કરવા, તેના તાત્પર્ય અનુભવવાં.
શ્રીમદ્રાજચંદ્ર

શિક્ષાપાત્ર ૧ [સ. શિક્ષા + પાત્ર (લાયક)]
વિ દાને પાત્ર
૨ વિ બોધ આપવા યોગ્ય
૩. વિ શિક્ષા થવા યોગ્ય; શિક્ષાને લાયક; શિક્ષા કરવા યોગ્ય

શિક્ષાપ્રણાલી જુઓ શિક્ષણપ્રણાલી

શિક્ષાર્થી [સ] પુ. વિદ્યાર્થી, ઉમેદવાર

શિક્ષાલય ન શિક્ષા આપવાનુ સ્થળ; શાળા; નિશાળ

શિક્ષાવિજ્ઞ [સં.] પું. કેળવણીકાર

શિક્ષાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. દક્ષ બુદ્ધિ.
સર્વભૂત માત્ર પ્રત્યે, પણ તે સ્થિર હો કે ચર હો, દક્ષબુદ્ધિ (**શિક્ષાવૃત્તિ**)નો લાભ કરીને વર્તવું.
સુનનિપાત
૨. સ્ત્રી. શિષ્યવૃત્તિ; વિદ્યાર્થીને મદદ તરીકે અપાતી રકમ; વિદ્યાર્થીવેતન.
લાયક વિદ્યાર્થીઓને ભણવા શિક્ષણ લેવા સારુ **શિક્ષાવૃત્તિઓ** આપવામાં કે એવાં બીજાં સાર્વજનિક કાર્યોમા ઉપયોગ કરવા. નવજીવન

શિક્ષાવ્રત ૧ ન. અભ્યાસ પાડનારાં વ્રત
૨. ન શિક્ષા કે બુદ્ધિ આપનાર વ્રત
૩. ન. (જૈન) શ્રાવકનાં બાર બાંધેલાં નવથી બાર સુધીનાં વ્રત બાંધેલુ ગમે તે કોઈ એક વ્રત **શિક્ષાવ્રત** બાર છે: (૨) અમુક કાળ પર્યંત સ્થિર થઈ ધ્યાનમાં બેસવા રૂપી સામાયિક વ્રત, (૨) પ્રવૃત્તિઓના ક્ષેત્રને મર્યાદિત કરવા રૂપી દેશાવકાશિક વ્રત, (૩) આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરી સાધુજીવન ગાળવા રૂપી પોષધ વ્રત અને (૪) અતિથ નિર્ગ્રંથને જોઈતી વસ્તુઓ પૂરી પાડવા રૂપી અતિથિસવિભાગ વ્રત
આ મુખ્યવ્રત અને આ **શિક્ષાવ્રત** તે શ્રાવક ધર્મનાં બાર છે.
તત્ત્વાર્થસૂત્ર

શિક્ષાશાસ્ત્ર [સં.] ન. સુબોધક શાસ્ત્ર; બોધક શાસ્ત્ર; ભણાવવા સબંધી શાસ્ત્ર

શિક્ષાશાસ્ત્રી [સં.] પું. શિક્ષણમાં પારંગત.

શિક્ષાશાળા જુઓ શિક્ષણશાળા.

શિક્ષા શિલ્પ [સં.] સ્ત્રી. ઓષ્ઠ્ય સંબંધની કેળવણી.

શિક્ષિકા [સં] સ્ત્રી. શિક્ષકપાર્ષદ; મહેતીજી; ભણાવનારી બાઈ, બાઈ ગુરુ

શિક્ષિત ૧. વિ. બોધ પામેલ
૨. [સં. શિક્ષ્ (શીખવવું)] વિ. ભણેલું; શિક્ષણ પામેલું; શીખેલું; કેળવાયેલું.
આ હિંદુસ્તાન આખું જે **શિક્ષિત** હિંદમાં નથી. શિક્ષિત હિંદ વિના તે દરેક આત્મ હિંદની
ગાંધીગીતા
૩. વિ. પાકેલમાર; અભિનગાર
૪ વિ સજ્જ પામેલ

શિક્ષિતવર્ગ [સ.] પું. સુશિક્ષિત માણસોનો સમૂહ; સંસ્કારી જનો; ભણેલા લોકો

શિક્ષી પુ. પુરુષ પ્રજનનેંદ્રિય; લિંગ.

શિખડાવવું સ. ક્રિ શીખવવું

શિખર ૧ [સ] પુ ઘરના અગાસરા માટેના દશમા પ્રકારનો અભિનય; મધ્યે વાળતી વખતે અંગૂઠો ઊંચો રાખવો તે. મદન ચાંલ્લો, શાંતિ, પતિ, દાંત, પ્રવેશ, આલિંગન, આંડવ વગેરે બતાવવા તેનો પ્રયોગ થાય છે
૨. ન કોઈ વસ્તુનો ઉપલો ઉપરનો છેડો, શીર્ષ બિંદુ; સર્વોચ્ચ બિંદુ; શિખાટોચ; અગ્રાળુ; ટોચ.
૧. શિખર ચડાવવું = (૧) કામ છેવટ પહોંચાડવું. (૨) કીર્તિ કશળ ચઢાવવો (૩) મંદિરની ટોચ ઉપર ઊંડું ચડાવવું; દેરા ઉપર એનો ટોચનો ભાગ બેસાડવો
૨. શિખરે ચડાવવું = (૧) કોઈ કામને પાર ઊતારવું; કોઈ કામ સરે તો પાર પડે તેમ કરવું કે છેવટ પહોંચાડવું. (૨) કુલાવવું, હદથી વધારે વખાણ કરવાં. (૩) માથે ચડાવવ
૩. શિખરે જઈ પહોંચવું = પૂર્ણ કળાએ કે સંપૂર્ણ સ્થિતિએ પહોંચવું.
૪. શિખરે જવું-પહોંચવું = (૧) ઉંચે ટોચ પર જવું; છેવટ પહોંચાડવું. (૨) પોતાની શક્તિ પ્રમાણે મોટામાં મોટું કામ કરવું.
૫. શિખરે બેસવું=માથે ચડવું; માન મા.ગવું.
૩. ન. એક જાતનું રેશન
૪. ન. એક પ્રકારનું ભભકદાર અત્તર
૫. ન. કળશ
૬. ન દેવળનો ઉપરનો ભાગ; ઊંડું.
૭. ન. ડુંગર; પર્વતની ટોચ.

શિખર કર્મ [સં.] ન. શિલ્પ સંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

શિખરકેતક [સં] ન. ભૂમિરાશિના ચાલનીપટલના ઉપલા ભાગમાંથી નીકળતું કલગી જેવું એક ત્રિકોણાકાર પ્રવર્ધનક.

શિખરગૃહ [સં.] ન. માળિયું; મારિયું; રન્ધ્રોટિયું
પૃથ્વીના **શિખરગૃહ** જેવાં આ બે તટ વચ્ચે, નવેમ્બી રાત્રિના અંધકારને સ્પર્શને, રંગબેરંગ બોગ્ય અને સાદી પણ સુંદર ચળકતી છત ઈશ્વરે આમ અત્યારે ચઢાવી દીધી હતી. સરસ્વતીચંદ્ર

શિખરચક્ર [સં] ન. ગોળાકાર કે શિખર જેવી આકૃતિ
આકાશમાં ઊભેલું એ વાદળિમાનું **શિખરચક્ર** પર્વતના પાદમા લીન થાય
સરસ્વતીચંદ્ર

શિખરબંધ વિ. શિખરવાળું
રણછોડજીના મંદિરના આગણામા મુખ્ય મંદિરથી થોડું જુદું ત્રિવિક્રમજીનું **શિખરબંધ** મંદિર એક ભાલુએ છે. ગુજરાતના તીર્થસ્થાનો

શિખરબંધી જુઓ શિખરબંધ

શિખરમાળ સ્ત્રી. શિખરોની હાર.
સત્રુંજય ઉપરની ઉત્તુંગ શિખરમાળ આનંદ આપે છે. પ્રેમાનંદ

શિખર વાસિની [સં.] સ્ત્રી દુર્ગાદેવી.

શિખરવાસી [સં.] વિ. સાહિત્યના શિખરે વસનાર
ઉચ્ચકોટીના ગ્રંથોથી વિભૂષિત નહિ હોવાને લીધે શિખરવાસીઓ તેની કદાચ દરકાર પણ ન કરે. કવિતા વિનોદ

શિખરશિખર જ. અસ્તવ્યસ્ત; વેરવિખેર.

શિખરશાયી [સં.] વિ પર્વતના શિખર ઉપર સૂઈ રહેનાર.
વાઘો, ભેંસાઓ, ગુફાવાસીઓ, શિખરશાયીઓનો સમાગમ સીધો. નાનાલાલ

શિખરસ્થ [સં.] વિ શિખર ઉપર રહેલ.
સુજનહ શિખરસ્થ સુજનનો બાણે સુખ જેના તણો. પ્રભાસવર્ણન

શિખર હસ્તમુદ્રા [સં.] સ્ત્રી. એ નામની એક મુદ્રા. અંગૂઠો ઊંચો રાખી બાકીની આંગળીઓને હથેળીમાં બંધ કરવાથી શિખર હસ્ત બને છે. આ મુદ્રા રનેહાલિંગન કે પ્રેમીઓનો શૃંગારભાવ દર્શાવે છે.

શિખરા સ્ત્રી. મોરવેલ.

શિખરિકા સ્ત્રી પીરામીડ.

શિખરિણી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં યમનસ, મનભ, નગણ, સગણ, ભગણ તથા છેડે એક લઘુ મળી સત્તર અક્ષર હોય છે તેમાં છ્યે વિરામ છે. આ રાગ માવામાં ભાલે પર્વતના શિખર ઉપર ચડતા હોઈ એ એમ રાગ ચાલે છે
૭ એ રુદ્રે છંદો, યમન સભ લાગે શિખરિણી. રણછોડ

૨. પું. પર્વત.
દીસે રસ્તો સહેલા વનશિખરિણી અંત અમરી. ચિંતળ

૩. પું. શ્રીખંડ; શ્રીખડ, દહીં, દૂધ, ખાંડ, કેળા વગેરેની એક બનાવટ

૪. સ્ત્રી કાઠિયાવાડી ઘોડી

૫. સ્ત્રી. મોગરો

૬ સ્ત્રી. એક સ્ત્રી

૭. વિ. સ્ત્રી. અણીવાળી
રસાળે આ સાલે હરિવિજ કુરી ખેડ મુકને હતા ' રુકનારાકે દીસતી શિખરિણી એ દત્ત હને ગોવિંદ

શિખરી ૧ પું. કોટ; કિલ્લો

૨ પું ખલચર પક્ષી.

૩ પું જંબુદ્વીપના સાત ક્ષેત્રોને જુદા કરતા ૭ માંહેનો એક વર્ષધર પર્વત
એ સાતે ક્ષેત્રોને એકબીજાથી જુદા પાડવા માટે તેમની વચમાં ૬ પર્વતો છે. તે વર્ષધર કહેવાય છે. એ ક્ષેત્રોને જુદા કરતા અને પૂરથી પશ્ચિમ લગાવેલા એવા હિમવાન, મહાહિમવાન નિષધ, નીલ, રુકમી અને શિખરી એ ૬ વર્ષધર-વર્ષધર પર્વતો છે. તત્ત્વાર્થસૂત્ર

૪. પું. ઝાડ

૫. [સં. શિખરિન્] પું. પર્વત.

૬. પું. મોર

૭. [સં.] સ્ત્રી. અમેડો વનસ્પતિ

૮. સ્ત્રી. પહાડી રાગણી; શિખરી ગીત.

૯. સ્ત્રી. વિશ્વામિત્રે રામને આપેલ દિવ્ય અમોઘ ગદા

૧૦. [સ] વિ. શિખરવાળુ. સમાસને અંત વપરાય છે જેમકે, જયશિખરી.
અગ્ર, નગ, ભૃગુ, ગૃધ્રવરી, શિખરી તુંગ હોઈ; શૈલ, શિલોચ્ચય, ભૌમ, ધરિ, અચલ અદ્રિને જોઈ. પિંગલપ્રકોષ

શિખવણ જ. શીખવવું તે.

શિખવણી [સં. શિક્ષ (શીખવું)] સ્ત્રી. કોઈની સામે થવા, અમુક કામ કરવા કે અમુક રીતે વર્તવા કોઈને શીખવવું તે; ઉશ્કેરણી, ભંભેરણી, આમ કર, તેમકર એની જાની શિખામણ આપવી તે; ફોસલામણી; જાની સલાહ.

શિખવવું ૧. [સં. શિક્ષ (શીખવું)] જ. ક્રિ. જ્ઞાન આપવું; ઉપદેશ કરવો; ભણાવવું; શીખવવું.
૨. જા. ક્રિ. ભંભેરવું, ઉશ્કેરણી કરવી; ફોસલાવવું

શિખંડ ૧. પું. નિતારેલા દહીંમાં ખાંડ નાખી બનાવેલ પદાર્થ; દહીંના મસ્કામાં ખાંડ ભેળી છાણીને બનાવેલું લેજ; શ્રીખંડ; દહીં ખાંડની બનાવાની એક મીઠી વાની
૨. પું. મોર
૩. પું. મોરપીચ્છ.
૪. [સ.] પું. લમણા ઉપર રાખેલો વાળનો ગુચ્છો; લટ.

શિખંડક ૧. [સં] પું. આબરી; કપાળ ઉપરનો વાળનો ગુચ્છો.
કુલવધૂના સિત્ય રમાય, પ્રસન્ન શિખંડકે. ઉત્તરરામચરિત્ર

૨. જ. મધુરપૂર્ણ.

શિખંડિક પું. કૂકડો

શિખંડિકી સ્ત્રી. કૂકડી

શિખંડિત ૧ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઉપસ્થિત. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, સગણ, રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.
શિખંડિત ત્રિયે જ સ રા ગા ગ. રણછોડપિંગળ

શિખંડિની ૧. સ્ત્રી. (પુરાણ) ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વ રાજાની સ્ત્રી. એને પાવક, પવમાન અને શુચિ એમ ત્રણ પુત્ર હતા
૨. [સં.] સ્ત્રી જૂઈ
૩. સ્ત્રી. (પુરાણ) દ્રુપદ રાજાની કન્યા. પૂર્વ જન્મે એ કાશીરાજની કન્યા અંબા, રૂપે હતી. એ જ પુરુષત્વ પામી શિખંડી કહેવાઈ હતી
૪ સ્ત્રી. મોરની માદા
૫ સ્ત્રી. શક્તિનું એક નામ

શિખંડી ૧. [સં.] પું. કૂકડો
૨. પું. દ્રુપદ રાજાનો પુત્ર; શિખંડી તેને વિષે આ પ્રમાણે હકીકત છે: દ્રુપદ રાજા પુત્ર મેળવવા માટે કઠતું આરાધન કરતો હતો એ તેને વરદાન આપ્યું કે, તેને એક પુત્રી થશે અને તે કાલાનુસાર પુરુષત્વ પામીને ભીષ્મને યુદ્ધમાં મારશે પછી દ્રુપદ રાજાની સ્ત્રીને પુત્રી પ્રસવી. પણ તેણે જાહેર કર્યું કે પુત્ર જ અવતર્યો છે. પછી યોગ્ય વયે તેને હિરણ્યવર્માની કુંવરી સાથે પરણાવી. કુંવરી પરણીને સાસરે ગઈ તો ખબર પડી કે, તેને કન્યા સાથે જ પરણાવી હતી. આથી હિરણ્યવર્મા ગુસ્સે થઈને ચઢી આવ્યો. પણ શિખંડીને આ વાતની ખબર પડતાં તે જંગલમા જઈને તપ કરવા લાગી. ત્યાં સ્થૂલકર્ણ નામનો એક યક્ષ ચડી આવ્યો. તેને દયા આવવાથી પોતાનું પુરુષત્વ એને આપ્યું અને એનું સ્ત્રીત્વ પોતે લીધું અને ક્રમ પત્યા પછી પાછું આપી જવાનું કહ્યું શિખંડી ઘેર ગયો અને હિરણ્યવર્માએ ઓઝો પાસે એની પરીક્ષા કરાવી જોતાં એ પુરુષ નીવડતાં, પોતાની કન્યાને ઠપકો આપી શરમાઈને ઘેર ગયો. પછી થોડા સમયમાં શિખંડીને ક્ષત્રદેવ, ક્ષત્રદેવ વગેરે પુત્રો પણ થયા. પછી પોતાની પ્રતિજ્ઞા મુજબ પોતાનું પુરુષત્વ પાછું આપવા શિખંડી વનમાં ગયો પણ એક વખત તે વનમાં કુબેર આવી ચડતા સ્થૂલકર્ણ સ્ત્રી બનેલો હોવાને લીધે તેની હજૂરમાં ગયો નહિ. તેથી તેણે શાપ આપ્યો કે શિખંડી જ્યાં સુધી જીવતો રહે ત્યાં સુધી તું સ્ત્રી રહેજે.

શિખંડીને આવેલો જોઈ સ્થૂલકર્ણ રાજી થયો પણ બનેલી કડોકેત કહી સમજાવી તેથી શિખંડી ખુશી થઈને ઘેર ગયો ભારતના યુદ્ધમાં તે પાંડવોના પક્ષમાં હતો એના બાણથી જ ભીષ્મ પડ્યા હતા. અઢારમે દિવસે ઝે તંબૂમાં સૂતો હતો ત્યારે અશ્વત્થામાએ અનેક વીરોને સૂતેલા જ કાપી નાખ્યા તેમાં શિખંડી પણ મરાયો

કરવી રાજા ધનુર્ધારી ને શિખંડી મહારથી.
પૃથપુત્ર વિરાટ ને સાત્યકિ વિજયી સદા.
ગીતાનુશીલન

૩. પુ આગ્ન

૪ પુ. બૃહસ્પતિ, સુરાચાર્ય; ગુરુ.

ત્રિપુષ પ્રાસંડી જ આગિરસ.
સુરાચાર્ય પ્રભુ ઇજ્ય:
ભાગે બૃહસ્પતિ ઉદય રાશી,
મૃગનિર્ય મીન.
પિંગલપ્રકાશ

૫. પું. મયૂરપીચ્છ.

૬. પું. મોર; મયૂર; નીલકંઠ

નીલકંઠ, કેકી, બર્હી, શિખી, શિખંડી હોય:
શિવસુત્ય.હન, અહિશત્રુ, મયૂર કલાપી સોય.
પિંગલપ્રકાશ

૭. પું. વિષ્ણુ

૮. પું. શિવ

૯. સ્ત્રી. ચમ્પોડી

૧૦. સ્ત્રી. જ્યોતિ.

૧૧. વિ. કલગીવાળું.

શિખા ૧. પુ. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેના પહેલા દળમાં ૭ ચોકડિયા ગણ અને જગણ મળી ૨૮ માત્રા હોય છે, તથા બીજા દળમાં સાત ગણ અને જગણ મળી ૩૨ માત્રા હોય છે, તથા પહેલા દળમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ તથા બીજા દળમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ હોય છે.

દ્વિજવર ! ષટ ચોકલ કર પ્રથમ દલે મળી જગણ પર એક;
બીજાને બીજે સાત ગણ જગણનો શિખા વિષે છે વિવેક.
રત્નપિંગલ

૨. સ્ત્રી. અથર્વવેદની એક ઉપનિષદ

૩. સ્ત્રી અંકુરા.

૪. સ્ત્રી. ઉપરથી શંકવાકાર ટોચ હોય તે.

૫ [સં] સ્ત્રી કલગી; ઝોંપુ.

૬. સ્ત્રી. કામળજર.

૭. સ્ત્રી. કિરણ.

૮. સ્ત્રી. ચોટલી, પુરુષના માથા પરની ગાંઠ વળે એવા લાંબા કેશ; વાળની લટ.

શિખા બાંધવી = (૧) ચોટલીને ગાંઠ મારવી (૨) પ્રતિજ્ઞાપાલન કરવી.

૯. સ્ત્રી. જ્વાળા; જ્વાળા; જ્યોત; શુદ્ધ અગ્નિની શિખા.

પરશુરામ જ નિષ્ફળ શા થયા !
અગ્નિ જેમ શિખા વિણ ધુમરે.
રામચરિતમૂલ

અગ્નિની શિખા = દેવતાનું જાકડું.

૧૦. સ્ત્રી. ટોચ; શિખર.

૧૧. સ્ત્રી. ધૂમકેતુ આસપાસ ધુમ્મસ જેવી જે નાનકડી ચોટલી હોય છે તે.

૧૨. સ્ત્રી. પત્રનો દાંડો.

૧૩ સ્ત્રી. બાજો

૧૪. સ્ત્રી મોરની કલગી

૧૫. સ્ત્રી. વેદની આઠ માંહેની એક વિકૃતિ; વેદપાઠ કરવાની એક રીત. વેદની ક્રમ, જટા, શિખા, માલા, રેખાક્રમ, ધ્વજક્રમ, દંડક્રમ અને ઘન એમ આઠ વિકૃતિ કહેવાય છે.

શિખાઉ ૧. [સં. શિક્ષ (શીખવું)] વિ. બિનઅનુભવી

૨. વિ. શીખનાર; શીખતું; અનુભવ લેતું હોય તેવું.

શિખાકર્તન [સં] ન. ચોટલીને કાપવી તે.

પશુયજ્ઞ કરતાં શિખાકર્તન બમણું પાપ છે.
અદ્ભુતદ

શિખાકર્ષ [સં.] ન. ગાજર.

શિખાગ્રીવી પું. (પુરાણ) અંગિરા કુળનો એક ઋષિ.

શિખાડવું ૧. સ. ક્રિ. ઉપરવું.

૨. [સં શિક્ષ (શીખવું)] સ. ક્રિ. શિખવાડવું; શીખવવું; અભ્યાસવું

૩. સ ક્રિ. સૂચના આપવી

શિખાતરુ સ્ત્રી. દીવી

શિખાતાલ ન. (સંગીત) તાલનું એ નામે એક અંગ; કુતવિરામ અંગ; ત્રણ માત્રાનું અંગ; ત્રણ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

શિખાધર ૧. [સં.] પું. મોર

૨ વિ. શિખા ધારણ કરનાર.

શિખાધરી [સં.] સ્ત્રી. મોર પક્ષિણી.

શિખાધારી ૧. [સં] સ્ત્રી. મોર પક્ષિણી.

૨. વિ શિખા રાખનાર; ચોટલી રાખનાર.

શિખાનક્ષત્ર ન. ધૂમકેતુ

કોઈ ધૂમકેતુની પૂંછડીને જ શિખા કહે છે અને તેને લીધે જ ધૂમકેતુનું શિક્ષાનક્ષત્ર એ નામ પડ્યું છે.
જ્યોતિર્વિજ્ઞાન

શિખામણ ૧. સ્ત્રી. ચેતવણી

૨. સ્ત્રી. બોધ; શિક્ષા; સલાહ

૧. શિખામણ આપવી-દેવી = બોધ આપવો.

૨. શિખામણ માથે ચડાવવી = સલાહ પ્રમાણે વર્તવું; સલાહ માન્ય રાખવી

૩. શિખામણ લેવી = બોધ લેવો.

૪. શેઠની શિખામણ ગામા સુધી = ઠીબી શિખામણ ક્યાં સુધી ચાલે ? ગામતરે જતા મુનીમને શેઠ શિખામણ આપે તે ક્યાં સુધી ટકે ? ગાંધા સુધી જેવી રીતે વડીલો પોતાના ભાર્યા ભાડુ કે બાળકને શિખામણ આપે છે પણ તે શિખામણ જો હૈયે ઊતરતી ન હોય તો ગામના ગાંધા કે પાદર સુધી બાદ રહે છે

શિખામણી [સં.] પું મુગટનો એક ભાગ.

શિખામણીજી વિ. બોધક; બોધપર.યણ.

આ દેશની પ્રજાને શિખામણીજીનાં વખાણ વધારે અસર કરે છે. રણછોડરામ વાચાળાજી

શિખામૂલ ૧. [સં.] ન. ગાજર.

૨. ન. શિખાનું મૂળ.

શિખામૂળ જુઓ શિખામૂલ.

શિખાવલ ૧. પું મોર

૨. સ્ત્રી અગ્નિ.

૩ વિ. ચોટલીવાળું.

શિખાવલી પું. મોર

શિખાવવું સ. ક્રિ. શીખવવું.

શિખાવાન ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ

૨. [સં. શિખાવત] પું. ત્રિવૃદ્ ગણ. ત્રિવૃદ્નું ગણ છેટથી બનેલે ક્રમ અગ્નિની શિખા નીકળતી હોય તેવું બાહ્યચોળ દેખાય છે.

શિખાવું જ ક્રિ. શિખાય તેમ થવું.

શિખાવૃદ્ધિ [સં શિખા (ચોટલી) + વૃદ્ધિ (વધવું તે)] સ્ત્રી વાળ જેમ રોજે રોજ વધે છે તેમ રોજે રોજ ચડતું બ્યાજ; બ્યાજનો અતિ આકરો દર

શિખાસૂત્ર [સં.] ન. ચોટલી અને જનોઈ.

મર્મજ્ઞ ક્રોસબીએ શિખાસૂત્રનો ત્યાગ કરીને અને બૌદ્ધ સાધુ બનીને કેટલા કેટલાં કષ્ટો વેઠીને બૌદ્ધ સાહિત્યનો અભ્યાસ કર્યો છે. ગોસ્વામી

શિખાહીનદીપ [સં.] પું શ્વેત તેજ દીપ; ધુમાડા વગરનો દીવો.

શિખાંત [સં.] પું. શિખાનો અંત.

શિખિ ૧ પું. એ નામનો જોજનગરીનો એક રાજા. સસને ખાતર તે મરવા તૈયાર થયો હતો

૨. પું. (પુરાણ) ચૌદ માંહેનો એક રુદ્ર

૩. પું. દારચિકના નામની ઔષધિ

૪ પુ દેવો અને અસુરોના સમાય વખતે મહાદેવજીએ રચેલા આઠ માંહેનુ એક હથિયાર પત્ર તેની સંજ્ઞાર્થે તેર હાથ હોય છે.

શિખિકંઠ [સ.] જ. મોરપુષ્પ

શિખિગોત્ર જુઓ શિખિધ્વજ.

શિખિત વ. (પિંગળ) એક શિખાવર્તિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમા ૨૮ લઘુ અને ગુરુ મળી ૩૦ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રાએ તાલ આવે છે

શિખિધ્વજ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા; ચૂડાલાનો પતિ.

૨. [સ.] પું. કાર્તિક સ્વામી.

૩. પું. ધુમાડો.

૪. પું. (પુરાણ) મયૂરધ્વજ રાજા.

શિખિલિખિતા પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; હંસકૃત. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, નગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય

આના નામે **શિખિલિખિતા**. રઘુપિંગળ

શિખિવાહન [સં.] પું. કાર્તિક સ્વામી. જેમકે, તેનુ વાહન મોર છે

શિખિવાહનગર્ભજા સ્ત્રી. એ નામની એક દેવી,

એ જગદંબા, નીલાબરા, બૌદ્ધમુખી, નીલાસરસ્વતિકા, નાદિકલાદા, કૈવલ્યવરદા, અતિમાયા, અતિપૂજ્યા, મત્તમાતંગમામિની, મદનોન્મદિની, મદનિમા, માનસિમાવારા, મારવેગપ્રદા, મારપૂજિતા, મારમાદિની, મયૂરવરસોમાઢ્યા અને **શિખિવાહનગર્ભજા** એટલાં નામોથી પૂજાય છે.

ભગવતી ભાગવત

શિખિસારિણી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મયૂરસારિણી. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

શિખી ૧. [સ. શિખિન્] પું. અગ્નિ.

પાવક વહ્નિ દવકદલ જ્વલન મનજય ભાનુ;
શિખી ઉર્ધ્વગહ વાયુસખ પીત્તહોત્ર પ્રમાનુ.

પિંગળપ્રકાશ

૨. પું. એક પ્રકારના ઘોડો.

તેમના પશ્ચિમના પાડોશી **શિખી** હતા. તેમના સિક્કા ઈ. સ. પૂર્વેના બીજા સૈકાના અંતમાં માલૂમ પડે છે. પુરાતત્વ

૩ પું. કૂકડો.

૪ પુ કેતુ

૫ પું. ઘોડો

૬. પું. ચિત્રાનુ ઝાડ; અલેં . ંચવડવૃક્ષ

૭. પું. ઝાડ.

૮. પું. (પિંગળ) ત્રણ; ત્રણની સાંકેતિક સંજ્ઞા.

૯. પું. (બૌદ્ધ) બુદ્ધ પછી થયેલ એ નામનો એક બૌદ્ધ. કારયપ, વિપશ્યી, શિખી, વિશ્વભૂ, ક્રકુચ્છંદ, કાન્ચન અને શાકયમિત્ર એમ સાત બૌદ્ધ થયા છે

૧૦. પું. પાલિત્ય

૧૧. પું. મેરૂ

૧૨. પું. મોર; મયૂર; શિખંડી; નીલકંઠ.

નીલકંઠ કેરી જાતિ, **શિખી** શિખંડી હોય;
શિવસુત વાહન અહિઅરિ, મયૂર કલાપી હોય

પિંગળપ્રકાશ

૧૩. સ્ત્રી. ઉટસ્ત્રી; એક જાતનુ પક્ષરાક.

૧૪ સ્ત્રી. એ નામની સીરિયામાં આવેલ એક નદી.

૧૫. વિ પ્રશસ્તીવાળુ;

૧૬. વિ. શિખાવાળું; આ[illegible]

શિખીઆસા [સં.] સ્ત્રી. ખોડી અજમોદ ખોડીઅજમોદના ફુલને માથે, વચમા મોરની માથે શિખા હોય છે, તેવી શિખા આવે છે, માટે તેને શિખીમોદા કહે છે.

શિખીલયુ [સ.] જ. (સંગીત) તાલનુ એ નામનું એક અંગ; લઘુવિરામ અંગ, લઘુવિરામ, ત્રિકૃત, પાચ માત્રાને અંતરે તાલ આવે તે અંગ

શિગરાગ જુઓ શિગ્રામ

શિગ્રામ પું. સિગરામ; બળદ જોડવામા આવે તેવુ એક વાહન; જે પૈડાની બળદની બંધ ગાડી.

ચારક, મેના, માક્ષ, રથ જેવા છે અને વિકટોરિયા, **શિગ્રામો** આત્ર બાલીનો કોણી ઠંગીન ઢબના કરાગ્રે જોગે.

જાનવરાય ક. ઠક્કોર

શિગ્રુ [સં.] જ. ધોળો સરગવો; સરગવાનુ ઝાડ. તેનાં મૂળ તથા છાલ વકૃતગ્રહિમાં સારો ક્રમ આપે છે

શિજડો પું. ખીજડો; શમી; સમડા, એક કાંટાવાળું ઝાડ; શેમળો

શિડાવવું સ. ક્રિ. શિડાવ તેમ કરવુ

શિડાવું અ ક્રિ. શિડાવ તેમ થવુ

શિણિયું સ્ત્રી. રેતી.

કુંવર કલિંહાડ, ઓય અણીથી આળખી,
(તેની) **શિણિયું** દલમાય, રેવતની રાણો અણે

મહાન૭ ધર્મસિંહ

| **શિત** ૧. પુ (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો એક પુત્ર

૨. [સ] વિ દુર્બળ; કૃશ.

૩. વિ. સજ્જેલ; તીક્ષ્ણ કરેલ

શિતદ્રુ [સ] સ્ત્રી એ નામે એક નદી; સતલજ નદી.

શિતધાર [સ] વિ. સજ્જેલી કે તીક્ષ્ણ ધારવાળુ

શિતપાકી [સ.] જ. કાકોલી કંદ. કાકોલી કંદ જ્યારે પાકો બનાવ છે ત્યારે જરા ખોળાસ ઉપર આવી જાય છે અને રસા વિનનુ હોય છે માટે તેને શિતપાકી કહે છે

શિતરશ્મિ ૧. (સં] પુ. ચદ્ર

૨ પુ. જર

શિતરામ જુઓ શિતધાર

શિતાભ ૧. પું એક વનસ્પતિ. તેનો છોડ ફૂટ [illegible] ફૂટનો થાય છે પાંદડાં લાંબાં ઝીણાં હોય છે અને ફૂલ પીળાં હોય છે. તેનાં પાન પાવાથી વરાધ તથા ભરણી મટે છે

૨. [જા. શિતાકૃતન (ઊતાવળ કરવી)] વિ. ઊતાવળુ; ઝડપી; શિતાળ.

૩. વિ ચાલક; તીવ્ર; ચચળ.

શિતાળી ૧. [જા. શિતાકૃતન (ઊતાવળ કરવી)] સ્ત્રી ઊતાવળ; ત્વરા; ઝડપ; ધાર્ધ; શિતાળી.

શિતાળી કરવી- રાખવી = ઊતાવળ કરવી.

૨. સ્ત્રી આચલ્ય; ચાલાકી

૩. સ્ત્રી સ્ફૂર્તિ.

શિતિ ૧ [સં.] પું. એક પાલવ ક્ષત્રિય.

૨. પું. ધોળો રંગ.

૩. પું. ભોજપત્રનું ઝાડ

૪. વિ કાળુ

૫. વિ. ધોળુ

શિતિકંઠ ૧. પું. દાત્યૂહ પક્ષી.

૨. [સ શિતિ (કાળુ) + કંઠ (ગળુ)] પુ. નીલકંઠ; મહાદેવ, શંભુ.

૩. પું. મોર; મયૂર

શિતિકંઠી ૧. [સં] સ્ત્રી. દાત્યૂહ પક્ષી.

૨. સ્ત્રી દુર્ગા દેવી

૩. સ્ત્રી મોર પક્ષિણી

શિથળ જુઓ શિથિલ

શિથળતા જુઓ શિથિલતા.

શિથળવિચળ જ. અસ્તવ્યસ્ત જવાય તેમ; ગોટાળા થઈ જવાય તેમ.

શિથિલ ૧. વિ તટસ્થ; ઉદાસીન; અકર્મક, સમભાવાત્મક; નિષ્પક્ષ, નિશ્ચેતન.
૨. [સ] વિ ઘાકેલું
૩. વિ. નરમ; પોચું; ઢીલું પડી ગયેલું
૪. વિ. નિર્બળ.
૫. વિ મંદ, ધીમું

શિથિલતા ૧. [સ] સ્ત્રી. ઢીલાપણું, ઢીલાઈ
૨. સ્ત્રી. નબળાઈ; અશક્તિ; કમકૌવતી
૩. સ્ત્રી. નરમપણું; પોચું હોવાનો ગુણ
૪. સ્ત્રી સુસ્તી; થાકેલ હોવાપણું

શિથિલ લવણ [સં.] ન જેમાં કોઈ ખટાશ અને ખાર એવા પ્રમાણમાં મિશ્ર થયેલાં હોય ને જેમાંથી કોઈનો ખાસ ગુણ જણાય નહિ તેવું મીઠું

શિથિલવિથિલ વિ સાવ નરમ; નરમ પોચ

શિથિલાચારી [સં.] વિ. શિથિલ આચારવાળું તે જૂના ખાટા હોવાથી આ શિથિલાચારીની સેવા કરી શકાય નહિ. પુરાતત્વ

શિથિલીકરણ [સં.] ન. ઢીલું કરવું તે; ઢીલાપણું.
૨. ન. નરમ કરવું તે; પોચું કરવું તે.

શિયો પું. સેયો; પાયી; માપાના આલેલા ચોટલાની વચમાંનો ભાગ કે ચીટો.

શિન સ્ત્રી. કાશ્મીર તરફ વપરાતી એક ભાષા.

શિનયા સ્ત્રી કાઠિયાવાડી ઘોડાની એક જાત.

શિનિ ૧. પું. યદુવંશમાં ઉત્પન્ન થયેલ એક ક્ષત્રિય; ચારપુત્ર ભજમાનનો પુત્ર. તેને સ્વયંભોજ પુત્ર હતો.
૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના દુષ્યંતના વંશના મન્યુના પુત્ર ગર્ગરાજાનો પુત્ર. તેણે તપ કરીને બ્રાહ્મણત્વ સંપાદન કર્યું હતું. એ ગાર્ગ્ય કહેવાતો.
૩. પું. (પુરાણ) સોમવંશી યદુકુળના યુધાજિતના અનમિત્ર નામના બીજા દીકરાના વંશ માંહેનો વંશનો પુત્ર. તેને સત્યક નામનો પુત્ર હતો. આ શિનિ મોટો શૂરવીર હતો. વસુદેવ દેવકીના વિવાહકાળે બધા રાજાઓ વિઘ્ન કરવા આવ્યા હતા. તે સમયાનો તેણે પરાજય કર્યો હતો.
૪ પું. (પુરાણ) સોમવંશી યદુકુળના સાત્વત નામના પેટા કુળના સાત્વતના વૃષ્ણિનો પુત્ર; યુધાજિતના બે માંહેનો મોટો પુત્ર.

શિનીવાસ [સં.] પું. મેરુ પર્વતના મૂળ પ્રદેશમાં આવેલ એ નામનો એક પર્વત.

શિપવત્સ્ય ન. મોતીની માળા.

ત્યારે તે યમુદને વળિયે પહોંચ્યો ત્યારે કલાવતીએ પોતાની વેલીમાં અત્યુત્તમ શિપવત્સ્યો ભરવા માંડ્યો. ચિત્રમય જગત

શિપર્ક પું નાનો કૂતરો. તે કૂવેન્ડર્સમાં પાળવામાં આવે છે. તેના નાના વાળ કાળા હોય છે. તેની ઝૂરી આંખો, નાના ચપળ કાન અને નાની પૂંછડી હોય છે. તે સારો ચોકીદાર અને મિત્ર થઈ શકે છે અને તેનું સરાસરી વજન ૧૨ પૌંડ હોય છે

શિપ ૧. [સં.] પું. કિરણ
૨. પું. પશુ
૩. ન. પાણી
શિપિના જુદા જુદા અર્થ થાય છે. વામન અને અહ વાસ્કર તેનો અર્થ પાણી કરે છે.
નામવિ

શિપિવિષ્ટ ૧. પું. વિષ્ણુ
૨. પું વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ; શિવના હજાર માંહેનું એક નામ; મહાદેવ, શિવ.
૩. [સં. શિપિ (કિરણ) + વિષ્ટ (વ્યાપ્ત)] વિ. કિરણો વડે વ્યાપ્ત
૪. વિ. ખરાબ ચામડીવાળું.
૫. વિ. માથે ટાલવાળું; ટાલિયું.

શિપ્રિન [અં.] ન. આગબોટ કે વહાણમાં માલ ચડાવીતર કરવો તે.

શિપ્રા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેને શીર્ષ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે મગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.
૨. [સં.] સ્ત્રી. તે નામે એક નદી. તેને કાંઠે ઉજ્જયિની આવેલ છે.

શિપ્રાવાયુ [સં.] પું. શિપ્રા નદી ઉપર થઈને આવતો વાયુ.
ભીમ ભોજ્યા સ્વર મદભર્યા સારસોના પ્રસારી,
ન્યા ખીલેલાં કમલની કળે સ્પર્શીને યે સુગંધી;
શિપ્રાવાયુ મુક્ત મનને નારીઓના મઠાડે,
સ્પર્શે રીઝા કુશળ રીઝવે કાંત પેઠે પ્રભાતે.
મેઘદૂત

શિફા ૧. [સં.] સ્ત્રી. ઝાડનું જટાકાર મૂલ.
૨. સ્ત્રી. નદી
૩. સ્ત્રી. નાક.
૪. સ્ત્રી. પદ્મકંદ; કમળનું મૂળ
૫. સ્ત્રી. માતા.
૬ [ઔ.] સ્ત્રી. રોગનિવારણ.
૭. સ્ત્રી. સ્તનપુષ્પ; સુવા.
૮. સ્ત્રી. હજાર.

શિફાકંદ [સં.] પું. પદ્મમૂળ; કમળનું મૂળ.

શિફારસ [ફા સિપર્દન (સોંપવું)] સ્ત્રી. ઓળખીતાને કોઈના લાભનું કામ કરવા કહેવું તે; લાગવગ, ભલામણ કરવી તે, સોંપણ; બીજાને માટે પોતાની વગ ચલાવવી તે, સિફારસ.

શિફારસી વિ. શિફારસથી ઉચ્ચ રચ્યાને ચરેલો કે પ્રગતિમા પહોંચેલો

શિબિ ૧. પું. (પુરાણ) આગ્રાની પશ્ચિમમાં દશાર્ણ દેશની પશ્ચિમે આવેલ એક દેશ. પાંડવોના સમયમાં ત્યાં સુરથ રાજા રાજ્ય કરતો હતો. ત્યાના રાજાઓ સામાન્ય રીતે શૈબ્ય કહેવાતા તે દેશના રાજાની કન્યા કેકિની અથવા ભાનુમતી સગર રાજાને પરણી હતી.
૨. પું. (પુરાણ) ઉશીનર નામના દેશનો રાજા. તેની રાજધાની ભોજનગરીમાં હતી
૩. પું. (પુરાણ) ગોપતિ નામના રાજાનો પિતા.
૪. પું (પુરાણ) ચક્ષુ મનુને નડવલાની કુખે થયેલ એક પુત્ર.
૫. પું. (પુરાણ) પૂર્વે થઈ ગયેલ ઇંદ્રો માંહેનો એક. પાંચ પાંડવો મારેનો એક આનો અવતાર હતા
૬ પું (પુરાણ) પ્રહ્લાદનો એક પુત્ર.
૭. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. એને દ્રોણાચાર્યે રાત્રિયુદ્ધમાં માર્યો હતો
૮. પું (પુરાણ) ભોજપુર નગરીના ઉશીનર રાજાને માધવીને પેટે થયેલો પુત્ર. એને ઔશીનર પણ કહ્યો છે. એ બધો પરાક્રમી હતો. તે યયાતિનો દૌહિત્ર હતો.
૯. પું (પુરાણ) સોમવંશના અનુ કુળમાં થયેલા મહામના રાજાના પુત્ર ઉશીનરના ચાર માંહેનો મોટો પુત્ર. એ મોટો ધર્માત્મા હતો. એને પાંચ પુત્રો હતા. બ્રાહ્મદેવ એની પરીક્ષા કરવા બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા અને તેના પુત્રનું માંસ માગ્યું રાજાએ પોતાના પુત્રને મારીને માંસ રંધાવ્યું પણ બ્રાહ્મણ ભાગી ગયો હતો. તેથી તે માંસ લઈને શોધમાં નીકળ્યો તો બ્રાહ્મણને અજરાળા, કોશાગાર વગેરે સળગાવીને રાજમંદિરને લાલ ભડાકો જોયો. તો પણ રાજાએ વિકાર નહિ પામતાં માંસ આપવાને આજ્ઞા કરી. તેથી પ્રસન્ન થઈ પુત્રને સજીવન કરી બધી જગ્યાઓ પૂર્વવત્ કરીને અંતર્ધાન થયા.
૧૦ પું (પુરાણ) હિરણ્યકશિપુના પુત્રો માંહેનો એક.
૧૧. પું. (પુરાણ) કોલાને માટે પોતાના શરીર અર્પનાર પુરાણ પ્રસિદ્ધ એ નામનો એક રાજા. મહાભારતમાં શિબિ રાજાનાં પરાક્રમો વર્ણવેલ છે.

એકવાર તેની પરીક્ષા માટે અગ્નિએ કબૂતરનું સ્વરૂપ લીધું અને ઊંચે બાજનું સ્વરૂપ લીધું. કબૂતરની પાછળ બાજ પડતાં કબૂતરે શિબિ રાજાના ખોળામાં પોતે આશ્રય શોધ્યો. બાજે કબૂતરનો બદલો માંસ સિવાય બીજું કંઈ પણ ન લેવાની વાત લીધી. શિબિએ પોતાના જમણા સાથળમાંથી માંસનો ટુકડો કાપ્યો અને ત્રાજવામાં કબૂતરની સામેસામ તાગવા મૂકયો. પણ કબૂતર વધારને વધારે ભારે થતું ગયું. છેવટે રાજાએ આખું શરીર ત્રાજવામાં મૂકયું. તેના શરીરનો ભાર કબૂતર કરતાં વધી ગયો અને બાજ ઊડી ગયું

શિબિકા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અનિકૃતિ છંદનો એક ભેદ છે. તેને બારુ કે સારુ છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં આઠ અગણ અને ગુરુ મળી ૨૫ વર્ણ હોય છે. તેમાં બારમા અક્ષરે યતિ આવે છે

બાર ગણે જબ ઉપર છે યતિ
આ ગણ આઠ પછી ય ગુરૂ સિબિકા

રહસ્યિગણ

૨ સ્ત્રી કંડોરી, નળામી

૩. સ્ત્રી તંબૂ., પડાવ

૪. [સં.] સ્ત્રી. પાલખી; પડદાવાળી ડોળી; સુખાસન; ખાટલો

સિબિકામા સહુ સબળા બેઠી,
નિજ બાળક ઉત્સગ્ગ. સિંહિર

શિબિર ૧. [સં.] પું. તંબૂ.; વસ્ત્રગૃહ; ડેરો; રાવટી.

૨. પું. સરકારની છાવણીનો એક ભાગ; છાવણી, સરકારના અમુક ભાગને મુકામ સારુ નીમી આપેલો કોર્ટ શહેરનો ભાગ.

તમ ચમૂ સહ મુજ કરી કરી,
અમિત સૈન્ય વસ્યો સિબિરે જઈ.

પ્રાચીન કાવ્ય

શિબી સ્ત્રી. પ્યાનો; પાલખી

તેથી તે બધો ખુલ્લો **શિબી** કરાવી બારતો.

ગુજરાતી સાક્ષાત્કાર

શિબ્ર [અ.] સ્ત્રી કથેણી.

શિયળ ૧. ન. અન્તરવસ્ત્રથી શરીર ઉપર જે દીમણું થાય છે તે.

૨. [સં. શીલ] ન ઇંદ્રિયનિગ્રહ: સંયમ; પાતિવ્રત્ય

૩ ન શીલ; પોતાના પતિને જાળવ્યા તે તેને જ પરાયણ રહેવું તે; સત્ય કે એકનિષ્ઠ રહેવું તે; સતીત્વ; એનું પાવિત્ર્ય.

કલેજી આ સ્વદેશીમા છે રક્ષા ધર્મ અમની
ઇચ્છાભક્તિ તે માહીં રક્ષા **શિયળ**ની ય છે.

ગાંધીગીતા

શિયળભ્રષ્ટ [સં.] વિ. પતિત; ચારિત્ર્યભ્રષ્ટ; અધમ્ન; અધોગત.

શિયા ૧. પુ મુસલમાનનો એ નામનો એક પક્ષ કે મત. આ પક્ષના લોકો હજરત પેગમ્બર સાહેબ પછી સાદીએ પેગમ્બર પહેલા ત્રણ ખલીફાઓને માનતા નથી પરંતુ ફક્ત મોયા ખલીફાને જ માને છે. આમ પહેલા ખલીફા તરીકે એ મોયા ખલીફાનો હક્ક હતો એમ કહે છે તેમા અકલ અને ધર્મમત એ બે મળી પાચ ઉસુલ ઉપર બંધારણ માને છે

હજરત મહમ્મદના જમાઈ હજરત અલીના માત પછી મુસલમાન ધર્મના સુન્ની અને **શિયા** એવા બે ભાગ પડી ગયા છે.

મુ. સા. પરિષદ

૨. [અ.] વિ. એ નામના મુસલમાની સમ્પ્રદાયનું.

શિયાગોસ ન. ડેનેમ્રામાં થતું એ નામનુ એક મોટું પ્રાણી. વહેતા પાણીમાં કોર્ક મોટી ડાળ કે ઝાડ પડયુ હોય તેના ઉપર તે ચઢીને બેસે છે અને પાણી સુધી પોતાનું મોં લાંબું કરી પોતાની લાંબી જીભને પાણી ઉપર હલાવે છે. આથી તે પાણીમાં ફરતી ટ્રાઉટ નામની માછલી તેને તરફડતું જીવતું પારી પકડવા દોડી આવે છે. આ તકનો લાભ લઈ **શિયાગોસ** સિફતથી પોતાના પંજાથી તેને પાણીની બહાર ફેંકી દે છે અને એ રીતે જેતરીને પકડેલો શિકાર ખાય છે.

શિયાપંથી વિ. શિયા નામના પથમાં માનનાર.

શિયારો પું. (વહાણવટું) ઈશાન ખૂણાનો પવન.

શિયાવિયા ૧. [સં. સાખ્ય; પ્રા. સીઆવ (સિમિલ કરી નામધાતુ)] વિ. ઓશિયાળું; ઝખવાણું; ભોંઠું પડી ગયેલું.

શિયાવિયા થઈ જવું = (૧) બીકથી ચૂપચાપ થઈ જવું. (૨) મોંનું નૂર ઊડી જવું; વિવર્ણ થઈ જવું

૨. વિ. ચકરચકર.

૩. વિ. બહાવરું; ગભરાયેલું; ડોકરહિત; બેબાકળું; ગભરાયેલું.

તારે થવું નહિ **શિયાવિયા**. પીસો

૪ વિ રડતી સૂરત જેવું.

શિયાહ પું. એ નામનો એક મુસલમાની સમ્પ્રદાય; ત્રિપા.

સુન્નીપક્ષ રાજ્ય અને સંસારવ્યવસ્થામાં ઈશ્વરાજ્ઞાદિત પણ ધર્મમાં શુદ્ધ અરબ છે. **શિયાહ** પક્ષ મુસલમાન ધર્મ અરબ ઈરાનની વ્યક્તિરૂપ છે.

મુ. સા. પરિષદ

શિયાળ ૧. પું. સ્ત્રી. શિયાળવું; કૂતરાની જાતનું એક ગોપ્રસુ જનાવર. દક્ષિણ એશિયા અને આફ્રિકની શિયાળ ત્રણ ફૂટ લાંબી હોય છે. પૂછડાને છેડે વાળનો ઝુમખો હોય છે અને રંગમાં ભુરાશ પડતી હોય છે. તે તેનો ખોરાક શોધવા રાત્રીના સમયે ભટકે છે. તે તેનો શિકાર સુચ્યાર્યથી કરે છે મોટે ભાગે જિસદ્ધ પ્રાણીઓના ખાતા વધેલા ખોરાક ઉપર જ તે નભે છે તેથી તેને કચરો કે ઓડવાડ સાફ કરનાર કહે છે. તેનુ આયુષ્ય બહુ ભયાનક હોય છે. દક્ષિણ આફ્રિકની શિયાળનો રંગ તેની પીઠ ઉપર કાળો હોય છે. અમુક અમુક શિયાળની પીઠ ઉપર ચટાપટા હોય છે કોર્ધક જ શિયાળના કપાળમાં નાનકડી શિંગડી થાય છે. તેને શિયાળશિંગી કહે છે. શિયાળિયા લાળી કરે છે તેમાં પ્રથમ શીંગડાવાળી શિયાળ જ બોલે છે તેનુ રહેઠાણ બગડામાં કોતરો અથવા ખેતરોની વાડોમાં હોય છે

૧. શિયાળ તાણે સીમ ભાળી ને, કૂતરું તાણે ગામ ભાળી = સહુ પોતપોતાનો લાભ જૂએ.

૨. સિંહ કે શિયાળ = (૧) કોકોરી કે મેદો ? સમાચાર સારા કે માઠા ? (૨) હા કે ના ?

૨. સ્ત્રી એ નામની આહેરની એક જાત

૩. સ્ત્રી. ચૂડેલ.

૪. ન. આહેરની એ નામની એક જાતનું માણસ.

૫. ન. એક પ્રકારનો ચોમાસામાં થતો બહુપગી જીવડો. વણિયાર વરસાદ સાથે એના ઇયળા જમીન પર પડેલા ખેતરામાં આવે છે.

શિયાળની પૂંછડી સ્ત્રી. એ નામની એક રમત. આ રમતમાં એક વિદાર્થી શિયાળ બને છે અને બીજા કોઈ એકને હંસ બનાવવામાં આવે છે. બાકીના રમનારાઓ હંસની પાછળ એક બીજાની કેડ પકડીને ઊભા રહે છે. શિયાળ હારની પાછળના રમનારને પકડવા દોડે છે ત્યારે આગળનો હંસ પોતાની હારને બચાવવાની કોશિશ કરે છે. બે પાછળનો રમનાર પકડાય જાય તો તેની ઉપર દાવ આવે છે અને તે શિયાળ બને છે અને જે અગાઉ શિયાળ હતો તે હંસ બને છે. આમ રમત આગળ વધે છે. બે પાછળના રમનારની પાછળ રૂમાલ ખોસવામાં આવેલો હોય તો રમત વધારે સારી બને છે કારણ કે જ્યા સુધી શિયાળ તે રૂમાલ લઈ લેતો નથી ત્યાં સુધી છેલ્લો નંબર રમતમાં ચાલુ રહે છે

શિયાળવી જી જુઓ શિયાળની માદા.

શિયાળિયું જુઓ શિયાળ ૧

શિયાળશિંગી જી. શિયાળનું શિંગડું. શિયાળને શિંગડું હોતું નથી પણ કોઈ વાર કોઈ શિયાળને હોય છે. એને શિયાળશીંગી કહે છે. શિયાળિયા ભાળી કરે છે તેમાં પ્રથમ શિંગડાવાળી શિયાળ જ બોલે છે. આ શિંગડું જેના ઘરમાં હોય છે તેની રિદ્ધિસિદ્ધિ વધે છે એમ મનાય છે ત સિંદૂરમાં રખાય છે શિંગડી ઉપરનાં રૂંવાડાં ખેરી નાખીએ છતાં એ આઠમે દિવસે ઊગે તો તે સાચી શિયાળશિંગી નહિતર બનાવટી.

શિયાળિયું જુઓ શિયાળ ૧

શિયાળી ૧ જી. એક જાતનું લાકડું તે લાકડાની છાલ ઉપર ત્રીણી ત્રીણી છોલ હોય છે

૨ જી. નિશાળ જેવી ચીસ; લાળી

શિયાળુ ૧ વિ. ઠંડું; ટાઢું

૨ વિ. શિયાળાનું; શિયાળામાં પાકનારું; શિયાળામાં થતું

શિયાળુ પાક = શિયાળી પાક; પાનતર; રવિપાક.

શિયાળુ અંગ પું. એક જાતના અંગ. આ અંગ બાજરા સાથે વધારે છે ને શિયાળામાં પાકે છે. તે દાણે લીલા હોય છે.

શિયાળુ વા પું. ઈશાન તરફથી આવતો પવન; બૂર વા

શિયાળો [સં. શીત + કાલ] પુ. ટાઢની ઋ; શીત કાળ; ટાઢના દિવસ; ઠંડી ઋતુ, હેમંત ને શિશિર ઋતુ; કાર્તિકથી માઘ મહિના સુધીની ટાઢની ઋતુ.

શિયાળે શીતળ વા વાય પાનખરે પર્ણ પેરા થાય. દલપતરામ

શિર ૧. પું. અજગર

૨. જી. અથર્વવેદની એક ઉપનિષદ

૩. ન. આંગિક અભિનયનું એક અંગ.

શિર, હસ્ત, છાતી, પાર્શ્વ, કટિ અને પાદ એ ૬ અંગ કહેવાય છે. નાટ્યશાસ્ત્ર

૪ ન પીપરીમૂળ

શિર ૫ [સં. શિરસ્] ન. માથું; મસ્તક; ઉત્તમાંગ

૧ શિર આપવું = (૧) કોઈને માટે મરવું; જીવનો ભોગ આપવો (૨) ગમે તેવું કઠણ કામ કરવું કે કરવા વચન આપવું.

૨. શિર ઉપર કર ધરવો = (૧) આશીર્વાદ આપવો. (૨) માથા ઉપર હાથ મૂકવો.

૩. શિર ઉપર ચઢાવવું = માનવું.

૪ શિર ઉપર લેવું = (૧) જવાબદાર થવું. (૨) બેધ્યમ વહોરી લેવું; માથે લેવું; જવાબદારી સ્વીકારવી.

૫. શિર કાપવું = (૧) માથું ઊતારવું (૨) વિશ્વાસઘાત કરવો. (૩) બુચ્ચાઈ કરવી; નિમકહરામ થવું.

૬. શિર સલામત તો પઘડિયાં બહોતેરી = જીવતો નર ભદ્રા પામે

૭. શિરે હોવું = (૧) જવાબદાર થવું (૨) વહોરી લેવું.

૬. ન. લશ્કરની આગલી હાર.

૭ ન. રાજ્ય

૮ ન. શિખર; ટૂંક; ટોચ; અણી

શિરકસિયો પું એક જાતનો વેલો તેને સંસ્કૃતમાં જીવની કે ક્ષેમકારી કહે છે. એની ત્રણ જાત છે: રાડાડી, ખરખોડી અને ઝીંગોટી. એક સ્થળે એની ચાર જાત આપેલ છે. એકનાં પાંદડા આકડાનાં પાંદડાં જેવાં હોય છે તેથી એને આકડિયો શિરકસિયો કહે છે. બીજાને ભાલા જેવાં ભાલાં પાંદડાં હોવાથી ભાલડિયો શિરકસિયો કહે છે, ત્રીજાને પાંદડાં ગોળ થૂવર જેવાં હોવાથી પાનેલીનો શિરકસિયો કહે છે અને ચોથાનાં પાંદડાં મીંઢાળના જેવા છે તેથી તેને શિરકસિયો જ કહે છે આનાં ફળને સુડિયા કહે છે. એના આકાર સુડા (પાપટ) જેવા અને રંગ પણ લીલો પોપટીઓ હોય છે તેનાં પાન રતાળુના પાન જેવાં હોય છે. તેના રેસામ જેવું કે અને જીણા દાણા હોય છે. તેની ભાજી પણ થાય છે. માતૃપુષ્ટતા માટે તેનાં પાંદડાં વાટી દૂધમાં આપવામાં આવે છે.

શિરકંપવાયુ [સં] પું. માથું ધ્રૂજ્યા કરે એવો એક રોગ

જેનાં માથું ઢોલ્યા જ કરે છે તેને શિરકંપવાયુ કહે છે. નિદાનાર્જન

શિરખું ન. રબારી

શિરગંગ ન. એક જાતનું પક્ષી; લીલા રંગનું ચાસ પક્ષી

શિરગોળ પું. એક જાતનો પથ્થર

શિરગોળી પું. ચિરોડી. એ સફેદ રંગનો અને કામ પ્રમાણે ખણકારો પાષાણ છે. જમીનમાં શિરગોળના ઘરના ઘર આવ છે. તેને કૂટી તેની રંગોળી કરે છે. પેટમાં ઝટી આવતું હોય તે ઉપર શિરગોળ પાણીમાં ઘસી આપવામાં આવે છે

શિરછત્ર જુઓ શિરચ્છત્ર.

શિરચ્છત્ર ૧. ન. માથાનું ઢાંકણ; માથાનું છત્ર.

૨. વિ આશ્રયદાતા; પાલક; સંભાળનાર.

૩. વિ ઉપરી; વડીલ

૪. [સ્ત્ર. શિર (માથું) + છત્ર (છત્રી)] વિ. પોતાની શોભા રૂપ; માથાના મુગટ રૂપ; માથાના છત્ર રૂપ

શિરચ્છેદ ૧. પું. ફાંસ બોલવાની શસ્ત્રક્રિયા.

૨. [સ] પુ. માથું કાપી નાખવું તે, માથું વાઢવું તે.

શિરચ્છેદ કરવો = માથું કાપી નાખવું.

૩. ન એ નામનું એક તત્રશાસ્ત્ર

શિરછેદ જુઓ શિરચ્છેદ.

શિરજ [સં.] પુ કેશ; વાળ

શિરજોર ૧. વિ. કોઈને નહિ ગાઠતાં કે અવગણતાં પોતાના બળ કે અભિમાનથી કામ લેનાર કે કરનાર; આપખુદ; જુલમી; માથું ઊંચું કરે તેવું; આપ બળના અભિમાનથી કામ કરનાર; માથાકૂટિયું; ગરમ મિજાજનું.

૨ વિ જબરું; શિરજોરીવાળું.

૩. વિ હિંમતી; હિંમાદી

શિરજોરી ૧. જી. આપબળની ખુમારી, સરજોરી; જોરાવરી; જબરદસ્તી

૧ ચોરી ઉપર શિરજોરી = લાજવું નહિ ને ગાજવું

૨. શિરજોરી કરવી = ઊંચું માથું કરવું; સામા થવું.

૨ જી. બળાત્કાર; બીજાને નહિ ગણકારતાં પોતાના બળે કામ લેવાપણું

શિરટોપ પુ. માથાનું રક્ષણ કરનારી ટોપી; શિરસ્ત્રાણ.

યોદ્ધાઓ કવચ અને શિરટોપ પહેરતા. મહાભારત

શિરતાજ ૧. [શિર + ફા. તાજ (મુગટ)] પુ. અધિષ્ઠાતા; વડીલ; ઉપરી.

૨. પું અભિમાનનો વિષય.

૩. પું શિરછત્ર; માથાનો મુગટ કે મણિ; મરતાજ

શિરતોડ (શિરતોડ) [સં શિરસ્ + તડ્ (મારવું)] વિ માથું ફોડી નાખે તેવું; અત્યંત કઠણ; અઘરું

અસિદ્ધ વસ્તુ શિરતોડ પરિશ્રમ કરવા છતાં પણ ન બને તો તે પોતે બને. વિશ્વનીતિ

શિરત્રાણ [સં] ન માથાનું રક્ષણ કરે એવો ટોપ; શિરસ્ત્રાણ; ' ગેસ માસ્ક ' રાસાયનિક યુદ્ધમાં ગેસના પ્રભાવથી બચાવ માટે તે બનાવવામાં આવે છે. ત વડે માથું ચહેરો વગેરે બધું ઢંકાઈ જાય છે અને ગેસની અસર થતી નથી.

શિરપંજા પું. મલખમનો એક દાવ: તેમાં મલખમની નીચે પોતાનું માથું રાખી, પોતાના બંને પગ ઊંચાણી, બંને પગની આંટી બીજાની બેડા મારવાનું હોય છે

શિરદામની સ્ત્રી. લશ્કર અગર હાંસડીનો માથાની આસપાસ વીંટળાઈ રહે તે ભાગ

શિરદોડી (શિરદોડી) સ્ત્રી. એક જાતનો વેલો, કુદ્રુબિની; કાવણી; અર્કપુષ્પા; ખરેણુ. એનાં પાન પીપરનાં પાન જેવાં હોય છે. પાન નાડવાથી કાળો રસ નીકળે છે એ વેલમા અગ્રછી જેવા અણિદાર ફળ ગોઠમા આવે છે. એ ફળમાંથી રેશમ જેવાં કુલ ઊગે છે તેને ભાળકો હોમી રમે છે. કુમળાં ફળનુ શાક થાય છે ફળમા રેશમ જેવુ સુતર હોય છે. સુતર વજ્ર વણવા જેવુ હોય છે શિરદોડીની અંદરનુ રૂ કુંડું છે પાંદડાં તોડીએ તો દૂધ નીકળે છે. તે શીતજ્વર નાશક છે વીંછીના વિષ ઉપર તેનાં મૂળ ઘસી લેપ કરવો અને થોડા મૂળ ઘસીને પાવા

શિરનામી ૧. સ્ત્રી. ડોકનું ઘરેણું; ગ્રીનામી; સરનામી.
૨. વિ નમસ્કારપાત્ર

શિરનામું [સં. સર (માથું) + નામા (કાગળ)] ન. સરનામું; નામઠામ ને પત્તો; ઠામ ઠેકાણા સ.થે નામ નિશાનની ઓળખ; કાગળ ઉપર લખવાનુ નામ, ઠામ, ઠેકાણું વગેરે.

શિરપાવ ૧ પુ. પનવાડ, રા.બ.સી
૨. પુ સરપા.વ, પ.પ.ની ભેટ, રાજા કે રોઠ માણસ તરફથી પોતાના આશ્રિતને તેના સારા કામ બદલ અપ.તી બક્ષિશ; પાઘડી

શિરપેચ [સં. શિર (માથું) + પેચીદન (વસ્ત્રવસ્તુ)] પું. માથા પરનું કીમતી છોગું; સુંદર તોરો; ફેંટા કે પાઘડી પરની ઝલમી.

મસ્તકે બાંધ્યો છે મેવાડી પાઘ.
હેમે મઢાવ્યા બાદશાહી શિરપેચ.

નાન.ગાલ

શિરબંદ જુઓ શિરબંધ

શિરબંદી જુઓ શિરબંધી.

શિરબંધ [સં. શિરસ્ (માથું) + બંધન)] પું. પાઘડી ઉપર બાંધવાનો જરેસો પટ્ટો; પાઘડી ઉપર બાંધવાનું શોભીનું માથા બાંધણું.

શિરબંધી ૧ સ્ત્રી. કિલ્લા અને સહેરના રક્ષણ માટે રાખેલું લશ્કર
૨. સ્ત્રી. ખડિયા રાજ્યને ખરચે રાખેલું સવારનું લશ્કર
૩. વિ સ્ત્રી સહેનશાહનુ; કિલ્લા ઉપરની રજવાડાના રક્ષણ માટેની સિરબંદી.

શિરમણિ ૧. [સ શિરસ્ + મણિ] પુ ઝવેરીમાનું રત્ન; શિરોમણિ.
૨. પું સર્વોત્તમ વ્યક્તિ કે વસ્તુ.

શિરમાન્ય વિ માથે ચડાવવા .

શિરમુકુટ [સં.] વિ. શિરોમણિ
કોઈ માણસ મોટો સંત અને અવધૂત હોવાનો **શિરમુકુટ** ધારીને રહે તેની જ ગણના મહાન નર તરીકે થાય. કુમાર

શિરમોડ (શિરમોડ) વિ. સર્વોપરિ; શ્રેષ્ઠ
જેના સંત એ કહીએ શિરોમણિ,
તેવા હરિ સહુ **શિરમોડ**;
નિષ્કુળાનંદ નિહાળતા ન જડે, બે જેની જોડ.
નિષ્કુળાનંદ

શિરમોર ૧. પું. માથાનો મુગટ; શિરમોડ.
૨. વિ સર્વ શ્રેષ્ઠ.

શિરરત્ન ન. ઓસીકું.
ઉત્તમ **શિરરત્ન** ને બાલ બબૂરીનાં,
તે બા તેહને ઓલાડે. નાકર

શિરરોડી (શિરરોડી) સ્ત્રી. અરબોડી તેના વેલા થાય છે. તેની ડોડીનું શાક તથા અથાણું થાય છે. તેનાં પાન ચોળીને સંધવાથી છીંકો આવે છે

શિરવિજ્જડા [સં.] સ્ત્રી. પશ્ચાત્કપાલની બહારની બાજુ ઉપર ઉત્તરતોરણિકા નજીક આવેલી એ નામની પેશી.

શિરવેસ ૧. સ્ત્રી.; ન. અથર્વવેદની એ નામની એક ઉપનિષદ
૨. ન. એક પ્રકારનું ઝાડ.
૩. ન. (સંગીત) તાલના છ ભાગેનું એક અંગ; વિરામ અંગ; અલ્પકૃત અંગ; અર્ધચંદ્ર; એક માત્રાનું અંગ.
૪. ન. સરસવ.

શિરસઢે અ. માથા સાટે; માથા ઉપર; શિરોમાન્ય.

શિરસઢો પું. માથાના બદલામાં અપાતું તે.

શિરસા અ. શિર વડે; નમન કરીને.

શિરસાટે અ. માથાને બદલે; માથું બલ તોપણ.

શિરસાપ્રણામ ૧. [સં.] ન. માથું નમાવીને, પગે લાગીને પ્રણામ કરવું તે.
૨. વિ. મસ્તક વડે માન્ય.

શિરસામુદ્રિકવિદ્યા [સં.] સ્ત્રી. મસ્તિષ્ક શાસ્ત્ર

શિરસામુદ્રિકવેત્તા [સં.] વિ. કપાલશાસ્ત્ર પ્રવીણ.

શિરસાવંદન [સં.] ન. માથું નમાવી પગે લાગવું તે

શિરસાવંદ્ય ૧. વિ. પૂજનીય; પગે પડવા યોગ્ય; માથા વડે પગે લાગવા લાયક; માથું નમાવવા યોગ્ય; પૂજ્ય.
૨. વિ. પ્રમાણભૂત
૩. વિ. માન્ય; માથે ચડાવવા યોગ્ય; માનનીય.
શિરસાવલ્લ ચડવું = માથે ચડાવવું.

શિરસાષ્ટાંગ વિ. માથા સ.થે અંગે નમસ્કાર.

શિરસ્ક ૧ [સં.] ન ટોપ
૨. ન. પાઘડી

શિરસ્તેદાર ૧. [ફા. સર (છેડો) + રિસ્તા (દોરી) + દાર (વાળો)] પુ અમલદારના હાથ તળે કામ કરનારો મુખ્ય કારકુન; વડો કારકુન; અવ્વલ કારકુન; સિરતીસ
૨ વિ. યુક્તિવાળું; યુક્તિબાજ.
૩. વિ. શિરસ્તો બનાવનાર

શિરસ્તેદારી [ફા] સ્ત્રી. અમલદારના હાથ તળેના મુખ્ય કારકુનનુ કામ; શિરસ્તેદારનું કામ કે પદ; શિરસ્તેદારપણું; શિરસ્તેદારનો ઓહો

શિરસ્તો [ફા. સરિશ્તા] પું. પ્રથા; નિયમ; ધારો; રીત; રિવાજ; રવૈયો; ચાલ.

શિરસ્ત્રા ૧. ન. ટોપ.
૨ [સં.] ન. માથાનુ રક્ષણ કરનાર પાઘડી વગેરે.

શિરસ્ત્રાણ ૧ [સં] ન. માથાનું રક્ષણ કરે એવો ટોપ; શિરસ્ત્રાણ.
૨. ન મુગટ.

શિરસ્થ ૧. પું. (સંગીત) ગાયકના મુખ્ય ચાર ભાગેનો એક દોષ; કપાલી એટલે બહુ ઊંચા સ્વરથી ગાવુ તે. બહુ ઊંચા સ્વરથી ગાયન ગાય તે પણ ગાયકનો એક દોષ ગણાય છે.
૨. પું સરદાર; નાયક.
૩. વિ. મ.થા ઉપર રહેનાર.

શિર:કંઢિકા [સં.] સ્ત્રી ગળાના મૂળમાં આવેલી એ નામની એક પેશી. તે સંખ્યાસ્થિનાસિકા પ્રવર્ધનક પરથી ઉત્પન્ન થઈ ને કંઢિકાસ્થિના મધ્યપિંડની બાજુએ લાગેલી છે. આ પેશી કંઢિકાસ્થિને ઊંચે તથા પાછળ ખેંચે છે

શિર:પાર્શ્વકંઢિકા [સં.] સ્ત્રી. ગ્રીવ.વરાની આગળ રહેલી એ નામની એક ટૂંકી તથા પહોળી પેશી. તે ચૂરીવલયા નામની ગ્રીવાકશેરુકાના બાહ્ય પ્રવર્ધન પરથી ઉત્પન્ન થઈ, પશ્ચિમકપાલના મધ્યા પ્રવર્ધનને લ.ગેલી છે. આ પેશી માથાને બાજુ તરફ ફેરવે છે

શિર:પૂર્વકંઢિકા સ્ત્રી. ગ્રીવાવલયના આગલા ભાગમાં આવેલી એ નામની એક પેશી. આ ટૂંકી તથા પહોળી પેશી, ચૂડાવલયા નામની ગ્રીવાકશેરુકાના બાહ્ય પ્રવર્ધન પરથી ઉત્પન્ન થઈ, દીર્ઘશિરસ્કા નામની પેશીની પાછળ રહેલી છે તથા પશ્ચિમકપાલના મૂળભાગમાં લાગેલી છે આ પેશી માથુ આગળ નમ.વે છે તથા સહેજ બાજુ તરફ ફેરવે છે.

શિર: પૃષ્ઠદંડિકા [સ] સ્ત્રી માથા અને ડોકની પછવાડેની એ નામની પેશી તેમા એ નામની ગુર્દી અને સ્નાયુ મળી અંદ પેશીઓ અનુક્રમ દંતચૂડા તથા ચૂડાવલયા નામની ગ્રીવા.કશેરુકાઓના પૃષ્ઠકટકો પરથી ઉદ્ભવ થઈ ને, ધીમે ધીમે જાડી થઈ, ઉપર જઈ, પશ્ચિમકપાલની અધર તોરણિકા રેખાની નજીકમાં લાગેલી છે. આ અને પેરીઓ માથાને પાછલી બાજુ તરફ ખેંચે છે તથા મહેજ બાજુ તરફ પણ વાળે છે.

શિર:પૃષ્ઠદંડિકાપાર્શ્વગા જુઓ શિર:પૃષ્ઠદંડિકાસર્વી.

શિર:પૃષ્ઠદંડકાલસ્ત્રી સ્ત્રી પશ્ચાત્કપાલની બહારની બાજુ પર અધર તોરણિકા નીચ આવેલી એ નામની એક પેશી

શિર:ફળ [સં.] પું. નાળિયેર

શિર શૂલ જુઓ શિર:શૂળ

શિર:શૂળ [સ.] ન મસ્તકશૂળ; માથાનો દુ:ખાવો

શિર: સંપુટ પું ખોપરી; આખા મગજને ટેકો આપનાર અને તેનું રક્ષણ કરનાર હાડકાઓનુ મજબૂત પોલકું. તેનો આકાર ઊંધી વાળેલી તુબડી જેવો છે. ખોપરી આઠ હાડકાની બનેલી છે તે આઠ હાડકાનાં નામ: ૧. પુર:કપાલ, ૧. પશ્ચાત્કપાલ, ૨. પાર્શ્વકપાલ, ૨. કર્ણશંખાસ્થિઓ, ૧. જતૂકાસ્થિ અને ૧. અધર શંખાસ્થિ. આ.માના પહેલાં છ હાડકાંથી સ્પષ્ટ દેખાય છે, જ્યારે છેલ્લાં બે નાક અને મોઢાના ઉપલા ભાગમાં આવેલા હોવ.થી બહારથી જોવાતાં નથી

શિર:સૂળ જુઓ શિર:શૂળ.

શિરા ૧ પું (વહાવૃવહ્) સ્ત્ર.

૨. સ્ત્રી. જ્ઞાનતંતુ; ચિત્તિધરા; ચિત્તાતંતુ; મજ્જાતંતુ

મગજ અથવા મેરુનું જે જનન તંતુના માવાનું બનેલું છે. જે માવામાં જુદા સ્વરૂપ તંતુના બોચા હોય છે. જે તંતુઓને ચિત્તધર, મજ્જાતંતુ કે જ્ઞાનતંતુ કહે છે. ધન્વન્તરિનિઘંટુ-કાઠાગણ

૩. [સ.] સ્ત્રી. ડોકની નાડી; રગ; રક્તવાહિની; નસ; કંડરા; કંડરાવાહિની; શરીરના જુદા જુદા અવયવોમાંથી અશુદ્ધ લોહીને હૃદય તરફ વહી જનારી નળી તેની દીવાલ બહુ જ પાતળી હોય છે તેમની દીવાલો પાતળી અને કોમળ હોય છે. બધી શિરાઓમાં મર્યા ને સહેજ કાળાશ પડતા લાલ રંગનું અશુદ્ધ લોહી વહે છે. શિરાઓમાં અંદરનું તથા વચ્ચેનું પડ બંને અત્યંત પાતળાં હોય છે એટલે શિરાઓ કોમળ હોય છે, તેમજ ખાલી થતાં તાન દીધી પડી જાય છે

શિરાર્શ સ્ત્રી. ચક્ષુ; કુંભે; નાક, શિરોર્દ્ધિ; ઊભા માનુ પાણીનુ એક વાસણ.

શિરાકપાટિકા [સં] સ્ત્રી. શિરાઓની અંદર થોડે થોડે અંતરે રહેલ કપાટિકા. તેના લોહીને હૃદય તરફ જવા દે છે, પરંતુ એથી ઊલટી દિશામાં પાછુ વળતું અટકાવે છે

શિરાકંચુક [સ.] પું. મોટી શિરાઓની આસપાસ, ઢીલા રુધાયુસૂત્રોએ રચેલો ગ્રન્થા જેવો કચુક

શિરાજી ૧. ન. માથા ઉપર પીછાંવાળુ એક ઘરેણું

૨ ન [...રજ્જુ, શિરાજથી આવેલુ

શિરાણ સં શિરે + ન આગીડ; ઉપધાન

શિરાપુરીષ [સં] પું. યકૃતના એરણી માર્ગનો ...

શિરાપ્રકાહ સ] પુ. નસનુ સુજી જવુ તે

શિરાબ્રંશ [સં.] પું. મુદ્દાના ભાગનું બહાર પડવું તે

શિરામણ જ. નાસ્તા., સવારનુ ટાઢું કે ગરમ સહેજસાજ આરોગવાનું ભોજન, સવારનો કલેવો, નિરામણી

૧. વાટકીનું શિરામણ = (૧) રાબગેટલો (૨) રોકનો નિયાલ

૨. રોકે આપી શિરામણ કરવું :- (૧) અજાણે વખતે વખત ગુમાવવો. (૨) બર ટાકણે કામ અટકવું

શિરામણિયો પું. દૂધ, દહીં, છાશ વગેરે નાખવાનું માટીનું વાસણ

શિરામણી જુઓ શિરામણ

શિરારક્ત જ. (વૈદક) અસ્વચ્છ અને પોષણ માટે અયોગ્ય, કાળુ અગર બંભળું, કસનુ ઓછી કરનું અગર શિરાનું રક્ત કાળું અગર બંભળું હોય છે તેને શિરારક્ત કહે છે.

ત્રિ ભો સાહ

શિરાવવું ૧. સ.ક્રિ. નાસ્તો કરવો; શિરામણ કરવું; સવારનુ જમવુ

૨. સ ક્રિ સ્વાદભેર મજાથી જમવુ; આરોગવુ

શિરાવિદ્યા [સ.] સ્ત્રી નસ સંબંધી વિદ્યા.

શિરાવિમોક [સં.] પું. રક્ત ખોલવાનો ધર્મો; છેદન

શિરાવિમોચક [સં.] પું. રક્ત ખોલવાનો ધર્મો કરનાર, છેદક.

શિરિ ૧. પું. તરવાર.

૨. પું. પર્વતિય.

૩. પું. બાણ

૪. ક્રિ વિશેષ

શિરીષ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પુ કામદેવ

૩. ન. અદાર મુખ્ય ઝાડનું એક ઝાડ; સરસડો; સરસ, ઉદુલક્ષ. જેના પાન આમલી જેવા ઝીણાં હોય છે તેને પીળાં ભારીક ફૂલો આવે છે અને મોટી લાંબી સિંગો આવે છે, તેમા ચપટા બી હોય છે. તે ઘણુ જલદી વધે છે મજબૂતીમાં મધ્યમ પણ કદી મરડાતું કે તડકતું નથી તેથી ઘણુ ઉપયોગી છે ગાભાનું કાષ્ઠ ધોરા કીકડિયા રંગનુ અને ઘણુ જ કઠણ હોય છે અને તેના ઉપર સારો ઓપ આવે છે ઇમારતમા બાબલા, લાકડ વગેરે કામ માટે તે વપરાય છે નિરોગથી આરોગ્ય અને ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે

૪. ન. એક પ્રકારની વેદના શામક ઔષધિ

૫. [સ.] ન. એક પ્રકારનુ સુદર ફૂલ

લાયે ઢીંઢા કમળ કળીઓ પુલની ચૂથી કેરો, રાયણ ખારી ખજૂરી મુખવડે નારંગી શ્રી લાભ પુગે, અળાઉમાં કુષ્માંડ નવાં આણ શિરીષ કાને, ને સેરે છે તુજથી બીલતા જબ્બા કહ્યા બીજોને

એમમૂત

શિરીષપુષ્પ [સં.] ન સરસડાનુ ફૂલ

શિરીષી ૧. પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામે એક પુત્ર.

૨. ન. એક જાતનું ઝાડ અને તેનું લાકડું. તેના લાકડાનો ઉપયોગ ગુજરાતમાં થતો નથી. તે વિનાશકારક છે, એવો વહેમ રખાય છે. કળ વસ્તુ કરવામાં આનો ઉપયોગ કરવામાં દોષ નથી ક્રોમ પણ સ્થિર કામમાં તે લાકડું વાપરવું નહિ. પલંગમાં આનું લાકડું વપરાય છે શિરીષનો પલંગ કર્યે સુખ થાય છે

શિરોઉ સ્ત્રી. ઊભા ઘોનું પાણીનુ એક વાસણ; શિરાઈ

શિરોગણ્ડના સ્ત્રી. માથાદીઠ મહેનતી.

શિરોગૃહ ૧. [સ] ન અગાશી

૨. ન. મહેલનું સૌથી ઉપરનું ઘર

શિરોગ્રહ પું. વાયુ રોગના ૮૦ માંહેનો એક પ્રકાર

શિરોગ્રીવપૃષ્ઠિકા [સં] સ્ત્રી માથા અને ડોકની પછવાડે રહેલી એ નામની એક પેશી. તે પાતળા મૂળભાગવાળી અને મોટા માથાવાળી છે. આ પેશી સાતમી ગ્રીવાકશેરુકા તથા ઉપલી છ પૃષ્ઠકશેરુકાઓનાં બાહુ પ્રવર્ધનો પરથી, તેમજ ચોથી, પાંચમી તથા છઠ્ઠી ગ્રીવાકશેરુકાઓનાં સંધિ પ્રવર્ધનો પરથી ઉદ્ભવ થઈ ને, પશ્ચિમકપાલની તોરણિકારે આગળની

વચ્ચેના પ્રદેશમા આવેલી છે. આ પેશી મગજને પાછળથી બાજુ તરફ ખેંચે છે તથા મજ્જા ... ૬૨૫ ૬

શિરોમીજ વિવર્તિની [સ ... સ્ત્રી. એ નામની ઉત્તરા અને અપરા એ બે જાડી અને જરાવદાર પેશીઓ તે ડોક અને માથાની પાછલી બાજુ પર આવેલી છે. તેઓ અનુપ્રસ્થના જેવી થડકો ડોકી, પરસ્પર મળી ગયેલી છે. આમાની ઉત્તરા અથવા ઊંચ આવેલી પેશી, સાતમી ગ્રીવ-કરોટિકા તથા બધુ ચાર પૃષ્ઠકગ્રીવિકાઓના ઠઠકા પરથી ઉત્પન્ન થઈને, ઉપર જઈને, કર્ણાસ્થિના ગોસ્તન પ્રવર્હન પર તથા પશ્ચિમકપાલની ઉત્તર તોરણિકા રેખા પર આવેલી છે અપર, અથવા નીચ રહેલી પ્રથમ ત્રીજીથી છઠ્ઠી સુધીની પૃષ્ઠકગ્રીવિકાઓના ... પરથી ઉત્પન્ન થઈ, ઉપર જઈ, એ બધુ ઉપરની ગ્રીવ-કરોટિકાઓનાં પ્રવર્હનોમાં લાગેલી છે આ બને પેશીઓ સામી બાજુની એ જ નામની પેશીઓના સમયમા આવે છે ... જ બધુ પરની બને પેશીઓ મળીને, ડોક તથા મસ્તક ... બાજુ પર મરડે છે બંને બાજુની પેશીઓ સાથે મળીને એટલે કે કુલ ચારે પેશીઓ મળીને મસ્તકને પાછળ બાજુ નમવ ખેંચે છે

શિરોમોત્રસંધિ [સં.] સ્ત્રી માથુ તથ. પૃષ્ઠવશ વચ્ચેનો સાધ. આ સંધિમાં, માથાનુ પશ્ચિમકપાલ-સ્થિ પૃષ્ઠવશની ચૂડાવલયા નામની સૌથી ઉપલી અથવા પહેલી ગ્રીવાકરોટિકા સાથે જોડાય છે; અર્થાત્ પશ્ચિમકપાલ તથા ચૂડાવલયા અને પાછા દંતચૂડા નામની બીજી ગ્રીવાકરોટિકા સાથે જોડાય છે એટલે આ સંધિનાં મુખ્યત્વે બધુ ભાગ પાડવામાં આવેલા છે: (૧) પશ્ચિમકપાલ તથા ચૂડાવલયાનો સંધિ, (૨) ચૂડાવલયા તથા દંતચૂડાનો સધિ અને (૩) પશ્ચિમકપાલ તથા દંતચૂડા વચ્ચેનો સંધિ. આ બધુ સધિઓમા આવતા સ્નાયુ ઊપરાંત ગ્રીવ-ઘર નામનો એક મોટો સ્નાયુ રજ્જુ છે તે પણ આ સધિને મજબૂત ટેકો આપે છે

શિરોજ વું. કેશ

શિરોદાન ન માથાનું દાન આપવું તે.

શિરોધર જુઓ શિરોધરા

શિરોધરા [સ] સ્ત્રી. ડોક; ગરદન

શિરોધાન ન. ઉપધાન; ઓશીકું; તકિયો.

શિરોધાર્ય [સ. શિરસ્ + ધૃ] વિ માન્ય; માથે ચડાવવા લાયક; સ્વીકારવા યોગ્ય.

શિરોધિ [સ] સ્ત્રી. ડોક.

શિરોબિંદુ ૧ [સ શિરસ (માથું) + બિંદુ (ટપકું)] ન ઊંચામા ઊંચુ બિંદુ કે સ્થાન; ટોચ; છેવટની અણી; અગ્ર; ઉચ્ચાગ્ર; શિખર

૨. ન. (ગણિત) કોઈ પણ આકૃતિનુ, તળિયાની લીટીથી દૂર તેની સામે આવી રહેલુ બિંદુ.

૩. ન. (ગણિત) જ્યાં બે લીટીઓ મળીને ખૂણો થાય છે તે બિંદુ, ત્રિકોણના માથાનું બિંદુ; ' વર્ટેક્સ '.

૪ ન તાગવુ

શિરોબિભાગ ... પુ ટોચ, ટોચ કે માથાનો ભાગ

શિરોબ્રાહ્મ [સં] પુ. ચકરીનો રોગ

શિરોમજ્જ ૧. પુ. માથાનો મજ્જિ

૨. પુ. સર્પનો મણિ.

૩. વિ શ્રેષ્ઠ; ઉત્તમ

... સવ **શિરોમજ્જ** લાગ.

... ક્ષમા કરો બાહરો અપરાધ. પ્રેમાનંદ

શિરોમણિ ૧. [સં. શિરસ્ (માથ) + મણિ] પું. અગ્રેસર; આગેવાન

૨. પુ. કપાળ

૩ પુ. ચૂડામણિ

૪. પુ માથાના રાજપ્રકાર રૂપ કલગીમાનુ રત્ન; મુગટમણિ; મસ્તકનું રત્ન.

૫ પું સરદાર; નાયક.

૬. વિ. મુખ્ય; શ્રેષ્ઠ

૭. વિ સમૂહ કે વર્ગમાં ઊંચામાં ઊંચું હોય એવુ.

શિરોમણી જુઓ શિરોમણિ.

શિરોમાન્ય ૧. [સં. શિરસ્ (માથું) + માન્ય (સ્વીકાર્ય)] વિ. માથે ચડાવવા યોગ્ય; સન્માનને યોગ્ય; માનનીય; શિરસાવંદ્ય; શિરોધાર્ય.

૨. વિ. સ્વીકાર્ય; માન્ય કરવા યોગ્ય; સ્વીકારવા લાયક.

શિરોમાન્ય કરવું = (૧) માથે ચડાવવું. (૨) સ્વીકારવું.

શિરોમુંડન ન ન માથુ મુડાવવુ તે; માથાના વાળ કાઢી નખાવવા તે.

શિરોરુહ ૧. [સં. શિરોરુહ્ (મસ્તકમાં ઊગતું)] પું. વાળ; કેશ.

કેશ શિરોરુહ ચિકુર કચ કુંતલ અલકની લતા; અહ ચોરાણો મુખ રૂપી ચદની ઘટ કપાલ.

વિશ્વનાથપ્રસાદ

૨ વિ. મસ્તકમાં ઊગતું.

શિરોરોગ [સ.] પું. માથાનો રોગ; માથાનો દુખાવો. તેને મસ્તકશૂળ કહે છે. તેના અગિયાર પ્રકાર છે: વાત, પિત્ત, કફ, સન્નિપાત, રક્ત, ક્ષય અને કૃમિ વડે થતો તથા સૂર્યાવર્ત, અનંતવાત, અર્ધવિભેદક અને શખક

શિરોલિખિત [સ.] વિ. ઉપર લખેલ, મથાળે લખેલ.

... બધુ દોષયુક્ત રોગોની જ્ઞા **શિરોલિખિત** સર્વ ચિહ્નોએ સહિત તથા આ સિવાય પણ અનેક વિકારયુક્ત હોય છે. ધોવિવાભણિ

શિરોવંદ્ય વિ માથુ નમાવી નમસ્કાર કરવા જેવુ

શિરોવિરેચન ૧ [સં] ન. છીંક લાવનાર દવાઓ

૨ ન માથામાંથી છીંકો લાવી ભગાડ મારવો ત

શિરોવિરેચન ઔષધોમા અપામાર્ગ ની, મરી, વાવડિંગ, પીપર, અરજવાના બી, અજમો, નાક બંધણી, વજ વગેરે ઉત્તમ છે

વિકાળદર્શક ઇર્ષ્ણ

શિરોવૃત [સં.] ન. તીખાં; મરી તીખાંનાં છોડમાં તીખાં ડાંડલીના શિર એટલે ટોચ ઉપર લુમખા થાય છે અને તે માથે ચોપડાય છે માટે તેને શિરોવૃત કહે છે.

શિરોવેદના [સં. શિરસ્ + વેદના (દુઃખ)] સ્ત્રી. માથાની પીડા કે દુઃખ; માથું દુખવું તે; માથાનો દુખાવો.

શિરોવેષ્ટ જુઓ શિરોવેષ્ટન.

શિરોવેષ્ટન [સં.] ન. માથું ઢાંકવા માટે પાઘડી કે ટોપી; માથાનો પહેરવેશ.

પામાલ્ય ચોળો પઘ પડી **શિરોવેષ્ટન** ઘડાયે છે તે પાયમય છે. ઘર્ઘમઠ

શિરોવ્રત ૧. [સં.] ન. અગ્નિ ઇત્યાદિ છ મત્રો બોલીને શુદ્ધ ઘરમથી સઘળાં અંગોમાં ઉપયોજન કરવા રૂપ વ્રત; મસ્તક ઉપર અગ્નિને ધારણ કરવા રૂપ અથર્વવેદ પ્રસિદ્ધ એક વ્રત

૨. ન. પાશુપત વ્રત: ઉપનિષદ ભણનારના મુડનનું વ્રત.

શિરોવ્રતનો મહિમા પૂર્વજોના પૂર્વજોએ સ્વીકારેલો છે. ગાજપતી ગાજવત

શિરોહી [સં. શ્રીગેહિણી–સીરોહી–શિરોહી] સ્ત્રી. તલવારની એક જાત. તે શિરોહીમાં બનતી

શિર્ષ ન. એક જાતનું કૂલ.

શિર્ષનું વૃક્ષ વૃક્ષરાજ કહેવાય છે. તેનું લાકડું સખત હોવાથી ઇમારતી કામમાં વપરાય છે.

આઈ ને અકબરી

શિર્ષા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શીર્ષા; શિપ્રા; શીર્ષરૂપક. તે

ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેને શીર્ષા છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે મગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

શિલા ૧. [સં] પું. પથ્થર.

પ્રાણ અરમ પ્રસ્તર ઉપલ શિલા પાષાન અતિસાર, પાણ પાણી પર તરે જેના નામ આધાર.
ત્રિભોવનકવિકૃત

૨. [સં.] ન. ખેતરનો માટિક ઢાણા બાંધ પ્રમા પછી પડી રહેલા ઢાણા વીણ્યા તે; જે મતરમાંથી ઊપડી ગયુ હોય તેમાંથી આસપાસ પડેલા ઢાણા વીણી લાવવા રૂપ એક અાકૃતિકા

શિલક [અ. સલખ (મહિનાનો છેલ્લો દિવસ)] સ્ત્રી. ખરચ જતા રહેતી બાકી રકમ; જખૂરા; અવશેષ; સિલક; રોકડ રકમ; પુરાત.

શિલગર્ભજ [સં] પું. શિલાજિત

શિલગર્ભજા [સં] સ્ત્રી. પાષાણભેદ વૃક્ષ.

શિલચરી સ્ત્રી. કોનોમાં મુખ્ય ગણાતી સોળ માંહેની એક સતી.

શિલંગચ્છ ૧. પું. એ નામનો એક ઉત્સવ. તેમાં મહારાષ્ટ્રમાં સોવાણિયાઓ અને બીજા વર્ગના લોકો ફાલ્ગિનમાસ ઉપર એમ.ડેલ. કૃષ્ણની પૂજા અાશો શુદ્ધ પ્રતિપદાથી દશમી સુધી કરે છે.

૨ પું. પોતાના રાજ્યની હદ બહોળીને પર રાજ્યની હદમાં દાખલ થવા ચઢાઈ કરવી તે; સીમોલ્લંઘન

શિલા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે

જ ગા ગ શિલા. રત્નાકર

૨. [સ.] સ્ત્રી. ઉંબરો

૩. સ્ત્રી. ખડક

૪. સ્ત્રી. મણશીલ

૫. સ્ત્રી બાંધ્યો ને પાતળો કઠણ પત્થર; પથ્થરનુ પાટિયું; પથ્થરની છાટ; પ્રસ્તરની જાતિનો દરેક પૃથ્વી ઉપર મળી આવતી શિલાઓના બે મુખ્ય વિભાગ પાડી શકાય એક તો પ્રથમ પ્રવાહી અવસ્થામાંથી સજીન બનેલી સ્ફટિક શિલાઓ જેમકે, ગ્રેનાઇટ આ શિલાઓ ઘણી પ્રાચીન હોય છે કઠણ અને વરસાદની અસરથી તે ધોવાઈ જાય છે અને નદી નાળાં વડે રેતી અને કાદવના રૂપમા બદલાઈને આખરે થર બનીને સ્લેટ, રેતપત્થર વગેરે જાતના પાણીની મદદથી બનેલી બીજા વિભાગની શિલાઓ થાય છે પહેલી જાતની શિલાઓ બંધાતી વખતે તેમનામાં હીરાના પારદર્શક સ્ફાટિક આવે છે અને તે શિલાઓ ધોવાઈ જવાથી આ હીરાઓ છૂટા પાડે છે.

મૂચે ગોડચે અમલની બહા કસ્તૂરીથી શિલાઓ, એ મગને મૂળ વિરિ જાણ, વિમણી જોઈ ધોળો, મેસી તેને સિખર સમવા પંથનો થાય, ઘેરો સોમા, નદી' પથર સિખનો પક્ષ બાકી ઉજળે
પ્રેમદત્ત

૬. સ્ત્રી સ્તનનું મસ્તક.

શિલાકુક્કુટ [સં.] ન. એ નામનું એક પક્ષી આ પક્ષી તેના સૌંદર્યને માટે બહુ અભિમાની છે. તે ખુલ્લી જગ્યામાં પથ્થરા ઉપર ઊભા રહી નાચ કરે છે

શિલાકુટક ૧. પું. એક જાતનો વાનપ્રસ્થ

૨. [સ.] ન. પથ્થર ખાંડવાનું ઢાકણું.

શિલાકુલ્યા [સં.] સ્ત્રી. પથ્થરની બાંધેલી નહેર; 'સ્ટોન ફેનાલ'.

શિલાખંડ [સં.] પું. પથ્થરનો ટુકડો: શિલાના કટકે કટકા

શિલાચિત્ર [સં] ન. પથ્થર ઉપરની કારીગીરી; પથ્થર ઉપરની કોતરણી

આવી સ્વરૂપ વગેરેના પ્રાચીન શિલાચિત્રો એનાં બધા બે વખતે બૌદ્ધ ધર્મનાં તાર્દશ્યોના કદ થઈ ગઈ બહાર છે. ગુજરાતનાં તીર્થસ્થાનો

શિલાચૂર્ણ [સં.] ન. ઈંટનો ભુક્કો.

શિલાજપ [સં શિલા + જા. અરપીદન (દબાવવુ)] સ્ત્રી. પથ્થર ઉપર અવળા અક્ષર પાડી તે ઉપરથી બીજા કાગળ ઉપર છાપ લેવી તે; શિલા ઉપર કોતરીને કરેલું છાપકામ, પથ્થરના બ્લોકથી બનેલી છાપ; 'લિથોગ્રાફ'.

શિલાજતી [સં.] સ્ત્રી શિલારૂપી જાતી, શિલા જેવી કઠોર અને વિશાળ જાતી

શિલાજાપિત વિ. પથ્થરથી છાપેલુ

એને આપણે ગેયનકળા કહી શકીએ એવું સાહિત્ય પહેલવાનું શિલાજાપિત એક પુસ્તક અને પ્રાપ્ત થયું છે
કુ. ગેયનકળા

શિલાજ ૧. પું. ઉત્તમ ઓટલે કાર્બોનેટ અને કાર્બન ઓક્સાઇડ વાયુના મિશ્રણવાળો પ્રવાહી તથા સળગે તેવો રસાયણિક પદાર્થ; 'એન્થ્રાસીન'; તે મેલ કાપવા માટે સાબુ બનાવવામાં વપરાય છે. તેનો ધુમાડો સળગી ઊઠે એવો હોય છે. કપડાં ઉપરના કાળા કાદવામા તે વપરાય છે

૨. પું ગોળુ.

૩. પું. શિલાજિત.

૪. વિ. પથ્થરથી ઉત્પન્ન બનાર.

શિલાજતુ ૧. ન. ગેરુ

૨ ન. રાળ

૩. ન. શિલાજિત

શિલાજિત [સં. શિલા (પથ્થર) + જિ (જીતવુ)] ન પથ્થરનો રસ; પથ્થરમાંથી ઝરતી ઔષધિ કુદરતનો રસ મનાતી એક પૌષ્ટિક ઔષધિ; એક જાતનો રસ. એ પર્વતનો મદ કહેવાય છે. પર્વત ઉપર મોટી મોટી શિલાઓ હોય છે. ગ્રીષ્મ ઋતુમાં તે તપ વડે ઘણી તપે છે અને તેનો રસ ઝરી એકઠો થાય છે, તેને શિલાજિત કહે છે. તે બે પ્રકારનુ હોય છે: (૧) પર્વતોત્પન્ન અને (૨) ખારી ભૂમિમા માટી અને પાણીના સયોગથી ઉત્પન્ન થતુ આ ઉપરાંત તેના બીજા ચાર ભેદ છે: (૧) સૌવર્ણ શિલાજિત, (૨) રૌપ્ય શિલાજિત, (૩) તામ્ર શિલાજિત અને (૪) લૌહ શિલજિત. તેને શિલાજતુ, અદ્રિજતુ, ગૈરેય, શૈલનિર્યાસ, અશ્મજ, ગિરિજ, શૈલધાતુજ, શિલાજ પણ કહે છે દરેક જાતનું શિલાજિત કડવુ તીખુ, ઉષ્ણવીર્ય, કફપિત્તને સુકાવનાર અને મળને છેદનાર હોય છે. કાળુ કે નીલું, સ્નિગ્ધ, કાકરી વગરનુ અને ગોમૂત્રના જેવી ગંધવાળું હોય તે શિલાજિત એક ઔષધ છે. શિલાજિત મેદ, કફ રોગનુ હોય છે અને તની અંદર જાણે કાળા રંગની ઝાર પડતી જણાય છે. તેને ઘસતા ઉપર મુકરી ધુમાડો નીકળતો નથી તેની સુગંધ ગોમૂત્રના જેવી છે. પાણીમાં નાખવાથી તની રોડો ઘૂટે છે. શિલાજિત મૂત્રાશયને માટે અતિપ્રશસ્ત છે. તે પેશાબની બળતરા શાંત કરે છે. ગનવા, તણખીઓ પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી વગેરે દર્દો ઉપર શિલાજિત અપાય છે. વીર્યસ્રાવ, ક્રમકોવળી, કળતર, કટીશૂળ, શરીરમાં નબળાઈ રહેવી, નપુંસકત્વ વગેરે દરદમાં ક્ષીણતને અને મરદાઈને માટે લોકો દૂધની સાથે શિલાજિત પીએ છે પ્રદર, ઋતુદોષ તથા બીજા દૂષિત થયેલ સ્ત્રીઓનું શિલાજિત સોધન કરે છે તેથી જઠરાગ્નિ પ્રબળ થાય છે. શ્વાસ, ઉધરસ, ક્ષય તથા શ્વાસના રોગોમાં તેનો ઉપયોગ ઘણો થાય છે. તે મગજને ક્ષીણતા આપનાર છે. જુદા જુદા વાતરોગ ઉપર પણ શિલાજિત અપાય છે

શિલાજિલ ૧ પું એ નામનો એક પદાર્થ તે કોલસામાંથી નીકળેલ કારમરમાંથી બનેલો છે

૨. પું. કોડીઓ લોબાન; લોબાન.

શિલાટ પું સલાટ; પથ્થર ઘડનાર

શિલાટ શબ્દ અપભ્રંશ થયો હોય એમ જણાય છે. પણ એ શબ્દ 'શિલા ઘટ' હોવો સંભવે છે. 'શિલા–પત્થર', 'ઘાટ–ઘડ' થાય છે, એમથી અમારા ઘ નો ટ થાય છે. એટલે શિલાઘટનો શિલાટ થઈ શિલાટ અને ઉપર સલાટ જોવાયો.
રા.વ. પાઠક

શિલાદિકા જી રાતી સાટોડી

શિલાનક્ષત્ર , સ.] ન. પથ્થરનું કોતરકામ

શિલાનક્ષ [સ. , ન. પથ્થરનો ટુકડો; પથ્થરનો કકડો.

શિલાતેલ જુઓ શિલાતૈલ.

શિલા તૈલ ન ખડક તેલ; પાંસાણ તેલ; ' પેન્ગીન '

શિલાત્મક ૧. ન. લોટું.

૨. [સ] ન. શિલાજિત

શિલાદિમકા [સં] સ્ત્રી. સોનુ વગેરે ગાળવાની કુલડી, મૂશ.

શિલાદિત્ય પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એ નામનો એક મહાન પ્રતાપી રાજા

શિલાદુ [સ પુ શિલાજિત.

શિલાધાતુ ૧. પું ખડી; ચાક

૨. પું પીળા રંગનો એક ગેરુ

શિલાપિરોહણ [સ.] ન. સભામાં ચોરીના ફેર, કરતી વખતે ક્ષેત્રપાળ કરી સ્થાપેલા પથ્થરને પગ અડાડી દૂરાતો ફેરો. આ ક્રિયા થી સ્ત્રી પતિના સુખદુઃખમા પથ્થર જેવી મક્કમ અને એમ સૂચવાય છે.

શિલાન્યાસ [સ.] પું. આતમૂહર્ત.

શિલાપાજ સ્ત્રી પથ્થરનો પૂલ.

શિલાપાટ સ્ત્રી પથ્થરની સાદી; પાટ.

શિલાપુત્ર [સ] પું. ઘાટવાનો નાનો પથ્થર.

શિલાપુત્રક જુઓ શિલાપુત્ર.

શિલાપુષ્પ [સં.] ન. શિલાજિત; શિલારસ; ઘગડકૂમ; પથ્થરફૂલ.

શિલાપ્રેસ ન શિલા ઉપર લખીને છાપવું તે.

સંવત ૧૯૦૨ કે ૦૩ની સાલમાં અમદાવાદમાં પહેલવહેલું શિલાપ્રેસ બળ્યાઈ અમીચંદે આવ્યું હતું. ખુંખઈ જઈને છાપવાનું તે શીખી આવ્યા હતા અને દેહરાકમા છાપખાનું સરવામા મદદ કરી. કવીશ્વર દલપતરામ

શિલાફલક [સ.] ન. પથ્થરની મોટી પાટી.

પરતુ અશોકનો વેરાવળનો બીજો લેખ **શિલાફલકમા** કોતરાવ્યા છે. અશોકચરિત્ર

શિલાભેદ ૧. [સ પુ. પથ્થર તોડવાનું ટાકણું.

૨ પુ પા.ડનૂનદ વૃક્ષ.

શિલામય [સં.] વિ. પથ્થરનું, પથ્થરમય

શિલામુગ [સ.] પુ. પથ્થરની નાની મોટી વસ્તુઓ બનાવે પ્રથમ બની તે વસ્તુ.

જૂનામાં જૂની નિશાનીઓમાં **શિલામુગનાં** પાણાના હથિયારો મળ્યા છે. પુરાતત્વ

શિલામુષ પું. (પુરાણ) વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર

શિલારસ ૧ [સ.] પુ એક જાતનું ઔષધોપયોગી વૃક્ષ; સિલ્હક; તુરુષ્ક. આ ઝાડ હિમાલયના મધ્યભાગમાં તેમજ હિંદુદ્વીપ સમૂહમાં થાય છે આ ઝાડમાંથી સુગંધીદાર રાળ નીકળે છે. રાળ ઉત્તેજક, કામોત્તેજક ; અને મળ તથા ચામડીના દરદોમાં ઉપયોગ છે. બચ્ચાને પેટના દુખાવામાં પેટ ઉપર રાળ ચોળવામાં આવે છે. તે પીયે વધારે છે. શરીર ઉપર ચટપટી અવયવો સુંવાળા અને શક્તિવાળા થાય છે. તે જંતુઘ્ન છે. તે દુર્ગંધતા દૂર કરે છે.

૨ પું. શિલાજિત; શૈલારસ; લેપચૂપ વગેરેના કામમા આવતો એક જાતનો ગુંદર

શિલારસ પરદેશી પુ એક પ્રકારનું ઔષધોપયોગી વૃક્ષ. આ ઝાડ ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે ને વધારે ઊંચું થાય છે ને વધારે ઘેરાવો છે એશિયા આફ્રિકાના અગ્નિખૂણા નાં તેનું જંગલો છે. તેની રાળ પ્રમેહ ને પ્રદરમાં ઉપયોગી છે. તેનો મલમ બનાવી ચામડીના વિકારો ઉપર ચોપડાય છે. ચરબીમાં ગાલવી સુવાસ માટે યુરોપ તથા અમેરિકાના લોકો શરીરે ચોપડે છે.

શિલારોપણ [સં શિલા + આરોપણ] ન. મકાન બાંધવામાં પ્રથમ તેનો પાયાનો પથ્થર મૂકવો તે કે તેનો વિધિ.

શિલાર્ચા સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલી ચોસઠ માહેની એક કળા

શિલાલય [સં] પુ. પર્વત.

સ્વયં જેની શિલાલય સંજ્ઞાને;
ભાગ્યા રત્નાકરમાં વહેને. કાન્તિવેણી

શિલાલિ પું. એ નામે નટસૂત્રોનો રચનાર એક કવિ.

આ ઉપરથી સમજાય છે કે, **શિલાલિ** અને કૃશાશ્વ એ બંને નટસૂત્રોના રચનારાઓ હતા. પુરાતત્વ

શિલાલેખ [સં શિલા + લેખ (લખાણ)] પુ. પથ્થર ઉપર કોતરેલું લખાણ, પ્રશસ્તિ વગેરે; અસલી લેખ; પથ્થર ઉપર કોતરેલો લેખ. બૌદ્ધધર્મનો ઉપદેશ કરવાને માટે અશોક રાજ્યમાં ઠેર ઠેર પથ્થરના થંભો અને પહાડના ખડક પર ઉપદેશો કોતરાવ્યા. આવો એક શિલાલેખ ગિરનાર પર્વત ઉપર મોજૂદ છે તમા અશોક રાજા પ્રજાને આજ્ઞા કરે છે કે: દિવસ કરવો નહિ, દરેક જીવ ઉપર દયા રાખવી, સર્વ ધર્મને સરખા ગણવો, ઊંચ નીચના ભેદ કાઢી નાખો, કોઇની પણ નિંદા કરવી નહિ, માબાપ ને વડીલની આજ્ઞા પાળવી, બ્રાહ્મણો અને શ્રમણોને માન આપવું, ઉદાર બનવું, પરોપકાર કરવો, સદાચારી બનવું આ લેખ પ્રાકૃતભાષામા છે. મુસલમાન પગના ધક્કા. જૂના શિલાલેખો મુસબંધના પ્રિન્સ ઓફ વેલ્સ તાજના સમારંભના સંભારણા, કે હિંદુસ્તાનના. અન્ય સમારંભોમાં આવા શિલાલેખો બાંધવા જ હશે. અરબસ્તાન, ઈરાન અને પશ્ચિમ હિંદમાંથી તે મળી આવેલા છે તેના. ઉપરનો લાટ ઈ સ. ૬૩ થી ઈ સ. ના ૧૮ મા સૈકા સુધીનો છે. આ શિલાલેખો કુફિક, નરખા અને નસ્તાલિક લિપિમા લખાયેલા છે. આખા હિંદમાં કુફિક શિલાલેખોની સંખ્યા બાકીના બધા લેખો કરતાં વધારે હશે, એટલે મુસબંધના સમારંભમાં રચેલા કુફિક લિપિના બધા શિલાલેખ તે લિપિના અભ્યાસ માટે સારા સાધન પૂરું પાડે છે. નરખા લિપિમા, અરબી અને ફારસી લિપિનું મિશ્રણ છે આ લિપિના શિલાલેખ પણ બહુ જ સુંદર અને આકર્ષક છે. ગુજરાતમાં રાજ્ય કરી ગયેલા મુસલમાન બાદશાહોએ નરખા લિપિનો સારો વિકાસ કર્યો હતો નસ્તાલિક લિપિ પણ બહુ જ સુંદર છે અને મોગલ બાદશાહોએ તેની સર્વોત્તમ ખિલવણી કરી હતી

શિલાલેખક [સં. પું. પથ્થર ઉપર કોતરકામ કરનાર માણસ

શિલાલેખનકળા સ્ત્રી. શિલાછાપ; શિલાછાપ વિદ્યા; 'લિથોગ્રાફી'

શિલાલેખપટ્ટ [સં] પું. જેના ઉપર લેખ કોતરવામાં આવ્યો હોય તેવો પથ્થર.

શિલાલેખવિદ્યા [સં.] સ્ત્રી. પથ્થર ઉપર લખવાની કળા

શિલાવટ પું. કડિયો; સલાટ.

તેની ત્રીજી પેઢીએ ખેતા નામે **શિલાવટ** થયા રાજતરંગિણી

શિલાવલ્ક સ્ત્રી. પાષાણભેદ નામની વનસ્પતિની એક જાત; વનસ્પતિનો એક વર્ગ તે ઔષધોપયોગી છે.

શિલાવલ્ક વનસ્પતિ એ વનસ્પતિઓ ઝાડ સાથ રહીને એક એની મદદથી બનેલી સંયુક્ત વનસ્પતિ છે. ગુજ જ્ઞાનકોષ

શિલાવિદ્યા , સ.] સ્ત્રી પથ્થર અથવા શિલા સંબંધી વિદ્યા. પથ્થર નિરૂપણશાસ્ત્ર.

શિલાવૃષ્ટિ ૧ સ્ત્રી કરાનો વરસાદ, કરા પડવા તે.

૨. [સ] સ્ત્રી. પથ્થરનો વરસાદ

શિલાવેત્તા ' સ ' પું પથ્થર નિરૂપણશાસ્ત્રવેત્તા.

શિલાશય્યા [સ] સ્ત્રી પથ્થરની કે શિલાની પથારી.
એક કલામાં પ્રવ.એક્ષ. સિંહ કમોથકી રાણો સંધ શિલાશય્યાએ પડ્યો છે. નલાખ્યાન

શિલાશાસન [સ] ન પથ્થર ઉપર કોતરેલો લેખ

શિલાશિલ્પ [સ , ન શિલ્પ શાસ્ત્રોની ૧,૧૦૭ માંહેની એક જાત.

શિલાસન ૧ ન શિલાજિત.
૨ [સ] ન શિલાની બેઠક; પથ્થરની બેઠક; પથ્થરનું આસન.

શિલાસાર [સ] ન. લોટુ.

શિલાસેતુ ૧. [સ.] પુ. પથ્થરનું નિશાન; સીમારેખા
૨ પું. પથ્થરનો પુલ.
વિશાલ જલધિજલે શિલાસેતુને આરંભ. નાનાલાલ

શિલાસ્થલિ પું. (પુરાણ) અંગિરા કુળનો એક ઋષિ.

શિલાસ્થંભ પું. પથ્થરનો થાંભલો.

શિલાસ્ફટિક સ ' પુ ગ્રામ્યમણિ, કોરમ પથ્થર

શિલિ ૧. પું. ભોજપત્રનું ઝાડ.
૨. [સં.] સ્ત્રી. ઊભરી; ઘરનાં બારણાની નીચેનું લાકડું

શિલિમુખ ૧ [સ ' પુ ભમરો
મધુકર મધુલિટ્ મધુપ અલિ અલિનિ શિલિમુખ. ભૃંગ ચંચરીક રોલમ્બ ષટ્પિલાલય ષારંગ. પિંગળપ્રકાશ
૨. સ્ત્રી. મધમાખી
૩. ન. બાણ
અગ્ર લોમર અજિબાલ બાણના વિશિષ્ટ શિલિમુખ. બાન, કનબાગેલ બારાચ ઇંદુ પત્રી લોકન પ્રાન. પિંગળપ્રકાશ
૪ ન યુદ્ધ; લડાઈ.
૫. વિ. જડ; બેવકૂફ.

શિલિંગ [અ] પુ એક અંગ્રેજી સિક્કો, બ્રિટિશ રૂપાનો સિક્કો તેની કીમત ૧૨ પેન્સ એટલે બારેક આના જેટલી છે અને પૌંડનો ૨૦ મો ભાગ છે. હેનરી સાતમાના વખતથી ચાલુ છે. એડવર્ડના વખતમાં આ નામનો સિક્કો હતો

શિલી ૧. સ્ત્રી. છત્રાકપુષ્પ.
૨. સ્ત્રી. જળચર પ્રાણીની માદા.
૩. સ્ત્રી તીર
૪. સ્ત્રી. દેડકી
૫. સ્ત્રી સ્તંભનું મસ્તક

શિલીન પુ (પુરાણ) જિત્વ. ઋષિનો પિતા

શિલીભૂત [સ.] વિ થીજી ગયેલું, જામી ગયેલું.

શિલીમુખોચ્ચૂંબિત પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, નગણ, જગણ, તગણ અને ગુરુ મળી ઓગણીસ અક્ષર હોય છે
મા સા જ ન જ તા ગ અમ્બુ.
ચરણ શિલીમુખોચ્ચૂંબિતે. રણપિંગળ

શિલીંધ્ર ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું છપ્પારતી કામમાં વપરાતું નથી.

શિલીંધ્રિ ૧ [સં.] ન. આકાશમાંથી પડતા બરફના કરા
૨. ન. કેળાનું ફૂલ.
૩. ન. સિલાડીનો ઢોળ; કૃતરાનો ક્ષાર; ચૂનખ; સડતાં લાકડામાંથી ફૂટી નીકળતી એક જાતની વનસ્પતિ; ઉકરડા વગેરેમાં ચોમાસે ફૂટી નીકળતી છત્ર જેવી પોળી પોચી વનસ્પતિ.

શિલેખાનું ૧. ન. તોપખાનું.
૨. [સં શિલી (તીર) + ખાના (ઘર)] ન હથિયારો ભરી રાખવા માટેનું મકાન; સંભારકોર.

શિલેદાર [સ શિલી (તીર) + દાર (વાળું)] પુ. સંસ્કૃતમાં યોદ્ધો; હથિયારબંધ સવાર, હથિયારથી સજ્જ થયેલો સિપાઈ; સરદાર, લશ્કરી અમલદાર

શિલેદારી સ્ત્રી સિપાઈગીરી, શિલેદારનું કામ કે પદ

શિલેપોસ્ત વિ હથિયારબંધ

શિલોચ્ચય ૧. [સં] પું. ખડક
૨. પું. પર્વત.
અગ્ર નમ ચૂતવૃક્ષ ભૂત હરી સિખરી ગુરુ હોઈ; શૈલ શિલોચ્ચય મેરુ હરિ અચલ અદ્રિ તે સોઈ. પિંગળપ્રકાશ

શિલોત્થ ૧ [સં] ન શિલાજિત
૨ વિ પથ્થરથી ઉત્પન્ન થનાર

શિલોત્પત્તિશાસ્ત્ર [સ] ન પથ્થર ઉત્પત્તિ સંબંધી જ્ઞાન.

શિલોદ્ભવ [સ પું. શિલાજિત; શિલારસ.

શિલોંચ્છ પુ. એ નામના એક ઋષિ.

શિલોંછ [સં] ન ખળી ખેતર વગેરેમાં પડેલા કણ વીણી લેવા તે. ખેતરમાં પડેલાંને ખેતરના માલિકે જતાં કરેલાં ડાંખના કણસલાં વીણી લાવવાં તે શિલ અને બજારમાં લેવડદેવડ કરતાં પડી ગયેલાને દુકાનના માલિકે જતા કરેલા દાણા વીણી લાવવા તે ઉંછ કહેવાય છે.

શિલોંછવૃત્તિ સ્ત્રી તિલોંછ વડે આજીવિકા ચલાવવી તે

શિલોંછવૃત્તિક સ્ત્રી , વિ (ન્યૂ ગુ) શિલોંછવૃત્તિ ઉપર આજીવિકા ચલાવનાર.
પ્રથમ કરી નહીં પાછા વહ્યા નહીં ર વારનું માન; મુદ્દલ બાકીનું શિલોંછવૃત્તિક પછઈ ન મિલઈ બાન. પ્રાચીન કાવ્ય

શિલોંછવૃત્તિધારી ૧ [સં.] પું ઋષિ; મુનિ; તપસ્વી
૨. વિ શિલોંછવૃત્તિ ધારણ કરનાર

શિલ્પ ૧. પું એ નામનો એક પ્રકારનો આર્ય
૨. ન. કલાભવન; કારખાનું; કાર્યાલય
૩. ન. કળા; કારીગરી; કુશળતા, હાથ અથવા યંત્રથી કોઈ બનાવટ બનાવવા કે ઊભી કરવાની કળા; સરવો શિલ્પના આઠ સૂત્રો આ પ્રમાણે છે:- (૧) દૃષ્ટિ, (૨) મુષ્ટહસ્ત, (૩) મીજ, (૪) પ્રાયસક, (૫) અવલંબ, (૬) કાકકોન, (૭) સૃષ્ટિ અને (૮) વિલેખ્ય. કળા.લક્ષી કોતરકામ પથ્થર, હાથીદાંત અથવા બીજી ધાતુ પર થાય છે અને તે હાથ વડે અથવા ઢાળા કે ઠપ્પાની મદદથી થાય છે. ઉદાત્ત કોટિનું શિલ્પ મેક્સિકો, બાબીલોન, ખડકમાંથી કોતરેલા હિંદના ગિરિમંદિરો, ચીન, ગ્રીસની મોનરેલ દેવ-દેવીની મૂર્તિઓ તેમજ મિશ્ર દેશની વિરાટ પ્રતિમાઓ અને દેવળ શણગારની કળામાં અને કાષ્ઠશિલ્પ દ્વારા બનાવેલ કાષ્ઠપ્રતિમાઓમાં મળી આવે છે. મિરોન, ફિડિયસ, પ્રેક્ષિટેલિસ જેવા મહાન ગ્રીક શિલ્પીઓ તેને કળા દૃષ્ટિએ ઉચ્ચતમ કક્ષાએ લઈ ગયા છે. મિસ્રદેશનાં શિલ્પની મર્યાદાઓ વટાવી માનવદેહનું સંપૂર્ણ સમન્વિત સૌંદર્ય એ ગ્રીક કળાકારોએ બતાવ્યું છે. તેઓએ પાષાણ કે કાષ્ઠમાં મૂર્તિમંત જીવંત ઊતાર્યું છે. ગ્રીસ દેશની સમર્થ ઉદાત્ત શિલ્પકળાનો વારસો રોમન પ્રજાને મળ્યો તેમણે ગ્રીસનાં શિલ્પનું અનુસરણ કરી પ્રતિકૃતિઓ શિલ્પની કરી. પણ રોમન શિલ્પીઓ પોતાને વારસામાં મળેલ કળા સાથેમાં કંઈપણ વિશેષ વિકાસક તત્ત્વો મૂકી શકયા નહિ. પરંતુ પથ્થર કે સિલ્પની કળાના સાચા સિદ્ધાંતો ધીમે ધીમે ભૂલી જઈ રોમનોએ ભવ્ય ગ્રીકશિલ્પનો ધ્વંસ કર્યો બિનેન્દ્રન મલીનતે એમાં પોતે સંસ્કારો પ્રેરી તેને નવું સ્વરૂપ આપ્યું એટલે તેમાં આમકરીને ઉત્તર યુરોપના માગર કાંઠા પરની પ્રજાઓનાં શિલ્પમા ગ્રેજિટક અને પૌર્વ શિલ્પનું મિશ્રણ સ્પષ્ટ દેખાય છે
૪. ન આંધકામની કળા; ઘર વગેરે બનાવવાની કળા
૫. ન મૂર્તિકળા; મૂર્તિવિધાન

શિલ્પ આર્ય પું. (જૈન) છ માહેના એક પ્રકારના આર્ય નિમિત્તજોદથી આર્યોના છ પ્રકાર મનાયા છે. આર્ય છે: ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ અને ભાષા.

વણકર, હજામ, કુંભાર આદિ જે અલ્પ આરંભથી અલ્પ ધનોપાર્જન અને નિંદા નાહ કરવા જેવી આજીવિકા ચલાવે છે તે શિલ્પઆર્ય કે તત્ત્વાર્થસૂત્ર

શિલ્પક વિ. [મ] પું દેશ કાલ્પના રંગ માહેનો ગા નામના એક જાદ, નાટકનો એક પ્રકાર ૨ જી ઉપકરણ, અલંકાર મા.ઠી એક જાદ

શિલ્પકર્મ [સં] ન કારીગીરીનું કામ

શિલ્પકલા [સં] સ્ત્રી કોતરકામની કે... કારીગરી; મજબૂતી, હાથ અથવા યંત્રથી તૈયા બનાવેલ બનાવટની કે ગમે તે... કે..., શિલ્પને લગતી કળા, બાંધકામ સંબંધી કા., શિલ્પકળા કળા, સ્થાપત્ય કે સ. પૂર્વ ૫૦૦૦ વર્ષો અગાઉ, તથા પછી વિશ્વના પ્રાચીન કાળમાં આવેલ માનવજાતિઓ શિલ્પકલા અને ચિત્રકળામાં પ્રવીણ હતા પોતાના બુદ્ધિબળથી કળાપ્રદર્શન. ઇજીપ્ત પશ્ચિમ સર્જે તેઓએ પિરામિડ્સ રોપમંદિરો કરવી હતી અને પ્રાચી. બાબિલ, પારસના ચાલ્સ, હાર્ન રાજા દરબાર અને કુર્બોસેનના મહેલોનું વર્ણન, શ્રી રામચંદ્રજીના અશ્વમેધની ચિત્રો વાચતા મહાભારત અને રા.મા.ણના સમયમાં આર્યાવર્તની શિલ્પકળા અને ચિત્રકળા ખરી સારી સ્થિતિમાં હોય એમ સ્પષ્ટ થાય છે. ઈ સ. પૂર્વે ૨,૫૦૦થી ૪,૦૦૦ વર્ષોથી મિસર દેશની શિલ્પકળા સારી સ્થિતિમાં હોય એમ જણાય છે. જે કોઈ શિલ્પકળાના નમૂનાઓ પ્રાપ્ત થયા છે તે કબરો અને દેવળોના રૂપમાં હોય છે, તેમાં નાઇલ નદીને પશ્ચિમ કિનારે આવેલ જરય અને મનોહર પિરામિડો અદ્યાપિ પર્યંત મિસરદેશની પ્રાચીન કળા,ની પ્રતાપ્રભા,ની સાક્ષિતી આપી રહ્યા છે. આ પિરામિડો પણ ઈ. સ. પૂર્વે ૩૫૦૦ના અરસામાં મિસર દેશના રાજા ખૂફૂ, સેનસ્ત્રુ અને મેંચરીસના વખતમાં બંધાયા આવ્યા હોય એમ અનુમાન થઇ શકે છે પ્રતિમાઓ સાથ રંગનું સમિલન પ્રાચીન ભારત સિવાય બીજા કોઈ દેશમાં જોવું પૂર્ણતાએ પહોંચ્યું ન હતું. પ્રકૃતિએ જેવા ઉદાર હાથ એના રંગ બનાવવાને ખેદ કરી તજવરી શકાવાળા પક્ષીઓ, ઝાપકદાર ફૂલો, હરિયાળી ટેકરીઓ અને સમરત્નના, રાત લાલ અજવાળાં મરજીને ચમકદાર અને આજરથી રંગથી સજાવું નમો દીધું હતું. અહીંના નરનારીઓ પણ એવા જ ચમકીલા અને પ્રકાશિત રંગને પસંદ કરવા લાગ્યા હતા અને યુગ. નર્યા તેઓ એવા જ રંગનાં વસ્ત્રો પહેરતાં. આજ ઝાખા પડી ગયેલાં અજંતાની ગુફાના ભીંતચિત્રો અદ્ભુત રંગોથી પ્રકાશી રહ્યા હતા છતાં લાગે છે કે, આ દેશમા તમામ પ્રાચીન શિલ્પો જગકતા રંગોથી રંગેલાં હતાં. તેને માટે કેટલાય પ્રમાણો છે. આજ ભલે કોઈ અણુપ્રક શિલ્પી જોઇરાતીથી કોતરેલા અને અનાકર્ષક રંગથી રંગેલી મંદિરની પ્રતિમાઓ જુની અવ્યવસ્થામાંથી જુએ છતાં એક સમયે જે મહાન કલા હતી તનુ જ એ પરંપરાગત સ્વરૂપ છે ભારતની કલાના પ્રાચીન દિવસોમા શિલ્પાકૃતિઓને રંગવામાં આવતી હતી એ વાતનાં સતત પ્રમાણ મળતા રહે છે. મયુરાની અવશેષ રહેલી પુરાણી પ્રતિમાઓમાં તેમ જ પાછળની બાંધકર કલાપદ્ધતિઓમા, તથા ગુપ્ત સમય અને મધ્યકાલીન કલામા પણ રંગની સતત મજબૂતીનાં પ્રમાણ મળી આવ્યાં છે રંગીન પ્રતિમાઓના સચવાયલા અવશેષોના એક નમૂના તાંજોરમા ખોદી કાઢવામા આવેલા પ્રાચીન નાલંદા વિદ્યાપીઠના મકાના નકાનોમા જોવા મળે છે એની આખી દીવાલો પરની કોતરણી ઉજ્જવલ રંગોથી રંગાયી છે. ભારતના પશ્ચિમ ભાગમાથી ખાદી કાઢવામા આવેલા નમૂનાઓમા છઠ્ઠી અને સાતમી સદીની ચૂનાની બનાવેલી પ્રતિમાઓ છે. તેના ઉપરના રંગના બારીક આચ્છાદનો સારી સ્થિતિમા જળવાઈ રહેલાં જણાય છે રંગકામ ખૂબ બારીક પોપડા બનીને ખરી પડે અને વરસાદમા ધોવાઈ જાય એવું હોવાથી એનો ઘણો અંશ લુપ્ત થઈ ગયો છે. છતાં પ્રાચીનકાળના ભારતીય કલાસ્વામીઓ તેમની કૃતિઓને જરૂર પૂરતા રંગથી ઊઠાવદાર બનાવતા એ વાતને પુરવાર કરે એટલું તો બાકી રહ્યું છે. એમા આંખોને વિવિધ રંગોમાં રંગવામાં આવી લાહોરના 'સેન્ટ્રલ મ્યુઝિયમ' સમારસ્થાનમાં 'જરી આખલાળી રાજકુમારી'ની પ્રસિદ્ધ ભગ્ન પ્રતિમા છે. બુદ્ધનું એક મસ્તક પણ ત્યાં છે, જેમાં ભૂખરા વાળ છે અને બીજા એવા સંખ્યાબંધ નમૂનાઓ છે જેમાં સુવર્ણપટ્ટ વિપુલપણે વાપરવામા આવ્યો છે. શિલ્પકારે માટેનાં કુદરતી સાધનો, પથ્થર, આરસ, કાસુ, લાકડું વગેરેને વિપુલ અવકાશ મળતો જોઈએ. રંગચિત્રો તો કેન્વાસ કે દીવાલના ફલક પૂરતાં છે. ગ્રીસ અને રોમની કળા આગમતી ગઈ ત્યારે પણ શિલ્પકલાને રંગકલાને સમિલિત કરવાની પદ્ધતિ ચાલુ જ રહી હતી. બહુ તાજેતરના ખ્રિસ્તની શિલ્પ તથા ઇમારતો અથવા સાક્ષી રીતે તો ગ્રીમાનેન્કથી મારીને ગોથિક અને ઇટલીના વહેલા પુનરુત્થાન યુગમા, ઇટલ કે યરપની સમસ્ત મધ્યકાલીન કલામા આપણને તેજસ્વી રંગવાળા શિલ્પ તથા સ્થાપત્યના અસખ્ય નમૂનાઓ જોવા મળે છે બધા જ બનાવો દેવળોએ તેમના સ્તંભોને પ્રફુલ્લ રંગોથી રગ્યા, ને શણગાર્યા હતાં. રુપમી સદીના પશ્ચિમના દેવળોમાં રંગાલકૃત પ્રતિમાઓની સખ્યા કાર્ય ઓછી નહોતી. ભારતીય કળાના કતિહાસમા સૌરાષ્ટ્રની કળાનો કીક કીક ફાળા છે સૌરાષ્ટ્રમાં ક્ષત્રપોના સમય જેટલા પ્રાચીન સ્થાપત્ય અને કોતરણી કામના અવશેષો મળી આવે છે. બધી શિલ્પસામગ્રીનાં ઉમેરો કરી ઓપ ચઢાવે તેવું વિષ્ણુના વરાહ સ્વરૂપમા એક જ કાળા પથ્થરમા કોતરી કારેલું સુંદર શિલ્પ સુરેન્દ્રનગરથી આઠ માઈલ દૂર આવેલા ખાલડિયાદ ગામ પાસે તળાવનું ખોદકામ કરતા મળી આવેલ છે તેને પશ્ચિમ ભારતીય શિલ્પકળાનો એક સર્વોત્તમ નમૂનો ગણી શકાય. વિષ્ણુના પ્રસિદ્ધ દશ અવતાર જે ગણાય છે તેમાના વરાહ અવતારનું સુંદર અને સપૂર્ણ સ્વરૂપ આ અતિ પ્રાચીન શિલ્પમા આલેખાયેલું છે. મૂર્તિશાસ્ત્રની દૃષ્ટિએ વરાહ સ્વરૂપના ત્રણ પ્રકારો ભારતમાં મળી આવ્યા છે; આદિવરાહ, યજ્ઞવરાહ અને પ્રલયવરાહ એક રીતમા માનવશરીર અને પશુમુખ અને બીજી રીતમાં સપૂર્ણ પશુરૂપ આપેલું ત્યાં મળી આવેલી બીજી બનતની છે આ શિલ્પની ઊંચાઈ લગભગ એક ફૂટ ચાર ઇંચ, લંબાઈ એક ફૂટ સાત ઇંચ અને પહોળાઈ સાત ઇંચ છે શિલ્પ ચારે તરફ ફરીને જોઈ શકાય તેવું છે. તેનુ વજન બગાડી એક મણ અને દશ શેર થાય છે. પુરાણોમા કહ્યા પ્રમાણે પાતાળમાં ડૂબી ગયેલી પૃથ્વીને વરાહરૂપે ઉપર લાવે છે કમનસીબે અ.ભ. વરાહના મુખ આગળનો ભાગ ખંડિત થઈ ગયો છે. તેના મુખ આગળ ડાબી બાજુએ ભૂદેવી અદ્ભુત જ આકર્ષક રીતે ઊભાં છે. વરાહના આગળના ડાબા પગની બાજુમાં સદા તેમ જ પાછળના પગ આગળ કમળ સુંદર રીતે મોહવાયેલ છે. તેનો આગળનો જમણો પગ કલાત્મક રીતે વિષ્ણુના આયુધ ચક્રના આ.ધ.રે સ્થિત થયેલો છે. તેની પાસે જ શખ પડેલો છે. આ રીતે વિષ્ણુના ચારેય આયુધોની ગોઠવણી આકર્ષક છે. અને બાજુઓ બંને પગોની વચ્ચે બે દેવો લલિતાસનમાં બિરાજેલા છે સૌથી નીચેના પગ બાજુના અગ્ર ભાગમા શ્રી પ્રદા. તેમ જ પ્રાર્થના કરતાં પૂરવી નજરે પડે છે આખુ શિલ્પ કમલ સમુદ્રમાથી ઉદ્ભવતુ હોય તેવો બધાલ શિલ્પનો ભાવ જોતા થાય છે.

અ.ધાર તળિયા તરીકે કૂર્મ નજરે પડે છે સમુદ્ર ઉપર શેષ નાગ છે અને તેની ઉપર વિશાળકાયી વરાહ શોભી રહ્યો છે પીઠ ઉપરનો રાજ્યાધાર અરસપરસ સુંદર છે. તેની પીઠ ઉપરની સમાંતર રેખાઓમાં સમુદ્રમથન, નરસિંહ વગેરે અનેક દેખાવો અદ્ભુત જેવા મૂળ રીતે કોતરાયેલા છે વરાહનો શિરોભાગ પણ સાચવાયેલો છે માથા ઉપર ચંદ્ર અને સૂર્ય સ્પષ્ટ દેખાય છે પહેલી નજરે જોતાં આ શિલ્પ લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું જણાય છે

શિલ્પકલ્પ [સં] ન ત્વિષ્ટા ઋષિએ લખેલ એક શિલ્પશાસ્ત્ર

શિલ્પકલ્પદ્રુપ [સં.] ન અનુ ઋષિએ લખેલ એક શિલ્પશાસ્ત્ર.

શિલ્પકળા જુઓ શિલ્પકલા.

શિલ્પકામ [સં] ન. કોતરકામ; ઘાટ

શિલ્પકાર ૧ [સં] પું. કારીગર ઈ. સ પૂર્વે ૪૨૦ થી ૪૦૦ સુધીમાં ગ્રીસનો મહાન શિલ્પકાર ફીદીઆસ થયો કે જેણે શિલ્પકળામાં પરિપૂર્ણતા મેળવી ગ્રીસને કળા પ્રદેશમાં હમેશને માટે કીર્તિવંત કર્યું તેણે પ્રકિટીનસ વગેરે શિલ્પકોશની સહાયતાથી ઈ. સ. પૂર્વે ૪૫૪–૪૩૮ સુધીમાં ગ્રીસનું પ્રખ્યાત દેવળ પાર્થીનોન તૈયાર કર્યું. ડો. આનંદકુમાર સ્વામી કહે છે કે, હિંદી શિલ્પકાર પ્રથમ અર્ઘ્ય આપતો, ધાર્મિક ક્રિયાઓ કરતો, પોતાનો અહંકાર દૂર કરીને એકાગ્રતાથી લાંબો કાળ ધ્યાન કરતો અને ત્યારે જ જે આદર્શને તે પત્થરમાં સાકાર કરવા પ્રયત્ન કરતો હતો, તે આદર્શનું દર્શન કરવા પામતો.

૨. પું. બાંધકામમાં પ્રવીણ માણસ.

શિલ્પકારિકા [સં.] સ્ત્રી. વાસ્તુયાગના મંત્ર મુજબ ત્રીજી શ્રેણી માટેની એક વેદિકા.

શિલ્પકારી જુઓ શિલ્પકાર.

શિલ્પકારીગરી સ્ત્રી પત્થર ઉપરનું કોતરકામ

ખાનગી મકાનો ઉપરથી જાહેર ઇમારતો ઉપર શિલ્પકારીગરી વગેરે ઉપરથી અસલ હિંદુ રાજ્યનું આ એક મહાક્ષેત્ર હોવું જોઈએ એવો સહજ ખ્યાલ આવી શકે છે

મુ. સા પરિષદ

શિલ્પકાલિકા [સં.] સ્ત્રી. એક શિલ્પી.

શિલ્પકાંડિકા ન ત્વષ્ટુ પ્રજા ઋષિએ લખેલ એક શિલ્પશાસ્ત્ર

શિલ્પકૃહ [સં.] ન. કારખાનું; ' ફેકટરિ. '

શિલ્પકૈદોદય [સં.] ન. વીતહવ્ય ઋષિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર.

શિલ્પજ્ઞ [સં.] પું. શિલ્પવિદ્યા જાણનાર પુરુષ તેઓ મુખ્ય અઢાર ગણાય છે: વાસુદેવ, ભગ અત્રિ, વસિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત્, વિશાલાક્ષ, પુરંદર, બ્રહ્મા, કુમાર, નંદીશ, શૌનક, ગર્ગ, અનિરુદ્ધ, શુક્ર અને બૃહસ્પતિ

સ્વયં સંહિતામાં શિલ્પજ્ઞ. વૃત્ત સંહિતામાં સુથાર, મય સંહિતામાં સ્થપતિ અને અંગ્રેજમાં ઇંજિનિયર જોવામાં છે. હિંદી શિલ્પશાસ્ત્ર

શિલ્પજ્ઞાન [સં] ન બાંધકામ સંબંધીનું જ્ઞાન; વાસ્તુવિદ્યાનો એક ભાગ

શિલ્પતન્ત્ર [સં] ન. મય પ્રજા ઋષિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર

શિલ્પના [સં શિલ્પ] ન ચિત્રકામ, ભિતરામણ; આલેખન

ઝિરિ મહરે તુજ શિલ્પના, તારી ખમા અપાર
૧ અખિલેશ્વરી

શિલ્પપ્રકાશિકા [સં] ન પુલહ ઋષિએ લખેલ એ નામે એક [...રાસ્ત્ર

શિલ્પપ્રભાકર [સં] ન બુડિલ ઋષિએ લખેલ એ નામે એક [...પશાસ્ત્ર

શિલ્પબિંદુ [સં.] ન. ગોભિલ ઋષિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર

શિલ્પમહોદધિ [સં.] ન વિશ્વનાથ મુનિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર.

શિલ્પમાર્તંડ [સં.] ન વિશ્વકર્મ પ્રજાપતિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર

શિલ્પવિદ્યા ૧. [સં.] સ્ત્રી અથર્વવેદ.

૨ સ્ત્રી કોતરકામ.

૩. સ્ત્રી. શિલ્પશાસ્ત્ર; શિલ્પને લગતી વિદ્યા.

શિલ્પવેત્તા [સં. શિલ્પવેત્ તૃ] પું. શિલ્પી; શિલ્પકાર; બાંધકામ સંબંધી જ્ઞાન ધરાવનાર કારીગર.

શિલ્પશાલા ૧. [સં.] સ્ત્રી કળા કે કારીગરી શીખવાનું સ્થાન; શિલ્પ શીખવાની જગા; ઉદ્યોગશાળા; શિલ્પશાળા; કળાભવન

૨. સ્ત્રી કારીગરને શ્રમ કરવાનું કારખાનું; જ્યાં કારીગર પોતાનું શ્રમ કરે છે તે જગ્યા; ઓઢ; ઓજા; કારખાનું; ' વર્કશોપ '

શિલ્પશાસ્ત્ર ૧. [સં.] ન. કારીગરીને લગતી વિદ્યા; કળાજ્ઞાન; કારીગરી, હુનરકળા વગેરે જણાવનારું શાસ્ત્ર; શિલ્પનું શાસ્ત્ર. શિલ્પશાસ્ત્રમાં દસ પ્રકારનાં આસન બતાવેલ છે: પદ્માસન, પદ્મોડ્ડીશ, પદ્મભદ્ર, શ્રીધર, શ્રીભદ્ર, શ્રીવિશાલ, શ્રીબંધ, શ્રીમુખ ભદ્રાસન, પદ્મબંધ અને પદ્મકપ. શિલ્પશાસ્ત્રોની જુદી જુદી ૧૧૦૭ જાતો બતાવેલ છે: જેમકે, શિલ્પાશિલ્પ, દારુશિલ્પ, પાષાણશિલ્પ, ધાતુશિલ્પ, વજ્રાશિલ્પ, ધાતુશિલ્પ, [illegible] મૂર્તિશિલ્પ, વૈમાનિકશિલ્પ, નાગર્યશિલ્પ ઇત્યાદિ વગેરે. [illegible] શાસ્ત્રો માંહેનું કયું શાસ્ત્ર કયા લોકમાં પ્રચલિત થયું, તે શાસ્ત્રનો શું વિસ્તાર છે અને તે તે લોકમાં કયા ઋષિએ ભણાવ્યું તે સમયમાં વહીવટ આ પ્રમાણે છે:

	શાસ્ત્રનું નામ	લોક	સ્થાપક
૧	બ્રહ્મશિલ્પ	બ્રહ્મલોક	અનુ ઋષિ
૨	સ્કંદશિલ્પ	નપોલોક	વિષ્ણુ ઋષિ
	[illegible]	ઇન્દ્રલોક	મણિપ્રભ
૪	સૂર્યશિલ્પ	મહર્લોક	કાંડિલ્ય ઋષિ
૫	દેવશિલ્પ	સ્વર્લોક	પ્રાણ ઋષિ
૬	યક્ષશિલ્પ	ભુવર્લોક	ઔપધિષ્ણ ઋષિ
૭	ત્વષ્ટ્રશિલ્પ	ભૂર્લોક	ત્વષ્ટૃ ઋષિ
૮	ગાંધર્વશિલ્પ	પાતાલલોક	ગર્ગ
૯	ભૂતશિલ્પ	મહાતલલોક	સ્કંદ ઋષિ
૧૦	શેષશિલ્પ	[illegible] તલલોક	પિંગળ ઋષિ
૧૧	કૂર્મશિલ્પ	તલાતલલોક	શ્રીધર ઋષિ
૧૨	વારુણશિલ્પ	સુતલલોક	નાગ ઋષિ
૧૩	સુદર્શનશિલ્પ	વિતલલોક	તુંડિલ ઋષિ
૧૪	હંડધરશિલ્પ	અતલલોક	શેષ મુનિ

ત્વષ્ટૃ પ્રજાને કરણ પ્રજા પ.સેથી મળેલા ત્વષ્ટુ શિલ્પશાસ્ત્રના જાયાપુત્ર ઋષિએ બાર વિભાગ કર્યા અને બાર જુદા જુદા ઋષિઓને તેનું અધ્યયન કરાવ્યું આ બાર ઋષિઓએ ભૂલોકના કલ્યાણ માટે શિલ્પશાસ્ત્રો લખેલાં છે. તેમનાં તથા તે ઋષિઓએ લખેલા શિલ્પશાસ્ત્રોનાં નામ આ પ્રમાણે છે

	ઋષિ	શાસ્ત્ર
૧	પુલહ ઋષિ	શિલ્પપ્રકાશિકા
૨	પિંગળ ઋષિ	શિલ્પકલ્પ
૩	વિશ્વનાથ મુનિ	શિલ્પમહોદધિ
૪	ગોભિલ ઋષિ	શિલ્પબિંદુ
૫	મય પ્રજા	શિલ્પતન્ત્ર
૬	વિજ્ઞાનક મુનિ	શિલ્પસર્વસ્વ
૭	વીતહવ્ય ઋષિ	શિલ્પચંદ્રોદય
૮	વસિષ્ઠ ઋષિ	શિલ્પાદર્શ
૯	બુડિલ ઋષિ	શિલ્પપ્રભાકર
૧૦	મનુ પ્રજા	શિલ્પકલ્પદ્રુપ
૧૧	વિશ્વકર્મ પ્રજા	શિલ્પમાર્તંડ
૧૨	ત્વષ્ટૃ પ્રજા	શિલ્પકાંડિકા

જુદી જુદી જાતની બાજઓ, ચરો, મુક્તિઓ, અક્ષર તજવીજે કે તરીકા, ઇ.તુ. કારણ તથા કરેલો પદાર્થ એ વિષેનું વિવેચન એ શિલ્પશાસ્ત્ર. કલાકૌશલ્ય

૨ ન. બાંધકામ વિદ્યા; ઇજનેરી કામનું શાસ્ત્ર.

૩. ન યંત્રશાસ્ત્ર; યંત્રકળા, યંત્રવિદ્યા.

શિલ્પશાસ્ત્રોદ્ધાર [સ] પું શિલ્પશાસ્ત્રનો ગ્રંથ.

શિલ્પશાસ્ત્રી પું. શિલ્પશાસ્ત્ર જાણનાર માણસ, કળાપ્રવીણ માણસ; કારીગર.

શિલ્પશાળા જુઓ શિલ્પશાલા

શિલ્પશિક્ષા [સ. ; સ્ત્રી.] કળાને લગતું શિક્ષણ.

શિલ્પસર્વસ્વ [સં.] ન. વિશ્વામક મુનિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર.

શિલ્પાચાર્ય જુઓ શિલ્પશાસ્ત્રી

શિલ્પાદર્શ [સં] ન. વસિષ્ઠ ઋષિએ લખેલ એ નામે એક શિલ્પશાસ્ત્ર.

શિલ્પાન્વિત [સં] વિ શિલ્પનો આશ્રય કરનાર; શિલ્પશાસ્ત્રી

શિલ્પિક જુઓ એક પ્રકારની જાતિ.

> કન્યા સ્ત્રી સાથે માદિમ્ય પુરુષનો સંબંધ થતા તથા સ્ત્રી સાથે રજકાર પુરુષનો સંબંધ થતા શિલ્પિક વર્ણની, ચોદ્દકાર, તથા કર્માર જાતિઓ બને છે સૂતસંહિતા

શિલ્પી ૧ [સ. શિલ્પિન્] પું કારીગર; કુશળ.

૨. પું. શિલ્પકાર; કોતરકામ કરનાર; શિલ્પશાસ્ત્રી. જેને આંગો ઓછાં કે અદકાં ન હોય, જે ધાર્મિક, દયાળુ, મત્સર અને કર્કશ વગરનો હોય, અવસ્થ,કુશળ અને જ્ઞાનવાન પુરાનો હોય, ત્રિશ્રુતપુરાણનો જાણનાર, ખુશમિજાજી અને સંતોષી હોય, ચિત્ર અને સંપૂર્ણ દેશનો જ્ઞાતા હોય, સાચાબોલો, જિતેંદ્રિય, નીરોગી તથા સાતે વ્યસનોથી મુક્ત હોય, વાસ્તુવિદ્યાનો પારગામી હોય, દરેક કામમાં કુશળ હોય, તેમ જ સૂત્ર, દંડનું પ્રમાણ, માન અને ઉન્માનનો જાણનાર હોય તે ખરો શિલ્પી ગણાય છે

> શિલ્પીને માટે પત્થર, લાકડી ને હથોડા, ચિત્રકારને માટે કલમ, દંડ ને પીંછી અને કવિને માટે વાણી, અર્થ ને ભાવ હોય છે. ખબરદાર

૩ પું. નખલો નામે સુગંધી દ્રવ્ય

૪. વિ. કારીગરીને લગતું; શિલ્પને લગતુ.

૫ વિ. પાંત્રિક; યંત્રને લગતું

શિવ ૧ [સં] પું અગિયાર માદેનો એ નામનો એક રુદ્ર

૨. પું. (પિંગળ) અગિયારે સુમક એક સાંકેતિક મત્રા.

૩ પું. (પુરાણ) અંગિરા કુળનો એ નામનો એક ઋષિ

૪. પું આદ્રા નક્ષત્રનો સ્વામી

૫ પું (પુરાણ) ઉત્તમ મન્વંતરમાના સપ્તર્ષિઓ માદેનો એક ઋષિ

૬. પું. એ નામના એક તિમિરદેવ.

૭. પું એ નામનો એક પ્રસાદર મત્ર: નમઃશિવાય

૮. પું. (પિંગળ) એ નામે એક પ્રચલિત ગીતિ માત્રામેળ છંદ. તે રકેપક ગીતિનો એક ભેદ છે તેમા ૨૪ ગુરુ અને ૧૬ લઘુ મળી ૪૦ અક્ષરની ૬૪ માત્રા હોય છે

૯. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. ને રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૯ ગુરુ અને ૩૮ લઘુ મળી ૬૭ વર્ણની ૯૬ માત્રા હોય છે.

૧૦. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૮ લઘુ મળી ૨૮ વર્ણની ૪૮ માત્રા હોય છે.

૧૧. પું. એક કે બે ગાલ ઉપર ભમરો હોય તેવો ઘોડો

૧૨. પું. જ્ઞાન, માયા અને કર્મ એ ત્રણ પાશ વિનાનુ સ્વતંત્ર ચૈતન.

૧૩. પું. કાળો ધતૂરો

૧૪. પું. ગૂગળ.

૧૫. પું. (તાંત્રિક) ઉત્પત્તિ આદેનુ પહેલું તત્ત્વ.

૧૬. પું. અર્વાચીનના સતાવીસ માદેનો એ નામનો વીસમો યોગ

૧૭. પું. દેવતા

૧૮. પું યોગી દેવકુમાર

૧૯. પું પરમાત્મા..

૨૦. પું. પશુને બાંધવાનો ખીલો

૨૧. પું. પારો

૨૨. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ઘૃતપૃષ્ઠના સાત માદેનો મોટો પુત્ર. તેનો દેશ તેને જ નામે પ્રસિદ્ધ છે.

૨૩. પું. પુંડરીક ગ્રહ

૨૪. પું પ્લક્ષદ્વીપનો એ નામે એક ખંડ. પુરોપી દક્ષિણ રાશિઓ અને ધ્રુવોર્ધ્વ શિવ, યવસ, ભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એ પ્લક્ષદ્વીપના સાત ખંડ છે

૨૫. પું. બાણ

૨૬. [સં.] પું. મહાદેવ; શંકર; શંભુ; સદાર શક્તિરૂપ ઈશ્વર. શિવ એવું નામ વેદોમાં જણાતું નથી. પણ વેદોમાં એ દેવને રુદ્ર કહ્યો છે શિવ એ રુદ્રની ભાવનામાંથી ઉદ્ભવ્યા છે. ઋગ્વેદમા રુદ્રને રોગશામક, સૂર્ય સમાન તેજસ્વી, સુંદરમાં સુંદર અને વરપ્રદાન કરનાર દેવ તરીકે વર્ણવ્યા છે. યજુર્વેદમાં શતરુદ્રિયસ્તવનમાં પણ એને દયાવાન દેવ તરીકે વર્ણવ્યા છે એનો વર્ણ રકત અને કંઠ નીલ છે. તેને પશુઓના પાલક અને ત્રંબક કે ત્રિનેત્ર કહેલ છે. બ્રાહ્મણ ગ્રંથોમાં લખ્યું છે કે, જ્યારે રુદ્ર જનમ્યા ત્યારે એ રડ્યા તેથી તેનુ નામ રુદ્ર પડ્યું. ઉપનિષદમાં તેને એક જ દેવ તરીકે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ રૂપ વર્ણવ્યા છે રામાયણમા શિવને મોટા દેવ કહ્યા છે છતાં એ રામનુ પ્રાબલ્ય સ્વીકારે છે મહાભારતમા પણ સમગ્ર રીતે વિષ્ણુ કરતા તેને વિશેષ માન મળે છે આવી રીતે વદમાના રુદ્રદેવે મહાન અને શક્તિમાન શિવનુ રૂપ ધર્યું છે અને એને ત્રિમૂર્તિમા પદ પ્રાપ્ત થયુ છે. આખરે એ સહાર કરનાર દેવ મનાઈ એની શક્તિઓ ઘણી વિસ્તૃત બની જઈ છે. સહાર પછી સર્જન દેવ હોય છે જ, એટલે દિવ્ય શકર રૂપે પ.પ્રુ પુનઃ સર્જન પણ કરે છે. આ પ્રમાણે શિવ સહારક અને સર્જનહાર દેવ ઠરીને રહેવાયા માડ્યા. અને એને મહાદેવ કે ત્રંબક કે એવા ઉપાધિ પ્રાપ્ત થઈ બધાખરા ધર્મમાં હોય છે એમ સર્જનહાર તરીકે ઉત્પાદક શક્તિના ચિહ્ન તરીકે એ લિંગ રૂપે પૂજાય છે. એ રૂપે જ અગર ઉત્પાદક શક્તિના ભાવ્ય સ્ત્રીશક્તિના રૂપ તરીકે પાર્વતિના ચિહ્ન તરીકે પણ એની પૂજા થાય છે પ્રજોત્પત્તિ એ ગૂઢ ભમાલમાં ન ઊતરે એવી ભાવના હોઈ જ્યાં જ્યાં સર્જન સબંધી વાત આવે ત્યાં ત્યાં એનાં જ રૂપક અપાય છે શિવનુ ત્રીજું સ્વરૂપ મહાયોગી તરીકે છે યોગી રૂપે એ સદા ધ્યાનમગ્ન જ રહે છે સદા ઉગ્ર તપ કરનાર એ મહા તપસ્વી છે. એમના ચમત્કાર અને શક્તિઓ અગાધ હોઈ, શુદ્ધ જ્ઞાનના પ્રતીક કરી તેઓ જ્ઞાનસ્વરૂપ જ ગણ્યા છે. આ સ્વરૂપે એ દિગંબર છે, ધૂર્જટિ છે. એમના સહારક શક્તિને અંગે એ ભૈરવ છે ભૂત, પિશાચ વગેરે યોનિઓના અધિપતિ તરીકે તે ભૂતપતિ કહેવાય છે એમનો વાસ બહુધા સ્મશાનમાં હોય છે. સર્પો એ એમનાં આભૂષણો છે. એ રુદ્રમાળા ધારણ કરે છે. ભૂતપ્રેતો એમની હજૂરમાં હમેશા રહે છે. કેટલીક વખત ભાંગ, ધતૂરો, આકડો વગેરે માદક પદાર્થોથી ઉન્મત્ત બની પોતાની દેવી શક્તિની સાથે નૃત્ય કરે છે. એમનુ નૃત્ય ભારે ન હોતાં તાંડવ છે તેમના વાદ્યો પણ શૃંગી, ડમરુ, રણશિંગુ વગેરે છે. પોડીઓ કે નંદી એ એમનુ વાહન છે. ત્રિશૂળ, ગદા, ધનુષ્ય એ તેમના આયુધો છે. તેમના ધનુષ્યનુ નામ પિનાક છે. શિવ સર્વાંગે સુંદર અને એક રૂપે બધા જ સૌમ્ય છે સ્વભાવે બહુ ભોળા અને દયાળુ છે એમના ભાલમાં ભમરોની વચ્ચે ત્રીજું નયન છે એમાંથી નીકળતો અગ્નિ બધો પ્રચંડ છે પોતાના જટાજૂટ પર અર્ધચંદ્ર ધારણ કરે છે. પોતે ધ્યાનસ્થ હતા તે વખતે દેવોનુ હિત કરવાના

અટ્ટાસથી કામદેવે એમના મનમાં પ્રવેશી આશા કરી પ વૈતી સમરત્યાં આ ઉપરથી ક્રોધ કરી કામદેવ એટલે મદનને એમણે પોતાના ત્રીજા નયનના અગ્નિ વડે જ બાળીને ભસ્મીભૂત કર્યો હતો પ્રલયકાળે પણ એ જ ત્રીજા નયનમાંથી નીકળતો અગ્નિ જ બધાનો નાશ કરશે. કાશીમાં વિશ્વેશ્વર નામની એમની વિભૂતિ ઘણી જ પવિત્ર અને પૂજનીય મનાય છે. તેને પાંચ મુખ તથા દશ હાથ છે અને તેના મંદાકા નામકરણ છે. તેના હૃદયમાં પિનાક નામનું ત્રિશૂલ છે તેનું વસ્ત્ર વાઘ, હરણ અથવા હાથીનું ચામડું છે. તેથી તેને કૃત્તિવાસસ કહેવામાં આવે છે. નંદી નામનો આખલો સામાન્ય રીતે તેની સાથે રહે છે. તે અજગવ નામનું ધનુષ તથા ડમરુ રાખે છે. પટ્ટવાંગ નામની ગદા રાખે છે. ગૂનેગારને પકડવા પાશ હાથમાં રાખે છે. તેણે બ્રહ્માનું એક માથું કાપી નાખ્યું છે; કેમકે બ્રહ્મા અસભ્ય રીતે વર્તતા હતા. શિવનાં હજાર નામ આ પ્રમાણે છે: સ્થિર, સ્થાણુ, પ્રભુ, ભીમ, પ્રવર, વર, વરદ, સર્વાત્મા, સર્વવિખ્યાત, સર્વ, સર્વકર, ભવ, જટી, ચર્મી, શિખંડી, સર્વાંગ, સર્વભાવન, હર, હરિનાક્ષ, સર્વભૂતહર, પ્રભુ, પ્રવૃત્તિ, નિવૃત્તિ, નિયત, શાશ્વત, ધ્રુવ, શ્મશાનવાસી, ભગવત, ખેચર, ગોચર, અર્દન, અભિવાદ્ય, મહાકર્મા, તપસ્વી, ભૂતભાવ, ઉન્મત્તવેષપ્રચ્છન્ન, સર્વલોકપ્રજાપતિ, મહારૂપ, મહાકાય, વૃષરૂપ, મહાયશા, મહાત્મા, સર્વભૂતાત્મા, વિશ્વરૂપ, મહાહનુ, લોકપાલ, અંતર્હિતાત્મા, પ્રસાદ, હયગર્દભિ, પવિત્ર, મહત, નિયમ, નિયમાશ્રિત, સર્વકર્મા, સ્વયંભૂત, આદિ, આદિકર, નિધિ, સહસ્રાક્ષ, વિશાલાક્ષ, સોમરૂપ, નક્ષત્રસાધક, ચંદ્ર, સૂર્ય, શનિ, કેતુ, ગ્રહ, ગ્રહપતિ, વર, અત્રિ, અત્યાનમસ્કૃત, મૃગબાણાર્પણ, અનાગ, મહાતપા, ઘોરતપા, અદીન, દીનસાધક, સંવત્સર, મંત્ર, પ્રમાણ, પરમતપ, યોગી, યોન્ય, મહાબીજ, મહારેતા, મહાબલ, સુવર્ણરેતા, સર્વજ્ઞ, સુબીજ, બીજવાહન, દશબાહુ, અનિમિષ, નીલકંઠ, ઉમાપતિ, વિશ્વરૂપ, સ્વયંશ્રેષ્ઠ, બલવીર અબલ, ગણ, ગણકર્તા, ગણપતિ, દિગ્વાસા, કામ, મંત્રવિદ્, પરમ, મંત્ર, સર્વભાવક, હર, કમંડલુધર, ધન્વી, બાણહસ્ત, કપાલવત, અશની, શતઘ્ની, ખંડી, પરિશી, આયુધી, મહત, સુવ્રતસ્થ, સુરૂપ, તેજસ, તેજસ્કરનિધિ, ઉષ્ણીષી, સુવક્ત્ર, ઉદગ્ર, વિનત, દીર્ઘ હરિકેશ, સુતીર્થ, કૃષ્ણ, શૃગાલરૂપ, સિદ્ધાર્થ, મુંડ, સર્વશુભકર, અજ, બહુરૂપ, બંધકારી, કપર્દી, ઊર્ધ્વરેતા, ઊર્ધ્વલિંગ, ઊર્ધ્વશાયી, નભસ્થલ, ત્રિજટ, ચીરવાસા, રુદ્ર, સેનાપતિ, વિભુ, અહશ્વર, નક્ષત્રચર, તિગ્મમન્યુ, સુવર્ચસ, અજપ્ત, દૈલપ્ત, કાલ, લોકધાતા, ગુણાકર, સિદ્ધાર્થકારક, આર્દ્રચર્માંબરાવૃત, કાલયોગી, મહાનાદ, સર્વકામ, નિષ્પ્રપંચ, નિરાગ્નિ, પ્રેતચારી, ભૂતચારી, મહેશ્વર, ભૂતભૂત, ભૂતકર, સ્વયંભૂ, અમિત, ગતિ, નિત્યપ્રિય, નિત્યનર્ત, નર્તક, સર્વલાસક, ઘોર, મહાતપા, પાશ, નિત્ય, ગિરિરુહ, નભ, સહસ્રહસ્ત, વિજય, વ્યવસાય, અતંદ્રિત, અધર્ષણ, ધર્ષણાત્મા, યજ્ઞહન, કામનાશક, દક્ષયાગાપહા, સુસહ, મધ્યમ, તેજોપહારી, અધૃષ્ય, મર્દિત, અર્થ, અજિત, અવર, ગંભીરઘોષ, ગભીર, ગંભીર બલવાહન, ન્યગ્રોધરૂપ, ન્યગ્રોધ, ઉચ્છ્રયસ્થિતિ, વિભુ, સુપ્રતિષ્ઠસ્થાનદ, મહાક્ષત્ર, મહાનન, વિશ્વક્સેન, હરિ, યજ્ઞ, સંયુગાપીડવાહન, તીક્ષ્ણતાપ, હર્યશ્વ, સહ, કર્મકાલવિદ, વિષ્ણુપ્રસાદિત, યજ્ઞ, સમુદ્ર, વડવામુખ, હુતાશનસહ, પ્રશાંતાત્મા, હુતાશન, ઉગ્રતેજા, મહાતેજા, જય, વિજયકાલવિદ, જ્યોતિષામયન, સિદ્ધિ, સર્વવિગ્રહ, શિખી, મુંડી, જટી, જ્વાલી, મૂર્તિજ, મૂર્ધજ, બલી, વેણવી, પણવી, તાલી, બલી, કાલકટંકટ, નક્ષત્રવિગ્રહમતિ, ગ્રહબુદ્ધિ, ધ્રુવ, અચલ, પ્રજાપતિ, વિશ્વબાહુ, વિભાગ, સર્વગ, અમુખ, વિમોચન, સુસરણ હિરણ્યકવચોદ્ભવ, મેઢ્રજ, બલચારી, મહીચારી, શ્રુત, સર્વતૂર્ય નિનાદી, સર્વતોમુખપરિગ્રહ, આકાશરૂપ, ગુહાવાસી, ગુહ, માલી, તરંગવિદ, ત્રિદશ, ત્રિકાલધૃક, કર્મસર્વબંધવિમોચન, અસુરેંદ્રાણાંનાશન, યુધિશત્રુવિનાશન, સૌમ્યપ્રસાદ, દુર્વાસા, સર્વસાધુનિષેવિત, પ્રસ્કંદન, વિભાગજ્ઞ, અતુલ્ય, યજ્ઞભાગવિદ, સર્વવાસ, સર્વચારી, વાસવ, અમર, હેમ, હેમકર, અયજ્ઞસર્વધારી, પરોત્તમ, લોહિતાક્ષ, મહાક્ષ, વિજયાક્ષ, વિશારદ, સંગ્રહ, નિગ્રહ, કર્તા, સર્પચીરનિવસન, મુખ્ય, અમુખ્ય, દેહ, કાલિ, સર્વકામદ, સર્વકામપ્રસાદ, સુબલ, બલરૂપપુષ્ટ, સર્વકામવર, સર્વદ, સર્વતોમુખ, આકાશનિર્વિરૂપ, નિષાતી, આવસ, સ્વગ, રૌદ્રરૂપ, અંશુ, આદિત્ય, બહુરશ્મિ, સુવર્ચસ, વસુરેતા, મહારેતા, મનોવેગ, નિરાગ્નિ, સર્વવાસી, શ્રિયાવાસી, ઉપદેશકર, આકાર, મુનિ, આત્મ નિરાલોક, સંભગ, સદ્‌ગતિ, પક્ષી, પક્ષરૂપ, અતિદીપ્ત, વિશાપતિ, ઉન્માદ, મદન, કામ, અશ્વત્થ, અર્થકર, યશ, યામદેવ, યામ, યામ્ય, દક્ષિણ, વામન, સિદ્ધયોગી, મહર્ષિ, સિદ્ધાર્થ, સિદ્ધસાધક, ભિક્ષુ, ભિક્ષુરૂપ, વિપણ, મૃદુવ્રત, અવ્યય, મહાસેન, વિશાખ, પરિણામ, જવાંપતિ, વજ્રહસ્ત, વિષ્કભી, ચમૂસ્તભન, વૃત્તાકૃતકર, તાલ, મધુ, મધુકલોચન, વાચસ્પત્ય, વાજસન, નિત્યમાશ્રમપૂજિત, બ્રહ્મચારી, લોકચારી, સર્વચારી, વિચારવિદ, ઈશાન, ઈશ્વર, પ્રભુ, નિશાચારી, પિનાકવાન, નિમિત્તસ્થ, નિમિત્ત, નંદિ, નંદિકર, હરિ, નંદીશ્વર, નંદી, નંદન, નંદિવર્ધન, ભગહારી, નિહતા, કાલ, પક્ષ, પિતામહ, ચતુર્મુખ, મહાલિંગ, ચારુલિંગ, લિંગાધ્યક્ષ, સુરાધ્યક્ષ, યોગાધ્યક્ષ, યુગાવહ, બીજાધ્યક્ષ, બીજકર્તા, અધ્યાત્માનુગત, બલ, ઇતિહાસ, સકલ્પ, ગૌતમ, નિશાકર, દમ, અદંભ, વૈદભ, વશ્ય, વશકર, કલિ, લોકકર્તા, પશુપતિ, મહાકર્તા, અનૌષધ, અક્ષર, પરમબ્રહ્મ, બલવાન, શક્ર, નીતિ, અનીતિ, શાસ્ત્રાત્મા, શ્રેષ્ઠ, માન્ય, અતાગતિ, મહાપ્રસાદ, સુસ્વપ્ન, દર્પણ, અમિત્રજિત, વેદકાર, મંત્રકાર, વિદ્વાન, સમરમર્દન, મહામેઘનિવાસી, મહાઘોર, વશી, કર, અગ્નિજ્વાલ, મહાજ્વાલ, અતિધૂમ્ર, હુત, હવિ, વૃષ્ણ, કંઠેર, નિત્યવર્ચસ, ધૂમકેતન, નીલ, અંગલુબ્ધ, શોભન, નિરવગ્રહ, સ્વસ્તિદ, સ્વસ્તિભાવ, ભાગી, ભાગકર, લઘુ, ઉત્સંગ, મહાંગ, મહાગર્ભપરાયણ, કુક્ષિધર્મ, સુધર્મ, સર્વકૈલિનામિદિમ, મહાપાદ, મહાહસ્ત, મહાકાય, મહાયશા, મહામૂર્ધા, મહામાત્ર, મહાનેત્ર, નિશાલય, મહાન્તક, મહાકર્ણ, મહોષ્ઠ, મહાહનુ, મહાનાસ, મહાકંબુ, મહાગ્રીવ, શ્મશાનભાજ, મહાવક્ષા, મહોરસ્ક, અંતરાત્મા, મૃગાલય, લમ્બન, સમિતેજ, મહાભાગ, પયોનિધિ, મહાંત, મહાદષ્ટ્ર, મહાજિહ્વ, મહામુખ, મહાનખ, મહારોમા, મહાકેશ, મહાજટ, પ્રસન્ન, પ્રસાદ, પ્રત્યય, ગિરિસાધન, સ્નેહન, અસ્નેહન, અજિત, મહામુનિ, કૃશકાર, કૃશકિંતુ, અનઘ, વાયુવાહન, મંડાલી, મેરુધામા, દેવાધિપતિ, અથર્વશીર્ષ, સામાસ્ય, ઋક્‌સહસ્રામિતેક્ષણ, યજુઃપાદભુજ, ગુહ્ય, પ્રકાશ, જંગમ, અમોઘાર્થ, પ્રસાદ, અભિગમ્ય, સુદર્શન, ઉપકાર, પ્રિય, સર્વ, કનક, કાંચનછવિ, નાભિ, નંદિકર, ભાવ, પુષ્કરસ્થપતિ, સ્થિર, દ્વાદશ, ત્રાસન, આશ્રય, પ્રાસમાદિત, નક્ત, કાલિ, કાલ, મકર, કાલપૂજિત, મૃગાક્ષ મૃગકાર, ભૂતવાહનસારથિ, ભસ્મતલ્પ, ભસ્મગોપ્તા ભસ્મભૂત, તરુ, ગણ, લોકપાલ, અલોક, મહાત્મા, સર્વપૂજિત, શુક્લ, ત્રિશુક્લ, સંપન્ન, શુચિ, ભૂતનિષેવિત, આશ્રમસ્થ, ક્રિયાવત્સ્થ, વિશ્વકર્મમતિ, વર, વિશાલશાખ, તામ્રોષ્ઠ, અંબુજાલ, સુનિશ્ચલ, કપિલ, કપીશ, શુક્લ, આયુષ, પર, અપર, ગભર્સ, અદિતિ, તાર્ક્ષ્ય, સુવિજ્ઞેય, સુરારહ, પરમપ્રાયુધ, દેવ, અનુકારી, સુબાંધવ, તુમ્બવીણ, મહાક્રોધ, જટેશ્વર, ઊર્ધ્વ, પંચકર, પંચ, પરમાનંદ,

અનિંદિત, સર્વા સરૂપ, માધવી, સુહૃદ, અનિલ, અનલ, અંધન, અંધનકર્તા, સુબંધનવિમોચન, સુપત્તારિ, સકામારિ, મહાદંષ્ટ્ર, મહાપુરુષ, અતુલ, નિંદિત, રાર્વ, શકર, સકરે, અંધન, અમરેશ, મહાદેવ વિશ્વદેવ, મુરારિઘ્ન, અદ્રિમુષ્ણ, અનિલાભ, ચોકિતાન, વસી, અદ્રીકપદ, કાપાલી, ત્રિશકુ, અજિત, શિવ, ધન્વતરિ, ધૂમકેતુ, સ્કંદ, વૈશ્રવણ, ધાતા, સહ, વિષ્ણુ, મિત્ર, ત્વષ્ટા, ધ્રુવ, ધર, પ્રભાત, સર્વગવાયુ, અર્યમા, સવિતા, રવિ, ઉષસ્તુ, વિધાતા, માધાતા, ભૂતભાવન, વિભુ, સર્વવિભાતા, સર્વકામગુણાવહ, પદ્મગર્ભ, મહાગર્ભ, ચદ્રવક્ત્ર, અનિલ, અનલ, બલવાન, ઉપશાત, પુરાણ, પુરવસુ, પુરુકર્તા, પુરુવાસી, પુરુભુત, ગુરુદેવ, સવારામ, દર્ભચારી, સર્વપ્રશ્નિપતિ, દેવદેવ, સુખાસક્ત, સદસત્, સવરત્નવિદ, કૈલાસગિરિવાસી, હિમવદ્ગિરિસશ્રય, કુબેરારી, કુલકર્તા, બહુવિદ્ય, બહુપ્રદ, વણિજ, વર્ધની, વૃક્ષ, બકુલ, ચદન, છદ, સારગ્રીવ, મહાજત્રુ, અલોલ, મહાદંષ, સિદ્ધાર્થકારી, ઠોંઠારાકરમ્લાનમસ્તક્ય સિંહનાદ, સિદ્ધદંષ્ટ્ર સિદ્ધગ, સિદ્ધવાહના, પ્રભાવાત્મા, જગત્કારણત્યાના, લોકડિત, તરુ, મારિષ, નયમાર્ગ, કેતુમાલી, સભાવન, ભૂતાશ્રય, ભૂતપતિ, અહોરાત્ર, અનિંદિત, સર્વભૂતવાદિતા, સર્વભૂતનિલય, વિભુ, ભવ, અમોઘ, સંત, અક્ષ, જોજન, પ્રાણધારણ, ધૃતિમાન, મતિમાન, દક્ષ, સત્કૃત, યુગાધિપ, ગોપાલ, ગોપતિ, ગ્રામ, ગોચર્મવસન, હરિ, હિરણ્યબાહુ, પ્રવેશિનાગુહાપાલ, પ્રકૃષ્ટારિ, મહાર્હ, જિતકામ, જિતેંદ્રિય, માંધાર, સુવત્સ, તપઃસક્ત, રતિ, નર, મહાગીત, મહાહૃષ, અપ્સરોગણસેવિત મહાકેતુ, મહાધાતુ, નૈકસાનુચર, ચલ, અચેદનીય, આદેશ, સર્વગધસુખાવહ, તોરણ, તારણ, વાત, પરિધી, પતિમેચર, સંયોગવર્ધન, ગુણાધિકગ્રહ, અનિવૃહ, નિસાત્મસત્ત્વ, દેવાસુરપતિ, પતિ, યુક્ત, મુક્તમાહુ, દિવિસુપર્વદેવ, આષાઢ, સુષાઢ, ધ્રુવ, હરિણ, - હર, આકર્તમાનપુષ, વસુશ્રેષ્ઠ, મહાપથ, વિમર્શશિરોહારી, સર્વલક્ષણલક્ષિત, અક્ષરયોગી, સર્વયોગી, મહાબલ, સમામ્નાય, અસમામ્નામ, તીર્થદેવ મહારથ, નિર્જીવ, જ્વલન, મંત્ર, ચુભાક્ષ, બહુકર્કરા, રત્નપ્રભૂત, રત્નાભ, મહાર્ણવનિપાનવિદ્ધ, મૂલ, વિશાલ, અમૃત, વ્યક્તાવ્યક્તા, તપાનિધિ, આરોહણ, અધિરોહ, શીલધારી, મહાયશ, સેનાકલ્પ, મહાકલ્પ, યોગ, યુગકર, હરિ, યુગરૂપ, મહારૂપ મહાનાગહન, વધ, ન્યાયનિર્વપણ, પાદ, પડિત, અસલોપમ, અકુમાલ, મહામાલ, શરિહરસુલોચન, વિસ્તારલવણકૂપ, ત્રિયુગ, સફલોદય, ત્રિલોચન, વિક્ષણાંગ, મલ્લિવિદ્ધ, જટાધર, બિંદુ, વિસર્ગ, સુમુખ, સર, સર્વસુમુખ, સહ, નિર્વહન, સુખાભ્યત, સુગધાર, મહાધનુ, ગંધપાલિબલવાન, સર્વકર્મોત્થાન, મધ્યાનમહુલવાયુ, સકલ્પ, સર્વલોચન, તલસ્તાલ, કરન્ધાલી, ગ્રીષ્મસહનન, મહાન, છત્ર, સમ્પન્ન, વિખ્યાતલોક, સર્વાશ્રયક્રમ, મુંડ, વિરૂપ, વિકૃત, દડી, મુંડી, વિકુર્વાણ, હર્યક્ષ, કકુભ, વજ્રી, શતજિદ્ધ, સહસ્રપાદ, સહસ્રમૂર્ધા, દેવેંદ્ર, સર્વદેવમય, ગુરુ, સહસ્રબાહુ, સર્વાંગ, શરણ્ય, સર્વલોકકૃત, પવિત્ર, ત્રિકકુન્મત્ર, કનિષ્ઠ, કૃષ્ણપિંગલ, બ્રહ્મદડવિનિર્માતા, શતપ્રધારાશક્તિમાન, પદ્મગર્ભ, મહાગર્ભ, બ્રહ્મગર્ભ, જલોદ્ભવ, ગભસ્તિ, બ્રહ્મકૃત, બ્રહ્મા, બ્રહ્મવિદ, બ્રાહ્મણ, ગતિ, જનનરૂપ, નૈકાત્મા, સ્વયભુવરિતગ્રમતેજ્ય, ઊર્ધ્વગાત્મા, પશુપતિ, વાતરહસ, મનોજ્ય, ચતરી, પદ્મનાભાક્ષ, સુરબ્મુતરણ, નર, ક્રતુકારમહાસત્રિયજ્ઞ, નીલગ્રીવ, પિનાકકૃત, ઉમાપતિ, ઉમાકાંત, જાહ્નવીપ્રિય, ઉમાધવ, વરવરાહ, વરદ, વરેષ્વ, સમ્પ્રહારણ, મહાપ્રસાદ, દમન, શત્રુહા, શ્વેતપિંગલ, પીતાત્મા, પરમાત્મા, પ્રયતાત્મા, પ્રધાનકૃક, સર્વપાર્શ્વમુખ, ત્ર્યક્ષ, સર્વસાધારણવર, ચરાચરાત્મા, સૂક્ષ્મત્મા, અમૃતગોવૃષેશ્વર, સાધ્યર્ષિ, આદિત્યવસુ, વિસ્તરત્વસવિતૃપ્રકૃત, વ્યાસ, સર્વસ્રસંક્ષેપવિસ્તાર, પર્યષનર, ઋતુ, સંવત્સર, માસ, પક્ષ, સંખ્યાસમાપન, કાલ, કાષ્ઠા, લવ, માત્રા, મુહૂર્તાહ:ક્ષપા, ક્ષણ, વિશ્વક્ષેત્ર, પ્રજાબીજ, લિંગ, આયનિર્ગમ, સત્ત, અવક્ત, અસત્ત, અવ્યક્ત, પિતા, માતા, પિતામહ, સ્વર્ગદ્વાર, પ્રજાદ્વાર, મોક્ષદ્વાર, ત્રિવિષ્ટપ, નિર્વાણ, દ્યુલાદન, બ્રહ્મલોક, પરાગતિ, દેવાસુરવિનિર્માતા, દેવાસુરપરાયણ, દેવાસુરગુરુ, દેવ, દેવાસુરનમસ્કૃત, દેવાસુરમહાયાત્ર, દેવાસુરગણાશ્રય, દેવાસુરગણાધ્યક્ષ, દેવાસુરગણાગ્રણી, દેવાતિદેવ, દેવર્ષિ, દેવાસુરવરપ્રદ, દેવાસુરેશ્વર, વિશ્વ, દેવાસુરમહેશ્વર, સર્વદેવમય, અચિત્ય, દેવતાત્મા, આત્મસંભુ, ઊર્ધ્વરિદ ત્રિવિક્રમ, વૈદ્ય, વિરજ, નીરજ, અમર, કંજ, કરતીશ્વર બ્યાઘ્ર, દેવસિદ્ધ, નરર્જલ, વિષ્ણુષ, અમવર, મૂક્ષ્મ, સર્વદેવ, તપોમય, સુયુક્ત, શોભન, વજ્ર, પ્રાગ્નાનાપ્રભવ, અવ્યય, મુખ, કોંત, નિર્જરેશ, પવિત્ર, સર્વપાવન, શ્રૃગી, ગૃંજિપ્રિય, બભ્રુ, રાજરાજ, નિરામય, અભિરામ, સુરગમ, વિરામ, સર્વસાધન, લલાટાક્ષ, વિશ્વદેવ, હરિણ ચતુરશ્રેસ, સ્થાણપતિ, નિયમેંદ્રિયવર્ધન, સિદ્ધાર્થ, સિદ્ધાર્થ, અચિત્ય, સત્યવ્રત, શુચિ અને વ્રતાધિપ.

શિવ શિવ કરવું ૦ અરેરે કરવું; દિલગીર થવ

૨૭. પુ. મોક્ષ.

૨૮ પું. (પુરાણ) વિતરત્યનો પુત્ર એક બ્રાહ્મણ. તેનો પુત્ર સ્વયા હતો

૨૯. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૩૦ પું. વેદ

૩૧. પું. શક્તિગ્રહ, રામિરોહ

૩૨. સ્ત્રી. જોતેર માંહેની એક આકાશતત્ત્વ દેવતા

૩૩. સ્ત્રી યોગશાસ્ત્ર પ્રમાણે એક જાતની ઉપાસના

સત્ત્વ રૂપે આ નેતિ નેતિ બ્રહ્મોપાસનને શિવ ઉપાસના કહેવાય છે. વિશ્વસ્વ.વિ

૩૪ ન. આગળો

૩૫. ન. એ નામનું એક ઉપપુરાણ, મુખ્ય અઢાર માંહેનું એક પુરાણ.

૩૬. વ. કલ્યાણ, ભલું, મગળ; શુભ

૩૭. ન. પાણી.

૩૮. ન. (શિલ્પ) પૂર્વ પશ્ચિમ અક્ષિદ્ર હોય અને અદર બે પાટડા અને બાર સ્તભો હોય તેવું ઘર

કાલ જાના ઘરમા એક બહારકે નાખીએ તો તે શિવ નામા ઘર થાય છે. રાજવલ્લભ

૩૯. ન. શિખાણુ

૪૦ વિ. ઉપદ્રવ રહિત.

૪૧. વિ. શુભ; કલ્યાણકારી

૪૨. વિ. સારુ; માગલિક; સુખકારક.

૪૩. વિ. સૌમ્યરૂપ.

શિવક [સં.] પું. હોરને બાધવાનો બીજો.

શિવકર ૧. પું (જૈન) ભૂતકાળની ઉત્સર્પિણીમા થયેલા બારમા જૈન તીર્થકર

૨. [સં.] વિ. કલ્યાણ કરનાર; મગળ કરનાર; સુખ કરનાર.

શિવકર્ણ પુ. (પુરાણ) વસિષ્ઠ કુળનો એ નામે એક ઋષિ

શિવકલ્પ [સ.] પું એ નામનો એક ગ્રથ. તેમાં શકરનો અઘોર અવતાર થયો હોવાનુ મનાય છે

શિવકાંચી [સ.] સ્ત્રી. (પુરાણ) અસ્થોડ ક્ષેત્રમાંની સતીની મૂર્તિ કે વિભૂતિ.

શિવકાંચી સ્ત્રી. એ નામની એક નગરી. એ યાત્રાનું ધામ છે. આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: મદિરનો આગળનો ઘુમટ ૧૬ કાળા પથ્થરના ભવ્ય સ્તભો ઉપર છે. આ મડપના પથ્થર બધેરે કારીગરીથી ભરપૂર છે. મદિરમાં જતા

પ્રથમ મલ્લપતિનુ મંદિર આવે છે આગળ જતા કાશીવિશ્વનાથનુ મંદિર આવે છે અને તે પછી મુખ્ય મંદિર ઓકારેશ્વરનુ આવે છે આ બધામા આત્માનુ રૂપ પણ છે બીજુ મંદિર કામાક્ષી દેવીનું છે આ દેવી નુકર્તુના કુળદેવી ચિત્રાંકિત ચમત્કાર આવે છે આ વિશાળ સમૂહને ત્રિવર્તના કરે છે અહીં નવગ્રહની મૂર્તિઓ છે, તેમ જ ૬૪ યોગિનીની મૂર્તિઓ પણ છે અને તે રત્નજડિતની સુશોભિત છે આ મંદિર માટે અમે તૈયારે થયા, જણાવ છે

શિવકાંત ૧ , સ , પુ. પાસે પૂજાવાળો સ્તંભ
૨. ન એક જાતનુ રેશમ

શિવકાંતા ૧ સ્ત્રી એક જાતનો છોડ; કાળી શંખાવલી તે આમાસામા થાય છે તેનો છોડ ડાંડેક ફૂટ લાંબો થાય છે તેના પાન નાના અને મરચે બાંતરે આવેલ ૧ ૬ તેને સુંદર, સુંદર અને રંગમા જાતના ફૂલ આવે છે ફૂલ ગોળાકાર હોય, અણીવાળા હોય છે. તેમાં ચાર બીજ હોય છે
૨ [સં] સ્ત્રી દુર્ગાદેવી

શિવકીર્તન ૧ [સં.] પુ વિષ્ણુ
૨ ન. શિવના ગુણગાન ગાવાં તે.

શિવકુંડ [સ ન. ભારતવર્ષીય એ નામનુ એક તીર્થ

શિવકાંચિ ન. પ્રયાગમા ત્રિવેણી સંગમથી ચારેક માઈલ દૂર આવેલ એ નામનુ એક રમ્ય સ્થળ. તે ગંગાકિનારે આવેલુ છે. ત્યાં કોટેશ્વર મહાદેવનુ મંદિર છે

શિવક્ષેત્ર [સ] ન. મુખ્ય અઢાર માંહેનુ એક તીર્થક્ષેત્ર.

શિવગણ [સં.] પુ. શિવનો અનુચર

શિવગંગા ન. એક પ્રાચીન સરોવર ને તીર્થ. સૂતસંહિતામાં લખ્યુ છે કે: શિવગંગા નામનુ સરોવર ઉત્તમતીર્થ બ્રાહ્મપુરના રમણીય પ્રદેશમાં છે ત્યાં શ્રી મહાલક્ષ્મીનો વાસ છે. એ તીર્થમા ભક્તિથી નાહીને આદરપૂર્વક ધનદાન આપે તો તેથી સર્વત્ર અંતઃકરણનુ સામ્ય પ્રાપ્ત થાય છે અને અંતે પ્રજાપદ મળે છે

શિવગામી [સ] વિ મુક્તિપદને વરનાર; મોક્ષ જનાર

શિવગિરિ [સં.] પુ. કૈલાસ પાસે આવેલું એ નામનુ એક શિખર

શિવગીતા [સ.] સ્ત્રી ચૌદ માંહેની એ નામની એક પ્રસિદ્ધ ગીતા.

શિવગીતા એ પદ્મપુરાણના પાતાલ ખંડમાં આવેલી છે એમ કહેવાય છે. ગીતા રહસ્ય

શિવગુરુ ૧ પુ કેરલ દેશમા કાલડી ગામમા રહેતા એક બ્રાહ્મણ. તેને ત્યાં સતી નામની સ્ત્રીથી શંકરાચાર્યનો જન્મ થયો હતો
૨ સ્ત્રી. પૌરાણિક ઉપનિષદ માંહેનુ એક
૩ સ્ત્રી આસો માંહેની એ નામની એક નેજલતત્ત્વ દેવતા

શિવગેહ [સ] ન. મોક્ષપદ

શિવગૌરી ન. એ નામનું એક વ્રત. તે ચૈત્ર શુદ્ધ ત્રીજથી એક મહિના સુધી ચાલે છે.

શિવચર્મેજ ૧ [સં.] પું. મગળ ગ્રહ. તે શિવના પરસેવાથી ઉત્પન્ન થયાનુ મનાય છે
૨ પું. (પિંગળ) માત્રાવૃત્તની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમા ૨૬ ગુરુ અને ૩૬ લઘુ મળી ૬૨ વર્ણની ૮૮ માત્રા હોય છે

શિવચતુર્દશી [સં.] સ્ત્રી ફાગણ વદી ચૌદશ

શિવજટા ૧. સ્ત્રી એક જાતનું વૃક્ષ. તે તાડની જાતનું છે અને સુંદર થાય છે. તેમાં ફૂલોની લાંબી જટાઓ નીકળે છે. તેનાં ફૂલ અરધી સોપારી જેવડા થાય છે આ ઝાડમાથી તાડી ઝરે છે. કેટલાક પુરેન્સ તેને અરધી સોપારીનુ ઝાડ, ભેરવજટા કે ભીરલીમાડ પણ કહે છે.
૨. [સં.] સ્ત્રી શિવની જટા.

શિવજી પું. મહાદેવ; શિવ. શિવ માટે માનાર્થે વપરાય છે.

શિવંકર ૧. [સં.] વિ મંગળ કરનારું.
૨. પું. સુખ કરનારું.

શિવજ્ઞાન [સં] ન. એ નામનુ એક રાગિણ.

શિવઠામ ન. શિવપુરી; મોક્ષ

શિવણ ન. એક પ્રકારનું ઝાડ. તે સાગ જેવું ઊંચું થાય છે. તેનાં ફૂલ ઔષધી તરીકે વપરાય છે. તેના લાકડાના ઢોલક અને તબલાં બને છે

શિવણી સ્ત્રી. એક જાતનું ઝાડ; શ્રીપર્ણી તેનાં લાકડાના પલંગ કરાવાય છે. તે રંગે સફેદ હોય છે. તેનું લાકડું બહુ મજબૂતદાર હોય છે તેથી તેમાં ખારીક કોતરકામ સારું કરી શકાય છે અરણી કે ખરાદ ઉપર ચઢાવી તેના પ્યાલા વગેરે ઉતારવામાં આવે છે. તેની સિતાર પણ બને છે.

શિવતત્ત્વ [સં. ' ન ચેતન

નાસ્તિક દર્શનનો સિદ્ધાન્ત અદ્વૈત છે; એટલે શિવ અને શક્તિ ભિન્ન પદાર્થ નથી પણ ભિન્ન દૃષ્ટિબિંદુથી ભિન્ન દેખાય છે. પરંતુ જે દેખાય તે વસ્તુ સત્ય નથી. તેમ જ્ઞાને જાણી કરેલી માયાથી ઉપજેલો ભ્રમ પણ નથી, પરંતુ મૂળ **શિવતત્ત્વ** (ચેતન)ની અરપદ અને સ્પંદ કલાઓ છે

ડાહ્યાભાઈ દેસાઈકૃત

શિવતમ [સ.] વિ સૌથી વધારે કલ્યાણકારી; વેદમા વપરાયેલુ રુદ્રનુ એક વિશેષણ.

શિવતર [સ.] વિ વધારે મંગળ સ્વરૂપ; વેદમા વપરાયેલુ રુદ્રનુ એક વિશેષણ.

શિવતા [સ.] સ્ત્રી પ્રજાત્વ; પરમતત્ત્વ.

અને જે ગાયથી પુત,
શિવતણી તો જ **શિવતા**. સ્તોત્રચિંતક

શિવતાલ ન મથુરા પાસે આવેલુ એક તળાવ. આ મોટું સરોવર ભગતસિંહ પાકની પહાર પ્રદાવનવાળી રેલવે લાઈનની પેલે પાર છે. ઈ સ. ૧૮૦૫માં કાશીના રાજા પટનીમલે તે બાંધેલુ હતુ. તેની બનાવટ સુંદર છે. કિનારાની ફરતાલો ઉપર ચિત્રકામ પણ જોવા લાયક છે. ચોપાસ લીલાછમ વૃક્ષોથી સરોવરની શોભા વધી જ વધી ગઈ છે અહીં બલદેવ ચોબાનો પ્રસિદ્ધ અખાડો છે

શિવતાંડુલ્ય [સ.] ન. એ નામનુ એક પુસ્તક.

શિવતુલ્ય [સં.] વિ મોક્ષરૂપ.

શિવત્વ [સં.] ન. ઈશ્વરપણું

શિવદ [સ. શિવ (કલ્યાણ) + દ (દેનાર)] વિ કલ્યાણ કરનાર

શિવદત્ત [સ.] વિ શિવે આપેલ

શિવદત્તપુર [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનુ એક શહેર

શિવદા પું. (પિંગળ) ચૌદાક્ષરી ઉપજાતિની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૨૪ ગુરુ અને ૬૦ લઘુ મળી ૮૪ વર્ણની ૧૦૮ માત્રા હોય છે

શિવદાઈ સ્ત્રી. એક જાતની સુંદર વેલ; નિસોત.

શિવદાકે [સં.] ન. દેવદારનું ઝાડ.

શિવદાસ પું. નાગર પુગનો એ નામનો એક કવિ. તે ભગાતનો નાગર બ્રાહ્મણ હતો. તેણે એકાદશી માહાત્મ્ય, પરશુરામાખ્યાન, ડાંગવાખ્યાન, દ્રૌપદીસ્વયંવર, ચંડી આખ્યાન, મુસલપર્વ, શિવવિવાહ, કૃષ્ણબાળચરિત્ર, પ્રભાવતીની કથા, જલધર આખ્યાન વગેરે આખ્યાનો રચ્યાં છે. તેનો જીવનકાળ ૧૬૪૦થી ૧૬૬૦ સુધીનો ગણી શકાય.

શિવદૂતી ૧. [સ.] સ્ત્રી એ નામની એક યોગિની. એ દેવીએ શિવને દાનવો સાથે કપટમ આખત પોન્યા તે કારણથી એ દેવી ત્યારથી શિવદૂતી એવા નામથી પ્રખ્યાત થયાં

જે શક્તિએ મહાદેવને દૂત કરીને દૈત્યોની પાસે મોકલ્યા હતા તે શક્તિ સર્વસામાન્ય **શિવદૂતી** એવા નામથી પ્રખ્યાત થયા

ભગવતી આગમ

૨. સ્ત્રી. દુર્ગાદેવીની એક મૂર્તિ.
૩. સ્ત્રી. (તાંત્રિક) પંદર આંકની એ નામની સાતમી નિત્યા.

શિવકુમ [સં] પું. બીલીનું ઝાડ.

શિવકાલુ ૧. પું. ગોમેદ; પોખરાજ.
૨. પું. ચકમકનો પથ્થર.
૩. [સં.] પું. પારો

શિવધામ ન. મોક્ષ.

શિવધારિણી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
અમ્બોદમા **શિવધારિણી** નામની પીઠ છે.
જગતની જાગૃત્ત

શિવનગરી [સં] સ્ત્રી. કાશી; વારાણસી.

શિવનંદી પું. શિવના ગણના ગણ માંહેનો એક પ્રકાર; બળદ.

શિવનાડિ [સં] સ્ત્રી. મંડિક નદીમાં સોમેશ્વર ક્ષેત્રમાં થતી એક જાતની નાની શિલા.

શિવનારાયણ પું. શિવનારાયણીના સ્થાપનાર એ નામના એક પુરુષ. તેમણે ઈ. સ. ૧૭૩૪માં શિવનારાયણી નામે પંથ ચલાવ્યો હતો.

શિવનારાયણી ૧. પું. કબીર પંથનો એ નામનો એક પેટા પંથ. તેનો સ્થાપક શિવનારાયણ હતો
૨. પું. શાક્તોનો એ નામનો એક સમ્પ્રદાય

શિવનિમેષ [સં.] ન વિષ્ણુની એક હજાર ઘટિ જેટલો સમય. આ શિવની એક નિમિષમાં પૃથ્વીના સૌર વર્ષો ૪૧૧,૦૪૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ થાય છે

શિવનિર્માલ્ય ૧. ન. ઉપયોગમાં ન લેવા જેવું તે; વાપરતાં કે ઉપયોગ કરવાથી પાપ લાગે તેવું તે; અમાન્ય હોય તેવું તે.
૨. ન. ધર્માદામાં કાઢેલ રકમ.
૩. [સં. શિવ + નિર્માલ્ય (કૂવાની માળામાંથી બહાર પડેલ)] ન. શિવને ચડેલાં પુષ્પો વગેરે; શિવને ચડાવેલ માળામાંથી બહાર પડેલું ફૂલ વગેરે; શિવને અર્પણ થયેલું તે. ઉચ્ચારાર્પણ શિવનિર્માલ્ય ગણાય છે એટલે કે તેનો ઉપયોગ ન થઈ શકે.
૪. વિ. તદ્દન નકામું; ઉપયોગ વગરનું.
૫. વિ. હાલ્ય; તજ્જા યોગ્ય

શિવની છુટી સ્ત્રી. ભાંગ.
સુદામદેવ શાસ્ત્રી ઓદ્ય બ્રાહ્મણ હતા ને સમપુરમા રહેતા. **શિવની છુટી** (ભાંગનું) ગાઢું સેવન કરતા. બ્યાકરણ, વેદાંત, ન્યાયમાં ઊંડા જાણતા નગર પંડાળ હતા કવીશ્વર દલપતરામ

શિવનેત્ર ૧. (પિંગળ) પું. ત્રણની સંજ્ઞા; શિવને ત્રણ નેત્ર હોવાથી ત્રણસૂચક સાંકેતિક સંજ્ઞા
૨. ન. શિવની આંખ.

શિવનંદિ પું બળદીઓ.

શિવપણું ન. સુંદરતા
શિવપણું બધુ કર્મથી જ મળે છે.
અમરતી જાગવત

શિવપદ ન. મોક્ષ.

શિવપંચાક્ષર [સં.] પું. શિવની ઉપાસના કરવા માટે બોલવામાં આવતો પાંચ અક્ષરનો મંત્ર; નમઃ શિવાય.

શિવપંચાનન [સં.] ન. શિવની પાંચ મુખવાળી મૂર્તિ. તેનું તત્પુરુષ નામે પૂર્વ મુખ સૂર્ય સમાન કાંતિવાળું છે, અઘોર દક્ષિણ મુખ નીલમેઘ સમાન કાંતિમાન છે, વામદેવ ઉત્તર મુખ પ્રવાલ સમાન છે, સદ્યોજાત પશ્ચિમ મુખ પૂર્ણચંદ્ર સમાન છે અને ઈશાન ઊર્ધ્વમુખ સ્ફટિકમણિ સમાન કાંતિવાળું છે

શિવપંચાયતન [સં.] ન. શિવ સહિત પાંચ વ્યક્તિઓનો સમૂહ. તેમા વચ્ચે શંકર, ઈશાન કોણમાં વિષ્ણુ, અગ્નિકોણમાં સૂર્ય, નૈઋત્યકોણમા ગણેશ અને વાયવ્યકોણમાં દેવી હોય છે.

શિવપંથી [સં] પું. શિવના પંથને માનનાર.

શિવપુર ૧. ન. કાશી
૨. ન. (જૈન) સિદ્ધશિલાની ઉપર આવેલું એક સ્થળ. ત્યા મુક્ત પુરુષો રહે છે ત્યાં રહેનાર પુનર્જન્મ મરણમાં નથી આવતા અને સર્વ કર્મોથી છૂટી જાય છે

શિવપુરાણ ન. અઢાર માંહેનુ એક પુરાણ. શિવનાં ૭ માંહેનુ એક પુરાણ. શિવના ૭ પુરાણ આ પ્રમાણે છે: મત્સ્ય, કૂર્મ, લિંગ, સ્કંદ, અગ્નિ અને શિવ. તેમાં ૨૪,૦૦૦ શ્લોકો છે. તેમાં પૂર્વોત્તર ખંડમાં શિવનું ચરિત્ર બધુ છે તેથી શિવપુરાણ એવું નામ પૌરાણિક લોકો કહે છે.

શિવપુરાણ પારાયણ [સં] ન. મહાદેવનાં સ્તવન કરવાં તે. વદ ૧ થી પ્રારંભ કરી શિવરાત્રીને દિવસે પૂર્ણાહુતિ થાય તેવી રીતે મહાશિવ પુરાણની પારાયણ કરવાથી અમોઘ પુણ્ય થાય, સંતાન થાય, આયુષ્ય વધે, બધે વિજય થાય. શ્રાવણ શુદિ ૧ થી પ્રારંભ કરી વદિ ૧૩ ની સમાપ્તિ કરે તો ધન્ય એ ફળ મળે

શિવપુરી ૧. સ્ત્રી. ઉજ્જયિની શહેરનું એક પ્રાચીન નામ.
ઉજ્જયન અનેક નામોથી ઓળખાય છે: અવંતિકા કે અવતી, પીઠ વિકમની ઉજ્જયિની, શાંકરોની **શિવપુરી**, કાલિદાસની વિશાલા વગેરે નામો પ્રસિદ્ધ છે. આ ઉપરાત કનકશૃંગ, કુમુદવતી, પુરાવસ્થી, નયનોત્સવ, પદ્માવતી પ્રકટ્યા એ બીજા નામો પણ છે. આર્યાવર્ત માત્ર
૨ સ્ત્રી. ઓકારક્ષેત્રમા આવેલી બધુ માંહેની એક નગરી
૩. [સ.] સ્ત્રી. કાશી, વારાણસી; બનારસ.
૪. સ્ત્રી. આધાતા નામના શહેરનો એક ભાગ.

શિવપૂજન ૧ સ્ત્રી. શિવનુ પૂજન
૨. ન. શ્રાવણ સુદ ૧થી કરાતુ એક વ્રત.

શિવપૂજા [સ] સ્ત્રી શિવની આરાધના. અગ્નિની ઊની જ્વાળા એ શિવની મૂર્તિ. એટલે શિવલિંગ છે, અગ્નિની જ્વાળા સાથે ધુમાડાની કાળી પીળી ગૂચળી શિવની જટા છે; અગ્નિ પ્રગટાવવાની વેદી એટલે કુંડ, તે શિવની જળાધારી છે અને અગ્નિમા હોમાતું ઘી તે શિવ ઉપર થતો જળનો અભિષેક છે. આ રીતે દેવની અગ્નિપૂજા તે જ પુરાણની શિવપૂજા છે.
શિવપૂજાથી મોટી બાબ સંપત્તિ મળે છે
પુરાતત્વ

શિવપ્રકૃતિની [સ.] સ્ત્રી. દુર્ગાદેવી.

શિવપ્રદ [સં] વિ કલ્યાણકારી.

શિવપ્રિય ૧. [સ.] પું. ધતૂરો.
૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનુ એક નામ.
૩. પું બકવૃક્ષ.
૪. પું સ્ફટિકમણિ
૫. ન રુદ્રાક્ષ
૬. વિ શિવને પ્રિય

શિવપ્રિયતમા [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

શિવપ્રિયા [સ] સ્ત્રી. દુર્ગાદેવી

શિવબાણ [સં.] ન. શિવનું બાણ.

શિવબિંદુ [સં.] ન. શ્રીચક્રયંત્રના પ્રતીકનું મધ્યબિંદુ

શિવભક્તિ [સં.] સ્ત્રી. શિવની ભક્તિ, પૂજા કે આરાધના.

શિવભંગી સ્ત્રી એક જાતની વનસ્પતિનો વેલો. તેનું ફળ ભાગતાં બીજા બે ભાગ થઈ જાય છે.

શિવભાવ [સં.] પું. આત્મભાવ; પ્રભુભાવ; બ્રહ્મભાવ; સાક્ષાત્કાર.
દ્રષ્ટભાવને જ્યારે શિવભાવનો સાક્ષાત્કાર થાય ત્યારે જ તે મુક્ત બને; એટલે કે જ્યારે જીવ શિવના દર્શન કરે છે ત્યારે તેનો પોતાનો **શિવભાવ** પ્રકટે છે. મુંડકોપનિષદ

શિવભૈરવ પું. એક પ્રકારનો ભૈરવ. તેની મૂર્તિ રત્નાવલી નામના પીઠરહસ્યમાં છે.

શિવમત પું. (સંગીત) રાગના પાંચ માંહેનો એક મત. શ્રીમહાદેવ બધુ સર્વોપરી **સંગીત** પારાગત છે. તેમના મતનો ગાવાનો ક્રમ સર્વથી ઉત્તમ અને પુરાતની છે. તે મતમાં આલાપચારીની રીતિથી ગવાય છે. જેમાં,

મુખ્ય ધ્યાનાદિ. આ મતમા ૭ રાગની કલ્પના, ઋતુ તથા વખત જુદી જુદી રીતથી છે. તે સર્વનુ વર્ણન આ પ્રમાણે છેઃ–મુખ્ય ૭ રાગ હનુમત મત પ્રમાણે જ છે. પરંતુ નામ ભિન્ન છે તથા દરેક રાગને પાંચને બદલે ૭ રાગિણીઓ છે તથા આઠ આઠ પુત્ર છે તેનાં નામ. ૧. શ્રીરાગઃ તેના પરિવાર સહિત શિશિર ઋતુમા ગવાય છે. તેની ૭ રાગિણીઓનાં નામ આ પ્રમાણે છે. (૧) ધન્યાશ્રી અથવા માલશ્રી, (૨) ત્રિવેણી, (૩) કિદારા, (૪) સૌરિ, (૫) મધ્યમધરી અને (૬) બિહારી. તેનાં આઠ પુત્રોનાં નામ હનુમત પ્રમાણે જ છે. ૨. વસંતઃ તેના પરિવાર સહિત વસંતઋતુમાં તે ગવાય છે તેની ૭ રાગિણીઓના નામ આ પ્રમાણે છેઃ (૧) દેશી, (૨) દેવગિરી, (૩) ભૈરવી, (૪) પદ્મિકા, (૫) લલિતા અને (૬) હિંડોલી તેના આઠ પુત્ર હનુમત મત પ્રમાણે હિંડોલ રાગના જે પુત્ર છે તે પ્રમાણે સમજવા. ૩. પંચમઃ તેના પરિવાર સહિત શરદઋતુમા તે ગવાય છે તેની ૭ રાગિણીઓનાં નામ આ પ્રમાણે છેઃ (૧) બિભાસ, (૨) ભૂપાલી, (૩) કરનાટી, (૪) ખટહસ, (૫) મંગલશ્રી અથવા વાર્ધેશ્વરી અને (૬) પટમંજરી. તેનાં આઠ પુત્રો હનુમત પ્રમાણે જે માલકોશ રાગના પુત્ર છે તે જ સમજવા. ૪. ભૈરવઃ તેના પરિવાર સહિત ગ્રીષ્મઋતુમાં તે ગવાય છે. તેની ૭ રાગિણીઓનાં નામ આ પ્રમાણે છેઃ (૧) ભૈરવ, (૨) ગુજરી, (૩) રેવા, (૪) ગુનકલી, (૫) બંગાલી અને (૬) જાલી અથવા હેલી. તેના આઠ પુત્ર હનુમત મત પ્રમાણે જે ભૈરવના છે તે જ સમજવા. ૫. મેઘઃ તેના પરિવાર સહિત વર્ષાઋતુમાં તે ગવાય છે. તેની ૭ રાગિણીઓનાં નામ આ પ્રમાણે છેઃ (૧) મલ્હાર, (૨) સોરઠી, (૩) આશાવરી અથવા સારંગેરી, (૪) માલકોશ, (૫) ગૌડાર અને (૬) રમગુગાર અથવા કરણગાર. તેના આઠ પુત્ર હનુમત મત પ્રમાણે મેઘરાગના જે પુત્ર છે તે જ સમજવા. ૬. નટનારાયણઃ તેના પરિવાર સહિત તે હેમંતઋતુમાં ગવાય છે. તેની ૭ રાગિણીઓનાં નામ આ પ્રમાણે છેઃ (૧) કામોદી, (૨) કલ્યાણી, (૩) અહીરી, (૪) નાયકી, (૫) સારંગ અને (૬) ગંભીરનટ. તેના આઠ પુત્ર હનુમત મત પ્રમાણે દીપક રાગના જે પુત્ર છે તે સમજવા. રાગોના વખત આ પ્રમાણે છેઃ લલિત, વસંત, હિંડોલી, રામકલી, પંચમ, મેઘમલ્હાર, ભૈરવ, ભૈરવી, બિભાસ, ગુનકલી, ભાસગુજરી. શંકરાભરણ, ટંક, પટમંજરી, બહાદરી, દેશાખ, કુકુન, દેશકાર, બિભાસ, રક્તહંસા ઇત્યાદિ રાગોને પહોર દિવસ ચઢવા સુધી ગાવા એવો મત છે ધન્યાશ્રી, માલશ્રી, ગૌતશ્રી, ટોડી, દેવગિરી, સારંગ, મલ્હાર, કલ્યાણ, સોરઠ, મેઘરવા, કામોદ, સિંધવી, દેવગીત, બંગાલ, માલકોશ, ખટ, અહીર, પંચમ, કામલોચન, કલ્યાણ, બિલાવ, ભૈરાડી, કુંજરી, ભૈરવી, ગુર્જરી, ખટહસ ઇત્યાદિ રાગોનો દિવસનો બીજા પહોરનો વખત છે એવો મત છે પુરબી, ગૌડસારંગ, નટનારાયણ, નાગધ્વનિ, દેશી ઇત્યાદિ રાગોને દિવસના ત્રીજા પહોર ગાવા એવો મત છે. શ્રી, માલવા, ગૌરી, તિરવન, કલ્યાણ, કિદારા, કાન્હરા, બિહારી ઇત્યાદિ રાગોને સાંજ વખતે ગાવા એવો મત છે.

શિવમતભૈરવ પું. (સંગીત) ભૈરવની જાતનો એક રાગ. તે ભૈરવ આઠમાંથી ઉત્પન્ન થાય છે તે પ્રાતઃકાળે ગવાય છે.

શિવમતી પું. (પુરાણ) અંગિરાકુળનો એક ઋષિ

શિવમલ્લક [સ.] પું. સાતપુડાનુ ઝાડ

શિવમલ્લકી [સં.] સ્ત્રી. બકવૃક્ષ.

શિવમલ્લી ૧. સ્ત્રી. એક પ્રકારનો આકડો. ૨. [સં] સ્ત્રી. મોટી જોરસલી

શિવમહાપૂજા [સં.] સ્ત્રી. શિવજીને અપોરે ચડે તે પૂજા.

શિવમહિમ્ન [સં] ન. એ નામનું એક સ્તોત્ર. તેમાં શંકરની મહત્તા વર્ણવેલી છે

શિવમંત્ર [સં.] પું. વીરશૈવ ધર્મનાં આઠ માર્ગનુ એક આવરણ.

શિવમંદિર [સં.] ન. શિવાલય.

શિવમાનસપૂજા સ્ત્રી. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ

શિવમાર્ગ પું. શૈવ સમ્પ્રદાય

શિવમાર્ગી [સ.] વિ. શિવમાર્ગનું; શિવ માર્ગને લગતુ

શિવમુખી સ્ત્રી. એ નામની એક પુરાતન તોપ તેમાં આ પ્રમાણે ફોતરવામા આવ્યું છે. શ્રી અકાલ પુરખાજીની કૃપાથી, રણજિતસિંગ બાહદાદ બહાદુર ખુલંદ ઇકબાલના હુકમથી તોપ શિવમુખી પાયતખ્ત લાહોરના કારખાનામા જવાહરમલની અવસ્થાથી સન ૧૮૬૪ વિક્રમી, બનાવનાર મિસ્કારસિંગના છોકરા

શિવમુદ્રા [સં.] સ્ત્રી. એ નામની એક મુદ્રા

શિવયજ્ઞ [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

શિવયોગી [સં] પું. શિવની આરાધના કરનાર યોગી

શિવયોગેશ્વર [સં.] પુ. એ નામના એક શંકર. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ લોહ.ર્ધામાટ પાસે પર્વત ઉપર છે

શિવરંજની [સ] સ્ત્રી. દુર્ગાદેવી

શિવરંધ્ર [સ.] ન ખાવણા બાળકના માથામાં પાર્શ્વૈકપાલના આગલા તથા પાછળ ભાગના ફૂટ્યા આગળ આવેલા બે ચટકતા ખ.ડાઓનો એક. આમાં પશ્ચિમસીમત તથા મધ્યસીમત એકબીજાને મળે છે. નાના બાલકોના માથામાં, આ જગાએ અસ્થિઓ પરસ્પર ન સધાયેલા હોવાથી, છિદ્ર હોય છે. શિવરંધ્ર ત્રિકોણ હોય છે. બે વરસ પછી આ રંધ્રો પુરાઈ જાય છે, પરંતુ બીજા ભાગો કરતાં એ જગાએ ખોપરી બહેજ કોમળ હોય છે

શિવરાઈ ૧. પુ. શિવાજી મહારાજે ચલાવેલો તાંબાનો સિક્કો; દક્ષિણ અને કોંકણમાં ચાલતો ઋતુ પાર્વ નો તાંબાનો સિક્કો

૨. જિ શિવાજીના વખતનુ.

શિવરાજ પું શિવાજી મહારાજ

શિવરાત જુઓ શિવરાત્રિ.

શિવરાત્રિ ૧. સ્ત્રી દરેક મહિનાની કૃષ્ણપક્ષની ચૌદશ

૨. સ્ત્રી. માઘ વદિ ૧૪ની રાત; શિવરાત; શિવરાત્રિ.

શિવરાત્રિ એટલે કોને કહેવાય છે?

ગ્રહદક્ષિણિતિ શિવઃ વિજ્ઞેય રહિનઃ। જગત જેને વિષે લય પામે છે તે સુખસ્થાન શિવ છે અને 'રા' ધાતુથી રાત્રિ શબ્દ સિદ્ધ થાય છે. અર્થાત્ અક્ષય સુખની પ્રાપ્તિ કરાવનારી રાત્રિ તે શિવરાત્રિ છે. કિંવા અજ્ઞાનરૂપવૃત્તિ તે શિવરાત્રિ.

શિવરાત્રિ મહિમા

૩. સ્ત્રી શિવજયંતી; માઘ વદિ ૧૪ ને દિવસે શિવનું જે વ્રત થાય છે તે.

શિવરી [સં. રોહાલિકા] ન. (પ્રાકૃત) રોહાલી; શાળી; પારિજાતક; એક જાતનુ ફૂલ

શિવરુદ્રિ ૧ સ્ત્રી. મહાદેવનો અભિષેક, શંકરની રુદ્રિ

૨ સ્ત્રી. સુખડી કે પકવાન

શિવલાંછન [સં] ન. શિવનું ચિહ્ન.

ત્રિશૂલ અહિ શિવલાંછન ધર્યું શર

નરસિંહ મહેતો

શિવલિંગ ૧. પું (પુરાણ) ભોંડેલા હૃદયના ૨૪ માંહેનો આઠમો અભિનય.

૨. પું. (પુરાણ) ભારતવર્ષીય દેશ વિશેષ.

૩ ન મહાદેવનું બાણ; બાણ રૂપે શિવજી; પિંડી રૂપે શંકર ભગવાન, શિવનું લિંગ સ્વરૂપી પ્રતીક ફ્રાંસના પ્રસિદ્ધ વિદ્વાન લાંનેન લખે છે કે ઇજિપ્તમાં મેફીસ તથા અસીરિસ પ્રાતમ, નદિ પર બેહેસા નિયની મૂર્તિઓ છે. જેના ઉપર દૂધના અભિષેકથી સોડો દબ્બુ પણ પૂજન કરે છે. તુર્કસ્થાનમાં ભાર્બાલોનમાં એક ૧૨૦૦ ફૂટનું શિવલિંગ પૃથ્વી ઉપર સૌથી મોટું છે. હેલિયોપોલીસમાં એક મોટું શિવાલય છે, જેમાં ૩૦૦ ફૂટનું શિવલિંગ છે. મક્કા શરીફમા મકકેશ્વર નામનું શિવલિંગ છે, લાંના જમજમ નામના કૂવામાં જે શિવલિંગ છે, તની પૂજા ખજૂરીના પાંદડાંઓથી થાય છે. આ લિંગાર્ચનની ચર્ચા ભવિષ્ય પુરાણમાં છે. મકકેશ્વરનું લિંગ કાળા પત્થરનું છે. પ્રથમ બ્રહ્માએ સ્થાપેલી તથા યહૂદી એની પૂજા કરતા. દબ્બુ પણ જે મુસલમાનો હજ પઢવા જાય છે, તેઓ આ મક્કેશ્વર મૂર્તિનું ચરણ ચુંબન કરે છે. અમેરિકાના આદિમ દેશમાં અસંખ્ય શિવલિંગો મળી આવે છે યુરોપના કોરીંથ શહેરમાં પાર્વતી મંદિર છે પ્રયાગોમાં સુવર્ણથી આચ્છાદિત શિવલિંગ છે, જેની પૂજા દબ્બુ લોકો કરે છે. ફ્રીજીશીયનના એટીસ નીનિયા નામમાં એપીરે નામનું શિવલિંગ છે. પ્રદીઓના દેશમા ઘણાં શિવલિંગો છે. તે પ્રમાણે અફરીદિસ્તાન, ત્રિત્રાલ, કાબુલ, બુખારા આદિ સ્થળોમાં ઘણાં શિવલિંગો છે લાંના લોકો પંચશેર કે પચ્ચીર નામથી તેનો પોકાર કરે છે. ભારતવર્ષમા ૧૫૦૦૦ વર્ષો પૂર્વથી શિવલિંગ પૂજન ચાલ્યું આવે છે એમ પંડિત ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારે સપ્રમાણ સિદ્ધ કર્યું છે.
એકદરે મહાલિંગ, પ્રસાદલિંગ, ચરલિંગ, શિવલિંગ, ગુરુલિંગ અને આચારલિંગ એમ ૭ લિંગ છે.
બુદ્ધિપ્રકાશ

શિવલિંગા સ્ત્રી. સુશોભિત ફૂમ્બીની જાતની એક વેલ. તે વર્ષાઋતુને અંતે થાય છે

શિવલિંગાયત પું. એ નામનો એક મત. તે દક્ષિણ હિંદુસ્તાનમા ઈ સ ૧૧૫૦ના અરસામાં બસવ નામના પ્રસિદ્ધ ભક્તે સ્થાપ્યો હતો.

શિવલિંગી ૧. સ્ત્રી એક વનસ્પતિ; એક જાતનો વેલો; ઔષધોપયોગી જંગલી વેલો; અમૃતા, મણી વનસ્પતિ; ઉદુમ્બરિગિની. તેમાં શિવલિંગના આકારનાં જે ફલ થાય છે. તેમા જળાધારી સહિત શિવલિંગના આકાર જેવાં બીજ હોય છે. ફળ મોટાં, કેરડાં જેવડાં હોય છે તેને કડવી પણ કહે છે તે રંગે લાલ છે. તે ૧૦ થી. ૧૫ ફળ પાણીમા ખાડી તેલમાં વઘારી ખાય.થી સારો ખુલાસ લાગી પેટ સાફ થાય છે. તે વકૃત ને પ્લીહના રોગ, કોઢ, આમ, રક્તદોષ, સોજો ને ઉદરરોગમાં બહું ઉપકારક છે. તેમાં ઔષધ, માત્ર, ચિરમુષ્કારી, પૌષ્ટિક ગુણ છે દવા માટે વાપરવા પહેલાં તેના ઉપરનુ ફોતરું કાઢી નાખવું. એ ફોતરું ઝેરી હોય છે. બીજમાંથી તેલ મળે છે. તે પિત્તપ્રકોપમાં અપાય છે. મળી દવા માટે હિંદમાં વપરાતાં નથી.
૨ સ્ત્રી. શિવલિંગ જેવા આકારનું સોનાનુ એક ઘરેણું; પહેરવાની માળા.

શિવલિંગિ જુઓ શિવલિંગી

શિવલોક ૧. [સ.] પું. કૈલાસ; શિવનું નિવાસસ્થાન.
૨ પું. (પુરાણ) નિત્યમુક્ત શિવ જ્યાં સાકાર રહે છે તે લોક. કૈલાસ શબ્દ કેટલાક આ અર્થમાં વાપરે છે તે બરાબર નથી

શિવવપુ ૧. [સં.] સ્ત્રી. દુગ્ધિવી
૨. સ્ત્રી. મુક્તિ.

શિવવલ્લભ ૧. [સં.] પું. બાવળનું ઝાડ.
૨. પું. ધતૂરો
૩. વિ. શિવને પ્રિય.

શિવવલ્લભી ૧. [સં.] સ્ત્રી. ગુલદાવદીનુ ઝાડ.
૨. સ્ત્રી દુગ્ધિવી.
૩ સ્ત્રી. શતપત્રી વનસ્પતિ.

શિવવલ્લી જુઓ શિવલિંગી.

શિવવારિવહા [સં.] સ્ત્રી. જેનું પાણી કલ્યાણ કરનારુ છે તેવી નદી.

શિવવાસ [સં.] પું. મોક્ષપદવી.

શિવવાહન [સં.] ન. બળદ; નંદી.

શિવવીજ જુઓ શિવવીર્ય.

શિવવીર્ય ૧. [સં.] ન. પારો.
૨. ન. શિવનું વીર્ય.

શિવવૃક્ષ [સં.] પું એક જાતનું ઝાડ. આ ઝાડ ૧૫ થી ૨૦ ફૂટ ઊંચા થાય છે. પાન અંતરે આવેલાં હોય છે તે એવી રીતે ગોઠવાયેલા હોય છે કે, એક સયુક્ત પાનમાંના નાના પાન કે દલ દોય એવાં દેખાય છે. તે પોણો ઇંચ લાંબા અને જરા પહોળા હોય છે. તેમાં પીળા ફૂલ થાય છે અને તેમાં જોળાઈ લેતું લીલું જેવડા કેરીનું જ છીછરા ખાંચાવાળું ફળ થાય છે. ફળનો ઠળિયો બહા ઝાઝા ખુણિયા અને ઝાઝા પોલવાળો હોય છે

શિવવ્યૂહ [સં.] પું શાક્તશાસ્ત્રમાં છત્રીસ તત્ત્વોના ત્રણ ભાંહેનો એક વ્યૂહ. શાક્તશાસ્ત્રમાં છત્રીસ તત્ત્વો સ્વીકારાયેલાં છે બધા તત્ત્વોના ત્રણ વ્યૂહ પાડવામા આવે છે. જેમકે, શિવવ્યૂહ, વિદ્યાવ્યૂહ અને આત્મવ્યૂહ.

શિવશયનોત્સવ [સં.] પું એ નામનો એક ઉત્સવ. તે અષાઢ માસમા કરવામાં આવે છે

શિવશક્તિ [સં.] સ્ત્રી કલ્યાણ કે પ્રભાની શક્તિ.

શિવશર્મ [સં.] ન. મોક્ષનું સુખ.

શિવશંકર [સં.] પું. કલ્યાણ સ્વરૂપ મહાદેવજી

શિવશાહીહાઠી સ્ત્રી. શિવાજીના સમયની કાઠીનું માપ. તે પાંચ હાથ અને પાંચ મૂઠી અથવા આશરે દસ ફૂટ હોય છે.

શિવશિવ પું. અજાનિના અર્થમાં વપરાયેલો શબ્દ.

શિવશીખર ૧. [સં.] પું. ચંદ્ર.
૨. પું ધતૂરો.
૩. પું. બકપુષ્પ.

શિવસહસ્રનામસ્તવ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ.

શિવસહસ્ય [સં.] ન. અઢાર ભાંહેનુ એક ઉપપુરાણ.

શિવસમુદ્ર ન. દક્ષિણ હિંદનું એક ગામ. લાં કાવેરી નદીનો પોંધ આવેલો છે. આ ધોધ ૪૦૦ ફૂટની ઊંચાઈ ઉપરથી પડે છે. તેમાંથી વીજળી ઉત્પન્ન કરી મૈસુર, બેંગલોર અને કોલર તરફ લઈ જવામાં આવી છે. તેના ઉપર કોલરની સોનાની ખાણો અને બેંગલોરની ટીનની મિલો ચાલે છે

શિવસર્વોત્તમ [સં.] પું. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

શિવસહસ્ર [સં.] ન. એ નામનું શિવજીનાં હજાર નામવાળું પુસ્તક

શિવસંકલ્પ ૧. [સં.] પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ
૨. પું. શુભ વિચાર.

શિવસંપદ [સં.] સ્ત્રી મોક્ષરૂપી લક્ષ્મી.

શિવસંપ્રદાય [સં.] પું શૈવધર્મ.

શિવસંપ્રદાયી [સં.] વિ શૈવ ધર્મને માનનાર.

શિવસંહિતા [સં.] સ્ત્રી. એ નામનું એક પુસ્તક. તેમાં શિવજીનો યોગોપદેશ, જ્ઞાનધ્યાન, હઠયોગ ક્રિયા તથા રાજયોગ વગેરેનું વર્ણન કર્યું છે.

શિવસાલોક્યા [સ] સ્ત્રી. એક પ્રકારની મુક્તિ

> સાલોક્ય મુક્તિમાં શિવસાલોક્યા, વિષ્ણુસાલોક્યા, બ્રહ્મસાલોક્યા એ રીતે દરેક મતના લોકનાભદથી જીવ વિશ્રામ પામે છે
>
> સૂતસંહિતા

શિવસિંહસંવત પું ભારતીય ૩૪ માંહેનો એક સંવત જે ઈ સ ૧૬૨૪થી શરૂ થાય છે. સૌરાષ્ટ્રના મહલેશ્વર શ્રી સિંહે આ સંવત ચાલુ કર્યો હોય એમ કહેવાય છે. એમ પણ કહેવાય છે કે, ચૌલુક્ય જયસિંહ સિદ્ધરાજે સોરઠના રાજા રા'ખેંગારને હરાવીને વિજય મેળવ્યો તેની યાદગારમાં આ સંવત ચલાવાયો છે. પરંતુ કાઠિયાવાડ બહાર આ સંવતનો પ્રચાર ન હોવાથી જણાય છે કે, આ સંવત કાઠિયાવાડના સિંહ નામના કોઈ રાજાએ જ શરૂ કરેલ છે. આ સંવતનો પ્રારંભ અષાડ શુદિ ૧થી થાય છે

શિવસુખ [સં.] ન. મોક્ષનું સુખ.

શિવસુંદરી [સ.] સ્ત્રી. દુર્ગાદેવી

શિવસૂત [સં.] પું. શિવના પુત્ર

શિવસૂતવાહન [સં.] પુ. મોર; મયૂર

> નીલકંઠ કેકા અહીં શિખી શિખંડી હોય,
> શિવસુતવાહન અહિજખી મયૂર કલાપી સોય.
>
> પિંગળપ્રકાશ

શિવસેવન [સં.] ન. શિવની સેવા કરવી તે.

શિવસ્કંદ પું. (પુરાણ) કલિયુગમાં થયેલા બાર સત્રાક રાજાઓ માંહેનો એક.

શિવસ્તુતિ [સં.] સ્ત્રી. શિવના ગુણ ગાવાં તે.

શિવસ્તોત્ર ૧ ન. શંકરાચાર્યે રચેલ એ નામનું એક પુસ્તક.

૨. [સં.] ન. શ્લોકોથી શિવનાં ગુણ ગાવા તે.

શિવસ્થાન [સં.] ન (ન્ય) મોક્ષ સ્થાન.

શિવસ્વરૂપ [સં.] ન. શંકરની આકૃતિ.

શિવસ્વરોદય [સં.] ન. એ નામનું એક પુસ્તક તેમાં સ્વર, કહા, પિંગલા, સુષુમ્ણા નાડીઓના ક્રમ, રાજયોગ, હઠયોગ, પ્રાણાયામ વગેરે સમજાવેલ છે.

શિવસ્વાતિ પું (પુરાણ) કલિયુગમાં થયેલા બાર સત્રાક રાજાઓ માંહેનો એક

શિવા ૧ સ્ત્રી (પુરાણ) અનસૂયાની સ્ત્રી.

૨ સ્ત્રી. (પુરાણ) અંગિરસ ઋષિની ભાર્યા.

૩. સ્ત્રી આમલીનું ઝાડ

૪ સ્ત્રી રોરોચન.

૫ સ્ત્રી જૈનોમાં મુખ્ય ગણાતી સોળ માંહેની એક સતી.

૬ સ્ત્રી દુર્ગા, ગૌ.

૭. [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા; સંહારકારિણી શક્તિની સ્ત્રી. કાળી, શિવપત્ની. અમરકોષમાં ઉમા, કાત્યાયની, ગૌરી, કાલી, હૈમવતી, ઈશ્વરી શિવા, ભવાની, રુદ્રાણી, શર્વાણી, સર્વમંગલા, અપર્ણા, પાર્વતી, દુર્ગા, મૃડાની, ચંડિકા, અંબિકા, આર્યા, દાક્ષાયણી, ગિરિજા, મેનકાત્મજા એ એકવીસ સ્ત્રીલિંગ નામ પાર્વતીનાં છે.

> ઉમા અપર્ણા ઈશ્વરી, ગૌરી ગિરિજા હોઈ,
> મૃડા, ચંડિકા અંબિકા આર્યા ભવાની સોઈ,
> આર્યા મેનકાત્મજા સર્વમંગલા નામ,
> શિવા નામ શિવ ઉરવસી હોય સદા સુખધામ
>
> પિંગળપ્રકાશ

૮. સ્ત્રી. પોણાબાર ઘડીનું દિવસનું એક ચોઘડિયું.

૯. સ્ત્રી. ઔષધ

૧૦. સ્ત્રી (પુરાણ) મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી; વર્ણનમાં આવેલ એક નદી

૧૧. સ્ત્રી મંગળવાણી સ્ત્રી

૧૨ સ્ત્રી. મુક્તિ; મોક્ષ

૧૩ સ્ત્રી સમીવૃક્ષ; ખીજડો.

૧૪ સ્ત્રી. શિવાજીની માતા; સોંકરી; શિવાજી. હરિ ના સંબંધી સુંદરી શિવા શિવાજીની નામ, હરકે શિવારીમહર એમ અપહરા હરિનામ.

પિંગળપ્રકાશ

૧૫. સ્ત્રી. સામવેદની એ નામની એક ઋચા.

૧૬. સ્ત્રી. હરડે; હરીતકી; નાની હીમજ.

> અમલા પમા અભયા અમૃતા જેવડી હોઈ.
> રામસ્થાને પૂતના શિવા જેમસી સોઈ.
> હરીતકી હેતે કરી હરે ઉદરનો રોગ.
> તેમજ ત્રિફલાવાલની બાત સ્રાવ સંયોગ.
>
> પિંગળપ્રકાશ

૧૭. સ્ત્રી. હળદર

શિવારામ ગાર્દી વિ. જેના ઘરથી પેગામર ગોડવાની દરકાર ન રાખનાર.

શિવાક્ષ [સં.] ન. સ્ફટિક.

શિવાજી પું. મરાઠી સામ્રાજ્યના સ્થાપક એક વીર નર. તેના પિતાનું નામ શાહજી અને માતાનું નામ જીજાબાઈ હતું મરાઠા સરદારોમાંથી તે પોતાની બોલિયાદીથી છત્રપતિ બન્યા હતા. રામદાસ સ્વામી તેના ગુરુ હતા

શિવાજી જયંતી [સં.] સ્ત્રી. છત્રપતિ મહારાજા શિવાજીની વાર્ષિક તિથિ

શિવાટિકા [સં.] સ્ત્રી. વંશપત્રી વનસ્પતિ

શિવાટી [સં] સ્ત્રી ધોળી માટોડી; નગોડ

શિવાત્મક ૧. [સ.] ન ત્રૈધત્વ.

૨. વિ. મંગળમય; સુખમય, કલ્યાણમય.

૩. વિ. શિવમય; શિવસ્વરૂપ.

શિવાત્મજ ૧. [સ] પુ. કાર્તિકસ્વામી

૨. પુ. ગણેશ

શિવાત્મા સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

શિવાદિક્ષા [સં.] સ્ત્રી. દિક્ષામણી દિક્ષામણીના ઝાડમાં શિવા એટલે હીમેજના જેવા ફળ થાય છે માટે તેને શિવાદિક્ષા કહે છે

શિવાદ્વૈતદર્પણ [સં] ન શિવ.ાર્યનું સંસ્કૃત એ નામનું એક પુસ્તક

શિવાનંદ પું એ નામે એક પ્રસિદ્ધ કવિ. શિવાનંદ સરસ્વતીના વડનગરા નાગર બ્રાહ્મણ ભક્ત. તેઓ દેવીભક્ત હતા તેમની આરતીઓ તથા અનેક પદોથી સામકાંઠે સુરતના કિલ્લા દેવાલયોનું વાતાવરણ ગુંજી રહે છે

શિવાની ૧. [સં] સ્ત્રી જયંતી નામનું વૃક્ષ

૨. સ્ત્રી દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ ચિત્રકૂટ નામના પીઠસ્થાનમાં છે

શિવાપ્રિય ૧. [સ] પુ ભમરો

૨. પું શિવ

૩. વિ દુર્ગાદેવીને પ્રિય

શિવાફલા [સં.] સ્ત્રી. ખીજડાનું ઝાડ

શિવાબલિ [સં] પું તંત્રસારમાં કહેલો સંખ્યા સમયે શિવાળીને આપવાનો માંસ વગેરે બલિ.

શિવામૂષ્ટવ્રત [સં] ન. એ નામે એક વ્રત. શ્રાવણ માસના સોમવારે આ વ્રતનો આરંભ કરી તેમાં શંકરનું પૂજન કરાય છે અને તે પાંચ વર્ષ સુધી ચાલે છે

શિવામૃત [સં.] ન. ક્વાથકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક રસાયણ

શિવારૂઢ [સં.] પુ. શિવનાં હજાર માંહેનું એક નામ.

શિવારાતિ [સં] પું. કૂતરો.

શિવારિ [સં શિવ + અરિ] પુ શંકર છે શત્રુ જેના તે; કામદેવ; મદન

શિવારુત [સં] ન. શિયાળનો શબ્દ.

શિવાર્પણ [સં] વિ શિવનિર્માલ્ય

શિવાલય ૧. [સ. શિવ + આલય (સ્થાન)] ન. શંકરનું દહેરું, શિવનું મંદિર; શિવનું સ્થાન; મહાદેવનું દેવાલય.

> શ્રી રામ તુલસીદાસે પોતાના પાત્રરામ ક્રમમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, જે ગામ કે શહેરમાં શિવાલય ન હોય ત્યાં કોઈ વૈષ્ણવે એક પણ રાતવાસો ભાગવતધર્મમાં પણ કરવો નહિ
>
> આપસ્તંબ કલ્પસૂત્ર

૨ ન સ્મશાન.

શિવાલા [હિં] પું શિવાલય, શિવનું મંદિર.

શિવાલિક પુ હિંદુસ્તાનના ઉત્તર ભાગમાં આવેલ એ નામે ઓળખાતો પહાડ.

શિવાસ્મૃતિ [સ] સ્ત્રી. જયંતી નામનું વૃક્ષ.

શિવિ ૧ પુ કેકય દેશના ચંદ્રવંશી ઉશીનર રાજાનો એ નામનો પુત્ર એક રાજા

૨ પુ ભોજપત્રનું ઝાડ.

૩. પું. શિવિ રાજાનો દેશ.

૪. પુ વિલક્ષ પશુ

૫ ન. ઉત્તર પ્રદેશમાં આવેલું એક રાજ્ય.

શિવી સ્ત્રી. પાર્વતી; શિવા.

શિવેરા સ્ત્રી ચોપન માટેની એક ધાતુતત્ત્વ દેવતા

શિવોદ્‌ભેદ [સં] પું. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું એક તીર્થ

શિવોપાસક [સં. શિવ + ઉપાસક] વિ શિવની ઉપાસના કરનાર.

શિવોપાસના [સં.] સ્ત્રી. શિવની ઉપાસના.

શિશાકૂસ ન. રાધાના સોળ ભાઈનો એક શસ્ત્રકુમાર.

શિશંપાયન પું. એ નામના એક ઋષિ.

શિશિકર પું. ચંદ્ર.

શિશિર ૧. પું એ નામનો એક પર્વત. તે મેરુ પર્વતની તળેટી આગળ આવેલો છે

૨. પું. (પુરાણ) ધર નામના વસુનો એક પુત્ર.

૩ પું (પુરાણ) મણિદ્વીપની અંદર આવેલી કદંબ નામની વાડીનો અધિપતિ. તેને આયુષ્યલક્ષ્મી અને કૃતપુણ્યલક્ષ્મી નામની બે સ્ત્રીઓ હતી

૪. પું. વિશ્વામિત્ર કુળમાં થયેલ એક મંત્રદ્રષ્ટા ઋષિ.

૫ પું. વિષ્ણુ.

૬. [સં] સ્ત્રી ઠંડા પવનવાળી ઋતુ; શિયાળાના બીજા બે મહિનાનો કાળ; ઘણી જ ટાઢ પડે તે ઋતુ; પોષ અને માઘ મહિનાની ઠંડી ઋતુ. આ ઋતુ મકરનો સૂર્ય થાય ત્યારે બેસે છે અને મીનનો સૂર્ય થાય ત્યારે ઊતરે છે. આસારે તા ૧૩ જાન્યુઆરિથી તા. ૧૩ માર્ચ સુધી આ ઋતુ ચાલે છે. હેમંત અને શિશિર શરીર સુધારવાને માટે ઉત્તમ ઋતુઓ છે. આ ઋતુમાં જે પોષણ આપવામાં આવે છે તે આકીના આઠ મહિનાનો ક્ષય પૂરો કરે છે

> તેને બીજા સમજ મુજ તું પ્રાણ સુતાર જેવી,
> દૂરે થાતા હું સહચર રહી એટલી ચકવાકી,
> માનુ બાળા ગરતી ચિરહે આ જતાં દિન ચારે,
> બીજે દુખે ગીષ્મણી શિશિરે પથિની શી બની છે.
>
> મેઘદૂત

૭ સ્ત્રી મોથ.

૮ વિ. ઠંડું, ટાઢું

૯. વિ. શીત ગુણવાળું.

શિશિરગિરિ પું. હિમાલય

શિશિરદ્રુમ [સં.] ન. ચંદન અને રતાંજલિ.

શિશિરશિખા પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમત્ત વર્ણમેળ છંદ. તે ગંડીનું વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં નગણ, બે જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

> ન ન ર લ ગ અનુક્રમમાં ગમે.
> શિશિરશિખા નજ જ ર થી સમે.
>
> રત્નપિંગળ

શિશિરા ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તે વસંતતિલકા અને ઇંદ્રવજ્રાના મિશ્રણથી બને છે તેનું પહેલું અને ત્રીજું ચરણ ઇંદ્રવજ્રાના માપનું હોય છે તથા બીજું અને ચોથું ચરણ વંશસ્થના માપનું હોય છે. તેના દરેક ચરણમાં બાર અક્ષર હોય છે

૨. [સં.] સ્ત્રી. રેણુકા. તે ગુસ્સે થઈ ઠંડી છે. જમે તેવો ગરમીનો તાપ હોય તેને ઉતારી દે છે માટે તેને શિશિરા કહે છે.

શિશુ ૧. પું. ઋગ્વેદના નવમા મંડલના ૧૧૨મા સૂક્તના કર્તા એક ઋષિ.

૨. પું. (પુરાણ) કૌશિક ઋષિનો એ નામનો એક શિષ્ય.

૩. પુ. શિવનાં હજાર માંહેનું એક નામ

૪. [સં.] પું.; ન. બાળક; છોકરું; બચ્ચું

૫. વિ. અલ્પ; ઓછું.

શિશુક ૧. [સં.] પું એક જાતનો મત્સ્ય.

૨. ન. બાળક; બચ્ચું.

શિશુચાંદ્રાયણવ્રત ન એક જાતનું વ્રત; પિપીલિકા મધ્યમ નામના ચાંદ્રાયણ વ્રતનો એક અવાંતર ભેદ. યવમધ્યમ, યતિચાંદ્રાયણ ને શિશુચાંદ્રાયણ એ ત્રણ તેના અવાંતર ભેદ છે.

> બ્રાહ્મણ પોતાનું આહ્નિક કરીને ચાર ગ્રાસ સવારે ખાય અને ચાર ગ્રાસ સૂર્ય આથમ્યા પછી ખાય એવી રીતે એક માસ સુધી કરે તો તેણે શિશુચાંદ્રાયણવ્રત કર્યું કહેવાય છે.
>
> બ્રહ્મવૈવર્ત પુરાણ

શિશુજન [સં] ન. બાળક

શિશુતા સ્ત્રી. બાલ્યપણું; શૈશવ; બાળકપણું.

શિશુત્વ જુઓ શિશુતા.

શિશુનંદી પું (પુરાણ) કલિયુગમાં કિલકિલા નગરીમા થયેલો એ નામનો એક રાજા.

શિશુનાગ પું (પુરાણ) કલિયુગમા થયેલા શિશુનાગવંશીય રાજાઓ માંહેનો પહેલો રાજા

શિશુપાલ ૧. પુ (પુરાણો પ્રમાણે) કૃષ્ણનો પુત્ર; ચેદિ દેશનો પ્રસિદ્ધ રાજા, વસુદેવની બહેનનો પુત્ર; શ્રુતશ્રવાનો પતિ થાય. ચેદિ રાજાના વરદાન પ્રમાણે, તે ત્રણ નેત્રો અને ચાર હાથ સાથે જન્મ્યો હતો તેને જન્મકાળે ત્રણ આંખો અને ચાર હાથ હતાં. તેણે જન્મતાં જ ગર્દભના જેવો સ્વર કાઢ્યો હતો તેથી રાજા તેને અપશુકનિયાળ ધારી દૂર કરી દેવાની તૈયારીમાં હતો ત્યાં આકાશવાણીએ ના પાડી અને કહ્યું કે, જેના ખોળામાં આને બેસાડતાં તેના બે હાથ અને એક આંખ ખરી પડે તેને હાથે આનું મૃત્યુ થશે એક વખત પોતાની ફોઈ ને જોવાના બહાનાથી કૃષ્ણ બળરામ શુક્તીમતી નગરીમાં આવ્યા. ત્યારે તેની ફોઈએ શિશુપાલને કૃષ્ણના ખોળામાં મૂક્યો કે તરત જ તેનું ત્રીજું નેત્ર અને બે હાથ ખરી પડ્યાં, આથી તેની ફોઈએ કહ્યું કે, તું મને વચન આપ કે, તું શિશુપાલને માફીશ નહિ. કૃષ્ણે કહ્યું કે, તમારા માનની ખાતર હું એના સો અપરાધ ક્ષમા કરીશ. શિશુપાલ મોટો થયો ત્યારે વિદર્ભના ભીષ્મક રાજાના મોટા પુત્ર રુક્મિએ પોતાની બહેન રુક્મિણીને એને પરણાવવાનો વિચાર કર્યો. પણ રુક્મિણીનો વિચાર કૃષ્ણને પરણવાનો હોઈ તેણે કૃષ્ણને સંદેશો મોકલાવ્યો તેથી તે તેનું હરણ કરી ગયા. જ્યારે ઇંદ્રપ્રસ્થમા યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે શિશુપાલ પણ ત્યાં આવ્યો હતો. એ વખતે ભીષ્મના કહેવાથી યુધિષ્ઠિરે અગ્રપૂજા કૃષ્ણને આપવા માંડી ત્યારે શિશુપાલથી આ સહન ન થઈ શકવાને લીધે તેણે કૃષ્ણની નિંદા કરવા માંડી. અને ભીષ્મને પણ અપશબ્દો સભળાવ્યા. તેથી તેના સો ઉપરાંત અપરાધો થયા, છે એ જોઈને કૃષ્ણે પોતાના ચક્રવડે તેનું શિરચ્છેદ કર્યો. શિશુપાલને પૃષ્ટકેતુ, સુકેતન વગેરે આદિ પુત્રો હતા. એની રેવતીની નામે કન્યા હતી, તેને પાંડવપત્ર સહદેવ સાથે શિશુપાલના વધ પછી પરણાવી હતી

૨. ન. એક જાતનું જલજંતુ

૩ ન. કાચ અને સ્ફટિકનું મિશ્રણ

શિશુપાલન [સં] ન અન્યનું ઉછેરવું, તે

શિશુપાલવધ પું માઘ કવિએ શિશુપાલના વધ વિષે રચેલો ગ્રંથ; પદ્ય માંહેનું એક મહાકાવ્ય

શિશુપાળ જુઓ શિશુપાલ

મણિ દબી ન શકાય ત્યારે અવપાટિકા નામના રોગ સમજવો. શિશ્નમુંડની નીચે, મધ્યરેખામાં શિશ્નચ્છદા ચામડીને બંધનમાં રાખનાર શિશ્નમેઢની નામનો પટ્ટો છે, તે શિશ્નમુંડના પાછલા ભાગને બે વિભાગમા વહેચી નાખે છે આ પડદાની આગળ, બહારનુ મૂત્રપ્રસેક દ્વાર છે, આ દ્વાર શિશ્નમુંડની અંદર વધારે પહોળુ છે પરંતુ બહાર આવતાં તે સાકડું ગોળી ફાટ જેવુ બાકી છે. શિશ્નમુંડની સાનેમિકા કોરની પાછળ તથા શિશ્નકંઠિકા પર કેટલીએક બેઠી સરસવ જેવી સૂક્ષ્મ ગ્રંથિઓ મ.લૂમ પડે છે. તેમાંથી ચીકણો સફેદ પદાર્થ ઝરે છે. તેની ગંધ વિલક્ષણ હોય છે ઉપસ્થના મૂલ ભાગની દરેક બાજુએ, ઉપસ્થસકોચની નામની પેશી રહેલી છે તે મધ્યરેખામાં મેઢનીમાં પરસ્પર જોડાય છે. આ ઉપરાંત એક બીજી શિશ્નપ્રહર્ષિણી નામની પેશી પણ ત્યાં જ આવેલી છે. આ સઘળી પેશીઓ ત્વકોષ્ઠ પ્રાવરણી નામની મજબૂત કલાવડે ઢંકાયેલી છે. શિશ્નની ઉપલી બાજુ પર, મધ્યભાગમાં શિશ્નશિરાઓ તેમની બાજુ પર શિશ્નધમનીઓ તથા તેમની બાજુ પર ક્રામસ્નવેદની નામની નાડી આવેલી હોય છે. શિશ્નની કેટલીક વિકૃતિઓ આ પ્રમાણે છે (૧) નિરુદ્ધપ્રકાશ વિકૃતિ: તે બાળકોમા મ.તા પડે છે અને સહજ હોય છે. બાળકને પેશાબ ધીમે ધીમે ઊતરે છે સહેલાઈથી પેશાબ ન ઊતરતો હોવાથી તેની બસ્તિ ઉકરડાય છે. બાળક ચામડીને મસળ્યા કરે છે, તેમ જ ખેચ્યા કરે છે. ચામડી મણિને ચોંટી ગયેલી હોવાથી પાછી ખેચાતી નથી. કોઈવાર શિશ્નમુંડ સૂજી જાય છે અને જો ચામડી જોસથી પાછી ખેચવામાં આવે તો તે પાછી ફરીથી મણિને ઢાકી શકતી નથી અને ગોલટી બીજી વિકૃતિ અવપાટિકા ઊભી થાય છે. મોટી ઉમરના પુરુષોમાં દુષ્ટ સમોગજન્ય રોગોનાં ચાંદાને પરિણામે પણ ચામડી મણિ સાથે ચોંટી જાય છે. જો નિરુદ્ધપ્રકાશની સારવાર કરવામાં ન આવે તો કરદોને ક્લ્તમૈથુનની આદત પડે છે અને ભવિષ્યમાં એ જગાએ અર્બુદ થવાનો ભય રહે છે. (૨) અવપાટિકા: જો નિરુદ્ધપ્રકાશ થયા પછી ચામડીને એકદમ મુડની પાછળ ખેચવામાં આવે અગર બીજા કોઈપણ કિનારી સાંકડી ચામડી મણિ પાછળ જાય તો અવપાટિકા વિકૃતિ ઊભી થાય છે. પરિણામે શિશ્નમુંડ સૂજી આવે છે તથા તેના પર બધુ નજરે પડે છે ક્વચિત મુંડ સડી પણ જાય છે. (૩) પરિવર્તિકા: શિશ્નચ્છદા ચામડી લાબી તેમ જ સાંકડી હોવાને લીધે મણિ બરાબર ખુલ્લ થતો નથી તેની આસપાસ કચરો ભરાતાં તે મૂજી આવે છે. પરિણામે સોજા પડે થાય છે, ચામડી મણિ નીચે લટકે છે. કોઈવાર ત્યાં વધુ થઈ ને, મણિ બ્વાર્ઈ જાય છે. દુષ્ટ સમોગજન્ય રોગોમા આ વિકૃતિ નજરે પડે છે. (૪) અર્બુદ: આ દરદ મોટે ભાગે સહજ નિરુદ્ધપ્રકાશવાળા માણસોમાં અથવા લાંબી શિશ્નચ્છદા ચામડીવાળા પુરુષોમાં જોવામા આ ૧ ૬. તે મુડની પાછળ રહે થઈ, ટક મુદ્દતમાં આખા શિશ્નમાં ફેલાય છે. ત્યાં ગધ થાય છે અને શિશ્નમાથી લોહી પરુ વગેરે વહે છે. આ વિકૃતિમાં બનતી ત્વરાએ આખો ઉપસ્થ કાઢી નાખવો પડે છે. (૫) અર્શ: મુખ્યત્વે દુષ્ટ પૂયમેહને પરિણામે આ વિકૃતિ જોવામાં આવે છે. ઉપરાંત ક્રિમ તથા ઉપદંશ વગેરે વિકૃતિઓને પરિણામે આ અવયવ પર પણ ગાદાં પડે છે

જળદેવતાએ રત બની શિશ્નમા પ્રવેશ કર્યો.
મહાદેવ દેસાઈ

શિશ્નકંઠિકા [સં] સ્ત્રી શિશ્નનેમિકાની કોરની પાછળનો સાકડો આડાવાળો ભાગ.

શિશ્નગુદાક પું. શિશ્નમુંડ; શિશ્નાગ્ર.

શિશ્નચ્છદાન્વયા [સ] સ્ત્રી શિશ્નકંઠિકાની આસપાસ રહેલી શિથિલ અને કોમળ ચામડી.

શિશ્નદેવ પુ. શિશ્નની પૂજા કરનાર અનાર્ય કે દાસ લોકો. આર્યો પ્રથમમાં આવ્યા ત્યારે તેઓ ત્યાં રહેતા હતા.

શિશ્નનળ પું પેશાબ ને વીર્યને બહાર કાઢનાર નળ

શિશ્નનેમિકા [સં.] સ્ત્રી. શિશ્નના જાડાની આસપાસની ઊપસતી મેર.

શિશ્નનો આગલો ભાગ પાતળી ચુવાળી અને ચુવાળી રંગની ત્વચાવડે ઢકાયેલો છે. તેની આસપાસની ઊપસતી કોર **શિશ્નનેમિકા** નામે ઓળખાય છે. પ્રત્યક્ષ શારીર

શિશ્નપાર્શ્વિકાપેશી [સ.] સ્ત્રી. શિશ્નના મોટા ભાગ સાથે રહેલી ભરાવદાર પેશી.

શિશ્નપ્રહર્ષિણી [સં.] સ્ત્રી. ઉપસ્થના મૂલ ભાગની બાજુએ આવેલી એક જાતની પેશી. આ બે પેશીઓ કુકુદરાસ્થિના પિંડ તેમ જ અધરાસ્થિ ઉપરથી ઉત્પન્ન થઈને પુરુષના ઉપસ્થની આસપાસ વીંટળાઈને પરસ્પર મળી જાય છે. સ્ત્રીઓમાં આ પેશીઓ અત્યંત પાતળી અને નાની હોઈ ભગ પ્રદેશની ટોચ આવેલી ભગશિશ્નિકાની આસપાસ વીંટળાયેલી છે તેઓ ઉપસ્થંદ્રિય જાગ્રત થયા પછી, તેની જાગ્રતિ ટકાવી રાખે છે. સ્ત્રીઓમાં તેઓ ક્વચિત ભગશિશ્નિકાને પણ ટકાર રાખે છે.

શિશ્નમણિ [સ] ન શિશ્નનો સહુ જોવો આગલો ભાગ; ફૂલ ઉપસ્થનો આગલો ભાગ કાકૃતિ જેવો છે તેને લોકો ફૂલ અથવા મણિના નામથી ઓળખે છે એ ફૂલ ઘણી મેદગ્રંથિઓનું બનેલું છે. એ ફૂલની ચામડીમાં અત્યંત ચેતન છે, કારણ કે ઘણીખરી મજોકરજ્જુમાથી નીકળેલી જ્ઞાનવહનાડીઓનો અંત આ ભાગમાં છે.

શિશ્નમુંડ નં શિશ્નાગ્ર; ગુવાક રક્ષક.

શિશ્નમૂલ [સં.] ન શિશ્નનું મૂળ.

શિશ્નમૂલપાર્શ્વિકા [સં.] સ્ત્રી. મૂત્રપેસકના મધ્ય ભાગની દરેક બાજુએ આવેલ એ નામની એક ગ્રંથિ આ નામની મજના જેવડી એક ગ્રંથિ મૂત્રપેસકના મધ્ય ભાગની દરેક બાજુ પર રહેલી છે. તેમના ઓતો તેમાં ઊઘડે છે. તેમાંથી ઝરતો સ્રાવ મૂત્રપ્રસેકને પોષણ આપે છે એમ કેટલાક માને છે

શિશ્નરોગ [સં.] પુ. પુરુષની જનનેંદ્રિયનો રોગ

શિશ્નસેવની [સ.] સ્ત્રી. શિશ્નમુંડની નીચે, મધ્યરેખામાં, શિશ્નચ્છદા ચામડીને બંધનમા રાખનાર એ નામનો પડદો

શિશ્નાગ્ર [સં.] પું. શિશ્નગુવાક; શિશ્નમુંડ.

શિશ્નાગ્ર જ્યારે અર્ધાંયયોવનને સ્પર્શે કે ત્યારે સંભોગનું બહું સુખ અનુભવાય છે.
અભિનવ કામશાસ્ત્ર

શિશ્ન ૧. ન. જળથી ઉપજતાં પાંચ મહાભૂત એક તત્ત્વ.

૨. ન. પુરુષની જનનેંદ્રિય; શુક્રેંદ્રિય; શિશ્ન.

શિશ્નોદર [સં. શિશ્ન + ઉદર (પેટ)] ન. રતિસભોગ; કામક્રીડા; સભોગ.

શિશ્નોદરપરાયણ [સં] વિ. કામભોગપરાયણ કામભોગ ભોગવવા તત્પર

શિશ્નોદ્ધાન [સં] વિ પાપ કરનાર.

શિષ ૧ [સં.] સ. ક્રિ. જુદું પાડવું; ભેદ પાડવો; જુદું રાખવું એ ઉપરથી બનેલ શબ્દો. શેષ અવશેષ, નિઃશેષ, વિશેષ; વિશેષ

૨ સ ક્રિ. બાકી રહેવું

૩. સ. ક્રિ. વધ કરવો; મારી નાખવું.

શિષ્ટ ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદપુત્ર ધ્રુવની બીજી સ્ત્રી ધન્યાને પેટે થયેલો પુત્ર એની સ્ત્રીનુ નામ સુચ્છાયા હતુ. એને રિપુંજય વપ્ર, કૃપ અને વૃક નામના ચાર પુત્રો હતા.

૨. પું. ઉપદેશનો વિષય.

૩. પું. શિક્ષણ આપવાને યોગ્ય હોય તે.

૪ પુ. સદ્‌ગૃહસ્થ, સજ્જન, ભદ્રલોક.

શિશુભરણ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ચાર નગણ, સગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે

ન ન ન ન સ ગ ગ થકી **શિશુભરણ** બને છે
રણછોડકવિ

શિશુભાવ [સ.] પું. બાલિશભાવ

શિશુમૈથુન્ય [સ.] ન. એક જાતનો છોડ અને તેનું મૂળિયું

શિશુમંડલ [સં.] ન. બાળકોનો સમૂહ

શિશુમંડળ જુઓ શિશુમડલ

શિશુમાર ૧. પું. (પુરાણ) ધ્રુવ નામના વસુ અને શર્વરીનો ભગવદ્દત્તથી થયેલો પુત્ર

૨ પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરનો એક પ્રજાપતિ. તેણે પોતાની કન્યા ઋષી ધ્રુવને પરણાવી હતી

૩. ન. (પુરાણ) આકાશમાં તારાઓથી ભરેલો ભગવાનનો દક્ષિણ કુંડળાકાર દેહ

૪. ન. એક જાતનું જળચર પ્રાણી; તિમિંગળ જેવું પણ ઘણું જ નાનું પ્રાણી તેને અંગ્રેજીમાં પોર્પોઈઝ કહે છે. તે પાંચ ફૂટની લાંબાઈનું, ગોળાકાર જુદા નાળચાવાળું, મમરમચ્છને મળતું પ્રાણી છે તેનું લોહી ગરમ છે. સમુદ્રમાં તે વધારે જોવામાં આવે છે. તેનું તેલ સંધિવાના દરદ ઉપર ચોળવા માટે વપરાય છે

૫. ન (ખગોળ) એક જાતનું તારાચક્ર.

૬ ન નાના સમર્પિ

ધ્રુવમંડળ અથવા **શિશુમાર**ના ચાર તારા છે. તેમાંના પહેલા બે તથા છેલ્લા સિતારાના આંતરા બરાબર લાંબા છે. આ ચાર તારાની આકૃતિ લગભગ ચોરસ જેવી જ હોવાથી તેને કેટલાક નાના સમર્પિ કહે છે. તે હમેશ સમર્પિથી ઊભી દિશામાં રહે છે. આ મંડળમાંનો ચોથામો તારો તે જ તેનો ધ્રુવ તારો ગણાય છે આ ધ્રુવ તારાની આસપાસ બાકીના ૭ તારા નિરંતર ફરતી ફેરવા હોય તેમ જણાય છે.
આકાશદર્શન

શિશુમારચક્ર [સ.] ન આકાશગંગા

.સમાજમાં જ્યાં વિષે પવન ન હોય તે વખતે સવારમાં નાચતા સાપે ધૂમ્ર આગ લેવામાં આવે છે. જાણે બધા ઉપર સિતર સડક રહેલી હોય એ રીતે આકાશમાં ચક્રાકાર રૂપ આપણી આસપાસના દેખાય છે. આ ચક્રને કેટલાક લોકો રેવર્ડનો માર્ગ કહે છે અને લાક્ષણિક ભાષામાં કેટલાક લોકો તેને **શિશુમારચક્ર** કહે છે એટલું જ નહિ પણ કેટલાક લોકો આકાશગામિની ગંગા કહે છે.
જ્યોતિર્વિલાસ

શિશુમારી સ્ત્રી. એક જાતની વનસ્પતિ

શિશુમુખી પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ તે અસકલિત વંશનો છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, ભગણ, બે જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં નગણ, ભગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે

શિશુરોગા પું. (પુરાણ) એ નામનો એક સર્પ

શિશુલીલા પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે અસંકલિત વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, રગણ, જગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે

શિશુવનિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; શુદ્ધવનિતા તેના દરેક ચરણમાં બે સગણ, બે ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે.

શિશુવય [સં.] ન; સ્ત્રી બાલ્યાવસ્થા, બાલ્યકાળ, બાલ્યાવસ્થા

શિશુવિવાહ [સં.] પું. બાળલગ્ન

શિશુશાળા સ્ત્રી બાળશાળા

શિશુશિક્ષણ ૧. ન. કિંડર ગાર્ટનમાં વપરાતું બાલિકોનું પુસ્તક

૨. [સં.] ન. બાળકોનું શિક્ષણ

કેળે કું **શિશુશિક્ષણે** હતિ સતિ કુરિત્ર હોગ્રેજની; કેળે સ્પેન્સરની સ્વભાવિક રીતે શિક્ષા ગુરુ કું બની.
બિહારી

શિશુશિક્ષણશાળા સ્ત્રી. બાળશિક્ષણશાળા

શિશુસમય [સ.] પું. બાલ્યાવસ્થા

શિશુસમું સ્ત્રી. બાળકના જેવું

હસતા ત્યા **શિશુસમું** મુખ પ્રભાત.
આવી જીવ રહેવું નયનની પાસ.
ગોવર્ધનરામ

શિશુસંગોપન [સં.] ન. બાળકોની માવજત કરવી તે

શિશુસંરક્ષક [સં.] ન. બાળકની રક્ષા

શિશુહત્યા [સં. શિશુ + હત્યા (હન્યતે તે)] સ્ત્રી. શિશુવધ; બાલવધ; બાળકને મારી નાખવું તે.

શિશ્નડી (શિશ્નડી) સ્ત્રી. નાનો શિશ્નડો

શિશ્નડો (શિશ્નડો) પું. પીસણો; મિસોટી

શિશ્ન [સ.] ન. પુરુષની જનનેંદ્રિય; ગુહ્યેંદ્રિય; લિંગ; અંડકોશ; ગર્ભાધાનકારક વીર્ય અને મૂત્રનું સ્થાન; મેઢ્ર. આ અવયવમા થઈને મૂત્રપ્રસેક નામની નળી બહાર આવે છે ગર્ભિણાવસ્થામાં આ ભાગ ટૂંકો અને ગોળ નળી જેવો હોય છે. પરંતુ ઉત્તેજિતાવસ્થામાં તે લાંબો, કઠણ અને લગભગ ત્રિકોણકાર થઈ જાય છે. તે લાખી લાકડી જેવી ત્રણ માંસપેશીઓ વડે બનેલો છે આ પેશીઓ ઉત્તેજન મળતાં ઊકરાય છે અને તેઓમાં દાખલ થયેલા લોહીને લીધે તેમના આકારમાં ફેરફાર થાય છે. તેઓ મજબૂત રેસાયુક્તોલો વડે પરસ્પર જોડાયલી છે શિશ્નના મોટા ભાગ સાથે સાથે રહેલી બે મુખ્ય નળી અને લંબાવદાર પેશીઓનો બનેલો છે. આ પેશીઓ ઝિલ્લપાર્શ્વિકા નામે ઓળખાય છે તેઓ લગાસ્થિઓના સાંધાની સાજુઓ ઉપરથી ઉત્પન્ન થાય છે આ બને પેશીઓની નીચે, મધ્યરેખામાં મૃણાલ જેવી એક ત્રીજી પાતળી પેશી લાગેલી છે, જે મૂત્રપ્રસેકધરા નામે ઓળખાય છે. તેમાં થઇને મૂત્રપ્રસેક નામની મૂત્ર વહન લાવનારી નળી પસાર થાય છે આ મૂત્રપ્રસેકધરા પેશીનો પાછલો ભાગ, ગોળાકાર કોર્ક મૂલાધાર પ્રદેશમાં રહેલો છે. મૂત્રપ્રસેક નળી તેને ભેદીને તેમાં દાખલ થાય છે. આ પેશીનો બિલકુલ ટોચ જેવો આગળનો ભાગ શિશ્નમુંડ અથવા શિશ્નમણિ નામે ઓળખાય છે. તે શિશ્નપાર્શ્વિકા નામની પેશીઓના આગલા છેડાઓને ઢાંકે છે. શિશ્નમુંડ અથવા શિશ્નનો મહા જેવો આગલો ભાગ, પાતળી, ચુંવાળી અને ગુલાબી રંગની ત્વચાવડે ઢંકાયેલો છે તેની આસપાસની ઊપસતી કોર શિશ્નનેમિકા નામે ઓળખાય છે આ કોરની પાછળનો સાંકડો ખાંચ જેવો ભાગ શિશ્નકટિકા નામે ઓળખાય છે. શિશ્નને ઢાકનાર ચામડી પાતળી, કરચલી પડતી તથા ચરબી વિનાની હોય છે. શિશ્નના મૂળભાગ આગળ તે રંધ્રસ્થ પ્રદેશ, વૃષણકોષ વગેરે પ્રદેશોની ચામડી સાથે મળી જાય છે શિશ્નના અગ્રભાગ આગળ, શિશ્નકટિકાની આસપાસ રહેલી ચિકાશ અને કોમળ ચામડી શિશ્નચ્છદા નામે ઓળખાય છે તેની અંદરની બાજુ કલાવડે ઢંકાયેલી હોઈ તે સ્વાભાવિક રીતે મુંડભાગને ઢાકે છે અને જ્યારે તેને પાછી ખેંચીએ ત્યારે શિશ્નમુંડ ખુલ્લું થાય છે જ્યારે આ ચામડી કપાવી થઈ જાય અને તેને પાછી ખેંચીને મણિમુંડ ખુલ્લું ન કરી શકાય ત્યારે નિરુદ્ધપ્રકાશ નામનો વ્યાધિ થયો છે એમ સમજવું. જેથી લાંબી ચામડી ઊંચે મણિની પાછળ જઈ સંકોચાઈ જાય અને તેને નીચે ખેંચીને

૫. વિ. કુળ, વિદ્યા, ડહાપણ અને વર્તનમાં મોટું અને માન્ય મનાયેલું; વિવેકી; આબરૂદાર, પ્રતિષ્ઠિત
૬ ન જનતા
૭ વિ ડાહ્યું, સમજુ; ચતુર
૮. વિ ધીર, ધૈર્યવાળું.
૯ [સં. શિષ્ (બાકી રહેવું)] વિ. બાકી રહેલું
૧૦ વિ. ઓસચાલ અને આચાર વિચારમાં કેળવાએલું; સુસંસ્કૃત; સુશિક્ષિત; વિદ્વાન; અર્ધેલું સર્વેલું અને સુધરેલું. શિષ્ટ શબ્દની વ્યાખ્યા કરવી કઠણ છે કેટલીકવાર લોકપ્રતિનિધિ અને મુખ્યપ્રધાન લોકોને શિષ્ટ કહેવામાં આવે છે. કેટલીકવાર અમુક જાતિમાં જન્મેલા પણ આચરણમાં ગમે તેમ વર્તતા લોકોને શિષ્ટ ગણવામાં આવે છે. કેટલીકવાર સત્તાધારી ગમે તેવા લોકોને પણ શિષ્ટ કહેવાની પ્રથા દેખાય છે. વળી કેટલીકવાર લોક પ્રતિનિધિક સાધારણ મનુષ્યો પણ શિષ્ટ લેખાય છે.
૧૧. વિ મહાનું નામીચું; પ્રખ્યાત, સભાવિત
૧૨ વિ વેદવાક્ય ઉપર વિશ્વાસવાળું
૧૩ [સ શાસ્ (શાસન કરવું)] વિ. શાસન કરનારું
૧૪. વિ. શાંત.
૧૫. વિ. ક્ષીણ્યંત.
૧૬. વિ. શ્રેષ્ઠ; મુખ્ય
૧૭. વિ. સારા બોધવાળું

શિષ્ટકૃત [સ.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાન શાસન કરે છે તેથી શિષ્ટકૃત કહેવાય છે; અથવા શિષ્ટો એટલે સાધુઓને પાલન કરે છે તેથી પણ વિષ્ણુ શિષ્ટકૃત કહેવાય છે.

શિષ્ટજન [સં] પું અમીરવર્ગ.
મોટા લોકો એને **શિષ્ટજન** અથવા અમીરવર્ગ કહેતા હતા તેમના હાથમા પ્રજાતંત્ર ખરેખર રીતે હતું. હિંદુરાજ્યવ્યવસ્થા

શિષ્ટજનસત્તાક [સ] વિ શિષ્ટ લોકોની સત્તાવાળું
પેનલિક લોકનુ અપજનસત્તાક અથવા કહાય **શિષ્ટજનસત્તાક** રાજ્યબારણુ પદ્ધતિ હિંદુસ્તાનમા પ્રચલિત હતુ.
હિંદુરાજ્યવ્યવસ્થા

શિષ્ટતા ૧ [સં.] સ્ત્રી. ચતુરાઈ
૨ સ્ત્રી જ્ઞાન
૩. સ્ત્રી ડહાપણ, સમજુ હોવું તે.
૪ સ્ત્રી. ધૈર્ય
૫. સ્ત્રી નીતિ
૬ સ્ત્રી મર્યાદા
૭. સ્ત્રી વિવેકી હોવું તે; શિષ્ટ હોવાના ગુણ; શિષ્ટાર્ક, શિષ્ટપણું.
૮. સ્ત્રી શાંતિ.
૯. સ્ત્રી સજ્જનતા.
૧૦. સ્ત્રી સુશીલતા.

શિષ્ટત્વ ૧. [સં] ન. બીજાને અનુશાસન કરવાની યોગ્યતા
૨. ન કુળ તથા તે કુળના સાધનપણામા આંતરરહિતપણું
૩. ન. (વેદાંત) વેદે કહેલાં જે સંધ્યોપાસનાદિક કર્મ છે તે કર્મોનુ કર્તાપણું

શિષ્ટપણું [સં.] ન. શિષ્ટાચાર; ડહાપણ; વિવેકી વર્તન; સદાચાર
દુનિયામાં પણ **શિષ્ટપણું** રહ્યું નથી.
અનવરી આજવા

શિષ્ટપીઠ [સં.] સ્ત્રી. બ્યાસપીઠ; ઉચ્ચાસન

શિષ્ટપુરુષ [સં.] પું. (જૈન) સદાચારમાં રહેલા જ્ઞાનવૃદ્ધ પુરુષોની પાસે રહી શુદ્ધશિક્ષણને પ્રેમ કરનાર મનુષ્ય.

શિષ્ટમંડળી ન. મોટા માણસનું મંડળ; મહાજન.

શિષ્ટમાન્ય ૧. [સ.] વિ. શિષ્ટાએ માન્ય રાખેલું
૨. વિ શ્રેષ્ઠ; સર્વોત્તમ
૩. વિ. સુધરેલું; સરકારી; અભિજાત.
રાજ્યસંસ્થાનો ઉપયોગ સ્વાર્થ અને **શિષ્ટમાન્ય** હેતુ સહેલી કરવામાં જ થવાનો.
કાલેલકર

શિષ્ટલેખ [સં.] પું. ઊંચી પંક્તિનો લેખ કે લખાણ.
કોઈ વિદ્વતા વગરની કહેવી અને અશુદ્ધ ભાષામાં લખાણ વચ્ચે જો એવા વાક્યોના ટુકડાને આપણે **શિષ્ટલેખ** કહેવો જોઈએ નહિ.
રમણભાઈ ન. નીલકંઠ

શિષ્ટશાસન [સં.] ન. જેમાં સમાજની ઉચ્ચતની સત્તા અમીર જેવા શિષ્ટ પુરુષોના હાથમાં હોય એવું રાજ્યતંત્ર; ઊંચજનસત્તાત્મક રાજ્ય; કુલીનસત્તાક રાજ્યતંત્ર; અમીરવર્ગનુ રાજ્ય; 'ઍરિસ્ટોક્રસિ'.
શિષ્ટશાસન શાસકોના દુર્વ્યવહારથી વિમુક્તિ પામીને ધનિકશાસન થઈ જાય છે.
મહિપતરાય રાવળ અને

શિષ્ટશાસિત [સં.] વિ. શિષ્ટશાસનનું; અમીરો રાજ્ય કરતા હોય તેનું; કુલીન વર્ગ પરથી ચાલતું. 'ઍરિસ્ટોક્રેટિક'.

શિષ્ટશિક્ષણ [સ] ન ઊંચી કેળવણી, ઉદાત્ત શિક્ષણ; 'લિબરલ ઍજ્યુકેશન'.

શિષ્ટસમૂહ જુઓ શિષ્ટશાસન.

શિષ્ટસંગીત [સ.] ન. શાસ્ત્રીય સંગીત; માર્ગી સંગીત; 'ક્લાસીકલ મ્યુઝિક'.

શિષ્ટસામગ્રી સ્ત્રી હાલતું સરસામાન, વપરાની સામગ્રી; અધિક સામગ્રી

શિષ્ટસાહિત્ય [સં.] ન ઊંચા પ્રકારનું સાહિત્ય.
શિષ્ટસાહિત્ય આ સનાતન હૃદયના તલસ્પર્શ પર રચાય છે અને તેથી યુગે યુગે તેની જ પ્રેરણા માનવોની તરફ ઝીલાયે છે.
કનૈયાલાલ મુનશી

શિષ્ટાર્ક ૧. સ્ત્રી આદરસત્કાર
૨. સ્ત્રી. ડહાપણ; વિવેકી વર્તન.
૩. સ્ત્રી મોટાઈ
૪ સ્ત્રી વિદ્વતા
૫. સ્ત્રી. શિષ્ટપણું, શિષ્ટાચાર.

શિષ્ટાચાર ૧. પું. કાળને વર્તીને શુભ કાર્યમાં જ સર્વદા પ્રવૃત્તિ કરવી તે
૨. પું. લોકોમાં જે વ્યવહાર ચાલતો હોય તે.
૩. પું શિષ્ટ પુરુષે ધર્મ બુદ્ધિથી જે આચાર કર્યો હોય તે; શિષ્ટોમાં ચાલતો આવેલો વ્યવહાર, વિદ્વાનો આચાર
૪ પું. સભ્ય ચાલચલગત અને સદ્‌વ્યવહારવાળું વર્તન; સુઘડ રીતભાત; સભ્ય રીતભાત; સદાચાર; સંસ્કારી આચરણ. ગાંધીજી લખે છે કે પાણી, ભોજન કે વિવાહવ્યવહાર હોવે ત્યાં ન કરવો એને હું શિષ્ટાચાર કહું છું. તેમાં આરોગ્ય અને પવિત્રતાની રક્ષા રહેલી છે.
વેદ, તદન્તર્ગત તેની શ્રુતિ કે અશ્રુત્ય શાખાઓ, સ્મૃતિ, તત્ર વિગેરેનાં વર્ણાશ્રમોચિતપૂર્વક લોકકલ્યાણાર્થે કૃત કે અકૃત કૃત કહ્યાં શિષ્ટ પુરુષોએ રચાયેલા આચાર **શિષ્ટાચાર** કહેવાય છે.
બ્રહ્મમુનિશ્રી રેવાશંકર

૫. પું. [સં શિષ્ટ (સુધરેલું) + આચાર (રીતભાત)] નુ સભ્યતા દેખાડવા આતર કરવાનો આચાર; આદરસત્કાર; વિનય

શિષ્ટાચારી [સં] વિ. સંસ્કારી; શિષ્ટમાન્ય; અભિજાત

શિષ્ટાન્ન [સં.] ન. ન્યાયથી મેળવેલું અન્ન; શુદ્ધ કમાણીથી મેળવેલુ અન્ન
શિષ્ટાન્ન, ઉપાસના, આર્યસેવા, તીર્થાટન, સ્વાધ્યાયધર્મનિષ્ઠા, યમનિયમાદિ ચિત્તશુદ્ધિનાં સાધનો છે.
શંકરાચાર્ય

શિષ્ટાસન [સં] ન. જમણા પગનો ઢીંચણ ડાબા પગની જંઘ નીચે રાખવો અને ડાબા પગનો ઢીંચણ જમણા પગની જંઘ નીચે રાખી પલાંઠી વાળી બેસવું તે. તેને સિદ્ધાસન પણ કહે છે.

શિષ્ટિ ૧ [સં] સ્ત્રી આજ્ઞા, હુકમ, શાસન
૨ સ્ત્રી. ઠોકવું તે
૩. સ્ત્રી નિયમાનુસાર આચાર.
૪ સ્ત્રી. મારવું તે
૫. સ્ત્રી શિક્ષણ.
૬. સ્ત્રી. શિક્ષા; હદ

શિષ્ટેષ્ટ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. શિષ્ટ એટલે વિદ્વાનોને ઇષ્ટ હોવાથી વિષ્ણુ શિષ્ટેષ્ટ કહેવાય છે.
૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ.

શિષ્ટોચ્ચારણ [સં.] ન. શિષ્ટ વર્ગથી થતો ઉચ્ચાર

શિષ્ય ૧ પું. ઉપદેશનો વિષય.
૨. પું. વિદ્યાર્થે ગુરુને ઘેર રહેતો ચેલો; બાળ બ્રહ્મચારી, વિદ્યાર્થી.
૩ [સં. શાસ્ [શાસન કરવું)] વિ. આજ્ઞા કરવા લાયક
૪. વિ. ઉપદેશ કરવા લાયક.
૫. વિ. શિક્ષા કરવા યોગ્ય
૬. વિ શીખવવા લાયક

શિષ્યગુરુ [સં.] પું. અધ્યયન વૃત્તિવાળો માણસ; અધ્યેતા; 'ટ્રેસો'
રવેરિયસ હોરેસના તેને શિષ્યગુરુની પદવી બક્ષી. ખરિ. ગ્રેમ

શિષ્યજીવન [સં] ન વિદ્યાર્થી અવસ્થા.

શિષ્યણ સ્ત્રી. સ્ત્રી શિષ્ય.

શિષ્યત્વ [સં] ન. શિષ્ય તરીકે રખાતી શ્રદ્ધા; શિષ્યપણ

શિષ્યપ્રથા(ધી સ્ત્રી. શિષ્યને ગુરુને ત્યાં જ વિદ્યાભ્યાસ માટે રાખવાની પ્રથા.

શિષ્યબાધ [સં.] પું. શિષ્ય તરીકેની ફરજ બજાવવાની જાગરણી

શિષ્યમંડલ [સં] ન. શિષ્યોનું મંડળ.

શિષ્યવૃત્તિ [સં. શિષ્ય + વૃત્તિ (વર્તન)] સ્ત્રી ગરીબ કે હોશિયાર વિદ્યાર્થીને ઉત્તેજન અર્થમાં મદદરૂપ થઈ પડે તેવી રકમ બક્ષિસ તરીકે આપવામાં આવે તે; શિષ્યને તેના અર્થે પૈસે મળતી નાણાંની મદદ; વિદ્યાર્થીને ઉત્તેજન અર્થવા મદદ દાખલ આપાતી રકમ; સરકાર, બિનસી સંસ્થા કે ગૃહસ્થ તરફથી વિદ્યાર્થીને મળતી આર્થિક મદદ; શિષ્યવેતન; વિદ્યાવેતન; છાત્રવૃત્તિ.

શિષ્યવૃંદ [સ.] ન. શિષ્ય સમુદાય.

શિષ્યવેતન જુઓ શિષ્યવૃત્તિ.

શિષ્યસંગ્રહ [સં] પું સેવા કે પૂજન કરાવવા અથવા કીર્તિ માટે અથવા શિષ્યો પર કરવા કરવા માટે શિષ્યોને ભેગા કરવા તે.

શિષ્યા [સ. શિક્ષ (શીખવું)] સ્ત્રી અભ્યાસ કરનારી કન્યા; વિદ્યાર્થિની; ચેલી; સ્ત્રી શિષ્ય.
વૃદ્ધિકી ઋચિત સખી મિલ:
પ્રિય શિષ્યા લલિતે કલાવિધૌ. રઘુવંશ

શિષ્યાણી જુઓ શિષ્યા.

શિષ્યાવાસ પું. વિદ્યાર્થીઓને જમવાનું તથા રહેવાનું ઠેકાણું; શાળાનિકેતન; વસતિગૃહ; ' હોસ્ટેલ '.

શિષ્યાંગના [સં.] સ્ત્રી. શિષ્યની સ્ત્રી.

શિસક ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઊભા લાકડા તરીકે વપરાય છે

શિસૂ ન. રસ્તાની બાજુએ વાવવામાં આવતું એક ઝાડ. તે અસલ અફઘાનિસ્તાનમાંથી અહીં લાવવામાં આવ્યું હતું. તેનું લાકડું ઇમારતી કામમાં તદ્દન ઊતરે ઉપયોગી છે

શિસ્ત ૧. [સં. શાસ્ [શાસન કરવું)] સ્ત્રી નિયમબદ્ધ વર્તન; ' ડિસિપ્લીન '.
બહારૂપ એમાં સૌ અંગો જુદા જુદાં અહીં,
સુમેળ સાધવો શિસ્તે એ સ્વધર્મ સ્વરાજ છે.
મામીગીતા

૨. સ્ત્રી. નિશાનદાર બક્ષ.
૩. સ્ત્રી. રીત; બાટી; ધોરણ.
૪. સ્ત્રી. સમય; સયમન; નિયમન; શાસન; નિયત્રણ.
૫. વિ. અનુકૂળ પડતું; લાયક.

શિસ્તપાલન [સં.] ન. નિયમિતપણે ચલાવવું તે; શિસ્ત પાળવી કે શિસ્તમાં રહેવું તે.

શિસ્તબદ્ધ [સં.] વિ. શિસ્તવાળું.

શિસ્તભંગ [સં.] પું. નિયમસરના વર્તનનો અભાવ; નિયમ પ્રમાણેનું વર્તન ન હોવાપણું.

શિસ્તુ સ્ત્રી. આપણીની મોભરેખા કે રેખા.

શિસ્ન જુઓ શિશ્ન

શિસ્વા સ્ત્રી એક જાતની વનસ્પતિ
શિસ્વા તથા સફેદ કાંચનના પાલાને બાદ જમનો ઉકાળો કરવો. ધન્વન્તરીય

શિહાઈ ૧. [ફા. સિયાહ (કાળુ)] સ્ત્રી. કાળાશ; કાળુ હોવું તે; કાળાપણ
૨. સ્ત્રી. શાહી; લખવા માટેનું પ્રવાહી સાધન.
રોશનાઈ એમાં રહે કે કવિ કહો સિહાઈ.
દલપતરામ

શિહાબોરા ન એક જાતનું શિકારી પ્રાણી

શિહાની સ્ત્રી. ખજૂરની એક જાત. તે પીળાશ પર હોય છે.

શિહાબ ૧. પું. જ્વાળા..
૨. [અ.] પું. તેજસ્વી તારો.
૩. વિ પ્રકાશતું
૪. વિ રાતું.

શિહુઆમ ન હાલનું સીઆમ.
જગલના દાનપાત્રમાં આમમેર (જમ્બુફર વાહનો)નો તથા શિહુઆમ (હાલનું સીઆમ) જગલ્લ વિષયનાં ગામો તરીકે ઉલ્લેખ મળે છે.
મુજરાતનાં તીર્થસ્થાનો

શિળીંદ ન. એક જાતનું કૂલ ઝાડ. આ ઝાડ કચોરાં જેવું થાય છે. તેનું ફૂલ ઉપરસ ઉપર વપરાય છે. તેમાં લાંબાં, પીળાં અને રાતાં સુવાસી ફૂલ આવે છે

શિળભળિયળ વિ. આટા લઈને બાંધેલું છતાં ઢીલું થઈ ગયેલ; દોરડાં વગરનાં બંધવાળુ હોય તેવી શિથિલ થઈને ઊખળી ગયેલું.

શિંગ ૧. સ્ત્રી. દ્વિદલ અનાજનાં બીવાળી પાપડી; કઠોળની કે તેના જેવી બીવાળી પાપડી; ચૂંગળી જેવું અનાજના કણનું ફોટલું.
૨. સ્ત્રી. કળી; કોંયરિંગ; મગફળી.
૩. ન. તુરાઈ; ટોચી; રણશિંગું; શિંગડાના આકારનું વાદ્યિત્ર.
શિંગ નામના શિંગડાના આકારનું ચિત્તનું વાદ્યિત્ર છે. બે શિંગ એકી સાથે વગાડવામાં આવે છે. આઈને અકબરી
૪. [સં. શૃંગ] ન. શિંગડું.

શિંગઠોઠ વિ. અપશુકનિયાળ ઠોરના એક પ્રકારનું. જે બૈલ બેઠી હોય ત્યારે શિંગડાં જમીન સાથે અટકાવે છે તે શિંગઠોઠ કહેવાય છે આવી બૈલ ખરાબ ગણાય છે.

શિંગઠાટવું (શિંગડાટવું) સ ક્રિ શિંગડાં વડે ઉપરાઉપરી મારવું

શિંગડિયો (શિંગડિયો) પું (કચ્છી) એક પ્રકારનો છોડ. તે ૩ થી ૫ ફૂટ ઊંચો થાય છે. તેની શાખા લીલા રંગની, લીસી અને દૂધ ભરેલી હોય છે. તેના પેસામાંથી ઠોરડાં બને છે ઘડકાવા કૂતરાના કરડ ઉપર તેનું લાકડું અસરકારક મનાય છે.

શિંગડિયો વછનાગ (શિંગડિયો વછનાગ) પું એક જાતની ઝેરી વનસ્પતિનો છોડ; શિંગડાના આકારનો વળેલો વછનાગ; શિંગિયો વછનાગ. તે બહુ ઝેરી હોય છે. ચોમાસામાં જમીનમાંથી તેની ઊંડુ નીકળે છે. પાન સાકડાં અને બે બહુ ઇંચ લાંબાં હોય છે. તે ઉપર બે ફૂલ આવે છે. ફૂલ પચરંગી અને વળ ખાધેલ હોય છે. મુખ્યતિસારક, શીતલ અને સર્વ રોગહર છે

શિંગડી (શિંગડો) ૧ [સં. શૃંગ (શિંગ) + ડી (લઘુતાવાચક પ્રત્યય)] સ્ત્રી. નાનું શિંગડું, તરતનું ફૂટતું નીકળતું શિંગડું

૨. સ્ત્રી. શિંગના આકારની નળી, ગડકનો દારૂ ભરવાની શિંગડાકાટની નળી કે ભૂંગળું.

શિંગડું ૧ (શિંગડ) [સં. શૃંગ] ન. પશુના માથા પર કાળું, સાબો, વાંકો અણીદાર ફૂટી નીકળેલો મોટો અસ્થિ અંકુર કે અવયવ.

૧. શિંગડાં ઊગવાં આવી હોવાં = પૂરી મૂર્ખતા દોરી

૨. શિંગડાં ભરાવવાં–મ કરવા = સામે થવું; લડવા તૈયાર થવું

૪. શિંગડું થઈ જવું = (૧) ટાંટથી અકડાઈ જવું. (૨) ઠરીને મરી જવું; કડા થઈ ને સખ્ત થવું; શરીર શિંગડાના આકારે ખેંચાઈ જવું.

૫. શિંગડું થઈ ને પડવું = બેભાન થઈ જવું

૬. શિંગડું મારવું = શિંગડાં વડે મારવું.

૭ શિંગડે ચડાવવું = શિંગડાંથી મારવું.

૮. શિંગડે લેવું = (૧) પુરુષત્વ કે મરદાઈથી લડવું; બહાદુરીથી લડવું (૨) શિંગડું થઈ જવું. (૩) સામે થવું

૯. સામસામાં શિંગડાં ભાંડવાં = (૧) જોસભેર સામે થવું; ગમે તેટલી અડચણ પડવા છતાં પણ બહાદુરીથી આગળ વધવું; લડવા તૈયાર થવું. (૨) ચિઢભેરી કરવી; મર્યાદા મૂકીને પૂરજોશ; આજ્ઞા ઉલ્લંઘવી.

૨. ન. બદ્ધેરાને સાફ કરવાનું ખૂંપણું

૩. ન. બંદૂકનો દારૂ ભરવાનું શિંગડા આકારની નળી કે ભૂંગળું

૪. ન. શિંગડાના આકારનું કાપીને વગાડવાનું વાદ્ય; રણશિંગડું.

શિંગરફ ન. એક જાતનું ઔષધ; હિંગળો; રસસિંદૂર; 'રેડલેડ'

શિંગલો ૧. વિ. શિંગડાવાળો પોટો .

૨. વિ. જુઓ શિંગડાંવાળો.

શિંગાળ વિ. શિંગડાંવાળું

ઢે સાગર શિંગાળ એક દિ શિંગાળાં હતાં,
મરતાં રા'ખંગાર, અવનાં ભાલાં થઈ રહ્યાં.
લોકસાહિત્ય

શિંગાર્યું જુઓ શિંગાળ.

શિંગાળો પું. એક જાતનો મત્સ્ય. તે લીસો અને સુંવાળો હોય છે તેને મોં ઉપર મૂછો હોય છે વજનમાં ૧૦ થી ૧૨ શેર સુધી થાય છે

શિંગિયો વછનાગ જુઓ શિંગડિયો વછનાગ

શિંગી ૧ સ્ત્રી. એક જાતનું વાદ્ય, નાના શિંગડા જેવી પિપુડી; રણશિંગડું

રોળી **શિંગી**. વાવડી કરવા. ઢોળી લીધી સંગમાં. નિરંજન

૨ સ્ત્રી. જિનડી

૩ વિ. [સં. શૃંગિન્] જુઓ શિંગડાંવાળું

૪ વિ. નબળા બંધી શરીર અને સ્વભાવે દુર્બળ થયેલું.

શિંગીનાદ પું. રણશિંગડાનો અવાજ

શિંગું વિ. મદવાડથી કાયર થઈ ગયેલું.

શિંગોટી ૧. સ્ત્રી. જે વેલાઓથી શિંગડાં ફૂટે છે તે આકા પરનો ભાગ; શિંગડાંનું થડ કે મૂળ

૨. સ્ત્રી. ઢોરનાં વપરાયેલ ઉપર લેવાતું દાણ કે કર; શિંગડાં ઉપર લેવાતો કર

૩. સ્ત્રી. નાનું શિંગડું

૪ સ્ત્રી. શિંગડા શણગારવાને ધાતુનો બનાવેલો ખોખળો.

૫. સ્ત્રી. શિંગડાનું બનાવેલું આભ ચડાવવા માટેનું એક ઓજાર.

૬. સ્ત્રી. શિંગડાંનું વલણ: શિંગડાંનો વાંક

શિંગોડી (શિંગોડી) સ્ત્રી. પાણીમાં થતી નમદાર કંદાળની વેલ; જેને શિંગોડાં આવે છે તે વેલા, શિંઘોડી. એ વેલ દેખાવમાં કમળ જેવાં પાનવાળી હોય છે. તેને ફૂલ ગુલાબી કે ધોળાં આવે છે તેના વેલા બહુ ફાલે છે

૧. શિંગોડી ચોમાસું = બહોળો વિસ્તાર થવો

૨. શિંગોડીનો વેલો = ઘણો વિસ્તાર કે પરિવાર. શિંગોડીનો વેલો બહુ ફાલે છે. તે ઉપરથી ઘણો વિસ્તાર કે પરિવાર સૂચવવા માટે વપરાય છે.

શિંગોડું (શિંગોડ) ૧ [સં. શૃંગારક] ન. ગાડીના પોલને છેડે આવેલો લોઢાનો આંકડો. તે ચોકડી જોડની વખતે આગળ ઘોડા જોડવા કામ આવે છે

૨. ન. પાણીમાં થતી એક વેલનું ફળ; સીંગોડું. તે જમીનમાં નહિ પણ પાણીમાં શિંગોડીની પ્રજાઓએ થાય છે. એ શિંગોડાંને નીચેથી ત્રણ અણીવાળા આંકડા નીકળે છે. શિંગોડાંને અગ્નિ ઉપર શેકી તેમાંનો ગર્ભ મુખ્ય ખોરાક તરીકે ખવાય છે. તે સ્વાદિષ્ટ થાય છે. તેને સૂકવી સોટ કરી રોટલી વગેરે બનાવી ખાઓ થાય છે. કાશ્મીરનાં તળાવો તો આખાયે ઉનાળે ઉભરાઈ જતા હોય છે. કાશ્મીર રાજ્યને આમાંથી લગભગ એક લાખ રૂપિયાની વાર્ષિક આવક થાય છે. વડોદરા રાજ્ય તથા બીજે પણ આનો પુષ્કળ ઉછેર કરવામાં આવે છે. તે શીતલ, વૃષ્ય, રાક્ષ, લઘુ, રુચિપ્રદ, કફકર, મળી, વાતલ, ત્રણ, મધુર, તર્પણ, મળનું સોધણ કરનાર, પિત્તરામક ને દાહહર છે રક્તદોષ, મોહ, શ્રમ, પ્રદર, સોજા વગેરેને મટાડે છે ઋતુસ્રાવના રક્તસ્રાવ ઉપર બહુ ઉપયોગી છે તે માટે દૂધમાં બનાવેલી તેની ખાપરી સાકર સાથે અપાય છે તેમાં સ્ટાર્ચ અને મેગેનીઝ ધાતુ સારા પ્રમાણમાં છે. તે ઋતુસ્રાવ અને ગર્ભને પુષ્ટ કરે છે દાઝેલા ભાગ ઉપર પાન રાખવાથી શીતળતા આવે છે. તેનો ક્વાથ સડેલાં ચાંદા, મોં અને ગળાનો સોજો, કોગળા વગેરેમાં ધોવા ને કોગળા કરવા વપરાય છે

૩. ન. શિંગોડાના આકારનું એક દારૂખાનું.

૪ ન. સ્ત્રી અથવા પુરુષને કપાળે પાડવામાં આવતો ત્રિશૂળાકૃતિ કે ત્રિકુળો શિંગોડા જેવો સુંદર આકાર. તે વસ્ત્રમાં વપરાય છે.

૧. શિંગોડું તાણવું = શિંગોડાના આકારનું ટીલું ખેંચવું કે કરવું તે મળકામાં વપરાય છે.

૨. શિંગોડું રણશણવું = કપાળ ઉપર તિલકાદિ કરવાં; શણગાર કરવાં.

શિંઘોડી (શિંઘોડી) જુઓ શિંગોડી.

શિંઘોડું (શિંઘોડું) જુઓ શિંગોડું.

શિંટોઈઝમ [અં.] પું. એ નામે જપાનની અંદર પ્રચલિત ધર્મનો ફાંટો. કેટલાક લોકોની એવી માન્યતા છે કે, શિંટોઈઝમ એ વાસ્તવિક રીતે જપાનની પોતાની જ મૂર્તિ છે. તે આપણને શીખવે છે કે, દેશ એ એક ઘટક, કુટુંબ છે. જપાનીઓને માટે રાજા એ પવિત્ર વસ્તુઓમાં સર્વોપરી છે. તેઓ તેના સામ્રાજ્યને પિતા ગણે છે અને લોકોને તેમના દેવ ગણે છે.

શિંતોધર્મ પું. જપાનમાં પ્રચલિત ધર્મનો એક ફાંટો. તેની સ્થાપના કરનારનું નામ હો જી. અને તેની જન્મતારીખ ઈ. સ. પૂર્વે ૬૬૦ છે. તેના અનુયાયીઓ જપાનમાં રહે છે. તેઓ કુદરત અને આત્માને દેવ તરીકે માને છે. તેના અનુયાયીઓની સંખ્યા ૧૬ કરોડ ને ૬૦ લાખ મનાય છે.

શિંતોધર્મ પું. ઈ. સ. પૂર્વે ૬૬૦માં જપાનના રાજા શિંતોએ સ્થાપેલ એ નામનો એક ધર્મ.

શિંપવું ન. ક્રિ. પાણી છાંટવું; છીપવું.

શિંપી સ્ત્રી. કોંકણ તરફ રહેનારી એક જાતિ.

શિંબ પું. કુવાડિયાનો છોડ

શિંબ્યા જુઓ શિંગિકા.

શિબિ ૧. [સ.] જી. ઘાસ.

૨. જી. ચિત્રો.

૩. જી. શીંગ

શિબિકા જી. એક જાતનું દિવ્ય આભૂષણ, શિંગ; કર્ણ

શિબિકાવર્ગ પું. શિંગોવાળી વનસ્પતિનો એક વર્ગ. તેનું ફળ પાકું કરીને સૂકી શિંગ હોય છે. એમાંની વનસ્પતિને પાન બાજુબાજુ આંતરે આવે છે. તેનાં પુષ્પો બાહ્યકોષનાં પાંચ પત્ર હોય છે સામાન્યરૂપ રીતે આ વર્ગની વનસ્પતિ ઝેરી ગણાય છે છતાં ઘણી વનસ્પતિ દવામાં વાપરવામાં આવે છે, તે વર્ગ બહુ મોટો છે.

શિંબીજ ન. શીંગમાંથી થતું ધાન્ય.

શિંબીભવ જુઓ શિંબીજ.

શિરાપ [સં.] પું. સીસમ; ક્ષળા અને કડવા લાકડાનું ઝાડ; શિંશિપા; શિરાપા.

શિંશપા જુઓ શિરાપ.

શિરા જી. મૈસુર રાજ્યમાં આવેલ એ નામની એક નદી.

શિરાપા જુઓ શિરાપ.

શિરીષ જુઓ શિરાપ.

શી ૧. અ. ક્રિ. આરામ લેવો; લેટવું; પડી રહેવું

૨. અ ક્રિ સૂવું; સૂઈ જવું. તે ઉપરથી શય્યા, શયન, શાયી વગેરે શબ્દ થયેલ છે.

શીઆબ પું. પારસીઓમાં મરનારની પાછળ મરણને ત્રીજે દિવસે સવારમાં ગરીબ કે ધર્મગુરુને આપવામાં આવતી ઘોડાં વજનની ભેટ.

શીકર ૧. પું. ચંદ્રમા

૨. પું. વાયુ.

૩. [સં. શીક્ (છાંટવું)] પું.; ન. પાણીની છાંટ; ફરફર; સીકર.

તેને તારા શીતળ **શીકરે** વાયુથી તું ઉડાડ,
ભઈ કેરી નબળી કળીઓ સંગ શાંતિ પમાડી,
માનિનીને, અકિંચ નયને જોઈ જોતી તને રે,
કૂદેવા માટે ઊભણ કલગી પીંછ ગાજવે હો.
મેઘદૂત

૪. ન. ધૂમસ; ઝાકળ

૫. ન સરસ વૃક્ષનો રસ

શીકલી જી. બળદને મોઢે બંધાતી જાળી; શીકણી. પત્રરમાં ફેરવતી વખતે ઢોર અનાજ ખાઈ ન જાય તે માટે શીકલી ઢોરને મોઢે બાંધવામાં આવે છે.

શીકલું જુઓ શીકલી

શીકી જુઓ શીકલી

શીકું ન. ખાલ મૂકવાનો અંદર લટકાવાય એવો ઝોળી જેવો ઘાટ

શીકું વોડ્યું ગોરસ હોવ્યું. ઉખાડીને બાર રે,
માખણ ખાધું ઢાળી નાખ્યું. બાલ કરી આ ઘર રે,
નરસિંહ મહેતો

શીકે મૂકવું = (૧) ઊંચે મૂકવું. (૨) ગુમ રાખવું; બહાર ન પડે એમ કરવું; લોકોના જાણવામાં ન આવે એમ કરવું. (૩) હાલ તુરત હાથમાં ન લેવું; પડતું મૂકવું

શીકે અ. સહિત; સાથે; શીખે; સુદ્ધા

શીખ ૧. પું પંજાબનો એક ધર્મ

૨. પું. પંજાબનો રહેવાસી અને ગુરુ નાનકનો શિષ્ય; ગુરુ નાનકના સંપ્રદાયનો અનુયાયી શીખ લોકો કેશ, કંઘ, કિરપાણ, કડા અને ઝાંઘસી એ પાંચ વસ્તુઓ પોતાની પાસે હાયમ રાખે છે. શીખ લોકો બહુ જ મજબૂત અને લડાયક હોય છે. શીખ શબ્દ સેવક શબ્દ ઉપરથી યોજાયો છે. શીખ ધર્મના સાધુઓના ચાર વિભાગ છે: (૧) ઉદાસી, (૨) નિર્મલી, (૩) અકાલી અને (૪) સુંદરશાહી. શીખ લોકોનું માનવંતુ ધાર્મિક પુસ્તક ગુરુ ગ્રંથસાહિબ છે. આ પુસ્તકમાં ગુરુ નાનક, ગુરુ અંગદ, ગુરુ અમરદાસ, ગુરુ રામદાસ, ગુરુ અર્જુનદેવ તથા ગુરુ તેગ બહાદુર વગેરેની સ્તવાણી ઉપરાંત ભક્ત કબીર, રવિદાસ, નામદેવ, શૈખ ફરીદ, રામાનંદ, જયદેવ, સૂરદાસ, પીપા, ધન્ના, સૈણ, ત્રિલોચન, પરમાનંદ, વેણી, ભિખ્ખન આદિ ભક્તોની પવિત્ર ગ્રામ્ય રચનાનો પણ ઉલ્લેખ છે. શ્રી ગુરુ અર્જુન સાહિબજીએ આ મહાન ગ્રંથનું સંપાદન કર્યું હતું.

૩. [ફા.] જી અણીવાળો પોલો લોઢાનો સળિયો; બંબી. તે બંધ પેલામાંથી અનાજ કાઢવા માટે વપરાય છે

૪. જી. ભેટ; વિદાયગીરી કે તે બેળા આપાતી ભેટ.

હલબલ કરીને **શીખ** દીધો, ઘડી ન લાગે વાર
સામળ

શીખ દેવી = દક્ષિણા આપવી; ભેટ આપવી.

૫. જી. રજા; વિદાય.

૧. શીખ આપવી = વિદાય આપવી.

૨. શીખ માગવી = રજા માગવી; વિદાય માગવી; વડીલોને જતી વખતે પ્રણામ કરવા.

૩. શીખ લેવી = (૧) રજા લેવા; (૨) શિખામણ લેવી.

શીખડી (શીખડો) જી. શિખામણ; શીખ.

શીખણ જુઓ શીખામણ

શીખધર્મ પું. ગુરુ નાનકે સ્થાપેલો એક ધર્મ

શીખમંત્ર પું. લોકોને ભરોસો પડે તેમ કરવું તે; રૈયત સાથે હળીમળી જઈ તેમનું મન બીજી બાજુ વળે તેમ કરવું તે

શીખવનાર પું. બોધ આપનાર

જે જે બાબતો જન સમાજને **શીખવનાર**ની હોય તે બાબતો **શીખવનાર**ને પોતે તો અવશ્ય પાળવી જ જોઈએ.
યુગકરણ

શીખવવું ૧. [સં.] સ. ક્રિ. ઉપદેશવું, ભલામણ કરવું, ચડાવવું

૨. [સ. શિક્ષ્ (શીખવું)] સ ક્રિ. શીખે એમ કરવું; ભણાવવું; જ્ઞાન કે બોધ આપવા, ઉપદેશ કરવો

મીરાં એ **શીખવે** છે કે ગુણો સાધિકા કો નહીં; અવગુણ કૃષ્ણ છે મુજમાં સ્વામિનું તણી સિદ્ધિમા.
ગાંધીગીતા

શીખવાવું ૧. અ ક્રિ. ભણાવવું; શિક્ષણ મળે તેમ થવું.

૨. અ. ક્રિ. ભંભેરાવું

શીખવું [સં. શિક્ષ્] સ. ક્રિ. ભણવું, જ્ઞાન મેળવવું

આપણા પ્રેમો વધ્યાં છે ને **શીખવું** પ્રેમ રાખતા;
તેના આપણા જગ પ્રેમો છે, ઈશ્વરની આલબ્ધ.
ગાંધીગીતા

શિખાઉ વિ. જેની પીઠમાં ઢાળ હોય તેવી ઢોરી.

શીઘ્ર ૧ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના. ધ્રુવસંધિ રાજાના પુત્ર સુદર્શનનો પૌત્ર અને અગ્નિવર્ણ રાજાનો પુત્ર. મરુ રાજા તેનો પુત્ર થાય

૨. વિ. ઝડપી પીલુ. તેનું મૂળિયું બહુ જ મજબૂત અને તાણ્યું તૂટે નહિ એવું હોય છે.

૩. [સં.] વિ. ઉતાવળ.

૪. વિ સત્વર

૫. અ. જલદી; તરત; તાબડતોબ; એકદમ

શીઘ્રકર્ણી [સં] ન ભુગર્ભના મધ્યબિંદુથી ગ્રહગર્ભના મધ્યબિંદુ સુધી જનાર સીધી લીટી.

શીઘ્રકવયિત્રી [સં. શીઘ્ર + કવયિત્રી (કવિ સ્ત્રી)] જી તાબડતોબ કવિતા બનાવી દે તેવી શક્તિવાળી સ્ત્રી.

શીઘ્રકવિ [સ.] પુ શીઘ્ર કવિતા બનાવે તેવો કવિ; તાબડતોબ કવિતા બનાવી દે તેવી શક્તિવાળો કવિ.

શીઘ્રકવિતા [સ.] સ્ત્રી. ઝોકદમ રચેલી કવિતા; તાત્કાલિક જોડી કાઢેલું કાવ્ય, કવી પણ પૂર્વ તૈયારી વિના તુરતમાં બનાવેલી કવિતા.

[illegible] શોધેલા, કોઈ પણ જાગ્રણી વિના પહેલી વહી [illegible] જોડી કાઢવી એને લોકો **શીઘ્રકવિતા** કહે છે ધૂ. સા. પરિષદ

શીઘ્રકાવ્ય જુઓ શીઘ્રકવિતા

શીઘ્રકેંદ્ર [સ.] ન. ફેરફી પણ પ્રકાર પોતાના શીઘ્રોચ્ચ સ્થાનથી જેટલા અંતર [illegible] હોય તેટલા અંતર બાદ કરતાં તે પ્રકાર [illegible] ગ્રહનો બાકી રહેતા ભાગ

શીઘ્રકોપી [સ. સ્ત્રી.+પું.] વિ. જલદીથી કોપાયમાન થાય તેવ જલદી ગુસ્સે થઈ જાય તેવુ

શીઘ્રગ ૧. પું શિવનાં કલ્પાંતર ભૈરવનું એક નામ

૨. પું (પુરાણ) સપ્તર્ષિનો એક પુત્ર

૩. પું. સૂર્યનાં એકસો આઠ ભૈરવનું એક નામ

૪ ન એક પ્રકારનું પક્ષી. આ પક્ષી પૂર્વ અને ખાસ કરીને આફ્રિકામાં વિશેષ માલૂમ પડે છે; પરંતુ તે લગભગ બધા દેશોમાં માલૂમ પડે છે અ. પક્ષીના માળા વિવિધ હોય છે તેના માળાઓ તેના પોતાના શૌક અથવા મુખરસના બનેલા હોય છે, કેમકે પુર્વના લોકો તેનું સ્વાદિષ્ટ ભોજન બનાવે છે. સામાન્ય રીતે તેઓ ઝૂંપડા, મિનારા અથવા ઝાડના પોલાણમાં તેઓના માળા બનાવે છે. ઝાટેમાલામાં રહેતા આ પક્ષીઓ બિયાં એકઠાં કરી થૂંક થતી તેને મેળમાં ચોટાડી માળા બનાવે છે. તે એવી હોશિયારીથી બનાવવામાં આવે છે કે, કોઈ દુશ્મન કે ઋતુની સામે હકર ઝીલી શકે છે

૫. [સં.] વિ. વેગથી જનાર.

શીઘ્રગણ્ય પુસ્તક [સં.] ન. જલદી ગુણાકાર ગણાય બાય તેવી ચોપડી; ગુણાકાર, બાદબાકી તથ. બીજ સહેલાઈથી ગણી શકાય તેવુ પુસ્તક

શીઘ્રગતિ [સ] સ્ત્રી દોડ; વેગ.

શીઘ્રગામી [સં.] વિ. જલદી જનાર; વાયુવેગી; વેગવાન.

શીઘ્રગ્રાહક [સ.] વિ. ગ્રહણશક્તિ; તરત અસર થાય તેવુ; તરત છાપ પડે તેવુ; ગ્રહણબુદ્ધિનુ; ગ્રાહક; ઝડપથી ગ્રહણ કરે તેવ

શીઘ્રગ્રાહી જુઓ શીઘ્રગ્રાહક

શીઘ્રગ્રાહીબુદ્ધિ [સં.] સ્ત્રી તીવ્રબુદ્ધિ

શીઘ્રચેતન ૧. [સ] પુ ઝડકાનો ઝોડ.

૨ પુ કૃતઘ્ન.

૩ વિ. ઝડપી ચેતનાવાળુ

શીઘ્રચેતના [સ] સ્ત્રી અતિલજ્જા નામની વનસ્પતિ.

શીઘ્રચેતની [સ સ્ત્રી કૃતઘ્ની

શીઘ્રજન્મા ૧ સ પું એક જાતનુ વૃક્ષ; કર્કેજ વૃક્ષ

૨ વિ તુરત જન્મનાર

શીઘ્રતર્ષિત સ વિ. ઝોકદમ સળગી ઊઠે તેવુ

શીઘ્રજ્વાલામુખી જુઓ શીઘ્રતર્ષિત.

શીઘ્રતા ૧ [સં] સ્ત્રી ઉતાવળ; વેગ; ઝડપ; જલ્દીથી કામ કરવુ તે; જલદી કામ કરવાનો ગુણ; શીઘ્ર [illegible] ની વૃત્તિ

૨ સ્ત્રી અવ્યવસ્થા; અવસ્થા

શીઘ્રદાહી [સ.] વિ. સહેજે બળે કે સળગે તેવુ; દાહ; સળગી ઊઠે તેવુ.

શીઘ્રદાહ્ય જુઓ શીઘ્રદાહી.

શીઘ્રનારાન [સં] પુ શિવનાં કલ્પાંતર ભૈરવનું એક નામ

શીઘ્રપાઠગ્રાહિ [સ સ્ત્રી. જલદી ઓઢે કરી લેવાની શક્તિ.

શીઘ્રપ્રતિબંધલબ્ધ [સ.] વ. ભુખ અને શુક્ર સૂર્યની આસપાસ ફરે છે ને માર્ગ; ભુખ અને શુક્રની ક્રિયા

શીઘ્રપ્રસૂતિ [સં.] સ્ત્રી. જલદીથી આવતી સુવાવડ

શીઘ્રબુદ્ધિ જુઓ શીઘ્રમતિ.

શીઘ્રબોધ ૧. પું. ગાંલ્લે.

૨. પું. ગાંલ્લે ફુંકવો તે.

૩ પુ. જ્યોતિષનો એ નામનો એક ગ્રંથ.

૪ [સં. શીઘ્ર (ઝોકદમ) + બોધ (સમજણ)] પું. વસ્તુ ઝોકદમ સમજણી કે સમજી લેવી તે

શીઘ્રબોધી પુ ગાંલ્લની ચલમ પીનાર માણસ; ગંજેરી.

શીઘ્રમતિ [સં] વિ તાત્કાલિક બુદ્ધિવાળું

શીઘ્રલિપિ [સં] સ્ત્રી. ટૂંકાક્ષર લખવાની પદ્ધતિ; 'શોર્ટ હેન્ડ'

શીઘ્રલેખ [સં.] પુ. જલદી લખવું તે.

શીઘ્રવાચન [સં.] ન ઝપાટાબંધ વાંચવું તે.

શીઘ્રવિવાહ [સં] પુ. કન્યાકરણ પ્રાપ્ત થતાં કાળના અતિક્રમણના દોષમાં ન આવવા તેથી જોષે જ્યોતકારોએ તુરતમાં લગ્ન કરવાની છૂટ આપી છે તે વિવાહ

શીઘ્રવેધી ૧. [સં] વિ અર્થગ્રાહી

૨ વિ. જેના ઉપર ઝોકદમ અસર થાય તેવું.

શીઘ્રસાધક [સં] વિ શીઘ્ર સાધે કે ફલે તેવુ; શીઘ્રફલદ વ

શીઘ્રા ૧ સ્ત્રી ગ્રહની ઉતાવળી ગતિ.

૨. સ્ત્રી નાનો તોપાળો

૩. સ્ત્રી (પુરાણ) ભાગ્યવર્ણીય રૌ નામની એક [illegible]

૪ વિ સ્ત્રી ઉતાવળી.

શીઘ્રાતિશીઘ્ર [સં.] અ. ત્વરિતમાં ત્વરિત.

શીઘ્રાંક [સં] પુ શીઘ્ર ફળ સબંધી આંકો.

શીઘ્રિય [સં.] વિ. શીઘ્રગામી, વેદમાં વપરાયેલું રથનુ એક વિશેષણ.

શીઘ્રોચ્ચ [સ.] વિ. શીઘ્ર; ઉતાવળુ.

પોતાના ફરવાના માર્ગમાં પૃથ્વીથી દૂરમાં દૂરના સ્થાનમાં હોય અને બધામાં બધતી ગતિમાં હોય તે સ્થાનને ગ્રહનો **શીઘ્રોચ્ચ** કહેવાય છે. સિદ્ધાન્ત શિરોમણિ

શીંકું ન. મગ, અડદ, ચોખા, જુવાર વગેરેને દળી, પાણીમાં બાફી, અંદર મસાલો નાખી કરેલો પદાર્થ.

શીટ ૧. [અં.] પુ. કાગળનો તા

૨. સ્ત્રી. ચાદર.

શીટ ગ્લાસ [અં.] પું. એક જાતનો કાચ. તે સારી જાતનો કહેવાય છે

શીડવું (શીડવું) ૧. સ ક્રિ. રેલું વાળવુ.

૨ સ ક્રિ. બીડવું; ઊઘડે નહિ એમ કરવું.

૩. સ. ક્રિ. સજ્જડ બંધ કરવું; છાણ, માટી કે બીજા કોઈ ચીકણા પદાર્થથી બંધ કરવુ; સજ્જડ થઈ જાય એમ કરવુ; ઠાઠો મારીને સીવી લેવુ; સીવવું; કાણું કાટ વગેરે પૂરવું; પૂરીને બંધ કરવુ

શીણ સ્ત્રી. પાણીના નેફા નીચે કરચલી પાડી દોરો ભરવામાં આવે છે તે

શીણવી સ્ત્રી એક જાતની વનસ્પતિ; ધોળા ફૂલોનો છોડ. તેને સંસ્કૃતમાં પાંડુફળી કહે છે. તેના છોડ નાના હોય છે. તે મારોડી જમીનમાં થાય છે તેની ઊંચાઈ સુમારે હાથ દોઢ હાથ હોય છે. તેને શાર્ક કરતા મોટાં ધોળાં બિયાં આવે છે. તેનાં ફૂલને શીણવા કહે છે. તે બિયાં ઢોરને ખોરાક છે. દુષ્કાળમા લોકો બિયાંનો લોટ કરી ભાખરી બનાવી ખાય છે. તે મધુર, બલકર, કૃમ્ય તથા શીતળ છે. તે મૂત્રાઘાત, પિત્તરોગ, મૂત્રકૃચ્છ્ર તથા રક્તદોષનો નાશ કરે છે.

શીંગો પું. એક જાતનું ઘલકુ ધાન્ય

શીત ૧. [સં] પુ આસનપર્ણી
૨ પુ એ નામે એક વનૌષધિ; ગુદી
૩. પુ. કપૂર
૪ પુ. બરફ; હીમપાપડો
૫ પુ તજ
૬ પુ. નેતરનું ઝાડ
૭. પુ (જૈન) પ્રથમ નરકને નવમે પ્રતરે આવેલ નરકાવાસ.
૮. પુ બદુવારવૃક્ષ.
૯. પુ. હીમડો
૧૦. પુ ચૈત્ર માહેનો એક સામાન્ય ગુણ
૧૧ પુ. સ્પર્શના આઠ માહેનો એક પ્રકાર આઠ પ્રકારના સ્પર્શ આ પ્રમાણે માનવામાં છે કઠિન, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ.
૧૨. પું. હિમાળો; શિયાળાની ઋતુ
૧૩ સ્ત્રી. જન્મની નવ માહેની એક યોનિ સચિત્ત, **શીત** અને સંવૃત એ ત્રણ તથા એ ત્રણના પ્રતિપક્ષ અર્થ, અચિત્ત, ઉષ્ણ અને વિવૃત તથા મિશ્ર અર્થાત્ સચિત્તાચિત્ત, શીતોષ્ણિ અને સંવૃતવિવૃત એમ કુલ નવ જન્મની યોનિઓ જે તત્ત્વાર્થ સૂત્ર
૧૪ ન ચંદન
૧૫ ન. જળ; પાણી
૧૬ ન. ઢાઢા ભાતના દાણા; રાંધેલા ચોખાના ભાવ ઉપર પડેલા દાણા
૧૭ ન. પરસેવો; પસીનો; સ્વેદ.
૧૮. ન. બરફ; હિમ.
૧૯. ન. શરીર ઠંડું પડવું તે; લોહીનો ગરમાવો મટી જવો તે; ઠંડો પરસેવો છૂટવો તે.
શીત આવવા-જવું -વાપવું = મરણ પૂર્વે પુષ્કળ પરસેવો થઈ શરીરનું ઢાલુ પડી જવું.
૨૦. વિ. ઠંડા સ્પર્શવાળું; ઠંડુ.
૨૧. વિ. નિરુત્સાહી.

શીતક ૧. પું. અસનપર્ણી નામની વનસ્પતિ.
૨ પુ ઠંડો પદાર્થ
૩ પુ શરદીની ઋતુ; શિયાળો.
૪ વિ આળસુ
૫ વિ દીર્ઘસૂત્રી
૬ વિ સ્વસ્થ, શાંત; સુસ્થિત.

શીતકટિબંધ [સં શીત + કટિબંધ (કટોરો)] પુ બંને ધ્રુવ આસપાસનો શીતળ કટિબંધક પ્રદેશ. ઉત્તર અને દક્ષિણ બંને ગોળાર્ધમાં ૬૬½° અંશથી ધ્રુવ સુધીના એટલે ૨૩° અંશ સુધીના ભાગમાં સર્વનાં કિરણો બહુ જ ત્રાંસાં પડે છે. વરસમાં ૬ મહિનાક દિવસો સુધી તો ત્યાં સૂર્ય ઊગતો જ નથી. કેટલેક સ્થળે તો મહિનાઓ સુધી સૂર્યના દર્શન પણ થતાં નથી, તેથી ત્યાં સખત ઠંડી હોય છે. જ્યાં ત્યાં બરફ જ બરફ પ્રસરેલો દેખાય છે તેથી તે ભાગને શીતકટિબંધ કહે છે. ઉત્તર શીતકટિબંધ અને દક્ષિણ શીતકટિબંધ એવા બે શીતકટિબંધ છે ઉષ્ણતા બહુજ ઓછી, વરસાદ લગભગ ન થવાથી ત્યાં પાક થતો નથી, જંગલો નથી અને આપણા જેવાં વસ્ત્રો પણ નથી ત્યાં રૂંવાંટાંવાળાં ચામડાનાં વસ્ત્રો વાપરવાં પડે છે, કન્દ માંસ આવું પડે છે અને બરફના ઘરોમાં રહેવું પડે છે. એસ્કિમો લોકો આ જ કટિબંધમાના છે. તેમને પોતાનું જીવન બહુ કષ્ટથી વિતાવવું પડે છે

શીતહર ૧. [સં. શીત (ઠંડુ) + કર (કરનાર)] પુ. કપૂર.
૨. પું. ચંદ્ર
૩. વિ. ઠંડક કરે તેવું, ઠંડું કરે તેવું.
૪ વિ. ઠંડાં કિરણવાળું

શીતકષાય [સં.] પું. ઠંડો ક્વાથ. કોઈપણ દવાને ઠંડા પાણીમાં પલાળવાથી તે પાણી તે દવાનો શીતકષાય કહેવાય છે

શીતકારી [સં.] વિ. ઠંડક આપનાર.

શીતકાલ [સં. શીત (ઠંડુ) + કાલ (વખત)] પુ. શિયાળો; ઠંડીનો વખત; શિશિર; માગશર અને પોષ માસનો સમય.

શીતકૃચ્છ્ર જુઓ શીતકાલ

શીતકિરણ ૧. પું. કપૂર
૨. [સં] પું. ચંદ્ર
૩. વિ. ઠંડાં કિરણવાળું

શીતકૃચ્છ્ર [સં.] ન. એક પ્રકારનું વ્રત. તેમાં ત્રણ ત્રણ દિવસ પાણી, દૂધ અને ઘી પીવાનું તથા ત્રણ દિવસ વાયુનો આહાર કરવાનું હોય છે.

શીતક્ષાર [સં.] પું. ધોળો ટંકણખાર

શીતગર્ભગૃહ [સં.] ન. અંદરના ભાગમાં ઠંડી હોય તેવું ગૃહ; ' સમર હાઉસ '

શીતગંધ [સં.] પું. ચંદન. ચંદનની અસર શીતળ હોવાથી તેને શીતગંધ કહે છે

શીતગિરિ [સં.] પું. હિમાલય પર્વત

શીતજ્વર [સં શીત (ઠંડુ) + જ્વર (તાવ)] પું ઠંડી લાગીને આવતો તાવ; ટાઢિયો તાવ; સખત ઠંડી ભરાઈ તાવ આવવો તે, ' મેલેરિયા '. શીતજ્વરનો હુમલો કોઈ પણ ઋતુમાં અને કોઈ પણ સ્થળે થઈ શકે છે. આયુર્વેદજ્ઞોએ આ તાવને મોસમી તાવ માન્યો છે આદ્રા નામમાં જ આ તાવ વધુ પ્રમાણમાં ફેલાતો હોવાથી એ માન્યતા રૂઢ બની છે. રોગ થવાનાં કારણો આ પ્રમાણે છે: (૧) મચ્છર કરડવાનું કારણ એ બધું મહત્ત્વનું કારણ છે આદરવામાં મચ્છર થાય જ છે એટલે તેના કરડવાથી પિત્ત થાય છે, (૨) પિત્તવાળા ખોરાકો ખાવાથી, (૩) રાતના ઉજાગરા કરવાથી , અને ઝાડી જગ્યામાં ફરવાથી, (૪) અંધારી જગ્યામાં રહેવાથી, (૫) ગદવાડથી, (૬) ઠંડા ખોરાક ખાવાથી, (૭) વધારે પડતું ખાવાથી અને (૮) ઠંડાં પીણાંઓ પીવાથી. આંખો લાલ થઈ જવી, માથું દુખવું, પાણીનો શોષ પડવો, આખું શરીર તૂટવું, પગની પિંડીમાં કળતર થવી, ઊલટી થવા જેવો ભાસ થવો, પીળો અને વાસવાળો પેશાબ થવો, અકળામણ થવી, મોઢામાં વાસ આવવી એ આ રોગનાં લક્ષણો છે. આ રોગનો સૌથી પ્રથમ મૂલ્યવાન ઉપચાર ઉપવાસ અને જુલાબ લઈ લેવો તે છે બીજા ઉપચાર તરીકે પાણીને ગરમ કરી પીવું અને ચા, કોફી વગેરે ગરમ પીણાં જ પીવાનું રાખવું એ છે મલ્ટ સુદર્શન ચૂર્ણ અરધો તોલો ગરમ પાણી સાથે સવારમાં તદ્દન નરણાં, બપોરે અને રાત્રે લેવામાં આવે તો ત્રણ દિવસમાં મેલેરિયા દૂર થાય છે લીમડો, કરિયાતું અને લગભગ ઠંડી ઔષધિની જાતનું ચૂર્ણ દિવસમાં ત્રણ વખત ગરમ પાણી સાથે સુદર્શનની રીતે લેવામાં આવે તો પણ મેલેરિયા દૂર થાય છે. મેલેરિયાના રોગીએ સોનામુખી અથવા નસોતરનો જુલાબ લેવો એ જરૂરનું છે. ટાઢ સાથે તાવનું આવવું તેને શીતજ્વર કહેવામાં આવે છે આ તાવ ભરાય છે સારે એટલી તો સખત ઠંડી લાગે છે કે, ભલેને કરોડરજ્જુના મણકેમણકા જુદા જ પડી જતા હોય તેમ કરે કરોડરજ્જુમાંથી ઠંડીનું મોજું પસાર થઈ મેમેરોમમાં ફરી વળી અસહ્ય અને અસહાય કોડ વખત માટે તો બનાવી મૂકે છે. આજના સંશોધકો આમ થવાનું કારણ મચ્છર કરડવાનું માની તેમાંથી જ આ ચેપ બીજાઓને લાગે છે તેમ માને છે. મચ્છરના કરડવાથી આ ચેપ લોહીમાં ભળી તેમાંથી કરોડો જંતુઓ પેદા થઈ શરીરમાં શીતજ્વર પેદા કરે છે

શીતતંદ્રા [સં , સ્ત્રી. શિયાળા દરમિયાનની લાંબી ઊંઘ. શીતકટિબંધનાં પ્રાણીઓ સખત ઠંડીની ઋતુમાં બરફમાં ખોદેલ બખોલ કે કોઈ બીજા સુરક્ષિત સ્થાનમાં બરાબર લાંબા નિદ્રામાં પડી રહે છે ત્યાંનો આખો શિયાળો આવી રીતે જ પસાર કરે છે

શીતતા સ્ત્રી. શીતળતા.

શીતતોયવહા સ્ત્રી (પુરાણ) ભારતવર્ષીય એ નામની એક નદી.

શીતતોયા સ્ત્રી. પર્વતીય નદી તેનું જળ ઘણું ઠંડું છે. તેને અદિતસુતા, ઋક્ષિમેવિતા અનસાગર મહિષી પણ કહે છે

૨. સ્ત્રી (પુરાણ) પુત્રમેધ યજ્ઞભૂમી જ્યાં બનેલી ભૂમિ ઉપરની એ જ નામની નદીની મૂર્તિમાન દેવતા. તેના પુત્રનું નામ શ્રુતપુષ. તે ભારતયુદ્ધમાં મરણ પામ્યો હતો

શીતપરિષહ પું. (જૈન) ગમે તેટલી ટાઢની મુસ્કેલી છતાં તેને દૂર કરવા અકલ્પ્ય કોઈ પણ વસ્તુનું સેવન કર્યા વિના સમભાવપૂર્વક એ વેદના સહી લેવી તે

શીતપર્ણી [સ ,] સ્ત્રી. એક જાતની વનસ્પતિ

શીતપલ્લવા [સં.] સ્ત્રી એક જાતની જાંબુડી

શીતપાકી [સં.] સ્ત્રી કાકોલી વનસ્પતિ

શીતપિત્ત [સ શીત (ઠંડું)+પિત્ત (શરીરમાંની એક ધાતુ)] ન. ઠંડો પવન લાગી અંદર પિત્ત સુધી પહોંચવાથી ચામડી ઉપર થતાં ઠીમણું; શીળસ; ચામડીનો એક રોગ. અમ્લપિત્ત અને શીતપિત્ત નામના પિત્તના બે પ્રકાર છે. વળી (૧) શીતપિત્ત, (૨) ઉર્દર, (૩) ઉ-કોઠ અને (૪) કોઠ. આ ચાર પ્રકારો શીતપિત્તના વર્ણવવામાં આવ્યા છે. ઘણા લોકો શીતપિત્ત અને ઉર્દરને એકસરખાં જ માને છે પણ ઉર્દર અને શીતપિત્ત બંને જુદા જુદા રોગ છે શીતપિતમાં પિત્તની સાથે વાયુપ્રધાન હોય છે અને તેથી આખો રોગ શરીર પર કૂદી નીકળે છે. તેમાં ચામડી ઉપર મોટાં મોટાં લાલ ચકતાં થઈ જાય છે, બળવાળ આવે છે અને સોય ભોંકાતી હોય તેવું લાગે છે. કોડી કરડી ગઈ હોય તેમ દાહ થાય છે, ઊલટી થાય છે, બેચેની જણાય છે તથા શરીરમાં આગ આગ જેવું લાગે છે. જ્યારે ઉર્દરમાં શરદી થાય છે ને તેનો પ્રકોપ થાય છે. તેને લીધે શરીર પર લાલ ચાઠાં ઊઠે છે અને સખત બળવાળ આવે છે. શીતપિત્ત થવાનું કારણ મુખ્યત્વે ખૂની શરદી, ઝાડાંચોથ, ખૂનો કફ, ખૂનુ પિત્ત અને ખૂનો વાયુનો પ્રકોપ હોય છે. ઘણી વખત માંસપેશીઓ, અને ચામડીની અંદરના નાનાં નાનાં ગ્રંથિપડો પ્રકોપ પામે છે અને આ રોગ ફૂટી નીકળે છે. જ્યારે કોઈ વખત લોહીમા વિકાર થવાથી પણ ખૂની શરદીનું મિશ્રણ થાય છે અને રોગ થાય છે તમામ જાતનાં શીતપિત્તનાં મુખ્ય કારણો આ પ્રમાણે છેઃ અરુચિ રહેવી, શરીર ભારે ભારે રહેવું, શરીર તૂટવું, આખ લાલ થઈ જવી, સખત તરસ લાગવી અને મોઢામાંથી પાણી પડવું. આ રોગ માટે આહાર વિહાર આ પ્રમાણે છેઃ ખટાશ, મચ્છું, મીઠું, તેલ વગેરે ખાવું, તડકામા રખડવું, શરદીમાં ફરવું અને રાતના ઊજાગરા કરવા આ રોગી માટે સંપૂર્ણપણે વર્જ્ય છે દૂધ, ઘી, ભાત, ખીર, કેળાં, સાકર એ આવા રોગના રોગી માટેનો ખાસ ખોરાક છે

શીતપુષ્પ ૧ [સં.] પું ગાડરાનો છોડ.

૨. પું. શિરીષ વૃક્ષ; સરસડો

૩. ન. શિલાજિત.

શીતપૂતના સ્ત્રી. (પુરાણ) સ્કંદની એ નામની એક માતૃકા

શીતપ્રધાન [સં] વિ. જ્યાં ઠંડું.

શીતપ્રભ [સં.] ન. કપૂર

શીતપ્રિય [સ] પું. પીતપાપડો.

શીતફલ ૧. [સં.] પું. ગિમરાનું ઝાડ.

૨ ન. અખોડ.

શીતબિંદુ ન. ઠંડીની મહેસાસથી અથવા પડે એવાં ચામડી પરનાં બિંદુ; 'ગોસ્ઝ સ્પોટ્સ'.

શીતભંગ [સં.] પું. ભયદાનો અનિવાર્ય સવિનય ભંગ

> જે સવિનય ભંગ આજે આપણે આપ્યા કરીએ છીએ એ અનિવાર્ય અને તેથી શીતભંગ છે. નવજીવન

શીતભાંજીરસ પું. ઔષધિની ગોળીનો એક પ્રકાર. પારો, હિંગળો અને ગંધક એ સમાન ભાગે અને એ ત્રણના બરાબર તોપાળો લઈ એ સર્વને દળીખૂણના કાલ્કમાં બરાબર ફરી વાલવાલની ગોળી કરવી. આથી તાવના રોગ દૂર થાય છે

શીતભાનુ ૧. પું કપૂર.

૨. [સં.] પું. ચંદ્ર.

શીતભીરુ ૧. સ્ત્રી. માલતી; મોગરો

૨. [સ] વિ. ઠંડીથી ડરનાર કે ભય પામનાર.

શીતમયૂખ જુઓ શીતમરીચિ.

શીતમરીચિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

શીતમંજરી સ્ત્રી શેફાલિકા નામની વનસ્પતિ.

શીતમંજૂષા [સં.] સ્ત્રી શીતપેટી; હિમજર્જરકોષ્ઠ; 'રેફ્રિજરેટર'. ખાવાના પદાર્થોને રોગ કરનારા જંતુઓથી અને સડતા બચાવવા માટે આનો ઉપયોગ થાય છે

શીતમૂલક ૧. સ્ત્રી મોગ. તે ઠંડા દેશમાં થાય છે માટે તેને શીતમૂલક કહે છે. વળી ઠંડક માટે તે ઉત્તમ ઔષધ છે

૨. ન. સુખથી વાળો; ખસ

૩. વિ. ઠંડાં મણિબંધવાળું.

શીતયોગ [સં.] પું. શરદીનો સંયોગ; શરદી કે ઠંડી લાગવી તે

શીતયોનિ [સં] સ્ત્રી (જૈન) શીતસ્પર્શવાળું હોય તે.

શીતરશ્મિ ૧. [સં. શીત+રશ્મિ (કિરણ)]

પુ. ઈંદુ; ચંદ્ર

૨. પુ. કપૂર

૩. વિ ઠંડા કિરણવાળું.

શીતલ પું. એક જાતની ઔષધિ; ગોકર્ણી.

૨. [સં.] પું. કપૂર

૩. પું ચંદ્ર.

૪. પું. ચપો.

૫. પુ. બકુલવાર વૃક્ષ

૬ પુ. રાળ

૭. ન. ચંદન.

૮. ન. શિલાજિત

૯. ન. સુગંધી વાળો; ખસ

૧૦ ન. હીરાકસી

૧૧. વિ. ગરમી રહિત; તાપ કે તહકા વગરનું.

૧૨. વિ. ટાઢું; ઠંડું

૧૩ વિ. નરમ; પોચું

૧૪ વિ. મંદ; આળસુ.

૧૫. વિ. શીત ગુણવાળું.

શીતલચીની [હિં.] સ્ત્રી. ચણકમાણ.

શીતલતા ૧. [સં.] સ્ત્રી. ટાઢક; શીતળપણું; ઠંડક; શીતળાતા.

૨. સ્ત્રી. નરમાશ; પોચુ હોવું તે.

૩. સ્ત્રી. ભીનાશ; ભેજવાળુ હોવું તે.

૪ સ્ત્રી. મંદતા; આળસુ હોવું તે.

શીતલનાથ પું (જૈન) જૈનના દસમા તીર્થંકર. તેમની જન્મભૂમિ ભદ્દિલપૂર હતી. રાજા દૃઢરથ તેમના પિતા અને નંદરાણી માતા હતાં. રાજાના શરીરે દાહજ્વર થયો હતો. પ્રભુ ગર્ભે આવ્યા પછી રાજાના શરીર ઉપર રાણીએ હાથ ફેરવ્યાથી દાહજ્વર શાંત થયો અને શીતળતા થઈ તેથી પ્રભુને શીતલનાથ નામ આપવામાં આવ્યું પોષ વદિ ૧૨ ને દિવસે શીતલનાથ પ્રભુ જન્મ્યા દિક્ષા પણ તેજ દિવસે લીધી હતી

શીતલપટ્ટ ૧. [સં] પું. સુખડ, ચંદન.

૨. વિ. શીતળતા આપનારુ

શીતલપાલક [સં.] પું. અસનપર્ણી વનસ્પતિ.

શીતલા જુઓ શીતળા.

શીતલાઅષ્ટમ સ્ત્રી ચૈત્ર વદ આઠમ

શીતલામાતામંદિર ન સૌરાષ્ટ્રમા રાજકોટથી ૨૰ માઈલ દૂર કાળાવડ નામના ગામે આવેલ એ નામે એક મંદિર. હજારો યાત્રાળુઓ અહીં નિરંતર દર્શને આવે જાય છે. જામવણથી આ ગામ ૧૮ માઈલ દૂર છે. આ મંદિર વિષે નીચે મુજબ એક દંતકથા પ્રચલિત છે. સૈકાઓ પૂર્વે મૂર્તિભંજક અલ્લા.ઉદ્દીન ખીલજીનાં ધાડાં સૌંદર્યધામો અને પવિત્ર મંદિરો જમીનદોસ્ત કરવા સૌરાષ્ટ્રભરમાં ઘૂમી વળ્યાં હતાં એ ધર્મોન્માદ.સંકુચિત દહીંકાલ છે તે સમયે અનેક હિંદુ અને જૈન મંદિરો જ્યારે ભોંય ભેગા થઈ રહ્યાં હતાં ત્યારે કાળાવડનું આ પુરાણું મંદિર વિસ્મયકારક રીતે બચી ગયું. શીતળામાતાના મંદિરને યવનોના પંજામાંથી બચાવવા તેનો આજીવન પૂજારી પોતાના સાધુ મિત્રની મારફત એક મુસ્લિમ ફકીરને રાજકોટ મળ્યો મુસલમાન સમ્રાટ આ મંદિરને બચાવવા એવી આજ્ઞા કરવા સાધુએ આજીવન પૂજારી બની મુસ્લિમ ફકીરને વિનંતિ કરી. બાદશાહ માન્યો નહિ. દંતકથા આગળ કહે છે કે, જ્યારે બાદશાહ ન જ માન્યો ત્યારે ફકીરે મંત્રતંત્રથી અલ્લા.ઉદ્દીનને, તે કાળાવડ છોડી ચાલ્યો ગયો ત્યાં સુધી, આંધ બનાવી દીધો. મંદિરનો નાશ કર્યા વિના બાદશાહને આમ પીછેહઠ કરવી પડી. આ મહા ઉપકારની નિશાની તરીકે કાળાવડના લોકોએ મુસ્લિમ ફકીર અને સાધુને મંદિરના પૂજારી તરીકેના હક્ક આપ્યા એટલું જ નહિ પરંતુ મંદિરની આવકમાં પણ હિસ્સો નક્કી કરી આપ્યો. આજે પણ તેઓના વંશજો આ હક્ક ભોગવી રહ્યા છે. હિંદુ-મુસ્લિમ ભાઈચારાના ઉત્તમ રમરણ-ચિહ્ન જેવું આ મંદિર આજે પણ જાતોની યાત્રાનું પરમ સ્થાન રૂપ બની ધર્માંધતાના પ્રતિકાર સમુ સોહી રહ્યું છે.

શીતલાષષ્ઠી સ્ત્રી. મહા સુદિ છઠ.

શીતલાષષ્ઠીવ્રત ન. એ નામનું એક વ્રત. મહા સુદિ ૬ ને રોજ બ્રહ્મવૈવર્ત પુરાણાંતર્ગત પ્રકૃતિખંડમા કહેલું શીતલાષષ્ઠીનું વ્રત બંગાળામા ઘરોઘરે પાળે છે.

શીતલાસપ્તમી જુઓ શીતલાસાતમ.

શીતલા સાતમ [સં.] સ્ત્રી. એ નામે એક તહેવાર; શીળી સાતમ; શીતળા સાતમ, શ્રાવણ સુદિ કે વદિ સાતમ

> શ્રાવણ માસની સુદિ અને વદિ બે બને **શીતલાસાતમ** કહેવાય છે અને તેનો ઉત્સવ ઘરોઘરમાં સામાન્ય રીતે ઊજવાય છે.
>
> ગુજરાતનો લોકમિત્રો

શીતલીકુંભક પુ. કુંભક પ્રાણાયામનો એક નામનો એક પ્રકાર. સાધક યોગી સિદ્ધાસને કે સ્વસ્તિકાસને બેસી, પક્ષીની નીચલી ચાંચના પેઠે જીભને હોઠથી બહાર કાઢી અને નાસાપુટને જમણા હાથના અંગુઠા તથા અનામિકા કનિષ્ઠિકાથી બંધ કરી મોઢાવાટે બહારના પવનને અંદર ખેંચી આખુ શરીર પવનથી ભરે ને પછી કુંભક કરી પવનનુ યથાશક્તિ રોધન કર કુંભકનો સમય પૂરો થયે અને નાસાપુટથી ધીમે ધીમે પવન છોડે. જિહ્વાને મુખબહાર કાઢી તે વડ પવન આકર્ષવાની ક્રિયાને કેટલાક યોગીજનો કાકમુદ્રા એવું નામ આપે છે. આ કુંભકથી ગુલ્મ, પ્લીહા, જ્વર તથા પિત્તવિકાર ક્ષયાદિ મટે છે. ભૂખ તરસ ધીમે ધીમે નિયમમાં આવે છે અને એ કુંભકની સિદ્ધિથી સર્પાદિના વિષથી યોગીને બાધા થતી નથી.

> ઉદ્ઘાસ પવનને અંદર એવી પેટ પવનથી ભરી લેવું. પછી અંદર પવનને સ્તબ્ધકર રોકી નાક દ્વારા તેને બહાર કાઢવો એ **શીતલીકુંભક** છે.
>
> ત્રિકાળદર્શક દર્પણ

શીતલેશ્યા સ્ત્રી. (જૈન) જે વડે દાહ શમાવી શકાય એવી તપોજન્ય એક જાતની શક્તિ

> પદ્મ ભગવાને બળતા જોરાકકને પોતાની **શીતલેશ્યાથી** બગવતી કીધો. પુરાવત્ત

શીતવન [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન ક્ષેત્ર

શીતવીર્યક ૧. [સં.] પુ. આખરનું ઝાડ

૨. વિ. વીર્ય શીતળ કરનાર.

શીતવૃત્ત પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

શીતવૃષ્ટિ [સં] પું. એક જાતનો હીરો; ઠંડુ પાણી રેડાતું હોય તેમ દેખાતો હીરો

શીતશિવ ૧. [સં] ન. કપૂર.

૨. ન. વરિયાળી.

૩. ન. સિલાજીત

૪. ન. સિંધાલૂણ; કૈતવ; માણિમંથ; સિંધુજ.

શીતસહ [સં] પું પીલુનું ઝાડ

શીતસહિષ્ણુ [સં.] વિ. ઠંડી સહન કરનાર

શીતસહિષ્ણુતા [સં.] સ્ત્રી ઠંડી સહન કરવાની શક્તિ.

શીતસ્નાન [સ.] ન ઠંડા પાણીથી નાહવું તે.

શીતળ જુઓ શીતલ.

શીતળઆર જિ ઠંડાગાર; ઠંડુ; શીતલઆર

શીતળતા જુઓ શીતલતા

શીતળનાથ જુઓ શીતલનાથ.

શીતળસ્થાન ન. . ન ઉનાળામા ઠંડકવાળો ઓરડો; શીતાગાર, સમર હાઉસ'

શીતળા ૧. સ્ત્રી એક જાતનો બહુ જ ચેપી રોગ, બાળિ અ. ૨.ગમ મ્બ ' ાાય બ.ગ્યા પછી ૨.રીરે ધે ગે. નાત ૫ ૬લા થઈ બા.ર છે અ ૬ દિવસ ફોલ્લ. નરમ પડી તાવ ઊતરવા મ ૬ ૬ બ. ૨.ન. જ્વલંત ગણાય છે અને બચનારની ચામડી ઉપર તેના ડાઘ રહે. ભય છે મૈયડ, માતા, અધિષ્ઠાત્રિકા વગરે બોલ્યા ન.મથી પણ આ રોગ આળખાય છે બધા ચેપી રોગોમા સૌથી ભયકર, બાળક તથા બોકરાંને દુ:ખ આપતો આ ચેપી રોગ છે. શીતળાનો રોગ ચાલતો હોય ત્યારે શીતળાની રસી નહિ મુકાવેલા માણસોમાં સોમાથી બાસે જ એક બે મ.ણસ બચે છે, જ્યારે રસી મુકાવેલા સો મ.ણસ.માથે. બ ા જ એ.૨.૮ બ મરી ભય છે લો.ને મા ૬૮૮ ભય એવા ૬ વિચાર બ૬ ધ.લી છે ૬, બળિ. ૨.૨.૨.યા એ એક દેવીનો કોપ છે અને તે અમુક વખતે બ.ધ્યા વિના રહેતા જ નથી બળિયાયા ઘણા બા.ગકો મરી જાય છે. જેઓ બચે છે તેમાંના ઘણા કદરૂપાં, બા.ધળાં, ખૂલા, કાગડાં, બહેરા કે અપગ થઈ જાય છે અથવા તેમના બધા બહા જાય છે. આ રોગનાં ચિહ્નો: જો છોકરાંને આ રોગ લાગુ પડ્યો હોય તો શરૂઆતમાં ટાઢ વા.ય, માથું દુ:ખે, કેડમા સખત દરદ થાય, તાવ સખત આવે અને પછી ત્રીજે દિવસે તાવની ગરમી ઘટી જાય છે અને ફોલ્લા નીકળવા માંડે છે ચોથ દિવસે ફોલ્લા માલૂમ પડે છે. પહેલવહેલા કપાળ ઉપર અને હાથના પંચાની બહારની બાજુ ઉપર દેખાય છે. આ ફોલ્લા ઘેરી રતાશ પડતી ફોલ્લીઓ જેવા દેખાય છે. પણ એક બે દિવસમા તે મોટા થાય છે અને પછી એક બે દિવસમાં તેમાં રસી થઈ પરૂ બની જાય છે. તેને અટકાવવા માટે (૧) દરેક બાળકને નાનપણમા જ દોઢ માસની ઉમરથી એક વર્ષની અંદર શીતળા ટકાવી લેવા જોઈએ, (૨) દરદીને સ્વચ્છ હવા બરાબર આવ.જા.વાળા ઉજાસવાળા ઓરડામા રાખવો, (૩) દરદીને ફક્ત દૂધ કે મેવાનો ખોરાક બા.પવો, (૪) તરસ મટાડવા સ્વચ્છ ઠંડું પા.ણી અથવા બોડા થોડી થોડી વારે પાવાં, (૫) હુંફાળા પાણીમા ફટકડી પલાળી પછીથી પા.ણી ઠારી નાખી ધીમે ધીમે શરીર ઉપર દિવસમા ૨ થી ૩ વખત લૂછવું અને તરત જ કોરું કરવું. (૬) શરીર ઉપર કારબોલિક તેલ મીઠા તેલમા મેળવીને લગાવવું. (૭) મોઢા ઉપર સોજો આવ્યો

હોય તો ઔરિક લોગનનાં પોતાં મૂકવા, (૮) આખનું ગ્લૂકમ કરવા બોરિક ઍસિડ દશ ગ્રેન ઔંસ પાણીમાં નાખી તેનાથી આંખ ધોવી, (૯) દરદીના ઓરડામાં ફીનાઈલ છાંટવું (૧૦) દરદીની સારવાર કરનારે શીતળા ઠંડારી લેવા, (૧૧) શીતળાનો રોગ મટયા પછી દોઢ માસ નથી નેવા છોકરાને નિશાળે મોકલવા નહિ, (૧૨) બીજા છોકરાને દરદી પાસે જવા દેવાં નહિ

૧ ઠારવા ટાઢવા–ટાઢવવા. = ઝેપડ કઢાવવા

૨ ગાલણા કાઢવા–કાઢવા. : શીતળાની રસી મૂકવી

૩. શીતળાના ચાઠાને ચડવું = ખરેડે ચડવું; કુલેલ થવું

૨ સ્ત્રી. બળિયાના રોગની દેવી; ઝેપડની દેવી; માતા. અ. દેવી કમળ ઉપર બેઠેલી, લાલ વજ્ર પહેરેલી, બાળકને ખવરાવતી પીળા રંગની બનાવે છે

૩. વિ સ્ત્રી શીતલ.

શીતળાખાતું ન. શીતળા ટાઢવાનું કામ કરનાર સરકારી ખાતું.

શીતળાસોરી સ્ત્રી. એ નામનો એક ઉત્સવ. ચૈત્ર સુદિ ૪ થી વૈશાખ સુદિ ૩ સુધી આ ઉત્સવ આવે છે. આ દિવસોમાં સ્ત્રીઓ બહુ ઉલ્લાસમાં રહે છે

શીતળા સાતમ જુઓ શીતલા સાતમ.

શીતળો પું. ભાજરો.

શીતા ૧. [સં.] સ્ત્રી. અતિબલા વનસ્પતિ.

૨. સ્ત્રી. એક જાતનું ઘાસ.

૩ સ્ત્રી. ચંદ્રવગી રાત્રિ.

૪. સ્ત્રી. ખો

૫. સ્ત્રી. દાળનો બિસોટો.

શીતાગાર [સં. શીત (ઠંડું) + આગાર (ઘર)] ન. ઠંડા પમાડે તેવું ઘર; શીતભુવન; શૈત્યકુજ; ઠંડું નિવાસસ્થાન; ' સમર હાઉસ '.

શીતાત્મા [સં.] પું ચંદ્રકાંત મણિ.

શીતાદ ૧. [સ શીત + અદ (સેવન કરવું)] ન ઠંડા પદાર્થનું સેવન કરવું તે

૨ ન. દંતમૂળ રોગ; પુષ્ટિકારક ખોરાક અને નાનું શાકભાજી ન મળે તેથી મોંમાં થતો એક જાતનો રોગ; ' પાયોરિઅ '.

શીતાદ્રિ [સ.] પું હિમાલય પર્વત

શીતાફળ ન એક જાતનું ઝાડ. તે લગભગ બે માણસો ઊંચું થયે છે. તેના પાંદડાં આમોપાલવનાં જેવાં લાંબાં હોય છે. તેના ફળ બહુ ઠંડાં છે એ ઉપરથી એનું મૂળ નામ શીતફળ હોવું જોઈએ. મા.ય.માળી જુ અને સીખો મારવા માટે તેનાં બિયાં વાટી ચોપડવામાં આવે છે

શીતાળુ ૧. વિ. જેને સરદી લાગી હોય તેવું, શીતાલુ

૨ વિ ઠંડી અસર કરી શકે તેવું

શીતાંગ ૧. ન. અંગનું ઠંડું પડવું તે.

૨ [સ] ન ઠંડુ અંગ.

૩. વિ. ઠંડાં અંગવાળું.

શીતાંગ સન્નિપાત [સ પું] તેર માહેનો એક જાતનો સન્નિપાત, પદર દિવસની મુદ્દતનો અસાધ્ય સન્નિપાત. તેમાં શરીર બરફ જેવું ઠંડું થઈ જાય, ધ્રુજારી છૂટે, શ્વાસ, હેડકી વગેરે થાય, બધાં અંગ સિમિલ થઈ જાય, અવાજ બોખરો થાય, દાહ, બળતરા મટેનતે ચાઠાં, ઊલટી, ખાંસી, ઝાડા વગેરે થાય. આ ઉપરાંત બેભાનપણું, બહુ ઝોક અને વાતજન્ય ઉપદ્રવો, શરીરનો દુખાવો અને બડબડાટ જેટલાં ચિહ્નો પણ થાય છે

શીતાંગી [સં.] સ્ત્રી. કસપટી ધાતુ.

શીતાંશુ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. શીતળ કિરણવાળો ચંદ્ર.

શીતિ પું. ત્રિદોષ નામનો રસાયનિક પદાર્થ. તે પ્રાણીઓનાં શરીર ઉપર કાયમ પડ બાંધનારો બોળો રસાયનિક છે અને કરોડ વિનાના પ્રાણીઓમાં જ હોય છે.

શીતુ સ્ત્રી. શિયાળો; ટોલું.

શીતુડી (શીતુડો) સ્ત્રી. શિયાળો; ટોલું.

શીતેષ્ણ પું. જાતીથી બરાબર બનાવ તેવો બોડાનો એક રોગ.

શીતોદકસ્નાન [સં. શીત (ઠંડું) + ઉદક (પાણી) + સ્નાન] ન ઠંડે પાણીએ નાહવું તે.

શીતોદકીય [સં.] ન. ત્રાણાગ્ર પહવું પોચું ચદન. તેની ગંધ કમળના ફૂલ જેવી હોય છે.

શીતોપચાર [સં.] પું. ઠંડા ઉપાય; ટાઢા પાણીના ઉપચાર; ઠંડકને માટે કરવામાં આવેલો ઉપાય

શીતોષ્ણ [સં. શીત (ઠંડું) + ઉષ્ણ (ગરમ)] વિ અતિ ઠંડું કે અતિ ગરમ નહિ તેવું; મધ્યમ.

શીતોષ્ણે સુખદુઃખમાં સમ રહે મનપમાને તથા; મુનિનો પરમાત્મ ગ્રાપ્તિ ભરતા જેહે ઉત્તમ ચિત્ત આ.

શીતોપચામૃત

શીતોષ્ણ કટિબંધ [સ] પું અતિ ઠંડો કે અતિ ગરમ નહિ તેવો પ્રદેશ

શીતોષ્ણતામાન [સ] ન ઠંડી અને ગરમીનું પ્રમાણ

શીતોષ્ણતામાપકયંત્ર [સ.] ન. પદાર્થની ગરમી તેમ જ ઠંડીનું માપ બતાવનાર એક જાતનું યત્ર.

શીતોષ્ણમાપ [સં] ન સરદી ગરમીનું માપ.

શીતોષ્ણયોનિ [સં. શીત (ઠંડું) + ઉષ્ણ (ગરમ) + યોનિ (જન્મ સ્થાન)] સ્ત્રી. મિશ્રયોનિ; કેટલાક જાતમાં શીત અને કેટલાક જાતમા ઉષ્ણ રૂપવાળી યોનિ

તે ઉકાય સિવાયના બાર સ્થાવર, બધુ ત્રિકેદ્રિય, અસખ્ય પચદ્રિય મનુષ્ય અને તિર્યંચ તથા નારકની ત્રિવિધ શીત, ઉષ્ણ અને **શીતોષ્ણયોનિ.** તત્ત્વાર્થ સૂત્ર

શીતક્રમકપાલભાતિ સ્ત્રી એ નામે યોગની એક પ્રક્રિયા. સિસોટી વગાડતા હોઈએ તેવું મુખ કરીને મુખ વાટે જલનું પાન કરવું અને તે પાન કરેલા જળને નાક વાટે કાઢી નાખવાની ક્રિયાને શીતક્રમકપાલભાતિ કહે છે. આનું સેવનથી કફદોષની નિવૃત્તિ, તેજસ્વિતા અને યૌવન પ્રાપ્ત થાય છે

શીત્કાર [સં.] પું મૈથુન સમયે સ્ત્રીઓનો એક જાતનો અસ્પષ્ટ અવાજ; સી એવો અવાજ.

શીત્ય [સ.] વિ. ઠળથી બેઠવા યોગ્ય બેતર વગેરે.

શીપ [અં.] સ્ત્રી. રબ્બરની ટોપી. તે ઉપરથ ઉપર પહેરવામાં આવે છે. તેથી સભોગમાં મુશ્કેલી નડતી નથી અને સતોષ થાય છે. વીર્ય આ રબ્બરની શીપમાં જ પડે છે. સતતિ નિયમનના સાધન તરીકે તેનો ઉપયોગ થાય છે.

શીપબિલ્ડ [અં.] ન. દક્ષિણ અમેરિકામાં જોવામાં આવતું એક પક્ષી. કદમાં તે ઢબુતર જેવડું, પીળા પોળાં અને ચાંચ પીળી હોય છે. ચાંચની આસપાસ રીંગડાં જેવું મ્યાન હોય છે

શીથળું [સં. શીતલ] વિ. શાંત; નરમ સ્વભાવનું, ઠાવકું.

શીથળો પું. કાંટાળાં ઝાખરા ઊંચકવા માટે અથવા ચોરિયા લાવવાને બનાવેલું લાકડાનું ઓજાર કે સાધન; ખેલાખિયું, સળીઓ, સળેખો

શીથળો બઈ તે સચર્યો ઝાખરા હોવા બ્રહ્મ,
એટલે ચેલો ચાહિયો, આખો છે પરબ્રહ્મ

સામળ

શીદ ૧. કિ યા માટે; શું કામ; શા સારુ; કેમ; શીદને; શાથી.
૨. અ. ક્યાં; કહીં; કયે ઠેકાણે.

શીદણ સ્ત્રી. શીદની સ્ત્રી

શીદને જુઓ શીદ.

શીદી પું. સીદી; હબસી; શાંધી; આફ્રિકાનો મૂળ વતની.

શીધી જુઓ શીદી

શીકુ [સં] પું. એક જાતનો પીવાનો દારૂ; વારુણી, શેરડીના રસમાંથી બનેલ એક પ્રકારનો દારૂ. શેરડીના રસને સહેજ ગરમ કરી તેમા જરૂર પડતા દ્રવ્યોનું ચૂર્ણ નાખી રાખી મૂકવાથી શીધુ બને છે

શીધુગંધ [સં.] પું ગોરસલીનું ઝાડ.

શીધું ૧. પું. ખોરાકી; ખરચી
૨. બ. સીધુ; રસોઈની કાચી સામગ્રી.

શીન ૧. [સં.] પું. અજગર
૨ સ્ત્રી એક જાતની માછલી; એક જાતનું ઉપર સૂર્યમુખી જેવુ પ્રાણી; ' જેવી દિશા '. તેનું શરીર વધારે ઓછું પારદર્શક મુરબ્બા અને રાયખી જેવું હોય છે, એની નીચે મુખ હોય છે અને તેમાથી મૂળિયાં ફૂટેલાં હોય છે. તેને દસનકોષ હોય છે તેથી નાહનારને તે ચટકા ભરે છે, એટલે તે બહુ હેરાન થાય છે.
૩. કિ. ભળી ગયેલ; થીજેલ.
૪. કિ. મૂર્ખ.

શીનાઇ પું. કાંતમાંથી લોહી નીકળવાનો એક રોગ.

શીની [સં.] સ્ત્રી. અજગર માદા.

શીપદારભટ્ટ ૧. [સં.] જ્ઞ. ગાયુમાજ્ઞી.
૨. જ્ઞ. બ્રાહ્મણની એક જાત. તે સંખના રાણીના કુટુંબનુ મનાય છે. વિષ્ણુના ભોગના સંબંધ અને ઉચ્ચ તુમખના જ્ઞરાજ્ઞેથી શુદ્ધ થાય છે.

શીબ્ય ૧. પું. બળદ.
૨. [સં.] પું. શિવ.

શીમગા સ્ત્રી. હોળી.

શીમલિ જુઓ શીમળો.

શીમળ જુઓ શીમળો.

શીમળો [સં. શાલ્મલિ] પું. જેને થડે અને ડાળે કાંટા હોય તેવુ ઝાડ; એક પ્રકારની વનસ્પતિ; શીમળ. આ જાતનું ઝાડ હિંદ, બ્રહ્મદેશ, સિલોન અને જવામાં થાય છે. તે ગરમીથી તેમ જ બીજથી ઊગી શકે છે. મૂળ ઉપરની છાલ વામક છે. ફુમળાં બચ્ચામાં સહેલાં મૂળ રોમલ મૂસલીને નામે વેચાય છે. તેમા ઉત્તેજક, ધાતુપૌષ્ટિક, રક્તશોધક, ક્ષુધ્ન, સ્નિગ્ધ વગેરે ગુણો હોય છે મોટી માત્રામાં વામક છે. મોટાં પાકટ મૂળો પ્રમેહ અને મરડામા અપાય છે તનો ચીકણો રસ ગાઢ, મૂત્રકાં, બદ ઉપર ચોપડવાથી જલદી પાકી ફૂટે છે છાલમાથી ટેનિક અને ગેલિક ઍસિડ મળે છે. અંતરછાલમાથી રેસા મળે છે. તે દોરડાં, દોરી વગેરે બનાવવા માટે વપરાય છે. તેના ફૂલ બાફી રાબડા ચૂર્ણ સાથે વાટી આવાથી બરોળ મટે છે. ફૂલોનુ શાક થઈ શકે છે ધાવણ કે ગાભણ ના મૂત્ર કે દૂધમા પલાળી આંખના ઝામર રોગમા આંખે ચોપડાય છે. ફુમળી ફળી જ્વરઘ્ન, મૂત્રલ, ઉત્તેજક, જઠરપૌષ્ટિક, પૌષ્ટિક, ધાતુપૌષ્ટિક, ક્ષુધ્ન, શ્લેષ્મપિત્તના સાવો બધ કરનાર, મૂત્રપિંડના ક્ષત મટાડે છે વસરીમાં પેશાબની અટકાયતમાં શસ્ત્રક્રિયા કર્યા વગર આ ઘરેલુઉપાય છે. બીજનુ મીંજ પોષક, આંતરડાં નરમ કરનાર અને તેમાં કપાસિયા જેવા ગુણો છે. બીજમાથી સારું સુપ્રમ નહિ તેવું તેલ મળે છે. તે બાવા, બત્તી બાળવા અને સાબુ બનાવવા વપરાય છે. તેમાંથી બનતો ખોળ ઢોરોના ખોરાક માટે સારો ગણાય છે. બીજ ઉપર ફળની અંદર પુષ્કળ રેશમ જેવું રૂ હોય છે. તે એકલું વણાઈ શકાતું નથી. ગાદી તકિયા, ઢોલ, ખુરસીઓ અને રજાઈઓ ભરવા માટે તે વપરાય છે તેમાથી કાગળો પણ બનાવવામાં આવે છે કાકડુ નરમ અને હલકા વજનનું છે. તે તે દીવાસળીની સળીઓ, ડબીઓ અને બોબાં બનાવવા માટે હિંદના બાકડામાં સર્વોત્તમ ગણાય છે. પાણીમા સારું પણ તરકથી જલદી બરાબ થાય છે. ચાની પેટીઓ, રમકડાં, તરાપા અને ઢોલકાં તેમાંથી બનાવાય છે.

શીર ૧. [સં] પું. અજગર.
૨. [ફા.] પું. દૂધ; ક્ષીર.

શીરખાના [ફા. શીર (દૂધ) + ખાના (ઘર)] જ્ઞ. દુગ્ધાલય; 'ડેરી'.

શીરખુર્મા [ફા.] કિ. ખાવતું.

શીરજ જ્ઞ. અયોધ્યા, બનારા, બિહારદેશ અને દક્ષિણ હિંદુસ્તાનમાં ઊગતું એક જાતનું ઝાડ. તેનાં પાંદડાંનું ખાતર મજબૂતાઈ આપતુ હોવાથી તેની નીચે ચાના એક બહુ સારા ગણે છે.

શીરદાર [ફા.] કિ. દૂધવું.

શીરમાઈ સ્ત્રી. દૂધ, ઘોબા અને બાવનગર તરફ થતી એક જાતની માછલી.

શીરમાલ [ફા] સ્ત્રી. દૂધની બનાવેલ રોટલી.

શીરા ૧ [ફા.] પુ શરબત; ચાસણી.
૨. પુ. (વહાણવટું) સઢ.

શીરાઝ ન. ઈરાનમા આવેલુ પ્રસિદ્ધ શહેર. આ શહેર દારૂ માટે સુપ્રસિદ્ધ છે અને તે સૌંદર્યમા ચડિયાતુ શહેર છે

સહેનશાહ બાનૂ છે શીરાઝનુ ગુલાબ ને
બાહનશાહ મ્હારો છે હિંદનુ કમળ.

નાનાલાલ

શીરાઝી કિ. શિરાઝમાં ઉત્પન્ન થયેલ; શિરાઝનું; શિરાઝ પ્રદેશમા જન્મેલ

શીરાઝી યુવાના યુવતીના યુવરાજ તો પરદેશે છે. અહીં રહીશકાના અન્તઃપુરના હિંદમા રહેર.. ત્યા કાયરી શીરાઝના બુલબુલો નાનાલાલ

શીરી ૧ [સ] સ્ત્રી અજગરની માદા
૨ સ્ત્રી મગજાની એક કસરત

શીરીં ૧. સ્ત્રી પરસી વગેરેમા આનુ વિશેષ નામ.
૨. [ફા. શીરીન] સ્ત્રી. ફારસી સાહિત્યમાં વર્ણવેલી ફરહાદ નામના આશકની પ્રેમિકા.

યમા પર જમ પરમના,
મરે શીરીં ઉપર ફરહાદ.

મણીલાલ નભુભાઈ

૩ [હિં.] કિ મિષ્ટ; ખાટું.
૪. કિ. મીઠુ; મધુરું; ગમતું; સ્વાદિષ્ટ; મધુર.

શીર્ક જ્ઞ. શીરા જેવો રગડો; ખીર.

શીર્શ ૧. પું. વસ્ત્રનો છોડ, ખાંડ કે ગોળ અને બીનું બનેલું ચાસણી જેવું મિશ્રણ; એક મીઠી વાની.
૨. પું. શેરડીના રસને ઉકાળતાં ઉપર જે મેલ કે ગ્રામસ આવે છે તે.

શીરા સારું બાવા બધુ = સ્વાર્થવૃત્તિ રાખવી; સ્વાર્થ માટે બીજાના મતમાં ભળવુ.

૩. જુઓ શીર્ક.

શીરોટો ૧. પું. ઢાંચા ગોખાના છોટનો ભાગ.
૨. પું. (વહાણવટું) વહાણ ચાલતું હોય ત્યારે પાછળ પાણીમાં દેખાતો શીરોટો.

શીર્ણ ૧. [સં. કૃ] કિ કૃશ; દુર્બળ; ક્ષીણ.
૨. કિ. ગીમગાઈ કે સુકાઈ ગયેલું.
૩. કિ. છર્યું.
૪. કિ તૂટીફૂટી ગયેલું

શીર્ણતા [સં.] સ્ત્રી. કૃશપણું; દુર્બળતા.

શીર્ણદલ ૧. [સં.] જ્ઞ. શીમળાનું ઝાડ.
૨. જ્ઞ. સુકાઈગયેલું પાંદડું
૩. કિ. સુકાઈગયેલા પાંદડાંવાળું.

શીર્ષપત્ર ૧. પું. એક જાતનું ઘોબર.
૨. પું. કરેણનું ઝાડ.
૩. જુઓ શીર્ષદલ

શીર્ષપર્ણી જુઓ શીર્ષદલ.

શીર્ષપાદ ૧ [સં.] પું. યમ. એક વખત યમરાજા તેના પિતાની ચાકરીને બાત મારવા ગયા. તેથીએ શાપ આપ્યો કે, તેના પગમાં જીવડાં પડશે અને મરી બહુ દુઃખ પામશે. યમના બાપે યમને એક કૂકડો આપ્યો. તે જીવડાં ખાઈ ગયો. પણ આ બનાવ ઉપરથી યમ શીર્ષપાદ કહેવાયા

૨. પું. શનિ

શીર્ષપૂંછ ૧. ન. તરબૂચ.

૨ ન. સકરટેરી

૩. ન. સુકાએલું દીંડું.

૪. [સં.] વિ. સુકાએલા દીંટવાળું.

શીર્ષી ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ; દોપ. તે ૬૩ પ્રકાર છંદનો એક ભેદ છે. તેમાં ૭૬ લઘુ અને ૧૦ ગુરુ મળી ૮૬ વર્ણની ૯૬ માત્રા છે.

૨. ન. કાળું અત્તર

૩. ન. મથાળું; શિખર; ટોચ

૪ ન. માથાનો ટોપ.

૫. ન. મડદું; મરતક; શીરા.

શીર્ષક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શીર્ષા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

૨. પું. રાજમહે.

૩. સ્ત્રી. મોતીની માળા. આ માળામાં બધાં મોતી એક સરખાં કદનાં હોય છે. વચ્ચેનું મોતી સૌથી મોટું હોય છે.

૪. ન. ખોપરી

૫. ન. માથાનું હાડકું.

૬. ન. માથાનો ટોપ; પાઘડી.

૭. ન. માથું; મસ્તક; શીર્ષ.

૮. ન. લખાણનું મથાળું; માથે લખેલું લખાણ.

૯. ન. સુકામનામું; ફેંસલો.

૧૦. વિ. મથાળાવાળું. આ અર્થે સમાસને અંતે આવે છે.

શીર્ષચ્છેદ [સં.] પું. મસ્તક કાપી નાખવું તે; શિરચ્છેદ.

શીર્ષચ્છેદક [સં.] વિ. માથું કાપનાર.

શીર્ષચ્છેદન [સં.] ન. માથું કાપવું તે.

શીર્ષચ્છેદ જુઓ શીર્ષચ્છેદ.

શીર્ષજ ૧. પું નિર્મળ કેશ.

૨ પું. મગજના બે ભાગ વચ્ચેનો એક મોટો અને ઉત્કૃષ્ટ ભાગ: મોટું મગજ; ઉત્તમાંગ. ગળાનાસ્થળથી ઉપરનો ભાગ જે ખોપરીની બખોલથી એક જવાની સહાઈ સુધી આવેલો છે. તેને શીર્ષરસ અથવા બહુ મગજ કહે છે કેમકે આ ભાગમાં મન વસે છે

૩. પું. મસ્તકની પાઘડી; ટોપી; માથાનો ટોપ.

૪. વિ. નિર્મળ કેશવાળું.

શીર્ષત્રાણ જુઓ શીર્ષરક્ષ ૩.

શીર્ષપૃષ્ઠ [સં.] પું. માથાનો પાછલો ભાગ

શીર્ષપ્રહેલિકા [સં.] સ્ત્રી. ૮૪ લાખનો ૮૪ લાખે ગુણકાર કરતાં આવતી સંખ્યા.

શીર્ષબદ્ધહસ્તમેરુદંડાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. પગ લાંબા અને બેમાં રાખી ઊભા રહેવું, માથા પછવાડે હાથના આંકડા ભીડવા અને કમરથી માથા સુધીનું શરીર ઊંચું ઉપાડવું, પણ ન ઊંચકવા જોઈએ આ આસનથી પેટ, છાતી, ગરદન, પીઠ અને બરડાના દોષ નિર્મૂળ થાય છે

શીર્ષબદ્ધહસ્તર્તાવપૃષ્ઠત્રિકાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. બંને પગ વચ્ચે એકાદ હાથનું છેટું રાખી ઊભા રહેવું. હાથના આંકડા ભીડી માથા પછવાડે રાખવા, પછી કમરનો ઉપરનો ભાગ બંને ખાનુએ ફેરવવો

શીર્ષબદ્ધહસ્તહલાસન [સં.] ન એ નામનું પેટનું એક આસન. ઊભા રહેવું, પછી બંને પગ સારી રીતે ઊંચકી માથાની પછવાડે લાવી જમીન પર ટેકવવા, હાથ માથા નીચે વાળેલા રાખવા. આ આસનથી ગરદન, પીઠ અને પેટના સર્વ વિકાર નાબૂદ થઈ આયુષ વધે છે

શીર્ષબિંદુ [સં.] ન. (જ્યોતિષ) બરાબર માથા ઉપર આકાશમાં આવેલું એક કલ્પિત બિંદુ; આકાશમોટી; સૌથી ઊંચું બિંદુ 'ઝેનિથ'.

શીર્ષમણિ [સં.] પું. સીતાના મસ્તકનો મણિ. સીતાજીની ભાળ લાવતાં તેની નિશાનીરૂપ સીતાજીનો આ શીર્ષમણિ હનુમાનજીએ જ્યારે રામચંદ્રને આપ્યો ત્યારે તે બોલી ઊઠ્યા કે, પાસે આવ્યે સ્વપ્ન સુરભી વસની પાસ વેરે, આ નિશાની ઉપર હવડું આંસુડાં મુજ ઝેરે, હૃદે આપ્યો મણિ જનકને રત્નનિધિથી જાતો, સીતા શિષે પ્રિય ભગકતો ભમમાં જે સુહાતો.

શીર્ષમાલા [સં.] સ્ત્રી. મસ્તકની માળા.

શીર્ષરૂપક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શીર્ષા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે મગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે

શીર્ષવિરહિતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, બે જગણ અને સગણ મળી ૧૫ વર્ણ હોય છે.

માથા જાતસા આવી રમ કવિ શીર્ષાવરહિતા. રણછિત્રણ

શીર્ષવૃષ્ટપદાહલાસન [સં.] ન. એ નામનું પેટનું એક આસન. હાથ લાંબા રાખી ચત્તા સૂઈ પદ્માસન વાળવું. પછી તે જ સ્થિતિમાં પદ્માસન ઊંચકી માથાની પછવાડેની ભાજુએ લાવી તે પદ્માસન માથાને અડકાવવું. આ આસન બહુ અઘરું છે. આથી ગળા તથા છાતીના સ્નાયુ રોગ નાબૂદ થાય છે, કમર નિર્દોષ બને છે તથા આયુષ વધે છે.

શીર્ષા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને શિપ્રા, શિર્ષા, શીર્ષરૂપક, શીર્ષક, લક્ષ્મી, મેધાર્ષિ, યુક્તાયુગ્મ જ પણ કહે છે. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેમાં બે મગણ, અને ગુરુ મળી સાત અક્ષર હોય છે

આ આ માથી છે શીર્ષા રણછિત્રણ

૨ વિ. માથાવાળું

શીર્ષાસન [સં.] ન. યોગનાં ચોરાસી આંઠેનુ એક આસન. જમીન ઉપર એક મુંબળા કપડાને ગોળ વધેરીને રાખવું. પછી તેના ઉપર મસ્તક રાખી, બંને હથેળીઓને મસ્તકના પાછળા ભાગમાં રાખી, શરીરને ઊલટું ઊંચું ઉપાડી ટટ્ટાર કરી દેવું તેને શીર્ષાસન કહે છે. આ ઉપરાંત તેનો એક બીજો પ્રકાર પણ આ પ્રમાણે છે: શરૂઆતમાં ઢોલિયાર સ્થિતિમાં ઊભા રહેવાનું હોય છે. પહેલાં જમીન ઉપર ઘૂંટણીએ પડીને, પગને અંબૂડા ઉપર ટેકવીને એડી ઉપર બેસવું. પછી બંને હાથના આંકડા ભીડાવીને બંને હાથ વડે લગભગ ૧૦ અંગનો ઝૂલો કરવો. પછી માથું તેના ઉપર ટેકવવું અને ઘૂંટણ ઊંચા કરવા. પગના અંબૂડા અને સાથળ શરીરની પાસે રાખવા. તેમ કર્યા પછી શરીરને માથા ઉપર બરાબર સમતોલ રાખ્યા પછી પગને ધીરે ધીરે સીધા કરવા અને શરીરને બરાબર સીધું એટલે લંબ બનાવવું. તેમાં માથું નીચે અને પગ ઉપર રહે છે તેથી તેને વિપરીતકરણીમુદ્રા પણ કહે છે બીજું શીર્ષાસનને મુંડાસન, કપાલાસન, બ્રહ્માસન વગેરે નામ આપે છે. આ આસન શરૂઆતમાં એક બે મિનિટ કરવું, પછી વધતાં વધતાં એક કલાક સુધી જારી રાખવું. જે સાધકના શરીરમાં ત્રણે ધાતુ સમ હોય, જે બળવાન અને યુવાન હોય, તેને માટે શાસ્ત્રકારોએ આ આસનનો અભ્યાસ વધારીને ત્રણ કલાક સુધી કરવાનું કહ્યું છે. પરંતુ આ અવધિ તો જિજ્ઞાસુઓને

મટે જ છે. અતિસાર પ્રાય: કરનારાઓને એક | બનાવે છે તથા રક્તસંચય દૂર કરવામાં આડ
પ્રયોગ વધુ આ આસન કરવું સારું નથી | આવે છે. આવે વખતે શવાસન કરવું પરંતુ
આ આસનમાં રક્તપ્રવાહ પગ તરફથી મસ્તક | તો શરીરને શિથિલ બનાવીને આરામ ખરસીમાં
તરફ વહન કરે છે તેટલા માટે આ આસન | પડી રહેવું એ ઘણું લાભદાયક છે. આ
કર્યા બાદ અર્ધી કલાક શવાસન કરવું કે જેથી | આસન વખતે મસ્તકને વારંવાર ઊંચું કરવું એ
રક્તની ગતિ સમ બને છે. આ રીતે રક્તના | પણ ભયંકર હાનિકર્તા છે. કેમકે, તેથી કદાચ
આવાગમનથી રક્તાભિસરણની ક્રિયા બળવાન | મસ્તકની નસો ફાટી જવાનો ભય રહે છે
થાય છે અસ્થિરોપ નાશ પામે છે, પ્રાણતત્ત્વ | હૃદયનસ તૂટી જવાથી મરણ નીપજે છે. માટે
સુષુમ્ણા દ્વારા મસ્તિષ્કસ્થક નવીન જવાનો | મસ્તકનું રક્તસંચય થયા પછી મસ્તકની નસોને
પ્રવેશ કરે છે અને ફરી રક્તાભિસરણ દ્વારા | આઘાત પહોંચે એવી કોઈ પણ ક્રિયા કરવી નહિ
મસ્તકમાં જવાનો પ્રયત્ન કરે છે; આ રીતે | જો કોઈ મુદ્દ જિજ્ઞાસુ પણ શીર્ષાસનનો
પ્રાણાયામ વિના પણ કુંડલિની શક્તિ જાગ્રત | અભ્યાસ કરે તો એકાદ વર્ષ પછી તેના મગજના
થાય છે, અવાજ કોકરો નીકળે છે અને મન | મજ્જાતંતુ વાળા ભાગો ગર્ભ બને છે, શરીરની નિર્બલતા
એકાગ્રતા પ્રાપ્ત કરે છે. આ આસનનો દમેના | દૂર થાય છે, શરીર નીરોગી ને તેજસ્વી બને
રોગ ઉપરાંત સુધા નિયમિત રીતે છ માસ | છે વળી જો કોઈ સાધક પ્રાણાયામનો અધિકારી
અભ્યાસ કરવાથી વાત, પિત્ત અને કફદોષજન્ય | ન હોય તે જો શીર્ષાસન કરે તો તે પણ
સર્વ રોગ, જ્વર, કાસ, શ્વાસ, ઉદરરોગ, | મહેજે રાજયોગમાં પ્રવેશ કરી શકે છે. આ
કટિવાત, અર્શાંગ શિરઃશૂલ, ગ્રહણી, નાડીવ્રણ, | આસનથી સ્વાભાવિક રીતે જ મણે બંધ થઈ
ભગંદર, કુષ્ઠ, પાંડુ, કૃમિરોગો, પ્રમેહ, આંતરડાંનો | જાય છે તથા અપાનતત્ત્વ પશ્ચિમ માર્ગથી
વૃદ્ધિ, વગેરે રોગો દૂર થાય છે. પરંતુ આ | મસ્તકમાં જવા માંડે છે. શીર્ષાસનથી આખા
આસનના અભ્યાસીએ ઘી અને દૂધનું સારી | શરીરનું બોજો ઉપર નીચે કરવાથી શુદ્ધ થાય
રીતે સેવન કરવું; નહિ તો આ વિપરીતકરણી | છે. પેટનાં આંતરડાં ચા, બીડી, કોફી આદિના
મુદ્રાથી વિપરીત જ ફલની પ્રાપ્તિ થાય છે | વ્યસનથી ગંદા બનેલ હોય તે મજ્જાતંતુ થાય છે,
જેનું મસ્તક નિર્બળ અને ઊષ્ણ રહેતું હોય, | વીર્યનો પ્રવાહ મસ્તક તરફ વહે છે ને તેથી
નેત્ર સદા લાલ રહેતાં હોય, જેને ઉરઃક્ષત, | મસ્તક મજ્જાતંતુ થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત
ક્ષય, હૃદયની ગતિ વૃદ્ધિ, નવજ્વર, દમ, ઊર્ધ્વ | થાય છે. એક વર્ષ નિયમિત આ આસન
રક્ત-પિત્ત, વમન, હેડકી, ઉન્માદ, નિદ્રાનાશ | કરવાથી મગજના બોળા વાળ ઝાળા થાય છે,
વગેરે હોય તેવાઓને આ શીર્ષાસન અત્યંત | સ્મરણશક્તિ કરમાઈ દૂર થાય છે, આંખો મજ્જાતંતુ
હાનિકારક છે. શીર્ષાસનનો અભ્યાસ પ્રાત:કાળમાં | થાય છે, છાતીની નબળાઈ પણ દૂર થાય છે
ભોજન કર્યા પહેલાં કરવો જોઈએ. ભોજન | શીર્ષાસન એ પિચ્યુટરિ ગ્રંથિઓ માટે ઉત્તમ છે.
પછી તથા રાત્રીમાં આ આસનનો અભ્યાસ | જેની શરૂઆત પંદર સેકંડથી કરવી અને અભ્યાસ
નુકસાનકર્તા છે. પ્રાત:કાળે પણ ઓછી સાથે | ધીમેથી સમય વધારતા જવું. જો એકદમ આ જ
બે વખત અભ્યાસ ન કરવો. આ આસનથી | આસન રોજ કરવાનું હોય તો ધીમે ધીમે
મસ્તક ખૂબ તપી જાય છે તેથી સાત્વિક આહાર | સમય વધારતા જઈ ચોવીસ મિનિટ સુધી
વડે મસ્તકની ઉષ્ણતા દૂર કરવી. આ આસન | પહોંચવું અને સાથે બીજી યોગિક ક્રિયાઓ
કર્યા પછી, અર્ધી કલાક વિશ્રામ લેવો, તુરતજ | કરવામાં આવતી હોય તો વધારેમાં વધારે બાર
હાથ મોં ધોવાં, ઠંડા પાણીમાં નાહવું ને ખલ્લી | મિનિટ સુધી પહોંચવું. કાનનો દુખાવો હોય
હવામાં ફરવું એ નુકસાનકર્તા છે. ફક્ત શવાસન | કે કાન પાકતો હોય, લોહીનું દબાણ ૧૫૦ થી
વડે નાડીનુસંધાન કરવું એ ઈષ્ટ છે. શૌચ જવા | વધારે કે ૧૧૦ થી ઓછું હોય, હૃદય નબળું હોય,
પહેલાં અને સ્નાન કર્યા પછી શીર્ષાસન ન | સખ્ત કબજિયાત રહેતી હોય, તેમજ ભારે
કરવું. વળી પ્રાણાયામ કર્યા પછી પણ શીર્ષાસન | વ્યાયામ કર્યા પછી ઓછામાં ઓછી વીસ
ન કરવું ફક્ત શીર્ષાસનની પહેલાં બીજા | મિનિટ પસાર ન થયેલી હોય તેવાઓએ આ
આસનો કરવાં હોય તો થઈ શકે છે. શીર્ષાસનના | આસન કરવાનું નથી. આ આસનથી મગજને
અભ્યાસથી જો ઊષ્ણતાની વૃદ્ધિ થઈને તાવ | પૂરતા પ્રમાણમાં લોહી મળે છે. તથી મગજ
આવી જાય તો અભ્યાસ બંધ કરીને ફક્ત દૂધ | તથા નાડી તંદુરસ્ત રહે છે જંતુ, સાજગતુ,
અને ઘીનું સેવન કરવું; બીજી કોઈ જાતની | સ્નાયુ લેવો, સાંધાનું વંગરે કેન્દ્રો મગજમાં આવેલાં
ઔષધિનું સેવન પણ ન કરવું કારણકે, બધાની | છે અને તેથી આ ક્રિયાઓને તે લાભદાયક અસર
ઔષધિ યકૃત તથા હૃદયની ક્રિયાને શિથિલ | કરે છે વળી નાડી કેન્દ્રોની નબળાઈને લઈને
ઉત્પન્ન થતો રોગ મટાડે છે. મહત્ત્વની રસ
ગ્રંથિઓ હૃદયના ઉપરના ભાગમાં આવેલી છે
તેથી તેમને આ આસનથી પૂરતા પ્રમાણમાં
લોહી મળે છે. પેટનાં અવયવો પોર્ટલ વેઈનમાં
અશુદ્ધ લોહી જલદી ધકેલે છે અને તેમને વધારે
પ્રમાણમાં શુદ્ધ લોહી મળે છે. આને લીધે
રક્તવહનની ખામીને લઈને ગર્ભને અથવા તંત્રની
ખામીને લઈને ઉત્પન્ન થતી કબજિયાત મટાડે
છે. પેટના સ્નાયુઓની અવયવોને ધારણ કરવાની
અશક્તિની ઉપર આ આસન લાભકારક છે.
સ્વપ્નદોષ ઉપર આ આસન ઉત્તમ છે. દમ
ઉપર પણ આ આસન લાભદાયક છે આ
આસનથી અશુદ્ધ લાલીની નળીઓને આરામ
મળે છે અને લોહી આપોઆપ હૃદય તરફ
ધકેલાય છે આથી રક્તનળીની ફૂલી ગયેલી કે
ખરબચડી થઈ ગયેલી દીવાલોની પીડા દૂર
કરે છે તે તમામ આસનોનો રાજા છે, તેનાથી
મગજ મજબૂત બને છે. સ્મરણ તીક્ષ્ણ થાય છે
અને જ્ઞાનતંતુને પુષ્ટિ મળે છે

શીલ ૧ [સં.] સ ક્રિ. અતિશય થવું

૨. સ ક્રિ. અભ્યાસ કરવો.

૩. સ ક્રિ. એકાગ્ર થવું.

૪ સ ક્રિ. ચિંતવવું, વિચારવું.

૫. સ. ક્રિ. ધારણ કરવું

૬. સ ક્રિ. પૂજવું

૭. સ ક્રિ. પ્રવૃત્તિ કરવી.

૮. સ ક્રિ. માન આપવું.

૯ સ ક્રિ. સમાધિ કરવી

૧૦. સ. ક્રિ. સેવવું.

શીલ ૧. [સં.] પું. અજગર.

૨. પું. એક જાતનો છોડ. તે પાણી પાવાથી અથવા પીવાના બોજ તરીકે જોગે છે એમ મનાય છે. તેની ભાજી થાય છે.

૩ પું. ભિક્ષુઓને પાળવાના નિયમ; બોધિસત્ત્વને પ્રાપ્ત કરવાના દસ માર્ગોનો એક ગુચ્છ કે પારમિતા દસ પારમિતાઓ આ પ્રમાણે છે : (૧) દાન, (૨) શીલ, (૩) નૈષ્કર્મ્ય, (૪) પ્રજ્ઞા, (૫) વીર્ય, (૬) ક્ષાંતિ, (૭) સત્ય, (૮) અધિષ્ઠાન, (૯) મૈત્રી અને (૧૦) ઉપેક્ષા.

૪. ન (જૈન) અહિંસા આદિ વ્રતોની પુષ્ટિ માટે જ પાળવામાં આવતાં બીજાં ઉપવ્રતો.

૫ ન. આચરણ: સાલચલગત, આચાર; રીતભાત; વર્તણૂક

૬. ન એક જાતનું કઠવાદ્ય

૭. ન. ચરિત્ર.

૮. ન. જન્મ પ્રકૃતિ, સ્વભાવ.

ચૂનો મૂકેનો કરતા જ સમ,
ગાળેયા ગાયો, તુરતાયી અજે,
મૂખાંથી મૂખી નુધીઓ સુધી.
સમન શીલે અસતને જ મૈત્રી નૃસિંહાચિત

૯ ન (જૈન) રાગદ્વેષનો ત્યાગ; મનોને પાળવા માટે જ મોક્ષ, સોગ આદિનો ત્યાગ

૧૦ ન લક્ષણ, ગુણ

૧૧ ન ક્રિયાગમત, ક્રિયા

૧૨. ન સત્ય અને ધર્મથી પવિત્ર થવાના સ્વભાવ, સારો સ્વભાવ, સારી વર્તણૂક. [ચા., ૨૬ ચાલ્યા મુહપત્તિ [illegible] ચારિત્રાદ્ય થાય, [illegible] ન અતનું [illegible] જ્ઞાન આપતા પરંતુ [illegible], તત્ત્વ [illegible], તમારે ન થવું, તેથી ' આથી વધારે બીજું કાર્ય છે ? ' એમ વિચાર પ્રશ્ન કરવા. એટલે જ્ઞાનપરિણામ બીજા કાર્ય ઉત્પન્ન ન આપનાં તેને શીલ [illegible] પાસે મોકલ્યા. ત્યાં આગળ પણ તે જ પ્રમાણે થયું એટલે ગુરુ કહ્યું કે, તે ' વિશ્વમાં બીજી બાબતની પ્રવૃત્તાદને છે. ત્યારે જ્ઞાનાવૃત્તા વધ્યા ચારિત્ર કરવા ઇંદ્ર આખરે પ્રહ્લાદ પાસે ગયો, તેનો વિજય થયો અને કેટલાક વખત સુધી તેની સેવા [illegible] પછી ' શીલ ' એટલે સત્ય અને ધર્મનો વર્તવાનો સ્વભાવ એ જ પૈસોક્યનું રાજ્ય મેળવવા નો ' ગુરુકિલ્લી ' છે અને તે જ જૈય છે એ પ્રમાણે પ્રહ્લાદે ઇંદ્રને કહ્યું પછી ' તારી સેવાથી હું સંતુષ્ટ થયો છું, વર માગ ' એમ જ્યારે પ્રહ્લાદ ઇંદ્રને કહ્યું ત્યારે જ્ઞાનાવૃત્તાધારી ઇંદ્રે તેની પાસે તારું ' શીલ ' મને આપ એવી માગણી કરી તેનો પ્રહ્લાદે ભલે એવો જે જવાબ આપ્યો તે વખતે ' શીલ ' અને તેની પાછળ ધર્મ, સત્ય, વ્રત અને આખરે શ્રી અથવા જૈયર્ય પ્રહ્લાદના શરીરમાંથી નીકળી ઇંદ્રના શરીરમાં પ્રવેશ કર્યો અને તેથી ઇંદ્રને પોતાનું રાજ્ય પ્રાપ્ત થયું. એવી મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મે યુધિષ્ઠિરને પ્રાચીન કથા કહી છે.

૧૩. વિ ના સ્વભાવવાળું; ની ટેવવાળું એ અર્થમાં સમાસને અંતે આવતું વિશેષણ જેમકે, દાનશીલ.

શીલગંધ સ્ત્રી શીલની ગંધ; સદાચારની સુવાસ; સ્ત્રીઓની સુવાસ

શીલચારી [સં શીલચારિન્] વિ. સુંદર સ્વભાવવાળું

શીલન ૧. [સં.] ન. પહેરવું તે; ધારણ કરવું તે

૨. ન પ્રવૃત્તિ કરવી તે

૩. ન. મનન કરવું તે, અભ્યાસ

૪ ન સ્વભાવ

શીલપાલન [સં] ન. શીલરક્ષણ

શીલપાલન [સં] ન. સારું આચરણ રાખવું તે

શીલપીઠ [સં] ન. શિલાસન

શીલભાવના [સં] સ્ત્રી સદાચાર

શીલભદ્ર [સં.] પુ. નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન.

શીલવંત ૧ વિ સદ્‌ગુણવાન; આર્ય; મહાત્મા, મહાત્મન

૨. વિ. સદાચારી; શીલવાન; શીલવાળું

શીલવૈતું જુનું ગીલવત

શીલવાન જુનું ગીલવત

શીલવીરડા સ્ત્રી પીંજારાનો એક પ્રકાર

શીલવું સ ક્રિ. ભમવું; ભ્રમણ કરવું

શીલસૂક્તિ સ્ત્રી. સારી ચાલચલગત; સ્ત્રિયાની પ્રતિ, સારું વર્તન

શીલસ્નાન ન (જૈન) ઇંદ્રિયનું સંન્યાસીનું વ્રત; સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચૌર્ય, સ્થૂલ અબ્રહ્મચર્ય અને સ્થૂલ પરિગ્રહનો ત્યાગ

શીલસંપન્ન [સં.] વિ. સદાચારી; સારા આચરણવાળું

શીલા સ્ત્રી. (પુરાણ) કર્દમિપ્રજા મનુની પત્ની

શીલાચાર [સં.] પુ. પરણેલી સ્ત્રી સિવાય અન્યને ન આલિંગવા રૂપ સદાચાર

શીલાતુર પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે તે વસંતતિલકા અને ઉદ્ગતાના મિશ્રણથી બને છે.

શીલાતુરા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; દરેક ચરણમાં બાર બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેનું પહેલું, બીજું અને ત્રીજું ચરણ વસંતતિલકાના માપનું હોય છે તથા ચોથું ચરણ ઉદ્ગતાના માપનું હોય છે.

શીલાન્વિત [સં.] વિ. સદાચારી; સદ્‌ગુણી

શીલાપાટ [સં. શિલા (પત્થર) + પાટ (આસન)] પુ. સલાટ

શિલાટ શબ્દ અપભ્રંશ થતાં હાલ એમ બોલાય છે. પણ અસલ શબ્દ શીલાપાટક હોવો જોઈએ કેમકે એટલે પત્થર અને પાટ એટલે બેસનાર આસન છે. મારવી ભાષામાં પ નો વ થાય છે, એટલે સિલાવટના સિલાવટ અને સિલાવટ અને સિલાટ અને છેવટે સલાટ બોલાય છે. રાજવલ્લભ

શીલારવંશી વિ. શીલાર વંશનું.

શીલારસ પું. એક જાતનો ચીકણો પદાર્થ, એક જાતની ટેકી હવા. તે ઔષધિ, ઉપર લોપડાય છે અને માથાના દુખાવા ઉપર ઉપયોગી છે.

શીલાર્યક વિ શીલનો અર્થ સૂચવનાર ત પ્રત્યય માટે વપરાય છે

શીલાસ ન એ નામનું એક ઝાડ તેના પીળાં ફૂલ નાનાં હોય છે ઠંડી ઋતુમાં તે જ્યાંત્યાં ખીલે છે આ ફૂલનો ઉપયોગ ચીનના લોકો ચા ને સુગંધી બનાવવા કરે છે.

શીલી સ્ત્રી. અજગર સાપેણ

શીલુડો (શીલુડો) પુ. ચોમાસામાં જમીનમાં થતો વટાટા જેવો ખાવામાં વપરાતો કંદ

શીલ્ક વિ ભાલું; ભોળું

શીલ્લા પું ભેલગાડીની બાજુની શીલો લીલો ઢોનો નથી. જ બાજુસ ભાર કરતો હોય તે કહ્યા ઉમદાર ઢોનો નથી

શીલોદક ન. ઠંડીથી બરફ થઈ જવું શિલા, જેવું થઈ જતું જરાનું પાણી. હેઠરાદુનથી ૧૬ માઈલ દૂર હિમાલય પહાડ ઉપર આવેલા રમણીય સ્થાનને મસુરી કહે છે. મસુરીથી ૩૬ માઈલ દૂર એક ઝરણ છે. તેના પાણીમાં ત્રણ દિવસ સુધી સકરીનો કોથળો ભાગ ભીંજી રાખ્યો હોય તો તેટલો ભાગ નિર્જીવ થઈ પથ્થર જેવો થઈ જાય છે. આ જળને શીલોદક કહે છે હિમાલયમાં આવાં ઝરણાં ઝરણ છે

શીલોર ન. તોર બરવાનું બે આંબાનું જોંયમાં ઘાસેલું ઝાડવું

શીલોરીઆ ન એક જાતનું ફૂલઝાડ. તે ઓકથી દોઢ ફૂટ ઊંચું હોય છે. તેનાં પાન પહોળાં ને લાંબાં અને ફૂલ ભીંડાની પુષ્પડી જેવાં હોય છે બી અંદરથી કાળા અને ત્રીજા નીકળે છે

શીલોંછવૃત્તિ સ્ત્રી. ખેતરે, ખળું વગેરે રમણે વેરાએલા અનાજના દાણા વીણી તે વડે આજીવિકા કરવી તે.

શીલ્ક ૧. ન. ચામડું.

૨. [અં.] ન. હાલ

૩. ન ક્રિયા; આશ્રય

૪. સ ક્રિ. રક્ષણ કરવું

શીલ્કમેચ [અં] પું શીલ્ક કે વિજયનું પ્રતીક બતાવા માટે થતો કરીકાર્ડ

શીવક્ષ ૧. [સં શ્રોણી] સ્ત્રી એ નામની નિર્ગુંડ્યાદિ વર્ગની આયુર્વેદોપયોગી એક વનસ્પતિ; એક જાતનું ઝાડ તેનાં મૂળ અને કુણી ડાળો વપરાય છે તેનું લાકડું હલકું અને સીસમ હોય છે, તે નરમ કઠણ કે બરડ. લાકડામાંથી સંગીતવાદ્યો સરસ બને છે ઢોલક, સિતાર, પીપુ, વજર બનાવવામાં આ લાકડું સારું વખણાય છે

દીવાસળીની સળીઓ માટે તેમ જ પેટી માટે તેનું લાકડું બહુ સરસ છે. બૂરી બનાવવા માટે તે બહુ વપરાય છે. પાણીમાં વર્ષો સુધી તે સડ્યા રહે છે

૨. સ્ત્રી. બજારુ બાયડી; સુધીની બેસણી

શીવજૂળ ન. કાશ્મરીનું મૂળિયું. આ મૂળ દવામાં આવે છે અને તે બૃહત્ પંચમૂળ માહેનું એક મૂળ ગણાય છે. તે મૂત્રલ અને શોધક છે. તેનો સ્વરસ પ્રમેહ, ગૂમડાં, તાવમાં અપાય છે. શીવજૂળની છાલ ૩થી૬ા તોલાની માત્રામાં અપાય છે

શીવની સ્ત્રી. બે પગની વચમાં જનનના મુખ અને ગુદાની વચ્ચેનો ભાગ.

શીવરાઈ પું. બરબો પૈસો; રાઈ ટો.

શીવરી ૧. સ્ત્રી ચંદનબો; પાટલાબો.

૨. સ્ત્રી. પુત્રી; દીકરી.

શીવરો પું. પુત્ર; દીકરો

શીવલરી [અં.] સ્ત્રી. સન્માનની ભાવના

શીવલો પું. એક છેડે કડી અને બીજે છેડે પેચ વાળો અઢી ત્રણ ફૂટનો સૌથી મયાજે રહેતો સળિયો.

શીવળું ન. એક જાતનું ઝાડ. એના મૂળનો ઉકાળ દુકાળના વખતમાં રાની લોકો ખાય છે.

શીવારા સ્ત્રી. મચ્છીની એક જાત.

શીર્યાહુઝ્યાન વિ. (જરથોસ્તી) મોટી ઇજ્જતવાળુ

શીવી સ્ત્રી. દીર્ઘસૂત્રા.

શીર્શ ૧. [સં. શીર્ષ] ન. મથાળું; ટોચ; શિખર.

૨ ન માથું; મસ્તક

શીર્શ મેલવું = પગે લાગવું

શીર્શકે અ. માથા ઉપર. ખોટી રીતે કોઈ ને બહુ ચડાવવાના અર્થમાં વપરાય છે

શીર્શકે ચડાવ્યો નીચને, તે બગાડી ચૌ પૂમ. પ્રેમાનંદ

શીર્શગર ૧. [સં. શીર્શક (કાચ) + કર (બનાવનાર)] પું. કાચ બનાવનાર કારીગર. કપડવંજમા આ લોકોની વસ્તિ બહુ છે

૨ વિ. કાચ બનાવનાર.

શીર્શગોઠ સ્ત્રી. બાંધાકોડ.

શીર્શકૂલ ન માથામાં પહેરવાનું એક ઘરેણું; માથામા નાખવાનુ ફૂલ; ચાક, ગોકળ્યો, મેચ.ની ગંડ્યાત આગળ કપાળે આવે એમ પહેરવાનું માથાના ફૂલ જેવુ ગોળાનુ ઘરેણું; રાખડી દક્ષિણી લોકમાં તે રાખવાનો રિવાજ છે

શીર્શકૂલ સમાસ મે જોડી ૨. જિમાંત

શીર્શક્રમ ૧ ન. એક જાતનુ ઝાડ ચાલીસ ચાસ વર્ષ થયા વિના તેનું લાકડું મજબૂત થતું નથી તેનો રંગ કાળો કોલ છે. પોળા સીસમની પણ એક જાત થાય છે. તે અફઘાનિસ્તાનનું એક ઝાડ છે. તેનુ લાકડું ઇમારતી કામમાં તહન નકામું છે.

૨. ન. એક જાતનું સુગંધી કાળું લાકડું; સીસમ.

શીર્શમડી વેલ (શીસમડી વેલ) સ્ત્રી. એ નામની એક વેલ. તે બહુ જ સુંદર પાન અને ફૂલવાળી થાય છે. ફૂલ ગુલાબી જાંબા લેતાં કે કોઈ લાંબુડા રંગનાં હોય છે

શીર્શમહાલ પું. ગ્રહનો મહેલ

શીર્શમહેલ પું. દીવાલો ઉપર કાચ જડ્યા હોય એવી ઓરડી કે મકાન; દીવાનખાનું.

શીર્શમિયો જિ પું. શીસમ જેવો કાળો.

શીર્શમૂળ પું. એક પ્રકારનો છોડ; કોબપુષ્પી; પરદેશી કુરંગી. તેનાં પાન એક બાજુ લીલા અને એક બાજુ લાલ હોય છે. તેનાં પાનની ભાજી અને ભજિયાં કરાય છે. છોકરા ચાકળકા બાય છે. ચોમાસે આડેવગડે તે ઊગે છે

શીર્શમૂળિયું જુઓ શીસમૂળ

શીર્શમૂળી જુઓ શીસમૂળ

શીર્શા ૧. [સં] પું. અરીસો; દર્પણ.

૨. પું. કાચ.

૩. પું. બાટલી

શીર્શાગઢલ પું. શાહજહાં બાદશાહના સમયમાં બનાના માટે બંધાવવામાં આવેલ કાચ અને અરીસાનું સ્થાનગૃહ

શીર્શી સ્ત્રી. બાટલી; નાનો શીશો; કાચનું એક પાત્ર.

શીશીને કટાક = કંઈ લેવા દેવા નહિ તે; બાબાઠાનિ વગર; તરત નિકાલ. શીશી ફોડી ને તેનો ફટ અવાજ કરવો તે ઉપરથી.

૨. શીશી સુંઘાડવી = બાદબાકી કરવા ક્લોરોફોર્મ સુંઘાડી બેભાન કરવું

૩. શીશીમાં ઉતારવું = સપડાવવું, સપડામણમાં લેવું

શીર્શીબંડી સ્ત્રી. રમતમાં રમાતી એક જાતની દેશી રમત. એક છોકરો જુદો ઊભી બીજાઓ એક દારમાં ઊભે. એકલો ઊભનારે કહે, શીશીબાડી, ત્યારે બીજા છોકરાઓ કહે, કોની દાંડી, જેનું નામ આપે તેને સૌ મારે. પછી તે જુદો ઊભીને બોલે એમ ચાલ્યા કરે.

શીર્શીયારી સ્ત્રી. દુઃખની ચીસ.

શીર્શો પું. મોટી શીશી.

શીશામાં ઉતારવું = (૧) ઉતરીને કાબૂમાં લેવું–વશ કરવું (૨) સમર્થને પણ પોતાની બારણા કબૂલ કરાવવી

શીર્શોળિયું ન. કોને હાથે પહેરવાનો એક જાતનો ચૂડો.

શીર્ષ જુઓ શીશ

શીર્ષડી (શીર્ષડી) સ્ત્રી. (જૂ. ગુ.) શિખામણ.

શીર્ષદાર વિ. ફૂલકારી ભરતકામની એક જાત.

શીર્ષ [પ્રા] પું. શિખ.

શીર્હ સ્ત્રી. ટાઢ.

શીર્હરા ન. સિંદરણ વરસ; બાર વરસે આવતું એક વરસ

સોંઢલ વાસમાં આવિયો. ઇમારામ

શીર્હસ્ટ ન. ચીનનું એક વિખ્યાત વિદ્યાપીઠ. ત્યાં મોટું પુસ્તકાલય છે. જેમાં રાજદ્વારી સેવા કરનાર વિદ્વત્સમાજ ભેગો થાય છે.

શીર્હાગોશ ન. એ નામનું એક પ્રાણી. આ ખૂબસૂરત પ્રાણી આખા હિંદુસ્તાનમાં વસતું કહેવાય છે. તે મોર, સસલાં વગેરે બધાં મારે છે. તે પ્રાણી બહુ વિકરાળ અને ચાંડિયું છે.

શી હાટું (શી હાટું) અ. શા માટે; શા વાસ્તે.

શી હારૂં (શી હારૂં) અ. શા માટે; શું કામ.

શીલ ૧. [સં. શીલ] ન. આચાર; રીતભાત; આચરણ; વર્તણૂક.

૨. ન. (સ્થિર) એક જાતનું ઘર. વર્ધમાન ઘરની જમણી, ડાબી બાજુએ અને પાછેતે એ રીતે ત્રણે દિશાએ એક એક ઓસરી હોય તેમ જ તે ઘરના મુખ આગળ બે ઓસરી હોય અને વચ્ચે પટકાર હોય તો તે શીલ નામનું ઘર કહેવાય

૩. ન. એક જાતની વનસ્પતિ; પાણી પાવાથી બહુ પીતના મોલમાં ઊગવાવાળો છોડ. તેની ભાજી થાય છે

૪. ન. ચારિત્ર્ય.

૫. ન. નરમાશ.

૬. ન. શિયળવ્રત.

૭. ન. સદ્વૃત્તિ; સારી વર્તણૂક; સદ્વર્તન; સદાચાર; શીલ

૮. ન. સ્વભાવ; જન્મપ્રકૃતિ; બાસિયત.

શીલનાં વાક્ય તો કોયણીમાથી કરે = બાબ રહે ત્યારે ઘર બહાને નુકસાન થાય

૯. જિ નામને લગતો વાળુ અર્થનો એક પ્રત્યય તે લાગી ને શબ્દ વિશેષણ બને છે

શીળવંત વિ. શિયળવાળુ; પવિત્ર; શીળવાળુ

શીળવંતું જુઓ શીલવતુ

શીળવા પું એક જાતનો પેટની આંતરીનો રોગ; શીળસ. તેથી શરીર ઉપર એકદમ ચકા આવે છે અને પછી તેમાં દીમસાં ઊપડે છે, શરીર રાતું થઈ જાય છે. અડાયાંની રાખોડી ચોળવાથી રાખી જાય છે. શરીરમા શીળવા થયો હોય અથવા કોઈ ભાગમાં રસ ઊતર્યો હોય તો પણ માટીનો પાટો બાંધીને રોગીને સારા કરવાના પ્રયોગો કેટલાક ડોક્ટરો આજકાલ કરવા લાગ્યા છે.

શીળવા ચાવો = શીળસનો રોગ થઈ આવવો.

શીળવાન વિ શીલવાળુ

શીળવો સ્ત્રી. એ નામની એક નદી

શીળસ ન. એક જાતનુ દરદ; શીતપિત્ત, શરીર ચકામાં ઊપડી થતો લોહીવિકારનો એક રોગ આ રોગ ઉપર શરીરે રાખ ચોળવામાં આવે છે. થોડો દેશી ચૂનો થોડી વાર પાણીમાં પલાળી રાખી તેના ઉપરથી પારદર્શી આછ ઉતારી લઈ તે આછ આશરે પાંચ તોલા દરરોજ પાવાથી આ દરદ શાંત થાય છે શીળસને સારૂ ઠંડા પાણીમાં ખોળેલ ચાદર ઓઢવાનો ઉપાય અકસીર છે.

શીળસ થાવુ = રોગ થઈ આવવો.

શીળસાતમ જુઓ શીળાસાતમ.

શીળા સ્ત્રી. લાંબો ને પાતળો પત્થર; શિલા.

શીળાઈ ૧. સ્ત્રી. ભલાઈ.

૨. સ્ત્રી મુંવાળપ.

શીળાબુદ્ધિ સ્ત્રી જડબુદ્ધિ; પત્થરની બુદ્ધિ

શીળિયું વિ શીલવાન.

શીળિયો ૧. પું. રાનીપરજ પ્રજાનો એક દેવ.

૨ વિ પું જપ તપ કરે તેવો; શીળવત; ગુણવત.

સિદ્ધ હોય સંન્યાસી **શીળિયો** જાણ કરે હું નેક. પ્રેમાનંદ

શીળી ૧. સ્ત્રી. મલ્લા; સેંથડ; ભણિયા કાકા, શીતળા; ઓરીતળા એક જાતનો બહુજ ચેપી ગરમીને. રોગ, ઓરિયાં દીમસાં થઈ આવવાનો એક રોગ. આ રોગમાં સખત તાવ આવ્યા પછી બરોબર ચોથા દીને ફોલ્લા થઈ આવે છે. આઠમે દિવસે ફોલ્લા નરમ પડી તાવ ઊતરવા માંડે છે અને છઠ્ઠા દીવસે રોગ જણાય છે. તેમાંથી બચનારની ચામડી ઉપર ફોલ્લાના ખાડા પડી રહે છે કોઈ વખતે, બહેરું, આંધળું કે અપંગ પણ થઈ જાય છે તેનાં જંતુ નાકમાં દાખલ થયા પછી દશ બાર દિવસના ગુપ્તકાળ બાદ થોડા તાવ સાથે કમર અને પીડામાં અતિશય દરદ થાય છે, તથા ઉબાળો થઈ આવે છે બે દિવસના સખત તાવ પછી ત્રીજે દિવસે એટલે ૪૮ કલાકે શીળીના દાણા દેખાય છે, એટલે તાવ સહેજ નરમ પડે છે. ડૉ. જેનરે શીતળાની રસીની શોધ કરી તે અગાઉ મૈસૂરાઓ પહેલાં દિકરા બરવાડો એક પ્રકારની શીળીની રસીનો ઉપયોગ કરતા હતા. શીળીના ફોલ્લાના સૂકા ભીંગડાઓ તેઓ પોતાનાં બાવડાં ઉપર મૂકતા અને સોયથી તે જગ્યાને જરા કોચતા અને એ રીતે રોગથી રક્ષણ મેળવતા પુર્વના બીજા દેશોમા પણ આ પદ્ધતિ જાણીતી હતી અરબસ્તાનમાં એને ' શીળી વેચાણ લેવાં ' એમ કહેતા, કારણકે ત્યાં રસી લેનાર માણસ શીળીના રોગવાળાને તેના રોગનો ચેપ લાગવા બદલ આપતા, મિઠાઈ વગેરે આપતાં. આ ચેપી રોગ દોરમાં પણ થાય છે

શીળી કઢાવવી–ટંકાવવી = શીતળાની રસી શસ્ત્ર વડે મુકાવવી.

૨. વિ જો. છાણી

૩. વિ. સ્ત્રી ઠંડી આપે એવી; ઠંડક આપનારી; શીતળતા ઉત્પન્ન કરે તેવી.

૪. વિ. સ્ત્રી. સહેલી

શીળીઆદું વિ. શીળીના ચાઠાવાળુ.

શીળીસાતમ સ્ત્રી. શીતળા સાતમ; શ્રાવણ સુદિ સાતમનો દિવસ. સૌરાષ્ટ્રમાં શ્રાવણ વદિ સાતમ પળાય છે

શીળું ૧. ન. આનંદ.

૨. ન. ઝાંપડો હોય તેવી જગ્યા; જ્યાં ચાદરડાં પણ ન પડતાં હોય તે જગ્યા; ધાડા ઝાંપાવાળુ સ્થાન.

૩. ન. શીતળતા; ઠંડક.

૪. [સં. શીતલક–સીઅલઉ–શીળું] ન. શીળો; ઝાંપડો

૫. વિ. આનંદદાયક.

૬ વિ ગેડી; આળસુ

૭ વિ ગરીબ; દીન; નિર્ધન.

૮ વિ ઠંડુ; ઠાર; શીતળતાવાળુ; ઠંડકવાળુ

શીળો વાયુ વન પડવતો ઉનરાનાં ફુલોને;
ધીરે ધીરો અનુકૂલ કાને કેવજિરિ જાતાને
મેઘદૂત

ટાઢુંશીળું ખાઈ ને રહેવું = મહા મુશ્કેલીથી બચવું. પ્રા. ટ૨૪

૯ વિ નરમ સ્વભાવનું; વિવેકી; સભ્ય

૧૦ વિ સહનશીલ રહેવું

૧૧ વિ આલસુ; ઠંડા મિજાજનું; સહનશીલ

શીળે અ જાંબે

શીળોભરી વિ જો શિયળવતી
સુંદરી **શીળોભરી** રે. ભોંટાદેવ

શીળો ૧. પું. ઉપરથી ડાહ્યો દેખાતો માણસ; દેખીતો ડાહ્યોડમરો ઠાવકો પણ અંદર મોળો પુરત.

૨. [સં. શીતલ (ઠંડુ)] પું. ઝાંપડો હોય તેવી જગ્યા. જ્યાં ચાદરડાં પણ ન પડતા હોય તેવી જગ્યા

૩. પું પડઝાયો

૪ પું શાંત સ્વભાવનો વિવેકી માણસ

૫. પું. શેળો; આખે શરીરે કાંટાવાળું એક નાનું પ્રાણી

શીળોટો પું. ચોખાના ફોટની કુલેર.

શીંકરવું સ. ક્રિ. બાંધવુ; જોડવું

શીંકલી સ્ત્રી. ખેતરમાં ઊભા મોલમાં બેસી કાંકની બેસાડે બળદના મોઢાં આડે બંધાતી કાથા કે બીંટીની દોરીની ચૂથેલ જાળી.

શીંકી ૧. સ્ત્રી પડિયા પતરાળાંની બાંધેલી થોકડી; સો પડિયાની બાંધેલી થોકડી

૨. સ્ત્રી. શીંકલી

શીંકું ૧. ન. એક જાતનું બંડ તેને ચણ પ્રાપ્તકરીવાળાં ચુમકાં થાય છે

૨. ન કોળિયો.

અમ્યુત અમાન અવરોધ ઘટતે, પ્રતિદિન બળ લેહ,
શીંકે શાકે પુરુષ બાંધ્યાનુ વહું શે તેહ.
દયારામ

શીંકે જ શીંકે = કોળિયે કોળિયે; કરેક કોળિયે.

૩. ન. ચીજો ઊંચી રાખવા ટિંગાડેલ હોય તે દોરડાની જાળી; ઝોળી જેવો ખાટ.

૪. જુઓ શીકું.

શીંગ ૧. [સં. શિમ્બા] સ્ત્રી એ નામની માખણીની એક જાત. તે અડી કૂટ લંબાઈની, ભૂરા રંગની લીસી ચામડીવાળી હોય છે. તેને બાજુમાં ત્રણ ઝેરી કાંટા હોય છે. તે લાગવાથી જબ્બર થાય છે, ને વીંછી જેવું ઝેર ચડે છે દરિયાને કાંઠે રહે છે તે ગલથી પકડાય છે

૨. સ્ત્રી કઠોળ, અનાજનાં બી ભરેલી સળી; સિંગ રાખનાર વસ્તુ. જ્યારે તેની અંદર સિંગ પાકી જાય છે ત્યારે તેના બે ભાગમાંથી ન ફાટે છે

૩ સ્ત્રી માઠપી. મગફળી ગાંધીજી કહે છે કે: શીંગ એ તો ગરીબ માણસની બદામ છે શીંગનુ બીજુ નામ મગફળી છે શીંગ ભાષમા ગણી ઢોવાયો તેને ભોંયસીંગ પણ કહેવામા આવે છે શીંગનુ વાવેતર ચોમાસામા કરવામા

આવે છે. કેટલેક કેકાણે પીત મોલ તરીકે શીંગ ફબ્રુઆરિ માસમાં પણ વાવવામા આવે છે શીંગ માટે બહુ સારી જમીનની ખાસ જરૂર હોતી નથી. સૌરાષ્ટ્રની કાળી જમીન શીંગના વાવેતર માટે અનુકૂળ છે. સૌરાષ્ટ્રમાં જ્યાં શીંગ થાય છે ત્યાં જુવાર બાજરીના ચાસ કરતાં શીંગના ચાસ વધારે પહોળા રખાય છે. શીંગના છોડ નાના થાય છે શીંગ પાકે ત્યારે તેને હળથી ખોદવામા આવે છે, પછી તેનાં ઝૂમખાં જુદાં પાડવામાં આવે છે. થોડો વખત શીંગને ખેતરમાં રાખી સુકવવામાં આવે છે. ફોતરાવાળી આખી શીંગ લાંબા વખત સુધી બગડતી નથી જૂના શીંગદાણા ખોરા થઈ જાય છે. ખોરા દાણામાંથી તેલ પણ ખરાબ નીકળે છે. શીંગનું બી કલમ થી લાવવામા અત્યાર તે જાણી શકાયુ નથી, પરંતુ દક્ષિણ અમેરિકમાં બ્રાઝિલમા ૧૮૩૬ની સાલમા લાવવામાં આવેલ; ત્યાંથી દરિયા રસ્તે આફ્રિકા અને સ્પેન થઈ જ્યાંમા આવ્યું ભારતમાં શીંગ સ્પેનમાંથી આવેલ હોય તેવો સભવ છે ચિનાઈ શીંગ આપણે ત્યા કહેવાય છે એટલે ચીનથી શીંગ આવી હોય તો તે પણ સભવિત છે સૌરાષ્ટ્રમાં બે જાતની શીંગ વાવવામાં આવે છે: એક જાડી અને બીજી ઝીણી અસર મગડી જાડી શીંગમાં તેલનુ પ્રમાણ સહેજ ઓછું હોય છે, પણ દાણામાં મીઠી હોય છે. જ્યારે મગડી શીંગમાં તેલનુ પ્રમાણ સહેજ વધારે હોય છે. ઝીણી શીંગ સ્પેનની હોય તેમ મનાય છે. સસ્તી હોવાને કારણે જેનું મૂલ્ય આપણે ઓછું આકીએ છીએ તે શીંગનું વધુમાં વધુ વાવેતર ભારતમાં જ થાય છે અને આખે દુનિયાનો એ મહત્ત્વનો ખોરાક થઈ પડ્યો છે. તેલ રહિત દાણાદાર ખોળનો આપણે ખાતર તરીકે ઉપયોગ કરવા જેવો છે. ખોળમાંથી તેલ ન કાઢી લઈએ તો દર વર્ષે આશરે સોળ કરોડ રૂપિયાનુ તેલ આપણે મૂળમા નાખી દઈએ છીએ ખોળમાં રહી જતા સાતથી આઠ ટકાનુ તેલ વૈજ્ઞાનિક પદ્ધતિથી કાઢી લેવામાં આવે તો બાજો ખેતર જમીન બીજા પાકને માટે ફાજલ પાડી શકીએ. અત્યારે દુનિયામાં શીંગનુ ઉત્પાદન એક કરોડ ટન જેટલું થાય છે, જેમાં ભારત એકલામાં સૌથી પહેલે નંબરે ૬૫ લાખ ટન થાય છે ભારતની પંચવર્ષીય યોજનામા શીંગનુ ઉત્પાદન ૬૦ લાખ ટન કરવાની જોગવાઈ થયેલી છે. શીંગના ઉત્પાદનમાં ભારત આ રીતે પ્રથમ સ્થાન ભોગવે છે, ભારત પછી ચીન ૩૨ લાખ ટન ઉત્પન્ન કરનાર દેશ છે, એટલે દુનિયાભરમાં એશિઆ શીંગના પાકમા સૌથી મોખરે છે. બીજે નંબરે અમેરિકા આવે છે જ્યા લગભગ બાર લાખ ટન શીંગ થાય છે. આફ્રિકા નંબરે આફ્રિકા આવે છે. એક એકર જમીન માટે આશરે ૪૦ રતલ બી જોઈએ છીએ. એક એકરમાં સામાન્ય રીતે સારી જેની હોય તો ૨૦ થી ૨૫ મંગાળી મણ શીંગ થાય છે. પરંતુ હવે તો કેટલી જાતનાં સારા બીની શોધ થઈ છે કે એકર દીઠ ૩૫૦૦ રતલ એટલે કે લગભગ ૪૪ મણાળી મણ પાક થઈ શકશે. શીંગના વધારે ઉપયોગ માટે પણ દિનપ્રતિદિન નવીની શોધ થયા કરે છે. ભારતમા શીંગનુ વાવેતર દહેરાદાદ, મદ્રાસ અને સૌરાષ્ટ્રમા મુખ્ય છે. ભારતમાં શીંગનો ઉપયોગ ખોરાક તરીકે ઓછો થાય છે. મોટે ભાગે શીંગ પીલવામા આવે છે અને તેમાંથી નીકળતુ તેલ ખાવાના ઉપયોગમા આવે છે જ્યારે બાકી રહેતો ખોળ ઢોરના ચાલુ અને ખાતર તરીકે વપરાય છે. અમેરિકા કે જ્યાં શીંગ ઉપર ખૂબ સોખખોળ થઈ રહી છે અને ખાતરી કામ થાય છે ત્યાં શીંગને એમ ને એમ નાવડામા શેકવામાં આવે છે ફેરીવાળાઓ શેકવાના યંત્રોમાં શીંગ શેકીને ગરમાગરમ વેચે છે. આપણે ત્યા ભારી શીંગ વેચાય છે, પણ તે થોડો વખત પડી રહે તો ખોરી થઈ જાય છે અમેરીકમા તીવ્ર દબાણ આપી શીંગમાં મીઠાનું પાણી અંદર જવા દેવાથી અંદરની શીંગ ખારી થઈ જાય છે. આમ ખારી શીંગ લાંબા વખત સુધી ખોરી થતી નથી. મુંબઈમાં ખારી બાફેલી શીંગ વેચાય છે, તેમ અમેરિકમાં પણ બાફેલી શીંગ વેચાય છે આપણે ત્યાં તળેલી શીંગ એમ ને એમ તેમજ ચેવડામાં અને ભેળમાં વપરાય છે તેમ અમેરિકમાં પણ તળેલી શીંગ ખૂબ વપરાય છે. આપણે તાવડામાં તેલ ઊનું કરી શીંગ તળીએ છીએ. અમેરિકમાં તેલ ઊનું કરવા માટે એકસરખી ગરમી લાગે તેવાં યંત્રો બનાવવામાં આવે છે. ૬૫૦ અંશ ફેરનહાઇટ ગરમીવાળા તેલમા લગભગ ૧૫૦ રતલ શીંગદાણા નાખવામાં આવે છે. આવી રીતે તળેલા દાણાને મીઠુ લગાડવામા આવે છે. દાણા ચમકતા લાગે અને મીઠુ બરાબર ચોંટી રહે તેટલા માટે તેમાં અમેરિકમા ગ્લુકોઝ, મુદર વગેરે છાંટવામાં આવે છે. કેટલાક તળેલા શીંગદાણાને મીઠુ છાંટવા પછી ઠંડા તેલમા ફેરીને ખોળવામાં આવે છે, જેથી મીઠુ બરાબર ચોંટી રહે અને સ્વાદમા સારા લાગે. અમેરિકમાં ખારી અને તળેલી શીંગ એટલી બધી વપરાય છે, કે જેમ આપણે ત્યાં ચેવડો, ચાર્વિયા, સેવ, દાળિયા વગેરે સર્વત્ર વેચાય છે તેમ અમેરિકમાં કેકોકા.લે તે વેચાય છે. ત્યા તો એક બે આનાની કીમતમાં છ્યેલીન પેપરની કોથળીમાં આ ચાલે ખૂબ વેચાય છે. અમેરિકમાં શીંગનો જેમ ને જેમ ખોરાક તરીકે વધારે ઉપયોગ થતો હોવાથી ત્યાં જુદી જુદી જાતનાં નાનાંમોટાં યંત્રો તે કામ માટે દાખલ થતાં જ જાય છે શીંગદાણાની ઝાલ ફોતરી ઝાડી નાખવા માટે જુદી જુદી જાતનાં યંત્રો અમેરિકમાં વાપરવામાં આવે છે. યંત્રમાં બે ઘસા વચ્ચે થતા શીંગદાણા આવે છે અને બહારથી ઝાલ ફોતરી નીકળી જાય છે મોટે ભાગે આખા દાણા આવા યંત્રમાંથી મળે છે. આવા સફેદ શીંગદાણા બદામ, કાજુ, અખરોટ વગેરે સારી ક્વોલિટીમા ખૂબ વેચાય છે શીંગ સસ્તી તેમજ પૌષ્ટિક અને ઉપયોગી હોવાથી તેની વપરાશ વધારે થાય છે. સફેદ શીંગદાણાને ચાસણીમાં નાખી ઠંડી થઈ મીઠી શીંગ તરીકે વેચવામાં આવે છે. આપણે ત્યાં આ ચીજ ઓછી વેચાય છે, પણ અમેરિકમાં તો મીઠી શીંગ કાચની બાટલીઓમા પેક કરીને વેચાય છે આવી રીતે ચાસણી ચઢાવેલા બાજા દાણા લાંબા વખત સુધી બગડતા નથી. આપણે ત્યા શીંગનુ માખણ મુદલ વપરાતું નથી, પણ અમેરિકમાં તે સૌથી વધારે વપરાય છે તેને ત્યાં લોકો 'પીનટ બટર' કહે છે. અને ૧૮૯૦ની સાલમાં નબળા માણસના ખોરાક તરીકે અમેરિકમાં શીંગના માખણની શરૂઆત થઈ. પરંતુ હવે તો શીંગનું માખણ અમેરિકમાં એટલું બધું પ્રચલિત થઈ ગયું છે કે શીંગનો સૌથી મોટો ઉપયોગ બીજી બધી ચીજો કરતાં શીંગના માખણમાં વધારે થાય છે. માખણ બનાવવામાં સફેદ દાણા વપરાય છે, તેમજ દાણાની બદામાં જે બીજ હોય છે તે કાઢી નાખવામાં આવે છે. યાંત્રિક બળથી બાજતા મોટાં કારખાનાંમાં શીંગનું માખણ બનાવવામાં આવે છે. હવા ન લાગે તેવા ડબામાં પેક કરેલ માખણ ઘણા મહિના સુધી બગડતું નથી. આપણે ત્યાં આ પ્રયોગ બહુલામાં કરી શકાય. આપણે મગની દાળનાં વડાં કરવા માટે જેમ મગની પલાળેલી દાળને ભરડીએ છીએ, તેમ શીંગને ભરડવાથી માખણ નીકળી રહે આ દિશામા ભારતમાં કોઈ પ્રયત્ન થતા નથી, પરંતુ માખણ કરવા જેવી એ ચીજ છે પ્રશ્ન એક જ છે કે, કદાચ આપણા ગરમ દેશમાં આ માખણ બગડી જવાની દહેશત રહે શીંગનું માખણ ઘણું પૌષ્ટિક ગણાય છે એક રતલ શીંગ-માખણમાંથી ૨૮૦૮ કેલરી ગરમી મળે છે, તેમાં ૧૧૮ ગ્રામ પ્રોટિન છે અને ૨૧૭ ગ્રામ ફેટ એટલે ચરબી છે. તે ઉપરાંત

થોડા પ્રમાણમાં મળે છે. કેલ્શિયમ, ફોસ્ફરસ, લોખંડ વગેરે પણ ઠીકઠીક પ્રમાણમાં બીજ કરતાં વધારે મળે છે. અમેરિકામાં ઘણા નથી પણ જાપાનમાં શીંગનો ઉપયોગ થાય છે. ભારત સરકારના ખેતીવાડી ખાતાના શોધખોળ ખાતાએ શીંગનું દૂધ બનાવ્યું છે. જેવી રીતે સોયાબીનનું દૂધ બનાવી શકાય છે તેમ શીંગદાણાનું દૂધ બને છે. તે ગાયના દૂધ જેવું પનીર બનાવવાની રીત સાદી છે. શીંગદાણામાંથી મેળવેલ પાણીમાં દાણા દોઢ કલાક પલાળવા. દૂધ અલગ કલાકે પાછું ફેરવતા જવું. બીજા થયેલ દાણાને વજનથી ઉપરની સાલ ફોતરી નીકળી જઈ સફેદ દાણા થઈ જશે. આ દાણાને વાટણમાં કે ખરલમાં સહેલા તેમાં અંદાજે ત્રણગણું પાણી નાખવું પા કલાક દાણા અને પાણીને ખૂબ સહેલું. પછી ત્રીજા કપડામાંથી પાણી ગાળી લેવું કપડા ઉપર જે ભૂકો રહે તેમાં હરીને અંદાજે ત્રણગણું પાણી નાખી ઉપર પ્રમાણે કરીને કરવું આમ કરવાથી લગભગ એક રતલ દાણામાંથી છ રતલ દૂધ મળે છે. આ દૂધને માવાના દૂધની જેમ ઉકાળવું ઉકાળેલું દૂધ ૪૮ કલાક સુધી બગડતું નથી. દૂધ સુગંધિ-સ્વાદે સારું થાય છે. આ દૂધનું દહીં પણ કરી શકાય છે. લગભગ પા ભાગનો કચરો રહી જાય છે, તેને સૂકવી તેની ચટણી, વડાં વગેરે બનાવી શકાય છે. છેલ્લા એકાદ દસકામાં શીંગતેલનો ઉપયોગ કૂદકે અને ભૂસકે વધવા માંડ્યો છે ભારત એકલામાં નહીં પણ દુનિયાના બીજા બધા ભાગમાં શીંગ તરફ વધારે લક્ષ આપવામાં આવે છે કારણ કે શીંગ એક ઉત્તમ ખોરાકની બીજ હોવાની પ્રતીતિ થવા માંડી છે. શુદ્ધ કરેલું તેલ-રિફાઈન્ડ આઈલ પણ ઠીકઠીક પ્રમાણમાં ભારતમાં વપરાય છે. પચવામાં બીજાં બધાં તેલ કરતાં સારું છે વી પછી ઓલિવ પણ બીજું તેલ વધારે ઉપયોગી અને સારું હોય તો તે શીંગતેલ છે. જૂની માન્યતા મુજબ તલનું તેલ સારું મનાતું, પણ હકીકત પુરવાર કરે છે કે, તલના તેલ-કરતાં શીંગનું તેલ સારું છે. ભારતમાં વેજિટેબલની બનાવટો બાબત જે ઊહાપોહ થઈ રહ્યો છે, તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો વાસ્તવિક નથી. વર્ષની સાથે થતી ભેળસેળ અટકાવવા માટે વાજબી પત્રકો લેવરાવાં જોઈએ ઘડાઈ પહેલા વનસ્પતિ ૪૮૦૦૦ ટન જેવું હતું. હાલ ૨,૦૦,૦૦૦ ટન થાય છે. આ વનસ્પતિ એકલામાં જ શીંગતેલ ૧,૧૬,૦૦૦ ટન વપરાય છે બાકીમાં ૧,૦૦,૦૦૦ ટન તેલ વપરાય છે તેમાં મોટે ભાગે શીંગતેલ વપરાય છે, કારણ કે તે બીજાં તેલ કરતાં સસ્તું છે. જે જાતનાં તેલ ખાઈ ન શકાય તેવાં હોય તે તેલ જ સાબુમાં વપરાય એ દૃષ્ટ છે. આમ થાય તો જ તેલના ભાવ નીચા રહે અને મનુષ્યના ખોરાક તરીકે તેલની વધુ કીમત આવે. શીંગદાણામાંથી તેલ કાઢી લીધા પછી જે વસ્તુ વધે છે તેને આપણે ખોળ કહીએ છીએ. આ ખોળ તો ઢોર જ ખાય અગર તેનું ખાતર જ થાય એવો માન્યતા છે. પણ આમ શા માટે ? આનું મુખ્ય કારણ એ છે કે, જે રીતે દાણામાંથી તેલ કાઢવામાં આવે છે તે રીત ખૂબ જ વાંધા ભરેલી છે. ખોળ માણસના ખોરાક તરીકે વાપરવાનો છે એમ જો પીલવાવાળા જાણે અગર માને તો શીંગખોળ બનાવવાની રીત જુદી જ હોય. હાલ તેલ કાઢતી વખતે શીંગદાણા સાથે આખી શીંગ અગર શીંગની ફોતરી નાખવામાં આવે છે, કારણ કે તેથી ખોળનું વજન વધે. આને પરિણામે ચોખ્ખો ખોળ મળતો નથી. આવો ખોળ ખાવાનો વિચાર પણ કયાંથી કરી શકાય ? પરંતુ જો તદ્દન ચોખ્ખા દાણા પીલવામાં આવે અને ખોળને વાસણમાં ઘસી જમીન ઉપર એમને એમ ધૂળ કે કાંકરામાં ફેંકી દેવામાં ન આવે આવે તો તેવો સારૂ ખોળ માણસના ખોરાક માટે વાપરી શકાય. ખોળનું પૃથક્કરણ નીચે પ્રમાણે છે: પ્રોટીન (પૌષ્ટિક તત્ત્વ) ૫૦ ટકા, તેલ ૧૫ થી ૮ ટકા, કાર્બોહાઈડ્રેટ્સ (મેંદો) ૨૫ ટકા. આ ત્રણ મહત્ત્વનાં તત્ત્વો ઉપરાંત ફોસ્ફરસ, લોખંડ, ચૂનો વગેરે પ્રમાણો પણ તેમાં છે. તે ઉપરથી જણાશે કે ખોળ એ માણસ તેમ જ ઢોર માટે ઉત્તમ ખોરાક છે. તેલવાળો ખોળ હવામાં એકાદ માસ રહેવાથી ખોરો થઈ જાય છે. આવો ખોળ ફ્રીફેટી એસિડ (એક જાતનો તેજાબ) થઈ જાય છે. આવો ખોરો ખોળ માણસ ખાઈ જ ન શકે, પરંતુ ઢોરને ખવડાવવામાં આવે તો ઢોરને ગરમ પડે છે અને ઢોર છેરે છે આવો ખોળ જો વધારે પ્રમાણમાં ઢોર ખાય તો તેને પાણી પીવાની આતશ ઝાઝે છે અને પાણી પીવાથી ઢોરને આફરો મરે છે અને કેટલીયે વખત તે મરી પણ જાય છે ખોળની અંદર છથી ૮ ટકા તેલ હોય છે, એટલું તેલ પણ ઢોરને પચતું નથી. અન્ય દેશોમાં કરેલા પ્રયોગ ઉપરથી માલૂમ પડ્યું છે કે, એકાદ ટકા તેલથી વધારે તેલ ખોળમાં હોય તો ઢોરના જઠરમાં એમને એમ એ તેલ નીકળે છે. આવા તેલવાળો ખોળ ખાતરમાં વાપરવાથી પણ તેલ એળે જાય છે અને જમીન ખાય છે. ખોળમાં રહી જતું તેલ કાઢી લેવા માટે અમેરિકા અને યુરપમાં યંત્રની મદદ લેવાય છે પરિણામે આફ્રિકાના ખોળમાં ફક્ત એક જ ટકો તેલ રહી જાય છે આ તો તેલરહિત દાણાદાર ખોળ ગમે તેટલો વખત રહે તોપણ ખોરો થતો નથી, ચોંટતો નથી. તે ઢોરને ખવડાવી શકાય છે કારણ કે તેમાં પ્રોટીનનું પ્રમાણ વધારે છે, જેનાથી ઢોરને કસ પુરાય છે. તેલ ઓછું હોવાથી તેમ જ ખોળ આફ્રિકો હોવાથી બરાબર પચી જાય છે અને ઢોરને આવો ખોળ ગરમ પડતો નથી ભારતમાં ખોળમાંથી તેલ કાઢવાનાં ફક્ત બે કારખાનાં છે એક મોટું કારખાનું દરરોજનું ૫૦ ટન ખોળ વાપરતું વરતેજમાં છે, અને બીજું નાનું કારખાનું ૬૦૦ રોજનું લગભગ ૨૫ ટન વાપરતું કલ્યાણમાં છે કલ્યાણના કારખાનામાં મોટે ભાગે મહુડાખોળમાંથી તેલ કાઢવામાં આવે છે, જ્યારે વરતેજના કારખાનામાં શીંગ ખોળમાંથી તેલ કાઢવામાં આવે છે. આ તેલ રિફાઈનિંગ-સાફ કરવામાં આવે છે અને તે બાવાલાયક બને છે હિંદમાં જો આવાં કારખાનાં વધારે હોય તો બાબો એકર જમીન બીજ પાક માટે કાઢવા પડે અને શીંગ વાવ્યા વગર આપણને તેલ મળે. ભારતમાં દર વર્ષે આશરે સાડાતેર લાખ ટન ખોળ થાય છે, જેમાં સોળ કરોડ રૂપિયાનું તેલ હોય છે. આટલું તેલ ખૂળમાં-જમીનમાં ખાતર તરીકે જાય છે અને તેથી પાકને ફાયદો થવાને બદલે નુકસાન થાય છે આવા ખોળમાંથી તેલ કાઢી લેવું જોઈએ. આવો તેલરહિત દાણાદાર ખોળમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોવાથી ખાતર તરીકે તેની વધારે કીમત આવે છે. એક બાબુ શીંગ વાવ્યા વગર તેટલું તેલ મળે છે અને બીજા બાબુ વધારે કીમતી ખોળ મળે છે. શીંગમાંથી બનાવટી ચોખા બનાવવાનું કામ જેમલોરમાં સરકારી બાતાએ હાથ ધર્યું છે સરકારની ખોરાકબાતાની પ્રયોગશાળામાં તેલરહિત ખોળનો લોટ બનાવવામાં આવે છે. બાદ ફોતરી કાઢી નાખેલા દાણામાંથી તેલરહિત ખોળ બનાવવામાં આવે તો તેનો પરસાદી જેવો સફેદ લોટ થાય છે. આવા શીંગના ખોળના લોટમાંથી બનાવટી ચોખા બનાવવાનો પ્રયત્ન લગભગ સફળ થયો છે

શું ન. તેલ ભરવા માટે રાખવામાં આવતું ખાસ શીંગડું

શ્રી. ન. શીંગડું

૧ શીંગરી મડેલ = જન્મથી જ ચારિત્ર્યહીન

૨. શીંગે ચડવું = ખોટા મરજા કરવા.

શીંગડિયું ન. એ નામનું એક ઘરેણું; દાગીનાનું નામ

શીંગડોડ જી. જેને શીંગડાં અણાવ્યા કરવાની ટેવ હોય એવી ગાય-બૈસની જાતિનું નામ આવે કે બૈસ બાંધી હોય ત્યારે બીજા ઉપર માથું, શીંગડાં પછાડ્યાં કરે છે. આ એક ખોડ ગણાય છે

શીંગડાળું (શીંગડાળું) વિ શીંગડાવાળું

શીંગડિયું (શીંગડિયું) વિ શીંગડાવાળું.

શીંગડી (શીંગડી) ૧. સ્ત્રી નાનું શીંગડું

૨. સ્ત્રી બંદૂકનો દારૂ ભરવાની શીંગડાવાળી નળી

શીંગડીઓ વછનાગ (શીંગડીઓ વછનાગ) ૧ પું એક જાતનો વેલો. આ વેલા ચોમાસે ઊગે છે તે પથી૧૦ ફૂટ લાંબા વધે છે. પાન હાથ જેવડાં થતાં ગૂજળાની પેઠે આટી વળેલાં હોય છે તેમાં બબ્બે મોટાં પીળાશ લેતાં લીલા કે સિંદૂર રંગના ફૂલ થાય છે. ફળ બોરડીના જેવા હોય છે

૨. પું. કચ્છમાં જમીનપર ફેલાઈ ઊગે છે એવી એક વનસ્પતિ

૩. પું. વછનાગ

શીંગડીઓ હોમ (શીંગડીઓ હોમ) પું. એ નામની અફ્રાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. આ છોડ ગુજરાતમાં કચ્છ સિવાય બીજે કયાંય થતો નથી. સિદ્ધાંતો સોમવલ્લી માટે શોધો કરી રહ્યા છે. તેમા ૩ થી ૪ છોડને સોમ તરીકે ઓળખવામાં આવે છે તે માંહેનો આ એક છે. પારસી લોકો હોમ તરીકે જે વનસ્પતિ પોતાની ધાર્મિક ક્રિયાઓમાં વાપરે છે તે જો કે હરિતથી આવે છે પણ તે આ જ વસ્તુ હોય છે. હકીકત ઉપર આ છોડ સારું નામ ધરે છે

શીંગડું [સં. શૃંગક] ન. ઢોરના માથા ઉપર રક્ષણ કરવાનું સાધન. શીંગડામાંથી દાંતિયા, છરી અને છત્રીના હાથા વગેરે બને છે. શીંગડાના કારખાનામાં છોલ પડે તેનું ખાતર થાય છે કાગમી બનાવવામાં બૈસનું જ શીંગડું વપરાય છે બાયનું શીંગડું કઠણ બહુમૂલ્ય છે એટલે નથી વપરાતું.

૧ શીંગડું ચત્તું = વાંકા વળી જવું

૨. શીંગડું ફૂંકવું = પોકાર કરવા.

૩. શીંગડે ઝાલીએ તો આંધો અને પૂછડે ઝાલીએ તો આંધો = ઢંગધડા વગરનું; જેનો બોલે અર્થ નહિ તેને કયા પકડવો

શીંગણિયાર પું એક જાતનો વેલો. તે સાદાળી જેવા પાતળા હોય છે.

શીંગતેલ ન. મગફળીનું તેલ.

શીંગદાણા પું ન. બ. વ. એક જાતનો છોડ. તેનાં પાન કુવાડિયાનાં પાન જેવાં હોય છે. તેમાં પીળાં ફૂલ આવે છે જમીનમાં નાની શીંગો તેનાં મૂળિયાંને ચોંટેલી હોય છે તે શીંગની અંદર સાલ ફોતરાવાળા દાણા હોય છે. તેનું તેલ કાઢવામાં આવે છે.

શીંગબોળ ૧. જી. જે પાણી પીતી વખતે શીંગડાને પાણીમાં બોળે છે એવી બૈસની જાતિનું નામ. આ લક્ષણપરથી બૈસ સારી મનાતી નથી. ૨. વિ જી. પાણી પીતાં પીતાં શીંગ પાણીમાં બોળાઈ જાય એવાં નીચાં લાંબા શીંગવાળી.

શીંગરોડિયું ન વિવાહ પ્રસંગે બળદનાં શીંગડાં ઉપર બંધાતો જરત જરેસ શણગાર

શીંગરોટી ૧. સ્ત્રી. એક જાતનો વેલો. આ વેલો બહુ વિસ્તારવાળો છે. તેનાં પાન રતાળુનાં પાન જેવા હોય છે. તેમાં સફેદાના આકારનાં ફળ થાય છે. તેમાં રેસમ જેવું રૂ અને ચીણા દાણા હોય છે. આ વેલો ત્રિરકસિયાના વેલાની એક જાત છે. શીંગરોટી ગળ ઘટાડે છે.

૨. સ્ત્રી. ઘેટાં બકરાની ચરામણી બદલ ભરવો પડતો વેરો.

૩. સ્ત્રી. વાછડી.

શીંગરોહું ન. મગની શીંગોને મગણી ઊપણી જે બાકી રહે તે નીરણ. આ નીરણ ઊંચી મનાય છે

શીંગલોચેટો પું. બજાજ બાંધાનો કીમતી ચેટો.

શીંગળ પું. સમ.

શીંગળાં ન. બ. વ. જ. તુવેર વગેરે કઠોળ મૂકી કાઢ્યાં જેમાંથી દાણા છૂટા પડી ગયે નહિ તેવી લીલી શીંગો.

શીંગળી સ્ત્રી. સિંહલદ્વીપની હાથણી.

શીંગળો સ્ત્રી. એક પ્રકારની કાંટાવાળી ભાજી.

શીંગાળ ૧. પું. એક જાતનો ઘોડો. આ જાતનાં ઘોડાને મોટી ઉંમરનાં થાય ત્યારે કાનમાં નાનું શીંગડું થાય છે.

૨. વિ. શિંગડાંવાળું.

૨ સાનર ! શીંગાળ. (એક હિ) અમેય શીંગાળા હતા; અરતે ઘ'ભેંગાર (ભાજ) ભાવન બીજા થઈ રિયાં.

રણક્ષેત્ર—રા'ભેંગારનો દુહો

શીંગાણી ૧. સ્ત્રી. એક જાતની ઘોડી.

૨. વિ સ્ત્રી. શીંગડાંવાળી.

શીંગાળું ૧. ન. ખાવામાં વપરાતો એ નામનો એક દરિયાઈ જીવ. તેને માથે કાંટો હોય છે.

૨. વિ. ગોરવવાળું.

૩. વિ. શીંગડાંવાળું

શીંગાળો પું. આરાં તથા બીજા પાણીમાં થનારી શીંગડાં વગરની માછલી તે વજનમાં ૧૦ શેરથી ૧૨ શેર સુધી થાય છે. તેમાં નાના કાંટા હોતા નથી.

શીંગાં ન બ વ. આવક અને જાવકના બંને છેડા.

૧. શીંગાં મેળ કરવો = પૂરું કરવું; મેળ કરવો

૨. શીંગાં સરખાં કરવાં = બંને બાજુ સરખાં કરવા

શીંગિ ન. (જૂ. ગુ.) શીંગડું.

શીંગિની સા.લિ ૩૮૨૪ ઉ. વિમલપ્રબંધ

શીંગિણિ સ્ત્રી. (જૂ. ગુ.) ખનખ; કામઠી.

શીંગિયો વચ્છનાગ પું. એક જાતનો વછનાગ.

શીંગિયો વછનાગ જુઓ શીંગિયો વચ્છનાગ.

શીંગી ૧. પું. શૃંગી ઋષિ.

૨. પું ; સ્ત્રી. કામ.

૩. સ્ત્રી. અતીતનું એક સાધન

૪ સ્ત્રી. તળાવના કાંઠામાં થનારી શીંગડાં વગરની બચેટાના રેસની નાની માછલી. તેના મુખ ઉ મજબૂત બે કાંટા હોય છે.

૫. સ્ત્રી. ગરદીનો પાતળો સાદો.

૬. ન. એક પ્રકારનું રણવાદ્ય રણશિંગું.

૭. વિ. શીંગડાવાળું

શીંગીઓ ૧. પું. એક જાતનું વાર્જિત્ર.

૨. પું. એક જાતનું સખત વિષ.

શીંગીનાદ પું. શીંગડાનો અવાજ.

શીંગે ન. શીંગડાના આકારનું વિજયસૂચક વાદ્ય.

શીંગો ૧. વિ પું. બોલ્યું ન પાળે તેવો.

૨. વિ પું. મદવાડથી કામદ થયેલ.

શીંગોટી ૧. સ્ત્રી. એક જાતનું ઘરેણું.

૨. સ્ત્રી. ઓષધનું એક હથિયાર.

૩. સ્ત્રી. જે ઠેકાણેથી શીંગડું ફૂટે છે તે ભાગ.

૪. સ્ત્રી. નાનું શીંગડું.

૫. સ્ત્રી. શીંગડા ઉપર લેવાતો એક કર

૬. સ્ત્રી. શીંગડાનો વાદ્ય.

શીંગોડ (શીંગોડ) ન. એક જાતના છોડનું ફળ; સીંઘોડું; એક જાતનું કદમૂળ. તે ગુજરાતમાં થાય છે. તેના સોડની વાપસી, પૂરી, લાડુ વગેરે થાય છે. ઉપવાસને દિવસે તે ફરાળ તરીકે વપરાય છે. તે શીતળ, વૃષ્ય, વાતહર, કફહર અને પિત્ત હરે છે

૧. શીંગોડું કાઢવું = નાક ઉપર કમળી પીર કાઢવી

૨. શીંગોડું સણગારવું = જમણા જવા કપડાલત્તાં પહેરી તૈયાર થવું

શીંગોડો (શીંગોડો) પું. વાહન.

શીંગોડું (શીંગોડું) ન પાણીમાં વેલા ઉપર થતું એક ફળ

શીંદી ન તાડની જાતનું એક ઝાડ

શીંદિ સરકાર પું. સિંધિયા સરકાર; ગ્વાલિયરના મહારાજ

શીંપી ૧ [સં] પું દરજી

૨. સ્ત્રી એ નામની એક મરાઠી અટક

૩. સ્ત્રી કાગળના આગળ આવેલું એક હાડકું.

શીંસોળિયું ૧ ન સાકડીના રકીર પર થતો સોયા જેવો અણીદાર ભાલો વાળ; સિસોળિયું.

૨. વિ. ભાલું તીણી ચીસો પાડનાર.

શીંહોરિયાં ન. બ વ. સાકડીનાં પીંજાં.

શુઆબદ [અ.] ન. હાથચાલાકી; જાદુ

શુઆરા [અ શઅર (તેણે રચ્યું); શાએર (કવિ)નું બહુવચન] પું બ વ. કવિઓ

શુઆલા ૧. પું. કીર્તિ

૨. [અ.] પું. જ્વાળા

શુઊર [અ.] પું ડહાપણ; જ્ઞાન

શુક ૧. પું. ઋષભદેવપુત્ર ભરત રાજાનો એ નામનો એક પ્રધાન

૨. પું. (પુરાણ) ઋષ્યમૂકપર્વત ઉપરનો એક ગંધર્વ

૩. પું. (પુરાણ) એ નામનું એક પક્ષી. તેને મહેંદ્રની સાથે સવાદ થયો હતો.

૪. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.

૫. પું. એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ કુંડલિયા છંદનો ભેદ છે. તેમા ૭ ગુરુ અને ૧૪૬ લઘુ મળી ૧૪૯ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૪૮ લઘુ મળી ૫૬ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૭. પું. (પુરાણ) કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો પુત્ર; શુકદેવજી પૂતાચી નામની અપ્સરા શુકી પોપટીનું રૂપ લઈ ને ભૂમિ ઉપર ફરતી હતી તે જ્યિ રૂપ ધારણ કરેલી એક વખત વ્યાસની દૃષ્ટિએ પડી તેને જોઈને વ્યાસનું વીર્ય પડયું. તેમાંથી થયેલા પુત્રનું નામ શુક પડયું. વ્યાસને આ પુત્ર શિવના પ્રસાદથી થયો હતો. એ જન્મથી જ જ્ઞાની હતો, પરંતુ તેનામાં પોતાના જ્ઞાનનું સહેજ પ્રમાણ હતું નહીં ત્યારે વ્યાસે તેને આજ્ઞા કરી કે, તું પ્રથમ જનક રાજા પાસે જઈને પછી તારે જવું હોય ત્યાં જજે. તે ઉપરથી એ જનકરાજા જનકની પાસે ગયો. ત્યાં જતાં તેને પોતાના જ્ઞાનનું પ્રમાણ મળતાં જ્યારે એ અભિમાન રહિત થયો કૃષ્ણદ્વૈપાયને કૃષ્ણચરિત્રવાળું ભાગવત રચ્યું હતું. તે આને ભણાવ્યું હતું આ જ જ્ઞાનવત તેણે આગળ ઉપર પરીક્ષિત રાજાને સભળાવ્યું હતું તેણે મહાભારતનું જ્ઞાન પર્વત પક્ષ રાક્ષસને આપ્યું. તે મોટો વાળ બ્રહ્મચારી અને વિદ્વાન મનાય છે

૮. [સં.] પું. પોપટ; રાતા નાકનું ને કોટે કાળા કાલાવાળું લીલા રંગનું એક પંખી. તેને શીખવ્યું હોય તો માણસના જેવા ઉચ્ચાર કરે છે. ચાલુક્યના અભિલેખમાં અને અશોકની આજ્ઞાઓમાં આવાં પક્ષીઓના શિકારની મનાઈ હતી.

૯ પું (પુરાણ) રાવણ પક્ષનો એક રાક્ષસ, રાવણનો એક મંત્રી

૧૦ પું. વજનનો છેડો

૧૧ પું. સિરીસવૃક્ષ; સરસડાનું ઝાડ

૧૨. ન. તમરની એક જાતની જાત

> મણિબન્ધ, શુક, ભદ્રં, પુષ્પ, રથેષ્ટેમ, કુક્કુ એ ૭ નપુંસકલિંગનાં નામ. ભદ્રં એટલે વનસ્પતી જાતના એક ભેદના છે. અમરકોષ

શુકકીટ [સં] પું. કોડો; લશ્કરખોદ; 'કેટરપિલર'.

શુકચંચુ સ્ત્રી પોપટની ચાંચ.

શુકચંચ્વા ન. ભાંડ નામની વનસ્પતિ

શુકતરુ [સં.] પું કાળિયો સરસ; સરસડો, સિરીસવૃક્ષ

શુકતાન ૧. પું. બચ્ચાંને લાગુ પડતો એક જાતનો રોગ; 'રિકેટ્સ'.

૨. વિ. નબળા શરીરવાળું.

શુકતુંડક ૧. પું. એક હાથના ૨૮ માંહેનો ૮મા પ્રકારનો અભિનય

૨. પું. હીંગળો.

શુકદેવ ૧ પું. ગાયકવાડ સરકારનો એ નામનો એક મહાલ. તેનો બાર ગોડો ખીલી શકતો નહિ. દરરોજ બે બળદથી ખેંચાય એવા બસો કોસ તે કસરત બાતર ખેંચતો

૨ પું. વ્યાસનો પુત્ર; તે બાળબ્રહ્મચારી, વિદ્વાન અને જ્ઞાનીઓના હતા. તે પૂર્વજન્મે પોપટ હતા.

શુકદેવજી જુઓ શુકદેવ ૨.

શુકદુમ જુઓ શુકતરુ.

શુકના ૧ [સં. શકુન; પ્રા. સઉનો] પું પક્ષી

૨. પું. પક્ષીની બોલીનો આધાર

૩. પું. શબ્દ; બોલ; વચન

૪ ન શુભ સૂચક ચિહ્ન. કોઈ કાર્યના આરંભમાં જણાતાં પ્રસંગ; શુભ શકુન શુકન

> એ વહેમ હોય કે નહિ એ જુદો પ્રશ્ન છે; પણ બહુ દેશ અને સુધરેલા લોકોમા થોડે બહુ અંશે એ વહેમ છે. ગુજરાતમા તે લોકોમાં વધારે પ્રચલિત છે અને તેના થોડા દૃષ્ટાંત આ પ્રમાણે છે:
>
> માંડ્ય મળે માંજરો, દૈયે ન હોય વાળ,
> તેને શકને ચાલીએ તો નિશ્ચે આવે કાળ.
> ખિન ન બલ જોમે દપણ, ધોબા ગાવો ધરણીનંદન,
> બાર ઠેળા, ગુરુએ રાહુ, શુક્રવાર સરસવ આર્દ્ર;
> શનિવારે વાવડિયા, આવે તે દમ કરી બેર નિશ્ચે
> આવે.
>
> [૧] ... મળે, મળ પહેરે પીળ, કરે,
> ૨ : પહેરે ... પુષ્પ નુરુ ને શુક્રવારે.
> ... પથ., શનિ મથા, વિદ્યારંભે ગુરુ જોઈ,
> પુનેમને પડવે, અમાસની બીજ,
> બધુ પૂછ્યું મુકર્તે તેરશ ને ત્રીજ.
> શુકની રાત, કદી ન કરીએ વાત.
> કેટલાક સારાં શકન : બેઠું બરી સૌભાગ્યવતી પાણીઆરી મળે, ખર કાળો અને વસિયલ (નાગ) જમણો. બે ઠા ઉપર બેઠેલો સ્વાર મળે, ધોબી ધોઈલેલા લૂગડાં લઈ મળે, માટીનો ટોપલો, માંડ કે ભાલડુ મળે, ભેરેલું માંડુ મળે, વાળ્યા રહિત માથ મળે, કાંધિયાર બંધ માણસ મળે, ચાલલો કરેલો વિપ્ર મળે, કુલની છાબ સહિત કોઈ માલણ મળે, પારસી લોકોમાં માલણી મરેલી મળે તે શુકન સારાં મનાય છે. જમણ હરણ ઊતરે અને જમણાંમાંથી પાછાં ... ઊતરે તે પણ સારાં. કેટલાંક બરાબ શુકનઃ ગાડીરાંઢ બાવડી મળે, લાકડાં કે છાણાંની બારી મળે, ચાલતી વખતે છીંક થાય, સામે ભેંસો, સેવડો કે ટપલાકૂટ કુંભાર મળે ચાલતી વખતે કૂતરું ક્રાન ફફડાવે, બિલાડી આડી ઊતરે, ડાબો કાગડો બોલે, ઢાળી કે પાંજણ ચીબરી બોલે. આટો કુદો ને બી પડો, છૂટા કેશી નાર, વગર ટીલે વિપ્ર મળે, તો નિશ્ચે આવે કાળ.

શુકનબળ ન (જ્યોતિષ) શુકનનું બળ

શુકનલિકાન્યાય [સં] પું. એ નામનો એક ન્યાય પોપટ ઊડતાં ઊડતાં સરોવરની અંદર ઊગેલા કમળ ઉપર બેસત, અથવા તેથી જ કોઈ વેલ ઉપર બેસતા ને નલિકા ઊંધી વળી જાય છે ત્યાં તે પોપટ સહજ ઊલટો થઈ જાય છે તેવે વખતે તેને ઊડવું ફાવતું નથી, કેમકે પાંખો ફફડાવતાં તે પણ નીચ જાય છે અને તેના પ્રયત્નની શરૂઆત થાય છે તે પોતાની ચાંચથી નાળને પકડી પગ મારે છે એટલે એમ માને છે કે તે છૂટો થયો પરંતુ આમ કરવાથી તેની ગતિ ઊલટી પડે વિષમ થઈ પડે છે. કારણ કે,

શુક્ર

ને વધુ નીચે નમી જાય છે અને નાગ પણ જળના સ્નિગ્ધમા વધુ આવે છે તેના પગ પાણ નાળને પકડી શકતા નથી તેમ ગાય માહેની નાળ છોડે તો તેને જળમાં પડવ.નો ભય રહે છે આવી વિષમ સ્થિતિ પોષ્ટની થાય છે જ્યારે કોઈ મનુષ્ય પોતાના અધિકારની બહારનું કૃત્ય કરે છે અથવા આવડત વિના કોઈ અઘરની પ્રવૃત્તિ આદરે છે ત્યારે તેની સ્થિતિ પણ આવી જ થાય છે

શુકનશાસ્ત્રી પું. શુકન જોનાર જ્યોતિષી

શુકનાસુર પું. (પુરાણ) રાવણ પક્ષનો એક રાક્ષસ

શુકનાવલી સ્ત્રી. સારાં માઠા શુકન ઉપરથી તેની અસર જણવવાનું શાસ્ત્ર; શુકન અપશુકન જોવાની પોથી.

શુકનાવળી જુઓ શુકનાવલી

શુકનાસ ૧. પું. એ નામની એક ઔષધિ; અરલુ; ટેટુ.
૨. પું. કાદમ્બરી પ્રસિદ્ધ તારાપીડ રાજાનો મંત્રી
૩. [સં] પું. (સ્થાપ) શિખરના ઉભારના ભાગમાં દેખાતા બે સિંહ ઉપરનો ગોખલો.
૪. પું. કપોતાક્ષ વૃક્ષ; અરડૂસો.
૫. વિ. પોપટની ચાંચ જેવા નાકવાળુ.

શુકનાસા ૧ સ્ત્રી. આસોંદરો નામની ઔષધિ.
૨. જુઓ શુકનાસ.

શુકનાસિકા જુઓ શુકનાસ.

શુકનાળવું જુઓ શુકનિયાળ

શુકનિયાળ વિ. સારા શુકનનું; શુભસૂચક; શુકનવાળુ.

શુકપિતામહ [સં.] પું. પરાશર મુનિ.

શુકપિડી સ્ત્રી. કવચ વનસ્પતિ.

શુકપુચ્છ ૧. [સં] પું. ગોખરુ
૨. ન. પોપટની પૂછડી

શુકપુષ્પ [સં] પું. શિરીષ વૃક્ષ; સરસડો; ભરૂડ

શુકપ્રિય ૧. પું.;ન. દાડમનું ઝાડ.
ચાલીસ દાડિમ કરતાં શુકપ્રિય કુદિમ ચાર; એ દાડમના બીજને બળવા દરજાનાર. વિશ્વનાથકોષ
૨ પું;ન. બીજોરું.
૩. [સ. શુક (પોપટ) + પ્રિય (વહાલું)]
પું;ન. શિરીષ વૃક્ષ; સરસડો.
૪ વિ. પોપટને પ્રિય.

શુકપ્રેમ [સ.] પું. આકડાનો છોડ.

શુકપ્રેહ જુઓ શુકપુષ્પ.

શુકબાલ ન. પોપટનુ બચ્ચુ

શુકબોતરી સ્ત્રી સદાબહારનો સામળાનુ બનાવેલું કવિતાનું પુસ્તક.
રેતાલ ખમાશ વહ્યાંથી શુકબાતરી આવે ખરી. સામળ

શુકમુનિ પું સ્વામિનારાયણ સંપ્રદાયના શુકાનંદ નામના સ્વામી

શુકયોગીંદ્ર પું. વ્યાસમુનિના પુત્ર; શુકદેવજી.

શુકર ૧. [અ. શકર (તેણે આભાર માન્યો)]
પું. ઉપકાર; આભાર
શુકર મુજનચો = ઉપકાર માનવો
૨. પું. એ નામનો એક ઋષિ. દૈત્યોના પુરોહિત
૩. વિ. જોરદાર
૪. પું. દેવળમાં બેસાડવાનું પૂતળું
૫ પું પ્રતાપ
૬. પું હનેક; જથા; હદ
૭. વિ. શુક્રવાર
૮. પું. સુભાગ્ય
શુકર ભલા કે બન્યો = સુભાગ્ય કે બન્યો.
૯. પું. સૂર્યમંડળનો એક ગ્રહ; શુક્ર
૧૦. પું. સૂવર; ભૂડ, ડુક્કર

શુકરહસ્ય સ્ત્રી.; ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ; યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

શુકરાના ૧. [અ. શુક્ર (આભાર) + અનહ (માનવાપણું)] પું. ન. ઉપકાર માનવો તે; આભાર.
૨. પું ન. એકેકાર
૩. પું ન. હનેક; જથ

શુકરી સ્ત્રી. ભૂંડણી.

શુક્લ ૧. પું. અજાણ્યાનો રસ.
૨. પું. એ નામનો એક સવત્સર; બ્રહ્માની વીશીનો ત્રીજો સંવત્સર.
૩. પું. એ નામનો ક્રૌંચદ્વીપનો એક પર્વત.
૪. પું. પુરોહિત; બ્રાહ્મણોના ગોર
૫. પું. શિકારી, ક્રૂરમી અને રસ માટે વાપરે આંબાની જાત.
૬. પું. (જ્યોતિષ) સતાવીસ માંહેનો એક યોગ
૭. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક જાતિ.
૮. વિ. સફેદ; ધોળું
૯. જુઓ શુક્લ.

શુક્લકર્મ ન. પુન્નકર્મ.

શુક્લકચ્છ [સં.] જળકૂકડી

શુક્લગતિ સ્ત્રી. પરલોકમાં ગતિ.

શુક્લધ્યાન ન. (જૈન) ચાર માંહેનું એક પ્રકારનું ધ્યાન; આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયનો વિચાર કરવો તે.

શુક્લપ્રવૃત્તિ સ્ત્રી. ભિક્ષાવૃત્તિ

શુક્લા ૧ [સં.] સ્ત્રી એ નામની ક્રૌંચ દ્વીપની એક નદી
૨ સ્ત્રી કાકોલી
૩. સ્ત્રી ક્ષીરવિદારી
૪ સ્ત્રી. બાળાવજ
૫ સ્ત્રી. પોળી કો.

શુકવત [સં. શુકવત્] અ શુકની પેઠે. સાખ્ય દર્શનમાં કહ્યું છે કે: જેમ પોપટ પોતાનું ઉત્તમ રૂપ બતાવી મરજી આવે તેમ ગમે ત્યાં ઊડતો ફરતો નથી, પણ બંધનના કારણોથી દૂર જ રહે છે તેમ જે પુરુષ વીતરાગી થયો હોય તેણે જગતમાં ફાવે તેમ વર્તવું જોઈએ નહિ

શુકવાનિતા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેને શિશુવનિતા છંદ પણ કહે છે તેમાં બે સગણ, બે ભગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.
સ સ ભા ભ ન ભા ય ધરિને રચ શુકવનિતા. રત્નાકર

શુકવાહ [સં] પું. કામદેવ

શુકશિશુ [સ.] ન. પોપટનુ બચ્ચુ

શુકશિંબી [સં.] સ્ત્રી કવચ નામની વનસ્પતિ.

શુકસારિકાપ્રલાપનકળા સ્ત્રી. પોપટ માંહેની એક કળા; જેના પોપટને શીખવવાની કળા. પોપટને રામ, રાધાકૃષ્ણ, સીતારામ, રાધેશ્યામ, રામસીતા વગેરે ઉચ્ચારણને મનુષ્ય પેઠે ફેમ બોલાવવા, તેઓને કામકાજ ફેમ શીખવવું, જેવા પ્રકારનાં ઔષધો તેમને આપવાં એ વગેરે કાર્ય કરવામાં આ કળાનો ઉપયોગ થાય છે આવા જેના પોપટ ઘરનાં રક્ષક છે, એટલું જ નહિ પણ તેઓ મનુષ્ય પેઠે સર્વ કાર્ય કરે છે. બહારગામ કુટુંબીજનોને પત્રો આપીએ તે યોગ્ય સ્થળે પહોંચાડે છે તે કામ પણ તેઓ કરે છે, એટલું જ નહિ પણ શુક અને સારિકા કોઈનું ગુપ્ત પણ જાણી આપણને બતાવે છે. કોઈ સ્થળે સંકટ આવી પડ્યું હોય અને છૂટવાને માટે મદદ નહિ મળી શકતી હોય તો આવા જેના પોપટ પાસે હોય તો તે સંદેશો લઈ જઈને મદદ પણ લાવી શકે છે

શુકસ્વામી પું મહાભારતકર્તા ભગવાન વેદ વ્યાસના પુત્ર.

શુકા ૧. [અ. શક્ક] પું. રાજ્યતાપત્રિકા; ફરમાન.
૨. સ્ત્રી એ નામની એક ઔદીચ્યબ્રાહ્મણી. તે ગણિકા હતી. તેની વાણીમાંથી મધ ઝરતું હતું એમ વાયકા હતી

શુકાર્ષ [ર્ષ] સ્ત્રી. એ નામની એક ઔષધિ. તે ઉપરસમાં વપરાય છે

શુકાનંદ પું. સ્વ.મીન.સ્વામી સંપ્રદાયના એક કવિ

શુકાવલી પું. [સં.] એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંસ્કૃતનું વર્ણના છે તેનું માપ તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, જગણ, રગણ અને ગુરુ એમ દરેક અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે

શુકી ૧. સ્ત્રી. (પુરાણ) અનલાની કન્યા

૨. સ્ત્રી. (પુરાણ) ક્રવ્યપ વડે તામ્રાને બનેલી એક કન્યા

૩. સ્ત્રી. પોપટની માદા, મેના; પોપટી

શુક્ક સ્ત્રી. આત્મશ્લાની એક જાતિ

શુક્કુર પું. ઉંચિરનો પાઠ

શુક્તિચરતીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું તીર્થ. નર્મદા પંચાંગમા કહ્યા છે કે: જ્યારે પરમ વૈષ્ણવ યોગીરાજ શુકદેવજી આઠ વર્ષના હતા ત્યારે તેમણે તપ કર્યું. સો વર્ષ તપ કર્યા પછી શંકરજી પ્રસન્ન થયા. શુકદેવજીએ પોતાની મુક્તિ અને તીર્થમાં રહીને ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવાનું વરદાન માગ્યું. ત્યારથી ત્રણે દેવ અહીં રહે છે તેની સન્મુખ બેટમાં આસતીર્થ છે

શુકોદર ૧ ન. તાલીસપત્ર. તાલીસપત્રનાં પાંદડાનો આકાર પોપટના ઉદર જેવો છે, માટે તેને શુકોદરની ઉપમા આપી છે

૨. ન. પોપટનું પેટ

શુક્ર ૧. [સ. શુક્ર] પું એ નામનો એક ગ્રહ, શુક્ર.

૨. પું. એ નામનો એક વાર; શુક્રવાર.

શુક્રવાર જુઓ શુક્રવાર.

શુક્રવારિયું ૧. વિ શુક્રવારીમાંથી ખરીદેલું

૨. વિ. હલકી જાતનું.

શુક્રવારી સ્ત્રી શુક્રવારે ભરાતું બજાર; બુજારી

શુક્લ ૧. પું. એ નામનો એક સંવત્સર; પ્રભવથી ત્રીજો સંવત્સર

૨. ન. અમુક સમય પડી રહેવાથી ખાટો અર્ધ પ્રવાહી મધુર પદાર્થ; ઉકાળ્યો આવે એવી દવા; 'કર્મેટ'. દહીંથી ભરાયેલ પાણી નાખીને તૈયાર કરેલી છાશમા ગોળ, મધ, ક્ષાંગ વગેરે મેળવીને બંધ વાસણમા ભરી બટાટા આવે ત્યાસુધી શરદ, ગ્રીષ્મ, હેમંત અને શિશિર ઋતુમા ૭ દિવસ તથા વસંત અને વર્ષાઋતુમાં આઠ દિવસ સુધી ખાન્યના દાણામા મૂકી રાખવાથી શુક્ત કે ચુક્ર બને છે

૩ ન. કઠ, મૂ. કુળને મીઠ સહિત આથીને બનાવેલ દ્રવ્ય

૪ ન. કાજી

૫. ન. માંસ

૬ વિ. એકાંત; નિર્જન

૭ વિ. ક્રોર; નિર્દય

૮ વિ. ખાટુ

૯. વિ. દુર્જન

૧૦. વિ. બેરેલ

૧૧ વિ. વાસેલ

શુક્લાદ વિ. સરકામાંનાં તેજાબનું

શુક્લામ્લ પું. સરકાનો તેજાબ; 'એસેટિક એસિડ'

શુક્લામ્લમાપક ન. ખટાસ માપવાનું યંત્ર

શુક્લામ્લમિતિ સ્ત્રી ખટાસ માપવાની ક્રિયા.

શુક્તિ ૧. પું. આખના મોઢ ભાગમાં થતો નેત્રરોગ

૨ [સં] પું. મગધ દેશનો બે દ્રમનો તોલ; અર્ધપલ; બે કૃષિબાજારના વજનનું તોલું

૩. સ્ત્રી એક જાતની માછલી

૪. સ્ત્રી. એક પ્રકારના પ્રાણી તેમાથી ખોટા મોતી બનાવાય છે. આવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

૫. સ્ત્રી. ખોપરીનો ટુકડો.

૬. સ્ત્રી. ઘોડાના શરીર ઉપરનુ એક આવર્ત કે ચક્કરી.

૭. સ્ત્રી. છીપ; મોતીની છીપ; એક જાતની માછલીનું ઘર કે કોટલું; છીપોલી. તેમાં મોતી થાય છે. ગુણમાં તે કડવુ, સ્નિગ્ધ, શ્વાસ, કફને મટાડનાર, મધુર તથા દીપન મનાય છે.

૮. સ્ત્રી. નખલો નામે સુગંધી દ્રવ્ય.

૯. સ્ત્રી. રજત

૧૦. સ્ત્રી. કુંભ; કુંભસું

૧૧. સ્ત્રી. સ્નાયુ.

૧૨. સ્ત્રી. હરસનો રોગ

શુક્તિક ન. મોઢ ઠોળા પર થતા એક પ્રકારના દાણા.

શુક્તિકાકલ્પ સ્ત્રી છીપને બાળી બનાવેલી ભસ્મ. ખાસી, શ્વાસ, પેટનાં દરદ, અજીર્ણ, મંદાગ્નિ, આંતરડાની નબળાઈ તથા ઝાડીના દરદમા તે સાજાકારક મનાય છે ૨થી ૩ રતીભારની માત્રામાં આ દવા મધ, દૂધ કે ઘી સાથે લેવાય છે

શુક્તિકાસ્થિ ન. નાકની અંદર રહેલ એક નાનું અસ્થિ.

શુક્તિખાત પું. હૃદયના બંને અલિંદો વચ્ચે રહેલી દીવાલ ઉપર આવેલો એક નાની છીપના આકારનો આડો; અંડાકાર ખાત, 'ફોસ્સ ઓવેલિસ'

શુક્તિચૂર્ણ પું હલકી જાતનું એક રત્ન. તેનો રંગ છીપના ભૂકા જેવો હોય છે

શુક્તિછિદ્ર [સ.] ન ગર્ભમા રહેલા બાળકના હૃદયના બંને અલિંદો વચ્ચની દીવાલમા આવેલું છિદ્ર. તેની મારફતે અંધરા મહાશિરા દ્વારા જમણા અલિંદમાં આવેલું લોહી એકદમ ડાબા અલિંદમા દાખલ થઈ જાય છે

શુક્તિજ [સં.] ન. મોતી

શુક્તિજાસ્થ જુઓ શુક્તિકાસ્થ

શુક્તિમતી ૧. સ્ત્રી. ઋક્ષવાન પર્વતમાંથી નીકળેલી એક નદી

૨. [સ] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી; મહાભારતમાં જણાવેલી શુક્તિમાન પર્વતમાંથી ઉત્પન્ન થયેલી એક નદી; આધુનિક ઓરિસામાની સુવર્ણરેખા નદી.

૩. સ્ત્રી એ નામની નદીને તીરે આવેલી ચદીદેશની રાજધાની; પ્રદ્યુમ્નની નગરી

શુક્તિમાન પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન પર્વત. એમાંથી કારિશા, સુકુમારી, મંદગા વગેરે અગિયાર નદીઓ નીકળે છે

શુક્તિમાન એ આપણાં બીજા ટેમરી.
કાલેલકર

શુક્તિરજત [સં. શુક્તિ (છીપ) + રજત (રૂપું)] ન. છીપને વિષે રૂપાની સંભાવના રૂપી મિથ્યા જ્ઞાન.

શુક્તિલગ્ન ન મોતીના હાર માટેનો એક હોજ.

શુક્ર ૧. [સં.] પું. અગ્નિ

૨ પું. અઢાર માંહેનો એક મુખ્ય શિલ્પજ્ઞ

૩. પું. અથર્વવેદનો એક ઋષિ

૪. પું અસુર.

૫ [અ.] પું. આ.ભા.૨; ઉપકાર.

૧. શુક્ર કરવો = આભાર માનવો

૨. શુક્રે ખુદા = ખુદાનો આભાર, પ્રભુકૃપા.

૬ પું આંખનુ કીકુ. એના સત્વ અને અસત્વ એવા બે પ્રકાર છે.

૭ પું ઇંદ્ર

૮. પું. ઉત્તમ નામના મનુનો એક પુત્ર

૯ પું ઉષ્મા

૧૦ પું. એ નામના અસુરના પુરોહિત એક ઋષિ, શુક્રાચાર્ય. ભ.ર્ગવ, ભૃગુઋષિના દીકરા, દૈત્યોના ગુરુ

૧૧ પું. એ નામનો અ.ફ્રાહામાં ફરતો સૂર્યમંડળી માહેનો એક ગ્રહ. તેનો મધ્ય ભ્યાસ ૭,૬૧૦ માઈલ છે. તેની ઘનતા પાણીથી ૪.૮૧ પટ અને પૃથ્વીથી ૮૫ પટ છે. તેનો અક્ષ પ્રદક્ષિણાકાળ ૨૩ ક. ૨૧ મિ. છે અને સૂર્ય પ્રદક્ષિણા કાળ ૨૨૪.૭ દિવસ છે. આ ગ્રહ બધા ગ્રહો કરતાં વધારે ચક્રચકિત લાગે છે. તેનો ભ્યાસ લગભગ ૭,૭૦૦ માઈલનો છે. તે સૂર્યની આસપાસ ૨૨૮ દિવસમાં ફરી રહે છે. તેનું આકર્ષણ પૃથ્વીથી માત્ર ૧૫ ટકા ઓછું છે. શુક્ર પૃથ્વીથી સૂર્યની વધારે નજદીક હોવાને લીધે તેની સરાસરી ગરમી પૃથ્વી કરતાં ૬૦ અંશ વધારે છે. તેના ઉપર વાદળોનો ભડો થર જામેલો હોવાથી તેની સપાટી ઉપર બધો જ પ્રકાશ ઝળહળી રહ્યો છે. તેથી તે વધારે ચક્રચક્તિ લાગે છે. અંગ્રેજીમાં શુક્રને 'વીનસ' એટલે પ્રીતિની દેવી કહે છે. શુક્ર ક્રોર્ઘવાર વહેલી રાત્રે દેખાય છે. ક્રોર્ઘવાર પરોઢિયે દેખાય છે આને લીધે આ બે જુદા જુદા ગ્રહ હોવા જોઈએ એવી પ્રાચીન કાળમા પ્રજાઓની સમજ હતી. શુક્રનો ઉદયાસ્ત ૫૮૪ દિવસમાં બે વાર થાય છે; એટલે શુમારે ૧૯ ચાંદ્રમાસ ને ૨૪ દિવસ જેટલા સમયમાં તેનો બે વાર ઉદય થાય છે ને બે વાર અસ્ત થાય છે. એકવાર ઉદય પામ્યા પછી ચાલુ દેખાતા રહેવાનું શુક્રનું પરામાન શુમારે ૨૪૮ દિવસ છે. તેને અસ્ત થવાનાં બે માન છે. એક શુમારે ૫૮થી ૭૫ દિવસ સુધીનું અને બીજું શુમારે ૮થી ૧૦ દિવસ સુધીનું. રાત્રિએ પ્રકાશનાર સર્વ આકાશસ્થ જ્યોતિઓમાં શુક્રના જેટલો તેજસ્વી અને શુક્રના જેટલો સુંદર બીજો ક્રોઈ તારો નથી. શુક્ર કરતાં ચંદ્ર બહુ મોટો દેખાય છે. તેને લીધે એની ચાંદની વધારે પડે છે એટલું જ; પરંતુ બે જાતિનો વિચાર કરી કહીએ તો ચંદ્ર કરતાં શુક્રનુ તેજ વધારે છે. સૂર્યથી ૧૨ અંશ ઉપર ચંદ્ર જાય ત્યારે તેનુ દર્શન થાય છે; જ્યારે શુક્રથી આઠ અંશ ઉપર જ દેખાય. માંડે છે. સૂર્યના પ્રકાશને ન ગણકારતા દિવસે પણ દેખનારા સર્વ લોકોમા શુક્ર એકજ છે. તે સવારે ઊગે છે ત્યારે સવારે શુમારે ૪ વાગ્યા પછી મધ્યાહ્ન વૃત્ત ઉપર આવતો દેખાય છે. આપકાળે પશ્ચિમે દેખાય છે ત્યારે દિવસે શુમારે ૩ વાગ્યા પછી મધ્યાહ્નવૃત્ત ઉપર આવે છે ચંદ્ર તેની પાસે હોય તો દિવસે સહજ દેખાય છે શુક્ર એકવાર સવારકાળે પશ્ચિમે કે' પરોઢિયામા પૂર્વે દેખાવા માંડ્યો એટલે શુમારે ૮૩ દિવસ દેખાય છે પછી તેનો અસ્ત થાય છે. શુક્રનો ઉનાપગમ પરમ થાય છે તેની આસપાસ બાજુ બેટલાક દિવસ તો તે બહુ તેજસ્વી દેખાય છે આસરે ૧૩ કે ૧૪ મહિને શુક્ર શુક્રનો એક વાર મેળાપ થાય છે ઋગ્વેદમા વેન નામે એક ઋષિ થયા છે તે શુક્ર જ હશે એમ મનાય છે. સૂર્યની આસપાસ ફરતાં શુક્ર ક્રોર્ઘવાર સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે અને ક્રોર્ઘવાર તેની અને પૃથ્વીની વચ્ચે સૂર્ય આવે છે. અંતર્યોગની વખતે તે આપણાથી શુમારે ૨૬ ક્રોટિ માઈલ હોય છે અને બહિર્યોગ વખતે શુમારે ૧૬ ક્રોટિ માઈલ હોય છે આ બે વખતે તે નથી દેખાતો નરી આંખે કે નથી દેખાતો દૂરબીન વતી. તેનો તે વખતે અસ્ત થાય છે. અંતર્યોગ અને બહિર્યોગના શુમારે તેનુ બિમ્બ અનુક્રમે ૬૦ વિકલા અને ૧૦ વિકલા હોય છે. નરી આંખે તે આના કરતાં મોટા દેખાય છે. ચંદ્ર અને શુક્ર એમનો ક્ષયા વૃદ્ધિક્રમનો નિયમ એક જ છે. પરંતુ વસ્તુસ્થિતિ થોડીક જુદી છે. અંતર્યોગ વખતે શુક્રની અમાવાસ્યા થાય છે અને બહિર્યોગ વખતે પૂર્ણિમા થાય છે. પરંતુ આ બંને વખતે તેનો અસ્ત થાય છે આને લીધે શુક્રનુ પૂર્ણબિમ્બ ક્રોઈ દિવસ જોવાનુ મળતો નહિ. તે દેખાવા માંડે છે ત્યારે ચંદ્ર બીજના ચંદ્ર જેવો દેખાય છે. પરમ ઉનાપગમ થાય છે ત્યારે બહિ ૮ના ચંદ્ર જેવો દેખાય છે અને અસ્ત થતા પહેલા વદી ૧૪ના ચંદ્ર જેવા તેની કોર દેખાય છે. અંતર્યોગ વખતે સૂર્ય અને આપણી વચ્ચે શુક્ર આવે છે. પરંતુ પૃથ્વી અને શુક્રની ક્ષાની સપાટી વિષમ હોવાને લીધે શુક્ર પ્રત્યેક અંતર્યોગ વખતે ઠીક સૂર્યની આડે આવતો નથી. પરંતુ સહેજ ઉત્તરે કે દક્ષિણે હોય છે. તે સૂર્યબિમ્બનું અધિક્રમણ ઘણે વર્ષે કરે છે. ૨૪૩ વર્ષમાં તે અધિક્રમણ ફક્ત આઠ વાર થાય છે. એકવાર અધિક્રમણ થયા પછી ૧૦મા, ૮, ૧૨મા, ૮ એટલાં વર્ષોએ ક્રમથી થાય છે. શુક્ર નિયમિત કાળે સૂર્યનું અધિક્રમણ કરે છે. એ વાતની કેપ્લરની પહેલા કોઈને ખબર નહોતી. શુક્રનું અધિક્રમણ નરી આંખે દેખાય છે શુક્ર ઉપર વાતાવરણ છે. તે બહુ જ જાડું છે અને તેમા બહુ જાડાં વાદળાંઓ હોય છે. પૃથ્વી ઉપરના વાતાવરણમાં ક્ષિતિજ આગળ કિરણોનુ વક્રીભવન ૩૪ કલા છે શુક્રના વાતાવરણમા ૪૪ કલા છે શુક્રનુ તેજ વધારે હોવાના સમજે દૂરબીનમાથી તેનો વેધ લેવાને થોડી અડચણ પડે છે; તેવી જ રીતે તેનુ વાતાવરણ બહુ જાડું છે અને તેમા જાડાં વાદળાં હોય છે તેને લીધે તેના પૃષ્ઠ ભાગ ઉપર જમીન, પાણી, પર્વત ઇત્યાદિનાં રચાયા ચિહ્નો કાંઈ દેખાતાં નથી પરંતુ શુક્ર ઉપર ડાઘા હશે એવું અનુમાન થાય છે તેને અક્ષપ્રદક્ષિણામા કેટલો વખત લાગે છે તે ખાત્રીપૂર્વક સમજાતુ નથી શુક્ર ઉપર દિવસ શુમારે ૨૩ કલાક ૨૧ મિનિટનો છે, એવો હર્શલમાં શુમાર કાઢેલો છે. તેનુ વર્ષ આપણા ૨૨૫ દિવસનુ છે, અને તેનો દિવસ આપણા દિવસ કરતાં થોડોક નાનો છે. તેથી તેના વર્ષમાં તેના દિવસને અટકળે ૨૩૰ દિવસ થાય છે. ઋતુ પણ આપણા કરતાં નાની હોવી જોઈએ. અહિં કરતાં ત્યાં ગરમી બહુ છે. આને લીધે વનસ્પતિનો ફાલ અહિં કરતાં ત્યાં વધારે થતો હશે ત્યાં મોટા વરસાદની જરૂર નહિ પડતી હોય. પૃથ્વી ઉપર પડતા સૂર્ય પ્રકાશથી એવડો સૂર્યપ્રકાશ શુક્ર ઉપર પડે છે. આપણને સૂર્ય જેવડો દેખાય છે તેથી એવડો તે શુક્ર ઉપરના લોકોને દેખાય છે. શુક્રને ચંદ્ર નથી પણ આપણને ગુરુ કે શુક્ર જેટલો તેજસ્વી દેખાય છે તેથી પુષ્કળ તેજસ્વી આપણી પૃથ્વી તેમોને દેખાય છે અને આપણને જેટલો ચંદ્ર પ્રકાશ મળે છે તેટલો નહિ તો પણ ચંદ્રના વીસમા હિસ્સા જેટલો પ્રકાશ શુક્ર ઉપરના લોકોને આપણી પૃથ્વી અને ચંદ્ર એ બંને પાસેથી મળે છે શુક્રની પ્રકૃતિ વાત અને કફયુક્ત છે. તેની અસર: ગળું, હડપચી, ગાલ, શુક્રસ્થાન, યોનિ, નસ વગેરે ઉપર થાય છે મધુમેહ, દોષ, શુક્ર ભ્રાગમાં કષ્ટ વગેરે દરદો એના દોષથી થાય છે. શુક્ર વીર્યનો અધિપતિ છે

૧૨. પું. (પુરુષ) એ નામનો એક ન.ગ. જે અપ.ઢ મ.સના આદિત્યના સમાગમમાં સંચાર કરે છે

૧૩ પુ એ નામનો એક વાર; શુક્રવ.૨.

૧૪ પું. ક.મ

૧૫. પું. કુબેરનો એ નામનો એક મંત્રી.

૧૬. પું. ગાયત્રીના ચોવીશ માહેનો એક ઋષિ.

૧૭. પું. ચિત્રાનું ઝાડ.

૧૮. પું ચોવીસમો યોગ

૧૯. પું જય; જીત; ફતેહ.

૨૦. પુ. જોડ માસ; એક સૌર માસનુ નામ, વર્ષના ક્રમમાં ત્રીજો મહિનો. એની પૂર્ણિમાં જ્યેષ્ઠા નક્ષત્રમાં આવે છે જેથી એને જ્યેષ્ઠ કે જોડ મહિનો કહે છે. એ મહિનામાં મિત્ર નામનો આદિત્ય સૂર્ય મંડળનો અધિપતિ હોઈ, એની સાથે અત્રિ ઋષિ, મેનકાઅપ્સરા, હાહા ગંધર્વ, તક્ષક નાગ, રથસ્વન યક્ષ અને પૌરુષેય રાક્ષસ સંચાર કરે છે. હિંદુસ્તાનમા તે વખતે ગ્રીષ્મ ઋતુ હોય છે અને ઉત્તરગોળાર્ધમા વસંતઋતુ હોય છે અને સૂર્ય મિથુન રાશિમાં હોય છે

૨૧. [સં.] પું દ્રોણ કલશની અંદર રહેલો સોમ રસ.

૨૨ પુ. પરમેશ્વર; પ્રકાશરૂપ પૂર્ણ બ્રહ્મ; સચ્ચિદાનંદ; બ્રહ્મ, આત્મા; અમૃત.

૨૩ પુ પ્રતાપ.

૨૪ પુ પ્રમેહના વીસ ભેદોનો એક પ્રકાર. તે કફથી થાય છે

૨૫. પું. (પુરાણ) વારુણિ ભૃગુના પુત્રોમાંને પેટે થયેલા સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર. એના બીજાનું નામ સ્વયન. એને શતપર્વા નામે સ્ત્રી હતી. એને ચાર પુત્રો હતા. એ અસુરોનો પુરોહિત હતો તેથી પ્રસ્તુત પુરંદર ઇંદ્રે પોતાની જયંતી નામની કન્યા એને બુદ્ધિપૂર્વક પરણાવી હતી એને પેટે એને દેવયાની નામે કન્યા થઈ હતી. એની દેવી નામે પુત્રી વસ્રુની ભાર્યા હતી. શુક્ર જબરો યોગ જાણનારો હતો. પોતાના યોગ બળે એણે કુબેરના શરીરમાં પ્રવેશ કરીને કુબેરનું બધું દ્રવ્ય લઈ લીધું. આથી કુબેર શંકર ભગવાનને શરણે ગયો. શુક્ર કુબેરના શરીરમાંથી નીકળી શંકરની પાસે આવીને ઊભો રહ્યો. શંકરે એને મારવાને ત્રિશૂળ લીધું એટલે એ ત્રિશૂળની અણી ઉપર બેસી ગયો. છેવટે શંકરે એને પકડીને મોંમાં મૂકી દીધો. પેટમાં રહ્યે એણે શંકરની ઘણી સ્તુતિ કરી તેથી શંકરના કહેવાથી તે લિંગ રસ્તે નીકળ્યો અને પાર્વતીને પ્રાર્થના કરી કે હું આપનો પુત્ર છું; તેથી પાર્વતીએ એને બચાવ્યો અને આ રસ્તે પેટમાંથી બહાર આવવાને લીધે એનું શુક્ર એવું નામ પડ્યું.

૨૬. પું. (પુરાણ) વિષ્ણુપદ પર્વતપર બેસીને ધર્મરથ રાજાની સાથે યજ્ઞસભામાં સોમપાન કરનાર એ નામનો એક રાજા.

૨૭. પું. (પુરાણ) વૈવસ્વતનો એક પ્રજાધ્યક્ષ.

૨૮. પું (પુરાણ) રાયાતિનો પુત્ર એણે પાંડવોને ધનુર્વિદ્યાનો ઉપદેશ કર્યો હતો.

૨૯. પું. સાર.

> પૃથ્વ્યાએ યઃ સારઃ અને રસ્યઃ નામની પ્રથમ આહુતિઓને પેદા થયેલો શુક્ર-સાર કહેલો છે. * વિષ્ણુ

૩૦ પું સુભાગ્ય.

૩૧ પું. સૂર્યના એકસો આઠ માંહેનું એક નામ

૩૨ પું સ્મૃતિનો એક ભાગ

૩૩ પું (પુરાણ) હવે પછી થનાર સાવર્ણિ મનુનો એક પુત્ર

૩૪ ન. તેજ.

૩૫ ન. (જૈન) દિગંબર સંપ્રદાયે માનેલ સોળ માંહેનું નવમું સ્વર્ગ

૩૬ ન. ધર્મ, ધાતુ; ધાતુ; રેત.

૩૭. વિ. કવિ.

૩૮. [સં.] વિ. તેજસ્વી.

શુક્રગ્રસ્ત [સં.] પું. એક અશુભ યોગ.

શુક્રકણ [સં.] ન. શુક્રબિંદુ; શુક્રગોલક.

શુક્રકર [સં] વિ. શુક્રના; વીર્યોત્પાદક; વીર્ય સબંધી.

શુક્રકર્મ ન શાસ્ત્રવિહિત પુણ્યકર્મ.

શુક્રકારર્ષ પું વાયુરોગના ૮૦ માંહેનો એક પ્રકાર; જે વાયુ શુક્ર એટલે ધાતુને કિંચિત્ ક્ષીણ કરે છે તે.

શુક્રકીટ પું. રેત; શુક્રજીવ.

શુક્રકીડાણુ ન. શુક્રજંતુ; વીર્યના જીવ.

શુક્રકુંડ પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકુંડ.

શુક્રકોષ પું. એક જાતનો નાનો, ચકળી અને ગતિમાન શિંગકોષ; વીર્યનો કોષ; પ્રાણીઓનો અને વનસ્પતિઓનો પુષ્પિગી જનકકોષ. ફલનની ક્રિયા થવામાં તે એક આવશ્યક તત્ત્વ છે. એ સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય તેવો જંતુના જેવો હોય છે અને તેને એક કે બે કોષકરા હોય છે, જે વડે તે ગતિ કરે છે શુક્રકોષને એક ગોળ કે અંડાકાર કોષ હોય છે અને તેને એક લાંબી પૂંછડી પણ હોય છે.

શુક્રક્ષય પુ વીર્યનો નાશ

શુક્રક્ષેત્ર ન ઉચ્ચસ્થાન; ઉચ્ચલક્ષ્ય ઉચ્ચ એટલે શુક્ર ઉપરથી ફેરફાર પામેલું નામ છે. આ સ્થાન જોષીથી ૨૭ માર્ગલ પ્રમાણ તરફ છે. કહેવાય છે કે, બિહના મહાકવિ તુલસીદાસનું બાલ્યકાલમાં પાલન પોષણ અહીં થયું હતું

શુક્રગુજાર [અ] વિ આભારી, કૃતજ્ઞ.

શુક્રગુજારી ૧ [અ] સ્ત્રી. આભાર માનવો તે; કૃતજ્ઞતા.

૨ સ્ત્રી. બંદગી.

૩ વિ. શુભ ઇચ્છનારું.

શુક્રગુજાર જુઓ શુક્રગુજાર

શુક્રગુજારી જુઓ શુક્રગુજારી

શુક્રજનક [સ] વિ. વીર્ય પેદા કરનાર.

શુક્રજનિ સ્ત્રી. રેતજનન; રેતોત્પત્તિ

શુક્રજંતુ [સ શુક્ર (વીર્ય) + જંતુ (જીવાત)] પું વીર્યનો જંતુ; શુક્રજીવ; શુક્રકીટ; પુરુષના વીર્યમાં રહેલાં જંતુ; રેતજંતુ. પુરુષોના શરીરમાં ઉત્પન્ન થયેલો એકાદ શુક્રજંતુ અને સ્ત્રીના શરીરમા દર માસે એકના પ્રમાણમા પકવ થતા રજોગોલ, એ બેનો સયોગ થતાં તેઓ ફળદ્રૂપ એકબીજા સાથે મળી જાય છે, તેને ગર્ભ પ્રારંભ કહે છે. આ રજોગોલ અંડાસયમા ઉત્પન્ન થઈ ને અંડવાહક નલિકામાંથી ગર્ભાસય તરફ આવે છે અને સમાગમના અંતે રેતસ્રાવમાંથી અસંખ્ય રેતજંતુ યોનિમાર્ગમાં પડે છે.

શુક્રજીવ જુઓ શુક્રજંતુ

શુક્રદોષ પુ અશુદ્ધ વીર્ય; આમીવાળું ધાતુ.

શુક્રધરા સ્ત્રી. શરીરમાં વૃષણ સમીપની એ નામની એક નાડી.

શુક્રધારિકા સ્ત્રી એ નામની પુરુષની એક નળી. તેમાં વીર્યનો સંચય થાય છે.

શુક્રનંદન [સં.] પું. અર્જુન.

શુક્રનારા પુ વાયુરોગના ૮૦ માંહેનો એક પ્રકાર; જે શુક્ર એટલે ધાતુને ઘણી જ ક્ષીણ કરે છે તે વાયુ.

શુક્રનીતિ [સં] ન નીતિશાસ્ત્રનો એક ગ્રંથ. તેમા રાજા, રાજપત્ની, રાજકુમારોનો મુખ્ય ધર્મ અને પ્રજાપાલન, સેનારચના તથા રાજપ્રબંધ ઉત્તમ રીતે વર્ણવેલ છે

શુક્રપુલક પુ એ નામે ઘઉંકી જાતનું એક રત્ન. તેનો અંદરનો ભાગ સફેદ હોય છે

શુક્રપ્રપિકા સ્ત્રી. એ નામની મધપૂડા જેવા દેખાવવાળી વીર્યસ્રાવક ગ્રંથણી. આવી ગ્રંથણીઓ બે હોય છે. બસ્તિની પાછળ ત્રાંસી રીતે ને ગુદાયેલી છે. તેઓની દીવાલો સ્નાયુસૂત્રો તેમજ સ્વતંત્ર માંસપેશીઓના તંતુઓ વડે રચાયેલી હોઈ તેઓ તે તે ભાગ પરની શુક્રવાહિની નલિકા સાથે રહેલી છે. દરેક ગ્રંથણી આશરે ચાર આગળ લાંબી અને ટચલી આંગળી જેટલી પહોળી હોય છે. બાલ્યાવસ્થામા આમાં વીર્ય એકદમ ન હોય દરેક શુક્રપ્રપિકાનો પાતળો સ્રોત તે બાજુની શુક્રવાહિની સાથે મળીને, શુક્રપ્રસેક નામનો સાધારણ સ્રોત રચે છે. દરેક શુક્રપ્રસેક લગભગ એક આંગળ લાંબો હોઈ એક સૂક્ષ્મ દ્વાર મારફતે મૂત્રપ્રસેકના મૂળ ભાગની અંદર, મધ્યરેખાની દરેક બાજુએ ઊઘડે છે.

શુક્રપ્રસેક નલિકા [સં.] સ્ત્રી શુક્રપ્રસેક નામનો સ્રોત જેમા રહે છે તે નળી.

શુક્રબાલા સ્ત્રી શુક્રનો તારો, સૂર્યમંડળ માંહેનો એક ગ્રહ

શુક્રબાહુલ્ય [સ] ન વીર્યનું બહોળાપણું.

શુક્રબીજ જુઓ શુક્રકોષ

શુક્રબિંદુ ન શુક્રગોલક, શુક્રકણ.

શુક્રમેખલા સ્ત્રી. મનુષ્યના હાથમાં દોરી એ નામની એક રેખા. આ રેખા અનામનો અનિરિક્ત સમયે છે

શુક્રમેહ [સં. શુક્ર (વીર્ય) + મેહ (મૂત્ર)] પુ. વીર્યસ્રાવ, શુક્રપાત. આમાં વીર્ય સરખો પાટો ધોળો અથવા વીર્યમિશ્રિત પેશાબ વખતો વખત આવે છે. આ પ્રમેહવાળો ફરદી નબળો, મેચન, નિસ્તેજ અને શ્લોષ્ણ થતો જાય છે, આ પ્રમેહ કફદોષજન્ય છે

શુક્રરશ્મિયુતિ [સં. , સ્ત્રી (જ્યોતિષ) શુક્ર અને સૂર્યની યુતિ. તે વખતે આપણી પૃથ્વી અને સૂર્ય વચ્ચે શુક્ર આવી જવાથી તે સૂર્ય ઉપર એક કાળા ડાઘા તરીકે નજરે પડે છે તે. તે બહુ જ ભાગ્યે બને છે. છેલ્લે પછી આવી યુતિ ઈ. સ. ૨૦૦૪ અને ૨૦૧૨ માં થશે. સૂર્યનું અંતર મ.પ્રમાણે આવી સક્રાંતિ અથવા યુતિ ઉપયોગી છે

શુક્રરાજા પું ત્રાસી આંખવાળો માણસ

શુક્રરેચતિ પું અંધક નામના રાક્ષસોનો નાશ કરવા માટે વિષ્ણુએ બનાવેલ દેવતાનું નામ.

શુક્રરોગ પું ધાતુ વિકારથી થતો એ નામનો એક રોગ.

શુક્લ ૧. પું. (પુરા.શ્રુ) ભગવાનનું એક નામ.
૨ [સં.] વિ વીર્યને પુષ્ટિ આપનાર; વીર્યવર્ધક; 'ટોનિક'.
૩ વિ. વીર્યોત્પાદક; વીર્ય સંબંધી

શુક્રવાર ૧ પું. અઠવાડિયાના સાત માંહેનો છઠ્ઠો વાર; ભૃગુવાર. મુસલમાનમાં શુક્રવાર પવિત્ર દિવસ ગણાય છે. એ જ દિવસે આદમનો જન્મ થતો એમ કહેવાય છે. જ્યોતિષમાં પણ શુક્ર શુભ ગણાય છે. અમેરિકામાં શુક્રવાર આગબોટણી દિવસ ગણાય છે.
૨ પું ફાયદો
૧ શુક્રવાર કરવો = કાર્યસિદ્ધિ કરવી; નસીબ ફેરવવું
૨. શુક્રવાર ચમકો–બળવો = લાભ થવો; નસીબ ઊઘડવું; દહાડો વળવો; કનેહ થવી.
૩ પું. ભલીવાર; ઢંગ; રામ.

શુક્રવારી સ્ત્રી. અમદાવાદ જેવા શહેરોમા શુક્રવારે ભરાતું બજાર છે તે; મુજરી.

શુક્રવારીઆ પું બ વ. ચણાદાળિયા કંમકે, તે શુક્રવારે ખવાય છે.

શુક્રવારું ૧. વિ. શુક્રવારે આવતું
૨ ન શુક્રવારે રાંધેલું

શુક્રવાહિની [સં] સ્ત્રી એ નામની બે માંહેની એક નણી. તે અસ્થિસ્થવાહિકા ભાગમાંથી શરૂ થઈને, અસ્થિદ્વાર તરફ શુક્રની થેલીમા જાય છે. આ નણીઓની દીવાલો બહુ સ્નાયુસૂત્રોવાળા સ્વતંત્ર માંસ પેશીઓના તંતુઓ વડે બનેલી છે. શુક્રવાહિની નણીઓ ફક્કુસંધકોષોની સાથે ઊંચે જાય છે. તેઓ અનુઅસ્થિકા નામની શિરા તથા ધમનીનાં બાલકો, તથા સ્વતંત્રનાડીમંડલના તંતુઓના બાલકો વડે વીંટળાયેલી છે. વંક્ષણ સુરંગના બહારના દ્વાર સુધી તેઓ સીધી ઉપર જાય છે સાર બાદ, વક્ષણ સુરંગમાં તેઓ ત્રાંસી રીતે બહારની બાજુ તરફ જઈ ને શ્રોણિ ગુહામાં પેસ છે. ત્યા તેઓ બે ચાર વાક આવે ને, ત્રાંસી રીતે નીચ ઊતરે છે અને શુક્રગ્રંથિકા તરફ જાય છે અસ્તિની પીઠને આધારે, અસ્તિના દ્વારની નજીક, દરેક બાજુ પર, ગલીની સાથે રહેલી એક શુક્રગ્રંથિકા માલમ પડે છે. દરેક શુક્રગ્રંથિકાનો મુખ્ય સ્રોત, શુક્રવાહિનીના મુખને મળી જતા, શુક્રપ્રસેક નામની નણી ઉદ્ભવે છે અને શુક્રપ્રસેકો અત્યંત ટૂંકા હોઈ, મત્રપ્રસેક નામની નણીની અંદર ઊઘડે છે.

શુક્રવાહિનીનણી સ્ત્રી. વીર્યવાહકનલિકા અંડકોષમાંથી જે કંઈ આવ્યું હોય તે બધાંને વીર્યકોષમાં ધકેલે છે

શુક્રવાહિની નલિકા સ્ત્રી પેશાબની નણી

શુક્રરાજા ન. વીર્યરાજ.

શુક્રરિપ્ય ૧. [સં.] પું. અસુર; દૈત્ય; દાનવ, મુરારિ
૨. પું. શુક્રાચાર્યનો શિષ્ય

શુક્રરોધક વિ. વીર્ય કે રેત સુધારનાર

શુક્રરોધન ૧. [સં.] ન. વીર્ય સુધારવું તે.
૨. વિ. વીર્ય સુધારનાર.

શુક્રસમહ [સ.] પું. વીર્યનો સમૂહ

શુક્રસૂત્ર ન. શુક્રનીતિનું સૂત્ર.
એમ સ. આ. વગેરે **શુક્રનીતિના** આધારે સારી પેરે બતાવ્યું છે. પુરાતત્ત્વ

શુક્રસ્યન્દન પું. વીર્યમાં ફેલાયેલો તાવ

શુક્રસ્રાવ પુ. વીર્ય સ્ખલન; અનૈચ્છિક વીર્યસ્રાવ.

શુક્રળ વિ. જેના સેવનથી શુક્રની વૃદ્ધિ થાય તેવું.

શુક્રાચાર્ય ૧. પું કાણો માણસ.
૨. [સં. શુક્ર + આચાર્ય (ગુરુ)] પું. ભાર્ગવ; શુક્ર; દૈત્યોના ગુરુ; અમૃત સંજીવની વિદ્યામાં પ્રવીણ વારુણ ભૃગુના પુત્ર. એની માતાનું નામ પુલોમા હતું. જેણે શુક્રનીતિ નામે ગ્રંથ બનાવ્યો છે.
૩ પું. વ્યાસ. કંમકે, એમણે વેદનો વિસ્તાર કરેલો છે.
૪ વિ કાણું; એકાક્ષી

શુક્રાચાર્ય તીર્થ ન (પુરાણ) સરસ્વતી નદીના તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ

શુક્રાણુ ૧ [સ શુક્ર (વીર્ય) + અણુ (કણ)]
પુ. વીર્યનો સૂક્ષ્મ કણ
૨. ન. વીર્યની અંદર રહેલ એક જંતુ તે વડે ગર્ભ ધારણ થઈ શકે છે

શુક્રાન [અ પુ કૃતઘ્ન

શુક્રાના ૧. પું બ વ આભાર, ઉપકાર
૨. પુ બ વ દુઆ
૩ પુ બ વ જેજેકાર
૪ પુ બ વ ઇનામ

શુક્રાશયપિંડ પું. રેત બહાર પડતા પહેલા જેમાં ટેટવાક પિંડોમાંથી નીકળતો સ્રાવ ભિશ્ર થાય છે તે પિંડ.

શુક્રાશ્મરી [સં. શુક્ર (વીર્ય) + અશ્મરી (પથરી)] સ્ત્રી વીર્યમાત્રમા થતો પથરીનો રોગ અયોગ્ય રીતે વીર્યોત્સર્ગ કરવાથી શુક્રાશ્મરી, પથરીની ઉત્પત્તિ થાય છે પૌરુષગ્રંથિમાં કારો બનીને પથરી થાય છે. તે મૂત્રપ્રસેકદ્વારા બહાર કાઢી શકાય છે.

શુક્રાષ્ટકયંત્ર ન. (જ્યોતિષ) એ નામનું એક યંત્ર

શુક્રિય ૧. [સં.] પું. યજુર્વેદનો ૩૬ મો શાંતિ અધ્યાય
૨. વિ. શુક્રાચાર્ય સંબંધી

શુક્રિયા ૧. પું આભાર; ધન્યવાદ
૨. [હિ.] અ છૂટા પડતી વખતે બોલવામાં આવતો એક ઉદ્ગાર

શુક્રી ૧. સ્ત્રી. તાંબાની દીકરી; ઉલ્કાની મા
૨. સ્ત્રી. શુક્રનો ગ્રહ
૩ વિ. શુક્રનું

શુક્રેંદુ પુ. શુક્રનો ચંદ્ર.

શુક્રોદય [સં. શુક્ર (એક રૂ.ધ) + ઉદય (ઊગવું તે)] પુ શુક્રનો ઉદય

શુક્લ ૧. પું અજવાળિયું
૨ [સ] પું (પુરાણ) ઉત્તાનપાદ વરાના ધ્રુવિષ્ઠીન રાજાને ધ્રુવિષ્ઠાનીની કૂખે થયેલા ૭ માંહેનો ત્રીજો પુત્ર
૩ પુ. (પુરાણ) જંબૂદ્વીપના સાત માંહેનો એક પર્વત
૪. પું. ધોળો એરડો
૫ પુ. ધોળો રંગ
૬. પુ. ભૂકરપતિની ગતિ પ્રમાણેના સાઠ સંવત્સરમા ત્રીજા સંવત્સર
૭. પુ. બ્રાહ્મણોને કર્મા તર કરાવનારો પુરોહિત તે બ્રાહ્મણ સિવાય બીજાનું અન્ન દાન લેતો નથી

૮ પુ. (પુરાતત્ત્વ) જૂનામાં જૂનું મળેલું પાંડવ પક્ષનો એ નામનો એક રાજા

૯. પું. (જ્યોતિષ) વિષ્કુંભથી ૨૪ મો યોગ. આ યોગ સારો ગણાય છે.

૧૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૧૧. પુ સૂર્ય

૧૨. પું સૂર્યનું એક નામ

૧૩. સ્ત્રી (જૈન) એક પ્રકારની લેશ્યા.

કૃષ્ણ, નીલ, કપોત, તેજ, પદ્મ અને **શુક્લ** એ ૬ પ્રકારની લેશ્યાઓ કષાયો વરજિત યોગ પ્રવૃત્તિ કે યોગ-પરિણામ કષાયના ક્ષયનું અથવા યોગજનક શરીર નામ કર્મના ક્ષયનું ફળ છે.

તત્ત્વાર્થસૂત્ર

૧૪. સ્ત્રી પ્રાણાયામોનો એ નામની એક અટક

૧૫ સ્ત્રી યજુર્વેદની એક શાખા

૧૬. ન એક પ્રકારનું ધન. અર્થ પણ પ્રકારના છે : (૧) શુક્લ એટલે પ્રમાણિકપણે મેળવેલ, (૨) સત્યમ એટલે પ્રમાણિક અને અપ્રમાણિક બંને રીતે મેળવેલ અને (૩) કૃષ્ણ એટલે અપ્રમાણિકપણે મેળવેલ

૧૭. ન. એક પ્રકારનો આંખનો રોગ

૧૮ ન. (જૈન) ચાર ધ્યાનનું એક પ્રકારનું ધ્યાન.

ભગવાને ચાર પ્રકારના ધ્યાન કહ્યાં છે: આર્ત, રૌદ્ર, ધર્મ અને **શુક્લ**. પહેલાં બે ધ્યાન ત્યાગવા યોગ્ય છે પાછળના બે ધ્યાન આત્મસાર્થકરૂપ છે.

શ્રીમદ્ રાજચંદ્ર

૧૯. ન. માખણ.

૨૦. ન. રૂપું; ચાંદી; રજત.

૨૧. વિ. ઊજળું; સ્વચ્છ.

શુક્લ શુભ ચતુર વિચાર અનુકૂલ સિદ્ધ અવદાત, ધવલ નવલ ઊંચી ઝટા કરત છટાની વાત.

વિમલજયપ્રકાશ

૨૨. વિ. સફેદ; શુભ્ર; ધોળું; શ્વેત.

શુક્લકર્મ ૧. [સં.] ન. (વેદાંત) કરું કર્મ; શાસ્ત્રવિહિત પુણ્ય કર્મ. કર્મ ચાર પ્રકારનાં હોય છે: શુક્લ, કૃષ્ણ, શુક્લકૃષ્ણ તથા અશુક્લ-કૃષ્ણ.

૨. વિ. પવિત્ર

૩. વિ. સારું કામ કરનાર

શુક્લકંઠક પુ એ નામનું એક પક્ષી, દાત્યૂહ પક્ષી.

શુક્લકંદ મરિયકંદ, ધોળીકંદ

શુક્લકંદા સ્ત્રી. અતિવિષની કળી

શુક્લકુષ્ઠ ન. ધોળો કોઢ

શુક્લચંદ્ર પુ. શુક્લપક્ષનો ચંદ્ર.

શુક્લતીર્થ ન એ નામનું એક પવિત્રાનું સ્થળ, જ્યાં ભિલ્લાની કદાચ સાથી મહત્ત્વની બાબતો શુક્લતીર્થમાં ભરાય છે. તે ભરૂચથી ૧૦ માઈલ પૂર્વમાં નર્મદાકાંઠે છે. અહીં દર વર્ષે કાર્તિકી પૂર્ણિમા ઉપર મેળો ભરાય છે. મેળો ત્રણ દિવસ ચાલે છે અને લગભગ ૨૫,૦૦૦ માણસો એકઠાં થાય છે. ગામમાં ફક્ત એક જ આકાશદીવડાનું મંદિર છે. મંદિર જૂનું તો નથી પણ એ મંદિરમાં જે આદિ નાગવલ્લીની મૂર્તિ છે તે જૂની મનાય છે. કદાચ જૂના કાળમાં અહીં વિષ્ણુનાં પણ મંદિરો હશે. શુક્લતીર્થ નાનું છતાં તીર્થસ્થાન જેવું જ લાગે છે. ઘણું જ જૂના કાળથી તીર્થસ્થાન મનાય છે

શુક્લદુગ્ધ ૧ [સં] પું. સિંગોડું.

૨. વિ. ધોળા છીરવાળું

શુક્લધાતુ પુ ખડી; ચાક

શુક્લધ્યાન ન. આત્મમુક્તિનું ચિંતવન. આ ધ્યાનમાં આત્મા જગતના ભિન્ન ભિન્ન વિષયોમાં અસ્થિરપણે ભટકતા મનને કોઈ પણ એક વિષય ઉપર સ્થિર કરવામાં આવે, એક વિષય ઉપર સ્થિરતા આવતાં છેવટે મન પણ તદ્દન શાંત એટલે નિષ્પ્રકંપ બની જાય અને શરીરની શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મક્રિયાઓ પણ અટકી જઈ આત્મપ્રદેશનું સર્વથા અકંપપણું પ્રગટે તે વખતે સર્વ કર્મો ક્ષીણ થાય અને જ્ઞાનના બધાં આવરણો વિલય પામી સર્વજ્ઞપણું પ્રગટે.

શુક્લપક્ષ ૧. [સં. **શુક્લ** (સફેદ) + પક્ષ (બાજુ)] પું. અજવાળિયું; સુદપક્ષ; જેમાં ચંદ્રની કળાઓ વધતી જાય છે તે પક્ષ.

૨. પું. ધોળી પાંખ.

૩. પું બગલો પક્ષી.

શુક્લપટલ ન. નિહારિકા.

શુક્લપાક્ષિક વિ. જેની લેશ્યાઓ સારી હોય એવું; જેના વિચારો સારા હોય એવું.

શુક્લપુષ્પ ૧. પું. છત્રાક વૃક્ષ.

૨. પું. મોગરો.

૩. ન. ધોળું ફૂલ

૪. વિ. ધોળા ફૂલવાળું

શુક્લપુષ્પી સ્ત્રી. નાગદંતી વનસ્પતિ.

શુક્લપૃષ્ઠક પું. નગોડનું ઝાડ.

શુક્લફેણ પું. રાતો આકડો

શુક્લબિલાવલ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને દિવસના પ્રથમ પ્રહરે ગવાય છે. પખાજ થાટના સંપૂર્ણ પ્રકારોના રાગો માંહેનો આ રાગ છે આ રાગમાં શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વે શુદ્ધ સ્વરો છે. આ રાગમાં આરોહે રિષભ, ધૈવત વર્જ્ય છે આ રાગનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડ્જ છે પ્રાતઃકાળે આ રાગ ગાવાનો પ્રચાર છે આ રાગમાં બિલાવલ, સિંધારા અને ખમાજ રાગનો ભાસ થાય છે.

શુક્લભૂષણ પું. સૂર્યનું એક નામ.

શુક્લમંડલ ન આંખ ઉપરનું બરાબર પારદર્શક પડ.

શુક્લમાર્ગ ૧. [સં.] પું. શ્વેત રસ્તો

૨. પું સફેદ માર્ગ, ઊજળો માર્ગ

શુક્લમૂલ પું. ધોળું સસબ્બ

શુક્લયજુર્વેદ પું. યજુર્વેદની વાજસનેયી સંહિતા. શુક્લયજુર્વેદના દ્રષ્ટા અથવા ઋષિદ્રષ્ટા યાજ્ઞવલ્ક્ય યોગીશ્વર હતા. વેદવ્યાસના શિષ્ય વૈશંપાયનના તેઓ ભાણેજ થતા હતા અને તેઓ પોતાના મામા પાસેથી યજુર્વેદ શીખ્યા હતા. પરંતુ ત્યાર પછી કોઈ કારણથી મામા ભાણેજને કોઈ પ્રાયશ્ચિતના સંબંધમાં વિચાર થતાં, મામા કોપાયમાન થયા અને ભાણેજને વિદ્યાવિસ્મરણનો શાપ આપ્યો યાજ્ઞવલ્ક્યને તેથી નિરાશ ન થતાં સૂર્યનારાયણ ઉપર ઉગ્ર તપશ્ચર્યા કરી અને તેઓને પ્રસન્ન કરી. તેઓ પાસેથી નવો યજુર્વેદ પ્રાપ્ત કર્યો. તે વેદ તેઓએ પ્રસિદ્ધ કર્યો. તે શુક્લયજુર્વેદના નામથી પ્રસિદ્ધ થયો અને મૂળ યજુર્વેદ કૃષ્ણયજુર્વેદ કહેવાયો. તે જ પ્રમાણે તેઓ પોતાના ઇષ્ટદેવ સૂર્યનારાયણ પાસેથી શતપથ બ્રાહ્મણ મેળવવા પણ ભાગ્યશાળી થયા હતા. તે સંહિતા અને બ્રાહ્મણનાં જ્ઞાનો તેઓએ પોતાના પટ્ટ શિષ્યોને ભણાવ્યાં. તે શિષ્યોએ પાછળથી પોતાંતરો કરી નાંખવાથી એક શુક્લયજુર્વેદની પંદર શાખાઓ થઈ તે પૈકી વર્તમાનકાળમાં માત્ર માધ્યંદિની અને કાણ્વ શાખાઓ પ્રચલિત છે. બીજી શાખાઓ લુપ્ત થઈ છે. યજુર્વેદની પંદર શાખાઓનાં નામ નીચે પ્રમાણે છે: (૧) જાબાલ, (૨) બૌધેય, (૩) કાણ્વ, (૪) માધ્યંદિન, (૫) શાપેય, (૬) સ્યાપાનીય, (૭) કપોલ, (૮) પાંડરવત્સ, (૯) આવટિક, (૧૦) પારાશર, (૧૧) વૈણેય, (૧૨) વૈધેય, (૧૩) વૈનતેય, (૧૪) પરમાવટિક અને (૧૫) ઔદ્દાલક. યજુર્વેદનું નવું સ્વરૂપ, તે વૈશંપાયને કૃષ્ણયજુર્વેદમાં મોટો ફેરફાર કરીને તેમજ નવા મંત્રો ઉમેરીને બનાવ્યું હતું. તેના કુલ ૪૦ અધ્યાય છે તેમાં ૧થી ૨૫ સુધી મૂળ યજુર્વેદ છે. ૨૬ થી ૩૫ ખિલ અને ૩૬થી ૪૦ શાખિ અધ્યાય છે. આની સંહિતા કૃષ્ણયજુર્વેદના તૈત્તિ. ભાગ અને ઋગ્વેદના પાંચમા ભાગ જેટલી છે; તેની કાણ્વ અને માધ્યંદિન એવી બે શાખાઓ જોવામાં

આવે છે. તે એમાં બહુ ફેર નથી, પ્રત્યેક શાખામાં ઋગ્વેદની માફક જ વાપર્યો છે તે ખાસ ફેર છે. આ વેદમાં કુલ ૧૯૭૫ ઋચાઓ છે. બીજા ત્રણ વેદની માફક આ વેદ આસે સહિતારૂપ કર્યો ન હતો, પણ તેના શિષ્યના શિષ્ય યાજ્ઞવલ્કયે એનો કર્યો હતો. શતપથ બ્રાહ્મણનો અને આ વેદનો સમય ઈ.સ. પૂર્વે ૩૦૦૦નો છે. યજુર્વેદની વાજસનેયી શાખા, યાજ્ઞવલ્કયે અ. યજુર્વેદ સૂર્યની ઉપાસના કરી મેળવેલ હતો અને સૂર્યે તેને ઘોડાનું રૂપ લઈ પોતાની કેશવાળી ખંખેરી આપેલ તેથી તે વાજસનેયી એ નામથી ઓળખાય છે.

શુક્લયોગ પું એ નામનો એક યોગ.

શુક્લરોહિત ૧. પું ધોળા રોહિડાનું ઝાડ. ૨. વિ. ધોળા લાલ મિશ્ર રંગનું

શુક્લવર્ણ [સં.] પું. સફેદ રંગ.

શુક્લવાયસ ૧. [સં.] પું ધોળો કાગડો. ૨. પું બગલો.

શુક્લવાયસી ૧. સ્ત્રી. ધોળી કાગડી. ૨ સ્ત્રી. બગલી.

શુક્લસ્તંભ પું. નાળચાદ્રહમાં અગ્નિપૂજે નાખેલો બ્રાહ્મણનો સ્તંભ. તેની નીચે ધોળું ઘી, દૂધ વગેરે નાખેલું હોય છે.

શુક્લા ૧. સ્ત્રી. કાકોલી નામની વનસ્પતિ. ૨. સ્ત્રી. (પુરાણ) ક્રૌંચ દ્વીપની એક નદી. ૩. સ્ત્રી. ધોળા રંગની સ્ત્રી. ૪. સ્ત્રી. સરસ્વતી. ૫. સ્ત્રી. સાકર.

શુક્લાદ્વાદશીવ્રત ન. દુર્ગાષ્ટમી; એક સુદિ ૮.

શુક્લાપાંગ પું. મોર.

શુક્લાભિસારિકા સ્ત્રી. પરકોયા અભિસારિકા નાયિકા; શ્વેત વસ્ત્રધારી અજવાળે જનારી અભિસારિકા; ચાંદની રાત્રિને અનુકૂળ વેષ ધારણ કરી પ્રિય સંગમાર્થે સંકેત સ્થળે જનાર.ણી સ્ત્રી.

શુક્લાર્ક [સં શુક્લ (સફેદ) + અર્ક (આકડો)] પું. ધોળો આકડો.

શુક્લાર્ધ પું આખાનું એક દરદ.

શુક્લાંગ [સં] પું. સૂર્યનું એક નામ.

શુક્લાંગી સ્ત્રી. રોહિણિકા નામની વનસ્પતિ

શુક્લાંબર [સ.] ન. ધોળું વસ્ત્ર.

શુક્લોપલા સ્ત્રી: સાકર

શુચ્ ૧. [સં] અ. ક્રિ. ક્ષય પામવો. ૨. સ ક્રિ. શોષ્યમૂ કરવું; પવિત્ર કરવું

૩. અ. ક્રિ. (ધાતુ) દિલગીર થવું; અફસોસ કરવો; શોક કરવો. તે પરથી અનેક શબ્દ: શોક, શુચિ વગેરે.

૪. અ. ક્રિ. પસ્તાવો કરવો.

૫. અ. ક્રિ. પ્રકાશવું

શુચિ ૧. [સ. શુચ્ (પવિત્ર કરવું)] પું. (પુરાણ) અગ્નિ.

૨. પુ. (પુરાણ) અગ્નિને સ્વાહાને પેટે થયેલા ત્રણ માંહેનો ત્રીજો પુત્ર. તે વાનપ્રસ્થોને પૂજ્ય છે. સૂર્યને ઉંદરીને કરવાનો હવન આ અગ્નિમાં થાય છે. તે ઉપરથી એને સૌર કહ્યો છે.

૩. પુ. બ્રહ્મપ્રદેશ સરકારનો સ્થાપિત અગ્નિ.

૪ પું. (પુરાણ) અષાઢ મહિનો; ચૈત્રી વર્ષ મુજબ મહિનાઓના અનુક્રમમાં આવતો ચોથો મહિનો એ મહિનાની પૂર્ણિમા પૂર્વાષાઢા નક્ષત્રમાં હોવાથી એનું નામ અષાઢ પડ્યું છે. આ મહિનામાં સૂર્યમંડળનો અધિપતિ વરુણ નામનો આદિત્ય હોય છે.

૫. પુ. આકાશનો છોડ.

૬. પું. આકાશ; યો

શુચિમાં રહે ઈંદ્ર સૂર્ય રૂપે. ક્ષોપનિષદ

૭. પું. (પુરાણ) ઉદ્ભાવર્ષિ મન્વંતરમાં થનારા સપ્તઋષિઓ માંહેનો એક.

૮. પું. (પુરાણ) ઉદ્ભાવર્ષિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો એક ઇંદ્ર

૯. પું. (પુરાણ) ઉત્તમમનુનો એક પુત્ર.

૧૦. પું (પુરાણ) ઉત્તાનપાદ વંશના વિજિતા રાજાનાં ત્રણ માંહેનો કનિષ્ઠ પુત્ર. એ પૂર્વે અગ્નિપુત્ર હતો.

૧૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, રગણ, યગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે.

૧૨. પું. કપૂર.

૧૩. પું. ગ્રીષ્મઋતુ; ઉનાળો.

૧૪. પું. ચંદ્ર.

૧૫. પું. ચિત્રકનું ઝાડ. ચિત્રકનું ઝાડ રાતું હોય છે પરંતુ પવિત્ર છે અને સારે ઠેકાણે હોય છે માટે તેને શુચિ કહે છે.

૧૬. પું. જપ

૧૭ પું. દશમી શતાબ્દીમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ કે મત

૧૮. પું. પ્રો.

૧૯. પુ (પુરાણ) પુરુપુત્રના અજમીઢ વંશના કુરુપુત્ર સુધનુના જરાસંધ વંશના વિપ્ર નામના રાજાનો પુત્ર. ક્ષેમરાજ તેનો પુત્ર થાય

૨૦. પુ (પુરાણ) બાર માંહેનો એક ભાર્ગવ દેવ.

૨૧ પું. બ્રહ્મચર્ય

૨૨. પું. (પુરાણ) વારુણિભૃગુના સાત માંહેનો ત્રીજો પુત્ર, રુક્માયર્વનો એક ભાઈ

૨૩. પું. (પુરાણ) વિદેહ વંશના શતદ્યુમ્ન જનકનો પુત્ર. તેના પુત્રનું નામ સનદ્વાજનક હતું

૨૪. પુ (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો પુત્ર.

૨૫. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨૬ પું શારીરિક અને માનસિક શુદ્ધિવાળો મનુષ્ય; કર્મના યોગથી જેની બાહ્ય શુદ્ધિ થઈ છે અને જ્ઞાનના યોગથી અંત:શુદ્ધિ થઈ છે તેવો મનુષ્ય

૨૭ પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૨૮. પુ ૨૮

૨૯. પુ. શુદ્ધ આત્મત્વ

૩૦. પુ સફેદ રંગ

૩૧. પું. (પુરાણ) સુમાલુ નામના ચેદિદેશના એક વેપારી વણઝારનો નાયક

૩૨ પું. સૂર્ય.

૩૩ પું (પુરાણ) સોમવંશી યદુકુળના સાત્વતના પુત્ર અંધકના ચાર માંહેનો ત્રીજો પુત્ર.

૩૪ સ્ત્રી. કાશ્યપની સ્ત્રી.

૩૫. સ્ત્રી. તામ્રાની કન્યા

૩૬. સ્ત્રી. યજ્ઞમાં હોમવાના દ્રવ્યમાં આવતું લાકડાનું એક સાધન; યજ્ઞમાં ઘી હોમવાનું લાકડાનું સાધિત્ર; યજ્ઞમાં બીજું હોમવા માટે લાકડાનું સાધન. સુવો કે સરવો પુરુષ જાતિય છે અને તેમાં ઘી નાખવાને આકૃતિ અપાય છે. શુચિ એ સ્ત્રી જાતિય છે અને તેમાં દૂધ મૂકી તેની ઉપર સરવો ઊંધો મૂકી દૂધ હોમાય છે.

૩૭. સ્ત્રી. શુદ્ધપણું; શુચિતા; શુદ્ધતા.

૩૮. સ્ત્રી. સાંકળિયુ

૩૯. વિ તેજસ્વી.

૪૦. વિ ધોળુ

૪૧. વિ. પવિત્ર; શુદ્ધ; પુનિત; સ્વચ્છ.

૪૨. વિ. પ્રમાણિક.

શુચિકા સ્ત્રી. (પુરાણ) એક અપ્સરા.

શુચિગ્રામ [સ. શુચિ (પવિત્રતા) + ગ્રામ (સમૂહ)] પું. પવિત્રતાનો ભંડાર.

આતુર પરિક્ષિત શુદ્ધ ઓળ બકતા શુક શુચિગ્રામક.
દયારામ

શુચિત ૧. [સં] વિ. પવિત્ર કરેલું; સ્વચ્છ ૨. વિ શોક કરેલ.

શુચિતર [સ] વિ. વધુ પવિત્ર

જાણે ગયે જહો આ શુચિતર.
રિબ્યો લોક જેને વિજોડે,
પ્રજાળીને બળ્યો કનક કલાની,
કાન્તિથી ચિત્ત ચોરે

બળવંતરામ કે. ઠાકોર

શુચિતા ૧ [સ] સ્ત્રી. દાક્ષિણ્ય
૨. જા પવિત્રતા; સ્વચ્છતા, નિર્મળતા, શુદ્ધિ, સ્વચ્છપણું

શુચિતાદંભ [સ] પું નિષ્ઠાચારનો ડોળ કે દંભ

શુચિત્વ [સ] ન. પવિત્રતા; શુદ્ધતા.

શુચિત્વદંભી [સ] વિ. શુચિતા દંભવાળું

શુચિદેશ [સ] ન. ભારતવર્ષનું એ નામનું એક પ્રદેશવાન જ્યાં સતીનાં ઉપરનાં વસ્ત્ર પડેલાં હતાં

શુચિદ્રુમ [સં] પુ. પીપળાનું ઝાડ

શુચિપત્ર [સ] ન. યાદી; અશુદ્ધ હોય તે શુદ્ધ કરી બતાવ્યું હોય એવી યાદી; ' લિસ્ટ '

શુચિમણિ [સં.] પુ. સ્ફટિક મણિ; ધોળો મણિ; સ્વચ્છ મણિ

શુચિમુખ ૧. પુ. એ નામનો એક પ્રેત
૨. પું એ નામે યમપુરીનો અઠ્ઠાવીસમો નરકકુંડ

શુચિયજ્ઞ પુ. એ નામનો એક યજ્ઞ.

શુચિલ વિ. સર્વપ્રકારના અલંકાર સાથે; કપડાં સહિત; મનોહારી.

શુચિવ્રતા [સં] સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ મકાનોની એક કળા

શુચિશ્રવા [સં. શુચિશ્રવસ્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

શુચિસત્તમ પું. શિવનાં હજાર માંહેનું એક નામ

શુચિસ્મિત ૧. પુ શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. ન. પવિત્ર મંદહાસ્ય; પવિત્ર સ્મિત.
૩. વિ. નિર્દોષ ને મધુર હાસ્ય કરનાર.

શુચિસ્મિતા સ્ત્રી (પુરાણ) પ્રાધાની અપ્સરાની એક કન્યા

શુચી ૧ સ્ત્રી. (પુરાણ) તાપ્રાને પેટે કશ્યપથી થયેલી એક કન્યા.
૨. સ્ત્રી. સૂર્ય; સોમ.
અંત પ્રાપ્તીત કાળમાં પણ સૂર્ય અને અગ્નિથી કાયેલા સંયેલા વસ્ત્રોથી આખી પૃથ્વી બહોળા હતા. સૂર્ય માટે વપરાયેલો શબ્દ શુચી છે.
સુપર્ણાખ્યાન

શુચીભૂત [સં.] વિ પવિત્ર થયેલું.

શુજાઅત [અ] સ્ત્રી. બહાદુરી; શૂરવીરતા; શૌર્ય; પરાક્રમ; વીરતા.

શુતર [મા. સુત્ર] ન. ઊંટ.

શુતરખાના ૧. ન. ઊંટખાનું; ઊંટ વગેરેની સંભાળ રાખવાનું ખાતું
૨. [મા સુતરખાના] ન. ઊંટસાળા.

શુતરનાલ સ્ત્રી. એ નામે એક જાતની પુરાતની તોપ. આ જાતની તોપો ઊંટ ઉપર લાદવામાં આવતી

શુતુદ્રિ [સં.] સ્ત્રી સતલજ નદી.

શુનઃફેફ પું. એ નામનો અગિયારમો નરકકુંડ તે એક ગાઉના પ્રમાણમાં છે અને વીંછના ડીલાઓથી સંકુલ છે.

શુદ્ધ જુઓ સુદ્ધિ

શુદ્ધબુદ્ધ [મા.] સ્ત્રી. સમજણ; સમજ.

શુદ્ધ ૧ પું આત્માના ચાર માંહેનો એક ગુણ.
૨. પુ. (પુરાણ) ઉદ્દસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિઓ માંહેનો એક.
૩. પું (પિંગળ) એ નામે એક પ્રકૃતિગીતિ માત્રામેળ છંદ. તે એકપદ ગીતિનો એક ભેદ છે તેમાં ૪ ગુરુ અને ૫૨ લઘુ મળી ૬૦ અક્ષરની ૬૪ માત્રા છે.
૪. [સં. શુદ્ધ (પવિત્ર બનાવવું)] પું પરમેશ્વર. કેમકે તે પોતે સ્વયં પવિત્ર છે તથા બીજાને પવિત્ર બનાવે છે
૫. પું રાજાના મહેલના છ માંહેનો એક ભેદ. રાહ, માઢ, પોઢ, શેખર, નુગાર અને સિદ્ધકર્મ એમ રાજાના મહેલના છ ભેદો છે
૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૭. પું. સૂર્યનું એક નામ.
૮ પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર અમાવસુના રાજાનો પુત્ર. શુદ્ધિ નામનો રાજા આનો પુત્ર થાય
૯. સ્ત્રી. જ્ઞાન; શુદ્ધિ; સત્ય.
૧. શુદ્ધ કેકાણે આવવી = (૧) ઠામું કે સમજણ થવું. (૨) જ્ઞાન આવવું.
૨. શુદ્ધ કેકાણે આવવી = સમજવવું; શુદ્ધિ કેકાણે આવવી; પાકારું કરવું.
૧૦. સ્ત્રી. ખાણ; ખજાર.
૧૧. વિ. ગાળેલું; શોધિત; શુદ્ધ કરાયેલું; શોધેલું.
૧૨. વિ. ચોખ્ખું; સ્વચ્છ; નિર્મળ; સાફ
૧૩. વિ. ધોળું; સફેદ.
૧૪. વિ. પવિત્ર; શુચિ.
તે પરિમિતથી અન્ય અપરિમિત ક્ષેત્ર છે, શુદ્ધ સત્ય જ્ઞાનથી સર્વવ્યાપક ઈશ્વર.
ગોપીગીતા
૧૫ વિ. ભૂલ વગરનું; દોષ રહિત; નિર્દોષ; નિષ્કલંક.

શુદ્ધઅપૂર્ણાંક [સં.] પુ. (ગણિત) સમ અપૂર્ણાંક; જેમાં છેદ કરતાં અંશ નાનો હોય તેવો અપૂર્ણાંક.

શુદ્ધઅવરોહ પુ. (સંગીત) ક્રમપૂર્વક ઉપરથી નીચે સ્વરો લેવા તે.

શુદ્ધઆત્મવિષયકપ્રમા [સ] સ્ત્રી (વેદાંત) હું બ્રહ્મ છું એવી પ્રમા; પ્રમાજન્ય જ્ઞાન.

શુદ્ધઉપાસના [સં] સ્ત્રી. ચતુર્ભુજ આદિ મૂર્તિની ભાવના કરવી તે

શુદ્ધકટાક્ષકથન [સં.] ન અન્યોક્તિ; વક્રોક્તિ; મર્મવચન

શુદ્ધકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ રાગની જાતનો એક રાગ. તે યમન થાટમાંથી ઉત્પન્ન થાય છે. કલ્યાણ થાટમાંનો સંપૂર્ણ પ્રકારના રાગોમાં તીવ્ર મધ્યમ લેનારો માત્ર આ એક જ રાગ છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ગાંધાર છે, સંવાદી સ્વર નિષાદ છે રાત્રિના પ્રથમ પ્રહરે ગાવાનો પ્રચાર છે. ઓડવ સંપૂર્ણ જાતિનો છે

શુદ્ધકાનડા સ્ત્રી (સંગીત) કાનડા રાગિણીની અઢાર માંહેની એ નામની એક જાતિ

શુદ્ધકામોદ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; લલિત તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિરામો આવે છે.

શુદ્ધકામોદ સ્ત્રી (સંગીત) કામોદી રાગિણીની અઢાર માંહેની એ નામની એક જાતિ.

શુદ્ધકેદાર પું (સંગીત) એક જાતનો રાગ. તે યમન અને શંકરાભરણના મિશ્રણથી બને છે તેનાં આરોહ સ્વરોથી અવરોહ સારે શુદ્ધકેદાર થાય છે. રાતના પહેલા પ્રહર ગવાય છે.

શુદ્ધખાદી સ્ત્રી. હાથે કાંતેલા તાણા-વાણા અને હાથવણાટની બાદી. તે વિષે ગાંધીજી લખે છે કે: સારામાં સારા ઓટલો કે, સ્વરાજમાં શુદ્ધ ખાદીને જ સ્થાન હોય, તેમાં જ પ્રજાનું કલ્યાણ છે, તેથી જ ઊંચનીચ ને નાના મોટા તેમ જ ગરીબ તવંગરના ભેદ મટી જઈ સૌ સરખા થઈ જશે.

શુદ્ધગણિત [સં.] ન. કેવળ ગણિત; અમૂર્ત કે શુષ્ક ગણિત; ગણિત બીજગણિત.

શુદ્ધગા પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને કુમારી છંદ કહે છે. તેના દરેક ચરણમાં વગણ, રગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

શુદ્ધગીત [સં] સ્ત્રી. (સંગીત) ગીતની બે માઠેની એક જાતિ. ગીતની શુદ્ધ અને વિકૃતિ એવી બે જાતિ છે. ન્યાસ, અપન્યાસ, ગ્રહ અને અંશ સ્વરમાં શુદ્ધજાતિના વાસ છે તેના સાત ભેદ છે: (૧) ષાડજી, (૨) આર્ષભી, (૩) ગાંધારી, (૪) મધ્યમા, (૫) પંચમી, (૬) ધૈવતા અને (૭) નૈષાદી.

શુદ્ધગુજરી સ્ત્રી (સંગીત) ગુજરી રાગિણીની ૭ માઠેની એ નામની એક જાત.

શુદ્ધગૌરી સ્ત્રી. (સંગીત) ગૌરી રાગિણીની ૧૬ માઠેની એ નામની એક જાત.

શુદ્ધચિત્ત ૧. [સં] પું. વિષ્ણુનાં હજાર માઠેનુ એક નામ.

૨. વિ. પવિત્ર મનવાળું; સારી બુદ્ધિવાળું.

શુદ્ધજંઘ [સં.] પું અધેડો

શુદ્ધજંઘી [સં] સ્ત્રી અધેડી.

શુદ્ધતત્ત્વજ્ઞાન [સ] ન. તત્ત્વ મીમાંસા; આત્મતત્ત્વજ્ઞાન; અધ્યાત્મજ્ઞાન.

તે સમયે એમના મન ઉપર **શુદ્ધતત્ત્વજ્ઞાન** કરતા નીતિશાસ્ત્રની અસર વધારે હતી.

આનંદશંકર ધ્રુવ

શુદ્ધતમ [સં.] વિ. સૌથી વધારે શુદ્ધ.

ભક્તના ચિત્તોને અવસાનો દેવાને વાસ્તે પરમેશ્વરે મલિન, શુદ્ધ, **શુદ્ધતર** અને **શુદ્ધતમ** વિભૂતિઓ રૂપિના કેવારથી કલ્પેલી છે.

ભગવતી ભાગવત

શુદ્ધતર [સ] વિ. વધારે શુદ્ધ.

શુદ્ધતરન્યાય પું. નીચલી અદાલતથી નારાજ થઈ ઉપલી અદાલતમાં માંગવામાં આવતો ન્યાય; ' અપીલ '

શુદ્ધતા ૧. સ્ત્રી. ધોળાશ

૨. [સં.] સ્ત્રી. નિર્ભેળતા.

૩. સ્ત્રી યથાર્થતા; ખરાપણું.

૪. સ્ત્રી. (વેદાંત) રાગદ્વેષથી રહિતપણું.

૫. સ્ત્રી. શુદ્ધપણું; પવિત્રતા.

૬. સ્ત્રી. સ્વચ્છતા.

શુદ્ધતાન સ્ત્રી. તાનનો એક પ્રકાર. તેના બે ભાગ છે: ષાડવ અને ઔડવ અને તે બંનેની મળી કુલ ૮૪ તાન થાય છે.

શુદ્ધધ્વનિ પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તેમાં કુલ ૩૨ માત્રા હોય છે. તેમાં પ્રથમ ૭ માત્રા, પછી ને પર દહીનું માપ હોય છે તેમાં ૧૦, ૮, ૧૪ માત્રાએ યતિ અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧ માત્રાએ તાલ આવે છે.

શુદ્ધનટ ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે બિલાવલ થાટમાંથી ઉતરી થાય છે અને રાતના બીજા પ્રહરે ગવાય છે

૨. સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની અગિયાર માઠેની એક જાત

શુદ્ધનય ૧ પું. (જૈન) જેમ સોનું તાંબાના સયોગ વખતે પણ, સ્વભાવપણે જોઓ તો સોળ વહું શુદ્ધ જ છે તેમ કર્મિક નિમિત્તાધીન વિકાર વખતે પણ ભગવાન આત્મા પોતાના મૂળ સ્વભાવે પવિત્ર પૂર્ણ શુદ્ધ જ છે એવા અવસ્થાને ગૌણ કરીને જાણવું તે.

૨. પું. (જૈન) નવ તત્ત્વના ભેદ તથા સર્વ વિકારી અવસ્થાના ભેદને ગૌણ કરી, નિત્ય એકરૂપ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લેનાર દૃષ્ટિ

૩. પું. (જૈન) પર નિમિત્તના ભેદ રહિત પર્યાયના ભેદ રહિત દરેક અવસ્થામાં ત્રિકાળી પૂર્ણ શક્તિ અખંડ શુદ્ધ સ્વભાવપણે છે તેવા નિરપેક્ષ પારિણામિક સ્વભાવને ગ્રહવા લક્ષમાં લેવો તે

શુદ્ધનાટ સ્ત્રી. (સંગીત) મેઘ રાગની આઠ માઠેની એ નામની એક પુત્રવધૂ રાગિણી. તે શુદ્ધ રાગ અને નટ રાગથી ભિન્ન છે.

શુદ્ધનિશ્ચયનય પ. (જૈન) નિશ્ચયનયનો એક પ્રકાર: જે બીજા બધાં નિમિત્ત રહિત વસ્તુના શુદ્ધ સ્વરૂપ ગ્રહણ કરે તે નિશ્ચય.

શુદ્ધનીતિ સ્ત્રી. સોબ્બી નીતિ.

શુદ્ધન્યાય પું. ધાર્મિક ન્યાય; ધર્મન્યાય; ન્યાય અદાલતમાં વપરાતું એક પ્રકારનું ધર્મરાજ્ય.

ત્યારે **શુદ્ધન્યાયની** દૃષ્ટિએ મંડળ કરતા પરિષદનું જ પલ્લું જ વધારે ભારમાં આવવાને પાત્ર આ બંડોળ છે. ભગવંતરાય ક. ઠાકોર

શુદ્ધપટી સ્ત્રી. એક જ પડવાળી પટી.

શુદ્ધપરાર્થ [સં.] પું. બંધુત્વ; બંધુભાવ; બંધુભાવના; ભાઈચારો.

અને **શુદ્ધપરાર્થ** કહો કે દૂર અંદેશ સ્વાર્થ કહો. બનેની સરવાળે એકતા છે.

ગુ. વા. પરિષદ

શુદ્ધપુનરાવર્તદશાંશ પું (ગણિત) જેમાં દશાંશ ચિન્હ પછીથી જ બધા આંકડા ફરી ફરીને આવતા હોય એટલે કે દશાંશ ચિન્હ પછીથી જ પુનરાવર્ત પ્રદેશ શરૂ થતો હોય તેવો અપૂર્ણાંક.

શુદ્ધપુરિયા પુ. (સંગીત) દિનની પુરિયા રાગની ચાર માઠેની એ નામની એક જાતિ.

શુદ્ધપ્રત્યક્ષ ન. જે પ્રત્યક્ષ ઉપર વિચાર કરતાં તેનું જ્ઞાપણ પૃથક્કરણ થઈ શકતું નથી તે; કેવળ પ્રત્યક્ષ.

શુદ્ધબંગાલ પું. સંગીતસમયસારમાં આપેલા રાગના રાગાંગ વિભાગનો એક રાગ. શુદ્ધ ષાડવ રાગનું અંગ છે. મધ્યમ ન્યાસ અને અંશ છે. આની યોજના કર્ણમાં થાય છે.

શુદ્ધબિલાવલ પું એક જાતનો રાગ. તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે રાતના બીજા પ્રહરે તે ગવાય છે.

શુદ્ધબિહાગ પું. (સંગીત) બિહાગડા રાગની બે માંહેની એ નામની એક જાતિ

શુદ્ધબુદ્ધ સ્ત્રી. જ્ઞાન અને જ્ઞાન

શુદ્ધબુદ્ધ નવ રહી મારી હું બોલી ઢાકો અભિલાષે.

પ્રેમાનંદ

શુદ્ધબુદ્ધ સ્વભાવ [સં.] વિ. મળ રહિત અને જ્ઞાન સ્વરૂપ સ્વભાવવાળો; આત્મ.

કેવળ માયા સંબંધ રહિત **શુદ્ધબુદ્ધ સ્વભાવ** સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે.

પ્રમદાશ્રી

શુદ્ધબુદ્ધિ [સં.] સ્ત્રી સરળ વિશ્વાસ; નેકનિયતિ; યોગ્ય સંભાળ અને ધ્યાન; પાકદિલ; સાફ દાનત; સ્થિરબુદ્ધિ; સ્થિતપ્રજ્ઞા; સુખદુઃખમાં સમ રહેવાની વૃત્તિવાળી બુદ્ધિ; વ્યવસાયાત્મિકા બુદ્ધિ. બાલ ગંગાધર ટિળક કહે છે કે: બુદ્ધિ બરાબર કાટા ઉપર હોય તો પછી આપે તેવી વાસના મનમાં ઉત્પન્ન થવાથી મન અસ્વસ્થ નહિ. માટે પ્રથમ વ્યવસાયાત્મક બુદ્ધિ સ્થિર કરવાની જરૂર છે, એવો ગીતાના કર્મયોગશાસ્ત્રનો પહેલો સિદ્ધાંત છે. ગીતામાં જ નહિ પણ કાન્ટે પણ ' બુદ્ધિ 'ના આવી જ તરેહના બે ભેદ પાડી ' શુદ્ધ ' એટલે વ્યવસાયાત્મક બુદ્ધિ વિષયે અને આવહારિક એટલે વાસનાત્મક બુદ્ધિ વિષયે એમ બે સ્વતંત્ર ગ્રંથોમાં તે તે બુદ્ધિ વિષયે વિવેચન કર્યું છે. કાન્ટે આ વ્યવસાયાત્મિક બુદ્ધિને શુદ્ધ બુદ્ધિ એટલે ' પ્યોર રીઝન ' અને વાસનાત્મક બુદ્ધિને ' પ્રેક્ટિકલ રીઝન ' એનુ નામ આપ્યું છે. અર્થાત્ જેની વ્યવસાયાત્મક બુદ્ધિ શુદ્ધ અને સ્થિર થયેલી નથી તેના મનમાં વાસનાના નિરનિરાળા તરંગ ઉછળે છે અને તેથી તેની વાસના હમેશા શુદ્ધ અને પવિત્ર રહેશે એવો નિયમ હોતો નથી. આ વ્યવસાયાત્મક બુદ્ધિ શુદ્ધ થવા માટે પાતજ્જલ યોગ પ્રમાણે સમાધિ, ભક્તિ, જ્ઞાન અથવા ધ્યાનથી પરમેશ્વરનું સ્વરૂપ ઓળખીને સર્વ મનુષ્યમાં એક જ આત્મા છે તે તત્ત્વબુદ્ધિમાં દૃઢ જડવું જોઈએ એ આને જ આત્મનિષ્ઠ બુદ્ધિ, શુદ્ધબુદ્ધિ, સ્થિરબુદ્ધિ કે સ્થિતપ્રજ્ઞા કહે છે.

શુદ્ધભાવ પું. (ગણિત) અંકની મૂળ કે અસલ કીમત; જ્યારે કોઈ આંકડો એકથી હોય ત્યારે

જે તેની કીમત હોય તે. જેમકે. ૨૫૩ એ સખ્યામા બગડો, પાચડો અને ત્રગડો એ ત્રણ આકડાઓ છે. તે દરેક એકલા હોય ત્યારે તેમની અનુક્રમે ૨, ૫, ૩ કીમત આવે છે મટે તે તેમનો શુદ્ધભાવ કહેવાય છે

શુદ્ધભાવે અ ખરા દિલથી, કપટ વગર.

શુદ્ધમત [સ] પુ. દશમી સતાબ્દીમા આર્યાવર્તમાં પ્રવર્તતો એક મત કે ધર્મ.

શુદ્ધમતિ ૧. [સં.] સ્ત્રી. પવિત્ર બુદ્ધિ.
૨. સ્ત્રી બ્રીમક રાજાની પત્ની અને રુકિમણીની માતા

શુદ્ધમધ્યા સ્ત્રી (સગીત) એકવીસ મહેની એ નામની અગીઆરમી મૂર્છના; મધ્યમ ગ્રામની સાત મહેની એક મૂર્છના. આ મૂર્છના મન્દ્રસ્થાની કોમલ ધૈવતથી આરોહ કરી મધ્યમસ્થાની કોમલ ધૈવત સુધી જાય છે અને અવરોહ કરી પાછી મૂળ સ્વર ઉપર આવે છે

શુદ્ધમલ્હાર ૧. પુ (સગીત) એ નામે એક રાગ. તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે. વર્ષાઋતુમાં કોઈપણ સમયે ગવાય છે
૨. સ્ત્રી. (સંગીત) મલ્હારની અગિયાર મહેની એ નામની એક રાગિણી.

શુદ્ધ માર્જાયત્ર [સં.] ન. પાકો નકશો

શુદ્ધમાલશ્રી સ્ત્રી (સંગીત) માલશ્રી રાગિણીની ચાર મહેની એ નામની એક રાગિણી

શુદ્ધમુદ્રા [સં.] સ્ત્રી. જૂતપનુ એક અંગ; આંગળી પકડીને અથવા માથા ઉપર કે છાતી આગળ રાખીને જૂત કરવું તે

શુદ્ધરસ પુ. લોહિનો પાતળો સ્વચ્છ જલમય ભાગ તે કેશવાહિનીઓની દીવાલોમાંથી ટપકીને બહાર જાય છે. આ રસ બધી ધાતુઓને પોષણ આપે છે અને પોષણ આપ્યા પછી બાકીનો ભાગ રસાયનાઓ મારફતે પાછો વળી, શિરાઓમાં દાખલ થઈ અશુદ્ધ લોહીના પ્રવાહમાં ભળી જાય છે.

શુદ્ધરાગ [સ.] પું (સંગીત) જેમાં બીજા કોઈપણ રાગનુ મિશ્રણ ન થતું હોય તેવો રાગ.

શુદ્ધલક્ષણા સ્ત્રી લક્ષણાનો એક પ્રકાર. તેના ત્રણ પ્રકાર છે: (૧) જહલ્લક્ષણા, (૨) અજહલ્લક્ષણા અને (૩) જહદજહલ્લક્ષણા.

શુદ્ધલાભ [સં.] પું. ચોખ્ખો લાભ કે નફો.

શુદ્ધલેખન ૧. ન. ચિત્રનિર્માણ.
૨ ન સપાદન.
૩. [સ] ન સુલેખન.

શુદ્ધવરાટી સ્ત્રી સંગીત સમયસારમાં આપેલ રાગોના વિભાગો મહેના આપાંગ વિભાગની એક રાગિણી.

શુદ્ધવર્ગ સમીકરણ ન. (ગણિત) જેમાં એકજ અજ્ઞાત રાશિ બે ઘાતનો હોય અને તેની સાથે તે રાશિના પ્રથમ ઘાતનું કોઈ પદ ન હોય તેનું સમીકરણ.

શુદ્ધવિદ્યા સ્ત્રી. તાત્રિક છત્રીસ મહેનું એ નામનું પાંચમુ તત્ત્વ.

શુદ્ધવિદ્યાકલ્પ [સં.] ન. એ નામનું એક શાસ્ત્ર. તે મહર્ષિ અથર્વાયને બનાવેલું છે. તેમાં સૃષ્ટિ અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે કે કોઈ એ તે ઉત્પન્ન કરી છે ? આ સૃષ્ટિ અને તેના સર્જકનો સબધ કેવી જાતનો છે ? કેટલી જાતની સૃષ્ટિઓ છે ? વિગેરે સવાલોનો કાળજીપૂર્વક અભ્યાસ અને મનનપુરઃસર યોગ્ય નિર્ણયો આપવામા આવ્યા છે.

શુદ્ધવિધાન [સં.] પુ નિરન્વય નિર્દેશ; નિરપેક્ષ વાક્ય; સ્વતંત્ર દરખાસ્ત.

શુદ્ધવિરાટ પું. (પિંગળ) એ નામે એક સમજૂત અક્ષરમેળ છંદ; વિરાટ. તે પક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે

શુદ્ધવિરાટજઘળ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રા મેળ છંદ; શુદ્ધવિરાટર્પજ; શુદ્ધવિરાડાર્પજ. તે સકીર્ણ વર્ગનો છે. તેના પહેલા ચરણમાં મગણ, સગણ, જગણ, જગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે અને બીજા ચરણમાં સગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે, ત્રીજા ચરણમાં તગણ, જગણ અને રગણ એમ નવ અક્ષર હોય છે અને ચોથા ચરણમાં ત્રણ નગણ, જગણ અને મગણ એમ પદર અક્ષર હોય છે

શુદ્ધવિરાટાર્પજ જુઓ શુદ્ધવિરાટજઘળ.

શુદ્ધવિવાહ [સં.] પું. સ્મૃતિકારના મત પ્રમાણે એક જાતનો વિવાહ

શુદ્ધષડ્જા સ્ત્રી (સગીત) ષડ્જ ગ્રામની સાત મહેની એ નામની ચોથી મૂર્છના. તે મન્દ્રસ્થાની ધ થી આરોહ કરીને મધ્યસ્થાની મ સુધી જાય છે અને ત્યાંથી અવરોહ કરી પાછી મૂળ સ્વર ઉપર આવે છે.

શુદ્ધષડ્જી સ્ત્રી. (સગીત) એકવીસ મહેની એ નામની ચોથી મૂર્છના.

શુદ્ધસત્ત્વગુણ [સં.] પુ (વેદાત) રજોગુણથી મિશ્ર ન હોય તેવો સત્ત્વગુણ; રજોગુણ તથા તમોગુણથી નહિ તિરસ્કાર પામેલો સત્ત્વગુણ.

શુદ્ધસત્ત્વપ્રધાન [સ] ન. પ્રકૃતિના બે મહેનો એક પ્રકાર; માયા

પ્રકૃતિના બે પ્રકાર છે. **શુદ્ધસત્ત્વપ્રધાન** તે માયા કહેવાય છે. અને મલિનસત્ત્વપ્રધાન તે અવિદ્યા કહેવાય છે. જગવની જાગવટ

શુદ્ધસત્ત્વા [સં] સ્ત્રી. સત્ત્વપ્રધાન પ્રકૃતિનો એક ભેદ; માયા

શુદ્ધસમંત પું (સગીત) બેરવી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ તેનો વાદી સવાદી સ્વર મ અને સ છે. દિવસના બીજે પ્રહરે તે ગવાય છે.

શુદ્ધસમીકરણ [સં.] ન. જેમા માત્ર એક અજ્ઞાત રાશિ હોય અને તે અજ્ઞાત રાશિ પ્રથમ ઘાતમાં જ હોય તેવુ સમીકરણ.

શુદ્ધસંગીત ન. સગીતનો એક પ્રકાર.

શુદ્ધસાન સ્ત્રી. શુદ્ધિ; જ્ઞાન; ગમ.

શુદ્ધસારંગ ૧ પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ
૨. પું. (સંગીત) શ્રીમલ્હારની થાટના બાકીના પ્રકારનો એક રાગ. તેમાં ગાંધાર વર્જ્ય છે તેમ જ શુદ્ધ અને કોમળ નિષાદનો પ્રયોગ થાય છે; તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર રિષભ અને સંવાદી સ્વર પચમ છે. આ રાગ મધ્યાહ્ન ગાવાનો પ્રચાર છે
૩. પું. (સંગીત) સારંગ રાગની તેર મહેની એ નામની એક જાતિ.

શુદ્ધસાહિત્ય ન. વાઙ્મયના ત્રણ મહેનો એ નામનો એક પ્રકાર.

આખી વાઙ્મયના ત્રણ પ્રકાર થાય છે આપણે એને કૃતિનિરપેક્ષ સાહિત્ય, રા.સ્વવિષયક સાહિત્ય અને **શુદ્ધસાહિત્ય** એમ કહીશુ. ગુ. સા. પરિષદ

શુદ્ધસ્મરણ [સં.] ન પોતાનો અનુભવ.

શુદ્ધ સ્મરણ–" પર્સનલ મેમરી "–આવું નથી. વ્યક્તિના **શુદ્ધસ્મરણો** એના પોતાના અનુભવના હોય છે, એ વ્યક્તિગત અનુભવની બધી વિશિષ્ટતાઓ ઓળખવાની રીતે તેમા રહેલી હોય છે. પાર્થિ. જોષ

શુદ્ધસ્વર પુ. (સગીત) જે સ્વર પોતાના બાસ કુદરતી પ્રમાણમાં એટલે રૂપમા હોય છે તે

શુદ્ધહાર [સ.] પુ. અનેક સેરવાળો મોતીનો હાર; શીર્ષક જેવી મોતીની માળાનો બનેલ હાર. તેની દરેક સેરમાં મોતી સરખા કદના હોય છે અને દરેક સેરની વચ્ચે એક મોટુ મોતી હોય છે.

શુદ્ધા ૧. [સ] સ્ત્રી કાસડાનું બી.
૨. સ્ત્રી કટકરી.
૩. સ્ત્રી (સંગીત) મૂર્છનાના ચાર માંહેનો એ નામનો એક પ્રકાર
૪ સ્ત્રી શુદ્ધ સ્ત્રી
૫ [સ.] સ્ત્રી. (કાવ્ય) શુદ્ધા લક્ષણા; ઉપચાર રહિતા; લક્ષણાનો એક મુખ્ય ભેદ તેમાં મુખ્ય અને લક્ષ્ય અર્થમાં સાદૃશ્ય વિનાનો દ્વિવાસનાવેદ્ય જણાતો હોય છે શુદ્ધાના ચાર ભેદ છે: (૧) ઉપાદાન, (૨) લક્ષણ, (૩) સારોપા અને (૪) સાધ્યવસાના.
૬ સ્ત્રી. સીતાનાં દાસ્તર માંહેનુ એક નામ.

શુદ્ધાચમન [સં] ન જમી રહ્યા પછી લેવામાં આવતુ આચમન; શુદ્ધ એટલે પવિત્ર કરનાર. આચમન
કયૌલમેં કરી દધિઓદન અરપુ શુદ્ધાચમન દૂધે લીપ પ્રેમાનંદ

શુદ્ધાત્મધાદી [સં] વિ. પોતાનો ધર્મ ચૂકતપણે પાળનાર; નીતિરત; 'પ્યુરિટન'.

શુદ્ધાત્મા [સં] પું શિવનાં દાસ્તર માંહેનુ એક નામ

શુદ્ધાત્માત્વિષયકપ્રમા [સં.] સ્ત્રી. (વેદાંત) 'હું બ્રહ્મ છું' એવી પ્રમા; પ્રમાજન્ય જ્ઞાન

શુદ્ધાદ્વૈત ૧. ન. (વેદાંત) જે ઇતર સંબંધથી રહિત ભોગ અને કાર્ય, કારણ વગેરે દ્વૈતરૂપ જ્ઞાન જેનુ પ્રતિયોગી હોય એવું અભાવપણુ
૨. ન. શ્રી વલ્લભાચાર્યે સ્થાપેલો મત; વલ્લભસિદ્ધાંત; પુષ્ટિમાર્ગ; બ્રહ્મવાદ; તલમાં તેલ છે તેમ બ્રહ્મમાં જીવ, ઈશ્વર આદિ કારણ રૂપને લીધે લીન છે એવો સિદ્ધાંત. શ્રીમદ્વલ્લભાચાર્યજીનો બ્રહ્મવાદ અવિકૃતપરિણામવાદ કહેવાય છે. મૂલમાં, મધ્યમાં અને અંતમાં સર્વ અવસ્થામાં કારણના નાના પ્રકારનાં કાર્યરૂપે પરિણામ પામવા છતાં કાર્ય કારણરૂપે જ રહે છે, તે પરિણામને અવિકૃતપરિણામ કહેવાય છે કરાળિયો પોતે જાળ રચે છે. પણ તે જાળરૂપી પરિણામ કાર્ય-કરોળિયારૂપી કારણમાં કોઈ પણ પ્રકારનો વિકાર-ફેરફાર ઉત્પન્ન કરતું નથી. અવિકૃતપરિણામ સિદ્ધાંત પ્રમાણે એક જ, અદ્વિતીય, નિર્ગુણ, અવ્યય બ્રહ્મ જગતનુ ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે. એ કારણ જે બ્રહ્મ તે જગતરૂપે પરિણામ પામે છે તથાપિ બ્રહ્મમાં કાંઈ પણ વિકૃતિ થતી નથી. બ્રહ્મ સર્વશક્તિમાન હોવાથી પોતે જ જગતનાં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બની શકે છે. વહો બનાવવા માટે કુમ્હારને દંડચક્રાદિની અપેક્ષા રહે છે; કારણ કે કુમ્હાર સર્વશક્તિમાન નથી. કનકપક્ષ, કમળેત, ચિંતામણિ, મંત્ર, નૈજસમાત્ર ઇત્યાદિ ભિન્ન પદાર્થોમાંથી અનેક અભીપ્સિત પદાર્થો પરિણામ પામે છે-ઉત્પન્ન થાય છે. તે છતાં તેમનામાં અણમાત્ર પણ વિકાર ઉત્પન્ન થતો નથી; તે જ પ્રમાણે બ્રહ્મ સ્વેચ્છાથી અનેક રૂપે પરિણામ પામી રમણ કરે છે-લીલા કરે છે તથાપિ બ્રહ્મમાં લેશ માત્ર વિકાર પણ ઉત્પન્ન થતો નથી. જગત એ બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ છે. અક્ષર એ આધ્યાત્મિક સ્વરૂપ છે. જગત અને બ્રહ્મ એક જ હોવાથી બ્રહ્મની પેઠે જગત પણ સત્ય છે, આનંદ સ્વરૂપ છે જગત, કાર્ય કારણ, નામ-રૂપ, જીવ-ઈશ્વર, સર્વ કાર્ય બ્રહ્મ જ છે, કાર્ય-કારણ, નામ-રૂપ, ઈશ્વરનો અભેદ સિદ્ધ કરવામાં અવિકૃતપરિણામવાદ સહાય થાય છે; કારણ કે સર્વધર્મ વિશિષ્ટ, અવિકૃત, સર્વજ્ઞત્વસમર્થ, કર્તુમકર્તુમન્યથાકર્તુ ઈશ્વર પરબ્રહ્મ જ સર્વકાર્યનું સમવાયી, ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે. એ સિદ્ધાંત શ્રીમદાચાર્યશિરોમણિ શ્રીવલ્લભાચાર્યજીએ કર્મો માટે એમણે પ્રકાશિત કરેલો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત કહેવાય છે શુદ્ધાદ્વૈત એટલે કાર્ય-કારણ, નામ-રૂપ, જીવેશ્વર સર્વનુ શુદ્ધ માયારહિત અદ્વૈત બ્રહ્મનેજ ઉપાદાન અને નિમિત્ત કારણ સ્વીકાર્યું એટલે એ સિદ્ધાંતને બ્રહ્મવાદ પણ કહેવાય છે અવિકૃત બ્રહ્મ જ જગત રૂપે પરિણમે છે. અવિકૃતધર્મી સ્વરૂપ અનેક ધર્મ સ્વરૂપે પરિણામ પામે છે, માટે એ સિદ્ધાંત અવિકૃતપરિણામ સિદ્ધાંત કહેવાય છે.

> આમવતનું પોતાનું સ્વતંત્ર અદ્વૈત દર્શન છે એ રામાનુજના વિશિષ્ટાદ્વૈતથી અને એ વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતથી જુદું છે. મુશાવત

શુદ્ધાદ્વૈતભૂષણ વિ. શુદ્ધાદ્વૈતના ભૂષણરૂપ; એ નામની પદવી મેળવી.

શુદ્ધાદ્વૈતરત્ન પું એ નામની એક ઉપાધિ.

શુદ્ધાદ્વૈતવાદ [સં.] પું. બ્રહ્મ વગર બીજું કંઈ છે જ નહિ એમ માનવું તે.

શુદ્ધાદ્વૈતી સંપ્રદાય પુ. શ્રી વલ્લભાચાર્યનો સંપ્રદાય શ્રી બાળગંગાધર ટિળક કહે છે કે: બીજો સંપ્રદાય શ્રી વલ્લભાચાર્યનો છે રામાનુજ અને માધ્વ એ બે સંપ્રદાયોની માફક આ સંપ્રદાય પણ વૈષ્ણવપંથી છે. પણ વિશિષ્ટાદ્વૈતી કિંવા દ્વૈતી માને છે તેના કરતાં જીવ, જગત અને ઈશ્વર એ સંબંધી આ પંથનો મત નિરાળો છે. માયાવિરહિત એટલે શુદ્ધ જીવ અને પરબ્રહ્મ એ એક જ છે એ બે નથી, એ મત આ સંપ્રદાયને માન્ય છે અને તેથીજ એ સંપ્રદાયને 'શુદ્ધાદ્વૈતી' સંપ્રદાય કહે છે તથાપિ શંકરાચાર્ય કહે છે તે પ્રમાણે જીવ અને બ્રહ્મને એક જ ન માનતાં અગ્નિનો જેમ તણખો તેમ જીવ એ ઈશ્વરનો અંશ છે. વળી માયા પરતત્ત્વ થયેલા જીવને મોક્ષપ્રાપ્તિને માટે જ્ઞાનેતર જ્ઞાન ઈશ્વરાનુગ્રહ વિના બધુ અશક્ય છે, એમ માને છે અને તે રીતે શાંકરસંપ્રદાયથી આ સંપ્રદાય જુદો પડે છે. પરમેશ્વરના આ અનુગ્રહને પુષ્ટિ એટલે પોષણ એવું નામ આપેલું છે તેથી આ સંપ્રદાયને પુષ્ટિમાર્ગ એ નામથી ઓળખવામાં આવે છે

શુદ્ધાદ્વૈતીય [સં.] વિ. શુદ્ધાદ્વૈત સંબંધી, શુદ્ધાદ્વૈતને લગતુ

શુદ્ધાનુમાન [સ.] ન. નિર્દોષ અનુમાન

શુદ્ધાપહ્નુતિ [સ.] સ્ત્રી. એક પ્રકારનો અર્થાલંકાર.

> જ્યાં બીજાનો આરોપ કરવા માટે પ્રકૃતના ધર્મને અપલાપ એ શુદ્ધાપહ્નુતિ અલંકાર છે
> કા.વ્યપ્રકાશ

શુદ્ધાર્તવ પું. શુદ્ધ કરવા ન, નિયમિત ઋતુ; દોષ રહિત માસિક સ્રાવ

શુદ્ધાલક્ષણા [સં] સ્ત્રી લક્ષણાનો એક ભેદ.

શુદ્ધાશુદ્ધ [સં.] વિ. શુદ્ધ અને અશુદ્ધ.

શુદ્ધાશ્રમ [સં.] ન. મહાભારતમાં જણાવેલુ એક પ્રાચીન તીર્થ

શુદ્ધાંક [સં.] પું ખુલાસો

શુદ્ધાંત ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા બે નગણ, સગણ અને મગણ એમ બાર અક્ષર હોય છે
> ન ન સ મ વર્ણ રચને શુદ્ધાંત. રણવિજય

૨. [સ. શુદ્ધ + અંત (છેદ)] પું. ઓગઠ; અંત પુર; જનાનખાનુ; જનાનો; કોઈ આવજા ન કરે તેવો ઓઓને રહેવાનો ખંડ.
૩. પું. અંતકનો છેડો કે અંત
૪. સ્ત્રી. જનાનખાનામા રહેનારી સ્ત્રી

શુદ્ધાંતપાલક [સં] પું. જનાનખાનાનો રક્ષક

શુદ્ધાંત:કરણ [સં] વિ નિર્મળ અ ન્ત:કરણ વાળું

> શુદ્ધાંત કરણ વાનદેવ વલીએ, કરીએ તેને પ્રણામ. વલ્લમ

શુદ્ધાંત:કરણી [સં] વિ શુદ્ધ અંત:કરણવાળુ, પારકાની ઉન્નતિમાં ઉદ્યોગપ્રિયતા, અન્વેષણા, નિરીક્ષણ શક્તિ અને ગમે તેટલું અનકરણીય હોય તો પણ તે આપણા પરમ પવિત્ર શુદ્ધાંત કરણી અને જ્ઞાની સાત્ત્વગોથી તો બહુ પાછળ જ છે
વિમળાદત્ત કરણ

શુદ્ધિ ૧. જી એ નામની એક કંદી, દુગંધિયો પ્રવાહ મોક્ષમાં શુદ્ધિ નામની દેવીની પીઠ છે.
ભગવતી ભગવત

૨ જી જાગૃતિ; ભાન; ઇંદ્રિયો જાગતી હોય તેવી સ્થિતિ.

૧. શુદ્ધિ આવવી–ઉપર આવવું = ભાન આવવું; મૂર્છામાંથી જાગવું.

૨ શુદ્ધિ લાવવી–ઉપર લાવવું = (૧) ઠેકાણે લાવવું. (૨) ભાનમાં લાવવું

૩. જી. જિતેંદ્રિયતા; અભ્યજિચાર.

૪. [સં.] જી. ધર્માંતર કરેલાને ધાર્મિક ક્રિયા કરી મૂળ ધર્મમાં પાછું આણવું કે તેણે આવવું તે; બદલી ગયેલા હિંદુઓને પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કરી પાછા હિંદુ ધર્મમાં લેવાની ક્રિયા

શુદ્ધિ કરવી = (૧) ધર્મભ્રષ્ટ થયું હોય તેને વિધિપૂર્વક અસલ ધર્મમાં લાવવું (૨) પુનઃ હિંદુ ધર્મમાં લાવવું.

૫. [સં. શુધ્ (ચોખ્ખું થવું)] જી. પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થયું તે; ધર્મક્રિયા કરી પવિત્ર થવું તે; શુચિતા; દોષ રહિત થવું તે. ગાંધીજી લખે છે કે: અહિંસાના આચરણમાં પ્રથમ અનિવાર્ય અને આવશ્યક વસ્તુ પ્રેમ છે અને શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ એ મન અને શરીરની નિષ્કલંક શુદ્ધિ વિના અશક્ય છે, અપ્રાપ્ય છે. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કર્મથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિ રહિત થવું
ગિરિજા ઋષિ, અનાવૃત્ત પૃથા; **શુદ્ધિ** સંવેત્તિતા જનકી. રામચન્દ્ર ન કું ઉદ્ભવ્ય આપત, ત્રીજા સીતા રહ્યો.
સીતહરણ

૬ જી. હરી તપાસી સુધારવું તે; ક્ષતિપૂરણ; સુધારણા

૭. જી. મ.ક્ષિન્ય મુક્તિ; સ્વચ્છતા; ચોખ્ખાઈ; પવિત્રતા; શુદ્ધતા

શુદ્ધિકર્તા [સં.] વિ. પાવન કરનાર; પવિત્ર કરનાર.
શુદ્ધિકર્તા અગ્નિદેવને નમું છું. ગોવર્ધનરામ

શુદ્ધિકારક વિ. રેચક

શુદ્ધિક્રિયા [સં.] જી. અમુક પદાર્થમાંથી બીજો ન જોઈતો પદાર્થ કાઢી નાખવાની ક્રિયા.

શુદ્ધિપત્ર [સ. શુદ્ધિ + પત્ર (લખાણ)] ન. પ્રેસની ખોડખાપણ કે ભૂલચૂકના સુધારાનું પત્રક કે પાટી; શુદ્ધિદર્શક પાટી; અશુદ્ધ હોય તે શુદ્ધ કરી બતાવ્યું હોય એવી પાટી; છાપની ભૂલોના સુધારાની પાટી.

શુદ્ધિપત્રક જુઓ શુદ્ધિપત્ર

શુદ્ધિપૂર્વક ૧. અ. તદ્દન શુદ્ધ રીતે, શુદ્ધમાં શુદ્ધ રીતે.

૨ અ. ભાન સાથે

શુદ્ધિપ્રેરક [સ.] વિ. શુદ્ધિની પ્રેરણા કરનાર; ચારિત્ર્યપોષક
અખંડાનંદ એ **શુદ્ધિપ્રેરક**–ચારિત્ર્ય પોષક મણિના પ્રકાશનની પ્રેરણા કરનાર સંન્યાસી.
વિશ્વનાથ ભટ્ટ

શુદ્ધિબુદ્ધિ [સં.] જી. અક્કલ; હોશિયારી

શુદ્ધિમાન વિ. સાવચેત.

શુદ્ધિવૃદ્ધિ જી. સુધારોવધારો
આમંતલ્લાલ પરિપૂર્ણ કમાઈ અર્થ છે; એમાં કોઈ સોબતથી **શુદ્ધિવૃદ્ધિને** અવકાશ નથી.
ટંકનરાયણ

શુદ્ધિસભા જી. શુદ્ધિ કરવા માટે ભરાયેલી સભા
તેવી જ રીતે હિંદુઓ બીજા ધર્મમાંના લોકોને ઉપદેશથી ધર્મમાં લાવવાનો પ્રયત્ન કરે એટલા માટે **શુદ્ધિસભાઓ** સ્થાપે તો મુસલમાને કાંઈ કરવા ઉચિત નથી.
પ્રસ્થાન

શુદ્ધોચ્ચારણ [સ.] ન. શુદ્ધ ઉચ્ચાર કરવો તે.

શુદ્ધોદ ૧. પું. પુષ્કરદ્વીપની આસપાસનો મીઠા પાણીનો મહા સમુદ્ર. એ ચોસઠ લાખ જોજન પહોળો હોઈ એની આજુબાજુ દશ કરોડ જોજન પહોળી સ્વર્ણમય ભૂમિ આવેલી છે
સાતમો પુષ્કર દ્વીપ કે જે **શુદ્ધોદ** નીરાભેલો છે
ભગવતી ભાગવત

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ વંશના શાકય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ લાંગલ અથવા પુષ્કરક રાજા હતું

શુદ્ધોદક [સ.] ન. ચોખ્ખું પાણી.

શુદ્ધોદન [સં.] પું. બૌદ્ધધર્મનો યતિ; ભિક્ષુક, સૌગત; શાકય; ગત; શાક્યવાદી

શુદ્ધોદધિ [સ.] પું. સાત ખારોનો એ નામનો એક સમુદ્ર

શુદ્ધોદન [સં.] પું. કપિલવસ્તુ નગરીનો રાજા; ભગવાન બુદ્ધના પિતા; બૌદ્ધ શાકયમુનિનો પિતા
રામના દીકરો કુશ. કુશનો પુત્ર, નલનો ઋતુપર્ણ, ઋતુપર્ણનો સુદાસથી, સુદાસથીનો દીકરો **શુદ્ધોદન**, તેના દીકરો સિદ્ધાર્થ બુદ્ધ થયા.
અદ્ભિસર્વદ્રિકા

શુદ્ધોધનિ [સ.] પું. શુક્ર.

શુદ્ધોપયોગી ૧ પું. ત્રાજુક કે બંકુશ વાપર્યા વિના ચાલતો હાથી.

૨. [સ.] ન. હુન્નરોજે માપ નિશાનીનું વસ્ત્ર જાતે વણેલું તે.

શુદ્ધપાષાણભેદી જી. પાષાણભેદ નામની વનસ્પતિની એક જાત. તે મધુ, મૂત્રકૃચ્છ્ર અને પથરીનો નાશ કરનારી છે.

શુદ્ધાચાર્યા પું (પિંગળ) આર્યા માત્રામેળ છંદનો એક પ્રકાર

શુદ્ધાદ્વૈત ન એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

શુધ્ ૧ [સ.] અ. ક્રિ. નિઃશેષ થવું

૨ અ ક્રિ. (ધાતુ) પવિત્ર થવું; શુદ્ધ થવું; સાફ થવું. તે ઉપરથી અનેક શબ્દો: શુદ્ધ, અશુદ્ધ, શુદ્ધિ, અશુદ્ધિ, વિશુદ્ધિ, બેશુદ્ધ, શોધ, શોધન, શોધિત, વગેરે.

૩. અ. ક્રિ. શંકા રહિત થવું

૪ અ ક્રિ શોધવું.

શુનઅપી જી એ નામની ઉર્વશીની ચાર માંહેની એક વેદકાલીન અપ્સરા સખી

શુનક ૧. પુ. (પુરાણ) એ નામે એક મુનિ; ભૃગુવંશી અને અથર્વના પુત્ર પ્રમતિના પુત્ર રુરુનો પુત્ર. મેનકાને પેટે વિશ્વાવસુથી ઉત્પન્ન થયેલી પ્રમદ્વરા એની સ્ત્રી થાય. પ્રમદ્વરાને મેનકાએ નદી તીરે નાખી દીધી. ત્યાંથી કૃપાળુ સ્થૂલકેશ ઋષિએ પાળીને મોટી કરી આ નામ પાડયું. પછી તે રુરુને પરણી હતી. રુરુ ને પ્રમદ્વરાનો પુત્ર તે આ શુનક.

૨. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમા ભગણ અને રગણ મળી છ વર્ણ હોય છે.
શુનક ભરપી, રત્નપિંગળ

૩. પું ભૃગુઋષિના સાત માંહેનો એ નામનો સાતમો ઋષિ

૪ પું. મુખીકનો નાનો પુત્ર

૫. પું. (પુરાણ) રિપુંજય રાજાનો દુષ્ટ અમાત્ય તેણે રિપુંજય રાજાને મારીને પોતાના પુત્ર પ્રદ્યોતને ગાદીએ બેસાડ્યો હતો

૬. પું. (પુરાણ) વિદેહવંશી ઋત સંજ્ઞાવાળો જનકનો પુત્ર

૭. પુ. શ્વાન; કૂતરો

૮ પું (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ગૃત્સમદ નામના પુત્રનો પુત્ર. તેનો પુત્ર તે શૌનક રાજા.

૯ જી. એ નામની માખણી શનક માખણી બે પાદ લાંબી હોય છે અને તેના કીડા એક તસુ લાંબા હોય છે

શુનકી [સ.] જી. કૂતરી

શુનસ્સખ પું (પુરાણ) ભિક્ષુની સંન્યાસીનું રૂપ ધારણ કરેલો છે.

શુનહોત્ર પું. ઋગ્વેદના છઠ્ઠા મંડલના ૩૩–૩૪મા સૂક્તનો કર્તા એક ઋષિ.

શુનઃપુચ્છ પું (પુરાણ) ઋચીકકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો પુત્ર. જ્યારે બ્રાહ્મણોમા આ જ્યેષ્ઠ હતો

શુનઃશેપ ૧ પુ. (પુરાણ) એક વૈદિક ઋષિનુ નામ; શુકલયજુર્વેદનો એક ઋષિ; ઋચીકકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો વચેટ દીકરો. સૂર્યવંશી હરિશ્ચંદ્ર રાજાને સંતતિ ન હતી, તેથી તેણે વરુણની પ્રાર્થના કરી. વરુણે વરદાન આપ્યુ કે, તને પુત્ર થશે, પણ તેનો મને હોમ આપજે. કેટલેક કાળે હરિશ્ચંદ્રને ત્યાં એક પુત્રનો જન્મ થયો તેનું નામ રોહિત પાડયું. વરુણે તેનો ભોગ માગ્યો, હરિશ્ચંદ્રે દશ દિવસની મહેતલ માગી, ફરીથી મહિનાની, એમ કરતાં કરતા સમ.વર્તન ગ્રિય. મયાં સુધી બાલના કાઢયાં રોહિતને લાગ્યું કે, આ મારો ભોક્ષ્ય ભોગ આપશે. તેથી તે અરણ્યમાં ચાલ્યો ગયો. આથી વરુણ ક્રોધાવિષ્ટ થયો અને હરિશ્ચંદ્રને જળોદરનો વ્યાધિ થયો રોહિતને આની ખબર પડતાં તે પિતાને વ્યાધિમુક્ત કરવા માટે જવા નીકળ્યાં. રસ્તામાં અજીગર્ત નામના એક ક્રોબી બ્રાહ્મણ અપાર દ્રવ્યના બદલામાં પોતાના વચલા પુત્ર શુનઃશેપનો આપવાનુ કહ્યું. પછી પત્ર આદર્યો. તેમા વિશ્વામિત્ર હોતાને સ્થાને હતા. જ્યારે શુનઃશેપ રૂપી પશુનો વધ કરવાનો સમય આવ્યો ત્યારે શુનઃશેપ રડવા લાગ્યો. ત્યારે વિશ્વામિત્રે વરુણનો મત્ર આપીને એની પાસે એનો જપ કરાવ્યો આથી વરુણે એને છોડી દીધો અને કહ્યું કે, મારી ભોગ મને મળ્યો છે. પછી શુનઃશેપ પોતાના નિર્દય પિતાને ત્યાં ન જતાં વસિષ્ઠના કહેવાથી વિશ્વામિત્રના પુત્ર તરીકે તેની સાથે ગયો. કારણ કે, તેણે આપેલા મત્રથી તે ઊગર્યો હતો. તેથ. તે કૌશિક ગોત્રી થયો અને વિશ્વામિત્રે એને પોતાના પુત્રોમાં જ્યેષ્ઠત્વ આપી મુખ્ય કરેલો.
૨. પુ. કૂતરાની પૂછડી

શુનાસીર ૧. [સ.] પું. ઇંદ્ર.
૨. પુ. સૂર્ય

શુની ૧. સ્ત્રી (પુરાણ) ઋષ્યમાન પર્વતમાથી નીકળતી એક નદી
૨. [સં.] સ્ત્રી. કૂતરી, કૂતરાની માદા
૩ સ્ત્રી. કોળાનો વેલો.

શુનીજ પુ. કૂતરો

શુનીથ પું શિશુપાલ.

શુન્યક ન. જેમાં લેવો કે મૂકવો નહિ તે.
નહિ લેવો કે મૂકવો આમ,
તેનું શુન્યક નામ પ્રકાશ. હરિલાલ ભૂત

શુભરાત [ફા. શબેબરાત] સ્ત્રી મુસલમાની શાબાન મહિનાની ૧૪મી તારીખે આવતો મુસલમાની તહેવાર

શુભહા [ક્રિ] પું. સંદેહ, ઈર્ષા; સશય; વહેમ.

શુભા ૨. પું. વહેમ; ભ્રમ.
૨ [સ પું. શકા; અંદેશો

શુભ્રાન [ફા. શુબ્રાન] પું. ભરવાડ

શુભ્રીઆ ન એક જંતુનુ પક્ષી

શુભ ૧ [સ] અ ક્રિ (ધાતુ) શોભવુ, દીપવુ, પ્રકાશવુ ન ઉપરથી અનેલ શબ્દ શોભવુ સોભા, શોભિત.

શુભ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ, માલતી. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ અને રગણ એમ ૧૨ અક્ષર હોય છે. તેમા પાંચમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે
૨. પું. (જ્યોતિષ) પચાગ માહેનો એક યોગ; સત્તાવીશ માંહેનો ત્રેવીસમો યોગ
૩. પુ. પુરુષોત્તમનાં ઢનતર માંહેનું એક નામ.
૪. પું. અકરો; જવ
૫. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વતરમાંના પર્વતઋષિને અહાને પેટે થયેલ આઠ માંહેનો એક પુત્ર
૬ ન કલ્યાણ, મગળ, ક્ષેમ
૭. ન. દિવસ અને રાત્રિનાં આઠ માંહેનુ એક સારું ચોઘડિયું.
૮ વિ કલ્યાણકારી; સુખદાયક, મગળકારક, મંગળપ્રદ.
૯. વિ. સુભાગ્યવાળું.
૧૦. વિ. સુંદર; મજેનુ.

શુભકર [સ] વિ ભલું કરનાર.

શુભકરણ પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૦+૧૦+૧૦+૭+નગણ એમ ૪૦ માત્રા હોય તેમાં એક ઉપર, પછી પાંચ પાંચ માત્રાએ તાલ આવે છે અને દશ દશ માત્રાએ યતિ આવે છે

શુભકર્તા પુ. શિવનાં ઢનતર માંહેનું એક નામ.

શુભકર્મ ૧ [સ] ન પુણ્ય વિદ્યાવિજયાદ્ કામે છે કે, જ્યા સુધી મનુષ્યનુ પૂર્વોપાર્જિત શુભ કર્મ હોય ત્યાં સુધી ઘોરમાં ઘોર નિદક તેનો વાળ પણ વાંકો કરી શકતો નથી અને પુણ્યનો ખજાનો જ્યારે ખતમ થાય છે ત્યારે તેને પાડવાને કોઈ પ્રયત્નની પણ જરૂર રહેતી નથી.
૨. ન. સારો અવસર.

શુભકર્મી ૧. [સ.] વિ ભાગ્યશાળી; ભાગ્યવાન; પુણ્યશાળી
૨. વિ સારું કામ કરનાર

શુભકાર્ય [સં] ન. સારું કામ

શુભકૃત ૧. પું પ્રભવથી છત્રીસમો સવત્સર
૨ [સ ગુજ (સારું) + કૃત (કરનાર)] વિ. સારું કરનાર.

શુભગ [સ.] વિ નસીબદાર

શુભગતિ ૧ [સ પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તેને મ.ત માત્રા હોય છે તેમા છેલ્લો અક્ષર ગુરુ છે તેમ ચોથી માત્રાએ યતિ આવે છે અને ૧ તથા ૫ માત્રાએ તાલ આવે છે
૨. સ્ત્રી. સારી ગતિ

શુભગીતા પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ તેમાં ૨૬ માત્રા હોય છે અને છેલ્લે રગણ હોય છે. આમાં પદર માત્રાએ યતિ આવે છે તેમાં ૨, ૫, ૮, ૧૨, ૧૫, ૧૮, ૨૩, અને ૨૬ માત્રાએ તાલ આવે છે.

શુભગ્રહ [સં.] પું. (જ્યોતિષ) સારો ગ્રહ; સારું ફળ આપનારા ગ્રહ. ચંદ્ર, બુધ, ગુરુ અને શુક્ર એને શુભ ગ્રહ માનેલા છે

શુભચિંતક [સં.] વિ. સારું ઇચ્છનાર; શુભેચ્છક; ભલું ઇચ્છનાર; ખેરખાહ

શુભચિંતન [સ] ન. સારુ થાય એવી લાગણી થવી તે, સારું ઇચ્છવુ તે

શુભટાણું ન સારો અવસર

શુભતા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, રગણ, જગણ, નગણ, બે જગણ અને યગણ એમ ૨૧ અક્ષર હોય છે. તેમાં ૭ અને ૧૪ અક્ષરે યતિ આવે છે.

આ ૧૧ પૂર્વે બ ના છે
ક્ષ ક્ષ યતિ છે.
જ જ થા શુભતામા

સ્વપિંગળ

૨. સ્ત્રી કલ્યાણ; ભલુ

શુભતિથિ [સ] સ્ત્રી (જ્યોતિષ) શુભ દિવસ. શુક્લપક્ષની ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫ અને વદ પક્ષની ૧ શુભ છે. ૪, ૯, ૧૪ તેમજ ૩૦ (અમાવાસ્યા) દરેક કર્મમા ત્યાજ્ય છે. ૪, ૯, ૧૪ ને રિક્તા (શૂન્ય) તિથિ કહે છે. શુક્લ પક્ષની ૬ અશુભ છે; બાકીની તિથિયો મધ્યમ છે

શુભત્વ [સ] ન ઉત્કૃષ્ટપણું.

શુભદ ૧ [સ] પું પીપળાનું ઝાડ.
૨. પું. શિવ.
૩. વિ મંગલદાયક

શુભદર્શી [સં] વિ મંગળ જોનાર.

શુભદંતી ૧ [સં] સ્ત્રી. વામનકોષ્ણના લોકપાલ વાયુના ઐરાવત પુષ્પદંતની પત્ની.
૨ વિ સ્ત્રી. સારા દાંતવાળી

શુભદા પું (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ તે ચૂડામણિ ઉપરોક્ત છંદનો એક ભેદ છે. તેમાં ૨૩ ગુરુ અને ૧૨ લઘુ મળી ૮૫ વર્ણની ૧૦૮ માત્રા હોય છે.

શુભદૃષ્ટિ ૧ [સં] સ્ત્રી જંગાળી લગ્નમાં એક રિવાજ. જગાળીમા લગ્ન વખતે વરકન્યાને પરણતી વખતે સામસામા બેસાડી માથે કપડું ઓઢાડી, બંનેને સામસામું જોવરાવે છે તેને શુભદૃષ્ટિ કહે છે
૨ સ્ત્રી સારી નજર

શુભનક્ષત્ર ન. (જ્યોતિષ) સારું નક્ષત્ર અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી નક્ષત્રો સારાં ગણાય છે.

શુભનામ [સં] ન (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી નાભિની ઉપરનાં અવયવો પ્રશસ્ત ગણાય છે

શુભપત્રિકા [સં.] સ્ત્રી સાલપાન વનસ્પતિ

શુભપંતુવરાળી પું. (સંગીત) સંગીતના બત્રીસ માહેનો ૨૮ મો થાટ; તોડી થાટ તમાં રિષભ, ગાંધાર, ધૈવત કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના બધા સ્વરો શુદ્ધ આવે છે

શુભપેર અ. સારી રીતે

શુભપ્રદ [સં] પું. શિવ

શુભભમરી સ્ત્રી ઘોડાના શરીરનાં જુદાં ઠેકાણાં માહેની વીસ ઠેકાણાંની ભમરી.

શુભમસ્તુ [સં. શુભમ્ (શુભ) + અસ્તુ (થાઓ)] અ. ભલું થાઓ, એવું આશીર્વચન.

શુભમુખી ૧. વિ. સફળ
૨. [સં.] સં. સ્ત્રી. સારા મુખવાળી

શુભયોગ પું (જ્યોતિષ) જ્યોતિષના સત્તાવીસ માહેનો એક યોગ.

શુભરુચિ ન એક જાતનું રત્ન.

શુભલક્ષણ ૧ પું બૃહસ્પતિ.
૨ [સં.] પું. સારું લક્ષણ.

શુભવચની સ્ત્રી. સુંદર મુખવાળી સ્ત્રી.

શુભવર્ણ પું. (પિંગળ) ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ૬, ૫, ત, થ, દ, ધ, સ, હ એટલા વર્ણો

શુભવાસના ૧. સ્ત્રી. (વેદાંત) અવિનાશી ઐશ્વર્ય આપનારું દોષ ને સાધુ પુરુષો સેવન કરેલ. હોય કે અચરેલા હોય એવું આચરણ.
૨. સ્ત્રી. (વેદાંત) એ નામે એક લક્ષણ. આ લક્ષણમાં સરકારના ચાર હેતુ બતાવેલ છે. (૧) દેવતો વગેરેના દર્શનાદિરૂપ શાસ્ત્રે વિહિત ક્રિયા-ઉપાસન, (૨) આકસ્મિક દેવતા મૂર્તિ દર્શનાદિ રૂપ, (૩) સંધ્યાવંદનાદિ શાસ્ત્રે વિહિત કર્મ અને (૪) જુદ્ધિપૂર્વક અશ્વત્થમાં જઈને કીડી મકોડી આદિ જીવોને અન્નદાનાદિ

શુભવૃત્તિ [સ] સ્ત્રી. સારી ઇચ્છા કે લાગણી

શુભસૂચક [સં.] વિ. સારું થશે તેવું સૂચવનાર.

શુભહ [અ. શુબ્હહ] પું. સંદેહ; વહેમ; સંશય

શુભંકર ૧ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રા મેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે તેમાં ૩૮ લઘુ અને ૫૬ ગુરુ મળી ૯૫ વર્ણની ૧૫૨ માત્રા હોય છે
૨ પું (પિંગળ) એ નામે એક સમવર્ણ વર્ણવૃત્તનો છંદ તે વર્ણદંડક કહેવાય છે. તેને સુહકરે છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં આઠ નગણ અને રગણ મળી ૨૭ અક્ષર હોય છે

વસુ નગણ પદ રચહુ ધરી કવિવર! પ્રતિચરણ રચ શુભંકરે — રણપિંગળ

૩. [સ.] વિ કલ્યાણ કરનાર.

શુભંકરી સ સ્ત્રી દુર્ગા; પાર્વતી

શુભા ૧. [સં.] સ્ત્રી. કાંગ.
૨. સ્ત્રી. ખાજડી.
૩. સ્ત્રી. ગોસાઈ માહેની એ નામની એક યોગિની
૪. સ્ત્રી. દેવની સભા.
૫. સ્ત્રી (પુરાણ) દેવોના આચાર્ય બૃહસ્પતિની એ નામની એક સ્ત્રી. તેથી તેને ભાનુમતી વગેરે સાત કન્યાઓ થઈ હતી
૬. સ્ત્રી. પોળી પ્રો.
૭. સ્ત્રી. પ્રિયંગુ.
૮. સ્ત્રી. રૂપાળી સ્ત્રી.
૯. સ્ત્રી. વહેમ; ભ્રમ.
૧૦. સ્ત્રી. શોભા; કાંતિ; ખૂબસૂરતી
૧૧. સ્ત્રી. ગોભા; કાંતિ; ખૂબસૂરતી
૧૨. સ્ત્રી. સરસ્વતી.
૧૩. સ્ત્રી. (પુરાણ) સીતાના દીકરા માહેનું એક નામ.
૧૪ સ્ત્રી. (પુરાણ) સુબળ નામના રાજાની પુત્રી.
૧૫. ન. વાંસકપૂર; વરાળોગન
૧૬ વિ સ્ત્રી. રૂપાળી.

શુભાકૃતિ [સ] સ્ત્રી સારી આકૃતિ. મનોહર મૂર્તિ.

શુભાકૃ વિ. શુભ કરનાર.

શુભાનઅલ્લાહ [અ સુબ્હાનઅલ્લા મ યા પ્રભુ! એવો આશ્ચર્યજનક ઉદ્ગાર

શુભાનન ૧. પું. (પુરાણ) કદ્રુપુત્ર એક નાગ
૨ [સં] ન સુંદર મોઢું

શુભાનંદા સ્ત્રી. એ નામની દેવી તેનું સ્થાન સિવકુંડમાં છે.

શુભાપાંગા [સં.] સ્ત્રી સુંદર કટાક્ષવાળી સ્ત્રી.

શુભારંભ [સ] પુ સારી શરૂઆત: મંગળાચરણ

શુભાવસર [સં] પું. સારો ટાણું; મંગલિક પ્રસંગ; સારો વખત

શુભાવહ વિ શુભ આણનારું

શુભાશયી [સ.] વિ શુભ આશય કે હેતુવાળું

શુભાશા [સ] સ્ત્રી સારી આશા; શુભકામના.

શુભાશુભ ૧ [સં.] ન અરિષ્ટ.
૨ ન સારું નરસું હોય તે, કલ્યાણ અને અકલ્યાણ, મંગળ અને અમંગળ, સારું નરસું.

શુભાશુભતા સ સ્ત્રી સારી અગર ખરાબ સ્થિતિ

શુભાંગ ૧ પું (પિંગળ) એ નામે એક વિષમવર્ણ વર્ણવૃત્ત. છંદ તે સકોર્ષ વર્ગનો છે તેમાં પહેલા ચરણ. રગણ, જગણ અને મગણ એમ નવ વર્ણ, બીજા પદમાં બે તગણ અને એક રગણ એમ નવ વર્ણ, ત્રીજા પદમાં રગણ, તગણ, સગણ અને લઘુ એમ ૧૦ વર્ણ અને ચોથા પદમા સગણ, યગણ, જગણ અને લઘુ એમ ૧૦ અક્ષર હોય છે
૨. [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.
૩. ન. સારું કે સુંદર અંગ.
૪. વિ સારા અંગવાળું.

શુભાંગદ પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમા આવેલ એક ઋષિ.

શુભાંગી ૧. સ્ત્રી યક્ષી; કુબેરની સ્ત્રી.
૨. સ્ત્રી. રતિ; કામની સ્ત્રી.
૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી કુરુરાજાની સ્ત્રી. એના પુત્રનું નામ વિદુરથ હતું.
૪. [સ] વિ સ્ત્રી. સુંદર અંગવાળી

શુભેક્ષણ [સ] પુ વિષ્ણુના હજાર માહેનું એક નામ

શુલ્બાધાતુશાસ્ત્ર

શુભેચ્છક [સં શુભ + ઇચ્છક] વિ. સારું ઇચ્છનાર, શુભેચ્છુ, હિતેચ્છુ; શુભચિંતક

શુભેચ્છા ૧. [સ] સ્ત્રી. (વેદાંત) જ્ઞાનની સાત ભૂમિકા, મોક્ષ માટે ઇચ્છા થવી તે. સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થયા પછી જ્યારે માણસ પોતાને અજ્ઞાની સમજી, શાસ્ત્ર કે સજ્જન સંગતિ કરીને સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે તે અવસ્થા શુભેચ્છા કહેવાય છે

૨ સ્ત્રી સારી ઇચ્છા; શુભ થાઓ એવી ઇચ્છા

શુભેચ્છા જ્ઞાનભૂમિ [સ] સ્ત્રી (વેદાંત) નિત્યવસ્તુ અને અનિત્યવસ્તુ એ બેના વિવેકપૂર્વક બ્રહ્મ સાક્ષાત્કારરૂપ ફળ મળવાથી વિષયેચ્છાનો જેમાં અંત આવે છે એવી મોક્ષેચ્છા

શુભેચ્છુ જુઓ શુભેચ્છક

શુભોત્તમા સ્ત્રી. સીતાનાં કલ્યાણ નામનું એક નામ

શુભોદર્ક પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; દ્વિ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ત્રણ ભગણ મળી નવ અક્ષર આવે છે.

શુભોપમા [સં] સ્ત્રી. સારી ઉપમા, સરખામણી

શુભોપમાલંકાર વિ શુભ ઉપમાઓને લાગુ પત્રલેખનમાં વિશેષણ તરીકે વપરાય છે.

શુભ્ર ૧ પું. ધોળો રંગ

૨ પું (પુરાણ) રૈવત મન્વંતરના વિષ્ણુના અવતારનો પિતા

૩. પું. સૃષ્ટિ મણિ.

૪ ન અભ્રક

૫ ન ધોળું ચંદન.

૬. ન રૂપું.

૭. ન સિંધાલૂણ.

૮ ન. હીરાકણી

૯ [સ] વિ જિતેલું; તેજસ્વી; ઉજ્જ્વળ.

૧૦ વિ ધોળું; શ્વેત; ધવલ, સફેદ.

૧૧ વિ નિર્મળ; નિષ્કલંક.

૧૨ વિ શુદ્ધ

શુભ્રકર ૧ [સં] પું. કપૂર.

૨. પું. ચંદ્ર

૩ પું. ધોળો હાથ

૪ વિ. ધોળા કિરણવાળું.

૫ વિ. ધોળા હાથવાળું

શુભ્રકિરણ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર

૩. વિ. ધોળા કિરણવાળું.

શુભ્રગંગા [સ.] સ્ત્રી આકાશગંગા.

શુભ્રજ્યોત [સ] વિ જેજ્વળ જ્યોતિવાળું

શુભ્રતા ૧. [સં] સ્ત્રી ઉજ્જ્વળપણું.

૨. સ્ત્રી. ધોળાશ; ધોળાપણું

શુભ્રતી સ્ત્રી. વમ્પાનો એક પ્રકાર

શુભ્રદંતિકા સ્ત્રી. દિવેલાની કળી

શુભ્રદંતી [સં.] સ્ત્રી. પુષ્પદંત, દિગ્ગજની દાયણી

શુભ્રરશ્મિ જુઓ શુભ્રકિરણ

શુભ્રા ૧ સ્ત્રી ખાવાનો એક પ્રકાર.

૨. સ્ત્રી ગંગા નદી.

૩. સ્ત્રી ફટકડી.

૪ સ્ત્રી. ગોરોચન.

૫. સ્ત્રી. સાકર.

૬. સ્ત્રી સૃષ્ટિક મણિ

૭ [સં] વિ સ્ત્રી નિષ્કલંક, ચોખ્ખી

૮. વિ.સ્ત્રી સોબતી; પ્રશસ્તતી

૯ વિ સ્ત્રી. સફેદ, ઉજ્જ્વળ

શુભ્રાંગી [સ.] વિ. સ્ત્રી. શ્વેત અંગવાળી.

શુભ્રાંશુ જુઓ શુભ્રકિરણ

શુમ પું. ઘોડાનો પ્રાણલો; ખરી

શુમાર ૧. પું. અક્કરો; અડસટ્ટો; અંદાજ; સુમાર.

૨. પું. સંખ્યા; પ્રમાણ.

૩ [જા શુમારદન (અનુ)] પું. હિસાબ; ગણતરી.

૧. રોજે શુમાર = કાયમનો દિવસ.

૨. શુમાર બાહરો-બેહરો = અડસટ્ટો મણી બાહરો.

શુમારે [જા શુમાર (અનુતરી)] અ આશરે; અંદાજથી, અડસટ્ટે.

શુમાલ [અ] પું ઉત્તર દિશા

શુરકું સ્ત્રી. ઓઓની ચૂડી કે બંગડી.

શુરૂ ૧ [અ. શુરૂઅ] પું. શરૂઆત; આરંભ.

૨ વિ આરંભેલું; મંડાણ કરેલું; ચાલુ

શુરૂઆત સ્ત્રી. શરૂઆત.

શુર્ખ પું (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એ નામનો એક યોગ.

શુલ્ક ન પુષ્કર મૂળ.

શુલસી સ્ત્રી. તુલસી.

શુલવેશ્વરવાડી સ્ત્રી. ગોંડલરેશ્વરની ત્રીજા દિવસની પ્રદક્ષિણામા આવતું એક પવિત્ર સ્થળ. ત્યાંથી કુબેર ભંડારી જવાનો રસ્તો ફાટે છે.

શુલહંત્રી સ્ત્રી. અંજવા.

શુલૂખસૂત્ર ન એ નામનું એક સૂત્ર. તેમા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સાધ્ય કરવા માટે શૂદ્રવર્ણે કેવી રીતે વર્તવું તે પણ કહેલું છે

શુલ્ક ૧ સ ક્રિ. આપવું

૨. સ. ક્રિ. છોડવું; તજવું.

૩. સ ક્રિ. બોલવું.

૪ સ ક્રિ. મેળવવું

શુલ્ક ૧. [સં.] ન. કર; વેરો.

૨. ન. જકાત, દાણ.

૩ ન પ્રાચીન કાળમા આણ ઉપરના કરમાંનો એક કર.

૪. ન. કી; લવાજમ

૫. ન ભાડું

૬. ન. મહેસૂલ

૭. ન. મૂલ્ય; કીમત.

૮ ન લગ્નકાળ વગેરેમાં કન્યાપક્ષવાળા કન્યા આપી વરપક્ષવાળા પાસેથી જે ધન લે છે તે; કીમત તરીકે વર પાસેથી લેવાતું ધન.

૯ ન સંભોગ માટે કોને અપાતું ધન.

૧૦. ન જેને તેના બાપ અને સ્વામી તરફથી બક્ષીસ તરીકે જે મળેલું તે; દાયજો; સ્ત્રી ધન. ઘરખરચમાંથી કરકસરે અને સંભાળે બચાવેલ નાણું હોય તે સ્ત્રીની પોતાની બાનગી મિલકત ગણાય છે

શુલ્કગૃહ [સ] ન. મહેસૂલ ઘર; કર ઉઘરાવવાની કચેરી

શુલ્કદાસિકા જુઓ શુલ્કદાસી.

શુલ્કદાસી [સં.] સ્ત્રી. કીમત આપી ખરીદેલી દાસી.

શુલ્કવ્યવહાર [સં.] પું. દાણ સંબંધી કાયદો.

શુલ્કસીમા [સ] સ્ત્રી. જકાતની હદ; ચુંગીની હદ.

શુલ્કસૂચી [સ.] સ્ત્રી કરની યાદી.

શુલ્કસ્થાન ૧. ન જકાત કર વગેરે લેવાતું હોય તેનું સ્થાન.

૨. [સ.] ન જેના ઉપર જકાત લેવાય તેવી ચીજ

શુલ્કાધ્યક્ષ [સં] પું. દાણ લેનાર અધિકારી; જકાતખાતાનો ઉપરી.

શુલ્બ ૧ [સ] ન. તાંબુ.

૨. ન. દોરડું.

શુલ્બાધાતુશાસ્ત્ર ન ધાતુ સંબંધી શાસ્ત્ર; ધાતુ શોધનને લગતો એ નામનો પુરાણો ગ્રંથ.

શુલ્વ ૧. પુ. આચાર.
૨. પુ (પુરાણ) ઉદક ઋષિનો પિતા.
૩ ન તાબુ
૪ ન દોરી
૫. ન ધર્મ.
૬. ન. પાણીની સમીપ
૭ ન યજ્ઞકર્મ.

શુલ્વસૂત્ર [સ.] ન. યજ્ઞકર્મની વિગત આપતું પુસ્તક
વૈદિકકાળમાં યજ્ઞની અને યજ્ઞકુંડ વગેરેની રચનાના વ્યવહારિક જ્ઞાન ઉપરથી ભૂમિતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાચીન ઋષિઓને પ્રાપ્ત થયું હતું અને આ વિષયમાં સૌથી પ્રથમ ઉલ્લેખ બૌધાયન અને આપસ્તંબના **શુલ્વસૂત્રો**માં મળે આવે છે. આ શુલ્વસૂત્રો ઈસ્વીસન પૂર્વે આઠમા સૈકા જેટલા પ્રાચીન છે અને ત્યાં મિસર દેશના ભૂમિતિકારોની મદદ મળી હોય તેમ જાણવું નથી. વિજ્ઞાન વિચાર

શુલ્વા [સં.] સ્ત્રી દોરી

શુશર્મા પું એ નામે મહાભારતકાલીન એક યોદ્ધો

શુશ્રુમા સ્ત્રી. શુક્રાચાર્યની સ્ત્રી.

શુશ્રુમારિકા ન. (સંગીત) એક પ્રકારનું વાદ્ય.

શુશ્રુવ પું. આર્ય લોકો જ્યારે પંજાબમાં આવ્યા તે સમયે ત્યાં રહેતા અનાર્ય લોકોનો એક સરદાર

શુશ્રૂ સ્ત્રી. માતા.

શુશ્રૂષક [સં.] પું. સેવક.

શુશ્રૂષણ [સં.] ન. સેવા ચાકરી કરવી તે.

શુશ્રૂષા ૧. [સ.] સ્ત્રી. આજ્ઞાંકિતપણું; આજ્ઞામાં રહેવું તે; અધીન રહીને કાર્ય બજાવવું તે.
૨. સ્ત્રી. વડીલને મળતા રહી તેની સેવા ઉઠાવી તે કહે તે કાર્ય વગેરે કરવાપણું તે
૩. સ્ત્રી સારવાર; સેવાચાકરી; ખરદારત
શુશ્રૂષા સારી ના અમને આવડે;
હેસ ન કીધો હલિત કરાનો સ્વભાવ જે.
ગાંત
૪ સ્ત્રી સાંભળવાની ઇચ્છા.

શુશ્રૂષાકર ન. એક જાતનું ઇયાબ્બનું; ' નર્સિંગ કોમ '

શુશ્રૂષુ [સ.] વિ સુશ્રૂષા કરવાની પ્રકૃતિવાળું.

શુષ [સ.] અ. ક્રિ. સુકાવું; શોષવું

શુષા પું કાસદો; એક વનસ્પતિ

શુષિર ૧. પું અગ્નિ
૨. પું ઉંદર
૩. પું ચિત્રક વૃક્ષ
૪. ન. એક વાદ્યવિશેષ
૫ ન. છિદ્ર
૬. વિ છિદ્રવાળું
૭ વિ. પોલું

શુષિરા ૧. [સ] સ્ત્રી. નદી.
૨ સ્ત્રી નદી નામે એક ગંધદ્રવ્ય.

શુષિરી સ્ત્રી. ઉંદરડી

શુષિલ [સં] પું વાયુ

શુષ્ક ૧. વિ ખાલી, પોલું, કોરું
૨ વિ નવાઈ ગયેલું; ઉર્જાહીન
૩ વિ. રસ વગરનું; સ્વાદુ
૪ વિ લાગણી વિનાનું; અર્થ વિનાનું
૫ વિ સૂકું; જેમાં પાણી કે લીલાશનો અંશ ન હોય તેવું, કોરું

શુષ્કગર્ભા [સં.] પું. ગર્ભનો ક્ષોભ; કોઈ કારણથી ગર્ભ વધતો અટકી ગર્ભાશયમાં જ રહેવો તે રોગ

શુષ્કજ્ઞાન [સ] ન. લુખ્ખું જ્ઞાન; કોરી જ્ઞાનની વાત

શુષ્કતર્ક [સ.] પું. કુતર્ક. જે તર્ક શ્રુતિને અનુકૂળ નથી હોતો તેને શુષ્કતર્ક કહે છે

શુષ્કતા ૧. પું. કોઈપણ સૂક્ષ્મ કે ગૂઢ તત્ત્વને વિષે નાસ્તિકતાવાળો વાદ
૨. સ્ત્રી. શૂન્યતા
૩. સ્ત્રી. સૂકાપણું; શુષ્કત્વ; નીરસતા.

શુષ્કત્વ ૧. [સં.] ન. અર્થ રહિતપણું, રસ રહિતપણું
૨ ન શૂન્યતા
૩. ન. સૂકાપણું; શુષ્કતા

શુષ્કત્વચા [સ.] સ્ત્રી. એક જાતની સૂકી ચામડી

શુષ્કદિલ ન. રસ વિનાનું લુખ્ખું હૃદય.

શુષ્કનેત્રશોથ પું. આંખનો એ નામનો એક રોગ

શુષ્કપટલ [સ.] ન છાણ; ગોબર; વગડામાંથી મળેલ સૂકું બળતણ

શુષ્કબ્રાહ્મિ સ્ત્રી. (યોગ) ચક્રોના બે ભાગોનો એ નામનો એક પ્રકાર. પ્રથમ પશ્ચિમતાનાસન કરી પછી સ્વસ્તિકાસને બેસી મૂલાધાર સંકોચન વિકાસન કરવું તે શુષ્કબ્રાહ્મિ કહેવાય છે

શુષ્કરેવતી સ્ત્રી (પુરાણ) એ નામે એક માતૃકા

શુષ્કવાદ [સં] પું વાદના ત્રણ ભાગોનો એક પ્રકાર. કોઈ પણ સૂક્ષ્મ કે ગૂઢ તત્ત્વને વિષે નાસ્તિકતાવાળો વાદ; ' નિહિલિઝમ '.

શુષ્કવેદાંતી [સ.] વિ શુષ્ક વેદાંત મતનો અનુયાયી.

શુષ્કવૈર [સ.] ન. કારણ વિનાનું વેર; બિનમતલબી ઝઘડો

શુષ્કવ્રણ [સં.] પું સુકાઈ ગયેલો વ્રણ.

શુષ્કશાક [સ] ન. ખુશબોદાર પદાર્થ ભરીને રાંધેલું પ્રેત કે મુડદું

શુષ્કશાક ન મડું

શુષ્કસજ્જ [સં] ન. જે અન્ન શરીરમાં રસોના ફરવાના માર્ગને રોકનાર હોય તે; રક્ત ખોરાક.

શુષ્કહૃદ સ્ત્રી. લક્વો

શુષ્કાગ્નિ [સં.] ન એક પ્રકારનું કાર્યકર અગ્નિ.

શુષ્કાંગ ૧. [સ.] પું. ખવરસ.
૨. ન. સુકાયેલું અંગ
૩ વિ સુકાયેલા અંગવાળું

શુષ્કાંગી ૧. સ્ત્રી. ગરોળી
૨ વિ. સ્ત્રી. સુકાયેલા અંગવાળી સ્ત્રી

શુષ્કીકરણ [સ] ન. (હિંદી) સોષણ; અવશોષણ; સૌખ્ય.

શુષ્કુલીખાત [સ.] પું. શિખંડિપત્રખાત; કાંડાના વચલા હાડકા. તરફથી બહિ.પ્રકોષ્ઠાસ્થિ બાજુના હાડકાનો ખાડો

શુષ્ણ ૧. પું. એ નામનો એક અસુર. ઇંદ્રે તેને મારી નાખ્યો હતો.
૨. [સં.] પું. સૂર્ય

શુષ્મ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પુ. અગ્નિની જ્વાળા
૩ પુ આકડાનો છોડ
૪. પું. ચિત્રક વૃક્ષ
૫. પુ પક્ષી
૬. પુ વાયુ
૭. પુ. સૂર્ય
૮. ન. પરાક્રમ.

શુષ્મા ૧. [સ પુ અગ્નિ
૨ પું ચિત્રક

શુહદાપન [હિં] પુ. વ્યભિચાર

શુહરત [અ. સહર (તેણે જાહેર કર્યું)] સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ; કીર્તિ

શુહરા [અ.] પું. કીર્તિ.

શુહૂદ [અ.] પુ ૧ વ. સાક્ષીઓ
૨ વિ દેખીતું

શું ૧. સ. બેપરવાઈ કે તુચ્છકાર બતાવનાર પ્રશ્નાર્થ સર્વનામ. જેમકે, એ મારું શું કરવાનો હતો ? તારાથી શું થાય તેમ છે ? સલાહ પૂછતાં પણ તે વપરાય છે. જેમકે, તે શો પદાર્થ છે ?

૨ [સં. કીદૃશ; પ્રા. કેરિસ] સ. માણસ સિવાય કોઈ પણ વસ્તુ કે બીજું બધું નામને બદલે પ્રશ્ન કરવામાં વપરાતું સર્વનામ જેમકે, શું કહો છો ? શું બન્યું ? શું જોયું ?

હિંસા ને પ્રતિહિંસા એ દુઃખોની પરંપરા આ,
હિંસા પ્રત્યે અહિંસા શું સુખ લાવિવાને ખરા ?
ગાંધીગીતા

૩. વિ. આશ્ચર્યસૂચક વિશેષણ જેમકે, શો રોફ !

૪. વિ. કેટલાક પ્રયોગોમાં 'કેવ' 'કેવું' બતાવનાર વિશેષણ જેમકે, સંતુ શું થઈ ગયું

૫. વિ. કેવું, કેવા પ્રકારનું; કયું, કઈ જાતનું

૬. વિ પ્રશ્નાર્થસૂચક વિશેષણ જેમકે, શો વિચાર છે ? શી વાત છે ?

૭. વિ. બંને અથવા બધા સરખા એવો ભાવ બતાવનાર વિશેષણ. આ અર્થમાં બે શું નો પ્રયોગ થાય છે. જેમકે, શું મોટા, શું નાના.

૮. [સ. સમ] વિ. સરખું, જેવું. તે નામને છેડે આવે છે. જેમકે, તોબરા શું મોં.

૯ અ પ્રશ્નવાચક. જેમકે, તમે આવવાના છો શું ?

૧૦. [સં. સહ] અ. સાથે; સહિત. જેમકે, રામનામ શું તાળી રે લાગી.

શુંગ ૧. પું. પ્રાચીન ક્ષિતના એ નામની એક જાતના લોકો

૨. પુ. (પુરાણ) ભરદ્વાજગિરસ કુળના થયેલો એક ઋષિ

શુંઠિ [સં.] સ્ત્રી. સૂંઠ

શુંઠી જુઓ શુંઠિ.

શુંઠીપાક પું સૂંઠ વગેરે મસાલો નાખી ઔષધો માટે બનાવવામાં આવતો એક પુષ્ટિકારક પાક.

શુંક્ષ [સં.] ન. સૂંઠ

શુંઢ પું. હાથીનો લાંબો નાક જેવો અવયવ; સૂંઢ

શુંઢા ૧. [સં] સ્ત્રી કમળની દાંડલી
૨ સ્ત્રી. કલાલખાનું; દારૂનું પીઠું
૩ સ્ત્રી. દલાલ સ્ત્રી
૪ સ્ત્રી. પાણીની હાથણી
૫ સ્ત્રી ગણ; ઢારૂ
૬ સ્ત્રી. વેશ્યા.
૭ સ્ત્રી સૂંઢ; હાથીનો લાંબો નાક જેવો અવયવ

શુંઢાકાર [સં.] વિ સૂંઢના આકાર જેવું

શુંઢાકૃતિ [સં.] વિ સૂંઢીયળુ; સૂંઢીદાર.

શુંઢાદંડ [સ.] પુ. સૂંઢ

શુંઢાર ૧. પું. દારૂ વેચનાર; કલાલ

શુંઢારી સ્ત્રી. હાથણી

શુંઢાલ [સ.] પુ. હાથી.

હસ્તી દંતી દ્વિરદ દ્વિપ પલી યામક્ષ વ્યાલ,
કુંજર ઉંબ કુંભી કરી સ્તંબેરમ શુંઢાલ.
વિશ્વ લઘુકોષ

શુંઢાલી [સં.] સ્ત્રી. હાથણી.

શુંઢાસન [સં] ન. એ નામનું પેટને ઉપયોગી એક આસન. સીધા ઊભા રહ્યા પછી બંને હાથ હાથીની સૂંઢની જેમ અને પગની વચ્ચે ખૂબ પાછળ લઈ જવા. એથી પેટ, પીઠ, જાંઘો, કમર, ગરદન અને પગ વિકારરહિત બને છે

શુંઢિક પુ. (પુરાણ) જેણે પોતાના દિગ્વિજયમાં જીતેલો એ નામનો એક દેશ

શુંઢિકા ૧ સ્ત્રી. એ નામની પગની એક માંસપેશી; શ્રોણિચક્રમાંની એ નામની એક પેશી તેનો આકાર હાથીની સૂંઢના જેવો હોઈ તે ઊર્ધ્વ મૂળો વડે ત્રિકાસ્થિની આગલી બાજુ પરથી ઉત્પન્ન થાય છે. તેના ચોડા તંતુઓ શ્રોણિચક્રના મૂંસરીદ્વારની આસપાસથી તેમ જ મોટા કુંડર સંયોજક રજ્જુ પરથી ઉત્પન્ન થાય છે. તે મૂંસરીદ્વાર મારફતે બહાર આવીને ઉર્વસ્થિના મહાશિખરકને લાગે છે. આ પેશી સાથળને બહારની બાજુ તરફ ફેરવે છે

૨. સ્ત્રી. કલાલ; દારૂ વેચનાર સ્ત્રી

૩ સ્ત્રી. સૂંઢ.

શુંઢિની ૧. સ્ત્રી. હાથણી.

૨ સ્ત્રી દારૂ વેચનાર સ્ત્રી

૩. સ્ત્રી. હાથણી

શુંડી ૧. પું. એ નામનું એક ઝાડ.

૨. પું. દારૂ વેચનાર; કલાલ.

૩. [સં. શુષ્કિન્] પું. હાથી

શુંબારો પુ. ગામડામાં વીંધ પાડવાનું મોચીનું હથિયાર.

શુંભ ૧. પુ. એ નામનો એક દૈત્ય. તેને દુર્ગાએ મારી નાખેલ હતો.

૨. [સં. શુભ] પું કંગાલ માણસ; મખ્ખીચૂસ માણસ.

૩ પું. (પુરાણ) તારકાસુરનો સેનાપતિ

૪ પું. (પુરાણ) રામની સેનાનો એક વાનર.

૫ વિ. કંગાલ; મખ્ખીચૂસ, કંજૂસ.

૬ વિ મૂર્ખ.

૭. વિ શાંત; સુખસાગ; નીરવ.

શુંભનિશુંભ પુ. (પુરાણ) એ નામના બે અસુર ભાઈઓ. આ બંને અસુર ભાઈઓ હતા. એમણે પુષ્કર તીર્થમાં અયુત વર્ષ તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા. એથી બ્રહ્મા પાસે તેમણે વરદાન માગ્યું હતું કે, અમે પુરુષ વ્યક્તિથી મરીએ નહિ. તેથી તેઓ ત્રિલોકને પીડા કરવાનો આરંભ કર્યો હતો દેવો પણ આથી ભય પામીને નાસવા લાગ્યા અને અરણ્યમાં રહેવા લાગ્યા તેઓએ દેવીનું સ્તવન કરવાથી દેવીએ કાલી નામે શક્તિ ઉત્પન્ન કરીને શુંભનિશુંભના નગર તરફ મોકલી શુંભનિશુંભ એના મોહમાં અંજાયા ત્યારે શક્તિએ કહ્યું કે, જે મને યુદ્ધમાં જીતશે તેને હું પરણીશ. પહેલાં શક્તિએ ધૂમ્રલોચનને માર્યો પછી ચંડ અને મુંડ આવ્યા એમનો પણ એવો જ વલે થઈ

શુંય વિ. શું; કઈ. તે અનિશ્ચિતાર્થક ગણાય છે. જેમકે, શું ય બન્યું હશે ને શું સમજ્યો હશે

શુરાં સ્ત્રી. ગુજરાતી ભાષા. કેમકે તેમાં શુરા વગેરે વપરાય છે.

શુક ૧ સ પું. અગ્નિ
૨ પુ. જળ
૩ પુ ઝેરી પાણીના વેલથી બનાર એક જંતુ.
૪ પુ દયા
૫ પુ દિવસ

શુકકીટ ૧. પુ. એક જાતનો કીડો
૨ પું. ચોંટી

શુકજ [સં] પું. જવખાર.

શુકનાસા સ્ત્રી. એક જાતની શાકભાજી.

શુકબિંબા સ્ત્રી. કવચ વનસ્પતિ.

શુકબિંબી જુઓ શુકબિંબા.

શુકર પું. સસરો; ભૂંડ; ડુક્કર; વરાહ; સૂઅર.

શુકરકંદ પું. વારાહીકંદ નામની વનસ્પતિ.

શુકરમુખ ૧. ન. એ નામનો જયપુરીનો આઠમો નરકકુંડ.

૨. ન એકવીસ મહેનું એ નામનું એક નક્ષત્ર.

શુકરી ૧. [સં.] સ્ત્રી. ભૂંડણી; ડુક્કરી.

૨. સ્ત્રી. વરાહકાંતા નામની વનસ્પતિ.

શુકરીમુદ્રા [સં.] સ્ત્રી. તાંત્રિકોની એક મુદ્રા; બધી આંગળીઓ જેમાં સંકુચિત હોય તે મુદ્રા

શુકલ ૧. પું. તોફાની ઘોડો

૨. પું. નાગરમોથ.

૩. પું. માછલું

શુકવતી ૧ સ્ત્રી કવચ વનસ્પતિ.

૨. સ્ત્રી. દમાળુ સ્ત્રી

૩. વિ સ્ત્રી તીક્ષ્ણ અણવાળી.

૪. વિ. સ્ત્રી. સિંગવાળી

શૂચક [સ.] પુ ચાડિયૂસ; ખાતમીદાર

શૂચિંયમચિકિત્સા સ્ત્રી. પિચકારી મારફત ગરીરમાં દવા પહોંચાડવાની ક્રિયા, 'ઇંજેક્શન'

શૂદ સ્ત્રી જ્ઞા અને દીક્ષા વિભાગ પાળ્યા વિના સમગ્ર સંપ્રદાય દોષ તેવી પ્રત

શૂડિયું (શૂડિયુ) ન. નાનુ સબળવાની સગગ નોંધપોથી

શૂદમૂઢ વિ સાવ મૂઢ જેવું, ગમારાદથી ગ્રસ્તમ જેવું

શૂતક સ્ત્રી એક જાતની માગ્જી

શૂદ્ર ૧. [સ. શુદ્ધ ધાતુ પરથી શુદ્ર ' કુ આકર; સેવા જેનો ધર્મ છે એવા ઊતરતા વર્ણનો માણસ; ચોથા વર્ણનો માણસ. આ શબ્દની વ્યુત્પત્તિ અર્થ ઘણાયા જેવો છે. એનો અર્થ જે પોતાના કામમા ઝડપથી દોડતો રહે છે એટલે કે સેવા કરવાના પોતાના કામમા ઝડપથી દોડતા રહે છે એટલે કે સેવા કરવાના પોતાના કામમા જે માણસ સદા તત્પર અને સર્જિત રહે છે તે એમ થાય છે વિરાટપુરુષનાં બે ચરણોમાથી ધર્મની સિદ્ધિને માટે શુશ્રૂષા કે સેવાવૃત્તિ ઉત્પન ધર્મ અને એ સેવાવૃત્તિ માટે શુદ્ર પણ તેમાંથી જ ઉત્પન થયા. શુદ્રોની સેવાવૃત્તિથી ભગવાન પ્રસન થાય છે

૨ પુ. મુખ્ય ચાર માંહેનો છેલ્લો વર્ણ. બધું ચાર છે: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ વર્ણ અસ્પૃશ્ય ન હતો. બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિયની રીતે જ શુદ્રોને પણ પાંચ મહાયજ્ઞ કરવાનો અધિકાર હતો. આ વાત પંતજલિકૃત મહાભાષ્યનાં અને તેના ટીકા પર કૈયટની ટીકામાં મહાભાષ્ય પ્રદીપમાં મળે છે. શુદ્રોના પછી અંત્યજોની સંખ્યા છે. આવા અંત્યજો આઠ શ્રેણીમાં વહેંચાયા છે: ધોબી, સુથાર, મદારી, ટોપલી અને દાબ બનાવનારા, નાવિક, ચીપર, પશુઓ અને પક્ષીઓના શિકાર કરનારા અને વધુકર. ચારે વર્ણોવાળા આમની સાથે નથી રહેતા. જે શુદ્ર વર્ણાશ્રમથી બહિષ્કૃત ન હોય તે અબહિષ્કૃત સમજવા. જેથી પ્રથમ શુદ્રનો ઉલ્લેખ અથર્વવેદમાં જોવામાં આવે છે પણ તે સમયે તેઓ પ્રત્યે જરા પણ તિરસ્કારવૃત્તિ બતાવવામાં આવતી ન હતી

૩. પુ. શોકાન્વિત પુરુષ

શૂદ્રક પું મૃચ્છકટિક નામના પ્રખ્યાત નાટકનો લેખક એ નામનો એક રાજા; મૃચ્છકટિક નામના નાટકનો રચનાર મધ્યકાલીન કવિ

શૂદ્રકર્મ ન. શુદ્રનુ કર્મ.

જે સેવા કરવી વણી એ શૂદ્રકર્મ કહ્યવાયે.
નીલકણ્ઠમૃત

શૂદ્રકાળ [સ] પું. કલિયુગ

શૂદ્રતા સ્ત્રી. નદ્રપણું.

શૂદ્રત્વ [સ.] ન. શુદ્રપણુ.

શૂદ્રધર્મ [સ.] પું. શુદ્ર જાતિનુ કર્તવ્ય; શુદ્રે પાળવાનો કરજો.

શૂદ્રા [સં.] સ્ત્રી શુદ્ર જાતિની સ્ત્રી

શૂદ્રાણી સ્ત્રી શુદ્રની સ્ત્રી.

શૂદ્રી સ્ત્રી. શુદ્ર જાતિની સ્ત્રી

શૂદ્રીસંગ પું. શુદ્ર જાતિમાં ઉત્પન થયેલ સ્ત્રી સાથે સંગ કરવો તે. દીર્ઘતમા ઋષિએ શુદ્રીસંગ કરી બલિરાજા માટે કક્ષીવાન નામે તેમજ અન્ય શુદ્ર પુત્રોને ઉત્પન કર્યા હતા.

શૂધ જુઓ શુદ્ધ

શૂધબુધ ૧. સ્ત્રી. અક્કલ, સમજ

૨. સ્ત્રી. સાવધાનતા; જ્ઞાન; સંતા

શૂધબુધ આવવી = જ્ઞાન આવવી

શૂન ૧. ન. અસાવધપણું

૨. [સં. શૂન્ય (બીજુ) ન. બીજુ.

શૂન થઇવી = રદ કરવુ

શૂનકાર ૧. પું ઉજ્જડપણું; નીરવતા; બોબાટ નહિ હોવાપણું; જ્યાં કશુ હોય નહિ એવાપણું.

૨. પું. ચિત્તની શૂન્ય સ્થિતિ; બેભાન અવસ્થા.

શૂનકારપણું ન. બેભાનપણુ.

શૂનમૂન વિ. સાવ મૂઢ જેવું; શૂનમૂન.

શૂનાપણું ન. બેભાનપણું; ગફલત.

શૂન્ય ૧. [સ.] પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૨. ન. અભાવ

૩. ન. અસાવધપણું

૪. ન. આકાશ; ખાલી અવકાશ

૫. ન. તાલના મુખ્ય છ માંહેનું નીચું અંગ; દ્રુતઅંગ; દોડતુ; વલય; કૂપ; ત્રિદ; અર્ધમાત્રિક; જે માત્રાને અંતરે તાલ આવે તે માત્રા.

૬. ન. કલ્પિત જ્યોતિષમાં સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી આઠમું નક્ષત્ર.

૭. ન. બીજુ. અંગ્રેજી ઝીરો શબ્દની ઉત્પત્તિ અરબીના સિફર શબ્દથી લિયોનાર્ડોએ પ્રયુક્ત કરેલા શબ્દથી થાય છે

૮. ન. અદા; મૂઢાક્ષર

૯. વિ. અજ્ઞાન વગરનું; મૂર્ખ

૧૦. વિ. અમત.

૧૧ વિ. અભરપૂર્વ; બિલ્કુ.

૧૨. વિ. ઉજ્જડ.

૧૩. વિ ટાલું; ખાલી; સનુ; રિક્ત.

શૂન્ય મારી જવુ = ખાલી કે ભાન વિનાનુ જડ થઈ જવુ

૧૪ વિ. ભાન કે સજ્ઞા વિનાનુ

૧૫. વિ રહિત; વગરનું. તે અભાસને અંતે આવે છે જેમકે, જ્ઞાનશૂન્ય.

શૂન્ય મૂકવુ = રદ કરવુ, બાતલ કરવુ.

શૂન્ય અવકાશ પું. ખાલી જગ્યા; ' વેકયુમ '. અણુની કલ્પનાની સાથે શૂન્ય અવકાશની કલ્પના પણ એરિસ્ટોટલની સમજમા આવી શકી નહિ અને તેથી ખાલી અવકાશમા બધા પદાર્થોની ગતિ સરખી હોય એ ગેલેલીઓના સિદ્ધાંતને પણ તેણે સ્વીકાર કર્યો નહિ.
પાપટલાલ મોતિલાલ

શૂન્યકાન [સ. શૂન્યકર્ણ] પું. સાપ; સર્પ; નાગ. કેમકે, તેને કાન હોતા નથી.

શૂન્યકાર ૧ [સં.] પું ઉજ્જડપણું; નીરવતા.

૨. પું. ચિત્તની શૂન્ય સ્થિતિ.

૩. વિ. બધા સર્વસ્વ શાંતિ હોય તેવુ.

૪. વિ જાણે સાભળે નહિ તેવું.

બારા બોલ્યુ થયા શૂન્યકાર
બીજી નહિ ઉત્તરાયણને બીજે
પ્રેમાનંદ

શૂન્યખડક વિ. ચૂમસમ; ચકચોથેલું; ગભરાયેલું; બદાવરું; કંઈ બોલે નહિ તેવુ

શૂન્યગર્ભ ૧. પું. સર્પ; નાગ

૨. [સં.] ન. આકાશ.

એક ઉગ્ર પરિમાણ જેટલો વધુ ધીરે ધીરે ફેલાઈને અનંત બ્રહ્માંડમાં પથ્થ આપ થઈ રહ્યો છે જેને નહિ સમજવાથી લોકો શૂન્યગર્ભી કહે છે.
ર'કમાઈ

૩. વિ. તદ્દન ખાલી હોય તેવુ.

શૂન્યજિહ્વા [સં.] પું. દર્દુર; દેડકો.

શૂન્યતા ૧. [સં.] સ્ત્રી અભાવ; અસ્તિત્વ ન હોવું તે.

૨. સ્ત્રી ઉજ્જડપણું; વેરાનતા.

૩. સ્ત્રી. ખાલી જગ્યા

૪. સ્ત્રી ખાલી હોવુ તે

શૂન્યતાલ [સં.] પું. (સગીત) તાલમાં તાળી નથી મરાતી તે સ્થાન; ખાલી; તાલનું એક અંગ

શૂન્યત્વ જુઓ શૂન્યતા

શૂન્યદૃષ્ટિ [સ સ્ત્રી ખાલી નજર

શૂન્યપદવી [સં સ્ત્રી જગતનો અભાવ કરવાના માર્ગરૂપ નાડી. યોગકૌસ્તુભમાં કહેલ છે કે, જ્યારે શરીરમાની નાડીઓની શુદ્ધિ થઈ કુંડલિની જાગ્રત થયા છે, ત્યારે પ્રાણ સુખપૂર્વક સુષુમ્ણામાં પ્રવેશ કરે છે. સુષુમ્ણા (સર્વનાં સુષુમ્ણા શિરા સાથે જોડનારી નાડી),

શૂન્યપદવી (જગતનો અભાવ કરવાના માર્ગરૂપ નાડી), બ્રહ્મરંધ્રનો માર્ગ, રમશા.ન (નામરૂપને જાણવાનું સ્થાન), સાંભવી (સ્મરણ પ્રાપ્ત કરાવનારી શક્તિ), મધ્યમ.ગ (ઈડા પિંગલાની વચ્ચેનો માર્ગ), બ્રહ્મનાડી (બ્રહ્મને પ્રાપ્ત કરનારી નાડી) અને બ્રહ્મદ્વાર (બ્રહ્મની પ્રાપ્તિનું દ્વારરૂપ) એ શબ્દો એક જ અર્થનું બોધન કરનારા છે

શૂન્યબંધુ પું. (પુરાણ) સર્પવશી દ્વિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રાજર્ષિનો વચલો પુત્ર

શૂન્યબિંદુ ૧ [સ] ન. અવિક્ષેપ બિંદુ, સમતા બિંદુ; ' નલ પૉઈંટ '

આ પ્રમાણે ઉષ્ણમાનના નિરપેક્ષ **શૂન્યબિંદુનો** ખ્યાલ પેદા થાય છે. વિજ્ઞાન પ્રવેશિકા

૨. ન ખ; આકાશ

૩. ન. મીંડાની નિશાની

શૂન્યભાગ [સં શૂન્યભાગ્ય] વિ. ભાગ્યહીન; કમનસીબ; કૂરેલ નસીબવાળું

શૂન્યભાગ્ય જુઓ શૂન્યભાગ

શૂન્યભૂમિ [સં] સ્ત્રી. બિન ફલદ્રુપ પડતર જમીન

શૂન્યમતિ [સ] વિ મૂઝાયેલું; ગભરાયેલું; બુદ્ધિ બહેર મારી ગઈ હોય તેવું

તે કારણથી **શૂન્યમતિ** બન્યો. ગોવર્ધનરામ

શૂન્યમનસ્ક ૧. [સં.] વિ અસાવધ; ધ્યાન વગરનું; મન બીજે ફરતું હોય તેવું; ' એબસન્ટ માઇન્ડેડ '.

૨. વિ. શૂન્ય મનવાળું;મૂંઝાઈ ગયેલું, ગભરાયેલું; ચિત્ત બહેર મારી ગયું હોય તેવું

હું તે બધુ **શૂન્યમનસ્ક** થઈ સાભળતો હતો. ગાંધીકર

શૂન્યમનસ્કતા ૧. [સં.] સ્ત્રી. અસાવધતા; બેધ્યાનપણું

૨. સ્ત્રી. મન મૂઝાવું તે; બુદ્ધિ બહેર મારી જવી તે; ગભરામણ

શૂન્યમાન જુઓ શૂન્યબિંદુ ૧.

શૂન્યમાપક [સં] ન વાયુભારમાપક યંત્રોની સરખામણી કરવાનું યંત્ર; હવાનું ઓછું દબાણ માપવાનું યંત્ર. ' વેક્યૂમમાંત્ર '

શૂન્યમિતિ [સ.] સ્ત્રી શૂન્યનું ગણિત કરવાની રીત

શૂન્યમુખ [સં.] વિ બોલ્યાચાલ્યા વગરનું; મૌન; મૌન.

એક નટ બોલતો હોય તે વખતનું સાભળનાર નટ પણ તો **શૂન્યમુખે** ઊભો રહે છે

મુ. સા. પરિચય ,

શૂન્યમુગ્ધ ૧ વિ ખેલાતા, બેનસીબ; ચેતન વગરનું

શૂન્યમુગ્ધ સુવેળા સુણે.
મુખ પર ગમગીની બહુબારૂ પ્રેમાનંદ

૨ વિ મૂઝાયેલું; ગભરાયેલું.

શૂન્યયુક્તિ [સ.] સ્ત્રી ગણિતની શૂન્યની એક રીત; 'ઇન્ડીયલ કેલ્કયુલસ'

શૂન્યરેખાંશવૃત્ત [સં] ન મૂળ રેખાંશવૃત્ત. ઈંગ્લંડમાં આવેલા ગ્રિનિચ શહેરનું શૂન્ય રેખાંશવૃત્ત છે.

શૂન્યલબ્ધ જુઓ શૂન્યલબ્ધિ

શૂન્યલબ્ધિ [સં] સ્ત્રી. શૂન્યની કીમત કાઢવાનું પ્યુંક અને સટ્ટામાંક ગણિત; 'ડિફરેન્શ્યલ કેલ્કયુલસ'. એકને શૂન્યથી ગુણતાં જે 'શૂન્ય આવે તે અને સોને શૂન્યથી ગુણતાં જે શૂન્ય આવે તે સરખાં નથી હોતાં. આ રીતે શૂન્યની જુદી જુદી અનંત કીમત નીકળી શકે તે વિવિધ કીમત કાઢવા માટે **શૂન્યલબ્ધિ** આપોઆપ પૂર્વકાળથી શોધી કાઢયું !

શૂન્યવત ૧. [સ.] વિ ખ.ો કાંઇ કિંમત નહિ એવું.

૨. વિ નિરભિમાની; નિર્લેપ; નિષ્કામ ઇચ્છીષ્ટ લાભે છે કે: સત્સના પ્રયોગો કરતા મેં રસ લૂટયો છે, આજે લૂટી રહ્યો છું. બધું જ જાણું છું કે, મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે **શૂન્યવત** બનવાનું છે મનુષ્યજન્મા લક્ષ્મી સ્વેચ્છાએ પોતાને સહુથા છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી

૩. વિ. મીંડા જેવું; બિંદુ જેવું

શૂન્યવાતરક્ત [સં] ન. કોઢના રોગનો એક પ્રકાર

શૂન્યવાદ ૧ [સં] પું. જગત કે ઈશ્વર કાંઈ છે જ નહિ એવો મત; નાસ્તિક લોકોનો સિદ્ધાંત નાસ્તિકવાદ, નાસ્તિપણું

૨. પું. દુનિયામાં ખરી રીતે કોઈ પણ વાદ અસ્તિત્વ ધરાવતો નથી એવો મત

દક્ષિણમાં જ વિરોધ કરીને અજ્ઞાનવાદ, ક્ષિણવાદ, અહિંસાવાદ, ઈશ્વરવાદ, નિયતિવાદ, **શૂન્યવાદ**, વિજ્ઞાનવાદ અને અદ્વૈતવાદ વગેરે અનેક વાદો સંબધે ચર્ચા કરી છે

પરાતત્ત્વ

૩. પું પ્રત્યક્ષથી પ્રમાણનો પરાજો ન મળે એવી બધી માન્યતાઓનો પ્રતિષેધ કરનારો વાદ કે મત; નાસ્તિકોનો મત કે પક્ષ

૪. પું. બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક વાદ; બૌદ્ધધર્મના મહાયાન ફાંટાનો એક ભેદ, માધ્યમિક નૈરાત્મ્યવાદનું સ્થાપન કરનાર સિદ્ધાંત આ શૂન્યવાદના સ્થાપક મુખ્ય બૌદ્ધ વિચારક નાગાર્જુન થયા છે. આ પુરુષ ઈસ્વીસનના બીજા ત્રીજા સૈકામાં થયેલા જણાય છે

શૂન્યવાદી ૧. પું. બૌદ્ધધર્મનો યતિ કે ભિક્ષુક. ૨. વિ. જગત કે ઈશ્વર કાંઈ છે જ નહિ એવું માનનાર, આ બધુ જે દેખાય છે તે કાંઈ જ નથી એવા મતને માનનાર; નાસ્તિક

૩. [સં શૂન્યવાદિન્] વિ શૂન્યવાદમા માનનાર; બૌદ્ધ મતની એ નામની શાખાને અનુસરનાર. તેમને શૂન્યવાદી કહે છે

બૌદ્ધધર્મને નાસ્તિક, નીરીશ્વરવાદી, **શૂન્યવાદી**, વગેરે વિશેષણો આપવામા આવે છે.

પુરાતત્ત્વ

શૂન્યાર્વાધિ [સ.] સ્ત્રી. ગણિતની એક રીત; ' ઝીરો મેથડ '.

શૂન્યવૃદ્ધિ [સં] સ્ત્રી. વધારો; વૃદ્ધિ

શૂન્યશિખર ૧. [સ.] ન નિર્વિકલ્પ દશા; સમાધિદશા

શૂન્ય શિખરે ચઢવું = સમાધિદશા પ્રાપ્ત કરવી

૨. ન. બ્રહ્મરંધ્ર; તાળવું.

શૂન્યસમીકરણ [સ.] ન સમીકરણનો એક પ્રકાર; ' ડિફરેન્શ્યલ ઇક્વેશન '

શૂન્યસુમન [સ] ન આકાશનું ફૂલ, ખપુષ્પ; અશક્ય બાબત

વૈરાગ્યવાન વિલસે નહિ માયિક સુખની માંહે.
શૂન્યસુમન સમ સમ , બંધ સુગંધ ન માને.

નિષ્કુળાનંદ

શૂન્યસ્થાન ૧ [સ.] ન. એકાંત અને નિર્જન સ્થળ

૨. ન. ખાલી જગ્યા

શૂન્યસ્વામિની ૧. [સં.] સ્ત્રી જગતની જનની

૨. સ્ત્રી. માયા; મોહ; મમતા

શૂન્યહૃદય ૧. [સં.] વિ. ખાલી હૃદયવાળું, બેધ્યાન; હૈયાસૂનું; શૂન્યમનસ્ક; ધ્યાન વિનાનું

૨ વિ. જેનું મગજ ઠેકાણે ન હોય તેવું, અસ્થિર મનવાળું.

૩ વિ. નિર્દય; ખાતકી; ક્રૂર

૪ વિ લાગણી વિનાનું.

શૂન્યાકાર [સ.] પું. કાંઈ હોવું નહિ તે; અભાવ

એ **શૂન્યાકાર** હતિ તે અથવા શૂન્યનો અનુભવ છે એમ કહીએ તો ચાલે. જ્ઞાનસોપાન

શૂન્યાક્ષ [સ] વિ ખરી વિનાનું

શૂન્યાગાર [સં] ન સૂનું ઘર, નિર્જન મકાન

શૂન્યાગારમાં બેઠેલો શાંત ચિત્તવાળો ભિક્ષુ સમ્યક્ રીતે ધર્મને જુએ છે ધમ્મપદ

શૂન્યાત્મતા સ્ત્રી. શૂન્ય ઉપર દૃષ્ટિ સ્થિર કરવી તે. વિનોબાજી કહે છે કે: જ્ઞાન, વિદ્યા અને સ્મૃતિ તમારું બીજું છે. શરીર જૂનું થાય તેમ તેમ ઢીલું પડે, પણ આત્મા તો ઊલટો બળવાન થાય છે; પણ તે એકાગ્રતાથી જ બની શકે. શૂન્યાગ્રતાને અનેકાગ્રતા કહે છે ને તેમાં છે ધ્યાનયોગમાં ચિત્તની એકાગ્રતા, જીવનની પરિમિતતા ને શબ્દ મુખ્ય દૃષ્ટિની જરૂરત છે વૈરાગ્ય પણ તે કેવરાત તેનું સાધન છે

શૂન્યાત્મ ૧ [સં. શૂન્યાત્મન] વિ. કુશિર કે જગતમાં નહિ માનનારું; શૂન્યવાદી

૨, વિ. એકધ્યાન; ધ્યાન વિનાનું

શૂન્યતાના વરમ જગતબરી તરવરતા અને રસબાળ લોજવતા, શૂન્યાત્મ કરતા.

નાનાલાલ

શૂન્યાત્મવાદી [સં. શૂન્યાત્મવાદિન્] વિ. શૂન્ય એ જ આત્મા છે એવા મતવાળું

આ એક જ શ્રુતિથી ઉપર કહેલા વેદાન્તાચાર્યો બાબાઓથી આરંભીને **શૂન્યાત્મવાદી** બૌદ્ધો સુધી બધા વાદીઓના મતનો નિરાસ થાય છે.

સિદ્ધાન્ત ઉદય

શૂન્યાભિન્યુપ્તક [સ.] ન લોહચુમ્બકનો એક પ્રકાર; ' ક્રોરો મેગ્નેટ '.

શૂન્યાવકાશ ૧. [સં.] ન. આકાશ; ગગન

૨. ન ખાલી જગ્યા

શૂન્યાશૂન્ય [સં.] ન (યોગ) સમાધિ; આત્મા અને મનનું એકપણું

રાજયોગ, ઉન્મની, મનોન્મની, ચિત્તવ્યાપારરાહિત્ય, પ્રાણવ્યાપારરાહિત્ય, ચિત્તપ્રલય, અમરત્વ, લય, તત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ, અમનસ્કત્વ, અદ્વૈત, નિરાલમ્બ, નિરંજન, જીવન્મુક્તિ, સહજાવસ્થા કે તુર્યાવસ્થા એ સમાધિના પર્યાય છે.

યોગશૈસ્તુભ

શૂન્યાંતક [સં.] વિ. જેને છેડે મીંડું આવે તેવું.

શૂન્યાંશ ૧ [સં.] પું. ગરમી માપવાના યંત્રમાં નીચામાં નીચું ઊભું બિંદુ

૨ પું. મીંડું; શૂન્ય.

શૂમિયત [અ.] સ્ત્રી. સોબીપણું; કમબૂસતા

શૂમી જુઓ શૂમિયત

શૂમેકર [અં. શૂ (જોડો) + મેકર (બનાવનાર)] પું જોડા બનાવનાર મોચી

શૂર ૧. [સં] પું. આકડાનો છોડ

૨ પું. (પિત્તળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમિશ્ર છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે તેને વર્દ્ધમાન છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં તગણ, મગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે

૩. પું (પુરાણ) કૃષ્ણને બદલે ચોટે ગયેલા એ નામનો એક પુત્ર

૪ પું ચિત્રક વૃક્ષ

૫. પું ડુક્કર, ભૂંડ, સુવર

૬ પું બહાદુર માણસ

૭ પું. મસૂર નામનું ધાન્ય

૮. પું. યોદ્ધો; વીર; લડવૈયો; સુભટ.

૯. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૧૦. પું. શિવ; શંકર.

૧૧. પું. સાગનું ઝાડ.

૧૨. પું. સિંહ.

૧૩. પું. સૂર્ય.

૧૪. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન ક્રોષ્ટુવંશ રાજાનો એક પુત્ર. તેનું બીજું નામ શૂરસેન પણ થતું

૧૫. પું. (પુરાણ) સોમવંશી યદુકુળના દેવમીઢ રાજાનો પુત્ર. તે માર્ષદા નામની કન્યા સાથે પરણ્યો હતો. તેને દસ પુત્ર અને પાંચ કન્યા હતી. તેમાંથી પૃથાને કુંતિભોજે દત્તક લીધી હતી અને પાંડુ રાજાને પરણાવી હતી. આ શૂર રાજાના કુળમાં જન્મેલા કૃષ્ણને લઈને યાદવો સૌરિ સંજ્ઞા વડે પ્રસિદ્ધ થયા હતા.

૧૬. પું હાથીનો એક પ્રકાર. મોટા કદનો, પુષ્ટ અંગવાળો, સુંદર દાંત તથા સમઝાવાળો, ખાતાં ખાતાં થાકી જાય તેવો હાથી શૂર કહેવાય છે તે લક્ષ્મીનો વર્ષક મનાય છે

૧૭. ન. બહાદુરી; પરાક્રમ.

૧૮. ન. જોમ કે જુસ્સાનો ઊભરો; શૌર્ય, જુસ્સો.

૧. શૂર આવવું–ચઢવું–ઝટવું = શૌર્યનો જુસ્સો આવવો

૨. શૂર પર આવવું-પર ચડવું = શરાતન આવવું.

૩. શૂર રાખવું = હિંમત રાખવી.

૧૯. ન. લાગબીનો ઊભાગો.

૨૦ ન. હિંમત.

૨૧. વિ. આગળ પડતા કરકોર્ડ ગુણવાળું. જેમકે, દાનશૂર

૨૨. વિ. બહાર; બારવાળું

૨૩. વિ બહાદુર; પરાક્રમી.

૨૪. વિ. સાહસિક, જુસ્સાદાર, હિંમતવાળું

શૂરજનેશ્વર [સં] પુ વિષ્ણુના હજાર માંહેનું એક નામ.

શૂરજમીન [ફા. શોર્ ઝમીન] સ્ત્રી ખારોપાટ; ખારવાળી જમીન

શૂરતર ૧. [સ] પુ (પુરાણ) એ નામનો એક રાજા. તે ઘણો બળવાન હોઈ તેણે પૂરજ્વર નામના રાક્ષસને માર્યો હતો તે પોતાના રથને લીલા રંગના ઘોડા જોડાવતો ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષે તે લડ્યો હતો

૨. વિ. વધારે બળવાન

વાલોડ જેનું સ્થાન આઠ **શૂરતર** વહિયોની ન દસનની પ્રવિણા વડે આજે એક પુણ્યક્ષેત્ર બની પડ્યું છે. મહાદેવ દેસાઈ

શૂરતા [સ.] સ્ત્રી. શૌર્ય, પરાક્રમ; બહાદુરી.

શૂરત્વજનક [સં] વિ શરાતન પેદા કરનાર

કામરેજના રાજાએ આ ભૂમિને **શૂરત્વજનક** એટલે બહાદુરી આપવાવાળી કહી હતી.

મુ. સા. પરિષદ

શૂરપૂર [સં. શૌર્યપૂર] વિ શૂરતાથી ભરેલું; બહુ શૌર્યવાળું; ઘણું બહાદુર

શૂરભૂમ સ્ત્રી. ખારોપાટ; ખારી જમીન

શૂરભિ સ્ત્રી (પુરાણ) ઉગ્રસેનની એ નામની કન્યા; વસુદેવના ભાઈ શ્યામકની પત્ની શરભૂનું બીજું નામ.

શૂરભૂ જુઓ શૂરભિ.

શૂરભૂમિ જુઓ શૂરભિ

શૂરમંડળ ન. શૂરવીર પુરુષોનું ટોળું

હત્યો વધારે બોલવા માંડે છે એટલામાં તો સર્વ **શૂરમંડળ** તેના હુકમનો અમલ કરવા ચેરાઈ બઠું.

ગોવર્ધનરામ

શૂરવીર ૧. [સ.] પું યોદ્ધો; લડવૈયો; મરતાં કે મારતાં ડરે નહિ એવો બળવાન માણસ.

૨. વિ. પરાક્રમી; બહાદુર.

૩. વિ. હિંમતવાન.

શૂરવીરતા ૧. [સં.] સ્ત્રી. બહાદુરી; શૂરવીર હોવાનો ગુણ.

૨. સ્ત્રી. હિંમતવાન હોવું તે.

શૂરવીરત્વ જુઓ શૂરવીરતા.

શૂરવીરપણું જુઓ શૂરવીરતા.

શૂરવીરાઈ જુઓ શૂરવીરતા.

શૂરસહીમ ન. સાહસ ભરેલું કામ.

શૂરસાતિ સ્ત્રી. યુદ્ધ; લડાઈ

નારદજીના આ દેશના મૂળ વતનીઓ જે દસ્યુ , ચોર) કહેવાતા તેમના સાથે અને પછી આપસ આપસમાં લડાઈઓ પણ થતી. લડાઈ માટે એક શબ્દ **શૂરસાતિ** છે. કાચા જેવા પણ વીરવાણી લડતા હોય ત્યારે શૂરોનો પાક્ષ નીકળતો

નાનાલાલ

શૂરસેન ૧ પુ. (પુરાણ) કાર્તવીર્ય રાજાનો એ નામનો પુત્ર

૨ પું. (પુરાણ) પાંડવ પક્ષનો પાંચાલનો સૈન્યિક રાજા. ભારતના યુદ્ધમાં તેને દ્રોણે માર્યો હતો

૧૨ ન બારો ખીલો, ચૂક
૧૩ ન ગણ

શૂલકુમાર રસ [સ] પુ (વૈદક) એક પ્રકારની ઔષધીય ગોળી. તે બનાવવા ટંકણખાર, પારો, ગંધક, ત્રિકુટા, ત્રિફળા, હરતાલ, વછનાગ, તામ્રભસ્મ અને તેપગણો એ બધા એકત્ર કરી ભાંગરાના રસમા ખરલ કરી તેની વાલ પ્રમાણમાં ગોળી કરવી. પછી અદાલુના અને આદુના રસમા આપવી

શૂલકુંડ [સ] પુ એ નામનો એક નરકકુંડ જે બ્રાહ્મણ શસ્ત્રો વેચનાર, બીજાઓના વસ્ત્ર ધોનાર, મંત્ર વગરનો અને પ્રભુની ભક્તિ વગરનો હોય તે પોતાનાં કર્યાંના જેટલાં વર્ષો શૂલકુંડમાં વસે છે

શૂલગવ [સ] પુ શિવને પ્રસન્ન કરવા માટેનો એ નામે એક યજ્ઞ તેમાં બળદનો હોમ કરવામા આવતો

શૂલઘાતન [સ ન મદાર; સોદાગરમ

શૂલધન્વા [સ] પુ શિવ; શંકર. કેમકે, તે ત્રિશૂલ ધારણ કરે છે

શૂલધર ૧. પુ. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક માત્રામેળ છંદ. તે મત્ત છંદનો એક ભેદ છે

૨ [સં શૂલ (ત્રિશૂળ) + ધર (ધરનાર)] પું. મહાદેવ; શંકર

ગંગાધર હર શૂલધર શશિધર શંકર નામ,
સર્વ શંભુ શિવ ભીમ ભવ આવે કામરિપુ નામ
પિંગળપ્રકાશ

શૂલધારિણી [સં] સ્ત્રી દુર્ગા; પાર્વતી.

શૂલધારી [સં. શૂલધારિન્] પું. મહાદેવ; શિવ.

શૂલધારિણી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

શૂલનાશન ૧. [સં.] ન. સંજીવન.
૨. ન. હિંગ; વખારણી

શૂલપાણ ૧. [સં શૂલપાણિ] પું. મહાદેવ; શિવ

હુકમ કરી શૂલપાણનો. સાંવ પમાડું શોક.
સામળ

૨ ન. નર્મદાના કાંઠે આવેલું એ નામનું એક પવિત્ર સ્થળ

શૂલપાણિ [સ.] પું. શંકર; શિવ. કેમકે, તેમના હાથમાં ત્રિશૂલ છે

શૂલપાણિતીર્થ જુઓ શૂલપાણેશ્વર ૨

શૂલપાણીશ્વર [સ] પુ. શંકર; મહાદેવ.
ગુજરાતના પૂર્વકાંઠે ભાડે હાથમા ત્રિશૂલધારી શંકર (શૂલપાણીશ્વર) વિરાજે છે.
નાનાલાલ

શૂલપાણેશ્વર ૧. પુ શિવ; શંકર; મહાદેવ તેનું મંદિર નર્મદાકાંઠાના દક્ષિણ કાંઠા ઉપર પશ્ચિમાભિમુખ છે. મંદિરની પાછળ પાંડવોનાં નાનાં નાનાં મંદિર છે, પરંતુ તેમાં દ્રૌપદી નથી. નર્મદાપ્રભાસમા કહ્યા છે કે : આ તીર્થ ભૈરવ જનોના રક્ષણ માટે નિર્માણ થયેલ છે. અહીં કરેલ સર્વ કર્મ કરોડોગણું અધિક ફળ આપે છે આ તીર્થના નામસ્મરણથી બધાં પાતક ભસ્મ થઈ જાય છે. અહીં જે પાતાળગંગા નીકળી છે તેને ભોગવતી કહે છે. જ્યાં શંકરે ત્રિશૂલ મારું હતું ત્યાંથી નીકળીને આ ગંગા કુંડમાં પડે છે આ તીર્થના રક્ષણકર્તા ગણેશજી છે. આ તીર્થની કથા શિવજીએ પોતે રાજા ક્રિતાનપાદને કહી હતી કથા એમ છે કે: બ્રહ્માનો પૌત્ર અંધકાસુર દૈત્યાધિપતિ મહાન બળવાન હતો તેણે ત્રણ હજાર વર્ષ સુધી તપ કર્યું તપ કરતા કરતા તેના મસ્તકમાંથી ધુમાડો નીકળવા માંડ્યો આ ધુમાડો સર્વત્ર ફેલાઈને કૈલાસમાં પહોંચ્યો તે સમયે પાર્વતીજીએ આ ધુમાડાનું કારણ શિવજીને પૂછ્યું. શિવજીએ કારણ કહ્યું પાર્વતીજી બોલ્યાં કે, દેવ! આપ તેને કેમ પરિશ્રમ કરી રહ્યા છો ? વરદાન આપો શંકર પાસે તેણે વરદાન માગ્યું કે, મારી સન્મુખ આવનારનો પરાભવ થયા કરે. શંકરે વરદાન આપીને કહ્યું કે, વિષ્ણુ ભગવાન સિવાય તું બધાનો પરાજય કરી શકશે. દૈત્ય પ્રસન્ન ચિત્તથી શંકરને નમસ્કાર કરી ચાલતો થયો અને પોતાની રાજધાનીમાં પહોંચી વરદાનના બળથી સર્વ જગતને ઉપાધિ દેવા લાગ્યો. એટલે શંકરે પોતાના ત્રિશૂલથી તે દૈત્યને માર્યો ત્રિશૂલને ભાઙવાનું લોહી લાગી ગયું છે, તે ભાઙવાનું છે. તેથી ત્રિશૂલને નિર્બળ કરવા બધા દેવો સહિત શંકર બધાં તીર્થોમાં ભમ્યા ને ત્રિશૂલને ધોવા લાગ્યા, પરંતુ તેને લાગેલો લોહીનો ડાઘો કાંઈ નીકળ્યો નહિ. પછી તે બધા ભૃગુ પર્વત ઉપર આવ્યા. ત્યાં શંકરે પોતાને હાથે પર્વત ઉપર ત્રિશૂલને માર્યું; પર્વત પાતાળમાં ઘૂસી ગયો અને ત્રિશૂલનો કાંઈ પત્તો ન રહ્યો. ત્યાં ત્રિશૂલ માર્યું ત્યાં સરસ્વતી નદી પ્રગટ થઈ અને તે નર્મદાજીમાં જઈ મળી. ત્યાં ત્રિશૂલ માર્યું ત્યાં કુંડ થયો. તે સદૈવ દેવાજીમાં રહે છે તેનું નામ ચક્રતીર્થ છે

૨ ન (પુરાણ) શૂલપાણેશ્વર મહાદેવ આગળનું નર્મદા કિનારાનું એ નામનું એક તીર્થ

શૂલપાત [સ] ન. એ નામનું એક નરક.

શૂલપૃષ્ઠ ન. ખારા અને મીઠા પાણીમાં થતી એક જાતની માછલી

શૂલપ્રકાશક [સં.] વિ. ચૂક બતાવનાર; પેટ પીડા દૂર કરે એવું.

શૂલપ્રોત ન એ નામનું એક નરક.
જે બ્રાહ્મણ ભક્તિથી શિવનાં પાર્થિવ લિંગનું પૂજન ન કરે તે માણસ મહાદેવના કોપથી સો વર્ષ સુધી મહાભયંકર શૂલપ્રોત કુંડમાં વસે છે
અમરતી ભાગવત

શૂલભૃત્ પું શિવ; શંકર

શૂલમૂલી ન. એક જાતનું સુંદર ઝાડ. તેની છાલ ઉપર કાંટા હોય છે. તેને મોટાં રાતાં ફૂલ આવે છે.

શૂલયોગ [સં] પુ. (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ. સોમવારે શૂલ, મંગળવારે ગંડ, બુધવારે અતિગંડ, ગુરુવારે વજ્ર, શુક્રવારે વ્યાઘાત, શનિવારે વૈધૃતિ અને રવિવારે વિષ્કુંભ યોગ હોય તો શૂલયોગ જાણવો.

શૂલવાર સ્ત્રી. ચોરણી; સુરવાળ; લેંઘો.

શૂલશત્રુ [સં.] પું. એરંડો

શૂલસ્તંભ [સં.] પું વખારલાં; હાંસી; ખાતરઘાત

શૂલહરા [સ.] સ્ત્રી. વખારણી; હિંગ.

શૂલા ૧. સ્ત્રી. વેશ્યા.
૨. સ્ત્રી શૂળી.

શૂલાકાર [સ.] વિ શૂળી જેવા આકારનું; ત્રિશૂલાકાર; કાંટા જેવા આકારવાળું

શૂલાગ્ર [સં.] પું. ત્રિશૂળનો છેડો.

શૂલાયુધ [સં.] પું. શિવ; શંકર.

શૂલારિ જુઓ શૂલહરા

શૂલિકા [હિં.] સ્ત્રી. સાંસલું.

શૂલિની [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની

શૂલી ૧. [સં. શૂલિન્] પું. મહાદેવ; શંકર.
૨. સ્ત્રી અણીવાળો મોટો જાડો સળિયો; કાંટો.
૩ સ્ત્રી. એક જાતની માછલી
૪. વિ. કડવું અને ખરડ થાણવાળું.
૫. વિ કાંટાકાંટાવાળું.

શૂલીપૃષ્ઠી સ્ત્રી. એક જાતની માછલી.

શૂલેશ્વરી [સં.] સ્ત્રી એ નામની એક દેવી; ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

શૂલ્ય ૧. ન. તીર; ભાલું
૨. ન. કાંટો.
તે સમયમા તીર, કાટા, શૂલ્ય નામે શરીરમાં દાખલ થયેલા અનિષ્ટ પદાર્થોને દૂર કરવાનું કામ પ્રાયશ્ચિત્ત કરે.
ગુ. સા. પરિષદ

શૂળ જુઓ શૂલ.

૧૨ ન વાડો ખીલો; ખૂંટ
૧૩ ન ચણી

શૂલકુઠાર રસ [સં] પુ (વૈદક) એક પ્રકારની ઔષધીય ગોળી. તે બનાવવા હરતાલ, પારો, ગંધક, ત્રિકળા, ત્રિકટુ, હરતર ૪, વછનાગ, તામ્રભસ્મ અને તેપાળો એ બધાં એકત્ર કરી આગરાના રસમા ખરલ કરી તની વાલ પ્રમાણમાં ગોળી કરવી. ગળી બદામના આ એક ગોળી મરીમા અથવા આદુના રસમાં આપવી

શૂલકુંડ [સ] પુ એ નામનો એક નરકકુંડ જે બાળવા શબ્દો ધનહાર, ચોરચાઓના વસ્ત્ર ધોનાર, ગર્ભ, વગરનો અને પ્રસવતી અગ્નિ વગરનો હોય તે પોતાનાં કેવાડા જેટલા વર્ષો શૂલકુંડમ. વસ કરે

શૂલગવ [સ] પુ શિવને પ્રસન્ન કરવા માટેનો એ નામે એક યજ્ઞ. તેમા બળદનો હોમ કરવામા આવતો

શૂલઘાતન [સ ન] પુ; સ્ત્રીલિંગમ

શૂલધન્વા [સ.] પું શિવ; શંકર. જેમણે, તે ત્રિશૂલ ધારણ કરે છે

શૂલધર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિક છંદ. તે મત્ત છંદનો એક ભેદ છે

૨. [સં. શૂલ (ત્રિશૂળ) + ધર (ધરનાર)] પુ મહાદેવ; શંકર.

ગંગાધર હર શૂલધર શશિધર શંકર નામ; રાખે રહ્યુ શિવ ભીમ ભવ આપે કામરિપુ નામ
પિંગળપ્રકાશ

શૂલધારિણી [સં.] સ્ત્રી. દુર્ગા; પાર્વતી

શૂલધારી [સ શૂલધારિન્] પું. મહાદેવ; શિવ.

શૂલધારિણી [સં.] સ્ત્રી દુર્ગાદેવી.

શૂલનારાન ૧. [સં.] ન. સ્મશાન.

૨. ન હિંગ; વખારણી

શૂલપાણ ૧. [સં. શૂલપાણિ] પું. મહાદેવ; શિવ

હરમ વસે શૂલપાણનો, સાત પખાડે સોક
સામળ

૨. ન નર્મદાના કાંઠે આવેલું એ નામનું એક પવિત્ર સ્થળ

શૂલપાણિ [સ.] પું. શંકર; શિવ. જેમણે, તેમના હાથમાં ત્રિશૂલ છે.

શૂલપાણિતીર્થ જુઓ શૂલપાણેશ્વર ૨

શૂલપાણીશ્વર [સ] પુ. શંકર; મહાદેવ

ગુજરાતનાં પૂર્વજોને કાંઠે હાથમા ત્રિશૂલધારી શંકર (શૂલપાણીશ્વર) વિરાજે છે.
નાનાલાલ

શૂલપાણેશ્વર ૧. પુ શિવ; શંકર; મહાદેવ. તેનું મંદિર નર્મદાજીના દક્ષિણ કાંઠા ઉપર પશ્ચિમાભિમુખ છે. મંદિરની પાછળ પાંડવોનાં નાનાં નાનાં મંદિર છે, પરંતુ તેમાં દ્રૌપદી નથી. નર્મદાપ્રભામમાં કહ્યા છે કે: આ તીર્થે શિવ જનોના રક્ષણ માટે નિર્માણ થયેલ છે. અહીં કરેલ સર્વ કર્મ કરોડોગણું અધિક થઈ જાય છે આ તીર્થના નામસ્મરણથી બધાં પાતક ભસ્મ થઈ જાય છે. અહીં જે પાતાળગંગા નીકળી છે તને ભોગવતી કહે છે. જ્યાં શંકરે ત્રિશૂલ મારું હતુ ત્યાંથી નીકળીને આ ગંગા કુંડમાં પડે છે. આ તીર્થના રક્ષણકર્તા અસિતાંગ છે. આ તીર્થની કથા શિવજીએ પોતે રાજા ઉત્તાનપાદને કહી હતી કથા એમ છે કે: બ્રહ્માનો પૌત્ર અંધકાસુર દૈત્યાધિપતિ મહાન બળવંત હતો તેણે બ્રાહ્મીશ્રીને કાંઠે એક હજાર વર્ષ પુત્રપ્રાપ્તનું ઘોર તપ કર્યું. તપ કરતાં કરતાં તેના મસ્તકમાંથી ધુમાડો નીકળવા માંડ્યો આ ધુમાડો સર્વત્ર ફેલાઈને કૈલાસમાં પહોંચ્યો. તે સમયે પાર્વતીજીએ આ ધુમાડાનું કારણ શિવજીને પૂછ્યું. શિવજીએ કારણ કહ્યું પાર્વતીજી બોલ્યાં કે, હે દેવ ! આપ તેને કેમ પરિશ્રમ દઈ રહ્યા છો ? વરદાન આપો શંકર પાસે તેણે વરદાન માગ્યું કે, મારી સન્મુખ આવનારનો પરાભવ થયા કરે. શંકરે વરદાન આપીને કહ્યું કે, વિષ્ણુ ભગવાન સિવાય તુ બધાનો પરાજય કરી શકીશ. દૈત્ય પ્રસન્ન ચિત્તથી શંકરને નમસ્કાર કરી ચાલતો થયો અને પોતાની રાજધાનીમાં પહોંચી વરદાનના બળથી સર્વ જગતને ઉપાધિ દેવા લાગ્યો. એટલે શંકરે પોતાના ત્રિશૂલથી તે દૈત્યને માર્યો ત્રિશૂલને બાળવાનું લોહી લાગી ગયું છે, તે પ્રજાળતા છે તેથી ત્રિશૂલને નિર્મળ કરવા બધા દેવો સહિત શંકર બધાં તીર્થોમાં ગયા ને ત્રિશૂલને ધોવા લાગ્યા, પરંતુ તેને લાગેલો લોહીનો ડાઘો કાઢ નીકળ્યો નહિ. પછી તે બધા ભગુ પર્વત ઉપર આવ્યા. ત્યાં શંકરે પોતાને હાથે પર્વત ઉપર ત્રિશૂલને માર્યું; પર્વત પાતાળમાં ઘૂસી ગયો અને ત્રિશૂલનો ડાઘ મટી ગયો. જ્યાં ત્રિશૂલ માર્યું ત્યાં સરસ્વતી નદી પ્રગટ થઈ અને તે નર્મદાજીમાં જઈ મળી. જ્યાં ત્રિશૂલ માર્યું ત્યાં કુંડ થયો. તે સપ્તર્ષિ રેવાજીમાં રહે છે તેનું નામ ચક્રતીર્થ છે

૨ ન. (પુરાણ) શૂલપાણિશ્વર મહાદેવ આગળનું નર્મદા કિનારાનું એ નામનું એક તીર્થ

શૂલપાત [સં] ન. એ નામનું એક નરક.

શૂલપૃષ્ઠ ન. ખારા અને મીઠા પાણીમાં થતી એક જાતની માછલી

શૂલપ્રશમક [સં.] વિ. ચૂક મટાડનાર; પેટ પીડ દૂર કરે એવું.

શૂલપ્રોત ન. એ નામનું એક નરક

જે બ્રાહ્મણ ભક્તિથી શિવનાં પાર્થિવ લિંગનું પૂજન ન કરે તે માણસ મહાદેવનાં કોપથી સો વર્ષ સુધી મહાદારુણ શૂલપ્રોત કુંડમાં વસે છે.
ભગવતી આગવદ

શૂલભૃત્ પું. શિવ; શંકર

શૂલમૂલી ન. એક જાતનું સુંદર ઝાડ. તેની ડાંસ ઉપર કાંટા હોય છે. તેને મોટાં રાતાં ફૂલ આવે છે

શૂલયોગ [સં] પું (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ. સોમવારે શૂલ, મંગળવારે ગડ, બુધવારે અતિગંડ, ગુરુવારે વજ્ર, શુક્રવારે આઘાત, શનિવારે વૈધૃતિ અને રવિવારે વિષ્કંભક યોગ હોય તો શૂલયોગ જાણવો.

શૂલવાર સ્ત્રી ચોરણી; સુરવાળ; લેંઘો

શૂલશત્રુ [સં.] પુ. એરંડો.

શૂલસ્તંભ [સં] પું. વધસ્તંભ; ફાંસી; ખાતરયાન.

શૂલહસ્તા [સં] સ્ત્રી વખારણી, હિંગ.

શૂલા ૧. સ્ત્રી. વેશ્યા.

૨. સ્ત્રી શૂળ

શૂલાકાર [સં] વિ. શૂળી જેવા આકારનું; ત્રિશૂળાકાર; કાંટા જેવા આકારવાળું

શૂલાગ્ર [સ] પું. ત્રિશૂળનો છેડો.

શૂલાયુધ [સં.] પું. શિવ; શંકર.

શૂલારિ જુઓ શૂલહતા.

શૂલિકા [હિં.] સ્ત્રી. સાંસલું.

શૂલિની [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

શૂલી ૧. [સં શૂલિન્] પું મહાદેવ; શંકર.

૨. સ્ત્રી. અણીવાળો મોટો ભાલો સળિયો; કાંટો.

૩ સ્ત્રી. એક જાતની માછલી

૪. વિ. કડવું અને ખરડ વાળવાળુ

૫. વિ કાંટાકાંટાવાળું

શૂલીપૃષ્ઠી સ્ત્રી. એક જાતની માછલી.

શૂલેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી; ચોસઠ માહેની એ નામની એક યોગિની.

શૂલ્ય ૧. ન. તીર; બાણ

૨ ન. કાંટો.

તે સમયમા તીર, કાંટા, શૂલ્ય વગેરે શરીરમાં દાખલ થયેલા અનિષ્ટ પદાર્થોને દૂર કરવાનું કામ પ્રાથમિક હતું. મુ. જા. પરિષદ

શૂળ જુઓ શૂલ.

ગુણકું (ગુણકુ) ન. ઢાંકણી આપ કે બેસવા; નાના બચ્ચાં તેની માથે ભીંજમાં ચરવા મોકલતી વખતે ધારી ન જાય તે માટે બચ્ચાંના મોઢાં ઉપર રખાતું દોરડામાં બાવળની સૂળો પરોવી બનાવેલું મોરડા જેવું સાધન; ગુલિયું.

ગુણગજકેસરી પું (વૈદક) એ નામનું એક ઔષધ; કોડી ભસ્મ, ટંકણખાર, સિંધવ, સુડ, હિંગ અને છ સમભાગે લઈ તેમાં નાગરવેલનાં પાનનો રસ નાખી બનાવેલી ગોળી તે સૂળ રોગ ઉપર ઉપયોગી છે.

ગુણવાયુ ન ઉદરશૂળ; ચૂક; મોળો; પેટમાં દુખવાનો વ્યાધિ.

ગુણહરણયોગ પું. (વૈદક) એ નામની ઝેરકોચલામાંથી બનતી એક જાતની દવા. તે બનાવવા હરડે, પીપર, મરી, સુંઠ, ઝેરકોચલું, હિંગ, ગંધક, સિંધાલૂણ એ બધી ચીજો સમભાગે લઈ તેની બધ્ધે રતીની ગોળી કરવી.

ગુણાદંત ન. સૂળના જેવા લાંબા દાંતનો પ્રકાર; દંઢા; દાઢ

ગુળિયું જુઓ સૂળકું

ગુળિયોદંત જુઓ સૂળાદંત

ગુણી ૧. [સં. સૂચિકા] સ્ત્રી. જમીનમાં રોપેલો એક તરફ અણીવાળો મોટો જાડો સળિયો; અણીદાર લોખંડનો ઠાંઠો. અગાઉના વખતમાં કોઈ વાર ખૂની ગુનેગારને તેની ઉપર ચઢાવી મારી નાખવામાં આવતો

૧. સૂળી ઉપર સેજા જવું = જીવને જોખમે ઝપલાવવું.

૨. સૂળીએ ચડાવવું – સૂળી આપવી – દેવી = (૧) આત્મઘા કરવું. (૨) સૂળી પરોવાઈ જાય એમ કરવું; સૂળીથી મારવું; સૂળીથી દેહાંત દંડની શિક્ષા કરવી.

૩. સૂળીનું સાજ = મુશ્કેલ અને જોખમી કામ.

૪. સોકપની સૂળી = પીડારૂપ.

૨. સ્ત્રી. ઠંખ્યા કરે એવી પીડા; સૂળીની માફક ખટકે એવું તે; મહાપીડા કે સંતાપકારક એવું જે તે.

ગુણીઓ પું ઉત્કંટક; એક પ્રકારનો છોડ; ઉત્કંટો.

ગુણીગમન ન. સૂળીએ ચડવું તે; 'કુસિહિશન'

ગુળો ૧. પું. ઠાંટો

૨ પું. તાંબાના તોલનું એક માપ. સોલિસવાડમાં તે વપરાય છે

ગૂગાલ ૧. [સ.] પું. એ નામે એક આસુરી રાજા.

૨. પું. વાસુદેવ.

૩. પુ ત્રિપળા, કોઢનુ

૪. વિ ફર; બાતકો, નિર્દય

૫. વિ. બળ; ઠગ; ધુર્ત્ત

૬ વિ ખીજવું

ગૂગાલિકા ૧. સ્ત્રી. બળથી નાસી જવું તે.

૨. [સં] સ્ત્રી. ત્રિફાળની માદા.

ગૂગાલી સ્ત્રી કોકોલાક્ષ; વિદારી નામની વનસ્પતિ.

ગૂચિ [સં.] સ્ત્રી. ઢાંકી ઢાકવાની આકડી; અંકુશ.

ગૂત [સ.] પું. ઉકાલેલું આંધણ

ગૃંખલ ૧. [સં.] ન. કડોરો; કમરપટો; કેડે બાંધવાનો પટો

૨. ન. કાનમાં પહેરવાનુ એક જાતનુ ઘરેણું.

૩. ન. બેડી; પાદબંધન

૪. ન. ઘોડાની સાકળ; નિગડ

ગૃંખલક પું. ઢાકડાની ફરમજ બાંધેલું ઊંટનું બચ્ચું

ગૃંખલબદ્ધ લલિત પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, બે નગણ, જગણ, બધુ નગણ, જગણ, લઘુ અને ગુરુ મળી છબ્બીસ વર્ણ આવે છે.

ગૃંખલા ૧. [સં.] સ્ત્રી. કડી; બળગણ.

૨. સ્ત્રી. બેડી; પાદબંધન.

૩. સ્ત્રી. સમબંધ બતાવવા સારૂ બે વર્ણો ઉપર કોરેલી લીટી; ' વિન્યુલમ '

૪. સ્ત્રી. સાંકળી; સાંકળ.

ગૃંખલાબદ્ધ ૧. [સં.] વિ કમબદ્ધ; ગુંથલિત; કડીબધ.

૨ વિ. ગૂંથાયેલું; જોડાયેલું; સંકળાયેલું.

૩. વિ સાંકળથી બંધાયેલુ

ગૃંખલા યમક [સં.] પું. (કાવ્ય) એ નામનો એક અલંકાર. તેમાં દરેક શ્લોકનો કે ચરણનો છેલ્લો અક્ષર તે પછીના શ્લોક કે ચરણનો પહેલો અક્ષર બને છે

ગૃંખલાંકિત [સં.] વિ. સાંકળથી બંધાયેલુ.

> ભલા ગૃંખલાંકિત સમાજ અને તેનો ચોકીદાર શાને તેનમ જાલી જેવા અમતા હશે ·
>
> લલિત

ગૃંખલિત ૧. [સં.] વિ કડીબધ; આંકડે આંકડો ભેરવેલું; કમબદ્ધ.

૨. વિ. બેડીમાં પરોવું.

૩. વિ. સાકળથી બંધાયેલું; આડા અવળા બંધનમાં સકળાઈ પડેલું; ગુંચવાયેલું.

ગૃંખલિતતા [સં] સ્ત્રી. ગૃંખલિત હોવુ તે.

ગૃંગ ૧ [સં] પુ. એ નામે એક મુનિ; અભ્યગૃમ

૨. પુ. એક જાતની ઔષધિ, છવક

૩ પું (વહાણવટુ) ખૂણો

૪ ન આદુ

૫ ન. એક પ્રકારનુ શરણાઈની જાતનુ વાજિંત્ર

૬ ન કામનુ અતિશયપશુ

૭ ન ચિહ્ન

૮ ન જલકીડા માટનુ પત્ર

૯ ન તેજનો સમૂહ

૧૦ ન પર્વતની ટોચ; શિખર

૧૧. ન. પિચકારી.

૧૨ ન. પ્રધાનપણું; મુખ્યતા

૧૩. ન. પ્રભુત્વ; મોટાઈ, ગૌરવ

૧૪ ન ઝાઝાં ઘોટાં વખાણ

૧૫. ન. મથાળું; ટોચ

૧૬ ન. મંદિર ઉપરનુ ધ્વજ

૧૭ ન શિખર

૧૮. ન. સુદ બીજના ચંદ્રનો આકાર. અમાવાસ્યા પછી બીજ કે ત્રીજને દિવસે ચંદ્રદર્શન થાય છે. તે વખતે ચંદ્રની તદ્દન બારીક કોર દેખાતી હોય છે. તે ઉપરાંતને શૃંગ કહે છે ચંદ્રના જે અંગ ઉપર સૂર્ય હોય છે તે અંગ પ્રકાશિત હોય છે એટલે કે, તેની ઊલટી બાજુએ શૃંગ હોય છે. ચંદ્રદર્શનના દિવસે સૂર્ય જ્યાં અસ્ત થાય તેની ઉપર તદ્દન સામે જ ચંદ્ર હોય તો બને શૃંગો સરખાં ઊંચા જ દેખાશે. ઇંગ્લંડ વગેરે દેશમાં કોઈ કોઈવાર ચંદ્ર એટલો તો બાજુ ઉપર ઊગે છે કે તેના એક શૃંગની તદ્દન સામે ઊંચે બીજું શૃંગ દેખાય છે. વદિ તેરસ ચૌદશના શુમાર ઉપર ચંદ્ર પરોઢિયામા સૂર્યોદય પહેલાં દેખાય છે તે વખતે પણ આમ જ થાય છે

શૃંગક ૧. [સં.] ન. આદુ

૨. ન. છવક નામની ઔષધિ. છવકનુ કંદ બકરાનાં શિંગડાં જેવુ હોય છે માટે તેને શૃંગક કહે છે

૩. ન. પર્વતનું શિખર

શૃંગકંદ ન. સિંગોડુ

શૃંગકર્ચ [સ.] ન. છવક નામની ઔષધિ. તેનુ કંદ બકરાનાં શિંગડાના આકારનુ હોય છે અને તે શિંગડાને રંછ્યા હોય છે માટે તેને શૃંગકર્ચ કહે છે

શૃંગગિરિ [સં] પુ. પશ્ચિમઘાટ ઉપર આવેલ એ નામની ટેકરી. ત્યાં ઝાડઝાડોનો મઠ આવેલો છે તે શંકરાચાર્યે સ્થાપ્યો હતો એમ મનાય છે.

શૃંગજ ૧. [સં.] ન. અમરચ્છદન.
૨ વિ. શિંગડામાંથી બનાવેલું.

શૃંગજટરસ [સ] પું. સાબર કે હરણ વગેરેનાં શિંગડાંની ભસ્મ

શૃંગમૂલ [સ.] ન. શિંગોડું.

શૃંગરિણી સ્ત્રી. (પિંગળ) એ નામનો બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ઋગ્વિણી. તેના દરેક ચરણમાં બાર રગણ મળી બાર અક્ષર હોય છે

શૃંગરીઢી સ્ત્રી. સુરજવેલ નામની વનસ્પતિ.

શૃંગલંબ ન. ઝાડનો કોઈ પણ ભાગ

શૃંગલા સ્ત્રી. મેંઢાશીંગ નામની વનસ્પતિ

શૃંગવાન ૧ [સં.] પું. એ નામનો પર્વત; કુરુ અથવા ઐરાવત વર્ષની ઉત્તરે આવેલો એક પર્વત. તે બંને છેડે પૂર્વપશ્ચિમ સમુદ્રને લાગીને રહ્યો છે તેની તળેટીમાં શૈલોદ નામનું સરોવર આવેલું છે

૨ પું (પુરાણ) આંગિરસ ઋષિનો પુત્ર. તેની સ્ત્રીનું નામ બૃહત્કન્યા હતું

શૃંગવાસી [સ શૃંગ + વાસિન્ (રહેનાર)] વિ. પર્વતના શિખર ઉપર રહેનાર.

શૃંગવેર ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ

૨. સ્ત્રી. આદું

૩. ન. રામના મિત્ર ગુહકનું એ નામનું એક રાજધાની. તે ગંગા નદીના ડાબા કાંઠા ઉપર કિનારાની હદ ઉપર આવેલ હતું.

શૃંગવેરપુર [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન નગર; ભાગીરથીના ઉત્તર કાંઠે આવેલું નિષધાધિપતિ ગુહનું નગર; અલ્હાબાદના વાયવ્ય ખૂણે અઢાર માઈલ દૂર ગંગા કાંઠે આવેલું હાલનું ગામ સિંગરૌર

શૃંગા સ્ત્રી. એક પ્રકારની વેલ. તે રસ આપનારી છે અને તને પીળાં ફૂલ આવે છે. પારદબંધન માટે ન ઉપયોગી છે.

શૃંગાકાર ૧ [સં શૃંગ (શિંગડું) + આકાર (રૂપ)] પું. બીજના ચંદ્ર જેવો આકાર.
૨ વિ. બીજના ચંદ્ર જેવા આકારનું; કૃત્રિમ.

શૃંગાકારચંદ્ર [સ] પું. બીજનો ચંદ્ર.

શૃંગાર ૧ પું એ નામનો એક પર્વત.
૨ [સ] પું. એ નામનો એક શબ્દાલંકાર.
૩. પું. જ્યાં ત્રણ માર્ગ ભેગા થાય તેવો ચોક.
૪. પું. દરવાજો
૫. પું શિણગારના જુઓ

શૃંગાટક ૧. [સં.] ન. જ્યાં ચાર રસ્તા મળતા હોય તે સ્થળ.
૨. ન. નાક, મોં અને ગાંઠીના ભાગ સાથે સંબંધ ધરાવનાર જળચરોની જખોડ; 'ફેરિક્સ'.
૩. ન. સિંગોડું.

શૃંગાર ૧. [સં.] પું. (કાવ્ય) નવ આઠેનો એક મુખ્ય રસ; શૃંગારરસ. રસ સાધારણતઃ નવ મનાય છે. શૃંગાર, વીર, કરુણ, અદ્‌ભુત, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ તથા શાંત. આપણા પ્રાચીન સાહિત્ય શાસ્ત્રકારોએ શૃંગારના સંભોગ શૃંગાર તથા વિપ્રલંભ શૃંગાર એવા બે ભેદ કર્યા છે.
૨. પું. પ્રેમભાવ; પ્રીતિ.
૩. પું. પ્રેમરતિના વર્ણનથી ઉપજતો ઉલ્લાસ
૪. પું. વિલાસ કે રતિ માટેની સ્ત્રીપુરુષના એક બીજા પ્રત્યેની સ્પૃહા.
૫. પું. વૈષ્ણવ ધર્મનાં આઠ માંહેનું એક દર્શન. દર્શન દિવસમાં આઠ વાર થાય છે. સવારે બહેલાં મંગળા અને રાત્રે છેલ્લાં શયનનાં. વચ્ચેનાં દર્શનનાં ગ્વાલ, શૃંગાર, રાજભોગ, ઉત્થાપન વગેરે નામો હોય છે
૬. પું. શોભા આપે અને સુંદરતા આણે એવું જે તે; અલંકાર; ઘરેણાં અને પોષાક વગર, આભૂષણ, શણગાર.
૭. પું. શોભીતી ગોઠવણ; સુંદર દેખાવ એવી રચના; ઘરેણાં વગેરેની યથારથાન પહેરવાની વ્યવસ્થા
૮. પું. (પિંગળ) સોળની સંજ્ઞા.
૯. પું. સ્ત્રી પુરુષના પ્રેમનો ભાવ કે વ્યવહાર; વિલાસ ચેષ્ટિત રતિરસ; વિલાસ રતિ.
શૃંગાર રસ = જે રસ દ્વારા સ્ત્રીપુરુષનો પ્રેમ વ્યક્ત થાય છે તે. તેનાથી મનોમોહિત થાય છે. આ રસના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણ અને કરણરૂપ રતિ અથવા અનુરાગ છે.
૧૦. ન આદું
૧૧. ન. ચૂનો
૧૨ ન લવિંગ
૧૩ ન. સિંદૂર.

શૃંગારઆરતી સ્ત્રી. દેવમંદિરમાં સવારે આઠ વાગે થતી આરતી.

શૃંગારક ન. સિંદૂર.

શૃંગારકૂપ ૧. [સં] ન. રાજકુમાર સજવાનો ઓરડો.
૨. ન. શણગાર શૃંગાર સીખવાતો હોય તે સ્થળ. ઓજો ખાસ કરીને આવા ઘરો ચલાવતી હોય છે.
૩. ન. સજાનો ઓરડો.

શૃંગારતિલક [સ] ન. કવિ ભટે રચેલું એ નામનું એક પુસ્તક તેમાં પ્રેમ અને પ્રેમની ઊર્મિઓનો કાવ્ય તથા નાટ્યમાં ઉલ્લેખ કેમ થાય તે વર્ણવેલ છે.

શૃંગારદીપિકા [સ.] સ્ત્રી. હરિદત્ત પંડિતે લખેલ કામશાસ્ત્ર ઉપરનો એ નામનો એક ગ્રંથ.

શૃંગારપ્રકાશ [સ.] ન એ નામનું શૃંગારનું એક પુસ્તક

શૃંગારપ્રિયતા ૧. [સ] સ્ત્રી. કામવાસના; સ્વૈરવાસ પ્રિયતા.
૨. સ્ત્રી. સૌંદર્ય ઉપરનો પ્રેમ

શૃંગારભવન જુઓ શૃંગારગૃહ

શૃંગારભૂષિત [સં.] વિ. ઘરેણાંથી શણગારેલું

શૃંગારયોનિ [સ.] પું. કામદેવ. કેમકે, તે પ્રેમનું મૂળ મનાય છે

શૃંગારરસ ૧. [સં. શૃંગ (શિખર)] પું. નવ માંહેનો એક રસ; પ્રેમ વિષેનો રસ; પ્રેમજન્ય જે રસદ્વારા, સ્ત્રીપુરુષના પ્રેમ વ્યક્ત થાય છે અને જેનાથી હૃદય દીપ્તિમાન થાય છે તેને શૃંગાર રસ કહેવામાં આવે છે આ રસના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણ અને કારણરૂપ રતિ અથવા અનુરાગ છે. આ રસનો રંગ શ્યામ કલ્પ્યો છે. પ્રાચીન રસશાસ્ત્રોના આદિ પ્રણેતા ભરતમુનિએ જે આઠ રસ સ્વીકાર્યા છે તેમાંનો શૃંગાર એક રસ છે. તેમાંના શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ એ ચારને તેમણે મુખ્ય અથવા પ્રકૃતિ રસ ગણ્યા છે અને બાકીના ચાર હાસ્ય, કરુણ, અદ્‌ભુત અને ભયાનકના અનુક્રમે ઉત્પાદક કહ્યા છે ઉપર્યુક્ત મુખ્ય ચાર રસમાં પણ શૃંગારનું સ્થાન સૌ પ્રથમ છે અને એનું આનંદદાયિત્વ અખંડ છે. સમસ્ત વિશ્વસાહિત્યમાં જે આપકતાથી એને અલંકારવામાં આવ્યો છે, એ જોતાં એને રસરાજ કહીએ તો પણ અત્યુક્તિ ન ગણાય. રસશાસ્ત્રીઓએ પણ તેને આદિમ રસ કહ્યો છે પરંતુ ભોજ નામનો અલંકારિક તો શૃંગાર સિવાયના અન્ય રસોને સ્વીકારવાની જ ના પાડે છે. એની દૃષ્ટિએ શૃંગાર જ એક માત્ર રસ છે વળી એ કહે છે કે, શૃંગારના અન્વયથી કાવ્યમાં કમનીયતા આવે છે અને એની મેરકાજરીમાં કાવ્યનાટકાદિ તો શું પણ સમસ્ત જગત પણ નીરસ બની જાય છે. કામનો ઉદ્‌ભેદ એ શૃંગ અને એના આગમનનો હેતુ એટલે શૃંગાર. શૃંગારની પ્રશંસા કરતા ભરત કહે છે કે, જગતમાં જે કાંઈ શુચિ, મેધ્ય, ઉજ્જ્વળ કે દર્શનીય હોય તેને શૃંગારની ઉપમા

આપી સકાય. મમ્મટાચાર્યના મતે શૃંગારના બે ભેદ છે: (૧) સંભોગ અથવા સયોગ અને (૨) વિપ્રલંભ. આમ.ના પ્રથમ સંભોગના અવાંતર ભેદો, પરસ્પરાવલોકન, આલિંગન, અધરપાન, પરિચુંબન વગેરેના આનન્દને લીધે રાકય નથી. પરંતુ જેમા નાયિકાએ અને નાયકે મનનો પ્રારંભ કર્યો હોય તેવા (અ) નાયિકારબ્ધ અને (બ) નાયકારબ્ધ એમ બે પ્રભેદો, સમરઢાંત બાદ આપણે પારી શકીએ સંભોગ અને વિપ્રલંભ શૃંગારના આ બે મુખ્ય પ્રભેદો વિષે એક બીજી વાત એ પણ ધ્યાનમા રાખવાની છે કે, વિપ્રલંભ વિના સંભોગ ખીલી શકતો નથી કુમારસંભવમા શિવ અને પાર્વતીના અભિલાષ વિપ્રલંભ પછી નિરૂપાયેલા સંભોગ સ્પષ્ટ અને સુવર્ણરેખીય બન્યો છે. શૃંગારના-સંભોગ અને વિપ્રલંભ એવા બે ભેદો ઉપરાંત ભરતે બીજા જેવા અલંકારિકો માનસંકલનના ચાર પુરુષાર્થનું અવલંબન લઇ ને ધર્મશૃંગાર, અર્થશૃંગાર, કામશૃંગાર અને મોક્ષશૃંગાર એવું પણ વર્ગીકરણ કર્યું છે આમાં એક પરિણિતત્વના ગૃહસ્થના પ્રેમને ધર્મશૃંગાર, ઉદયનનાં પદ્માવતી સાથેના લગ્નને અર્થ, વેસ્યાગમનથી નંદરાજી અને ધનનો નાશ થશે એવા ડરથી પોતાની પત્ની પ્રત્યે દાખવેલા પ્રેમને અર્થશૃંગાર, ઉદયન જેવા પ્રસંગો, અથવા અગ્નિસાક્ષે જેવા સંપર્કના પ્રેમને કામશૃંગાર અને જેમાં ગૃહસ્થ પોતાની પતિવ્રતા સ્ત્રી સાથે મોક્ષની આકાંક્ષાથી પ્રેમ કરે છે, તેને મોક્ષશૃંગાર કહે છે. અલબત્ત આ વર્ગીકરણ અન્ય રસમીમાંસકોએ અદ્ધ સ્વીકાર્યું જણાતું નથી. શૃંગારરસનું સુંદર, સભર અને સુરુચિપૂર્ણ નિરૂપણ કાલિદાસે મેઘદૂત અને શાકુન્તલમાં, ભવભૂતિએ માલતીમાધવમા, ભાસે સ્વપ્નવાસવદત્તમાં, હર્ષે રત્નાવલીમાં, બાણભટ્ટે કાદમ્બરીમાં, શૂદ્રકે મૃચ્છકટિકમાં અને જયદેવે ગીતગોવિંદમા કર્યું છે ઉપર્યુક્ત કાવ્યનાટકાદિ ઉપરાંત અમરુનું અમરુશતક, બટકર્પરકાવ્ય, પ્રાકૃતકવિ હાલનું સપ્તશતી, મયૂરનું સૂર્યશતક, બિલ્હણનું ચૌર્યપંચાશિકા, અમરુ કવિનું અમરુશતક, મોરવર્ધનનું આર્યાસપ્તશતી, ભર્તૃહરિનું શૃંગારશતક અને જયદેવનું આમિનીવિલાસ—એ બધામાં પણ વિવિધ દૃષ્ટિકોણથી, છતા ઔદેવત્ત અંગે સજાગતા પૂર્વક, શૃંગારનું આલેખન થયું છે

૨ વિ. શૃંગારથી મનમા ઊભરો થતો રસ કે આનંદ.

૩ પુ શૃંગારનો ઉપભોગ; વિષયવાસનાની તૃપ્તિ

શૃંગારરસમર્યાદા પું પ્રબોધચંદ્રના કર્તા માહેનું એક નામ

શૃંગારરેખા સ્ત્રી. સોળા વધારે તેવી રેખા વાર્ણિકી વિષમ ખડકે નર્મદા વિન્ધ્યાદ્રા, જોડે, બન્ને ચોતરી મજને અંત **શૃંગારરેખા**
મેઘદૂત

શૃંગારવુ સ. ક્રિ. શણગારવું

શૃંગારશતક [સ] ન ભર્તૃહરિએ બનાવેલું સો શ્લોકનું એક કાવ્ય

શૃંગારસાજ પુ. શણગારનાં સાધન.

શૃંગારમૂચન [સ] શણગારનું ચિહ્ન

શૃંગારાભ્ર [સં] ન. (વૈદક) એ નામનું એક ઔષધ

શૃંગારિણી પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને ઝવિણી છંદ પણ કહે છે

શૃંગારિત [સ.] વિ. શૃંગારી ચિત્રો અને વસ્તુઓ વડે શણગારાયેલું

શૃંગારી ૧. [સં.] પું. આલેઢ.

૨. પું. શોખીન

૩. પું ઢાંઢ

૪ વિ કામી; શૃંગાર પ્રિય; કામી; પ્રકરણમાંનું મુખ્યપાત્ર

૫. વિ શૃંગાર રસ સમજનાર

૬. વિ. શૃંગાર સભર

૭. વિ. સારાં વસ્ત્રો ધારણ કરેલાં હોય તેવું

શૃંગારવતી સ્ત્રી. ચમત્કારવતી; સપ્તગોદાવરી સ્ત્રી; ચૌદેવાની માતા

શૃંગારવસાદ [સં.] પું. શિથિલતા; ઢીલાપણું.

શૃંગાર્શ્વ [સં.] પું એ નામનું એક નક્ષત્રમંડળ; રાશિચક્ર અથવા નક્ષત્રમાલાની દક્ષિણે ગોલાર્ધમાં આવેલ એક નારો સમુદાય. તેનો આકાર શિંગડાવાળા ઘોડા જેવો હોય છે.

શૃંગાળું ૧. વિ. શિખરવાળું; ટોચવાળું.

૨. વિ. શિંગડાંવાળું.

શૃંગિકા સ્ત્રી. અતિવિષની કળી.

શૃંગિણ ૧. ન. શિંગડાંવાળું કોઈ પણ પ્રાણી.

૨. વિ. શિંગડાવાળું

શૃંગિણી ૧. સ્ત્રી માલકાકણી

૨. સ્ત્રી. મોગરાનો વેલો

૩. સ્ત્રી શિંગડાંવાળાં પ્રાણીની માદા.

શૃંગિત [સં.] વિ. શૃંગાકાર; શિંગડાના આકારનું.

શૃંગી ૧ [સ શૃઙ્ગિન્] પું (પુરાણ) આંગિરસ કુળમા ઉત્પન્ન થયેલા રામીક ઋષિનો માયને પેટે જન્મેલો પુત્ર

૨ પુ ઋષ્યશૃંગ નામનો પ્રસિદ્ધ તપસ્વી; રામીક અથવા વિભાંડક ઋષિનો પુત્ર. તેની સ્ત્રીનું નામ શાંતા હતું. પુત્રેષ્ટિયજ્ઞ માટે દશરથ રાજાએ તેને અયોધ્યા બોલાવેલ. તેના આશીર્વાદથી રાજાને ચાર પુત્ર થયા હતા.

૩. પુ ઘેટો

૪ પું પર્વત

૫ પું વિષ્ણુ

૬ પુ શંકરનો એક નામનો એક અવ

૭ સ્ત્રી. અતિવિષની કળી

૮ સ્ત્રી એક જાતની માછલી

૯ સ્ત્રી એક જાતનું રસાયણ.

૧૦ સ્ત્રી. કાર્કડાશિંગ નામની વનસ્પતિ

૧૧ સ્ત્રી. જબ્બ નામની ઔષધિ

૧૨ ન ઝાડ

૧૩ ન પ્રેત

૧૪ ન દાસીના માટનું સોનું

૧૫ ન પીપરનું ઝાડ

૧૬. ન પીપળાનું ઝાડ

૧૭ ન શિંગડાંવાળું પશુ

૧૮ વિ કલગીવાળું.

૧૯. વિ ટોચવાળું. શિખરવાળું.

૨૦. વિ શિંગડાંવાળું.

શૃંગીનાદ પું. કાનફટા બાવાઓની ટોકમાંના કાળા ઊનના દોરડામાં રખાતી શિંગડાની સીસોટી

શૃંગીભારદ્વ્યાદિચૂર્ણ [સં.] ન. (વૈદક) કાર્કડાશિંગમાંથી બનતું એ નામનું ચૂર્ણ

શૃંગીવિષ ન. શિંગડિયો વછનાગ. ગાયને શિંગડે વાગવાથી તેનું દૂધ લાલ થઈ જાય તે સાચું શૃંગીવિષ જાણવું.

શૃંગીવિષનાશ પું. શિંગડિયો વછનાગ.
શૃંગીવિષનાશના પાન જળમા જેમાં છે.
નિઘંટુશેષ

શૃંગેશ્વર સ્ત્રી સક. તે નાના શિંગડાના આકાર જેવી હોય છે

શૃંગેરી ન. તુંગભદ્રા નદીને કિનારે આવેલું ગામ. આ ગામથી નવ માઈલ દૂર શૃંગેરી પર્વત છે અગાઉ આ પર્વત ઉપર શૃંગી ઋષિનો આશ્રમ હતો. હાલનો શૃંગેરીમઠ પણ આ પર્વત ઉપર છે

શૃંગેરીમઠ પું. શંકરાચાર્યે શૃંગેરીમાં સ્થાપેલ મઠ દક્ષિણમા રામેશ્વરના મંદિરમા **શૃંગેરીમઠની** સ્થાપના જગદ્ગુરુ શંકરાચાર્યે કરી છે.
વિવેકાનંદ

શૃંગ્યાદિકવાદ્ય [સં.] પું. (વૈદક) કરકડાસિંગી અને બીજી દવાઓનો ઉકાળો

શૃંગ્યાદિચૂર્ણ [સં] ન (વૈદક) એક પ્રકારનું ચૂર્ણ

શૃંજય ૧ પું (પુરાણ) કૈકય દેશના ચદ્રવંશી રાજા કલાનલનો પુત્ર અને પુરંજયનો પિતા ૨. પું (પુરા.મ) સૌમ્ય રાજાનો પુત્ર. નારદ અને પર્વત ઋષિ બને એક સમયે આ રાજાને ત્યાં ગયા હતા તવામા રાજાની કન્યા ત્યાં આવી તેને જોઈને પર્વત ઋષિ મોહિત થઈ ગયા. નારદે પણ તેની માગણી કરી તેથી રાજાએ દ્વિધા પાડી તે સાભળી પર્વતને ક્રોધ ચઢ્યો નારદને પોતે મનથી પરાજિત થયો છે એવું કહ્યું અને મારી સ્ત્રીનું માગણ કર્યું, માટે તું સ્વર્ગમા જઈ નહિ શકે એવો શાપ આપ્યો નારદે સામો એવો જ શાપ આપ્યો

શૅ ૧. સ્ત્રી એક જાતની બે પૈઠાવાળી સાડી

૨. સ્ત્રી. પ્રતિજ્ઞા, ગૌરવ

૩. સ્ત્રી બીક, ભય

૧ શૅ ઘાલવી = બીક લગાડવી.

૨ ગ પાડવી = બીક બેસાડવી; ભય આપવો.

૩. શૅમા લેવું = બીકમાં રાખવું

૪ અ કેમ; કેવી રીતે; શી રીતે

૫. અ. ભવિષ્ય કાળનો પ્રત્યય. જેમકે, તું જશે; તે જશે; તેઓ જશે

૬. અ. શા માટે; શું કરવા; કેમ.

દુનિયા મનના હજારો રંગો છે;
કેમકરીને હજારો શો નથી સંગતી !

નાન.ગાલ

શૅઇઠ ૧. [અં.] પું. છાપા; છાપડો.

૨. પું પીંજણીના પોટા ઉપરની કાચની ઢાકણી

શૅક ૧. પું. તાપ; ઉષ્મા; ગરમી

શૅક કરવો–આપવો–દેવો = ગરમી આપવી.

૨. પુ. પોતાં, ભૂકાની પોટલી કે વનસ્પતિના પાન વગેરેને ગરમ કરી શરીરના ખોડિયાળા ભાગને ગરમાવો આપવો તે; કેવતા કે અગ્નિથી શરીરને ગરમી આપવી તે. શેક બે પ્રકારના છે: એક કોરો અને બીજો ભીનો. કોરો શેક પોટલી વતી, ખાટલા નીચે કેવતા રાખીને કે હાંડલીમાં અગારા ભરીને થાય છે અને બીજો શેક ગરમ પાણી અને ફ્લાલિનથી થાય છે

૩. પું શેકવું તે.

શૅક્ય ન. શેકવું તે;

શૅકણી જુઓ શેક્ય.

શૅકરી સ્ત્રી જંગલી બિયડોરી. જેનો રંગ કાળો હોય છે તે મધ્ય હિંદુસ્તાનમાં બધે જોવામાં આવે છે.

શૅકલાં ન બ.વ. વલખા; ફાકા

શૅકવું ૧. [સં. શક્ત] સ. ક્રિ. કેવતા ઉપર ગરમ કરવું; કેવતા ઉપર નાખી ચડાવવું કે ખરું કરવું; અગ્નિની આચ દેવી.

રોટલા શેકવા = રોટલા પકવવા

૨. સ ક્રિ. શરીરને ગરમી આપવી; ગરમ લૂગડા કે પાણી વગેરે દ્વારા શરીરના કોઈ ભાગને ગરમી આપવી. શેક કરવો

પગ શેકવા = અગ્નિથી પગને ગરમી આપવી

૩ સ ક્રિ સતાપવું, ત્રાસ ઉદ્વેગ કરાવવો. ચિંતા કરાવવા કરવા; બાળવું; દુઃખી કરવું.

૧ આતરડી શેકવી = (૧) દુઃખ દેવું (૨) ભૂખે મારવું

૨ શેકી નાખવું = સતાપવું, ત્રાસગ્રસ્ત બાળવું; દુઃખ દીધા કરવું

૩ શેકી વાખ્યું = શેકીને વાપરેલું પાત્ર જેમ ઊગતું નથી તેમ દાન એવાને આપે કે તેનું ફળ મળે નહિ

૪. શેકીને વાવવું = (૧) કોઈને બાકી દુઃખ આગે એવા શબ્દો કહી પછી મીઠા શબ્દ કહેવા. (૨) કોઈને નુકસાન કર્યા બાદ તેને લાભ આપવો

૫. રાકણા કરવું = પજવવું.

૬. શેકવો પાપડ પણ ન ભાગવો = એટલો બધો નબળો હોવું કે તેથી કાંઈ થઈ શકે નહિ.

૭. ઢાઢકાં શેકવાં = (૧) ભૂખે મરવું. (૨) સખ્ત માર મારવો

શૅકહૅંડ [અં.] સ. સામસામો હાથ મિલાવવો તે; હસ્તમેલન.

શૅકારૂ ન એક જાતનું ઘરેણું.

શૅકાવવું સ. ક્રિ. શેકાય તેમ કરાવવું

શૅકાવું અ ક્રિ. શેકાય તેમ થવું

શૅકેલ ૧. સ. તોલું; માપનું સાધન.

૨. સ. રૂપાનું તથા સોનાનું નાણું. તે જૂના વખતમાં ચલણમાં હતું.

શૅક્સપીઅર [અં.] પું. એ નામનો પ્રખ્યાત અંગ્રેજ સાહિત્યકાર.

શૅખ ૧. [અ] પું. અમીર; આબરૂદાર માણસ

૨. પુ. આગ્રાની ટોળીનો ઉપરી.

૩. પુ. મુસલમાનોની એક જાતનો આદમી

૪ પું. ૨૬ પુરુષ.

૫. સ્ત્રી. મુસલમાનોની એ નામની એક અટક

શૅખચલ્લી ૧. [અ શૈખચિલ્લી] પું. આળસુ અને તરંગી આદમી

૨. પુ. ગપ્પીદાસ; ખોટી વાતો કરનાર માણસ

૩ વિ આળસુ

૪. વિ. મિથ્યા તર્ક કરનાર; મોટા મોટા વિચારમાં મગ્ન થઈ પડી રહેનાર; મનગમતા મનસૂબા કર્યા કરનાર; તરંગી, ન બને એવા મનોરથ કરનાર; ખોટી મોટી મોટી અભિલાષાઓનો વિચાર કરી રાજી થનાર; ઠવાઈ ફિલ્લા આપનાર.

શેખચલ્લીના વિચાર = મિથ્યા તર્ક; ઠવાઈ ફિલ્લા

શૅખડી (શેખડો) ૧. સ્ત્રી. બકરી

૨ વિ. સ્ત્રી પુત્રની ઇચ્છા કરનારી

શૅખડો (શેખડો) ૧ [અ. શૈખ] પું. એક જાતનો મુસલમાન

૨. પું. બોકડો

શૅખદાર પું. કુમાશિસદારનો કારકુન; પરગણાના વકીલનો પત્રવ્યવહારકુન તે ગામની રજૂઆત, ઝાડની ઉપરાણ અને આપણી વગેરેનું કામ કરે છે.

શૅખર ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક પ્રસ્તારભેદથી માત્રામેળ છંદ. તે સુધર ગીતિનો એક ભેદ છે તેમાં સોળ ગુરુ અને બત્રીસ લઘુ મળી અડતાલીસ અક્ષર હોય છે.

૨ પું. (પિંગળ) એ નામનો એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૬ લઘુ અને ૫ ગુરુ મળી ૧૫૬ માત્રા હોય છે

૩. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે. તેને ગીતિકા છંદ પણ કહે છે

૪. પું. ઝાંઝરો; તોરો

૫. પું. છોગું; શિરપેચ.

૬. પું. ધ્રુપદના સોળ આહેનો એક પ્રકાર તેનાં દરેક પદમાં બાર અક્ષર હોય છે

૭. પું. મુગટ; કિરિટ.

૮ પું (પિંગળ) વીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, જગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી વીશ અક્ષર હોય છે

૯ પું શિખર

૧૦ પું. શિખા; ચોટલી

૧૧. પું શિખામણિ; શિરોભૂષણ, માથા ઉપર પહેરવાની માળા; હાર.

૧૨. ન. ઉત્તરમાં પટ્ટદારુ ગોટલે બે પીઠડા અને ચાર સ્તંભવાળી ઓરડી અને પૂર્વે બે અને દક્ષિણે એક અક્ષિદવાળુ ઘર.
તિલક પ્રભુના મુખ આગળ એક અક્ષિદ પધારીએ તો શેખર નામે ઘર થાય. રાજવલ્લભ

૧૩ ન. રાજાના મહેલનો એક પ્રકાર.

૧૪. ન ગરુડનું ઝાડ આ ઝાડ બધું ઊંચું હોવાથી તેને શેખર કહે છે

૧૫. ન. (વ્યાકરણ) નામને અંતે ક્રમાં શ્રેષ્ઠ એવો અર્થ દર્શાવતો શબ્દ જેમકે, મુનિશેખર.

શેખરી સ્ત્રી. વડા નામની વનસ્પતિ.

શેખસલ્લી જુઓ શેખચલ્લી.

શેખાઈ ૧. સ્ત્રી દમામ; ભપકો; ઠાઠમાઠ.
૨. સ્ત્રી. બડાઈ; દંભ; શેખી; મગરૂરી; પતરાજી.
શેખાઈ કરવી- મારવી = બડાઈ કરવી.

શેખાઈખોર વિ. શેખાઈ કરનાર.

શેખી જુઓ શેખાઈ

શેખીખોર જુઓ શેખાઈખોર

શેખીકું (શેખીકું) વિ શેખાઈ કરનાર.

શેખીદાર જુઓ શેખાઈખોર.

શેખીમાજ જુઓ શેખાઈખોર.

શેખીશેખી સ્ત્રી. અવળચંડી વર્તણૂક.

શેખું વિ. ઠોઠકણું; મૂર્ખ.

શેગાનંબર પું. અનુક્રમાંક; ક્રમાંક; એક પછી એક આવતી સંખ્યા.

શેગાડ [ફા.] પું. ઉદ; ચીરો; કાપ.
ગઢ નરમ થયા પછી તેના ઉપર નસ્તરથી શેગાડ કરવો અને બળતો હાથ ઘાલીને પરુ કાઢી નાખવું. ડો. આત્મેરામ

શેગાબૂક સ્ત્રી. સૂચિ; સાંકળિયું; યાદી.

શેગો પુ. તક; તાકડો; અવસર; પ્રસંગ.

શેગ્રીન [અં.] ન. ઘોડાદાર ચામડું. તે ઘોડા, બકરા અને ઊંટની ચામડીમાંથી બને છે

શેજ ૧. સ્ત્રી પલંગ; ખાટલો.
૨. [સં. શય્યા] સ્ત્રી. શય્યા; બિછાનું; પથારી.

શેજવાલ પું (જૂ. ગુ.) મિયાનો; પાલખી
મુખાસન. આસન. પાલખી
કે બિજા શેજવાલે સુધી.
ઉ.સ્વપ્નસમય

શેજાર સ્ત્રી. ગરમી; તાપ.

શેજારદક્ક પુ. પડોશ દક્ક; પાપર દક્ક.

શેજારી [ફા. શહ્રંવરી] સ્ત્રી. શક્તિ; જોર સામર્થ્ય
કરીને તો વજ્ર તો લેજોરી જાય જાય.
નર્મદ

શેટી ન. માથે કાંટાવાળું સાપ જેવુ લાંબું એક જાતનુ જળચર પ્રાણી.

શેટુડી (શેટુડી) સ્ત્રી. આમ તેમ ફરનાર હલકા દિલની સ્ત્રી.

શેટું ન. ચામડાની ત્રીણી પટી.
માળા ને લ્યા ભારી (બારી) નહિ
નોલાન નહિ ગાય,
મોચીને ઘેર કૂતરી
તે શેટાં તાણી જાય.
લોકોક્તિ

શેઠ ૧. [સં. શ્રેષ્ઠિન્] પું. ઉપરી; વડો; મુખી, મુરબ્બી.
૨. પું. મોટા વેપારી વગેરેને માનપૂર્વક બોલાવવામાં વપરાતો શબ્દ.
૩. પું. મોટો આબરૂદાર વેપારી; શાહુકાર; તવંગર માણસ
૧. શેઠ બોલે તે સવા વીસ = પૈસાપાત્રો મૂરખ હોય તો પણ ડાહ્યો કહેવાય.
૨. શેઠ મરીને વાણોતર થયું = ઊંચ પગથીઆંથી નીચ પગથીએ આવવું; ઠાઠ મટી ભભોળ થવું; ધરખણી ઠોકીને પડોશી થવુ
૩. શેઠના સાળા સૌ થયા જમ–પણ ગરીબનો બનેવી કોઈ નહિ થાય = નમતે ત્રાજવે સૌ બેસે; મબ હોય ત્યાં જ મધમાખી હોય; લીલા વનના સહા બધા.
૪. શેઠની માંડે કોડ્યો થઈ પંપાળી પંપાળીને મોટી કરી = (૧) નાની વસ્તુને મોટું સ્વરૂપ આપવું. (૨) પેટ ચોળી ને જશ લેવુ; ઠાંસે કરીને પેટમાં પાણી મારવી; ઠાંસે કરીને પોતાના પગ ઉપર કુહાડો મારવો; ચોળીને ચીકણુ કરવુ.
૫. શેઠની શિખામણ ઝાંપા સુધી = ડાહ્યા માણસના બોધની અસર થોડો સમય જ રહેવી. આપી મત ને દીધી શીખામણ કયા સુધી ? પત્થર ઉપર પાણી રેડ્યા કરો તો પણ તેવો ને તેવો; અક્કલનો ઓથમીર, મગાવી ભાજી તો લઈ આવ્યો કોથમીર
૪ પુ વાણિયો; વણિક.
૫ પુ. સ્વામી, ધણી; માલિક
૬ સ્ત્રી વાણિયાની એ નામની એક અટક

શેઠના ૧ સ્ત્રી. પારસીની એ નામની એક અટક
૨. ન. પારસીની એ નામની અટકનું માણસ

શેઠવું અ ક્રિ. નીભાડો પકવતી વખતે તમામ વાસણને ફુંચથી ઢાકી દેવાં.

શેઠાઈ ૧. સ્ત્રી. શાંતિ, મડળ વગેરેના આગેવાન તરીકેનું કામ; પટલાઈ
શેઠાઈ કરવી = પટલાઈ કરવી
૨. સ્ત્રી. શેઠનો દરજ્જો કે મોભો.
૩ સ્ત્રી. શેઠપણાનો સ્વભાવ.
૪. સ્ત્રી શેઠપણું; વડા કે મુખી તરીકે કામ કરવું તે.

શેઠાઈવેડા (શેઠાઈ વેડા) ૧. ન પૈસાદારનો ડોળ કરવો તે
૨. ન શેઠિઆપણાનો દંભ કરવો તે

શેઠાણી ૧ સ્ત્રી ઘરની વડી સ્ત્રી; માલિક સ્ત્રી; મોટા માનવાળી ઉપરી સ્ત્રી
૨. [સં. શ્રેષ્ઠિની] સ્ત્રી. શેઠની સ્ત્રી.

શેઠિયો ૧ [સ શ્રેષ્ઠિન્ (વેપારી)] પુ નાતનો આગેવાન
૨. પું. મડળનો ઉપરી
૩ પુ. માથે ગોરો એવો બખેડ.
૪. પુ. શેઠ; સ.ફ.ક.૨

શેઠી પું. ચેટી; ગ્રેડો; વેપારીની એક જાત. મદ્રાસ, બાબદેરા અને મલાવામાં આ. જાત જોવામાં આવે છે.

શેઠ (શેઠ) ૧ સ્ત્રી આંગળામાંથી નીકળતી દુખની ધાર.
આવત જુઠ આકારા આયઓ આવે લીયે,
શેઠ જેવો સ્વાદ દાઝે બાવે દાદવા.
લોકસ હિત

૨ સ્ત્રી. ધાર; સેર; ત્રીણી ધારા.
૧. શેઠ કોડવી-મારવી = શેઠ નીકળે એમ કરવું
૨. શેઠ વાગવી = જોરથી શેઠ નીકળવી

૩. સ્ત્રી. બાઠડી સાથે જોડાતો ઊંટડાનો વધારાનો લાંબો ભાગ.

૪. સ્ત્રી. શાહુડી નામનુ પ્રાણી.

૫. સ્ત્રી. શેઠના જેવો આણીદાર ભાગ; ફાંગ

૬. વિ. કજિયાળું; અટકચાળું, ચાળા.સ્વભાવુ.

શેઠઉતાર (શેઠઉતાર) જુઓ શેટકડુ

શેઠકડું (શેઠકડું) ૧ વિ. તાજુ જ દોરેલુ; દોહાતી વખતનુ; દોહાયા પછી તરતનુ
૨. વિ. ધાર છૂટતુ
૩. વિ. ધારોબ્યા; આંચળની શેઠમાંથી નીકળતુ હોય એવુ ગરમ; તરતનુ જ દોવાયેલુ; તાજુ દુકાળ

શેઠન (શેઠન) સ્ત્રી. ઝાડુ; સાવરણી

શેઠપ (શેઠપ) સ્ત્રી. ધાર; ધારા; શેઠ

શેઠબટકિયાં (શેઠબટકિયા) ન બ વ. શેટલાનુ બટકુ અને સાથે સાથે બકરીના આંચળમાંથી ખરાબારી દુખની શેઠ મોમાં જાઈ આવુ તે

રોઢા ૧. પું ન ન ન કનો પ્રવાહી મળ; નાકની સીંટ, સિંઘાણ, સીંટના સબકા.
૨ ન. એક જાતનું સારું ઘાસ. પાર્યું કરીને તે ખેતરના રોઢા ઉપર ઊગતું ઢોર ને તે રોઢ કહેવાયું હોય અથવા તે ઘાસના છેડા ઝીણા હોવાથી કહેવાતું તે રોઢવાયું ઢોરને રોઢ કહેવાયેલ હોય

રોઢાળું વિ. નાકમાંથી રોઢા નીકળતા હોય તેવું; ગાળકું; ગદું

રોઢિ (રોઢિ) સ્ત્રી ધાર; રોડ
ડામ ડામિ કુહિ છિ આય, સુદર શબ્દ રોઢિના થાય અ.ત્રિ

રોઢિયું (રોઢિયુ) ન. પાતળું, ઢાલુ અને તીખું મરચું. તેની છાલ પાતળી હોય છે. પાકયા પછી તેનો રંગ ઘણો જ લાલ થાય છે

રોઢ પું. (પ્રાચ્ય) ખેડૂત.

રોઢ્યૂલ્સ ૧ [અં.] ન. સંપેલા કે ભાંગેલા કાગળોનું ભૂગળું.
૨ ન. વિગતવાર નોંધ; વિગતવાર પત્રક

રોઢો (રોઢો) પું રોઢો. ખેતરની હદ કે મર્યાદા

રોઢા અશોળિયો પું. એક પ્રકારનો છોડવો ન ૧ થી ૩ ફૂટ ઊંચો થાય છે. તેનાં શાખાને છેડે કલગીની પેઠે ફૂલ આવે છે. તેની શીંગ ઝીણી ચપટી હોય છે. તેમાં અશોળિયાના જેવા બીજ હોય છે

રોઢાઈ સ્ત્રી. એક જાતનું જનાવર; શાહુડી. તે રાત્રે દેખવામાં આવે છે તેના માથા ઉપર તથા પેટે વાળ હોય છે. તેનાં સિસોળીઆંનો રંગ કાળો ધોળો હોય છે. તે લગ સાડાત્રણ ફૂટ મોટી હોય છે તેનું રહેઠાણ રોરડીના ખેતરમાં હોય છે તેને રોરડી ઘણી આવે છે. તે સિવાય કંદમૂળ, ફળમૂળ ખાલ, ફળ વગેર પણ ખાય છે

રોઢાડી (રોઢાડો) જુઓ રોઢાઈ

રોઢા શીંગણી પું. (કચ્છ) એક પ્રકારનો છોડવો તેના એક જ ફૂલમાંથી અગ્યે શીંગ ઊગી નીકળે છે. તેનાં ફૂલ ધોળા રંગનાં હોય છે.

રોઢાહી જુઓ રોઢાઈ.

રોઢિયો પું માથાવટી ખાલ અને શરીરે ધોળો હોય તેવો બળદ

રોઢી ૧ સ્ત્રી નાનો રોઢો
૨ સ્ત્રી ચોટીલા પાસેની એ નામની એક નદી.

રોઢો ૧ પું. ખેતરની હદ ઉપરની પાળી; ખેતરની સીમા મર્યાદાનો ભાગ; બે ખેતર વચ્ચેનું અંતરાળ કે આતરો; ખેતરની ચોમેર ખેડ્યા વગરની છોડાની પટ્ટી. ત્યાં ચારો ઊગે છે
૨ પું. ખેતરોના વિભાગોમાંનો માર્ગ; પગથી

રોઝ ૧. પું. પરોણો; મહેમાન.
૨ પું. સ્વજન, સગ
૩. સ્ત્રી. ડાહી સ્ત્રી.
૪ સ્ત્રી સમડી, એક જાતનું પક્ષી.
૫ ન નજર.
૬ ન રાઈ
૭ વિ. સાજું; ડાહ્યું

રોઝવા પું. ગુજરાતમાં રહેતી એક દલિત કોમ; રેઢ અને બાંગી વચ્ચેની દરિયજનની એક પેટા જાતિ. રેઢ તેમને અડકતા નથી અને તેઓ બાંગીને અડકતા નથી.

રોઝવી ૧. સ્ત્રી. બુદ્ધિ
૨. સ્ત્રી. સારસ્વત બ્રાહ્મણની એક જાત
૩. ન. એક જાતનું ઝાડ. તેમાં સીંધા ઝીંટા હોય છે તેનાં પાનની ચોપરી ગેરને ચાંદાં કે ધારામાં જીવાત પડી હોય તે ઉપર બંધાય છે

રોઝવો પું. એક અસ્પૃશ્ય જાતિનો માણસ: એક દરિયજન જાતના માણસ.

રોઝા સ્ત્રી. બુદ્ધિ

રોઝાર્ડ સ્ત્રી. ગુલાબાર્ડ

રોઝિયું ન. રાયનું કપડું

રોઝી ૧. સ્ત્રી. ડાહી સ્ત્રી
૨. સ્ત્રી. સ્ત્રી; પત્ની; ભાર્યા

રોઝે ૧. અ. કેવી રીતે; કયે પ્રકારે
૨. અ સાથી; કેમ; શામાટે.
૩ અ સામાં, સા ઉપર

રોતકરી પું. ખેડૂત; કૃષિકાર.

રોતકાચળી સ્ત્રી. ઊપરસાળની વેલ; એક જાતની વનસ્પતિ.

રોતખાનું ન. શૌચકૂપ; સંડાસ; પાયખાનું; જાજરૂ

રોતર ૧. ન. ખેતર
૨. વિ. ધાર્યું ધોળું; બરફ જેવું સફેદ આ શબ્દ કદાચ સંસ્કૃત શ્વેતતર શબ્દ ઉપરથી થયો હશે.
૩. વિ. શીતળ; ઠંડું.

રોતરંજ [સં. ચતુરંગ; ફા. શતરંજ] સ્ત્રી. એક જાતની બુદ્ધિબળની ચતુરાઈ ભરેલી રમત ફારસીમાં તેનું મૂળ નામ શશ્રમ હતું, કેમકે, એ રમતમાં બાદશાહ, વજીર, ઘોડો, હાથી, ઊંટ અને પ્યાદા એ છ પ્રકારનાં મહોરાં હોય છે. ફારસીમાં છ ને શશ્ર કહે છે. કેટલાક કહે છે કે, સદંજ શબ્દનો અર્થ દુઃખ પડ્યા એવો થાય છે કેમકે, એ રમતમાં રમનારને ઘણું બારીક ધ્યાન આપવું પડે છે કેટલાક કહે છે કે, સદ્રજ કે શતરજ ઉપરથી એ નામ પડ્યું છે તેનો અર્થ સો દુઃખ થાય છે આ રમતના ઉત્પત્તિસ્થાન સબંધમાં લોકોમા ભિન્ન ભિન્ન મત ચાલે છે કોઈ આ રમત ચીન દેશમાંથી નીકળ્યાનુ કહે છે, કોઈ મિસરથી અને કોઈ યુનાન દેશથી નીકળ્યાનુ બતાવે છે લોકોના મોટા ભાગની માન્યતા એવી છે કે, આ રમત ભારતવર્ષમા ઉત્પન્ન થઈ છે અક્ષરોથી તે રમત ફ્રાંસમાં ગઈ. ફ્રાંસથી અરબસ્તાન અને અરબસ્તાનથી યુરપમા પહોંચી આરબો તેને શતરંજ, શતરંજ વગેરે કહેવા લાગ્યા ફ્રાંસમાં એવો પ્રવાદ છે કે, આ રમત નૌશિરવાનના સમયમા હિંદુસ્તાનથી ફ્રાંસમા આવી અને તે રમત કાઢનારે દાહિરનો દીકરો સસ્સા નામનો હતો આ રમત કાઢવાનુ કારણ ફારસી પુસ્તકોમાં એવું જણાવ્યું છે કે, ભારત દેશનો કોઈ પદ્મપ્રિય રાજા, જે નૌશિરવાનનો સમકાલીન હતો, તે કોઈ રોગથી અશક્ત થઈ ગયો તેના જીવનને ચેન ઉપજાવવા માટે સસ્સા નામની એક વ્યક્તિએ ચતુરંગની રમત કાઢી. મહારાજાએ પોતાના પ્રતિને બહુ પદ્ધતસર દેખાને આ રમત કાઢી એવા ભારતમાં ચાલતા પ્રવાદને આ પ્રવાદ મળતો આવે છે. નૌશિરવાનથી ઘણા વખત પહેલાં આ રમતનો પ્રચાર હિંદમાં હતો એમાં કોઈ મતભેદ નથી ચતુરંગ ઉપર સંસ્કૃતમાં અનેક ગ્રંથો છે. જેમાંથી ચતુરંગ દીપિકા, ચતુરંગ પ્રકાશ અને ચતુરંગ વિનોદ નામના ત્રણ ગ્રંથ મળે છે આ રમતમાં ચાર જાતનાં સૈન્યો પરસ્પરાતાં હતા-હાથી, ઘોડા, રથો અને પાયદળ આ ચારે અંગોમાં જ્યારે આ રમત ફ્રાંસમાં પહોંચી અને ત્યાંથી અરબસ્તાનમાં પહોંચી ત્યારે તેમાં ઊંટ અને વજીર વગેરે વધારવામાં આવ્યા અને ખેલવાની રીતમાં પણ ફેરફાર થયો નિશિતસ્વ નામના ગ્રંથમા વેદવ્યાસજીએ યુધિષ્ઠિરને આ રમતનું જે વિવરણ બતાવ્યું છે તે આ પ્રમાણે છે. ચાર માણસ મળીને આ રમત રમતા હતા તેનું ચિત્રપટ ૬૪ ઘરનું હતું અને તેની ચારે બાજુ રમનારા બેસતા, સામસામી બાજુના માણસો ભેગા. દરેક બેલડીની પાસે એક હાથી એક ઘોડો અને એક નાવ અને ચાર પાયદળ રહેતાં પૂર્વ તરફના બેલડીના સોગઠાં લાલ, પશ્ચિમ તરફનાનાં પીળા, દક્ષિણ તરફનાના લીલાં અને ઉત્તર તરફનાના કાળાં રહેતાં. સોગઠાને ચાલવાની રીત હાલના જેવી હતી.

ઈ સ. પછી આઠમા સૈકામાં શૈતરંજ આરબો મારફતે યરપ ખંડમાં દાખલ થઈ હતી એ વાત નિર્વિવાદ છે તે લોકો જે કે એ રમતમા ઘણુ હોંશિયાર અને આગળ વધેલા હતા. તોપણ તેની ઉત્પત્તિના માન વિષે તેઓ પોતે દાવો કરતા નહોતા, પરંતુ તેમણે કબૂલ કર્યું હતું અને પાછળથી પણ અરબી ભાષામા એ બાબતમાં જે લેખો લખાયેલા છે તેમાં પણ કબૂલ કરેલું છે કે, એ રમત તેમને ફરિશ્તાઓ તરફથી મળેલી હતી. ફરિશ્તાઓને તે હિંદુસ્તાન તરફથી મળેલી હતી અને તે જ દેશમાં તે શોધી કાઢવામા આવી હતી. એ પ્રમાણે પણ અરબી પ્રથકારોની યાદગી (ઈ. સ. ૮૮૦) અને મસૂદી (ઈ. સ ૯૪૭) ખુલ્લે ખુલ્લું જણાવે છે સસ્કૃત ભાષામા શૈતરંજને ચતુરંગ કહે છે. તે શબ્દનો અર્થ એવો થાય છે કે, ચાર અંગ છે જેના એવુ સૈન્ય. સૈન્યના ચાર અંગ તરીકે હાથી ઘોડા, રથ અને પાયદળ એ ગણાતા હતાં. ચતુરંગ શબ્દ આવી રીતે સૈન્યની સજ્જા હોવાને લીધે, જ્યારે કૃત્રિમ લડાઈનો ચિતાર આપનારી રમત બનાવી કાઢવામાં આવી હોય ત્યારે તે જ નામથી ઓળખાવવા લાગી હોય એ સાહજિક છે. તેની ઉત્પત્તિ વિષે એમ જણાય છે કે, જ્યારે મૌર્ય યુગમાં રામચંદ્ર લંકામાં ઘેરો ઘાલ્યો હતો, ત્યારે રાવણનું મનરંજન કરવા ખાતર તેની બહેનદરીએ આ રમત બનાવી કાઢી હતી. એ રમતને ચતુરંગ અથવા ઘણી વખત ચતુરાજી કહેલી છે, કારણ કે, તેમાં ચાર રાજાઓ અને તેનાં સૈન્ય ગોઠવવામાં આવે છે. તે દરેક સૈન્યના જે ચાર વિભાગ હોય છે તે હાથી, ઘોડા, નૌકા અને પાયદળ છે. આ રમતમાં બત્રીશ મહોરાં હોય છે અને રમવાનો પટ ચોસઠ ખાનાનો હોય છે. તે ઉપર દરેક દિશામાં અકેકું સૈન્ય ગોઠવવામાં આવે છે. જે કે આમાં સૈન્ય ચાર હોવાને લીધે રમનાર ચાર હોય છે, પરંતુ જ્યારે જણ બે જ હોય છે. આ રમતની ઉત્પત્તિ વિષે ભવિષ્ય પુરાણમાં એમ જણાવેલું છે કે, શકોથી તે રમત હિંદુસ્તાનમા આવેલી છે. તેના વિષે મૂળ આધાર ગૌતમ ઋષિના ધર્મશાસ્ત્રોમાંથી મળી આવે છે. આ રમત બેતરી અને નવતરી એમ બે રીતે રમી શકાય છે. સાધારણ રીતે નવતરી જ બાળ ઘણા ખરા લોકો રમે છે. એશિયા ખંડના બીજા દેશોમાં અને યરપ અને અમેરિકામાં તો બેતરી બાજીની ચાલનો બહોળ પણ હોતી નથી આ રમતમાં દરેક જણ પાસે ૧ રાજા, ૧ વજીર, ૨ હાથી, ૨ ઊંટ, ૨ ઘોડાં અને ૮ પાયદળ હોય છે. પાયદળ એક ઘર ચાલે છે અને બાકીનાની ચાલ ભિન્ન ભિન્ન હોય છે. આ પ્રમાણે ચાલી રાજા પક્ષપ્રધાનના સોગઠાં મારવામા આવે છે. જ્યારે રાજા એવા ખાનામાં આવી જાય કે, જ્યાંથી તે કોઈપણ ચાલી શકે નહિ ત્યારે રમત પૂરી થાય છે

શૈતરંજ બાજ [અ. શતરંજ + ફા.બ (બિલનાર)] વિ શૈતરંજ રમનાર

શૈતરંજી ઇ. [અ શતરંજ] સ્ત્રી બહોળાની એક જાતની રમત.

૨. સ્ત્રી ગાલીચા.

૩. સ્ત્રી. રંગદાર પટા અથવા ચોકડીઓ પાડીને વણેલું જાડા પોતનું પાથરણું; સુંદર અને મજબૂત પ્રકારની બનાવટ; એક જાતનું રંગીન જાનીજાળ પાથરણું

શૈતરંજી લગી નાખવી = બરડામાં મારી ઢોર ૬૬૫

શૈતલ સ્ત્રી. સૌરાષ્ટ્રની શેત્રુજ નદીનું બીજું નામ

શૈતવડ (શૈતવડ) સ્ત્રી કૂબો નામની વનસ્પતિ સસ્કૃતમાં તેને દ્રોણપુષ્પી, હિંદીમાં ગોમા અને મરાઠીમાં શૈતવડ, કુબા કે ગુમા કહે છે

શૈતાન ૧. [અ. શયતાન] પું. તરકટી; દુષ્ટ માણસ; નઠારું કામ કરતા ડરે નહિ, તેમ કરે સપડાવ નહિ એવો ધૂર્ત કે ઠોંગી માણસ; શયતાન.

શૈતાનનું ખાંડિયું = તોફાની; તરકટી.

૨. પું. તોફાની કે મસ્તીખોર માણસ

૩. પું. ભયકર ક્રૂર કર્મ કરનારો દુષ્ટ દેવદૂત; ભૂત; મોટો જીન; ખવીસ.

૪. પું. રાક્ષસ; દૈત્ય.

૫. વિ. લુચ્ચું; બંધુ.

શૈતાનગીરી જુઓ શૈતાનિયત.

શૈતાનિયત ૧. [અ. શયતાન] સ્ત્રી. શૈતાની; શૈતાનપણું; લુચ્ચાઈ; પ્રપચ

૨. સ્ત્રી તોફાન; મસ્તી

શૈતાની ૧ વિ. તોફાની; મસ્તીખોર

૨. જુઓ શૈતાનિયત.

શૈતાબ [ફા. શિતાબ] અ. જલદીથી; તુરત.

શૈતાબી [ફા. શિતાબી] સ્ત્રી ત્વરા; ઉતાવળ.

શેતૂર [ફા. તબક્કા] ન. એક જાતનુ મધ્યમ કદનું ઝાડ અને તેનું ફળ. તેનાં પાતરાં આંચવાળાં કિનારી કરકરિયાંવાળી અને ફળ મુખ્યકારે હોય છે. કાળી જમીનમાં શેતૂર થતાં નથી; પણ બાકીની કાંપવાળી અથવા નદી કાંઠાની રેતાળી ગોરાડુ જમીન હોય તેમાં તે સારાં થાય છે. શરૂઆતમાં ત્રણ વરસ પાણી તથા ખાતરનું જોર રાખવું પડે છે તેમાં કૂણા ડાળાં તથા સબગોગ આકારના થાય છે પાકે છે ત્યારે તેનો રંગ જાંબલી કાળા તથા સફેદ હોય છે સ્વાદ બહુ મીઠો હોય છે લોહી સુધારવા માટે શેતૂર ઉત્તમ છે શેતૂરના ઝાડ કલમથી અથવા ચોમાસા કે શિયાળામા તની પાતળી ડાળી કાપી ક્યારામાં રોપી હોય તો નવા રોપા થાય છે ફાગણમા ફાલ આવી જેઠ માસમાં શેતૂર પાકે છે. ઘડકાંનો બરીક બકો કરી છાણના ભભરાવા ખાતર સાથે મેળવી દર ચોમાસામા કે શિયાળામાં ગોર કરી નાખવામા આવે તો શેતૂનુ ઝાડ બહુ જોસમાં આવી કૂણ ધણા લાગે છે. શેતૂરના ઝાડ વાવ્યા પછી પાચ વરસે ફળ આવે છે શેતૂરનુ દરેક ઝાડ ૨૦ કૂટને અંતરે થવાય છે માટે સબળ રાખવી શેતૂર બગીચાની ઈચ્છા પણ છે. દરેક આબોહવામાં તે થાય છે. ફક્ત જમીન રેતાળથી બેઈઝિમ તેનુ આયુષ્ય ૪૦ થી ૫૦ વરસનુ છે. ચીન દેશમા એ ઝાડ ઘણા થાય છે. તેની કાળી, ધોળી અને રાતી, એવી ત્રણ જાત છે. કાળી અને રાતી જાતને ચોમાસામાં ફળ આવ છે. કાળી અને ધોળા એ બે જાતનાં શેતૂરનાં ઝાડ રેશમના કીડાને ઉપયોગનાં છે. તે કીડા તેનાં પાંદડાં ખાઈ રેશમ ઉત્પન્ન કરે છે. તેનાં ફળ ગુણે શીતળ હોઈ તરસ્યાંને ઉતારા, તૃષા અને દાહ ઉપર અપાય છે. તેનાં પાનનો ઉકો પણ ઉપર લખ્યા વ્યાધિઓમાં અપાય છે. તેનાં ફળ બહુ મીઠાં હોઈ તેનું શરબત બનાવાય છે.

શેતો પું. ઝાડ થી નાખેલો ઝાડ.

શેત્રુંજ પું. જૈન લોકોનાં દેરાસરવાળો પવિત્ર ડુંગર. તે સૌરાષ્ટ્રમાં પાલિતાણા પાસે આવેલો છે. શેત્રુંજનાં દેવળોમાં મુખ્ય દેવળ શ્રી આદિશ્વર ઋષભદેવનું છે. જુઓ શત્રુજય.

શેદ ૧ ફા. પું. સૂર્ય.

૨ ન પરસવાનુ ટીપુ

૩ ન મધ.

૪ વિ. પ્રકાશતુ.

શેદરડી (શેદરડો) સ્ત્રી. એક જાતનુ ઘાસ. તે ચોમાસામા થાય છે. તેને ધોળાં અને કાળાં પાન આવે છે. તાવમાં તે ઉપયોગી છે

શેદરડું (શેદરડ) ન ઘણાં લોકોનુ દુખ દૂર કરી જમવું તે.

શેન ૧ પુ. સીંચાણો; બાજ પક્ષી

૨. [સં. શયન] ન. શયન; ઊંઘવું તે, નિદ્રા

શેપ ૧ પુ. લિંગ; પુરુષની જનનેંદ્રિય.
૨ વિ સુનાર, સુયન કરનાર

શેપટ ૧. પું. ઝાડો.
૨ ન. એ નામની છોડ ઉદેપુર તરફ રમાની રમત; ખટીપીસડો
૩. અ. સીધુ; ઓપટ; પાપરુ

શેપટી વિ સ્ત્રી સુકલી ને લાંબી. તે કૂતરી માટે બોલાય છે

શેપટીમાર જુઓ શેપટ ૨.

શેપડો પું. સુપડાનો વધેલો કોરડો; સાબુક

શેપુ સ્ત્રી સુવાની ભા.જ

શેફ જુઓ શેપ ૧

શેફતા સ્ત્રી ઉંદર; ઉંદરપીંડી

શેફરટી (શેફરડી) સ્ત્રી. એક જાતનો રંગબેરંગી પાદડાંનો છોડ બંગલા આગળ ક્યારામાં તે રોપવામા આવે છે

શેફાલ ૧ સ્ત્રી એક જાતની વનસ્પતિ; કાળો નગોડ; નીલપર્ણી
૨ સ્ત્રી ગરમાળાનુ ઝાડ.
૩ સ્ત્રી પરિજાતકનો છોડ.

શેફાલિકા જુઓ શેફાલિ.

શેફાલી ૧. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ત્રગણ, બે ભગણ અને ગુરુ મળી દશ વર્ણ આવે છે.
ઉ દા મા મા મા ગી ધરો શેફાલી. દલપિંગળ
૨. જુઓ શેફાલિ.

શેફું વિ. કપડાં પહેરવામા ઢંગધડા વગરનું; દીસો અને અવ્યવસ્થિત પોષાક પહેરનાર.

શેમ ૧. [ફા.] પું. હાળ; ઠોળાણ
૨. અ ના.ચ.

શેમડેળ ૧. ન. કોઈ પણ મોળ વસ્તુ.
૨ ન. તકરારજન.

શેમાયત પું ધર્મોદા દેવાની દેખરેખ અને વ્યવસ્થાનું કામ કરનાર માણસ

શેમટ ન એક જાતનુ ઝાડ. આ ઝાડ મોટું છે. તેનાં પાંદડા લાંબાં અને ઝાઝું ઇમારતના કામમા આવે છે તેનાં પાન આંબાનાં પાન જેવાં લાંબાં હોય છે. તેમાં આમલીના કચૂકા કરતાં નાના ચપટાં ફળ આવે છે. અતિસાર ઉપર એમટના મૂળ પાણીમાં ઘસી પવાય છે.

શેમર ૧. ન. એક જાતનું ઘાસ.
૨. ન. લીલી જુવારનો છોડ
૩. ન. સાબર.

શેમલ ન એક જાતનુ ઝાડ, એમળો
લાલમણી ને શેમલ રોવડા
અમરવાડ ને ઉદુંબરા. નિષ્કુળાનંદ

શેમળો પું. એક જાતનું ઝાડ. તેની ડાળીઓ બહુ મોટા વિસ્તારમાં ચક્રાકારે ફેલાયેલી હોય છે. છાલ બૂરા રંગની હોય છે. તેની ઉપર શંકુ આકારના અણીવાળા કાંટા હોય છે. આ ઝાડ મોટું થતાં આ કાંટાઓ દેખાતા નથી. તેનુ પાંદડું મોટું અને ડાળી વિનાનુ હોય છે તેનાં ફૂલ કીરમજી રંગનાં, મોટાં અને પુષ્કળ આવે છે. કોઈ કોઈ વાર ફૂલ પીળાં અથવા ધોળાં હોય છે. તેના ફૂલનું ડીંચકું લાંબું માથાદાર, ખાલાના આકારનું, બહારથી સુવ. અને અંદરથી ચકમકિત રેસાથી ઠસોઠસ હોય છે. ડિસેમ્બરથી માર્ચ સુધીમાં આ ઝાડનાં બધાં પાન ખરી જઈ એપ્રિલમાં નવાં પાન આવે છે ફૂલ પણ તે જ અરસામાં આવે છે. મોચરસ નામનો એક પ્રકારનો ગુંદર તેમાંથી નીકળે છે તેની ગાંઠોથી ઢોરડાં બની શકે એવા રેસા નીકળે છે. તેના કાળામાંથી નીકળતો કે બીજો પદાર્થ કાંતી શકાય તેવો નથી; પરંતુ તકિયા અને ઓશીકાં ભરવાના ઉપયોગની છે તેનુ લાકડું પોચું અને પોચુ હોઈ ઇમારતી કામમા ઉપયોગી નથી; કેમકે ઊધઈ તેને ઝાઝું ખાય છે. પાંજણના ઓખાં બનાવવામાં તે બહુ ઉપયોગી છે. દિવાસળી બનાવવામા તે ઉપયોગી છે. ફૂલનુ ડીંચકું શાક તરીકે વપરાય છે. પાંદડા અને કુમળી ડાળીઓ ચારા તરીકે વપરાય છે આ ઝાડનો દરેક ભાગ ઔષધિ તરીકે વપરાય છે. તે શીતલ, રસાયન, કફહર અને વાતહર છે

શેમાચણી સ્ત્રી. ઇચાંદાની ક્ષાર.

શેમી ન. એક પ્રકારનું સુંવાળું ચામડું પ્રથમ તે નરપના શિંગડામાં ઊંચા પહાડો ઉપર રહેતા શેમી જાતના હરણની ચામડીમાંથી બનતું હતું; પણ હવે ઘેટાં, બકરાં, સાવારાં, હરણ તથા વાછરડાની ચામડીમાંથી પણ બને છે

શેમુખી સ્ત્રી. બુદ્ધિ: મેધા.
બુદ્ધિ, મનીષા, શેમુખી, મેધા, ધિષણા, ધીષ.
ચાર્ષિ નિજ મતિ અનુસરી મહા વિચક્ષણ કોષ.
પિંગલપ્રકાશ

શેમુષી જુઓ શેમુખી.

શેમુળ જુઓ શેમળો.

શેમુળ ચૂરાણી સ્ત્રી. શેમળાનાં નાના ઝાડનાં મૂળિયા. તે શક્તિ માટેની દવા તરીકે વપરાય છે

શેમોર્ડ [અં.] ન. વરપમાં થતું એક જાતનું હરણ.

શેમોર્ડ લેધર [અં.] ન. વરપમાં થતા એક જાતના હરણનુ ચામડું

શેયડી (શેયડો) સ્ત્રી. શેઢાની; શેઢારડી ઝાડડી.

શેયણી સ્ત્રી. બાળકોને પ્રસાદી રૂપે વહેંચવા અપાતી વસ્તુ

શેરો પું શેડુ; રંધિયા કે બરોડુ જેવી ગાય મળતા પહાણી લેવડના હેતુથી સાથી થયેલો ચોર

શેર ૧. પું. એક તોલ; અમુક ચોકકસ અથવા જોખનુ માપ, મણના ચાળીસમા ભાગ જેટલુ માપ; ચાળીસ તોલાનુ એક માપ
૧ શેર બાજરી = બરાબર પોષણ પૂરત
૨. શેર માટી = સંતાન
૩. શેર લોહી ચઢવું = હદ ઉપરાંત ખુશી થવ, આનંદમાં મસ્ત થવું; સંતોષ કે આનંદ થવ.
૪ એક શેર આવી = તાકાત હોવી.
૨. પુ ખતરમાં કે વાદળમાં આવવા જવાનુ છીંડું
૩. પું. ચિત્તો
૪ પુ દેવદેવાની બાધા નિમિત્ત ચારણાણાને રકમ વખતે અક્ષિત અપાતી રકમ.
૫. [ફા.] પુ. પરાક્રમી પુરુષ.
૬. પું. ભાગ; હિસ્સો; ભાગો.
૭. [અં.] પું. ભાગનું જાખત; પેઢીનો ભાગ; ધંધા માટેની પેઢીની મડી કે ભાગીદારીનો નિયત ભાગ. ભાગીદારી પેઢીઓ કે કંપનીમાં કંપનીના દેવા માટે દરેક ભાગીદાર પૂરેપૂરો જવાબદાર ગણાય છે; ત્યારે મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં દરેક હિસ્સેદાર પોતાના હિસ્સા કે 'શેર' પૂરતો જ જવાબદાર ગણાય છે તેથી કંપનીમાં જેના જેટલા શેર તેટલી તેની જવાબદારી ગણાય. આ શેરના મુખ્ય ત્રણ પ્રકાર છે - સામાન્ય, બાંહેધરી, અને અગ્રહરી નફાવારનાં. સામાન્ય શેર ઉપર દર વર્ષે નફો થાય તે પ્રમાણે નફો વહેંચાય છે. બાંહેધારી શેર ઉપર અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જ બાંહેધરી મળે છે અને કોઈ વરસે બાંહેધરી ન અપાયુ હોય તો કંપની જ્યારે આપી શકે ત્યારે બેનુ કરીને આપે છે આ બંને શેરવાળાને અમુક પકડી જે વર્ષે તે ગીરવાળાને હિસ્સો બાંધ છે. નફો ઓછો થતો વહેંચાય તે અનુસાર બજારમા તે ને શેરના ભાવમાં તેના મૂળભાવ કરતા ઘટાડો અગર વધારો બોલાય છે. કંપનીની મિલકત ઉપર ગીરવી શેર પણ પડવામાં આવે છે તેને ગીરવી શેર કહેવાય છે.

શેર ભરવો–રાખવો–લેવો = શેર ખરીદવો.

૮ પુ વ.ધ

૧ ગર કરવુ ; જીતવુ

૨ શેર થવુ = સિરજોરી કરવી; ઉધ્ધતાઈ કરવી

ઈશ્વરને માથે સવા શેર = દુનિયામાં એક બીજાથી અધિક ચઢિયાતા માણસો હોય છે

૯ [ફા.] પુ સિહ.

૧૦ [અ. શાયર] જી કવિતા, કવિતાની કડી. રદીફ઼ ઉદુ વગેરેમા કવિતાની કડીને માટે બોલાય છે.

શેરગીર પુ એક જાતનો હથિયાર

સિંહ વાઘ વગેરેની સાથે લડાઈમા હોતરનાર હથિયાર **શેરગીર** કહે છે આદિલ અબજદી

શેરડી (શેરડી) ૧. જી. [સં. ક્ષક્ષુ, ઉસ. શેલડી. તે ઘાસની એક જાત છે, જેમાં મધમાખીની માફક ખાસ મધ હોય છે. ગ્રીક પ્રકૃતિ પ્રમાણે એ મધનું કારણ દેવોના પણ મિત્રસ્વરૂપ સિંહ પ્રસન્ન કર્યો હતો. તે કહે છે કે જે રોપાનાં મૂળિયા જમીનમાંથી પાણી ચૂસે છે તે પાણી સૂર્યના તાપથી એટલું બધું ગરમ થઈ જાય છે કે જેમ જેમ એ રોપો જેમ જેમ કદમાં મોટો થતો જાય છે તેમ તેમ તેની સાથે ઘેરાતો પણ જતો હોય. પૌંડ્ર, ભીરુક, વસંત રાતવારક, કાન્તાર, તાપસ, ઇક્ષુ, કાકેક્ષુ સૂચિપત્રક, નૈપાલ, દીર્ઘપત્ર, નીલપોર, કોશક, મનોગુપ્તા વગરે શેરડીની કેટલીક જાતો છે. શેરડી મુખ્યમાં પિત્તશામક, પૌષ્ટિક, શીતલ અને મારક છે મૂત્રરોગ, ક્ષય અને દાહ ઉપર તેનો ઉપયોગ થાય છે. મારા ખેડૂત ભાઈ, શેરડી એ મહત્ત્વનું ધન છે; કારણકે તેનુ વાર્ષિક આર્થિક દૃષ્ટિએ બહુ જાણવારક ઉપયોગ છે. તેથી ખેડૂતને, તેના મજૂરને તેમ જ પૂજારીથી પીતની સમગ્રહ હોય ત્યાં તેના બળદ વગેરે ઢોરને આખુ વર્ષ ઘાસ અને ગોળ મળે છે આ ઉપરાંત બહુ સોંઘો અને મકાઈ તથા જુવારને મળતો છે. તેની દરેક ગાંઠે એકએક ૨.૨ાદરની સામેસામે બે ડાળમા બધા સાંધા, પથોળા, આબુદાર અને ચળકાટ પાન આવેલા હોય છે તની પુષ્પમાળા મકાઈની ચમરી જેવી ઊભરાટ કૂદ લાંબી હોય તેને અનેક ડાળ ડાંય છે ગેરડીની ધોળા રાતી, કાળી, જાંબુની વગેર અનેક જાત થાય છે. રાતી શેરડીનો રસ બધાજ મોટો હોય છે. શેરડીનો કોઈપણ ભાગ વ્યર્થ જતો નથી. પાંદડા નવા બળના કટકા ઢોર ખાય છે. રસ કાઢ્યા પછી છોતાં બાળવાના કામમા આવે છે.

૧ ગરડી પાળ્યા ગેરડી પાણી પીએ = પાનને આધાર હોવું ઘડે; ચૂલામા મોટો અભાવ

૨ ગરીબના ગાંડા ફૂગ્યા લગી જાણ્યા ન કોય – ગરીબ ત્યાં દેવવાંકો હોય.

૨ જાડો નાનો રસ્તો; શેરી; પોળ

૩. જી નાનો ગાડો રસ્તો; પગવાટ; પગથી

શેરડીઓ (શેરડીઓ) ૧ જી સેકેલા નવા કાચ ડાંગરની એક અટક

૨ ન એ નામની અટકનુ માણસ

શેરટો (શેરો) ૧ પુ ફિરમ્બ

૨ પુ ચાટ, આરો; પાણી ભરવાના સ્થળે બાંધી લીધા રહેવાનો ભાગ.

૩ પુ [ત્ર. આવવાથી પડેલી પગવાટ; કેડો, ૨૨૬, ૨૨૭

૪ પુ [ત્ર. એકાએક થઈ આવતી લાગણી

૫ પુ [ત્ર.

૬ પુ પ્રેમભાવ

૭. પું. બહુ ઝાઝુ અથવા બહુ ગરમ કે ઠંડું પાણી પીવાથી બગાડી તે પેટ સુધી થતા ઝાડાળી; ચિરાડો.

૮. પુ. લિસોટો; લીટો

૯. પુ. ઊંચી તરી આવવાથી મોં ઉપર પડતો લિસોટો.

૧૦ પુ. સર, ઢાર

૧૧ પું સગ; બગ; કરચલી

૧૨. પું. સુકાઈ ગયેલા આંસુના રેલાનો ભાગ

શેરણ ૧. જ. હામધોયું; બહુ પાતળો ઝાડા થવા તે; અતિસાર.

૨. વિ. બહુ ભીંજાયું; કરપોઠ.

શેરણિયું જુઓ શેરણ.

શેરણી ૧. જી. દેવની પ્રસાદી.

૨. જી. ભીની જમ્યામાં થતું ઔષધોપયોગી એક જાતનું ઝાડ.

શેરણું જુઓ શેરણ.

શેરદલાલ પું શેર રોપા વેચવાનો ધંધો કરતો દલાલ

શેરદેહ પુ એક જાતની કસરત. સિંહ, વાઘ કે મિત્રો શિકાર ઉપર કૂદવા પહેલાં જે રીતે શરીરનો સકોચ છે એ રીતે શરીરને મોડની આ દડ કરવાનો હોય છે. આ દંડમાં બે પગના ક્યા ઉપર બેસી બે હાથ લાબા કરી જમીન ઉપર શરીર ટેકાવી અને પછી પણે મૂળ સ્થિતિમાં આવી જવું. આ દંડથી સાથળ, હાથ અને છાતી મજબૂત થતા જાય છે.

શેરદિલ [ફા. શેર (સિંહ) + દિલ (હૈયું)] વિ સિંહના જેવા કઠણ હૈયાનું, મજબૂત મનનું; હિમતવાન; બહાદુર; નીડર; નિર્ભય

શેરદિલી [ફા.] જી. બહાદુરી; હિમત.

શેરદ્રમી જી ઘાડાનો એક જાતનો શરદીનો રોગ

શેરધજ જુઓ શેરધ્વજ.

શેરધ્વજ પું. એક પ્રકારની કસરત; કુસ્તી; તલવાર કે લાકડી પટાની રમતમાં એક બીજા ઉપર ખસતા કે પાછા ફરતા બા. આલ ચલાય છે

શેરનર ૧ [ફા.] પુ. સિંહ

૨ પું સિંહ સમાન બળવાન પુરુષ.

શેરની ૧. [હિ.] જી વ.ધ્વ

૨ જી સિંહણ

શેરબચ્ચો જુઓ શેરનર

શેરબજાર જી શેરનુ વેચાણ તથા લેવડદેવડ થતી હોય તે જગ્યા; શેરની લેવડદેવડનુ બજાર

શેરબજારીઓ પુ શેરબજારમાં દલાલી કે ધધ કરનાર માણસ

શેરબબ્બર પુ સિંહ

શેરબોકડ જુઓ શેરદલાલ

શેરમર્દ ૧ [ફા.] પુ પરાક્રમી માણસ

૨. પુ પહેલવાન, મલ્લ

શેરમાકડા ૧. [ફા.] જી સિંહણ

૨. જી પીર બાબા

શેરમુખી જ. ઉપર તથા નીચે બબ્બે પાંખડીવાળું અને વચ્ચે સિંહની જીભ જેવી પાંખડીવાળું એક ફૂલ. તને નીચેથી ઇખાવતા સિંહના ઊઘડેલા મોઢા જેવો દેખાવ થતો હોવાથી તેનુ નામ શેરમુખી પડ્યું છે.

શેરવાણી જી. એક પ્રકારનો બાંધો ઉત્તર હિંદુસ્તાની કોટ

શેરવાની જુઓ શેરવાણી.

શેરવું જ ક્રિ પાતળો ઝાડો થવો; ઊતરવુ

શેરવો જી બે ફૂટ લબાઈની કાળા રંગની લીસી ચામડીવાળી માછલી. ત મધ્ય દરિયામાં રહે છે અને જાળથી પકડાય છે. ખોરાકમાં તે સાધારણ તાકાતવાળી છે. તેમા કાંટા થોડા હોય છે

શેરસકૂબાજ વિ. શેરનો સટ્ટા ખેલનાર

શેરસકૂબાજી જી. શેરનો સટ્ટા ખેલવો તે

શેરસકૂ પુ શેરના વાયદાનો ટૂંકો રૂપ શેરમા કરેલો સટ્ટો

શેરસર્ટિફિકેટ [અં.] જ. ભાગનો દાખલો, ભાગ પ્રમાણપત્ર; અંશપત્ર.

શેરહોલ્ડર [અં.] પું. શેર રાખનાર માણસ

શેરા ૧. જી કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

૨. જ એક નાનકડું લીલા રંગનું ગાનારું પક્ષી તેને પાંજરામાં પૂરી રાખી શકાય છે.

શેરાટો જુઓ છેરાટો.

શેરામણ જુઓ છેરામણ

શેરિફ ૧ [અં.] પું. આગેવાન

૨ પું. નગરશેઠ; નગરપતિ. ભારતના બંધારણમાં આ શબ્દ જેમનો તેમ ઉમેરવામાં આવેલ છે. આ જ રીત અપીલ, કેપની વગેરે શબ્દો પણ મૂળ જેમના તેમ લેવાયેલ છે

૩ પું. નાજર

શેરિયું ૧. જ શણનું બી

૨. જ કેર ભાર માપ તેનું મા.ટી કે ધાતુનું પાત્ર

૩ જ ૨.૦ વજનનું મા.પ

૪. વિ. રાર વંટલ, વજનનું

૫. વિ. શેર સબંધી

શેરિયો પું. શેર વજનનું કાટલું

શેરી ૧. પું એક જાતનો રંપેનનો રાચરીનો ન કરે તેવો દારૂ.

૨. સ્ત્રી ઘરોની ઓળ વચ્ચનો રસ્તો; સાંકડા મા.ર્ગનો મહોલ્લો, પોળ અથવા પાડો; સાંકડી ગલી. જ્યાં જ્યાં નગરરચનામાં ફેરફારો થયા છે કે જ્યાં જ્યાં નવા શહેરો ઉદ્ભવ્યાં છે, ત્યાં ત્યાં શેરી, ફળિયાં, પોળ, ચોકડાં વગેરેનો નારા થતો જાય છે અને તેને લીધે એક કાળનાં માણસો વચ્ચેનો માનવભાવ, સખ્ય, પાડોશીધર્મ એ બધુ દિવસે દિવસે ઓસરી જઈને તેને બદલે વ્યક્તિવાદ, અહમ્, અતડાપણું, નિર્સંપતા પેદા થઈ રહ્યાં છે. શેરી એટલે તો નાનું ગોકુળિયું ગામ. સવારસાંજ છોકરાં રમે ગેડીદડો, ગિલ્લો કાવ અને ધમણગોટીલો. કોઈક જણી રમે ચુતુતુતુ, ખોખો, સાતાકુકડી, ભગટી વગેરે. હોળી રાણે હોળી ખેલાય, ચાકડા અને ગામનાં ઢારડા ભેગા થાય, જતા આવતા પાસેથી પૈપૈસો માગ ને ન આપે તો રંગ છંટકાય, પિચકારીઓ ઊડે, હોળી પ્રગટે ને ધ.ણધિણણ ધરેંગાય, હોળીમા પધર.વેલું બળતું નાળિયેર કાઢી કોપરું ઊડાવાય, ધૂળેટીએ ગુલાલસ્નાન, ચૈત્ર અને શ્રાવણના પવિત્ર મહિનાઓમાં શાસ્ત્રો પુરાણની કથા–કીર્તનકાર આખી કથા મહેતી ધર્મ માર્ગે જ્ઞાન ગમ્મતની વાતા કહે ' અધિક માસના ઓરતા જેવુ આસો માસે નોરતામા માતાના ચાચર ખોડાય, પુરુષો પણ ત્રિતાલ ગરબે ઘૂમે. શરદપૂનમે ઓખો ગરબે રમેઝમે, દિવાળીમા ઘર ઘર દીવા થાય અને ફટાકડા ફટફટ ફૂટે. શેરીમા આડોડી વારે મદારી આવી ડમરુ ડમરુ વગાડે, સાપ નોળિયાની ઝપાઈ દેખાડે, ફેરત પમાડે તેવા બહુરૂપા ખેલ કરે, ગારુડી આવે, બજાણિયા આવે, ગોંડિયો પણ આવે. વાસની લાંબી પોડી ઉપર લટકતા દોરડા પર નમણો નટ કરામત કરી દખાડે, નીચે ઢોલ વંદરથી દિબાર્ઈ રહે; ધીબાગ, ધીબાગ, ધડીબાંગ, નટ દોરડા પર દોડી, કૂદી, કોઠાની ઉપલ્લો દઈ નીચ વાનતા પટકની સાથે તાલમેળ રહ્યા કરે નરીમા કોકવાર માતાજીનો ભેપક આવ, ચાળી વગાડે ને માતા ધૂબે-ધુબ્બુ ! ધુબ્બુ ! રાતે વાળ કર્યા પછી શેરીના ચોગાનમાં કોર્કકેન ઓટલેથી ધારમોનિયમ અને તબલાના સૂર પણ સભળાય અને તેની વચ્ચે તાંબાની ગાગર પર વિછુઆ અથડાતા " વૈશ્ણવ જન તો તેણે રે કહીએ, સહુ જનમેજય રાય " થી માલકૌસની કમાનો આરંભ થાય, ત્યારે લોકોની ઠઠનો પાર ન રહે. જે વસ્તુ નોતરે આપાય તેના સ્વચ્છે ગ્રહણભાવ અને જયજયકાર બોલાવાય. લગ્નપ્રસંગ જેવા મંગળ પ્રસંગે ટોળી શેરીને નાકે બેસાડાય. એક ઘરે લગ્ન હોય પણ આખી શેરીમા મહાલમહાલ ખાવા પણ બેઠવો બેસે. જમવા બેઠેલી પાલમા કુતરાં ન પેસે એટલે શેરીના મુખે પાટ નખાય. યજ્ઞાદિ અને જાજનમંડળીના કાર્યક્રમમા આખી ય શેરીનો હાજો. શેરીને નાકે શેરીના નામધારકેપ નાની નાની દુકાનો હતી, તેમા નામનો અસબાબ, માત્ર વેચવાની વસ્તુનો બાકસો નહિ. ઘરગીખરી દુકાનોમાં વસ્તુને પડવા કે બનાવવાનુ કામ સતત ચાલ્યા કરતું હોય. ક્યારો વાસણ ઘડતો હોય, મોચી ચામડાં કોચતો હોય, દરજી કા તો દરજણ બખિયા મારતાં હોય કે બહેનના ગાજ કરતા હોય. આવી શેરીઓ આજે ય અસ્તિત્વ ધરાવે છે, પણ ક્વચિત્પ્રાય દશામા

શેરી બનાવી સજ્જન કહે, ઘરે આવોને
લોમીત

૧. શેરીનુ કૂતરું = બેસવા

૨ શેરીનો સિંહ ઘરમાં ઝરોપરો અને બહાર ભીખ્યુ ભિલાડી

૩. સ્ત્રી. કળિયુ.

૪. [કા.] સ્ત્રી. બહાદુરી

૫ વિ. સિંહ કે વાઘ સબંધી

શેરીકું ન. એકતાળીમ શેર વજનનું કાટલું.

શેરીકો પું. એક શેર વજનનું કાટલું; શેરિયો

શેરીબાળવું અ. ક્રિ. બગાડવું. ઘરજ્ઞ કરવું; વધુપડવુ

શેરીલોબાન પું. એક જાતનુ ઝાડનો ગુંદર, સુગંધીવાળો લોબાન તેને બાળતાં સુગંધી ધુમાડો નીકળે છે. શેરીલોબાનનાં ઝાડ હિમાલય પર્વતમાં પુષ્કળ થાય છે આ ઝાડની જુદી જુદી જાતિમાંથી જે ચીકણો રસ નીકળે છે તેને શેરીલોબાન કહે છે શેરીલોબાન મધમૂત્રોધન કરનાર છે તે યોનિદોષ, મૂઢપીડા, મસ્તકપીડા, નેત્રરોગ, કંઠરોગ, રાક્ષસપીડા, પીનસ, અજીર્ણ, દુર્ગંધ, પસીનો, કંઠ, વિષ, વાતરક્ત અને કાસનો નાશ કરનાર મનાય છે

શેરૂ સ્ત્રી સફેદ રંગની, સવા ફૂટ લાંબી, બીંડાવાળી માછલી. તે બધ દરિયામાં રહે છે અને બજારમાં પકડાય છે. ઓરાકમાં તે તાકાતવાળી હોય છે તમા કાટા મોટા હોય છે.

શેરેઆબી [કા.] પું. મગરમચ્છ.

શેરેકાલી પું. બકવાદ કરનાર માણસ

શેરેગર્દન ૧ પું. સિંહરાશિ

૨ પું. સૂર્ય

શેરેબાર પું. કલાલ, દારૂ વેચનાર માણસ.

શેરો ૧ પું. અરજી, દરતાવેજ અથવા હુકમ ઉપર ઉપરી અધિકારીએ લખેલું ટૂંકું જવાબ અથવા નિકાલ સબંધી લખાણ; ટિપ્પણ; ટૂંકો જવાબ કે હુકમ, ટૂંક લખાણ કે જવાબ

શેરો કરવો મારવો = (૧) ટૂંક લખાણ કે જવાબ લખવો; ટિપ્પણ કરવુ; ટિપ્પણ તરીકે કાંઈ લખવુ. (૨) મરકરી કરવી.

૨ પું. શેઢરો; વઢોરા તથા ભીલ મુસલમાન લોકો પરણવા જતી વખતે મોઢા આગળ મૂકવાનો બુરખો નાખે છે તે.

શેલ ૧. [સં.] જ. ક્રિ. જવુ.

૨. જ. ક્રિ. ફૂલવુ.

શેલ ૧. [અં] પું. બંદૂક અથવા તોપનો ગોળો

૨. સ્ત્રી. એક જાતની માછલી

૩ જ (વહાણવટું) ચોકો

શેલડી (શેલડી) જુઓ શેરડી

શેલડું (શેલડું) જ. કુવારના છોડનું બચાવે રહેતું રતાશ પડતું ફૂલ તેનુ અથાણું બને છે અને તે બરફ ઉપર આઇસક્રીમ બનાવાય છે.

શેલક્ક જ રબારી લોકો ઘી પીએ તે

શેલખું જ એક જાતનુ ઘાસ જેવું જંગલી ઘાસ. તેનુ અથાણું થાય છે

શેલત ૧ પું. જમીનદારનો મહેતો; તલાટી

૨. સ્ત્રી. વાઘણજોળી એ નામની એક વનસ્પતિ

શેલર પું. કુવારના છોડની અંદરથી નીકળતો લાબો ડાંડો

શેલરું જુઓ શેલડું

શેલવું ૧ અ ક્રિ ન.મતેમ આટા મારીને ફર; ફરવું; વિચરવું.

૨ અ ક્રિ તરવું.

શેલવો જુઓ શેલત.

શેલા ન (જૈન) એ નામનું ત્રીજું નર્ક.

શેલાક જી રાળને ઓગાળીને ત્રીજા કપડામા ચાળવાથી બનતો પદાર્થ.

શેલાવું અ. નોંજણ; શેલો

શેલાર ન. જોરથી ધબવું તે

શેલારસ પું. શિલારસ; એક જાતનો ઝાડના રસ તે ધૂપ અને લેપ તરીકે કામમાં આવે છે. જે ભાગ ઉપર તે ચોપડવામા આવે છે તે ભાગને ઠંડક આપે છે. જૂનું ઉધરસ, દમ, જ્વર, દાહ અને ખાલી ખરીમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

શેલારી જી કસબી રેશમનુ સુંદર શેલુ; શાલ તરીકે વાપરવાનુ સુદર ઉપવસ્ત્ર; સ્ત્રીઓનુ એક કીમતી વસ્ત્ર

શેલારા પું. હેલારો; પાણીમા પડીને આગળ ધસવા શરીરને ફેંકતાં તરાપ મારવી તે; લાબી ફાળ

શેલારો દેવો–મારવો = પાણીમાં ફાળ ભરી ભરીને તરવું.

શેલાસાડી (શેલાસાડી) જી. સ્ત્રીઓને પહેરવાનું રાતીપીળી લીટીઓવાળું ગરમ સુતરાઉ કપડું, સેલાસાડી

શેલી ૧. જી. અંત્યેષ્ટિક્રિયા બાદની ઠાઠડીમાં રાખવાનો કાનનો કાળો દોરો કે દોરડું; ફકીર લોકોની ગળામાં પહેરવાની કાનની કે સુતરની દોરી.

૨ જી. ચકમકથી દેવતા પાડવાના મુજ કે ૩ વગેરેની દોરડી

૩ જી. ભસ્મ; રાખ

શેલુ પું એ નામે એક વનસ્પતિ, ગૂંદી

શેલું ૧ ન અમુક કોમની વિધવા સ્ત્રીએ પહેરવાનો નખશ સાદા રંગનો ખાસ એક સાલ્લો

૨ ન કસબી કોર પાસવાળો બારીક સુંદર જાતનો ઓઢ, કસબી ઉપરણો; કિનારીવાળ વસ્ત્ર.

૩ ન ખારમાં વરસાદના પાણીથી નીચાણમાં પ્રસરતો બીજ જમીન ધોવાઈ જતાં થતી છીછરી નીક

૪ ન ચોઓનુ કસબી ભરતકામવાળુ એક કીમતી વસ્ત્ર

શેલેરી જી. એક જાતના વનસ્પતિ તેની રાતા અને સફેદ એમ બે જાત છે. દરેક જાતની અનેક પેટા જાત છે. તેને જેઠવાળી હવા પડે માફક આવે છે. તે વાવવાનો વખત જુલાઈથી ઓગસ્ટ સુધીનો છે. તેનો સપૂર્ણ વિકાસ થતા બસ્સો વખત લાગે છે

શેલો પુ દોઢડી વખત ઢોરના ગાળકા બે પગ બાંધવાનુ દોરડું. પગ બાંધી નાખીને બચાવ તેવો દોરડાનો ફટકો

હું વા સામ દામને નીસરી રે લાલ
ઘણુ બાંધ ને શેલો નીસરી રે લાલ.

વલ્લાજ

શેલો બાંધવો–વાળવો = ગાયના પાછલા પગે દોરડું બાંધવું.

શેલોત ૧. પું. જમીનદારોના ખાનગી વસૂલ ઉઘરાવનારો મહેતો; તલાટી, ગલત

૨. પુ. કુળગીની જાતનો એક ઝાડ તેના કદનુ અયારામ થાય છે. તે સુપ્રસિદ્ધના નામધરા નવખંડની વાડ્યાત સુધી દરીયા ઉપર વસ્તુમ છે

૩. પુ સાથ આપનાર બાતુ, નાવા

શેવ ૧ પું. ધંધો.

૨. પુ. રીતરિવાજ.

૩. પુ. લિંગ; લિંગ; પુરુષની જનનેંદ્રિય

૪. જી ઘઉંના મેદાની વણેલી એક આવાની ચીજ; સેવ.

શેવ વણવા = ઘઉંનો કણક મારીને સેવ બનાવવા

૫ જી ચણાના લોટની લાબી સળી જેવી, એક તળેલી વાની.

શેવડી જી કબેલી અથવા મંદિરમા સવાના બદલામા આપવાની રકમ

શેવગા ન. એ નામનુ એક ઝાડ તેના પાનની લગાર્ડ એકસરખી બે ફૂટ લાબ છે. તેના કુમળા પીળા ફૂલ એવા છે તેવા તે દેખાવમા સુદર હોય છે

શેવગાંઠિયા પું ચણાના વનસ્પતિ બીજના આકારે પાડેલી અને દ્રવ્ય તળેલી વનસ્પતિજન્ય અને તળેલી ખારી સેવ. ગોળ અને ત્રિકોણ આકાર

શેવટ ૧ ન. છેડો, અંત આખર, છેવટ

૨ ન. નિકાલ; નિર્ણય, ફેસલો

૩ ન. પરિણામ; ફળ.

શેવટી જી. ઘોડા ઉપર નાખવાનું વસ્ત્ર

શેવટીએ અ. છેવટે; આખરે; છેલ્લે.

શેવટે અ. છેવટે.

શેવડો જી ઓખા પાસે મળતા મોટી માછલી.

શેવડી (શેવડા) જી કોન સ્ત્રીઓનુ કોન ઘરેણું.

શેવડો શેવડા પું એક વનસ્પતિ, કાનવાળ, તાનુ પ્રાચીન નામ.

૨ પુ ગમધ્રા; જુદા અથવા જૈન ધર્મનો સાધુ એમ ન જણાવે કે જાતનો બ્રાહ્મણ શેવડો થયો એવું છે તેના ૮૪ વિભાગમાના દરેકને ગચ્છ કહે છે.

શેવણ ન. એક જાતનું ઝાડ તેના લાકડા ઉપર ચિત્રકામ કરીને કામ થઈ શકે છે તેના બીજ ખાવાના કામમા આવે છે

શેવતી જી એક જાતના વાસ વનસ્પતિ જેનું ફૂલ, તે ગુલાબથી નાનું હોય છે

શેવધિ ૧. પુ કર્મેન્દ્રો કરતાં કોઈ બાબતનો કોપનિષદમા લાભ્યું છે કે, શેવધિ અર્થાત્ બધા ફલકથી બાબતનો અભ્યાસી છે, ત્યારપછી કે, તમામાં ફલો બરાબર બતાવે છે પણ અશ્વત્થા પદાર્થોથી તે સ્થાયીપદ બાબત નથી એટલે કે કમના ફલદાતા જડચેતન કર્મકારો તે પરમાત્માનું સ્થાન ન પ્રેમ થઈ શકે.

અનિત્યે છે શેવધિ એમ ભાગ્ય
અનિત્યથી પ્રાપ્ત ન થાય નિત્ય. કઠોપનિષદ

૨. પુ. કુબેરના નવ ભંડાર; નવ પ્રકારના નિધિ કે ખજાનો

શેવન ૧. [અ.] પું અફસોસ; દિલગીરી

૨ ન એક જાતનું ઝાડ તેનુ પાન લાંબા પાન જેવું આકારવાળું પણ મોટું હોય છે ફૂલ પીળા, થાય છે. છાલ બરડી અને કાકરવાળી હોય છે છાલનો રંગ સફેદ મરાના વર્ણનો હોય છે તેનાં ફળ મીઠાં, તીખાં અને કડવા હોય છે

શેવરડી ન એક પ્રકારની વનસ્પતિનું ફળ

શેવરંજન જી એક જાતની સેપારી બાબતમાં શેવરંજન નામનું ગામ સોપારીના વેપાર માટે પ્રસિદ્ધ છે. આવી ચડી નાની જાતની સોપારી મુખ્યત્વે શેવરંજન નામથી ઓળખાય છે

શેવરંજની જુઓ શેવરંજન

શેવરી જી એક જાતનુ ઝાડ તેના પાદડા નવા ડાળ અકરા માટે સારો ખોરાક મનાય છે.

શેવલ પુ શેવાળ, લીલ

શેવલાં જુઓ સાવ

શેવલી જી. કરચલી

શેવંતી જી એક જાતનો ઝાડ તેને સુદર ફૂલ આવે છે

શેવંતીપાક પુ. એક પ્રકારની ઔષધીય બનાવટ તેમા પોળી શેવતીના ફૂલ, બીજ ઔષધિ તથા

મીમાંસા અને કલ્પસૂત્રો ઉપર નબંધ લખ્યા છે. તેમનાથી જ્યોતિષ્કર, રાત્રિકલ્પ, કોલ, નેત્રરોગ, અને મુખરોગ મોટા મનાય છે.

શેવાલક્ષ પું વધેલો, કકડા વગેરે બાકીનો ભાગ રાખવાનું ચકકાનું બટકું

શેવાલળ વિ એકસરખા દાણાવાળું.

શેવાલ જુઓ શેવાળ

શેવાલા સ્ત્રી બારમાસી નામની વનસ્પતિ.

શેવાહરું વિ શેષ, ટકી પડતું; નમતું

શેવાળ ૧. સ્ત્રી નાનો કાકડાનો અને પાણી ગરમ થતાં તેમાંથી નીકળતી બીની આછી ઊની વરાળ; બાષ્પ

૨. સ્ત્રી પાવડો

૩. [સં શૈવલ : સ્ત્રી. સીંગ, સેવાળ; પાણીમાં કૂવાઓ રહેતાં પથરિયા અને પથ્થર વગેરે ઉપર બાઝતો ચીકણો નાજુક વનસ્પતિનો થર. તે પાણી વધે ઢે ત્યાર પાણી બગડે છે; પરંતુ મોડી શેવાળથી પાણી બગડવાની ધાસ્તી નથી. નાળિયેરીનાં ઝાડના બાતર તરીકે તે વપરાય છે

શેવાળ વગરનો = હલકો થયો કે બાઝવો

૪. સ્ત્રી. શિંગની નસ

શેવાળવું ૧. સ. ક્રિ. શેવાળવાળું થવું જવું.

૨. સ. ક્રિ. ઠરવું; ઠંડું થવું.

૩ સ. ક્રિ. સહજતાપૂર્વક કામ પાર પાડવું.

શેવાળિયું ૧. વિ. આછી વરાળ નીકળતી હોય એવું; વરાળિયું

૨. વિ. શેવાળવાળું; લીલી સુંવાળી શેવાળ બાઝી હોય તેવું.

શેવી જુઓ શેવ.

શેવું ૧. સ. આકો બાસ. ઉકળા બાસને બરાળ કહે છે.

શેવું ને બરાળ જાણતો નથી = પ્રાથમિક અથવા નજીવી બાબતની પણ માહિતી નથી. ચારોતર તરફ ખેડૂતોની પાટીદારોમાં આ શબ્દ બોલાય છે.

૨. વિ. ઠાગા પડતું; સહેજ નમતું

શેશવ સ. પાકે ત્યારે બધાનું એક જાતનું ઘાસ; શેવટ

શેશવા પું. બ. વ. વધારેલા ચબુ

શેષ ૧. [સં. શિષ્ (બાકી રહેવું)]
પું. અવશેષ; બાકી વધેલું હોય તે

૨. પું. અવસાન; મોત; મરણ.

૩. પું. (પિંગળ) એ નામનો એક પ્રચલિત માત્રામેળ છંદ. તે સંધક જાતનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૧૨ લઘુ મળી ૩૮ અક્ષર હોય છે.

૪. પું (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. ગુલ્મપ્રસ્તારપ્રકાર પ્રમાણે તે ૫૮૫૬૦ છપ્પન છંદનો એક ભેદ છે. તેમાં ૨૯ ગુરુ અને ૬૮ લઘુ મળી ૧૨૩ વર્ણ હોય છે

૫. પું. (પિંગળ) એ નામનો છ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે મગણના ૬ અક્ષર હોય છે

૬. પું (પુરાણ) કદ્રુને પેટે કશ્યપથી જન્મેલા નાગમાંનો પ્રમુખ; શેષનાગ. તેને અનંત એવું નામ પણ છે તેને હજાર ફેણ છે. તે નિરંતર પાતાળમાં રહે છે. તેના એક ફેણા ક્ષીર સાગરમાં દીર્ઘ વિષ્ણુ ભગવાન પોતે પણ એક ફેણારૂપ અવતારથી તેના ઉપર દશેય અવતાર કરી રહ્યા છે. નાગ માત્રને પોતાની અંદરમાં આવે તે રૂપ ધારણ કરવાની શક્તિ હોય છે; તેમ આનામાં પણ સ્વાભાવિકી એ શક્તિ છે. તેની ફેણ ઉપર પૃથ્વીને તે ધારણ કરી રહેલ છે. તે સાત પાતાળને ટેકવી રાખે છે. જ્યારે જ્યારે તે બગાસા ખાય છે ત્યારે ત્યારે પૃથ્વી ધ્રુજે છે. દરેક કલ્પને આખરે તે પોતે અગ્નિ ઓકે છે જે આખી સૃષ્ટિનો વિનાશ કરે છે. જ્યારે દેવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે શેષનાગનો દોરડા તરીકે ઉપયોગ કર્યો હતો. તેની ફેણ મણિદ્વીપ કહેવાય છે. તેનો બહેન મણિજીત્તિ અથવા મણિમદ્રપ કહેવાય છે. પાતાળના તે અધિપતિ છે.

બે પુરઈ હીર સમુદ્ર નીરિ,
કર્યું ક્ષિત શેષ ગીમવ શરીર.
પ્રજાપતિચરિતમણી

૭. પું. નાળિયેરનો નાનો કટકો.

૮. પું. પતંજલિનું બીજું નામ

પતંજલિનું બીજું નામ શેષ કે શેષાહિ છે.
પુરાતત્ત્વ

૯. [સં. શિષ્ (બાકી રહેવું)] પુ. પરમેશ્વર; પ્રભુ. તે ઉત્પત્તિ અને પ્રલયથી શેષ અર્થાત બચી રહ્યા છે તેથી પરમાત્માનું નામ શેષ છે.

૧૦. પું. બળદેવ; શ્રીકૃષ્ણના મોટા ભાઈ.

૧૧. પું. લક્ષ્મણ; રામચંદ્રજીના નાના ભાઈ.

૧૨. પું. વાપરતાં વધેલું જે તે; બાનગી; નૈવેદ્યાન્ન.

૧૩. પું. સમાપ્તિ; અંત

૧૪. પુ. સંબંધ

૧૫. પું. દાસી

૧૬. સ્ત્રી. પ્રસાદ; દેવની પ્રસાદી.

ટોપરાની શેષ = નાળિયેર વધેરી દેવને ધરી પાછી આપવામાં આવતી નાળિયેરની કટકીઓની પ્રસાદી.

૧૭. સ્ત્રી. (ગણિત) બાદબાકીમાં બાદતાં બાકી વધેલી સંખ્યા.

૧૮. સ્ત્રી. ભેદ; તફાવત.

૧૯. વિ. વધેલું; બાકી રહેલું; બચેલું.

૨૦. સ. બ. વ. બધું; બીજું.

શેષઅક્ષ [સં.] ન બાકી રહેલ રેણુ; પદ્મ વગરનું રેણ

શેષકાલ જુઓ શેષકાળ

શેષકાળ [સં શેષ + કાલ (વખત)] પું મૃત્યુનો વખત; મરણકાળ; અંતનો સમય; જિંદગીનો બાકી રહેલો વખત; અવસાન સમય.

શેષગુંદર પુ. કદરૂ; ગદરની એક જાત; ગેલઢાના ઝાડનો ગદર. તે ખાવે કડવો અને તૂરો હોય છે કેમે ધોળો હોય છે. તેમાં ગુંદરના જેવા ગુણ છે વધરાવણ ઉપર તે ચઢાય છે. જ્વર, કફ અને વાયુ ઉપર તે ઉપયોગી મનાય છે

શેષજાતિ સ. અપકર્ષનો એક જાતનો પ્રકાર. કોઈ પણ વસ્તુની અમુક સંખ્યાનો અમુક ભાગ એક કાર્યમાં વિનિયુક્ત કર્યો, બાકી રહેલાનો અમુક ભાગ બીજા કાર્યમાં, વળી બાકી રહેલાનો અમુક ભાગ ત્રીજા કાર્યમાં વિનિયુક્ત કર્યો અને છેવટ આઠેક બાકી રહ્યા તો મૂળ સંખ્યા કેટલી ? તેમ ઉત્તરોત્તર બાકી રહેલાનો અમુક ભાગનો જુદો જુદો ઉપયોગ કરી છેવટ બાકી રહેલી સંખ્યા આપી હોય અને તે ઉપરથી મૂળ સંખ્યા શોધી કાઢવાનું જે પ્રશ્નમાં પૂછેલું હોય તેવા પ્રશ્નને શેષજાતિ કહે છે. જેમકે, એક ગોઠિયા પાસે અમુક સોનામહોર હતી. તે બજારમાં ગયો ત્યાં તેનો એક દ્વિતીયાંશ તેણે પ્રયાગમાં ધર્માદામાં વાપર્યો, બાકી રહેલાનો બે નવમાંશ કાશીમાં, બાકી રહેલાનો ચતુર્થાંશ જગન્નાથ ખર્ચનો, બાકી રહેલાનો છદ્દશાંશ ગયામાં ખરચ્યો અને બાકી રહેલી ૬૪ સોનામહોર લઈને તે ઘેર પાછો આવ્યો. તો તેની પાસે સોનામહોર કેટલી હતી ?

શેષત્વ ૧. સ. (વેદાંત) પ્રધાનરૂપ કર્મને ઉપકારી હોય એવું અંગરૂપ કર્મ

૨. [સં.] સ. બાકી વધેલું હોવું તે

૩. સ (વેદાંત) જીવને ઉદ્દેશીને પ્રવર્તિયેલા હોવાપણું તે

શેષધન = પૂજા; ભગવંત સ્વરૂપ, બાલમતા; ભગવદ્દાસ

શેષનાગ પું. મોટો સાપ. નાગનો રાજા, સાત પુરાણ પ્રમાણે જેના માથા ઉપર પૃથ્વી રહેલી છે તે મોટો સર્પ. જુઓ શેષ ૬

શેષપદ્ધતિ [સં] સ્ત્રી અન્વેષણની પાંચ માર્ગોની એક પદ્ધતિ, વ્યતિરેક પદ્ધતિ; ' મેથડ ઑફ રિજેક્શન '. કોઈ પૂર્વચર સમ્બન્ધોમાંથી અમુક કારણો બાદ કરતા અને તેના ઉત્તર સમ્બન્ધોમાંથી તે કારણોના પ્રભાવો બાદ કરતા પૂર્વચર સમ્બન્ધોમાંથી

જે શેષ રહે તે ઉત્તરોત્તર સૂર્યગમનથી રહેલ શેષવું કારણ સમજવું. આ પદ્ધતિમા અમુક કારણોનાં ફાર્યોની બાદબાકી કરવાની આવે છે. માટે જ્યાં બાદબાકી બરાબર કરી શકાય એવા દાકલામા આનો સૌથી સફળ ઉપયોગ થાય

શેષપુરી [સ.] સ્ત્રી. પાતાળમાં આવેલી એ નામની નગરી, પાતાલપુરી

શેષપ્રતિકાર [સ] પું. પરિણામે અમથા છેવટે કોઈ મદદ કે સહાય મળવી તે.

શેષફૂલ ન. સેંથી ઉપર ગૂંથવાનુ એક ઘરેણાનું ઘરેણું

શેષબલિ (સ.) સ્ત્રી. મકાન છોડીને જતી વખતે ઘરમણીને અપાતું આવું.

શેષબંધ [સં] પું. ગ્રંથ સમાપ્ત કરતી વખતનું લખાણ

શેષભાગ [સ શેષ (બાકી રહેલું) + ભાગ] પું. બાકી રહેલો ભાગ; થોડો ભાગ; શેષાંશ; અવશેષ.

શેષભોજન [સં. શેષ (બાકી રહેલું) + ભોજન (રાંધેલુ અન્ન)] ન. જમેલું બાદ તે. ઘેર અતિથિ, નોકર વગેરેને સંતોષ્યા પછી ગૃહસ્થે જે ભોજન લેવુ જોઈએ તે શેષભોજન કહેવાય છે.

શેષમૂળ ન. એક જાતનું બટ. તે જોંય ઉપર પથરાય છે. ભેતરમાથી તે મુશ્કેલીએ પણ નાશ પામતું નથી. તેનાં મૂળ ઘૂંસ હોય છે. તેના છોડવા બટીકામાં મળતાં નથી. તેનુ કાંબળું પણ મૂળ મૂકીને વધવા માડે છે. તેની ગાઠે ગાઠે મૂળ હોય છે.

શેષર ન. એક જાતનું ઘરેણું.

શેષરાજ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેને વિષ્ણુલેખા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે ભગણના ૧૦ અક્ષર હોય છે

શેષરાત્રિ [સં.] સ્ત્રી રાત્રિનો બાકીનો ભાગ.

શેષલગ્ન [સં.] ન. બાકી રહેલ લગ્નવિધિ.

શેષવત્ [સં.] ન. અનુમાનના ત્રણ માંહેનો એક પ્રકાર. જ્યાં કાર્યને જોઈને કારણની કલ્પના કરવામાં આવે તે શેષવત્ અનુમાન કહેવાય. જેમકે, નદીમાં પૂર જોઈ ઉપરના ભાગમા થયેલી વૃષ્ટિનું અનુમાન કરવું તે શેષવત્ અનુમાન કહેવાય.

શેષવત્ અનુમાન જુઓ શેષવત્.

શેષવતી ૧. સ્ત્રી. છપ્પન માંહેની એ નામની એક દિક્કુમારિકા

૨. સ્ત્રી. (જૈન) જૈનના ચોવીસના તીર્થંકર મહાવીર સ્વામીની દીકરી પ્રિયદર્શનાની એ નામની દીકરી; યશોવતી

શેષવેતન [સ ન વતનાવશેષ; પગારનો ચડેલી બાકી.

શેષશયન [સં] પું. નારાયણ. કમઠે, તે શેષનાગના ઉપર સૂવે છે

શેષશય્યા [સં.] ન. શેષનાગની પથારી

શેષશાયી ૧. [સ. શેષ (શેષનાગ) + શાયિન્ (સૂનેલું)] પું. નારાયણ; શેષનાગ ઉપર સૂતેલા વિષ્ણુ પુરાણો પ્રમાણે કલ્પાંત યુગક્ષય થાય છે ત્યારે વિશ્વનુ બધુજ જળમાં શેષનાગ ઉપર પોઢે છે. આ ઉપરથી ભગવાન શેષશાયી કહેવાય છે

૨. વિ. શેષનાગ પર સૂતેલ, શેષનાગ પર જેની શય્યા છે એવું

શેષશિલ્પ [સં.] ન. કમ્બોડિયા વગેરે સિંહપતાકાના પાડેલા ચૌદ માંહેનો એક વિભાગ. તેના રચયિતા પિંગળ ઋષિ હતા. તે શાસ્ત્ર ગ્રન્થાતર્ગત શ્લોકમાં પ્રચલિત થયુ

શેષસંગ્રહ [સં. પું પરિશિષ્ટ; પૂરવણી; પૂર્તિ

શેષસંમતિ [સં.] સ્ત્રી. નિષ્પાપ મત, 'કાન્ટિમ વોટ'.

શેષસિદ્ધાંત [સં.] પું. (ગણિત) એક જાતનો ભૂમિતિનો સિદ્ધાંત; 'રિમેઇન્ડર થિયરમ', જેમાં જો ના બાત આપેલા હોય તેથી કોઈ પણ અકરણી અભિજ્ઞ પદોને બાદ કરી બાકીનાં સારે તે પદોમાં જો ને બદલે ક્ર નો આદેશ કરવાથી શેષ આવશે. આ સિદ્ધાંતને શેષ સિદ્ધાંત કહે છે

શેષસિદ્ધિ [સ.] સ્ત્રી. બાકીના બાબની સફળતા

શેષસ્થાન [સં] ન. શેષ નામને રહેવાનો પાતાળલોક.

શેષા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેને વિષ્ણુલેખા છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે ભગણ એમ ૬ અક્ષર હોય છે.

૨ પું. શેષનાગ

> ઝટા વિષ્ણુ મહેશ, નારદ નાગ શેષા,
> તુજ એક વાસ્યેના ઉલ્લોક સર્વે પ્યારે
> — ન્હાનાલાલ

૩ સ્ત્રી. દેવને ચડાવેલાં ફૂલ વગેરેનો પ્રસાદ. આ મોટી રિદ્ધિ છે. શેષા ભરત રહી છે

શેષાધિકાર પું અવશિષ્ટ હિત; બાકી રહેલુ સ્વત્વ; અવશિષ્ટહિત સબંધ, બાકી રહેલ. સ્વ.ર્થ

શેષાપીઠ (શેષાપીઠ) પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ ૩૮નો એક ભેદ છે. તેના દરેક ચરણમા ભગણ, ભગણ, સગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

શેષાપીઠ મકાન છોડ્યા પર

રણછોડલાલ

શેષાવન ન. ગિરનારમા આવેલુ એ નામનુ જંગલ ભરતવન અને શેષાવન એ નામ રામના ભાઈ ભરત અને લક્ષ્મણના નામ ઉપરથી પડેલા છે. શેષાવન અને ભરતવનનુ જંગલ પાકુ જ રળિયામણુ છે. તે જંગલમાં ઘણા કષિમુનિઓનાં આશ્રમો છે. જંગલમા એક મંદિર છે. તેને શેષાવન કહે છે તમાં રામ લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓ છે. પાસે જ મંદિરની ઓસરીમાં હનુમાનજીની એક મૂર્તિ છે. જંગલમા ત્યાં એક ધમધોકાર ધોધવામા આવી છે તેથી યાત્રાળુઓને રાતવાસો રહેવા માટે ઘણી સુગમતા થઈ પડી છે પાણીને માટે એક મોટા કુડ બાધેલો છે સાથી મોટે છેટે જતા ભરતવન અને હનુમાનધારા નામના બીજા મંદિરો જવા આવે છે ભરતવનથી આગળ જતાં બારૂ જ ગીચ જંગલ આવે છે તથી ભરતવનથી આગળ કોઈ યાત્રાળુઓને જવા દેવામાં આવતા નથી

શેષાવતાર ૧. [સ] પું. પતંજલ મુનિ

> આ ગ્રન્થોરથી સાહિત્યની પ્રસન્નતામા મુકે શેષાવતાર ભગવાન પાતંજલિના મહાભાષ્યને તેમની પાછળ પાતાળના અંધકારમા મરી જતા ઉદ્ધારી લીધુ. ઉમાશંકર જોશી

૨. પું. બળરામ

૩. પું લક્ષ્મણ

શેષાવસ્થા [સ] સ્ત્રી. ઘડપણની છેલ્લી દશા.

શેષાંગ [સં શેષ (બાકીનુ) + અંગ (અવયવ)] પું. બાકીનો અવયવ.

શેષાત્મક [સ] વિ. નાના આતરડાના ત્રણ માંહેનો એક ભાગ. આ ભાગના ગૂચળા મુખ્યત્વે અધિજઠર પ્રદેશમા રહેલા છે તેનો નીચલો છેડો, ઉપરૂક નામના મોટા આતરડાના નાડઆંતરના ભાગ સાથે જમણા વંક્ષણોત્તરિક પ્રદેશમાં જોડાયેલો છે આ સ્થળે તેની અંધનીમા જે અર્ધચંદ્રાકારે બાઝાઓ માલમ પડે છે

શેષાંશ [સં.] પું બાબ; બાકી વધેલો ભાગ.

શેષેચ્છાલેખ પ્રમાણપત્ર [સ] ન. મૃત્યુપત્રનુ પ્રમાણપત્ર

શેસડો (શેમડો) પુ એક જાતનો ઘાસનો છોડ ને ૭ ફૂટ ઊંચો થાય છે તેનાં પાન લાંબા, સાંકડા, અણીદાર હોય છે તે તળીએ હરિયાકૃતિનાં ગોળાઈ લેતા અને બદુંબા દાંડીને અડીને હોય છે તેમાં ફૂલની ચમરી ઝિંઝિયા દાંડી અને શાખાઓને છેડે આવેલી હોય છે તેના ફૂલનો રંગ રાતો હોય છે. પાન અને ફૂલને ચોળતાં તેમાંથી મનમોહક નીકળે છે. તે ગણ્યોમા બગડ્યા વગર વધુ વર્ષ રહે છે

શેહ ૧ સ્ત્રી ઇબાઈ જવુ તે, છપાવા પડી જવી તે; છાપ; છાપ

૧ શેહ આપવી દેવી = કાયમનાં રાખવું, શેહની અસર કરવી

૨. શેહ આવવી પડવી લાગવી = (૧) છાપ પડવી (૨) દબાવું; શેહની અસર થવી

૩. શેહ ખાઈ જવુ = સાવ ડરી જવ

૪. શેહ પૂરવી = (૧) અપૂર્ણતા ટાળવી (૨) મનને સંતોષ આપવો.

૨. સ્ત્રી. પતંગના પેચ વાય ત્યારે એકદમ ઢીલી જવા દેવી તે.

શેહ છોડવી મૂકવી = પતંગની શેહ માટે દોરી જવા દેવા

૩. સ્ત્રી. પ્રતિબંધ, અટકાવ; અવરોધ.

૪. સ્ત્રી. શરમ લાગવી તે; સંકોચાઈ જવુ તે.

૫ સ્ત્રી. શેતરંજની રમતમાં સામાના રાજાને નાસવું પડે તેવી રીતે પોતાનુ મહોરું ગોઠવવુ તે.

૬. સ્ત્રી. ડરાવવુ તે; ડબાવવું તે;

શેહજોર ૧. પુ. વીરપુરુષ.

૨. વિ. બળવાન; બહાદુર

શેહજોરી ૧. સ્ત્રી જબરદસ્તી.

૨. સ્ત્રી. વીરપણું; બહાદુરી; વીરતા

શેહદા [અ. શૈદ.] વિ. આસક્ત; પ્રેમઘેલું, ચાહનાર.

શેહન ન. નવસારી પ્રાંતના જંગલમા ઊગતું એક ઝાડ.

શેહનવીબાજ સ્ત્રી. (જરથોસ્તી) એક પ્રકારની ભંડમી પ્રાચીન કાળમાં કોઈ વખત જ્યારે રાજા કે દેશ ઉપર આફત આવેલી માનવામા આવતી ત્યારે આ ભંડમી કરવામાં આવતી હવે આ ભંડમી આખે જ કરવામાં આવે છે

શેહમાત વિ. શેહથી ડબાઈ ગયેલું, શેહથી માત

શેહમાર વિ. બળવાન, બહાદુર

શેહરો પું ઘરબારનુ બીજું ઢાકવાનો ફૂલનો હાર; વરના મોઢા પર બાંધવામાં આવતો ફૂલનો મુગ્ટ.

શેહલારા પું. (બ. વ.) એક જાતનો બોડો.

હોય હારડા રચ્યા, સજ્યા શેહલારા સાતડા. નિષ્કુળાનંદ

શેહાદી ૧. સ્ત્રી ઠાપ; છાપ.

૨. સ્ત્રી લગ્ન; વિવાહ

૩. સ્ત્રી વીરતા; બહાદુરી.

શેહુ વિ. ખાની ગોડવણ કરનાર

શેહેનશાહ ૧ પુ અકબરના વખતનો સોનાનો એક ગોળ સિક્કો. તેની એક બાજુએ બાદશાહનુ નામ છે અને તેની આસપાસ પાંચ કમાનમાં અક્ષરો લખેલા છે. બીજી બાજુએ ફૂલમો અને કુરાનમાનું વચન લખેલું છે.

૨. [અ. શાહાનશાહ] પુ. મોટો રાજા; મહારાજ; ચક્રવર્તી રાજા; બાદશાહ.

શેહેનશાહી [અ. શાહનશાહી] વિ. શહેનશાહનુ; શહેનશાહને લગતું; શહેનશાહની કારકીર્દિનુ; બાદશાહી.

શેહેર [હા. શહર] ન મોટા વેપારનું અને કાયમી વસ્તીનું સ્થાન કે નગર; નગર; પુર; શહેર

શેહેરપનાહ જા પુ કોટ, કિલ્લો.

શેહેરી ૧ [અ. શહરી શહેરનુ] પુ. નાગરિક, શહેરમાં વસનાર માણસ.

૨ વિ શહેરનું; શહેર સંબંધી.

૩ વિ. સુસંસ્કૃત; સારી રીતભાતનુ; સભ્ય.

શેહેવત [અ. શહવત] ન. વિષયસુખની ઇચ્છા; હવસ.

શોળવો પું. ખોરાકમાં વપરાતું એ નામનુ દરિયાઈ પ્રાણી.

શોળાવું ન. ગાયને દોહતી વખતે પાછલા પગે બાંધવાનું નાનુ દોરડું; નોઝણું.

શોળી સ્ત્રી. જાની રીતે થતી ઉઝરણી; પડદા પાછળ રહી બીજાની સામે કોઈને ઊભો કરવાની પ્રપંચવાળી યુક્તિ.

શોળું ૧. ન નોઝણું; ગાયને દોહતાં પગે બાંધવાનુ દોરડું

૨. ન. પાણીનો નાનો ઝરો

શોળો ૧. પું. આખે શરીર કાંટાવાળુ એક નાનું પ્રાણી; શરીર અણીદાર જાળી ગણીઓવાળુ, સ્વસંરક્ષણ માટે ગોળાકાર બની જતું, મોટા કાન, ખોળી હાડપગી અને ભૂખરા રંગના પેટ અને પગવાળું, જંતુઓ ઉપર જીવતું ચોપગું પ્રાણી. તે સાપને પણ મારી ખાય એવુ જાનવર છે.

૨ પુ શાંત સ્વભાવનો વિવેકી માણસ

શોં અ. શા માટે, કેમ; કયા કારણ, શા કારણે; સાથી તે પ્રશ્ન પૂછવામાં વપરાય છે.

શોંકડો (સોંકડો) જુઓ સોંકડો.

શોંકી સ્ત્રી. ઢોરને મોરે બાંધવાની જણી, મોંસાંધણ.

શોંગટ પું એક જાતનુ ઝાડ; સરગવો

શોંગડી (સોંગડી) સ્ત્રી. નાનુ શીંગડું, શીંગડી.

સોને મઢાવું લારી શોંગડી રૂપે મઢાવું તારી ખરીઓ. લોકગીત

શોંગવો પું. સરગવો; એક જાતનુ ઝાડ

શોંઢલું ન ચાવી ભાગી ગયા પછી રહેલો નીચેનો વાસની ચીપોવાળો ભાગ

શોંઢલો ૧. પું. કોટા, ઘાસ વગેરે ઊંચકવાનુ બે પાંખાવાળુ સાધન; સેંતલો; છેટલો.

૨. પું. રાકું, સાહો.

શોંઠ સ્ત્રી. નક્કી કરવું તે; નિશ્ચય.

શોંઠ દેવી = રકમ અને વખત નક્કી કરવાં.

શોંડી (સોંડી) [સં. શિખણ્ડિકા] સ્ત્રી. માથાના વાળની લટ.

શોંદરી [અ.] વિ સિંદૂરના રંગનું.

શોંદરીકલંદી સ્ત્રી. એક જાતનો ન.રમ.સી છોડ; મોગી

શોંબલ ન. એક જાતનુ ઝાડ; શોમળો.

શોંબેલ સ્ત્રી. ઉપરસાણનો બેલો

શોંબારોગ પું. ઢોરના નાકમાંથી બીટ પડવાનો રોગ તેના ઉપર ઢોરને બોળી કુગળીના કાંઠા અને ગોળ સવારે ખવરાવવા.

શૌ ૧. પું અનાજ માપવાનું એક જાતનું માપ.

૨ [અ.] સ્ત્રી. વસ્તુ.

શૌક્ષ ૧ પું (બૌદ્ધ) અર્હત્ પદ પ્રાપ્ત ન થયું હોય એવો આર્ય.

આર્ય અર્હત્ પદ પ્રાપ્ત કરે ત્યા સુધી શૈક્ષ કહેવાય છે. અર્હત્ પદ પ્રાપ્ત થયા પછી તેને શિક્ષાની જરૂર રહેતી નથી. સુત્તનિપાત

૨. [સં.] પું. શિક્ષણ મેળવવાને પાત્ર માણસ.

૩. પુ શિક્ષાના ગ્રંથનો અભ્યાસ કરનાર માણસ.

૪ વિ. શિક્ષણને યોગ્ય; શિખાઉ

શૌક્ષણિક વિ. શિક્ષણને લગતું; શિક્ષણ સંબંધી.

શૌક્ષ્ય ન. શિક્ષણ.

શૌખ પુ. વાત જાતિના બાહલ્યથી વાત જાતિની પ્રકૃતિવાળી કન્યામા ઉત્પન્ન થતો પુત્ર.

શૌખરિક [સ] પુ. બપેડો; વિડંગ, એ નામની એક વનસ્પતિ

શૌખરેય જુઓ શૌખરિક

શૈબ્યાવત્ય પુ (પુરાણ) ભીમ અને સાલ્વ વચ્ચેની કોઈ એ સરયૂ નદિ તેથી પાછા આવતાં અંબાએ જેના આશ્રમમા રહી તપ કર્યું હતુ તે ઋષિ

શૈત્ય ન ઉતાવળ; વેગ; ઝડપ

શૈત્ય ૧. [સ.] ન મજરામણ; નજરાણ
૨ ન ઠંઢ; શીત, ઠંડી
૩ ન ગરદીનો રોગ, સન્નિપાત
૪. ન શીતળતા, ઠંડક.

શૈત્યક ૧ પુ એક જાતનો રોગ. તેની અસરથી હોઠનો ગઠ્ઠો અથાર્ક જાય છે
૨ વિ. રેસા.દાર; રેસાવાળુ.

શૈત્યકર પુ. લોહીમાં અને પ્રાણીના બીજા રસમાં રહેલું. એક જાતનો સફેદવાળો પદાર્થ. તે શૈત્યક નામનો રોગ ઉત્પન્ન કરે છે અને લોહીને પાકુ રૂપ આપે છે

શૈત્યમાપક [સ.] ન. ઠંડી માપવાનું યંત્ર.

શૈત્યોત્પાદક [સં. શીત (ઠંડક) + ઉત્પાદક] વિ. શાંતિ ઉત્પન્ન કરે એવુ

શૈત્યોષ્ણા [સ.] સ્ત્રી. ઠંડી અને ગરમી.

શૈથિલ્ય ૧. [સં.] ન. નબળાઈ; કમજોરી
૨. ન. બીકણપણું, કાયરતા.
૩. ન. શિથિલતા; નરમાશ; ઢીલાપણું; ઠંડાપણું; મંદતા; ઢીલાશ.

શૈદ્ધ ૧. [સં.] વિ. પ્રેમી; ચાહનાર; રાગદા; આસક્ત.
૨. વિ મસ્ત; ગાંડુ

શૈનેય [સં] પું (પુરાણ) શિબિ રાજાનો પૌત્ર; સત્યકનો પુત્ર; સાત્યકી; યુયુધાન.

શૈબ્ય ૧. પુ. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં વપરાયેલ એ નામનો યોદ્ધો. સુપ્રસિદ્ધ શિબિરાજાના કુળમાં તે ઉત્પન્ન થયો હતો.
૨ પું. (પુરાણ) ઇષ્વાકુવંશ નામનો રાજપુત્ર તેને ત્રાર્ષિ સાથે સવાદ થયો હતો.
૩. પુ. શ્રીકૃષ્ણના રથના મુખ્ય ચાર ઘોડા પૈકીના એક ઘોડાનુ નામ.
૪. ન. એક જાતનુ સિંગમાં થતું દ્વિદલ અનાજ.
૫. વિ કઠોળ જાતિનું; દ્વિદલ; સિંગમા થનારુ.

શૈબ્યા ૧ સ્ત્રી (પુરાણ) જ્યામઘ રાજાની સ્ત્રી અને વિદર્ભ રાજાની માતા.
૨ સ્ત્રી (પુરાણ) ધૃતસેન રાજાની સ્ત્રી; સત્યવ્રતની માતા.
૩. સ્ત્રી. (પુરાણ) શિબિ દેશના રાજાની કન્યા
૪ સ્ત્રી (પુરાણ) શ્રીકૃષ્ણની પત્ની મિત્રવિંદા
૫. સ્ત્રી સમર રાજાની એ નામની રાણી
૬ સ્ત્રી હરિશ્ચંદ્રની પત્ની; તારામતી.

શૈલ્યાસન ન. કઠોણ; સિંગમા બનાવ પાત્ર.

શૈરબીન પું. પાસાવાળો ચરીકો; પહેરેદાર દર્બન્ધ.

શૈરીષક પું. (પુરાણ) નકુલ જ્યાં દિગ્વિજય કરવા ગયો હતો તે દેશ.

શૈલ ૧ [સ.] પું પાષક; પત્થર
૨. પુ. પર્વત; પહાડ; ગિરિ
અગ નગ ભૂધર ભૂધરો ગિરિયો ગુની હોઈ,
શૈલ શિલોચ્ચય ધાત્ર ક્ષિતિ અચલ અદ્રિને જોઈ.
પિંગલપ્રકોષ
૩. પું (પિંગળ) આઠ અક્ષરનો એ નામનો એક અક્ષરમેળ છંદ, સગણ. તેના દરેક ચરણમા ત્રણ યગણ અંતે જગણ એમ આઠ અક્ષર હોય છે. તમા છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે
૪. પુ. શિવના હજાર માહેનુ એક નામ
૫. પું. સાતની સંખ્યાવાચક સાકેતિક શબ્દ.
૬. ન. એક પ્રકારનુ મજબૂત; શિલાજિત, લક્ષપર્વતીલ
૭. ન પત્થર સમજી.

શૈલક [સં.] ન. અંધારને મળતુ આવતુ અધાતુક તત્ત્વ; ચારકક. તે બીજા દ્રવ્યના પદાર્થોમાં ઓછેવત્તા મળેલુ રહે છે. તેનુ પરમાણુક વજન ૨૮ છે

શૈલકટક [સ.] ન. પર્વતની ફરાડ

શૈલકન્દ [સં.] પું. ગિરિકન્દ; પત્થર.

શૈલકન્યા [સં] સ્ત્રી. પાર્વતી; ઉમા; ગિરિસુતા; હિમાલયની પુત્રી.

શૈલકિત ન. સોનુ, પ્રાણવાયુ અને કોઈ પણ તત્ત્વ એ ત્રણના સયોગથી ઉત્પન્ન થયેલું લવણ.

શૈલકુમારી જુઓ શૈલકન્યા.

શૈલગિરિ [સં.] પું. એ નામનો એક પર્વત. તે રાજગિરિથી અગ્નિકોણમાં આઠી માઈલ ઉપર આવેલ છે. તે રત્નગિરિ પર્વતનો ફાટો છે

શૈલજ ૧. [સં.] ન. એક પ્રકારનુ મજબૂત; શિલાજિત.
૨. વિ. પત્થરમાથી ઉત્પન્ન થનાર.

શૈલજા ૧. સ્ત્રી. ગજપીપર
૨. [સં] સ્ત્રી. પાર્વતી; દુર્ગા

શૈલજાવર [સં.] પું પાર્વતીજીના પતિ શકર ભગવાન

શૈલતનયા જુઓ શૈલકન્યા.

શૈલદીપ [સં.] પું. પત્થરનુ ફાનસ

શૈલધર [સં.] પું. શ્રીકૃષ્ણ. તેણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો

શૈલધાતુજ [સં.] ન. શિલાજિત.

શૈલધારી [સ] વિ ગિરિધારી; પર્વતને ધારણ કરનાર

શૈલન [સ] ન શિલાજિત

શૈલનાથ [સ] પુ હિમાલય પર્વત.

શૈલપત્ર ન બીલીનુ ઝાડ

શૈલપતિ જુઓ શૈલનાથ

શૈલપુત્ર [સ] પું. મૈનાક પર્વત

શૈલપુત્રી જુઓ શૈલકન્યા

શૈલપ્રાવ્રિલ્લ ન. રેતી

શૈલભૂ જુઓ શૈલકન્યા

શૈલરસ પું ગાવા

શૈલરાજ [સ] પુ. હિમાલય પર્વત

શૈલશિખા પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, રગણ, નગણ, એ ભગણ અને ગુરુ મળી સોળ વર્ણ આવે છે.

શૈલશાયિન [સ.] પું. સમુદ્ર; સાગર.

શૈલશિલા [સં] સ્ત્રી પત્થરની શિલા

શૈલશૃંગ [સ] ન. પર્વતનું શિખર; પર્વતની ટોચ

શૈલસુત જુઓ શૈલપુત્ર.

શૈલસુતા ૧. [સ] સ્ત્રી. પાર્વતી.
૨. સ્ત્રી. માલકાકણી

શૈલસુતાસુત [સં.] પું. ગણપતિ; ગજાનન; ગણેશ.

શૈલા [સં.] સ્ત્રી. સાત માંહેના નીચા નરકનું નામ
એ સાતે નરકના નામ ક્રમપૂર્વક ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘવ્યા અને માઘવી છે.
તત્ત્વાર્થસૂત્ર
શૈલાગ્ય ન. શિલાજિત

શૈલાગ્ર [સ.] ન. પહાડનું શિખર

શૈલાઘાત [સ] પું. પત્થર ભટકાવો કે વાગવો તે

શૈલાટ ૧ [સં.] પું. દેવનો પૂજારી.
૨. પું. ખોળો કાચ.
૩. પું. પહાડી માણસ; ભીલ
૪ પું ગિરિ.

શૈલાટી ૧. સ્ત્રી ભીલડી; ભીલની સ્ત્રી.
૨. સ્ત્રી ગિરિકણ

શૈલાત્મજ [સ.] પું મૈનાક પર્વત

શૈલાત્મજા ૧. [સ] સ્ત્રી ગગા
૨ સ્ત્રી પાર્વતી; ઉમા

શૈલાધીશ [સ] પુ હિમાલય પર્વત.

શૈલાલિન પુ નટસૂત્રના કર્તા શિલાલિનનો અનુયાયી, શિલાલિએ કરેલા નટસૂત્રને અનુસરનારા ભિક્ષુ

શિલાલિએ કરેલ નટસૂત્રને અનુસરનાર ભિક્ષુસંઘ. શૈલાલિન કહેવાય છે. ઇ તત્ત્વ

શૈલિન ૧ પુ (પુરાણ) શિલિન ઋષિનો પુત્ર, ગિરિયા ઋષિ

૨ ન અંબાર અને ઉકેરવાનાં વાસણ બનાવનાર મિશ્રણથી બનતો પદાર્થ; 'પોરેલિન' તેના બણવાથી બારણી અને પ્રકાશવાનાં વાસણ ઉત્પન્ન થાય છે

શૈલી ૧ સ્ત્રી રીત; ઢબ, પદ્ધતિ; તરાહ; ઢાટ, પ્રકાર

૨ સ્ત્રી લખવાની રીત શૈલી એટલે લેખનશૈલી કે લેખનપદ્ધતિ મનુષ્યના મનમાં જે વિચારો, ભાવો, લાગણીઓ, કલ્પના, ભાષા વગરે ઉદ્ભવે છે તે ભાષા દ્વારા દર્શાવવાની શૈલી, રીત, ઢબ, પદ્ધતિ, તે ભાષાશૈલી. વિચારો, ભાવો, કલ્પનાદિ જેમ ભાષા વડે દર્શાવી શકાય છે, તેમ લેખન વડે પણ દર્શાવી શકાય છે લેખન દ્વારા મનુષ્યના મનમાં ઉત્પન્ન થતા વિચારાદિ દર્શાવવાની શૈલી તે લેખનશૈલી આમ શૈલી શબ્દથી ભાષાશૈલી કે લેખનશૈલી સૂચિત છે.

શૈલીકોશ [સં] પુ. લેખન પદ્ધતિમાં તફાવત

શૈલી વૈવિધ્ય [સં.] ન. લેખનશૈલી જુદી જુદી હોવાપણું.

શૈલીસામ્ય [સં.] ન. લખવાની રીત સરખી હોવી તે.

શૈલૂષ ૧. [સં] પુ. (પુરાણ) કુબેરની સભામાંનો એ નામનો એક ગંધર્વ

૨. પું. ગવૈયો

૩. પું. ડગ; ધૂતારો

૪. પું. નટ; નાચ કરનાર માણસ

૫ પું ખીલીનું ઝાડ.

સુરગિ સૈલૂષ સરાફલ વાલ બિલ્વ માહર. બે બીકરા તુજ કુંજ સભા અતિ કંઠર સ્વપુર. પિંગળપ્રબોધ

૬ પું (પુરાણ) વિભીષણની સ્ત્રી સરમાનો પિતા. તે ઋષભ પર્વત ઉપર રહેતો હતો.

શૈલૂષી સ્ત્રી. નટી; નાચ કરનારી સ્ત્રી.

શૈલેય [સં.] ન. શિલાજિત.

શૈલેયક જુઓ શૈલેય.

શૈલેયી ૧. સ્ત્રી. પાર્વતી.

૨. સ્ત્રી ભમરી.

૩. સ્ત્રી. સિંદૂર

શૈલેશ જુઓ શૈલેટ

શૈલેશરાજ [સ] પું. મેનાક પર્વત.

શૈલેશાજા જુઓ શૈલેન્દ્ર.

શૈલેશાનૂના જુઓ શૈલજા.

શૈલેશી ૧. સ્ત્રી એ પ્રકારની અવસ્થા; પર્વતની જેમ આત્મ અડોલતાની સ્થિતિ જૈન દર્શનમા અયોગિ સ્થિતિ નિષ્કર્મા યોગીશ્વરની થાય છે. આવી ઉચ્ચ દશા પામ્યા પછી તુરતજ તે આત્મસિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

૨ સ્ત્રી. ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ

૩. વિ પર્વત જેવું અડગ; મેરુ જેવું નિશ્ચળ

શૈલેશીકરણ (સં.] ન. (જૈન) મેરુ પર્વતના જેવી નિશ્ચળ અવસ્થા પ્રાપ્ત કરવી તે

શૈલેન્દ્ર ૧ [સં] પું મોટો પહાડ

૨ પું હિમાલય પર્વત

શૈલેન્દ્રજ [સ] પુ મેનાક પર્વત

શૈલેન્દ્રજા ૧ [સ] સ્ત્રી પાર્વતી.

૨ સ્ત્રી ૫.વૈતી.

શૈલેયપત્ર [સ] ન. ભોજપત્રનું ઝાડ.

શૈલોદ પુ (પુરાણ) શુક્લવાન પર્વતની તળેટીમાં આવેલું એ નામનું સરોવર.

શૈલોદકા સ્ત્રી (પુરાણ) શૈલોદ સરોવરમાંથી નીકળતી એ નામની નદી.

શૈલોદા જુઓ શૈલોદકા.

શૈલ્ય ૧. પું. સ્વભાવ; ગુણ; વલણ

૨. પું. હથિયાર

૩. વિ. પથ્થર જેવું કાણું

શૈલ્યા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી.

શૈવ ૧. [સં.] પું. દસમી શતાબ્દીમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામનો એક ધર્મ.

૨ પું. નૈયાયિક; ન્યાય શાસ્ત્રમાં માનનાર પંડિત.

પહેલે ગણે નૈયાયિકો શૈવ કહેવાય છે અને વૈશેષિકો પાશુપત કહેવાય છે. ન્યાયકોશ

૩. પું. પાશુપત તંત્ર વગેરે આગમ ગ્રંથમાં કહેલી દીક્ષાવાળો માણસ.

૪. પુ. શિવની ઉપાસના કરનાર માણસ; શિવભક્ત.

૫. ન. આર્દ્રા નક્ષત્ર.

૬. ન. કપાળુ

૭. ન. કૈલાસ.

૮. વિ. શિવ કે શંકર સંબંધી.

શૈવકાંચીલિંગભેદસંગ્રહનોંધ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

શૈવતંત્ર [સ] ન એ નામનુ એક પુસ્તક.

શૈવધર્મ પું. શંકરની ઉપાસનાનો એ નામનો એક ધર્મ

ઈશ્વરની મત્સ્યકર અને પ્રલયકર એ બે શક્તિની ભાવનામાંથી પૌષ્ણધર્મ અને શૈવધર્મ પ્રકટ થયા. પુરાતત્ત્વ

શૈવપંથ જુઓ શૈવધર્મ.

શૈવમત જુઓ શૈવધર્મ

શૈવલ ૧. [સં.] પુ. (પુરાણ) દક્ષિણ સમુદ્રની દક્ષિણ સીમારૂપ એ નામનો પર્વત.

૨ ન પદ્મકાષ્ટ નામની ઔષધિ

૩ ન. લીલ, શેવાળ

શૈવલક વિ શેવાળ જેવું

શૈવલવિદ્યા [સ.] સ્ત્રી લીલવિદ્યા. શેવાળ સબંધી શાસ્ત્ર

શૈવલવેત્તા પુ શેવાળ વિષે જ્ઞાન હોય તેવો માણસ

શૈવલિની [સ.] સ્ત્રી શેવાળવાળી નદી

શૈવલિની સ્રોતસ્વિની દીપવતી જલમાલ, નદી નહિ આવે બરટમા રોગ અકર કે બાલ પિંગળપ્રબોધ

શૈવશાસ્ત્ર [સં.] ન શૈવધર્મ સંબંધી પુસ્તક.

શૈવસંપ્રદાય જુઓ શૈવધર્મ.

શૈવાગમ [સં.] પું. શિવધર્મનાં સાયુજ્ય, સામિપ્ય, સાલોક્ય મુક્તિ વગેરેનુ રહસ્ય સમજાવવા રૂપે રચેલા પુસ્તક. તેનાં નામ નીચે પ્રમાણે છે :— કામિજ, યોગજ, ચિંત્ય, કારણ, અજિત, દીપ્ત, સૂક્ષ્મ, સહસ્ર, અંશુમાન, સુપ્રભેદ, વિજય, નિશ્વાસ, સ્વાયંભુવ, અનલ, વીર, રૌરવ, મુકુટ, વિમલ, ચંદ્રજ્ઞાન, બિંબ, લલિત, પારમેશ્વર, કિરણ અને વાતુલ.

શૈવાલ ૧. પું. એક જાતનો સારો હીરો.

૨. પું. ઘોડો.

૩ પુ શેવાળ.

શૈવાલ પટલ પું લીલનો પડદો

શૈવી વિ. શંકરનું; શિવ સબંધી.

શૌક્ય ૧. પું જુદાનુ એક નામ.

૨. [સં] પું શ્રીકૃષ્ણનો એ નામનો એક ઘોડો.

૩. પું. સુગ્રીવ; રામનો અનુચર.

શૌચ [સં.] ન. (જૂ. ગુ.) અપવિત્રપણું; નાનપણું; બાળપણું; બાલ્યાવસ્થા

શૌચ વય અંગી ધિરિ ધીત, ધ્યિ ભમિ નહીં શુભ દેવ.

શૈશવકાળ જુઓ શૈશવ.

શૈશવક્રીડા (શૈશવક્રીડ) [સ.] સ્ત્રી. બાળરીડા; નાનપણની રમત.

શૈશવયૌવના [સં] સ્ત્રી. મુગ્ધા નાયિકાનો એક ભેદ

> જે મુગ્ધાના શરીરમાં શૈશવ અને યૌવન અલોપ્યપણે રહેલું હોય તેને **શૈશવયૌવના** કહે છે. કુન્દનિકા

શૈશવાવસ્થા જુઓ શૈશવ.

શૈશિર ૧ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. પું. કાળો ચકલો.

૩. વિ. શિશિર ઋતુમાં થનારું.

શૈશિરી સ્ત્રી. કાળી ચકલી.

શૈશુપાલી સ્ત્રી. (પુરાણ) શિશુપાલની નગરી ચેદિમતિ

શૈષ પું. શિશિર ઋતુ

શો ૧. [અં.] પું. દેખાવ.

૨. પું. પ્રદર્શન.

૩. અ. (વ્યાકરણ) કર્મ જાતનો; જેવો. તે પ્રશ્ન પૂછવામાં વપરાય છે.

૪. અ. જાણે; રખે.

૫. અ. જેવો; સરખો.

૬. અ. (વ્યાકરણ) શું; કયો. તે પ્રશ્ન પૂછવામાં વપરાય છે.

શોક ૧. પુ. અગ્નિના અગિયાર માંહેનો એક પ્રકાર.

૨. પું. (જૈન) અઢાર માંહેનું એક દૂષણ. અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, વિરતિ, અવિરતિ, ભય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ઉપભોગાંતરાય, હાસ, હાસ્ય, રતિ અને અરતિ એ અઢાર દૂષણ છે.

૩. [અં.] પું. આંચકો

૪. પું. ક્લેશ; બળાપો; સંતાપ.

૫. પું. નાઉમેદી; નિરુત્સાહ; અવહારથી ખિન્ન રહેવું તે; દુઃખવાળી લાગણીથી કરેલો સુખાભાવ; પ્રિય જન કે પ્રિય વસ્તુના નાશથી ઊપજતી નાસીપાસી, ખેદ; દિલગીરી

૬. પું પ્રિય વસ્તુના વિયોગનું અનુચિંતન કરવું તે; વિયોગવાળી વસ્તુને વારંવાર સંભાર્યા કરવી તે.

> પામર પરમ સુખ ન મૂકઈ સતં, સહી અતુ-શોક.
> સંતોષી નઈ સદા સુખાકું મનિ ન ધરિસ્યુ શોક.
> સીતાહરણ

શોક કરવો–ધરવો = ખેદ પામવો.

૭. પું. મરણ પછી શોક વ્યક્ત કરવાનો જોકારો.

૧. શોક પાળવો = મરણ પાછળ શોકનો સોકારો પાળવો. જેમકે, ઉત્સવ પ્રસંગમાં એમ ને એમ અહાર ન નીકળાય, કાળું વસ્ત્ર પહેરવું વગેરે

૨. શોક મૂકવો = મરણ પાછળ શોકનો જે સોકારો પાળવા બોધ તે મૂકી, સાધુ વ્યવહાર શરૂ કરવો.

૮. પું. રુદન; વિલાપ; આક્રંદ

૯. [ગ્રા. શોક] પુ. શોખ.

૧૦. પું. સ્થાયી ભાવના નવ માંહેનો એક ભેદ આ રસથી ભાવો રસ કહેવાય છે. એટલે કે રતિ રસથી ભાવ શૃંગાર રસ, હાસ હાસ્ય રસ, શોક કરુણ, ક્રોધ રૌદ્ર, ઉત્સાહ વીર, ભય ભયાનક, જુગુપ્સા બિભત્સ અને વિસ્મય અદ્‌ભુત રસ કહેવાય છે.

૧૧. સ્ત્રી. સોક્ય; પોતાના પતિની બીજી સ્ત્રી.

શોકકર્તુ વિ. શોક કરાવનાર; શોક મુકાવી દેનાર.

શોકકર્મખો જુઓ શોકકાપડું.

શોકકાપડું (શોકકાપડ) ન. શોક બતાવનારું કાપડું; શોક બતાવનારો ક્રમખો; શોક ઓઢણી; શોક બતાવવા પહેરાતું કાળી જાતવાળું કે કાળા મતલબિયાનું કપડું.

શોકકારક વિ. ખેદકારક; દિલગીરી ઉપજાવે તેવું; શોક ઉત્પન્ન કરનાર.

શોકકારી જુઓ શોકકારક.

શોકકાંચળી જુઓ શોકકાપડું.

શોકક્રિયા [સં.] સ્ત્રી. શોકરૂપી ક્રિયા; શોકવિધિ; શોક દર્શાવનારી રીત.

શોકક્ષોભ [સં.] પું. દિલગીરીને લીધે થતી દુઃખની લાગણી.

શોકગાન [સં.] ન. શોક દર્શાવનારું ગીત; જેમાં હાય હાય, વોય વોય આવે તેવું ગાયન; મરસિયા; રાજિયા; જાજિયા

શોકગીત જુઓ શોકગાન.

શોકગીતા [સં.] સ્ત્રી. કોઈના પ્રત્યેની દિલગીરી બતાવવા લખેલું પદ્યાત્મક લખાણ

શોકગૃહ [સં.] ન. શોક બતાવનારું ઘર; શોકાગાર.

શોકગ્રસ્ત [સં.] વિ. શોકમાં ડૂબેલું; શોકાતુર; દિલગીર

શોકઘાલુ વિ. શોકનો ખોટો આડંબર રાખનાર; બધાં સ્થાં શોક કરાવનારું; શોક બતાવવું ખોટું હોળી.

શોકચિત્ત [સં.] વિ. દિલગીર; શોકાતુર.

શોકચ્છાયા [સં.] સ્ત્રી. શોકનું આવરણ.

શોકજનક [સ.] વિ શોકકારક; દિલગીરી ઉપજાવે તેવું; ખેદજનક.

શોકજલ [સં.] ન. શોકથી ઉત્પન્ન થયેલા આંસુ તે જેનાં હોય છે.

શોકજ્વર [સં.] પું. શોકની તાવ

શોકડો (શોકડો) પુ બીજો પતિ

શોકત્યાગ [સ] પું. શોક છોડવો તે; શોક મૂકવો તે.

શોકદગ્ધ [સં] વિ શોકથી દાઝેલું; ખેદથી દુઃખી થતું, દિલગીરીથી બળાર્ત થયેલું.

શોકદર્શન [સ.] ન શોકનું દેખાવું તે; શોક બતાવ તે

શોકનાટક [સં.] ન. દુઃખપરિણામ નાટક; કરુણરસ નાટક; ' ટ્રેજેડી '.

શોકનાથ પું. આસોપાલવનું ઝાડ.

શોકનાશ [સ.] પું. દિલગીરી દૂર થયી તે.

શોકનારાન ૧. [સ.] પું. વિષ્ણુ

૨ પું. શિવના દસ્તર માંહેનું એક નામ

શોકનિમગ્ન [સં.] વિ. શોકમાં ડૂબેલું; દિલગીર.

શોકનિવૃત્તિ જુઓ શોકનાશ.

શોકપત્નીવ્રત ન. પોતાના પત્નીની પહેલાં પરલોકવાસ થયા પછી બીજી પરણતી વખતે બીજી વખતની સ્ત્રી પોતાની ઉંમરમાં શોકના નામનું રૂપાનું કે સોનાનું પગલાવાળું ગોળ પતરું પહેરે છે તે; મરેલી શોક નડે નહિ એમ માની ગળામાં પહેરાતું માદળિયું કે પરેણું.

શોકપર્યવસાયી [સં શોકપર્યવસાયિન્] વિ. જેનો અંત શોકમય છે તેવું; કરુણ રસપૂર્ણ; ' ટ્રેજિક્સ '.

શોકપૂર્ણ [સં.] વિ. દિલગીરી ભરેલું

શોકપ્રદ [સ.] વિ. દિલગીરી ઉપજાવે તેવું; શોક ઉત્પન્ન કરનાર.

શોકફેલ જુઓ શોકલટ

શોકભાર [સં.] પું. ખેદને લીધે હૈયામાં ગમગીની થયી તે.

શોકમહોદધિ જુઓ શોકપ્રવાહ

શોકમિશ્રિત [સં.] વિ. શોક સાથે ભળેલું.

શોકમોક્ષ [સ.] પુ. શોકમાથી મુક્ત થયું ૧; દિલગીરી દૂર થયી તે

શોકમોહનીય [સં.] ન. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી ઇષ્ટ વસ્તુના વિયોગ થતાં જીવ રુદન, ખેદ વગેરે કરે છે.

શોકમ્લાન [સ] વિ. શોકને લીધે ઝાંખી પડેલું.

શોકલટ જી. જીને કપાળે આગળ પહતી આવતી વાળની લટ એ જેને દોષ તેને શોક ન આપે, કે એ પતિ પહેલાં ગુજરી જાય, એવી માન્યતા છે

શોકલડી (શોક્લડી) જી. શોક; પોતાના પતિની બીજી સ્ત્રી; સપત્ની

શોકવિધિ [સં.] પું. શોકની ક્રિયા; શોકની શાસ્ત્રોક્ત રીત

શોકવિહ્વલ [સ] વિ શોકાર્ત; દુઃખને લઈ બ્યગ્ર બનેલું

શોકવું સ. ક્રિ ઘુપાવવું, ખાનું રાખવું

શોકવીલું વિ. શોકમાં વિકળ બનાર; શોકને લઈને ઢીલું બનાર

શોકવૃષ્ટિ [સં] સ્ત્રી. દુઃખનો વરસાદ; દુઃખોની પરંપરા

શોકવ્યથા [સં.] સ્ત્રી. શોક રૂપી દુઃખ

શોકશમન [સ] ન દિલગીરી દૂર થવી તે

શોકશીલ [સ] વિ. દિલગીર થવાના સ્વભાવવાળુ

શોકશીલતા [સ] સ્ત્રી શોક પામવાનો સ્વભાવ

શોકશૂલ [સ] ન. શોકનું દુઃખ, શોકથી પીડાવું તે

શોકશૃંગાર [સ.] પું. શોક પાળવાની રીતિ અને પહેરવેશ

શોકસંયુક્ત [સં.] વિ ખેદભર્યું, બહુ દુઃખિયું.

શોકસંવિગ્ન જુઓ શોકસયુક્ત.

શોકસીઝણ વિ. શોકમાં ધીરે ધીરે ઝાખરાં; શોકમાં ખપી રહેલું

શોકસીઝું જુઓ શોકસીઝણ.

શોકસૂચક [સ.] વિ શોક દર્શાવનાર

શોકહારી વિ શોક દૂર કરનાર.

શોકાકુલિત વિ શોકથી આકુળ બનેલું.

શોકાગાર [સ] ન શોક બતાવનાર ઘર

શોકાકંદ [સ] ન. શોકભર્યું ક્રન્દન

શોકાકુલ વિ શોકથી ગ્રસ્ત; શોકાવિષ્ટ; ઉદાસ; શોકવાળું શોકગ્રસ્ત. આકુળ વ્યાકુળ બનેલું

શોકાગ્નિ [સ.] પું. શોકરૂપી અગ્નિ

શોકાતુર વિ. શોકાતુર; દિલગીર.

શોકાજ્ઞા [સ.] પુ. શોક બતાવવા માટેનો હુકમ.

શોકાતિસાર [સં.] પું. (વૈદક) અતિસારના ૭ માંહેનો એક પ્રકાર. શોક પેટના અગ્નિને મદ કરે છે તથા શરીરની બહારનું તેજ પેટમાં જઈને સ્થિર બનાવે છે તેથી ગ્રાહ્ય સાથે લોહી બળ છે. આ અતિસારનો રોગ દૂર થવાથી નાશ થાય છે.

શોકાતુર [સં] વિ શોકમાં ગરકાવ; દિલગીરીમાં ડૂબેલું; શોકમગ્ન; ચિંતામગ્ન, શોકથી પીડિત.

શોકાતુર અપરાધી સ્થિરતા ઊપજ્યા વેગા પીર. ધુમ લેવા અંજલીઈ ભરી ઊઠે આબ્યુ નીર. આલા

શોકાનલ જુઓ શોકાગ્નિ.

શોકાન્વિત જુઓ શોકાતુર.

શોકાપહર્તા [સં] વિ. શોક દૂર કરે તેવું.

શોકાપહા જુઓ શોકાપહર્તા.

શોકાપહારક જુઓ શોકાપહર્તા.

શોકાબ્ધિ [સં.] પું. શોકરૂપી સાગર.

શોકારિ [સ.] ન. કલ્પનું ઝાડ

શોકાર્ણવ [સ.] પું. શોકરૂપી સમુદ્ર

શોકાર્ત [સ] વિ. શોકથી પીડિત; શોકથી દુઃખ પામતું; શોકમાં ડૂબેલું.

શોકાર્ત્ત જુઓ શોકાર્ત.

શોકાર્દ્ર જુઓ શોકાર્ત.

શોકાવહ [સં.] વિ. શોકજનક; દુઃખદાયક; દિલગીરી ઉત્પન્ન કરે તેવું

શોકાવિષ્ટ [સ.] વિ. શોકાકુળ; શોકાર્ત; શોકથી ઘેરાયેલું.

શોકાશ્રુ [સં.] ન શોકનાં આસુ

શોકાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી મગજ કે બાર્ધ માટે ઉપયોગ બતાવ છે.

શોકાંત નાટક [સં.] ન. કરુણરસ પ્રધાન નાટક; ' ટ્રેજેડી '.

શોકાંતિક [સં] વિ. જેના અંતમાં શોક કે દુઃખ હોય તેવું.

શોકાંતિકા [સં.] સ્ત્રી. જેનો અંત કરુણ કે શોક જેવી વાત.

અંગ્રેજ શબ્દ 'ટ્રેજેડી' ઘણે ભેટલો જ ખાત. ગુજરાતી શબ્દ કર્યો ? કરુણરસ અથવા **શોકાંતિકા** વધારામ. રમણભાઈ

શોકિત વિ. શોકગ્રસ્ત; દુઃખી; શોકમાં ડૂબેલું; દિલગીરી કારેલું.

શોકિયું ૧ ન. શોક વખતે પહેરવાનું વસ્ત્ર; શોકની નિશાનીરૂપે પહેરાતું કપડું. સોગિયું.

૨ વિ શોકાતુર; દિલગીર.

શોકીન જુઓ શોખીન.

શોકોદ્ગાર [સ.] પું. શોકનાં વચન; વિલાપ.

શોકોન્માદ [સ] પું. શોકને લીધે થતુ ગાંડપણ.

શોક્ય ૧. [સ. સપત્ની] સ્ત્રી. પોતાના પતિની બીજી સ્ત્રી; સપત્ની.

શોકનો ઘાટલો પાથરી આપ્યો = પોતાના નાશનુ કારણ પોતે જ આપવુ

૨. સ્ત્રી પ્રતિસ્પર્ધી, હરીફ

શોક્યપગલું ન. શોક્ય ભરી જતાં તેના પગલાવાળું કોકડા પહેરવાનું નાનુ બનેલું; નવા સ્ત્રીએ પહેરેલુ શોકડાના પગલા,વાળુ ઘરેણું. તેમા બે પગલાનું નિશાન હોય છે ત્રીજીવારની સ્ત્રી હોય તો ચાર ને ચોથી વારની હોય તો ૭ પગલાનું ચિહ્ન હોય છે.

શોખ ૧. પુ. મજ્જા; કોડ.

૨. [અ. શૌક] પું. મનગમતી વસ્તુનો ભોગ; મોજમજા અથવા રંગબાજીની ભાવના કે ઉત્સાહ

શોખ કરવો મારવો = મજા ઉડાવવા

૩. પુ. હાસ; મશ્કરી.

૪ [ફા.] વિ. તોફાની; ઉદ્ધત.

૫. વિ. મજબૂત.

શોખી ૧. [ફા.] સ્ત્રી તોફાન; ઉદ્ધતાઈ

૨. વિ કોડીલું, ઉમેદી.

૩. વિ. શોખીન; શોખવાળું; શોખ કરનાર; શોખ મારનાર; સુખાનંદની મનોવાળું; મોજી.

૪ વિ શોકીલું.

શોખીન જુઓ શોખી.

શોગ પું. શોક; શોગ

શોગઠાબાજી સ્ત્રી. ઓક જાતની સોગઠાની રમત.

શોગટી સ્ત્રી. સોગઠાબાજીનું મહોરું.

શોગઠું ન. સોગઠાબાજીનું મહોરું.

શોગિયું ૧. ન. શોકદર્શક વસ્ત્ર; શોકદર્શક માલ્યો; સોગિયું.

૨ વિ શોકદર્શક; શોક બતાવનાર

૩. વિ શોકવાળું; શોક પાળનારું; દિલગીરીમાં પડી રહેનારુ ખેદ કરનારું; શોચક; શોક કરનારુ

શોગુનારી સ્ત્રી. શોગૂનનું પદ કે કારભાર.

શોગૂન પું મરાઠા રાજ્યના પેશ્વા જેવો જપાનનો પહેલાંનો મુખ્ય પ્રધાન.

શોચ ૧. [સં. શુચ્ (શોચવું)] પું અફસોસ; પશ્ચાત્તાપ; પસ્તાવો

૨. પું. ફિકર; ચિંતા; કાળજી.

૩. પું રડાપીટ, રોકકળ; ક્રંદન; વિલાપ

૪ પુ. શોક; ખેદ; દિલગીરી, દુઃખ

શોષક ૧. વિ. પાણી ચૂસી લેનાર.
૨. વિ. શોક પાળનાર; શોકિયુ.
૩. વિ શોષ કરનારું; ખેદજનક; દિલગીરી ઉપજાવનારું.

શોષન ૧. ન. એ નામનું એક નરક.
નરકોના રૌરવ, રૌદ્ર, ધાતન, **શોષન** આદિ અત્યંત નામ છે, જેને સાંભળતાંજ બહુ ચેદા થાય છે. તત્ત્વાર્થસૂત્ર
૨ [સં શુષ્ક (શોષવું)] ન. શોષવું તે; શોક કરવો તે; દિલગીરી અનુભવવી તે; ખેદ.

શોષના જુઓ શોષ.

શોષનીય [સં.] વિ. શોષ કરવા યોગ્ય; અફસોસકારક.

શોષવું ૧. [સં. શુષ્ક] અ ક્રિ. ખેદ કરવો; ખેદ પામવું; દિલગીર થવું; શોક કરવો
૨. અ. ક્રિ. પશ્ચાતાપ થવો; પસ્તાવો થવો
૩ અ. ક્રિ. વિચારવું.

શોષિત [સં.] વિ શોકાતુર; શોક કરેલું

શોષિતકેશ [સં.] પું. અગ્નિ; વૈશ્વાનર

શોષ્ય [સં.] વિ. શોક કે દુઃખ કરવા જેવું; શોચનીય; દિલગીરી ભરેલું.

શોષ્યાસન ૧. [સં.] ન. મરણપથારી.
૨. ન. શોક કરવા જેવી સ્થિતિ.

શોહ ન. કબૂતર; પારેવું.

શોહી સ્ત્રી. કબૂતરી; પારેવાની માદા

શોહો (શોહ્રો) પું. સોહ માટેનો જાડો સાલ્લો કે કપડું
શોહો પેરે સભા રોળનો ભાખું કિ ને સત,
શામ નામ રસના જપું, ભખ્યાનંદ ભખ પ્રસાત.
ભક્ત મોહના

શોહડું ૧. અ. ક્રિ. મરણ પામવું; મરી જવું; મૃત્યુ થવું.
૨. સ ક્રિ. તૈયાર કરવું; સજ્જ કરવું.
૩. સ ક્રિ. ભેગું કરવું; એકઠું કરવું.

શોહ્ય ૧. [સં.] પું અગ્નિ.
૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૩ પું (પુરા.ણ) પ્રલયમેઘો મોકલેલો સાતમો મેઘ
૪ પું. રાતા કમળ જેવો રંગ.
અમ્બ, **શોહ્ય** આરક્ત ને લોહિત સતે રંગ,
તુજ આગમ આનંદથી લાલ ભાત ઊછરંગ.
ત્રિભોવનકુમોદ
૫ પું. સિંદૂર
૬. સ્ત્રી. મધ્ય હિંદના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી ગંગાને મળનારી સોન નદી. તેનું બિરુદવાહ એવું પણ બીજું નામ છે.
૭. સ્ત્રી. રાતી રોહિડી.
૮. ના સત્તા.
૯. ન કાલું, ત્રીજું વીર્ય.
૧૦. ન. લોહી
૧૧. વિ. લાલ; રાતું.

શોહ્યપત્ત પું. રાતી સાટોડી નામની વનસ્પતિ.

શોહ્યપુષ્પી સ્ત્રી સિંદૂરપુષ્પી નામની વનસ્પતિ

શોહ્યકૃષ્ણિની સ્ત્રી. પીળું અંજન વૃક્ષ.

શોહ્યભદ્ર સ્ત્રી અમર કંટકના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી પટણા પાસે ગંગાને મળનારી નદી.

શોહ્યરત્ન ન. માણેક; લાલ પદ્મરાગ મણિ, લોહિતક.

શોહ્યા [સં.] સ્ત્રી (પુરાણ) મહાભારતમાં જણાવેલી એ નામની એક પ્રાચીન નદી, હાલની શોણ નદી. મગધ દેશની તે પશ્ચિમ મર્યાદા હતી

શોહ્યાર્ચ ૧. પું. (પુરાણ) કુરુકુળમાં ઉત્પન્ન થયેલો એ નામનો એક રાજા.
૨. પુ. (પુરાણ) દ્રોણાચાર્ય

શોહ્યાશ્મરી પું. એક પ્રકારનો ક્ષોભરી પદાર્થ. તેને દવામાં ઉમેરવાથી અને લોહીમાં પ્રતિબંધક તરીકે વાપરવામાં આવે છે. તેમાં અંગારના નવ ભાગ, આર્દ્રજનકના તેર ભાગ, પ્રાણવાયુના ચાર ભાગ અને નત્ર વાયુનો એક ભાગ હોય છે.

શોહ્યિત ૧. પું. લાલ રંગ.
૨. [સં.] ન આર્તવ; રજ.
૩. ન. કેસર
૪. [સ ન. રુધિર; રક્ત; લોહી
૫. વિ ઘેરા રંગનું; રાતું.

શોહ્યિતચંદન [સં.] ન. રતાંજલી; રક્તચંદન.

શોહ્યિતજ્વર [સં.] પું. એક જાતનો તાવ; લાલ બુખાર; 'સ્કાર્લેટ ફીવર'. તેમાં શરીર લાલચોળ થઈ જાય છે.

શોહ્યિતપુર [સં] ન. બાહુબલિનું એ નામનું રાજનગર

શોહ્યિતપ્રસાદન [સં.] ન. (વૈદક) લોહીને શુદ્ધ કરનારું દ્રવ્ય. નિઘંટુમાં લખ્યું છે કે, મજીઠ, મણી, બળદર વગેરે રંગીન દ્રવ્ય, ખેર, ત્રિફળા વગેરે તૂરાં દ્રવ્ય, લીંબડો, કડુ, કરિયાતું વગેરે કડવાં દ્રવ્ય તેમજ સોનામુખી, મરમાંસો, ચંદક વગેરે સારક દ્રવ્ય અને લોહભસ્મ જેવાં રક્ત વધારનાર દ્રવ્ય શોહ્યિતપ્રસાદન દ્રવ્યો કહેવાય છે.

શોહ્યિતબીજું વિ. લોહીથી તરબોળ.
શોહ્યિતબીજા પતિ સુત પીરની
ચરણરેખ પર ચળતી. કવિશ્વર દલપતરામ

શોહ્યિતવર્ણ ૧. પું. લોહીના જેવો લાલ રંગ
૨. વિ. લાલ રંગનું; લોહીના જેવું.

શોહ્યિતસ્રવિધિ [સં.] સ્ત્રી. જળો મૂકી અથવા કસ્ત્ર ખોસી ખરાબ લોહી કઢાવવું તે

શોહ્યિતસમુદ્ર જુઓ શોહ્યિતસિંધુ.

શોહ્યિતસિંધુ [સં.] પું. રાતો સમુદ્ર
'સ્વેજ હવે જ કપાઈ ગઈ, શોહ્યિત ભૂમધ્ય
શોહ્યિતસિંધુએ મળ્યુ જઈ.'
હરિલાલ ધ્રુ

શોહ્યિતસ્થાપન ૧. [સં.] ન. લોહી બંધ કરવાની ક્રિયા
૨. વિ. (વૈદક) લોહી વહેતું અટકાવનાર રક્તસ્રાવ બંધ કરનાર. મધ, જેઠીમધ, લાખ વગેરે શોહ્યિતસ્થાપન દ્રવ્ય કહેવાય છે.

શોહ્યિતાક્ષ ૧. પું. (પુરાણ) રાવણપક્ષનો એ નામનો એક રાક્ષસ
૨ વિ લાલ આંખવાળું

શોહ્યિતાર્શ્ય [સં.] ન કેસર

શોહ્ય [સં.] પું સોજો

શોહ્યહા [સં] વિ. સોજો ઉતારનાર કે દૂર કરનાર

શોહ્યાની [સં] સ્ત્રી. સાટોડી નામની વનસ્પતિ. કેમક, તે સોજો મટાડનાર ગણાય છે.

શોહ્યહર જુઓ શોહ્યહ

શોહ્યોદર [સં.] ન. એક પ્રકારનો ઉદરરોગ. તેમાં પેટ મોટું થાય છે. તેના ઉપચાર તરીકે લીંડીપીપર અને સૂંઠ ગોળમાં આપાય છે.

શોધ ૧. [સં. શુધ્] સ્ત્રી. ખોળ; તલાશ; શોધવું તે; તપાસ; અન્વેષણ.
૨. સ્ત્રી. પત્તો; ભાળ; જાણમાં આવવું તે.
૩. સ્ત્રી. શોધેલી વસ્તુ.

શોધક ૧. [સં] પું ન્યાયક; શોધ કરનાર માણસ, ફા
૨. વિ. અજાણી વસ્તુને જાણમાં લાવનાર.
૩. ન મેલ કાઢનાર; શુદ્ધ કરનાર.
૪ વિ. ચિરેચક; રેચ લાવે તેવું.
૫. વિ શોધ કરનાર; ઢૂંઢનાર; તલાશ કરનાર.

શોધકતા સ્ત્રી. નવું શોધવાની ધગ્જા કે શક્તિ.

શોધક પ્રાણાયામ [સં.] પું. પ્રાણાયામનો એક પ્રકાર. તેમાં બીમેથી જમણા નસકોરા દ્વારા એક શ્વાસ લઈ તે જ્યાં સુધી સહેલાઈથી રહ્યા રાખી શકાય ત્યાં સુધી તેને કેદમાં રાખી પછી બીમેથી શ્વાસ નસકોરાથી બહાર કાઢવો તે.

શોધકબુદ્ધિ [સં] સ્ત્રી નવી વાત જાણવાની ઊંડક્ષા

શોધકબુદ્ધિ [સ] સ્ત્રી નવું સાધી કાઢવાની ટેવ, સંશોધન કરવાનું મનનું વલણ

શોધકશક્તિ [સં] સ્ત્રી. નવું નવું સોધી કાઢવાની શક્તિ; શોધખોળ કરવાની શક્તિ

શોધકો પું દ્વેષ, છુપી બાતમી આપનાર માણસ; જાસૂસ

શોધખોળ સ્ત્રી. શોધવું અને ખોળવું તે; તપાસ કરવી તે; તજ્ઞોએ કેટલીક શોધખોળો પહેલવહેલી કયારે થઈ તેની એક યાદી ડી. ડી. ચોટરજીએ તૈયાર કરી છે. તે મુજબ તાબું, કાંસું, પકડ, કળ, મૂળાક્ષરો, કાચ તથા છૂટા આગળને પ્રજાસત્તાવાસીઓ પાસેથી મળેલાં છે, પૈડા તથા વજનનાં કાટલાં સુમેરિયન લોકો પાસેથી તથા કાયદાના નિયમો તથા સિક્કાઓ બેબિલોનિયાના લોકો પાસેથી મળ્યાં છે ગ્રીક લોકો પાસેથી રકમ મેળવવા, ચીનાઈ વાસણ, દારૂગોળો, રેશમ, કાગળ, છાપખાનું, દોકાયંત્ર તથા કાગળના ચલણ માટે આપણે ચીની લોકોના ઋણી છીએ.

શોધખોળશાળા સ્ત્રી. નવિન જ્યાનેક્ષ ખાસ્ત્ર સોધી જાહેરમાં લાવવાની સરવા

શોધખોળશાસ્ત્રી પું. શાસ્ત્રીયપદ્ધતિથી શોધખોળ કરનાર માણસ

શોધન ૧. ન. દોષ પતાવવુ તે; રેચાનો દવ્યો કરવો તે.
૨. ન. પરીક્ષા.
૩. [સં.] ન. શોધવુ તે
૪. ન. સ્વચ્છ કરવુ તે; શુદ્ધિ

શોધનકર્મ જુઓ શોધનક્રિયા.

શોધનક્રિયા [સં] સ્ત્રી. શુદ્ધ કરવુ તે.

શોધનપદ્ધતિ ૧. [સં.] સ્ત્રી. શુદ્ધ કરવાની રીત; શોધન રીતિ
૨. સ્ત્રી. શોધખોળ કરવાની રીત

શોધનમારણ [સં.] ન. (વૈદ્ય) પદાર્થના ઉપર સંસ્કાર ઉપજાવી તેને શુદ્ધ કરવા વગેરેની પદ્ધતિ

શોધનરીતિ જુઓ શોધનપદ્ધતિ.

શોધનશાળા [સ. શોધનશાલા] સ્ત્રી શોધખોળ કરવાની સરવા

શોધનશુલ્ક [સં.] ન તપાસની અર્જ, શોધાઈની લાગત; શોધાઈ ફી; શોધામણી

શોધનસિદ્ધિ [સ] સ્ત્રી શોધખોળ કરવામાં સફળતા મળવી તે.

શોધના જુઓ શોધન.

શોધનાગ્નિ ૧. [સં.] પું. મરણ પછી પાપની મુક્ત પૂરી કરવાનું સ્થળ; ' પર્ગેટરિ '.
૨ પું. શુદ્ધ કે પવિત્ર કરનાર અગ્નિ.

શોધની ૧ [સ.] સ્ત્રી. ઝણી.
૨. સ્ત્રી ચાવણી; ગળવાનુ સાધન
૩. સ્ત્રી. નાસરેણ.
૪. સ્ત્રી. નેપાળાનુ ઝાડ.
૫. સ્ત્રી. સાવરણી

શોધવું ૧. સ. ક્રિ. ખોળવું; હુંઢવું; તપાસ કરવી.
૨. સ ક્રિ. ન જડેલી વસ્તુ નવી શોધી કાઢવી
૩. સ. ક્રિ. પરીક્ષા કરવી
૪. [સં. શુધ્ (શોધ્યતિ કરવુ)] સ ક્રિ. શુદ્ધ કરવુ; દોષ દૂર કરવા

શોધસંસ્થા [સં] સ્ત્રી. સોધખોળ કરવા માટેની સરવા; શોધનસાળા; 'રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'.

શોધંશોધા જો ઉપરા ઉપરી શોધ; શોધાશોધ, ખોળાખોળા

શોધાઈ સ્ત્રી. શોધવાનું મહેનતાણું, શોધી કાઢવા બદલનુ ઇનામ

શોધામણી જુઓ શોધાઈ

શોધાવવું ૧. સ. ક્રિ. તપાસ કરાવવી; ખોળાવવું; હુંડાવવુ.
૨ સ ક્રિ. પરીક્ષા કરાવવી
૩. સ. ક્રિ ભૂલ સુધારવી
૪. સ. ક્રિ. સારુ કરાવવું; શોધ્યું કરાવવુ.

શોધાવું ૧. અ. ક્રિ. ખોળાવું; હુંડાવુ, તપાસ થવા
૨ અ ક્રિ. પરીક્ષા થવી
૩ અ ક્રિ. ભૂલ સુધરાવવા.
૪ અ ક્રિ. સ્વચ્છ થવુ; શોધ્યું થવુ

શોધાશોધ સ્ત્રી. ખોળાખોળ; ખોળખોળા; ઉપરાઉપરી શોધ.

શોધિત ૧. [સં.] ક્રિ. ખોળેલું; શોધેલું
૨. ક્રિ. તપાસેલું.
૩. ક્રિ. શુદ્ધ કરેલું; સ્વચ્છ બનાવેલું.

શોધિતવર્ધિત [સ.] ક્રિ. તપાસીને શોધેલું; સુધારા વધારા કરેલું.
ફેલ્ડસ્પેથ રાસાયણના ક્ષેત્રની એમણે નવીન આવૃત્તિ શોધિતવર્ધિત કરી છે
કમળાશંકર ત્રિવેદી

શોધ્ય ૧. [સં.] ન. રૂપુ
૨. ન. લોઢી.

શોપ [અં શોપ] સ્ત્રી. દુકાન; પેટી; હાટ

શોફ [સં. શોફ] પું. સોજા; સોજો
નસના સેલની શોફ દૂર થાય છે તથા કમરોની ખટક જાય છે. આર્યભૈષજ્ય

શોફઘ્ન વિ. સોજો ઉતારનાર

શોફર [અં. શોફર] પું. મોટર હાંકનાર માણસ, મોટર હાકવાનો ધધો કરનાર પુરુષ

શોફોદર પુ. પેટનો એક પ્રકારનો રોગ; જલોદર.

શોભ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ તે ષટ્પદી જાતિનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૨૯ વર્ણ આવે છે
૨. સ્ત્રી. શોભા; સૌંદર્ય
સીતા હરણે શોભ વરણી. કૃષ્ણ વિના સો કંઈ કૃષ્ણાબાઈ

શોભતું ૧. વિ. ઉચિત; ઘટતું; જાજરુ; લાયક
૨. વિ. શોભા આપે તેવુ, શોભીતુ

શોભન ૧. પું. વિષ્ણુની બીજીનો સત્તરમો સવત્સર.
૨. પું શિવનાં ઢળકર માહેનુ એક નામ
૩ પું (જ્યોતિષ) સત્તાવીસ માહેનો એક શુભ યોગ
૪. સ્ત્રી. ભાત; છાપ; ' ડીઝાઇન '
૫. ન. એક જાતનુ ઘર.
એક વસુ.રાણ ઘરના સુખ આનદ ગમે જ અસ્થિર હોય અને બીજી એક વસ્તુ અસ્થિર ન હોય તો તે શોભન ઘર કહેવાય.
રાજવલ્લભ
૬. ન. કમળનું ફૂલ
૭. ન. કાંતિ; તેજ
૮. વિ. ઉત્તમ; સારું.
૯. વિ. ભલુ; ભલું; કલ્યાણકારી
૧૦. [સ.] વિ. શોભાવાળું; શોભે તેવું; સુંદર, સુશોભિત

શોભનકંદ [સં.] પું. સરસવનુ ઝાડ

શોભનગણિ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં પાંચ નગણ, રગણ, નગણ, તગણ, ભગણ અને વગણ મળી ત્રીસ અક્ષર હોય છે

શોભના ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેની બીજી માત્રામા ચૌદમી ઉપર યતિ આવે છે અને ૧, ૮, ૧૫, ૨૨ માત્રાએ તાલ આવે છે.
૨. [સં.] સ્ત્રી. ગોચંદન; ગોરોચન ૩ સ્ત્રીપુરુષ ગોચંદનનો ચાંલ્લો કરે છે તેનુ કપાળ સોભતું લાગે છે. વળી શુભ કાર્યમાં તે કામ આવે છે માટે તેને શોભના કહે છે
૩ સ્ત્રી. ચૌદ માહેની એ નામની એક યોગિણી. મહાલક્ષ્મિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મોની, નટી, અનુરાગિણી,

સિદ્ધા, ચદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ચૌદ વહ્નિસ્ત્રીઓ છે.

૪ સ્ત્રી સુંદર અને શોભવાન સ્ત્રી.

દિલ વીંધ્યા રે વનેચર રે ન બીધા સદ્ગત પાળ જનારીની બે જગત શોભનારે.

નાનાલાલ

૫ સ્ત્રી. હળદર.

શોભનાંગી [સં] સ્ત્રી. સુંદર અંગવાળી સ્ત્રી.

શોભનીયા [સ] સ્ત્રી ગોરખમુંડી નામની વનસ્પતિ.

શોભરી પું. એ નામના એક ઋષિ. તે યમુના તટે સ્નાન કરી નાના માછલાના ખેલ જોઈ પ્રસન્ન થતા. એકવાર ગરુડે તે મચ્છ ખાધો તેથી ગરુડને આ મુનિએ શાપ દીધો હતો.

શોભસ્થ ન. ગોઠણને શોભાવવા માટે ઢોતરેલું લાકડું

શોભયદો પુ દીવાસમાં પડિયા જડી કરાતી શોભા.

શોભવુ ૧. [સં. शुभ] અ. ક્રિ. દીપવું; સુંદર દેખાવું; સારું દીસવું.

૨. અ ક્રિ. વાજબી લાગવું, ઘટવું, છાજવું, લાયક હોવું કે દેખાવું

શોભા ૧. પુ. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૨૭ ગુરુ અને ૩૬ લઘુ મળી ૬૩ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૨. પુ (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પદ્મા છંદનો ભેદ છે. તેમા ૧૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૪ વર્ણની ૪૬ માત્રા આવે છે.

૩ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેને મત્ત મજેદ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સાત ભગણ અને બે ગુરુ એમ એકવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૪ પુ એક પ્રકારનો નાટ્યાલકાર; ઓજ ગુણને પ્રકટ કરનારા ૭૭ માંહેનો એક ગુણ; નિર્દુષ કરેલ દોષનો અધિકગુણથી જે બાધ થાય તે.

૫ પુ (સંગીત) હનુમત મત પ્રમાણે હિંડોલ રાગના આઠ માહેનો એક પુત્ર.

૬ સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા

૧ શોભા રાખવી = આબરૂ બળવી રાખવી

૨. શોભા લેવા = (૧) માન ખાટવું. (૨) બદલો લેવો. (૩) દરીફની કીર્તિને ઝાંખી પાડવી.

૭. સ્ત્રી નાટકના ૩૬ માહેનું એક લક્ષણ.

૮. સ્ત્રી કુંમાર; રાજકુમાર.

હાવે કીડાકમ્મ, કલ્હનો કુંદની નુખી કેસ, લાલ્યા પારી રાજની, મુખડે મોરી સા બામ પુત્રે, અંગોડામા કુસ્મક નવા, વાર લિરીય અને, રે સેવે છે તુજની ખીલતા બ્યાં કલ્પો ગોબાને. મેઘદૂત

૯ સ્ત્રી સુંદર દેખાવ, સૌંદર્ય.

૧ શોભા આપવી = સૌંદર્યમા વધારો કરવો; શોભાવવું

૨. શોભા ઓટવી જોબા = એક ઘડીની સોબાઈ અને જન્મારાનું દુઃખ.

૩. શોભાનો ઓડિયો = કામકાજમાં ન આવતાં દુષ્ટ થઈ ફરનાર માણસ.

શોભાકર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૧ વર્ણ હોય છે તેમાં બધુ ગુરુનો નિયમ નથી પણ અંતે ગુરુ આવે છે.

શોભાપ્રદ [સં] વિ. શોભા કે સુંદરતા આપે તેવું.

શોભાયમાન [સં. शुभ् (સુંદર દેખાવું)] વિ. શોભાવાળું; સોહીતું; સારું દેખાવ તેવું; સુંદર.

શોભાયાત્રા [સં.] સ્ત્રી. મંગળયાત્રા; સરઘસ.

શોભાવર્દ્ધ ન. ઘરના ભારણા ઉપર શોભા માટે રાખવામાં આવતું ઢોતરેલું લાકડું

શોભાવતી ૧. પું. (પિંગળ) સાંકરીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વસંતતિલકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, બે જગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. સુંદર સ્ત્રી.

શોભાવવું સ. ક્રિ. શોભાયમાન કરવું; દીપાવવું; સારું દેખાવ તેમ કરવું.

શોભાસ્પદ [સં.] વિ. શોભાવે તેવું

શોભાળ જુઓ શોભાળુ

શોભાળું વિ. શોભાવાળું; સોહીતું

શોભાંજન [સં.] પું. સરગવાનું ઝાડ

શોભાંજનક જુઓ શોભાંજન.

શોભિત ૧. વિ શણગારાયેલું.

૨. [સં शुभ् (સુંદર દેખાવું)] વિ. શોભા આપતું; સુંદર; સોહતું; સારું દેખાતું

શોભીગી સ્ત્રી ઝાંખા આભાવાળું લીલા રંગનું એક જાતનું પક્ષી.

શોભીતું વિ. સોહતું; સારું દેખાતું.

શોમ પું. કેળાનું; સમ; હોળી માણસ.

શોમ ખાધે દાતરજ ઘાઉ,
મૂવો ખાધે બાપુ ગાઉ. ગામઠ

શોર ૧. [ફા.] પું. કોલાહલ; બોંબાટ: ઘમરાટ.

શોર મચાવવો = બોંબાટ કરી મૂકવો

૨. પું. ખમ; મોટી સાદ

૩ વિ ખારવાળું, ખારું.

શોરગુલ પું. કોલાહલ.

શોરબકોર પું. કોલાહલ, બોંબાટ; ઘમરાણ; ઘુમાટ

શોરબકોરિયું વિ. શોરબકોર મચાવે તેવું.

શોરબા પું. પાણીવાળો રસ; શોરવો; રસો; પ્રવાહી.

શોરવું અ. ક્રિ. શોર કરવો; કોલાહલ મચાવવો.

શોરા પું. સુરોખાર; એક જાતનું વિરેચક અને ખારાશવાળું લવણ

શો રૂમ [અં.] પું. પ્રદર્શન માટે રાખેલો ઓરડો; વેચવાની ચીજો દેખાવ માટે સુંદર રીતે ગોઠવી હોય તે ઓરડો.

શોર્ટહેન્ડ [અં.] ન. શબ્દ બોલાય કે તરત જ લખાઈ જાય એવી ટૂંકમાં લખવાની રીત; સંક્ષિપ્ત લિપિ; લઘુ લિપિ.

શોલાગીર વિ. મળગી જોઈ એવું.

શોલો [અ. शुअला] પું. ભડકો; બળતું થવું તે; અગ્નિની જ્વાળા.

શોવા ૧. પું કચરી.

૨. પું. કબૂ.

૩. પુ. માથાના વાળની લટ.

શોષ ૧. પું. સુકાવું કે શોષવું તે.

૨. પું પ્યાસ; તરસ

૩. પું. શરીરનો ક્ષય; શરીર ઘસાતું જવું તે.

શોષક [સં.] વિ. ચૂસી લેનાર; શોષણ કરનાર.

શોષકયંત્ર ન. શોષણ કરનારું યંત્ર; ખળયંત્ર; ખંભો.

શોષણ ૧. [સં.] ન. શોષવું તે; ચૂસવું તે.

૨. ન. શોષાવુ તે; સુકાવું તે.

શોષણકર્મ [સં.] ન ચૂસવાની કે શોષવાની ક્રિયા.

શોષણકુંભ પું. એ નામનો એક નરક કુંભ. ભગવતી ભાગવતમાં લખે છે કે, તે નીચ પાપિષ્ઠ પદ્મોળો છે અને સો માયોડાં ઊંડો છે

શોષણક્રિયા [સં.] સ્ત્રી. પાચન થયેલો ખોરાક આંતરડાંની દીવાલોમાંથી ચુસાઈ લોહીમાં ભળી જાય તે ક્રિયા.

શોષણનીતિ જુઓ શોષ્યપદ્ધતિ.

શોષ્યપદ્ધતિ સ્ત્રી. ચૂસ્ય પદ્ધતિ. ક્રામ કરનારની સ્થિતિનો ખ્યાલ રાખીને તેની પાસેથી ઓછામાં ઓછા પગારથી વધારેમાં વધારે કામ કરવાની પદ્ધતિને ચૂસ્ય પદ્ધતિ કે શોષ્યપદ્ધતિ કહે છે

શોષવું [સં. शुष्] ક્રિ. ચૂસી લેવું; ચૂસી સૂકું કરી નાખવું

શોષસંભવ [સં] પ. પરિભાષા. કેમરૂ, તેના ગંડોઅ ભાગમાં શોષ ઉત્પન્ન કરે છે માટે તેને શોષસંભવ કહે છે

શોષાપહા [સં] ન જેલીમધ. તે જગામાં શોષ પડતો હોય તેને મટાડે છે માટે તેને શોષાપહા કહે છે

શોષાવવું સ. ક્રિ. શોષે એમ કરાવવું.

શોષાવું અ. ક્રિ. શોષાય એમ થવું; ચુસાવું, સુકાઈ જવું.

શોષિત ૧. [સં.] વિ. કૃશ; શોષાઈ ગયેલું

૨ વિ. સુકાયેલું, કરમાઈ ગયેલું

શોષી ૧. [સં. शोषिन्] વિ. ચૂસનાર; શોષણ કરનાર

૨. વિ. સૂકવનાર

શોષેણ્ય [સં.] વિ. ચૂસનાર; શોષનાર.

શોષેણ્ય સાધુ ભોજરો, મુખ મર્મની વાણી.
વિઠ્ઠલરાય ત્રિવેદી

શોષ્ય [સં.] વિ. ચુસાઈ જાય તેવું.

શોહર [ફા. शौहर] પું. પતિ; ધણી; સ્વામી.

શોહરત [અ. शुहरत] સ્ત્રી. વિખ્યાતિ; પ્રસિદ્ધિ; ખ્યાતિ.

શોહરા જુઓ શોહરત.

શૌચ પું. શોખ્યાઈ; પવિત્રતા; શુદ્ધિ

શૌંઢવું જુઓ સૌંઢવું

શૌક ૧. [અ.] પું. પ્રેમ; મોહ; આસક્તિ.

૨. ન. પોપટનું ટોળું; શુકસમૂહ

શૌક્ત [અ.] પું. અપકો; વૈભવ

શૌક્તિકેય [સં.] ન. મોતી.

શૌકીન જુઓ શોખીન.

શૌચ ૧. ન ઝાડેજરાગ્ય જવું તે, મળોત્સર્ગ; મળત્યાગ

શૌચ જવું = મળોત્સર્ગ કરવા જવું; ઝાડે કરવા જવું.

૨. [સં. शुचि (પવિત્ર)] સ્ત્રી. સ્વચ્છતા; શુદ્ધિ; પવિત્રતા. શ્રીશંકરાચાર્ય કહે છે કે, શૌચ બે પ્રકારના છે: બાહ્ય અને આંતર. માટી અને જળ વડે કરાયેલું શરીરનું શૌચ એ બાહ્ય શૌચ કહેવાય છે અને મનનું અજ્ઞાન દૂર કરવું તેને આંતર શૌચ કહે છે. સ્વામી શ્રી પ્રકાશાનંદજી લખે છે કે: મન:શૌચ, કર્મશૌચ, કુલશૌચ, શારીરશૌચ અને વાક્‌શૌચ એમ પાંચ પ્રકારનાં શૌચ છે મનશૌચ એટલે અંત:કરણમાંથી રાગદ્વેષ વગેરે મળને ધોવા. નિત્ય તથા નૈમિત્તિક નિષ્કામ કર્મને કર્મશૌચ કહે છે. સદાચારમાં સ્થિતિ અને જ્યે તેવું સંકટ પડે, તો પણ નીચ કર્મ ન કરવું એ જ્યાં સ્વભાવસિદ્ધ છે તે કુલશૌચ મનાય છે. સ્નાનાદિક શૌચ એ શારીરશૌચ અને સત્ય બોલવું એ વાક્‌શૌચ એટલે વાણીનું શૌચ અમુક આ શૌચોમાં માનસશૌચની મુખ્યતા છે કેમકે, બીજાં બાહ્યશૌચ પણ મન:શુદ્ધિ માટે જ અપેક્ષિત છે. તાત્પર્ય કે, આત્મોન્નતિમાં મન:શૌચનો જ પરમ ઉપયોગ છે

૩. ન. હાયપત્ર વગેરે ધોવા તે.

શૌચકાર્ય જુઓ શૌચક્રિયા.

શૌચકૂપ [સં.] પુ. પાયખાનું; સડાસ; પાયખાનાનો ખાડો.

શૌચકૂપોની વ્યવસ્થા એક અધ્યાપકની દેખરેખ નીચે આવી પદ્ધતિથી કરવામાં આવી હતી.
પ્રસ્થાન

શૌચક્રિયા [સં] સ્ત્રી. જરૂરત જવાની ક્રિયા, ઝાડે જવું તે.

શૌચવિધાન [સં.] ન. મળક્રિયા; મળત્યાગ

શૌચની વ્યવસ્થામાં એ આપણે નિયમિત હોઈએ તો શૌચવિધાન પણ નિયમિત થાય છે.
શરીરનો ધર્મો

શૌચવિધિ જુઓ શૌચવિધાન.

શૌચશાસ્ત્ર [સં.] ન. આરોગ્યવિજ્ઞાન; સ્વચ્છતાનું શાસ્ત્ર; ' સેનિટેશન '.

શૌચસુધાર પું. શૌચની ટેવો, પદ્ધતિ વગેરેમાં સુધારો.

શૌચાચાર ૧ [સં.] પું. પવિત્ર વર્તન.

૨ પું શુદ્ધ કરવાનો વિધિ.

૩. પું. શૌચ જાળવવાનો આચાર.

શૌચાલય [સં] ન. બાજરૂ; પાયખાનું.

શૌચેય પુ. ધોબી.

શૌચેયા સ્ત્રી. ધોબણ; ધોબીની સ્ત્રી

શૌનક ૧ પું. ઋગ્વેદપુરાણમાં જણાવેલ અઢાર માઠેનો એક વિદ્યાસહિતાકાર.

૨. પુ (પુરાણ) એ નામના એક પ્રસિદ્ધ ઋષિ; શુનક ઋષિના પુત્ર.

શૌનકાયન પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

શૌનકીય [સં.] સ્ત્રી. અથર્વવેદની એ નામની એક શાખા. તે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રચલિત છે.

શૌનિક પું. પારધી; શિકારી.

શૌભરિ પું. એ નામના એક ઋષિ.

શૌલિક ૧ પું જલ્લાદ; ખાટકી.

૨. પું નટ

શૌર ૧. [સં. शौर्य] ન. શૌર્ય; બહાદુરી.

૨. ન. સ્ફૂર્તિ; ચંચળતા

ચાલીને એક સ્થળે બેસવું નહિ, પણ બોલવાથી હૃદયનું કે જેથી શરીરમાં શૌર ને ગરમાવો આવી.
આરોગ્યનિબંધ

૩. વિ શૂરવીર; ખરાતનવાળું; બહાદુર.

શૌરકથા [સં.] સ્ત્રી. શૌર્યની કે શૂરની કથા.

શૌરસેની [સં] સ્ત્રી. શૂરસેન દેશની ભાષા; પ્રાકૃત ભાષાઓની મથુરા તરફની ભાષા; એ નામની એક પ્રાકૃત ભાષા

ભાષાઈ સંસ્કૃત પ્રાકૃત શુદ્ધ
ભાષાઈ શૌરસેની ભાષાઈ.
ગાવવમસમય

શૌરિ ૧. પું. ઇંદ્ર.

સુરમાં શૌરિ દ્વિપ વરમાં દ્વિજ,
એમ ભનાય મારા'જ.
પ્રેમાનંદ

૨. પું. કૃષ્ણ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. સૂર્ય.

શૌરી ૧. પું. વિષ્ણુનું એક નામ.

૨. ન. (ખગોળ) એ નામનું એક તારામંડળ. અંગ્રેજીમાં તેને હરક્યુલીસ કહે છે તેનો આકાર મોટા બળવાન માણસ જેવો છે આ મંડળ તરફ આપણું આખું સૂર્યમંડળ એટલે આપણો સૂર્ય પોતાના પરિવાર સહિત સેકંડના આઠ માઈલની ઝડપથી ધસ્યો જાય છે

૩. વિ. શૂરવીર; બહાદુર

નમો ભૈરવિકાર્ય ભાવમ શૌરી.
ધ્યારામ

શૌર્ય [સં.] ન. બહાદુરી; પરાક્રમ; શૂરતા; મરદાનગી.

શૌર્યગીત [સં] ન. વીરરસનું ગીત; શૌર્યનું વર્ણન કે પ્રેરણા કરતું ગીત

શૌર્યનીર [સં] ન. શૂરવીરતાનું પાણી.

ખરી જેમ ચાખી ચહારવું શૌર્યનીર.
દોલતરામ પંડ્યા

શૌર્યભર [સં] વિ. શૂરવીરતાથી ભરેલું; બહાદુર

શૌર્યવાન [સ શૌર્યવત] વિ. પરાક્રમી; શૂરવીર; શૂરવીરતાવાળું, શૂરવીર; બહાદુર

શૌર્યવૃત્તિ [સં.] સ્ત્રી શૂરવીરતાનો ગુસ્સો

શૌર્યશાળી જુઓ શૌર્યવાન

શૌર્યહીન [સં] વિ. નમાલું; બાયલું; નિર્બળ.

શૌહર [ફા.] પું. ખાવિંદ; પતિ; વર; સ્વામી.
મુસલમાની કથામાં બીબ શૌહર માટે બબ નથી ગાંધી

શૌંઢ ૧ [સં] પું કૂકડો
૨. વિ. ગાફેલિયું.

શૌંઢિક [સ] સ્ત્રી દારૂ; દારૂ વેચનારો માણસ

શૌંડી ૧. [સ] પું કંકડી; મરવો
૨ સ્ત્રી એવડ નામની વનસ્પતિ, ગજપીપર નામની ઔષધિ
ગોલા કુબ્જા ગાત્રથી નિત્યા નંદકા ચોર્ઈ,
પેરેલી રમામા બ્રહ્મા શૌંડી પીપર ચોર્ઈ.
ત્રિભુવનદાસ પ્રેમાનંદ

શ્મશાન [સં. શ્મન્ (મડદું) + શી (સ્થાન)] ન મડદાને બાળવા કે દાટવાનું સ્થાન.

શ્મશાનપાંડિત્ય [સં] ન શ્મશાનમાં શિષ્યજનુ ક્ષણિક જ્ઞાન.
જેણે આખો જન્મારો સજ્ઝડિયામાં ગાળ્યો હતો તેનું શ્મશાનપાંડિત્ય શા કામનું હતું?
ગાંધીજી

શ્મશાનભૂમિ [સં] સ્ત્રી મડદાને બાળવા કે દાટવાની જગ્યા; મસાણ

શ્મશાનભૂમી જુઓ શ્મશાનભૂમિ.

શ્મશાનયાત્રા ૧. [સં.] સ્ત્રી. સ્વજને કેડાયે પડેલા શ્મશાને જવું તે.
૨. સ્ત્રી. સ્વજને શ્મશાને લઈ જનારનું ટોળું.

શ્મશાનવૈરાગ્ય [સં] નું શ્મશાનભૂમિ ઉપર થતી ક્ષણિક વિરક્તિ; શ્મશાનમાં થતા દુઃખદાયક અનુભવથી ઘોડા વખતને માટે ઉપજતો ક્ષણિક વૈરાગ્ય. પોતાની મેળે જે મનુષ્ય વિષયોની અનિત્યતા જાણી વૈરાગ્યને પામે તે ઉત્તમ છે. ગુરુ આદિના ઉપદેશથી જેને વૈરાગ્ય થાય તે મધ્યમ છે અને શ્મશાનવૈરાગ્ય થાય તેને તુચ્છ જાણવો

શ્મશાનિયો પું. ડાકુ; બદમાશિયો

શ્મશાની વિ. શ્મશાનનું; શ્મશાનને લગતું.

શ્મશ્રુ ૧. [સં] સ્ત્રી. દાઢી
અગ્નેય તથા તે પછીના વૈદિક સાહિત્યમા શ્મશ્રુ શબ્દ છે. દાઢી અને મૂછ બેમનો શ્મશ્રુમાં સમાવેશ થયો છે. કેશવરામ કાશી
૨ સ્ત્રી. પુરુષના ઉપલા ઓઠ ઉપરના વાળ; મૂછ. સમરૂ-મશ્રુ-મૂછ વર્ષ ને પછી મૂછ બેસેલ છે

શ્મશ્રુમુખી [સં.] સ્ત્રી. દાઢીમૂછવાળી સ્ત્રી.

શ્મશ્રુલ વિ. દાઢીમૂછવાળું.

શ્યાલનીઓ પું. વલયમાંનો પુરાંટો.

શ્યાન ૧. [સં.] પું. પુમાડો.
૨ વિ. ભ્રમર; ઘેરું
૩. વિ ઠરી ગયેલું; થીજેલું
૪. વિ. શુષ્ક; સૂકું

શ્યાનીકરણ ન. થીજી જવું તે.

શ્યામ ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ગમન અને શંકરાભરણ થાટના મિશ્રણથી બને છે અને રાતના પહેલે પ્રહરે ગવાય છે. તેની જાતિ સંપૂર્ણ છે. બધા સ્વર તીવ્ર છે. કેવલ મધ્યમ કોમળ છે. પ્રધાન સ્વર ષાડ્જ છે
૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૨૩ ગુરુ અને ૨૪ લઘુ મળી ૭૦ વર્ણની ૬૦ માત્રા આવે છે.
૩. પું. કાળો રંગ
૪. પું. કોયલ પક્ષી
૫. પું. ખુરાસાની અજમો. તે રંગમાં કાળો હોય છે. માટે તે શ્યામ કહેવાય છે.
૬. પું. પતિ; સ્વામી.
૭. પું. શ્રીકૃષ્ણ.
૮. વિ. કાળું; ઘેરા આસમાની રંગનું; નીલ.

શ્યામઉલ્લાલ પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ઉલ્લાલની એક જાત છે. તેમાં આઠ લઘુ અને ત્રણ ગુરુ આવે છે

શ્યામક ૧ [સં] પું. સામો નામનું ધાન્ય.
૨. પું. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાના દસ ભાંડેનો એક પુત્ર. જેની ઓનું નામ શૂરભૂ અથવા શૂરભૂમિ હતું

શ્યામકર્ણ [સં.] પું. કાળા કાન અને કાળા પૂછવાવાળો ત્રણેક વરસનો ઘોડો. અશ્વમેધમાં આવા ઘોડાનો ઉપયોગ થતો

શ્રીસૂક્ત [સ] ન. એ નામનું એક સૂક્ત સૌમ્યરૂપ લક્ષ્મીમાં શ્રીસૂક્ત જે ઋગ્વેદના ચોથા અષ્ટકના ચોથા અધ્યાયના ૬૪મા વર્ગમાં આવે છે અને જે ખિલ અથવા પરિશિષ્ટ સૂક્તોમાં આવે છે તેનો તાંત્રિક વિનિયોગ છે અને નવચક્રમાં દેવીની ઉપાસના જેમ રીતે કરવી તેની સમજણ છે.

શ્રીસૌંદર્યલહરી ન. શ્રીમદ્ શંકરાચાર્યે રચેલ સંસ્કૃત ભાષામાં રચેલું એક પુસ્તક.

શ્રીસ્તોત્રરત્નસિંધુ પું. એ નામનો સ્વામીનારાયણ સંપ્રદાયનો ઉત્તમસ્તોત્રાત્મક સસ્કૃત ગ્રથ. તે ગ્રથના પ્રવર્તક શ્રી લક્ષ્મીપ્રસાદજી આચાર્ય છે.

શ્રીસ્થળ ન. સિદ્ધપુર.

પહેલાં સિદ્ધપુરનું નામ **શ્રીસ્થળ** કે શ્રીસ્થલ હતું, અને એમ અનુમાન થઈ શકે કે, મૂલરાજ સોલકીએ ઉત્તરમાથી લાવેલા બ્રાહ્મણોએ પછી તેનું નામ સિદ્ધપુર પાડયું હોય અગરતો કદાચ મૂલરાજના બ્રાહ્મણ આવ્યા પહેલાં સિદ્ધરાજે પૂર્વ કર્યા બાદ તેના માનમા તેનું નામ સિદ્ધપુર પાડયું હોય. ગુ. સા. પરિષદ

શ્રીહટ્ટ ન ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીની ગરદન પડી હતી. ત્યાં શિવરાત્રી તથા અશોકાષ્ટમીના રોજ મેળો ભરાય છે.

શ્રીહરિ [સં.] પું. વિષ્ણુ ભગવાન; શ્રીપતિ.

શ્રીહસ્તિની સ્ત્રી. એ નામની એક ઔષધિ; હસ્તિકર્ણીલતા. તેનાં પાંદડાં હાથીના કાન જેવાં છે.

શ્રીં પું. એક જાતનો મત્ર.

શ્રીં દ્રીં કું. સત્યાદિ મંત્રો છે. આ મત્રની અધિષ્ઠાત્રી દેવી અનુક્રમે લક્ષ્મી, માયા અને શક્તિ છે. પ્રાણનાથ

શ્રુ [સં.] સ ક્રિ. (ધાતુ) સાભળવું. તે ઉપરથી બનેલ શબ્દો: અશ્રવ્ય અશ્રોતેન્દ્રિય, શ્રવ્ય, શ્રાવક, શ્રાવિકા, શ્રોત્ર, શ્રુત, શ્રોતવ્ય, શ્રુતલેખન, શ્રુતિ, શ્રોત્રિય, શ્રોતા, શ્રોત્ર, શ્રોત્રો વગેરે.

શ્રુત ૧ પું. (પુરાણ) કૃષ્ણનો કાલિંદીને પેટે જન્મેલો એક પુત્ર

૨ પું (પુરાણ) પાચાલના દ્રુપદ રાજાનો એક પુત્ર. તે ભારતયુદ્ધમાં રાત્રિયુદ્ધમાં અશ્વત્થામાને હાથે મરણ પામ્યો હતો

૩. પું. (પુરાણ) વિદેહવશીય સુક્ષાયજ્ઞ નામના જનકનો પુત્ર; જયનામા નામના જનકનો પિતા.

૪ પુ. (પુરાણ) સૂર્યવશીય ક્રોષ્ટાકુ કુળના ભમીરથ રાજાના બે ભાઈનો એક પુત્ર

૫. સ્ત્રી સ્થાનિક પ્રથા

જ્યાં સુધી ભારતીય **શ્રુત**નું જ્ઞાન અને મનનપૂર્વક અધ્યયન થાય નહિ ત્યાં સુધી ભારતીય ઇતિહાસનું સ્થાપિત્વ દુર્ઘટ રહે છે સ્વાભાવિક છે. પુરાતત્ત્વ

૬. ન. આચમનીના જેવી હોમવાની કડછી અથવા પણી જેવું લાકડાનું પાત્ર

મારા હાથમાં આવતો સ્રાવો અને **શ્રુત**, ચોખ્ખ ઘીથી આ સર્વે સામગ્રી શિવના બાણમાં મૂકે છું. ઉદ્ભટ

૭. ન. (વેદાત) શબ્દ અને વાદકો વગેરે પ્રયોનો પરિચય કે જ્ઞાન; શ્રુતજ્ઞાન.

૮. વિ. પ્રસિદ્ધ; જાણીતું; વિખ્યાત.

કન્યા વાગ્દત્તી ધર્મોને અતા ચિત્ત પિતા **શ્રુત**, બાંધવો બન્ધકા કુલ ખિસાત જન ઘરત. સુભાષિત

૯. વિ. સુનિઓ ભણનાર; જાણેલ; સુશ્રુત.

વર્ષ ને વિભૂતિ જ્ઞાન આપણી વિવિધ સૌ,
પૂર્વ ઋષિઓના **શ્રુત** વિદ્વાનો ઋણ ખંડિતો, ગાધીગીત

૧૦. વિ. સાંભળેલું.

શ્રુતજ્ઞાન ન. (જૈન) વિપરીત શ્રુતજ્ઞાન; સાકાર ઉપયોગના આઠ ભેદોનો એક ભેદ; મતિ ભેદોના એક પ્રકારનું અજ્ઞાન; મિથ્યાત્વશ્રુતજ્ઞાન.

સાકાર ઉપયોગના આઠ ભેદ આ પ્રમાણે છે: મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, **શ્રુતઅજ્ઞાન** અને વિભંગજ્ઞાન. જૈનપરિભાષા

શ્રુતકક્ષ ૧. પુ. શુક્લયજુર્વેદનો એક ઋષિ.

૨. પુ. સામવેદનો એક ઋષિ.

શ્રુતકર્મા ૧ પુ. અર્જુન; દ્રૌપદીનો પતિ

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) પાંડુપુત્ર અર્જુનનો દ્રૌપદીની કુખે જન્મેલો એક પુત્ર. એનું બીજું નામ શ્રુતકીર્તિ હતું. એણે સુદક્ષિણ નામના કાંબોજ રાજાની સામે યુદ્ધ કર્યું હતું. રાત્રે તંબુમાં ઊંઘતો હતો ને તે વખતે અશ્વત્થામાએ એને મારી હતો.

૪. પું. (પુરાણ) પાંડુપુત્ર સહદેવનો દ્રૌપદીની કુખે જન્મેલો એક પુત્ર. એ મહારથી હતો એનું બીજું નામ શ્રુતસેન હતું

શ્રુતકીર્તિ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; અનવનિતા; માણિક્યમાલા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ, ભગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

ન ય ભ મ ગા લાવી શ્રુતકીર્તિ. અપિગળ

૨. પું. (પુરાણ) પાંડુપુત્ર અર્જુનને દ્રૌપદીને પેટે થયેલો પુત્ર. એનું બીજું નામ શ્રુતકર્મા હતું

૩. સ્ત્રી યદુકુળના શૂરરાજાની કન્યા; વસુદેવની બહેન; કૃષ્ણની ફોઈ.

૪. સ્ત્રી. (પુરાણ) વિદેહવંશીય કૃતધ્વજ રાજાની કન્યા; શત્રુઘ્નની પત્ની.

રૂપે રંભે વખાણે જેમ રામસીતા,
ને જેમિલા કુંવરી લક્ષ્મણને વરાવ્યા,
શત્રુઘ્નને પ્રીતિયથી દીધી શ્રુતકીર્તિ,
રે બાંધવી ભરતને પણ બીજ રીતિ.

રામાયણસાર

૫. સ્ત્રી. સમતા

૬. [સં.] વિ. નામાંકિત; પ્રખ્યાત.

શ્રુતકેવળી ૧. વિ. (જૈન) અંદરના ભાવ જ્ઞાનમાં પૂરા સર્વ અર્થ સહિત આગમને જાણનારા. તે ચૌદ પૂર્વના જ્ઞાતા હોય છે

૨. વિ. (જૈન) જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તે

શ્રુતજ્ઞાન ૧ ન. (જૈન) જ્ઞાનના પાંચ ભેદોનો એક પ્રકાર; મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સંબંધથી તે પદાર્થને અક્ષર કે બીજા કોઈ પણ પદાર્થને વિશેષ જાણવું તે. જેમ સાકર શબ્દનું જ્ઞાન તે મતિજ્ઞાન છે. પછી સાકર પદાર્થ આવો છે એમ જાણવું તે શ્રુતજ્ઞાન છે તેમાં આત્મા શબ્દનું જ્ઞાન તે મતિજ્ઞાન છે અને આત્મા અખંડ, નિર્ભેળ, એકરૂપ જ્ઞાનઘન વસ્તુ છે એવો ખ્યાલ કર્યો તે શ્રુતજ્ઞાન છે. તેમાં બહારનું કોઈ સાધન નથી. એકલા જ્ઞાને જ તેમાં કામ કર્યું છે

૨ ન જૈન સૂત્ર સિદ્ધાંતનો અભ્યાસ કરીને મેળવેલું જ્ઞાન; શાસ્ત્ર કે આપ્તવચન સાંભળવાથી થતું જ્ઞાન; શબ્દ કે સંકેત દ્વારા થતું જ્ઞાન.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ કહેવાય છે. કેમકે, એ બંને ઇંદ્રિય તથા મનની મદદથી ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થસૂત્ર

શ્રુતજ્ઞાનાવરણ ન. (જૈન) શ્રુતજ્ઞાનને આવરણ કરનાર કર્મ; શ્રુતજ્ઞાનને આવૃત કરનાર સ્વભાવવાળું કર્મ.

શ્રુતજ્ઞાની [સં.] પું. શ્રુતજ્ઞાન ધરાવનાર.

શ્રુતદેવ ૧. પું. (પુરાણ) એ નામે વિષ્ણુનો એક ભક્ત. મિથિલા નગરીમાં બહુલાશ્વ જનક રાજા કરતો હતો. તે સમયમાં આ શ્રુતદેવ ત્યાં રહેતો હતો. એ જન્મથી જિતેંદ્રિય, સદ્‌ગુણસંપન્ન અને પરમ સમાધાની હતો. પરંતુ પોતાની નગરીમાં આવો કુશળી પુરુષ રહે છે એની બહુલાશ્વને ખબર જ નહોતી. એક સમયે કૃષ્ણ એ જ્ઞાનીને દર્શને ગયા ત્યારે તેણે કૃષ્ણનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું હતું. બહુલાશ્વને આટલા દિવસ સુધી આની ખબર નહોતી પડી માટે તેને બહુ ખેદ થયો અને બહુલાશ્વને કૃષ્ણ સહિત પોતાને ત્યાં બોલાવ્યા. તેથી એક સ્વરૂપે કૃષ્ણ શ્રુતદેવને ત્યાં રહ્યા અને બીજે સ્વરૂપે બહુલાશ્વ રાજાને ત્યાં ગયા. પછી શ્રુતદેવની સ્તુતિ કરી કૃષ્ણ પેર ગયા

શ્રુતદેવ સુધામા વિદુર રે,
સુખી કીધા થયા અજર રે. નિષ્કુળાનંદ

૨. પું. (પુરાણ) કૃષ્ણનો એક પૌત્ર.

૩. પું. વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

૪. પું (પુરાણ) શ્રીકૃષ્ણનો અનુયાયી એ નામે એક યાદવ.

શ્રુતદેવા સ્ત્રી. (પુરાણ) શૂર રાજાની કન્યા અને વસુદેવની બહેન. એ કૈકયરાજા નામના રાજાને પરણી હતી

શ્રુતદેવી ૧. [સં.] સ્ત્રી. સરસ્વતી દેવી.

૨. જુઓ શ્રુતદેવા.

શ્રુતધર પું. (પુરાણ) શાલ્મલી દ્વીપના લોકોની જાતનું નામ; એ નામના લોકો.

શાલ્મલી દ્વીપમાં શ્રુતધર, વીર્યધર, વસુધર અને ઇશ્વર નામના ચાર વેદમય ચંદ્રમા રૂપી અગ્નિને ભજે છે. ભાગવતી આગવત

શ્રુતધ્વજ પું. (પુરાણ) વિરાટના ભાઈ રાજાનો ભાઈ

શ્રુતપંચમી [સં.] સ્ત્રી. એક સુદી પાંચમ આ પાંચમ શ્રુતપંચમી તરીકે દિગંબરોમાં મનાય છે.

શ્રુતપૂજન [સં.] ન. (જૈન) જેઠ સુદિ પાંચમના રોજ કરવામાં આવતું શાસ્ત્રોનું માંગલિક પૂજન.

શ્રુતપ્રમાણ ન (જૈન) આત્મામાં ત્રિકાળ ટકનાર જ્ઞાયક એકરૂપ ભાવને જોવો તે. અખંડ પદાર્થનું લક્ષ ચૂકી ફરી વર્તમાન અવસ્થાને જોવી તે અવધારણય અને ત્રિકાળી અખંડ સ્વરૂપ અને વર્તમાન અવસ્થા તે બંને પદાર્થનું એક સાથે અખંડ વસ્તુપણે જ્ઞાન કરવું તે પ્રમાણ એટલે શ્રુતપ્રમાણ કહેવાય છે.

શ્રુતબંધુ પું શુક્લયજુર્વેદનો એક ઋષિ.

શ્રુતબોધ ન. કાલિદાસનું કાવ્યશાસ્ત્ર ઉપરનું એક પુસ્તક. તેનો ફ્રેંચ ભાષામાં લાન્સેરોએ તરજૂમો કર્યો છે.

શ્રુતર્ષિ ૧. પું (પુરાણ) એ નામે કોઈ એક ક્ષત્રિય. એકદા અગસ્ત્ય ઋષિ પાસે દ્રવ્યની યાચના કરવા તે ગયો હતો. એ વખતે અગસ્ત્યે એને પોતાની ઊપજ અર્ચના આંકડા બતાવ્યા હતા. પછી અગસ્ત્યને સાથે તેડીને ઇધ્મવાહ રાજા પાસે યાચના કરવા તે ગયો હતો

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. તે ભારત યુદ્ધમાં મરાયો હતો.

શ્રુતર્ષિ [સં.] પું. ઋષિ પાસેથી સાંભળીને શ્રુતિનું જ્ઞાન મેળવ્યું હોય તેવો ઋષિ.

શ્રુતલેખન [સં. શ્રુત (સાંભળેલું) + લેખન] ન. સાંભળીને લખવું તે; અનુલેખન; 'ડિક્ટેશન'.

શ્રુતવર્મા પું (પુરાણ) ભારતના યુદ્ધમાં આવેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

શ્રુતવંત ૧. [સં. શ્રુત (જ્ઞાન) + વંત (વાળું)] વિ. જ્ઞાની; શાસ્ત્રવેત્તા..

૨. વિ. સાંભળનાર.

શ્રુતવિદ્ધા સ્ત્રી. (પુરાણ) કુશદ્વીપની એક નદી.

શ્રુતશ્રવા ૧. પું. એ નામના એક ઋષિ.

૨ પું. (પુરાણ) એ નામે એક ક્ષત્રિય.

૩. પું. (પુરાણ) ગરુડે મારેલો એક અસુર.

૪. પું (પુરાણ) જનમેજયના સર્પસત્રનો એક સદસ્ય; સર્પિણીને પેટે ઉત્પન્ન થયેલા સોમશ્રવાનો પિતા.

૫. પું. શિશુપાળનો બાપ.

૬. પું. (પુરાણ) સોમવંશીય પુરુકુળના અજમીઢ વંશના કુરુના પુત્ર સુધનુના વંશના જરાસંધવંશના માર્જારિ નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અયુતાયુ હતું.

૭. સ્ત્રી. (પુરાણ) શૂરરાજાની કન્યા અને વસુદેવની ભગિની; કૃષ્ણની ફોઈ અને શિશુપાલની માતા. તેને શ્રુતી પણ કહેતા. એ અધિરાજ દમઘોષને પરણી હતી

શ્રુતશ્રી પુ. (પુરાણ) મરો મારેલો એક અસુર.

શ્રુતસમુદ્દેશ [સં] પું શ્રુતના પાંચ માંહેનો એક પ્રકાર.

જે શ્રુત સ્થિર પરિચય કરાવવા આગમનું વિશેષ પ્રવચન કરે તો **શ્રુતસમુદ્દેશ**. તત્ત્વાર્થસૂત્ર

શ્રુતસાગર પું. એ નામના દિગંબર પંડિત.

શ્રુતસાગર નામના બે દિગંબર પંડિતોએ તત્ત્વાર્થ ઉપર બે જુદી જુદી ટીકા રચી છે. પંડિત સુખલાલજી

શ્રુતસેન ૧. પુ. (પુરાણ) તક્ષકનો પુત્ર એક સર્પ. એના ભાઈનું નામ અશ્વસેન હતું

૨. પું (પુરાણ) પાંડુપુત્ર ભીમસેનથી દ્રૌપદીને પેટે થયેલો એક પુત્ર. એ મહારથી હતો. એને કર્ણની સાથે એકદા જબરું યુદ્ધ થયું હતું. રાત્રે તબુમાં સૂતો હતો ત્યારે અશ્વત્થામાએ એને માર્યો હતો.

૩ પુ (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે આવેલો એક રાજા.

૪ પું (પુરાણ) સાનુયાતી રાજાનું બીજું નામ.

૫. પું. સહદેવ.

૬. પુ. (પુરાણ) સોમવંશી સહદેવનો દ્રૌપદીને પેટે થયેલો એક પુત્ર.

૭. પુ. (પુરાણ) સોમવંશીય પાંડવ પુરુના પરીક્ષિત રાજાના ચાર માંહેનો બીજો પુત્ર એ જન્મેજયનો નાનો ભાઈ હતો.

શ્રુતસેના સ્ત્રી. (પુરાણ) સારસ્વતાપનીની ભાર્યા.

શ્રુતસોમ પું. ભીમ

શ્રુતસ્કંધ ન. (જૈન) સૂત્રનું પ્રકરણ.

એની નિર્યુક્તિઓ ગ્રન્થરૂપ છે. એવા જે **શ્રુતસ્કંધ** છે. પુરાતત્ત્વ

શ્રુતંજય ૧. પું. (પુરાણ) ત્રિગર્તનો એક ક્ષત્રિય. એને અર્જુને માર્યો હતો.

૨. પું (પુરાણ) સોમવંશી પુરુરવા રાજાના પુત્ર સત્યયુનો પુત્ર.

શ્રુતાભ્યાસ [સં શ્રુત + અભ્યાસ] પું શાસ્ત્રાભ્યાસ

મુખ્યપણે જેનું કાર્ય **શ્રુતાભ્યાસ** કરાવવાનું હોય તે ઉપાધ્યાય. તત્ત્વાર્થસૂત્ર

શ્રુતાયુ ૧. પું (પુરાણ) અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

૨. પું (પુરાણ) કલિંગ દેશનો એક ક્ષત્રિય. એના ભાઈનું નામ અચ્યુતાયુ હતું. એને ભીમની સાથે યુદ્ધ થયું હતું. તેમાં અર્જુને માર્યો હતો.

૩. પુ. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય

૪. પું. (પુરાણ) વિદેહવંશી અરિષ્ટનેમી જનકનો પુત્ર. એનો પુત્ર તે સુપાર્શ્વક જનક.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી ક્ષેમધન્વા પુત્ર કૃતક્ષત્રના સહસ્રમાંથી રાજ્યના પુત્ર અંધ રાજાનો પુત્ર.

૬. પું. (પુરાણ) સોમવંશી પૃતરાષ્ટ્રનો એક પુત્ર

૭. પું (પુરાણ) સોમવંશી પુરુરવા રાજાના ૭ માંહેનો બીજો પુત્ર. તેના પુત્રનું નામ વસુમાન હતું.

શ્રુતાયુધ પું. (પુરાણ) દ્વિતીય વરુણ વડે શીતતોયા નામની નદીની મૂર્તિમાન દેવતાને પેટે થયેલો એક ક્ષત્રિય. વરુણે તેને એક અભિમંત્રિત ગદા આપી હતી અને કહ્યું હતું કે, બધાને તું આથી છતીશ: પણ તે જે યુદ્ધ ન કરતો હોય તેના ઉપર ફેંકવી નહિ. ભારતના યુદ્ધમાં તેણે તે કૃષ્ણ ઉપર ફેંકી, તેથી ગદા પાછી ફરી અને તે પોતે જ મરણ પામ્યો.

શ્રુતાર્થાપરિત્યાગ [સં.] પું. શ્રુતિમાં જે અર્થ સ્પષ્ટ જણાય છે તેને છોડી દેવો તે.

તત્ત્વમસિ આદિ શ્રુતિઓનો ઐક્ય બ્રહ્મની એકતા સિવાય બીજો અર્થ કરવામાં આવે તો **શ્રુતાર્થાપરિત્યાગ** અને અશ્રુતાર્થ કલ્પના આદિ દોષો ઉત્પન્ન થાય છે. સિદ્ધાંતલેશ

શ્રુતાર્થાપત્તિ ૧. [સં.] સ્ત્રી. જેને આકરણમાં આપ્યો અધ્યાહાર રહેલો કહીએ કીએ તે

૨. સ્ત્રી. (જૈનદર્શન) અશ્રુત કરેલા અર્થની અનુપપત્તિથી તેના ઉપપાદકરૂપ અર્થાંતરની કલ્પના કરવી તે. જેમકે, આત્માને જાણનારો શોકને તરે છે. આ વાક્યમાં બંધની નિવૃત્તિ કહેલી છે. તે જો બંધ સત્ય હોય તો તેની નિવૃત્તિ થાય નહિ, માટે એ શ્રુતિવાક્યથી બંધના મિથ્યાપણાની કલ્પના કરવામાં આવે છે. એ શ્રુતાર્થાપત્તિ છે. તે અભિધાનાનુપપત્તિ અને અભિહિતાનુપપત્તિ એવા ભેદથી બે પ્રકારની છે.

શ્રુતાવતી સ્ત્રી. (પુરાણ) અદરવાચન નામે તીર્થમાં રહેતી ભારદ્વાજની એ નામની પુત્રી. એ બ્રહ્મચર્યાદિ નિયમો ધારણ કરીને તથા દેવરાજ ઇંદ્ર મારો સ્વામી થાય એવો મનમા નિશ્ચય કરીને ઉગ્ર તપ કરતી હતી. આમ ઘણાં વર્ષો વીતી ગયાં ત્યારે ઇંદ્ર તેનું તપ, સદાચાર અને અનન્ય ભક્તિથી પ્રસન્ન થઈ વસિષ્ઠનું રૂપ ધારણ કરીને એને આશ્રમે આવ્યા. શ્રુતાવતીએ તેનો સત્કાર કરી ગમે તે ક્રમ કરવા કહ્યું, ત્યારે વસિષ્ઠરૂપ ધારી ઇંદ્રે તેને પાંચ બોર રાંધવા આપ્યાં અને પોતે બહાર જઈને જપ કરવા માંડ્યો. પોતાની પાસેનાં બધાં લાકડાં બળી જતાં પણ બોર ચડ્યા નહિ એટલે શ્રુતાવતીએ પોતાના પગ ચૂલામાં ઘાલ્યા અને સાજ સુધી પોતાના પગ ચૂલામાં રાખ્યા ત્યારે ઇંદ્રે દર્શન દીધું અને કહ્યું કે, તું કૈલાસ પછી સ્વર્ગે આવજે.

શ્રુતાશ્વ પું. (પુરાણ) પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. અશ્વત્થામાને હાથે મરાયો હતો

શ્રુતાંત પું. (પુરાણ) સોમવંશીય પૃતરાષ્ટ્રનો એક પુત્ર. તેને ભીમે માર્યો હતો.

શ્રુતિ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૨. સ્ત્રી. કાટખૂણ ત્રિકોણમાં કાટખૂણાની સામેની બાજુ.

૩. [સં.] સ્ત્રી. કાન; અવણેંદ્રિય; શ્રોત્ર.

શ્રુતિ અવણ અને શબ્દગ્રહ. કાનની સાથીર, કમળની જે આનુકૂળે, પૂરી પૂજા કરીતીર. વિનયસમુદ્રોપ

૪. સ્ત્રી. (પિંગળ) ચારની સંજ્ઞા.

૫. સ્ત્રી. (વેદાંત) જે પદને પોતાનો અર્થ કહેવાને બીજા પદની અપેક્ષા ન હોય તે; પોતાના પ્રમાણ માટે કોઈની અપેક્ષા ન રાખનાર શબ્દ.

૬. સ્ત્રી. (સંગીત) કોઈ રાગમાં કોમળ કરતાં પણ જે વધારે કોમળ અને તીવ્ર કરતાં પણ વધારે તીવ્ર સ્વરનો ઉપયોગ કરવામાં આવે તે.

૭. સ્ત્રી. ધ્વનિ; અવાજ.

૮. સ્ત્રી. નાદનો એક ભેદ. ઉત્પત્તિસ્થાન પ્રમાણે આહત નાદના જુદા પ્રકાર માન્યા છે: હૃદયનો તે મંદ્ર, કંઠનો તે મધ્ય અને માથાનો તે તાર. એ દરેક સ્થાનથી જોરથી જુદી જુદી જાતના નાદ થઈ શકે છે તેને શ્રુતિઓ કહે છે. જુદા અવાજોને તે ભિન્ન છે એમ પારખી શકાય છે માટે જ એને શ્રુતિઓ કહી છે. કેટલાક સમર્થ વિદ્વાનો ૨૨ શ્રુતિઓને માન્ય રાખે છે: (૧) તીવ્રા, (૨) કુમુદ્વતી, (૩) મંદા, (૪) છંદોવતી (આ ચાર શ્રુતિ ઉપર ષડ્જ સ્વરનું સ્થાન છે.), (૫) દયાવતી, (૬) રંજની, (૭) રક્તિકા (આ ત્રણ શ્રુતિ ઉપર ઋષભ સ્વરનું સ્થાન છે.), (૮) રૌદ્રી, (૯) ક્રોધા (આ બે શ્રુતિ ઉપર ગાંધાર સ્વરનું સ્થાન છે.), (૧૦) વજ્રિકા, (૧૧) પ્રસારિણી, (૧૨) પ્રીતિ, (૧૩) માર્જની (આ ચાર શ્રુતિ ઉપર મધ્યમ સ્વરનું સ્થાન છે.) , (૧૪) ક્ષિતિ, (૧૫) રક્તા, (૧૬) સંદીપિની, (૧૭) આલાપિની (આ ચાર શ્રુતિ ઉપર પંચમ સ્વરનું સ્થાન છે.), (૧૮) મદંતી, (૧૯) રોહિણી, (૨૦) રમ્યા (આ ત્રણ શ્રુતિ ઉપર ધૈવત સ્વરનું સ્થાન છે), (૨૧) ઉગ્રા અને (૨૨) ક્ષોભિણી (આ બે શ્રુતિ ઉપર નિષાદ સ્વરનું સ્થાન છે). કેટલાક વળી ૬૬ લેઇ રવીકારી જુદી જુદી ૬૬ શ્રુતિઓ છે એમ કહે છે. તેમાં મંદ્ર સ્થાનીય ૨૨ શ્રુતિ

આ પ્રમાણે છે: (૧) ભદ્રા, (૨) અતિ ભદ્ર, (૩) ધોરા, (૪) ધોરાતરા, (૫) ભદ્રના, (૬) સૌમ્યા, (૭) સુમના, (૮) પુષ્કરા, (૯) રશ્મિની (૧૦) નીલા, (૧૧) ઊર્પલા, (૧૨) અનુનાસિકા, (૧૩) ધોષવતી, (૧૪) નીલનાદા, (૧૫) આવર્તિની, (૧૬) રક્ષદા, (૧૭) એક ગ્રન્થીન, (૧૮) દીર્ઘતારા, (૧૯) નલિની, (૨૦) મદ્રલ, (૨૧) સુપ્રસન્ના અને (૨૨) નિનદા અભ્યશ્યાનીય ૨૨ શ્રુતિ આ પ્રમાણે છે: (૧) નાદંતા, (૨) નિષ્કલા, (૩) ચૂડા, (૪) સકલા, (૫) મધુરા, (૬) ગલી, (૭) એકાક્ષરા, (૮) ભૂમણ્ડલિ, (૯) રસગીતી, (૧૦) સુરજિહ્વા, (૧૧) પૂર્ણા, (૧૨) અમકરિણી, (૧૩) વાચિકા, (૧૪) વૈષ્ણવ, (૧૫) ત્રિસ્થલી, (૧૬) સુસ્વરા, (૧૭) સૌમ્યા, (૧૮) ભાષાત્મી, (૧૯) વર્તિકા, (૨૦) મણ્ડૂકી, (૨૧) પ્રસન્ના અને (૨૨) સર્વજ્ઞાપિનિકા. તાર સ્થાનીય ૨૨ શ્રુતિ આ પ્રમાણે છે: (૧) ઈશ્વરી, (૨) કૌમારી, (૩) સરસ્વતી, (૪) ઇલાત્રીર્યા, (૫) મનોરમા, (૬) સુરિનગ્ધા, (૭) દિવ્યાંગા, (૮) સુસંલતા, (૯) વિદુમા, (૧૦) ભદ્રાર્ધા, (૧૧) શાન્તિની, (૧૨) ક્ષિતિ, (૧૩) સન્ધ્યા (૧૪) ક્ષાન્તી, (૧૫) સૂક્ષ્માતિસૂક્ષ્મા, (૧૬) પૂષ્ટા, (૧૭) સુપુષ્ટિકા, (૧૮) વિશ્વપુષ્ટા, (૧૯) કોકરી, (૨૦) કરાલી, (૨૧) વિશ્વોદ્ભાસા અને (૨૨) જોતિની એ પ્રમાણે ૬૬ શ્રુતિઓ માને છે. સ્વરની અપેક્ષાએ પ્રાચીન ૨૨ શ્રુતિઓ આ પ્રમાણે છે: (૧) દીપ્ત સ, (૨) પૂર્ણ રિ, (૩) કોમળ રિ, (૪) શુદ્ધ રિ, (૫) કોમળ ગ, (૬) શુદ્ધ ગ, (૭) સાધારણ ગ, (૮) અંતર ગ, (૯) મૃદુ મ, (૧૦) શુદ્ધ મ (૧૧) તીવ્ર મ, (૧૨) તીવ્રતર મ, (૧૩) તીવ્રતમ મ, (૧૪) શુદ્ધ પ, (૧૫) પૂર્ણ ધ, (૧૬) કોમળ ધ, (૧૭) શુદ્ધ, (૧૮) કોમળ નિ, (૧૯) શુદ્ધ નિ, (૨૦) કૌશિક વિ, (૨૧) કાકલી નિ અને (૨૨) મૃદુ સ.

૯. સ્ત્રી. બાહ્ય વસ્તુદ્વારા બોધ પામી માંડે જનાર સ્ત્રી

૧૦. સ્ત્રી. લોકવાયકા; સાંભળેલી વાત, કિંવદંતી.

૧૧. સ્ત્રી. વેદ. વેદ એટલે જ્ઞાન. તે જ્ઞાનનો અનુભવ પરમાત્મા પાસેથી તપશ્ચર્યાદિ બળે પોતાના અંતઃકરણમાં આવ્યો એટલે અંત:કરણમાં સંભળાયો તેથી તેને શ્રુતિ કહે છે શ્રુતિ શબ્દમાં મૂળ શ્રુ ધાતુ છે એનો અર્થ સાંભળવું એવો થાય છે એ અર્થ તરફ દૃષ્ટિ કરતા જે સંભળાય તે શ્રુતિ, એવો શ્રુતિ શબ્દનો અર્થ થાય છે. એટલે કે, આ અર્થ પ્રમાણે તો દુનિયામા જેટલા નાદો માણસ જાતથી સાંભળી શકાય છે તે બધાને શ્રુતિ કહી શકાય. શ્રુ સાંભળવું ધાતુને કરણ અર્થમા કારક પ્રત્યય લગાડવાથી શ્રુતિ શબ્દ સિદ્ધ થાય છે સૃષ્ટિના આરંભકાળ પહેલાથી આજ સુધીના મનુષ્યો સર્વ વિદ્વાનો સાંભળતા આવ્યા છે તેને લીધે વેદનું નામ શ્રુતિ નામ છે.

સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એ શ્રુતિ કહેવાય છે. એમા પ્રતિપાદન થયા સત્યે આત્મ ઋષિઓએ પરમાત્મા પાસેથી સાક્ષાત્ સાંભળ્યું કહેલા છે. આનંદશંકર ધ્રુવ

૧૨. સ્ત્રી. સાંભળવું તે

૧૩. સ્ત્રી. સીતાનાં સસરા માંહેનુ એક નામ.

શ્રુતિઉચિત [સં.] વિ. વેદોક્ત કર્મ કરવાને લાયક કે યોગ્ય

શ્રુતિકટ ૧ પું. પાપમાંથી છૂટવું તે

૨. પું. સર્પ.

શ્રુતિકટી [સં.] સ્ત્રી. સાપેક્ષ

શ્રુતિકટુ ૧. પું (કાવ્ય) એક કાવ્યદોષ. સાંભળવા માંહેનો એક પ્રકારનો પદદોષ. રસજ્ઞ મનુષ્યોને જેનું શ્રવણ કઠોર લાગે તે શ્રુતિકટુ કહેવાય. શ્રોતાઓને ઉદ્વેગ થાય એ આ દોષનું કારણ જણાય છે. આ દોષ અનિત્ય છે.

૨ સ શ્રુતિ (કાન) + કટુ (કડવું) વિ. કાનને અપ્રિય કે કડવું લાગે તેવું; કર્ણકઠોર.

શ્રુતિકટુત્વ ૧. [સ.] ન. કાનને અપ્રિય લાગે તે કર્ણકઠોરતા

જ્યારે કઠોર લાગે એવા શબ્દો વાપરવાથી શ્રુતિકટુત્વ દોષ આવે છે. જેમકે, અતિ ઘણું અતિ જરૂરનુ. સાહિત્ય આપણ અન્યત્રીલા

પૃથ્વીવલ્લભ ૧૭૬૬

૨. ન. ભાષાશુદ્ધિનો એક દોષ.

શ્રુતિકટુત્વદોષ [સં] પું. કર્ણને કઠોર લાગે તેવા પદના પ્રયોગથી થતો દોષ; એક પ્રકારનો પદદોષ. રસજ્ઞ મનુષ્યોને જેનું શ્રવણ ઉત્કટ લાગે અને શ્રોતાઓને ઉદ્વેગ થાય એવા શબ્દો સામાન્ય પ્રયોગમાં વપરાય તો આ દોષ બને છે. પણ જો રૌદ્રાદિક રસોમાં જ્યાં કર્કશ શબ્દો વાપર્યા વગર છૂટકો જ ન હોય ત્યાં તેના આ દૂષણનો ઉદ્ધાર થાય તે ગુણ બને છે.

શ્રુતિકાર ૧. [સં.] પું. શ્રુતિ રચનાર કે બનાવનાર વ્યક્તિ

૨. પું. સાંભળનાર માણસ.

શ્રુતિકાલ [સં.] પું. સંસ્કૃત સાહિત્યનો ઈ. સ. પૂર્વે ૮૦૦ સુધીનો વૈદિક કાળ. આ કાળમાં સંસ્કૃત ભાષા બોલાતી હતી અને બોલનારા મુખ્યત્વે આર્ય જાતિના હતા.

શ્રુતિકેરા જુ નિષ્ણ

શ્રુતિગમ્ય [સ શ્રુતિ (સાંભળવું તે) + ગમ્ય (જાણી શકાય તેવું)] વિ. શ્રવણ માત્રથી જાણી શકાય તેવું

શ્રુતિગીતા સ્ત્રી. વેદસ્તુતિ. શ્રુતિગીતાનુ પ્રયોજન ભગવાનનુ માહાત્મ્ય જણાવવાનુ અને ભગવાનનું ભજન નિરૂપણ કરવાનું છે. ભજન એટલે સેવા, ધ્યાન, ભગવાનમા ચિત્તનું નિરંતર પરોવાઈ રહેવુ તે છે. મહાપ્રભુજીએ વેદસ્તુતિ ઉપર શ્રુતિગીતા લખી તેને સર્વ સામાન્ય જણેલા તત્ત્વજ્ઞાનીઓએ બોજ્ય બનાવી

શ્રુતિગેય [સ.] વિ. વેદથી વખાણવા પામેલું.

કવિ ઇન્દ્ર અને મેનેથી સુમંત અસિત શ્રુતગેયો. વિરાટ

શ્રુતિછંદ [સં] પું (અક્ષિત) કોઈ લીટીના અંતઃછેદ અને બહિસ્છેદથી થતા વિભાગના મુખ્યોત્તર થાય એવા વિભાગ, અનુગુણ છેદ; 'હાર્મોનિક ડિવિઝન'.

શ્રુતિજીવક [સં.] સ્ત્રી. સ્મૃતિ; ધર્મશાસ્ત્ર.

શ્રુતિધર [સં.] વિ. માત્ર સાંભળીને જ વગર વાચ્યે યાદ રાખી શકનાર.

શ્રુતિનાડી [સં.] સ્ત્રી. કર્ણાંતર્દારિની અંદર આવેલ બે માંહેની એ નામની એક નાડી

શ્રુતિપટહ [સ.] પું કાનનો પડદો

શ્રુતિપથ [સં] પું. કર્ણમાર્ગ.

શ્રુતિપરાયણ [સં. શ્રુતિ (સાંભળવું તે) + પરાયણ (ઉત્તમ આશ્રય)] પું. શ્રોતા; સાંભળનાર.

એમ ના બાબતા જી જો ઉપાસે અન્યથી મુક્તી તરે છે મૃત્યુથી પાર તે થે શ્રુતિપરાયણ. કવિ ગીતા

શ્રુતિપરીક્ષા [સં.] સ્ત્રી. કાનથી સાંભળીને પરીક્ષા કરવી તે.

શ્રુતિપારગ [સં.] વિ. શ્રુતિમાં પારંગત.

શ્રુતિપ્રકાશ પું શિવનાં કાનનાં માંહેનુ એક નામ.

શ્રુતિબાહ્ય [સં.] વિ. વેદ વિમુખ

શ્રુતિબોધ [સં.] પું. વેદના વચનો.

શ્રુતિમત પું. વેદમત.

શ્રુતિમધુર [સં. શ્રુતિ (સાંભળવું તે) + મધુર (સુંદર)] વિ. સાંભળવું ગમે તેવું; કાનને સારું લાગે તેવું.

શ્રુતિમનોહર જુનો શ્રુતિમધુર.

શ્રુતિમંડળ [સં.] પું. કાનનો પ્રદેશ.

નયન પૂરંત જલમ ભેદક અતિ ઘર્ષ જર્જરીત કરે, તે શ્રુતિમંડળના સ્મરણાર્થે કુંદન ઝળકાવે કરે. મીરાબાઈ

શ્રુતિમાન ૧. [સં] પું વેદ જાણનાર.

૨. પું. શિવના હજાર માહેનુ એક નામ.

શ્રુતિમૂલ ૧. [સ] ન. કાનનું મૂળ

૨ ન. વેદનું મૂળ; યજ્ઞ વગેરે વેદશાસ્ત્રમાં કહેલ ધર્મ.

શ્રુતિરંજન જુઓ શ્રુતિમધુર.

શ્રુતિવર્જિત ૧. [સં.] વિ. બહેરું.

૨. વિ. વેદપાઠ વિનાનું.

શ્રુતિવિદ્યા સ્ત્રી. વેદવિદ્યા

શ્રુતિવિષય ૧. પું. અવાજ; સૂર; કાનનો વિષય

૨. પું કર્ણગોચર થવા માટેની મર્યાદા.

૩. પું. વેદોનુ વસ્તુ; શ્રુતિનુ વસ્તુ.

શ્રુતિવિહિત વિ. વેદ પ્રમાણે કહેલું

ન્યાસુપી વેદધર્મ, લિંગપૂજા, **શ્રુતિવિહિત** સ્નાન, દાન આદિ ધર્મકૃત્યો રહેતો સાંસ્કૃપી એનો નારા થવાનો જ નથી. પુરાતત્ત્વ

શ્રુતિવેધ [સ.] પું. જેમાં કાન વીંધાવ તેવો એક સંસ્કાર.

શ્રુતિવેષ્ટન ન. બહારનો કાન.

શ્રુતિશાસ્ત્રજ્ઞ પું. વેદશાસ્ત્ર જાણનાર.

શ્રુતિશિખર ન. ઉપનિષદ. ઉપનિષદને શ્રુતિઓનું શિખર એટલે ટોચ કહેવામાં આવે છે

શ્રુતિશ્રુધસ પું. (પુરાણ) શિશુપાલ કે શ્રુતશ્રવાનો પુત્ર.

શ્રુતિસંમતતા [સં] સ્ત્રી. શ્રુતિની સમતિ.

શ્રુતિસાગર ૧. પું. (પિંગળ) જે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ આવે છે.

૨. પું. વિષ્ણુના હજાર માહેનુ એક નામ. વેદોના સમૂહ હોવાથી વિષ્ણુ શ્રુતિસાગર કહેવાય છે.

શ્રુતિસિદ્ધ [સ.] વિ. શાસ્ત્રમાં સાબિત થયેલું; શાસ્ત્ર પ્રમાણેનુ

હું સાવિત્રીનું એ **શ્રુતિસિદ્ધ** પરમ રહસ્ય સહેલાયી સાક્ષાત્કાર કરી શકું છું.

ભગવતી ભાગવત

શ્રુતિસુખ [સં] વિ. કાનને સુખ ઉપજાવે તેવું; મીઠું

શ્રુતિસુરંગ [સં.] સ્ત્રી. કાનના અંદરના ભાગમાં આવેલ પોલો માર્ગ. તે કાનના મધ્યભાગમાં જઈને ગિયટ છે.

શ્રુતિસુરંગદ્વારિકા [સં] સ્ત્રી પ્રસનિકા પાસે આવેલી એ નામની પેશી.

શ્રુતિસ્વરકોષ્ટક ન. (સંગીત) શ્રુતિ અને સ્વરનો સબંધ દર્શાવતું કોષ્ટક.

સંખ્યાંક	શ્રુતિનામ	સ્વરનામ	આંદોલનો	કુલ્યાન્તર	શ્રુતિમાન
૧	તીવ્રા	શુદ્ધ યા તીવ્ર સ	૨૪૦	૨૧/૨૦	૨૧/૨૦
૨	કુમુદ્વતી	કોમળતર રિ	૨૫૨	–	–
૩	મંદા	કોમળ રિ	૨૬૪	૨૫/૨૪	૨૫/૨૪
૪	છંદોવતી	અકોમળ રિ	૨૭૬	૨૭/૨૬	૨૭/૨૬
૫	દયાવતી	શુદ્ધતીવ્ર રિ	૨૮૮	૨૮/૨૭	૨૮/૨૭
૬	રંજની	કોમળતર ગ	૨૯૪	૨૯/૨૮	૨૯/૨૮
૭	રક્તિકા	કોમળ ગ	૨૯૮	૩૦/૨૯	૩૦/૨૯
૮	રૌદ્રી	શુદ્ધ યા તીવ્ર ગ	૩૦૦	૩૧/૩૦	૩૧/૩૦
૯	ક્રોધા	તીવ્રતર ગ	૩૦૩	૩૨/૩૧	૩૨/૩૧
૧૦	વજ્રિકા	શુદ્ધ મ	૩૧૫	૩૩/૩૨	૩૩/૩૨
૧૧	પ્રસારિણી	શુદ્ધતર મ	૩૨૦	૩૪/૩૩	૩૪/૩૩
૧૨	પ્રીતિ	તીવ્ર મ	૩૩૩૧/૩	૩૫/૩૪	૩૫/૩૪
૧૩	માર્જની	તીવ્રતર મ	૩૪૧૧/૩	૩૬/૩૫	૩૬/૩૫
૧૪	ક્ષિતિ	શુદ્ધ પ	૩૬૦	૩૭/૩૬	૩૭/૩૬
૧૫	રક્તા	કોમળતર પ	૩૭૮	૩૮/૩૭	૩૮/૩૭
૧૬	સંદીપિની	કોમળ પ	૩૮૪	૩૯/૩૮	૩૯/૩૮
૧૭	આલાપિની	અકોમળ પ	૪૦૦	૪૧/૪૦	૪૧/૪૦
૧૮	મદંતી	શુદ્ધ યા તીવ્ર પ	૪૦૫	૪૨/૪૧	૪૨/૪૧
૧૯	રોહિણી	કોમળતર નિ	૪૨૧૧/૩	૪૩/૪૨	૪૩/૪૨
૨૦	રમ્યા	કોમળ નિ	૪૩૨	૪૫/૪૪	૪૫/૪૪
૨૧	ઉગ્રા	શુદ્ધ યા તીવ્ર નિ	૪૫૦	૪૬/૪૫	૪૬/૪૫
૨૨	ક્ષોભિણી	તીવ્રતર નિ	૪૬૮૧/૩	૪૮/૪૭	૪૮/૪૭

શ્રુતોદ્દેશ [સં.] પું. પંચ માંહેના એક પ્રકારનો ગુરુ.

જે ગુરુ આગમનો પ્રથમ પાઠ આપે તે **શ્રુતોદ્દેશ**. તત્ત્વાર્થસૂત્ર

શ્રુત્યનુપ્રાસ [સં. શ્રુતિ + અનુપ્રાસ (પ્રાસ મેળવવો તે)] પું. સન્નિહિત અંજનોની આવૃત્તિ; એક જાતનો શબ્દાલંકાર; સાંભળતાં જેમાં અનુપ્રાસનો અનુભવ થાય તેવો ભાષામાંનો એક અલંકાર.

શ્રુત્યનુસાર [સં.] અ. શ્રુતિ પ્રમાણે.

શ્રુત્યર્થ [સં.] પું. શ્રુતિનો અર્થ.

શ્રુત્યાકર્ષણ [સં.] વિ. શ્રુતિને આકર્ષણ કરનાર

શ્રુત્યુક્ત [સં.] વિ. વેદમાં કહેલ.

શ્રુવ [સં.] પું. યાગ; યજ્ઞ.

શ્રુવા [સં] સ્ત્રી. એક યજ્ઞપાત્ર; શ્રુવો.

શ્રેઢી ૧. સ્ત્રી. (ગણિત) અમુક નિયમ પ્રમાણે અનુક્રમે વધતી કે ઘટતી સંખ્યા; ' પ્રોગ્રેશન '. જ્યારે કેટલીક સંખ્યાઓમાં કોઈ અમુક નિયમ પ્રમાણે અનુક્રમ વધે અથવા ઘટે તો તે સંખ્યાના જથ્થાને શ્રેઢી કહે છે. જેમકે, ૧, ૨, ૪, ૮, ૧૬, ૩૨ વગેરે અથવા ૧૬, ૮, ૪, ૨, ૧, ½, ¼ વગેરે.

૨. સ્ત્રી. પ્રગતિ.

૩. સ્ત્રી. હરોળ; માળા; હાર.

૪. સ્ત્રી. સમાન અંતરની લીટીઓ કે આંકાવાળું બોર્ડર.

શ્રેઢીફલ ન. શ્રેઢીનો સરવાળો.

શ્રેઢીફળ જુઓ શ્રેઢીફલ.

શ્રેણિ ૧. પું. યાત્રામાં રોકેલા માણસો.

તેણે ભૌમ (પરંપરાના સૈનિકો), ભૃત (ભાડૂતી) અને **શ્રેણિ** (યાત્રામાં રોકેલા માણસો)ના અનુરક્ત સૈન્યના બળથી રાજ્યની પ્રાપ્ત કરી હતી.

ગુજરાતના ઐતિહાસિક લેખો

૨. પું. પૌર; પુરવાસી લોકો

૩. [સ.] સ્ત્રી હાર; પંક્તિ.

શ્રેણિક પું. શુદ્ધ ભગવાનના સમકાલીન મગધરાજાના પિતા બિંબિસાર; મહારાજા ચેટકના પુત્ર.

બુદ્ધ ભગવાનના સમકાલીન મગધરાજાના પિતા બિંબિસાર અથવા **શ્રેણિક** તે બહુ જાણીતું છે.

પુરાતત્ત્વ

શ્રેણિકા ૧. પું. (પિંગળ) જે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કોનિકા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર

અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨ [સ.] સ્ત્રી. તપ

શ્રેણિતપ [સં.] ન. (જૈન) એક ઉપવાસથી માંડી ક્રમેક્રમે વધારતાં ૭ માસ સુધીનું તપ.

શ્રેણિબદ્ધ [સં.] વિ. કારબંધ.

શ્રેણિમાન ૧. પું. (પુરાણ) ગોશૃંગ નામના પર્વત શિખરવાસી રાજા. ભારતકાળમાં એ પાંડવોના પક્ષમાં હતો અને એ યુદ્ધમાં જ દ્રૌરવ પક્ષના વીરોને હાથે મરાયો.
૨. પું. (પુરાણ) ભીમસેને દિગ્વિજય સમયે હરાવેલો કુમાર દેશનો રાજા

શ્રેણી ૧. સ્ત્રી. એ નામની ઉર્વશીની ચાર બહેનો એક વેદકાલીન અપ્સરા સખી.
૨. સ્ત્રી એક જ જાતનો ધંધો કરનારની ટોળી; એક જ કે જુદી જુદી જાતિના પરંતુ એક જ ધંધો અને ઉદ્યોગ કરનારા લોકોનો સંઘ
૩. સ્ત્રી. એક પ્રકારનું ભાળ.
રાજાઓ પોતાના પગારદાર સરકર ઉપરાંત ખીજા બહિયા રાજાના સરકરની સહાય હમેશ લઈ શકતા. તે ઉપરાંત ભૌમ, ભૂતક, શ્રેણી, બહિ, શ્રેણિક, આટવિક એ પ્રમાણે ૭ પ્રકારનું બળ પણ રાજતા. ગુ. સા. પરિષદ
૪ સ્ત્રી. હરોળ
૫. સ્ત્રી ધ.ર; રેસો.
૬. સ્ત્રી. પરંપરા; માળા; પંક્તિ; હાર; ઓળી.
૭. સ્ત્રી. મજૂરમંડળ; કામદારમંડળ વેપારીઓ અથવા યંત્રકામના જાણકાર લોકોની સંઘરૂપ સંસ્થા શ્રેણી તરીકે ઓળખાય છે. આ વ્યવસ્થા યુરોપના મધ્યયુગના ગિલ્ડ મહાજનને બહુ મળતી આવે છે.
૮. સ્ત્રી. સભા કે સભા
૯. સ્ત્રી. સમૂહ
૧૦. સ્ત્રી. સ્વરમંડળ; સ્વરમાળા; સ્વરારોહ.
૧૧. જુઓ શ્રેણિક્ષ ૧

શ્રેણીબંધ વિ. કારબંધ.

શ્રેણીભંગ [સ.] વિ. વાંકુચૂકું; સીધી-લીટીમાં ન હોય તેવું

શ્રેણીભાવ [સં] પું. ઉતરોત્તરક્રમ; ચઢઊતર રચના; ક્રમવાર વ્યવસ્થા; પરંપરા.

શ્રેણીભાષા [સ.] સ્ત્રી સાંકેતિક ભાષા; વિશેષભાષા; સંજ્ઞા

શ્રેણીભૂત [સં. શ્રેણી + ભૂત (થયેલું)] વિ. શ્રેણીબધ્ધ, કારબંધ, શ્રેણીરૂપ થયેલું.

શ્રેણીશિક્ષક [સ] પું. વર્ગશિક્ષક.

શ્રેય ૧ પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. [સં. શ્રેયસ] ન. આત્માનું અકે કલ્યાણ.
૩. ન. આનંદ; શાંતિ; સદ્‌ગતિ.
૪. ન. ઉન્નતિ.
૫. ન કલ્યાણ; હિત; શુભ હોવું તે
તેથી સ્વરાજનું તત્ત્વ સ્વીકાર્ય સિદ્ધાંત છે. અદ્વૈત સામ્રાજ્યોનું પરં શ્રેય કહો મને.
માખીગીતા
૬. ન. મોક્ષ; મુક્તિ.
૭. વિ. અત્યંત વખાણવા લાયક.
૮. વિ ઉત્તમ.
૯. વિ. માંગલિક; કલ્યાણવાળું

શ્રેયકર જુઓ શ્રેયસ્કર

શ્રેયકારિણી જુઓ શ્રેયસ્કારિણી.

શ્રેયજનની [સં.] સ્ત્રી હિતકારી માતા.
પણ પ્રકૃતિ શ્રેયજનની છે અને તેટલા અર્થ તેને વધુમાં વધુ દેવામાં જ સિદ્ધાન્તની વ્યાપ્તિ આવી છે. ધ. ૨. ભટ્ટ

શ્રેયમાર્ગ [સં.] પું. દેવયાનનો એક માર્ગ

શ્રેયસી ૧. સ્ત્રી. એ નામની એક વનૌષધિ; હરીતકી; હરડે.
અમૃતા પ્રભા ગાયત્રી અમૃતા શ્રેયસી સ્તોઈ,
કાયસ્થને પૂતના સિવા શ્રેયસી સ્તોઈ,
હરીતકી હૈતે કરી હરે હરડનો રોગ
તેમજ ગીરમસ્તાલની આલ સકલ સંયોગ.
પિંગળપ્રકાશ
૨. [સં.] સ્ત્રી. કાળીપાટનો વેલો; પાહારવેલ; વેણીવેલ.
૩. સ્ત્રી. ગજપીપર.
૪. સ્ત્રી. રાસ્ના વનસ્પતિ.

શ્રેયસ્કર ૧. પું. અઢાસી માંહેનો એક ગ્રહ
૨. [સં. શ્રેયસ + કૃ (કરવું)] વિ ભલું કરનાર; હિત કરે તેવું; કલ્યાણકારક; હિતકર; શુભકારક

શ્રેયસ્કામ [સં.] વિ. શ્રેય ઇચ્છનાર.

શ્રેયસ્કારક [સં.] વિ. લાભકારી; શ્રેયસ્કર

શ્રેયસ્કારિણી [સં.] વિ. કલ્યાણ કરનારી.
આપણે પાશ્ચાત્ય ભાવનાઓને મોહથી શ્રેયસ્કારિણી માની આપણા આચારવિચારમાં દાખલ કરવા લાગ્યા. મણિલાલ નભુભાઈ

શ્રેયસ્કારિતા [સ.] સ્ત્રી શ્રેયસ્કર હોવાપણું.

શ્રેયસ્કારી [સં.] વિ. શ્રેયસ્કર; કલ્યાણકારક.

શ્રેયાન ૧. વિ. ગરીબ.
૨. વિ. ઊપલી પાયરીનું; ચડિયાતી પાયરીનું.
શ્રેયાન હક્ક = નીચલી પાયરીના ધસમ કરતાં ઊપલી પાયરીના ધસમ તરીકેનો વિશેષ અધિકાર.

શ્રેયાનાધિકાર [સં.] પું. પૂર્વાધિકાર; ચઢિયાતો હક્ક.

શ્રેયાર્થી [સ.] વિ. આત્માર્થી.

શ્રેયાશ્રેય [સ.] ન. સારાનરસાપણું.

શ્રેયાંશ પું (જ્યોતિષ) જૈન શાસ્ત્રાનુસાર બારમા અરહંતનો એક માસ

શ્રેયાંસનાથ પું. જૈનોના બે નામના અગિયારમા તીર્થંકર સિંહપુરમાં વિષ્ણુ નામે રાજા અને વિષ્ણુદેવા રાણીના તે પુત્ર હતા. તેની મૂર્તિનું ચિહ્ન ગેંડો છે

શ્રેષ્ઠ ૧. પું. ઉત્તમ પુરુષ; પ્રધાન પુરુષ.
જે કાંઈ આચરે શ્રેષ્ઠ તે સૌ અન્ય જનો કરે,
જેને પ્રમાણ માને તે તેને લોક અનુસરે.
ગીતાનુશ્લોક
૨. [સ] પું. બ્રહ્મા.
૩. પું. રાજા.
૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૫. પું. વેદમાં વપરાયેલું ઋતું એક નામ.
૬. ન. ગામનું દૂધ.
૭. વિ. સર્વોત્તમ; સૌથી સરસ; ઉત્કૃષ્ટ.
જે લખ્યો જોક હોવનો કરે છે ખાનની અર્હા,
તે ગઝલથી પોતાની પુરસ્કાર કરે જ છે.
ગાંધીગીતા

શ્રેષ્ઠક [સં.] વિ. શ્રેષ્ઠ કે નિર્વાણને જાણનાર.

શ્રેષ્ઠતા ૧. સ્ત્રી. ઉત્તમતા; ઉત્કૃષ્ટતા; સરસપણું; વિશિષ્ટતા.
૨. સ્ત્રી. મોટાઈ; વડાઈ

શ્રેષ્ઠત્વ ૧. [સં.] ન. ઉત્તમતા; સરસપણું.
૨ ન. વડાઈ; મોટાઈ.

શ્રેષ્ઠક [સં.] વિ. શ્રેષ્ઠ ધર્મનું દાન કરનાર.

શ્રેષ્ઠદાન [સં.] ન. કેવળ નિરપેક્ષ બુદ્ધિથી બ્રાહ્મણને આપેલી જમીન.

શ્રેષ્ઠલવણ [સં.] ન. સિંધાલૂણ.

શ્રેષ્ઠવિદ્યા [સં.] સ્ત્રી. અધ્યાત્મ વિદ્યા.

શ્રેષ્ઠવેધિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

શ્રેષ્ઠા [સં.] સ્ત્રી રક્તપદ્મિની; ભેદાવનસ્પતિ.

શ્રેષ્ઠાશ્વ [સં.] પું ઘોડામાંનું ઝાડ.

શ્રેષ્ઠિન [સં. શ્રેષ્ઠિન્] પું. શેઠ; પૌર એટલે પુરવાસીઓના સમૂહનો અધ્યક્ષ.
એના અધ્યક્ષ તરીકે સામાન્ય રીતે કોઈ વેપારી અથવા આઢ રહેતો અને તેને શ્રેષ્ઠિન્ કહેતા.
હિંદુ રાજ્યવ્યવસ્થા

શ્રેષ્ઠી ૧. [સં. શ્રેષ્ઠિન્] પું. પ્રખ્યાત વેપારી; આગેવાન વેપારી, વેપારીઓમાં સર્વશ્રેષ્ઠ; નામાંકિત વેપારી; સાહુકાર
૨. પું. માલિક; ધણી.
૩. પું. શિલ્પી; કારીગર.
૪. પું. શેઠ; વડો; મહાજનનો આગેવાન.
૫. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; પ્રધાન; મુખ્ય.

શ્રોણિ વિ પાતળું; સૂક્ષ્મ

શ્રોણી [સ] જા. કાછ.

શ્રોત્રિ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉપજાતિ છંદનો એક ભેદ છે તેમાં ન્ર્ય્મ્, મગણ અને લઘુ મળી ૭ વર્ણ હોય છે

ન ભા ન યી શ્રોત્રિજ સ્વરિત

૨ સ્ત્રી રસ્તો, માર્ગ

૩ સ્ત્રી. શ્રોણિ, શ્રોણો; નિતમ્બ; જાંઘ, સાથળ

૪ સ્ત્રી કેડની કટિ; કમર

શ્રોણિપક્ષિણી સં.] સ્ત્રી શ્રોણિગુહાની અંદર તેની દરેક બાજુને જારી દેતી એ નામની એક પેશી તે ત્રિકોણાકાર, ચપટી અને અત્યંત મજબૂત છે તે શ્રોણિફલકના અંતર્ગોળ, જઘનોદર નામના ભાગ પરથી, જઘનચૂડા પરથી, ત્રિકાસ્થિની બાજુના થોડા ભાગ પરથી તેમ જ કટિજઘનિક અને ત્રિકજઘનિક નામના રજ્જુ પરથી ઉત્પન્ન થાય છે. આ પેશી મધ્યકાયને નીચે તરફ ખેંચે છે અગર સામટાને ઊંચો મધ્યકાય તરફ ખેંચે છે

શ્રોણી જુઓ શ્રોણિ

શ્રોત ૧. [સં.] ન. ઇંદ્રિય

૨. ન જ્ઞાન

૩ ન. નદીનો વેગ.

શ્રોતમનોહર [સં.] વિ. કર્ણને પ્રિય લાગે તેવું.

શ્રોતવ્ય ૧. [સં. પુ (સાંભળવું)] ન. સાંભળવા યોગ્ય હોય તે.

૨. વિ સાંભળવા યોગ્ય; શ્રવણ કરવા યોગ્ય.

શ્રોતા ૧. પું. (પુરાણ) શ્રાવણ મહિનાના ઉદ્ધ નામના સર્પના સમાગમમાં આવનાર એ નામનો એક યક્ષ.

૨ પું સ્ત્રી.

૩. [સં શ્રોતૃ] પું. સાંભળનાર પુરુષ વર્ગ.

૪. વિ. સાંભળનાર; શ્રવણ કરનાર.

શ્રોતાજન [સં. શ્રોતૃ + જન (લોકો)] પું. સાંભળનારો સમુદાય; શ્રોતૃવર્ગ; શ્રોતૃવર્ગ.

શ્રોતાવક્તા [સં. શ્રોતૃ (સાંભળનાર) + વક્તૃ (બોલનાર)] પું. બ.વ. સાંભળનાર અને બોલનાર લોકો; સભાનાં તમામ માણસો; એકંદર સમાજનો.

શ્રોતાવધાન [સ.] ન. (જૈન) શ્રદ્ધા અને પ્રજ્ઞાપૂર્વક સાંભળવું તે

જે જ્ઞાનીએ **શ્રોતાવધાન** વડે નિર્બાધજ્ઞાન સંપાદન કરેલું છે તે જ લોકાનુ સમાધાન કરી શકે છે. સુનિધાન

શ્રોતાવર્ગ જુઓ શ્રોતાજન.

શ્રોતિય ૧ [સ] પું. ઊંચના ત્રણ માંહેનો એક ભાગ

૨ વિ વેદ, વેદાંત તથા શ્રુતિ સ્મૃતિના અર્થને જાણનારું

શ્રોતૃવર્ગ પું સાંભળનારો સમુદાય, શ્રોતાજન.

શ્રોતૃજન જુઓ શ્રોતૃવર્ગ

શ્રોત્ર ૧. [સ. ન્ (સાંભળવું)] પું. કાન; શ્રવણ, શ્રવણેંદ્રિય. જેનાથી સાંભળી શકાય છે તે અવયવ; પાંચ જ્ઞાનેંદ્રી એક જ્ઞાનેંદ્રિય.

રસનેંદ્રિય, રસન, જીભ, ચક્ષુ અને શ્રોત્ર ઇંદ્રિયોના નામ છે. કન્દર્પસૂત્ર

૨ ન. નાકારથી ઊપજતાં પાંચ માંહેનું એક તત્ત્વ

૩ ન એ નામનું ૨૪ માંહેનું એક તત્ત્વ.

૪ ન કાનનું છિદ્ર

૫ ન. છત્રીસ માંહેનું એ નામનું સત્તરમું તત્ત્વ શ્રોત્ર ચક્ષ તથા જિહ્વા, ઘ્રાણ ઇંદ્રી જાણ, રૂપરસ ઇંદ્રી પાંચમી, એ જ્ઞાનઇંદ્રા જાણ નાપાળદાસ

શ્રોત્રજ્ઞાની સ્ત્રી કાનના દોરથી ગુજરાત સુધી ચાલતો માર્ગ

શ્રોત્રનાડી [સં] સ્ત્રી. કર્ણાંતર દ્વારમાં પેસતી એક નાડી

શ્રોત્રપ્રિય [સં.] વિ. કર્ણપ્રિય; કાનને પ્રિય લાગે તેવું.

શ્રોત્રવિદ્યા [સ] સ્ત્રી ધ્વનિવિજ્ઞા., નાદવિદ્યા; કર્ણવિજ્ઞા., ધ્વનિતત્ત્વજ્ઞા, શ્રવણવિદ્યા.

શ્રોત્રહારી [સં. શ્રોત્રહારિન્] વિ. કાનને હરે તેવું; કર્ણપ્રિય.

શ્રોત્રાયતન [સં] ન. બૌદ્ધ મતાનુસાર જ્ઞાનસંચારના બાર માંહેનું એક સ્થાન.

શ્રોત્રિય ૧. પું. (જૈન) નિંદિત અને અનિંદિત ધર્મો હોય તે બધા સાંભળીને અને જાણીને તેના ઉપર જય મેળવીને નિઃશંક, નમ્રતા અને સર્વત્રૈવ નિર્દુઃખ થાય તે.

૨. પું. વેદાભ્યાસી બ્રાહ્મણ; વેદ અને વેદના અંગો સંપૂર્ણ જાણનાર બ્રાહ્મણ.

૩. પું. (વેદાંત) સિદ્ધના સત્સંગ નિમિત્ત કરવામાં ઉપયોગી શાસ્ત્રજ્ઞાન ધરાવનાર ગુરુ.

૪ ન. ઊંચનો એક ભાગ

૫. વિ. વેદ ભણેલો; વેદમાં પારંગત; વેદકુશલ.

શ્રોત્રિયત્વ [સં.] ન. વેદમાં પારંગતપણું

શ્રોત્રી ૧. [સ.] પું. વિદ્વાન બ્રાહ્મણ.

૨. પું શ્રોત્રિય; વેદોક્ત કર્મ કરનાર.

૩. સ્ત્રી શ્રોતાનું સ્ત્રી લિંગ; સાંભળનાર સ્ત્રી.

૪. વિ. વેદાભ્યાસી.

શ્રોત્રેંદ્રિય [સ] સ્ત્રી કાન

શ્રોફે ! અં.) પું શરદર્દ. નાણાવટી

શ્રોત્રણ [સ. સુવર્ણ] ન સુવર્ણ, સોનું; હેમ

સત્ય મુદ્રા **શ્રોત્રણની**,
તુને આપીશ સાર પ્રેમાનંદ

શ્રૌત ૧. [સં] પું. ગાર્હપત્યાગ્નિ, આહવનીયાગ્નિ, દક્ષિણાગ્નિ આ ત્રણ મહેનો કોઈ પણ અગ્નિ

૨ ન જ્ઞાન

૩. ન વેદોક્ત કર્મ વગેરે; શ્રુતિએ કરાવેલાં ક્રિયા અને કર્મ; શ્રુતિનું કર્મકાંડ.

૪ ન વૈદિકપણું.

૫. વિ બનાવેલું

૬ વિ શ્રુતિ કે જ્ઞાનને લગતું

૭. વિ શ્રુતિ કે વેદ સંબંધી, શ્રુતિમાં વિહિત ગણેલું, વેદે ફરમાવેલું

શ્રૌતકર્મ [સ.] ન વેદોક્ત કર્મ

યજ્ઞયાગાદિ **શ્રૌતકર્મ** જ્ઞાનમાં પણે એથી યુક્ત થઈ ગયાથી આ વિશ્વનું જ્ઞાનના વાચનારાઓને વિશેષ મહત્ત્વ લાગતું નથી. ગીતારહસ્ય

શ્રૌતકાલ [સં] પું વેદનો સમય.

શ્રૌતકેળવણી સ્ત્રી જ્ઞાન અને મોહાની કેળવણી

આપણે પહેલું વર્ષ છોકરાંઓને **શ્રૌતકેળવણી** આપવામાં જાણવું જોઈએ **શ્રૌતકેળવણી** એટલે જ્ઞાન અને મોહાની કેળવણી; બોપદી અને રોઝેટ્ટર્ઝની નહિ. કાકેલકર

શ્રૌતક્રિયા [સં.] સ્ત્રી. વેદની પદ્ધતિ; વૈદિક ક્રિયા.

શ્રૌતતર્ક [સં.] પું. શ્રુતિનું જ પ્રતિપાદન કરે તે તર્ક. શ્રૌત અને લૌકિક એવો બે પ્રકારનો તર્ક છે એમ સમજાય છે. તેમાં જે મુખ્યત્વે કરીને શ્રુતિનું જ પ્રતિપાદન કરે છે તે શ્રૌતતર્ક અને બાકીનો તે લૌકિકતર્ક જાણવો.

શ્રૌતપદ્ધતિ [સં.] સ્ત્રી. એક પ્રકારની શિક્ષણપદ્ધતિ. આ પદ્ધતિમા ધર્મશિક્ષણ–ભૂગોળના જ્ઞાનનો બહિષ્કાર નથી એમાં વિષયો મોહામોહ સામાન્ય મનોવૃત્તિ અનુભવથી સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચનલેખનના કરતાં શ્રૌત પદ્ધતિથી ઘણાગણું જ્ઞાન આપી શકાય છે.

શ્રૌતભાષ્ય [સં] ન રામ.નુજાચાર્યે રચેલ એ નામનો એક ગ્રંથ.

શ્રૌતસૂત્ર ૧ ન એ નામનું સૂત્ર; જેનો વિષય શ્રૌતયજ્ઞ છે એવાં કલ્પસૂત્ર. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સાધ્ય કરવા માટે ગૃહસ્થે કેવી રીતે વર્તવું તે કહેલું છે

૨. [સં.] ન ગૃહ્યસૂત્રને બાદ કરતાં સૂત્રો; શ્રુતિ ઉપરથી રચેલ સૂત્રો

બૌધાયનકલ્પ આદિ ઋષિઓએ **શ્રૌતસૂત્રો**–પ્રયોગશાસ્ત્રો રચી શ્રાદ્ધ અને યજ્ઞને નિયમમાં રાખ્યાં શિક્ષણકાલ

શ્રૌતાગ્નિ [સં.] પું. અગ્નિહોત્રનો અગ્નિ.

શ્રૌતાચાર , સ] પું. આચારના નવ માંહેનો એક ભેદ; વૈદિક ધર્મમૂલક આચાર

શ્રૌષટ્ [સં] અ યજ્ઞ વગેરેમાં હવિષ પદાર્થનું દાન કરતી વેળા ઉચ્ચારાતો શબ્દ

સ્વાહા, વૌષટ્, શ્રૌષટ્, વષટ્, સ્વધા એ પાંચ અવ્યયો દેવને અર્પિ આપવા માટે વપરાય છે.
અમરકોષ

શ્લક્ષ્ણ ૧ પું. ઔષધિનો એક ગુણ.

૨. [સં] વિ. અલ્પ; થોડું.

૩. વિ ચીકણું

૪. વિ તેજની ધારની પેઠે અતિસ્વિચ્છ હોય તેવું

૫. વિ મનોહર; સુંદર.

૬. વિ લીસું.

શ્લક્ષ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ધ્રુજ્યા કરવી.

૨. અ. ક્રિ. ઢીલું થવું કે પડવું.

૩. અ. ક્રિ દુર્બલ થવું.

૪. અ ક્રિ હિંસા કરવી

શ્લક્ષ્ણ ૧. [સં.] વિ છૂટું; વિખરાયેલું.

૨. વિ. ઢીલું; પોચું; નરમ

જઈ રક્ષ્ય પણની ઇચ્છાને, શ્લક્ષ્ય કુસુમ કરણાર.
વિરહર

૩. વિ. થાકી ગયેલું.

૪. વિ. શિથિલ; દુર્બળ; કમજોર.

૫. વિ. શ્રુતિ કે વેદ સાખડી પડેલું

શ્લક્ષ્યત્રિતાક્ષી પું. એ નામે એક ઋતુસ્નાતિ સોળ માત્રાનો તાલ તેનાં તાલસ્થાન ૧, ૫, ૧૩ મા.ત્રા ઉપર છે.

શ્લાઘ્ ૧. [સં.] સ.ક્રિ. બડાઈ મારવી; મગરૂરી કરવી.

૨. સ ક્રિ. વખાણ કરવા

૩. સ ક્રિ. (ધાતુ) સારું લગાડવું; ખોટાં વખાણ કરવાં. તે ઉપરથી આત્મશ્લાઘા, શ્લાઘા, શ્લાઘિત, શ્લાઘનીય વગેરે શબ્દો બનેલા છે.

શ્લાઘનીય [સં. શ્લાઘ્ (વખાણવું) + અનીય (વિધ્યર્થે કૃદંતનો પ્રત્યય)] વિ વખાણવા લાયક; સ્તુતિપાત્ર; સ્તુત્ય; પ્રશંસનીય; પ્રશંસાપાત્ર.
એથી એ પણ સિદ્ધ થયું કે કવિ અત્યંત શ્લાઘનીય છે. કાવ્યરાજ

શ્લાઘા ૧ [સ શ્લાઘ્ (વખાણ કરવા)] સ્ત્રી. અભિલાષા; ઇચ્છા.

૨. સ્ત્રી. આત્મપ્રશંસા; આત્મસ્તુતિ પોતાના ગુણો જાતેજ કરવા તે.

૩. સ્ત્રી. પ્રશંસા; વખાણ; તારીફ; સ્તુતિ.

શ્લાઘિત [સ.] ન ક્રીડાનો આગલો ભાગ વાળીને ચાલવાની ઘોડાની રીત તેમાં ઘોડો પોતાનાં કાન અને માથું ટટ્ટાર રાખે છે.

શ્લાઘ્ય [સં શ્લાઘ્ (વખાણ કરવાં) + ય (વિધ્યર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. વખાણવા લાયક; સ્તુત્ય; પ્રશંસ્ય; પ્રશંસાયોગ્ય; પ્રશંસાપાત્ર

શ્લિષ્ટ ૧. પું. કાવ્યનો એ નામે એક અલંકાર. તેને શ્લેષ પણ કહે છે.

૨. [સં.] વિ આલિંગન કરેલ; ભેટેલ

૩. વિ. ભેગું; મળેલું; વળગેલ.

૪ વિ. દ્વિઅર્થી, જેના બે અર્થ થાય તેવું, શ્લેષવાળું

શ્લિષ્ટતા સ્ત્રી જેમાં શ્લેષ હોય તે

શ્લીપદ ૧. [સં.] ન પગ વગેરે જડા થઈ જાય એવો એક જોરદા વિકારી રોગ; હાથીપગાનો રોગ.

૨. વિ. હાથીપગુ; શ્લીપદ રોગવાળુ

શ્લીપદી ૧. [સં શ્લીપદિન્] પું. શ્લીપદના રોગથી પીડાતી વ્યક્તિ

૨. વિ. શ્લીપદના રોગવાળુ

શ્લીલ ૧. વિ. ધનવાન; શ્રીમાન; પૈસાદાર.

૨ સં.] વિ. શોભાવાળું; સુંદર.

શ્લેષ ૧. પું (કાવ્ય) અર્થની રમતનું ચાતુર્ય

૨. [સં. શ્લિષ્ (ભેટવું)] પું. આલિંગન, ભેટવું તે.

૩. પું. એક કરતાં વધારે અર્થ દર્શાવનાર શબ્દોનો પ્રયોગ; બે અર્થવાળા શબ્દોનો પ્રયોગ; એક શબ્દને જુદાજુદા અર્થમાં વાપરવો તે

૪. પું. કાવ્યનો એ નામનો એક અલંકાર; શ્લિષ્ટ. જે વર્ણન પ્રકૃતિને ઓટલે વર્ણ પદાર્થને તેમ જ અપ્રકૃતને ઓટલે અન્યવર્ણને શબ્દના બે અર્થને લઈ ને ચાલુ પડે તે વર્ણન શ્લેષસંકારયુક્ત કહેવાય છે. શ્લેષ એટલે બે અર્થનું એક શબ્દમાં એક થવું તે

૫. પું. (કાવ્ય) જેમાં ઘણા શબ્દોનો એક જ સાથે સમાસ કરવામાં આવે તેવો કાવ્યનો એક ગુણ. તેના ગુરુ સમાસ, મધ્યમ સમાસ અને લઘુ સમાસ એવા ત્રણ ભેદ છે.

૬ સ્ત્રી. દાહ; બળતરા

૭. જુઓ સમર્ગ

શ્લેષપરિકર પું (કાવ્ય) એક પ્રકારનો એક અલંકાર.

શ્લેષાત્મક [સં.] વિ પરોક્ષ.

પણ જોવાની રીતે તેનું પ્રવિષ્કરણ કરવું એ લેખમાં અનેકવાર કહેવામાં આવ્યું છે અને તેથી આકારમાં તેનો શ્લેષાત્મક (પરોક્ષ) વાણીનો ઉપયોગ કરવા હતા પુરાતત્વ

શ્લેષાર્થી [સં.] વિ દ્વયર્થી; બે અર્થવાળુ.

શ્લેષાલંકાર [સ] પું. શ્લેષવાળો અલંકાર; જ્યાં અનેક અર્થનો બોધ થાય એવી શબ્દરચના. જ્યાં શ્લેષ અર્થના પદ વડે અનેક અર્થનું વર્ણન કરવું તે શ્લેષ અલંકાર તે બે પ્રકારના છે: (૧) શબ્દનો શ્લેષ અને (૨) અર્થનો શ્લેષ. લક્ષાકાષ્ટ ન્યાયથી બે શબ્દોની મિલાવટ થાય ત્યા શબ્દશ્લેષ અને એકશબ્દાત્મક કૂપદ્વય ન્યાયથી એક શબ્દગત બે અર્થોની મિલાવટ હોય ત્યાં અર્થશ્લેષ છે તેના વળી બીજા ત્રણ ભેદ આ પ્રમાણે છે: (૧) પ્રકૃતાનેક વિષય, (૨) અપ્રકૃતાનેક વિષય અને (૩) પ્રકૃતાપ્રકૃતાનેક વિષય

શ્લેષોપમા [સં.] પું. (કાવ્ય) એ નામે એક અલંકાર.

શ્લેષ્મ ૧. પું. સળેખમ

૨. [સ શ્લેષ્મ; પ્રા. સિલ્હ; અપ. સિલ્હોસિલ્હો] જ. આંખ, નાક, મોઢું, ગળુ, ફેફસાનું, અન્નનળ, અન્નાશય, આંતરડાં, મૂત્રાશય, મત્રમર્ગ, યોનિ, ગર્ભસ્થાન તેમ જ બીજા કેટલાએક નળીઓના અંતરાવ્રાદન પદમાંથી કેટલાએક પ્રકારના સૂક્ષ્મ પિંડો દ્વારા ઉત્પન્ન થતો પાતળો ચીકણો રસ; કફ. તેથી અવયવોનો સપાટી હમેશા ભીની રહે છે.

ચોંટવાના ધર્મવાળું ચિકણવાળું તે શ્લેષ્મ.
રત્નાકરસારોદ્ધાર

૩. ન. બીનાશ.

શ્લેષ્મક [સં.] પું. કફ; સળેખમ; સાંધાઓની અંદર રહેનારો કફ. તે સાંધાઓને હાલવા ચાલવામાં મદદ કરે છે માટે તેને શ્લેષ્મક કહે છે.

શ્લેષ્મકલ્યર [સ.] પું. શ્લેષ્મના ઉપદ્રવવાળો એક જાતનો ઝેરી તાવ; ' ઇન્ફ્લ્યુએન્ઝા '. ઋતુની વિકૃતિથી હવા વાટે પ્રસરતાં અને શ્વાસમાર્ગે અને ક્વચિત્ ખોરાક વાટે શરીરમાં દાખલ થતાં જંતુઓ આ તાવનું મુખ્ય કારણ છે શ્વાસમાર્ગમાં, ક્વચિત્ અન્નમાર્ગમા કે સર્વ ધાતુઓમાં જંતુઓનું વિષ પ્રસરી કહેવાતોલ્બણ, કે કફપ્રધાનોલ્બણ સન્નિપાત થઈ તેનાથી હજારો માણસ મરી જાય છે. તેમા સળેખમ, માથાનો દુખાવો, ટાઢ, ધ્રુજારી, અંગમર્દ, કમર, પીઠ, તથા છાતીનો દુઃખાવો, ખાંસી, તાવ, અનિદ્રા વગેરે લક્ષણો નવા કૃમિ. એ ચિહ્નો શરૂઆતથી જ જણાય છે. ફેફસા ઉપર અસર થાય ના ગોટીની ગરબડી, પ્રસ્તાપ, શ્વાસ વગેરે થાય; અન્નમાર્ગ દૂષિત થાય તો ઝાડા, ઊલટી થાય, ક્વચિત્ મૂર્છા અને કમળો પણ થાય છે વિષના તીવ્રપણાથી ક્વચિત્ અન્નિન્દ્રાસન્નિપાત જેમાં અસાધ્ય લક્ષણ થઈ જાય છે. દોષો ઓછા હોય

તો કદી ત્રણેક દિવસમાં સારો થઈ જાય છે; છતાં નબળાઈ બહુ દિવસ રહે છે. ત્રિદોષ હોય તો અસાધ્ય ગણાય છે.

શ્લેષ્મકલા [સ] સ્ત્રી આંતરડાની ભીંતો ઉપરનું અતિ બારીક પડ આંતરડાની અંદર મેલ બરાબર રહેવાથી આંતરડાની શ્લેષ્મકલામાં ક્ષોભ થાય છે અને તેને લીધે પાતળા ઝાડા થયા વિના મરડાઈને ઝાડો આવે છે. મરડો એ આંતરડાની અંતર્વચાનો ક્ષોભ તથા દાહ છે.

શ્લેષ્મઘ્ન ૧ [સ.] પું. કેવડો
૨. વિ કફ કે સળેખમનો નાશ કરનાર.

શ્લેષ્મઘ્ની ૧ [સ] સ્ત્રી. માલકાંકણી
૨. સ્ત્રી. વજ્ર. વજ્ર ખાવાથી સળેખમનો નાશ થાય છે માટે તેને શ્લેષ્મઘ્ની કહે છે

શ્લેષ્મજ [સ.] વિ કફથી ઊપજેલું; સળેખમથી થનાર.

શ્લેષ્મધર ૧. [સં. શ્લેષ્મન્ (કફ)] વિ કફથી પીડાતું
૨. વિ. સળેખમવાળું, કફી; કફ રોગવાળું

શ્લેષ્મધરા [સં.] સ્ત્રી. અરડૂસો.

શ્લેષ્મત્વચા સ્ત્રી ગર્ભાશયની દીવાલના અંદરના ભાગનું આવરણ. યોનિમાર્ગની દીવાલમાં સંકોચવિસ્તાર પામી શકે એવા ઘણા તંતુઓ આવેલા છે આ દીવાલોની શ્લેષ્મત્વચા બીજી શ્લેષ્મત્વચાઓ કરતાં સહેજ જુદી તરેહની છે.

શ્લેષ્મલ ૧. [સં.] વિ. કફ રોગવાળું; સળેખમવાળું.
૨. વિ. ચીકણું; બલગમવાળું

શ્લેષ્માતક ૧ [સં] ન ગુંદાનું ઝાડ, ગુંદી.
૨. ન બહુવારવૃક્ષ.
૩. ન (પુરાણ) વિશ્વા ઋષિનું નર્મદા તીરે આવેલું તપોવન; અહીં દશગ્રીવ કઈ કાળ પર્યંત રહ્યો હતો અને વેદવેદાંગાદિનો અભ્યાસ કર્યો હતો અહીંથી જઈને તે લંકામાં રહ્યો હતો

શ્લેષ્મી [સ શ્લેષ્મિન્] વિ શ્લેષ્મવાળું; કફથી ભરપૂર

શ્લોઢ્ ૧ [સ.] સ. ક્રિ. તજી દેવું; છોડી દેવું
૨. સ. ક્રિ. પદ્ય રચના કરવી
૩. સ ક્રિ. મેળવવું; એકઠું કરવું.
૪. સ ક્રિ વખાણવું
૫. સ. ક્રિ. વખારવું.

શ્લોક ૧. પું. અનુષ્ટુપ છંદનું પદ. તેના દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે અને તેનો પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો ગુરુ હોય છે; પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ પણ બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય છે.
૨ પું (બિરુદ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, રગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર આવે છે

આ રા ગી ગા ધરો શ્લોકે રઘુપિંગળ

૩ પું કવિતાનું ચગચગ પૂરા વિચારવાળું બે અથવા ચાર ચરણનું પદ.
૪. પું. નામ, કીર્તિ, યશ અ. અર્થમાં સમાસને અંતે વપરાય છે. જેમકે, પુણ્યશ્લોક
૫ પું વખાણ.

શ્લોકકાર [સ] પું. શ્લોક બનાવનાર

શ્લોકબદ્ધ [સં. શ્લોક + બદ્ધ (બાંધેલું)] વિ. શ્લોક રૂપે રચેલું; શ્લોકમાં ગોઠવેલું કે રચેલું; કાવ્ય રૂપે ગોઠવેલું, જેમાં શ્લોકો હોય તેવું.

શ્લોકવાર્તિક [સ.] ન. કુમારિલ ભટ્ટ લખેલ એ નામનું એક પુસ્તક
કુમારિલે શ્લોકવાર્તિક લખ્યું પુરાતત્ત્વ

શ્લોકાર્ધ [સ શ્લોક + અર્ધ] પું અર્ધો શ્લોક, શ્લોકનો અર્ધો ભાગ.
"રેવરાજ મારો જન્મસિદ્ધ હક છે" આ શ્લોકાર્ધ તિલક મહારાજે પ્રજાને આપ્યો.
ગાંધીજી

શ્લોક્ય [સ] વિ પાદબદ્ધ, અક્ષરવાળું. શ્લોક કે વૈદિક મંત્રો પ્રતિપાદન કરનાર; વેદમાં વપરાયેલું સ્તુતિ એક વિશેષણ.

શ્વઉંષ્ટ્ર [સ શ્વ (કૂતરું) + દંષ્ટ્ર (મોટો દાંત)] પું કૂતરાની દાઢ

શ્વદંષ્ટ્રક [સ] પું ગોખરુ

શ્વદંષ્ટ્રા ૧ [સ શ્વ (કૂતરું) + દંષ્ટ્રા (દાઢ)] સ્ત્રી કૂતરાની દાઢ
૨ સ્ત્રી ગોખરુ

શ્વદૂષિત [સ] વિ. કૂતરાંના કરડવાથી થયેલ દોષવાળું

શ્વભૂર્ત [સ] પું શિયાળ

શ્વભૂર્તી [સ] સ્ત્રી શિયાળની માદા

શ્વનિ ૧ પું વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ
૨ વિ કૂતરાને ગળે પટ્ટો બાંધી તેને પળાવનાર.

શ્વપચ [સ. શ્વન્ (કૂતરો) + પચ (રાંધવું)] પું. ચાંડાળ, નીચ જાતિનો માણસ, કૂતરાં વગેરે પ્રાણીઓનું માંસ પકાવીને ખાનાર માણસ
ખાણું બીજા માણસ સારુ સંગ્રહ કરવા જેમાંથી ઉત્પન્ન કરે છે. સુતસંહિતા

શ્વપતિ ૧ [સ.] પું. કૂતરાનો સ્વામી.
૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ; શંકર.

શ્વપદ [સં] પું. હીનજાતિનો એક જાતનો ચંડાળ

શ્વપાક ૧ પું એ નામનો એક ઋષિ
૨ પું ક્ષત્તા સ્ત્રીને ઉગ્ર પુરુષથી થયેલ દીકરો.
૩ પું નમિ વિનમિએ ઉત્પન્ન કરેલ સોળ મહેની એક જાતનો વિદ્યાધર.
૪ જુઓ શ્વપચ.

શ્વપાલક પું કૂતરાં પાળનાર

શ્વપુચ્છક [સ] પું. વીંછી

શ્વફલ્ક ૧ [સ.] પું. દાડમનું ઝાડ
૨. પું. નારંગીનું ઝાડ.
૩. પું. બીજોરાંનું ઝાડ.

શ્વફલ્ક પું (પુરાણ) અનમિત્ર નામના યદુવંશનો પાત્ર; વૃષ્ણિના પુત્ર અને ચિત્રરથનો બાપ. એક સમય કાશીક્ષેત્રમાં અવર્ષણને લઈને દુષ્કાળ હતા શ્વફલ્ક સહજ ત્યાં ગયો હતો કાશીરાજને ખબર પડતા કાશીરાજે એને બોલાવી એનું પૂજન કર્યું અને પોતાની ગાદિની નામે કન્યા પરણાવી તથી ત્યાં વૃષ્ટિ થઈ અને સુકાળ થયો.

શ્વભીરુ [સ] પું શિયાળ.

શ્વભ્ર ૧ પું સાબરમતી કાંઠાનો પ્રદેશ
સાબરમતી કાંઠાનો પ્રદેશ શ્વભ્ર કહેવાવા લાગ્યો.
જયપ્રકાશ
૨ [સ] ન છિદ્ર; ફાડ્યું; ગ્રંથ.
૩. ન નરક
શ્વભ્ર મધ્યે જાય પડ્યો.
આનંદકાવ્યમહોદધિ

શ્વભ્રમતી જુઓ સાભ્રમતી

શ્વભ્રવતી જો સાભ્રમતી નદી.
શ્વભ્રવતીના બે બેટડો રહી,
સરસ્વતિઓના જુગલ પ્રવાહ.
દેશળજી પરમાર

શ્વયથુ [સ] પું સોજો

શ્વવૃત્તિ ૧ [સ શ્વાનવૃત્તિ] સ્ત્રી કૂતરાની વૃત્તિ, ખુશામદ કરવી તે
૨. સ્ત્રી. ગુલામગીરી; પરતંત્રતા.
૩ સ્ત્રી નીચની સેવા કરી આજીવિકા ચલાવવી તે
૪ સ્ત્રી. સેવાવૃત્તિ; પરિચર્યા; ચાકરી; નોકરી

શ્વશ્યામ [સ] પું વાઘ

શ્વશુર [સં. શ્વ (આવતી કાલે) + અક્ષ (આપનું)] પુ. સસરો.
બીજા પર અંગો નવ ધરે, શ્વશુરની હજ્જ બહુ કરે.
પ્રેમાનંદ

શ્વશુરગૃહ [સં.] ન. સસરાનું ઘર

શ્વશુર્ય ૧. [સં.] પું દિયર
૨. પું. સાળો.

શ્વશ્રૂ [સ.] સ્ત્રી. સાસુ.

શ્વશ્રેયસ ૧. [સં] ન. મંગળ; ભદ્ર; કલ્યાણ; કુશળ.
૨. ન. સુખ
૩. વિ મંગલિક; કલ્યાણવાળું.
૪ સ્ત્રી. સુખી

શ્વસ્ ૧. અ વિ. ઉપસર્ગ
૨. સ. ધા. (ધાતુ) શ્વાસ લેવો; જીવવું ને ઉપરથી બનેલા શબ્દો: શ્વાસ, શ્વસન, ઉચ્છ્વાસ, શ્વસિત, શ્વાસોચ્છ્વાસ, ઉચ્છ્વસિત, નિઃશ્વાસ, વિશ્વાસ, અવિશ્વાસ, વિશ્વસનીય
૩. ન. આવતી કાલ; આવતો દિવસ

શ્વસન ૧. પું. (પુરા.નું) અમૃતરક્ષક એક દેવ. ગરુડની સાથે તેને યુદ્ધ થયું હતું.
૨. પું ફેફસાં. શ્વાસનલિકા અને સ્વરયંત્ર મળીને બનેલો શરીરનો એક ભાગ.
૩. પું. (પુરાણ) સર્પ વિશેષ
૪. ન. નિઃશ્વાસ; નિસાસો.
૫ ન. મીંઢળનું ઝાડ.
૬. ન. વાયુ, હવા; વાત; પવન.
ભૂતિ જાણી નાકી પામ્યો જો શ્વસન સંકટ ઘણી.
દલપતરામ

૭. [સં. શ્વસ્ (શ્વાસ લેવો)] ન. શ્વસન ક્રિયા; શ્વાસોચ્છ્વાસની ક્રિયા; શ્વાસ લેવો તે; જીવવું તે.
શ્વસન સદાગતિ મરુત હરિ આયુષ જગતપ્રાન,
અનિલ પ્રભંજન સંખવહ નભસ્વ પવનપવમાન
પિંગલપ્રકાશ

શ્વસનકલ્પવર પું. ફુપ્ફુસદાહ; 'ન્યુમોનિઆ' નિદાનઃ-દીન, દુર્બળ અને દુઃખી મનુષ્યોને ઠંડીમાં ઊભા રહે શરીરે ફરવાથી, ક્વચિત્ ખાતી ઉપર વાગવાથી કે પસીના ઉપર ઠંડો પવન વાગવાથી, દુર્ગંધ લેવાથી અથવા આ તાવના દર્દીનો શ્વાસ લેવાથી, ખાસ કરીને વર્ષા, શિશિર અને વસંત ઋતુમાં અને સામાન્યતઃ કોઈ પણ ઋતુમાં એક પ્રકારના ઝેરી જંતુથી આ તાવ આવે છે. જંતુઓ ફેફસાંના મૂળમાંથી કે બંને ફેફસાંના મૂળમાં લોહીનો જમાવ થઈ ને જંતુઓના વિષ દોષો કાપીને ફેફસાંને બગાડી શ્વસન ક્રિયામાં મુશ્કેલી અને તાવ ઉત્પન્ન કરે છે. પૂર્વરૂપઃ—પડખામાં ચૂંક, શ્વાસ, ખાંસી, કંપ, શરીર અને મનની ગ્લાનિ એ તેનાં પૂર્વરૂપો છે. અતિસાર દાહ વમન છે અને તાવ આવે છે. અરુચિ, તૃષા, પાર્શ્વશૂળ, ખાંસી, શ્વાસોચ્છ્વાસની અધિક ગતિ, લોહીવાળો કફનો ચીકણો ગઠ્ઠો નીકળવો, નાકનાં ટેરવાં ફૂલવાં, શરીરે અને ખાસ કરીને કપાળે વારંવાર પસીનો આવવો, શરીર પર સફેદ સરસવ જેવી ફોડલીઓ થવી, દુર્બળતા, ગ્લાનિ, મોહ, પ્રલાપ, ગળામાં અવાજ થવો, છાતી ભેલી અને કાંટાવાળી થવી, નાડી ચકડોળે ચેવડી તથા ઝડપ અને ચપળ ગતિથી ચાલવી તથા તાવ ઊતર્યા પછી એકદમ નબળાઈ પડી જવી એ પડીકાના ચિહ્ન છે સામાન્યે, આઠમે કે નવમે દિવસે એકાએક તાવ ઊતરી જઈ ખૂબ પસીનો આવે છે અને દર્દી ઠંડો પડી જઈ કૈં નો મન્યુ પામે અથવા ફરી ગરમી આવી સારો થઈ જાય છે. સાધ્યસાધ્યતાઃ—એક જ ફેફસું બગડ્યું હોય, તાવ ઓછો હોય અને શક્તિ હોય તથા કફનું જોર નરમ પડ્યા પછી તાવ ઊતરે તો આ રોગ સાધ્ય સમજવો. પુષ્કળ તાવ અને પસીનો હોય, દર્દી નબળો અથવા વૃદ્ધ હોય પરંતુ સારવાર ઉત્તમ હોય તો કષ્ટ સાધ્ય અને બંને ફેફસાં બગડ્યાં હોય અથવા એક ફેફસું આખું બગડ્યું હોય, નાકમાં ફુગ્ગા જોવામાં હોય અને પસીનો પળો હોય અથવા તો ખોલી ન શકે અને હાથ પગ ઠંડે એટલી નબળાઈ હોય કે ઝાડા છૂટી પડી દર્દી ઘોન થઈ જાય તો આ રોગ અસાધ્ય જાણવો.

શ્વસનક્રિયા [સં.] સ્ત્રી. શ્વાસોચ્છ્વાસ.

શ્વસનચક્ર [સં.] ન. શ્વાસ લેવાનો ચરખો

શ્વસનનલિકા જુઓ શ્વસનનળી.

શ્વસનનળી સ્ત્રી. શ્વાસનળી; બહારની હવાને ફેફસાંમાં લઈ જનારી નળી

શ્વસનયંત્ર [સં.] ન. ફેફસાં વગેરે શ્વાસ લેવાનાં સાધનો; બંને ફેફસાં, શ્વાસનલિકા અને સ્વરયંત્ર મળીને બનતો શરીરનો ભાગ.

શ્વસનવિદ્યા [સં.] સ્ત્રી શ્વાસ લેવાની ક્રિયા; શ્વાસોચ્છ્વાસ લેવાની વિદ્યા
આપણા આરોગ્યનો આખો પાયો આ શ્વસનવિદ્યા ઉપર અવલંબીને રહેલો છે. પ્રાણાયામ

શ્વસનારંભન [સં] પું. સર્પ.

શ્વસનારાતી [સં.] સ્ત્રી. સાપેલું.

શ્વસનેષ્ટર [સં.] પું. શ્વાસનું ઝાડ.

શ્વસનેંદ્રિય [સં.] સ્ત્રી. શ્વાસ લેવાની ઇંદ્રિય.

શ્વસવું [સ. શ્વસ્] સ ક્રિ શ્વાસ લેવો; જીવવું

શ્વસિત ૧. ન. નિસાસો, નિઃશ્વાસ
૨. ન શ્વાસ

શ્વસ્તન [સં. શ્વસ્ (આવતી કાલ) + તન] વિ. આવતી કાલે હોનાર કે બનાર.

શ્વઃ [સં] અ. આવતી કાલ; આવતો દિવસ.

શ્વા ૧. પું. (પુરાણ) એ નામનો એક કૂતરો. તે ઋષિની સેવામાં જ રહેતો હતો. તેને ઋષિએ દીપડો, વાઘ, હાથી, સિંહ અને શરભ બનાવ્યો હતો પણ એ ઋષિને જ મારવાની ઇચ્છા તેના મનમાં થવાથી ઋષિએ તેને પુનઃ કૂતરો બનાવી દીધો હતો
૨. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રામેળ છંદ; ચા.ન. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૪૨ લઘુ મળી ૪૪ વર્ણની ૪૬ માત્રા હોય છે.
૩. પું (પિંગળ) એ નામે એક જાતનો વિષમમાત્રામેળ છંદ; કુકુર. તે ચંદ્રપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ લઘુ અને ૫૬ ગુરુ મળી ૬૬ વર્ણની ૧૫૨ માત્રા હોય છે

શ્વાન ૧. પું (પિંગળ) એ નામે એક અર્ધસમ માત્રામેળ છંદ; ચા. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમા ૨ ગુરુ અને ૪૪ લઘુ મળી ૪૧ વર્ણની ૪૮ માત્રા હોય છે
શ્વાન પુણ્યે અંગ, લોટે મહિયર કે પ્રભુ,
હોમ ધારણા અંગ, જો જ શ્વાન સૂંઘ બહો.
ભાલણ
૨. પું. એક જાતના આમ એટલે ઘરનું રક્ષણ કરનાર દેવ.
૩. [સં. શ્વન્] પું. કૂતરો.
૪. ન. એક જાતનું ઘટાદાર ઝાડ; રાન; રાહુ. હિમાલય અને કશ્મીરમાં તે ઊગે છે. તેને ત્રીજા કુલ આવે છે

શ્વાનકુંડલિકાસન [સં.] ન. માણસ ટૂંટિયાં વાળીને સૂતો હોય તેવી સ્થિતિ
બજારના વચેલા ભાગ પર પ્રોફેસર સાહેબનો નિવાસસ્થાન નોકર હબ્બો શ્વાનકુંડલિકાસન વાળીને સૂઈ રહેતો. સારસ્વા

શ્વાનખોરી સ્ત્રી ચીડિયાપણું

શ્વાનગૃહ [સં.] ન. કૂતરાંની ખોડ.

શ્વાનનિદ્રા [સં. શ્વાન + નિદ્રા (ઊંઘ)] સ્ત્રી. કૂતરાની ઊંઘ; તરત જાગ્રત થઈ જવાય તેવી ઊંઘ; અર્ધ જાગ્રત અવસ્થા.

શ્વાનમૈથુન ૧ ન કૂતરાનું મૈથુન
૨ [સં.] ન. સૌથીઅધમ અલ્પ સુખને લીધે પાછળથી ખરાબ નીપજે તેવું કૃત્ય.

શ્વાનવર્ગ [સં] પું. કૂતરાંનો એ નામે ઓળખાતો વર્ગ. તે ૮, ૬, ૬, ૮, ૫ એ ક્રમે અક્ષરોથી શરૂ થાય છે

૮, ૬, ૬, ૮, ૫ એ પાંચમાંથી ગમે તે અક્ષર નામના આદ્ય હોય તો તેનો શ્વાનવર્ગ છે. રાજકલ્પ

શ્વાનવૃત્તિ [સં.] સ્ત્રી કૂતરાના જેવી વૃત્તિ; હાડ ઘસ્યા છતાં ટુકડો મળતાં દોડવાની વૃત્તિ

પારકે ઘેર પડી રહી શ્વાનવૃત્તિથી ભરડ આત્મા શરીર લઈ મનને અપ્ત થાત થાય છે. દિનચર્યા

શ્વાનાસન [સ.] ન. (યોગ) અઠ્ઠાસી આસનોનો એક ભોગાસન.

શ્વાની [સં.] સ્ત્રી. કૂતરી.

શ્વાપદ [સં.] પું. વડાળ.

શ્વાપદી [સં.] પું. વડાળ સ્ત્રી

એ શ્વાપદીઓ ફરી બેના બે શબ્દોમાં એ જ માગણી કરે છે.' પુરાતત્ત્વ

શ્વાપદ , સં.] પું. ચોપગુ જંગલી જનાવર; શિકારી પ્રાણી. તેને ચિત્તા જેવું શરીર, સિંહ જેવા પગ અને સિંહ જેવું મોઢું હોય છે

શ્વાપુચ્છિક પું (પુરાણ) અઠ્ઠાવનમા સર્વ પુત્રો. વિશ્વે કરીને આ નામ અઠ્ઠાવને લાગુ પડાય છે.

શ્વાભ્ર [સં.] પું. શિવ. ભૈરવના સ્વરૂપમાં શિવ કૂતરા ઉપર સવારી કરે છે. તેથી કૂતરો જેનું વાહન છે તે પણ કહેવાય છે.

શ્વાસ ૧. પું. (વ્યાકરણ) અક્ષરનો ઉચ્ચાર કરવાના બાહ્ય પ્રયત્નના અગિયાર ભેદોનો એક વિભાગ; વર્ણનો એક આભ્યંતર પ્રયત્ન; અઘોષ વર્ણને શ્વાસ પણ કહે છે.

જે શ્વાસથી ઉચ્ચાર થતા વર્ણો પણ શ્વાસ કહેવાય છે. બૃહદ્ભાષારત્ન

૨. [સં. શ્વસ્ (શ્વાસ લેવો)] પું નાકથી વાયુ લેવો મૂકવો તે; દમ લેવો તે; શ્વાસોચ્છ્વાસ. સ્વર વિજ્ઞાનમાં લખ્યા પ્રમાણે શ્વાસ અંદર લેતી વખતે સામાન્ય લંબાઈ ૧૦ આંગળ હોય છે અને શ્વાસની બહાર કાઢતી વેળાની લંબાઈ બાર આંગળ હોય છે; એટલે કે, જ્યારે આપણે શ્વાસને બહાર કાઢીએ છીએ ત્યારે તે બાર આંગળ દૂર સાકડી પર રાખેલ કૂને પણ હલાવી શકે છે. આથી વધારે કે ઓછી લંબાઈ નો શ્વાસ હાનિકારક છે. સૂતી વખતે શ્વાસની લંબાઈ ૩૦ આંગળ હોય છે. તેથી ૬ થી ૭ કલાકથી વધારે સૂવું હિતાવહ નથી. ભોજન કરતી વખતે આ લંબાઈ ૨૦ આંગળ હોય છે. તેથી વારંવાર ભોજન લેવું પણ કષ્ટ નથી માદળીમાં શ્વાસની લંબાઈ વધી જાય છે. કૂવ જેવા દરેકમાં શ્વાસની લંબાઈ ૬૦ આંગળ સુધી વધી જાય છે. તેથી તે જંતુની વધુ નજીક હોય છે. દરેક પ્રાણીનું આખું આયુષ્ય તેની શ્વાસની ક્રિયા પર આધાર રાખે છે સામાન્ય રીતે દરેક મનુષ્ય દિવસ અને રાતમાં ૨૧,૬૦૦ શ્વાસ લે છે. આનાથી ઓછા શ્વાસ લેનાર માણસ દીર્ઘાયુષી બને છે. વિશ્વમાં જે પ્રાણી ઓછા શ્વાસ લે છે તે તેટલાજ લાંબા આયુષ્ય ભોગવે છે. નીચેનો કોઠો આ વસ્તુને સ્પષ્ટ કરે છે

પ્રાણીનું નામ	દરેક મિનિટે શ્વાસની ગતિ	કુલ આયુષ્ય વર્ષ
સસલું	૩૮	૮
વાંદરો	૩૨	૧૦
કૂતરો	૨૬	૧૨
ઘોડો	૧૬	૨૫
મનુષ્ય	૧૩	૧૨૦
સાપ	૮	૧૦૦૦
કાચબો	૪	૨૦૦૦

સાધારણ કામ કરવામાં દરેક મિનિટે બાર શ્વાસ, દોડવામાં અઢાર શ્વાસ અને મૈથુન કરતી વખતે છત્રીસ શ્વાસ ચાલતા હોય છે. આ પ્રમાણે વિષયી અને લંપટ માણસનું આયુષ્ય ઘટી જાય છે અને પ્રાણાયામ કરનાર યોગાભ્યાસી લાંબા સમય સુધી જીવી શકે છે. શ્વાસ હમેશા નાકથી જ લેવાનો જોઈએ એ બાબત પર સ્વરવિજ્ઞાન બાર મૂકે છે. નાકથી શ્વાસ લેવાથી મૂછના વાળ મોટા મોટા ધૂળના કણોને રોકીને હવાને શુદ્ધ બનાવે છે. ત્યારબાદ નાકના વાળમાં પણ કેટલા ચળાય છે. નાકમા એક પ્રકારનો ચીકણો પદાર્થ હોય છે. આ ચીકટ હવામાં રહી ગયેલ કણોને પકડી રાખે છે. નાકમાં વર્ષને હવા મગજમાં જાય છે અને શ્વાસનળીઓ દ્વારા ફેફસામાં જાય છે. આ હવા મગજમાં થોડી ગરમ પણ થાય છે. આ પ્રમાણે નાક દ્વારા અંદર લીધેલ હવા નિર્જંતુ બને છે. એક શ્વાસો-છ્વાસમાં સામાન્ય ૪ સેકંડ લાગે છે આ સમયમાં વધારો કરવો એ હિતાવહ છે. શ્વાસ છોડવાની જે લંબાઈ ૧૨ આંગળ છે તેને જેટલી ઘટાડવામાં આવે તેટલી ફાયદાકારક છે. એક આંગળ ઘટાડીને ૧૧ આંગળ કરવાથી પ્રાણ સ્થિર થાય છે. ૧૦ આંગળ કરવાથી મોટો આનંદ થાય છે. ૯ આંગળ કરવાથી કવિત્વ શક્તિ જાગ્રત થાય છે. ૮ આંગળ કરવાથી વાકસિદ્ધિ થાય છે, ૭ આંગળ કરવાથી દીર્ઘદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, ૬ આંગળ કરવાથી આકાશમાં ઊડવાની શક્તિ મળે છે, ૫ આંગળ કરવાથી પ્રચંડ વેગ મળે છે. ૪ આંગળ કરવાથી બધી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ૩ આંગળ કરવાથી નવનિધિ મળે છે. ૨ આંગળ કરવાથી અનેક રૂપ ધારણ કરી શકાય છે. એક આંગળ કરવાથી અદૃશ્ય થઈ શકાય છે અને બે પ્રાણની ગતિનું પ્રમાણ નખના અગ્રભાગ જેટલું રહે તો તેને મૃત્યુનો ભય રહેતો નથી અને તે અમર બની જાય છે

૧ શ્વાસ ઊંડો જવો = (૧) જીવને લાંબો પ્રવાસ પડ્યો (૨) મરી જવું

૨. શ્વાસ ઊપડવો-ચાલવો = (૧) જોરથી શ્વાસોચ્છ્વાસ ચાલવો (૨) મરણ પહેલા પ્રાણવાયુનું જોરથી ચાલવું

૩. શ્વાસ કાઢવો = શ્વાસ બહાર કાઢવો

૪ શ્વાસ કઢી નાખવો = (૧) દમ કાઢવો; થકવવું (૨) મરણતોલ કરવું

૫. શ્વાસ ખાવો = આરામ લેવો

૬. શ્વાસ ચૂટવો-દાબવો મારવો = શ્વાસોચ્છ્વાસ રોકવો કે રૂંધવો અથવા અમુક પીડી ગતિએ ચાલવા દેવો

૭. શ્વાસ ચેરાવો = (૧) કોઈ પ્રાણ આવવા, (૨) જીવ ભળાવો; વિશ્વાસ સંપાદિત થવો.

૮. શ્વાસ ચઢવો = (૧) દમ ઊપડવો. (૨) શ્વાસ ભરાવો.

૯. શ્વાસ નાકમાં હોવો = બહુ જ થોડો શ્વાસ લેવો.

૧૦. શ્વાસ બહાર કાઢતાં લગી = જિંદગીની છેલ્લી ઘડી સુધી

૧૧. શ્વાસ ભરાવો = શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલવો.

૧૨. શ્વાસ મૂકવો = (૧) આરામ લેવો. (૨) મુજરી જવું.

૧૩. શ્વાસ લાંબો નાખવો = જીવ આવો; સંતાપવું.

૧૪. શ્વાસ લેવો = (૧) વિસામો આવો; આરામ લેવો. (૨) શ્વાસ અંદર લેવો

૧૫. શ્વાસ હેઠો બેસવો = નિરાંત થવી.

૩. પું. નિસાસો

૪. પું. પ્રતિજ્ઞા.

૫. પું. પ્રાણ.

૬. પું ઢાંક; દમ; શ્વાસોચ્છ્વાસને મુશ્કેલ બનાવનાર એક ફેફસાંજનિત રોગ.

શ્વાસકુઠારરસ પું. (વૈદક) શ્વાસરોગ મટાડનારી પારદમિશ્રિત દવા; શ્વાસ, ખાંસી, રતવા, ન્યુમોનિયા, ઓરિયા તથા સોજવાળાં દરદોમાં ફાયદો કરતું એક ઔષધ.

શ્વાસનલિકા [સં. શ્વાસ + નલિકા (નળી)] સ્ત્રી. જે દ્વારા શ્વાસ ફેફસામાં જાય છે તે નળી; શ્વાસમાર્ગ. શ્વાસનલિકા અથવા

પ્રકોમનલિકા લગભગ ૪થી ૮મી ઉંચ સાંળી અને એક ઉંચ પહોળી છે. હવાને જવા આવવાની આ મોટી નળી, ડોકની આગલી ખ.ભુએ, હરડિયાથી સહેજ નીચેના ભાગમાંથી શરૂ થઈ, નીચે આવી છાતીમાં દાખલ થાય છે અને અંને ફેફસાંઓના મૂલભાગ આગળ આવી, બે મુખ્ય શાખાઓમાં વહેંચાઈ જાય છે. એક બીજા પર ગોઠવાયેલાં લગભગ સોળથી વીસ ગોળાકાર તરણાસ્થિઓ મળીને આ શ્વાસનલિકા બનેલી છે

શ્વાસરોગ પું. શ્વાસનું દર્દ. આયુર્વેદમાં શ્વાસ પાંચ જાતના માનવામાં આવ્યા છે. (૧) મહાશ્વાસ, (૨) ઊર્ધ્વશ્વાસ, (૩) છિન્નશ્વાસ, (૪) તમકશ્વાસ અને (૫) ક્ષુદ્રશ્વાસ. એક છઠ્ઠો પ્રકાર છે જે અસાધ્યશ્વાસને નામે ઓળખાય છે. પણ તેની જાત જુદી મનાવામાં આવી નથી. કારણકે, આ પાંચ જાતના શ્વાસમાંથી મહાશ્વાસ, ઊર્ધ્વશ્વાસ અને છિન્નશ્વાસ એ ત્રણે અસાધ્ય માનવામાં આવ્યા છે. મહાશ્વાસનાં લક્ષણો : જ્યારે રોગી શ્વાસ લે છે ત્યારે તેને ખૂબજ શ્રમ પડે છે. સાપ જ્યારે ફૂંફાડા મારે ત્યારે જેવો અવાજ થાય તેવો અવાજ શ્વાસ લેતી વખતે થાય છે. રોગીની આંખ ફરી જાય છે. ચેતનશક્તિ ચાલી જવા જેવું દેખાય છે અને નાડીની ગતિ તદ્દન પ્રમાણની બહાર ચાલી જાય છે. રોગીનું મોઢું પહોળું થઈ જાય છે પેટ વાયુના ભરાવાથી સખત ફૂલે છે અને ધમણની જેમ ચાલે છે. ઊર્ધ્વશ્વાસનાં લક્ષણો : ઊર્ધ્વશ્વાસનો રોગી લાંબો અને ઊંચો શ્વાસ મૂકે છે. તેની શિરાઓ અતિશય કહ્યથી વીંટાયેલી રહે છે. શ્વાસ લેતાં તેનું નાક ઊંચું થાય છે શિરાઓ કફથી રોકાય છે ત્યારે તેનાં નેત્ર ફરી જાય છે. આ રોગીને તરસ સખત લાગે છે. તે પૂરો શ્વાસ ન લઈ શકવાને કારણે તેનો શ્વાસ ઉપર જ રહ્યા કરે છે. તેનું મોઢું સુકાઈ જાય છે. તેની આંખ પાણીથી ભરાઈ જાય છે. બકવાદ થાય છે અને બેભાન થઈ જાય છે. તેને ઊંચી દૃષ્ટિ જોવાની આદત પડે છે. તમકશ્વાસનાં લક્ષણો : દર્દી ગળો હોય ત્યારે શ્વાસની વેદનાથી આકુળવ્યાકુળ થઈ જાય છે તેને ઊંઘ આવતી નથી. તરસ ઘણી લાગે છે મૂર્છા આવે છે. ઠંડી જગ્યામાં અને ઠંડા સમયમાં આ રોગની ખાસ વૃદ્ધિ થાય છે. મોઢું સુકાઈ જાય છે. મોઢામાંથી ઝાળ અને ચીકણો કફ નીકળે છે. કપાળ ઉપર પરસેવો થાય છે. અતિ ક્રોધ કરવાથી નેત્ર બને છે. જીર્ણાવસ્થા, અતિ તાપમાં ફરવાથી, પાણીમાં કૂદીને નીકળવાથી, દોડવાથી, દારૂથી, વધારે પડતો તાપ આવવાથી, વધારે પડતું ખાવાથી પણ આ રોગ થાય છે. પાંચ પ્રકારના શ્વાસ માટે પાંચ પ્રકારનાં કારણો માનવામાં આવ્યાં છે: (૧) તમામ જાતના અતિસાર, (૨) ઠંડા પદાર્થો ખાવાથી, (૩) અતિ મૈથુન, (૪) અતિવેગથી દોડવાથી અને (૫) શ્વાસ અને વેગને રોકવાથી

શ્વાસોચ્છ્વાસ ૧. પું. પ્રાણ; જીવ; આત્મા.

૨. [સં. શ્વાસ + ઉચ્છ્વાસ (બહાર કાઢવું તે)] પું. શ્વાસ લેવો અને મૂકવો તે; શ્વાસપ્રશ્વાસ

શાંતિનું વાતાવરણ એ તો જીવિતમાત્રનો શ્વાસોચ્છ્વાસ છે. નવલરામ

શ્વાહિ પું. (પુરાણ) સોમવંશી બૃહદ્પુત્ર ક્રોષ્ટાના પૌત્ર અને વૃષ્ણિનિવાન રાજાનો પુત્ર. તેના પુત્રનું નામ રુશેકુરૂપ હતું

શ્વિતિ પું. એ નામનું વર્ષગણનાનું એક નક્ષત્ર.

એ વરસે શ્વિતિ તો ન જોશે તાંત. જેતી

શ્વિત્ર [સં.] ન એક જાતનો ધોળો કોઢ

શ્વિત્રી [સં.] વિ. એક જાતના ધોળા કોઢવાળું.

ક્ષિત્રી, કૃદી, કૃષ્ણ. રોગી, આગલીન પાપવાળા, દરિદ્ર અને નિ:સંતાન મનુષ્યે પણ અક્ષિતથી પોતાના રોગ દૂર કરવા આ કર્મ કરવું જોઈએ. અમરકોશ

શ્વેત ૧. પું. (પુરાણ) એ નામે એક ઋષિ. ગોમતીનું વખતે થતું યુદ્ધ જોવા આકાશમાં રહેલા સાથે ઇંદ્રના વિમાનમાં તે આવ્યો હતો.

૨. પું. એ નામે એક ભેટ.

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ તે કુસુમિતા છંદનો એક ભેદ છે. તેમાં ૩૦ ગુરુ અને ૬૨ લઘુ મળી ૧૨૨ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. કેતુનું એક નામ.

૫. પું. (જૈન) કોલંક નિકાયના દક્ષિણેંદ્ર.

૬. પું. (પુરાણ) ક્રોષ્ટવંશની પુત્રી શ્વેતાનો પુત્ર.

૭. પું. જંબુદ્વીપના નવ ખંડની આઠ મર્યાદા બાંધનાર આઠ મંદિનો એક પર્વત.

૮. પું. ધોળું વાદળું

૯. પું. ધોળો રંગ.

૧૦. પું (પુરાણ) પ્રાચીન કાળમાં વિદર્ભ દેશમાં સુદેવ નામે રાજાનો પુત્ર. ગ દીક્ષે આવતાં એણે પોતાના નાના ભાઈ સુરથને યુવરાજ બનાવ્યો. પછી અરણ્યમાં જઈ ત્રણ હજાર વર્ષ તપ કરી દેહત્યાગ કર્યો. એના સુધર્માચરણ વડે એને ઉત્તમ લોકની પ્રાપ્તિ થઈ પણ એ મનુષ્ય દેહમાં હતો ત્યારે ત્યારે અજ્ઞાન આપવું જોઈએ એમ તેને સૂઝ્યું ન હતું. તેથી તેને ક્ષુધા ઘણી જ પીડતા લાગી. તેણે બાલદેવને આનું કારણ પૂછતા તેણે કહ્યું કે, ભૂલોક ઉપર જઈ તું તારા શરીરનું ભોજન કર. પછી ભૂલોકમાં જઈ પોતાનું મૃત શરીર પડ્યું હતું તેનું ભોજન કરવા લાગ્યો. ખાતાં ખૂટે નહિ અને ક્ષુધા શાંત થાય નહિ પછી ત્યાં અગસ્ત્ય ઋષિ આવી ચઢ્યા. તેમને વિનતિ કરી પોતાના અલંકારો વગેરેનું દાન કર્યું. એનો ઉદ્ધાર કરવા ઋષિએ દાનનો અંગીકાર કર્યો અને શ્વેત પુન: બાલલોકમાં જઈ વસ્યો.

૧૧. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન પર્વત. રાજસૂય દિગ્વિજય દરમિયાન અર્જુન ત્યાં ગયો હતો.

૧૨. પું. (પુરાણ) રામને મદદ કરનાર એક વાનર

૧૩. પું. (પુરાણ) વિપ્રચિત્તિ દાનવનો પુત્ર.

૧૪. પું. (પુરાણ) વિરાટના મત્સ્ય રાજાનો એની પહેલી સ્ત્રી સુરથાને પેટે જન્મેલો પુત્ર. એ ઉત્તરકુમારનો ભાઈ અને શંખનો સહોદર હતો. તેને દ્રોણાચાર્યે માર્યો હતો.

૧૫. પું શંખ.

૧૬. પું. શુક્ર નામનો ગ્રહ.

૧૭. પું. સૂર્યનું એક નામ

૧૮. ન. એ નામની એક વનસ્પતિ. તેનાથી ઝેરી સર્પ દૂર રહેતો હોવાનું મનાય છે.

૧૯ ન. જીરું.

૨૦. ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે રાત્રિ દિવસનાં ત્રીસ ભાગેનું એક મુહૂર્ત.

૨૧. ન. રૂપું; ચાંદી.

૨૨. વિ. ગૌર; ગોરું.

૨૩. વિ. પળિયાં આવેલું; પાકી ગયેલું.

૨૪. [સં.] વિ. ધોળું; સફેદ; ઊજળું.

શ્વેતકણ [સં.] પું. લોહીમાં આવેલો સફેદ કોષ; પ્રાણરસના અનેક ન્યૂનાધિક ગોળાકાર પિંડોના અનેક લોહીમાંના ધોળા કણ. એ કણને હલવાન હોતી નથી અને ગતિ કરવાની તેનામાં શક્તિ હોય છે. તે સહેજ ભૂખરા રાખોડિયા રંગના હોય છે, રોગની સામે લડવામાં તે મુખ્ય ભાગ ભજવે છે.

શ્વેતકલ્પ પું. (પુરાણ) બ્રહ્મદેવના ચાલુ માસમાં થઈ ગયેલો પ્રથમ દિવસ

શ્વેતકંઠકારી સ્ત્રી. ધોળા ભોરીંગણી.

શ્વેતકિ પું. (પુરાણ) એ નામે એક રાજા. તે નિરંતર યજ્ઞો કર્યા કરતો. તેને શતસંવત્સર યજ્ઞ કરવાની ઇચ્છા હતી, પણ તેણે એટલા બધા યજ્ઞો કર્યા હતા કે, બ્રાહ્મણો નવો યજ્ઞ કરવાની ના પાડતા હતા, કારણ કે તેઓ ત્રાસી ગયા હતા. તેથી ક્રોધનો કહેવાથી તેણે રુદ્રનું આરાધન કર્યું. રુદ્ર પ્રસન્ન થયા ત્યારે કહ્યું કે,

તું બાર વર્ષ સુધી અગ્નિમાં સતત ઘૃતધારા કર અને એ પુરુષ એટલે મારી પાસે આવજે એમ કહ્યા પછી એ રહ્મ પાસે ગયો ત્યારે તેણે કહ્યું કે, મારી સજ્ઞના દેવોમા થતી હોવાથી મને ઋત્વિજનુ કામ કરવાનો અધિકાર નથી. માટે મારા અંશથી ભૂમિ ઉપર જન્મેલા દુર્વાસા ઋષિની પાસે જા અને તેમને વિનતિ કર. તે તારા ઋત્વિજ બની તારી શતસંવત્સરાત્મક સજ્ઞ સિદ્ધ કરશે. પછી શ્વેતકિના અપરિમિત યજ્ઞોને પરિણામે અગ્નિદેવ બહુ લાંબા કાળ માંદા થઈ જવાથી તેને અનેક પ્રકારની ઔષધિઓથી ભરપૂર ખાંડવવન બાળીને આવું પડ્યું

શ્વેતકુશ [સં.] પું એક જાતનો ધોળો દર્ભ.

શ્વેતકુષ્ઠ [સ.] પું. શ્વેતકોઢ; ધોળો કોઢ; શરીર ઉપર સફેદ ચાઠાં થઈ જવાં તે

શ્વેતકુષ્માંડ [સં.] ન. (વૈદક) સફેદ કોળુ. તે પૌષ્ટિક અને શીતક તરીકે ધાતુક્ષય, જીર્ણ જ્વર, નષ્ટાર્તવ, અરક્તિ, ક્ષય પ્રભૃતિ રોગોમાં પાકના રૂપમાં વપરાય છે.

શ્વેતકુંજર ૧ [સ.] પું. ઐરાવત હાથી.
૨. પું. ધોળો હાથી.

શ્વેતકેતુ ૧. પું એ નામે એક હેતુ અલં
૨. પું કામસૂત્ર ઉપર લખનાર એક ગ્રંથકાર.
૩. [સં.] પું (પુરાણ) ગૌતમ કુલોત્પન્ન અરુણિ ઋષિનો પૌત્ર અને ઉદ્દાલક ઋષિનો પુત્ર. તેને આરુણિ પણ કહેતા. તેને નચિકેતા નામે ભાઈ અને સુજ્ઞના નામે બેન હતી. તે અષ્ટાવક્રનો મામો થતો હતો. અષ્ટાવક્રની સાથે એ જનકરાજાના યજ્ઞમા ગયો હતો. બાલ્યાવસ્થામાં એ ઊર્ધ્વરેતસ્વી હોવાથી એને બાર વર્ષની ઉંમર સુધી તેનો ઉપનયન સંસ્કાર કર્યો ન હતો. ધર્મશાસ્ત્ર પ્રમાણે એ બાલ થયો હતો. પાછળથી ઉદ્દાલકે સંસ્કાર કર્યો હતો. પછી તે ગુરુને ત્યાં જઈને રહ્યો તે વેદવેદાંગમાં નિષ્ણાત થયો હતો. પરંતુ તે અહંકારી જન્મ્યો હતો, તે જોઈને એના પિતાએ પૂછ્યું કે, એક વિજ્ઞાનવડે સઘળી બાબતનું વિજ્ઞાન ઊપજે એવું તને કોઈ તારા ગુરુએ શીખવ્યું છે ? આથી એનું અભિમાન ઊતરી ગયું અને એ પિતાને શરણે આવ્યો. ઉદ્દાલકે એને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. આથી એ જબરો બ્રહ્મનિષ્ઠ થયો. શ્વેતકેતુના સમય સુધી સ્ત્રી પુરુષો પશુ પ્રમાણે મૈથુનાસક્ત હતાં. શ્વેતકેતુએ પશુઓ જેવા આચારની વિરુદ્ધ મર્યાદા બાંધી, જે આજ સુધી ચાલે છે
૪ પું. (પુરાણ) જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય.
૫. પું શુક્ર.

શ્વેતકેશ ૧. [સં] પું. ધોળા વાળ.
૨ પું ઘાલ સરસવો
૩. વિ. ધોળા કેશવાળુ

શ્વેતખદિર [સ] ન. ધોળા ખેરનું ઝાડ

શ્વેતચિત્રક [સં] ન. ચામડીના રોગો માટેની એક જડીબુટ્ટી; સફેદચિત્રક. તે ગુજરાતમા ખાસડાના કુંજરાઓમાં મોટા પ્રમાણમા નજરે પડે છે. શ્વેતચિત્રકનાં મૂળ કફ, પિત્ત તથા વાયુનો નાશ કરે છે. મરડો મટાડવાનો મોટામા મોટો ગુણ ચિત્રકમાં રહ્યો છે. શિયાળાની ઋતુનાં સંસર્ગથી રોગ પર શ્વેતચિત્રક જડીબુટ્ટીનુ કામ આપે છે. તેના પત્રાંગનો વિવિધ ઉપયોગ આયુર્વેદ, યૂનાની અને પશ્ચિમના તબીબોએ સૂચવ્યો છે. યૂનાની હકીમો માને છે કે, આ ઔષધિનાં મૂળને ચાવવાથી મુખ સાફ થાય છે. એ લોકોના મત પ્રમાણે આ ઔષધિનાં મૂળ ખરોળના દર્દો, સળિયા તેમજ શરીરની અકાંક્ષિત દૂર કરવા ખૂબ ઉપયોગી છે. ડો. કોનહીલ્ડ જણાવે છે કે, બરાના લોકો ચિત્રકનાં મૂળને પ્લારટ્રના કામમાં વાપરે છે. બોલ્ડ બોસ્ટના લોકો આ ઔષધિને કોઢના રોગ ઉપર જડીબુટ્ટી સમાન માને છે. આ ઔષધિના મૂળનો બારીક ભૂકો કરી કોઢ ઉપર લગાડવાથી અને પાણીમાં આપવાથી કોઢ મટી જાય છે. બંગાળમાં આ ઔષધિનાં મૂળનો ઉપયોગ અસ્થ ઉપર કરવામાં આવે છે.

શ્વેતદ્યુતિ ૧. [સં.] પું કપૂર
૨. પું. ચંદ્ર.

શ્વેતદ્વીપ ૧. [સં] પું પુરાણો પ્રમાણે ભૂમંડલના અઢાર ખંડોનો એક ભાગ: ધોળો દ્વીપ કે દ્વીપ
૨. પું. શ્રીમન્નારાયણના ધામ માંહેનો ત્રણ માંહેનો એક દ્વીપ. તે મેરુ પર્વતની ઉત્તરે ક્ષીર સમુદ્રમાં આવ્યો છે. ત્યાં વિષ્ણુ શેષનાગ ઉપર નિરંતર શયન કરે છે

મેં એનો ય દાખલ કરવા ખાતર શ્વેતદ્વીપમા મોટું તપ કર્યું હતું. જગન્નાથી ભાગવત

શ્વેતધાતુ ૧. સ્ત્રી. ખડી, ચાક.
૨. સ્ત્રી ધોળી ધાતુ.

શ્વેતધામા ૧. [બ.] પું. કપૂર
૨. પુ. ચંદ્ર.
૩. પું. સમુદ્રફીણ. જે માંખીને ત્યાં વેચાય છે તે સમુદ્રફીણ અંદર બહાર ધોળું હોય છે માટે તેને શ્વેતધામા કહે છે
૪. વિ. ધોળા તેજવાળુ.

શ્વેતપત્ર ૧. પું અમુક હકીકત વિષે બયાન આપનો સરકારી ખરીતો
૨. [સ] પું હંસ.
૩. ન. ધોળુ પંદડુ
૪. ન ધોળો કમળ
૫, વિ ધોળાં પાદડાંવાળુ
૬ વિ. ધોળી પાંખવાળુ

શ્વેતપત્રરથ [સ.] પું. બ્રહ્મા

શ્વેતપત્રી [સં] સ્ત્રી. હંસલો

શ્વેતપરાશર ન. (પુરા.પ્ર) પરાશર વંશનું એક કુળ. એ કુળમાં આવિષ્ટાયન, વાલેય, સ્વાદૃષ્ટ અને ઈષિકૃદન ઋષિઓ પ્રસિદ્ધ હતા.

શ્વેતપર્વત ૧. પું. એ નામનો પર્વત. કૃષિકિરન, દિગ્વિજય વખતે અર્જુને તે જીતી લીધો હતો.
૨ પું. (પુરાણ) રમ્યક અને હિરણ્મય વર્ષની વચ્ચે આવેલો એ નામનો મોટો પર્વત. તે પૂર્વ પશ્ચિમ સમુદ્રને લાગેલો છે
૩. પું. (પુરા.પ્ર) હિમાલયનું એક શિખર

શ્વેતપિંચ ૧. પું. ધોળો પીંગળો રંગ.
૨. પું. સિંહ
૩. વિ. ધોળા પીંગળા રંગનુ.

શ્વેતપિંડ ૧. [સં. શ્વેત + પિંડ (ગ્રંથિ)] પું કફ અગર શ્લેષ્મ ઝરતો પિંડ; શ્લેષ્મની ગ્રંથિ, ' પિટ્યુટરી ગ્લેન્ડ '
૨. પું. લોહીમાના ધોળા અણુ; સફેદ રક્ત તે રોગના જંતુઓના હુમલા સામે શરીરનું રક્ષણ કરે છે.

શ્વેતપુષ્પ ૧. પું. કાંટાશેરિયો
૨. પું. ધોળી કણેર
૩. પું. ધોળી નગોડ; નગોડનું ઝાડ
૪ પું. ધોળો આકડો
૫ [સ.] ન ધોળું ફૂલ
૬. વિ. ધોળા ફૂલવાળુ

શ્વેતપુષ્પક [સ] પું. ધોળો કરેણ.

શ્વેતપ્રદર ૧. [સં.] પું. યોનિમાર્ગથી ઘાટો, પદ્ધ, પરપોટાવાળો, સફેદ ધોળો, ચોખાના ધોણ જેવો સ્રાવ થાય તેવો રોગ

શ્વેતપ્રદર અને બીજા અનેક પ્રકારની ચેતા કુમારી અવસ્થામાં પુરુષ સંસર્ગને જ આભારી છે. અભિનય કામશાસ્ત્ર

૨. ન. આંખમાં પડતું ફૂલુ, ફારી કે પડ.

શ્વેતભદ્ર પું. (જૈન) યક્ષોના તેર માંહેનો એક પ્રકાર.

યક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે – પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ

તત્ત્વાર્થસૂત્ર

શ્વેતભરત્ન સી. (વૈદક) રસકપૂર.
શ્વેતભરત્ન અથવા રસકપૂર બનાવવાની કડાકુટમાં વેપા પડવા નથી. આર્યભોષધ

શ્વેતભિક્ષુ પુ. દશમી શતાબ્દીમાં વર્તતો એક ધર્મ.

શ્વેતમધ્યિમાલા પુ. (પિંગળ) ઓ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સિતમધ્યિમાલા. તે બધાની છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, યગણ, તગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે

શ્વેતમરિચ ૧. [સં] પું. ધોળાં મરી
૨ પું. સરગવાનું બી

શ્વેતમૂલા સ્ત્રી. ધોળી આટોડી.

શ્વેતમૂલી સ્ત્રી. સતાવરી

શ્વેતરક્ત ૧ [સં] પું. ગુલાબી રંગ
૨ વિ. ગુલાબી રંગનું; ગુલાબી.

શ્વેતરક્તકણ [સં.] પું. લોહીના રક્ત સાથેનું એક તત્ત્વ; લોહીમાંનું ધોળું રજકણ; લોહીનું ધોળું પરમાણુ

શ્વેતરંગી " સં. | વિ. સફેદ રંગનું.

શ્વેતરંજન [સં.] ન. સીસું

શ્વેતરોહિત ૧. પું. એક ઝાડ
૨. પું. ગરુડ કુમકુ, તેનું મુખ સફેદ તથા પાંખ લાલ છે
૩. પું. ગુલાબી રંગ.
૪. વિ ગુલાબી રંગનું, ગુલાબી.

શ્વેતલોહ ન. અઢાર ધાતુઓની એક મુખ્ય ધાતુ.

શ્વેતલોહિત ૧. પું. ઓ નામનો ઓગણીસમો કલ્પ. તેમાં શંકરનો સદ્યોજાત અવતાર થયો અને બ્રહ્મને જ્ઞાન આપ્યું.
૨. ન. નિકલ
૩ ન લોહ્રિ.

શ્વેતવચા ૧. [સં.] સ્ત્રી. અતિવિષની કળી.
૨. સ્ત્રી. સફેદવજ; બાલાવજ.

શ્વેતવરાહ પું. (પુરાણ) હિરણ્યાક્ષ દૈત્યને મારવા માટે વિષ્ણુએ ધરેલું રૂપ. એ ધોળા વરાહરૂપે પ્રકટ થયા હતા.

શ્વેતવાજી ૧. [સં.] પું. અર્જુન.
૨. પું. કપૂર.
૩. પું. ચંદ્ર.
૪ પું. સાદડનું ઝાડ.

શ્વેતવારાહ પું (પુરાણ) જેમાં વિષ્ણુ ભગવાને વરાહનું રૂપ ધારણ કર્યું હતું તે કલ્પ. હાલ આ કલ્પ ચાલુ છે. સંકલ્પ કરવામાં શ્વેતવારાહ કલ્પે કરીને કહેવાય છે તે જાણવું છે.

શ્વેતવાહ જુઓ શ્વેતવાજી.

શ્વેતવાહન ૧ [સં.] પું. (પુરાણ) અર્જુન. એના રથને અર્જુન શ્વેત અશ્વો જોડાવતો તે ઉપરથી આ નામ પડ્યું છે.
૨ પું. ચંદ્ર.

શ્વેતવૃક્ષ ૧ [સં] પું. ધોળું ઝાડ
૨. પું. વરુણ વૃક્ષ.

શ્વેતસાર પું. ધોળો સાર; ધોળો ખેર.

શ્વેતસુરસા ૧ સ્ત્રી. એ નામની એક ઔષધિ; ધોળાં પુષ્પવાળી નગોડ.
૨ સ્ત્રી. ધોળી તુલસી
૩. સ્ત્રી. ધોળી એક લિક્ષા વનસ્પતિ

શ્વેતસૌવર્ચ જુઓ શ્વેતપ્રદર

શ્વેતહય ૧. [સં] પું. અર્જુન
૨ પું. ઈંદ્ર
૩. પું. ઉચ્ચૈઃશ્રવા ઘોડો
૪ પું ધોળો ઘોડો
૫. પું. સાદડાનું ઝાડ
૬. વિ ધોળા ઘોડાવાળું

શ્વેતહાર ૧. [સં.] પું શ્વેત પુષ્પોની માળા.
૨. વિ. શ્વેત પુષ્પોની માળા ધારણ કરેલું.

શ્વેતા ૧. [સં.] સ્ત્રી. અતિવિષની કળી
૨ સ્ત્રી એક જલની ઘાડ વનસ્પતિ
૩. સ્ત્રી. કોડી.
૪. સ્ત્રી. (પુરાણ) કોમ્યસ્વામીની પુત્રી; શ્વેત નામના દિગ્ગજની માતા.
૫. સ્ત્રી. જેમાં અજમા અને મસ વગેરે થાય તે ગામડી.
૬ સ્ત્રી ધોળી અપરાજિતા વનસ્પતિ
૭. સ્ત્રી. ધોળી દ્રો.
૮. સ્ત્રી. ધોળા નસોતર.
૯. સ્ત્રી. ધોળી ભોંયરીંગણી
૧૦. સ્ત્રી. કટકડી.
૧૧ સ્ત્રી. ગવલોચન, ગવલોચન સાથ ધોળુ હોય છે માટે તેને શ્વેતા કહે છે.
૧૨. સ્ત્રી. સફેદ મરણી.
૧૩ સ્ત્રી. સાકર; ખાંડ.
૧૪. સ્ત્રી આટોડી.

શ્વેતારણ્ય ન (પુરાણ) કાવેરીના તીરે આવેલું એ નામનું એક વન. શંકર ભગવાને આ સ્થળે મ.કંડને યમ પાસેથી છોડાવ્યો હતો આજ અરણ્યમાં શંકર ભગવાને અંધકાસુરને બાળી નાખ્યો હતો

શ્વેતાર્ક [સ] પું ધોળા, આકડાનો છોડ.

શ્વેતાશ્વતર ૧ પું. (પુરાણ) એ નામના એક ઋષિ. તેમણે સ્વયંભૂ પાસેથી પદ્મવિદ્યા સંપાદન કરી હતી.
૨ સ્ત્રી યજુર્વેદની એક શાખા.
૩. [સં] ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ તેમાં ૬ પ્રકરણ અને ૧૧૩ શ્લોકો છે શ્વેત.શ્વતરોપનિષદ કૃષ્ણ યજુર્વેદમા આવેલ છે. એના વક્તા શ્વેતાશ્વતર ઋષિ છે. તેમણે ચતુર્થાશ્રમીઓને આ વિદ્યાનો ઉપદેશ કર્યો હતો. આ વાત આ ઉપનિષદના છઠ્ઠા અધ્યાયના એકવીશમા મંત્રથી વિદિત થાય છે આ ઉપનિષદની વિવેચન શૈલી ઘણી જ સુસબદ્ધ અને ભાવપૂર્ણ છે એમાં સાધન, સાધ્ય, સાધક અને પ્રતિપાદ્ય વિષયનું મહત્વ ઘણું જ સ્પષ્ટ અને માર્મિક ભાષામા નિરૂપણ કર્યું છે. આમાં પ્રસંગાનુસાર સાંખ્ય, યોગ, સગુણ, નિર્ગુણ, દ્વૈત, અદ્વૈત વગેરે દેટલા યે સિદ્ધાંતોનો ઉલ્લેખ થયો છે. તેથી એના વાક્યોના આધારથી સાંખ્યવાદી અને દ્વૈત મતનું અવલબન કરનારાઓએ પણ ઘણા જ દ્રઢતાથી પોતાના સિદ્ધાંતોનું સમર્થન કર્યું છે. એની શરૂઆત જગતના કારણની મીમાંસાથી થાય છે. તેમાં પહેલા અધ્યાયમાં જગત્કારણનો નિર્ણય કરી પ્રણવચિંતનપૂર્વક ધ્યાનાભ્યાસને જ સાક્ષાત્કારનું સાધન બતાવ્યામાં આવ્યું છે. તેનું વિશેષ વિવરણ ત્રીજા અધ્યાયમાં છે. તેમાં ધ્યાનની વિધિ, ધ્યાનને યોગ્ય સ્થાન, યોગની પ્રથમ પ્રવૃત્તિ અને તેનાં ફળનું ઘણું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે આ રીતે સાધનનું નિરૂપણ કરીને પછી ત્રીજા અધ્યાયમાં સાધ્યનું પ્રતિપાદન કર્યું છે. ત્યાં યે એક જ તત્ત્વનું પહેલાં સગુણ સાકાર રૂપથી, પછી અંતર્યામી અને વિરાટરૂપથી તથા અંતમાં શુદ્ધ રૂપથી નિરૂપણ થયું છે તેમાં ક્ષરનું ક્ષરત્વ, અક્ષરનું ક્ષરકૃત્વ અને પરમાત્માનું નિયતૃત્વ બતાવ્યું.માં આવ્યું છે. તથા ક્રમ પણ પ્રદર્શિત કર્યું છે કે, જીવ પોતાના સકલ્પ અનુસાર વિભિન્ન યોનિઓને પ્રાપ્ત થાય છે, અને પરમાત્માનું જ્ઞાન હોવાથી બધા પ્રકારનાં બંધનોથી મુક્ત થઈ જાય છે તે પછી છઠ્ઠા અધ્યાયમાં પણ પરમાત્માનું સ્વરૂપ અને મહત્ત્વનું જ પ્રતિપાદન કરતાં કરતાં અંતમાં તેના જ્ઞાનથી બધાં દુઃખોની નિવૃત્તિ બતાવી છે આ રીતે આ ઉપનિષદમાં આદિથી અંત સુધી કેવળ પરમાર્થ તત્ત્વનું જ નિરૂપણ થયું છે. પછી અંતમાં એક મંત્રદ્વારા આ વિદ્યાના સંપ્રદાયનું અને બે મંત્રોથી એના

રહોરી

અધિકારીનું વર્ણન કરીને ઉપસંહાર કરવામા આવેલ છે. એ જ સંક્ષેપમા આ ગ્રંથના પ્રતિપાદ્ય વિષયોનું વિવેચન છે. અવતારમા કોઈ પણ બે વિરુદ્ધ ધર્મોનું સમાનત્વ થઈ શકતુ નથી, પરંતુ અહી બધા વિરોધોનો સમન્વય થઈ ગયેલ છે કારણ કે, તેઓ સર્વાધિષ્ઠાન છે આ રીતે આ ઉપનિષદ પરમાર્થતત્ત્વના જિજ્ઞાસુઓને માટે બહુ જ ઉપયોગી છે એના પર શાકરભાષ્ય ઉપરાંત ભાષ્યકારાનંદકૃત દીપિકા, ધ્યાનગમ્યવિરચિત દીપિકા અને શ્રીવિદ્યાન અજ્ઞાતકૃત વિવરણ નામક બીજી ત્રણ ટીકાઓ છે

૪. ન. કાળો સુરમો

શ્વેતાંજન [સં.] પું. શરીરનો રંગ ગમે તેવો હોય પણ કપાળમાં ધોળુ તિલક હોય તેવો ધોહો

શ્વેતાંબર ૧ પું. જૈન ધર્મનો એ નામનો એક સંપ્રદાયનો અનુયાયી

૨. પું. જૈન ધર્મનો એ નામે એક સંપ્રદાય; મહાવીર સ્વામીના સમય પછી પાછળથી જૈન ધર્મના પડી ગયેલા બે ફાટા કે પક્ષો માહેનો એ નામનો એક પંથ. તેના અનુયાયીઓ શ્વેતાંબરો કહેવાય છે અને દિગંબર પંથના અનુયાયીઓ દિગંબરો કહેવાય છે. દિગંબરો એમ માને છે કે, મહાવીર સ્વામી નગ્ન જ રહેતા હતા. દિગંબરો મોક્ષ માટે નગ્નતાને આવશ્યક માને છે. જ્યારે શ્વેતાંબરની માન્યતા જુદી છે મોક્ષ એ તો અંતરની વસ્તુ છે. જો આસક્તિ ન હોય તો કપડાં પહેરવા કરતુ નથી સમાજમા રહેવુ હોય તો સાદા વસ્ત્રો પહેરવા જોઈએ. વસ્ત્રો કાઈ મોક્ષમાં આડા આવતા નથી નગ્નત્વ અને અનગ્નત્વ એ જ આ બે પંથોના વિરોધનું મૂળ છે. દિગંબરો મૂર્તિને કાંઈ જ ચડાવતા નથી જ્યારે શ્વેતાંબરો આખી ચઢાવે છે આવા બીજા ભેદો પણ છે. શ્વેતાંબર પંથના પણ બે ફાટા છે શ્વેતાંબર મૂર્તિપૂજક અને શ્વેતાંબર સ્થાનકવાસી.

૩. [સં. શ્વેત + અમ્બર (કપડું)] ન. સફેદ વસ્ત્ર; ધોળું વસ્ત્ર.

૪ વિ ધોળા વસ્ત્રોવાળુ, શ્વેત વસ્ત્ર પરિધાન કરેલ

શ્વેતાંબરી ૧. [શ્વેત + અંબરિન (વસ્ત્રવાળું)] વિ. ધોળા વસ્ત્રવાળુ

૨ વિ. શ્વેતાંબરનું; શ્વેતાંબરને લગતુ

શ્વેતાંશુ ૧. ન. અંડ.

૨. ન. સફેદ કિરણ

શ્વેતાંશુક [સં.] ન ધોળી સાડી

શ્વેતાંશુક ધરી અગ્રે. મંજળ મંજરી વિભવણો રેવી વિક્રમોર્વશીય

શ્વેતૈલા સ્ત્રી નાની ગોળચી તેમાથી તેલ નીકળે છે માટે તેને શ્વેતેલા કહે છે. તે રંગમાં ધોળી હોય છે

શ્વેતોદક [સં.] પું. ક્ષીરોદ

શ્વેતોહી [સં.] સ્ત્રી છોકરી

શ્વેત્યા [સં] સ્ત્રી અંદેક કાળની એક નદી; હાલની સ્વાત નદી

શ્વેદાગુન કૃષ્ણ પું અલંદરામા આવેલું એ નામનું એક પ્રખ્યાત બાંધ મંદિર. બહારનો મંદિરને કૃષ્ણ કહે છે. તમ જુદની પ્રતિમાને પણ કૃષ્ણ કહે છે

શ્વૈત્ય ૧ પું (પુરા.) રૌક્ષ રાજપુત્ર સજ્ઞય.

૨. ન ધોળાશ; ધોળાપણું.

૩ [સં.] ન ધોળો રંગ.

શ્વૈત્ર ન ધોળો કોઢ

શ્વોભાવ [સં. શ્વઃ (આવતી કાલ) + ભાવ] વિ. આવતી કાલ સુધી ટકનાર; કાલની ભાવનાવાળા; ક્ષણભંગુર.

> શ્વોભાવ છે તે સહુએ પદાર્થો,
> સર્વેદ્રિયોનાં હરતા જ તેજો,
> અને વળી સર્વ કરે જ અલ્પ,
> તને સમર્યું મીત નલ ચલા.

કઠોપનિષદ અનુ

રહોરી સ્ત્રી જો બે ચાર ઘરો વચ્ચે વરકન્યાના લગ્ન થાય છે તે; ચોરી

રહોરી રચી લગ્ન જેમની ત્યાં ઘર કન્યા.

સમાપ્ત

ષ

ષ

ષ ૧. પું. મર્ણ વિમોચન.

૨. [સં.] પું. ગુજરાતી લિપિના મૂળાક્ષરો માંહેનો ઓકત્રીસમો વ્યંજન વર્ણ; બાર માંહેનો બીજો ૬ વર્ગનો ઉષ્માક્ષર વ્યંજન. તે મૂર્ધસ્થાની અને અઘોષ ગણાય છે. તે સિદ્ધ વ્યંજન છે. મધ્યુવૅદની ગ્રાખ્યદિની શાખાવાળા પનો ઉચ્ચાર ખ કરે છે. તે અશુદ્ધ વ્યંજન ગણાય છે. કારણ કે, વહિવાળો પુસ્તક વાંચતાં વાંચતાં સહેજ ઊંઘવું હોય અથવા વાંચવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી. કારણ કે તેઓ માને છે કે, 'ષ' બોલાળો. અને કોઈ વ્યંજન જોડવો હોય તો તેનો કાનો અલોપ થઈ 'ષ' બોલાય છે. પનો કોઈ વખતે રેફ પણ થાય છે. જેમકે, જ્યોતિષ્ + વિદ્યા = જ્યોતિર્વિદ્યા. ગુજરાતીમાં 'ષ'ને ઠેકાણે ઘણી વાર 'ખ' બોલાય છે. જેમકે, 'વિષ'નો વિખ. વરસનો અરજ. ષને ઠેકાણે છ પણ વપરાય છે. જેમકે વર્ષી–વછી.

ગુજરાતી મૂર્ધન્ય ષ, કેવળસરી ષ કરતાં ઘણેક હીનો જોઈએ. કારણ કે,-ષ બીજા કોઈ પણ લિપિઓમાં જોવામાં આવતો નથી.

શ્રી સા. પરિષદ

૩. પું. નાશ; અંત.

૪. પું. નિદ્રા.

૫. પું. મનુષ્ય.

૬. પું. મોક્ષ.

૭. પું. વાળ; કેશ.

૮. પું. સ્વર્ગ.

૯. ન. ધીરજ; ધૈર્ય.

૧૦. વિ. કાળું.

૧૧. વિ. પંડિત; વિદ્વાન.

૧૨. વિ. શ્રેષ્ઠ.

૧૩. વિ. સમર્થ

ષકાર ૧. [સ. ષ + કાર (કરવું)] પું. ષ અક્ષર; વર્ણમાળા માંહેનો મૂર્ધન્ય વર્ણ.

૨. પું. ષનો સ્વર; ષનો ઉચ્ચાર કે અવાજ.

ષકારાંત [સં. ષકાર + અંત (છેડો)] વિ. છેડે ષકારવાળું; જેને અંતે ષ હોય એવું.

ષટ્ [સં. ષષ્ (છ)] વિ. છ.

ષટ્પદોદ્ગિત પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધ્રુતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ, રગણ, નગણ, રગણ મળી ૧૮ વર્ણ હોય છે.

ષટ્પદોદ્ગિત ન ર ન ર ન ર ષટ્ પદ રચાય છે.

રત્નવિજય

ષટ્ક ૧. [સં. ષટ્ (છ) + ક (સમૂહવાચક પ્રત્યય)] ન. છનું; છ નો સમૂહ; છકું.

૨. વિ. છ અવયવવાળું

ષટ્કર્ણ [સં.] વિ. છ કાન વડે સંભળાયેલું; કહેનાર અને સાંભળનાર એ બે સિવાય ત્રીજાએ સાંભળેલું

ષટ્કર્ણી [સં.] વિ. છ કાને પહોંચેલું; ત્રીજે માણસે સાંભળેલું.

મંત્ર ષટ્કર્ણી ન જ થવો જોઈએ.

વલ્લભાખ્યાન

ષટ્કર્મ ૧. [સં. ષટ્ (છ) + કર્મન્ (કર્મ)] ન. બ. વ. કોઈ પણ છ કર્મ.

૨. ન બ. વ. તાંત્રિક કરવાનાં છ કર્મો તાંત્રિક છ કર્મ : ભારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન અને વિદ્વેષણ.

૩. બ. વ. ઘ. દરરોજ આચરવાના છ કર્મ.

૪. બ. વ. વ. બ્રાહ્મણે કરવાનાં છ કર્મ. બ્રાહ્મણનાં છ કર્મ આ પ્રમાણે છે : અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન અને યાજન.

૫. ન. બ. વ. (યોગ) શરીર શુદ્ધિને માટે કરવામાં આવતાં યોગનાં છ કર્મો. તે છ કર્મો આ પ્રમાણે છે : ધૌતિ, બસ્તી, નેતી, નૌલી, ત્રાટક અને કપાલભાતી.

૬. ન. બ. વ. આરંભે કરવાનાં છ કર્મ. ઋત્વકના છ કર્મ આ પ્રમાણે છે : દેવપૂજન, ગુરુભક્તિ, સ્વાધ્યાયન, સંયમ, તપ અને દાન.

ષટ્કર્મા ૧. [સં.] પું. બ્રાહ્મણ. કેમકે, ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને દેવું આ છ કર્મ કરતો હોવાથી બ્રાહ્મણ ષટ્કર્મા કહેવાય છે.

૨. વિ. છ કર્મ કરનાર.

ષટ્કોણ ૧. [સં. ષષ્ (છ) + કોણ (ખૂણો)] પું. (ગણિત) છ ખૂણાની આકૃતિ કે આકાર; જેની દરેક છ સીધી લીટીઓથી બંધાયેલી હોય તેવી સમતલ આકૃતિ; ' હેક્ઝેગૉન '. કોઈ પણ છ સીધી લીટીથી બંધાયેલી અને છ ખૂણાવાળી આકૃતિને ષટ્કોણ કહે છે. નિયમિત ષટ્કોણ સૌથી અગત્યનો ષટ્કોણ છે. તેમાં છ બાજુ સરખી હોય છે અને છ ખૂણા પણ સરખા હોય છે. છ સમબાજુ ત્રિકોણનો તેમાં સમાવેશ થાય છે. વળી આ ષટ્કોણ વર્તુળમાં અથવા બહાર પણ થાય છે.

૨. ન. એક જાતનું તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક યંત્ર.

૩. ન. એક જાતનું રત્ન.

૪ ન સમેથી છઠ્ઠું સ્થાન.

૫. ન. વજ્ર.

૬. વિ. છ ખૂણાવાળું; જેને છ ખૂણા હોય તેવું.

ષટ્કોણાકાર [સં. ષટ્કોણ (છ ખૂણા) + આકાર] વિ. છ ખૂણાવાળું; જેનો આકાર છ ખૂણાવાળો હોય એવું.

ષટ્કોણાકૃતિ [સં. ષટ્કોણ (છ ખૂણા) + આકૃતિ (આકાર)] સ્ત્રી. છ ખૂણાવાળી આકૃતિ; ' હેક્ઝેગૉન '.

૨. વિ. છ ખૂણાવાળું; ષટ્કોણાકાર; ષટ્કોણી.

ષટ્કોણી જુઓ ષટ્કોણાકાર.

ષટ્ક્રિયા [સં.] સ્ત્રી. નેતી, ધૌતિ, નૌલી, બસ્તિ, કપાલભાતિ અને ત્રાટક એમ હઠયોગની છ ક્રિયા.

ષટ્ચક્ર ૧. [સં.] ન. છ ચક્ર બોધપ્રાપ્તવાનું એક ગ્રંથ.

૨. ન. બ. વ. તંત્રોક્ત શારીરિક છ ચક્ર. દ્વિદલ, ચતુર્દલ વગેરે.

[સં. . સ ષટ્ (૭) + ચક્ર (પૈડું)] ન જ વ. (યોગ) શરીરમાં ગુદાથી બ્રહ્મરંધ્ર સુધીના મનાતાં ૭ ચક્ર. તે આ પ્રમાણે છે. મૂલાધાર, સ્વિસ, નાભિ, હૃત્, કંઠ, ભ્રૂમ. ૭ ચક્રોના સ્થાન તથા દેવતા આ પ્રમાણે કલ્પ્યા છે: ૧. મૂલાધારચક્ર (મુદ્રા કે ગાડ, ગણપતિ દેવતા), ૨. સ્વિસચક્ર (સ્વિસ, બ્રહ્મદેવતા), ૩ નાભિચક્ર અથવા મણિપૂરચક્ર (નાભિ, દૂંટી, વિષ્ણુદેવ), ૪. હૃત્, હૃદય અથવા અનાહત ચક્ર (હૃદય, ૭ દેવતા), ૫. કંઠચક્ર અથવા વિશુદ્ધચક્ર (ગળુ, શ્રીદેવતા), ૬. ભ્રૂચક્ર (માથાની ખોપરી, ગુરુદેવતા).

૪. વિ જેમાં ૭ કુંડલી કે ચક્ર હોય તેવું; ૭ ચક્ર કે કુંડલીવાળું.

ષટ્ચક્રી વિ. ષટ્ચક્રવાળું; ૭ ચક્રવાળું.

ષટ્ચરણ ૧. પું. જુ.

૨. પું ભમરો.

૩. પું ન વ. ૭ પગ.

૪ વિ. ૭ પગવાળું.

ષટ્ચરણી ૧. [સં.] સ્ત્રી. જુ.

૨. સ્ત્રી. ભમરી

૩. વિ. ૭ પગવાળું.

ષટ્જીવનિકાય સ્ત્રી. (જૈન) ૭ પ્રકારના જીવ, પૃથ્વી, જળ, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એમ ૭ પ્રકારના જીવ જૈનશાસ્ત્રમાં ગણાવેલા છે

ષટ્તિલા એકાદશી [સં.] સ્ત્રી. પોષ વદિ અગિયારસ. પોષ વદિ એકાદશીનું નામ ષટ્તિલા એકાદશી છે એટલે તે દિવસે તલના તેલ વડે શરીરે મર્દન, તિલસ્નાન, તિલહોમ, તિલદાન, તિલભોજન તથા તલની વાવણી કરવાનો રિવાજ છે.

ષટ્તિલી [સં.] વિ. શરીર મર્દન, સ્નાન, હોમ, દાન, ભોજન અને વાવેતર એમ તલ સબંધી ૭ ક્રિયા કરનાર.

ષટ્દર્શન ન. ૭ દર્શન.

ષટ્કારુ ૧. ન. (શિલ્પ) પાટડાની પંક્તિ અથવા શ્રેણી.

તેમ જ ઘરમાં ષટ્કારુ નાખવાનું કહ્યું છે તે પાટડાની શ્રેણી, પાટડાની ઓળ અથવા પાટડાની પંક્તિ એટલે ષટ્કારુ એમ સમજવું.
રાજવલ્લભ

૨. ન. બે પાટડા અને ચાર સ્તંભ.

બે પાટડા અને ચાર થાંભલાને ષટ્કારુ કહે છે.
રાજવલ્લભ

ષટ્પદ ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સડોઢું વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ૯ત્ત્ય, રગણ, જગણ, રગણ અને બે ગુરુ એમ ૧૭ અક્ષર હોય છે. બીજા તથા ચોથા ચરણમાં રગણ, જગણ, રગણ અને ગગણ એમ બાર અક્ષર હોય છે.

૨. જુ. જૂ

૩. [સ. ષટ્ (૭) + પદ (પગ)] પું. ભમરો; ૭ પગવાળું પ્રાણી.

પદ્મ પ્રત્યે ષટ્પદ ભય પામીનું પ્રેમાલક્ષ્ય આપ્યું.
ભાલણ

૪. વિ. ૭ પગવાળું

૫. વિ. ૭ પદવાળું તે કાવ્ય માટે વપરાય છે

ષટ્પદપ્રિય [સ.] ન. નાગકેસર.

ષટ્પદવત્ [સં. ષટ્પદ (ભમરો) + વત્ (જેવું)] ન. ષટ્પદની પેઠે. જેમ ભમરો અનેક ફૂલોમાંથી રસનું જ ગ્રહણ કરે છે તેમ મુમુક્ષુઓએ અનેક શાસ્ત્રોનું અધ્યયન કરતા રહેવું અને અનેક સદ્‌ગુરુઓનો ઉપદેશ સાંભળતા રહેવું અને બધે ઠેકાણેથી સાર જ ગ્રહણ કરવો.

ષટ્પદા ૧. પું. ઋગ્વેદમાં આવેલ એક છંદ.

૨. સ્ત્રી. ડોસરની વેલ

ષટ્પદાર્થવાદ [સં. ષટ્ (૭) + પદાર્થ (દ્રવ્ય) + વાદ (માનવું તે)] પું. દુનિયામાં ૭ પદાર્થ છે તેવો સિદ્ધાંત.

ષટ્પદી ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૭ પદ હોય અને ૧૫૨ માત્રા હોય છે.

૨. પું. જીવજંતુઓ માંહેનો એ નામનો એક વર્ગ; સાધારણ ૭ પગ હોય તેવા પ્રાણીઓનો એ નામનો એક વર્ગ તીતીઘોડા, તીડ, માકડી, ભ્રમર, મધમાખ, ભમરી, કીડી, મકોડી, ઊધઈ, પતંગિયું. કૃકું, ચાંચડ, માંકડ, મચ્છર, જૂ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. ઈંડાં, કૃમિળ, કોશેટા અને જીવડા તેમ ચાર અવસ્થામાંથી તે પસાર થઈ જંતુનું રૂપ લે છે પાંખનો દેખાવ, મોંના પ્રકાર અને જીવનક્રમ પ્રમાણે તે વર્ગ પાડવામાં આવ્યો છે. દરેક ષટ્પદીને માથાનો એક, છાતીના ત્રણ અને પેટના અગિયાર સાંધા હોય છે, બે જોડી આંખ પણ છાતીના સાંધે જ હોય છે. માથામાં આંખ, મોં અને મૂછ હોય છે. પેટને છેડે મળદ્વાર અને ઈંડાં મૂકવા માટે જનનેંદ્રિય હોય છે. તીતીઘોડા જેવા ષટ્પદીને તો સંયુક્ત આખો હોય છે. મૂછ એ ધક્કા ઉપયોગની ઇંદ્રિય છે રસ્તો શોધવામાં, ખોરાક મેળવવામાં, સંદેશાની આપલે કરવામાં તેનો ઉપયોગ થા છે, તેને જ્ઞાનેંદ્રિય સાથે સરખાવી શકાય મૂછમ પણ અનેક સાંધા હોય છે તે છાતી અને પેટના સાંધા દ્વારા શ્વસનક્રિયા કરે છે. તેને સાચવવા માટે પણ પેટ કે પગ ઉપર અવયવ હોય છે તેને જ્ઞાન હોતા નથી

૩. [સં. ષટ્પદ (૭ પગ) + ઇન્ (વાળું)] પું. ભમરો; ભમર.

૪. સ્ત્રી. જુ.

૫. સ્ત્રી ૭ પદવાળું કાવ્ય; ૭ લીટીઓનો એક કાવ્યપ્રકાર

૬. સ્ત્રી. ભમરી

૭. ન. વત્ત કે ઉત્તરક્રિયાને અંતે અપાતુ ૪ થાળી કે ૭ વાટકાનું દાન.

૮. વિ. ૭ પગવાળું

કોઈ વર્ગનાં ષટ્પદી અને ષટ્પદો એ ૬ વિભાગમાંના પ્રાણીઓ મહા ચપળ હોય છે.
પ્રાણીસૃષ્ટિ

૯. વિ. ૭ પદવાળું.

ષટ્પદીકલ્પ પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તેમાં ૧૫૨ માત્રા હોય છે તેના ૧૩ ભેદ છે.

ષટ્પદીવિદ્યા ૧. સ્ત્રી. ૭ પદવાળું કાવ્ય રચવાની વિદ્યા.

૨. [સં.] સ્ત્રી. જીવડાં સંબંધી શાસ્ત્ર; ૭ પગવાળાં પ્રાણીઓ સંબંધી જ્ઞાન આપનાર વિજ્ઞાન; પાકરોગ વિજ્ઞાન; કીટકના અભ્યાસનું શાસ્ત્ર; કીટકવિદ્યા. કીટકનું વર્ણન ષટ્પદીવિદ્યા નામના એક ખાસ શાસ્ત્રમાં કરવામાં આવે છે.

ષટ્પિતાપુત્રક [સં.] પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક તાલ.

ષટ્પુરુષ ૧. [સં.] પું. કામી પુરુષ.

૨. પું. ધર્મ, અર્થ, કામ, મોક્ષ, ચોક્કસવિચાર અને આધ્યાત્મિક એ ૭ વિષયોનું જ્ઞાન ધરાવનાર માણસ; તત્ત્વપ્રયોજનરૂપ ૭ જાતની બુદ્ધિવાળો માણસ.

૩ પું. બુધ

૪. વિ. ધર્મ વગેરેમાં ઊંડી સમજવાળું

ષટ્પ્રમાણ [સ.] ન જ વ. ૭ જાતનાં પ્રમાણ. તે આ પ્રમાણે છે: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ

ષટ્પ્રાણકરણ [સં.] ન. પ્રાણવર્ધક ૭ વસ્તુઓનો સમૂહ; તાજું મિષ્ટાન્ન, નવું અન્ન, બાળા સ્ત્રી, દૂધનું જમવું, ઘી અને ઊના પાણીથી સ્નાન એ છનો સમૂહ.

[પ્રશ્નોત્તરી]

ષડજગ્રામમૂર્છના

ષટ્ [સં. षष्] વિ. જુ.

ષટકીબંધ પ્ર (જૂ. રૂ.) ખડકીબંધ; ડેલીબંધ.

ષટસાહિ પ્રાગ્વાટ સહિત સન્મુખ ભાવક પટનેજની આપ નવીઆ આરવ કમાડ સહિત ષડકીબંધ મઢ્યો મુદ્રા. પ્રાચીન ગદ્ય ૧૭મી સદી

ષટ્કરીઅહ્યવિદ્યા સ્ત્રી. એ નામની એક વિદ્યા. તેનો મંત્ર ૭ અક્ષરનો હોય છે તેનો ઉચ્ચાર કરવાથી મોટું પુણ્ય થાય છે એમ મનાય છે.

ષટકંથ પું. એ નામની એક વનૌષધિ; કરેજનો એક પ્રકાર

ષટકંથા ૧. સ્ત્રી. કપૂરમાચલી.

૨ સ્ત્રી. ધોડાવજ.

ષટકંથિક [સં.] વિ. પીપરીમૂળ. પીપરીમૂળનાં મૂળિયા જે ગાંઠવાળાં થાય છે માટે તેને ષટકંથીક કહે છે

ષટકંથિકા સ્ત્રી એક જાતની ઔષધિ; કચૂરો.

ષટનિશા સ્ત્રી. ગંડકી નદીનું નામ

ઉત્તર તરફથી આવનારી ષટનિશા (ગંડકી) માત્ર અગ્નિએ સોરી નહિ

આર્યોના તહેવારોનો ઇતિહાસ

ષટરિ [સં.] પું. ષટ્રિપુ

ષટવ પું. એ નામનું એક નક્ષત્રમંડળ.

ષટષ્ટક [સં. ષટ્ (૭) + અષ્ટ (આઠ) + ક] ન. સોનેટ એટલે કે ચૌદ લીટીના પ્રબન્ધબંધ માટે સૂચવાયેલું એક નામ. સોનેટમાં આઠ લીટીનો એક અને છ લીટીનો બીજો એમ બે ભાગ હોય છે તેથી તેને ષડષ્ટક અથવા અષ્ટષ્ટક સંજ્ઞા આપવાનું એક વિનોદી લેખકે સૂચવ્યું છે.

ષડંગ ૧. ન. ઈ. સ. નાગ્રસોથા સૈકામાં રચાયેલું વાત્સ્યાયનનું એક પુસ્તક.

ઈ. સ. પૂર્વે જ્યાં સૈકાઓ પહેલાં રચાયેલું ચિત્રસૂત્રશાસ્ત્ર પણ આર્યોની પ્રાચીન ચિત્રકળાના સવિસ્તર અને સંતોષકારક ખ્યાલ આપી રહે છે. ઠેઠ ઈ. સ. ચોથા સૈકામા રચાયેલું વાત્સ્યાયનનું ષડંગ વિશેષ પૂર્ણિ આપે છે.

પુરુષોત્તમ વિશ્રામ માવજી

૨ [સં.] ન. જ્ઞ જ્ઞ. જોશ્ય, ગાયનું છાણ, દૂધ, ગાયનું ઘી, ગાયનું દહીં અને ગોરોચન આ છ માંગલિક અંગ.

૩ ન. જ્ઞ. જ્ઞ. વેદનાં છ અંગ: શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ

૪. ન. જ્ઞ જ્ઞ શરીરનાં છ અંગ: બે હાથ, બે પગ, શિર અને કેડ.

૫. વિ છ અંગવાળું

ષડાક્ષરી [સં.] વિ છ અક્ષરવાળું તે મંત્ર માટે વપરાય છે

ષડાનન ૧. [સ પષ્ (છ) + આનન (મોઢું)] પું. શિવનો જે નામનો ગંગા પુત્ર અને સુરલોકનો સેનાપતિ; કાર્તિકેય; કાર્તિકસ્વામી; ષડ્માતુર; ષણ્મુખ. તેને છ કૃત્તિકાઓએ ધવરાવેલ તેથી તેને છ મુખ અને બાર હાથ છે. હરિવંશમાં તે સુબ્રહ્મણ્ય કે ષણ્મુખ એ નામે પૂજાય છે. તેનાં અગ્નિપુત્ર, કુમાર, સ્કંદ, સેનાની, ગુહ વગેરે પણ નામ છે. શંકરના વીર્યથી પેદા થયેલ પુત્ર તારકાસુરને મારી શકે એમ સમજી દેવતાઓની પ્રાર્થનાથી શંકરના વીર્યથી તે ઉત્પન્ન થયા છે. મોરના આકારનું વિમાન તેનું વાહન છે. તેને મોર ઉપર પ્રીતિ છે. તે મણપતિથી નાના છે. તેણે દેવતાના સેનાધિપતિ થઈ તારકાસુરને હણ્યો. કાર્તિકસ્વામી અખંડ બ્રહ્મચારી રહ્યા છે. સ્ત્રીઓને કાર્તિક સ્વામીના દર્શન કરવાની મનાઈ છે

કાર્તિક સ્વામી જ કૃત્તિકાઓ: વર્ધયંતિ, કુમા. ચિપૂર્વિકા. મેઘયંતિ, અગ્નયતિ તથા તિસ્રઓના પુત્ર હતા જ માતાઓથી સ્વામીને જ મુખ થયા તે ઉપરથી તેનું નામ ષડાનન પડ્યું

મનુષ્ય અને નક્ષત્રમંડળ

૨. વિ. જ મુખવાળું

ષડ્ઘ ન. સં., મરી, લીંડીપીપર, પીપરીમૂળ, આદુ અને ચિત્રક એ છ વસ્તુઓનો સમૂહ.

ષડૂર્મિ [સ. ષટ્ + ઊર્મિ] સ્ત્રી. જ જાતની ઊર્મિ. તે આ પ્રમાણે છે: ક્ષુધા, પિપાસા, જન્મ, મરણ, શોક અને મોહ.

ષડ્ઋતુ [સં. ષણ્ (જ) + ઋતુ] સ્ત્રી. વર્ષની જ ઋતુઓ. તે આ પ્રમાણે છે: શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમંત.

ષડ્ગણ ૧. [સં.] ન. જ ગણો કે જ જાદો. ૨. વિ જ જાદાથી ખેંચાતું. આ શબ્દ હળ કે ગાડા માટે વપરાય છે.

ષડ્ગુણ ૧. [સં. ષણ્ (જ) + ગુણ] પું જ. જ. રાજનીતિના જ ગુણ તે આ પ્રમાણે છે: સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય. સંધિ–સમાધાન, વિગ્રહ–લડાઈ, યાન–ચડાઈ, આસન–ચેરો પાલીને પડી રહી રાજાના અત્યાદિ બહારથી આવતાં અટકાવવાં, દ્વૈધીભાવ–શત્રુની સાથે લડાઈ થતાં તેનાથી બળવાન તેના શત્રુને બોલી મૈત્રી કરવી તે અને બનેની આગળ લડી બન્ને માત્ર વાણિ. વડે જ આત્મસમર્પણ કરવું, કર્મથી નહિ, સમાશ્રય–શત્રુથી પીડાતાં સમર્થ કિલ્લાનો અથવા રાજાનો આશ્રય લેવો. કોઈ જ ગુણ આ પ્રમાણે પણ ગણે છે. મોટાઈ, ધર્મભાવ, ડહાપણ, યશ, જ્ઞાન અને મનની સ્વતંત્રતા. ધર્મ, ધીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ઈશ્વરના જ ગુણો છે.

૨. વિ જ ગણું

ષડ્ગુણેશ પું. (પુરાણ) પાંચ ઇંદ્રિય અને મનનો સ્વામી; પરમાત્મા

ષડ્ગ્રંથિ ૧ સ્ત્રી. વજ.

૨. વિ. જ ગાંઠવાળું.

ષડ્જ ૧. [સ ષડ્જ; પ્રા. અરજ] પું. (સંગીત) સંગીતના સાત મારેનો પહેલો સ્વર, સા, આરંભક સ્વર. તેનું નામ બે રીતે પડેલું છે. પ્રથમ તો તે ઋષભ, ગાંધાર, મધ્યાદિ જ સ્વરોનો જન્મ આપે છે. બીજું કારણ એ કે, ષડ્જ સ્વર બોલતાં નાક, તાળવું, જીભ, દાંત, ગળું અને છાતી એ છ ભાગનો ખપ પડે છે તેથી તેનું નામ ષડ્જ રાખ્યું છે તે જ મુખ અને ચાર હસ્તવાળો, રક્તવર્ણનો, બે હાથમાં વીણા અને બે હાથમાં કમળવાળો અને મયૂરની સવારી કરનાર છે. તેનો દેવકુળમાં ઉદ્ભવ છે. તે વિપ્રકુળિક છે. આ. સ્વરનો અવાજ મોરના સરખો છે અને નાભિસ્થાન છે એટલે નાભિમાંથી બોલવો પડે છે રંગ કમળ સરખો જોતાંમિશ્રલાલ છે. તેનો અધિષ્ઠાતા ગ્રહ ચંદ્ર છે. અધિષ્ઠાતા દેવ અગ્નિ અને વિકૃતિ બ્રહ્મા છે. તેનો છંદ અનુષ્ટુપ છે. તેનું હાસ્ય શૃંગાર રસપ્રધાન છે અને શીત તથા રસયુક્ત છે. તે જ ઋતુ અને સર્વ રાગમાં અનુકૂળ છે. તે સ્વરથી આજીવિકા ચાલે છે અને કરેલું કર્મ નિર્ફળ થતું નથી. તેનાથી ગ્રામ, પુત્ર અને મિત્ર પ્રાપ્ત થાય છે. તે સ્ત્રીને પણ પ્રિય છે

શરીરનાં નાક, કંઠ, છાતી, તાળવું, જીભ અને દાંત એ જ સ્થાનોથી ઉત્પન્ન થઈ શકે છે તે ષડ્જ કહેવાય છે. ભરતભાષ્ય

૨. જ. (સંગીત) સંગીતના ગણ માંહેનું પહેલું ગ્રામ; ષડ્જ સ્વરથી બનતી સ્વર રચના. સ્વર અને શ્રુતિઓ કુટુંબીની જેમ એક સાથે રહે તેને ગ્રામ કહે છે. તેના ત્રણ પ્રકાર છે. પહેલું ષડ્જ, બીજું મધ્યમ અને ત્રીજું ગાંધાર ગ્રામ. જ્યારે પંચમ સ્વર પોતાની ચોથી શ્રુતિ ઉપર રહે ત્યારે ષડ્જગ્રામ કહેવાય. ષડ્જગ્રામને નંદાવર્ત પણ કહેવામાં આવે છે ષડ્જ અને મધ્યમ ગ્રામનો ઉપભોગ પૃથ્વી ઉપર થાય છે ગાંધારનો ઇંદ્રલોકમા ઉપભોગ થાય છે ષડ્જ ગ્રામના બધા સ્વરો પોતપોતાની શ્રુતિઓ રાખીને જ રહે છે આ ગ્રામની ઉત્પત્તિ બ્રહ્મોક્તરી છે તેના દેવ બ્રહ્મા છે

ષડ્જગ્રામ ન (સંગીત) સંગીતના ત્રણ ગ્રામ પૈકીનું એક ગ્રામ.

ષડ્જગ્રામમૂર્છના સ્ત્રી (સંગીત) ષડ્જગ્રામની સાત માંહેની પ્રત્યેક મૂર્છના. તેની સાત મૂર્છના. આ

પ્રમ છે છે: (૧) ઉત્તરમદ્રા, (૨) રંજની, (૩) ઉત્તરાયત્તા, (૪) શુદ્ધષડ્જા, (૫) મત્સરીકૃતા, (૬) અધ્યક્ષતા અને (૭) અભિરુદ્રતા.

ષડ્જપંચમભાવ પું. (સંગીત) ષડ્જ અને પંચમનો સમ્બંધ. જેને લીધે સ ઉપરથી પ, પ ઉપરથી રિ, એ પ્રમાણ બીજા અગિયાર સ્વર ઉત્પન્ન થાય છે

ષડ્જસાધારણ ન. (સંગીત) સ્વરસાધારણના ત્રણેમાંનો સાધારણ, અંતરસાધારણ, મધ્યમ સાધારણ અને ષડ્જસાધારણ એ ચાર ભાગોનો એક પ્રકાર; ગ્રામ સાધારણકૈશિક. નિષાદ જ્યારે ષડ્જની પહેલી શ્રુતિનો આશ્રય કરે અને ઋષભ ષડ્જની છેલ્લી શ્રુતિનો આશ્રય કરે ત્યારે ષડ્જ સાધારણ કહેવાય છે.

ષડ્દર્શન [સં. ષષ્ (છ) + દર્શન] ન.બ.વ. વૈદિક તત્વજ્ઞાનના છ દર્શન. તે આ પ્રમાણે છે: ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત મંત્ર અને બ્રાહ્મણ એટલે કે સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એ શ્રુતિ કહેવાય છે. એમાં પ્રતિપાદન થતાં સત્યાદિ ઋષિઓએ સાક્ષાત્ પરમાત્મા પાસેથી અવણ કરેલા છે. પરમ ગુરુના અસાધારણ પ્રભાવને લીધે શ્રવણની સાથે જ એ સત્યોનું એમને દર્શન પણ થઈ ગયું છે. એનાં સત્યો શ્રવણની ભૂમિકામાંથી દર્શનની ભૂમિકામાં ઊતરવા માટે એમને જુદા જુદા માર્ગો શોધવા પડ્યા છે. આ રીતે આપણા ષડ્દર્શનનો ઉદ્ભવ થયો છે. (૧) ગૌતમકૃત ન્યાય: એમાં ઈશ્વરરૂપ જગત્ ઉપરથી તત્કારણ રૂપ જે ઈશ્વર તેની શોધ છે (૨) કણાદ કૃત ન્યાય: એમાં પંચમહાભૂત તત્ત્વો કણાદિ એ કહેલું અમસ્તું જ છે, પરમાણુ વગર બીજું કંઈ જ નથી. અનિયંત્રમ તે જ ઈશ્વર, તે જ નિત્યવ્યાપક છે કણાદિનું વર્ણન છે (૩) જૈમિની કૃત પૂર્વમીમાંસા: એમા વેદના અપૌરુષી કર્મ જ સત્ય છે વગેર વર્ણવેલું છે (૪) બાદરાયણ કૃત ઉત્તરમીમાંસા અથવા વેદાંતશાસ્ત્ર: એક બ્રહ્મ જ સત્ય છે અને જગત મિથ્યા છે એ વિષ વર્ણન છે (૫) કપિલ કૃત સાંખ્ય તેમાં અનેક તત્ત્વોની અપ્યાસે કરીને તેઓ પ્રકૃતિ થકી ઉત્પન્ન થાય છે તે તત્ત્વો તથા તે પ્રકૃતિ આ થકી ભિન્ન છે અને જેવો આત્મા નિત્ય તેવી જ પ્રકૃતિ નિત્ય સારાંશ કે, પ્રકૃતિ પુરુષ અનાદિ સિદ્ધ છે જેવા પુરુષ તેવી તેની ભાવા પ્રકૃતિ તેથી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય વગેરે થાય છે. તો ઈશ્વરની આવશ્યકતા શું કરવા? એનું વર્ણન છે (૬) પાતંજલિ કૃત યોગ: એમાં સર્વ શક્તિમાન, સર્વત્ર જે ઈશ્વર તેની સેવા યોગ એટલે એકરૂપ કરવું. ઉપાસના યોગાદિક સાધને કરીને જીવવું એકરૂપ થવું એટલે જીવનો શિવ થાય છે એનું વર્ણન છે. એ મતમાં સાંખ્યનો અનીશ્વરવાદ ખંડીને ઈશ્વરવાદ સિદ્ધ કર્યો છે.

ષડ્દલચક્ર [સં.] ન. (યોગ) શરીરમાં આવેલ છ પાંદડાંનું એક ચક્ર. તે નાભિસ્થાનની નીચે લિંગના પશ્ચિમ ભાગ ઉપર આવેલું છે. તેને સ્વાધિષ્ઠાનચક્ર પણ કહે છે. તેના અધિપતિ બ્રહ્મા છે

ષડ્દુર્ગ [સં.] પું. મનુએ કહેલા છ પ્રકારના કિલ્લા.

ષડ્દેવ [સં. ષષ્ (છ) + દેવ] પું.બ.વ. સર્વ સાધારણ રીતે પૂજાતા છ પ્રકારના દેવો; ગણપતિ, બ્રહ્મા, વિષ્ણુ, ભવ, જીવ અને અગ્નિ

ષડ્દ્રવ્યવાદ [સં. ષષ્ (છ) + દ્રવ્ય (વસ્તુ) + વાદ (સિદ્ધાંત)] પું. દુનિયામાં છ પદાર્થ છે એવી માન્યતા કે સિદ્ધાંત

ષડ્ધા અ. છ પ્રકારે; છ રીત

ષડ્રેખક [સં. ષષ્ + રેખક (પાડિયું)] ન. છ આડાઊભી આકૃતિ; ષટ્કોણ આકૃતિ; છ ખૂણાવાળો આકાર; ષડ્ભુજ

ષડ્બિંદુ ૧. [સં.] પું એક જાતનો ઠીંડો

૨. [સં ષષ્ (છ) + બિંદુ (ટપકું)] પું. વિષ્ણુ ભગવાન; શ્રીનિવાસ; શ્રીપતિ.
જુઓ ષડ્બિંદુનું નામ. નર્મદ

ષડ્ભંગી વિ. મૂર્ખ; કમ અક્કલ

ષડ્ભાગ ૧ [સં.] પું છઠ્ઠો ભાગ.

૨. પું. પહેલાના વખતમાં મહેસૂલ તરીકે લેવાનો ઉપજનો છઠ્ઠો ભાગ.

ષડ્ભાવ [સં.] પું બ.વ. શરીરના છ વિકાર કે અવસ્થાઓ. જન્મવું, હોવું, વધવું, વિપરિણામ પામવું, અપક્ષય થવો અને નાશ એ શરીરની છ અવસ્થા છે.

ષડ્ભાષા [સં.] સ્ત્રી બ.વ. છ ભાષા. તે આ પ્રમાણે છે: (૧) મહારાષ્ટ્રી અથવા પ્રાકૃત, (૨) શૌરસેની, (૩) માગધી, (૪) પૈશાચી, (૫) ચૂલાકા પૈશાચી અને (૬) અપભ્રંશ. આ નામ દેશ પરત્વે પડ્યાં છે. મહારાષ્ટ્રમાં બોલાતી તે મહારાષ્ટ્રી એ વિંધ્યથી કૃષ્ણા પર્વતના પ્રદેશમાં બોલાતી દક્ષી એને પ્રાકૃત કહે છે અને સેતુબંધ આદિ કાવ્યો એ પ્રાકૃતમાં લખાયાં છે. શૌરસેની મથુરાની પાસે શૂરસેન નામના પ્રદેશમા બોલાતી. માગધી મગધમાં બોલાતી. પૈશાચી અને ચૂલાકા પૈશાચી, પિશાચ દેશોમાં બોલાતી. નેપાળ, સિંધ, કંદહાર, કશ્મીર વગેરેનો એ દેશોમાં સમાવેશ થતો. જેઓ કુંગરી પ્રદેશમા રહ્યા તેઓ પોતાના અગમ્ય પ્રદેશ અને જંગલી પ્રકૃતિને લીધે બીજાઓથી જુદા પડ્યા. તેઓમાં ખરાબ રિવાજ હતા અને એવા કારણથી સાહિત્યમાં તેમને પિશાચ ગણવામાં આવ્યા અને તેમની ભાષા પૈશાચી કહેવાઈ

અપભ્રંશ ભાષા પર્યંત પ્રાચીન ષડ્ભાષાનું સાંગોપાંગ બારણ રચનાર, સુપ્રસિદ્ધ ગ્રંથકાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના સ્વર્ગવાસ (વિ સં ૧૨૨૯) પછી ૪ ૪ ૪ ગુજરાતમા મુસલમાનની રાજ્ય બેઠાયું.
પુરાતત્ત્વ

ષડ્ભાંતર ન. (જ્યોતિષ) સૂર્યથી છ રાશિનું અંતર

કોઈ કોઈ વાર પૂરણીની એક બાજુ તે બહિષ્પર્તી ગ્રહ અને બીજી બાજુ શુક્ર એમ હોય છે એવી વખતે તેમનુ **ષડ્ભાંતર** થયું એમ કહે છે.
જ્યોતિર્વિદ્ર સ

ષડ્ભુજ ૧. [સં.] પું ષટ્કોણ

૨. વિ. છ બાજુવાળું

૩. વિ. છ હાથવાળું; છ ખૂણવાળું

બાજુદેવે પોતાની સામે બેઠેલા સુંદરાંગીની જગ્યાએ એક મહા તેજસ્વી **ષડ્ભુજ** મૂર્તિ દીઠી.
પ્રરેપાન

ષડ્ભુજા ૧. [સં.] સ્ત્રી. દુર્ગા.

૨. વિ. સ્ત્રી છ ખૂણવાળી

ષડ્માંકડી સ્ત્રી. ખડમાંકડી.

દેહી અહા કરર્ડ પ્રમાણ **ષડ્માંકડી** તણી પરિઠણી, ભીમ

ષડ્યંત્ર [સં.] ન. પ્રપંચ; કાવતરું.

ષટ્રસ ૧. [સં] પું. (વૈદક) છ જાતનો રસ. તે આ પ્રમાણે છે: મીઠો, ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો

૨. વિ. છ રસવાળું.

ષડ્રાગ ૧. પું. (સંગીત) છે ને એક રાગ. તેઓ શાસ્ત્રકારો ચાટમાંથી ઉત્પન્ન થાય છે. દિવસના બીજા પ્રહરે ગવાય છે. તેને ખટરાગ પણ કહે છે

૨. [સં.] પું બ.વ. (સંગીત) છ મુખ્ય રાગ. તે આ પ્રમાણે છે: ભૈરવ, મેઘમલ્હાર, શ્રીરાગ, માલકોશ, દીપક અને હિંડોળ

ષડ્રિપુ [સં. ષષ્ (છ) + રિપુ (શત્રુ)] પું બ.વ. વૈરિ; મનુષ્યના છ આંતર શત્રુઓ. તે આ પ્રમાણે છે: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

ષડૂષ્મા [સ.] સ્ત્રી. ત્રિભુવન.

ષડ્લિંગ ન. ન. બ. (વેદાન્ત) મૂલાદિ વાક્યના તાત્પર્યનો નિર્ણય કરવા માટે ઉપયોગી ૬ અંગ તનાં નામ: (૧) ઉપક્રમ અને ઉપસંહાર, (૨) અભ્યાસ, (૩) અપૂર્વતા, (૪) ફળ, (૫) અર્થવાદ અને (૬) ઉપપત્તિ

ષડ્વદન જુઓ ષડાનન

ષડ્વર્ગ જુઓ ષડ્રિપુ.

ષડ્વિંશમાર્ગિણી પું. (ત્રૈતીત) બત્રીસ માત્રાનો એ નામનો રહ મો માત્રા. તેમા રિગમ-રિ, ગામાર-ગ, નિષાદ-નિ ગ્રોમગ, મધ્યમ-મ તીય અને આકીના ત્રણ સ્વરો શુદ્ધ આવે છે.

ષષ્ઠ પુ (સિન્ધ) અગ્નિ, સધુ; ઓસરી

તેમા અગ્નિદ, ષષ્ઠ અને સધુ કહેવામા આવ્યો તે ત્રણે નામા અગ્નિદના જ છે.

રાજતરંગિણી

ષષ્ઠારિનક્રમતા પું ન. બ. (વેદાંત) છ નાસ્તિક મત. ને આ પ્રમાણે છે: (૧) માધ્યમિક, (૨) યોગાચાર, (૩) સૌત્રાંતિક, (૪) વૈભાષિક, (૫) ચાર્વાક અને (૬) દિગમ્બર (જૈન) એ ૬ વેદ બાહ્ય નાસ્તિક મત કહેવાય છે

ષષ્ઠમાતુર [સં] પુ. છ છે માતા જેને તે; કાર્તિક સ્વામી; ષડાનન

કાર્તિકસ્વામીની છ કૃત્તિકા એ માતા છે, તે પરથી તેને ષષ્ઠમાતુર એમ કહે છે

જ્યોતિર્વિલાસ

ષષ્ઠમાસ [સ ષષ્ (છ) + માસ] પું. છ મહિના; છ માસ; ષણ્માસ; છ માસનો ગાળો

પ્રથમ રાત્રિ તથા કૃષ્ણ ષષ્ઠમાસ દક્ષિણાયને,
મરે જે યામીને ભોગ ચઢનો ફરી જન્મના.

નીલકંઠોખ્યાન

ષણ્મુખ જુઓ ષડાનન.

ષષ્ઠા સ્ત્રી (જૂ. ગુ) ખજૂર.

પ્રભ નગર તે કાદી ષષ્ઠા સેવિહ ચાલતાં પૈરના.

વિમલપ્રબંધ

ષષ [સ. ષષ્] વિ. છ.

ષષ્ટિ [સં] જુઓ સાઠ

ષષ્ટિપૂર્તિ [સ.] સ્ત્રી સાઠ વર્ષ પૂરા થયાં તે કે તેનું પર્વ

ષષ્ઠ [સં] વિ. છઠ્ઠો.

ષષ્ઠક [સ] વિ. છઠ્ઠા ભાગનું.

ષષ્ઠમાસ [સં] પું ઓગસ્ટ માસ અંગ્રેજીમા ઓગસ્ટ શબ્દના બે અર્થ થાય છે: એક અર્થ છે ઉમદા, શ્રેષ્ઠ અને બીજો અર્થ છે વરસનો આઠમો મહિનો. એક જમાનામા આ મહિનાનું નામ અંગ્રેજીમાં સેક્સટિલિસ હતું. એ વખતે વર્ષારંભ માર્ચ મહિનામાં થતો હતો એટલા માટે આ મહિનો 'સમાસ' કહેવાતો હતો. એ પછી આનું નામ ઓગસ્ટ રાખવામાં આવ્યું. જર્મનવખ્યાત જૂલિયસ સીઝરનો પૌત્ર રોમન સામ્રાજ્યનો સૌથી પહેલો સમ્રાટ ઓગસ્ટસ થઈ ગયો. તેનું નામ આ મહિનાને આપવામા આવ્યું તે ખૂબ પ્રતાપી અને ઉન્નત વિચારોવાળો સમ્રાટ હતો યુરોપના ઇતિહાસમાં તેના રાજ્યકાળને સૌનિક અને સાસ્કૃતિક સમૃદ્ધિનુ એક ચિરસ્મરણીય પર્વ માનવામાં આવે છે. સયોગવશાત્ તેના જીવનની કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ આ મહિના દરમિયાન બની હતી તેથી તેની સ્મૃતિમાં આ મહિનાને ઓગસ્ટ નામ આપવામાં આવ્યું. ઓગસ્ટનું અસ્તિત્વ અને અમરત્વની સાથે નામસાદૃશ્ય છે. અમરત્વે વિધ્નને પરાજિત કર્યો, દક્ષિણમાં આર્યોના રક્ષોહત્ય વસાવ્યા, રામરાજ્યના સસ્થાપક શ્રીરામચદ્રજીને વિષ્ણુનું અવતાર અને ધનુર્વિદ્યાવિશારદ હતા તેમના જીવનની ઘટનાઓ સોક્રાતિની પ્રક્રિયા બની, ઓગસ્ટ માસમા ભારતની સ્વતત્રતાની ઉત્કટતા, તેની પ્રતિકાર પ્રતિજ્ઞતા અને તેની અડગ તત્પરતાના તથા વિપ્લોના વિધ્નાટિઓને પરાજિત કરવાની તેની દૃઢતાનો સાક્ષાત્કાર સમગ્ર જગતને થયો; એટલા માટે આ ઓગસ્ટ મહિનો આધુનિક ભારતના ઇતિહાસમાં એક અપૂર્વ સ્મૃતિ પ્રતિ પ્રસાદ કરતું પુણ્યપર્વ છે.

ષડાંશ ૧. [સં ષષ્ + અંશ] પું. ખેડૂતોના ખાતરોનું રક્ષણ કર્યા બદલ તેઓની પાસેથી લેવામાં આવતો ઊપજનો છઠ્ઠો ભાગ.

૨. પુ. છઠ્ઠો ભાગ.

ષડાંશવંત્ર ન. એક પ્રકારનું ખૂણા માપવાનું યંત્ર.

ષડ્ભાંશી વિ છઠ્ઠો ભાગ લેનાર.

ષડ્લિંગ પું. એ નામનો એક સાઠ પ્રકરણનો પહેલા તો ગ્રંથ આ ગ્રંથ સત્તરે આર્યામા આપેલો છે. ભાલસંગ્રહકાર ત્રિપાઠ કહે છે કે: કપાદ-ન્યાય પ્રમાણે કપિલ સાંખ્યશાસ્ત્રમાં પણ આ સૂત્રો છે. પણ ગૌડપાદ અથવા શારીર ભાષ્યકાર શ્રી શકરાચાર્ય જેમણે એ સૂત્રોનો પોતાના ગ્રંથોમા આધારરૂપે લીધા નથી. તેથી તે સૂત્રો પ્રાચીન નહિ હોવ એવો પણ ઘણા વિદ્વાનોનો મત છે. ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા એ ગ્રંથ તેનાથી પ્રાચીન મનાય છે. તે ઉપર શકરસ્વામીના દાદા ગુરુ ગૌડપાદ એમનું ભાષ્ય છે અને ખુદ શકરાચાર્ય પણ પોતાના ભાષ્યમા તેમાથી ઉતારા આપે છે. ઈ.સ. ૧૭૦ ની પૂર્વે એ ગ્રંથનું ચીની ભાષામાં થયેલુ ભાષાંતર આજે પણ મળે છે

ષષ્ટિતંત્ર નામના સાઠ પ્રકરણના, એક તે પહેલાના ગ્રંથનો આશરે સત્તર આર્યામાં આ ગ્રંથમાં આપેલો છે; જેમ ઈશ્વરકૃષ્ણ આ કારિકાને અંતે કહે છે આ ષષ્ટિતંત્ર શાસ્ત્રમાં મળતો નથી

ષષ્ઠી ૧. સ્ત્રી. એ નામે એક દેવી. સુવાવડના ઘરમાં બાળકની છઠ્ઠીને દિવસે તેની પૂજા થાય છે. તેની મૂર્તિ એક બિલાડી ઉપર બેઠેલી પીળા, છોકરાંની માવજત કરતી સ્ત્રીની છે. આસ કરીને જેને વિધાતીના લેખની ગણના થાય છે તેને આપણે છઠ્ઠી દોવાનું કહીએ છીએ. પણે કેટલાકે માતા બાળકને લઈ વડના ઝાડ તળે આ દેવીનું બાહ્યસ્વ પાસે પૂજન કરાવે છે. પછી તેને નૈવેદ્ય ધરાવે છે ને તે બાહ્યણને આપે છે.

૨. સ્ત્રી. છઠ; છઠ્ઠો દાડો

૩. સ્ત્રી. છઠ્ઠી વિભક્તિ

૪. સ્ત્રી બાળકના જન્મનો છઠ્ઠો દિવસ; છઠ્ઠી.

ષષ્ઠીદેવી ૧. સ્ત્રી. દુર્ગા. તેનું પૂજન બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે કરવામાં આવે છે.

૨. સ્ત્રી પરણેલી સ્ત્રીઓ અને બાળકનું રક્ષણ કરનાર દેવી. તેની મૂર્તિ કે મદિર નથી. તેનુ પ્રદર્શન પવિત્ર વડના ઝાડની નીચે મૂકેલા પત્થર વડે થાય છે.

પ્રત્યેક માસની શુદ્ધ છઠ્ઠે દિવસે શુભ કેનારાઓ ષષ્ઠીદેવીની આરાધના કરતી.

જગતની જાગવટ

ષષ્ઠ જ ષકાર

ષષ્ઠો પું. ષકાર

ષંઢ ૧. પું. ગોપતિ; સાંઢ; આખલો

૨. પું. નપુસક; હીજડો.

ષંઢક પું. નપુસક; હીજડો; પાવૈયો.

ષંઢ [સં] પું નપુસક; હીજડો

બાળક તેના પેટમા બને ષંઢ કહીએ.

સામળ

ષંધાર પુ (જૂ. ગુ.) શહેરને ફરતો કોટ કે કિલ્લો.

લંકાઈ નગર માંન ષંધાર,
અઠાઈ વસ્તિય કલાવ્યાપાર

વિમલપ્રબંધ

ષાટકૌશિક શરીર ન. માતાપિતૃજ શરીર. સાંખ્યકારિકામાં નવા તત્ત્વકૌમુદીમાં ત્રણ પ્રકારનાં શરીર માન્ય છે: સૂક્ષ્મશરીર, માતાપિતૃજશરીર અને ભૌતિક શરીર. માતાપિતૃજશરીર અને ષાટકૌશિક શરીર પણ કહે છે. કેમકે, તે શરીર શોણ, શોણિત, માંસ, સ્નાયુ, અસ્થિ અને મજ્જાથી બનેલ છે.

ષાડવ ૧ [સ] ન (સંગીત) ૭ સ્વરનું તાન; ષડ્જગ્રામની સાત મૂર્છનામાંથી અનુક્રમે ષડ્જ, રિષભ, પંચમ, નિષાદ વર્જિત કરીને સ્વરો લેવામાં આવે તે તાન.

૨ પું. (સંગીત) ૭ સ્વરનો એક રાગ. જે રાગની આરોહી અવરોહીમાં માત્ર ૭ જ સ્વરોનો ઉપયોગ કરવામાં આવે અને એકાદ વર્જ્ય હોય તો તે ષાડવ રાગ કહેવાય છે

વ્યુ.-શિ. ૭ સ્વરવાળું. તે રાગ કે તાનના અર્થમાં વપરાય છે

ષીરોદક ન (જૂ. ગુ.) શ્રીફળ; નાળિયેર.

મેહની ષીરોદક દસનીસ,
પ્રજા નિપતિ કોઈ જગીસ
વિમલપ્રબંધ

ષોડશા (ષોડશ) વિ. સોળની સંખ્યા

ષોડશકલ (ષોડશકલ) પુ સોળ કળાવાળો પુરુષ, પરમાત્મા કેમકે ત સોળે કળાવાળા છે ભગવાન વિષ્ણુદાદ ભરદ્વાજ ગોત્રી સુદ્યુમ્નને કહ્યું કે ત ષોડશકલ અર્થાત્ સોળ કળાવાળા પુરુષ એટલે પરમાત્મા અહીં જ એટલે કે શરીરમાં જ છે. તાત્પર્ય કે, આ વિશ્વના પ્રાણિની અંદર આત્મા, આ સ્થૂળ શરીરરૂપી તાનકડા અંદરના હૃદય નિલ,અને ત વિશ્વવિનાયક પરમાત્મા વિરાજે છે કળા એટલે ભાગ કે અવયવ. વિશ્વ એ પરમાત્માનું પ્રત્યક્ષ રૂપ છે. એ વિશ્વરૂપ પરમાત્માનું મૂળ સ્વરૂપ હૃદયમાં પ્રતિષ્ઠિત છે. તેથી તેને બહાર ક્યાંય નહિ પણ હૃદયમાં જ શોધો

ષોડશકલા (ષોડશકલા) [સં] સ્ત્રી. ન. ૧ ચંદ્રની સોળ કળાઓ. તે સોળ કળા આ પ્રમાણે છે: અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા

ષોડશાકળા (ષોડશકળા) જુઓ ષોડશકલા.

ષોડશચિહ્ન (ષોડશચિહ્ન) ન. ૧ ન. પરમેશ્વરના પગમાં રહેલ સોળ ચિહ્નો. તે સોળ ચિહ્નો આ પ્રમાણે છે: સ્વસ્તિ, જવ, લાંછુ, ધ્વજ, અંકુશ, અંબુજ, અષ્ટકોણ છત્રચામર, વજ્ર આ નવ ચિહ્ન જમણા પગમાં છે અને મિન, ત્રિકુણ, ભોગ, ગોપદ, કળશ, અર્ધચંદ્ર, ધનુષ્ય આ સાત ચિહ્ન ડાબા પગમાં છે.

ષોડશદલ (ષોડશદલ) [સં.] ન. કમળ

ષોડશદલચક્ર (ષોડશદલચક્ર) [સં.] ન. (યોગ) શરીરમાં રહેલ સાત ચક્રોનું એક ચક્ર. તે કંઠમાં આવેલું છે. તેને વિશુદ્ધિચક્ર પણ કહેવામાં આવે છે. તેના અધિપતિ ભગવાન રુદ્ર છે.

ષોડશમાતૃકા (ષોડશમાતૃકા) સ્ત્રી ન ૧. સોળ દેવીઓ. તેમનાં નામ આ પ્રમાણે છે: ગૌરી, પદ્મા, શચી, મેધા, સાવિત્રી, વિજયા, જયા, દેવસેના, સ્વધા, સ્વાહા, માતૃ, લોકમાતૃ, ધૃતિ, પુષ્ટિ, તુષ્ટિ અને સ્વધા છે

ષોડશિકા (ષોડશિકા) સ્ત્રી કપાસ,સોનું અને રૂપિયાભારનું વજન, મત્સ્યપુરાણના એક કર્તા તો ૧૬

૨ ગ્રહના ૧ વર્ષ સમજવાનું ૧ રૂપિયાભાર તેના પર્યાયવાચિ શબ્દ, ષોડશ, ષિચુ, ષોડશતુલ, ષિંશિકાષ્ટિ, ષિંટુક, ષિટ્ટ વગેરે. ષોડશિકા, કરમ્બ, હરપદ, સુપર્ણ, કપસમક અને ષટુબર બધાં નામ છે પાત્રચિતામણિ

ષોડશી (ષોડશી) ૧ પુ ૬૫૫

૨. પું. ચંદ્ર

૩ પું. ચાર રૂપિયાભારનું વજન

૪ પું. પરમાત્મા. સોળે કળાઓ ઈશ્વરમાં હોવાથી તે ષોડશી કહેવાય છે. ષોડશી એટલે સોળ કળાવાન ઈશ્વર. ઉક્ત સોળ કળાઓ નીચે પ્રમાણે છે: (૧) ઈક્ષણ, પદાર્થ વિચાર, (૨) પ્રાણ, સર્વ જગતને ધારણ કરનાર, (૩) શ્રદ્ધા, સત્યમાં વિશ્વાસ, (૪) આકાશ, (૫) વાયુ, (૬) અગ્નિ, (૭) જળ, (૮) પૃથિવી, (૯) ઇંદ્રિયો, (૧૦) મન, જ્ઞાન, (૧૧) અન્ન, (૧૨) વીર્ય, બળ, પરાક્રમ, (૧૩) તપ, ધર્માનુષ્ઠાન, સત્યાચાર, (૧૪) મંત્ર, વેદવિદ્યા, (૧૫) કર્મ, સર્વ ચેષ્ટાઓ અને (૧૬) નામ, દશ્યજાતરૂપ પદાર્થ સત્તા

૫. પુ (પુરાણ) પ્રલયના પૂર્વ મુખમાંથી ઉત્પન્ન થયેલ એક યજ્ઞ

૬ પું. યજ્ઞમાં સોમરસ રાખવાનું એક પાત્ર.

૭. સ્ત્રી. દસ માંહેની એક મહાવિદ્યા.

૮. સ્ત્રી. મરેલા પાછળ કરાતું એક કર્મ. તે મૃત્યુ બાદ દશમે કે અગિયારમે દિવસે તે કરાય છે.

૯. સ્ત્રી. સોળ વર્ષની નવયૌવના.

૧૦. સ્ત્રી. સોળનો સમૂહ

૧૧. ન. ષાડવનું એક તાન. ષડ્જ ગ્રામમાં ષડ્જનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

ષોડશોપચાર (ષોડશોપચાર) ૧. [સં ષોડશ (સોળ) + ઉપચાર] પું ન. બ. વ. મૂર્તિ પૂજવાની સોળ રીત. પૂજનના સોળ ઉપચાર આ પ્રમાણે છે: આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ નૈવેદ્ય, નમસ્કાર, પ્રદક્ષિણા અને વિસર્જન વળી કોઈ આ પ્રમાણે પણ સોળ ઉપચાર ગણાવે છે: આસન, સ્વાગત, પાદ્ય, અર્ઘ્ય, આચમનીયક, મધુપર્ક, સ્નાન, વસન, આભરણ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, વંદન અને પ્રદક્ષિણા

૨. વિ. સોળ પ્રકારના ઉપચારવાળું; સોળ ઉપચારયુક્ત

ષોડસંસ્કાર (ષોડસસ્કાર) પું. બાળકના ગર્ભાધાનથી માંડીને કરાતા સોળ પ્રકારના સંસ્કાર. તે સોળ સંસ્કાર આ પ્રમાણે છે: (૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) જાતકર્મ, (૪) વિષ્ણુબલિ, (૫) સીમંતોન્નયન, (૬) જાતકર્મ, (૭) નામકરણ, (૮) નિષ્ક્રમણ, (૯) સર્વવિલોક, (૧૦) અન્નપ્રાશન, (૧૧) ચૂડાકર્મ, (૧૨) ઉપનયન, (૧૩) મહાનામ્ય, (૧૪) સમાવર્તન, (૧૫) વિવાહ અને (૧૬) સ્વર્ગારોહણ.

ષૌમીય [સં.] વિ હોમ કરવા લાયક; હોમ કરવાનું.

બીજા બાલુએ એ જ શ્રુતિ યજ્ઞાદિ કાર્ય માટે કહે છે ૩. ષૌમીય પદાનું જાણવું.
સુબ્રહ્મણ્ય

શ્લેષ્મ પું. શરીરમાં વહેતું જલમય દ્રવ્ય; બલિમ રસ; ' હીમ્ '.

સ

સ

સ ૧. [સં.] પું. એક જાતનો છંદ
૨ પું કવિતાનો એક ગણ; સગણ
૩. પું ગાડાનો રસ્તો
૪ પું ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો ૪૩મો મૂળાક્ષર વ્યંજન; ચાર ઊષ્માક્ષરોમાંનો ત વર્ગનો ત્રીજો વ્યંજન; વર્ણમાં ૩૨મો વર્ણ; દંતસ્થાની અક્ષર. દંતસ્થાની હોવાથી તેની પૂર્વે આવેલ અનુનાસિક ન્ જોવો ખોટામાં છે જેમકે, સસર્ગ. લહીઆઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી. કારણ કે તેઓ માને છે કે, સ સંદેહ ધરે
૫. પું. જ્ઞાન
૬. પું. ખ્યાન.
૭ પું નેવું સંખ્યા સાંકેતિક અક્ષર
૮. પું. પક્ષી
૯ પું. માયા.
૧૦. પું. વાક
૧૧. પું. વાયુ
૧૨. પું વિષ્ણુ; ઈશ્વર.
૧૩. પું. શિવ.
૧૪. પું. સર્પ.
૧૫ પું. સર્વનામનું ટૂંકું રૂપ. અ. રૂપ કોષ આદિ ગ્રંથોમાં બહુ વપરાય છે.
૧૬. પું. સપ્તકનું ટૂંકું રૂપ.
૧૭ પું (સંગીત) સારિગમપધનો પહેલો અક્ષર
૧૮. વિ માત
૧૯. સ એનું એ જ.
૨૦. સ જેવો.
૨૧. સ. સહિત, સમાન અને સાથેનો અર્થ બતાવનાર શબ્દની આગળ આવતો આદ્યમ જેમકે, સપ્રમાણ, સકુટુમ્બ.
૨૨. સ. સારું કે ઉત્તમ એવો અર્થ બતાવનારો એક પૂર્વગ અક્ષર જેમકે, સપૂત, સજ્જન.

સઅદસ [અ.] પું. અબજદ પદ્ધતિના આઠ શબ્દ સમૂહનો પાંચમો શબ્દ. તેના દરેક અક્ષરની કીમત આ પ્રમાણે છે: સીન–૬૦, આઈન–૭૦, ફે–૮૦, સ્વાદ–૯૦.

સઅાર પું. સાયર, સમુદ્ર.
સાત સઅાર માહે વૈર,
ત્યાહાં અને અહં ને અભાવ જેવ.
નાકર

સઈ ૧. [સં. સૌચિક–સોઈ–સઈ] પું. દરજી; સેરાઈ.
૧. સઈ, સોની ને સાળવી શરમ ન રાખે જાણવી; સઈ, સોની ને સાળવી તેને જરા ન રહે જાણવી = ધંધાદારીની કહેવત. ધંધાદારને કોઈ બટકાવી શકતું નથી
૨. સઈના ઘરમાં સાપ = એક વખત એક સઈના ઘરમાં સાપ નીકળતાં દરજીએ તેના વરને કહ્યું કે દોડો દોડો કોઈ પાવડીવાળાને તેડી આવો. દરજીએ કહ્યું કે પાવડી તો મેંય બાંધી છે તે! તો કહે કે, ના. તે તો સોય ખોસવા છે. મતલબ કે, સઈ બીકણ હોય છે તે ઉપરથી નમાલા ને બીકણ પુરુષના અર્થમાં આ કહેવત વપરાય છે.
૩. સઈની સાજ અને મોચીનું વહાણ = ખોટા ખાનદા કરવા વિષેની કહેવત.
૪. સઈનું સારું તે સુથારના ઓઘામાં જાય = મોટાનો ઉતાર તે ગરીબનો શણગાર; મોટાની ઓઢમાં ગરીબનો ગુજરો; શ્રીમાનનો કચરો તે ગરીબનો ચેટવરો
૫. સઈનો દીકરો છુટે ત્યાં સુધી સીવે = મુવા લગી ઘર તાણી; છુટ્યા ત્યાં સુધી વહ્યા (ભાર વહ્યા); મરતા સુધી નાચ કાંઈ નહિ.
૨. પું. પ્રજન.
૩. સ્ત્રી કપડા સીવવાનો ધંધો કરનારી એક જાત.
૪. સ્ત્રી કાનમ તરફ રમાતી એક જાતની રમત.
૫. સ્ત્રી. નામાક્ષર પાડવા તે; નામ લખવુ તે; પોતે સમત આપવા સાક્ષી છે, તેમ જ પોતાને કબૂલ મંજૂર છે એમ જણાવવા હસ્તાક્ષર કરવા. તે
૬. સ્ત્રી. મહાવરો
૭. સ્ત્રી. રિવાજ; ઢરાવ; ધારો
૮. સ્ત્રી. રોઈ દાણા ભરવાનું એક માપ; ૭ માણાંનું માપ; પાંચ માપ.
૯. સ્ત્રી સખી; બહેનપણી.
૧૦. સ્ત્રી સરવાણી
૧૧. સ્ત્રી. સહન કરવું. તે.
૧૨. [મા] ક્ર પોતાનું.
પાવડી પ્રેમારે બટ્ટ સઈ દઈ સૂણી સુરતાણી. નન્દબત્રીસમલંબ
૧૩. સિ. (જૂ. ગુ.) સો
સહસ્ર સઈ ભીમા અગ્યાર. વિમલપ્રબંધ
૧૪ સ. કબૂલ; મંજૂર; ખરું. જેમકે, તમે કહ્યું એ અમારે સઈ છે
૧૫. સ. જરૂર.
૧૬. સ. સમાન; સરખું; જેવું. જેમકે, નાગર સઈ કારભાર.

સઈઆર ન. એક પ્રકારનું ઘાસ. તેને સણીઆર પણ કહે છે. તે ઊંચ ઘાસ છે. આ ઘાસની જગ્યામાં જો વરસાદનું પાણી પડે નહિ તો તે ૨૫–૫૦ વર્ષ સુધી ઊગતું નથી.

સઈએહ પું. પવિત્ર આત્માનો પડછાયો.

સઈઓદર પું. જલદરનો એક પ્રકાર. એ જાતના રોગથી પાણીની નસ બહુ જાગે છે પેટ મોટું દેખાય છે. પેટ ઉપર હાથ મારવ.થી ઢોલની માફક અવાજ થાય છે. એ રોગ વાયુથી પેદા થાય છે. તે ઉપર લગભગ બધામાં આવી ૪૨ દિવસ બાદ એ સિવાય વિશેષ ઉપચારો પણ છે

સઈકાગાંઠે (સઈક.ગાંઠ) સ્ત્રી સહેલાઈથી છૂટી જાય એવી ગાંઠ; સરકણી ગાંઠ.

સઈકી (સઈકી) [સ સ (સરી જવુ)] સ્ત્રી. (વહાણવટું) સરી જાય તેવુ ગાળેલું.

સઈજા સ્ત્રી. તુવેર

સાઈદ [અ.] વિ. નસીબદાર.

સાઈસૂહું ન (જૂ. ગુ.) ખસારો; દુઃખો; ત્રાપો.
સાતવસીહિ સાઈસૂહું ૮૮.
મારી મહીજ અપાર.
કાન્હડદેપ્રબંધ

સાઈમુખ ન. (જૂ. ગુ.) શ્રીમુખ; પોતાનું મોં, પવિત્ર મુખ.
વિમલવાણિ સાઈમુખિ ઉચ્ચારી વાસુ નયર વિવેડિઉ કરી વિમલપ્રબંધ

સાઈયદ [અ સૈયિદ (સરદાર; અથવા આગેવાન) + સાદ (તે પણી હતો ઉપરથી)] જુ. સૈયદ, મુસલમાની ધર્મગુરુઓની એક જાત.

સાઈયાકું વિ ભાગીદારીનું, સ્વાંગ નહિ તેનું; મજિયારું.

સાઈકો ૧. વિ કુશળ, નિપુણ; શાણ, ચતુર; હોશિયાર; ચાલાક.
૨. વિ. સહેલું; સરલ સ્વભાવનું

સાઈયાડ (સઈયાડ) સ્ત્રી. શહેરના જે ભાગમાં હરકોઈ લોકોની દુકાનો હોય તે; હરકોયાડ; ચોરાશી માલેનું એક ઓટું.

સાઈસિ પું. ઘોડાનો ખાસદાર; ઘોડાવાળો; રાવત.

સઉ [સં. સર્વ; પ્રા. સવ્વા] વિ. સૌ; સર્વે; સઘળાં; તમામ

સઉહો વિ. સર્વ; બધાય; તમામ.

સઉણુ ૧. ન. (જૂ. ગુ.) પક્ષી.
૨. ન. શકુન; શુભાશુભ સૂચક ચિહ્ન.

સઉણુરૂત ૧ [પ્રા સ શકુનરૂત] ન પક્ષીના શબ્દ ઉપરથી શુભાશુભ જાણવાની કળા.
૨. ન. પક્ષીનો શબ્દ.

સઞ્ઝોય્યાંત પું. ધર્મોપદેશક. સઞ્ઝોય્યાંત શબ્દ સુ ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. સુ ધાતુનું તે ભવિષ્યકૃદંત રૂપ છે. વિદ્વદ્વર્ય ક્રાંમાઝે સુ ધાતુનો અર્થ ફાયદો કરવો એવો કરીને સઞ્ઝોય્યાંતનો અર્થ ફાયદો કરનાર ધર્મોપદેશક કર્યો છે પરંતુ સુ ધાતુનો મૂળ અર્થ સોમવલ્લીને કચરીને તેમાંથી રસ કાઢી સોમયાગ કરવો એવો થાય છે. વૈદિક કાળમાં સોમયાગ કરનારાઓ સઞ્ઝોય્યાત [સં. સોય્યન્ત એક વચન, સોય્યન્ત બહુવચન] શબ્દનો યૌગિક અર્થ તો સોમયાજકો જ થઈ શકે છે અધ્વર્યુઓ જેમ અગ્નિયાજકો હતા તેમ સઞ્ઝોય્યાંતો પણ હતા. તેજ પ્રમાણે અંગિરાઓ અને ભૃગુઓ પણ અગ્નિયાજકો તેમજ સોમયાજકો હતા.

સઢજ [પ્રા] વિ. સારો

સઢ્ઢું [પ્રા. સં. સ્વકાર્ય] ન. પોતાનું કાર્ય.

સઢ્ઢ ૧. પું એક ઝાડ.
૨. વિ. ખરાબ.
૩. ન. ખૂબ જોરથી

સઢકમ [સં. સકુટુમ્બકમ્] વિ. સહમતું; સાહટમ.

સઢકુડ્ડિય ન. ખરાબ પલ્લાવાળુ ઘરાકને છેતરવાનું સોનીનું ત્રાજવું.

સઢકું ૧ ન દેશી પુરાતન સાળમાં તોર મૂકવા માટે આંચ્યે પાડેલો ચાંભલો. તે વણકરના જમણા હાથ તરફ હોય છે. જમીલો.
૨ વિ. સત્યારદાન.

સઢકડમ (સકડમ) વિ બેચક; અણઘણ, સાજાડ; ઠેકુચાર.

સઢકબંધ (સકડબંધ) વિ જકડબંધ, મજબૂત રીતે બંધ.

સઢકવું (સકડવું) સ ક્રિ. તાણીને બાંધવું; જકડવું; જોરથી બાંધવું.

સઢકાવવું (સકડાવવું) સ. ક્રિ. જકડાવવું; તાણીને બંધાવવું.

સઢકાવું (સકડવું) અ. ક્રિ. તાણીને બંધાવું; જકડાવું; જકડી રાકાવું.

સઢકીબોગ (સકડોબોગ) પું. વૈષ્ણવ મંદિરમાં સાજે દેવને ધરાવાની પ્રસાદી

સઢકુસહું ન. ખુશાલી સાથે કાઢ્યા સાપવો તે.

સઢકુસી વિ. ખુશી સાથે

સઢકું ન. સામણું; સમુ.
બાત હું સઢકુ રહેને સામના. કમાલમ

સઢત ૧. પું. બાગ
સઢત થવું = (૧) કસુવાવડ થવી. (૨) મરી જવુ.
૨. સ્ત્રી. ખૂબ
૩. સ્ત્રી ખાસ આદુ, વીંધી લીધા પછી બાકી રહેલું આદુ.
૪ સ્ત્રી. હલકી અથવા નકામી વસ્તુ.

સઢનો પું. મજબ ઉપર લોઢી ચડવાનો એક બાધિ. તેમાં ઘણું કરીને માણસ એકાએક જમીન ઉપર પડી જાય છે અને તદ્દન બેહોશ અથવા બેભાનીમાં રહે છે જેમાંથી તેને હલાવીને અથવા બીજી કોઇ રીતે હોશમાં લાવી શકાતો નથી. ફક્ત શ્વાસ તથા નાડીના ચાલવા સિવાય શરીરના ભાગોની હીલચાલ તથા બોલવાનું કામ બંધ પડી જાય છે.

સઢદાગામી સ્ત્રી. જૈન મતમાં નિર્વાણમાર્ગની ચાર માંહેની બીજી પાયરી; વ્યક્તિની છ માંહેની એક સ્થિતિ. જેણે ઋણનો ક્ષય અને પછીથી એનું કૈવલ્ય કર્યું હોય તે સકદાગામી સકદાગામી એકજવાર મનુષ્યલોકમાં આવે છે પછી નિર્વાણ પામે છે

સકન ૧ પુ ગાડાની આડપાલો
૨ પું નસીબ
૩. પું વચન; બોલ; શબ્દ
૪. [સં. શકુન] પુ શકન; શકુન
૫. સ્ત્રી. સગન
૬ [અ.] અ ક્રિ. (ધાતુ) તે રહ્યો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દ: સાકિન મકાન, સુકાન

સકરકંદ પું. જમીનની અંદર થતો એક જાતનો ગળપણવાળો કંદ; શક્કરિયું; રતાળુ. સકરકંદને કમોદિયો કંદ પણ કહે છે. તે બે જાતનાં થાય છે. તેના કંદના કટકા કરીને ફાગણ કે ચૈત્રમાં તથા સુરણના કયારાની પાળીમાં વાવે છે. વૈશાખ માસમાં તે વવાય છે. સાડાચાર માસમાં તે પાકે છે

સકરકોળું ન. મીઠું કોળું. (જીઓ કોળુ નહિ).

સકરખોર વિ સાકર ખાનાર; હકક સાકર ખાઈને જીવનાર

સકરટેટી [સં. ષડ્ભુજા] સ્ત્રી. એ નામની એક કુખ્માણ્ડાદિ વર્ગની વનસ્પતિ; અડબૂચું; શકરટેટી. કાલિંગડા જેવો જ એનો વેલો થાય છે. અડબૂચાનું ફળ ગોળ થાય છે. તેનો બહારનો રંગ રાતો હોય છે. અડબૂચુ બાવાથી સાકે લાગે છે તેનું શાક પણ કરે છે. જે અડબૂચાની અંદરનો રંગ લીલો હોય છે તેને મરાઠીમાં તરટી કહે છે. તે ખાવાથી બહુ સારી લાગે છે. અડબૂચા વધારે ખાવાથી મરડાનો ઉપદ્રવ થાય છે. તાપની ગરમી લાગી હોય તો અડબૂચાનાં બીજા વાટી માથા ઉપર ચોપડવાં અને તેનો રસ શરીરે ચોપડવો

સકરણુ ૧. પું. કાંજી; માડ
૨. વિ. અવયવવાળુ
૩ વિ. ઇંદ્રિય.

૪. પુ. ઘટકો
૫. પું લાંબે આંટે ઝાડા ફેરવવા તે
૬. પુ. સ્વાદ.
૭ પુ. ઘરીના બંને કાન પાછળ નાખવાના, આવતો સણસણાટ

સહેકોટ (સહકોટ) [સ સાથે વિ ઝટ, ઝડીનો એક સંકેત વેપારીઓ. ખાનગી વ્યવહારમાં આ સંતાવાચક શબ્દ વાપરે છે.

સહેકોડ (સહકોડ વિ પોતાના મતને કે કહેલાને અંધશ્રદ્ધાથી વળગી રહેનાર.

સહેડ (સહડ) જ. સડી જવું તે; કોહવાટ.

સહેતલ (સહતલ) જ રૂપુ રેવવાનુ રેણ તે રૂપુ ૧ તોલો, તાંબું ૧ તોલો અને જસત ૧ તોલો મેળવીને બનાવાય છે

સહેથો (સહથો) પું. ભેજમાં સડતું હોય તેવું કપડું; અતિ ગંદું કાયદૂષણ.ળું મેલું કપડું.

સહેડડિયું (સહડડિયું) જિ. ઢીલું; રડબડિયું; પ્રવાહીમાં ભૂકો મેળવીને કરેલું રબ્બડું

સહેડાલો (સહડાલો) પું. મેલ; કચરો

સહેડું (સહડું) વિ બહુ મેલું; મલિન; ગંદું

સહેપ (સહપ) જુઓ સડક

સહેડુ અ ઓદમ, ત્વરિત

સહેડૂક (સહડૂક) અ ઊતાવળી ચાલે ને પગમા કપડાં ભરાતાં હોય તેમ

સહેબડવું (સડબડવુ) ૧ અ ક્રિ રૂપ.ને મરી જવુ.
૨ અ. ક્રિ. સડી જવું; કોહી જવુ

સહેબહ (સડબડ) અ સડસડાટ, ગપ.ટાબપ.

સહેવું (સડવું) ૧ અ ક્રિ કોહી જવુ.
૨. અ ક્રિ. બગડવુ; ભ્રષ્ટ થવુ

સહેસઠ (સડસઠ) [સ. સપ્તષષ્ટિ] જિ. (અસ્થિત) સાઠ ને સાત; ૬૭

સણસણારવું

સડસડ (સડ્સડ) અ. ઊકળતા પાણીનો થતો અવાજ; કડકડતા પ્રવાહીનો કે સડાકાનો અવાજ

સડસડટવું (સડસડવું) [સ. સમ્ (સાથે) + તપ્ (ગરમ થવું)] અ. ક્રિ. લીલા અને પાણીવાળા પદાર્થનું તેલ કે ઘીમાં તળાવું; સડસડ અવાજથી ઊકળવું કે બળવું.

સડસડાટ (સડસડાટ) વિ. વું સડસડ એવો અવાજ

૨. અ. ચોખ્ખા વગર; સપાટાબંધ; રેલાની પેઠે સરેડાટ.

સડસડાવવું (સડસડાવવું) સ. ક્રિ. કોઈ ચીજને ઘી અગર તેલમાં ચોડવવી

સડસડાવું (સડસડાવું) વિ. અ. ક્રિ. ધમકાવવું, ફટકારવું; દમ દેવો

૨. સ ક્રિ સડસડ અવ્યય એમ કરવું; લીલા અને પાણીદાર પદાર્થને ઘી કે તેલમાં ખૂબ પકવવો.

સડસડિયો (સડસડિયો) વું. એક જાતનું ઝાડ.

સડસડો (સડસડો) વું એક જાતનું ઝાડ. તેના સુકાયી ફૂલમાં મોટાં પાંખડાં હોતાં નથી. તેના તાતણા સફેદ અને રેશમની માફક સુંવાળા હોય છે. બીંગોમાંથી નીકળતાં બીજમાંથી તેલ નીકળે છે. સરસડો શીતળ હોવાથી તેની છાલ જ્વરના દાહમાં અપાય છે. તેથી પેશાબના દાહનું પણ શમન થાય છે

સડાક (સડાક) અ. ઉતાવળથી; ત્વરાથી; ઝટ, એકદમ; જલદી

સડાક દઈને–લઈને–લેતું = ઉતાવળથી, જલદીથી; ઝટ

સડાકો (સડાકો) વું. આંગળાથી પ્રવાહી પદાર્થ મોંમા લેતાં થતો અવાજ ; સબડકો.

૨ વું ચાબુકનો અવાજ; સટાકો.

૩. વું. તમાકુ, બીડી કે ચલમનો દમ ખેંચવો તે.

સડાકો તાણવો – મારવો = બીડી, ચલમ, હોકણી વગેરેનો દમ ખેંચવો .

૪. વું ન.કથી ઊંચો પવન લેતાં થતો અવાજ નાશ વાસનો વગડો હો.

આજે સારમનો સડાકો હો રહિમાબા સત

૫ વું. પવન જોરથી વાવાનો અવાજ.

સડિયાનાં પાન (સડિયાનાં પાન) ન ન ન. અળવીનાં પાન; પાતરાં.

સડિયાની ગાંઠ (સડિયાની ગાંઠ) સ્ત્રી. અળવીનુ કદની ગાંઠ જેવું બી

સડિયો (સડિયો) વુ અળવીનો છોડ, તેનું પાન કે દાંડો

સડાસડ (સડ્સડ) ૧ અ ઉપરાઉપરી સડાકા થાય એમ.

૨. અ. સડસડાટ; સડસડ

સડી (સડી) સ્ત્રી. નકસી; કારીગીરી.

સડી ભેગ કરવું = બંધબેસતું કરવું.

સડીલું (સડીલું) વિ. સરમાળ; સહજાળુ; લાજવાળુ.

સડુકો (સડુકો) જુઓ સડકો.

સડેડાટ (સડેડાટ) અ એકદમ; સડસડાટ, જોતજોતામાં; કોઈ પણ જાતની અડચણ વિના અને ઝપટાબંધ; સડડડ કરીને; વગર વિલંબે.

સડો (સડો) વું. કોહવાટ; સડવું તે; બગાડો

સડો નાખવો = પોતાનું હીનપણું કરવું.

૨. વું. ચૂસવણી

૩ વું નઠારો પડોશી.

૪. વું પાયમાલી, બરાબી; બદબાય.૨.

સડો પડ્યો–બેસવો–લાગવો = બરાબી થવા; કુમાર્ગે જવું.

સડોયું (સડોયું) વિ. પ્રવાહી પદાર્થ સાથે એકરસ કરેલું.

સડોયુ કરવું = પ્રવાહીને એકબીજામાં ભેળવીને હલાવવું, ડોલવું.

સઢ [સં. શ્રાદ્ધ] વું. (પ્રાકૃત) પિતૃતર્પણ; શ્રાદ્ધ.

સઢા [સં. શ્રદ્ધા] સ્ત્રી. (પ્રાકૃત) વિશ્વાસ; શ્રદ્ધા.

સઢ ૧. [સં સુ + વહ્ (સારી રીતે વહેવું)] વું. વહાણને પવનના જોરથી ચલાવવા માટે ભરડા ઊનના તાકા સાંધીને બનાવેલ લગભગ ત્રિકોણ આકારનું મોટું કાપડ; પવન બરાબર્ને મળે તે માટે વહાણ વચ્ચેના ઊભા થાભલાને બાંધવામા આવતુ કપડું; પવનને જોરે વહાણ ચાલે તે માટે ઊભો કરવામાં આવતો ભરડા કપડાનો ઓઢો. (૧) મોટો સઢ, (૨) તેમારિયું, (૩) દતેની, (૪) રનોયું, (૫) કલમ, (૬) કાતરો, (૭) તોક, (૮) શંઢ, (૯) ટીકીનો સઢ, (૧૦) ચાકુનો સઢ, (૧૧) રબલનો સઢ વગેરે જાતના સઢ હોય છે.

૨. વિ. કાચું

૩. અ. સડ; જડ; ડિફ્ફ્ફ

૧. સઢ ચડાવવો = વહાણ ચલાવવા સઢ પવન સામે રાખવો

૨. સઢ છોડવો = સઢ છૂટો કરવો.

સઢવું સ. ક્રિ. ઊભી કાડી સાથે કામડાં મરડી લેવા.

સઢીલ [સં. શિથિલ] વિ. શિથિલ; ઢીલું.

સઢો વું ખપરડાથી અનરો ભરી લેવો તે

સણકા સ્ત્રી ઘોડીની એક જાત.

સણકારો વુ. સણકો, શૂળની વેદના

સણકો ૧. વું. ચીવટ, ખત

૨. વુ. મનનો તરંગ

૩. વું. શ્વાસ લેતાં થતો નાકનો અવાજ

૪. વુ. હરિકારની અણી કે શૂળ ભોંકાતી હોય તેવુ શરીરમાંનુ દર્દ, સણકો; વેદના.

૧. સણકા આવવા–નાખવા મારવા = સણકાની વેદના થવી.

૨ સણકો થવો–લાગવો = (૧) એકાએક વેદના થવી. (૨) માઠુ લાગવુ. (૩) માઠુ લાગવાથી એકાએક અચકી પડવુ.

સણગટ વું. રાબડાનો સોડિયુ; ધૂપટ.

સણગટ તાણવો–વાળવો = ધૂપટ તાણવો, સોડિયુ વાળવુ

સણગડ વું. અળગોટો.

સણગણાટ સ્ત્રી. વાવણી કરવાની ઓરણીનો અવાજ

સણગાવું સ. ક્રિ. સણગો દેવો; દણગો દીધવો.

સણગો વું. અંકુર; દણગો, સણગો; કોળી વગેરે પલાળી મૂકવાથી તેમાં દણગો ફૂટે છે તે.

સણગ્રહ્યું વિ. ભગવદ્ગીત.

સણચાર સ. એક જાતનું ઘાસ. તેનાં ઘૂમડા થાય છે. તેની ઉપર ડૂંડી થાય છે.

સણસ સ્ત્રી. પરવા.

સણસ રાખવી = પરવા કરવી

સણસણ અ. ઊકળતા પાણીનો અવાજ.

સણસણવું અ. ક્રિ. વેગને લીધે અથવા હવા કે વરાળનો સણસણ અવાજ થવો.

સણસણાટ વું પાણી બળતાં કે હવા ચિરાતા થતો અવાજ

સણસણાટી સ્ત્રી ખુબ્બરી ફેલાય તેવી સ્થિતિ

સણસણો વું. વહેમ.

સણસાર ૧. વું ઘસાનો; અણસારો.

૨. વું. ઘોડાને ઉતાવળે ચલાવવા માટે કરવામા આવતો ચાબુકનો અવાજ.

૩. વું. પત્તરવ.

સણસારવું ૧. સ ક્રિ. ઇશારો કરવો; અણસારો કરવો

૨. સ. ક્રિ. બળદ, ઘોડા વગેરેને બરાબર ચલાવવાને અણોડો કે લગામ ઉતાણી સજા કરવી, રાશ, લગામ વગેરે હલાવવાં.

૩. સ. ક્રિ. બળદ ઘોડા વગેરેને જોરથી ચલાવવા.

સણસારો પું. સાન, પ્રકારનું, અણુમારો

સણહ પુ (જૂ. ગુ) જ્ઞાન, કુતર્ક

સણંગ ૧ ક્રિ જમીન ખોદીને કરેલો સાંકડો માર્ગ; સુરંગ
૨ વિ અંકુર ફૂટેલી કઠળ, અંકુરાયેલી દાળ.

સણિયાર ન મોટા ઘુમટ પરનું અને પ્રસંગનું ઘાસ

સણિયુ વિ સબંધ સાવધાન; સજાગ

સાગી સ્ત્રી ઊંચા જાતનું ઝાડ; પીલુ જેવા વાવળીના પાન જેવા, પાન ખરી જાય પછી ફળ થાય છે. તેના ફળમાંથી તેલ નીકળે છે

સણીલ્ડ સ ક્રિ (અનુજ્ઞા) ક્રિ મા

સાણીલું વિ સગપણના સબંધવાળું.

સાણીલ્લ પું સબંધ; નાતે

સાયસ ક્રિ ૨.૫

સાથી ક્રિ. નાના સાંધા

સાંથો પુ બે પાખિયાંવાળું બેસીનું એક સાધન આકાર; બે પાખિયાવાળી સાળી સાકડી; ઘાડ કપાસ, મરચાં બે પાખિયાવાળું સાકડું તે સાડીઓના પાયરા કે ઓઢણીના ગોખલા ઉપાડવાના ક્રમના અર્થ છે

સણ્હાદ પું આંદ સાંઠીની એક જાતની ઝાલ રમતા; ઔદરિયુ
સ્નેહ માટે સ્વનિત, સુનીત, **સણ્હાદ** આદિ શબ્દો બતાવ્યા છે. જૈનના

સત ૧. પું. શિવનાં હજાર મહેનું એક નામ
૨. ન અસ્તિત્વ
૩. [સં. સત્ય] ન. પરબ્રહ્મ; પરમાત્મા.
૪. ન. સતીત્વનો જુસ્સો
સત પર ચડવું = (૧) ધર્મમાં દૃઢ રહેવું (૨) સતી થવા માટે તૈયાર થવું.
૫. ન. સાચાપણું, સત્ય
૧ સત આપવું-ચડવું = (૧) સત્યાર્થનું શરીરાન ચડવું (૨) સતીત્વનો જુસ્સો પ્રગટવો; પતિની પાછળ બળી મરવા તૈયાર થવું.
૨ સત છોડવું = હિમત ખોવી
૩ સત ડગવું-ડોલવું = ધર્મમાંથી પતન થવું
૪ સત પર રહેવું = પ્રમાણિકતામાં દૃઢ રહેવું
૫. સત બતાવવું = પોતાના સત્વનો પરચો આપવો
૬. સતનું આપ્યું = સત્યથી બંધાયેલું –નિયંત્રિત થવું.
૬ ન. સાર; કસ; દૈવત; સત્ત્વ.
૭ વિ નિરોગી; નીરોગ
૮ વિ ફક્કડ રહિત
૯ વિ પવાર્થ
૧૦ વિ સાધુ સમ.સતી શરીરાત્મા પરાયણ છે
૧૧ વિ સાર

સતકરીરીયા પુ ક્રમીર પથના બે માહેનો ત્રીજા ભાગ

સતકા [અ. સદકા. પું દાનધર્મ

સતકાગતા પું આજ્ઞા ક્રમને અમાસને દિવસે આપવામા આવતી અડદની દાળ, સોટ, મીઠું, મરચું, તેલ વગેરે સામગ્રી.

સતકોટિ પું. પ્રથમ પંક્તિના ચોથા ખાનાનો અક્ષર માહેની એક જાત.

સતગમ ન કર્ણ તરફ કર્ણ સાધુઓ નીરગમ કે સતગમ એવા બોલાય છે અને એનો તે વિષે પુષ્કળ ઊંડો અર્થ કરેલ કે સાર્વ તત્ત્વ સતગમ છે એવા. અમારે, પરમાત્મા જેવું તત્ત્વ છે જગાડ સુધરેલા લોકો નીરગમ કે સતગમનો પ્રયોગ કરે છે

સતગા જુઓ સતકા

સતગોપાલ પુ. ક્રમીરના મુખ્ય બે માહેનો એ નામનો એક શિષ્ય. તેના બીજા શિષ્યનું નામ ધર્મદાસ હતા

સતજુગ [સં સત્યયુગ] પુ ચાર માહેનો પહેલો સત્ત્વાર્થ અને સરકૃતિનો યુગ; સતયુગ

સતજુગિયું ૧. વિ. સતજુગનું, સતયુગ સબંધી
૨ વિ. સત્યવાદી; ધર્માત્મા.

સતતા ૧. [સ સતત (હમેશનું)] પુ (વૈદક) વિષમજ્વરના પાંચ માહેનો એક પ્રકાર; હમેશા આવનો ટાઢિયો તાવ. સંતત, સતત, અન્યેદ્યુ એટલે બીજા દિવસે આવનારો તૃતીયક એટલે ત્રીજા દિવસે આવનારો ચોથીઓ એવા વિષમજ્વરના પાંચ પ્રકાર છે.
૨. ન. (શિલ્પ) મોટા આગળ, પછીતે અને દક્ષિણે બબ્બે અલિંદોવાળું તથા અંદર બે પાટડાવાળું ઘર.
સુમુખ ઘરના મુખ આગળ અને તે ઘરના મુખથી જમણી તરફ તેમજ તે ઘરની પછીતે એમ ચારે તરફ એક એક અલિંદ હોય, એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી સુમુખના પાટડો નાખવામાં આવે તો તે સતતા નામે ઘર થાય.
રાજવલ્લભ
૩. વિ. કાયમી.
૪ વિ. નિર્બંધાંદ; અનંત.
૫ વિ હમેશા ચાલુ
૬ ક્રિ સતત; નિરંતર, હમેશા
અસક્ત થઈને કર્મો સતત તું સમાચર,
અસક્ત આચરે કર્મો તે પામે જ પરમ પર
ગીતાનુવેદન

સતતચ્યપૂર્ણાંક પું (ગણિત) એક કૌંસમાં બીજો તે બીજામા ત્રીજો એવી રીતે કૌંસો જોયા આપેલા હોય તે અપૂર્ણાંક

સતતજ્વર પુ (વૈદક) મેલેરિયાથી ઉત્પન્ન થતો મૂર્તિયો તાવ; અબ્દિતાર ટાઢિયો તાવ. તે એક વખત શરીરમાં જરાયા પછી છેક સારી ન જતાં કાયમ અંકો થાય છે અને તેનો વખત થાય એટલે તેમ જ તે જોર કરી આવે છે. આ પ્રમાણે તે વખતો અંકો થાય છે પણ તે અંગમાંથી તાપ જતો નથી તાવ દરમિયાન કોઈવાર શરીરમાં કોઈક અવયવ ઉપર સોજો ચડી આવી આખિમા ઉમેરો થાય છે અને ઘણું કરી બેભાન, કોબરી, કંપવું અને દેકારામાં આ પ્રમાણે સોજાના બંધથી વરમ આવી ભરાઈ થાય છે.

સતતત સ્ત્રી. છોકરાની એક મેદાની રમત. તેમાં છોકરાઓના બે પક્ષ પાડી એક છોકરો સામા પક્ષમા મોકલાય એમ બોલનો ભય અને તે ડગવેલી હદ સુધીમાં સામા પક્ષના છોકરાઓને અડે તો જેને અડે તે આઉટ ગણાય અને જે અડવા જનારનો શ્વાસ બંધ થાય તો તે આઉટ થાય છે.

સતધારા પું. પ્રથમ કોટિ હીરાની અઢાર માહેનો એક જાત.

સતપત સ્ત્રી ચંચળતા; જોપીને ન બેસાય તે.

સતપતાઈ જુઓ સતપત.

સતપતિયું વિ. સતપત કર્યા કરનારું; ચંચળ; હાલ હાલ કર્યા કરનારું.

સતપંથ ૧. પું. ઉત્તમાર્ગથી ખોળ ખોડોનો એક ધર્મ, મનીષા પથ; પીરાણા પથ; ઉમામી ધર્મ; નિઝારી પંથ
૨ પું. સાચો રસ્તો

સતપંથી વિ. સતપથનું. જે લોકો કચ્છીઓ ગુજરાત, કચ્છ અને ખાનદેશમાં રહેતા તેઓને આશરે ૫૦૦ વર્ષ પહેલાં સૈયદ ઇમામશાહ નામના એક ઇસ્લામી પીરે શિયા મુસલમાન બનાવ્યાનું કહેવાય છે. તેઓ અથર્વવેદને માને છે અને પોતાને સતપંથી અથવા સતના અનુયાયી કહેવડાવે છે. અમદાવાદ, નવસારી અને જુનાગઢપુરની મુસલમાની પીરોની કબરોને તેઓ પૂજે છે. તેઓના રીતરિવાજ અર્ધા હિંદુ અને અર્ધા મુસલમાન જેવા છે. તેઓ રોજ

રાખે છે અને વળી હોળી, નાગિયેરી પૂનમ, દિવાળી વગેરે પાળે છે.

આત્માબાની પાસના નૂર પુરસતેની લિખી લિપિ છે અને તેની ભાષા, લિપી, ગુજરાતી અને કચ્છીથી મેળસેળ વધેલ છે. તેઓ પોતાને સતપંથી કહેવડાવે છે. હ. ઘ. કાટવાલા

સતમ [અ. સિતમ] પું., સ્ત્રી. જુલમ; ત્રાસ; સિતમ

સતમી ૧. સ્ત્રી. પરદેશથી આવતા માલની કીમતનું ભરતિયું; વહાણમા માલ ચડાવ્યા સબંધી આડતિયા ઉપર લખવામા આવતો પત્ર; નાવસેમ; ' ભનરાઇઝ '

૨ સ્ત્રી. રબ્બરિછી

સતયુગ પું ચાર મ.કેનો પહેલો યુગ; સત્યયુગ આ યુગમાં લોકો કપટ રહિત હતા તેના ૧૭૨૮૦૦૦ વર્ષ હોવાનું મનાય છે આ યુગનો પ્રારંભ ચૈત્ર સુદિ ત્રીજનો મનાય છે

સતર ૧. સ્ત્રી. ઓળ; લીટી; પંક્તિ; હાર.

૨ [અ. સત્ર (ઢ.બહુ) સ્ત્રી છુપાવવું તે

સતરણી પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. ને માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૬ વર્ણની ૯૬ માત્રા હોય છે

સતરા સ્ત્રી. રાજરમીનું

સતરાબત (ફા.સરાબત) સ્ત્રી. કોઈ ચોંકાવનારી ઘટના અનુભવ્યા અગાઉની અનુદ્વેગકર સ્થિતિ; સ્વસ્થતા.

સતરામસુતી પું. સપોટી કે ભમરડાની સિત્તોતેર નામની રમતમાં સાતમે દિવસે બોલાતો એક શબ્દ

સતર્ક વિ તર્કવાળું; વિચારશીલ; સમજુ

સતલજ સ્ત્રી. પંજાબમાં આવેલી એ નામની એક નદી

શતદ્રુ, શુતદ્રુ (અને ક્લાસિક), એ બે નામ સતલજ નદીના છે. અમરકોષ

સતલડા (સતલડા) પું સાત સરની માળા

સતવત જુઓ સતવન.

સતવન ન. એક જાતની ઔષધિ; ક્રામપર્ણી, 'ઇનિયા બાર્ક'. તે અજીર્ણ નિવારક હોવાથી દરરોજ આવતો તાવ, તરિયો તાવ વગેરે તાવમાં ખાસ અકસીર છે તે કિનાઇનના જેટલી અસરવાળી છે. વળી આ ઔષધિથી કિનાઇનની માફક બહેરાપણું, અનિદ્રા, ઊબકો વગેરેની અસર થતી નથી. તે સકોચક અને જળવર્ધક હોવાથી અજીર્ણ અને આંતરડાના તાવમા અકસીર છે. તેના ફણગ.નું દૂધ મધિયા અને ગૂમડા ઉપર લગાડાય છે તેલની સાથે દૂધ મેળવી કાનમા ટીપાં નાખવાથી કાનનો દુખાવો પણ મટે છે

સતવાદી વિ. સત્યવાદી; સાચું બોલનાર.

સતવારા પુ. એ નામની એક જાતિના લોક

સતવાંસા પુ ચૈત્રાવરચાને સાતમે મહિને ઉજવાની એક ક્રિયા.

સતશૂદ્ર ન. પવિત્ર અને ઊંચી શૂદ્ર જાતિનુ મ.બ્યુસ

પોતાના ધર્મને વિષે દઢ એવા શ્રીકૃષ્ણના ભક્ત જે સતશૂદ્ર તેમણે તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્રતિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની પેઠે ધારવા ક્રિયાયોગ

સત શ્રી અકાલ પું. એક ધાર્મિક સ્મરણ; પોકાર; આવાહન. ઈશ્વર જ સત્ છે અને બીજુ બોદું છે એવો એક ઉદ્ગાર કે પોકાર અપીજ થયે છે કે: ઈશ્વર અનેક નામોથી ઓળખાય છે અને તેનાં અસખ્ય સ્મરણો ગણાવવામાં આવે છે. રામ, રહીમ, કૃષ્ણ, કરીમ એ બધાં એક જ ઈશ્વરનાં ભિન્નભિન્ન નામ છે. સત શ્રી અકાલ એ પણ એવો જ એક બીજો અત્યંત સામર્થ્યવાળો પોકાર છે કોઈ પણ હિંદુ અગર મુસલમાનને એ પોકાર કરવામાં શા સારુ સકોચ રાખવો જોઈએ ? એ પોકારનો અર્થ એવો છે કે ઈશ્વર જ સત્ છે અને બીજુ બધુ અસત્ છે એટલે કે નથી જ રામધૂનમાં પણ એ પોકારના જેવા જ મુદ્દો છે.

સતસઈ સ્ત્રી. સો શ્લોક, દુહા કે દોહરાનો ગ્રથ. સતસઈ એ શબ્દ સંસ્કૃત સપ્તશતી શબ્દનો અપભ્રંશ છે. કેશવની ' રામચદ્રિકા ' ની જેમ બિહારીલાલજીની સતસઈ પણ રસ, અલકાર અને નાયિકાભેદનો એક ઉદાહરણ ગ્રંથ છે.

સતસાઈ સ્ત્રી. સો શ્લોકવાળો ગ્રંથ, સતસઈ

સતસાહેબ પું કબીર પંથીઓથી પરસ્પર મળતાં બોલાતો એક નમસ્કારવાચક શબ્દ.

સતસૈયા પું. બ.ક. સો દોહરાનો સમૂહ

પ્રાચીનયુગમાં જગદ્ગુરુનાં જેવાં સતકોર્માંત બહિઓ હતા, સુબદ્ધિતાચાર્યોનાં જેવાં મુક્તકો હતાં, તેવા અર્વાચીનયુગમાં તુલસી બિહારી કેશવના સતસૈયા હતા. બે પ્રતિપક્ષીનો એક એક દુહો એટલે શબ્દોનુ બાણ. એવાં મુક્તકોની અનુભવની ટીકાઓ સમુચ્ચય-દૃષ્ટાંતોપેત વાગ્બાણ જેવા સાતસે દહપત કોડાઓની એ ઓગણ્ટ આસમાં દહપત સતસઈ પ્રગટ થઈ હતી. નાનાલાલ

સતહ ૧ [ફ્રિ.] સ્ત્રી. કોઈ વસ્તુના ઉપરના ભાગનો ફેલાવો.

૨. સ્ત્રી. જેમાં લખાઈ ને પહોળાઈ હોય પણ જાડાઈ ન હોય એવો રેખાગણિતનો એક વિભાગ.

સતળંજ (સતગજ) ૧. ન. એકદમ.

૨. ન શરીર અક્કડ રાખીને

સતાડો (સતાડો) પું. સાત દિવસનો ઉત્સવ.

સતાણ વિ. સારી રીતે તાણેલું, ખેંચીને પકડેલું; ત્રા. એક સ્થળે પકડાયેલું દોરડું બીજે છેડેથી ખેંચીને સખત તાણેલું.

સતાણું ૧. વિ. ગણનો એક સાંકેતિક શબ્દ

૨. વિ. વચમાં ઢીલું ન પડે તેવું; તાણીને ખેંચેલું, સતાનુ

સતાપ જુઓ સતાપ

સતાપા [સં સર્પદષ્ટા] પું. એક જાતનો છોડ. તેનાં બિયાં અસખ્યસથી પણ ઝીણા હોય છે. તેનાં પાકડાં મણના પાંદડાં જેવા થ.ય છે.

સતાબ જી એક વનસ્પતિ; સત.પ, સિતાબ. બાળક બરાબર રમુ હોય ત્યારે તે અસરકારક મણ.ય છે

સતાબી સ્ત્રી. ઊતાવળ; ચોપ; ઝડપ; ત્વરા

વહાણોમાં બાયકી લોકરા બેસાડ્યાં અને સતાબીથી હિંદુસ્તાન તરફ રિસ્તીઓ થ.ત્રી.

મુ. ઝા. પરિષદ

સતાબણી સ્ત્રી સતાપ; દુઃખ; કલેશ; સતાવણી; સતાવવુ તે; પજવણી; ચીડવવું તે.

સતાર પું ;સ્ત્રી. એક તતુવાદ્ય; સિતાર. તેના ઉપરના પડદાથી નીચે સુધી ૧ થી ૨૫ જગાએ ઉત્તરોત્તર જુદા જુદા સ્વરો ઉત્પન્ન થાય છે

સતારુ પું. એક પ્રકારનો મધ્યમ પ્રકારનો ઢોલ; બાજરનો ઝાણયુક્ત બળતરાવાળો ફોલ.

સતારો ૧. પું. તારો; સિતારો.

૧. સતારો ચડતો હોવો = ચડતી કળા હોવી.

૨. સતારો પાંસરો હોવો = ભાગ્ય અનુકૂળ હોવુ

૨. પું. ધાતુના તારમાથી બનાવેલી મોગ ટીપકી તે કપાળમા ચોડાય છે અને બરતક્રામમાં વપરાય છે

૩. પુ. પુષ્કળતા; વધારો, જત

સતાવવુ [સ. સતાપયતિ] સ. ક્રિ. પજવવુ; હેરાન કરવુ; ચીડવવુ; પીડવુ; સતાપવુ, કનડવુ.

સતાવું ૧. અ. ક્રિ. પજવાવું; કનડવું વપી.

૨. અ ક્રિ. સમાવુ; માવું; અદર આવી જવુ.

સતાશ પું સમાવેશ; સમાવું તે.

સતાં ૧. [સં સતે] અ જતાં; તથાપિ; તોપણ.

એનો આ બધુરનો દબ સતાં આ કમળની જાતિ જેઈ તેને પ્રેમવાનુ ભૂલી ગયો છે.

પ્રાચીનકાવ્યમાળા

૨. અ સાતે ગુણેલું. જેમકે, છ સતા બેતાલીસ

રાખે છે અને વળી હોળી, નાળિયેરી પૂનમ, દિવાળી વગેરે પાળે છે

આવાઓની પથના મૂળ પુરુષોની સિધી હિજિ છે અને તેની ભાષા, સિધી, ગુજરાતી અને કચ્છીથી જોડાયેલ મળેલ છે. તેઓ પોતાને **સતપંથી** કહેવડાવે છે. ઇ. ઇ. કોટાવાળા

સતમ [અ. સિતમ] પું ; સ્ત્રી. જુલમ; ત્રાસ; સિતમ

સતમી ૧ સ્ત્રી પરદેશથી આવતા માલની કીમતનું ભરતિયું. વહાણમાં માલ ચડાવ્યા સબંધી અ.ડતિયા ઉપર લખવામા આવતો પત્ર, નાવલેખ; ' મનંવાઇમ '

૨. સ્ત્રી રજનિશી

સતયુગ પું ચાર મોટેનો પહેલો પુત્ર, સત્યયુગ. આ યુગમાં લોકો કપટ રહિત હતા. તેના ૧૭૨૮૦૦૦ વર્ષ ઠરવાનુ મનાય છે. આ યુગનો પ્રારંભ ચૈત્ર સુદિ બીજનો ગણાય છે.

સતર ૧. સ્ત્રી. ઓળ, લીટી; પંક્તિ; હાર

૨. [અ. સત્ત (ઢાકવુ) સ્ત્રી. ઢાંકવાવુ તે

સતરણી પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૬ વર્ણની ૯૬ માત્રા હોય છે.

સતરા સ્ત્રી. ૨.મરચીવુ.

સતરાબ્બત (હનર.બત) સ્ત્રી. કોઈ ચોકકાવનારી ઘટના અનુકંપા અગાઉની અનુરૂપકર સ્થિતિ; સ્વરબત..

સતરામસુતી પું લખોટી કે ભમરડાની સિત્તાદાવ નામની રમતમાં સાતમે દિવસે બોલાતો એક શબ્દ.

સતર્કે વિ. તર્કવાળું; વિચારશીલ; સમજુ

સતલજ સ્ત્રી. પંજાબમાં આવેલી એ નામની એક નદી

શતદ્રુ, સુતદ્રુ (અને ગ્રીસિક), એ બે નામ **સતલજ** નદીનાં છે. અમરકોષ

સતલડા (સતલડા) પું. સ.ત સરની માળા.

સતવત જુઓ સતવન.

સતવન ન. એક જાતની ઔષધિ; સમપર્ણી; 'હનિયા બાર્ક'. તે અ.જ્રેપ નિવારક હોવાથી દરરોજ આવતો તાવ, તરિયો તાવ વગેરે તાવમાં ખાસ અકસીર છે. તે ક્વિનાઇનના જેટલી અસરવાળી છે. વળી આ ઔષધિથી ક્વિનાઇનની માફક બહેરાપણું, અનિદ્રા, ઊબકો વગેરેની અસર થતી નથી. તે સકોચક અને બળવર્ધક હોવાથી અજીર્ણ અને આતરડાના તાવમાં અકસીર છે. તેના ફણગાનુ દૂધ અધિવા અને મૂત્રાશય ઉપર લગાડાય છે તેલની સાથે દૂધ મેળવી કાનમાં ટીપાં નાખવાથી કાનનો દુખારો પણ મટે છે

સતવાદી વિ. સત્યવાદી; સાચું બોલનાર.

સતવારા પુ એ નામની એક જ્ઞાતિના લોક

સતવાંસા પુ સગાવહાલાને સાતમે અઠિને ઉજવાની એક ક્રિયા

સતશૂદ્ર ન. પવિત્ર અને ઊંચી શૂદ્ર જાતિનુ મનુષ્ય

પોતાના ધર્મને વિષે રક્ત એવા શીદ્રપણાના લક્ષણ જે **સતશૂદ્ર** તેમણે તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્રતિલક તે ગાયત્રી, ત્રિપદ અને વૈરવની પેઠે ધારવા શિક્ષાપત્રી

સત શ્રી અકાલ પું. એક ધાર્મિક રમરણ; પોકાર, આવાહન. ઈશ્વર જ સત્ છે અને બીજુ બોદુ છે એવો એક ઉદ્ગાર કે પોકાર ગણીએ તો ચાલે છે : ઈશ્વર અનેક નામોથી ઓળખાય છે અને તેનાં અસખ્ય લક્ષણો સમજાવવામાં આવ છે. રામ, રહીમ, કૃષ્ણ, કરીમ એ બધાં એક જ ઈશ્વરનાં ભિન્નભિન્ન નામ છે સત શ્રી અકાલ એ પણ એવો જ એક બીજો અત્યંત સામર્થ્યશાળી પોકાર છે કોઈ પણ હિંદુ અગર મુસલમાનને એ પોકાર કરવામા શા સારુ સકોચ રાખવો જોઈએ ? એ પોકારનો અર્થ એવો છે કે ઈશ્વર જ સત્ છે અને બીજુ બધું અસત્ છે એટલે કે નથી જ રામમૂતમાં પણ એ પોકારના જેવા જ ગુણો છે.

સતસઈ સ્ત્રી. સો શ્લોક, દુહા કે દોહરાનો ગ્રંથ સતસઈ એ શબ્દ સંસ્કૃત સપ્તશતી શબ્દનો અપભ્રંશ છે. કેશવની ' રામચદ્રિકા ' ની જેમ વિહારીલાલજીની સતસઈ પણ રસ, અલકાર અને નાયિકાભેદનો ઉત્તમ ઉદાહરણ ગ્રંથ છે.

સતસાઈ સ્ત્રી. સો શ્લોકવાળો ગ્રંથ, સતસાઈ.

સતસાહેબ પું. ગંભીર પેટાબોલીથી પરસ્પર મળતાં બોલાતો એક નમસ્કારવાચક શબ્દ.

સતસૈયા પું. જ.ઓ. સો દોહરાનો ગ્રુમખો.

પ્રાચીનકાળમાં ગુર્જરદેશમાં જુદાજુદા સતકોમાંના અધિકો હતા, સુધન્વાચાર્યોનાં જેવાં મુક્તકો હતા, તેવા અમ્બપુત્રમાં તુલસી ભિહારી કેશવના **સતસૈયા** હતા. બે પંક્તિઓનો એક એક દુહો એટલે શબ્દોનું બાણ. એવાં મુક્તકોની અનુભવની ટીકાઓ સચોટતા-હેતુવેધક લાગણી જેવા સાતસે દસપત દોહરાઓની એ ગોગસ્ટ આસમાં દસપત **સતસઈ** પ્રગટ થઈ હતી. નાનાલાલ

સતહ ૧. [ફિ.] સ્ત્રી. કોઈ વસ્તુના ઉપરના ભાગનો ફેલાવો

૨. સ્ત્રી. જેમાં ઊભાઈ ને પહોળાઈ હોય પણ જાડાઈ ન હોય એવો રેખાગણિતનો એક વિસ્તાર.

સતવંશ (હતવશ) ૧. અ. એકદમ

૨. અ શરીર અક્કડ રાખીને.

સતાઓ (સતાડો) પું. સાત દિવસનો ઉત્સવ.

સતાયુ વિ. સારી રીતે તાણેલું, ખેચીને પકડેલું; તમ. એક સ્થળે પકડાયેલું દોરડું બીજે છેડેથી ખેચીને સખત તાણેલું.

સતાલું ૧. વિ. ગધનો એક સાકેતિક શબ્દ

૨. વિ. વચમા ઢીલું ન પડે તેવું; તાણીને ખેચેલું; સતાલુ.

સતાપ જુઓ સતાપ

સતાપા [સ સર્પદષ્ટા] પું એક જાતનો છોડ. તેનાં બિયાં ખસખસથી પણ ઝીણા હોય છે. તેનાં પાદડાં મણ્ડૂકનાં પાંદડાં જેવા થાય છે.

સતાબ સ્ત્રી. એક વનસ્પતિ; સત.પ; સિતાબ. બાળક બરાબર મરું હોય ત્યારે તે અસરકારક ગણાય છે

સતાબી સ્ત્રી. ઉતાવળ; ચોપ; ઝડપ; ત્વરા

વહાણોમાં આવતી છોકરા જેવડાં અને **સતાબી**થી હિંદુસ્તાન તરફ ફિસ્તીઓ ચલાવી ગુ. સા. પરિષદ

સતામણી સ્ત્રી સતાપ; દુ:ખ; કલેશ; સતાવણી; સતાવવુ તે; પજવણી; ચીડવવું તે.

સતાર પું ;સ્ત્રી. એક તતુવાદ્ય; સિતાર. તેના ઉપરના પડદાથી નીચે સુધી ૧ થી ૨૫ જગાએ ઉત્તરોત્તર જુદા જુદા સ્વરો ઉત્પન્ન થાય છે.

સતારો પું. એક પ્રકારનો મધ્યમ પ્રકારનો ફોટ; બાજરીનો ઝાપયુક્ત બળતરાવાળો ફોટ.

સતારો ૧. પું. તારી; સિતારો.

૧. સતારો ચડતો હોવો = ચડતી દશા હોવી.

૨. સતારો પ.સરો હોવો = ભાગ્ય અનુકૂળ હોવુ

૨. પું. ધાતુના તારમાંથી બનાવેલી ગોળ ટીપકી તે કપ.ળમા ચોડાય છે અને ભરતકામમાં વપરાય છે

૩. પું. પુષ્કળતા; વધારો, જા.

સતાવવું [સ. સતાપયતિ] સ. ક્રિ. પજવવુ; હેરાન કરવુ; ચીડવવુ; પીડવુ; સંતાપવું; કનડવુ.

સતાવું ૧. અ. ક્રિ. પજવાવુ; કનડગત થવી.

૨ અ ક્રિ સમાવુ; મા.વુ; અંદર આવી જવુ.

સતાવેશ પું. સમાવેશ; સમાવુ તે

સતાં ૧. [સ સતે] અ છતાં; તથાપિ; તોપણ

એનો આ ખુલાસો કર્યા **સતાં** આ કમની ગતિ જોઈ તેને રોકવાનું ભૂલી ગયો છે.

પ્રાચીનકાવ્યમાલા

૨. અ. સાતે ગુણેલું જેમકે, ૭ સતાં બેતાલીસ.

૧૩ સ્ત્રી. સતને પરણેલી સ્ત્રી.
જે સતી કહેવાય છે તે સત્યની સ્ત્રી છે. જગતના મુક્ત લોકો એને પૂજે છે તથા એના ઉપર પ્યાર રાખે છે. ભગવતી ભાગવત

૧૪. સ્ત્રી. સોરઠ પ્રદેશની માટી.

સતીચ્છદ ન. કુમારીપટલ; યોનિપટલ; ભગદ્વાર ઉપરનું આછું આવરણ અથવા પડ. બાળપણથી આરંભી કુમારીકાળ એટલે કન્યાકાળ પૂર્ણ થતાં સુધી ભગદ્વાર આ પડથી ઢંકાયેલું રહે છે. આર્તવ આવતી વખતે અથવા પુરુષ સમાગમ વખતે આ પડ તૂટી જાય છે. જ્યારે આ પડદો બહુ ચીકટ હોય છે અને તૂટતો નથી ત્યારે રજોદર્શનનો અટકાવ થાય છે, તેમ સંભોગમાં પણ અડચણ કરે છે. આવે વખતે આ પડદાને સિદ્ધહસ્ત સર્જન પાસે કપાવી નખાય છે. કેટલીક વખતે પુરુષ સ્ત્રવાગ પછી પણ એ પડદો અખંડ અતૂટ રહેતો જણાય છે. વળી અક્ષતયોનિમાં આ પડદો સાધૂતજ હોવો જોઇએ એવો પણ કંઈ ખાસ નિયમ નથી.

સતીત્વ ન. સતીપણું; પતિવ્રતાપણું; પતિ એ જ ઈશ્વર અને પોતાનું સર્વસ્વ છે એવી સ્ત્રીની માન્યતા; પાતિવ્રત્ય.

સતીન જુ. મા.

સતીનક ૧. પું. એક જાતનો વાંસ.
૨. પું. વટાણા.

સતીપણું ૧. ન. પતિવ્રતપણું; સતીત્વ
નથી સતીપણું હુંપી સમાયું,
પતિવ્રતપણું નથી જાયું. સરસ્વતીચંદ્ર
૨. ન. વહાદારી.

સતીભન્યા સ્ત્રી ચારિત્ર્ય અને શીલતાનો ઠોળ કરનાર સ્ત્રી.

સતીર્થ જુઓ સતીર્થ્ય.

સતીર્થ્ય [સં.] પું ગુરુબંધુ; સહાધ્યાયી; સબ્રહ્મચારી; એક જ ગુરુ પાસે ભણનાર વિદ્યાર્થી, સમાન તીર્થ એટલે ગુરુ પાસે વસનાર શિષ્ય.
બધા વિદ્યાર્થીઓ એક જ ગુરુ પાસે રહેતા, આવા વિદ્યાર્થીઓને એક બીજાના સતીર્થ્ય કહેતા. ભગવદ્ગોમંડલ

સતીલ ૧. પું. એક જાતનો કઠોળ
૨. પું. મકર.
૩. પું વાયુ.
૪. પું વાંસ

સતીસર ન. એ નામનું એક સરોવર. તે પ્રથમ કાશ્મીરને બદલે હતું.
પુરાણોમાં કહ્યું છે કે કશ્યપ એ પ્રથમ સતીસર હતું પૂર્વેતર

સતુમ ૧. સ્ત્રી. (જરથોસ્તી) એક જાતની પ્રાર્થના. આ પ્રાર્થનામાં યસ્નનું ૨૬ મું પ્રકરણ બોલાય છે. તેની શરૂઆતમાં સ્તુઓમિ શબ્દ આવે છે. તે ઉપરથી આ સતુમ શબ્દ થયો છે.
૨. સ્ત્રી. મરી ગયેલના માનમાં બાણા વખતે કરવામાં આવતી બંદગી.
૩. [અવ. સ્તુ; સં. સ્તુ (વખાણવું)] સ્ત્રી. સ્તુતિ.
૪. સ્ત્રી. સ્તોત્ર; સ્તોમ.

સતુર્ય વિ. તુર્ય સહિત; વાજિંત્રો સહિત.

સતું ૧. પું. સાથિયો; સ્વસ્તિક.
૨. વિ. ચાલતી ક્રિયાનો બીજી ક્રિયા સાથે સંબંધ હોય તેવું.
૩. વિ. ભર્યું; પ્રકટ.
૪. વિ. સતવાળું.
૫. વિ. સાચા માટે પ્રાણ આપનાર.
૬. વિ. સાચું; સત્ય જોઈ ખરું છે એમ માનનારું; સત્ય માર્ગે ચાલનારું.
સતા વદ સરખે રે માન બહુ
મનુષ્યના દેવ બને સાક્ષાત. મહાભારત
૭. વિ. કુશળ; ચાલતું.

સતૂમારા પું. હોમહવન કરનાર; યજ્ઞવિધિ કરાવનાર.

સતૂમારાચાઢ (સતૂમારાવાઢ) સ્ત્રી. ગાહેરના જે ભાગમાં સતૂમાર વસતા હોય તે સત્તો; ચોરાશી માંહેનું એક ચોકું.

સતૂહ [સં.] પું. શેતૂર.

સતૃષ્ણ વિ. કામનાવાળું; મનની ઇચ્છા રાખીને કરેલું કાર્ય.
કર્મ બે પ્રકારનાં છે: સતૃષ્ણ કર્મ અને વિતૃષ્ણ કર્મ. અનુભાષ્ય

સતે [સં.] અ. હોતાં; છતાં; છતે.

સતેજ ૧. [સં.] વિ. ઉત્સાહયુક્ત.
૨. વિ. ચાલાક.
૩. વિ. ભાગ્યવંત.
૪. વિ. તેજવાળું.
૫. વિ. વધારે પ્રકાશયુક્ત કે સળગતું.
૬. વિ. શક્તિવાળું; જોરાવર.

સતેજવું સ. ક્રિ. સતેજ કરવું

સતો ૧ પું. ગંજીફામાં સાત દાણાવાળું પાનું.
૨. પું. સતી પેઠે પતી પાછળ સહગમન કરનારો પુરુષ.
૩. વિ. સવળો
૪. વિ.પું. દાંત દેખાય તેમ પડેલો.
૫. વિ.પું. સાચો; સત્યને માર્ગે ચાલનારો; સત્યવાદી; સતું. આ શબ્દ બંનમાં વપરાય છે

સતોદર ન. એ નામનું એક જાતનું દરદ; પેટની અંદરોલની આસપાસની ત્વચાને લાગતો રોગ.

સતોરું વિ. મલાઈવાળું

સતોસતિયું ૧. વિ. ગડબડિયું
૨. વિ. બારોબારિયું; કોઈને ભાળે નહિ એવું.
૩. વિ. ભલીવાર વગરનું; ઠામઠેકાણા વગરનું.
૪. વિ. સોંસરું.

સત્ ૧. પું. ઈશ્વર; બ્રહ્મ; પરબ્રહ્મ. ત્રણે કાળમાં જેની હસ્તી હોવાથી ઈશ્વર સત્ કહેવાય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ મોહનવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૧૨ લઘુ મળી ૩૮ વર્ણની ૬૪ માત્રા હોય છે.
૩. પું વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૪. પું. સત્ય; સાચ.
૫. સ્ત્રી. આંખ આકળની દશમ સૃષ્ટિ
સત્ એટલે આખ આકળની દશમ સૃષ્ટિ
ગીતા,૨૬૨૫
૬. ન. કલ્યાણ.
સત્ય અને કલ્યાણ અર્થમાં સત્ શબ્દનો પ્રયોગ થાય છે. અના. યોગ
૭. ન. જે કંઈ મૂળ આરંભમાં હતું તે જ દ્રવ્ય.
દશ્ય સૃષ્ટિને સત્ એ શબ્દ લગાડી જે કંઈ મૂળ આરંભમાં હતું તે જ દ્રવ્ય. ગીત,૨૬૨૫
૮. ન. તપ, વ્રત, દાન વિષે સ્થિતિ અને તે અર્થે કરાતું કર્મ.
૯. ન. મંગાળે બોલાતો શુભસૂચક શબ્દ.
આજે આપણે ત્યાંના જે બોલીમાં શ્રી, શ્રી ૧૦૮, સત્,- જેવે વગેરે શુભચિંતકોથી શરૂઆત કરવા અગાઉ એ બોલે. ઠોમુદી
૧૦. ન. (જૈન) સત્તા; અસ્તિત્વ; વિશ્વ,રચનાકાર માંહેનું એક.
સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વથી સમ્યગ્દર્શનાદિ વિષયોનું જ્ઞાન થાય છે. તત્ત્વા.ધર્મસૂત્ર
૧૧. ન. સાત માંહેની એ નામની એક ભૂમિકા.
આર્યો અસ્તિત્વની ભૂમિકાઓના-ચૈતન્યના લોકના વર્ણનમાં સાત ભૂમિકા-સત્, ચિત્ત, આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ, તથા શરીર એ પ્રમાણે છે. ઠોમુદી
૧૨. વિ. અવિનાશી.
૧૩. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; સારું.
૧૪. વિ. ધીરજવાળું.
૧૫. વિ. વિદ્યમાન; હયાત; હોતું; થતું
ઇંદ્રિયો વ્યાપારશૂન્ય હોય છે, પણ સ્વપ્નાવસ્થામાં દેખેલો દેવ ફરીવાર જોયેલા અને નહિ જોયેલા, સાંભળેલાં અને નહિ સાંભળેલા અને સત્ અને અસત્ અર્થાત્ વિદ્યમાન અને નહિ વિદ્યમાન બંનેને જુએ છે. પ્રશ્નોપનિષદ
૧૬. વિ સત્ય; સાચું; ખરું; વાસ્તવિક

સત્કથા સ્ત્રી સારી કથા; સારી વાત.

સત્કર્તા ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ

૨. વિ. શુભ કરનાર

સત્કર્મ ૧. [સં.] ન. વેદમાં વિધાન કરેલ યજ્ઞ આદિ કર્મ.

૨. ન સારું કામ; પુણ્યનું કામ; ઉપકારનું કે કોઈના હિતનું કામ; સદ્‌ગુણી કામ

સત્કર્મા પું. (પુરાણ) ક્રોધવશી અનુકૂળના અંતરદાના પૃથુલાક્ષના પુત્ર બૃહદ્રથના અન્વયમાં થયેલા કૃતજ્ઞ રાજાનો પુત્ર. વિવાહ વિધિથી પરણેલી ભાઙ્ગણીથી એને અધિરથી નામે પુત્ર થયો હતો. આ પુત્ર સતપણું કરતો હતો.

સત્કર્મી વિ. સુખસંપન્ન; સુખી; સુભાગી; ભાગ્યશાળી; નસીબદાર; સદ્‌ભાગી; શુભકર્મ કરનાર, પ્રતાપી; શ્રીમાન.

સત્કાર ૧. [સં.] પું. (વેદાંત) આ તપસ્વી બાઙ્ગણ્ય સાધુ છે, એવી અવિવેકીઓએ કરેલી સ્તુતિ.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે તેમાં ૨ નગણ અને ૨૮ રગણ મળી કુલ ૩૦ અક્ષરના ૬૦ વર્ણ હોય છે.

૩. પું. નવાજવું તે.

૪. પું. પૂજા; આતિથ્ય; સ્વાગત; આદર; માન; સન્માન.

દુઃખ ટળે નહિ દુષ્કૃત, કહી કરીએ સત્કાર.
દલપતરામ

૫. પું. સભાણ.

સત્કારક વિ. સત્કાર કરનારું.

સત્કારકમિટી [સં. સત્કાર (સ્વાગત) + અં. કમિટી (મંડળ)] સ્ત્રી. સ્વાગતમંડળ.

સત્કારખર્ચ પું. સ્વાગત આપવાનો ખોરડો.

સત્કારણીય [સં.] વિ. સત્કાર કરવા યોગ્ય.

સત્કારપાત્ર વિ. સત્કાર આપવા યોગ્ય

સત્કારપુરસ્કાર [સં.] પું. આદરસન્માન.

ચારિત્ર મોહથી નગ્નત્વ, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર પરીષહ થાય છે. તત્ત્વાર્થસૂત્ર

સત્કારપુરસ્કાર પરીષહ [સં. સત્કાર (આદર) + પુરસ્કાર (સન્માન) + પરિષહ] પું. (જૈન) આદરપૂર્વક સન્માનનો પરીષહ; સાધુના બદલીવા માહેનો એક પરીષહ. ભલે તેટલો સત્કાર મળ્યા છતાં તેમાં ન ફુલાવું અને સત્કાર ન મળે તો ખિન્ન ન થવું તે સત્કારપુરસ્કાર પરીષહ કહેવાય છે

સત્કારમંડળ ન. સત્કારના અર્થે માટે નીમેલું મંડળ; સ્વાગતમંડળ.

સત્કારવું ૧. સ. ક્રિ. સત્કાર કરવો; સારી રીતે માન આદરસત્કાર આપવો; સન્માન કરવું; આદરમાન આપવું

૨. અ ક્રિ. સ્વીકારવું.

સત્કારસમારંભ પું. સ્નેહસમેલન; સત્કારનો મેળાવડો.

સત્કારસમિતિ સ્ત્રી. સ્વાગતસમિતિ.

સત્કારિત [સં.] વિ. જેનો સત્કાર કર્યો હોય તેવું.

સત્કારોત્સવ પું. સત્કાર માટેનો ઉત્સવ.

સત્કાર્ય ૧. [સં.] ન સારું કામ; સારું કામ; પુણ્ય કર્મ; વેદોક્ત યજ્ઞયાગાદિ કર્મ.

૨. વિ. માનનીય.

સત્કાર્યવાદ ૧. [સં.] પું. (સાઙ્ખ્ય) ઉત્પત્તિ પૂર્વે કાર્ય કારણ સ્વરૂપે વિદ્યમાન છે એવો સાંખ્ય અને વેદાંતી મત; કાર્યનો કોઈ પણ અંશ તેના કારણમાં પણ હોવો જોઈએ એવું માનનારનો એક વર્ગ. બાળગંગાધર તિલક કહે છે કે: દૂધનું જ દહીં થાય છે, પાણીનું થતું નથી; તલમાંથી તેલ નીકળે છે, રેતીમાંથી નીકળતું નથી ઇત્યાદિ પ્રત્યક્ષ અનુભવ ઉપરથી આ જ સિદ્ધાંત કાઢવો પડે છે. કારણમાં ન હોય તે શુદ્ધ કાર્યમાં સ્વતંત્રપણે માનીએ તો પાણીમાંથી દહીં શા માટે ન થાય, તેનું કારણ કહી શકાતું નથી. સાયન્સ જે મૂળમાં નથી તેમાંથી કાંઈ જે અસ્તિત્વમાં છે તે કદી ઉત્પન્ન થઈ શકે નહિ. એટલે, જગે તે કાર્ય થઈ એ તેમાંનો કાલનો દૃષ્ટાંત અને તેના કાલના શુદ્ધ તે મૂળમાં કારણમાં કાંઈ પણ રૂપમાં હોવા જ જોઈએ, એવો સાઙ્ખ્યશાસ્ત્રીઓએ સિદ્ધાંત કરેલો છે. આ સિદ્ધાંતનું સત્કાર્યવાદ એવું નામ છે. આનંદશંકર ધ્રુવ લખે છે કે: evolution માટે જુદે જુદે પ્રસંગે જુદા જુદા શબ્દો યોગ્ય અને યોગ્યા જોઈએ જેમકે, ડાર્વિન evolution શબ્દ creationથી ઊલટા અર્થમાં વાપરવાનો હોય છે, એટલે કે સાં કહેવાનું તાત્પર્ય એ હોય છે કે કાર્ય એ સર્વથા નવું ઉત્પન્ન થતું નથી પણ કારણમાં રહેલું હોય છે અને તે કદા બહાર આવે છે. આવા પ્રસંગે evolution theory માટે સત્કાર્યવાદ શબ્દ યોગ્ય ગણાય; અથવા એમાં પણ કારણ કરતા કાર્ય તરફ નજર નંખાવવી હોય તો વિકાસવાદ વધારે ઠીક પડે. પણ evolution શબ્દથી અમુક ભૂમિકા કરતાં અમુક ભૂમિકા ઊંચી છે એમ સૂચના કરવી હોય તો ઉત્ક્રાંતિ શબ્દ પસંદ કરવાની જરૂર છે.

૨. પું. હમેશા સારા કૃત્યો કરવાં તે સત્કર્મી મત.

સત્કાર્યવાદી વિ. સત્કાર્યવાદમાં માનનાર.

સત્કાલક્ષેપ [સં. સત્ (સારું) + કાલ (વખત) + ક્ષેપ (ફેંકવું તે)] પું. સારા કામમાં વખત ગાળવો તે; સત્કાર્યમાં કાળક્ષેપ કરવો તે; કોઈ કામ કરવાનાં કાળ નિર્ણયન કરવો તે.

સત્કાવ્ય ન. સારું કાવ્ય

સત્કાવ્ય રચનારી જે અવશ્ય કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ પ્રાપ્ત થાય છે, કળામાં પ્રવીણ થવાય છે, મેલ ઉત્પન્ન થાય છે અને કીર્તિ મળે છે. કાવ્યાદર્શ

સત્કાંડ ન. સમળો નામનું પક્ષી

સત્કાંડી સ્ત્રી. સમળી

સત્કીરત સ્ત્રી સત્કીર્તિ

સત્કીર્તન ન. સારું કીર્તન

હવે આટલા સાકાર અદ્વૈતસ્વરૂપનું અને નિરાકાર બ્રહ્મ સત્યનું સત્કીર્તન કરીએ તે સાજબ.
કરસનદાસ માણેક

સત્કીર્તિ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૨. સ્ત્રી. સારી આબરૂ.

સત્કુળ [સં. સત્ + કુળ (કુટુંબ)] ન. સારું કુળ; ઉચ્ચ કુટુંબ; ઊંચા કુળ

સત્કૃતિ સ્ત્રી. (પુરાણ) એ નામની સંકૃતિ રાજાની સ્ત્રી તે રંતિદેવની માતા થાય.

સત્કૃત ૧. [સં. સત્ (સાચું) + કૃતિ (કર્મ)] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૩. વિ. પૂજિત; પૂજાયેલ; સત્કાર કરાયેલું; માન આપેલ, જેનું આદરાતિથ્ય કરેલું હોય તવું; પૂજેલ.

૪. વિ સ્વીકારેલું.

સત્કૃતિ ૧. [સં. સત્ (સાચું) + કૃતિ (કર્મ)] પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ.

૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૩. સ્ત્રી. સત્કાર; આગતાસ્વાગતા.

૪. સ્ત્રી. સદ્‌ગુણ; સદાચાર; સત્કાર્ય કરવા તે.

સત્કૃત્ય ૧. [સં.] ન. સત્કર્મ; પુણ્ય કર્મ.

૨. અ. સત્કાર કરીને; માન આપીને; સન્માન આપીને; સન્માનપૂર્વક.

સત્કેતુ [સં.] પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, બે નગણ, જગણ, રગણ અને ભગણ એમ બાર અક્ષર હોય છે.

સદિયા ૧. સ્ત્રી. આદર; સન્માન.

૨. સ્ત્રી. પૂજન.

૩. [સં. સત્ (સારું) + ક્રિયા (કામ)] સ્ત્રી. સત્કર્મ; સારું કામ.

૪ સ્ત્રી સારું આચરણ; સભ્યનું ચારિત્ર.

સત્તિકા [સં.] સ્ત્રી. ઝિંઝાળુપણું.

સત્તિદ્ધ [સ] વિ. ઝીણા ઝીણા છિદ્રોવાળું.

સત્તત્ત્વ [સ સત્ + તત્ત્વ] ન. પારમાર્થિક તત્ત્વ.

> આત્મા કાર્યરૂપ શરીર દ્વારા **સત્તત્ત્વ**નું નિરૂપણ કરે છે. પદ્મદરી

સત્તમ [સ. સત્ + તમ] વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; પણ ઉમદા

> મહા સંકટ પડિયુ હો, હરિશ્ચંદ્ર ભૂપને; પણી સત્તમ સાખી હો, સુખ થયું તે અનુપને પ્રેમાનંદ

સત્તમી ૧ [સં. સપ્તમી] સ્ત્રી. સાતમ.

૨. સ્ત્રી. સાતમી વિભક્તિ

સત્તર ૧. વિ. ઘણું સારું.

> સત્તર ગતની–સત્તર આનાં ને બે પાઈ = બહુ સરસ; સૌથી સારું; દુન્યવ્યનુસાર; બીજાઓ તેના કરતાં પણ સારું; સર્વોત્તમ.

૨. [હિ. સત્રહ] વિ. દસની ને સાતની સંખ્યા; ૧૭; ૧૭ ની એક સંખ્યા. ગુરુ, તત્ત્વ, કલ્પ, પત્ની, ઇત્યાદિ સત્તર ગણાય છે.

> ૧. સત્તર જણાએ = ઘણે ઠેકાણે; ઠેકઠેકાણે
> ૨. સત્તર જણ = ઘણા માણસો.
> ૩. સત્તર પંચા પચાણું = વાણિયા શાહી અક્ષર મરોડાદી હિસાબ. સત્તર પંચા પચાણું એ મૂકમા છૂટના ભાવો પરથી સોમાં બે ઓછા. સારદા.
> ૪ સત્તર વખત–વાર = (૧) અવશ્ય; ખાસ; બહુસ. (૨) ઘણીવાર; વારંવાર

સત્તરસીંગો પુ. સત્તર શીંગડાવાળો હાઉ, ઊંટ નાના બાળકોને બિવડાવવાને માટેનું કાલ્પનિક પ્રાણી કે જનાવર; કેટલીક અજાણ કે અજ્ઞાન સ્ત્રીઓ પોતાના બાળકને સુવડાવી દેવા માટે તેને ભય બતાવવા માટે જે સત્તરસીંગો આવ્યો એમ બોલે છે

સત્તરા પું ન.બ સત્તરનો ઘડિયો.

> સત્તરા ગણવા–ગણી જવા = નાસી જવું

સત્તરિ [સ. સપ્તતિ] સ્ત્રિ (જૂ. ગુ.) સિત્તેરનું.

સત્તા ૧. [સ.] પું વિષ્ણુનાં ઢગલાં બંધનું એક નામ

૨ સ્ત્રી અધિકાર; આધિપત્ય; હક; અમલ, હકૂમી; ' જ્યુરિડિક્શન '

> અર્થ સ્વરાજનો એ કે, આપે સત્તા બહુમતે, દુરુપયોગ સત્તાનો કરેવાય સ્વરાજ ના માધીજીના

> ૧. સત્તા આગળ શાસ્ત્રુપણ્યું ચા કામનું–ચૂ કરે ? = બળવાન કે શક્તિમાન આગળ કશાપણું નકામું છે.
> ૨. સત્તા આપવી = હક કે અધિકાર આપવો.
> ૩. સત્તા આપવી = (૧) અધિકાર કે અમલ બળવો. (૨) કૌવત આવવું; બળ વળવું.
> ૪. સત્તા ઉપર આવવું–સત્તામાં આવવું = સત્તાધારી થવું, રાજસત્તા હાથ આવવી.
> ૫. સત્તા ચલાવવી = (૧) અમલ કરવો. (૨) જુલમ કરવો.
> ૬. સત્તા ચાલવી = દોર અધિકાર ચાલવો.
> ૭. સત્તા મળવી = અધિકાર મળવો

૩. સ્ત્રી. અસ્તિત્વ; હોવાપણું; હસ્તી; હોવું તે અવ્યય નામે કોઈ સ્વતંત્ર પદાર્થ જેવું નહિ પણ તેને સત્તા (અસ્તિત્વ)થી વિશેષ શક્તિ મળી છે. સિદ્ધાવદર્શન

૪ સ્ત્રી. પ્રભુ.

૫. સ્ત્રી. ગુપ્તકર્મમાં રહેનારી જાતિ

૬. સ્ત્રી. ૭ વિકાર. વિકારો આ પ્રમાણે છે: જન્મ, સત્તા, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને નાશ.

૭ સ્ત્રી. દશ માઠેની એક કર્મઅવસ્થા. બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સક્રમણ, સત્તા, નિદ્રાન અને નિકાચીન એમ દશ પ્રકારની કર્મઅવસ્થા છે

૮. સ્ત્રી ધણીપણું; સ્વામિત્વ; માલિકી.

૯. સ્ત્રી. ધન, પૈસો.

૧૦. સ્ત્રી. બળ; જોર; કૌવત; શક્તિ

૧૧ સ્ત્રી. ભાર

૧૨ સ્ત્રી. મજદૂર; મજદૂરી

૧૩ સ્ત્રી મોટાઈ

૧૪ સ્ત્રી. સદાય હોવાપણું.

૧૫. સ્ત્રી સ્થિતિ.

સત્તાણ ૧. [સં. સમનવતિ] વિ. ઝાઝાનો સંકેત. ખેપારી ચોકો વેપાર સંબંધી ગુપ્ત વાત કરતાં ઝાઝાને માટે આ શબ્દ વાપરે છે.

> સત્તાણ–ણે પાવા = સારા ભાવ પામવાનું, ઊપજવાપામવા; ઠગાયા વિનાનું.

૨. વિ. નેવું ને સાતની હદ.

> પારકી પૂંજી સત્તાણ કરવી = પારકે પૈસે ચમન કરવી; પારકે પૈસે મોજ મારવી કે દિવાળી કરવી

૩. વિ ચલમાં ટીલું પડે નહિ તેવું, સખત, તાણ સહિત.

સત્તાણું જુઓ સત્તાણ.

સત્તાતુલા [સ સત્ત. + તુલા (માપ)] સ્ત્રી. સત્તાનું માપ સત્તા-તુલા ઐટલે દરેક રાજ્ય સરખી સત્તા ધરાવતું થાય એમ ન સમજવું, તેમ તો થાય જ નહીં; રાજ્ય સારા ધારાથી, ખેતી વેપાર, કારખાનાથી, લશ્કર વારસામાં મેળવીને–કરકોઈ રીતે બીજાને નુકસાન ન કરતાં પોતાની વૃદ્ધિ કરે તેમાં કંઈ ખોટું નથી, પણ કોઈને નુકસાન થયું હોય કે થવાનો સંભવ હોય, એટલે તે બીજાને ત્રાસી જેવું હોય તો તે ખોટું છે ને એ અનીતિનો અટકાવ કરવો કે જેથી નબળાનું રક્ષણ થાય ને નિરંકુશ તે અંકુશિત થાય તે ધર્મ-પ્રકાર–નીતિ તે સત્તાતુલા સમજવી

સત્તાત્મક [સં] વિ. અસ્તિત્વમાત્ર.

સત્તાત્મક રાજ્ય [સં] ન સર્વસત્તાધારી રાજ્ય; 'ડિક્ટેટરશિપ.'

સત્તાદર્શક [સં.] વિ. સત્તા બતાવનાર.

સત્તાદાન ન. અધિકાર સુપ્રત કરવો તે.

સત્તાધર પું. સત્તા ધરાવનાર

સત્તાધારી ૧. વિ. અધિકારી.

૨. વિ. સત્તાવાળું; શક્તિમાન; બળવાન; જેને સત્તા હોય તેવું; સત્તાધર; સત્તાવાન.

સત્તાધિકાર પું. સત્તા.

સત્તાધિકારી ૧. [સં. સત્તા + અધિકારિન (અધિકાર ભોગવનાર)] પું. અધિકારી; અમલદાર; સત્તા ધરાવનાર વ્યક્તિ; અધિકૃત માણસ.

૨. વિ અધિકાર ભોગવનાર; સત્તાધારી; સત્તા ભોગવનાર; સત્તાવાળું; સત્તા ને અધિકારવાળું.

સત્તાધીશ જુઓ સત્તાધિકારી.

સત્તાનાશ [સ.] પું. સત્તાનો નાશ થયો તે; સત્તાનો લોપ થયો તે

સત્તાપૂજક [સં] પું સત્તાનો પૂજારી

> જેની બીજી પરિષદમાં નહિ આવનાર અનેક સોપજ્ઞો અને **સત્તાપૂજકી** પદાર્થો હતા. પ્રસ્થાન

સત્તાપ્રકાર પું. જમીન ઉપરની સત્તા.

> જ્યારે સ્થાવર મિલ્કત એક ઇસ્ટેટ અથવા **સત્તાપ્રકાર** હોય ત્યારે કોર્ટને તે સમગ્ર ઇસ્ટેટ અથવા સત્તાપ્રકાર જપ્ત કરીને વેચવાનો અધિકાર છે. દીવાની કાયદો

સત્તાબળ [સ.] ન. સત્તાનું જોર; અધિકારનું બળ કે શક્તિ.

સત્તાભર વિ સત્તાધારીને છાજે તેવું.

સત્તાભ્રમ પું. સત્તાનો ભ્રમ.

> એ ભાવની પાછળ **સત્તાભ્રમ** ડોકિયાં કરતો હતો. અશોકવસિષ્ઠ

સત્તામાત્રત્વ [સં.] ન. સત્; અસ્તિત્વ.

એટલે ચિત્ (જ્ઞાન), સત્ (સત્તામાત્રત્વ, અસ્તિત્વ) અને આનંદ, એ ત્રણરૂપમાં લક્ષણ સામાન્ય રીતે કહેવામાં આવે છે.

મીમાંસામૃત

સત્તામાની વિ. સત્તાના ગર્વવાળું

સત્તાયોગી વિ. સત્તાનો યોગ ગાખનાર, અધિકારની લાલચ રાખનાર.

સત્તાવન [સં. સપ્તપંચાશત્] વિ. પચાસ ને સાત; ૫૭.

સત્તાવાચક વિ. (વ્યાકરણ) સમતિદર્શક; અસ્તિત્વદર્શક; અસ્તિત્વબોધક; અસ્તિત્વ જણાવનાર.

પણ અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે, હોય છે એવા સત્તાવાચક ધાતુના અર્થ આત્મા પ્રમાણે રહી રીતે સમન્વય? બૃહદ્ વ્યાકરણ

સત્તાવાદ ૧. [સં. સત્તા + વાદ (સિદ્ધાંત)] પું. પ્રમેયવાદ; 'ઓન્ટોલોજી'.

૨. પું. પ્રાણીમાત્રના વિચાર સંબંધી સિદ્ધાંત; અધ્યાત્મશાસ્ત્ર

૩. પું. સત્તાની કલ્પનાકારીતામાં માન્યતા.

૪. પું. સત્તાવિષયક શાસ્ત્ર.

સત્તાવાદી ૧. [સં. સત્તાવાદિન્] વિ. અધ્યાત્મ જ્ઞાન ધરાવનાર; અધ્યાત્મશાસ્ત્રમાં પારંગત.

૨. વિ. સત્તાવાદમાં માનનાર.

૩. વિ. સત્તાવાન.

સત્તાવાન વિ. સત્તાવાળું; બળવાન; અધિકારી.

સત્તાવાર વિ. પ્રમાણભૂત; સત્તાયુક્ત; પ્રમાણિત.

સત્તાવાહક [સત્તા + વહ્ (લઈ જવું) + અક] વિ. સત્તાદર્શક.

સત્તાવાહી વિ. સત્તાવાળું; સત્તા સાચવનું; સત્તાની અસર પહોંચાડે એવું.

સત્તાવિભાગ પું. જુદા જુદા કેન્દ્રમાં સત્તા વહેંચી આપવી તે.

સત્તાવિષયકશાસ્ત્ર ન. વસ્તુશાસ્ત્ર; 'ઓન્ટોલોજી'

સત્તાવીશ જુઓ સત્તાવીસ.

સત્તાવીસ [સં. સપ્ત + વિંશતિ] વિ. બીસને સાત; ૨૭.

સત્તાશાળી વિ સત્તાવાન.

સત્તાશીલ વિ. અધિકારદર્શક; સત્તા ભરેલ.

સત્તાસૂચક [સં. સત્તા + સૂચક] વિ. સત્તા પ્રદર્શિત કરનાર; પોતે સત્તાદાર છે એમ બતાવનાર

સત્તારૂઢ જુઓ સત્તાથી મદ ઉન્મત્ત.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર મહાન સત્તાઓ જે મહાકાલિની સત્તાસ્ફૂર્તિ પામવાથી જ પ્રવર્તે છે. જગવતી ગાગવત

સત્તાસ્વરૂપ ન. એ નામે એક શાસ્ત્ર.

અહં શાસ્ત્રનું નામ સત્તાસ્વરૂપ છે. સત્તા સ્વરૂપ એટલે જેમ છે તેમ હોવાપણું નહીં કરવું તે. મુક્તિનો માર્ગ

સત્તિ ૧. [સં] સ્ત્રી. શક્તિ નામનું આયુધ.

૨. સ્ત્રી. સામર્થ્ય; શક્તિ.

સત્તિયા ૧. પું. પવિત્રતા

૨. પું. સત્તા; બળ

૩. પું. સત્ત્વ

૪. પું. સત્ય.

સત્તુ ૧. પું. એ નામનો નિઃસત્ત્વ ખોરાક, મકાઈ વગેરે

૨. [સં. શત્રુ] પું. વૈરી; દુશ્મન.

૩ [સં. સક્તુ] પું. સક્તુ; સાયવો; શેકેલા ધાણા કે જવ તથા ચણાનો લોટ; ખાવાનો એક પદાર્થ

બિહારમાં મકાઈના ગાઢ લાંબા, પાકથી લીલાંછમ સોહી રહેલાં ચોતરફનાં ભૂમિખંડ, ખેડૂતો અને મરીઓને સત્તુ ફાકીને રહેવું પડે છે.

કાકેલકર

સત્તુ ૧. ન. સાત ખેતરોનો પટ્ટો.

૨. ન. સાતનો સમૂહ

૩. વિ. સમૂહવાચક વિશેષણ.

સત્તુંજિ ૧. પું. શત્રુંજય પર્વત.

૨. સ્ત્રી. શેત્રુંજી નદી.

સત્તૂ [હિં.] વિ. સક્તુ; સાયવો.

સત્તે અ. સાતમે ઘરે

સત્તો ૧. [સં. સપ્તક] પું. જેની અંદર સાતમો આંક હોય તેવું પત્તું, પાસો વગેરે; મજકાનું સાત ટપ્પાવાળું પાનું: રમવાના પાના અથવા પાસા ઉપર જે સાત બિંદુ જણ્યો તે.

૨. પું. સત્ત

સત્ત્વ ૧. [સં. સત્ (સાચું) + ત્વ (પણું)] પું. જેનાથી શાંતિ, ક્ષમા, દયા, સત્ય, જ્ઞાન અને નીતિની વૃદ્ધિ થાય છે તે; સત્ત્વગુણ. મનુસ્મૃતિમાં લખ્યું છે કે વેદાભ્યાસ, તપ, જ્ઞાન, શૌચ, ઇંદ્રિયોનો નિગ્રહ, ધર્મક્રિયા અને આત્મચિંતન એ સાત સત્ત્વગુણનાં લક્ષણ છે.

૨. પું. (જૈન) પૃથ્વી આદિ સાત સ્થાવર પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના જીવ; પ્રાણીમાત્ર.

જે જે સત્ત્વો વિભૂતિ કે શ્રી પ્રતિમાથી પુક્ત, તે તે તું જાણ સૌ મારાં થયેલ તેજ અંશથી.

ગીતાનુશીલન

૩. પું. માયાના ત્રણ ગુણોનો એ નામનો એક ગુણ; સારાપણાનો ગુણ

સૌ દ્વારો માંહિ આ દેહે જ્ઞાનપ્રકાશ ઉપજે, ખીલેલો જાણવો તહારે સત્ત્વ એમ જ ભારત!

કઠોપનિષદ

૪. પું. મૂળ સ્વભાવ, મૂળ તત્ત્વ, બળ, શક્તિ, કોવત, હીર, સાર, કસ, દૈવત, વસ્તુ, પદાર્થ, દ્રવ્ય ને પરાક્રમ વેદમાં તેનું વર્ણન આ પ્રમાણે છે: દેવપૂજા, સ્નિગ્ધ ભોજન, કર્તવ્ય તત્પરતા, દેશકાલોચિત દાન, અવિભક્ત ભાવ, નિષ્કામ કર્મ, નિર્વિકાર, અહિંસકર યથાર્થબુદ્ધિ અને ઉચ્ચિંતન આ બધાં સત્ત્વગુણનાં લક્ષણો છે.

૫ [સં. સત્ (સાચું) + ત્વ (પણું)] ન. અસ્તિત્વ

એમના સત્ત્વ (અસ્તિત્વ)ના પ્રકાર જુદા છે એ એક ઉત્તર છે. આપણો ધર્મ

૬. ન. અંતઃકરણ

આત્માને જાણનારો વિશુદ્ધ સત્ત્વ અર્થાત્ અંતઃકરણવાળો મનુષ્ય જે જે લોકને મનથી સંકલ્પે છે તથા જે જે પદાર્થોને ચાહે છે તે તે લોક તથા પદાર્થોને તે પ્રાપ્ત કરે છે.

મુંડકોપનિષદ

૭ ન. ઉત્સાહ.

૮. ન. ઔષધીનું બળ. ઘણાં ખરાં ઘાસ નરમ ગોળ જેવાં હોય છે તેમ જ કેટલાકમાં પ્રવાહી હોય છે

૯. ન. જીવનમુક્તનું ચિત્ત.

૧૦. ન. દૃઢતાપણું; સાહસ.

તારું સત્ત્વ દેખી કરી રે હોય,
તુજ મું થયો સંતુષ

જિનહર્ષકૃત

૧૧ ન. પદાર્થ; વસ્તુ; દ્રવ્ય; મૂળપદાર્થ.

૧૨. ન. પ્રાણી; પ્રાણધારી.

જોવો સહુ સુહિનાં સત્ત્વો,
દિશા કાનની ગંગા યમુનાનો જય!
બલ ને બલ.ઓનો જય!

જયજયંત

૧૩. ન. બળ; પરાક્રમ; ગૌરવતા; શક્તિ; દૈવત.

૧૪. ન. બુદ્ધિ. કઠોપનિષદમાં કહ્યું છે કે, ઇંદ્રિયોથી મન, મનથી સત્ત્વ અર્થાત્ બુદ્ધિ, બુદ્ધિથી મહત્તત્ત્વ અને મહત્તત્ત્વથી પ્રકૃતિ તથા પ્રકૃતિથી પુરુષ કે જે વ્યાપક છે અને અલિંગ છે તે ઉત્તમ છે.

ઇંદ્રિયોથી મન શ્રેષ્ઠ, મનથી સત્ત્વ ઉત્તમ,
સત્ત્વથી મહત્ શ્રેષ્ઠ તેથી પ્રકૃતિ પર,
પ્રકૃતિથી વડે આત્મા જે અલિંગ વ્યાપક.

કઠોપનિષદ

૧૫. ન. વાસનારહિત શુદ્ધ મન

૧૬ ન. સદ્ગુણ

૧૭ ન. સાર, તત્ત્વ, રસ; કસ, હીર, અર્ક, સારાંશ

સજ્જન, ગ્રહસ્થો ને સુધારાવાળા જે ચહેરાને ફરિ મુજરાતમાં સુધારો થાવાનો દાવો કરનારા કહે છે ...પણ ધરું કરીને ફરિનો અર્થ આ ઠેકાણે એમ કહેવાનો સંભવે છે કે યુરોપના સુધારાનું સત્ત્વ (essence) દાખલ થવું એમ હોય તો તે ઇચ્છવા યોગ્ય છે. નવલરામ

સત્ત્વગુણ ૧. [સં. સત્ત્વ + ગુણ] પું. માયા એટલે પ્રકૃતિના ત્રણ ગુણ: સત્ત્વ, રજસ્ અને તમસ્ માંહેનો પહેલો ગુણ; આત્મિક ગુણ જેથી ક્ષમા, દયા, ઋજુ, નીતિ વગેરેની વૃદ્ધિ થાય છે. પ્રીતિ એ સત્ત્વગુણનો ધર્મ છે. બીજા પણ ઘણા ધર્મો છે, જેમકે, પ્રસન્નતા, ઋજુતા, નિશ્ચિન્તતા અને સંતોષ વગેરે

૨. પું. (વેદાંત) સુખરૂપ કાર્યનું કારણ એવો જ્ઞાનાત્મક ગુણ

સત્ત્વગુણી ૧. પું. બાર માંહેનો એક પ્રકારનો ભોક્તા.

૨. સ્ત્રી. બાર માંહેની એક પ્રકારની કળા.

૩. વિ. સત્ત્વગુણવાળું; સત્ય, દયા, શાંતિ, તપ, ક્ષમા, દાન, નીતિ વગેરેની વૃદ્ધિ થાય તેવા ગુણવાળું.

સત્ત્વગુણી ભક્તિ સ્ત્રી. સત્ત્વગુણવાળી ભક્તિ. કર્મો પરમેશ્વરને અર્પણ કરવાથી પાપ ધોવાય છે અને તે કર્મો વેદમાં કહેલાં છે માટે અવશ્ય કરવાં જોઈએ એવા નિશ્ચયથી ભેદબુદ્ધિ રાખીને પરમેશ્વરને પ્રસન્ન કરવા સારુ જે ભક્તિ કરવામાં આવે છે તે સત્ત્વગુણી ભક્તિ છે.

સત્ત્વજ વિ. પ્રાણતંતુઓથી પેદા થનાર.
આ વર્ગ સત્ત્વજ પણ છે. કનૈયા લાલ

સત્ત્વદ્રવ પું. ઔષધિનું શુદ્ધ સત્ત્વ અને પ્રસાદ ગણ શુદ્ધ બનાવેલ પાંચેનું મિશ્રણ.

સત્ત્વધાતુ સ્ત્રી. સર્વસત્ત્વ.
આમાંનાં કહેલા સત્ત્વધાતુનો (સર્વસત્ત્વનો) ભાગ નિર્વાહ ન પામી બાકી એટલામાં હું અનેક વીર ઉપલોગ્ય થાઉં પ્રેમાનંદ

સત્ત્વપાતન ન. ધાતુસત્ત્વ બનાવવાની ક્રિયા; અભ્રક, માક્ષિક, અબ્રાખિયાં વગેરેને ક્ષારકર્મકુળની ઔષધિઓ સાથે કોઠીમાં નાખીને ધમવાથી તેમાંથી જે ધાતુ જેવો પદાર્થ નીકળે તે બનાવવાની ક્રિયા.

સત્ત્વપ્રકૃતિ સ્ત્રી. સત્ત્વગુણી પ્રકૃતિ.

સત્ત્વપ્રધાન સ્ત્રી. પ્રકૃતિના જે માંહેનો એક ભેદ; સત્ત્વગુણ પ્રધાન પ્રકૃતિ; રજોગુણથી પ્રવૃત્ત થયેલી પ્રકૃતિને પરિણમવાનું જેમાંનું એક રૂપ.

સત્ત્વપ્રધાના જુઓ સત્ત્વપ્રધાન.

સત્ત્વવાન ૧. [સ. સત્ત્વ (શૌર્ય) + વત્ (વાળું)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૨ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

સત્ત્વશાલી [સ. સત્ત્વશાલિન્] વિ. શક્તિવાળું; પ્રૌઢતાવાળું સત્ત્વગાલી અવસ્થા એનું જ નામ યુવાવસ્થા છે.

સત્ત્વશાળી જુઓ સત્ત્વશાલી.

સત્ત્વશીલ વિ સત્ત્વવાળું; ઋત્વિક્ ધૃત્તિનું.

સત્ત્વશીલી વિ. સત્ત્વગુણવાળું.

સત્ત્વશીળ જુઓ સત્ત્વશીલ.

સત્ત્વશુદ્ધિ ૧ સ્ત્રી. અંતઃકરણની શુદ્ધિ; ચિત્તશુદ્ધિ; 'રિસ્પિરિચ્યુઅલ પ્યુરીનેસ'

૨. સ્ત્રી. સત્ત્વગુણની શુદ્ધિ.

સત્ત્વશૂન્ય [સં.] વિ. સત્ત્વ વગરનું

સત્ત્વસંપન્ન વિ. સત્ત્વવાળું.

સત્ત્વસંશુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. અંતઃકરણની શુદ્ધિ. સત્ત્વ એટલે અંતઃકરણ. અંતઃકરણમાં રાગદ્વેષનો સર્વથા અભાવ થઈને અંતઃકરણ પૂર્ણ રીતે નિર્મળ અને શુદ્ધ થઈ જાય તેનું નામ સત્ત્વસંશુદ્ધિ. રાગ એટલે આત્મિક પદાર્થમાં ભોગવિલાસની પ્રીતિ એટલે આસુરી સ્વભાવ. દ્વેષ એટલે માનસિક, વાચિક અને માનસિક કરીને કોઈ કોઈને મારી નાખવું, ઝેર આપવું, જબરજસ્તીથી પૈસા લૂંટી લેવા, ખોટું તહોમત લાવી જબરજસ્તીથી કોર્ટમાં લઈ જવું-આ બધી ક્રૂરતા એટલે રાક્ષસી સ્વભાવ. આનો સર્વથા અભાવ થઈને અંતઃકરણ પૂર્ણ રીતે નિર્મળ ને શુદ્ધ થઈ જાય તેનું નામ સત્ત્વસંશુદ્ધિ. દ્વેષાદિ રાક્ષસી સ્વભાવ નિષ્કામ કર્મથી નિવૃત્ત થાય છે અને રાગાદિ આસુરી સ્વભાવ ઉપાસનાથી નિવૃત્ત થાય છે.

૨. સ્ત્રી. વિશોધન.

સત્ત્વસ્થ ૧. પું. જીવનમુક્ત.

૨ પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. [સ. સત્ત્વ (બાહ્ય) + સ્થ (રહેનાર)] વિ. અંતઃકરણમાં રહેલું

૪. વિ. સત્ત્વમાં રહેલું; સત્ત્વમાં રહેનાર.
સત્ત્વસ્થ આત્મા દૃષ્ટાપરે કર્મોટકની કલ્પવાળીએ સેના કરી છે તેમ કલ્પથી પણ કરી છે
કાલેલકર

સત્ત્વસ્થાન ન. સારું સ્થાન.
એ પ્રતિમાને સત્ત્વસ્થાને દેવચરિત્રની પ્રતિષ્ઠા કરી હતી. સરસ્વતીચંદ્ર

સત્ત્વસ્વન પું પ્રાણીનો અવાજ.
જે કો કાંઈ પ્રસાંત, અન્ય ચળકે જોઈએ સત્ત્વસ્વનો.
ઉત્તરરામચરિત

સત્ત્વસ્વરૂપ ન. સાર સ્વરૂપ.
જે વિદ્વાનો તમને સત્ત્વસ્વરૂપ કહે છે તેઓ મૂર્ખ છે અને વિદ્વાનો નથી.
અમરજી ભગવદ

સત્ત્વહાનિ સ્ત્રી. નિર્માલ્યતા; બળનો નાશ; શક્તિક્ષય; શક્તિભંગ.
સારા શારીરિક બાંધાવાળા કોપુરુષો કલ્પ ઉપર નજર મેળવી તેમની સત્ત્વહાનિ છે.
ગાંધીજી

સત્ત્વહીન [સં.] વિ. વીર્યહીન; સત્ત્વવિનાનું; નિર્બળ; નિર્બળ; બાલ વિનાનું; કમજોર; બળ વગરનું.

સત્ત્વાત્મક [સં.] વિ. સત્ત્વગુણવાળું.

સત્ત્વાન ૧. પું આદિયોનાં હિરણ્યોરૂપ નોકરો.

૨. પું. વેદમાં વપરાયેલું ઋષિનું એક નામ.

સત્ત્વાપત્તિ ૧. [સં.] સ્ત્રી. આત્મજ્ઞાનની સાત માંહેની એક ભૂમિકા; જ્ઞાનનાં સાત માંહેનું ચોથું પગથિયું. જીવથી જીવ જુદો નથી. અધિતરૂપ પરિચ્છેદરૂપ મિથ્યા છે એવો દૃઢ નિશ્ચય થયો હોય સારે જ્ઞાની ચોથા પગથિયા પર છે એમ કહેવાય છે. પ્રથમ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્ત શુદ્ધમાં પણ વિરતિ જવાથી સત્ત્વ અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે છે તે સત્ત્વાપત્તિ. આગળની પ્રથમ ભૂમિકાના અભ્યાસથી બાહ્યપદાર્થો વિષે રહેલા રાગના સંસ્કારો નિર્મૂળ થવાથી અને મન વિષયોની વાસનાથી વિરક્ત થઈ શાંત હોવાથી માયા, માયાનાં કર્મો તથા ત્રણ અવસ્થાથી રહિત કેવળ શુદ્ધ, સચ્ચિત્ત, ચિન્માત્ર, આનંદઘન આત્મા વિષે ત્રિપુટીના લય કરીને સાક્ષાત્કાર પર્યંત સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિ એ સત્ત્વાપ કહેવાય છે. એ જ્ઞાનની ચતુર્થ ભૂમિકાવાળા પુરુષ અકર્વિદ્ કહેવાય છે.

૨. સ્ત્રી. (વેદાંત) સ્વપ્ન જેવી સ્થિતિ. જે સ્થિતિમાં સ્વપ્નની પેઠે જગત મિથ્યારૂપે ભાસે છે માટે તે સ્થિતિને (સત્ત્વાપત્તિને) સ્વપ્ન કહે છે. એ સ્થિતિમાં જે નિર્વિકલ્પ જ્ઞાન અને આત્માની એકતાનો સાક્ષાત્કાર થાય છે, તેને સત્ત્વાપત્તિ કહે છે.

સત્ત્વાપર્ષક [સં.] પું. સ્વત્વદાતા; હક આપનાર; 'ઓસાઈનર'

સત્ત્વાવજય પું અહિતકારી વિષયોથી મનને રોકવું તે.

સત્ત્વોત્કર્ષ ન. સત્ત્વગુણની વિશેષતા.

સત્ત્વોત્કર્ષ પણ જેવન્યરૂપ જેવતત્ત્વોમાંનો જે ઉપલક્ષક ધર્મ છે કનૈયાલાલ ત્રિવેદી

સત્થ ૧. [સ. શાલ્ક] પું. આગમ; શાસ્ત્ર.

૨. પું. શસ્ત્ર, હથિયાર; સાધન

૩. પું. સાથ; મુસાફરોનો સમૂહ.

સત્થય [સં. સાર્થક] વિ. અર્થ સહિત, સફળ.

સત્થરો પું. (જૂ. ગુ.) સાથળ; જાંઘ

સત્થરો કદવી ખંભ જસ, કર ધરણે નહીં રોમ વિમલપ્રબંધ

સત્થવાહ [સં. સાર્થવાહ] પુ. મોટા સાથને લઈ સફર કરનાર; વણજારો; સાર્થવાહ.

નરપતિ રાજા પ્રજાવત્સ, રોહ પ્રધાન સત્થવાહ. જ્ઞાનવિમલસૂરી

સત્થા [સ. શાસ્તા] પું. બુદ્ધ ભગવાન.

સત્થા જેવો જોઉ પડિત નથી. પુરાતત્ત્વ

સત્થાર [સ. શાસ્ત્ર] પું. આચાર્ય; નાયક

સત્થિ અ. (જૂ. ગુ.) સાથે.

આપજિ દીક્ષા આદરણ, સહિ ગુરુ સત્થિ વિહર. વિમલપ્રબંધ

સત્થિય [સ. સ્વસ્તિક] પું. સાથીઓ.

સત્થી ૧. વિ. સ્વસ્થ.

૨. અ. સાથે.

ધન્ન જોગી કરઈ મન સત્થી. કર્ણવિજય

સત્દેવ [સં.] પું. (જૈન) જેણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું હોય તે દેવ

જે દેવ રાગ, દ્વેષ, મોહ એટલે અજ્ઞાન રહિત હોય, ચાર મુખો સહિત અને આઠ રોમ સહિત હોય, જેમણે જન્મ, તપ, વ્રત, પચ્ચક્ખાણ આદિ અનેક પ્રકારના સાધનો વડે આઠમાંથી ચાર ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું હોય તે સત્દેવ કહેવાય. ઉત્તમચંદ

સત્ધર્મ [સ. સત્ + ધર્મ] પું. સાચો ધર્મ, સદાચાર.

સત્નામી પું. એ નામે ઉતર હિંદનો એક પંથ. ઔરંગઝેબ બાદશાહે તેનો નાશ કરવા યત્ન કર્યો હતો પરંતુ જગજીવનદાસે ફરી ૧૮૭૦ની સદીમાં તેની સ્થાપના કરી. તેને વિશેષ વેગ આપનાર બાસીદાસ હતો.

સત્નિષ્ઠા [સ.] સ્ત્રી. આત્મનિષ્ઠા.

સત્પક્ષ પું. સાચો પક્ષ

સત્પતિ પું. શ્રેષ્ઠ સ્વામી પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે : હે પ્રાણ! તું અત્યંત બળવાળો છો! તું અગ્નિ ઋષિ છો! તું વિશ્વભક્ષી અને સત્પતિ અર્થાત્ જગતનો શ્રેષ્ઠ સ્વામી પણ છો. અમો દેવો તને આપવા યોગ્ય પદાર્થોના દાતા છીએ અને હે માતરિશ્વા! તું જ અમારું આપેલું પરિપાક કરીને અમારો પાલક પિતા બને છે.

નથી તું પ્રાણ! એકરી ને સત્પતિ વિશ્વભક્ષી છે, અમદાતા અમે ઇચ્છે માતરિશ્વા! પિતા જ તુ. પ્રશ્નોપનિષદ

સત્પથ ૧. [સ. સત્ + પથ] પું. સન્માર્ગ; સારો રસ્તો, સુમાર્ગ; સીધો રસ્તો; સાચો માર્ગ

૨. પું. જેહ વડેરાએ કહેલ આચાર. સત્પુરુષોનાં કર્મને સત્પથ કહે છે

૩. પું. સુંદર ફરસતથી કરેલ માર્ગ.

સત્પથગામી ૧. વિ. પુરાણપંથી; સત્પથચારી.

૨ વિ. સારે રસ્તે જનાર

એ ચમત્કારના લાભ લઈ સત્પથગામી બનારા અબાદ બેન તો હું બહુ છું. મહાદેવ દેસાઈ

સત્પથચારી જુઓ સત્પથગામી.

સત્પરામર્શ પું. સાચો વિચાર

સત્પરીક્ષા [સ. સત્ + પરીક્ષા] સ્ત્રી. સાચી પરીક્ષા

આપનું આ વત્ન સજ્જનોની સત્પરીક્ષામાં પણ ઉત્તમ જ નીવડ્યું છે. સરસ્વતીચંદ્ર

સત્પંથ [સં. સત્ + પથ] પું ધરમાર્ગથી ખોજ લોકોનો પંથ

તે પીરને પગે લાગી તેમનો મુરીદ થયો અને તમામ ખોજાઓએ સત્પંથનો સ્વીકાર કર્યો. ખોજાવિનુ મોરલ

સત્પંથી પું. એ નામની એક ધાર્મિક કોમ તેમના સિદ્ધાંતો હિંદુ અને મુસલમાન ધર્મનું અજબણી ભરેલું મિશ્રણ છે. આ પંથવાળાની સંખ્યા લાખોની છે અને તે મુખ્યત્વે પ્રજાકાના જુદા જુદા ભાગોમાં છૂટી છવાયેલી છે. એકલા આનદેશ જિલ્લામાં તેમની સંખ્યા ૪૦,૦૦૦ જેટલી છે. તેઓ પોતાને હિંદુ કહેવડાવે છે અને તેમ છતાં તેઓ હિંદુ ધર્મના પાયા તરીકે વેદને સ્વીકારતા નથી. તેમ જ તેઓ એકાદશી વ્રત કે એવી બીજી હિંદુ ધાર્મિક ક્રિયા કરતા નથી. ગાય માતા કે જેને બધા હિંદુઓ પવિત્ર માને છે તેને તેઓ કાંઈક ધાર્મિક અગત્યતા આપતા નથી ઊલટું મુસલમાનોની માફક તેઓ શુક્રવારનો ઉપવાસ કરે છે. તેઓ એક ધર્મગુરુ કે ઇમામશાહ તરીકે ઓળખાય છે તેની નિમાહ નીચે પશ્ચિમ તરફ મુખ રાખીને બંદગી કરે છે.

સત્પાત્ર [સં. સત્ + પાત્ર (દાન)] ન. લાયક દાન વગેરે આપવાને માટે સારું ઠામ કે જન તે; સારું પાત્ર; બરાબર યોગ્યતાવાળું, સારું, ઉત્તેમ, ઉત્તમ પાત્ર.

સત્પાત્રે દાન = દાન તો સત્પાત્રને જ આપવું.

સત્પાત્રતા [સ. સત્પાત્ર + તા (પણ)] સ્ત્રી. સત્પાત્ર હોવું તે; લાયકી; યોગ્યતા.

સત્પુત્ર [સ.] પું. કુટુંબની શોભામાં કે આબરૂમાં વધારો કરે એવો છોકરો; સદ્ગુણી પુત્ર; સુપુત્ર.

સત્પુરુષ ૧. પું. (જૈન) ત્રિપુરુષ જાતના અંતરના બે ભાઈનો એક દેવ. તેના દશ પ્રકાર આ પ્રમાણે છે: પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મેરપ્રભ અને યશસ્વાન.

૨. [સ. સત્ (સારું) + પુરુષ] પું સારો માણસ; સજ્જન; પ્રમાણપુરુષ; શાસ્ત્રકાર ગાંધીજી કહે છે કે: હું પોતે જે આજે મનુ કહું તે કાલે મનીશ કે કરીશ એવી પ્રતિજ્ઞા ન કરી શકું. એ કામ ત્રિકાળદર્શી ભગવાનનું છે. સર્વકાળે દેહધારી મનુષ્ય અપૂર્ણ જ છે. એને ભગવાનની ઉપમા ભલે અપાય પણ ભગવાન તો નથી જ. ભગવાન અદૃશ્ય છે, અદૃષ્ટ છે. તેથી આપણે જેને સત્પુરુષ ગણીએ તેનાં વચનો અને આચરણ સમજીએ; જે હૃદયમાં ભાસે તે ઉપર આપણે આપણા જીવન રચીએ. શાસ્ત્રો વધારે શું કરે?

સત્પ્રતિપક્ષ [સં.] પું. એ નામનો એક હેત્વાભાસ; પોતે જે સાધ્ય સિદ્ધ કરે છે તેનો જ અભાવ સિદ્ધ કરનાર બીજો સબળ વિરોધી હેતુ જેને દોષ તે હેતુ; એક સાધનથી અમુક સાધન સાબિત કરીએ અને બીજા સાધનથી એ જ સાધ્યનો અભાવ સાબિત કરીએ તેને સત્પ્રતિપક્ષ કહે છે.

સત્પ્રવૃત્તિ સ્ત્રી. સારાં કાર્યમાં રોકાયું તે, સત્કર્મ; સત્કાર્ય.

સત્ફલ ૧. [સં.] પું. દાડમનું ઝાડ.

૨. ન. સારું ફળ.

૩. વિ. સારા ફળવાળું.

સત્ય ૧. પું (પુરાણ) અંગિરસ.

૨. પું. આત્મા. મુંડકોપનિષદમાં કહ્યું છે કે, જ્યાં સાધનો માટે સત્યની આરાધના જ મુખ્ય છે. કેમકે, સત્યમાં જ સૌ સાધનોનો સમાવેશ વિચાર દૃષ્ટિએ કરતાં થઈ જાય છે. સત્ય જ પરમાત્મા છે સર્વત્ર સત્ય જ જીતે છે, દેહાદિ છેવટે વિચારદૃષ્ટિએ જૂઠા ઠરે છે, એટલે જીવનમાં છેવટે આત્માનો અર્થાત્ સત્યનો જ જય થાય છે. ઉપનિષદમાં લખ્યું છે કે:

સત્ય જ જિતે છે, નહિ અસત્ય,
સત્યે જ માર્ગ પથરાયો દેવયાન,
જે માર્ગ એકી ઋષિઓ વાંછ્યુ પામી,
ઊતરે જ્યાં, તે પરમ તીર્થ સત્ય કેરું.

૩. કું (પુરાણ) ઉત્તાનપાદ વંશીય ધ્રુવિષ્ઠીન રાજાનો પાંચમો પુત્ર.
૪. કું. (પુરાણ) ઉત્પત્તિ કરનાર એ નામનો એક પ્રાજાપત્ય. તેની સ્ત્રીનું નામ પુષ્પમાલિની હતું.
૫. કું. (ન્યાય) એ નામનો એક પ્રકારનો હેત્વાભાસ; જેને પ્રતિપક્ષી છે એવો હેતુ.
૬. કું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. અમુકરત્નાર પ્રકાશ પ્રમાણે આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૮૬ લઘુ અને ૧૨૧ વર્ણની ૧૫૬ માત્રા હોય છે.
૭. કું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે આનંદ વસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૧ ગુરુ અને ૨૮ લઘુ મળી ૫૯ વર્ણની ૯૦ માત્રા હોય છે.
૮. કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, ભગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.
૯. કું. આર માહેનો એક યુગ; સત્યયુગ; કૃતયુગ.
૧૦. કું. (પુરાણ) દશ માંહેનો ચોથો વિશ્વદેવ.
૧૧. કું. નાંદીમુખ શ્રાદ્ધનો એક દેવ.
૧૨. કું. પરમાત્મા; બ્રહ્મ.
૧૩. કું. પીપળો
૧૪. કું. (પુરાણ) બ્રહ્મ સાવર્ણિ મન્વંતરમાં હવે પછી બનારો સપ્ત માંહેનો એક ઋષિ.
૧૫. કું. (પુરાણ) બ્રહ્માનો નવમો દિવસ.
૧૬. કું. (પુરાણ) ભીમસેને મારેલા કલિંગ રાજાના બેમાંનો એક ચક્રરક્ષક.
૧૭. કું. યમના પાંચ માંહેનો એક પ્રકાર.
૧૮. કું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૧૯. કું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨૦. કું. સત્યલોક.
૨૧. કું. સૂર્યનાં ૧૦૮ માંહેનું એક નામ.
૨૨. ન. અપરિમિત સત્ય; પરિમિતથી ઉત્તમોત્તર સત્ય; વાચાના સ્થૂળ સત્યથી અન્ય સત્ય; વાચા, વિચાર ને આચારનું પરમસત્ય; ચિરંતનસ્થાયી સ્વતંત્ર સત્ય; સર્વ સમર્થ સત્તા; શુદ્ધ સત્ય. ઈશોપનિષદમાં લખ્યું છે કે: હે પૂર્ણ પરમાત્મા! આપ સત્ય સ્વરૂપનું મુખ સોનાના ઢાંકણથી ઢંકાયેલું છે. હે સર્વપોષક પરમાત્મન્! સત્યપરાયણ એવા મારા દર્શન માટે આપ એ માયા એટલે અજ્ઞાનરૂપી સોનેરી ઢાંકણને કૃપાથી દૂર કરો! અર્થાત્ પરમાત્મા પરમ સત્ય છે. એ પરે સત્ય, અસત્યનાં ચકચકતાં અને લોભાવનારાં ઢાંકણથી ઢંકાયેલું છે! ઋષિ જીવનભર સત્યની આરાધના કરી ચૂકેલા છે. આથી હવે હૃદયપૂર્વક પ્રાર્થે છે કે હે ભગવત્! આપ પરમ સત્યનાં મને દર્શન થાઓ! અસત્ય ખરી પડો!

વિરણમયી પાત્રેથી આવર્યું સત્યનું મુખ,
તે પરમાત્મા ઉઘાડ દર્શને ભક્તનિકના.
સુવર્ણે કેરા ચળકિત પાત્રે,
ઢાંક્યો દીસું છે મુખ સત્યનું એ;
ઉઘાડ તે તું મુજ દૃષ્ટિ અર્થે,
પરે કૃપાળુ પરમેશ સત્ય!
માયારૂપે છે ચળકિત સોનું,
ભમાવતું તે મન લાલચોમાં;
છે ઈશ રૂપે પરમેશ સત્ય,
સદા વિરાજે પરિપૂર્ણ બ્રહ્મ.
વિનમ્ર ભાવે ઋષિરાજ પ્રાર્થે,
ઉઘાડને ભારણું સત્યનું આ:
વિશુદ્ધ હો હે પરિપૂર્ણ સત્ય!
હિરણ્યરૂપી મુજ દોષદૃષ્ટિ!

ગાંધીજી કહે છે કે, હરિશ્ચંદ્ર પોતે જાણતો હતો તે સત્યને સારુ ખુવાર થયો ને અમર થયો દમામ હુસેને પોતે જાણ્યું ને સત્યને સારુ ખ્વારો વેઠ દીધો. પણ આવા કાળમાં એક જ રૂપે હસ્તી માત્ર પરમાત્માની છે. પરિમિત સત્ય ઉપરાંત એક શુદ્ધ સત્ય છે જે અખંડ છે, સર્વવ્યાપક છે પણ તે અવર્ણનીય છે, કેમકે સત્ય એ જ પરમેશ્વર છે, અથવા પરમેશ્વર જ સત્ય છે, બીજું બધું મિથ્યા ખોટું છે. સત્ય શબ્દની ઉત્પત્તિ સત્ મ્હાંથી છે. સત્ એટલે હોવું. એણે સત્ય જગતના જેટલું જ પુરાતન છે. મારે મન સત્ય જ સર્વોપરી છે અને એમાં અગણિત વસ્તુઓનો સમાવેશ થાય છે. સત્યમાં પ્રેમ હોય, સત્યમાં અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય આદિનો સમાવેશ થઈ જાય છે. સત્યને જાણ્યા પછી હિંસા કરે તે સત્યને છોડે, સત્યને જાણ્યા પછી જે અબ્રહ્મચાર કરે તે તો સૂરજ છતાં અંધારાની હસ્તી માનવા જેવું થયું. સત્ય સ્વયંપ્રકાશ છે અને સ્વયંસિદ્ધ છે એવું સત્યાચરણ આ વિષમકાળને વિષે કઠિન છે પણ અશક્ય નથી એ હું જાણું છું એવા સત્યના આગ્રહી આપણે પ્રાણ ખોઈ બધે અંશે પણ જાઈએ તો સ્વરાજ મેળવીએ સત્ય વિના નિર્દોષતા સંભવે જ નહિ. આથી જ સત્યાચરણ મુક્તિનું દ્વાર છે. જેનું જીવન સત્યમય છે એ તો શુદ્ધ સ્ફટિકમણિના જેવું હોય તેની પાસે અસત્ય એક ઘડી પણ ન સંભવે. જેનામાં સત્ય અને સેવા પૂર્ણપણે પ્રગટ થાય તે જગતના હૃદયનું સામ્રાજ્ય જરૂર ભોગવે અને મારેલાં કર્મ પાર પાડે. સત્યનો જ જય છે, એવું ઈશ્વર વચન છે, તેને અપવાદ નથી. सत्यमेव जयते! જગતમાં બારામાં બારકું વત સત્યનું છે. લાખો મણે છે તેમાંથી કોઈક જ એ જ જન્મમાં પાર ઊતરે. જે સત્યને જાણે છે અને મન, વચન, કાયાથી સત્ય જ આચરે છે તે પરમેશ્વરને ઓળખે છે તેથી તે ત્રિકાળદર્શી થાય છે. તેને આ દેહે મોક્ષ છે. આ જ વિચારણા ગાંધીગીતામાં એમ કરેલ છે કે: આ મારા સૌ સિદ્ધાંતોને પ્રયોગો સત્યના ગણું, ટિપાયા છે કસાયા છે અનુભવની ઓરણે. આ સત્યના પ્રયોગોમાં સત્યથી ભિન્ન જે બીજ, અહિંસા બ્રહ્મચર્યાદિ નિયમોના પ્રયોગ છે. તો યે છે મન મારે એ સત્ય સર્વોપરી સદા, અગણિત નીતિઓનો તેમાં સમાસ થાય છે. આ સત્ય નથી વાચાનું સ્થૂળ સત્ય ન સભવે, વાચા વિચાર આચારે જે સત્ય એ જ સત્ય છે. કલ્પેલું આપણે જે તે આ સત્ય નહિ સંભવે, આ સત્ય તો ચિરંતનસ્થાયી ને સ્વતંત્ર ગણાય છે. પરમેશ્વરની વ્યાખ્યા અગણિત અપાય છે, અગણિત વિભૂતિઓ બનાય તેની યે વળી. ઘરીવાર કરે મુગ્ધ અને એ સૌ વિભૂતિઓ, છતાં યે હું પૂજારી તો એ સત્યરૂપ ઈશનો. ઈશ સત્ય બીજું મિથ્યા એ સત્ય સાંખ્યું નથી, તેનો શોધક નિત્યે હું હોમાઉં શોધખતામાં. સત્યના શોધકો સૌને રજકણથી યે નીચે, રહેવું જ પડે છે તો એ રીતે સૌ રહો તમે. જગત કરે અબજ રજકણ હસે હસે, પૂજારી સત્યનો નમ્ર રજકણે દમામ છે. સત્યના શોધકોને તો આવું અલપ બધું પડે, સ્વતંત્ર સત્યની ઝાંખી નહિ તો છે સુદુર્લભ. સત્ય શબ્દની ઉત્પત્તિ સતમાંથી સંભવિત છે, 'હોવું' શબ્દાર્થ તેનો છે લક્ષણાથી 'પરમાત્મ' એ. એકરૂપે ત્રિકાળે જે અવિનાશી અખંડ છે, પરમેશ્વર છે સત્ય સત્ય એ પરમેશ્વર. સર્વ સમર્થ સત્તાને સત્ય નામથી ઓળખું, ઓળખાવું ન તે નામે તે મારે મન ઈશ્વર. સત્યના બે પ્રકારો છે પરિમિતાપરિમિત, દરમ્યાન પરિમિત અપરિમિત ઈશ છે. એ પરિમિત સત્યાર્થે હરિશ્ચંદ્રે બધું તજ્યું, ને દમામ હુસેને યે અર્પ્યો છે નિજ દેહને. તે પરિમિતથી અન્ય અપરિમિત જેહ છે, શુદ્ધ સત્ય કહેવાયે સર્વવ્યાપક ઈશ્વર. બ્રહ્મ સત્ય જગત મિથ્યા સત્ય એ જ પરે ઈશ, જાણે છે સત્ય છે એમ ત્રિકાળદર્શી તે જ છે. સત્યાચરણી તેવાને સાક્ષાત્કાર પ્રભુ તણો, તેને છે મોક્ષ આ દેહે ઓળખે પરમેશને. નિર્દોષતા વિના સત્ય સભવે જ નહિ કદી, સત્યાચરણ તેથી જ મુક્તિનું નિજ દ્વાર છે. સત્ય સેવા પ્રકાશે છે જેમાં પૂર્ણપણે અહીં, જગતનાં હૃદયોનું એ સામ્રાજ્ય ભોગવે નકી. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, યથાર્થ અને આનંદ ઉત્પન્ન થાય એવી રીતનું બોલવું

અને શોષાઇજાય અથવા બીજાને નુકસાન ન થતા પોતાના અસત્ય બોલવાથી સામાનું ભલું થતું હોય તે વચન સત્ય કહેવાય છે. એને માટે ત્રાજવામાં સત્ય તથા અસત્ય બન્નેને મૂકી વજન કરતા જેમાં પુણ્યની વિશેષ પ્રાપ્તિ થાય તેને સત્ય સમજવું ગીતા રહસ્યમાં કહ્યું છે કે, સત્ય શબ્દનો ધાત્વર્થ હોનાર એટલે કોઈ દિવસ પણ નષ્ટ ન થનાર અથવા ત્રિકાલમાં અબાધિત એવો છે. સત્ય તે જ પરબ્રહ્મ એનું સત્યનું યથાર્થ મહત્ત્વ વર્ણવેલું છે. એક હજાર અશ્વમેધ યજ્ઞ અને સત્ય એ બેને ત્રાજવામા નાખીએ તો હજાર અશ્વમેધના કરતા સત્યનુ ત્રાજવુ નમે. જગતમાં સર્વદેશ અને સર્વ ધર્મમાં આત્મોન્નતિ કરી પુરુષોને સર્વથા વધારે માન્ય અને પ્રમાણભૂત થયેલુ તત્ત્વ સત્ય છે, સત્યથી જ પૃથ્વીનુ ધારણ થઈ રહેલું છે, સત્યથી જ સૂર્ય તપે છે, સત્યથી જ વાયુ વાય છે; મતલબ કે આ સર્વનું સત્ય એ જ અધિષ્ઠાન છે સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેને જેમ સેવે તેમ તેમાંથી અનેક ફળ નીપજતાં જોવામાં આવે છે. તેનો અંત જ હોતા નથી. જેમ જેમ તેમાં ઊંડે ઊતરીએ તેમ તેમ તેમાંથી રત્નો મળ્યા કરે છે

૨૩. ન. કૈનોનાં બાર અણુવ્રતોનું એક વ્રત. સત્ય અહિંસા આદિ વ્રતથી શુદ્ધતા સાધીને આ દેહે જ મુક્ત કેમ બની શકાય છે એ દર્શાવતાં પ્રસંગોપાત ગાંધીજીએ યથાર્થ કહ્યું છે કે. (૧) સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. (૨) સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે. (૩) સત્યનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે. (૪)-આવા વ્યાપક સત્યનારાયણના દર્શનને સારુ જીવમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પણ આવશ્યકતા છે. (૫) આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. (૬) આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. (૭) અશુદ્ધાત્મા પરમાત્માના દર્શન કરવા અસમર્થ છે–એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. (૮) પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે. (૯) શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિ રહિત થવું (૧૦) તેને સારુ મારે શૂન્યવત્ બનવું છે. (૧૧) મનુષ્ય જન્મ લઈ સ્વેચ્છાએ પોતાને સૌથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. (૧૨) અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. (૧૩) અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી (૧૪) નમ્રતા એટલે હુંપણાનો આત્યંતિક ક્ષય (૧૫) આ જગતમા જીવમાત્ર એક રજકણ કરતાં પણ કમ નથી. (૧૬) સગીરૂપે સ્વપ્નદૃષ્ટી કીએ. (૧૭) કાળના અનંત ચક્રમાં સો વર્ષનું પ્રમાણ કાઢી જ ન શકાય. (૧૮) પણ જો એ ચક્રવાલમાંથી નીકળી જઈએ–એટલે કર્મ નથી થઈ જતા એ તો બધું થઈ જઈએ (૧૯) કર્મ થવું એટલે ઈશ્વરથી–પરમાત્માથી, સત્યથી વિખૂટા થવુ. (૨૦) કર્મ ટળી જવું એટલે પરમાત્મામાં ભળી જવું. (૨૧) સમુદ્રમાં રહેલુ બિંદુ સમુદ્રની મહત્તા જોઈ શકે છે, પણ તેનું તેને જ્ઞાન નથી. (૨૨) સમુદ્રથી વેગળુ થયું ને પોતાનો દાવો કરવા જેવું એટલે તે જ ક્ષણે સૂકાયું. (૨૩) આ જીવનને પાણીના પરપોટાની ઉપમા આપી છે એમા કંઈ મુદ્દલ અતિશયોક્તિ જોતો નથી. (૨૪) આવી નમ્રતા–શૂન્યતા–કેળવવાથી કેમ આવી શકે ? (૨૫) પણ બરાબર ખરી રીતે સમજવાથી નમ્રતા પોતાની મેળે આવતી જણાય છે. (૨૬) આ નમ્રતા એટલે પુરુષાર્થરહિતતા ન હોય ! (૨૭) ખરું જોતાં નમ્રતા એટલે તીવ્રતમ પુરુષાર્થ અને બધા પરમાર્થનો કારણે હોય. તાત્પર્ય કે પરમાર્થનું કારણ તીવ્રતમ નમ્રતા કે જે વ્રતને બરી રીતે સમજવાથી સધાય છે તે દ્વારા જ સત્ય સાધી આ દેહે જ પરમ મુક્તિ પામી શકાય છે.

૨૪. ન. પાંચ મહાવ્રતોનું એક સવર.

૨૫. ન. પ્રમાણિકપણું.

૨૬. ન. બોધિસત્ત્વને પ્રાપ્ત કરવાની દશ મહાની પારમિતા. તે આ પ્રમાણે છે: (૧) દાન, (૨) શીલ, (૩) નૈષ્કર્મ્ય, (૪) પ્રજ્ઞા, (૫) વીર્ય, (૬) ક્ષાંતિ, (૭) સત્ય, (૮) અધિષ્ઠાન, (૯) મૈત્રી અને (૧૦) ઉ.પ્ર.

૨૭. વિ. યથાર્થ; બરાબર; પોગ્ય; વ્યાજબી.

૨૮. વિ. સાચું; ખરું; વાસ્તવિક

૨૯ ન. ખરે; સાચે; અકલ્પિત.

સત્યઅણુવ્રત ન. (જૈન) શ્રાવકના પાંચ મહાનુ બીજુ અણુવ્રત; અસત્ય નહિ બોલવાનુ અણુવ્રત. અસત્ય, ચોરી, દુરાચાર અને પરિગ્રહનો પોતાની પરિસ્થિતિ પ્રમાણે મર્યાદિત ત્યાગ કરવો તે અનુક્રમે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ અણુવ્રતો છે.

સત્યક ૧ [સં] પું. બ્રહ્મા; હંસવાહન.

૨. પું. (પુરાણ) ભદ્રાની કૂખે થયેલો કૃષ્ણનો એક પુત્ર.

૩. પું. (પુરાણ) સાવર્ણિ મન્વંતરમાં થને પછી થનારો દેવ.

૪. પું. (પુરાણ) સોમવંશી યદુકુળના અનમિત્રના પૌત્ર સિનિનો પુત્ર એનો પુત્ર તે સાત્યકિ નામનો પ્રસિદ્ધ યાદવ.

૫ ન. અમુક વસ્તુ ખરીદી છે એમ દર્શાવવાને પાકી માટે અપાતુ પ્રથમ બયાનું

સત્યકામ ૧. પું. એ નામના એક સંત. તે હરિજન હતા. તેણે ભક્તિથી મુક્તિ મેળવી.

૨ [સં.] પું (પુરાણ) જબાલ ઋષિ. છાંદોગ્ય અધ્યાય ચોથાના ચોથા ખંડમાં સત્યકામની વાત એમ છે કે, સત્યકામ, વિદ્યાભ્યાસ અને ઉપનયનને માટે મહર્ષિ ગૌતમની પાસે ગયો અને પ્રાર્થના કરી કે ભગવન્! મને ઉપનયન આપો અને વિદ્યાભ્યાસ કરાવો. મહર્ષિ ગૌતમે પૂછ્યું–"હે સૌમ્ય ! તારું ગોત્ર કયું ? " સત્યકામે કહ્યું:–મને બરાર નથી કે મારું ગોત્ર કયું છે. મેં મારી માતાને પૂછ્યું હારે તેણે મને કહ્યું કે, અતિથિ આદિની સેવામાં લાગેલી એવી મેં યુવાવસ્થામાં તને જન્મ આપ્યો, પણ મને બબર નથી કે, તું કયા ગોત્રનો છે પણ મારું નામ જબાલા છે અને તારું નામ સત્યકામ છે, એટલી મને બબર છે. હે ભગવન્ આથી હું સત્યકામ જાબાલ છું. આમ સાભળીને મહર્ષિ ગૌતમે કહ્યું કે, બ્રાહ્મણથી ભિન્ન કોઈ પણ આમ કહી ન શકે. સમિધ લઈ આવ, હું તારું ઉપનયન કરીશ. અહીં ઉપનયન સંસ્કાર થયા પહેલાં જ ઋષિ ગૌતમે કહ્યું કે, " તું બ્રાહ્મણ છે " તો પછી સત્યકામ કર્મથી બ્રાહ્મણ-થયો એમ કહેવું તે ભૂલભરેલું છે. ઉપનિષદ્ ઉપરના શાંકરભાષ્યમાં, ભાષ્ય ઉપરની આનંદગિરિ કૃત ટીકામાં, શ્રીરંગ રામાનુજ કૃત પ્રકાશિકા ટીકામાં કે મૂળ ઉપનિષદમાં કયાંય પણ જબાલા શૂદ્રી હતી એમ સૂચિત કરાયુ નથી, પણ ઊલટાં સત્યકામ બ્રાહ્મણ જ છે એવાં પ્રમાણો મળી આવે છે.

૩. પું. જબાલ ઋષિનો એક શિષ્ય; ઉપકોશલ કામલાયન

૪ પું. રિત્રિનો પુત્ર. આ ઋષિએ પ્રશ્નોપનિષદમા પાંચમો પ્રશ્ન ભગવાન પિપ્પલાદને એમ પૂછ્યો કે, હે ભગવન ! જે કોઈ નિશ્ચય મરણ વખતે ૐકારનુ ધ્યાન ધરે તે તેના વડે કયા લોકને પ્રાપ્ત કરે ?

૫. [સં સત્ય + કામ (પ્રેમ)] વિ. જેની બધી ઇચ્છાઓ સત્ય હોય તેવુ

૬. વિ સત્ય પરત્વે પ્રેમ રાખનાર; સત્યને ચાહનાર; સત્યપ્રેમી

૭. વિ. સત્યરૂપી અક્ષરબ્રહ્મના અભિલાષો.

સત્યકેતુ પું (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વશના ધર્મકેતુ રાજાનો પુત્ર. એનો પુત્ર તે ધૃષ્ટકેતુ

સત્યગવેષક [સં.] વિ. સત્ય શોધનાર

> સત્યથી ઓળી હોવાને કારણે સમ્યક્ત્વી જીવને તેઓ ક્યારે કોઈક વિષયમાં રાગ પણ થાય, દ્વેષ પણ થાય, છતાં તે સત્યગવેષક અને કદાગ્રહ રહિત હોવાથી પોતાનાથી મહાન, યથાર્થ જ્ઞાનવાળા અને વિરોધદર્શી પ્રકરણના આગમથી પોતાની ભૂલ સુધારી લેવા હંમેશા ઉત્સુક હોય અને સુધારે પણ છે. તત્ત્વાર્થસૂત્ર

સત્યગ્રાહક [સં.] વિ. સત્યને જ ગ્રહણ કરનાર.

સત્યજિત ૧. [સં.] પું. (પુરાણ) ચોથા તામસ મન્વંતરમાનો સ્વર્ગનો ચોથો દેવ.

૨. પું. (પુરાણ) દ્રુપદ રાજાનો એ નામનો એક પુત્ર. તે અતિરથિ હતો. તેને ભારતના યુદ્ધમાં દ્રોણાચાર્યે માર્યો હતો.

૩. પું. (પુરાણ) સૂર્યના સભાજનમાં આવનારો એક યક્ષ.

૪. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન જરાસંધ વંશના સુનીથ રાજાનો એક પુત્ર. તેનો પુત્ર તે વિશ્વજિત.

૫. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના વસુદેવના ભાઈ આનક રાજાનો મોટો પુત્ર.

સત્ય જ્ઞાન ૧. [સં.] ન. યથાર્થ જ્ઞાન; જે વસ્તુ જેવી હોય તેવી જાણવી તે.

> જે વસ્તુ જેવી હોય તેવી જાણવી એનું નામ જ યથાર્થ જ્ઞાન, સત્ય જ્ઞાન છે,
> હિંદુધર્મની બાળપોથી

૨. ન. સાત્ત્વિક કે ઈશ્વર સંબંધી જ્ઞાન.

સત્યતપા પું. (પુરાણ) એ નામના એક ઋષિ. એનું મૂળ નામ ઉતથ્ય હતું. તેના પિતાનું નામ દેવશ્રવા હતું. ઉપનયન વગેરે સંસ્કાર પછી તેને કશું ભણવું આવડ્યું નહિ અને મૂર્ખ રહ્યો. તે નિત્યકર્મ પણ જેમતેમ અત્ર રહિત કરી લેતો તેને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ ન હતો. છેવટે તેને પોતાના ઉપર બહુ તિરસ્કાર આવ્યો અને મરણને ઇચ્છવા લાગ્યો. આવી સ્થિતિમાં તે ગંગાકિનારે ઝૂંપડી બાંધી રહ્યો. તેણે નિયમ ગ્રહણ કર્યો કે, અસત્ય કદી પણ બોલવું નહિ. આ ઉપરથી તેનું નામ સત્યતપા પડ્યું. એ પ્રમાણે તે ત્રીસ વર્ષ ત્યાં રહ્યો. એક દિવસ તે પોતાના બારણા પાસે બેઠો હતો તે વખતે શિકારીએ ઘાયલ કરેલું એક પશુ તેની આગળ આવીને તેના આશ્રમમાં સંતાઈ ગયું. તરત બારણામાંથી લોહી નીકળતું દેખી દયાર્દ્ર હૃદયે તેના મોંમાંથી એ એ એવો ઉચ્ચાર નીકળ્યો. ' ઐ ઐ ' કેરીનો બીજમંત્ર હોવાથી એના બાપથી એનાં હૃદયચક્ષુ ખૂલી ગયાં અને વાલ્મીકિની પેઠે એ કવિ થઈ ગયો. થોડી વાર પછી એને ઘાયલ કરનાર શિકારી પશુની શોધ કરતો ત્યાં આવ્યો. એણે નમસ્કાર કરી ઋષિને પૂછ્યું કે, અહીં થઈને ઘાયલ થયેલું કોઈ પશુ જતું જોયું ? સત્યવક્તા એ ઋષિએ કાંઈ જવાબ દીધો નહિ. બાકી ફરીથી પૂછ્યું ત્યારે ઋષિએ જવાબ આપ્યો કે, આંખ જે દેખે છે તે બોલતી નથી, કેમકે બોલવું એ એનો ધર્મ નથી અને જે બોલે છે તે જીભ પોતાનો જોવાનો ધર્મ ન હોવાને લીધે જોઈ શકતી નથી અથવા બીજા અર્થમાં જે ચૈતન્ય શક્તિ છે તે સાક્ષીપણાને લઈને દેખે છે પણ બોલતી નથી. બોલવું એ તો બુદ્ધિનો ધર્મ છે, પણ બોલનાર બુદ્ધિ જડ હોવાથી દેખતી નથી, દેખનાર તો ચૈતન્ય છે આ સાંભળીને બહારથી કાંઈ સમાચાર નહિ મળે એમ જાણી શિકારી ત્યાંથી ચાલ્યો ગયો.

સત્યતા [સં.] સ્ત્રી. સચ્ચાઈ; ખરાપણું; સાચાપણું; યથાર્થતા; સત્યત્વ.

સત્યત્વ જુઓ સત્યતા.

સત્યદર્શન [સં. સત્ય (ખરું) + દર્શન (જ્ઞાન)] ન. સત્યનું દેખાવું તે; સત્યનું ખુલ્લું થવું તે; ખરું જ્ઞાન; બ્રહ્મજ્ઞાન.

સત્યદર્શી [સં.] વિ. સત્ય જોનાર; સત્ય પરખી લેનાર; ખરી હકીકત ઓળખી લેનાર; સત્ય જાણનારું.

સત્યદેવ જુઓ સત્યવ્રતી.

સત્યદેવ ૧. પું. (પુરાણ) અર્જુને મારેલ ત્રિગર્તનો એ નામનો એક રાજપુત્ર.

૨. પું. ભીમસેને મારેલા કલિંગ રાજાના બે ભાઈનો એક ચક્રરક્ષક.

સત્યધર્મા ૧. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.

૨. પું. (પુરાણ) હવે પછી થનાર ધર્મસાવર્ણિ મનુના દશ ભાઈનો એક પુત્ર

સત્યધૃતિ ૧. પું. (પુરાણ) એ નામનો પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. એ સુચિત્તનો પુત્ર હોવાથી સૌચિતિ કહેવાતો. તેને કર્ણે માર્યો હતો

૨. પું. (પુરાણ) ત્રિરક્ષરી ઋષિના ભાઈ ગૌતમ પુત્ર શતાનંદનો પુત્ર અને તપોનિધિ ઋષિનો પિતા.

૩. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલ એ નામનો એક રાજા.

૪. પું. (પુરાણ) પાંચાળ કુળના દ્રુપદ રાજાનો પુત્ર. એને દ્રોણાચાર્યે માર્યો હતો.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર દેવમીઢ કે દ્વિમીઢના વંશના કૃતિમાન અથવા સુતિમાન રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર બૃહદ્ધનુષ હતો.

સત્યધૃતિ ૨. વિ. અચળ ધીરજવાળું; ધૈર્યવાન

> ન તર્કેણ આ મતિ રાપ્ય પ્રાપ્ત,
> હે પ્રિય ! સુજ્ઞાનિત અન્યથા તે;
> ત્વામો જ તે તું જ્ઞની સત્યધૃતિ,
> ત્વાદા સમો કોઈ ન હો જ પૃચ્છા.
>
> કઠોપનિષદ

સત્યના પ્રયોગો ન. મહાત્મા ગાંધીજીનું જીવનચરિત્ર દર્શાવતું એ નામનું પુસ્તક. તે સંબંધે ગાંધીજી લખે છે કે: આત્મકથા તો મેં લખી જ નથી. સત્યના પ્રયોગો નામે એક લેખમાળા લખી છે તે પુસ્તક રૂપે છપાઈ છે. આ પ્રયોગોની માળા પૂરી કર્યાને પચ્ચીસ વર્ષ થઈ ગયાં; તે દરમિયાન શું કર્યું, શું વિચાર્યું એ ક્રમવાર નથી આપ્યું. આ લખવું મને ગમે, પણ અવકાશ ઉપર નિર્ભર છે. કઠિન સમયે દરજ સમજી ' હરિજન ' શરૂ કર્યાં છે. એને માંડમાંડ પહોંચી વળું છું. તેમાં સત્યના થયેલા પ્રયોગો વિચારી કાઢવા સારુ અવકાશ જોઈએ તે નથી. પણ જો તે લખાયા વગર તો ભગવાન રસ્તો સુઝાડશે. મારા પ્રયોગોને વિષે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશેષણ સાશંક નહિ તો તટસ્થ તો રહે છે. તેવોજ મારા પ્રયોગોને વિષે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકે એક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે પણ તેમાંથી નિપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા તો એજ ખરાં છે, એવો દાવો હું કોઈ દિવસ કરવા લલચતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે, મારી દૃષ્ટિએ એ ખરાં છે અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે.

સત્યનારાયણ ન. (પુરાણ) અયોધ્યા નગરીમાંનું દશરથ રાજાના મંદિરનું સ્થાન.

સત્યનારાયણ ૧. પું. એ નામે અમર સાહિત્ય સ્વામી

૨. પું. સત્યરૂપી નારાયણ; વિષ્ણુ ભગવાનનું એક નામ

> સત્યનારાયણની કથા = સત્યનારાયણની પૂજા અને તેમની કથાનો પાઠ, પ્રસાદ વગેરે

સત્યનિષ્ઠ [સ] વિ. સત્યપરાયણ; સત્યને વળગી રહેનારું; સત્યવાદી, સત્યપર આસ્થાવાળું.
'જે એમ સત્ય નથી જે હૃદય ભક્તિથી સદા. નમન શતકોટિ હો એવા એ સત્યનિષ્ઠને' ગાંધીગીતા

સત્યનિષ્ઠા [સ.] સ્ત્રી. સત્ય જ પરમ છે એવી શ્રદ્ધા, ભક્તિ કે અચળ વિશ્વાસ; સત્યપરાયણતા

સત્યપદાર્થ પું. જેનો નાશ નથી તેવો પદાર્થ

સત્યપર વિ. સત્યને જ વળગી રહેનારું; સત્યપરાયણ.

સત્યપરા સ્ત્રી. ચોસઠ માંહેની એક માનસ્તંભરૂપ દેવતા.

સત્યપરાયણ ૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ
૨. પું શિવનાં હજાર માંહેનું એક નામ
૩. [સ. સત્ય + પરાયણ (આસક્ત)] વિ. સત્યમાં જ આસક્તિ રાખનારું; સાચાબોલું; સત્યને જ વળગી રહેનારું; સત્યપર; સત્યનિષ્ઠ.

સત્યપાઠ [સં.] પું. પ્રતિજ્ઞા; શપથ.

સત્યપૂત [સ.] વિ. સત્યથી પવિત્ર થયેલું, સાચું.
આવા અધિકારીએ સર્વશાસ્ત્રોનો તો શું પણ આ હૃદયધર્મ સંગ્રહનો પણ ભાગ કરીને ઋતપૂત, મનઃપૂત અને સત્યપૂત એમ ત્રણ ભાગોમાં ભળેલું આચરણ આચરવું. સરસ્વતીચંદ્ર

સત્યપ્રજ્ઞા [સં.] સ્ત્રી. સત્યજ્ઞાન.
મને જે સત્યપ્રજ્ઞા છે તેથી વિરુદ્ધ જ્ઞાનમાં સમાપત્તી નથી. મણિલાલ દ્વિવેદી

સત્યપ્રિય [સં.] વિ. સત્ય જેને પ્રિય છે તેનું, સત્યને ચાહનાર

સત્યપ્રિયતા ૧. [સં.] સ્ત્રી. સત્ય માટે પ્રેમ હોવો તે.
૨. જુઓ સત્યભામા

સત્યફળ ન. બીલીનું ઝાડ

સત્યભદ્રા જુઓ સત્યભામા.

સત્યભામા સ્ત્રી. (પુરાણ) શ્રી કૃષ્ણની આઠ માંહેની એ નામની એક પટરાણી. તે સત્રાજિતની પુત્રી હતી. કૃષ્ણ ભૌમાસુરને મારવા ગયા ત્યારે તે સાથે ગઈ હતી. કૃષ્ણની માફક એ ઇંદ્રલોકમાં પણ ગઈ હતી તેમ જ કૃષ્ણ પાંડવોને મળવા દ્વૈતવન વનમાં ગયા ત્યારે પણ તેને સાથે લઈ ગયા હતા. એ મેળાપ વખતે એણે પતિવશીકરણ સંબંધે દ્રૌપદીને પ્રશ્ન પૂછવાથી દ્રૌપદીએ એને રહસ્ય સમજાવ્યું હતું. સ્વર્ગારોહણ ગમન સારુ એ તપોવનમાં ગઈ હતી. તેને દસ પુત્ર હતા. તેનાં નામ આ પ્રમાણે છે: ભાનુ, સુભાનુ, સ્વરભાનુ, પ્રભાનુ, ભાનુમત, ચંદ્રભાનુ, બૃહદ્ભાનુ, અતિભાનુ, શ્રીભાનુ અને પ્રતિભાનુ
સત્યભામાનું રૂસણું = કર્કશા ઓનું સ્વરૂપ.

સત્યભારત [સં.] પું. વેદવ્યાસ

સત્યભાષી [સ. સત્ય + ભાષિન્] વિ. સત્ય બોલનાર
જ્ઞાની, દિલોપદેશક, સત્યભાષી અને સર્વને આત્મવત્ જોનાર બને છે. પંચદશી

સત્યમય વિ. સત્યવાળું.

સત્યમૂર્તિ [સ] પુ. શિવ.
પુણ્ય સત્યાગ્રહીઓને અંતર્યામ થાય છે,
ત્યાં ત્યાં હું સત્યમૂર્તિ થયા કરું. ગાંધીગીતા

સત્યમેધા [સ.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

સત્યયુક્ત વિ. સત્યવાળું.

સત્યયુગ [સં.] પું. ચાર માંહેનો પહેલો યુગ; સતજુગ; કૃતયુગ; કાળનો એક વિભાગ. સત્ત્વગુણનું આધિક્ય જે કાળમાં હોય તેને સત્યયુગ કહે છે. કારતક સુદ ૯ના પહેલા પહોરમાં શ્રવણ નક્ષત્ર તથા વૃષિ રાશિમાં સત્યયુગની ઉત્પત્તિ થઈ છે. તેનું પ્રમાણ ૧૭,૨૮,૦૦૦ વર્ષનું છે. આ યુગમાં ચાર અવતાર થયા છે: (૧) મત્સ્ય, (૨) કચ્છપ, (૩) વરાહ અને (૪) નૃસિંહ. આ યુગમાં સંધ્યાકાળ ૧,૦૦૦ તથા સંધ્યાંશ ૧૦,૦૦૦ હોવાનું મનાય છે. આ યુગમાં હિરણ્યકશિપુ, પ્રહ્લાદ, વૈરોચન, બલિ, બાણાસુર જેવા ધર્મનિષ્ઠ રાજાઓ હતા. કહેવાય છે કે એક વખત બી વાવવાથી ૨૧ વખત લણણી થતી હતી. પુત્ર પિતાને વશ રહેતો. કપિલ, ભદ્ર, દક્ષ વગેરે ઋષિની ઉપાસનામાં અપેક્ષા રહેતા આ યુગમાં મનુષ્યોનું આયુષ્ય એક લાખ વર્ષનું હોવાનું મનાતું. પ્રાયઃ એકસો અસ્થિગત હતો. સંતતિ ફક્ત બે હતી: એક કન્યા અને એક પુત્ર. તે બંને દીર્ઘાયુ હતાં. કામધેનુ જે માગે જરાય તેટલું પુષ્કળ દૂધ દેતી અને કલ્પવૃક્ષો ઇષ્ટ પદાર્થો આપતાં. સર્વ સ્ત્રીઓ પતિવ્રતાઓ હતી. સર્વત્ર સોનાનાં વાસણો અને રત્નના દીવાઓ હતા. ઋષભદેવ આદિ સર્વના જેવા તેજસ્વી દીર્ઘ તેમના સાધો સાધુ પડતા તેઓ ક્રમેક તપશ્ચર્યામાં જ નિમગ્ન રહેતા હતા. સર્વ લોક શ્રુતિ, સ્મૃતિ, વેદાદિમાં કહેલા ધર્મ માનનારા હતા. દાતા સામે જઈ યાચકને દાન આપી અને તેને બારણે પણ ઊભા રહેતા. આ સમયના બધા રાજાઓ દૈત્ય કુળમાંથી ઉત્પન્ન થયા હતા, કારણ ક્ષત્તર વર્ણોને સ્વધર્માનુસાર પરમાત્માનાં જ્ઞાન સિવાય બીજી તુચ્છ વસ્તુઓ એટલે આસુરી સંપત્તિઓ ઉપભોગવાની ઇચ્છા થતી નહિ

સત્યયુગી જુઓ સત્યયુગીન

સત્યયુગીન [સં.] વિ. સત્યયુગનું કે તેને અંગેનું

સત્યયૌવન પું. એ નામનો એક વિદ્યાધર

સત્યરત [સં.] વિ. સત્યમાં આસક્ત; સત્ય પાળનારું.

સત્યરથ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુ કુળના નિબંધન રાજાનો પુત્ર. એનું નામ ત્રિશંકુ પણ હતું હરિશ્ચંદ્ર એનો પુત્ર થાય
૨ પું (પુરાણ) દુર્યોધનના પક્ષના પાંચ ત્રિગર્ત રાજપુત્ર જે સશપ્તક હતા તેમાનો એક. અમુક અમુક યોદ્ધાને હું મારીશ જ એવી પ્રતિજ્ઞા લઈને યુદ્ધમાં જનાર સશપ્તક કહેવાતો. આ અને એના ચારે ભાઈઓએ અર્જુનને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. એ બધાને અર્જુને યુદ્ધમાં માર્યા હતા
૩. પું (પુરાણ) વિદેહવંશી સમરથ જનકનો એ નામનો પુત્ર. એના પુત્રનું નામ ઉપગુપ્ત જનક થતુ.

સત્યલોક [સ.] પું. ચૌદ માંહેનો એ નામનો એક લોક; ઊર્ધ્વલોકના સાત માંહેનો સૌથી ઉપલો લોક; જ્યાં બ્રહ્મદેવ રહે છે તે લોક; ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક એમ સાત લોકમાં સહુથી ઉપરનો લોક. પહેલા ત્રણ લોક પ્રલયને નાશ પામે છે. ઉપલા ત્રણ બ્રહ્માના સો વર્ષે નાશ પામે છે. પણ ત્રીજો લોક નાશ પામતો નથી પણ પહેલા ત્રણ લોકના બળવાથી એ ત્રીજો લોક કોઈથી ત્યાં વસાય નહિ એવી સ્થિતિમા આવે છે

સત્યવક્તા [સં. સત્ય + વક્તૃ (બોલનાર)] વિ. સત્ય પરાયણ, સાચા બોલું; સત્ય બોલનારું.

સત્યવતી ૧ સ્ત્રી. (પુરાણ) અગસ્ત્ય ઋષિની સ્ત્રી લોપામુદ્રાનું બીજું નામ
૨. સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષીય એક નદી
૩. સ્ત્રી. (પુરાણ) ગાધીરાજપુત્રી; ઋચિક ઋષિની પત્ની, વિશ્વામિત્રની બહેન અને જમદગ્નિની માતા.


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)

સત્યરાધન [સં.] ન હકીકત સાંકળી લઈ જે સત્ય હોય તે કહેવું તે; ન્યાય; ઇન્સાફ; અપક્ષપાત; ઇનતરફદારી; ' ફેર્ડ ટ્રાયન્ડિગ '.

સત્યવ્રત ૧ પું. એ નામના એક ઋષિ

૨ પું. એ નામનો અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા

૩. પું (પુરાણ) સૂર્યવંશી નરિષ્યંત કુળના વીતિહોત્ર રાજાનો પુત્ર. એની પુત્ર તે ઉરુક્રયા રાજા

૪. પું. સોમવંશી ઉપરિચર વસુના પુત્ર પ્રત્યગ્રનું બીજું નામ

સત્યસહા પું. (પુરાણ) ૬ઠ્ઠ સાવર્ણિ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારના પિતા

સત્યસંકલ્પ [સં.] વિ જેના બધા સંકલ્પો સત્ય છે તેવું; જેનો સંકલ્પ તરત સિદ્ધ થાય છે તેવું. મુંડકોપનિષદમાં કહ્યું છે કે, આત્મદર્શી પુરુષ સત્યસંકલ્પ છોડીને તેનો સંકલ્પ કદી મિથ્યા થતો નથી તેવા પુરુષના અમોઘ સંકલ્પને લઈને જગત માત્રનું ઐશ્વર્ય જે તે પ્રાપ્ત કરવા ચાહે તો સંકલ્પમાત્રે તે પ્રાપ્ત કરી શકે છે. આ સત્યસંકલ્પ પુરુષને તો ઐશ્વર્ય કરતાં સત્ય સત્ય છોડીને બહુ વહાલું લાગે છે. આથી તેને તો તેના તે ઐશ્વર્યથી આત્મલાભ નથી પ્રાપ્ત કરવાનો, પણ તેવા પુરુષની જે કોઈ મનસા, વાચા અને કર્મણા સેવે પણ સેવા કરે તો તે સેવા પણ સેવકની મનકામના પૂર્ણ કરે છે.

સત્યસંકલ્પી વિ. પાકેલો વિચાર પાર પાડનાર

સત્યસંધ ૧. [સં] પું. જન્મેજય રાજા

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એક પુત્ર. એનું બીજું નામ સત્યવ્રત હતું.

૩. પું. યુધિષ્ઠિર રાજા.

૪. પું રામચંદ્ર

૫. પું. રામચંદ્રના નાના ભાઈ ભરત

૬. પું. વિષ્ણુનાં કલ્પાંત ભાઈનું એક નામ. સત્ય પ્રતિજ્ઞાવાળા, સત્યને સંભરનારા, અસત્યનો ત્યાગ કરનારા, સત્ય પ્રતિજ્ઞાવાળા અને દૃઢ સંકલ્પ રૂપ હોવાથી વિષ્ણુ સત્યસંધ કહેવાય છે

૭. [સ. સત્ય + સંધા (પ્રતિજ્ઞા)] વિ. સત્ય પ્રતિજ્ઞાવાળું; પોતાની પ્રતિજ્ઞા પાળનારું; જેની પ્રતિજ્ઞા સાચી છે એવું

> સત્યસંધ જિતક્રોધ લોકપ્રિય વિ ાત્સર
> તેજવર મુજ સેનામા, તું ન કે ક્રમન કુવર.
>
> પ્રતિજ્ઞા નાટક

૮. વિ. સાચી પ્રતિજ્ઞા કરનાર; પોતાના વચનમાં અડગ; વચન પાળનાર

સત્યસંધા ૧. સ્ત્રી. દ્રૌપદી.

૨. [સં.] સ્ત્રી. સત્ય જેવી પ્રતિજ્ઞા

સત્યસાધના [સં.] સ્ત્રી. સત્યની ઉપાસના. ગાંધીજીએ પોતાની આત્મકથામાં કહ્યું છે કે : મારા અનુભવમાં મેં અનેકવાર જોયું છે કે, આપણે ધર્મશ્રીજી કર્મ ને બાજુ કર્મ બીજું જ. પણ મેં સાથે સાથે એ પણ અનુભવ્યું છે કે, જ્યાં સત્યની જ સાધના ને ઉપાસના છે ત્યાં આપણી ધારણાઓ પ્રમાણે ભારે પરિણામ ન આવે તો પણ અણધારેલું આવે તે પરિણામ અકુશલ નથી હોતું અને કેટલીક વેળા ધાર્યું કરતાં વધારે સારું હોય છે

સત્યસારંગ ન. કાળીપરથી લોકો એક બીજાને મળતાં જે સંબોધન કરે છે તે શબ્દ

સત્યસેન ૧. પું અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એ નામનો એક ક્ષત્રિય.

૨. પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરમાં થઈ ગયેલ વિષ્ણુનો અવતાર

> સત્યસેન પ્રગટયા વિષ્ણુ ઘર
> કર્યું સત્ય અંબર. ઇયારામ

૩. પું. નકુળે મારેલો કર્ણનો એક પુત્ર

૪. પું. પુરુષોત્તમનાં ઇયારા ભાઈનું એક નામ.

સત્યસેના સ્ત્રી. (પુરાણ) એ નામની ગાંધારીની બહેન અને ધૃતરાષ્ટ્રની સ્ત્રી

સત્યસ્વરૂપ ૧. [સં.] પું પરમેશ્વર; પરમાત્મા, ભગવાન.

૨. વિ. જેનું સ્વરૂપ જ સત્ય છે એવું.

સત્યહિત પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના ઉપરિચર વસુના પૌત્ર અને બૃહદ્રથ રાજાના પુત્ર. કુશામ્બના ત્રણેય નામના પુત્રનો પુત્ર. તેને પુષ્પવાન નામે પુત્ર હતો.

સત્યંકાર ૧. [સં.] પું. અમુક વસ્તુ મારે ખરીદવી જ છે એમ દર્શાવવાને માટે આપવામાં આવતું પ્રથમ બયાનું

૨ ન. (જૈન) સાટું; કબૂલાત; કરાર

સત્યંભરા [સં.] સ્ત્રી. પ્લક્ષ દ્વીપની એ નામની નદી

> અનઘા, નૃમણા, આંગિરસી, સાવિત્રી, સપ્રજાતા, ઋતંભરા અને સત્યંભરા એ પ્લક્ષદ્વીપની સાત નદીઓ છે. ભાગવતી આખ્યાન

સત્યા ૧ સ્ત્રી. અયોધ્યા નગરીનો એકવીસમો રાજા

૨ સ્ત્રી. (પુરાણ) ત્રણભદેવ વસાના વીરવત રાજાના બે ભાઈના મોટા પુત્ર મધુ રાજાની સ્ત્રી અને લોવન રાજાની માતા

૩. સ્ત્રી. કૃષ્ણની આઠ ભાઈની એક પટરાણી, સત્યભામા.

૪ સ્ત્રી ગાયત્રીની ચોવીસ માંહેની એક શક્તિ.

૫. સ્ત્રી. દુર્ગા, સીતા, દ્રૌપદી, સત્યભામા, સત્યવતી વગેરે ભાઈની એક દેવી.

૬. સ્ત્રી. નગ્નજિત રાજાની પુત્રી નાગ્નજિતીનું બીજું નામ. એને કૃષ્ણ પરણ્યા હતા.

૭. સ્ત્રી. શત્રુ નામના ઋષિની સ્ત્રી

૮ સ્ત્રી સત્યતા, સાચા હતુ તે

૯. સ્ત્રી સોમવંશી પુરુકુળના ઉપરિચર રાજાના મોટા પુત્ર બૃહદ્રથની બે ભાઈની એક સ્ત્રી. તેને બે ફાડિયાં રૂપે જરાસંધ નામે પુત્ર થયો હતો

સત્યાગ્નિ પું અગત્સ્ય મુનિ

સત્યાગ્રહ ૧. [સં સત્ય + આગ્રહ] પું કાયદાનો સવિનય ભંગ; સત્યાગ્રહ અર્થે કરેલો સવિનય કાનૂનભંગ. વિનોબાજી લખે છે કે, સત્યાગ્રહ એટલે કેવળ કાનૂનભંગ નહિ; પોતાના જીવનમાં હરકોઈ માણસ સત્યનો જ આગ્રહ રાખે એનું નામ સત્યાગ્રહ. સત્યનો આગ્રહ રાખવા અહિંસા અનિવાર્ય બની જાય છે. ગાંધીજીએ એ હેતુથી અહિંસાની વાતને સત્યાગ્રહ સાથે જોડી દીધી છે. સત્યાગ્રહ અને અહિંસાનો પ્રયોગ સૌથી પ્રથમ એમણે દક્ષિણ આફ્રિકામાં કર્યો ત્યાં સફળ થયા પછી જ એ નૂતન સાધન એમણે હિંદુસ્તાનમાં વાપર્યું

૨. પું. સત્યપાલનનો આગ્રહ; સાત્ત્વિક પ્રતિયોગ; રચનાત્મક પ્રતિકાર; શાંત અવરોધ; સત્ય આગ્રહ રાખી હરકોઈ બાબત સંબંધે હઠ પકડવી તે; સત્યને સવિનય વળગી રહેવું તે. ગાંધીજીએ કહ્યું છે કે, જે સત્ય હોય તે કરવું તેનું જ નામ સત્યાગ્રહ છે. તેની સીમા કોઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધમાં સમાઈ નથી જતી. સંસારીને સારુ પણ એ જ અમૂલ્ય શસ્ત્ર છે. સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાના જીવનમાં સત્ય અને અહિંસાનો પ્રવેશ કરાવવાનો પ્રયત્ન છે કે જે તો પ્રજાની સામાજિક, આર્થિક અને રાજ્યપ્રકરણીય ઉન્નતિ જેટલે દરજ્જે સત્યાગ્રહમાં જોઈએ તેવું કશું જ તેટલે દરજ્જે બીજા કશામાં જોઈએ શકતો નથી સત્યાગ્રહ એ શાશ્વત સિદ્ધાંત છે. તેનો પ્રયોગ આપણા નવા ક્ષેત્રમાં કરી રહ્યા છીએ. આજ સુધી તેનો પ્રયોગ વ્યક્તિગત અને કુટુંબ પરત્વે થયો છે તેની સીમા આપણે વધારી છે અને વ્યક્તિમાંથી સમુદાય ઉપર આપણે ગયા છીએ; સત્યાગ્રહનો અર્થ આથી અંતર્દેશન પણ કરી શકાય. આ શબ્દના નામાભિધાન સબંધે ગાંધીજી કહે છે કે, સત્યાગ્રહ શબ્દ અમુક પ્રવૃત્તિને સમજવાને માટે દક્ષિણ આફ્રિકામાં નવો યોજવામાં આવ્યો હતો કોમના ઇરાદા અવ્યક્ત

હિલચાલને શું નામ આપી શકાય એ અમે કોઈ જાણતા ન હતા. એ વખતે મેં એ હિલચાલને 'પેસીવ રિઝીસ્ટન્સ' ના નામથી ઓળખાવી. હાલત જેમ આગળ વધતી ગઈ તેમ 'પેસીવ રિઝીસ્ટન્સ' નામથી ચૂકવાડો થતો ગયો અને આ મહાન યુદ્ધને અંગ્રેજી નામે જ ઓળખાવવું એ અને શરમ ભરેલ હતું. વળી ફોમની જીભે એ શબ્દો ચડી પણ ન શકે એવા હતા તેથી 'ઇંડિયન ઓપીનિઅન'મા સારામાં સારો શબ્દ શોધી કાઢે તેને સારુ એક નાનુ સરખુ ઇનામ જાહેર કર્યું. તેમા કેટલાંક નામો આવ્યાં આ વખતે હાલનુ રહસ્ય 'ઇંડિયન ઓપીનીઅન'માં સારી રીતે ચર્ચાઈ ગયુ હતું. તેથી હરીફોની પાસે શોધ કરવાને સારુ પ્રમાણમા પૂરતો સામાન હતો એમ કહી શકાય. મગનલાલ ગાંધીએ પણ હરીફાઈમાં ભાગ લીધો. તેમણે સદાગ્રહ નામ મોકલ્યું એ શબ્દ પસંદ કરવાનું કારણ જણાવતાં તેમણે લખ્યું કે ફોમની હિલચાલ એ એક જાતે આગ્રહ છે અને આ આગ્રહ સત્ય એટલે શુદ્ધ છે તેથી તેમણે એ નામ પસંદ કર્યું છે. મને એ નામ પસંદ પડ્યું છતાં હું જે વસ્તુ સમાવવા ઇચ્છતો હતો એનો સમાવેશ તેમાં ન હતો તેથી મેં દ નો ત્ કરી તેમાં ય જોડીને સત્યાગ્રહ નામ બનાવ્યું. સત્યની અંદર શાંતિનો સમાવેશ આવી કેમ્પિણ વસ્તુનો આગ્રહ કરતાં તેમાંથી બળ ઉત્પન્ન થાય છે તેથી આગ્રહમાં બળનો પણ સમાવેશ કરી હિંદી હિલચાલને સત્યાગ્રહ એટલે સત્ય અને શાંતિથી નીપજતા બળનું નામ આપી ઓળખાવવાનું શરૂ કર્યું અને ત્યારથી 'પેસીવ રિઝીસ્ટન્સ' શબ્દનો ઉપયોગ આ હાલતને અંગે બંધ કર્યો તે એટલે સુધી કે અંગ્રેજી લખાણોમાં પણ ઘણી વખતે 'પેસીવ રિઝીસ્ટન્સ'નો ઉપયોગ તજી સત્યાગ્રહ શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

તપશ્ચર્યાથી કાંઈ તે અસ્પૃશ્યતા દૂરાગ્રહ,
આગ્રહ સત્યનો છે એ સત્યાગ્રહ સનાતન.
ગાંધીગીતા

ઉ. પું. સત્યાગ્રહ દ્વારા લડાતું અહિંસક યુદ્ધ.

સત્યાગ્રહ છાવણી સ્ત્રી. સત્યાગ્રહીઓની છાવણી; સત્યાગ્રહના સૈનિકોની છાવણી.

સત્યાગ્રહ દિન પું. છઠ્ઠી માર્ચનો દિવસ.

સત્યાગ્રહ ધ્વજ [સં.] પુ સત્યાગ્રહનો ધ્વજ.

આ પછી બરાબર છ વર્ષે ૧૨ મી ફેબ્રુઆરિ ૧૯૨૮ ને દિવસે બારડોલીમા જ વલ્લભભાઈએ સત્યાગ્રહ ધ્વજ રોપ્યો.
વીર વલ્લભભાઈ

સત્યાગ્રહ સેના [સં] સ્ત્રી પોતે જેને સાચુ અને ન્યાય માનતા હોય તેને અમલમાં મૂકવું, અસત્યની સામે લડવું અને તેમ કરતાં જે સહન કરવુ પડે તે ખરા સૈનિકોની માફક સહન કરે તે સૈનિકો.

સત્યાગ્રહાશ્રમ [સં.] પું. અમદાવાદમાં ગાંધીજીએ સ્થાપેલો આશ્રમ. ગાંધીજી આત્મકથામાં લખે છે કે, સત્યાગ્રહાશ્રમની સ્થાપના ૧૯૧૫ ના મે ની ૨૫ મીએ થઈ. શ્રદ્ધાનંદજીની માગણી એવી હતી કે, મારે હરદ્વારમાં વસવું કલકત્તાના કેટલાક મિત્રોની સલાહ વૈદ્યનાથધામમાં વસવાની હતી. કેટલાક મિત્રોનો આગ્રહ રાજકોટમાં વસવાનો હતો. પણ જ્યારે હું અમદાવાદથી પ્રચાર થયો ત્યારે બધા મિત્રોએ અમદાવાદ પસંદ કરવા કહ્યું અને આશ્રમનુ ખર્ચ તેમણે જ ઉપાડી લેવા બીડું ઝડપ્યું. મકાન શોધી દેવાનું પણ તેમણે જ કબૂલ કર્યું. અમદાવાદ ઉપર મારી નજર ઠરી હતી. હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો. અમદાવાદ પૂર્વે દ્વાવસ્થાટનુ મથક હોવાથી રેલિયાનું કામ અહીં જ વધારે સારી રીતે થઈ શકે એમ પણ માનતા હતી. ગુજરાતનું પાટનગર હોવાથી અહીંના ધનાઢય લોકો પાસેથી વધારે મદદ કઈ શકશે એ પણ આશા હતી. આશ્રમનું નામ શું રાખવું એ પ્રશ્ન તુરત ઊઠ્યો. મિત્રોની સાથે મસલત કરી કેટલાંક નામો આપ્યાં. સેવાશ્રમ, તપોવન વગેરે સૂચવાયાં હતાં. સેવાશ્રમ નામ ગમતું હતું, પણ તેમાં સેવાની રીતની ઓળખ નહોતી થતી. તપોવન નામ પસંદ ન જ કરાય, કેમકે, જો કે તપશ્ચર્યા પ્રિય હતી છતાં એ નામ ખરે પડતું લાગ્યું. અમારે તો સત્યની પૂજા, સત્યની શોધ કરવી હતી, તેનો જ આગ્રહ રાખવો હતો અને દક્ષિણ આફ્રિકામાં જે પદ્ધતિનો મેં ઉપયોગ કર્યો હતો તેની ઓળખ હિંદુસ્તાનમા કરાવવી હતી અને તેની શક્તિ કયાં સુધી વ્યાપક થઈ શકે, તે જોવું હતું. તેથી મેં અને મારીઓએ સત્યાગ્રહાશ્રમ નામ પસંદ કર્યું. તેમાં સેવાનો અને સેવાની પદ્ધતિનો ભાવ સહેજે આવી જતો હતો.

સત્યાગ્રહી ૧. પું સત્યાગ્રહ કરનાર માણસ. ગાંધીજી લખે છે કે: મરવાનું તો સૌને છે. માણસ વીજળી પડવાથી મરે યા હૃદય બંધ પડવાથી કે શ્વાસ બંધ પડવાથી મરે. પણ સત્યાગ્રહી એવુ મરણ ન ઇચ્છે; ન તો એવુ મરણ ઈશ્વર પાસે માગે કે પોતાની ફરજ બજાવતાં હસતે મોઢે મરણને ભેટવુ એમાં સત્યાગ્રહની મરવાની કળા છે મને આશા છે કે હિંદુસ્તાનમાં જોઈએ એટલા એવા સત્યાગ્રહી હતી, જેને વિષે ખાસ લખાશે: 'એણે ક્રોધ કર્યા વિના અને અણુષ હથિયારને માટે પણ પ્રાર્થના કરતાં કરતાં બંદુકની ગોળીઓ ખાધી.'

૨. વિ સત્યાગ્રહ કરનારું.

૩. વિ. સત્યાગ્રહને અંગેનુ

૪. વિ આગ્રહી વાતને આગ્રહપૂર્વક વળગી રહેનાર.

સત્યાચરણ [સં.] ન. સત્યનું આચરણ. ગાંધીજી લખે છે કે: સત્ય વિના નિર્દોષતા સભવે જ નહિ. એટલે સત્યનું આચરણ એ જ આપણી મુક્તિનું દ્વાર છે.

સત્યાચરણી વિ સત્ય આચરણ કરનાર.

સત્યાચરણી તેનાને સાક્ષાત્કાર પ્રશ્ન તણો,
તેને જ મોક્ષ આ દેહે ઓળખે પરમેશને.
ગાંધીગીતા

સત્યાનંદનાથ પાસર [સં.] પું. તંત્રશાસ્ત્રના પંચાંગમાં વપરાતા નવ મહેનો એ નામનો એક દિવસ.

સત્યાનાશ [સં. સત્તા (અસ્તિત્વ) + નાશ (પાયમાલી)] ન. ધન, માલ, અને કુટુંબ વગેરેની સાથ પાયમાલી થઈ જવી તે; ખેદાન મેદાન થઈ જવુ તે; સર્વનાશ થઈ જવો તે; નખ્ખોદ; નિકંદન; ખેદાન મેદાન.

૧. સત્યાનાશ કાઢવું વાળવું = નખ્ખોદ વાળવુ.

૨. સત્યાનાશ જવુ-વાળવું = પાયમાલી થવી; નખ્ખોદ જવુ.

૩ સત્યાનાશ નીકળવું = સમૂળગો નાશ થવો; નિકંદન નીકળવું.

૪. સત્યાનાશની પોટી = તળિયા ઝાટક કે પૂરી પાયમાલી

સત્યાનાશી ૧ સ્ત્રી. પાયમાલી; ખરાબી.

૨. સ્ત્રી પીળો ધતૂરો; દારૂડી; સ્વર્ણક્ષીરી; કટેરી. તે શિયાળામાં ઘણી થાય છે. તેનાં પાન ઊંટકટાના પાન જેવાં હોય છે. ફળ પીળા રંગનાં ગોળી ગોટી જેવા કાંટાવાળાં થાય છે. તેનો કોઈપણ ભાગ તોડતા અંદરથી પીળો રસ નીકળે છે

સત્યાનુરક્ત [સં સત્ય + અનુરક્ત (પરાયણ)] વિ. સત્યપરાયણ; સાચાબોલું; સત્ય ઉપર પ્રેમ રાખનારું.

સત્યાનુરાગ [સ.] પું સાચા ઉપરની પ્રીતિ; સાચા ઉપરનો પ્રેમ

સત્યાનૃત ૧ ન. વેપાર; વણિક્‌વૃત્તિ; વાણિજ્યવૃત્તિ.

૨ [સ સત્ય (ખરું) + અનૃત (ખોટું)] ન. સત્ય અસત્ય; સાચ અને જૂઠ.

૩ વિ. સાચું અને જૂઠું; સત્યાસત્ય; અડધોઊંટું

સત્યાનૃતવિવેક [સં] પું. એ નામનો શાસ્ત્રપ્રસિદ્ધ એક વિવેક.

સત્યાન્વેષણ ન. સત્યની શોધ

સત્યાન્વેષી [સં સત્ય + અન્વેષિન્] વિ. સત્યને શોધનાર; સત્યની પાછળ જીવન ગાળનાર; સત્યને ઢૂંઢનાર.

સત્યાપન [સં.] ન. પ્રતીતિ; નિર્ણય; ખરાપણાની ખાતરી કરવી તે

સત્યાભાસ ૧. [સં.] પું. ખરી લાગતી ખોટી તકરાર.

૨. પું. ખરેખરું સત્ય નહિ પણ ફક્ત સત્યનો આભાસ.

સત્યાભાસી [સ.] વિ સત્યના માત્ર આભાસવાળું

સત્યાયુ પું. (પુરાણ) સોમવંશી પુરુરવાના ઉર્વશીથી થયેલ છમાંથી ત્રીજા પુત્રનું નામ એના પુત્રનું નામ શ્રુતજય

સત્યાર્થ ૧. [સં. સત્ય + અર્થ] પું. ઇતિહાસ.

૨. પું. ખરો અર્થ.

૩. પું. સત્યવાણી કે સાચી બીના; ખરી હકીકત.

સત્યાર્થ પ્રકાશ [સં.] પું. સ્વામી દયાનંદકૃત આર્ય સમાજનો મૂળ ગ્રંથ. તેમાં વેદોનાં સૂક્તોનાં અર્થ પોતાની વિશિષ્ટ રીતે કરેલ છે

સત્યાર્થી [સં. સત્ય + અર્થિન્] વિ. સાચી વસ્તુની શોધ કરનાર.

સત્યાશિયું વિ. સત્યાશીની સાથને લગતું; જેના અંતમાં સત્યાશીનો આંકડો હોય તે સાથનું; સત્યાસિયું

સાસરે સત્યાશિયું ને પિયર અઠ્યાશિયું = રોજમાંથી ચૂલમાં. સાસરામાં સત્યાશિયાના દુકાળ જેવી સ્થિતિ તો પિયરમાં અઠ્યાશિયાના દુકાળ જેવી સ્થિતિ; એટલે બંને તરફ જ્યાં જુઓ ત્યાં સારખા જ દુઃખના દિવસો છે આ ઉપરથી જ્યાં જ્યાં બંને તરફથી પ્રતિકૂળ પરિસ્થિતિ હોય ત્યાં આ લોકોક્તિ વાપરવામાં આવે છે.

સત્યાશી [સં. સપ્તાશીતિ, પ્રા. સત્તાસીઈ] વિ. એંશીને સાત; એંસી વત્તા સાત; ૮૭; નેવુંમાં ત્રણ ઓછા

સત્યાગ્રયી વિ. સત્યાગ્રહી

સત્યાષાઢ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨ ન અઢાર મુખ્ય ગ્રહોનું એક મૂલસૂત્ર.

સત્યાસત્ય જુઓ સત્યાનૃત.

સત્યાસિયું જુઓ સત્યાશિયું

સત્યાસી જુઓ સત્યાશી.

સત્યાંગ [સં.] પું. પ્લક્ષદ્વીપના એ નામના લોકો.

એ પ્લક્ષદ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામના ચાર વર્ણો છે, એઓનું આયુષ્ય ૧,૦૦૦ વર્ષનું છે અને ૨૪ દેવતાઓના ભક્ત છે. ભાગવતી ભાગવત

સત્યાંશ [સં. સત્ય + અંશ (ભાગ)] પું. સત્યનો ભાગ; સાચનો અંશ; સત્યનો અંશ, થોડું ઘણું સત્ય

સત્યાયુગ જુઓ સત્યયુગ.

સત્યેષુ ૧ પું (પુરાણ) દુર્યોધન પક્ષના પાંચ સત્રમહ ત્રિગર્ત માંહેનો એક રાજપુત્ર. એને અર્જુને માર્યો હતો.

૨ પું. (પુરાણ) સોમવંશના પુરુકુળના રૌદ્રાશ્વ રાજાના દશ માંહેનો આઠમો પુત્ર. એની માનું નામ મિશ્રકેશી હતું.

સત્યોપચાર [સ.] પું. સાચો ઉપાય.

સત્સંગનું આવશ્યક અંગ છે, વહિ ભજવાનો સત્યોપચાર. દયારામ

સત્યોપદેશ [સં.] પું. સત્યનો ઉપદેશ.

સત્ર ૧. પું. કૃષ્ણનો સસરો એક રાજા.

૨. પું વિષ્ણુનાં દશાર માંહેનું એક નામ.

૩. ન. અયન યાગ; એક વર્ષે પૂરો થતો યજ્ઞ

૪ ન આચ્છાદન.

૫ ન. ઉપાય.

હજી પાછી આવી બનશે કૂવી નહિ કે સત્ર. પ્રેમાનંદ

૬. ન. છળ; કપટ

૭. ન. દેવની સ્તુતિ ગાવી તે

૮. ન ધન

૯ ન ખેડક

૧૦. ન. યજ્ઞ, યાગ

૧૧. ન. યજ્ઞ શરૂ થઈ પૂરો થાય ત્યાં સુધીનો ૧૩થી ૧૦૦ દિવસનો સમય. શ્રૌતયજ્ઞોમાં બારથી વધારે દિવસના યજ્ઞોને સત્ર કહે છે

૧૨ ન. જાણી રમતો વચ્ચેનો શાળાનો અભ્યાસનો સમય કે ગાળો; 'ટર્મ'

૧૩ ન. વન.

૧૪. ન. સદાવ્રત

૧૫ ન. સરોવર

૧૬. ન માલ; વર્ણ.

૧૭. ન. સ્થાન

સત્રકર્મ [સ.] ન અગિયારના વખતમાં હિંદુઓ તરફથી થતી એક ધાર્મિક ક્રિયા. આ ક્રિયા એક હજાર દિવસ એટલે કે લગભગ ત્રણ વર્ષ ચાલતી અને તે અરસા દરમ્યાન તે ક્રિયા કરનાર મરણ પામે તો પણ તે ક્રિયા અટકતી નહિ પણ તેના મૃત શરીર વડે ક્રિયા કરાવવી ચાલુ રહેતી. ક્રિયા અસ્ત થતાં સુધી તેનું મૃત શરીર બળીને રાખમાં આવતું હતું

સત્રપ [સ. ક્ષત્ર (રાજ્ય) + પા (પાળનાર)] પું મોટા રાજ્યના એકાદા પ્રદેશનો સૂબો; હાકેમ

સત્રશાળા ૧ સ્ત્રી અન્નક્ષેત્ર; ગરીબ, યાત્રી વગેરેને અન્નદાન દેવાનું સ્થળ; અનાજ પૂરું પાડવાનું સદાવ્રતનું ધામ.

૨. સ્ત્રી. વસ્ત્રશાળા

સત્રહન પું. (કાવ્ય) એ નામનો એક અનાર્ય.

સત્રાજિત [સં] પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના અનમિત્ર રાજાના નિઘ્ન નામના પુત્રના ભેજનો મોટો પુત્ર; નિઘ્નનો પુત્ર. તેને સૂર્ય પાસેથી સ્યમંતક મણિ મળ્યો હતો. તે તેનાથી ખોવાયો. કૃષ્ણે તેને પાછો લાવી આપ્યો. તેના બદલામાં તેણે પોતાની દીકરી સત્યભામા કૃષ્ણને પરણાવી હતી, પરંતુ શતધન્વા કે જેને સત્યભામા પરણવાની હતી તે ગુસ્સે થયો અને સત્રાજિતને મારી નાખ્યો અને મણિ ઉપાડી ગયો. પાછળથી કૃષ્ણે તેનો વધ કર્યો.

સત્રાધીશ [સં] પું. ન્યાયાધીશ.

સત્રાયણ ૧ પું. (પુરાણ) ભૂતભાવન

૨. [સ.] ન. યજ્ઞનું સત્ર; યજ્ઞ યજમાન વડે અનુષ્ઠાન કરવામાં આવનારું એક પ્રકારનું વૈદિક કર્મ. અનેક યજમાનો મળી સત્ર વસ્તુનું પૂરું કરવા યજ્ઞ કરે છે તે યજ્ઞનું નામ સત્રાયણ કહેવાય છે

સત્રાંત ૧. [સં.] પું. સત્રનો છેડો; સત્રનો અંત

૨ વિ. સત્રને અંતે આવતું કે બનતું

સત્રાંત પરીક્ષા [સ.] સ્ત્રી. સત્રને અંતે આવતી પરીક્ષા

સત્રી ૧. [સ.] વિ. ગૃહપતિ; ગૃહસ્થ.

૨. પું બ્રહ્મસ

સદકાં

૩ વિ સહાધ્યાયી, સાથે કામ કરનાર
અંગરિયા, જન્મવિદ્યા, બ્રહ્મક, બ્રાહ્મણમર્યે, નિમિત્ત અંતત્યહના અભ્યાસ કરે તે તેમ જ જે સંસર્ગવિદ્યા જાણે તે સત્રીઓ. પુરાવસ્ત

સત્વર ૧ [સ.] વિ ઉતાવળુ, ત્વરાયુક્ત
૨. અ ઝટ; શીઘ્ર; જલદી; તરત; ત્વરાથી.
આણુ વરસ સહસા ઝટિત ત્વરિત તુર્ણ દ્રુત હોય, સત્વર શીઘ્ર ન ક્ષિપ્ર લઘુ ત્વર રસ વહંસ સોમ. દિગ્વિજયકોષ

સત્વરતા [સં.] સ્ત્રી ઉતાવળ; ત્વરા; ઝડપ

સત્શાસ્ત્ર [સ.] ન. સારું શાસ્ત્ર
ધર્મશાસ્ત્રો મહીંથી તો સ્મૃતિ જે યાજ્ઞવલ્કયની, એહ આદે ય સત્શાસ્ત્રો અમારે ઇષ્ટ છે સદા. હિંમતપરી

સત્સમાગમ [સં.] પું સત્સંગ; સારી સંગતિ; સારો સમાગમ; સત્સંગતિ; સાધુ માણસનો મેળાપ; સાધુસંત કે સજ્જનનો સમાગમ.

સત્સંગ ૧. [સં સત્ (સારું) + સંગ (સોબત)] પું સત્ વસ્તુ જેવી કે, બ્રહ્મ, પરબ્રહ્મ આદિનો સંગ કે સંબંધ. આત્મા, પરમાત્મા, સત્પુરુષ અને સત્શાસ્ત્ર એ ચારેનો સંગ તે સત્સંગ. સ્વામિનારાયણનો સંપ્રદાય આને જ સત્સંગ કહે છે.
૨. પું સારા કે સાધુ માણસની સોબત; સુજનની મૈત્રીનો સંબંધ; સંત કે સજ્જનની સોબત.
સંત પુરુષોનો જે નિષ્કામભાવે સત્સંગ કરે છે તે પણ જન્મમરણની ઘટમાળમાંથી મુક્ત થાય છે. મુંડકોપનિષદ

સત્સંગત ૧. સ્ત્રી. સાધુ પુરુષનો સમાગમ.
૨. સ્ત્રી. સારી સંગત

સત્સંગતિ જુઓ સત્સંગત

સત્સંગભૂષણ પું. એ નામનો સ્વામિનારાયણ સંપ્રદાયનો એક પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ. તેના રચનાર બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી હતા

સત્સંગ શિરોમણી પું. એ નામનો સ્વામિનારાયણ સંપ્રદાય પ્રસિદ્ધ છંદ છપ્પયવાળો ઉપદેશાત્મક ગ્રંથ તેના રચનાર મુક્તાનંદ સ્વામી હતા.

સત્સંગી ૧. પું આત્મા, પરમાત્મા, સાધુ અને સત્શાસ્ત્રના સમાગમ કરનાર સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી. સ્વામિનારાયણ સંપ્રદાય પોતાના ગૃહસ્થ અનુયાયીઓને રૂઢિથી સત્સંગી કહે છે
૨ પું એ નામનો એક પંથ
૩. પું સત્સંગ કરનાર માણસ
૪. વિ સત્પુરુષનો સંગ કરનાર; સત્સંગ કરનાર.

સત્સંગીજીવન પું. એ નામનો સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રધાનત્મક સંસ્કૃત ગ્રંથ તે ગ્રંથના પાંચ પ્રકરણ છે તથા ૧૭૨૯ શ્લોક છે તેના રચનાર સદાનંદ નામના મુનિ છે તે ધર્મશાસ્ત્રના ગ્રંથકાર છે

સત્સિદ્ધાંત [સં.] પું સત્યનિયમ; સત્યવાત; ધર્મકર્મને માટે સાચો સિદ્ધાંત
સમયનો નિયમ કરવામાં તેનું પાલન શક્ય કરી દેવામાં કોઈની બદી સહન કરવી નહિ, આ સત્સિદ્ધાંત છે. નવલરામ

સથરપથર જુઓ સથરવથર

સથરવથર વિ અવ્યવસ્થિત; ટાપટીપ રહિત; અસ્તવ્યસ્ત; વિખરાયેલું.
સથરવથર કરવું = અસ્તવ્યસ્ત કરવું

સથરાઈ ૧. ન. સરકસના ખેલમાં ચાલેલી ધાપાધાપી
૨. ન. વિખેરી નાખવું તે
૩ ન. સથરપથર પડેલું હોવું તે.

સથરારામણ સ્ત્રી. શાંતિ; મનની સ્થિરતા; મનની શાંતિ.
સથરારામણ વેરાવી–વેરાઈ જવી = ગભરામણ થવી; બીક કે એવા કોઈ કારણથી મન વ્યગ્ર થવું.

સથવું વિ. ચરવાળું; દડવા જેવું; પાણી પાણી ન થઈ ગયેલું; રોદા રોદાવાળું.
અતિ ઊજ્જાં સથવાં દહીં. કાન્હડદેપ્રબંધ

સથલ [સં. શિથિલ] વિ. શિથિલ; ઢાંગુંચૂંપુ; ઢીલું
એક રસ અનેકહર આવી અલ્યો, સથલ સબળે અંગ. વિશ્વનાથ જાની

સથવાર પું. સગાઈ.

સથવારા ૧. સ્ત્રી. કીમતી બાગાયતી ખેતી અને કડિયાનું કામ કરનાર એક જાતિ. તેઓ અસલ રજપૂત હોવાનું માને છે.
સથવારા મૂળ અમદાવાદના જ છે તે પછી બીજા વીસનગરના કડિયાના જેવા છે. મુંબઈ સર્વસંગ્રહ
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ એ નામની જાતનું

સથવારો ૧. પું. કડિયાની એક જાતનો આદમી: સથવારા જાતિનો પુરુષ.
૨ [સ. સાર્થવાહ] પું. સંગાથ; સમસોબત; સાથ
સથવારો આપવો સાથ લેવો = યોગ્ય માણસનો સહવાસ
૩. પું સાથ; કાફલો

સથા પું (જલાબુપદ) કમાણી જરા નીચે ધોરણે અંધ કરવા માટે ગધેડાંઓ ઉપર જોડેલ આખા વલાણના લાકડાંના પાટિ બની બે

સથિયા [સિં.] પું એ નામનો એક જાતનો છોડ. તેને ત્રીજો સામો કહે છે આ બે ઝાડ પાણી કે બેજવાળી જમીન ઉપર ચોમાસામાં ઘણા ઊગે છે.

સથી પું સાથી; સગાથી; સહાયક; મદદગાર

સથો પું તૂતક.

સથ્થ અ આથે

સદ ૧ અ ક્રિ. ક્ષય પામવું, નાશ થવું
૨. અ ક્રિ. ખેદ કરવો
૩. અ ક્રિ. નાઉમેદ થવું; નિરુત્સાહી થવું
૪. અ ક્રિ નીચે પડવું; સરકી જવું.
૫. અ ક્રિ. (ધાતુ) બેસવું. તે ઉપરથી થતા શબ્દોઃ સભાસદ, ઉપનિષદ, નિષાદ વગેરે
૬ અ ક્રિ. સ્થિર; વસવું, સ્થાયી થવું
૭. અ ક્રિ. શિથિલ થવું; ઢીલો જવું.

સદ ૧. પું. (પુરાણ) આદિત્યસ.
૨. પું ઋષિનું કુળ
૩. પું. (પુરાણ) સોમવંશીય પૂરુવંશના સો ભાઈઓનો એ નામનો એક પુત્ર.
૪. અ સદા; નકી
તેહને અર્થે સામળીઓ સદ. પ્રેમાનંદ

સદક [અ.] અ. ક્રિ. (ધાતુ) તે સાચો કરતો. આ ધાતુ ઉપરથી નીપજેલા શબ્દોઃ તસ્દીક (સાચાપણું), સાદિક (સત્યવાદી), સિદ્દીક (સાચો સત્યવાદી), સિદ્દીક (સત્ય)

સદકેઉલ્ફિત્ર પું. રમજાન ઈદ આત્મા અગાઉ પ્રત્યેક મુસલમાન ભાઈ બહેનોએ માથા દીઠ પાંચ પાંચ શેર ઘઉં કે તેટલી કીમતનું ધાન્ય કે રોકડ નાણું નિરાધારને ધર્મ આજ્ઞાનુસાર આપવું તે.

સદકા ૧ [અ] પું કુરબાની; ભોગ; બલિદાન
૨. પું દાન, સ્વેચ્છાથી કરેલું દાન
૩. પું. બક્ષિસ
૪ પું ક ક ભાર માલનું ગાળક થાય ત્યાં સુધી જે તેને દર્પણ બતાવવામાં આવે તો તેથી તેને ગાડા વગેરે થઈ આવે છે તે.
સદકા પડવા = દર્પણ બતાવવાથી ગાળકને ગાડા થવા.

સદકો પું. ભોગ
જે મરી પોતાની જનનો **સદકો** આપનો ચડશે
તો તે પણ હું આપીશ. નારાયણ વિસનજી

સદગરવું સ. ક્રિ. માનવું; ગણવું; ખત કરવું, સ્વીકારવું; કબૂલ કરવું.

સદું (સદ્) વિ. પ્રવાહી અને જડ઼ું કે ઘટ્ટ.

સદન ૧ ન. અંગ ઝાલિ એટલે શરીર નરમ થઈ જવું તે
૨. [સં.] ન. ઘર; ગૃહ; ધામ; રહેઠાણ; વાસ; ભુવન; મહેલ
સદન સઘળ આગાર ગૃહ એહ વેરમ સકેત,
શયન બિસ્તર પદ આરોપણ આલય નિલય નિકેત.
પિંગળશીપુત્ર,૫

૩. ન. જગા; પાટી.
૪. ન. દેવપૂજન સ્થાન; મંદિર.
૫. ન. સ્થાનમાં હોવું તે; સ્થિતિ

સદનો પું. એ નામનો એક પ્રભુભક્ત.
સદનાતણા દુઃખ કાપીયા, વળી કાપ્યાજ બધું રે,
હરિનામ નવ વિસારીયું, કરચહુંની પરવા નથી.
ગીતા માસિક

સદભાગણ વિ. સ્ત્રી. સદ્ભાગિની; સદ્ભાગ્યશાળી, સારાં નસીબવાળી
કમળી ખરી **સદભાગણ**,
આંગણમાં નિત રાસ ખરે છે.
કાન્ત:સિંધુ.

સદવ્યાસ ૧. [સં.] પું. સારું આચરણ
૨. પું. સારું શિક્ષણ; સારો અભ્યાસ.

સદમ [સં. સદ્મ] ન. ઘર; ધામ; ગૃહ; રહેઠાણ.
મુખ મહરિ ભુવન અરથી
તે ઘટ બ્રહ્મી **સદમની**.
નરસિંહ મહેતો

સદમા ૧. [અ. સદમ (તેણે પછાડ્યો)]
પું. અનર્થ
૨. પું. આઘાત
૩ પું કમનસીબી
૪ પું. દિલગીરી
૫. પું દુઃખ
૬ પું ફટકો, ઘા, તમાચો; ધક્કો
૭. પું દુઃખ
૮ પું મોત

સદય વિ. દયાળુ, કૃપાળુ, દયાયુક્ત; દયાવાળું.
૨ ન નરમાશથી.

સદર ૧. [અ. સદ્ર] પું. છાતી.
૨. પું ધર્મના વિષયોનો અમલદાર
૩ પું. પ્રમુખ, સભાપતિ
૪. ન. મોટી કચેરીવાળું કે હાકેમ રહેતો હોય તે સ્થળ
૫. ન. રાજધાનીનું શહેર.
૬. ન. સરકારી મથક
૭. વિ. કુલ. સઘળા કે પરવાનગી માટે વપરાય છે.
૮. વિ. ખાસ
કારીગરોને જે વસ્તુ ને સાધનોની જરૂર પડે તે
પૂરા પાડવાની મુનીમને **સદર** પરવાનગી આપી
દીધી હતી. મમપુરો
૯. વિ મુખ્ય; મોટું; પહું; ઉત્તમ; ઉચ્ચ; ઊંચા દરજ્જાનું, વરિષ્ઠ
૧૦. વિ. સદરહુ; ઉપર જણાવેલ

સદર અદાલત [અ. સદર (મુખ્ય) + અદાલત (ન્યાયાધીશી)] સ્ત્રી. મુખ્ય ન્યાયાધીશી; વડી અદાલત; વરિષ્ઠ અદાલત; 'હાઈ કોર્ટ'.

સદર અમીન [અ. સદ્ર અમીન (એક પદવી)] પું. ઊંચા દરજ્જાનો ઇન્સાફી અમલદાર; જડજથી ઊતરતો પણ રેવન્યુ અમલદાર; ન્યાયખાતાનો વડો અમલદાર

સદર ઉસ સદર [અ.] પું ધર્માદા ખાતાના ઉપરી અધિકારીની એક જગ્યા
સૈયદ અબ્દુલ્લાહને **સદર ઉસ સદર** એટલે
ધર્માદા ખાતાના ઉપરી અધિકારીની જગ્યાએ
બોડવામાં આવ્યા હતા. નામરિક

સદરખો પું. ઉપદેશ.

સદરદીન [અ. સદર (પ્રમુખ) + દીન (ધર્મ)] પું ધર્મના પ્રમુખ. આ લક્ષ્ય ઇસ્માઇલી ધર્મમાં માનવંતા પીર સૈયદ મહમદશાને મળેલા છે

સદર દીવાની અદાલત [અ. સદ્ર (મુખ્ય) + દીવાની + અદાલત (કચેરી)] સ્ત્રી. લેણદેણની ફરિયાદ ચાલે તે કચેરી કે અદાલત.

સદરનશીન પું. પ્રમુખ; સભાપતિ; અધ્યક્ષ.

સદર પરવાનગી [અ. સદર (મુખ્ય) + ફા પરવાના (રજા)] સ્ત્રી. જેમ ફાવે તેમ કરવાની પૂરી મુખત્યારી; મોટામાં મોટી છૂટ; સંપૂર્ણ છૂટ; કોઈ પણ જાતની આડ કે આંટી વગર જેમ ગમે તેમ વર્તવાની છૂટ

સદર પરવાનો ૧. [અ. સદર (મુખ્ય) + ફા. પરવાના (રજા)] પું. છાપરો; એક વસ્તુ મળ્યાનો પરવાનો
૨ પું. સદર પરવાનગી; ગમે તેમ કરવાની પૂરેપૂરી છૂટ.

સદર બજાર ૧. [અ સદર (મુખ્ય) + ફા. બાજાર] સ્ત્રી ; ન. મોટું બજાર; મુખ્ય બજાર
૨. ન. સરકારી કેમ્પનું બજાર.

સદરબદર અ સદતર; તદ્દન; સમૂળગું.

સદર બોર્ડ [અં] ન. મહેસૂલી પંચ; 'રેવન્યુ બોર્ડ'

સદર મુનશી [અ સદર (મુખ્ય) + ફા. મુનશી (શિક્ષક)] પું. મુખ્ય શિક્ષક; ઉર્દુ શાળાનો મુખ્ય શિક્ષક

સદરસ્ટેશન [અ. સદર (મુખ્ય) + અં. સ્ટેશન (મથક)] ન મુખ્ય મથક

સદરહુ [અ.] વિ. ઉપર અથવા આગળ જણાવવામાં આવેલું; ઉપરોક્ત; પૂર્વોક્ત; મજકૂર

સદરુદ્દીન પું. બોળા સોકોનો એક પીર જેણે ઈ. સ. ૧૪૬૦માં પોતાનું નામ સદરેહ યા સદરબદર રાખીને હિંદુશાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને દશાવતાર નામનું પુસ્તક રચ્યું.

સદરી [અ.] સ્ત્રી પહેરણ; કબજો

સદરેહ વ. પારસીએ પહેરવાનું પવિત્ર ઝભ્ભીસ. પારસીઓ સદરા ઉપર જે પહેરણ પહેરે છે તેને સદરેહ કે સુદરેહ કહે છે. સદરેહ શબ્દ ઝેદ ભાષાના એક શબ્દ ઉપરથી નીકળ્યો છે. જેનો અર્થ ઉપયોગી કપડું થાય છે. સુદરેહ શબ્દ પણ એવી જ રીતે નીકળેલો છે અને તેનો અર્થ ફાયદેમંદ રાહ થાય છે. કોઈ તેને અવસ્તા ભાષાના વસ્ત્ર ઉપરથી નીકળેલો માને છે, તો કોઈ તેને અરબી ભાષાના સત્રહ શબ્દ પરથી બનેલો માને છે કે જેનો અર્થ શરીરને ઢાંકનાર વસ્તુ થાય છે. તે જરથોસ્તી ધર્મની એક નિશાનીરૂપ ગણાય છે. પારસી બાળકને નવજોતની ક્રિયા કરતી વખતે પહેરાવવામાં આવે છે. આ પહેરણ ધોળા કેમ્બ્રિક કાપડનું બનેલું હોય છે, કેમકે ધોળો રંગ નિર્દોષતાનું ચિહ્ન છે વળી તે એક પડવાળું હોય છે. તે કાપડનાં બે ટુકડાનું બનાવવામાં આવતું નથી, પણ બે કટકાનું બનાવવામાં આવે છે તે બે કટકા બાજુએ જોડ્યા સીવેલા હોય છે. આથી એક કટકો આગળ અને એક કટકો પાછળ આવે છે. જે ભૂતકાળ અને ભવિષ્યકાળ સૂચવે છે અને તે વર્તમાન દ્વારા એક બાજુ સાથે જોડાયેલા છે. માથું નાખવા માટે તેમાં ચીરો હોય છે. અને સદરેહ ગોડણ સુધી નીચો હોય છે, સદરેહનો સૌથી અગત્યનો ભાગ ગિરેહ–બાંધ છે, જે ધર્મપ્રત્યે વફાદારી તથા ધર્મમાં વિશ્વાસ

સદામહ

સુધરે છે. ગિરેલ–આંધ પ્રમાણિકપણાની કોથળી અથવા થેલી તરીકે ઓળખાય છે. તે કોથળી કે થેલીના આકારની કોર છે અને ગળાથી જરા નીચે લટકતી રહે છે. તે એમ સુધરે છે કે, માણસે ઉદ્યમી થવાનું છે અને પોતાની થેલી માત્ર પૈસાથી નહિ પણ ન્યાયી કૃત્યોથી ભરવાની છે. સદરેહ લોકો હેઠે પહેરવાનું ફરમાન છે એટલે કે તેની નીચે કોઈ કપડું પહેરવામાં આવતું નથી. પારસી લોકો ફરજિયાત શરીર પર રાખે છે.

સદરો [અ. સદ્રહ (નાનું પહેરણ)] પું. ટૂંકો બાયનું ખૂલતું પહેરણ.

સદર્થ ૧. [સં. સદ્ (સારું) + અર્થ (હેતુ)] પુ. સાચો કે સારો હેતુ, અર્થ કે વસ્તુ

આત્માએ જાણીને સદર્થમાં જાગવું. ધમ્મપદ

૨. વિ. શુભ પ્રયોજનવાળું

૩. વિ. સારા અર્થવાળું; સારા ભાવવાળું

સદર્થ નિદર્શના પું (કાવ્ય) એક અર્થાલંકાર; જ્યાં ક્રિયાવડે સત્ અર્થનું બોધન થાય તે. જેમકે, સપત્નિનું દુઃખ બંધુજન ઉપર અનુગ્રહ કરવો એ છે એમ દર્શાવવાને સૂર્ય ઉદય પામતાં જ કમળને શોભા અર્પણ કરે છે એમાં સદર્થ નિદર્શના અલંકાર છે.

સદલી વિ. (જૂ. ગુ.) ભરાવદાર.

ઉન્નત પીન પયોધર કુંભ,
સદલી સાજણ મલી ખલ. વિમલપ્રબંધ

સદવું ૧. અ. ક્રિ. મટી જવું; જતું રહેવું; ઓછું થતું.

જર્જર દુઃખ દુઃશાસન રાજન સદ્યો. વલ્લાલ

૨. અ. ક્રિ. આકર્ષક આવવું; રુચવું; પચવું; અનુકૂળ આવવું.

સદર્ષિ ૧. પું (પુરાણ) એ નામે યમની સભાનો એક ક્ષત્રિય.

૨. [સં.] પું. સારો ઋષિ

સદસ [સં. સદસ્] સ્ત્રી સભા; સમિતિ.

સદસત [સં. સત્ + અસત્] વિ. સાચું ખોટું; સારુંનરસું; કર્તવ્યાકર્તવ્ય; નીતિ અનીતિનું.

સદસત્પરા [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એક માનસતત્ત્વદેવતા

સદસદ્ભાવ [સં. સત્ + અસત્ + ભાવ] પું સારાનરસાપણું

સદસદ્વિવેક [સં. સત્ + અસત્ + વિવેક (વિચાર)] પું. સારાનરસાનો ભેદ સમજવાની શક્તિ; સારાનરસાનો વિચાર; સત્યાસત્યનો વિવેક; સારાસાર બુદ્ધિ; ખરું ખોટું પારખવાની શક્તિ

સદસદ્વિવેકબુદ્ધિ [સં.] સ્ત્રી. સારાસાર બુદ્ધિ; ખરું ખોટું પારખી શકે તેવી બુદ્ધિ. અંગ્રેજીમાં તેને કોન્શિયન્સ કહે છે. બાલગંગાધર તિલક કહે છે કે કોઈ એક કૃત્યના સંબંધમાં કયા દેવતાની સ્મૃતિ અહોવત્તર માનવી એ બાબત આપણને સંશય પડે છે ત્યારે અધ્યાત્મવિચારની અથવા સુખદુઃખના તારતમ્યની ઝાંઝટમાં ન પડતાં આપણે આપણા મનોદેવતાની સ્મૃતિ થઈએ તો તે દેવતા બેમાંથી કયો માર્ગ શ્રેયસ્કર છે તેનો સપાટા સાથે નિર્ણય કરી આપે છે, અને તે માટે સર્વ દેવતાઓ કરતાં મનોદેવતા શ્રેષ્ઠ ગણાય છે. 'મનોદેવતા' એ શબ્દોમાં મનમાં ઊપજ થતાં ઇચ્છા, દ્વેષ, ક્રોધ, લોભ, વગેરે સર્વ વિકારોનો સમાવેશ ન કરતાં, માત્ર સારુ ખોટું સમજવાની જે ઈશ્વરદત્ત અથવા સ્વાભાવિક શક્તિ મનમાં રહેલી તે શક્તિ જ આ છે. અને તે શક્તિને જ સદ્સદ્વિવેક એવું મોટું નામ આપવામાં આવ્યું છે અને કોઈ મોટા પ્રસંગમાં મનુષ્ય જ્યારે સ્વસ્થ અંતઃકરણથી અને ઠરેલી ક્ષણભર વિચાર કરવા બેસે છે ત્યારે આ સદ્સદ્વિવેકબુદ્ધિ દેવતા તેને કદી નિરાશ કરતા નથી. ઉદાહરણ. આવે પ્રસંગે 'તું તારા મનને પૂછ' એવું જ આપણે પણ બીજાને કહીએ છીએ.

સદસદ્વિવેચક [સં. સત્ + અસત્ + વિવેચક] પું નીતિનો ઉપદેશક; નીતિ વિવેચક

સદસસ્પતિ પું બૃહસ્પતિ

બૃહસ્પતિને વેદમાં બ્રહ્મણસ્પતિ તથા સદસસ્પતિ કહેલા છે. પુરાતત્ત્વ

સદસ્ય ૧. પુ. (પુરાણ) એ નામે એક ઋત્વિજ; યજ્ઞ વગેરેમાં શાસ્ત્રોક્ત વિધિને યથાસ્થિત દર્શાવનાર બ્રાહ્મણ; યજ્ઞકર્મનો એક અધિકારી.

૨. [સં.] પું. સભાસદ; સભ્ય; મંડળીમાંનો એકેકાદ જણ.

સદસ્યવાન પુ. (પુરાણ) એ નામનો એક ઋષિ.

સદસ્યા [સં.] સ્ત્રી ઓ સભાસદ; સભ્યા

સદસ્યોર્ષિ પું. (પુરાણ) એ નામે યમની સભાનો એક ક્ષત્રિય.

સદળ [અ સ (સહિત) + દલ] વિ. દળવાળું; જાડું; સ્થૂળ

સદળું ૧. વિ જાડું; દળવાળું

૨. વિ ભારે.

સદંકરભૂમિ [સં.] સ્ત્રી. ખારવાળી જમીન.

સદંતર ૧. અ. કાયમને માટે; હમેશ.; સદાને માટે; અહર્નિશ; હમેશનાં માટે, સદાને માટે

૨. અ તદ્દન; બિલકુલ

૩. અ સર્વથા; પૂર્ણત

તહમે પણ અખંડ નિદ્રા લીધી. જાણ્યુ 'સદંતરની સહ્યડ વાયું સૂતા. પ્રેમાનંદ

સદંભ અ ડોળ કરીને

સદંશ ૧ સ | પુ સત્યનો અંશ, સાચો સત્ય સ્વરૂપનો અંશ; સત્યાંશ

૨ પુ સારો અંશ

૩ અ (પુરાણ) જેમાં સોનું બરાબર કીમતી ધાતુ ચોરનારના શરીરમાંથી તપાવીને લાલચોળ કરેલ સાણસીઓ વડે માંસ તોડી લેવામાં આવે છે તે નરક

સદંશિકા સ્ત્રી. ચીપિયો; સાણસી; પકડ

સદઃશાલા [સં. સદસ્ (નિવાસસ્થાન) + શાલા] સ્ત્રી. મહાવેદીની પશ્ચિમે સોમયજ્ઞને માટે બાંધવામાં આવતો મંડપ.

સદા ૧. [અ] પું બારોબાર, ધ્વનિ

૨. અ હમેશ, નિત્ય; નિરંતર, રોજ, વારેવારે, દરરોજ; કાયમ.

દેખના દાઝી હાર્યે તેની દેહલતા સદા,
કુટુમ્બપતી દુનિયા તમો એ દરવેશ છ.
મોમીનીવા

સદાકાર [સં.] વિ સાકાર; સાચા આકારવાળું.

ચૈતન્યરૂપ આત્મામાં રહેલી માયાના શક્તિરૂપ આકારમાં તે સદાકાર છે.
જગતની જાનવર

સદાકાળ [સં. સદા + કાલ (સમય)] અ. સદા, સર્વદા; હમેશા; નિરંતર; કાયમ; વારેવારે.

સદાગતિ ૧. [સં] પું આકાશનો છોડ.

૨. પું. નિર્વાણ. મોક્ષ

૩. પું. પરમેશ્વર.

૪. [સં. સદા (હમેશા) + ગતિ (આવવું તે)] પું. પવન; વાયુ

ચેતન સદાગતિ મરુત હરિ આયુષ જગતપરાણ,
અનિલ પ્રભંજન ગંધવહ નભસ્વ પવન પવમાન.
પિંગળપ્રકાશ

૫. પું. શિવના હજાર માંહેનુ એક નામ.

૬. પુ સૂર્ય

૭. વિ. હમેશ ગતિમા રહેનાર; કાયમની ગતિવાળુ

સદાગ્રહ [સં. સત્ (સાચું) + આગ્રહ] પુ. ખરી વાત માટેની જીદ; સત્યાગ્રહ; સાચો આગ્રહ; સાચી વાતની જીદ; સાચો કે સારી બાબત વિશેનો આગ્રહ

સદાગ્રહી [સં] વિ. સત્યાગ્રહી

સદાચરણ [સ. સત્ (સારું) + આચરણ] ન. સારું આચરણ; સદ્વર્તન; સારી ચાલચલગત.

> ૭ હિંદુસ્તાનનું ગૃહ વિદ્યાપીઠ પુસ્તક,
> આચાર્યો માતપિતા છે **સદાચરણ** શિક્ષણ.
> ગાંધીગીતા

સદાચરણી [સં.] વિ. સારી ચાલચલગતનું; સદાચરણવાળું

સદાચાર ૧ પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૨. [સ સદ્ (સારું) + આ + ચર્ (આચરવું)] પું. (વેદાંત) વેદાદિ શાસ્ત્રોને અનુસરનાર જે આચાર તે

૩. પું શિવનાં હજાર માહેનું એક નામ

૪ પું. શિષ્ટાચાર; સારો આચાર; સદાચરણ; શિષ્ટ પુરુષોનો આચાર. ગાંધીજી લખે છે કે, જગત કાંઈ બુદ્ધિથી ચાલતું નથી, હૃદયથી ચાલે છે આ જગતમાં બુદ્ધિ રાજ્ય નહિ કરે પણ આત્મા રાજ્ય કરશે. આત્મા રાજ્ય કરશે એટલે સદાચાર રાજ્ય કરશે અત્યારે સદાચાર નથી એમ હું નથી કહેવા માગતો. પણ અહીં હું સદાચાર આમ અર્થમાં વાપરું છું. સદાચાર એટલે ધર્માચાર

સદાચારશાસ્ત્ર [સં.] ન. આચારશાસ્ત્ર; નીતિ શાસ્ત્ર.

સદાચારી [સં.] વિ. સચ્ચરિત્ર; સાધુ; ઉત્તમ આચરણવાળું; સદ્વર્તન કરનાર; સદાચારવાળું સદાચારી પુરુષ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અસ્તેય, નિર્ભયતા આદિ વ્રતોનું પાલન કરવામાં પ્રયત્નશીલ કરે છે. તે પ્રાણ છોડી દેશે, પરંતુ સત્યને કદિ નહિ છોડે. તે પોતે મરશે, પરંતુ બીજા ક્રોધીને નહિ મારે. તે પોતે દુઃખ સહન કરશે, પરંતુ બીજાને દુઃખ નહિ દે અને પોતાની સ્ત્રી ઉપર પણ ભોગદૃષ્ટિ ન રાખતા તેની સાથે મિત્ર જેમ રહેશે સદાચારી અ. પ્રમાણે બ્રહ્મચર્ય પાળી યથાનક્તિ શરીરમા રહેલા સત્ત્વનુ રક્ષણ કરે છે. તે ચોરી નથી કરતો તેમ લાંચ પણ નથી લેતો તે પોતાનો તેમ જ બીજાનો ભય દમાવતો નથી. તે અકારણ પ્રતિબંધ કરતો નથી. તે બેફામાફામ નથી વધારતો અને નકામી અડચણ ઊભી થાય તેવો ઉપયોગ કોઈ ચીજનો કરતા નથી, પણ સદાચારના નામે મારું છે પોત નકામું નથી પરંતુ આત્મા છે અને આત્માને કબજામાં રાખવામાં કોઈ નથી; આ પ્રમાણે દરેક વિચાર રાખી આધિ, વ્યાધિ અને ઉપાધિનો ભય તે છોડે છે.

સદાજીવી [સ.] વિ. હમેશા જીવનાર

સદાતન ૧ [સં] પું. વિષ્ણુ

૨. વિ. નિત્યનું; હમેશનુ

સદાત્મા [સં.] વિ સારા ચિત્તવાળુ

સદાદર્શ [સ.] પું. સારો આદર્શ.

સદાદાન ૧. [સં.] પું. ઐરાવત; ઇંદ્રનો હાથી

૨. પું. ઋષભપતિ.

૩. વિ. હમેશા દાન કરનાર

સદાનર્ત ૧ [સં] પું. ખંજન પક્ષી તે હમેશા પૂછડી હલાવ્યા કરે છે માટે તેને સદાનર્ત કહે છે. અંગ્રેજીમાં તેને 'વેગટેઈલ' કહેવામા આવે છે આખ્યા રેખા ને દિવાળી ઉપર દેખાતું હોવાથી તેને દિવાળી ઘોડો કે ગામડામાં દિવાળી બલકોટિયો કહે છે.

૨ વિ સદા નાચનાર.

સદાનંદ ૧. પું બ્રહ્મા

૨. પું વિષ્ણુ

૩. પું શિવ

૪. [સં.] પું સદા આનંદ સ્વરૂપ પરમાત્મા

૫. પું સંગીતના અઢારસો રાગોનો એ નામનો નવમો વર્ગીકારક

૬. પું. હરહમેશ આનંદ હોવો તે.

૭. વિ સદાય આનંદમા રહેનાર, હમેશા આનંદી.

સદાનીરા [સ સદા (હમેશા) + નીરા (પાણીવાળી)] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી કોશલ અને વિદેહ દેશ વચ્ચેની સરહદ બતાવનારી એ નામની એક પ્રાચીન નદી કરતોયા નદી; ગંડકી નદી. તે અયોધ્યા પ્રાંતમાં ગઝપુર અને દિનાજપુર જિલ્લામાં થઈને વહે છે. તે પાર્વતીના વિવાદમાં કન્યાદાનના જળથી બનેલી હોય તેમ મનાય છે.

સદાપુષ્પ ૧ [સં] પું ડોબ

૨. પું ધોળો આકડો

૩ પું નાળિયેરનું ઝાડ; નાળિયેરી.

૪. વિ હમેશ ફૂલતું.

સદાપુષ્પી [સં.] સ્ત્રી. લાલ આકડો.

સદાપ્રવૃત્તિમય વિ. કામમાં રોકાયેલ.

સદાપ્રસૂન ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨ પું. મોગરો.

૩. પું રોહિડાનું ઝાડ.

૪. વિ. હમેશા ફૂલવાળું

સદાફલ ૧ [સ] પું. ઉમરાનું ઝાડ; ઉદુમ્બર વૃક્ષ

૨ પું. નાળિયેરી.

> તુરંત રહ્યથી **સદાફલ** તાલ જિલ્વ માવજ,
> એ ગીરત તુજ કુચસમા અતિ કઠોર રસપૂર.
> પિંગલપ્રકાશ

૩ પું બીલીનું ઝાડ

૪. પું સદાફળ વૃક્ષ

૫. વિ. હમેશા ફળવાળું

સદાબહાર સ્ત્રી. એ નામનો એક જાતનો ફૂલ છોડ. તેને હમેશા ફૂલ હોય છે

સદાબરા અ. સાચ; સપૂર્ણ રીતે

સદાબરું અ. એમને એમ; જેવું ને તેવું; આપેઆપ

સદાબ્રહ્મચારિણી [સ] સ્ત્રી સરસ્વતી

સદાભદ્ર ૧ [સ] પું વિષ્ણુ; પરમાત્મા; પરમેશ્વર

૨. વિ હમેશ કલ્યાણવાળું

સદામુદિત સ્ત્રી. એ નામે એક પ્રકારની સિદ્ધિ; બાહ્ય અને આંતરિક શુદ્ધિ.

> બાહ્ય સદાચાર અને અંતઃકરણની પવિત્રતાથી જે તત્ત્વજ્ઞાન થાય તે બાહ્ય અને આંતરિક શુદ્ધિ કહેવાય છે. તે સિદ્ધિને **સદામુદિત** પણ કહે છે.
> સાંખ્યદર્શન

સદાય અ હમેશા, સર્વદા; નિરંતર.

સદાર [સ.] વિ. સપત્નિક; સ્ત્રી સહિત

> હતા સદાર સદારિક વિલાસમાં બ્રહ્માનંદ

સદારત ૧. [સં.] પું. ખંજન પક્ષી.

૨ [અ] સ્ત્રી મુખ્ય પ્રધાન અથવા મુખ્ય ન્યાયાધીશની પદવી

સદારદા અ ખાસ કારણ વિના; સહેજ કારણને લઈને; જરા વાતમાં; નાહક; સહેજસાજમાં; વિના કારણે

સદાવડું (સદાવડ) ૧. વિ. આખું; બધું; સામટું; પુષ્કળ; સમગ્ર; સઘળું લાગું; અનવશેષ; તમામ; બધું

૨ વિ. હમેશનું; સદાને માટે, બનમાનનું.

> ઉર જેનું દુઃખ હમણે **સદાવડું**.
> કેશવ હર્ષદ

સદાવરત જુઓ સદાવ્રત.

સદાવર્ત જુઓ સદાવ્રત.

સદાવળું જુઓ સદાવડું

સદાવ્રત ૧. [સ.] ન. અન્નદાન દેવાનું વ્રત; દીન ભૂખ્યાંને રોજ અન્ન આપવાનું વ્રત

૨. ન. દીન ભૂખ્યાંને જ્યાં રોજ અન્ન અપાય છે તે સ્થળ; અન્નદાનનું સ્થળ; અન્નક્ષેત્ર.

સદારાય [સ.] પુ. મોટો આલસ.

સદારાયી [સં] વિ. સારા વિચારવાળું

સદાશા [સત્ + આશા] સ્ત્રી. આશા ભરેલો ભાવ

સદાશિવ ૧ પું. (તાન્ત્રિક) છત્રીસ તત્ત્વો મહેનું એ નામનું ત્રીજું તત્ત્વ.
૨. [સ] પું. મહાદેવ; શંકર; ગૌરીપતિ; પરમેશ્વર; શિવ.
૩. પું સાત માહેની પુરુષ શક્તિ.
૪. વિ હમેશા કલ્યાણકારી.

સદાસ્મિત [સ.] વિ. હમેશ બીજાના આશ્રયે રહેનારું.

સદાસતી સ્ત્રી. (સંગીત) કનુમતમત પ્રમાણે શંકરાગની આઠ માહેલી એક પુત્રવધૂ રાગિણી. તે નરનારાયણ અને સકરાભરણથી મિશ્ર છે. તે બહુ પ્રસિદ્ધ નથી. કોઈ તેને તરસી પણ કહે છે

સદાસર્વદા [સં.] અ. હરહમેશ; નિત્ય; નિરંતર; હમેશા; સતત.

સદાસુધાગણ જુઓ સદાસુહાગણ.

સદાસુહાગણ ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં ધોળાં ફૂલમાં રાતા ચાંદલા થાય છે. તે શીતળ, કફ અને પિત્તહર મનાય છે.
૨. સ્ત્રી. વેશ્યા.
૩ ન એક જાતનું પક્ષી
૪. વિ જેનું સૌભાગ્ય સદા યે ટકી રહે તેવું.

સદાસોગિયું વિ. હમેશને માટે ખેદયુક્ત મહોરાવાળું; આનંદ કે ઉલ્લાસ વગરનું.

સદાસોહાગણ જુઓ સદાસુહાગણ.

સદી ૧. [સં શતમ્] સ્ત્રી. સો વર્ષનો કાળ; સૈકો
૨. અ જલદી; તુરત.

સદીકું અ. વેળાસર

સદીવ [સ. સદૈવ] અ. સદૈવ; સદા; હમેશ; નિત્ય
નગ કોટી માહિ રહિ સદીવ.
કર્મ ન છૂટઈ તેહુ જીવ.
પ્રાન્દાદપ્રબંધ

સદીસા અ. વેળાસર; જેટલી વારમાં કરવું જોઈએ તેટલી વારમાં; સત્વર

સદુક્તિ [સ] સ્ત્રી. સુવચન; સુભાષિત; ઓપ્યું વાક્ય

સદુત્તર [સં] પું. સારો જવાબ

સદુદ્દેશ [સ] પુ. સારો હેતુ.

સદુપદેશ [સં.] પુ. સારી શિખામણ.

સદુપયોગ [સ.] પું. સારા ક્રમમાં વાપરવું તે.

સદુપાય [સં] પુ. સાચો અને સારો ઇલાજ.

સદૃશ ૧ [સં. સદૃશ] સ્ત્રી. નજર; દૃષ્ટિ
આ આત્માનું રૂપ સદૃશ અર્થાત્ નજરમાં આવતું નથી. એને કોઈ પણ આંખે જોઈ શકતું નથી. તાત્પર્ય કે તે આત્મા મનવાણ્યાદિ પ્રમાણનો વિષય નથી. કઠોપનિષદ
૨. વિ. સરખું; જેવું; સમરૂપ; સમાન.
૩. અ. જેમ, પેઠે.

સદૃશકાલિક [સ.] વિ એક જ સમયનું, સમકાલીન.

સદૃશચિકિત્સા [સં.] સ્ત્રી. સમચિકિત્સા; અનુચિકિત્સા; જે પ્રકારનો રોગ હોય તે જ પ્રકારનું થોડું ઘણું ઓસડ આપી રોગ મટાડવાનું શાસ્ત્ર; ગરમી ઉપર ગરમ અને શરદી ઉપર શરદ ઔષધ આપવાની વિદ્યા.

સદૃશતા [સ.] સ્ત્રી અનુરૂપતા; સાદૃશ્ય, સમાનતા; સમરૂપતા

સદૃશવયસ [સં.] વિ. સમાન વયનું; સરખી ઉમરનું

સદૃશીકરણ [સં.] ન. સરખું કે સદૃશ કરવું તે

સદેખાઈ સ્ત્રી. બીજાનું સારું જોઈને થતી આનંદની લાગણી

સદેખું વિ. બીજાનું સારું જોઈ શકે કે સાંભળીને ખુશ થનારું.

સદેડી (સદેડો) સ્ત્રી. એક જાતનો છોડ. તે ચોમાસે ઊગી નીકળે છે અને એક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન લાંબાં કે ગોટીકડાં અને ફૂલ જાંબલી રંગનાં હોય છે. ફળ કાણીઝરી જેવાં હોય છે. તેના આખા છોડ ઉપર ઘણું કરીને સફેદ વાળની રૂંવાટી હોય છે

સદેહ અ. દેહ સહિત; સદેહે

સદેહી [સ સદેહિન્] પું. સ્વામી, ધણી; પતિ.

સદેહે અ દેહ સાથે; શરીર સહિત ગુહ્યોપનિષદમાં લખેલ છે કે, પરબ્રહ્મ પરમાત્મા જ આ વિશ્વ છે કર્મ, તપ, વેદ તથા પરમ અમૃત પણ તે જ છે. જે મનુષ્ય હૃદયગુફામાં રહેલા આ પરમ પુરુષને જાણે છે તે સદેહે એટલે કે અહીં જ અવિદ્યારૂપી ગાંઠને ખોલી નાખી મુક્ત થાય છે તાત્પર્ય કે, જે મનુષ્ય પ્રાણીમાત્રની હૃદયરૂપી ગુફામાં નિવાસ કરતા એ પરમ પુરુષનો સાક્ષાત્કાર કરે છે તેને આ શરીરમાં જ એટલે કે સદેહે આ જન્મે મુક્તિ છે

સદૈવ , સ.] અ. હમેશા; કાયમ, નિરંતર

સદૈવત [સ.] વિ. દૈવતવાળું, બળવાન; શૂર.
આ મઈ એ મહ આ છે **સદૈવત**
પ્રાણ મોઈ હું ન થાઈ
પ્રાન્દાદપ્રબંધ

સદોદિત ૧ [સં. સદા (હમેશા) + ઉદિત (ઊગેલ)] વિ. નિત્ય પ્રકાશમય; નાશ રહિત; હમેશને માટે ઉદય પામેલું
૨ અ સદા; સર્વદા; હમેશ.

સદોદિત નક્ષત્ર [સં.] ન. ધ્રુવની આસપાસ ફર્યા કરે અને આથમે નહિ એવું નક્ષત્ર.

સદોદ્યુક્ત [સં. સદા + ઉદ્યુક્ત (તત્પર)] વિ. હમેશ તૈયાર હોય એવું.

સદોમંડપ [સં] પું યજ્ઞનો અગ્નિ રાખવાનું સ્થળ.

સદોષ ૧. વિ અપરાધી; ગુનેગાર.
૨. વિ. અયોગ્ય; ખોટું.
૩. [સં.] વિ દોષવાળું; દોષિત.

સદોષતા ૧. [સ.] સ્ત્રી અપરાધ; ગુનો; વાંક
૨. સ્ત્રી. અયોગ્ય અથવા ખોટું હોવું તે.
૩. સ્ત્રી. દોષ હોવાપણું.

સદોષનર હત્યા [સં.] સ્ત્રી. ગિલ્ટીને બાથ મનુષ્ય વધ

સદોષ મનુષ્ય વધ જુઓ સદોષનર હત્યા.

સદ્‌ગત ૧. [સં.] વિ પરલોકવાસી; સ્વર્ગસ્થ; વિદેહી; મરહૂમ; મૃત; સારી ગતિ પામેલું.
૨. વિ. મોક્ષને પામેલું; મુક્તિ પામ્યું હોય તેવું.

સદ્‌ગતિ ૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩. [સં.] સ્ત્રી. મોક્ષ; ઉદ્ધાર; મુઆ પછી જીવનો પુનર્જન્મનો ફેરો ટળવો તે.
૪. સ્ત્રી. સારી ગતિ: ઉત્તમ લોકની પ્રાપ્તિ

સદ્‌ગુણ [સં.] પું. સારો ગુણ; રીતભાત; ચાલચલગત વગેરેનું સારાપણું.
સ્વાતંત્ર્ય શુભ દિને આ ભંગેરો બધ માત્રને,
અહંની સિદ્ધિ વિના, નકામા સહુ **સદ્‌ગુણો**.
ગાંધીગીતા

સદ્‌ગુણ સંપન્ન [સં.] વિ સદ્‌ગુણી; ગુણવંત; સારા ગુણવાળું

સદ્‌ગુણહીન [સં] વિ. સારા ગુણ વિનાનું

સદ્‌ગુણી [સ. સદ્‌ગુણિન્] વિ. સારા ગુણવાળું, ગુણવંત; સદાચારી; સારી ચાલનું

સદ્‌ગુણોપેત જુઓ સદ્‌ગુણી.

સદ્‌ગુરુ [સં] પુ સારા ગુણવાળા શિક્ષક કે અધ્યાપક. જૈન મતે ગુરુ ત્રણ પ્રકારના છે: કાષ્ઠ સ્વરૂપ, કાગળ સ્વરૂપ અને પથ્થર સ્વરૂપ. સંસાર સમુદ્રને પાર કરવા કાષ્ઠ સ્વરૂપ ગુરુ જ ઉત્તમ છે. આવા ગુરુનાં લક્ષણ આ પ્રમાણે છે: તેઓ જિનેશ્વર ભગવાનની કહેલી આજ્ઞા કહે અને તેને અનુસરે પોતે તેનો બીજાને બોધ આપે કંચન, કામિનીનો સર્વ પ્રકારે ત્યાગ કરે વિશુદ્ધ આહારપાણી લેના હોય બારીક પ્રકારના પરિષહને સહન કરતા હોય ક્ષાન, દંત, નિરાંબી અને જિતેંદ્રિય હોય સિદ્ધાંતિક જ્ઞાનમાં નિપુણ હોય ધર્મ માટે માત્ર શરીરનો નિર્વાહ કરતા હોય નિર્મળ વ્રત પાળતા કાયર ન હોય. સર્વ પ્રકારના આહાર ૨ નિઃસ્પૃહ હોય. સમભાવી હોય. વિશ્વસનીયથી સદુપદેશક હોય દુર્ગુણ સ્વરૂપ એ ગુરુનો બીજો પ્રકાર છે. તેઓ સ્વયં છે પોતે સંસાર સમુદ્ર તરી શકે નહિ; પરંતુ કર્મપુણ્ય ઉપાર્જન કરી શકે. તેઓ બીજાને તો કયારે તારી શકે? પથ્થર સ્વરૂપ ગુરુ પોતે બૂડે અને બીજાને પણ બોળે છે.

સદ્‌ગૃહસ્થ [સં.] પું. કુટુંબવત્સલતા વગેરે પ્રતિષ્ઠિત ગુણોવાળો ગૃહસ્થ, સજ્જન

સદ્‌ગ્રંથ [સં.] પુ સારું પુસ્તક

સદ્‌ગ્ર ન. જૈનોનાં આગમોનું એ નામે એક ધર્મ પુસ્તક

સદ્‌ગ્રહ [સં. શાદ્‌ગ્રહ] પું. ગાય.

સદ્‌ગ્રષ્ટિ [સં.] સ્ત્રી યોગ્ય અને વિવેકપૂર્વક જોવું તે.

સદ્‌ગ્રેવ [સં.] પું. (જૈન) શ્રી અરિહંત ભગવાન.

સદ્ધ ૧ [સં. શ્રદ્ધ] પુ પિતૃતર્પણ; શ્રાદ્ધ.
૨. પું. શ્રાવક; જૈન ગૃહસ્થ.
૩. સ્ત્રી. સમૃદ્ધિ; વૈભવ.

સદ્ધર્મ ૧. [સં.] પું. બૌદ્ધધર્મ.
૨. પું. સાચો કે ઉત્તમ ધર્મ, નીતિરીતિનો સારો માર્ગ.

સદ્ધર્મપુંડરિક પુ. જૈન ધર્મનો જૂનો ગ્રંથ.

સદ્ધર્મભાસ્કર [સં] પું. સાચો ધર્મ અનુસરવાને માણસને ઉપકારી એક ધાર્મિક ઉપાધિ

સદ્ધર્મબાંધવ જુઓ સદ્ધર્મભાસ્કર.

સદ્ધર્મી [સં] વિ સારો ધર્મ પાળનાર.

સદ્ધર્મોપાસક [સં] વિ સદ્ધર્મની ઉપાસના કરનાર

સદ્ધા ૧. [સં. શ્રદ્ધા] જુઓ આસ્થા, શ્રદ્ધા.
૨ સ્ત્રી ઇચ્છિત અભિલાષા

સદ્ધાઈ સ્ત્રી ખોટો આડંબર; બાહ્ય દેખાવ.

સદ્ધેતુ [સં.] પું (વેદાંત) સાચું કારણ જાણવું. તેના પાંચ રૂપ આ પ્રમાણે છે. પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ, વિપક્ષાસત્ત્વ, અબાધિતવિષયત્વ અને અસત્પ્રતિપક્ષત્વ

સદ્‌બુદ્ધિ [સં] સ્ત્રી સારી બુદ્ધિ; સન્મતિ

સદ્‌બોધ [સં.] પું. સારો ઉપદેશ.

સદ્‌બોધક સં.] વિ. સારો ઉપદેશ આપનાર.

સદ્‌બોધવું સ ક્રિ. શિખામણ આપવી; ઉપદેશ આપવો

સદ્‌ભક્તિ [સં.] સ્ત્રી. ગુરુ હૃદયથી ઉપાસના કરવી તે. ભક્તિના ૭ પ્રકાર કહ્યા છે: સમરસભક્તિ, અવધાનભક્તિ, આનંદભક્તિ, અનુભવભક્તિ, નૈષ્ઠિકભક્તિ અને સદ્‌ભક્તિ.

સદ્‌ભાગણ સ્ત્રી. ભાગ્યશાળી સ્ત્રી.

સદ્‌ભાગિની જુઓ સદ્‌ભાગ્ય.

સદ્‌ભાગી [સં સદ્‌ભાગિન્] વિ. ભાગ્યશાળી, સારા ભાગ્યવાળું

સદ્‌ભાગ્ય [સં.] ન. સારું નસીબ; સુભાગ્ય

સદ્‌ભાવ ૧. [સં.] પું. બીજા ઉપર ભાવ કે સ્નેહની લાગણી.
૨. પું. હોવાપણાનો કે સારાપણાનો ભાવ

સદ્‌ભાવના [સં.] સ્ત્રી. સારી લાગણી.

સદ્‌ભાવનાવાદી [સં. સદ્‌ભાવનાવાદિન્] વિ સારી ભાવનાવાળું.

સદ્‌ભાવમૂલક [સં] વિ. જેના મૂળમાં સદ્‌ભાવ રહેલો હોય એવું.

સદ્‌ભૂત ૧. [સં.] વિ. યથાર્થ; ખરાખરી.
૨. વિ. સાચું; સત્ય.

સદ્મ [સં. સદ્મન્] ન ઘર; ગૃહ; મંદિર, વિશ્રામસ્થાન.

> સદન સદ્મ આગાર ગૃહ જેહ હેરમ સૌંત,
> સદન ભિન્ન પદ આશ્રમ આલય નિલય નિકેત.
> ત્રિભુવનકુશોય

સદ્ય ૧ પું. પુરાણાનુસારે પ્રભાના ત્રીજા માહેનો નવમો દિવસ.
૨. [સં.] અ. તરત જ; તત્કાલ; જલદી.

સદ્યસ્કલ્પ જુઓ સદ્ય ૧.

સદ્યઃપ્રાણહર [સં.] વિ. જલદી પ્રાણ લઈ જનાર. ગાજ્યું માંસ, નવું અન્ન, નાની સ્ત્રી, દૂધનું બનાવેલું, ઘી અને ગરમ પાણી એ ૭ બાબત કે જીવન આપનાર છે

સદ્યઃપ્રાણહર [સં.] વિ. જે જીવન કે પ્રાણને જલદી લઈ જનાર હોય, જીવલેણ, નવો ચેપ, ખરાબ હવા, પ્રાણ કે જીવનો ભોગ લઈ લે એવું પ્રાણઘાતક છે

સદ્યોજાત ૧ પુ પાંચ મહાદેવોમાંનો એક દેવ
૨ પુ પારદ.
૩ પુ શિવ, શંકર
૪ વિ [સં.] વિ. તત્કાલ ઉત્પન્ન થયેલ

સદ્યોમુક્તિ જુઓ સદ્યોમોક્ષ

સદ્યોમોક્ષ [સં.] પુ. તરત મુક્તિ મળવી તે; મોક્ષનો એક પ્રકાર. જ્ઞાનીને વર્તમાન જન્મમાં જ વિદેહ કૈવલ્ય રૂપ જે મોક્ષ થાય છે તે સદ્યોમોક્ષ કહેવાય છે.

> સદ્યોમોક્ષ પ્રાપ્ત કરી શકે એવી ઉત્તમ કોટિના મનુષ્ય હાલમાં જોવામાં આવતા નથી
> આપશ્રીજી ગ્રંથાવલી

સદ્યોવધૂ [સં.] સ્ત્રી લગ્નની ઉમરે પરણી લેનારી સ્ત્રી

સદ્ર પું. પ્રમુખ.

> સદ્ર મીર અદલ (સમાજનો ન્યાયાલ), કાજી, તસ્બીબ, મુનજ્જીમ (જ્યોતિષી) રાયસ, કમાલ અને બીજા બીજા સોહો બાદશાહની સેવા કરવા બદલ યોગ્ય છે. આઈને અકબરી

સદ્રૂપ ૧. [સં] ન. જગત
૨. વિ બાધ નહિ પામનાર

સદ્રૂપાત્મા [સં.] પું. સદ્‌રૂપ આત્મા

સદ્રેખાગણિત [સં.] પું. મુખ્ય ભૂમિતિ

સદ્‌વર્તન [સં.] ન. સારી ચાલચલગત; સારું વર્તન; સદાચરણ.

સદ્‌વર્તનપ્રવર્તકશાળા સ્ત્રી. નાની ઉમરના ગુનેગારોને સુધારવા માટે સરકાર તરફથી રાખવામાં આવતી નિશાળ.

સદ્‌વસ્તુ ૧. [સં.] સ્ત્રી. આત્મા.
૨. સ્ત્રી. સત્ય વસ્તુ
૩. સ્ત્રી. સાચી કે સારી વાત

સદ્‌વાસના [સં.] સ્ત્રી. ઊંચો મનોભાવ; સારી ભાવના; સારી વાસના.

સદ્‌વિચાર [સં.] પું. સારો કે ઉમદા વિચાર

સદ્‌વિદ્યા [સં.] સ્ત્રી જેમાંથી સાચું જ્ઞાન મળે એવું શાસ્ત્ર.

સદ્‌વિવેકી [સં.] વિ સારા વિવેકવાળું

સદ્‌વૃત્ત ૧. [સં.] ન. સદાચરણ, સારી ચાલ; સદાચરણ.
૨. વિ સારા સ્વભાવવાળું
૩. વિ. સારી ચાલનું; સુશીલ; સદાચરિત.

સદ્‌વૃત્તિ ૧. [સં.] સ્ત્રી. સદ્‌વર્તન; સારી ચાલચલગત.
૨. સ્ત્રી. સારી વૃત્તિ; ઉદાર ભાવના.
૩. સ્ત્રી. સારો મળતાવડો સ્વભાવ.

સદ્‌વ્યવહાર ૧. પું. આપ લે કરવાનો સારો વહેવાર.
૨. [સં.] પું. સારી સાથ; સદ્‌વર્તન.

સદ્‌હેતુ [સં.] પું. સારો હેતુ.

સધન [સં.] વિ. ધનવાન; પૈસાદાર; શાહુકાર.

સધનતા [સં] સ્ત્રી. પૈસાદાર હોવું તે.

સધર ૧. પું. (મારવી) નામપિંજળ મહિનો વર્ણમેળવાળો એક છંદ.
૨. પું. સારી જાતનો ઘૂંટ
૩. વિ. જાતવાળું.
૪. વિ. ધનવાન; પૈસાદાર.
૫. વિ. પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર.
૬. વિ. લેખૂરેણુમાં વહેવાર ચોખ્ખો રાખે તેવું.
૭. વિ. શક્તિમાન.

સધરવું અ. ક્રિ. સુધરવું; સારું થવું.

સધરા જેસિંગ જુઓ સધરો.

સધરું વિ. કુટુંબકબીલો સાથે હોય તેવું.

સધરો પું. સિદ્ધરાજ જયસિંહ; ગુજરાતનો એ નામનો એક રાજા.
પાદુ પધારા ભંગ, જેમારનીય આવિયા નહિ.
મોજડિયું ના માત, સધરાને સોણે નહિ.
દુહો

સધર્મચારિણી [સં. સહધર્મચારિણી] સ્ત્રી. સહધર્મિણી; ભાર્યા; પત્ની; વિધિપૂર્વક પરણેલ સ્ત્રી

સધર્મા ૧. [સં.] સ્ત્રી. સમાન ધર્મવાળી સ્ત્રી.
૨. વિ. સમાન ધર્મવાળું; સરખું; સદૃશ.

સધર્મિણી જુઓ સધર્મચારિણી

સધર્મી [સં. સધર્મિન્] વિ. સમાન ધર્મવાળું; એક જ ધર્મનું; સહધર્મી; સરખા ગુણનું.

સધવ જુઓ સધવા.

સધવા ૧. [સં.] સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી
૨. વિ. સ્ત્રી. સૌભાગ્યવતી.

સધવું ૧. અ. ક્રિ. અનુકૂળ પડવું; માફક આવવું.
૨. અ. ક્રિ. સિદ્ધ થવું; સફળતા મળવી.
૩. અ. ક્રિ. સુધરવું; સારું થવું.

સધાઈ સ્ત્રી. ખોટો આડંબર; બાહ્ય દેખાવ.

સધાત્મ ૧. [સં. સ્વધામ્] અ. પોતાનું મૂળ સ્થાન.
૨. અ. સ્વર્ગ.
સધામ જવું-પહોંચવું = પોતાને સ્થાને પાછા જવું; મરી જવું; સ્વર્ગવાસ થવો

સધાવવું ૧. સ. ક્રિ. જવું; વિદાય થવું.
૨. સ. ક્રિ. કૃત્રિમ રાગ જેમ કરાવવું; પાર ઉતરાવવું; સિદ્ધ કરાવવું.

સધાવું અ. ક્રિ. સિદ્ધ થવું; ફલિત બનવું.
અદ્વૈત પ્રેમનું બીજ પ્રેમે પ્રેમ પમાય છે,
વિષપ્રેમ પરં પ્રેમ અદ્વૈતથી સધાય છે.
આમીગીતા

સધિયારો પું. આશ્વાસન; દિલાસો.

સધીર ૧. [સં.] વિ. બુદ્ધિશાળી; સમજુ; ડાહ્યું
૨. વિ. હિંમતવાળું

સધીરો પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. આગળી પિંગળ પ્રમાણે તે સારક છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૭૦ લઘુ મળી ૯૫ વર્ણની ૧૨૦ માત્રા હોય છે

સધુર વિ પું. પત્નીવાળો; પત્ની હૈયાત હોય એવો. આ શબ્દ વિધુરથી ઊલટો છે.

સધ્ધર ૧. વિ. પૈસાદાર; ધનવાન.
સધ્ધર આસામી = (૧) પૈસાદાર આસામી. (૨) બોલ્યું ખોટું ન કરે એવું માણસ.
૨. [સં. સુધુર્ય] વિ. સારી રીતે ધુરા વહી શકે એવું; શક્તિમાન; સમર્થ.

સધ્રીચી સ્ત્રી. સખી; સાહેલી; સોબતિન.
વરસા સધ્રીચી સખી હેત સહચરી જેહ,
અલી કુમરી નરસાલની ગર્હ મનાવન તેહ.
પિંગળપ્રકાશ

સન ૧. [અ. સન] પું. અમુક રાજા કે મોટા બનાવથી ગણાતો વર્ષાનુક્રમ; સંવત્સર; મિસ્રની કે હિજરી શક કે સંવત
૨. પું. ગણ્યાનો દાણો
૩. પું. હાથીના મદનો દરદાટ.

સનક ૧. [સં.] પું. પરમાત્માના ચોવીશ માંહેનો એક અવતાર.
૨. પું. બ્રહ્માનો એક માનસપુત્ર. માનસ પુત્રો આ પ્રમાણે છે: સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર. તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાને સર્જ્યા હતા. એ ચારે ભાઈઓ સર્વ પ્રકારે એક હતા. તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હતા અને મોટા બ્રહ્મનિષ્ઠ હતા

સનકસંપ્રદાય પું. એ નામનો વૈષ્ણવ ધર્મનો એક ફાંટો. તેના સ્થાપક ચૈતન્ય હતા.

સનકાદિ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમગતિ માત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૧ વર્ણની ૫૬ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમગતિ માત્રામેળ છંદ. તે રોલાવત્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૮ વર્ણની ૯૬ માત્રા હોય છે
૩. પું. (પુરાણ) સનક વગેરે ઋષિઓ. બ્રહ્મદેવના ચાર માનસ પુત્રોઃ સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર. તેઓ હમેશ પાંચ છ વર્ષના બાળક જેવા જ દેખાય છે.

સનકાદિક જુઓ સનકાદિ

સનકાદિ સંપ્રદાય [સ] પું. નિમ્બાર્કાચાર્યે સ્થાપેલો વૈષ્ણવ ધર્મનો એ નામનો એક ફાંટો. તેને દ્વૈતાદ્વૈત સંપ્રદાય પણ કહે છે. આ સંપ્રદાયના ગુરુ સૂર્યનો અવતાર ગણાય છે.

સનકાર જુઓ સનકારો.

સનકારવું અ. ક્રિ. આંખનો ઈશારો કરવો.

સનકારો ૧. પું. અખત્યારપત્ર.
૨. પું. ઈશારો; પસકારો; આંખથી કરેલી નિશાની; સાન; અણસારો.
૩. પું. મનમાં થતો એક રોગ
૪. પું. બહેરાઢ; બહેરા હોવું તે.

સનકૂકર [સં.] પું. સૂર્યનાં કિરણોથી રાંધવાનું સાધન; સૂર્યચૂલો. ભારત જેવા દેશમાં જ્યાં સૂર્યનાં કિરણો વર્ષના મોટા ભાગમાં પુષ્કળ પ્રમાણમાં વરસતા રહે છે ત્યાં આ કિરણો રોગવાળાને અટકાવવાનું તેમ જ અમુક પ્રકારની જીવનશક્તિ આપવાનું કામ તો કરે જ છે, પણ હવે એ કિરણોને વધુ મહત્ત્વનાં કામમાં લઈ શકાય છે. સૂર્યના તાપને સંધરીને એ દ્વારા રોજિંદી રસોઈ કરવાનું તેમ જ શેરડી કે તાડના રસને ઉકાળીને ખાંડ-ગોળ જેવી ચીજો ઉત્પન્નવવાના મોટા ઉદ્યોગો ચલાવવાનું કામ થઈ શકે છે. આનો અખતરો સનકૂકરની શોધ દ્વારા મળે છે. દિલ્હી ખાતેની રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળામાં આ સનકૂકર શ્રી મણીન્દ્રકુમાર ઘોષે બનાવેલું છે. આ જાતનાં યંત્રો, શુદ્ધ પાણી તૈયાર કરવા માટે, નીચી ગરમીવાળી ધાતુઓ બનાવવા માટે, તેમ જ મોટે ભાગે ખોરાક રાંધવા માટે વાપરી શકાય. આ કૂકરપેટી ઉપર રંધાયેલો ખોરાક બધાએ ખાઈ જોયો છે અને સૌનું કહેવું છે કે, એનો સ્વાદ સામાન્ય રસોઈ કરતાં વધુ સારો છે. આ સનકૂકરપેટી વડે રસોઈ એ કલાકની અંદર થઈ શકે છે. એમાં વસ્તુઓ વધારી શકાય છે. સૂર્ય પ્રકાશના સમય દરમિયાન બપોરનું તેમ જ સાજનું ખાવું રાંધી શકાય છે.

સનખપદ [સ.] ન. પગમાં નહોરવાળાં સિંહ, વાઘ, બિલાડી, વરુ વગરે પ્રાણી

સનહો (સનડો) ૧ પુ. શકર પાર્વતીના વેશમાં ગામમાં આવતો એક રાગ

૨. પું. સ્નેહ, પ્રેમ

સનત્કુમાર ૧ પું. (જૈન) એ નામના ત્રીજા દેવલોકના ઇંદ્રનું નામ.

૨ પું. (જૈન) બારમા મહેનો એક કલ્પ.
સૌધર્મ કલ્પની બહુ ઉપર સમશ્રેણીમાં **સનત્કુમાર** કલ્પ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું (પુરાણ) સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર નામના બ્રહ્માના ચાર માનેનો એક માનસપુત્ર તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે સર્જ્યા હતા. એ ચારે ભાઈઓ સર્વ પ્રકારે એક હતા. તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હોવાનું મનાય છે

૪. ન. અઢાર મહેનું એક ઉપપુરાણ

૫. ન. (જૈન) બારમા મહેનુ એક દેવલોક તેમાં દેવોની સ્થિતિ સાત સાગરોપમની હતી.

સનત્સુજાત પું. (પુરાણ) બ્રહ્મદેવનો એ નામનો એક માનસ પુત્ર; સનક અને સનત્કુમારનો ભાઈ. તેણે ધૃતરાષ્ટ્રને ધર્મોપદેશ કર્યો હતો.

સનદ ૧. [સં.] સ્ત્રી. પરવાનગી; પરવાનો; પટ્ટો, નિમણૂકની લેખિત આજ્ઞા

૨. સ્ત્રી. રૂઢિ મુજબ સહી સિક્કા થયેલ કાગળ; દસ્તાવેજ

સનદી વિ. પરવાનાવાળું; સનદવાળું.

સનદેતરી સ્ત્રી. ઓળખનામાની સનદ; ઓળખનામું.

સનદ્વાજ પું. (પુરાણ) વિદેહવંશના શુચિ નામના જનકનો પુત્ર. તેના પુત્રનું નામ ઊર્ધ્વકેતુ જનક હતું

સનનન અ. બાણ કે ભંડકની ગોળી છૂટતાં થતો અવાજ.

સનપર્ણી સ્ત્રી. અસનપર્ણી નામની વનસ્પતિ.

સનફ્લાવર [અં.] ન. એક જાતનું ફૂલઝાડ. તેના ગુચ્છ ઉપરથી તોખી તોખી કણો ફૂટી ઉપર પીળાં ફૂલ થાય છે.

સનમ ૧. [અ.] સ્ત્રી માશૂક; પ્રિયા

૨. સ્ત્રી મૂર્તિ.

સનમખાના [અ.] પું મંદિર; દેવાલય

સનમનવું અ. ક્રિ. દિલગીર થવું

સનમના સ્ત્રી. દિલગીરી; ઉદાસીનતા.

સનમનિયું વિ. ઉદ્વેગવાળું; ચિંતાતુર; નાખુશ.

સનયન ૧ [સ. સ્વનયન] ન. પોતાની આંખ

સનયને સોંપ્યો સર્વસ્વામ.
નરસિંહ મહેતો

૨. અ. બારીકીથી; બહુ જ ધ્યાનપૂર્વક.

સનલ પું. (પિંગળ) દરેક ચરણમાં બાર અક્ષરવાળો એ નામનો એક અક્ષરમેળ છંદ.

સનવન પું. (પુરાણ) સનક, સનત્કુમાર અને સનત્સુજાતનો ભાઈ

સનસ ૧. સ્ત્રી દરકાર; મરજી; તમા; પરવા
મનસ રાખવી = પરવા રાખવી

૨. સ્ત્રી. માન મરતબાની રીત કે શરમ.

સનસનાહ જુઓ સનસનાટી.

સનસનાટી ૧. સ્ત્રી. આશ્ચર્ય કે હળકની સનસનતી વ્યાપક અસર; તરખાટ
સનસનાટી ફેલાઈ જવી = બધે જ એકાએક આશ્ચર્ય થવું.

૨. સ્ત્રી. સનસનાટ; સુસવાટો; સનનન થતો અવાજ

સનસની ૧ સ્ત્રી. ઉશ્કેરણી

૨. સ્ત્રી ગભરાટ; ઉદ્વેગ; ક્ષોભ.

૩. સ્ત્રી. ચમક, નવાઈ; આશ્ચર્ય

૪ સ્ત્રી. બહુ જ ભય આશ્ચર્ય વગેરે પ્રેરેલ ઉત્પન્ન થયેલ સનસનતા.

૫. સ્ત્રી. સણસણાટ; ઝણઝણાટ; એક જાતનો સમસમ અવાજ

સનસા સ્ત્રી વાચા; આજ્ઞા બજાવ.

સનસૂત્ર ન. માછલાં પકડવાની જાળ.

સનસ્ટોન [અં.] પું. લાલ જાતનો પથ્થર.

સનંત [સં.] વિ. (વ્યાકરણ) સંસ્કૃતમાં ક્રિયાપદનું પ્રત્યયવાચક. રૂપ માટે વપરાય છે.

સનંદ ૧. પું. એ નામનો બ્રહ્માનો એક માનસ પુત્ર.

૨. [અ.] સ્ત્રી. પરવાનગી; પરવાનો; અધિકારપત્ર

સનંદન પુ. સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એ ચાર મહેનો બ્રહ્માનો એક માનસપુત્ર. તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાને સર્જ્યા હતા. એ ચારે ભાઈઓ સર્વ પ્રકારે એક હતા તેઓ જન્મથી સંન્યાસી હતા. તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હતા

સનંદી વિ સનંદવાળું.

સનાઈ સ્ત્રી. બંગડી, ચૂડી.

સનાકો ૧. પું. ઝપાટો; સપાટો.

૨. પું. ત્વરા, ઝડપ; વેગ; ઉતાવળ.

સનાતન ૧. પું. દિવ્ય મનુષ્ય.

૨. પુ. પિતૃઓનો અતિથિ.

૩. પું. બ્રહ્મચારી અને ક્રિયાગર્હિત મુનિ.

૪. પું. બ્રહ્મા.

૫. [સં.] પું. બ્રહ્માનો એ નામનો એક માનસપુત્ર. સનક, સનંદન, સનાતન અને સનત્કુમારમાંનો એક.

૬ પું. વિષ્ણુ

૭ પું શિવ, શકર

૮ પું સૂર્યનાં એકસો આઠ મહેનુ એક નામ.

૯ વિ અનાદિ, મૂળ, અસલ, પ્રાચીન; જૂનામાં જૂનું; શરૂઆતનું; પ્રથમનું

૧૦. વિ. અવિનાશી, નિત્ય; અક્ષય; શાશ્વત

૧૧. વિ. જે છે તે સદા એમનું એમ રહેનું જોઈએ એમ માનનાર; સ્થિતિચુસ્ત; રૂઢિચુસ્ત.

૧૨. વિ. નિશ્ચલ; સ્થિર

૧૩. વિ પરાપૂર્વથી એક સરખાપણે અડધું આવતું હોય એવું
સિદ્ધાંત એ અહિંસાનો સર્વવ્યાપક નિત્ય છે, નિયમ એ અહિંસાનો અચલિત **સનાતન**
શ્રીમદ્ભગવદ્ગીતા

સનાતનતા [સ.] સ્ત્રી. સનાતન હોવું તે.

સનાતનધર્મ [સં.] પું. પ્રથમથી એના એ રૂપે ચાલ્યો આવતો અક્ષય ધર્મ, પ્રાચીન કાળથી ચાલ્યો આવતો વેદ ધર્મ

સનાતનધર્મભૂષણ [સં] પું વેદધર્મને અનુસરનાર માણસને અપાતો એક ખિતાબ.

સનાતનધર્મમાર્તંડ જુઓ સનાતનધર્મભૂષણ.

સનાતનધર્મી વિ. સનાતન ધર્મને અનુસરનાર.

સનાતનવેદ્યા (સનાતનવેડા) પુ ક વ. સનાતનધર્મમાં બહુ માનવું તે.

સનાતની ૧ પું સનાતન ધર્મનો અનુયાયી.

૨. સ્ત્રી. દુર્ગાદેવી

૩. સ્ત્રી. લક્ષ્મી.

૪ સ્ત્રી. સરસ્વતી

૫. વિ. અવિનાશી; અવિચળ; નિત્ય; શાશ્વત.

૬. [સં.] વિ. જૂનું; જૂનાનું; અનુદિયાળનું; પ્રાચીન

૭. વિ. રૂઢિગ્રસ્ત; પ્રગતિ વિરોધી, સ્થિતિચુસ્ત.

૮. વિ સનાતન ધર્મનો પાળનાર.

સનાથ [સં.] વિ નાથ, સ્વામી કે ઓથવાળું

સનાથતા [સ.] સ્ત્રી. નાથ, સ્વામી કે ઓથ હોવો તે

સનાથા [સ.] સ્ત્રી. પણીયાતી સ્ત્રી, જેનો પણી જીવતો હોય તેવી સ્ત્રી.

સનાઢ ૧. [સં.] વિ. જેમાં અવાજ થતો હોય એવું.
૨. વિ. પાંસરું; સીધું.
૩. વિ. સારા લક્ષણવાળું.

સનાડે [સં. સન્નિધિ] અ. પાસે; ખાતામાં; જોડમાં; જોડે

સનાતનન્ત [સં.] વિ. જેને શરૂઆત તેમ જ અંત હોય નહિ તેવું.

સનાન [સં. સ્નાન] ન. સ્નાન; સગાંસંબંધીના મરણથી કરવાનું સ્નાન.
૧. તારું સનાન ખંડાય ! = તું મરે ! એક ગાળ
૨ સનાન કાઢવું–માંડવું = મરનારનાં સગાંને સાંત્વન કરવા જેવું થવું.
૩. સનાન પાણી આવવું = કોઈ મરી ગયું હોય તેના બારે નુકસાનમાં આવવું.
૪. સનાન લાગવું = (૧) મરણને કારણે નાહવાનું આવવું. (૨) મરનાર જોડે સનાન લાગે એવો સંબંધ હોવો
૫. સનાનના સમાચાર = (૧) આકત; કમભાગ્ય. (૨) માઠા વાવડ; અશુભ સમાચાર.

સનાનસૂતક ૧. ન. જોવાદેવા; સંબંધ.
સનાનસૂતક આવવું–હોવું = સનાનસૂતક લાગે એવો સંબંધ હોવો. સંબંધ નથી એમ બતાવવા તુચ્છકારમાં વપરાય છે.
૨. ન. સ્નાન અને સૂતક.

સનાનિયું ૧. વિ. સનાન આવવું હોય તેવાને લઈ અભડાયેલું.
૨. વિ. સનાનની અસર લાવનારું.
૩. વિ. સનાનવાળું; જેને સનાન આવવું હોય તેવું.

સનાપ [હિં.] ન. ભીંડિયાવળ.

સનાબિ ૧. [સં.] પું. પિતરાઈ; કુટુંબી જન.
૨. વિ. તુલ્ય; સરખું; જેવું.
૩. વિ. સ્નેહયુક્ત; પ્રેમવાળું.

સનામના સ્ત્રી. ઉચાટ; દિલગીરી.

સનારો પું. નસીબ; ભાગ્ય.

સનિપાત જુઓ સન્નિપાત.

સનિયમ [સં.] વિ. બંધારણ પૂર્વકનું; નિયમને અનુસરી ચાલતું.

સનિવેશ પું. (પુરાણ) ત્વષ્ટા પ્રજાપતિના બે માંહેનો મોટો પુત્ર; વિશ્વરૂપનો ભાઈ.

સની સ્ત્રી. (કચ્છી) દિશા.

સનીઢ (સનીડ) ૧. [સં.] વિ. માળા સહિત
૨. અ. નિકટ; પાસે; સમીપ.

સનીત [સં.] વિ. નીતિવાળું.

સનીસરપંખી પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. તે જમીન ઉપર પથરાય છે.

સનૂબર [અ. સનૌબર] ન. એક પ્રકારનું ઝાડ; ચીડનું ઝાડ.

સનૂરું વિ. નૂરવાળું; તેજસ્વી; પ્રકાશિત.

સને અ. સન પ્રમાણે; સનમાં; સંવત્સરમાં; અમુક બનતા સવત્સરે એમ

સનેહો (સનેડો) પું. સ્નેહબંધન; પ્રેમાસક્તિ; સ્નેહની લગની; હેડો.

સનેત્રાંધ [સં.] વિ. આંખ છતાં આંધળું; દેખતી આંખે આંધળું.

સનેપાત જુઓ સન્નિપાત.

સનેપાતિયું વિ. તોફાની; શાંત બેસી ન રહે તેવું.

સનો ૧. પું. વિષમેચ્છા; સંભોગની લાલસા.
૨. પું. હઠ; મમત; જીદ; દુરાગ્રહ.
૧. સનો ભાંગ્યો = મમત પૂરી કરવી.
૨. સનો મૂકવો = હઠ છોડી દેવી; લીધેલી વાત મૂકી દેવી.

સનોસાઉં પું. એક પ્રકારનો છોડ. તે પાણી કે ભેજવાળી જમીનમાં ચોમાસે ઊગે છે. તેના પાન લાંબા, સાંકડાં અને કુણી ચમરી દાંડી પર છેટે છેટે અંતરે આવેલી હોય છે. તમામ જાતનાં ઢોર તે ખાય છે. ગરીબ લોકો દુકાળમાં તેના દાણા ખાય છે.

સન્ન ૧. પું. ચારોળીનો છોડ.
૨. વિ. આસક્ત; મોહ પામેલું.
૩. વિ. ઢીંચણું; નીચું; વામન.
૪. વિ. નાશ પામેલું; જેનો અંત આવેલ હોય તેવું.
૫. વિ. પથરાયેલું; ફેલાયેલું.
૬. વિ. મૂંગું; સ્તબ્ધ; જડ.
૭. ☐ પાસે.

સન્નદ્ધ [સં.] વિ. બખ્તર પહેરેલું.

સન્ના ૧. [સં. સન્ના] સ્ત્રી. (પ્રાકૃત) આકાર, ભય, મૈથુન અને પરિગ્રહની લાગણી.
૨. સ્ત્રી. ઇચ્છા; આજ્ઞા.
૩. સ્ત્રી. સમજણ

સન્નાટો ૧. પુ. બહુ જ ઠંડી હોવી તે
૨. પુ; શાંતિ; નીરવતા.
૩ પુ. સપાટો; ઝપાટો

સન્નામિની [સં.] સ્ત્રી વાળેલી દાંડીવાળું સોનાનું ઓછું ઝાંખું

સન્નાર જુઓ સનારી.

સન્નારી [સં.] સ્ત્રી. સદ્‌ગુણથી સારી સ્ત્રી.

સન્નાહ [સં] ન. બખ્તર.

સન્નાહક વિ. જોડનાર; સયોજક; સંબંધક.

સન્નિકર્ષ ૧. [સં.] પું. સમીપપણું; નજીક હોવું તે
૨. પું. સંબંધ.
૩. પું. સર્વ તમા અન્ય ગ્રહોનો યોગ.

સન્નિકર્ષક [સં.] ન. નજદીકપણું; પાસે હોવું તે.

સન્નિદર્શન [સં.] ન. દૃષ્ટાંત; ઉદાહરણ; દાખલો

સન્નિધ ૧. [સં.] વિ. સમીપ રહેલું; પાસે રહેલું
૨. અ. પાસે; નજીક; સયોગ.

સન્નિધાન ૧. [સં.] ન. પાસે પાસે મૂકવું તે; ઉપન્યાસ.
૨. ન. સમીપપણું; પાસે હોવું તે.

સન્નિધિ ૧. સ્ત્રી. (વેદાંત) પદોનું વિલંબ રહિત ઉચ્ચારણ.
૨. પું. સમૂહ; સંચય; ભંડાર.
૩. [સં.] સ્ત્રી. નિકટતા; સમીપતા; નજીક હોવું તે.

સન્નિપાત ૧. પું. ગભરાટ; મૂંઝારો.
૨. પું. ત્રિદોષ; વાત, પિત્ત અને કફના પ્રકોપથી આવતો એક તાવ. સન્નિપાતમાં ઘરદી બાટલાવશ હોય છે અને તે પોતાની મેળે ઊઠી કે બેસી શકતો નથી. શરીર શક્તિહીન અને નિસ્તેજ દેખાય છે. આંખની સ્થિતિ બરોબર હોતી નથી. શરીરના કેટલાક ભાગમાં તીક્ષ્ણ દુખાવો થાય છે અને મડદાને માટે ચીસ પાડે છે. આ બધાં ચિહ્ન સાથે ઘરદીને ઘણી જ બેહોશી હોય છે. તે જોઈ શકતો નથી અને સાભળી પણ શકતો નથી.
વાયી વાયુ, તીવ્ર પિત્ત, કફના મંદ જ જોર,
ત્રણે દોષ જેમા થતા, સન્નિપાત નિરધાર;
સન્નિપાત નિરધાર, નિકળ ત્રણેય ચારે,
સુધારે રસપાન, પણ મમપુરુષ ત્રાસે.
સરમારાવ
૩. પું. નાશ.
૪. પુ. (સંગીત) સશબ્દ ક્રિયાના ચાર માંહેનો એક પ્રકાર; બંને હાથનો સામસામે ગમે તેમ આઘાત કરી અવાજ કરી તાલ આપવો તે.
૫ પુ. સબંધ થવો તે; મેળાપ.
૬ ન. ફલિત જ્યોતિષમાં સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી ચૌદમું નક્ષત્ર

સન્નિપાતજ્વર [સ] પુ વા.ત, પિત્ત અને કફ એ ત્રિદોષથી આવતો તાવ. જુઓ સન્નિપાત ૨

સન્નિપાતભેરી ન મડદાને બેસા થવા માટે વગાડવામાં આવતુ નગારુ

સન્નિપાતાતિસાર પું. (વૈદ્યક) અતિસારના ૭ માઠેનો એક પ્રકાર. તેમાં ઝાડો ભૂંડના માસ સરખો અને અનેક રંગનો હોય છે, તેમાં તરસ, મુખશોષ, ભ્રમ અને મોહ થાય છે. જો એવાં લક્ષણ બળહીણા, દૂબળા કે બાળક રોગીને થાય તો તે અસાધ્ય છે

સન્નિપાતોદર [સં.] પું. પેટના રોગના આઠ માંહેનો એક પ્રકાર. રક્ત તથા વાતાદિ દોષ બગડી કુપિત થઈ અત્યંત ભયકર ત્રિદોષાત્મક ઉદરરોગ ઉત્પન્ન કરે છે. આ રોગ વર્ષાઋતુ અને ઠંડીના દિવસોમાં ખાસ કરી કોપ પામે છે. તેમાં બાળ હરડે અને નગોડનાં પાંદડાં ગોમૂત્રમા એકત્ર કરી વાટી તેનો રસ અપાય છે

સન્નિભ [સં.] વિ. સદશ; સમાન; તુલ્ય; જેવું

સન્નિવૃત્ત ૧. પું. (સંગીત) અઠ્યાવન માંહેનો પચાસમો વર્ણાલંકાર.

૨. પું. સત્યારી માંહેનો એક આરોહી અલંકાર

સન્નિવૃત્તાવરોહ જુઓ સન્નિવૃત્ત ૨.

સન્નિવેશ ૧. પું અભાડો.

૨ પું. ભાવ.

૩. પું. દાખલ થવું તે; પ્રવેશ.

૪. પું. શહેર બહારની જગ્યા.

સન્નિશ્રા સ્ત્રી. સારી સહાય; શુભ આશ્રય

મેં મારાં કર્તવ્યો સજ્જનોની અને તેઓની સન્નિશ્રાથી બજાવ્યા છે. આનંદશંકર ધ્રુવ

સન્નિહિત ૧. [સં.] વિ. પાસે રહેલું; નજીકનું; લગોલગ; નિકટસ્થ.

૨. વિ. સારી રીતે રચાપેલું

સન્નીત જુઓ સન્નીતિ.

સન્નીતિ [સં.] સ્ત્રી. સુનીતિ.

સન્મતિ [સં.] સ્ત્રી. સારી બુદ્ધિ.

સન્મનવું અ. ક્રિ. મલકાવું; મુઝાવું.

સન્માતા [સ] સ્ત્રી. સારી માતા

સન્માન ૧. [સ.] ન. આદરસત્કાર; માન; વિવેક.

૨. ન પ્રતિષ્ઠા; આબરૂ.

સન્માનકારિણી [સ.] વિ. સ્ત્રી. સન્માન કરનારી.

સન્માનકારિણી સભા [સ.] સ્ત્રી. સ્વાગત સમિતિ; જાહેર સભામાં સન્માન કરનારી સભા.

સન્માનકારી વિ સન્માન કરનાર

સન્માનચિહ્ન [સં.] ન. માનની નિશાની કે પ્રતીક

સન્માનનીય ૧. [સં.] વિ. મહેનતાણા વગરનું; અવૈતનિક; માનદ; 'ઓનરરિ'.

૨. વિ. માન આપવા લાયક.

સન્માનવું સ. ક્રિ. આદર આપવો; સત્કાર કરવો; માન આપવું; સન્માન કરવુ

સન્માનવેતન [સં.] ન પુરસ્કાર; પુણ્યવેતન; પારિતોષિક; ' ઓનોરેરિયમ'

સન્માનાર્થે [સં. સન્માન + અર્થ (હેતુ)] અ. સ્વાગતને માટે; સન્માન કરવા માટે

સન્માનાર્હ [સં] વિ. સન્માન કરવા લાયક

સન્માનિત ૧. વિ. બિન લવાજમી; માનદ; અવૈતનિક; 'ઓનરરિ'.

૨. [સ] વિ. સત્કારાયેલું; સારુ માન પામેલું; સપૂજિત; સન્માનેલું.

સન્માન્ય [સં] વિ. માનીતું; માન આપવા યોગ્ય

સન્માર્ગ [સં.] પું. ખરો રસ્તો; ન્યાયી માર્ગ; સારો કે નીતિનો માર્ગ

સન્માર્ગી [સં. સન્માર્ગિન્] વિ. નીતિના શુભ માર્ગે જનાર

સન્મિત્ર [સં. સત્ (સારો) + મિત્ર] પું. સારો મિત્ર; ખરેખરો દોસ્ત; સાચા દિલનો નિમકહલાલ મિત્ર.

સન્મીમાંસક વિ. સત્ત્વવિદ્યા જાણનાર; વ્યક્તિવેત્તા

સન્મીમાંસા [સં.] પું. ભૂતમાત્રવિચાર; સત્ત્વમાત્ર વિચાર; સત્ત્વવિદ્યા; વ્યક્તિવિદ્યા.

સન્મુખ ૧ [સ.] વિ સામેનું; સમક્ષ આવેલું; સમુખ.

૨. અ. સામે; પ્રત્યક્ષ; નજરોનજર.

સન્મુખતા [સં.] સ્ત્રી. સન્મુખ હોવું તે.

સન્મુખપ્રિય પુ. (સંગીત) બત્રીસ માંહેનો ઓગણત્રીસમો થાટ. તેમાં ગાંધાર, મૈવત અને નિષાદ કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના ત્રણ સ્વર શુદ્ધ આવે છે.

સન્મુખાસન [સં] ન. અઠ્યાસી માંહેનું એક વ્યાંગાસન.

સન્મૃત્યુ [સ.] ન સારી રીતે શાંતિથી દેહત્યાગ કરવો તે.

સન્યા સ્ત્રી સતા; કટ્યારો, નિશા.ની

સન્યાયી વિ. ઉત્તમ ન્યાય કરનાર.

સન્યાસવું સ. ક્રિ. છોડવું; ત્યાગ કરવો

સપક્ષ ૧. પું. મળતિયો; પોતાના પક્ષનો માણસ

૨. [સં.] પું. (ન્યાય) સાધ્ય પ્રકારટના નિશ્ચયવાળો પદાર્થ જેમકે, પર્વત અગ્નિવાળો છે, ધૂમ હેતુથી. એ અનુમાનમાં મહાનસ એટલે પાકશાળા સપક્ષ કહેવાય છે. કેમકે, મહાનસ વિષે મહાનસ અગ્નિવાળું છે એ પ્રકારનો વહ્નિરૂપ સાધ્ય પ્રકારક નિશ્ચય જ કોય છે

૩ વિ. એક જ પક્ષનું; એને એ બાજુનું; એક સમાન પક્ષનુ

૪. વિ. (ન્યાય) જેના ઉપર સાધ્યનો નિશ્ચય થયો છે તેવું

૫. વિ. જેની પાછળ પક્ષ હોય તેવુ

૬. વિ પાંખવાળુ; જેને પાંખ હોય તેવુ

૭. વિ પીછાંવાળુ

૮. વિ. સરખુ, સમાન

સપક્ષકર પું. અમુક દેશના માલ ઉપર બીજા દેશના માલ કરતાં ઓછો કર નાખવો તે

સપક્ષભાગ [સં.] પું. જેના ઉપર હર વર્ષે અમુક ભાષેલ નહી મળે એવી રીતે રાખેલ ભાગ

સપક્ષવિપક્ષ [સં.] વિ. બંને પક્ષનું; બેઉ બાજુનું

અનેક પ્રશ્નો અને વિષયોની જાતી માહિતી મેળવવી અને તેના **સપક્ષવિપક્ષ** ચુકાદો દઢોર કરવો એ તેનું કર્તવ્ય છે. પારિ. કોષ

સપક્ષી [સં. સપક્ષિન્] વિ. એક જ સમાન પક્ષનુ, સપક્ષ

સપટામણ ૧. સ્ત્રી. ગભરામણ; મુઝવણ

૨. સ્ત્રી. મુશ્કેલી; મુસીબત

સપટાવવુ ૧. સ ક્રિ જકડવું; સજ્જડ બંધ કરવુ; દાબીને બંધ કરવુ

૨. સ ક્રિ ફસડાય તેમ કરવું

સપટાવું ૧ અ ક્રિ. જકડાવુ; સજ્જડ બંધ થવું; દબાઈને બંધ થવુ

૨ અ ક્રિ સપડાવુ; ફસાવુ.

સપડાવવું (સપડાવું) સ ક્રિ ફસાવવુ; સપડાય તેમ કરવું; ફાંદામાં લેવુ

સપડાવું (સપડાવું) અ. ક્રિ ફસાવુ; પકડાવુ; બંધનમાં આવવુ

સપત [સ સપત] પું. સમ, સોગન; પ્રતિજ્ઞા.

સપત્ન [સં.] પું. દુશ્મન; શત્રુ; વેરી; રિપુ.

સપત્નતા સ્ત્રી. શત્રુપણું; વૈર.

સપત્ની [સં.] સ્ત્રી. પતિની બીજી સ્ત્રી; સોક.

સપત્નીક ૧. [સં.] પું. સ્ત્રીવાળો પુરુષ.

૨. વિ. પત્ની સહિત; સ્ત્રી સાથે હોય તેવો.

સપત્નીક કરવું = કન્યા પરણાવવી; ગૃહસ્થાશ્રમી બનાવવું.

સપત્નીભાવ [સં.] પું. શોકના જેવી લાગણી કે વર્તન.

રુક્મિણી અને સત્યભામા વચ્ચે સપત્નીભાવે દ્વેષ ઉત્પન્ન કરાવ્યો. શુ. ના. પરિષદ

સપત્ર [સં] વિ. પાનવાળું; જેને પાંદડાં હોય તેવું.

સપદિ [સં.] અ. જલદી; ઉતાવળે; ' તુરત.

સપન [સં. स्वप्न] ન. સ્વપ્નું; સોણું; સમણું.

સપનું જુઓ સપન.

સપરમું [સ. सुपर्वन्] વિ. માંગલિક; શુભપૂર્વનું; ખુશાલીનું; તહેવાર જેવા જેવડું.

સપરવું જુઓ સપરમું.

સપરાણું ૧. ન. (જૂ. ગુ.) જબરું; શક્તિ.

૨. વિ. ઉન્નત્વવાન; તેજસ્વી.

૩. વિ. પુષ્ટ; સફળ.

૪. વિ. પ્રખ્યાત; જાણીતું.

૫. વિ. મોટું; જબરું; બળવાન; જોરાવર.

૬. [સં. સ્વમાણ] વિ. સઘળું; બધું; સર્વસ્વ.

સપરિગ્રહ જુઓ સપરિવાર.

સપરિવાર [સં. સહ (સાથે) + પરિવાર (છૈયાં છોકરાં] વિ. પરિવાર સહિત; સકુટુંબ; છોકરાંછૈયાં સહિત.

૨. અ. પરિવાર સહિત હોય તેમ.

સપર્ક વિ. જબરું; જોરાવર; બળવાન.

સપર્યા ૧. [સં.] સ્ત્રી. આદરમાન; સત્કાર.

૨. સ્ત્રી. નોકરી, તાબેદારી.

૩. સ્ત્રી. સેવા; પૂજા.

સપહું વિ. ખુશામતિયું.

સપસપ અ. એકદમ; અપચાપ; ઝડપથી; ઝટઝટ.

સપાઈસપરાં ન ક વ. સિપાઈ તથા એનાં બીજાં માણસ.

સપાઉ ૧. સ્ત્રી. એક પ્રકારના જોડી વગરના બંદૂક; બારસડી; સ્ત્રીઓ વગેરેને પહેરવાની ઝટ નીકળી જાય એવી પાની તરફના બંધ રહિત પગરખી.

૨ વિ. બાજુ ટેકરા વગરનું; એકસરખું; સમાંતર; સમતલ.

સપાટ કરવું = (૧) બાજુ ટેકરા વિનાનું કરવું. (૨) પાયમાલ કરવું; ઉઠાડી દેવું.

૩. વિ. પૂરેપૂરું; તમામ; તળિયાઝાટક; બધું.

સપાટ આકૃતિ સ્ત્રી. સીધી કે વાંકી લીટીઓ વડે ઘેરાયેલી સપાટીનો અવકાશ; 'પ્લેન ફિગર'.

સપાટાબંધ અ. તગ્ત; નાબૂદતોબ; ઝડપથી; એકદમ; ઝપાટાથી.

સપાટિયું ૧. ન. વાંસ અથવા બરુની ચીપ; બપાટિયું.

૨. વિ. ઉપલકિયું; ઊંડાણનું નહિ તેવું; ઉપરચોટિયું

સપાટી સ્ત્રી. જમીન, લાકડાં અથવા બીજી કોઈ પણ ચીજનો ઉપલો એકસરખો ઊંચો, નીચો કે બાજુ ટેકરા વગરનો ભાગ; કોઈ પણ આકાર કે વસ્તુની સમાંતર ભૂમિકા; કોઈ પણ વસ્તુનો છેક ઉપલો સપાટ ભાગ. ભૂમિતિમાં તે સપાટ પ્રદેશ માટે વપરાય છે કે જે ઉપર ગમે તે બે બિંદુઓથી સીધી લીટી દોરી શકાય. હવાઈ વિમાનમાં તે ગોળ વાયુ ખોખું કે જે પાંખ અને પૂંછડી તરીકે કામ કરે છે તેને માટે વપરાય છે.

સપાટીઆપકશક્તિ સ્ત્રી. સપાટી જાળવવાનું સાધન; 'સ્પિરિટ લેવલ'. એક કાચની સીધી નળીમાં મદ્યાર્ક ભરી, અંદર થોડી હવા રહેવા દઈ, તે નળી બંને બાજુથી બંધ કરી તેને લાકડાના સપાટ ચોકઠામાં જડવી. તે ચોકઠામાં નળીનો મધ્ય ભાગ ખુલ્લો હોય એમ આંખે દેખાય છે. જ્યારે કોઈને કોઈ રચને ઉપર રાખી ફેરવીએ ત્યારે અંદરની હવાનો પરપોટો નીચેની જગ્યા ઊંચી કે નીચી હોય તે પ્રમાણે એક છેડેથી બીજે છેડે આવજા કરે છે. જો સપાટી બરાબર હોય તો પરપોટો બરાબર વચમાં દેખાય છે.

સપાટો ૧. પું. સપાટો; બોલ્ડ અક્ષર.

૨. પું. બાજુનો પ્રહાર.

૩. પું. જોસ્સાવાળી દોડ.

૪ પું. સપાટો; ઝડપ; ત્વરા.

૧. સપાટો કરવો–મારવો–લગાવવો = જોર અને તાકીદથી કામ કરવું.

૨. સપાટો બોલી નાખ્યો = (૧) ખો ભુલાવી દેવી. (૨) ધમકાવવું. (૩) મારવું.

૩. સપાટામાં આવવું = જોર જે ઝડપના સપાટામાં આવવું કે સપડાવું.

૫. પું. તમાચો.

૬. પું. ધમધોકારથી ચાલતું તે.

૭. પું. પવનનું જોરથી ફૂંકાતું તે.

સપાડું (સપાડું) ૧. ન. આભાર; અહેસાન; ઉપકાર.

૧. સપાડું ચડવું = આભાર થવો; ઉપકાર કે પાડ કર્યાનો બોજો લાગવો.

૨. સપાડું લાગવું = આભાર તળે આવ્યાની લાગણી થવી.

૨. ન. બદલો; અવેજ

૩. ન. લાગવગ; ભલામણ; સિફારસ; વજ.

સપાડો (સપાડો) પું. ધાતુના પાટલા સાંધા બરાબર બેસતા થવા તે.

સપાદ ૧. [સં. स + पाद (ચોથો ભાગ)] વિ. ચતુર્થાંશ સાથે; ચોથા ભાગ સહિત; સવાયું; સવાગણું.

૨. વિ. પગવાળું.

સપાદલક્ષ ૧. પું. એ નામે એક દેશ.

૨. ન. અજમેર. તેની રાજધાની સાકંભરી હતું.

૩. [સં. સપાદ (પા ભાગ સહિત) + લક્ષ (લાખ)] વિ. સવા લાખ.

સપાદી ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૩૧ માત્રા હોય છે અને ૧૬, ૧૫ માત્રાએ યતિ આવે છે. તેમાં ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૩, ૨૬, ૨૮ માત્રાએ તાલ આવે છે.

૨. પું. ચોત્રીસ માત્રાનો એક છંદ

સપારે અ. બરોબર; ઠીક; જેવું જોઈએ તેમ.

સપાસપ અ. ઉપરાઉપરી; એક પછી એક; સપાટાબંધ; અપોઆપ; ઝડપથી; ઝટઝટ.

સપિચ્છક વિ. પીંછાંવાળું.

સપિતા [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વના પિતા પણ તે જ છે. વળી સર્વને ઉત્પન્ન કરનાર, પાળનાર અને સર્વની સંભાળ લેનાર પણ તે જ છે. સર્વની રક્ષા કરનારા પણ તે જ છે તેથી વિષ્ણુને સપિતા કહે છે

સપિંડ ૧. [સં.] પું. સગોત્રી પુરુષ; સાત પેઢી સુધીના પિતૃઓને પિંડ આપનાર સંબંધી.

૨. વિ. એક જ કુટુંબનું; એક જ હોઠનું

૩. વિ. પિંડ આપવાના અધિકારવાળું.

સપિંડતા ૧. [સં.] સ્ત્રી. હોઠીનો સંબંધ; એક જ કુટુંબના હોવું તે; સગોત્રત્વ.

૨. સ્ત્રી. સગાઈ; સબંધ

સપિંડત્વ જુઓ સપિંડતા.

સપિંડવિવાહ [સ.] પું પોતાના જ ગોત્રમાં થતું લગ્ન શાસ્ત્રીય દૃષ્ટિએ આવું લગ્ન નિષિદ્ધ છે.

સપિંડી સ્ત્રી માણસના મરણ પછી બારમે દિવસે કરવામાં આવતી શ્રાદ્ધની ક્રિયા.

સપિંડીકરણ [સં.] ન પ્રેતપણાથી મુક્ત કરવા માટે પ્રેતને ઉદ્દેશીને કરવાનું એક શ્રાદ્ધ; મરેલા સગાને બારમે દિવસે પિંડદાન કરવું તે.

સપિંડીકૃત [સં.] વિ જેને ઉદ્દેશીને સપિંડીકરણ થયું હોય તેવું

સપીતું ૧. વિ આધેપાધે સુખી; પૈસાવાળું; ધનવાન

૨. વિ પુષ્ટ; મજબૂત; જોરાવર.

સપુટનિલ પુ (વહાણવટું) સિરિર ઋતુનો પવન

સપુતું વિ સબળું; બધુ

સપુત્રદાર [સં.] અ. પુત્ર અને સ્ત્રી સાથે

સપુત્રી વિ સ્ત્રી બાળબચ્ચાંવાળી.

સપુત્રું વિ. પુત્રવાળું.

સપુરઢ જુઓ સપૂરત.

સપુર્દગી ૧. [ફા.] સ્ત્રી જાગીર મિલકતનો હક્ક સોંપવાનો લેખ

૨ સ્ત્રી લેણદારોના લાભને માટે મુખ્યત્વારને મિલકત સોંપવી તે.

સપુષ્પ [સં.] વિ. ફૂલ બેસે એવું; ફૂલ આવે તેવું; ફૂલવાળું.

સપૂર્ણ વિ. સમૂળગું; આખું; તમામ.

સપૂત ૧. [સં. સુપુત્ર] પું. કુટુંબની આબરૂમાં વધારો કરે એવો દીકરો

૨. પું. સારો પુત્ર; સારી ગુણિયલ છોકરો.

સપૂરત સ્ત્રી. સુપરત; સોંપણી; સોંપવું તે.

સપેત [ફા. સફેદ (ધોળું)] વિ. ઊજળું; ગોરું; સફેદ; ધોળુ

સપેતી સ્ત્રી. સફેદી

સપેર અ ઠીક; બરાબર

સપૅષ્ટ [સં.] ન. ચંદન.

સપોઝિટરિ [અં.] સ્ત્રી. (વૈદક) અમુક દવાની સાથે કોકમનું તેલ, મીણ અને ચરબી બેળવીને બનાવતી બોનિ અગર મળદ્વારમાં નાખવામાં આવતી સંકુ આકારની દવાની ગોળી; સોગડી

સપોતું ન. ઓછા વાર નહિ ધોવાયેલ સૂતરાઉ; કોરું સૂતરાઉ

સપ્ટેમ્બર [અં.] પું. ખ્રિસ્તી સવત્સરનો નવમો માસ; ઇસ્લામીમતનો નવમો મહિનો.

સપ્ત [સં.] વિ. સાત.

સપ્તઅંડી વિ સાત અંડવાળુ

સપ્તઋષિ [સં.] પુ. (પુરાણ) આકાશમાં ઉત્તર ધ્રુવ તરફ આવેલું સાત તારાઓનું ઝૂમખું તેની પૂછડીના બીજા તારા પાસે જ એક ઝીણો તારો છે, જેને અરુન્ધતી કહે છે. આ ઝૂમખું ઉત્તર ધ્રુવની પ્રદક્ષિણા કરતું જણાય છે. આ સપ્તઋષિઓ સાત તારા રૂપે છે. તે પુલહ, ક્રતુ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરા, વસિષ્ઠ અને મરીચિ છે. તે સાતું, વહાણ કે ખાટલી નામથી પણ ઓળખાય છે. જુઓ સપ્તર્ષિ.

સપ્તક ૧ [સ] ન સાતનો સમુદાય, સાતની સંખ્યાનો સમૂહ.

૨. ન સંગીતમાં સાત સ્વરનો સમૂહ કે જથ્થો. સપ્તક એ શબ્દથી સાધારણ રીતે સાત શુદ્ધ અને પાંચ કોમળ તીવ્ર મળી બાર સ્વરનો સમુદાય સમજવો. સાધારણ ગાયનવાદનમાં મુખ્ય ત્રણ સપ્તક હોય છે: મંદ્ર સપ્તક, મધ્ય સપ્તક અને તાર સપ્તક. મંદ્ર એટલે નીચું-ખરજના બડા ધોબરા અવાજનું, મધ્ય એટલે વચલું-સાધારણ વ્યાવહારિક અવાજનું અને તાર એટલે તીણા કે ઊંચા અવાજનું

૩. વિ સાતની સંખ્યાવાળું; સાતમું.

સપ્તકી [સં.] સ્ત્રી. કટિમેખલા; કેડનો કંદોરો.

સપ્તકોણ ૧. [સં.] પું. (ગણિત) સાત ખૂણાવાળી આકૃતિ.

૨. વિ. જેને સાત ખૂણા હોય એવું; સાત ખૂણાવાળું.

સપ્તકોણી વિ. સાત ખૂણાનું; સપ્તકોણ સબંધી

સપ્તખંડ જુઓ સપ્તદ્વીપ.

સપ્તખંડી વિ. સાત ખંડવાળું

સપ્તગંગ [સં.] ન. મહાભારતમાં જણાવેલુ એ નામનું એક પ્રાચીન તીર્થ.

સપ્તગોદાવર [સં.] ન. મહાભારતમાં જણાવેલુ રાજમહેન્દ્રી પાસે આવેલું એક પ્રાચીન ક્ષેત્ર.

સપ્તગોદાવરી સ્ત્રી. (પુરાણ) ગોદાવરી નદી. તે સાત જુદા જુદા પ્રવાહ થઈ સમુદ્રને મળતી હોવાથી તેનુ આ નામ પડેલું છે.

સપ્તચક્ર [સં.] વિ. સાત પ્રકારનાં ફિરકાવાળું

સપ્તચરુ [સં.] ન (પુરાણ) એ નામનુ ભારતવર્ષનું એક તીર્થ. આ તીર્થમાં દેવ, ઋષિ અને મુનિઓ વગેરેએ ચરુ અર્પણ કર્યો હતો. માટે ત્યાં સર્વે સ્નાન કરી ચરુનો હોમ કરવાની પ્રથા છે.

સપ્તચિરંજીવ [સં. સપ્ત (સાત) + ચિરંજીવ (અમર)] પું. બ. વ. સુપ્રસિદ્ધ સાત અમર મહાત્માઓ કૃપાચાર્ય, બલિ, વ્યાસ, હનુમાન, પરશુરામ, અશ્વત્થામા અને વિભીષણ એ સાત ચિરંજીવી મનાય છે

સપ્તજનાશ્રમ પુ. (પુરાણ) પમ્પા સરોવર અને કિષ્કિંધા નગરી એ બેની વચ્ચે પૂર્વે કોઈ સાત ઋષિઓ તપ કરતા હતા તે સ્થળ.

સપ્તજિત પું. (પુરાણ) હનુની એ નામનો પુત્ર

સપ્તજિહ્વ ૧. [સં.] પુ. અગ્નિ તેને કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધૂમ્રવર્ણા, સ્ફુલિંગિની અને વિશ્વરુચિ એમ સાત જીભ હોવાનું મુંડકોપનિષદમાં જણાવેલ છે કોઈ તેનાં નામ આ પ્રમાણે આપે છે: કરાલી, ભૂમિની, શ્વેતા, લોહિતા, નીલલોહિતા, સુવર્ણા અને પદ્મરાગા

૨. પું. ચિત્રાનું ઝાડ

સપ્તજિહ્વા [સં.] સ્ત્રી બ. વ. અગ્નિની સાત જીભ

સપ્તજ્વાલ જુઓ સપ્તજિહ્વ

સપ્તતંતુ પું. યજ્ઞ; યાગ.

સપ્તતંત્રી [સં] સ્ત્રી. સાત તારની વીણા.

સપ્તતિ [સં.] વિ. સિત્તેર; ૭૦.

સપ્તદશી પું. (સંગીત) શ્રુતિજાતિ અઠ્ઠાવીસ માત્રાનો એક તાલ. તેનાં તાલ સ્થાનઃ ૧, ૫, ૭, ૯, ૧૩, ૧૫, ૧૭, ૨૧, ૨૫, ૨૯, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૩, ૪૫, ૪૭ માત્રા ઉપર છે

સપ્તદીધિતિ જુઓ સપ્તજિહ્વ

સપ્તદ્વીપ [સં.] પું બ. વ. પૌરાણિક સાહિત્યમાંના સાત ખંડ; પુરાણકારોનુસાર પૃથ્વીના સાત મોટા વિભાગ. જંબુ, પ્લક્ષ, શાલ્મલી, ક્રૌંચ, શાક અને પુષ્કર તેનાં નામ છે.

સપ્તદ્વીપા [સં] સ્ત્રી સાત દ્વીપવાળી પૃથ્વી

સપ્તધા [સં.] અ. સાત પ્રકારે; સાત રીતે.

સપ્તધાતુ ૧ સ્ત્રી. બ વ. આયુર્વેદ પ્રમાણે રસ, રક્ત, માંસ, મજ્જા, ચરબી, હાડ અને વીર્ય એવી શરીરની સાત ધાતુઓ

૨. સ્ત્રી. બ. વ સોનુ, રૂપું, તાંબુ, લોઢું, કલાઈ, સીસું અને જસત એ સાત ધાતુનો સમૂહ

સપ્તધાતુસ્તંભ [સં.] પું. દિલ્હીમાં કુતુબમિનારની પાસે આવેલો સાત ધાતુનો સ્તંભ. ચોથા સૈકામાં ચંદ્રગુપ્ત રાજાએ હિંદના તમામ ભાગમાં બાહુબળથી જીત મેળવી હતી તેની યાદગીરીમાં આ સ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો. દોઢ હજાર વર્ષ ઉપર બનાવેલા આ સ્તંભને નથી લાગ્યો કાટ કે નથી કોઈથી અડિત થઈ શકયો. સ્તંભની નીચે અગ્નિ સળગાવી ધાતુઓનું પૃથક્કરણ કરવા પ્રયત્ન કરાયેલો હોવાથી કેટલોક ભાગ બરબચડો થઈ ગયો છે. ભારતખંડમાં રસાયણ વિદ્યા કેટલી પ્રબળ હતી તેની સાબિતી માટે આવા પ્રાચીન કારીગરીના નમૂના જ બસ છે.

સપ્તધાન્ય [સં.] ન. બ. વ. સાત જાતનાં મુખ્ય અનાજ; ઘઉં, ચોખા, જાડાં, મગ, જવ, તલ અને કાંગ વગેરે ધાન્ય.

સપ્તધારા ન. નર્મદાના જબલપુર કાંઠા ઉપર આવેલ એ નામનું એક સ્થાન. અહીં પાંડવોએ નર્મદાજીને રોકવાનું ધાર્યું હતું, પરંતુ નર્મદાજીએ પોતાની સહજ લીલાથી પર્વતરૂપી બંધનને તોડીને સપ્તધારાદ્વારા ગમન કર્યું આ કારણે ત્યાંનું બહુ જ સુંદર તથા વિશાલકાય એક તીર્થ બની ગયું. તેને દ્વીપ કહે છે. તેમાં ભીમકુંડ, અર્જુનકુંડ ને જાહ્નકુંડ છે. જ્યાંકુંડમાંથી જાહ્નવીજીએ કરેલ યજ્ઞની ભસ્મ નીકળે છે.

સપ્તપત્ર [સં.] ન. સપ્તપર્ણી; સાતપુડાનું ઝાડ.

સપ્તપદ [સં.] પું. ભમરાનો મોભારાનો ભાગ; ભ્રમરનિકા.

સપ્તપદાર્થ [સં.] પું. બ. વ. (જૈન) આર્હતમતે જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જર, બંધ, મોક્ષ એવા સાત જાતના પદાર્થ.

સપ્તપદી ૧. સ્ત્રી. લગ્નની વિધિ વખતે બોલવાના એક જાતના શ્લોક. વિવાહમાં સપ્તપદી મુખ્ય મનાય છે.

૨. [સં.] સ્ત્રી. વિવાહવિધિમાં વરકન્યાએ સાત પગલાં સાથે ફરવું તે. હિંદુ લગ્નવિધિમાં આ અગત્યની ક્રિયા છે. ચોરીની અંદર ઈશાન ખૂણા તરફ કંકરની સાત નાની ઢગલી કરવામાં આવે છે અને વરનો હાથ પકડી કન્યા એક પછી એક સાને ઉપર પગલાં ભરે છે. પહેલે પગલે વર એને પોતાનાં પેર એટલે પીવાની વસ્તુઓની જામીદાર થવાનું કહે છે, બીજે પગલે અન્નની, ત્રીજે લક્ષ્મી અને ધનની, ચોથે એના આરોગ્યની, પાંચમે પશુધનની, છઠ્ઠે પગલે દરેક જાતમાં સહચારિણી થવા કહે છે અને સાતમે પગલે મિત્ર થવાનું કહે છે.

સપ્તપર્ણ ૧. [સં.] ન. સાતપુડાનું ઝાડ. તે હિંદનાં જંગલમાં ઊગે છે તેનો એકોસાથે સાત પાનનો ગુચ્છો હોવાથી તે તરત જ ઓળખાઈ આવે છે. આ ઔષધિ આક્ષેપ નિવારક હોવાથી દરરોજ આવતો તાવ, તરિયો તાવ, ટાઢિયો તાવ વગેરે જ્વરમાં ઉપયોગી છે. તેની અસર કિનાઈનિના જેટલી છે; પણ કિનાઈનિથી જે બહેરાપણું, અનિદ્રા, સાંજનો તાવ વગેરે અસર થાય છે તે આનાથી થતી નથી. તેનાં પાનનો આકાર સીમગાનાં પાંદડાં જેવો જ લાંબો હોય છે.

૨. વિ. સાત પાંદડાંવાળું

સપ્તપર્ણલતા [સં.] સ્ત્રી. સાત પાંદડાંવાળી એક જાતની વેલ.

સપ્તપર્ણી જુઓ સપ્તપર્ણ.

સપ્તપર્ણી ૧. [સં.] સ્ત્રી. રિસામણીનો વેલો. તેનાં પાન પારદબંધન માટે ઉપયોગી છે.

૨. વિ. સાત પાંદડાંવાળું.

સપ્તપર્વત [સં] પું. બ.વ. સુપ્રસિદ્ધ સાત મુખ્ય પર્વત કેટલાક લેખકોના મત પ્રમાણે તે મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષગાદન, વિંધ્ય અને પારિયાત્ર છે, જ્યારે બીજા મતે તેનાં નામ હિમાલય, નિષધ, વિંધ્ય, મલ્યિમાન, પારિપાત્ર, ગંધમાદન અને હેમકૂટ છે.

સપ્તપલાશ [સં] પું. સાતપુડાનું ઝાડ.

સપ્તપાતાલ [સં.] ન. બ. વ. સાત પાતાલ. જેમકે, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

સપ્તપાતાળ જુઓ સપ્તપાતાલ.

સપ્તપાલ પું. (પુરાણ) એ નામનો યુધિષ્ઠિરની સભામાંનો એક ઋષિ.

સપ્તપુરી સ્ત્રી. (પુરાણ) અયોધ્યા, મથુરા, માયા એટલે હરદ્વાર, કાશી, કાંચી, અવંતિકા એટલે ઉજ્જયિની અને દ્વારકા એ સાત નગરી. તે બાબતની એક ઉજ્જયિનીનું વર્ણન મેઘદૂતમાં આ પ્રમાણે આપ્યું છે:

કોટિમોતી-છીપ, મણિ ચૂંથ્યા મોતીના શુદ્ધ હારો,
તેજે સ્ફુર્યાં નવ તૃણસમાં શ્યામ ચારુક રત્નો;
ફેલાયેલા વિદુરમણિના બંધ જેની બજારે,
જોતાં બાકી સકલનિધિ તો પાણીવાળા જ લાગે.
બાલી પુત્રી હરી ઉદયને આંબી પ્રદ્યોત કેરી,
એ રાજાની કનકની બની તાડની ઝાડી આંઠે;
આંબી ઘૂમ્યો નવગિરિ મહીં ચણ ઉંબેડી હાથી,
બ્હેમાનોને કુશળ જન જ્યાં રીઝને એ કથાશી.

સપ્તપ્લક્ષ [સં.] પું. સરસડાનું ઝાડ.

સપ્તભંગી ૧. સ્ત્રી. (જૈન) સ્યાદ્વાદના સાત અવયવ.

૨. [સં. સપ્ત (સાત) + ભંગિન્ (ભેદવાળું)] વિ. સાત ભેદવાળું.

સપ્તભંગીનય પું. (જૈન) સ્યાદ્વાદના સાત અવયવ. સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ, સ્યાદ્ અસ્તિ ચ નાસ્તિ ચ, સ્યાદ્ અવક્તવ્ય, સ્યાદ્ અસ્તિ ચ અવક્તવ્યશ્ચ, સ્યાન્નાસ્તિ ચ અવક્તવ્યશ્ચ અને સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ અવક્તવ્યશ્ચ જેવાં તેનાં નામ છે. આ સાત રીતે પદાર્થનું પ્રતિપાદન થઈ શકે છે.

સપ્તભુજ ૧. [સં.] પું. (ગણિત) સાત સીધી લીટીઓથી જેની હદ બંધાયેલી હોય એવી સમતલ આકૃતિ; સપ્તકોણ.

૨. વિ. સાત બાજુવાળું.

સપ્તભૂમિ જુઓ સપ્તદ્વીપ.

સપ્તભોમ [સં.] પું. સાત માળનો મહેલ.

સપ્તમ [સં.] વિ. સાતમું.

સપ્તમહાદ્વીપાધિપતિ પું. બ.વ. (પુરાણ) પ્રિયવ્રત રાજાના આગ્નીધ્ર, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, મેધાતિથિ, વીતિહોત્ર નામના પુત્ર. તેઓ સપ્તદ્વીપમાંના અનેક ખંડના રાજા હતા.

સપ્તમહાસાગર [સં.] પું. બ. વ. ક્ષાર, ઈક્ષુ, સુરા, ઘૃત, ક્ષીર, દધિ અને શુદ્ધોદક નામના સાત સમુદ્ર. તે દરેક સાત દ્વીપની આજુબાજુ આવેલો છે. જેમ સાત દ્વીપની પહોળાઈ એક એકથી બમણી છે, તેમ આ મહાસાગરોની પહોળાઈ પણ એક એકથી બમણી છે.

સપ્તમાતૃક [સં.] સ્ત્રી.બ.વ. (પુરાણ) બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઇંદ્રાણી અને ચામુંડા એ સાત દેવીઓ.

સપ્તમાંશ [સં.] પું. (જ્યોતિષ) જ્યોતિષ કુંડલી માંહેના લગ્ન ભુવનનો સાતમો ભાગ. તેમાં ૪ અંશ અને ૧૭ કળાનો સમાવેશ થાય છે.

સપ્તમાંશાધિપ ન. જ્યોતિષ કુંડલી ઉપરથી સંતતિ સંબંધે જોવા જાણવા માટે ખાસ ચક્રોત્તરેલ વર્તુલ.

સપ્તમી ૧. [સં.] સ્ત્રી. સુદિ કે વદિ સાતમ.

૨. વિ સ્ત્રી. સાતમી.

સપ્તમી તત્પુરુષ [સં.] પું. તત્પુરુષ સમાસનો એક પ્રકાર. પૂર્વપદ ઉત્તરપદ સાથે સાતમી વિભક્તિના સંબંધથી જોડાયું હોય એવો તત્પુરુષ સમાસ તત્પુરુષ કહેવાય છે. જેમકે, દૈવાધીન, શાસ્ત્રનિષ્ણાત વગેરે.

સપ્તમુખ [સં.] વિ. સાત મોઢાંવાળું.

સપ્તમુખી જી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માઇની એક કલા.

સપ્તમેરુ [સં.] પું. બ. વ. કંચન, શૈલ, સુરાલયા, રત્ન, હેમાદ્રિ, દેવગૃહ અને મેરુ એ નામના સાત પર્વત.

સપ્તરશ્મિ ૧. [સં.] પું. સૂર્ય

૨. ન. બ. વ. પ્રકાશના સાત કિરણ

સપ્તરંગી ૧. વિ. જેમાં સાત રંગ હોય તેવું

૨. વિ. ભાતવાળું; કપડી

સપ્તરાત્ર [સં.] ન. અઠવાડિયું

સપ્તરાવ પુ (પુરાણ) ગરુડપુત્ર

સપ્તરાશિ [સં.] જી (જ્યોત) ત્રણ ગુણોત્તરવાળી બહુરાશિ; 'રૂલ ઑવ સેવન.' બહુરાશિનાં પહેલાં બે પદ જ્યારે ત્રણ ગુણોત્તરનાં બનેલાં હોય ત્યારે તે સપ્તરાશિ કહેવાય છે

સપ્તરાશી જુઓ સપ્તરાશિ

સપ્તર્ષિ ૧. પું. આકાશમાં આવેલો સાત તારાનો ઝૂમખો; ધરપાંખડી; ધ્રુવમત્સ્ય; ઋક્ષસિયો. તેમાં ઢાળી બાજુએ ચાર તારાઓનો એક ચતુષ્કોણ થયેલો છે. તે ગાડુ, વહાણ કે ખાટલી નામથી પણ ઓળખાય છે અને જમણી બાજુએ ત્રણ તારા હોય છે. સાતે તારામાં જમણા અંગ ઉપર બીજો તારો વસિષ્ઠ છે. ડાબા અંગ ઉપર જે બે તારા છે તેમાં ઉપરનો પુલહ અને નીચેનો તેનાથી ઉત્તરે આવેલો ક્રતુ છે. આ બંનેને માપનારી એક રેખા કાઢીને તે નીચેની બાજુએ એટલે ક્રતુના અંતમાં લઈને પાંચ ગણી જો લંબાવાય તો તે લંબાયેલી લીટી ધ્રુવને જઈને મળે છે. જાન્યુઆરિના આરંભમાં મળસકે પાંચ વાગે અને ફેબ્રુઆરિના આરંભમાં પરોઢિયે ત્રણ વાગે તેઓ મધ્યાહ્નવૃત્ત ઉપર દેખાય છે માર્ચથી સાત મહિના દરમિયાન રાત્રિના પૂર્વ ભાગમાં એટલે આગલી રાત્રે દેખાય છે ઑક્ટોબરમાં પરોઢિયામાં તે પાંચ વાગે છે કે તરત જ ઊગે છે. નવેંબરમાં તે જ વખતે બહુ ઊંચે આવેલા દેખાય છે અને ડિસેંબરમાં તો તેથી પણ ઊંચે જણાય છે. ભૂતકાળમાં થઈ ગયેલા મહાન જ્યોતિષીઓ અને આર્ય સંસ્કૃતિના મૂળ સંરક્ષકોને આપણા પૂર્વજોએ આ રીતે આકાશમાં સ્થાન આપી અમર કરેલા છે. દરેક ખેડૂત આ સપ્તર્ષિ મંડળને ઓળખે છે. તેનાથી કેટલી રાત્રિ ગઈ એ જાણી શકાય છે. તેના પહેલા બે તારા ક્રતુ અને પુલહની સીધી લીટીમાં હમેશ ધ્રુવનો તારો હોય છે. તેથી તે બે દર્શકતારા કહેવાય છે.

૨. [સં. સપ્ત (સાત) + ઋષિ] બ.વ. મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ નામના પુરાણના મુખ્ય સાત ઋષિઓ

સપ્તર્ષિકાલ [સં.] પું. એ નામનો એક શક. કશ્મીર અને આજુબાજુના પ્રાંતમાં સપ્તર્ષિકાલ અથવા લૌકિકકાલ અથવા શારદાકાળ પણ કહે છે. ધ્રુવ નક્ષત્રની આસપાસ સપ્તર્ષિ સો વર્ષમાં એક નક્ષત્ર આક્રમણ કરે છે. એ પ્રમાણે ૨,૭૦૦ વર્ષમાં એમની એક પ્રદક્ષિણા પૂર્ણ થાય છે

સપ્તર્ષિકુંડ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

સપ્તર્ષિજ [સં] પું. બૃહસ્પતિ

સપ્તર્ષિપૂતા [સં] જી ઉત્તર દિશા

સપ્તર્ષિમંડલ [સં] ન મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અંગિરસ અને વસિષ્ઠ એ સાત ઋષિના નામ ઉપરથી પડેલું આકાશમાં દેખાતું સાત તારાઓનું ઝૂમખું.

સપ્તર્ષિમંડળ જુઓ સપ્તર્ષિમંડલ.

સપ્તર્ષિસંવત [સં. સપ્તર્ષિ + સંવત્સર (વર્ષ)] પું. ચોત્રીસ માઇનો એક ભારતીય સંવત. તેને લૌકિકકાલ, લૌકિકસંવત, શાસ્ત્રસંવત, પહાડીસંવત અને કશ્મીરસંવત પણ કહે છે. સપ્તર્ષિ નામના સાત તારા અશ્વિનીથી રેવતી પર્યંત સત્તાવીસ નક્ષત્રોમાંથી પ્રત્યેક ઉપર ક્રમશઃ સો સો વર્ષ સુધી રહે છે. ૨૭૦૦ વર્ષમાં એક ચક્ર પૂરું કરી બીજું આરંભે છે કશ્મીરમાં આ સંવતનો પ્રારંભ કલિયુગના ૨૬મા વર્ષથી મનાય છે. પરંતુ પુરાણ તથા જ્યોતિષના ગ્રંથોમાં તેનો પ્રચાર કલિયુગ પહેલાંનો મનાયેલ છે. તે સંવતનો પ્રારંભ ચૈત્ર સુદ એકમથી થાય છે. પ્રાચીન કાલમાં આ સંવતનો પ્રચાર કશ્મીર અને પંજાબમાં હતો પરંતુ હાલમાં કશ્મીર તથા તેની આસપાસના પહાડી પ્રદેશોમાં છે. વિશેષે કરીને જ્યોતિષિઓમાં તેનો પ્રચાર બહુ માલૂમ પડે છે.

સપ્તલોક [સં] પું. બ. વ. ભૂ, ભુવર, સ્વર, મહર, તપ, જન અને સત્ય એ સાત લોક.

સપ્તવતી [સં.] જી. (પુરાણ) એ નામની ભારતવર્ષીય એક નદી.

સપ્તવાહન [સં.] પું. વિષ્ણુનાં હજાર માઇનું એક નામ

સપ્તશત [સં.] વિ. સાતસો; ૭૦૦.

સપ્તશતી ૧ [સ.] જી ચંડીપાઠ. ચંડીપાઠ એ જગદંબાનું સ્તોત્ર છે. જગદંબાએ જે દૈત્યોનો કરી છે અને જે યુદ્ધવિલાસો કર્યા છે તે તેમાં આપણે જોઈ એ છીએ. જ્યારે ભક્તિતંત્ર હૃદયે આપણે એનું સ્મરણ મનન કરીએ છીએ ત્યારે જે ચિન્મયી શક્તિ છે તેનું તેજ આપણા હૃદયને અજવાળવા માંડે છે. ચંડીપાઠના વાચક એનાં મનોહર સ્તવનોથી પણ અપૂર્વ આનંદ પામી શકે એમ છે

૨ જી. સાતસો શ્લોકનો સમૂહ.

સપ્તશિરા [સં] જી નાગરવેલ

સપ્તશીલ પુ. (જૈન) શ્રાવકના ૧૨ માઇના સાત ઉત્તર ગુણવ્રત: ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત.

સપ્તશૃંગ ૧. [સ.] પું. એ નામનો એક પર્વત કે શિખર. તેની ઉપર ચૌરંગીનાથ પાસે મત્સ્યેંદ્રનાથે ભક્તિવિદ્યા અને યોગનો ઉપદેશ દીધો હતો

૨. ન. (પુરાણ) એ નામનું સહ્યાદ્રિ પર્વત ઉપર આવેલું દેવીનું સ્થાન.

સપ્તસપ્તમિકા જી જૈન તપસ્વીઓથી આચરવામાં આવતું ઓગણપચાસ દિવસનું એક પ્રકારનું તપ.

સપ્તસમિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨ પું. સૂર્ય.

સપ્તસમુદ્ર જુઓ સપ્તસાગર.

સપ્તસર્ગ જુઓ સપ્તલોક

સપ્તસંતર્પણ [સં.] ન. તર્પણ કરવાની સાત વસ્તુ. તે આ પ્રમાણે છે: દૂધ, દાડમ, ખજૂર, સાકર, શાલીધાન્ય, મધ અને ઘી.

સપ્તસાગર જુઓ સપ્તમહાસાગર.

સપ્તસારસ્વત [સ.] ન. (પુરાણ) એ નામનું એક તીર્થ. સુપ્રભા, કાંચનાક્ષી, વિશાલા, મનોરમા, ઓઘવતી, સુરેણુ અને વિમલોદક એ નામના સરસ્વતી નદીના સાત પ્રવાહ આ સ્થળે આવેલા છે. અહીં મંકણક નામના ઋષિનો આશ્રમ હતો.

સપ્તસિંધવ ૧. પું. પંજાબ દેશ. તેમાં સિંધુ, જમના, જેલમ, ચિનાબ, રાવી, બિઆસ અને સતલજ એમ સાત નદીઓ આવેલી છે.

૨. [સં.] પું સાત નદીનો સમૂહ. તેનાં નામ આ પ્રમાણે છે: ગંગા, યમુના, પ્લક્ષજા, રથસ્થા, સરયુ, ગોમતી અને ગંડકી

૩. જુઓ સપ્તસાગર.

સપ્તસિંધુવાસી પુ બીજા પાષાણ યુગના ઉત્તરકાળનો સપ્તસિંધુમા રહેતો મનુષ્ય. તે શિકારીની જિંદગી ગાળતો તે કઠવર અને પહોળા ચહેરાનો માણસ હતો. તેનુ નાક મોટુ આગળ પડી આવે તવુ હતુ. તેના મગજનુ કદ પણ ઘણુ મોટુ હતું. તે ખટપટ અને બહાદુર હતો જુદિના અંકુર અને ઇંદિવોની કેળવણી તેનામાં શરૂ થઈ ચૂકયાં હતાં. તેનું રહેઠાણ મોટ. ખડકોની બખોલો કે પહાડોના ગુફાઓમા હતું. પાળ્યાથી પોતે મારેલા જનાવરોના ચામડાના જેવા તેવા તબૂ પણ તેઓ બાંધ્યા હોય એવો સભવ છે. તેના વસ્ત્રોમાં પણ પહેલાં વસ્ત્ર સીવેલાં છૂટા ચામડાં અને પાછળથી ચામડાંની મોય વડે સીવેલાં ચામડાનાં કપડાં પહેરતો હશે એમ કહી શકાય. પશુઓના ચામડાં ચામડાંનો તે જેવી રીતે ઉપયોગ કરતો તેમ એમનાં માસને પણ ખાવામાં વાપરતો માસને તે રાંધી રાંધતા નહિ શીખ્યો હોય પણ શેકતો હશે એમ માનવાને કારણ છે. વાસણથી તે અજાણ હતો. તેણે જગલી ઘોડાને પાળ્યો હોય એવાં ચિહ્ન છે. પણ તે સિંહ વગેરે પ્રાણીઓ તો તેના દુશ્મન હતાં અથવા ઉપલી રીતનાં ખોરાકી પોષાકોનાં સાધનો જ હતાં

સપ્તસૂર જુઓ સપ્તસ્વર

સપ્તસૂંઢાળી વિ. સાત સૂંઢવાળુ. ઐરાવતને માટે બોલાય છે

સપ્તસ્કંધ [સ.] પુ સાત વિભાગ કે પ્રકરણ.

સપ્તસ્રોતસ [સં.] ન. હિમાલયના દક્ષિણ ભાગમા આવેલું એ નામનું એક તીર્થ. દેવનદી ગંગાજી જુદા જુદા સાત પ્રવાહો વડે સપ્તર્ષિઓને પ્રસન્ન કરવા માટે પોતે સાત પ્રકારે વહે છે તેથી આ તીર્થને સપ્તસ્રોતસ કહેવામાં આવે છે

સપ્તસ્રોતા [સ.] વિ સ્ત્રી. સાત પ્રવાહવાળી.

સપ્તસ્વર [સં] પુ બ વ. (સગીત) ગાયનના મૂળ સાત સ્વર; સ્વરસપ્તક. સગીતમાં ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પચમ, ધૈવત અને નિષાદ એમ સાત સ્વર છે. તેનાં ટૂંકા રૂપ અનુક્રમે સા, રી, ગ, મ, પ, ધ, ની છે તેને જાતાશ્રિત અને અજાતાશ્રિત પણ કહે છે

સપ્તાક્ષરી વિ સાત અક્ષરનું; જેમાં સાત અક્ષર હોય એવુ

સપ્તાજ ન બ વ તંદુલ એટલે ચોખા વગેરે, અમાવાસ્યા, પૂર્ણિમા, દૂધ, મન, વાણી અને પ્રાણ એમ સાત અજ. તેમાથી પહેલું છે મનુષ્યનું અજ, બે છે દેવનાં અજ. ત્રીજુ છે પશુનુ અજ અને બાકીના ચાર અજ જીવ કે આત્મા માટે છે.

સપ્તામૃત [સં. સપ્ત (સાત) + અમૃત] ન. (વૈદક) એ નામનુ એક ઔષધ. તેના સેવનથી આખના સઘળાં દરદ મટતા હોવાનુ મનાય છે અને આખમાં બાજ પક્ષીના જેટલુ તેજ આવતુ મનાય છે. તે બનાવવા હરડેની છાલ તોલો ૧, બેડાની છાલ તોલો ૧, આમળાં તોલો ૧, જેઠીમધ તોલો ૧, લોહભસ્મ તોલા ૪ લેવાં. પ્રથમની ચાર વસ્તુનું બારીક ચૂર્ણ કરી તેમાં લોહભસ્મ ભેળવવી રોજ સવાર સાંજ આ ચૂર્ણ બાજીએ આની ભાર ઘી અને મધ સાથે લેવું. આ પ્રયોગ એક માસ ચાલુ રાખવો. દિવસે એક વખત જમાય તો પ્રયોગ વધારે સહેલ થઈ એટલે રાત્રે ન જમવું. હરડાં, બેડાં, આમળાં, જેઠીમધ, લોહ, ઘી અને મધ આ સાત અમૃતરૂપ હોવાથી ઔષધનું નામ સપ્તામૃત રાખેલું છે

સપ્તામૃતલાહ જુઓ સમાઅન.

સપ્તાર્ચિ ૧ [સ] પુ. અગ્નિ.
૨. પું. શનિ ગ્રહ.

સપ્તાલુ ન. એક જાતનું કંદ. તેનો સ્વાદ ગળ અને રસ બધો હોય છે. તેની છાલ પાતળી હોવાથી જે બાજુ તાપ પડે છે તે બાજુનુ અંગ રાતું થઈ જાય છે. તે ઉષ્ણ તથા સમશીતોષ્ણ પ્રદેશમાં થાય છે

સપ્તાવસ્થા [સં.] સ્ત્રી. (વેદાંત) જ્ઞાનની સાત અવસ્થા. તેનાં નામ: અજ્ઞાન, આવરણ, વિક્ષેપ, પરોક્ષ જ્ઞાન, અપરોક્ષ જ્ઞાન, લોકનાશ અને નિરંકુશાવૃત્તિ.

સપ્તાશ્વ [સં.] પુ. સૂર્ય. તેના રથને સાત ઘોડા હોવાનુ મનાય છે.

સપ્તાશ્વવાહન ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

સપ્તાસ્ય ૧ [સં. સપ્ત (સાત) + આસ્ય (મુખ)] પું બૃહસ્પતિ.
૨ વિ. સાત મુખવાળું; સપ્તાનન.

સપ્તાહ ૧. [સં. સપ્ત (સાત) + અહન (દિવસ)] સ્ત્રી સાત દિવસ ચાલતું ભાગવતનું પારાયણ કે કથા.
૨. ન. સાત દિવસનો સમુદાય; અઠવાડિયુ.

સપ્તાંગ [સં.] વિ. સાત અંગવાળું.

સપ્તાંશુ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. મિત્રાનું નામ.

સપ્તાંશુ ખુંગવ [સ] પું શનિ ગ્રહ

સપ્તિ [સં] પુ. ઘોડો.

સપ્તોપધાતુ [સ] સ્ત્રી. બ વ. (વૈદક) સાત ઉપધાતુ. સુવર્ણમાક્ષિક, તારમ.ક્ષિક, મોરથૂથુ, કંકણ, જસત, સિંદૂર અને મદૂર એ સાત ધાતુ.

સપ્તોપરત્ન [સ] ન બ વ સાત જાતનાં ઉપરત્ન, વૈકાન્ત, સૂર્યકાન્ત, ચંદ્રકાન્ત, કર્પૂરક, સ્ફટિક, પીરોજ અને કાચ એ સાત જાતનાં રત્ન

સપ્તોપવિષ [સ.] ન. બ. વ. (વૈદક) સાત જાતનાં ઉપવિષ; આકડાનું દૂધ, થોરનું દૂધ, સાંભલી એટલે દૂધિયો વછનાગ, કણેર, અફીણ, અહીફેણ અને ધતૂરો એ સાત ઝેર.

સપ્પટ વિ. બેસતું; તગ; સજ્જડ વળગેલું.

સપ્રકારા [સ.] વિ પ્રકાશવાળું; તેજસ્વી.

સપ્રતિજ્ઞ [સં] વિ. જેમાં પ્રતિજ્ઞા હોય તેવુ.

સપ્રતિબંધ [સં.] વિ. શરતી; જેમાં કોઈ પણ જાતનું બંધન હોય તેવુ

સપ્રતિલેખ [સ.] પું. જમીન સાથેનુ જોડાણ.

સપ્રત્યય ૧ [સં] વિ. પ્રત્યયવાળુ.
૨. વિ. વિશ્વાસવાળુ

સપ્રભ [સં] વિ. કાંતિમાનું; તેજસ્વી; પ્રકાશમાન

સપ્રમાણ ૧. [સં.] વિ. આધારભૂત; સાબિતીવાળું.
૨. વિ. જેનુ જોઈએ તેવું; યથાર્થ
૩. વિ. યોગ્ય પ્રમાણવાળું; માપસર.
૪. વિ. યુક્તિક.
૫ અ. પ્રમાણ દાખલ; દાખલા સહિત; આધાર સાથે.

સપ્રમાણતા ૧. [સં.] સ્ત્રી. યથાર્થતા.
૨ સ્ત્રી. સપ્રમાણ હોવું તે.
૩. સ્ત્રી સાબિતી

સપ્રયોગ ૧. [સં.] વિ પ્રયોગ વડે થતું; ક્રિયાત્મક
૨ વિ પ્રયોગસિદ્ધ

સપ્રયોજન [સં] વિ. સહેતુક; હેતુવાળું; પ્રયોજનવાળું; હેતુપુરઃસર

સપ્રાણ [સ.] વિ પ્રાણવાળું, જીવતુ.

સપ્રેમ [સં.] અ પ્રેમ સહિત; પ્રેમપૂર્વક

સફ (સફ) ૧. [અ.] સ્ત્રી. પક્ષ; તરફેણ
૨. સ્ત્રી. બાજુ; કોર
૩. સ્ત્રી. હાર; ઓળ
૪. [સં સમ્પ] ન. ગાદુ; ગુણ ભાગનો થાળ.

સફરજળવું વિ ફીમ , વગરનું, નબાલ, નજીવું.
સફરદર [અ.] વિ સરહદમાં ભમાણું પારકે ભેરો બહાદુર
સફરદરજંગ [અ.] પુ યુદ્ધમાં જંગાણ પાડનાર પરાક્રમી યોદ્ધો
સફર ૧. પું. નાયક; નેતા
૨. [અ] પું. મુસલમાની બાર મહિનો બીજો મહિનો; હિજરી સનના વર્ષનો બીજો મહિનો તે અપશુકનિયાળ ગણાય છે, કારણ કે મહમદ એ મહિનામાં બહુ જ માંદા હતા
૩. જી પ્રવાસ; મુસાફરી; પર્યટન.
૪ જા. પદાર્થની મુસાફરી.
સફરજન ન. એક જાતનું સ્વાદિષ્ટ ફળ. તેનું ઝાડ બરફ અને એસિઆના ઠંડા પહાડી પ્રદેશમાં થાય છે. હાલ બરફી શીતળ ટેકરીઓ ઉપર તેનું વાવેતર થાય છે હિંદમાં કશ્મીર અને હિમાલયના બીજા કેટલાક પ્રદેશમાં તે સારા થાય છે. સફરજનનો મુરબ્બો સારો બને છે સફરજનમાં પૌષ્ટિક અને મનુષ્ય શરીરને ઉપયોગી તત્વો રહેલાં છે તેની અંદર જે સાકરનાં તત્વો છે તે બાનાં ફળો કરતાં મનુષ્ય શરીરની અંદર જલદી પ્રસરી જાય છે તેથી શરીરની અંદર બળ અને ગરમી સારા પ્રમાણમાં મળે છે સફરજનમાં પ્રોટીન તત્વો પણ સારા પ્રમાણમાં હોવાથી ફળો રાંધ્યા કે બાફ્યા વિના ઉપલી પાતળી છાલ સહિત જ ખાવાં ઇષ્ટ છે રાંધવાથી આ તત્વો નાશ પામે છે પિત્તપ્રકોપમાં તે બહુ ફાયદો કરે છે, પણ તે કફકે શીતળ હોવાથી કોર્ફકને શરદી, મળોત્પન્ન થઈ આવે છે. વળી નબળી પ્રકૃતિવાળા કે જેની હોજરી સડોચાર્ય ગઈ હોય તેવાઓને તે માફક નથી આવતાં. કોર્ફકને ક્રમજિજ્ઞાત થઈ આવે છે દંતમાંથી લોહી નીકળતું હોય તેના ઉપાય તરીકે સફરજન સારાં ગણાય છે નિદ્રાનાશમાં રાતે સૂતી વખતે બાવાથી ઉંઘ આવી મગજ શાંત થાય છે તે ખેરાકમાં પચનો યુરિક એસિડ અટકાવે છે તેનો રસ ચોડ, આથે દાંતે મંજનથી દાંત ઉપરની છાલ છારી દૂર થઈ દાંત સ્વચ્છ બને છે અને અવાળુ મજબૂત બને છે બાફેલા ફળોની પોટીસ જખમો ઉપર બાંધવાથી શોધન કરી જલદી રુઝવે છે. દુખતી આખ ઉપર એ પોટીસ રાખવાથી સોજો તેમજ રતાશ દૂર થાય છે
સફરનામું [અ સફરનામહ] ન પ્રવાસના વર્ણનનું પુસ્તક
સફરાવું વિ સફળ; ધન્ય; સપરાણ
સફરાવો પુ ઘોડાનો એક જાતનો પિત્તનો રોગ
સફરી (સફરી) ૧. [અ. સફર (વહાણની મુસફરી)] પુ ખલાસી; વહાણ ચલાવનાર ન ખિ
૨. ન. માછલું.
૩. ન. લાંબી સફર કરનારું વહાણ.
૪ વિ. ઉદાર દિલનું; ઉમરાવ સ્વભાવનું.
૫. વિ. પૈસો ઝટ વાપરે તેવું; ખરચાળ
૬. વિ. મુસાફરીનું; સફર કરનારું.
૭. વિ લહેરી; આનંદી
સફરો પું. મોટા આંતરડાનો ગુદા આગળનો ભાગ; મળાશય.
સફલ ૧. [સ.] વિ. જેનો હેતુ પાર પડ્યો હોય તેવું; સિદ્ધ; સાર્થક.
૨. વિ. ફળવાળું.
સફલતા [સં.] સ્ત્રી. સફળ થવું કે હોવું તે; સિદ્ધિ
સફલા એકાદશી [સં.] સ્ત્રી. માગશર વદિ અગિયારશ. તે વિષે આખ્યાયિકા છે કે, ચંપાવતી નગરીના મહિષ્મત રાજાને ચાર પુત્રો હતા. તેમાં સૌથી મોટો પુત્ર ધાતકી હતો. તેને જંગલમાં કાઢી મૂકવામાં આવ્યો. અસભ્ય જીવોની જિંદગી એ તેનો લાં પણ જીવન વ્યવસાય હતો. આ દુષ્કર્મી પુત્રને હાથે આકસ્મિક એક ભગળ કાર્ય થયું. માગશર કૃષ્ણ એકાદશીની પૂર્વ રાત્રે તે વસ્તીમાં હતો. એક પીપળાના ઝાડ નીચે તે સૂતો. અસહ્ય ઠંડીને લીધે તેને નિદ્રા આવી નહિ; હાથ પગ પણ જકડાઈ ગયા સફલા એકાદશીના દિવસે બપોરે બાર વાગ્યે તેને બે ઘડી ઊંઘ આવી ક્ષુધા અને તૃષાથી પીડાતો તે જાગ્યો, પણ જીવહત્યા કરવાની શક્તિ તેમનામાં રહી ન હોતી. આસપાસનાં ઝાડનાં ફળ વીણી વિપત્તિયા ઘેરાયેલા તેણે તે ફળ પ્રભુને સમર્પણ કર્યા. વિષ્ણુ ભગવાને પ્રસન્ન થઈ તેને રાજ્ય આપ્યું. આ એકાદશીને દિવસે સારા ફળથી નારાયણનું પૂજન કરવાનો મહિમા છે. તે દિવસે ડાકોરજીને ફળનો અન્નકૂટ ભોગ ધરાવે છે અને ફળનું દાન કરાય છે
સફલાર્થ [સં] વિ જેનો પ્રયોજ્ય અર્થ સિદ્ધ થયો હોય તેવું.
સફલિત [સં] વિ. સફળ; ફલેહવંદ થયેલું
સફલીકરણ ૧. [સં] ન. ગર્ભ ધારણ કરવો તે.
૨. ન. ફળરૂપ બનાવવું તે.
સફલું વિ નકામું, નજીવું, બલકું, તુચ્છ.
સફેદા ૧. [અ.] પુ. ચહેરો
૨ ન પાનું, પૃષ્ઠ
૩. ન. ઓયતગિરું.
સફેળ જુઓ સફલ.
સફેળતા જુઓ સફલતા
સફેળાવું જુઓ સફરાવું
સફેળાવું અ ક્રિ. સફળ થવું; ફલેહ પામવું
સફ્ફા ૧. [અ.] સ્ત્રી. મનની નિર્મળતા
૨. વિ. ખલાસ; પૂરું; કાંઈ પણ બાકી ન હોય તેવું
૩. વિ. ચોખ્ખું; સારું; સ્વચ્છ નિર્મળ.
સફ્ફાઈ ૧. જી ચાલાકી, ચતુરાઈ; ચાતુર્ય.
૨. જી. ટાપટીપ; ખોટો ભપકો
૩. જી. નિર્દોષતા; નિષ્કપટતા.
૪ જી અડાઈ; ખોટાં વખાણ.
૧. સફાઈ મારવી–કાંઠવી = ખોટું અભિમાન કરવું
૨. સફાઈમાંથી હાથ ન કાઢવો = (૧) ખોટી અડાઈ કર્યા કરવી. (૨) પોતાની નિર્દોષતા સબૂત કર્યા કરવી
૫ જી. સ્વાધીનતા, સ્વચ્છતા.
સફ્ફાઈદાર [અ.] વિ. સફાઈવાળું; સાફ; સ્વચ્છ.
સફ્ફાખાનું ન. દવાખાનું; ' હોસ્પિટલ ',
સફ્ફાચટ ૧. [હિં.] પું. વેશ્યાઓ ગુહ્યદ્રિયના વાળ કાઢવા માટે વાપરે છે તે હરતાલ.
૨ જા. બધું જતું રહે તેમ; સાફ; તદ્દન સાફ; કાંઈ પણ બાકી ન રહે તેમ.
સફ્ફાર ૧. વિ વજનમાં હળવું
૨. વિ. સુંદર; શોભીતું
સફ્ફાલગોટો ૧. પું કરવાનું તમામ કામ
૨. પું. કામના બધ્ધાનો સંકટો નિકાલ.
સફ્ફાળી જી ગર્ભ ધારણ કરેલી માદા
સફ્ફાળું ૧ વિ. ઓચિંતો બય વગરનો ત્રાસકો પડેલો હોય તેવું; ફાળ પડી હોય તેવું; બેબાકળું; ગભરાયેલું
૨. વિ. ફાળ સહિત; એકદમ; ઓચિંતું
સફ્ફીત જી. એ નામની છોકરાંની એક રમત.
સફ્ફીતા જી. નાનું વહાણ
સફ્ફીર [હિં.] પુ એલચી; રાજદૂત; પરરાજ્યનો વકીલ
સફ્ફીલ ૧. [અ. ફસીલ] જી. ચારે દિશાએ ફરતી બાંધેલી દીવાલ; કોટ, કિલ્લો; ગઢ; રક્ષણ માટે કરેલ બાંધકામ
૨ વિ પાસનું; કોડેનું, સગોલગ્ન પડેલું

સબદ

સફીલદાર પું. હદેહદ બોલાયેલી હોય તેવો પડોશી.

સફીલદારી સ્ત્રી. સફીલદાર હોવું તે.

સફીલહક [અ.] પું. પડોશહક.

સફીલહક્ક જુઓ સફીલહક.

સફુરાં સ્ત્રી. આગ્રહ વગરની સ્ત્રી.

સફું ૧. ન. ખાનું.
૨ ન. સાદો; પ્રજ્ઞ; પાતું.
૩. ન. સીધું; શુદ્ધ જ્ઞાનનો પાળો.

સફેખત સ્ત્ર. સેવાકરેલા કે જાગતું જગાડતું ન હોવું તે.

સફેજંગ વિ. બહાદુર; કિંમતવાળું; શરવીર.

સફેતો પું. ડોબલો; ડોલસો.

સફેદ વિ. ધોળું; ધોળા રંગનું.

સફેદ એરંડ પું. એ નામની એક વનસ્પતિ. તે હમેશ લીલો રહે છે. બીજી જમીનમાં ઊગે છે. દક્ષિણમાં તો તેનું બાગેતર વાડ તરીકે ઉપયોગ કરવા માટે કરવામાં આવે છે. તેના બી પ્રેરી છે. પાદડાંનો તાજો રસ રેક્તઆવ બંધ કરે છે. તેની પ્રાણીનુ ક્રાતજ કરવાથી પેશા મજબૂત થાય છે

સફેદગલી સ્ત્રી. વેશ્યાવાડ; બજર કર્મ કરાવનારી સ્ત્રીઓનુ રહેઠાણ કે મતો.

સફેદઝગ પું. બહારથી સુધરેલા દેખાવનો પરંતુ બુચ્ચો માણસ

સફેદપોશી પું. ધોળો પોશાક પહેરનાર છુપી પોલિસનો માણસ.

સફેદમૂસળી સ્ત્રી. એક જાતની પૌષ્ટિક ઔષધિ; ધોળી મૂસળી.

સફેદ સેમુલ સ્ત્ર. એક જાતનું ઉનાળામાં ખીલનુ ધોડા ધોડા કાંટાવાળું એ નામનુ વૃક્ષબાડ. તે મોટું અને ઘનસીલ્ક ઝાડ છે. તેના પાંદડાં ખરી પડ્યા પછી ઉનાળામાં તેને લીલાશ પડતાં ધોળાં ફૂલ આવે છે. ફૂલમાં ક્રમખાં હોય છે. તેનાં કાલા બે માસ જેટલા વખત પછી પાકે છે. તેમાંથી રેસમ જેવું મહેદ કે નીકળે છે. આ રૂ તકીઓ વગેરે ભરવામાં તથા લપ્રર્ફ વખતે જિંદગી બચાવનારા વાટકૂટ વગેરે બીજો બનાવવામાં વપરાય છે દોરમા ન કામથી ક્રાપડ પણ બને છે. બનવા અને ફિલિપાઈનિ દ્વીપમાં આ ઝાડ પુષ્કળ થાય છે. આ ઝાડનો ક્રાપોક કરે છે

સફેદ સોમલ પું. શખીઓ સોમલ: સોમલની બનાવટી એક જાત; જમીનમાંથી નીકળતુ ખાર ખનિજદ્રવ્ય. તે પૌષ્ટિક, બલપ્રદ અને ઔષધી તરીકે વપરાય છે. ટાઢિયો તાવ, ચામડીના રોગ, અપચો, ટાઢિયો તાવ, ચામડીના રોગો, આધાશીશી, ક્ષય, દાતના તેલનો દુઃખાવો, જૂના ત્વચારોગ, ખરજવું, કોઢ, વિસ્ફોટક, ખીલ વગેરેમાં તે ગુણકારક મનાય છે

સફેદી ૧. સ્ત્રી. ઈંડામાંથી નીકળતો પ્રવાહી પદાર્થ; ઈંડાની અંદરનો ધોળો ભાગ; અંડશ્વેત
૨. સ્ત્રી ચૂના વડે ધોળવું તે.
૩. સ્ત્રી ધોળાશ; ધોળુ હોવું તે.
૪. સ્ત્રી ધોળી ઝૂડી.

સફેદો ૧. પું. ધોળો ઝૂડો
૨. પું. સીમાડામાંથી બનતો એક જાતનો સફેદ નેસી પદાર્થ; તેલવાળો ધોળો રંગ. તે રંગકામમાં ઉપયોગમાં આવે છે. સફેદાથી બનાવેલા રંગ પાક્ક જેવા છે, પણ તેને ભઠકના પુમાડાવાળી હવા લાગતાં જ તે કાળા પડી જાય છે અને બહુ દિવસ ટીકતાં, મહાર્ક અને ચળકાટ રહેતા નથી. બજારમાં મળતા સફેદામાં ક્રણીચૂનાની ઝૂડી અથવા બીજા પદાર્થ ભેળસેળ કર્યા હોય છે. તેની પરીક્ષા કરવી હોય, તો તેમાં નત્રાબ્લ નાખવો, એટલે શુદ્ધ સફેદો આબલમાં ઓગળી જઈ, ભેળસેળનાં દ્રબ્યો કૂચો રહે છે. પુમાડાથી બનતો સફેદો ક્રાળો પડતો નથી, એટલે સ્નાનખંડ રસોડું વગેરે ઠેકાણે તે ઠીક પડે છે. બજારમાં મળતા સીસાક્ષારના સફેદામાં અને જસતક્ષાર સફેદામાં ક્રાંઈ ગુણ અને ક્રાંઈ દોષ રહેલા છે. બંનેના ગુણનો ક્રાયદો મળે અને અવૈ કમી થાય, તે માટે પહેલો ક્રાય સીસાક્ષારનો અને બીજો ઉપરનો ક્રાય જસતી સફેદાનો, ઊંચી જાતના તેલમાં મેળવી, આપવામાં આવે છે. પહેલા અસ્તરના ક્રાયને લીધે ક્રાકું કે સોજો ઉપરના બધા ક્રાય દૂર થઈ જઈ, તે સાજો થઈ જાય છે. પછી બીજા ક્રાયથી ચળકાટ આવી, મોકળાશ પુમાડો કે આબોહવાથી અસર થઈ, રંગ ક્રાળો પડતો નથી.

સફો [અ] પું એક બાજુ; પૂજ; પાનું.

સફ્રેજેટ [અં.] સ્ત્રી. મતાધિક્રાર અને સ્વાતંત્ર્યને માટે તનતોડ મહેનત કરનાર ઇંગ્લંડની સ્ત્રીઓનો એક વર્ગ

સબ [હિં.] વિ. બધું; સઘળું; સર્વ.

સબક [અ.] પું. ન. પાઠ; ધડો; દાખલો; દૃષ્ટાંત.

સબકમિટી [અં.] સ્ત્રી. શાખા કે પેટા સમિતિ

સબકવું અ ક્રિ. નજર ચુકવીને નાસી જવું, પલાયન થવુ.

સબકારો પું. એકદમ પમાર થઈ જતો વીજળીનો પ્રકાશ

સબકાવવું સ. ક્રિ. સોડીથી મારવુ

સબકું ન ભોળાદાદાણ. ભોળો ઢાંકવાનું સાધન.

સબજજ [અં.] પું. મદદનીશ ન્યાયાધીશ; મુનસફ

સબડ ૧. સ્ત્રી ગાળ
૨. [જ્ઞા. સબ્દ] સ્ત્રી. બાજરનું પીવા માટે તૈયાર કરેલું લીલુ પાણી
૩. સ્ત્રી લીલાશ; લીલો રંગ.
૪. સ્ત્રી લીલોતરી; શાકભાજી; ભાજીપાલો

સબડપાણી સ્ત્રી. ભાંગ.

સબડબંડી સ્ત્રી. શાકબજાર

સબડો [જ્ઞા. સબ્દ] પું એક જાતનો ઝોડવો; કમરો; મરવો

સબડી જુઓ સબડ

સબડ (સબડ) પું વહાણનો મધ્યભાગનો મોટો ભાગ

સબડકા પાટલી (સબડક પાટલી) સ્ત્રી એ નામની એક રેસમ ક્રારીકા તરેહ તે રેસમાય છે.

સબડકો (સબડકો) પું. હાથનાં ચાર આંગળાં ભેગા કરી તે વડે પ્રવાહી પદાર્થ સાથે મોઢામાં મૂકતાં મોઢામાંનો વાયુ અંદર ખેંચાતાં થતો અવાજ

૧. સબડકા વગર ખબડકો = દીક્ષા લઈને કરેલ વગર કોઈ મજા નહિ
૨. સબડકો મારવો = પુષ્કળ ખાવું કે પીવું.

સબડવું ૧. (સબડવું) અ ક્રિ. નકામું પડ્યુ પડ્યુ રહેવું.
૨. અ. ક્રિ. રઝળવું
૩. અ. ક્રિ. વાસી પડ્યુ રહેવાથી બગડી જવું; બંધાઈ ઊઠવુ; સડવુ; કોહવું

સબડાક (સબડાક) અ. સબડકો થાય એમ દીક્ષો ખોરાક થાય એવી ઉપરાઉપરી મોંમા મૂકતાં અવાજ થયો તે; સબડકાનો અવાજ.

સબડાવવું (સબડાવવુ) ૧. સ ક્રિ. દીક્ષો ખોરાક બાજરાનાં વડે મોંમાં ચમચી જેવો
૨. સ ક્રિ. બગાડવું; સબડે એમ કરવુ.
૩. સ. ક્રિ. રઝળાવવુ

સબદ ૧ પું ગીત.
૨. પુ. નામ.
૩ પું શબ્દ; અવાજ.
૪. પું. સર્વનામ.

સબદાવવું ૧ સ કિ ઉશ્કેરીને તૈયાર કરવું ૨ સ કિ ચેતવવું; ચેતવણી આપવી.

સબદાઈ જી॰ મજબૂતાઈ; સારા બાંધાનું હોવાપણું

સબધું ૧ વિ બધી રીતે સુખી ૨. [સં. સુબદ્ધ] વિ. મજબૂત; સારા બાંધાનું; બંધ બેસતું

સબનીસ ૧. [ફા.] પું. દફતરદાર; 'અકાઉન્ટન્ટ'.

૨. જી. એ નામની એક મરાઠી અટક

૩. ન. એ નામની અટકનું માણસ.

૪ વિ એ નામની અટકનું.

સબનીસી જી સબનીસની જગ્યા કે સ્થાન.

સબબ ૧. [અ.] પું. કારણ; હેતુ

૧. સબબ કાઢવો = કારણ અથવા બહાનું શોધવું.

૨. સબબ જોવો = સબબની સત્ય,સત્યતા તપાસવી

૨. પું. મુદ્દો, બાબત

૩. અ. અમુક કારણ છે માટે; કારણકે

સબમરીન [અં] જી. પાણીની સપાટી નીચે ચાલતી બોટ.

સબર ૧. [અ. સબ્ર] જી. સબૂરી; શાંતિ; ધીરજ; સહનશક્તિ

૨. અ. રહો; થોભો; અટકો; ધીરા પડો; બેઠી રહો; બેઠી રાહ જુઓ; સબૂર; એવા અર્થનો ઉદ્‌ગાર.

સબરસ [હિ.] ન. મીઠું; સલ્ફ. તેમાં બધા રસ હોવાનું મનાય છે

સબરસ સંગ્રામ પું. ગાંધીજીએ મીઠા માટે કરેલ સત્યાગ્રહ દાંડીકૂચના નામે તે જાણીતો છે.

સબલ ૧ વિ અતિશય; ખૂબ.

૨ વિ સબળ; સબળ

૩. [સ.] વિ. બળવાન; જોરાવર; મજબૂત; શક્તિમાન

સબલાશ્વ પું. (પુરાણ) સોમવંશી કુરુપુત્ર અવિક્ષિત અથવા અયોધ રાજાનો એ નામનો એક દીકરો

સબલું જુઓ સબલ

સબસબવું ૧ અ. કિ. સબાકાટ મારવો; પ્રકાશિત હોવું

૨ અ કિ. મારની અસર રહેવી.

સબસબાવવું સ. કિ. માર મારવો

સબસિડી [અં.] જી॰ ઉત્પાદનાર્થે સરકાર તરફથી મળતી મદદ; કોઈ પણ ઉદ્યોગ સાહસને રાજ્યસંસ્થા તરફથી અપાતી બુક્સી મદદ

સબળ જુઓ સબ્બલ.

સબળતર [સં. સબલતર] વિ. વધારે બળવાન.

સબળપણું ન. બળવાન હોવું તે

સબળા ૧ જી. બળવાન સ્ત્રી.

૨. વિ જી॰ બળવાન; મજબૂત; જોરાવર.

અસાલિ મારી છે સાંતિ બળ્યા સબળા મહું. ઉલ્લો જે છે પહેલો તે છે બાલેવાન સેવક. ગાંધીગીત

સબળાઈ જી. બળવાન હોવાની સ્થિતિ; સબળતા; બળવાનપણું

સબળું જુઓ સબલ.

સબાકો પું. સબડો; એકાએક બાંધ્યો લાગવો તે; અસબો.

સબાકું વિ. સપાટીમાં સરખું, ઊંચુંનીચું નહિ એવું; સપાટ.

સબાધ [સં.] વિ. રોગવાળું; વિરોધવાળું.

સબારદાન વિ. વસ્તુ ભરેલા બારદાન સહિત; સકડું

સબારું જુઓ સબારદાન.

સબી ૧. જી. ચહેરો.

૨. [અ.] જી॰ છબી; તસ્વીર.

૩. જી. શોભા; કાંતિ

સબીજ ૧. [સં.] વિ. બીજવાળું.

૨. વિ. સવિકલ્પ. સમાધિ માટે બંધારણ છે.

સબીર પું. તંબૂ; શિબિર.

સબીરજ પું. બારસાખ ઉપર, બારીના બારણામાં અને બારણા નીચે બેઠા ઘાટવાળો ઘોડો

સબીલ ૧. [અ.] જી. પાણીનું પરબ.

૨. જી. મહોરમના દસ દિવસમાં ખેરાત દાખલ પાવામાં આવતું ઉમામની નિમાજનું ખજાંદા શરબત કે પાણી

૩. જી. માર્ગ; રસ્તો.

૪. જી. રીત; ઢબ.

સબુચી ન. પહોળા તળવાળું વાસણ.

સબુદ્ધિ ૧. [સં સુબુદ્ધિ] જી. સારી મતિ; સાચી બુદ્ધિ.

૨. અ. બુદ્ધિથી; બુદ્ધિપૂર્વક.

સબૂત ૧. [અ.] ન. દસ્તા; મજબૂતી.

૨. ન. મક્કમતા; સાચું હોવું તે

સબૂર ૧. [અ સબ્ર (ધીરજ)] જી॰ ધીરજ; સહનશક્તિ.

સબૂર કરવી–પકડવી = ધીરજ રાખવી

૨ અ થોભો; રહો; ધીમા પડો; અધીર બનો, એવા અર્થનો ઉદ્‌ગાર.

સબૂરાઈ જુઓ સબૂરી

સબૂરી જી॰ ધીરજ; સહનશક્તિ

૧. સબૂરી પકડવી–રાખવી = ધીરજ રાખવી.

૨. સબૂરીનાં ફળ મીઠાં છે = ધીરજ મોટી વાત છે.

સબોડવું (સબોડવું) સ.ક્રિ. સોટીથી સબોસબ મારવું.

સબોસબ અ એકદમ; ત્વરાથી; ઝપાટાબંધ.

સબ્જી ૧ [ફા] જી. (હિંદી) લીલાંતર ભાજ.

૨. જી લીલો છોડવો; લીલોતરી; બાજીપાલો; શાકબકાલું; તરકારી

૩. જી. લીલો રંગ

સબ્બળ ન. બરહોડી કરવાનું એક જાતનું હથિયાર; છેડેથી બોડલી પેન્સિલના જેવો શુમારે દોઢ ફૂટ લાંબો અને એક ઇંચ જાડો લોખંડનો ગોળ સળિયો. તેને બીજે છેડે કાણું પાડેલું હોય છે. દરણી બોઠો સબ્બળથી બાતર પાડે છે.

સબ્રહ્મચારી [સ.] પું. સહાધ્યાયી; ગુરુબંધુ; એક જ ગુરુ પાસે રહેનાર વિદ્યાર્થી.

ગુરુ અધિકાર વગર બીજાને જ્ઞાન કરે નહિ પણ હું તો તમારો સબ્રહ્મચારી છું. ગોવર્ધનરામ

સબ્રહ્મ વિ. ભણેલું ગણેલું; શીખેલું.

તમારાં સબ્રહ્મ કરતાં અબ્રહ્મ સારાં. અંબાલાલ

સભય [સં] વિ. બીકવાળું; ભય ભરેલું; ભયભીત; ભયયુક્ત

સભર ૧. જી. ભરતીવાળા પાણીનું તેવી જ સ્થિતિમાં થોડો વખત રહેવું તે

૨. વિ પૂરતું; છલકતું; ભરપૂર; પૂરેપૂરું ભરેલું. સભર ભરવું -સભરે ભરવું = પરિપૂર્ણ ભરવું.

૩. વિ. જી. ગર્ભિણી; ગર્ભ ધારણ કરેલી; સગર્ભા.

સભરતા જી. છલોછલ હોવાપણું, પૂરું ભરેલું હોવું તે

સભર્તૃકા [સં.] જી. સધવા સ્ત્રી; પતિ હયાત હોય તેવી સ્ત્રી

સભંગ પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રામેળ છંદ તે જગણવાળા રુક્ષક છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૩૪ લઘુ મળી ૪૯ વર્ણ હોય છે

સભંગપ્લેષ [સ] પું (અલં.) એ નામનો એક અર્થાલંકાર તેમાં શબ્દનો ભંગ કરવાથી બીજો અર્થ થાય છે

સભા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ ને આનંદવર્ધન છંદનો એક ભેદ છે. તેમાં ૨૮ ગુરુ અને ૩૪ લઘુ મળી ૬૨ વર્ણ હોય છે

૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ

૩. સ્ત્રી ન્યાયમંદિર; 'કોર્ટ'.

૪ સ્ત્રી. મંડળી; સમાજ.

૫ સ્ત્રી. વિચાર કરવાને એકઠા થયેલા માણસોનો સમૂહ; મેળાવડો; પરિષદ. આ સમયે ગાંધીજી લખે છે કે: આપણી સભાઓ વગેરે ખુલ્લામાં આસમાનની છત નીચે થવી જોઈએ. એવું થઈ શકે તો એ બહુ કરવા જેવું છે. મોટો સામાન્ય રિવાજ થઈ ગયો તો એને માટે મોટી જગ્યાઓ વગેરેનો વિચારપૂર્વક આગળથી બંદોબસ્ત કરવો જોઈએ. નાનાં મોટાં શહેરોમાં એ હેતુને માટે મોટાં મેદાન રાખવાં જોઈશે. સાથે આપણી કેટલીક આદતો પણ બદલાવવી રહેશે. આપણે ઘોંઘાટ કરવાને બદલે શાંતિ રાખતાં અને બેદરબસ્તને બદલે વ્યવસ્થાથી બેસતાં શીખવું પડશે. આપણી ટેવો સુધારી બોલવાની જરૂર હશે ત્યારે જ બોલતાં શીખીશું અને બોલતી વખતે પ્રસંગે જરૂર હોય તેનાથી જરા યે વધારે ઊંચો એટલો જરૂર પૂરતો જ અવાજ કાઢીશું પછી આપણે આપણા પાડોશીનું ભાન રાખતા થઈ જઈશું અને વ્યક્તિગત રીતે અથવા સમૂહમાં બીજા લોકોના રસ્તામાં આડા નહિ આવીએ, બીજાઓના કામમાં દખલ નહિ કરીએ. આ બધું કરવાને માટે કેટલીયે વાર આપણે આપણી જાત પર કાબૂ રાખવો પડશે.
સમન્યા, પરિષત્, ગોષ્ઠી, સમિતિ, પરિષદ્, આસ્થાન, આસ્થાન, સદસ્ આ આઠ નામ સભાના છે. અમરકોષ

૧. સભા બોલાવવી = સભા મેળવવી; સભા થવાનું કહેણ મોકલવું કે કાઢવું.
૨. સભા ભરવી = સભા કરવી
૩. સભા મળવી = સભા થવી.

સભાઈ ૧. સ્ત્રી. (વહાણવટું) ચામરાની.
૨ સ્ત્રી. જેને ભાઈ હોય તેવી સ્ત્રી.

સભાકર્મ ટિપ્પણ જુઓ સભાકર્મ ટિપ્પણી

સભાકર્મ ટિપ્પણી [સ] સ્ત્રી સભામાં થયેલ કામકાજની હકીકત

સભાકંપ [સ.] પું. સભામાં બોલતી વખતે થતો ક્ષોભ કે સંકોચ

સભાક્ષોભ [સં. સભા + ક્ષોભ (ગભરામણ)] પું જાહેર સભા સમક્ષ બોલવા જતા થતી ગભરામણ; બધા શ્રોતાઓ જોઈને બોલવું કરતાં ગભરાઈ જવું તે.

સભાખંડ [સં] પું સભાનો ઓરડો.

સભાગી વિ સભાગી; ભાગીદાર; હિસ્સેદાર

સભાગૃહ [સં.] ન. સભા મળવાનું મકાન

સભાગ્ય [સં] વિ ભાગ્યશાળી; નસીબદાર

સભાચાર [સં.] વિ. સભામાં બોલતા ક્ષોભ પામે તેવું

સભાજન ૧. [સ.] ન. આનંદની વાતચીત.
૨. [સ. સભાજ્ (સેવવું)] ન પૂજા; સેવા, સત્કાર
૩. ન. સભાનું માણસ

સભાજવું સ. ક્રિ સેવવું; પૂજન કરવું

સભાજિત ૧ [સં.] વિ આનંદની વાતચીત કરેલ
૨. વિ. પૂજેલ; સેવેલ; સત્કાર કરેલ
૩. વિ. ભાષણ કરી સભાને છેતરનાર

સભાદીપક પું ભાટચારણ; ભદ્રજન.

સભાધ્યક્ષ [સં] પું. સભાનો પ્રમુખ; અધ્યક્ષ; 'પ્રેસિડન્ટ'.

સભાન ૧ પું સૂર્ય.
દિમ સુહવન સભાન ગમાને, હમ કિર નામુ કોઠ, વિમલપ્રબંધ
૨. વિ. જાનવાળું; સાવધ; સજ્ઞ

સભાનર પું. (પુરાણ) કેકય દેશના ચક્રવર્તી રાજા બલાતિના દીકરા અનુનો પુત્ર. તેના પુત્રનું નામ કાલાનલ અથવા કાળનર હતું.

સભાનેત્રી સ્ત્રી મહાસભાની સ્ત્રીપ્રમુખ
સભાનેત્રીનું ભાષણ માત્રામય હતું. ગાંધીજી

સભાપતિ ૧ પું (પુરાણ) ભૂતકર્મા નામનો ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. તેને નકુળના પુત્ર શતાનીકે માર્યો હતો.
૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૩. [સ.] પું સભાનો અધ્યક્ષ; પ્રમુખ; સભા.નાયક.

સભાપતિત્વ [સં.] ન. પ્રમુખપણું; અધ્યક્ષ હોવું તે; પ્રમુખપદ

આવા પુરુષની સંરક્ષણની સમસ્ત સભાપતિત્વ કુશળ રીતે સોબાવું. ગાંધીજી

સભાપંડિત [સં.] પું. સભામાં વિદ્વાન

સભાપીઠ [સં] સ્ત્રી સભામંડપના પ્રમુખવક્તા અને બીજા વિશિષ્ટ વ્યક્તિઓને બેસવા માટે શોભાની સગવડ કરતાં કંઈક ઊંચું રાખેલું આસન; વ્યાસપીઠ

સભાબંધી સ્ત્રી. સભાઓ ભરવી નહિ તેવો હુકમ

સભાભાવ [સ.] પું નૃત્યમાં એક જાતનો ભાવ. સભાસદો, શ્રોતાઓ એમ જ જાણે કે, નૃત્યકાર મારી તરફ જ નૃત્ય કરે છે એમ આ ભાવથી બતાવાય છે

સભાભીત [સં.] વિ મંડળી કે સભામાં જતાં કે બોલતાં શરમાનાર

સભાભીતિ જુઓ સભા.ક્ષોભ

સભાભીરુ [સ] વિ. શરમને લીધે સભામાં ઢટથી ન બોલી શકે તેવું

સભાભીરુત્વ જુઓ સભા.ક્ષોભ

સભાભ્રામ [સ.] સ્ત્રી સભાસ્થાન; સભા. મંડાવની જગ્યા.
જે ચાર નામના લોકોએ પરિષદના સ્થાનવ માટે રાવ દહાડા મહેનત કરીને સભાભ્રૂમિની રચના કરી. પ્રસ્થાન

સભામંચ જુઓ સભાપીઠ

સભામંડપ ૧. [સ. સભા + મંડપ (માંડવો)] પું. મંદિરનો આગલો વિશાળ ભાગ; બધાં માણસોને ઠસોઠસ કરવા ભેગા રહેવાની જગ્યા
૨. પું. સભા ભરવ.ને ખેતો કરેલો માંડવો; સભા.નો મંડપ

સભામંડળી [સ. સભામંડલ] સ્ત્રી. સભામાં બેઠેલાં માણસોનો સમૂહ
સભામંડળી ચિત્ર પેઠે વશીન થઈ બધું હતું. નોવેમ્બરરાય

સભામંદિર ૧. [સં] ન. ધાર્મિક વિષય ઉપર ચર્ચાસભા બોલાવવા બાંધવામાં આવેલ મકાન.
૨. ન. સભા ભરવાનું સાર્વજનિક મકાન; સભા.ગૃહ

સભારંજક [સં.] વિ. સભાને આનંદ આપનાર.

સભારંજન [સં.] ન સભાને ખુશ કરવી તે

સભારંજની ૧. સ્ત્રી (કાવ્ય) કવિતાની એક પ્રકારની શૈલી.
દલપતરામની કવિતાશૈલી સભારંજની એ નામ પ્રસિદ્ધ પામી છે. કે સા. પરિષદ
૨. વિ. સભાને ખુશ કરનારું.

સભાવિધા [સં] સ્ત્રી. સભામાં બોલવાની, વ્યવસ્થા સાચવવાની વગેરે કલા.

સભાવ્યાપાર ૧. [સં] પું. ન્યાય કર્મ.
૨ પુ સભાનું કામકાજ

સભાશાસન [સ] ન. સભાનું વ્યવસ્થાશાસ્ત્ર કામ ચલાવવું તે

સભાષ્ય [સ.] વિ. ભાષ્ય સહિતનું
તેમનાં **સભાષ્ય** સૂત્રોનું બારીક અવલોકન તેમના અભ્યાસની પ્રતીતિ કરાવે છે.
પંડિત સુખલાલજી

સભાસદ [સં. સભા + સદ્ (બેસવું)] પું. સભામાંનો બેઠાદ વ્યક્તિ; સભાનો સભ્ય; 'મેમ્બર'.

સભાસંચાલન [સં.] ન. સભામાં વ્યવસ્થા રાખવી તે.
પ્રમુખના કરતાં **સભાસંચાલન** કરનાર નિષ્પક્ષપાત સભાઓની પ્રમુખનું કાર્ય મેં વિશેષ ભાળ્યું. મહાદેવ દેસાઈ

સભાસ્થલ [સં.] ન. સભાની જગ્યા.

સભાસ્થાન [સં સભા + સ્થાન (જગ્યા)] ન. સભા ભરાવવાની જગ્યા; સભાનું રહેણી.

સભાંગણ [સં.] ન. સભાનું આંગણું.
દરિયા કિનારાને જ અમે અમારો **સભાંગણ** બનાવેલું. મહાદેવ દેસાઈ

સભિક [સં.] પું. જુગારી માણસ.

સભીડાઈ (સભીડાઇ) સ્ત્રી. પૈસાની ખેંચ; નાણાની તંગી.

સભીત ૧. [સં] વિ બીકવાળું; ભયભીત.
૨. અ. બીને જઈને; ભય પામીને.

સભેશ [સં] પું. પ્રમુખ; અધ્યક્ષ.

સભોચિત ૧ [સં.] પું. પંડિત.
૨. વિ. સભાને યોગ્ય

સભ્ભર ૧. વિ. પૈસાદાર; માતબર; પૈસેટકે ભરપૂર.
૨. વિ ભરપૂર; સભર.
૩. વિ સ્ત્રી. ગર્ભવતી.

સભ્ય ૧. પું. શૌત સંસ્કારનો સ્થાપિત અગ્નિ.
દક્ષિણાગ્નિ, આહવનીય, આવસથ્ય અને **સભ્ય** એ પંચાગ્નિ કહેવાય છે. અનુભાષ્ય
૨ પુ. રાજસભાનો અધ્યક્ષ.
૩ પુ. સભાસદ; મંડળનો માણસ.
૪ ન મુખ્ય અટ્ટાર માંહેનું એ નામનું એક તીર્થ
૫. વિ જુગારી; જુગટું રમનારું
૬. વિ વિવેકી, શિષ્ટ, સભાચિત; સભ્યતાવાળું; વિનયી.

સભ્યતા ૧. [સં] સ્ત્રી વિવેક; શિષ્ટતા; વિનય; સભ્યપણું
૨. સ્ત્રી. સંસ્કૃતિ; સુધારો.

સભ્યરાસન [સ] ન. સુધરેલી રૂઢિ ઉપર ચાલતું રાજ્ય; સુધારા પ્રમાણે ચાલતું રાજ્ય.

સભ્યા [સ] સ્ત્રી. કોઈ પણ સંસ્થા કે જાહેર મંડળીની સ્ત્રીસભ્ય; સદસ્યા.

સમ ૧ [સં.] પું (સંગીત) અઠ્ઠાવન માંહેનો એ નામનો બત્રીશમો વર્ણોલ્લાસ. તેમાં પરસ્પર સમાન એવા બે પદાર્થના સમબંધનું વર્ણન કરવામાં આવે છે
૨ પુ. (સંગીત) એક જાતનો તાલ; પ્રત્યેક તાલમાં કોઈ એક ઠેકા ઉપર તાલનું રાખવામાં આવતું મુખ્ય સ્થાન. કોઈ પણ ગાયન અમુક તાલમાં રચવામાં આવે છે ત્યારે તે ગાયનનું મુખ્ય વજન જે અક્ષર ઉપર હોય તે અક્ષર ઉપર જે તાલ પડે તે હમેશ સમ ગણાય છે. ગાનાર તેમ જ મૃદંગ વગાડનારે બન્નેનો મેળાપ તાલના કોઈ પણ એક મુખ્ય ઠેકા ઉપર થાય છે. ગાનારી કવિતા ગાતો હોય તેમાંનો એકાદ અક્ષર મુખ્યત્વે કરીને તાલના મુખ્ય ઠેકા સાથે ભળી જાય તેમ જ મૃદંગ વગાડનારો તે જ ઠેકા સાથે મૃદંગ ઉપર થાપ મારે ત્યારે સાંભળનારા આ મુખ્ય સ્થાને માથાં ડોલાવે છે આ મુખ્ય સ્થળને સમ અથવા અવસ્થાન કહે છે.
૩. પું. (સંગીત) ગાયનમાં વિશ્રામ લેવાનું સ્થાન; તાલનું આરંભસ્થાન
૪. પું. થાક; પરિશ્રમ.
૫. પું. દૃષ્ટિના આઠ માંહેનો પહેલો પ્રકાર; દેવોની સ્ત્રીઓની જેમ આંખ હલાવ્યા વગર જોવું તે. ભરતશાસ્ત્રમાં દૃષ્ટિના આઠ પ્રકાર કહ્યા છે: સમ, આલોકિત, સાચી, પ્રલોકિત, નિમીલિત, ઉન્મિષિત, અનુવૃત્ત અને અવલોકિત.
૬. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક દીકરો
૭. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ
૮ પું. માપ હલાવવાના નવ માંહેનો એક પ્રકારનો અભિનય
નીચું જીવું અથવા આખુંમાં હલાવ્યા વિના આપ રાખવું તે **સમ**. જ્ઞાનકોશ
૯. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વવ્યાપક અને સર્વને સરખા હોવાથી સમ કહેવાય છે
૧૦. પું. (પુરાણ) હંસધ્વજ રાજાનો એ નામનો એક દીકરો.
૧૧ [સં. શપથ] પું બ. વ. શપથ; સોગન; કસમ
૧. સમ આપવા અપાવવા-ખાવા,-દેવા = સોગન ખવરાવવા; કસમ આપીને પૂછવું; સોગન કે પ્રતિજ્ઞાથી બાંધવું
૨ સમ ખાય તે સદા જૂઠો = વાત વાતમાં સોગન ખાય તેનો ભરોસો કરવો નહિ, જુગારીના સોગન જૂઠા; ચોરની ના ને ઢિંગાણાની મા એ બને બરાબર
૩. સમ ખાવા-લેવા = પોતાની મેળે કસમ ઉપર બોલવું; સોગનથી બંધાવું
૪. સમ ખાવા ન હોવું = બિલકુલ ન હોવું
૧૨ સ્ત્રી વર્ષની અધિષ્ઠાત્રી દેવતા
૧૩. ન. જોડું; યુગ્મ
૧૪ વિ. (ગણિત) જેની બધી બાજુઓ તથા બધા અંદરના ખૂણા સરખા હોય તેવું; સમબાજુ અને સમકોણ
૧૫ વિ નિષ્પક્ષપાતી; જેને મિત્ર શત્રુ સરખાં હોય તેવું
૧૬. વિ (ગણિત) બેકી સંખ્યાવાળું; જેને બેએ નિઃશેષ ભાગી શકાય તેવ
૧૭ વિ સપાટ; સીધું
૧૮ વિ. સરખું; સમાન; તુલ્ય; જેવું; બરોબર; યોગ્ય
૧૯ અ સાથે, જોડે એ અર્થમાં વપરાતો એક ઉપસર્ગ.

સમ અપૂર્ણાંક [સં.] પું. (ગણિત) છેદથી નાના અંશનો અપૂર્ણાંક; 'પ્રોપર ફ્રેક્શન'. જે અપૂર્ણાંકનો અંશ તેના છેદ કરતાં નાનો હોય તેને સમ અપૂર્ણાંક કહે છે. જેમકે, ½, ⅔, ¾ વગેરે

સમઈ ૧. [અ. સમઅ (દીવો)] સ્ત્રી. પિત્તળની દીવી
૨. સ્ત્રી. મીણબત્તી; મોમબત્તી.

સમઈદાની સ્ત્રી. દીવી; રામાદાન

સમક ૧. પું (સંગીત) સમ; તાલનો જે ઠેકો અમુક અંતરે પડે છે તે.
સમક સમક ન બનાવ્યું વદિ, એક તાલી ત્રિપદા ત્રિપદી. ભીમ
૨. [સં. સમ્યક્] અ. સારી રીતે; યોગ્ય રીતે. આપણે આપ્યા જે **સમક** સીખીએ લો અતિ ચાર ચાલે રે. રામકૃષ્ણ

સમકક્ષ [સ.] વિ. સરખી કક્ષાનું; સરખા દરજ્જાનું.

સમકક્ષા [સં.] સ્ત્રી. સરખો વર્ગ, સરખી હરોળ.

સમચતુઃકોણક

સમકક્ષી વિ. એક જ કક્ષાનું; સરખા દરજ્જાનું.
હિંદુજ્યોતિષશાસ્ત્રના સિદ્ધાંતો તે સમયની બીજી વિદ્યાઓના પરિણામની સાથે સમકક્ષી અને સમન્વિત હોવાને લીધે વધારે વસ્તુગ્રાહ્ય હતા.
મ. સા. પરિષદ

સમકક્ષ્ય પુ. કેડ બરાબરનો હોય તેવો હાથી. હાથીની તે રોબા ગણાય છે.

સમકન્યા [સં.] સ્ત્રી. પરણવાને યોગ્ય થયેલી કન્યા

સમકરણ ૧. પું. (ગણિત) જેના બંને વિભાગો સરખા હોય તેવો સમાંતર પ્રતિભુજ ચતુષ્કોણ; સમત્રિબાહુ; આયત; ' રેક્ટેન્ગલ '.
૨. [સ. સમકર્ણ] વિ. કાટખૂણામાં બરાબર રચાયું હોય તેવું.
સમકરણ નમરો રચવા　　રાજવલ્લભ

સમકર્ણ જુઓ સમકરણ.

સમકલ [સં.] ન. (ગણિત) કોઈ આકારની આકૃતિની બાજુને સમાંતરે સપાટ આકાર અંદર થઈને જાય તેમ ચીરવાથી જે સપાટ ઘાટ પડે તે, પરવલય; ' પેરેબોલા '.

સમકલન [સં.] ન. એક જાતનો ગર્ભમાંનો જીવ; ' હોમોઝીગોટ '.

સમકાનો પું. તૃષ્ણા; વાસના.
અનેક યોનિ ભમ્યો, સમકાનો નવ સમ્યો.
નરસિંહ મહેતો

સમકાલ ૧. [સં.] પું. બરાબર કાળ.
૨. પું. સમાન કાળ; એક સરખો વખત.
૩. ક્રિ. વિ. એક જ સમયમાં.

સમકાલતા [સં.] સ્ત્રી. એકીસાથે હોવાપણું; યુગપદ્‌ભાવ.

સમકાલત્વ [સં.] ન. એક જ સમયે હોવું તે; તુલ્યકાલત્વ; ' આઇસોક્રોનિઝમ '

સમકાલિક જુઓ સમકાલીન

સમકાલિક સમીકરણ ન. (ગણિત) અજ્ઞાત રાશિની કીમત એક જ આવે એવા બે અથવા વધારે સમીકરણ.

સમકાલી જુઓ સમકાલીન

સમકાલીન [સ] વિ એક જ કાળમાં થયેલું, એક જ સમયનું; એકી વખતે થતું; સમકાલિક, એક જ કાળમાં સાથે વિદ્યમાન.

સમકાલીનતા [સ.] સ્ત્રી. એક જ સમયે હોવું તે; સમકાલીનપણું, એકી વખતે બનવાપણું

સમકાલીનત્વ જુઓ સમકાલીનતા.

સમકાલીય જુઓ સમકાલીન

સમકાળ ન. એકાએક; એકદમ; સહસા
તે આવ્યો એક હાથીએ ઉપાડ્યો સમકાળ.
મેઘરાજ ૭૭

સમકિત [સં. સમ્યક્ત્વ] ન. (જૈન) સમ્યક્ જ્ઞાન; શુદ્ધ જ્ઞાન; સાચી તત્ત્વ જિજ્ઞાસા; તત્ત્વજ્ઞાનપૂર્વક તત્ત્વોનું માનવું તે; વસ્તુને તેના ખરા સ્વરૂપને જાણવી અને માનવી તે
સમકિતના બે ભેદ છે: વ્યવહાર સમકિત અને નિશ્ચય સમકિત. આત્મા શુદ્ધ ચૈતન્યજ્ઞાનઘન પરમાત્મ સ્વરૂપ છે, આત્મા પોતાના આ સ્વરૂપને બરાબર ઓળખે તેનું નામ નિશ્ચય સમકિત છે. નિશ્ચય સમકિત પ્રાપ્ત કરવા માટે વ્યવહારિક સમકિતની બહુ આવશ્યકતા છે. દેવમાં દેવબુદ્ધિ, ગુરુમાં ગુરુબુદ્ધિ અને ધર્મમાં ધર્મબુદ્ધિ તે વ્યવહાર સમકિતનું લક્ષણ છે.
વિદ્યાવિજયજી

સમકિતગુણ પું. (જૈન) સમ્યક્ જ્ઞાન હોવાનો ગુણ; વસ્તુને તેના ખરા સ્વરૂપે જાણવાનો અને માનવાનો ગુણ

સમકિતી વિ. (જૈન) સમ્યક્ જ્ઞાનવાળું; વસ્તુને તેના ખરા સ્વરૂપે જાણનાર તથા માનનાર. શ્રીસમયસારજીમાં કહેલું છે, કે પરને માનતાં વિકારથી પરાધીનતા આવે છે. સ્વને માનવામાં વિકારની પરાધીનતા નથી પરાધીનતા વિના જે દૃષ્ટિનો વિષય ત્રિકાળી જ્ઞાયક અખંડ આત્મા છે, તે નિર્મળ એકરૂપ ધ્રુવ આદરણીય છે એની જેને શ્રદ્ધા છે તે ધર્મી જીવ સમકિતી છે.

સમકું ન. ગાય જેવડા મોટા શરીરનો રોગ.

સમકૂળ વિ. અનુકૂળ નહિ અને પ્રતિકૂળ પણ નહિ તેવું
શત્રિઓ દુષ્ટો અનુકૂળ, સમકૂળ અને પ્રતિકૂળ છે.
મેઘાણી બીજાવલી

સમકેંદ્ર [સં.] વિ. (ગણિત) સમાન કેંદ્રવાળું; ' કો-સેન્ટ્રિક '.

સમકેંદ્રક જુઓ સમકેંદ્ર.

સમકોડવું (સમકોડવું) ઉ ક્રિ. બંધ કરવું
બકેરે તે કોળાને વીજના ભોયાં સમકોડિયાં
પદ્મિણી રાત

સમકોણ ૧. [સં. સમ + કોણ (ખૂણો)] પું. (ગણિત) બંને ભુજા એક સીધી લીટીમાં હોય તેવો ખૂણો. તે બે કાટખૂણાની બરાબર હોય છે
૨. [સ] પુ. સાપ.
૩. વિ. જેના બધા ખૂણા સરખા હોય તેવું, સમાન કોણવાળું

સમકોણિક [સં.] વિ. જેના બધા ખૂણા સરખા હોય તેવું; સમકોણવાળું.

સમકોણી ૧. [સં.] સ્ત્રી. સાપણ
૨. જુઓ સમકોણ.

સમાંકયાચારી [સં. સમક્રિયાચારિન્] વિ. એક સરખી ક્રિયાને માનનારું; ' યુનિફોર્મિટેરિયન '.

સમક્ષ ૧. [સં. સમ (સામે) + અક્ષિ (આંખ)] વિ. નજર સામેનું.
૨. ક્રિ. વિ. પ્રત્યક્ષ રૂપરે, નજર આગળ કે સામે.

સમક્ષેત્ર ૧. [સં. સમ (સરખું) + ક્ષેત્ર (સપાટી)] ન. સમાન દૃષ્ટિમર્યાદાની માફક આડી સપાટી; ' હોરિઝોન્ટલ પ્લેઇન '
૨. વિ. સમાન ક્ષેત્રફળવાળું

સમખાત ૧. [સં] પું. ૭ પડખાંવાળી વસ્તુ
૨. પું. સમાંતર ચતુર્ભુજવાળી ઘન આકૃતિ.

સમગંધક [સં.] પું. એક જાતનો બનાવટી ધૂપ

સમગંધિક [સં.] ન. સુગંધી વાળો; ખસ.

સમગુણ [સં.] વિ. સરખું; સમાન ગુણવાળું.

સમગુણોત્તર [સં.] ન. (ગણિત) બંને પદ સરખાં હોય તેવું ગુણોત્તર.

સમગ્ર [સ.] વિ. બધું; તમામ.

સમગ્રહ પું. (સંગીત) તાલના સ્થાનને સુખપૂર્વક ગ્રહણ કરવું તે. ગાયનના જે તાલ હોય તે તાલનો આરંભ જે સ્થાન કે માત્રા ઉપર થતો હોય તે સ્થાન કે માત્રા ઉપર સુખપૂર્વક તાળી આપવામાં આવે તો તેને સમગ્રહ કહે છે.

સમગ્રતા [સં.] સ્ત્રી. સમગ્રપણું; સંપૂર્ણતા.

સમગ્રદર્શી [સં. સમગ્રદર્શિન્] વિ. સંપૂર્ણપણે બધી બાજુ જોનાર

સમગ્રદૃષ્ટિ [સં.] સ્ત્રી. ચોપાસ ફરી વળતી અને કશુંપણ ન છોડતી નજર.

સમઘાત [સં.] વિ. (ગણિત) સમાન ઘાતવાળી
સમઘાત પદી ∞ જેનાં દરેક પદના પદઘાત સરખા હોય તેવી પદી

સમઘાતિક જુઓ સમઘાત.

સમચતુરસ્ર [સં. સમ + ચતુર્ (ચાર) + અસ્ર (ખૂણો)] વિ. જેના ચારે ખૂણા સરખા હોય તેનું; ચાર સમાન ખૂણા ધરાવનાર.

સમચતુર્ભુજ ૧. [સં.] પું. ચારે સમાન બાજુવાળો ચતુષ્કોણ; ' રોમ્બસ '.
૨. વિ. ચાર સરખી બાજુઓવાળું

સમચતુષ્ક [સ.] વિ. ચોરસ; ચારે બાજુ અને ચારે ખૂણા સરખાં હોય તેવું

સમચતુષ્કોણ વિ. ચાર સરખા ખૂણાવાળું

સમચતુઃફલક [સં.] ન ચારે બાજુ સમભુજ ત્રિકોણનાં બનેલાં હોય તેવી ઘન આકૃતિ.

સમચરી ૧ [સં સવત્સરી] સ્ત્રી મૂએલા માણસની દર વર્ષે આવતી મરણતિથિ; સવત્સરી.

૨ સ્ત્રી મૂએલા માણસની સવત્સરીને દિવસે કરાતી ક્રિયા.

સમચર્યા [સં] સ્ત્રી ઉત્તમ રહેણીકરણી; સારી રીતે આચરણ કરવું તે.

સમચલાંતર [સં] ન એકમાં વધારો થાય તો બીજામાં પણ વધારો થાય અને એકમાં ઘટાડો થાય તો બીજામાં પણ ઘટાડો થાય એવો બે પરિમેય વચ્ચેનો સંબંધ; 'ડાયરેક્ટ વેરીએશન' જેમકે, વસ્તુઓ વધુ ખરીદીએ તો વધારે પૈસા બેસે, વસ્તુઓ ઓછી ખરીદીએ તો પૈસા ઓછા બેસે માટે અહીં ખરચ અને વસ્તુનું સમચલાંતર છે

સમચિકિત્સા [સં] સ્ત્રી જે પ્રકારનો રોગ હોય તે જ પ્રકારનું ઓસડ આપી રોગ મટાડવાની વિદ્યા; ગરમી ઉપર ગરમ અને ઠરડી ઉપર ઠરડ ઔષધ આપવાની વિદ્યા.

સમચિત્ત ૧. [સં. સમ (સરખું) + ચિત્ત (મન)] વિ. સમગ્ર પ્રાણીપદાર્થ ઉપર સમાન દૃષ્ટિ રાખનાર તત્ત્વજ્ઞાની.

૨. ન. મન સ્થિર રાખવું તે; ચિત્તની સમાનતા.

૩. વિ. સર્વ પ્રત્યે કે સર્વ અવસ્થાઓમા સમાન ચિત્તવાળું.

સમચોરસ ૧. વિ. ચારે બાજુ અને ચારે ખૂણા સરખા હોય તેવી આકૃતિ.

૨. વિ. જેની ચારે બાજુ અને ચારે ખૂણા સરખા હોય તેવું

સમચ્છેદ ૧. [સ] વિ. (ગણિત) અનેક અપૂર્ણાંકનો સમાન છેદ; જુદા જુદા છેદવાળા અપૂર્ણાંકો બનાવવા તે.

૨. વિ. સમચ્છેદી; સમચ્છેદવાળું. જે અપૂર્ણાંકના છેદ સરખા હોય તેને સમચ્છેદ કહે છે.

સમચ્છેદક ૧. [સં.] વિ. (ગણિત) અપૂર્ણાંકના સરખા છેદવાળુ.

૨. વિ. સામાન્ય બંધુત્વપક્ષનો મત ધરાવનાર.

સમચ્છેદન [સં.] ન. બધા અપૂર્ણાંકોના છેદ સરખા કરવા તે

સમચ્છેદી વિ. (ગણિત) સમચ્છેદવાળું; જે અપૂર્ણાંકોના છેદ સરખા કર્યા હોય તેવું.

સમજ જુઓ સમચરી.

સમજો પું. બધાં માણસની મજૂરીનો હિસાબ જેને સોંપાયેલ હોય તેવો માણસ.

સમજ ૧ સ્ત્રી. અક્કલ; જ્ઞાન; ડહાપણ; સમજણ

સમજ ન્યાં વધારે છે ને અર્થદક્ષના પણી.
દામજ રેટિયો ત્યાં ત્યાં મનોજ જોઈએ બહુ
ગાપીગીતા

૧. સમજ પડવી = સમજાવું.

૨. સમજના ઘરમાં આવવું = ઉમર લાયક થવુ

૨. સ્ત્રી. પરસ્પર સમજી રાખેલી વાત; કરાર.

સમજણ જુઓ સમજ

સમજણહાર વિ. સમજનાર.
પણ હિંદની કલા અને કારીગરીની **સમજણહાર** અને કદરદાર તરીકે પણ હિંદુસ્તાનના સરકારી વર્તનમા પ્રેમ અને આદરનું પાત્ર થઈ પડ્યા છે. ઝવેરી

સમજણું ૧. વિ. ઉંમર લાયક; પોતાનો અર્થ શામાં છે તેનો વિવેક કરી જાણે એટલી વયનું
૨. વિ. સમજણવાળું; સમજે તેવું; ડાહ્યું.

સમજદાર જુઓ સમજણું

સમજદારી ૧. સ્ત્રી. ફરજદેશી; આગળપાછળનો વિવેકપૂર્વક વિચાર કરવો તે
૨. સ્ત્રી. સમજ; બુદ્ધિ; અક્કલ

સમજફેર પું. ઠીક તેના કરતાં જુદી રીતે સમજવું તે; સમજવામાં ભૂલ.
જો આવી **સમજફેર** ન થતી હોય તો સાહિત્યની જોડે સંબંધ ધરાવતા વિષયોના સર્વેક્ષણો ત કનૈયાલાલ મનશીએ જે આગવા ઢબના પહેલી પહેલી તેને અમલમાં મૂકવા બહોળપ્રમાણમાં કર્યો છે તે જાહેર આપણી તેમને મુબારકબાદી ।
ઇચ્છારામ મોહનલાલ ઝવેરી

સમજવું ૧. સ. ક્રિ. આગ્રહ છોડવો; માની જવુ.
સમજી લેવું = મોંહે મોંહે મળી જવુ; અંદરોઅંદર સમાધાન કરી લેવું.

૨. સ. ક્રિ. અર્થ ગ્રહણ કરવો.

૩. સ. ક્રિ. બરાબોટાની તુલના કરવી; વિચાર કરવો; વસ્તુ કે વાતનો વિવેક કરી જાણવો.

૪. સ ક્રિ. જાણવું; જાણીતા થવું; યથાર્થજ્ઞાન લેવું; જ્ઞાન પામવ

સમજશક્તિ જુઓ સમજ.

સમજાતિત્વ [સં] ન. સજાતીયતા; એક જ જાતિનું હોવાપણું

સમજાતીય ૧. [સં.] વિ. એક જ જાતનું; સજાતીય.

૨. વિ સમાન; સરખું; મળતું.

સમજાવટ સ્ત્રી. સમજાવવું તે; પતાવટ.

સમજાવવું ૧. સ. ક્રિ. ખુલાસો કરવો; ખાતરી કરી આપવી; કબૂલાવવું; રફૂટ કરવું.

૨. સ. ક્રિ. ઉતરવું; ઠગવું.

૩. સ ક્રિ. જ્ઞાન આપવું; બોધ કરવો; સમજે એમ કરવું.

૪. સ ક્રિ. મનાવવું; ફોસલાવવું; પટાવવું; શાંત કરવુ; નરમ પાડવુ.

સમજાવું સ ક્રિ. સમજાય એમ થવુ.

સમજુ ૧. વિ. સમજણું; જાણું; ડાહ્યું.

૨. વિ. સારા નરસાના વિચારવાળું; વિવેકી.

સમજુપણું ન. સમજુ હોવુ તે; 'કોમન સેન્સ'.

સમજૂક જુઓ સમજુ.

સમજૂત જુઓ સમજૂતી.

સમજૂતી ૧. સ્ત્રી. અર્થ; મતલબ; બોધ.

૨. સ્ત્રી. ખુલાસો; વિવેચન.

૩. સ્ત્રી. શિખામણ; ઉપદેશ; સલાહ.

૪ સ્ત્રી. સમજવું તે; માની લેવું તે.

૫. સ્ત્રી. સમજાવવું તે; ભ્રમ કે વિરોધ દૂર કરી સમાધાન કરાવવુ તે
સમજૂતી ઉપર આવવું = સમાધાન કરવુ.

સમજ્જ ન મહાસમૂહનું સ્થાન
બીજા ઉલ્લેખમા **સમજ્જ**ની અર્થ મહાસમૂહનું સ્થાન એવો થાય છે. પુરાતત્ત્વ

સમજ્જાભૂમિ ન. રંગભૂમિ.
મહાવીર ચરિતમાં **સમજ્જાભૂમિ**નો અર્થ રંગભૂમિ થાય છે. પુરાતત્ત્વ

સમજ્ઞા ૧. [સં.] સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા.

૨. સ્ત્રી. કીર્તિ; યશ.

૩. સ્ત્રી. મોટાઈ; ગૌરવ.

૪. સ્ત્રી. સંજ્ઞા; નિશાની.

સમડી (સમઢી) ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી; સમણી

૨. [સં. શમી] સ્ત્રી. ખીજડી; એક જાતનું ઝાડ.
રામણ **સમડી** સેવા ન સૂકે પંથ વિચાર.
પ્રેમાનંદ

સમડું (સમઢું) ન. ઢોરને થતો ઉપરણ કે ઝાડાનો રોગ.

સમઢો (સમઢો) ૧. પું. કામણ-ટૂમણ કરનારો ભાવો.

૨. પું. ખીજડી; શમી વૃક્ષ.
તેની બાજે બીજે **સમઢો** હતો તે હોમેજ પડાવી નાખ્યો. નવલકથા

૩. પું. સમણીનો નર; એક જાતનું પક્ષી.

સમણ ન ઉમેરણ; અંદાજસર ઉમેરવાની ચીજ; સમોવણ; સમાણ.

સમણવું ૧. સ. ક્રિ. અણી કાઢવી; ધાર કાઢવી
૨. સ. ક્રિ. દોરાના તાર વીંટવા.
૩ સ ક્રિ. ફેરવવું; વીંઝવું.
આપની વસ્થાણે તેણે ઘરમાં જાનીમાની સમણી છે. રસધાર
૪ સ ક્રિ. વળ દેવો; વળ દઈ ને વણવું

સમણાસમણ ૧ સ્ત્રી. વીંઝાવીંઝ; ઉતાવળે સમણવાની ક્રિયા.
૨ સ્ત્રી. વેગવાળો અવરજવર

સમણી સ્ત્રી સમાણી; ત્રીણી વસ્તુ માટેનો નાનુક ચીપિયો

સમણું [સં સ્વપ્ન] ન. સ્વપ્ન; સ્વપ્નું; સોણું.
સમણું આવવું = (૧) ઊંઘટ કામના હોવી. (૨) એકદમ તુક્કો સૂઝવો. (૩) સ્વપ્ન આવવું.

સમણો પું. બકરીના ગામડાની પાતળી વાખરી.

સમતત્ત્વ [સ] ન. બધે તત્ત્વ; ઉપરે સર્વથી સ.સ્યુ જ્ઞાન

સમતલ ૧. ન. (ગણિત) સપાટી, ' પ્લેઇન ' જે સપાટીમાં ગમે તે બે બિંદુ લઈને તેમને જોડનારી સીધી લીટી દોરતાં તે સીધી લીટી આખી તે સપાટી ઉપર જ પડી રહે તો તેવી સપાટીને સમતલ કહે છે
૨ ન. સરખી સપાટી; ધરાતલ
૩ વિ. સપાટ; સરખી સપાટીનું; જેની ભૂમિકા એકસરખી હોય તેવું; ' ફ્લેટ '

સમતલકોણ [સં.] પું. (ગણિત) સપાટ ભૂમિકાનો ખૂણો; બે સીધી લીટીઓ એક બીજાને મળે ત્યારે તે બે લીટીઓ વચ્ચેના ઝોક અથવા વાંકને સરલરેખાકોણ, સમતલખૂણો અથવા માત્ર કોણ કહે છે.

સમતલખૂણો જુઓ સમતલકોણ

સમતલચિત્ર [સં.] ન. સપાટી ઉપર દોરેલ નકશો, આકૃતિ કે ચિત્ર.

સમતલત્રિકાળભુમિતિ સ્ત્રી. (ગણિત) ત્રિકાળભુમિતિનો એક પ્રકાર; 'પ્લેઇન ટ્રિગોનોમેટ્રી'

સમતલપૃષ્ઠ [સં] ન સપાટી; સપાટભૂમિકાની પીઠ, સમતલનો પૃષ્ઠ ભાગ

સમતલભૂમિતિ [સં.] સ્ત્રી (ગણિત) ભૂમિતિનો એક પ્રકાર; 'પ્લેઇન જ્યોમેટ્રી'

સમતલમાપક [સ] ન. સપાટ જમીન માપવાનું યંત્ર

સમતલમિતિ [સ] સ્ત્રી. સરખા તળિયાનું ગણિત કરવાની રીત

સમતલવીક્ષણયંત્ર [સ] ન. ઊંચાઈનાંતર માપક યંત્ર, દૂરવીક્ષણયંત્ર; ત્રિકોણભૂમિતિમાં અનુસ્થિતિજ એટલે ક્ષિતિજને સમાંતર અને અનુલંબ એટલે સીધા ખૂણા માપવાનું દૂરબીન; ' થિઓડોલાઇટ'

સમતલ સીધી લીટી ખૂણો પું. (ગણિત) સમતલ અને સીધી લીટી વડે પડતો ખૂણો. બે સીધી લીટીઓ એક જ સપાટીમાં મળે પણ એક જ દિશામાં જોડાઈ જતી ન હોય તો તેઓની પરસ્પરની વક્રતા એટલે ઝોકને સમતલ સીધી લીટી ખૂણો કહે છે

સમતા ૧. [સં.] સ્ત્રી ઇષ્ટ અથવા અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં રાગદ્વેષ રહિત થવું તે; સમભાવ; સમત્વ; સરખાપણું
૨. સ્ત્રી આમોદ; શાંતિ; ધીરજ; સ્થિરતા
૩. સ્ત્રી. ભારની સમાનતા; સમતોલપણું.

સમતાપક્રમરેખા [સં.] સ્ત્રી. સમઉષ્માંરેખા; સમોષ્ણરેખા; જે સ્થળો ઉપર સરખી ગરમી હોય તે સ્થળો ઉપર દોરેલ લીટી, ' આઇસોથર્મ '.

સમતાપક્રમીયરેખા જુઓ સમતાપક્રમરેખા

સમતાબિંદુ [સં.] ન. અવિક્ષેપ બિંદુ; શૂન્ય બિંદુ

સમતાલ પું. (સંગીત) એક ચતશ્રજાતિ નવ માત્રાનો તાલ

સમતાવાદ [સ.] પું. સમષ્ટિવાદ; સમાજ સત્તાવાદ; ' સોશિઅલિઝમ'

સમતાવાદી વિ. સમષ્ટિવાદી; સમાજવાદી; સમાજસત્તાવાદી; ' સોશિઅલિસ્ટ '
આકામતા, મૂર્તનિયમ વગેરેના અજ્ઞાનથી પ્રજા તથા તેની સુકામત કરી લાલુમત સમતાવાદી સોશિઅલિસ્ટ વાદે ચોથી કું સમતાવાદ ઉપર મંચ કરી શકું. દિગ્વિજયસિંહ અરાડવાળા

સમતિક્રમ [સં.] પું. લાગ; બેડી દેવું તે
પહેલા ક્રમોપક્રમોમાંનો **સમતિક્રમ** (લાગ) બતાવેલો છે. પુરાતત્ત્વ

સમતુલા [સ.] સ્ત્રી સરખું વજન હોવું તે; સમતોલપણું

સમતુલિત [સ] વિ. સમતોલ; સરખા વજનવાળું

સમતોલ ૧. પું ; ન બરાબર સરખું વજન
૨. વિ. સરખા વજનનું
૩. વિ સરખું; સમાન
સમતોલ જિંદગીનું = સરખસરેખું થવું

સમતોલચક્ર ન નિયમમાં રાખવા ઝાર, ' બૅલેન્સ વ્હીલ '. ગાડિયાળના ઝોલદારસાલા પ્રવાહની ક્રિયા, ચોકી મણી ઘડિયાળમાંના સમતોલ ચક્રના જેવી જે તે ચક્ર જંગમ પ્રગમ એક બાજુ, પછી બીજી બાજુ, પ.ધુ પહેલી બાજુ, એ પ્રમાણે ફરે છે તે જ પ્રમાણે આ પ્રવાહ પણ દર સેકંડે આશરે સો વખતે ઊલટી સુલટી દિશામાંથી વહે છે

સમતોલતા સ્ત્રી સમતોલન, સમતોલ હોવું કે થવું તે

સમતોલન જુઓ સમતોલતા

સમતોલના જુઓ સમતોલતા

સમતોલપણું જુઓ સમતોલતા

સમત્વ [સ. સન્મતિ] સ્ત્રી. સારી બુદ્ધિ; સુમતિ

સમત્રિકોણ [સં.] પું. (ગણિત) ત્રણે સરખી બાજુવાળો ત્રિકોણ

સમત્રિજ્યા [સ.] સ્ત્રી. (ગણિત) ત્રિજ્યાની લંબાઈ જેટલો વર્તુલભાગ

સમત્રિજ્યાકોણ [સ.] પું (ગણિત) મધ્ય બિંદુ પાસે સમત્રિજ્યાથી બનતો ખૂણો; વ્યાસાર્ધની લંબાઈ જેવડી કોઈ પણ વર્તુલની ચાપ, અથવા આવી ચાપથી બનાતો કોણપણ ખૂણો

સમત્રિભુજ જુઓ સમત્રિકોણ.

સમત્રિરાશિ સ્ત્રી. (ગણિત) ત્રિરાશિનો એક પ્રકાર. જે ત્રિરાશિમાં આવેલાં પરિમાણો સમ પ્રમાણમાં હોય એટલે એક પરિમાણ વધવાથી બીજું વધે અને એક ઘટવાથી બીજું ઘટે ત્યારે તેને સમત્રિરાશિ કહેવામાં આવે છે. જેમકે, ૫ ચોપડીની કીમત રૂા ૧૦ બેસે છે હવે ચોપડીઓની સંખ્યા વધતી જશે તેમ તેની કીમતના રૂપિયાની સંખ્યા વધતી જશે અને જેમ ચોપડીઓની સંખ્યા ઘટતી જશે તેમ તેની કીમતના રૂપિયાની સંખ્યા ઘટતી જશે. માટે ચોપડીઓની સંખ્યા અને તેની કીમત સમપ્રમાણમાં છે અને તેથી તેવાં પ્રમાણવાળી ત્રિરાશિ સમત્રિરાશિ થશે

સમત્વ ૧ [સં] ન સમતા; સરખાપણું
૨. ન (વેદાંત) સર્વને બ્રહ્મરૂપે જોવાપણું.

સમત્વબુદ્ધિ સ્ત્રી. સમતાવાળી બુદ્ધિ.

સમત્સર [સ] વિ ઈર્ષ્યા; દ્વેષીલું; મત્સરવાળું

સમથળ [સ સમ (સરખું) + સ્થળ (ઠેકાણું)] ન સપાટ; સમાન સપાટીવાળું

સમદ ૧. [સં] પું ઉંદર
૨ પું. કુટુંબનો વડો
૩. વિ અભિમાની, ગર્વિષ્ઠ, ઉદ્ધત, મદવાળું

સમદર પું સમુદ્ર; દરિયો

સમદરપેટું વિ ઉદાર, ઉમદા હૃદયવાળું, સમુદ્રના જેવા મોટા મનનું

સમદરફળ ન. એક જાતનું ઔષધોપયોગી ફળ. તે મીંઢળ જેવું હોય છે ઉધરસ, અજીર્ણ આવ્યું, મસણી વગેરેમાં અગ્નિઓને તે અપાય છે કે બરડ થાય છે

સમદરફીણ ન. ઉદધિમલ; સમુદ્રફીણ, એક જાતની માછલીના પેટમાંનુ સફેદ, ચપટું, બરબરું, હલકું, ઉપર ઝીણા ઝીણા આંકવાળું, પાણીમાં તરે એવું હાડકું તે પાળેલ પક્ષીના ખોરાકના મસાલા તરીકે અને પાલીસ કરવામાં વપરાય છે

સમદરશોષ પુ. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ દવામા વપરાય છે

સમદવિલાસિની સ્ત્રી. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે.

સમદરાજીજ પું. દશ સરખી લીટીની આકૃતિ.

સમદર્શા જી. સમદર્શિતા; સમદર્શીપણું.

> સર્વત્ર **સમદર્શા** વર્તે એ જ કર્મયોગનો મુખ્ય નિયમ છે. આદિત્યકાર્ડ

સમદર્શી જુઓ સમદર્શી.

સમદર્શિતા [સં.] સ્ત્રી. બધાં ઉપર સમાન દૃષ્ટિ રાખવાપણું; સમાનતા; સમદર્શીપણું

સમદર્શિત્વ જુઓ સમદર્શિતા.

સમદર્શી [સં. સમદર્શિન્] વિ. સૌની તરફ એકસરખી નજરે જોનારું; સમભાવ રાખનારું; નિષ્પક્ષપાતી.

> વિદ્યા વિનય સંપન્ન બ્રાહ્મણ, ગાય, હાથીમા, શ્વાન, ચાંડાળ બધાંજ વિષે પંડિતો **સમદર્શી** છે. ગીતાનુશ્લોકન

સમદુઃખ [સં.] વિ. સરખા દુઃખવાળું; બીજાનું દુઃખ જોઈ તેટલું જ દુઃખી થનારું.

> મજુર બધુ તણા દુઃખે,
> **સમદુઃખ** આ મુજ ઉર છે. નરસૈંહરાવ

સમદુઃખભાગી [સં. સમદુઃખભાગિન્] વિ. બીજાના દુઃખમાં સરખો ભાગ લેનારું.

> મારા શોકમાં આપના જેવાં **સમદુઃખભાગી** છે એ જાણી મને આશ્વાસન મળે છે. ગોવર્ધનરામ

સમદુઃખી જુઓ સમદુઃખ.

સમદૂર [સં.] વિ. એક સરખા અંતરે આવેલું.

સમદૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. બધાં ઉપર એકસરખો ભાવ રાખવાપણું; સમાનદૃષ્ટિ; નિષ્પક્ષપાત

૨. સ્ત્રી. શુદ્ધ ન્યાય; ' ઈક્વિટિ '

૩. વિ. સમદર્શી; સૌના તરફ સમભાવે જોનારું, સમાન દૃષ્ટિવાળું

સમદેશ [સં.] પું સરખી જમીનવાળો ભાગ; સપાટ પ્રદેશ.

સમદો ૧. પું. ઠમાળ્યા કે રંજ દીધા વિનાનું તાજું ચામડું.

૨. પુ. સમુદાય, જથ્થો

સમદ્વિબાહ્વસ્રિકોણ [સં.] પું. (ગણિત) બે બાજુઓ બરાબર હોય તેવો ત્રિકોણ.

સમદ્વિભાગ [સં.] પું સમભાજન; બે સરખા ભાગ.

સમદ્વિભાજન [સં.] ન. સમભાજન; બે સરખા ભાગ કરવા તે

સમદ્વિભુજ [સં.] વિ. જેની બે બાજુઓ સરખી હોય તેવું.

સમદ્વિભુજત્રિકોણ [સં.] પું. (ગણિત) બે બાજુઓ સરખી હોય તેવો ત્રિકોણ

સમધરાતલ [સં.] ન. સપાટ પૃષ્ઠતલ; સરલ ભૂતલ; સપાટ સપાઈ.

સમધર્મક ૧ સ વિ મળતું, સમકક્ષતાવાળું

૨. વિ. સમાનધર્મી; સરખા ગુણવાળું.

સમધર્મી જુઓ સમધર્મક

સમધાત વિ. વધારે નહિ તેમ ઓછું પણ નહિ તેવું; મધ્યમસરનું.

> હસ્યા પરેના ભાગમાં હાડ ને વાય **સમધાત** છે ગુજરાતની ભૂગોળ

સમધારણ ૧. વિ મધ્યમ પ્રકારનું.

૨. વિ. સરખું; નહીં ઊંચું કે નીચું.

સમધિક [સં.] વિ. ઘણું વધારે; અતિશય.

સમધોરણ ન. સરખું ધોરણ; ' મડિરેશન '.

સમધ્ય [સં.] વિ. એક જ કેંદ્ર હોય તેવું; ' હોમોસેન્ટ્રિક '.

સમન ૧ [સં.] પું. મેળો ઋગ્વેદમાં સ્ત્રીઓ સમન એટલે મોટા મેળામાં જતી, તરુણીઓ અને પુખ્ત વયની સ્ત્રીઓ પણ પતિની પસંદગી માટે સમનમાં જતી. વેરવાઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવવા તેમાં જતી. વૈદિક સમનમાં તરુણી તથા પુખ્ત ઉમરની સ્ત્રીઓને પતિ પસંદગી માટે અનુકૂળતા હતી. આ સમનોમાં કવિઓ, કળાકારો, જાદુવળીઓ, કળામય રીતે ધોકા ચલાવનારા વગરે પણ એકત્ર થતા. તેમાં સ્ત્રી અને પુરુષ જૂથ કરતાં, વાજિંત્રો જેવાં કે, મૃદંગ, વીણા, વાસળી વગાડતાં અને આનંદ મેળવતાં. ઔસુલભ સ્વભાવ પ્રમાણે તે સમયની સ્ત્રીઓ પણ સુંદર પોષાક સજ્જો પતિને આકર્ષવા પ્રયત્ન કરતી. આભૂષણો સ્ત્રીઓને પ્રિય હતાં; તે સમયે સ્ત્રીઓ વિવિધ ઘરેણાં પહેરતી, સોનાનાં, મોતીનાં, રત્નનાં વગેરે. આ આભૂષણો કંકણ, તાબ્બ., ગળાનાં, કાનનાં, આંગળીનાં, પગનાં વગરે હતા માથા ઉપર પણ કોઈ આભૂષણ રાખતી સ્ત્રીઓ વાળને સમારતી, અંબોડા લેતી, કેટલીક વખત છૂટી ચાર લટો પણ લેતી અને તે પાછળ રાખતી, કાંસકીથી વાળ ઓળતી અને તે સરખા રાખવા માટે કાંસકા ખોસતી.

૨. [કા.] સ્ત્રી. ચમેલીનું ફૂલ.

સમનમ ન. એક જાતનું ખૂબ ફેલાતું, જલદી વધનાર મોટું ઝાડ. તે રસ્તા ઉપર છાયા માટે વવાય છે તેનાં ફૂલ ખૂબસૂરત, તોરા જેવાં, સંખ્યાબંધ કેસરોવાળાં, લાલ અને મનોહર છે. તેના મરનો સ્વાદ મીઠો હોય છે ઢોર માટે તે બહુ પૌષ્ટિક ખોરાક છે. આ ઝાડમાંથી પુષ્કળ લ.ખ મળે છે. થડમાંથી રસ ઝરી સ્વચ્છ પડળી રાળ બને છે

સમનલાડુ પું. મરનારનો હાથ અડાડી દક્ષિણા આપે બ્રાહ્મણને કે મંદિરમાં અપાય છે તે લાડુ.

સમનસ [સં. સમનસ્] વિ સમાન બુદ્ધિવાળું

સમનસ્ક [સં.] વિ. શાંતેલા મનવાળું; નિર્મળ; સયમી.

> વિજ્ઞાનવાન જે છે તે **સમનસ્ક** સદા શુચિ, તે પામે છે પદ જેથી પાછો ફરે નહિ. કઠોપનિષદ

સમનાભિક [સં.] વિ. (ગણિત) સમાન કે એકસરખી નાભિ હોય તેવું, ' કોન્સેન્ટ્રિક '.

સમનિયત [સં.] વિ. સરખા હેતુવાળું; તુલ્યબ.પી.

સમનિયતત્વ [સં.] ન. (વેદાંત) એક જ પદાર્થમાં વ્યાપ્યપણું અને વ્યાપકપણું હોય તે. જેમકે, જ્યાં જ્યાં ગંધવત્વ હોય છે ત્યાં ત્યાં પૃથ્વીત્વ પણ હોય છે; કેમકે ગંધવત્વ એ પૃથ્વીનું લક્ષણ અથવા અસાધારણ ધર્મ છે એ રીતે ગંધવત્વ લક્ષણમાં પૃથ્વીત્વ ધર્મનું વ્યાપ્યપણું પ્રતીત થાય છે અને જ્યાં જ્યાં પૃથ્વીત્વ હોય છે ત્યાં ત્યાં ગંધવત્વ હોય છે. એ રીતે ગંધવત્વમાં પૃથ્વીત્વનું વ્યાપકપણું દેખાય છે. આવી રીતે જે વ્યાપ્યપણું અને વ્યાપકપણું છે તે સમનિયતત્વ કહેવાય છે.

સમનુ સ્ત્રી. (યોગ) નાડીની શુદ્ધિ કરવાની એક રીત.

> **સમનુ** તો બીજમંત્રના જપથી નાડીની શુદ્ધિ કરવામાં આવે છે તે ત્રિભાષાકોક કર્મેન્દુ

સમનુગત [સં.] વિ સરખું; મેળવાળું; અનુકૂળ સંબંધવાળું.

સમનુગતિ [સ] સ્ત્રી. મેળ કે અનુકૂળ સમ્બંધ હોવો તે.

સમનુપાત [સ.] પું. એક બીજા સાથે સરખી રીતે મળી જવું તે.

સમન્યુ ૧. [સ.] પું. શિવ.

૨. વિ. ક્રોધવાળું.

સમન્વય ૧. [સં] પુ. એક એકની સાથે સમ્બન્ધવાળા શબ્દાર્થનો અનુક્રમ; એકસરખો વ્યવસ્થિત ક્રમ.

૨. પું. એકીકરણ; જોડાણ; સયોગીકરણ; સકલન.

૩. પું તાત્પર્ય

૪. પું. પરસ્પર સમ્બંધ

૫. પું. વર્તમાન કાળનાં ચિંતન માટે માનવ જીવનના ભૂત અને ભાવિનો વિચાર કરવો તે

સમન્વયન સ્ત્રી એકસરખી કીમત બતાવતી લીટી; ' કોઓર્ડિનેટ '.

સમન્વયવાદ [સં.] પું. એ નામનો જૈનધર્મ પ્રસિદ્ધ એક વાદ; એકીકરણવાદ

સમન્વયવાદી [સ. સમન્વયવાદિન્] વિ. એકીકરણવાદી; સમન્વયવાદમાં માનનાર

સમન્વિત [સં.] વિ. સમન્વય કરેલો હોય તેવું; યુક્ત; સંબદ્ધ; એક બીજાનો સંબંધ જેમ તેમ ગોઠવેલું.

સમન્વેષણ [સં] ન. શોધખોળ.

સમન્સ [અં.] પું. અદાલતી તેડું કે તેનો પત્ર; કોર્ટમાં હાજર થવાનો આજ્ઞાપત્ર.

સમપટ [સં.] પું. સપાટ જમીન.

સમપત્રી ન. સરખી પાંખો ધરાવનાર પંખીના વર્ગનું કોઈપણ પક્ષી.

સમપદ ૧ [સં.] ન. ધનુર્ધરની નિશાન તાકતી વખતે ઊભા રહેવાની એક રીત.

૨. વિ. સરખાં પદવાળું.

સમપદસ્થ [સં] વિ. બરોબરિયું; સરખી કરોળનું

સમપરિમાણ [સં.] ન એકસરખું માપ. સમાન બુદ્ધિ

સમપરિમાણિત [સં.] વિ. સરખા માપવાળું; સરખા માપનું

સમપર્યાય [સં.] વિ. સરખા અર્થવાળું.

સમપવું સ. ક્રિ. બંધ કરવું; વાસવું

સમપહરણ [સં.] ન સત્તાથી કબજો લેવો તે

સમપહર્તા [સં.] વિ સત્તાથી કબજો મેળવનાર કે લેનાર.

સમપહારી [સ] વિ સત્તાથી કબજો મેળવવા જેવું

સમપહાર્ય [સં.] વિ. સત્તાથી કબજો લઈ શકાય તેવું.

સમપાણિ [સં.] પું. (સંગીત) ગાયનના તાલના ક્રમની સાથે જ તાળી પડવી તે. ગાયનના તાલનો કાળ અને દરેક તાળીનો પ્રારંભકાળ એ બંનેની સમતા હોય તો તે સમપાણિ કહેવાય છે.

સમપાદ [સં.] ન. ધનુર્ધારીઓની લક્ષ્ય વીંધતી વેળા ઊભા રહેવાની એક રીત.

સમપાદચન [સં.] પું. બધુ બૂઝાવાનો પાસો.

સમપુષ્ટતા [સં] સ્ત્રી. સરખો ઘાટ; સુડોળ હોવાપણું.

સમપ્રકૃતિક [સં.] વિ સમજાતીય; સમધર્મક; સરખા ગુણધર્મવાળું

જે રાશો એક જ પ્રકૃતિના કે એક બીજાને બહુ જ મળતા હોય તે **સમપ્રકૃતિક** રાશો કહેવાય છે. સંજીવ વિદ્યા

સમપ્રમાણ ૧. ન. (ગણિત) ત્રિરાશિમાં એક પરિમાણ વધે તો બીજું વધે અને પહેલું ઘટે તો બીજું પણ ઘટે તેવું પ્રમાણ

૨. [સ.] વિ. સરખા માપવાળું.

સમપ્રમાણતા [સં.] સ્ત્રી. પ્રમાણસર હોવું તે. સુઘટિતતા; સૌષ્ઠવ

મૂળ Symmetry-**સમપ્રમાણતામાં** છે. Neo-platonic ધિયસુફીએ સ્વીકારેલા Idealism એટલે ભાવનાવાદ પ્રમાણે સૌંદર્યનું મૂળ જડ સ્વરૂપની પાર રહેલા કોઈ **સમભાવના** ભાવથી ભરેલા અનુપ્રાણનમાં છે. નરસિંહરાવ

સમપ્રવૃત્તક [સ.] વિ. અનુરૂપ; સમાન; સદૃશ; સરખું

સમપ્રાણી [સં. સમપ્રાણિન્] વિ. સરખા બળવાળું.

સમપ્રાદુર્ભૂષ્ણુ પું. સરખા ખૂણા તથા સરખી બાજુ ધરાવનારી અનેક બાજુઓવાળી આકૃતિ.

સમપ્રાબાહુ વિ સરખી બાજુઓવાળ

સમપ્રાબાહુ ચતુષ્કોણ [સં.] પુ બાજુઓ સમાન હોય પણ ખૂણા કાટખૂણા ન હોય એવો ચતુષ્કોણ; રામબાજુજ; ' રોમ્બસ '.

સમપ્રાબાહુ ત્રિકોણ [સં] પુ જેની ત્રણે બાજુ બરાબર હોય અને ત્રણે ખૂણા પણ એક એકની બરાબર હોય તેવો ત્રિકોણ

સમપ્રાબાહુ જુઓ સમપ્રાબાહુ

સમપ્રેક્ષી [સ.] વિ એક બીજાનું, સમજાતીય; સરખું; સદૃશ.

સમબુદ્ધિ ૧ [સ.] સ્ત્રી. સમત્વબુદ્ધિ; સમતાની ભાવના

૨. વિ. સર્વને સરખાં સમજનારું; સમજી શકવાળું; સમાનભાવ રાખનાર.

સમભાગ ૧. [સ.] પું. એકસરખો ભાગ.

૨. વિ. વધારે નહિ કે ઓછુ નહિ એવું; સરખા ભાગનું

સમ ભાગવું સ. ક્રિ. દુભાગવું; બે સરખા ભાગ કરવા.

સમભાગિની [સં] વિ. સ્ત્રી સરખો ભાગ લેનારી

હું તેમાં ધર્મસહચારિણી **સમભાગિની** બનીશ. સરસ્વતીચંદ્ર

સમભાગી [સ. સમભાગિન્] વિ. સરખો ભાગ લેનાર.

સમભાજન [સં.] ન. સરખા ભાગ કરવા તે.

સમભારરેખા [સ.] સ્ત્રી. દરેક ઠેકાણે હવાનું સરખું દબાણ બતાવતી લીટી

સમભારીય ૧. વિ. સરખા ભારવાળું

૨. વિ. સરખું દબાણ બતાવતું

સમભાવ ૧. [સં.] પું પોતીકાપણું

૨ પું સમતાની બુદ્ધિ કે ભાવ; બધાં પ્રત્યે એકસરખી લાગણી રાખવી તે.

અહિંસા શીખવે સૌને સૌ ધર્મ **સમભાવ** જ, સત્ય આરાધના કેરો સિદ્ધાંત એ જ શીખવે. ગાંધીગીતા

૩. પું. સહાનુભૂતિ; અનુભૂતિ; કોઈના તરફ લાગણી બતાવવી તે

સમભાવના જુઓ સમભાવ

સમભાવરેખા [સં.] સ્ત્રી. કોઈ પણ એક બાજુનું વલણ ન હોય એમ દર્શાવનારી લીટી; બને પક્ષે સરખો ભાવ દર્શાવનારી રેખા.

સમભાવી [સ સમભાવિન્] વિ. સમભાવ ધરાવનાર; સમભાવવાળું; એકસરખો ભાવ રાખનાર; નિષ્પક્ષપાતી.

સમભિરૂઢ [સ.] પું (જૈન) શબ્દનયનો સાત ભેદોમાંનો એક ભેદ જુઓ સમભિરૂઢનય.

એ પરંપરા સાધી રીતે પહેલેથી જ નયના સાત ભેદો ચલાવે છે. જેમકે, નૈગમ, સમહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, **સમભિરૂઢ** અને એવભૂત તત્ત્વાર્થસૂત્ર

સમભિરૂઢનય [સ.] પું (જૈન) શબ્દની વ્યુત્પત્તિને આધારે અર્થભેદ કરે તેનો વિચાર.

રાજચિહ્નોથી શોભે તે રાજા, અનુયોનું રક્ષણ કરે તે નૃપ અને પૃથ્વીનું પાલન-સંવર્ધન કરે તે ભૂપતિ. આ પ્રમાણે ત્રણે નામોથી કહેવાતા અર્થ અર્થમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થભેદની માન્યતા ધરાવનાર વિચાર સમભિરૂઢનય કહેવાય. તત્ત્વાર્થસૂત્ર

સમભિહાર [સં.] પું. ફરી ફરીને હોવાપણું, સાતત્ય.

સમભુજ [સં.] વિ. (ગણિત) જેની બધી બાજુઓ સરખી હોય તેવું; સમબાજુ.

સમભુજીય વિ. જેની બધી બાજુઓ સરખી હોય તેવું; સમબાજુ.

સમભૂતાપરેખા [સ.] સ્ત્રી. પૃથ્વી ઉપર સરખા ગરમીવાળી જગ્યા બતાવતી લીટી.

સમભૂતાપરેખીય વિ. પૃથ્વી ઉપર સરખી ગરમીવાળી જગ્યા બતાવતી લીટીવાળું.

સમભૂમિ [સં.] સ્ત્રી. સપાટ પ્રદેશ; સરખી જમીન; સમપટ.

સમભૂમિતિઆજન [સ.] ન. જમીનને ખેડૂતમાં સરખે ભાગે વહેંચી દેવા બંધ એવો મત.

સમમતિ ૧. [સં.] સ્ત્રી. એકસરખી બુદ્ધિ; સમાન બુદ્ધિ

૨. વિ. સમાન બુદ્ધિવાળું.

મજ નહિ મન આરાધ સહી,
સમમતિ યદુ ચિત્તરિઈ મહી. ભીમ

સમમહાકાલ પું. (સંગીત) બાર માત્રાનો એક ચતસ્રજાતિ તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૧૭ માત્રા ઉપર હોય છે

સમમાત્રા [સં.] સ્ત્રી. એક સરખું માપ; સરખા માપનો ઘાટ હોવો તે.

સમમાત્રિક [સં.] વિ. સમમાત્રાવાળું; ઘાટીલું

સમમાનત્વ [સ.] ન. સૌજન્ય; સુઘટિતતા; સપ્રમાણતા.

સમમિતિ [સં.] સ્ત્રી. એક જ જાતના અનેક રાશિઓના સરવાળાને તે રાશિઓની સંખ્યાએ ભાગતાં આવે તે ભાગાકાર; સરાસરી; સંરાશ.

સમમૂલ્યતા [સ.] સ્ત્રી. સરખી કીમત હોવી તે.

સમય ૧. [સં.] પું. અવસર; લાગ; સંજોગ.

૨. પું. (જૈન) આંખનો પલકારો થતાં જેટલો કાળ લાગે તેનો અસંખ્યાતમો ભાગ; કાળનો નાનામાં નાનો અંશ.

૩. પું. કાળ; વખત.

૧. સમય ઓળખવો-જોવો-વર્તવો = પ્રસંગ કે સંજોગ બરોબર સમજવો કે જાણવો.

૨. સમય થવો = કોઈ કામ કરવા માટેનો નિયત કે યોગ્ય વખત થવો.

૩. સમય બરાબર જવો = (૧) અવકાશ ન રહેવો; વખત પૂરો થઈ જવો. (૨) આખર કાળ આવી લાગવો; મૃત્યુ નજીક આવવું.

૪. પું. પ્રતિજ્ઞા; નિયમ.

૫ પું. મોસમ; ઋતુ.

૬. પું. શાળામાં શિક્ષણ માટે નિયત કરેલા સમયવિભાગ; 'પીરિયડ'.

૭. પું. સમિતિમાં કરવામાં આવેલો નિર્ણય. ધર્મશાસ્ત્રોના લેખોમાં ગણના પ્રમાણને સમય કહ્યો છે. સમયનો અક્ષરશઃ અર્થ સમિતિમાં કરવામાં આવેલા નિર્ણય અથવા કરાર થાય છે. હિંદુરાજ્યવ્યવસ્થા

૮. પું. સંકેત; ઇશારો.

૯. પું. સિદ્ધાંત.

સમયકૃત્તિ [સ.] સ્ત્રી વખતને અર્થ રૂપાવવો તે.

સમયચ્છેદ [સ.] પું વખત સાચવવો નહિ તે; વચન પ્રમાણે આવવું નહિ તે; સમયભંગ.

સમયજ્ઞ ૧. [સં.] વિ. સમયને ઓળખનાર કે જાણનાર.

૨. વિ. સિદ્ધાંત સમજનાર

સમયતિ [સ.] પું. (સંગીત) ગતિના પ્રકાર માહેનો એક પ્રકાર. અમુક તાલના પિંડમા જેટલા તાલના ઠેકા આવતા હોય તે બધા બંધ સરખા લયથી આવતા હોય તો તે સમયતિ કહેવાય છે જેમકે, ત્રિતાલમાં આવી મુદ્રાંત ચાર તાલ છે. તે દરેક તાલ સરખા લયના પ્રમાણમાં આવે છે તેથી તેને સમયતિ જાણવા

સમયધર્મ [સં] પું. સમય પ્રમાણે વર્તવાની ધર્મબુદ્ધિ; વખતને અનુકૂળ ધર્મ

સમયપત્ર ૧. [સં.] પું. વખત; દસ્તાવેજ.

૨. જુઓ સમયપત્રક

સમયપત્રક [સ.] ન. વખતપત્રક; સમયની કાળવહેંચણીની નોંધ

બાળકોને અભ્યાસમાં કેવું કેવું કામ કરવાનું છે. એ સમયપત્રકમા નિર્દેશ થયેલું હોય છે. મહાદેવ દેસાઈ

સમયપરિપાક [સં.] પું. વખત પાકી જવો તે. સમયપરિપાક થતા તમને મારી સાથે લેવા આવશે. ગોવર્ધનરામ

સમયપલટો પું. વખતનું બદલાવું તે; કાળ ફરી જવો તે.

સમયપાલ [સં.] પું. સમય નોંધનાર માણસ; ' ટાઇમકીપર '

સમયપાલક [સ.] વિ. વખત સાચવનાર; સમય પાળનાર

સમયપાલકતા ૧. [સ.] સ્ત્રી. વખતસર હાજર રહેવું તે

૨ જુઓ સમયસૂચકતા; સાવધાની.

સમયપાલન [સં.] ન. નિયમિતપણું, વખતસર કામ કરવું તે; વખત સાચવવો તે.

જેમ મોડા આવવામા સમયપાલકતા નથી, તેમ વહેલા આવવામા પણ સમયપાલકતા નથી, બરાબર સમય ઉપર આવવું તેનું નામ જ વેળાસર અથવા સમયપાલન કહેવાય છે

મનઃસુખરામ સૂર્યરામ દેસાઈ

સમયપ્રતિલેખ [સં.] પું. સામી કબૂલાત; સામો કરાર.

સમયપ્રહિતા પું. (પિંગળ) જગણની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે જગણ, બે યગણ એમ બાર અક્ષર હોય છે

સમયભક્ષી [સમયભક્ષિન્] વિ. સમયને બાધ જનારું; સતત પ્રવૃત્તિવાળું.

સમયભંગ ૧. પું. કરારનો ભંગ કરવો તે; કરારતભંગ

૨. પું. વખત સાચવવો નહિ તે.

સમયભંજન જુઓ સમયભંગ.

સમયમાપકયંત્ર [સં.] ન. ઘડિયાળ

સમયમૂર્તિ ૧. [સ.] સ્ત્રી. સમયનો આદર્શ પુરુષ; સમય કે જમાનાનો પ્રતિનિધિરૂપ મનુષ્ય.

૨ સ્ત્રી. સમયોચિત કાર્ય કરનાર કે આરંભ કરનાર વીરપુરુષ કે વ્યક્તિ.

સમયરંગી વિ. તકવાદી; તક સાધનારું.

સમયલેખ [સં.] પું. મેખી કરાર; ખત; દસ્તાવેજ

સમયલેખક [સ.] પું. સમય નોંધનાર માણસ; ' ટાઇમકીપર '.

સમયવતી પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, નગણ, તગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં સગણ, મગણ, નગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

સમયવર્તી વિ. સમય પ્રમાણે ચાલનાર

સમયવાહી [સં. સમયવાહિન્] વિ. સમય પ્રમાણે વહેનાર, સમયનો અનુસરનાર

સમયવિકૃતિ [સં.] સ્ત્રી. જમાનો પલટાઈ જવો તે; સમયનું ફરી જવાપણું

સમયવિકૃતિ થતાં સુધી બધુ સહવું સાંપ્ર. સંધિ

સમયવિરોધી વિ. જમાનાનાં બળોથી વિરુદ્ધ વર્તનાર

સમયવેત્તા [સ.] વિ. આવતા વખતને જાણી લેનાર.

સમયસંકલના [સ.] સ્ત્રી. સમયની એકરૂપતા.

સમયસાધક [સ.] વિ. સમય જોઈ કામ કાઢી લેનાર; તકવાદી.

સમયસાધુ જુઓ સમયસાધક

સમયસાર ૧. પું. (જૈન) કુંદકુંદાચાર્યે રચેલું. જૈન ધર્મનો એ નામનો એક મહાગ્રંથ. તેમાં અપૂર્વ સતશ્રુતની સ્થાપના કરી છે. તે પરમ આગમ છે અને ચિદ્‌ઘનતાને પ્રગટ કરનાર છે. તેને પ્રથાધિરાજ કહેલો છે. તેના મર્મો બહુ ગૂઢ છે. તેના અંતર વૈભવનો મહિમા અપાર છે તેનું વર્ણન કરવામાં ગણધર દેવ પણ પાર ન પામે. તે સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું પેટ ગણાય છે આચાર્યદેવે નિજ વૈભવથી તેમાં આત્મસ્વભાવ વર્ણવ્યો છે

૨ પું (જૈન) શુદ્ધ આત્મા.

સમયસુંદર પું. નાકર મુનનો એ નામનો એક જૈન કવિ

સમયસૂચક [સં.] વિ. વખત પ્રમાણે ચાલનાર; વખત વરતીને કામ કરનાર; સમયસૂચકતાવાળું.

સમયસૂચકતા સ્ત્રી. જે વખતે જે કામ કરવાનું હોય તે વખતે તે કામ કરનાનું સૂઝી આવવાની શક્તિ; પ્રસંગાવધાનતા; સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની બુદ્ધિમત્તા.

સમયસેવક [સં.] પું. સમય કે તક જોઈ કામ સાધી લેનાર માણસ.

સમયસેવિતા સ્ત્રી. વખત ચૂકવા ન દેવાની રીત; સમયવેધીપણું.

સમયસેવી વિ પ્રસંગસેવી, વખત જોઈને વર્તનાર; તકસાધુ.

સમયાચાર [સં.] પું સમયનો આચાર; સ્થાપિત રિવાજ.

સમયાતીત [સં.] વ. કરેલા વખત કરતા જેટલું વધારે કામ કર્યું હોય તે વખત; ' ઓવર ટાઇમ '

સમયાધીન [સ.] વિ. વખતને તાબે થયેલ.

સમયાનુકૂલ [સં.] વિ. વખતને અનુસરતું.

પ્રેમાનંદાદિ કવિઓના હાથમા એ કાવ્યોની હસ્તલિખિત પ્રતો આવેલી ને તેથી પ્રસંગ સમયાનુકૂલ મથારાજાએ વખારોબ્દાડો કરી પોતે પોતાના કાવ્યો કલાત્મક વિધિએ રચી નાખ્યાં હશે
આનુપ્રાસરામ મહેતા

સમયાનુવર્તિત્વ [સં.] વ. સમય જોઈને વર્તવાપણું; સમયાનુવર્તીપણું.

સમયાનુવર્તી ૧. વિ. રૂઢિને અનુસરનાર

૨. [સં. સમયાનુવર્તિન્] વિ. વખત વરતીને ચાલનાર; સમયાનુસારી

સમયાનુસાર [સં.] વ. સમય પ્રમાણે; સમયને અનુસરીને.

સમયાનુસારી [સ. સમયાનુસારિન્] વિ. સમયને અનુસરીને ચાલનાર.

સમયાવધિ [સં.] પું. સમયની અવધિ; વખતની હદ

પ્રયોગમા જે નાના નાના સમયાવધિઓનુ માપ લેવાની જરૂર પડતી હતી તેમને માપવા માટે યોગ્ય સાધનો હતાં નહિ
વિજ્ઞાનપ્રવેશિકા

સમયાંતર [સં.] વ. બે બનાવો વચ્ચેનો ગાળો

સમયુદ્ધ [સ.] વ. બરોબરિયા વચ્ચેની લડાઈ.

સમયોચિત [સં. સમય + ઉચિત (યોગ્ય)] વિ. પ્રાસંગિક; પ્રાસ્તાવિક; વખતને અનુરૂપ; સમયને અનુકૂળ.

સમયોત્તીર્ણ [સં.] વિ. સમય પાકી ગયો હોય તેવું; વખત જરાઈ ગયો હોય તેવું.

સમર ૧. [સં.] પું. ઉનાળો

૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ૬૮પદી છપ્પય છંદનો એક ભેદ છે તેમાં ૮૪ લઘુ અને ૨૪ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે

૩. [સ.] વ. યુદ્ધ; લડાઈ.

આવો ભલા સ્વરગ મહીં યુદ્ધી માણીશ હજીયે, તથી નિમે ફરી સમરનો ઘોર કૈતેય ! યુદ્ધે.
વૃત્તવિહારી ગીતા

૪. વિ. માત્ર સુરક્ષક સાકેતિક શબ્દ.

સમરણ ૧. [સ. સ્મરણ] વ. યાદ કરવું તે; સ્મરણ

૨. વ. હાથમાં પહેરવાનું એક જાતનું ઘરેણું

સમરણી સ્ત્રી. જપ કરવાની માળા; સ્મરણી.

સમરત જુઓ સમસ્ત.

સમરતિ [સ.] સ્ત્રી એક પ્રકારનો સભોગ, સમાન જનનેંદ્રિયોવાળાં સ્ત્રીપુરુષોનો સભોગ.

સમરથ ૧. પું (પુરાણ) વિદેહવશી સ્રેમધી જનકનો પુત્ર; સત્યરથ જનકનો પિતા.

૨. વિ સમર્થ, બળવાન; શક્તિશાળી.

સમરનાયક [સ.] પું. લશ્કરનો સરદાર; સેનાપતિ.

સ્વતંત્રતા મેળવવા માટે લોહી રેડી રહેલ પ્રજાનો વિજયી સમરનાયક બરો.
જયશંકર સુંદરી

સમરપડી (સમરપડી) સ્ત્રી. સત્તરની સંખ્યા દર્શાવતો એક સાકેતિક શબ્દ.

સમરપણ [સ સમર્પણ] વ. સોંપવું તે; અર્પણ કરવું તે

સમરપણી ૧. વિ પોતાને હાથે જ રસોઈપાણી કરીને જમનાર

૨. વિ. બહુ શહાચારવાળુ

૩. વિ. વૈષ્ણવ ધર્મની જેણે મર્યાદીક્ષા લીધી હોય એવું

સમરપણ વ વૈષ્ણવ ધર્મની શહાચાર મર્યાદા.

સમરપતિ જુઓ સમરનાયક

સમરપવું સ ક્રિ. સમર્પવું; અર્પણ કરવું

તમને **સમરપ્યો** મમ દેહ. પ્રેમા.૬૬

સમરપેલેસ [ઇં] પું. ઉનાળામાં રહેવાનો મહેલ; ગ્રીષ્મભવન.

એ જ પ્રમાણે એક **સમરપેલેસ** (ગ્રીષ્મભવનો) બાંધી પણ આપણી ગરમ આબોહવાના વર્ણન પરથી નીપજતા ભાવને બંધબેસતો ન નીવડે. પ્રસ્થાન

સમરભૂમિ [સં.] સ્ત્રી. રણક્ષેત્ર; લડાઈનું મેદાન; સમરાંગણ.

સમરભૂમી જુઓ સમરભૂમિ.

સમરભેરી સ્ત્રી. રણશિંગું; લડાઈનું એક વાજું.

સમરમૂર્ધા [સં. સમરમૂર્ધન્] પું. લડાઈનો મોખરાનો ભાગ.

સમરવ [સં.] વિ. સરખા અવાજવાળું

સહ ગુર્જર નરનાર સાંભળો આત્માને અંકુર, સત્યસૂરે, સમરવ સંચારે સંગીત-દૂર-અદૂર.
ઉશિત

સમરવું ૧. સ ક્રિ. દુરસ્ત થવુ.

૨. [સં. સ્મૃ] સ. ક્રિ. યાદ કર્યા કરવું; સંભારવું; સ્મરણ કરવુ

સમરવ્યવસાયી [સ સમરવ્યવસાયિન્] વિ. લડાઈમા મહાગૂલ થયેલુ

આના અદ્યાન **સમરવ્યવસાયી** યાદનું હાલ અમ સૌંદર્યનુ પૂજક છે. પ્રસ્થાન

સમરશૂરતા [સં.] સ્ત્રી. રણમેદાનની બહાદુરી.

સમરસ [સ.] વિ. એક સરખા રસવાળું.

ગીતાની યોજના મહાભારતમા છે. મહાભારત ને રસમાધુ આપણા સાહિત્ય ગ્રંથો છે, તે મહાગ્રંથો છે, અદ્‌ભુત ગ્રંથ છે. રાજાધર્મ મધુર નીતિશાસ્ત્ર છે જ્યારે મહાભારત સમાજશાસ્ત્ર છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસદેવે અનેકદ્રષ્ટીઓમાં જાણ્યું છે. ગીતા ઉપનિષદોની ઉપનિષદ છે ગીતા ધર્મજ્ઞાનનો એક કોષ છે અર્જુનને નિમ્નસ્તરે સમરસ થવાથી તેમ જ ત્યાંથી ઉપર ઉઠાવે એક રસ થવાથી પૃથ્વ સંજ્ઞાઓ મળેલ છે-જોડાયે

પ્રહેવાતના દ્વેષ, સાજનાર દ્વેષ અને રજનાર પણ દ્વેષ-એટલે એ ત્રણની સમાધિ રૂપે-અદ્વૈતરૂપે-ગીતાજ સ્થાપિત છે. વિનોબા

સમરસતા ૧. [સં.] સ્ત્રી. એકરસતા; સંગતિ, મેળ.

૨. સ્ત્રી. બધા તરફ સરખી લાગણી રાખવાપણું; રાગદ્વેષ રહિત હોવું તે.

૩. સ્ત્રી. સ્વરમાધુર્ય; સુસ્વરતા; સ્વરમેળ.

સમરસપણું જુઓ સમરસતા.

સમરસિયું વિ. સમરસવાળુ.

સમરહાઉસ [અં] ન. ગ્રીષ્મગૃહ; ઉનાળા માટે બનાવેલું ઘર.

સમરહાક સ્ત્રી. યુદ્ધનો પડકાર

સમરંભ પું. (જૈન) પ્રમાદી જીવનો હિંસા વગેરેની તજવીજ માટેનો મરાદો

સમરાઢોકડી (સમરાકોકડી) સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનાં ફૂલ પીળા રંગનાં હોય છે. પાનને ઉકાળી ચાંદાં ધોવાના કામમાં લેવાય છે.

સમરાપાખી સ્ત્રી. એક જાતનો ઔષધોપયોગી છોડ. જેડીમાંનું દરેક પાન લંબગોળ કાણા છાટાવાળું એક ઊંચું હોય છે. તેમાં સફેદ ફૂલ અને ઑપરીંગ જેવી શીંગ થાય છે

સમરામણ ન. સમરાવવાનું મહેનતાણું, મરામતની મજૂરી.

સમરામણી જુઓ સમરામણ.

સમરાવવું સ ક્રિ. દુરસ્ત કરાવવું; મરામત કરાવવી

સમરાવું અ. ક્રિ. દુરસ્ત થવું; મરામત થવી.

સમરાંગણ [સં.] ન. યુદ્ધભૂમિ; રણક્ષેત્ર; લડાઈનું મેદાન.

સમરી ૧. [અં.] સ્ત્રી. ટૂંકી નૌકા; તારીલિ.

૨. સ્ત્રી. ટામી; ખીજડો.

૩. અ. તાત્કાલિક; તાત્કાલિક.

સમરી ચેરો પું. એક જાતનો ચેરો.

રાજ્યના તમામ ગામોની ખેડવાણ જમીન હવે બરાબર ખેડાઈ ગઈ છે અને બે;ને બહીની જમીન પૂરી પડતી નથી તેનો ખ્યાલ કરી સમરી ચેરો હેવાનું બંધ કરવામાં આવે છે.

મામલતદાર મેન્યુઅલ

સમરૂપ ૧. વિ. ના જેવું; ' સિમિલર '.

૨. [સં.] વિ. સમાન રૂપવાળુ

સમરૂપતા ૧. સ્ત્રી. તુલનાપણું; સામ્ય; સમાનતા; એકરૂપતા.

૨. સ્ત્રી. સુઘટિતતા; સૌષ્ઠવ.

સમરૂપ તારા પું. બ. વ. એક પ્રકારના તારા. આ તારા સળગતા ગોળા છે. જેમ અગ્નિના તિખારા પ્રથમ પ્રથમ પોતાની ગરમી છોડી ઊંચે ઠંડા પડી જાય છે તેમ આ તારાઓ પણ ગજબ વેગથી પોતાની સપાટી ઉપરથી ગરમી છોડી રહ્યા છે. જેમ જેમ તેઓ ગરમી છોડતા જાય છે તેમ તેમ એમનો ફરવાનો વેગ વધતો જાય છે. અને ફરવાનો વેગ વધવાથી તેઓ પોતાના જ ભારથી પિસાતા જાય છે. પરિણામે કદ નાનું બનતું જાય છે. કદ નાનું બનતાં અને વેગ વધતાં તેમની આંતરિક ગરમી પણ વધતી જાય છે અને પીગળી છૂટાં પડતા જાય છે અને જેવી રીતે પતંગનું ઊડતું પૂછડું તોડીને પતંગની સાથે મૂકી દઈએ તો એ ચોડી જગામાં સમાઈ જાય તેમ આ તારાઓનું કદ, વજન અને રંગ એક સમાતર સ્વરૂપે ફરતાં રહે છે તથી તેને સમરૂપ તારાઓ કહે છે. તેઓ વાદળી, સફેદ અને પીળા એમ વિવિધ રંગ રાખતા હોય છે આપણો સૂર્ય આ વર્ગનો જ તારો છે અને મોટા ભાગના તારાઓ આ વર્ગમાં સમાઈ જાય છે

સમરેખ ૧. [સ.] સ્ત્રી. સપાટી.

૨. વિ. એક સરખું; સમાન

બધુ સમાણુ એક છેડાથી બીજા છેડા સુધી સમરેખ આખે જ ઢાઈ રહે

જગન્નાથ કાશીરામ

૩. વિ. સમાનરેખા ઉપર આવેલું

સમરેખણ જુઓ સમરેખા.

સમરેખા સ્ત્રી. સુરેખા.

સમરેખાગતિ [સં] સ્ત્રી. સીધી લીટીમાં જતો હોય એવો માર્ગ.

સમરો [સં. સમીર] પું. પવન; વાયુ.

સમરીએ કાંઈ સમરો ફોગાવ્યા, (૨)
સમરાના હૈડીલા ...ભાઈ આવ્યા માલારાજ.

ગીતગીત

સમર્ચન ૧. [સં] ન. સારી રીતે પૂજવું તે.

૨. ન. સેવા; ચાકરી

સમર્ચના જુઓ સમર્ચન

સમર્થ ૧. પું (વેદાંત) સમતાર્થ; અન્વય અન્વયીપદ્મને પ્રાપ્ત થયેલો અર્થ.

૨. વિ ધનવાન; પૈસાદાર

૩. [સં] વિ બળવાન; બેરાવર; શક્તિમાન.

૪. વિ. સરખા અર્થવાળું

સમર્થક ૧. [સં.] પું. અનુમોદન કે ટેકો આપનાર માણસ; સમર્થન કરનાર માણસ.

૨. ન. અગર; ચંદન.

૩. વિ. પુરાવાની દલીલો કરનાર; અનુમોદન આપનાર.

સમર્થતા ૧. સ્ત્રી. સામર્થ્ય; શક્તિ; જોર; બળ

૨. સ્ત્રી. સુયોગ્યતા; લાયકાતીપણું.

અનુવાદની ભાષાની સમર્થતા, વ્યંજકતા, અસ્ખલિતા આદિ વિશિષ્ટતાથી જે નવું ચૈતન્ય અનુવાદમાં આવે તે. કેશવ હર્ષદ

સમર્થદાસ પું. એ નામના એક સંત પુરુષ. પંદરમા શતાબ્દિના તે મહાન પ્રભાવશાળી સંત હતા. તેઓનુ મૂળ વતન સિદ્ધપુર હતું. સુરતમાં રહી તેમણે જહારકોટ પાસે આશ્રમ બનાવી પોતાનુ જીવન યોગાભ્યાસમાં વ્યતીત કર્યું હતું. તેઓ વિક્રમ સંવત ૧૬૨૦માં જીવંત સમાધિસ્થ થયા.

સમર્થન ૧. [સં.] ન. અનુમોદન; ટેકો.

૨. ન. જોર; બળ.

૩. ન. દલીલોથી પુરવાર કરવું તે; પ્રતિપાદન.

૪. ન. પુરાવો; સાબિતી.

સમર્થિત [સં.] વિ. પુરવાર થયેલુ; સાબિત થયલુ. સમર્થન કરાયેલું

સમર્પક ૧. [સં. સમ્ (સારી રીતે) + અર્પક (બરાબર)] વિ. ઉચિત; યોગ્ય; બરોબર; બંધબેસતું.

૨. વિ. અર્પનાર; આપનાર; સમર્પણ કરનાર.

સમર્પણ [સં.] ન. અર્પણ કરવું તે; આપી દેવું તે

સમર્પણઆજ્ઞા [સં.] સ્ત્રી. પ્રસન્ન થવા માટે મોકલવાનો હુકમ

સમર્પણી ૧. પું. આખું યે જીવન પ્રભુને ખોળે ધરનાર પુરુષ

૨. વિ. જેણે સર્વસ્વ અર્પણ કરી દીધેલુ હોય તેવુ; પુષ્ટિમાર્ગ પ્રમાણે સર્વ શ્રીકૃષ્ણને અર્પણ કરનાર

૩. વિ. સમર્પણ કરનાર.

સમર્પવું [સં. સમર્પ] સ. ક્રિ. સમર્પણ કરવું; ભક્તિભાવથી આપી દેવુ.

ઉત્તમ ભાવના સમર્પનારૂં ધર્મ ચૈતન્ય ઊપરાત છે. ક. સા. પરિષદ

સમર્પિત [સં.] વિ સમર્પણ કરેલું; સમર્પાયેલું; આપી દીધેલું.

જે વખતે આપણો સર્વ ભરોસો, વિશ્વાસ, પ્રતાપ વગેરે સર્વે ઈશ્વરમા સમર્પિત થાય છે ત્યારે જે આત્મ ઉત્પન્ન થાય છે તે આપણે આપણા હૃદયમા રાખી શકવા નથી. બ્રહ્માનંદ

સમર્મહાસ્યરસ પું. નર્મયુક્ત વાક્ચાતુર્ય.

આને સમર્મહાસ્યરસ (Humour) નો ગુજરાતીમા અનુવાદ છે ઇંગ્રેજી વિવેચકો હાસ્યરસના Wit અને Humour એવા બે ભાગ પાડે છે ત્યા

નવલરામે Witનો અર્થ 'મર્માળા કટાક્ષવચન' એ પદથી કર્યો છે, અને Humourનો અર્થ ઠાવકું હાસ્ય એ પદથી કર્યો છે. 'ધર્મયુક્ત વાક્ચાતુર્ય' અને 'સમર્મહાસ્યરસ' એવી યોજના અટકમે કરીશું તો તે કદાચ વધારે યોગ્ય થશે

રમણભાઈ

સમર્યાદ [સં.] વિ. મર્યાદાવાળું; મર્યાદિત; પરિમિત સીમાવાળું, હદ બાંધેલું

સમલ વિ મલિન; મળ કે મેલવાળું, મેલું, દૂષિત

જ્ઞાની ન તારે દુષ્ટી ત્યમ, ન કૂવે **સમલ** જળ સંગ.

દયારામ

સમલક્ષી [સં સમલક્ષિન્] વિ. બરોબરખા લક્ષવાળું.

સમલંકૃત [સં] વિ. શણગારેલું, અલંકારવાળું.

સમલંબ [સં.] વિ. સરખા લંબવાળું.

સમલંબક જુઓ સમલંબ ચતુષ્કોણ.

સમલંબ ચતુષ્કોણ [સં] પું. (ગણિત) જેની સામ સામેની બાજુ બે બાજુ સમાંતર હોય તેવો ચતુષ્કોણ; 'ટ્રેપેઝિયમ.' આ બે સમાંતર બાજુમાંની એકને ભૂમિ અથવા પાયો કહે છે અને એ પાયાની સામેની બાજુને વદન અથવા મુખ કહે છે. બાકીની બે અસમાંતર બાજુને બાહુ કહે છે.

સમલંબ ચોખૂણ પું. (ગણિત) જેની બે જ બાજુઓ સમાંતર હોય અને બીજી બે બાજુઓ સમાંતર ન હોય તેવો ચતુષ્કોણ; સમલંબ ચતુષ્કોણ.

સમલો [ફા. સમ્લહ] પું. કસબથી ભરેલી એક જાતની ટોપી

સમવકાર [સં.] પું. (કાવ્ય) રૂપકના દશ ભાંહેનો એક પ્રકાર; એક જાતનું નાટક.

પણ તે માત્ર સંસ્કૃત ભાષામાં જ લક્ષણવાળું હોવાથી નાટક, નાટિકા, આખ્યાન, આખ્યાયિકા, ચંપૂ, ભાણ, પ્રહસન વિજયવ્યાયોગ, ડિમ, સમવકાર સટ્ટક વિકરણાદિ રૂપે વિસ્તીર્ણ સંસ્કૃત વાઙ્મયનું કર્ણાટકમાં અલાઈ સંસ્કૃત લોખંડનું સુપરિચિત હતું

કાન્તારાત્ર

સમવડ (સમવડ) જી. સરખાપણું; બરોબરી.

સમવડિયો (સમવડિયો) પું બરોબરિયો; હરીફ

જરૂર કસી મરદે અંત જડિયા.
સમવડિયા અડિયા તરસીંગ.

રા.રઢી અહારવટિયા

સમવડું (સમવડ) વિ. સમાન, સરખું. સમોવડું, બરોબરિયું.

મુજ **સમવડિ** વાણુ બરબાર,
બાહરઈ દરસનિ હરષ અપાર. લીમ

સમવર્ગી મતિ જી એકસરખી મતિ; નિયત મતિ

સમવર્ણિક વિ એકરંગી; સરખા રંગનું

સમવર્ણી ૧ જી. મુદાની અંદરની રજ માંહેની છેલ્લી વર્ણી. તે મુદ્દાને સંકોચવાનું કામ કરે છે. ૨. વિ સરખા રંગનું.

સમવર્તી ૧ [સં સમવર્તિન્] પુ. યમ રાજા, મૃત્યુના દેવ

યેનરેવત નર દંડધર વિપુપતિ રવિસુત રાજ,
સમમના પતિ મહિષધ્વજ **સમવર્તી** મમરાજ.

ખિમણ વધુકોષ

૨ વિ સર્વ કેસણે સમભાવે વર્તનાર

સમવયસ્ક [સં.] વિ. સમાન વયનું; સરખી ઉમરનું; સમોવડિયું.

અદારાજા પોતાના **સમવયસ્ક** મંત્રી સાથે પાદરાહને મળવા ગયાના થયા. અલિકાદેવી

સમવયસ્થ જુઓ સમવયસ્ક

સમવયી જુઓ સમવયસ્ક.

સમવસરણ [સં.] ન. (જૈન) આચાર્ય કે મહાન વ્યક્તિની પધરામણી વખતે એકઠો થતો સમુદાય કે પરિષદ.

આરંભ અધ્યયનમાં **સમવસરણને** લગતા સાધારણ વિષયો નિરૂપેલા છે. પુરાતત્ત્વ

સમવસરવું અ. ક્રિ. સભામાં પધારવું; પરિષદમાં આવવું.

ખરી ખબર આવી તિસેં
સમવસર્યા જિનરાજ

આનંદઘનબહોતરી

સમવસ્થાન [સં.] ન. સ્થિરપણે કે દૃઢપણે રહેવું તે.

સમવાઉ ન. (જૈન) બાર માંહેનું ચોથું અંગસૂત્ર; સમવાયાંગસૂત્ર.

સમવાકાર પું. (કાવ્ય) નાટ્યના દશ ભાંહેનો એક ભેદ. તેનો વિષય પ્રખ્યાત કે કલ્પિત હોય છે; નાયક દેવ કે અસુર હોય છે અને રંગ બાર હોય છે.

સમવાય ૧. [સં.] પું. (ન્યાય) એક સબંધીનો નાશ થતાં બીજો સબંધી નાશ પામે એવો નિત્ય સબંધ. જેમકે, દ્રવ્ય અને તેના સંકેદ ગુણનો સંબંધ સમવાય સબંધ છે

૨ પુ. સમૂહ; સમુદાય; મંડળી.

૩. ન. એ નામનું એક જૈન અંગસૂત્ર.

"આચાર, સૂત્રકૃત, સ્થાન, **સમવાય**, વ્યાખ્યા, પ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસક, દશાધ્યયન, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિક દશા, પ્રશ્ન વ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ એ ૧૨ અંગો છે.

તત્ત્વાર્થસૂત્ર

સમવાયતંત્ર [સં] ન. અનેક સ્વતંત્ર સમૂહોનું એકત્ર રાજ્યતંત્ર; સમૂહતંત્ર, 'ફેડરેશન'. આવા રાજ્યમાં તેનાં ભિન્ન ભિન્ન સંસ્થાનો અમુક બાબતોમાં સ્વાધીન અને બાકી બાબતોમાં મધ્યમંડળને આધીન હોય છે

સમવાયાંગ [સં.] ન. (જૈન) મુખ્ય બાર માંહેનું ચોથું અંગસૂત્ર

સમવાયી ૧ વિ. એક કેંદ્રાભિમુખ, એક કેંદ્ર તરફ વળતું.

૨. વિ. જૂથમાં કે જોગાં મળીને રહેનાર; સંયુક્ત.

૩. વિ. સમવાય સંબંધવાળું

૪. વિ. સમવાયતંત્રને લગતું; 'ફિડરલ'.

સમવાયી કારણ ન ઉપાદાન કારણ; કાર્યમાં સમવાય સંબંધથી રહેતું કારણ. જેમકે, માટી એ ઘડાનું સમવાયી કારણ છે

સમવિચારી ૧. પું. સરખો વિચાર ધરાવનાર પુરુષ

૨. વિ. વિચારમાં મળતું; સરખા વિચારવાળું.

સમવિષમ [સં] વિ. ન્યૂનાધિક વધતું ઓછું; ભિન્નતાવાળું

સમવિષમતા ૧ [સં.] જી. ગડબડ્યલ.

આર્ય અહવિઓના અભાવ નિવારવિધિનું અવલોકન કરવું અને બીજી બાજુથી અજ્ઞાનાંધકારમાં અટવાતા પુરુષોની પાયા વગરની મીમાંસાઓ જોઈ છે ત્યારે મારા હૃદયમાં ઊંડી બળી લાગણીઓ ઉભરાય છે કે હું મારા વિચારો ઉપર આવશ્યક સંયમ રાખી શકીશ કે નહિ જે સંબંધમાં મને **સમવિષમતા** થાય તે સ્વભાવિક છે.

પુરુષોત્તમ વિભાગ

૨ જી. ભિન્નભાવ; ભેદ; ન્યૂનતાધિકતા.

સમવિષમાંત્ય પું (કાવ્ય) અંત્યાનુપ્રાસના પાંચ ભાંહેનો એક પ્રકાર. તેમાં પહેલા પદનો છેલ્લો અક્ષર, બીજા પદના છેલ્લા અક્ષરની સાથે અને ત્રીજા પદનો છેલ્લો અક્ષર ચોથા પદના છેલ્લા અક્ષરની સમાન હોય છે

સમવિષયક [સં] વિ. એક જ વિષયનું; સરખી બાબતનું

સમવિસ્તાર [સં.] પુ ભૂમિવ્યાપ્તિ; એક સાથે ફેલાવો તે

સમવૃત્ત ૧. ન એક જાતનું ઝાડવું. તેની ડાળીનું માપ ૧૨ અંગુલ હોય છે. તેનું વજન ૫૬ પળ હોય છે.

૨. [સં.] ન. (ગણિત) બારે સરખા ભાગમાં હોય તેવો છંદ

૩. ન. મુખ્ય રેખાંશનું વૃત્ત

૪ વ. સિરોબિંદુ અને અધોબિંદુ એ બેમાં થઈને પસાર થતું વર્તુલ; સમમંડળ; 'વર્ટિકલ સર્કલ'.

૫. વિ. (પિંડ) સરખા છેદવાળું

સમવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. મનનું એકસરખું વલણ.

૨. વિ. સમાન વૃત્તિવાળું

સમવેગ ૧. [સં.] પુ. એક જ સરખી ગતિ.

૨. પું. દુઃખસાગર રૂપી સંસારમાં મોહ ન પામવો અને હમેશ કર્મનાં બંધન છોડવાની અભિલાષા રાખવી તે.

સમવેત ૧. [સં.] વિ. મળેલ.

૨. વિ. સમવાય સંબંધથી જોડાયેલું; સયુક્ત; એકત્ર

તમામ વિજ્ઞાનનાં શાસ્ત્રો મનુષ્યના હૃદયના નિત્ય ક્રમના અનુભવોના **સમવેત** Concrete જ્ઞાનમાંથી ઉદ્ભવ્યાં છે. બુદ્ધિપ્રકાશ

૩ વિ. સમૂહવાળું

સમવેદિત્વ ન. સમવેદી હોવાપણું

હૃદયને અરસપરસ કરી મૂકનાર **સમવેદિત્વ** એ બેમની કલાનો વિશેષ છે. કાલેલકર

સમવેદી વિ. સમાન વેદનાવાળું; સહાનુભૂતિવાળું.

સમવેશ [સં.] પું. એકસરખો પહેરવેશ; ગણવેશ.

સમવૈલિક રેખા સ્ત્રી. એક જ વખતે અમુક ઠેકાણે મોટી ભરતી થાય તે બતાવતા નકશા ઉપર દોરેલી લીટી

સમશન [સં.] વ. તદુરસ્તીને માટે આવે અને ન આવે એવું બંને જાતનું ભોજન લેવું તે

પથ્યકારક અને અપથ્યકારક એવા બંને જાતનાં ભોજન એક સાથે લેવાય તેને **સમશન** કહે છે. જ્ઞાનકોશ

સમશાન ન. મસાણ; સ્મશાન.

સમશાનિયું ૧. વિ. અમંગળ.

૨. વિ. ડાધુ તરીકે આવેલું

૩. વિ. સ્મશાન જેવું નિર્જન.

સમશીતરેખા [સં.] સ્ત્રી. જે જે જગ્યાએ સરખી ઠાઢ પડતી હોય તે બતાવનારી નકશા ઉપર બતાવેલી લીટી.

સમશીતોષ્ણ [સં.] વિ. ગરમી અને ઠંડી સરખાં પડતાં હોય એવું; સરખી ગરમી અને ઠંડીવાળું.

સમશીતોષ્ણ કટિબંધ [સં.] પુ. ઉષ્ણ કટિબંધની ઉત્તરે તથા દક્ષિણે સરખી ઠંડી અને ગરમીવાળો શીત કટિબંધ સુધીનો પ્રદેશ

સમશીલ [સં. સમ (સરખું) + શીલ (આચાર)] વિ. સમાન આચારવાળું

પોતાના **સમશીલ** સાધુ પુરુષો સાથેના સંલાપમાં વ્યવહારમાં, મિત, અને યથાર્થ વચનનો ઉપયોગ કરવો તે સત્ય નામક વ્રતિધર્મ. તત્ત્વાર્થસૂત્ર

સમશેર સ્ત્રી. અસિ; અડ્ગ, તલવાર; શમશેર.

સિદ્ધિઓ છે અમ્મની **સમશેરો**

નાનતાલાલ

સમશેરબહાદુર ૧. પું. એક જાતનો ખિતાબ.

૨ વિ. તલવાર ફેરવવામાં કુશળ.

સમશેરિયું વિ. શૂરવીર; સમશેર વાપરી જાણે તેવું બહાદુર.

ચૌરવટા, રજપાતવટા, ટોળા રજપૂત રાજા. કરડા, જે રિસવરાજ બહાદુર **સમશેરિયા** હતા

નાનાલાલ

સમશ્લોકી વિ. એકસરખા શ્લોકવાળું; મૂળ પ્રમાણે શ્લોકવાળું.

સમશ્લોકી કાવ્યોમાં પ્રેરક રચને વિકટતા કે અપરિચિત શબ્દોનો પ્રયોગ અનિવાર્ય થાય તે

રમણ રાવર

સમષ્ટિ ૧. [સં.] સ્ત્રી. સમગ્રતા; સમુદાય

૨. સ્ત્રી. સમાજ. વ્યક્તિ અને સમષ્ટિ વેદાંત પરિભાષાના શબ્દો છે. "દુ" એવા પ્રકારના અભિમાનવાળા સર્વ જીવો, પોતાના સ્વરૂપ સાથે તાદાત્મ્ય સંબંધે જોડાયલા છે એમ પોતાનું જીવોની સાથેનું એકત્વ સ્વાનારાયણ કેવર સર્વત્ર હોવાથી જાણે છે, માટે તે ઈશ્વર જ સમષ્ટિરૂપ છે. અલ્પજ્ઞ જીવો તેમ જાણી શકતા નથી માટે તેઓ વ્યષ્ટિ કહેવાય છે, વદાંતમાં પારિભાષિક અર્થ આ પ્રમાણે છે. તે ઉપરથી અનેકમાંથી દરકોઈ એક તે વ્યક્તિ, અનેકનો એક સમુદાય તે સમષ્ટિ આવો અર્થ રૂઢ થઈ ગયો છે.

૩. સ્ત્રી. (જૈન) સરખી ભાવના; સમદૃષ્ટિ.

સમષ્ટિતત્ત્વ [સં.] ન. અખંડ તત્ત્વ; સમસ્ત તત્ત્વ.

સમષ્ટિભાવના [સં.] સ્ત્રી. સમાજવાદ; સમતાવાદ; 'સોશિયેલિઝમ'.

સમષ્ટિવાદ [સં.] પું. સમાજવાદ; સમાનભાવ; સમાન સત્તાભાવ.

બંને પક્ષને નિષ્પક્ષપાત રીતે અવલોકતાં જણાય છે કે અત્યંતિક વ્યક્તિવાદ (Individualism) અને અત્યંતિક **સમષ્ટિવાદ** (Socialism) બંને ખોટા છે અને સત્ય જેમ હમેશા બંને છે તેમ બિન્દુમાં જ વિસરે છે. આનંદશંકર

સમષ્ટિવાદી વિ સમાજવાદી; સમાજ સત્તાવાદી; 'સોશિયેલિસ્ટ'

સમસન ૧. [સં.] ન. સમાસ કરવાપણું.

૨. ન. સંક્ષેપ; ટૂંકાવવું તે

સમસમ અ. જોરથી ફૂંકાતા કે વીંઝાતા પવનનો અવાજ.

સમસમવું વિ. એક જ સમયનું, સમકાલીન

વળી કુમારપાળના **સમસમયી** અને તેમના ગુરુ શ્રીહેમચંદ્રાચાર્યે પોતાના કોશમાં અગિયારે અંગોનાં અને બારે પૂર્વનાં નામો તથા અર્થો આપ્યા છે. પુર તત્ત્વ

સમસમવું ૧. અ. ક્રિ. જોરથી ફૂંકાતા પવનનો અવાજ થવો.

૨. અ. ક્રિ. દુખવું; પીડા થવી

૩. અ. ક્રિ. પસ્તાવું.

૪. અ ક્રિ. મનમાં ધ્રુજવાર્યા રહેવું; મનમાં સમજી જાનુ જેવી રહેવું

૫. અ ક્રિ. શાંત પડી જવું; ઠોલવાવું

સમસમાકાર પુ. નીરવ શોકજનક શાંતિ.

સમસમાટ ૧. પું. રાતની શાંતિમાં થતો અવિરત શાંત અવાજ.

અંધારી રાત **સમસમાટ** કરી રહી હતી. ધુમકેતુ

૨. પું. લાગણીથી સમસમવું તે.

૩. અ. સમસમવું હોય તેમ

સમસમુચ્ચય [સ] પું (વેદાંત) જ્ઞાન અને કર્મનું એક બીજાની સાથે એક જ વખતે અનુષ્ઠાન.

સમસંસ્થાનાસન [સં.] ન. એ નામનું એક યોગાસન જેમાં પલાઠીવાળી, અને પગની પાની તથા હાથ સક્રોચી રાખી, ધડ, ડોક તથા મસ્તકને સંપૂર્ણ સીધા રખાય છે પછી બંને હાથના પંજા ટીંચણ ઉપર રાખી સંપૂર્ણ સ્થિર થવાનું હોય છે

સમસંસ્થાસન જુઓ સમસંસ્થાનાસન

સમસામયિક [સ.] વિ. એક જ સમયમાં આવેલું કે ઉત્પન્ન થયેલું, સમકાલીન.

સમસૂત્ર ૧. [સં] વિ. એક જ સીધી લીટીમાં આવી રહેલું; એકસરખું; સપાટ; 'લેવલ'

૨ વિ. સમાન સ્થિતિમાં રહેલું

૩. અ. રેખામાં; સીધી લીટીમાં.

સમસ્ત ૧. ન. સમગ્ર સમુદાય; બધું સમૂહ

૨. [સ] વિ. ટૂંકું કરેલું

૩. વિ. બધું; સંપૂર્ણ; તમામ, સઘળું. સમસ્ત Synthetical stage એટલે સંસ્કૃતમાં સંસ્કૃત છે તે જ વિભક્તિમાં નિર્દેશ છે. કૈલાસ

સમસ્તરાશિ [સં.] સ્ત્રી. (ગણિત) કરતાં વધારે પ્રમાણ માંડીને હિસાબ ગણ એક રીત

સમસ્ત વસ્તુ વિષયોપમા [સં.] સ્ત્રી. ઉપમેયઉપમાનપક્ષમા અવયવ અવયવી સમસ્તનુ શબ્દથી કથન હોય એવો કાવ્યાલંકાર

સમસ્ત વિજ્ઞાનવાદી ૧ વિ. અદ્વૈતવાદમાં માનનારુ

૨ વિ. પરમાર્થ સત્તાવાદી; ' એબ્સોલ્યુટિસ્ટ'.

સમસ્તવિજ્ઞાન સત્તાવાદ ૧. પું. અદ્વૈતવાદ.

૨ પું. પરમાર્થ સત્તાવાદ; સમષ્ટિ સત્તાવાદ ' એબ્સોલ્યુટિઝમ '

આ સમષ્ટિ વા પારમાર્થિક સત્તાવાદ વા **સમસ્તવિજ્ઞાન સત્તાવાદ** એ અતિ પ્રૌઢ અને સૂક્ષ્મ પ્રક્રિયામયવાદ છે. પારિભાષિક કોષ

સમસ્તશાલા [સં.] સ્ત્રી. વિદ્યાપીઠ, ' યુનિવર્સિટી '.

તે સમક્ષ થયા પછી રા. ૧૫,૦૦૦ની સવર્નમેન્ટ પ્રોમિસરી નોંધો બિ બોંબે યુનિવર્સિટીમાં (સમસ્તશાલામાં) આપી પારિભાષિક કોષ

સમસ્થ [સં.] વિ. સમભાવે રહેલું.

સમસ્થલ ૧. [સં.] ન. મોટું ખુલ્લું મેદાન.

૨. ન. સપાટ પ્રદેશ

સમસ્થલી ૧. [સં.] સ્ત્રી પૃથ્વીની અંદરનો પ્રદેશ.

૨. સ્ત્રી. મરખી જમીન.

સમસ્યા ૧. સ્ત્રી. ઉખાણું.

સમસ્યા પૂરવી = સમસ્યાપૂર્તિ કરવી.

૨. સ્ત્રી. કોયડો; પ્રશ્ન.

૩. સ્ત્રી. સાન; સંકેત; ઇશારો.

સમસ્યાપૂર્તિ સ્ત્રી. સમસ્યાનો જવાબ આપવો કે અધૂરો ભાગ પૂરો કરી આપવો તે.

સમસ્વભાવી ૧. વિ. બધા તરફ સમાન બુદ્ધિવાળું; સ્થિર બુદ્ધિવાળું.

૨. વિ. મળતા આવતા સ્વભાવનું

સમળી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી; સમડી; ચિલ્લી

૨. સ્ત્રી એક ઝાડ; રામી ગ્રક્ષ

સમળી ઉઠામણી સ્ત્રી. એક છોકરો બે હાથ ઊંચા કરી લાકડી ઝાલી રાખે અને બીજો લાકડી વતી લાકડી ઉલાળે એવી એક જાતની રમત

સમળી સૂતર ન. એક જાતની વનસ્પતિ. બાળકો તે પોતાની પાસે રાખવાથી લાભકારક માને છે.

સમળો ૧. પું. કામબગાડમાં કરનારો બાવો; સમડો

૨. પું રામી ગ્રક્ષ

સમંગા ૧ સ્ત્રી રિસામણીનો છોડ

૨. સ્ત્રી. હરદ્વારથી ચારેક માઈલ દૂર આવેલી એ નામની એક નદી. તેનું મૂળ નામ મંજુવિતા હતું કરોડ ઋષિએ પોતાના દીકરા અષ્ટાવક્રને તેમાં સ્નાન કરાવ્યું, જેથી તેનાં અંગો વાંકાં મટી જઈ સરખાં થયા. ત્યારથી આ નદીનું નામ સમંગા એટલે સરખાં અંગ કરનારી પડ્યું મનાય છે.

સમંજસ ૧. [સં.] ન ખરાપણું; વાજબી હોવાપણું.

૨ ન યોગ્યતા; લાયકાત

૩ વિ ઉચિત; વાજબી; યોગ્ય, લાયક

૪. વિ. સમજી શકાય તેવું; સ્પષ્ટ.

૫. વિ. દોસિયાર; સુજ્ઞ.

સમંઢલી ન. એક જાતનું પાકું સુગંધી અત્તર.

સમંત ૧. [સં] પું. સીમા; હદ.

૨. વિ. સમસ્ત; સઘળું.

૩. વિ. સારી રીતે અંજવાળું.

સમંતદુગ્ધા [સ] સ્ત્રી. થોરનું ઝાડ

સમંતપંચક ન. કુરક્ષેત્ર મહેનુ એક તીર્થસ્થાન. ત્યાં ત્રેતા અને દ્વાપરની સંધિમાં પરશુરામે ક્ષત્રિયોને હણીને લોહીના પાંચ કુંડ ભરી એ રુધિરથી પિતૃતર્પણ કર્યું હતું. કલિદ્વાપરની સંધિમાં આ જ ઠેકાણે પાંડવકૌરવ યુદ્ધ થયું.

સમંતભદ્ર [સં.] પું. બુદ્ધ ભગવાનનું એક નામ.

સમંતભદ્રક પું હાથીની પીઠ ઉપર ઓઢાડવાનો ગાભો.

સમંતાનુપાતનક્રિયા [સં.] સ્ત્રી. (જૈન) સ્ત્રી, પુરુષ અને પશુઓને જ્યાં આવવાની જગ્યા ઉપર મળમૂત્રાદિનો ત્યાગ કરવો તે.

સમંદ [ફા.] પું. ઉમદા ઊજેરનો ઘોડો.

સમા ૧. સ્ત્રી. પૂરી ભરતી આવ્યે બાર મિનિટ પાણી થોભે છે તે.

૨. સ્ત્રી. મોસમ; સમય; ઋતુ

૩. [સં.] સ્ત્રી. વરસ; વર્ષ; સંવત્સર; અબ્દ. આ શબ્દ ઔદિત્ય બહુ વચનમાં વપરાય છે

સમાઇક ૧. વિ. બાપદાદા તરફથી વારસામાં મળેલું.

૨. વિ. મજિયારું; સર્વસામાન્ય.

પરણ્યા બાપ અને દીકરો એકઠા રહેતા હોય અને તેમની પાસે સમાઇક મિલકત હોય તો પુખ્ત ઉમરે પહોંચ્યો છતાં દીકરો અસ્થાપોચ્યનો હક તે મિલકતમાંથી બાપ પાસે માગી શકે. જ્ઞાનકોશ

સમાકર્ષી ૧. પું. બધે દૂર સુધી જનારી ગંધ.

૨. [સં સમાકર્ષિન્] વિ સારી રીતે આકર્ષણ કરનાર

સમાકુલ [સં.] વિ. અરવરયું; સારી રીતે ભરાયું; ભદ્રાવરું; ખૂબ ભરાયેલું

સમાક્ષ [સં] સ્ત્રી. (ગણિત) કોટિ માપન રેખા; ' એબ્સિસ્સા '.

સમાક્ષવૃત [સં] ન અક્ષાંશવૃત; ' પેરેલલ્સ '.

સમાખ્યા ૧ [સ] સ્ત્રી (વેદાંત) અન્વર્થ સત્તા એટલે અર્થને લઈ તેનું નામ. જેમકે, કોઈ માણસ વિદ્વાનો વ્યસની હોય અને તેનું નામ પણ વિદ્યારામ હોય ત્યારે તે અન્વર્થ નામ કહેવાય. તેને સમાખ્યા પણ કહે છે

૨. સ્ત્રી. આબરૂ, ખ્યાતિ; કીર્તિ.

૩. સ્ત્રી. યોગની શક્તિ; યોગબળ.

૪. સ્ત્રી સત્તા; નામ

સમાખ્યાત ૧. [સ] વિ. આબરૂદાર.

૨. વિ. યશવાળું

૩. વિ. સારી રીતે કહેલું

સમાખ્યાતિ ૧ [સ] સ્ત્રી આબરૂ

૨. સ્ત્રી. કીર્તિ; યશ.

૩. સ્ત્રી. સારી રીતે કહેવું તે.

સમાગત ૧. [સં.] વિ. આવી પહોંચેલું.

૨. વિ. સમાગમ થયેલ

સમાગતિ ૧. [સ.] સ્ત્રી. આવી પહોંચવું તે.

૨. સ્ત્રી. સમય; સમાગમ.

સમાગમ ૧. [સં.] પું એકઠાં થવું તે.

૨. પું. પરિચય; ઓળખાણ.

૩. પું. પાસે આવવું તે.

૪. પું. મેળાપ; મિલન; સંયોગ.

૫. પું. મૈથુન; સંભોગ. એનું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે.

૬. પું. સહવાસ; સાથે રહેવું તે

૭ પું સૂર્ય સિવાયનો કોઈ પણ ગ્રહ નક્ષત્રક આવે તેવો યોગ.

૮ પું સોબત; સંગત.

સમાગમન જુઓ સમાગમ.

સમાગ્નિ [સં] પું. (વૈદક) વાત, પિત્ત અને કફ એ ત્રણેનાં એકસરખાપણાને લીધે જઠરાગ્નિની એકસરખા દોષરહિત સ્થિતિ

સમાચાર ૧ સ. પું. પહોંચવું તે, આમતેમ અથડાઅથડી; મારી રીત પ્રહાર.

૨. પું વિરોધ

૩ પું સમાગમ, સંપર્ક, યુદ્ધ

સમાચરણ ૧. [સં.] ન. આચરણ; વર્તન; આચાર

૨. ન. કર્મ; કરવું તે

સમાચાર ૧. પું. સારું વર્તન; સદ્વર્તન; સારો આચાર.

૨. પુ બ. વ. બનતા બનાવોની ખબર કે હકીકત; વર્તમાન.

ના સમાચાર જોવા-લેવા = સંભાળ રાખવી; તપાસ રાખવી.

સમાચારપત્ર ન. વર્તમાનપત્ર.

સમાજ ૧. [સં] પુ. એકસરખા ધર્મ કે આચારવાળો જનસમુદાય; વ્યવસ્થિત જનસમુદાય; જનતા; જનમંડળી; જનસમૂહ, શિષ્ટસમાજ ' સોસાયટિ '.

૨. પુ. નાટકશાળા; પ્રેક્ષાગાર; રંગભૂમિ.

બીજા પ્રકારનો **સમાજ** જે એને સાધુમત છે તે રંગ અથવા ' પ્રેક્ષાવાદ ' ના અર્થમાં છે, કે જ્યાં લોકોને મલ્લયુદ્ધ, નર્તક (નાચનાર), નટ (નાટક કરનાર) વગેરેના ખેલ જોવા નોતરવામાં આવતા પુરાતત્ત્વ

૩. પું મંડળી; સભા.

૪. પું સમુદાય; સમૂહ; સંઘ; જથ્થો

૫. પુ. દરબારી.

સમાજકર્તવ્ય [સં.] ન. સમાજ પ્રત્યેની ફરજ

સમાજકારણ ન. સમાજતંત્રની રચના એટલે વ્યવસ્થિતિ.

સમાજગૃહ [સં] ન. લોકોને બેસવા યોગ્ય મકાન; સભાસ્થાન

સમાજઘાતના [સં.] સ્ત્રી. સમાજનું બંધારણ ત્યાની સમાજઘાતના વર્ણનમાં કરતા જુદી રીતની હતી. ન. ક. કાકોર

સમાજઘાતક જુઓ સમાજઘાતી

સમાજઘાતી વિ. જનમંડળને નુકસાન કરનાર

સમાજચિંતક [સં.] વિ. સમાજ બાબત વિચાર કરનાર

સમાજચ્યુત [સં] વિ ન્યાતિ બહાર મુકાયેલું

સમાજચ્યુતિ [સં. , સ્ત્રી. જ્ઞાતિ બહાર મુકાવું તે.

સમાજજીવન ૧. [સં] ન. લોકસેવામાં અર્પેલું જીવન; સમાજને માટે જીવવું તે.

૨. ન. સમાજ સાથેની રહેણી કરણી.

સમાજજીવી ૧. વિ. સમાજ ઉપર જીવનાર.

૨. વિ સમાજમાં જ છપી રહે એવું.

સમાજવાદ પું. વ્યક્તિ કે વર્ગની નહિ પણ સમાજની સત્તાનો વાદ. ' સોશિયેલિઝમ ' ન્યાયના ધોરણ ઉપર હાલની આર્થિક પદ્ધતિ રચવા માટે, દેશના ઉદ્યોગોની માલિકી અને અવરજવર સમાજને અગર સમસ્ત પ્રજા કે રાજ્યને હસ્તક હોવાં જોઈએ એવા મતને સમાજવાદ કહે છે. આમાં રાજ્યના એકતંત્ર હેઠળ ઉદ્યોગ-વ્યવસ્થા કરવાનો કરારદો હોય છે. તેથી આ મતને બીજી રીતે સમૂહવાદ કહેવામાં આવે છે. કેટલાક સમાજવાદીઓ હાલની મૂડીવાદી અર્થરચનામાં ધીમે ધીમે ફેરફાર કરીને રાજ્યસત્તા હપતે હપતે મેળવીને આ સ્થિતિ લાવવા માગે છે, ત્યારે કેટલાક ક્રાંતિથી જ તેમ થઈ શકે એમ માને છે. પહેલા મતને 'વિકાસી સમાજવાદ' કહે છે. તેને બળતો ઇંગ્લંડમાં ' ફેબિયન સમાજવાદ ' છે. બીજા મતને ' ક્રાંતિવાદી સમાજવાદ ' કહે છે. તેનો પ્રથમ ફેલાવો કર્યો માર્કસે કર્યો, તેથી તેને ' માર્કસવાદ ' પણ કહે છે અને તેના અનુયાયીઓએ રશિયામાં જે રીતનો સમાજવાદનો પ્રચાર કર્યો તેને ' બોલ્શેવિઝમ ' કહે છે. ખ્રિસ્તીઓ બાઇબલના ઉપદેશ અનુસાર, બાનગી મિલકતની પ્રથામાં ફેરફાર કર્યા સિવાય, માણસમાં આંતરિક સુધારો કરીને, સમાજમાં ઐક્ય અને શાંતિ સ્થાપવાના કરારદાથી સહકાર–પ્રેરિત વગેરે દ્વારા જે પ્રચાર કરે છે તેને ' ખ્રિસ્તી સમાજવાદ ' કહે છે હાલની સમાજ વ્યવસ્થા ચાલુ રાખીને, દેશના મોટા અને પાયારૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાની હિલચાલને ' રાષ્ટ્રીય સમાજવાદ ' કહે છે. જુદા જુદા ઉદ્યોગોના ઔદ્યોગિક મંડળોના એકત્ર અધિકારથી ઉદ્યોગો ચલાવવા, તે તંત્ર રાજ્યકીય તંત્રથી અને તેટલું સ્વતંત્ર રાખવું, અને તે રીતે ઔદ્યોગિક અને રાજકીય એવા બે તંત્રો દ્વારા દેશનો વ્યવહાર ચલાવવો, એ મતને ઇંગ્લંડમાં ' મહાજન સમાજવાદ ' કહે છે. કાર્લ માર્કસે પહેલાં રોબર્ટ ઓવન, સેન્ટ સાયમન, અને ફુરીઅર જેવા વિચારકોએ જે સમાજવાદી વ્યવસ્થાની હિમાયત કરી હતી તેને ' તરંગી સમાજવાદ ' કહેવામાં આવે છે. સાધારણ રીતે જે વિચારો ટીકાકારોની દૃષ્ટિએ અવ્યવહાર લાગે તેને ' તરંગી ' કહેવામાં આવે છે. એ રીતે પહેલાના સામ્યોપ વિચારકોની દૃષ્ટિએ અત્યારના વિચારકોના મતને ' તરંગી ' ગણવામાં આવે છે. ફક્ત કામદાર વર્ગની ઉન્નતિ ધ્યાનમાં રાખીને સમાજ રચના કરવી ન જોઈએ પરંતુ સમાજના બધા વર્ગની ઉન્નતિ ધ્યાનમાં રાખવી જોઈએ, એ મતને ' આદર્શ સમાજવાદ ' કહેવામાં આવે છે. સમાજવાદીઓની પેઠે હાલની ઔદ્યોગિક રચના ઉથલાવી નાખવાનો આદર્શ, મૂડીદારો અને કામદારો વચ્ચેનો સંબંધ પરસ્પર સહાયકારી અને સુમેળ ભરેલો જોઈએ, અને વ્યક્તિસ્વાતંત્ર્ય પર બોજારૂપો અંકુશ મૂકીને પણ સમસ્ત પ્રજાનું હિત સાધવું જોઈએ, એ મતને 'સંગઠનવાદ' કહેવામાં આવે છે. સમાજવાદીઓના મત મુજબ ફક્ત ઉદ્યોગોની માલિકી અને અવરજવર પ્રજાહસ્તક હોવાં જોઈએ એમ નહિ પણ કોઈ વસ્તુની બાનગી માલિકી મુદ્દલ ન જોઈએ અને વ્યક્તિગત વપરાશની વસ્તુઓ પણ પ્રજાહસ્તક રહેવી જોઈએ; એટલે કે દરેક કામ સરખાપણાના સિદ્ધાંત મુજબ થવું જોઈએ અને વપરાશની વસ્તુઓ દરેકને જરૂરિયાત મુજબ પહોંચી આપવી જોઈએ; તેમાં કોઈ પ્રકારની માલિકીનો હક હોય નહિ. આ મતને સામ્યવાદ કહેવામાં આવે છે. પણ ખરી રીતે તે ઉપર દર્શાવેલો સમાજવાદ કે માર્કસવાદ છે

સમાજવાદી વિ. સમાજવાદમાં માનનાર; સમાજના ઉદ્ધારનો સિદ્ધાંત માનનાર; ' સોશિયેલિસ્ટ '

પ્રજાના જુદા જુદા દેશોમાં જુદાં જુદા સમાજવાદી મંડળોની સ્થાપના થઈ. પ્રસ્થાન

સમાજવિદ્યા [સં] સ્ત્રી. સમાજ વ્યવસ્થાનું શાસ્ત્ર; જનસમૂહવિદ્યા; સમાજવિધાનવિદ્યા; ' સોશિયોલૉજિ '

પશ્ચિમના તત્ત્વચિંતકોની પ્રકૃતિમાં **સમાજવિદ્યા** (Sociology) એ આજ કેટલાક વર્ષ થયાં સર્વોપરિ સ્થાન જોગવે છે. પારિભાષિક કોષ

સમાજવિધાનવિદ્યા સ્ત્રી સમાજવ્યવસ્થા વિદ્યા., ' સોશિયોલૉજિ '

સમાજવૃત્તિ [સં.] સમાજમાં રહેવાની કે તે વગેરેની માણસની સહજ વૃત્તિ

સમાજવ્યવસ્થા [સં.] સ્ત્રી સમાજની ગોઠવણી કે રચના.

સમાજવ્યવસ્થાવિદ્યા જુઓ સમાજવિધાનવિદ્યા.

સમાજશાસ્ત્ર ન. સમાજને લગતું શાસ્ત્ર; સમાજવિદ્યા; જનસમૂહ વિદ્યા, સમાજ વ્યવસ્થાનું શાસ્ત્ર; ' સોશિયોલૉજિ '. સમાજશાસ્ત્ર એ સમાજની દરેક બાજુનો નિચોડ કાઢતું શાસ્ત્ર છે. મનુષ્ય માનસને લગતું આ શાસ્ત્ર હોવાથી, મનુષ્ય મનમાંથી ઉદ્ભવેલા દરેક વિષય અને તેના વર્તનથી બંધાયેલી દરેક સંસ્થાનો આમાં સમાવેશ થાય છે. આ શાસ્ત્ર તાજેતરમાં ઉદ્ભવેલું હોવાથી આજે વિજ્ઞાનશાસ્ત્રીઓનું પૂરેપૂરું ધ્યાન ખેંચી શક્યું છે આ શાસ્ત્રમાં રાજકારણ મહત્ત્વનો વિભાગ બને છે. આધુનિક તથા ભૂતકાળના રાજકારણને જાણવા માટે સમાજશાસ્ત્રનો અભ્યાસ આવશ્યક છે, કારણ કે, આ શાસ્ત્રમાં રાજકારણનાં સિદ્ધાંતોના બીજ રહેલા છે

સમાજશાસ્ત્રવિદ્ [સં.] વિ. સમાજશાસ્ત્ર જાણનાર.

સમાજશાસ્ત્રી પું. સમાજ અંગેની શાસ્ત્રીય જાણકારી ધરાવનાર માણસ; સમાજશાસ્ત્રનો જાણકાર.

સમાજશાસ્ત્રીય [સ] વિ. સમાજશાસ્ત્ર અંગેનું

સમાજસત્તાવાદ જુઓ સમાજવાદ.

સમાજસત્તાવાદી વિ. સમાજવાદમાં માનનારું.

સમાજસુધારક પું. સમાજમાં સુધારો કરનાર.

સમાજસુધારો પું. જનસમુદાયના કલ્યાણ માટે સમાજની અવ્યવસ્થામાં કરવામાં આવતો ફેરફાર.

સમાજસેવક [સ.] પું. સમાજની સેવા કરનાર માણસ

> મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય સૈનિકો અથવા સમાજસેવકો તૈયાર કરવા જોઈએ. નવજીવન

સમાજસેવા [સ.] સ્ત્રી. જનતાની સેવા; જનસેવા

સમાજસેવિકા [સ.] સ્ત્રી. સમાજની સેવા કરનાર સ્ત્રી

સમાજસ્વામિત્વવાદ જુઓ સમાજવાદ.

સમાજહિતૈષી [સં.] વિ. સમાજનું ભલું ઇચ્છનાર

સમાજિક ૧. પું. પ્રેક્ષક

૨. પું. સમાજનો સભાસદ.

સમાજિત્વવાદ પું. સમષ્ટિ સત્તાવાદ; સામ્યવાદ; મજિયારાવાદ; ' કોમ્યુનિઝમ '.

સમાજિસ્ટ વિ. સમાજમાં માનનાર.

સમાજી ૧. પું. કોઈ એક સમાજમાં જોડાયેલો હોય તેવો પુરુષ; વિશિષ્ટ સભ્ય.

૨. વિ કોઈ પણ સમાજમાં જોડાયેલું.

૩. વિ. સમાજનું; સમાજ સંબંધી.

સમાજ્ઞા [સં.] સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ; પ્રસિદ્ધિ

સમાણ ૧. ન. સમાવું તે; સમાવેશ.

૨. ન સમોવડપણું; મેરવણ; સમાય એટલું જે કંઈ તે.

૩ વિ. જેટલું સમાય તેટલું.

૪. વિ બરાબરિયું; સમોવડું; સરખું

સમાણવું અ. ક્રિ. સૂતરની આંટીને બે જોડણ વચ્ચે નાખી તેનો દડો બનાવવો.

સમાણસ પું સારો માણસ; સજ્જન.

> સમાણસ વળે વાતે અને કમાણસ વળે લાતે = સારા માણસનો સમય સાહિત્યની વાતોમાં ને દુર્જનનો સમય કજિયામાં જાય છે.

સમાણી ૧. સ્ત્રી. એક જાતની નાની માણસી કે ચાપિયો; પકડ; સમણી

૨. સ્ત્રી. કાઠી લોકોની એ નામની દેવી.

સમાણું ૧. વિ. ને લાયક પડતું. માણ માટે બોલાય છે.

૨. વિ સમાન; સરખું; જેવું.

૩. અ ની સાથો સાથ.

સમાણો પું. સોનીનું એક ઓજાર; ઓટી સમાણી.

સમાત જુઓ સમાપ.

સમાત્મા [સ] પું વિષ્ણુના હજાર મહેનું એક નામ.

સમાદર [સ.] પું. આદરસત્કાર; સન્માન.

> અમારા જો તે જ મહાપુરુષ છે, કે જે રખેને દિવસના કરણી કાજમાંય **સમાદર** કરે છે.
> ઉપદેશ સાર સંગ્રહ

સમાદાન ૧. [સ.] ન. જૈનસાધુની દિનચર્યા; જૈનોનું નિત્યકર્મ

૨. ન. ભેટ કે દાનનો સ્વીકાર.

સમાદિષ્ટ [સ.] વિ. આજ્ઞા કરેલું; હુકમ આપેલું.

સમાદેશ [સ.] પું. આજ્ઞા; હુકમ.

સમાદો ૧. પું. અજાણી પંચરી; અજો સજવાની સળી; ખાર કાઢવામાં વપરાતું એક જાતનું સાધન.

૨. પું સરસામાન; રાચરચીલું

સમાધ જી. સન્યાસી અથવા સાધુસંતને જ્યાં દાટેલ હોય તે જગા અથવા તેના ઉપર બનાવેલી દેરી કે પાળિયો; સમાધિ.

> હાય વહી સબિ નારી અાય,
> ઠકરાણીને હોઈ **સમાધ**.
>
> લાવણ્યરસમય

સમાધાન ૧. [સં.] ન. એકાગ્રતા; એકચિત્તતા; સમાધિ; ધ્યાન.

૨. ન. કજિયાની પતાવટ.

૩. ન. ચિત્તવૃત્તિને વિષયાદિકમાંથી વાળી લઈ બ્રહ્મમાં જોડવી તે.

૪. ન. નાટકમા મુખ્ય બનાવ. તે અનુસારી રીતે આખી વસ્તુને ઉત્પન્ન કરે છે

૫ ન. નિકાલ; ફેસલો; નિરાકરણ; નિર્ણય.

૬. ન. (વેદાંત) નિદ્રા, આળસ અને પ્રમાદનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થતી સ્થિતિ.

૭. ન પતવું કે પતાવવું તે.

> સમાધાન ઉપર આવવું = પતાવટ નક્કી થવી

૮. ન. વિરોધ, શંકા કે મૂંઝવણનો નિવેડો અને શાંતિ.

૯. ન. સંતોષ; તૃપ્તિ.

૧૦. ન. સિદ્ધાંતને અનુકૂળ તર્ક વગેરેથી સારી રીતે અર્થનો નિર્ણય કરવો તે.

સમાધાનપત્ર [સ.] ન કરારનામું; વ્યવસ્થાપત્ર; તોડગેડની કબૂલતનો કાગળ.

સમાધાન સ્થિતિ [સ] સ્ત્રી (ગણિત) ભૂમિતિમાં એક આકૃતિને ઊંચકીને બીજા ઉપર મૂકવી તે

સમાધારની ૧. પું. મંદિરની જરૂરિયાતો વૈષ્ણવોને સમજાવી તેમની પાસેથી આવણી કરનાર મંદિરનો અધિકારી; મંદિરની આંતરિક વ્યવસ્થા કરનાર માણસ.

૨. પું. લડાઈ ટંટાનો મધ્યસ્થ રહી નિવેડો લાવનાર પ્રપંચની; લવાદ.

૩. સ્ત્રી. નિરાંત; ચિત્તની શાંતિ

૪. સ્ત્રી. નિવેડો; ફેસલો; નિરાકરણ; સમાધાન; પતાવટ

૫. સ્ત્રી સુલેહસંપ

સમાધાનીપત્ર જુઓ સમાધાનપત્ર.

સમાધિ ૧. પું (કાવ્ય) કારણાંતરના યોગથી કાર્યની સહજતા હોય એવો કાવ્યાલંકાર.

૨. સ્ત્રી (યોગ) અખંડ બ્રહ્માકારમાં વૃત્તિ રહેવી તે. આત્મા પરમાત્માની જે લગની લાગે છે અને એક દૃષ્ટિ થાય છે તે યોગ અને તે યોગની જે દૃષ્ટિ લાગો કાળ ટકે તેનું નામ સમાધિ.

૩. સ્ત્રી. ઇંદ્રિયોનો નિરોધ

૪ સ્ત્રી. ચિત્તનું એકાગ્રપણું; અવધાન; ચિત્તવૃત્તિનો નિરોધ. સમય વગરની સમાધિ એ મુક્તદર્શની નિદ્રા છે અને સમાધિ વિના સમય મુશ્કેલ છે. અહીં સમાધિનો અર્થ વ્યાપક લેવો. સામાન્ય સમાધિ એટલે ધારેલી વસ્તુને વિષે તન્મય થવાની શક્તિ. ઇંદ્રિયસંયમ વિના યોગની સાધનાઓ નિરર્થક છે એટલું જુદાવું ન જોઈએ. સ્વામી શ્રી શિવાનંદજી લખે છે કે: સમાધિ બે પ્રકારની છે: (૧) સવિકલ્પ, સંપ્રજ્ઞાત અથવા સબીજ અને (૨) નિર્વિકલ્પ, અસંપ્રજ્ઞાત અથવા નિર્બીજ સાધક સવિકલ્પ સમાધિ પ્રાપ્ત કરે છે તો પણ તેને કર્તા, કર્મ અને કરણની ત્રિપુટીનો અનુભવ થાય છે, કેમકે સવિકલ્પ સમાધિમાં જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારો નાશ પામતા નથી. સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર, નિર્વિચાર, અસ્મિતા, આનંદ એ સવિકલ્પ સમાધિના જ પ્રકારો છે અસંપ્રજ્ઞાત સમાધિમાં ત્રિપુટી નાશ પામે છે કર્તા, કર્મ અને કરણનું અસ્તિત્વ જ રહેતું નથી. સંસ્કારોનો પણ લય થાય છે જે રીતે ભક્ત ભાવ–સમાધિ અને જ્ઞાની લય–સમાધિ મેળવે છે તે જ રીતે યોગી નિરોધ–સમાધિ મેળવે છે. જ્યારે સ્થૂલ તત્ત્વોને લઈ ભાવના સ્થિર થવા માંડે ત્યારે સવિતર્ક સમાધિ, જ્યારે સૂક્ષ્મ તત્ત્વોને લઈ સ્થિરતા થાય ત્યારે

વિચાર સમાધિ, જ્યારે રજસ્તમોયુક્ત ચિત્ત માત્રની ભાવનાથી સ્થિરતા અને સારે આનંદ સમાધિ અને જ્યારે રજસ્તમોનો પરાજય થઈ કેવળ સત્ત્વરૂપે પુરુષ દૃષ્ટિમાં સ્થિત થઈ જાય ત્યારે અસ્મિતા સમાધિ કહેવાય છે. આ ચારે પ્રકાર સંપ્રજ્ઞાત સમાધિના છે. છેવટની જે સત્ત્વવૃત્તિ તે સહિતનો નિરોધ થઈ જાય, તે કૈવલ્ય-ગ્રિ-મયતા પ્રાપ્ત થાય તે અસંપ્રજ્ઞાત સમાધિ સંપ્રજ્ઞાતને સવિકલ્પ અને અસંપ્રજ્ઞાતને નિર્વિકલ્પ સમાધિ પણ કહે છે. ધ્યાન અને સમાધિમાં ભેદ માત્ર એટલો જ છે કે, ધ્યાનમા મનની વૃત્તિ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનાકાર હોય છે, જ્યારે સમાધિમાં તો માત્ર પરમેશ્વરના સ્વરૂપમાં જ મગ્ન હોય છે. ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણે જ્યારે એકત્ર થાય ત્યારે તેને સમાધિ કહે છે એક જ વિષયનાં ત્રણે સાધનો હોવાથી તેને યોગસાહ્યની પરિભાષા પ્રમાણે સંયમ કહે છે

૫. સ્ત્રી (જૈન) જે જે સાધન વડે આત્મા મોક્ષ પ્રત્યે વ્યવસ્થિત થાય તેવાં સાધન.

૬ સ્ત્રી (યોગ) ધ્યાતા અને ધ્યાનનો અત્યાલ ભુલ થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેવું ઊંડું ધ્યાન.

૧. સમાધિ ચડવી–ચઢી–ચાગવી–સમાધિમાં બેસવું = પરમાત્મ ચિંતનમાં તદ્રૂપ થવું

૨. સમાધિ ચડાવવી = સમાધિસ્થ થવું.

૩. સમાધિ લેવી = મરણ પામવું. યોગી કે સાધુસંતને માટે વપરાય છે

૭. સ્ત્રી. સાધુસંતને દાટ્યા હોય તે જગ્યા ઉપર કરેલી દેરી

સમાધિ ચણવી–બાંધવી = સાધુસંતને દાટ્યા હોય ત્યાં દેરી ચણવી.

૮. સ્ત્રી. સાધુ સન્યાસીનુ મરણ

સમાધિઆરો પું યોગસાધના અથવા સમાધિ કરવાનુ સ્થાન.

સંધ્યાકાળે આપણે પુત્ર સિદ્ધોના **સમાધિઆરે**. નાનાલાલ

સમાધિકાળ [સ. સમાધિકાલ] પુ. મૃત્યુક્ષણ; મરણવેળા.

સંન્યાસીઓનાં મરણને **સમાધિકાળ** કહે છે. પંચતંત્ર

સમાધિભાવ [સ] પું મનને સંસારની બધી વસ્તુઓમાંથી ખેંચી રાખવું તે.

સુતા જાગેલાં અક્ષર બારસ્થાનક, દ્વાદશમતદોષ અને સર્વે છપ્પન સમાણી પદપરમેષ્ઠિ મંત્રનું સ્મરણ કરી મહારાતિથી **સમાધિભાવે** શયન કરવું. શ્રીમદ્ રાજચંદ્ર

સમાધિમરણ [સં] ન. (જૈન) પંડિતમરણ; કોઈ પણ બાધિ રહિત પરમેશ્વરનું નામ લઈ મરવું તે.

સમાધિરાજ પું. નેપાળમાં બુદ્ધના મુખ્ય બોધરૂપ ગ્રંથોને નામે ઓળખાતા નવ બૌદ્ધોનો એક ગ્રંથ.

સમાધિલેખ [સં.] પું. સૈલલેખ; સમારક પત્ર; સ્મૃતિલેખ; 'એપિટાફ'

સમાધિસિદ્ધ [સ.] વિ. સમાધિ જેને સ્વાભાવિક હોય તેવું

સમાધિસ્થ ૧. [સ.] પું. યતિ; યોગી

૨. વિ. મગ્ન; તલ્લીન.

૩ વિ. સમાધિમાં પડેલું.

સમાધે અ એક ચિત્તે; સમાધિપૂર્વક

રામ કહે ઋષિ આવ્યા બાપ, સુખે આપો સુરીનરને તાપ,
હવે તમારું કોઈ નહિ લે નામ, સુખે **સમાધે** કરજો કામ
રામાયણ

સમાપ્તાત ૧ [સં.] વિ. પૂરેલું; વસાડેલું

૨. વિ. બધું સર્વ પામેલું

સમાન ૧ [સં.] પું. અક્ષરસ શરીરમા એકસરખી રીતે પદ્ધાચાડનારે વાયુ; દશ નાડીનો એક પ્રાણ. પ્રાણરૂપી અગ્ન અગ્નિમાં હોમાયેલુ જે બધા તેને આ પ્રાણ આખા યે શરીરમાં સમાન એટલે એકસરખી રીતે રસડાગ પહોંચાડતો હોવાથી તેને સમાન કહેવામાં આવે છે. એ સમાનને લીધે ઇંદ્રિયોમાં તેજ અને સામર્થ્ય રહે છે તનુ સ્થાન નાભિમા છે

૨. પું. એ નામની અગ્નિહોત્રનો એક મંત્ર.

૩. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીસ માહેનો અત્તરમો દિવસ

૪. પું. શિવનાં ડમરુ માંહેનું એક નામ.

૫. વિ. જેવુ; સરખું; તુલ્ય.

૬ વિ. સમજાતીય; સજાતીય; સગોત્ર

૭. વિ. સમાન; સપાટ; સમાંતર

૮. વિ. સાધારણ

સમાનકક્ષ વિ. સમાન કક્ષાનુ.

સમાનકલ્પ [સ.] પું. (પુરાણ) બ્રહ્મદેવના ચાલુ માસનો સત્તરમો દિવસ

સમાનકાલીન [સ.] વિ. એક જ વખતે બનેલું; એક જ સમયે બનાર; સમકાલીન

સમાનકાલીનતા [સં.] સ્ત્રી. એક જ વખતે કે સમયે હોવું તે; સમકાલીનતા.

જૈન દર્શન અને વૈદિક ધર્મોની **સમાનકાલીનતા** પણ નિર્મિત છે. પુરાતત્ત્વ

સમાનકેંદ્ર વિ. (ગણિત) એક કેંદ્ર; એક જ મધ્યબિંદુવાળું; 'કોનસેન્ટ્રિક'.

સમાનગતિ [સં.] સ્ત્રી એકસરખી રીતે વેગમાં વધઘટ થયા વિના ચાલવુ તે.

સમાનઘટિત [સં.] વિ. સરખા પ્રમાણ અથવા સરખી દિશા તરફનું

સમાનતંત્ર [સં.] ન. એક રાજ્યતંત્ર સામે એવું જ બીજું રાજ્યતંત્ર ઊભું કરવું તે; 'પેરેલલ ગવર્નમેન્ટ'.

સમાનતા [સં.] સ્ત્રી. સરખાપણું; સદૃશતા; સામ્ય; એકરૂપતા; સારૂપ્ય.

સમાનધર્મા [સં.] વિ. સરખા ગુણધર્મવાળું.

અન્યત્રથી બધી વાતે દેવદત્તનો **સમાનધર્મા** હતો. કથાસરિત્સાગર

સમાનધર્મી જુઓ સમાનધર્મા.

સમાનપદ સમાહર [સ.] પુ. (ગણિત) સમાન પદોનો સરવાળો

સમાનભાવ ૧. [સં.] પું બધા ઉપર સરખી લાગણી રાખવી તે.

૨. પું. સમષ્ટિ ભાવના; સમાન સત્તાવાદ; સમષ્ટિવાદ. જુઓ સમાજવાદ.

સોશિઆલિઝમ એટલે શું! એનો સરળમા સરળ અર્થ **સમાનભાવ** એવો થાય. જો કે તથી એ શબ્દનો અર્થ પૂરેપૂરો તો કદાપી સમજાય નહિ. મણિલાલ નભુભાઈ

સમાનભાષા [સં.] સ્ત્રી ભિન્ન ભાષાઓવાળાના વ્યવહારમાં ચાલે એવી એક સર્વસાધારણ ભાષા; બધાં સમજી શકે એવી દેશની એક ભાષા.

સમાનમુદ્રા [સં.] સ્ત્રી. (યોગ) બધી આંગળીઓ ભેગી કરવાથી બની મુદ્રા; અંગૂઠા વડે ચારે ય આંગળીઓને અડતાં બની મુદ્રા.

સમાનરૂપ વિ. સમરૂપ; 'સિમિલર'

સમાનરૂપતા [સં.] સ્ત્રી. સરખુ હોવું તે.

સમાનવાદ [સં.] પું. બધાં સરખાં હોવાનો સિદ્ધાંત

સમાનવિધ [સ.] વિ. એકવિધ; સમાન; એક સરખું

સમાનવૃત્તિ ૧ [સં.] સ્ત્રી એક પ્રાણનો બંધબેસતો સ્વભાવ.

૨ સ્ત્રી. મનની બધી ક્રિયા એક સરખી સ્થિતિ; સમભાવ; સમબુદ્ધિ

૩ સ્ત્રી સ્વસ્થતા; ચિત્તની શાંતિ

૪ બે મળતા સ્વભાવનું; સરખી પ્રકૃતિનુ.

સમાનવેશ [સ.] પુ એકસરખો પોશાક; એકવેશ; રાગવેશ

સમાનશીલ [સ] જે સરખા ગુણધર્મ કે સ્વભાવનુ

સમાનસત્તાવાદ [સં.] પું. સમષ્ટિવાદ; સમાજવાદ; સમાનભાવ

સમાના પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; ચામર. તેના દરેક ચરણમાં રગણ, જગણ અને ગુરુ એમ સાત અક્ષર આવે છે.

સમાનાકાર ૧. [સં.] પું સમાકાર; સરખી આકૃતિ
૨. વિ. સરખી આકૃતિવાળું.

સમાનાધિકરણ ૧. ન. (વ્યાકરણ) સમાન અધિકરણ, આશ્રય કે વિભક્તિ.
૨. વિ. એક જ અધિકરણ, આશ્રય કે વિભક્તિવાળું

સમાનાધિકરણ બહુવ્રીહિ [સં.] પું. (વ્યાકરણ) સમાસ છોડવામાં આવે ત્યારે જેનાં બને પદ સમાન વિભક્તિમાં હોય તેવો બહુવ્રીહિ સમાસ.

સમાનાભિહાર [સં.] પું સાથે પડેલી એક જ સરખી વસ્તુમાંથી મૂળ વસ્તુને શોધી કાઢવી તે.

સમાનાર્થ [સં] વિ એક જ અર્થનું; સમાન અર્થવાળું; પર્યાયરૂપ.

સમાનાર્થક જુઓ સમાનાર્થ

સમાનાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન. તેમાં સ્વસ્તિકાસનની જેમ પગની સ્થિતિ રાખી અને હાથનાં પંજાના મૂલ ભાગ અને સાથળના મૂલમાં દૃઢપણે જકડી શરીરને અત્યંત સીધું રાખી બેસી તર્જનીના બેઉ ભાગ નાભિને અડે એટલા જોરથી દબરને દબાવવાથી આ આસન થાય છે. તેનાથી સમાન વાયુ બળવાન થતો મનાય છે.

સમાનિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; મલ્લિકા; ચામર. તેના દરેક ચરણમાં રગણ, જગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે

સમાનોદક ૧. [સં] પું. આઠથી ચૌદ પેઢી સુધીના સમાન પિતૃઓને અંજલિ આપનાર સગો
૨. વિ. એક જ ગોત્ર કે કુટુંબનું; પિતૃઓને જેની અંજલિ પહોંચે તેવું

સમાનોદર્ય [સ.] પું. ભાઈ

સમાનોદર્યા [સં.] સ્ત્રી. બેન.

સમાનોપમા [સં. સમાન + ઉપમા (સરખામણી)] સ્ત્રી (કાવ્ય) એક પ્રકારની ઉપમા; સમાન ક્રિયેક્ષા; એ નામનો એક અલંકાર

સમાપતન [સં.] ન. એકસ્થતા; એક સાથે આવી પડવું તે.

સમાપત્તિ ૧. [સં.] સ્ત્રી આકસ્મિક.
૨. સ્ત્રી આપત્તિ; ઉપાધિ, દુઃખ
૩. સ્ત્રી. એકાએક આવી પડેલી આફત કે હોનારત.
૪. ક્રિ. પૂરું થવું કે કરવું તે; અંત; છેડો
૫. સ્ત્રી. (યોગ) સમાધિ

સમાપન ૧. [સ.] ન પ્રાપ્તિ; મેળવવું તે
૨ ન. મારી નાખવું તે.
૩. ન. સમાપવું; સમાપ્ત કે પૂરું કરવું તે; સમાપ્તિ.

સમાપના જુઓ સમાપન.

સમાપન્ન ૧. [સં] વિ. પૂરું કરેલું; સમાપ્ત
૨. વિ. પ્રાપ્ત; મળેલું.
૩. વિ મારી નાખેલું.

સમાપવું ૧. સ. ક્રિ. પૂરું કરવું; સમાપ્ત કરવું.
પ્રાયશ્ચિત પુત્ર સમાપ્યા પહેલા,
શ્રી ઊમરી સ્વર્ગના રહેવાર
ગુજરાતનો ઉપરકોટ
૨. સ. ક્રિ. પ્રાપ્ત કરવું; મેળવવું
૩. સ. ક્રિ. મારી નાખવું.

સમાપ્ત ૧. [સં] વિ. પૂરું કરેલું, છેડો આવેલો હોય તેવું; પૂર્ણ
૨. વિ. સારી રીતે મેળવેલું.

સમાપ્ત પુનરાત્ત પું. (કાવ્ય) એક પ્રકારનો વાક્યદોષ. વર્ણન પૂરું કર્યા પછી ફેરવી વિશેષ ગુણ કહેવા ઊભેરો કરાય તો દોષ બને છે; જે વિશેષ ગુણને બદલે માત્ર કહેવાની દરકાર જ કહેવાય તો ગુણ છે
કાવ્યની સમાપ્તિ કર્યા પછી ફરી તેનું મહત્ત્વ એ
સમાસ પુનરાત્ત દોષ. કાવ્યાદર્શ

સમાપ્તવું સ. ક્રિ. પૂરું કરવું; સમાપ્ત કરવું

સમાપ્તાલ પું. પત્ની; પતિ; સ્વામી.

સમાપ્તિ ૧. [સં. સમ્ (સારી રીતે) + આપ્ (મેળવવું) + તિ (પ્રત્ય)] સ્ત્રી અવસાન; મૃત્યુ
૨. [સ] સ્ત્રી. છેવટ; અંત; પૂરું થવું કે કરવું તે; છેડો.
૩ સ્ત્રી. પ્રાપ્તિ; મેળવવું તે.
૪ સ્ત્રી. સમાધાન

સમાપ્તિકાળ [સં. સમાપ્તિકાલ] પું. પૂરું થવાનો વખત.

સમાપ્તિદર્શન ન. અંતમંગળ; છેલ્લી પંક્તિ, નાટકની છેલ્લો છંદ, શ્લોક કે વાક્ય, ' એપિલોગ '.
નાટકના અંતે આવેલું દૃશ્ય તો કેવલ Epilogue સમાપ્તિદર્શન જેવું જ છે. નરસિંહરાવ

સમાયક ૧. [સં સમાજ] સ્ત્રી. (જૈન) પૂજન સ્તવન માટે બધાએ સાથે બેસવું તે
૨. વિ. મળ્યું; સયુક્ત; ભેગિયાકું.

સમાયતિ [સં.] સ્ત્રી. (સંગીત) તાલના લયનું એકત્વ. તાલના અંગમ, જેટલી માત્રાઓ આવવાની હોય તે અંગના પ્રથમ, વચમા અને છેલ્લે જો અંગનું સરખાપણું કે એકત્વ હોય તો તેને સમાયતિ કહે છે

સમાયિક જુઓ સમાયક.

સમાયુક્ત ૧. [સં.] વિ. તૈયાર કે તત્પર થયેલું
૨. વિ થી ભરેલ
૩. વિ. યુક્ત, જોડાયેલું
વૈશ્વાનર રહીને પ્રાણીઓના દેહમાં સ્થિત રહીને પ્રાણ અને અપાનને સમાયુક્ત બનીને ચાર પ્રકારના અન્ન પચાવું છું. ભાષ્ય

સમાયે ૧. અ. બરાબર; સરખાઈથી; સરખી રીત
૨. અ. સારી પેઠે; પૂરેપૂરે અપાય તે રીતે

સમાયોગ ૧. [સ.] પું. ગોઠવણી; વ્યવસ્થા.
૨. પું. સયોગ; સબંધ
કઈ રીતે આ બે આંકડાનો સમાયોગ થઈ શકે તે જ હિંદુસ્તાનના રાજકારણનો ઘોયકો છે. પ્રસ્થાન

સમાયોજક [સ.] વિ. સયોજક; સાધક; રચનાત્મક; કૃતિપ્રેરક

સમાયોજના [સં.] સ્ત્રી. પ્રયોગસાધન; સામગ્રી.

સમાર ૧. પું. આસારો; આડસટો
૨. પું. ખેડ્યા પછી રોડાં ભાગવાનું લાકડું કે પાટિયું; જમીન સરખી કરવાનું ખેતીનું એક જાતનું ઓજાર. આ ઓજાર માત્ર આઠ ફૂટ લાંબો, એક ફૂટ પહોળો અને ત્રણ ઇંચ જાડો લાકડાનો પાટડો છે તેની બળદ જોડીને તેના પર હાકનાર ઊભો રહી તે જમીન ઉપર ફેરવે છે. તેથી ઢેફા ભાંગી ખેડેલી જમીન સપાટ થાય છે
સમાર દેવો = સમાર વડે સરખું કરવું
૩. પું. ગાડામા ભરી નાખી તે ઢાંકવા ઉપર ફેરવવામાં આવતું લાંબુ પાટિયું.
સમારે ચાવવું = કબજસલ્લુ હોઢ બે બિલ્લસ જેવડું થવું. કરડવા સમાર ફેરવવા જેવું થવું.
૪ પું. સમારવું તે, દુરસ્તી; મરામત, સમારકામ.
૫. ન. સાતની સખ્યા

સમારકામ ન. સમારવું તે; દુરસ્ત કરવું તે.

સમારણું ન. ચામડાં સીવવાનું લોઢાનું હથિયાર.

સમાર ફૂલેલી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેના વેલા વાડમાં ચાલે છે. પાન મોળા થાય છે. તેને પાંચ પાંખડીવાળાં પીળાં ફૂલ ઊંચકે છે અને વેલમાં વેંડળનાં ઝૂમ થાય છે. તેનું પાન કે વેલો તોડવાથી મીઠું નીકળે છે.

સમાર પાડિયું ન. કેળીના રમની કૂંડી ઉપર ઢાંકવાનું પાટિયું

સમારવું ૧ સ ક્રિ. ઝાડવું; સમારવું, સારવું
૨. સ ક્રિ. ઓળી કરીને વ્યવસ્થિત કરવું. ને વાળ માટે વપરાય છે.
૩. સ. ક્રિ. કાપવું, છીનવું; વનારવું. તે શાક માટે વપરાય છે
૪. સ. ક્રિ. ટાપટીપ કરવી; સજાવવું.
પુરંદરી ઉત્સવ ઉલ્લાસતા.
હસતા સદન સમારે રે.
રત્નેશ્વરકૃત આરતી
૫. સ ક્રિ. ઠીકઠાક કરવું; જોઈતો ફેરફાર કરવો; દુરસ્ત કરવું; બગડેલું ઠીક તે સુધારવું
૬. સ. ક્રિ. પાથરવું.
૭. સ. ક્રિ. સંકોરવું; સમું કરવું; સરખું કરવું

સમારંભ ૧. પું. કોઈ સારા કામનો ઠાઠમાઠથી આરંભ કરવો તે; ધામધૂમવાળો ઉત્સવ.
૨. પું. (જૈન) પ્રમાદી જીવના હિંસા આદિ કાર્યને માટે સાધનો ભેગાં કરવાં તે
૩. પું. મેળાવડો.
૪. પું. સુંદર આરંભ; શરૂઆત.
જેના સર્વે સમારંભો કામસંકલ્પથી પર,
જ્ઞાનથી શુદ્ધ કર્મો છે તે પંડિત મુક્તો ખરે.
ગીતાનુશીલન

સમારાધન ૧. ન. ખુશી કરવું તે; પ્રસન્ન કરવું તે; રંજન કરવું તે.
૨. ન. શુશ્રૂષા; પરિચર્યા; સેવા.
૩. ન. સારી રીતે આરાધન કરવું તે; પૂર્ણ શ્રદ્ધાથી ભક્તિ, જપ, પૂજન વગેરે કરવાં તે.

સમારાવવું ૧. સ ક્રિ. છિનાવવું; મોળાવવું.
૨. સ. ક્રિ. ટાપટીપ કરાવવી; સજાવરાવવું.
૩. સ. ક્રિ. દુરસ્ત કરાવવું; સુધરાવવું.

સમારાવું ૧. અ. ક્રિ. છીનતી શકાવું; મોળી શકાવું.
૨. અ. ક્રિ. ટાપટીપ કરી શકાવી; સજાવી શકાવું.
૩. અ. ક્રિ. દુરસ્ત કરી શકાવું; સુધરી શકાવું.

સમારિયું ૧. ન. શાક સમારવાનું પારિયું; નાનું દાતરડું.
૨. ન. સમારને બાંધવાનું દોરડું.

સમારી ન એ નામનું એક ઝાડ.

સમારોડ પું. ઈંડાને મળતો મિશ્રાઈનો ટોપ.

સમારોપ ૧. [સં.] પું. આરોપણ કરવું તે; સ્થાપી કરવું તે.
૨. પું. સોંપણી; સુપરત

સમારોપણ જુઓ સમારોપ.

સમારોપિત ૧. [સં.] વિ. મૂકેલું; સ્થાપેલું; આરોપેલું; ચડાવેલું.
૨. વિ. સોંપેલું, સુપરત કરેલું

સમારોહ ૧. પું. ઠાઠમાઠ; ભપકો; ધામધૂમ.
૨. પું. સમ્મેલન; મેળો

સમાલ ૧. પું (વડાણવહું) પશ્ચિમનો પવન.
૨. પું. પાણીમાં નાખતા છેક ઉપર તરે તેવો હિક્કા જૂના રંગનો અક્ષર.

સમાલવું ૧. સ ક્રિ. તપાસ રાખવી; ચોકસી રાખવી
૨. સ. ક્રિ. બચાવવું; રક્ષણ કરવું
૩. સ. ક્રિ. સાચવવું; સંભાળવું.
૪. સ. ક્રિ. સાવચેત રહેવું.

સમાલંકાર પું. (સંગીત) સંચારી માલેનો એ નામનો એક અલંકાર.

સમાલંભ [સં.] પું. ઈજા વગેરેનો લેપ કરવો તે.

સમાલંબી ૧. [સં.] પું. ભૂમિચંપો
૨. વિ. લટકતું.

સમાલંભન ન. આળપંપાળ.

સમાલી [સં.] સ્ત્રી. કૂવાનો ગરગડો.

સમાલીઆ ૧. સ્ત્રી. ગોલા જાતિની એક ભટકી.
૨. ન. ગોલા જાતિની એ નામની ભટકતું માણસ.
૩. વિ. એ નામની ભટકતું.

સમાલૂ [હિં.] પું. એ નામે એક છોડ.

સમાલે પું. ભરતના કકડાની એક જાત.

સમાલોકન [સં.] ન. બરાબર જોવું તે.

સમાલોચક ૧. [સં.] પું. ટીકાકાર; વિવેચક; પરીક્ષક.
૨. [સં.] વિ. અવલોકન કરનાર; સમાલોચના કરનાર.

સમાલોચન ન. (જૈન) વિચારણા; નિરીક્ષણ.

સમાલોચના [સં. સમ્ + આલોચન] સ્ત્રી. ગૂઢ જેવું સમજી શકાય તેવું વિસ્તારથી વિવેચન કરવું તે; અવલોકન; ગુણદોષ નિરૂપણ.

સમાવ પું. સમાવેશ; સમાસ; સમાવું કે સમાવવું તે.

સમાવટ ૧ સ્ત્રી પાણી ગરમ કરવાની ઠોઠી.
૨ સ્ત્રી. સમાસ; સમાવ

સમાવઠાવવું (સમાવઠ પ્રેર) સ ક્રિ. સમાવવું તેમ કરવું.

સમાવધિક [સં] વિ. સમવ્યાપક; સરખા અવધવાળું.

સમાવયવ [સં] વિ. સરખા ભાગનું બનેલું.

સમાવયવાંવક ૧. વિ રાસાયણિક અથવા ભૌતિક રીતે જુદા ગુણો બતાવવાવાળું પરંતુ આખરી બનાવટમાં સરખા ગુણો બતાવનાર.
૨. [સં. સમ્ + અવયવ + ઇક] વિ. સરખા અવયવવાળું; સમરૂપિક; સમરૂપી

સમાવરણ [સં.] ન. ઢાંકણ; વેષ્ટન; આવરણ.

સમાવર્ત ૧. [સં.] પું. વિષ્ણુનાં ઢનર માંહેનું એક નામ.
૨. પું. શિવનાં ઢનર માંહેનું એક નામ.

સમાવર્તન [સં.] પું હિંદુઓના સોળ માંહેનો એ નામનો એક સંસ્કાર; જનોઈ લીધા પછી વિદ્યાર્થી ગુરુને ત્યાં છત્રીસ, અઢાર અથવા બારમાં બોળા નવ વર્ષ ગાળીને વેદાભ્યાસ પૂર્ણ કરીને પાછો ઘેર આવે તે વખતે થતી ધાર્મિક ક્રિયા.
૨. ન. વિદાયગીરી

સમાવર્તી [સં. સમાવર્તિન્] વિ. સમાવર્તન કરનાર; પાછું ફરનાર

સમાવવું ૧. અ. ક્રિ. ઢાલું પાડવું; નરમ પાડવું; સમાવવું; ઓછું કરવું; સમાવ તેમ કરવું.
૨ સ ક્રિ. ભટાડવું; ઢાંકી નાખવું.
૩. સ ક્રિ. વશ કરવી.

સમાવંત વિ સમયવંત; સમય પ્રમાણે આવનાર.

સમાવાસ પું. રથની મુકામ

સમાવિષ્ટ [સં. સમ્ + આ + વિશ્ (પેસવું)] વિ. જેનો સમાવેશ થયો હોય તેવું; દાખલ કરેલું; સમાયેલું; સમાવેશ પામેલું.

સમાવું ૧. અ. ક્રિ. નરમ પડવું.
૨. અ. ક્રિ. માવું; અંદર આવી જવું.
૩. [સ. સમ્ + આ + ધા] અ ક્રિ. સમાસ થવો; ચાલતા તંત્રમાં ગોઠવાવું, અનુકૂળ થઈ જવું
સમાઈ જવું = અંદર પેસી કે ભળી જવું; લોપ કે અદૃશ્ય થઈ જવું.
૪. અ. ક્રિ. સંતાવું
૫. અ ક્રિ. બળી બળીને રહી શકવું.

સમાવૃત્ત [સ. સમ્ (સારી રીતે) + આવૃત્ત (ઢંકાયેલું)] વિ. બધી બાજુથી સરખી રીતે ઢંકાયેલ કે વીંટાયેલ.

સમાવેશ ૧. પું. ગોઠવણ; સમાણ તે; સમાસ. ૨. પું. બધા અર્થની એક જ વાક્યમાં અવસ્થા કરવા લાયક ક્રમમાં અભિનિવેશ.

સમાવેશન ન. ધારણ શક્તિ; ગ્રહણ શક્તિ.

સમાવેશિત વિ. સમાવેશ કરેલ; સમાવેલ.

સમાવો ૧. પું. દારૂ ઠાઢવાની નળી કે ચાણ ૨. પુ. સમાસ.

સમાશોધનગૃહ ન. સાફસૂફી ઘર.

સમાશ્રય ૧. પું. આધાર; ટેકો. ૨. [સં.] પું. આશરો; શરણ.

સમાશ્રિત [સં.] પું. તાબેદાર; આશ્રિત.

સમાષ્ટફલક ન. જેનાં આઠે પાસાં સરખાં હોય તથા આઠેય સમબાજુ ત્રિકોણનાં બનેલાં હોય તેવી ઘન આકૃતિ.

સમાસ ૧. [સં. સમ + અસ (ફેંકવું)] પુ. એકથી વધારે શબ્દ મળીને થયેલું પદ; શબ્દનું બીજા શબ્દની સાથે જોડાવું થતું તે; જુદા જુદા અર્થના બે શબ્દ એકઠા મળવાથી બનતો એક અર્થવાચક શબ્દ. ૨. પું. ખુલાસો; સ્પષ્ટીકરણ; સમજણ. ૩ પુ જોડાણ; સાંધ; સમૂહ ૪. પુ વૃદ્ધિ; પ્રચાર. ૫. પુ. સમર્થન; પુષ્ટિ. ૬. પુ સમાતું તે; સંગ્રહ; સમાવેશ. સમાસ થવો = સમાઈને રહેવું; ચાલુ તંત્રમાં ગોઠવાઈ જવું. ૭. પું. સંક્ષેપ; ટૂંકું કરવું તે. ૮. પું. સામાસિક.

સમાસક્ત [સં.] વિ. અભિનિવિષ્ટ; ખૂબ આસક્ત; વળગેલું.

સમાસક્તિ ૧. [સં] સ્ત્રી. અત્યંત આસક્તિ. ૨ સ્ત્રી જોડાવું તે. ૩ સ્ત્રી. ઢાંકણ કરી લેવું તે; સમાવેશ કરવો તે. ૪ સ્ત્રી ભાગ્યા રહેવું તે. ૫ સ્ત્રી. સંયોગ; સાંધ.

સમાસન ન. (યોગ) બેસવાનું એક આસન. ડાબો પગ ડાબી જાંઘ તરફ વાળીને તેની એડી ગુદાસ્થાની ઉપર રાખવી. જમણો પગ જમણી જાંઘ તરફ વાળીને તેની એડી ડાબા પગની એડીની ઉપર રાખવી. હાથ અને નેત્ર સ્વસ્તિકાસનની માફક રાખવાં આ આસનમાં પગનો અરસપરસ દબદબ કરવો હોય તો કરી શકે છે

સમાસપ્રયોજન ન. (વેદાંત) બે પ્રકારનાં પદોનું એક વિભક્તિપણું.

સમાસર ન. અવસર; ટાણું.

સમાસંગ ૧. [સં.] પું. અભિનિવેશ. ૨. પુ. ખૂબ આસક્તિ. ૩. પું. મિલન; સંયોગ.

સમાસાત્મિક [સં.] વિ. સમાસરૂપ.

સમાસાત્મિકા [સં.] સ્ત્રી. બે મૂળ શબ્દને પ્રત્યય લગાડ્યા વિના એકઠા કરી એક એવ શબ્દ બનાવીને જેમાં વાપર્યો હોય તેવી ભાષા. એ સમાસમાં એક મૂળ શબ્દ અન્યને ગૌણ થાય છે. ' મનુષ્યજાત,' ' પૃથ્વિમ ' જેવા શબ્દ આ પ્રકારે બધી ભાષામાં વપરાય છે ભાષાના આ વિકાસક્રમમાં કેટલાક શબ્દ નામ અને ક્રિયાપદ તરીકે વપરાતા બધ બંધ થયા છે. તે નામની સાથે જોડાઈ વિભક્તિના પ્રત્યયની અને ક્રિયાપદની સાથે જોડાઈ કાળ કે અર્થના પ્રત્યયની જરૂર રહે છે આવી ભાષાઓને સમાસાત્મિકા કે સંયોગાત્મિકા કહી શકાય. તુર્કી, બાસ્ક, અમેરિકાના મૂળ વતનીની ભાષાઓ, જાપાનીઝ ભાષા, દ્રાવિડ ભાષા, કાનડી, તેલુગુ, તામીલ અને મલાયલમ એ આ પ્રકારની ભાષાઓ છે. આ બધી સામાસિક ભાષાઓમાં ક્રિયાપદ છેજ નહિ. પુરુષવાચક, સ્થળવાચક કે કાળવાચક પ્રત્યયોથી દરેક નામ, વિશેષણ કે ક્રિયાપદ બને છે. આવી સામાસિક ભાષાઓમાં લિંગનો ભેદ નથી

સમાસાદિત ૧. વિ પાસેનું ૨. [સં.] વિ. મેળવેલું

સમાસોક્તિ [સં. સમાસ + ઉક્તિ] સ્ત્રી. કાવ્યના ૪૫ માહેનો એક અલંકાર. જેમાં સમાન કાર્ય, લિંગ કે વિશેષણ દ્વારા પ્રસ્તુતમાં અપ્રસ્તુતનો વ્યવહાર સમારોપિત થાય છે.

સમાસોપમા સ્ત્રી. ઉપમાનો એક પ્રકાર.

સમાહરણ [સ.] ન, સંગ્રહ; જમા સમાહરણ કરવું = વસૂલ કરવું; એકઠું કરવું.

સમાહરણકર્મિક [સં.] પું. વસૂલાતી કારકુન.

સમાહરિત્રિ ૧. [સ.] પું. નાણા ખાતાનો પ્રધાન; મહેસૂલ ખાતાનો મંત્રી ૨ પુ. મજમુદાર; બાતદાર

સમાહર્તા [સં.] પુ. વસૂલ; પ્રાંત સત્તાધિકારી; ' કલેક્ટર '. ભારતવર્ષના બંધારણમાં વપરાયેલ આ શબ્દ જેવા બીજા શબ્દોનો સરકારે એક સમૂહ પ્રસિદ્ધ કર્યો છે ને તેના ભાગ અનેક જાતીયટી શબ્દો દાખલ કરેલ છે જેમકે, અધિકરણ-ડિપ્યુનલ, અધિવક્તા એડવોકેટ, અધ્યક્ષ-સ્પીકર, અભિકર્તા-એજન્ટ, અભ્યર્થી-કેન્ડીડેટ, ઉપરાષ્ટ્રપતિ-વાઇસ પ્રેસિડન્ટ, ઉપસભાપતિ-ડેપ્યુટિ ચેરમેન, નાગરિકતા-સિટિઝનશિપ, નગરપાલિકા-મ્યુનિસિપાલિટિ, નિધિ-ફંડ, નિયમ-રૂલ, પથકર-ટોલ, પરિષદ-કાઉંસિલ, પાઠશાળા-સ્કૂલ, પરિપત્ર-પાસપોર્ટ; પ્રમાણપત્ર-સર્ટિફિકેટ, પ્રસ્તાવ-મોશન; ફીસ-ફીઝ, બેંક-બૅંક, સૂચનાપત્ર-ગેઝેટ, દંડસંહિતા-પીનલકોડ.

સમાહાર ૧. પું સંક્ષેપ; સાર સમઢ. ૨. પું. સંગ્રહ; જત્થો; સમૂહ.

સમાહારદ્વંદ્વ પું. દ્વંદ્વ સમાસનો એક પ્રકાર. તેમાં સમસ્ત પદોનો છૂટો અર્થ નથી પણ સમાસમાંથી સમાહારનો સમુદાયનો અર્થ નીકળે છે. આથી સમસ્ત પદ એકવચનમાં રહે છે.

સમાહારા ૧. સ્ત્રી. (જ્યોતિષ) જૈનસત્ર પ્રમાણે કૃષ્ણપક્ષની રાત્રી. ૨ સ્ત્રી. છપ્પન માંહેની એક દિક્કુમારિકા.

સમાહારાલય ન. સભાસ્થાન; સભા.મંડપ

સમાહિત ૧. પું. એ નામનો એક અર્થાલંકાર. ૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સરકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ૭ જગણ અને એક યગણ મળી ૨૪ વર્ણ હોય છે ૩ ન. સમાધિ. ૪. વિ. એકાગ્ર ૫ વિ. કબૂલ કરેલ ૬. વિ. પ્રતિજ્ઞા કરેલ. ૭. વિ. મૂકેલ; સ્થાપેલ. ૮. વિ. શાંત; સ્થિતપ્રજ્ઞ. ૯ વિ શુદ્ધ; સ્વસ્થ ૧૦. વિ. સમાધાન કરેલ; સમાધાનયુક્ત. ૧૧. વિ. સમાધિ જેણે કરી હોય તેવું. ૧૨. વિ. સમાન ભાવવાળું ૧૩. વિ. સિદ્ધ થયેલ કે કરેલ. ૧૪ વિ. સ્વસ્થ અથવા શાંત થયેલ.

સમાહૃત ૧. [સ.] વિ. ઢંકાયેલું; સંક્ષિપ્ત. ૨. વિ. ભેળું કરેલું

સમાહૃતિ [સં.] સ્ત્રી. સમુચ્ચય; સમૂહ.

સમાહ્વય ૧ પુ જેવા જાતનું ધૂત ૨. [સં] પુ. બોલાવવું તે. ૩. પું. યુદ્ધ; યુદ્ધ

સમાળો પું સમડો. બાજ.

સમાંક વિ આંકડામાં સરખું

સમાંતર વિ સરખા અંતરવાળું; 'પેરેલલ'.

સમાંતરખાત ૧. પું હીરો. તેની છએ બાજુ સમાંતર અંતર્કોણવાળી હોય છે.

૨. ન. સમખાત; સમાંતર ખત; છ પડખાંવાળી ચીજ; 'પેરેલલોપાઇપ'.

સમાંતરચતુર્ભુજ પું જેની સામસામી બાજુઓ સમાંતરે અને સરખી હોય એવી ચાર બાજુઓની આકૃતિ; 'પેરેલલોગ્રામ'.

સમાંતર ચતુષ્કોણ જુઓ સમાંતર ચતુર્ભુજ.

સમાંતરજળ ન. સરખે અંતરે બાજુનું જળ; સમાંતર અપાતું જળ.

સમાંતરલીટી સ્ત્રી. એક સરખે અંતરે જતી લીટી; ગમે તેટલી લંબાવવામાં આવે છતાં ન મળે તેવી લીટી.

સમાંત્ય પું. (કા.વ્ય) અંત્યનુપ્રાસના પાંચ ભેદોનો એક પ્રકાર. તેમાં સમ એટલે એકી ચરણોના છેલ્લા અક્ષર મળતા હોય પણ એકી પદના મળતા નથી હોતા.. જેમકે:

સજતો, સરજ્યા
ગિરિજા રમણા.

સમાંત્યવિષમાંત્ય પું (કા.વ્ય) અંત્યનુપ્રાસના પાંચ ભેદોનો એક પ્રકાર. તેમાં સમથી સમ એટલે એકી પદના ને વિષમથી વિષમ એટલે એકી પદના અંત્યાક્ષર મળતા આવે છે જેમકે:

જિહ્વિસુ મિરત સિધિ દ્રોઈ, ગણનાયક કરિવર બદન,
કરહુ અનુગ્રહ સોઈ, બુદ્ધિ રાસિ શુભ ગુણ સદન.

સમાંસલ [સં.] વિ માંસલ.

સમિત ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર છે.

સમિત જન ચો નગણલગ રથપિગણ

૨. પુ. ગજપતિ

૩. સ્ત્રી. કાષ્ટ.

૪. સ્ત્રી. ગજસમાજ.

૫. સ્ત્રી સભા

૬. વિ. એકવીશ; એકવીશની સંખ્યા

૭ અ. સહિત.

સમિતિ ૧. સ્ત્રી. કોઈ પણ આકૃતિને તેની એક રેખા ઉપર વાળતા તે રેખાની બંને બાજુના ભાગ એક બીજા ઉપર બરાબર આવી શકે તે; 'સિમેટ્રિ'.

૨. સ્ત્રી. (જૈન) ધ્યાનપૂર્વક ક્રિયા કરવી તે, ગમન આદિ ક્રિયામાં ઉપયોગ રાખવો તે. સમિતિ પાંચ છે: (૧) ઈરિયા સમિતિ એટલે કોઈ જંતુને ઠેસ ન થાય તેમ ધ્યાનપૂર્વક ચાલવું તે. (૨) ભાષા સમિતિ એટલે સત્ય, હિતકર, પરિમિત અને સંદેહ વિનાનું બોલવું તે. (૩) એષણા સમિતિ એટલે જીવન યાત્રામાં આવશ્યક એવાં નિર્દોષ સાધનો મેળવવા સાવધાનતાથી પ્રવૃત્તિ કરવી તે. (૪) આદાનનિક્ષેપસમિતિ એટલે વસ્તુ માત્રને જોઈ તપાસી કાળજીથી લેવી મૂકવી તે. અને (૫) ઉચ્ચાર પાસવણ ખેલ જલ સંઘાણ પારિઠાવણિયા સમિતિ અથવા ઉત્સર્ગ સમિતિ એટલે અનુપયોગી વસ્તુ જંતુ વિનાને સ્થળે જોઈ તપાસી નાખવી.

૩. સ્ત્રી. મંડળી; ટોળી.

૪. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

૫. સ્ત્રી સભા; મેળાવડો.

સમિતિંજય ૧. પું (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. વિ. યુદ્ધમાં જય પ્રાપ્ત કરવાવાળા.

સમિત્પાણિ ૧. [સં.] વિ. સમિધ એટલે યજ્ઞની સામગ્રી–લાકડીઓ જેના હાથમાં છે એવો કોઈપણ કાર્ય કરવાની દીક્ષા લીધી હોય એવો બ્રહ્મચારી–વિદ્યાર્થી

૨ જ હાથમાં સમિધને લઈને; હાથમા સમિધને રાખીને.

સમિધ ૧. પું. અગ્નિ

૨. પુ હવનમાં હોમવાની સામગ્રી; હોમમા નાખવામાં આવતી વૃક્ષાદિની ડાળી. ડાળી દસથી બાર આંગળ લાંબી, અગ્ર રહિત, જીવાત વિનાની, પાંદડાં વિનાની, છિદ્ર વિનાની અને દબલી આંગળી જેવી જાડી લેવી. આકડો, આમરો, બેર, બાવળ, પીપળો, ઉમરો, વડ, પીંપર, બીલી, ખીજડો (શમી), દૂર્વા (ધરો) ને દર્ભ. આ વૃક્ષાદિની ડાળીઓ વપરાય છે.

જેમાંથી જ પ્રગટે સાત પ્રાણ,
સાત જ્વાળા. સમિધો. હોમ સાતે;
આ સાત રાતે. વિચરે પ્રાણ તેમાં.
ગુફાવાસી પુરુષા સાત સાત.

ઉપનિષદ પરથી

સમિધાધ્રો પું. માંડવો; મંડપ; પોલ વગરનો મોટો ઉઘાડો તંબૂ.

સમી ૧. સ્ત્રી. દમી.

૨. [સં. સમા] સ્ત્રી. ઝમીનું માપ; બાજરી.

૩. વિ. સ્ત્રી. જેવી; સમાન; સરખી.

સમીક ૧. પું. (પુરાણ) એ નામનો એક ગન્ધર્વ

૨. પું (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમા આવેલો એ નામનો એક ક્ષત્રિય.

૩. ન. યુદ્ધ.

સમીકરણ ૧. ન. અંકુર; ફાંટો.

૨. ન. ગણિતમાં બેઉ બાજુ સરખી કરવાનો પ્રકાર કે રીત; 'ઇક્વેશન'.

૩. ન. પાચનક્રિયા.

૪. [સં.] ન. સયોજન; આત્મીકરણ; સરખું કરવું તે; સમાન કરવું તે.

સમીકરણપત્ર ન. અહાવા; સરવૈયું; જમાખર્ચ.

સમીક્ષ ૧. [સં.] ન. પર્યાલોચન; સારી રીતે તપાસવું તે.

૨. ન. સાંખ્યશાસ્ત્ર

સમીક્ષક પું. ટીકાકાર.

સમીક્ષણ ન. નિરીક્ષા; સમીક્ષા કરવી તે.

સમીક્ષા ૧. સ્ત્રી. ઊંડા ઉતરીને જોવું તે; બારીકાઈથી જોવું કે તપાસવું તે.

૨ સ્ત્રી. તપાસ; શોધ.

૩ સ્ત્રી. બુદ્ધિ; સત્ત્વ.

૪ સ્ત્રી. મીમાંસાશાસ્ત્ર.

૫ સ્ત્રી. યત્ન; પ્રયત્ન

૬ સ્ત્રી. વિચાર કરવો તે; વાટાઘાટ.

૭. સ્ત્રી સમાલોચના; ટિપ્પણી; આલોચના.

૮. સ્ત્રી સુંદર અવલોકન.

સમીચિકા સ્ત્રી. એ નામની એક અપ્સરા. તે એક તપસ્વીના શાપે સૌભદ્રતીર્થમાં મગર બની ગયેલ હતી અને જેનો ઉદ્ધાર અર્જુને કર્યો હતો.

સમીચી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની કુબેર સભાની એક અપ્સરા. તે કોઈ ઋષિના શાપને લીધે નારી તીર્થમાં મગરી થઈ હતી. અર્જુને એને શાપ વિમોચન કરી છોડાવી હતી.

૨. સ્ત્રી. પ્રશંસા; વખાણ.

૩. સ્ત્રી મૃગલી, હરિણી

સમીચીન ૧ [સં.] ન સત્ય

૨. વિ ન્યાયસંગત

૩. વિ. યથાર્થ; સારું; સત્ય, ખરું, યોગ્ય; ઉચિત

ધર્મે છે મુક્તિ મારગ અનેક,
પણ સુલભ **સમીચીન** જ એક. ન્હાનાલાલ

સમીનિકા સ્ત્રી. દરેક વર્ષે વિયાતી ગાય.

સમીપ અ. પાસે; નજીક; નિકટ

સમીપતા સ્ત્રી પાસેપણું; નિકટપણ

સમીપવર્તી વિ નિકટવર્તી; નજીકનું; પાસે પડેલું

સમીપસ્થ વિ પાસેનું; નજીકનું; પાસે પડેલું.

સમીપે અ. પાસે; ની હાજરીમાં

સમીર ૧ પું. આયો.

૨ પું. (પિંગળ) એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૯૦ લઘુ મળી ૧૦૭ વર્ણ હોય છે

૩. પું. પશ્ચિમનો વાયુ; પવન; હવા.

સમીરગ્રંથિ સ્ત્રી. વાયુની ગાંઠ.

સમીરણ ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમા સગણ, નગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર વર્ણ હોય છે.

૨. પું. મરવો.

૩. પું. મુસાફર

૪. પું. વાયુ; પવન.

૫ પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.

૬. ન. હેઠવું તે.

૭. ન સારી રીતે ઉચ્ચાર કરવો તે

સમીરણા સ્ત્રી. ઓની યોનિમાં આવેલી એક ના.ડી.

સમીરપન્નગરસ પું. એક પ્રકારનો ઔષધિનો રસ. અભ્રકસત્ત્વ, મધક, વછનાગ, ત્રિકટુ, પારો ને ટંકણખાર એ સમભાગે લઈ ભાગરાના રસમાં સાત ભાવના આપવાથી તે બને છે આ રસ આદુના રસમા એક વાલ આપવાથી મોટા વાયુનો નાશ કરે છે. નાકમાં સૂપવાથી બેશુદ્ધિ મટે છે.

સમીરવિદ્યા સ્ત્રી. વાયુવિદ્યા; વાયુશાસ્ત્ર.

સમીસંધ્યા સ્ત્રી સંધ્યાકાળ; સાંજનો વખત.

સમીસાંજ જુઓ સમીસંધ્યા.

સમીસુરે અ સરખાઈથી; સહેલાઈથી.

સમીહન [સં.] પું વિષ્ણુના હજાર નામોનું એક નામ.

સમીહિત [સં.] વિ. ઇચ્છેલું, ચાહેલું.

સમુકું અ. ઠામુકું; ભેલકું.

સમુચિત ૧ વિ. ઉપયુક્ત.

૨ [સં] વિ યોગ્ય; ઘટિત; ઉચિત; બરોબર; વ્યાજબી.

૩. વિ. સરસ; સારી રીતે ઉપયોગી.

સમુચ્ચય ૧. પું એ નામનો એક અલંકાર.

૨ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને નરેંદ્ર છંદ પણ કહે છે. તેમાં જગણ, રગણ, બે નગણ, બે જગણ અને યગણ મળી એકવીસ અક્ષર હોય છે. તેમાં સોળમા અક્ષર ઉપર યતિ આવે છે.

૩. પું (વેદાંત) પરસ્પર નિરપેક્ષ એવી અનેક ક્રિયા વગેરેનો એક ક્રિયા વગેરેમાં સમ્બન્ધ બે કર્મની એક ક્રિયામાં સ્થિતિ હોવાપણું. સમુચ્ચય બે પ્રકારનો છે સમસમુચ્ચય અને ક્રમસમુચ્ચય.

૪. પું. ભેગો કરેલો જથ્થો; સમૂહ; સંગ્રહ.

સમુચ્ચિત [સં.] વિ. સંગ્રહ કરેલું; એકઠું કરેલું; એકત્રિત.

સમુચ્છ્રિત વિ. બહું ઊંચું

સમુચ્છેદ ૧. [સ] પું. મૂળમાંથી ઉખેડી નાખવું તે; નાશ

૨ પું મોટો ફેરફાર, પરિવર્તન, ઊથલપાથલ.

સમુચ્છ્વાસ [સં.] પું. નિસાસો

સમુચ્છ્વલ વિ. બહુ ઊજળું.

સમુચ્છ્વસિત [સં] વિ. ત્યાગ કરેલ; તજેલ; છોડેલ.

સમુત્કર્ષ પું. અભિમાન; મોટાઈ

સમુત્કૃષ્ટ [સં.] વિ ઉન્નતિ પામેલ; ધનાઢ્ય બનેલ.

સમુત્ક્રમ [સં] પું ઊંચે જવું તે; વિકાસ; ' ઇવોલ્યૂશન '.

સમુત્ક્રાંતક [સ.] વિ સમુત્ક્રાંતિ કરનાર.

સમુત્ક્રાંતિ ૧. સ્ત્રી પ્રકટીકરણ; ઉચ્ચ પ્રકારનો વિકાસ

૨ સ્ત્રી વિપ્લવ, ઉત્ક્રાંતિ, સમાજમાં સુધારણા અર્થે ઊથલપાથલ થવી તે.

સમુત્કોરા ૧ [સ] પું. ટીટોડો પક્ષી.

૨ પું મોટેથી રાડ પાડવી તે.

સમુત્કોરી [સં] સ્ત્રી. ટીટોડી

સમુત્થ [સં.] વિ. સારી રીતે ઊગેલ.

સમુત્થાન ૧ [સ] ન. આરોહણ; ઉદય.

૨. ન. ઉત્થાન.

૩. ન. ઉદ્યોગ; ધધો

૪ ન. જીવું તે, જાગૃતિ, જાગરણ તે.

૫ ન. નિમિત્ત; કારણ.

૬ ન પ્રારબ્ધ કર્મને બધો કરવો તે, ચાલાકીથી પ્રાપ્ત કરવી તે

૭ ન વધારો.

૮ ન. વ્યાધિનો નિર્મૂળ

૯ ન. સારા થઈ જવું તે, રોગ મટી જવો તે; રોગમુક્તિ, આરોગ્ય

સમુત્પન્ન [સં.] વિ ઉત્પન્ન થયેલ, નીપજેલ; પેદા થયેલ.

સમુત્પાદ [સં.] પું. પ્રાદુર્ભાવ; ઉત્પત્તિ.

સમુત્પ્રેક્ષા [સં.] સ્ત્રી. સારો વિચાર.

સમુત્સર્ગ [સ.] પું સારી રીતે ત્યાગ કરવો તે

સમુત્સવ [સં.] પું ઉજાણી.

સમુત્સુક ૧. [સ સમ + ઉત્સુક (ઇચ્છા રાખનાર)] વિ. ઉતાવળ; અધીરું.

૨. વિ. રાહ જોનાર; આશા રાખનાર; ઇચ્છા રાખનાર

સમુત્સૃષ્ટ [સં.] વિ. સારી રીતે તજેલ; ત્યાગ કરેલ; છોડેલ.

સમુદય ૧. [સં.] પું. ઉત્કર્ષ; સારો ઉદય.

૨. પું. બૌદ્ધ ધર્મના ચાર મોંહેનુ એક તત્ત્વ.

૩. પું. સમૂહ; જથ્થો.

સમુદય ચૂહ સમૂહ ત્રણ પ્રકાર નિકર નિકરંબ, પુર પૂગ પટલ ચય સંચય નિચય કદંબ, પિંગલનઘંટુ

૪. પું. સમૂહ.

સમુદય તત્ત્વ ન. (બૌદ્ધ) બુદ્ધે પોતાના શાસ્ત્રમાં નિર્દેશેલાં ચાર મોંહેનું એક તત્ત્વ. તે ચારે તત્ત્વ આ પ્રમાણે છે: દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ. જેથી પ્રાણીઓમાં રાગ, દ્વેષ, મોહ વગેરેનો સમૂહ ઉત્પન્ન થાય છે તેને સમુદય તત્ત્વ કહે છે. દુઃખ તત્ત્વ અને સમુદય તત્ત્વથી સંસારમાં પ્રવૃત્તિ થાય છે.

સમુદય સ્થાન ન. રાજ્યશાસ્ત્રનું ફેંદ.

સમુદર પું. સમુદ્ર; દરિયો; સાગર.

સમુદરફિણ ન. દરિયા કિનારા ઉપર સુકાઈ ગયેલા ફિણનો પોપડો. તે ઔષધ તરીકે વપરાય છે.

સમુદરશોષ પું. એ નામનો એક વેલો. તે પણ્યો ઝાંખો એટલે ઊંચો વધે છે. બહુ ટાઢથી તેને નુકસાન થાય છે. કારણ તે દરિયા કેરાનો વતની છે. પશ્ચિમ ભારત, સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ભાગમાં તે જોવામાં આવે છે. તેનાં પાતરા જખમ રૂઝવવા ઉપર વપરાય છે.

સમુદાચાર ૧ પું. યોગ્ય આચાર; રૂઢિ; રીત.

૨. પું. વિવેક.

૩. પું. વ્યવહાર.

સમુદાય ૧. પું. (જૈન) એકી સાથે ઉત્પત્તિ વિનાશવાળા રૂપરસાદિક સહભાવી ધર્મોના નિયમથી એકત્ર અવસ્થાન.

૨. પું. સિંધનું એક નામ.

૩. પું. સમૂહ; ટોળું; જથ્થો.

સમુદાયવાદ વિ. રાજ્યમાં સંઘ બાંધીને હોવી જોઈએ એવો મત.

સમુદાયશક્તિ જી. જુઓ અર્થની શબ્દ શક્તિ.

સમુદાયાપૂર્વે ન. યજ્ઞ કરવાથી ઉત્પન્ન થતું અપૂર્વ કર્મજન્ય અદૃષ્ટ ફળ

સમુદીરણ [સં.] ન સારી રીતે કહેવું તે

સમુદ્દેશનકાલ [સં.] પું. (જૈન) વાચનનો સમય; અભ્યાસકાળ.

સમુદ્ર [સં.] પું સંપુટ; દાબડો; ડાબડી

સમુદ્ગમ [સં.] પું. ઉત્પત્તિ; ઉદય; ઊગે જવું તે.

સમુદ્ગીત [સં.] વિ. ઊંચે સ્વરે ગાયેલું

સમુદ્ઘાત પું. (જૈન) મૂળ શરીરને છોડ્યા વિના જીવના પ્રદેશોનું બહાર નીકળવું તે; આત્માના પ્રદેશનું ફેલાવાપણું

સમુદ્દલ જ. સમૂહમાં; બિલકુલ.

સમુદ્દિષ્ટ ૧. [સં.] વિ. બતાવેલું.

૨. વિ. સારા ઉદ્દેશવાળું.

સમુદ્ધત ૧. [સં.] વિ. અભિમાની.

૨. વિ. અવિનયી.

૩. વિ. મૂર્ખ.

સમુદ્ધરણ ૧. ન. ઉદ્ધાર.

૨. ન. ઉપર લાઈ જવું તે.

૩. [સં.] ન. ઊભેડી નાખવું તે.

૪. ન. ઊલટી ક્રિયા તે.

૫. ન. કૂવા વગેરે ઉપરથી જળ વગેરે ખેંચવું તે

૬. ન. ગમન.

સમુદ્ધર્તા [સં. સમ્ (સારી રીતે) + ઉદ્ધર્તૃ (ઉદ્ધાર કરનાર)] વિ. સારી રીતે ઉદ્ધાર કરનાર; બચાવનાર.

સમુદ્ધાર ૧. [સં.]પું. વખતને યોગ્ય લાગે તેવો ઉદ્ધાર; સુધારો; ફોય તેમાં સુધારો કરવો તે.

૨. ન. સમારકામ; પુનરુદ્ધાર.

સમુદ્ભવ ૧. [સં.] પું. ઉત્પન્ન થવું તે; ઉદ્ભવ; ઉત્પત્તિ; જન્મ.

૨ પું. યજ્ઞોપવીતમાં તથા કોઈ પણ મંત્રમાં સ્થાપન કરેલ અગ્નિ.

સમુદ્ભૂત [સં.] વિ. સારી રીતે ઉદ્ભવેલું; પેદા થયેલું.

સમુદ્યત ૧ [સં.] વિ તૈયાર થયેલું; સજ્જ થયેલું.

૨. વિ. વિશેષ ઉદ્યમવાળું

સમુદ્યમ [સં.] પું. સારો પ્રયત્ન

સમુદ્યોગ [સં.] પું. સહકાર્ય; સહકાર.

સમુદ્ર ૧. પું. ચાર સંખ્યા સાંકેતિક શબ્દ

૨. પું. તારતો પીંજણની રમતમાં ગણતરી કરવાનો ચોથો શબ્દ.

૩. [સં. સ (સાથે) + મુદ્રા (મર્યાદા)] પું. દરિયો. સાગર, સિંધુ, રત્નાકર, ઉદધિ, સરિત્પતિ, સલિલપતિ, અંભોનિધિ, અર્ણવ, અબ્ધિ, અપાંપતિ, પારાવાર, ઉદન્વાન, સાગર, જલનિધિ વગેરે તેનાં બીજાં નામો છે ક્ષીરોદધિ, ઇક્ષુરસોદધિ, સુરોદધિ, ઘૃતોદધિ, દધિમંડોદધિ, શુદ્ધોદધિ અને ક્ષારોદધિ એમ સાત સમુદ્ર મનાય છે

> જેવી નદીઓ સમુદ્રમાં વહતી
> અસ્ત જ પામે છાંડીને નામરૂપ;
> તેમ જ વિદ્વાન નામરૂપોથી છૂટી
> પામે પરાત્પર પુરુષને જ દિવ્ય.
>
> ઉપનિષદવચન

૧. સમુદ્ર આગળ ખાબોચિયું = મોટી વસ્તુ પાસે બહુ જ નાની વસ્તુ

૨. સમુદ્ર ખેડવો = સમુદ્ર પર મુસાફરી કરવી

૩. સમુદ્ર ડહોળવો–વલોવવો = (૧) કોઈ મુશ્કેલ બાબત ચર્ચવી (૨) સમુદ્રમંથન કરવું.

૪. સમુદ્ર તરવો અને ખાબોચિયામાં ડૂબી મરવું = કિનારે આવેલું વહાણ ડુબવું; કામનો મોટો ભાગ પતી જવો પણ છેડે આવી અટકવું

૫. સમુદ્ર સરખા સખા ને અજૂરડ ખાતું = તગાવે જઈને તરસ્યા આવવું; લીલા ઝાડ ઉપર જીવ મરવું કે નાડકે તપવું

૬. સમુદ્રનું પાણી સાવરણીથી ખાળવું = આજને બીજું દેવું

૪. પું. શિવનાં બત્તર માંહેનું એક નામ

૫ પું. (પુરાણ) સાગર દેવનું નામ. તેની સ્ત્રીનું નામ જહ્નવી

૬. સ્ત્રી. એ નામની મનુષ્યની એક જાતિ. પૈસ્ય સ્ત્રી અને ઉગ્ર પુરુષ હોય તો સમુદ્રજાતિ થાય છે

૭ ન. એ નામની જાતિનું માપ્રમ

૮ વિ. એ નામની જાતિનું

૯ વિ. ધનવાન

૧૦ વિ મજબૂતાવાળું

૧૧ સં. મુક્તાસંખ્યા

સમુદ્રકફ [સં] ન. સમુદ્રફીણ; સમદર ફીણ જેમ માણસને છાતીમાં કફ ઉત્પન્ન થાય છે તેમ સમુદ્રનાં ઉપર ઝોલે મધ્યભાગમાં તે ફીણ જાતાં પ્રાણી ખાવા જાય છે માટે તેને સમુદ્રકફ કહે છે

સમુદ્રકકેટી સ્ત્રી દરિયાઈ પ્રકારા: 'ઘોલોપુરિસ-ન'.

સમુદ્રકલમ ન. ચિલાત્રિત પર્ણનું પ્રાણી. ' સીપેન '

સમુદ્રકાંઠો પું. દરિયાનો કિનારો

સમુદ્રકાંતા પું (પિંગળ) એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ: જતિવિરામ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, જગણ, રગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. તેના બીજા અને ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

સમુદ્રકિનારો પું દરિયાનો કાંઠો

સમુદ્રકોટિગંભીર પુ. પુરુષોત્તમનાં બત્તર માંહેનું એક નામ.

સમુદ્ર ખેડાણ (સમુદ્ર ખેડાણ) ન. સમુદ્રની મુસાફરી

સમુદ્રગમન [સં.] ન. સમુદ્ર સફર; જલ યાત્રા.

સમુદ્રગર્ભ પું. સમુદ્ર સપાટી

સમુદ્રગા [સં.] સ્ત્રી. નદી

સમુદ્રગુપ્ત પું. ગુપ્તવંશમાં થયેલો એ નામનો એક મહાવીર રાજા. કાદિયાને તેના બહોળસ્તનાં વખાણ કર્યાં છે

સમુદ્રગૃહ [સં.] ન. હિમગૃહ; ઠંડક રહે એવી જોડવબંધવાળું ઘર; ગ્રીષ્મની ઉષ્મા નિવારવા માટે તળાવની વચમાં રાખવામાં આવતું ઘર. ભાસ કવિના નાટકસ્વપ્ન વા સંવદનામાં આવા સમુદ્રગૃહનો ઉલ્લેખ થયો છે.

સમુદ્રઘોડો (સમુદ્રઘોડો) પું દરિયામાં રહેતું બહાર નીકળતા બે લાંબા દાતવાળું એક માંસાહારી પ્રાણી; જળઘોડો

સમુદ્રચુલુક [સ.] પું. અગસ્ત્યમુનિ.

સમુદ્રજ ૧. પું. કપૂર.

૨. [સં. સમુદ્ર + જ (જન્મેલું)] વિ. ચંદ્ર.

૩. પું. દરિયામાં જુદી જુદી ઊંડાઈએ તરતી મળી આવતી જીવાતોના સમૂહનું નામ.

૪. વિ સમુદ્રમાં જન્મેલું

સમુદ્રજલ [સં.] ન. દરિયાનું પાણી. સમુદ્ર જલમાં આવામાં વપરાતું મીઠું અને પોટાશિયમ ક્લોરાઈડ હોય છે. આ ઉપરાંત તેમાં બ્રોમીન, આયોડીન, ક્લોરીન, મગકામ્લ. તથા થોડા પ્રમાણમાં રીસુ, જસત, તાંબુ, ચાંદી, રુકોટિનમ, ફ્લોરિયમ, સલ્ફિડિયમ વગેરે તત્ત્વ પણ હોય છે. નિર્બલ બાળકો માટે સમુદ્ર જલનું ઇંજેક્શન લાભદાયક નીવડે છે. સંધિવાતવાળાને ગરમ સમુદ્ર જલથી નવડાવવાથી ફાયદો થાય છે. ગરમપાણીના ગરમા ગરમ ટબમાં બેસાડવાથી સંધિવાતના રોગીઓ માટે ત્યાં ખિસકોલાલય ખોલવામાં આવેલ છે. ૧૦ મિનિટથી વધારે વખત સુધી તે જળમાં સ્નાન કરવું નહિ. ઝાઝો કાળજ થાય

તો ગરમ સમુદ્રજાનું સ્નાન લાભદાયક થાય છે. શીતજ્વર, ખૂજલી, સ્નાયવિક વિકાર, અપચન, નિર્બળતા, અપુષ્ટિ વગેરેને સમુદ્રના જલનું સ્નાન દૂર કરે છે.

સમુદ્રજા [સં.] સ્ત્રી. લક્ષ્મી દેવી.

સમુદ્રતટીય વિ. દરિયાકાંઠાને લગતું.

સમુદ્રતતા પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં જગણ, સગણ, જગણ, સગણ, તગણ, ભગણ અને એક ગુરુ મળી ૧૯ વર્ણ છે. તેમાં આઠમે અને બારમે અક્ષરે યતિ આવે છે.

સમુદ્રતનય ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર

સમુદ્રતનયા જુઓ સમુદ્રજા.

સમુદ્રદયિતા [સં.] સ્ત્રી. નદી.

સમુદ્રદરસ્થ [સં.] પું. સમુદ્રચોર; માંચિયો

સમુદ્રદાદૂ ન. દરિયાઈ જંતુ; 'સી-હર'.

સમુદ્રદેવ ૧ [સં.] પું. વરુણ.
૨. પું. નેપ્ચ્યુન ગ્રહ.

સમુદ્રનલિની ન. શિલાજિત વર્ગનું ફૂલ જેવા આકારનું પ્રાણી; 'સી-એનીમોન'.

સમુદ્રનવનીત ૧. [સં.] ન. અમૃત.
૨. ન. કપૂર
૩. ન. ચંદ્ર

સમુદ્રપત્ની [સં] સ્ત્રી. નદી.

સમુદ્રપરિમાપક [સં] ન. દરિયાઈ ઊંડાઈ માપવાનું યંત્ર.

સમુદ્રપાજ સ્ત્રી. સમુદ્રની પાળ; સેતુ.

સમુદ્રપાન ન. (પુરાણ) સમુદ્રને પી જવો તે. કહેવાય છે કે, અગસ્ત્ય ઋષિએ સમુદ્રપાન કર્યું હતું; ઉતથ્યે પૂર્વે સમુદ્રનું પાન કર્યું હતું આ ઉતથ્ય આંગિરસ ગોત્રનો અને બહુ સ્વરૂપવાન હતો ચંદ્રે પોતાની રૂપવતી કન્યા ભદ્રા એને પરણાવી હતી. ઉતથ્યનો આશ્રમ યમુનાના તટ ઉપર વનપ્રદેશમા હતો. વરુણને પહેલેથી જ ભદ્રાને પરણવાની ઇચ્છા હતી તેથી તે ઉતથ્યની ગેરહાજરીમા ભદ્રાને લઈ ગયો. ઉતથ્યે નારદ મારફે ભદ્રા પાછી આપવાનુ વરુણને કહેવ્યુ. પણ વરુણ નારદની શિખામણ માની નહિ. આથી ઉતથ્યે પોતાના તપોબળથી જળનુ જળ સ્થલાવ્યું અને પીવા માંડ્યું. તોપણ વરુણે ભદ્રા આપી નહિ. પછી ઉતથ્યે પૃથ્વીને કહ્યા ન્યાયી સમુદ્ર ખલેડો અને મરુસ્થલી નદીને પણ તે પ્રદેશ ભોરી મરુ દેશ પ્રત્યે જવાનું કર્યું આ રીતે સર્વે પ્રદેશ શુષ્ક કરી નાખ્યો ગોદલે વરુણ ભદ્રાને લઈ સક્યો નથી.

સમુદ્રપાર ૧. વિ. દરિયાપાર; દેશનિકાલ.
૨. ન. સમુદ્રને કિનારે.

સમુદ્રપારદર્શકકાચ પું. દરિયાની ઊંડાઈ માપવાનું એક સાધન.

સમુદ્રપુત્રી [સં.] સ્ત્રી. લક્ષ્મી દેવી

સમુદ્રપ્રબંધ પું. એક પ્રકારનું ચિત્રકાવ્ય.

સમુદ્રફલ ૧. ન. એ નામનું દરિયા કિનારે થતું ઝાડ. તેનાં ફળોના ઝૂમખા થાય છે. તેમા જાયફળ જેવાં ગોળ રંગનાં ફળ થાય છે. તે તીખાં અને ગરમ હોય છે અને વધુ રોગ ઉપર કામ આવે છે. તેનાં પાંદડાં બદામનાં પાદડાં જેવાં, પણ તેના કરતાં નાનાં હોય છે. છાલ પાતળી હોય છે. જાયફળ જેવુ તેનુ ઝાડ થાય છે. ફૂલ અને બીજ ઉપયોગી છે તે શીતળ અને વાયુહર છે. ફોદ ઉપર ઉપયોગી છે
૨. [સં.] ન. એક જાતનું ફળ; સમદરફળ

સમુદ્રફેણ જુઓ સમુદ્રફેણ.

સમુદ્રફીણ ૧. ન. એક જાતના દરિયાઈ જંતુનું ખોખુ.
૨. ન. એક પ્રાણિજ ઔષધિ; સમુદ્રફીણ. એ એક જાતિના માછલાના પટમાનુ હાડપિંજર છે. એ સફેદ રંગનુ હોઈ એ ઉપર ત્રીજાં ત્રીજાં જિદ્રો હોય છે
૩. ન. દરિયાના ફીણનો બનેલો ચર; સુકાઈ ગયેલુ દરિયાનું ફીણ

સમુદ્રફેણ જુઓ સમુદ્રફીણ

સમુદ્રફેન ૧. [હિં.] પું. એક જાતના ઊંચા ઘોખા.
૨. જુઓ સમુદ્રફીણ

સમુદ્રબાઝ ન. કેટક જાતી વર્ગનુ એક પ્રાણી; 'અર્ચિન'

સમુદ્રમથન ૧. ન. ખૂબ પરિશ્રમ લઈને સાર કાઢવો તે.
૨. ન. દરિયાનુ મથન કરવુ તે; દાનવો અને દેવોએ અમૃત માટે કરેલુ સમુદ્રનું મથન.

સમુદ્રમંથન જુઓ સમુદ્રમથન

સમુદ્રમીઠ ન. મીઠાની આઠ માર્કની એક જાત; દરિયાના પાણીનો સુકવી બનાવવામાં આવતુ મીઠું. લવણ આઠ જાતનાં છે. સિંધ્ય અથવા સિંધાલ્ય, સમુદ્રમીઠ અથવા સાંભારજ મીઠ, બીડલોજ્ય અથવા બીડ લવણ અથવા વડાગર મીઠુ, સોવર્ચલ એટલે સજ્જી, સાંભર મીઠુ જે મારવાડની અંદર એક તળાવની અંદર બને છે તે, ઓદ્ભિદ, ગુટિમ્ર અને પાંશુજ

સમુદ્રમેખલા [સ] સ્ત્રી પૃથ્વી.

સમુદ્રયાત્રા [સં.] સ્ત્રી દરિયાની મુસાફરી; પરદેશ ગમન

સમુદ્રયાન ૧. [સં] ન. વહાણ
૨. ન. સમુદ્રની મુસાફરી; દરિયાઈ મુસાફરી; સમુદ્ર ઓળંગી પરદેશ જવું તે

સમુદ્રયામી જુઓ સમુદ્રયાયી

સમુદ્રયાયી પું. ખારવો; વહાણવટી.

સમુદ્રબુધિકા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સમુદ્ર કિનારે ઊગતી વનસ્પતિ સમુદ્રબુધિકાને કેફમાળ, મળાનાં દર્દો, તાવ, સાયળની ગાંઠ, શરીરનો દુખાવો, તાજો ઘા, સળિયા વગેરે દર્દો ઉપર જુદા જુદા દેશોમાં ઉપયોગમા લેવામા આવે છે. શરીરના દુખાવા માટે ઋષિમુનિઓ પણ તેનો ઉપયોગ કરતા હતા. લક્ષમાં તે ઠીક ઠીક પ્રમાણમાં નજરે પડે છે. મુસલ્મોના માણી લોકો તેને વનજાઈ કહે છે અને તે તાવ ઉતારનાર માને છે. આ ઔષધિની જૂકો બનાવી તેની ગોળી બનાવીને વાપરવામા આવે તો ગાંઠ મટી જાય છે. તેનુ ઢીંચણ બનાવીને પણ વાપરવામાં આવે તો સળિયા તેમજ બીજા દુખાવામાં આરામ રહે છે. એ ખરાબ મચ્છા બાવાથી પ્રેર થયુ હોય તો મલાયા અને પેસેફરના લોકો આ ઔષધિનાં ફળ અથવા મૂળનો ઉપયોગ કરે છે. તે પ્રેર દૂર કરવામા ખૂબ જ ઉપયોગી થઈ પડે છે એમ ત્યાના કેટલાક લોકો માને છે. સમુદ્રબુધિકાનાં પાનનું તેલ બનાવી. ગરમ કરી તાજા ઘા પર લગાવવામાં આવે તો જલદી આરામ થઈ ઘા રુઝાઈ જાય છે. જાવાદેરાના લોકો આ ઔષધિને પીરો ઝાઈડી આઉટ કહે છે. ત્યાના કેટલાક લોકો એમ માને છે કે, આ ઔષધિનાં પાન ગળાના દર્દો ઉપર ખૂબ ઉપયોગી થઈ પડે છે. ઘાનડામાં આ ઔષધિ કુડલીના નામથી ઓળખાય છે. ત્યાના લોકો આ ઔષધિના મૂળને કેફમાળ પર ખૂબ ઉપયોગી માને છે. લકામાં પોંગીલ નામની આ વનસ્પતિ ઓળખાય છે. ત્યાના લોકો તેને તાવ ઉતારવા માટે બહુ અકસીર માને છે. સિંહાલીમાં તેને વાલગુરાન્ડા કહે છે. ત્યાના લોકો આ ઔષધિને સળિયા પર અકસીર માને છે તામિલમા અંબલિ નામથી ઓળખાતી આ વનસ્પતિને તામિલ લોકો તાવ ઉતારવા માટે અકસીર માને છે તેલુગમાં તેને પાસાનીક કહે છે. તેલુગુ લોકો આ ઔષધિનો ઉપયોગ રાયળની ગાંઠ દૂર કરવા માટે કરે છે. ખાસ કરીને ત્યાના કેટલાક લોકો આ ઔષધિનું તેલ

બનાવીને ગાડ ઉપર લગાડે છે. સાથળ ઉપર થયેલી ગાંઠ દૂર કરવા માટે આના જેવો બીજો કોઈ અક્સીર ઉપાય નથી એમ લોકો માને છે. યુરિયામાં આ ઔષધિને ગોલોરા કહે છે. ત્યાંના લોકો આ ઔષધિને કંઠમાળ પર અક્સીર માને છે. વીસાયનમાં આ ઔષધિને આલી સૅક્સ કહે છે. ત્યાંના લોકો તેને શરીરનું ઝેર દૂર કરવા માટે ઉત્તમ ગણે છે.

સમુદ્રરૂ પું. શાર્ક નામની મોટી માછલી.

સમુદ્રલતા સ્ત્રી. સમુદ્રમાં થતી લતા; 'વીડ'.

સમુદ્રલહરી સ્ત્રી. સમુદ્ર ઉપરથી વાતા પવનની લહેર

સમુદ્રવહ્નિ [સં.] પું. વડવાનલ નામનો અગ્નિ.

સમુદ્રવાયસ [સં.] પું. સમુદ્રમાં ઊડનાર કાક પક્ષી; જળકાગડો.

સમુદ્રવાયુ પું. દરિયાઈ પવન. આખો દિવસ સમુદ્રમાંથી જમીન તરફ પવનની ઠંડી લહેર આવ્યા કરે છે. આ લહેરોને સમુદ્રવાયુ કહે છે

સમુદ્રવારિ ન. દરિયાનું પાણી

સમુદ્રવિજય પું. ભાવીશમા જૈન તીર્થંકર નેમિનાથના પિતા; એક યાદવ રાજા. તે શ્રીકૃષ્ણના સગા કાકા થ.ય. સુરપુરી આગ્રાના આ રાજાની શિવા નામની રાણીને પેટે તેમિનાથનો જન્મ થયો હતો

સમુદ્રવૃષ્ટિન્યાય [સં.] પું એ નામનો એક ન્યાય. સમુદ્રમાં વરસાદ પડવાથી તે જેમ કાંઈ લાભદાયક થતો નથી તેમ જ્યાં કોઈ આપત જરૂરની કે ફળ આપનારી ન હોય ત્યાં તે કરવામાં આવે તેને માટે આ ન્યાય વપરાય છે.

સમુદ્રવ્યજ ન. ત્રિસ્રોતિત વર્ગનું પ્રાણી, 'મી-કેન'

સમુદ્રશરાવક ન એ નામનું અદ્રુકાય પ્રાણી, 'ઓસિસ્ત્રિયા'.

સમુદ્રશાયી ૧. [સં. સમુદ્રશયિન્] પુ. નારાયણ.

૨. વિ. સમુદ્ર શયન કરનાર; સમુદ્રમાં જઈને.

સમુદ્રશિપુ ન. દરિયાઈ જન્તુ; 'સી-એટ'.

સમુદ્રશોક ૧. પુ. એક જાતની વનસ્પતિ; સમદ્રશોષ. આયુર્વેદિ તરીકે તે વપરાય છે. તેનાં પાન ચૂમડાં ઉપર આખરાથી ચૂમડું ફૂટે છે. તેનાં પાન મોટાં લંબેલી કંચ્યાં હોય છે તેનાં બિયાં પૌષ્ટિક મનાય છે. ફળમાં પાકદાંનું શાક થાય છે.

૨ સ્ત્રી. એ નામની એક વેલ. આ વેલ ઝાડની આસપાસ ગાઢ રીતે વીંટળાઈ જાય છે. તેનાં પાકાં મોટાં, હૃદયાકાર અને નીચે રૂંવેરી વાળવાળાં હોય છે.

સમુદ્રશોષ જુઓ સમુદ્રશોક.

સમુદ્રશોષ ન. એક જાતનો વેલો; વરધારો; સમુદ્રશોક. પાન મોટાં રૂંવાટીવાળાં હોય છે અને ગુલાબી લાંબુડાં ફૂલ થાય છે. તે દરિયા કિનારે ઊગે છે

સમુદ્રસમયાન ન. દરિયાને કાંઠે વહાણને હંકારવાપણું.

સમુદ્રસુત ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર

૩. [સં. સમુદ્ર (દરિયો) + સુત (દીકરો.)] પું. સમુદ્રનો પુત્ર; જલંધર.

સમુદ્રસુત ત્યાં તું કહેવાઈશ, ચાહીશ બળવંત ઘર; યુદ્ધ કરીને ઉદરે હતે, રહેજે અમર નીર. નળાખ્યાન

સમુદ્રસુતા સ્ત્રી. લક્ષ્મી દેવી

સમુદ્રસેન પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા. એનો પુત્ર ચંદ્રસેન તે પણ પાંડવોના પક્ષમાં જ હતો ચંદ્રસેનને અશ્વત્થામાએ માર્યો હતો.

સમુદ્રસ્નાન [સં.] ન. દરિયામાં કરાતું સ્નાન. ખુલ્લી હવા અને પ્રકાશમાં સમુદ્રમાં સ્નાન કરવાથી ઘણા જ ફાયદા થાય છે: (૧) ઠંડકથી ભારી નાડવાયી દેહ શીતલ અને પુષ્ટ થાય, (૨) શરીરમાં સોડી ઝડપથી ફરે, (૩) શરીરની અંદરનું ઝેર અને ક્ષય-ક્રિયા ઓછી થાય સમુદ્રસ્નાનમાં જલસ્નાનની માફકસાથે વાયુસ્નાન, સૂર્યસ્નાન વગેરેથી દેહમાં વધારે પ્રમાણમાં આરોગ્યને વાયુ પ્રવેશ કરે છે. સમુદ્રસ્નાન ૫ થી ૧૦ મિનિટ સુધી કરવું ઇષ્ટ છે. બાળક, યુવક અને હૃદય રોગવાળાએ સમુદ્રસ્નાન કરવું નહિ. એકવાર ઠંડા પાણી પછી પ્રતિક્રિયા શરૂ થતાં હોવાથી મણ ઓછો થવા માટે છે કલાક સુધી આ પ્રતિક્રિયા સદન કરી શકતા નથી તેથી હિરદર્દ, નિદ્રાનાશ, ક્ષયાનાશ, અપચન વગેરે રોગ થાય છે. આમાંથી બચવા ગરમ સમુદ્રજલથી સ્નાન કરવું. સ્નાનવિધિ નિર્ણયતાને માટે સમુદ્રસ્નાન લાભપ્રદ છે. સમુદ્રસ્નાન પહેલાં ડૉક્ટરી સંમતિ લેવી ઇષ્ટ છે.

સમુદ્રસ્ફુલિંગક ન. કરોડવાળું એક પ્રાણી; 'સી સ્પંજ'.

સમુદ્રા સ્ત્રી. કપૂરકાચલી; કચ્ચો કપૂરકાચલીનો વેલ સમુદ્રને કાંઠે થાય છે

સમુદ્રાગ્નિ [સં] પું. વડવાનલ નામનો અગ્નિ.

સમુદ્રાયન ન. દરિયા ઉપર મુસાફરી કરવી તે; વહાણમાં બેસી સમુદ્ર માર્ગે જવું તે.

સમુદ્રારુ ૧. પુ. એક મોટું પ્રાણી, તિમિંગલ; મગરમચ્છ.

૨. પુ સેતુબંધ.

સમુદ્રાંત ૧. [સં.] પુ. સમુદ્રનો છેડો.

૨. ન. જયદ્રથ.

૩. વિ. સમુદ્ર સુધીનું.

૪. અ. સમગ્ર પ્રમાણે; યોગ્ય રીતે; વિવેકસર

સમુદ્રાંત કર્તે સ૭, પુણ્ય ૬૫ પ્રતાપ.

સામળ

સમુદ્રાંતા ૧. સ્ત્રી. કપાસનો છોડ.

૨. સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ.

સમુદ્રાંબરા [સં.] સ્ત્રી. સમુદ્રરૂપી અંબર જેણે ઓઢયું છે તેવી પૃથ્વી

સમુદ્રોદ્ધાર પું. સમુદ્રમાંથી મેળવેલું લવણ

સમુદ્રોત્તાર પું. દરિયામાં નાખેલાં તારનાં દોરડાં મારફત મોકલેલો સંદેશો

સમુદ્રોદ્દિગ્દર્શક ન. દિગ્યંત્ર; ખલાસીનું હોકાયંત્ર.

સમુદ્રોદ્વાયુભારઆપક ન. સમુદ્ર ઉપર વપરાતું વાયુભારમાપક યંત્ર.

સમુન્નત ૧. [સં.] પું. એક જાતનો સ્તંભ.

૨. પું. એક પ્રકારનું શસ્ત્ર.

૩. વિ. ઊંચું; ઉન્નત; ઉન્નતિવાળું.

૪. વિ. સારી રીતે ખીલેલ

સમુન્નતિ ૧ [સં.] સ્ત્રી. આબાદી; ચઢતી; ઉત્કર્ષ; ઉન્નતિ

૨. સ્ત્રી. ઊંચાઈ

૩ સ્ત્રી મોટપ

સમુન્નય ૧. [સં] પુ ઊંચે આણવું તે.

૨ પું. સારી નીતિ

સમુપચિત ૧. [સ] વિ અત્યંત.

૨. વિ. એકઠું કરેલ.

૩. વિ. વધારેલ

૪. વિ. વૃદ્ધિ પામેલ

સમુપસ્થા ૧. [સં.] સ્ત્રી. પાસે આવવું તે. સમીપ સ્થિતિ થવી તે

૨. સ્ત્રી. સમીપતા: પાસે હોવું તે

સમુપસ્થિત વિ. હાજર થયેલ.

સમુરત ન. શુભ મુહૂર્ત.

સમુરતાં ન બ. વ. શુભ પ્રસંગના દિવસ માટે જ્યોતિષનાં સારાં મુહૂર્ત.

સમુરતું ન કન્યાનું સગપણ થતા તેના સસરા તરફથી પ્રથમ જે ઘરેણાં મોકલવામાં આવે છે તે

સંજોરી

વંશનો અંત આવ્યો અને સોલંકી વંશની શરૂઆત થઈ તે જ અરસામાં પારસીઓ સૌરાષ્ટ્રમાં આવ્યા હતા

સંજાત [સં] વિ. ઉત્પન્ન થયેલું, પ્રકટેલું.

સંજાપ ૧. [જા. સિજાફ] પુ.,સ્ત્રી. ડગલા અને ચોગાઓ વગેરેના સીવણમાં સાંધની બારે બીજા રંગના કપડાની કોરી જેવી જે કિનાર મુકાય છે તે; સાધા પર લીટીની માફક આવતી બીજા રંગના કપડાની ઝીણી પટી કે કોર; મગજ, ગૂલ.

૨. સ્ત્રી. (શિલ્પ) દીવાનખાનામાં ત્રણ કે ઊંચાઈએ દરા બેસાડી તેના ઉપર છો કરની વખતે ૬ ઇંચ પહોળી અને ૧ ઇંચ જાડી સપ બેસાડાય છે તે. આને લાકડી અથવા સજાપ કહે છે

૩. ન. ભરતખડમાં પૂર્વે થતું એક જાતનું ગરમ કપડ.

સંજાફ જુઓ સજાપ.

સંજામ જુઓ સાજાપ.

સંજામી ૧. પું. એ નામના સાધુઓના ધર્મમાંનો મનુષ્ય

૨. [સ.] વિ. જિતેંદ્રિય; દમિતને કાબૂમાં રાખનાર; સંયમી.

સંજીવકી ૧. સ્ત્રી જુઓ સજીવકા

૨. [જા. સજીવન (જોખમ)] સ્ત્રી. જોખમ; તોલ

સંજીવન ૧ ન એકવીસ મણનું એક તરેડ

૨. ન. મરેલું જીવતું કરનું તે.

પછી તેણઈ જાલ્યિ પરમાદિ યહ સજીવનની વિદ્યનું પુસ્તક કાઢ્યુ

ઈ. સ. ૧૭મી સદીનું મલ

૩. [સં.] ન. સારી રીતે જીવવું તે.

૪. જુઓ સજીવન.

સંજીવન મણિ પું. (પુરાણ) એક જાતનો હીરો; જે મણિ વડે ઉલૂપીએ અર્જુનને સજીવન કર્યો હતો તે.

સંજીવની ૧. સ્ત્રી. આત્મારામાયણ અનુસાર સ્મૃતિ

૨. [સ] સ્ત્રી. (વૈદક) મરેલાને જિવાડે એવી ઔષધિ; મૂએલાને જીવતું કરનારી દવા, ફરીને જીવન આપે કે જીવ લાંબો એવી વિદ્યા કે ઔષધિ.

દેવા દેવની અમૃતલતા, જીવંતી એ નામ; ના સજીવની દુજ સમ સખી, દુ તજીવન સુખધામ

પિંગળશમુકોષ

૩. સ્ત્રી. બાદકપ કર્યા પછી દરદીને પાછો શુદ્ધિમાં લાવવાની દવા

સંજીવની ગુટિકા [સં.] સ્ત્રી (વૈદક) એક પ્રકારની ગોળી. તે વાવડિંગ, સૂઠ, લીંડીપીપર, દારૂડે, ચિત્રક, અહેડાં, ધોળાવજ, જમો, ભિલામું અને વછનાગ એ બધાનું ચૂર્ણ ગોળમાં ખરલ કરી બનાવવામાં આવે છે. અજીર્ણ, કોલેરા, સન્નિપાત ઉપર તે હાનદાકારક દવા મનાય છે

સંજીવની વિદ્યા [સં. સજીવની + વિદ્યા] સ્ત્રી. મૃત જીવને જીવતો કરવા સબંધી અસાધારણ કળા; ફરીને જીવન આપવાને લગતી વિદ્યા; મરી ગયેલાને જીવતા કરવાની વિદ્યા. કહેવાય છે કે શુક્રાચાર્ય એ વિદ્યા જાણતા હતા.

સંજીવનૌષધિ [સં.] સ્ત્રી. (વૈદક) મૂએલાને જીવતાં કરનાર ઔષધિ

સંજુક્ત ૧. વિ. અભિન્ન; સલગ્ન.

૨. [સં. સમ્ + યુજ (જોડવું)] વિ. સંધાયેલું.

૩. વિ સાથે મળેલું; ગૂંથાયેલું; સાથે વળગેલું, પરસ્પર જોડાયેલું; લાગતું; સયુક્ત

૪ અ ન થ, સહિત.

રચ્યા સભીપ સાહમી મળી, શ્રીફલ સજુક્ત થાલ. નાકર

સંજુક્તા પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પદ્મિત છંદનો એક ભેદ છે જેને સંયુતા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષર વિશ્રામો આવે છે

સંજુત જુઓ સંજુક્ત.

સંજુતા પું. (પિંગળ) એ નામનો એક છંદ; સયુતા

સંજુત્તી જુઓ સંજુતા.

સંજુદ્ધા [જા. સજુદ્ધા] વિ. તોલદાર; સજીન; ભારે

સંજૂહ [સ સયૂથ] પું. (પ્રાકૃત) સમુદાય.

સંજેરિયો પુ ભાતું રાખવાનો ડાબલો

સંજેરિયો કોઠલો પું. બે ત્રણવાળો અને બારી બારણાંવાળો માટીનો કોઠલો

સંજેરો ૧ પું. બરાબર તપાસ કરવી તે.

૨ પું. રાતે જમી રહ્યા પછી બધી વસ્તુઓ અવસ્થાપૂર્વક ગોઠવવી તે; વપરાશની વસ્તુઓને વ્યવસ્થિત કરવી તે; સાફસૂફી; રાત્રિ ૯ મારુતો કરવો તે; ઘર કે કુટુંબના માલની સાફસૂફી કરી બરબો ગોઠવી સાચવીને મૂકવાની ક્રિયા

સજેરો કરવો = (૧) બધું ઉથાપન કરી જવું. (૨) વ્યવસ્થિત કરવું. (૩) સાફ કરવું.

સંજો ૧. પું. કોસ ખેડવા માટેનાં સાધનોનો સમૂહ

૨ પુ. બેકત સાની ઝોડી જંતર, રારા, કોસ, રૂપ વગેરે બધું ભરે તે

૩. પું. સાજો. તે બારી, ધૂબરામાં ભરવામાં આવે છે.

સંજોગ ૧ [સં. સંયોગ; અપ. સજોય] પું. અનુકૂળતાઓ બનાવ કે યોગ; ઘટિતકાલ; દૈવયોગ; દૈવ ઘટના; એક તાકડે બનવું તે; હોનાર ભાવિ.

૨. પુ. નસીબ

૩. પું. પરિસ્થિતિ; સંયોગ.

૪. પું. પ્રસગ; અવસર.

૫ પુ. ભેગા થવું તે; ભેટો; જોડાણ; સયોગ; સધિ.

૬. પુ. મેળ.

૭. પું. સંબંધ.

૮. પું. સંભોગ.

૯ પું. સાથે જોડાવું તે; સગ; સમયમાં મેળાપ; મિલન

સંજોગણ ૧ સ્ત્રી કુટુંબકબીલાવાળી સાખી.

૨ સ્ત્રી નર અને માદા માટે બે જાતવાળું પક્ષી.

સંજોગવશ અ. સંજોગને તાબે થઈ ને.

સંજોગવશાત્ અ. સજોગોને લીધે; દૈવયોગે.

પરંતુ તે પ્રમાણે સજોગવશાત્ બની શક્યું નહિ.

ગુ. સા પરિષદ

સંજોગવાદી વિ. ચલવાદી; સજોગો જોઈ બદલનાર.

સંજોગાનુસાર [સંજોગ + અનુસાર] અ. સજોગ પ્રમાણે; યોગાનુસાર.

સંજોગિયું ૧. વિ. સારા યોગવાળું; સજોગવાળું.

૨. વિ. સારા સત્કારવાળું

સંજોગી ૧. પું. ઘરબારી સાધુ કે બાવો.

૨ પું. નર અને માદા માટે બે જાતવાળું પાજર.

૩ વિ આજુબાજુના સજોગનું

૪. વિ. બીજા સાથે સબંધવાળું, જોડવાળું; નહિ એકલું; સબંધી

૫. વિ. સસારના વિષયો સાથે જોડાયેલું; સસારી

૬. વિ સારા સત્કારવાળું

૭. વિ સ્ત્રી. સયુક્તા.

તેને પેટે સયુક્તા અથવા સજોગી જન્મી.

પ્રસ્થાન

સંજોરી [સ સવાય] સ્ત્રી મેદાની પૂરીમાં રવો અથવા માવો ભરી બનાવવામાં આવતી એક

રાષ્ટ્રના નવ વિધાનમાં પોતાનો ફાળો આપવાની જાહેરાત કરી. ગોઓરોને રસોડા અને ઘરકામના વૈતરામાંથી મુક્ત કરવા સમૂહભોજનાલયો ઊભાં કરાયાં. બાળઉછેરની જવાબદારી પણ રાજ્યે પોતાને હસ્તક લઈ લેતાં સ્ત્રીઓ સંપૂર્ણપણે મુક્ત બની. કામજીવન અને માતૃત્વના આનંદનો ભોગ આપ્યા વિના કારકિર્દીની સ્વતંત્ર પસંદગી કરવાની અને દેશની નવરચનાના મહાન કાર્યમાં સામેલ થવાની તેને તક સાંપડી. જો સમાજનું અરધું અંગ નિષ્ક્રિય અને પછાત હોય તો કયાંથી પ્રગતિ કરી શકે ? રશિયામાં જો કૌટુંબિક જીવનને તિલાંજલિ આપ્યા વિના કોઈ પણ ક્ષેત્રે પોતાના હિસ્સો નોંધાવી શકે છે. અન્યત્ર દૃષ્ટિગોચર થતું કૌટુંબિક જીવન અને બહોર કાર્ય વચ્ચેનું ઘર્ષણ ત્યાં ઠીક પ્રમાણમાં નિવારી શકાયું છે. એમ વારંવાર કહેવાય છે કે, સોવિયેટ રશિયામાં કામદારો, (માતાઓ અને બાળકો સમેત) રાષ્ટ્રની અમૂલ્ય દોલત છે.

સમૂહવાચક વિ. સમૂહ બતાવનારું; જથ્થો બતાવનાર.

સમૂહવાચકનામ ન. (વ્યાકરણ) જથ્થો બતાવનાર નામ. ટોળાક નામ આવા સમૂહને જ લાગુ પડે છે. જેમકે, લશ્કર, કાફલો, વણજાર, ફોજ વગેરે.

સમૂહવાદ ૧. પું. સમાજવાદ.

> સમાજવાદમાં રાજ્યના એક તંત્ર હેઠળ ઉદ્યોગવ્યવસ્થા કરવાનો ઉપદેશ હોય છે તેથી સમાજવાદને બીજી રીતે સમૂહવાદ કહેવામાં આવે છે. — અર્થશાસ્ત્રની પરિભાષા

૨. પું. સમૂહ સમયમાં માનવું તે.

સમૂહવાદી પું. સમષ્ટિવાદી.

સમૂહશિક્ષણ ન. સમૂહને શિક્ષણ આપવું તે; એકી સાથે ઘણા માણસોને શિક્ષણ આપવું તે.

સમૂહ સમભાવ પું. આખો સમૂહ સાથે એક હિસાબમાં લાગતું અનુભવે તેવો સમભાવ.

સમૂહસ્નેહ પું. ટોળામાં રહેવાની ભાવના મનુષ્ય કરતાં પશુનો અને તેમાં પણ ઊંટનો સમૂહસ્નેહ એટલો બધો પ્રબળ છે કે, ઊંટના આખા ટોળામાંથી એક ઊંટને વિખૂટું પાડીને જ્યારે માલધારીઓ એને પગે બંધ બાંધી રોકી લે છે, ત્યારે એ એકાકી ઊંટ ઊભું ઊભું સાંજળનારે સર્વ કોઈનું હૃદય ભેદાય તેવું આક્રંદ કરે છે અને એની આંખોમાં તે વેળા ચોધાર આંસુ ચાલતા હોય છે

સમૂહા પું. (પિંગળ) એક સમવૃત્ત ચતુર્મેળ છંદ. આ છંદ અનિષ્ટગતી છંદનો એક ભેદ છે. તેને સમૂહ છંદ કહે છે.

સમૂહાત્મક વિ. જથ્થાબંધ.

સમૂહી ૧. પું. (પિંગળ) ચાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ગગણ અને લઘુ એમ ચાર અક્ષર હોય છે.

૨. વિ. જથ્થાબંધ

સમૂળ ૧. [સ.] વિ. મૂળ સહિત; તમામ; સંપૂર્ણ.

૨. અ. તદ્દન.

સમૂળક જુઓ સમૂળ.

સમૂળગું અ. તમામ; સઘળું; સમૂળ; પૂરેપૂરું

સમૂળું ૧. અ. તમામ; પૂરેપૂરી રીતે; બધું; આખું; સમૂલ

૨. અ. મૂળનું; આંકનું

સમૃત ૧. [સં.] વિ. અમૃતવાણી; સત્ય

> ચરણ આવે તેણ સંકટ ન ખમે,
> વેદ **સમૃત** વદે રે વાણી.
> — નરસિંહ મહેતા

૨. વિ. સમર્થ.

સમૃદ્ધ ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૨. વિ. (શિલ્પ) એક પ્રકારનું ઘર. પૂર્વમાં બે અને ઉત્તર, દક્ષિણ તથા પશ્ચિમમાં એકેક એમ કુલ પાંચ અલિંદોવાળું ઘર.

> વિજયનામા ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે **સમૃદ્ધ** નામનું ઘર થાય.
> — રાજવલ્લભ

૩. [સં. સમ્ (સારી રીતે) + ઋદ્ધ] વિ. શ્રીમંત; સમૃદ્ધિવાળું; સંપન્ન.

સમૃદ્ધિ ૧. [સ.] સ્ત્રી. આબાદી, ઐશ્વર્ય; સંપત્તિ; વૈભવ; જાહોજલાલી.

> પણ વાર્તા હવ ઉપજતાં દેવરાજે બોલાવ્યા તે, ઉમરે ચમરી પૂછના ક્રૂપ ઘાઝયે પીટાતા, ત્યાં તું તે સો દમ સમયને ચારિયારે ઉજવે, જે બધાની સફળ **સમૃદ્ધિ** દુઃખીના દુઃખ કાપે.
> — મેઘદૂત

૨. સ્ત્રી અધિદૈવની ૬૪ માંહેની એક કલા.

સમૃદ્ધિમાન વિ. સમૃદ્ધિવાળું.

સમૃદ્ધિશાલી જુઓ સમૃદ્ધિમાન.

સમૃદ્ધિશાળી જુઓ સમૃદ્ધિમાન.

સમે અ. સમો; સમય.

> સમે આવવું = સાંભરી આવવું; યાદ આવવું

સમેટવું સ. ક્રિ. આટોપવું; પતાવવું; સંકેલવું; એકઠું કરવું; લપાવ્યા ન કરતાં ટૂંકામાં પતાવી દેવું

સમેટાવવું ૧. સ. ક્રિ. આટોપવા તેમ કરવું; અંત આણવો.

૨. સ. ક્રિ. એકઠું કરાવવું; સંકેલાવવું

૩. સ. ક્રિ. બધ કરાવવું

સમેટાવું અ. ક્રિ. સમેટાય એમ થવું

સમેણ સ્ત્રી. એની સખ્યા બતાવતી સોની સોકોની એક સંજ્ઞા કેટલાકના મત પ્રમાણે સમેણ એટલે ત્રણ પદ્મ ગણાય છે

સમેણી સ્ત્રી. ચપટો; સાણસી.

સમેત ૧. [સ.] વિ. સાથે; સાથે હોય તેવું, સયુક્ત.

૨. અ. સહિત; સહાં.

સમેતપંચક ન. એ નામનું એક તીર્થ.

સમેદાની સ્ત્રી. પિત્તળની દીવી

સમેર સ્ત્રી. એક જાતની વનસ્પતિ

સમેરવો પું. એક વનસ્પતિ; એક જાતનું ખડ. તે મોલાતવાળા ખેતરમાં થાય છે. તે ખડ ઢોરને અવરાવાય છે આ ઘાસ કસદાર થાય છે. તેનાં પાન બે કે અઢી ઇંચ લાંબા થાય છે તે અરણીનાં આકારનાં હોય છે. ઉપર પીળાં ફૂલની છેડો થાય છે એની ડાંડલીનો ઘેરાવો દસ ઇંચ હોય છે. તે જ્વર, શ્વાસ, ઊધરસ, અતિસાર, વિષ તથા ક્ષત મટાડે છે.

સમેરું ન. એક જાતનું ઘાસ.

સમેલ સ્ત્રી. સમોલ; ભોંતર બાંધવાની ખીલી.

સમેસમું ૧. વિ. બરોબર સમ.

૨. વિ. સીધેસીધું હોય તેવું; યથાર્થ

સમૈ પું. વખત.

સમૈદાની સ્ત્રી. દીવી

સમૈન [સં] પું. તક.

સમૈયો જુઓ સમૈ.

સમૈયો ૧. પું અમુક એક ધર્મના માણસોનો મેળાવડો. સ્વામીનારાયણીય પરિભાષામાં પરિષદને સમૈયો કહે છે. સહજાનંદ સ્વામી પોતે વારંવાર કરતા રહી પોતાના શિષ્યોના સબંધમાં નિરંતર આવ્યા કરતા કરીને એક જગ્યાએ બેસી રહેવું એવો તો એમનો સ્વભાવ જ ન હતો. હોળીનો સમૈયો અમુક જગ્યાએ કરવો છે, રામનવમીનો સમૈયો અમુક સ્થાને, જન્માષ્ટમીનો અમુક સ્થળે એમ એમનો કાર્યક્રમ પહેલાથી મોહવાર્ડ જતો

૨. પું. અમુક દેવની પ્રતિજ્ઞા અને સ્થાપના વગેરેના સ્મરણ માટે મોટો મેળાવડો કરી કાઢવામાં આવતું સરમસ; ભક્તિ પ્રદર્શક વરઘોડો

૩. બ. સામૈયું

સમો ૧. પું ઋતુ; મોસમ
૨. પું એક જાતનું અડદ. એનાં બી અડદાના તરીકે ખવાય છે.
૩. પુ. પ્રસંગ; અવસર.
૧. સમો કાઢવો કે આપીને હોવો = મુઝવણી બાબત છોડવી
૨. સમો જોવો = (૧) લાગ જોઈને. (૨) સંજોગો તપાસવા.
૩. સમો વર્તે સાવધાન = વખત પ્રમાણે વરતવું, લાગ જોઈને જ કામ કરવું; દાવ આવે સારું સાંભળી મરવું
૪. સમો વળવો = આરામ થવો; પહેલા જેવું સારું થઈ જવું; પહેલાની સ્થિતિમાં આવી રહેવું
૪. પુ. સમય; વખત; કાળ

સમોકર્કના સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની સાત મૂર્છનાની પાંચમી મૂર્છના.

સમોજ ન. બહુ ઊંડા પાણીમાં કંઈ પાણી નાખી નાહવા લાયક બનાવવું તે.

સમોતી ૧. સ્ત્રી. પટરાણી.
૨. સ્ત્રી. સપત્નીમાં રહેવાથી માનતી સુખશાંતિ.
૩ વિ સમાન પદની; સરખા દરજ્જાની

સમોતું ૧. વિ. ભારબોજવાળું; પ્રતિષ્ઠિત.
૨. વિ. માનીતું; પ્રિય
૩. વિ. સામટું; એક સાથે; સઘળું.
૪. વિ. સ્થિતિમાં સુધારો થાય તેવું; સંપત્તિવાળું.

સમોતો વિ. મોટો; માનવાળો; સન્માનિત

સમોત્સાર પું. (ગણિત) પરવલય; અન્વસ્ત; 'પેરેબોલા.'

સમોદ [સં.] વિ. હર્ષવાળું; આનંદવાળું; ખુશ

સમોદક ૧. [સ.] ન. જેમાં અડધા ભાગે દહીં અને અડધા ભાગે પાણી હોય એવી છાશ
૨. વિ જેમાં સરખે ભાગે પાણી હોય એવું
૩. વિ લાડુ સહિત; લાડુ સાથે
૪. વિ હર્ષવાળું; આનંદી; ખુશી

સમોન્નત [સ.] વિ. સરખી ઊંચાઈવાળું

સમોપવું સ. ક્રિ. (જૂ. ગુ.) સમર્પવું; આપવું.
એક બાણઈ રહ્યુ આવિઉ સાથિ,
માહ સમોપી માહારિ હાથિ.
વિમલપ્રબંધ

સમોભ્રમ પું. (ચારણી) પુત્ર

સમોમાસ પું. ગર્ભવતી સ્ત્રીને બેઠેલો નવમો મહિનો

સમોયશ પું શિવનાં દસ્તર માંહેનું એક નામ.

સમોર અ. સામે; નજદીક આગળ; સન્મુખ

સમોરવું ૧. અ. ક્રિ. ફરીથી પાકવું કે તાજું થવું.
૨. અ. ક્રિ. શરીરે સારું થવું.

સમોલ સ્ત્રી. જંતરડે ગળવાની ધૂસરાઓની બીજી. સાંબેલ

સમોલૂક ન. સીસું.

સમોવડ (સમોવડ) ૧. વિ. પ્રતિસ્પર્ધી
૨ વિ. સમાન, સરખું; બરોબરિયું
૩. વિ. સરખાપણું; સમાનતા, બરોબરી

સમોવડાઈ (સમોવડાઈ) સ્ત્રી. સરખામણી, સમોવડપણા, સમોવડિયાપણાનો ભાવ
૨. સ્ત્રી. હરીફાઈ; સ્પર્ધા.

સમોવડિયું (સમોવડિયું) ૧. વિ સ્ત્રી. પ્રતિસ્પર્ધી, હરીફ.
૨. વિ સ્ત્રી. સરખી ઉંમરનું; સરખું

સમોવાવું (સમોવવું) ૧. વિ. પ્રતિસ્પર્ધી, હરીફ
૨. વિ. બરાબરિયું; સામે આવીને ઉભું રહી શકે એવું; એક પંક્તિમાં આવી શકે તેવું
૩. વિ. સરખી ઉંમરનું; સરખું

સમોવડી (સમોવડી) જુઓ સમોવડાઈ

સમોવવું (સમોવવું) ૧. વિ. પ્રતિસ્પર્ધી; સરીખડું; સમાન; બરાબર.
૨. વિ. સરખી ઉંમરનું; સમાન સ્થિતિવાળું; સરખું

સમોવણ ન. બહુ ઊંડા પાણીમા કંઈ પાણી નાખી નાહવા લાયક બનાવવું તે; સમોવવું તે કે તેને માટેનું પાણી.

સમોવવું સ. ક્રિ. વધારે ગરમ પાણીને નવાય એવું કરવા તેમાં કંઈ પાણી ઉમેરવું

સમોવણ ન. ધાર્મિક પ્રવચન કરવાનું સ્થળ.

સમોષ્ણતાવૃત્ત જુઓ સમોષ્ણરેખા.

સમોષ્ણરેખા જુઓ સમોષ્ણરેખા

સમોષ્ણરેખા સ્ત્રી. નકશા ઉપર, ઉનાળાની સરાસરી સરખી ઉષ્ણતા દર્શાવનારી લીટી

સમોસું ન. ઘઉં અને ચણાના લોટ સાથે માંસ મેળવી કરેલ ભજિયું. મેંદો એક શેર, ખીમો એક શેર, ઘીરજ–ગરમ મસાલો જરૂરત માફક. પહેલા મેંદાની રોટલી માફક ઝીણું પડ બનાવી લેવાં. પછી તેના ચાકુથી લાંબા ચીરા કરવા. પછી દરેક ચીરામાં ખીમો ભરી તેના સમોસા વાળી લેવા. પછી તેને તેલ અથવા ઘીમાં તળી લેવા

સમોહ [પ્રા] અ. સામે; સામે મોંએ
તરફ બધા મુનાફક કરડીઆ,
કરી પઠાણ **સમોહ**
કાન્હડદેપ્રબંધ

સમોહડા પુ (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ

સમ્રડી પુ વાણિયાની ચોપડી ન્યાત માંહેનો એક જણ્યો

સમ્મત ૧. [અ] સ્ત્રી ચૂપકી
૨ સ્ત્રી રસ્તો

સમ્યક ૧ પુ. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, તગણ અને લઘુ હોય છે
૨ વિ જુદું, ભિન્ન
૩. વિ. નિર્દોષ
૪. વિ પુરેપુરું; પૂર્ણ; બધું
૫. [સ] વિ સારું; યોગ્ય; બરાબર.
૬. અ. યોગ્ય; નિ:સંશય.
૭ અ. કાયદેસર, બરાબર; બરાબર

સમ્યકકર્મ ન. (બૌદ્ધ) અષ્ટાંગ માર્ગનો એક માર્ગ

સમ્યક્ત્રા સ્ત્રી બરોબરપણું

સમ્યકત્વ ૧. ન. (જૈન) જે પ્રકટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય તે ગુણ; સામાન્યતઃ સત્યતત્ત્વ ઉપર શ્રદ્ધા થવી, સુદેવ, સુગુરુ અને સુધર્મની પીછાણ થવી તે; વિવેક દૃષ્ટિ. હિન્દિન બધામાં સમ્યક્ત્વ છે કે, જૈન ધર્મ આપણને સર્વત્રિદૃષ્ટિ રાખવાને કહે છે. અને એ લોકોએ સમ્યક્ત્વ એવું નામ આપ્યું છે
૨. ન. સાચાપણું.
૩. ન. સારાપણું; નિર્મળતા.

સમ્યકદર્શન ન. જ્ઞાનપર્યન્ત સમ્યક્ ચારિત્ર; જ્ઞાનદૃષ્ટિ.

સમ્યકબુદ્ધિ સ્ત્રી. સમજાવવાળી બુદ્ધિ.

સમ્યગજ્ઞાન [સ] ન (જૈન) શુદ્ધ જ્ઞાન; પદાર્થનો યથાર્થ બોધ; વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જાણવું તે
પરદ્રવ્ય અને પરભાવથી જુદા ચૈતન્યદ્રવ્યની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન, પરથી જુદા આત્મતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન. પરથી જુદા આત્મતત્ત્વમાં રમણતા તે સમ્યક્ચારિત્ર.
સમયસાર

સમ્યગ્જ્ઞાની [સં] વિ. (જૈન) જરાબર જાણનાર

સમ્યગ્દર્શન ન. (જૈન) આત્મદર્શન.
આત્મશક્તિ વધારવાની કોશિશ કરવામાં આવે તો જ મનનિયમની સફળતા મળી શકે છે. આઠ કર્મ બાતલ થવાથી આત્મા આત્મદર્શન કરી શકે છે અને તે જ **સમ્યગ્દર્શન** છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સિવાયના વ્રત, નિયમ આદિ સાર્થક નથી. નિત્યવિજયજી

સમ્યગ્દર્શી [સં] પું. સર્વમાં આત્મભાવ પામેલો જ્ઞાનવિદ્ પુરુષ.

સમ્યગ્દર્શ્ટિ ૧. સ્ત્રી. અષ્ટાંગિક માર્ગ માહેનો એક માર્ગ.

૨. સ્ત્રી નિર્વિકારી દૃષ્ટિ; બોધ કે સાચી દૃષ્ટિ.

૩. સ્ત્રી. સારી નજર; સારી સમજણ.

સમ્રાજ્ઞી સ્ત્રી. મહારાણી; સમ્રાટની સ્ત્રી.

સમ્રાટ ૧. પું. (પુરાણ) ઋષભદેવ પછીના ભરત રાજાના દીકરા ચિત્તરથ રાજાને ઊર્ણા નામની સ્ત્રીને પેટે થયેલો પુત્ર. એની સ્ત્રીનું નામ ઊત્કળા હતું અને એને પેટે એને મરીચિ નામે પુત્ર હતો.

૨. પું. મુખ્ય, આગેવાન.

૩. પું. રાજાધિરાજ; શહેનશાહ.

૪. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

સમ્રાટયંત્ર ન. જયપુરમાં આવેલ જ્યોતિષયંત્રાલય માહેનું એ નામનું એક યંત્ર. આ યંત્ર જયપુર નગરની યંત્રશાળામાં પ્રવેશ થતાં જ સામુ સડક ઉપર લાલ તથા સફેદ પથ્થરનું બનાવેલું નજરે પડે છે. આ યંત્રના શંકુમાં છથી બાર ફલાટ લંબેલા હોય છે. તેની અંદર મિનિટ વગેરેનાં ચિહ્ન આપેલાં છે. ૨૩ સપ્ટેમ્બરથી ૨૨ માર્ચ સુધી કે જે વખતમાં દિવસ નાના અને રાત્રી મોટી થાય છે, તથા ૨૩ માર્ચથી ૨૨ સપ્ટેમ્બર સુધી કે જે વખતમાં રાત્રી નાની અને દિવસ મોટો થાય છે તે જાણવાનું સાધન પણ તેની અંદર છે.

સમ્રીત [સં. સ્મૃતિ] સ્ત્રી. સ્મૃતિ, ધર્મસંહિતા.
બિજાએ અમલાને વેદ સમ્રીત. પ્રેમાનંદ

સય [સં શત; અપ. સય] વિ. સો; ૧૦૦; શત

સયક સ્ત્રી. સાદડી

સયખી [સં શતખી] સ્ત્રી. ઝેરી સાપે સો માણસને મારે એની ક્રિયા કે તોપ.

સયજારિ પું શિવનાં હજાર માહેનું એક નામ.

સયન ૧. [સં. શયન] ન. સ્થાન; પથંગ

૨. ન. સૈન્ય.

સયલી સ્ત્રી માર્ગ; સરણી

સયતાળી સ્ત્રી. દસ આંગળનું માપ હાથના પોંચાથી મધ્યમાના અંત સુધીનું માપ.

સયદન ૧ ન. વાસ.

૨. ન. સાવરી; વળી.

સયબુદ્ધ [સં. સ્વયંબુદ્ધ] વિ. ગુરુના બોધ વિના પોતાની મેળે બોધ પામેલ.

સયમેવ [પ્રા. સં. સ્વયમેવ] અ આપોઆપ; પોતાની મેળે

સયરું વિ. પ્રતીતિ.
સયરો તેડાની સલાહ
(તારી) ખાળી નખાવું ખીમસ !
લોડણ-ખીમરાજો દુહો

સયલ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે તેમાં ત્રણ વગણ અને એક જગણ એમ બાર વર્ણ હોય છે. તેના છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.
પસે સયલ છકે ન ના ન જ ઠીક.
ઋષિનાથ

૨. વિ. (જૂ. પ્રા.) બધું; સર્વ
સયલ સલણ તુમ અંગે નિરખ્યાં,
અવગુણ એક ન દીઠ.
રામમુનિ

સયં [સં. સ્વયમ્] અ. પોતે; જાતે.
સયં હાથે મત દેઈ કહે, સારો આતમ કાજ
આનંદઘન

સયંભુદ્ધસિદ્ધ [સં. સ્વયંબુદ્ધસિદ્ધ] વિ. પોતાની મેળે બોધ પામી સિદ્ધ થયેલ

સયંભૂ ૧. [સં. સ્વયંભૂ] પું. જીવ કે જે પોતાની મેળે ઉત્પન્ન થાય છે

૨. પું. બ્રહ્મા.

૩. પું. વિષ્ણુ

સયંવર [સ. સ્વયંવર] પું કન્યા પોતાની મેળે વર પસંદ કરે તે.

સયંસ [પ્રા. સં. શતાક્ષ] પું. સોમો ભાગ

સયાજીરાવ પું. વડોદરા રાજ્યના મહારાજા. એમનો જન્મ ઈ. સ. ૧૮૬૩માં કવલાણા જેવા નાના ગામડામાં થયો હતો. ઈ. સ ૧૮૭૫માં મહારાજાને દત્તક લાવી ગાદીએ બેસાડવામાં આવ્યા. આથી તે એકાએક જેટલમાંથી મહારાજા બન્યા. ઈ.સ ૧૮૮૧મા વખતે રાજ્યની પૂરી સત્તા સોંપવામાં આવી હતી. તેમણે અમલદારી પર ઓજ કર્યા, કરીથી જમીનની માપણી કરી મિલકતી નક્શો કર્યો. નવા તળાવો અને નહેરો બંધાવ્યાં, નવાં ચોકર પકડા સ્થાપ્યાં, ફરતી ડિસ્પેન્સરીઓ દાખલ કરી, મોડલ ફાર્મ રચાવ્યાં. તેમણે પ્રાથમિક કેળવણી મફત અને ફરજિયાત કરી, કળાભવન સ્થાપ્યું. ગામડે ગામડે લાઈબ્રેરી સ્થાપી. એમનો હીરક મહોત્સવ ઊજવાયો હતો. એમની સવારી એક ગામથી બીજે ગામ જાય, રસ્તામાં મુકામ થાય, એ તપાસ કરે, ગામના મહાજનને અને પ્રજાજનને મળે, સૌની દાદ ફરિયાદ સાંભળે ને નોંધે. કોઈ વખત વેશપલટો કરીને એકલા પણ એ નીકળી પડે. બેતરોમાં જાય, ખેડૂતો અને મજૂરો સાથે તેમનાં સુખ દુઃખની વાતો કરે એ રીતે ટૂંકસોય વખત ગાળે. પછી એ બધી વિગતો જાતે નોંધપોથીમાં નોંધે અથવા તે બાબતની નોંધ રખાવે. એમની સાથેનો સાથી કે જે જવાબદાર અમલદાર હોય તે તેના અમલ માટે નોંધ કરી લે. પછી તે ઉપરથી હુકમ નીકળે. એ રીતે પ્રજાનાં દુઃખ દૂર કરવા એ પ્રયત્ન કરતા હતા. એમનો જ્યારે રાજ્યાભિષેક થયો ત્યારે રાજ્યમાં નિશાળો થોડી હતી એમના અમલ દરમિયાન શાળા વધી તે વખતે થોડા લોકો ભણેલા હતા. એમના અમલ દરમિયાન ઘણા ખરા લોકો ભણતાં વાંચતા શીખ્યા. એમના રાજ્ય અમલ તળે ઉઘરાવણી અર્થે ૪૫ લાખ રૂપિયાનું હતું. પોલિસ અને લશ્કર પછી બીજા નંબરનું તેના રાજ્યનું ખર્ચ કેળવણી ખાતાનું હતું. એને પરિણામે વડોદરા રાજ્યમાં આજે ગામડે ગામડે નિશાળો, પુસ્તકાલયો છે. મહાલ અને પ્રાંતના ગામોમાં હાઈસ્કૂલો પણ છે. રાજ્યાભિષેક થયો ત્યારે એમને થયું કે, મારા રાજ્યમાં નિરક્ષરતા નાબૂદ થયા જોઈએ થોડા જ વખતમાં એમણે પોતાના રાજ્યમાં કાયદો કર્યો કે, બધાં જ છોકરા છોકરીને ભણાવવા જોઈએ; બધાં ભણી શકે એ માટે શિક્ષણ મફત આપવું જોઈએ. પોતાના રાજ્યમાં સામાજિક સુધારા જોયા કે, બાળવિવાહ પ્રતિબંધ, પુનર્વિવાહ છૂટ, આંતરજાતિય લગ્ન છૂટ દાખલ કરી તેને ઉત્તેજન આપ્યાં. રાજ્યમાં દુકાળ વખતે કરોડો રૂપિયાનાં રાહત કામ ખોલી, વડોદરા શહેર તેમ જ તેમના મહાલ, પ્રાંત, તાલુકા અને ગામડાને સમૃદ્ધ બનાવ્યાં રેલ્વે સુધારી બહારો વિકસાવ્યાં અને વડોદરાનો વેપાર મોકળો કર્યો

સયાણું વિ. જાણ્યું. ડાહ્યું

સયાના ૧. [હિ.] વિ. ચતુર; નિપુણ.

૨ વિ. વૃદ્ધ

સયાનું વિ. ડાહ્યું; જાણ્યું

સયાજી સ્ત્રી અક્ષરોના માહેની એક જૂની લિપિ

સયુક્તિક વિ. યુક્તિ કે પ્રમાણવાળું; સારા હેતુવાળું

સયુક્તિકતા સ્ત્રી. યુક્તિ કે પ્રમાણ હોવાપણું.

સયુગ્વા ૧. વિ. ગાડાવાળો.
૨. વિ. ધૂંસરીવાળા ગાડા તળે રહેનાર.

સયુજ વિ. સાથે રહેનાર.

સયૅદ [અ.] સ્ત્રી. શિકાર.

સયૅર ૧. [અ.] સ્ત્રી. આનંદથી ફરવું ફરવું તે; સહેલ.
૧. સયૅર કરવી = (૧) આનંદ ઊડાવવો (૨) વાંચવું. (૩) હવા ખાવી
૨. સયૅરો શિકાર = શિકારની સહેલ.
૨. સ્ત્રી. દક્ષ.
૩. સ્ત્રી. રમતગમત.
૪. સ્ત્રી. સફર.

સયૅરગાહ સ્ત્રી. આનંદ ફરવાનું સ્થળ.

સયૅલાની ૧. વિ. રખડેલ
૨. વિ. ફરવા ફરવાનું શોખીન.

સયોગ પું. મન, વચન, કાયાનો વ્યાપાર.

સયોગકરણ [સં.] ન. જોડે કરવું તે; હિસાબમાં જોડે કરવું તે

સયોગી પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ કે મત.

સયોનિ ૧. [સં.] પું. ઇંદ્ર. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યાની સાથે ગમન કરવાથી ઇંદ્રને ગૌતમ ઋષિએ શાપ આપ્યો. આ શાપથી ઇંદ્રના શરીર ઉપર ૧,૦૦૦ યોનિ જેવાં ચિહ્ન થયાં તેથી તે સયોનિ કહેવાયો. પણ પાછળથી આ ચિહ્નોની આંખો થઈ ગઈ તેથી તે સહસ્રાક્ષ અથવા નેત્રયોનિ તરીકે પણ ઓળખાય છે.
૨. પું. સગો ભાઈ
૩. સ્ત્રી. સગી બેન.
૪. સ્ત્રી. સગી
૫. વિ સમાન ઉત્પત્તિ સ્થાનવાળું.

સર ૧. પું અવાજ; સ્વર
૨ પુ અગ્રેજી રાજ્યમાં અપાતો એક ઇલકાબ.
૩ પુ ખાતલ, શરઆત
૪ પુ ખર ૨.
૫ પુ. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ છંદ તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૩૪ લઘુ મળી ૪૧ વર્ણનું દોગ છે.
૬ પું (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ અર્ધસમ છંદનો એક ભેદ છે. તેમાં ૩૪ ગુરુ અને ૧૬ લઘુ મળી ૯૦ વર્ણનું દોગ છે.
૭. પું. કાકું; ખરું.
૮. પું. ચીચોડાની ખાંભી જેના ઉપર રહે તે ખાડું લાકડું
૯. પું. ચોક.
૧૦. પુ. છેડો.
૧૧ પુ દોરાની પરોણી.
૧૨. પું. નાયકનો ઉપરી; મુખી.
૧૩. પું. પત્તાંની રમતમાં અમુકનું પ્રાધાન્ય; હુકમ.

સર પાડવા–બોલવા = રમતમાં કઈ જાતનું પત્તું સર ગણાશે તે કહેવું.

૧૪. પું. પ્રેમ.
૧૫. [અં. શેર] પું લિમિટેડ કંપનીની થાપણનો હિસ્સો કે ભાગ.
૧૬. પું. વીસ માંહેનો એક સામાન્ય ગુણ.
૧૭. પું. રોડવું દુઃખ; તાજું દોહેલું દૂધ.
૧૮. પું સાતની સંજ્ઞા.
૧૯. પું. સાવેળ; ઢાઈ રૂપલના માસ્તરને માટે વપરાતું એક સંબોધન.
૨૦. પું. હિસ્સાપત્ર; પ્રમાણપત્ર.
૨૧. પું. ન. ઘ. ઘ. વ્યાજના દોકડા કે ટકા લેખે વાય તે વ્યાજ ગણતાં મુદ્દલ અને મુદતનો ગુણાકાર. જેમકે, મુદ્દલ સો રૂપિયા અને મુદત ચાર મહિના હોય તો તેનો ગુણાકાર ૪૦૦ તે સર કહેવાય.
૨૨. સ્ત્રી. કાનના પડદાથી અહારનો ભાગ
૨૩. સ્ત્રી. સાંકળી; ગળામાં પહેરવાની સેર.
૨૪. ન. અજમર
૨૫. ન એક વખત ચાસ ચીરીને વાવવું તે; મેમર; લામડ.
૨૬. [સં. સ્વ (જ્ઞા)] ન. જાણવું તે; સરકવુ કે ખસવુ તે.
૨૭. ન. તળાવ; સરોવર.

કર પુષ્પસિંહી કમાર સર સરસી તાલ તલાગ,
સખી જોને આ માન સર કૂલ્યું વન અનુરાગ.
પિત્રલવપુપ્રેમ

૨૮. ન. તોડવું તે.
૨૯ ન. કદીની તર
૩૦ ન. પાણી.
૩૧ ન. પાણીનું ઝરણ
૩૨ ન. પીપરીમૂળ.
૩૩. ન. પ્રવાહી દવા.
૩૪ ન. બાષ્પ
૩૫. ન. ભેદવું તે.
૩૬ ન. માખણ.
૩૭. ન. માયુ.
૩૮ ન. સપાટ; ભીંત.
૩૯. ન. સરકારની આમલી દ્વાર.
૪૦. ન. સામા
૪૧. ન. શિખર; ટુંક; ટોચ; બચાડું.
૪૨. વિ. જનાર.
૪૩. વિ. તાબે, આધીન; જિતાયેલું.
૧. સર કરવું = તાબે કરવું.
૨. સર થવુ = તાબે થવુ.
૪૪. વિ. તોડનાર.
૪૫. વિ. ભેદનાર.
૪૬. વિ. મુખ્ય.
૪૭. વિ. વહુના અર્થમાં શબ્દની આગળ મુકાતો એક શબ્દ. જેમકે, સરસણો.
૪૮. વિ. સાત.
૪૯. અ. માટે, વાસ્તે, અર્થે, ને બીજે, પ્રમાણે, એ અર્થમાં નામની સાથે વપરાતો શબ્દ. જેમકે, ધંધાસર.
૫૦. અ. નિરર્થક પૂર્વપદ તરીકે વપરાતો એક શબ્દ. ઉદા. સરસમાચાર.
૫૧. અ. પ્રમાણે, રૂએ એ અર્થમાં નામ કે વિશેષણની સાથે વપરાતો પ્રત્યય. જેમકે, કાયદેસર; આદતસર.

સરઅ ૧. [અ.] સ્ત્રી. વાય આવવી તે.
૨. સ્ત્રી. રીત.

સરઅફરાઝ [ફા.] વિ. પ્રખ્યાત.

સરઅવસર પું. (આમ્ર) શુભ અવસર.

સરઅવસરે અ. વખતોવખત.

સરઇ ૧. [પ્રા.] સ્ત્રી. મદિરા.
૨. ન. ખરેખર.

સરઇયો પું. સુગંધદાર વસ્તુઓ વેચનાર; અંધ દ્રવ્યો વેચનાર.

સરક ૧. સ્ત્રી. કાનની અંદરની નસ.
૨. સ્ત્રી. ઘોડાને બાંધવાની દોરી; લગામ; અછોડો; રાસ.
૩ સ્ત્રી. ચરક; પક્ષીની ઠસ્સાર.
૪. સ્ત્રી. સરકી જવુ તે.
૫. ન. (પુરાણ) એ નામનુ એક ભારતવર્ષીય તીર્થ
૬. ન. દારૂ પીરસવો તે.
૭. ન દારૂ પીવાનુ પાત્ર.
૮. ન. મુસાફરોની ઘાટી પંક્તિ.
૯. ન શેરડીનો ઢાર
૧૦. ન સરોવર; તળાવ
૧૧ વિ. ખસનાર; સરકનાર; જનાર.
૧૨ વિ પ્રામાણિક.
૧૩ વિ. રાંધુ

સરકખ જુઓ સરઝ

સરકજ સ્ત્રી. નાથ, રેન; અછોડો; લગામ; રાસ

સરકટ ૧. [સ. રાર] સ્ત્રી. ધોળાં, કાળુ અને સીધા સાંઠાનું એક જાતનું ઘાસ. વાંસની માફક આ ઘાસ ઊંચે ઊગે છે અને તેનાં સાંઠાં સીધાં ઊભા થાય છે. એના સાંઠા તીર બનાવવાના કામમાં આવે છે. એના રેસાનું મુંજ થાય છે. એની તાપ ઝાકરો થાય છે.
૨ સ્ત્રી. નેતર કે બરુ જેવો એક છોડ.
૩ સ્ત્રી. રાડુ.
૪. સ્ત્રી. લાકડાંનો ભારો.

સરકડા (સરકડા) પું. ન વ. ઓઓએ પહેરેલાં વજનના છેડા

સરકણિયું ૧. ન. સરકણી જગા.
૨. વિ. બીકણ
૩. વિ. સરકી કે ખસી જવાય તેવું

સરકણું જુઓ સરકણિયું.

સરકત [અ. શિર્કત (ભાગીદાર)] સ્ત્રી. પંતિયાળો ધંધો કરવો તે; સહિયારું.

સરકતી [અ. શિર્કતી (ભાગીદારી)] સ્ત્રી. પતિયાળુ; ભાગીદારી.

સરકમ ન. સળેખમ.

સરકવું ૧. [સં. સૃ] અ.ક્રિ. ખસી જવું; ખસવું; લપસવું.
૨. અ.ક્રિ. ઘૂસરકવું.
૩. અ.ક્રિ. છૂ થઈ જવું; છટકી જવું; ધીમે રહીને જતા રહેવું.
૪. અ.ક્રિ. ભગવું.
૫. અ.ક્રિ. લપસી જવું.
૬. અ.ક્રિ. વચન ન પાળવું

સરકસ વિ. ભગજનુ કાટેલ; તોફાની; બળવાખોર; બેવફા.

સરકસી ૧. સ્ત્રી. ઉદ્ધતાઈ; તુમાખી.
૨. [ફા. સર (માથું) + કશી (ખેંચવું તે)] સ્ત્રી. દુરાગ્રહ; જોહુકમી.
૩ સ્ત્રી. બળવો.
સરકશી કરવી = (૧) આડું ચાલવું. (૨) બળવો કરવો.
૪. સ્ત્રી. મગરૂરી.

સરકસ ૧. ન. જનાવર, કસરત વગેરે બેલનો તમાસો.
૨ ન જનાવરોને કેળવી તેના જ બેલ કરી બતાવનારું મંડળ. સહુથી પ્રથમ આ નામ રોમન લોકોના આનંદ લેવાના સ્થાનને આપવામાં આવ્યું છે કારણ કે, તે ગોળાકાર હતું. ને પહેલાં રથની શરતને માટે વપરાતું. ૧૮મી સદીમાં ઇંગ્લંડમાં ઘોડાની કુશળતાના કામ દાખલ કરવામાં આવ્યાં અને ધીમે ધીમે અંગકસરતનાં કામ અને મસ્કરી પણ દાખલ કરવામાં આવ્યા.
૩. ન. મોટા સમુદાય સાથે ફરવું તે; વરઘોડો; ફુલેકું.
૪. ન. સાહબારી; અબાડો.
૫. વિ. માથાકૂટું; હોશિયાર.

સરકંડા [સં.] પું. એક જાતની સળી. તેમાંથી સાદડી બને છે.

સરકામદાર [ફા. સર (મુખ્ય) + કામદાર (કારકુન)] પું. મુખ્ય કામદાર; કરટમ ખાતાનો મુખ્ય ઉપરી. તે કરટમ ડયુટિ વગેરે ઉઘરાવવાનું કામ કરે છે.

સરકાર ૧. પું. ધણી; સાહેબ, રાજાસાહેબ, સત્તાધીશ એ અર્થના ઉદ્બોધનમાં વપરાય છે.
૨. પું. જેને ત્યાં મોટું કામકાજ ચાલતું હોય તે ગૃહસ્થ.
૩. પું. મુસ્લિમનો આત્મા; પરમાત્મા
૪. પું. રાજ્યનો પ્રતિનિધિ.
૫. પું. શહેનશાહ; બાદશાહ; સત્તા ધરાવનાર વ્યક્તિ
૬. [ફા. સર્કાર (બાદશાહી કરનાર)] પું ;સ્ત્રી. પ્રજાનું શાસન કરનારી સત્તા.
૧. સરકાર દરબારના અવળા પગ = ધનવાન આંધળો હોય છે
૨. સરકાર–દરબારે ચડવું–સરકારમાં જવું = અદાલતમાં દાવો કરવો; ધનવાન કે હક માટે અદાલતે જવું.

સરકારકુન જુઓ સરકામદાર.

સરકાર ખારો પું. કર; વેરો; મહેસૂલ.

સરકાર ભરવું ન. મહેસૂલ

સરકાર ભરત ન. મહેસૂલ.

સરકાર વહીવટ [ફા. સર્કાર + વહીવટ (વ્યવહાર)] પું. રાજકીય વ્યવસ્થા; સરકારી વહીવટ.

સરકારવાડો ૧. પું. અદાલત; 'કોર્ટ'
૨. પું. રાજકુટુંબને રહેવાની જગા.
૩ પું રાજદરબારીઓને રહેવાનું ઠેકાણું.

સરકારવાદ પું. સરકારની સત્તામાં માનવું તે.

સરકારી ૧. [ફા. સર્કારી (સરકારનું)] વિ. સરકારને લગતું, સરકારનું; સરકાર સબંધી, સત્તાને લગતું
૨ વિ. સાર્વજનિક; સૌને માટે ખુલ્લું.
સરકારી રસ્તો = જાહેર રસ્તો

સરકારી અખબાર પું. રાજ્યના પત્રિકા; આજ્ઞા પત્રિકા; 'ગવર્મેન્ટ ગેઝેટ'

સરકારી અમીન પું. સરકારી નોકર તરીકે જુમ્મેદાર.

સરકારી વસૂલદાર પું. નિયુક્ત ધનગ્રાહક ધનભારી; ધનગ્રાહી.

સરકાવવું ૧ સ.ક્રિ. આંટી નાખવી; ગૂંચવવું.
૨. સ.ક્રિ. કાપી નાખવું; કાપવું
૩. સ.ક્રિ. ચોરી કરવી
૪. સ.ક્રિ. છાનામાના કહેવું કે નાખવું; છાની રીતે મૂકવું.
૫. સ.ક્રિ. બીજી જગ્યાએ બદલી જવું; ધકેલવું; લપસવા દેવું

સરકાવું ૧. અ ક્રિ છટકી જઈ સકાવું.
૨. અ.ક્રિ. ભળી જઈ સકાવું
૩. અ ક્રિ લપસી સકાવું.
૪. અ.ક્રિ. સરકી સકાવું.

સરકિયું ન. સરકાવી સકાય એવી આંટીની માંડ; કાગીની આંટી; સરકામાંડ.

સરકી ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ.
૨. સ્ત્રી. કપાસિયાની એક જાત.
૩. સ્ત્રી. ખોરાકની એક જાત.
૪ સ્ત્રી. ખાસના પાલા, છાજની સાંબી સળીઓને સોયાથી એક એક સાથે સીવી થઈ બનાવેલી સાદડી.

સરકીટ ૧. ન. કુંડલ.
૨. ન પરિધ; ભ્રમણપથ.
૩. [લે.] ન. પરિવર્તન; ફેરણી; સિરકીટમાં ફેરો મારવો તે.
૪. ન. પ્રવાહ.
૫ ન માર્ગ; પથ

સરકુડી (સરકુડી) સ્ત્રી.સ્ત્રી. જ્યાં ત્યાં સરકી જનારી; વેર વેર ભટકનારી

સરકું ન. ખોરડીના ઢાંટાના ત્રાંસિયા બેસા કરવાનું Y આવી આકૃતિનું લાંબુ લાકડું; સળું; ટેટો.

સરકો [ફા. સિર્કા (એક જાતનો ખાટો પદાર્થ)] પું. બધો જ ખાટો રસ; સાકર, મધ, ગોરડી, દ્રાક્ષ તથા તાડીમાંથી બનાવવામાં આવતું એક અમ્લ પ્રવાહી. તે સીતકારક અને અમ્લ તરીકે ઔષધમાં વપરાય છે તાવમાં દાહ શમતો હોય ત્યારે એક ભાગ સરકો ચાર ભાગ પાણી મેળવી ચોપડાય છે. યોનિ અથવા નાકમાંથી રક્તસ્રાવ થતો હોય તો કપડું ભીંજવી તે દ્વાર ઉપર મુકાય છે. ઝેરાવા અથવા સાપકરાયાથી સોજો આવ્યો હોય તો તેના ઉપર સરકાના પાણીનાં પોતાં મૂકવાથી સોજો ઊતરી જાય છે. સ્વાદ તેમ જ ખટાશ માટે સરકાનો ઉપયોગ ખોરાકમાં પણ થાય છે.

સરકોલી સ્ત્રી. ઉપરીપણું.

સરકયુલર [અં.] પું. એક જાતનો બધાને લાગુ પડતો ધારો; પ્રસિદ્ધિ; બાતની જુદી જુદી કચેરીઓમાં દાખલો રાખવા માટેનો હુકમ; ઘણી જગ્યાએ ફેરવવાનો પત્ર.

સરખ સ્ત્રી. ઘોડાને ગળે બાંધવાનું દોરડું; રેત; અલોડો, લગામ; સરક; રાશ.

સરખટ ૧. ન. ઔષધિનો એક પ્રકાર.
૨. ન. છાજ માટેનું ઘાસ
૩. ન. પાણી અને ઢોળાવમાં ઊગતી વિવિધ વનસ્પતિઓની જાતની એક વનસ્પતિ. ખુરશીઓને તળિયાં મારવામાં અને સાદડીઓની કોર ભરવામાં તે બહુ વપરાય છે.

સરખડું (સરખટ) વિ. સરખું

સરખત ૧. [દ્વા.] પું. આસામીને આપેલી પહોંચ
૨. પું. ઘરનું બારું.
૩ પું. પગારના હુકમનો કાગળ.
અને કામ આપ્યા પછી મુખ્ય બક્ષી તાલિફ મેળવી તેને બદલે દર માસે પગારનો હુકમ હોય તો સિક્કા સાથે આપે છે. આ કાગળને **સરખત** કહે છે. આઇને અકબરી

સરખદેશ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું.

સરખાઈ ૧. સ્ત્રી. મેળ; પરસ્પરની સુઘટિતતા.
૨. સ્ત્રી. યોગ્યતા; લાયકી.
૩. સ્ત્રી. લાભ.
૪ સ્ત્રી સરખાપણું; સમાનતા; સરખુ હોવું તે.
૫. સ્ત્રી. સપ.
૬. સ્ત્રી. સુગમતા; સરળતા; સમવડતા.

સરખાપણું ૧ ન. યોગ્યતા; લાયકી.
૨. ન. સપાટ હોવું તે
૩ ન સમાનતા; સામ્ય
૪ ન સરખાઈ, સરખા હોવું તે
૫ ન ચ્યન

સરખામણી ૧. સ્ત્રી બરાબરી, તુલના; મુકાબલો
૨. સ્ત્રી. સરખાવવું તે; સમાનતા કરી જોવી તે

સરખાવટ ૧. સ્ત્રી બરાબરી
૨. સ્ત્રી મળતાપણું; તુલના, સરખામણ

સરખાવવું ૧ સ. ક્રિ. બે વસ્તુમાં કઈ ચારી છે તે તપાસવું
૨. સ ક્રિ મુકાબલો કરવો; મેળવવું; ભેળવી જવું; તુલના કરવી

સરખાવવું ૧. અ. ક્રિ. પડછે નાખી શકાવું; મુકાબલો કરી શકાવું.
૨. અ ક્રિ. સરખામણી થવી; તુલના થવી

સરખી પું. ચતસ્રગતિ માત્રામેળ છંદ.

સરખુ ૧. વિ રાશ વગરનું; જુદું જ; અનોખું.
૨. [દ્વા.] વિ. સ્વતંત્ર.

સરખુશ વિ. આનંદી
૨ વિ ઉન્મત્ત; ચમકેલ.

સરખુશી [દ્વા.] સ્ત્રી. આનંદ

સરખું ૧. [સં. સદૃશ; અપ. સરિસ; પ્રા. સરિઅખ] વિ. જાજવું; ઘટિત
૨. વિ. જેવું.
નહિ સરખુ = (૧) નજીવું. (૨) નહિ જેવું.
૩. વિ. બરોબર રીતનું; વ્યવસ્થિત.
૧. ચારે ખૂણે સરખું = ઘરમાં કંઈ પણ નહિ એવી દરિદ્રતા.
૨. સરખી નજર = નિષ્પક્ષપાતપણું; નિષ્પક્ષપાત દૃષ્ટિ.
૩. સરખો હિસાબ લાવી મૂકવો = બાકી જતવક સરખા કરવા
૪. વિ. શાંત.
૫. વિ. સમાન; બરોબર; લાયક; બળતું.
૬. વિ. સપાટ; બાકી ટેકરા વગરનું.
૭. અ. વાક્યમાં નામ પછી વપરાતા ન કે યે જેનો ભાસ સૂચવે છે. જેમકે, આંબળા સરખી ન ઊપાટી

સરખેસરખું વિ. એકના સરખું બીજું હોય તેમ; સમોવડ; બરોબરિયું.

સરખૈલ વ્ર. ટુકડીનો ઉપરી

સરગ ૧. [સં. સ્વર્ગ] ન. દેવભૂમિ; સ્વર્ગ; દેવલોક.
૨. સ્ત્રી. ઘોડાને કાબૂમાં રાખનારી દોરી

સરગડૂ પું. ભેરીઆ લોકોની એક ટોળીનો નાયક

સરગભવન ન. સ્વર્ગનો મહેલ; સ્વર્ગ.

સરગમ ૧. સ્ત્રી. તોપનો અવાજ.
૨. સ્ત્રી. (સંગીત) રાગનું સ્વરૂપ; સારીગમ. રાગના નિયમ પ્રમાણે જરૂરી સ્વરોથી જ નાલમાં ગાવામાં આવે તેને અમુક રાગની સરગમ કહે છે

સરગરદાન ૧. વિ. દીવાનો.
૨. વિ. હડહડતું; તદ્દન.

સરગરદાની સ્ત્રી. પરેશાની.

સરગરમી [દ્વા. સરગર્મી / અતિશય આસ્થાપૂર્વક કામ કરવું તે)] સ્ત્રી. ચપળતા; હોશિયારી

સરગરો [સં. સર (બાણ) + દ્વા ગર (કરનાર)] વિ.પું બાણ બનાવનાર; તીરકામઠાં બનાવનાર.

સરગવો [સં. શિગ્રુ પ્રા. શેગ્ગૂ-સિગ્ગૂ] પું મધ્યમ કદનું એક જાતનું વૃક્ષ. તેની કડવી અને મીઠી બે જાત થાય છે. એકમાં ફાળાં અને બીજામાં સફેદ ફૂલ થાય છે પાન આવળની પેઠે સામે સામે હોય છે અને ફૂલ નાનાં પાંચ પાંખડીવાળાં થાય છે. શીંગ એકથી બે ફૂટ લાંબી, સાત આઠ કોરવાળી અને અંદર ત્રિધારાં બીવાળી હોય છે સરગવો ગળે ઉષ્ણ, દીપક પાચક, સારક અને મૂત્રલ છે તેની છાલ કવાથ અથવા ચૂર્ણના રૂપમાં ગુદર બસીને ચોપડવામાં અને પાંદડાં વા ઉપર અથવા ઝાંઝ માટે પોટીસમાં વપરાય છે. તેનો ઉપયોગ સધિવા, અરુચિ, અગ્નિમાંદ્ય, બરોળ, ગુલ્મ, સોજા, મૂત્રાશ્મરી, જલંદર, મંડમાળ, ઉપદંશ, અર્દિતવાયુ અને બાંસી ઉપર થાય છે. તેનાં ફળ, પાન, બીજ અને શીંગ મસાલા તેમ જ શાકમાં વપરાય છે. આ ઝાડ બીનાદ્ય જાળવની હોય તેવી જમીન ઉપર થાય છે. સરગવાની શીંગમાં નીચે પ્રમાણે તત્ત્વો રહેલાં છે (૧) પ્રોટીન એટલે પિત્તજન્ય ૧.૮૭૧, (૨) ફેટ એટલે કફજન્ય .૪૭૧, (૩) કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય ૩.૭૫૨, (૪) ફેબરિ ૨૭, (૫) પ્રજીવક અ ૩૧૬૪, (૬) પ્રજીવક બ ૧૯.૬, (૭) પ્રજીવક ક ૬૧.૬ અને (૮) આયર્ન એટલે લોહ ૧.૯૬. સરગવાનું લાકડું બહુ બહાર્યું અને પોચું થાય છે અને તેનું ઝાડ બહુ ઓછું પાણી પાવાથી પણ ઊછરી આવે છે. સરગવાની કાપેલી ડાળ જમીન ઉપર ઘણી પડી હોય તો પણ તે સુકાતી નથી અને અંદરથી કોંટા ફૂટી કુંપળિયાં નીકળે છે. સફેદ જાતનું મૂળ વધારે દબાક અને તેથી તે બદ્ધાર લગાડવાના કામમાં આવે છે. રાતી જાતનું મૂળ પીવાના કામમાં આવે છે

સરગસ [દ્વા સારગસ્તા (રાત્રે ફરવું તે)] ન. સરઘસ; ટોળે થઈ શહેરમાં ફરવું તે; વરઘોડો લઈ ફરવું તે, લોકોના મોટા ટોળાએ ધામધૂમ સાથે શહેરમા ફરવા નીકળવું તે.

સરગસ્તા ૧. વિ બીમાર
૨. વિ મુઝાયેલ; ગભરાયલ.

સરગાપર ન સ્વર્ગ

સરગાપરી સ્ત્રી સ્વર્ગવાસ

સરગિરોહ ૧. પું. પંખનો મુખ્ય ભાગ.
૨. પું. મુખ્ય નેતા.
૩. પું. સરદાર.

સરગી જી. મુસલમાન બોઠોનું રોજનું કરવા પાળવી રાતનું ખાણું; રોજના દિવસોમાં મળસકે વહેલો કરાતો નાસ્તો.

સરગોશી જી. કાનમાં ધીમેથી કહેવું તે.

સરઘસ [ફા. શબ્‌ગસ્ત (રાત્રે ફરવું તે)] ન વરઘોડો; સરઘસ; ફુલેકું; વરઘોડાની પેઠે, પ્રસંગ પર ગામમાં ફરે છે તે કે તેમ નીકળેલ સમુદાય.
૧. સરઘસ કાઢવું–નીકળવું = વરઘોડો નીકળવો
૨. સરઘસ ચડવું = (૧) કજોડી થવી. (૨) વરઘોડે ચડવું.

સરઘા ૧. જી. (પુરા.) ઋષભદેવના વંશના બિંદુમાન રાજાની સ્ત્રી; મધુરાજાની માતા.
૨. [સં.] જી. મધમાખી.

સરઘાસ ન. એક પ્રકારનું ઘાસ. આ ઘાસ એકથી ત્રણ ફૂટ ઊંચું થાય છે. એનાં કૂણાં ચમરી પાતળી લાખી ડાંડીને મથાળે નીકળેલ હોય છે. તે સફેદ રંગની અને બહુ મૃદુ હોય છે. એનાં મૂળ બંધિયા ઉપર કામમાં આવે છે.

સરધુ પું. સરઘસ.
બીજા કોરણી સરધુ સીમેલ. પ્રેમાનંદ

સરજ ૧. જી. રંગીન ઊનનું કાપડ. તેમાં ત્રાંસા સળ દેખાય છે.
૨. જી. સાળાની વહુ.
૩. ન. કમળ.
૪. ન. આખલો.

સરજણ ન. સરજવું તે; ઉત્પન્ન કરવું તે.

સરજણહાર [સં. સૃજ્ (પેદા કરવું)] પું. સરજનહાર; સરજનાર; ઈશ્વર.

સરજત ૧. [સં. સૃજ] જી. સરજેલી વસ્તુ.
૨. જી. સૃષ્ટિ.
૩. ન. કુદરત.
૪. ન. નસીબ.
૫. ન. સરજનાર તે; સરજનહાર.
૬. ન. સરજવું તે; સર્જન.

સરજનહાર પું. સરજનાર કે પેદા કરનાર ઈશ્વર.

સરજમીન જી. તાબાનો મુલક.

સરજસ ન. સરોવરનું પાણી.

સરજવું ૧. સ. ક્રિ. પેદા કરવું; ઉત્પન્ન કરવું.
૨. સ. ક્રિ. રચવું.

સરજસ ૧. વિ. ઝટકાવવાળું.
૨. વિ. રજોગુણવાળું.

સરજાઉવું (સરજાઉવું) સ. ક્રિ. સરજવું; પેદા કરવું; ઉત્પન્ન કરવું; ઉપજાવવું.

સરજાડાવવું (સરજાડાવવું) સ. ક્રિ. સરજાવવું; પેદા કરાવવું; ઉત્પન્ન કરાવવું.

સરજાવવું સ. ક્રિ. સરજવું; ઉપજાવવું; પેદા કરવું; બનાવવું.

સરજાવાવું સ. ક્રિ. સરજાડાવવું; પેદા કરાવવું; ઉત્પન્ન કરાવવું.

સરજાવાવું અ. ક્રિ. ઉત્પન્ન થવું; પેદા થવું

સરજી ૧. પું. ઘોડાનો જેસણાનો સામાન; સરંજામ.
૨. પું. સરજનાર; બાપા

સરજીત [સં સૃજ્ (સરજવું)] વિ. સરજનાર, બનાવનાર.

સરજીત ૧. જી. ભારી
૨. જી. મોટી છત; મોટો વિજય
૩. વિ. નિર્માણ થયેલું, સરજાયેલું; નક્કી થયેલું

સરજુ ૧. જી. એ નામની એક નદી; સરયૂનદી.
૨. જી. એક જાતનું ભરવાડી ગીત.

સરજૂ જી. ચારણી ગીત; રબારી લોકો માતાજીના છંદ ગાય છે તે. સરજૂઓ એ સ્તવન કાજો છે અને વેદમંત્રોની પેઠે અનધિકારીઓથી ગુપ્ત રાખવા માટે તેમાં હા–હે–હૂ–હે એવા સ્વરોની પૂરણી કરેલી છે.

સરજોર વિ. મજબૂત; બળિષ્ઠ.

સરજોરી ૧. [ફા. સર્‌જોરી (બળવો)] જી. બળવો.
૨. જી. સામે થવું તે; સિરજોરી.
૩ જી. હઠ; દુરાગ્રહ; ઉદ્ધતાઈ; અવિનય.

સરટ ૧. [સં.] પું. કાકીડો; કાચંડો
૨ પું ગરોળી

સરટપદી ન ગરોળીના જેવા પગવાળું મોટું જમીન ઉપર વસતું એક પ્રાણી. આ પ્રાણી ઘાસ ઉપર જીવન ગુજારે છે

સરટિ ૧. પું. મેઘ.
૨. પું. મોથ
૩. પું. વાયુ.

સરટી જી. કાકીડી; કાચંડી

સરઠ ગુ સોરઠ દેશ.

સરઠું ગુ. સોરઠ દેશ.
રાવુ રણ અલીયા, આવે ડર મેલે કરે,
સરઠું સારેમા, તું જેજમ તે જેસાજન
સોરઠી બહારવટિયા

સરઠ (સરડ) ૧. [સં. शरट] પું. કાચંડો.
૨. જ. એકદમ.
૩ જ. શ્વાસ લેતાં થતો અવાજ.

સરઠક (સરડક) વિ. ખેંચીને સીધું કરેલું

સરઠકિયું (સરડકિયું) [સં. સૃ (સરવું)] ન. સરી પડે એવી આંકડાનું બંધન.
સરઠકિયાં છોડવા = સરી જવું; નાસી જવું; પલાયન કરવું

સરઠકો (સરડકો) ૧. પું. ખાતાંપીતાં થતો અવાજ; સબડકો.
૨ પું. નાકેથી શ્વાસ પાછો ખેંચવાથી થતો અવાજ.
સરઠકો ભરવો = નાકેથી શ્વાસ પાછો ખેંચવો
૩. પું. લીટો.
૪. પું સરડ એવો અવાજ; સૈડકો

સરઠવું (સરડવું) ૧. સ. ક્રિ. કાચાની દોરીથી વાસ, કામઠ બાંધવા.
૨. સ ક્રિ. ખેંચવું
૩ પું. સૈડવું; સાંધવું; જોડવું; સાથે ગૂથવું.

સરઠાભરડ (સરડાભરડ) ૧ જી. ઝાંખપથી તેમ વગર કારણે થતી દોડાદોડી.
૨. જી. રાડવાની ક્રિયા; વિવેક વિચાર વિનાનો બકવાદ

સરડી (સરડી) ૧. જી. કાચંડો.
૨. જી. સરડાની માદા.
સરડી પેસી જેવી = મનમાં ખોટો ખયાલ કે ભ્રમ વસી જવો.

સરડુ (સરડુ) ૧ પુ (જૂ મુ.) કૂતરો.
સરડુ સુંઘક દિઈ જઈ હાલ,
સસુ સહાલણ નાહાનાં બાલ. વિમલપ્રબંધ
૨. વિ કાચું
૩. [પ્રા] વિ કોમળ; મૃદુ
૪. વિ. ઢીલું, ઝેરીલું.

સરડો (સરડો) પું કાચંડો; કાકીડો. તે પેટે ચાલનારું પ્રાણી છે. એની રંગ બદલવાની શક્તિ અદ્‌ભુત છે. ચોમેરની લાગવાળી જીભથી તે જીવડાં પકડી ખાય છે પોતાનું શરીર ફુલાવી શકે છે તે ધીમું, મંદબુદ્ધિનું અને ચાલવામાં બાથ છે. મેડિટરેનિઅન, ઉત્તર આફ્રિકા, સ્પેનની દક્ષિણે અને સિસિલીમાં તે થાય છે.

સરડું વિ ઢીલું.

સરણ ૧ [પ્રા] જી આધાર, આશ્રય.
૨. જી ઘાસનું મૂળ
૩. જી. જાતીના દુઃખાવાને લીધે પૂરી રીતે શ્વાસ ન લઈ શકાવો તે

૪. સ્ત્રી. નિસરણી.
૫. સ્ત્રી. નિસાવ પ્રવાહ.
૬. સ્ત્રી. વહન્ય જેવું રહી શકે એટલું પાણી રહે તે જગ્યા.
૭. સ્ત્રી. સરવું તે; સરકવું તે; સરળ રીતે વહી જવું તે.
૮. ન. લોહાનો કાટ.
૯ વિ. પાર પાડનાર.

સરણશીલતા સ્ત્રી. પ્રવાહી પદાર્થ વચ્ચેનો ગુણ.

સરણા સ્ત્રી. નસોતર.

સરણાઈ [જા. રાહ (મોટો) + નય (વાંસ, તે ઉપરથી એક જાતનું વાજું)] સ્ત્રી. છત્રીસ માંહેનું એક વાજિંત્ર; એક સુષિર વાદ્ય વાદ્ય. ધતૂરપુષ્પની આકૃતિની લાકડાની લગભગ એક ફૂટ લાંબી પોલી દાંડીમાં, નીચેના ભાગે સામે સ.મે ૭ છિદ્રો અને તળિયાના ભાગે એક મળી સાત છિદ્રો પાડી વગાડવાની જગ્યાએ વાંસની જીભ્ભાણી લગાવી ફૂંક મારવાથી વાગી શકે એ રીતે આ વાદ્ય રચાયું છે

સરણિ ૧. [સં. સૃ (સરવું) + અનિ] સ્ત્રી. ગોઠવણી; વ્યવસ્થા

૨. સ્ત્રી. ધન્યવાદ; શાબાશી; કોઈ મુશ્કેલ કાર્ય પાર પાડનારને ખુશી થઈ ને ઇનામ આપવામાં આવે છે તે.

૩. સ્ત્રી. નસોતર; ગંધપ્રસરણીની વેલ.

૪ સ્ત્રી. નાનો પગ રસ્તો કે વાટ; ઢળતો રસ્તો; કેડી; માર્ગ; પગથી

વર્ત્મ અમ્યા સરણિ પથ સંચર પાદ વિહાર,
મગ જોતા જેમ હશે, આતુર નંદકુમાર.
વિજ્ઞાનભિક્ષુ

૫. સ્ત્રી. પદ્ધતિ; રીત.

૬. સ્ત્રી. પંક્તિ; હાર

૭ સ્ત્રી. પ્રવાહ; ઓપ.

૮. સ્ત્રી. સરણાઈ

સરણી જુઓ સરણિ

સરણું ૧. ન. ઓપ; આસરો.

૨. ન. પાળીનું ચણ.

સરણું સ્ત્રી સરણી, નદી.

પાપણને પલ્લે, અમ્રુત તો કુણા ભરાયીએં,
માંહ્યરા મર્મને શરીરમા સરણું વહે.
રાજા-રાજમારનો દુહા

સરણૂ સ્ત્રી. ત્વષ્ટાની એ નામની એક દીકરી. તેણીને વિવસ્વાન સાથે પરણાવી હતી

સરત ૧. સ્ત્રી કાન પાકે ત્યારે નેમાથી પડતા પહેલો પ્રવાહ.

૨. સ્ત્રી. કાનનું વીંધ; કાનના પડદાથી બહારનો ભાગ.

૩. સ્ત્રી. દોડદોડની હોડ; 'રેસ'.

૪. સ્ત્રી. ધ્યાન; લક્ષ; ચિત્ત.
સરત રાખવી = લક્ષ કે ધ્યાન દેવું.

૫. સ્ત્રી. નજર; દૃષ્ટિ.
સરત પહોંચવી = નજર ફેરવવી

૬. સ્ત્રી. બોલી; હોડ; કરાર; શરત મારવી તે

૭. સ્ત્રી. શરદઋતુ.

૮. સ્ત્રી. સ્મરણ; સુરતા

૯. [સં. સ્મૃતિ] સ્ત્રી. સ્મૃતિ; યાદદાસ્ત.
સરત રહેવી = સ્મૃતિ રહેવી.

સરતચૂક સ્ત્રી. ભૂલ; ખ્યાલ બહાર જવું તે; નજરચૂક; ભૂલી જવું તે.

સરતલ ન. રૂપાના ઘાટ સાધવાનું રેણ; રૂપુ, જસ્તા અને તાંબાની ભેળવણી.

સરતંગ [જા.] પું. ઊંટના માથા આગળ બાંધવાનો પટો

સરતા સ્ત્રી. યાદદાસ્ત.

સરતાજ ૧. [જા.] પું માથાનો મુગટ; માલિક; રાજા.

૨. પું. સરદાર; વડો; મુખી

સરતાજ પું. સુલતાન; બાદશાહ

સરતાન જુઓ સરતાજ.

સરતાપા [જા. સર (માથું) + તા (સુધી) + પા (પગ)] અ. માથાથી પગ સુધી; તદ્દન

એ જબરું બાળ, સરતાપા બદ્રુ
નૂર આલમ

સરતાલ [હિ.] સ્ત્રી. ત્રીજી વખતની માપણી

સરતીર પું. સરોવરનો કાંઠો.

સરતીરમરાલ પું. સરોવરના કાંઠા ઉપર વસતા હંસ

સરતું વિ. નજીક; પાસે

સરતે અ. અરોબર.

સરતેજ ૧. [જા. સર (માથું) + તેજ (મારવાળું)] વિ. તીક્ષ્ણ બુદ્ધીવાળા.
૨ વિ. ઢહીલું, જિદ્દી

સરશ્રીજ્યા ૧. સ્ત્રી. એ નામની એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ

૩ વિ એ નામની જાતનું

૪ વિ. ખરા દિલનું; ઉંડું

૫. વિ. ઠંડું, ટાઢું

સરહ ૧. પું. એક જાતનો હાથી. તે મજબૂત, પાતળો અને રાતો હોય છે

૨. સ્ત્રી સરહદ; સીમા.

૩. ન. એક જાતનું પટ્ટાવાળું ત્રિશાળ ઘર. વરહ ઘરનું મુખ પૂર્વ સામે હોય તો તે મરહ ઘર કહેવાય છે

સરહલ ૧. સ્ત્રી. શિસા.

૨. ન. પ્રમાણ; સરભરી.

સરહવાલ [જા.] સ્ત્રી. લગામ.

સરહરેત [જા.] સ્ત્રી. હાથની હથેળી

સરહલ્લવું [પ્રા.] સ. ક્રિ. પાળવું; માનવું; લેવું

સરહા સ્ત્રી. શક્તિ; ઇચ્છા; મનની મોજ.

સરહાઈ સ્ત્રી. ભાગ; વિજ્યા. બદામ અને ભાંગના પાન સાથે વાટીને તે બનાવવામાં આવે છે

સરહાકાકડી સ્ત્રી. કાકડીની એક જાત. તે બહુ સ્વાદિષ્ટ, ઘણી મીઠી અને પુષ્ટિકર છે

સરહાની સ્ત્રી. ટોપી

સરદાર ૧. પું. અમીર; જમીનદારનો એ નામનો એક વર્ગ; ઉમરાવ

૨. [જા. સર (મ.યુ) + દાર] પું એ નામનો ખિતાબ

૩. પું. નાયક; અગ્રેવાન

૪. પું. સરકાર અથવા રાજ્યના અમુક ખાતા કે વિભાગ વગેરેનો વડો; અમલદાર.

૫. પું વલ્લભભા.ઈ પટેલ માટે લોકોએ પ્રસનોપાત કાઢેલ હૃદયોદ્ગાર. તે પ્રજાએ અ.પેલ પદવીરૂપે પ્રચલિત થઈ ગયેલ છે. જેમકે, સરદાર વલ્લભભા.ઈ પટેલ. સરદા.ર વલ્લભભા.ઈ પટેલ સૈનિકમ.થી સરદાર થયા. આ.ઝાદીના અનોખા અહિંસક સંગ્રામમાં ઝપલાવીને સરદા.રે આઝાદીના ઇતિહાસમાં એમનાં કાર્યની અમર નિશાની અંકિત કરાવી. ભારતના રાજકારણનો ઇતિહાસ એમના પ્રકરણો વિના અધૂરો જ ગણાય. વલ્લભભાઈ પટેલની આસપા.સ જ્યારે પશ્ચિમની ઝળવણીની પાંખડીઓ ખીલતી હતી અને આધુનિક દુનિયાના જ્ઞાનમાં તેઓ જ્યારે આળોટતા હતા ત્યારે તેમને એક જીવતા પારસમણિનો સ્પર્શ થયો પણ૧૯૧૫માં ગાંધીજીના સમાગમમાં આવ્યા અને એ પારસમણિ જ વલ્લભભાઈની જીવનયાત્રા કાઢી પરદેશને બદલે દેશના ભાગની કેડી ઉપર વલ્લભભાઈની નજર ગઈ. ગાંધીવાદ એમના ઉપર બરોબર પારસમણિની અસર કરી અને વલ્લભભાઈ પટેલની અંદરનો એક દેશભક્ત જાગી ગયો

૧૮૭૫ના ઓક્ટોબરની ઓગણત્રીસમી તારીખે નડિયાદમાં જન્મેલા વલ્લભભાઈનો લારે નવો જન્મ થયો. એક સજ્જન લારે સૈનિકમાં પલટાઈ ગયો. ૧૯૧૭માં ખેડા સત્યાગ્રહનો શંખ ફૂંકાયો અને લારપછી પરદેશી શાસકોની સામે જે અસ્વારી ઝઝી એમાં વલ્લભભાઈ મોખરે રહ્યા અને આખરે એમને રાષ્ટ્રે સરદાર કહીને બોલાવ્યા. કૃષિપ્રધાનમાં સરદાર પટેલ ફાલેલ હતા એટલે રાજકારણની શેતરંજ પણ તેઓ બરાબર માંડી શક્યા. ખેતી અને જમીન તો એમની રગેરગમાં હતા એટલે ગામડાંઓ એમની જબાને ચઢ્યા અને એમની જીભથી ગુજરાતનું ગામડું બોલતું થયું. સરદાર વલ્લભભાઈ પટેલની વાણીની જનતા ઉપર જબરી અસર પડી કારણકે, ધરતીની માટીમાં એ વાણી ઊછરી હતી. આને લઈને સરદાર પટેલને સાતસો હવાઈ મહેલોના કરતાં એક વાસ્તવિક કુટિરની વધુ કીમત હતી. ગાંધીજીની સત્યાગ્રહની લડતોની જીવતી નાડી સમા વલ્લભભાઈએ કારાવાસ ભોગવ્યો. આઝાદી વિના એમનાં પ્રાણને જંપ ન આવ્યો. ગાંધીજીની અહિંસક સેનાએ પરદેશની સશસ્ત્ર ફોજ સામી તાપ લગાડ્યો. પરદેશીઓ વીફર્યા અને તે છતાં ગાંધીજીએ ઉપાડેલી લડત રોકાઈ નહિ. સરદાર વલ્લભભાઈ આસપાસ અનેક વાર જેલની દીવાલ ઊપસી પણ એમનાં કાર્યને કેદ કરી શકાયું નહિ. એ કાર્ય બીજાઓએ ઉપાડી લીધું, એ વિચારો જેલ બહાર નીકળ્યા, બારણે બારણે અફળાયા અને એમાંથી દેશપ્રેમની કૂપળો ફૂટી. ગાંધીજીની લડતનો દીપસ્તર લાગ્યો. ૧૯૪૨નો બળવો ફાટી નીકળ્યો અને અંગ્રેજ રાજ સામે ભારતની વિરાટ શક્તિ ગોકવાઈ ગઈ. સામ્રાજ્યવાદીઓને લારે ફળાઈ ગયું કે તેમને હટવું પડશે. કારણ કે, દેશમા ' કરેંગે યા મરેંગે 'નો નાદ પુરજોશમાં જનમ્યો હતો અને ભારતને આઝાદી મળી. દેશના ભાગલાના ભોગે સ્વતંત્રતા સાંપડી. અંગ્રેજો હટી ગયા. આપણા દેશમાં આપણું રાજ થયું અને સરદાર વલ્લભભાઈ પટેલ નવી દિલ્હીનાં પાટનગર ઉપર પધોંચી ગયા. પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલે ભારત સરકારનું સુકાન સંભાળી લીધું. સરદાર પટેલના દેહાવસાન વખતે ચક્રવર્તી રાજગોપાલાચારીએ કહ્યું હતું કે ભારત દેશ સરદારશ્રીનો જેટલો કરી પુનઃ પ્રાપ્ત કરી શકશે નહિ. તેની ખોટ પૂરી પાડવાને કોઈ સમર્થ નથી.

૬. સ્ત્રી. કરીની એક જાત. આ કળ સ્વાદિષ્ટ દોઢ શેર સુધીનું થાય છે.

૭. સ્ત્રી. લોખંડી કળની જાત. એ એક બાજુવાળું હોવાથી એ બળદથી ખેંચી શકાય છે.

૮. વિ. વડું; મુખ્ય.

સરદાર સભા સ્ત્રી. ઉમરાવની સભા.

સરદારિયો પું. કલમી આંબાની કેરીની એક જાત.

સરદારી ૧. [ફા.] સ્ત્રી. અમલદારી.

૨. સ્ત્રી. ઉપરીપણું; આગેવાની.

૩. સ્ત્રી. એક પ્રકારની રમત.

૪. સ્ત્રી. સરદારની સત્તા; સરદારનું પદ.

૫. વિ. સરદારનું; સરદારને લગતું.

સરદી [ફા. સર્દી (ઠંડક)] સ્ત્રી શરદી.

સરદુ ૧. જ. તળિયાની જાત.

૨. જ. રબારીનાં માતાનાં ગીત; માતાજીની સ્તુતિ; વખાણ.

સરદ્દ ૧. [સં. સહૃદય] વિ. દયાળુ; માયાળુ.

૨. વિ. દુઃખ, ગુણ અને સ્થિતિ વગેરે જાણનાર

સરદણી જ. ગજરો તથા વેણી વીંટવાનું સાધન.

સરદેશ્રા પાંડુગીરી સ્ત્રી. મુસલાઈ રાજ્યના દક્ષિણ ભાગમાં મરાઠા લોકોને ઉમરાવવાનો કર

સરદેશ્રા મુખી સ્ત્રી. ખંડિયા રાજા પાસેથી ખંડણી તરીકે લેવામાં આવતો ઊપજનો દસમો ભાગ; મરાઠી રાજ્યનો એક મહેસૂલી કાનો.

સરદ્ભવિ પું (પુરાણ) એ નામના એક ઋષિ.

સરધમ જ. જમીનમાં ખોળી મોળા માંડ ઉપર થતાં રાઈના જેવાં જાળોવાળાં બરસટ પાન. તે સંઘવાથી રાઈના જેવી વાસ આવે છે.

સરધા પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, તગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

સુરધારા ૧. સ્ત્રી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. જ. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

સરન ૧. સ્ત્રી. નિરાશ્રિતગૃહ.

૨. સ્ત્રી. પવનનો ઝપાટો.

૩. [હિં.] જ. શરણ.

સરન આવવું = કોઈના રક્ષણ નીચે આવવું.

સરનચિટ્ઠ ૧. સ્ત્રી. કર્મની રેખા.

૨. સ્ત્રી. નસીબ.

સરનશીન ૧. [ફા. સર + નિશસ્ત (બેસવું)] પું. મુખ્ય આગેવાન; પ્રમુખ; સભાપતિ; સદર.

૨. વિ. વડું; મુખ્ય

સરનસીર ૧. પું. જાગીરદાર.

૨. વિ. મુખ્ય; વડું; ઉપરી

૩. પું. સરનશીન; અધ્યક્ષ; સભાપતિ; પ્રમુખ.

સરના ૧. પું. મશક; જેના ઉપર થઈને નદી ઓળંગવામાં આવે છે તે.

૨. [ફા.] પું. સુરનાઈ; શરણાઈ; એક જાતની બંસરી. એ ઈરાની અને હિંદુસ્તાની જાતનું વાદ્ય છે

૩. જ. એક બાદશાહી રાજચિહ્ન.

સરનાઈ ૧. [ફા.] પું. શરણાઈ વગાડનાર માણસ

૨. પું. સુરનાઈ.

સરનાગત [હિં.] વિ. શરણાગત.

સરનામ [ફા.] વિ પ્રખ્યાત; જાણીતું.

સરનામ કરવું = (૧) પ્રખ્યાત કરવું; જાહેર કરવું. (૨) બદનામ કરવુ

સરનામા ૧. [ફા.] પું. કાગળનું સરનામું.

૨. પું સંબોધન; મથાળું

સરનામી ૧. સ્ત્રી. ડોકનું એક ઘરેણું; શ્રીનામી.

૨. વિ. નમસ્કારપાત્ર

૩. વિ. સરનામું ધરાવનાર; જેને ઉદ્દેશીને સરનામું લખેલું હોય તેવું.

સરનામું [ફા. સર્નામહ (કાગળનું મથાળું)] જ. નામ, રહેઠાણની જાણ; પત્તો; બીડા ઉપર લખાતું નામ, ઠામ, ઠેકાણું વગેરે લખાણ.

સરનામું કરવું = કાગળ ઉપર સરનામું લખવું.

સરનિગૂ ૧. વિ. દિલગીર; અફસોસ પામેલું

૨. વિ. માથું નીચે લટકતું હોય તેવું.

૩. વિ. શરમાયેલું

સરનિધિરક્ષક પું હિસાબના કામ અંગેનો મુખ્ય અમલદાર

સરનોબત [ફા. સરનૌબત] પું. સેનાપતિ.

સરનૌબત જુઓ સરનોબત.

સરન્યાયાધીશ પું. મુખ્ય ન્યાયાધીશ

સરપ પું. સર્પ; સાપ; નાગ.

૧. સરપ મરા ને લીસોટા રહ્યા = ચીલા રહ્યા; ચાલ રહ્યો

૨. સરપ ફફાડો – સાચુ ખોટુ જોર શોર; દમામનો દેખાવ.

૩ સરપ ભોંયમાં સરખો ચાલે = માણસ સકટ જબર સંકટમાંથી આબ્રુ સીધી ચાલે.

૪. સરપના દરમાં હાથ નાખવો = જોખમી કામ કરવું.
૫. સરપનો કરડ્યો સીંદરીથી ફૂંકે = દુઃખનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ.
૬. સરપનો ભારો = બહુ જોખમી ચીજ.
૭. સરપે છછૂંદર ગળ્યા જેવું કામ = લીધું ન મૂકાય તેવું કામ; ત્રિશંકુ જેવી સ્થિતિ

સરપદ પું. એક વનસ્પતિ. આ છોડ દોઢ ફૂટ ઊંચો વધે છે. તે બહુ કરી જમીન ઉપર વેલાની માફક પથરાય છે. પાન ૩ થી ૧ ઇંચ લાંબાં અને લંબગોળ હોય છે. ફૂલ ઘેરા આસમાની રંગનાં હોય છે

સરપટ્ટુ વ. સરક; દોરડું.

સરપણ ૧. સ્ત્રી. જેને છાલ બહાર કાઢવાની ટેવ હોય એવી જેસ. આ જેસના બરડામાં સર્પ જેવો આકાર હોય છે. તે એક જાતની ખોડ ગણાય છે.
૨. સ્ત્રી. નાગણ.
૩. ન. બાળવાનાં લાકડાં.

સરપત ન. મુંજ; દાભ જેવું એક ઘાસ.

સરપત્તા [પ્રા. સં. शरपत्र] ન. બખ્તર.

સરપત્રિકા સ્ત્રી. કમળનો વેલો.

સરપની આંબલી પું. એક પ્રકારનો છોડ. તે ૪ થી ૬ ફૂટ ઊંચો થાય છે. એના ઉપર સરપ વીંટળાઈ રહેલા જોવામાં આવે છે માટે તેનું નામ સરપની આંબલી કહેવાય છે.

સરપરદા પું. (સંગીત) તે બિલાવલના પ્રકારનો એક રાગ. છે તે ગાવાનો સમય પ્રાતઃકાળ છે. બિલાવલ થાટમાંથી તે ઉત્પન્ન થાય છે

સરપરસ્ત [ફા.] કું. વડીલ; મુરબ્બી

સરપરસ્તી [ફા.] સ્ત્રી. નેતાગીરી; મુરબ્બીપણું.

સરપલીમ્બા પું. રોવડાના મોરારી માહેનો એક પેટા ગચ્છ.

સરપસાંકળું ન. બ. વ. પગનો એક દાગીનો.

સરપંખો પું. એક જાતની દવા તરીકે વપરાતી વનસ્પતિ; ધોળો ધમાસો. તેના છોડ કમરપૂર ઊંચા, ગળીના જેવા થાય છે. તેના મૂળની બીડીથી ઉધરસ અને દમ મટે છે.

સરપંચ ૧. પું. ન્યાયાધીશ.
૨. [ફા. सर्पंच (પંચનો વડો)] પું. પંચનો વડો તે; અધ્યક્ષ; પંચનો પ્રમુખ.
૩. પું. મુખ્ય પંચ.

સરપા ૧. સ્ત્રી. પાઘડી.
૨. [ફા.] અ. માથાથી પગ સુધી.

સરપાવ [ફા. सरोपा (सिरपाव)] પું. ઇનામ; મોટું કાર્ય કરવાની શાબાશી બદલ આપવામાં આવતો પોષાક, કપડાં, બરેલું વગેરે
સરપાવ આપવો = (૧) ઇનામ આપવું. (૨) શાબાશી આપવી.

સરપીઠ (સરપીડ) સ્ત્રી. એક જાતની માખ.

સરપેચ ૧. [ફા. सर्पेंच (सिरपेच)] પું. મેથી અદી વેંત જેટલું લગભગ રેશમી જવાહીરથી ભરેલું કાપડ.
૨. પું. શિરપેચ; પાઘડી ઉપર બાંધવાનો હીરા મોતીનો ભરેલો સુશોભિત ઘટકો; પાઘડીમાં ખોસવાની મોતી વગેરેની કલગી.

સરપેચ સ્ત્રી. સાપણ; નાગણ

સરપો પું. હોડાની ગલમ ઉપર રાખવાનું પતરું.

સરપોલિયું ૧. ન. અણુસિયું; ચોમાસામાં દોરી જેવું થતું લાલ પત્ર વગરનું છોડવું
૨. ન. મોતીનો ગળાનો દાગીનો

સરપોશ ૧. [ફા. સર (માથું) + પોશ –પોશીદન (ઢાંકવું)] ન. ગલેફ; આચ્છાદન.
૨. ન. જાની વાત.
૩. ન. ઢાંકણ; તપેલી ઉપર ઢાંકવાની ઢાંકણી; છીબું

સરફ [અ.] પું. ઉડાઉપણું; બગાળપણું

સરફરાજ ૧. પું. એ નામનો મોટો દીવાન.
૨. [ફા. સર (મસ્તક) + ફરાઝ (ઊંચું)] પું. એક ઇલકાબ.
૩. વિ. અહંકારી; દિમાગી; મગરૂર; અવિવ; મગરૂરીવાળું. જૂના વખતમાં એ નામનો દીવાન થઈ ગયો છે. તેના ઉપરથી બહુ છોકરા અને ઉડાઉ માણસને એ નામે સંબોધાય છે.
બાલ હોને પહોળા જાતી સરફરાજ મુરતી થારો મલબારી
૪. વિ. ઉન્મત્ત; ઉદ્ધત.
૫. વિ. કોમામાં ખ્યાતિ કર્યું હોય તેવું
સરફરાજ કરવું=(૧) અપવિત્ર કરવું. (૨) કૃપા કરવી. (૩) નવાજિશ કરવી. (૪) બળાત્કાર કરવો; આબરૂ લેવી. (૫) માન વધારવું.
૬. વિ. નામાંકિત; પ્રખ્યાત; સુપ્રસિદ્ધ; યશસ્વી; માન પામેલું.
૭. વિ. મોટી પદવીનું; ઊંચા પદે ચડેલું

સરફરાજી ૧. સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ; આડંબર; દુંડમિજાજ; મદ.
૨. સ્ત્રી. અભ્યુદય; ઉત્કર્ષ; ઉન્નતિ; ચઢતી, વૃદ્ધિ.
૩. સ્ત્રી. કીર્તિ; નામના; પ્રખ્યાતી.
૪. સ્ત્રી પદવી બઢાવ; પાયરીએ વધારવું તે; ઊંચા પદે ચડાવવું તે.
૫. સ્ત્રી. પ્રશંસા; વખાણ; સ્તુતિ
૬. સ્ત્રી ભલામણ.
૭. સ્ત્રી. માનવૃદ્ધિ; પ્રતિષ્ઠાવૃદ્ધિ.

સરફરાજ જુઓ સરફરાજ.

સરફરાજી જુઓ સરફરાજી.

સરફરોશ [ફા.] વિ. માથું આપનાર.

સરફરોશી [ફા.] સ્ત્રી. પોતાની જાતની કુરબાની કરવી તે; બલિદાન; માથું પૂજા કરવું કે આપવું તે.

સરફી [હિં.] સ્ત્રી. અશરફી; સોળ રૂપિયાની કીમતનો એક સોનાનો સિક્કો

સરફો ૧. [અ. સર્ફહ (વિશેષતા)] પું. કરકસર.
૨. પું. નફો
૩. પું. સળગતી ગલમ ઉપર ઢાંકવાની થાળી.

સરફોજદાર [ફા] પું. રક્ષક; નિરીક્ષક; 'પોલિસ ઇન્સ્પેક્ટર'.

સરબ પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, રગણ, સગણ, જગણ, જગણ અને ગુરુ એમ અનુક્રમે અક્ષર હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.

સરબડ (સરબડ) સ્ત્રી. ઉતાવળ
સરબડ સરબડ = ઉતાવળે ઉતાવળે.

સરબથ્થું (સરબથ્થું) વિ. નરમ

સરબસ સ્ત્રી. બધોબધની રમત; ભીંસુબસ.

સરબમુહર ૧ [ફા] વિ. સહીસિક્કો કરેલું.
૨. વિ. સીલ મારેલ

સરબસર ૧. [ફા.] વિ. તમામ; સમગ્ર; અખંડ
૨. અ. અક્ષત; એક છેડાથી બીજા છેડા સુધી; પૂર્ણતઃ.
૩. અ તદ્દન; બરોબર.

સરબસરતા ૧. વિ. કુલ
૨. વિ. પાઘડી પહેરતું
૩ વિ. બધું.

સરબંગ પું. (ગારુડી) નાગપિંજળ માંહેનો બહુમેળવાળો એક છંદ.

સરબંદી ૧. [ફા.] સ્ત્રી. બડિવા રાજાએ મદદને માટે પૂરું પાડેલું લશ્કર, બડિવા રાજાના ખરચે રહેતો મહારાજાનો લશ્કરનો ભાગ; બખર કહેવાતું લશ્કર; તહેનાતનું લશ્કર; રજવાડાના રક્ષણ માટેની કિલ્લા ઉપરની પલટણ.
૨. વિ. સિરબંદી. શહેર અને કિલ્લાના ખાસ સંરક્ષણ માટેનું

સરબંધ પું. (વહાણનું) ખૂણાને ફરતા સાથે બાંધવાનો બંધ.

સરબાજી [ફા. સર + બાજી (રમત)] સ્ત્રી. ગંજીફાની એક રમત.

સરબુલંદ [ફા.] વિ. પ્રખ્યાત.

સરબુલંદી [ફા.] સ્ત્રી. કીર્તિ; પ્રસિદ્ધિ; નામના; પ્રખ્યાતિ.

સરબોઠું (સરબોઠું) ન. જુવારનું સૂકું રાંડું; સરોઠું.

સરભ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમબંધારિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૧૨ લઘુ મળી ૫૧ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક વિષમબંધારિ માત્રામેળ છંદ. તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૪ લઘુની ૬૪ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, નગણ, નગણ, નગણ, નગણ અને ગુરુ એમ સોળ અક્ષરો હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર યતિ કે વિશ્રામો હોય છે

૪. પું. (પિંગળ) પિંગળશાસ્ત્રના ૨૧ માંહેનો એક જાતનો દોહરો. તેમાં ૨૦ ગુરુ અને ૮ લઘુ મળી ૨૮ વર્ણ હોય છે

૫. ન. આઠ પગવાળું એક જાતનું જંતુની પ્રાણી

કરી જાય સરભ તણે જાગવા નિજ અંગો.
મેઘદૂત

૬. ન. ગોંદું.

૭. વિ. નષ્ટકનું; પાસેનું.

૮. [સં. સ (સહિત) + રભસ (વેગવાળું)] ન. ઝટ; જલદીથી.

સરભઠોડિત જુઓ સરભપ્લુત.

સરભપ્લુત સ્ત્રી. ઘોડાની એક ધીમી ચાલ. તેમાં ઘોડો કાન અને માથું ટટ્ટાર રાખે છે અને સરભની પેઠે ઠેકડા મારે છે.

સરભર ૧. વિ. નહીં કે નહિ ને ખોટ પણ નહિ તેવી સ્થિતિ; જમા પણ ઓછું કે વધતું નહિ તેવું; મુદ્દલે મુદ્દલ; વેપાર કરતા જેટલી સિલક હતી તેટલી જ રહે તે; નફોતોટો સરખાં કરેલા હોય તેવું; નફાતોટા વિનાનું; લેણદેણ વગરનું.

૨. વિ. પૂરેપૂરું; સમધાત.

૩. વિ. બેઉ બાજુ બરોબર ઊતરે કે થાય તેવું; સરભેસરભું; ઓછુંવત્તું નહિ તેવું; બરાબર.

સરભરખાતું ન. જમે ઉધાર સરખું હોય તેવું ખાતું.

સરભરા [ફા. સર્બરાહ (બંદોબસ્ત કરનાર, અવરજવર)] સ્ત્રી. મહેમાનની સગવડ સાચવણી; પરોણાચાકરી; સારી રીતે સેવા ચાકરી કે આદર સત્કાર વગેરે કરવાં તે; પરોણાની સેવાને લગતું કામકાજ; ઓછુંવત્તું પડે નહિ એમ સામાની ઉપર પ્રસન્નતા રાખવી તે; ખાતરીબરદાસ; આગતાસ્વાગતા

રોણામાં ઘૂમતાં ને સરભરામાં ચા.
પરોણામાં ઘટિયત ને ખાવામાં વા
લોકોક્તિ

સરભરાખાતું ન. મહેમાનદારીખાતું; મહેમાનોની પરોણાગતને લગતું કામકાજ કરનાર ખાતું

સરભંગા વિ. સત્યા સ્ત્રી; બધામાં મળી જાય તેવું.

સરભંગી ૧. [હિં.] પું. જાતિભેદ અને સ્પર્શાસ્પર્શ ન માનનાર સાધુનો એક વર્ગ; સર્વ સમુદાયનો સાધુ

૨. વિ. પું. બધામાં ભળી જાય તેવો.

સરભરત [ફા.] વિ. પીધેલો; નશામાં ચકચૂર થયેલો; ઘાટ, વિકલ, સત્તા વગેરેનો નશો ચઢ્યો હોય તેવ

સરભા ૧. [ફા.] પું. ધણિયાળો.

૨. સ્ત્રી. (પુરાણ) એ નામની દક્ષની એક કન્યા

૩. સ્ત્રી. કશ્યપ ઋષિની એક પત્ની.

૪. સ્ત્રી (પુરાણ) દિવ્ય કુતરી; એના જ નામ પરથી સારમેય નામે ઓળખાતા બે કૂતરાની માતા. એ કૂતરા સારમેયોને ચાર આંખો હતી અને એ યમદેવના ચોકિયાત તરીકે રહેતા ઋગ્વેદમાં એને ઇંદ્રની કુતરી તરીકે કહી છે

૫. સ્ત્રી. (પુરાણ) રાવણના ભાઈ વિભીષણની સ્ત્રી. સીતા જ્યારે અશોકવાટિકામાં હતા ત્યારે આ સરમા તેમને રામચંદ્રના કુશળ સમાચાર આપતી. એ શૈલૂષ ગંધર્વની કન્યા હતી. એની મા માનસ-સરોવર પાસે હતી તેવામાં એને પ્રસવ થઈ આ જન્મો હતી વર્ષાકાળ હોવાથી માનસ સરોવરનું પાણી ફેલાઈ આ બાજુ સુધી આવી પહોંચ્યું. આ ઉપરથી એની માએ કે સરોવર, આગળ વધીશ નહિ એમ કરગરીને સ્વરે કહેવાથી સરોવર વધતું અટકયું અને છોકરીનું સરક્ષણ થયું. આ ઉપરથી એનું નામ સરમા પડયું.

સરમાઈ સ્ત્રી. મુખની કરિયા કાંઠેથી મળતી એક જાતની માછલી.

સરમાન ન. માન સરોવર.

સરમાભરમી ન સરમે ગરમે; દબાવી કોસલાવીને.

સરમાયા [ફા] પું. મૂડી; પૂજી; દોલત.

સરમાસરણિ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે તેમાં બે સગણ, બે તગણ અને બે ગુરુ મળી ચૌદ વર્ણ હોય છે

સરમાસરણિ ભેળો સ સ તા ત ગા બે.
રત્નપિંગળ

સરમાસરણી જુઓ સરમાસરણિ

સરમિયાં ન. ન ન આંખમાં ભરેલી યૌવનની રસ મસ્તી.

આંખમાં સરમિયાં રમવાં = આંખમાં યૌવનની રસમસ્તી તરવરવી

સરમિયું ન. નાનો કરમ; ડાંગ વાટે પડતો એક તંતુ છવડો; કરમિયો.

સરમિયો જુઓ સરમિયું.

સરમીંડ ન એક; સરસ; ઉત્તમ; મુકાબલે ચડી જાય તેવું

સરમુખત્યાર ૧. [ફા. સર + મુખત્યાર (સત્તાવાન)] પું. કુલ મુખત્યાર; કુલ મુખત્યારી ધરાવનાર માણસ; સંપૂર્ણ સત્તાવાળો આગેવાન; મુખ્ય કાર્યવાહક; જેને કુલ સત્તા સોંપવામાં આવી હોય તે અધિકારી; સર્વસત્તાધીશ; કુલ સત્તાવાળો અધિકારી

૨. પું. પ્રાન્તસત્તાક રાજ્યનો ઉપરી; અધ્યક્ષ; 'ડિક્ટેટર'

૩. વિ સરમુખત્યારી ધરાવનાર; સર્વ સત્તા ભોગવનાર; સંપૂર્ણ અધિકાર પામેલ; કુલ મુખત્યારી ધરાવનાર; કુલ સત્તાવાળુ.

સરમુખત્યારી ૧. [ફા. સર + મુખત્યારી (સત્તા)] સ્ત્રી. કુલ અધિકાર; સંપૂર્ણ સત્તા; કુલ સત્તા; કુલ મુખત્યારી.

૨. સ્ત્રી. સરમુખત્યારપણું; અધ્યક્ષપદ; અધ્યક્ષપણું; 'ડિક્ટેટરશિપ'.

સરમોરી સ્ત્રી. હાથીના માથા ઉપર નખાતું કપડું.

સરયા [હિં] પું. સાધારણ ચોખાની એક જાત.

સરયુ ૧. [સ.] પું. પવન; વાયુ.

૨. સ્ત્રી. એ નામની ઉત્તર હિંદુસ્તાનની એક પવિત્ર નદી; હાલની ઘોઘરા અથવા સરજુ નદી તે અયોધ્યાની પાસે વહે છે. તેના ઉપર અયોધ્યા નગરી વસેલી છે. એ હિમાલય ઉપરના સરોવરમાંથી નીકળી છે. એનું સગળ એવું નામ પડયું છે. આગ્નેય, કોશલ અને અંગ દેશમાં થઈને વહીને આ નદી ભાગીરથી ગંગાને મળે છે. અયોધ્યા નગરી એને કાંઠે આવેલી છે.

રામાયણ મોટો ઉત્તર હિંદુસ્તાનમાં સરયુ નદીને કિનારે અયોધ્યામાં રાજ્ય કરનાર સૂર્યવંશી રાજા રામચંદ્રની કથા. કવિકલ્પ

સરયૂ જુઓ સર્યુ

સરર અ. તીર, ગોળી વગેરે વેગથી જાય તેવો અવાજ

સરર કરવું = તીર, ગોળી વગેરે વેગથી જાય તેવો અવાજ કરવું

સરરર ઉ. વિ. વાયુનો અવાજ; એ નામક અવાજ

૨. અ. ઝટ સરકી જવાનો અવાજ.

સરરર સપાટો વાયુનો ચાલ્યો આવે,
ઝાટા પાડે સરરર ઝરરર

કાન્હરસિંહ

સરરિશ્તદાર [ફા.] પું. પ્રાંતનો મુખ્ય વહીવટી અમલદાર.

સરલ ૧. [સં. સ (સરવુ)] પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ વર્ણમેળ છંદ. તે સઠીનું વર્ગનો છે. તેના પહેલા ચરણમાં સગણ, જગણ, સગણ અને લઘુ એમ દસ અક્ષર હોય છે. બીજા ચરણમાં નગણ, સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર, ત્રીજા ચરણમાં જગણ, નગણ, જગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને ચોથા ચરણમાં ત્રણ નગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિધૃતિ જાતનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, રગણ, મગણ, બે જગણ અને એક ગુરુ મળી ૧૯ વર્ણ હોય છે. તેમાં ૬મા વર્ણ પછી યતિ કે વિસામો આવે છે.

૩. પું. (પુરાણ) એ નામે વીરવર્માનો પુત્ર.

૪. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માહેનું ત્રીજું અંગ.

૫. ન. દેવદારનું વૃક્ષ; પીતસાલ વૃક્ષ; 'પાઇન ટ્રી'. તેનું લાકડું ધૂમારતી કામમાં વપરાતું નથી.

૬. ન. પુરુષના હાથમાં પહેરવાનાં રૂપાના નકોર કડાં; હાથમાં પહેરવાની સોના કે રૂપાની નક્કર કડલી; હાથમાં પહેરવાનું રૂપાનું કડું.

૭. ન. પ્રસ્પરિકા; 'હાયરેડ ટેન્જન્ટ'.

૮. ન. સરૂનું ઝાડ; સરૂ.

૯. ન. સીધો રસ્તો.

૧૦. વિ. ઉદાર; ખુલ્લા દિલનું.

૧૧. વિ. ઝળઝળું.

૧૨. વિ. નિખાલસ; નિષ્કપટી.

૧૩. વિ. વાંધા વગરનું; સુગમ; નિષ્કટક.

૧૪. વિ. સહેલું; મુશ્કેલી વગરનું; ઝટ થાય તેવું.

૧૫. વિ. સીધું; સપાટ; સમભૂમિવાળું

સરલકોણ પું. સીધો ખૂણો, જે ખૂણાના બે જુદા જુદી દિશામાં જતાં એક સીધી લીટીમાં હોય તેવો ખૂણો, 'સ્ટ્રેટ્ એંગલ' તે બે કાટખૂણા બરાબર હોય છે

સરલક્રમ પું. સીધી રીત, સીધો રસ્તો.

સરલક્રિયા સ્ત્રી. દાખલો ગણવાની સીધી રીત; પ્રશ્નમાં જે જવાબ આવ્યો હોય તે ઉપર લક્ષ રાખી પ્રશ્નમાં આપેલી બાબતો પહેલેથી અનુક્રમે એકેકી લઈ યોગ્ય ગણતરી કરી જવાબ સીધી કાઢવાની રીત; 'ડાયરેક્ટ પ્રોસેસ'

સરલગ્રાહક [સં.] પું. ગૂઢબુદ્ધિથી ખરીદનાર; સરલ ગ્રાહક

સરલગામી વિ. સીધે રસ્તે જતું

મધ્યસંકટની બાબત હમેશા **સરલગામી** અને પ્રસન્ન ગંભીર હોય છે. ગલકસુમ

સરલગ્રાહક જુઓ સરલક્રેતા.

સરલતા ૧. સ્ત્રી. ખુલ્લું હૃદય હોવું તે.

૨. સ્ત્રી. નિષ્પક્ષપાતી હોવું તે

૩. સ્ત્રી. સગવડ.

૪ સ્ત્રી સરલપણું, સરળતા

૫. સ્ત્રી સહેલાઈ

૬. સ્ત્રી. સાદાઈ; સીધાઈ; સીધું હોવું તે

સરલતેલ [સં સરલ + તૈલ (તેલ)] ન. એક જાતનું તેલ; સરલ નામના ઝાડનું તેલ; 'ટર્પેન્ટાઇન'.

બેલનેલ રંગ સેલાલ તેલ વગેરેને માટે નબતેલ અથવા **સરલતેલ** દ્રાવક છે. પરમોણી

સરલતૈલ જુઓ સરલતેલ

સરલપણ ન. સરલતા; સરલપણ.

સરલપણું જુઓ સરલપણ.

સરલપર્ણસ ન. સરલાકૃતિનું જાતનું એક વાદ્યિંત્ર. એ અલગુજ્ઝ જેવું છે.

સરલ ભુજંગાસન ન. એ નામનું પેટનું એક આસન. હાથ જમીન ઉપર સીધા ઊભા રાખીને પગ પાછળી બાજુ સીધા લઈ જવા તથા બને હાથની વચ્ચે કમર આવી રહે એ રીતે કમર ઝુકાવી, છાતી ને ગરદન ખૂબ ઊંચાં કરવાં દૃષ્ટિ આકાશ તરફ રાખવી. આ આસનથી પેટની ચરબી ઘટી જાય છે તેમ જ પેટ, કમર તથા ગરદનના સર્વ વિકાર દૂર થાય છે.

સરલરસ પું. ગમ, 'હાર'.

સરલરેખા [સં. સરલ + રેખા] સ્ત્રી. સીધી લીટી; બે બિંદુ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર.

સરલરેષા જુઓ સરલરેખા.

સરલવિન્યાસ [સં.] પું. ગૂઢ બુદ્ધિ.

સરલવૃક્ષ ન. મધ્યમ.ત. આકારનું લાંબું લીલું ઝાડ. તે ઉત્તર પ્રદેશમાં મોટા પ્રમાણમાં થાય છે. તેને સોનના આકારનાં બેથી પાંચ જોડાયેલાં પાંદડાં હોય છે. ચિટનમાં તેના નમૂનાનાં ઝાડ ૩૦થી ૧૦૦ ફુટ ઊંચા થાય છે. તેને રકોચર કહે છે. તે વરપના ઉત્તર વિભાગનું અગત્યનું ઝાડ ગણાય છે. તેમાંથી ટર્પેન્ટાઇન, રેઝીન અને ટાર નામનો પદાર્થ નીકળે છે.

સરલસંકેત પું. પદાર્થના જુદા જુદા ભાગ બતાવવા માટે વપરાતું ટૂંકું રૂપ; સરલસૂત્ર.

સરલસૂત્ર જુઓ સરલસંકેત

સરલસાલ પું. બેરજનું ઝાડ; બેરજી. તે ઝાડનો રસ ઊનાળામાં ઓગળીને પાણીની માફક ઘાટો વહે છે. માટે બેરજીને સરલસાલ કહે છે.

સરલા ૧. [સં.] પું. (જૂ. રૂ.) ઘોડાની એક જાતનું નામ

હોજા, હારડા, રપડા, **સરલા**, સહેલારા સૂંબા. વિમલપ્રબંધ

૨. પું. પીળો બેરજો

૩. સ્ત્રી. દુર્ગા

૪. સ્ત્રી. પીળી નસોતર.

૫. સ્ત્રી. સિદ્ધાંત કૌમુદી ઉપર કલકત્તાની સરકૃત વિદ્યાલયના વ્યાકરણશાસ્ત્રના પ્રોફેસર તારાનાથ

૬. સ્ત્રી. સીધી લીટી; બે બિંદુ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર.

વાચસ્પતિએ લખેલી એ નામની વ્યાખ્યા.

૭. વિ સ્ત્રી. ભોળી; સરલ; સરલ સ્વભાવની.

નમું હિમલભૂમિત રચામલી **સરલા**.

વિહારી

સરલાકૃતિ સ્ત્રી. જેની હદ સીધી લીટીઓથી બંધાએલી હોય તેવી આકૃતિ અથવા સીધીલીટીઆકૃતિ.

સરલાધિકોણ પું. બે કાટકોણથી વધારે અને ચાર કાટકોણથી ન્યૂન હોય તેવો ખૂણો; 'રિફ્લેક્સ એંગલ.'

સરલાનુપાદ પું સરળ રૂપાંતર.

સરલાંગ [સં.] ન. સરલ વૃક્ષમાંથી નીકળતું તેલ; નખ તેલ; 'ટર્પેન્ટાઇન.'

સરલાંબ્રિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં તગણ, સગણ અને લઘુ મળી ૭ વર્ણ હોય છે.

જા આ જ **સરલાંબ્રિ**. રણછોડ

સરલિયું ન. હાથના દાગીનાનું એક નામ.

સરલીકરણ ન. સુગમતા કરવી તે; મહેનત ઓછી કરવી તે; સરલ થઈ પડવું તે

સરલું ન હાયનુ કદ

સરલોચ્ચાર પું સરલ ઉચ્ચાર

સરલોપયોગી વિ (કૅમ) સરળ અને ઉપયોગી

સરલોર્ધ્વનેત્ર ન. ઊર્ધ્વદર્શિનીપેરી; ઊર્ધ્વસરલ પેરી; ડોળાને ઉલાયનાર એ નામની એક પેરી, 'રેક્ટસ સુપીરિઅર મસલ'

સરવ ૧. [સ સર્વ મળ્યુ-સાવ] પું. મારો સ્વર; મુનાદ; મુસ્વર; ધીમો ને મીઠો સ્વર
શામળ સરવે વેન બોલાવે.
નરસિંહ મહેતો

૨ [દે. સર્વ (સીધુ ને મોટા જેવુ એક ઝાડ)] ન. બબ્બનું ઝાડ, એક જાતનુ મોટાનો પોઠ વધતું જતુ ઝાડ. ફારસી પુસ્તકોમાં ટટાર ને લાંબા કદની આંખોને એ ઝાડની ઉપમા આપી છે; ગુજરાતી પુસ્તકોમાં તાડની ઉપમા આપી છે

૩. ન. (કૅમ) ભુજ ચંડ જમીન ઉપર ચાલનારુ એક પ્રાણી

૪. ન. સરૂનું ઝાડ; સરુ; 'સાયપ્રસ ટ્રી'

૫. વિ. સર્વે; એકેકર; કુલ; તમામ.

સરવઈ [મ.] પું. ખટમલ; માકડ

સરવજ્ઞ વિ. (જૂ. ગુ.) સર્વજ્ઞ
સરવજ્ઞ સમચિત્ત દિગંબર બનવાસી થયો.
જિનહર્ષકૃ

સરવઠ (સરવટ) ન. સરવણું; વૃષ્ટિ વરસાદનું ઝાપટું
પણ વણ ઘડિયા ઓરણ આમડિયાં નહિ,
સરવઠ સ્વાત તણા મળે તો મોતી નીપજે.
સોન-હલામણનો દુહો

સરવડાં (સરવડાં) ૧. ન. બ. ક. થોડા થોડા ને વળી રહી જાય એવો વરસાદ. ઝાપટાં; સરવડિયાં

૨. ન. બ ક. એ.રમ પંખી.

સરવડિયાં (સરવડિયાં) જુઓ સરવડાં.

સરવડિયું (સરવડિયું) ન. રહી રહીને પડતુ વરસાદનુ ઝાપટું

સરવડું (સરવઠ) જુઓ સરવડિયું.

સરવડે (સરવડે) ૧. સ્ત્રી. એ નામની એક ભટકતી જાત ને રત્નાગીરી તરફ રહે છે અને જોષ જોવાનો ધધો કરે છે

૨. ન એ નામની એક જાતનુ માણસ.

૩. વિ એ નામની એક જાતનુ

સરવટો (સરવડો) જુઓ સરવડિયું

સરવણ ૧. પું. એ નામનો એક બ્રાહ્મણ જેણે પોતાનાં અંધ માતાપિતાને કાવડમાં બેસાડીને યાત્રા કરાવી હતી

૨. પું. એક જાતનો તળાવ, કૂવા વગેરેમાં થતો જળોના જેવો કીડો

૩. પુ. કાવડ લઈ ભીખ માગનારો માણસ

૪. પું. ત્યાગી; યતિ; વેરાગી

૫. [સં શ્રમણ] પું. બૌદ્ધ ધર્મનો શ્રમણ સાધુ કે ભિક્ષુ; શ્રમણ

૬. પુ. બ્રાહ્મણથી ઊતરતી વર્ણનો ટલિયો; ટહેલિયો

૭. પું જાતવાં લૂગડાં પહેરનાર બરબારી.

૮. ન. પાણીનો ઝરો; જળાશય; સરોવર.
વાપિ કૂપ ઋષિ બહુ, જે જોજન કરવા સરવણ.
પ્રેમાનંદ

૯ ન. શ્રવણ નામનુ એક નક્ષત્ર

સરવણી ૧ સ્ત્રી તળાવ કે સરોવરમાં જમીનની અંદરથી આવતું પાણીનુ ઝરણ

૨. સ્ત્રી. તેરમાંના જેલ્લા બાહ્મની ઉજવણી, તેરમાને દિવસે કરાતી સન્માદાન વગેરેની ક્રિયા.

સરવણું [સં. શ્રવણ (એક બ્રાહ્મણનું નામ)] વિ. ભટકનાર; રખડનાર; મુસાફરી કર્યા કરનાર; ભટકતું; રખડતુ.

સરવથ ન. એક જાતનું તંતુવાદ્ય. એ મદ્રાસ રાજ્યમાં બણાતું છે તેનો દેખાવ પટ્ટી જેવો હોય છે. એને છ ખૂંટીઓ હોય છે અને તેની ઉત્પત્તિ ક્યા નાઉસ પ્રમાણે થઈ હતી

સરવથા [સં. સર્વથા] અ. નિશ્ચય; નક્કી.
મારો મુખનથ સરવથા. પ્રેમાનંદ

સરવર ૧. [સં સર (તળાવ) + વર (મોટું)] ન. મોટુ અને બાંધેલું તળાવ; સરોવર; મોટુ તળાવ
કરે ગગનના ગોખમાં ચાદલિયો ચમકાર,
ઝરને સરવર પોયમાં ઊંડે અપરંપાર.
નાનાલાલ

૨. [દે.] વિ પ્રતિષ્ઠિત; આગેવાન; મૂરબ્બી; નાયક; નેતા

સરવરડી (સરવરડી) સ્ત્રી. નાની તલાવડી.

સરવરિયા ૧ સ્ત્રી મોઢ બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.
અમદાવાદમાં અજબપ્રસાદ અને સુમતિ નામે સરવરિયા બ્રાહ્મણ દંપતિને વૈર સંવત ૧૭૮૫ની જન્માષ્ટમીને દિવસે એક પુત્રનો જન્મ થયો.
મ. સા. પરિષદ

૨ ન. એ નામની જ્ઞાતિનું માણસ

૩. વિ એ નામની જ્ઞાતિનુ

સરવરિયું જુઓ સરોવર.

સરવરિયો જુઓ સરવડાં

સરવરી [દે.] સ્ત્રી. આગેવાની; નેતૃત્વ.

સરવરીયું ન. એક જાતનું ધનેડુ

સરવસ [સં. સર્વસ્વ] વિ. સઘળું; બધું; તમામ; અનવશેષ
ઘડીમાં બોળશે લહે, ઘડિકમાં સરવસ આપે.
સામળ

સરવળવું અ ક્રિ. ઊંચુ નીચું થવુ

સરવળિયો ૧. પું. ઊંચા નીચા થવું તે
સરવળિયો ઉપડવો = સખણા ન બેસવુ અને ઊંચા નીચા થયા કરવુ
૨. પું તીવ્ર ઇચ્છા.

સરવળું ન. એક જાતનું જતુ.

સરવળો પું. સાતપડો; ચાગોળનાર પ્રાણીઓમાં જે ચાર ઠેકાણે ખોરાક પચે છે તેમાંનું એક સ્થળ

સરવા પું. એક જાતનું પ્રાણી. એનું રહેઠાણ હિમાલય પર્વત ઉપર જંગલોમાં છે. આ બહાદુર પ્રાણી જંગલી ફૂતરાને પણ આંતરી રહે છે

સરવાઈ [અ. સર્વે] સ્ત્રી. નિરીક્ષણ.
સાપુરજીએ પેલી બાનુની પાંચ મિનિટમા સરવાઈ કરી લીધી. મરજીવા

સરવાઇવર [અં.] વિ. પાછળ જીવતું રહેનાર; અનુજીવી
મડળની જમીનદારી સહ પાંચ નામો ઉપર રાખવી અને તે પૈકીના કોઈ પણ જની સહીથી અથવા સરવાઇવરને તે મળે તેવો નિયમ રાખવો. સ્વ. સા. પરિષદ

સરવાઇ પું. સરવાપણુ

સરવાઇ જુઓ સરવાણી.

સરવાણી ૧. [સં. સ્રોત (વહેવું તે) + પાણી] સ્ત્રી. પાણીનો ઝરો; ઝરણું.
૨. સ્ત્રી. સેર; સતું પાણી; જમીન કે બાંધકામમાંથી ઝરતું પાણી; પાણીનો નાનો પ્રવાહ; બાંધકામથી જમીન અંદરના પાણીનું વહેતુ તે; કૂવા કે બાંધમાં તળિયેથી પાણીનું ઉપર આવવું તે.
રસ સરવાણીઓ સોબાઈ જલ સૌંદર્ય ફૂલડાં પડતાં,
ચેતનને ચમકાતાં મૃત્યુનાં વેન. નાનાલાલ

સરવાન ૧. પું. ઊંટસવાર.
૨. પું. સામાન ભરનાર
૩. પુ. સાથી

સરવાયું ૧. [ફા. સરમાયા (પૂંજી)] ન જમા બાજુ વર્ષના હિસાબનુ તારણ તે; બોપડા ઉપરથી નફાનોટાનો નક્કી કરેલો હિસાબ; જમા ઉધારની ઉલ્લી તારવણી

તમારા સંગથી અમને પણના આવી લાગ તમે દેખાડો જો તેના કરતા આ દરણ પામવાથી અમારી દુર્ગતિ પધારે બધે એવું પરિણામ, જાણે ઉધારનું સરખાયું પ્રહાડતા અને રવપ્ન સૂત્રે છે.
સરસ્વતીચંદ્ર

સરવાયું કાઢવું = આખા વર્ષના હિસાબનું તારણ કાઢવું

૨ ન એકદર આંકડો.

૩. [સ.] ન. સમીકરણ પત્ર. 'બેલેન્સ શીટ'.

સરવાર વ્ર અયોધ્યાની સમીપનો ઉત્તર ભાગનો દેશ

સુદર દેશ સરવાર જયેષા જળીનું ધામ,
સ્વા પ્રભુજી પ્રગટયા પુરુષોત્તમ પુરણકામ.
નિષ્કુળાનંદ

સરવાલ ૧. [હિ.] પું. સુરવાલ; ચોરણી

૨. ન. દાંગાનીકાંમાં વતુ એક જાતનું પ્રાણી.

સરવાવી સ્ત્રી. એ નામની વનસ્પતિ

સરવાળે ૧. અ. આખરે, છેવટે; છેલ્લીવાટે; અંતે; પરિણામે

૨. અ. એકદરે

આખર સરવાળે-છેવટ સરવાળે-જાત સરવાળે = (૧) આખરે; છેવટે; અંતે. (૨) સાંબા હિસાબના કુલ સરવાળા તરીકે; કુલ એકંદર લેતાં.

સરવાળો ૧. એક જાતનું ઘાસ; કુતરી; ઉખરડો

૨. પું. બંધું કરતાં જે રકમ આવે તે.

૩. પુ. એકઠું કરવું તે.

૪. [સં. સર્વ (બધુ) + વહ્ (કરવું)] પું. બેથી વધારે રકમોનો ભુમલો તે; બધી રકમ કે સખ્યાઓનું જે એકીકરણ તે; એક જ જાતની બે અથવા વધારે સંખ્યા મળીને થતી એક સખ્યા શોધી કાઢવાની રીત

૧. સરવાળો કરવો = બધી રકમો એકઠી કરવી કે ભુમલો કરવો તે; સખ્યાઓ એક એકમાં ઉમેરવી.

૨. સરવાળો સાંધવો = છેવટ સુધી પાર ઉતારવો.

પાના આગ કાંકુ ઝાલીને રેમા મને છેક,
સરવાળો સાધે નાથ રે,
નરસિંહ મહેતો

સરવિસ [અં] સ્ત્રી. સેવા; કામગીરી. જેમકે, બસ સર્વિસ, એરોપ્લેન સર્વિસ વગેરે

સરવિસ સ્ટેટમેન્ટ [અં.] પુ. સરકારી કામગીરી માટે વપરાતી ટપાલની ટિકિટ.

સરવી ૧. સ્ત્રી. ચરવી; સાંકડા મોંનું મોટું વાસણ

૨. વિ. ઝટ સાંભળે એવી; તરત સાંભળી અને સમજી જાય તેવી ચતુર; ચાલાક.

સરવીકું જુઓ સરવાયું.

સરવું ૧ વિ. અમુક જાતના સ્વાદ અને ગોળવાળું.

૨. વિ. ઉદાર.

૩ [સ સ્રુ (સાંભળવું)] વિ ચતુર, ચાલાક, ચકોર; ચબળ.

૪. વિ. ઝટ સાંભળે એવું; તરત સાંભળી કે સમજી જાય એવું; ચતુર. જેમકે, એના કાન સરવા છે.

૫. વિ. તીક્ષ્ણ.

૬. વિ. મોરેથી બોલાયેલું.

૭. વિ સ્પષ્ટ, તેજ

૮ વિ સ્પષ્ટ

રામ કહે હો લક્ષ્મણ નથી વાત એ કો સરવી.
પ્રેમાનંદ

૯. વિ. સુંદર.

બધું પાટણ દેશ, પણી વિના પોરા બહ,
સરવો સોરઠ દેશ, સાબરડા સેજળ પીએ
સમુદ્રદેવીનો દુહો

૧૦ [સં. સૃ (બસવું –સરિત-સરર્ષ] અ. ક્રિ. બસવું; ધપસવું; સરકવું; સરી પડવું; ધપસી પડવું; વગર અડચણે ચાલ્યા જવું; બસી જવું; નીકળવું; જવું; જતા બદલવી

૧૧. અ ક્રિ. છાનામાના બસી જવું; સટકી જવું; પોબારા ગણવા

૧૨. અ ક્રિ. થવું; બનવું.

૧૩. અ ક્રિ. પડવું; વહી જવું; ટપકવું. આ શબ્દ બધુ માટે બોલાય છે.

૧૪. અ. ક્રિ. પાર પડવું, સફળ થવું; સિદ્ધ થવું; બજવું; પૂરેપૂ થવું; વળવું. જેમકે, ગરજ સરી, કામ વગેરે

જનનેંદ્રિયના માત્ર સંયમથી સરે નહિ,
તેથી ઇંદ્રિયો સર્વેને કાબૂમાં રાખવી નરે.
મારીમીતા

સરવે ૧. [અં.] સ્ત્રી. માપણી; જમાબત; આંકણી; મોજણી; જમીનનાં માપ ક્ષેત્રાદિની તપાસ.

૨. વિ. સઘળું; બધું; તમામ.

સરવે સખી જીવન જોવાને ચાલો રે
બુધાનંદ

સરવેખાતું ન. માપણી ખાતું. 'સર્વે ડિપાર્ટમેન્ટ.'

સરવેનંબર [અં] પું. માપણી કરી ક્ષેત્રફળ કાઢેલો ભાગ.

સરવેયર [અં] પું. માપણી કરનાર ઇજનેર; જરીપ; મોજણીદાર.

સરવેશ્વરાદ (સરવેશ્વરાદ) પું. માપણી કરનારનું ખર્ચ.

સરવૈયર પુ સૌના સ્વામી

શ્રી હરિ તો સરવૈયર છે, સર્વત્ર છે અવિનાશ
છે, સ્વયભૂ છે હરગોવિંદદાસ કાટાવાળા

સરવૈયા ૧. જી. કુંવાર, રાજપૂત, મુસલમાન અને હરિજનની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનુ માણસ

૩. વિ. એ નામની અટકનુ

સરવૈયું જુઓ સરવાયું

સરવો ૧. પું. ઉદાર પુરુષ.

૨. પું. ધીમો ને મીઠો સ્વર.

૩ [સં. કુવ-સુ-સરવું] પું વતન. કામમાં વપરાતુ કળશાના આકારનું એક પાત્ર, વતમા વપરાતા વાસણોમા માટેનું એક; વતમા થી હોમવાની લાકડાની કડછી; ચાટવો; વડ કે બોરના લાકડાનું હોમવાનું સાધન; વતમાં વપરાતુ લાકડાનુ મોળ મોવાનું સાધન; સુચ; સુવ સરવો એ પુરુષ ગણાય છે અને તેમાં ઘી નાખીને આહુતિ અપાય છે. સુચિ એ સ્ત્રી ગણાય છે અને તેમાં ફળ મૂકી તેની ઉપર સરવો ઊંધો મૂકી ફળ હોમાય છે

૪. પું. શકોરું; ચપણિયું; રામપાત્ર

૫. પું. હોકાની ચલમ ઉપર ઢાંકવાનું પતરાનું ઢાંકણ

૬. વિ. મધુરો.

બધે વેદમંત્રને સરવે સાદ.
પ્રેમાનંદ

૭. વિ. સહેલું; સરળ

૮. વિ. સુદર.

૯. [સ. સ્રુ (સાંભળવું)] વિ. પું. સારી પેઠે સાંભળે તેવો, તીવ્ર કાનવાળો; ઝીણો અવાજ પણ સાંભળે તેવો; ચતુર

સરવોરા પું. એક જાતની મીઠાઈ.

પેંડા બરફી સરવોરા ને ખુરમારે.
દયારામ

સરશિફારસ જુઓ સરસિફારસ.

સરશિયું જુઓ સરસિયું.

સરશી સ્ત્રી. સરસમ.

સરર્શાર [મૂ.] સ્ત્રી. મલાઈ

સરશુમારી [ફા. સર (માથું) + શિમુરદન (ગણવું)] સ્ત્રી વસતી ગણતરી.

સરસ્સું ન. ભેગું; ભેગું.

સરસ ૧. પું. આંબાની એક જાત.

૨ પુ. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૪૨ ગુરુ અને ૬ લઘુ મળી ૪૮ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૩ પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૧૮ લઘુ મળી ૧૩૫ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મોહનયન્તુ છંદનો એક ભેદ છે. તેમા ૧ ગુરુ અને ૧૨ લઘુ મળી ૧૩ વર્ણની ૧૪ માત્રા હોય છે.

૫ પું (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પદ્મપદી છપ્પયનો એક ભેદ છે. તેને શારદ છંદ પણ કહે છે.

૬. પું. એક જાતનું સુગંધી ફૂલવાળું ઝાડ. તે નવસારી પ્રાંતનાં જંગલમા થાય છે

૭. પું. ઔષધિ તરીકે ઉપયોગમાં આવતું એક જાતનું ઝાડ. તેનાં બીજ આખના રોગમાં અંજનમાં જેળવવામા આવે છે. તે આખની બાસ દવાના ક્રામમાં આવે છે તેમ મનાય છે.

૮. પું. (પિંગળ) નાગપિંગળ માહેનો વર્ણમેળવાળો એક છંદ

૯. પું. સરેસ; ચામડાં અને હાડકામાથી બનતો એક ચીકણો પદાર્થ; શુકના જેવા ચીકણો પણ ચપડા લાખના આકારનો પદાર્થ

૧૦. પું શાકમલી દ્વીપનો એ નામનો એક પર્વત.

સરસ, સતપ્રસ્થ, વામદેવ, કંદક, કુમુદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ એ નામના સાત પર્વત શાકમલી દ્વીપમાં છે. ભાગવતી ભાગવત

૧૧. સ્ત્રી. ભોતેર માહેની એક આકાશતત્ત્વ દેવતા.

૧૨. ન. બવાની છીંટનુ બાસ નામ.

૧૩. ન. તળાવ; સરોવર.

૧૪. સ્ત્રિ ઉમદા; અસલ; પહેલા નંબરનું

૧૫. વિ. બઢિયાતું.

૧૬. વિ. રસવાળું, સ્વાદિષ્ટ; રસમય; રસભર્યું; રસસહિત.

૧૭. વિ. વધતું; નમતું. તે તોલને માટે બોલાય છે

સરસ તોલવું = વધતુ કે નમતું તોળવુ

૧૮. વિ. સુંદર.

૧૯. વિ. સૌથી સારુ; ઉત્તમ; બેષ્ઠ; સારાથી વધારે સારુ

સરસડિયો (સરસડિમો) જુઓ સરસડો.

સડસડી (સડસડી) ન. એક જાતનું ઝાડ. તે કચ્છમાં થાય છે.

સડસડું (સડસડું) ન. સારસ પક્ષી.

સરસડો (સરસડો) ૧. [સં. સિરીષ] પું. એક જાતનું ઝાડ. તેને સિરીષ, બંડિલ, બડી, બહીર, કપીતન, શુકપુષ્પ, શુક્રાઢ, મૃદુપુષ્પ અને શુકપ્રિય પણ કહે છે. આ ઝાડ એસિયા અને આફ્રિકાનું છે પણ હિંદમા પુષ્કળ થાય છે. ફૂલો ફાગણી જેવા, પણ પુંજરી કેસરોવાળાં, સુંદર, સુગંધી, શીતળ અને વિષઘ્ન હોય છે. તેના રસમાં ભરીને સાત દિવસ બરફ કરી સાત ભાવનાઓ રસની આપી એ મરી બાવાથી સર્પનું ઝેર ઊતરે છે એમ મનાય છે. સાત દિવસની ભાવના આપેલાં મરીની બારીક ભૂકી સર્પદંશ વખતે આવતી નિદ્રા અટકાવવા ઉપયોગી છે ફૂલો મોમૂત્રમાં વાટી સર્પદંશ, બીજા પ્રાણીઓના વિષ ઉપર, ગૂમડાં અને ચાંદાં ઉપર ચોપડાય છે. છાલ અને છાલની અંદરથી ટેનિન અને ગાળુતત્ત્વ મળે છે. તે શીતળ, માહી, દાહશામક, જ્વરઘ્ન અને વિષઘ્ન છે. તાજો રસ સમાનભાગે માવના બી સાથે પીવાથી પ્રદર મટે છે. તે તાવના ક્રાયમાં પણ પડે છે. મૂત્રદાહમા તેનુ દિમ અપાય છે. સર્પદંશ ઉપર પણ સ્વરસ કાઢી પિવાય છે. દૃષ્ટાંત લેખમા તે મુખ્ય છે દુઃખતી આંખે અને સર્પદંશ ઉપર તે ચોપડાય છે. મૂળની છાલનુ ચૂર્ણ સૂંઘવાથી નાકની અંદર સડસડાટ થાય છે તેથી એ નામ પડ્યુ છે મસ્તક રોગ, પીનસ તથા નાકના બીજા રોગ, આખમાં ચરમીન લીધે પાણી ઝરતાં હોય તે માટે તેની બારીક ભૂકો નાકમાં સુધાય છે તેથી જૂનો માથાનો દુઃખાવો મટે છે પરંતુ વધુ સૂંઘવાથી નસકોરી ફૂટે છે સાવચેતીથી જરૂર પડે ત્યારે થોડું સેવન કરવુ ઇષ્ટ છે. તેનું ચર્ણ દાંતના બવાળુ ફૂલ્યાં હોય તે ઉપર ચોપડાય છે. તેમાં ચાંદાં પડ્યાં હોય તો ફટકરી મલ્યાન બનાવે છે. પાંદડાં દુખતી આખે વાટીને ચોપડાય છે. ઢોરો માટે તે સારો ચારો છે. બીજ માંહી છે. અર્શ તથા ઝાડા માટે ઉપયોગી છે. કોઢમાળ માટે કલેજામંદ દવા છે. ચૂર્ણરૂપે વપરાય છે. કોઢમાળ ઉપર તેના ચૂર્ણનો લેપ ચોપડાય છે. ત્વચ્દોષમાં કુંવાડિયા સાથે ચોપડાય છે. તેનું બારીક ચૂર્ણ નાકે સૂંઘવાથી કે પોટલીમાં ભરી તે પોટલી સૂંઘવાથી માથાનો જૂનો દુખાવો મટે છે. બી પીલીને તેમાંથી તેલ મળે છે. આ તેલ સફેદ કોઢ ઉપર ચોળ દલાડા ચોપડવાથી તરતનો હોય તો જલદી મટી જાય છે. તેમાંથી બહુ જ સારો ગુંદ મળે છે. આ ગુંદ પાણીમાં ઓગળતો નથી પણ હળવો બને છે. તળીને બાવા તથા વાના દર્દમાં બહુ સારો બપાય છે. લાકડું બખોડ જેવું હોય છે. જંદરનુ કાગાસ પડ્યું, બૂરું લાકડું કડબુ, ટકાઉ, પાકતર સ્ટેશનોથી થઈ શકે તેવુ અને ખૂબસૂરત હોય છે. બરફાબ, ફરનીચર, બારીસા ને છબીઓની ફ્રેમો, બેવીના બોલ્બરો, પાણી, શેરડીના કોલુ, રમકડા, નકશીકામ તથા બાજલા માટે કીમતી ગણાય છે. તેના ઉપર પોલિશ સારું થાય છે. તેનુ લાકડું સાગ કરતાં બોછી કીમતે વેચાય છે. આદાબાનથી યુરોપ તેની નિકાસ થાય છે. તેના ઉપર લાખ સારી બાજે છે

૨ પુ ચાક

સરસતા ૧ સ્ત્રી. ઉત્તમતા

૨. સ્ત્રી. રસિકતા.

૩. સ્ત્રી. સારાપણું; સરસપણુ

કવિઓનુ સ્વરૂપ તથા તેમની શૈલી એ બન્નેની વિલક્ષણતા અને સરસતા એ કસોટીથી મુખ્યારો પસંદગી કરવી. મુ. સા. પરિષદ

સરસતિ ૧. સ્ત્રી. (સંગીત) એક રાગણી

૨. સ્ત્રી. સરસ્વતી; વિદ્યાદેવી.

શ્રી મુખ સેતું સરસતિ સાર,
જે કદ ન આવે કોમદા રીતાકરણ

સરસજ્જ ૧. [સા.] વિ. આબાદ

૨. વિ. ખીલતુ.

૩. વિ. કનેકમદ

૪. વિ. દરિયાળું.

૧. સરસજ્જ કરવું = જાગૃત કરવું.

૨. સરસજ્જ હોવું = (૧) આબાદ થવુ. (૨) લીલાછમથી દકાવુ.

સરસમાચાર પુ. બ. બ. બબરઅંતર; પત્તો.

સરસમુખી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, સગણ અને લઘુ મળી ૧૦ વર્ણ હોય છે.

તાના સ૨ સરસમુખી. રણપિંગળ

સરસર ૧. સ્ત્રી. છોકરાંની એક રમત; બારીપાટ; બાટાપાટા નામની એક દેશી રમત

૨. [સ. સ્તુ (પ્રસ્તુ)] વિ. એક એકની પાછળ ચટ સરતું હોય એમ; સરી જતું હોય એમ; ચટ ચટ સરતુ–ચાલતું એવુ; ઝડપથી લપસી કે સરી જતું હોય તેવું; ઝપાટાબંધ લપસતું ચાલતું

૩. અ. ઝડપથી સરવાનો કે ચાલવાનો બબાજ.

સરસરાટ પુ. સરસર બબાજ થાય તે.

સરસરિત્પતિ પું. કમળાપતિ; કમળજા; પદ્મા.

સરસરિત્પતિ પરજ ચ્હાય. દયારામ

સરસરિયાં ન. બ. બ. ચાપટાં

બાજરાના સરસરિયા જેવે બાદરવાના બરપૂર બરસ્યા કર છે. બબરદાર

સરસર્કું વિ. પ્રવાહી જેવું; ઘટ્ટ કે લોદા જેવું નહિ પણ પાર વગર ઢીલું પાતળું. આ શબ્દ પાતળા થી કે દહીં માટે વપરાય છે

સરસવ ૧. [સં. સર્ષપ–સારેઅવો–સરસવ પ્રા. સરિસવ] પુ. એક જાતનાં નીચી વાસવાળાં તેલીબિયાં, એક જાતનું કરિયાણું. તેના દાણા રાયથી મોટા થાય છે પીળા, રાતા અને કાળા એમ તેની પણ જાત છે. તેના દાણામાંથી સરસીઉ તેલ બને છે ને પણ ગરમ હોવાનું મનાય છે ગુજરાતમાં તલના તેલની પેઠે તેનો ઉપયોગ થાય છે. બંગાળમાં પણ તેનો ઉપયોગ થાય છે.

૨. પુ. તુલસીનો છોડ

સરસવણી સ્ત્રી સરસવનો છોડ

સરસવું અ ક્રિ. ચડી જવું; થી વધી જવું.

સરસંચ ન. ખેતીને લગતો સામાન.

સરસંદેશો [સર (મુખ્ય) + સમ્ + દિશ્ (ભત.વર્તુ) પું. ખબરઅંતર; સરસમાચાર.

સરસંબંધ પુ. લેવડદેવા.

વરાહ વધા વામણી સાથે જીમાનુ કબતારને
સરસંબંધ નહિ. ગુજરાતી બોધકથા

સરસંભાળ સ્ત્રી. સાચવણી; માવજત; બરદાસ; ઠાળજ્ઞભરી તપાસ; રક્ષણ.

સરસા ૧. પું. ધોળું નસોતર.

૨. પું. નોળવેલ.

૩. અ. પાસે; સાથે.

પણ સાધુ થાવ તો જે તે કોઈ અવધૂત હોત,
સંસારની સાથે **સરસા** રહીને સંસારના ઉપદેશક
કદાપ ન બનત. ધીરા વસ્તમબાઈ

સરસાઈ ૧. સ્ત્રી. ઉત્તમતા; સરસપણું; સારાપણું; ચડિયાતું; શ્રેષ્ઠતા.

આખી નિશાળની **સરસાઈ** નરસાઈનો પાયો
આકના વર્ગથી રચાય છે.
ઠળવલીરાજ

૨. સ્ત્રી. એક બીજાથી સરસ થતું તે; બરોબરી, રપર્ધા; હરીફાઈ; ચઢાચઢી; ચડસાચડસી.

૩. સ્ત્રી. જીત.

૪. સ્ત્રી. મોટાઈ; વડાઈ

એમની **સરસાઈનુ** કારણ ગઢ ન હતું
બળવંતરાય ઠ. ઠાકોર

૧. સરસાઈ કરવી = હરીફાઈ કરવી

૨. સરસાઈ મેળવવી = મોટાઈ મેળવવી.

૩. સરસાઈ ભોગવવી = મોટાઈ ભોગવવી.

૫. સ્ત્રી. હકૂમત; સત્તા.

સરસામ [ફા. સર (મગજ) + સામ (સોન્યે)] ન. સન્નિપાત; મૂંઝારો.

સરસામન જુઓ સરસામાન.

સરસામાન [ફા. સર (પાદપૂર્ત્યર્થે શબ્દ; નિરર્થક શબ્દ) + સામાન] પુ. જરૂરિયાત, મનપસંદ ચીજો, રાચરચીલું; ઘરવપરાશ સામાન; સરંજામ; માલ; અસબાબ; ઘરવખરી

સરસારવી સ. ક્રિ. આંખની અણી આંસુથી ભરવી.

સરસારું ભ. ક્રિ. સુશોભિત બાગનું

સરસાસરસી ૧. સ્ત્રી. ચડસાચડસી; સરસાઈ; હરીફાઈ

૨ અ. બેડાબેડ; પાસે પાસે; સાથોસાથ.

સરસાંગી ૧. પું. (સંગીત) જનીસ રાંઝેનો ચોથો થાટ તેમાં ચૈવત કોમળ આવે છે બાકીના બીજા શુદ્ધ સ્વર હોય છે

૨ સ્ત્રી જૂદગાટ નામના રાગની છ રાંઝેની એક રાગિણી

સરસિ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમા ૨૭ માત્રા હોય છે અને અંતે એક ગુરુ અને એક લઘુ હોય છે. તેમાં ૧૬ અને ૧૧ માત્રાએ યતિ તથા ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ માત્રાએ તાલ આવે છે

રચિયે ઉનત્રીસ કલોરી, **સરસી** યતિ સાર.
રણછિલ્લ

સરસિક પુ. સારસ પક્ષી.

સરસિજ [સં. સરસિ (તળાવડીમાં) + જ ઉત્પન્ન થયેલું)] ન. કમળ.

મીસદને **સરસિજ** શા વદને અમર રુખી ગમતી દીસે.
ગીતગોવિંદ

સરસિજરજ [સં.] સ્ત્રી. કમલનો પરાગ.

લોપી લે નાસિકાને **સરસિજરજ**,
આ ત્રિભંગ આમોદ એમ.
ઉશનસ્ કવિ

સરસિજાસન [સં.] પું. બ્રહ્મા.

સરસિફારસ સ્ત્રી. લાગવગ; વગસગ.

સરસિયું ૧. [સં. સર્ષપ (સરસવ)] ન. ચોમાસામાં પાણીથી ભરાઈ ગયેલી જમીનમાં રહાણી જેવા બનતા ને લાલ જે તંતુજન્ય થાય છે તે; ઝાળસિયું; સરસિયું

૨. ન. સરસવનું તેલ; સરસવના તેલીબિયાંમાંથી કાઢેલું તેલ. આ તેલ સ્વાદે ને વાસે તીખું હોય છે. તે અથાણામાં નાખવામાં આવે છે તેમ જ શાક વગેરેમાં પણ વપરાય છે. એ ફ્રાન્સ તથા યુરપના બીજા દેશોમાં બત્તી બાળવા માટે વપરાય છે.

૩. વિ. ઉત્તમ; સરસ.

સરસી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; પંચકાવલી; સિંહક; સલિલનિધિ; સિંહક; સિંહિકા; ધૃતશ્રી; સિંહિકા તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા નગણ, જગણ, જગણ, ત્રણ જગણ અને રગણ એમ બેકવીસ અક્ષર હોય છે. તેમાં સાતમા અને બારમા અક્ષર પછી યતિ આવે છે

૨. પુ. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તેમાં ૩૫ ગુરુ અને ૩૮ લઘુ મળી ૭૩ વર્ણની ૧૦૮ માત્રા હોય છે

૩. સ્ત્રી. તુવરપત્રિકા

૪. સ્ત્રી. વાવનો નાની તબાવડી જેવો ઢાંકો

૫. સ્ત્રી. સરસવનો છોડ; સરસવ.

૬. સ્ત્રી. સરસાઈ; રપર્ધા; હરીફાઈ; ચડસાચડસી; ચડતી કળા; સરસ થવું તે

૭. સ્ત્રી સરોવર; તળાવ

કવિ પુખરસિંહી કાસાર સર **સરસી** તાલ તલાગ,
સખી જોને આ આનસર કુલનું તપ અનુસરત.
પિંગલપ્રકાશ

૮. વિ ચડિયાતું.

૯. અ નજીક; સરસું.

૧૦. અ. ની સાથે; બેડાબેડ; છાતીસમીપ; બરોબર

જ્યારે કન્યા હરખ **સરસી** બાંધતી હોયને આ,
ત્યારે કોઈ મધુર રસમાં ઝૂલતાં આવે હેવાં.
કલાપી

સરસીક પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં તગણ, જગણ, જગણ અને યગણ એમ બાર અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ જગણ અને યગણ એમ બાર અક્ષર હોય છે

સરસીદી ન. (કચ્છી) એક પ્રકારનું ગાઢ તેમા ત્રીજાં પાન અને પીળાં પીળાં મોટાં ફૂલ થાય છે

સરસીધું ન. ખાવા પીવા માટે જોઈતો સરસામાન સીધુ વગેરે; ખોરાક માટે સીધામાં જે અનાજ અને અન્ય આવશ્યક વસ્તુઓ અપાય છે તે; રસોઈનો સામાન.

સરસીરુહ ૧. [સં.] પું સારસપક્ષી

૨ ન પદ્મ; કમળ.

સરસુખા સ્ત્રી. બાળકને સરખી રીતે ઓઢવા તે.

બાળની **સરસુખા** હું બને કરી લઈશ.
કૈલાસી

સરસુરિયું ૧. ન. છોકરાઓની એક રમત.

૨. વિ અરરર કરીને સળગે તેવું.

સરસુવાધાર ન. નર્મદાના કિનારા ઉપર આવેલ એક સ્થળ. અહીં જગદનો માર્ગ છે. સિવનીનો સંગમ થાય છે. યાત્રાળુઓ અહીં એક દિવસ વિશ્રામ લે છે.

સરસું ૧ જિ. અતિશાતુ.

૨. [સં. સદ્યઃ–સદ્યસ્–સરસું] જિ. સરસ; સારું

સરસું કરવા ચાર જણ, નરસુ ગયું કારમ;
ઝાઝા ઝમેલ તેથકી તરવ કેવલો થામ.
દલપતરામ

૩. જા બહુ જ પાસે; અડકેલું હોય એટલું નજીક; લાગી કે ઘસાઈને રહેલું; વળગેલું; જોડાજોડ; લગત; સાથ; અડીને; નજીક

સરસું રહેવું = લિપ્ત કે નજીક રહેવું.

સરસૂખડી (સરસૂખડી) જાં. વણતર.

સરસૂખડી ચેર જે ફાનચા અને તે ઉપર મારો હક્ક નથી. જેમપદવિ

સરસૂબો ૧. પું. ક વર્ગના રાજ્યનો વડો અમલદાર. ક વર્ગના રાજ્યોના વડા સરસૂબા કહેવાય છે. ક રાજ્યોનો વહીવટ પડોશના રાજ્યની મારફત પણ ચલાવી શકાય છે. તેને સલાહ અને સૂચના આપવા પાર્લામેન્ટ એક સલાહકાર મંડળ કે પ્રધાનમંડળ નીમે છે. તે આવા રાજ્યોનાં ન્યાયસત્તા, સત્તા અને કાર્યવાહી પણ નક્કી કરી શકે છે

૨. [ફા. સર (મુખ્ય) + સૂબહ] પું. વડો સૂબો; મહાલ કે પરગણાનો ઉપરી; મોટો મહાલકારી; પ્રાંત કે વિભાગનો ઉપરી અધિકારી; સમાહર્તા; ' રેવન્યૂ કમિશનર '.

૩. પું. સર્વોચ્ચ અમલદાર; ' વાઇસરોય '.

સરસોઢા પું. એક પ્રકારનું વાદ્ય.

સરસોસરસ જા. નિજદીક; સમીપ; નિકટ; અડોઅડ.

સરસોં [હિં.] જી. સરસવ

સરસ્થ [સં.] જિ. કૃત્રિમ તળાવમાં રહેનાર; વેદમાં વપરાયેલ રુદ્રનું એક વિશેષણ.

સરસ્યો જા. સરસો; સાથે; અડોઅડ.

એ ઓલી બ્હાર નીકળી હોય તો રસ્તે જનાર એની સરસ્યો થઈ ચાલ્યો જતો.
સરસ્વતીચંદ્ર

સરસ્વત જી. એક દેવીનું નામ; સરસ્વતી દેવી.

હરિ બ્રહ્મા, સરસ્વત સ્વામીને બીનનું
દયારામ

સરસ્વતી ૧. પું. (સંગીત) એ નામે એક શ્રુતિજાતિ ૧૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૧૧ અને ૧૫ માત્રા ઉપર હોય છે.

૨. પું. દશ માંહેના એક પ્રકારનો સંન્યાસી.

૩. પું. શૈવમતનો એ નામનો એક વિભાગ.

૪. જી. આર્યાવર્તની ઋષ માંહેની એક પવિત્ર નદી; ઉત્તર ગુજરાતની એક નદી. આ નદી અંબાજી પાસે કોટેશ્વરના કુંડરમાંથી નીકળી કચ્છના રણમાં વહે છે. તે સમુદ્રને મળતી નથી માટે તેને કુમારિકા નદી કહે છે. તે પવિત્ર મનાય છે. મહીકાંઠા એજન્સીમાં તે આવેલી છે. તે સોમવતી અમાવાસ્યાની રાત્રે હોવાનું મનાય છે કહેવાય છે કે, અંગિરાએ બાર વર્ષનો સત્ર સરસ્વતી નદીને કિનારે કર્યો હતો. એની પુણ્યાત્મિને દિવસે સરસ્વતીએ મૂર્તિમાન આવીને એને વર્યો હતો. અંગિરાને સરસ્તીને પેટે વસ્તુ નામે પુત્ર થયો હતો. પવિત્ર સરસ્વતી આઠ મુખવાળી હોવાનું મનાય છે. વેદમાં તો એવી સ્થિતિ છે કે, ગંગા સાવ ગૌણ બની જાય છે અને વૈદિક નદીઓમાં સરસ્વતી મુખ્ય બને છે ઋક્, સામ અને અથર્વનાં જુદાં જુદાં મંડળોમાં એની સ્તુતિઓ આવામાં આવી છે વાયુ પુરાણમાં તેને હિમવત્પાદનિસ્સૃતા અને સમુદ્રગા કહેલી છે અને બીજે સ્થળે એને " સિન્ધુ અને મરુ દેશના બે ભાગ કરી પશ્ચિમ સમુદ્રને મળનારી " કહેલી છે; એટલે આ બાબતની વિશેષ ચર્ચા ન કરતાં એટલું જ જણાવીએ કે, વેદકાલીન સરસ્વતીનો પ્રવાહ હિમાલયમાંથી નીકળી, હાલની મારવાડની ભૂમિમાં થઈ આબુના પહાડો આગળ ગુજરાતમાં પ્રવેશ કરી ગુજરાત અને કાઠિયાવાડના પ્રદેશને જુદા પાડી અજ્ઞાતના અખાત આગળ સમુદ્રમાં ભળતો હતો. શ્રી રામાયણના કિષ્કિન્ધાકાંડમાં લખ્યું છે કે, રજપૂતસ્થાનની સરસ્વતી અથવા ઘગ્ગર નદી તે રજપૂતસ્થાનની રેતીમાં અદૃશ્ય થઈ ગઈ છે.

૫. જી. [સં. સરસ્ (વિદ્યા) + વત્ (વાળી) + ઈ] જી. આર્યોની વિદ્યાદેવી; શારદા; સનકાદિક ભાઈઓની બ્રહ્મ સાવિત્રીની પુત્રી; વાણીની અધિષ્ઠાત્રી દેવી; ભાષા, ગાયન, છંદાદિનો પ્રસાદ આપનાર દેવી. તેને ચાર હાથ અને કપાળે ચંદ્ર છે. એક હાથમાં વિણા, બીજામાં કમળ, ત્રીજામાં પાત્ર અને ચોથામાં કાચબાનું ઓળિયું છે. એ કોઈ વાર મોર ઉપર અને કોઈ વાર હંસ ઉપર સવારી કરે છે. ગણપતિની મહેર મંત્રની શરૂઆતમાં જ તેનું સ્તવન કરવામાં આવે છે. એને બ્રહ્માનો અંશ કહેલી છે. એમના ઉત્તમ શિક્ષણના બળના પ્રભાવથી જ સરસ્વતી અનેક વિદ્વાની શોધ કરવામાં સમર્થ થયાં હતાં

૬. જી. એ નામની શાલ્મલી દ્વીપની નદી.

અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા અને રાકા એ નામની શાલ્મલીદ્વીપની સાત નદીઓ છે. ભાગવતી ભાગવત

૭. જી. (જૈન) કેવળજ્ઞાન; દિવ્યધ્વનિ.

૮. જી. (પુરાણ) ગંગા અને યમુનાના સંગમ સ્થાનમાં નીચે ગુપ્ત વહેનારી એ નામની એક નદી; ત્રિવેણી સંગમની ગુપ્ત નદી

૯. જી. ગાયત્રીની ૨૪ માંહેની એક શક્તિ

૧૦. જી. વાણી; અશ્લિલ શબ્દ. તે કટાક્ષમાં બોલાય છે

કોઈ વખત એમના બરડા ઉપર સોટીના સપાટા આવે અને સમમમ શેજને શેજ તીખી સમમમતી સરસ્વતી તો સાભળવાની જ. કાંતિ
સરસ્વતી ભણવી–ભણાવવી = ગૌણ દેવી

૧૧. જી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૧૨. જી. દુર્ગા

૧૩. જી. પરબળના એક વહેણનું નામ

૧૪. જી. (પુરાણ) બ્રહ્મદેવની જ્ઞાનશક્તિ.

૧૫. જી. (પુરાણ) બ્રહ્મદેવની સ્ત્રી. એના સાવિત્રી અને ગાયત્રી એવાં બે બીજાં નામ છે. એ વાણીની અધિષ્ઠાત્રી છે

૧૬. જી. બ્રહ્માની પુત્રી.

૧૭. જી. બ્રહ્મી શક્તિ.

૧૮. જી. બ્રાહ્મીનું વૃક્ષ

૧૯. જી. (પુરાણ) ભાગીરથીનો એક પ્રવાહ; સપ્ત ઋષિઓને સારુ ભાગીરથીએ પોતાના સાત પ્રવાહ કર્યા અને તે પોતે સાત જુદા જુદા સુપ્રભા, કાંચનાક્ષી, વિશાળા, મનોરમા, ઓઘવતી, સુરેણુ અને વિમલોદકા એ નામે પ્રવાહ રૂપે વહી તેમાનો એક પ્રવાહ...

૨૦. જી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી. તે સિરમુર પર્વતમાથી નીકળે છે અને થાણેશ્વર આગળથી પશ્ચિમ બાજુએ વાંક લઈ ને વિનશન તીર્થ આગળ અદૃશ્ય થઈ જાય છે

૨૧. જી. મંડનમિશ્રની ધર્મપત્ની; શારદામ્બા; એક વિદુષી સ્ત્રી. તેનું બીજું નામ ભારતી હતું. એના પતિ મંડનમિશ્ર મીમાંસાપક્ષના મહાપંડિત હતા. તેમની સાથે વાદ કરવા, શંકરાચાર્ય તેમને ઘેર ગયેલા. જે હારે તેણે જીતનારના શિષ્ય થવું એવી શરત કરી. બનેએ ચર્ચા શરૂ કરી અને જય પરાજયના પરીક્ષક તરીકે મંડનમિશ્રની વિદુષી પત્નીને નીમી. મંડનમિશ્ર હાર્યા એટલે ભારતીએ પક્ષપાત વિના વિજયમાળ શંકરાચાર્યના કંઠમાં આરોપી. પછી પોતાની સાથે વાદવિવાદ કરવા એણે શંકરાચાર્યને કહ્યું અને શંકરાચાર્યે તે સ્વીકાર્યું. એમને હરાવવા તે બહુ મથી પણ બ્રહ્મવિદ્યાના વિષયમાં તે હારે એમ ન લાગ્યું એટલે રતિશાસ્ત્ર વિષે પ્રશ્નો પૂછી એમને હરાવ્યા. મલબારમાં ભારવાઇ નદીને કિનારે કાલડી નામનું ગામ છે. આ નદીના પાણીમાં એવો ગુણ છે કે, તેમાં ગમે તેટલો વખત નાહીએ છતાં શરદી લાગતી નથી આ નદીને

કવિ શંકરાચાર્ય અને શારદામ્બા એટલે મંડનમિશ્રનાં ધર્મપત્ની સરસ્વતીનું મંદિર છે. બંને પ્રતિમાઓ કાશ્મીરની છે.

૨૨. સ્ત્રી. માલકાંગણી. માલકાંગણી ભાવાર્થી માણસની સરસ્વતી એટલે વાદશક્તિ વધે છે માટે તેને સરસ્વતી કહે છે.

૨૩. સ્ત્રી. વેદમાં વપરાયેલું ગાયનું એક નામ.

૨૪. સ્ત્રી. શરીરની મુખ્ય ચૌદ માંહેની એક નાડી; સુષુમ્ણા. જ્યારે નાસિકામાં બંને છિદ્રમાંથી શ્વાસોચ્છ્વાસની ગતિ સરખી થતી હોય ત્યારે સુષુમ્ણા વહે છે એમ જાણવું. આ નાડીને સરસ્વતી પણ કહેવામાં આવે છે

૨૫. સ્ત્રી. શિવશક્તિનું એક નામ

૨૬ સ્ત્રી. (પુરાણ) સાત્યકીની સ્ત્રી

૨૭. સ્ત્રી. સામવેદનો એક દેવતા.

૨૮. સ્ત્રી. (પુરાણ) સાવર્ણિ મન્વંતરમાં થનારા સાર્વભૌમ નામના વિષ્ણુ અવતારની માતા.

૨૯. સ્ત્રી. સીતાનાં કલ્હાર માંહેનું એક નામ.

૩૦. સ્ત્રી. સોમવલ્લી.

૩૧. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પ્રાજ્ઞદત્ત રાજાની સ્ત્રી અને વિષ્વક્સેન રાજાની માતા. એનું બીજું નામ સનતિ હતું.

૩૨. સ્ત્રી. સ્ત્રી રત્ન.

૩૩. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મનુની સ્ત્રી શતરૂપા. એ બ્રહ્મદેવના વામાંગમાંથી ઉત્પન્ન થઈ હતી. એને રાજનીતિશાસ્ત્રની કર્ત્રી કહી છે.

૩૪. સ્ત્રી. (સંગીત) હનુમત મત પ્રમાણે હિંડોલ રાગની આઠ માંહેની એક પુત્રવધૂ–રાગિણી. તે માલવ, પંચમ અને સોરઠથી મિશ્ર છે

૩૫. ન. મુખ્ય અઢાર માંહેનું એક તીર્થક્ષેત્ર.

સરસ્વતીકંઠાભરણ [સં.] પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક તાલ.

સરસ્વતીચંદ્ર ન. શ્રી ગોવર્ધનરામ વિરચિત સર્વોત્કૃષ્ટ નવલકથાનું પુસ્તક. તે ચાર ભાગમાં રચવામાં આવી છે. તેમાં વાર્તાના રસ સાથે વ્યવહાર, રાજનીતિ, ધર્મ વગેરે ઘણા વિષય ચર્ચ્યા છે કે, શ્રી આનંદશંકર તેને કલિયુગના પુરાણ નામથી ઓળખે છે. ગુજરાતના સાહિત્યને જગતના સાહિત્યમાં સ્થાન આપનાર ગ્રંથ સરસ્વતીચંદ્ર મનાય છે. આ મહાગ્રંથના સર્જનને તા. ૨૭ ઓગસ્ટ ૧૯૫૧ને રોજ પચાસ વર્ષ થયાં. અર્વાચીન ગુજરાતી સાહિત્યના જે ગણ્યાગાંઠ્યા ચિરંજીવ કહેવાય એવા ગ્રંથો છે તેમાં ' સરસ્વતીચંદ્ર 'નું સ્થાન મોખરાનું છે એ નિર્વિવાદ છે. આજની પેઢી સરસ્વતીચંદ્રના અભ્યાસ પ્રત્યે કદાચ ઉપેક્ષા બતાવતી હશે. પરંતુ પ્રથમ પચ્ચીસ વર્ષ પહેલાં તો સાહિત્યની દીક્ષા સરસ્વતીચંદ્રના અભ્યાસથી જ લેવાતી. સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી એ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા. એકલા 'સરસ્વતીચંદ્ર'ના લેખનથી જ ગુજરાતી સાહિત્યમાં એમનું નામ અમર થઈ ગયું હોત. પરંતુ ' સરસ્વતીચંદ્ર ' ઉપરાંત પણ ગુજરાતી સાહિત્યમાં અન્ય ત્રણ લેખાય એવી બીજી કૃતિઓ તેઓ રચી ગયા છે. ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં તેનો હિસ્સો મોટો છે. ઈ. સ. ૧૮૮૭માં ' સરસ્વતીચંદ્ર 'નો પ્રથમ ભાગ છપાયો અને એ પ્રથમ ભાગથી જ ગુજરાતી સાહિત્યમાં નવું પ્રસ્થાન જણાયું હતું. નવલકથા ' સરસ્વતીચંદ્ર ' પહેલાં લખાઈ હતી ' વનરાજ ચાવડો ' અને ' કરણઘેલો '. પરંતુ ' સરસ્વતીચંદ્ર 'ના પ્રકાશન સાથે એ કૃતિઓની આંધારામાં અને આજે તો પુરોગામી નવલકથા લેખે એ બે કૃતિઓની માત્ર ગણના થાય છે. ઈ સ. ૧૮૯૩માં ' સરસ્વતીચંદ્ર 'નો બીજો ભાગ પ્રસિદ્ધિ પામ્યો. ૧૮૯૮માં ત્રીજો અને ૧૯૦૧માં ચોથો ભાગ પ્રકટ થયો. આમ ૧૪ વર્ષમાં આ મહાન ગ્રંથનું નિર્માણ થયું હતું, આજે પહેલા ભાગની ૧૧, બીજા ભાગની ૧૦, ત્રીજા ભાગ ૯ અને ૪થા ભાગની ૬ આવૃત્તિઓ થઈ છે. પહેલા ભાગની ૩૪,૬૦૦, બીજા ભાગની ૩૧,૩૦૦, ત્રીજા ભાગની ૨૦,૦૦૦ અને ચોથા ભાગની ૧૭,૫૦૦ પ્રતો પ્રકાશન પામી છે. ' સરસ્વતીચંદ્ર ' નવલકથા તરીકે ઓળખાય છે. પરંતુ નવલકથાના કરતાં એમાં બીજાં ઘણાં તત્ત્વો રહેલાં છે. જીવનના વાસ્તવિક દર્શન ઉપરાંત એમાંથી જીવનનું માર્ગદર્શન પણ મળી રહે છે. સમગ્રરૂપે ' સરસ્વતીચંદ્ર 'માં નવલકથા તરીકે ક્ષતિ કથાની ઉણપ જણાશે પરંતુ ગુજરાતના મૌલિક સાહિત્યનાં વિવિધ અંગોપાંગોને ' સરસ્વતીચંદ્ર 'માં વાર્તારસ જાળવીને ગૂંથી લેવાનો સફળ પ્રયાસ થયો હતો. સરસ્વતીચંદ્રનાં પાત્રો સુખસુંદરી, કુમુદ, કુસુમ, જીવનમાં વણાયેલાં પાત્રો છે. ' સરસ્વતીચંદ્ર ' આદર્શપ્રેમી યુવક તરીકે આપણા સમાજમાં સ્થાન પામ્યો છે. સાહિત્ય સર્જનનો ગોવર્ધનરામનો આદર્શ આજકાલનો હતો. ' ના–વિટ 'ની પેઠે સમાજનું મનોરંજન સાધવાની તેમની નેમ નહોતી. પોતાના સમકાલીન સમાજની નીતિરીતિઓનું, સિદ્ધિઓ અને સ્વપ્નોનું, આશાઓ અને દહેશતોનું, વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓનું બહુ જ ઝીણવટભર્યું અવલોકન તેમણે કર્યું. એવાં અવલોકન માટે જોઈતી પાત્રતા, વિશાળ અને વ્યાપક વાંચન તથા મૌલિક મનન દ્વારા એમણે કેળવી. એ અવલોકનના પરિણામે પોતાને લાધેલ સાક્ષાત્કારનું સ્વસ્થ ચિત્તે એમણે પૃથક્કરણ કર્યું સમાજને અધોગતિને પંથે દોરી જનારાં બળો સામે એમણે લાલબત્તી ધરી અને જોને નિરંતર નજર સામે રાખવાથી જ સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થઈ શકે એમ પોતે માનતા હતા. એ ધ્યેયનું બહુ જ ચીવટભેર એમણે પ્રતિપાદન કર્યું. ગુજરાતના ' સરસ્વતીચંદ્ર 'ને બંગાળના ' ગોરા ' અને દૂર જઈએ તો રા-શના ' જીવ 'ની ' રિસરેક્શન ' અને રોમા રોલાંની ' જીનક્રીસ્તી ' જેવી કૃતિઓ સાથે અનેક દૃષ્ટિકોણોથી સરખાવી શકાય. ' સરસ્વતીચંદ્ર ' જેવી મહાનવલ, ગુજરાતી ભાષામાં લખાઈ, તેને બદલે પરપની કોઈ ભાષામાં અથવા ઓછામાં ઓછું, આકારપ્રકાર આત્મશ્રદ્ધાથી યુક્ત એવી બંગાળની ભાષામાં લખાઈ હોત, તો હિંદ અને યુરોપની અનેક ભાષાઓમાં તેનાં ભાષાંતરો થયાં હોત; એટલું ચિરંજીવ અને વ્યાપક સત્ત્વ એમાં છે. આજે ' સરસ્વતીચંદ્ર ' ગુજરાતી સાહિત્યની અમર એટલે કે સુચિરંજીવ કૃતિઓમાં અગ્રિમ અને અને આદરણીય સ્થાન જાળવે છે.

સરસ્વતીતીર્થ ન. એ નામનું એક તીર્થ.

સરસ્વતીદાન [સં. સરસ્વતી (વિદ્યા) + દાન (આપવું તે)] ન. શિક્ષણનું કે ભણવાનું; વિદ્યાદાન.

સરસ્વતીપૂજક [સં.] પું. વિદ્યાના પૂજારી.

> જ્ઞાનના વિષયમાં વિહાર કરનાર **સરસ્વતીપૂજક** પોતાની તેમ જ અન્ય બંધુઓની માનસિક ઉન્નતિમાં શુદ્ધ વિદ્યાનંદમાં જે સેવા કરે છે તેની કદર રૂપિયા આના પાઈથી સર્વ વિષયોની કીમત આંકનારા લાખે જ કરી શકશે.
>
> શુ. એ. પરિષદ

સરસ્વતીપૂજન ૧. [સં. સરસ્વતી + પૂજન (પૂજા)] ન. દિવાળીને દિવસે વેપારીઓ ચોપડાનું પૂજન કરે છે તે; ચોપડાપૂજન; ચોપડાપૂજન.

૨. ન. સરસ્વતીની ઉપાસના; વિદ્યાની ઉપાસના.

૩. ન. સરસ્વતીની પૂજાનો ઉત્સવ. તે કોઈ ઠેકાણે વસંતપંચમીએ તો કોઈ ઠેકાણે આસો માસમાં કરવામાં આવે છે.

સરસ્વતીપૂજા જુઓ સરસ્વતીપૂજન.

સરસ્વતીપોષક [સં.] વિ. વિદ્યોત્તેજક; વિદ્યાને ઉત્તેજન આપનાર કે પોષનાર.

> પ્રાંત પ્રાંતના વિદ્વાનો અને **સરસ્વતીપોષક** સંસ્થાઓના સહકાર જેમ જેમ વધતા જશે તેમ તેમ સાચી કોમીની કાર્યસિદ્ધિ મળતી જશે.
>
> ભગવંતરાય ઠ. ઠક્કોર

સરસ્વતી પ્રસ્રવણતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થક્ષેત્ર. નર્મદાપ્રસંગમાં લખ્યું છે કે: અહીં સરસ્વતીજીએ તપ કર્યું હતું. જે સ્થાનમાં અનેક યજ્ઞ થયા તેનું નામ હોમટેકરી છે. યજ્ઞકુંડમાંથી પુનર્ધારા નીકળીને નર્મદામાં જઈ મળી તેનું નામ પુનનાદ્યા છે. અહીં વિદ્યાદાન, અન્નદાન, પ્રાણ્યુભોજન, સાવત્રીપુરશ્ચરણ વગેરે કર્મ કરવાનો બધો જ મહિમા છે. અહીંથી ત્રણ માઈલ જંગલના માર્ગે જતાં સહસ્રધારાતીર્થ આવે છે

સરસ્વતીરહસ્ય [સ.] સ્ત્રી.;ન. એકસો આઠ માઠની એક ઉપનિષદ; કૃષ્ણ યજુર્વેદની એક ઉપનિષદ

સરસ્વતીલેખ [સં સરસ્વતી + લેખ] પું સરસ્વતી દેવીએ લખેલ લેખ. શાસ્ત્રોમાં એની હકીકત આવે છે કે, મહાકવિ કાળીદાસ રઘુવંશ કાવ્ય રચતા હતા ત્યારે એક રાત્રિ એ પાંચમા સર્ગના ૬૨ શ્લોકો લખ્યા પછી નિદ્રા આવવાથી તેઓ ઊંઘી ગયા. પોતાના ભક્ત ઉપર અનુગ્રહ કરવા સારુ સરસ્વતી દેવી ત્યાં પધાર્યાં અને પાંચમા સર્ગના અધૂરા રહેલા એટલે ૬૩થી ૭૬ સુધી પોતે શ્લોકો રચી કાઢી લખી ગયાં અને સર્ગ પૂરો કર્યો. પ્રભાતમાં મહાકવિ જુએ છે તો પાંચમો સર્ગ પૂરો થયેલો જોઈ આશ્ચર્યચકિત થઈ આ અનુગ્રહ કર્યો એમ સમજી તેઓ બધા પ્રસન્ન થયા. આ ૧૪ શ્લોકો સરસ્વતીલેખ કહેવાય છે

સરસ્વતીહૃદય સ્ત્રી.;ન. શાક્ત સંપ્રદાયના ઉપનિષદો માંહેનું એ નામનું એક ઉપનિષદ. શાક્ત સંપ્રદાયનાં ઉપનિષદો આ પ્રમાણે છે: ૧. બહ્વૃચ, ૨. અરુણા, ૩ અરુણકેતુક, ૪. સદ્યોમુક્ત, ૫. દેવી, ૬. સૌભાગ્યલક્ષ્મી, ૭. સરસ્વતીહૃદય, ૮. ત્રિપુરાતાપિની, ૯. ત્રિપુરા, ૧૦. ભાવના, ૧૧. ત્રિપુરામહત્ત્વ, ૧૨. અદ્વૈતભાવ, ૧૩. કાલી અને ૧૪. તારા

સરસ્વત્યાભરણ પું (સંગીત) એક ચતુસ્સ્રજાતિ ૨૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાનઃ ૧–૬–૧૧–૨૧–૨૫ અને ૨૭ માત્રા ઉપર છે. ક્રોટડીના બોલઃ–ધા ૧ તકિટ તકિટ તાંકિટ તરકિટ ૨ ધા તકિટ તકિટ તાંકિટ તરકિટ ૩ ધા ધી ધિકના ધી ધી ધિકના.

સરહદ [ફા. સર + હદ] સ્ત્રી સીમા; હદ; કોઈ પણ પ્રદેશના છેડાનો ભાગ; કાંઠો; સીમાડો.

સરહદ પ્રાંત પું. હિંદના વાયવ્ય ખૂણાનો સરહદ પરનો પ્રાંત. અત્યારે તે પાકિસ્તાનની સરહદ પર આવેલો છે

સરહદી ૧. પું. સરહદ પ્રાંતનો માણસ

૨. વિ. સરહદનું; સરહદ સંબંધી, સીમાને લગતું; સીમાડાનું.

સરહપા પું. ચોરાશી માંહેનો એ નામે એક સિદ્ધ.

સરહાંગી સ્ત્રી. હાકેમી; સરદારી.

સરહિસાબનવીસ [અ.] પું. હિસાબી ખાતાનો મુખ્ય અધિકારી; સર હિસાબનવીસ, ' એકાઉન્ટન્ટ જનરલ.'

સરહિસાબનવીસ જુઓ સરહિસાબનવીસ

સરહુકમ પું. બાળપાની રમતમાં કુકમની જાતના પાનાં. જેમકે, સરહુકમ લાલ એટલે લાલના પાનાં

સરળ ૧. ન. પાર્શ્વનું હાડ

૨. વિ. કપટ રહિત; ભોળું; આંટીઘૂંટીમાં સમજે નહિ એવું; નિખાલસ; નિષ્કપટી.

સરળ સ્વભાવ = નિખાલસપણું

૩. [સં. સૃ (સરવું)] વિ. પાણીના પ્રવાહ પેઠે વહેતું; વગર મહેનતે સહેજે નીકળી પડતું. કવિતા બાબત છંદાદિ માટે બોલાય છે.

૪. વિ. સહેલું; ઝટ આવડે અને ગાય એવું; અઘરું કે મુશ્કેલ નહિ એવું

૫ વિ. સાચું; પ્રમાણિક; સીધું

तत्त्व सरळ दृष्टि, हामीने अंध हाय

પ્રેમાનંદ

૬. વિ. સાદું; આડંબર રહિત; સાધારણ

૭ વિ. સીધું; આડું અવળું નહિ તેવું; પાસરું; સરખું

સરળ રસ્તો = સીધો પાંસરો રસ્તો.

૮. અ. સરળ રીતે; પ્રમાણિકપણે; નિખાલસથી.

૯. અ. સહેલાઈથી

સરળતા સ્ત્રી. સરળપણું; સરલતા.

સરળરેચક પું. રેચકારનો એક પ્રકાર. તે વાયુ, કબ્જીયાત, મધુ, સોજો, અરજ અને નેત્રરોગનો નાશ કરે છે.

સરળરેખાકૃતિ સ્ત્રી. સીધી લીટીની આકૃતિ.

પણ મુદ્દો એ છે કે વક્રરેખાકૃતિ અને સરળરેખાકૃતિ એ બંનેથી બનેલી, વક્રરેખાકૃતિની એક બાજુની આકૃતિઓનું પ્રમાણ ક્ષેત્રફળ અને બીજી બાજુની આકૃતિઓનું પ્રમાણ ક્ષેત્રફળ એ બંને સરખાં હોવા જોઈએ.

આર્કિમિડીઝ

સરંગ [ફા. સરહંગ] પું. વહાણનો મુખ્ય ટંડેલ; સારંગ; વહાણ ઉપરનો મુખ્ય ખલાસી

સરંગટ પું (જૂ. ગુ.) ઘૂંઘટ

સરંગટ ખોલી કરંગટ દેઈ
સાસુ સસરાની નવિ બિહઈ વિમલપ્રબંધ

સરંગટો પું. ઓઢણી સાડીનો છેડો કેડમાં ખોસે છે તે.

સરંજાત પું સાધન; સામાન

સરંજાત પૂરા પાડવાનું મંડળનું ખાતું બારડોલીમાં ચાલુ છે. નવજીવન

સરંજામ ૧. પું. કોઈ કામને સારૂ જરૂરનાં સાધન, સામગ્રી કે સામાન.

૨. [ફા. સરંજામ (પરિણામ)] પુ પરિણામ; અંત

સરંજામ ઊતરવું = પૂરું થવું

૩. પું. લડાઈ કે લશ્કરની સામગ્રી

૪. [ફા. સિર (માથું) + અંજામ (છેડો)] પુ. સરકાર તરફથી શિરપાવમાં મળેલાં ઘોડો, પાલખી માટે નિશાનમાં મળેલ માન જાગીર.

૫. પું. સરસામાન; ઘર અથવા ધંધો ચલાવવાને જોઈતી સામગ્રી અને ઉપયોગી સાધન; વાપરવામાં જોઈતી ચીજો; સાધનસામગ્રી.

સરંજામી ૧. વિ. જાગીર સંબંધી

૨. વિ. શિલેદારી પદ્ધતિનું

૩. વિ. સરંજામને લગતું.

સરંજામી પદ્ધતિ સ્ત્રી. ઉમરાવશાહી પદ્ધતિ; ગરાસદારી પદ્ધતિ: સામંત પ્રથા; ' ફ્યૂડલ સિસ્ટમ '

સરઠ ૧. [સં.] પું. વિષયી મનુષ્ય; બ્યભિચારી માણસ

૨. ન. એક જાતનું પક્ષી

સરંદાજ પું. માથાનો ભુરખો.

સરંશ ન. તીરનું ફળ

તે એક બાણે બીજાડે કરીને બીજુ તેને સરંશ. વલ્લણ

સરા ૧. પું. એક જાતનો જનાવરનો રોગ. આ દરદ ઘોડા, બળદ, ઊંટ વગેરેને થાય છે

૨. સ્ત્રી. ઋતુ, મોસમ; ટાણાંનો વખત; સમય. જેમકે, ગમનસરા એટલે ગમની મોસમ

૩ [અ.] સ્ત્રી. જેમાંથી ધનુષ્ય બનાવાય છે તે ઝાડ.

૪. સ્ત્રી. તૃપ્તિ, ધરવ; પૂર્ણ સંતોષ; હદ.

સરા કરવી = તૃપ્તિ કરવી; ધરવ કરવો

૫. [સં. સૃ (વહેવું)] સ્ત્રી. પ્રવાહ; ધારા; ધોધ; ધોધવો; પ્રવાહ પરંપરા.

૬ સ્ત્રી. પ્રસારણીનો વેસો

૭. સ્ત્રી. મહોલ્લો; શેરી; પોળ

૮. [અ] સ્ત્રી. મૂર્છા

૫ સ્ત્રી સરાઈ, મુસાફરો અને અજાણ્યાંને ઊતરવાનું સ્થાન; ધર્મશાળા, મુસાફરખાનું; મુસાફરોને ઊતરવાનું ઘર

૧૦ વિ સારું, સ.પદ

સરાઈ ૧ સ્ત્રી કુદન જડવા માટેનું ઓજાર

૨ સ્ત્રી ચોરસીની એક જાત; કુંભાર; તંબુ કુંભાર, ઉનાળાની ચોરસી, ઉનેરું ચોગણી

૩ સ્ત્રી ઘડતરામનું એક ઓજાર

૪ સ્ત્રી નળાની પાણી પીવાની લાખી સાંકડા નાળચાવાળી બખલી; પાણી પીવાનો મોટો કૂજો.

૫ [સં.] સ્ત્રી નાનું ઢોકળું

૬ સ્ત્રી પોળ જેવી.

૭ સ્ત્રી સરામણ

સરાઉ ૧ ન એક જાતનું ઘાસ; આખી પૂંઠ તપીને સુકાયેલું લીલું ઘાસ. જે ઘાસ વખતસર કાપી, મરી ને પછી સુકવણી કરી પૂળા વાળી સારી રીતે સચવ્યું હોય તેને સરાઉ ઘાસ કહે છે આ ઘાસની બે જાતો છે: (૧) સળિયાર. (૨) જિજવો આ બે જાતોને સૂકવીને સમકાવ છે ધ.નમાં આ ઊંચી જાતનું કહેવાય છે ને ઢોરને તે બહુ ભાવે છે. તેનો રંગ પણ લીલો ને પીળો રહે છે. આ લીલવણી ઘાસ ઉત્તમ પ્રકારનું મનાય છે.

૨. વિ અનુભવી; પઢાયેલું; સંસારના સુખદુઃખનાં ઓછા જોયે સારી પેઠે સહન કર્યાં હોય તેવું

સરાક ૧ પું અણીદાર સળી; ફાંસ; કાંટા; ખૂપરો; ઝાંખ, ઝાંકડા કે વાસની ઝીણી ફરચ જે ચામડીમાં પેસી જઈ ખૂંચે છે તે.

સરાકડો (સરાકડો) પું. સરોખડો.

સરાકડું વિ. ખૂણાત્રાંસવાળું; ચાકુચૂક.

સરાકડું ભરવું = ખૂણત્રાંસ ભરવું; ખૂણા ત્રાંસે આપવું.

સરાકતી [અ. શિરાકત] સ્ત્રી. બક્ષીસ અથવા ઇનામી જમીન ઉપરનો વેરો કે કર; સરકારને કર્ઝ પણ હક કે સલામી આપવી પડે તેવી ઇનામી જમીન.

સરાકી સ્ત્રી સૂતરની આંટી દેવાની ઝાડકાની પાતળી સોટી. તે વણકરોને રાત્ર કરતા કામ આવે છે

સરાખી જુઓ સરાકી

સરાગ ૧ સ્ત્રી. કાંટો; ફાંસ, સરાક.

૨ વિ રંગવાળું; રંગીન; રંગની છંટવાળું

૩ વિ વિકારવાળું; મોહથી ભરેલ; રાગયુક્ત.

સરાજમ ન. કૂવાનો સામાન.

સરાજાહેર અ. ખુલ્લું; જાહેર રીતે.

સરાટ ૧. પુ મુખનાંના ભાગપેઢાને ઊતેજે તેવી મીઠાસ કે સ્નેહજ્ત; મીઠી ચીજ ખાવાનો ભાવ કરાવે તેવી વાસ, સરવી વાસ કે સ્વાદ, ક્ષાર, અમ્લ, જી વગેરે મીઠાતા નીકળતી સ્વાદ ઉત્તેજનારી વાસ.

૨. પું કોહાયેલો અથવા સડતોલો પદાર્થ ખા.પારી કે મુખવાટી નાક અથવા ઇજા ઉપર જે અસર થાય છે તે.

સગટી (સગટી) સ્ત્રી. જુવાર બાજરીના કણસલાનો ઘોડો

આખણ ચોખણ રખાવેં., ચાડ **સરાટી** ને તીર
નરે આવી કન્યાદાનમાં, સિદ્ધિ પેનુ ગાયત્રિયુ રે
મુ. મા. પરિષદ

સગટે (સગડે) અ સરલ રસ્તે, સીધે રસ્તે, સીધે નાત સાર માન, કામ સરે એમ સ.૨.યું

૧ સરાટે ચડવું – રસ્તે ચડવું, રાગે પડવું.

૨ સરાટે ચડાવવું–પાડવું = રસ્તે ચડાવવું.

સરાણ ૧. [સં. શાણ. પ્રા. સાણ અર્વા પછી વિશ્લેષ સરાણ પ્રા. સાણ] સ્ત્રી. ચપ્પુ, કાતર ઇત્યાદિને ધાર કાઢવાનો પત્થર; પથરી; નિસાણો; ધાતુ છોલવાનું અને ધાર કાઢવાનું યંત્ર: જેના ફરવારી ધાતુ ઘસાય એવા પત્થર અને માટી વગેરે પદાર્થોની મેળવણીથી બનાવેલ ઘસવાનું ચક્કર; જોગણી અને માણેક રેતીની બનાવેલી પાટલી; સમાદાની પાટલી. તેના ઉપર ઓજાર ઘસીને ધાર કાઢવામાં આવે છે

સરાણે ચડાવવું = (૧) આકરા કરી આપવો; રસ્તે પાડી આપવું. (૨) ઉશ્કેરી આપવું. (૩) ધાર કાઢવી.

૨. સ્ત્રી. જાતીના દબ્દને લીધે જાતીમાં થતો દુખાવો; જાતીના દબ્દને લીધે જાતીમાં થતો સરાણ જેવો અવાજ

સરાણવું ૧. અ ક્રિ. આનંદ પામવું

રોદિણી નયન **સરાણી** દમારામ

૨ સ ક્રિ. વખાણવું.

વલ્લભ જે અરિ દુલ્લભ છે.
કવિરાજ મહાસિરતાજ **સરાણી**. વલ્લભ

સરાણિયા ૧. સ્ત્રી. એ નામની એક જાત. આ કરતી કોમ છે. તેઓ દરજિયારો અને ઓજારો જેવાં કે સૂડી, ચાકાં, કાતર વગેરેને પાણી ચડાવવાનો, મજવાનો ધધો કરે છે. મધ્યકાલીન યુગમાં હાથોહાથની લડાઈઓ હતી. તે જમાનામાં તલવાર, ભાલાં, જમૈયા, ખંજર વગેરે સજવાનો તેમનો ધીકતો ધધો ચાલતો. સમયના વહેવા સાથે તેમનો ધધો પડી ભાંગ્યો છે. અત્યારે તેમની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે દરજિયારો અને ઓજારો સજવાનો તેમનો સધેડો ગોળ હોય છે અને ચરખાની મદદ ઇરની રાકાય છે એક વ્યક્તિ ચામડાના પટ્ટા વતી સધેડો કે સરાણ ખસે છે અને બીજો સર છે એમ સજે છે. સામાન્યતઃ ઘરના માણસ-સ્ત્રી કે પુરુષ કે બીજા કોઈ સરાણ ખેંચનાર હોય છે પોતાનો માણસ ન હોય તો બીજાને નોકર તરીકે રાખે છે. સરાણિયાના સુખી ધધા માટે એક વખત લાખા કુંભારીએ અજારમાં નીકળતાં સુખી દંપતીને સરાણ પર કામ કરતું જોતાં તેમના મુખમાંથી દુહો નીકળી ગયો કે:—

એકે તાણે બીજું માગવે, લાગી નેણે નેણાં;
જે સુખ માણે સગણિયા, એ અ.પંડ નહિ રાણા.

આ કોમનો ઘણો ખરો ભાગ દાસ શહેરોમાં સ્થાયી થઈ રહ્યો છે. તેઓનો મોટો ભાગ અભણ છે. આ કોમ મારવાડમાંથી ઊતરી આવેલી છે એમ માનવામાં આવે છે. તેમનામાં લગ્ન ખુલ્લા મેદાનમાં થાય છે. વહુની મા અને વરનો બાપ પોતાના પેટના નીચલા ભાગ સાથે ઠીકરાના ઘડા બાંધે છે અને એક બીજા તરફ દોડે છે ઘડા અથડાઈને ફૂટે એટલે લગ્ન થઈ રહે. પગીના મરણ પછી વિધવા બીજા માણસ સાથે રહી શકે છે. તેમનામાં કેટલાક રાજને બાળે છે તો કેટલાક મોં ઉપર પૂળી સળગાવીને મડી પછી દાટે છે.

૨ ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

સરાણિયો પું. સરાણ રાખી ધાતુ છોલવાનું અને દરજિયારો વગેરેને ધાર કાઢી આપવાનું કામ કરનારો માણસ; ઓજારો ઊતારવાનો ધધો કરનારો માણસ; સરાણિયા કોમનો પુરુષ.

સરાણિયા ને ગોલા ગાળા
સાપરિયા કહેવાય
રત્નદાસ

સરાણી સ્ત્રી ઢોરની બાસણની

સરાતલું ન. દોરો કરવાનું કોઠિયું.

સરાઢ ન એક જાતનું તતુવાદ્ય.

સરાધ ન. શ્રાદ્ધ

સરાધરા અ આદિથી અંત સુધી; સાંગોપાંગ; અજેનિ; પહેલેથી છેવટ લગી

સરાના ધરા સુધી = શરૂથી તે અંત સુધી; પ્રથમથી છેવટ સુધી.

સરાધિયું ન શ્રાદ્ધના દિવસોનું

સરાપ પુ શાપ; કટુઆ.

જાતી રેવડ ૨ કાઈ દીયે છે સરાપ રે.
રહિમાણી ૩૦

સરાપરદો [ફા. સરાપર્દા (અમીરનો તંબૂ)] પું એક પ્રકારનો તંબૂ; સરદારને રહેવાનો તંબૂ.

સરાપરદા અગાઉ ખરખચકા કંતાનનો બનાવવામાં આવતો. રાહેનરાહ અકબરે તે શેતરંજખોનો સોનાયમાન પાટનો બનાવરાવ્યો હતો. આઈને અકબરી

સરાપા [ફા.] અ. નખશિખ; માથાથી પગ સુધી; સંપૂર્ણ.

સરાફ [અ. સર્રાફ] પું. સરાફ; નાણાવટી; નાણાની ધીરધાર અને આપલે કરનારો સાહુકાર; બૅંકર; રોકડ નાણાની આપલે અને દલાલણી કરી વટાવ અને વ્યાજ ઉપજાવવાનો ધંધો કરનારો મનુષ્ય.

સરાફખાના ન. પેઢી, બૅંક

સરાફા ૧. પું. સાહુકાર.
૨. [અ. સરાફહ] પું. સરાફ બજાર

સરાફાઈ સ્ત્રી. સરાફી

સરાફિમ પું. દેવદૂત.

સરાફી ૧. સ્ત્રી. દલ્લાસાઈ
૨. [અ. સરાફી] સ્ત્રી. નાણાવટીનો ધંધો; નાણાવટું; પૈસાની આપલે કરવી તે; રોકડ નાણાંની દલાલણી; શરાફી; સરાફનો ધંધો; સાહુકારી.

સરાફી ધંધો = (૧) ખુલ્લો-પ્રામાણિક વેપાર. (૨) નાણાંની ધીરધારનો ધંધો

૩. વિ. ચોક્કસ

સરાફી ભાવ = ચોક્કસ ભાવ; 'ફિક્સ્ડ રેટ'

૪. વિ. બરોબર; ચોખ્ખું

૫. વિ. શરાફને લગતું.

સરાબર અ. ન્યાયસર

હું શરેહ પ્રમાણે સરાબર બાલું છું.
કાનૂપિલો

સરાબર અ. તડોવડ; બરાબર.

એમ સર્વ અંગે સુખદાઈ છે,
મૂર્તિ જેની મનોહર રે
નિષ્કુળાનંદ એ સાચ રે;
ન આવે બીજું કોઈ સરાબર રે.
નિષ્કુળાનંદ

સરામણ ૧ ન. ઉપડામણ, ઉપડાવવાની મજૂરી

૨. ન આદ્ધ સરાવવા બદલની દક્ષિણા, શ્રાદ્ધ કરાવ્યા બાદનું મહેનતાણું

સરામણી જુઓ સરામણ

સરામણું [સં. શ્રમણ] ન. બનાવ.

વસી ઘર ચોર પેસે બાર મારે બણીને તે
કોણ પે'લો જમ બાકે; બન્યા સરામણે જ
વલ્લભ

સરામરુ પું. એક પ્રકારનો દડ. અર્ધો દડ કાઢતાં બે હાથ વચ્ચે આવે ત્યારે જમણા હાથની બગલની નીચ આવું લાવી ડાબા પગનો મોડણ કપાળને અડાડવો. તે રીતે ડાબી તરફ કરી દડ પૂરો કરવો. આ દડથી જાહર તથા પેડુ મજબૂત થાય છે.

સરાર [ફા. સરાસર] અ. આરપાર; એક છેડાથી બીજા છેડા સુધી સરખું; સાગર, તદ્દન; ઠેઠ સુધી હારબધ; સતત; હરાર, ઠેકાણું

અમારામાં બાયની સંખ્યા સરાર બધી બબ
છે બાબુ દેસાઈ

સરાવ ૧ [સં. સરાવ; પ્રા. સરાવ] ન. સરાવ; સકોરું; કોડિયું; રામકટોરો; રામપાતર.
૨. વિ. છાપામાં જ રહેલું તાડ પત્રા વગરનું ત લાકડા માટે વપરાય છે
૩. વિ. ટાણાપર વહામેલ હોય તેવું. દિવાળી પહેલા વહામેલું હોય તે સરાવ બાજ કહેવાય. દિવાળી પછી હોળીમાં વહાય તો ઊંચવાણ કહેવાય.
૪. વિ. શબ્દ કરતું; શબ્દવાળું; ઘૂમ પાડતું.

સરાવગી પું. (જૈન) ખડેલવાલ વણનું બીજું નામ

જબલપુરાદિ સ્થળમા તેમજ સરાવગી કરીને કહે છે બને તેઓ હાલ પ્રાયઃ દિગંબરો બામબ્યામા છ.
મુ ના. પંચમઠ

સરાવણું ન. શ્રાદ્ધ કરવું તે.

સરાવતી વિ. શેરડીના એક બાત. તે સાવ ધોળી બાય છે. બાદ પાસે બાસમાની રંગ હોય છે.

સરાવરા અ. ઋતુ અનુસાર; સહેજસાજ.

સરાવલું જુઓ સરાવ

સરાવવું ૧. સ. ક્રિ. બનાવવું; સમારવું તે કામળા માટે વપરાય છે
૨. સ ક્રિ. સારડીથી કાલું પડાવવું; સાર પડાવવા.
૩. સ. ક્રિ. સારવું કે શ્રાદ્ધ કરવું
૪. સ ક્રિ. સારે તેમ કરવું; બરણ પાળવા ક્રિયા કરાવવી.

સરાવસંપુટ ન. માટીના બે સરખા કોડિયાંમાં દવા મૂકી તેને કપડમટ્ટી કરી અગ્નિમા પકાવવું તે.

સરાવારું અ. ક્રિ. સરાવ તેમ થવું

સરાવિકા પું. (પિંગળ) બે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમા જગણ, રગણ, જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

જ સ જ ગા વડી સરાવિકા. રણછિબ

સરાવું ૧. ન. ધાતુના વાસણની ઝીણી કટકી
૨. અ. ક્રિ. બનવું.

બતિ રે બાનંદઘોર સબળ બબ,
સિયતા રીજના દેખીને હું સરાઉં.
નરસિંહ મહેતા

૩. અ ક્રિ. કૃતાર્થ થવું. લાગવું જેમકે, જેનાં લગ્ન કરીને હું સરાઈ નહિ
૪ અ ક્રિ. રાજી થવું; ખુશી થવું. સુખ બનુભવું

વેરાગ્યવાન બહારા હરિને. સામુ જોઈને સરાયે બતિ;
બણ વેરાગ્યવાન વિલોપાને હાર થાય નથી થતા રતિ.
નિષ્કુળાનંદ

૫ અ ક્રિ. સરાવું; કાલું થવું; ઉઘડવું.
૬. સ ક્રિ. વખાણવું.

દીપ બાલી મુબારાળ બાય.
તને માનુસ બહુ સરાય. અખો

સરાશ જુઓ સરાટ.

સરાસર ૧. [ફા.] અ. આદ્યંત; પહેલેથી છેલ્લે સુધી; સંપૂર્ણ; તદ્દન; આ છેડાથી પેલા છેડા સુધી.
૨. અ. સરેરાશ

સરાસરી [ફા.] સ્ત્રી. સરેરાશ ગણતરી; વરાડ; મધ્યમ પ્રમાણ; 'ઍવરેજ'. એક જ જાતના અનેક રાશિઓના સરવાળાને તે રાશિઓની સંખ્યાએ ભાગતાં જે ભાગાકાર આવે તેને રાશિઓની સરાસરી કહે છે.

સરાસરીનું શાસ્ત્ર = ગણતરી અને નોંધોને ટૂંક સ્વરૂપમાં બતાવનારે શાસ્ત્ર. આંકડાશાસ્ત્ર તો સરાસરીનુ શાસ્ત્ર છે. એટલે બધી ગણતરી અને નોંધો એવા ટૂંકા સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે કે, કોઈ સાધારણ માણસ પણ તે જલદીથી સમજી શકે છે.

સરાહ ૧. [અ.] પું. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. પ્રશંસા; પ્રસંસા; વખાણ
૩. [ફા. સરા (મુસાફરખાનું)] સ્ત્રી સરાઈ; મુસાફરખાનું; ધર્મશાળા, સંઘને ઊતરવાની જગ્યા

નાટકમાં નર નાચ નાચે
એમ સરાહે સંસાર. અખો

સરાહગત ૧. સ્ત્રી. અતિશયોક્તિ

એ હકીકત હકીકત હોતાં ઝરસી ત્યારીબની નોંધ સરાહગત કરેલી જણાય છે.
કેશવ હર્ષદ

૨. વિ. એકમત નહિ થયેલ; અનુસરેલ નહિ તેવું, આધાર વિનાનું.

સરાહગાત જુઓ સરાહગત.

સરાહત [અ. સરહ (તે ચોખ્ખું હતું)] સ્ત્રી. સ્વચ્છતા; ચોખ્ખાપણ

સરાહતન અ. સારુ; ચોખ્ખી રીતે; બહોર રીતે.

સરાહના જી પ્રશંસા, શ્લાઘા, વખાણ

સરાહનીય [હિ. સરાહના + ફીય (પ્રત્યય)] વિ તારીફ લાયક; પ્રશંસાપાત્ર; સ્તુત્ય; માર્ગદર્શક

સરાહવું સ ક્રિ. વખાણવું; માન બક્ષવું, મહિમા બક્ષવો

સરાહી વિ. મનોહર; વખાણવા લાયક; સારું; સુશોભિત

રવી બની નૂતન એ તન રૂ.
ધનવંતી ક્રિસાઈ **સરાહી** અકબર. બલવંત

સરાહું ન. વખાણ; પ્રશંસા.

બીમ મહાબાહુ એ તો,
કૃષ્ણના **સરાહું** કાજ. બલવંત

સરાળવું ૧ સ. કમોદ ખાંડીને ચોખા કાઢતાં કમોદનો જે ફોતરાવાળો કાચો રહે છે તે

૨. સ. ધડની ઉપરની મૂળ

સરાંઠી જી કપાસની સાંઠી; કપાસના છોડવાની મોટી; સાઠી

સરાંવું સ ક્રિ. એક રહેવે બે ઢોરને બાંધવાં; સરોવવું

સરિ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ અને સગણ એમ ૭ અક્ષરો હોય છે તે ગાયત્રી છંદનો એક ભેદ છે.

સરિ ન સ થરી. રણછોડ પિંગળ

૨. પુ પાણીનું ઝરણું.

૩ જી. સરિતા; નદી.

૪. સ. ખરેજ

સરિકાર વિ. શીકાર.

સરિખું (સરિખું) વિ. સરખું; જેવું; બરોબરિયું.

આંહ રામના બબ્બરાન **સરિખું**. નાનાલાલ

સરિગત ૧. વિ. શરણ આપનાર; આશ્રય દેનાર; બેલી

૨ વિ. સાથી; મિત્ર; સોબતી

તાય કુંવર નહિ અબ્બાએ રતી,
સુખદુઃખનું કોઈ **સરિગત** નથી પ્રાણાખ્યાન

સરિત [સં] જી. નદી; સરિતા

ધીરો મહેતાજણ ભાઈનો રે બોલ,
રૂડી **સરિત** એ સેર રે. ભોટાદકર

સરિતક્ષાર પુ નદીનો ક્ષાર; કાંપ

સરિતદીવડો પુ. નદીના પાણીમા તરતો દીવડો

સરિતવન ન સુંદરવન; ગંગા જમના નદી વચ્ચેના પટનું વન

સરિતસુંદરી જી. નદી રૂપી સ્ત્રી

સાજે સોહાગ **સરિતસુંદરી** રે. ભોટાદકર

સરિતા [સં] જી. નદી; બહેની નદી.

સરિતા પુની વરમિલી લહિની હુદિની હોઈ.
સોના અવરી નિમ્નગા આપણા દ્વિરેફ જોઈ
પિંગલપ્રકાશ

સરિતાપતિ પું. સમુદ્ર; ઉદધિ; નદીનો ભર્તા; સાગર

સરિત્પતિ ૧. પું. (પિંગળ) એ નામે એક પ્રકૃતિમોતિ માત્રામેળ છંદ. તે ૨૬માત્રક ગીતિનો ભેદ છે. તેમાં ૩ ગુરુ અને ૫૮ લઘુ મળી ૬૧ અક્ષર હોય છે

૨ પું. સમુદ્ર; સરિતાપતિ.

સરિત્પુત્ર [સં. સરિત્ + પુત્ર] પું. ગંગાપુત્ર; ભીષ્મ

સરિત્સુત જુઓ સરિત્પુત્ર.

સરિદ્વરા [સં.] જી. ગંગા નદી.

સરિદ્વિપ પું (પુરાણ) એ નામનો વરુણનો પુત્ર

સરિનો વિ. તાજુ.

સરિન્નાથ [સં. સરિત + નાથ] પું. સમુદ્ર

સરિયત ૧. જી. પદ્ધતિ; પ્રતિષ્ઠા.

૨. જી. શરમ.

૩. જી હોડ; બોલી

સરિયામ ૧. વિ. ચોખ્ખું; દેખીતું.

૨. વિ. જાહેર; સર્વને માટે ખુલ્લું હોય એવું, સાર્વજનિક.

૩. [અ. શારિઅ (રસ્તો) + આમ (જાહેર)] વિ મુખ્ય; ધોરી. બહુ માણસોનો આવરોજાવરો થતો હોય એવા રસ્તા માટે બોલાય છે

સરિયામ રસ્તો = રાજમાર્ગ.

૪. વિ. સગગ; સીધું; પાંસરું; પાધરું.

સરિયું ન. બેતરની એક બાજુના કયારાથી સામી બાજુના કયારા સુધીનો ભાગ.

સરિયો ૧. પું. જવારબાજરીના છોડનો દાંડો; કપાસલાંનો દાંડો; સાંઠો; જવાર કે બાજરીના સાડાનો વાંકચૂકો ભાગ. તે વર કન્યાને પોંખવા માટે વપરાય છે

સાસુ પોંખે રુમટ લઈ **સરિયો** રે.
કસ્તિર નીરખી અંતર પરિયો રે. પ્રેમાનંદ

૨. પું દડુકો; સળિયો.

૩. પુ. પાતળું પીંખણું.

૪. પું. જવની લાકડી.

સરિયું ન. (બા.ગુ.) સાથે.

નારિ બચને માંડ્યો પ્રાસાદ.
બચન **સરિયો** માંડે વાદ.
વસુપાળ તેજપાળનો રાસ

સરિષ્ઠ વિ સારું; શ્રેષ્ઠ; અતિ સારુ.

સરિસ ન બરાબર

સરિસર્પ વિ પેટ બળીને ચાલતો સપાદિક જનાવર

વળી પશુપંખી **સરિસર્પ** રે. નિષ્કુલાનંદ

સરિસલીલ [સરિ (નદી) + સલીલ (પાણી)] ન. નદીનુ જળ

સરી ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તે જગણયુક્ત આર્યા છંદનો ભેદ છે. તેમા ૧૫ ગુરુ અને ૨૭ લઘુ મળી ૪૨ વર્ણ હોય છે.

૨. જી નદી; સરિતા.

વેણીની ચાલ હુ ન જાણું,
ચિર ચહે છે સુર **સરી**. શ્રીધર

૩. વિ. પ્રલંબ.

૪. વિ. શુદ્ધ; ચોખ્ખું; નિર્મળ.

સરીક ૧. પું. ભાગીદાર

૨ પું ભાગિક; ખંડી.

સરીકાર [સં. શ્રીકાર] વિ. ઉત્તમ; મજેનું; સરસ; સુંદર.

સરીખ જુઓ સરીક

સરીખું (સરીખડ) વિ. તુલ્ય; બરાબર; સમ; સમાન; સમોવડું; સરખું.

સરીખું વિ. ના જેવું; સમાન; સરખું; તુલ્ય; બરાબર; સમ. તે કવિતામાં વપરાય છે.

સરીગત ૧. વિ. ભાગ રાખનાર.

૨. વિ. મદદનીશ; સાથી; મિત્ર; સોબતી; સહાયક.

૩. વિ. શરણ આપનાર; આશ્રય દેનાર; બેલી; વાલી

સરીગાન પું. સહાયક; સાથી.

સરીત્રદ પું. નદી કાંઠો.

તે સુર **સરીત્રદ** સ્વપ્ન સુંદર. કમાલમ

સરીષા ન. (કચ્છી) એક પ્રકારની વનસ્પતિ; દરિયાઈ કાસડો; એક પ્રકારનું ઘાસ.

સરીફળ ન. નારિયેર; શ્રીફળ.

ચાળ ભર્યો રે સમ મોતીએ રે
ઉપર **સરીફળ** બે ચાર.
રહિયાળી રાત

સરીફા [હિ.] પું સીતાફળ.

સરીભરી જી. રિશ્વત; લાંચ.

સરીમંઠળ ન એક જાતનુ વાજું.

સતર સરસા સારવી, **સરીમંઠળ** બોચણ,
બેર ભુજા વાસણી, દોઢ મોંવર ઉપંગ.
નિષ્કુલાનંદ

સરીવન જી. ઉપરમાલ નામની એક વેલ.

સરીસું ૧ વિ. (જૂ. ગુ.) સરખું; જેવું.
બિહુ બાઽ તિહાં બાંધિ આવ્યા,
રામ સરીસા દેખઈ. કર્મવિપાકનો

૨. અ નજીક; સરસું

સરીસૃપ ૧. પુ. વૃશ્ચિક વગેરે રાશિ; વીંછુડો
૨ [સં] પુ. સર્પ, વીંછી વગેરે
પનગ નાગ ભુજંગ ને ફિણિપ જોગી સર્પ
ચક્ષુમગ **સરીસૃપ** હરિ કાકોદર ઝર દર્પ.
વિજ્ઞાનવિનોદ

સરીહ ૧. [અ. સરહ (તે ચોખ્ખું હતું)]
વિ. ખુલ્લું; સ્પષ્ટ
૨. વિ ભોળું; સરળ.
૩. વિ. વાંધો ન પડે તેવું.
૪. વિ. સારું

સરીહન અ સ્પષ્ટ રીતે

સરીહી જુઓ સરીહન

સરુ ૧. [સં.] પુ. તલવાર વગેરેની મૂઠ.
૨. [હિ. સર્વ] પ્ર એક જાતનું ઝાડ; દેવદાર; સરવનું ઝાડ; સરુ.
૩. પ્ર. વાંભલા કે પીલોરના મથાળા ઉપર જે નકશી અગર ઘાટવાળું લાકડું કે પત્થર મુકાય છે તે; 'કેપિટલ'.

સરું (સરુ) ૧ પ્ર. છેડો; અંત; પાર.
ભારે સર્વ પડે પામઇ, ત્યારે હું પડનું આવે **સરું**
અખો
૨. પ્ર. (શિલ્પ) વાંભલા ઉપરનો મથાળાનો ભ.ગ. તેના ઉપર પાટડી મૂકવામાં આવે છે.
ઘરના ભૂમિતળથી પાટડા સુધી ઘરના ઉદયના નવ ભાગ કરવા. પણ તે નવમાંથી ૬ ભાગોનો સ્તંભ કરવો તથા અર્ધ ભાગનું ભરણું કરવું તથા અર્ધ ભાગનું **સરું** કરવું
વાસ્તુસરસ
૩. પ્ર. દોરડું; રસી; દોરો; સર.
૪. પ્ર. મોસમ; ઋતુ

સરૂઈ [પ્રા. સરજ] વિ. (જૂ. ગુ.) ગળગળું; પીડાયુક્ત.
ઈમ્યું સાંભલિ **સરૂઈ** સાવિ પાન્ડવરૈપ્રબન્ધ

સરૂતલિકો પું. વનપાનીઓનો દેવ

સરૂપ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઔક્તિક છંદનો ભેદ છે. તેને પ્રતર્દિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે.
૨ ન આકાર, આકૃતિ
૩ [સ સુ (સારું) + રૂપ] ન કાંતિ; ચળકો, ચમત્ત, સુંદર રૂપ.
૪. [સ. સ્વ (પોતાનું) + રૂપ] ન. સ્વરૂપ; પોતાનું અસલ કુદરતી રૂપ.
૫ વિ એક સરખા, એકજ પ્રકાર, એકજ રૂપનું
૬ વિ રૂપાળું, સુંદર
૭ વિ સરખું; સમાન

સરૂપઆકૃતિ જી આકાર સરખો હોય પણ કદ સરખું ન હોય તેવી આકૃતિ.

સરૂપતા ૧. જી એકરૂપતા; સરખાપણું; સદૃશ્યતા; એકસરના સરખા રૂપ થાય તેવી સ્થિતિ; બરોબરપણું; સરખામણી; તુલ્યતા; સમાનતા.
૨. જી. સમીપતા, સલોકતા, સરૂપતા અને સાયુજ્યતા એ ચાર મારેની ત્રીજી મુક્તિ.
૩. જી. સુંદરતા.

સરૂપવેશ [સ.] પુ સિદ્ધદર્શક પોષાક; સમવેશ; સમાન વેષ

સરૂપા ૧. જી. (પુરાણ) ભૃગુ નામના ઋષિની એ નામની સ્ત્રી
૨ જી. સ્વરૂપવતી સ્ત્રી

સરેડી (સરેડી) ૧ જી એક જાતનું વળાંકવાળું લુહારનું સુતારનું ઓજાર
૨ જી. જમીનજાગીરના છોડની દાણા બેસવાની સ્થિતિ કે સ્થાન
સાઠ દીએ સરેડી ને પચાસ દીએ પોપડા
લોકોક્તિ
૩ જી. કૂવામાંથી દાણા કાઢવા માટે બનાવાતું એક સાધન તે આંકડાને વાળીને બનાવવામાં આવે છે
૪. જી પીંજેલા રૂની પૂણી વાળવાને માટે બનાવેલી વાંસડાની સળી

સરેડે (સરેડે) અ. સવે; સીધે માર્ગે.
આ બને બાળતો **સરેડે** ચડતી નથી
નવલકથા
૧. **સરેડે** ચડવું = (૧) કોઈ કામ કે ક્રિયા રીતસર થવી; પાટે ચડવું; રસ્તે ચડવું; રાગે પડવું (૨) મેળ આવો; બંધબેસતું આવવું.
૨. **સરેડે** ચડાવવું-પાડવું = (૧) પાસરું કરવું; ધાર્યા પ્રમાણે કરાવી આપવું. (૨) રસ્તે ચડાવવું.

સરેતોરે ૧. અ. વાજબીવાજબીત; ઉઘાડે છોગે; ખુલ્લે ખુલ્લું; જાહેર; જાહેર રીતે
૨. [સર (કેડી) + તોરો] અ. સિરતોરે; અમિતિ ઠીક ઠીક એમ; સાંગોપાંગ; વગર ઘટકતે.

સરેરાઢ અ. એકદમ.

સરેરાશ ૧. [સ. સરેરાસ (માથાદીઠ)] જી. (ગણિત) એક પ્રકારની સરાસરી; વરાડ; નાની મોટી રકમોનો જુમલો કરી કરાતુ મોત; મધ્યામન; મધ્ય પરિમાણ.
તેનો અર્થ એ છે કે, અમુક વસ્તુસ્થિતિમા સૌને ભાગે પડતુ શું આવે છે આ હોમી કાઢવા માટે આપણે તે કુલ વસ્તુઓ, કુલ ભાગ લેનારાઓની સંખ્યા વડે ભાગવી અને જે ભાગાકાર આવે તેજ સરેરાશ કહેવાય છે. દા.ત. [illegible] તો આ સંખ્યા ભાગવામા આવે તો જે રકમ નીકળે તેને સરેરાશ કહેવામાં આવે છે.
૨ અ અંદાજથી નામનું
૩. અ. એક સરખું સીધું કે સપાટ હોય એમ, સમતલતા પર
૪ અ. એકદરે, એક બાજુની સરખામણીમાં સરખેસરખું આવી રહેતું હોય એમ; લગોલગ; મોટા ભેળે, સામાન્ય રીતે
૫ અ સરેરાશ ગણતાં

સરેરો [સ શાખોટક; મ. સરેરા] પુ. એ નામનું વર્તુલ વર્ગનું એક ઝાડ, શાખોટક, તન્તુ, સદા લીલ ઝાડ દિલ્લા પ્રમાણ પ્રદેશમા, તે મળે છે. ગરજ નામા થાય છે. તમ.થી નીકળતુ દૂધ [illegible], મરો અટકાવવા, જખમો રુઝવવા તથા મરડામાં પકવવા વપરાય છે. ફોડ ઉપર ચોપડવાથી જૂનો ફોડ મટે એમ મનાય છે. ચારગણા પાણીમાં ઉકાળી ગોનૂત્ર નાખી પીવાથી હાથીપગમાં ફાયદો થાય છે. મોટી માત્રા ઝેરી, સોજો લાવે દવા માટે યોગ્ય માત્રા જ વપરાવી જોઈએ. છાલનો ક્વાથ તાવ, મરડા અને અતિસારમાં અપાય છે. રક્તપિત્ત, અર્શ, વાયુ અને કફનો મટે છે. સર્પદંશનુ ઝેર ઉતારનાર મનાય છે. નદિ સ્નાનાં ચાંદા તથા સ્નાયુઓના દુખાવા ઉપર ચોપડાય. ફૂલ પીળા રંગનાં, રમણદાર પણ બહુ સ્વાદિષ્ટ નથી હોતાં. જંગલના બાળકો ને ખાય છે. પાન સૂકાં અગ્નિદાહ દેવા થી હરપીદાંત અને લાકડા ઉપર કામ કામળાની જેમ પોલિશ કરવા માટે વપરાય છે ડાળીનાં દાતણ કરવાથી દાંત પરની ઝાંખી કપાઈ જાય છે લાકડું સફેદ મધ્યમાં કઠણ છે.
સરેલ ૧ ન. ખેતી વાડી લાંબા પટ્ટી ખેતરમાં છૂટક વેરાયેલ કઠોળનો છોડ
૨ ન. ભરવાડ લોકોનુ હાથમાં પહેરવાનુ કપાનુ ઘરેણું

સરેલીઉં જુઓ સરેલ

સરેશ ૧. પું. ચામડાં કે હાડકામાંથી બનતો ચીકણો પદાર્થ; સરેસ
૨. વિ અર્થથી સારું
સમર્થ સત્યવાદી **સરેશ**,
એવા સંતને નમું હું શિરસા. નિષ્કુળાનંદ

સરેસ ૧. [ફા. સરેશ] પું. હાડકાં અને માછલાંમાંથી નીકળતો એક જાતનો ચીકણો પદાર્થ; સરેશ; સરસ; ગ્લુટિન
૨. ન. કાળિયા સરસનું ફૂલ; શિરીષ

સરેહ ૧. સ્ત્રી. કાયદો
આપણા હિંદુઓને સ્મૃતિ પ્રમાણે, મુસ્લિમોને મુસલમાની સરેહ પ્રમાણે એમ સૌને પોતાના જૂના કાયદાઓ પ્રમાણે રાજાઓ કે કાજીઓ મારફત આસાન ન્યાય મળતો તેમ મળે
મ.પી૭

૨. સ્ત્રી. ધાર્મિક માન્યતા; રહેણીકરણી; રૂઢિ
મુસલમાનને તેમની સરેહ પ્રમાણે કામ કરવું જોઈએ. તેની વચ્ચે પડવાની તમે કરી પણ જરૂર ન હતી.
ઈ. સ. દેસાઈ

૩. સ્ત્રી. યોગ્યતા; પોતાપણું
ખળખળતા પાણીમાં કાંઠે નાખવામાં આવે તો તેની સરેહ કાંઠે અંશે કમી થાય છે.
આરોગ્ય વિજ્ઞાન

સરેહવું ૧. સ. ક્રિ. ગોઠવવું; ગઠવું
૨. સ. ક્રિ. બે દોરને રાંટવાથી સાથે જાડવા.

સરેંઢિયો પું. ખુજારનો એક છોડવો હોય અને ઉપર જતાં બે ત્રણ છોડવા નીકળ્યા હોય તેવો છોડ.

સરેંદ ન. (સંગીત) એક વાદ્ય.

સરૈયા ૧. પું. મોટો લંબચોરસ કુપારો.
૨. સ્ત્રી. અત્તર વગેરે ખુશબોદાર જથ્થાઓ વેચનાર સોકોની એ નામની એક જાત. અત્તાણ તેને માટે સુરહિયા શબ્દ વપરાતો.

સરૈયા ફ્રાઈન વિ. સ્ત્રી. મધ્યમ વર્ગની બાંડની જાત.

સરૈયાવાડ (સરૈયાવાઢ) સ્ત્રી. શહેરના જે ભાગમાં સરૈયા લોકો વસતા હોય તે; ચોરાસી બાંધેનું એક ચૌટું.

સરૈયાસ્ટાન્ડર્ડ વિ સ્ત્રી. ઊંચા પ્રકારની બાંડની જાત

સરૈયો ૧. પું. છેડાતાર ભેગા કરી તેમાંથી રૂપું કે સોનું કાઢી પોતાનું ગુજરાન કાઢનાર સરૈયા જાતિનો માણસ આ કામ કરનાર સામાન્ય રીતે મેમણ હોય છે.
૨ પું પાતળી ગોળ કાનસ.
૩. [સં સુરભિકા] પું. સુગંધવાળી વસ્તુઓ વેચનારો; પૂજાપો અને ગંધદ્રવ્યનો વેપારી; અત્તર વગેરે ખુશબોદાર જથ્થાઓ વેચનાર; સુરૈયો; સુરહિયા સરૈયાનું મૂળ સુરભિમાં છે. સુરભિ એટલે સુગંધી. જૂના સાહિત્યમાં સુગંધી દ્રવ્ય વેચનારને સૌરભિક–સુરહિયો કહેલો છે. સૌરભિકનો પ્રાકૃત ઉચ્ચાર સોરહિય, સહિરહિય કે સુરહિય થઈ શકે. એને જ ઉતાવળથી બોલતા સુરૈયો થઈ જાય છે. તે અત્તિકાના અઢાર સહાયકો માંહેનો એક ગણાય છે.
૪. પું સુતારનું એક ઓજાર; ગ્રીવ વીંધણ

સરોકાર ૧. [ફા.] પું. પરસ્પર વ્યવહારનો સંબંધ
૨. પું. પ્રયોજન; મતલબ; હેતુ

સરોખડો (સરેખડો) પું. એક જાતની કળીચૂનાના ગુણવાળી માટી; ખડિયા
ભાવનગરનો ખતડા ભરવા સરોખડો
ઝવેરચંદદાસ કાટવાળા

સરોગ ૧. [સ + રોગ] વિ. રોગવાળું; રોગી; રોગીષ્ટ.
૨. [સરસ્ + મ (જનાર)] વિ. સરોવર વિષે જનાર.
ત્યાં રાજહંસ વિના અન્ય સરોગ નથી
અક્ષિયાજ વણઝારો

સરાગત અ. સાધારણ રીત.

સરોચરમ [ફા. અમરોચરમ, ન (સાથે) + મર (માયુ) + ન (અને) + ચરમ (આખ)] અ. અપલાનંદથી, આંખ માથા ઉપર; ઘણી જ ખુશીથી.

સરાજ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે આનદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૧૦ લઘુ મળી ૫૦ વર્ણની ૯૦ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, નગણ, સગણ અને ૧ લઘુ મળી ૧૦ વર્ણ હોય છે.
સ ન સ લ ની રચ સરોજ. ૨૬પિંગળ
૩. [સં. સર (સરોવર) + જન્ (ઉત્પન્ન થવું)] ન. કમળ; તળાવમાં ઊગતું એક જાતનું ફૂલ; પોયણું
પુંડરીક પુષ્કર કમલ જલજ અબ્જ અંભોજ,
પદ્મ સારસ તામરસ કુવલય કંજ સરોજ.
પિંગળકોષ

૪. ન. સારસ પક્ષી.
૫. વિ. તળાવમાં ઉપજતું.

સરોજપ્રનિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, જગણ અને ૨ ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે
સરોજપ્રનિકા જ સા જ ગા ગે. ૨૫૪પિંગળ

સરોજપ્રહરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ અને બે રગણ મળી ૧૨ વર્ણ હોય છે.
સરોજપ્રહરી ના ય ય ર ર ગ. ૨૫૪પિંગળ

સરોજિક [સ. સરોજ (કમળ)] સ્ત્રી. જેમાં ઘણાં કમળો ઊગ્યાં હોય એવી તળાવડી કે વાવ

સરોજિની ૧. [સં.] સ્ત્રી. કમળની વેલ
૨. સ્ત્રી ચંદ્ર કમળ, પોયણી
૩. સ્ત્રી. સરોજિની નાયડુ. એમનો જન્મ ઈ.સ. ૧૮૭૯માં થયો હતો. તે અંગ્રેજી ભાષામાં સર્વોત્તમ કાવ્યો લખી શકતાં હતાં. તેને ઇંડિયન નાઇટિંગલ પણ કહે છે. તેઓ ૧૯૨૫ના મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા

સરોજી પું. ખાખા

સરોટો પું. નાગનો લાંટો
જાણે સરપના સરોટા,
રાજત સરપના સરાટા. મુ સા. પરિષદ

સરોટવું (સરોડવું) ૨. સ. ક્રિ. ઘાસ છૂટું કરી પહોળું કરવું; ખરેર બાજરી વગેરે ઘાસના પૂળા છૂટા કરી નાખવા
૨ સ ક્રિ જનાવર નાસી ન જાય માટે બે જનાવરને એક દોરડે સાથે બાંધવાં; તોફાની ઢોરને શીંગા ઢોરની સાથે એક દોરડે બાંધવું
૩. સ ક્રિ. મારવું; સોટીની ભરોળો થાય તેમ માર મારવો.

સરોડું (સરોઠું) ૧. ન. જુવાર બાજરીનો સાંઠો; જાડી સૂકી ઘાસ; રાડું; જાડા ઘાસનો કકડો; બલોયું.
૨ ન ખટ, નેતર.
૩ ન રોટિયા ઉપરની માળ આવી પડી ન જાય માટે બે ઢીંચણીઓની વચ્ચે જે બે ત્રણ સાઠા બાંધેલા હોય છે તેમાનો દરેક

સરોતરી વિ. ખરું; ખરેખર; સાચું, બરોબર; નિષ્પક્ષપાતી; ન્યાયપુર:સર, યોગ્ય, વ્યાજબી.
બાઈનો, હમે સરોતરી ન્યાય કરજો.
હરગોવિંદદાસ કાટવાળા

સરોતો પું. સાડી.

સરોદ ૧. [ફા. સુરુદ] પું (સંગીત) એક જાતનું તંતુવાદ્ય; સારંગી. તે કબાલને મળતું હોય છે. તેની બાજુએ ઉપરી ૧૧ તારો હોય છે. આ વાદ્ય સિતારના જેવું જ હોય છે. કોર્ડ પ્રદેશમાં બજાવી પણ વાદન કરાય છે.
૨. [સ. સ્વરોદય] પું. કાળા જાણવા નાકમાંથી ચાલતા શ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવું તે
૩. પું. સંગીત; ગીત; ગાયન
૪. પું. સ્વર; અવાજ; સૂર; કંઠ.

સરોદો ૧ [ફા. સુસ્રદ] પુ. અવાજ; સૂર.
૨. પું. એક જાતનું તંતુવાદ્ય; સારંગી; જરીક મોઢેનું એક વાદ્યિત્ર.
૩. પું. રિવાજ; રાબેતો; ધારો; ધોરણ; પદ્ધતિ, નિયમ; ક્રાયદો
૪. પું. સદી.
૫. પું. સ્વરોદય; નાકમાંથી આવતા શ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા

સરોધ પું નાશ; અટકાવ; અંત

સરોપા [ફા. સર (માથું) + પા (પગ)] અ. માથાથી પગ સુધી

સરોરુહ ૧ પુ. સારસ પક્ષી
તમ રીસ મરણ સરોરુહ મધુકર પરે મનોહાર.
આનંદકાવ્યમહોદધિ
૨ ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.
૩. [સં. સર (સરોવર) + રુહ્ (ઊગવું)] ન સરોવર કે પાણીમા થતી વેલનું ફૂલ; કમળ; પદ્મ; પોયણું; સરોજ

સરોરો પુ. (વહાણવટું) સઢની ઉપરી ભાગ તે મરકને સમાંતર હોય છે.

સરોવર [સં. સરસ્ (તળાવ) + વર (શ્રેષ્ઠ)] ન. જળાશય; ઓટુ બાંધેલું તળાવ; સર; ચારે બાજુ જમીન ને વચમાં પાણી હોય તે.

સરોવરિયું ન. નાનું તળાવ; નાનું સરોવર.

સરોશ ૧. પું. (જરથોસ્તી) એ નામનો એક ફરિશ્તા.
૨. પું. જરથોસ્તી માસનો એ નામનો સત્તરમો દિવસ; ઈસાકી સનના મહિનાનો તેમ જ ફરિશ્તાઓના મહિનાનો સત્તરમો દિવસ.
૩. સ્ત્રી. (જરથોસ્તી) સ્ત્રી ઈશ્વરની શુશ્રૂષા; તાબેદારી એનો ધાતુ શ્રુ એટલે સાભળવું અથવા સંભળાવવું થાય છે કોઈનુ કહેલું સાભળવુ તેનો અર્થ માન્ય કરવું, કબૂલ કરવું કે તાબે થવુ એમ થાય છે. તે ઉપરથી સરોશ અથવા સરોશ શબ્દ બનેલ છે.
૪. સ્ત્રી. એક મોટી દૈવી શક્તિ.
૫. સ્ત્રી. મરનારની પાછળ મરણ પછી ત્રણ દિવસ સુધી કરવામાં આવતી ઉત્તરક્રિયા આ ક્રિયાને સરોશ કહેવામાં આવે છે. કેમકે તેમાં સરોશની બંદગી કરવામાં આવે છે.

સરોષ [સં સ (વાળું) + રોષ (ક્રોધ)] વિ. ક્રોધથી રાતું; ક્રોધી; ગુસ્સાવાળું; રોષયુક્ત; ગુસ્સાસહિત.

સરોસર અ. ઉપરથી નીચે, ઠેઠ સુધી; પહેલેથી છેલ્લે.

સરોસામાન [ફા.] પું. રાચરચીલું; સરસામાન.

સરોહી [હિ.] સ્ત્રી. એક જાતની તલવાર.

સર્કલ ૧. [અં.] ન. મડળ.
ના સર્કલનુ હોવુ = ના મંડળનું કે વર્તુળનુ હોવુ.
૨. ન. વર્તુળ; ગોળાકાર.
૩. ન. વિભાગ; ઇલાકો. તાલુકાના પેટા ભાગને વિભાગ કે સર્કલ કહે છે.

સર્કલ ઇન્સ્પેક્ટર [અં.] પું. અમુક સર્કલ કે વિભાગનો મદદનશી એક અધિકારી; ચક્રપરિદર્શક

સર્કયુલર [અં.] પુ. આજ્ઞાપત્ર; આદેશ; પરિપત્ર.

સર્કયુલેટિંગ [અં.] વિ. ફરતુ.

સર્કયુલેશન [અં.] ન. ખપત.

સર્કસ ૧. પુ. એક જાતનુ પ્રાચીન.
૨. પું ;સ્ત્રી. એક જાતની જાત કે છાપનું નામ; વસ્ત્રમાં સર્કસ જેવી જાત હોય તે.

સર્કેલ [ફા. સર્કેલ] પું. સેનાપતિ; રસાલાનો અમલદાર.

સર્ગ ૧ પુ. અચેતન સૃષ્ટિ
૨ પું અનુમતિ.
૩ પું અર્પ
૪ પું. આક્રમણ
૫ પુ ઉત્સ ક
૬ પુ. કબૂલાત
૭. પું. કવિતાના વિષયનો ભાગ; કાવ્યાદિમાં વિષયવિભાગ.
૮. પુ. કુદરત
૯. પું. કોલકરાર
૧૦. પુ. જન્મમરણ
૧૧ પું. જેમાં સૃષ્ટિની ઉત્પત્તિની કથા હોય છે તે; પુરાણનાં પાંચ મોઢેનું એક લક્ષણ; મહાપુરાણના દસ મોઢેનું એક લક્ષણ.
૧૨. પું. તજવું તે; ત્યાગ.
૧૩. પું. નિશ્ચય
૧૪. પું પરમેશ્વરથી સત્ત્વાદિ ગુણોની વિષમતા થતાં પાંચ ભૂતો, પાંચ ત-માત્રાઓ, ઇંદ્રિયો, મહત્તત્ત્વ અને અહંકાર એ સર્વની જે ઉત્પત્તિ થાય છે તે સર્ગ કહેવાય છે
૧૫. પું. પ્રકરણ; અધ્યાય.
૧૬ પુ પ્રાણી
૧૭. પું. બંધકોષ.
૧૮. પુ. છોકરાને ભણવાનો દિવસ.
૧૯ પું ભાગવતમાં વર્ણવેલ દસ મોઢેની એક લીલા.
૨૦. પું મહદ્‌થી સ્થૂળ સુધીના વિકાર
૨૧. પુ. મજૂરી.
૨૨. પું. મોક્ષ
૨૩ પું. વિનિયોગ.
૨૪ પું વિષ્ણુનાં હજાર મ હેનુ એક નામ.
૨૫ પું શિવ
૨૬. [સં સૃજ્ (ઉત્પન્ન કરવું; પેદા કરવું)] પુ સર્જન; ઉત્પત્તિ
૨૭. પુ સૃષ્ટિ
૨૮. પું. સ્વભાવ.

સર્ગનિવેશ [સં. સ્વર્ગ + નિવેશ] ન. સ્વર્ગભુવન.
મહા મંડાણે કરે પ્રવેશ;
જાણે પીપ્યુ તે સર્ગનિવેશ.
આનંદકાવ્યમહોદધિ

સર્ગબંધ [સં.] પુ. અનેક સર્ગોનું બનેલું કાવ્ય; મહાકાવ્ય.
આ કાણી સર્ગબંધમાથી મુક્તકમાં અને રસમાથી અલંકારમાં સહાતિ રાર થાય છે
કેશવ હર્ષદ

સર્ગમીમાંસા સ્ત્રી વિશ્વની ઉત્પત્તિ વિષેનો ગાઢોપ વિચાર; સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ ચર્ચતું શાસ્ત્ર; સૃષ્ટિ રચના વિદ્યા; ' કોસ્મોગોની '

સર્ગશક્તિ ૧. સ્ત્રી ઉત્પાદક શક્તિ; સર્જન શક્તિ; નિર્માણ શક્તિ; અપૂર્વ રચના શક્તિ.
અંગ્રેજ કવિતાની સર્ગશક્તિ, વિચાર સમૃદ્ધિ, વિવિધતા, વાસ્તવીક સુંદરતા અને સંગીતોત્તર મધુરતા જોઈ શકાય એમ છે. મ. ૬ ઝાઝેર
૨. સ્ત્રી. નવીન કલ્પના ઉત્પન્ન કરવાની શક્તિ; નવીન રચના કરવાની શક્તિ; નવું રચવાનું સામર્થ્ય.
અને તેનામાં સર્ગશક્તિ કરતાં વાકચાતુર્ય વધારે હતું. મણિશંકર રત્નજી ભટ્ટ
૩. સ્ત્રી નિસર્ગ શક્તિ.

સર્ગી પું. ઇટલીનો એક માનવજશાસ્ત્રી. ડૉ. મોન્ટીસોરી ઉપર એની બહુ જ સુંદર છાપ પડેલી. ડૉ. મોન્ટીસોરી એને પોતાના ગુરુને સ્થાને મૂકે છે.
જોમ્બ્રોસો અને સર્ગીના પુસ્તકો તેને ગમ્યાં ને તેની તેના પર સારી છાપ પડી.
મોન્ટીસોરી પદ્ધતિ

સર્ચલાઇટ [અં.] સ્ત્રી ; ન. ખૂબ દૂર સુધી પહોંચે એવો વીજળીનો જોરદાર પ્રકાશ.
સર્ચલાઇટની માફક તેમાં ઉત્સો આકાશમાં ફૂરી નીકળે છે. પ્રસ્થાન
સર્ચલાઇટ નાખવું = પ્રકાશ પાડવો કે કરવો

સર્જરમા [ફા. સરજમા] પું. ઝરો; કુમારી.

સર્જ ૧. પું. એક જાતનું વૃક્ષ. તેનાં લાકડાં ઇમારતમાં વપરાય છે.

સાગ, સાલ, મહુડો, સર્જ, ખેર અને બિલ્વો એટલાં વૃક્ષોનાં લાકડાં ઘરમાં જોવા અથવા એટલા ઝાડોમાંથી ગમે તે એક જ જાતિનાં લાકડાં ઘરમાં હોય તો તે સેટ છે. રાજવલ્લભ

૨. [અ.] પું. જીન.

૩. પું. સાગનું ઝાડ; પીતશાલ વૃક્ષ, સજ.

૪. [સં.] પું. સાલવૃક્ષનો રસ; રાળ.

૫. [અં.] જ. એક પ્રકારનું ઊનનું સૂતરાઉ

સર્જક ૧. [સં. સૃજ્ (પેદા કરવું)] પું. ઉત્પાદક; બનાવનાર; રચનાર; સર્જનાર; વિધાયક

૨. પું. પોળો ભ્રમર.

૩. [સં.] જી રાળ; બીબ્સો

સર્જકતા જી. સર્જન કરવાની શક્તિ

કલાની આવી નાજુક સર્જકતા આગળ પુરુષકરણ અને સનસનાટી વૃત્તિ કાલક્ષેપ છે

મુ સા પરિષદ

સર્જકપ્રવૃત્તિ [સં.] જી. પેદા કરવાની પ્રવૃત્તિ.

સર્જકશક્તિ [સં.] જી. ઉત્પાદક શક્તિ; નવું પેદા કરવાની શક્તિ; નવું બનાવવાની તાકાત

આવા વિજયી પ્રયોગ પ્રથમ કરનારમાં સર્જકશક્તિ હોવી જોઈએ. પ્રસ્થાન

સર્જત જી નસીબ; પ્રારબ્ધ.

સર્જન ૧. [સં.] પું. વાઢકાપનું કામ કરનાર વૈદ્ય; વાઢકાપનું ખાસ કામ જાણનાર ડાક્ટર; શસ્ત્રવૈદ્ય. વાઢકાપ કરનાર તબીબ માટે આ શબ્દ વપરાય છે. તેને બીજા તબીબની માફક તબીબી કેળવણીના અભ્યાસ ઉપરાંત રોયલ કોલેજ ઓફ સર્જન્સમાં ત્રિવર્ષાવે કામ કરી તેમાં નિષ્ણાત થવું પડે છે. આની શરૂઆત ઈ. સ. ૧૨૬૯થી ગણાઈની છે; પરંતુ ૧૮૦૦થી આ માણ દલમાં શરૂઆત થઈ છે.

૨ જ. જોડી દેવું તે; વિખરણ; વિસર્જન.

૩. જ. નવીન આદર્શ; નવીન વિચાર; ભાંતિકના

૪. [સ. સૃજ (સરજવું)] જ. પેદા કરવું તે; ઉત્પત્તિ, સર્જવું તે.

૫. જ. બનાવટ; રચના; બનાવવું તે; નવું બનાવવું તે; નવી રચના. સર્જનના ચાર અંગ છે: (૧) સંવેગ યા તલસાટ, (૨) કલ્પના સમૃદ્ધિ, (૩) માનસિક ચિત્ર ઉપર એકાગ્રતા અને (૪) તન્મયતા.

૬. જ. સરકારનો પાળેલો ભાગ.

૭. જ. સર્જેલું તે; કૃતિ.

૮. જ. સૃષ્ટિ.

સર્જનઅનાદિ જ. બાદ્ય જ જૂનું; પુરાણું; આદિ; સૃષ્ટિની શરૂઆતથી ચાલતું આવેલું; સૃષ્ટિની ઉત્પત્તિ જેટલું જૂનું; સનાતન.

સર્જનશક્તિ જી. અપૂર્વ રચના શક્તિ; કલ્પના શક્તિ; નવીન સોધખોળ કરવાની શક્તિ; નવું રચવાની શક્તિ

ચાલુ રાજકર્તાઓમાં મારુભાના દ્વારા નિદર્શિત અથવા હંમેશાં સર્જનશક્તિનાં વિકસેલ થાય છે.

નવજીવન

સર્જનહાર [સ. સર્જન + કૃ (કરનાર)] પું. ઈશ્વર; અલ્લા; ખુદા; દુનિયા બનાવનાર; પરમાત્મા; પરમેશ્વર; સરજનહાર; પેદા કરનાર, સર્જન કરનાર; સ્રષ્ટા.

સર્જના જી. સર્જન કરવું કે સર્જવું તે.

સર્જનાત્મક [સ. સર્જન + આત્મક] વિ. નવીન બીજવણી કરવાની શક્તિવાળું, ઉત્પન્ન કરી શકે તેવું; રચનાત્મક

સર્જરી [અ.] જી વાઢકાપ કરવાની ક્રિયા, શસ્ત્રવિદ્યા

સર્જવું [સં. સૃજ્ (ઉત્પન્ન કરવું)] સ ક્રિ ઉત્પન્ન કરવું; પેદા કરવું; સરજાવવું રચવું

સર્જાવવું જ. ક્રિ. પેદા કરાવવું, સર્જન કરાવવું.

સર્જાવું અ. ક્રિ. ઉત્પન્ન થવું, પેદા થવું, સર્જન થવું

સર્જિકા [સં.] જી એક જાતનું રાસાયણિક દ્રવ્ય; ખાવા સાથે સપોજાઈ તેની અસર નાબૂદ કરી ક્ષાર ઉત્પન્ન કરનાર પદાર્થ; ' બેકિંગ'. સાજ્જા અને તેજાબના ગુણ પરસ્પર વિરુદ્ધ છે.

સર્જિકાક્ષાર [સં] પું. સાજીખાર

સર્જિકાદિચૂર્ણ [સ.] ન. (વૈદક) સાજીખારની મેળવણીથી બનેલું એ નામનું એક ચૂર્ણ.

સર્જિત ૧. [સં. સૃજ્ (પેદા કરવું)] વિ. અંકિત; સર્જેલું; નિર્માણ થયેલું

૨. વિ. નસીબમાં લખેલું.

સર્જેલા પું. બ. વ. દારૂ, તાડી, માંસ, મચ્છી ઈશ્વરે આપણે માટે સર્જેલું છે એમ માનનાર લોકો; માંસ મદિરાનું ખાનપાન જેમણે તજ્યું નથી તેવા માણસો. રાનીપરજના જે લોકો દારૂ પીનારા હોય છે એટલે કે દારૂ પીવાને માટે જ તેઓ સર્જેલા છે એમ માને છે તેને સર્જેલા કહે છે. દારૂ તજનારને વર્જેલા કહે છે

અમે વર્જેલા લોકો સર્જેલાનું જીવન જીવતા નથી.

પ્રસ્થાન

સર્જ્ય વિ. ઉત્પન્ન કરવા યોગ્ય; સરજવા યોગ્ય

ન સર્જ્ય વિસર્જ્યં અપસર્જ્યં અપાર

પ્રેમાનંદ

સર્ટિફિકેટ [અં.] ન. ગુણપત્ર દાખલો; પ્રમાણપત્ર; લાયકીપત્ર

સર્ટિફ્યુકી જી. ખાતરી; ખોય.

સર્પ ૧ પું (પુરાણ) અશ્વિનીથી માંડેનો એક ૨૭

૨. પુ. આશ્લેષા નક્ષત્ર

૩. પું. એ નામની એક વિદ્યા

તે વીંછી, સર્પ, ઉદર, મૂષી, બરાડી, કાક અને શકુનિકા જેવી વિદ્યામાં કુશળ છે

૫ મુખલક્ષ

૪. પુ (પિંગળ) એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૪૮ લઘુ અક્ષરની ૪૮ માત્રા હોય છે

૫. પુ (પુરાણ) કદ્રુપુત્ર નાગ સર્પના અનેક પુત્રોને વળગીને જે કાળું જ વાદળ ઉમ્મ પર રહ્યું કદ્રુએ પોતાના પુત્રો સર્પને આજ્ઞા આપી હતી કે મારે પોતાની બહેન વિનતાની જોડે એવી શરત થઈ હતી કે, જો અશ્વનું પૂછડું ધોળું હોય તો હું તારી દાસી અને કાળું હોય તો તું મારી દાસી થાય. માતાની આ આજ્ઞા જે સર્પોએ માની નહિ, તેમને કદ્રુએ શાપ દીધો હતો કે તમે જનમેજયના સર્પસત્રમાં બળી મરજો

૬. પુ. ગતિ

૭. પુ ગમન; જવું તે.

૮. પું. (જ્યોતિષ) ન, ય, ક, ખ, ન માના ગમે તે અક્ષરથી શરૂ થતું નામ

ન, ય, ક, ખ, ન એ પાંચમાંથી ગમે તે અક્ષર નામના આદિમાં આવે તો તેનું નામ સર્પ ગણ છે

રાજવલ્લભ

૯. પું. નક્ષત્ર માંહેનો એક દેવતા

વસુત્વષ્ટા, અજ, અજ, મિત્ર, સર્પ, અશ્વિની, અજ, ધાતા અનક (એ નક્ષત્ર દેવતાઓ, અયનોના આરંભમાં હોય છે. પુરાતત્ત્વ

૧૦. [સં.] પુ. નાગ; ભુજંગ; સ.પ. સર્પની ઉત્પત્તિ સંબંધે ભાગવતમાં ઉલ્લેખ છે કે, બ્રહ્માએ પોતાના શરીરનો ક્રોધથી ત્યાગ કર્યો. તે શરીરમાંથી જે કેશો ખરી પડ્યા તે સર્પો થયા. બ્રહ્માએ પોતાના તે શરીરનો ત્યાગ કરતી વેળા પગ વગેરે અવયવો સાડા ટૂકડા કરીને સંકોચ્યા હતા તેથી જ તે કુટિલગતિ, ઉત્પન્ન થયેલા સર્પો કહેવાયા અને તેથી જ તે સર્પો અત્યંત વિષવાળા થયા. તેઓ વિસ્તારવાળા, શરીરથી ઉત્પન્ન થયા હતા તેથી કુળને લીધે વિશાળ ડોકવાળા થયા તેમજ ક્રોધપૂર્વક શરીરનો ત્યાગ કર્યો હતો તેથી તેઓ ક્રૂર થયા. વિશેષ કરીને સર્પને એકાંતવાસ વધારે ગમે છે અને સ્વભાવે તે બીકણ છે. જો કચરાય કે છંછેડાય તો જ તે કરડે છે. જમીનનો સાપ પાણીમાં એકદમ બે કલાક રહી શકે છે, બારે જળસાપ જમીન ઉપર રહી શકતો નથી. સર્પ લાંબા વખત સુધી એટલે કે બે ત્રણ વર્ષ સુધી

ખોરાક વગર રહી શકે છે અને ત્રણથી પાંચ કલાક હવા સિવાય પણ રહી શકે છે. સર્પ અને ભારતવર્ષનો સંબંધ અતિપ્રાચીન જૂનો છે. નાગપંચમીના તહેવારોની વિગતોને આપી રાખીએ પણ સાપની પ્રજાતિનો ઉલ્લેખ આપણા દેશમાં કોઈ અત્યારે જગાડતો નથી એ ઉલ્લેખમાં સાપનું ઝેર ભળ્યું નથી. જોખમકારકને અર્થે સાપનું ઘણું ઘણું ઘસડયું છે બીજા દેવોની આસપાસ પણ સર્પ વીંટાયેલો છે; એટલે આપણે નાગને પૃથ્વીનો અધિકારી ગણ્યો છે. ચાંદની રાતમાં નાગ એક ધરેણાની જેમ ચમકે છે. નાગને મુખમણિ હોય છે. પારિજાતકનાં ફૂલો હોળીથી એ વાનીવાર જરી આવ્યો છે આજના વૈજ્ઞાનિકો જણાવે છે કે, મદારીની મોરલી ઉપર ડોલતો નાગ મોરલીના સંગીતને કારણે ડોલતો નથી, પણ મદારીના મોંને કારણે એ ડોલે છે. એને શિકાર કરવો હોય ત્યારે સર્પ એના શિકાર ઉપર ઝાટક મારે છે અને પછી એ શિકાર ઉપર ચોટ મારે છે. પણ ઝાટકને કારણે નાગનો શિકાર સ્તબ્ધ થઈ જાય છે. જો નાગને મારવામાં આવે તો નાગણી એનું વેર લેવા ઝેર સાચવે છે એમ મનાય છે. નાગને પવિત્ર જીવ તરીકે ઘેટલાક ઓળખે છે. ભારતીય જીવન સાથે નાગ સંકળાયેલો છે. સાપના વિશે ઘણા પુરાણની કથાઓમાં છે. દેવો અવતાર લે ત્યારે અવતારોના અજવાળામાં પણ નાગનું સ્થાન છે. હિંદુસ્તાનમાં લગભગ ૩૦૦ જાતના જમીનના સાપ થાય છે જેમાંથી ૪૦ જાતના સાપ જ ઝેરી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં જમીન ઉપરના મીઠા પાણી તથા સમુદ્રમાં રહેતા ૨૪ જાતના સર્પ નોંધાયા છે. આમાંથી ઝેરી સાપો માત્ર ૭ જાતના છે. આમાંથી બે પ્રકારના સાપ સમુદ્રમાં રહે છે, જ્યારે બાકીના પાંચ જાતના જમીન ઉપર વિહરનારા છે. આ સાપ આ પ્રમાણે છે: (૧) કચ્છનો સમુદ્ર સર્પ, (૨) દક્ષિણ ગુજરાત તથા ખંભાતના અખાતનો સમુદ્ર સર્પ, (૩) નાગ (૪) કુરસા અને (૫) વાંસમાં રહેનારો લીલો સાપ. સમુદ્રના સાપની પૂંછડી પટ્ટી જેવી ચપટી અને માથાના ઉપલા ભાગ ઉપરનાં ભીંગડાં મોટાં હોય છે. કાળોતરા સાપની પૂંછડી ગોળ, પીઠ ઉપરના મધ્ય ભાગના ભીંગડાં શરીરનાં ભીંગડાં કરતાં મોટાં હોય છે. તેના નીચલા હોઠ ઉપર ફક્ત ચાર ભીંગડાં હોય છે. છેલ્લું ભીંગડું બીજા બધાં કરતાં મોટું હોય છે. નાગ અને કોરલ સાપોની પૂંછડી ગોળ હોય છે. ઉપલા હોઠનું ત્રીજું ભીંગડું મોટું અને આગળ નાસિકાના ભીંગડાંને તથા પાછળ આંખને લાગીને રહેલું હોય છે. પીઢવાર્ડ સાપની પૂંછડી ગોળ હોય છે મોઢાના ઉપલા ભાગની આજુ ઉપર નસકોરાં અને આંખની વચ્ચે ખાડો હોય છે. કુરસાની પૂંછડી ગોળ, માથા તથા શરીર ઉપરનાં ભીંગડાં એકસરખાં અને નાનાં હોય છે. પેટ ઉપરનાં ભીંગડાં પટ્ટી જેવાં લાંબાં હોય છે. ઉપરાંત દરેક વિષ સર્પના મુખમાં પોલા ઝેરી દાંત હોય છે. ઝેરી સાપ અને બીન ઝેરી સાપ ઓળખવાની આપી આ પ્રમાણે છે—ઝેરી સાપ: (૧) સમુદ્રનો સાપ આજુબાજુથી પાતળી પૂંછડી, (૨) જમીન ઉપરનો સાપ-ગોળ પૂંછડી અને પેટ ઉપરનાં ભીંગડાં લાંબી પટ્ટી જેવાં હોય છે બીજા ઝેરી સાપ:—ગોળ પૂંછડી, પેટ ઉપરના ભીંગડાં લાંબી પટ્ટી જેવાં, ઢંકી પટ્ટી જેવાં અથવા આખા શરીર ઉપર એકસરખાં ભીંગડા હોય છે. તમામ સર્પોનું વિશિષ્ટ પ્રકારનું શારીરિક લક્ષણ તેઓના જડબાંના ઘાટ અને બાંધણીમાં છે. જો કોઈને બારીકાઈથી સર્પને જડબ ગળનો નિહાળવાની તક મળે તો તેને માલૂમ પડશે કે, તેમનાં જડબાં સ્વતંત્ર રીતે કામ કરવાની શક્તિ ધરાવે છે. જમણી બાજુનું ઉપલું નીચલું જડબું બંને પોતાના ભક્ષ ઉપર ચપટ ભીડાય છે અને ડાબી બાજુનું ઉપલું નીચલું વધુ ને વધુ ભટકું ભરવા આગળ ધસતા રહે છે. આમ કરતાં કરતાં ઉંદર પોતાના ભક્ષના મસ્તકને પકડીથી વળી જાય છે. જડબાંના સ્નાયુઓ સર્પની પાંસળી પકડીઓ સાથે રહી ભક્ષને સપૂર્ણરીતે ગળી જવામાં સર્પને મદદ કરે છે. આ બીનામાં નવીનતા એ છે કે, સર્પના નીચલા જડબાનું બાજુ હાડકું સ્થિતિસ્થાપક માંસપટ્ટીથી કે સ્નાયુ વડે જોડાયું હોય છે જેથી પોતાની મેળે તે ઊંચું નીચું સર્પ સ્વતંત્ર રીતે ઊંચકી બીડી શકે છે. નીચલા જડબાની બૂબી તેની સ્વતંત્ર હલનચલન પ્રકૃતિમાં જ રહેલી છે. સર્પનું તાલકું તપાસતાં એવું દર્શનાય છે કે, નીચલું જડબું ખોપરી સાથે જોડાયેલ છે. સર્પો સાધારણ રીતે ખોરાક ચાવી કે દાંત વડે દળી શકતા નથી. તેઓ ખોરાકને આખેઆખો ગળી જાય છે આ કાર્યમાં તેને છૂટું ચોટાડેલું પડોળ બાજુનું જડબું અને કૂલની પાંસળીઓ મદદ કરે છે ચાવવાની ક્રિયામાં મદદરૂપ થવામાં સર્પને તેના મોઢામાંથી પુષ્કળ છૂટતો ચૂક રસ અને લાળ મદદ કરે છે. આ લાળ ખોરાક મોંમાં દાખલ થતાં વેંત જ લાળ રસથી પલળી જાય છે. પ્રાણી માત્રમાં સર્પનો મોટામાં મોટો જબ્બો કોઈ સેવતું હોય તો તે વાંદરાઓ છે. તે ઉપરથી માનવ જાતને પણ પોતાના વસ્ત્રને તરફથી વારસાગત આ જબ્બો મળેલ છે ઉંદરી સર્પ એટલે ઉંદર મારનારો સર્પ મદ્રાસ બોરાવર હોય છે. કેટલીકવાર ૧૦ ફૂટ લાંબો હોય છે. ધામણ નામનો સર્પ જમીન ઉપર ઘણી જ ઝડપથી ચાલી શકે છે. આ સર્પને પાંસળીઓ ચાલનારો કહે છે. સર્પના પેટાળે આડી અવળી નસ અને કાળી પોળી લીટીઓ એક બીજા ઉપરથી પસાર થતી જોવામાં આવે છે. દરેક સર્પ અને જળસર્પ સિવાયના સર્પોને આખા શરીર ઉપર કાચળી અને ચકાપટ.વાળી જાત હોય છે. ધામણ સર્પને અંકુરામાં લેવો એ પણ એક મુશ્કેલીભર્યું કાર્ય છે. પોતાને છેડનાર તરફ તે વિદ્યુતવેગે ધસી આવી કેટલીકવાર જોરબેર ઊડી કૂદી પડે છે. જો કે તે ઝેરી હોતો નથી છતાં સખત ઘાવ કરવા શક્તિમાન બને છે. ઘણીવાર સખત જખમ કરે છે ધામણનો મુખ્ય ખોરાક ઉંદર હોય છે જેથી તેવા સ્થળોએ તે માલૂમ પડતો હોય છે. નાગના નાના (કણા) બચ્ચાઓ પોતાની અણસમજુ અને બેજવાબદાર અવસ્થામાં ઊજળતા લોહીને લીધે બચપણથી જ માણસને જ્યારે ત્યારે કરડી બાર્ક જખમાવી બેસે છે નાગનાં બચોલિયાંઓ પોતાના વડીલો, મોટા, પીઢ અને ગંભીર નાગ કરતાં વધારે ભયાનક અને હાનીકર્તા ગણાય છે. દરિયાઈ સાપ બધા ઝેરી તો છે જ પણ એ એક સારું છે કે, બધા ઝેરીલા કે ઝેર ફેલાવનારા નથી હોતા. સામાન્યરીતે સર્પો સ્વભાવે સુસ્ત અને દિલચિલ હોય છે ઉદાસ બની પડ્યા રહેતા હોય છે. એક સ્થાનેથી બસી બીજે સ્થાને જવા બિલકુલ અનિચ્છા દર્શાવી પડ્યા રહે છે. તેઓ સૂર્યના અવતરના કે સાંજના નમતા પ્રકાશમાં બેસી રહેવું પસંદ કરે છે. નાગનું માથું લાંબું શરીર, અવયવોની વલયો ન દેખાય તેવું લીસું હોય છે અને તેને ગળવાને માટે બાજ ગોઠવણવાળું સાધન હોય છે. ખોપરી બાજ કઠણ નથી હોતી; હાડકાંઓ બાજ કરીને નીચલું જડબું સ્થિતિસ્થાપક નસોથી સુધારેલ અને તેના બાજ કરતાં વધારે મોટી વસ્તુઓને સમાવી શકે છે. તેના દાંતો નાના, શંકુ આકારના અને બે વખત વળેલાં હોય છે. તે ચાવવા માટે નથી વપરાતા; પરંતુ નાગ તેના ભોગને ક્રમે ક્રમે વધુ પકડનો બાજ છે અને ગળી જાય છે. આ ક્રિયામાં તેના મુખમાંથી પુષ્કળ વહેતી લાળ બાજ મદદ કરે છે. મોટા પશુઓને બાજ ખરા નાગનો દંશ નુકસાનકર્તા નથી પરંતુ કોઈ મોટી ફેણો વડે ફારમો દંશ દે છે. આ વિશાળ ફેણો સાથે ઝેરની નળીઓ સંકડાયેલી હોય છે અને તેમાંથી હળાહળ ઝેર દીધેલા દશના

છિદ્રમા વર્ષે છે તેની ચામડી ઉપર ચકા હોય છે. તે ચામડી અમુક સમયને અંતરે કાચળી-પે ઊતરી જાય છે અને આ પ્રમાણે તેની વારીવૃદ્ધિ થાય છે. તેની જ્ઞાનતંતુસત્યા ઉત્તમ રીતે વ્યવસ્થિત હોય છે. તેની ઇંદ્રિયો તીવ્ર હોય છે અને તેમોની બુદ્ધિ અને ઠગવાની શક્તિ ઘણી હોય છે. આખો મોટી અને ચળકતી તથા કાન બાહ્યકાર રહિત છતા ઠીક સાભળી શકે તેવા હોય છે. ઘણાખરા નાનો શિકાર ચોતરામા અને અનુસરવામાં પોતાના તીક્ષ્ણ કાનોનો ઉપયોગ કરે છે એ શિકાર તે મસ્તક અને ડોકના ઝડપી ટાંપથી પકડે છે અને લાંબે શરીરનો પાછલો ભાગ અમુક ટેકા સાથે ચૂસપણે વળગેલો રહે છે તેની દ્વિસાખ ઠીક રપર્શ માટે અત્યત જલદ સાધન છે. અમુક તો ઊંચે ચડવામાં અને તરવામાં ખૂબ જ ચાલાક હોય છે. બધાં જીવતા પ્રાણીઓનું ભક્ષણ કરીને રહે છે અને છતાં લાબા અપવાસ સહન કરી શકે છે. ગરમ વિષુવવૃત્તના પ્રદેશમાં નાગની સંખ્યા તેમ જ કદ, જાત અનેક છે અને જેમ જેમ ઉત્તરના ઠંડા પ્રદેશમા જઈએ તેમ તેમ તેની સખ્યા અને પ્રકાર ઘટતા જાય છે અને ઉનાળાની સમોષ્ણરેખાની લગભગ ૪૦° એ દેખાતા નથી. ઠંડા દેશમાં તેઓ જમીનના દરમાં તેમ જ ઝાળાઝાખરાઓમાં ભરાઈ રહે છે. નાનો મોટો વર્ગ ઈંડા મૂકીને પોતાનો વંશ વધારે છે. આ ઈંડાઓ મોટા, મોટા અને ચામડી જેવી કોતરીયી ઢકાયેલ હોય છે. નાના ઈંડાને ભાગ્યુ, સડેલ લાકડા કે ગરમ માટીમાં કુદરતી ગરમીથી પકવવા માટે દાટે છે

પનગ, નાગ, ભુજગ ને જિહ્મગ જોગી સર્પ,
ચક્ષુશ્રવા સરીસૃપ હરિ ફણીંદર ગણ દર્પ.
વિશ્વકોષ

૧. સર્પના દરમા હાથ ઘાલવો = જોખમદારી વહોરવી

૨. સર્પ કુંફવાડો તો રાખવો = ઘાટા ચહને સૌ નમે છે.

૧૧ પુ. નાગકેસર.

૧૨ પુ. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્ર ચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય. તેને અંગ્રેજીમા સર્પન્ટસ કહે છે. તેનો આકાર મોટા સાપ જેવો છે

૧૩. વિ તામસ

૧૪. અ. ઝટ; ત્વરાથી

સર્પકુંચુકવત્ જ સાપની કાચળીની પેઠ.

ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયું, જાણ્યુ અને સર્પકુંચુકવત્ સંસાર પરિત્યાગ કરી તેનું મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યુ.
શ્રીમદ્ રાજચંદ્ર

સર્પકુંડ પું. છવ્વીસી મહિનો એક નરકકુંડ

ત્રીસમો સર્પકુંડ વાસના ગ્રાહ જેવા કરોડો સર્પોથી ચૌદરાજ્જુ છે. જે માણસ ગાયમાં કાળા વર્ણ વાળા સર્પને મારે તે માણસ પોતાના કેટલા વર્ષો સુધી સર્પકુંડમાં વસે છે તો સર્પની વિદ્યા આવી પડે છે. ભગવતી ભાગવત

સર્પકુંડળ ન. નાગફણીની આકૃતિવાળુ કુંડળ. તે ઘણે ભાગે શિવને જ કાને દેખાય છે

સર્પગંધા ૧. [સં.] સ્ત્રી. નાકુલી; અદિત્રા

૨. સ્ત્રી. ખિલાડીની ટોપીની જાત

૩. સ્ત્રી. સર્પના ઝેરનો નાશ કરનાર એક વેલો

સર્પગાંઠ સ્ત્રી ફૂટનોટની એક જાતની નિશાની. આ નિશાની અમુક શબ્દ કે વાક્ય ઉપર મૂકી પૃષ્ઠની નીચે તેની જ નિશાની મૂકી તે શબ્દ કે વાક્યને સબંધ બતાવવા કંઈ લખવું હોય તો લખી શકાય છે

સર્પગંધા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સ્થાવર વિષ છે.

સર્પજ્ઞ ૧. સ્ત્રી. નાગણ; સાપણ.

૨. ન. અસલ તે; અરકનું તે.

૩. ન. જવું તે.

૪. ન. સરપણ; બાવળના લાકડાં.

મોહાયો તે **સર્પજ્ઞ** લગી
કાંઈ નથી ઘર માંહી. પ્રેમાનંદ

સર્પણી [સં.] સ્ત્રી. નાગણ; સાપણ.

તેં તો સ્નેહ કીધો **સર્પણી** સાથ રે.
નિષ્કુળાનંદ

સર્પતૃણ [સં.] પુ. નોળિયો.

સર્પતૃણી [સં.] સ્ત્રી. નોળિયાની માદા.

સર્પદમની [સં.] સ્ત્રી. વંધ્યાકર્કોટી વનસ્પતિ.

સર્પદર્વી [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

સર્પદંતી [સ.] સ્ત્રી. નાગદતી વૃક્ષ.

સર્પદંશ [સં. સર્પ + દશ (ડંખ)] પું. નાગ કરડવો તે; નાગનો કરડ; સાપનો ડંખ. સર્પ જ્યારે દશ આપે ત્યારે જે સ્થાન ઉપર નાગરવેલનું એક પાન દાબી રાખવુ જો દશ ઝેરી હશે તો પાન ઉપર દશના જેટલો જ અને અગ્નિના ચેકથી પડેલાં ચકાં જેવો ડાઘ પડશે અને એ જ પાન દશ ઉપર ચોળવાથી દંશ કાળો પડી જશે. જો દંશ ઝેરી નહિ હોય તો ઉપર લખ્યા પ્રમાણે નહિ થાય. જે માનવીને સર્પ દશ્યો હશે તેને લીમડાનાં પાન, મરચાં કે બીજુ કંઈ પણ ખાવા આપવા છતાં તેને તેનો સ્વાદ બિલકુલ જણાશે નહિ એથી વિરુદ્ધમા તેને એ બધી વસ્તુઓ ઘણી લાગશે. આ ઉપરથી ભયકર સર્પદંશ થયો છે કે નહિ એ સમજાય છે. કાળી માટી દશ પામેલા માણસને બાવા આપવી. જો એ માટી ખાનારને તીખી લાગે તો સર્પદંશ થયો સમજવો અને કડવી લાગે તો ઉંદરનુ વિષ જાણવું. કપમદીનાં મૂળિયા ઘસીને પાવાથી પણ દશ ઝેરી છે કે નહિ તે જણાઈ આવે છે. જો આ મૂળિયાં પાવાથી ઊલટી ન થાય તો સમજવુ કે, દશ ઝેરી છે. ઝેર ઉતારવાના ઉપાયો બોલ્યા પછી ઉપરના પદાર્થો બાવા આપી જોવા. આથી ઝેર ઊતર્યું છે કે નહિ તે જણી શકાશે. સર્પદશનો પ્રાથમિક ઉપચાર : સર્પદશનો કિસ્સો બને કે તુરતજ તેને લગતા પ્રાથમિક ઇલાજ તરકાળ શરૂ કરવા જોઈએ, જેથી દશ દ્વારા લોહીમાં રેડાયેલ સર્પનુ વિષ, લોહીમાં આગળ કેસાઈ જઈ લોહીને ઝેરી બનાવે નહિ. આ માટે જખમ થયેલ ભાગ ઉપર વળ દર્શ બાંધે રૂમાલ કે દોરડું બાંધી લાકડી વડે વિષને આગળ વધતુ અટકાવા લોહીનો પ્રસાર રોકી રાખવો, પાટો અથવા રૂમાલ ગાંઠીને મજબૂત બાંધી દર્શ લોહીનુ ઠેષત કરી નાખવુ. આ પાટો કે રૂમાલ બે બાડકાના બાંધાથી ઉપરના ભાગમા બાંધવો. હાથે કરડેલ હોય તો ડોકથી ઉપર અને પગે કરડેલ હોય તો ગોઠણથી અને ઘૂંટીની ઉપર બાંધી દેવી. ઉપર પ્રમાણે ઇલાજ લીધા પછી જખમોને જલદીથી પ્રયોગશાળામા ઉપચાર માટે રવાના કરી દેવી. સર્પદશની બાહેરાત બને તો આગળથી પ્રયોગશાળામાં કરી દેવી. જેથી ઉપચાર માટે તૈયારી થઈ શકે અને ઝેરબાજ્યની દીક્ષ થવા પામે નહિ. જો બની શકે તો સર્પને પણ જીવતો કે મુએલો દરદીની સાથે રજૂ કરવો.

સર્પધી સ્ત્રી. પડવલ; પડોળાં. તેને સારા નિતારવાળી ગોરાડુ કે બેસર જમીન માફક આવે છે. ખેડીને તૈયાર કરીને એકરે ૧૦ ગા.ડાં છાણિયુ ખાતર અને ૫૦૦ રતલ દિવેલીનો ખોળ નાખવામાં આવે છે. મેથી જુલાઈ અને જૂન-જુલાઈથી સપ્ટેમ્બર ઓક્ટોબર સુધી તેની મોસમ કહી શકાય છે. માડવા બનાવીને ટેકો આપી વેલા ચઢાવવામાં આવે છે એક એકરે ૪૦,૦૦૦ રતલ જેટલા પડવલ મેળવે છે.

સર્પના ખોસિયા પુ. એક જાતનો વેલો. તેની ડાળી લીલા રંગની લીસી હોય છે. પાન રૂથી ૫ ખૂણિયાં વેલાના પાન જેવાં પણ તેનાથી નાનાં હોય છે ફૂલ નર ને માદા એકજ પત્રકોણમાથી નીકળેલાં હોય છે. ફૂલ પીળાં રંગનાં હોય છે. ફળ કડવી પાડરનાં જેવાં થાય છે

સર્પની આશા સ્ત્રી ગુ.રે એક વેત લાણુ એ નામનુ એક જીવડુ.

સર્પપતિ [સ સર્પ (સાપ) + પતિ (નાથ)] પું શેષનાગ

શેષ મહા અહિ સર્પપતિ, ધરણી ધરણ અનંત, સહસ્ર વદનથી જય કહે, પણ નહિ આવત અંત. વિજયાનંદપુરોધ

સર્પપુચ્છી [સ.] સ્ત્રી. નાગદમણી વનસ્પતિ.

સર્પભુજ ૧. [સં.] પું. ગરુડ.

૨. પું. નોળિયો.

૩. પું. મોર

સર્પમણિ સ્ત્રી. નાગના માથા ઉપરનો મણિ; નાગમણિ.

સર્પમાર ન. એ નામનું ઝાડ. આ ઝાડનું લાકડું કુમારની લાકડા તરીકે વપરાતું નથી

સર્પયજ્ઞ [સં] પું જનમેજય રાજાએ પોતાના પિતા પરીક્ષિતનું મરણ પામ્યા હોવાથી સર્પ ઉપર વેર લેવા માટે યજ્ઞમાં તેમને હોમી નાશ કરવા કરેલો યજ્ઞ; સર્પસત્ર

તમે હમણાં પ્રથમ **સર્પયજ્ઞ** કર્યો અને તે તામસસ્વભાવથી દુરાત્મા તક્ષકનું વેર વાળ્યું. ભાગવતી ભાગવત

સર્પરાજ ૧. પું. ભારતમાં જોવામાં આવતો એક ખાસ પ્રકારનો સર્પ. નાગરાજનું શરીર સાધારણ નાગની સરખામણીમાં ઘણું મોટું હોય છે. આ નાગ ખાસ કરીને મૈસૂર, મલબારદેશ, આસામ, બંગાળ અને હિમાલયનાં જંગલોમાં થાય છે. તેની લંબાઈ સામાન્યરીતે આઠથી બાર ફૂટની હોય છે. પણ ૧૮ ફૂટની લંબાઈવાળા નાગ પણ જ જોવામાં અને હુમલાખોર હોય છે. એનો ખોરાક ઝેરી અને બીનઝેરી સાપ હોય છે.

૨. [સ.] પું. વાસુકિનાગ; મહાન સર્પ.

સર્પરિપુ જુઓ સર્પભુજ.

સર્પલતા [સં.] સ્ત્રી. નાગરવેલ

સર્પલોચના [સં] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સ્થાવર વિષ છે

સર્પવલ્લી [સં.] સ્ત્રી. નાગરવેલ.

સર્પવિષ ૧. [સં] ન સર્પના ઝેર વડે થયેલ વિકાર.

૨. ન. સાપનું ઝેર

સર્પવું અ. ક્રિ. દોડી જવું; સરકવું; સાપની પેઠે જવું રહેવું.

સર્પવેદ પું. અથર્વવેદનો એ નામનો એક પેટા વેદ.

સર્પશત્રુ જુઓ સર્પભુજ.

સર્પશાયી ૧. [સં.] પું. સર્પ ઉપર શયન કરનાર વિષ્ણુ.

૨. વિ સર્પ ઉપર શયન કરનાર

સર્પશીર્ષ પું. એક વાયરી થતાં ૨૮ મહેના એક પ્રકારનો અભિનય.

સર્પસત્ર ૧. [સં.] પું જેમાં સર્પોનો હોમ કરવામાં આવે છે તેવો યજ્ઞ, સર્પનાશ માટેનો યજ્ઞ.

જનમેજયના સર્પસત્રનું સ્થાન મૈસુરમાં હોવાનું મનાય છે. મહાદેવ દેસાઈ

૨. પું (પુરાણ) પાંડવપુત્ર જનમેજયે સર્પોના નાશ માટે કરેલો યજ્ઞ. એ યજ્ઞમાં સ્વયંવરશનો મેળ બેસતા ચંડભાર્ગવ હોતા, ચક્ર અને વિદ્વાન ઋષિ જૈમિનિ ઉદ્ગાતા, સારંગૂરવ બ્રહ્મા, પિંગલ અધ્વર્યુ અને શિષ્ય અને પુત્રો સહિત વ્યાસ સદસ્ય હતા. એ સિવાય વળી ઉદ્દાલક, પ્રમતક, શ્વેતકેતુ, પિપ્પલ, અસિત, દેવલ, નારદ, પર્વત, આત્રેય, કુંડ, જઠર, કાલપટ ઋષિ, વાત્સ્ય, જપ સ્વાધ્યાય અને શીલવાળા ગ્રહ શ્રુતશ્રવા, કોહલ, દેવશર્મા, મૌદ્ગલ્ય અને સમ મૌદ્ગલ્ય એ બધા સભાસદ થવા હતા એ સત્રમાં વાસુકિકુળના ક્રોડિલ, માનસ, પૂર્ણ, રાલ, પાલ દલીમક, પિપ્પલ, કૌણપ, ચક્ર, કાળચેત્ર, પ્રકાલન, દિવ્યબાહુ, શરણ, કક્ષક અને કાલતક, તક્ષકકુળના પુષ્પાંડક, મંડલક, પિંડસેકતા, રભેણુક. ઉદ્ગિર્ણ, સરભ, ભગ બિલ્વતેજા, વિગેદલ્વ, ક્રિલિ, શલકર, મૂક, સુકુમાર, પ્રવેપન, મૂદગર, ક્રિશુરોમા, સુરોમા ને મહાહનુ, ઐરાવતકુળના પારાવત, પારિયાન, પાંડર, હરિણ, કૃશ વિહંગ, શરભ, મેદ, પ્રમોદ અને સંહ્લાદન, કૌરવ્યકુળના ઐરક, કુડળ, વેણી, વેણીસ્કંધ, કુમારક, આપૂરક, શ્રાવેર, ધૂર્તક, પ્રાતર અને આતક તથા ધૃતરાષ્ટ્રકુળના શકુલર્ભ, પિંડારક, કુઠાર, મુખસેચક, પૂર્ણતાદ, પૂર્ણમુખ, પ્રહાસ, શકુનિ, દરિ, અમાહત, હામહક, સુષેણ, માનસ, અવ્યય, ભૈરવ, મુંડવેદાંગ, પિશંગ, ઉદ્ભાપારક, ઋષભ, ચેત્રવાન, પિંડારક, મહાહનુ, રકતાંગ, અર્ધસારંગ, અમૃદ્ધ, પટવાસક, વરાહક, વીરણક, સુચિત્ર, ચિત્રવેત્રિક, પરાશર, તરણક, મણિ સ્કંધ અને આરુણિ. આ બધા સર્પો તેમના પુત્રપુત્રાદિકો સહવર્તમાન અગ્નિમાં હોમાઈ ખાખ થઈ ગયા હતા તક્ષક નાગીને ઇંદ્રને શરણે જઈને સિંહાસનને વળગી રહ્યો હતો તેને સિંહાસન સહિત આહ્વાહન કર્યું તેથી એ પડવાની તૈયારીમાં હતો. તેટલામાં આસ્તિક ઋષિ ત્યાં આવ્યા જનમેજયે તેમની પૂજા કરી માગવાનું કહેતાં એમણે યજ્ઞ બંધ કરવાનું માગવાથી સર્પસત્ર અધૂરો રહ્યો અને બાકી રહેલા નાગકુળો બચ્યાં

સર્પસત્રી પું. જનમેજય રાજા. કેમકે, તેણે મોટો સર્પયજ્ઞ કર્યો હતો

સર્પસદન ન. નાગનું ઘર.

સર્પસદન ચંદનના સ્તંભ, વિષમય વિષમ વિચારી. ગીતગોવિંદ

સર્પસંપ વિ ઝેરી સાપ.

સર્પસુગંધા [સં.] સ્ત્રી નાકુલિ; નોળવેલ.

સર્પા [સં] સ્ત્રી. એ નામની એક ઔષધિ તે સર્પના આકારની હોય છે

સર્પાકાર ૧. [સ] પું. ગોળ આકૃતિ; ગોળાકાર

૨ વિ ગોળ આકારનું.

૩. વિ વાંકુચૂકું; સર્પના આકારનું.

સર્પાકાર હાલિય ન. એ નામના સર્પના આકારનું તારાનું ઝૂમખું.

સર્પાકૃતિ વિ. સર્પના આકારનું; સર્પની આકૃતિ જેવું

સર્પાક્ષ [સં] ન. રુદ્રાક્ષ.

સર્પાક્ષી ૧. [સં.] સ્ત્રી એક પ્રકારનો વેલો.

૨ સ્ત્રી કપાસ.

૩ સ્ત્રી ગડાસી

૪. સ્ત્રી નાડી

૫. સ્ત્રી. નોળવેલ તેના મૂળને રાસ્ના કહે છે.

૬. સ્ત્રી. રાતા ફૂલની શંખાવળી. તેના ફૂલને રાસ્ના કહે છે. ચક્રદત્તમાં વખતે ઝીંગેડી તેનું મૂળ કાને આંબવાથી તાવ ઊતરી જાય છે.

૭. સ્ત્રી વિષ્ણુક્રાંતા

સર્પાદિની [સં.] સ્ત્રી. રાસ્ના. રાસ્નાના ફળમાંથી જે સર્પનાં જેવાં જાદરાં નીકળે છે, તે બરાબર સર્પ જેવાં લાંબા હોય છે માટે તેને સર્પાદિની કહે છે

સર્પાવાસ ૧. પું. સર્પોનું રહેઠાણ.

૨. ન. ચંદનવૃક્ષ

સર્પાશન જુઓ સર્પભુજ

સર્પાસન [સં.] ન યોગનાં ચોરાસી આસનોનું એક આસન; ભુજંગાસન. યોગકૌસ્તુભમાં કહ્યું છે કે, પ્રથમ ઊંધું શયન કરી પગના અંગૂઠાથી નાભિ પર્યંતનો ભાગ ભૂમિને સ્પર્શ કરેલો રાખવો અને નાભિની ઉપરનો માથા પર્યંતનો ભાગ અને હસ્તતલો નાભિને બંને પડખે પૃથ્વી ઉપર ખોડી ઊંચો રાખવો તે ભુજંગાસન કે સર્પાસન કહેવાય છે. આ આસનથી કુંડલિની જાગ્રત થાય છે, જઠરાગ્નિ વૃદ્ધિ પામે છે અને શરીરમાં આધિઓનું શમન થાય છે

સર્પાક્ષ [સં.] ન. સર્પનું અસ્ત્ર; સર્પનો મંત્ર જપી ધનુષ્યમાંથી છોડાતું બાણ. તેનાથી શત્રુને સર્પની પીડા થાય છે.

સર્પાસ્ય [સં.] ન. સર્પનું મોઢું.

પેઠું વાંસ વિષે બહુ કપૂર,
ને સર્પાસ્ય ઝેરી થયું,
જેવો સંગ જણાય તેનું જગમાં,
જે નીર ત્યાં ત્યાં થયું.

હરિલીલામૃત

સર્પાંગી ૧. [સં.] સ્ત્રી. રાસ્ના. રાસ્નાના કંદમાં જેવું સર્પનું અંગ હોય તેવા આકારનું વાંકું મૂળિયું હોય છે માટે તે કંદને સર્પાંગી કહે છે.

૨. સ્ત્રી. સર્પના ઝેરનો નાશ કરનારી એક લતા; સિંહલી વનસ્પતિ.

સર્પાત પું. (પુરાણ) એ નામનો ગરુડ પુત્ર.

સર્પિ ૧. [સં.] પું. સાત માંહેનો ચોથો સમુદ્ર. તે કુશદ્વીપને વીંટાઈને રહેલો છે.

૨ સ્ત્રી. એ નામની અપ્સરા માંહેની એક રુદ્રાણી

૩. ન. ઘી.

દહી મથી માખણ કાઢ્યે, સર્પિ ભક્ષણ સુખદાય.

દયારામ

સર્પિણી ૧. સ્ત્રી. એ નામની હિંદની એક પ્રાચીન નદી; સર્પિની. તેને પાંચાળ પણ કહેતા.

૨. સ્ત્રી. નાગણી; સાપણ; સાપની માદા.

૩. સ્ત્રી. નાગદમણીનું ઝાડ.

૪. સ્ત્રી. (સંગીત) વાજા વગાડવાની આઠ માંહેની એક પ્રકારની કળા.

સર્પિમાલી પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

સર્પિલ વિ. સર્પાકાર; પેચ કે કરચા જેવું; સર્પાકાર.

સર્પેન્ટાઇન [અં.] ન. મેગ્નેસીઅમ સિલિકેટનું બનેલું એક ખનિજ. તે લાલથી કાળા રંગનું અને પોચું હોય છે. તે રાચમારવાના કામમાં આવે છે.

સર્પેષ્ટ [સં.] ન. ચંદનરસ; સુખડ.

સર્પો પું. ઓકાની સમમ ઉપર ઢાંકવાનું ઢાંકણ.

સર્મન [સં.] ન ખ્રિસ્તી ધર્મ ઉપરનું વ્યાખ્યાન; ધર્મ સબંધી ભાષણ; પાદરીનું ભાષણ.

સર્વ ૧. પું વિષ્ણુનાં દસ્તર માંહેનું એક નામ. અમત અને સત એમ સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું સ્થાન હોવાથી તથા સર્વદા સર્વને જાણવાથી વિષ્ણુને સર્વ કહે છે

૨. પું. શિવનાં દસ્તર માંહેનું એક નામ.

૩. ન. (શિલ્પ) એક જાતનું દિવાલ ઘર.

વિપુલ ઘરની ઢાળી બાલુ તણ એક અધિક
આવે તો તે સર્વ નામનું ઘર કહેવાય.

રાજવલ્લભ

૪. ન. (શિલ્પ) મોટા આકાર બે અલિંદ અને ડાંળી તરફ એક અલિંદ હોય તેવું ઘર.

૫. [સં.] વિ અનવશેષ, અખંડ, પૂર્ણ, બધું; સઘળું; સમગ્ર. સર્વ એ સંસ્કૃત શબ્દ છે. તેનું અપભ્રંશમાં સાહુ, સબ્બુ થાય છે.

સર્વ દક્ષ સ્વાધીન – માલિકીના તમામ હક પોતાના કબજામાં છે.

સર્વકરણી સ્ત્રી બધું જ કરતા આવડવાની કળા; સર્વસંપન્ન હોવાની કળા. તે બાનેર માંહેની એક કળા ગણાય છે.

સર્વકર્તા ૧. [સં સર્વકર્તૃ] પુ પરમેશ્વર

૨. પું. બ્રહ્મા.

૩. વિ. સઘળી ચીજોનો બનાવનાર.

સર્વકર્મા પું. (પુરાણ) ઋતુપર્ણ રાજાના પુત્ર નળનું બીજું નામ.

સર્વકલ્યાણ ન (શિલ્પ) ગ્રામિકગ્રામમાં બતાવેલ બીજ જાતનાં મકાન માંહેનો એક વર્ગ

સર્વકામ ૧. પું. (પુરાણ) ઋતુપર્ણ રાજાના પુત્ર નળનું બીજું નામ.

૨. પું. રસયુક્ત ભોજન.

૩. [સં. સર્વ (બધું) + કામ (ઇચ્છા)] પું. સર્વ પ્રકારનાં વિષયસુખ ભોગવવાની ઇચ્છા.

સર્વકામદ પું. વિષ્ણુનાં દસ્તર માંહેનું એક નામ. કેમકે, તે બ્રહ્માંડોમાં રહેલા અનંત કોટિ જીવોની સર્વકામનાઓને પૂર્ણ કરવાવાળા છે.

સર્વકામદુઘા સ્ત્રી. (પુરાણ) કામધેનુની દીકરી.

સર્વકામવર પું. શિવનાં દસ્તર માંહેનું એક નામ.

સર્વકાલ [સં] પું. બધો સમય.

સર્વકાલિક ૧. વિ. અવિચારી.

૨. [સં.] વિ. હમેશનું; બધુનું; નિત્ય; સનાતનનું હમેશનું.

કૃષ્ણ એ કાયદાઓના **સર્વકાલિક** પણ અનાવશ્યક ગુણ છે. અનિરુદ્ધ રાવળ

સર્વકાલીન [સં. સર્વ + કાલ (વખત) + ઇન્ (વાળું)] વિ. હમેશનું; હમેશ ચાલે તેવું, નિત્ય; બધો વખત ટકી રહેનાર; સર્વકાળે હોનાર કે બનાર

સર્વકેતુ પું. સર્પનું એક નામ

સર્વક્ષાર ૧. પું. રાહ કરેલો પંચવિધો ખાર.

૨. [સ.] પું. સાજુ.

સર્વગ ૧. [સ.] પું આત્મા.

૨. પું. (પુરાણ) કાલી નામની સ્ત્રીને ભીમસેન પાંડવથી થયેલ એ નામનો એક દીકરો.

૩. પું. પરમેશ્વર.

૪. પું. પવન; હવા; વાયુ

૫. પું. વૃક્ષસ્પતિ

૬ પુ વિષ્ણુ કેમકે, તે સર્વત્ર. ગતિ કરનાર છે

૭ પું. શિવ

૮. ન પાણી

૯. વિ. સર્વગત; સર્વત્રવ્યાપક; સર્વે સ્થળે જનાર.

સર્વગત ૧ સ] પુ (પુરાણ) કુંતી નામની સ્ત્રીને ભામસેન પંડવથી થયેલ પુત્ર; સર્વગ

૨. પું. સર્વવ્યાપક આત્મા

૩ [સ સર્વ + ગત (ગયેલ)] વિ સર્વત્ર રહેલું; સર્વની અંદર વ્યાપી રહેલ

૪. વિ. સાધારણ; સામાન્ય

સર્વગંધ ૧. [સં] પુ પરમેશ્વર

૨. ન. સર્વ સુગંધી દ્રવ્યોના મિશ્રણરૂપ એક પદાર્થ

સર્વગા સ્ત્રી ગાંગ

સર્વગામિત્વ ન. સર્વગામીપણું

સર્વગામી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અમ. તેના દરેક ચરણમાં સાત તગણ અને બે ગુરુ મળી એકવીસ અક્ષર હોય છે આ છંદ વિકૃતિનો એક ભેદ છે.

૨. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. કેકની. તેના દરેક ચરણમાં સાત રગણ અને ગુરુ એમ બાવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો હોય છે.

૩. [સં. સર્વ + ગામિન્ (જનાર)] વિ. બધે જઈ શકે તેવું

૪. વિ. મર્યાદા રહિત; વિસ્તૃત; સર્વવ્યાપક; સર્વવ્યાપી

તેઓ ગુજરાતી સાહિત્યની ખીલવણી કે અભિવૃદ્ધિના માર્ગો શોધવાને યોગ્ય કપાયો જોવા ઇચ્છુક થયે તો સાહિત્યના વિકાસ **સર્વગામી** થશે. કનૈયાલાલ

સર્વગુણસંપન્ન ૧. વિ બધા દુર્ગુણોથી ભરેલું; દુર્ગુણનું પૂતળું. તે અર્થમાં બોલાય છે.

૨. વિ. બધા સદ્‌ગુણોવાળું.

સર્વગુણાલંકૃત ૧. [સં.] પું. પંડિત.

૨. વિ. સર્વ ગુણોથી શોભિત

સર્વગ્રંથિ પું. પીપળી મૂળના ગાંઠિયા.

સર્વગ્રાહિત્વ ન. બધું ગ્રહણ કરવાની શક્તિ; સર્વગ્રાહીપણું.

સર્વગ્રાહી ૧. વિ. અતિ લોભી, સર્વ ગ્રહણ કરનાર

૨ [સ] વિ. બધું ગ્રહણ કરનાર, બધા તરફ ધ્યાન આપનાર, બધું સમજી શકે તેવું; બધું ગ્રહણ કરી શકે તેવું.

સર્વગ્રાહ્ય ૧. વિ. જનસમૂહ સમજી શકે તેવું.
તથી પુરાણ સાહિત્ય એ નદીની નદીની પેઠે તીર્થસ્થાનની જેમ સર્વગ્રાહ્ય થઈ પડેલ છે.
પુરાતત્ત્વ
૨. વિ. બધાને ગ્રહણ કરવા યોગ્ય; બધાને લેવા યોગ્ય

સર્વચારી [સં. સર્વચારિન્] પું. સિત્તેર ઢગલ મહેનું એક નામ.

સર્વજનીન ૧. વિ. સર્વ સ્થળે વિખ્યાત; બધા લોકમાં પ્રખ્યાત.
૨ વિ સાર્વજનિક; સર્વ લોક સબંધી

સર્વજયા ૧. સ્ત્રી. બગીચામાં ફૂલ માટે વવાતો એક છોડ.
૨. સ્ત્રી માગશર મહિનામાં આવતું બીજાનું એક પર્વ.

સર્વજિત ૧. પુ. ક્રમદેવ.
૨. પું. પ્રભવથી એકવીસમો સવત્સર; આર્દ્રરૂપલ સવત્સરના ૬૦ માંહેનું ૨૧મું વર્ષ.
૩. પું. વિષ્ણુની વારીનો પહેલો સંવત્સર.
૪ [સં. સર્વજિત્] વિ. સર્વને જીતનાર; બધાને તાબે કરનાર

સર્વજીવહિતાવહ વિ. સર્વજીવનું હિત કરનાર.
શ્રી સહજાનંદ સ્વામીએ જીવનું કામમાં લીન થયું ઉપરાંત દેહ જેવી નીચ કોમને વર્ણ મુક્તમાનમાંથી બોલાવ્યો વર્ણ ઉતર કોમમાંથી પાસની વર્તનને પોતાના આશ્રિત કર્યા તેથી તેઓ **સર્વજીવહિતાવહ** કહેવાય છે.
જનમંગળ સ્તોત્ર

સર્વજેતા [સં.] વિ. બધું જીતનાર.
મનોજ ! બહાદુર તારું **સર્વજેતા** મનુષ્ય.
ન.નાગાણ

સર્વજ્ઞ ૧. [સં. સર્વ + જ્ઞા (જાણવું)]
પુ. ઈશ્વર; પરમેશ્વર.
૨. પું. જિનદેવ.
૩ પું બુદ્ધદેવ
૪. પું. વિષ્ણુના ઢગલ માંહેનું એક નામ.
૫. પુ. શિવ; મહાદેવ
૬. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.
ત્રિશાળ ઘર બધે બે ચહારે હોય તેના મુખ આગળ સાત અલિંદો હોય, તે અલિંદો આગળ એક ભદ્ર હોય, તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય અથવા ઘરનું મુખ દક્ષિણ સામે હોય તો તે **સર્વજ્ઞ** નામનું ઘર કહેવાય.
રાજવલ્લભ
૭. વિ. બધું જાણનાર; સર્વ પદાર્થો અને તત્ત્વોના સપૂર્ણ જ્ઞાતા.
૮. વિ. (જૈન) રાગદ્વેષનો અભાવ હોય તેવું; વીતરાગતાનું.

સર્વજ્ઞતા [સં.] સ્ત્રી. બધું જાણવાપણું; સર્વજ્ઞપણું; સર્વ વસ્તુ જાણવાપણું; બધું જાણવાની શક્તિ; કેવળજ્ઞાન.

સર્વજ્ઞત્વ ૧. [સં.] ન. બધું જાણવાપણું, સર્વજ્ઞપણું; સર્વ પદાર્થોને કેવળજ્ઞાન વડે જાણવાપણું
સર્વજ્ઞત્વ પ્રાપ્ત થયા પછી અર્થાત્ તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ધ્યાન સ્વીકારવામાં આવ્યું છે અહીં પણ તેનું સ્વરૂપ જાણવા પ્રકાશ્યું છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. ન. (વેદાંત) સ્વરૂપ ચૈતન્ય વડે પોતાનામાં અધ્યાસથી દેખાતા સપળા જગતને પ્રકાશ આપવાપણું.

સર્વજ્ઞદશા [સં] સ્ત્રી. (જૈન) જિનપણું, સર્વજ્ઞની સ્થિતિ; સર્વજ્ઞપણું
સ્યૂલદષ્ટિએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી આઠ **સર્વજ્ઞદશા** સુધીમા મોક્ષાભિમુખપણાના દરા વિભાગો કરવામા આવ્યા છે.
તત્ત્વાર્થસૂત્ર

સર્વજ્ઞપણું ન. (જૈન) સર્વજ્ઞ થવું તે; સર્વ જાણવાપણું; જેનાથી રજમાત્ર પણ અજાણ્યું ન હોઈ શકે તેવું.
વળી બહાના સમારંભમાં, અકાજની કને તો **સર્વજ્ઞપણાની** અપેક્ષા રખાય.
કુ. સા. બરિયદ

સર્વજ્ઞપીઠ સ્ત્રી. કાશ્મીર દેશમાંના શારદા દેવી નામના સ્થાનમાં આવેલ એક આસન. જે સર્વજ્ઞ અને પવિત્ર હોય તે જ એ આસન ઉપર બેસી શકે એવો નિયમ છે. શંકરાચાર્ય એ આસન ઉપર બિરાજ્યા હતા.

સર્વજ્ઞા ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૨. વિ. સ્ત્રી. બધું જાણનારી

સર્વજ્ઞાત [સં.] વિ. બધાની જાણમાં હોય એવું
હવે આ જાણેલાં પ્રકીર્ણકમાંનું જે કોઈ પણ **સર્વજ્ઞાત** રૂઢ સ્વરૂપ ન હોય તો એક વ્યક્તિ બીજાને દર્શાવવાના ભાવો દર્શાવી ન શકે
પ્રરૂપણ

સર્વજ્ઞાનોત્તમ ન. ચોસઠ મહેનું એક તંત્ર. તેમાં કાપાલિક સિદ્ધાંતના જ એક ભાગરૂપ શિવજીના મતનું કથન છે.

સર્વતંત્ર ૧. પું. બધા તંત્ર એટલે વિચારશાસ્ત્રોને માન્ય હોય તે સિદ્ધાંત; ન્યાયના ચાર માંહેનો એક સિદ્ધાંત.
૨. વિ. સર્વદેશી; સર્વવિષયક.

સર્વતંત્રનિર્દેશ પું. સર્વદેશી નિર્દેશ; સર્વગ્રાહી નિર્દેશ; નીતિ નિર્દેશ.

સર્વતઃ ૧. [સં.] અ. ચોતરફ.
૨. અ. બધી બાજુએથી.
૩. અ સર્વ પ્રકારે
વાયુ પેઠે એના રાજ્યના **સર્વતઃ** સ્પર્શ કરવો એ તમારે કર્તવ્ય છે
રાજ્યપરીષદ

સર્વતાપન ૧. [સં.] પુ ક્રમદેવ
૨. પુ. સજ્જનું એક નામ.
૩. વિ. બધાને તપાવનાર; સર્વને દુ:ખદાયક.

સર્વતિક્તા [સં.] સ્ત્રી. કાકમાચી નામની વનસ્પતિ

સર્વતીર્થ ન. રામાયણમા વર્ણવેલું એ નામનું એક ગામ. ભરતે મોસાળથી અયોધ્યા આવતા આ સ્થળે થોડો સમય આરામ લીધો હતો

સર્વતુષ્ટ [સં.] પું. એક જાતનો ચરુ

સર્વતેજસ પું (પુરાણ) ઉત્તાનપાદ વંશના ધ્રુવ રાજાને પુષ્કરિણી નામની સ્ત્રીથી સર્વતેજસ એ નામનો એક પુત્ર. તેને આકૂતી નામની બહેનની કૂખે ચક્ષુ નામે પુત્ર થયો હતો તે પન વર્તમાન કલ્પમાં છઠ્ઠો મનુ થયો
સર્વતોભદ્ર ૧. [સં. સર્વતઃ (બધી બાજુથી) + ભદ્ર (કલ્યાણ)] પું. એક જાતની ચૂતરચના.
૨. પું. (પુરાણ) ક્ષીર દ્વીપના સાત માંહેનો એક પર્વત
શુક્લ, વર્દ્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદા, નંદન, અને **સર્વતોભદ્ર** એ નામના ક્ષીરદ્વીપના સાત પર્વતો છે.
જગતના આશ્ચર્ય
૩. પું. ચારે બાજુ બારણાવાળું સુંદર ગોળાકાર બંધકામ, ચારે બાજુ દરવાજાવાળું મંદિર કે મહેલ
૪. પુ. (જૈન) જૈન તપસ્વીઓ તરફથી આચરવામાં આવતું એક જાતનું તપ. તેના ભદ્ર અને મહા એવા બે ભેદ છે.
૫. પું. જ્યોતિષમાં શુભ અશુભ જાણવાનું એક ચક્ર
૬. પું. પ્રતિષ્ઠામાં પૂજ્ય દેવતાઓનું એક જાતનું મંડલ.
૭. પુ. બધી બાજુએથી સુંદર, મંગળ દેખાવવાળું મકાન કે સ્થપતિક
ગોમયથી લીંપેલી પૃથ્વી ઉપર કુમ અને ચોખાનું **સર્વતોભદ્ર** મંડળ આલેખવું.
વહેવારાનો ભાગિયો
૮. પુ વક્ષોના તેર માંહેનો એક પ્રકાર
વક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે:-પર્વતભદ્ર, અશ્વિભદ્ર, ચૈત્યભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુકક્ષ, **સર્વતોભદ્ર**, મનુષ્યયક્ષ, ધનાધિપતિ, બલાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.
તત્ત્વાર્થસૂત્ર
૯. પું. બીજોરાનું ઝાડ.
૧૦. પું. વિષ્ણુનો એક રથ.
૧૧. પું. (પુરાણ) સુપાર્શ્વ પર્વત ઉપરનો એ નામનો દેવોનો બાગ.

૧૨ પું. દાયીની બાર માહેની એક પેટા જાત.
૧૩. ન. એ નામનું એક સ્થિર યંત્ર; એક જાતની પૈડાંવાળી ગાડી જે પૈડાં ગડબડી ફરી શકે છે પૈડા કરે છે સારે ચોતરફ પથ્થરો ફેંકાય છે ટેટલાક તેને ભુશુંડિકા યંત્ર પણ કહે છે
૧૪ ન એક જાતનું હથિયાર
૧૫ ન. (કા.ભ) દરેક બાજુથી એક સરખી ચમત્કૃતિ ભરેલી પદ્ય રચના. જેમકે,
વાહ રે વાહ રસાળી મહીજ,
જ્યાં મળે સાર હવા રે હવા કે. દ. કા.
૧૬. ન જ્યોગ્રેફિક્સ નગરો; વીસ જાતનાં નગરો માંહેનું એક નગર
જે નગર જાવા સારૂ ચોમેરનું દ્વાર તેનું નામ **સર્વતોભદ્ર.** રાજપટલાલ
૧૭. ન (સંગીત) વાદ્યનું એક તાલ. મધ્યમગ્રામમાં પહેજનો સાત્ત્વ કરવાથી ઉત્પન્ન થતું એક તાલ
૧૮. વિ. બધી રીતે સુંદર
૧૯. વિ. યથાપ્રમાણયુક્ત, અત્યંત શુદ્ધ
ગીત ગોવિન્દમાં શિશુપાલવધ કે હરિવંશ જેવો × × × **સર્વતોભદ્ર,** અર્થાલંકાર કે અક્ષરદ પાઠનો ઉત્તમ ગ્રંથ વિદ્વાનોમાં કે અન્ય ગિરનો ત્રાસ છે નહિ. ગોવર્ધનરામ
૨૦ વિ. સર્વ લોકોના લાભ માટેનું.

સર્વતોભદ્રચક્ર ૧. [સં.] ન. જ્યોતિષમાં કહેલું શુભ અશુભ જાણવાનું એક ચક્ર.
૨. ન. દરેક બાજુથી સરખી રીતે ગોઠવાય તેવી કાવ્ય રચના

સર્વતોભદ્રા ૧. [સં.] સ્ત્રી. ગાંભારી નામની વનસ્પતિ.
૨ સ્ત્રી. નદી; નદીની સ્ત્રી.

સર્વતોમુખ ૧. [સં.] પું. અગ્નિ
૨. પુ. આત્મા
૩. પું ચિત્રાનું ઝાડ.
૪ પુ. પરમેશ્વર
૫ પુ. બ્રહ્મા.
૬ પુ. બ્રાહ્મણ
૭ પુ. વિષ્ણુ, જેમકે, તે સર્વ તરફ મુખવાળા છે. વળી જગતમાં જેટલાં જેટલાં મુખો છે તે સર્વ તેના જ મુખો છે.
૮ પું. શિવ.
૯. પુ સ્વર્ગ.
૧૦. ન. અક્કરો.
૧૧. ન. હસ્તના બાર માહેનો એક ભેદ.
૧૨. ન. પાણી; જળ, જેમકે તે બધે રસ્તો કરે છે.
૧૩ વિ. દરેક પ્રકારનું વ્યાપક કે પૂર્ણ, સર્વવ્યાપક.
એની **સર્વતોમુખ** સમૃદ્ધિ જ્યારે કવિએ ઓળે છે ત્યારે એકત્ર વસ્તુનું ઉદાત્ત ભાવવાહી નાટ્યમય અદ્વિતીય છે. કેશવ હર્ષદ ધ્રુવ
૧૪ વિ. બધી બાજુ મુખવાળું.
આત્મામાં અને કર્મમાર્ગ એમની કર્મયોગની દૃષ્ટિએ એ રીતે **સર્વતોમુખ** એકરાહબર થઈ ગીતારહસ્ય

સર્વતોમુખી ૧ સ્ત્રી એ નામની એક દેવી.
૨ વિ દરેક પ્રકારનું પૂર્ણ, વ્યાપક
૩ વિ બધી બાજુ મુખવાળું
સંન્યાસિનસ્ય ઇત્યાદિ ગીતાનું વાક્ય લોકોને મોઢે થઈ ચડી ગયું છે અને કહેવતના જેવો તેનો ઉપયોગ કરવામાં આવે છે. ગીતાના બીજા પણ ઘણા શ્લોક, આ જ પ્રમાણે **સર્વતોમુખી** થયેલા છે. ગીતારહસ્ય

સર્વત્ર ૧. પું અધિકાર માંહેનો એક રૂઢ.
૨ ન સર્વ (બધું) + ત્ર (જગ્યા સૂચક પ્રત્યય) = ત્ર બધે જગ્યાએ, દરેક ઠેકાણે, દરેક જગ્યાએ; દરેક સ્થળે; બધે ઠેકાણે.
સર્વત્ર દીન । ક્રિયા થયા ઉપગ્રહાયુ અહીં પદાર્થો. ઋક્તિસંગ્રહ. સવત ૧૩મું શતક

સર્વત્રગ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨ પુ. વાયુ.
૩. વિ. બધે ઠેકાણે જનાર.

સર્વત્રગ લેખ પું. લેખિત ભાષેરાત; દરેરો.

સર્વત્રગામી ૧. [સં. સર્વત્રગામિન્] પું. વાયુ; પવન
૨. વિ. સર્વ સ્થળે જનાર.

સર્વથા [સં. સર્વ (બધું) + થા (રીતસૂચક પ્રત્યય)] અ. બધી રીતે; સર્વ પ્રકારે.
બસ આવથી મુક્તિ તો અશક્ય **સર્વથા** દીસે.
મુક્તિ પામી રહે છે તે જે છતે નિજ આત્મને. નાંમીગીતા

સર્વથૈવ [સં.] અ. બધી રીતે.
લોકના દોષોઓએ કરેલા કૃત્યોને તો મે **સર્વથૈવ** અક્ષમ્ય માન્યાં છે. નવલરામ

સર્વદ ૧. પું. બાર માંહેનો એક મેષ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૩. પુ. સઘળું આપનાર ભગવાન
૪. [સં. સર્વદા] અ. હમેશાં; દરરોજ.
આમદેવી પ્રભુ પ્રસન્ન **સર્વદ.** મલ્લારી

સર્વદમ જુઓ સર્વદમન.

સર્વદમન ૧. પું. દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત.
૨. [સ સર્વ (સઘળું) + દમન (દાબ)] પું. પરમાત્મા; પરમેશ્વર.
૩ વિ. સર્વને તાબે કરનાર; બધાનું દમન કરનાર.

સર્વદર્શન ૧ [સં] પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૨ ન પૂર્ણ દેખાવ

સર્વદર્શનસંગ્રહ ન માધવાચાર્ય લખેલ એ નામનો એક ગ્રંથ જેમા ચાર્વાકદર્શન, બૌદ્ધદર્શન, આર્હતદર્શન, રામાનુજદર્શન, પૂર્ણપ્રજ્ઞદર્શન અર્થાત્ વેદાન્તદર્શન, નકુલીશપાશુપતદર્શન, શૈવદર્શન, પ્રત્યભિજ્ઞાદર્શન, રસેશ્વરદર્શન, ઔલૂક્યદર્શન, અક્ષપાદદર્શન, જૈમિનિદર્શન, પાણિનિદર્શન, સાંખ્યદર્શન અને પાતંજલદર્શનનું વર્ણન કરેલું છે

સર્વદર્શિત્વ [સં ન. (જૈન) સઘળા પદાર્થોને કેવળદર્શનથી જોવા પણું; બધું દેખવાની ભાવના.
કેવળ ઉપયોગ એટલે સામાન્ય અને વિશેષ બંને પ્રકારના સકલ ભાવ અ. સ્થિતિજ **સર્વજ્ઞત્વ** અને **સર્વદર્શિત્વ**ની છે. તત્ત્વાર્થસૂત્ર

સર્વદર્શી ૧ પું જિનદેવ
આર્હત દેવના હજાર નામ છે, જેમા ૨.૬૬, શિવ, સર્વજ્ઞ, **સર્વદર્શી** × × × ગીતાત્ર આદિ નામો મુખ્યનિષ્પન્ન છે. વિજયધર્મસૂરિ
૨. [સં. સર્વ (બધું) + દૃશિન્ (જોનાર)] પુ પરમાત્મા; પરમેશ્વર
૩. પુ. બુદ્ધ ભગવાન.
૪ વિ. બધું જોનાર.

સર્વદા [સં. સર્વ (બધું) + દા (વખતસૂચક પ્રત્યય)] અ. હમેશા; નિરંતર; રોજરોજ.
જગત કાંઈ બુદ્ધિથી **સર્વદા** ચાલતું નથી, ઘણે ઠેકાણે તો તે નિયમે એમ માનતો. નાંમીગીતા

સર્વદિક્ ૧. વિ. બધી દિશાનું કે દિશાને લગતું.
૨. અ. બધી દિશા તરફ.

સર્વદિગ જુઓ સર્વદિક્.

સર્વદુઃખક્ષય ૧ [સ] પું. મોક્ષ.
૨. પુ. સર્વ દુઃખનો નાશ.

સર્વદેવ પું શિવનાં હજાર માંહેનું એક નામ.

સર્વદેવમુખ ૧ [સં.] પું. અગ્નિ.
૨. પુ. ચિત્રાનું ઝાડ.

સર્વદેવવાદ [સં] પું બ્રહ્મવાદ; વૈશ્વદેવવાદ; સર્વબ્રહ્મવાદ.

સર્વદેશવાદ પું કેવળ પોતાના દેશનો નહિ પણ સર્વ દેશોને સરખા ગણી સર્વનો અભ્યુદય વાંછવો એવો મત; આંતરરાષ્ટ્રીયત્વ; રાષ્ટ્રનિરપેક્ષતા.

સર્વદેશિતા સ્ત્રી. બધા દેશ-અંશ કે વિભાગનો લાગુ પડતુ હોવુ તે.

સર્વદેશી [સં] વિ. બધા દેશ, બધા કે વિભાગને લગતું; બધી બાબતનું; સર્વવિષયક.

તે કરતાં જ બાળકના **સર્વદેશી** વિકાસનું સાધન બને છે. ત્રિભુવન

સર્વદેશીય જુઓ સર્વદેશી

સર્વદેશીયતા જી. બધા દેશને લાગુ પડવું તે, સર્વદેશીપણું; સર્વદર્શિતા.

સાહિત્ય પરિષદનું પ્રમુખ સ્થાન લેવાને એમનાં વિદ્વત્તા, રસિકતા, **સર્વદેશીયતા** અને નિષ્પક્ષપાતપણું પૂરતા છે. ન. ભો. દીવેટિયા

સર્વધર્મસદ્‌ભાવ [સં.] પું બધા ધર્મો પ્રત્યે સારી લાગણી

સર્વધર્મસમભાવ [સ.] પું. બધા ધર્મો પ્રત્યે સમાનતાનો ભાવ

સર્વધારી ૧. પુ. બાર્હસ્પત્ય સવત્સરનાં ૬૦ માંનું એક વર્ષ; પ્રભવથી બાવીસમો સવત્સર

૨. [સ સર્વ (સઘળા) + ધારિન્ (ધારણ કરનાર)] વિ. સર્વને ધારણ કરનાર

સર્વધુરીણ ૧ વિ. બધો ભાર ઊઠાવનાર

૨. વિ. સર્વથી આગળ પડતું.

સર્વનામ ન. (વ્યાકરણ) નામને બદલે મૂકવામાં આવતો શબ્દ. સર્વનામ શબ્દને અંગ્રેજીમાં પ્રોનિનામ કહે છે. અંગ્રેજી શબ્દ કરતાં સર્વનામ શબ્દ વધારે યુક્ત છે એમ વિદ્વાનો કહે છે. ભૂતકાળ વ્યાકરણમાં ઉલ્લેખ છે કે, સર્વનું નામ તે સર્વનામ. માત્ર નામને બદલે વપરાય પ્રોનિનામ થાય છે એટલું જ નહિ પરંતુ એ સર્વનું નામ છે માટે સર્વનામ છે. સર્વ બોલનારા પોતાને માટે 'હું' વાપરે છે; સર્વ પાસેના પદાર્થને માટે આપણે 'આ' વાપરીએ છીએ; આમ 'હું' એ સર્વ બોલનારાનું નામ છે. 'તે' એ સર્વ પરોક્ષ પદાર્થનું નામ છે 'આ' 'એ' એ સર્વ પ્રત્યક્ષ પદાર્થનું નામ છે. 'કોણ' એ સર્વ અનિશ્ચિત અજ્ઞાત પદાર્થનું નામ છે માટે એ બધા શબ્દ સર્વનું નામ હોવાને લીધે 'સર્વનામ' કહેવાય છે. તેના પ્રકાર. ૧. પુરુષવાચક ૨ દર્શક, ૩. સાપેક્ષ, ૪. પ્રશ્નાર્થ, ૫. અનિશ્ચિત, ૬ સ્વાર્થ, ૭. અન્યોન્યવાચક

સર્વનાશ ૧. [સ] પું. બધાનો નાશ

૨ પુ. મહાન સંકટ; મહોત્પાત; મોટી આફત; વિપત્તિ

સર્વનાશક જુઓ સર્વનાશી.

સર્વનાશી વિ. સર્વનો નાશ કરનાર

સર્વપક્ષસ્વતંત્ર વિ કોઈ પણ પક્ષમાં નહિ ભળનાર પણ પોતે સ્વતંત્ર રહેનાર, નિ:પક્ષપાતી, સ્વાતંત્ર્યપક્ષી

સર્વપક્ષી ૧ [સ] વિ. બધા પક્ષનું, બધા પક્ષને લગતું

૨. વિ. સર્વનો મોભ પક્ષ કરતું.

સર્વપક્ષીય વિ. સર્વ પક્ષને લગતું.

લખનૌમાં બનેલી **સર્વપક્ષીય** પરિષદ એવો ઠરાવ કર્યો કે, એ વિષયને સર્વપક્ષ સ્વીકાર કરે છે. મહાદેવ દેસાઈ

સર્વપા ૧. [સ.] જી. (પુરાણ) બલિ રાજાની એ નામની સ્ત્રી.

૨. વિ. સર્વનું રક્ષણ કરનાર.

સર્વપૂર્ણ [સં.] પું. પરમાત્મા.

સર્વપૂર્ણતા ૧. [સં.] જી. તૈયારી.

૨. જી. મોક્ષ.

૩ જી. સર્વ પ્રકારની પૂર્ણતા.

૪ જી. સામગ્રી.

સર્વપ્રાણતત્ત્વવાદ પુ. તત્ત્વો કે જે સમૂહરૂપ રીતે મહાન ચેતના ઉત્પન્ન કરે છે એવો સિદ્ધાંત.

સર્વપ્રિય [સં] વિ. સૌને વહાલું; સૌ જનને પ્રિય; બધાને ગમતું.

સર્વભક્ષ ૧. [સં] પું. અગ્નિ

૨. પું. ચિત્રાનું ઝાડ.

૩. પું. અક્ષરો

૪. વિ. બધાનું ખાનાર

૫. વિ. સર્વ ખાનાર

સર્વભક્ષક જુઓ સર્વભક્ષી.

સર્વભક્ષકી [સં.] જી બકરી

સર્વભક્ષા જુઓ સર્વભક્ષકી

સર્વભક્ષી ૧. [સં.] અવિચારી રીતે બધી જાતનો આહાર કરનારું

૨. વિ. બધું ખાનાર; બધું ભક્ષ્ય કરનું

બધું સળગાવી અગ્નિની જેમ **સર્વભક્ષી** છે. નવલરામ

સર્વભક્ષ્ય ૧. [સં] પું. અગ્નિ.

૨ પુ ચિત્રાનું ઝાડ.

૩ પુ અક્ષરો

૪ વિ. બધું ખાનારું.

સર્વભક્ષ્યા [સં.] જી. બકરી

સર્વભદ્ર પું. (પુરાણ) કુમુદ પર્વત ઉપર આવેલો દેવતાઓનો બગીચો

સર્વભાષાકોશ પું. ઘણી ભાષાઓનો શબ્દસમૂહ.

સર્વભાષાકોશ જેવા ગંભીર પદાર્થનાં બોજ તો હાલ નહિ જ કરીએ. હિંદુસ્તાનમાં ત્રિભેલ મિશનના આરંભકાળમાં વેચરદ કેરિએ એ દિશામાં કરેલો પ્રયત્ન દુર્ભાગ્યે સિદ્ધિ પામી શક્યો ન હતો. નરસિંહરાવ

સર્વભાગ્ય [સ] વિ બધાને ઉપભોગમાં આવે એવું

સર્વોત્તમ કળા અધિકારભોગ્ય નહિ હતી પણ **સર્વભોગ્ય** હતી. ગાંધીજી

સર્વભોજી [સં.] વિ. સર્વભક્ષી

સર્વમતે અ. સર્વાનુમતે

સર્વમય ૧. [સં] પુ પરમાત્મા; પરમેશ્વર.

૨. વિ. સમગ્રમય; સઘળા સ્વરૂપ

૩. વિ. સર્વવ્યાપી; સર્વગત

સોળ કળાવાળો, મનોમય અન્નમય, અમૃતના સ્થાનરૂપ, આનંદ અને ઉત્તમપુરુષરૂપ એ ચંદ્રમાનો સ્વભાવ પ્રાણીમાત્રને જીવન આપનાર હોવાથી તે **સર્વમય** કહેવાય છે

ભગવતી ભાગવત

૪. વિ. સાર્વજનિક

સર્વમયી [સં] જી આવન માંહેની એક જલરશ્મિ દેવતા.

સર્વમહી [સ.] જી આખી પૃથ્વી.

સર્વમહીશ [સં] પું. આખી પૃથ્વીનો રાજા; ચક્રવર્તી રાજા

સર્વમહીશ્વર જુઓ સર્વમહીશ

સર્વમંગલા ૧. જી ચોસઠ માંહેની એ નામની એક યોગિની

૨. જી. દુર્ગા દેવી; પાર્વતી; ઉમા

આર્યા મૈનાક્ષ અને **સર્વમંગલા** નામ, શિવા નામ શિવ ઉચ્ચરતી જેહ સદ. સુખધામ. વિઠ્ઠલેશપુરોધ

૩ જી. (તાન્ત્રિક) પંદર મહિનાની એ નામની તેરમી તિથિ.

સર્વમંગળા પું. શતાનંદ મુનિએ રચેલો સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક સંસ્કૃત ગ્રંથ. તેમાં ગુણ તથા ઐશ્વર્યને બતાવનારાં સ્વામીનારાયણ પ્રભુનાં એક હજાર નામ છે

સર્વમાન્ય [સ.] વિ. સૌને માન્ય હોય તેવું; સૌ કબૂલ કરે એવું; બધા માને એવું, બધાને માન્ય; સર્વનું સમાધાન કરનાર. બાલ ગંગાધર તિલક લખે છે કે: (૧) સન્યાસીની પેઠે રહીને તત્ત્વજ્ઞાનના વિચારોમાં શાંતપણે આયુષ્ય ગાળવું ઠીક કે અનેક પ્રકારની રાજકીય ધમાલમાં પડવું તે ઠીક? તેનો એરિસ્ટોટલે કરેલો ખુલાસો ગીતામાં છે અને (૨) મનુષ્ય જે કાંઈ પાપ કરે છે તે અજ્ઞાનથી જ કરે છે એવો જે સોક્રેટિસનો મત તેનો પણ એક પ્રકારે ગીતામાં સમાવેશ થયેલો છે. કારણ જ્ઞાનથી કરીને જીવાત્મા મુક્તિસમ થયા પછી તે (પુરુષ)ને હાથે કોઈ પણ પાપ થઈ શકય નથી

સર્વગ્રાહી ૧. વિ. જનસમૂહ સમજી શકે તેવું
તથી પુરાણ સાહિત્ય એ બહેતી નદીની પેઠે તીર્થસ્થાનની જેમ **સર્વગ્રાહ્ય** થઈ પડેલ છે
પુરાતત્ત્વ
૨. વિ. બધાને ગ્રહણ કરવા યોગ્ય; બધાને લેવા યોગ્ય.

સર્વચારી [સં. સર્વચારિન્] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

સર્વજનીન ૧. વિ. સર્વ સ્થળે વિખ્યાત; બધા લોકમાં પ્રખ્યાત.
૨. વિ. સાર્વજનિક; સર્વ લોક સંબંધી

સર્વજયા ૧. સ્ત્રી. બગીચામાં ફૂલ માટે વવાતો એક છોડ.
૨. સ્ત્રી માગશર માંહેનાર આવતુ બીજાનું એક પર્વ.

સર્વજિત ૧. પું. કામદેવ.
૨. પું પ્રભવથી એકવીસમો સંવત્સર. બાર્હસ્પત્ય સંવત્સરના ૬૦ માંહેનું ૨૧મું વર્ષ.
૩. પું. વિષ્ણુની વીસીનો પહેલો સંવત્સર.
૪. [સં. સર્વજિત્] વિ. સર્વને જીતનાર; બધાને તાબે કરનાર

સર્વજીવહિતાવહ વિ. સર્વજીવનું હિત કરનાર.
શ્રી સહજાનંદ સ્વામીએ હિંદુ ધર્મમાં ઊંચ પણ ઉપરાંત દેહ જેવી નીચ કોમને તથા મુસલમાનમાંથી ખોજાઓ તથા કુતર કોમમાંથી પારસી બનેલ પોતાના આશ્રિત કર્યા તેથી તેઓ **સર્વજીવહિતાવહ** કહેવાય છે.
જનમંગલ સ્તોત્ર

સર્વજેતા [સં.] વિ. બધું જીતનાર.
અનોજ ! બહાદુર તારું **સર્વજેતા** મનુષ્ય.
નાનાલાલ

સર્વજ્ઞ ૧. [સં. સર્વ + જ્ઞા (જાણવું)]
પું. ઈશ્વર; પરમેશ્વર.
૨. પું. જિનદેવ.
૩. પું બુદ્ધદેવ
૪ પું વિષ્ણુના હજાર માંહેનું એક નામ.
૫. પું. શિવ; મહાદેવ
૬. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.
ત્રિશાળ ઘર મધ્યે જે બહારકે હોય તેના મુખ આગળ સાત અલિંદ હોય, તે અલિંદો આગળ એક ભદ્ર હોય, તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય અથવા ઘરનું મુખ દક્ષિણ સામે હોય તો તે **સર્વજ્ઞ** નામા ઘર કહેવાય.
રાજવલ્લભ
૭. વિ. બધું જાણનાર; સર્વ પદાર્થો અને તત્ત્વોના સંપૂર્ણ જ્ઞાતા.
૮. વિ. (જૈન) રાગદ્વેષનો અભાવ હોય તેવું; કેવળજ્ઞાની.

સર્વજ્ઞતા [સં.] સ્ત્રી. બધું જાણવાપણું; સર્વજ્ઞપણું; સર્વ વસ્તુ જાણવાપણું; બધું જાણવાની શક્તિ; કેવળજ્ઞાન.

સર્વજ્ઞત્વ ૧. [સં.] ન. બધું જાણવાપણું; સર્વજ્ઞપણું; સર્વ પદાર્થોને કેવળજ્ઞાન વડે જાણવાપણું.
સર્વજ્ઞત્વ પ્રાપ્ત થયા પછી અર્થાત્ તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ધ્યાન સ્વીકારવામાં આવ્યું છે અહં પણ તેનું સ્વરૂપ સ્પષ્ટ પ્રકાશતું છે.
તત્ત્વાર્થસૂત્ર
૨. ન. (વેદાંત) સ્વરૂપ ચૈતન્ય વડે પોતાનામાં અધ્યાસથી દેખાતા સઘળા જગતને પ્રકાશ આપવાપણું

સર્વજ્ઞદશા [સં.] સ્ત્રી. (જૈન) જિનપદની; સર્વજ્ઞની સ્થિતિ; સર્વજ્ઞપણું
સ્થૂલદૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિથી માંડી **સર્વજ્ઞદશા** સુધીમાં મોક્ષાભિમુખતાના દસ વિભાગો કરવામાં આવ્યા છે.
તત્ત્વાર્થસૂત્ર

સર્વજ્ઞપણું ન. (જૈન) સર્વજ્ઞ થવું તે; સર્વ જાણવાપણું; જેનાથી રજમાત્ર પણ જાણ્યું ન હોઈ શકે તેવું
વળી વહાણ સમારંભમાં, અટારી કને તો **સર્વજ્ઞપણા**ની અપેક્ષા રખાય.
કુ. સા. પરિષદ

સર્વજ્ઞપીઠ સ્ત્રી. કાશ્મીર દેશમાંના શારદા દેવી નામના સ્થાનમાં આવેલ એક આસન. જે સર્વજ્ઞ અને પવિત્ર હોય તે જ એ આસન ઉપર બેસી શકે એવો નિયમ છે. શંકરાચાર્ય એ આસન ઉપર બિરાજ્યા હતા.

સર્વજ્ઞા ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૨. વિ. સ્ત્રી. બધું જાણનારી.

સર્વજ્ઞાત [સં.] વિ. બધાની જાણમાં હોય એવું.
હવે આ આપેલાં પ્રકીર્ણકોમાંનું જે કોઈ પણ **સર્વજ્ઞાત** ન સ્વરૂપ ન હોય તો એક વ્યક્તિ બીજાને દર્શાવવાના ભાવો દર્શાવી ન શકે
પ્રસ્થાન

સર્વજ્ઞાનોત્તમ ન. ચોસઠ માંહેનું એક તંત્ર. તેમાં કાપાલિક સિદ્ધાંતના જ એક ભાગરૂપ દિગમ્બર મતનું કથન છે.

સર્વતંત્ર ૧. પું. બધા તંત્ર એટલે વિચારણાઓને માન્ય હોય તે સિદ્ધાંત; ન્યાયના ચાર માંહેનો એક સિદ્ધાંત.
૨. વિ. સર્વદેશી; સર્વવિષયક.

સર્વતંત્રનિર્દેશ પું. સર્વદેશી નિર્દેશ; સર્વગ્રાહી નિર્દેશ; નીતિ નિર્દેશ.

સર્વતઃ ૧. [સં.] અ. ચોતરફ.
૨. અ. બધી બાજુએથી.
૩. અ સર્વ પ્રકારે
બધુ છોડે અને શત્રુઓના **સર્વતઃ** રક્ષણ કરવું એ વહાલે કર્તવ્ય છે.
સરસ્વતીચંદ્ર

સર્વતાપન ૧. [સં.] પું કામદેવ
૨. પું. સળગતું એક નામ.
૩. વિ. બધાને તપાવનાર, સર્વને દુઃ આપનાર

સર્વતિક્તા [સં.] સ્ત્રી. કાકમાચી નામની વનસ્પતિ

સર્વતીર્થ ન. રામાયણમાં વર્ણવેલું એ નામનું એક તીર્થ. ભરતે મોસાળથી અયોધ્યા આવતા આ સ્થળે થોડો સમય આરામ લીધો હતો

સર્વતુષ્ટ [સં.] પું. એક જાતનો વસ્ત્ર

સર્વતેજસ પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ધ્રુવ રાજાનો પુષ્કરિણી નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક પુત્ર તેને આકૂતી નામની બહેનથી કૂર્મ જેવું પુત્ર થયા હતો તે પણ વર્તમાન કલ્પમાં ગયો. મનુ થઈ ગયા

સર્વતોભદ્ર ૧. [સં. સર્વતઃ (બધી બાજુથી) + ભદ્ર (કલ્યાણ)] પું એક જાતની ચતુરંગ રચના.
૨. પું. (પુરાણ) કોંચ દ્વીપના સાત મંડલોનો એક પર્વત
શુક્લ, વર્દ્ધમાન, ભોજન, ઉપબર્હણ, નંદા, નંદન, અને સર્વતોભદ્ર એ નામના ક્રૌંચદ્વીપના સાત પર્વતો છે.
અમરકોશ આગરવાલ
૩. પું. ચારે બાજુ બારણાંવાળું સુંદર ગોળાકાર બાંધકામ; ચારે બાજુ દરવાજાવાળું મંદિર કે મહેલ.
૪. પું. (જૈન) જૈન તપસ્વીઓ તરફથી આચરવામાં આવતું એક જાતનું તપ. તેના ક્ષુદ્ર અને મહા એવા બે ભેદ છે
૫. પું. જ્યોતિષમાં શુભ અશુભ જાણવાનું એક ચક્ર
૬. પું. પ્રતિમામાં પુરુષ દેવતાઓનું એક જાતનું મંડપ
૭. વિ. બધી બાજુએથી સુંદર, ભવ્ય દેખાવવાળું મંડપ કે રચનાવિશેષ.
ગોમયથી લીંપેલી પૃથ્વી ઉપર કુંકુમ અને ચોખાનું **સર્વતોભદ્ર** મંડલ આલેખવું.
તહેવારોના આમિષો
૮. પું. પક્ષોના તેર માંહેનો એક પ્રકાર
પક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે.-પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, અતિપાર્શ્વભદ્ર, સુભદ્ર, **સર્વતોભદ્ર**, મણ્યમક્ષ, ધનાધિપતિ, ધનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.
તત્ત્વાર્થસૂત્ર
૯. પું. લીંબડાનું ઝાડ.
૧૦. પું. વિષ્ણુનો એક રથ
૧૧. પું. (પુરાણ) સુપાર્શ્વ પર્વત ઉપરનો એ નામનો દેવોનો બાગ.

સર્વવ્યાપી ૧. [સ સર્વ + વિ + આપ્ (મેળવવું) + ઇન્] વિ. બધે વ્યાપી રહેનાર; સર્વમય; સર્વવ્યાપક

૨ વિ. સાર્વજનિક; સાર્વત્રિક; સર્વને લાગુ પડે તેવું

આ તો સમસ્તના પ્રેમ પ્રેમ જે **સર્વવ્યાપી** છે. પ્રભુના પ્રેમની સાચી અનાસક્તિથી રહી શકે ?

ગાંધીગીતા

સર્વવ્યાપ્ત [સ] વિ. સર્વ સ્થળે પ્રસરેલ; સર્વ સ્થળે ફેલાયેલ

સર્વશક્તિ ૧ સ. સ્ત્રી. અનંતશક્તિ; સામર્થ્યશક્તિ

૨. વિ. સર્વશક્તિમાન

કુરાનમાં તેને સર્વજ્ઞ, **સર્વશક્તિ**, સર્વેશ્વર, સર્વકામ એમ કહેલ છે અણુવ્રતમ્

સર્વશક્તિમત્તા [સં.] સ્ત્રી. સર્વશક્તિમાન હોવાપણું; જગતમાં ધારેલું કરવાની લાયકી; સર્વશક્તિમાન હોવું તે.

સર્વશક્તિમાન [સં. સર્વ + શક્તિ (સત્તા) + મત્ (વાળું)] વિ સર્વ પ્રકારની શક્તિવાળું; સર્વસમર્થ; સર્વમત્તાધીશ.

ઈશ્વરનાં બધા નામો રામ કૃષ્ણાદિ હિંદુનાં, ઈશ્વર રામ મારે જ જે **સર્વશક્તિમાન** છે

ગાંધીગીતા

સર્વશંકી ૧ વિ. અશ્રદ્ધાળુ, ઈશ્વરના અસ્તિત્વ વિષે જેને શંકા આવે એવું; શંકાવાદી; નાસ્તિક; નિરીશ્વરવાદી

૨. વિ. કશામાં નહિ માનનાર; બધી બાબતમાં વહેમ લાવનાર.

આજે હેતુક (તર્કપ્રામાણ્યવાદી) વેદની ટીકા કરનાર, આક્ષેપોની ઝાડો બનાવ, નાસ્તિક કે **સર્વશંકી** આપતે જન્મે પોતે રૂપાળા જન્મારો એવો બગ નથી રાખતો. મહાદેવ દેસાઈ

સર્વશઃ [સ.] અ. બધી રીતે

સર્વશાંત [સં] ન. જેમાં કોઈ જાતનું ત્રિશાળ ઘર; રાજાને રહેવા લાયક ઘર

જે ત્રિશાળ ઘરના મુખ આગળ પાંચ અલિંદ હોય, તે ઘરની ડાબી, જમણી બાજુ અને પછીને એ રીતે ચારે તરફનાં ચાર અલિંદો અર્થાત્ દરેક તરફ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ પશ્ચિમમાં હોય તો તે **સર્વશાંત** ઘર કહેવાય.

રાજવલ્લભ

સર્વશુભવાદ [સં.] પું. આશાવાદ; આશા ભરેલો ભાવ; સૃષ્ટિમાં જે જે છે કે બને છે તે બધું સારા વાસ્તે છે એવો મત; ઉત્તમતાવાદ.

સર્વશ્રાવ્ય [સં.] વિ. સર્વ સાભળે એવી રીતનું

આ સિવાય પણ વસ્તુના ગણ બીજી રીતે બોધ કર્યા છે તે (૧) **સર્વશ્રાવ્ય** (પ્રકાશ) (૨) અશ્રાવ્ય (રહસ્ય) (૩) નિયતશ્રાવ્ય. ન્યા પરિચય

સર્વશ્રુત ૧ ન. (જૈન) આત્મજ્ઞાન.

સર્વજ્ઞના આગમથી નિર્દેશ વસ્તુનું સામાન્ય જ્ઞાન મેળવીને તે જ્ઞાન દ્વારા આત્મામા ઠરવાનો પ્રયત્ન કરે છે તે જ્ઞાન જ **સર્વશ્રુત** ન. કેમકે, સર્વ આગમરહસ્યભૂત રહસ્ય આપો આત્માન જાણીને કહ્યું તે છે. માટે અમુકી દશામા પૂર્વજ્ઞને પહોચવાનો અભિપ્રાય વર્તે છે. તેથી તેને સર્વશ્રુત જે દ્વાદશાંગ તેનુ રહસ્ય આપી ગયુ છે. કરણના વિચાર વખતે રાગના ભરા છે, પણ કરણનો તદ્દન સન્મુખ થયેલું જ્ઞાન છે તેજ કરણનુ કારણ છે. તેથી તેને સર્વજ્ઞન કહી દીધેલ છે. સમયસાર

૨ વિ શાસ્ત્રોમાં પારંગત

સર્વશ્રેષ્ઠ [સં] વિ સર્વમાં શ્રેષ્ઠ; સર્વોત્તમ

વિચાર વાણી અવતારમા છે,
આપણ બધે નરી એકતા જ;
આ મુગની ના મનુ મુગની છે,
તેથી જ એ વિભૂતિ **સર્વશ્રેષ્ઠ**. ગાંધી ગિતા

સર્વસત્તાધારી શાસન ૧. ન. જે રાજ્ય સપૂર્ણપણે સ્વતંત્ર હોય તે.

૨ ન. પૂર્ણ સત્તાધારી સરકાર

૩. ન. સ્વેચ્છાચારી રાજ્યશાસન

સર્વસત્તાધિકારી પું સરમુખત્યાર; સર્વસત્તાધીશ

ત્યાર Dictator **સર્વસત્તાધિકારીએ** શું કર્યું ? હસીને કાપડિયાએ પૂછ્યું

ચંદ્રશંકર મુનશી

સર્વસત્તાધીશ ૧. [સં. સર્વ + સત્તા (શક્તિ) + અધીશ (ધણી)] પું. જેને પૂર્ણ અખત્યાર સોંપવામાં આવ્યો હોય તેવો અધિકારી; સર્વોપરી અધિકારી; સરમુખત્યાર; સર્વસત્તા જેના હાથમા છે તેવો માણસ

૨. વિ. સર્વશક્તિમાન.

સર્વસમર્પણી વિ. જેણે સર્વસ્વ સમર્પણ કર્યું હોય એવું

કૃપાત્ર છે સદા માટે ! **સર્વસમર્પણી** ઓ પરમ વૈષ્ણવ !

ગુજરાતનો તપસ્વી

સર્વસમેત વિ. સઘળું; બધું; કુલ.

સર્વસર પું. બાણનો એક જાતનો રોગ.

સર્વસહ ૧. [સં.] પું. ચૂનણ.

૨. પું. વિષ્ણુનાં કાનર માંહેનુ એક નામ

૩. વિ સઘળું સહન કરનાર.

સર્વસહાઈ [સં. સર્વસહા (બધું સહન કરનારી) + ઈ] સ્ત્રી. પૃથ્વી.

પૃથ્વી ક્ષિતિ ક્ષોણિ ક્ષમા ધરણી ધાત્રી ગામ;
ઉર્વી જગતી વસુમતી વસુધા **સર્વસહાઈ**

ત્રિભુવનદાસ પટેલ

સર્વસંગ્રહ ૧ [સં. સર્વ + સંગ્રહ (સમરો)] પું બધી જાતની માહિતીનો સગ્રહ; માર્ગદર્શક જાણવાજોગ સર્વ બાબતોનું જ્ઞાન જેમા સગ્રહાયુ હોય એવો સદાગ્રંથ, વિજ્ઞાનકોશ, સર્વવિદ્યાકોષ, 'સાઈક્લોપીડિયા'. ફ્રાન્સમાં ડીડેરો ને દાલ્બેરોના ગ્રથો ફ્રાન્સના રાજ્યને ઊંધુ વાળવાના કારણોમાં અગ્રસ્થ ગણાય છે

૨ પું. ગ્રંથસંગ્રહ, કલેક્શન

સર્વસંગ્રહ પુસ્તક ૨૪ ૧૭૫૪મા નોંધ્યું તેના અધિપતિ ડેરોરેક ને ડી. અલ્બર્ટ હતા

નર્મદ ગદ્ય ભાગ૨

સર્વસંગ્રાહક [સં] વિ બધી જાતની બાબતોનો સગ્રહ કરી સગ્રહ કરે એવું; બધાનો સગ્રહ કરનાર.

જૈન આચાર્યોએ પોતાના **સર્વસંગ્રાહક** નમસ્કારમાં ગૌતમબુદ્ધના ક્ષત્રિયાણી એમ નમસ્કૃષ્ટિ કરી તે દોષોનો સમન્વય કર્યો છે.

પંડિત સુખલાલ સંઘવી

સર્વસંગ્રાહિતા [સ] સ્ત્રી. બધું સમરવાપણું.

જે કોઈ નવીનતા હોય તે **સર્વસંગ્રાહિતા**ની દૃષ્ટિએ અને પ્રકૃતિની દૃષ્ટિએ હોય.

પુરાતત્ત્વ

સર્વસંપન્ન વિ. સપૂર્ણ; કોઈ પણ જાતની ખોટ વિનાનું

સર્વસંમત [સં.] વિ એકમતી; બધા એ મજૂર કરેલ; સર્વમાન્ય

એવા બ્રહ્મપત્તિનું મોરલ લેવાથી **સર્વસમત** જોડણી કરી રાખવા કુમુમમાળા

સર્વસંમતિ ૧. [સં.] સ્ત્રી એકમત; સર્વાનુમત; મિલિતભાવ

૨. સ્ત્રી. જનવાદ

સર્વસંયત ૧. વિ. નિરંતર યત્ન કરનાર

૨ [સં.] વિ. સર્વથા સયમી

સર્વસાક્ષી ૧. [સં. સર્વસાક્ષિન્] પું વિષ્ણુનાં કાનર માંહેનું એક નામ

૨ વિ સર્વના સાક્ષીભૂત; સર્વજ્ઞ; સર્વદર્શી

પરમેશ્વર અખિલ. **સર્વસાક્ષી**, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન છે. ગીતારહસ્ય

સર્વસામર પું (પુરાણ) એ નામનો એક સર્પ.

સર્વસાધારણ વિ. બધાને સામાન્ય થઈ પડે તેવું; સૌને લાગુ પડતું, સર્વસામાન્ય; સાર્વજનિક.

સર્વસાધુ [પ્રા. સવ્વસાહુ] પું. (જૈન) અઢીદ્વીપમાં વર્તમાનકાળે વિરાજતાં બધાં સાધુસાધ્વી.

ત્રિકરણયોગે જેહવિ મુજ આચાર્ય ઉપાધ્યાય **સર્વસાધુ** નમિણી આવકશ્રાવિકા હોજ કાર્ય આરાધતા થી હુંતી તાહ મિચ્છામિ દુક્કડં.

(સંવત ૧૩૩૦) તદ્દભવ

સર્વસાધ્ય [સ.] વિ. બધાથી મેળવી શકાય એવું. આ વિશેષણ સાધ્યના સંબંધમાં વપરાય છે કારણ કે તે ધનથી સર્વને સાધ્ય હોવાની સાર્વત્રિકતા ધરાવતા પદાર્થ વર્ગનું વાચક છે

સર્વસામાન્ય જુઓ સર્વસાધારણ

સર્વસાર ૧ સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની એક મુખ્ય ઉપનિષદ

૨. ન. ઝાડના ચાર ભાગોનો એક પ્રકાર.

સર્વસારગ્રાહક વિ. સારું-અને સઘળું ખોળી કાઢીને ગ્રહણ કરનારું

હું તો **સર્વસારગ્રાહક** છું

નાનાલાલ

સર્વસારસંગ્રહણી સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલ ૬૪ અક્ષરની એક લિપિ

સર્વસાવદ્ય [સર્વસા (બધાઓ સાથે) + સ અવદ્ય (નહિ બોલવું તે)] ન. કોઈની સાથે બોલવું નહિ, મૌનવ્રત ધારણ કરવું તે

સર્વસિદ્ધા સ્ત્રી. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે કૃષ્ણપક્ષની એક તિથિ.

સર્વસિદ્ધિ ૧. સ્ત્રી. સમગ્ર સિદ્ધિ

૨. [સ] સ્ત્રી. બીલીનું ઝાડ.

૩ સ્ત્રી. ન શ્રીકૃષ્ણ

સર્વસૌભાગ્યદાયિની [સ] સ્ત્રી. એ નામની દેવી

સર્વસ્તુત [સ] વિ. બધાએ વખાણેલું કે વખાણેલું; સર્વ રસજ્ઞે વખાણ્યેલું

બીજા કવિઓ કમળ જેવું **સર્વસ્તુત** પુષ્પ હોય, અને એમ. સર્વાનુભૂત સૌંદર્યને જરા વિરોધ આવકર રૂપમાં રજૂ કરવું. ર. મુનશી

સર્વસ્પર્શી વિ. બધાને લાગુ પડતું; વ્યાપક

ગુજરાતીમાં પણ અર્વાચીન **સર્વસ્પર્શી** સાહિત્યને પ્રાધાન્ય આપી પ્રાચીન સાહિત્યના અમુક નરસિંહ યુગના કે પ્રેમાનંદ યુગના કે દયારામ યુગના લાક્ષણિક નમૂનાઓ નિયત કરવામાં આવે

કૌમુદી

સર્વસ્વ ૧. [સ સર્વ (બધું) + સ્વ (ધન)] ન સમગ્ર ધન, પોતાનું બધું તે; બધી માલમતા કે શક્તિસંપત્તિ. ગાંધીજી લખે છે કે, જો પુરુષ પવિત્ર થઈ જગતની ખાતર સર્વસ્વ અર્પે, તો ચક્રવર્તીન. કરતા પણ વધારે સત્તા ભોગવે છે.

૨ વિ બધું જ; તમામ; સઘળું.

સર્વસ્વીકાર્ય [સ.] વિ. સર્વથી સ્વીકારી શકાય તેવું

સર્વસ્વીકૃત [સ. સર્વ (બધું) + સ્વીકૃત (સ્વીકારેલું)] વિ. સર્વમાન્ય; બધાએ સ્વીકારેલું.

સર્વહદ ન (પુરાણ) એ નામનું એક જૂનું ભારતવર્ષીય તીર્થ

સર્વહર [સ] વિ બધું હરી લેનાર

સર્વહિત ૧ [સ] ન બધી, તમામ.

૨ વિ જેનાથી સર્વનું હિત થાય તેવું; સર્વના હિતનું

સર્વહિતૈષી [સ વિ બધાનું ભલું કરનાર.

સર્વ કષ ૧. [સ.] પું. પાપ.

૨ ન જળ.

૩ વિ સર્વ કસોટીમાં ચડિયાતું.

૪ વિ સર્વત્ર ફેલાયેલું. સર્વવ્યાપક

૫ વિ સર્વશક્તિમાન

બાળકની વૃત્તિઓ, પ્રવૃત્તિ અને ચેષ્ટાઓ **સર્વકષ** હોય છે. અંબિકાદત્ત નડિયાદી

સર્વેક્ષ [અં] પું. નોકર; ચાકર

સર્વન્ટસ ઓફ ઇન્ડિયા સોસાયટી [અં] સ્ત્રી. ભારત સેવકસમાજ. ગાંધીજી લખે છે કે સોસાયટીનો ઇરાદાપૂર્વક ભંગ ન થયો તે બોઅર હતું જે જે સત્યોગ્રહો મારા દાખલા થયા સામે વિરોધ કર્યો હતો તે વાસ્તવિક હતો તેમના સિદ્ધાંતો ને મારા સિદ્ધાંતો વચ્ચે ભેદ હતો એમ અનુભવે બતાવી આપ્યું છે પણ મતભેદ જાણ્યો ગયા છતાં, અમારી વચ્ચે આત્માનું અંતર કદી પડ્યું નથી, ખટાશ કદી થઈ નથી. મતભેદ હોવા છતાં અમે બધુ ને મિત્ર રહ્યા છીએ. સોસાયટીનું સ્થાન મારે સારૂ યાત્રાનું સ્થાન રહ્યું છે લૌકિકદૃષ્ટિએ હું ભલે તેનો સભ્ય નથી રહ્યો, આધ્યાત્મિક દૃષ્ટિએ હું સભ્ય રહ્યો જ છું. લૌકિક સંબંધ કરતાં આધ્યાત્મિક સંબંધ વધારે કીમતી છે. આધ્યાત્મિક વિનાનો લૌકિક સંબંધ પ્રાણ વિનાના દેહ સમાન છે.

સર્વ સહ ૧. વિ. ઉદાર.

૨ [સ.] વિ. બધું સહન કરનાર.

સર્વ સહા ૧. [સ.] સ્ત્રી. ભૂમિ; પૃથ્વી.

આ પૃથ્વીનું **સર્વ સહા**-સર્વ સહન કરનારી એવું એક બીજું નામ છે. ગીતારહસ્ય

૨ વિ સ્ત્રી. બધું સહન કરનારી.

આખાને ઘેર ચોરી કરી તો પછી **સર્વંસહા** ધરતી માતાનેય આપ્યો બાર અલ્લા થઈ પડે. કનૈયાલાલ મુનશી

સર્વા ૧. સ્ત્રી. આમંત્રણ.

૨. સ્ત્રી. સગવડ.

૩ સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રીરાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી.

સર્વાકાર ૧. [સ.] પું. પરમેશ્વર.

૨. વિ. બધી જાતના આકાર ધારણ કરે તેવું.

સર્વાગ્ર ૧ [સ.] વિ. ધ્યાન ન દેવું; બેધ્યાન.

૨. વિ. સર્વગ્રાહી.

સર્વાણી ૧ [સ.] સ્ત્રી દુર્ગાદેવી.

૨ સ્ત્રી. સીતાનું એક નામ.

સર્વાતિશાયિત્વ [સં.] ન સર્વાતિશાયીપણું; 'સુપ્રીમસી'.

સર્વાતિશાયી વિ. સર્વની પાર રહેલું; સર્વાનુશાયીથી ઊલટું

સર્વાતીત [સં.] વિ. સર્વથી ન્યારું; સૌથી ભિન્ન; સર્વથી પર.

મુજમાં સૌ હું **સર્વાતીત**.
હું છું ત્યાં નહિ દ્વૈતાદ્વૈત. અખો

સર્વાત્મ [સ સર્વ + આત્મન્] પું સર્વનો આત્મા; પ્રભુ; પરમાત્મા.

હું **સર્વાત્મા** આપક સારપ. નરહરિ

સર્વાત્મક [સ] વિ સર્વસ્વરૂપ; સર્વમય; સર્વસ્વરૂપ.

સર્વાત્મભાવ [સ] પું. પોતે બધાનો આત્મા છે અથવા એક જ આત્મા બધામાં છે એમ જોવું તે

સર્વાત્મબોધ [સ.] પું. સૃષ્ટિ અને સંહારનું યથાર્થ જ્ઞાન થયા પછી તજ્જન્ય બુદ્ધિબળથી સ્થિતિ અને કાળના કોયડા આપોઆપ ઊકલી જાય છે તેવો બોધ.

સર્વાત્મભાવ [સં] પું પોતે બધાનો આત્મા છે અથવા એક જ આત્મા બધામાં છે એવો ભાવ; બધામાં આપણા જેવો જ આત્મા વસી રહ્યો છે એવી સમજણ.

સર્વાત્મવાદ [સ] પું. સર્વેશ્વરવાદ; બ્રહ્મવાદ; સર્વાત્મભાવનો વાદ.

અનીશ્વરવાદ અને **સર્વાત્મવાદને** વસ્તુતઃ પૂર્વોક્ત દુષ્ટ રૂપમાં કરી શકતું નથી.

આપ્યો ધર્મ

સર્વાત્મા [સ. સર્વ + આત્મન્] પું. બધાનો આત્મા; પરમેશ્વર.

સર્વાદિ ૧. [સ.] પું. વિષ્ણુ કેમકે, તે આદિના આદિ પણ છે.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

સર્વાધાર ૧. [સં. સર્વ + આધાર] પું. ઈશ્વર.

૨. વિ. સર્વના આધારરૂપ

સર્વાધિકાર [સ. સર્વ + અધિકાર (સત્તા)] પું કુલ સત્તા, તમામ અધિકાર; સંપૂર્ણ સત્તા.

સર્વાધિકારી ૧ [સ. સર્વાધિકાર + ઇન (વાળું)] પું. સર્વ અધિકાર ધરાવનાર પ્રતિનિધિ; જેને કુલ અખત્યાર સોંપવામાં

આવ્યો હોય એવો અધિકારી; સરમુખત્યાર; કુલ સત્તાવાળો માણસ
૨ વિ. બધા ઉપર સત્તા ચલાવનાર

સર્વાધ્યા જ્ઞો ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ.

સર્વાનદ ૧. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ મનીદિત નામના પીઠસ્થાનમાં છે
૨. [સ.] પું. મોક્ષ.
તેઓ બ્રહ્માનંદદ્વારા અહિક સંપૂર્ણ આનંદ ભોગવી દેહાંત થયા પછી સર્વાનંદને પ્રાપ્ત થાય છે. સત્યાર્થપ્રકાશ

સર્વાનુભવ [સ] પું. બહારની અને પોતાના તરફની એ બધી બાબતોનો અનુભવ

સર્વાનુભવરસિક ૧. [સ.] ન. (કાવ્ય) કાવ્યના બે આહ્લેનો એક પ્રકાર સ્વાનુભવરસિક અને સર્વાનુભવરસિક એમ કાવ્યના બે ભેદ છે
નર્મદાશંકરનું કવિત્વ સ્વાનુભવરસિક (subjective) જ હતું.પો. નાટકાદિના બાહ્ય સિદ્ધિને પામી શકવું નહોતું. પાત્ર પાસે રસસ્ફુરણ કરવામાં સર્વાનુભવરસિક (objective) કવિત્વ જોઈએ જોઈએ. એ કવિત્વ મુનશીનાં તો ઈમારતનું બહારનું પરિપૂર્ણપણે જોવામાં આવે છે. નવલરામ
૨. વિ. સ્વાનુભવી; સર્વને અનુભવ આવ્યું કે સિદ્ધ એવું, 'ઓબ્જેક્ટિવ'

સર્વાનુભવી ૧. [સં] વિ. સર્વના અનુભવનું
૨. વિ. સર્વને અનુભવે આવ્યું કે સિદ્ધ એવું; બાહ્યસ્થિત; 'ઓબ્જેક્ટિવ' રસ એ જ બહારનાં વસ્તુઓમાં એટલે છૂટક કવિતામાં બસ. ઘટ, ગરબી વગેરે લખનારાઓમાં એટલું હોય તો તે કૃતાર્થ થયો. કેમકે, તેની કવિતામાં તો પોતાના આત્મામાં જે જે ઊર્મિઓ ઊઠે તે દર્શાવી એટલે થયું અને તે તો પોતામાં રસ હોય તો તે સ્વાભાવિક રીતે જ થઈ જાય આવી કવિતાને સ્વાનુભવી અથવા અંતઃસ્થિત (subjective) કવિતા કહે છે. સમીત કવિતા આ વર્ગની છે પણ નાટક કાવ્યોમાં એથી જૂદા જ-બહુ ઊંચી જાતના-કવિત્વનો ખપ પડે છે. એમાં કેવળ પોતાના અંતરમાં અનુભવેલા રસનું વર્ણન કરવું એ બસ નથી અથવા વખતે કાંઈ કામનું નથી. એમાં તો ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા બીજાને ભિન્ન ભિન્ન પ્રસંગો કેવા લાગે છે તેનું વર્ણન કરવાનું છે. એક તરફ પરદુઃખભંજન સાધુ તો બીજી તરફ ચોર ને ખૂની, એક તરફ પતિવ્રતા તો બીજી તરફ કુલટા, એક તરફ કૃપણ તો બીજી તરફ ઉદાર, એક તરફ પ્રેમી તો બીજી તરફ ક્રૂર વગેરે જાતભાતનાં મનુષ્યોના મનમાં કેવી વિવિધ ઊર્મિઓ ઊઠે છે તેનું એવી રીતે વર્ણન કરવું કે જાણે તેના હૃદયમાં જ પેસીને જોઈ આવ્યો હોય, એ નાટ્ય કે વાર્તિક કવિનું કામ છે. એને અંતઃસ્થિત નહિ પણ બાહ્યસ્થિત, સ્વાનુભવી નહિ પણ સર્વાનુભવી કવિત્વ (objective) કહે છે

સર્વાનુભૂત [સં] વિ. સર્વે સોકોએ અનુભવેલ.
બીજા કવિઓ કરતાં એનું સર્વસ્તુત પુરુષ હોશે, અને એના સર્વાનુભૂત સૌંદર્યને જરા વિરોધ આવતાં દૂર કરશે. કૌમુદી

સર્વાનુભૂતિ ૧. [સં.] પું. એ નામે એક જિનદેવ.
૨. સ્ત્રી. બોળુ નક્ષોતર.
૩ વિ. તત્ત્વજ્ઞાની.

સર્વાનુમત ૧. પું.,ન. બધાંનો મત; બધાંનો વિચાર
૨. [સ] વિ. બધાંને અનુમત એટલે કબૂલ.

સર્વાનુમતિ [સં. સર્વ + અનુમતિ (ટેકો)] સ્ત્રી. બધાં માણસોનો ટેકો; સૌનું અનુમોદન; બધાંની અનુમતિ.

સર્વાનુમતે [સં. સર્વાનુમતિ] અ. બધાના મત અનુસાર; બહુમતે; સર્વના અનુમતથી; સર્વના અનુમોદનથી; તમામ લોકોના ટેકાથી, એકમત થઈને; સર્વે મળીને.

સર્વાનુશાયિત્વ ન. સર્વાનુશાયીપણું; 'ઇમેનન્સ'.

સર્વાનુશાયી [સ] વિ. સર્વમાં સમાઈને રહેનાર.

સર્વાનુસારી ૧. વિ. બધાને મળતું આવતું
૨. [સં] વિ. સર્વદેશીય; સાર્વજનિક.

સર્વારંભપરિત્યાગી [સં] વિ. સર્વ આરંભનો ત્યાગ કરનાર.
નિસ્પૃહી શુચિ ને દક્ષ ઉદાસીન કુ ખી નહિ,
સર્વારંભપરિત્યાગી જે મુજ ભક્ત તે પ્રિય
ગીતાનુરોધન

સર્વાર્થ ૧. [સ.] પું. (જૈન) સર્વાર્થસિદ્ધિ વિમાન.
૨. ન. (જ્યોતિષ) રાત્રિ દિવસનાં ૩૦ મુહૂર્તમાંનું એક મુહૂર્ત

સર્વાર્થકારી [સં.] વિ. સર્વ પ્રયોજન સાધનાર.
જેમ રાજાના સર્વાર્થકારી કૃત્યને વિષે સદ્રસેન મારો આત્મા છે એમ આત્મ શબ્દ પ્રયોજાય છે તેમ અચેતન પ્રધાનને વિષે પણ આત્મા શબ્દનો પ્રયોગ થાય છે કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

સર્વાર્થદ [સં] ન. (જિન) એક જાતનું દ્વિમાળ ઘર.
જે દ્વિમાળ ઘરની પ્રતીતે એક અદ્રિદ તથા જમણી અને ડાબી તરફ એક એક અદ્રિદ તથા તે ઘરના મુખ આગળ ત્રણ અદ્રિદ વચ્ચે બહારક હોય અને તે ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે સર્વાર્થદ ઘર કહેવાય. રાજવલ્લભ

સર્વાર્થસિદ્ધ ૧. [સં.] પું. બુદ્ધદેવ.
૨. ન. ઉદ્ધક વિમાન.
૩. ન. પાંચ અનુત્તરનું એક અનુત્તર વિમાન. ત્યાંના દેવો એકાવતારી હોય છે. તેઓ સિદ્ધના પાડોશી છે. બધા દેવોમાં આ દેવોને વધારે સુખ હોય છે
નવ ગ્રૈવેયક ઉપર વિજય, વૈજયંત, જયંત, અપરાજિત ને સર્વાર્થસિદ્ધ એ પાંચ વિમાન છે. તત્ત્વાર્થસૂત્ર
૪. વિ. સમગ્ર ઋદ્ધિસિદ્ધિવાળું; જેના સર્વ મનોરથ પૂર્ણ થયા હોય એવું.

સર્વાર્થસિદ્ધા [સં.] સ્ત્રી. (જૈન) ચૌદ, તોમ અને ચૌદશની વચ્ચ રાત્રિ.

સર્વાર્થસિદ્ધિ [સં.] સ્ત્રી. ઉપરનું તાત્પર્ય. તે એક જાતની ટીકા ગણાય છે.
આત્મ કે સર્વાર્થસિદ્ધિ એ ગ્રંથોથી એ ટીકાને મુખ્ય રાખી તે પ્રથમ શીખવવી અને પછી તુરત જ બીજા ગ્રંથો ભણાવવા. પંડિત સુખલાલજી

સર્વાર્પણ [સ.] ન. બધું અર્પણ કરવું તે; બધું આપી દેવું તે; બધાંનો ભોગ આપવો તે; સર્વસ્વનું અર્પણ.

સર્વાવસર [સં.] પું. બધાત

સર્વાવાસ ૧. [સં] પું. દરેક ઠેકાણે રહેવું તે.
૨ પું સર્વવ્યાપક ઈશ્વર, કેમકે તેમાં સર્વ રહેલ છે.
ત્યારે ઊપજ્યો જ્ઞાનપ્રકાશ જ્યાં ત્યાં દેખીયા સર્વાવાસ. જ્ઞાનપ્રકાશ

સર્વાશી ૧. વિ. બધાનું ખાનાર.
૨. [સં. સર્વાશિન્] વિ. બધું ખાનાર.

સર્વાશુભવાદ [સં. સર્વ + અશુભવાદ] પું નિરાશાવાદ; આ દુનિયા માત્ર દુઃખ જ છે એવો મત; સંસાર મિથ્યા છે અથવા માયા રૂપ છે એવો મત

સર્વાશુભવાદી [સં.] વિ. સર્વાશુભવાદમાં માનનાર.

સર્વાશ્રય [સં.] વિ. સર્વના આધારરૂપ.

સર્વાસુનિલય [સં. સર્વ + અસુ (પ્રાણ) + નિલય (સ્થાન)] પું વિષ્ણુ.

સર્વાસ્તિત્વવાદ [સં.] પું. બાહ્યાર્થાસ્તિત્વવાદ; સૃષ્ટિદૃષ્ટિવાદ; જગતિવાદ; ભાવાસ્તિવાદ.
મૂળ પ્રકારે સત્યનું લક્ષણ વસ્તુવસ્તુનું જ્ઞાન તે સત્ય આ પ્રમાણે આવ્યું છે. આથી સ્વાભાવિક રીતે આમાં ત્રણ પદાર્થોની મુખ્ય ચર્ચા પ્રાપ્ત થાય છે. એક વસ્તુ તત્ત્વવિષયક, બીજી જ્ઞાનવિષયક અને ત્રીજી સત્યના સ્વરૂપ અને પ્રામાણ્ય વિષયક. આમાંથી પ્રથમ ચર્ચાને અંગે સર્વાસ્તિત્વવાદ

(Realism) ભાવાર્થાસ્તિત્વવાદ (Objective Realism) અને નામાર્થવાદ, વિજ્ઞાનવાદ, સમસ્તવિજ્ઞાન, સત્તાવાદ, સ્વસત્તાક, જ્ઞાનસત્તાક ઇત્યાદિ વિષયક વાદચર્ચા જોવામાં આવશે. સત્યમીમાંસા

સર્વાંકયોગ પું. (જ્યોતિષ) તિથિ, વાર ને નક્ષત્ર એ ત્રણેના અંકોનો સરવાળો.

સર્વાંગ ૧ [સં.] પું. શિવનો હજાર નામનો એક નામ

૨. ન. આખું શરીર; બધાં અંગ; તમામ અંગોનો સમૂહ; સર્વ અંગ સહિત પદાર્થ.

સર્વાંગ સત્ય કવિતા સમથી જણાવે. ખાંડેકર

૩. ન. વેદના બધાં અંગો

૪. વિ અંગ પ્રત્યંગ દરેકનું; એકેએક અંગનું

૫. વિ સર્વ દિશાનું; સર્વ તરેહનું

સર્વાંગપૂર્ણ [સં. સર્વ + અંગ + પૂર્ણ] વિ. સર્વ અંગોથી પૂર્ણ, જરા પણ અપૂર્ણતા વિનાનું

નામદેવને બ્રહ્મજ્ઞાન સર્વાંગપૂર્ણ હતું પંચદશી

સર્વાંગરોગ પું. એ નામનું એક કષ્ટ. આ રોગમાં હૃદય તથા મૂત્રપિંડોના દરદને લીધે પેટમાં પાણી ભરાય છે સાથે ફેફસાં પણ પાણી ભરાય છે.

સર્વાંગસમ વિ. બધી રીતે સમાન. જ્યારે એક પરિમાણનો બીજા પરિમાણ ઉપર મોકલતા બરાબર સમાઈ જાય ત્યારે તે બે સર્વ પ્રકારે સરખાં કે સવા સમમ ગણાય છે

સર્વાંગસમૃદ્ધ [સં.] વિ. બધાં અંગે ભરપૂર. આપણે **સર્વાંગસિદ્ધ** ઔદ્યોગ્ય તેમજ સરકારીતંત્રમાં વિજ્ઞાન સાહિત્ય ગુજરાતમાં પ્રગટ કરી રાખીએ. કાલિદાસ જગન્નાથ

સર્વાંગસંપન્ન [સં.] વિ. બધી રીતે સંપૂર્ણ રામાયણ અને મહાભારતમાં તો ભારતદેશનું **સર્વાંગસંપન્ન** ચિત્ર ઉતારવામાં કવિ કસર રહી નથી. જગન્નાથ પંડ્યા

સર્વાંગસંપૂર્ણ [સં.] વિ. સર્વ અંશોમાં અપૂર્ણ. અવ. ગે સંપૂર્ણ

સ્ત્રીજાતિની દ્રૌપદિ થઈ એટલે સામાજિક જીવન **સર્વાંગસંપૂર્ણ** થયું. કે બેસાઈ

સર્વાંગસંપૂર્ણતા [સં.] સ્ત્રી. તમામ બાબતમાં સંપૂર્ણ હોવાપણું

સર્વાંગસુંદર ૧. [સં.] પું. એક જાતનું ઔષધ.

૨. [સં. સર્વાંગ + સુંદર (દેખાવડું)] વિ. આખું શરીર સુંદર હોય એવું, સર્વ અંગે રમણીય; સંપૂર્ણપણે આકર્ષક; સર્વાંગે સુંદર, સર્વાંગનું સૌંદર્ય ધરાવનાર; બધી રીતે સુંદર; સંપૂર્ણ સુંદર.

કવિતાના સંપૂર્ણ અને **સર્વાંગસુંદર** સ્વરૂપ માટે સર્જન અને રચના બંને ઓતપ્રોત જોઈએ. ખબરદાર

સર્વાંગસુંદરવ્યાયામ પું. શરીરને સુંદર બનાવવા માટેનો એક જાતનો વ્યાયામ. તેના મુખ્ય ચાર ભાગ છે અને દરેક ભાગમાં જુદી જુદી કસરતો છે. આ બધા ભાગ સરખી રીતે કરવામાં આવે તો શરીર સુદૃઢ અને સુંદર બને છે. શરીરને નિરોગી બનાવવાની સાથે સાથે તે શરીરને ચપળ અને સ્ફૂર્તિવાળું બનાવે છે પહેલા ભાગમાં મુખ્ય સાત કસરતઃ (૧) ઝોલે હાથ, (૨) કોણી દો, (૩) ઉદ્દા ચોદાન, (૪) મિશ્ર હાથ એક, (૫) મિશ્ર હાથ દો, (૬) કલાઈ ઘુમ એક અને (૭) કલાઈ ઘુમ દો. બીજા ભાગની મુખ્ય કસરતઃ (૧) કમર ઝુક, (૨) કમર પવિત્રા એક, (૩) કમર પવિત્રા દો (૪) કુખ કસ એક, (૫) કુખ કસ દો, (૬) મેરૂતન એક અને (૭) મેરૂતન દો ત્રીજા ભાગની મુખ્ય કસરતઃ (૧) આગે પાંચ, (૨) પીછે પાવ, (૩) બાજુ પાંવ, (૪) પેટ ઘુટણ એક અને (૫) પેટ ઘુટણ દો ચોથા ભાગની કસરતઃ (૧) તરાઈ સીધી, (૨) સીધા ફેંક, (૩) દો મુખ, (૪) દો કુખ ઝોકેદાર અને (૫) કમર ચાલ છે

સર્વાંગાસન ન. (યોગ) યોગનું એ નામનું એક આસન; ઊર્ધ્વસર્વાંગાસન; હલાસન. આ આસનથી ફેફરોઢ મજબૂત બને છે, કોપિંડનો વિકાસ થાય છે અને બ્રહ્મચર્ય પાળવામાં સહાયરૂપ બને છે. પ્રથમ શવાસનની પેઠે શયન કરી પછી બંને હાથની કોણીઓ ભૂમિ ઉપર ટેકવી, તે હાથના આધારથી પીઠને ઊંચી કરી, પગને ઊંચા રાખી રહેવું તથા ઠોક ઉપર ભાર આવે એમ સ્થિત થવું તે સર્વાંગાસન કહેવાય છે. વત્તા સર્વ હાથને શરીર સાથે અડાડી લગાડી રાખવા, આંખ ઉઘાડી રાખવી, શ્વાસ ફેફસામાં યોદો ભરી લેવો. પછી બંને પગને ધીમે ધીમે ઊંચા ઉપાડતાં ૯૦ અંશનો ખૂણો થાય ત્યાં સુધી સીધા ઊંચા કરવા પછી હાથ તથા કોણીની મદદ લઈને માથા વિનાના તમામ શરીરને લઈ શકાય તેટલું ઊંચું કરવું કોણીથી ઉપરના હાથ વડે પીઠના ભાગને મદદ દેવી. વળી આમ પણ આ આસન થાય છેઃ પગને ધીમે ધીમે વધુ ઊંચે લઈ જવાનો પ્રયાસ કરવો જોઈએ. પગને ઊંચે લઈ ગયા બાદ થોડી વાર ત્યાં જ રોકી રાખવા જોઈએ. આવી રીતે ચાર પાંચ દહાડા સુધી રોજના ચારથી છ વખત ક્રમાં પછી પગને શરીરની પાછળના ભાગમાં લઈ જવાનો પ્રયત્ન કરવો જેમનું પેટ મોટું હશે તેમના પગ કદાચ જમીન ઉપર નહિ અડે, પરંતુ જેમ જેમ પેટની ચરબી ઓછી થતી જશે તેમ તેમ પગ આપો આપ જમીનને અડશે પગ જમીન ઉપર રાખ્યા પછી બને હાથના પગને માથા ઉપર મૂકવા આ આસનમાં આમ ધ્યાન રાખવાની બાબત એ છે કે પગ જમીનને શરીરની પાછળ અડાડીને રાખતી વખતે ઢીંચણ વાળવા ન જોઈએ. તેમ જ શરીર હાલવા ચાલવા વિના સ્થિર રહેવું જોઈએ અને પેટની નાંચિના દરેક અવયવોને કડક રાખવા જોઈએ

સર્વાંગી વિ. સર્વ અંગોને લગતું; બધા અંગનું; આખા શરીરનું

બાળકના **સર્વાંગી** વિકાસ માટે જ્યારે વ્યવસ્થા કરવી થાય ત્યારે જ બાળકને જે જાતના વિકાસની જરૂર છે તે જાણે છે અને તે મેળવવા માટે યોગ્ય સાધનો મોન્ટીસોરી પદ્ધતિમાં છે. રેવતબા બાળશિક્ષણ

સર્વાંગીણ ૧. [સં.] વિ. દરેક અંગનું; દરેક વિષય કે અંગ સમધી; સર્વ અંગોને લગતું; આખા શરીરમાં વ્યાપી કે ફરતી રહેલું; બધા અંગવાળું; દરેક વિષયનો સમાવેશ થતો હોય તેવું; સર્વદેશી; પૂર્ણપણે; સર્વાંગવ્યાપક

સમાજનું **સર્વાંગીણ** અધ્યયન કરી, સંસ્કૃતિઓનું તારણ કરી, આપણે જે સિદ્ધાંત પર તેઓ આવ્યા હતા. પ્રસ્થાન

૨. વિ સર્વ અંગમાં વ્યાપક; સર્વ અવયવમાં વ્યાપક

સર્વાંતર વિ. સર્વ પ્રાણીઓની અંદર રહેલું

અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ વિકારયુક્ત હોવાથી ગૌણ છે અને તે આનંદમય આત્મા **સર્વાંતર** નથી. કેશવરામ શાસ્ત્રી

સર્વાંતર્યામી ૧. [સં.] પું. સર્વના અંતરમાં વસી રહેલ પરમેશ્વર.

૨. વિ. બધાના મનના અંદરના ભાગમાં રહેનાર; સમગ્રના અંતઃકરણનો જાણનાર; બધાના મનની વાત જાણનાર.

સર્વાંતિક [સં] પું. યમરાજ

સર્વાંત્ય પું. (કાવ્ય) અંત્યાનુપ્રાસના પાંચ પ્રકારોનો એક પ્રકાર. તેના ચાર ચરણમાં છેલ્લે એક અક્ષર સરખો હોય છે. જેમકે,

ન ભજવહુ, સબ તજવહુ,
હરિ ભજવહુ યમ કરહુ.

સર્વાંશે અ બધી રીતે; સંપૂર્ણ રીતે; સર્વ રીતેઃ પૂરેપૂરા અંશથી.

જ્યાં પ્રેમ એક પક્ષ તરફથી પણ હોય ત્યાં **સર્વાંશે** દુઃખ જ હોય. ઝવેરચંદ

સર્વિસ ૧. [અં.] સ્ત્રી નોકરી; ચાકરી

૨. સ્ત્રી. વહેવાર; વ્યવહાર.

સર્વિસ પોસ્ટકાર્ડ [અં] ન. સરકારી કામ માટે મોકલાતું પત્ર.

સર્વિસબૂક [અં.] સ્ત્રી. નોકરિયાતની રજા વગેરેની નોંધની ચોપડી; નોકરીની નોંધપોથી

સર્વિસમેસેજ [અં.] પું. સરકારી કામને લગતો તારનો સંદેશો.

સર્વિસલાઇન [અં.] સ્ત્રી ટ્રેનિમની રમતમાં પ્રથમ દડો ફેંકવા ઊભા રહેવાની લીટી

સર્વિસસ્ટેમ્પ [અં] પું. સરકારી કામ માટે વપરાતી ટપાલની ટિકિટ

સર્વી પું. કુંભાર.

ચાકમી પીંડ જેમ સર્વી ઉતારે,
એમ સોલ્યે કાપ્યુ શીશ રે.

પ્રાચીન કાવ્ય

સર્વીઅન [અં.] સ્ત્રી. સર્વિઅના લોકોની ભાષા; ઇંડોયુરોપીય ગોત્રની ભાષાની એક શાખા.

સર્વીય [સં.] વિ સર્વનું, બધાનું.

સર્વે સ. બધું; સઘળું; સૌ; સર્વ

ઈસાથી બ્યાપ્ત આ **સર્વે** જડ ચેતન જે જગે,
તે જ દષ્ટિથી દિઠે તો સ્વરાજ સાધ્યું ઘટે

ગાંધીગીતા

સર્વેશ્વર [સં. સર્વે (બધુ) + ધૃ (ધારણ કરવુ)] પું. પરમેશ્વર

સર્વેશ ૧. [સં. સર્વ + ઈશ] પું. પરમેશ્વર; સર્વેનો ઈશ્વર; સૌનો માલિક.

૨ પું. બૃહસ્પતિનું એક નામ.

૩. પું. શિવ

૪. પું. સૌનો ઉપરી અધિકારી

સર્વેશ્વર ૧. [સ. સર્વ + ઈશ્વર] પું. પરમાત્મા; પરમેશ્વર; સર્વનો ઈશ્વર.

૨. પું. બધાનો ધણી; તમામનો ધણીરણી; સર્વનો સ્વામી.

સર્વેશ્વર રસ પું. (વૈદ્યક) એક જાતનું ઔષધ. તાંબરમ, બગભરમ, પારાની કજ્જલી, મરી, લવંગ, પીપર અને જાયફળ સમભાગે લઈ બીજા રસમાં એકરસ કરવાં. પછી તેને કોચલાં આકડો, ધતૂરો, થોર અને કુંવરના રસમા ઘૂંટવુ. પછી વાલુકાયંત્રમાં ગરમ કરી સુકાઈ જાય ત્યારે વજનમા ½ ભાગ અને પીપર એક ભાગ ઉમેરવાથી આ ઔષધ તૈયાર થાય છે આ રસ દરેક વાતરોગ ઉપર ઉપયોગી છે.

સર્વેશ્વરવાદ [સં.] પું. આ બધું ઈશ્વર સ્વરૂપ છે અને ઈશ્વર બધામાં છે એવી માન્યતા; ઈશ્વરઅદ્વૈતવાદ; અજડીશ્વરઅદ્વૈતવાદ; બ્રહ્મવાદ; વૈશ્વદેવવાદ; સર્વાત્મવાદ.

નિર્ગુણનું જ્ઞાન અને ભક્તિ દ્વારા પૂજન એ પાશ્ચાત્યોમાં Monotheism અથવા એકેશ્વરવાદ નામે ઓળખાય છે. ગ્રંથદ્વયમાં પણ ઈશ્વર અને જીવનો ભેદ સેવ્યસેવક સંબંધ સુધી આવો જ વાદ માન્યો છે, પરંતુ તેમાં જીવને ઈશ્વરને અંશ મનેલો છે અને જગતમા બ્રહ્મનુ એકત્વ ગણેલું છે. તેથી પાશ્ચાત્યોના Pantheism એટલે **સર્વેશ્વરવાદ**મા આનો સમાસ થાય છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી

સર્વેશ્વરવાદી પું. સઘળુ ઈશ્વરમય છે એમ માનનાર; સર્વેશ્વરવાદ ધરાવનાર; સર્વેશ્વરવાદમા માનનાર.

સર્વેશ્વરી સ્ત્રી સર્વની અધિષ્ઠાત્રી દેવી

સર્વેશ્વરી જગદંબાને પધારી ગયેલાં જોઈ દેવતાઓએ મહિલારત્ન સુંદર સિંહાસન ઉપર અંબ થતા અધિપતિ શત્રુઘ્ન નામના સ્વજને બોલાવ્યો

બાપજી મારવાડ

સર્વેંદ્ર [સં. સર્વ (બધું) + ઇંદ્ર (અધિપતિ)] પું. પરમેશ્વર

સર્વેંદ્ર મૃગમંદ્ર સ્વેતત્વ પામ્યુ.
સપુટ હાથથી આજને શીશ નામ્યુ. પ્રેમાનંદ

સર્વોક્ત [સ.] વિ. બધાએ સાથે બોલેલુ

મહેતાજીએ **સર્વોક્ત** જવાબ લેવા?

પ્રહિવપ્રબંધમાળા

સર્વોચ્ચ [સં. સર્વ (સઘળું) + ઉચ્ચ (ચડિયાતું)] વિ. બધાથી ચડિયાતું; પ્રથમ પંક્તિનું; સર્વથી શ્રેષ્ઠ; સર્વથી ઉચ્ચ; સર્વોત્તમ.

સર્વોચ્ચ આધ્યાત્મિક જ્ઞાનના અધિકારી મુખ્ય હૃદયોચ્ચાર લોકો હોઈ શકે કે નહિ એની શંકા સંતને કદી આવી નથી. કાલેલકર

સર્વોચ્ચ અદાલત સ્ત્રી. સૌથી મોટી ન્યાયની અદાલત. ભારતના નવા બંધારણની દૃષ્ટિએ દિલ્હીમાં એક સર્વોચ્ચ અદાલત સ્થાપવામાં આવી છે તેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા ઓછામાં ઓછા સાત ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે આ ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે સામાન્ય ન્યાયાધીશોની નિમણૂક કરતા વખતે તેણે મુખ્ય ન્યાયાધીશની સલાહ લેવી પડે છે. આ ન્યાયાધીશો ૬૫ વર્ષની ઉમર સુધી પોતાના હોદ્દા ઉપર કામ કરી શકે છે. તેઓ પોતાનું રાજીનામું રાષ્ટ્રપ્રમુખને આપી શકે છે. રાષ્ટ્રપ્રમુખની સૂચનાથી દિલ્હી પાર્લામેન્ટની બંને સભામાં હાજર રહેલા સભ્યોમાંથી ½ ભાગના સભ્યો તેમની વિરુદ્ધ મત આપે તો તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાય છે.

સર્વોચ્ચતા સ્ત્રી. સર્વથી ઉત્તમ હોવાપણું

સર્વોચ્ચબિંદુ [સં.] ન. શીર્ષબિંદુ

સર્વોચ્ચશક્તિ [સં.] સ્ત્રી સાર્વભૌમ સત્તા; સર્વોપરી સત્તા.

સર્વોત્કૃષ્ટ [સ. સર્વ + ઉત્કૃષ્ટ (ઉત્તમ)] વિ. બરાબરમાં બરાબર; ઉત્તમોત્તમ. સૌથી ઉત્કૃષ્ટ, સર્વોત્તમ; સૌથી બરાબ, શ્રેષ્ઠતમ.

સર્વોત્કૃષ્ટતા [સં] સ્ત્રી સર્વોત્તમપણું; સૌમાં શ્રેષ્ઠ હોવાપણું

સર્વોત્તમ [સ.] વિ. ઉત્તમોત્તમ; બરાબરમા બરાબ; સર્વમાં શ્રેષ્ઠ સર્વોત્કૃષ્ટ; સૌથી. શ્રેષ્ઠ; બધાથી ઉત્તમ.

સર્વોત્તમપણું ન. બધામાં પ્રથમ આવવુ તે; શ્રેષ્ઠતા.

સર્વોત્તમસ્તોત્ર [સ ન. અનુષ્ટુપ છંદમાં રચાયેલ વૈષ્ણવોનું એક સ્તોત્ર.

સર્વોદય ૧. [સં.] પું સર્વનો ઉદય; બધાનું હિત કે ઉદય. જીવનકથામાં શ્રી કાલેલકર લખે છે કે: સર્વોદય એ આપણો કોઈ સામાન્ય શબ્દ નથી મહાત્માજીના અંતરમાંથી પ્રકટેલી એ એક અભિવાણી છે આજના યુગનો એ ધર્મમંત્ર છે. મૂડીવાદ, સમાજવાદ અને સામ્યવાદની સ્પર્ધામાં ઊભો થયેલો તે કોઈ નવો વાદ નથી; પરંતુ સર્વોદય તો એ બધા વાદનો સમન્વય કરનાર કલ્યાણકારી મંત્ર છે મહાત્માજીના એક અભ્યાસક આવશ્યક અનુપ્રાસીએ સર્વોદયનુ ભાષ્ય કરતાં કહ્યું છે કે, સર્વોદયનો અર્થ છે અત્યંત ઉદય જે સૌથી દબાયેલો છે, કચડાયેલો છે, જેના તરફ ઉપેક્ષા કરવામાં આવી છે અને જે સમાજથી લગભગ બહિષ્કૃત થયેલો છે તેનાથી માંડીને બીજા બધાની ઉન્નતિ માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેનું જ નામ સર્વોદય. ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજનૈતિક એ બધાં ક્ષેત્રોમાં ક્રાંતિ કરવાનું કામ સર્વોદયનું જ છે. ધાર્મિક ક્ષેત્રમાં સર્વોદય સર્વધર્મ સમભાવનું રૂપ લે છે. સામાજિક ક્ષેત્રમાં તે પ્રયત્ન કરે છે બહિષ્કારના બહિષ્કારનો. આર્થિક ક્ષેત્રમાં સર્વોદય ઇચ્છે છે કે, સંપત્તિની વહેંચણી થાય તે પહેલાં સૌથી વધારે કચડાયલા લોકો માટે પ્રબંધ કરવામા આવ્યો હોય માત્ર મરીઓને પૂરતું ખાવાનું મળે તેટલાથી જ સર્વોદયને સંતોષ નહિ થાય. જ્ઞાન, સંપત્તિ, સામર્થ્ય અને અધિકારમાં જે શ્રેષ્ઠ છે, આગળ વધેલા છે તેઓ પોતાને માટે સૌથી ઓછું લે, પોતાના અધિકારોનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરે, ત્યારે જ સર્વોદય પોતાને સાર્થક સમજે છે. રાજકીય ક્ષેત્રમા સર્વોદયની

દૃષ્ટિ એ છે કે, કેવળ આધ્યાત્મિક અને નૈતિક એ જ શુદ્ધ સત્તા છે. વિશ્વબંધુત્વ અને વિશ્વકુટુંબ ભાવના આદર્શ ઉપર રચાયેલો સર્વોદય રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રથી ઉપર જઈ ને દુનિયાની બધી જાતિઓ વચ્ચે પ્રેમસબંધ સ્થાપવા માગે છે. જ્ઞાન-વિજ્ઞાન તેનો પાયો નથી. તેનો પાયો તો વિશ્વપ્રેમ સિવાય બીજો કોઈ નથી. દુનિયા જેને પતિત અને અસ્પૃશ્ય માને છે તેની જ અહીં પ્રતિષ્ઠા થશે. સર્વોદય એક એવો વિશાળ પાયો તૈયાર કરશે કે જેના ઉપર નારાયણ અથવા પુરુષોત્તમનું સ્વર્ગીય મંદિર સ્થાપી શકાશે. ગ.ધીજી લખે છે કે: એ રૂંટિયામાં દેશનું અકલ્યાણ કરવાની તાકાત નથી, પણ એના લાભમાં દેશનો નાશ છે, દુનિયાનો પણ નાશ છે. ગ્રામોદ્યોગ એ સર્વોદયનું સાધન છે અને સર્વોદય એ જ સાચી વાત છે મારી આખ સર્વોદયની જ દૃષ્ટિથી જુએ છે. બધામાં બધાનું હિત એ રૂંટિયારાજ્ય નથી રૂંટિયારાજ્ય તો સર્વોદય સર્વભૂતહિત સમજવે છે

બધાનું જે બધું સુખ આદર્શ આપણો નથી
સર્વોદય જ સિદ્ધાંત સંસ્કૃતિ એ જ આપણી.

ત્રાપીજીતા

૨. ન. રસ્કિનના 'અન્ટુ ધિસ લાસ્ટ', નામના પુસ્તકનો ગાંધીજીએ ગુજરાતીમાં તરજૂમો કરી બહાર પાડેલ એ નામનું પુસ્તક.

એવા પુસ્તકો જેણે મારી જિંદગીમાં ભારે મહત્વનો રૂપાંતર ફેરફાર કરાવ્યો એવું તો રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ' આ પુસ્તક જ કહેવાય. તેનો મે પાછળથી તરજૂમો કર્યો તે સર્વોદય નામે છપાયેલું છે. સર્વોદયના સિદ્ધાંતો હું આમ સમજ્યો: (૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે. (૨) વકીલ તેમ જ વાળંદ બનેના કામની કીમત એક સરખી હોવી જોઈએ, કેમકે, આજીવિકાનો હક બધાને એક સરખો છે. (૩) સાદું, મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

આત્મકથા

સર્વોદયવાદી [સં.] વિ. સર્વોદયમાં માનતાવાળું

સર્વોદયસાધક [સં.] વિ. બધાનું ભલું કરનાર.

આપણો દેશધર્મ વિશાળ, સર્વસમાવી સર્વસહિષ્ણુ અને સર્વોદયસાધક હોવો જોઈએ.

ઠક્કર

સર્વોપલોગ્ય [સં.] વિ. સૌને રસ પડે એવું.

સર્વોપમાસાધક વિ. બધી શુભ ઉપમાઓને યોગ્ય; ઉત્તમ; વર્ણન માટે પત્રોમાં વપરાતું વિશેષણ.

સર્વોપયોગી [સં.] વિ. સર્વજનને ભારે લાભે એવું; સૌને ઉપયોગી થઈ પડે એવું; બધાના વપરાશનું.

સર્વોપરી ૧. [સં] વિ. સૌથી ઉપરનું એવું, સૌથી સરસ; ઉત્તમ; ઉત્તમ

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય ઇત્યાદિમાં મારે મન સત્ય જ **સર્વોપરી**. આપીજી

૨. વિ. સૌથી વધું; મોટા અધિકારવાળું; સૌથી ચડિયાતું

સર્વોપરી અધિકારી પું. જેને કુલ અખત્યાર આપ્યો હોય એવો અધિકારી

શ્રીમતોએ લોકોનો પોકાર સાભળી તેઓનું મન મનાવવાને તેઓનો પસંદ કરેલો એક **સર્વોપરી અધિકારી**-ડિક્ટેટર (પોતાનામાનો) કેરન્યો.

નર્મદાશંકર લાભશંકર

સર્વોપરીતા [સં.] સ્ત્રી. શ્રેષ્ઠતા; સર્વથી ઉત્તમપણું

તેમણે ઇતિહાસની સમસ્ત શક્તિનું વર્ણન કરી બતાવી તે કાળના અમલદારોમાં તેમની **સર્વોપરીતા** બતાવી. આપીજી

સર્વોપરીત્વ ન. સૌનું ઉપરીપણું; શ્રેષ્ઠત્વ.

સર્વોપરીધર્મ પું. પ્રથમ કરજ. આપીજી લખે છે કે. માણસ જાતને માટે આ સંસારમાં એક જ સાદો, સર્વવ્યાપી અને સર્વોપરી ધર્મ હોઈ શકે અને તે એ કે, એક ઈશ્વરને જ વફાદાર રહેવું અંતરમાં વસતા રામની જ આણ સર્વોપરી માનવી અને એ રામને કોઈ પ્રજે અંતરમાંથી આથમવા દેવા નહિ. રાજા પ્રત્યેની, દેશ પ્રત્યેની અગર માનવજાતિ પ્રત્યેની વફાદારી, જ્યારે જ્યારે એ ઈશ્વર પ્રત્યેની વફાદારીની આડે ન આવતી હોય ત્યારે ત્યારે બધાયત તેમાં સમાય છે, પણ જ્યારે જ્યારે સ્વદેશનું, રાજાનું કે માનવજાતિનું વલણ ઈશ્વરાભિમુખ ન હોય, એમનાં મોં ઈશ્વરના સિંહાસનની ઊલટી દિશા તરફ હોય, ત્યારે ત્યારે એ બધાની આણને તરછોડીને એક માત્ર ઈશ્વરની જ આણ માનવી.

સર્વોપરીપણું ન. આધિપત્ય; શ્રેષ્ઠત્વ; સૌનું ઉપરીપણું.

બ્રિટીશ પ્રજાનું **સર્વોપરીપણું** સ્થાપિત કરવા કેળવણી આપણો દ્વારા હસ્તિદાંત આદિના શિલ્પકૃતિ પ્રચારકાર્ય થાય છે. પ્રસ્થાન

સર્વૌષધિનિર્ઘંટલિપિ સ્ત્રી. લલિત વિસ્તરમાં જણાવેલી ચોસઠ માંહેની એક લિપિ.

સર્વૌષધિ ૧. સૌ બધી ઔષધી.

૨. ન. (પુરાણ) હિમાલયના કૈલાસ શિખરની આગ્નેય દિશા તરફ આવેલું એ નામનું એક શિખર.

સર્વૌષધિગણ ન. (વૈદક) કોકું, જટામાસી, હળદર, દારુહળદર, વજ, શિલાજિત, સુખડ, કપૂર, મોથ અને ચોપીસુદી એ દસ દ્રવ્યો.

સર્વૌષધિલબ્ધિ [પ્રા. સવ્વોસહિ] સ્ત્રી. (જૈન) જેનાં નખ, કેશ, દાંત વગેરે બધું ઔષધરૂપ બની જાય તેવી લબ્ધિ એટલે શક્તિ

સર્પ ૧. [સં] પું. એક જાતનું માછલું

૨. પું. એક જાતનું વજન

૮૮ ચોરે સર્પ = ૧ રૂપ માષ
૧૬ રૂપ માષ = ૧ ધરણ (રૂપું તોળવા માટે)

૩. પું. ઔષધિ તોળવામાં વપરાતું એક વજન; રાવના ત્રણ દાણા જેટલું વજન. ત્રણ રાજિકાનો એક સર્પપ થાય છે

૪. પું. જોળિયામાના સૂર્યના પ્રકાશની અંદર દેખાતી ચોપીસ રજકણ ભરોભર એક વજન.

૫. પું. ધન વસ્તુઓ તોળવાનું એક જાતનું વજન

૧૪ સર્પપ = ૧ માસા (માષ)
૧૬ માષ = ૧ તૌલિક; પલ

૬. પું. સરસવ. એ દાણા જ્યાં છાંટ્યા હોય ત્યાં સર્પ આવતો નથી એમ મનાય છે

સર્પવિદ્યા સ્ત્રી. એક જાતની માંત્રિક શક્તિ. સર્પવિદ્યા એ હતી કે પ્રસંગ ઉપસ્થિત થતાં જ્યારે માત્રિક જેટલા સર્પ જલાશયમાં નાખે તેટલા ચોરેચ્યાર ૪૨ હથિયાર સહિત બહાર નીકળે

સર્પવિષ્કા સ્ત્રી. રીળાને મળતો એક રોગ; વિસર્પિકા. તેમાં પીળા સરસવના દાણા જેવડી ફોડકીઓ થાય ને એની સાથે મટી જાય.

સલ ૧. પું. એ નામના એક મુસલમાની નબી. તેનું નામ હજરત મહમદ, પિતાનું નામ અબ્દુલ્લાહ અને માતાનું નામ આમેના હતું. એનો જન્મ મક્કા શહેરમાં રબ્બિલઉવ્વલ મહિનાની બારમી તારીખે સોમવારે થયો હતો. હજરત સલના પિતા તેના જન્મ પહેલાં અને માતા હજરત સલ્લ છ વરસના થયા ત્યારે મરણ પામ્યાં હતાં. માતાના મરણ પછી હજરત સલ્લ તેના દાદા અબ્દુલ મુત્તલિબ પાસે રહેતા. તેનાં લગ્ન ખદીજા નામની બાઈ સાથે થયાં. ખદીજા વિધવા હતાં. હજરત સલ્લ ચાલીસ વરસના થયા ત્યારે તેમની નબૂવત જાહેર થઈ. ભાવન કે ત્રેપન વરસની ઉમરે મેઅરાજ થઈ. નબૂવત પછી તેર વરસ મક્કામાં રહ્યા. મૂર્તિપૂજકોની સતામણીથી મદીને હિજરત કરી ગયા. તેઓ જન્નતવાસી થયા ત્યારે તેમની ઉમર ત્રેસઠ વરસની હતી.

૨. [સં. શિલા] સ્ત્રી. પથ્થરની ભાટ; છીપર.

૩. ન. જવ બાજરીના કણસલાંવાળા પૂળા.

૪. ન. સ્રોત; પાણી

૫. ન. સાલ; નકતરું; આકપીસી.

વિષય વસ્ત્રા રસ્તુ સલ્લ,
તે રહ રાય કરારમલ્લ. નાકર

સલ્લ કરાવવુ = (૧) ઉશ્કેરવું; ભભેરણી કરવી. (૨) વહેમ પાડવો; ખોટી વાત ભરાવી દેવી.

૬. ન. સુકાઈ ગયેલ ગર્ભ; ઝોડ

સલ્લ (ઝોડ) વધવા ઉપર ધોળીના મૂળનો રસ રેવદાર, છડ અને સાકરનું ચૂર્ણ સામલા કુમાને ચાર દિવસ આપવું.

અભિનવ ધન્વન્તરિ

૭. વિ. શિલાસમ; ખારમાં પથ્થર જેવું; ખારે વજનદાર

સલર્ઈ ૧. જી. સાળમાં વાળો ઘટ કરવા માટેનું એક સાધન; હાથો

૨. ન. એક જાતનું ઝાડ; ધૂપેડો; કેદારી

સલલ ૧. [અ. રાલ્લ] જી. ગોળીનો મારો જેમકે, પાસે જતાં જ તોપોની સલલ કરવામાં આવી.

૨. ન. ઝાજર જેવી એક જાતની જડ.

૩. ન. દરદ; દુખાવો; વ્યાધિ.

ચસકો, ચેન, ગોદો, **સલલ**, ખાડો, ચુક અને બીજા બોલો આપણા લોકો જે દરદને ઓળખે છે તે હજારી જાતના અથવા બૂતા સંધિવાનું દરદ છે.

ધરમેજી

સલલક્ષણું ૧. [સં. સુ + લક્ષણ] વિ. સખણું; તોફાની નહિ એવું

શ્યામ **સલલક્ષણા** રો હો
હું કહું છું શિખામણ શો માની જા. દયારામ

૨. વિ. સારાં લક્ષણવાળું; સારી રીતભાતનું.

મારાં કુમુદ **સલલક્ષણાબહેન**,
હડહડતીમાં અમથી રે. સરસ્વતીચંદ્ર

૩. વિ. સુભાગ્યનાં ચિહ્નવાળું; સુભાગ્યનાં લક્ષણવાળું; સુભાગી; જેનામાં ભાવિ ઉન્નતિનાં ચિહ્ન જણાતાં હોય એવું.

સલલક્ષ્ય પ્રાણાયામ પું. જેની સાથે દેવનું ધ્યાન ધરવામાં આવે તેવો પ્રાણાયામ.

સલખ [અ.] જી. મહિનાનો છેલ્લો દિવસ; અમાસ.

સલખણું જુઓ સલક્ષણ.

સલગ વિ. સળગ; આખેઆખું; અખડ.

સલગમ [ફા. સલગમ્] ન. એક જાતનું શાક; અમરકદ; ઝાજર જેવુ એક કદ. તેની ઘણી જાતો છે. સલગમની જમીન બહુ ઊંડી ખેડી બાદ ગળતિયું ખાતર એક ઉંચનો થર થાય એટલું ભરવુ જોઇએ. પછી કયારા બાંધી દરમાં અકેક ફૂટને છેટે સલગમનાં બી વવાય છે. ઓગસ્ટ થા: સપ્ટેમ્બરમાં આનુ વાવેતર વરસાદ થઈ રહ્યા પછી કરવામા આવે છે તેના રોપ કરવામાં આવતા નથી. આને કૂમનો રોગ લાગુ પડે છે. એ સિવાય કોઈ છવડાં નડતાં નથી. તેની પાસેની જમીનમાં કચરો તથા બીજી વનસ્પતિ બહુ હોય તો જમીનમાં એવી સડી વસ્તુ પાથરી બાળી નાખી પછી વાવેતર કરાય છે. સારી રીતે ખેડ હોય એવી જમીન તેને વધારે માફક આવે છે. તેને ખૂબ આછાં પારવી નાખવા જોઇએ કે જેથી મોટા કદનાં થાય. કદાચને શાકને માટે ન વાપરવાં હોય તો ઢોરને ખવડાવવાના કામમાં આવે છે.

સલજ્જ ૧. [સં. સ (સહિત) + લજ્જા (લાજ), વિ સલજ્જવતુ, સલજ્જળુ, લાજવાળુ; શરમાળ

૨. વિ વિવકી; સભ્ય; વિનયવાન; મર્યાદાશીલ.

૩ અ સલજ્જપણે, શરમાઈ ને; સલજ્જપૂર્વક.

જુએ પડ્યુ, નથી એવી **સલજ્જ** સુર સુદરી
જયદ્રલાલ દરબાર

સલડો પું. ઓખાઈ પત્થરખાણ સલર્ઈ અને ખેપનને સાથે જોડવામાં વપરાતી ફોર.

સલપી જી. એક જાતની માછલી

સલપુ ન. હિમાલયનું એક શિખર.

સલપો ૧. [ફા. સુલફા] પું. એકી વાર; ફેરો; સપાટો. જેમકે, તે એક સલપે લાખ રૂપિયા આપશે

૨. પું. દમ; ફૂક

ચલમનો સલપો મારવો = દમ ખેંચવો.

સલફૂલ (સલફલ) જી. કોઈ કામમાં વચ્ચે જરૂરે ગૂંચવાઈ રહી ઉકેલ ન થાય તેવી ક્રિયા કરવી તે.

સલફી જી. (વહાણવટું) સઢના પાટિયાં જડવા માટે ચોડેલ તાકડ.

સલફો જુઓ સલપો.

સલભું વિ. સહેલું; સરળ. કહેવાય છે કે, સલભુ કામ સાસુનું અને અલભું કામ વહુનુ

સલભ ૧. પું. (પિંગળ) સવૈયાની જાતનો એક સમમાત્રામેળ છંદ. તેમા ૭૨ ગુરુ અને ૬૦ લઘુ મળી ૯૨ વર્ણની ૧૨૪ માત્રા આવે છે.

૨ [સં. સુલભ] વિ. સુલભ; ઝટ મળી રહે તેવું.

સલમ ૧. [અ.] જી. મૈત્રી.

૨. જી. શાંતિ.

૩. જી. સલામ કરવી તે.

૪. વિ. ભૂલ વગરનું.

૫. અ. ક્રિ. તે શાંત હતો.

સલમો પું. ગ્રીક ટીકી માથે ભરતકામમાં વપરાતી એક જાતની ભૂંગળી; ગ્રીકચળકમાં વપરાતો ગોળ ચપેટેલો એક જાતનો ચળકતો તાર

સલવણ ન સીમું

સલવત [અ] જી સતોષ.

સલવવું ૧. સ ક્રિ. પંચાયત બેઠી કરવી

૨. સ ક્રિ. સાલ બેસાડવો; સાલવવું.

સલવાદી જી. ઉશ્કેરણી

સલવારામણ ૧ જી સલવારવુ તે; ગભરામણ.

૨. ન. સાલવવાનુ મહેનતાણું.

સલવારવું ૧ સ ક્રિ. મૂંઝવણ કે મોટાણમાં નખાવવું; માર્ગ ન સૂઝે અને ગભરાય એમ કરાવવુ, ગભરામણ કરાવવી

૨ સ ક્રિ સાલ બેસાડાવવ

સલવાવું ૧. અ. ક્રિ. ગભરાઈ જવું; મૂંઝવાવું; ઉકેલ નહિ સૂઝવાથી આમતેમ ફાંફાં મારતાં અકળાવું; મૂંઝવું; ફિકરમાં પડવું; મુઝાવ.

૨. અ. ક્રિ. ફસાવું; અપડાવું; સલવાઈ જવું; અંદર ભરાઈ રહેવુ

૩ અ ક્રિ. સાલબંધ થવું; ઓઢવાવું; ઓઢાવું; બીજા સાથે સલ્લડ થવુ.

સલવું વિ. સહેલું; સરળ.

સલસબીલ ૧. [અ.] પું. સ્વચ્છ પાણીનો ઝરો

૨. પું. સ્વર્ગના ઝરાનું નામ.

સલસલવું (સલસલવું) અ. ક્રિ. સ્થિર મર્યાદ જવુ.

સલસલી રહેવુ = સતવી જવું; થીજી જવું; અકડાઈ જવુ.

સલસિફી પું. બે વર્ષે ફળતો એક છોડ; 'ઓયસ્ટર'. તે વરપના જંગલી દેશોમાં મળી આવે છે અને તેના મૂળ ખવાય છે

સલહ [સ. સનાઢ] ન. (જૂ. ગુ.) બખતર.

મોટે ટોપ **સલહ** બહુ કેરે,
નાચે ઘડ વાજિંત્ર જ સેરે.

વસ્તુપાળ તેજપાળનો રાસ

સલળુ વિ. સહેલ

સલા ૧. પું. આમત્રણ.

૨. [અ. સલાહ] પું. બોગ્ય હિતવાદ; ઉપદેશ

૩. [સં. સિલા] જી. પથ્થરની પાટ.

મહી નદીની **સલ્ય** ઘણ રે,
ઉંચિત માત્ર ઠનેરું. નાકર

સલાઈ ૧. [હિં] સ્ત્રી. સલાકા; સળી
૨. ન. એક નાનું ઝાડ. હિંદના સૂકા પ્રદેશમાં ટેકરા ઉપર તે ઊગે છે. તેમાંથી નીકળતા રસને લોબાન કહે છે.

સલાક ૧. ન. ઔષધ; કામણ, સ.૨.
૨. વિ. સુલભ; સહેલું.

સલાકા ૧. [હિં] સ્ત્રી. મતની ચિઠ્ઠી.
૨. સ્ત્રી. વણકરનું એક ઓજાર, દુતકલા; ઊટી.

સલાખ ૧. [હિં] પુ. લોઢાનો સળિયો.
૨ સ્ત્રી. સલાટ.

સલાગા ૧. સ્ત્રી. સરસવ
૨. [સ સલાકા] સ્ત્રી. સળી.

સલાટ ૧. પુ. પથ્થર ઘડનારો મજૂર. સલાટ શબ્દ શિલાપાટ, શિલાટ અને સલાટ એ ક્રમે ઉત્પન્ન થયો છે. શિલાટ શબ્દ અપભ્રંશ થયો હોય એમ જણાય છે પણ ખરો શબ્દ શિલાપાટ હોવો સંભવે છે. શિલા–પથ્થર, પાટ ઓતરનાર થાય છે આગળથી ભાગમાં પથ્થરો ચણાય છે એટલે શિલાપાટનો શિલાપાટ અર્થ શિલાવટ પછી શિલાટ, સલાટ અને છેવટે સલાટ બોલાય છે. સલાટ કોમ એ ચોરાસી માહેની એક કોમ ગણાય છે. તેને વાસ્તુવિદ્યા કહે છે. ગૂઢ દ્વારો, ગૂઢ ભોંયરા, ગુપ્ત ધનસંગ્રહો, ભૂલભૂલામણીવાળા માર્ગો, દેવ તથા મનુષ્યની તાદૃશ મૂર્તિ બનાવવી, જાતજાત મૂર્તિઓ કેવી બનાવવી કે જેથી જોનાર માણસ ભ્રમમાં પડે તે સંબંધી બધું કામમાં સમાવેશ થાય છે મનુષ્યમૂર્તિ કે કોઈપણ અમુક હદની ઊંચી હોય તો આગળનું કેટલું લાંબું, પગ કેટલા ઊંચા, પેટનો ઘેરાવો કેટલો, મુખ કેટલું ભરાવું, નાક, કાન, આંખ વગેરે કેવા પ્રકારે જોઈએ, તેનું આ કામમાં જાણવાથી જ્ઞાન મળે છે. કોતરકામ, ગુફાઓ બનાવવી તે પણ એનો જ પ્રકાર છે. એ માટેના પ્રતિમાખંડન, પ્રાસાદખંડન, રાજ્યવલ્લભ વગેરે ગ્રંથો ઉત્તમ ગણાય છે
૨. સ્ત્રી. એ નામની એક જાતિ. તે લોકો પથ્થર ઘડે છે ને કેટલાક નકરી તથા મૂર્તિ બનાવે છે. ઝાલાવાડના સલાટ પૂર્વે સોમપુરા બ્રાહ્મણ હતા એમ કહેવાય છે

> જીર્ણ દેવળો વગેરે ઇમારતની કિંમતી બાજુઓમાં અને તેના નવા કરવામાં **સલાટો**ના ઘાડા સિવાય જરૂર નથી. જે સિવાય તમારે પુરાણા પાયા ખોદવા સહન કરી મુફ્તામાં લાભ છે ને તેનો સિલાલેખ જરૂરનો બને ઉકેલે છે
>
> નર્મદાશંકર

૩ ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની એક જાતિનું.

સલાટણી ન સલાટની સ્ત્રી

સલાટી ૧. [સં. શિલા + ડી] સ્ત્રી. કાળા લીલા પથ્થરની ચોરસી, ટીપર, નાની શિલ.
૨. સ્ત્રી. સલાટી; મોચી અને હજામના ઘસવાની ધાર તેજ કરવાનો પથ્થર.

> સોનાનો સળિયો ને **સલાટી** યે સોનાની કહે
>
> દલપતરામ

સલાટ , સલાડ) ૧ ન પંજાબ પ્રાંતમાં વસતી એક જાતની લોકોતરી; તેમની મુખ્ય બે અને બીજી અનેક પેટા જાતો થાય છે. તેમના બીજા ઓગણત્રીસ ઓકટોબર સુધીમાં વાવવામાં આવે છે તેમનો દરજ્જો જમીન માલિક આવે છે [ન સલાટ] ન. બે ખેસીને એક સાથે કાપડ બનાવવું તેનું એક નામ.
૨ ન મળ્યું, કોઈ પણ નામનું
૧ સલાડ કરવું = બો પુરાણાનો બેગાપ કરી, બનાવો
૨ સલાડ કરવું = બનાવવું, કરીને

સલાડવું , સલાડવું) ૨ સલાડવું.
૧ જુઓ **સલાડી** બનાવવા વાપરવું છે
૨ સ કિ કાપડવું, કોઈપણ વસ્તુ બનાવવા માટે કાપવું
કાપવું કરવું

સલાડી (સલાડી) સ્ત્રી કાપડ કાપવાના પથ્થર, સલાટી

સલાડું (સલાડ) ૧. ન. ચાવવાની એક નિશાની. હિંદુ હિંદુની મુલાકાત વખતે પરસ્પર નમસ્કાર, રામરામ, જોહારપાત્ર, જુહાર કરીને અને મુસલમાન પાગળી વગેરે કોકો સલામ વખતે સલામ અલૈકમ સાલૈકમ એમ કહીને પરસ્પરનું જાણે માંગે છે
૨. ન. ધારે કાપવાની શિલા. સલાટી
૩ ન ભોંયરાની, સલાડ, ચણતર કા
૧ સલાડ કરવું – ચણતર કરવું મજબૂત.
૨. સલાડ નાખવા – ઇમારત ચણાવવી કરવી.

સલાડો (સલાડો) ૧. પું. એક કોઈને બીજાને ફટકો આપવું તે.
૨ પુ કોઈને મરણ કિ ૬ બને ચાલ્યું તે
૩ પુ સલાડું, કાપડ ચણવું તે તથા ની આવી વાત કરવી તે.

સલાત ૧. [અ.] પું. આશીર્વાદ.
૨. પું. પ્રાર્થના.
૩. પું. પ્રેમ.

સલાતીન ૧ અ] પુ કુરાનનું પહેલું પ્રકરણ
૨. પુ જમાલગોટા નામની ઔષધિ
૩ પું. રાજપુત્ર.

સલામત ૧. , અ. સલામત (મજબૂતી)] સ્ત્રી. પ્રૌઢતા; મોટાઈ; દૃઢતા; ભારેપણું
૨. સ્ત્રી. બીક

સલામ ૧ પુ. બોલતાં મજલસ પ્રમાણે થયેલ એ નામે એક બંદોબસ્ત
૨ [અ. સલમ (તે શાંત થયો)] સ્ત્રી. માન આપવાનો કે નમસ્કારનો એક પ્રકાર; પ્રણામ; બોલવાચાલવા માનની એક નિશાની. ઉપરી માણસને માન આપવા હાથ ઊંચો કરી કપાળે અડાડવો તે. નોકર, સરકર અને હાલમાં સરકારના માણસો જ્યારે એકબીજાને મળે છે ત્યારે અને કોઈ કારણ કે બીજા પ્રસંગે સલામ કરવામાં આવે છે. પોતાથી ઊંચા દરજ્જાના પુરુષને કોઈ અમલદાર કે માણસ મળે અને પોતા પાસે કંઈ વધિયાર ન હોય તો, તે પોતાના જમણો હાથ કપાળે અડાડે છે. જ્યારે બજારમાં કોઈ સારે સરકર રાજકિસ ઊંચો કરીને સલામી આપે છે

> ૧ સલામ અલૈકુમ–આલૈકમ – તમને શાંતિ મળો મુસલમાનોમાં પરસ્પર માંગી વખતે વદન કરવા જે વાક્ય એક ઉચ્ચારે સલામ અલૈકુમ. બીજાએ અલૈકુમ અસ્સલામ એમ કહે એનો અર્થ પણ તમને શાંતિ મળો એવો થાય છે
> ૨. સલામ કરવા = પ્રણામ કરવા; નમન કરવું; સત્કાર કરવો
> ૩. સલામ કહેવી = નમસ્કાર કહેવા.
> ૪. સલામ ઝીલવી–લેવી = સલામના જવાબમાં સામી સલામ કરવી કે માથું નમાવવું
> ૫ સલામ દેવડાવવી – બોલાવવું; તેડાવવું
> ૬ સલામ કરવવી – નમસ્કાર પૂર્ણ કરવી
> ૭. સલામ ભંગ કરવી – સલામ તોડવો; વહેવાર બંધ કરવો.
> ૮. સલામ ભરવી = (૧) આજ્ઞા કે બંદગી કરવી. (૨) ખાસ નીચા નમીને સલામ કરવી
> ૩. સ્ત્રી. શાંતિ, સલામતી.

સલામત ૧. , અ સલામ (શાંતિ)] વિ. ક્ષેમ, કુશળ, હેમખેમ અને તંદુરસ્ત, હાનિ કે નુકસાની લાગ્યા વગરનું; સારી હાલતમાં રહેલું; જેવું તે તેવું જ.

> હક કરીશ ના તારું કંઈ **સલામત** ના દીસે.
>
> કાપા

૨ વિ. સહીસલામત; સહીસલામત

મારા અને પરિવારના બધે સલ્ય વલ્લ આ હારના મોતી બધ સલી ચિંતા ન પટે ત્યા સુધી તુ નિશ્ચય બનજો કે તુ સલામત છ

બવમયબાવત્રિ

૧ પદ સલામત તે પરિસ્થિતિ અદ્ભુત = પોત બનિ બો ૧૬ મા૨, વના થઈ ગઈ, બધા નર બદ પ્રેમે

૨ બલામ ૨૪ ૧૬૫૫૫૫૫૫ મા૨૫

૩ બલામ ૨૪૫ ૧૬૫૫૫૫૫૫ ૨૬૫૫, ૨૫૨૫૨૫૨૫, ૨૫૨૫૨૫૨૫ ૨૬૫૫૫૫૫૫

સલીકા [અ.] પું. સ્વભાવ.

સલીયો પું. નકામી ચીજનો સમૂહ; ભંગાર; ગંદવાડ; ગંદી સ્થિતિ.

સલીકું [હા.] પું (વહાણવટું) ખરનાર

સલીમ ૧. [અ.] વિ. તંદુરસ્ત.

૨. વિ. નમ્ર

૩. વિ. નિપુણ

સલીમચિશ્તી પું. એ નામના એક મુસલમાની સંત. તેના આશીર્વાદથી જહાંગીરનો જન્મ થયો મનાય છે. તે ફતેહપુર સિક્રીમાં રહેતા. તેમનું મરણ ઈ. સ. ૧૫૭૨માં થયું હતું. તેમની કબર ફતેહપુર સિક્રીમાં છે.

સલીમશાહી વિ. બાદશાહ સલીમના વખતનું.

સલીમી પું. સોનાનો એક સિક્કો.

સલીલ ૧. વિ. ચાલાક

૨. [સં.] વિ. લીલા, ક્રીડા કે વિલાસવાળું

૩. અ. રમતમાં; ભાવપૂર્વક; લીલાપૂર્વક

સલીસ [અ.] વિ. સહેલું.

સલીસી જ્રી. અજવાળતા.

સલે ૧. ન. આકરું કામ.

૨. ન મીણ.

સલૂક ૧. સ્ત્રી. ભલાઈ; મહેરબાની; ઉપકાર.

૨. [અ.] સ્ત્રી. વર્તણૂક; રીતભાત; વર્તાવ; વ્યવહાર

૩. સ્ત્રી. સદ્‌ભાવ; મેળ.

સલૂકાઈ ૧. સ્ત્રી. સદ્‌ભાવ; મેળ.

૨ સ્ત્રી. સભ્યતા; વિનયી વર્તણૂક

સલૂકો પું. મદારી.

સલૂ જવું સ. ક્રિ સમજવું. જાણવું.

પિંડ ઘર અક્ષર આતમા,
જે સમજ્યો સલૂજ્યો બાતમા. અખો

સલૂડું (સલૂડું) વિ. સવાસલા કે સલાડાં કર્મા કરનારું, અહીંતહીંનું આમતેમ બોલનારું; વલકડું; સવાસલિયું; એકબીજાનું ખાનગી એકબીજાને કહી ખુશામત કરનારું.

સલૂણી ૧. સ્ત્રી. રસોઈની ઓ.

૨. [સં. સ (સહિત) + લવ (મીઠું)] વિ સ્ત્રી. રસિક.

સલૂણું ૧. [સં. સલાવણ્યક–સલાવણ્યયુક્ત–સલવણ] વિ. ગુણયુક્ત.

૨. વિ. મનોહર કાંતિનું; સુંદર.

૩. વિ. મીઠાશદાર; સ્વાદિષ્ટ.

૪ વિ રસથી ભરેલું; સરસ; રસથી ભરપૂર. રસદાર

૫. વિ. રસિયું; રસિક.

૬. [સં. સ (સાથે) + લવ (મીઠું)] વિ. ક્ષારવાળું; મીઠાવાળું. લવણ વગરનો પદાર્થ ફિક્કો, નીરસ લાગે છે. લવણમાં રહેલા એ રસતત્ત્વને અવલંબીને ગુજરાતીમાં સજીવ, અક્ષરૂ અને સંસ્કૃતમાં લાવણ્ય શબ્દો બન્યા છે.

સલૂન ૧. [અં.] ન. ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબો; રાજમહારાજા વગેરે માટેનો રેલવેનો ખાસ ડબો

૨. ન. રંગમહેલ; દીવાનખાનું; મોટા અને ખાસ કરીને સરભરાના ઓરડા માટેનો ફ્રેંચ શબ્દ. રાજદ્વારી અથવા સાહિત્ય શોખીન પુરુષોની સભા આવા ઓરડામાં ભરવામાં આવતી હતી તેની ઉપરથી આ શબ્દ વપરાશમાં આવ્યો. આવી ઘણી સભાઓ પેરીસની પ્રખ્યાત સ્ત્રીઓના ઘરમાં ભરવામાં આવી હતી. અત્યારે દર વર્ષે પેરીસમાં ભરવામા આવતા ચિત્ર અથવા કળાના બીજા પ્રદર્શનોને આ નામ આપવામાં આવે છે

૩. ન. સ્ટીમરમાં ઉતારુઓનો મોટો ઓરડો.

૪. ન. હજામની દુકાન.

૫. વિ. મીઠાવાળું

સલૂપ [સં.] વિ. ચોકું.

સલે કરવું સ. ક્રિ. કામ કૂતેહ કરવું.

સલેખા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિષ્ટ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, મગણ, નગણ, નગણ અને બે ગુરુ એમ સત્તર અક્ષર હોય છે

સલેટ ૧. [અં.] પું. એ નામનો એક નરમ પથ્થર. તેને વહેરી લખવા છે નેવા તે ઘરનાં બારણાં પર નામવાના કામમાં આવે છે

૨. સ્ત્રી. પથ્થરપાટી. ' સ્લેટ '.

સલેડું (સલેડુ) ૧. ન. એક જાતનું જંતુથી પ્રાણી.

૨. ન. મોટો પથ્થર; છીપર.

સલેપાટ [અં. સ્લીપર] પું. રેલવેના પાટા નીચે જોડવાતો લાકડાનો પાટડો

સલેબતો પું. કટીમાં રોટલો ચોળીને કરેલ મિશ્રણ.

સલેમાની સ્ત્રી. હિંદુસ્તાનમાં બનતી એક જાતની તરવાર.

મહીના રાજ્યો તેમે સલેમાની એ તરવારને જ વસમર્પણસમય ઉપયોગ કરવા આપેલા છે.
મો. માણિકલાલ

સલેકું ૧. વિ. યુક્તિપ્રયુક્તિવાળું

૨. વિ. સલીસ: લીસાવાળું

સલેલ વિ. અસ્થિર મનનું; ઘણી જગ્યાએ ચિત્તવૃત્તિ હોય તેવું.

સલેહ ભલો ન કરીએ સંત, જેને ગાંઠો નહી દંત. બોલે

સલો (સલ્લો) ૧. પું. કપાસ કે અનાજનાં વાવેતરવાળાં ખેતરોમાંથી પાક લીધા પછી બાકી રહેલો ભાગ; બળામાં લાવતાં ખેતરમાં જ કંઈ અનાજ પડ્યું રહ્યું હોય તે.

સલ્લો કરવો = (૧) અળોટ કરવો; જાનુપાણી વાળવાં; માટી પાણીનું પોતું ફેરવવું. (૨) પાક લઈ લીધા પછી ખેતરમાં ઓકું ઘણું બાકી રહી ગયું હોય તે એકદમ કરવું; કપાસનાં વણી લીધા પછી ફરી તપાસ કરવો.

૨. પું. ઘાસ સગવી રાખવા માટે કરેલી પૂળાની ગાંઠી.

૩. પું. જમીનને સરખી કરી તે ઉપર પાતળું જાનુપાણી પાથરવું તે; પાતળું લીંપણ; અળોટ.

૪. પું. દોહતી વખતે ગાય કૂદે નહિ માટે તેના પાછળા બને પગે બાંધવામાં આવતું દોરડું; રોબો.

સલોકો ૧. પું. કવિતાની કડી

૨. [હિં] પું. શ્લોક; શ્લોક

૩. વિ. સાચીખોટી વાત કરનાર.

સલોકતા ૧. [સં. સ (સમાન) + શ્લોક + તા (પણ)] સ્ત્રી. એક પ્રકારની યુક્તિ; સાશ્લોકય; કૃષ્ણદેવ સાથે એક લોકમાં રહેવું તે.

૨. સ્ત્રી. રીતભાત.

૩. સ્ત્રી. સલાહ

સલોકા ૧. [સં. શ્લોક] પું. બ. ક. પરસ્પરની વખતે વચ્ચન્યાએ સામસામે બોલવાનાં વચન.

૨. પું. બ વ. પ્રશ્નોત્તર રૂપે પદ્ય; સમસ્યા રૂપે અથવા સામસામે મેણાં ટાણાં પદ્ય બોલાય એવી કવિતાની કડીઓ; પ્રશ્નોત્તરી કવિતા; ચાલખાની કવિતા.

સલોખા ૧. પું. શિષ્ટાચાર.

૨ પું. સભ્ય

૩. પું. સરળતા.

સલોઠ (સલોઠ) ન. ડિંગ. ગપ

સલોણું જુઓ સલૂણું

સલોત્રો [હિં] પું ઘોડાનો વૈદ્ય.

સલોસલ (સ્લોસ્લ) વિ. મચોમચ; ખીચોખીચ; જરાય અવકાશ ન હોય તેવી રીતનું.

સહખ ૧. પુ. ચંદ્રદર્શનનો દિવસ.
૨. પુ. મુસલમાની મહિનાનો છેલ્લો દિવસ.
૩. સ્ત્રી. મિલક્ત, ખર્ચતાં બાકી રહેલ રકમ

સલ્તનત ૧ સ્ત્રી. પાદશાહતઃ રાજેનશાહત
સલ્તનત રોબરો રાજેન્શાહી ઇન્સાફથી. નાનાભાઈ

૨. સ્ત્રી. રાજ્ય, ત્રિયાસત; સામ્રાજ્ય.
૧ મકાનને જમકૂરી = પ્રજાસત્તાક રાજ્ય
૨. સલ્તનને ગબરી = રાજ્યનો નિરંકુશ રાજ્ય

સલ્તના ૧ [અ.] પું. ફોજ.
૨ પું રાજ્ય મુલતાની

સલ્ના [હિં.] સ્ત્રી. નાની નદી

સલ્ફ પું પૂર્વજ.

સલ્વિચન ન વસ.

સહ્મા ૧. પું અરબસ્તાનનો એ નામનો એક પર્વત.
૨. [ઇ.] પું અત્તર ભરવાનો મોનેરી તારઃ સુરમો.

સહ્લ ૧. ન. અંધારાઈ
૨. ન. (ફ્રેન) કપટ રાખવું તે. માયા, નિયાજ અને મિથ્યા એ ત્રણ પ્રકારનાં સહ્લ ગણાય છે.
૩. [સં. શલ્ય] ન. કાંટો.
૪. ન. દુઃખદાયક અશુભ કર્મ.
૫. ન. બાણ; તીર
૬. ન. ભાલું.
૭. ન. ભૂખ્ય વડે જમીન ઉપર ચાલનારું એક જાતનું પ્રાણી.
૮. ન. વહેમ; શક: અંદેશો
૯. ન. શિલા; પથ્થરની છાંટ.
૧૦. ન. અત્યંત ખારેપણું બતાવવા માટે વપરાતો એક શબ્દ. જેમકે, ખારે સહ્લ.

સહ્લક ૧. સ્ત્રી. સાકરી
૨. ન સીધેસીધું; સળગ

સહ્લકી ૧ [સં.] સ્ત્રી. એક જાતનું વૃક્ષ. તે હાથીને બહુ ભાવે છે.
જિસી પ્રીતિ ભહુકર કેલી,
જિસી પ્રીતિ ગયવર સહ્લકી બાલ્મીકિરામાયણ
૨. સ્ત્રી. નર્મદા નદી.

સહ્લક્ષણ [સં. સત્ (સાચું) + લક્ષણ (ચિહ્ન)] ન. સારું લક્ષણ; સાચું લક્ષણ

સહ્લગ ૧. વિ. અખંડ; આખું; સાંગોપાંગ; તૂટક ન હોય તેવું
૨. વિ. સાથેનું.

સહ્લડી ન. એક જાતનું ઝાડ.

સહ્લમ અહ્લાતઆલા [અ.] ન. પ્રભુ એનું રક્ષણ કરે.

સહ્લમહુ [અ.] ન ઈશ્વર તેનો શાંતિ આપે.

સહ્લલ્લાહો અલૈહે વ સહ્લમ [અ. સ્વલી (આશીર્વાદ) + અલ્લાહ (પરમેશ્વર) + અલૈહે (તેના ઉપર) + વ (અને) + સલમ (શાંતિ)] અ તેના ઉપર પરમેશ્વરના આશીર્વાદ અને શાંતિ ઊતરો. મહમદ પેગંબરના નામ પછી આ આશીર્વચન બોલવાનો રિવાજ છે.

સહ્લસહ્રુત્તા [સં. શલ્યવહ્યા] સ્ત્રી. આયુર્વેદની એક શાખા; બાણ, કાંટા વગેરે કાઢવાની ક્રિયા કરાવવામાં આવી હોય તેનું શાસ્ત્ર.

સહ્લંગ [સં સમ્ (સાથે) + અઙ્ગ (અંગવું)] વિ. અખંડ; આંતરો ન હોય તેમ આખું; માથેનું સાથે; તૂટક ન હોય તેવું

સહ્લા ૧ [અ. સલાહ] પું. ઉપદેશ; હિત વચન
૨. [અ સિલાહ] પું. તહ; સુલેહ; સખ્ય

સહ્લાગાર ૧. પું. સચિવ
૨. પું. હિત વચન કહેનારો પુરુષ.

સહ્લામ પું. શાંતિસૂચક એક અરબી શબ્દ. અરબી સલમ એટલે તે શાંત હતો તે ઉપરથી સલામ, સલામતી, મુસલમાન, ઇસ્લામ વગેરે શબ્દો બન્યા છે. મુસલમાનો મળતાં અને જુદા પડતાં આ શબ્દ વાપરે છે હિંદી લોકો માનની નિશાની તરીકે બાંહ વળીને પોતાનો હાથ કપાળે અડાડે તેને પણ સલ્લામ કહે છે

સહ્લાશીન [અ. સલાસીન] વિ ત્રીસ

સહ્લાસ [અ. સલાસ] વિ. ત્રણ.

સહ્લી [સં. શિલા] સ્ત્રી. અરબો સળગાવવા પથ્થર; સગડો; અરબો બસવાની શિલા

સહ્લીઅહ્લીએ હુ [અ.] ન. તેને શાંતિ હો.

સહ્લુદ્ધરણ [સં શલ્યોદ્ધરણ] ન. (પ્રાકૃત) કરેલા પાપનું પ્રાયશ્ચિત

સહ્લો ૧. પું. કપાસ, ધાન્ય વગેરેની લણણી પૂરી થયા પછી ખેતરમાં બાકી રહી ગયેલ પાક. આ રહી ગયેલ કપાસ કે ધાન્ય, વીણનારની માલિકીનાં ગણાય છે.
૨. [હિં.] પું. મૂર્ખ બી
૩. પું. સાગોળ; ચૂનાને બાદી બનાવેલો ભૂકો; બારીક ચૂનો.
૪ પું. સાંધો; જોડાણ. જેમકે, સીંચણિયું દૂંઠું પડ્યું હોય તો આ દોરીનો સહ્લો કરજો.

સહ્લોલ સ્ત્રી. આનંદભેર; ઉલ્લાસથી.

સહ્લિહ સ્ત્રી. (જૂ. ગુ.) આયુધોનો સમૂહ.
સહ્લિહ વલી સહ્લિહ દેપરાવા,
તરકસ, તીર, કમાણ, કાન્હડદેપ્રબંધ

સવ ૧. પું. આઠડાનો છોડ.
૨ પું. યજ્ઞ
૩. પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. જેમાંથી સોમ નીકળે છે તે યજ્ઞને સવ કહે છે તેથી યજ્ઞસ્વરૂપ ભગવાન સવ કહેવાય છે
૪. પું સંતાન
૫ પું સૂર્ય
૬ ન. કાળા ખલા ઉપર હોય તેવી જનોઈ.
૭. ન. કાળે ખભે જનોઈ મૂકવી તે.
૮. ન. પાણી
૯. [સં. સર્વ] સ. સર્વ; બધું.
૧૦. વિ. કાળું; સભ્ય.
૧૧. વિ સારું; ઘટિત

સવઈ ૧. સ્ત્રી. વધારાના વખતમાં કરેલ કામ બદલની મળતી મજૂરી
૨ સ્ત્રી. વધારાના વખતમાં કરેલું કામ.
૩. સ્ત્રી. મીઠાશ; ઉત્તમતા; સવાગાયું સરસ તે.
૪. સ્ત્રી. સવાઈ; સવાયું લેવા દેવાની રીત
૫. સ્ત્રી સિપાઈની પાઘડી

સવખંડ (જૂ. ગુ.) પુ. સર્વખંડ.
અહ મેલી માવા તણો,
જે તું જોતા ભત,
તો સૂજ ઊગત નહિ,
તારી સવખંડ મેરો ગાત. રસમંજર

સવચ્છી [સં. સવત્સી] વિ. સ્ત્રી. વાછરુંવાળી.
અતિ રીઝે સાંઝરે સમ,
ગુરુને મળી સવચ્છી ગામ. પ્રેમાનંદ

સવચ્ચ (સવચ્) સ્ત્રી. સમવડ; જોગવાઈ; ગોઠવણ; અનુકૂળતા.

સવચ્ચું વિ. (કચ્છી) વહેલું

સવત્સ ૧. [સં] વિ. બાળક સાથેનું; સંતાળ.
૨. વિ. વાછડાવાળું

સવત્સા વિ વાછડીવાળી; જેની સાથે વાછરું હોય એવી.

સવત્સી [સં.] વિ સ્ત્રી. વાછરડાવાળી; જેની સાથે વાછરું હોય એવી.
ધેનુ જે વહ પ્રત્યક્ષ સવત્સી,
પીતાંબર અલંકારસ્ત. ત્રિવિક્રમ

સવન ૧. પું. (પુરા.) પ્રિયવ્રત રાજાના દસ માહેનો એક દીકરો. પ્રિયવ્રત વિશ્વકર્મા નામના પ્રજાપતિની બર્હિષ્મતી નામની કન્યાને પરણ્યા અને તેમાં તેને અગ્નિધ્ર, યજ્ઞજિહ્વ, મહાત્મા

મહાવીર, ઉરુગયરેતા, પૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, હોત્ર અને કવિ નામના દસ પુત્રો અને ઉર્જસ્વતી નામની કન્યા ઉત્પન્ન થઈ હતી.

૨. પું. (પુરાણ) વારુણિ ભૃગુના સાત માંહેનો એક પુત્ર; ભૃગુઋષિને પુત્રોમાંથી પ્રાપ્ત એક પુત્ર; શુક્રાચાર્યનો એક ભાઈ

૩. પું. સ્વાયમ્ભુવ મનુનો પૌત્ર.

૪ ન. એક જાતનું ઝાડ; મીંઢળ; તેનું લાકડું ઇમારતના કામમાં આવે છે. વળી છાણ કરવાની રેવાઈ બનાવવામાં તે શુકનવાળું મનાય છે

૫. ન. કાન.

૬. ન. (જૈન) જૈન ગૃહસ્થનો પખારી, આસન વગેરે પાથરવાની ચીજોને લગતો ચૌદ માંહેનો એક જાતનો નિયમ.

૭. ન. પૂજા.

૮. ન. પ્રસવ.

૯. [સં. સુ (યજ્ઞ કરવો) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. યજ્ઞ

૧૦. ન. યજ્ઞના અંગરૂપ સ્નાન.

૧૧. ન. સાંભળવું તે.

૧૨ [સં. સુ (નીચોવી રસ કાઢવો)] ન. સોમરસ કાઢવો તે; મદ્ય ખેંચવું તે.

૧૩. ન. સોમરસ પીવો તે.

સવનકર્મ [સં] ન. યજ્ઞ કરતી વખતે આહુતિ આપવી તે.

સવની સ્ત્રી. રોકડમાં સપ્તની.

સવનીય [સં.] વિ. સવન કર્મને યોગ્ય આહુતિ આપવા લાયક.

સવર [હિં.] પું. તુષ્ટિ; સંતોષ.

સવરણ ૧. ન. ઉચ્ચ વર્ણ, ઊજળિયાત વર્ણ.

સવરણ કવરણ નહોય,
(મર) કવરણ પર ઉગ્રો કરણ.
કોયત કસદ ન હોય,
(મર) દસદે પાળી દાદવા.

ગંગેરચંદ મેપાણી

૨ ન. બળદગાડીની ધોંસ ઉપર જડવામાં આવતું પાટિયું.

સવરી ૧. સ્ત્રી. શબરી; ભીલ જાતિની એક ભક્ત સ્ત્રી. તે રામની પરમ ભક્ત હોઈ તેના ઝૂઠાં બોર રામે ખાધાં હતાં

વાલ્મિકિ સવરી વાનર આદિર ભક્ત પ્રગટ શ્રીરામ.

મંજુકેશાનંદ

૨. સ્ત્રી. (વહાણવટું) સવળા વળની ગાઠ.

સવરોળ વિ. કૂપાવત. તે મારવી બોલીમાં બોલાય છે.

સવર્ણ ૧ પુ બ્રાહ્મણ પિતા અને ક્ષત્રિય માતાથી ઉત્પન્ન થયેલ પ્રજા.

૨. [સ સ (સરખા) + વર્ણ (અક્ષર)]

પું. સરખી જાતના અક્ષર તે.

૩. વિ. એક વર્ણ કે જાતિનું; સમાન વર્ણનું; સજાતીય.

૪. વિ એટસરખું, બળતું; સમાન

૫. વિ. ચાતુર્વર્ણ્યમાં સમાતા વર્ણવાળો.

૬. વિ. સમાન રંગનું.

સવર્ણકરણી સ્ત્રી. એક જાતની ઔષધિ.

સવર્ણન ન. (ગણિત) સાદું રૂપ આપવું તે

સવર્ણનીય વિ. વર્ણન કરવા યોગ્ય; સુંદર.

સવર્ણા ૧. પું. (પુરાણ) ચાલુ મન્વંતરમાં થઈ ગયેલ આમ.

૨. સ્ત્રી. (પુરાણ) દક્ષ પ્રજેતાની માતા રાજપુત્રી.

૩. [સ.] સ્ત્રી. સમાન વર્ણની સ્ત્રી

૪. સ્ત્રી. સૂર્યની એક પત્ની

૫. વિ સ્ત્રી. સારા કુળની અથવા સારી જાતની.

સવર્ણે ૧. [સં. સવર્ણ] વિ. એક જ વર્ણનું, બળતું; સમાનઃ સરખું

૨. વિ. એક જ વર્ણ કે રંગનું; સમાન રંગનું

સવર્તક [સં.] પું સર્પનાં એકસો આઠ માંહેનો એક નાગ.

સવલ ૧. સ્ત્રી. સગવડ.

૨. વિ. સવળું; ચત્

સવલત ૧. સ્ત્રી. સગવડ, રાહત; છૂટ

૨. સ્ત્રી. સોય; સગડ.

સવલવું સ. ક્રિ. આસને ગાળે ગાળેથી સજ્જડ ઊંગેલા છોડ ઉખેડી આજા કરવા; પારવવું.

સવલિ પું. સાંબેલાં.

સવરા વિ. સારી રીતે કામમાં હોય તેવું.

આજનું આકું અન સવલા નહિ રે,
વિલ્ય થયું શરીર રે

નરસિંહ મહેતો

સવશલી સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય ત્રાવીસ માંહેની ત્રીજી શ્રુતિ.

સવસ્તિવાયચ્છ [સં. સ્વસ્તિવાચન] ન. (પ્રાકૃત) આશીર્વાદ મંત્ર

વાસવદત્તાએ વરવ કર્યું છે તેને અંગે એનો સવસ્તિવાયચ્છ આપવા બોલાવે છે.

કેશવ હર્ષદ ધ્રુવ

સવસ્તુક ૧. વિ. ભાવાત્મક.

૨. વિ. વાસ્તવિક

સવહ [સ સપ્તમ (સોમન)] પું. (પ્રાકૃત) સોમદ, સોમ

સવહા [સ.] સ્ત્રી. નમસ્કાર

સવળ વિ. સવળું; સીધું, સલટું; અવળાયી ઊલટું

૧. સવળ પડવું = સગવડતાભર્યું; અનુકૂળતાવાળું

૨. સવળીએ આવવું = સીધે રસ્તે આવવું

એનો આરમા **સવળીએ** આવ્યો અને તે બોલ્યોઃ હવે મારે એ બે માસાનું પણ કંઈ **પણ** કામ નથી. દલપતરામ

સવળાવવું જુઓ સળવળવું

સવળાવવું ૧. સ. ક્રિ. અવળાય તેમ કરવું.

૨ સ ક્રિ. આળોટે તેમ કરવું; સવળે તેમ કરવું.

૩. સ. ક્રિ. ઉશ્કેરાવવું; સવળે તેમ કરી મૂકવું.

૪. સ. ક્રિ. ઊંઘમાંથી જગાડવું; ઢઢોળીને જગાડવું

સવળું ૧. વિ. અવળાયી ઊલટું; સૂલટું; ચત્

૨. [સ. સમ્ + વલ્ (ફેરવવું)] વિ. હાથે તેવું; અનુકૂળ પડતું; રુચતું

૧. સવળા પીગા પડવા = ધાર્યું કામ થવું; ફતેહ થવું

૨. સવળું આવવું = અનુકૂળ પડવું થવું.

૩. સવળું પડવું = (૧) ખરું પડવું; સીધું પડવું. (૨) સફળ થવું

૪. સવળે હાથે પૂજન કરવું = વિધિપૂર્વક આરાધના કરવી; બરોબર કે કૂળે એમ આરાધના કરવી.

૩. વિ. સારી બાજુ તરફનું; વળ પડતું.

સવળોઢ પું. સારો વળોટ; કામકાજની આવડત.

સવળોટી ૧. સ્ત્રી. પહેરવા ઓઢવાની સફાઈવાળી કે કામકાજની આવડતવાળી સ્ત્રી; વળોટવાળી સ્ત્રી

૨. વિ. આવડતવાળી, સુઘડ.

સવળોઢું વિ. વળોટવાળું; સુઘાટીદું; સારી રીતભાતવાળું.

સવા ૧. [સં. સુ (સારો) + વાયુ (પવન)] પું. (વહાણવટું) અનુકૂળ પવન

૨. પું. પાપક કે અયાણામાં પડતો એક ઉંદર.

૩. પું. પાપણમાં પડતી ઝૂ; ઝીણી ઝવાત. એને પાંચ ઇંદ્રિયમાંથી કાયા, મોં ને નાક એ ત્રણ જ હોય છે.

૪. [સં. શતાંશ] પું. સુવાદાણા; એક જાતની વનસ્પતિના બીજ.

૫. વિ. અનુકૂળ; રુચતું

૬. [સં. સપાદ–સવાઓ–પ્રા.ઉ–સવા] વિ. એક ઉપરાંત પા; એક અને ઉપર તેના ચોથા ભાગ જેટલું, ૧૬; ૧૧.

સવા મણની તળાઈમાં સૂર્ય રહેતુ = નિશ્ચિંત રહેવું.

૭ વિ પાંચસ; સીધું; પાંસરું

૮. વિ. બીજી સંખ્યા આગળ લાગતાં તેથી ૦૧ વધારે જેમકે, સવા છ.

૯. વિ. સો, હજાર જેવી સંખ્યા પૂર્વે તેથી સવાગણું. જેમકે, સવા સો; સવા હજાર

સવા આઠ વિ. જોઈએ તેવું; મન માને તેવું, સારું.

સવાઇયો પું. સવાકો, પૈસો; આનાનો ચોથો ભાગ

સવા૭૫ના સો ધક્કા = સોના સાઠ, ઊંધો ધધો.

સવાઈ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મદિરા. તેના દરેક ચરણમાં ચાર ભગણ, રગણ, નગણ, ભગણ અને બે ગુરુ એમ તેવીસ અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા, બારમા અને અઢારમા અક્ષર ઉપર વિસામો આવે છે

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિરાજિત; અશ્વારૂઢ. તેના દરેક ચરણમાં નગણ, છ જગણ, લઘુ અને ગુરુ એમ તેવીસ અક્ષરો હોય છે.

૩. પું. એક પ્રકારનો ઉલ્લાળ. જેમકે, સવાઈ જયસિંહ.

૪. [હિં.] પું. મૂત્રયંત્ર સંબંધી એક પ્રકારનો રોગ.

૫. સ્ત્રી એક ધીરીને તેનું સવાયું લેવું તે.

૧. સવાઈ ચિઠ્ઠી = એક આપીને સવા લેવો એવી રીતની બાનુ ચિઠ્ઠી; એકનો સવા લેવો એ પ્રમાણે લખી આપેલી ચિઠ્ઠી કે પાડેલું ખાતુ.

૨. સવાઈનો ધધો = એકને બદલે સવા લખવી લાભ નાણું બાજે ધીરવાનો ધંધો.

૬ સ્ત્રી. ચાદી; ગરમીનો એક રોગ

૭. સ્ત્રી. પહોળાઈ કરતાં લંબાઈ સવાગણી હોય તેવું ઢોકું કે પરચર.

૮. સ્ત્રી. વધારાના વખતનાં કરેલ કામ કે તેની મજૂરી

૯. સ્ત્રી. સરસાઈ; ચડિયાતાપણું; વડાઈ; મોટાઈ; મોટાપણું; વગેરાઈ.

એક શાસ્ત્રકાર જેટલા તત્વને પરમાર ગ્રહણ કરી શકાય માનતા. જે આવે તેને ના, કુતરાઓની, દિલગીરી બધુ દેતા હોત. તેથી સવાઈ મેળવવા અને મળવું તેથી સવાઈ દેવા. ભગવતરાય ઠક્કોર

૧૦. સ્ત્રી. સવાગણું હોવું તે.

૧૧. સ્ત્રી. સિપાઈનો ફેટો કે સિપાઈની પાઘડી; લશ્કરી પાઘડી.

૧૨. વિ. સ્ત્રી. ચડિયાતી

૧૩ વિ. સ્ત્રી. સવાગણી.

સવાઈપાઇકા પું. છાપવા માટે વપરાતો એક જાતનો ટાઇપ. તે ચૌદ પોઇંટનો એટલે પાઇકા (બાર પોઇંટનો ટાઇપ)થી લગભગ સવાયો હોય છે માટે તે સવાઈપાઇકા કહેવાય છે.

સવાઈ બહાદુર પું એક પ્રકારનો ઉલ્લાળ.

સવાઈ ભાગ્યત સ્ત્રી. ગરાસિયા અથવા ખેડૂતનો ભાગ આપતાં પહેલાં તેમાંથી ૧/૪ ભાગ કાપી લેવો તે.

સવાઈહવાઈ ફિલ્લા ન. એક પ્રકારનું લડાયક વાયુયાન. ' સુપર ફોર્ટ્રેસ એરોપ્લેન '.

અદ્યતન વિજ્ઞાને તો અનેક ચમત્કારો સર્જ્યા છે. સરહદે માઇલની લડાઈથી આકાશમાં ઊડતા સવાઈહવાઈ ફિલ્લાઓની સોય કરી છે. અવાજ કરતા પણ વધુ ગતિ ધરાવતુ એરો–એરક્રાફ્ટ વિમાન પણ અમેરિકે બનાવ્યું છે.

સરસ્વતી સાહિત્ય

સવાકવા [સં. સુ (સારું) + વાત (વા) + કુ (ખરાબ) + વાત (વા)] પું. અનુકૂળ કે પ્રતિકૂળ પવન; સારો કે નરસો વાયુ.

૨. પું. આકસ્મિક સંજોગ; અકસ્માત.

ઓલ્યો કયારે આવે ન કે સવાકવાને. વલ્લભ

સવાકૂડી સ્ત્રી. પચીસની સંખ્યા માટે વપરાતો સાંકેતિક શબ્દ.

સવાકો પું. પૈસો; ઢાવડિયું; ઢોઢિયું; પા આનો.

સવાગો પું. ઘેરવાળો અંગરખો; બાધો; એક જાતનું વસ્ત્ર.

સવાજો પું. ઢાંકણું, બાયરો, ઓઢણી એ ત્રણેનો સમૂહ.

સવાડી (સવાડો) ૧. સ્ત્રી. ધાતુના વાળા તાણીને પાતળા તેમજ લાંબા બનાવવાનુ સોનીનું એક ઓજાર; જંતરડો

૨. સ્ત્રી. પકડ; મજબૂત પકડી શકાય તેવી સાણસી.

૩. સ્ત્રી સવાકો; દમડી.

સવાડો (સવાડો) પું. મોટી સવાડી.

સવાણ ૧. સ્ત્રી. આરામ; સુવાણ; ઠરાર.

૨. સ્ત્રી. સોબતનો આનંદ; સોબતની કુશ.

૩. ન. પશુ માદાઓનો ગર્ભધારણનો કાળ. સવાણે આવવું = ઠાણમાં આવવું; આરે આવવું; પશુ માદાનો ગર્ભધારણનો સમય આવવો.

સવાદ ૧. પું. સ્વાદ; ચાખવું તે.

૨. સ્ત્રી. ગામને ફરતી ખેતરાઉ કાળી જમીન.

સવાદદાર વિ. સ્વાદવાળું; સ્વાદિષ્ટ.

સવાદયહું વિ. (જૂ. ગુ.) સ્વાદવાળું

મારી વાણી મને શુધ.
મમ કરે સવાદયહુ દૂધ નાકર

સવાદિયું ૧. વિ. ચીજના ભાવવાળું; બહુ સ્વાદ કરે તેવું; સ્વાદિષ્ટ ચીજોના શોકવાળું.

૨ વિ. ભાવવાળું; પ્રેમ ધરાવનાર.

૩ વિ સ્વાદિષ્ટ; સ્વાદકાર.

સવાના ન., આફ્રિ વસ્તરનું ઘાસવાળું મેદાન.

સવાનેનવીસ પું. સમાચાર મોકલનાર જાપાનો અખબારપત્રી.

સવાબ ૧. [અ. સવાબ (પુણ્ય)] ન. ધર્મનું કામ; પુણ્ય; સત્કાર્ય.

૨. ન પ્રામાણિકપણું; નેકી

સવાબ દિદ્દ = સલાહ

૩ ન. લાભ; ફાયદો.

૪ ન. સદ્‌ગુણ

૫. ન. સન્‌માર્ગ, પુણ્યનો માર્ગ

૬ વિ. સદ્‌ગુણવાળું

સવામોતીદામ પું. નાગપિંગળ માંહેનો વર્ણમેળવાળો એક છંદ.

સવાય પું. સુવાયું; અનુકૂળ પવન.

વાયુ વાય સવાય, વાયે વેળુ પરજળે;
જીલો લા સિહરાજ, સત લેવા સોરઠિયાણીનું.
લોકસાહિત્ય

સવાયણું ન. ભીની વસ્તુને પવન ખવરાવવો તે.

સવાયા પું. ન. બ. સવાના આંક; સવાયાં.

સવાયાં ન. બ. બ. સવા સવા ગણી બમણતરી થયે જાય એવા પઢિયા; સવાના આંક.

સવાયું ૧. ન. સવાયાંના આંકનો પડિયો.

૨. વિ. ચડિયાતું; વધતું; હોય તેથી વધી જાય તેવું

સવાયું થવું = (૧) આગળ વધવું (૨) માયું ફોડવું.

૩. વિ ઓથે આગે વધારે; સવાગણું.

સવાયો ૧. પું. સવાકો, પૈસો; પા આનો.

૨. વિ. પું. ચડિયાતો

સવાર ૧. [ફા. અસ્પ (ઘોડો) + આર; અસ્વઆર; સુવાર–સવાર] પુ. ઘોડા ઉપર બેસીને ફરનાર માણસ

૨. પું. ઘોડા પર બેસીને લડનારો સિપાઈ

૩. પું. ઘોડા, હાથી, વાહન વગેરે ઉપર બેઠેલ માણસ

સવાર થવું = (૧) કોઈના ઉપર હાથ મેળવવો. (૨) ઘોડા કે વાહન ઉપર ચડી બેસવું. (૩) તકાદો કરવો. (૪) મચાડા મૂકીને ઘૂરકવું; ખૂબ ગુસ્સે થવું. (૫) શિરજોરી કરવી, ઉતાવળે અને હુકમ પ્રમાણે કામ કરાવવા તૈયાર થવું. (૬) સહોબત કરવા માટે માથે ચડવું

૪. સ્ત્રી.;ન. પ્રાતઃકાળ; સૂર્યોદયનો સમય; વહાણ.

૧. સવાર થવી-પડવી = પ્રાત:કાળ થવો.

૨. સવારના પહોરનું કે સવારનું નામ = સવારના સમયે નામ લીધું હોય તો આખો દહાડો સારો જાય તેવું શુભ નામ.

૫. ન. એક જાતનું ઝાડ; શેમળો.

૬. ન. ચડાળ. તે બંજમાં ભોલાવ છે

૭. વિ. ઘોડા, હાથી કે વાહન ઉપર બેઠેલું

૮. વિ. પહોળું

સવારકાર [ફા.] પુ. સારો સવાર.

સવારકારી [ફા.] સ્ત્રી. સારી ઘોડસવારી કરવી તે.

સવારથ [સં. સ્વાર્થ] પુ. સ્વાર્થ; પોતાનું હિત.

સવારથિયું વિ. સ્વાર્થી; આપમતલબી.

સવારવું સ. ક્રિ. શણગારવું; સંવારવું; સમારવું.

આવી સુજાની અપરિ ઊભરી,
સવારી સુપ્રાહૃતિ સાચવતી ત્યા. પ્રાચીનકાવ્ય

સવારાં જુઓ સવારું.

સવારી ૧. સ્ત્રી. અમલદારનું ફરવા નીકળવું તે; અમલદારીને અંગે મુસાફરી

૨. સ્ત્રી. આપ એવા અર્થનું સંબોધનાર્થે બહુવચન

૩. સ્ત્રી કુસ્તીનો એક દાવ; હરીફ જ્યારે જમીન ઉપર ઊંધો પડ્યો હોય ત્યારે તેના ઉપર સવાર થઈ એક તરફથી સાથળમાં પગ ભરાવવો અને બગલમાંથી હાથ નાખી મરદન ઉપર ભરાવવો અને એક બાજુ તરફ નમી જઈ જોર કરવું અને જ્યાં સુધી ચીત ન થાય ત્યાં સુધી પગ તથા હાથની પકડ રાખવી એવો દાવ.

૪. સ્ત્રી ઘોડા કે વાહન ઉપર બેઠેલ માણસ; આરૂઢ વ્યક્તિ

૧. સવારી કરવા = (૧) ઘોડા ઉપર ચડવું. (૨) સહોબત કરવા માટે માથે ચડવું.

૨. સવારી ચડવી-નીકળવી = વાહન ઉપર અસવાર જવું

૩. સવારીનું ગાડું = એક જાતનું મુસાફરી માટેનું બંધ ગાડું.

૫. [ફા] સ્ત્રી ઘોડે બેસવું કે વાહન ઉપર બેસવું તે; સવાર થવું તે.

૬. સ્ત્રી. ઘોડે બેસવાની કળા

૭. સ્ત્રી. (સંગીત) ચતસ્ર જાતિનો એક તાલ. સોળ માત્રાનો અને પંદર માત્રાનો એવા તેના બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં પહેલી, પાંચમી, નવમી, તેરમી અને પંદરમી માત્રા ઉપર તાલ આવે છે અને બીજા પ્રકારમાં પહેલી, પાંચમી, નવમી, તેરમી અને ચૌદમી માત્રા ઉપર તાલ આવે છે. બીજી તાલી અને પાંચમી તાલી દોઢ માત્રાને અંતરે આપવાની હોય છે.

૮. સ્ત્રી. ઠાઠમાઠ જવું આવવું તે.

૯. સ્ત્રી. ઠાઠવાળો માણસ.

૧૦ સ્ત્રી દોડતું વાહન.

૧૧ સ્ત્રી પડાવ; મુકામ; છાવણી; ઠેકાણું.

૧૨ સ્ત્રી બેસનાર; બેસનાર તે; ચાકી વગેરેમાં બેસનાર ઊતારુ.

૧૩ સ્ત્રી. રવાસો

૧૪. સ્ત્રી. સરકાર ભેટલો વખત લડાઈ ઉપર રહે તેટલી મુદત.

૧૫. સ્ત્રી. વાહને ચડી ઠાઠમાઠથી વરઘોડા રૂપે ફરવું તે.

૧૬. સ્ત્રી. સફર; પ્રવાસે નીકળવું તે.

૧૭ સ્ત્રી ફુમલો; ચડાઈ, કૂચ

સવારીનજરાણો પુ. તાલુકદારની આમમાં પધરામણી વખતે આપવામાં આવતી ભેટ.

સવારું ૧. ન. ઉતાવળું; વહેલું.

૨. ન. વખતસર; સવેળા; સવળું.

મીરાં કહે સાહે થયું સવારું મુજને,
પરમપુરુષ ભેટ્યો ફ ન. દયારામ

સવાલ ૧. [અ. સવ્વલ (તેણે અરજ કરી) તે ઉપરથી સુવાલ (પૂછવું)] પું. અરજ; માગણી

૨ પું. કોયડો; દાખલો

૩. પું. પૂછવાનું તે; પ્રશ્ન.

સવાલ દર સવાલ = ઝીણવટભરી તપાસ.

૪. પું. લીખ.

૧. સવાલ કરવો—નાખવો = (૧) અરજ કરવી; માગવું. (૨) પ્રશ્ન પૂછવો. (૩) લીખ માગવી (૪) સાક્ષી તપાસવો.

૨. સવાલ દેવો = (૧) અરજ રજૂ કરવી. (૨) ઉકેલ માટે કોયડા નાખવા

૩ સવાલ પૂછવો = પ્રશ્ન કરવો

૪. સવાલ હલ કરવો = કોયડો ઉકેલવો.

૫. પું. મુસલમાનોના બાર મહિનો દશમો મહિનો

૬. પું. સુખન; બોલ; કથન.

સવાલખ ૧. પું. નેપાળ પાસેનો એક પ્રદેશ.

૨. વિ. સવાલાખનું.

સવાલખાની સ્ત્રી. કેસ સાંભળવો તે.

સવાલખી વિ. સવાલાખની કીમતનું; મૂલ્યવાન; બારે કીમતનું.

સુંદર સજ્યા શણગાર મદનમોહને **સવાલખી** રે. દલપતરામ

સવાલખું જુઓ સવાલખી.

સવાલચિહ્ન ન. (આકારણ) વાક્યને છેડે સવાલનો ભાવાર્થ બતાવવા વપરાતું આવું ? ચિહ્ન

સવાલજવાબ ૧. [અ. સુવાલ (પ્રશ્ન) + જવાબ (ઉત્તર)] પુ. પડપૂછ; તપાસ.

૨. પું. પ્રશ્નોત્તર

૩ પુ. ઝોલાઝોલી; વાદવિવાદ

૧. સવાલજવાબ ઔર પેરવી કરવી = કેસ ચલાવવો

૨ સવાલજવાબ કરવા = (૧) કેસ ચલાવવો. દલીલ કરવી. (૩) વકીલાત કરવી. (૪) સાહું કરવું

સવાલનામા [અ સુવાલ (પ્રશ્ન) + ફા. નામહ (લખાણ)] ન. પ્રશ્નપત્ર; સવાલપત્ર.

સવાલનામું ન. કોર્ટપિંચ શબ્દને સવાલો પૂછવાના હોય તે; કમીશનપત્ર; પરહદના સાક્ષીને સવાલથી પૂછવાનો લેખ; કોર્ટે મારફત પક્ષકારોને પરસ્પર તથા તેમના સાક્ષીઓને પૂછવામાં આવતા સવાલનો કાગળ.

સવાલપડતું વિ. સવાલરૂપ; શક કરેલ.

તારબાઈ અને રોબાબના લગ્ન સાહના જેવું કામ થઈ શકવું હોત કે કેમ એ **સવાલપડતી** વાત છે. મરાઠીવિમાસત

સવાલપત્ર પું ;ન. પ્રશ્નપત્ર; પૃચ્છાપત્ર; પરીક્ષાના સવાલનો કાગળ

સવાલપત્રક ન. પ્રશ્નપત્ર.

સવાલી વિ. લીખ માગનાર.

દસ્તાવેજ કાર ખોલ, અમે પરદેશી માગણાં; કોઈ આગે લાખ કરોડ, અમો સિરસાં **સવાલી** હું કલાનજી

સવા વીસ વિ સાચું; યોગ્ય; વાજબી

સવાવું ૧. અ.ક. ગમવું; ચેન પડવું; ગોઠવું.

૨. અ. ક્રિ. પકડાવું.

૩. અ. ક્રિ. પશુ માલનું ગાભણા થવું

૪. અ.ક્રિ હાવવું; પોતાના કામમાં પાર પડવું.

સવારોર ૧. પુ. ચડિયાતી વ્યક્તિ.

૨. વિ. એક શેર ઉપરાંત પા શેર વધુ હોય તેટલું.

૩. વિ. ઘણું; ખૂબ.

૪. વિ. ચડિયાતું.

૫. વિ. પૂરું, પૂરેપૂરું.

૬. વિ. મુખ્ય; અગ્રેસર; શિરોમણિ.

૧. શેરને માથે સવાશેર = એક એકથી ચડિયાતું

૨ સવાશેર માટી = સવાન. મહેનું માંસ અલ્પ હોવાથી તેને માટે સવાશેર શબ્દ વપરાય છે

૩ સવાશેર સોંઠી ચટવું = બહુ આનંદ થયો; બહુ સુખી થવું

સવાસ ૧. [સં.] વિ. વાસવાળું; ગંધવાળું

૨. વિ મહેવાસવાળું

સવાસણ સ્ત્રી. સુવાસણ; સૌભાગ્યવતી સ્ત્રી

સવાસન ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વાસનિ; વાસવિ, સુવાસ આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને લઘુ એમ સાત અક્ષરે આવે છે

૨. [હિં.] સ્ત્રી જુવાન સ્ત્રી.

૩. વિ. વાસનાવાળું મન

સવાસનિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સવાસન.

સવાસહું ૧. [સં. સુ (સારું) + વાસના (ઇચ્છા)] વિ. આછકછ; કાલાવાલા; નમ્ર વિનતિ; કરગરીને વિનવવું તે

નહિ નહિ કીધ તુજને **સવાસહાં**.
મોરબંનરામ ત્રિપાઠી

૨ વિ. ખુશામદ

૩. વિ. સામાને સારું લગાડવા તેને રુચતું મીઠું બોલવું તે; મીઠા કે પ્રિયકર બોલ બોલવા તે.

૪. વિ. સારું લાગે એવાં કામાં કાઢવાં તે; ખોટાં લાડ.

સવાસિન [હિં.] સ્ત્રી. જુવાન સ્ત્રી.

સવાસુગરાઈ પું (સંગીત) એક જાતનો રાગ.

સવાસૂરિયું વિ. સવા સવા વર્ષને આંતરે જન્મેલું.

સવાસો વિ. સો ને પચીસ; એકસો પચ્ચીસ.

સવાસ્તુભૂમિ [સં.] સ્ત્રી. જમીન જુમલો; જમીન અને તેની ઉપરનું સર્વ ઇમારતી બાંધકામ.

સવાં ૧. [હિં.] વિ. બહુ થોડું.

૨. વિ. સોમા ભાગનું

સવિ [સં. સર્વ–સવ્વ-સવિ] વિ. સર્વ; બધું; સઘળું

બાહને ગયલ આપણે સાંબર્યાં **સવિ** આકાશ.
ભાલણ

સવિકલ્પ ૧. [સં.] વ. વેદાંત પ્રસિદ્ધ એક સમાધિ. જુઓ સવિકલ્પ સમાધિ

૨. વિ. જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે તફાવત માનવું

૩ વિ વિકલ્પવાળું; જ્ઞાતા અને જ્ઞેય કે કર્તા અને કર્મના ભેદવાળું

વિ. સાપેક્ષ સમજી

આ આખા બ્રહ્માંડમાં કશી પણ વસ્તુ absolute નિર્વિકલ્પ નથી; relative તદન સવિકલ્પ છે
નરસિંહરાવ

૪. વિ સ્પષ્ટ; ચોખ્ખું

સવિકલ્પક [સં.] વિ. વિકલ્પવાળું

સાકાર (ઉપયોગ) તે જ્ઞાન અથવા સવિકલ્પક બોધ કહે છે અને નિરાકાર (ઉપયોગ)ને દર્શન અથવા નિર્વિકલ્પક બોધ કહે છે તત્ત્વાર્થસૂત્ર

સવિકલ્પજ્ઞાન [સં.] વ (વેદાંત) પ્રત્યક્ષપ્રમા, ઉપલબ્ધિ; વિશિષ્ટ જ્ઞાન. વૈશિષ્ટ્ય એટલે વિશેષ્યયુક્તપણાને વિષય કરનાર જ્ઞાન. જેમકે, 'હું ઘડાને જાણું છું' એ જ્ઞાન સવિકલ્પ છે કેમકે, વિશિષ્ટ એવા ઘટને વિષય કરનાર એ જ્ઞાન છે

નિર્વિકલ્પ જ્ઞાનને પાશ્ચાત્ય મનસ્તત્ત્વજ્ઞાનીઓ sensation કહે છે. ને **સવિકલ્પજ્ઞાનને** perception કહે છે. કમળાશંકર

સવિકલ્પસમાધિ [સં સ્ત્રી. (વેદાંત) એક પ્રકારની સમાધિ; જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયની કલ્પના સહિત આત્મામાં ચિત્તનું આરોપણ કરવું તે; સમ્પ્રજ્ઞાતસમાધિ; સગુણસમાધિ; જીવાત્મા અને પરમાત્માના એકપણાની ભાવના કરવી તે. યોગના આઠમા અંગરૂપ સવિકલ્પ સમાધિ કહેવાય છે. તેમાં જન્મથી જરા સુધીના સંસ્કારો નાશ પામતા નથી. સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર, નિર્વિચાર, સસ્મિતા, આનંદ એ સવિકલ્પ સમાધિના જ પ્રકારો છે. જ્યારે સ્થૂલ તત્ત્વોને લઈ ભાવના સ્થિર થવા માંડે ત્યારે આ સમાધિ થાય છે

સવિકલ્પિ (જૂ. ગુ.) સ. સૌ કોઈ.

મહારિ મરતહિ મોહ ન કર્મ,
સવિકલ્પિ નિ મનિ ભાયુ મર્મ. વિમલપ્રબંધ

સવિકાર [સં] વિ. પરિણામ કે વિકારયુક્ત.

સવિગત ૧. વિ. અહંકાર.

૨ [સં.] વિ વિસ્તારયુક્ત

સવિગ્રપાદિ પું પીળા કપડાંવાળા જૈન મુનિ

સવિગ્રહ ૧. [સં.] વિ. અસરલ. સંસારી આત્માની ગતિ અવિગ્રહ અને સવિગ્રહ હોય છે.

૨. વિ. વિગ્રહવાળું.

સવિચાર ૧. વિ. (જૈન) અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિવાળું.

૨. [સં.] વિ. ક્રમવાળી ક્રિયા સહિત.

સવિચારતા [સ] સ્ત્રી. અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ.

સવિચારાનુગતસંપ્રજ્ઞાતયોગ [સં.] પુ. વિચારાનુગતસંપ્રજ્ઞાતયોગનો એક પ્રકાર. જ્ઞાનદીપમાં ઉલ્લેખ છે કે, જે વિચારાનુગત સંપ્રજ્ઞાતયોગમાં ઉપર નીચે પડખે આદિ દેશ, વર્તમાન આદિ કાળ અને ઉપાદાનકારણ રૂપ નિમિત્ત એ વિશેષોવાળો મિશ્રિત સૂક્ષ્મ પદાર્થ પ્રતીત થાય છે. તે સવિચારાનુગતસંપ્રજ્ઞાતયોગ યા સવિચારસમાપત્તિ કહેવાય છે અથવા તન્માત્રાથી માંડીને પ્રકૃતિ પર્યંતના સૂક્ષ્મનો સાક્ષાત્કાર તે વિચાર કહેવાય છે અને તે વિચાર જ્યારે પોતપોતાના વિકારો અને દેશકાળ આદિના અનુભવ વડે મિશ્રિત થાય છે ત્યારે તે સવિચારસમાપત્તિ કહેવાય છે

સવિચ્છેદ [સં] વિ તૂટક તૂટક.

સવિજ્ઞાન [સં સ (સાથે) + વિજ્ઞાન] વ. વિજ્ઞાન સહિત

સવિતર્ક ૧. [સ] વિ તર્કવાળું; તર્કસહિત.

૨ વિ (જૈન) શ્રુતજ્ઞાન સહિત.

સવિતર્કાનુગતસંપ્રજ્ઞાતયોગ પુ. વિતર્કાનુગત સંપ્રજ્ઞાતયોગનો એક પ્રકાર. અર્થ–પદાર્થ અને જ્ઞાનના વિકલ્પ વડે મિશ્રિત હોય તેવો યોગ. જેમકે, હરિ એવો શબ્દ, હરિ એવો અર્થ–પદાર્થ અને હરિ એવું જ્ઞાન એ ત્રણે જો કે ભિન્ન ભિન્ન છે, છતાં એ ત્રણેના એકાકારપણા વડે મિશ્રિત હોવાથી તે સવિતર્કાનુગત સંપ્રજ્ઞાતયોગ યા સવિતર્કસમાપત્તિ કહેવાય છે.

સવિતા ૧ પું. ઇંદ્ર.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, નગણ, મગણ અને યગણ મળી ૧૨ અક્ષર હોય છે.

૩. પું. ગાયત્રીના ચોવીશ માહેનો એક દેવતા.

૪. પું (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાં થઈ ગયેલો પાંચમો વ્યાસ.

૫. [સં સવિતૃ (સરજનહાર)] પુ. પરમાત્મા; ઈશ્વર; અંતર્યામી; સરજનહાર; પ્રભુ.

૬. પું. પિતા; પેદા કરનાર; ઉત્પન્ન કરનાર

જાતા જનક **સવિતા** પિતા આપ તુજ મુજ ધામ;
તવ કર મહી નદલાલને નિશ્ચય દેશે ભામ.
વિજયાનુજોષ

૭. [સં. સ (પ્રેરવું)] પુ. પ્રેરક; પ્રેરનાર; પ્રાણીઓને પ્રેરણા કરનાર.

તેજોનિધિ સૂર્યનારાયણે પ્રાતઃકાલથી ભિન્ન ભિન્ન પ્રાણીઓને ભિન્ન ભિન્ન ઉદ્યોગોમાં પ્રેરીને, પોતાનું સવિતા-પ્રેરક નામ સાર્થક કર્યું છે
કર્યે તિર્યંવાસ

૮. પું. પ્રેરક આત્મા.
સવિતા એટલે પ્રેરક આત્મા
આનંદશંકર ધ્રુવ

૯. સ સૂ (પેદા કરવું)] પુ બાર આદિત્યોનો એક આદિત્ય. રવિ સૂર્ય; સૂર્યનાં અનેકનો આઠ માંહેનુ એક ના.મ. વેદોમા સવિતૃનાં જે લક્ષણો આપ્યાં છે તેથી સવિતૃ એટલે પોતાના પુજ્ય તેજમાં પ્રકાશતો સૂર્ય. સવિતૃને સુવર્ણનેત્ર, સુવર્ણકર અને સુવર્ણજન્ય પણ કહે છે. સાત રક્તવર્ણની, પવનપાદવાળી ઘોડીઓથી જોડેલા રથમાં બેસી તે આકાશમાં ફરે છે પ્રાણીમાત્રને જીવન આપનાર અને જાગ્રત કરનાર તરીકે પ્રત.કાળે તે પોતાના સાત સુવર્ણકર કાંચ. કરે છે. સર્વે પ્રાણીને નિદ્રામાથી જગાડે છે, તેઓમાં ઉત્સાહ પ્રેરે છે અને સાજે તમને નિદ્રામાં લીન કરે છે એવુ વેદમા તેનુ વર્ણન છે.

૧૦. પું. વિષ્ણુનાં કલ્યાણ માંહેનુ એક નામ. કેમકે તે સર્વને ઉત્પન્ન કરનાર છે વળી બુદ્ધિમાં જ્ઞાનને ઉત્પન્ન કરનાર પણ તે જ છે

૧૧. પું. શિવનાં કલ્યાણ માંહેનું એક નામ

૧૨. [સં. સવિતૃ] પું. સર્વે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર દેવ. શ્રુતિ પ્રમાણે સવિતાનો અર્થ બ્રહ્મ કે ઈશ્વર થાય છે. શ્રી શંકરાચાર્ય ગાયત્રીના ભાષ્યમાં લખે છે કે, સવિતા એટલે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય સર્વ પ્રપંચરૂપ જગતનું અધિષ્ઠાન. શ્રી સુરેશ્વરાચાર્ય પોતાના વાર્તિકમાં લખે છે કે, સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર તે સવિતા. શ્રી વલ્લભાંકમાં જણાવે છે કે, ચાર પ્રકારના પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ ને મોક્ષની સિદ્ધિ માટે જગતરૂપી આધિભૌતિક સ્વરૂપ ધારણ કરનાર પ્રભુ સવિતા કહેવાય છે

૧૩ પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્ર; એ નામે એક દેવ નક્ષત્ર.

૧૪. સ્ત્રી. (પુરાણ) અદ્ધ નામના વસુની ભા અને ધર્મપ્રજાપતિની સ્ત્રી; રતા.

સવિતાર્ચિ ૧. સ્ત્રી. તેજ; ઝગઝગાટ; પ્રકાશ.
૨. સ્ત્રી. બહાદુરી
૩. સ્ત્રી સત્તા, બળ; શક્તિ; પ્રભાવ.
સવિતાર્ચિ સેવકથી કવિતાર્ચિ કો કરત
બલ્લાળ

સવિતૃ ૧. [સં] પું. આકડાનો છોડ.
૨ પું. જગત્સ્રષ્ટા પરમેશ્વર.
૩. પું. સૂર્ય.
૪. પું હસ્ત નક્ષત્ર.
૫. જુઓ સવિતા.

સવિત્ર ૧ પુ અગિયાર માંહેનો એ નામે એક રુદ્ર
૨. (સં.] ન. ઉત્પત્તિનુ કારણ; જન્મનુ કારણ.

સવિત્રી [સં.] સ્ત્રી. માતા; મા.

સવિદા ન. દારુની ભોકોના કબાલાના ગામોનુ મુખ્ય મથક સાં જગલના અમીર રહે છે.

સવિદ્ય [સં] વિ. વિદ્યાવાળું; વિદ્વાન; જાણેલ.

સવિધ ૧. [સં.] વિ. નજદીકનું; પાસેનું
૨. વિ. પ્રકારવાળુ
૩. વિ. વિધાનવાળુ

સવિનય ૧. [સં. સ (સહિત) + વિનય (વિનંક)] વિ નમ્ર; વિવેકી; વિનયી; વિનયપૂર્વક
૨. અ વિનય સહિત; વિનયપૂર્વક; નમ્રતાથી.

સવિનય અનાદર [સં.] પું. સવિનય ભંગ; સવિનય અસહકાર.

સવિનય અવજ્ઞા [સં. [સ્ત્રી. નમ્ર રહીને કાયદાનો ભંગ કરવો તે; સિવિલ નાફરમાની

સવિનય નિરાદર પું. વિનયસહિત નિરાદર

સવિનયભંગ પું. અન્યાયી કે અધર્મી કાયદા કે હુકમનો વિનયપૂર્વક ને વિવેકથી અહિંસાયુક્ત ભગ કરવો તે. ગાંધીજી લખે છે કે, રસાયનશાસ્ત્રમાં જે મેળવણી મનાય છે: એક સામાન્ય, જેમાં બધી વસ્તુઓ પોતપોતાનો ગુણ રાખે છે; બીજું એવું મિશ્રણ જેમાથી એક ત્રીજી જ વસ્તુ પેદા થાય છે જેનો ગુણ એમાંથી એકે મૂળ વસ્તુની સાથે મળતો નથી. સવિનય ભંગ એ એક એવું રસાયણી મિશ્રણ છે. તેમાં ભંગનું એક પણ ખરાબ પરિણામ ન હોય અને તેમાં કેવળ વિનયથી થતાં પરિણામો આપણે જોતા જ નથી. વિનયની સાથે ઘણી વેળા આપણે નમ્રતાની જોડીએ જોઈએ, ભંગની સાથે ઉદ્ધતાઈ, અભદ્ર કલ્પનાદિ જોડીએ જોઈએ. સવિનય ભંગમાં તો કેવળ નિર્ભયતા અને નિર્ભયતા જ હોવાં જોઈએ

સવિપાકનિર્જરા [સં.] સ્ત્રી. (જૈન) જે કર્મ ઉદયમાં આવી સુખ કે દુઃખરૂપ ફળ આપી ક્ષય થાય તે કર્મ.

સવિપુલા પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ વક્ત્રાદિનો ભેદ છે. તેમા વિષમપાદે ચોથા અક્ષર પછી સગણ આવે, બાકી સવિપુલા મુજબ હોય છે

સવિમર્શસ્મૃતિ [સં] સ્ત્રી ચિત્રિક સ્મૃતિ

સવિયાણ અ. (ગારુડી) પ્રભાતમા; સવારના પહોરમા

સવિરામજ્વર પુ. વિષમજ્વર.

સવિલાસ ૧. [સં. સ (સહિત) + વિલાસ (રમત)] વિ. વિલાસ કરતું; આનંદી, મજા ઉડાવતુ.
૨. અ. વિલાસ સાથે; આનંદથી; મજેથી.

સવિવેક ૧. [સં. સ (સાથે) + વિવેક)] વિ. વિચારવાન; સજ્ઞાન; સહેતુક
૨. અ. વિવેક પુરઃસર; વિવેક સહિત

સવિશિષ્ટ વિ. ઘણું વધારે
આપણા પ્રતિ તેમને કંઈ **સવિશિષ્ટ** પક્ષપાત લાગે છે. ગજેંદ્રશંકર પંડિત

સવિશેષ ૧. [સં. સ (સહિત) + વિશેષ (વધારે)] વિ. અત્યંત; ઘણુ.
૨. વિ. ઉત્તમ; મુખ્ય, અપ્રતિમ.
૩. વિ. ખાસ; અસાધારણ
૪. વિ. તફાવતવાળુ; ભેદવાળું; ભિન્નતાવાળુ.
૫. વિ. વિશેષતા ધરાવનાર; વિશિષ્ટ ગુણ ધરાવનાર; વિશિષ્ટતાવાળુ.
૬. અ. ખાસ કરીને; વિશેષ કરીને.
૭. અ. ખૂબ જ; વિશેષ પ્રમાણમાં.

સવિશેષપુરુષ [સં.] પું. નરપુંગવ; અતિમનુષ્ય; 'સુપરમેન'.
જેને હાલમા Superman **સવિશેષપુરુષ** કહેવામાં આવે છે તેનો Superman સવિશેષપુરુષ મનુષ્ય થઈ શકે છે.
પાદિ. કોષ

સવિષય [સં.] વિ. વિષય રૂપ સહિત.
સકલ **સવિષય** યોગ એ તેનું આપે એવી પેર જ્ઞાન.
પ્રાચીન કાવ્ય

સવિસંજ્ઞ [સં.] વિ. ગોપનીય; જાનગી

સવિસ્તર ૧. [સં. સ (સાથે) + વિ (વિશેષે કરીને + સ્તૃ (ફેલાવુ) + અ] વિ. વિસ્તારયુક્ત; લાબાણવાળુ.
૨ અ વિસ્તારપૂર્વક; વિગતવાર

સવિસ્મય ૧. [સં સ (સાથે) + વિસ્મય (આશ્ચર્ય)] વિ અચરજો પામેલું; અજાયબ થયેલુ; આશ્ચર્યવાળુ.
૨. વિ. સાહસશીલ; વહેમમાં પડેલું.
૩. અ. અજાયબી સહિત; આશ્ચર્ય સાથે.

સવીર્ય [સં] વિ એક પિતાથી ઉત્પન્ન થયેલ

સવીરો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. માગધી પિંગળ પ્રમાણે આ છંદ સાટક છંદનો એક ભેદ છે તેમાં ૧૦ ગુરુ અને ૧૦૦ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

સવું વિ. (જૂ. ગુ.) શુભ.
સામુદ્રિકના લક્ષણ સવાં,
છઈ અધિક અગિઈ અલિનવાં. વિમલપ્રબંધ

સવૃદ્ધિકદોષ પું. (જૈન) સાધુને વહોરાવવા માટે જોઈતું કિંમતીનું બીજું હોય તેથી વિશેષ તેને પાછું આપવું પડે તે

સવે ૧. વિ. સારું; રૂપું
૨. અ સુવ્યવસ્થિત રીતે; ઠેકાણ, રસ્તે
૧. સવે કરવું = (૧) ઠેકાણે કરવું. (૨) મરી જવું
૨ સવે પડવું = (૧) અનુકૂળ થવું. (૨) બરોબર ભોગવવું, ઠેકાણે પડવું
૩ સવે લાવવું = બધું બેસાડવું, ઠેકાણે લાવવું
૩. અ શબ્દ; ગુજ. તે સારા માઠાના શિવમ્–શમ્ એવા અર્થમાં વિવાદવાળી ભાષ્યતમા બોલાય છે

સવેગ [સ. સ (સાથે) + વેગ (ઝડપ)] અ. ઝડપથી.

સવેજણ ૧. [સ. સર્વજન] વિ સામમટે
૨. વિ. સામાન્ય; સાર્વજનિક.

સવેજન જુઓ સંવેજણ.

સવેદ [પ્રા.] વિ સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ ભાવોના એક વેદ સહિત; વિકારવાળું; સવેદી; સવિકારી.

સવેદી વિ વિકારવાન

સવેય ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક પ્રાચીન તીર્થ.

સવેયસ પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

સવેર [હિ.] અ. જલદી; ઉતાવળથી.

સવેરા ૧. [હિ] પું સવાર; પ્રભાત.
૨ અ સવેળા; જલદી, વખતસર.
અવસર આયો બહુ નહિ આવે,
સમજ સમજને સવેરા. પ્રાચીનકાવ્ય

સવેરી ૧ પું. (સંગીત) એ નામનો એક રાગ.
૨ અ. જબરાઈથી
૩. અ વખતસર; સવેળા.
કામ દહાડું દેઈ ચેતાવે.
ઉઠ્યા ચેત સવેરી. નરસિંહ મહેતો
૪. અ. સવારે
મનમે સાજ સવેરી. મીરાંબાઈ

સવેરું ૧. ન. સવાર.
૨. અ. સવેળા; ઉતાવળે.
પાણી મુકાણ તહું પતિ લગીઈ
સર્વ પ્રકર તહું જ સવેરું પંચતંત્ર

સવેરે [હિં] અ. પ્રભાતમાં; પરોઢિયે

સવેલડું (સવેલડાં) ન. સવેલું.
૬ સવેલડાં લઈ જનારા શાહુકાર માગે ચેર
વાનવેજ ઘરકો છે. સોદી બહારવટિયા

સવેલી ૧. સ્ત્રી. સમજણ કરેલી પણ પછી બીજે આપેલ કન્યા
૨. વિ સ્ત્રી. છોકરાં સાથે નાનપણે આવેલી
૩. વિ સ્ત્રી. વહેલી; ઉતાવળી
૪. વિ સ્ત્રી. સગાઈ થઈ હોય છતાં બારોબાર બીજે પરણાવી દીધેલી

સવેલીચોર પું. બીજાની કન્યાને ઉપાડી જનાર માણસ

સવેલું ૧. ન. બચતવાળી સ્ત્રી.
૨. ન વેસવાળું નગારું
૩. ન વેવિશાળ થયેલ અથવા પરણેતરનો કેડાછેટકો થયા પહેલા બીજે ઠેકાણે દીધી હોય તેવી સ્ત્રી
૪. વિ. વસવાળું; જેના મૂળનો વંશો વધેલો હોય તેનું
૫. વિ. વેલાવાળું; રોપાવાળું

સવેશ ૧. [સ.] પું પ્રાતઃકાળ
૨. વિ. નીકટનું; પાસેનું
૩. વિ વેશવાળું.

સવેળ અ. વેળાસર; વખતસર
હિરી હુંચાને ઓલખતાં અંતે સવેળ પીયું લલિત

સવેળા ૧. [સ. સ (સારો) + વેલા (વખત)] સ્ત્રી સારો વખત; સુઅવસર
૨. અ. વખત પહેલા; આગળથી; સમય ઉપર
૩. અ વેળાસર; વખતસર
સવેળાએ સપરેલું કવેળાએ કામ આવે = સમયો સાચવે કામ સાધે.
૪. અ. સારે પ્રમાણે.

સવેળું વિ. વહેલું; સમય મુજબનું

સવૈ ૧. સ્ત્રી. એકનો સવા લેવો તે; સવાગણું લેવું દેવું તે.
૨. સ્ત્રી ચોથા ભાગ જેટલું વધારે હોવાપણું
૩ સ્ત્રી પોલીસની પાવડી અથવા ફેરો
૪. સ્ત્રી. પોલીસનો ચાંદ વગરનો ફેરો.
સવૈની ચિઠ્ઠી–સવૈનો પંચો = એકને બદલે સવા લખાવી લઈ આપે ધીરવાનો પંચો.
૫. સ્ત્રી. ભરપા ઉપર કામ કરવું તે; નીમેલા વખત ઉપરાંત બીજે વખતે કામ કરવું તે.
૬. સ્ત્રી. વધારાના વખતમાં કરેલા કામ બદલની મળતી મજૂરી.
૭. સ્ત્રી. વધારાના વખતમા કરેલું કામ.
૮. સ્ત્રી. સવાઈ; સવાગણું તે; સવાયું લેવાદેવાની રીત.

સવૈડું (સવૈડ) વિ. નીચું.

સવૈયાં [હિં] સ્ત્રી. સેવ

સવૈયો ૧ પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને કમલા, મુદિર, મલ્લી, સુમિલા, માધવી, અમલા, ચંદ્રકલા, મુગ્ધ, સુદરી, સુખદા અને સુખદાનિ પણ કહે છે. તેના દરેક ચરણમા આઠ ભગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે તેમાં બારમા અક્ષર પછી યતિ આવે છે
૨ પું (પિંગળ) આકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માનિની; લલિતા; દિવા; માલિની; સુંદર. તેના દરેક ચરણમાં સાત ભગણ અને ગુરુ મળી બાવીસ અક્ષર હોય છે
૩. પું. (પિંગળ) ઉત્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વશવદ. તેને સુખ, સામન, અંજુજ, કુદમતા, કિશોર પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ ભગણ અને બે લઘુ મળી બત્રીસ અક્ષર હોય છે. તેમાં બારમે અક્ષરે યતિ આવે છે.
૪. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; વીર. તેમાં ૩૧ માત્રા હોય છે તેથી તેને એકત્રીસા સવૈયા કહે છે. તેમાં ૧૬મી માત્રા પછી યતિ આવે છે. ચરણને અંતે ગુરુ અને લઘુ આવે છે અને ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯મી માત્રાએ તાલ આવે છે.
૫ પું (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૩૨ માત્રા હોય છે તેથી તેને બત્રીસા સવૈયા કહે છે. તેમાં ૧૬મી માત્રા પછી યતિ આવે છે ચરણને અંતે બે ગુરુ હોય છે અને ૧, ૫, ૮, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯મી માત્રાએ તાલ આવે છે.
૬. પું. (પિંગળ) વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચકોર; ચિત્તપદા; લલિતા. તેના દરેક ચરણમાં સાત ભગણ, ગુરુ અને લઘુ મળીને તેવીસ અક્ષર હોય છે
૭. પું. (પિંગળ) વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મત્તમાતંગ; મત્તમાંદ; માલતી; ઇંદ્રવિજય; ઇંદ્રવ; મધુમાલતિકા; જોબા તેના દરેક ચરણમાં સાત ભગણ અને બે ગુરુ

મળી તેત્રીસ અક્ષર હોય. તેમાં બારમા અક્ષર પછી યતિ આવે છે.

ચાર શિવે યતિ આ દસ અન્ત ગ,
બે પદ મત્તગજેન્દ્ર સવૈયા.

રત્નપિંગળ

૮. પું (પિંગળ) વિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. મલિંદ; મોનિની, સમુખી, દ્રુતમધ્યા તેના દરેક ચરણમાં સાત જગણ, લઘુ અને ગુરુ મળી તેત્રીસ અક્ષર હોય છે

૯ પુ (વિગળ) સંસ્કૃતિની જાતનો. એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ આજ૨. તેના દરેક ચરણમાં આઠ તગણ એમ ચોવીસ અક્ષર હોય છે

આવો તમે આઠ ના પાદે પાદે
ગાવી નામ પરી સવૈયા ચ આકાર

ઝવેરિપિંગળ

૧૦. પુ. (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને દુમિલા, મદિરા, દ્રિમિલા, દુર્મિલ, ચટકલા, દોમલયા, મુકુદ, કૃષ્ણકંદ, ઘોટક પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ સગણ એમ ચોવીસ અક્ષર હોય છે

૧૧. પું (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને દેવ, મહાભુજગપ્રયાત, મહાભુજગ, ભુજગ, સુધાંપ, મહાનાગ પણ કહે છે. તેના દરેક ચરણમા આઠ યગણ મળી ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ આવે છે

કરે. આઠ મા દેવમાં બાર ઉદે.
ભુજંગે-મહાનામ પાદે સવૈયે. રત્નપિંગળ

૧૨ પું. (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને માધવિકા, કોક, મધવી, મકરંદ, વામ, વામા અને મંજરી પણ કહે છે તેના દરેક ચરણમાં સાત જગણ અને ગગણ મળી ચોવીસ અક્ષર હોય છે

જ સાત પછી મ પદે ધરી મંજરી-
માધવિકા રચ કોક-સવૈયા

રત્નપિંગળ

૧૩. પું. (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને વિબુધ, દોકી, સુરેશ્વર, માધવી, સુખદા, મુક્તાહરા પણ કહે છે તેના દરેક ચરણમા આઠ જગણ એમ ચોવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ આવે છે.

૧૪. પુ (પિંગળ) સંસ્કૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને સ્વર્ગિણીહીડન, ત્રોટક, જાનકી, અજના, ત્રમાધર, લક્ષ્મી, લક્ષ્મી પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ રગણ એમ ચોવીસ અક્ષર હોય છે.

સવો પું. ઓથ; આધાર.

સવો લેવો = કમાડની આડે ઓથ લઈને ઊભા રહેવું

સવ્ય ૧. પુ (સિદ્ધ) પ્રવેશનો એક પ્રકાર; પ્રથમ આરણામાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ નમીને કરવામાં આવતો પ્રવેશ.

૨ પુ બાણ

૩. પુ વિષ્ણુ.

૪ પું. મંદાર માર્ગ; પૂર્વમાંથી પ્રથમ ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ અને પાછા પૂર્વમાં આવવામા તે.

૫. ન ઉપરીત, ડાબા ખભા ઉપર ધારણ કરેલું જનોઈ.

૬. ન. જનોઈ ડાબે ખભે રાખવાની ક્રિયા.

૭. ન. (સિદ્ધ) ડેલીમાં દાખલ થઈ જમણા હાથ તરફ પ્રવેશ થઈ શકાય તેવી રચનાનુ ઘર

૮. વિ. ડાબું; દક્ષિણ તરફનું; વામ.

૯. વિ. ડાબે ખભે રહેલું.

૧૦. વિ. દક્ષિણ; જમણું

૧૧. વિ. પ્રિય.

૧૨. વિ. સારું; ઘટિત

૧૩ વિ. સુગમ, સવડ પડતું.

૧૪. અ. ડાબે ખભેથી જમણી કુખ તરફ ફરતું બાય તેમ.

સવ્યભિચાર ૧. પું (ન્યાય) ન્યાયના પાંચ અવયવોનો એક હેત્વાભાસ; અનૈકાંતિક હેત્વાભાસ.

૨. પું. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી વસ્તુઓ પૈકીની એક.

સવ્યમધ્યમ જ. મંગ, તારા, સૂર્ય અથવા નક્ષત્રોનુ જે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશા તરફ અનુક્રમે જે જમણુ દેખાય છે તે. આ સવ્યમધ્યમ ઉત્તરધ્રુવમાં દેખાય છે.

સવ્યસાચિતા સ્ત્રી. ડાબોડિયાપણું.

સવ્યસાચી ૧. [સં.] પું. અર્જુન; પાર્થ; ડાબે હાથે પણ ધનુષ્ય પર ચડાવીને બાણ મારવાની કુશળતાને લઈને પડેલું અર્જુનનું એક નામ.

તો ઊઠ તું, મૈથુન ખીતિ, પાર્થ!
છતી રિપુ આયત રાજલક્ષ્મિ,
દયાયા છે દુષી પૂર્વે જ સૌ તે.
નિમિત્ત થા માત્ર તુ સવ્યસાચી! કવિતા

૨. પુ બાણનું ઝાડ

૩ વિ ઉત્તમ હસ્ત કુશળ; બને હાથે સરખી રીતે કામ કરી શકે તેવું; ડાબે હાથે પણ જમણા હાથ જેવે કુશળ

૪. વિ. ડાબે હાથે પણ તીર મારનાર.

૫ વિ. ડાબેરિયું.

સવ્યા ૧ [સ] સ્ત્રી ડાબે ખભે રાખેલી જનોઈ

૨. સ્ત્રી. ડેલીમાં દાખલ થઈ જમણા હાથ તરફ પ્રવેશ થઈ શકાય તેવા ઘરની રચના.

સવ્યાપસવ્ય ૧. [સં. સવ્ય + અપસવ્ય] વિ. ખરું ખોટું

સવ્યાપસવ્ય કરવુ = (૧) પચાસી પાડવું. (૨) મતાડવુ

૨. વિ. ડાબું જમાડું

ઘડિયાળનુ લોલક બરી ચૂક્યું છે, પણ પાકુ વળવાની રાહબાત થઈ નથી એ સ્થિતિની, અથવા વિદ્યુતપ્રવાહો સવ્યાપસવ્ય (Alternate) થતા હોય એવી ધ્રુવ અથવા એમાંથી સૂર્યના કિરણો કે પાણીનાં ટુપારો પ્રકાશનિરંધ્ર (Intermittent) થતા હોય ત્યારે એ સ્થિતિ વચ્ચેના સંયોગની પણ ઉપમા આપી શકાય

જીવનવ્યવહાર

૩. વિ. સારું નરસું.

સવ્યાપાર વિ અક્રિય; સચેષ્ટ

ઇચ્છા વ્યાપાર કરતી વખતે મન સવ્યાપાર (Active) પ્રવૃત્તિના પાંચે છે

મણિલાલ નભુભાઈ

સવ્યાપારાવસ્થા સ્ત્રી. જીવની જાગ્રત અવસ્થા.

સવ્યાલી પું. (પિંગળ) અતિજગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર મગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે

સવ્યાલીમા તેર ગુરુ આવે છે પ.દે.

રત્નપિંગળ

સવ્યેતર વિ. જમણું

સવ્યેષ્ઠ [સં.] પું. સારથિ.

સવ્યૂઢ [પ્રા.] વિ. સર્વાંગે સિદ્ધ.

જિણદ સવ્યૂઢ વિમાણ હું લી. મેઘરાજજી

સવ્યંગો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. માગધી પિંગળ પ્રમાણે આ છંદ સાઠક છંદનો એક ભેદ છે. તેમાં ૪૬ ગુરુ અને ૪૮ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

સવ્વાલ પું. મુસલમાની એક મહિનો; મહોરમથી દસમો માસ.

સવ્વાસ્ત્ર ૧. વિ પ્રાપ્તિ કરનાર; ઉદ્યમી.

૨ [સં.] વિ. શક્તિવાળું; સત્વશીલ; જોરાવર.

સવ્વાઙ્દફિયા સ્ત્રી (સંગીત) ક્રિયાના બે ભાંડોનો એક પ્રકાર; કોઈ પણ તાલમા તાળી આપવાની ક્રિયા તેના ચાર પ્રકાર છે: ધ્રુવ, સંપા, તાલ અને સન્નિપાત

સસાર [સ. સ (સાથે) + સાર (બાણ)] સ. બાણ સહિત

સશરત [સં] વિ. શરતી; શરતવાળું.

સશસ્ત્ર ૧. જી. ઊડી નામની મલખમની કસરતની ત્રણ મ.હેની એક જાત

૨. વિ. શસ્ત્રવાળું; હથિયારબંધ; સજ્જ સાથે; શસ્ત્રસજ્જ

સશંક વિ. શક.વાળું

સશંખચક્ર ૧. [સં] પું શ્રીકૃષ્ણ; શંખચક્ર ધારી શ્રી.કૃષ્ણ.

૨. વિ શંખલા ને ચક્રવાક પક્ષીવાળું

આ સરોવર સિરોમણિ દૃષ્ણ જેવું લાગે છે કેમકે તે સશંખચક્ર છે. પુરાતત્ત્વ

સશાસ્ત્ર [સ.] વિ. શાસ્ત્ર પ્રમાણેનું.

સશાસ્ત્રતા [સં] જી. કામદેસરપણું.

સશાસ્ત્રીય [સ.] વિ. શાસ્ત્ર સબંધી.

સશુદ્ધા પું. (સંગીત) કર્ણાટક તરફ વપરાતા સોળ માત્રાનો પહેલો શ્રુતિ સ્વર.

સશૌકું ૧. વિ. ઉષ્ણ

૨ વિ ઠંડુ.

સશોષ [સં.] વિ. શેષ રહે તેવું.

સશોષ ભાગાકાર પું (ગણિત) ભાગાકારના દાખલામા એક સંખ્યાને બીજીએ ભાગીએ તો જ્યારે છેવટ શેષ બાકી વધતો હોય તેવા ભાગાકાર; જેમાં શેષ રહ્યા કરે તેવો ભાગાકાર.

સશોક ૧ [સ.] વિ દુઃખિત; શોક સહિત.

૨. વિ. પીડિત.

એમ સશોક હૃદયે કહેવું પડે છે.
મણિલાલ નભુભાઈ

સશ્રમકારાદંડ [સં.] પું. સખત કેદ; સખત મજૂરી સાથે કેદ.

સશ્રમકારાવાસ જુઓ સશ્રમકારાદંડ

સશ્રીક ૧ [સં.] વિ. શ્રીમંત.ળ

૨. વિ. સમૃદ્ધ

સશ્રીકતા [સ.] જી. તાલેવંત હોવાપણું

સશ્વાસનાલી પું. હવામાં રહેનાર સંધિપદી; 'ટ્રેકોએટા'. તેને શ્વાસ લેવા માટેનું તેમનુ અંગ શ્વાસ નાલિકા (ટ્રેકિયા) નામની શાખાવાળી નળી હોય છે. એના સહસ્રપદી (મિરિયાપોડા), ષટ્પદી (ઈન્સેક્ટા), અને જુદા જાતિ (એરેકિનિડા) એવા ત્રણ ભાગ છે. આ છેલ્લા ભાગમા કરોળિયો આવે છે.

સષરા વિ (જૂ. ગુ.) સ્વાદિષ્ટ

ચરણ કમલ નમિ જાપસુ
કેઈ સષરા આહાર.
કાન્હડદેપ્રબંધ

સષા જી. (જૂ. ગુ.) શાખા; વિભાગ.

સસ ૧. [સં શસ] પું. સસલો

૨. ન. ઘા-વ; જખ્મ.

૩. ન. (કચ્છી) સાસુ.

સસકાર જી. ચીસ; રાડ.

મસ્ત હાથિય સસકારથી જંગલ ધ્રુજવા લાગી.
વિશ્વ.નવિલાસ

સસકપ [સ. સસાક્ષ્ય] વિ. (જૈન) કેવળીની સાખે

સસટ અ. સાફસાફ; સ્પષ્ટ રીતે

જ્યારે, જેમારે જન્મ ન ધરતી સસટ કેયું.
દયારામ

સસડવું (સસડવું) ૧. અ. ક્રિ. અત્યંત દુઃખી થવું.

કોઈને ભિક્ષા માગવાં શરમ આવે, તોઈ ભૂખે દાદે સસડે. નવદર્શન

૨. અ. ક્રિ. ઘી કે તેલમાં પાકવું; ધમધમવું, ઊકળવું; ગરમ ચીકટમાં અદબદ થવું; તળાવું; સડ સડ અવાજ સાથે ખૂબ ઊકળવું.

સસડાટ (સસડાટ) અ એકદમ; સડસડાટ

સસડાવવું (સસડાવવું) ૧. સ. ક્રિ. ગરમ થઈ અદબદે તેમ કરવું; પકવવું.

૨. સ ક્રિ. પકાવવું; તળવું; તેલ કે ઘીમાં ખૂબ ગરમ કરવું; કકડાવવું

૩. સ. ક્રિ. સડસડ પી જવું

૪. સ. ક્રિ. હલાવવું; ખસે તેમ કરવું.

સસડો (સસડો) પું. ઢાંકેલા વાસણમાં ઊકળતા પાણીથી થતો અવાજ.

સસણવું જુઓ સસણવું

સસણાટ પું. સણસણાટ; સસણવું તે.

સસણી ૧ જી શ્વાસ લેતા મૂકતા છાતી અને ગળામાં કફ જોરે એવો બાળકને થતો એક રોગ; નરમ પ્રકારનો ત્રિદોષ; વરાધ; ભરાણી; વાવલી; ગધેડી; ભૂંડી. કફકારક પદાર્થ સેવન કરવાથી આ રોગ થાય છે. કોઈ વખતે મોટા માણસને પણ આ રોગ થાય છે. ખૂબ ઠંડા માણસને આ રોગ થવાનો વધુ સંભવ છે આ રોગ કોઈ પણ ઉમરે થાય છે પણ ખાસ કરીને મધ્યમ વયના માણસોમાં વધુ પ્રમાણમાં થાય છે. ભેજવાળી હવા જ્યાં હોય ત્યાં એ વધુ પડતો જોવામાં આવે છે. ધૂળ ઊડવાથી, બહારની ઠંડી હવા શ્વાસમાં જવાથી, ખૂબ ઠંડીમાં ફરવાથી આ રોગ થાય છે. શિયાળામા એની શરૂઆત થાય છે પણ ધીમે ધીમે વધીને તે ખૂનો થાય છે અને ભયંકર સ્વરૂપ પકડે છે. બીજા ચેપી રોગોમાંથી પણ આ રોગનો ઉપદ્રવ થાય છે. અંદરની નળીમાં સોજો આવવાથી અને ગોઠીની નળીઓમાં ભરાડો થવાથી પણ આ રોગ ઉત્પન્ન થાય છે. શરૂઆતમાં શરદી જણાય છે શરદી ધીમે ધીમે બંધ થઈ અંદર કફ જામે છે અને શ્વાસ લેવામાં થોડી થોડી મુશ્કેલી નડે છે. ઉષ્ણતામાન સાધારણ રહે છે. કોઈ પણ કામ કરતાં થાક લાગે છે અને શ્વાસ જોરથી ચાલવા માંડે છે. બેચેની જણાય છે, આંખો બળે છે, વાંસો તૂટે છે, પગ દુખે છે, માથું દુખે છે ને ખાવા-પીવાનું ભાવતું નથી. વધારે ભયંકર સ્થિતિમાં દરદી બેશુદ્ધ પણ થઈ જાય છે. શ્વાસોચ્છ્વાસની ગતિ વધીને બધા અવયવો ખૂબ જોરથી હાલતા લાગે છે. ઘણી વખત કાનમાં બહેરાશ આવે છે. નાડીની ગતિ વધી જાય છે. હૃદયના ધબકારાઓ શરૂઆતમાં વધારે દેખાતા નથી પણ પાછળથી નબળા પડી ધીરી ગતિએ ચાલતા હોય તેવુ જણાય છે આ પ્રકારનાં કારણો જાગ્રત પહેલા પેટા પ્રકારને મળતાં જ આવે છે. આ રોગ બાળકોને બીજા મોટા રોગોમાંથી જન્મે છે. ઇન્ફ્લુએન્ઝા, શીતળા, પ્લેગ, ટીફોઇડ, વગેરે રોગોમાંથી આ રોગ જન્મે છે શ્વાસ લેતી વખતે છાતીના અવયવો ખૂબ જોરથી ઊંચા-નીચા થાય છે. અવાજ ઘણી વખત ધીરો પડી જાય છે અને ઘણી વખત ખોખરો બની જાય છે. જો સસણીનું સ્વરૂપ પાછળની નળીઓમાં હોય હૃદયના જમણા ભાગનો ઉપરનો ભાગ ફૂલેલો જણાય છે અને અવાજ ધીરો લાગે છે. ઘણી વખત શ્વાસોચ્છ્વાસમાં બળબળ અવાજ આવે છે. કોઈ વખત ગોઠી સાથે બળબો આવે છે. ઘણી વખત આવો ગોઠીનો કફ નીકળે છે. સસણી જૂની થવાથી એમાંથી કેટલીક વખત દમનો રોગ થાય છે. દમ થયા પછી મટવો ઘણો મુશ્કેલ બને છે. દમ થયા પહેલા સસણીનાં લક્ષણો જણાવા માંડે છે અને ક્યારેક ક્યારેક તેના હુમલાઓ થવા માંડે ત્યારે સસણી દમના રોગમા પલટાતી હોવાનુ સ્પષ્ટ થાય છે

સસણી ખોસરી = સસણીના રોગથી શ્વાસનો અવાજ થવો

૨. જા. સસણવાનો અવાજ

સસતું (ઙસતુ) [સ. અસિત્] વિ. જીવતું.

સસતુ ભેસતુ = જીવતું છોડવું.

સસત્ત્વા ૧. [સં.] વિ. જી સગર્ભા; ગર્ભવતી; ગર્ભિણી

૨. વિ. જી. સત્ત્વવાળું

પ્રાચીન આર્ય સમાજ સસત્ત્વા સ્ત્રીને જન્તર્વાનિ માનક શબ્દ વડે જેવી પૂજનીય ગણતા. નાગરિક

સસની સિક્કા પું. બ ન. પ્રાચીન સમયના એક જાતના સિક્કા

ઈ. સ. ૧૭૬૦-૧૮૮૪ સુધીમાં જે જાતના **સસની સિક્કા** ચલણ હતા તેના કરતાં સિક્કા જરા બદલીને ચલાવ્યા અને આથી પણ વધારે અધમ અનુકરણ ઘણા લાંબા વખત સુધી પ્રચલિત હતા. મુ. સા. પરિષદ

સસરીનો પું એક જાતની માછલી; સાળો

સસરૂ પુ (જૂ. ગુ) સસુરુ; સસરો

સમ ભલાઈ કેદર બસ બસ,
સસરૂ દેવર વર વિશ્વાસ વિમલપ્રબંધ

સસરો ૧. પુ. તિરસ્કારમાં માછલીને બોલાવતો એક શબ્દ

૨. [સં. શ્વસુર પુ. વરને વહુનો બાપ અને વહુને વરનો બાપ; વ્યવહારે જે સગપણમાં થાય તે વર કે વહુનો બાપ

સસલવું સ ક્રિ (જૂ. ગુ) દલનવલન કરવું

સસલી ન સમઈ કોઈ નર, અતિ આકર્ષિઉ રૂપ | વિમલપ્રબંધ

સસલી જી સસલાની માદા

સસલું ન. મોટા કાન અને નાના કદનું એક ગરીબ સોપણ પ્રાણી; અરણોરા. તે મોટા કોળા કે નાની બિલાડી જેવડું થાય છે. તે બહુ બીકણ પણ ચલાલુ લાગે તેવું પ્રાણી છે. તેની આયુષ્યમર્યાદા પાંચ વર્ષની મનાય છે. તે શિકાર વખતે કૂતરાઓને બહુ ભુલાવે છે. રાતે ખોરાક શોધવા બહાર તે નીકળે છે તેનું લોહી પ્રાણિજ ઔષધ તરીકે ઉપયોગી છે. કુદરતની અજાયબી એવી છે કે, સસલાં આંધળાં, બહેરાં તથા હલનચલનની શક્તિ વિનાનાં જન્મે છે. દશ દિવસ પછી તેમનામાં આ શક્તિ આવે છે. એક જાતનું સસલું પોતાના પગ વડે બીજાં સસલાંઓ જોડે વાત કરી શકે છે. આગલા બે પગ ઉપર ઊભું રહી ને પાછલા પગ જમીન ઉપર પછાડે છે; આથી જે અવાજ થાય છે તેના પરથી આજુબાજુના બીજાં સસલાંઓ તે શું કહે છે તે જાણી શકે છે. આ બધી વિશ્વની વિચિત્રતાઓ જ છે ને ! તેના શુકન સંબંધે ભડલી કહે છે કે:

દક્ષિણ સસલાની, ગાય ખેડૂત
આગળ બોલે તો સુખકાર,
બોલે પાછિ ગમન ન થાય
દર્શનનો નિષેધ કહેવાય

૧. સસલાની આંખ – માથા ઉપર હાથ સપડાયા મુકવા જેવા કદરૂપા માણસને માટે

૨ સસલાનું બિગાડવું શોધવું – ફોગટ ફાંફાં મારવાં

સસલો પુ સસલાનો નર

સસલો અને શિકારી પું. એક જાતની બાળરમત. તેમાં બે છોકરાની આંખે પાટા બાંધીને એક મેજની બને બાજુએ બે મેજ ઉપર જમણો હાથ મુકાવીને ઊભા રાખવામાં આવે છે. પછી તેમાંથી એકને સસલો અને બીજાને શિકારી કરાવવા સિસોટી વગાડતાં જ બંનેએ એક જ દિશામાં ટેબલની આસપાસ દોડવાનું હોય છે, પણ હાથ નહિ ઊપાડતાં મેજ ઉપર જ સરકાવવાનો હોય. શિકારી સસલાને પકડી પાડે ત્યારે બંનેની આંખો છોડી રમત પૂરી થાય, અથવા બે ન પકડાય તો થોડી વાર પછી રમત બંધ કરી આંખો ખૂલી કરાય

સસવાન [સ. સસ્ય (અન્ન) + વત્ (વાળુ)] વિ. ધાન્યવાળું; અનાજવાળું.

સસવું ૧. અ. ક્રિ. ભમવું; સહન કરવું

૨. અ ક્રિ ફુલાવો નરમ પડવો, ફુલેલી વસ્તુનું બેસી જવું; કદે ઘટી જવું.

૩. સ. ક્રિ. ચૂસી લેવું.

સસંગ ૧. વિ (જૈન) પરિવારવાળું

૨. વિ. સહવાસવાળું.

સસંભ્રમ ૧. [સં.] અ. અચાનક; ઓચિંતું.

૨. અ. આદરભાવ સાથે.

ચરણ પલ્લવ પાણિથી તુજને પ્રેમ આ બનવેથી,
માટે મેલી વિલંબ, **સસંભ્રમ** ચાલ અમટ અલબેલી.
ગોવર્ધનરામ

સસા [સં. સ્વસ] સ્ત્રી. બહેન; ભગિની.

સસાઉરી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેના મૂળનો લોટ ગરીબ લોકો ખાય છે.

સસાર ૧ વિ. ખબરદાર; સનેજ

૨. [સં.] વિ. સાર કે સત્ત્વવાળું

સસારતા સ્ત્રી. સસાર હોવાપણું.

આ રીતના અભ્યાસે અત્ર અમલોકની **સસારતા** નિઃસારી તારવી બતાવી આપવાની જરૂર નથી. મુ. સા. પરિષદ

સસીમ વિ. અંતિમ.

સસું ન. (જૂ. ગુ.) સસલું.

સરહુ સુણહુ દિઈ કર્ણ ફલ,
સસુ સુહાલઉ નાહનું બાલ વિમલપ્રબંધ

સસુગંધ [સં.] વિ. સુગંધવાળું

રહિત **સસુગંધ** જલ. દલપતરામ

સસુડી (સસુડો) સ્ત્રી. સિસોટી; વાજો.

સસુમારું [સં. શિશુમાર] ન. એક જાતનું જળચર પ્રાણી; એક જાતનું દરિયાઈ પ્રાણી.

સસુર [સં. શ્વસુર] પુ. સસરો.

સસુરખદેરી સ્ત્રી એ નામની એક નદી. જે કનેહપુરની પાસેથી નીકળીને પ્રયાગથી થોડે દૂર જમનામાં મળે છે. પૌરાણિક કથા પ્રમાણે આ નદી કાશીરાજની મોટી કન્યા અંબા જે ગંગાના શાપથી નદી બનીને ભાગી હતી તે હોવાનું મનાય છે

સસૈન્ય [સ] વિ સૈન્ય સાથે

એમનું પ્રબળ તેજ તમને **સસૈન્ય** અસ્ત કર્યા વિના નહિ રહે. પ્રસ્થાન

સસો [સં. શશ] પું. સસલું; એક જાતનું બીકણ પશુ.

સસેડા તીન પાઉ કરી જવા જ વાત ઉઠાવી દેવી; એક નનો સો દુઃખ હણે; નરો વા કુંજરો વા; હાને હાથ દેવામાં માલ છે; મગનું નામ મરી ન પાડીએ

સસ્તન [સં.] વિ. સ્તનવાળું; આંચળવાળું; ધવરાવનાર.

સસ્તનપ્રાણી ન સ્તનવાળું પ્રાણી પશુ માત્રને બચ્ચાંનું પોષણ કરવા માટે સ્તન વાટે દૂધ મળે છે એટલે આ આખા વર્ગને સસ્તન પ્રાણીઓનો વર્ગ કહેવામાં આવ્યો છે. સસ્તન પ્રાણીઓમાં માતા પોતાનાં બચ્ચાં તરફ બહુ નિકટ પ્રેમ રાખે છે. આ પ્રેમ જ્યારથી પોતાનાં પેટમાં ગર્ભ રહે ત્યારથી પોતાના લોહીથી તે ગર્ભનું પોષણ કરે છે અને જન્મ્યા પછી તેમનું પોષણ પયપાનથી કરાવે છે તે દ્વારા પ્રદર્શિત કરે છે. પયપાન કરી તેઓ મોટાં થઈ પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે એટલાં મોટાં થાય ત્યારે માતા તેમની રખેવાળી કરવી બંધ કરે છે.

સસ્તાપણું ન. સોંઘુ હોવું તે; સસ્તું હોવાનો ગુણ; સોંઘાપણું

વળી તેનું **સસ્તાપણું** કેવું !
હરગોવિંદદાસ કાંટાવાળા

સસ્તાં ઘરોની યોજના સ્ત્રી. પ્રામોદ્ધારને સહાયરૂપ એક જાતની મકાન બાંધવાની યોજના દેવીપ્રસાદ ગાંગ્યના નિરીક્ષક ઇજનેર શ્રી જી. ટી. વૈદ્યે આ યોજના પાર પાડેલી છે આ યોજના વડે, ગામડામાં પેદા કરી શકાય તથા ગામડાનાં જ સાધનો વડે બાંધી શકાય તેવાં ટકાઉ, કાયમી અને ઠાઠ, તાપ તથા વરસાદથી અને જીવજંતુ કે ઉંદરના ઉપદ્રવરહિત એવાં સસ્તાં ઘરો બાંધી શકાય છે. આવાં ઘરોમાં વપરાતી કોઈપણ વસ્તુ કે પદાર્થ ભાવનિયમનની મર્યાદામાં આવતા નથી; તેમ જ બચાળ નથી આવી યોજનાનાં ઘરો ખૂબજ આવકાર પામ્યાં છે. ભારતના અર્થશાસ્ત્રીઓને અનુકૂળ સ્થાનિક પદાર્થો, સાધનો, શક્તિ અને મજૂરીથી જે બની

શકે છે ને આ પ્રમાણે છે (૧) બાપકામમાં ફરકસર અને મજૂરોના સામાન અને ગાડાની મજૂરી, (૩) માત્ર બારણાંનાં અને બારીઓન, મજાગરા કે સાકળ સિવાય લોઢાની જરૂર પડતી નથી (૪) મકાનને દીર્ઘ જીવન મળે છે કારણકે લાકડું ક્યાંય પણ ન હોવાથી કાટ ખાવાનુ કે સડવાનુ રહ્યા જ નહિ; એટલે ઈઈ બગડતો નથી, (૫) પોલા છાપરામાં બહુ વજન નહિ હોવાથી દીવાલ કે પાયા પર બોજો આવતો નથી. (૬) મકાન આગથી સુરક્ષિત રહે છે (૭) ઉંદર અને જીવાતને પ્રવેશ મળતો નથી. (૮) ભેજ થતો નથી. (૯) ગરમીનુ પ્રમાણ ઓછુ રહે છે (૧૦) સમારકામનો ખર્ચ નજીવો થાય છે. (૧૧) સાદગીની મરજાતથી આરોગ્યને મદદરૂપ છે

સસ્તું ૧. વિ ભાર કે વજન વિનાનું.

૨. વિ. સોંઘુ; ઓછી કીમતનુ

૧. સસ્તું પડવું = કીમતમાં સસ્તું લાગવુ કે આવવું

૨. સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા = ઓછે પૈસે કે મહેનતે મોટુ ફળ મળવું તે

૩. સસ્તું મૂકવુ = સસ્તે ભાવે વેચવા તત્પર થવુ.

૪. સસ્તામાં મળવું = સોંઘું મળવું; સહેલું મળવુ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ન. ભિક્ષુ અખંડાનંદે અમદાવાદમાં સ્થાપેલ એ નામની એક સાહિત્ય વિષયક સંસ્થા ગાંધીજી લખે છે કે: ગુજરાત પ્રજાતમાં પ્રજાત પ્રાંત હતોઃ આજે પણ છે. ગુજરાતીઓ નિરક્ષર રહ્યા, માત્ર વેપાર જ કરી જાણે અને વેપારથી જેટલો પૈસો ગુજરાતમાં દાખલ થઈ શકે તેટલો કરવાનુ સમજેલા. સમાજને માટે સાહિત્ય ઉત્પન્ન કરવાની ભાવના અમલદાર પહેલાં વ્યાપક ન હોતી પણ એ દિશામાં સૌથી પહેલું કાર્ય કરનાર સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય એટલે સ્વામી અખંડાનંદે ગુજરાતમાં ખૂબ સસ્તાં પુસ્તકો આપ્યાં એ સંસ્થાના સંચાલકોના શબ્દોમાં કહીએ તોઃ " સારા ગ્રંથનો સહવાસ એ પણ લોકશિક્ષણના અનેકવિધ ઉત્તમ પ્રકાર માંહેનો જ એક પ્રકાર હોવાથી તે સહવાસ લોકોને સહેલાઈથી મળી શકે એવી સારા સારા ગ્રંથોની સસ્તી આવૃત્તિઓ અને ગ્રંથમાળાઓ કાઢીને લોકોની શુભ વાચન ઉપર અભિરુચિ વધે અને આકર્ષણ રહે એવા શુભ ઉદ્દેશથી પ્રેરાઈ ને સ્વામી અખંડાનંદજીએ આ સંસ્થાની શરૂઆત સને ૧૯૦૭ (સંવત ૧૯૬૩)માં કરી હતી. તેમણે સને ૧૯૬૭માં શરૂ કરેલી વિવિધ ગ્રંથમાળા અદ્યાપિ પર્યંત ચાલુ છે આ માળામા દર વરસે ૧૬૦૦ પાનાનાં પુસ્તકો વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૬-૮ ૦માં ઘર બેઠા આપવામા આવે છે સને ૧૯૪૨ સુધી સ્વામીજીએ એકલે હાથે આ સંસ્થાનું સુકાન સંભાળેલું, અને તે દરમિયાન ધર્મ, નીતિ, ઐતિહાસિક, જીવનચરિત્ર આરોગ્ય અને બીજા લોકોપકારક અનેક નાનામોટા ગ્રંથો સસ્તા મૂલ્યે લાખોની સંખ્યામા પ્રસિદ્ધ કરેલા તે પછી તેના ટ્રસ્ટીઓએ સંસ્થાના પ્રકાશનોમા, વિવિધતા ઉમેરીને સંસ્થાના કાર્યને આગળ ધપાવ્યુ છે તેમજ વિવિધ ગ્રંથમાળા ચાલુ રાખવા ઉપરાંત સર્વોપયોગી સાહિત્યશ્રેણી અને આત્મસાહિત્યશ્રેણી એવી બે નવી શ્રેણી ચાલુ કરી અને તે દ્વારા, અનેક ઉપયોગી વિદ્વાન પુસ્તકો ઘણા જ સસ્તા મૂલ્યે પ્રસિદ્ધ કર્યાં છે. વળી ' અખંડ આનંદ ' નામનું માસિક પણ ચલાવવામાં આવે છે. અત્યારની બોંબવારીમા પણ લોકોને ઉપયોગી સાહિત્ય મળે એ માટે દૂરદી મંડળના પ્રયત્નો ચાલુ છે. સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો માણસોને પૂરુ પાડ્યુ છે. તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યુ છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ચૂંટી કાઢીને લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસોને પોસાય એવી સસ્તી કીમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે અને પોતાની પાછળ પણ તે કાર્ય ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે જ કરી છે". એ સંસ્થાની સસ્તા ભાવની ભાવના પણ વિકસેલ છે. બોડલ રાજ્યની પડતર કીમતની સસ્તામાં સસ્તી અંગ્રેજી ગુજરાતી વાચનમાળા, પ્રૌઢ વાચનમાળા, સ્વાધ્યાયવલ્લી વગેરે ઉપરોક્ત સંસ્થાના આદ્ય પ્રણેતા શ્રી અખંડાનંદ સ્વામીના ગાઢ પરિચયનુ અને ગાંધીજીનાં ' મારું ચાલે તો હું બે આને ચાર પૈસાનાં પુસ્તકો કાઢુ ' એવા સૂચનનું આગ પરિણામ છે.

સસ્થાન ન શરીરના અવયવોની અવસ્થા

જીવ્ય જાતાં સસ્થાનનાં બેઠકાં નિપુણક અને વિસ્તાર ગ્રામ છે. કેતન હર્ષદ ધ્રુવ

સસ્નેહ ૧. [સ.] વિ. સ્નેહ સહિત.

૨. ક્રિ. વિ. સ્નેહપૂર્વક.

સસ્પિજ્જર પું. વેદમાં વખણાયેલું રુદ્રનુ એક નામ.

સસ્પેન્શન [અં.] ન. કસ્ટની સજા ઉપરથી નોકરી ઉપરથી ઉતારવું તે; નોકરી ઉપરથી ઉતારી મૂકવું તે

નોકરોને **સસ્પેન્શન**ની મુદતનો પગાર બિલકુલ મળી શકશે નહિ રેવન્યુકોડ

સસ્પેંઢ [અં] વિ નોકરીથી મોકૂફ રાખેલું

સસ્મિત ૧. પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરમાં થઈ ગયેલ સપ્તર્ષિ માંહેનો એક ઋષિ

૨. [સ] વિ સ્મિતવાળું

૩. ક્રિ વિ મોં મલકાવીને; હસતાં હસતાં; હાસ્ય સાથે; જરા હસવા સાથે; મીઠુ લાગે તેવા મધુર હાસ્ય સહિત; સ્મિત સાથે.

સસ્ય ૧. પું (ભૂ. ગુ.) શિષ્ય; વિદ્યાર્થી

માં જ્યાં ત્રણણ સાઈ હતિ. **સસ્ય** બહુતા થઈ સાથિ. કાન્હડદેપ્રબંધ

૨ [સં] ન. અનાજ; ધાન્ય; અન્ન

પ્રાણી માત્ર **સસ્ય** અર્થાત ધાન્યની પેઠે નાશ પામે છે અને ફરીથી પાછા તેમાંથી **સસ્ય**ની પેઠે ઊગી નીકળે છે તાત્પર્ય કે પ્રાણી માત્ર ધાન્યની પેઠે કર્મ ફળ પાકતાં ખરી પડે છે અને પછી પાકાં ખરેલા ધાન્યના બીજમાંથી જ જેમ **સસ્ય** ઊગી નીકળે છે તેમ અન્ય કર્મોના બીજમાંથી તે તે કર્મોને પુનઃ ઊગવવા નૂતન દેહો પ્રાણી માત્ર ધારણ કરે છે. તેમાં હર્ષ શોક શું ? કઠોપનિષદ્

૩. ન ગુપ્ત

૪. ન. વૃક્ષનુ ફળ.

૫. ન ગાય

સસ્યક ૧. પું એક જાતનો મણિ; લસણી જાતનુ એક રત્ન.

૨. પું. તરવાર.

સસ્યવતી ૧. [સં.] સ્ત્રી. અન્નપૂર્ણા.

૨ વિ ; સ્ત્રી. ધાન્યથી ભરપૂર હોય તેવી.

સસ્ય શ્યામલા [સં.] વિ સ્ત્રી. ધાન્યથી ભરપૂરતાને લીધે કાળાશ પડતી.

સસ્યયંત્ર ન ખણણી કરવાનું યંત્ર.

સસ્યસંપત્તિ [સ.] સ્ત્રી ધાન્યની પુષ્કળતા; ધનધાન્યની ભરપૂરતા

ઉપરાઉપર પડેલ દુકાળોને લીધે ગુર્જરધરાના રસકસ ઓછા થઈ જવાથી એ **સસ્યસંપત્તિ** પણ હવે દૃષ્ટિગોચર થવી દુર્લભ છે.

પુરાતત્ત્વ

સસ્યસંવર ન. એક જાતનુ ઝાડ; સાલ.

સસ્નેહ વિ સ્નેહ સહિત

ઘણી મૂર્તિઓ સસ્નેહ પણ હોય છે

પુરાતત્ત્વ

સસ્વર ૧. વિ. અમુક જ રીતે વેદના ઉચ્ચાર કરવાની રીતને અનુસરતુ

૨. [સં.] વિ. સ્વર સહિત.

સસ્વેદ વિ ગામવાળુ; પરસેવાવાળુ.

સસ્નેહ જી. દૃષ્ટિ કન્યા.

સસ્સા [હિં.] પુ. સસલું.

સસ્સો ૧. પું. સ નામનો મૂળાક્ષર અને એવો ઉચ્ચાર; સકાર; સ અક્ષર કે તેવો ઉચ્ચાર.

૨. પું. સસલો

સહ ૧. પુ. (પુરાણ) ઉત્તમ મનુના ચક્ષુ માહેનો સૌથી નાનો દીકરો તે બહુ૦ ઉદાર અને કીર્તિમાન હતો

૨. પું. એ નામનો એક સૌર માસ; અગહાયણ માસ; માગશર મહિનો; ચૈત્રો વર્ષ પ્રમાણે બારમાં વરસનો નવમો મહિનો. એ મહિનાની પૂનમે મૂળ નક્ષત્ર હોય છે તેથી તેને માર્ગશીર્ષ કહે છે. આ મહિનામાં અંશુમાન નામનો આદિત્ય સૂર્યમંડળાધિપતિ હોય છે અને એના સમાગમમાં કશ્યપ ઋષિ, ઉર્વશી અપ્સરા, વિદ્યુચ્છત્રુ રાક્ષસ, મહા શંખ નાગ, તાર્ક્ષ્ય યક્ષ અને ઋતસેન ગંધર્વ એટલા હોય છે હિંદુસ્તાનમાં તે વખતે હેમંત ઋતુ હોય અને ઉત્તર ગોલાર્ધમાં શરદ ઋતુ હોય છે. સૂર્ય તે વખતે ધન રાશિમાં હોય છે

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માહેનો એક પુત્ર.

૪. પું મિત્ર; સખા.

૫. પું. (પુરાણ) બ્રહ્મમણ્ડની કુખે કૃત્વથી થયેલ એ નામનો એક પુત્ર.

૬. [સં. સહ્ (સહન કરવું)] પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. કેમકે, તે સામર્થ્ય હોવા છતાં ભક્ત જનો માટે લીલાવતારોમાં દૈત્યોનો ભાર, અપમાન, સંકટો અને દુઃખોને સહન કરનારા છે.

૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૮. ન. એક જાતનું મીઠું.

૯. [પ્રા.] ન. બળ; જોર; સામર્થ્ય; તાકાત.

૧૦. વિ. ભાર ઉપાડનાર.

૧૧. વિ. સમર્થ.

૧૨. વિ. સહન કરનાર; ખમનાર; સહનશીલતાવાળું.

૧૩. અ. એકદમ.

૧૪. અ. સાથે એવો અર્થ બતાવતો એક ઉપસર્ગ. જેમકે, સહવાસ, સહગમન.

૧૫. અ.. સાથે; જોડે, સહિત.

સહ અધ્યયન ન. સાથે રહી અભ્યાસ કરવો તે.

સહ અપરાધી પું. સામેલિયત; ગુનામાં સાથી

સહ આરોપી [સં.] પું. અપરાધ સંગી; સાપરાધી

સહ કાર્યકર પું. સાથે કામ કરનાર

સહ કૃષ્ણજેદાર પું. સહ ખાનેદાર, સહભોક્તા.

સહકરણ [સં.] ન. સહકાર; સહયોગ.

સહ કર્મચારી [સં] વિ. સાથે કામ કરનાર

એનીબિસન્ટ એ જાહીરા **સહકર્મચારીને** પણ અનાદર કરીને સંમતાવી દીધુ કે જ્યારે શ્રી ગાંધી વહાલો છે પણ સત્ય એથી પણ વહાલુ છે.

ગોવર્ધનરામ મેપાણી

સહકાર ૧. પુ. એક જાતનુ ઝાડ; ચૂતવૃક્ષ સુગંધવાળો ફલની આળો જાનલી અને મારા આમાની ડાળો સાથે આથી કલમ ચડાવવાથી કલમી આળો બને છે. તે કારણથી તે સહકાર કહેવાય છે.

વિકસલ્લજ કામાગ્ન સુરમ મંજિરા સખ સહકાર,
અંબ રસાલની ડાળીઓ નમી રહી ફલભાર.

વિનયલાલપ્રકાશ

૨ સ. સહ (સાથે) + કૃ (કરવુ)] પુ. ટેકો; મદદ; સાથ; સહાય ન્રિયાની શાળાઓમાં સહકાર અને સ્વાશ્રય પર ખૂબ ભાર મૂકવામા આવ છે. દક્ષીણામા આ અને તો સોવિયેટ શિક્ષણના પાયારૂપ છે બાળક તદ્દન ભિન્ન, એકલસ્રુ અને અટૂલુ બની ન બનય તેની ખાસ દરકાર રખાય છે. તેના વ્યક્તિત્વ, વ્યક્તિગત ગુણો, રસો, ભાવો વગેરેના વિકાસની સાથોસાથ સામાજિક વૃત્તિઓની સંપૂર્ણ ખિલવણી કરવામાં આવે છે. અભ્યાસ, રમતગમત કે ઇતર પ્રવૃત્તિ એમ કોઈ પણ કાર્ય હોય તે દરેકમાં સહકાર પર ખાસ ભાર મૂકાય છે. દરેક કામ સહકાર પૂર્વ કરવાની ટેવ બાળકોમાં પહેલેથી પાડવામા આવે છે. બાલમંદિરોમાં અભ્યાસ કરતા બાળકના કુમળા મગજમા સહકારની ભાવના મૂળિયા નાખે તે માટે તેની રમતો પણ એવી રીતે જ યોજવામાં આવે છે. પરસ્પર રમતાં બાળકો માટે ઘર બાંધવા લાકડાની છૂટી એવડી મોટી ને ભારે રાખવામાં આવે છે કે, એક બાળક તેને એકલો ઉપાડી જ ન શકે. બીજા બાળકની મદદ, સહકાર લીધા વિના ચાલે જ નહિ. બાંધકામ, રચના, સર્જન કે કોઈ પણ સામાજિક કાર્ય સહકાર વિના થઈ જ ન શકે તેવી સમજ બાળકોને આ પ્રમાણે અપાય છે.

૩. પું. સાથે મળીને કામ કરવું તે, એકબીજાને મદદગાર રહી, મળીને કામ કરવુ તે, તેવી પ્રવૃત્તિ અસહકાર

હું અને તું મળીને આપણે ચડીએ ત્યારે આપણામા દિવ્ય શક્તિનો સંચાર થાય અને આ શક્તિ પેદા કરવાના સાધનનું નામ **સહકાર**

નરસૈયન

સહકારક વિ. સહકારવાળું.

સુદર **સહકારક** મંજરી કોકિલ ઝોલિ ચંચિ ધરી.

ભાણ

સહકારકુંજ પુ. આમ્રવાટિકા

લુએ વળી જ્યહાં સમીપ **સહકારકુંજે** વહી.

જળવંતરાય ઠાકોર

સહકારનિધિ [સં.] પું. પરસ્પરની મૂડી

સહકારવાદી વિ. અરસપરસ સહાયથી કામ કરવાના મતમાં માનનાર.

સહકારવૃત્તિ સ્ત્રી. સાથે મળીને કામ કરવાની ભાવના

સહકારસુરા પુ. કેરીમાંથી બનાવેલ દારૂ

સહકારાભ્યાક પું. (કાવ્ય) ગુપ્ત ગૂઢ અર્થની રચના. જ પ્રમાણક ગુણો માહેનો એક ગુણ.

સહકારિણી વિ સ્ત્રી. મદદ કરનારી.

સહકારિતા ૧. સ્ત્રી. મદદ; સાહાય્ય; સહકાર.

૨. સ્ત્રી. સહકારીપણું; મદદગારપણું; સહાયકપણું; સાથે કામ કરનારપણું; સહકાર્ય; એકત્ર વ્યવસાય; સાથે મળીને કામ કરવાપણું, સામેલગિરી; સામેલિયત; સયોગિતા.

સહકારિત્વ ન. સહકારીપણું

સહકારી ૧. પું. એક પ્રકારનો હેતુ

૨. પું. કાર્યમા કારણભૂત સાધન વગેરે

૩. પું (વેદાંત) જે અર્થને વેદાંતશાસ્ત્રો પ્રતિપાદન કરે છે, તે અર્થને જે અનુમાન સિદ્ધ કરે તે

૪. પું. (વેદાંત) જે પોતાનાથી ભિન્ન હોઈને જે પોતાના કાર્યનું કારણ થાય તે

૫. પુ. સહકાર કરનાર કે સહકારની સાથે સબંધ રાખનાર માણસ.

૬. વિ. મળીને કામ કરનાર; સાહાય્યમાં રહી કામ કરવા લાગનાર; મદદગાર

૭. વિ. સહકારવાળું; સહકાર કરવું કે તેનાથી ચાલતુ.

સહકારી અધિકારી [સં.] પું. અંજુમન રજિસ્ટ્રાર; 'રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીઝ'

સહકારી કારણ ન. ઉપાદાન કારણ સિવાયની બીજી જે બાબતો વસ્તુની ઉત્પત્તિમા કારણભૂત હોય તે.

સહકારી પદ્ધતિ સ્ત્રી. સહકારથી કામ કરવાની યોજના. ગાંધીજી લખે છે કે: હું ગોક્સ માનુ છુ કે, જમીનની માલકી રાજ્યની હોય, એટલે તેના પર સહકારી પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો જ વધારેમાં વધારે નીપજ થાય. વળી એ પણ યાદ રાખવું જોઈએ કે સહકારી

પદ્ધતિ યુક્ત અહિંસાના પાયા પર જ રચવી જોઈએ. હિંસાથી ભરેલી સહકારી પદ્ધતિ કદી સફળ નહિ થાય. સહકારી પદ્ધતિનો મારો ખ્યાલ એવો છે કે, જમીનના માલિકો પાસેથી જમીનની અહિંસારી માલકી ખરીદશે અને તેમાં એની પણ સહકારને ધોરણે જ કરશે એથી મજૂરી, મૂડી અને ઓજારો તેમ જ હથિયારો વગેરેને અંગે મોટી ફરકસર થઈ શકશે જમીનના માલિકો સહકારને ધોરણે એની કરી મૂકી, ઓજારો, જનાવરો, બિયારણ વગેરે પણ સહકારને ધોરણે અહિંસારે રાખશે મારા ખ્યાલ મુજબની સહકારી એની આ ભૂમિની સૂરત બદલી નાખશે અને આપણી વચ્ચેથી ગરીબી ને આળસ અથવા જડતાને દાર કાઢશે પણ કોઈ પણ પ્રકાર નેવો ન કરવો અને એક કુટુંબનાં બાળો જેવા ન બને તો અહિંસા રીતે થાય? એ સારો દિવસ ઊગશે ત્યારે દોમી સવાલનું અડું આદું આપણા દેશના શરીર પર નહિ હોય

સહકારી પ્રતિવાદી [સં.] પું સાથે જોડાયેલો પ્રતિવાદી

સહકારી પ્રત્યય પું (બૌદ્ધ) ચિત્ત અને ચૈત્તાને ઉત્પન્ન કરનાર ચાર માહેનો એક હેતુ. આ હેતુ જ્ઞાનને સ્પષ્ટ બનાવે છે.

આલમ્બન પ્રત્યય, સમંતર પ્રત્યય, અધિપતિ પ્રત્યય અને **સહકારી પ્રત્યય** એ ચાર હેતુને પ્રાપ્ત કરીને વિજ્ઞાન સ્કંધાત્મક ચિત્ત અને ચૈત્ત સ્કંધાત્મક ચૈત્તા ઉત્પન્ન થાય છે. અજ્ઞાતવ્ય

સહકારી ભંડાર [સં] પું સહકારથી ચાલતી દુકાન

સહકારી મંડળ [સં. સહકારિન (સહકાર કરનાર) + મંડળ (મંડળી)] ન. સહકારના સિદ્ધાંત ઉપર કામ કરનાર મંડળી; સહકારી ભાવનાથી ચાલતું મંડળ.

સહકારી મંડળી સ્ત્રી સહકારથી ચાલતું મંડળ, વેપારનો માલ ઉત્પન્ન કરવાને અગર તે વેચાતો લઈને પોતાના ભાગીદારોમાં વપરાશને માટે વહેંચવાને અગર એ ભાગીદારોને મૂડી ધીરવા કે તેમની પાસેથી ઊઘરાણી લેવાને ખાતર કરનારી વેપારી કંપનીના ધોરણ પર સ્થાપેલી સહાયક મંડળી. અર્થશાસ્ત્રની પરિભાષામાં લખે છે કે, જે મંડળી તેના સભાસદોના હિતને માટે સહકારી ધોરણે વેચાણ, વેપાર, નાણાંની ધીરધાર અથવા એવું સભાસદોના સામાન્ય હિતને લગતું કાર્ય કરે છે તેમને સહકારી મંડળી કહે છે. અમેરિકામાં સહકારી પ્રવૃત્તિનો ખૂબ સારો વિકાસ થયો છે. ત્યાં એક કરોડ કુટુંબો કે જેથી વધુ સહકારી મંડળીઓના સભ્યો છે. દેશના કુલ ખેડૂતોમાંથી અર્ધા કરતાં વધુ પોતાની નીપજ વેચવા અને જરૂરિયાતો ખરીદવા માટે સહકારી મંડળીઓનો ઉપયોગ કરે છે. દૂધ, કપાસ, ઊન, ચોખા વગેરેની નીપજ, વેચાણ વગેરે ઘણાખરા સહકારી મંડળીઓ દ્વારા થાય છે. ત્યાં ચાર દસકાથી વધુ સહકારી સિંચાઈ મંડળીઓ દ્વારા જરૂરિયાતના ચાલીસ ટકા પૂરા પડે છે સહકારી મંડળી [અં.] કરતાં વધારે ચલાવાને [illegible] મનુ રક્ષણ આપે છે. એની [illegible] પીસ અબજ ડોલરના ચીમા ઉતારેલા છે સહકારી મંડળીઓના પ્રતાપે ખેડૂતોને તેમની નીપજના ભાવ પણ સારા આવે છે અને તેમની જરૂરિયાતો સસ્તે ભાવે ખરીદી શકે છે

સહકારી યોજના સ્ત્રી. ઘણાના સહકારથી કરવામાં આવેલ સોડવ્યું કે ચલાવું કામકાજ.

સહકારી વિચાર પું. (વેદાંત) બીજાના વિચારને સહાયક વિચાર. સમન્વય, અવિરોધ, સાધન અને ફળ એ ચારનો વિચાર બ્રહ્મસૂત્રમા ચાર અધ્યાયથી કરેલો છે. તે પ્રધાન એવા બ્રહ્મના વિચારને સહાયક હોવાથી સહકારી કહેવાય છે

સહકારી વેચાણ મંડળ ન. માલની પૂરી કીમત મેળવી આપનારી સહકારી મંડળી.

સહકાર્ય [સં. સહ + કાર્ય (કામ)] ન. એકત્ર વ્યવસાય; સહકાર; સાથે રહીને કામ કરવું તે; મળીને કામ કરવું તે.

સહકાર્યકર્તા [સં.] વિ. સાથે રહીને કામ કરનાર.

સહકાર્યકર જુઓ સહકાર્યકર્તા.

સહકાર્યતા [સં.] સ્ત્રી. સહિયારું; સહભાગીદારપણું

સહકાર્યનિધિ [સં.] સ્ત્રી પંચાયતની પૂંજી; સહિયારી મૂડી

સહકાર્યભંગ [સં.] પું ભાગીદારી બંધ પાડવી તે.

સહકુટુંબ [સં સહ (સાથે) + કુટુંબ] ન કુટુંબી સાથે; છોકરાં છૈયાં સાથે

સહકુટુંબવસ્તી સ્ત્રી. છોકરા છોકરીઓએ સહિત રહીને વસવું તે.

સહક્રીડન [સં.] ન. સાથે રમવું તે.

સહખાતેદાર પું. નામવાળા ખાતેદારની સાથેનો બીજો ભાગીદાર; સહભાગીદાર; સહભોક્તા

સહગમન ૧ [સ. સહ (સાથે) + ગમન (જવું તે)] ન. શારીરિક તાલીમમાં ચાલવાનો એક પ્રકાર; કૂચ તેમા તાલ ઉપર ૧, ૨ અથવા ૧, ૨, ૩, ૪ની માત્રામાં ડાબો જમણો પગ મૂકતા ચાલવાનું હોય છે.

૨. ન. સાથે જવું તે.

૩ ન સ્ત્રીએ પતિની પાછળ બળી મરવું તે; સતી થવું તે

સહગાન [સ.] ન. વૃંદ ગાયન; વૃંદ સંગીત; સંમિતિ સાથે ગવું તે; ગાનાર તેમ જ સૌએ સાથેસાથે ગાવું તે

સહગામી ૧. [સ. સહ (સાથે) + ગામિન્ (જનાર)] વિ એકકાલીન; સાથે સાથે ચાલતું; સાથો સાથ જનાર.

એક પાપ કરતાં પહેલા બીજું પાપ કરવું જ જોઈએ ત્યા બીજું પાપ પહેલા પાપનું **સહગામી** ગણાય. કુ. ચા. પરિષદ

૨. વિ. (ગણિત) સમાંતર શ્રેણીઓની માફક સાથે જતું

૩. વિ સાથે જનાર, સાથે ગમન કરનાર; સહચર

૪. ન. એક પ્રકારનો ઉભયાન્વયી અવ્યયનો સમુચ્ચયબોધક. જેમકે, અને, ને, તથા.

સહગામિની ૧. [સં.] સ્ત્રી. સ્ત્રી; પત્ની.

૨. વિ સ્ત્રી. સાથે ચાલનારી

સહગુનેગાર પું. સહઅપરાધી; સાગરીત; ગુનામાં મદદગાર.

સહચર ૧. પું. કાળી ઝીંઝોડી નામની વનસ્પતિ.

૨ પું. કાંટાશેળિયો.

૩. [સં સહ (સાથે) + ચર્ (ફરવું) + અ] પું. ગોડિયો; સોબતી; સાથે ફરનારો મિત્ર.

૪ પું. પતિ; સ્વામી, ધણી, વર.

૫. પું. પીળી ઝીંઝોડી.

૬. વિ. અટકાવનાર; રોકનાર; પ્રતિબંધક.

૭. વિ. પાછળ પાછળ ચાલનાર; અનુચર.

૮. વિ. સહાય કરનાર, સહાયક

૯. વિ. સાથે જનાર.

સહચરણ [સ ` ન મિત્રતા.

સહચર ભિન્ન પું (ગણિત) અર્થદોષના. ત્રેવીસ માહેનો એક પ્રકાર; ઉત્તમ સંગે અધમની યોજના.

સહચારેત [સ.] વિ. સાથે ફરતું; અપૃથક્.

સ્પર્શ આદિ પાંચ વિષયો **સહચરિત** છે તો પછી એમ કેમ કે કોઈ કોઈ વસ્તુમા જે પાંચની ઉપલબ્ધિ ન હોઈ ફક્ત એક અથવા બેની જ હોય છે. તત્ત્વાર્થસૂત્ર

સહચરી ૧. જી. રેલ, મજૂરી.
૨. જી. પીળા રંગની ઝીણી ઘંટી.
૩. [સં. સહ (સાથે) + ચર્ (જવું)] જી. સખી; કૈયર; સાહેલી; સહેનપણી
૪. જી. બૂો; ધર્મપત્ની.
૫. વિ.જી. સાથે ફરનારી સોબતી

સહચાર ૧. [સં. સહ (સાથે) + ચર્ (ચાલવું)] પું. (વેદાંત) એક જ અધિકરણમાં રહેવાપણું.
૨. પું. (ન્યાય) કાર્ય કારણ રૂપ અન્યોન્ય સંબંધ.
૩. પું. બનાવ; બનતો સ્વભાવ હોવો તે; ઘણી બનીને ચાલવું તે; સ્નેહી તરીકે વર્તવું તે.
બેના વેરથી નંદના વિચારના કાજિકી પુત્રને ૨, આપે જે સહચારની હકીકત મે કીધા રમો તે હરે
ગોવર્ધનરામ
૪. પું. સાથે ફરવું કે જવું તે; સમવારો કરવો તે; સાથ કરવો તે; સહકર્ય.
૫. પું. સુસંગતપણું; બરાબર બંધબેસતુ હોવાપણું.
૬. પું. સોબત; મિત્રતા; સાથ; સંગ; સંબંધ.

સહચારત્વ [સં] પું. સમાનતા; સાદૃશ્યતા; સમભાવ.

સહચારિણી ૧. [સં. સહ (સાથે) + ચારિણી (ચાલનારી)]. જી. પત્ની; સહધર્મચારિણી; વધૂ. બાંધીછ બધે છે ને, બ્રી એ પુરુષની સહચારિણી છે. તેના કરતાં જ બનવાળી પુરુષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરુષ મેળવે તેટલી જ તેને ભોગવવાનો હક છે અને જેમ પુરુષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી છે, તેમ બ્રી પોતાના ક્ષેત્રમાં છે. આ સ્થિતિ સ્વાભાવિક હોવી જોઈએ.
૨. જી. સહચરી; સખી; સાથે રહેનારી કે ફરનારી બ્રી મિત્ર.
૩. વિ. જી. સાથે રહેનારી કે ફરનારી.

સહચારિતા જી સહચાર હોવાપણું; સાહચર્ય.

સહચારી ૧. [સં. સહ (સાથે) + ચારિન્ (જનાર)] પું. પતિ; પત્ની; વર.
૨. પું. સાથે ફરનાર કે રહેનાર મિત્ર.
૩. વિ. સાથે જનાર કે રહેનાર.

સહચારી ભાવ ૧. [સં] પું. મનમાં ઉત્પન્ન થતી લાગણી. તે ચોક્કસ વખત રહી જતી રહે છે ને તેની વાસના પણ રહેતી નથી.
૨. પું. મિત્રતા; ભાઈચારાનો સંબંધ.

સહચારી ભાવના [સં.] જી. સાથે રહેવાનો ભાવ; ભાઈચારાનો સબંધ.

સહજ ૧ [સં સહ (સાથે) + જ (જ-મેલ)]
પું. મનો ભાઈ
૨. પું. સ્વભાવ; પ્રકૃતિ
પ્રકૃતિ નિર્ગુણ સહજ અને વિષ સુધીય સ્વભાવ
રોય પણ બધે નહિ કરીએ કોટી ઉપાય
પિંગળશીભોપ
૩. ન. છંદિના વિશુદ્ધપ્રસ્તાના ત્રણ ભાંકનો એક પ્રકાર; સત્ત્વગુણપ્રકૃત્ત છંદિય
૪. ન. કૈલાસ પર્વતમાંથી નીકળતું રૂપુ
૫. ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાં લગ્નથી ત્રીજું સ્થાન.
૬. વિ. કુદરતી; સ્વાભાવિક.
૭. વિ. સહીસલામ; જરા; થોડું
સહજસાજ = જરાક; માંડમાંડ, નામનું
૮. વિ. વારસામાં મળેલું; આનુવંશિક; પરંપરાપ્રાપ્ત
સહજ (Inherited) ગુણ સંતતિમાં સહજ થાય છે તેમજ પ્રાપ્ત (Acquired) ગુણો પણ થાય છે. આનંદશંકર ધ્રુવ
૯. વિ. સહેલું; સુલભ; થોડી મહેનતે થાય તેવું; સહેલાઈથી
૧૦. વિ. સાથે જન્મેલું; જન્મથી સાથે હોય તેવું
૧૧. અ. આપોઆપ.
૧૨. અ. શ્રમ કરવું વિના; અમસ્તું
૧૩. અ. સહેલાઈથી.
૧૪. અ. સ્વાભાવિક રીતે.

સહજ ઉપલબ્ધિ [સં.] જી. કોઈ પણ તર્ક આધારની અપેક્ષા વિના આપોઆપ જ્ઞાન રહે એવી શક્તિ; સ્વયંભૂ શક્તિજ્ઞાન.

સહજક્રિયા [સં.] જી. નૈસર્ગિક બુદ્ધિ; પ્રેરણા બુદ્ધિ; અનભિજ્ઞાથી.

સહજક્ષમા જી. (જૈન) પોતાના સ્વભાવ અને દોષના ભેદજ્ઞાન પૂર્વક સ્વભાવની એકાગ્રતા.

સહજજ્ઞાન [સ] ન. અંતર્જ્ઞાન; ઉપલબ્ધિ; અંત:પ્રજ્ઞા; અંત:સ્ફૂર્તિ

સહજજ્ઞાનવાદ [સં.] પું. અંતર્જ્ઞાનવાદ; અંતરપ્રેરણાવાદ; અંત:પ્રજ્ઞાવાદ; નૈસર્ગિકવાદ.

સહજતા જી. સ્વાભાવિકતા

સહજતાદાત્મ્ય [સં.] ન. અહંકારની વિદાયમાં સાથે એકરૂપતા

સહજદ્વેષ [સ.] પું. કુદરતી વિરોધ; વિરુદ્ધભાવ.

સહજન્મ ૧. પું. (પુરાણ) અષાઢ માસના સૂર્યના સમાગમમાં આવતો એ નામનો એક યક્ષ.
૨. [સં. સહ + જન્મ (જન્મેલું)] વિ. સાથે જન્મેલું.

સહજન્યા જી (પુરાણ) પ્રાધાની કૂખે થયેલી એ નામની એક અપ્સરા કન્યા. તે અષાઢ માસમાં સૂર્યના સમાગમમાં આવે છે.

સહજપ્રાપ્ત ૧ [સં સહજ + પ્રાપ્ત (મળેલું)] વિ સહેજે મળેલું.
૨. વિ. સહેલાઈથી મળેલું.

સહજબુદ્ધિ [સં.] જી અંગબુદ્ધિ, પ્રેરણા બુદ્ધિ; કુદરતી બુદ્ધિ કે પ્રેરણા; સહજ સ્ફૂર્તિ, નૈસર્ગિક બુદ્ધિ.
આસરે ત્રણ વર્ષ પછી વધતાં સુધી ઉદ્ભિજ અને સહજબુદ્ધિનો ક્રમ છે
મણિલાલ નભુભાઈ

સહજભાવ પું. (જ્યોતિષ) જન્મકુંડલીમાંના ત્રીજા સ્થાનનો ભાવ. તેનાથી ભાઈ, બહાદુરી, ધીરજ વગેરે બાબતોનું ભવિષ્ય જાણી શકાય છે

સહજમિત્ર ૧. [સ] પું. ભાણેજ.
૨ પુ સ્વાભાવિક મિત્ર.

સહજ રીતે ૧. અ. કુદરતી રીતે; આપોઆપ; એની મેળે
૨. અ. સહેલાઈથી.

સહજવૃત્તિ [સ] જી. પ્રેરણા; અનભિજ્ઞા બી; કુદરતી બુદ્ધિ.
તમે બીજુ બીજું ચુંજન કરતાં કમ કરો છો. તમે બે સહજવૃત્તિ નથી ગોકી શકતા. કૌમુદી

સહજશક્તિ [સ.] જી. શક્તિ; સામર્થ્ય; ક્ષમતા

સહજસાજ વિ થોડું; જરીક.

સહજસાધ્ય [સ.] વિ. સહેલાઈથી મેળવી શકાય તેવું.

સહજસ્ફુરણ જી. કુદરતીસ્ફુરણ; એકાએક સૂઝી આવવું તે; પ્રેરણા; સહજજ્ઞાન; સહજબુદ્ધિ; સહેજે સ્ફુરવું તે

સહજસ્ફૂર્તિ જુઓ સહજસ્ફુરણ

સહજા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ને સમણ, જગણ અને ગુરુ મળી દસ વર્ણ હોય છે.
સહજા સ સ ન ન ગ થી બને. ઇન્દ્રિનમ
૨. જી એક જાતની શક્તિ.
૩. [સં.] જી. સગી બહેન.

સહજાત ૧. [સ] વિ સાથે જન્મેલ.
૨. વિ. સ્વાભાવિક.

સહજાનંદ ૧. [સં. સહજ + આનંદ] પું. નિરંતર આનંદ.
૨. જુઓ સહજાનંદ સ્વામી.

સહજાનંદ સ્વામી જુઓ એ નામના સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક અને સંપ્રવર્તક. એમનો જન્મ અયોધ્યા પાસે આવેલા છપૈયા નામના ગામમાં ધર્મદેવને ત્યાં સંવત ૧૮૩૭ના રામનવમીના રોજ રાત્રે દશ વાગ્યે થયો હતો નાનપણમાં જ તેમનામાં ઉચ્ચ સંસ્કારો પડ્યા હતા. તેઓ અગિયાર વરસની ઉંમરે યાત્રાર્થે નીકળી ગયા હતા. સાથે એક જલપાત્ર, એક કપડાનો ટુકડો અને ઝોકમાં એક બટવો લટકાવ્યો હતો. તેમાં શાલિગ્રામની મૂર્તિ હતી અને પિતા ધર્મદેવે મેળવેલ શ્રીઅજ્ઞાનનો મંત્ર ઉતારી રાખેલ ચબરખો હતો. એ વખતે તેમને નીલકંઠ બ્રહ્મચારી તરીકે ઓળખતા હતા. તેમણે એ ઉંમરે હિમાલયમાં જઈને તપ કર્યું. ગોપાલયોગી નામના એક મહાપુરુષ પાસેથી અષ્ટાંગ યોગ શીખ્યા. જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર, નાસિક, પંઢરપુર વગેરે સ્થળે ગયા. જેમ જેમ ફરતા ગયા તેમ તેમ દિલમાં ઉદ્વેગ વધતો ગયો. બંગાળામાં અંગ્રેજોના વેપાર પૂરેપૂરા સ્થાપિત થઈ ગયા હતા. પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ જોરશોરે આવી રહ્યું હતું ઉત્તરમાં અને દક્ષિણમાં પણ અંગ્રેજી રાજ્ય પૈસવા માંડ્યું હતું. પેશ્વાનું રાજ્ય પણ હાલકડોલક થઈ રહ્યું હતું. રાજકીય અંધેર હતું જ; સામાજિક અને ધાર્મિક અંધેર પણ એટલું જ જામી પડ્યું હતું. ધર્મને નામે ચારે બાજુ પાખંડ અને જડતા પ્રવર્તતાં હતાં. જૂનાં તમામ મૂલ્યાંકનો તૂટી રહ્યાં હતાં અને ધર્મના ઠેકેદારો વધારેને વધારે બળવાન છળ વડે દબાવી રાખવા મથતા હતા અને એ રીતે પોતાની પ્રતિષ્ઠા અને આજીવિકા સાચવવા પ્રયાસ કરતા હતા. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણી' નામના ગ્રંથમાં એ કાળની પરિસ્થિતિનું તાદૃશ વર્ણન કર્યું છે આ વાતાવરણમાં બ્રહ્મજિજ્ઞાસા અને ધર્મજિજ્ઞાસાવાળા નીલકંઠ બ્રહ્મચારીને કયાંય તૃપ્તિ થાય એવું ન હતું એમની તેજસ્વિતા અને પ્રતિભા જોઈને કોઈ એમને પટ્ટ શિષ્ય બનાવી દેવા ઇચ્છતા, તો કોઈ એમને આજને આજ મહંતની ગાદી ઉપર બેસાડી અભિષેક કરી દેવા ઇચ્છતા હતા પરંતુ નીલકંઠને કોઈ પ્રલોભન ન હતું. એ તો પોતાને મૂંઝવી રહેલા પ્રશ્નો પૂછીને સંતોષ મેળવવા મથતા. મોટા ગણાતા મહંતો અને સાધુઓ જ્યારે આ મૂળભૂત પ્રશ્નોના જવાબ આપી ન શકતા ત્યારે આવા પ્રશ્નો પૂછીને પોતાને ઉધાડા પડવાનો ભય પામીને તેઓ નીલકંઠને મારવા દોડતા. કોઈ વળી બીજી વાતે ચડી જતા. નમ્રતાપૂર્વક પોતાનું અજ્ઞાન સ્વીકારી લેનારે તો કોઈ ક જ નીકળતા. હવે નીલકંઠ થાકવા લાગ્યા હતા. એમનામાં નિરાશા આવવા લાગી હતી. એવામાં એમને રામાનંદ સ્વામી યાદ આવ્યા. રામાનંદ સ્વામી મૂળ અયોધ્યાના. નીલકંઠના પિતાએ એમને ગુરુ માનેલા રામાનંદ સ્વામીએ અનેક ઠેકાણે ફરી ફરીને જ્ઞાનદાન અને આત્મશાંતિ મેળવ્યાં હતાં. અત્યારે તેઓ કચ્છ અને કાઠિયાવાડમાં 'ઉદ્ધવ સંપ્રદાય'ને નામે જ્ઞાન અને ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા એ સંપ્રદાયમાં સાધુઓની ઠીક ઠીક સંખ્યા હતી. તેઓ જુદા જુદા આશ્રમોમાં રહેતા, ધ્યાન ભજન કરતા, કૂવા અને તળાવો ખોદાવતા, ધરમો અને સદાવતો ચલાવતા અને ગામે ગામ ફરીને ધર્મ અને ભક્તિનો ઉપદેશ આપતા. નીલકંઠ બ્રહ્મચારી એ માટે કાઠિયાવાડમાં આવ્યા અને ફરતા ફરતા લોજ ગામે આવ્યા. ત્યાં રામાનંદ સ્વામીના શિષ્ય મુક્તાનંદ સ્વામી કેટલાક સાધુઓ સાથે રહેતા હતા. એમાંના મુક્તાનંદ નામના એક સાધુ ગામને પાદર વાઘ ઉપર જ બેઠા થઈ ગયા. તેઓ બ્રહ્મચારીને આશ્રમમાં લઈ ગયા અને સાધુઓ સાથે ઓળખાણ કરાવી. સાધુઓની પવિત્રતા અને નિરભિમાન જોઈને તેમને બહુ આનંદ થયો. રામાનંદ સ્વામી એ વખતે કચ્છમાં હતા. એમને કાગળ લખ્યો અને જવાબની પ્રતીક્ષા કરતા તેઓ ત્યાં જ રહ્યા. નીલકંઠને અહીં બીજે ઠેકાણે થયેલો તેથી જુદા જ પ્રકારનો અનુભવ થવા લાગ્યો. રોજ પ્રશ્નોત્તર થતા જે પ્રશ્નોના ઉત્તર ન આવડે તેનો નિખાલસ એકરાર સાધુઓ કરી લેતા. આશ્રમની બાજુમાં એક ગૃહસ્થનું મકાન હતું. બંને મકાનો વચ્ચેની દીવાલમાં એક નાની બારી હતી. તેનો ઉપયોગ ચૂલો સળગાવવા માટે અગ્નિ લેવા દેવામાં સૌ કરતા. નીલકંઠે બ્રહ્મચારીઓ માટે આ રીત અયોગ્ય લાગી. ગૃહસ્થના ઘરમાં કોઈનો દોષ તેઓ ગમે તેમ બેસે, ઊઠે, ફરે ફરે એ દરેક વખતે મર્યાદાનો ભંગ દોષ જ એમ ન બને બ્રહ્મચારીની નજરે તેઓ આવી રીતે પડે એથી વ્રતને બાધ આવે છે. સાધુઓ આ વાત સમજ્યા અને વર્ષોથી ચાલી આવતી પ્રથા પણ બંધ કરી દીધી નીલકંઠે આ બારી પોતે સ્વહસ્તે બંધ કરી દીધી જે આજે પણ વિદ્યમાન છે. નવા આવેલા ૧૬ વરસની ઉંમરના નીલકંઠ જે પ્રમાણે કહે તેમ કરવામાં સાધુઓને જરા પણ દુઃખ ન હતું. કેવા નિરભિમાની સાધુઓ! એક વખત મુક્તાનંદ સ્વામી કથા વાંચતા હતા અને શ્રોતાઓ કથા સાંભળતાં હતાં. નીલકંઠને આ ફાવ્યું નહિ. તેઓ દૂર એક જગ્યા પર માત્ર પુરુષોને કથા સંભળાવવા લાગ્યા ધીમે ધીમે મુક્તાનંદ સ્વામી પાસે બેઠેલા શ્રોતાઓ એક પછી એક ઊઠીને નીલકંઠ પાસે જવા માંડ્યા થોડીવાર પછી તો શ્રોતા અને વક્તા બેઉ મુક્તાનંદ સ્વામી પોતે જ રહ્યા. આકાશવૃત્તિ કેન્દ્ર તેઓ ભગવ્યા અને પોતાની પોથી સમેટી લઈને પોતે પણ હસતા હસતા નીલકંઠની કથા સાંભળવા બેસી ગયા. આટલી હદ સુધીની નિરભિમાનતા જોઈને નીલકંઠ બ્રહ્મચારી મુગ્ધ થઈ ગયા. આવા પવિત્ર અને મુમુક્ષુ સાધુઓના ગુરુ જેવા મહાન હશે એની કલ્પના કરીને રામાનંદ સ્વામીનાં દર્શન માટે અત્યંત ઉત્સુક થઈ ગયા. રામાનંદ સ્વામી કચ્છમાંથી આવ્યા ત્યારે સાધુઓની સાથે નીલકંઠ તેમને મળવા પીપલાણા ગામે ગયા બંનેનું મિલન અપૂર્વ હતું. રામાનંદ સ્વામી બોલ્યા, કે હું તો પહેલેથી જ જાણતો હતો કે, હું તો ડુંગરની વગાડવાવાળો છું, અગે નટ તો હવે આવશે એ નટ પટમાં આવી ગયો છે. મારું જીવન કાર્ય હવે પૂરું થાય છે. રામાનંદ સ્વામીની ગુરુ પરંપરા એવી જ હતી. એમના ગુરુ આત્માનંદ સરસ્વતી પ્રબળ મુમુક્ષુ હતા. તેઓ અદ્વૈતવાદી હતા. એમણે ઘણી સાધના કરેલી પરંતુ સંતોષ થતો ન હતો. રામાનંદ સ્વામીએ દેશાટનમાં ફરી ખૂટતું તત્ત્વ મેળવી આવ્યા અને જ્યારે આત્માનંદ સરસ્વતી પાસે પોતાનો અનુભવ રજૂ કર્યો ત્યારે તેમણે અત્યંત પ્રસન્નતા અને શાંતિ અનુભવ્યાં. પોતાનું શિષ્યમંડળ રામાનંદ સ્વામીને સોંપીને સાર પછી તેમણે સમાધિ લીધેલી. એમની સમાધિ આજે પણ રાજકોટ પાસે જસા ગામમાં છે. રામાનંદ સ્વામીએ પણ એ જ હવે નીલકંઠ બ્રહ્મચારીને ઉદ્ધવ સંપ્રદાયની જેતપુર મુકામે દીક્ષા આપી ને આખા સંપ્રદાયની ધુરા તેમના ઉપર મૂકી. થોડા મહિના પછી તેમણે પણ હરેણી ગામમાં રજૂણ દેહ છોડી દીધો. દીક્ષા આપતી વખતે નીલકંઠ બ્રહ્મચારીનું નામ સહજાનંદ પાડવામાં આવ્યું. એ વખતે એમની ઉંમર ૨૬ વર્ષની હતી. ત્યારથી એમનું અવતારી તરીકેનું કૃત્ય શરૂ થયું. મનુષ્ય સ્વભાવ અહીં પણ આડો આવ્યો વૃદ્ધ ઉંમરના અનેક પ્રતાપી સાધુઓને પડતા મૂકીને આ નમૂછીઆ તરુણ અને સાવ નવા સાધુને નેતૃત્વ સોંપાયું તે તેમની પ્રતિભા જોઈને મોટા ભાગે તો પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લીધું; પરંતુ કેટલાકને એમાં માનભંગ લાગ્યો. એક રઘુનાથદાસજી નામના સાધુ સંપ્રદાય છોડીને જતા રહ્યા વાલબાઈ અને હરબાઈ નામની બે વૃદ્ધ અને શક્તિશાળી બ્રહ્મચારિણીઓ હતી. દેશભરના અનુભવોથી ઘડાયેલા સહજાનંદ સ્વામીએ અત્યારે

સ્ત્રીઓ અને પુરુષો માટેની કથાવાર્તાની વ્યવસ્થા અલગ કરી સારે તે બને આફ્રિકોને અપમાન લાગ્યું અને એ પણ નીકળી ગયાં. કેટલાકના મન હજી પણ ઊંચા રહેતાં હતાં પરંતુ સહજાનંદ સ્વામી ફક્ત સંપ્રદાયનું સંચાલન કરવા નહિ; લોકનું કલ્યાણ કરવા અવતર્યા હતા. એમનું જીવન કાર્ય સિદ્ધ કરવા માટે આ સંપ્રદાય સાધન તરીકે નબળો અને ચાલે ચડી ગયેલો લાગ્યો. આથી નવી દીક્ષા અને નવો મંત્ર આપીને નવો જ જુસ્સો પેદા કરવાની તેમને જરૂરત જણાઈ. સમસ્ત બ્રહ્માંડના સ્વામીનિયામક ફક્ત નારાયણ છે એ ઠસાવવા એમણે 'સ્વામિનારાયણ' મંત્ર આપ્યો. અનેક દેવ દેવીઓ, યક્ષો, ભૂતો અને પાગિયાની ઉપાસના એમણે બંધ કરાવી સારથી એ સંપ્રદાય કહેવાયો. આજે પણ આ સંપ્રદાયના અનુયાયીઓ પોતાના ઇષ્ટદેવ સ્વામિનારાયણ સિવાય બીજા કોઈ ને ઉપાસનામાં ભેગવતા જ નથી. સૌને આ નવા મંત્ર વડે નવી દીક્ષા આપી. એ દીક્ષાએ અનુયાયીઓમા નવીજ ચેતના પ્રગટાવી. સહજાનંદ સ્વામી અને સંપ્રદાયે ત્યારથી જે કાર્યપ્રવાહ વહેતો મૂક્યો તે અદ્‌ભુત છે. સહજાનંદ સ્વામીનું મુખ્ય કાર્ય ધર્મસરક્ષણનું હતું. જોરજોર આવી રહેલી પશ્ચિમની સભ્યતા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતને આવરી લે તે પહેલાં જીવનને સ્થિર અને શક્તિમાન બનાવીને ધર્મદુર્ગને સુરક્ષિત કરી લેવાનું હતું. તેમણે દેશમાં જોયું હતું કે, ધર્મ હારી જવાને પરિણામે લોકો ફક્ત લડાઈમાં જ નહિ પણ સંસ્કૃતિમાં પણ હારી રહ્યા હતા. રાજકીય ઊથલપાથલો તો અનેક આવશે પણ સંસ્કૃતિની ઊથલપાથલ થાય તો પ્રજા કદી ઊભી ન થાય. સંસ્કૃતિનો પાયો ધર્મ છે. ધર્મ એટલે કોઈ માન્યતાનો વાડો નહિ પણ જીવનનાં મૂળભૂત મૂલ્યો. એ મૂલ્યો સ્થિર અને મજબૂત કરવામા જ તેમણે પોતાની બધી શક્તિ ખરચી. ત્યાર પછી તેઓ ૨૮ વર્ષ આ દુનિયામા રહ્યા પરંતુ તેટલા વખતમાં તો ગામડે ગામડે ફરીને કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં બ્રાહ્મણોથી માંડીને કોળી, વાઘરી અને હરિજનો સુધી અને રાજાથી માંડીને અનાથ વિધવા સુધીના વર્ગોમાં ધર્મની પ્રબળ શક્તિ તેમણે જાગ્રત કરી દીધી. આ રજવાડી પ્રદેશો અનેક કુટુમ્બો વચ્ચે વહેંચાયેલા હતા. ધાડ, લૂંટ, ખૂન અને લડાઈ રોજના વ્યવસાય થઈ ગયા હતા સાધુઓ અને બાબાઓનો ટોળા પણ એ જ વ્યવસાયમાં સામેલ હતાં. આચાર્યો અને મહંતો પણ એનાથી જુદા ન હતા. એ બધાંની વચ્ચે અનોખા વહેંચાયેલી પ્રબળ પ્રચંડ વૈરાગ્યને સહજાનંદ સ્વામીએ ધર્મનું કેન્દ્ર આપ્યું. પ્રસ્થાન ત્રયી સંપ્રદાયની વિશેષ તત્ત્વ વિચારણા હતી. પરંતુ મુખ્ય ભાર એના ઉપર મૂલ્યને બદલે જીવનની નૈતિક અને આચારગત પવિત્રતા ઉપર વિશેષ ભાર મૂક્યો. પરિણામે સૌચ જાય ને પાણી પણ ન લેનાર વર્ગને નહાઈ, ધોઈ, પૂજાપાઠ કરીને પછી જ મોઢામાં કોળ પણ નાખી શકાય એવા વ્રત નિયમો પાળતો કરી દીધો. માંસ, ચોરી, ખૂન અને ધાડને સ્વભાવમા જ વરી બેઠેલા વર્ગને એટલો અહિંસક બનાવી દીધો કે માંસો અને પથ્થરના સતત વરસાદ વચ્ચે પણ તે શાંતિથી પસાર થઈ શકે. વડતાલના પ્રસિદ્ધ સુથાર જેસણપગીને કોઈએ પૂછ્યું કે, આત્મા! સ્વામિનારાયણમાં તેં એવું શું જોયું કે તેં એને ભગવાન માની લીધા? પગીએ એને જવાબ આપ્યો કે, "એ તો મારા જેવા મૂર્ખાની પણ માવ બનાવી દે છે. નહિતર મારી સાથે આમ વાત કરવાની તમારી હિંમત પણ ચાલે ખરી કે?" આ સંપ્રદાયની સ્થાપનાથી ગામડાઓમાં તેમજ શહેરોમા અને મધ્યમ તેમજ નીચેના વર્ગોમાં ધર્મપ્રભાવ વ્યાપક થઈ ગયો. જીવનમા આચાર આવ્યો, વ્યવહારમાં ધર્મ આવ્યો ને અંતઃકરણમાં ઈશ્વર પ્રત્યે અભિમુખતા આવી. લગ્ન સમયે ગવાતાં કટાણા બંધ થયાં અને એને સ્થાને સાધુઓએ રચેલાં ઈશ્વર વિવાહનાં પદો આવ્યાં પ્રસંગ પ્રસંગનાં કીર્તનો સાધુઓએ રચ્યાં તે બધા વર્ગોમાં ગવાતાં થયાં. દોળી જેવા હલકા તહેવારને પણ સંસ્કારી ને ધાર્મિક ઉત્સવમા ફેરવી નાખ્યો. સભામંડપને બદલે માડાં ઊંચા નાખીને કે પથ્થર ઉપર બેસીને વાતચીતોની ઢબે જ્ઞાન આપવાની પ્રથા શરૂ થઈ. ઊંચામાં ઊંચું તત્ત્વજ્ઞાન વાઘરી પણ સમજી શકે એવી સરળ ભાષામા ઊતાર્યું. 'વચનામૃત' એનો પુરાવો છે. સ્ત્રીઓને પણ સન્માન આપ્યું અનેક સ્ત્રીઓ આજીવન બ્રહ્મચર્યનું વ્રત રહ્યા કેટલીક પરીક્ષિત સ્ત્રીઓ પણ 'સાધ્વીયોગ' સ્વીકારીને ધર્મપ્રચારના કાર્યમાં જોડાઈ. રોજે રોજ પાઠ કરવા માટે સંપ્રદાયે પ્રબોધેલી 'શિક્ષાપત્રી' વાંચવા માટે અક્ષરજ્ઞાન અનિવાર્ય બન્યું. સંસ્કારિતાની આ હવાએ તો સૌને આવરી લીધા. સહજાનંદ સ્વામી પોતે ઉત્તર હિંદુસ્તાનના ક્યાં કાર્યક્ષેત્ર ગુજરાતીભાષાભાષી પ્રદેશમાં રાખ્યું એ કારણની કલ્પના મુજબ ધર્મની સ્થિરતા જાળવવા માટે મંદિરો કર્યા. ગઢડા, વડતાલ, જૂનાગઢ વગેરેનાં મંદિરો અને સંપ્રદાયની બધારણીય વ્યવસ્થા સ્થાપી અને ૪૯ વર્ષની ઉમરે વિક્રમ સંવત ૧૮૮૬ના જેઠ સુદિ ૧૦ના રોજ પોતાની જીવનલીલા સંકેલી લીધી. આજે કચ્છ અને ગુજરાત બાદ કરીએ તો પણ એકલા સૌરાષ્ટ્રમાં લગભગ હજાર ગામમાં મંદિરો છે. ગામડે ગામડે ફરીને નિયમિત ધર્મોપદેશ કરનારા હજારો સાધુઓ છે અને ગૃહસ્થાશ્રમમા રહ્યા છતા જનકવિદેહી જેવું જીવન ગાળતા અનેક સત્સંગી ગૃહસ્થો આજે પણ નજરે પડે છે તેઓ સંપ્રદાયે શરૂ કરેલી કેટલીક માસિક પ્રસાદિકાઓ દ્વારા આજે પણ સહજાનંદ સ્વામીના જીવનસંદેશને પ્રવર્તાવી રહ્યા છે

સહજાનંદી ૧. પું. પરમાત્માનું એ નામનું એક સ્વરૂપ.

૨. વિ. સહજાનંદને માનનારું; સ્વામિનારાયણ પંથનો અનુયાયી.

૩. વિ. સ્વાભાવિક આનંદવાળું

ઉદે નિરામી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, **સહજાનંદી**, અનવદ્યાની, અનંતજ્ઞાની, ત્રૈલોક્ય પ્રકાશક છે શ્રીમદ્‌ભાગવત

સહજાનંદી બ્રહ્મચારી પું. બ્રાહ્મણમાંથી થયેલા સ્વામિનારાયણ પંથના આજન્મ બ્રહ્મચર્ય પાળનાર સાધુ, દાઢી મૂછ કાઢી નાખી સ્ત્રીઓનો ભોગો પણ ન લેનાર સાધુ

સહજાનંદીય ૧. પું. સહજાનંદ સ્વામીના અનુયાયી.

૨. વિ. સહજાનંદનું

સહજાનંદી સાધુ પું. કણબી વગેરે જ્ઞાતિના આજન્મ બ્રહ્મચર્ય પાળનાર દાઢી, મૂછ મુંડાવનાર ને સીવેલા કપડાં ન વાપરનાર સ્વામિનારાયણ પંથના સાધુ

સહજાભિવ્યક્તિ [સં] સ્ત્રી. સહજ રીતે વ્યક્ત કરવું તે

સહજામીન પું. ભોડીદાર કે એકત્ર જામીન.

સહજારિ ૧. પું. કાકાનો પુત્ર.

૨. પું. સાવકો ભાઈ.

૩. [સં.] પું. સ્વાભાવિક શત્રુ.

સહજાર્થે ૧. વિ. અનુપસ્થિત.

૨. વિ. બેરહિસ્યત.

૩. વિ. વિધિ, નિયમ કે રીતિવિરુદ્ધ; વિધિપૂર્વક ન હોય તેવું.

૪ ક્ર. વિ. સહજ; અમસ્તું

સહજાવબોધ પું. અંતર્જ્ઞાન; સહજ વિવેકશક્તિ.

અંતર્જ્ઞાન, **સહજાવબોધ**, સહજ વિવેકશક્તિ વગેરે દિવ્ય મનોમય વ્યાપારોમા હું જ્યાં સુધી તેટલા માટે હું તમારું રક્ષણ ચાહું છું.

મેઘાણી

સહજાવસ્થા સ્ત્રી. (યોગ) સમાધિ; આત્મા અને મનનું એકપણું.

સહજવું સ ક્રિ. સમજવું

ઓલે તુ એની બચવી આરે તને **સહજવો** સો જનમના પાપ કે પુન્ય તે. સંત તુકારામ

સહજાસહજ અ. સહજ રીતે, સ્વાભાવિક રીતે

સહજિયાપંથ પું. એ નામનો પંથ

સહજિયાપંથના નિત્યાનંદ બાવરીની સાથે મિલન થવાથી મહાપ્રભુનો ધર્મ સહેલાઈથી ચોમેર ફેલાઈ ગયો. બુદ્ધિપ્રકાશ

સહજીવન ૧ ન. વિવાહિત જીવન; દાંપત્ય જીવન

૨. ન. સહવાસ; સાથે રહીને જીવન ગાળવું તે

૩. ન. સાથે પ્રસાર થતું જીવન, નિરંતર સહકાર વડે જળવી જિંદગી; સમગ્ર જીવન

સહજીવી વિ. સમકાલીન; સાથે જીવનાર; સાથે થઈ ગયેલ.

ભાનુદત્ત હરિમંદના **સહજીવી** રામાચરણ મોરચાખી હતા. કૌમુદી

સહજુમેદાર [સહ (સાથેનો) + જુમ્મા (હિસ્સો) + દાર (વાળું)] પું. ભરખે હિસ્સે જવાબદારી લેનાર વ્યક્તિ; 'કોદરરી'.

સહજોપ્રજ્ઞા [સં. સહજ + પ્રજ્ઞા] સ્ત્રી. કુદરતી પ્રજ્ઞા; સહજબુદ્ધિ

સહજોપલબ્ધ ૧. [સં. સહજ + ઉપલબ્ધ (મળી શકે તેવું)] વિ. કુદરતી રીતે પ્રાપ્ત થાય કે મળી શકે તેવું

૨. વિ. સાધારણ બુદ્ધિનું; કુદરતી બુદ્ધિનું.

આવા **સહજોપલબ્ધ** શબ્દોને અનેક નામ આપવામાં આવે છે; **સહજોપલબ્ધિ**, બુદ્ધિના આકૃતિક નિયમ, સાધારણ બુદ્ધિ ઇત્યાદિ. મણિલાલ નભુભાઈ

સહજોપલબ્ધિ ૧ સ્ત્રી. અંતઃસ્ફૂર્તિ; આંતરપ્રેરણા; પ્રજ્ઞાદૃષ્ટિ.

૨. સ્ત્રી. કુદરતી બુદ્ધિ; સાધારણ બુદ્ધિ.

૩. સ્ત્રી. પ્રધાનશક્તિ.

૪. સ્ત્રી. માણસના મનમાં એની મેળે થતી સમજ; પ્રમાણ વગર થયેલી જ્ઞાનની પ્રાપ્તિ.

સહજોપલબ્ધિ જ્ઞાન ન. તાત્કાલિક જ્ઞાન, સહજ જ્ઞાન.

સહજોલી સ્ત્રી. (યોગ) કાયોગની એક ક્રિયા

સહજોલી એ વજ્રોલીનો અવાંતર ભેદ છે.

જાણ્યાં જાણાની સરખ જનાની તે જનમાં મિશ્રિત કરી વજ્રોલી પ્રમાણ તે સરખ સ્ત્રીપુરુષે શરીર ચોપડી તે **સહજોલી** છે. ત્રિકાળદર્શક દર્પણ

સહતંત્ર ન. મૈત્રીતંત્ર; મૈત્રીબદ્ધ શાસન, 'ફેડરેશન'.

સહતંત્રી પું. જોડિયો તંત્રો.

સહદર્શી ન. સહ અવલોકન; સાથે રહીને જોવું તે

સહદુખી વિ. સાથે રહી દુખી થનાર.

સહદેઈ સ્ત્રી. એક જાતનો છોડ; રારતા; સેદ્રી, સદોડી; સહદેવી; કડવાશવાળી એક પ્રકારની પૌષ્ટિક વનસ્પતિ. એનાં પાન લાંબાં અને બે આજુબાજુ પડોળાં હોય છે. તેમાં પીળા રંગના નાના ફૂલ થાય છે. આ છોડના પાન નાયા ફૂલ ગુજરીદાર છે. તે ચોમાસુ પેદાશ છે. તેનાં મૂળ નાવમાં અપાય છે

સહદેવ ૧ પું. (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પું. (પુરાણ) તાજાની કૂખે વસુદેવને થયેલો પુત્ર

૩. પું. દેવોની શક્તિથી યુક્ત તે.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી પ્રદ્યુમ્નક કુલોત્પન્ન ધ્રુવસંધિ વંશના દિવાકર અથવા વિનાકર રાજાનો પુત્ર એના પુત્રનું નામ ભાનુમાન અથવા પ્રતાશ્વ હતું. આ અભિમન્યુએ મારેલા બૃહદ્બલ રાજાની પડેલાના વંશનો રાજા હતો

૫. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુળના વિશાળ વંશના સંયમ અથવા સંજય રાજાનો પુત્ર; કૃશાશ્વનો પિતા.

૬. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશ રાજાના વંશમાં જન્મેલા હર્યશ્વન રાજાનો પુત્ર સુહોત્ર.

૭. પું. (પુરાણ) સોમવંશી પૂરુકુલોત્પન્ન મગધ દેશાધિપતિ જરાસંધ રાજાનો પુત્ર. સોમાધિ, શ્રુતશ્રવા અને મેધસંધિ એ નામના તેને ત્રણ દીકરા હતા. તેના રથના ઘોડાનો રંગ કાબરો હતો. તે રાજાસન ઉપર આવ્યો હતો અને ભારતના મહાયુદ્ધમાં એ પાંડવના પક્ષમાં હતો દુર્યોધન પક્ષના બહુ વીરોની સાથે એને યુદ્ધ થયું હતું. એ અંતે દ્રોણાચાર્યને હાથે માર્યો ગયો હતો

૮. પું. સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડુ રાજાની બીજી સ્ત્રી માદ્રીના બે પુત્ર માદ્રેનો નાનો; નકુલનો ભાઈ તે અશ્વિનીકુમારથી ઉત્પન્ન થયો હતો. એ દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખ્યો હતો અને મોટો યોદ્ધો હતો. વળી એ બહુજ યુદ્ધમાં બધો જ નિપુણ હતો દ્રૌપદી સિવાય કેકય દેશના રાજાની કન્યા વિજયા એ એની બીજી સ્ત્રી થાય. દ્રૌપદીને એનાથી શ્રુતકર્મા અને વિજયાને સુહોત્ર એમ બે પુત્ર હતા. તે યુધિષ્ઠિરની સાથે ઇંદ્રપ્રસ્થમાં આવ્યો હતો. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે એને દક્ષિણ દિશા તરફ વિજય કરવા મોકલ્યો હતો. તેણે કુરુક્ષેત્રની દક્ષિણે શૂરસેન, દક્ષિણ મત્સ્ય અને અધિરાજ્ય વગેરે દેશ જીત્યા. રાજસૂય પછી જુગારમાં યુધિષ્ઠિર હારવાથી પાંડવો વનવાસ ગયા ત્યારે સહદેવ સાથે હતો. અજ્ઞાતવાસમાં એ વિરાટ રાજાને ત્યાં તંતિપાળ નામ ધારણ કરી અશ્વશાળાના ઉપરી તરીકે રહ્યો હતો. ભારતીય યુદ્ધમાં એ પોતાના રથને તેતરના રંગના ઘોડા જોડતો અને એના વાવટા ઉપર કમનું ચિહ્ન હતું. લડાઈમાં વગાડવાના એના શંખનું નામ મણિપુષ્પક હતું. એણે યુદ્ધમાં શકુનિને માર્યો હતો. સહદેવે દ્રૌપદીના સ્વયંવર વખતે દુઃશાસનને હરાવ્યો હતો ભાનુની પુત્રી ભાનુમતી એ સહદેવની બીજી સ્ત્રી હતી. યુધિષ્ઠિરે છત્રીસ વર્ષ રાજ્ય કર્યા પછી પાંડવો જ્યારે હિમાલય પર દ્રૌપદીસમેત ચાલ્યા ગયા ત્યારે સહદેવ જોડે જતો હતો તે કાળે માર્ગમાં જ પડી એ સ્વર્ગે ગયો

પાંડવોમાં પાંચેને માટે આ પ્રમાણે વિશિષ્ટતા બતાવી છે યુધિષ્ઠિર સત્ય, ભીમ શારીરિક બલ, અર્જુન મનુષ્યની દ્રષ્ટિ, **સહદેવ** દૂરદર્શિતા અને નકુલ કળાનું સ્વરૂપ બતાવે છે. પ્રબોધન

૯ પું. (પુરાણ) સોમવંશી પૂરુકુલોત્પન્ન હરિતપુત્ર અજમિઢના નીલ નામના પુત્રના પુરુજાતિ પાંચાલ કુળમાં થયેલા મિત્રાયુપુત્ર ચ્યવન રાજાનો પૌત્ર અને બૃહદ્રથ અથવા સુદાસ રાજાનો પુત્ર

સહદેવજેશી ૧. પું. પોતે જાણતો હોય છતાં પૂછ્યા વગર બોલે નહિ તેવો માણસ.

૨. પું ૧ બ. એ નામની પૂના તરફ વસનાર એક જાતિના લોકો. તેનો ધર્મો નસીબ જોવું ભીખ માગવાનો છે

સહદેવા ૧. સ્ત્રી. ઉપલસરી વનસ્પતિ; ભલા વનસ્પતિ; ખેતરાઉ બલનો છોડવો.

૨. સ્ત્રી. (પુરાણ) દેવક રાજાની કન્યા વસુદેવની સ્ત્રીઓ માહેની એક. એને પુરુ, વિશ્રુત વગેરે બાર પુત્રો હતા.

સહદેવી [સં. મહાબલા ?] સ્ત્રી. એક જાતનો છોડ; પીતપુષ્પી; કડવાશવાળી એક પ્રકારની પૌષ્ટિક વનસ્પતિ.

સહધની [સં.] પું. સહસ્વામી; સહમાલિક

સહધર્મચાર [સં.] પું. સાથે રહી જીવનની ફરજો બજાવવી તે.

સહધર્મચારિણી [સ. સહ (સાથે) + ધર્મ (ફરજ) + ચારિણી (આચરનારી)] સ્ત્રી. પતિની સાથે રહીને બધા ધર્મો આચરનારી,

સહરા

સુખદુઃખમાં સાથે રહીને ભાગ લેનારી સ્ત્રી; પત્ની; સહચારિણી; વધૂ. સ્ત્રીને ધર્મકાર્યમાં પુરુષનું એક ખૂબ જ અગત્યનું અંગ ગણવામાં આવતી અને સ્ત્રી વગર એકલા પુરુષનું જીવન અધૂરું ગણાતું માટે જ સ્ત્રીને પુરુષની ધર્મચારિણી કહેવામાં આવે છે.

સહધર્મચારી [સં. સહ (સાથે) + ધર્મ (કરજ) + ચારિન્ (આચરનાર)] પું. પતિ; ધણી; વર.

સહધર્માનુચારી વિ પોતાના ધર્મને માનનાર.

સહધર્મિણી ૧. [સં. સહ (સમાન) + ધર્મિણી (ધર્મવાળી)] સ્ત્રી. પરણેલી સ્ત્રી.

૨. સ્ત્રી. સાથે ધર્મ આચરનારી સ્ત્રી; પત્ની, ભાર્યા; અર્ધિયાણી.

સહધર્મી ૧. [સં.] વિ. એક સમાનધર્મનું અનુયાયી.

૨. વિ. સમાન ધર્મવાળું; સરખા ધર્મવાળુ

સહધ્યાન ન. તમામનું એક પ્રત્યે સરખું ધ્યાન.

સહન [સં.] ન. સહેવું કે ખમવું તે; સહી રહેવું તે; વેઠવું તે.

સહન કરવું = ખમવુ.

સહનતા ૧. સ્ત્રી. ધીરજ; ધૈર્ય.

૨. સ્ત્રી. સહન કરવાપણું; આમોથી; સહનશીલતા; સાંખવું તે.

સહનધર્મ પું. સહનશીલતા.

સહનશક્તિ સ્ત્રી. સહન કરવાની શક્તિ.

સહનશીલ વિ. સહન કરે તેવા સ્વભાવનું; વેઠી લેનારું; સાંખી લેનાર; સાંખ્યા કરે તેવું; સહિષ્ણુ; શાંત; ધીર.

સહનશીલતા ૧. સ્ત્રી. ધીરજ; ધૈર્ય.

૨. સ્ત્રી. વાદગ્બલના ૭ માંહેનો એક પ્રકાર.

૩. સ્ત્રી. સહનશક્તિ; આમોથી; સહનશીલપણું; સાંખવાપણું.

સહના ૧. ન. કવચ.

આ સહના શરીરે પહેરો પ્રભુ હાવરોદી ને રોપ.

મુ. ન. સો. રામાયણ

૨. [હિં.] સ. ક્રિ. સહન કરવું; ખમવું; ખાતના સહેવી.

સહનાઈ સ્ત્રી. રણશી.

સહનાગરિક પુ. એક જ સહેરના વતની; સાથે રહેનારા સહેરી કે નાગરિક

રહેના મૂલ્ય પણી રહેના મુહમુખ્ય સહનાગરિકોએ તેને કેવળ આપ્યું. '

અસ્તિાયિક કોષ

સહનાત્મક પ્રતિકાર પું. સત્યાગ્રહ.

બીજો કરણ સહનાત્મક પ્રતિકાર (Passive resistance) સત્યાગ્રહ આશ્રમનો હતો.

પારિભાષિક કોષ

સહનીય [સં.] વિ. સહન થાય એવું; ખમી શકાય તેવું; સહ્ય.

સહપરિવાર સ્ત્રી. પરિવાર સાથે.

સહપાઠી [સં સહાધ્યાયી] પુ સાથે રહી પાઠ લેનાર, સાથે ભણનાર; સહાધ્યાયી, સાથે અભ્યાસ કરનાર ગોઠિયો; ' કો રહુડન્ટ '.

સહપાન [સં.] ન. બેગા બર્ધ દારૂ પીવો તે.

સહપાંતી [સં.] પું. પાંતીદાર; ભાગીદાર; હિસ્સાદાર; ' કો પાર્ટનર '.

સહબ્ય [અ.] સ. ક્રિ. (ધાતુ) તે જોડાયો. તે ઉપરથી નીકળેલા શબ્દોઃ સાહેબ, મુસાહેબ, સોબતત વગેરે

સહભાગિતા [સં.] સ્ત્રી. પાતીદારી, ભાગીદારી; પંસાળુ; 'પાર્ટનરશિપ'.

સહભાગિની [સં.] સ્ત્રી. પત્ની

સહભાગી ૧. [સં.] પુ. અરોબરિયો.

૨. પું. ભાગીદાર; પાંતીદાર; સહાંશી, સહભાગીદાર.

૩. પું. સહખાતેદાર.

૪. પું. સહભોક્તા.

૫ વિ. કોઈ પણ કાર્યમા સાથે રહી કોઈને મદદ કરવી તે.

સહભાગીદાર ૧. પું. સાથે ભાગ રાખનાર માણસ.

૨. વિ. પદમાં સમાન હિસ્સો લેવાવાળું

સહભાગીદારી સ્ત્રી. પાંતીદારી; ભાગીદારી.

સહભાવ ૧. પું. એકતાપણું.

સાકાર (ઉપયોગ)ના આઠ ભેદોમા જ્ઞાન અને અજ્ઞાનમા તફાવત બીને કાઈ જ નહિ ફક્ત સમ્યક્‌ત્વના સહભાવ અને અસહભાવનો તફાવત છે. તત્ત્વાર્થસૂત્ર

૨ પું. મિલાપ.

સહભાષા સ્ત્રી. મુખ્ય ભાષા સાથે ત્રિભાષી ઇતર ભાષા.

સહભોગ [સં.] પું. સામાયિક કલ્પમાં; સયુક્તભોગ; ' જોઇન્ટ પઝેસન.'

સહભોગી [સં.] પું. સામાયિક ભાગેદાર.

સહભોજન ૧. ન. મિત્રો સાથે બેસીને જમે તે; ભિન્ન વર્ણના લોકોનું એક પગતે સાથે બેસીને કરેલું જમણ

૨. [સં. સહ (સાથે) + ભોજન (જમણ)] ન. સાથે બેસી કરેલું ભોજન.

૩. ન. સામાજિક ભોજન; જ્ઞાતિભોજન.

સહમત [સં.] વિ. એકમત; સમત; સમાન કે સરખા મતવાળુ.

સહમતી સ્ત્રી. એકમતી.

સહમરણ [સં.] ન. પતિ સાથે જ ચિતામા બળી મરવું તે; સતી થવુ તે. જુઓ સહગમન

સહમંત્રી [સ] પું મંત્રીની સાથે રહેનાર; જોડીદાર મંત્રી; મંત્રી મદદનીશ; ' જોઇન્ટ સેક્રેટરી '.

સહમાન ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ

૨ [હિં. સહનામા] વિ. બીયેલું; ભયભીત થયેલું

૩. વિ. પું. વિરોધીઓને હરાવનાર.

સહમાલિક ૧. પું. ભાગીદાર.

૨. પું. સહસ્વામી; સરધણી.

સહયોગ ૧. પું. આંખો.

૨. પું. એક બીજાને મદદગાર થવું તે; સાથે મળીને કામ કરવું તે; સહકારીતા; સહકાર.

૩. [સં સહ (સાથે) + યોગ (જોડાવું)] પું કામમને માટે સયોગ થવો તે; સાથે રહેવાપણાનો યોગ.

૪ પું. બે વસ્તુઓ વચ્ચેનો સંબંધ

સહયોગિતા [સં.] સ્ત્રી. સહકાર; સહકાર્ય.

સહયોગી ૧. પુ. સાથે રહી કાર્ય કરનાર માણસ; સાથી; મદદનીશ.

૨. [સં.] વિ. અવિભક્ત; સંયુક્ત; સહિયારું.

૩. વિ. મદદગાર.

૪ વિ. સહકારવાળુ; સહકારી.

૫. વિ સાથે આવતો કે જોડાતો.

સહર ૧. પું. નાગપિંગળ માંહેનો માત્રામેળવાળો એક છંદ.

૨. [અ.] પું. પ્રભાત.

૩. પું. રમઝાન મહિનામાં પરોઢિયે ઊઠીને ખાવું તે

સહરક્ષક પું. (પુરાણ) પાવક નામના અગ્નિનો પુત્ર. એના પુત્રનું નામ કમ્યાદ હતું

સહરગાહ ૧. [અ.] પું. પ્રભાત.

૨. પું. રમઝાન મહિનામાં પરોઢિયે ઊઠીને ખાવું તે.

સહરવા પું. એ નામનો એક જાતનો નાચર

સહરા ૧. [અ.] પુ. રેતીનું મેદાન; રણ; બીઆબાન.

૨ ન. દુનિયામાં મોટામાં મોટું આફ્રિકામાં આવેલું એ નામનું રણ. તે આટલાંટિકથી રાતા સમુદ્ર અને દક્ષિણમાં મોરોક્કો, ટ્યુનિસિયા, અલ્જીરિયથી આફ્રિકની મધ્ય સુધી આવેલું છે. તે ૩૫૦૦૦૦૦ ચોરસ માઈલમાં ફેલાએલું છે. તે મુખ્યત્વે ફ્રેંચ પ્રદેશ છે. તેમાં ઘણા ઘીલા ટાપુઓ છે. તેમાં વણજારાના માર્ગથી જ જવા.ય છે. સૌથી સીધે રસ્તે ઊંટની વણજારને મુસાફરી કરતાં ત્રણ મહિના લાગે છે. સૌથી ઓછો જાણીતો ભાગ સિમિસ્સનું રણ છે. તેમાં ૨૦મા સૈકામાં ઘણું શોધખોળનું કામ થયું છે. એવું માનવામાં આવે છે કે, ભૂતકાળમાં તે રણ વધારે પાણી વિનાનું અને ઉજ્જડ હતું. તેમાં ઊંચા પર્વતોની હારો અને ઊંડી ખીણો આવેલી છે. જેમાં થઈને નદીઓ વહે છે. રેતથી તેમાંથી પસાર થવા માટે નકશાઓ તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાંના ઘણા ભાગને ખેડવા લાયક બનાવવાની પણ યોજનાઓ થઈ રહી છે રણવાસીઓની મુખ્ય જાતો : અબેરો, આરબો અને ટીબુઓ છે તે બધા ઇસ્લામના અનુયાયીઓ છે. રણમાં દિવસે અતિશય ગરમી અને રાતે અતિશય ઠંડી પડે છે ટૂંકામાં વાર દિવસ અને રાત વચ્ચે સરાસરી દૈનિક ઊષ્ણતામાનનો તફાવત લગભગ ૩૦ અંશ સુધી થઈ જાય છે.

સહરાઈ ૧. સ્ત્રી. અતિશયોક્તિ.
૨. વિ. જંગલી; રણનું

સહરાગત ૧. સ્ત્રી. અતિશયોક્તિ.
૨. સ્ત્રી. ભલામણ.
૩. સ્ત્રી. વખાણ.

સહરાવું અ. ક્રિ. ખુશી થવું; રાજી થવું.

સહરિ ૧. પું આકડાનો છોડ.
૨ પુ. બળદ
૩. પુ સૂર્ય

સહરીન પું. ઈરાની ચલણનો સિક્કો; અર્ધો પેન્સ કે અર્ધા આનાની કીમતનો સિક્કો.
વીસ સહરીન = એક કેરાન.

સહર્ષ [સં સ (સાથે) + હર્ષ (આનંદ)] અ. આનંદ સાથે; ખુશીથી; હર્ષયુક્ત; હરખભેર; હરખે કરીને; આનંદથી.

સહલ [અ] સ્ત્રી. ભૂલ.
૧. સહલે કલમ = કલમ દોષ.
૨. સહલે કિતાબ = છાપ દોષ

સહલન [અ.] અ. ભૂલથી.

સહવર્તમાન ૧ [સં. સહ (સાથે] + વર્ત (હોવું) + માન (વર્તમાન કૃદંતનો પ્રત્યય)] વિ સમકાલિન; સાથે રહેનારું કે હોય તેવું.
૨ અ. સાથે; જોડે, બીજું માણસ સાથમાં હોય એમ; સહિત; ની સાથે.

સહવર્તી ૧. [સં. સહ (સાથે) + વર્તિન્ (હોનાર)] વિ. જૂનવું; સ્વાભાવિક; કુદરતી; નૈસર્ગિક.
૨. વિ. સાથે રહેનારું કે હોય તેવું; સમવાય સબંધવાળું; સમવાયી, જોડે આવનારું કે જનારું.

સહવાદી પું. સાથે જોડાઈ ગયેલો વાદી; દાવાના એક કરતાં વધારે વાદીઓ
વાદીને બદલે ફરિયાદમાં **સહવાદી** કર્યો હોય તેને કોર્ટે હુકમ કરવા. દીવાની કાયદા

સહવારી અ. વેગાસરે; તરત જ; જલદી.
તે ન જોયું કૂદા કર્યે બળ્યા.
સહવારી કહ્યા કરી પણી. પ્રેમાનંદ

સહવાવું અ. ક્રિ. સપડાવું, હાથ આવવું.
મોપી સર્વે કહે આહોઆહે **સહવાયો** છે ચોરણ,
અમનું જોયા ગામ જ આખું મંડાયો સહોરાસહોરણ. પ્રેમાનંદ

સહવાસ ૧. પુ અભ્યાસ; ટેવ; મહાવરો.
૨. પું. પરિચય; કામ પડવું તે
૩. પું. ઓલખા આવવાનો સારો સબંધ તે.
૪. [સં. સહ (સાથે) + વાસ (રહેવું તે)] પું. સાથે વસવું કે રહેવું તે; બીજાની સાથ રહેવું તે.
૫. પું. સોબત; સંબંધ.
૬. પું. સ્નેહ; ભાવ

સહવાસી ૧. વિ. ઓળખીતું; પરિચિત.
૨ વિ. ટેવાયેલું.
૩. વિ. સાથે રહેવાથી જાણીતું થયેલું એવું; સબંધી.
૪. વિ. સાથે વસનારું.

સહવિકાર પદ્ધતિ સ્ત્રી. અન્વેષણની એક પદ્ધતિ. અમુક દેશમાં કે પ્રજામાં અમુક રિવાજ કે કાયદો કે સંસ્થા પ્રવેશ પામ્યાં તેની દશામાં શા શા ફેરફારો થયા અને તે રિવાજ કે કાયદો કે સંસ્થા ધીમે ધીમે પડી ભાંગતા શા શા ફેરફારો થયા તે આ પદ્ધતિથી આપણે બતાવી શકીએ
આ **સહવિકાર** પદ્ધતિનો હાલમાં ઐતિહાસિક અન્વેષણોમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.
રામનારાયણ વિ. પાઠક

સહવિવક્ષા [સં.] સ્ત્રી. પરસ્પર વિરુદ્ધ ધર્મોની એકી સાથે વિવક્ષા.
વિવક્ષા, અવિવક્ષા, **સહવિવક્ષા**ના લીધે ઉપરની બધી વાક્યરચનાઓના પરસ્પરિક વિવિધ વિકલ્પથી બીજી પણ ચાર વાક્ય રચનાઓ બને છે: જેમકે –નિત્યાનિત્ય, નિત્યાવક્તવ્ય, અનિત્ય અવક્તવ્ય અને નિત્ય અનિત્ય અવક્તવ્ય.
તત્ત્વાર્થસૂત્ર

સહવું ૧ [સ સહ (સહિત); અપ. સદ્દઈ] અ. ક્રિ. ખમવું; ભોગવવું; સહેવું; સહન કરવું
સહી જવું = સહન થવું
૨. સ ક્રિ. સાંખવું; વેઠી લેવું

સહવેદના સ્ત્રી દુ:ખમાં ભાગીદાર હોવાપણું.
આ ઘટનાની શહેરમાં ચર્ચા થશે, મિત્રો મને પોતાની **સહવેદના** પ્રકટ કરશે પત્રોના ઢગલા થશે. પણ હું એ સૌના વર્તમાનપત્રદ્વારા આભાર માનીશ. મરીઝની હાય

સહશયન ન. સાથે સૂવું તે.

સહશિક્ષણ [સં] ન. છોકરા છોકરીઓને સાથે શિક્ષણ આપવું તે. અમેરિકી શાળાઓમાં સહશિક્ષણની પ્રથા છે અને છોકરા છોકરીઓ સાથે જ ભણે છે અને રમે છે. બાળકોને કાર્ય દ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિ ત્યાં અખત્યાર કરાઈ છે. બાળકો કામ કરતા જાય છે અને નવી નવી વસ્તુઓ શીખતા જાય છે. કાર્ય ને શિક્ષણનો સુમેળ સાધવામાં આવે છે. ધ્યેય મુખ્ય પણ આ રીતે બાળકોને સમજાય છે. ઉપરાંત બાળકોને સ્વયં વિચારવાની ત્યાં ટેવ પાડવામાં આવે છે આ રીતે તેની વિચારશક્તિનો વિકાસ થાય છે અને કલ્પના સતેજ બને છે. આને પ્રગતિશીલ શિક્ષણ પણ કહેવામાં આવે છે. આ જાતના શિક્ષણની પદ્ધતિ અમેરિકના અડતાલીસે અડતાલીસ રાજ્યોએ થોડે ઘણે અંશે સ્વીકારી લીધી છે. સહશિક્ષણ વિષે શ્રી કાલેલકર લખે છે કે, સહશિક્ષણના હિમાયતી અને પૃથક્ શિક્ષણના હિમાયતી બંનેનો ઉદ્દેશ સામાજિક નીતિ સુધરે એ જ છે. બહુ પ્રાચીન કાળથી આ પ્રશ્ન ઉપર ચર્ચા, અભ્યારંભો થયા છે. વિદ્યાભ્યસન કાળમાં બ્રહ્મચારીએ સ્ત્રીનું તો શું પણ સાકડાની પૂતળીનું પણ દર્શન ન કરવું એવો એક મત છે. સામા પક્ષવાળા કહે છે, આવું તુરત–બ્રહ્મચર્ય શા કામનું ? ઊલટું છોકરા–છોકરીઓ સાથે ભણે તો જ બ્રહ્મચર્યનું પાલન ઠીક થઈ શકે સ્ત્રીના સહવાસથી માણસ સૌમ્ય બને છે, સંયમી બને છે અને તેથી પવિત્ર રહી શકે છે. બ્રહ્મચર્ય નિષ્ક્રિયથી નહિ પણ પ્રેમથી પોષાવું જોઈએ. ક્રીમ કેરાની રિપોર્ટને પ્રજાના રિવાજ બધા જાણે છે. એ સ્થિતિ જોઈને વરપ–અમેરિકમાં સહશિક્ષણનો વાયુ વાય છે. સહશિક્ષણની કલ્પના આજે તો આપણે વરપીયન લોકો પાસેથી લીધી છે. પ્રાચીન કાળમાં એ કલ્પના આપણે ત્યાં પણ હતી. કચ અને દેવયાની સાથે જ ભણ્યાં અને સાથે જ રહેતાં. અનુસ્મૃતિ વગેરે ગ્રંથોમા પણ સહશિક્ષણ પ્રથાને લગતા નિયમો મળી આવે છે. ગાર્ગી અથવા આર્યા મૈત્રેયી જેવી બ્રહ્મવાદિનીઓ

સહશિક્ષણના વાતાવરણમાં જ ઉત્પન્ન થઈ હોવી જોઈએ. એથી ઊલટો પ્રયોગ ઋષ્યશૃંગનો છે. દશરથ રાજાએ તેને છેતર્યો ત્યા સુધી તેણે સ્ત્રીનું મોઢું પણ જોયું ન હતું. પૃથક્ શિક્ષણનું પરિણામ સારું આવે તો દેવોના સેનાપતિ કુમાર કાર્તિક સ્વામી જેવો વીર પુરુષ નિપજાવી શકે નહિ તો ઋષ્યશૃંગ જેવો જેવકૂફ પેદા થશે એ પુરાણકારો બહુ સુંદર રીતે બતાવી ગયા છે. જૂના કાળનો અનુભવ આવો વિવિધ છે, પણ સામાન્ય સમાજે શું કરવું જોઈએ એ વિશે પૌરાણિક કથાઓ ઉપરથી આપણે કંઈ નિયમ ઘડી ન શકીએ. મનુષ્યમાત્ર સ્ખલનશીલ છે. ભિન્નઅનુભવી તરુણ સ્ખલન રૂપ જ હોય છે એમ કહીએ તો એમા જાત્રી અતિશયોક્તિ નથી. એટલા માટે જુવાનીની ચડતી દશામા છોકરાઓ અને છોકરીઓને યોગ્ય સલાહ આપનાર માણસની જરૂર છે અરસપરસ નિર્દોષ પ્રેમ અને અટલ શ્રદ્ધાના વાતાવરણમાં મોટેરા છોકરા છોકરીઓ ઉપર દેખરેખ રાખે તો જ દેખરેખનાં શુભ પરિણામ આવી શકે. એવું વાતાવરણ કુદરતી રીતે કુટુમ્બવ્યવસ્થામા રહે છે અને તેથી જ એક કુટુમ્બની અંદર છોકરા છોકરીઓ સહીસલામત એકઠા રહી શકે આરિત્ર્ય દરેક જણમાં હોવું જોઈએ તે ખરું છે. કારણ, આપણી સંસ્કૃતિ કહે છે પાવિત્ર્ય વગર શક્તિ નથી અને પાવિત્ર્ય વગર મોક્ષ નથી; છતાં પવિત્રતાનુ તત્ત્વ સુરક્ષિત રાખવાની જવાબદારી, પાવિત્ર્યનો આદર્શ ઉજ્જ્વલ રાખવાની ફરજ સમાજે ખાસ કરીને ગૃહિણી ઉપર જ નાખેલી છે. તેથી છોકરીઓની કેળવણીનો પ્રશ્ન વધારે નાજુક છે શિક્ષણ સંસ્થા અને સમાજ સંસ્થા વચ્ચે એકતા હોવી જોઈએ એ રાષ્ટ્રીય શિક્ષણનો મહાન સિદ્ધાંત છે, જે વાતાવરણ સમાજમાં અથવા કુટુમ્બમાં આપણે રાખવા માગીએ છીએ. શિક્ષણ-સંસ્થા એક અને અભેદ્ય હોવા છતા એમાં પાઠશાળા અને વસતિગૃહ એવા બે વિભાગ પડેલા છે. પાઠશાળામાં છોકરાઓનુ અને છોકરીઓનુ જીવન ઓતપ્રોત થઈ જાય એમાં જ જોખમ રહેલું છે. તેઓ વડીલ ગુરુની દેખરેખ તળે અભ્યાસ કરે એમા કશો વાંધો નથી ભિન્નભિન્ન કુટુમ્બના સંસ્કાર તળે ઊછરેલા છોકરા છોકરીઓનુ જીવન ઓતપ્રોત ન જ કરવું જોઈએ કારણ, આ અવસ્થા ઘેલી છે અને બેજવાબદારીવાળી હોઈ, ઓતપ્રોત થઈ જવાથી સમાજને નુકસાન જ રહે છે. જુવાનીની પ્રકૃતિ તો સ્વાભાવિક ઓતપ્રોત થવા દોડતી હોય છે; પરંતુ આપણા શાસ્ત્રકારોએ એ વસ્તુનો નિષેધ, સાર્વત્રિક મનુષ્ય સ્વભાવનું દર્શન કરીને જ કરેલો છે. હિંદુ સમાજને તે રસ્તે દોરવો એ વાજબી નથી. આપણે ત્યાં મુસલમાનોના રિવાજ જેવો પડદો પણ નથી; તેમ ખ્રિસ્તી, પારસીઓની જેમ મુક્ત વ્યવહાર પણ નથી. આપણા સમાજે જે વિવેકભરી મર્યાદાશીલ છૂટ રાખી છે તે જ અને તેટલી જ આપણા સમાજને અનુકૂળ અને ઉત્કૃષ્ટ છે. છોકરાઓને અને છોકરીઓને કેળવવાની પદ્ધતિ ભિન્ન છે એમ માનેલું હતું. શિક્ષણની દૃષ્ટિએ તે ખરું નથી. બી પુરુષ વચ્ચે વિધિએ જે શારીરિક, માનસિક અને ભાવના વિષયક ભેદ રાખેલો છે તે જોતાં અમુક ઉમર પછી તેમની કેળવણી ભિન્ન ઓતમાં ચાલે એ જ ઇષ્ટ છે. બી પુરુષમાં ભિન્નતા રાખીને જ વિધિએ જેમ સંસારમાં એકતા નિર્માણ કરી છે તેમ જ કેળવણીનું થવું જોઈએ. બી શિક્ષણ આપતી વેળા બીના આદર્શની તપાસ થવી જોઈએ. જે આદર્શને પોતે જીવનભર વળગી રહી ન શકે તેવી અંચળ વૃત્તિવાળી બીએ શિક્ષણ લેતી વખતે જ પોતાના જીવનનો ક્રમ ઘડી કાઢવો જોઈએ. આજન્મ બ્રહ્મચારિણી રહેનાર છોકરી માટેનો જીવનક્રમ, આગળ જતાં ગૃહિણી બનવા ઇચ્છનાર છોકરીને પ્રતિકૂળ થવાનો ઘણો સંભવ છે. હિંદુ સંસ્કૃતિમાં ગૃહિણીની અંદર જે સ્વચ્છતા, વિનય, નમ્રતા, સૌમ્યતા અને સહનશક્તિ ઇચ્છેલાં છે તે નાનપણથી જ કેળવવાં જોઈએ. બ્રહ્મચારિણીમાં એ ગુણોનો ઊકર્ષ કેળવવાનો નથી હોતો. માટે જ બ્રહ્મચારિણી માટે જે વાતાવરણ અનુકૂળ હોય, આવશ્યક હોય, તે જ ભાવિ ગૃહિણીને પ્રતિકૂળ હોઈ શકે. બીવનમાં પગ મૂકતી કન્યા ઉપરના બે આદર્શોમાંથી બીક પણ આદર્શ પોતાને માટે નક્કી કરવાનો અધિકાર ધરાવતી નથી. કન્યાનું સ્વાતંત્ર્ય ભૂલીને, પોતાનો મોહ અથવા ખોટો આગ્રહ બીક બાજુએ મૂકીને માબાપે જ છોકરીની આસપાસ કયું વાતાવરણ ઊભું કરવું એ નક્કી કરવું જોઈએ. પરમેશ્વરની બવરથા બેવી જ હોવી જોઈએ. આ બે પરિસ્થિતિ વચ્ચેનો ભેદ સહજ છે, હૃદયગમ્ય છે, તર્કગમ્ય નથી. તેથી દલીલમાં ઊતરીને તેનો અનુભવ ન કરી શકાય.

સહસ ૧. પું. (પુરાણ) માગશર માસ.

૨. સ્ત્રી. શક્તિ

૩. [સં. સહસ] વિ. (જૂ. ગુ.) સહસ; ડાહ્યું.

મેં બહુ સહસ હંસ ખમાણ

વિમલપ્રબંધ

સહસંગીત ન. બેકતાનતા.

સહસા ૧ અ. બોચિંતું; અચાનક

૨. [સં] બ જલદીથી, ઉતાવળે; બેકદમ; આશુ; શીઘ્ર; ઝટ

આસુ હરસ સહસા ચકિત ત્વરિત તૂર્ણ દ્રુત હોય,
અત્વર શીઘ્ર ને ક્ષિપ્ર લઘુ, ત્વર રય રંહસ સોય.

પિંગલપ્રકોષ

૩ અ. વિચાર કર્યા વગર; આકળા ઉત્સાહથી

સહસાકાર [સા.] વિ. પૂર્વાપરનો વિચાર કર્યા વિના બેકદમ કર્મ કરનાર; સાહસિક

સહસાજનન [સ.] ન. આપોઆપ પોતાની મેળે પેદા થવું તે; બાવ્યા સિવાય ઉત્પન્ન થવું તે.

૨ ન. જડ પદાર્થમાંથી નાના સચેતન પદાર્થોનો યથાર્થ કે કલ્પિત વિકાસ.

જંતુઓ પોતાની મેળે બેહલે કે બેમને બેમ પોતાની પહેલા થઈ ગયેલા સદૃશ પૂર્વજ વગર થઈ શકે છે. બે બબાલનો પેશ્વરની શોબોએ ઇન્કાર કર્યો. બે બબાલ પહેલાની દૃષ્ટિબિંદુમાં સહસાજનન કહેવાય છે. વિજ્ઞાનપ્રવેશિકા

સહસાત્કાર દોષ પું (જૈન) વચનના દશ બોલેનો બેક દોષ; સામાયિકમાં સાહસથી અવિચારપૂર્વક વાક્ય બોલવું તે.

સહસાત્કારે બ. સાહસ કરીને; વગર વિચાર્યે.

સહસાન ૧. પું. બલિદાન.

૨. પું મોર પક્ષી.

૩. [સં.] વિ. ધીરજવાળું.

સહસાનિક્ષેપ પું. (જૈન) પ્રત્યવેક્ષણ અને પ્રમાર્જન કર્યા વિના જ સહસા બેટલે કે ઉતાવળથી વસ્તુને મૂકી દેવી તે.

સહસાપતન તાપ પું. (વેદાંત) પુરુષ કર્મનો ક્ષય બબે પુદ્ગલ વગેરેના પ્રહારથી ઉત્પન્ન થયેલો તાપ; પુરુષકર્મનો ક્ષય થવાથી બેકાબેક નીચા લોકમાં પડવાના ભયથી ઉપજેલો તાપ.

સહસાવિકૃતિ સ્ત્રી. જે ક્રમિક નવ લક્ષણમાં નવાં લક્ષણો માત્ર ઘણા વધતા ઘટતા પ્રમાણમાં સંપૂર્ણ રીતે વિકાસ પામે છે તેવા ક્રમિક નવ લક્ષણથી વિરુદ્ધ બેક બાળક તેના પિતૃથી કેટલાક સારી રીતે બોળખાઈ આવે બેવાં લક્ષણોમાં જુદું પડે છે બેવું બેકાબેક નવલક્ષણ; ' મ્યુટેશન '.

મેન્ડેલના બહુ કટ્ટાણી અનુયાયીઓ બેમ સિદ્ધ કરવાને પ્રયત્ન કરે છે કે, બોલાદે ઊતરી આવે બેવો બેક જ ભેદ જોને તે જોકો સહસાવિકૃતિ (મ્યુટેશન) કહે છે તે નવા પ્રકારના અંકુર બીબોમાંથી ઉત્પન્ન થયેલી બાતના જોવો હોય છે.

પ્રાણીવિદ્યાનું રેખાદર્શન

સહસોત્પાદન ન. સહજનન; જડ પદાર્થોમાંથી નાના સચેતન પદાર્થોનો યથાર્થ કે કલ્પિત વિકાસ.

સહસ્થાયી વિ. સાથે રહેનાર; સહવાસી.

સહસ્ય ૧. પું. એ નામે એક સૌર માસ. હિંદુસ્તાનમાં તથા ઉત્તર ગોળાર્ધમાં તે વખતે હેમંત ઋતુ હોય છે અને સૂર્ય મકર રાશિમાં હોય છે

૨. [સ] પું. પોષ મહિનો, બાર માંહેના એક માસનું પ્રાચીન નામ. એ મહિનામાં ભગ નામનો આદિત્ય સૂર્યમંડળનો અધિપતિ હોય છે. એ માસમાં ક્રતુ અથવા આયુ નામનો ઋષિ, અરિષ્ટનેમિ નામનો ગંધર્વ, ઊર્ણા નામનો યક્ષ, કર્કોટક નામનો નાગ, સૂર્ય નામનો રાક્ષસ અને પૂર્વચિત્તિ નામની અપ્સરા એ બધાં ભગ આદિત્યની જોડે સંચાર કરે છે.

સહસ્ર ૧. [સં.] ક્રી. એ નામની બ્રાહ્મણની ચોરાશી માંહેની એક પેટા જ્ઞાતિ.

૨. ન. સૃષ્ટિનાં સાત માંહેનું એ નામનું એક ચક્ર. સાત ચક્ર આ પ્રમાણે છેઃ મૂલાધાર, સહસ્રાર, વિશુદ્ધિ, મણિપૂરક, અનાહત, અને સ્વાધિષ્ઠાન.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

૪. વિ. દસ વખત સો; ૧૦૦૦; એક હજાર; હજારની સંખ્યા બતાવનારો શતકના સ્થાનથી ડાબી તરફનો પહેલો આંકડો.

> સહસ્ર સૂર્યનાં તેજ ઠરીને બિંબમાં રમે,
> છતાં એ સકલનું તેજ વધી વધી ભાસ છે.
> ગાંધીગીતા

૫. વિ. વેદ કથિત સંખ્યાના ઓગણીસ માંહેનો એક પ્રકાર.

૬. વિ. સારો હસનાર.

સહસ્ર ઔદીચ્ય ૧. ક્રી. એ નામની બ્રાહ્મણોની ચોરાસી માંહેની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું

સહસ્રકર ૧. પું આંકડાનો છોડ:

૨. [સં. સહસ્ર (હજાર) + કર (કિરણ)] પું. સૂર્ય.

> સૂર દિવાકર વિભાકર દિનકર ભાસ્કર હંસ,
> મિહિર તિમિરહર **સહસ્રકર** ઉષ્ણરશ્મિ દિગ્ભાસ.
> પિંગળપ્રકાશ

સહસ્રકરધારી ૧. [સં. સહસ્ર (હજાર) + કર (કિરણ) + ધારિન્ (ધરાવનાર)] વિ. હજાર કિરણવાળું.

> **સહસ્રકરધારી** સૂર્યનારાયણે ગુજરાતી જ્ઞાનજ્યોત
> પર્વ પોતાના પ્રખર કિરણોનો ભાર શરૂ કર્યો હતો.
> જ્યોતિર્વિલાસ

સહસ્રગ્રી [સં.] સ્ત્રી. જેનાથી ઓછો વખતે હજાર માણસ મરે એવી બંદૂક; ' મશીનગન '.

> બુશુંડી, શતઘ્ની, **સહસ્રઘ્ની** વગેરે નામો પ્રાચીન
> ગ્રંથોમાં મળી આવે છે. ઓઝાદ્યાશ્રય

સહસ્રચક્ષુક પું. હજાર ચણાભાર; આશરે પાકા શેર બેંટલો તોલ; ' કિલોગ્રામ '.

સહસ્રચિત્ય પું. (પુરાણ) શતધૂપ નામના કેકય રાજાનો પિતામહ. તેણે બ્રાહ્મણો માટે પોતાના પ્રાણનું પણ દાન કર્યું હતું.

સહસ્રજિત ૧. પું. (પુરાણ) એ નામે એક રાજર્ષિ

૨. પું. (પુરાણ) કાંચનકીને પેટે થયેલો કૃષ્ણનો એક પુત્ર

સહસ્રદલ ૧. પું સારસપક્ષી.

૨. ન. કમળ

૩. ન. શરીરમાં રહેલા સાત માંહેનું એક ચક્ર

સહસ્રદલકમલ ન. હજાર પાંખડીવાળું કમળ

સહસ્રદલ ચક્ર [સં.] ન. શરીરમાં રહેલા સાત માંહેનું એક ચક્ર. તેને બ્રહ્મચક્ર પણ કહેવામાં છે. તેનું સ્થાન બ્રહ્મરંધ્રમાં છે. પાંખડી ૧,૦૦૦, વર્ણકોટી સૂર્ય જેવો, દેવ મહેશ્વર, શક્તિમાયા, તત્ત્વબુદ્ધિ, ઇંદ્રિયઆત્મા અને સમય બે ઘડી ને ૭ પળનો છે. આ ચક્રના જપ વગેરે નીચે પ્રમાણે છેઃ—

> જપની સંખ્યાઃ ૧૦૦૦
> બીજઃ ૐ; ક્ષ
> ફળઃ જીવ અહીં કેવળયુક્ત થાય છે.
> ઋષિઃ વિરાટ
> વાચાઃ અનુપમ
> યંત્રઃ ભીતરમાં ત્રિકોણ.
> વેદઃ ઓડદ

સહસ્રદલપદ્મ ન. હજાર પાંખડીવાળું પદ્મ.

> યોગી જ્યારે ચક્રનો ભેદ કરી **સહસ્રદલપદ્મમાં**
> રહે છે, ત્યારે તેને હિરણ્યગર્ભ જોડે એકતા
> થાય છે. ત્રિકાલસંધ્યાદર્પણ

સહસ્રદલમસ્તિષ્ક ન. મોટું મગજ; પૂર્ણ મસ્તિષ્ક; બ્રહ્મમસ્તિષ્ક; મહામસ્તિષ્ક.

સહસ્રદંષ્ટ્ર [સ. સહસ્ર (હજાર) + દંષ્ટ્રા (દાંત)] પું. એક જાતનો બહુ દાંતવાળો મત્સ્ય.

સહસ્રદંષ્ટ્રી સ્ત્રી. હજાર દાઢીવાળી એક માછલી.

સહસ્રધા ૧. અ. હજારગણું.

> અહીં કુલ શાલ વર્ષને બદલે **સહસ્રધા**
> પ્રતીક થાય છે. સરસ્વતીચંદ્ર

૨. [સં. સહસ્ર (હજાર) + ધા (રીતે)] અ. હજાર રીતે; અનેક પ્રકારે; બહુ પ્રકારે.

સહસ્રધાર [સં.] પું. સુદર્શન ચક્ર.

સહસ્રધારા ૧. [સં.] સ્ત્રી. દેવતાને સ્નાન કરવાને માટે બહુ છિદ્રોવાળા યંત્રમાંથી નીકળેલી જળની ધારા.

૨. સ્ત્રી. હજારગણી ધારા.

૩. ન. એ નામે હિમાલયમાં આવેલું એક પ્રાચીન સ્થળ. તે પર્વતોની મધ્ય ઘાટીમાં આવેલ એક શાંત અને ઐશ્વર્ય ભરેલું સ્થાન છે ત્યાંથી વહેતી એક નદીની ૫ સે ઊંચો સફેદ પહાડ ઊભેલો છે. તેમાંથી એક ઝિલ્લારસમૂદાય નદીની બાજુ નિરજા શિખરના સમાન નીકળી આવેલો છે કે, જે મધપૂડાના જેવા આકારોવાળા પીળા આકારથી છવાયેલો છે. તેની ઉંચે નીચે એક ગુફા બનેલ છે અને તેની વચમાં એક પહોળા શુદ્ધાકૃતિ મંદિરમાં હજારો જળબિંદુઓ દ્વારા ભગવાન શંકરનો અભિષેક નિરંતર થતો રહે છે અને તે તેથી ઘેર દર્શનીય ધામ બની ગયું છે.

૪. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. અહીં નર્મદાની અનેક ધારાઓ છે, તેમાં એક પૂર્વવાહિની પણ છે. અહીં પરશુરામે સહસ્રબાહુની હજાર પુત્ર નામક હજાર વીરોનો નાશ કર્યો હતો એમ મનાય છે

૫. ન. સૌરાષ્ટ્રમાં ગઢડા ગામ પાસે આવેલ સ્વામીનારાયણ સંપ્રદાયનું એક પવિત્ર સ્થળ. ત્યાં ઘેલા નદીની પવિત્ર ધારાઓ પડે છે

સહસ્રધારા ઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક દેશ.

સહસ્રધારા તીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

સહસ્રનયન ૧. [સ. સહસ્ર (હજાર) + નયન (આંખ)] પું. ઇંદ્ર; હજારો આંખ ધરાવનારા દેવ; સહસ્રાક્ષ

૨ પું. ઘુવડ પક્ષી

સહસ્રનેત્રી જુઓ સહસ્રનયન

સહસ્રપત્ર ૧. પું. સારસ પક્ષી

૨. [સં.] ન. કમળ; મહોત્પલ; હજાર પાંખડીવાળું કમળ.

સહસ્રપદી ૧. ન. કવિતાની હજાર કડીવાળું કે હજાર પદવાળું પદ્ય.

૨. ન. કોટીવર્ગનું એક પ્રાણી. તેને અંગ્રેજીમાં મીલીપેડ કહે છે.

૩ વિ. હજાર પગવાળું

સહસ્રપાત ૧. પું. (પુરાણ) એ નામે એક ઋષિ. એણે પોતાના મિત્ર અગ્નિ નામના ઋષિને હોમ કરતા હતા ત્યારે દક્ષનો સાપ

કરીને બિવડાવ્યા હતા. બ્રહ્મે ક્રોધ કરીને તેને શાપ દીધો હતો કે, તમે જેવા સાપ થઈ મને બિવરાવવાનો યત્ન કર્યો એવા જ સર્પ યજ્ઞ જશો પછી ક્ષમા માગવાથી બ્રહ્મદેવ કર્યો હતો કે તમો રુરુ નામના ઋષિ આવશે તેની જોડે સવાદ કરવાથી તમે તમારી પૂર્વયોનિ પ્રાપ્ત કરશો

૨. પું. (પુરાણ) દૈતવનમાં પાંડવોના સમાગમમાં કેટલોક કાળ રહેલા એક ઋષિ.

૩. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

સહસ્રપાદ ૧ પુ. આકડાનો છોડ

૨. પું ગરુડ પક્ષી.

૩. પું. પરમેશ્વર; પરમાત્મા

૪. પું. વિષ્ણુ

૫ પું. શિવના હજાર માંહેનું એક નામ.

૬. પું. સર્પ.

સહસ્રપુટી વિ. જી હજાર પુટ આપેલ હોય તેવું. તે ઔષધ માટે કહેવાય છે

સહસ્રફણી જી. બહુફણા; બહુફણી; એક વનસ્પતિ

સહસ્રભેદ્યા ૧. પુ. રોષનાગ

સહસ્રભેદ્યા કુંવરે જેમ ગમન ગાજે હાથિયા. નરસિંહ મહેતો.

૨. વિ. હજાર કેણ જેને છે તેવું.

સહસ્રમન્યુ [સં.] વિ. હજાર હજારનો ગોઠડો બાંધેલ

સહસ્રબાહુ ૧ [સં. સહસ્ર (હજાર) + બાહુ (હાથ)] પું. કૃષ્ણ.

શિરે મુકુટ કરે અહ ગદા ધરેલા
પ્રભુ હું તે મૂળ રૂપે જ તને હું જોવા,
હે વિશ્વમૂર્તિ! વિષ્ણુ! તેથી સહસ્રબાહુ
થા તે અતુર્ભુજ રૂપે જ પ્રભુ! હવે તુ.
ગીતાપ્રવામૃત

૨. પું. પરમેશ્વર.

૩ પું. વિષ્ણુ.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ

૫. પું સહસ્ર હાથવાળો બાણાસુર

૬. પુ. સહસ્રાર્જુન, રાજા કાર્તવીર્ય. તેના પિતા કૃતવીર્ય અને માતા એકાવલી હતા તેની સો સ્ત્રીઓથી તેને ૧૦૦૦ પુત્ર થયા જેમાંથી હૈહયને તો પરશુરામે મારી નાખ્યા. તે નર્મદા કાંઠે હૈહય દેશનો રાજા હતો. તેની રાજધાની મ.હિષ્મતી હતી. જમદગ્નિ મુનિને મારવાના અપરાધથી પરશુરામે તેને મારી નાખ્યો હતો.

૭. જી. સહસ્રાવધી.

સહસ્રભગ વિ. હજાર યોનિવાળુ.

ઉદ્ર ભરવા થકી મહાદુઃખ પામિયો,
સહસ્રભગ લઈ ચલ્યા તને સમારે
નરસિંહ મહેતો

સહસ્રભુજ જુઓ સહસ્રબાહુ

સહસ્રભુજા [સં.] જી. લક્ષ્મી

સહસ્રમાન ન. મેટ્રિક પદ્ધતિનું એક માપ; 'કિલોમીટર'.

સહસ્રમાપ ન. એક તસુનો ૦૩૯૩૭ મો ભાગ; 'મિલિમીટર'.

પેટલીકર તો વપરાશ **સહસ્રમાપ** (મિલિમીટર) લાંબા રેખાઓ અને વાપરે કુલ એક જ કોષના અનેક હાથ છે
ઉદ્ધિજ્જ વિદ્યા

સહસ્રમુખ ૧. પુ. (પુરાણ) શેષનાગ; હજાર મોં હોવાને લીધે શેષ નામનું પડેલું નામ.

૨. [સં.] વિ. હજાર મોઢાંવાળુ

સહસ્રમુખી ૧. વિ. સહસ્ર મુખવાળું.

૨. વિ. સહસ્ર મુખે થતુ

સહસ્રમૂર્તિ [સં.] પું. પરમાત્મા; પરમેશ્વર.

સહસ્રમૂર્તિને તો છે સહસ્ર ચક્ષુ ને શીર,
સહસ્ર પાદ બાહુ છે તેના નામ અનંત છે.
ગાંધીગીતા

સહસ્રમૂર્ધા ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

સહસ્રમૂલી [સં.] પું. શતાવરી મૂળિયાંનો છોડવો.

સહસ્રયજ્ઞ [સં.] ન. નર્મદાને કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

સહસ્રયજ્ઞતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. નર્મદાપ્રવાહમાં લખ્યું છે કે, દક્ષપ્રજાપતિના પુત્રોએ અહીં એક હજાર દિવ્ય વર્ષો સુધી તપ કર્યું. એક હજાર યજ્ઞો કર્યા અને પ્રસિદ્ધિ ફળ મેળવ્યું. નિજપદ પ્રાપ્ત કર્યું. અહીં કરેલ બધા પ્રકારનાં કર્મોનું ફળ હજારગણું અધિક વધી જાય છે. શ્રાદ્ધ, તર્પણ અને ષડરસભોજનનું વિશેષ માહાત્મ્ય છે.

સહસ્રરશ્મિ ૧. [સં.] પું. હજારો કિરણોવાળો સૂર્ય; સૂર્યનું એક નામ.

૨. વિ. હજાર કિરણોવાળું

સહસ્રરૂપી [સં.] વિ. હજાર રૂપોવાળું.

સહસ્રલિંગ ૧ ન. એ નામનું જબલપુર પાટણ નજીકનું એક તળાવ. આ તળાવ સિદ્ધરાજ જયસિંહે બધાવ્યું હતું. આ તળાવની આસપાસ બધા શિવનાં લિંગો હતાં. તળાવની વચમાં ટાપુ હતો. આ ટાપુ ઉપર કેદારેશ્વરનું દેવળ હતું. એ દેવળની અત્યારે મુસલમાન લોકોએ મસીદ બનાવી છે. આખા પાટણ શહેરને આ તળાવ પાણી પૂરું પાડતું. સિદ્ધરાજ જયસિંહનું બધાવેલું આ તળાવ ગુજરાતમાં સર્વ કોઈ કરતાં મોટું છે. તેને ફરતાં પત્થરિયાં ઉપર ૧૦૦૦ શિવલિંગો મૂકાયેલાં હોઈ તેનું નામ સહસ્રલિંગ તળાવ પડયું છે.

૨. વિ. મહાદેવની હજાર મૂર્તિવાળું; શહેરની હજાર દહેરીઓવાળુ.

સહસ્રલિંગી જી. પેરણ; પાતર; જિનાળ; અભિચારિણી.

સહસ્રલોચન જુઓ સહસ્રનયન.

સહસ્રવદન પું શેષનારાયણ

સહસ્રવદન પાર નહિ પામે રે;
શુક નારદ નિગમ નિત્ય ગાવે રે,
એવા કૃષ્ણ કમળ દલ નેણુ રે,
મુખ મધુર મનોહર વેણુ રે,
નિષ્કુલાનંદ

સહસ્રવાહ [સં.] પું. (પુરાણ) સોમવંશી કૃતવીર્યના સો માંહેનો એક પુત્ર.

સહસ્રવિધ [સં.] વિ. હજારો પ્રકારે.

સહસ્રવીર્યા ૧. [સં.] જી. મહાશતાવરી વનસ્પતિ.

૨. જી. સફેદ દૂર્વા; લીલી દ્રો; એક વનસ્પતિ.

સહસ્રવેધિ પુ. ક્રિમ; વધારણી; એક ઓસાર. જેમ ડૉક્ટરો હથિયારોથી ઓપરેશન કરે છે અને રોગોને મટાડે છે તેમ વધારણી હથિયાર જેટલું ગ્રામ શરીરના રોગ માટે કરે છે. માટે તેને સહસ્રવેધિ કહે છે.

સહસ્રશઃ ૧. [સં] પું. વેદમાં વપરાયેલું ઋતું એક વિશેષણ.

૨. અ. હજારોની સંખ્યામાં.

સહસ્રશિખર [સં.] પું વિંધ્ય પર્વત.

સહસ્રશીર્ષ ૧. [સં. સહસ્ર (હજાર) + શીર્ષ (માથું)] પું હજારો માથાં ધરાવનાર દેવતા; હરિ; પરમેશ્વર, પ્રભુ

૨. વિ. હજાર માથાં.

તુજ પર્જન્યરૂપના અવનો ઇન્દ્રાંડ! સાદાં સોબતાં!
ખાન્યે ખુશ્યા ક્ષેત્રાથી સહસ્રશીર્ષે ઉપડતા.
નાન.ઝાલ

સહસ્રશ્રુતિ પું શાલ્મલી દ્વીપનો એક પર્વત.

સરસ, શતશૃંગ, વામદેવ, કવક, કુમુદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ એ નામના શાલ્મલી દ્વીપના સાત પર્વતો છે.
ભગવતી ભાગવત

સહસ્રશ્રુતિ જી. એ નામની શાકદ્વીપની એક મહા નદી

અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતિ અને નિવૃત્તિ નામની શાકદ્વીપની સાત નદીઓ છે.
ભગવતી ભાગવત

સહસ્રસ્રોતક પું. શાકદ્વીપનો એક પર્વત.
ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, **સહસ્રસ્રોતક**, દેવપાળ અને મહાસન એ નામના શાકદ્વીપના સાત પર્વત છે ભાગવતી ભાગવત

સહસ્રહાય [સં.] પું. હજાર હાથવાળો બાણાસુર.
બાણ થયુ જે તાવ ચડિયો,
કોણ છતરો **સહસ્રહાય** રે પ્રેમાનંદ

સહસ્રા ૧. સ્ત્રી. અંબષ્ઠા વનસ્પતિ.
૨. સ્ત્રી. પીલુડી

સહસ્રાક્ષ ૧. [સં. સહસ્ર (હજાર) + અક્ષ (આંખ)] પું. ઇંદ્ર; હજાર આંખોવાળો ઇંદ્ર, સહસ્રાનયન; સહસ્રનેત્ર. ગૌતમની સ્ત્રી અહલ્યાનું તેણે શિયળ ભંગ કર્યું તેથી ગૌતમના શાપથી તેના શરીર ઉપર ૧૦૦૦ યોનિનાં ચિહ્નો થયા હતાં, પણ પાછળથી આ ચિહ્નો આંખમાં બદલાઈ ગયાં તેથી તે નેત્રયોનિ અથવા સહસ્રાક્ષ પણ કહેવાય છે.
સહસ્રાક્ષ નામો રણ વજ્ર દયો હાહાકાર. પદ્મપ્રભ
૨. પું. ગુલાબપક્ષી
૩. પું. પરમેશ્વર; પરમાત્મા. સર્વ જગતની અસખ્યાત આંખો પરમાત્મામાં રહેલી છે તેથી પરમાત્માને સહસ્રાક્ષ કહે છે
૪. પું. વિષ્ણુ.
૫. પું વેદમાં વપરાયેલુ રુદ્રનું એક નામ

સહસ્રાર્જિત ૧. પું. (પુરાણ) સોમવશી યદુકુળના ક્રોષ્ટાના કુળના સાત્વતના પુત્ર ભજમાનના બીજી સ્ત્રીથી થયેલા ત્રણ ભાંહેનો બીજો પુત્ર.
૨. પું. (પુરાણ) સોમવશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના સાત્વતના પુત્ર ભજમાનના બીજી સ્ત્રીથી થયેલા ત્રણ ભાંહેનો બીજો પુત્ર.

સહસ્રાનન ૧. [સ. સહસ્ર (હજાર) + આનન (મોં)] પું. વિષ્ણુ
૨ પું. શેષનાગ; હજાર માથાવાળો શેષનાગ.
૩. વિ. હજાર મોઢાવાળો

સહસ્રાનીક પુ. (પુરાણ) સોમવશી પુરુકુલોત્પન્ન પાડવ વશના પરીક્ષિત રાજાનો પ્રપૌત્ર; જનમેજયનો પૌત્ર અને શતાનીકનો પુત્ર. અશ્વમેધ રાજા તેનો પુત્ર થાય.

સહસ્રાબ્દિ સ્ત્રી હજાર વર્ષનો સમય; હજાર વર્ષની મુદત.
દ્વિતીય **સહસ્રાબ્દિ**ના અન્ય કાલની તે તે ધર્મ ભાવનાના મહાન સંક્ષોભથી પૂર્વમા વિદ્યાપતિ, વિસ્તૃત ઉત્તરમા કબીર ને તુલસીદાસ, દક્ષિણમા તુકારામ અને પશ્ચિમમાં નરસિંહ મહેતા જેવા પ્રબળ હૃદયરૂપ કવિઓ ઉત્પન્ન થયા હતા
કેશવલાલ ધ્રુવ

સહસ્રાર ૧. પું. બાર આરાનો આકાશી ફ્રમ. અગ્નીકની ઉપર ક્રમથી ગતમ, બલભદ્રક અને **સહસ્રાર** એ ત્રણ ક્રમે એક બીજાની ઉપર ઉપર છે. વરાહપુરાણ
૨. [સં. સહસ્ર (હજાર) + આરા] ન. ઇંદ્રનું વિમાનનું નામ.
૩. ન. એ નામનું પરમાત્માના સ્થાનક રૂપ, આધારચક્રોની ઉપર આવેલું ચક્ર; હઠયોગ પ્રમાણે મૂલાધારથી કપાલ સુધીમાના અષ્ટ ભાંહેનુ એક ચક્ર
૪. ન. (જૈન) બાર ભાંહેનું આકાશ દેવલોક
૫. ન. માથામાં સુષુમણા નાડીની મધ્યમા રહેલુ હજાર પાખડીનું કમળ.

સહસ્રાર્ચિ ૧. [સં. સહસ્ર (હજાર) + અર્ચિ (જ્વાળા)] પું. વિષ્ણુ હજારો અને અસંખ્ય જ્વાળાવાળા સૂર્યરૂપ પોતે હોવાથી તથા હજારો અને અસંખ્ય મનુષ્યોથી અર્ચન-પૂજન કરાએલા પણ પોતે હોવાથી વિષ્ણુ સહસ્રાર્ચિ કહેવાય છે.
૨. પુ. શિવના હજાર ભાંહેનુ એક નામ

સહસ્રાર્જુન પું. (પુરાણ) સોમવશી યદુકુળના કૃતવીર્ય રાજાના પુત્ર કાર્તવીર્યનું હજાર હાથ હોવાથી પડેલું નામ; કાર્તવીર્ય. દત્તાત્રેયના અનુગ્રહથી એને હજાર હાથ થયા અને સુવર્ણનો એક રથ મળ્યો જેથી જ્યાં વિચરવુ હોય ત્યાં વિચરી શકે. વિષ્ણુ પુરાણ પ્રમાણે હજારો વર્ષ રાજ્ય કરી તેણે હજારો યજ્ઞ કર્યા હતા. એક વાર જમદગ્નિ ઋષિની કામધેનુને એ ભગવાન રાજા પકડી ગયો. એ વાતની ખબર પડતાં ઋષિના મહાપ્રતાપી પુત્ર પરશુરામે તેના હજાર હાથ કાપી નાખી તેને મારી નાખ્યો

સહસ્રાવ પું. એકપુરુષને એકો વખતે થતો વીર્યનો સ્રાવ
પુરુષને જે વખતે વીર્યસ્રાવ થાય તે જ વખતે સ્ત્રીને પણ સ્રાવ થયા કરે છે કામશાસ્ત્રમા તેને જ **સહસ્રાવ** કહે છે. અનિરુદ્ધ કામશાસ્ત્ર

સહસ્રાવધાની વિ. હજાર બાબત ઉપર એકી સાથે એકી વખતે ધ્યાન રાખનાર

સહસ્રાવધિ વિ. હજારો; હજારોની સંખ્યામાં
સહસ્રાવધિ લોકો ચમત્કાર દેખાય છે
નર્મદાશંકર વિદ્યાવિલાસ

સહસ્રાશ્વ પું. (પુરાણ) સૂર્યવશી ઇક્ષ્વાકુ કુળના અન્વયમાં જન્મેલા જાહીર રાજાનો પુત્ર. એનો પુત્ર તે ત્રદાવલોક રાજા.

સહસ્રાંક ૧. [સ.] પું. આકાશનો છોડ.
૨. પું. સૂર્ય.

સહસ્રાંશ [સં.] વિ. હજારમા ભાગનુ.

સહસ્રાંશુ ૧. પું. આકાશનો છોડ.
૨. પું. વિષ્ણુ
૩. [સં સહસ્ર + અંશુ (કિરણ)] પું. સહસ્રકિરણ; સૂર્ય; સરજ.

સહસ્રી ૧. સ્ત્રી. હજાર વર્ષનો સમૂહ
૨ વિ. એક હજાર

સહસ્વામી [સં. સહ (સાથે) + સ્વામી (માલિક)] પું. સહમાલિક; સહધણી.

સહસ્રસ ૧. [પ્રા.; સં. સહસ્ર] ન. હજારની સંખ્યા.
૨. વિ. (જૈન) હજાર.

સહહિસ્સાદાર પું. સહભાગી; પંતિદાર; સાથે ભાગ રાખનાર.

સહાદુકમનામું ન. ન્યાયની અદાલતનો દાવા મનાંથી થયેલો પલાળો હુકમ

સહુંમલિ પું ઉમ્મેદવાદ નામના નાસ્તિક પંથનો એ નામનો એક આચાર્ય.

સહા ૧. [પ્રા. સં. ઽસાહા] પું. પ્રશંસા.
૨ સ્ત્રી. એક જાતની કુવાર.
૩ સ્ત્રી. જગલી મગ
૪ સ્ત્રી. ધોળી ઝીંઝોટી.
૫ સ્ત્રી નખ ભેષજ ઔષધિ.
૬ સ્ત્રી. નારી પુષ્પ; સાપનુ ઝેર ઉતારનારી વનસ્પતિ
૭. સ્ત્રી. પૃથ્વી.
૮. સ્ત્રી. મુક્તપર્ણી વનસ્પતિ.
૯ સ્ત્રી. રારના વનસ્પતિ
૧૦. [પ્રા ; સં. સભા] સ્ત્રી. સભા; સમાજ.
૧૧ સ્ત્રી. સોનામુખી

સહાઢ પું. પરણ્યા પછી વખતે ગર્ભ હોય તેવી સ્ત્રીનો પુત્ર.

સહાણ વિ. સારા; સોભીતા.
અરથી અર્થ અનોપમ હો,
સબળા **સહાણ** સાહેતાજ દેવીદાસ

સહાદ્રય [સ.] સ્ત્રી. મુક્તપર્ણી; માષપર્ણી નામની એક વનસ્પતિ

સહાધિકારિણી [સ.] વિ. સ્ત્રી. સરખા અધિકારવાળી.
સ્ત્રી પોતાના પવિત્ર ભાગ્ય ભોગવવામા **સહાધિકારિણી** છે. ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ પટેલ

સહાધિકારી ૧. [સં. સહ + અધિકારી] પુ. કાર્યબંધુ, કામકાજમાં સોબતી, વ્યવસાયબંધુ; માયરી; ' પ્રહીગ '.
૨. પું. મદદનીશ અમલદાર; અધિકારીની સાથે રહેનાર જોડિયો અમલદાર; જોડીદાર અમલદાર; સહાધ્યક્ષ
૩. પું. સયુક્ત સ્વામી.

સહાધ્યક્ષ [સં] પુ. સંયુક્ત અમલદાર, 'જોઇન્ટ ઓફિસર'.

સહાધ્યાયિની [સ સહ (સાથે) + અધ્યાયિની] સ્ત્રી. સાથે ભણનારી વિદ્યાર્થિની

સહાધ્યાયી [સ. સહ (સાથે) + અધ્યાયી (ભણનાર)] પુ. સાથે ભણનાર; સાથે અધ્યયન કે અભ્યાસ કરનાર; વિદ્યાર્થી મિત્ર; સહપાઠી; ગુરુબંધુ; ગુરુભાઈ, 'કો કૈદુઅન્ટ'.

સહાધ્યાસી [સ સહ + અધ્યાસ્ય વિ સ.થે રહેનાર; સહવર્ત.

> જ્ઞાની થી નાર ન નાકે કે ભાંતી એ વર્ણનના **સહાધ્યાસી** સરજ રો એનામા મૂર્તિમાન થયા હતા. સરસ્વતીચંદ્ર

સહાના જુઓ સહાના કાનરો.

સહાના કાનરો પુ. (સંગીત) પ્રભાતી ઘાટના સર્કીર્ણ પ્રકારના રાગો માંહેનો એક રાગ; સહ.ના. તેમા કોમળ ગ.ધાર, તેમ જ ર.હ અને કોમળ નિષાદનો પ્રયોગ થાય છે તે સિવાય અર્થ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષિજ્ઞ છે. આ રાગ પ્રાતઃકાનો એક પ્રકાર છે. તે રાગે પ્રથમ પ્રહર ગાવાનો પ્રચાર છે. આ રાગમા કેટલેક સ્થળે અડાણા અને સારંગ રાગનો ભાસ થાય છે.

સહાનુભાવ પું. અનુકંપા; સમભાવ; દિલસોજી; સહ.નુભૂતિ; ભ્રાતૃભાવના.

> જે Sympathy (**સહાનુભાવ**) નો પુરાવો આપવાને માટે તેઓ આરંભથી જ આગ્રહ કરતા તેને માટે વખતોવખત તેઓ મિત્રોનું ધ્યાન ખેંચવા ચૂકતા નહિ. પારિ. કોષ

સહાનુભાવક પુ. સહાનુભૂતિ દર્શાવનાર માણસ. અ.પણી પ્રવૃત્તિના **સહાનુભાવકો** ગરીબ છોકરાઓને પોષક વગેરે અપાવી કેવા ખુશી હોય છે. રવાકટિગ

સહાનુભૂતિ ૧. [સં સહ + અનુભૂતિ] સ્ત્રી. અનુમોદના; સમતિ

૨. સ્ત્રી. દયા.

૩ સ્ત્રી. દિલસોજી; અનુકંપા; સમભા.વ; સહ.નુભાવ; મા.રી લાગણી

૪ સ્ત્રી. સહકાર; સાહાય્ય; મદદ.

સહાધ્યાસી વિ સહાધ્યાયી.

સહાય ૧. પું. અમાત્ય; ખાતાનો વહીવટ જેના હાથમાં હોય તેવો મંત્રી

> **સહાયો** એટલે અમાત્ય અથવા ખ.તાના વહીવટ જેના હાથમા હોય એવા મંત્રીઓ
> હિંદુ રાજ્યવ્યવસ્થા

૨. પું. મિત્ર; સાથી; સહાયક; મદદગાર.

> **સહાયો**ને આશ્રયી સૂચના અપાય તેમ ન હતું. અભિરાજ રત્નજ

૩. સ સાહાય્ય] સ્ત્રી ઉપકાર

૪ સ્ત્રી. ઓથ; આશ્રય; ટેકો.

૫ સ્ત્રી મદદ, કુમક

> રજકણથી પોતાને નીચો માનવો માનતો,
> કરે **સહાય** તે હાથે ઈશ્વર નિ:સહાયને.
> માપીગીતા

૬. સ્ત્રી. મહેરબાની; કૃપા.

૭ [સં. સહ (સાથે) + અય (જનાર)]
વિ મદદગાર; મદદગાર થઈ પડનાર

૮ વિ સહચર, સાથે હોવા જોઈએ તે.

> તે સમેને જેટલા **સહાય** રાખે ખોખન કર્યા હોય. મન:સુખરામ ત્રિપાઠી

સહાયક ૧. [સં. સહ (સાથે) + અય (જનાર)] પું. નિદર્શક; સલાહકાર; 'અસેસર'.

૨. પું. મેળાપી; સહયોગી.

૩. વિ. સોબતી; મદદગીર.

૪. વિ સાથે જનાર; મદદગાર

સહાયકર્તા પુ. મદદ કરનાર વ્યક્તિ.

સહાયકગ્રંથ [હિ] પુ અમુક વિષયના અભ્યાસ માટે મદદરૂપ થાય તેવો પાઠ્યપુસ્તક સિવાયનો ગ્રંથ.

સહાયક તંત્રી પુ મદદનીશ તંત્રી, એડિટો તંત્રી.

સહાયક નદી સ્ત્રી ઉપનદી, મળનારી નદી; નાની નદી.

સહાયક પ્રવાહ પુ ઉપનદી

સહાયક વૃત્ત ન. (અંકિત) મદદ કરનારુ વર્તુલ; 'ઓક્ઝિલિયરી સર્કલ'.

સહાયક સદસ્ય પુ વધારાનો સભ્ય, અતિરિક્ત સભાસદ; 'ઓડિનરી મેંબર'.

સહાયક સંધિ સ્ત્રી લગ્ન પ્રસંગે એક ખીલને સહાયજન થવાના કોલકરાર.

સહાયકા વિ. સ્ત્રી. મદદગાર; મદદ કરનારી.

સહાયકારક ૧. વિ. મદદગાર, કુમકે જનાર

૨. [સં સહાય + કારક (કરનાર)]
વિ. મદદનીશ; સહાય આપનાર; સહાય કરનારું.

૩ વિ મહાવરામાં વપરાતુ તે ક્રિયાપદ માટે કહેવાય છે.

સહાયકારક ક્રિયાપદ ન. બીજા ક્રિયાપદને મદદ આપતું ક્રિયાપદ; 'ઓક્ઝિલિયરી વર્બ'

સહાયકારક મંડળ ન. સહકારી મંડળ; મદદ આપે તેવુ મંડળ

સહાયકારિણી વિ. સ્ત્રી. મદદ કરનારી.

સહાયકારી જુઓ સહાયકારક.

સહાયત [અ મઅત (કલાક)] સ્ત્રી ઘડી; કલાક.

સહાયતા ૧. [સં.] સ્ત્રી આશ્રય, ટેકો

૨. સ્ત્રી. (વેદાંત) બીજા જે ક્રિયા કરતો હોય તેમાં અમુખ્યપણે એટલે કે ગૌણપણે સબંધ હોવાપણું.

૩. સ્ત્રી. મદદ; કુમક; સાથ
સહાયતા કરવી = મદદ કરવી.

૪. સ્ત્રી. મદદગારનું ટોળું

૫ સ્ત્રી. સામાન્ય ભડોળમાં ભરેલો ભાગ કે હિસ્સો.

સહાયળી [અ. માહિળી (વૈભવ); સહળ (તે સાથે રહો)] સ્ત્રી વૈભવ; ભોજસોખ.

સહાયભૂત [સં. સહાય + ભૂત (થયેલુ)] વિ. કુમકે જનાર; સહાય કે મદદ કરનાર, મદદગાર થયેલુ, સહાય આપનાર થઈ પડેલુ હોય એવું; મદદરૂપ

સહાયરૂપ જુઓ સહાયભૂત

સહાયલેખક [સ પુ લેખન કાર્યમા સહાયક પુરુષ.

> નીડહર કરીને એક પાદરી કે જે પર્યવેક્ષક વૃત્તિનો અને વેસ્ટકોટસીનો મુખ્ય **સહાયલેખક** હતો તેની સાથે તેને સબંધી વખારે વિરોધ હતો
> અભિરાજ રત્નજ

સહાયવૃત્તિ સ્ત્રી. પરસ્પર સહાય કરવાની પ્રાણીની સહજવૃત્તિ, સહાયશીલતા.

સહાયશીલ વિ. મદદગાર થવ.ના સ્વભાવવાળું; સહાયવૃત્તિવાળું.

સહાયશીલતા સ્ત્રી પરસ્પર સહાય આ.પવ.ની પ્રાણીની સહજવૃત્તિ; સહાયવૃત્તિ.

સહાયહીન વિ મદદ વગરનુ, મદદ વિનાનુ; આધાર વિનાનુ.

સહાયિણી જુઓ સહાયિની

સહાયિની વિ સ્ત્રી મદદગાર; મદદનીશ
આમાં પુરુષની **સહાયિની** છે

જીવન રહસ્ય

સહાયી ૧. પું મિત્ર; કામ કરવા લાગનાર.

૨ વિ મદદગાર, સહાય કરનાર

સહાર્ય [સ.] પુ. નાટ્યના તેત્રીસ અંગોમાંનો એ નામનો એક અલંકાર

સહાર ૧. પું. આંબાનું વૃક્ષ.

૨. પું. મોટા પ્રલય; મોટો સંહાર.

૩. [હિ.] પું. સહનશીલતા.

૪. વિ. હારવાળું; હાર સહિત.

સહારા જુઓ સહારો.

સહારો ૧. [સં. સહકાર; પ્રા. સહારઃ દે સહર] પુ આધારો; આશ્રય, આધાર

૨. પુ. સહકાર; મદદ; સહાય; આશ્રય; ટેકો; એકબીજાને મદદ કરવી તે.

સહારો દેવો = ટેકો દેવો; મદદ કરવી.

સહાવ [સિ.] પુ. ધીરજ, સહનશીલતા.

સહાવસ્થાન વિરોધ પુ (વેદાંત) એક જ કાળે એક અધિકરણમાં-એક જ દેશમાં ન રહેવાપણું.

સહાવસ્થાયિત્વ ન. (વેદાંત) એક દેશાવચ્છિન્ન કે એક ક્ષણાવચ્છિન્ન એવું જે સામાન્યાધિકરણ્ય તે.

સહાવું ૧. સ ક્રિ. ઝાલવું; પકડવું

બાહે નરસૈંયો ઘારા ગુણ ગાઈ રીઝિયે,
ખૂટતા આહેડી કુણ **સહાસો**

નરસિંહ મહેતો

૨ સ. ક્રિ. સહાય કરવી

સહાસન [સ.] ન. એક આસન ઉપર સાથે બેસવું તે.

સહાસ્તિત્વ [સં. સહ + અસ્તિત્વ] ન. સહભાવ.

સહાસ્ય વિ. હાસ્ય સહિત.

સહાંશિતા [સં.] સ્ત્રી. ભાગીદારી; પંતિયાળું; પાંતીદારી; સહિયારું; સહભાગીદારપણું.

સહાંશિધનધાની [સં.] સ્ત્રી પંતિયાળાની પુછ કે મૂડી.

સહાંશી [સં. સહ (સાથે) + અંશ + ઇન્ (વાળું)] પુ. પાતીદાર, ભાગીદાર; સહભાગી.

સહિગુરૂ પું (જૂ ગુ) સદ્‌ગુરુ.

સહિગુરૂ સુપન નિચાવિઉ તિસઉ,
કિસો કરમી ભેટઉ હરિ.

ગાવ્યસમમ

સહિત ૧. [સં.] વું. બત્રીસી આંકડાનો એક અંક.

૨ પુ કુલક પ્રાણાયામનો એક ભેદ.

કુલકના કેવળ અને સહિત એવા બે ભેદ યોગીઓને સંમત છે. ત્રિકાળજ્ઞકંદર્પ

૩. [સ. સહ્ (સહન કરવું; ખમવું) + પ્રત (પ્રત્યયનો પ્રલય)] વિ. ખમેલું.

૪. વિ. હિતવાળું.

૫. અ. સંગે; સાથે; સાથોસાથ; જોડે

૬. અ. સુધાં.

સહિતપુલીન વિ. કેળના સ્થંભ જેવું કોમળ.

સહિષ્ણુ પું. (જૂ ગુ) સેયો.

મન સંનિઈ માલા પૂરિઉ,
કરિ સહિષ્ણુ તે ઝિંદૂરીઉ. ઝિમત્રમલંબ

સહિષ્ણુગુપ્તા સ્ત્રી. (જૂ ગુ.) સહનશક્તિ.

સહિષ્ય ૧ [સ સહિત] વિ એકઠું થયેલ

૨. વિ. સહન કરેલ.

૩. વિ. સહિત; યુક્ત.

૪. વિ સાથે ઉત્પન્ન થયેલ

સહિષ્યડ (સહિષ્યડા પુ સેવડ; ફોતરાં, ભૂસિયું; ભૂસિયા કાકા.

સહિષ્યડ કાકડા (સહિષ્યડ કાકા) જુઓ સહિષ્યડ.

સહિયર [સં સહચરી સહચરિ-સહિયર] સ્ત્રી. સખી; સાહેલી; બહેનપણી; સૈયર.

સહિયારું ૧. [સં. સહકારિત્વ] ન સહભાગીદારપણું, સામયિકપણું; પંતિયાળું; ભાગિયાપણું

૨. [સં સહકારિત્વ ઉપરથી; સહ (સાથે) + કૃ (કરવું)] વિ. અવિભક્ત; સંયુક્ત; જેના પર એકથી વધુ માણસોની માલિકી હોય તેવું; પંતિયાળું; આગવું નહિ એવું; મળિયાકે; ભાગિયું; બેનું; ભાગ વહેંચ્યા ન હોય તેવું

૩. વિ. ભાગિયાભાગવાળું; સરખા ભાગવાળું

સાંહેયારું ભંડોળ પું પરસ્પર સહાય કરવાની નેમથી સ્થપાયેલ મંડળની મૂડી; ' કો ઓપરેટિવ ફેડિ '.

સહિયેર જુઓ સહિયર.

સહિષ્ણુ ૧ પુ ચાક્ષુષ મન્વંતરમાં થઈ ગયેલ સપ્તર્ષિ માંહેનો એક ઋષિ

૨ પુ પુલહ નામના પ્રજાપતિનો પુત્ર

૩ પુ વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૪. પું (પુરાણ) સ્વાયંભુવ મન્વંતર માંહેના બ્રહ્મપુત્ર-પુલહ ઋષિના ત્રણ માંહેનો એક પુત્ર.

૫. વિ. ઉદાર.

૬. વિ. દોષ જોઈને ગુસ્સે ન થતાં માફી આપે તેવું.

૭. [સં. સહ્ (સહેવું) + ષ્ણુચ્ (વાળું)] વિ. સહન કરે એવું; વેઠનાર; સાખી રહે એવું; સહે તેવું; દુઃખ ખમનાર; સહનશીલ; ધૈર્યવાન.

સહિષ્ણુતા ૧. સ્ત્રી. ઉદારતા.

૨ સ્ત્રી. ખામોશી

૩. સ્ત્રી. મતાંતરસહન; મતભેદ સહેવા તે

૪. [સં. સહિષ્ણુ + તા] સ્ત્રી. સહન કરી લેવાની શક્તિ; સાખી લેવાનો ગુણ; સહિષ્ણુ હોવું તે; સહનશક્તિ; ધીરજ; દુઃખક્ષમતા; સહનશીલપણું.

સર્વ ધર્મ સહિષ્ણુતા સમભાવ ગણાય જે,
તે બોધ પામવા પાત્ર સમત્વબુદ્ધિથી સદા.

મા.પીગીતા

સહિંજન [હિં.] પુ શોભાંજન નામનું એક મોટું ઝાડ.

સહી ૧. જુઓ કબૂલાત

૨. [સ. સ ક્રિ (તેજ)] સ્ત્રી. ખરું છે એમ જણાવવાને નામ લખી આપવું તે; બત કે કાગળમાં નીચે પોતાનું નામ લખવું તે; લેખ વગેરેમાં હસ્તાક્ષર કરવા તે; મતું; નામાક્ષરનું નિશાન; હસ્તાક્ષર; દસ્કત; દસ્તખત. લખત દસ્તાવેજમાં ઊતરી આવેલા ભ્રષ્ટ સંસ્કૃત રૂપો માહેનું આ એક છે. લખાણને અંતે મતું અને માહ્યો કરનારનાં નામ મુકાય છે. તે તે નામવાળો શખ્સ જ મતું અથવા સહી કરનાર છે એવું નિર્વાંગ્યું તેનાથી થાય છે. મતું કરનાર અને સહી કરનાર દસ્તાવેજ કબૂલ - ન છે અને તે કબૂલત હસ્તાક્ષરથી દૃઢ કરે છે, તેને લીધે નિર્વાંગ્યાર્થે સહીમાં પાછળથી સમતિ અને હસ્તાક્ષરનો અર્થ દૃઢ થયો જણાય છે.

આખરે જબરદસ્તી કરવિ સંબાણી લીધા **સહી**

ર્ધ. સ. ૧૭મી સદી

સહી કરવા = (૧) કબૂલ કરવું, (૨) મતું કરવું; દસ્કત કરવા.

૩. સ્ત્રી તૈયારી; રમત શરૂ કરતી વખતે તૈયાર થઈ, રમત આગળ ચલાવવાને માટે બોલવાની નિશાની.

૪ સ્ત્રી. પ્રયત્ન; કોશિશ.

૫. સ્ત્રી. શરત; વદાડ.

૬. સ્ત્રી. સાક્ષી; જુબાની

૭. [સં સખી; પ્રા. સહી; મ. સઈ; હિંદી. સહેલી; સિંધી સહેલી; પંજા. સહેલી; બંગા. સઈ ઉડ. સઈ] સ્ત્રી. સાહેબા; બહેનપણી; સખી; સહિયર; મિત્ર સાહેલી; સહીરિ.

હે સંપ્રે કમાએ સંપ્રહ્યું ચંદ! તું અમી સહીરિને સા માટે સંતાપ ઉપજવે છે.

મુ. સા પરિપદ

૮. ન. અડદ મગ અનાજનું માપ.

૯. વિ. નક્કી; સિદ્ધ; પાર; સફળ.

૧. સહી કરવું = નક્કી કરવું; છેવટની મજૂરી આપવી.

૨. સહી થવું = સિદ્ધ થવું; સફળ થવું

૧૦. વિ. ગોઠવાયેલ; નિયોજિત.

૧૧. [અ. સહીહ (ખરું; વાજબી)] વિ. સાચું; ખરું; ખરેખરું; બરાબર; અસલનું. તમારી વાત સહી છે એટલે ખરી છે

કમળાબા સ્ત્રી. ઝવેરી

૧૨. વિ. સીધું.

૧૩. વિ. સૌ; બધું; સઘળું

૧૪. અ. કબૂલ, મંજૂર
સહી હોવું = (૧) કબૂલ મંજૂર હોવું (૨) ખરું હોવું.

૧૫ અ. ખરે, નક્કી

૧૬. [હિં] અ. બહુ સારું.

૧૭. અ. આદરક; પેઠે.

૧૮. અ. વારુ!

૧૯. અ. વાસ્તે, સારુ; માટે
પ્રાકૃત અર્થ બાજુનો સહી.
બાજુઈ ભીમ પ્રાણી ચૂપઈ. ભીમ

સહીડું (સહીઠ) ન. અભ્યાસથી મજબૂતી પડી જવી કે ટેવાવું તે
સહીડું પડવું = અભ્યાસથી મજબૂતી પડી જવી કે ટેવવું

સહીનાણી જી. બંધારણી
સહીનાણી જે દીવી કરતી, ઉંમર પહાડે પીરાણી
નર્મદિજય

સહીની ચિઠ્ઠી જી. નોટ; ' કરન્સી નોટ '.
તેણે પોતાની સહીનીચિઠ્ઠીઓ–નોટો કહાડી.
બ. ક. ઠાકોર

સહીપણું ન. મિત્રાચારી; બહેનપણું; સખીપણું. સાહચર્યપણું
આજ રહે તહારી સાથે સહીપણાં માઝાં ત્યારે બધુયે કહેવું પડશે. ઝવેરચંદ્ર

સહીબૂક જી. પહોંચબૂક; સહીની ચોપડી; રૂપિયા વગેરે આપ્યાની પહોંચ કે પાવતીની નોંધની ચોપડી.

સહીરું જી. બ. વ. સખીઓ.
આ શબ્દ સં. માતૃ, પ્રા સં. વયૂ અને સહી સં. સખી ઉપરથી આવ્યો, વહુરુ, સહીરુ, એના બહુવચનાર્થે રૂપ થયેલા મળી આવે છે. પહેલા બે અત્યારે પણ કાઠિયાવાડ તરફ વપરાય છે. એમાં અલ્પાર્થે ર બહારસૂચક છે અને ઈ બહુવચનનો જૂનો પ્રત્યય છે. એમાંથી બાઈરું, બાંધવર, બહુવર વગેરે. અહર સહીરુ કારણ કોઈ ચીતવસિ મનિ કોઈ ' કાહ્નજી

સહીસલામત ૧. [અ. સહીહ (બરાબર) + સલામત (કુશળતા)] વિ. ક્ષેમકુશળ; જેવું હતું તેવું જ; જેમનું તેમ રહેલું જેવું; ખુશખુશાલ; હેમખેમ
૨ વિ. સુરક્ષિત; કાંઈ પણ ઈજા કે નુકસાન વિનાનું
૩. અ. સુરક્ષિત રીતે.
૪. અ. હરકત હેલો પામ્યા વગરનું; જેમનું તેમ આસ્વાદ; જરા પણ ઘોડો, ખોટ, હરકત કે હાનિ વગર જેમનું તેમ રહેલું તે; બિન હરકતે.

સહીસલામતી [અ. સહીહ (બરાબર) + સલામતી (કુશળતા)] જી. હરકત હેલો પહોંચે નહિ એવી સુરક્ષિત સ્થિતિ; સંપૂર્ણ સલામતી; નિર્ભયતા; આબાદી, સહીસલામતપણું; સુરક્ષિતતા.

સહીસાટું [અ. સહીહ (બરાબર) + સાટું (કરાર)] ન. કરાર કબૂલાત; સહીઓ થઈને થયેલું સાટું; લેખિત કોલકરાર; નક્કી થએલ લેવડ દેવડ; નક્કી સાટું; સહી આપીને નક્કી કરેલું સાટું કે કરાર

સહીસિક્કા પું. બ. વ. કબૂલ મંજૂર તથા સિક્કોમહોર; સહી તથા મહોર.
રેમનને બાજુ દીઠ પોણો શો પોણો શો દામ સીઝરના સહીસિક્કા સાથે આપ્યા આપેલા છે
કેશવ હર્ષદ

સહીહ ૨ જી. મંજૂરી
૨ જી. સહી; નિશાની
૧. સહીહ કરવી = (૧) કોઈના ખાતામાં લખવું (૨) ઠીક કરવું. (૩) દુરસ્ત કરવા; મઠું કે સહી કરવી. (૪) મારવું. (૫) સુધારવું
૨ સહીહ મોહરે અદાલત = કચેરીનો સિક્કો
૩ [અ] વિ. દુરસ્તી; અબાધ
૪. વિ. બરાબર; સાચું.
૧ સહીહ અક્કલ = (૧) ડહાપણ. (૨) મત ઠેકાણે હોય તેનું. (૩) સારી બુદ્ધિવાળું.
૨. સહીહ દાવા = ખરો હક્ક.
૫. વિ. ચોક્કસ; સ્પષ્ટ.પેલું.
૬. વિ. જોઈએ તેટલું.
૭. વિ. ઠીક, દુરસ્ત.
સહીહ થવી = (૧) કબૂલ થવું; મંજૂર થવું (૨) ઠીક આવવું. (૩) દુરસ્ત થવું. (૪) સાક્ષી પૂરવી.
૮. વિ. તંદુરસ્ત.
૧. સહીહ–ઉદ્ય–મિજાજ = સંપૂર્ણ સાજું.
૨. સહીહ બદન = તંદુરસ્ત શરીરવાળું
૯ વિ. નિપુણ
૧૦ વિ. પ્રામાણિક.
૧૧ વિ. મજબૂત
૧૨. વિ. લાયક; યોગ્ય.
સહીહ ઔર પુખ્તા = સારું અને કાયદેસરનું
૧૩. વિ. સંપૂર્ણ.

સહીં ૧. પું. બરાકની બોહો.
૨. પું. સિંહ; શિકારી પશુમાં સૌથી શ્રેષ્ઠ પશુ.

સહુ [સં. સર્વ; અપ; સાહુ, સબ્બુ; જૂ. ગુ. સહુ–સવ–સર્વે] વિ. સૌ; સર્વે; સઘળું.
૧. સહુ કહે આપડી પણ કોઈ ન સીવે કાપડી = સૌ ભલું મનાવે પણ આપણામાં ઓરવા કોઈ ન આવે.

સહુકામ પું. (પિંગળ) વેદ
આમ્નાય શ્રુતિ બ્રહ્મ અવ ધર્મમૂલ સહુકામ.
નિગમાગમ જેને કહે તે જી સુંદર શ્યામ.
પિંગલગુરુજી

સહુકાર અ. સર્વે સ્થળે
જીવું અહુજન સહુકાર. નરસિંહરાવ

સહુકો જી. સહુ, બધા; સહુ કોઈ
અરકત ને વળી અદિરા પીએ,
અમા જેવી સહુકો બીએ
અખો

સહુનિશ્ચિત વિ. સર્વસામાન્ય.

સહુપેં અ. સહુ કરતાં; સહુથી.
તે નારી સહુપેં મને વાહાલી ૨. પ્રેમાનંદ

સહુરિ ૧. પું. આકડાનો ઝોડ.
૨. પું. સૂપ.
૩. જી. પૂરવા.

સહૂ વિ. (જૂ. ગુ.) સહુ.
તે જેવા જણ મિલણ સહૂ
સેન સહિત તિહાં બહોત સહૂ.
સીતાહરણ

સહૃદયત ૧ જી. શિષ્ટતા; સભ્યતા.
૨. [હિં.] જી. સુગમતા; સહેલાઈ.

સહૃદય ૧. [સં. સ (સહિત) + હૃદય (હૈયું)] વિ. કાવ્યની અર્થભાવના સમજવામાં જેની પક્વ બુદ્ધિ છે તેવું; ઘણું ચતુર; શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં મહનારું
૨. વિ. ખરા દિલનું; સાચા હૈયાનું; ખરા અંતઃકરણનું.
૩. વિ. દયાળુ; સહૃદયી; કુમળા હૈયાનું; દયા, પ્રેમ આદિ લાગણીવાળું.
૪. વિ. મોટા મનવાળું; દિલાવર.
૫. વિ. રસિક; રસજ્ઞ; રસાદિની સમજવાળું.
૬. વિ. વિદ્વાન; પંડિત; જ્ઞાની.
૭. વિ. શ્રેષ્ઠ મનવાળું
૮. વિ. સામાનો ભાવ કે લાગણી સમજી શકે તેવું; ભાવુક
૯ વિ. હૃદયવાળું
૧૦. અ. અંતઃકરણપૂર્વક; અંતરના ઊમળકાથી, ખરા દિલથી; હૈયાના ઊંડાણમાંથી.

સહૃદયતા ૧. જી. ઉચ્ચ ભાવના.
૨. જી. કોમળતા
૩. જી. મર્મજ્ઞતા.
૪. જી મૈત્રી.
૫. જી. રસિકતા; શોખીનપણું; રસવૃત્તિ; રસજ્ઞતા; રસાભિજ્ઞતા.
આત્મ વિષયમાં સહૃદયતા (Taste) એક ખરે પ્રમાણ છે. ધારિ કાવ

૬. સ્ત્રી. વિદ્વત્તા.
૭. સ્ત્રી. સહૃદયીપણું; દયાળુ હોવું તે; દયાળુતા; દયાર્દ્ર હોવાનો ગુણ; સરલ હૃદય હોવાપણું.
૮. સ્ત્રી. સાચા હૃદયનું હોવાનો ગુણ; ખરા દિલનુ હોવું તે

સહૃદયી ૧. [સં. સહૃદય + ઈન્ (વાળું)] વિ. ખરા અંતઃકરણનુ; સાચા દિલનુ.
૨. વિ. જેને પ્રેરણા થાય તેવું; પ્રેરણાવાળું.
૩. વિ. સહૃદય; દયાળુ
૪ વિ. હૃદય કે ભાવનાવાળું.
સામીજી આ સૂત્રો વેચો **સહૃદયી** સપૂતના; સાધ્ય સાધન સિધાવે આત્મદર્શનથી અહીં
સ્વામીગીતા

સહેજ ૧. વિ ઓછું; જરા; લગીર, થોડું, અલ્પ
૨. અ. સહજ; સ્વાભાવિક; કુદરતી

સહેજસાજ ૧. વિ. બહુ જ થોડું; લગારેક; જરાતરા; થોડુંઘણું.
૨. અ. અમસ્તુ; ખાલી; પ્રયોજન વગર

સહેજસાજત અ. સહેજ; અમસ્તું; મળક દાખલ.

સહેજે ૧. અ. અમસ્તું; કારણ વગર.
૨. અ. કુદરતી; એની મેળે.
૩ અ. વગર મહેનતે; અનાયાસે.
પ્રીતે આવે જો **સહેજે** ૧, દુઃખ ન પડે કોઈ. દયારામ
૪. અ. સહેલાઈથી.
જ્યારે સૂતર તો સીધુ **સહેજે** નીકળે પણ. ત્યારે પ્રભુની સાખી રે નિજે હૃદયમાં ધરી. સ્વામીગીતા
૫. અ. સહેલું; સુગમ.

સહેજે સહેજે ૧. અ. એની મેળે; વગર પ્રયત્ને; અનાયાસે
૨. અ. કંઈ પણ કારણ સિવાય; અમસ્તું; લેવા દેવા વગર.

સહેજી સ્ત્રી. સહેજ તે; સહજ.

સહેત-મહેત સ્ત્રી. શ્રાવસ્તી શહેર; સૂર્યવંશી રાજા શ્રાવસ્તે વસાવેલું શહેર. રાપતી અથવા ઇરાવતી નદીને દક્ષિણ કિનારે તે છે. અયોધ્યાથી ૫૮ માઈલ ઉત્તરે છે. તેને ધર્મપટ્ટણ, ચંદ્રિકાપુરી તથા શ્રાવસ્તી પણ કહે છે

સહેતુ ૧. [સં. સ (સાથે) + હેતુ (ઇચ્છા)] વિ ઇચ્છાવાળું; સક.મ. ભક્તિ માટે બોલાય છે
૨. અ હેતુ સહિત; સહેતુક

સહેતુક ૧. વિ ઇચ્છાપૂર્વક; હેતુપુરઃસર; પ્રયોજન; સકારણ; કારણસર; હેતુપૂર્વક, હેતુવાળું.
૨. વિ. મુદ્દાસર.

સહેતુક ધર્મવાદ પું. મનુષ્ય ધાર્મિક અભિપ્રાય પોતાની સમજશક્તિ અને તર્કથી બાંધી શકે છે તેવો મત; ' રેશનાલિઝમ્ '.

સહેતુક ધર્મવાદી વિ. સહેતુક ધર્મવાદમાં માનનાર; ' રેશનાલિસ્ટ '.

સહેતું ૧. વિ. શરીરને માફક આવે તેવું; કોઠવાયું, થોડું ગરમ; દુરાંવેલું
૨. વિ સદન કરતુ

સહેદવી સ્ત્રી. સેદવી

સહેન સ્ત્રી. ઓસરી; પરસાળ

સહેર સ્ત્રી. પાતળી ધાર.

સહેરી સ્ત્રી. સરવી; રોજા રાખવા માટે કાર્ય ખાતુપીતુ તે

સહેરો ૧. પું જરીનો પટ્ટો, મરાસ
૨ પું તોરો; કુલનાં તોરા જે નિકાહ વખતે વરરાજાના માથા ઉપર બાંધવામા આવે છે તે.

સહેલ ૧. [અ. સહલ (સહેલુ)] સ્ત્રી આનંદ; મોજમજા; લહેર; મોજમજા માણવી તે; ખુશી ખુશાલીમાં રહેવુ અને ભોગ ભોગવવા તે
સહેલ કરવી-મારવી = આનંદ કરવો; લહેર કરવી; મોજમજા કરવી
૨. [અ. સૈર] સ્ત્રી. આનંદથી આમતેમ ફરવું તે; મોજ ખાતર ફરવું કે પ્રવાસ કરવો તે.
૩. વિ. સહેલ; સુતર; થોડી મહેનતે થાય તેવું; અઘરું નહિ તેવુ

સહેલગાહ ૧. [અ. સૈર (ફરવુ તે) + ગાહ (સ્થળ)] સ્ત્રી. આનંદ કરવાની જગ્યા; ફરવા ફરવા કે મોજમજાનું સ્થાન; મનરંજન કરવા માટેનુ સ્થળ.
૨. સ્ત્રી. ખુશમિજાજમાં આમ તેમ ફરવું તે; સહેલમાં લટાર મારવી તે; ફરવુ ફરવુ કે મોજમજા માણવી તે
૩ સ્ત્રી દિલ બહેલાવવાનું કામ
૪. સ્ત્રી મુસાફરી, સહેલ કે મોજ કરવા માટેની સફર.

સહેલસપાટા [અ. સૈર (ફરવું) + સપાટો (ઝપટ)] પું. મોજમજા; કેવળ આનંદ; ખુશ મિજાજમાં રહેવુ તે.
સહેલ સપાટા મારવા = મોજમજા કરવી

સહેલાઈ સ્ત્રી સહેલ હોવુ તે; અઘરું હોવાનો અભાવ; મુશ્કેલી.

સહેલાણી [અ. સૈર (ફરવું તે)] વિ મોજી, આનંદી ભ્રમણ કે મોજ માણવા આમતેમ આનંદે ભટકનાર; સ્વચ્છંદે મોજ માટે ફરનાર; સહેલ ઉપરાંત; આનંદ કરવાની વૃત્તિવાળું.

સહેલિકા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, ભગણ અને રગણ એમ નવ અક્ષર હોય છે
સહેલિકા રચ ભજ રે. રણમિત્રભ

સહેલી ૧. [હિં.] સ્ત્રી દાસી
૨ સ્ત્રી રખાત
૩. સ્ત્રી. સાહેલી; સખી

સહેલું ૧. [સં. સિથિલક-સિક્લિલઉ-સક્લિલઉ; પ્રા. સહેલ] વિ. થોડી મહેનતે થાય તેવું; સુતર; સરળ; અઘરું કે મુશ્કેલ નહિ તેવું; સુલભ.
૨ વિ. નિષ્કટક

સહેલુસહલ વિ એકદમ સહેલ

સહેલ્હાવવું (સહેલ્લાવવુ) સ ક્રિ. સહે તેમ કરવું

સહેવાતું ૧. વિ. સહી શકાતું; ખમી શકાતું; ખાખી શકાતુ
૨ વિ સહી શકાય તેવું; ખાસ કઈ નહિ તેમ બહુ ઢાઢું પણ નહિ તેવું; કોઠવાયું; કોઠરવગરું.

સહેવાવું ૧. સ ક્રિ. ખમવું; સહન થવું
ત્યારે દર્ભ નાકો રય ખૂણે, ન **સહેવાઈ** ખોટ. અભિમન્યુ આખ્યાન
૨. અ. ક્રિ. ખમી શકવુ
૩. અ. ક્રિ. સહેલુનુ કર્મણિ રૂપ; સંખાવુ; વેઠાવુ.
૪. સ ક્રિ. સાખી શકાવુ

સહેવાસ પું. સહવાસ; સોબત.

સહેવું [સં. સહ્] સ. ક્રિ. ખાંખવું; વેદવુ; દુઃખાદિક ધીરજથી ખમી રહેવું; ભોગવવુ, સહન કરવુ; ખમવુ.

સહોક્તિ [સં. સહ + ઉક્તિ (વચન)] સ્ત્રી. (કાવ્ય) કાવ્યના ૪૫ માંહેનો એક અર્થાલંકાર; જેમાં ' સહ ' વગેરે શબ્દોના બળથી એક જ વસ્તુ બેની વાચક મનાવવામા આવે તે અલંકાર; જે દૃષ્ટાંતમાં સદ્ભાવ વર્ણવવામાં આવે તે; બે અર્થ નીકળી શકે એવી રીતે યોજાયેલો એક પ્રકારનો ભાષા માહેનો અલંકાર. બે પદાર્થનું સાથે હોવુ ચમત્કારિક રીતે વર્ણવ્યું હોય તો એ અલંકાર છે તેમાં ' સહ ' (સાથે)ના અર્થના અન્વય બળથી એકાર્થપદ અનેકાર્થવાચક થાય છે; આ સહોક્તિ અલંકાર કહેવાય છે જેમકે, રાવણ સમરભૂમિમા આવ્યો ત્યારે બાણની સાથે જ રાવણનો પ્રાણ મહારણવીર એવા રઘુવીરને શરણે આવ્યો

સહોદર [સ.] પું મુનિઓની પર્ણકુટી; ફળુંકુટી.

સહોઢ ૧. [સં.] પું. હિંદુ શાસ્ત્રમા કહેલા ૧૩ બાંહેના એક પ્રકારનો પુત્ર; સગર્ભા કન્યા સાથે પરણ્યા પછી જે પુત્ર થાય તે; દત્તક પુત્રની એક જાત; લગ્ન થતી વખતે પેટમાં હોય એવો દીકરો.

૨. વિ. જી. પરણતી વખતે સગર્ભા હોય તેવી.

સહોઢજ જુઓ સહોઢ ૧.

સહોઢપુત્ર જુઓ સહોઢ ૧.

સહોત્થાયી [સં.] વિ. સામા મોદાને પડવામાં મળતિયું; બળવો ઊઠવવામા મળતિયું

ચંદ્રગુપ્તના **સહોત્થાયી** પ્રબલ પુરુષોને તે તે રજવાડાના કારણ આપી કૃત્રિમ ફલ્ત બનાવી રાખ્યા છે. કેશવ હર્ષદ

સહોત્પન્ન ૧. [સં. સહ (સાથે) + ઉત્પન્ન] વિ. સાથે ઉત્પન્ન થયેલ.

૨ વિ. સ્વાભાવિક; નૈસર્ગિક; સહજ

સહોદર ૧. [સં. સહ (સમાન) + ઉદર (પેટ)] પું. એક જ માતા પેટે જન્મેલ છોકરા માંહેનું કોઇ; સગો ભાઈ તેમ જ બહેન.

શોકવશ થઇ પૂત્ર સુદામાનો **સહોદર**.
મહાદિરણ્ય સૂરે છે અકલ્ક દિવ્ય અભ્યસ.
નાથીગીતા

૨. વિ. એક જ માતા પેટનું; એક પેટથી જન્મેલું; એક માનું; ઓરમાન નહિ તે; માર્યાજાયું; એક માને પેટે જન્મેલ.

સહોદરબેલડી (સહોદર બેલડો) જી. એક જ માનાં સંતાનોની જોડી. જાવજપુરની વિક્ટોરિઆ હૉસ્પિતાલમાંથી એક ૨૫ વર્ષની ઉમરના પુરુષ દર્દીની વિચિત્ર હકીકત માલુમ પડી હતી. એ દર્દી ઉપર થયેલી એક પ્રાથમિક શસ્ત્રક્રિયામાં જણાયું કે, એના પેટમાં પૂર્ણ વિકસિત વાળવાળું માથું, દાંત, હાડ, પગ અને બડવાળું એક બાળક પડેલું છે. દર્દીનું નામ હતું ઉમરવહા. એની તપાસ દરમિયાન એણે કહ્યું છે કે, "મારા પેટની ડાબી બાજુએ મને કૂટબોલ જેવડો સોજો આવ્યો હતો. મને થયું કે એ કોઈ ગાંઠ હશે. એથી કયારેક કયારેક પીડા થતી" પણ જ્યારે એના ઉપર શસ્ત્રક્રિયા થઈ ત્યારે સર્જનને એમાં પૂર્ણ વિકસિત બાળક રહેલું દેખાયું. સર્જનના કહેવા પ્રમાણે આ બાળક હકીકતમાં ઉમરવહાની જ **સહોદરબેલડી** એટલે કે જોડકું હતું અને ઉમરવહા જેટલું જ મોટું હતું. એમ મનાય છે કે, ફલિત જોડકું બીજાણ ઉમરવહાના જન્મ વખતે જ એના પેટમાં રહી ગયું અને તે આ ૨૫ વર્ષ દરમિયાન ત્યાં વિકસતું રહ્યું શસ્ત્રક્રિયાના પરિણામસમાં આવો આ બીજો કિસ્સો છે.

સહોદરભાવ પું. એક પેટમાં પેદા થયેલ ભાંડુઓના જેવો સંબંધ.

શત્રુ સુદામાનો એ સંયોગ સંજતી **સહોદરભાવ** હતો. શુભમિત્ર

સહોદર સ્નેહ પું. એક જ માના પેટે જન્મેલ ભાળકોના જેવો સ્નેહ; સગા ભાઈના જેવુ હેત.

સહોદર હત્યા જી. સગા ભાઈને મારી નાખવાનું કુકર્મ.

સહોદરા જુઓ સહોદરી.

સહોદરી ૧. [સં. સહ + ઉદર + ઙીપ્] જી. એક જ માતાને પેટે જન્મેલી બહેન; સગી બહેન.

૨. વિ. સહોદર; એક જ માતાના પેટની

સહોદ્યોગ ૧. [સં. સહ + . ઉદ્યોગ] પું ઉદ્યોગમાં સહકારીપણું; ઉદ્યોગમાં સામેલગીરી સહોદ્યોગ બે જાતના છે: (૧) કેવલ સહોદ્યોગ, (૨) મિશ્ર સહોદ્યોગ

૨. પું. બધાનું ભેગુ કામે લાગવુ તે.

સહોદ્યોગી વિ. એક ઉદ્યોગો-મુખ્ય; ' કોઓપરેટિવ '.

સહોપાધ્યક્ષ પું. સહઉપપ્રમુખ; 'જૉઇન્ટ વાઇસ પ્રેસિડેન્ટ'.

સહોબત [હિં.] જી. સોબત; સંગત.

સહોવાનું અ. ક્રિ. વિટંબણામાં પડવું; સહેવાવુ.

સહોવું ૧. અ. ક્રિ. ગમવું; ગોઠવું; ફાવવું; સવાવું; ખમવું; ચેન પડવુ.

૨. અ. ક્રિ. ચિત્ત ઠેકાણે હોવુ

૩ અ. ક્રિ. સોહવુ; શોભવુ; સારુ દેખાવુ; સારુ લાગવુ

સહ્ય ૧. પું. પ્રાચીન હિંદનો એક પર્વત; મહાભારતકાલીન એક મુખ્ય પર્વત; ભારતના અઢાર મુખ્ય માંહેનો એક પર્વત. તે નામે મહાભારતના સાત મુખ્યગિરિ માંહેનો એક; પશ્ચિમઘાટનો એક ભાગ. દાખ તે સહ્યાદ્રિ કહેવાય છે.

૨. ન. આરોગ્ય.

૩. [સં] ન. મદદ.

૪. ન. મદદગાર થવુ તે.

૫. ન. માધુર્ય; મીઠાસ

૬. ન સમાનતા.

૭. ન. સંગત.

૮. વિ. સહન થાય તેવુ; સહેવાય તેવુ; ખમાય તેવુ; સહી શકાય તેવુ.

૯. વિ. સખાય તેવુ; વેઠી શકાય એવુ.

૧૦. વિ. સાંખવાનું; વેઠવાનું

સહ્યજલકલ્પાગ ન. નૃસિંહપુરાણમાં જણાવેલું અમલગામ તીર્થ. તેનું પ્રાચીન નામ અમલિતલા. તે તામ્રપર્ણી નદીને કાંઠે આવેલ જણાય છે.

સહ્યતનયા જી. કાવેરી નદી.

સહ્યભેદ ૧. પું. કર્મણિપ્રયોગ.

૨. [સં.] પું. (વ્યાકરણ) સહ્યભેદ; જે ભેદમાં સહ્યતાનો અર્થ રહેલો છે એવો ભેદ.

સહ્યવેદના [સં. સહ્ય + વેદના] જી. સહન થઈ શકે એવુ કે તેટલુ દુઃખ.

સહ્યાજી વિ. સાથે પૂજન કરનાર.

આપણે સર્વે સરસ્વતી દેવીના **સહ્યાજી** બાળો જીએ. મુ. સા. પરિષદ

સહ્યાદ્રિ [પ્રા.] ન. વાદળ.

નર વાદળો રે મિલે **સહ્યાદ્રિ**
આનંદકાવ્યમહોદધિ

સહ્યાદ્રિ પું. (પુરાણ) એ નામે ભારતનો એક પર્વત; પશ્ચિમઘાટનો એક ભાગ કે પર્વત; પર્વતોના સાત વર્ગો માંહેનો ભારતખંડમાં આવેલો એક કુલ પર્વત. સાત કુલ પર્વતો આ પ્રમાણે છે: (૧) મહેંદ્ર, (૨) મલય, (૩) સહ્ય, (૪) શુક્તિમાન, (૫) ઋક્ષવાન અને (૭) પારિયાત્ર. તેમાંથી ગોદાવરી, ભીમરથી, કૃષ્ણા, કૃષ્ણવેણી, વેણ્યા, મંજુલા, તુંગભદ્રા, સુપ્રયોગા, ભાદ્રા, કાવેરી પ્રભૃતિ નદીઓ નીકળે છે. દરિયા પરથી આવતા પવનો વાદળાંને ખેંચી લાવે છે આ વાદળાંને પહાડો રોકે એટલે તે આગળ જઈ શકતાં નથી. પાછળથી આવતાં વાદળાં ત્યાં આવે એટલે પહેલાંનાં વાદળાં આકાશમાં ઊંચે ચઢેલાં છે. જેમ જેમ ઊંચે જાય તેમ તેમ હવાનું ઉષ્ણતામાન ઘટતું જાય છે અને તેથી ઉપર ચઢેલાં વાદળાંમાંનો ભેજ ઠરીને વરસાદ પડવા માંડે છે. સહ્યાદ્રિ વાદળાંને અટકાવતો હોવાથી કોંકણપટ્ટીમાં વરસાદ વધારે પડે છે. ત્યાંથી આગળ દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં તે ઓછો થતો જાય છે.

સહ્યાદ્રિખંડ પું. સ્કંદપુરાણનો એ નામે એક ભાગ.

સહ્યાભાડું (સહ્યાભાડૂ) ન. સહન કર્યાનો બદલો

તેનું **સહ્યાભાડું** સળગું રે આપ્યુ.
ભાલોડા બીજાં. દયારામ

સહ્યારું વિ. ભેળું; મળતું.

સહ્યાંદ્રિનરહરિ પું. સહ્યાદ્રિ પર્વત ઉપર આવેલા એ નામના એક દેવ.

સહ્યાંદ્રિનરહરિ તમો લાલજી. દયારામ

સળ ૧ પુ ક્રમબદ્ધમાં છાતીના ભાગે જે કપડું આવે છે તે; સ્ત્રીઓનાં કાપડાંનો છાતીને ઢાંકનારો ભાગ

૨. પું ગેડનો આકો; હાસિયો; દોરા ઉપર કાગળ દાબી કે વાળીને પાડેલો લીટો તે, કપાસનો આકો કે કાપો, વળનું વળિયું, કાગળની વળી; ધડ; એક લાબી લીટીના જેવી નિશાની પડી રહેલી તે

સળ પાડવા = (૧) નામાના ચોપડામાં નામું લખવા માટે ગેરલટી સુરલટી વહીઓ પાડવી. (૨) મરડવું, વળી વાળવી.

૩. પુ. પોચા પદાર્થ ઉપર બીજી વસ્તુના દબાણથી પડતી ભાત; મોબા જેવી નિશાની.

૪. પુ. સોળ; સોટી કે લાકડીના આઘાતથી ચામડી ઉપર થતો સોપસી આવતો લાંટા જેવો ઓળો; કૂટકાની ચામડી પરની નિશાની

૫ સ્ત્રી મોં માપવું; સમજ; સૂઝ પડવી તે

સળ પડવી-સૂઝવી = સમજણ પડવી.

૬. ન. ઘઉં, જારસટિયો, જવાર વગેરે વાવતી વખતે અડાઅડાયા જેટલી ચાર હાથ કરે છે તે

૭. ન. છળ; કપટ.

નળ સળ વળી માન લીન નહિ દીન જે રાખો
વિ નામજી

૮. ન. નિકાલ.

સળ પડવું = ચાળે પડવું; સ્થિર થવું; નિકાલ થવો

૯. ન. પાણીની અંદરનો લીસોટો.

૧૦. ન. માછલી જેવું એક જીવડું

૧૧. કિ. સમજણે.

સળક ૧. પું. કરોળિયો

૨. [સં. શલ્ય; અપ. સલ્લ + ક (સ્વાર્થે પ્રત્યય)] સ્ત્રી. આખ ભોંકાતી હોય એવી રહી રહીને થઈ આવતી પીડા; સળ; વાયુના કે ત્રિદોષના રોગમાં છાતીમાં થતી ભોંકણના કે આઘાત જેવી પીડ; તીર વાગતું હોય એવું એકદમ થઈ આવતું દુઃખ; સણકવું તે; સબુકો

સળકડી (સળકડી) ૧ સ્ત્રી. કાંટો.

૨. સ્ત્રી. ચીડવણી; ઉશ્કેરણી.

સળકડી કરવી = ઉશ્કેરવું.

૩. સ્ત્રી તાર

૪. [સં. શલાકા] સ્ત્રી સળેકડી, નાની સળી, સાંઠા, કાંસકા કે છાસની પાતળી પણ લાબી સળી, લાકડાં અથવા ધાતુનો લાંબો ગોળ ઘાટ.

સળકડું (સળ્‌કડું) ન સળેકડું; સળકડી; સળી.

સળકણું વિ લપસી જાય એવું

સળકણી ગાદ = જલદી છૂટી જાય તેવી વાગેલી ગાંઠ

સળકવું ૧. અ ક્રિ. આતુર થવું; તલપવું

આજ અડધા વે સળકે છે ઉરના અહારાગર,
અલે ક્ષિતિજ પાછળ ચંદ્ર ઊગ્યો હોય ને !
જયાજયંત

૨. અ. ક્રિ આમતેમ મરડાવું; તરફડિયા મારવાં

૩. અ ક્રિ. ખાવાનો ભાવ થવો; મોંમા પાણી છૂટવું; સ્વાદ થવો

દાઢ સળકવી = ખાવાનો ભાવ થવો; મોંમા પાણી છૂટવું.

૪ અ ક્રિ. ઓકાનું હોય તેમ સબડકા નાખવા.

૫. અ ક્રિ સહેજ હાલવું; સળવળવું; ધ્રૂજવું, અંગ મરડવા; ફરકવું, શરીર પર ઝીણું ચાલતું હોય તેવી લાગણી થવી

૬. અ. ક્રિ. સાલવું

૭. સ. ક્રિ. ખેંચવું; પિગળાવવું

૮. સ ક્રિ. ભળકવું; ઝબકવું, ચમકવું, ઝબકાટ મારવો

૯. સ. ક્રિ. ક્રમબદ્ધ કરવું; ગોઠવું; વહેવું; મરડાવું.

ઉદ્વસિત ઉપમા પણ છું ઉદ્ગને,
થારપહું સાબળી રોષ સળકે સામળ

સળકાવવું ૧. સ ક્રિ. ભડેકવું; સળકે તેમ કરવું.

સળકાવવું રોષ નામને. સામળ

૨. સ. ક્રિ. છાનું ઘાલી લેવું; નજર હોવા છતાં ઉતરી ઘાલી લેવું.

૩. સ. ક્રિ. ભાગી જવું.

૪ સ ક્રિ. વેગથી ઘસે કે સરી જાય તેમ ચલાવવું; ઉતાવળે મારી મૂકવું

સળકાવી સલણલે સરક જ લીપી હાથ.
સામળ

૫. સ.ક્રિ. હલાવવું; અંગને આમતેમ ફેરવવું.

સળકું ન. મરડાં અને કાંટાવાળા ઝાળખાં એકઠાં કરવાનું નમા ઉપાડવાનું બે પાખડાંનું ઝાકડું; છીટલો; સરકું; સેંટલો.

સળકો ૧. પું. એકદમ મન થઈ આવવું તે; મનોભાવનો ઉભરાણો; ઉત્પ્રેરણા કે વેગ; તીવ્ર ઉત્પ્રેરણા

ઋતુપર્ણ આસને બેસે ગ્રહે, થાય પરમૃદાના સળકા.
નલાખ્યાન

૨. પું. ગોબ ઘોંચાતી હોય એવું થતું દુઃખ કે પીડા; રહી રહીને તીક્ષ્ણ દુઃખ થવા કરવું તે. સળક

સળગ વિ. જેને મહોર આવ્યા હોય તેવું, મધુપ; ફૂલવાળું.

આવ્યો સળગ હમીર મોરી આંબો ગીબાઉ.
લોકોક્તિ

સળગવું ૧. અ ક્રિ. લડાઈ લાગવી; તકરાર થવી; ટંટો જામવો.

૨ અ. ક્રિ. લાગવું; અગ્નિથી પ્રજ્વલિત થવું; બળવું; ભડભડાટ બળવું

નેતામાં સળગે રોષ.
રહવરી નેતામા સળગે રોષ.
મે.વર્ધનરામ

સળગાવવું ૧ સ ક્રિ ઉશ્કેરણી કરવી; લડાઈ કે ટંટો થાય એમ કરવું

૨ સ.ક્રિ. જ્વાળાઓ બળે એમ કરવું; અગ્નિ સળગાવવો; દીવો સળગાવવો, ચેતવો પાડવો; બાળવું કરવું, પેટાવવું; ચેતાવવું; પ્રગટાવવું.

સળગાવાવું અ. ક્રિ. સળગાવે તેમ થવું.

સળરચના સ્ત્રી કાગળને વાળી કરેલ બનાવટ

સળવસળ વિ. અવિચારીપણે મિશ્ર થયેલું; વિરોધી ભાવો ગ્રે ને ગ્રે વસ્તુમાં હોય એવું; સરખું નહિ તેમ અસમાન પણ નહિ એવું; પૂરું સપાટ નહિ તેમ પાછું ખાડાખૈયાવાળું પણ નહિ તેવું.

સળવળ ૧. [સં. સૂ ધાતુ ઉપરથી દ્વિર્ભાવ વિધાનથી ગુજરાતી] સ્ત્રી. અણસર; ચેળ; કાંઈ ખસવું કે હાલવું હોય એવી ચામડી પર થતી અસર

૨. સ્ત્રી. સળવળવું તે; આમ તેમ હાલવું કે લોટવું તે.

આ સળવળ સળવળ થતી ઇચ્છા સબળી જ નથી રહેતી. કેશવ હર્ષદ

સળવળવું ૧. અ. ક્રિ. કશું કરવા તત્પર થઈ રહેવું

૨. અ ક્રિ. કાંઈ અવાજ વિના કોઈ જંતુ વગેરેનું હાલવું ચાલવું

૩. અ. ક્રિ થોડું થોડું આમ તેમ હાલવું; સૂતા સૂતાં આમતેમ ફરવું કે આળોટવું કે મરડાવું.

૪. અ. ક્રિ. શરીર પર કાંઈ ચાલતું હોય તેવી અસર થવી; અણસર આવવી; ગીલી થવી.

સળવળાંત ૧. વિ અસ્વસ્થિયાં મારતું.

૨. વિ. સળવળતું.

અહા સળવળાંત ચિરી સરીરે ઉમળો જ કે.
ન. કે ત્રિવેદ

સળવળાટ ૧. પું. અસ્થિરતા; અચળતા.

૨. પું. આમતેમ આળોટવું તે.

૩. પું. ચલીપચી થવી તે.

વિષયવાસનાની પ્રતિકૂલતાના અંતઃકરણમાં કાંઈ કાંઈ ચિતર્યું અને અવશ્ય પણ આનંદદાયક સળવળાટ થવા લાગ્યો કૃષ્ણલાલ

૪ પું. સળવળવું તે; સળવળ, હાલવું ચાલવું તે.

સળવળાવવું ૧. સ. ક્રિ. અસ્થિર થાય તેમ કરવું.

૨. સ. ક્રિ. આમ તેમ આળોટે તેમ કરવું.

૩ સ ક્રિ. ગલીપચી કરાવવી; સળવળે તેમ કરવું.

સળવળિયો ૧. પુ. અસ્થિરતા; ઉશ્કેરાટ; ચચળતા

સળવળિયો ઉપડ્યો = એક ઠેકાણે પગ વાળીને ન બેસવું; ઉશ્કેરાટ થયો

૨. પું. ખણજ; ગલીપચી

સળવું ૧. ન. ગાય, બૈસ વગેરે દુધાળાં જનાવરના આંચળે બધા દિવસ નહિ દોહવાથી જે ગાઠ બંધાઈ જાય તે.

૨. અ. ક્રિ. જીવજંતુ કે કીડા વગેરેથી બગાડ જવું; જીવોત્પત્તિ થઈ વસ્તુ, અનાજ વગેરેનું અંદરનું સત્ત્વ બગાડવું; અંદરથી બગડવું.

સડ્યા પહેલાં ફળ્યા સારા = (૧) જૂનાં કોળ કરતાં સારાં (૨) જૂનું થાતું સો કાદી નાખે

૩. અ ક્રિ. મનનું ઠેકાણે ન રહેવું; ચાડા થવું; બેભાન થવું.

સળસળ અ. એકદમ; સરરર જેવા અવાજ સાથે.

સળસળીઆ ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક

૨ ન. એ નામની અટકનું મનુષ્ય.

૩. વિ. એ નામની અટકનું

સળસી સ્ત્રી અળસી સાથે વપરાતો નિરર્થક શબ્દ.

સળંગ ૧. સ્ત્રી. પથ્થર તોડવાની લોઢાની સાગડી

૨. સ્ત્રી. બરછી

૩. સ્ત્રી સુરંગ; જમીનમાંથી કાઢેલો માર્ગ; બોગદું

સળંગ ક્રિયાવિ. સાક્ષાત, મુખ ન બદલે કોઈ જાત. સામળ

૪. વિ. એક છેડાથી બીજા છેડા લગી સાંધ રહિત; અખંડ; તૂટ્યા વગરનું, આખું; તૂટક નહિ તેવું, ઠેઠ સુધીનું; ચાલુ ને ચાલુ; એક સરખું જોડાયેલું હોય એવું.

૫. અ. અટક્યા વગર; ઠેઠ સુધી, સતત; લાગટ, અભંગ રીતે; સીધી રીતે

સળંગક્રમ પું. એકધારો ક્રમ, અસ્ખલિત પદ્ધતિ.

સળંગડાહ્યું વિ. ડહાપણ ડોળ્યું; ડહાપણ ડોળ્યા કરનાર, એકક્રમ ડહાપણ બતાવનાર; બહુ જ ડાહ્યું; બહુ જ ડાહ્યું; વધારે પડતું ડાહ્યું.

સળંગતા સ્ત્રી. સળંગપણું; એકધારાપણું

તેમાં કયા તંતુની સળંગતા જણાય છે ભ. ક. કાકોર

સળંગ અલોલું ન. એ નામની એક દેશી રમત. તે સોરઠ તરફ રમાય છે. તેને બેડી કૂકરી પણ કહે છે

સળંગ બ્યાજ ન જેમાં મુદત સળંગ ગણાય તેવું એક પ્રકારનું બ્યાજ. તેમાં જે તારીખે નાણાં બ્યાજે લીધાં હોય તે તારીખથી જે તારીખે પાછાં આપવામાં આવે ત્યા સુધી સળંગ મુદત ગણાય છે

સળંગસૂત્ર ૧. ન. અખંડ પરોવાઈને રહેલ દોરી કે સૂતર

૨. ન. આત્મા

સળંગસૂત્ર જીસે નર જાન. અખા

૩. વિ. અખંડ; એકસરખું

૪. વિ. સળંગ; ક્રમબદ્ધ; બરોબર સકળાયેલું.

સળંગસૂત્રતા સ્ત્રી. અખંડ પરોવાઈને રહેલ સૂતરના જેવી સ્થિતિ હોવાપણું; અંતઃસ્થ એકતા

સંહિતામા અંતઃસ્થ એકતાને સળંગસૂત્રતાનો બધાય વિદ્વાનો છે શિક્ષણ અને સાહિત્ય

સળાખીજું ન. બેલગાડીની બેઠના વચલા ભાગમાં નાખવામાં આવતું લાકડાં માહેનું પ્રત્યેક.

સળાવો પું. વીજળીનો ચમકારો

સળાંદ વિ. અજેય; બુદ્ધિ વગરનું.

સળિયાકામ ન. સળિયાનું કામ

સળિયું ૧. ન. ઢીલી વહોળી વખને રવૈયાની સાથે વપરાતું એક સાધન

૨. વિ. સરકી જવામાં હોંશિયાર.

સળિયો ૧. પુ એક જાતનો કાઠિયાવાડી ઘોડો

૨ [સં. સલાકા] પું. વાંસનો, લાકડાનો કે ધાતુનો સોળ કે પાતળો લાંબો ટુકડો કે આકાર. મોટી અથવા લાકડી જેવો ધાતુનો દંડીકો, સજ.

૩. પું. જે ઘરી ઉપર ચક્કર ફરે છે તે ચોકઠામા જડેલો ખીલો.

૪. પું સુલત કરતાં પહેલા અંદર વાંકડી રાખ કરવાનું સાધન.

સળી ૧. સ્ત્રી. કાંટો

૨. [સં. સલાકા] સ્ત્રી વાંસનો, લાકડાનો કે ધાતુનો પાતળો, લાંબો ગોળ ટુકડો; કાળડી.

સળી આપવી-કરવી = (૧) અકળાવવું (૨) અડપલું કે ચાંદવું કરવું; ચાળો કરવો; અટકચાળું કરવું. (૩) બોચપરોણો કરવો; શાંત સ્થિતિને ગુમ દિલચાલથી જગાવવી (૪) ઉશ્કેરવું; ઉત્તેજન આપવું.

૩. સ્ત્રી. દાંત ખોતરવાનું રૂપાનું કે તાંબાનું બનાવેલું સાધન.

૪. સ્ત્રી. નાકની સળી; ચૂક; નાકમાં પહેરવાની હીરા જડિત સળી

૫. સ્ત્રી પાતળી ચીપ; સોય.

૬. સ્ત્રી. મૂત્રશલાકા; 'કેથેટર'

૭. સ્ત્રી. વખત જાણવા માટે બગાઉ વપરાતું સાધન

અઢાર તસુની નાચે સળી,
બબ્બા પ્રમાણે જેવડ વળી,
બદ્દડ લેખીએ આખી ઘડી,
ઓટલાં આગળ તેટલી ઘડી. બદ્દડ લેખા

૮. સ્ત્રી સાહુકાર અને વેપારી વર્ગમાં વપરાતો ના માટેનો સાંકેતિક શબ્દ.

૯. વિ. એક ચતુર્થાંશ; પા.

સળીઓ થોર પું ખરસાણી થોર; થોરની એક જાત.

સળીકડું (સળીકડું) ૧. સ્ત્રી. ખડની સળી

૨. ન. સળીનું અલ્પતાદર્શક રૂપ

૩. વિ. તદ્દન પાતળું; ઝીણું; સળી જેવું.

સળીનો નવસાર પું. નવસારની એક જાત.

સળીમાદરડી (સળીમાદરડો) સ્ત્રી. રૂપાની ચાર માદરડી દોરામાં પરોવેલી અને વચમા દાંત ખોતરવાની સળીવાળુ ડોકમા પહેરવાનુ ઘરેણું.

સળીસંચો ૧. પું. ઉશ્કેરણી; ચડાવવું તે; સળી કરવી તે; યુક્તિ પ્રયુક્તિ.

સળીસંચો કરવો = પ્રેરણા કરવી

૨. પું હતેહ મેળવવા કરેલી ખાનગી વ્યવસ્થા; છુપી યોજના.

૩. સ્ત્રી. એ નામની એક દેશી રમત. પ્રથમ બે છોકરા સામસામા બેસી વચમાં ધૂળની પાળ કરે છે. પછી એક જણ સામાને ખબર ન પડે તેમ ધૂળમાં એક સળી સંતાડે છે ને તે શોધવાનું કહે છે. તે ન જડે તો દાવ આપે છે. ત્યાર પછી દાવવાળા છોકરાની આંખો દબાવી, હાથમાં ધૂળની પોચ ભરાવી જાતેલો છોકરો તેને ઘોડે છેડે લઈ જાય છે અને ધૂળ ફેલવાવી આખ ઉઘાડવા દે છે અને કહે છે કે ' પેલી સળી શોધી લાવો.' જો સળી શોધી કાઢે તો રમત પૂરી થાય છે આ રમતનો એક બીજો પ્રકાર જે પેટલાદ તરફ રમાય છે તે આ પ્રમાણે છે: ને બે જણથી રમાય છે. એક જણ દાવ આપે એટલે બીજો ધૂળની એક હાથ લાંબી પાળ કરી તેમાં એક સળી સંતાડે. દાવ આપનાર અને હાથના આંકડા બીડી ધૂળની પાળમા સળીવાળી જગ્યાએ બંને હાથના આંકડા સહિત બંને મૂકે, તે નીચેથી સળી ન નીકળે તો તે હારો ગણાય. ને તે નીચેથી નીકળે તો તે છટ્યો ગણાય. એટલે પછી તે સળી સંતાડે

સળીસોપારી જી સળીના જેવી કાતરેલી હોય તેવી સોપારી.

સળેકડી (સળેકડી) ૧. જી ઉપરોપરણી.
૨. જી. નાની સળી; સળકડી

સળેકડું (સળેકડ) ન સળેખડું; આડા કે વાસનો કકડો; સળી, વાંસનું તરણું કે સળી
૧. સળેકડું કરવું = (૧) અટકચાળું કરવું. (૨) ઉપરોપરવું. (૩) ખીજવવું.
૨. માનવ સળેકડુ = સળીના જેવું દુબળું અને પાતળું માનવી.

સળેખડી (સળેખડી) જુઓ સળેકડી

સળેખડું (સળેખડ) જુઓ સળેકડું.

સળેખમ [સં શ્લેષ્મ; પ્રા. સિલ્હ–અપ–સિલ્હો–સિલ્ભો; સિલેખમ] ન. શરદી; શ્લેષ્મ; રસવિકાર; નાકમાંથી પાતળી રસી ઝરે એવો શરદીનો વિકાર; નાક બંધ થઈને અવાજ ભારે થઈ જાય તેવો શરદીનો રોગ. ખાસ કરીને હવાના ફેરફારથી સળેખમ થાય છે. સ્થળ અને ઋતુના બદલવાથી પણ સળેખમ થાય છે આ દરદમાં નાકની અંદર સોજો થાય છે

સળેખા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ, બે નગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય છે.

સળેથો પું. પાલેખાં વગેરે ઠાંટાવાળાં ઝાંખરાં લેવા માટેનું બે પાંખિયાંવાળું ઓજાર.

સળોઠું ૧. જિ. વઢેલ; ચ.ગ્રિવઢીન.
જે કુટુંબમાં વઢીએ વર્ષે સળોઠો તે કુટુંબમા સર્વે સળોઠું હોય છે ગોવર્ધનરામ
૨. જિ. સળી ગયેલું.

સળોથો જુઓ સળોયો

સળોઠવું જ. ક્રિ. બે દોરને એક દોરડે બાંધવા; એક દોરને બીજા દોર સાથે બાંધવું; સાંકળવું; ઢળેલું.

સળો ૧. પું બહુ દિવસ ? વખત સુધી અંદરને અંદર ખરાબી થયા કરે ને બહાર જણાય નહિ એવો બગાડ.
૨. પું. બહુ દિવસ પહોંચી ઊંડે ખરાબી થાય એવી અવસ્થા, ઘાટઘૂટ કે કુસપ
૩. પું. રોગ.
૧. સળો કાઢવો = રોગ મટાડવો
૨. સળો પેસવો = રોગનું દાખલ થવું
૪. પું. વેરાયેલી કેડી.
૫. પું. સળવું તે. અનાજ, સ્ત્રિગ. શરીર વગેરેનું અંદરથી બગવું તે; અંદર ને અંદર જીવ ઉત્પન્ન થઈ બગવું તે.

સં. ૧. [સં. સંવત્સર] પું. સંવત્નું સક્ષિપ્ત રૂપ. જેમકે, સં. ૨૦૧૦
૨. વ. સસ્કૃત ભાષાનું ટૂંકું રૂપ. આ રૂપ કોશ આદિ ગ્રથોમાં બહુ વપરાય છે.

સંકટ ૧ પું (પુરા.વ્ર) ચાલુ મન્વતરના ધર્મ ઋષિથી કકુભ નામની સ્ત્રીને થયેલો પુત્ર. એના પુત્રનું નામ કીકટ હતું.
૨. ન. આત્મવિશ્વાસ વગર ગાવું તેવી કુટેવ.
૩. [સં] ન. આપત્તિ; આફત; વિઘ્ન; દુઃખ; પીડા.
કદન ત્રિપુર સંકટ છોદન ગહન દલિત અમ નામ.
દુઃખ દેખાં તું નાથને, હે મ્હારી સુખધામ.
પિત્રળસપુકોષ
સકટ પડવું = આફત આવવી.
૪ ન. ભીડ; તાણ
૫. ન. મુશ્કેલી; મૂચવણ.
૬. જિ. યુક્ત
૭. જિ. આમ

સંકટકાળ પું. આપદકાળ

સંકટગ્રસ્ત જિ. મુશ્કેલીમા ફસાયેલુ

સંકટચતુર્થી ૧. જી મહેરાચતુર્થી; ભાદરવા સુદિ ચોથ. તે દિવસે મહેશનું પૂજન થાય છે
૨ જી. દરેક માસની વદિ ચોથ.

સંકટચોથ જુઓ સંકટચતુર્થી.

સંકટતા જી. દુઃખભરી સ્થિતિ
અહો કાર્યની સંકટતા! જો એમ કદાચ હોય તો રાજપુત્ર દુખિત થાય. પુરાતત્ત્વ

સંકટનાશન ૧. ન. સંકટ નાશ પામવું તે.
૨. જિ. સંકટનો નાશ કરે એવું.

સંકટનિધિ [સં.] પું. અણધાર્યા અર્થને પહોંચી વળવા માટેનું ભંડોળ.

સંકટનિવારણ [સં.] ન. દુઃખમાંથી મુક્ત કરવું તે; મદદ આપી સકટ દૂર કરવું તે.
તેઓનાં સંકટનિવારણ તો આજી રહેતો જ નવલરામ

સંકટપૂર્ણ [સં.] જિ. સંકટોથી ભરેલ.

સંકટબારી જી. સકટ સમયે નાસી છૂટવા માટેની બારી; પૂરેપૂરો બચાવ.
કોઠામા સુઠ ત્રિદ (કોગિતા), પૂરોચ્છનાસ અથવા સંકટબારી રાખવી
રાજવલ્લભ

સંકટમોચન ૧. [સં.] ન. તુલસીદાસજીએ રચેલ એ નામનો ગ્રથ.
૨. જિ. સંકટમાંથી બચાવનાર કે છોડાવનાર.
જુઓ હવે કેમ સંકટમોચન બનવાં બચાવ્યાં પ્રાણ. પીસે

સંકટમોચું જિ (જિલ્પ) પેસતાં સાંકડા મોંવાળું. ઘર માટે બોલાય છે.

સંકટસહન [સ] ન. આવી પડેલી મુશ્કેલીઓ સહન કરવી તે.

સંકડા ૧ [સ] જી એ ન.મની એક દેવી.
૨. જી. (જ્યોતિષ) જ્યોતિષ પ્રસિદ્ધ આઠ ગ.હેની એક દશા

સંકટાસન ન. (યોગ) યોગનું એ નામનું એક આસન. ડાબા પગનો સાથળ જમીનને અડે ને ગોઠણથી પંજા સુધીનો ભાગ સાથળને તથા પૃથ્વીને અડકી ઉત્તર તરફ રહે એમ પગને વાળી, સ્થિર કરી, તે પર જમણા પગને તેવી જ રીતે સ્થિર કરી, જમણા સાથળના મૂળ ઉપર બંને હાથના પંજા ચત્તા રાખી સ્થિર બેસવું તેને સકટાસન કહેવાય છે.

સંકડામણ (સકડામણ) ૧. જી કાયદાની બારીકીમાં આવી જવું તે.
૨ જી. જગાની તંગી; બહુ તેમ કરવા કરવા નહિ એવું બિડાણ તે; કોઈ તરફ છટકારો હોય નહિ એવી સ્થિતિ તે; જગાની મુશ્કેલી; આકડવાળી સ્થિતિ.
૩. જી. પૈસાની મુશ્કેલી.
૪. જી ભીડ; મુશ્કેલી

સંકડામણી (સકડામણી) જુઓ સંકડામણ.

સંકડાવવું (સકડાવવુ) [સં. સંકુટ; પ્રા. સંકુડ ઉપરથી] સ. ક્રિ. વધારાની જગ્યા દૂર કરવી; સાંકડું થાય તેમ કરવું. સંકડાય તેમ કરવું.

સંકડાવું (સંકડાવું) ૧. [સં. સકટક–સકડઅ–સાંકડું–સકડાવુ] અ. ક્રિ. જગાની તંગી પડવી; મોકળાશ નહિ રહેવી; જગાની તંગાશ વેઠવી.
૨. અ. ક્રિ. ઢબાવું; ભચડાવું
૩. અ.ક્રિ. બિડાવું.
૪. અ ક્રિ મુશ્કેલીમાં આવવુ.
૫. અ. ક્રિ. સંકડમાં આવવું; બિડાવું

સંકડાશ (સકડાશ) ૧. જી. ઓછપ; ઊણપ.
૨. જી જગાની તંગી; નહિ મોકળાશ; સાંકડ.
૩. જી. દબાણ; ચીપટ.
૪. જી. મુશ્કેલી
૫. જી. સકોચ

સંકડાસ જુઓ સકડાશ.

સંકણ [પ્રા. સં. શંકન] ન શંકા કરવી તે.

સંકથા [સ] જી. સંલાપ; સારી વાતચીત

સંકતાર્થ જુઓ સંકેતાર્થ.

સંકર ૧. [સં. સમ્ (સાથે) + કર (બાંધવું)] પું. ઉકરડો.

૨. પું. એ નામનો એક અર્થાલંકાર; કાવ્યના ૪૫ માંહેનો એક અલંકાર; બે ભિન્ન અલંકારોનો એકરૂપ સમવાય. એક કાવ્યમાં અનેક અલંકારોની સ્થિતિ હોય ત્યારે સંકર અલંકાર કહેવાય છે. આમાં અલંકારોની મિલાવટ નીરક્ષીર ન્યાયે છે. દૂધને પાણી જેમ એકઠાં કરવાથી એકરૂપ થાય છે તેમ શબ્દાલંકાર, અર્થાલંકાર અને મિશ્રાલંકારનો સમવાય હોય તો તે સંકર કહેવાય છે. જેમકે,

સરી સુર સરિથી સિત થયા, ભવભૂખ્યા સુબુજંગ,
જાણી સુયશ શ્રીરામનો, સીવતા સુર સકુ અંગ.

અહીં મિલાવટ અત્યંત હોવાથી આ મિલાવટ નીરક્ષીર ન્યાયથી છે એથી અહીં સંકર છે.

એ અલંકારોનો પરસ્પર સંબંધ થાય તો પણ તેમનાં બોખાના દાણા જેમ જુદા રહે છે તેમ એક બીજી પૃથક્ રહે તો તે સંસૃષ્ટિ કહેવાય છે અને દૂધને પાણી એકઠા કરવાથી જેમ એક રૂપ થાય છે તેમ બે અલંકારનો સમવાય હોય તો તે સંકર કહેવાય છે

બૃહદ્ ભાષારત્ન

૩. પું. કમરો; પુત્ર; વાસીદું; કચરો; સાવરણી વગેરેથી વાળેલો પુંજ

૪. પું. ખચ્ચર જાતિનું પ્રાણી; મિશ્રણ; ' હાર્ડબીડ '.

૫. પું. ગૂંચન; ગોટાળો; ' કોમ્પ્લિકેશન '.

૬. પું. (વેદાંત) જાતિ બાધક દોષ; પરસ્પર અત્યંતાભાવની સાથે સમાન અધિકરણવાળા જે બે ધર્મ છે, તે બે ધર્મનું જે એક અધિકરણમાં રહેવાપણું તે. જેમ, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ દ્રવ્યોમાં જૂતત્વ ધર્મ રહે છે અને પૃથ્વી, જળ, તેજ, વાયુ, મન એ પાંચમાં મૂર્તત્વ ધર્મ રહે છે. તેમાં મન વિષે જૂતત્વ ધર્મનો અત્યંતાભાવ રહે છે અને તે મન વિષે મૂર્તત્વ ધર્મ રહે છે માટે તે મૂર્તત્વ ધર્મ જૂતત્વ ધર્મના અત્યંતાભાવ સાથે સમાન અધિકરણવાળો છે. તેમ જ આકાશમાં મૂર્તત્વ ધર્મનો અત્યંતાભાવ રહે છે, પણ તેમાં જૂતત્વ ધર્મ તો રહે છે જ. માટે તે જૂતત્વ ધર્મ પણ મૂર્તત્વ ધર્મના અત્યંતાભાવ સાથે સમાન અધિકરણવાળો છે. એ પ્રકારે પરસ્પર અત્યંતાભાવની સાથે સમાન અધિકરણવાળા જે જૂતત્વ અને મૂર્તત્વ ધર્મ છે, તે બને ધર્મ પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચાર દ્રવ્યોમાં રહે છે. એનું નામ સંકરદોષ છે. એ સંકરદોષ જ જૂતત્વ તથા મૂર્તત્વ ધર્મના જાતિપણાનો બાધક છે અર્થાત્ જૂતત્વ અને મૂર્તત્વ બને ધર્મ જાતિરૂપ નથી. એ જ પ્રમાણે શરીરત્વ, ઇંદ્રિયત્વ આદિક ધર્મોના જાતિપણાનો બાધક પણ એ સંકર દોષ છે. એને સાંકર્ય પણ કહે છે.

૭. પું. (જૈન) પરિગ્રહ.

૮. પું. મર્યાદા બાંધ્યા વિનાનું કાર્ય.

૯. પું. મિશ્ર જાતિ; જાટ; એક જાતિના પુરુષથી તેનાથી ભિન્નજાતિની સ્ત્રીને પેટે જન્મેલી સંતતિ.

૧૦. પું. મિશ્રણ; ભેળસેળ; સેળભેળ.

૧૧ પું. વાસ્તુના સોળ માંહેનો અગિયારમો સંસ્કાર.

૧૨. પું. વેદવિધિ અનુસાર નહિ પરણેલ સ્ત્રીપુરુષથી ઉત્પન્ન થયેલી પ્રજા; વર્ણસંકર.

૧૩. પું. સંયોગ; જેમાંથી બરાબ પરિણામ નીપજે એવી બે વસ્તુઓનો સંગમ.

એ તો વિદ્યાર્થીજીવન સાથે સહકારાત્મકનો સંકર થયો આપીજી

૧૪. વિ. કરવાનું કરનાર.

૧૫. વિ. બરજ; જુદી જુદી જાતનાં બાળકોથી ઉત્પન્ન થયેલું; વર્ણસંકર; જાટ; જુદી જુદી જાતિઓની મિશ્ર પ્રજાનું.

૧૬. વિ. બગડેલ; ભ્રષ્ટ થયેલ

૧૭. વિ. ભેળસેળિયું; મિશ્રિત.

સંકરચિત્ર [સં.] ન. (કાવ્ય) ચિત્રકાવ્યના ત્રણ ભાંહેનો એક ભેદ. જ્યાં શબ્દચિત્ર અને અર્થચિત્રનું સમવર્ણન ન્યૂનાધિકતા સિવાય એક સાથે કરવામાં આવે એ સંકરચિત્ર

સંકરજ [સં.] વિ. મિશ્રજ; સંકર જાતિનું.

સંકરજાતિ [સં.] સ્ત્રી. મળતી ચાર જાતોના ભેળસેળથી ઉત્પન્ન થયેલી પ્રજા; સંકર જાતિ.

સંકરણ [સં.] ન. ભેગાપ; મળવું તે.

સંકરતા [સં.] સ્ત્રી. મિશ્રણ; વર્ણસંકરપણું; ભેળસેળપણું.

સંકરદોષ [સં.] પું (જૈન) એક કાળમાં જ એક વસ્તુમાં બધા ધર્મોની પ્રાપ્તિ થતી તે. જેમકે, ચોર બાલાંડની કોથળીમાં દરેક પદાર્થ જ્યારે કાચા જુદા જુદા છે તેનો બીચડો એકમેક થઈ જાય તો સંકરદોષ આવી પડે છે.

સંકરન ન. (સંગીત) બે શુદ્ધ રાગ કે પાંચ કે છ રાગણીઓના મિશ્રણથી જે રાગો બનાવ્યા હોય તે

સંકરપ્રજા [સં.] સ્ત્રી. અનિચ્છારથી ઉત્પન્ન થયેલ પ્રજા.

સંકરવિદ્યા [સં.] સ્ત્રી. (શિલ્પ) શિલ્પ સંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એક વિદ્યા. આ વિદ્યામાં પાત્રોપયોગી સંયોગ, કાચપાત્રાદિકરણ, લોહાભિસાર, ભાજનક્રિયા, સ્વસ્તુકાદિ તાપાન્તદર્શન, મકરંદાદિકૃતિ નામની ૭ કળાઓનો સમાવેશ થાય છે

સંકરસ્વેદ [સં] પું. બંધાણ; પોટીસનો શેક.

સંકરા પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૪૨ લઘુ અને ૪૩ ગુરુની ૧૨૮ માત્રા હોય છે.

સંકરાજ [સં. સકર (મિશ્ર) + અજ] ન. એકનું કે બેળસેળ અજ; ઓઢવાડ.

સંકરી [સં] સ્ત્રી. નવીન બગડેલી કન્યા; દૂષિત કન્યા.

સંકરીકરણ [સં.] ન. સંકરીભવન; મિશ્ર જાતિનું થવું તે

સંકરીભવન જુઓ સંકરીકરણ

સંકર્ષણ ૧. [સં. સમ્ + કૃષ્ (ખેંચવું) + અન (પ્રત્યય)] પું. જીવ.

કુમાર કર્તામાંથી દશેન્દ્રિ કરણો-સાધનો ઉત્પન્ન થતા હોવામાં એનામાં આવતાં નથી તેમ સંકર્ષણ-જીવ કર્તામાંથી પ્રધાન-મન રૂપ કારણ ઉત્પન્ન થાય એ સમજવું નથી. ન્યાયભાષ્ય

૨. પું. (પુરાણ) બળદેવ; બલરામ; કૃષ્ણના ભાઈ; સોમવંશી યદુકુલોત્પન્ન શાત્વતા-વંશમાં જન્મેલા વસુદેવને રોહિણીથી જન્મેલા પુત્ર. એ પ્રથમ દેવકીના ગર્ભમાં રહ્યો હતો. માયાએ એને ત્યાંથી કાઢી લઈ રોહિણીના ગર્ભમાં મૂક્યો હતો. ગર્ભમાં આકર્ષી લીધો હોવાથી એમનું મૂળ નામ સર્ષણ હતું. પછીથી બળરામ નામ પડ્યું છે. તેણે જમના નદીને હળથી ખેંચીને હસ્તિનાપુર આણી હતી. તે ઉપરથી આ નામ પડ્યું છે.

રોહિણેય બલભદ્ર બળ સંકર્ષણ બલરામ;
નીલાંબર રેવતીરમણ, મુસલી યાદવ હામ.

પિંગળપ્રકાશ

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. શેષનાગ.

શેષનાગ અહંકાર રૂપથી દેહ અને આત્માને એક જણાવી દે છે, તેથી પંચરાત્રના સિદ્ધાંતગ્રંથો તેમને સંકર્ષણ નામ આપે છે.

ભગવતી ભાગવત

૫. ન. એ નામનું ગ્રહ. તે ગ્રહણી નદીમાં આવ છે.

૬. ન. એક જગ્યાએથી બીજી જગ્યાએ ખેંચીને લઈ જવું તે.

૭. ન. ખેડવું તે.

૮. ન. ખેંચવું તે.

સંકર્ષણ દેશ [સં.] પું. ભેજ્ય કે ભાતગોળ દ્રવ્ય ઉપર પડેલા બધાં કિરણો વક્ર થઈ એક બિંદુમાં એકત્ર થાય તે બિંદુ; ' ફોકસ '

આ બિંદુને તેનો સંકર્ષણ દેશ અથવા ' ફોકસ ' કહે છે. ડો ત્રિ ભા. રાણે

સંકર્ષણમૂહ [સં] ન. ભગવાનનું એક સ્વરૂપ.

જ્ઞાન બલવું રૂપ તે સંકર્ષણમૂહ અથવા બલરામનું રૂપ ભાગવતભાષ્ય

સંકર્ષિત [સં] વિ. ખેંચી લાવેલ.

સંકલ ૧ પુ જથ્થો.
૨ પુ સરવાળો
૩. પુ સંકળ

સંકલન ૧ પુ (ગણી) નાનાવિધ માંહેનો વસ્તુમેળવાળો એક છંદ.
૨. ન આરોપવું તે; કદર્થ કરવું તે; એકઠું કે કુલ્લે કરવું તે.
૩ ન જોડાણ, રચના; ગોઠવણ.
૪. ન. વ્યવસ્થિત કરવું તે.
૫. ન. સરવાળો
૬. ન. સમાહ; એકઠું કરવું તે.
૭. [સં. સંલપણ] ન. સયોગીકરણ; એકીકરણ; ચિટીકરણ; સંશ્લેષણ; ' સિન્થેસિસ '.
આ સામાન્ય કલ્પનાને આપણે **સંકલન** (Synthesis) ની પદ્ધતિ પ્રમાણે બધાને નવા વિચાર કે વિધાનને આધારે બે.ખ નામ આપીએ છીએ. પાદિ. ઘોષ
૮. ન. સાંકળની પેઠે જોડાયેલું તે; ગૂથણી

સંકલન નિયમ ૧. પું. મંડળનો ખાસ કાયદો; ' સો ઓફ અસોસિયેશન '.
૨. પું. (ગણિત) સરવાળાનો નિયમ. બીજ ગણિતમાં સમાન પદોનો સરવાળો કરવામાં તે તે સમાન પદોના સંખ્યોપગુણનો બૈજિક યોગ કરવાથી સરવાળો થાય છે.

સંકલના ૧. સ્ત્રી. અનુક્રમણિકા
૨. સ્ત્રી. એક પછી એક બનેલ બનાવ.
૩. સ્ત્રી. ગોઠવણી; રચના.
૪. સ્ત્રી ટગલો કરવો તે.
૫. સ્ત્રી. પઢાવું તે.
૬. સ્ત્રી. મિત્રતા
૭. સ્ત્રી. યુક્તિ.
૮. સ્ત્રી. યોજના; યોજવું તે.
૯. [સં. સકલ્ (ઉમેરવું; ટગલો કરવો) + અન (ક્રિયાવાચક પ્રત્યય) + આ] સ્ત્રી. સરવાળો; જોડાણ; ઉમેરો.
૧૦. સ્ત્રી સમજ; એકઠું કરવું તે

સંકલનાક્ષય [સં] પુ વિચ્છેદ; જુદું પાડવું તે

સંકલયિતા [સં. સકલયિતૃ] વિ. એકઠું કરનાર; સમજના કરનાર

સંકલા [પ્રા.; સં શૃંખલા] સ્ત્રી. શૃંખલા, સાંકળ

સંકલિ પું. (પિંગળ) એ નામે એક નિયમવૃત્ત વર્ણમેળ છંદ. તે સકોર્ણ વર્ગનો છે. તેના પહેલા ચરણમાં ન ન, બે જગણ અને વગણ એમ આઠ વર્ણ હોય છે, બીજા ચરણમાં જગણ અને ત્રણ એમ અગિયાર અક્ષર હોય છે, ત્રીજા ચરણમાં બે નગણ, બે મગણ, અને ગુરુ એમ નવ અક્ષર હોય છે અને ચોથા ચરણમાં જગણ, નગણ, જગણ અને વગણ એમ બાર અક્ષર હોય છે.

સંકલિત ૧. [સં] ન. એકથી શરૂ થતી ક્રમિક સંખ્યાઓનો સરવાળો; એકાદ્યુત્તર.
૨. ન. બધા મળીને કેટલા થયા તે બતાવનારી સંખ્યા
૩. વિ. એકઠું કરેલ; સરવાળો કરેલ
૪. વિ. જોડેલું, ગૂથાયેલું; જોડાયેલું.
૫. વિ. સાંકળેલ

સંકલિતૈક્ય [સં.] ન. (ગણિત) સંકલિત એકય. એકથી શરૂ થતી ક્રમિક સંખ્યાઓની શ્રેઢી લઈ તેનાં પહેલેથી અનુક્રમે એક, બે, ત્રણ, ચાર વગેરે પદોનો સરવાળો માંડતાં જે નવી શ્રેઢી બને તે નવી શ્રેઢીનાં પહેલેથી અનુક્રમે એક, બે, ત્રણ, ચાર વગેરે પદો લઈને જે સરવાળો માંડીએ તે ક્રમિક સંખ્યાઓનું પૃથક્ પૃથક્ સંકલિતૈક્ય કહેવાય. જેમકે, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ એમ એકથી શરૂ થતી નવ ક્રમિક સંખ્યાઓ લઈ ઉપર કહેલી રીતે સરવાળો માંડતાં ૧, ૩, ૬, ૧૦, ૧૫, ૨૧, ૨૮, ૩૬, ૪૫ એ શ્રેઢી થશે અને આ શ્રેઢીનાં પદોનો પહેલેથી એક, બે, ત્રણ એમ અનુક્રમે સરવાળો પાડતાં ૧, ૪, ૧૦, ૨૦, ૩૫, ૫૬, ૮૪, ૧૨૦, ૧૬૫ આવશે. તે ૧ થી ૯ સુધીની સંખ્યાઓનાં પૃથક્ પૃથક્ સંકલિતૈક્ય થશે.

સંકલિયા ૧. સ્ત્રી. ગાડરિયો પ્રવાહ
૨. [સં. શૃંખલિકા] સ્ત્રી. સાંકળ.

સંકલી સ્ત્રી. (જૂ. ગુ.) સાંકળ.
એક સંકલી સાચિ બરાવે, બિજી બાર બલ બતાવે.
વિમલપ્રબંધ

સંકલ્પ ૧. પું અભિલાષા; ઇચ્છા
૨ પું. ઇચ્છિત શબ્દના ચાર માંહેનો એક પ્રકાર.
૩. પું. ઇષ્ટાર્થની સિદ્ધિ માટે આ કામ કરવું એવો મનનો એક વ્યાપાર.
૪. [સં. સમ્ (સારી રીતે) + કલ્પ (ઉદ્દેશ)] પું ઉદ્દેશ; આશય; ઇરાદો; હેતુ.
૫. પું. એકીકરણ; ઉપચય.
૬. પું. કલ્પના કરવી તે; તર્ક; તરંગ; તુક્કો.
સકલ્પ ઊકરો = તુક્કો જાણવો.
૭. પું. ગીતાના પ્રત્યેક અધ્યાયને છેવટે આવતો સમાપ્તિદર્શક વાક્યાંશ કે કથન. જેમકે, ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વગેરે.
૮. પું (પુરાણ) ચાલુ મન્વંતરના ધર્મઋષિની સકલ્પા નામની સ્ત્રીને પેટે થયેલા પુત્રોનું સામાન્ય નામ.
૯. પું. ઠરાવ; સિદ્ધાંત
૧૦. પું. દૃઢ વિચાર.
૧૧. પું ધર્મકર્મ વગેરે કરવા માટે લેવામાં આવતો નિયમ; કોઈ પણ ધર્મ સબધી ક્રમ કયો પહેલો તે કરવામાં પોતાનો સો હેતુ છે તે તથા તે ક્રમ આટલા દિવસમાં કરીશ એવો જે નિયમ લેવો તે; ક્રિયાશુદ્ધિ
૧. સકલ્પ મૂકવો = (૧) આશા મૂકવી. (૨) નિયમ લેવો. (૩) નિશ્ચય કરવો
૨. સકલ્પ લેવો = વ્રત નિયમની શરૂઆતનું વિધાન કરવું; પ્રતિજ્ઞા કરવી
૧૨ પું નિયંત્રણ; નિયમ
સકલ્પ કરવો = (૧) નિયમ કરવો. (૨) નિર્ધાર કરવો.
૧૩. પું. મનનો ઠરાવ; મનસૂબો; નિશ્ચય; મનોભાવ; ધારણા
૧૪. પુ. યોજના કરવી તે
૧૫. પું. વસ્તુ કલ્પના; ખોખના.
૧૬. પું વિચારણા; ચિંતન; આલોચન.
૧૭. પું વ્રતની શરૂઆતમાં વિધાનનો મંત્ર બોલવો તે.
સકલ્પ ભણવો = વ્રતની શરૂઆતમાં વિધાનનો મંત્ર બોલવો
૧૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૧૯. પું. શુભ ગુણની પ્રાપ્તિના અનુષ્ઠાનની ઇચ્છા.
૨૦. પું. સયોગીકરણ; સકલન; ' સિન્થેસિસ '.
૨૧. પું. સંભોગનો એક પ્રકાર.

સંકલ્પજ [સં.] પું. કામદેવ.

સંકલ્પજન્મા જુઓ સંકલ્પજ.

સંકલ્પ બળ ૧. ન. આકર્ષણ શક્તિ.
૨. ન. બીજા ઉપર પોતાના વિચાર ઠસાવવાનો ગુણ.
૩. ન. મનોબળ.
૪. ન. રેડિયમ બળ; 'વીલ પાવર'
એને લીધે દ્રવ્ય વધારે વીજ બને છે અને સંકલ્પ બળ (will power) આત્માના ઇતિહાસમાં હજી સુધી નહિ જણાએલો એનો વિકાસ પામે છે. આનંદશંકર

સંકલ્પ મૈથુન ન. (વેદાંત) ભોગ્ય બુદ્ધિથી સ્ત્રીઓની પ્રાપ્તિની ઇચ્છા.

સંકલ્પયોનિ ૧. [સં.] પું. કામદેવ.
ભગવાન મન્મથ સંકલ્પયોનિ છે
સારસ્વતીચંદ્ર
૨. વિ. મનના સંકલ્પથી ઉત્પન્ન થનાર.

સંકલ્પવિકલ્પ ૧. પુ ન ન અનિશ્ચિતતા; અનાકારી; સંકલ્પ કરતાં વહેમ રહેવો તે; તર્કવિતર્ક; દ્યુપદ્યુપર્યું; ગડમથલ; ભાંજગડ; આમ છે ને તેમ છે એમ થતી વિચારણા. બાળગંગાધર ટિળક કહે છે કે, મનોવ્યાપારમાંથી સારાસાર વિવેકશક્તિ બાદ કરીને બાકી રહેલ સર્વ વ્યાપાર જે ઇંદ્રિયથી થાય છે તેને 'મન' એ નામ આપવાનો સાંખ્ય અને વેદાંત એ બે શાસ્ત્રોનો વહીવટ છે. આ મન જ વકીલની મારફત અમુક બાબત આમ છે (સંકલ્પ), અથવા ઊલટી રીતે આમ છે (વિકલ્પ), ઇત્યાદિ બુદ્ધિ આગળ નિર્ણય માટે રજૂ કરે છે અને તેથી તેને 'સંકલ્પવિકલ્પનાત્મક' એટલે નિર્ણય કરનાર નહિ પણ માત્ર કલ્પના કરનાર ઇંદ્રિય એમ પણ કહે છે. વળી સંકલ્પ એ શબ્દમાં જ કેટલી એક વાર નિશ્ચયનો પણ સમાવેશ કરવામાં આવે છે, પણ પ્રકૃતિ સ્વભાવમાં નિશ્ચયની અપેક્ષા ન રાખતાં અમુક વાત અમુક તરેહની છે એમ પ્રથમ કલ્પવું, માનવું, ગ્રહીત લાવવું, ઇત્યાદિ વ્યાપારોને ઉદ્દેશીને 'સંકલ્પ' એ શબ્દનો ઉપયોગ કરેલો છે.

સંકલ્પવિધાયક વું. આત્મા. કઠોપનિષદમાં કહ્યું છે કે, આત્મા સૃષ્ટિના બાહ્યરૂપ તમામ સ્થૂળ સૂક્ષ્મ પદાર્થોની પહેલાં સૃષ્ટિસંકલ્પના સેવનાર તરીકે પ્રકટ હતો. સૃષ્ટિ એના પૂર્વ સ્વરૂપે આપોમયી અર્થાત્ પાણીમય હતી. તેમાંથી બ્રહ્માંડનો આકાર થાય એવું પ્રાચીનોનું એક મંતવ્ય છે. આવા સૃષ્ટિના સંકલ્પવિધાયક આત્માને હૃદયની ગુહામાં પેસીને રહેલો જે સર્વ ભૂતોમાં જુએ છે તેનો કોઈ દ્વેષ કરતું નથી

સંકલ્પવ્યાપાર વું. વિચાર કરવો તે.

> જે વ્યાપારથી આપણે આપણા અનુભૂત સંવેદનો ઉપરથી બાહ્ય સૃષ્ટિના અસ્તિત્વનું વા તેના સ્વરૂપનું અનુમાન બાંધીએ કાંઈ, તે તાર્કિક-વ્યાપાર છે. આની અંદર દર્શનાદિ વ્યાપાર સંકલ્પવ્યાપાર, મનન વ્યાપાર, બુદ્ધિ વ્યાપારાદિનો સમાવેશ થાય છે. આ તાર્કિક પ્રક્રિયા—આ તાર્કિક વ્યાપાર—જે હેતુસ્થ સાધવાને જે પરમ અંતિમ હેતુ પ્રાપ્ત કરવાને મથે છે તે સત્ય. આદિ. હોમ

સંકલ્પશક્તિ સ્ત્રી. સંકલ્પની શક્તિ; ઇચ્છાશક્તિ; 'વીલ પાવર'.

સંકલ્પસામર્થ્ય ન. નિશ્ચય શક્તિ.

સંકલ્પસિદ્ધિ ૧. સ્ત્રી. ધારેલી ઇચ્છા પાર પાડવાની શક્તિ.

૨. સ્ત્રી યોગની અષ્ટાંગ માંહેની સોળમી સિદ્ધિ; વિચાર કરવા માત્રથી કાર્ય સિદ્ધ થાય એની સિદ્ધિ.

સંકલ્પા સ્ત્રી. (પુરાણ) સકલ્પ નામના પુત્રોની માતા અને ધર્મ ઋષિની સ્ત્રી.

સંકલ્પાત્મક [સં. સકલ્પ + આત્મક] વિ. સકલ્પવાળું.

> કાર્યની **સંકલ્પાત્મક** સૂક્ષ્મ અવસ્થાથી લઈને એને પ્રગટરૂપે પૂરો કરી દેવા સુધીમા ત્રણ અવસ્થાઓ થાય છે તે અનુક્રમે સરંભ, સમારંભ અને આરંભ કહેવાય છે.
>
> તત્ત્વાર્થસૂત્ર

સંકલ્પાધાર પુ (પિંગળ) એ નામે ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ, સકલ્પાધાર તે શક્કરી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ચાર મગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

સંકલ્પાસાર જુઓ સકલ્પાધાર.

સંકલ્પિત ૧ વિ ઇચ્છેલું; કલ્પેલું; ધારેલું.

૨. વિ નિશ્ચય કરેલું; મનથી નક્કી કરેલું; સકલ્પ કરેલો હોય તેવું, નિશ્ચિત કરાયલું, ઠરાવ કે નિયમ કરેલો હોય તેવું.

સંકલ્પું સ ક્રિ કોઈ ખાસ કે ઊંચા મોટ બાંધ રાખવા

સંકષ્ટ ૧ [સ] ન આપત્તિ, અડચણ, વિઘ્ન, સકટ; દુઃખ.

૨. ન. કષ્ટ; મહેનત.

૩. ન. ગૂંચવણ; મુશ્કેલી.

૪. ન. ભીડ; તંગી; મુસીબત; તાણ.

સંકષ્ટ અનુપતિ વ્રત ન. માઘ વદિ ચોથ કે દરેક મહિનાની અંધારી ચોથને દિવસે કરાતું એ નામનું એક વ્રત.

સંકષ્ટ ચતુર્થી [સ] સ્ત્રી દરેક માસની અંધારી ચોથ; અંગારિકા ચતુર્થી

સંકષ્ટી જુઓ સકષ્ટ ચતુર્થી

સંકષ્ટી ચતુર્થી જુઓ સકષ્ટ ચતુર્થી

સંકષ્ટી ચોથ જુઓ સકષ્ટ ચતુર્થી

સંકષ્ટી વ્રત ન એ નામનું એક વ્રત જોઓ તે અષાઢ માસમાં કરે છે.

સંકળના સ્ત્રી. ગૂચણી

સંકળવું સ ક્રિ. એક કરવું; જોડવું.

સંકળાયેલ વિ. જોડાયેલ.

સંકળાવું અ. ક્રિ. જોડાવું, ભળવું, સલગ્ન થવું; સકળ કે આંકડા પેઠે જોડાયેલું હોવું; સકળાય તેમ થવું.

સંકારા વું. તાણમાં જોત સાચવી રાખનારી લાકડી; સરાખડી.

સંકાવું અ. ક્રિ. (જૂ. ગુ.) શંકિત થવું, વહેમી બનવું

> આજેજ મુજનિ દીઠ હું રે લાલ,
> સંકાણાં માઈ બાપ
>
> જૈન કાવ્ય સમહ

સંકાશ [સ] વિ. સરખું, ન. જેવું; સમાન; બરાબર

સંકિલ વું. (પુરાણ) એ નામનો વૈશ્ય જાતિનો એક મંત્રદષ્ટા

સંકીર્ણ ૧ પુ (સંગીત) આરોહ કે અવરોહમા અનિયમિત સ્વરો આવીને બનતો રાગ; આડવ, ખાંડવ. સપૂર્ણ એ ત્રણ રાગની જાતિઓમાંથી નાકળતી બાકીની સાત જાતિઓ માંહેનો એક રાગ.

૨ સ [સ] પુ (પિંગળ) એ નામે અર્ધ સમવૃત્ત છંદનો એક પ્રકાર.

૩. પું (સંગીત) એકતાલીની અગિયાર માંહેનો એક જાતનો તાલ

૪. પુ. (સંગીત) એક પ્રકારનો ગાયનનો તાલ જેના પહેલા ભાગમાં નવ માત્રાઓ આવતી હોય તેને સકીર્ણ જાતિ તાલ કહે છે

૫. પું. (કાવ્ય) કાવ્યના ચિત્તાલીસ માંહેનો એક નામનો એક અલકાર. તેને સસૃષ્ટિ પણ કહે છે. તેમાંથી સકર અલકાર ઉત્પન્ન થાય છે.

૬. પું ચાર માંહેની એક જાતનો હાથી; ભદ્રજાતિના મિશ્ર ગુણવાળો હાથી. તે છ હાથ ઊંચો હોય છે.

૭. પું. (સંગીત) બધા કોમળ સ્વર આવે એવો પહારી ઘાટના સંકીર્ણ પ્રકારનો રાત્રીને પહેલે પહોરે ગવાનો એક રાગ; અહીરી

૮. પું. (સંગીત) ભિન્ન ભિન્ન રાગના અવયવોના મિશ્રણથી બનાવવામાં આવતા ચાર મહેનો. રાગનો એક વર્ગ તે એકથી વધારે શુદ્ધ રાગો મળીને બને છે

૯. પું. વર્ણસકર.

૧૦ પું (કાવ્ય) વાક્યદોષનો એક ભેદ; અન્વ વાક્યનું પદ અન્ય વાક્યમાં કહેવું તે

૧૧ ન. (શિલ્પ) કાલિકાગમમા બતાવેલ વીસ જાતનાં મકાનોમાંનો એક વર્ગ.

૧૨. ન આકુળતા.

૧૩ વિ. અણઘડ.

> કુતરા, બિલાડા, ઘોડા, બળદ, ઘેટા કેડકા, કાચબા અને મગરોના બોલવામા સ્વરો શુદ્ધ અને **સંકીર્ણ**, કઠોર, દીર્ઘ કે અનુનાસિક કે અનનુનાસિક બોલવાની શક્તિ છે. બૃહદ્ ભાષારત્ન

૧૪. વિ. અસ્પષ્ટ

૧૫. વિ. બીજોબીજ ભરેલ

૧૬. વિ. બધુ જાણતી બીડથી અવકાશ વગરનું. સ્થાન માટે વપરાય છે

સંકીર્ણ મારગ હલો રોકે
જઈ રહે નહિ કોય. પ્રેમાનંદ

૧૭. વિ. છૂટું છવાયું; પરચૂરણ; છૂટુંછવાયું.
૧૮. વિ. જટિલ; ગૂંચવણ ભરેલું; ગૂઢ; ગહન.
૧૯. વિ. નડતામેલું; કરેલું.
૨૦. વિ. મિશ્ર; મિશ્રિત; સેળભેળ કરેલું.
૨૧. વિ ખ્યાત; સંકુલ; ભરાયેલું; ભરચક.
૨૨. વિ. સાંકડા વિચારનાળું; સંકુચિત.

સંકીર્ણકીલક [સં.] પું. આડા લાકડાનો એક સાંધો.

સંકીર્ણકાટી સ્ત્રી. ઢેકરી અથવા ઢેકરા વચ્ચેનો સાંકડો માર્ગ.

સંકીર્ણજાતિ સ્ત્રી. (સંજ્ઞ) નવ કે નવમાંહ માત્રાના આંકવાળા તાલની એક જાત.

સંકીર્ણજાતિતાલ પું (સંગીત) જેમાં દરેક ઢેકા નવ નવ માત્રાને અંતરે આવતા હોય તેવો તાલ.

સંકીર્ણવિધું જ. ક્રિ. સંકીર્ણ થાય તેમ કરવું. જ્ઞ જાતિ તેમાં સંકીર્ણજાતિ નરસિંહરાવ

સંકીર્તન ૧. જ. અનુકરી કરવી તે.
૨. [સં.] જ. ગાયન.
૩. જ. ભજન; ભક્તિનું ગીત.
૪. જ. વખાણ કરવાં તે; સ્તુતિ; પ્રાર્થના; વખાણ.

સંકીલક [સં.] પું. પ્રસવ વખતે ગર્ભના લલાટનો ભાગ પ્રથમ યોનિદ્વારને અડે છે તેવો જન્મ; લલાટ જન્મ.

સંકુચાવું ૧. જ. ક્રિ. ટૂંકાવું; સંકોચ પામવો.
૨. જ. ક્રિ. સંકોચાવું; અપાવું; આંચકો ખાવો.

સંકુચિત ૧. વિ. અંદરને અંદર ગૂંચવાયેલું.
૨. વિ. તાણ પડતું
૩. વિ. નહિ ખીલેલું; ખિલાયેલું; નહિ ઊઘડેલું.
૪. વિ. પ્રફુલ્લ નહિ એવું; પોતે જ પોતાની વિસ્તૃતતા રૂંધી રહેલું.
૫. વિ. મોકળાશ કે છૂટ હોય નહિ એવું; સંકડાશવાળું.
૬. વિ. સાંકડા મનનું; ઉદાર નહિ તેવું; અનુદાર.
૭. વિ. સંતોષું.

સંકુચિત વૃત્તિ [સં.] સ્ત્રી. સાંકડું માનસ; ઉદાર નહિ તેવી વૃત્તિ.

સંકુલ ૧. જ. બધા જણની નીકથી અવરાઈ ન જાય તેવું સ્થાન; ગુહ્ય; ગુપ્તાંગ.
૨. વિ. અમર્યાદિત; અનુકૂળ; વિપરીત.
૩ [સં.] વિ. અવ્યવસ્થિત; ગોટાળિયું; ગૂંચવણભર્યું; એક બીજા સાથે ગૂંચવાયેલું.
૪. વિ. અસંગત.
૫. વિ. ઊંટપટાંગ; મેળ વિનાનું.
૬. વિ. પુષ્કળ અને વિવિધ.
૭. વિ. ભરેલું; ભરચક.
૮. વિ. બીડવાળું.
રાજ માર્ગ સંકુલ થયા કિ. લાવણ્ય
૯. વિ. ખ્યાત; પરિપૂર્ણ.

સંકુલતા [સં.] સ્ત્રી. સંકુલપણું; સંકુલ હોવું તે.

સંકુલદોષ [સં.] પું. વેપારમાં એકજ માણસ અથવા મંડળના હાથમાં વસ્તુની માલિકી ધરાવવાપણું; અમી સત્તા અખત્યાર કેંદ્રાવે હોવાથી થતી મુશ્કેલી.

સંકુલબુદ્ધ [સં.] જ. મિશ્રબુદ્ધ.

સંકુલા સ્ત્રી. સાંકળ; બંધન.

સંકુલી [સં. શમ્બૂલી] સ્ત્રી. (પ્રાકૃત) તબલાંવાળી.

સંકુલીકરણ જ. ગોટાળો.

સંકુલાક્ષ ૧. સ્ત્રી. એ નામની પરમાર કુલિકોની એક શાખા.
૨. જ. એ નામની શાખાનું માણસ.
૩. વિ. એ નામની શાખાનું

સંકુ ૧. [સં. સંકુ] પું. (પ્રાકૃત) ગાઠનું ઝૂંપો.
૨. પું. નાનો ખીલો.

સંકૃતિ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.
૨. પું. ગાયત્રીના ચોવીસ માહેનો એક છંદ.
૩. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશના વંશના જયસેન રાજાનો પુત્ર. એનો પુત્ર જય.
૪. પું. (પુરાણ) સોમવંશી નહુષ કુળના પુત્ર રાજાના વંશ રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુ કુળના મન્યુ રાજાનો પૌત્ર અને નળ રાજાનો પુત્ર. એને ગુરુથી અને રંતિદેવ નામે બે પુત્રો હતા.

સંકૃષ્ટ [સં.] વિ. ખેડાયેલ.

સંકેત ૧. પું. અગાઉથી કરેલી છૂપી ગોઠવણ.
સ્નેહ સહિત સહિત અણી પ્રેમનિ સંકેત. લાવણ્ય
૨. પું. અનુમાન.
૩. પું. (વેદાંત) અર્થબોધનો જનક એવી શબ્દનો વ્યાપાર; અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થતો હોઈ એ એવી આપણી પરંપરાગત રૂઢિ.
૪. [સં.] પું. આશક માશુકે મળવા માટે નક્કી કરેલું સ્થાન; સંકેતસ્થાન; સંગમ માટે ગુપ્ત સ્થાન.
૫. પું. ઇશારો; નિશાની.
૬. પું. કબૂલાત.
૭. પું. આનંદી મજાક; મસ્કરી
૮. પું. મિલન; સહિત મિલન.
૯. પું. તાર દેવામાં ગુપ્ત રહે અને હિફાજત પડે એટલા માટે શબ્દોના વર્ણમાલાનો અક્ષરક્રમ પ્રમાણે બનાવેલ સંગ્રહ; ' કોડ '. તેથી દરેક શબ્દનો એક આડ અર્થ નીકળે છે.
૧૦. પું. ધામ; સ્થાન.
અલખ ધામ આધાર પણ એક વેરમ સંકેત,
ગગન સિમણ પર આસપદ અવધ નિરંજન નિકેત.
પિંગળશી મુળેચ
૧૧. પું. (વેદાંત) પોતાના અભિપ્રાયને પ્રગટ કરનારી અમુક પ્રકારની ચેષ્ટા.
૧૨. પું. પ્રજાસત્તાક રાજ્યે પસાર કરેલો કાયદો કે ઠરાવ.
૧૩. પું. (ચણિત) ભૂમિતિમાં લીટી કોરવી, બંધાવવી વગેરે અમુક રચના કરી કાયમની સ્થાનઃ લીધેલી વસ્તુ.
૧૪. પું. મનસૂબો; વિચાર.
૧૫. પું. યોજના; નિર્માણ; સામગ્રી.
રાજ્યને મનિ સંકેત. લાવણ્ય
૧૬. પું. વાયદો; વચન.
૧૭. પું. શરત; કોલકરાર.
૧૮. પું. હાથ લખાવવાના બાર માંહેનો દસમો પ્રકાર.

સંકેતક ૧. પું. વચન આપનાર પ્રસંગ; સંકેત કરનાર માણસ.
૨. [સં.] વિ. વચન આપનાર; વચન દેનાર; વચનદાતા.

સંકેતગૃહ ૧. [સં.] જ. આનંદી ઘર.
૨. જ. અભિસાર માટે રાખવામાં આવેલું ઘર. સંકેતગૃહમાં જનારી સ્ત્રીઓમાં એક વર્ગ નપુંસકોની સ્ત્રીઓનો હોય છે.

સંકેતધ્વનિ [સં.] પું. ઠરાવ્યા પ્રમાણે અમુક જાતનો અવાજ કરવો તે; સંકેત પ્રમાણે અવાજ કરવો તે.

સંકેતન [સં.] જ. સંકેત કરવો તે.

સંકેતનિકેતન [સં.] જ. સંકેતસ્થાન.

સંકેતરૂપ ૧. [સં.] જ. (આકારણ) ક્રિયાપદનું શરત બતાવનારું રૂપ; સંકેતાર્થ રૂપ.
૨. વિ. સંકેતાર્થ; શરતી; શરતવાળું; સાભાર્થ.

સંકેતસંજ્ઞિની [સં.] સ્ત્રી. આશકની ઉપર પ્રીતિ બતાવ્યા પછી તેને છોડી દે એવી સ્ત્રી; હલકી સ્ત્રી.

સંકેતલિપિ [સં] સ્ત્રી. ગુપ્તલિપિ; સામો માણસ બોલતા બોલતાં, તે બોલે તે લખી લેવાય તેને માટે રચેલ ટપકાં વગેરે અને અક્ષરને બદલે સીટીઓ વાપરી લખવાની લિપિ.

સંકેતવિધટના [સં.] સ્ત્રી. અનુષ્ટુપના નાયિકાનો એક ભેદ વર્તમાન સંકેત નષ્ટ થવાથી સંતાપિત સ્ત્રીને સંકેતવિઘટના કહે છે

સંકેતવું સ ક્રિ. સંકેત કરવો

સંકેતશબ્દ ૧. [સં] પુ ગુપ્ત શબ્દ; 'કોડ વર્ડ'. વેપારી મોટા વગેરે કરવા માટે તારમા આવા ગુપ્ત શબ્દોનો ઉપયોગ કરે છે. તેથી બીજાને માણસ એની મતલબ સમજી શકે નહિ ૨ પું. વેપારી લોકો ખરાબ અથવા ચાલિત શબ્દ ન સમજે એવી રીતે આપસમાં વાત કરતાં વાપરે છે તે પરિભાષા. એમા આંકડાઓ માટે નીચેની પારસી વપરાય છે

કેજ—નવાડું = ૧
ધર—અડાવું = ૨
ઉયાન = ૩
ગોય = ૪
મૂલ = ૫
છલ્લી—છેલ્લ = ૬
શમર-સમર્ = ૭
ભાગ = ૮
જખ્મ્સ – જનરા = ૯
આગળ = ૧૦
કેલપડી = ૧૧
ધરપડી—ગોયવરી = ૧૨
ઉપ્તનપડી = ૧૩
ગોયપડી = ૧૪
મૂલપડી = ૧૫
છેલપડી = ૧૬
સમરપડી = ૧૭
આમપડી = ૧૮
જખ્મ્સપડી = ૧૯
કુડી = ૨૦
સવાકુડી—શવાકુડી = ૨૫
દોઢકુડી = ૩૦
પોણીબેકુડી = ૩૫
બેકુડી = ૪૦
બેકુડી ને કેજ = ૪૧
લીટી – શક્કા = ૫૧
કાઠિયું–વીસ = ૬૦
જરા પાણ = ૬૧

સંકેતસ્થાન ૧. ન. ખાનગી ઓરડો
૨. ન. સંકેત પ્રમાણે મળવાની જગ્યા.

સંકેતાક્ષર પું. સંકેતસૂચક અક્ષર

સંકેતાર્થ [સં.] પુ. (વ્યાકરણ) ક્રિયાપદનુ સ્મરણ કરાવનાર રૂપ.

સંકેતિત વિ સંકેત કરેલું; અગાઉથી જોડતી રાખેલું; સંકેતવાળું; સંકેતાયેલું; સંકેતથી જણાવેલું

સંકેતી [સ] પું. વચન લેનાર; વચનધર.

સંકેલનપદ્ધતિ સ્ત્રી. એ નામની મગજમાં રહેલી જ્ઞાનતંતુઓની અદ્‌ભુત ગોઠવણ. અર્વાચીન યુગની સંસ્કૃતિ પામેલા કોઈ મોટા શહેરની ટેલિફોન પદ્ધતિમાં જેમ અનેક સ્થળો અત્યંત ખૂબીવાળા અનેક તારોથી જોડાએલાં હોય છે તેજ રીતની પણ ટેલિફોન પદ્ધતિ કરતા ઘણી નાજુક, ઘણી ઝટપટી અને અદ્‌ભુત સંકેલનપદ્ધતિ મનુષ્યના મગજમાં રહેલી છે. તેમાં ઝીણા ઝીણા ૧૪ અબજ જીવત જાલો અથવા ન્યુરોન્સ આવેલા છે અને દરેક ન્યુરોનમ થી આખ દેખી ન શકે તેવા બારીક ૧૦૦ તંતુઓ મગજના જુદા જુદા ભાગો જોડતા હોય છે. આમ મગજના કુલ તંતુઓની સખ્યા ૧૪૦૦ અબજ થાય, છતાં પોસ્ટની માત્ર ૫૦૦ ટિકિટો આખા મગજને ઢાકી શકે

સંકેલવું ૧. સ. ક્રિ. આટોપવુ.
૨. સ. ક્રિ. જેમતેમ ચૂપચાપ કરવાથી પડી ગયેલુ હોય તેને વ્યવસ્થિત રૂપમાં ગડીબધ કરવુ; સમારવુ; વ્યવસ્થિત કરવું.
૧. બીનું સંકેલવું = બોધમ વાત રાખી મુલાકો કરી લેવો.
૨. સંકેલવું સરી આવવું = ધાર્યું કામ પાર પડવું; બની શકવું; પાર પાડવું.
૩. સ ક્રિ. ભેગુ કરવુ; ફેલાયેલુ હોય તેને એકત્ર કરવુ; ખુલ્લું પડેલુ હોય તેને બેકું કરવું; એક સ્થળે કેંદ્રસ્થ કરવું
૪. સ. ક્રિ. વાળી લેવું; પાછું મેચી લેવું.

સંકેલણી સ્ત્રી. સંકેલવુ તે; સમારા કરવુ તે.

સંકેલાવવું ૧. સ. ક્રિ. એક સ્થળે કેંદ્રસ્થ કરાવવુ.
૨. સ. ક્રિ. ગડીબધ કરાવવું; સમારાવવુ.
૩. સ. ક્રિ. પાછું મેંચી લેવરાવવુ.

સંકેલાવું ૧. અ. ક્રિ. એક સ્થાને કેંદ્રસ્થ થવુ.
૨. અ. ક્રિ. ગડીબધ થવુ; સમારાવુ; સુધારાવું.
૩. અ. ક્રિ. ફેલાયેલું હોય તે એકત્ર થવુ.
૪. અ. ક્રિ. વાળી લઈ શકાવું; પાછું મચી જઈ શકાવુ.
૫. સ. ક્રિ વાળી લેવાવું; પાછું મેંચી લેવાવુ.

સંકેંદ્રણ ન. ઉપગ્રહન; એક બિંદુ તરફ વળવાપણુ.

સંકોચ ૧. પું. અંદર ને અંદર સમાતો બિડાવ; પીછેહઠ; પાછું પડવુ તે; પોતાની હદમાં જ ખેંચાઈ સમાવાપણુ; સોપ
૨. પુ. આંચકો; અચકાવુ તે.
૩. પું. (કાવ્ય) એ નામે એક અલંકાર; જ્યાં સકોચનું વર્ણન કરવામાં આવે ત્યાં સકોચાલંકાર છે
૪. પું. તમી; અજંત; સકડાસ.
૫ પું. (વેદાંત) બહુ વિષયોવાળા વાક્યનો અલ્પ વિષયવાળા વાક્યમાં સમાવેશ કરીને અવરચા કરવી તે
૬. પું ભય.
૭. પુ. લજ્જા; શરમ.
૮. પું. વાયુપ્રકોપનો એક રોગ. જેમાં વાયુ નસોને સકોચીને શરીરને અકડાવે છે
૯. પું. વિવેક; મર્યાદા.
૧૦. ન. એક જાતનુ સ્થાવર વિષ.
૧૧. ન. કેસર. તે બાલ્બિક દેશમાં થાય છે. તે કુસુમ કેતકી જેવા રંગનું અને સૂક્ષ્મ નાના રેસાવાળું થાય છે માટે તેને સકોચ કહે છે.

સંકોચક વિ. સંકોચ કરનારું.

સંકોચન ૧. ન. સંકોચ કરવો તે; પોતાની હદમાં જ ખેંચાવું તે.
૨. ન. સકોચાવું તે; સંબાધ કે પહોળાઈમાં કમી થવું તે.
૩. [સ. સંકુચ્ (સકોચાવું) + અન (કૃ. વા પ્ર.)] પું હૃદયનું તથા ધોરી નસોનું લોહી વહે એટલા માટે સંકોચાવું તે.

સંકોચની ૧. સ્ત્રી. એ નામની એક પેશી. તે પ્રકોષની આગલી બાજુ ઉપર રહેલ છે.
૨. સ્ત્રી. રિસામણી
૩. સ્ત્રી. શોષ

સંકોચની પેશી સ્ત્રી. મુદ્રિકાદ્વાર ઉપર રહેલી એ નામની એક પેશી. તે ફક્ત પાચનક્રિયા ચાલતી હોય ત્યારે જ ઉઘાડી રહે છે

સંકોચનીય [સં.] વિ. સંકોચ પામે તેવુ.

સંકોચ પિશુન [સં.] ન. કેસર. કાશ્મીરમાં જે કેસર લાલ રંગનુ થાય છે તે કમળના ફૂલ જેવુ હોય છે. તે મસળવાથી લાલ રંગનું ચટકદાર થાય છે. તે કમળ ઊઘડે ત્યારે તેની પાખડીમાથી રેસા નીકળે છે માટે તે કેસરને સકોચ પિશુન કહે છે.

સંકોચપૂર્વક અ. ટેકમાં; વિનતવારે નહિ તેમ.
આ બાબતમાં પુરાણીના આગ્રહને વશ થઈ સ્વીકાર્યું છે પણ તે બહુ જ સંકોચપૂર્વક

સંકોચ વિકાસ શક્તિ [સ] સ્ત્રી. સાકડુ બન્યા પછી અસલ સ્થિતિ પ્રાપ્ત કરવાનુ સામર્થ્ય; સ્થિતિસ્થાપકતા.

તે ગુરુત્વાને લક્ષમાં રાખીને અણુઓ વચ્ચેના અંતરોમાં આપણે કલ્પી શકીએ કે તો એ વસ્તુની Elasticity–સંકોચ વિકાસ શક્તિ ખમી નહિ શકે તેટલું ખેંચાણ થવાને લીધે, રબ્બરના દોરાની પેઠે એ વસ્તુસ્વરૂપ લઈ જવાનું પરિ. ભોજ

સંકોચનું ૧. [સં.] સ. ક્રિ. એકઠું કરવું; આટોપવું

૨. સ. ક્રિ. ખેંચવું

૩. સ. ક્રિ. ગડી પડે તેમ કરવું

૪. સ. ક્રિ. ખીડવું, બીડી દેવું

પેરીસમાં કમળ અમ્બ પ્રકાશ ફેલ્યા,
સંકોચાઓ સહજમાં નવ શું કરીશ. કના

૫. સ. ક્રિ. અપાહિત કરવું; સકોચ કરવો

કાચબો જેમ અંગ **સંકોચે** છે અને પ્રસારે છે તેમ પરમાત્મા પોતાની સૃષ્ટિ કર્યા પછી અંગ પોતામાં સમાવી લે છે અને પાછું કેલાવે છે.

આનંદશંકર ધ્રુવ

૬. સ. ક્રિ. શરમાવું.

સંકોચશીલ વિ સકોચાઈ જાય તેવું, સકોચવાળુ

સંકોચશીલતા [સ] સ્ત્રી. મત્સપેશીનુ એ નામનુ એક લક્ષણ. તેથી પેશી ટૂકી અને જાડી બને છે

સંકોચાવવું ૧. સ ક્રિ. સકોચ કરાવવુ

૨. સ ક્રિ. બિડાવુ

૩. સ. ક્રિ. પાણી દેવડાવવુ.

૪. સ. ક્રિ. હદમાં ખેંચી લેવરાવવું.

સંકોચાવું ૧. અ. ક્રિ. અંદર બેસાવું; કરમાવુ

૨. અ. ક્રિ. બિડાવુ; સોપાવુ

૩. અ. ક્રિ. શરમાવુ; લજ્જાવુ; આત્મકો આવો.

૪ અ. ક્રિ. સકડાવુ; સાકડું થઈ જવુ; સકોચ પામવો

સંકોચિત ૧. વિ. ખમકી પામેલું; લયમાં લેવાયેલું.

૨. વિ. નીચ.

૩. વિ. બિડાયેલું; સોપાયેલું.

૪. વિ. મતલબી.

૫. વિ. શરમાયેલું; લજ્જાયેલું.

૬. વિ. સકોચ પામેલુ અથવા કરેલું; સકુચિત

સંકોડવું (સકોડવું) ૧. સ. ક્રિ. કેલાયેલુ એકઠુ કરવું.

૨. સ. ક્રિ. શરીરને સમેટવુ

૩. સ ક્રિ. સાંકડું કરવું; સકોચવુ.

જાન કરીને સન્મુખ થાયા,
સહજટહો **સંકોડે** રે. નરસિંહ મહેતા

સંકોડાવું (સકોડાવું) ૧ અ ક્રિ જગ્યા તંગી પડવી.

૨. અ. ક્રિ. બિડાવું; બધ થવું.

૩ અ. ક્રિ. બચડાવું; દબાવુ

૪. અ ક્રિ. સકડાવુ; હાથ પગ ખેંચી, દબી રહેવા હોય એવી હાલતમા રહેવુ

સંકોરણી ૧ સ્ત્રી આગળ ધકેલવુ તે, સકારવુ તે

૨. સ્ત્રી. ઉશ્કેરણી, ઉત્તેજન

સંકોરવું ૧ સ ક્રિ આવુ ઠેલવુ; આગળ ધકેલવુ, વધારે અદર ઠેલવુ

૨ સ ક્રિ ઉશ્કેરવુ, ત્વરિત કરવુ, ત્વરાવુ કરવુ

મે કુબજાથી મુક્તિનુ ચોરીછ,
વદ્રિ વિલેપનો મુખ્યો **સંકોરીછ**.

પ્રેમાનંદ

સકોરીને ચેતરણા રહેવું – સડાર્ધ કરાવી બસી જવું.

૩. સ. ક્રિ. પ્રકાશિત કરવુ; તેજવત કરવુ, પ્રજ્વલિત કરવુ

તા પે બનદવી કહે છે એટ રે, હોલ્લક પણા દુત રા ભમે એક ચિત્તને **સંકારવે**

નંદશંકર

૪ સ ક્રિ સકેલવુ એકઠુ કરવું.

સંકરીને અક્ષર લટને પન્ની કરી ક્રિયાઓ.
અહા જન્મે પીર ખરી નહને અમ એવું ચરેલો

ન્હાનાલાલ

૫. સ. ક્રિ. સકોચવું; આસપાસ વિસ્તાર ન થતાં દૂકો જગ્યામાં સમાવ જાય તેમ કરવુ.

અંબર આંખી અંત **સકોરી**. પ્રેમાનંદ

સંકોરાવવું ૧. સ. ક્રિ. આગુ ઠેલાવવું; આગળ ધકેલાવવુ.

૨. સ. ક્રિ. ઉશ્કેરાવવુ

૩ સ ક્રિ બેગુ કરાવવુ, એકઠુ કરવાનું કહેવુ

સંકોરાવું ૧. અ. ક્રિ. આગુ ઠેલાવુ, આગળ ધકેલાવું.

૨. અ. ક્રિ. ઉશ્કેરાવું

૩. અ. ક્રિ. બેગું થવું; એકઠું કરવુ

સંકોશ પું. સંકોચ; બીક.

હરિ આવે ટાલશે આરો સંકોશ.

પ્રાચીન કાવ્ય

સંક્રમ ૧ પુ ઓળગવાનો કે જવાનો માર્ગ; સેતુ, સીડી વગેરે.

૨. પું. ઓળગવુ તે.

૩ પુ પ્રવેશ કરવો તે

૪. [સં.] પું. સચાર; એક જગ્યા કે સ્થિતિમાથી બીજી જગ્યા કે સ્થિતિમાં જવું તે.

શ્રવણજ્ઞાન જ અક્ષરથી એક યોગ ઉપરથી બીજા યોગ ઉપર સંક્રમ સચાર કરવાનો હોય છે.

તત્ત્વ.વસુદ

૫. પું. સૂર્યનુ એક રાશિમાથી બીજી રાશિમાં જવુ તે.

૬. પું. સ્વરભેદ, જોડાક્ષરોનો સ્વર; સુસ્વરાનુક્રમ.

સંક્રમણ ૧. [સ] ન. (જૈન) આક્રમણ કરવુ તે

૨. ન આડ માંહેનુ એક કરણ

૩. અ. એક વસ્તુને ઉલ્લથી બીજામાં પ્રવેશ કરવો તે.

૪. ન. એક સ્થિતિ કે જગ્યામાથી બીજી સ્થિતિ કે જગ્યામાં જવું તે; સચાર.

૫. ન. એકઠું મળવુ તે; ભેગાં મળવુ તે

૬ ન. ઓળગવાનો કે જવાનો માર્ગ, સતુ, સીડી વગેરે

૭ ન. ઓળગવુ તે.

૮. ન. ગતિ; જવુ તે; ચાલ

૯ ન. ચારિત્ર

૧૦ ન પ્રવેશ કરવો તે

૧૧ ન. (યજ્ઞિક) બે સ્રુચ્યાનો સરવાળો અને બાદબાકી આપ્યાં હોય તે ઉપરથી તે બે સ્રુચ્યા સોધી કાઢવાની રીત.

૧૨. ન. (જૈન) સાધુ ઘેર પધારે ત્યારે ભોજનનાં કામ વગેરે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાથી લાગતો દોષ.

૧૩. ન. સૂર્ય અને પૃથ્વી વચ્ચે એક લીટીમાં મંગળનું આવવુ તે

૧૪. ન. સૂર્યનુ એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે; સંક્રાતિ

જે ચાદમાસમાં સૂર્યનુ મેષ **સંક્રમણ** થાય તે મહિનાને ચૈત્ર કહે છે. તહેવારનો ભોમિયો

સંક્રમણદોષ [સં.] પું. દશ માંહેનો એક દોષ; પ્રતિવાદીના મતમા આવી જવું તે.

સંક્રમણાવસ્થા [સં.] સ્ત્રી. સધિકાળ.

અરબી વાક્યમાનો હાલનો મળ **સંક્રમણાવસ્થા**ના અને સર્વાંગી વિકાસનો છે. કૌમુદી

સંક્રમવું અ. ક્રિ. સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું.

જે ચારે રવિ સંક્રમે, ચાતે ચોદે વાર,
અશુભ ટાળી શુભ કરે, એવી લેખ વિચાર.
જે ચારે રવિ સંક્રમે, અમાવાસ્યા હોય;
ખપ્પર હાથે જગ ભમે, વિઘ ન બોલે કોય

ભટ્ટી

સંક્રમિત [સં.] વિ એકમેક; એકબીજા સાથે ભળેલુ

સ્નેહ દ્વારા પતિના વિચારો પત્નિમા પ્રભુ **સંક્રમિત** થયા હતા. કૈલાસકુટિ

સંકંદન ૧. [સં.] પું. છંદ; રાગ

રાકે રાકાકરુ રાત્રિપતિ સકંદન પુરુકુત્સ,
કૌશિક વાસવ રાજવા મમવા માતલિસ્તવ.
પિંગળસૂત્રમ્

૨ ન. ખૂબ રોવું તે

સંક્રામક વિ. ચેપી.

કેટલાક અજ્ઞાતરાઓ ઉપરથી સ્વસ્થ બીનચેપીઓને સસસાના શરીરમા દાખલ કર્યા અને તે ઉપરથી આ રોગ **સંક્રામક** (ચેપી) છે એમ સાબિત કર્યું
આયુર્વેદ સદ્ગત.

સંક્રાન્ત ૧. [સં] વિ. સંક્રમ કે સંચાર કરાયેલું; પહોંચાડેલું; સક્રાંત

૨. વિ. રપર્શજન્ય; ચેપ લાગેલ.

સંક્રામી વિ. એકમાંથી બીજે જનાર; ચેપી.

પુરુષ શરીર અને સ્ત્રી શરીરના રોગમાં વિશેષ **સંક્રામી** હોય છે. અજિનય શાસ્ત્રાલય

સંક્રાંત ૧. [સ.] સ્ત્રી ઉત્તરાયન; સૂર્યનું મકરે રાશિમાં સક્રમવું તે. મકરે સક્રાંતિ.

૨. સ્ત્રી. છંડાવવું; ઉચ્છિષ્ટ; ખાડવું જમવું

૩ ન. ગમન; પ્રવેશ

અને કોઈ પણ ઉપદ્રવના અને સત્ય તરફથમારે દહલાથી **સંક્રાંત** થયુ નથી. મ. ૨. અદ

૪. ન. પ્રવેસ; દાખલ થવું તે

૫ [સં. સમ્ + ક્રમ્ (જવું)] ન. સાથે જવું તે.

૬. વિ. એક જગ્યાએથી બીજી જગાએ ગયેલુ.

૭ વિ ગયેલુ, પામેલું, પ્રા.પ.

૮ વિ પ્રવાર કરેલું, દાખલ કરેલું

૯. વિ. પહોંચવું કરેલું; સંચારિત.

૧૦. વિ. પ્રતિબિંબિત.

કોને રોમ તણી સહસ્રમણિમા **સંક્રાંત** કયે કરી,
ઘોરે મૂર્તિ અનંત તે સ્મરવું રહ્યું કયો બાદરિ.
બીનબંધિદ

૧૧. વિ. બદલાયેલું; કરેલુ.

સંક્રાંતિ ૧. સ્ત્રી. એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવુ તે.

અનુભવદશામાં જે ચાલુ આસે છે તે વસ્તુત ચૈતન્યની બાલ દેહમાંથી નવા દેહમાં **સંક્રાંતિ** માત્ર જ દોષ છે. આનંદશંકર ધ્રુવ

૨. સ્ત્રી એક વસ્તુમાંથી પારે બીજી વસ્તુમા પેસવુ તે

૩. સ્ત્રી. ગમન

તેટલા માટે તેની સંહતથી સંચિત્ત તરફ, પ્રકરણ સામાન્ય તરફ અને પરિચિતથી અપરિચિત તરફ **સંક્રાંતિ** થાય છે. મ. ૨ ભટ

૪. સ્ત્રી. છાંડેલું જમવું.

૫. સ્ત્રી. પલટાવું તે; બદલવું

આ રાજકારી અર્ધનગ્નતામાંથી મુક્તમાં અને રક્ષમાંથી અલકારમાં **સંક્રાંતિ** થઇ જાય છે
કેશવ હર્ષદ ધ્રુવ

૬ સ્ત્રી મકર રાશિમા સૂર્યનુ આવવુ તે, મકરે સક્રાંતિ; ઉત્તરાયણ

૭. [સં. સમ્ + ક્રમ્ (જવું)] સ્ત્રી સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવુ તે; કોઈ પણ રાશિમાં સૂર્યનું આવવું તે. કુલ બાર સંક્રાન્તિઓ આ પ્રમાણે છે: ચૈત્ર માસમાં મેષ સક્રાંતિ, વૈશાખમાં મિથુન, અષાઢમાં કર્ક સંક્રાંતિ, શ્રાવણમા સિંહ સંક્રાંતિ, ભાદરવામાં કન્યા સક્રાંતિ, આસોમાં તુલા સંક્રાંતિ, કાર્તિકમા વૃશ્ચિક સક્રાંતિ, માગશરીસમાં ધન સક્રાંતિ, પોષમાં મકરે સંક્રાંતિ, માઘમાં કુભ સંક્રાંતિ, અને ફાલ્ગુન માસમાં મીન સક્રાંતિ હોય છે. આ રીતે દર માસે સંક્રાંતિઓ બદલાય છે પણ એમ સમજવું નહિ કે માસ બેસતાજ સક્રાંતિ બેસે છે. કોઈ માસના શુક્લ પક્ષમાં અને કોઈ માસના કૃષ્ણ પક્ષમાં બેસે છે; પણ પક્ષોની પેઠે માસનો બદલો થતો નથી

ત્રિંશ તિથિ ને હૂર દિન, અપોર અથવા રાત,
સક્રાંત સો બ્લીગ્યો, સંવત ઓપો બલ.
અડલી

૮. જુઓ સક્રમ.

સંક્રાંતિકાલ ૧. પું. ફેરબદલ કરતો સમય; નવીન કાળ.

તેઓ અંધકારમયી પ્રકાશમાં જવાનો **સંક્રાંતિકાળ** દર્શાવે છે. વિદ્યાસ્વામના રેવો

૨. [સં.] પું એક જગ્યા કે સ્થિતિમાંથી બીજી જગ્યા કે સ્થિતિમાં જવા સુધીનો વચલો સમય; સંક્રાંતિનો સમય; વચગાળો.

બે સર્વે ભૂમિકાઓમાં વર્તમાન **સંક્રાંતિકાળની** તીવ્ર અને ઉગ્ર સંક્રાતિથી જગી કરવામથી દુ:સ્થિતિ સુદ્રઢ છે. મારિ ક્રોધ

૩. પું. સૂર્યનો એક રાશિમાંથી બીજી રાશિમાં જવાનો સમય; સંક્રમણનો સમય.

સંક્રાંતિકાળ જુઓ સંક્રાંતિકાલ.

સંક્રાંતિક્રમ ૧. [સં.] પું. સંક્રમણનો ક્રાળ.

૨. પું. સક્રાંતિનો જવાનો

'રાજ્યમા, વિદ્યાલયોમા કે જનસમાજમા બીસરાઈ ગયેલી કલા નષ્પન્ન થઈ જાય તે સ્વાભાવિક જ છે અને તેના પુનરુદ્ધાર માટે દેશના **સંક્રાંતિક્રમમા** લેવડી ચલણ થાય તેટલી કરવી અને અત્યાવશ્યક જણાય છે.
પુરુષોત્તમ વિશ્રામ માવળ

સંક્રીડવું (સંક્રીડ્) અ. ક્રિ. ક્રીડવુ; ખેલવુ.

સંક્લ્પ્તિ સ્ત્રી. સર્જક કલ્પકતા; રચનાત્મક કલ્પના; 'ક્રિએટિવ ઇમેજિનેશન'.

એમની નાની નાની ઢાળ ઢાળ અપનેસી કલ્પનાઓ (Fancies)ની છૂટ સારી છે. પણ તેઓ કલ્પકતા અથવા **સંક્લ્પ્તિ** (creative imagination) હજુ વિકસવાની છે.
સુવર્ણમાળા

સંક્લિષ્ટ ૧ [સ] વિ અશુદ્ધ; મલીન

૨. વિ. આસક્ત થયેલ

૩. વિ ક્લેશ પામેલ

૪. વિ. ત્રાસ વિનાનુ; ક્રાકશર; બીજાની કીર્તિનો ધ્વસ કરનાર

સંક્ષિપ્ત ૧ પું. (શિલ્પ) આરસકીનાં ચાર માહેનુ એક અંગ.

૨. [સં. સમ્ + ક્ષિપ્ (ઝલદીથી જવુ) + ત (ભૂતકૃદતનો પ્રત્યય)] વિ. ટૂકું

૩. [સ. સમ્ + ક્ષિપ્ (ફેંકવું) + ત (ભૂતકૃદતનો પ્રત્યય)] ન. ફેકેલુ.

સંક્ષિપ્તગ્રંથ [સં] પું. મોટા ગ્રથમાંથી તારવણી કરીને બનાવેલુ પુસ્તક; મોટા પુસ્તકનો સાર બતાવનાર પુસ્તક.

સંક્ષિપ્તલિપિ [સં.] સ્ત્રી. સાકેતલિપિ; 'શોર્ટહેન્ડ'.

સંક્ષિપ્તસંજ્ઞા [સં.] સ્ત્રી. ટૂકી નિશાની. જેમકે △ ત્રિકોણ, ▭ ચતુષ્કોણ.

સંક્ષિપ્ત સાર [સં.] પું. સંક્ષેપ; સારાશ

સંક્ષુબ્ધ ૧. [સં. સમ્ + ક્ષુભ્ (ક્ષોભ પામવો)] વિ ક્લેશવ.ળું; દુ:ખિત.

ડામિનીકનુ પ્રથમજન્મ ફ્રાન્સિસની જેમ **સંક્ષુબ્ધ** નહાતુ થયું. મહાદેવ દેસાઈ

૨. વિ. અગભરી ઊઠેલ

સંક્ષેપ ૧. પું. (વેદાંત) ઘણા અર્થને અલ્પ વાક્યાદિ વડે પ્રકાશ કરવો તે

૨. પું. ટૂંકાવેલું કે સારરૂપ તે.

૩. [સં. સમ્ + ક્ષિપ્ (ફેંકે કરવું)] પું. થોડો સાર; અલ્પત્વ; ટૂકાણ; ટૂંક સાર.

૪ ન. નાટકના છત્રીસ ભાહેનું એક અગણ.

૫. [સં. સમ્ + ક્ષિપ્ (ફેંકવું)] ન. ફેંકવું તે.

૬ ન. સાદુ રૂપ આપવું તે.

સક્ષેપ કરવો = (૧) ટૂકામાં કહેવુ કે લખવું. (૨) તે સાદુ રૂપ આપવુ.

સંક્ષેપક [સં.] વિ. સક્ષપ કરનારુ

સંક્ષેપચિહ્ન [સં] ન. સક્ષિપ્તપણાની નિશાની.

સંક્ષેપણ [સં] ન. અર્થ વનરેનુ ટૂકમા કે ટૂકાણમા પ્રકાશન, ટૂંક કરવું તે

૨. ન. તારવવુ, સગ્રહ

સંક્ષેપદોષ પું. (જૈન) સામાયિકમાં વચ્ચનના દશ માહેનો એ નામનો એક દોષ, સૂત્રના પાઠ વગેરે ટૂકામા બોલી નાખવા અને યથાર્થ ઉચ્ચારણ ન કરવાથી લાગતો દોષ

સૂત્રના પાઠ ઇત્યાદિક ટૂકામાં બોલી નાખે અને યથાર્થ આખે નહિ તે **સંક્ષેપદોષ.**
શ્રીમદ્ રાજચંદ્ર

સંક્ષેપરુચિસમકિતી પું. દસ ભેદોનો એક પ્રકારનો સમકિતી.

સંક્ષેપવું સ ક્રિ. ટૂંકું કરવું.

સંક્ષેપાક્ષર [સં.] પું. ટૂંકાક્ષર; સંક્ષેપ ચિહ્ન

સંક્ષેપ્તા [સં.] પું. વિષ્ણુનાં હજાર ભેદોનું એક નામ. સહાર વખતે વિસ્તૃત જગતને સૂક્ષ્મરૂપમાં સંક્ષિપ્ત કરે છે તેથી વિષ્ણુ સંક્ષેપ્તા કહેવાય છે.

સંક્ષોભ ૧. પું. ઉત્પાત; ભીયલપાયલ

૨. પું. કંપ; ધ્રુજારો; ધક્કા કે આચકાથી હલાવવું તે

વીર્યાશયમાં તેના સંચાર મતિને **બીજે સંક્ષોભ** થવ. થાને ઉ. દલપતરામ

૩ [સં. સમ્ + ક્ષુભ્ (ક્ષોભ પામવો)] પું ક્ષોભ; ગભરામણ; આકુળતા; ગભરાટ; સંવેદન

૪ પું. ગરબડ; ખાધલ; ઓટાણો

૫. પું ધોકાટ; ખળભળાટ; કોલાહલ; દમો

જિતાર્યજિતયા કેવો મોનો **સંક્ષોભ** થઈ રહ્યો છે ? નવલરામ

સંક્ષોભક [સં.] વિ. સંક્ષોભ કરનારું.

સંક્ષોભણ [સં.] ન. સચલન; ખળભળ; ઊહાપોહ

પદ્ય રચવાના ગદ્યમય હેતુ માટે **સંક્ષોભણ** માટે શાસ્ત્રન નહિ મળે તો હું પોતાને ધન્ય માનીશ. નરસિંહરાવ

સંક્ષોભણમુદ્રા સ્ત્રી. (યોગ) યોગની આપવાની માહેની એક મુદ્રા. ગુદાનું સકોચન વિકાસન સ્વસ્તિકાસને બેસીને કરવું અને અપાનની ઉષ્ણતાથી કુડલિનીને જગાડવી તે સંક્ષોભણમુદ્રા કહેવાય છે. કેટલાક આને અશ્વિની મુદ્રા પણ કહે છે. શુષ્ક જગ્યામાં અપાનનું આકર્ષણ કરવાનું પ્રયોજન નથી અને આમાં મનથી અપાનનું આકર્ષણ કરવું પડે છે એટલો એ બેમાં ભેદ છે

સ્વસ્તિકાસને બેસી ગુદાના સકોચ અને વિકાસ કરીને અપાનની ઉષ્ણતાથી કુડલિનીને જગાડવી તે **સંક્ષોભણમુદ્રા** કહેવાય છે

ત્રિભાળદાસ પુરુષોત્તમદાસ

સંક્ષોભ્ય [સં.] વિ. સુપ્રાહક; સહેજવાહી

કવિના શીઘ્ર **સંક્ષોભ્ય** હૃદયથી આ વાત છાની રાખાય નહિ. મુનિકુમાર અંબાશંકર ભટ્ટ

સંખ ૧ પું. સાંખ્યમતના સ્થાપક એક ઋષિ.

૨. સ્ત્રી ઘણી મોટી સખ્યા.

સારણ **સંખ** નહીં પાર. અખાકૃત રામાયણ

સંખનારી પું. (ચારણી) નામપિંગળ માહેનો માત્રામેળવાળો એક છંદ

સંખલી ૧. પું. બચ્ચાના ઊભેલા છોડ પીળા થઈ સુકાઈ જાય અને પોપટા બરાબર નહિ તેવો રોગ; બચ્ચાના પોપટામા દાણા નહિ બરાતા ખાલી રહે તેવો રોગ

૨. સ્ત્રી. એક જાતની ઇયળ. તે બચ્ચાના પાકને નુકસાન કરે છે.

સંખસુત્તિ ન. શંખનું બનાવેલું છીપના આકારવાળું ચંદન ઊતારવાનું પાત્ર

સંખા સ્ત્રી. (પ્રાકૃત) ગણના; ગણતરી

સંખાઢવું સ. ક્રિ. મુકાબલો કરવો; સરખાવવું. જેમકે, આ ઘરઘરાનો હટકો મારા કુમાલ સાથે સખાડી જુઓ.

સંખારો [સં. સમ્ + ક્ષાલ (સારી રીતે જરવું)] પું. પાણી ભરાતાં જગ્યામાં રહેલ ખારાશ, ક્ષારો; પ્રવાહીનો ગળ્યા પછી જે કચરો વધે તે; ગાળ્યા પછી વધતો અવશેષ; ગાળ

સંખારવું ૧. સ. ક્રિ. ચીતરી ચઢવા

૨. સ. ક્રિ. ત્રાસવું; હરવવું.

૩ સ ક્રિ. શકા થવી

૪ સ. ક્રિ. સહન થવું; સહેવાવું.

૫. સ ક્રિ. સખાવો થવો

સંખારો ૧. પું. અજંપો

૨. પું. કમકમાટી; ધ્રુજ.

૩. પું. ફેદાગો.

૪ પું. ત્રાસ; ધાજ.

૫. પું શકા; વહેમ.

૬. પું. હાજત.

સંખાળો જુઓ સખારો.

સંખિત્ત વિ. (પ્રાકૃત) સકુચિત.

સંખિની પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છદ. તે ત્રિલમી છંદનો એક ભેદ છે. તેમા ૨૨ લઘુ અને ૫૩ ગુરુ મળી ૭૩ વર્ણની ૧૨૮ માત્રા હોય છે

સંખિયો પું. સોમલ; એક ઝેરી પદાર્થ. તે સફેદ રેતનો ઝાક જેવો ભૂકો છે અને ગાગડાના રૂપમાં મળે છે. તે હળાહળ ઝેર છે.

પરદેશનો હજાર રૂપિયાનો **સંખિયો** (સોમલો) ખાઈ ને આપણે છાના રહેવું ? મહાદેવ દેસાઈ

સંખીણ વિ. (પ્રાકૃત) સર્વથા ક્ષય કરેલ.

સંખેડા ન. ગુજરાતનું એક શહેર. તે શબ્દ સાવખેડાનો અપભ્રંશ છે.

પાટણનાં ચટોમાં વણનારાઓ **સંખેડા**ના સંબધિઓ એટલા સાંકડા વિચારના હોય છે કે, તેઓ પોતાનો ધર્મ પોતાની દીકરીઓને પણ શીખવા કે જોવા દેતા નથી કે રખેને તેમની આકને તે કારીગરી પોતાના પેઢીના કુટુમ્બમાં જઈ રહે. કાન્ત અનુ.ઈ

સંખેપ પું. (પ્રાકૃત) ટૂકાણ, સક્ષેપ

સંખેશ્વર ન. એ નામનું એક ગામ. આ ગામ અમેરિકા, વેસ્ટઇન્ડિઝ અને આસ્ટ્રેલોઝના દ્વીપસમૂહનું છે ગામ હિંદના અમીચામાં વધારે છે પીળાં અને લાલ ફૂલોની જાતો થાય છે. તેનાં પાન અને બીજ હિંદમાં દવા માટે વપરાય છે. તે મૃદુ રેચક અને આર્તવજનક છે.

સંખ્ય ૧. [સં.] ન. યુદ્ધ; લડાઈ.

આયાન્તમ રણ આજિ મુખ આહવ સંખ્ય સમીપ, સંપરાય સમર સમર સંયુગ કલહ અનીક. પિંગળપ્રકાશ

૨. વિ અસ્તિત્વ એનું, સખ્યામાં ગણાય એવું.

સંખ્યા ૧. [સં. સમ્ + ખ્યા] સ્ત્રી આટલી માત્રા કે આટલા અક્ષરના કેટલા છંદ થાય તે પ્રશ્નનો ઉત્તર આપવાની છંદશાસ્ત્રની ગણિતની રીત.

૨. સ્ત્રી. આંકડા ગણવાની રીત; ગણના; ગણતરી.

સખ્યા માંડવી = આંકડો લખવો

૩ સ્ત્રી. એક જાતના એક મહત્ત્વનું બીજા મહત્ત્વ સાથેનું માનસિક પ્રમાણ.

૪. [સં.] સ્ત્રી. (વેદાંત) એક, બે, ત્રણ ઇત્યાદિક શબ્દોની પ્રવૃત્તિનું જે નિમિત્ત હોય તે.

૫. સ્ત્રી. કોઈ પણ પરિમાણનું મહત્ત્વ જણાવવા તેમાં તેના કેટલા એકમ સમાએલા છે તે બતાવનારે શબ્દ. કોઈ પણ વસ્તુ ગણતાં તે કેટલી છે તેનો બરોબર ખ્યાલ જે પરિમાણથી આપણા મગજમાં આવી શકે તેને સખ્યા કહે છે

૬. સ્ત્રી. ક્ષેત્ર

૭. સ્ત્રી. (વેદાંત) ગણનાના વ્યવહારનું સમાધારણ કારણ

૮. સ્ત્રી. ચર્ચા, વિચારણા

૯. સ્ત્રી. ચીજનો જથ્થો.

૧૦. સ્ત્રી. (પિંગળ) નવ; નવની સંજ્ઞા. અંક નવ છે માટે નવસૂચક સાંકેતિક સંજ્ઞા માટે સખ્યા શબ્દ વપરાય છે

૧૧. સ્ત્રી. ન્યાય મત પ્રમાણે ચોવીસ માહેનો એક ગુણ

ગુણ ચોવીસ છે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુ:ખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ અધર્મ અને શબ્દ. અનુ.ગાન્ધ

૧૨ સ્ત્રી પહર પરાદિ તથા પ્રયત્નાન્ત માહેનો એક ગુણ.

૧૩. સ્ત્રી. પ્રમાણો વડે વસ્તુ પરીક્ષા

૧૪ સ્ત્રી રકમ; આંકડો. સંખ્યા સમજવાનો અને ગણવાનો અનુક્રમ આ પ્રમાણે છે: એકમ, દશક સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય અને પરાર્ધ

સંખ્યાક્રમવાચક [સં] વિ. એક, બે, ત્રણ એમ સંખ્યાનો ક્રમ બતાવનાર.

નિશ્ચિત સંખ્યાવાચક બારીબાબ બે પ્રકારના છે.– **સંખ્યાક્રમવાચક** અને સંખ્યાક્રમપૂરક; રાજ્ય ક્રમવાચક સંખ્યાનો ક્રમ બતાવે છે. જેમકે: એક, બે, ત્રણ, ઇત્યાદિ. કમળાશંકર

સંખ્યાગુણ [સં.] પું. વેદાંત પ્રસિદ્ધ એક ગુણ સત્ત્વ.ગુણ એકત્વ, દ્વિત્વ, ત્રિત્વ, ઇત્યાદિ ભેદ વડે અનેક પ્રકારનો હોય છે તથા તે પૃથ્વી આદિક નવે દ્રવ્યોમા રહે છે. તેમાં એકત્વ સંખ્યા તો નિત્ય દ્રવ્યોમા નિત્ય હોય છે, અનિત્ય દ્રવ્યોમાં અનિત્ય હોય છે અને દ્વિત્વ, ત્રિત્વ, વગેરે સંખ્યાઓ તો સર્વત્ર અનિત્યજ હોય છે.

સંખ્યાત [સં.] વિ. સંખ્યાવાળું; ગણી શકાય તેવું.

સંખ્યાતભાગહાનિ સ્ત્રી (જૈન) છ માહેના એક પ્રકારની હાનિ.

છ પ્રકારની હાનિ ને છ પ્રકારની વૃદ્ધિ થયા જ કરે છે. સંખ્યાતભાગહાનિ, અસંખ્યાતભાગહાનિ, અનંતભાગહાનિ, સંખ્યાતગુણહાનિ, અસંખ્યાતગુણહાનિ, અનંતગુણહાનિ એ ક્રમથી હાનિ તથા વૃદ્ધિ છે. અજીવાભ્યા

સંખ્યાતા ૧. [સં.] પું. ગણનાર; ગણતિતા. ૨. પું. પરિણામિતા; માપ કાઢનાર.

સંખ્યાતાણુક પું. (જૈન) સંખ્યાતા પરમાણુઓનો બનેલો સ્કંધ.

સંખ્યાત પરમાણુઓનો સ્કંધ **સંખ્યાતાણુક** કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

સંખ્યાતીત ૧. પું પરમાત્મા.

૨. [સં.] વિ. ગણતરી ન થઈ શકે તેવું; અસંખ્ય; બેસુમાર; અગણિત; અનંત; અસંખ્ય.

સંખ્યાત્મક [સં.] વિ. સંખ્યારૂપે જણાવેલું; આંકડારૂપે મૂકેલું; આંકડાનું; સંખ્યા સૂચવનારું સંખ્યાને લગતું; સંખ્યારૂપ; સંખ્યાનું બનેલું

સંખ્યાત્મક સમીકરણ [સં.] ન. (ગણિત) સંખ્યારૂપે જોવાયેલું સામ્ય; સંખ્યાવાળું સમીકરણ.

સંખ્યાન ૧. પું. (કાવ્ય) એ નામે એક અલંકાર. તેને ઉત્પ્રેક્ષા પણ કહે છે

૨ ન. ગણિત.

ચૂડામણિ–વિધિ પણ જોકરને વિધિ અને સંખ્યાન ક્રિયા ગણિત કેવી રીતે શીખવવું જોઈએ એ જણાવ્યું છે. પુરાતત્ત્વ

સંખ્યાનો નિયમ પું. અર્થશાસ્ત્ર પ્રસિદ્ધ જોટ ખાતનો નિયમ. નાણાંની સંખ્યામાં વધઘટ થવાને લીધે નાણાંના મૂલ્યમા જેટલે કે, તે વડે વસ્તુઓ ખરીદવાની તેની શક્તિમાં વધઘટ થાય છે તેને નાણાંનો સંખ્યાનો નિયમ કહે છે.

સંખ્યાપન [સ.] ન. (જ્યોતિષ) ગરણી નક્ષત્રનું જોગ.

સંખ્યાપૂરક [સં.] વિ. (વ્યાકરણ) પહેલું, બીજું એમ સંખ્યા બતાવનાર.

સંખ્યાબલ [સં.] ન. નાની મોટી સંખ્યા હોવાને કારણે મળતું કે નીપજતું જેવું બળ

સંખ્યાબળ જુઓ સંખ્યાબલ.

સંખ્યાબંધ વિ. ઘણું જ; પાર વગરનું.

સંખ્યાભેદ [સં.] પું. સંખ્યામાં તફાવત

સંખ્યામાન [સં.] ન. સંખ્યા વડે વસ્તુ માપવી તે. તેના ત્રણ ભેદ છે: (૧) સંખ્યાત, (૨) અસંખ્યાત અને (૩) અનંત.

સંખ્યાલિપિ [સં.] સ્ત્રી. ચોસઠ માહેની એક પ્રકારની લિપિ

સંખ્યાલેખન [સં.] ન. સંખ્યા લખવી તે; આંકડા માંડવા તે; સંખ્યાને અક્ષરોથી લખી બતાવવી તે; શબ્દોમાં કહેલી સંખ્યાને આંકડામાં લખી બતાવવાની રીત.

સંખ્યાવધિ વિ. અસંખ્ય; અગણિત

દેવી મૂકે સંખ્યાવધિ દિવ્ય અસ્ત્ર રે. પ્રેમાનંદ

સંખ્યાવાચક [સ.] વિ. (વ્યાકરણ) આંકડાનો બોધ કરનારું; સંખ્યા જણાવનારું. અંકગણિતના મુખ્ય પાયારૂપ સંખ્યાવાચક અંકો અને દશાંશની પદ્ધતિ એ બંને શોધનું માન પ્રાચીન હિંદુઓને ઘટે છે. યુરોપીય ઇતિહાસકારો આ જ્ઞાનના આદ્ય પ્રણેતાઓ તરીકે આરબો અને ગ્રીકોને પૂજે છે, પરંતુ પ્રાચીન આરબો અને ગ્રીકો હિંદુઓ પાસેથી ઘણું શીખ્યા હતા. ઉત્તર યુરોપના કેટલાકેક પ્રદેશો સાથે હિંદને સીધો સમ્બંધ નહિ હોવાને લીધે પ્રાચીન હિંદી સંસ્કૃતિનો પ્રચાર યુરોપમાં તે સમયના આરબો, ગ્રીક અને મિસર દેશના વેપારીઓની મારફત જ થયેલો હોવાથી તેની છાપ એ સ્વાભાવિક છે. અશોકના સમયના કોતરલેખોમા સંખ્યાવાચક અંકોનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે; એટલે ઈસવીસનને પૂર્વે ત્રણસો વર્ષ પહેલાં આ અંકો હિંદમાં પ્રચલિત હતા. આ અંકો હાલમાં અંગ્રેજીમાં અરેબિક અંકો તરીકે ઓળખાય છે, કારણકે તેની શોધ હિંદમાંથી અરબ વિદ્વાનોની મારફત યુરોપીય પ્રજાને મળી હતી. રોમન સંખ્યાંક કરતાં અરબ જાહ્યતા સંખ્યાંક વધારે સરળ અને સુગમ છે, તેથી યુરોપના ઇતિહાસકો તેનાં ખૂબ વખાણ કરે છે. આરબોએ અંકપદ્ધતિ અને ગણના રીતિ વિષે હિંદુઓ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું એ નિઃશંક છે; ખલીફ વાલીદના સમય સુધી આરબોને સંખ્યાવાચક અંકોનું જ્ઞાન ન હતું અને તેઓ અંકોને બદલે મૂળાક્ષર વ.પરતા. સિંધમાથી કેટલાએક હિંદુ વિદ્વાનો ખલીફ મન્સુરના દરબારમાં ગયા હતા અને હિંદુ જ્યોતિષ અને ગણિતનું જ્ઞાન અરબોને આપ્યું હતું

સંખ્યાવાચક વિશેષણ [સં.] ન. સંખ્યા દર્શાવનારું વિશેષણ; જે વિશેષણથી સંખ્યા આંકડાનો બોધ થાય તે. તેના નિશ્ચિત સંખ્યાવાચક અને અનિશ્ચિત સંખ્યાવાચક એવા બે પ્રકાર છે.

સંખ્યાવાચન ન. લખેલી સંખ્યાને બોલી જાતવણી તે; આંકડામાં લખેલી સંખ્યાને શબ્દોમાં કહી બતાવવાની રીત. તેને ગણના પણ કહે છે.

સંખ્યા વિશેષણ જુઓ સંખ્યાવાચક વિશેષણ.

સંખ્યાવૃત્તિવાચક [સં.] વિ. (વ્યાકરણ) સંખ્યાની આવૃત્તિનું વાચક. જેમકે, એકવડું, બેવડું વગેરે

સંખ્યાસમૂહવાચક ૧. વ. (વ્યાકરણ) એક પ્રકારનું નામ. જેમકે, પચક, દશકો, સૈકું.

૨. [સં.] વિ. (વ્યાકરણ) સંખ્યાના સમૂહનું વાચક

સંખ્યાસંકેત [સં.] પું. (ગણિત) ૧, ૨, વગેરે સંખ્યાનો સંકેત; શબ્દોમાં કહેલી સંખ્યાને આંકડામાં લખી બતાવવાની રીત. તેને સંખ્યાલેખન પણ કહે છે

સંખ્યાસૂચક [સ.] વિ સંખ્યાનું સ્મરણ કરનાર.

પશુઓ ઘણ પાડવા જે અવાજ કરે છે તે કેળવાયાથી કે વિકાસ પામવાથી તેનાં આદેશસૂચક, અંતરસૂચક, સંખ્યાસૂચક, પ્રશ્નવસૂચક કે ક્રોધસૂચક નામ, દર્શક સર્વનામ કે અવ્યય બન્યા છે બૃહદ્ વ્યાકરણ

સંખ્યાસ્મૃતિ [સં.] સ્ત્રી. સંખ્યાની યાદી.

સંખ્યાંશવાચક વિ. (વ્યાકરણ) અપૂર્ણાંક સૂચવનારું વાચક. જેમકે, અર્ધું

સંખ્યેય ૧. [સં.] વિ. ગણવા યોગ્ય.

સૂત્રગ્રંથની ચરચનાઓ સંખ્યેય અર્થાત્ ગણી શકાય છે. પુરાતત્ત્વ

૨. વિ. ગણવા યોગ્ય.

સંગ ૧. [સં સજ્ (ચોટવું)] પુ આસક્તિ; ચોટવાપણું.
૨. પુ. એક જાતનો પ્રસ્થ. જેમકે, દ્વિમતસમ; માનસમ.
૩. પું. ગાઢ સંબંધ; અંગ સબંધ.
આત વચન સંગ કીધો, પૂર્ણ કરણ પ્રમાણ પ્રેમાનંદ
૪. પું. ચેપ.
૫. [હાઃ] પુ. પ્રકાર; પ્રાયઃ
૬. પું. ઝભ્ભા પર માથેનો એક પ્રકાર.
૭. પું. વિષય વગેરેમાં પ્રીતિ.
૮. [સં શૃંગ] પું (પ્રાકૃત) શીંગડું.
૯. પુ સંભોગ, મૈથુન
સંગ કરવો = સંભોગ કરવો.
૧૦. પું. સંયોગ.
૧૧. પું. સોબત; સહવાસ.
૧. સંગ છોડવો = સોબત તજી દેવી.
૨ સંગ તેવો રંગ = સોબત તેવી અસર.

સંગઠો ૧ પુ મિશ્રણ, સેળભેળ થવું તે.
સંગઠો થયો = મડાળોમાં ઓપુરુષ વ્રત ભાઈ બેહાં હોય ત્યારે સ્પષ્ટારંભ થયો .
૨. પું. ઓઢણી સાડલો પહેરતા પાછળથી ઊંડો ભાઈ જાતીનો ભાગ ઢાંકે છે તે; રાજપટ.

સંગઠન ૧ ન વીખરાયેલા, ભગ્ન, જોડો કે અંગોને એકત્રિત કરી અવસ્થિત કરવા તે. મહાત્માજી લખે છે કે, મજૂરોનું સાચું અહિંસક સંગઠન લોકસુખકરનું કામ કરી પોતાને જરૂરી બધી મૂડી પોતાની આસપાસ એકઠી કરી પછી મૂડીદારો કેવળ દરદી તરીકે રહેને મૂડીનો વહીવટ કરશે એ રૂડો દિવસ ઊગશે ત્યારે મૂડી ને મજૂરી વચ્ચે કોઈ જાતનો ભેદ રહેવાનો નથી. પછી મજૂરોને પૂરતો ખોરાક, સારા તંદુરસ્ત ને ચોખ્ખા રહેઠાણો, પોતાના બાળકો માટેની જરૂરી બધી કેળવણી, જાતની કેળવણી માટે તાલીમી નવરાશ અને તબીબી મદદ વગેરે બધુ મળી રહેશે
૨. ન. સંયોજન; વ્યવસ્થા; આયોજના.

સંગઠનવાદ પુ સંગઠન કરવાનો વાદ.
સામ્યવાદીઓની પેઠે હાલનું ઔદ્યોગિક તંત્ર ઉથલાવી નાખવને બદલે મૂડીદારો અને કામદારોની વચ્ચેનો સબંધ પરસ્પર સંપમય અને સહાયકારી કરવો જોઈએ અને વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર ઓછો વધતો અંકુશ મૂકીને પણ સમસ્ત પ્રજાનું હિત સાધવું જોઈએ એ વાદને સંગઠનવાદ કહી શકાય. પારિ. કોશ

સંગઠના સ્ત્રી. સંગઠન કરવું તે.

સંગઠિત વિ. એકત્રિત; સંગઠનવાળું
સંગઠિત મુસલમની સામે બધુ બળ વાપરવું એ હું ધર્મ સમજું છું. ગાંધીજી

સંગત ૧ પુ (પુરાણ) મૌર્યવંશીય સુપ્રસનો પુત્ર.
૨. સ્ત્રી મેળાપ, સંગમ; સમાગમ.
૩. [સં. સમ્ (સાથે) + ગમ્ (જવું)] સ્ત્રી. સોબત; મૈત્રી; દોસ્તી; પરિચય
સંગતથી સુખને નહિ, ગતિ સ્વભાવ ન ભય, નાગર કેન્યારી થયો પણ અટપટ નવ જાય દલપતરામ
૪. ન. સ્ત્રીઓનું મંદિર.
૫. ન. સંચિત પુરુષ
જે અલ્પ બુદ્ધિવાળાના ઘરમાં જાણપણ. અતિથિ ભૂખ્યો વસે છે ને ગૃહસ્થની આશા, પ્રતીક્ષા. સંગત અર્થાત્ સંચિત પુરુષ સત્યવાણી (૧૮૧૮ પુત્ર, યશ એ બધા નાશ પામે છે. કઠોપનિષદ
૬. વિ. એકઠું થયેલ; જમા થયેલ
૭. વિ. (ગણિત) મળતું આવતું; 'સિમેટ્રિકલ' એક કાગળના ટુકડાને લાંબે તંતે બેવડો વાળવો અને બેવડની ઘડી પાડવી ઘડીને ક્રમમાં રાખી બેવડા વાળેલ કાગળને ફરતો ફાનરેથી કાપી ક્રમે તેવું તનના બનાવવો પછી તેને એકવડો કરી નાખવો. આ પ્રમાણે જે આકૃતિ થશે તે ઘડીની લીટીની આસપાસ સંગત થશે જે આકૃતિને અમુક રીતે બેવડી વાળતા, ઘડીની ડાબી તરફની બાજુ ઉપર-નીચે જમણી તરફની બાજુ ઉપર બધબેસતી થઈ રહે તેવી આકૃતિને સંગત કહે છે
૮ વિ યુક્ત, બંધબેસતું; પોસ
સુરતનો પ્રાચીનતાના હક આ પ્રસંગને માટે બહુ સંગત ના ગણાય નરસિંહરાવ
૯. વિ. (જૈન) સમર્થ
૧૦ વિ સભ્ય
૧૧ વિ સુસંગત

સંગતકોણ પું (ગણિત) બાજુનો ખૂણો બનાવે એક લીટી બીજી બે લીટીને છેદે ત્યારે આઠ ખૂણા બને છે: ચાર બહારના અને ચાર અંદરના તેમાંથી બે ખૂણા લેવા કે જેમાંનો એક બહારનો ખૂણો અને બીજો છેદક લીટીની જે બાજુએ બહારનો ખૂણો હોય તેજ બાજુ તરફનો અંદરના આમેનો ખૂણો, તો તે બને સંગતકોણ થાય

સંગતખૂણ જુઓ સંગતકોણ

સંગતબાજુ સ્ત્રી (ગણિત) સમકોણ ત્રિકોણમા સરખા ખૂણાઓની સામેની બાજુ.

સંગતરાસ [હા. તરાસીદન (છોલવું)] પું. રણાટ.

સંગતવાર વિ. સંબંધવાર.
આ શૈલીને અર્થ સંગતવાર બાજવા જાતનો નથી. સુવર્ણમાળા

સંગતિ ૧ [સ] સ્ત્રી. અધિકરણનું એક અંગ. અધિકરણના પાંચ અંગ આ પ્રમાણે છે: સંશય, વિષય, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ અને સંગતિ.
૨ સ્ત્રી. અમુક રીતે ઘડી પાડી બેવડી વાળતાં ઘડીની ડાબી બાજુ તરફનો ભાગ જમણી બાજુ તરફના ભાગ ઉપર બરાબર બંધબેસતો રહે એવો આકૃતિનો ધર્મ; મળતા આવવાપણું; ' સિમેટ્રી '
૩. સ્ત્રી. એકરૂપતા; એકાકારતા
૪. સ્ત્રી (વેદાંત) પદ અને પદાર્થ એ બંનેનો રમાર્ય અને રમારકભાવ સંબંધ. પદ એ રમારક છે અને પદાર્થ એ રમાર્ય છે. વૃત્તિ પણ એને જ કહે છે
૫. સ્ત્રી પૂર્વાપર સંબંધ પૂર્વે કહેલા અર્થની પછી કહેવાના અર્થના કથનની પ્રયોજકતા જે શિષ્યની જિજ્ઞાસા છે, તે જિજ્ઞાસાનું જનક જે જ્ઞાન છે, તે જ્ઞાનનો જે વિષય છે, તે વિષયને અનુકૂળ જે સંબંધ છે, એ સંબંધ જ પછીથી નિરૂપણ કરવાના અર્થમાં રહેલી સંગતિ કહેવાય. જેમકે, પ્રત્યક્ષના નિરૂપણ પછી અને અનુમાનનું જ્ઞાન થાય. એવી અનુમાન નિરૂપણ વિષે પ્રયોજક જે શિષ્યની જિજ્ઞાસા, તે જિજ્ઞાસાનું જનક અનુમાનનું જ્ઞાન મારા ઇષ્ટ અર્થનું સાધન છે એવા પ્રકારનું જ્ઞાન છે, તે જ્ઞાનનો વિષય અનુમાન છે તે અનુમાન વિષે જે અનુકૂળ સંબંધ છે એ સંબંધ જ અનુમાન વિષે પ્રત્યક્ષની સંગતિ છે એ સંગતિના છ પ્રકાર છે: (૧) પ્રસંગ સંગતિ, (૨) ઉપોદ્ઘાત સંગતિ, (૩) ઉપજીવ્ય ઉપજીવક ભાવ સંગતિ, (૪) અવસર સંગતિ, (૫) નિર્વાહૈક્ય સંગતિ, અને (૬) કાર્યૈક્ય સંગતિ
૬. સ્ત્રી. મનનો એક પ્રકારનો ધર્મ.
એ પ્રમાણે સ્રાવતિ એ નામથી ઓળખાતા મનના અગત્યના ધર્મ ઉપર પણ ઘણો પ્રકાશ પડે છે વિજ્ઞાન પ્રવેશિકા
૭. સ્ત્રી. મેળાપ; મેળ; ભેટ; સમાગમ.
૮. સ્ત્રી. સમરસતા; સુસ્વરતા; એક રસતા.
પ્રત્યય પ્રત્યયની વચ્ચે આવા સમરસતા-સંગતિ રહેવી હોય છે. પારિ. કોશ
૯. સ્ત્રી. સંયોગ
૧૦. સ્ત્રી. સાથે જવું, આવવું અને રહેવું વગેરેનો પરિચય; સહવાસ; સોબત; સંગ; મૈત્રી.

સંગતિહા પુ. (પિંગળ) ચિત્રરચનાવાળો એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેને સંયુતા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિરામો આવે છે.

સંગતિમહ [સ.] ન. અન્યમ સમજવો તે.

સંગતિ દોષ [સં] પું. સમર્ગ દોષ; ખરી સંગતથી આવતો દોષ; સોબતની માઠી અસર.

સંગતિપૂર્વક જ સમજ રાખીને.

એક વરસ જોતા આપે અભ્યાસના ક્રમ, ઉદાહરણો સંગતિપૂર્વક મળી આવે છે.

પુરાતત્ત્વ

સંગતી પું. ગાનારા સાથ કરી વાદિત્ર વગાડનાર માણસ

નૃત્ય થતાં જે વાદ્યમાંથી જે રાગ વાગે છે તે વાજો વગાડનારને સંગતી યા સિરદાઈ કહેવામાં આવે છે

આબેલાલ દામોદર

સંગદિલ ૧. પું. મિત્ર; સ્નેહી; સાથી.

અયે સંગાદિલ! મારી આખો લાલ માણેકની બની છે.

પુરાતત્ત્વ

૨. [સં. સંગ (પથ્થર) + દિલ (હૃદય] ન. પથ્થરનું હૃદય; કઠોર હૃદય

૩. જિ પથ્થર જેવા કઠણ હૃદયનું, કઠોર, નિર્દય

સંગદિલી [સં] સ્ત્રી પાષાણ હૃદયી હોવું તે; કૂરતા; નિર્દયતા; કઠોરતા.

સંગ દોષ જુઓ સંગતિ દોષ.

સંગદોષહા [સં.] પું વિષ્ણુનાં હજાર માંહેનું એક ના.મ.

સંગના [સં.] સ્ત્રી. સખી; સોબતી; સોબતણ નરસૈં વણી સંગના બાલ કૃપાતી.

નાકિક અઢેનો

સંગમ ૧. [સં] પું. ગુરુકુળ; વિદ્યાધામ.

૨. પું. બે નદીઓનું મિલન.

૩. પું. બે નદીઓ મળે તે સ્થાન.

૪ પું. જોડ; ઠઠ

૫. [સ સમ્ (સાથે જવું)] પું મિલન; મેળાપ, સમાગમ, બે કે વધારેનું એકઠું થવું તે, માથે મળવું તે; ભેગું મળવું તે.

મિલન સંગ સંકેત મત સંગમ અને મિલાપ.
એ મોહન એ મોહની અર્થે દુઃખમાં આપ.

પિંગળશીકૃત મોધ

૬. પું. વિદ્યાસભા; વિદ્વત્પરિષદ; કળા અને વિદ્યાની અભિવૃદ્ધિ કરનારી સભા., સાહિત્ય પરિષદ; ' એકેડમિ.'

૮. પું અધિસ્થાન; મળવાનું સ્થાન.

૯. પું. સ્ત્રીપુરુષનો સમાગમ, મૈથુન

સંગમ કાળ ૧ પું સવારનો કાળ; એકઠા થવાનો વખત

એ સંગમ કાળના પ્રથમ ભાગમાં દક્ષપત્નીએ અને નર્મદારાજે એ નવી આશાઓને તે કાજની પ્રજાને રૂપે એવા નવાં રૂપ આપ્યા

ખબરદાર

૨. પું. સૂર્યોદય પછી છ થી બાર ઘડી સુધીનો કાળ; પ્રાતઃકાળથી માંડીને ત્રણ મુહૂર્ત સુધીનો વખત.

સંગમનીય [સં.] પું એક જાતનો મણિ. તે મણિથી પ્રિયના વિયોગનો અંત આવે છે એમ મનાય છે

સંગમરમર [ફા.] પું. આરસપહાણ

સંગમવતી પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, જગણ, નગણ, અને સગણ એમ બાર અક્ષરો હોય છે

સંગમવતી રચ જ ર ન સ ચરી

રત્નપિંગળ

સંગમવું સ ક્રિ. સંગ પામવું; સયોગ થવો, મેળાપ થવો; સમાગમ થવો; મળવું; ભેટવું

સંગમસ્થળ ન. એકત્ર થવાનું સ્થળ; જ્યાં આગળ બે પ્રવાહ કે નદીઓ ભેગી થાય તે સ્થળ

આર્ય પુરંદિતો અને ઋષિઓએ નદીઓના સંગમસ્થળોમાં મેળા ભરવાનું, યજ્ઞ કરવાનું અને તેવા સ્થળની મહત્તા સ્થાપવાનું અત્યંત કર્યું છે.

કૌમુદી

સંગમસ્થાન જુઓ સંગમસ્થળ

સંગમા [સં.] સ્ત્રી. મોટી નદીને મળનારી નદી

સંગમુક્ત [સં.] વિ. સંગરહિત; આસક્તિરહિત; કોઈ પણ જાતની આસક્તિ વગરનું.

સંગમેશ્વર ૧. પું. એ નામનું શંકરનું એક લિંગ. તેનું મંદિર નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલા સેંદ્રના સંગમ ઉપર આવેલ છે, મંદિર પ્રાચીન છે.

૨. પું. એ નામનું શંકરનું એક સ્થાન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ શુક્લ સંગમમાં આવેલું છે

૩. પું. ઓંકારેશ્વરની પ્રદક્ષિણામાં આવતું એ નામનું મહાદેવનું એક તીર્થસ્થાન. અહીંથી અમલનાશ્રમ નીલગઢ જવાનો રસ્તો છે.

સંગર ૧. પું. આરત; આપત્તિ.

૨. પું. ઉપાધિ.

૩. [હિ.] પું. એક જાતની મીઠાઈ.

૪. પું. ઝેર.

૫. પું. પ્રતિજ્ઞા.

૬. પું. યુદ્ધ; લડાઈ; સંગ્રામ.

આયોજન રણ અજિ મૃધ આહવ સંજ્ઞ સમીર;
સંધાન સંગર સમર સંયુગ પ્રાહ અનીક.

પિંગળશીકૃત મોધ

૭. પું. વિગ્રહ; બાઝવું.

૮. પું. સભા સભ.

૯. સ્ત્રી. (વહાણવટું) એક પ્રકારની ગાંઠ. તે જેવા સાકળવામાં વપરાય છે.

૧૦. ન. એક ઘડમાંથી બનાવેલું વહાણનું નામ.

લીમીરાઈક ખાડીની કિનારા ઉપરની મુસાફરીમાં ત્યાના દેશીઓ એક એક ઘડમાંથી બનાવેલાં સંગર નામના વહાણોનો ઉપયોગ કરતા.

પુરાતત્ત્વ

સંગરણી ન. સમહણી; અતિસાર.

સંગરંગ પું. સગતથી ચડતો રંગ.

સંગરાગ [સં. સમ્.ગ] પું. લડાઈ; યુદ્ધ.

સખ દિવસ બીજો સંગરાગ.
ધનુધારી જોધા રામ. પ્રેમાનંદ

સંગલિતક પું (પિંગળ) એક જાતનો મિશ્રિત માત્રામેળ છંદ. તેમાં બાવન માત્રા હોય છે. તેમા તેર માત્રાનાં ચાર ચરણ હોય છે તથા ૧, ૫, ૮ માત્રાએ તાલ આવે છે

સંગવકાળ પું. સૂર્યોદય પછી છ થી બાર ઘડી સુધીનો કાળ; પ્રાતઃકાળથી માંડીને ત્રણ મુહૂર્ત સુધીનો વખત

સંગવર્જિત [સં.] વિ એકલું; સંગ વિનનું.

સંગસંગ જ. સાથે; ભેગુ.

સંગસારી [ફા.] સ્ત્રી. પથ્થર મારી મારીને જીવ લેવાની સજા; પથ્થર-ઠીકાણી.

કુરાનમા સંગસારી કોઈ ગુનાને સારુ ફરમાવી નથી.

નવજીવન

સંગસુધા [સં.) ન. સમાગમ રૂપી અમૃત.

સ્મર જ્યારે તાપિત કરે છે,
ત્યારે તો સંગસુધા ધરે છે.

ગીતગોવિંદ

સંગાત જુઓ સંગાથ.

સંગાતી જુઓ સંગાથી.

સંગાતે જુઓ સંગાથે

સંગાથ પું. સગાત; સબવારો; સાથ; સોબત; સપાત.

સગાથ જોવો = સાથ કે સોબત બરાબર છે કે નહિ તે તપાસવું.

સંગાથિણી સ્ત્રી. સંગાથમાં રહેનારી સ્ત્રી; સોસગાથી.

સંગાથી ૧. પું. સંગાતી; સંધાતી; સબવારો કરનાર સાથસ; સાથ કરનારી વ્યક્તિ; મુસાફરીનો સોબતી; સગાતી.

૨. વિ. સાથી; સોબતી; સગાથ કરનાર.

સંગાથે [સં. સપાત] અ. સાથમાં; સંધાતે; સાથે; ભેગે

સંગાથે સ્નેહી સાધુને ય લાવ્યાં જો ને!

નાનાલાલ

સંગાન [સં.] ન. ગાન; સંગીત.

સંગાનુસંગી વિ. એક સાથે રહેનાર.

સંગાથી [સં.] વિ. સાથે ચાલનાર; સંગી

સંગિની સ્ત્રી. સોબતી; ધર્મપત્ની, સ્ત્રી.

સંગી ૧. જુ સોબતી.

૨. [હિં.] સ્ત્રી એક જાતનું રેશમી કપડું; પહોળું રેશમી કપડું.

૩. વિ. પ્રસન્નતા; પ્રસન્ન થવું પ્રસન્નતા

૪ વિ સંગી

૫. વિ સારી, ગમતી; મળે રહેનાર; ભેળી, સંગ કરનાર

સંગીત ૧. ન. ગાયન અને વાદન.

૨. [સં. સમ્ (સાથે) + ગૈ (ગાવું)] ન. ગાયન, વાદન અને નૃત્યનો સમાહાર; સારી રીતે ગાવું, બજાવવું અને નાચવું તે; ગાયનવિદ્યા. ઘેટલાક સંગીતનો અર્થ ફક્ત ગાવું જ કરે છે પણ તે બરાબર નથી, કેમકે સંગીત તાલ સાથે કરવું હોય ત્યારે ગાયનની સમગ્ર રચનાનો સમાસ વાજિંત્રોમાં કરી તે વાજિંત્રોને ઉપયોગમાં લેવાં પડે છે અને ગાવા બજાવવાની ક્રિયાનો તાદાત્મ્ય મિતાર શ્રોતા માણસના મન ઉપર સારી રીતે આવી શકે છે. માટે સંગીત શબ્દમાં એ ત્રણ ભાગતોનો સમાવેશ થાય છે એ ત્રણે ભાગોમાં ગાયન મુખ્ય છે. એટલે મોટામ રીતે 'ગયન' કહેવામ તો તે ઠીક છે ગાવાથી રાગનું સ્વરૂપ અને નાચવાથી ભાવનું સ્વરૂપ મુખ્યત્વે કરીને બજાય છે; માટે ત્રણે મળીને સંગીતવિદ્યા થાય છે. સંગીતવિદ્યા અને સંગીતકળા, એમ સંગીતના બે ભાગ છે. જે સંગીતની હરકોઈ ચીજ રાગ, સ્વરે, તાલ, લય અને શ્રોતાને અનુસરી બનાવી ગાવા બજાવવા જેવી કરી આપવી, તેનું નામ સંગીતવિદ્યા કહેવાય છે અને સંગીતની હરકોઈ ચીજ કવિતાદિ રચનાના નિયમ પ્રમાણે બનાવી આપી હોય તો તે પ્રમાણે ગાઈ, બજાવી કે નાચી બજાવવું તેનું નામ સંગીતકળા કહેવાય છે. કોઈ સંગીત માત્ર કર્ણને પ્રિય થઈ જાં જ તેની અસર અટકે છે અને ઘેટલુંક સંગીત તેથીયે આગળ વધીને હૃદયમાં પ્રવેશ કરી ભાવોર્મિ ઉત્પન્ન કરી શકે છે. સંગીતના આ પરિણામ ઉપરથી તેના બે વિભાગ થઈ શકે છેઃ ૧. શુદ્ધ સંગીત અને ૨. વિનિયુક્ત સંગીત. જે સંગીત માત્ર શાસ્ત્રીય નિયમોને અનુસરી રાગની શુદ્ધતા, તાલનું માપ અને સ્વરમાધુર્ય સાચવીને કર્ણને પ્રિય થાય તે શુદ્ધ સંગીત કહેવાય. અને જે સંગીત સ્વરમાધુર્ય, રાગશુદ્ધિ ને તાલમાન સાચવવા ઉપરાંત અપૂર્વ કલાવિધાનથી શ્રોતાજનોમાં ભાવોર્મિ ઉત્પન્ન કરી શકે તેને વિનિયુક્ત સંગીત કહેવાય. પ્રાચીન આર્યોએ પવિત્ર ધાર્મિક વિધિઓને અંગે સંગીતની જૂની ખીલવની કરી આગળ જતા વેદના એ સંગીતનો વિકાસ થયો જુદા જુદા નામવાળી ત્રણેય શ્રુતિઓ ઉત્પન્ન થઈ આ શ્રુતિઓ ઉપરથી જુદા જુદા રાગ નક્કી કરવામાં આવ્યા. પુરાણા હિંદના સંગીતશાસ્ત્રીઓએ સંગીત અને તે સાથે સબંધ ધરાવતા સ્વરના નિયમોનું ઘણું જ્ઞાન કર્યું, પરંતુ અત્યારે શ્રુતિ વગેરેના જ્ઞાનના અભાવે રાગોની બહુ જ સેળભેળ કરી નાખવામાં આવ્યા છે રાગરાગણીના સ્વરમાધુર્યમાં જે આપણે સુધારો કરવા માગતા હોઈએ અને હિંદી સંગીતને ઉચ્ચ કક્ષાએ લઈ જવા ઇચ્છતા હોઈએ તો એ શ્રુતિવિજ્ઞાન આપણે ફરી સંપાદન કરવું જોઈએ પહેલાં સંગીતનો ઉપયોગ ધાર્મિક વિધિઓમા જ થતો. આગળ જતાં લોકોને પોતાની સર્જનશક્તિને સંપૂર્ણ સ્થાન મળે એવી વિશેષ આનંદદાયક સંગીતની પદ્ધતિ માટે ઇચ્છા થઈ પરિણામે હોરિપ્રણ રસપ્રદ વિષય ઉપર રાગરાગણીઓમાં અનાય એવી તાત્કાલિક ઇમારત બનાવવાની કળા અસ્તિત્વમાં આવી પશ્ચિમની સાથે સરખાવતાં હિંદી સંગીતમા ધીમેધીમે અનોખી રીતે વિકાસ થતો ગયો સ્વરના મેળાપ તરફ બહુ વલણ ન રાખતાં આર્યોએ સ્વરમાધુર્ય અને તાલનો આકર્ષક રીતે અને કલાપૂર્વક વિકાસ કર્યો. ઋતુ, ભાવ તથા દિવસ અને રાત્રિના અમુક સમયે અમુક રાગ ગાઈ શકાય એ યોજના પણ નક્કી કરવામાં આવી આ બધા રાગને જુદા જુદા સૂર અથવા તાલમાં એક રીતે ગાવાનું શીખવા માટે તથા સ્વરમાધુર્ય ઉત્પન્ન કરવા માટે હિંદી સંગીતશાસ્ત્રીઓને વર્ષો સુધી અભ્યાસ કરવો પડે છે. સંગીતની મધુરતાનો મુખ્ય આધાર સ્વરની કુદરતી નિયમાનુસાર ગતિ ઉપર રહેલો છે. સંગીત દર્પણમાં કહેલું છે કે, મહેનત પડતી હોય તેમ બહુ મોટે ગાવું. અંગ અને હાવભાવ બતાડી બજાવવા, અવાજ સાંભળી શકાય તેમ મોટેથી શ્વાસ લેવો એ હલકા અને બીભત્સ પ્રકારનું સંગીત મનાય છે. આપણું સંગીતશાસ્ત્ર પશ્ચિમના કરતાં ઘણું જ જુદું છે. બંનેને સાથે મેળવી દેવાનો યત્ન તદ્દન નિરર્થક છે. આપણાં વાદ્યોમાં પણ ઘણો સુધારો કરવાની જરૂર છે. સંગીત એ સૌમ્ય, શાંત અને આહલાદક કળા હોઈ જ્ઞાનતંતુઓ ઉપર મીઠી અને શીળી અસર પેદા કરે છે. વનસ્પતિને પણ નર્વસ સિસ્ટમ એટલે મજ્જાતંત્ર હોય છે એમ સમર્થ વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે સાબિત કર્યા પછી પશુઓને મજ્જાતંત્ર હોય છે એ સ્વીકારવું અઘરું નથી. ગાય જેવાં કોમળ, ચપળ અને ચકોર પ્રાણી, જેમાં જે દુગ્ધપ્રધાન પ્રકૃતિની ગવૈયા જ્ઞાનતંતુઓ સતાર અને વાયોલિનના તારની પેઠે ઝણઝણાટ પેદા કરે તેવાં તીક્ષ્ણ અને વેગવાન હોય છે દૂધ આપતી વખતનો પારકો મારવાની ક્રિયા મુખ્યત્વે કરીને આ સંવેદન તંતુને અધીન છે. એટલે ગાય પ્રસન્ન હોય અગર તેને પ્રસન્ન કરી શકાય તો તે દૂધ વધુ આપે એ દેખીતું છે કનૈયાની બંસી કે રાધકાઓના પાવા અને તેમના મધુર મનુહર સોપગીતોના ચમત્કારથી ગાયોની પ્રસન્નતા સંપાદન નહિ થતી હોય શું? અને દૂધના ફોરા ઝરાવવામાં એ સંગીતનો કશો ફાળો નહિ હોય શું? જર્મનિનો એક વૈજ્ઞાનિક પોતાની ગૌશાળામાં, ગાય દોહતી વેળા સંગીત દાખલ કરીને તેના મીઠા સાદોથી દૂધની નીપજમાં કેટલી નીપજનો છ થી સાતમા ભાગનો વધારો કરી શક્યો છે. એથી ઊલટું પશુઓને ખીજવીને દૂધ ખોર્યું બેઠાના દાખલા તો કયાંય શોધવા જવા પડે તેમ નથી. આ રીતે સંગીતથી ભાવાત્મક અને જ્ઞાનાત્મક એટલે અભાવાત્મક અથવા નેગેટિવ અને પોઝિટિવ અસર નીપજતી જણાય છે. સંગીતને આરોગ્ય સાથે સીધો સબંધ છે, કારણ કે સંગીતમાંથી નીકળતા શબ્દો અને એ અવાજની જુદી જુદી વાતો શરીરની ધાતુ અને વાહિનીઓ સાથે સીધો સબંધ ધરાવે છે. આયુર્વેદના એક વિભાગ આપણી જ્ઞાનવાહિનીઓ મુજબ બહારના પાંચ વિષયોને ભોગવે છે તેમાંથી શબ્દ એક વિષય છે એ શબ્દને જ્યારે જુદી જુદી કલાત્મક રીતે મોહી તેનો ભોગ જ્ઞાનવાહિનીઓ કરે છે. ત્યારે તે જ્ઞાનવાહિનીના પ્રત્યાઘાતો શરીરમાં બંને રીતે દાખલ થાય છે અને પરિણામે તે આરોગ્યદાયક પણ નીવડે છે. શરીરની સાત ધાતુ છે, સ્વરોની મોઢવણ પણ સાત સ્વરોથી જ થાય છે. કેવળ જાણવાનું એટલું જ રહે છે કે, કયો સ્વર શરીરના કયા વિભાગ ઉપર કયારે અને કેવી અસર કરે. આજનું સંગીત સમગ્ર માનવો ઉપર ક્ષણિક અસર કરે છે. કારણ કે એ શબ્દનો ગુંજારવ માનવના અંતરના ઊંડાણ સુધી પહોંચી શકતો નથી, પણ તેને રપર્શી જાય છે. પણ જો તે માનવના અંતરના ઊંડાણ સુધી એક વખત પહોંચે તો તેનો ગુંજારવ જીવનભર અટકતો બધો લાંબો સમય આલે અને તે દ્વારા માણસને આરોગ્ય મળે. માનવની ત્રણ પ્રકૃતિઓ છે. એ જ રીતે સંગીતને પણ ત્રણ વિભાગ છે. આ ત્રણ સ્વરો કોમળ, મધ્ય અને તીવ્રને નામે ઓળખાય છે. પછી પ્રકૃતિઓના પણ ત્રણ વિભાગ પડે છેઃ સાત્ત્વિક, રાજસ અને તામસ.

થોડા રાગોની શરીર ઉપર આરોગ્ય મેળવવામાં ખૂબ સારી અસર થાય છે વસંત નામની રાગિણી વસંત ઋતુ સાથે સંબંધ ધરાવે છે. વસંતમાં ઝાડપાન ખીલે છે, ફાલે છે, નવપલ્લવિત બને છે. કારણ કે, ઋતુ વૃક્ષો સાથે દર વર્ષે આટલું કરી શકે છે. માનવદેહ પણ વસંતમાં ફૂલે છે, ફાલે છે, નવપલ્લવિત બને છે પણ જો તેને વસંત ઋતુનો સ્પર્શ થાય તો એ ઋતુનો સ્પર્શ ઔષધ દ્વારા એટલે નવપલ્લવિત બનેલાં વૃક્ષોનાં દ્રવ્યો જ્યારે શરીરમાં પ્રવેશે છે તેની સુગંધી જ્યારે પ્રાણવાયુ દ્વારા લોહીમાં પ્રવેશે છે અને તેનો રસાસ્વાદ જ્યારે જીભમાં આવે છે ત્યારે શરીરના જ્ઞાનતંતુઓ ફાલે છે, ફૂલે છે અને નવપલ્લવિત બને છે. એટલે વસંત રાગ ગાનાર માનવી માનવદેહમાં તેના સ્વરોના ઝણઝણાટ દ્વારા માનવદેહને નવપલ્લવિત કરી શકે છે માલકંસ વિષ્ણુનું સ્વરૂપ છે અને એ મુખ્ય રાગ છે. આ રાગ માનવદેહના દુઃખો નિવારવા માટે જે નાની નાની શ્રુતિઓ માનવીને કોરી ખાતી હોય તેને ભૂકાવી દઈ સંપૂર્ણ ગંભીર વાતાવરણ પેદા કરે છે. અને તેથી માનવ પોતાનાં અનેક દુઃખો ભૂલી જઈ વિષ્ણુના સાક્ષાત્ સ્વરૂપ સુધી પહોંચી જાય છે. હસિત રાગ સવારનો છે. હસિત ઉપરથી હસિત રાગ બન્યો છે. આમ આ રાગ નારી છે. આ રાગમાં આવતા બે મધ્યમો એકની સાથે બીજાથી માનવદેહમાં શૃંગારનું સંપૂર્ણ સ્વરૂપ જાગી જાય છે. આ શૃંગાર દ્વારા માનવીમાં વિયોગનાં સંપૂર્ણ ચિહ્નો જાગી ઊઠે છે. આ શૃંગાર વિયોગનું અંતરમાં એક એવું મીઠું સુખ આપે છે કે, તેમાં ગાનાર અને સાંભળનારને પોતાના મનમાં ઉત્પન્ન થયેલા વિયોગ સિવાય જગતનાં બીજાં કોઈનું ભાન રહેતું નથી. હસિત રાગ સાંભળવાથી કેમાં રહેલા સ્મરણશક્તિના આગળ પાછળના રોગો આપોઆપ જાય છે, શિક્ષણમાં સંગીત બહુ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે કોઈ પણ બે પુરુષનો સર્વાંગી વિકાસ એ જ શિક્ષણનો ખરો અર્થ છે. કેવળ વાચન, મનન કે ચિંતનના જ્ઞાનમાં જ શિક્ષણનો હેતુ સમાતો નથી: તેમ માત્ર જ્ઞાનની પ્રાપ્તિ એ પણ શિક્ષણ નથી. મનુષ્યનો બૌદ્ધિક, શારીરિક અને માનસિક વિકાસ એટલો જ જરૂરી છે. લાગણીના યોગ્ય વિકાસ માટે સંગીતનો ફાળો અસાધારણ છે. એટલે જ શેક્સપીઅરે કહ્યું છે કે, મનુષ્યના આત્મા ઉપર સંગીતની અસર થતી નથી એ કપટી અને દ્રોહી છે. આપણા સંસ્કૃત સાહિત્યમાં પણ મહાકવિ કાલિદાસે સાહિત્ય, સંગીત અને કલા વિનાના માણસને પશુ કહ્યો છે. આપણા પૂર્વજો જેવા જ ખૂબ સંસ્કારી ગણાતા. ગ્રીક લોકોએ પણ સંગીતના અભ્યાસ માટે આગ્રહ રાખ્યો હતો ગાંધીજી કહે છે કે: સંગીત વિના બધી કેળવણી અને તો અધૂરી જ લાગે. સંગીત વ્યક્તિગત અને સામાજિક જીવનને માધુર્ય આપે છે. આસને નિયમનમાં લાવવાને સારુ જેમ પ્રાણાયામની આવશ્યકતા છે તેમ કંઠને સંગીતની છે. જો સામાજિક સંગીતનો પ્રચાર લોકોમાં બહુ થાય તો સભાઓમાં ઝોલાઝલ થાય છે તે શાંત કરવામાં સંગીત બહુ મદદગાર થઈ પડે. સંગીત ક્રોધને શાંત કરાવે છે અને તેનો સદુપયોગ ઈશ્વરનું દર્શન કરાવવામાં બહુ સહાય આપે છે. સંગીત એટલે રાગડા તાણતા શીખવું અથવા નાટકનાં ગીતો ગાવા એવો અર્થ કદી નહિ. સંગીતનો ઊંડો અર્થ તો એ છે કે, આપણું આખું જીવન સંગીતમય કરીલું હોવું જોઈએ. સ્વાદિ સુરોની આરાધના વિના જીવન એવું બને જ નહિ. જીવનને સંગીતમય કરવું એટલે તેને ઈશ્વરની સાથે એકતાર કરવું. જેણે રાગરાગિણી સમાપ્યાં નથી, જેણે સેવારસ ચાખ્યો નથી, એ આ દિવ્ય સંગીતને ઓળખતો જ નથી. જો સંગીતની કેળવણીમાં આ ગૂઢ અર્થનો સમાવેશ ન હોય, તે સંગીતની કીમત મારી પાસે બહુ ઓછી અથવા કાંઈ જ નથી.

ગીત વૃત્ત ને વાદ્ય જો હોયે તાલ સહિત
તાલ મૂળ જીવાદિ ત્રય, કહે નામ સંગીત

દુહા

૩. વિ. રાગમાં ગાઈ શકવાના ગુણ ઉપરાંત કાવ્યત્વ પણ હોય, જેમાં સાથે સાહિત્ય ગૌરવનું અસ્તિત્વ અને કાવ્ય પ્રતિભાનું મનોહરત્વ દૃષ્ટિગોચર થતું હોય તેવો કાવ્ય લેખ; 'સોંગ'.

૪ વિ. સારી રીતે ગાયેલું

સંગીતકલા ૧. [સં.] સ્ત્રી. એ નામની ચોસઠ માંહેની એક કળા.

સંગીતકલાને અંગ્રેજીમાં Dependent Art એટલે સ્વતંત્ર નહિ પણ પરાધીન કલા ગણેલી છે, એટલે કવિની રચના ઉપર સંગીતનો આધાર છે; તેથી તેને Dependent Art ગણેલું છે અને તેટલે અંશે સંગીતને ગૌણ ગણ્યું છે

મુ. લા. ત્રિવેદ

૨. સ્ત્રી. સંગીતશાસ્ત્રના નિયમ પ્રમાણે પોતે ગાઈ બજાવી તથા સૂર કરી બતાવવું તે.

સંગીતકલાધર ૧. [સં.] પું. ગાયનવિદ્યા અને હુનર ઉલ્લેખ જાણનાર માણસ.

૨. વિ. એ નામનું સંગીત ઉપર આધારભૂત એક પુસ્તક.

સંગીતકલ્પ વિ. જેમ; ગાઈ શકાય તેવું.

સંગીતકલ્પકાવ્ય [સ] ન. ગીત કવિતા; રાગધ્વનિ કાવ્ય; ઊર્મિ કાવ્ય; ગાયન કવિતા; સંગીત કવિતા; 'લિરિક'. આમાં રાગ એ મુખ્ય છે આવશ્યક ગુણ નથી પણ રાગમાં ઊતરવાની શક્યતા તો તેમાં હોવી જોઈએ, આ કાવ્ય અમુક માનસિક કે શારીરિક સ્થિતિ કે સ્થાનનું વર્ણન કરીને, નિગૂઢ રહેલા ભાવોને પ્રગટ કરીને, તેથી ઉત્પન્ન થતી લાગણીઓને સ્થાયી ઉત્તેજન આપીને અને વાચકના ચર્મચક્ષુ અને હૃદયચક્ષુ ઊઘાડીને તે વર્ણનમાંથી અનેરાં તેજ પામે છે, અને કવિતાનું સુખ આપે છે.

સંગીતકાવ્ય, **સંગીતકલ્પકાવ્ય** રાગધ્વનિકાવ્ય, સ્વાનુભાવરસિક, સર્વાનુભાવરસિક,... ...ઇત્યાદિ ઇત્યાદિ એવા શબ્દો છે.

બાલેન્દ્રપ્રસાદ કાલિદાસ ભટ્ટ

સંગીતકલ્પદ્રુમ ન. એ નામનું સંગીતનું એક આધારભૂત પુસ્તક.

સંગીતકવિતા જુઓ સંગીતકલ્પકાવ્ય.

સંગીતકળા જુઓ સંગીતકલા.

સંગીતકાર [સં.] પું. સંગીત જાણનાર; ગંધર્વ; ગવૈયો.

સંગીતકાવ્ય જુઓ સંગીતકલ્પકાવ્ય.

સંગીતજ્ઞ ૧. [સં.] પું. સંગીત વિચારદ.

૨. વિ. સંગીત જાણનાર.

સંગીતજ્ઞા [સં.] સ્ત્રી. સંગીત જાણનાર સ્ત્રી

સંગીતદર્પણ પું. સંગીત ઉપરનો એક ગ્રંથ. આ પુસ્તક લાખના જહાંગીરના વખતમાં થયેલ કવિ દામોદર મિશ્ર હતા.

સંગીતદ્રોહી [સં.] વિ. સંગીતનો શત્રુ

હારમોનિયમમાં ગમે તે સૂરને સા તરીકે લઈને આપણે સારિગમ બનાવી શકીએ છીએ, એનું કારણ એ છે કે, હારમોનિયમમાં સ્વર બધા કૃત્રિમ હોવાથી, સ્વરનાં સ્થાન શ્રુતિઓમાં હોય છે તે પ્રમાણે મૂકેલા હોતાં નથી પરંતુ તેનાથી આપોઆપ હોય છે: એટલે કે, એનો (tempered scale) હોય છે. આથી જ હારમોનિયમને સંગીતદ્રોહી ગણવામાં આવે છે અને તેમાં માત્ર ૧૨ જ ધ્વનિઓને સ્થાન હોવાથી આપણું શુદ્ધ સંગીત તેમાં ઉતારી શકાતું નથી. ટોપણી

સંગીતધારા [સં.] સ્ત્રી. સંગીતનો પ્રવાહ.

સંગીતધ્વનિ [સં.] પું ગાનતાનયુક્ત અવાજ કે નાદ.

સંગીત નાટક [સં.] ન. નાટ્ય સંગીત; સંગીતક; 'મારુ'.

ઓન નેલસને દૃશ્ય સામગ્રી સ્કેચ અરુચિના ઘોષ કર્યો જણાય છે. જોવામાં રહેલા Maniac (સંગીત નાટક) માટે નેલસન નામના કારીગરે દરમરચના ચાળી ફ્રેમની અને આખરી અને સજાવટદાર કરી હતી અને સાદિલ્યલય બંસો અને દરમરચનાના અંગ બનને સરખે દરજ્જે નાટવામા આવ્યા. તેથી ઓન નેલસન નારાજ થયા અન નેલસન પિરો સખત આક્રોપ કાઓ રહેવું કરવા હતા. નરસિંહરાવ બોળાનાથ

સંગીતપદ્ધતિ [સં.] સ્ત્રી સંગીતની રીત. આ દેશમાં ચાલતી સંગીતપદ્ધતિના બે વિભાગ સામાન્ય રીતે છે: ઉત્તર હિંદુસ્તાન અને કર્ણાટક ઉત્તર હિંદુસ્તાનની પદ્ધતિમાં તાન ચારેરે વિશેષ હોય છે અને કર્ણાટક તરફની પદ્ધતિમાં ગમક વધારે જોવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનનુ ગાણું ગિરજનીપજથી ભરપૂર હોય છે અને કર્ણાટકી સાદુ લાગે છે

આપણા દેશમાં માર્ગી એટલે શિષ્ટ અને દેશી એટલે લૌકિક એ બે જાતની **સંગીતપદ્ધતિ** પ્રાચીનકાલથી ચાલી આવે છે. ઠૌમુદી

સંગીત પારિજાત પું. સંગીત ઉપરનો એક ગ્રંથ.

અને ત્યાર પછી સંગીત દર્પણ, **સંગીત પારિજાત**, રાગવિબોધ વગેરે ગ્રંથો આવે છે. પુરાતત્ત્વ

સંગીતમય ૧. [સં.] વિ. મધુર.

દેવીઓના મુખ **સંગીતમય** શબ્દને સાભળીને જ સાતમા, આઠમા સ્વર્ગના દેવો વૈષયિક આનંદનો અનુભવ કરી શકે છે. તત્ત્વાર્થસૂત્ર

૨. વિ. સંગીતના સાતે ય સ્વરથી જોડાયેલું.

સંગીતમય રાગધ્વનિ કાવ્ય જુઓ સંગીતકલ્પદ્રુમ.

સંગીતમેરુ પું. સંગીત ઉપરનો એક ગ્રંથ. તેમાં સંગીતની ચર્ચા કોહલ અને દત્તિલ વચ્ચેના સવાદના રૂપમાં આપેલી છે.

સંગીતરત્નાકર પું. સંગીત, નાચ, ભાવભાવ વગેરે સબંધી એક ગ્રંથ. સંગીતશાસ્ત્ર ઉપર સંસ્કૃતમાં લખાયેલ એક આધારભૂત પુસ્તક ઈ સ. ૧૨૬૦ પહેલાનો સંગીત ઉપરનો બધામા મોટો ગ્રંથ **સંગીતરત્નાકર** છે. પુરાતત્ત્વ

સંગીતરાજ પું. મોટો ગ્રંથ.

સંગીત લક્ષણ [સં] ન સંગીતના ૭ ભાગનું પ્રત્યેક લક્ષણ. તે ૭ આ પ્રમાણે છે: સુસ્વર, સુરસ, સરાગ, મધુરાક્ષર, સાલંકાર અને સપ્રમાણ.

સંગીતલિપિ [સં.] સ્ત્રી. ગાયન માટેના અક્ષરોની ભાતની બારાખડી; સંગીતલેખન માટેની લિપિ

સંગીતલેખન [સં.] ન. (સંગીત) ગાયન કે ગતના તાલસ્વરને સાંકેતિક ચિહ્નો દ્વારા લખવા તે; સ્વરકાલલિપિ; ' નોટેશન'. કોઈપણ ગાયન જે રીતે ગાવામાં આવતું હોય તે જ રીતથી તે ગાયનના દરેક અક્ષરો જે જે સ્વરમાં બોલાતા હોય તે તે સ્વરો તથા તે સ્વર સહિત બોલાવવા ગાયનના અક્ષરો ઉપરના કાળ સુધી લખાય છે કે ટૂકાય છે તેનાં કાળ બતાવનાર ચિહ્નો તેમ જ ગાયનના કોઈ અક્ષર ઉપર આર મૂકવો પડે અથવા કોઈ અક્ષર મોટેથી ધડાકા ને બોલવો કે ધીમેથી બોલવો, એ બધે બાબતો બતાવવા માટે તે બાબત વિષેની ખાસ નિશાનીઓ અથવા વિષયદર્શક સજ્ઞાઓ નક્કી કરી, તે સજ્ઞાઓ ગાયનના સ્વરોને જોડીને, તેની નીચે ગાયનની પ્રચલિતના અક્ષરો લખી આખુ ગાયન લખવું તે સંગીત લેખન કહેવાય છે

સંગીતલેખનપદ્ધતિ [સં.] સ્ત્રી ગાયન કે ગતના તાલસ્વરને સાંકેતિક ચિહ્નો દ્વારા લખવાની રીત; ' નોટેશન સિસ્ટમ '

સંગીતવિજ્ઞાન [સં.] ન. સંગીતશાસ્ત્ર

સંગીતવિજ્ઞાન એટલે સંગીતનું શાસ્ત્ર અથવા સંગીત વિષેનું તત્ત્વજ્ઞાન. સંગીતશાસ્ત્ર

સંગીતવિદ્યા [સં.] સ્ત્રી. ગાયન વિદ્યા કહેવાય છે કે, સંગીતવિદ્યાના આદ્યદ્રષ્ટા મહાદેવજી છે મહાદેવ પાસેથી પાર્વતીજી એ વિદ્યા શીખ્યાં અને નારદ ઋષિ, ભરતમુનિ વગેરેએ તેના જ્ઞાનથી એની સુવાસ ચારે બાજુએ ફેલાવી, સંગીતની અધિષ્ઠાત્રી સરસ્વતી દેવીએ વીણાના તારથી આખા જગતને મુગ્ધ બનાવ્યું અને શ્રીકૃષ્ણે રાસબંસરીથી સમસ્ત સંસારને સ્વર્ગ સમો બનાવ્યો

વૈદિકકાળમા **સંગીતવિદ્યા** એક સ્વતત્ર વિદ્યા **કરીને ખાતી હતી.** પુરાતત્ત્વ

સંગીત વિદ્યાલય ન સંગીત શીખવવા માટેની શાળા

સંગીતવિધાનનો ખેલ પું. નાટ્ય સંગીત; સંગીતક; ' ઓપેરા '.

સંગીતવિધાનના ખેલ (Opera)ને નાટકથી જુદો પાડવામાં આવે અને નાટકમાંથી પડતાના અને રોકાનીના બનવા. અલબત્તીવાળી ક્રમરતો, ગર્જનાઓ અને એવી સામગ્રીઓ કાઢી નાખવામાં આવે તો સાંભળવાની કવિતાને અને જોવાના અભિનયને પ્રાધાન્ય આપવાના પ્રયત્ન કરી રંગભૂમિની ઉન્નતિ કરી શકાય.

રમણલાલ નીલકંઠ

સંગીત વિશારદ [સં.] વિ સંગીતકળામાં પ્રવીણ; સંગીતજ્ઞ; સંગીત જાણનાર; સંગીતનો પંડિત.

સંગીતવેત્તા [સં.] વિ. સંગીત જાણનાર; સંગીતજ્ઞાઓ. સંગીતવેત્તાઓ સંગીતને ચાર યુગમાં વહેંચે છે: ૧, મત્રયુગ, ૨. ભક્તિયુગ, ૩. રાજાશ્રયયુગ અને ૪. સત્રયુગ. આ બધામાં પહેલાનો સમય ઈ. સ પૂર્વે ૨૦૦૦થી ૧૫૦૦ સુધીનો, બીજાનો ૧૦૦૦થી ૮૦૦ સુધીનો, ત્રીજાનો ૮૦૦થી ૬૦૦ સુધીનો અને ચોથાનો ૧૦૦થી ૨૦૦ સુધીનો. એ સમયનું સંગીત ઉચ્ચ કક્ષાનું હતું અને તેનો અભ્યાસ વૈદિક ઋષિઓ દ્વારા ઉન્નતિની સીમાએ પહોંચ્યો હતો

સંગીતશાલા [સં.] સ્ત્રી. સંગીત શીખવવા માટેની શાલા; સંગીત.ાય.

સંગીતશાળા જુઓ સંગીતશાલા

સંગીતશાસ્ત્ર [સં.] ન. ગાયનશાસ્ત્ર; ગાવા વગાડવાનું શાસ્ત્ર; સંગીતનું શાસ્ત્ર; સાંધર્વ વેદ સંગીત સંબંધી વિદ્યા; શાસ્ત્રીય રીતે સંગીતનું જ્ઞાન આપનાર વિજ્ઞાન. તેના આદ્યાર્ય ભરતજી છે. એમણે ખૂબ ઘણા પાસેથી એ કળા મેળવેલી કહેવાય છે સ્વરના વિવેચન અને ઉપયોગ વિષે જે નિયમો હોય છે તે નિયમોના સમૂહને સંગીતશાસ્ત્ર કહે છે

સંગીતશાસ્ત્રી [સં] પું. સંગીતનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર ઉસ્તાદ; સંગીતશાસ્ત્રમાં પારંગત ગવૈયો કે બજવૈયો; સંગીતશાસ્ત્ર જાણનાર.

સંગીતશિક્ષક પું. સંગીતનો અધ્યાપક

સંગીતશિક્ષા ૧. પું. એ નામનો એક ગ્રંથ.

સંગીતશિક્ષા એ નારદનો લખેલ ગ્રંથ છે, તે નારદશિક્ષા પછી લખાયેલ છે. ભગેશ્વર

૨. [સં] સ્ત્રી. સંગીતનું જ્ઞાન.

સંગીતશૈલી [સં.] સ્ત્રી. સંગીતની પ્રચલિત શૈલી. સાહિત્ય, સંગીત કે ચિત્રકળા માટે જગતભરમાં જુદી જુદી શૈલીઓ નિર્માણ થયેલી જોવામાં આવે છે. એવી જ રીતે હિંદમાં ગાવા માટે પણ જુદી જુદી શૈલીઓ જોવામાં આવે છે. પ્રાચીનકાળથી ધ્રુપદ, ધમાર તથા ખ્યાલની ગાયકી ભારતીય સુપ્રસિદ્ધ સંગીતકારોનો પ્રિય વિષય બની રહી છે. દરેક શૈલીમાં તેનું માધુર્ય, રસ તથા ભાવ નિરાળા ઢોચાથી તેનું સ્વરૂપ જુદુ તરી આવે છે. ધ્રુપદ: એ શૈલીના મહાન ગાયક બૈજુબાવરા તથા તાનસેન વગેરે થઈ ગયા છે. અકબર બાદશાહના સમયમાં ધ્રુપદની શૈલી ખૂબ પ્રચાર પામી હતી. હાલમાં ધ્રુપદ ગાનાર પ્રચારમાં ઓછા માલૂમ પડે છે. બુદ્ધદ તેમ જ દમદાર અવાજ ધ્રુપદને વધારે મધુર બનાવે છે. ખ્યાલ: છેલ્લાં બસો વર્ષથી ખ્યાલ પ્રચારમાં આવ્યા છે. ખ્યાલ ભારતીય

પ્રકારનું સંગીત મનાય છે. વિવિધ તાનોથી ખ્યાલની માપકી વધારે દીપી ઊઠે છે. દ્રુપદ ગૌરીપ્રમોદે દ્રુપદ પ્રચલિત કર્યા હતા. દ્રુપદ ધમાર નરમ અને સારી રીતે ગવાય છે. તેમાં ગુમાર રસ પ્રધાન છે તેમ જ પ્રસંગ્રી ભાષાના શબ્દો દ્રુપદમાં વધારે જોવામાં આવે છે. ધ્રુપદ જયપુર, લખનૌ અને કલકત્તામાં ધ્રુપદ જ સાંભળવામાં આવે છે. એમાં વિરહ અને શૃંગારથી ભરેલાં ગીતો જોવામાં આવે છે. તેથી ભાવપ્રધાન મનાય છે. ધ્રુપદ ખીઓના સુરીલા, મધુર તેમ જ ઠોસબંધ કંઠમાં વધારે ખીલી ઊઠે છે. હોરી: એ ગીતો ફાગણ માસમાં વધારે સાંભળવામાં આવે છે. શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે હોળી રમ્યા હતા તે વિષેનું વર્ણન હોરીમાં ખાસ કરીને આવે છે. મયુરા તેમ જ વૃંદાવન તરફ હોરી બહુ સારી રીતે ગવાય છે. હોરી શૃંગારરસ પ્રધાન મનાય છે તરાના. ગીતના શબ્દોને બદલે તરાનામાં, તુમ, દેરેના, તનન, તોમ વગેરે અર્થ વગરના શબ્દો વાપરવામાં આવે છે પરંતુ તેમાં તાલ તથા લયનું માધુર્ય અતિશય રહેલું દેખાય છે. નખ્યુખાં તથા તાનરસખાંના તરાનાઓ ખૂબ પ્રસિદ્ધ છે. ગઝલ: ઉર્દૂ ભાષામાં ગઝલ વધારે સાંભળવામાં આવે છે. ગઝલના શબ્દો અથવા કવિતા ઊંટલાં ભાવપૂર્ણ અને શૃંગારથી ભરેલાં હોય છે કે, તેના શ્રોતા કે સાંભળનારને ખૂબ આનંદ આવે છે. ગઝલ–ભજન–પદો વગેરે શાસ્ત્રીય સંગીતથી નિરાળાં છે. ગઝલ એ પદ્યરચનાનો પ્રકાર છે, સંગીતનો નહિ.

સંગીતસમાચાર જ. દામોદર પંડિત નામના સંગીતશાસ્ત્રીએ લખેલું એ નામનું એક પુસ્તક.

સંગીતસમ્રાટ ૧. [સં. સંગીત સમ્રાટ્] પું. સર્વશ્રેષ્ઠ સંગીતશાસ્ત્રી
૨. પું. સંગીતાચાર્યોની એક ઉપાધિ.

સંગીતસંલગ્ન વિ. સંગીતની સાથે સંબંધ ધરાવનાર; સંગીત સાથે જોડાયેલ.

સંગીતસ્વરરેખા [સ] સ્ત્રી. ગાયનના સૂર માંડવાની લીટી.

સંગીતાચાર્ય [સં.] પું. સંગીતશાસ્ત્રમાં ઊંચ્ચ કક્ષા, સંગીત સંબંધી પૂર્ણ જ્ઞાન ધરાવનાર સંગીતશાસ્ત્રી.

સંગીતાદિત્ય પું. એ નામનો સંગીતનો એક ગ્રંથ.

સંગીતાલય જુઓ સંગીતશાલા.

સંગીતિ ૧. પું. (પિંગળ) એ નામે એક પ્રચ્છન્નગીતિ માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ૨૨ અને દ્વિતીય દલમાં ૨૯ માત્રા હોય છે તેમાં પ્રથમ દલમાં ૧૨ અને ૨૯ માત્રાએ અને દ્વિતીય દલમાં ૧૮ અને ૧૬ માત્રાએ યતિ આવે છે
૨ સ્ત્રી. બૌદ્ધ સાધુઓની મળતી સભા, બૌદ્ધ પરિષદ; સંગીતિ

> અશોકે અને કનિષ્કે મેળવેલી સંગીતિઓ સુપ્રસિદ્ધ છે. એ સંગીતિઓનો કાર્યભાર ધર્મના સાહિત્ય સંબંધના ખુલાસા મેળવવા, અભ્યરસ્પર્ધા મટાડવી, ભિક્ષુઓની આચાર વ્યવસ્થામાં સુધારો કરવો ઇત્યાદિ ધર્મ વિષયનો હતો
> મુ. શા. પરિષદ

૩. ન. [સં.] ગાયન; સંગીત; વૃંદગાયન; વૃંદવાદન, ' કોન્સર્ટ '

> બીજ નાટકની સંગીતિ (Chorus)ની પેઠે વચ્ચે વચ્ચે ઉમિલા અંકાડા બોલતા કવિ બોધ્ય સ્થોક લખકરે છે.
> નીલકંઠ

૪. સ્ત્રી. સ્વરોની સંગતિ; સ્વરોની એકરૂપ સુરેલતા; ' હાર્મની '

સંગીથિ જ્ઞ. બોધ પરિષદ; ધાર્મિક સભા, મંડળ, નીતિ

> કનિષ્કે કાશ્મીરમાં બૌદ્ધધર્મની પાસે આવેલ. કુંડલવનમાં એક સંગીથિ અથવા પરિષદ ભેગી કરી હતી.
> નરહરિ પરીખ

સંગીન ૧. ન. બંદૂક ઉપર મૂકવાનું હથિયાર; બંદૂકની નળીને છેડે ભરાવવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું; ' બેયોનેટ.'
૨. વિ. અડગ; અચળ; દૃઢ.
૩ [સ્ત્રી.] વિ પથ્થરનું બનેલું
૪ વિ મજબૂત; ટકાઉ
૫. વિ. મહત્ત્વનું.
૬. વિ ભારદાર; ભારે.
૭. વિ ઉત્તમ; ઉત્તમ.

સંગીનતા સ્ત્રી. મજબૂતી; સંગીન હોવું તે.

> ચૌદમી સદીના હિંદવાસીના મકાનો સાધારણ હતાં, અને સોળમી સદીની સંગીનતા તેના વખાણવી છે.
> ગુજા ચતુર્વેદાય

સંગીનપણું ૧ ન ઊંડાઈ
૨ ન ઘનતા
૩ ન મજબૂતી
૪ ન. ભારેપણું
૫ ન નક્કરપણું.
૬. ન. મજબૂતી

સંગૃહીત ૧. [સં.] વિ. એકઠું કરેલું; ભેગું કરેલું; સંપ્રેલું; સંગ્રહ કરેલું; માથે લીધેલું.
૨. વિ. સંક્ષિપ્ત; ટૂંકું કરેલું.

સંગૃહીતા ૧. [સં.] પું. ગ્રંથકાર.
૨. પું. સંગ્રહકર્તા.

સંગે ન. સાથે; સોબતે; સંગાથે

સંગેમગઝિમ્બી જુઓ ગેમ ન.મની એક તોપ.

સંગેમરમર [ફા. સંગ (પથ્થર) + મર્મર (આરબ)] પું. આરસપથ્થર; રંગબેરંગી સ્ફટિકયુક્ત પારદાર પથ્થર; પારા પારદાર ચકમકની ભાતવાળો આરસપહાણ; એક જાતનો પથ્થર. તે ઘણો સખત અને ચળકતો હોય છે. ઘસીને તે મુલાયમ અને કાળા રંગનો હોય છે. ક્વચિત લાલ લીલા અને બીજા તરેહવાર રંગનો પણ આવે છે

સંગેમરમરી [ફા.] વિ આરસપહાણનું બનેલું.

સંગેયાકૂદ [ફા.] ન. એક જાતનો કીમતી પથ્થર; ચૂનાનો ચકમકથી બનેલો ક્ષાર કીમતી પથ્થર રૂપે જોવામાં આવે છે તે. દવા તરીકે તે વપરાય છે. તેની ભસ્મ પણ બને છે. તે ગિલટી અને પ્રમેહ ઉપર ઉપયોગી છે

સંગો પું. ખૂબ આસક્તિ; હેડો; માઠ સહવાસમાં રહેવાની આદત; આસંગો.

સંગોત્પાદક [સ.] ન. કસરતના વરખના ભિન્ન ભિન્ન થર. તે કાચ, પૅરેફિન તથા કાગળ વગેરેનું બનાવવામાં આવે છે

સંગોપન ૧. [સં.] ન. ગોપન; પાલનપોષણ.
૨. ન. ઢંકાવું તે; ઢાકણ; સારી રીતે સંતાડાવું તેમ થવું તે

> સારી સરીરના સર્વ અંગોનું સુભગ સંગોપન થાય એમ પહેરેલી.
> નરસિંહરાવ

૩. ન. રહસ્યની જાળવણ કે રક્ષણ

> વિધાપીઠે હિંદુધર્મની આ વિશ્વપ્રેમી વૃત્તિ સ્ત્રીકારીને બધા ધર્મોનું સંગોપન કરવું જોઈએ.
> કાલેલકર

સંગ્રથિત વિ. સમન્વિત; સયુક્ત.

સંગ્રહ ૧. [સ. સમ્ (સારી રીતે) + ગ્રહ્ (લેવું)] પું. એક જગ્યાએ કે સાથે એકઠું કરવું તે.

> સમૂહ કરવો = એકઠું કરવું.

૨. પું. (વેદાંત) ઘણા અર્થવાળાં વાક્યો એક અર્થમાં ગોઠવવા તે
૩. પું. (જૈન) પાંચ અથવા સાત માઠેનો બીજો નય. તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે પાંચ નય આ પ્રમાણે છે: નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ. અનુયોગદ્વાર અનુસાર સાત નય આ પ્રમાણે છે: નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત
૪. પું વિષ્ણુનાં હજાર માઠેનું એક નામ. પ્રલય વખતે સર્વનો સંગ્રહ કરે છે તેથી વિષ્ણુ સંગ્રહ કહેવાય છે
૫. પું. શિવનાં હજાર માઠેનું એક નામ.
૬. પું. સંધરી રાખેલો જથ્થો

૭ પું. સારી સારી વસ્તુઓનો એક સ્થળે કરેલો બનાવ

સંગ્રહકર્તા [સં.] પુ. એકઠું કરનાર; સંગ્રહ કરનાર

સંગ્રહકર્ત્રા જુઓ સંગ્રહકર્તા

સંગ્રહકાર જુઓ સંગ્રહકર્તા.

સંગ્રહણ ૧ [સં] ન દરેક ગ્રામટાના મહાસ્થાનનું મુખ્ય સ્ટેશન

૨ ન બંધિયાર; ડિલેવરી.

સંગ્રહણી ૧ સ્ત્રી. (જૈન) જૂના આગમોમા રહેલા વિસ્તૃત વિષયોને સંક્ષેપમાં ગાથાબદ્ધ કરી પ્રાકૃત ભાષામાં ગાયાબદ્ધ પ્રકરણ રૂપે રચવું તે.

૨. [સં.] સ્ત્રી. અપચાથી કે ઝાડાનો ક્રોનિક રોગ; પેટમાં અકળામણ લોહી અને આમ પડે તે રોગ; અતિસાર; જૂનો ઝાડો. અતિસાર બધ થયા છતાં અગ્નિ મદ હોય છે. તેમાં વિરુદ્ધાહાર થાય તો અગ્નિનું સ્થાન દૂષ્ટ થાય છે. તેથી આમ રૂપ મળ પડવા લાગે છે તેને સંગ્રહણી કહે છે. તેમા પેટની પીંટ અને પગ તાજ્ય મગડા કરતાં કમી હોય છે. તે કેટલાક મહિના અથવા વરસ સુધી રહે છે કોઈ વખત તે મટે છે અથવા તેનો નિકાલ કેટ સાથે થાય છે. દિવસમાં કેટલીક વાર ઝાડો થાય છે. તેમા મળ, પાણી અને સાથે જળસ, લોહી અને પરુ દેખાય છે અથવા તે રક્તમિશ્રિત લાલ અને સાથે ચૂંવા અને કોઈ વાર આંતરડાની અંદરના પડના મૂકેલા કટકાવાળો હોય છે.

સંગ્રહનય પુ. (જૈન) જે વિચાર જુદી જુદી અનેક પ્રકારની વસ્તુઓ અને અનેક વ્યક્તિઓને કોઈ પણ જાતના સામાન્યતત્ત્વની ભૂમિકા ઉપર ગોઠવી એ બધાને એક રૂપે સંકેલી લે તે.

> કપડાની વિવિધ જાતોને લક્ષમાં ન લઈ આવ કપડાપણાનું સામાન્યતત્ત્વ નજર સામે રાખી વિચારવું કે આ સ્થળે એક કાપડજ છે તે **સંગ્રહનય.** તત્ત્વાર્થસૂત્ર

સંગ્રહવું ૧. સ. ક્રિ. ભેળું કરવું; સંગ્રહ કરવો.

૨. સ. ક્રિ સંઘરવું; સાચવી રાખવું

સંગ્રહસ્થાન [સં.] ન. અનાયાસથી જરૂરી ચીજોનો સંગ્રહ કરવા માટેનું સ્થાન; સંગ્રહાલય; જ્યાં દેશપરદેશની જાણવા અને જોવાજોગ વસ્તુઓ એકઠી કરી હોય તે સ્થળ; 'મ્યુઝિયમ' સંગ્રહસ્થાન એ લોકશિક્ષણનું અગત્યનું અંગ છે. સંગ્રહસ્થાન એ શાળા નહિ પણ મહાશાળા છે. આંખ અને સ્પર્શ દ્વારા અપાતી કેળવણી યોજનામા એક પ્રધાન અને નક્કર અંગ છે. જગતના ઇતિહાસ જલ્દી દૃષ્ટિ ફરતાં આપણે જોઈ શકીએ છે. પૃથ્વી ઉપર માનવરૂપ પ્રાણીના જન્મ સાથે તેને કંઈક નવું જાણવાની. ફેરફર સમજ કરવાની અને તેમાં સાત્ત્વિક આનંદ લેવાની વૃત્તિ સહજ છે. મનુજ જૂની આવી આવી કોઈ વૃત્તિઓનું આપક સ્વરૂપ સંગ્રહસ્થાનમાં અથવા કોઈ સંશોધન-સંસ્થામાં પરિણમે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિનો ઉદ્ભવ થાય છે એટલે પુરાતત્ત્વ પણ આવી માનવવૃત્તિનું સીધું પરિણામ છે. સંગ્રહસ્થાન માટે અંગ્રેજીમાં વપરાતો મ્યુઝિયમ શબ્દ ગ્રીક શબ્દ મ્યૂસ ઉપરથી આવેલો છે. તેનો શબ્દાર્થ સર્વ વિદ્યાદેવીઓનું મંદિર એવો થાય છે. સંગ્રહસ્થાન એ પરંપરાથી ઊતરી આવેલી સંસ્કૃતિનો સાર્વજનિક અગ્નિનો છે. આપણા સૌંદર્યશાળી પૂર્વજોના આત્માનાં દર્શન કરવાનું પવિત્ર મંદિર છે. પ્રાચીન સંસ્કૃતિનો પ્રકાશ ફેલાવવાની મશાલ છે અને સાચ દોવ તો સારા યે વિશ્વના જ્ઞાન અને સંસ્કારનું ઘર છે પરપમાં લગભગ ૫,૦૦૦ સંગ્રહસ્થાનો છે ત્યારે આપણા દેશની વસ્તી જોતા ઘણાં જ ઓછા કહી શકાય તેટલાં–માત્ર ૬ય જેટલાં સંગ્રહસ્થાનો છે અમેરિકા સંગ્રહસ્થાન કે . . . . . અંગ બની ગયા છે. શાળા અને કૉલેજની સંગ્રહની પ્રયોગશાળા બની ગયા છે ૧૯૫૧ના જુલાઈમાં સંગ્રહસ્થાન પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે બોલતાં શ્રી ખેરે કહ્યું હતું કે, સામાજિક કેળવણીની પ્રગતિમાં આવતી કાલનાં સંગ્રહસ્થાનોએ મહત્ત્વનો ભાગ ભજવવાનો રહેશે. ભારતના વડા પ્રધાન શ્રી નહેરુએ પણ હાલમાં જણાવ્યું છે કે, મારી મહત્ત્વાકાંક્ષા તો સારો યે ભારત સંગ્રહસ્થાનોથી ભરાઈ જાય તેવી છે. જેથી માત્ર રાષ્ટ્રના ઊંચામાં ઊંચા વારસાને જોઈતી જનતા સમજી શકે, એટલું જ નહિ પરંતુ ભારતના ભવ્ય આદર્શોને પોતાના જીવનમાં ઉતારી શકે. આવા પૂર્વ આદર્શને પહોંચી વળવા સંગ્રહસ્થાનમાં ભારી યે સંસ્કૃતિની વાનો મૂર્ત સ્વરૂપમાં જોડવામાં આવેલી જોવી જોઈએ ૫,૦૦૦ વર્ષ પૂર્વેના મોહન જો-દડોથી માંડીને આધુનિક કાળ સુધીની કલા શૈલીઓ, ચિત્રો, શિલ્પસ્થાપત્ય, નિસર્ગ, લેખો બનાવેલા નમૂનાઓ બની શકે તો પ્લાસ્ટરકાસ્ટના, નહીં તો તે બધાની આબેહૂબ છબીઓનો સમાવેશ થવો જોઈએ તેની સાથે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કલાના નમૂના પણ હોવા જોઈએ, જેથી સંસ્કૃતિના અભ્યાસીઓને સરખામણી કરવી હોય પડે અને સામાન્ય મનુષ્ય પહેલી નજરે સારી યે સંસ્કૃતિના ઇતિહાસનો પળવારમાં ખ્યાલ કરી શકે. માનવ પોતે જ એ ભવ્ય સંસ્કૃતિનો વારસદાર છે, તે તેનું પાન કરી શકે. આ જ રીતે અન્ય વિષયો જેવા કે. ખગોળ, ભૂસ્તરશાસ્ત્ર સામાજિક શાસ્ત્ર, વિજ્ઞાન અને ઇતિહાસનાં અન્ય ચિત્રો તેમ જ કલ્પિત સમજવતા નકશા હોવા જોઈએ. આ બધું દરેક વિષયના ખાસ નિષ્ણાતો પાસે તૈયાર કરાવેલું હોવું જોઈએ તે ઉપરાંત આવા વિષયોના પારંગતોનાં ભાષણો સંગ્રહસ્થાનમાં અવારનવાર ગોઠવવાં જોઈએ શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે આ રીતે સંગ્રહસ્થાન એક મહાન પ્રયોગશાળા બની રહેશે આવી જ રીતે સ્થાનિક તેમ જ રાષ્ટ્રીય મહાન વ્યક્તિઓ, કવિઓ, લેખકોનાં ચિત્રકારો, ભક્તો અને જાહેર સેવકોના પણ ખાસ વિભાગો સંગ્રહસ્થાનમાં હોવા જોઈએ. તેમાં તેમના જીવનને લગતી સઘળી બાબતો, ગીતો તેમ જ તેમના કર્તૃત્વનો અંગ્રેજ આપતો સંગ્રહ હોવો જોઈએ અને યોગ્ય રીતે પ્રદર્શિત કરવો જોઈએ. તેમની જયંતીઓ ત્યાં ઊજવાવી જોઈએ જેથી જનતા તેમના આદર્શો તરફ દોરવાય. ભારતના સંગ્રહસ્થાનમાં પૂ. મહાત્માજી વિષે એક આખ વિભાગ તો તદ્દન આવશ્યક છે. આવાં સંગ્રહસ્થાનોની તેમ જ અન્ય રચનાત્મક અને રાષ્ટ્રીય કલાકારીગીરી, શિલ્પસ્થાપત્ય અને રમકડાંની દિવસ ઊતરાતી સામાન્ય જનતા તેમ જ ગ્રામ્ય જનતામાં શાસ્ત્રીય ઢબનો પ્રચાર થવો જોઈએ આવા ભગીરથ આદર્શોને પહોંચી વળવા સંગ્રહસ્થાનના સંચાલકની જવાબદારી ખૂબ વધી પડે છે સંગ્રહસ્થાન શાળાની મહાશાળા અને તો ક્યુરેટરે પણ શિક્ષકોનો શિક્ષક બનવું ઘટે. તેટલાં જ્ઞાન, શક્તિ અને ચરિત્ર તેનામાં હોવાં જોઈએ. તેણે તો આ વિદ્યાદેવીના મંદિર માટે પૂજારી બનું ઘટે કારણ કે તે આ ભવ્ય સંસ્કૃતિનો પ્રચારક છે, રક્ષક છે. નાનાલાલ લખે છે કે: ભારતીય ઇતિહાસ જોઈએ સમારશાસ્ત્રના અજબ અખતરાઓનું સંગ્રહસ્થાન. દ્રૌપદીના પાંચ પતિ, શ્રીકૃષ્ણની અષ્ટપટરાણીઓ, રામનુ એક પત્નીત્વ, સીતાજીનું એક પતિત્વ, સુભદ્રાહરણનો રાક્ષસવિવાહ, સીતા, દ્રૌપદી, સયુક્તાના સ્વયંવરો, પિતૃઆજ્ઞાધારી રામ, પિતૃસ્વપ્નત્ર પ્રહ્લાદ, મત્સ્યવતીના જાતિમર્ષ, તારા અહોદરીના વિધવા વિવાહ, સાગર બાંધી પૃથ્વીના એકચ્છત્ર ચક્રવર્તીઓ, રાજર્ષી–ક્ષત્ર પ્રજાશાસનનાં રાજર્ષિધાન, સત્યવાદી હરિશ્ચંદ્ર, રાજખેલાડી ચાણક્ય, રાજરીકુલમાં સૌંદર્યમણિ સરિખડી શકુંતલા, નૂરજહાં, મુમતાજ મહાલ, અહલ્યાબાઈ,

બહમીનાઈ અને આદિલશાહી સમી અમર સોહામણી રાજરાણીઓ, કુતુબ અને શાહજહાં સમી રાજમાતાઓ, કવિતા, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, નાટક, સૌંદર્યનો સર્વાંગી ખિલાવ. હાકાનું મજમબ સાત સાત પડ છતાંયે મહીંથી શરીર ઝબોળ; અમદાવાદનો કિનખાબ–જેની સોનામોહિની આજેય નથી ઊતરી; મેઘદૂત અને શાકુન્તલ, રામાયણ અને મહાભારત, જૈનવાડાનાં મંદિરોની આરસકોતરી કવિતા, તાજમહાલનું આરસમઢેલ્યું કાંપત્યકાવ્ય, મીરાં કૃષ્ણાવનની ગોપ કવિતા, શુદ્ધ સમા ધર્મસંસ્થાપક, કપિલ, કણાદ, પતંજલિ સમા ઋિસમૂહો; વારણાવતમાંના હિંસકોના અખાડાઓ અને ધર્મ વિપ્લવો; પાટલાવર્તનું પાટલ્યત્વ. ચિતોડનું ક્ષત્રિયત્વ–ક્ષત્રિયોનાં કેસરિયાં, રાણીઓનાં જૌહર; ભામાશાહ, ટોડરમલ્લ, જગડૂશાહ, વસ્તુપાળ, તેજપાળ સમાઓનાં વૈશ્યત્વ; રાજતરંગિણી, અકબરનામા, બાબરશાહનું આત્મવૃત્તાંત સમા ઇતિહાસો, કાદમ્બરી સમી જન્માંતરની મહાવાર્તા, સાગરખોળે ઊછળતા પારસીઓનો ગુજરાતખોળે સમાસ; પ્રાચીનમાં પ્રાચીન ખ્રિસ્તીઓની પહેલા ખીલ્ય સૈકામાં જ મલબાર કાંઠે વસાહતો એ બધુ પૃથ્વીપટલે શોધ્યું જડે તેમ નથી. સ્વિસની વિચિત્રતાઓમાં લખ્યું છે કે: ન્યુયોર્કના હુનરવિજ્ઞાનના સંગ્રહસ્થાનમાં રોકફેલર કેંદ્રમાં મેક્સિમસની એક અજબ ઘડિયાળ છે. તે ૧૬ ફૂટ ઊંચી છે અને તેમાં ૯૩ કાંટા છે. સૌથી ઝડપી કાંટો સેકંડના વિભાગમાં આખુય ચક્કર ફરી વળે છે. જ્યારે સૌથી ધીમા કાંટાને આ ચક્કર ફરતાં ૨૧,૦૦૦ વર્ષ લાગે છે! આ ઘડિયાળમાં આવું વખત જોવા ઉપરાંત આખા જગતનાં જગલનાં શહેરોમાં ચાલતા વખત, મુખ્ય બંદરોની ભરતી, ઓટ, પંચાંગની ગણતરી, પૃથ્વી તથા બીજા ગ્રહોની ગતિ તેમજ બીજી કેટલીયે જગલની બાબતોની બબર પડે છે.

સંગ્રહાલય જુઓ સગ્રહસ્થાન.

સંગ્રહાવું જ. ક્રિ. કોઈ પણ માણસથી એકઠું કરાવું; સગ્રહ થવો; બીજાના હાથથી ભેગું કરાવું.

સંગ્રહિત [સં.] વિ. એકઠું કરેલું; ભેગું કરેલું; સંચિત; સગ્રહેલું; સધરેલું.

સંગ્રહી ૧ પું. એક જાતનો રાજનાશક ધોડો.
૨. પું શિવનાં ઢગર માહેનું એક નામ.
૩. [સ. સગ્રહિન્] પું. સધરો કરવાની ટેવવાળો પુરુષ; પૈસો વગેરે એકઠું કરવાની પ્રકૃતિવાળો પુરુષ

સંગ્રહીત ૧ [સ] પું તિજોરીનો અમલદાર; કોશાધ્યક્ષ.
૨ પું. રથની લગામ પકડનાર સારથિ.
૩. પું. વેદમાં વપરાયેલું જૂનું એક નામ.

સંગ્રામ ૧. પું. (પિંગલ) એ નામે એક સમવૃત્ત બધુંમેળ છંદ. તે દરેક છંદનો એક ભેદ છે. તેને ચદ્ર, તણ્ડક, પદ્મરાગ, ચંદ્રક, ગ્રહદંડ વગેરે પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને અઢાર રગણ મળી ૬૦ અક્ષર હોય છે.
૨. પું. બે જણ કે પક્ષ વચ્ચે હાર જીત માટેની ગડમથલ
૩. [સ.] પું. યુદ્ધ; લડાઈ.
પ્રધાન ઘટઈ આવિયા ! કાં આડઉ સંગ્રામ ?
આજ પડઈ વઘર ચાલઈ, સાલગિ હું શીરામ.
સીતાહરણ (પંદરમી સદી)

સંગ્રામગીત [સં.] ન. લડાઈમાં ગવાતું ગીત
અજનદમીતા એ સંગ્રામગીત છે. નવલરામ

સંગ્રામજિત ૧. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.
૨. પું. (પુરાણ) એ નામનો પાંડવોનો એક મિત્ર રાજા
૩. પું. (પુરાણ) કૃષ્ણનો લડાની કુખે જન્મેલો એક પુત્ર.

સંગ્રામદેવતા પું. યુદ્ધદેવ.

સંગ્રામદેવી જી. લડાઈ
લગના ઉદય અને સંગ્રામદેવીની વિજયલક્ષ્મી ચાલ ન કરે. ઇચ્છારામ સૂર્યરામ

સંગ્રામપટહ [સં.] પું. લડાઈનું નગારું.

સંગ્રામભંડી પું. લડાઈનો કેદી

સંગ્રામભૂમિ [સં.] જી. રણક્ષેત્ર; લડાઈની જગ્યા; યુદ્ધ સ્થાન

સંગ્રામશંખ પું. લડાઈમાં વપરાતો શંખ.
દમ્મારી કે રાજા રાજાની રણહાકલ,
વગાડ્યો કે મહામોલ સંગ્રામશંખ.
નાનાલાલ

સંગ્રામસમિતિ [સં.] જી. યુદ્ધની વ્યવસ્થાની સમિતિ.

સંગ્રામિક ૧. [સ.] ન. લડવાનું કર્મ
સગ્રામિકમાં વધે વીર ને હર્ષ અતીવે.
ઉદ્યોગપર્વ
૨ વિ. સગ્રામને લગતું.
૩. વિ. સૈનિકને લગતું; લશ્કરી.

સંગ્રાહ ૧. પું. ટાઢની ઋતુ.
૨. [સં. સમ્ + ગ્રહ્ (લેવું)] પું. પકડ; જબરાઈથી લાવવું તે; ઝૂંટ

સંગ્રાહક ૧. પું. સગ્રહ કરનાર માણસ.
૨. [સં સમ્ + ગ્રહ્ (લેવું)] વિ. બોધક; બધ કરનાર; સ્તંભક; ઝાડાનો બંધકોશ કરે તેવું.
૩. વિ. સગ્રહ કરનાર; મેળવનાર; ભેગું કરનાર; એકઠું કરનાર

સંગ્રાહિકા [સં.] જી. એકઠું કરનારી સ્ત્રી.

સંગ્રાહી ૧. [સ.] પું કુટજ વૃક્ષ.
૨. જી. ઝડાઝાડ. ઝડાઝાડ ઝાડામાં વાયુના કોપ બેસાડી કુપિત થયેલો વાયુ તેના સ્થાનમાં લાવી અન્નાદને મદ કરવા જઠરાગ્નિમાં પાછવવા દે છે. તેનામાં ગ્રહણ કરવાનો ગુણ છે માટે તેને સગ્રાહી કહે છે
૩. વિ. મળનો અવરોધ કરનાર.
૪. વિ. સગ્રહ કરનારું; સગ્રહ કરનાર; સચય કરનાર

સંગ્રે પું. સગ્રહ
પૂનમી ઓટો સંગ્રે કરીએ. દયારામ

સંઘ ૧. પું. અવિભક્ત સમસ્ત ભોઠપંથ.
અશોકે જ્યાં જ્યાં સંઘ શબ્દ વાપર્યો છે ત્યાં ત્યાં અવિભક્ત સમસ્ત બૌદ્ધપંથને જોઈને જ વાપર્યો છે. અશોક ચક્રિત
૨. [સ. સજ્ઞન] પું. એક ધ્યેયને માટે રચાયેલી સસ્થા; એક જ કાર્ય કરવા માટે બનેલું મડળ. પુરાતત્ત્વમાં લખ્યું છે કે, સઘનો અર્થ એક ધ્યેયને માટે રચાયેલી સસ્થા એવો થતો હતો અને જેટલા ધ્યેય હોય તેટલા સઘ પણ થઈ શકે. ધર્મને માટે બૌદ્ધોનો સંઘ પ્રસિદ્ધ છે. બૌદ્ધોના વખતમાં જ તેવા બીજા આચાર્યોના સાત સઘો હતા. વ્યાપાર માટે પણ સઘો થતા હતા અને તેવા સઘો ઈ. સ. પૂર્વે ૪૦૦થી ઈ. સ. ૬૦૦ સુધી હિંદુસ્તાનમાં બહુ હતા. ઊભોગથી રહેનારા સઘને વાર્તોપજીવી કહેવામાં આવતો. સઘનો ત્રીજો વર્ગ આયુધજીવી અથવા શાસ્ત્રોપજીવી છે. તે સઘ રાજાના સૈન્યમાં પણ કામ કરતો. પાણિનિએ એવા સઘોનાં નામ આપેલાં છે. તેમાં મુખ્ય યૌધેય, પરશુ, અસુર અને રાક્ષસો છે. કૌટિલ્ય પણ ત્રીજા સઘનો ઉલ્લેખ કરે છે. રાજકીય સસ્થાના અર્થમાં સઘ શબ્દ વપરાય છે અને સંઘ અથવા બહુ ઓછે બહુનું રાજ્ય એવો અર્થ થાય છે. તેને પ્રજાસત્તાક રાજ્ય એમ પણ કહી શકાય. કૌટિલ્ય પણ રાજશબ્દોપજીવી એવો સંઘનો પ્રકાર બતાવે છે
૩. પું. ઘણા જણે એકઠા થઈ યાત્રાએ જવું તે; યાત્રાળુઓનો સમૂહ
વસુ પુહવંપણું દસણિવિ કેસ દે સંઘ સોય.
રેવતગિરિરાસ (સં ૧૨૮૪)

૧. સંઘ કાઢવો = (૧) પ્રતિજ્ઞા લીધા કરવા; કોઈ કાર્યને વચ્ચે આડખીલી નાખવી (૨) પત્તો કાંઈ નથી એમ જણાવવું; ભોપાળું કહેવું તે અર્થમાં વપરાય છે. (૩) યાત્રાળુઓનો કાફલો લઈને નીકળવું.
૨. સંઘ કાશીએ-દ્વારકા જ્યો-પહોંચ્યો = ધારેલો અર્થ સિદ્ધ થયા

૪. પું. ટોળું; જૂથ; જત્થો; સમૂહ; મંડળ
જગત ઉન્મત ફરે વિષે વાસના ધરે,
ભક્ત જગવંત સંઘ રસ જાતા.
નરસિંહ મહેતો

૫ પું પ્રજાસત્તાક રાજ્ય.
સંસ્કૃત ગ્રંથોમાં ગણ તથા સંઘ શબ્દનો ઉપયોગ પ્રજાસત્તાત્મક રાજ્યના અર્થમાં થયેલો દેખાય છે. બૌદ્ધોએ બે સંઘ શબ્દનો ઉપયોગ ધર્મસંઘ માટે કરવો રાઢ કર્યો. પ્રબોધ

૬. પું. મંડળી; સમાજ; પરિષદ
આ પરિષદોનું સ્વરૂપ હાલની પરિષદ્‌થી જુદા પ્રકારનું હતું તેમાં તો રાજા નહિ અને બધા જેવા આ મંડળનું નામ પરિષદ નહોતું. સંઘ કહેતા હતા, પોતાના અધિકારનો સંઘ કરવો ઇત્યાદિ તે સમયમાં ઉપસ્થિત થાય તેજ એ સંઘનું કાર્ય હતું. મુ. આ પરિષદ

૭. પું. રાશિ; ઢગલો.

૮. પું. વસ્તિક મંડળી; સહકારી સમાજ.
પ્રો ફ્રેસર ખરાબે જણ તથા સંઘ શબ્દનો અનુવાદ વસ્તિક મંડળી તથા સહકારી સમાજ કર્યો.
પ્રબો.ન

૯. પું સમદ્રિત અને વ્યવસ્થિત સમુદાય મહાવીર સ્વામીએ ચાર અંગોને સંઘ તરીકે સ્થાપ્યાં. તે ચાર અંગ આ મુજબ છે: (૧) સાધુ, (૨) સાધ્વી, (૩) શ્રાવક અને (૪) શ્રાવિકા. વૈદિક ધર્મમાં સન્યાસી સ્ત્રીઓ છે પણ સ્ત્રી સંન્યાસિનીઓને માટે તેમાં કોઈ વ્યવસ્થા નથી જ્યારે મહાવીર સ્વામીએ તો સ્ત્રીઓ માટે પણ સંઘ સ્થાપ્યો. અને તે પણ તદ્દન સ્વતંત્ર. જરૂર પડે તો સાધુઓ મદદ કરતા પણ એની બધી વ્યવસ્થા સ્ત્રીઓ જ કરતી. કોઈ જૈન મત, ઋષિ એટલે ઋદ્ધિધારી મુનિ, યતિ એટલે ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર મુનિ, મુનિ એટલે જેને અવધિ અને મનઃ પર્યવજ્ઞાન હોય તે અને અનાગાર એટલે ઘર છોડી ગયેલ સાધુ એ ચાર જાતના મુનિના સમૂહને સંઘ કહે છે

૧૦. અ. (પ્રાકૃત) સર્વત્ર; સર્વત્ર.
તેલુઈ વિચારિલ બોલચદ,
કૃષ્ણ ઉતાવો કીસે સંઘ.
આનંદકાવ્યમહોદધિ

સંઘઅવર્જવાદ પું (જૈન) અનુચિત સંઘના મિથ્યા દોષો પ્રકટ કરવા તે.
સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચાર પ્રકારના સંઘના મિથ્યા દોષો પ્રકટ કરવા તે **સંઘઅવર્જવાદ.** તત્ત્વાર્થસૂત્ર

સંઘક વિ. પક્ષનું; સંઘનું.

સંઘગણ [સં.] પું. (જૈન) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થનો સમુદાય

સંઘચર [સં.] વિ સાથમાં રહેવાની ટેવવાળું; યૂથચારી; સમચારી; ટોળે રહેવાની ટેવવાળું; એકલસૂરું ન હોય તેવું

સંઘચારી જુઓ સમચર

સંઘટ ૧. વિ. ખીચોખીચ.
જણાય નહિ જન્મ સંઘટ પેઠા ગાડા.
કૃષ્ણરામ
૨. વિ. જેનો અવાજ સાંભો અને ગાતાં કોઈ પણ વખત બેસી ન જાય તેવો હોય તેવું. તે ગાયક માટે વપરાય છે

સંઘટક સ વિ જુદાને ભેગું કરનારું; કંપોઝર, ઍકીકરણ કરનારું; સ્પ્લેયક.
સ્વદેશભક્તિની જે આજકાલ નવી ભાવના આવી છે એ સુધારાના બળ તરીકે જેવી તેવી શક્તિ નથી Reason અને Conscience કરતાં વધારે મૂલ પ્રબળ વધારે સુધારા અને અવતાર શક્તિ છે અને વિરોધમાં એ સંઘટક શક્તિ છે
અંબિકાદત્ત નવલરામ

સંઘટન [સં.] ન સમઠન

સંઘટના સ્ત્રી સઘટન કરવું તે.
જે સંઘટનાને અર્થાર્થે આપણું જીવન કરવું અને ખોરાકું થઈ જાય છે. આપણો ધર્મ

સંઘટિકા સ્ત્રી. ચેરવાઓની દલાલ સ્ત્રી.

સંઘટિત વિ. એકત્ર થયેલું; સમહિત; એકત્રિત.
ગુજરાતમાં પણ આવું કામ કરી. ગજાનનભાઈ ઇદ્રજિતના વિરહથી આવું આવ્યું છે પણ સંઘટિત પ્રયત્નો એકાદ રાષ્ટ્રીય સંસ્થા દ્વારા થવાની જરૂર હતી. કાલેલકર

સંઘડ્ડ ૧. પું. ચક્ર; પૈડું
૨. પું. (જૈન) બીજા નર્કનો છઠ્ઠો નર્કાવાસો.
૩. [સં.] પું. મિલન; સંયોગ.
૪ પું. સમર્પણ
૫. પું. સસર્ગ
૬. પું. સામસામા ઘસવું તે; સામસામા અથડાવું તે, સંઘર્ષ.
૭. વિ. ભિડાયેલું, સજ્જડ બેસેલું.

સંઘડ્ડન ૧. ન. એકત્રતા.
નવાં નવા સંસ્થાનનું સંઘડ્ડન કરવાની પ્રજા લોક હિમાયત કરે છે. મ. ૨. મહેતા
૨ ન. (જૈન) ઘસરો
૩. [સં] ન મિલન; સંયોગ; મેળાપ; ગાઢ સયોગ.

વૈશેષિકોના કહેવા પ્રમાણે પરમાણુઓમાં અવયવ પ્રદેશ નહિ હોવાથી તેમની વચ્ચે સંઘડ્ડન બનતું નથી. કોલાલ રાણે
૪. ન. રચના; બનાવટ.
૫. ન. સંગઠન.
૬. ન. સઘટ્ટ થવું તે; અથડાઈ રહેલું હોવું તે; સજ્જડ થઈ રહેલું હોવું તે.
૭. ન. સંઘર્ષણ.
૮. ન. (જૈન) સ્પર્શ.

સંઘન પું. (જૂ શ્રુ) સિંહ.
મારા વનને ઉદક પહા, સ્વામક વામ સંઘન તહા.
નાકર

સંઘપતિ ૧. પું. બૌદ્ધમઠનો ઉપરી; સંઘમાં શ્રેષ્ઠ
સંઘપતિ દેસલપુત્ર બધિસુ, ચરિત સમણસહ અ.
સંઘપતિ સમરસિંહરાસ (સં. ૧૩૭૧)
૨. પું. સમુદાયનો ઉપરી

સંઘબલ જુઓ સઘબળ.

સંઘબળ ન. સાથે મળીને કામ કરવાનું બળ; સમુદાયનું બળ; સંઘનું કે સઘ બનવાથી નીપજતું બળ; સગઠન બળ; સામુદાયિક બળ.

સંઘભાવના [સં.] સ્ત્રી. સઘશક્તિ કે સમૂહ બળનો અભાવ; એકજ જાતિ કે એકજ દેશનાં હોઈએ અને એકના હિતમાં મહું હિત છે એવું ભાન.

સંઘભાષા સ્ત્રી. સઘની ભાષા; રાષ્ટ્રભાષા. હરિજનબંધુમાં કહ્યું છે કે: સસ્કૃતમયી ભાષાને સઘભાષા અથવા રાષ્ટ્રભાષા બનાવવામાં એ વસ્તુ બનવાનો સંભવ છે. બોલવામાં સરળ હોય તેજ રીતે સામાન્યપણે ચાલે છે. તેથી જુદી જુદી વધારેમાં વધારે દેશી ભાષાઓના સામાન્ય અને સહેલા શબ્દો રાષ્ટ્રભાષામાં લઈ લેવામાં આવે તો સારુ.

સંઘભેદ [સં.] પું. સઘમાં ફાટફૂટ પાડવી તે.
સમ્યક્ દૃષ્ટિ બ્રાહ્મણ બનાવે હારે માતૃઘાત, પિતૃઘાત, આર્હદ્‌વધ, તથાગતને જખમી કરવા, સંઘભેદ અને બુદ્ધોત્પાદ ગુરુની ઘાતિ આ ૭ વસ્તુઓ પછી અરાહમ થાય છે. બુદ્ધનિર્વાણ

સંઘમંત્રી પું. સંસદમત્રી; પૌરમંત્રી.

સંઘમાનસ [સં.] ન જનસમુદાયની માનસિક વૃત્તિ; ' માસ સાઇકોલોજી '.
બધા સંઘોનું **સંઘમાનસ**-માસ સાઇકોલોજી એક જાતનું નથી હોતું. બળવંતરાય ઠાકોર

સંઘમાલિકીવાદી પું. ધનસમાનતાવાદી.
મૂડીવાદ Capitalism. ઉદ્યોગપ્રધાન Industrialism, ધનપતિ Plutocracy. ભૌતવાદીઓ Physiocrats. સઘમાલિકીવાદીઓ Communists.ધનસમાનતાવાદીઓ Socialists

ઉલ્લા બે વાદના સંમિશ્રરૂપ **સંઘમાલિકીવાદી** અને ધનસમાનતાવાદીઓ Socialists એમની વચ્ચે ધનવહેંચણીને કાજ મહાયુદ્ધ મંડાયાં. મુરોપમા વારંવાર રોહિત સરિતાઓ વહી રહી, ને હજી યે વહે છે. નાનાલાલ

સંઘમિત્રા સ્ત્રી અશોક રાજાની એ નામની દીકરી. તેણે બૌદ્ધ ધર્મના ફેલાવા માટે લંકાના અનુરાધાપુરમાં જઈ બુદ્ધ ગયાના પીપળાની ડાળી વાવી હતી. લંકામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર તેને આભારી હતો.

સંઘમિત્રા એટલે અશોકદેવના હૈયાની મોરીમાળા. વડવૃક્ષને વળગી હોય એવી અશોકદેવને **સંઘમિત્રા** વળગી છે. મેઘાડમ્બર ચીતર્યા વિના મેઘમલ્હારની રમ્યતા ચીતરાય તો અશોકદેવને અદ્વિતીયમેઘ ચીતર્યા વિના સંઘમિત્રાની ધમરેખા ચીતરાય. ચંદ્ર વિનાની ચંદ્રિકા ન હોય સંઘમિત્રાની હાજરી લીલાકલ. વે અશોકદેવની ચિત્રકથા વિના ન સમજે નાનાલાલ

સંઘયણ ન. શરીરનો બાંધો

જે વડે શરીરના અવયવો તેમજ હાડકાંઓ વિશેષ મજબૂત થાય તે **સંઘયણ**. ઉત્તરાધ્યયનસૂત્ર

સંઘવાદી જી. સંઘને લગતી વાદી. હિંદની સંઘવાદીની અંદર નવા બંધારણને પોરણે હજી કલમોનો સમાવેશ થાય છે. તેમાં દર્શાવેલી કોર્ટ પણ બાબત અંગે કાયદો ઘડવાની પાર્લમેંટને વિશેષ સત્તા છે. સંઘવાદીમાં મુખ્યત્વે: રેલવે, યુદ્ધ અને શાંતિ, સંધિ અને કરાર, આંતરરાષ્ટ્રીયકરાર, સયુક્તસાર્વાસસ્થા, વહાણવટું, એલચીખાતું, પરદેશખાતું, ચલણવિદ્યા, પરદેશી હુંડિયામણ, વિમાનમાર્ગો, શસ્ત્રો અને દારૂગોળો, બૅંકિંગ, તાર ટપાલ અને ટેલિફોન, બંદરો, જકાત, તેલનાં ક્ષેત્રો, અણુશક્તિ, નોંધણી, ભૂમિદળ અને હવાઈ દળનો સમાવેશ થાય છે

સંઘર ૧. સ્ત્રી. કચ્છ તરફ રહેતી ખલાસીનો ધંધો કરતી એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

સંઘરણી જુઓ સંગ્રહણી

સંઘરવું ૧. સ. ક્રિ. આગ્રહ આપવો

૨. સ. ક્રિ. એકઠું કરવું; ભેગું કરવું; જમા કરવું

૩. સ ક્રિ. બચાવી રાખવું, આગળ કામ આવે તે માટે એકઠું કરી સંભાળી રાખવું; જાળવવું; જતન કરીને રાખી મૂકવું.

૪. સ ક્રિ. પોતાની અંદર લેવું; સમાસ કરવો.

૫. સ. ક્રિ. સંતાડવું; છુપાવવું.

૬ સ. ક્રિ. સ્મરણમાં રાખવું.

સંઘરા જી. શરીરમાંથી લોહી ફ્રાવવું તે; ફ્રસ ખોલાવવી તે.

સંઘરાખોર વિ. જરૂરથી વધારે પડતું સંઘરી રાખવાની વૃત્તિવાળું

સંઘરાખોરી સ્ત્રી સંઘરાખોરની વૃત્તિ; 'હોર્ડિંગ'.

સંઘરાજકા ૧. સ્ત્રી. વાલ્હિકાની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

સંઘરો [સં. સગ્રહક–સંગ્રહઉ–સઘરો] પુ સંગ્રહ; સગ્રહેલી વસ્તુઓનો જથ્થો; સચય; જમાવ.

સંઘર્ષ ૧. પુ. એકબીજાથી ઘસ્યા કરવાનું તે

૨. [સં.] પું. કલહ; ઝગડો; વાદવિવાદ; તકરાર

૩. પું. ધીરે ધીરે ચાલવું તે; ટહેલવું તે.

૪. પુ. પ્રતિપક્ષીની સામે પોતાની વડાઈ બતાવવા કહેવામાં આવતું અહંકારસૂચક વાક્ય.

૫. પુ. બે વસ્તુઓનું ઘસાવું કે અથડાવું તે; પરસ્પર ઘસારો.

૬. પું. સ્પર્ધા

સંઘર્ષણ જુઓ સંઘર્ષ.

સંઘવાદી ૧. [સં.] પું. વ્યાપારી સમાજનો એક સભ્ય.

૨. વિ. ઐક્યવાદી; સમૂહવાદી.

૩. વિ. મર્યાદિત રાજ્યવાદી.

સંઘવિગ્રહિક [સં.] વિ. સંઘની સામે વિગ્રહ કરનાર.

સંઘવી ૧. [સં. સંઘપતિ–સઘપઈ– સઘવી] પું. સઘપતિ; સંઘ કાઢનાર; યાત્રાળુઓનો નેતા.

ઋષભદાસના પિતાશ્રી સામલે પણ **સંઘવી** તરીકે ખ્યાતિ મેળવી છે. મુ. સા પરિષદ

૨. સ્ત્રી. દશા શ્રીમાળી વાણિયાની એ નામની અટક

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

સંઘવૃત્તિ [સ.] સ્ત્રી. યૂથવૃત્તિ

સંઘવ્યાયામ [સં.] પું. સમૂહનો સાથે થતો વ્યાયામ.

સંઘશક્તિ [સં] સ્ત્રી સામુદાયિક શક્તિ, પ્રજાની એકત્રિત શક્તિ; સંગઠન, સમાકનશક્તિ; સાથે મળીને કામ કરવાની શક્તિ.

સમર્થે ભગવતિના આ મારી વિનતિ એટલી,
સંઘશક્તિ ભલેનોએ ખૂબ કેળવની રહી
બાબીગીતા

સંઘશઃ ૧. [સ] અ. ઘણું જ

૨. અ ટોળે ટોળે.

ઘણા ખરા દેવા સઘશ અથવા ગણશઃ રહેતા હતા એટલે એમને ગણદેવ પણ કહેવામાં આવતા હતા. નર્મિતવડાગરાગ્રામ

સંઘશાસન [સં.] ન. સમવાયતંત્ર, સમવાયતત્ર; સયુક્ત રાજ્યતંત્ર; 'ફેડરેશન

સંઘસત્તાક [સ.] વિ. સત્તા સઘના હાથમા હોય એવું તે તત્ર વગેરે માટે બોલાય છે.

સંઘાટ્ય ન. પટ્ટા કે કશેરા કરવાનું સોનીનું કામ.

સંઘાટી સ્ત્રી. (બૌદ્ધ) બૌદ્ધ ભિક્ષુકનું ઉપરણું; ચીવર

સંઘાટી (ચીવર) ઓઢીને, મુકુલ કરીને શાતચિત્ત, ગૃહ રહિત, હું લોકોમા ફર્યા કરું છું.
સુત્તનિપાત

સંઘાઠ (સઘાડ) ૧. [પ્રા. સઘાટ] પું. બેની જોડી; જોડલું.

૨. પું. સઘાડો.

સંઘાડિ (સઘાડિ) [પ્ર. સઘાટી] સ્ત્રી. પછેડી

સંઘાડિયાવાડ (સઘાડિયાવાડ) [સઘાડિયો + સં. વાટ (વાડો)] સ્ત્રી. શહેરના જે ભાગમાં સઘાડિયાઓ વસતા હોય તે; સંઘેડિયા લોકોનો વસવાટનો ભાગો; ચોરાસી મહોલ્લાનું એક ચૌટું.

સંઘાડિયો (સઘાડિયો) પું. સંઘાડાથી લાકડાં ને હાથીદાંત વગેરેના ઘાટ ઉતારનારો મનુષ્ય; સઘાડો ચલાવનાર માણસ; ખરાદી.

પાટણના પટોળાં વણનારાઓ અને સંઘેડાના **સંઘાડિયાઓ** એટલા સાકડા વિચારના હોય છે કે, તેઓ પોતાનો ધધો પોતાની દીકરીઓને પણ શીખવા કે લેવા દેતા નથી કે રખેને તેમની મારફતે તે કારીગરી પોતાના વેવાઈના કુટુબમા જતી રહે. ગાંધી મનુભાઈ

સંઘાડો (સઘાડો) ૧. [સં સઘટને; અપ. સઘડઈ] પું. (જૂ ગુ.) જૈન સાધુ સાધ્વીઓનો સમુદાય; સંઘ; જૈનમતના એક મુખ્ય સાધુની આજ્ઞા પ્રમાણે ચાલનારો સાધુસાધ્વીનો સમુદાય; લોકાગચ્છી જૈનના હિરદાઓના ભાગ; જેમકે, લીંબડી સઘાડો, ગોંડલ સઘાડો; સઘાણી સંઘાડો વગેરે.

આપણે ત્યાં સમુદાય સંઘાડાનું પ્રતિબિંબ મુખી કુટુબપર સમાજનું ચૈતન્યાત્મીતુ ચૈત્ય જે વટ કલ્પવાવૃક્ષ વાટી સઘબાહ્ય કીધું. પુરાતત્વ

૨. [સ. સઘટ] પું સઘરડો; હાથીદાંત અને લાકડાં વગેરેની ગોળ ધાર ઉતારવાનું યંત્ર; ચરખા; ભમિ; ખરાદ; 'લેથ'

સઘાડે ઉતારવું-ચડાવવું = સઘાડા વડે તૈયાર કે ચમકતું કરવું.

સંઘાણી ૧ સ્ત્રી. દશામાંમાળી વાણિયાની એ નામની એક અટક.

૨ ન. એ નામની અટકનું એક માણસ.

૩ વિ. એ નામની અટકનું.

સંઘાત ૧. [સં. સમ્ + ઘાત] પું. અણુઓનું મળવું તે; શરીરનાં તત્ત્વોની એક બીજાની સાથે સહકાર કરવાની શક્તિ

સૂક્ષ્મત્વ પરિણામની નિવૃત્તિપૂર્વક સ્થૂલત્વ પરિણામની ઉત્પત્તિ કેવળ **સંઘાત** એટલે અણુઓના મળવા આવથી જ થતી નથી અને કેવળ ભેદ એ...થી કે અણુઓના જુદા થવાથી પણ થતી નથી. તત્ત્વાર્થસૂત્ર

૨. પું. ઇંદ્રિયોનો સમૂહ; દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ તથા મનનો સમૂહ કે સમુચ્ચય; મન, બુદ્ધિ, ચેતના, જડ દેહ વગેરેનો સમૂહ. બાળગંગાધર ટિળક કહે છે કે: મન, બુદ્ધિ, ચેતના, જડ દેહ, એ વગેરે જે તત્ત્વોનો ક્ષેત્ર એ શબ્દમાં સમાવેશ કરવામાં આવે છે, તે સર્વેના સમ્મેલનને એટલે સમુચ્ચયને ' હું ' એમ કહે છે. પણ લાકડાં ઉપર લાકડાં ગોઠવવાથી કંઈ પેટી થતી નથી; તેમ બહિરાગનાં સર્વ ચક્રો એક ઠેકાણે ગોઠવવાથી કંઈ ગતિ ઉત્પન્ન થતી નથી, એ પ્રમાણે પ્રત્યક્ષ જોઈએ છીએ. એટલે કેવળ સંઘાતથી કર્તૃત્વ આવે છે એમ કહી શકાશે નહિ. ક્ષેત્રનો સર્વ વ્યાપાર કેવળ ગાંઠા સરખો ન થતાં, તેના કાંઈ વિશિષ્ટ ધોરણ અથવા હેતુ હોય છે એમ કોઈને કહેવાની જરૂર નથી. સંઘાત એટલે કેવળ જોડાયેલો સમૂહ. સર્વ પદાર્થ એકત્ર કર્યા પછી પણ તેમને એકતંત્ર કરવા માટે તેમાં દોરો વગેરે વાપરવો પડે છે, નહિ તો તે ફરી કોઈ વાર ગમે તે વખતે વિખેરાઈ જવાના.

૩. પું. બાબતોનો એક સાથે જમાવ તે; સમૂહ; જથ્થો, સમુદાય; એકઠા થવું તે; સાથે ભળવું તે; સંપૂર્તિ; જુદા જુદા ટુકડા મળીને એક થઈ જવું તે.

૪. [સં. સમ્ (સારી રીતે) + ઘાત (પ્રહાર)] પું. મારવું તે; હનન; વધ કરવો તે; વધ; આઘાત; ઘા; ઘાત.

૫. પું. શરીરનો સ્થૂળ ભાગ, પાંચ ભૂતોનું બનેલું આ શરીર (સ્થૂળ) મૃત્યુ પછી તેમાંથી સૂક્ષ્મ શરીર નીકળી ગયા બાદ જે સ્થૂળ ભાગ પડી રહે છે તે સંઘાત કહેવાય છે.

જીવ પણ **સંઘાતથી** છૂટો પડે ત્યારે જ સાક્ષાત ચિત્તની સામે તેનો સંબંધ થાય છે.

અણુભાષ્ય

૬. પું. (વેદાંત) સમાન ધર્મવાળાઓનો પરસ્પર સંબંધ.

ચિત્તર નિવહ સદેહ ઊહ યૂથ ભાત પ્રબ ભાત,
ચક્ર અનંત સમાજ બહુ સ્વોમ ગ્રામ **સંઘાત**

પિંગળશમુકોષ

૭. પું. સંગમ; વાટના ગોબલી; માર્ગે જતાં વટેમાર્ગુનો સાથ મળે તે; સથવારો.

સંઘાત લેવો = સારી સોબત ખોળવી

૮. ન એકવીસ માહેનું એ નામનું એક પર્વ.

સંઘાત પર્વતના (સંઘાત નામના નરકમાંથી ઉત્પન્ન થયેલો દુઃખરાશી પર્વતના) આઘાતથી બનેલો હું ચિત્તના ધ્યાને ક્ષેમ ન રહું પુરાવત્ત

૯. અ. સાથે. જેમકે, કોની સંઘાત ગયો ?

સંઘાતક ૧. પું. વસ્તુને દ્રવ્ય સ્વરૂપમાં લાવનાર ઉપકરણ; ' કન્ડેન્સર '.

ગરમીથી ચાલતાં બધા યંત્રોમાં એક ગરમીના નમૂનરૂપ ગરમ વસ્તુ તથા **સંઘાતક** (કન્ડેન્સર) અથવા ઠંડી વસ્તુ અથવા ઠંડો ભાગ હોય છે.

વિજ્ઞાનપ્રવેશિકા

૨. [સં] વિ. ઘાત કરનારું; નાશ કરનારું.

સંઘાતજન્ય [સં.] વિ. (જૈન) પરમાણુઓના મળવાથી બનેલું.

ત્રણ, ચાર, સંખ્યાત, અસંખ્યાત, અનંત અને અનંતાનંત સુધી પરમાણુઓના મળવાથી વિપ્રદેશ, ચતુઃપ્રદેશ, સંખ્યાત પ્રદેશ, અસંખ્યાત પ્રદેશ, અનંત પ્રદેશ અને અનંતાનંત પ્રદેશ સુધી સ્કંધ બને છે, તે બધા **સંઘાતજન્ય** છે.

તત્ત્વાર્થસૂત્ર

સંઘાતનામ ન. (જૈન) નામકર્મની બંતાલીસ પ્રકૃતિઓ માંહેની ચૌદ પિંડ પ્રકૃતિમાંની એક. તેના ઉદયથી જીવ આહારવર્ગણા શરીરના બંધારણને માટે પુદ્ગલનો એકઠા કર છે.

પ્રથમ ગ્રહીત ઔદારિક આદિ પુદ્ગલો સાથે નવા ગ્રહણ કરાતાં તેના પુદ્ગલોનો સંબંધ કરી આપનાર કર્મ તે બંધન નામ અને બદ્ધ પુદ્ગલને તે તે શરીરના આકારમાં ગોઠવી આપનાર કર્મ **સંઘાતનામ.** તત્ત્વાર્થસૂત્ર

સંઘાતપત્રિકા [સં.] પું. સુવા; સુવાદાણા જેમકે, તેના છોડમાં તેનાં પાંદડાં ઝીણાં ઝીણાં મુલાયમ ફૂલની માફક જેવાં જેવાં હોય છે તેથી તેને સંઘાતપત્રિકા કહે છે.

સંઘાતપર્વત પું. સંઘાત નામના નરકમાંથી ઉત્પન્ન થયલ પર્વત.

સંઘાતપર્વતના આઘાતથી બનેલો હું ચિત્તના ધ્યાને ક્ષેમ ન રહું. પુરાવત્ત

સંઘાતી ૧. પું. સાથીદાર સોબતી; સંઘાથી, મુસાફરીનો સોબતી; સંઘાત કે સથવારો કરનાર માણસ.

૨. ન. અઢાલક અને ચિંતામણિના બીજા ભાગને આગ મૂકવા માટે વપરાતું લાંબા વાસ જેવું સાધન

૩. ન. એક જાતનું હથિયાર; ઝાંસરના વખતનું લડાઈનું હથિયાર.

સંઘાતે [સં] અ. સંગાથે, સાથે; જોડે; સંઘમાં

સંઘાધિપ પું. સંઘનો અધિપતિ; સંઘરી; સંઘી; સંઘપતિ.

ઐહિક ચરિત્ર (ઐહિક ચરિત્ર) જયમિત્ર હલ્લરાજ ' સિરિ વરમાણ કવ્વ'માં અંતર્ગત છે તે અપભ્રંશ ભાષામાં છે તેમાં જ્યાં જ્યાં પ્રત્યેક સંધિ સમાપ્ત થાય છે. તેના છેલ્લા ધત્તા છંદમાં ' હરિદેવ ' એ કવિનું અંકિત નામ આપેલું છે, તે **સંઘાધિપ** (સંઘરી–સંઘી) હોવાનું માને–હોવું માટે રચેલું છે.

ગુ. સા. પરિષદ

સંઘાર [સં. સંહાર] પું. નાશ; સંહાર.

સકલ **સંઘાર** જ પામે. વિષય સબળી કાળી રે.

નરસિંહ મહેતો

સંઘારણ વિ સંહાર કરનાર. નાશકારક

કુલ **સંઘારણ** નામજ બોલ્યું, એમ થયું કઈ ન જાણે.

પ્રેમાનંદ

સંઘારવું [સં. સમ્ + હ (હર્ષ લેવું)] સ ક્રિ. સંહારવું; નાશ કરવો; મારી નાખવું. કતલ કરવી; હણવું

પહેલી આ સેના **સંઘારે** વળી તે બધને મારે.

ઈનો

સંઘારામ ૧. [સં સંઘ + આરામ] પું. બૌદ્ધ સંઘનું ચિત્ત નિરંતરનું; મઠ; વિહાર; સંઘાલય. ૨ પું મુસાફરખાનું; યાત્રાળુઓ. માટેની બીજી, મઠનો ઉતારો કે આશ્રમ.

સંઘાસણ ન. સિંહાસન.

નાવડીના બોરડાએ પાનડીયા, **સંઘાસણ** પધરાવો.

નરસિંહ મહેતો

સંઘાસન ન. (જૂ. ગુ.) સિંહાસન.

આવે આવે ભાણુડ દલ ઘોડલ,
જઈ **સંઘાસન** બઈઠક.

કાન્હડદેપ્રબંધ

સંઘી ૧. વિ. ગણી; ગણ્યાગાંઠ્યું; તીર્થંકર.

સંઘી, ગણી, ગણ્યાગાંઠ્યું ને તીર્થંકર આ વિશેષણો તીર્થંકરને લગાડાય છે. પુરાવત્ત

૨ વિ. સંઘના નિયામક; સંઘપતિ; સંઘવી.

સંઘીય ૧. [સં.] વિ. સંઘને લગતું.

૨. વિ. સંઘ પદ્ધતિવાળું.

સંઘેડિયું (સંઘેડિયું) વિ. સંઘાડાથી ઉતારીને બનાવેલું

સંઘેડી (સંઘેડી) સ્ત્રી એક પ્રકારનું સુથારી ઓજાર

સંઘેડો જુઓ સંઘાડો ૨.

સંઘોડે (સંઘોડે) અ. સંઘાથે, પાસે પાસે.

સંચ ૧. [સમ + ચિ (એકઠું કરવું)] પું. બેઠકમાં તમામ સાધનો.

બેઠકના સાધનોને **સંચ** કહે છે

ખેતીવાડી પાઠ્યપુસ્તક

૨. પું. ગુપ્ત કરામત કે ગોઠવણ; કરામતી યોજના કે યુક્તિ; બીજાને ઝટ સમજણ નહિ પડે એવી કરામત કે યત્નકળા.

૩. પું. છળ; દગો; પ્રપંચ

સંચ તને મારવા તણો મેં તો કીધો મૂઢ.
પ્રેમાનંદ

૪. પું. ધન વગેરે છુપાવવાનું ગુપ્ત સ્થાન; ગોખલો; ગોબખ; ગુપ્તસ્થાન; ભીંત કે પાટિયા વગેરેમાં રાખેલું ગુપ્ત બાનું.

પંચધાતુની પેટી પણ એક ઓરમાં મૂકી સંચ.
વલ્લરાજ

૫. પું. લાગ; દાવ.

નહિ આવે સંચ ફરી. પ્રેમાનંદ

૬. પું. સંચય; સમૂહ.

સપ્ત મહી આકાશ પંચ, ઉદ્ભવતિ કર્મના પૂરણ સંચ.
વલ્લમ

૭. પું. સામાન; સરસામાન.

સંચકવું સ. ક્રિ. સચવાઈ રહે એવી રીતે એકઠું કરવું; સંચવાય અને ભેગું થયા કરે એવી રીતે સભાળીને રાખવું; સંચવું, ભેગું કરવું; સાચવી રાખવું; ભેગું થાય તેમ એકઠું કર્યા કરવું; ભરાવો કરવો.

સંચકાવું જ. ક્રિ. ભેગું કરાવવું; સંચકવાનું કર્મણિ.

સંચખર ૧. જ. સરસામાન રાખવાનો ઓરડો.

૨. જ. સગવડો રાખવાનો ઓરડો.

સંચય [સં. સમ્ (સારી રીતે) + ચય (એકઠું કરવું તે)] પું. અંબાર; ઢગ; જમાવ; સંગ્રહ; જથ્થો; સાચવી રાખેલી અને એકઠી કરેલી ચીજોનો મોટો એકત્ર ઢગ કે સમૂહ; સભાળી એકઠી કરેલી વસ્તુઓનો રાશિ કે ઢગલો.

આશા પાશ શતેથી બદ્ધ થઈને કામી મનના ક્રોધમાં,
ઇચ્છે સંચય કામ ભોગ અરથે અન્યાયથી દ્રવ્યના.
જ્ઞાનિહારી મીતા

સંચયકોષ [સં.] પું. સંચય ભાખા; ઉપાય ખાતાની જમાત પેઠી, ' પોસ્ટલ સેવિંગ્સ બેંક '

સંચયમંચ પું. સંગ્રહમય.

અભ્યાસીઓના આદરપાત્ર ને ઉપયોગપાત્ર સંચયમંચ પૌરાણિક કથા કોયના ત્રીજા ભાગ ઉપરાંત બે ભાગાંતર થયો – રોમ અને ચિરંજીવ સ્વાતંત્ર્યના ઇતિહાસો ચતુરંગુલ્લર સોસાયટીએ ગત વર્ષે આપ્યા છે. કૌમુદી

સંચયધનધાની જુઓ સંચયકોષ.

સંચયનિધિ જુઓ સંચયકોષ.

સંચયપીઠ જુઓ સંચયકોષ.

સંચયભાખા જુઓ સંચયકોષ.

સંચયાધિકારી [સં.] પું. સંભાળનાર; સાચવો; ' કલેક્ટર '

સંચયોત્તેજક પેઢી સ્ત્રી. બચત જમા રાખવાની બેંક. આ બેંકમાં ગરીબ માણસ પોતાની બચત રકમ જમે રાખે છે

સંચર ૧. પું માણસની હાર વચ્ચે જવાનો માર્ગ કે રસ્તો.

ચર્મે અન્વા સરણિ પંથ સંચર પાદવિહાર,
મગ રસ્તા બેઠા હરો ભાતુર નંદકુમાર
વિજ્ઞાનકોષ

૨. [સં.] પું. સંચાર; વિકાસ.

૩. પું. હાલચાલનો અવાજ; ખખડવ; ધીમો અવાજ

સંચરણ ૧. જ. પ્રસરણ; ફેલાવો.

પૃથ્વીના સૂર્યની આસપાસની ગતિના ઉત્તરોત્તર બદલાતા જતા વેગની ગતિમા પરસ્પરતા જતા મનુષ્યની દૃષ્ટિમા ત્રિકારાના સંચરણનો યા પ્રસરણનો જે ભેદ માલમ પડતો નથી તેનું કારણ એ છે કે, દેશ અને કાળ વેગની અપેક્ષાએ બદલાતા રહે છે સત્યમીમાંસા

૨. જ સંચાર કરવો તે.

એના એ પ્રદેશમા સંચરણ કરવું હવે અનવરયક કે ઇષ્ટ નથી. ગુ. સા. પરિષદ

સંચરનાર વિ. ફરનાર; જનાર; હલનચલન કરનાર.

સંચરવું ૧. [સં. સમ્ + ચર્ (જવું); આપ સંચરઈ] સ. ક્રિ. અંદર દાખલ થવું; આપી જવું; પ્રવેશ કરવો.

૨. અ. ક્રિ. ચાલતું થવું; એક સ્થાનેથી બીજા સ્થાને જવાને ગતિ કરવી; જવું.

૩. સ. ક્રિ. સંચય કરવો; રાખી મૂકવું; એકઠું કરવું

૪. જ. ક્રિ. સંચારવું; છાપરાનાં નળિયાં ફેરવવાં.

સંચરાઈ જુઓ સંચરામણી.

સંચરામણ જુઓ સંચરામણી

સંચરામણી સ્ત્રી. સંચરાવાની મજૂરી, સંચરામણ; ચણામણ; નળિયાં ચણામણી, પાણી ઝરે નહિ તે માટે છાપરાનાં નળિયા ફેરવવાની મજૂરી કે લવાજમ સવત ૧૫૮૬ના ધરાણિયા લેખમાં પણ મયાળુ સરકૃત ભાષ.મા બાંધી તેમાની વિકત ગુજરાતીમાં આપવામાં આવેલી છે. એનો નમૂનો આ નીચે અવતરણ તરીકે આપવામાં આવેલ છે. તે આ પ્રમાણે છે

એ ઘર પડઈ આગડઈ રાજકિ દેવકિ લાગઈ તે તથા નલિયા ખોડિ બલી ઓડાવવા સર્વ ચરતી આપઈ સંચરામણી ચણનહારની, અં લગઈ ટકા આઠ સહિત્ર ચિરોતર આપઈ તિહારઈ ઘટ છે. તાં લગઈ ભાઈ ૭ પદમા રંગ ઉદ્ધરકાણ વસઈ વાણઈ. ભાખતી અવધિ વરિષ ૫ ની. વરિષ પાચ પછી ઓડવઈ વગેરે. ગુ. સા. પરિષદ

સંચરાવવું સ. ક્રિ. પાણી ઝરે નહિ તે માટે છાપરાનાં નેવાં બરોબર ગોઠવાવવાં; ચણાવવું; નળિયાં ફેરવવા

ધરણ વલત બાડા અમે નલિયાં ધરનો હૈનાર
સંચરાવિ ચોટો ધાલિ.
સં. ૧૭૫૫નુ ખતપત્ર

સંચલ ૧. [સં.] પું એક જાતનું મીઠું, સજીખાર.

૨. પું. કંપારી

૩. પું. પ્રેરણા; જ્ઞાન; અગમચેતી.

મરણ તણો મને સંચલ થયો,
અંતકુમર મેં સપન લહ્યો
અજુનવાહન આખ્યાન

૪. પું. યુક્તિ પ્રયુક્તિ

તારી ધરમા પાખડી, સંચલ સર્વ લહે સામળી.
પ્રેમાનંદ

સંચલન ૧. [સ.] જ. આમતેમ ફરવું કે જવું તે; એક સ્થાનમાંથી બીજા સ્થાન તરફ ફેરફારી કરવી તે; ફેરફાર.

૨. જ. આંદોલન; હિલચાલ; ચળવળ; ' ઓસિલેશન '

દક્ષિણ આફ્રિકાના સંચલનમાં આપીએ એ સિદ્ધાત સામાન્યિક બલ તરતે જ પ્રેરક થયો છે. પ્રસ્થાન

૩. જ. કંપન.

૪. જ. ફેરફાર; નવીન ઘટના.

ગુજરાતના સંચલનો સારે સંપર્ક રાખી શકયો છું નરસિંહરાવ

૫. જ. વ્યવસ્થા; કામકાજ

આ બેમાથી એક વરૂપ આ નવીન સંચલનનો સંભવી શકે. નરસિંહરાવ

સંચલિત [સં.] વિ. ચાલતું; ચાલુ.

ગ્રીઓના ધારા પ્રમુખપદ વખતે વક્ષ:સ્થળ નખારે સંચલિત થાય છે.
અભિનવ કામલોક

સંચવું ૧. જ. ક્રિ. ઊંચું મૂકવું.

૨. [સં. સમ્ (સારી) + ચિ (એકઠું કરવું)] જ. ક્રિ. એકઠું કરવું; ભેગું કરવું; સંચય કરવો; સંધરવું; જમાવવું; મેળવવું, સચવાઈ રહે એવી રીતે એક ઠેકાણે એકઠું કરવું; સભાળીને રાખી મૂકવું.

દુનિયા ધનના ઢગલા સંચેછે,
દેવ ધનના ઢગલા રી નથી સંચતી ?
સંપમિત્રા

૩. જ. ક્રિ. સિંચવું; ઢગલો કરવો

સંચસાંઠો પું. ખેડૂતનું રાચરચીલું; ખેતીનાં સાધનો

સંચળ ૧. [સ. સૌવર્ચલ (સુવર્ચલ દેશમાં થયેલું)] પું. એ નામે એક જાતનો ક્ષાર; ઔષધિમાં પડતું મીઠું; માજીખાર અને

સરોખા.ની એક જાતની બનાવટથી બનેલો પદાર્થ સંધિવા અને વાયુ વગેરેના અનેક દરદો પર તે દવા માટે વપરાય છે. પંચલવણ કે બે કૃત્રિમ લવણમાં તેની ગણતરી થાય છે. કોઈ વળી તેને આઠ જાતના લવણમાં જણાવે છે. હિંદીમાં તેને કાલાનિમક કહે છે. મરાઠી લોકો તેને પાદેલુણ કહે છે. સંચળની અંદર બધાં લવણ કરતાં અપાન વાયુનો મોહ કરવાનો ગુણ વધારે રહેલો છે. મીઠા સાથે થોડો સાજીખાર ભેળવી ભઠ્ઠીમા તેનો રસ કરી તેને ઠારવાથી તે બને છે. તે દીપક, પાચક અને વાતહર તરીકે ૨૦થી ૪૦ ગ્રેનની માત્રામા ચૂક, આફરો, ગુલ્મ, ઇલાદિ ઉપર અપાય છે.

૨. પું. સચાર; ખખડાટ; પસરવ; હાલચાલ; હલનચલનનો ધીમો અવાજ.

સચાર થયો = ખખડાટ થયો; કઈ અવાજ થયો; કોઈનું આવવું થતું હોય તેવો અવાજ આવવો.

સંચળખાર પું. એક જાતનો ખાર; સચળ.

સંચા સ્ત્રી. એ નામની એક દેશી રમત. તે પંદરાદ તરફ રમાય છે.

સંચાઘર પું. કારખાનું.

સંચામણ ન. સમરામણ; મચરામણ.

ગ્રીનું દેવાદાર થઈ ગયો, ગોયું પર સંચામણ પડ્યા. સામળ

સંચાયક વિ. સચય કરનાર; સમાવક; 'એકયુમ્યુલેટર.'

સંચાર ૧ પું. આગમન.

૨. [સં. સમ્ + ચર (ચાલવું)] પું. આમતેમ ગતિ કરવી તે; આવજા કે અવરજવર, ગતિ; અદીતદી ફરવું તે;

સચાર કરવો = આવજા કરવી.

૩. પું. (સંગીત) આલાપનું સ્થાન.

૪. પું. ચલાવવું તે; પ્રેરવું તે.

૫. પું. દાખલ થવું તે; અંદર જવું તે; પ્રવેશ; ગમન; સચારણ

૬. પુ. નળિયાં ચણવા તે

૭ પુ પગરવ.

૮. પુ. ફેલાવો તે; પ્રસાર; વ્યાપી રહેવું તે; ફેલાવો; પ્રસરવું તે.

૯ પુ. ભટકતો જનસમૂહ

૧૦ પુ મુરકેલીથી આગળ વધવું તે.

૧૧ પુ સાંકડો માર્ગ કે રસ્તો.

૧૨ પુ સર્પનુ એક રાશિમાંથી બીજામા જવું તે

૧૩. પું સ્થાન પરિવર્તન; સક્રાંતિ.

સંચારક ૧. [સં.] પું. આગેવાન; નેતા; પ્રેરક.

૨. વિ. સચાર કરનારું; લઈ જનારું ચલાવનારું; દોરનારું.

સંચારકરોગ [સં.] પું. ચેપી રોગ; ઊડતો રોગ

સંચારક્ષેત્ર ન. ક્રમ કરવાનો વિસ્તાર; કાર્યક્ષેત્ર.

સાહુએ આજ્ઞાપત્રનું કહેવું સ્વીકારીને તેના કહેવા પ્રમાણે પોતાના સરદારોને જુદા જુદા ઠેકાણાએ ચોથાઈ-સરદેસમુખીના હક વસૂલ કરવાની આજ્ઞા આપીને તેમને સંચારક્ષેત્ર વહેચી આપ્યુ. મરાઠી રિયાસત

સંચારણ ૧. ન. ફેલાવો.

૨. [સં.] ન. સચાર કરવો તે; પ્રવેશ કરાવવો તે; વહન કરવુ તે; પસાર કરવુ કે લઈ જવુ તે; પારગમન

સંચારવું ૧. સ. ક્રિ. આંજવું.

૨. સ. ક્રિ. ચોમાસાનું પાણી ભળે નહિ તે માટે ઝપરા પરનાં નળિયાં ફેરવીને ઠીકઠાક કરવાં; નળિયાં ચાળવાં; નળિયાં ફેરવીને ઝપરો ઠીક કરવુ

૩. સ. ક્રિ. ચોળવું; મર્દન કરવું.

૪. સ ક્રિ. બધે ફરી વળે કે દાખલ થાય એમ કરવુ

૫. સ. ક્રિ. રેડવું; નાખવું; સિંચવું.

સંચારિકા [સં.] સ્ત્રી. દૂતી; દલાલણ; કુટણી; દૂતિકા; જાસૂસ સ્ત્રી; સ્ત્રીજાતિ મધ્યસ્થ દલાલ; વેસ્યાઓની દલાલ સ્ત્રી.

સંચારિણી જુઓ સચારિકા.

સંચારિત [સં.] વિ. સચાર કરાયેલું; લઈ જવામાં આવતું.

સંચારિતા [સં] સ્ત્રી. ચેપીપણું; ચેપ

સંચારી ૧. [સ. સચ્ચ ન્ત્] પું ગાયન કે રામનો ત્રીજો ભાગ.

૨ પુ ધ્રુપદની ચાર ભાષેની ત્રીજી તૂક

૩. પું. સચારી ભાવ.

૪ સ્ત્રી. (સંગીત) પદના ચાર ભાષેનુ એક ચરણ.

૫ સ્ત્રી. (સંગીત) પ્રબંધનો એક ધાતુ.

આ સ્વરથી અવરા, આ ક્રોસ અને સંચારી એ જેવી રીતે હલના ધ્રુવદ વગેરે પ્રબંધના ધાતુઓ કહેવામાં આવે છે તેવી જ રીતે પદોના પ્રબંધગીતમા જાણવા હતી. પુરાતત્ત્વ

૬. વિ. અસ્થિર.

૭. વિ. આગંતુક.

૮. વિ. ક્ષણિક; ક્ષણભંગુર.

૯. વિ ચચળ.

૧૦. વિ. ચેપી; સાસર્ગિક.

૧૧. વિ કરનાર; ભમનાર

૧૨. વિ. ભટકાર્યા જાય તેવું.

૧૩. વિ. (સંગીત) સ્થાયી, આરોહી અને અવરોહી એ ત્રણેના મિશ્રિત વિસ્તારવાળું. જેમકે, સા. સા. રિ રિ. ગા. ગા. નિ. ધા. વગેરે. તેમા સ્થાયી, આરોહ, અવરોહ સ્વરની એકતા છે.

સંચારીભાવ ૧. [સં. સચારી + ભાવ (ભાવના)] પું. (કાવ્ય) કાવ્યમાં કરેલ રસનિરૂપણનો એક પ્રકાર, રસના ચાર માંહેનુ એક અંગ; જે ભાવ રસમા ઉપયોગી બની જલ્દી તરંગ પેઠે સર્વ રસોમાં સચરણ કરે એને સંચારીભાવ કહે છે તેના તેત્રીસ ભેદ આ પ્રમાણે છે: (૧) નિર્વેદ, (૨) ગ્લાનિ, (૩) શકા, (૪) અસૂયા, (૫) શ્રમ, (૬) મદ, (૭) આલસ્ય, (૮) વિષાદ, (૯) ધૃતિ, (૧૦) મતિ, (૧૧) ચિંતા, (૧૨) મોહ, (૧૩) સ્વપ્ન, (૧૪) વિબોધ, (૧૫) સ્મૃતિ, (૧૬) આમર્ષ, (૧૭) ગર્વ, (૧૮) ઔત્સુક્યતા, (૧૯) અવહિત્થ, (૨૦) દીનતા, (૨૧) હર્ષ, (૨૨) ત્રીડા, (૨૩) ઉગ્રતા, (૨૪) નિદ્રા, (૨૫) વ્યાધિ, (૨૬) મરણ, (૨૭) અપસ્માર, (૨૮) આવેગ, (૨૯) ત્રાસ, (૩૦) ઉન્માદ, (૩૧) જડતા., (૩૨) ચપલતા અને (૩૩) વિતર્ક.

૨. પુ. વ્યભિચારી ભાવ; અસ્થિર ભાવ; રસની ઉત્પત્તિમાં જે સ્થાયી ભાવને પુષ્ટ કરી આવ્યો જાય છે તે ક્ષણિક ભાવ.

કાવ્યમાં ચિરકાળ રહે છે તેવા ભાવને સ્થાયી ભાવ કહ્યા છે ને થોડા વખત રહે છે તેવા ભાવને વ્યભિચારી ભાવ કે સચારી ભાવ કહ્યા છે. બૃહદ્ વ્યાકરણ

૩ પું વ્યભિચારી ભાવના પ્રાકટ્ય પછી મનની અંદર થતો ભાવ.

સંચારીસ્વર પુ. (સંગીત) જેનુ સ્વરૂપ કરે તેવો સ્વર રિષભ, ગાધાર, મધ્યમ, ધૈવત અને નિષાદ એ સચારીસ્વર કહેવાય છે.

સંચારો ૧ પુ. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. માત્રામેળ પિંગળ પ્રમાણે તે સાઠક છંદનો એક ભેદ છે. તેમા ૬ ગુરુ અને ૧૦૮ લઘુની ૧૨૦ માત્રા હોય છે.

૨. પું. ચાર; જાસૂસ.

૩. પું. ચાલવાનો અવાજ.

૪. પુ. ઝાપરે સચારનાર.

સંચાલ [પ્રા.] પું. ગતિ.

સંચાલક ૧. [સ. સમ્ + ચલ (ચાલવું) + અક] પું. ચલાવનાર; વ્યવસ્થાપક; નિયોજક; 'મેનેજર'.

૨. પુ. ચલાવનાર શક્તિ; 'મોટર'.

૩. પું. પ્રવર્તક; પ્રવર્તાવનાર વ્યક્તિ.

સંચાલન [સં. સમ્ + ચલ (ચાલવું) + અન] ન. ચલાવવું; વ્યવસ્થા કરવી તે.

અનું **સંચાલન** શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની વિશ્વભારતીના શ્રીનિકેતન નામના કૃષિ વિભાગના હવાલમાં છે. પ્રબન્ધાવલિ

સંચાલિત ૧ વિ. સંચાલન કરાયેલું. .

૨ વિ. ચલાયમાન

સંચાલી જુઓ ચહોળી

સંચાવવું સ ક્રિ. સંચવા થાય તેમ કરવું

સંચાવું અ ક્રિ. સંચવા થાય તેમ થવું.

સંચિ પું (જૂ ગુ.) સંકોચ

હેતાં સંચિ ન આણઈ આઈ રે.

આનદઘનચમત્કૃતિ

સંચિત ૧. [સં. સમ (સા.ચે) + ચિત (એકત્ર કરેલું)] વિ. (વેદાંત) અનાદિકર્મસમૂહ; પૂર્વ જન્મના સાથી રહેલાં કર્મ કૂળ આપવાને તત્પર નહિ થયેલાં એવાં પૂર્વ જન્મનાં અપકવ કર્મ, પ્રારબ્ધ; પૂર્વ જન્માંતરનું બાકી રહેલું પાપપુણ્ય કાર્ય; કર્મોના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે· (૧) સંચિત, (૨) ક્રિયમાણ અને (૩) પ્રારબ્ધ. અનેક પૂર્વ જન્મોમાં થયેલાં કર્મોના સમુદાયને સંચિત કહે છે. લોકમાન્ય તિલક કહે છે કે, ગમે તેમ કહીએ પણ ' સંચિત ', ' અદૃષ્ટ ', કિંવા ' અપૂર્વ ' એનો અર્થ આજની ક્ષણ પર્યંત જે જે કર્મો કર્યાં હોય તે સર્વના પરિણામનો ' સમુદાય ' એવો થાય છે એ નિર્વિવાદિત છે. આ સંચિત કર્મ એકદમ ભોગવવાં શક્ય નથી, કારણ આ સંચિત કર્મનાં પરિણામ પૈકી કોઈ સારાં તો કોઈ ખોટા એમ પરસ્પર વિરોધી ફળ આપનાર હોઈ શકે. દાખલા તરીકે કેટલાંક સંચિત કર્મો સ્વર્ગપ્રદ તો કેટલાંક નરકપ્રદ હોવાથી તે સર્વનાં ફલ એકી વખતે ભોગવવાનું બની શકે તેવું હોતું નથી એક પછી એક એમ જ ભોગવવા પડે છે. એટલે ' સંચિત ' પૈકી જેટલાં કર્મોનાં ફળ ભોગવવાની શરૂઆત થઈ ચૂકી હોય તેટલાને જ પ્રારબ્ધ એટલે ' શરૂ થયેલાં સંચિત ' એવું નામ મળે છે. પ્રાકૃત ભાષામાં ' પ્રારબ્ધ ' એ શબ્દનો ' સંચિત 'ના અર્થમાં ઘણી વાર ઉપયોગ કરવામાં આવે છે, પણ એ ઉપયોગ ખરો નથી. શાસ્ત્રદૃષ્ટિએ જોતાં, સંચિત એટલે એકંદર કર્મનો જે સમૂહ તેનો જ પ્રારબ્ધ એ પેટાભેદ છે. એ સંચિતના જેટલા ભાગનાં ફળ (કાર્ય) ભોગવવાની શરૂઆત થઈ હોય તેટલાં જ પ્રારબ્ધ કહેવાય છે અને તે ઉપરથી આ પ્રારબ્ધનું આરબ્ધ કર્મ એવું બીજું નામ પણ છે. પ્રારબ્ધ અને સંચિત એ સિવાય ક્રિયમાણ એ નામથી કર્મનો ત્રીજો ભેદ સામાન્ય રીતે કરવામાં આવે છે. ક્રિયમાણ એ વર્તમાનકાળ વાચક ધાતુસાધિત શબ્દ છે અને તેનો અર્થ ' જે હાલ ચાલુ છે અથવા કરવામાં આવે છે તે કર્મ ' એવો થાય છે

કાઈ પણ મનુષ્યે આજની ક્ષણ સુધી કરેલાં જે કર્મે પાકી તે આ જન્મનાં હો કે પૂર્વ જન્મના હો તેને તેનાં સંચિત એટલે એકઠાં થયેલાં કર્મ કહે છે. ગીતારહસ્ય

૨. વિ. એકઠું કરેલું કે કરી રાખેલું; સંચરેલું.

૩. વિ. વિચારશીલ; ધ્યાનસ્થ.

તોપણે બહુ જ સંચિત અને ગંભીર મુખમુદ્રાથી બેઠા હતા. પ્રરથાન

સંચિતકર્મ જુઓ સંચિત ૧.

સંચિતનિધિ [સ.] જા. સંચિત ફંડ; જેનું કરવું ભરાતું.

આરબ્ધના નવા બંધારણની રૂએ શાન્ત અને સંકમા સંચિત ભંડોળની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં આરંભ સરકારે ભાગી કરેલી ગ્રેતાંના પૈસા, મહેસૂલની આવક, લિસેરીના બીલા વગેરે જમા કરવામાં આવે છે. આરબ્ધનું રાજ્ય બંધારણ

સંચો ૧. [સં. શિક્ષાગૃહ] પું. અપરાધીઓને શિક્ષા કરવાનો એક પ્રકારનો સંચો.

૨. પું. આગબોટની વરાળથી ચાલતો યાંત્રિક ચૂલો; ' સ્ટવ '; ' પ્રાઇમિસ '.

૩. પું ચરખો.

૪. પું. ઘોડી બહેનને અને બીજા વખતમાં ઘણું કામ થાય એવી યુક્તિવાળી ગોઠવણ કે રચના; યંત્ર; અક્ષરો ફેરવ્યાથી આખી રચના સંપાદિત થઈ ને કામ નીકળે એવી હિકમતી બનાવટ; ગટ કામ આપે એવું જંતર.

સંચાની ચરખી = યંત્રનું ચક્કર.

૫. પુ. લખાં સીવવાનું સાધન; ' સોઇંગ મશીન '.

૬. પુ. સત્ય.

૭. પુ સંયમ; સબરો.

કર્મ વિના નિસ્તારો નહીં, દામ વહ્યો સંચો નવ થયો. સામળ

સંચોડું (સંચોઠ) વિ. સચોટું; બધું; તમામ; આખું; સમૂળગું; સમૂચું

સવા સોળ આના રાખે ઊપજે,
સવાયા **સંચોડાં** બાજ. લોપેક્તિ

સંચોરવું [સ. સ. + ચર] જા. ક્રિ. (જૂ. ગુ.) સચરવું; જવું

વેગે ઢબે નમે સંચોરો રે,
લ્યોને સપળો સાર રે. બાલવ

સંચોરો ૧. પું. એક જાતનો ખાર; પાપડિયો ખારો; પાપડખાર. તે શાક, દાળ વગેરે ચડવા માટે નાખે છે

૨. પુ. નળિયાં ચોળનારો

સંજત્તીઆ પું શેવડાના ચોરાશી મહિનો એક પેટા ગચ્છ.

સંજનનશાસ્ત્ર ન. સુપ્રજનન શાસ્ત્ર; સારી સંતતિ ઉત્પન્ન કરવા સંબંધી શાસ્ત્ર

સંજની ૧. પું. (જૈન) સાધુ.

ચાર કષાય ન રોકે **સંજની** વિજયસૂરિ

૨. વિ. સાધુપણાવાળું

સંજમ ૧. પું. અમુક દિવસોએ અમુક ખોરાકનો ત્યાગ કરવો તે.

૨ [સં સયમ] પું. ઇંદ્રિયનિગ્રહ; ઇંદ્રિયોને વશ રાખવી તે, સંયમ

૩ પુ કાબૂ, દાબ, અંકુશ

૪ પુ સબર,રખાવ

૫ પુ. બોધ; ઉપદેશ

૬ પુ વૈરાગ્ય

૭ પું ગામ કે દેશ સેવવાનો અભાવ

૮ પુ ત્યાગની નાખ્યા બતાવનાર શબ્દ; સંજમ ૧૭ પ્રકારના હોવાથી તે માટે વપરાતો સાંકેતિક શબ્દ

નમ, ખમુ. **સંજમને** (૨૮૧૭) ઓટે
(૨) (૯) (૧૭)
સવત્ત સુરત મઝારે નિત્યલાભ

૯ પુ. સજોગ; પ્રસંગ; બનાવ.

૧૦ પું. સંસારનો ત્યાગ; દીક્ષા.

૧૧. પું. સાધુપણું.

સંજમી પું. સંજમવાળું; વૈરાગી.

સંજય ૧. પું. ઉજ્જયિનીનો એક રાજા; વાસવદત્તાનો પિતા

૨. પું. (પુરાણ) એ નામનો સૌવીર દેશનો એક રાજા; વિદુરાનો પુત્ર.

૩ પુ. (પુરાણ) એક રાજપુત્ર. તે જયદ્રથનો મિત્ર હતો.

૪. [સ.] પુ. (પુરાણ) ગલ્વગણ નામના સૂતનો પુત્ર. એ ધૃતરાષ્ટ્ર રાજાનો સારથિ હતો તે ઘણો જ નિસ્પૃહી ને સત્યવક્તા હતો તેથી ધૃતરાષ્ટ્રને બોધ આપવામા આવ્યુ પણ જોતો નહિ. એને વ્યાસજીએ દિવ્ય ચક્ષુ આપ્યાં હતાં તેથી તે યુદ્ધમાં બનતી સર્વ હકીકત ધૃતરાષ્ટ્રને કહેતો હતો. યુદ્ધને આરંભે વ્યાસજી ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને તેને યુદ્ધ જોવાની ઇચ્છા હોય તો દૃષ્ટિ આપવા કહ્યું પરંતુ કુલક્ષય જોવાની ઇચ્છા નથી એમ કહેતાં સંજય નામના સૂતને વ્યાસે સાં બેઠા બેઠા બધું જ્ઞાન થાય એવી

દિવ્ય દૃષ્ટિ આપી પૃથ્વીનો બધો હકીકત ધૃતરાષ્ટ્રને કહેવાની અવસ્થા કરી વ્યાસજી વ્યાસ ગયા હતા. વ્યાસજીની એ આજ્ઞા મુજબ સજ્જય ધૃતરાષ્ટ્રને ગીતા કહી હતી ધૃતરાષ્ટ્ર રાજાનો સારથિ સજ્જય, અર્જુનના સારથિ શ્રીકૃષ્ણ અને કર્ણના સારથિ શલ્ય હતા, એ ઉપરથી જણાય છે કે, પ્રાચીન કાળમાં સારથ્યકર્મ અતિ મહત્ત્વનું મનાતું હશે અને અત્યંત ઉચ્ચ જનો એ સારથ્યકર્મનો સ્વીકાર કરતા હતા. રાજા ધૃતરાષ્ટ્રનો સારથિ સજ્જય એક યોદ્ધો, દિવ્ય દૃષ્ટિવાળો, દિવ્ય જ્ઞાની અને દિવ્ય શક્તિ હતો અને તેથી જ પરમાત્માનું વિરાટ સ્વરૂપ જોઈને જ્યાં અર્જુન જેવા મહારથી પણ કંપીને થળી જઈ તે વિરાટ સ્વરૂપનાં દર્શનને બદલે ચતુર્ભુજ સૌમ્ય સ્વરૂપનાં દર્શનની દીન ભાવે યાચના કરે છે, ત્યારે આ સજ્જય ગીતાના અંતિમ ભાગમાં પણ એ વિરાટ સ્વરૂપનાં દિવ્ય દર્શનથી નહિ ગભરાતાં ઊલટું તેનાં વખાણ કરી ધન્ય પામતાં કહે છે કે, એનું બીહરિનું અદ્‌ભુત રૂપ સભારી સભારીને હું હરખ પદું અને વિસ્મય પામુ છું. સજ્જય શબ્દની વ્યુત્પત્તિ પણ તેના કામ જ ઊંચા ગુણો સૂચવે છે. એ રાજા ધૃતરાષ્ટ્રને બોધ આપી મોહ-મોહ સાચુ કહેતાં અચકાતો ન હતો અને તેથી જ તેણે ગીતાના છેલ્લા શ્લોકમાં રાજા ધૃતરાષ્ટ્રને મોહ-મોહ ભાખ્યું કે :

શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુ ઈશ્વર યોગના જ્યાં,
તે સાથ ઊભત ધનુર્ધર પાર્થ છે જ્યાં;
ત્યાં લક્ષ્મી છે વિજય છે સહુ સંપદે છે,
ત્યાં નીતિ છે અચળ એ મુજ માન્યતા છે.

૫. પું. ચારિત્ર.

૬. પું. સંયમ; મનોનિગ્રહ.

૭. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ રાજાના વંશમાં જન્મેલા રણંજય રાજાનો પુત્ર. શાક્ય રાજા એનો પુત્ર થતો હતો.

૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધ રાજાના પુત્ર સુહોત્રના પુત્રનો પ્રપૌત્ર, કુશ રાજાનો પૌત્ર અને પ્રતિ નામના રાજાનો પુત્ર. એનો પુત્ર તે જયરાજા.

૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના અજમીઢના પુત્ર નીલ રાજાના વંશના ભર્મ્યાશ્વ રાજાના પાંચ માંહેનો પાંચમો પુત્ર

સંજયદૃષ્ટિ [સં.] સ્ત્રી દિવ્યદૃષ્ટિ; ટેલિવિઝન'. ભગવાન શ્રીકૃષ્ણે સજ્જયને દિવ્યચક્ષુ આપ્યાં હતાં. એવાં દિવ્યચક્ષુને બદલે વીસમી સદીનાં માનવને દિવ્યદૃષ્ટિ સાંપડી છે. એનું જ નામ ટેલિવિઝન. ટેલિવિઝનનો સેટ દેખાવમાં રેડિયોસેટ જેવો જ હોય છે. કાર્યક્રમ શરૂ થાય ત્યાર પહેલાં સફેદ પડદા ઉપર કાળી ચોકડી દેખાય છે અને પછી એટ ધીરે-ધીરે ગોઠવાય એટલે એ અદૃશ્ય થાય છે અને ચિત્રો દેખાવ થાય છે. ટેલિવિઝન તથા રેડિયો પોતાનું કામ એકી સાથે જ આરંભે છે રેડિયો કરતાં ટેલિવિઝન જરા વધારે અટપટું છે રેડિયોને સાંભળવાનું કામ કરવાનું છે, જ્યારે ટેલિવિઝનને એ ઉપરાંત જોવાનું કામ કરવું પડે છે. રેડિયોમાં એકજ માઇક્રોફોન ને એકજ ટ્રાન્સમીટરથી કામ થઈ શકે છે જ્યારે ટેલિવિઝનમાં એટલાથી ચાલી શકતું નથી. દૃશ્ય વસ્તુને ફોકાસ્ટ કરતાં પહેલા એના સહસ્રાવધિ પરમાણુઓ કરી નાખવા પડે અને તે પરમાણુઓ એટલી ઝડપથી ફોકાસ્ટ કરવા પડે કે જેથી સિનેમેટિક સેટ ઉપર જેવી રીતે આવે અમારા દેખાય કે ભલેને એ એક આખી વસ્તુ છે એમ લાગે. ચિત્રને રેખાઓમા વહેંચી નાખવામા આવે છે અને રેખાઓને પ્રકાશનાં કિરણોમા વહેંચી નાખવામા આવે છે એ કિરણો એટલી ત્વરાથી ફેંકાય છે કે, જેથી એક પછી એક સહસ્રાવધિ લીટીઓનું આખુ દૃશ્યચિત્ર રજૂ થાય છે. દરેક ઇંચ પહોળા અને બાર ઇંચ લાંબા પડદા ઉપર દર સેકન્ડ સેન્ટિમીટરે આશરે ૪૪૧ રેખા હોય છે. ફક્ત એક સેકંડના પાંચમા ભાગમાં ચિત્ર રજૂ થઈ આખુ દૃશ્ય હાલતું ચાલતું થાય છે. સિનેમામાં એક સેકંડના ૨૫ ચિત્રો કરતાં ઓછા કે માઠા ય તો દૃશ્ય બરાબર હાલતું ચાલતું દેખાતું નથી એટલે ગતિ રાખવી જ પડે છે. ટેલિવિઝનમા એવી રીતે અમેરિકન પદ્ધતિ મુજબ ૪૪૧ તેજ રેખાવાળાં ૫૦ ચિત્રો દર સેકંડે ભતાવામ એ ગતિએ દૃશ્ય ફોકાસ્ટ થાય છે. એક ચિત્ર પૂરું થાય એટલે એ રજકણો આપોઆપ માર્ગ થાય અને બીજા ચિત્ર માટે તૈયાર થાય એવી ગોઠવણ હોય છે. પ્રકાશ કિરણો એટલી ત્વરાથી કામ કરે છે કે, આ બધી વિગતો નરી આંખે દેખી શકાતી નથી રેડિયોના બ્રોડકાસ્ટમાં એક સેકંડમાં એકથી સવાસો લાખ આંદોલનો હોય છે. લંડનનું ટેલિવિઝન સ્ટેશન એક સેકંડના સાડાચાર કરોડ વાઇબ્રેશન્સ એટલે કે આંદોલનોની શક્તિવાળું છે. ટેલિવિઝનમાં રંગને સ્થાન નથી. એનાં ચિત્રો માત્ર તેજ અને છાયાનાં હોય છે રંગીન પ્રોગ્રામમાં વિવિધરંગી કામ માટે ઓછામાં ઓછાં ત્રણ મૂળ રંગના બ્રોડકાસ્ટ કરવા પડે છે લાલ, પીળો અને વાદળી એ ત્રણ રંગમાંથી બધાય રંગો બની શકે છે; એટલે જો રંગીન ટેલિવિઝન બ્રોડકાસ્ટ કરવું હોય તો આવી રીતે ત્રણ જુદાં જુદાં રંગવિધાનની ગોઠવણ રાખીને કામ કરવું પડે અને એના ખર્ચનો શુમાર ન રહે; છતાં મનુષ્ય હિમ્મત હાર્યો નથી. તે દિશામાં તેની સફળતા વિષે પ્રયાસો ચાલુ જ છે. ટેલિવિઝનના એક સેટની કીમત આશરે બે હજાર રૂપિયા પડે છે અને તેમા ટેલિવિઝન ને રેડિયો બેઉની સગવડ હોય છે. જુદા જુદા દૃષ્ટિકોણ રજૂ કરવાને અનેક કેમેરાનો ઉપયોગ કરવો પડે છે. ત્રણ કેમેરાનો ઉપયોગ તો સામાન્ય છે. સિનેમા ફિલ્મમાં કામ કરવા કરતાં ટેલિવિઝનમા કામ કરવું વધારે અટપટું છે

સંજરખાની સ્ત્રી. ભરતખંડમા પૂર્વે થતા કાપડની એક જાત

સંજલ વિ. થોડો વખત ટકે તેવું

૧. સજલની માયા = થોડા વખતમાં દૂર થાય તેવું કપટ.

૨. સજલનું માન = થોડા વખતમાં દૂર થાય તેવો ગર્વ

૩. સજલનો ક્રોધ = થોડા વખતમાં દૂર થાય તેવો ક્રોધ; પંદર દિવસ ટકે એવો ક્રોધ

૪. સજલનો લોભ = થોડા વખતમાં દૂર થાય તેવો લોભ; પંદર દિવસથી વધુ ન ટકે તેવો લોભ.

સંજવન ૧. [સં.] ન. ઉત્પન્ન થયું તે; નીપજવું તે

૨ ન. (શિલ્પ) પરસ્પર સન્મુખ રહેલ ચાર ઓરડાવાળું ઘર.

સંજવારણું ન. ગિ. સજવારી કાઢવી; પૂંજણે કાઢવો.

સંજવારી સ્ત્રી. કચરો; પૂંજણ.

૧. સજવારી કાઢવી = ઘરમાંથી કચરો વાળવો.

૨. સંજવારીમાં સાચાં મોતી વળાવાં = ઘણી સમૃદ્ધિ હોવી. એને ઘેર સંજવારીમાં સાચાં મોતી વળાય.—દાદાજીની વાતો

સંજા [સં. સન્ધ્યા. પ્રા. સન્ઝા] સ્ત્રી. સન્ધ્યા; સાંજ; સૂર્યાસ્તવેળા; સન્ધ્યાકાળ; સાયંકાળ.

આટે સજાએ વેદના આનલે રે બાલા,
આપણ મળીયું અસીબદ્ધ બોલ રે છ.

દયારામ

સંજાઈ સ્ત્રી. પથારી

આમરણ સજાઈને આટે આરી ઉલ્લી પડી બગડી જાને. રસિકબાર

સંજાણ ન. ગુજરાતનું એ નામનું એક ગામ. ત્યાં પારસી ભાર્ગવોની વસતી વિશેષ છે. બહારગામ વસતા સજાણના ભાર્ગવોની અટક સજાણા કહેવાય છે. પારસીઓએ ઈરાનને બદલે ગુજરાતને વતન માની લીધું. ગુજરાતમાં ગુજરાતી થઈને રહ્યા અને દૂધમાં સાકર ભળે તેમ લોકોમાં ભળી ગયા. પારસીઓએ સજાણમાં પવિત્ર આતશને માટે અગિયારી બાંધી. આવા

વંશનો અંત આવ્યો અને સોલકી વંશની શરૂઆત થઈ તે જ અરસામાં પારસીઓ સૌરાષ્ટ્રમાં આવ્યા હતા.

સંજાત [સં.] વિ. ઉત્પન્ન થયેલું, પ્રકટેલું.

સંજાપ ૧. [જા. સિન્જાફ] પુ ;સ્ત્રી કમખા અને ચોળીઓ વગેરેના સીવણમાં સાધની ઘાર ; બીજા રંગના કપડાની દોરી જેવી જે કિનાર મુકાય છે તે; સાધા પર સીટીની માફક આવતી બીજા રંગના કપડાની ત્રીજી પટી કે કોર; મગજી; સૂત્ર.

૨. સ્ત્રી (શિલ્પ) દીવાનખાનામાં જમીનથી ૬ ફૂટ ઊંચાઈએ દીવા બેસાડી, તેના ઉપર છે કરતી વખતે ૬ ઇંચ પહોળો અને ૧ ઇંચ જાડી ચીપ બેસાડાય છે તે. આને સાકડી અથવા સજાપ કહે છે

૩. ન. ભરતખંડમાં પૂર્વે થતું એક જાતનું ગરમ કાપડ

સંજાફ જુઓ સજાપ.

સંજાબ જુઓ સજાપ.

સંજાભી ૧. પું. એ નામના સાધુઓના વર્ગમાનો માણસ.

૨. [સં.] વિ. જિતેંદ્રિય; ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર; સંયમી.

સંજીવની ૧. સ્ત્રી. ગુરુવાક્યજ્ઞ.

૨. [જા. સંજીવન (જોખવું)] સ્ત્રી. વજન; તોલ.

સંજીવન ૧. ન. એકવીસ માલેનું એક નરક.

૨. ન. મરેલું જીવતું કરવું તે.

પછી તેણે આત્મિક પરમાણે થકી સંજીવનની વિદ્યાનું પુસ્તક કાઢ્યું

ઈ. સ. ૧૭મી સદીનું ગદ્ય

૩. [સં.] ન. સારી રીતે જીવવું તે.

૪. જુઓ સંજીવન.

સંજીવન અસ્થિ પું. (પુરાણ) એક જાતનો હીરો; જે અસ્થિ વડે ઉલૂપીએ અર્જુનને સજીવન કર્યો હતો તે.

સંજીવની ૧. સ્ત્રી. આત્મરામાયણ અનુસાર સ્મૃતિ

૨. [સં] સ્ત્રી. (વૈદક) મરેલાને જિવાડે એવી ઔષધિ; મૂર્છાલાને જીવતું કરનારી દવા; ફરીને જીવન આપે કે જીવ લાવે એવી વિદ્યા કે ઔષધિ

જીવા જીવની અધુરના, જીવંતી એ નામ, ના સંજીવની તુજ સમ સખી, તું સજીવન સુખધામ.

પિંગલગ્રંથોપ

૩ સ્ત્રી. વાદકાપ કર્યા પછી દરદીને પાછો શુદ્ધિમાં લાવવાની દવા.

સંજીવની ગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) એક પ્રકારની ગોળી. તે વાવડિંગ, સૂંઠ, લીંડીપીપર, હરડે, ચિત્રક, બહેડાં, ધોળાઆક, મગો, ભિલામુ અને વછનાગ એ બધાંનું ચૂર્ણ ગોમૂત્રમાં ખરલ કરી બનાવવામાં આવે છે. અજીર્ણ, કૉલેરા, સર્પદંશ અને સન્નિપાત ઉપર તે ફાયદાકારક હોવાનું મનાય છે.

સંજીવની વિદ્યા [સં. સંજીવની + વિદ્યા] સ્ત્રી. મૃત જીવને જીવતો કરવા સંબંધી અસાધારણ કળા; ફરીને જીવન આપવાને લગતી વિદ્યા; મરી ગયેલાને જીવતા કરવાની વિદ્યા. કહેવાય છે કે શુક્રાચાર્ય એ વિદ્યા જાણતા હતા.

સંજીવનૌષધિ [સં.] સ્ત્રી. (વૈદક) મૂર્છાલાને જીવતાં કરનાર ઔષધિ.

સંજુક્ત ૧. વિ. અસિત; સજાંત્ર.

૨. [સં. સમ્ + યુજ્ (જોડવું)] વિ સંધાયેલું

૩. વિ. સાથે મળેલું; ચૂણાયેલું; સાથે વળગેલું; પરસ્પર જોડાયેલું; લાગેલું; સંયુક્ત.

૪. અ. સાથે, સહિત.

રમાના સમીપ્ય સાહમી મળી, બીજા સંજુક્ત બાળ.

નાકર

સંજુક્તા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે તેને સંયુતા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમા સગણ, જગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

સંજુત જુઓ સજુક્ત.

સંજુતા પું. (પિંગળ) એ નામનો એક છંદ; સયુતા.

સંજુત્તી જુઓ સજુતા.

સંજુદા [જા. સજીદ] વિ. તોલદાર; સજીન; ભારે

સંજૂહ [સ સમૂહ] પુ. (પ્રાકૃત) સમુદાય.

સંજેરિયો પું. ભાતું રાખવાનો ડાબલો.

સંજેરિયો કોઠલો પું. બે પાળાવાળો અને ભારી ભારણાવાળો માટીનો કોઠલો.

સંજેરો ૧. પું. બરાબર તપાસ કરવી તે.

૨. પું. રાતે જમી રહ્યા પછી બધી વસ્તુઓ અવ્યવસ્થાપૂર્વક જોડવી તે; વપરાશની વસ્તુઓને વ્યવસ્થિત કરવી તે; સાફસૂફી; રાત્રે ઢાંકોઢૂંકો કરવો તે; ઘર કે દુકાનના માલની સાફસૂફી કરી સરખો ગોઠવી સાચવીને મૂકવાની ક્રિયા

સંજેરો કરવો = (૧) બધું ઉથાપત કરી જવું (૨) વ્યવસ્થિત કરવું. (૩) સાફ કરવું.

સંજો ૧. પું. કોસ જોડવા માટેનાં સાધનોનો સમૂહ.

૨. પું. બેહુત સાંતી છોડી જોતર, રાસ, કોસ, ચાંપ વગેરે ભેળું કરે તે.

૩. પું. સાબે. તે મારી, ધૂબરામાં ભરવામાં આવે છે.

સંજોગ ૧. [સં. સયોગ; અપ. સન્જોય] પું. અણધાર્યો બનાવ કે યોગ; ઘટિકાઘ; દૈવયોગ; દૈવ ઘટના; એક તાકડે બનવું તે; હોનાર ભાવિ.

૨. પું. નસીબ.

૩. પું. પરિસ્થિતિ; સંયોગ.

૪. પું. પ્રસંગ; અવસર.

૫. પું. ભેગા થવું તે; ભેટો; જોડાણ; સયોગ; સધિ.

૬. પું. મેળ.

૭. પું. સંબંધ.

૮. પું. સહયોગ.

૯. પું. સાથે જોડાવું તે; સંગ; સંગમ; મેળાપ; મિલન.

સંજોગણ ૧. સ્ત્રી. કુટુંબકબીલાવાળી સાબ્બી.

૨. સ્ત્રી. નર અને માદા માટે બે ભાગવાળું પાંજરું.

સંજોગવશ અ. સંજોગને તાબે થઈ ને.

સંજોગવશાત્ અ. સંજોગોને લીધે; દૈવયોગે.

પરતુ તે પ્રમાણે સંજોગવશાત્ બની શકયું નહિ.

મુ. સા. પરિષદ

સંજોગવાદી વિ. ગલવાદી; સંજોગો જોઈ બદલનાર.

સંજોગાનુસાર [સંજોગ + અનુસાર] અ. સજોગ પ્રમાણે; યોગાનુસાર.

સંજોગિયું ૧. વિ. સારા યોગવાળું; સંજોગવાળું.

૨. વિ. સારા સંસ્કારવાળું

સંજોગી ૧. પું. ઘરબારી સાધુ કે બાવો.

૨. પું. નર અને માદા માટે બે ભાગવાળું પાંજરું.

૩. વિ. આસપાસના સજોગનું.

૪. વિ. બીજા સાથે સબધવાળું; જોડવાળું; નહિ એકલું; સબધી.

૫. વિ. સંસારના વિષયો સાથે જોડાયેલું; સસારી.

૬. વિ. સારા સસ્કારવાળું.

૭. વિ. સ્ત્રી. સયુક્તા.

તેને પેટે સયુક્તા અથવા સજોગી જન્મી.

પ્રબધ

સંજોરી [સં સમાવ] સ્ત્રી મેદાની પૂરીમાં રવો અથવા માવો ભરી બનાવવામાં આવતી એક

જાતની બાવાની વાનગી; ઘૂઘરા; બાવાની એક ચીજ ને ખાસ કરીને દિવાળીના તહેવારોમાં બનાવવામાં આવે છે

સંજ્ઞ ૧. ન. પીતપાપડ વનસ્પતિ.
૨. [સં.] વિ. જેના અને ધૂંધવું પણા પાસે હોય તેવું, સાવે મળેલા દીર્ઘસૂત્રવાળું.

સંજ્ઞક [સં.] વિ. સંજ્ઞાવાળું, બતાવનારું.
સૂર્યની ઉત્તરાયણ દક્ષિણાયન સંજ્ઞક ગતિ આર્યોને પણ દિવસથી માલૂમ હતી. પુરાતત્ત્વ

સંજ્ઞા ૧. સ્ત્રી. અર્થબોધ; સંવેદના; અભાવમહ.
૨. સ્ત્રી. આજ્ઞા; હુકમ.
૩. સ્ત્રી. ઇંદ્રિયો અને જીવાત્માનો કાર્ય કારણ સમજવાળો સંબંધ; શબ્દ
૪. સ્ત્રી. (પુરાણ) કશ્યપપુત્ર વિવસ્વાન આદિત્યની સ્ત્રી. એ ત્વષ્ટા પ્રજાપતિની કન્યા હતી તેથી ગ્રંથોમાં એનું નામ ત્વાષ્ટ્રી એવું આપ્યું છે. એ સાવર્ણિ અથવા વૈવસ્વત મનુ, યમ અને યમુનાની મા થતી
૫. સ્ત્રી. સાવિત્રી.
૬. સ્ત્રી. ગૂઢાક્ષર; સાંકેત્ય.
૭. સ્ત્રી. (બૌદ્ધ) ઘર, ઝાડ, આમ વગેરે મૂર્ત અને અમૂર્ત પદાર્થોને એકબીજાથી ભિન્ન નામો આપનારી શક્તિ.
૮. સ્ત્રી. ચાળા; હાવભાવ.
૯. સ્ત્રી. જ્ઞાન; સમજ.
૧૦. સ્ત્રી. દુઃખ તત્ત્વના પાંચ ભાદેનો ત્રીજો સ્કંધ.
૧૧. [સં. સમ્ (સાથે) + જ્ઞા (જાણવું)] સ્ત્રી. નામ; પર્યાય. અમુક પદાર્થને બીજાથી ઓળખવા માટે આપણે તેનું જે નામ પાડીએ તે સંજ્ઞા કહેવાય છે અને સંજ્ઞા બતાવનાર શબ્દ સંજ્ઞાવાચક નામ કહેવાય છે. જેમકે, કૃષ્ણ, ગંગા, હિમાલય, પંખો, વગેરે. લોકમાન્ય તિલક કહે છે કે: આ અવ્યક્ત પ્રકૃતિને જ 'અક્ષર' અને તે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થનાર સર્વ પદાર્થને 'ક્ષર' એવી બીજી સંજ્ઞા સાંખ્યશાસ્ત્રીઓએ આપેલી છે. 'પ્રધાન', 'ગુણસંમિશ્રણી', 'અનુપાનક', 'પ્રસવધર્મિણી' આવાં બીજાં પણ તેનાં નામ છે. સર્વ સૃષ્ટિના પદાર્થોનું મુખ્ય મૂળ એટલે તેનું 'પ્રધાન' એવું નામ છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણોની સામ્યાવસ્થાને પોતાની મેળે જ તોડે છે, માટે 'ગુણસંમિશ્રણી', ગુણત્રયરૂપી પદાર્થસમૂહના બીજ તેનામાં જ છે માટે 'અનુપાનક' અને તેમાંથી જ સર્વ પદાર્થો પ્રસવ પામે છે માટે 'પ્રસવધર્મિણી' એ પ્રમાણે પ્રકૃતિનાં આ નામો અન્વર્થક છે. આ પ્રકૃતિને જ વેદાંતશાસ્ત્રમાં 'માયા', 'આવિક દેખાવ' એવું નામ આપ્યું છે.

સંજ્ઞા આપવી એટલે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને ચોક્કસ નામ આપવું. દુનિયાના દરેક અમીરના મનમાં જે સહુ પ્રથમ ખ્યાલ આવે છે તે ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનો. ત્યારપછી જ તેને રહેવા માટે મકાન જોઈએ છે. આ ત્રણ જરૂરિયાતો સંતોષાયા પછી જ તે બીજી વસ્તુઓ તરફ ધ્યાન આપે છે. ત્યારપછી જ તે ઘોડા, ગાડી, મોટર, વિમાન વગેરે વસાવવાનો વિચાર કરે

સંજ્ઞાપન ૧. [સં] ન. જણાવવું તે; ખબર આપવી તે.

૨. ન. મારી નાખવું તે; મારણ; વધ; ઘાત

સંજ્ઞાપૂર્વ જુઓ સજ્ઞાતનય.

સંજ્ઞાપ્રદેશ પું. મગજનો એક પ્રદેશ; 'સેન્સરી એરીઆ'.

મગજના જુદા જુદા પ્રદેશો. જેવો કે સંજ્ઞાપ્રદેશ (Sensory area), ગતિપ્રદેશ (Motor area) તથા તેમને પરસ્પર જોડી દેતા સંયોજક તંતુ (Association fibers) તેને જ્ઞાન છે

પારિ. ૬૫

સંજ્ઞાવૃત્ત વિ. સાંકેતિક; સજ્ઞાવાળું.

સંજ્ઞાર્થ [સં. સંજ્ઞા (જ્ઞાન) + અર્થ (હેતુ)] પું. જ્ઞાનનો હેતુ

સંજ્ઞાલિપિ ૧ સ્ત્રી. ઇશારાથી સમજાવવું કરવું તે.

૨. સ્ત્રી. સમજવાની નિશાની.

સંજ્ઞાવાચક ૧. વિ. જે શબ્દથી અમુક ખાસ વસ્તુ ઓળખાય તેનું

૨. વિ. (વ્યાકરણ) સજ્ઞા બતાવનારું.

સંજ્ઞાવાચકનામ ન. (વ્યાકરણ) નામના ત્રણ મોટામાં પહેલો પ્રકાર; સંજ્ઞા બતાવનાર નામ; વિશેષનામ. અમુક પદાર્થને બીજાથી ઓળખવા માટે આપણે તેનું જે નામ પાડીએ તે સજ્ઞા કહેવાય છે અને સંજ્ઞા બતાવનાર શબ્દ સજ્ઞાવાચકનામ કહેવાય છે. જેમકે, કૃષ્ણ, ગંગા, હિમાલય, પંજાબ, બ્રહ્માદિમ વગેરે.

પરંતુ જ્યારે **સંજ્ઞાવાચકનામ** જાતિવાચક નામ તરીકે વપરાય છે ત્યારે તેનું બહુવચન થઈ શકે છે. જેમકે આપણા ઘરનો આગળ શત્રુના ચોકીદાર શું કામ છે ?

બૃહદ્ વ્યાકરણ

સંજ્ઞાશિક્ષણ ન. નામ આપવાં તે; પ્રત્યક્ષ વસ્તુને ભાષામાં ઓળખવાનું જ્ઞાન આપવું તે.

ઇંદ્રિયોની કસરતો અને **સંજ્ઞાશિક્ષણની** કસરતો આ સમયમાં જ ચાલે છે. મોન્ટેસોરી પદ્ધતિ

સંજ્ઞાસંજ્ઞીજ્ઞાન ન. (ન્યાય) સરખાપણાના જ્ઞાનને લીધે દૂર રહેલા પદાર્થમાં સમાનતાનું થતું જ્ઞાન; ઉપમિતિ પ્રમા.

સંજ્ઞાસ્કંધ ૧. ન. (બૌદ્ધ) બૌદ્ધમત પ્રમાણે જે પાંચ સ્કંધોનું અનુષ્ય બનેલું છે તેમાનું એક સ્કંધ; જ્ઞાનસ્કંધ.

પાંચ સ્કંધ તે રૂપસ્કંધ, વેદનાસ્કંધ, **સંજ્ઞાસ્કંધ**, સંસ્કારસ્કંધ અને વિજ્ઞાનસ્કંધ. અનુભાષ્ય

૨. ન. (બૌદ્ધ) મનોમય કોષ.

સંજ્ઞાસ્થાપનદ્રવ્ય ન. શુદ્ધિમાં લાવનાર વસ્તુ. સજ્ઞા રહિત મનુષ્યને સજ્ઞા એટલે શુદ્ધિમાં લાવનાર દ્રવ્યને સંજ્ઞાસ્થાપનદ્રવ્ય કહે છે. જેમકે, હિંગ, મરી, કસ્તુરી વગેરે.

સંજ્ઞિ ૧. પું. (જૈન) અવધિજ્ઞાન કે જાતિ સ્મરણજ્ઞાનવાળા આત્મા.

૨. પું. મન સહિત પાંચ ઇંદ્રિયોવાળું પ્રાણી

૩. પુ. આત્મા.

૪. વિ. (જૈન) મન જાણવાળું.

જૈનોએ કર્મની જે જે વિવિધ સ્થિતિ દર્શાવવામાં આવી છે તેના અધિકારી મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞિ પંચેંદ્રિય હોય છે. તત્ત્વાર્થાધિગમ

સંજ્ઞિજ્ઞાન [સં.] ન. જાતિ સ્મરણજ્ઞાન.

સંજ્ઞિત ૧. વિ. નામ પાડેલ

૨. વિ. જાહેરમાં આવેલ.

૩. વિ. સંતા કે નિશાનીવાળું.

મહાકવિની પ્રસિદ્ધ ઉક્તિમાં અનુપ્રાસ કે અન્યોક્તિ આપવાની છે. તે ઉપર દર્શાવીએ એટલે જ આપવાની છે, એ અર્થ પ્રતિપાદ્ય વસ્તુને રજૂ કરી રહેલી પંક્તિની ઉક્તિમાં સંજ્ઞિત છે. રસગંગાધર

સંજ્ઞી ૧. [સ સજ્ઞા + ઇન્ (વાળું)] પું જીવ

સંજ્ઞી પંચેંદ્રિયપણું પામીને જો પોતાની શુભ ધર્મ તથા શુદ્ધ ધર્મના કારણ સેવે નહિ તો અભવ્ય સ્વાત્ સ્વસ્વરૂપ કેમ પામે ? દેવચંદ્રજી

૨. વિ. જેને મન હોય તે મનવાળું

સંજ્ઞી મનવાળા હોય છે. તત્ત્વાર્થસૂત્ર

૩. વિ. નામવાળું; સજ્ઞા ધરાવનાર

૪. વિ. નિશાનીવાળું; ચિહ્ન ધરાવનાર.

સંઝ [સં.] વિ. જેના બંને ઘૂંટણ બહુ પાસે હોય તેનું

સંઝ્યા જુઓ સજ્ઞા.

સંજ્વલન ૧. ન. (જૈન) ચોડો વખત રહે તેવા ક્રોધ, માન, માયા અને લોભ.

૨. ન. યથાખ્યાત ચારિત્રને રોકનાર; વધારેમાં વધારે પંદર દિવસની સ્થિતિવાળા કષાયની ચોકડી.

ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રત્યેક અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, અને **સજ્વલન** રૂપે ચાર ચાર પ્રકારના હોઈ એ સોળ કષાય ચારિત્ર મોહનીય છે. તત્ત્વાર્થસૂત્ર

સંજ્વલનક્રોધ પું. (જૈન) જે ક્રોધના વિપાકની તીવ્રતા સર્વ વિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહિ પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી હોય તે.

સંજ્વલનમાન ન. (જૈન) જે માનના વિપાકની તીવ્રતા સર્વ વિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહિ પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી હોય તે.

સંજ્વલનમાયા સ્ત્રી. (જૈન) જે માયાના વિપાકની તીવ્રતા સર્વ વિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહિ પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી હોય તે.

સંજ્વલનલોભ પું. (જૈન) જે લોભના વિપાકની તીવ્રતા સર્વ વિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહિ પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી હોય તે

સંઝા ૧. [પ્રા. સ. સન્ધ્યા] સ્ત્રી. પ્રાતઃકાળ અને સંધ્યાકાળે આકાશમાં થતો રંગબેરંગી દેખાવ.

સઝા ખૂલવી = સંધ્યાકાળે આકાશમાં થતો પ્રકાશ ખૂલવો

૨. સ્ત્રી. સંધ્યા; સંધ્યાકાળ; સાંજ.

વિદ્યાવતી આજ્યા પછી મહીપતરામને સંઝા એ શબ્દનો ઉચ્ચાર પણ આવડતો નહોતો અને સંઝા એમ બોલતા હતા. આ ઉપહાસ કરનાર એ પંડિતને ખબર નહોતી, કે સંધ્યા શબ્દનું પ્રાકૃત રૂપ સઝા એ કારણે નાગરોમાં તેમજ સૂરતના નાગરોમાં (ખાસ કરીને આજાણોમા) પ્રચલિત હતું. રમણભાઈ નીલકંઠ

૧. સાંઝી સઝા = સમી સાંજ; સૂર્યાસ્ત પછી તરતનો વખત.

૨. સંઝાબત્તી કરવી = દીવો કરવો.

સંઠ વિ. મૂર્ખ.

મુઝ મૂઢ જડ મૂઢ નર અજ કઢુક અઢ સંઠ.
મૂર્ખ જન જાણે નહિ મજિ બાપી કવિ દંઠ.
પિંગળશાસ્ત્રોક્ત

સંઠાણ ૧. [પ્રા. સં. સંસ્થાન] ન. આકૃતિ; શરીર; બાંધો; બંધારણ.

૨. ન. મૃગશીર્ષ નક્ષત્ર.

સંઠિય ૧. [પ્રા. સ. સંસ્થિત] વિ. સારા આકારવાળું.

૨. વિ. સારી રીતે સ્થિર થયેલ.

સંઢ ૧. પું મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં. પઢ] પું. પંઢ; પંઢ; નપુંસક માણસ.

સંઢાઅર્ક પું. પ્રઢમાઢનો એ નામનો ગુરુ.

સંઢાઅર્કે પૂછ્યું ત્યારે બોલ્યા તત્ત્વ થઈ દીન.
રણયજ્ઞ

સંઢાસ ૧. [હિં.] પુ. બાળમૂત્રો; શૌચકૂપ.

૨. પું. બજાર; પાયખાનું; તાજખાનું; શૌચ જવા યોગ્ય ભૂમિ.

અમારામા જ્ઞાનખતની કિંમત એટલી છે કે, બેઠલે પોતાના ખેતરમા ખાસ સંઢાસો બાંધે છે અને સસ્તે ભાવ ખાતર વેપારીઓને લલચાવે પણ છે કે, અમારા સંઢાસમા આવો. ગુ. સા. પરિષદ

સંઢોવવું ૧. સ ક્રિ. ઉતરવું; ખોટી રીતે જોવવું; જોડવું; સામેલ કરવું; દાખલ કરવું; આંટીમાં લાવવું; અથડાવવું.

૨. સ. ક્રિ. જાગ્રત સેતા કરવું.
અપવાસ અને એકટાણાના પ્રયોગો નથી વસ્તુ હતી પણ પ્રદોષ અને રમઝાનને વિષે મેં જાપને તેમાં સંડોવ્યા. આપીલ

સંડોવાવું અ. ક્રિ. સંડોવાય તેમ થવું.

સંઢ ૧. [પ્રા. સં. પંઢ] પું. નપુંસક; હીજડો, નામર્દ

૨. પું. (જૂ ગુ.) સાંઢ; આખલો.
મુખે કરીને અતિહિ પ્રચડ,
દીઠો ઉંસો સુપનમાહી સંઢ.
આનંદકાવ્યમહોદધિ

સંઢત્વ ન. નપુંસકપણું.

સંઢાડવું (સઢાડવું) ૧. સ. ક્રિ. તૈયાર કરવું.

૨. સ ક્રિ. સાથે સર્જ જવું.
હેવુ તેનું કીપુ હાય, સંઢાડ્યો ફોતની સાથ.
સામળ

૩. સ. ક્રિ. સોંઢાડવું.

સંઢાણ ન. ઢોરને બેસવાની જગ્યા.

સંઢ પું. સાઢ, સાદુભાઈ; સાળીનો વર.

સંત ૧. [સં. સત્; અપ. સંત] પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ.

૨. પું. શિવનાં હજાર માંહેનુ એક નામ.

૩. પું. (પુરાણ) સત્ય ઋષિનો એ નામનો પુત્ર; મૂલ્ય ઋષિનો પિતા.

૪. પું. સારો ભલો માણસ.

૫. પું. સાધુ પુરુષ; પવિત્ર પુરુષ; મહાત્મા પુરુષ; યોગી પુરુષ; ધર્મિષ્ટ પુરુષ; વેરાગી પુરુષ; ભક્ત જન; પરમહસ પુરુષ; સજ્જન; સારો માણસ. રાગદ્વેષાદિ ચિત્તમાં ઊપજે પણ તેને શમાવી દે તેમને સંત કહેવાય, ને રાગદ્વેષાદિ જેને બિલકુલ ઊપજે જ નહિ તે તો ભગવાન કહેવાય.
ઊપજે સમાવે સંત, નહ ઊપજે નહિ સો તૌ ભગવંત.
પ્રસ્થાન

૬ વિ. સાસારિક પ્રપંચ રહિત; સત્ત્વશીલ; નીતિમાન; પ્રામાણિક; નેક; પવિત્ર; સાધુ; વેરાગી; મહાત્મા; પરમહસ; યોગી; ધર્મિષ્ઠ.

સંતકવિ પું સાધુપણાની સાથે કવિત્વ શક્તિવાળુ માણસ.
હિંદીના સતકવિઓ મહાત્મા કબીરદાસ, દાદુદયાલ, સુદરદાસ, મલૂકદાસ, રૈદાસ, નાનક, પલટૂ સાહેબ, ભીખા સાહેબ, દયાબાઈ, સહજોબાઈ વગેરે છે.

સંતકુંજ પું. સાંતાક્રુઝ.
દોસ્ત, હવે તો સંતકુંજમાં રહેર કરાવીશું
મરેજકવિ

સંતગાઢ પું. જગત મિથ્યા સમજી ગુરુ નાનક એક વખતે સ્નાન કરવા જતાં આખો દિવસ પાણીમાં ઊભા રહેલ તે સ્થળ.

સંતજન પું. મહાત્મા; મહંત.

સંતત ૧. [સં.] ન. (શિલ્પ) એક જાતનુ દિવાળ ઘરનું નામ; હસ્તિની શાળાવાળું ઘર.
જે ઘરને હસ્તિની શાળા હોય તે સંતત નામે ઘર કહેવાય. રાજવલ્લભ

૨. વિ. ગુચ્છે થયેલું.

૩. વિ. દુ:ખ ને શોકથી કાયર થયેલુ.

૪. વિ. ફેલાયેલુ; વિસ્તીર્ણ

૫. વિ. સયોગી; સયુક્ત; સંધાયેલુ.

૬. અ. સતત; નિરંતર; હમેશા; સદાસર્વદા.
બધ્યે સંતતપુક્ત એમ કરતા જે ગારી ઉપાસના ને અબધ્યા જ જેહ અસતતથી બોલણ બોમાં કહ્યા?
ગીતા પંચામૃત

સંતતજ્વર [સં. સતપ્તજ્વર] પું. અહોરાત્ર મુદતીઓ તાવ; આખો દિવસ રહેતો તાવ; દિવસમાં બે વેળા આવનારો તાવ; એક પ્રકારનો વિષમ જ્વર; '૮, ૧૦, ૧૨ અથવા ૨૧ દિવસ સુધી સતત આવનો અમૃહોરાત્ર તાવ. વિષમજ્વરનું કારણ એ જ સતતજ્વરનુ કારણ છે તે મેસેરિયાની પેરી હવામાંથી ઉત્પન્ન થાય છે. વિષમજ્વરના બીજા ભેદ કરતાં તે ઘણો જ સખત તાવ છે. ૭, ૧૦, કે ૧૨ દિવસ સુધી એક સરખો તાવ આવે છે. આ તાવ વધીને ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭ ડીગ્રી સુધી જાય છે યોગ્ય ઉપચાર ન થાય તો ૨૧ થી ૨૪ દિવસ સુધી ચાલે છે.
જો વિકાર આંતરડાનાં જાય છે તો સંતતજ્વર દિવસમાં બે વેળા આવનારો તાવ આવે છે.
બોજ-ચિંતામણિ

સંતતવિષમજ્વર જુઓ સતતજ્વર.

સંતતા સ્ત્રી. સાધુતા.
એમની સંતતા જેટલી અદ્‌ભુત છે તેટલા જ તેમના કર્તવ્ય અને યોગ્યશક્તિ મહાન છે.
મમપૂડો

સંતતિ ૧. પું (પુરાણ) સોમવશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વસના અવર્ક રાજાનો પુત્ર. તેનો પુત્ર સુનીથ રાજા હતો

૨. [સ. સમ્ (સારે) + તન્ (વિસ્તાર પામવો) + તિ (ક્રિયાવાચક પ્રત્યય)] સ્ત્રી. અવિચ્છિન્નધારા.

૩. સ્ત્રી. ચાલુ રાખવું તે

૪. સ્ત્રી. પરંપરા

૫. સ્ત્રી. બાળપરંપરા; છોકરાંછૈયાં; ઓલાદ; પુત્રપૌત્રાદિક; સતાન; બાળબચ્ચાં.

૬. સ્ત્રી. વંશ; ગોત્ર.

૭. [સં. તન્ (તાણવું)] સ્ત્રી વિસ્તાર.

૮. સ્ત્રી. શ્રેણી; પંક્તિ

સંતતિઉછેર ન. છોકરાંને ઉછેરવાં તે.

સંતતિનિગ્રહ જુઓ સંતતિનિયમન.

સંતતિનિયમન [સ.] ન. પ્રસૂતિબંધ; બાળકો ન થાય તેવું કૃત્રિમ બંધારણ; પ્રજોત્પત્તિ નિયમન; સતતિ વધતી કે અટકાવવી તે; સતતિ ઉત્પત્તિ ઉપર કાબૂ રાખવો તે; ' બર્થ કન્ટ્રોલ '. સતતિનિયમનનો પહેલો અને સૌએ સો ટકા સાચો બચવાનો ઉપાય બ્રહ્મચર્ય જ છે. બીજો બચવાનો ઉપાય યોનિઆવરણ એટલે ચેમરી જેવાં સાધનો આજના યુગમાં જે વાપરવામાં આવે છે તે છે. પરંતુ તેથી ઘણી વખત ગર્ભાશય ઉપર ચાદાં પડવાના કે કેન્સર થવાના દાખલાઓ મળી આવે છે. ત્રીજો ઉપાય અપૂર્ણ સહવાસ છે તેને યોગના એક પ્રયોગમાં ગણવામાં આવે છે. આ પ્રયોગમાં પુરુષ સસારનું છેલ્લું સુખ અનુભવતો નથી. ચોથો ઉપાય ધારણ સહવાસ છે આમાં જ્યા.સુધી ઇચ્છે ત્યાંસુધી સહવાસ કરવા છતા યે પુરુષનો સહકાર સસ.રસુખમાં હોતો નથી. પાંચમો ઉપાય પુરાનો છે. આમાં પાણીમાં કિંમતાર્હ નાખીને સસારસુખ પછી કુરા લેવાની એક રીત પ્રચલિત થઈ છે. વળી કોઈ કોઈ વખતે સ્ત્રી.શરીર ઉપર એવા જાતના કરડાઓ પણ પહેરાવવામાં આવે છે. આ બધા વ્યવહારુ પ્રયોગો પરદેશમાં કરવામાં આવે છે. છતાં યે તેમનો કોઈ સતોષજનક ઉલ્લેખ સંપૂર્ણ રીતે થયો હોય તેમ જાણવામાં નથી. હાલમાં એક વનસ્પતિનો પ્રયોગ સૂચવવામાં આવ્યો છે. તે વનસ્પતિ હજારમણી છે અને તે કસ્મીરમાં થાય છે. તેનો પ્રયોગ ભારતમાં ૧૨૦ ઓઓ ઉપર કરવામાં આવ્યો છે. આ ઔષધ ખાવાનું છે. હજારમણીના બીજ ૨ આનીભાર અને અફલકરો ૧॥ આનીભાર સાથે મેળવી દૂધ સાથે સવાર સાજ બે માસ નિયમિત લેવામાં આવે તો સતતિનિગ્રહ થવાની સભાવના છે. આ સિવાય આપણા ઉપચારમાં પણ પરદેશી તમામ ઔષધો કરતાં વધારે ગરીબાપાત્ર છતાં યે બાળ ઔષધ આ પ્રમાણે છે: સુખડનુ તેલ તોલો ૧, અફલકરો તોલો ૧॥, નાગરવેલનાં પાન તોલો ૧॥, તલનું તેલ તોલો ૧, કપૂર તોલો ૧॥, અફલકરાનાં ફૂલ તોલો ૧॥ બધુ સાથે મેળવી તેનો મલમ બનાવીને સ્ત્રી ઋતુમ્ય ઉપર લગાડ્યા પછી જ સસારસુખ ભોગવવાથી સતતિનિયમન થઇ શકે છે. આ પ્રયોગ છ

વર્ષ સુધી નિયમિત અજમાવ્યા પછી સફળ પ્રયોગ તરીકે માનવામાં આવ્યો છે. એક નહિ પણ અનેક માનવીઓ ઉપર આ ઔષધિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ ઔષધિમાંનાં દરેક ઔષધો મળી એક ઔષધ બને છે. સંતતિનિરોધની એ ઔષધિમાં શક્તિ છે કે જેને એથી કોઈ જાતનું નુકસાન થતું નથી આ ઔષધ ખાવાનું નથી અને તે સંતતિનિયમન માટે અચૂક સાબિત થયું છે.

સંતતિનિરોધ જુઓ સંતતિનિયમન.

સંતતિશાસ્ત્ર [સં.] ન. પ્રજા, ઓલાદ કે વંશની સુધારણાને લગતું શાસ્ત્ર; સુપ્રજાજનનશાસ્ત્ર; પ્રજાજનવિદ્યા; ઉત્તમ સંતતિ પ્રાપ્ત કરવાના નિયમોનું શાસ્ત્ર; ' યુજેનિક્સ '.

સંતતેયુ પું. (પુરાણ) સોમવંશીય રૌદાશ્વના દશ પુત્રોનો છઠ્ઠો પુત્ર

સંતદાદૂ પું. એ નામે એક સંત. આજથી ચારસો વર્ષ પૂર્વે સત્તરમી સદીના પ્રારંભવાસે અજરબાલાનો મસ્ત ખાસડિ પ્રેમભક્તિનો અમરઆરાધ ભક્તવર દાદૂનો જન્મ વિક્રમ સંવત ૧૬૦૧ના ફાગણ સુદિ અષ્ટમીને ગુરુવારે થયો હતો. તેમના જન્મસ્થળ વિષે કેટલાક મતભેદ છે, છતાં મોટા ભાગના વિદ્વાનો અમદાવાદને તેમનું જન્મસ્થાન માને છે. તેમનું પૂર્વ નામ દાઉદ હતું અને તેમની બીનું નામ હવા હતું. તેમને ગરીબદાસ અને મિસ્કીનદાસ નામના બે પુત્રો અને નાનીબાઈ તથા માનાબાઈ નામની બે પુત્રીઓ હતાં. દાદૂના મુખ્ય શિષ્ય રજ્જબ અને જનગોપાલ વગેરેના મત પ્રમાણે દાદૂ સાથે થયેલા વ્યવહારના પરિણામે શહેનશાહ અકબરે હિજરી સનને બદલે ઇલાહી સનને નામે નવો સવંત શરૂ કરેલો પોતાના નામથી અંકિત થયેલી મુદ્રાઓને ઠેકાણે અલ્લાહના નામની મુદ્રાઓ કાઢી. મુદ્રાની એક બાજુ અલ્લાહુ અકબર અને બીજી બાજુ જલ્લજલાલહુ અંકિત કરવામાં આવ્યું. ઓગણીસ વર્ષની ઉમરે દાદૂ અમદાવાદથી ઘર છોડી નીકળી ગયા હતા અને પર્યટન કરતાં કરતાં જયપુર રાજ્યમાં આવેલા સાભર ગામે આવી વસ્યા. ત્યાં તેઓ લોકદક્ષિણી બનવાની ખાતર પોતાનો જીવનનિર્વાહ રૂ પીંજીને ચલાવતા હતા. આ ઉપર જણાવેલી તમામ વસ્તુ વિગત પરથી પ્રતીત થાય છે કે, દાદૂ મુસલમાન હતા અને પીંજારા જાતિમાં તેમનો જન્મ થયેલો. કબીરના પુત્ર ભક્તશ્રેષ્ઠ કમાલ દાદૂના ગુરુ હતા. તે બાબતના પ્રસંગ ઉપરથી જણાઈ આવે છે. દાદૂએ હિંદુ કે મુસલમાન ધર્મનો કોઈ પણ જાતના સંપ્રદાયનો આગ્રહ કદી પણ રાખ્યો નથી. એટલું જ નહિ પરંતુ પક્ષપાતની બીનર, કર્મ-ધર્મના બાહ્ય આડંબરના પીંજરામાં પોતાની જાતને બંધિયાર બનાવવામાં એ કદી માનતા નહિ. પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપનું ધ્યાન, નિર્મુક્ત ઉપાસના આદિ દ્વારા પરબ્રહ્મનો સાક્ષાત્કાર એ જ દાદૂ સંપ્રદાયની મુખ્ય સાધનપ્રણાલિ હતી. દાદૂએ પોતાના સત્સંગસ્થળનું નામ અલખ દરિબા રાખ્યું હતું. આ મિલન સ્થળે ભિન્ન ભિન્ન ધર્મોઓ એકઠા થતા. પરસ્પર આધ્યાત્મિક વિષયોની આપલે થતી. આ મિલનસ્થાન આમેર મુકામે હતું. દાદૂના હિંદુ અને મુસલમાન બંને શિષ્યો હતા. તેના ૧૫૨ મુખ્ય શિષ્યો હતા, જેમાંના બધા જ ઉચ્ચ કોટિના યોગસિદ્ધ હતા અને કેટલાક પ્રતિભાસંપન્ન કવિ પણ હતા. આ ૧૫૨ યોગસિદ્ધ શિષ્યોમાંથી તો ૧૦૦ શિષ્યો વિરક્ત થઈ ગયા એટલે એમણે મઠ રચ્યા નહિ તેમ જ શિષ્યો પણ બનાવ્યા નહિ. ઝાડીના પર શિષ્યોએ મઠ સ્થાપ્યા અને શિષ્યો બનાવ્યા. આથી તેઓ બાલબ્રહ્મચારી મહંત કહેવાયા. દાદૂ પંથના બે વિભાગ પાડ્યા છે. એક તો બેસબારી વિરક્ત સાધુઓ કે જે ભગવા રંગનાં કપડાં પહેરે છે અને ખાસ-બાંધ, ભજન વગેરેમાં પોતાનો સમય વ્યતીત કરે છે. બજાર બીજા નાગા સાધુ કહેવાય છે, જે સાદા-રંગીન કપડાં પહેરે છે અને તે તમામ પ્રકારના સાંસારિક વ્યવહારનાં કાર્યો કરે છે, પરંતુ વિવાહ કરતા નથી. દાદૂ પંથીઓની જમાત જયપુરમાં સૌથી વધુ છે. અલવર, મારવાડ, મેવાડ, બિકાનેર, પંજાબ, ગુજરાત વગેરે સ્થળોએ આ જમાત પથરાયલી પડી છે

સંતધારા સ્ત્રી. સતત પ્રવાહ.

સંતન પું. બ. વ. સંતપુરુષો.

મીરાબાઈના મહેલમાં રે હરિ સંતનના વાસ.
મીરાબાઈ

સંતનામી પું. શાક્તોનો એ નામનો એક સંપ્રદાય.

સંતનિયાં જુઓ સંતન

સંતનિકા સ્ત્રી. મલાઈ.

સંતપુરુષ પું. સંત

સંતપૂજા સ્ત્રી. બ્રાહ્મોસમાજમાં અવતારી પુરુષની થતી પૂજા

સંતપ્ત ૧. [સં] વિ. ખૂબ ગુસ્સે થયેલું.

૨. વિ. ખૂબ તપી ગયેલું

૩. વિ. સંતાપ પામેલું; દુઃખી; પીડિત; દુઃખ અને શોક વગેરેથી કાયર થઈ ગયેલું.

સંતપ્તોનું શરણ પણ ! ન હોઈ સદેશ મારો,
લે આ પ્રિયાપ્રતિ પતંગ ગ્રહતાં વિરહીનો.
મેઘદૂત

સંતપ્રિયા ન અખાએ બનાવેલું એ નામનું એક પુસ્તક.

સંતમસ ૧. [સં.] ન. ચારે તરફ વ્યાપી રહેલ અંધકાર; વિશ્વવ્યાપી અંધકાર.

૨. ન. મહામોહ

સંતમહિમા પું. સાધુ પુરુષોનો પ્રભાવ.

સંતમંડળ ન. સંતોની મંડળી.

સંતમંડળી સ્ત્રી. સંતોનું મંડળ

સંતરામ પું. એ નામના એક સંત. તેઓ નડિયાદના રહેવાસી હતા. તેની શાખા ઉમરેઠ અને બાદરામાં આવેલી છે. એ મૂર્તિપૂજક ન હોતા. મુસલમાન પણ એમની પાસે દીક્ષા લઈ શકતા

સંતરું [પે. ટું.] ન. ખાટા મધુરા પાણીથી ભરેલી પેશીઓવાળું એક ફળ; મીઠા લીંબુ કે નારંગીની જાતનું ફળ; જાડા છોડાની એક જાતની નારંગી. આ ઝાડ નાનું, ૨૦થી ૩૦ ફૂટ ઊંચું થાય છે. દક્ષિણ આફ્રિકાની આ જાત છે. હિંદમાં સંતરાં નવી તરીકે ઓળખાય છે. તેનું ખૂબ જ વાવેતર થાય છે. નાગપુર અને પુનાની જાતો બહુ મોટી અને સારી મીઠી હોય છે. તેનો મોટો વેપાર ચાલે છે અને ખાસ કરીને નાગપુરી સંતરાં તો અત્યંત પ્રખ્યાત છે. ફળો વધુ વખત રહી શકતાં નથી. ૩, ૪ દિવસ પછી સડી જાય છે. તે દીપન અને પાચન છે. બહુ આથાથી સરદી થાય છે. ખરાબ જમીનમાં તે ખાટાં થઈ જાય છે. તેમાં ત્રણ ઉપજાતો થાય છે. તે ખાટાં ફળ ખાવાથી સરદી અને ખાંસી થાય છે તથા તાવ ચડી આવે છે. મીઠાં ફળ જઠરની પાચનશક્તિને માટે બહુ જ ગુણકારી છે. અજીર્ણ અને ઉદર આધિઓમાં તેમનું માફકસર સેવન આશીર્વાદરૂપ નીવડે છે. તેમનું શરબત બને છે અને રસમાંથી સાઇટ્રિક એસિડ બને છે. ફળની છાલ તથા ફળોમાંથી મુરબ્બો ઉપરાંત તેલ મળે છે. તેમાં સાધારણ સુનેરી કોમ છે જાકડું કાળું અને ચીકટ કોમ છે તેના ઉપર ઓપ સારો ચડે છે

સંતર્દન પું. (પુરાણ) કેકય દેશાધિપતિ યુધાજિતને વસુદેવની બહેન શ્રુતકીર્તિને પેટે થયેલો પુત્ર.

સંતર્પણ ૧ ન. તૃપ્ત કરવું તે.

૨. ન. પીવાનો પદાર્થ

સંતર્પવું સ. ક્રિ. શાંત કરવું; તર્પવું.

સંતર્પિત ૧. [સં.] વિ. ખુશી કે હર્ષ પામેલું.

૨. વિ. તૃપ્ત કરાયેલું.

સંતરી પું. પહેરેગીર.

સંતલસ સ્ત્રી. છૂપી ગોઠવણ; મસલ્લા; ગુપ્તતગો; ખાનગી મસલત.

સંતલી સ્ત્રી. આસામ, બંગાળ, બિહાર અને ઓરીસા તરફ બોલાતી એક ભાષા.

સંતવર્ય પું. સંતોમાં શ્રેષ્ઠ; ઉત્તમ ગુણવાળો સાધુ.

સંતવાણી સ્ત્રી. સંતપુરુષોની વાણી.

સંતસમાગમ ૧. [સં] પું સત્સમાગમ; સત્સંગતિ; સારી સોબત.

૨. પું. સંતોનો સમાગમ; સારા માણસો સાથે રહેવું તે.

સંતસંસ્કૃતિ [સં.] સ્ત્રી. માનવજીવનનો વિકાસ કરનાર સંસ્કૃતિ.

સંતસાજ પું. સાધુઓએ પાસે રાખવાનો સામાન.

સંતાકૂકડ (સતાકૂકડ) જુઓ સંતાકૂકડી.

સંતાકૂકડી (સતાકૂકડી) સ્ત્રી. એક દેશી રમત; સતાકૂકડું. શેરીમાં ખુલ્લી જગ્યામાં આ રમત રમાય છે. પ્રથમ એક છોકરાને માથે દાવ ઠરાવવામાં આવે છે. આઠ અથવા વધારે છોકરાંઓ આ રમત રમી શકે છે. તે છોકરાં સિવાયના બાકીનાં છોકરાંઓ સંતાઈ જાય છે. સંતાઈ ગયેલ છોકરાં માંહેનો એક પોતાનો સાદ બદલી નાખીને ધીમેથી કૂકડી કૂક એમ બોલે છે. એ આધારે દાવ દેનાર છોકરો તેમને શોધવા નીકળે છે દાવ દેનાર છોકરો જેમ જેમ છોકરાઓને શોધી કાઢતું જાય છે તેમ તેમ તે શોધાયેલ છોકરાઓ પણ તેની સાથે બીજાં છોકરાંઓને શોધવામાં સામેલ થાય છે. જ્યારે બધાં છોકરાંઓ જડે છે ત્યારે દાવ દેનાર માથેથી દાવ ઊતરે છે અને પછી ફરી રમવું હોય તો રમે છે. આ રમતમાં ઘણે ભાગે અંધારું હોય તેવી જગ્યામાં સંતાવાનું હોય છે. આ રમતથી બહુ થોડા અજવાળા કે અંધારામાં અવાજ કે થોડું બારણું જે દેખાય તેટલાથી જોવાની ટેવ આંખને પાડી બીજાં બાળકોને પકડી પાડી ચક્ષુ ઇંદ્રિય અને કર્ણેંદ્રિયને ઘણી સરસ કેળવણી છે અને અંધારામાં રસ્તો વગેરે ખોળતાં અને મુસાફરી કરતા શીખાય છે.

સંતાકો જુઓ સંતાકૂકડી.

સંતાડવું (સંતાડ્વુ) ૧. [સ. સમ્ (સાથે) + તન્ (ખેંચવું)] સ. ક્રિ. છુપાવવું; છાનું રાખવું; ગુપ્ત રાખવું.

૨. સ. ક્રિ. ઢાંકવું; કોઈના જોવા કે જાણવામાં આવે નહિ તેવે ઠેકાણે રાખવું.

સંતાડાવવું (સંતાડ્રવવું) ૧. સ. ક્રિ. ઢંકાવવું; કોઈના જોવામાં કે જાણવામાં ન આવે તેમ છૂપું રખાવવું

૨. સ. ક્રિ. સતાડાવ એમ કરવું; છુપાવવાનું કહેવું

સંતાડાવું (સંતાડ્રવું) ૧. અ. ક્રિ. ગુપ્ત રખાવું; ખાનગી રખાવું

૨. અ. ક્રિ. છુપાવું; છાનું રખાવું.

૩. અ. ક્રિ. ઢંકાવું.

સંતાન ૧. ન. એ નામનું એક ભારતવર્ષીય ક્ષેત્ર

૨. ન. (વેદાંત) એક ધર્મવ.ળું જ્ઞાન.

૩. ન. છોકરાં; બાળબચ્ચાં, અપત્ય; બાળપરિવાર; સતતિ. ઋગ્વેદમાં પુરુષને દશ સંતાન ઉત્પન્ન કરવાની જ આજ્ઞા આપી છે.

માતપિતાની બન્નેય પાસે,
નહેના પ્રફુલ્લ પુષ્પ તે **સંતાન**. નાનાલાલ

૪. ન. પોતાનો સામાન્ય ધર્મ છોડ્યા વગર ઉત્તરોત્તર વખત જતાં બનતાં પરિણામ. જેમકે, ગોરસનાં દૂધ, દહીં, છાશ, ઘી એ સંતાન છે.

૫. ન. સ્વર્ગનાં પાંચ માંહેનું એક ઝાડ; હરિચંદન.

સંતાનપતિ [સં.] પું. બાપા.

સંતાનભાવ ૧. પું. બી

૨. પું. જન્મકુંડલીનાં પાંચમો ભાવ.

૩. પું. દેવરાજ.

૪. પું. નંદન.

૫ પું. પંચક.

૬. પું. પિતૃ

સંતાનરેખા [સં.] સ્ત્રી. છોકરાં દર્શાવનારી રેખા.

સંતાનસીમાબંધન જુઓ સતતિનિયમન.

સંતાનહીન વિ. છોકરાં વગરનું; નિર્વંશી.

સંતાનિકા સ્ત્રી. દૂધની તર

સંતાનોત્પત્તિ [સં. સતાન + ઉત્પત્તિ] સ્ત્રી. પ્રજોત્પત્તિ

સંતાપ ૧. [સ.] પું. બળતા તાપ; ગરમી.

૨. પું. ક્રોધ, ક્રોધ અને લોભ વગેરેથી ઊપજતો મનસ્તાપ; પીડા; દુઃખ; પશ્ચાત્તાપ; ઉદ્વેગ; ક્લેશ.

૩. પું. ઘોડાને થતો એક જાતનો રોગ. તેમાં ગળા અને કપાળમાં ગાંઠ થાય છે

સંતાપજનક વિ. દુઃખકારક.

સંતાપદાયક વિ. મહાન દુઃખદાયક.

સંતાપન ૧. ન. કામદેવનાં પાંચ બાંહેનું એક બાણ

૨. ન. પરિતાપ

૩. ન વિશ્વામિત્રે રામને આપેલ એક દિવ્ય અમોઘ અસ્ત્ર.

સંતાપવું [સં. સતપ્યતે; અપ. સતપ્પઈ] સ. ક્રિ. પીડવું; દુઃખ દેવું; હેરાન કરવું; સંતાપ આપવો; પજવવું; વિતાડવું; બાળવું; ઉતાપ કરાવવો; કોચવવું; શોક કરાવવો.

સંતાપિત [સં.] વિ. કામ ક્રોધાદિકથી તાપ પામેલું; ગરમ થયેલું; દુઃખી; ક્લેશથી આકુળ થયેલ; સતાપ પામેલ.

સંતાપિયું વિ. દુઃખ દે તેવું; પજવે તેવું; હેરાન કરનારું.

સંતામણી સ્ત્રી. એક જાતની રમત.

સંતાલા પું. હાથ, ખભા, ગરદન, છાતી વગેરે અંગોને કસરત આપવાનું લાકડાનું એક સાધન.

સંતાવાદાવ જુઓ સંતાકૂકડી.

સંતાવાવું અ. ક્રિ. સંતાઈ શકાવું; ગુપ્ત રહી શકાવું

સંતાવું અ ક્રિ. છુપાવું; છાનું રહેવું; ગુપ્ત રહેવું.

સંતીર્ણ ૧ [સં.] પું. (જૈન) શુદ્ધ ભગવાન.

૨. વિ. સંસારનો પાર પામેલ; મુક્ત.

સંતુર ન. એક જાતનું હસ્ત વાદ્યિંત્ર. તે વાદ્ય પોલાદનું ત્રિકોણાકાર બનાવેલ હોય છે.

સંતુષ્ટ ૧. વિ. ખુશ; રાજી.

૨. [સં. સતુષ્ (સંતોષ પામવો)] વિ. તૃપ્ત; ધરાયેલું; સંતોષને પ્રાપ્ત થયેલું; સંતોષ પામેલું.

સંતૃપ્ત [સં] વિ. તરબોળ કરેલ; સંપૂર્ણતા; સારી રીતે તૃપ્ત થયેલ.

સંતૃપ્તબિંદુ ન. સપૃક્ત બિંદુ; 'સેચ્યુરેશન પોઈંટ'.

સંતૃપ્તિ ૧. સ્ત્રી. તરબોળપણું.

૨. [સં.] સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.

સંતૃપ્ય વિ. સંતૃપ્ત થઈ શકે તેવું.

સંતોક ૧. [સં. સંતોષ] પું. સદ્ભાવવાચક નામ.

૨. પું. સતોષ; સતોષ; તૃપ્તિ. પ્રજાની ઉત્પત્તિથી સંતોષ માનીને પ્રજા ઉત્પન્ન કરવાથી વિરમવા ઇચ્છનાર માબાપ છેલ્લા સંતાનનું નામ સંતોક એવું પાડે છે.

સંતોકવું સ ક્રિ. તૃપ્ત કરવું; સતોષ પમાડવો.

સંતોકવા બસ જળ નિર્મળ પાછા નહિ ફેર ૨ શેખાદમ

સંતોકાવું અ. ક્રિ. સતોષાવું.

સંતોકી ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

સંતોખ પું. સતોષ; તૃપ્તિ; બરકત.

સંતોખવું ૧. સ. ક્રિ. તૃપ્ત કરવું; ધરાવવું, સતોષ પમાડવો

૨. સ ક્રિ સંતોષ આપવો; રાજી કરવું.

યજ્ઞ આવે પ્રભુ સર્જે બધા પૂર્વે પ્રજાપતિ,
પામજો આ થકી વૃદ્ધિ, પૂરો આ હવ કામના.
આથી સંતોખજો દેવો, દેવો સંતોખશે જ તે,
પામજો પરમ શ્રેય સંતોખતા પરસ્પર
કવિગીતા

સંતોખાવું અ. ક્રિ. સતોષાવું

સંતોખી વિ. સતોષી.

સંતોરવું સ ક્રિ. હેરાન કરવું; સતાપવું; પજવવું.

સંતોરો પું. ઝઘડો; કપ.

સંતોલો ૧. પું ભારદાન સહિત પુલ વજન.

૨. પું. મલ્લવિદ્યાના પટ મા.હેનો એક પ્રકારનો દાવ; એક જાતનું કસરતનું સાધન. તેમાં પહેલવાને સતોલો પોતાના બંને હાથથી ઝાલી હાથ ઊંચા કરી પોતાનો પૈતરો જમાવવા સારુ બંને હાથે સતોલાને ઠમરમાથી ઘુમાવી તેને ફેરવવો. આમ વારંવાર કરવાથી પોતાના પગનો પૈતરો મજબૂત થાય છે.

સંતોષ ૧. પું. અપરિગ્રહ.

૨. [સં. સંતુષ્ (સતોષ પામવો)] પું. જેટલું મળે તેટલાથી પ્રસન્ન રહેવું તે; જે હોય તેમાં ખુશી માનીને રહેવું તે; અનાયાસે પ્રારબ્ધ યોગે જે મળી આવે તેટલામાં આનંદ માનવો તે; પ્રારબ્ધવશાત્ જે પ્રાપ્ત થાય તે ઉપર સંતોષવૃત્તિ રાખવી અથવા તો સર્વે પ્રકારના ભોગોમાં આસક્તિ નહિ રાખતાં અનાસક્ત થવું તે; હોય તેટલાથી રાજી રહેવું તે; પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે.

સતોષ કરવો–માનવો–રાખવો–વાળવો = હોય તેટલાથી રાજી રહેવું, સતોષી થવું.

૩. પું. પ્રસન્ન સ્વભાવ, ખુશ મિજાજ

૪. પું. (પુરાણ) ભાર ભાઈનો એક તૃપ્તિ દેવ.

૫. પું (પુરાણ) યજ્ઞને દક્ષિણાથી મેળવ ભાર ભાઈનો એક દીકરો

૬. પું. સતોષ; તૃપ્ત હોવાપણું; સમાધાન, સુખ

૭. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વતરમાંના ધર્મ ઋષિનો પુત્ર ધર્મ.

સંતોષકર [સં.] વિ. સતોષ કરનાર; સંતોષ આપનાર.

સંતોષકારક [સ. સતોષ + કારક (કરનાર)] વિ. સતોષ આપે તેવું

સંતોષકારિણી [સં.] સ્ત્રી. સ્વાહા.

સ્વાહા, વહ્નિપ્રિયા, વહ્નિજાયા, સંતોષકારિણી, સક્તિ, ક્રિયા, કાલરાત્રિ, પરિપાકરી, પુષ્ટા, સર્વદા, નરમતિ, દાહિકા, દહનસત્ય, સંસાર સારરૂપા, ઘોરસસારતારિણી, દેવદત્તધરા અને દેવપોષ્યકારિણી એવા સોળ નામવાળા સ્વાહાને હું પ્રણામ કરું છું. જયવતી ભારત

સંતોષજનક [સં.] વિ. સતોષ આપે એવું; સતોષકારક.

સંતોષપૂર્વક ૧. [સ] ક્રિ. આનંદથી, ઉત્સાહથી.

૨. સ ધીરજથી; સબૂરીથી

૩. સ સતોષથી; તૃપ્તિથી; મનમાનતી રીતે.

સંતોષપ્રદ [સં.] વિ સતોષકારક

સંતોષમાન વિ. સતોષમાં લીન; સતોષમા તરબોળ.

સંતોષવું ૧. સ. ક્રિ. ખાતરી કરી આપવી; સમાધાનવૃત્તિ કરવી; મનનું સમાધાન કરવું.

૨. સ. ક્રિ. ખુશ કરવું.

૩ સ. ક્રિ. ચૂકવવું

૪ સ. ક્રિ. સતોષ આપવો; તૃપ્તિ કરાવવી.

સંતોષવૃત્તિ [સં.] સ્ત્રી. સતોષ રાખવાની વૃત્તિ; બરકત રાખવાનું વર્તન; તૃપ્તિનો સ્વભાવ.

સંતોષાનંદ [સં. સતોષ + આનદ] પું સતોષ અને આનંદથી થતી તૃપ્તિ

જોઈને સતોષાનદ થયો = આનંદથી જીવ ઠરવો

સંતોષાવું ૧. અ. ક્રિ. તૃપ્ત થવું; ધરાવું

૨ અ. ક્રિ. રાજી થવું; ખુશી થવું

૩. અ ક્રિ. સંતોષ પામવું; સતોષાવું.

સંતોષિત [સં] વિ. સતોષ પામેલું.

સંતોષી [સં.] વિ. થોડાથી તૃપ્ત થનાર; સતુષ્ટ; સતોષ પામેલું; સતોષ ગમનારું.

સતોષી નર સદા સુખી = સતોષ એ જ દોલત છે

સંત્રસ્ત [સં.] વિ ત્રાસિત; ભયગ્રસ્ત, ડરપોક

સંત્રાણ [સં.] ન. રક્ષણ

સંત્રાસ ૧. [સં] પું ત્રાસ

૨. પું. મોટો ભય.

સંત્રી [અં. સેન્ટ્રી] પું. પહેરેગીર; ચોકીદાર.

ઝંડા સ્વરાજના સત્રી.
રહો તુજ ગાવર સ્વરાજ્યની. મેઘાણી

સંથ ન. પગનો અલંકાર; પગમાં પહેરવાનું એક ઘરેણું

સંથાગાર ૧. [સં સત્થાગાર] ન. જાહેર સભાસ્થાન; વિચાર કરવા જેવા મળવાનું જાહેર મકાન; નગર મંદિર; ' ટાઉન હોલ '.

૨ ન બૌદ્ધ ધર્મોપદેશનું સ્થાન.

સંથારવું અ. ક્રિ સૂવું; પથારીમાં પડવું.

સંથારિયું ન. જૈનનું રાત્રે પાથરવાનું જીનનું કપડું

સંથારો [સ સન્તાર પ્રા સત્થાર] પું. (જૈન) મરણ પર્યંત ઉપવાસ કરવાનું વ્રત; મરણ પર્યંત અનશન વ્રત; અણસણ; મરણ નજીક આવતા મમતા છોડી મરણ પથારી ઉપર સૂવું તે.

સથારો કરવો = મરવા અગાઉ થોડી મુદતે સસારની આશા, તૃષ્ણા, અન્ન, પાણી વગેરે તજી દેવું; માયા, મમતા, ખાનપાન તજી મરણ પથારી કરવી

સંથાલ પું. બિહાર, ઓરિસ્સા ત ૬ વસતા એક જાતના કોમ.

સંથાવું ૧. અ ક્રિ. ગૂથાવું; રોકાવું.

૨. અ ક્રિ. વિવાહ થવો

સંથો પું. સપાટ જગ્યા.

સંદગ્ધ ૧. [સં.] વિ. દાઝેલું.

૨. વિ. દુઃખી.

સંદરવો પું. ઝરવો.

સંદર્ભ ૧ [સં] પું. ગ્રથન કરવું તે.

૨. પું. ગૂથવું તે.

૩. પું ગોઠવવું તે; રચના.

૪. પું પૂર્વાપર સબંધ; અન્વય; યોગ્ય સંબંધ; વાક્યનો કે વસ્તુનો આગળ પાછળના અર્થ સાથે સબંધ.

૫. પું પ્રબધ; ગ્રથ.

સંદર્ભગ્રંથ [સં.] પું. અર્થ, આંકડા કે એવી માહિતી મેળવવા માટે ખપનો સંગ્રહ ગ્રંથ. આકર ગ્રથ; ' બુક ઑવ રેફરન્સ '.

સંદર્ભવિરુદ્ધ વિ. સબંધ વગરનું

સંદર્ભશૂન્ય [સં] વિ પૂર્વાપર સબંધ વગરનું.

સંદશન પું. એ નામે યમપુરીમાં આવેલો અગિયારમો નરકનો કુંડ.

જેણે આલોકે નિજના ધન, ભોગો સુખવર્ધિક સ્વજન; તેને નાખે છે સંદશને જેના દંડ દુઃખે ઘાણી જાણે. નિષ્કુળાનંદ

સંદષ્ટ વિ. (સંગીત) દાંત પીસીને અક્ષરનો ઉચ્ચાર કરનાર; દાત પીસીને ગાયન ગાવું તે. ને ગાયકનો આ દોષ ગણાય છે

સંદંશ ૧. [સં] ન. (પુરાણ) અઠ્ઠાવીસ માઠેનુ એ નામનું એક નરક; સોનું વગેરે ધાતુ ચોરનારને પ્રાપ્ત થનારું એ નામનું નરક.

જે માણસ ચાદીથી અથવા બનાવટથી બ્રાહ્મણના સોના કે રત્નનું હરણ કરે તેને યમ સંદંશ નામના નરકમા નાખે છે. ભાગવતી આનવત

૨. ન. ચીપિયાના આકારનું એક પ્રાચીન ઓજાર. વૈદ્ય ૧૦૫ છે. તેના ૭ વિભાગ આ પ્રમાણે કરવામાં આવ્યા છેઃ સ્વસ્તિક, સદશ, નાલ, નાડી, શલાકા અને ઉપનત્ર.

સંદંશપતિત ન્યાય [સં] પું. ન્યાયશાસ્ત્રમા પ્રસિદ્ધ એક ન્યાય. સાણસી જેમ પોતાની વચ્ચે આવેલી વસ્તુને પકડે છે તેમ જ્યાં પૂર્વ અને ઉત્તર પદાર્થ વચે મધ્યનો પદાર્થ અવશ્ય આવી જ જાય ત્યા આ ન્યાય વપરાય છે.

સંદંશી સ્ત્રી. સૂડી

સંદાન ૧. પું. હાથીના પૂંછડાની નીચેનો ભાગ.

૨. ન. દામ; પશુને બાધવાનુ દોરડું.

૩. ન. નીરણ; ચારો.

૪. ન. સારી રીતે બંધન કરવું તે.

૫. [સં.] ન. સારું દાન.

સંદાનિત ન. (કાવ્ય) પ્રહસનના પાત્ર માઠેનો એક પ્રકાર; ધુરખક.

સંદાનિની [સં.] સ્ત્રી. ગોશાળા; ગાયો બાંધવાનું સ્થાન

સંદારિક પું. એક પદાર્થ નામ તે રાતો સોમલ તથા ગંધકના મિશ્રણથી થાય છે. તે અગ્નિવર્ધક છે.

સંદિગ્ધ ૧. પું. (કાવ્ય) એક પ્રકારનો શબ્દાર્થ દોષ. સબંધ જાણ્યા વિના જેનો અર્થ નક્કી ન કરી શકાય એવા શબ્દસમૂહની રચના હોય તો આ દોષ બને છે; પણ વ્યાજસ્તુતિ અલંકારમાં તે વપરાયા હોય તો તે ગુણ ગણાય છે.

પ્રાણ વિના અર્થનો નિશ્ચય ન થાય ત્યા સંદિગ્ધ દોષ જાણવો. કાવ્યરાજ

૨. પું (કાવ્ય) મધ્યમ કાવ્યના આઠ માઠેનો એક ભેદ. જ્યાં ધ્વનિમાં સંદેહ રહે એ સદિગ્ધ.

૩. વિ. અનિશ્ચિત; અસ્થિર; અનિશ્ચિત; ડામાડોળ.

૪. [સં.] સ્ત્રી. અસ્પષ્ટ; ગૂંચવાયેલું; સંદેહયુક્ત.

૫. વિ. દ્વિઅર્થી; બેવડો અર્થ થાય એવું.

૬. વિ. વહેમ પડતું; અયોક્કસ; શકમદ; શકાય પડતું; શંકા ભરેલું.

સંદિગ્ધતા ૧ સ્ત્રી. અયોક્કસપણું, અનિશ્ચિતતા.

૨ સ્ત્રી અસ્પષ્ટતા, ગડબડિયાપણું.

૩ સ્ત્રી. દ્વયુ હોવું તે; અસ્તવ્યસ્ત હોવું તે.

સંદિગ્ધાર્થ ૧. [સ પુ દ્વયર્થ.

૨ વિ અસ્પષ્ટાર્થ, દ્વિઅર્થી

સંદિષ્ટ ૧ [સ] ન સન્દેશો.

૨ વિ ઉપદેશ કરેલું.

સંદીપ [સ] પુ. સાંદીપનિ ઋષિ; કૃષ્ણ અને બળદેવના ગુરુ.

સંદીપન ૧ ન ઉશ્કેરણી; ચગાવવું તે

૨ સ સમ્ + દીપ્ (પ્રકાશવું)] ન સળગાવું તે; દીવો પ્રગટાવવો તે; ઉદ્દીપન.

સંદીપની સ્ત્રી. (સંગીત) ગાયતા શ્રુતિનો એક પ્રકાર; ભાવીસ માઠેની સોળમી શ્રુતિ.

સંદીપ્ત ૧. [સં. સમ્ + દીપ્ (પ્રકાશવું)] વિ. ઉશ્કેરાયેલું

૨. વિ. સળગાવેલું; પ્રગટાવેલું; ઉદ્દીપ્ત.

સંદુક [અ.] સ્ત્રી. તજામી; કાઠડી.

સંદુકચી [અ.] સ્ત્રી. પેટી; પટારો; નાની પેટી; તિજોરી.

સંદેશ ૧. પું. આજ્ઞા.

૨. પું. એકવીસ માઠેનું એક નરક.

૩. પું. બંગાળાની એક જાતની પ્રખ્યાત મીઠાઈ; ફાટી ગયેલા દૂધમાં ખાંડ મેળવીને બનાવવામાં આવતી એક પ્રકારની સહેજ ખટાશ અને ગળપણવાળી મીઠાઈ.

૪. [સં.] પું. લખીને અથવા મોઢે કહેવડાવવું તે, કહેણ, પેગામ, ખબર; સમાચાર

સંદેશક [સં.] વિ. સંદેશો કે પેગામ આપનાર. ધર્મસંદેશક, આંખનો, કૌટુંબિક સંદેશક જાણ. સાદિક

સંદેશડો (સંદેશો) ૧. [સં. સંદેશ + ડો (સ્વાર્થે પ્રત્યય)] પું. સંદેશો; સમાચાર.

૨. જુઓ સંદેશરો

સંદેશરો પું. શિરીષનું ઝાડ; એક ઝાડ; વીરતરુ; ભાંતિતુલ્ય; કૃસુમ; શાખે સૂક્ષ્મપત્ર; કંટકી; વિજ્ઞાનેશ્વર. તે અજાણીના જેવું થાય છે અને પાન પણ તેવાં જ થાય છે. ફૂલ ધોળાં અને તેમાં પરાગની ઊંડી ભોગી હોય છે. તે દવાના ઉપયોગમાં આવે છે. તેને ગલતોરો પણ કહે છે.

એ સંદેશરાનું ઝાડ એ જ શિરીષનું ઝાડ. અસલના લોકો સંદેશરાને શિરીષ કહેતા. શિક્ષણપત્રિકા

સંદેશવાહક [સં.] પું. સંદેશ લઈ જનાર.

સંદેશવાહી [સ] વિ. સંદેશ લઈ જાય તેવું.

સંદેશહર [સં] પું. દૂત; સંદેશો લઈ જનાર પુરુષ

સંદેશો [સં. સમ્ (સાથે) + દિશ્ (બતાવવું)] પું સંદેશ; પેગામ; સમાચાર; કહેણ; ખબર.

પ્રભુ જ્યોતિ જળપ્લવનો આડો મેમ કયાં આ. ને સંદેશા ચતુર જીવથી પહોંચવા યોગ્ય તે કયા ? મેઘદૂત

સંદેશા ચાલવા = વાટાઘાટની સ.મસાભી વાતો થવી; સંદેશાની લેવડદેવડ થવી.

સંદેશો પહોંચાડવો (સંદેશો પહોંચાડવો) સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેમાં પ્રથમ છોકરાઓને હારમાં ઊભા રાખવા. દરેક હાર વચ્ચે ૧૫ ફૂટનું અંતર રાખવું. દરેક પક્ષના છોકરાઓને ઓળખવા. દરેકને જુદાં જુદાં નિશાન કરવા. પછી બાદ છેવટની હારના છોકરાઓના હાથમાં રદ્દ અગળનો ટુકડો અને પેન્સિલ આપવાં. પછી જેટલા છોકરા એક હારમાં હોય તેટલા જુદા જુદા સંદેશા રિક્ષકે કાગળ ઉપર લખી કાઢવા અને પહેલી હારના છોકરાને પોતાની પાસે બોલાવી ને દરેકને તે જુદો જુદો કાનમેથી વાચી બતાવવો. દરેક છોકરા તે સંદેશો સાંભળીને પોતાની જગ્યાએ જઈ ઊભો રહે. આ રીતે પહેલી હારના છોકરાને સંદેશા આપાઈ રહે બાદ રિક્ષકે સિસોટી વગાડવી. સિસોટી થતાં જ પહેલી હારના દરેક છોકરાએ મોઢાં ફેરવી પાછળની હાર તરફ દોડવું અને પાછળી હારના પોતાના નંબરવાળા છોકરાને તે સંદેશો ધીમેથી સભળાવવો પછી તેણે દોડીને પોતાની પાછળની હારવાળાને પહોંચાડવો. સંદેશો આપી રહે અને છોકરા પરત થાય. એમ છેવટની હારવાળાને પહોંચતાં તે દરેક તેને આપેલા કાગળના કટકા ઉપર આપેલી પેન્સિલથી લખી તે તરતજ દોડીને રિક્ષકને પહોંચાડે. રિક્ષકે તે સંદેશા મૂળ સાથે મેળવી લેવા. જે પક્ષનો છોકરો સંદેશો પહેલો લાવે અને બરાબર લાવે તે પક્ષ જીત્યો ગણાય.

સંદેસ ન. એ નામનું એક ઝાડ. મુંબઈ તરફ વાપરી, મરાઠીમાં સંદસર, ગુજરાતીમાં સંદેસ એવાં તેનાં નામ છે. આ ઝાડ ૨૦ થી ૩૦ ફૂટ ઊંચું ઊગે છે. લીસી રાખોડી રંગની તેને છાલ આવે છે. પાન ૪ થી ૬ ઇંચ લાંબાં હોય છે. તેની ઝીણી પાંદડીને લગભગ નહિ જેવું દંત હોય છે. દરેક ગુચ્છામાં ઘણું ફૂલ હોતાં નથી. નીચેનાં ફૂલનાં દંત મોટાં હોય છે. પાંખડીઓ શરૂઆતમાં ધોળી અને પછીથી પીળા

ગઈ જાય છે ઉપલી પાંખડી બીજીના કરતાં સામાન્ય રીતે નાની અને ખુલતા રંગની હોય છે. પાંખડી લગભગ મોગાકાર હોય છે. તેઓ લીસી અને અને છેડે સાંકડી હોય છે. ગરમ અને વર્ષાઋતુની શરૂઆતમાં તેમાં ફૂલ આવે છે. નબળી સૂકી જમીનમાં પણ તે ઊગી શકે છે. ઝાડમાંથી એક જાતનો ગુંદ નીકળે છે. મદ્રાસ તરફ તેના પાન અને ડાળી ખાતર તરીકે વપરાય છે. તેનું લાકડું પીળું અને લીસું હોય છે. ફર્નિચર બનાવવામાં તે ઉપયોગી છે. એમ મનાય છે કે તેના મૂળને અડવાથી જ વીંછીના ડંખનું દુઃખ મટી જાય છે.

સંદેહ ૧. [સ] પું. (કાવ્ય) એક અલંકાર; જ્યાં સંદેહવાળું વર્ણન કરવામાં આવે એ અલંકાર; બે વસ્તુના ખરાપણાને લીધે એકમાં બીજી હોવાનો સંદેહ ઊપજે છે એ અલંકાર.

૨. પું. (વેદાંત) એક જ ધર્મીમાં બે વિરુદ્ધ પ્રકારનું જ્ઞાન હોવું તે. જેમકે, પર્વત ઉપર આ ધૂમાડો દેખાય છે કે ધૂમસ; અથવા આ પર્વત અગ્નિવાળો છે કે નથી ?

૩. પું. વહેમ, શક; શંકા; સરાય.

૧. સંદેહ આણવો–લાવવો = શંકા કરવી.

૨. સંદેહ પડવો–સંદેહમાં પડવું = શંકા થવી.

સંદેહ નિવારણ [સં. સંદેહ (શંકા) + નિવારણ (દૂર કરવું તે)] ન. શંકા દૂર કરવી તે.

સંદેહસ્થાન [સં. સંદેહ (શક) + સ્થાન (જગ્યા)] ન. શંકાસ્થાન.

સંદેહાત્મા [સ.] પું. સશયાત્મા.

સંદેહાર્થી [સં. સંદેહ + અર્થિન્ (અર્થવાળું)] વિ એ અર્થવાળું; દ્વિઅર્થી; સદિગ્ધ; શકાસ્પદ; અસ્પષ્ટ; અવ્યક્ત, સશયિત.

સંદેહાવહ [સ.] વિ. શકાજનક.

એ મહાનુભાવે સાપ્રદાયિક અભિમાનને વશ થઈ મહાભાષ્ય વગર ઉપેક્ષા કરી હોત તો આપણા દેશમાં અત્યારે મહાભાષ્યની ઉપલબ્ધિ હોત કે નહિ એ સંદેહાવહ છે. પુરાતત્ત્વ

સંદેહાસ્પદ [સં] વિ. શકાવાળું; સશયિત.

સંદેહી [સ. સંદેહિન્] વિ. વહેમી; શકાશીલ

સંદેહીભાસ પુ (કાવ્ય) એક અલકાર.

સદેહની વસ્તુઓમાંથી એકનો તાત્પર્ય ઉપજાવવા સંદેહીભાસ અલકાર છે. કાવ્યશાસ્ત્ર

સંદોષવું અ ક્રિ. (જૂ. ગુ.) દુઃખી કરવું. કહી ઈ, એટલી, સતી નહીં સંદોષી. અ નંદકાવ્ય મહોદધિ

સંદોહ ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઋગ્વેદક કહેવાય છે. તેમાં ૨ નગણ અને ૨૩ રગણ મળી ૧૦૫ અક્ષર હોય છે

૨ પુ. સમૂહ; જથ્થો; ટોળું

સંદોહન [સં.] ન. દોહન; સાર; સાર એકઠો કરવો તે.

સંદ્રષ્ટા [સં.] પું. નિરીક્ષક; જોનાર; ધ્યાન રાખનાર.

સંધ ૧. [સં. સધાન] પું. સંધ; જોડ; એકતા.

૨. સ્ત્રી. સાંધો; જોડાણ.

૩. સ્ત્રી. તડ; ચીરો.

૪. સ્ત્રી. બેલગાડીના સવરણ ઉપર નાખવામાં આવતી લોઢાની પટ્ટી

સંધકાતરો [સંધ (સાંધો) + કાતરવું (ખમેડવું)] પું. અક્ષરાંતરમાં એક ઉપર બીજો સાંધો ન આવે એવી રીતે કરાતી ઈંટ કે પથ્થરની ગોઠવણ

સંધરુકવું અ. ક્રિ. ચૂકો સળગાવવાની શરૂઆત કરવી; સળગાવવું.

સંધવા પું. સધિવા; સાંધા રહી જવા તે.

સંધવાણી ૧. સ્ત્રી. એ નામની મિશ્રાણા લોકોની એક શાખા.

૨. ન. એ નામની શાખાનું માણસ.

૩. વિ. એ નામની શાખાનું

સંધા ૧. [સ.] સ્ત્રી. અનુસધાન.

૨. સ્ત્રી. પ્રતિજ્ઞા.

૩. સ્ત્રી. મેળાપ.

૪. સ્ત્રી. શરાબ કાઢવો તે.

૫. સ્ત્રી. સ્થિતિ.

સંધાડવું (સધાડવું) ૧. સ. ક્રિ. સામેલ કરવું

૨. સ. ક્રિ સાધવું, જોડવું.

સંધાડાવવું (સંધાડવવું) ૧. સ ક્રિ. સધાવવું; જોડાવવું

૨. સ. ક્રિ. સામેલ કરાવવું.

સંધાડાવું (સંધાડાવું) ૧ અ. ક્રિ સધાવું; જોડાવું

૨ અ. ક્રિ સામેલ રખાવું, મેળવાવું

સંધાણ જુઓ સધાન

સંધાણું [સં. સંધાન] ન. અથાણું; અથાર. અથાણું જેવું સંધાણું. વેણીસુત

સંધાત [સ.] પું. જોડાણ; સધિ.

સંધાતા [સં] પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ.

સંધાન ૧. [સ.] ન અનુકૂળતા

૨. ન. ચડાવવું તે

૩. ન. જોમ; લાગ

૪. ન. જોડાણ; સાંધણ, મેળાપ; મિલન.

૫. ન. તડ; સલ.ઢ.

૬. ન. ધનુષ્ય ઉપર બાણ ચડાવી નિશાન લેવું તે

૭. ન. નાટકના આડ માહેનું એક સૂત્ર.

૮. ન. પ્રવાહીમાં ઘણો વખત રહેવાથી આથો લાવે તે દ્રવ્ય. તે મધુ, રુચિ ઉત્પન્ન કરનાર, પાચક અને વાતહર મનાય છે

૯. ન. મદ્ય.

૧૦. ન. યોજના; રચના; વિધાન.

૧૧. ન. લક્ષ; ધ્યાન; નિશાન.

સધાન લગાડવું = લાગવગ વાપરી પોતાનો હેતુ સિદ્ધ કરવો

૧૨. ન. શરાબ કાઢવો તે.

૧૩. ન. શરીરના કપાયલા અંગને જે સંયોજિત કરે તે

૧૪. ન. સોરડી માટી.

સંધાનક [સં.] વિ. તોડનાર; સાંધનાર.

સંધાનરેખા ૧. [સં.] સ્ત્રી. અક્ષરેખા.

૨. જો જોડનારી લીટી

સંધાનાસન [સં.] ન. પૃથ્વીના ભોક્તા રાજાના ૭ માહેનો એક ગુણ; રાજાને આવશ્યક ૭ માહેનો એક ગુણ; શત્રુ સાથે સ્નેહ રાખી રહેવું તે. તે ૭ ગુણ આ પ્રમાણે છે: (૧) સધાનાસન, (૨) યાત્રાસધાન, (૩) વિગ્રહાસન, (૪) દ્વૈધીભાવાસન, (૫) સધિકરાસન અને (૬) અન્યાશ્રયાસન.

સંધાની ૧. સ્ત્રી. એ નામે એક ઔષધિ.

૨. સ્ત્રી. ગોરાણા.

૩. સ્ત્રી. ભઠ્ઠી

૪. વિ. નિશાનબાજ.

૫. વિ. લાગ શોધનાર; વખત જોનાર; ધૂર્ત.

૬. વિ. સમપક્ષપાત.

૭. વિ. સાધી આપનાર.

સંધાનું ન. સધાણ; અથાણું.

સંધાભાષા સ્ત્રી. સકેતભાષા.

તેની પરિભાષા અને સંધાભાષા (સકેતભાષા) નહિ સમજવાથી × × × શાક્ત સંપ્રદાયની ગુપ્ત બાબતો જેવી જોઈએ તેવી પ્રકાશમા આવી નથી. રાક્ત સપ્રદાય

સંધાયક ૧. પું. પ્રાણ વિનિયમની ત્રિજાના બે માહેનો એક પ્રકાર. તેનાથી તન મનની બગડેલી સ્થિતિને સમાધાનમાં લાવી શકાય છે.

૨ [સ] પું વિષ વગેરે નાખીને, વશીકરણ વિદ્યા વડે દવા આપનાર વૈદ્ય.

સંધારણ ૧ ન. બાંધી રાખવું તે

૨ ન. સંકોચ

દે મારા આત્માથી તમારા આત્માને સંધારણ ૬૬ પું. દલપત રહસ્ય

સંધારવું સ ક્રિ. તાત્રા કરવો; સત્કારવું; માન આપવું;

સાહબે પ્રભા સંધારો,
વમને ઘરીએ પુરુષ પુરાણ. પ્રેમાનંદ

સંધારો પું. ઢેમારો; વાસણ સાંધનારો.

સંધાલ પું. ઢાઢણનો જન્મ્યો

સંધાવવું ૧. સ ક્રિ. સધાય તેમ કરવું; જોડાય તેમ કરવું

૨. સ. ક્રિ. સામેલ કરાવવું; ભેળવાવવું.

સંધાવું ૧. અ ક્રિ. સધાડાવું; જોડાવું.

૨ અ ક્રિ. સામેલ કરાવું; ભેળવાવું.

સંધિ ૧. પું. સૂર્યવંશી પ્રસેનજિત્‌ક્ષુલ્લકોત્પન્ન ધ્રુવસંધિ વંશના પ્રસુશ્રુત રાજાનો પુત્ર

૨. પું; સ્ત્રી. આંગળીનો વળાંક

૩. પું; સ્ત્રી અપભ્રંશ કાવ્યાલં. અર્ધોનું નામ અપભ્રંશ સાહિત્યના અર્ધોનું નામ સંધિ હોય છે આ સંધિ તે કડવાબંધના સમજવું છે.

ગ. સા પરિષદ

૪. પું, સ્ત્રી અવસર, પ્રસંગ.

૫. પું; સ્ત્રી. કવિતાના પાદ કે ચરણમાં આવતા અક્ષરોને જોડતાં તેના સ્વાભાવિક રીતે જે જુદા જુદા કટકા પડે અને તે કટકામાં આવતો અક્ષર કે માત્રાનો સમૂહ.

૬. પું., સ્ત્રી. કાળ ગણનાનો એક પ્રકાર; યુગનો બારમો ભાગ, બે યુગ કે વિશિષ્ટ સમયનો વચ્ચેનો સમય. જેમકે, કલિયુગની સંધિ.

૭. પું; સ્ત્રી. ચોરે ભીંતમાં પાડેલું બાકું.

૮ પું; સ્ત્રી. જોડાવું તે; સયોગ.

૯. પું.; સ્ત્રી. તક; પ્રસંગ; યોગ; મોકો; વખત; જોગ; ઠાણ; લાગ

૧૦. પું, સ્ત્રી. તહનામું, કોલકરાર; સુલેહ, સમાધાન.

૧૧. પું; સ્ત્રી નાટકનો સાંધો કે વિભાગ એક પ્રયોજનથી યુક્ત કથાઓનો અવાન્તર પ્રયોજન સાથે સબંધ તે નાટકમાં સંધિ કહેવાય છે. મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ અને નિર્વહણ એ પાંચ સંધિ છે. નાટકની પ્રયોજન સિદ્ધિના હેતુ તે અર્થપ્રકૃતિ કહેવાય છે. બીજ, બિંદુ, પતાકા, પ્રકરી અને કાર્ય એ પાંચ અર્થ પ્રકૃતિ છે. આરંભ, યત્ન, પ્રાપ્ત્યાશા, નિયતાપ્તિ અને ફલાગમ એ પાંચ કાર્યની અવસ્થા છે પાંચ અર્થપ્રકૃતિ અનુક્રમે પાંચ અવસ્થા સાથે જોડાઈ મુખાદિ પાંચ સંધિ થાય છે.

૧૨. પું.; સ્ત્રી. ફાટ; ચીરો; આકોરો; પહાડ કે ભીંતમાનું પોલાણ.

૧૩. પું.; સ્ત્રી. (આકરણ) બે વસ્તુ સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ.

૧૪. પું.; સ્ત્રી. સાંધો; ગ્રંથ; ગ્રંથિ; સાંધાની જગ્યા; જેને સાંધે જોવા બે જાતવાળા અવયવોનો સાંધો.

૧૫. સ્ત્રી. (વિભાગ) પાંચની સત્તા. નાટકના વસ્તુની પાંચ સંધિ છે. માટે પાંચ સૂચક સાંકેતિક સત્તા માટે સંધિ શબ્દ વપરાય છે.

૧૬. સ્ત્રી. ભાગ; કટકો; ટુકડો.

મહા સંસ્કૃતની વ્યવસ્થામાં બરાબર કડા પડતા નથી. બિંદરે કે જેને અંગ્રેજમા ફૂટ અને ફારસી અરબીમાં કહા કહે છે અને જેને હું સંધિ નામ આપું છું તે એમાં નથી

કેશવ હર્ષદ

૧૭. સ્ત્રી. રાજનીતિ માંહેની એક નીતિ.

૧૮. સ્ત્રી. સંહિતા.

સંસ્કૃત વ્યાકરણમાં સંધિનું બીજું નામ સંહિતા છે. બૃહદ્ વ્યાકરણ

સંધિક સન્નિપાત પું. પ્રત્યેક સાંધામાં થઈ આવે તેવો વિદોષજન્ય તાવ. તેની મુદત સાત દિવસની ગણાય છે સાત દિવસ પછી યોગ્ય ઉપચાર વડે તે મટી શકે છે. તેના પૂર્વ રૂપમાં બધા સાંધાઓમાં જડતા આવે, તરસ ઘણી લાગે, વાયુની વેદના, થાક, શરીર રહી જવું વગેરે થાય, કફનું જોર દેખાય અને ઊંઘ બિલકુલ ન આવે. આ સન્નિપાતને પાશ્ચાત્ય વૈદ્યકના સંધિવાત જ્વર સાથે સરખાવી શકાય, કારણ કે ભાવપ્રકાશમાં કહ્યું છે કે, સંધિક સન્નિપાતમાં સાંધાઓમાં અતિશય પીડા અને સોજો થાય, મોમાં ખૂબ કફ આવે, ઊંઘ ન આવે અને આંસી તથા ઝાડીમાં દુઃખાવો થાય. આ લક્ષણ સંધિવાતને બહુ મળતાં આવે છે.

સંધિકા ૧. [સં.] સ્ત્રી. ક્ષિતિજ.

૨. સ્ત્રી. દિવસ અને રાતના સંધિકાળનો સમય

૩. સ્ત્રી સેતુ જેવું કંઈ તે

૪. સ્ત્રી. સ ય નું તજ; આધું અવરવાળું.

સંધિકાળ [સ] પું એકનો અંત અને બીજાની શરૂઆતનો કાળ; એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવાનો વખત.

સંધિખત ન. કોલકરારનો દસ્તાવેજ

સંધિગ પું નેર આદેનો એક પ્રકારનો સન્નિપાત

સંધિછેદક પું. ચોર.

સંધિત [સં.] વિ. મિલિત; સાંધો કરેલો હોય તેવું

સંધિનામું ન. સધિખત.

બીજું સંધિનામું છે સાજે સાત વાગે પૂરું થયું. નવલકથા

સંધિની ૧. [સં] સ્ત્રી. બળદના સમોગે જન્મ્યું હોય એવી ગાય.

૨. સ્ત્રી. મૈથુન માટે સાહડા સાથે ફરતી ગાય.

૩. ન. માલેબંધનું ઝાડ.

૪. ન. હાડસંધિનુ ઝાડ

સંધિપદ (સધિપદ) ન. સાંધાઓની વચ્ચે રસ ઉત્પન્ન કરનારું પદ; સિનોવિયલ; સ્નેહપદ. તે દરેક સાંધાના અંદરના ભાગને આચ્છાદન કરે છે અને ચોમેરથી બંધ હોય છે.

સંધિપત્ર [સં.] પું. રાજ્ય રાજ્ય વચ્ચે કરેલ સધિનો કાગળ; સધિખત.

સંધિપદી પું. સાંધાઓથી જોડેલા પગવાળા અંડજકૃમિને બનતાં પ્રાણીઓનો વર્ગ. આ પ્રાણીઓનો શરીરનો વિભાગ સંખ્યાબંધ કડીઓનો બનેલો હોય છે. આ પ્રાણીઓની ગતિ અળસકૃમિ જેવી હોતી નથી, પરંતુ જો સધિપદી જળચર હોય તો હલેસાં મારીને ગતિ કરે છે અથવા સ્થળચર હોય તો તેના પગે ચાલે છે. સધિપદીનો વર્ગ વિશાળ હોય છે. તેમાં પાંચ લાખથી વધારે પ્રાણીઓ આવે છે.

સંધિપાલ [સં.] પું. રાજ્યના સીમાડાનું રક્ષણ કરનાર અમલદાર.

ઉત્થાનસાલી ચાહુએ મુલક પારેજના કલ્યાણમાં સંધિપાલો મોકલ્યા. કેશવ હર્ષદ

સંધિપૂજા [સ.] સ્ત્રી. આસો સુદિ આઠમ અને નોમના સધિકાળે કરવાની પૂજા.

સંધિપ્રકાશ ૧. પું. ઊષા અને સંધ્યાના સમયે આવતો રાગ.

૨. [સં.] પું. સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પછીનું અજવાળું. આ પ્રકાશ કથી કા૦ ઘડી સુધી રહે છે. સધિપ્રકાશ સર્વ ઠેકાણે સરખો હોતો નથી અને એક જ ઠેકાણે પણ વર્ષમાના સર્વ દહાડા તે સરખો હોતો નથી. અને સધિ સર્વ ઠેકાણાના કાળાંશ સરખા હોતા નથી. ઉગ્લડ વગરે દેશોમાં સધિપ્રકાશ લાબો સમય રહે છે

સૂર્યને ૧૮ અંશ ચાલવામાં જેટલો વખત લાગે છે તેટલા જ વખત સંધિપ્રકાશ રહ્યા કરે છે. વિષુવવૃત્ત ઉપર તે ૧૨૦ ઘડી હોય છે. તેની ઉત્તરે અને દક્ષિણે ઉત્તરોત્તર વધતી મર્યાદા વધતી જાય છે. જ્યોતિર્વિલાસ

સૂચકો

સંધિપ્રચ્છાદન પું. (સંગીત) સિતાર જેવા વાદ્યોમાં ઉપરોપરી એક જાતનો ઝારોદાર અલંકાર. તેમાં છેલ્લો સ્વર મુખ્ય છે

સંધિપ્રચ્છેદનક પું. કરોડરજ્જુની ઉપલી તેમ જ નીચલી બાજુ ઉપર આવેલા બે બે ઉપસેલ સંધિસ્થાનવાળા ભાગ. દરેક કરોડરજ્જુને ચાર સંધિપ્રચ્છેદનક હોય છે. એ મારફતે ઉપર નીચે રહેલી કરોડરજ્જુઓ પરસ્પર જોડાય છે

સંધિપ્રિય વિ. વિરોધ ભાગનાર કે મટાડનાર.

સંધિબદ્ધ ૧. [સં.] વિ. કરારથી જોડાયેલું, એક સંપીલું

૨. વિ. સંધિમાં રચાયેલ

સંધિબંધ ૧. [સં.] પું. એક જાતના ચણતરનું ઝાડ; ભૂમિચંપો.

૨. પું. બંધારણ; બાંધો.

સંધિબંધન [સં.] ન. સાંધાને બાંધનાર તંતુ; સંધિના બંધનની ત્વચા; સંયોજક તંતુ; બે સાંધાઓને જોડનાર રજ્જુ; સાંધાનાં હાડકાંને એકત્ર રાખવા માટેનું બંધન તંતુઓનું બંધન.

સંધિભંગ [સં. સંધિ + ભંગ (છૂટું પડવું તે)] પું. સાંધો છૂટો પડવો તે; હાડકાં સાંધા આગળથી અસી જવાં તે; સાંધા આગળથી સામસામા હાડકાના છેડા છૂટા પડવા તે.

સંધિમાન પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

સંધિયાણી સ્ત્રી. સંધી જાતની સ્ત્રી.

સંધિયો ૧. પું. સાંધાનો વા.

૨. પું. સિંધ તરફ થતો એક જાતનો જાનવર.

સંધિરસ પું. સ્નિગ્ધ રસ; સાંધાઓમાં આવેલ સંધિપટ્ટ દ્વારા ઉત્પન્ન થતો રસ. તે ચીકટ, ઘટ્ટ અને તેલ જેવો હોય છે જેમાં આલ્બ્યુમિનનો ભાગ વધારે હોય છે. સાંધાઓના સાંધાને બિનહરકતે ચાલવાને જેટલી જરૂર તેલની હોય છે, તેટલી જ શરીરના અંદરના સાંધાઓને આ રસની છે.

સંધિરેખા સ્ત્રી. ફાટ જતાવનારી રેખા; જ્યાંથી વિભાગ થવાના હોય તેં દેખાડનારી રેખા.

સંધિલેપ પું. મુખ કે શરાવસંપુટના સાંધાને જોડવા, માટી વગેરેનો કરવામાં આવતો લેપ

સંધિવક પું. બોડાનો એક રોગ.

સાંધવા પું. (વૈદક) શરીરના સાંધા રહી જાય તેવો રોગ; રક્ત વિકાર એટલે રક્તમાં લેક્ટિક એસિડનો વધારો થઈ સોજી તથા તેમાંથી પેદા થતા રસ આમ્લ થવાથી, ઠંડી કે શરદીથી, ખટાશ ખાવાથી અને ઉપદંશના વિષથી થઈ આવતો સાંધાનો એક રોગ, સંધિગત વાતરોગ. તેમાં સાંધા અકડાઈ જાય છે તેમ જ તે સિવાય રક્તાલય, રસપટ અને કંટકાર્ક બીજા ભાગ ઉપર આ રોગની અસર થાય છે. તીક્ષ્ણ અને દીર્ઘ એવા તેના બે પ્રકાર છે વિરુદ્ધ આનધાનથી, ખાટા એસિડની વૃદ્ધિથી તથા શરીરના ખટાશથી. શરદી કે ઠંડીથી તથા ખટાશ ખાવાથી આ રોગ થાય છે. તે ગરમીથી પણ થાય છે તે વારામાં જોવું છે. તેને મટાડવા માટે રેચક તથા ક્ષારવાળા પદાર્થો આપવા, લોહી સુધારવું, તાવને નરમ પાડવો. એરંડીનું મૂળ તથા સુંઠનો ઉકાળો લેવો.

સંધિવાત પું. આમ વાત.

સંધિવાયુ જુઓ સંધિવા.

સંધિવિગ્રહ પું. પ્રાચીનવિદ્યા: કરારતાર; લડાઈ ટંટો કરાવવો અને વળી પાછો મેળાપ કે મિત્રતા અને સુલેહ વગેરે કરાવવા સંબંધી રાજનીતિ; ઘડીકમાં સલાહ ને ઘડીકમાં લડાઈ.

સંધિવિગ્રહક [સં.] પું. એલચી; સંધિ કે વિગ્રહ કરાવનાર રાજકારણી અધિકારી; વિદેશી કરનાર; દૂત; પરદેશી રાજ્યો સાથે સલાહ તથા લડાઈ કરવાના અધિકારવાળો પ્રધાન.

> માનવશાસ્ત્રનું સમાધાન તેમ જ શુક્રનીતિમાં તેને દૂત કહેલ છે, પણ પાછળથી કુમ્ભયુગના લેખોમાં બૃહસ્પતિના સૂત્રમાં તથા બે પાછળના મંત્રોમાં એને સંધિવિગ્રહક કહ્યો છે. હિંદુસામ્રાજ્યવ્યવસ્થા

સંધિવિગ્રહાધિકારી જુઓ સાંધિવિગ્રહક.

સંધિવિચ્છેદ [સં.] પું. સંધિભંગ.

સંધિવૃક્ષ [સં.] ન. સાંધારુખનું ઝાડ.

સંધિસંગ્રહ પું. સલાહના કરારોનું પુસ્તક.

સંધિસંબંધ પું. સાંધાનાં હાડકાંને પોતાના સ્થાનમાં રાખવા માટે તેની આસપાસ આવેલું બળુ ચીકણા પદાર્થનું બંધન.

સંધિસૂત્ર ૧. ન. કોલકરાર રૂપી દોરાનું બંધન; સલાહપત્ર.

૨. [સં.] ન. ખોપરીનાં આઠ અસ્થિઓ જે સ્થાનમાં સંયુક્ત કરવામાં આવ્યાં છે તે સયોજ સ્થાન

સંધિસ્થાન ૧. [સં.] ન. એક હાડકું બીજા હાડકાં સાથે જોડાય છે તે જગ્યા.

૨. ન જ્યાં બે અક્ષર વધારે સોબ્દે બેસી જાય છે તે જગ્યા; મરાન; 'જંકશન'

સંધિસ્વર [સં.] પું. બે સ્વરની સંધિ થવાથી બનેલો સ્વર. ઐ, ઔ, આ, ઓ એ ઇંક બે સ્વરના મળેલા હોવાથી સંધિસ્વર કહેવાય છે સંધિસ્વરને બદલે તાલવ્ય કે ઓષ્ઠ્ય સ્વર ન થતા અલ્પપ્રાણતા: જોવું કાચ ચકારનો અ.દેશ થયેલો પણ આવે છે. જેમકે, ઔત્પત્તિક-અજવાળ-અજવાળું; ગોધૂમ-ગહુ-ઘઉં; ક્ષેમન-ખમા વગેરે

સંધી ૧. જ્ઞો. મુસલમાની એક જાત; સિંધી. આ જાત મૂળ સિંધમાંથી આવેલી છે. સત્તરમી-અઢારમી સદીમાં રાજ્યોના સીમાડાઓ અને મત્તાને માટે ઝઘડા ચાલતા ત્યારે રાજકીય અશાંતિનો લાભ લઈ ચોરી અને લૂટફાટનો તેઓ ધંધો કરતા. હાલમાં તેઓ ચોરી કે ધાડ પાડતા બંધ થયા છે. કેટલોક ભાગ ખેતી કરે છે અને કેટલાક પલાયતા, ચોકીદાર વગેરે જાતની નોકરી કરે છે. સંધીની વસ્તી ઘણી ઓછી છે. તેમનામાં શિક્ષણ ઘણું ઓછું છે. ઘડીકમાં દેશકરાર્ય જાય તેવી અને રંગડી આ ટોળ છે સોરઠ વિભાગમાં સોઢાણા-વડાગાનાં ગામો આ ટોળના વસવાટ માટે છેલ્લી અર્ધી સદીમાં સ્થાપીત થયાં છે. સોરાષ્ટ્રના રજવાડી અમલ દરમિયાન આજુબાજુનાં રાજ્યોના ગામડામાં ચોરી, લૂટ, ધાડ વગેરેનો ભય ફેલાવી નવાબી રાજ્યના આશ્રય હેઠળ ચાલ્યા જતા

> સંધી તે તો જાત છે સાધી વિગ્રહ જેહ,
> સંધી તે તો સાધવું સધી સરહદ જેહ.
>
> ભાલણ

૨ ન. એ નામની ટોળનું માણસ.

૩. વિ એ નામની ટોળનું

સંધુક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ અને ૨ લઘુ મળી ૮ વર્ણ હોય છે.

સંધુકાવવું સ. ક્રિ. ઉશ્કેરાવ તેમ કરવું, ભભેરાવ તેમ કરવું

સંધુકાવું અ. ક્રિ. ઉશ્કેરાવ તેમ થવું; ભભેરાવ તેમ થવું

સંધું વિ. અખંડ; તમામ.

સંધુક્ષણ ૧. ન. ઉશ્કેરવું તે; ભભેરણી, ઉશ્કેરણી; સલાહ કરવાં તે.

૨. [સં. સંધુક્ષણ] ન. એક વાત કે વસ્તુ બીજાને લગાડવી કે સાંધવી તે; જોડાણ કરી આપવું તે; અદીનદીની વાત જોડી ઝઘડો થાય તેમ કરવું તે.

સંધુક્ષણું વિ સંધુક્ષણ કરનાર, ઉશ્કેરણી કરનાર; સલાહ કરનાર

સંધુક્ષવું સ. ક્રિ. સંધુક્ષણ કરવું.

સંધૂકો પું. મોટું કદાવ તોરતાન જેવું તે, સામાન્ય કે સરહદના કદ કરતાં મોટું કે અસવડકતા કદ હોય તેવું સૂચવવા તે વપરાય છે.

સંપૃક્ત ૧. ન કુસંપ ઉત્પન્ન કરવા માટે ભાલમેલ કરવામાં આવે તે
૨. ન. દેવતા વગેરે પ્રસન્નચિત્ત કરવા માટે તેમાં ઘાણા, ઘાઘરા, ઘી વગેરે જે નાખવામાં આવે તે

સંધે ૧. કું. સંધિ; સદ્ભાવ; સહાય; સાથ.
૨. અ અધે; સઘળે; બધી જગ્યાએ

સંધિવાળો કું. એક ઘરના છાપરાનું બીજા ઘરના છાપરા સાથે જોડાણ

સંધિસરો કું. એક જાતનું પેપડાવાળું ખટકણું ઝાડ: સિંબી વર્ગની એ નામની વનસ્પતિ. તેને ઝીણાં સુંદર પાન અને સફેદ પીળાં ફૂલ થાય છે. ભારતમાં ઠેર ઠેર નજરે પડતી આ ઉપયોગી વનસ્પતિને સંસ્કૃતમાં સિંહપર્ણી કહે છે. ભારતમાં બધે ઠેકાણે ઉછેરવામાં આવે છે તેનાં પંચાંગો જુદાં જુદાં બધા રોગો ઉપર ઘાયદાકારક માલૂમ પડ્યા છે. તેના પંચાંગનો ઉકાળો ત્રિદોષ ઉપર આપવામાં આવે છે. ઉપરાંત ટાઢિયો તાવ તથા બીજા કેટલાક તાવો ઉપર પણ તે અસરકારક છે. વાતરોગ ઉપર તેનો ઉકાળો રામબાણની ગરજ સારે છે. ચામડા ઉપર પણ તે અસરકારક છે. સાંધા, અનિયમિત આર્તિવ, શરીરની નબળાઈ, સસણી, દમ વગેરે રોગોમાં તે બહુ અકસીર ગણાય છે. હિંદી ચીનમાં આ ઔષધિના મૂળ અને સીંગો કોલેરા ઉપર આપવામાં આવે છે. ફિલીપાઈન્સમાં તે રેચક મનાય છે.

સંધ્યાર્બુદ [સ] ન. એ નામનું એક અર્બુદ. તે હનુ સંધિની આગળ રહેલ હોઈ તે સંધિના વ્યાપારોમાં અગવડનો ભાવ બજવે છે

સંધ્યા ૧. કું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને બોમા પણ કહે છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ અને ૨ ગુરુ મળી ૮ વર્ણ હોય છે
સંધ્યા વનનગ આવે. રણછિયાણ
૨. સ્ત્રી. ઊર્ધ્વદેશમાં આવેલી એક નદી.
૩. સ્ત્રી. (પિંગળ) ત્રણની સંજ્ઞા; ત્રગડો.
૪. સ્ત્રી. દસ માહેની એક પ્રકારની દુર્ગા.
આનંદને ઉત્પન્ન કરનારા તમે વૈદેહ્યા, વરદા, વરિષ્ઠા, વામજિહ્વની, ત્રિશિખા, વરારોહા, વરારોહા, નીલગંગા, સંધ્યા અને સર્વદા સોત્રમોક્ષદા એવી રીતે દસ પ્રકારના દુર્ગા કહેવાયો છે.
ભગવતી ભાગવત
૫. સ્ત્રી. (પુરાણ) પુલસ્ત્ય ઋષિની સ્ત્રી.
૬ સ્ત્રી. બપોર પછી બગલા પક્ષીનાં ત્રીજા દર્શન.
૭ સ્ત્રી. બે સમયને જોડનારો વચગાળાનો ટૂંકો વખત; રાતનો અંત અને દિવસના આરંભ નેમ જ દિવસનો અંત અને રાતના આરંભનો વખત; સંધિનો સમય ગુજરાતીમાં સવારના નહિ પણ સાંજના સંધિકાળ માટે સંધ્યા શબ્દ વપરાય છે
સંધ્યા ખીલવી = ચોમાસામાં વાદળાંવાળા દિવસે અસ્ત પામેલા સૂર્યના પ્રકાશનું પરાવર્તન થઈ પૃથ્વી ઉપર પડવું; ચોમાસામાં સાંજને વખતે આકાશમાં તેજ પથરાવ
૮. સ્ત્રી. બ્રહ્માની પુત્રી; શિવની પત્ની. પોતાની દીકરીને કુંવારી કરવાનો બ્રહ્માનો ઇરાદો જાણી સંધ્યાએ હરણીનું સ્વરૂપ લીધું અને બ્રહ્મા સાબર રૂપે સંધ્યાની પાછળ પડ્યા. શિવે આ જોયું અને બાણ છોડી સાબરનું માથું કાપી નાખ્યું. બ્રહ્માએ પોતાનું મૂળ સ્વરૂપ લીધું અને અને શિવને નમસ્કાર કર્યા. શિવનું બાણ છઠ્ઠા ચંદ્ર નક્ષત્ર આર્દ્રામાં રહ્યું અને સાબરનું મથું પાંચમા નક્ષત્ર મૃગશીર્ષમાં રહ્યું
૯. સ્ત્રી મણિદ્વીપની અંદર આવેલી ચોત્ર; માંહેની એ નામની એક કલા.
૧૦ સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.
૧૧. સ્ત્રી (વેદાંત) રાત્રિના આરંભમાં અને અંતમાં આવ દેખાતો ઝાંખો પ્રકાશ.
૧૨. સ્ત્રી. રાત્રિચક્રનો પ્રકાશ.
૧૩. સ્ત્રી. (પુરાણ) નિષ્ણુકેશ રાક્ષસની સાથે સાક્ષટકટાની માતા.
૧૪. સ્ત્રી. સવાર, બપોર અને સાંજની સ્તુતિ કે પ્રાર્થના. ત્રિકાળ સંધ્યા; સંધ્યા વદના; સંધ્યા વખતે કરાતું નિત્ય કર્મ. સંધ્યા કરવાથી પરમેશ્વરની એકાગ્ર ભક્તિ થાય છે એટલું જ નહિ પણ જે દેહમંદિરમાં તે પરમેશ્વર રહેલો છે તે મંદિર સ્વચ્છ થઈ પ્રભુને રહેવાનું પવિત્ર સ્થાન બનાવી શકાય છે
સંધ્યા કરવી = બ્રાહ્મણે ગાયત્રી દેવીની સ્તુતિ અને ધ્યાન કરવું; સંધ્યાનું નિત્ય કર્મ કરવું.
૧૫. સ્ત્રી. સવાર સાંજ દેખાતું ઝળઝળું; સાંજ; અંધારું.
૧૬. સ્ત્રી. સંધિ થવી તે; જોડાવું તે; ભળવું તે; ભેગા થવું તે.
૧૭. સ્ત્રી. સંધ્યા વખતે ઉપાસના કરવા યોગ્ય દેવ; બ્રહ્માની સ્ત્રી.
૧૮. [સં. સમ્ (સાથે) + ધી (ધારણ કરવું)] સ્ત્રી. સાંધો; સાંધ; જોડાણ; જોડનારો વિભાગ.
૧૯. સ્ત્રી. સૂર્યપૂજા.

સંધ્યાઆરતી સ્ત્રી. ઠાકોરજીના ત્રીજા દર્શન; સાંજે ૭ વાગે થતી દેવમંદિરમાંની આરતી.

સંધ્યાકાલ જુઓ સંધ્યાકાળ.

સંધ્યાકાળ પું. સાંજના ઝાંઝળાનો વખત; સૂર્યાસ્તનો વખત; દીવા કરવાનો વખત, સાંજની સંધ્યા કરવાનો વખત; સમી સાંજ

સંધ્યાદિમુદ્રા સ્ત્રી. સંધ્યા વગેરે નિત્યકર્મમાં વપરાતી મુદ્રા. તે ૨૪ છે. તેનાથી સર્વ દેવોનું પોષણ થાય છે અને બધાં પાપોનું દ્રવણ થાય છે. માટે તે મુદ્રા કહેવાય છે.

સંધ્યાભ્ર ૧. [સં.] ન સાંજનું વાદળું.
૨. ન સોનાગેરુ.

સંધ્યાવંદનક ન. (જૈન) સંધ્યાવખતનું પડિક્કમણું
સંધ્યાકાળે સંધ્યાવંદનક ઉપદેશપૂર્વક કરવું.
શ્રીમદ્‌રાજચંદ્ર

સંધ્યાવંદન [સ. સંધ્યા + વંદન (નમસ્કાર)] ન. સંધ્યા વખતનું બ્રાહ્મણનું નિત્યકર્મ; સાંજે ધ્યાન કરવું તે.

સંધ્યાસમય [સ. સંધ્યા + સમય (વખત)] પું. સંધ્યાકાળ; સાંજનો વખત

સંધ્યાહીન [સં.] વિ. સંધ્યા વગરનું.
જે દ્વિજ અશુદ્ધ સંધ્યા કરે, સંધ્યા ન જ કરે અથવા ત્રણ કાળમાં એકાદ કાળમાં સંધ્યા ઓછી કે તે દ્વિજ સંધ્યાહીન કહેવાય છે
ભગવતી ભાગવત

સંધ્યોપાસના [સ સંધ્યા + ઉપાસના] સ્ત્રી. સંધ્યા વખતની ઉપાસના; સંધ્યાકર્મ; સંધ્યાકાળે કરાતું નિત્યકર્મ. તેનાં મુખ્ય અંગ આ પ્રમાણે છે: (૧) સ્નાન, (૨) આચમન, (૩) માર્જન, (૪) પ્રાણાયામ, (૫) અઘમર્ષણ એટલે પાપ કરવાની ઇચ્છા કદી ન કરવી તે, (૬) મનસા પરિક્રમણ એટલે મનને ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઉપર અને નીચે એ છ દિશાઓમાં ફેરવીને ત્યાં ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ લેવો તે, (૭) ઉપસ્થાન, (૮) સ્તુતિ, (૯) પ્રાર્થના અને (૧૦) ઉપાસના મંત્ર.

સંનાહ [સ. સમ્ (સાથે) + નહ્ (બાંધવું)] પું. લશ્કરી પોશાક; કવચ; બખ્તર; સૈનિકનો લોખંડી પોષાક
જ્યાં આયુધ ધરી રખવાળ,
સંનાહ પહેર્યા કર કરવાળ. બાલવ

સંનાહક ન. (વહાણવટું) દોરડું

સંનિકર્ષ ૧. [સ.] પું. પાસે આણવું તે, નજીક ખેંચવું તે.
૨. પું. પાસે હોવું તે; નજીક હોવું તે; સામીપ્ય; સાન્નિધ્ય
૩ પુ વિષય અને ઇંદ્રિયોનો સંબંધ.
૪ પુ (વેદાંત) સંબંધ

સંનિકૃષ્ટ ૧. [સં.] ન. પાડોશ; સનિકર્ષ.
૨. વિ. પાસેનું; નજીકનું; પડખેનું.

સંનિધ [સં. સમ્ (સાથે) + નિ + ધા] અ. પાસે; નજીક; કને; સમીપ.

સંનિધાતા ૧. પું અઢાર માંહેનુ એ નામનુ એક મુખ્ય તીર્થ.
૨. [સં.] પું કોષાધ્યક્ષ; ખજનચી.

સંનિધાન [સં સનિધા (પાસે મૂકવું)] ન. સમીપતા; નજીકપણું; પડોશ; જોડાજોડ હોવાની સ્થિતિ; સનિધિ; સનિકર્ષ; સામીપ્ય.

સંનિધિ ૧. પું ; સ્ત્રી. (વેદાંત) જોડાજોડ હોવાની સ્થિતિ
૨. પું ; સ્ત્રી. પદોનું વિસર્ગથી રહિત ઉચ્ચારણ.
૩. પું ; સ્ત્રી. પાસે મૂકવું તે.
૪ પુ.; સ્ત્રી. સનિધાન; સનિકર્ષ; નજીક હોવાપણું; નિકટતા; સમીપતા; પાડોશ; સમીપ હોવું તે; નિકટપણું; સમીપપણું; સામીપ્ય.
૫. અ. પાસે; નજીક.

સંનિપાત ૧. [સં. સમ્ + નિ + પત્ (નીચે ઊતરવું)] પું. ઊતરવું તે; પતન.
૨. પું. ડગલો.
૩. પું. ભેદની; મોટો મેળો; દા.
૪. પું. બયારી; ભેભાનપણું વાય તેવો રોગ; ત્રિદોષ; સન્નિપાત; ભારે ગભરામણ.
૫. પું. સંબંધ.
૬. પું. સયોગ; જોડાણ; સાથે મળવું તે.

સંનિપાતજ્વર [સં.] પું. ત્રિદોષ; સન્નિપાતનો તાવ.

સંનિવૃત્ત [સં.] પું. (સંગીત) એક પ્રકારનો અલકાર.

સંનિવેશ ૧. પું. ગાઢ સંબંધ અથવા ભક્તિ.
૨. પું. ગોઠવણી; રચના.
૩. પું. જોડાણ; સયોગ.
૪ પું. (સંગીત) તલ્લીનતા.
૫. પું. નગર પાસેનું લોકોને એકઠા મળવાનું કે વિહાર કરવાનું સ્થળ.
૬. પું. પાડોશ; સનિકર્ષ; સનિધાન; પડાવ; પડ.
૭. પું. સમુદાય.
૮. પું. સનિધિ.
૯ પું. સ્થાન.
૧૦. [સ. સમ્ + નિ + વિશ (પેસવું)] ન. પેસવું તે.
૧૧. ન. ચંપારી કાકણા કે લશ્કરનો ઉતારો.

સંનિષ્ઠ [સં] વિ. સારી શ્રદ્ધાવાળુ.

સંનિહિત ૧. [સં.] વિ. પાસે આવેલું; છેક નિકટનુ; સમીપનુ.
૨. વિ. સમાવેશ થયેલું.
૩. અ. નિકટ; નજીક

સંન્યસ્ત ૧. પું. ચાર માંહેનો એક આશ્રમ.
૨. ન. સંસારના પ્રપચનો ત્યાગ; સસારી ભાવ, વેષ વગેરે ત્યાગ કરવો તે; સંન્યાસ; ત્યાગ.
૩. [સં. સમ્ (સાથે) + નિ + અસ્ (ફેંકવું)] વિ. તજેલું; છોડી દીધેલું; નાખી દીધેલું.

સંન્યસ્તવૃત્તિ [સં.] સ્ત્રી. સંન્યાસ લેવાની વૃત્તિ.

સંન્યસ્તાશ્રમ [સં.] પું. સંન્યાસ; બ્રાહ્મણના જીવનનો ચોથો આશ્રમ; સન્યાસીનો આશ્રમ. સસારનો ત્યાગ કરી ભગવાં વસ્ત્ર ધારણ કરી પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાને એટલે કે, ભગવાનને મેળવવા પ્રયત્ન કરતાં કરવું એ સન્યસ્તઆશ્રમ કહેવાય છે.

સંન્યસ્તાશ્રમી [સં. સન્યસ્ત + આશ્રમિન્] પું. સંન્યાસી; સન્યસ્તાશ્રમમાં દાખલ થઈ ગયેલ પુરુષ.

સંન્યાસ ૧. [સં] પું. ત્યાગ કરવો તે.
સુજ્ઞો કર્મ અકામ કર્મ વજ્યાં સંન્યાસ તેને કહે, ને વિચક્ષણ સર્વ કર્મ ફલનો જે ત્યાગ તે ત્યાગ કહે, કોઈ પંડિત દોષયુક્ત હઈને કર્મો કહે ત્યાજ્ય છે, બીજા જો વળી યજ્ઞ દાન તપનાં અત્યાજ્ય કર્મો કહે.
ગીતાપદ્યામૃત
૨. પું. દેહ વ્યાપારનાં કર્મો છોડી દેવાં તે; સસારવ્યવહારનો ત્યાગ. લોકમાન્ય તિલક લખે છે કે: 'સંન્યાસ' એ શબ્દનો, 'કામ ન કરવું' અથવા 'કર્યું હોય તો 'બૈરી છોકરાંને છોડી ભગવાં ધારણ કરવાં' અથવા 'કેવળ ચતુર્થાશ્રમ લેવો' એટલો જ અર્થ ગીતામાં વિવક્ષિત નથી. કારણ કામ ન કરતાં ભીખ મરણ સુધી રાજ્યની ખટપટ કરતા હતા અને બ્રહ્મચર્યમાંથી એકદમ ચતુર્થાશ્રમ લઈને શ્રીમચ્છંકરાચાર્યે અને આપણા મહારાષ્ટ્ર દેશમાં મરણપર્યન્ત બ્રહ્મચર્ય પાળતા ગોરવામી શ્રી સમર્થ રામદાસ સ્વામી એમણે, જ્ઞાનનો પ્રચાર કરીને જગતના ઉદ્ધારનાં કાર્યો કરેલાં છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જગતનો વ્યવહાર કેવળ કર્તવ્યબુદ્ધિથી લોકકલ્યાણ માટે ચલાવવો કે તેને મિથ્યા માની સમૂળગો છોડી દેવો, તે ગીતામાં મુખ્ય મુદ્દો છે. એ વ્યવહાર જે કરે છે તે કર્મયોગી છે; પછી કામ કરો વા ન કરો અથવા ભગવાં વસ્ત્ર પહેરો કે ધોળાં વસ્ત્ર પહેરો. સન્યાસ એવો એક જ શબ્દ વાપરવાનો વહીવટ પડ્યો હોવાથી તેના પારિભાષિક અર્થનો આ ખુલાસો છે. જેને જગતનો વ્યવહાર નિઃસાર લાગે છે ને સસારમાંથી નિવૃત્ત થાય છે અને અરણ્યમાં જઈ સ્મૃતિધર્મ પ્રમાણે ચતુર્થાશ્રમ લે છે તેથી કર્મત્યાગના આ માર્ગને સંન્યાસ એવું નામ આપવામાં આવેલ છે. પણ તેમાં મુખ્ય વાત કર્મત્યાગની છે; ભગવાં વસ્ત્રની નથી
૩. પું. મુક્તારોગ; સન્યાસયોગ. સન્યાસ પોતે પોતાની મેળે શાંત થતો નથી. તેથી પીડેલ મનુષ્ય કાષ્ઠવત્ થઈ મરી ગયા જેવો થઈ પડે છે તેને સોયો ભોંકવી, કોચવ લગાડવી વગેરે ઉપાયો કરવાથી તે મુર્દામાં આવે છે
૪. પું. (વેદાંત) શ્રુતિ, સ્મૃત્તિ અને શાસ્ત્રે અધિકારી પુરુષ પ્રતિ કર્તવ્યતારૂપે વિધાન કરેલાં અગ્નિહોત્રાદિ કર્મનો જે વિધિપૂર્વક ત્યાગ તે. સન્યાસના ચાર પ્રકાર આ પ્રમાણે છે: કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ અથવા કુટીચક, બહ્વોદ, હંસ અને નિષ્ક્રિય. કુટીચક સંન્યાસી પોતાના આશ્રમનાં કર્મોને જ મુખ્ય માને છે. બહ્વોદ પોતાનાં આશ્રમકર્મને ગૌણ માની જ્ઞાનને જ મુખ્ય માને છે. હંસ સંન્યાસી કેવળ જ્ઞાનાભ્યાસમાંજ લીન રહે છે અને નિષ્ક્રિય સન્યાસી તત્ત્વવસ્તુઓનો સાક્ષાત્કાર પામેલો હોઈને સર્વ ક્રિયાઓનો પણ ત્યાગી હોય છે. આ ચારે સન્યાસીઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.
સંન્યાસ લેવો = સન્યાસી થવુ.
૫. પું. સંન્યાસાશ્રમ; ચોથો આશ્રમ.
૬. સ્ત્રી.; ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ; સામવેદનું એક ઉપનિષદ

સંન્યાસકૃત પું. વિષ્ણુનાં હજાર માંહેનુ એક નામ.

સંન્યાસણી સ્ત્રી. સંન્યાસીના જેવો વેશ ધારણ કરનારી સ્ત્રી.

સંન્યાસભ્રષ્ટ ૧. [સં] પું મિતાક્ષરમાં ગણાવેલ પદર માંહેના એક પ્રકારનો દાસ; સન્યસ્તથી ભ્રષ્ટ થયેલો દાસ.
૨. વિ. સન્યાસથી ભ્રષ્ટ થયેલ.

સંન્યાસમાર્ગ [સં.] પું. નિવૃત્તિમાર્ગ.

સંન્યાસમાર્ગી [સં.] વિ સન્યાસ માર્ગ ગ્રહણ કરનાર
સંન્યાસમાર્ગી જ્ઞાની પુરુષ કર્મ છોડે છે અને કર્મયોગી કર્મ કરે છે. ગીતા ૬૬૨૧

સંન્યાસયોગ ૧. [સં.] પું ગીતાના અઢાર માંહેનો પાંચમો અધ્યાય. આમાં વિદેહમુક્તિ અને જીવનમુક્તિ સમજાવેલી છે.
૨. પું. સંન્યાસ જેમાં પ્રધાન છે તેવો યોગ.

સંન્યાસવું સ ક્રિ. ત્યાગવુ.
જ્ઞાને કરી કર્મ સંન્યાસે જેહ નરહરિ

સંન્યાસાશ્રમ [સ] પુ વાનપ્રસ્થ પછીનો ચોથો આશ્રમ; સન્યસ્ત આશ્રમ; ચોથો આશ્રમ

સંન્યાસિની [સ.] સ્ત્રી. સન્યાસી સ્ત્રી

સંન્યાસી ૧ પુ. કોઈ પણ ધર્મનો જીવનપર્યંત પાળનારો અને અમુક પ્રકારની દીક્ષા પામેલો શિવ કે વિષ્ણુને માનનાર સાધુ.

૨. [સ] પું. જેણે સન્યાસ લીધો હોય તે સન્યાસી ચાર પ્રકારના છે : કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ. આર્યાર્ધ દશ પ્રકારના સંન્યાસીની અવસ્થા કહી છે: તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત, સરસ્વતી, સાગર, ભારતી અને પુરી.

જે ઇચ્છા નવ કરે ન દ્વેષ સમજે, છે નિત્ય સંન્યાસી તે; કાં કે દ્વંદ્વથી મુક્ત અનંત સુખે બંધાયી મુકાય છે. ગીતાપંચામૃત

૩. પું. બધાંનો ત્યાગ કરી સંસારથી વિરક્ત થયેલો માણસ. ભગવાન મનુએ કહેલા ત્રણદંડ-મનોદંડ, વાગ્દંડ, કાયદંડ-જે અંત્રે વિરાટ્‌આત્મા, જીવાત્મા, જીતેન્દ્રિય એ ત્રણથી સૂચવ્યા છે, તેને ધારણ કરનાર ત્રિદંડી હોય અને તેથી જડ ચેતન આદિ સર્વ પદાર્થમાં જે એક આત્મા છે તે રૂપ જ જેનો આત્મા બની ગયો હોય તે જ અરો સંન્યાસી છે. તે કદિ ક્રમથી લંપાતો નથી. સાંખ્યદર્શનને અનુસરનારા સન્યાસીઓનો વેષ અને આચાર આ પ્રમાણે હોય છે. તેઓ ત્રિદંડી કે એકદંડી હોય છે. અધોવસ્ત્રમાં માત્ર કૌપીન પહેરે છે. પહેરવાનું વસ્ત્ર ગેરુઆ રંગનું રાખે છે. કેટલાક ચોટલીવાળા હોય છે અને કેટલાક ક્ષુરમુંડ હોય છે. આસનમાં મૃગચર્મ રાખે છે. ભાગ્યને ઘેર ભોજન લે છે. કેટલાક માત્ર પાંચ કે ત્રિગૃહ ઉપર રહે છે. આ પરિવ્રાજકો ઓમ્ અક્ષરનો જપ કરે છે. તેઓને નમસ્કાર કરનારા ભક્તો ૐ નમો નારાયણાય એમ બોલે છે અને તેઓ સામુ ભક્ત નારાયણાય નમઃ કહે છે. જૈન સાધુની પેઠે તેઓ પણ બોલતી વખતે મુખવસ્ત્રિકા રાખે છે. એઓની એ મુખવસ્ત્રિકા કપડાંની નથી હોતી પણ લાકડાની હોય છે. મહાભારતમાં એ મુખવસ્ત્રિકાને ભીટા કહેવામા આવી છે. એઓ પોતે જીવદયા નિમિત્તે પાણી ગળવાનું ગળણું રાખે છે અને તેમ કરવા પોતાના અનુયાયીઓને પણ સમજાવે છે. ભીડા પાણીની સાથે આડું પાણી ભેળવવાથી હિંસા થવાનું માને છે અને પાણીના એક બિંદુમાં અનંત જીવોની હયાતી સ્વીકારે છે. એમના આચાર્યોનાં નામ સાથે ચૈતન્ય શબ્દ જોડાયેલો હોય છે. તેઓની વધારે વસ્તી બનારસમાં છે. ધર્મને નામે એઓ કોઈ પ્રકારની હિંસા કરવાનુ માનતા નથી.

૪. પું. પતિ; સ્વામી.

સંપ ૧. [સ. સમ્પાત, અપ. સપ્પ-ડિ-સપ્પુ-સપ] પુ. બે વ્યક્તિ અથવા બે સમૂહ વચ્ચે વર્તતો સુમેળ; મૈત્રી; સ્નેહભાવ; ઐક્ય; મેળ; મેળાપ; એકદિલી

સંપ ત્યાં જંપ = બહુ તકરારે ખળિયું; સંપીને રહેવામાં જ સુખ છે

૨. પું. સુલેહ; સંધિ; એકમતી; અન્યોન્ય સહાય કરવા જેવો સારો સમય

સંપકંદ પુ. કમળની જાતનો એક સુંદર છોડ. નદી અને તળાવને કાંઠે તે ઊગે છે. તેને સુગંધિત ધોળાં પુષ્પો આવે છે.

સંપજાવું સ ક્રિ. સાપડવું; મળવું

સત કહ્યા પરી સાંભળ, અહા કમ સંપજે રત્નેશ્વર

સંપટ ૧. સ્ત્રી. ભાટિયાની એ નામની એક અટક. જેસલમીર આગળ સાપટા નામનું ગામ હતું ત્યાંથી આવેલા તે ઉપરથી સપટ અને પછી સપટ થયું હોવાનું મનાય છે.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

સંપડિયું ન. સંપુટ; હાથને પ્રસંગે કોડિયાં ઉપર કોડિયું મૂકીને સંપુટ બનાવીને ઘરના ઊભરાની અંદર પ્રવેશ કરતી વખતે વરવહુ ફોડે છે તે.

સંપડિઉં (સપડિઉં) વિ. (જૂ. ગુ.) ખુલ્લું; ઉઘાડું

વાહે જાં સંપડિઉં રહઈ, જાં કુંચી મારઉ નવિ રહઈ. વિમલપ્રબંધ

સંપત ૧. સ્ત્રી. ખરચ વગેરે કરવા નિભાવવાની શક્તિ; સાધનબળ; તાકાત; ત્રેવડ; ગુંજાશ; ગજું.

૨. સ્ત્રી. સંપત્તિ; સમૃદ્ધિ; સંપદ.

૩. સ્ત્રી. સરકૃતિ.

ગીતામાં જેને ભગવર્ત્ અથવા સંપત નામ આપ્યું છે એને જ આપણે આજકાલની ભાષામા સરકૃતિ અથવા સિવિલિઝેશનને નામે ઓળખીએ છીએ. શિક્ષણ અને સાહિત્ય

૪. ન. વૃદ્ધિકંદ; વૃદ્ધિ નામનું કંદ. તે ઘરમાં રાખવાથી સંપત એટલે આપણને ગુરડાં, દ્રવ્ય, અનાજ કોઈ બાબતની ત્રેવડ ન હોય તો ત્રેવડ કરાવનાર છે માટે તે સંપત કહેવાય છે

સંપતા સ્ત્રી. સંપનતા; સર્વગુણ સંપન્નપાત્ર.

સર્વકાર્યથી વિરમતા, બની એક સંપતા. વટસાવ

સંપતોડુ (સપ્તોડુ) વિ. સપ તોડનાર.

સંપત્તિ ૧. સ્ત્રી. આબાદી; ઐશ્વર્ય. રાષ્ટ્રની ૧૮ સંપત્તિઓ આ પ્રમાણે છે: (૧) મંત્રી, (૨) પુરોહિત, (૩) યુવરાજ, (૪) સેનાપતિ, (૫) દ્વારપાલ, (૬) અંતર્વંશિક, (૭) કારાગારાધ્યક્ષ, (૮) દ્રવ્યસંચયકારક, (૯) કૃષ્ણકૃત્યાર્થનો વિનિયોજક, (૧૦) પ્રદેષ્ટા, (૧૧) નગરાધ્યક્ષ, (૧૨) કાર્પાન્તિકાંશુકારક, (૧૩) ધર્માધ્યક્ષ, (૧૪) સભાધ્યક્ષ, (૧૫) દંડપાળ, (૧૬) દુર્ગપાળ, (૧૭) રાષ્ટ્રાંતપાલ અને (૧૮) અટવીપાલ.

૨. સ્ત્રી. ઈશ્વરની સ્ત્રી

જે સંપત્તિ કહેવાય છે તે ઈશ્વરની સ્ત્રી છે. દેવ અને મનુષ્યો તેની પૂજા કરે છે અને જે વિના જગતમા સર્વે લોકો દરિદ્ર રહે છે. ભગવતી ભાગવત

૩ સ્ત્રી. ઉત્પન્ન કરનારી પદાર્થો

ધનાદિ પ્રિય પદાર્થો નથી પણ ખરી સંપત્તિ તો શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા એ જ પદાર્થો છે. સિદ્ધાંતદર્શન

૪. સ્ત્રી. ગુણનો ઉત્કર્ષ; સપદ. તે બે પ્રકારની છે. દૈવી અને આસુરી

૫. સ્ત્રી. ધન; દોલત; લક્ષ્મી. જેને મેળવવા કંઈ પ્રયાસ કરવો પડે, જેનો વિનિમય થઈ શકે અને જે માણસને ઉપયોગી હોય તેવા પદાર્થોને અર્થશાસ્ત્રમાં સંપત્તિ કહે છે. પ્રજા પાસે આવી જેટલી સંપત્તિ હોય તેને રાષ્ટ્રીય સંપત્તિ કહે છે. દર વરસે પ્રજાની ઓછીવત્તી મહેનતથી આવી જે સંપત્તિ પેદા થાય તેને રાષ્ટ્રીય આવક કહે છે. આ આવકમાંથી પ્રજા શરીરનો નિર્વાહ ચાલે છે. તે આવક જેટલી વધારે અને તેની વહેંચણી જેટલી સમાન તેટલી પ્રજાની સ્થિતિ સારી ગણાય. રાષ્ટ્રીય આવકમાં કેટલીક આવક એવી હોય છે કે, જે એક વ્યક્તિને માટે આવક રૂપે હોય ત્યારે બીજાને માટે તેટલું દેવું ગણાતું હોય તો એવી સંપત્તિને ઋણાત્મક સંપત્તિ કહેવાય. પેટન્ટ દવાઓના કે એવા બીજા આવકદાયી હકો એ આવી સંપત્તિમાં આવે. તે નાશવંત થાય તેથી રાષ્ટ્રીય સંપત્તિમાં કાંઈ પણ ફેર પડે નહિ. રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાની રીતો જુદી જુદી હોય છે કેટલાક પ્રત્યક્ષ માલની કુલ પેદાશને જ આવક ગણે છે. ત્યારે કેટલાક ડાક્તર, વકીલ, શિક્ષક અને કલાકારો જેઓ આડકતરી રીતે સંપત્તિના ઉત્પાદનમાં મદદ કરે છે અને પ્રજાની સુખ સગવડો વધારે છે તેમની સેવા કે કામગીરીને પણ રાષ્ટ્રીય આવક ગણી શકાય. જે વસ્તુઓ બધાને પૂરતા પ્રમાણમાં મફત મળતી હોય તેવા પદાર્થોને સંપત્તિશાસ્ત્રમાં સર્વ સુલભ સંપત્તિ કહે છે. જેમકે, હવા, પાણી વગેરે. જે વસ્તુઓ ઉપર પ્રમાણે મળતી ન હોય અને જેમની ઉત્પત્તિ માટે શ્રમ કરવો પડતો હોય અને તેવી રીતે તૈયાર થયેલી વસ્તુઓ વિનિમયને યોગ્ય હોય તેમને આર્થિક

સંપત્તિ કહેવામાં આવે છે. જેમકે, અનાજ, કાપડ વગેરે. જે વસ્તુઓ સાર્વજનિક હોય અને ધન તરીકે ગણી શકાય તેવી હોય તેમને સાર્વજનિક સંપત્તિ કહેવામા આવે છે જેમકે, જાહેર બાગ, રસ્તાઓ વગેરે. આમાંથી અનાજ, કાપડ જેવી સંપત્તિ પ્રત્યક્ષ સંપત્તિ કહેવાય છે. જ્યારે માણસની આવડત કે કલાકાર, શિક્ષક કે ડાક્તરની, જેને લીધે કામ થાય છે અને વ્યક્તિને આવક થાય છે તેને પરોક્ષ સંપત્તિ કે અમૂર્ત સંપત્તિ કહેવામાં આવે છે

૬. [સં. સમ્ + પદ્ (મેળવવું)] સ્ત્રી. પ્રાપ્ત થયેલું કે મેળવેલું તે

૭. સ્ત્રી. સંપૂર્ણતા; અધિકતા.

સંપત્તિકર [સં.] પું. મિલકત ઉપરનો કર; 'પ્રોપર્ટી ટેક્સ'.

સંપત્તિવાદ [સ.] પું. પુંજીવાદ, મૂડીવાદ; 'કેપિટાલિઝમ'.

સંપત્તિશાસ્ત્ર [સં.] ન. અર્થશાસ્ત્ર; સંપત્તિની ઉત્પત્તિ અને વહેંચણીના નિયમોની ચર્ચા કરતું શાસ્ત્ર. માણસની સાંપત્તિક પ્રવૃત્તિનાં જુદાં જુદાં અંગોનો વિચાર કરનાર શાસ્ત્રને સંપત્તિશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર કહે છે. અર્થશાસ્ત્ર એ શબ્દ આપણા પ્રાચીન પુસ્તકોમાં સમાજશાસ્ત્ર જેવા વિસ્તીર્ણ અર્થમાં વપરાયેલો હોવાથી તેમાં રાજનીતિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. પણ તે શબ્દ હાલ સંપત્તિશાસ્ત્રના અર્થમાં વપરાતો થઈ ગયો છે.

સંપત્તિશાસ્ત્રી [સં.] પું. અર્થશાસ્ત્રી, સંપત્તિશાસ્ત્રનો વિદ્વાન.

સંપદ [સં. સંપદ્] સ્ત્રી. સંપત્તિ; ધન; સંપત.

સંપદાયી [સં.] વિ. સર્વ સંપત્તિ કે વૈભવ આપનાર

સંપદા જુઓ સંપદ.

સંપદાપત્તિ [સ. સંપદ્ + આપત્તિ] સ્ત્રી. સંપત્તિ અને વિપત્તિ; સુખ અને દુઃખ.

સંપદુપાસના [સં.] સ્ત્રી. એક પ્રકારની ભક્તિ. સંપદાદિ ઉપાસના સંપદ્, આરોપ, અભ્યાસ અને સ્વર્ગ ભેદથી ચાર પ્રકારની છે. સંપદ્ ઉપાસનાનું લક્ષણ શિવગીતામાં કહે છે કે: કોઈ વસ્તુ અલ્પ ગુણવાળી હોય તથાપિ તેમા અનંત ગુણોની ભાવના કરીને જે ચિંતન છે તે સંપદ્ ઉપાસના કહેવાય. મન અનંત છે એમ કલ્પના કરીને જે ઉપાસના બતાવી છે તેને સંપદ્ ઉપાસનાવિધિ કહે છે. સ્વામી પ્રજ્ઞાનાનંદજી લખે છે કે: બૃહદારણ્યક ઉપનિષદમાં અધ્યાત્મ તથા અધિદેવ એમ બે પ્રકારની ઉપાસના કહી છે. [illegible] ઉપાસના છે. એટલે કે, [illegible] કરવામા આવે છે તે મન [illegible] અને તે જ બ્રહ્મ છે એવી ઉપાસના તે અધ્યા[illegible] સંપદુપાસના છે; કારણ કે, મનથી બ્રહ્મ[illegible] સાક્ષાત્કાર થતો હોઈ, બ્રહ્મદર્શન થવામાં મોટ્ય સાધન મન છે. તે મનમાં બ્રહ્મદૃષ્ટિ કરવાથી સંપદુપાસના સિદ્ધ થાય છે. સંપદ્ ઉપાસના કરનાર ચિરકાળ સુધી દીપ્યમાન થઈ બ્રહ્મલોકમાં રહે છે અને અંતમાં ઉત્તમ મોક્ષને પ્રાપ્ત થાય છે. આવી રીતે શાસ્ત્રોમા બ્રહ્મની સંપદ્ નામની ઉપાસના કહેલી છે. આ વેદોક્ત ઉપાસના કહેવાય છે. આ ઉપરાંત શાલિગ્રામ, નર્મદેશ્વર આદિ પ્રતિમાઓમાં હરિહરાદિનું વિધિપૂર્વક પરિગ્રહિતન કરવું તે પુરાણોક્ત સંપદ્ ઉપાસના છે

સંપન્ન ૧. [સં. સમ્ + પદ્ (મેળવવું)] વિ. યુક્ત; સહિત.

૨. વિ સંપત્તિવાળું, શ્રીમાન; વૈભવશાળી.

સંપન્નતા [સં.] સ્ત્રી. સંપન્નપણું.

સંપરાય ૧. પું. આફત; દુઃખ; આપત્તિ.

૨. પું. (જૈન) પરાભવ

આત્માનો સંપરાય-પરાભવ કરવું કર્મ સાંપરાયિક કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું. યુદ્ધ; લડાઈ.

સંપર્ક ૧. પું. (ગણિત) બે વર્તુળોનું પરસ્પર અડકવું અથવા એક સીધી લીટી અને વર્તુળનું પરસ્પર અડકવું તે; સ્પર્શ.

૨. પું. મળવું તે.

૩. પું રતિ; મૈથુન.

૪. [સં] પું. સંગ; સંબંધ; સયોગ; સમાગમ; સહવાસ; પરિચય; સંસર્ગ; સંગતિ; સોબત.

સંપર્કજ્યા સ્ત્રી. (ગણિત) વર્તુળની અહારના બિંદુમાથી દોરેલી બે સ્પર્શ લીટીઓનાં સ્પર્શ સિરોબિંદુઓને જોડનારી જ્યા; 'કોર્ડ ઑફ કોન્ટેક્ટ'.

સંપર્કી ૧. વિ. જોડનાર.

૨. [સં] વિ. મળનાર.

૩. વિ. રતિવાળું; મૈથુન કરનાર.

૪. વિ. સબંધી; સબંધવાળુ

સંપર્કું અ. ક્રિ. સંપ કરવો; ઐક્ય રાખવું; એકઠા થઈ મેળ કરવો

સંપસંપી ૧. સ્ત્રી. અન્યોન્ય સારો સબંધ; પરસ્પરમાં સંપ હોવો તે; એકબીજા સાથેનો સારો મેળ.

૨. અ. હળીમળીને.

સંપસંપીલું વિ. પોતપોતામાં સંપીને રહેનાર; કુટુંબ કરી કે રાખીને સાથે રહેવાની વૃત્તિવાળું; પરસ્પરમાં સંપ રાખનારું

સંપાક ૧. પું. (પિંગળ) જે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં મગણ, તગણ અને લઘુ એમ સાત વર્ણ હોય છે

સંપાકે મા તા લઘુ. સ્વરૂપિંગળ

૨. [સં] પું. ગરમાળાનું ઝાડ

સંપાટ્ય અ. ક્રી. રાંધવા જે કઢંગા કરવાનો કુબજ; ચોસઠ માહેની એક કળા.

સંપાડવું ૧. સ. ક્રિ. પરોક્ષ બનાવી લેવું, બનાવરાવવું કે પડાવવું.

૨. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

૩. સ ક્રિ. રાખવુ.

૪. સ ક્રિ. વહોરવુ.

સંપાત ૧. [સં] પું. એક સાથે આવી મળવું તે; ભેટો થવો તે

૨ [સ. સમ્ + પત્ (પડવું) પું. એક સાથે પડવું તે; સારી રીતે પડવુ તે.

૩. પું. પક્ષીઓની એક ગતિ.

૪ પું. પ્રહાર.

૫. પું. મેળાપ; સમાગમ; સંગમ.

૬. પું. વિષુવ કાળ; ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્તનાં વર્તુળો એકબીજાને છેદે તે બિંદુ. ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત એકબીજાને ૨૩ અંશને ખૂણે છેદતાં હોવાથી ક્રાંતિવૃત્તનો અર્ધ વિભાગ વિષુવવૃત્તથી ઉત્તરે અને અર્ધ વિભાગ દક્ષિણે હોય છે અને તે બે છેદન બિંદુઓમાં પૂર્વ તરફનું બિંદુ વસંતસંપાત તેમ જ પશ્ચિમ તરફનું છેદનબિંદુ શરત્સંપાત કહેવાય છે. વસંતસંપાતથી શરત્સંપાત સુધી ક્રાંતિવૃત્તનો અર્ધ વિભાગ હમેશા ઉત્તરકુરુ તરફ હોય છે તથા શરત્સંપાતથી વસંતસંપાત સુધીનો અર્ધ વિભાગ નિરંતર વિષુવવૃત્તથી દક્ષિણ તરફ હોય છે. વિષુવવૃત્તથી ઉત્તર તરફનો અર્ધ વિભાગ દેવયાન કહેવાય છે અને દક્ષિણ તરફનો અર્ધ વિભાગ પિતૃયાન કહેવાય છે. વિષુવવૃત્તથી ઉત્તરે દેવયાનમાં સૂર્ય હોય ત્યા સુધી દેવોનો દિવસ અને દાનવોની રાત હોય છે અને પિતૃયાનમાં સૂર્ય હોય ત્યારે દાનવોનો દિવસ તથા દેવોની રાત હોય છે. વસંતસંપાતમાં સૂર્ય આવે ત્યારે દેવલોકમાં એટલે ભૂમધ્ય ઉપર ધ્રુવમંડળમાં સર્વોદય થાય છે, તેમ જ શરત્સંપાતમાં આવે ત્યારે અસ્ત થાય છે. એવી રીતે ઉદયાસ્તમધ્યે દેવયાનમાં વસંત, ગ્રીષ્મ અને વર્ષા એ ત્રણ ઋતુઓ થાય છે. તે પ્રમાણે શરત્સંપાતમાં સૂર્ય આવે ત્યારે દાનવોને

સૂર્યોદય થાય છે અને પિતપાનમાં શરત, હેમંત તથા શિશિર ઋતુ વહી પુનઃ વસંતસંપાતમા આવતાં સંપારત થાય છે વસંતસંપાત ૨૧મી માર્ચે થતું જોવામાં આવે છે જ્યારે શરદ સંપાત ૨૨મી સપ્ટેમ્બરે થાય છે. આ બને સંપાત વખતે દિવસ અને રાત્રીની લંબાઈ સરખી હોય છે સંપાતના સમયમા ક્રમે ક્રમે ફેર પડે છે

ઋતુપરાવર્તન પ્રમાણ સૂર્ય વિષુવવૃત્ત ઉપર જે તિથિનક્ષત્રે આવે છે તે બતાવી છે અને સંપાત પણ કહે છે અને તે પ્રત્યેક અયનનો મધ્ય સમય છે એટલે યુગમા પહેલા સંપાત ના વ્યય અને ત્યાર પછીના સંપતો ૭૩, ૭૩ વર્ષના અંતરે આવશે. તત્ત્વાર્થસૂત્ર

ઉ વું. સંપર્યો, સરભાર્યું

સંપાતબિંદુ ૧. [સં.] પુ. બે લંબિઓ જ્યાં એ વર્તુળો એક બીજાને, જે બિંદુમા છેદે ત બિંદુ

૨. પું. વિષુવવૃત્ત અને ક્રાંતિવૃત્ત જે બે બિંદુઓ આગળ એક બીજાને છેદે છે ત

સંપાતભ્રમણ ન. સંપાતનું ફરવું તે.

સંપાતરાશિ [સ.] સ્ત્રી મેષ અને તુલા રાશિ.

સંપાતરેખા [સ] સ્ત્રી. રપર્શરેખા; 'ટેન્જન્ટ'.

સંપાતરેષા જુઓ સંપાતરેખા.

સંપાતશીલા પું (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ વર્ણનો છે. તેના પહેલા અને ત્રીજા પદમાં તગણ, જગણ, રગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે તથા બીજા અને ચોથા પદમાં સગણ, નગણ, મગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે.

સંપાતિ ૧. પું. (પુરાણ) ત્રિકૂટિયામાં રહેનાર એક વાનર

૨. પું. ભારતના યુદ્ધમા દુર્યોધન પક્ષનો એક રાજા

૩. પું. (પુરાણ) લંકામાં રહેનાર એ નામનો એક રાક્ષસ.

૪. પું. (પુરાણ) વિનતાની કૂખે થયેલો કશ્યપ પુત્ર અરુણનો મોટો પક્ષીપુત્ર. જટાયુ એનો નાનો ભાઈ થાય. એ મહા પરાક્રમી હતો. એક વખત એની અને જટાયુની વચ્ચે સૂર્યમંડળમાં પહેલો કોણ જઈ પહોંચે એવી શરત થઈ. તે માટે તેઓ સૂર્યમંડળમાં જવા ઊપડ્યા. સૂર્યના તાપથી નાના ભાઈનું રક્ષણ કરવાને સંપાતિ પોતાની પાંખો તેના ઉપર પ્રસારીને ઊડતો હતો. એ પ્રમાણે સૂર્યમંડળની છેક નજીકમાં જઈ પહોંચ્યા. ત્યાં સંપાતિની પાંખો એકાએક બળી ગઈ અને મહેંદ્ર પર્વત ઉપર પડ્યો. જટાયુની પાંખ દાઝી ન હોવી તેથી તે પાછો ઊડીને પૃથ્વી ઉપર આવ્યો. ઘણા વખત પછી સંપાતિ મુનિઓથી સાવધ થઈને જુએ તો પોતાનો ભાઈ પાસે નથી અને પોતે દક્ષિણ સમુદ્રમાં પડ્યો છે. ઊડવું ન હોવાથી એક વખત ભૂખ તરસ છિપાવવા ખોડંગતો કૂદતો જતો હતો તે વખતે તેને તે જ પર્વત ઉપર રહેનારા ચંદ્રમા નામના ઋષિ મળ્યા. મુનિએ તે કોણ છે તેમ પૂછવાથી સંપાતિએ બધી હકીકત કહી અને પોતાની ક્ષુધાનું નિવારણ કરવાનો ઉપાય પૂછ્યો. આ ઉપરથી મુનિએ તેને અધ્યાત્મવિદ્યાનો બોધ કર્યો. આથી સંપાતિના મનનું સમાધાન થયું અને તેની ભૂખ પણ મટી ગઈ. આ પ્રમાણે ઘણા વખત સુધી સંપાતિ અને મુનિ જેવા રહ્યા એક વખત ચંદ્રમા મુનિને પરલોકગમનની ઇચ્છા થતાં તેણે સંપાતિને કહ્યું કે, ઇક્ષ્વાકુના વંશમાં રામનો જન્મ થશે પિતાની આજ્ઞા પાળવા એ ભાઈ તથા સીતા સાથે દંડકારણ્યમાં આવશે. અહીંથી રાવણ એની સ્ત્રીનું હરણ કરી જશે. રામને સુગ્રીવ સાથે મૈત્રી થશે. સુગ્રીવ પોતાના વાનરોને સીતાની ભાળ મેળવા દક્ષિણ દિશામાં મોકલશે પણ ભાળ નહિ મળવાથી એ વાનરો સમુદ્ર કિનારે અન્નજળનો ત્યાગ કરી મરવાને તૈયાર થશે તે વખતે તું તેમને મળીને સીતાની ભાળ બરોબર આપીશ અને તારી પાંખો પહેલાં હતી તેવી થશે અને તું સુખી થશે એમ વરદાન આપીને મુનિ આ લોક તજી દિવ્ય લોકમાં ગયા. આગળ જતાં ચંદ્રમા મુનિના કહેવા પ્રમાણે જ અંગદની આગેવાની નીચે વાનરો સીતાને શોધવા આવેલા. તે હકીકત ન જવાથી મરવા સારુ પાનપાણીની આખડી લઈ ને બેઠા હતા. એમનો અને સંપાતિનો મેળાપ થયો. વાનરોને મોટે પોતાના નાના ભાઈ જટાયુના મૃત્યુનું વૃત્તાંત જાણી સંપાતિને બહુ ખેદ થયો. વાનરોને સંપાતિએ સીતાની ભાળ આપી અને તમે લોકો સમુદ્ર ઓળંગવાની પેરવી કરો એવી સૂચના આપી. પછી તેને પહેલાની માફક પાંખો ફૂટી અને તે ત્યાંથી ચાલી નીકળ્યો. સંપાતિની ઉમર વિષે કયાંયે ઉલ્લેખ કરેલો જણાતો નથી. એને સુપાર્શ્વ, ભદ્ર, દીપ્તિમ વગેરે અનેક પુત્રો હતા.

સંપાતિના પક્ષની હનુમાન કર્યા,
વિસ્તીર્ણ ગતિથિ એક જ દિવસ ત્યાં.

રામાયણસાર

૫. પું. (પુરાણ) ત્રિજટાના ચાર ભાંડેનો એક ભાગીદાર.

૬. પું સત્યયુગ

૭. [સં.] વિ. એક જ બિંદુ ઉપર એકઠું થનાર.

સંપાદક ૧ [સં. સમ્ + પદ (મેળવવું) + અક (કર્તૃવાચક પ્રત્યય)] પું સંપાદન કરનાર, પત્રનો માલિક કે ચલાવનાર તંત્રી; અધિપતિ.

૨. વિ મેળવનાર; પ્રાપ્ત કરનાર.

સંપાદક મંડળ સ્ત્રી. તંત્રી મંડળ

સંપાદકીય [સં.] વિ. સંપાદક સબંધી; સંપાદકનું

સંપાદન ૧. ન. કોઈ પુસ્તક કે પત્ર પ્રસિદ્ધ કરવા તૈયાર કરવું તે.

૨ ન. તૈયાર કરવું તે.

૩ [સં સંપદ્ (મેળવવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. પ્રાપ્તિ; મેળવવું તે.

જે માણસ ધર્મથી વિરુદ્ધ રીતે અર્થ કે કામનું સંપાદન કરે તે ચિરકાળના ત્રિકારને પાત્ર થાય ચારિત્રચંદ્રિકા

સંપાદન કામ [સ.] ન સંપાદન કરવાનું કામ

સંપાદવું ૧. સ. ક્રિ. પાળવું; પ્રસન્ન કરવું

૨. સ. ક્રિ. પ્રાપ્ત કરવું; મેળવવું.

૩ સ ક્રિ. ચહોરી મૂકવું, કામ કાઢી લેવું.

સંપાદિત ૧. [સં.] વિ. મેળવેલું; પ્રાપ્ત કરેલું, એકઠું કરેલું

૨ વિ સંપાદન કરેલું

સંપાદ્ય [સં.] વિ. મેળવવા યોગ્ય.

સંપાન સ્ત્રી. કોડી; મજલો. તે બહારસામાં બોલાય છે

સંપી વિ. સંપવાળું; એકબીજાને મળતું ભળતું હોય એવું; મળીને ચાલનારું; સંપીલું.

સંપીડક (સપીડક) પું. એક જાતનો હલકા ઢાંસવાનો સાધો.

સંપીડન (સપીડન) [સં.] ન. ભીંસવું તે; દાબવું તે.

સંપીડનયંત્ર (સપીડનયત્ર) [સં.] ન. ગુનો મનાવવા માટે શરીરને દુઃખ દેવાનું યંત્ર.

સંપીલું વિ. સંપમાં રહેનારું; સંપસંપીને ચાલનારું; સંપવાળું; સંપી.

સંપુચ્છણી [સં. સમ્મોક્ષિણી] સ્ત્રી. (પ્રાકૃત) સાવરણી; ઝાડુ.

સંપુટ ૧. [સ.] ન. એક જાતના પદાર્થનું બીજી જાતના પદાર્થ સાથે બંને બાજુએ મેરવવાથી સ્થિર થતું તે.

૨. ન. એક હથેલી પોલી રાખી તેના ઉપર બીજી પોલી હથેલી ઢાંકવી તે; કરસંપુટ; અંજલિ.

૩. ન. બે જોડેલા હાથના ૨૪ માંહેનો ૧૪મા પ્રકારનો અભિનય; બે પંજાઓનું જોડાણ

૪ પુ.ન. બે શકોરાં કે તેવી પોલી વસ્તુઓનાં મોં એક ઉપર એક મૂકી કરેલો ગટ્ટ. બે દડિયાને ખડીથી દેગી કકુના આદલા કરી નારાયણીથી બાંધી લે તેને વરસાઓ પણ કહે છે. વર તોબ્બો આવી અ. સપુટ પત્ર મૂકી બાંધી નાખે છે.

૫ જ્યો. ગાયત્રીની ઔરસ આઠેની એક મુદ્રા

સંપુટક [સં] પું પેટી, દાબડી; ઢાંકેલી પેટી.

સંપુટચુંબન ન નરનારીએ પ્રેમથી લીન થઈ અધર અધર મિલાવી કરેલું ચુંબન.

સંપુટપાઠ [સં.] પું. કડી કે ચરણનો એક પ્રકારનો પાઠ. તે પાઠ કરતી વખતે બબ્બે મંત્ર સપુટ રૂપે બોલે છે. વચ્ચે વચ્ચે એક મંત્રનું પુનરાવર્તન કરવું થાય છે

સંપુટફલક [સં.] ન. પાત્ર આકારના એક પ્રકારનું પુસ્તક જે આદિ ફલક ઢાંકણ તેવું પુસ્તક

સંપુટશિલા [સં.] સ્ત્રી. વિદર શિલા; કુદરતી થયેલો પોલો પથ્થર

સંપુટિકા સ્ત્રી નાનો દાબડો; નાની સપુટ

સંપુટિયું જુઓ સપુટ ૧થી ૪

સંપુટી [સં.] સ્ત્રી. આજુબાજુની નમઃ શબ્દ વડે નમસ્કાર કરવા અને વચ્ચે પ્રાર્થનાના શબ્દો આવે તથા સ્તુતિ

સંપુર વિ. સપૂર્ણ; ભર્યું, સભર્યું.
કમળ કાદિ અમ્યા આકર, કૃષ્ણ ગ્રહ સપુર. નૃસિંહ

સંપુષ્ટ વિ. દૃઢાંગેલું
બાહુ સુદૃઢ બાંધવા કુમ્ભ જમ્બુ.
સંપુષ્ટ કરી બે પાણ. પ્રેમાનંદ

સંપૂજન [સં.] ન. પૂજન.

સંપૂર્તિ સ્ત્રી પૂર્ણ કરવું તે.
અમદાવાદના કેટલાક વિરોધ ઉદ્દેશ સુધરાયે અંત પ્રગટ કરવા તે પણ કયાની સંપૂર્તિ કરવા જેવુ છે. સરસ્વતીચંદ્ર

સંપૂરક [સં] વિ. પૂર્ણ કરનાર, 'કોમ્પલીમેન્ટરી'.

સંપૂરક કોણ [સં] પું ત્યૂનતા પૂરક ખૂણો.

સંપૂરણ વિ સપૂર્ણ

સંપૂરિત વિ ભરપૂર, ભરચક; પૂર્ણ કરેલું.
પણ , નહીં વર્ષા સત્ર ક્ષતિ સંપૂરિત કરી. બાદરાયણ

સંપૂર્ણ ૧ પું. (સંગીત) જે રાગ રાગિણી અથવા તેની પુત્ર ભાર્યાઓમા સાતે સ્વર આવે છે તે; રાગની ત્રણ જાતોમાંની એક જાતિ; રાગનો એક પ્રકાર. જે રાગના આરોહી અવરોહમા તેના થાટના સ્વરો મુખ્ય સાતે સ્વરોનો ઉપયોગ કરવામા આવે છે તેને સપૂર્ણ રાગ કહે છે જે રાગમાં પાચ સ્વર આવે છે તે ઔડવ, છ આવે તે ષાડવ અને સાતે સ્વર આવે તે સપૂર્ણ કહેવાય છે.

૨. [સ સમ્ (સાથે) + પૂર (પૂરવું)] વિ પરિપૂર્ણ

૩. વિ પૂરું કરેલું કે થયેલું, છેડો આવ્યો હોય તેવું; સમાપ્ત.

૪. વિ. બધું; તમામ; આખું

૫ વિ. ભરપૂર; ભરાયેલું.

૬. વિ સાત સ્વરવાળું

સંપૂર્ણતઃ અ સપૂર્ણપણે; તદ્દન; પૂરેપૂરું.

સંપૂર્ણતા [સં.] સ્ત્રી. પરિપૂર્ણતા; કશીપણ ન્યૂનતા નહિ હોવાપણું, પૂરેપૂરું થયેલું હોવું તે

સંપૂર્ણદૃશ્ય [સં.] ન. વિસ્તૃતદૃશ્ય.

સંપૂર્ણા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની ઔષધી

૨ સ્ત્રી (સંગીત) મધ્યસપ્તક પ્રથમ ત્રીજી સાતમી શ્રુતિ

સંપૂર્ણ ૧ વિ સંપૂર્ણ, સાદ્ય સમર્થવાળું.
૨ વિ તરબોળ કરેલ, તૃપ્ત કરેલ
૩. [સં.] વિ. મિશ્રિત; ભેળવેલું.
૪. વિ. સમર્થ ધરાવનાર; સમર્થ; સપાં પરાવનાર.

સંપૂર્ણતા સ્ત્રી. તરબોળ કરવું તે; પૂરી રીતે ઠાલવવું તે.

સંપેટવું સ ક્રિ. પૂરું કરવું; સમેટી લેવું; સમેટવું.
આ શબ્દ કાઠિયાવાડમાં બહુ પ્રચલિત છે પૂરું કરવું, એકઠું કરીને ભરી લેવું એવા અર્થમાં તે વપરાય છે. જેમકે, મેં કામ સપેટી લીધું. આ શબ્દ ફાંતો, સં. સપેટ્ ધાતુ ઉપરથી પેટિકા–પેટા–પેટ ઉપરથી 'દાબડો, ડબ્બો' એ અર્થવાળા નામ ઉપરથી બનેલો હોય અથવા તો જેમ સ. પદ્માવલિ ઉપરથી પ્રા પઉમાવલી–પઉમાલિ–પાઉમણ–પાઉમણ, દ્વારા ગુજરાતીમા પાઉમ્ રૂપ નિષ્પન્ન થાય છે તેમ સમેટ્ + સમેટ્ય–સમેટ્વ–સમેટવ થયેલ લાગે છે

સંપેતરું ૧. ન. ભેટ સોગાતની ચીજ
૨. ન. મોકલવારે મોકલેલ ચીજ કે વસ્તુ; બીજાને આપવા માટે મોકલેલી ચીજ; સોંપેલી વસ્તુ; કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ

સંપેરા ૧. [હિ.] પું વિષવૈદ્ય; અહિતુંડિક.
૨. ન. સર્પ પકડનાર; ગારુડી.

સંપ્રજન્ય [સં.] ન (બૌદ્ધ) કાયા અને ચિત્તની અવસ્થાનું વારંવાર નિરીક્ષણ; અપ્રમાદ

સંપ્રજ્ઞાત ૧ વિ જેમાંથી વિચ્છેદ વિસ્મૃતિ લુપ્ત થયા નથી તેવ. નિર્ધારિતનુ તે સમાધિને માટે વપરાય છે

૨. [સ. સમ્ + પ્ર + જ્ઞા (જાણવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. પરિપૂર્ણ રીતે જાણેલું.
સંપ્રજ્ઞાત એટલે સપૂર્ણ અને સારી પેઠે જાણેલ. સારી અર્થમા સપ્રજ્ઞાત એટલે સ્પષ્ટ જ્ઞાત. દત્તનરોત્તમ

સંપ્રજ્ઞાતયોગ [સં] પું (વેદાંત) સમાધિનો દીર્ઘકાળપર્યંત અભ્યાસ. ચિત્ત, રજોગુણ તથા તમોગુણરૂપ મલના નિરોધાન દ્વારા શુદ્ધ સાત્ત્વિક થવાથી જ્યારે એક જ વિષયમાં લાંબા સમય સુધી ચાલ ચિત્તના સ્થાનમાં રહેલા દીપકની પેઠે સ્થિર થઈ રહે છે ત્યારે તે એકાગ્ર કહેવાય છે. આ અવસ્થાને જ સપ્રજ્ઞાતયોગ કહેવામાં આવે છે અથવા જે ચિત્તનિરોધ વિશેષમાં બધેથી બિલ ચિત્તવૃત્તિઓનો નિરોધ થઈ બ્રહ્મનો યથાર્થ સાક્ષાત્કાર કરાય છે તે સપ્રજ્ઞાતયોગ કહેવાય છે. આ સપ્રજ્ઞાતયોગ ચાર પ્રકારનો છે. વિતર્કાનુગત, વિચારાનુગત, આનંદાનુગત, અસ્મિતાનુગત. બ્રહ્મસ્વરૂપ આલંબનવાળો હોવાથી આને સાલંબનયોગ પણ કહેવામાં આવે છે અને એકાગ્રવૃત્તિના બીજરૂપ સસ્કારોથી યુક્ત હોવાથી આને સબીજયોગ પણ કહેવામાં આવે છે. સપ્રજ્ઞાતયોગનાં સાધનો બે પ્રકારનાં છે: ૧. બહિરંગ સાધનો: (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર. ૨. અંતરંગ સાધનો: (૧) ધારણા, (૨) ધ્યાન, (૩) સમાધિ. સપ્રજ્ઞાતયોગનાં મુખ્ય બે પ્રકારનાં છે: ૧. દૃષ્ટમૂળ:–બ્રહ્મથી બિલ ચિત્તવૃત્તિઓના નિરોધથી, ચિત્તવૃત્તિઓ વડે ઊપજતા ત્રિવિધ દુઃખના ભોગની નિવૃત્તિ. ૨. અદૃષ્ટમૂળ:–વિષયાંતરમા મનના અભાવ અદૃષ્ટરૂપ પૂર્વોક્ત સાધનોવડે વિવેક ખ્યાતિ અને બ્રહ્મનો સાક્ષાત્કાર. સપ્રજ્ઞાતયોગથી માત્ર જ્ઞાનને પ્રતિબંધ કરનારાં પાપનો નાશ થાય છે, પણ સર્વ કર્મનો નાશ થતો નથી, તે તો અસપ્રજ્ઞાતયોગથી જ થાય છે. સપ્રજ્ઞાતયોગ ચાર ભૂમિકાઓવાળા હોય છે: (૧) પ્રથમકલ્પિક શબ્દ, અર્થ અને જ્ઞાનના વિકલ્પના અપનયનથી સવિતર્કસમાપત્તિરૂપ જે પ્રથમની પદ કહેવાય છે (૨) અધ્રુવભૂમિક: નિર્વિતર્કસમાપત્તિવાળો અધ્રુવભૂમિક કહેવાય છે. આ પ્રજ્ઞામાં અસત્ આરોપના સપર્કનો અભાવ હોવાથી તે યોગી ઋતંભરપ્રજ્ઞ પણ કહેવાય છે. મધની પેઠે તૃપ્તિના હેતુરૂપ પ્રજ્ઞાના યોગથી આ ભૂમિકા મધુમતી પણ કહેવાય છે. (૩) પ્રજ્ઞાજ્યોતિ: વિચારાનુગતનિર્વાચ્ય પ્રકૃતિ

પર્વતના જંઘાળો યોગી પ્રજ્ઞાલ્યોતિ કહેવાય છે. આજ ભૂમિકામાં આનંદાનુગતનો પ્રવેશ છે. (૪) અતિક્રાંતભાવનીયઃ અરિમનાનુગતયોગની પ્રાપ્તિપર્યંતનો યોગી અતિક્રાંતભાવનીય કહેવાય છે, અથવા સાત પ્રકારની પ્રાંત ભૂમિમાંથી છેલ્લી ભૂમિકાવાળો યોગી અતિક્રાંતભાવનીય કહેવાય છે.

સંપ્રજ્ઞાન [સં. સમ્ + પ્ર + જ્ઞા (જાણવું)] ન. પરિપૂર્ણજ્ઞાન

સંપ્રજ્વલિત પું. રૌદ્ર નરકનો નવમો નરકાવાસો.

સંપ્રતાપન [સં] ન. એકવીસ માહેનું એક નરક

સંપ્રતિ ૧. પું. અશોકનો પૌત્ર.
૨. સ્ત્રી. કીર્તિ.
૩ [સ] અ. હાલ; હમણાં.

સંપ્રતિપત્તિ ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ઉત્તર.
૨ સ્ત્રી. (વેદાંત) નિશ્ચય.
૩. સ્ત્રી. વાદીએ કહેલ અર્થવાળા વિષયનો સ્વીકાર.

સંપ્રતિષ્ઠા [સં] સ્ત્રી. સ્થિતિ.

સંપ્રત્યય [સં] પું. દૃઢ માન્યતા.

સંપ્રત્યયાત્મિક [સં] વિ. સંપ્રત્યયથી ઉત્પન્ન થયેલ.

સંપ્રત્યયાત્મિકા [સં.] સ્ત્રી. દૃઢજ્ઞાનવાળી પ્રીતિ; પ્રીતિના ચાર માહેનો એક પ્રકાર. જે પુરુષને મેં અથવા મારા કુટુંબે પતિ માન્યો છે અથવા જેને હું શોધું છું તે આજ પુરુષ હોવો જોઈએ એવી બુદ્ધિથી સ્વયંભૂ મદનની સહાય વિના તે પુરુષ ઉપર કોઈ જે પ્રીતિ કરે તે સંપ્રત્યયાત્મિકા પ્રીતિ કહેવાય.

પ્રીતિ ચાર પ્રકારની કહી છેઃ વિષયાત્મિકા, સંપ્રત્યયાત્મિકા, આત્મિભાનિકી, આત્મારામિકી
સરસ્વતીચંદ્ર

સંપ્રદાન ૧. [સં સં + પ્ર + દા (આપવું)] ન આપવું તે; દાન.
૨. ન (વ્યાકરણ) કર્મ કે કર્મરૂપ કરણ વડે કર્તા જેની સાથે સંબંધ થાય કે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે તે; ગૌણકર્મ. જેમકે, તે ઉપાધ્યાયને ગાય આપે છે. આમાં ઉપાધ્યાય સંપ્રદાન છે. સંપ્રદાન શબ્દ દા આપવું ઉપરથી વ્યુત્પન્ન થયો છે; પરંતુ એમાં દાનને પ્રધાન અર્થમાં જ જાણવાનું નથી. વાસ્તવિક દાન ન હોય, ગૌણ દાન હોય તો પણ સંપ્રદાન કહેવાય છે. જેમકે, તે રજકને ધોવા માટે વસ્ત્ર આપે છે. આમાં રજક સંપ્રદાન છે. સંપ્રદાનના ૩ પ્રકાર છે. અનિરાકર્તૃ, પ્રેરક અને અનુમંતૃ

૩. ન. ચિત્તની પ્રસન્નતા.
૪. ન. જેને ઉદ્દેશીને યજ્ઞ કરવામાં આવતો હોય તે દેવ.
૫. ન. બક્ષિસ; ભેટ; કાળામાં ભરેલી રકમ.
૬. ન. ગણાદિ ક્રિયાના પાઠ માહેનો એક પ્રકાર.
૭. ન. (વ્યાકરણ) વાક્યની અંદર નામ અને ક્રિયાપદ વચ્ચે ચોથી વિભક્તિથી જે સંબંધ દર્શાવાય છે તે; ૭ કારક માહેની ચોથી વિભક્તિ, ચોથી વિભક્તિનો અર્થ.

સંપ્રદાય ૧. પું (વેદાંત) ગુરુની પરંપરાથી ચાલતા આવેલા ગુરુઓના ઉપદેશવાળી વ્યક્તિઓનો સમૂહ.
૨ પુ. ગુરુપરંપરાગત ઉપદેશ.
૩. પું. ચાલી આવેલી ઉચ્ચાર પદ્ધતિ.

લોકવાણીમાં વેદિક ઉચ્ચારનો સંપ્રદાય અવિચ્છિન્ન જળવાયો હશે.
ગુ. સા. પરિષદ

૪. પુ. ચાલુ વહેવાટ; શિરસ્તો; રવૈયો; રિવાજ; ચાલ; રીત; પરંપરાથી ચાલી આવતી રીત.
૫. પું. જે અપૌરુષેય હોય તે જેમકે, વેદધર્મ.
૬ પુ. ધર્મ ઉપરથી નીકળેલો અમુક મતનો ફાંટો; ધર્મમત; પથ; ધર્મનો પંથ વૈષ્ણવ, શૈવ અને શાક્ત આ ત્રણ મોટા પથોમાંથી કેવળ વૈષ્ણવનાજ નિમ્નલિખિત ૨૦ સંપ્રદાય હોવાનું મનાય છેઃ (૧) શ્રી સંપ્રદાય, (૨) વલ્લભાચારી, (૩) મધ્વાચારી કે બ્રહ્મ સંપ્રદાય, (૪) સનકાદિક કે નીમાવત સંપ્રદાય, (૫) રામાનંદી કે રામાવત, (૬) રાધાવલ્લભી, (૭) નિત્યાનંદી, (૮) કબીરપંથી, (૯) ખાકી, (૧૦) મલૂકદાસી, (૧૧) દાદુપંથી, (૧૨) રામદાસી, (૧૩) સેનાઈ, (૧૪) મીરાંબાઈ, (૧૫) સખીભાવ, (૧૬) ચરણદાસી, (૧૭) હરિઓદી, (૧૮) સધનાપંથી, (૧૯) માધવી, (૨૦) ચૈતન્યી અને નાગાસંન્યાસી. શૈવોના ૭ મોટા ભેદ હતાઃ (૧) સંન્યાસી દશ્ની આદિ, (૨) યોગી, (૩) જંગમ, (૪) ગોર્ખનાથ, (૫) મૂદડ, (૬) રૂખડ અને (૭) કનફાડિયો. શાક્તોના ચૌદ મુખ્યભેદ આ પ્રમાણે હતાઃ (૧) દક્ષિણાચારી, (૨) વામી, (૩) કાનચોલિયા, (૪) કરારી, (૫) અઘોરી, (૬) મણિપત્ય, (૭) સૌરપત્ય, (૮) નાનકપંથી, (૯) બાબાલાલી, (૧૦) પ્રાણનાથી, (૧૧) સાધ, (૧૨) સતનામી, (૧૩) શિવ નારાયણી અને (૧૪) શૂન્યવાદી.

સંપ્રદાય એ શબ્દ માત્ર કૃદ કે માત્ર ચૌદિક નથી પણ મિશ્ર છે. એક અગર અનેક અસાધારણ મૂળભૂત વ્યક્તિઓથી ઊતરી આવતો જ્ઞાન, આચાર કે ઉપાસનો વિશિષ્ટ વારસો તે સંપ્રદાય.
પુરાવૃત્ત

સંપ્રદાયદૃષ્ટિ સ્ત્રી સંપ્રદાય પૂરતી દૃષ્ટિ; સંકુચિત દૃષ્ટિ

સંપ્રદાયપ્રવર્તક [સ. સંપ્રદાય (પથ) + પ્રવર્તક (ચલાવનાર)] પુ. ધર્મનો પંથ ચલાવનાર વ્યક્તિ

સંપ્રદાયી ૧. [સ] પુ. સંપ્રદાયનું અનુયાયી.
૨. વિ. સંપ્રદાયને લગતું.

સંપ્રધારણ [સં.] ન. નિર્ણય; નિર્દેશ; વિવેકશક્તિ; તર્કવ્યાપાર

સંપ્રધારણ સંજ્ઞા ૧ સ્ત્રી. (જૈન) જેનાથી પૂર્વ જન્મનું સ્મરણ સુદ્ધાં થઈ શકે એટલી વિચારની યોગ્યતા.
૨. સ્ત્રી. (જૈન) વિશિષ્ટ વૃત્તિ; ગુણ દોષની વિચારણા.

સંપ્રધારણા [સં.] સ્ત્રી યોગ્યાયોગ્યનો વિચાર કરી અર્થ નિશ્ચય કરવો તે.

સંપ્રમર્દન પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાન પોતાની રુદ્ર અને કાલ વગેરે વિભૂતિઓથી સર્વેનું સર્વ બાજુએથી મર્દન કરે છે તેથી સંપ્રમર્દન કહેવાય છે

સંપ્રયોગ ૧. [સં] પું. મેળાપ.
૨. પું. વ્યાપાર
૩. પું. સંસર્ગ
૪. પું. સામાન્ય અથવા કોઈ વિશેષ પ્રકારના ઇંદ્રિય સુખ અથવા પ્રેમની ઇચ્છાથી થતો સ્ત્રી પુરુષનો સંબંધ; સંભોગ.

સંપ્રવેશક [સં.] પું. નેત્રભાવનું એક લક્ષણ; કીકીનું અંદર પેસવું તે.

સંપ્રસન્ન [સં] વિ. પૂર્ણ પ્રસન્ન; સંપૂર્ણ આનંદમય.

સંપ્રસાદ ૧. [સં] પું (યોગ) ચિત્તની નિર્મળતા અને પ્રસન્નતા.
૨. પું સારી રીતે પ્રસન્નતા
૩. પું. (વેદાંત) સુષુપ્તિ સ્થાન.

સંપ્રસાધન [સં] પું. મેળવવું તે.

સંપ્રસારણ ૧. [સ.] ન. (વ્યાકરણ) અર્ધ સ્વરને સ્થાને મળતો સ્વર થવો તે; અંતઃસ્થોના સ્વર થઈ જવાનો ફેરફાર; ય, વ, ર, લ નાં અનુક્રમ ઇ, ઉ, ઋ, ઌ થવા તે. ર્ ની ય થવાના સંપ્રસારણ વિશે નર્મદાશંકર લખે છે કેઃ ઇ-ય તે એ-અના પ્રકારમાં ઈ વાળો ને ય વાળો વિશેષ માન્ય છે. જેમકે, રાજ્ઞુ–રાઈનું; ભાર્યો–ભાઈઓ; પોષણ–પોએણ.
૨. ન. ન્યાય મત પ્રમાણે પાંચ માંહેનું એક કર્મ; ચારે બાજુ ગતિ થવી તે. કર્મના પાંચ પ્રકાર આ પ્રમાણે છેઃ ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, સંપ્રસારણ અને ગમન.

૩. ન. પ્રસારવું તે.
૪. ન. સારી રીતે વિસ્તારવું તે; વિસ્તાર કરવો તે.

સંપ્રહાર ૧. [સં.] પું. પ્રહાર કરવો તે; મારવું તે.
૨. પું. યુદ્ધ; લડાઈ.

સંપ્રાપ્ત [સં.] ભિ. મેળવેલું; પામેલું.

સંપ્રાપ્તિ ૧. [સં.] સ્ત્રી. પ્રાપ્તિ.
૨. સ્ત્રી. રોગનો ઉપાદ. વાત, પિત્ત, કફ વગેરે દોષો બગડીને જે રીતે રોગની ઉત્પત્તિ કરી તેને આગળ વધારે તેને સંપ્રાપ્તિ જાતિ અથવા આગતિ કહે છે. તેના સંખ્યા, વિકલ્પ, પ્રાધાન્ય, બલ અને કાલ અનુસાર પાંચ ભેદ થાય છે. સંખ્યા: તાવ, ઉદરરોગ વગેરેના આઠ પ્રકાર; કાસ, શ્વાસ, હેડકી વગેરેના પાંચ પ્રકાર. આ સંખ્યા ગણવાની પણ અનેક રીત છે. વિકલ્પ: વાત, પિત્ત, કફ વગેરે દોષોની ન્યૂનાધિકપણાની કલ્પનાને વિકલ્પ કહે છે. પ્રાધાન્ય: અમુક રોગ કે દોષ મુખ્ય હોય તે પ્રધાન ગણાય અને બીજા રોગો કે દોષો તેના સંબંધમાં હોય તે અપ્રધાન ગણાય. બલ: જે રોગમાં નિદાન, પૂર્વરૂપ, રૂપ વગેરે બહુ જ બળવાન હોય તે રોગ બળવાન ગણાય અને તે બાંહેધરી એકાદ જ બળવાન હોય અને બીજાં નિર્બળ હોય તે નિર્બળ રોગ ગણાય. કાલ: બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા; વસંતઋતુ, શરદઋતુ અને વર્ષાઋતુ; દિવસ રાત્રિનો પહેલો પ્રહર, મધ્ય ભાગ અને છેલ્લો ભાગ; ભોજન કર્યા પછીનો વખત, ભોજન પચતું હોય ત્યારનો વખત અને ભોજન પચી ગયાનો વખત. તેમાં અનુક્રમે કફનો, પિત્તનો અને વાયુનો પ્રકોપ હોય છે એટલે તે તે સમયમાં થયેલ વ્યાધિમાં તે તે દોષ બળવાન ગણાય છે.

સંપ્રિયા સ્ત્રી. (પુરાણ) સોમવંશી કુરુરાજપુત્ર વિદૂરથની ભાર્યા.

સંપ્રીત [સં] ભિ. ખુશી થયેલું.

સંપ્રીતિ ૧. [સં.] સ્ત્રી. આનંદ; હર્ષ.
૨. સ્ત્રી. પ્રેમ; પ્રીતિ.

સંપ્રેક્ષા [સ.] સ્ત્રી. (જૈન) પર્યાલોચના; વિચારણા.

સંપ્રેરક [સં.] વિ. સંપ્રેષક; ઇન્સાફ મેળવા સારુ મોકલનાર; પ્રાથમિક ચોકસી કરનાર.

સંપ્રેરવું જુઓ સંપ્રેષવું.

સંપ્રેષવું [સં.] સ. ક્રિ. સંપ્રેરવું; ન્યાય કે ઇન્સાફ મેળવા સારુ મોકલવું.

સંપ્રોક્ષણ [સં.] ન. પાણી છાંટી પવિત્ર કરવું તે; સેચન; પાણી છાંટવું તે; પ્રોક્ષણ.

સંપ્લવન [સં.] ન. સામે લાવવું તે.
ફરીને બે દળો વડે હૃદયમંત્રોથી પોતાની સન્મુખ બીજું સંપ્લવન (સામે લાવવું તે) કરવું
પંચાક્ષર મુક્તાવલિ

સંપ્લુતોદક [સં. સંપ્લુત (પરિપૂર્ણ) + ઉદક (પાણી)] પું. મહાન જળાશય; પાણીનો મોટો ધરો.

સંપ ૧. [અ. સફ (પંક્તિ)] સ્ત્રી. બાજુ; પક્ષ.
૨. સ્ત્રી. હરકોઈ જાતની; કોઈ પણ જાતની
૩. સ્ત્રી. હાર; પંક્તિ.

સંપદ ૧. પું. ઝપાઝપી; ભોલાભોલી.
૨. પું. નાટકમાં રોષપૂર્વક બોલવું તે.

સંપ ૧. પું. વજ્ર
૨. સ્ત્રી. (ભૂ. સ્ત્રી.) સ્યામતા; કાળાશ.
મહુમાં દૂધ નહિ સાકર અંબિ, કિમહિ ન સાકર સુતિ સંબિ. વિમલપ્રબંધ

સંબદ્ધ ભિ. સારી બંધાયેલું; વળગેલું; જોડાયેલું; યુક્ત; સબંધ ધરાવતું.

સંબર ૧. પું. એ નામે એક દૈત્ય.
૨. પું. એ નામે એક પર્વત.
૩. પું. સાબર; જેનાં શિંગડાંમાંથી બીજાં શિંગડાં ફૂટે છે તેવું સાબર.
૪. [સં.] ન. એક જાતની માછલી.
૫. ન. જળ; પાણી.
સંબર બલ સંબર અસુર સંબર શૈલ અનૂપ; સબ્બર બાણી બાંહ તે કૃષ્ણ બાલ સુખરૂપ. વિજયવસુકોષ
૬. ન. જૈન ધર્મનાં નવ માંહેનું એક તત્ત્વ.
૭. ન. પુલ.
૮. ન. ભોંહોનું એક વ્રત.
૯. ભિ. સુખી; ભાગ્યવાન.

સંબરદારણ [સં. સબર (તે નામે એક દૈત્ય) + દારણ (મારનાર)] પું. કામદેવ; મદન.

સંબલ ૧. સ્ત્રી. પાણી; જલ; ઉદક.
૨. ન. પૂંજી.
૩. ન. મદદ.
૪. ન. મુસાફરીનું ભાથું; ભરચી
૫. ન. મુસાફરીમાં આવતા પદાર્થો; ભાથું; ભાતું; ટીમણ.
૬ ન. શુભકર્મરૂપ કમાણી.
૭. ભિ. સુબળ; બળવાન.

સંબલખટાઈ પું. એક જાતનો સુગંધી ઓઢ. તે મેદાનમાં સપ્ટેંબરથી નવેંબર સુધી અને ટેકરી ઉપર ઓક્ટોબર અને મેમાં વવાય છે. તેને ખૂબ સાવચેતીથી વાવવા જોઈએ તેમ જ તૈયાર થયા પછી ખૂબ સંભાળથી ચૂંટવા જોઈએ. ખૂબ સૂકા દિવસે, ખૂબ બીજ્યા પહેલાં જ ચૂંટી લઈ જલદી સૂકવી નાખી સારી રીતે પેક કરી અંદર જરા પણ હવા આવવા દેવી ન જોઈએ. આની અંદર મધ્યની નસ અવાય છે અથવા સુરબ્બો પણ સરસ થાય. તે આખુ વરસ ઊગે તેવો છોડ છે.

સંબળ ન. એક જાતનું હસ્તવાદ્યચિત્ર. એ મોંઘેરા પ્રજાનું એક વાદ્ય છે.

સંબંધ ૧. પું. (વેદાંત) અનુબંધના ચાર માંહેનો એક પ્રકાર.
૨. પું (વ્યાકરણ) છઠ્ઠી વિભક્તિનો અર્થ.
૩. પું (વેદાંત) જે પ્રતિયોગી અને અનુયોગી બંને સંબંધીઓથી ભિન્ન હોય તથા તે બંને સંબંધીઓને આશ્રિત હોય તે. જેમ પક્ષી અને વૃક્ષનો સંયોગ તે પક્ષી અને વૃક્ષ રૂપ પ્રતિયોગી અને અનુયોગી રૂપ બંને સબંધીઓથી ભિન્ન પણ છે તથા તે બંને સંબંધીઓને આશ્રિત પણ છે માટે તે સંયોગને સંબંધ કહે છે. એ જ રીતે પટરૂપ અવયવીનો જે તંતુરૂપ અવયવોમાં સમવાય છે, તે સમવાય પણ પટ તંતુરૂપ પ્રતિયોગી અનુયોગી રૂપ બંને સંબંધીઓથી ભિન્ન પણ છે તથા તે બંને સંબંધીઓને આશ્રિત પણ છે, માટે તે સમવાયને સંબંધ કહે છે. આ લક્ષણ સંયોગ અને સમવાય બેમાં જ ઘટે છે બીજા સંબંધોમાં ઘટતું નથી, માટે સંયોગ અને સમવાય એ બે જ મુખ્ય સંબંધો છે, અને બીજા ગૌણ સંબંધો છે.
૪. [સં. સમ્ (સારી) + બંધ્ (બાંધવું)] પું. મિત્રતા; પરિચય; આપ્તભાવ; બંધુત્વ; મિત્રાચારી; મેળ; સખ્ય; દોસ્તી.
૫ પું. વિવાહ; સગાઈ.
૧. સબંધ કરવો–જોડવો–બાંધવો = (૧) મિત્રતા કરવી. (૨) લગ્ન સંબંધથી જોડાવું. (૩) સગાઈ કરવી; સગપણ કરવું.
૨. સંબંધ તોડવો–ત્યાગવો = (૧) મિત્રતા તોડી નાખવી. (૨) સગાઈ રદ કરવી.
૬. પું. સધિ; કડી; શૃંખલા; અંકોડો.
૭. પું સયોગ; સપર્ક; જોડાણ; સંસર્ગ.
૮. પું. સારી રીતનું લેખન.

સંબંધક ૧. [સં.] વિ. સબંધ કરનારું.
૨. વિ. સબંધ ધરાવનાર.
૩. વિ. સબંધ વાચક
૪. વિ. સંબંધી વિષેનું; ને લગતું.

સંબંધકર્તા ૧. [સં સંબંધ + કર્તૃ (કરનાર)] વિ સંબંધ જોડનાર; જોડાણ કરનાર.
૨ વિ. સંબંધ પરાવનાર.
૩. વિ સગપી; વિવેનુ

સંબંધમાર્ગ [સ.] પું મોનિમાર્ગ; પ્રેમરસપથ; ભગમાર્ગ; પરાગપથ

સંબંધરજ્જુ વિ. સંબંધ રાખનાર.

સંબંધવાચક [સ.] વિ. (વ્યાકરણ) છઠ્ઠી વિભક્તિનો અર્થ બતાવતુ.

સંબંધ વિધાન [સં.] ન. સયોગી સંબંધ વિધાન; સદકારી સંબંધ વિધાન.

સંબંધ વિભક્તિ [સં.] સ્ત્રી (વ્યાકરણ) છઠ્ઠી વિભક્તિ. આ વિભક્તિનો સંબંધ ક્રિયાપદ સિવાય બીજા પદો સાથે હોય છે.

સંબંધાકર્ષણ [સં.] ન. સસર્ગજન્ય; પૂર્વાકર્ષણ. આકૃતિનો આધાર તેના અણુ વચ્ચેના સંબંધાકર્ષણની તીવ્રતા ઉપર રહેલો છે.

સંબંધાન્વેષણ [સં.] ન તર્કશાસ્ત્ર; યુક્તિવાદ

સંબંધાર્થક [સં.] વિ. (વ્યાકરણ) સંબંધ વ.ચક.

સંબંધિક [સ] વિ સંબંધવાળુ; સંબંધી

સંબંધિત [સં.] વિ. સંબંધવાળું; સંબદ્ધ.

સંબંધી ૧. [સં. સંબન્ધિન્] વિ લાગતુંવળગતું.
૨. વિ. સગુ.
૩. વિ. સંબંધવાળું.
૪. અ. વિષે; બાબતે; સંબંધમાં.

સંબંધી સર્વનામ [સં.] ન. (વ્યાકરણ) સર્વનામનો એક પ્રકાર; તત્પદાપેક્ષક સર્વનામ; પરસ્પર સંબંધ બતાવનાર સર્વનામ. જે અને તે પરસ્પર સંબંધી સર્વનામ કહેવાય છે

સંબાધ ૧. [સં.] પું. યોનિ.
૨. ન. અન્યોન્ય સંઘર્ષ.
૩. ન. નરકનો માર્ગ.
૪. ન. (જૈન) બળવાપણું.

સંબુદ્ધ ૧. [સં.] વિ. જાગેલું.
તે સમ્યક્ સંબુદ્ધ ભગવાન આદ્યન્તને નમસ્કાર ધમ્મપદ
૨. વિ. સંપૂર્ણ જ્ઞાનવાળુ; પંડિત; જ્ઞાની.

સંબુદ્ધિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે જગતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ મળી નવ અક્ષર હોય છે
સ ત ય સંબુદ્ધિ અને છે રત્નમિલા

સંબેલ ૧. સ્ત્રી. ઘોંસરાનો એક ભાગ; સમોલ, સ.બેલ, ઘોંસરી અને બાંધુ અને વચ્ચે આરપાર બળદની ડોક ન નીકળવા માટે રખાતો લાકડાનો જોરવાળો આંકણી જેવો મોળ ટકડો.
૨. સ્ત્રી. લાકડાનો ખીલો.
૩. સ્ત્રી. વણકરોનું દોરા ટીપવાના હાથાને મજબૂત રાખવાનું એક સાધન.

સંબ્યો પું. સમૂહ; જથ્થો; સંઘ.

સંબોધ [સં.] પું જ્ઞાન; બોધ.
મને સંબોધ પ્રાપ્ત થયો ન હતો. પુરાતત્ત્વ

સંબોધન ૧. [સં. સમ્ + બુધ્ (જાણવું)] ન. (વેદાંત) અન્યત્ર આસક્ત ચિત્તવાળાને અભિમુખ કરવો તે
૨. ન. (જૈન) આમત્રણ
૩. ન. (વ્યાકરણ) જે નામનો વિભક્તિદર્શક શબ્દ; એ નામની એક વિભક્તિ; બોલાવવાના અર્થમાં પહેલી વિભક્તિ. જેમકે, ઓ, રે, હે
૪. ન. જગાડવું તે.
૫. ન. જણાવવુ તે; સમજાવવું તે.
૬. ન. જેથી સામાને પોતા સંબંધી જ્ઞાન થાય તેવો ઉચ્ચાર; નામ વગેરેથી અમુકને ઉદ્દેશીને બોલવુ કે બોલાવવું તે. એહ, અરે, અબિ વગેરે કોઈને બોલાવવાને ઉદ્દેશી નીકળેલો ઉચ્ચાર
૭. ન. બોલાવવા વપરાતો શબ્દ.
૮. ન. બોલાવવુ તે.
૯. ન. સારું જ્ઞાન.

સંબોધવું ૧. સ. ક્રિ. ક્રિયામાત્ર રેવી
૨. સ. ક્રિ. સમજાવવુ
૩. [સ. સમ્ + બુધ્ (બોલાવવુ)] સ. ક્રિ. હાકોટવુ; ઉદ્દેશીને બોલવું; સામાને બોધ થાય એમ બોલવું; કહેવું.

સંબોધા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે શક્વરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, નગણ, સગણ અને બે ગુરુ એમ બાર અક્ષર હોય છે.
જ ત ન સ ગા ગ થી કવિ રચ સંબોધા. પિંગળ

સંબોધિ ૧. [સં.] પું. (જૈન) સમ્યગ્દૃષ્ટિ ધર્મની પ્રાપ્તિ.
૨. સ્ત્રી. સર્વોત્તમ જ્ઞાન; બોધિ; પૂર્ણ જ્ઞાન.
૩. ન. જે સ્થળે બુદ્ધ ભગવાનને જ્ઞાન થયું હતું તે સ્થળ; બોધિવૃક્ષ

સંબોધિઅંગ ન. (બૌદ્ધ) કામ, ક્રોધ, આળસ, ભ્રાંતતા, મત્સર એ પાંચ ચિત્તનાં આવરણોના પરિહાર માટે જે સાત બોધ્યંગની ભાવના કરવી જોઈએ તે.

સંબોધ્ય [સં.] ન. જેને સમોધાયુ હોય તે સમોધાય તે.

સંભર ૧. વિ. ભરપૂર; સર્વત્ર ભરેલું.
૨. ન તાન; ઉલ્લોલ્લ

સંભરવું સ ક્રિ. સારી રીતે ભરવું.

સંભરા પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે ત્રિભગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૦ લઘુ અને ૨૪ ગુરુ મળી ૬૪ વર્ણની ૧૨૮ માત્રા હોય છે

સંભરાવવું સ ક્રિ. યાદ અપવુ

સંભલ ન. (પુરાણ) એ નામનું એક ગામ. ત્યાં રહેનારા વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં વિષ્ણુ ભગવાનનો કલ્કિ અવતાર થનાર છે એમ કહેવાય છે.

સંભલા પું. દરીયો જંગલો પાક.

સંભલી [સં.] સ્ત્રી. કુટણી; પર સ્ત્રીપુરુષનો યોગ ભેળવી આપનાર સ્ત્રી.

સંભવ ૧. [સં. સં. + ભૂ (ઉત્પન્ન થવું)] પું. ઉત્પત્તિ; જન્મ.
સભવ થવો = ઉત્પન્ન થવું.
૨. પું. કારણ; હેતુ.
૩. પું. (જૈન) ત્રીજા તીર્થંકર સંભવનાથ સ્વામી
૪. પું ન્યાયશાસ્ત્રમાં પાંચ માહેનું એક પ્રમાણ.
ઉપમાન, અર્થાપત્તિ, ઐતિહ્ય, સંભવ અને અનુપલબ્ધિ એ પાંચ પ્રમાણોનો પ્રત્યક્ષ અનુમાન અને શબ્દપ્રમાણમા સમાવેશ થાય છે સાંખ્યદર્શન
૫. પું. બની શકે તેવી સ્થિતિ; શક્યતા; હોવાપણું.
સભવ હોવો = શક્ય હોવુ.
૬. પું. મૂળ.
૭. પું. યાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ૪૪ માહેની એક વસ્તુ.
૮. પું વિષ્ણુનાં દશ્વર માહેનું એક નામ.
૯. પું. સમેલન; સયોગ.

સંભવતઃ [સં.] અ. બનતાં સુધી

સંભવતા સ્ત્રી. સંભવ હોવો તે.

સંભવનાથ પું. જૈનોના ત્રીજા તીર્થંકર. તેમની જન્મભૂમિ શ્રાવસ્તીનગરી, પિતા જિતારી રાજા અને માતા સોનારાણી હતા. દેશમાં દુકાળ પડ્યો હતો છતાં પ્રભુ ગર્ભે આવ્યા પછી અણધાર્યો ધાન્યનો સંભવ થયો જેથી પ્રભુનું નામ સંભવનાથ પડ્યું. મહા સુદ ૧૪ તેમનો જન્મદિવસ છે.

સંભવનીય [સં.] વિ. શક્ય; સંભવિત; સંભવે તેવું.

સંભવપુષ્ટ [સં.] વિ. સંભવિત; સંભવવાળું.

સંભવપ્રમાણ ન. (વેદાંત) એ નામનું એક પ્રમાણ. જે પદાર્થ જે પદાર્થ વિના રહેતો નથી, તે પદાર્થ તે પદાર્થના અવિનાભાવવાળો કહેવાય છે. એવા અવિનાભાવી પદાર્થના સદ્ભાવનું જ્ઞાન તે સંભવ. જેમકે, પચાસ વિના સો થતા નથી પણ સો એ પચાસવડે ઘટિત છે, માટે એ સો, પચાસના અવિનાભાવવાળો છે. સોનું જ્ઞાન થયા પછી પુરુષને પચાસનું જ્ઞાન અવશ્ય થાય છે. તેમાં આ સોવાળો છે એ પ્રકારનું જ્ઞાન તો સંભવપ્રમાણ છે અને આ પચાસવાળો છે એ પ્રકારનું જ્ઞાન પ્રમાણ ફળ છે. એ સંભવપ્રમાણ (૧) સંભાવનારૂપ અને (૨) નિર્ણયરૂપ એમ બે પ્રકારનું છે. તેમાં ' આ બ્રાહ્મણ છે ' આ પ્રકારનું જ્ઞાન થયા પછી આ બ્રાહ્મણમાં ચૌદ વિદ્યાઓનું વેત્તાપણું સંભવે છે. એ પ્રકારનું જે જ્ઞાન તે સંભાવનારૂપ સંભવ કહેવાય છે અને જ્યાં સોનું જ્ઞાન થયા પછી પચાસનું જ્ઞાન થાય છે તે નિર્ણયરૂપ સંભવ કહેવાય છે.

સંભવવું ૧. [સં. સમ્ભવતિ; અપ. સંભવઈ] અ. ક્રિ. ઉત્પન્ન થવું; ઊપજવું; બનવું.

૨. અ. ક્રિ. ઠરી જવું; શુક્રવું; ઓલવાવું.

૩. અ. ક્રિ. સંભવ હોવો; બની શકવું

કહ્યેલું આપણે જે તે બીજા સાચ નહિ સંભવે.
આ સાચ હો ચિર-સ્થાયી નેં સ્વતંત્ર ગણાય છે.
ગાંધીગીતા

સંભવાસંભવ [સંભવ + અસંભવ] વિ. થાય તેવું અને ન થાય તેવું.

સંભવિત [સં] વિ. સંભવ હોય તેવું; શક્ય, બની શકે તેવું.

સંભવિતતા સ્ત્રી. સંભાવના; શક્યતા.

સંભવિતદોષ [સં.] પું. અસત્યતા; ખોટાપણું.

સત્ય જતાવવામાં પણ આપણે રાખવા ખોટા બીજા હોય તો તે ઉપરથી પણ મોટો સંભવિતદોષ ખોટા આવે. જે કે આ અસત્યતાનું પ્રમાણ થોડું હોય છે છતાં તેટલે અંશે જ્ઞાન ખોટો આવે છે. આ અસત્યતાને-ખોટાપણાને-દોષને-સંભવિતદોષ કહેવામાં આવે છે.
આકડાશાસ્ત્ર

સંભળામણી સ્ત્રી. મર્મ વાક્ય સંભળાવવાં તે; સભળાવેલું સાભળવાની દશા; સાભળવાપણું; મહેણું કે ઠપકો સાંભળવો તે.

સંભળાવવું ૧. સ. ક્રિ. જણાવવું; જાહેર કરવું

૨. સ. ક્રિ ટકોર રૂપે આકરો ઉત્તર આપવો; મહેણું મારવું.

૩. સ. ક્રિ. ત્રીજો માણસ જાણે તેમ સામાને કહેવું; બીજાનો ઉત્તર કે ઠપકો વેણ કે મેણ કહેવી.

૪. સ. ક્રિ. સાભળે તેમ કરવું; અવશ્ય કરાવવું.

સંભળાવું ૧. અ ક્રિ. કાન ઉપર આવવું; જાણમાં આવવું

૨. અ ક્રિ. બીજા સાંભળે તેમ થવું. સાભળવાનું કર્મણિ છે.

૩. અ. ક્રિ. સહન થવું; સંભાળવું; સાંભળતાં મનને ખેદ થવો.

સંભા ૧. પું જથ્થો; તડ; સર્વો, સમૂહ.

૨. પું. સમવાય; સભ.

સંભાઈ સ્ત્રી. (કચ્છી) તૈયારી

સંભાકરણ પું. રાકરનો એ નામનો એક કૂત.

સંભાગવું સ. ક્રિ. ભાગવું.

સ્નેહ સાંધા સભાગ્યું, દુ:ખ સહ્યાં સરખું થાય.
નાનાલાલ

સંભાગિની વિ. સરખો ભાગ રાખનારી.

સંભાગિયેલું વિ. સરખો ભાગ પડાવનારી.

એ દોહેલા કલની **સંભાગિયેલું** અદ્વિકાઠાની ઓંયરી અઢેમાની માલુનારી કરમસકુમની દલપત પદ્મિણી અને પછી આકુબ્બરને રિઝાવ્યે દધિમાપાર પુત્રયેર જઈ ઝેડેલા. દલપતરામ

સંભાજ વિ. તેજરવી

દીવાજ તં દહિનજ તં **સંભાજ** ન સરવાજ.
હરિરસ

સંભાર ૧. [સં. સમ્ (સાથે) + ભૃ (ભરવું)] પું. અથાણાની તૈયારી; અથાણાનો મસાલો; હવેજ; મેથી રોઢી તેને ભરડી તેમાં ભરવું, મીઠું, હિંગ વગેરે ભેળવી કરેલ મિશ્રણ

૧. સભાર કરવો = મરચા મીઠા વગેરેથી કે જોગ વગેરેથી મસાલાને એકત્ર કરવો.

૨. સંભાર ભરવો = (૧) ઉશ્કેરવું. (૨) રસ પૂરવો. (૩) અતિશયોક્તિ કરવી. (૪) શાક કે અથાણામાં મસાલો ભરવો.

૨. પું. કોઈ પણ કામને માટે જોઈતી વસ્તુઓનો સરઞ્જામ.

૩. પું. જોઈતી ચીજની તૈયારી.

૪. પું. નવીનતા.

૫. પું. (જૈન) પરિગ્રહ; સપરો

૬. પું. ભભેરણી; ઉશ્કેરણી

ટોચીના દુ:ખની અવસ્થાએ રોડનું મન ઊકળ્યું હતું અને તેમાં ગુમાને પુષ્કળ **સંભાર** કર્યો.
સરસ્વતીચંદ્ર

૭. પું સાધન; સામગ્રી

સંભારકેરી સ્ત્રી. મસાલો ભરીને તૈયાર કરેલી અથાણાની કેરી

સંભારણ ૧. ન. માણસનાં પેટમાં બોચવાનું દીવેલ પાએલું ચીથરું

૨ ન સભારવું તે; ૨ ; યાદદાસ્ત; સ્મરણ.

૩ વિ. સભારવા જેવી યાદ આવે તેવું.

સંભારણું ૧. ન. જેને લીધે અમુક વાત યાદ રહ્યા કરે તેવી ચીજ, કામ કે બક્ષીસ; જોતાં અમુક યાદ આવે તેવી વસ્તુ; સ્મૃતિચિહ્ન; યાદગીરીની વસ્તુ કે નિશાની

૨. ન. (જૂ ગુ.) યાદ, યાદગીરી; સ્મૃતિદાન; સ્નેહાભિજ્ઞાન; સમારક

તે જઈ કહીઈ તહ જઈ માહુ.
પીતબત્રિ રખું સભારણું. જય

સંભારવું ૧. [સં સંસ્મરતિ; અપ. સંભરઇ] સ. ક્રિ. યાદ કરવું.

સંભારીને નામું લખે, ઊંટ ચઢીને ભમે = જેમ ઊંટે ચઢીને ઊંચવાયી પડવાનો ભય છે તેમ ઉધાર આપેલ વસ્તુ તરત જ ન લખવાથી ભૂલવાનો પાકો ભય છે. તેથી 'બેદરકારી ભરેલ ખોટનો બેપાર' એ અર્થમાં આ રૂઢિ પ્રયોગ વપરાય છે.

૨. સ. ક્રિ. યાદ કરાવવું; સાંભરે એમ કરાવવું; સ્મરાવવું; યાદ દેવડાવવું.

સંભારિયું ૧. ન. મસાલેદાર શાક.

૨. વિ. મસાલો ચડાવવા યોગ્ય

૩. વિ. સંભાર ભરેલો હોય તેવું; મસાલો ભરેલો હોય તેવું; સભારવાળું; મસાલો ચડાવેલું

સંભારો ૧. પું. મસાલો; સંભાર; મેથી રોઢી, તેને ભરડી તેમાં ભરવું, મીઠું, હિંગ વગેરે ભેળવીને કરેલું મિશ્રણ.

૨. પું. (પિંગળ) માત્રામેળ પિંગળ પ્રમાણે એ નામનો એક માત્રામેળ છંદ. તે સાટક છંદનો એક ભેદ છે. તેમાં ૩ ગુરુ અને ૧૧૪ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

૩. પું. બીજાં મરચાં, કાચી કેરી વગેરે ચીજને તેલમાં તળી બીજું મસાલો નાખીને બનાવેલ અથાણું.

સંભાલા પું. પશુ પહેલાં જરૂરના અગ્નિનું મંદમંદ બળવું તે.

સંભાલુ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નિર્ગુંડી. તે સયુક્ત પ્રાંત. હિમાલયનો નીચાણવાળો પ્રદેશ, કશ્મીર, નેપાળ અને દક્ષિણ હિંદમાં થાય છે. નિર્ગુંડી આમ અને વાયના દરદોમા બહુ જ ઉપયોગી છે. સ્વપ્નદોષ કે વારંવાર થતા વીર્યસ્રાવમાં આસ અપાય છે.

સંભાવ ૧. પું. ભોકસી; રોષ.

૨. પું. ટેકો આપવો તે.

સંભાવન ૧. [સં.] ન. (કાવ્ય) એ નામનો એક અર્થાલંકાર.

૨. ન. વ્યાકરણ પ્રસિદ્ધ સંભાવના.

૩. ન. શક્યપક્ષ; સજ્ઞાન્તિપક્ષ.

સંભાવના ૧. સ્ત્રી. (કાવ્ય) એ નામનો એક અલંકાર; ઉપમા યોગ્યતા હોય અને સારી ભાવના હોય તે અલંકાર.

પ્રબલ કારણ દેખવાથી એવું ધરો એવી બુદ્ધિ **સંભાવના** અલંકાર છે. કાવ્યરાજ

૨. સ્ત્રી. જ્યાં એક અર્થની સિદ્ધિને અર્થે 'જો આમ હોય તો' એવા પ્રકારનો તર્ક કરવામાં આવે તે. જેમકે, જો શેષ વક્તા હોય તો તમારા ગુણ વર્ણવી શકાય.

૩. સ્ત્રી. પ્રતિષ્ઠા; ઇજ્જત.

૪. સ્ત્રી. પ્રથમ સિદ્ધવત્ માની લીધેલી કલ્પના.

૫. સ્ત્રી. ભાવથી વિચારવું તે.

૬. સ્ત્રી. માનસન્માન; આદરમાન; આદરસત્કાર; સરભરા.

૭. સ્ત્રી. માન સહિત વર્તવું તે.

પોતાના સેવકોની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિ કે મનોયોગ **સંભાવના** રાખવી. શિક્ષાપત્રી

૮. સ્ત્રી. (વેદાંત) લગભગ નિશ્ચય જેવો ઉત્કટપણાને પામેલો સશય.

૯. સ્ત્રી. વિચારણા; ઇહા.

આ દોરડાનો સર્પ છે કે સાપનો? એવો સંશય થતાં એવી વિચારણા થાય છે કે, આ દોરડાનો સર્પ હોવો જોઈએ, કેમકે જો સાપ હોય તો આટલો સખત આઘાત લાગતાં કુંફાડો માર્યા વિના રહે નહિ. આને વિચારણા **સંભાવના** અથવા ઇહા કહે છે. તત્ત્વાર્થસૂત્ર

૧૦. સ્ત્રી. (વેદાંત) શક્તિના ઉત્કર્ષને પ્રકટ કરવાને માટે થતી અતિશયોક્તિ.

૧૧. સ્ત્રી. શક્યતા; સંભવ; સજ્ઞાન્તિપક્ષ; ચોગ; બની શકે એવું હોવું તે.

૧૨. સ્ત્રી. સચેતન; અનુભવ.

૧૩. સ્ત્રી. (વેદાંત) સંશયની બે બાજુઓમાંથી એક બાજુ ઉત્કટ એટલે નિશ્ચય જેવી હોય એવો સંશય.

૧૪. સ્ત્રી. સ્વીકારી લીધેલી કલ્પના; ધારણા; અટકળ; ધારી લીધેલી વાત; કલ્પના.

આ વિશ્વ કોઈ ઇંદ્રિય પ્રત્યક્ષની સામગ્રી રૂપ, કે કોઈ પ્રત્યય રૂપ, કે કોઈ નિર્યુક્ત રૂપ નથી હોતો, પણ **સભાવના** (Supposition) રૂપ હોય છે. સત્યમીમાંસા

સંભાવનાર્હ [સં.] વિ. આદરણીય; પૂજ્ય; પૂજવા યોગ્ય.

ઈશ્વરને સફેદ દાઢીનો **સંભાવનાર્હ** વૃદ્ધ બનાવવામાં પણ ફેન્ચોનના મત પ્રમાણે કરવી કરકસર નથી. અભિસંધાન ઇનામ અંક

સંભાવનીય વિ. શક્ય; સભવિત.

સંભાવવું સ. ક્રિ. સંભાવના કરવી; આરાધવું; સન્માન કરવું.

સંભાવિત ૧. [સં. સમ્ [સારી રીતે) + ભાવિત (શુદ્ધ કરેલું)] વિ. આભડકાર; પ્રતિષ્ઠિત.

જે અતીતિ ન કરી બતો માર્ગે અમ્હ વહારી, અતીતિ **સંભાવિતને** મૃત્યુથી બે વિશેષ છે. કવિકીર્તા

૨. [સં. સમ્ (સારી રીતે) + ભાવિત (ભાવિતવાળું)] વિ. જેના પ્રત્યે માન ઊપજે એવું.

૩. વિ. લાયક; યોગ્ય; બેસતું.

૪. [સં. સમ્ (સારી રીતે) + ધૂ (ધરવું) + કૃત (માનેલું)] વિ. સંભવિત; બની શકે તેવું ધારેલું.

૫. વિ. સારી રીતે સત્તાવાળું થયેલું.

સંભાવિત પ્રેક્ષક [સં. સંભાવિત (આભડકાર) + પ્રેક્ષક (જોનાર)] પું. માનનીય મુલાકાતી; 'ઓનરેબલ વિઝિટર.'

સંભાવિત પ્રેક્ષકોને આમંત્રણ આપવાની સત્તા આ કમિટીને છે. મુ. સા. પરિષદ

સંભાવ્ય ૧. પું. (પુરાણ) એ નામનો એક અદૃશ્ય બાહ્યણ. જ્યારે ધૃતરાષ્ટ્રે અરણ્યમા જવાની દીક્ષા લીધી તે પહેલાં પોતાની સમણી પ્રજાને બોલાવીને તેમની ઇચ્છા માગી હતી તે વખતે આખી પ્રજાને રાજા પ્રતિ બહુ જ પ્રીતિ ઊભરાઈ આવી, બનારા વિયોગને ન સહન કરનારી તે પ્રજાના દરેક માણસે ઉત્તરીય વસ્ત્ર વડે અધર કર વડે મોં ઢાકીને રુદન કરવા માંડ્યું. પછી બધાઓ મળી એક બહુ ઝાઝા જાણનાર એટલે કે સારે બોલી શકે એવા બાહ્યણ મારફત પોતાનો અભિપ્રાય જણાવ્યો. એ બાહ્યણ તે આ સભાવ્ય.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. ન. શક્યતા; સભવ.

૪. વિ. અનુરૂપ; ઉપર્યુક્ત.

૫. [સ.] વિ. કલ્પી શકાય તેવું.

૬. વિ. ગૂઢ.

૭. વિ. નિષ્ક્રિય; અવ્યક્ત;

૮. વિ. બનવા જોગ, શક્ય; સભવિત.

૯. વિ. યોગ્ય; લાયક.

૧૦. વિ. સત્કાર કરવા યોગ્ય.

સંભાવ્યતા ૧. [સં.] સ્ત્રી ગૂઢતા.

૨. સ્ત્રી. નિષ્ક્રિયતા; અવ્યક્તતા.

૩ સ્ત્રી. પ્રતિષ્ઠા

૪. સ્ત્રી. યોગ્યતા.

૫. સ્ત્રી. સભવ; શક્યતા.

સંભાવ્ય શક્તિ સ્ત્રી. સ્થાનોદ્ભૂત શક્તિ; સ્થિતિશક્તિ; સ્થાનાપન્ન શક્તિ; અનુદ્ભૂત શક્તિ.

પદાર્થ જ્યારે ગતિમાં આવે છે ત્યારે જ તેની **સંભાવ્ય શક્તિ** પ્રકટ થાય છે. વિદ્યુત્

સંભાષણ [સં. સમ્ [સારી રીતે) + ભાષ્ (બોલવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. સારી રીતે બોલવું તે; સવાદ; પરસ્પરનું ભાષણ; સામસામે વાતચીત, વિવાદ કે ચર્ચા કરવી તે; બોલચાલ; વાતચીત; વાત કરવી તે; એક બીજા સાથે સવાલ જવાબ કરવા તે; પ્રશ્નોત્તરી.

સંભાષણપટુ [સં.] વિ. વાતડાહ્યું; સંભાષણચતુર.

સંભાષણ પદ્ધતિ સ્ત્રી. પરસ્પર સંભાષણ કરાવવાં તે,

શિક્ષણ રસિક કેમ થાય, પરસ્પર **સંભાષણ** પદ્ધતિનો શિક્ષણમાં કેવી રીતે ઉપયોગ થાય, આવા અનેક શિક્ષણના વિષયોનું ઊંડાણથી વિવેચન કર્યું છે. કમળાશંકર

સંભાષણ વ્યવહાર [સં.] પું. વાતચીતનો વહેવાર.

દરેક માણસ સાથેના **સંભાષણ વ્યવહારમાં** વિવેક રાખવો તે. સભા સમિતિ અને પોતાના સમરીલ સાધુ પુરુષો સાથેના સંભાષણ વ્યવહારમાં હિત, મિત અને યથાર્થ વચનનો ઉપયોગ કરવો તે સત્ય નામક યતિધર્મ. તત્ત્વાર્થસૂત્ર

સંભાષણીય [સં.] વિ. બોલવા યોગ્ય; સાથે વાત કરવા યોગ્ય.

સંભાષવું સ. ક્રિ. કહેવું; બોલવું; સંભળાવવું.

તેહ વિસ્મય નહિ **સંભાષ્યું**,
કિ સિ સૂર્યિ તે સહી શક્યું.

આનંદઘન.અજિતજિન

સંભાષા ૧. કું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભાષા; સભાસા. તેના દરેક ચરણમાં ભગણ, રગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. ચર્ચા.

સંભાષા (ચર્ચા)થી થતા ફાયદા. પુરાતત્ત્વ

સંભાષિ ન. (જૂ. ગુ.) સંભાષણ; વાતચીત. પછે તે રાજા પદ્માવતી ઉપરિ હોપ્યું, એ પાપિણીનુ સંભાષિ ન કરું. વૈતાલ પચીસી

સંભાષિત [સં. સમ્ (સારી રીતે) + ભાષ્ (કહેવું) + ક્ત (પેલું)] વિ. જેનું સભાષણ કર્યું હોય તેવું; બોલેલું; કહેલું

સંભાસા જુઓ સભાષા ૧.

સંભાળ ૧. સ્ત્રી. આશ્રય; આસરો; રક્ષણ કરવું તે; ઠેકો; સરક્ષણ; ટકાવ.

૨. સ્ત્રી. કાળજી; જતન; દરકાર

૩. સ્ત્રી. તપાસ રાખવી તે; ખબર રાખવી તે; કોઈ પણ વસ્તુ કે પ્રાણી વગેરે સારી સ્થિતિમાં રહે છે કે કેમ તે માટે લક્ષ રાખવું તે

૧. સંભાળ લીધે = દેખરેખ લીધે; આશ્રયમાં

૨. સભાળ રાખવી–લેવી = સંભાળવું.

સંભાળણું ન. રખેવાળ; સાચવવું તે.

આમરેલે પશ્ચિમ કિનારાના ઉપરની મહાદ્વીપોની સત્તાનું સંભાળણું સારી રીતે કર્યું. મરાઠી વિસ્તાર

સંભાળવું ૧. [સં.] અ. ક્રિ. સાવધ રહેવું; બેદરકારી કે ગફલતમાં નહિ રહેવું.

૨. સ. ક્રિ. આશ્રય આપવો; રક્ષણ કરવું.

૩. સ. ક્રિ. ઉછેરવું; લાલનપાલન કરવું, ઉપાસના કરવી.

૪. સ. ક્રિ. તપાસ રાખવી; સારી પ્રકારે જોવું; બારીકીથી તપાસવું.

હવું આપ સંભાળિ, જિહિતી કુશિ કરી.
ભાલણ

૫. સ. ક્રિ. ભગડે નહિ અને સુરક્ષિત રહ્યા કરે એમ લક્ષ રાખવું; ભગડે કે બરાબર થાય નહિ તે માટે ધ્યાન રાખવું; ભગાડવું ભગાવવું; સાચવવું; કાળજી રાખવી; જતન કરવું; સભાળ રાખવી; જતન કરવું.

આપણું જગણું હાલિ સંભાળી લીધા સહી.
સવત ૧૫૮૩નું પત્રપત્ર

૬. સ. ક્રિ. માથે લેવું; ઉઠાવવું; નિભાવવું.

સંભાળવું ૧. અ. ક્રિ. આશ્રય મળવો; આશ્રય આપી શકાવો.

૨. સ. ક્રિ. ઉઠેરાવું; ઉપાસના થવી; ઉછેરી શકાવું; ઉપાસના કરી શકાવી.

૩. સ. ક્રિ. સચવાવું; કાળજી રખાવી; સાચવી શકાવું.

સંભિન્ન ૧ [સં.] વિ. ભેરેલું

૨. વિ. સારી રીતે વિકાસ પામેલું.

સંભિન્નપ્રલાપ [સં.] કું. બકવાટ, બડબડાટ.

સંભિન્નપ્રલાપથી વિરામ પામેલો ચોગ્ય રીતે અર્થવાદ બોલે છે. પુરાતત્ત્વ

સંભિન્નશ્રોત સ્ત્રી. (જૈન) એક જાતની લબ્ધિ

અક્ષ ઇંદ્રિયો અન્ય ઇંદ્રિય ના વિષયને ગ્રહણ કરી શકાય તેમને **સંભિન્નશ્રોત** લબ્ધિ પ્રાપ્ત થઈ. આદિનાથ ચરિત્ર

સંભિન્નાલાપી વિ બકવાટ કરનાર.

કેટલાંએક મનુષ્યો **સંભિન્નાલાપી** પણ હોય છે. તે બકવાટે બોલે છે, નહિ અર્થનુ ભાન છે. અનર્થ, અપમૈ, અવિનય બોલે છે, રહસ્ય વિનાની વાણી બોલે છે. બકવાટે બહુનાથ વિનાનુ અને અર્થ વિનાનું બોલે છે

પુરાતત્ત્વ

સંભૂત ૧. [સં.] વિ. જન્મેલું; ઉત્પન્ન થયેલું.

૨. વિ. યોગ્ય

૩. વિ. સમાન; સરખું

૪. વિ. સમાવેશવાળું

૫. વિ. સયુક્ત; જોડાયેલું

સંતોષી નિર્ધન બહુ, સુખ સંપત્તિ **સંભૂત**.
ભીમ

સંભૂતિ ૧. કું. (પુરાણ) ઇક્ષ્વાકુકુલોત્પન્ન પુરુકુત્સ રાજાના બે ભાઈના બીજા પુત્ર વસુ રાજાનો પુત્ર. તેને ત્રિકન્યા નામનો પુત્ર હતો.

૨. [સં.] સ્ત્રી. આત્મવાદ.

૩. સ્ત્રી. આત્મા.

જે **સંભૂતિ** અર્થાત્ આત્મઉપાસના અને વિનાશ અર્થાત્ દેહોપાસના એકબીજાના પૂરક સમજે છે તે અનાત્મથી અર્થાત્ દેહથી મૃત્યુને તરીને આત્મથી અમૃત પામે છે. ઈશોપનિષદ

૪. સ્ત્રી. ઈશ્વરનું એક ઐશ્વર્ય.

૫. સ્ત્રી. ઉત્પત્તિ, જન્મ.

૬. સ્ત્રી. ઐશ્વર્ય; વિભવ.

૭. સ્ત્રી. (પુરાણ) આયુષ મન્વંતરમાંના અજિત નામે વિષ્ણુના અવતારની માતા.

૮. સ્ત્રી. જગતનું આદિ કારણ.

સંભૂતિ એટલે જગતનું આદિ કારણ.
ગીતારહસ્ય

૯. સ્ત્રી. તાકાત.

૧૦. સ્ત્રી. મેળ.

૧૧. સ્ત્રી. શક્યતા; સંભવ

૧૨. સ્ત્રી. સમાજધર્મ.

સ + ભૂ ધાતુનો અર્થ સંઘટિત થવું અર્થાત્ **સંભૂતિ** એટલે સંઘટના. સોપીકરણ અથવા સમાજનું એકમ કરવું. સભૂતિ એટલે વર્ણધર્મ.
આત્મોદ્ધાર

૧૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી અનુકુળના જયદ્રથ રાજાની સ્ત્રી, વિજય રાજાની માતા.

૧૪. વિ. સભરેલું; વ્યક્ત થયેલું; સમસ્ત.

સંભૂય [સ] વિ સયુક્ત.

સંભૂયક્રીડા સ્ત્રી. અનેક વ્યક્તિઓ ભાગે લઈ શકે એવી વિશિષ્ટ પ્રકારની રમત. જુદા જુદા પ્રાંત અને જુદા જુદા દેશમા આવી ક્રીડાઓના સ્વરૂપ બદલાતાં રહે છે. પૂનમનાં ભગરણ કે કોળગરી, શરદ પૂનમના ગરબા, નવરાત્ર, ગૌરીપૂજન, વસતોત્સવ–હોળી, આહોલ ચતુર્થી, હીંડોળોત્સવ અગર ગુજરાત કાઠિયાવાડના રાસોત્સવ જેવા સમૂહક્રીડા પ્રકારમાં એ પ્રાચીન સામાજિક ઘટના હજુ સચવાઈ રહી છે.

સંભૂયસમુત્થાન [સં સમૂહ (સયુક્ત) + સમુત્થાન (ધંધો)] ન. ભાગીદારીનો ધંધો કરવો તે; વેપારમાં ભાગીદારી.

સંભૂયાસન ન. આસન એટલે બે રાજાઓએ સધિ કરી ચૂપચાપ રહેવાપણું. તે આસનના પાંચ માંહેનો એક પ્રકાર છે.

સંભૃત ૧. [સં.] વિ. એકઠું કરેલું; સાંભરેલું.

૨. વિ. ભરેલું

યજ્ઞ ઉપરના અગ્નિને સર્વ સ્થૂલ સૂક્ષ્મ સાધનોથી **સંભૃત**ને પૂજિત કરે છે. સરસ્વતીચંદ્ર

સંભૃતશરધિ કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃત છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, મગણ, ભગણ, નગણ, મગણ, સગણ, ગુરુ અને લઘુ મળી ત્રેવીસ અક્ષર હોય છે.

સંભૃતિ ૧. સ્ત્રી સપૂર્ણપણું.

૨. [સં.] સ્ત્રી. સારી રીતે પાલન કરવું તે.

સંભે વિ. સર્વે; બધું; તમામ. જેમકે, બોલ્યુ તો સભે પાન્ય પાકયું છે.

સંભેડો (સંભેડો) [પ્રા] કું. નિભાડો.

કંઈ અમે કુભારાર લોપિયા,
કંઈ **સંભેડા** ભાયા.
ભાલણદશમસ્કંધ

સંભેદ ન. (પુરાણ) ક્ષિરસાગર સગમ પાસેનુ એ નામનું એક તીર્થ.

સંભો ૧. કું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રાજુ. તેના દરેક ચરણમા સગણ, તગણ, મગણ, ભગણ, બે નગણ અને ગુરુ મળી ઓગણીસ અક્ષર હોય છે.

૨. કું. તોપનો અવાજ.

સંભોઈ જિ. ધરનું. રવાડિલી ભાષામાં વપરાય છે

સંભોગ ૧. [સં. સમ્ (સમ્યક્) + ભોગ (આનંદ)] પું કોઈ પણ વસ્તુનો સુખરૂપ ભોગવટો, સારી રીતે ભોગવવું કે માણવું તે; ઉપભોગ, મુખનો અનુભવ લેવા તે

૨. પુ વાપર.

૩. પુ શૃંગાર રસની એક અવસ્થા; શૃંગાર રસના બે ભાગોનો એક ભેદ

શૃંગારના બે ભેદ જે વિપ્રલંભ અને સંભોગ નામે છે, તેને બે ભિન્નભિન્ન રસ માનીને અને પછી હાસ્યાદિ સાત રસ વધારીને રસની નવ સંખ્યા તેમણે પૂરી માની હોય. મુ. સા. પરિષદ

૪. પુ. સયોજન

૫. પું. સારો વાપર, વર્તણૂક કે વ્યાપાર તે

૬. પું. સ્ત્રીસંગ; સ્ત્રીપુરુષનો અંગસંગ; વિષયભોગ; ભોગવિલાસ; મૈથુન. સ્વાભાવિક શરીર સમર્થ પુખ્ત ઉંમરના સ્ત્રી અને પુરુષ વચ્ચે હોય, જેમાં કામોદ્દીપન માટે કૃત્રિમ સાધનો અગર પદાર્થોનો ઉપયોગ થયા ન હોય, જેમાં કામતૃપ્તિ પ્રાપ્ત કરવા માટે બળાત્કારને સ્થાન ન હોય, જેનો હેતુ કામતૃપ્તિ દ્વારા પ્રાપ્ત થતા સંતોષને આરુ હોય, જેમાં કામોદ્દીપનની તીવ્રતા એ પુરુષને વીર્યપતન થાય અને એ સાથે જ સ્ત્રી અને પુરુષ બંને પરાકાષ્ઠાનો પ્રચંડ સુખાનુભવ અનુભવી રહે, તેને શરીરસમર્થ અથવા સંભોગ કહેવામાં આવે છે. શરીરસમર્થ અથવા સંભોગ એટલે સ્ત્રી અને પુરુષ વચ્ચે એમના જનનીય અંગોના સંપૂર્ણ સંસર્ગથી થતું દૈહિક મિલન

સંભોગના પણ પરસ્પર અવલોકન, આલિંગન, પરિચુંબન વગેરે, કૃત્ત ચીજવસ્તુ. જળકેલિ, સૂર્યાસ્ત, ચંદ્રોદય, વસંતઋતુવર્ણન વગેરે બહુ ગણેલા છે.

કા.બ્ધપ્રકાશ

સંભોગ કરવો = (૧) વાપરવું (૨) સ્ત્રીસંગ કરવો.

૭. પું ધર્મ; ખુશરી

સંભોગઋતુ સ્ત્રી. સંભોગકાળ.

સંભોગકાળ સ્ત્રી બુદ્ધની ત્રણ માંહેની એક કાય

બુદ્ધની ત્રિકાયની (ધર્મકાય, સંભોગકાય અને નિર્માણકાય) બાબતના સ્વીકારી

રા.કેસરસંપ્રદાય

સંભોગચિહ્ન ન. સંભોગ કર્યાનું ચિહ્ન.

પુષ્પરેલ સાથેના સંભોગચિહ્નો જોઈને શાલને બધાએ ખબર પડી ત્યારે તેને સંતાડી દીધો

ઠાકુરી

સંભોગજન્ય વિ. સ્ત્રીસંભોગ સંબંધી; મૈથુન સંબંધી

સંભોગધર્મ પું પ્રજનન ક્રિયા; સ્ત્રી તેમજ પુરુષના જનનેંદ્રિયનાં અવયવોનો યોગ્યવયે કુદરતની ઇચ્છાને આધીન થઈ યથાયોગ્ય ધર્મવિધિથી યોગ્ય રીતે ઉપયોગ કરવો એવો શારીરિક ધર્મ

સંભોગવું ૧. સ. ક્રિ. વાપરવું.

૨. સ. ક્રિ. સ્ત્રીસંગ કરવો.

સંભોગવૃત્તિ સ્ત્રી. સંભોગ કરવાની ઇચ્છા.

સંભોગશક્તિ સ્ત્રી. વિષયસુખ ભોગવવાની શક્તિ.

સંભોગશૃંગાર પું. શૃંગારના બે ભાંહેનો એક પ્રકાર; પરસ્પર અનુરક્ત સ્ત્રીપુરુષોના સંયોગ, સાન્નિધ્ય વગેરે અવસ્થામાંના તેમના સુખવિલાસ, વિહારાદિકનું રમ્યોજ્જ્વલ વર્ણન.

આપણા પ્રાચીન સાહિત્યલક્ષકારોએ શૃંગારના સંભોગશૃંગાર તથા વિપ્રલંભશૃંગાર એવા બે ભેદ કર્યા છે.

ઠાકુરી

સંભોગાભિલાષી વિ. સંભોગ ભોગવવાની ઇચ્છાવાળું.

સંભોગી ૧. વિ. વાપરનાર.

૨. વિ. સંભોગ કરનાર; ભોગવનાર.

૩. [સં. સંભોગ (મૈથુન) + ઇન્ (વાળું)] વિ. સ્ત્રીગમન કરનાર; કામી.

સંભોજના ૧. [સં. સમ્ (સાથે) + ભોજન (જમવું તે)] સ્ત્રી. ઉજમણું; એક સ્થળે સાથે જમવું તે.

૨. સ્ત્રી. એક પંગતે એટલે એક જ જાણે સાથે ખાવાનો સંબંધ.

સંભ્રમ ૧. [સં. સમ્ + ભ્રમ્ (ભમવું) + અ] પું ઉતાવળ

૨. પું. ખોટા ખોટા વિચાર

૩. પું. ગભરાટ; આકુળતા

રચે રતિ જો સંભ્રમે ભૂમિ,
એની કોઈ અર્થે નહિ રૂમી. પ્રેમાનંદ

૪. પું મોટાણો

૫. પું. ધૂમવું તે; ચક્કર ફરવું તે; ભમ્યું.

રમણતા સૈભ્રમના અમથી સિંચિત થતાં નવ વેલી

ગીતગોવિંદ

૬. પું જંજાળી વિચાર

૭. પું. (જૈન) ત્વરા; ધાંધલ; ઉતાવળ; આવેશ

૮. પું. ભાવરાપણું; બેભાનપણું.

૯. પું. ભય; ધાસ્તી; દહેશત

૧૦. પું. ભૂલ.

૧૧. પું. મનની અસ્થિર અવસ્થા; બુદ્ધિભ્રમ.

૧૨. પુ મનમાં જરા ગભરાટ થઈ આવવો તે; પ્રસંગ આવ્યા છતાં કર્તવ્યની સૂઝ પડે નહિ એવો ભ્રમ થવો તે.

૧૩. પું. મોહ; અવિદ્યા; ભ્રાંતિ

૧૪. પુ. વેગ

કુચના કલિશના રણ ખિરે,
રત્નવલીએ તે સમે;
પ્રૌઢ સાહસ કીધ દક્ષ પિયુને,
પાડી નીચે સજ્જને.

ગીતગોવિંદ

૧૫. પું. શંકા

સંભ્રમવિભ્રમ [સં.] પુ. સંશય; અનિશ્ચિતપણું; તર્કની ભ્રાંતિ; વહેમ અને ગોટાળા ભરેલા વિચાર.

સંભ્રમવું સ. ક્રિ. ખોટા વિચારમાં પડવું; સંશય થવો

આ નગરમાં નિર્વાર્યે સૌ સંભ્રમે.

મુદ્રારાક્ષસ

સંભ્રાંત ૧. [સં] વિ. મુગ્ધ; બાઘું; ભ્રમ; ભ્રાંતિમાં પડેલું.

૨. વિ. ગભરાયેલું; બેબાકળું; ગાભરું.

૩. વિ. ઘુમાવેલું.

૪. વિ. બીધેલું; ભયભીત.

૫. વિ. ભૂલેલું; ભ્રમપડ્યું.

૬. વિ. ભ્રાંતિ ઉપજાવે તેવું.

સંમર્જન [સં. સમાર્જન] ન. (પ્રાકૃત) સાફ કરવું તે.

સંમત ૧. [અ. સમત] સ્ત્રી. દિશા.

૨. [સં.] ન. મતું.

કોરાએ લક્ષ્મીનંદનને પોતાની સહી નીચે સંમત કરવા કહ્યું સરસ્વતીચંદ્ર

૩. વિ. કબૂલ; મંજૂર; સામાના વિચાર સાથે એકમત; સામાના અભિપ્રાય સાથે મળતું; સમતિવાળું; સરખો કે અનુરૂપ મત ધરાવતું.

૪. વિ. માન્ય; પસંદ.

સંમતિ ૧. [સં. સમ્ (સાથે) + મન્ (વિચારવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અનુમોદના; પસંદગી.

૨ સ્ત્રી. એકતા.

૩ સ્ત્રી કબૂલાત; અનુમતિ; મંજૂરી

૪. સ્ત્રી. મત; અભિપ્રાય; ઇચ્છા.

૫ સ્ત્રી. મળતાપણું, મળતું આવવું તે.

૬. સ્ત્રી. સમાન મતવાળું હોવું તે; મળતો વિચાર હોવો તે.

સંમતિપત્ર પું.; ન. કબૂલાતનો દસ્તાવેજ.

વાલીનું સંમતિપત્ર બારજ સાથે જોડવું.

આર્યકુમાર મહાસભા

સંમતિવય ૧. સ્ત્રી. જે વયે પરણનાર પોતે સમતિ આપી શકે તે વય.

૨. સ્ત્રી. સ્ત્રીગમની સમતિ આપી શકે તે માટેનું સ્ત્રીનું યોગ્ય વય અને તેની ગ્રાયદેસરની મર્યાદા; સ્ત્રીની પુરુષ સાથે સંસાર વ્યવહાર કરવાની વય.

૩. સ્ત્રી. સંમતિ આપવા પાત્ર ગણાતી ઉમર; અનુમતિ અપાય અને તે ગ્રાયદેસર સ્વીકારાય તેવડી ઉમર; યોગ્ય પુખ્ત ઉમર; ગ્રાપક ઉમર; જોખમદારી ઉઠાવે તેવડી ઉમર.

સંમત્તિ જુઓ સંમતિ.

સંમદ ૧. [સં.] પું. હર્ષ.

૨. વિ. આનંદવાળું; ખુશ.

સંમદમાલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, બે સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર વર્ણ આવે છે.

ન સ સ લ ગ **સંમદમાલિકા.** રત્નપિંગળ

સંમદવદના પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ જગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

ના જ ભ સે ઠર **સંમદવદના.** રત્નપિંગળ

સંમદાકાંતા પું. (પિંગળ) સકીર્ણ વર્ણનો એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમા મગણ, સગણ, જગણ, રગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં બે સગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

સંમયકત્વ [સં. સમ્યક્ત્વ] ન. (પ્રાકૃત) સમક્તિ; સમ્યગ્દર્શન.

સંમર્દ ૧. [સં.] પું. ઠઠ્ઠિયો; લડાઈ; ઝપાઝપી; યુદ્ધ.

૨. પું. ધસારો; અન્યોન્ય સંઘર્ષ

મહાસંગ્રામે **સંમર્દ** મચ્યા.
પમાયો તેના પુત્રત્વ કેરો પાર

પ્રાચીન કાવ્ય

૩. પું. ભીડ; ગિરદી.

૪. પું. મર્દવું તે; કરાવું તે; પીડવું તે; પીડન, ચોળી નાખવું તે; કચરી નાખવું તે.

સંમર્દન પું. (પુરાણ) સોમવંશી યદુકુળના વસુદેવ અને દેવકીનો પુત્ર; વસુદેવના આઠ ભાંડેનો પાંચમો પુત્ર

સંમર્દા ન. વસ્ત્રને ચોળવું કે મર્દવું તે.

સંમર્શિન વિ. વિચારશીલ.

સંમંત્રણ ન. સલાહ; મસલત; મનસૂબો.

સંમાદો પું. સરાણ બનાવવાનો પત્થર.

સંમાન ૧. [સં. સન્-માન] ન. આદરસત્કાર; માન; સન્માન; પૂજન જવું તે.

૨. ન. ગૌરવ; પ્રતિષ્ઠા.

૩. [અ. સામાન] વિ. આડ.

સંમાનકારિણી વિ. સ્ત્રી. આદરસત્કાર કરનારી.

સંમાનકારી વિ. આદરસત્કાર કરનાર.

સંમાનનીય ૧. વિ. ગૌરવવાળુ.

૨. વિ. માનને યોગ્ય; માન આપવા લાયક.

દેશનો પિતા એનું **સંમાનનીય** ઉપનામ સાર્થક કર્યું. જયંતવરાય ઠક્કોર

સંમાનાર્હ [સં.] વિ. સન્માનને યોગ્ય; સન્માન કરવા લાયક.

સંમાનિત ૧. [સં.] વિ. સન્માનવાળુ, માન પામેલ.

વિમર્શન, ચિંતન ઉપરાંત અન્યકારોને ઉમાદિદાન ઇત્યાદિથી **સમાનિત** કરવા એ પરિષદની કાર્યપ્રવૃત્તિ છે. મુ. ગ્રા. પરિષદ

૨. વિ. સમત.

સંમાનીન [અ. સામાનીન] વિ. બેસી.

સંમાન્ય વિ. સમાનને યોગ્ય.

સંમાન્યરાજ્ઞો ન. માન વગેરે આપવાનુ રાજ્ય.

સમાન્યરાજ્ઞોનાં કેપણાઓએ સભર × × × ગોર બધી બધી વાનીઓ ચિત્તેર ચિત્તિકની માનસિક ચિંતજ્ઞતામાં કલાપર્વક પીરસાઈ હતી. કૌમુદી

સંમારવું સ. ક્રિ. ખાંજવું

વસ્ત્ર ગેત્ર સમારીને કરે ઠબુકું નાહ.

પ્રાચીન કાવ્ય

સંમાર્જક ૧. [સં.] વિ. ઝાડુ કાઢનાર.

૨. વિ. વાળઝૂડ કે સાફસૂફ કરનાર.

સંમાર્જણી સ્ત્રી. સાવરણી; ઝાડુ; સમાર્જણી.

સંમાર્જન ૧. [સં.] ન. કચરો કાઢ્યો તે; વાસીદુ કાઢવું તે.

પુરાતત્ત્વ સંશોધનમાં ઝાઝું **સંમાર્જનનું** કામ ભાગ્યે જ ઓછું ગમવાનું નથી. પુરાતત્ત્વ

૨. ન. સાફસૂફી; સફાઈ.

સંમાર્જની ૧. સ્ત્રી. (શિલ્પ) અઢાર ભાંડેનું એ નામનું એક કરણ.

૨ [સં. સમ્ (સારી રીતે) + માર્જ્ (લોહવું)] સ્ત્રી. સાવરણી; ઝાડુ.

સંમાર્જિત [સં.] વિ. સાફ કરેલું.

સંમિત ૧. [સં.] પું. વિષ્ણુનાં ઉગર ભાંડેનુ એક નામ. તે સર્વમાં આકાશની પેઠે ચિદાકાશપણે એકસરખા રહેનારા છે. જીવાત્મામાં પણ તે અખંડ અને અદ્વૈત છે માટે સંમિત કહેવાય છે

૨. વિ. સમાન; તુલ્ય માપવું; બરાબર માપવાળુ.

સંમિતત્વ ન. (કાવ્ય) પ્રસાદક ગુણો ભાંડેનો એક ગુણ

જેમાં બને અર્થો સમાન રીતે તોળાય તે **સમિતત્વ.** કાવ્યપ્રકાશ

સંમિતરૂપ આકૃતિ સ્ત્રી. કોઈ આકૃતિને તેની અંદર આવેલી કોઈ સીધી લીટીની આસપાસ વાળતાં જે બંને બાજો બરાબર સ્થાનોપરિસ્થિતિથી મળી જાય તે આકૃતિ. આવી લીટીને સંમિતરૂપધરી યા આસ કહે છે.

સંમિતરૂપ આંસ સ્ત્રી. સમિતરૂપ આકૃતિની અંદરની સીધી લીટી. જુઓ સમિતરૂપઆકૃતિ.

સંમિતરૂપ ધરી જુઓ સંમિતરૂપ આસ.

સંમિતરૂપ મધ્યબિંદુ ન. જ્યારે આકૃતિ તેની અંદર આવેલા કોઈ બિંદુની આસપાસ સમિતરૂપ હોય એવું બિંદુ.

સંમિતિ સ્ત્રી. સુરેખપક્ષ.

સંમિલન ૧. ન. મળવું તે; મેળાપ.

૨. ન. સભા

સંમિલિત ૧. વિ. મળેલું; ભાગ લેનાર; સડોવાયેલ.

શિવાજી ઉપર **સંમિલિત** જનાએ રત્નજડિત મુગટનું કમળપુષ્પોની વૃષ્ટિ કરી.

ઇન્દ્રપતિ શિવાજી

૨. [સં.] વિ. મિશ્ર; સાથે મળી ગયેલ; જોડાયેલ.

રત્નપ્રભાની ઉપરનો પોડો ભાગ અધ્યલોક-તિર્યગ્લોકમાં **સમિલિત** છે. તેથી એ ભાગમા ઉપર જણાવેલા દ્વીપ, સમુદ્ર, ગ્રામ, નગર, વનસ્પતિ, તિર્યંચ, મનુષ્ય અને દેવ મળી આવે છે. તત્ત્વાર્થસૂત્ર

૩. વિ. સંમત; કબૂલ; એકમતનું

જે વર્ગનો મુખ્યાંશ **સમિલિત** ન થાય તેને દરેક ચૂંટણી બહિષ્કૃત કરવો. તત્ત્વાર્થસૂત્ર

સંમિશ્ર [સં] વિ. એકત્રિત; મેળવણીવાળુ; સમિશ્રિત; મળી ગયેલુ; ભેગુ; ભળેલું; એકત્ર.

આપણા સાક્ષાત્કારોમાં ગાયન, વાદન અને નર્તન એ ત્રણે ક્રિયાઓ બતાવી જે એક **સંમિશ્ર** રૂપ ગાન છે તેનું જ સંગીત કહું છે. સંગીતસાર

સંમિશ્રણ [સં.] ન. મેળવણી; મિશ્રણ; સમિશ્રિત હોવુ તે; સેળભેળ થવુ તે; મળી જવું તે; મિશ્રણ થવુ તે.

સંમિશ્રિત જુઓ સંમિશ્ર.

સંમીલન ૧. [સ] ન ખીડી દેવુ તે, મીંચી દેવુ તે.

૨. ન. મિશ્રણ; જુદી જુદી વસ્તુની ભેળવણી; જુદી જાતી વસ્તુનું મિશ્રણ; સેળભેળ.

૩ ન. મેળાપ; મળવું તે, યોગ; મેળો.

વિદ્વાનોના પરસ્પર **સંમીલન**થી ઘણા લાભ થાય છે એ નિર્વિવાદ છે. કમળાશંકર

સંમુખ ૧. [સં. સમ્ + મુખ] વિ. ચોવીસ માંહેની ગાયત્રીની એક પ્રકારની મુદ્રા.

૨ વિ સમોઢાનાં સાત માંહેનું એક આસન; અંતરવૃત્તિ.

૩. વિ. જાગરૂકિયાળું.

૪. વિ. સામે મુખવાળું; સામે હોય તેવું.

૫. અ. સામે; મોંઆગળ; રૂબરૂ, હાજરાહજૂર; મોદામોઢ

સંમુખતરા પું. (સંગીત) ઋતસ્પ્રગતિનો તેર માત્રાનો એક તાલ. તેનાં તાલસ્થાન અનુક્રમે ૧, ૫, ૯ અને ૧૨ માત્રા ઉપર હોય છે. તેના ઠોઠડીના બોલ ધા[૧] ધીં ધા ત્રક તિ[૨]તા તિંતા ધાત્રક[૩] ધિ ધિં તા છે

સંમુખીન [સં.] વિ. સામેનું; સામે આવનાર.

સંમુખીમુદ્રા સ્ત્રી. બે હાથની પાંચે આંગળી લાંબી કરી સાથે રાખવી તે

સંમુખોન્મુખ સ્ત્રી. ગાયત્રીની ચોવીસ માંહેની એક મુદ્રા.

સંમુચ્ચય પું. સમષ્ટિ

સંમૂઢ [સં. સમ્ (સારી રીતે) + મૂઢ (મૂંઝાયેલ)] વિ. મૂંઝાયેલ

સંમૂર્ચ્છન ૧. [સં.] ન. ઊંચાઈ.

૨. ન. મૂર્ચ્છા; બેભાન થવું તે.

૩. ન. સારી રીતે ફેલાવું તે.

સંમૂર્છિમ ૧ [પ્રા. સંમુચ્છિમ] ન. નરમાદાના સયોગ વિના થતું પ્રાણી.

મનુષ્ય અને તિર્યંચ ગર્ભોત્પન્ન તથા **સમૂર્છિમ** એમ બબ્બે પ્રકારના હોય છે. જેમાં સંમૂર્છિમ મનુષ્ય અને તિર્યંચને મન હોતુ નથી. તત્ત્વાર્થસૂત્ર

૨. વિ. (જૈન) માતાપિતાના સયોગ વિના ઉત્પન્ન થયેલું; અગર્ભજ; ગર્ભ વિના પોતાની મેળે ઉત્પન્ન થતુ.

સંમૂર્છિમ જન્મ પું. (જૈન) માતપિતાના સયોગ વિના ઉત્પન્ન થતુ તે

ઔપપાતિકના સબધ સિવાય જ ઉત્પત્તિસ્થાનમા, નિયત ઔદારિક પુદ્ગલવાન પરંતુ વગરના શરીરનુ રચવા પરિણત કરવાં એ **સમૂર્છિમ જન્મ** ૩. તત્ત્વાર્થસૂત્ર ।

સંમૃદ્ધિ [સં. સમ્ (ઘણું) + ઋદ્ધિ (સપત્તિ)] સ્ત્રી. ઘણી સંપત્તિ; દોલત.

સંમેતશૈલ [સં] પું. (જૈન) સમેત શિખર પર્વત.

સંમેલન ૧. [સં. સમ્ (સરખું) + મિલ્ (મળવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] પું. ઉત્તર રામચરિત નાટકનો એ નામનો છેલ્લો—સાતમો અંક.

૨. ન એકત્ર થવું તે; એકઠા થવું તે; ભેગા થવું તે; સંયોગ

તમના સમાંસમયના જ નર અને માદાના વીર્યના **સમેલન**થી અમુક પ્રકારનુ ઈંડું બંધાય છે. મોહની કથા

૩. ન. મેળાવડો; અધિવેશન; પરિષદ; સભા. મિજલસ; મડળી; મેળાવડો; ગ્રુપરો.

૪. ન. મેળાપ; મેળ; સખ્ય; મિત્રાચારી.

સંમોદ [સં. સમ્ + મોદ (આનંદ)] પું. આનંદ; હર્ષ, પ્રહર્ષ; ખુશી; પ્રીતિ.

સંમોહ ૧. [સં. સમ્ (સારી રીતે) + મોહ (અજ્ઞાન)] પું. અજ્ઞાન.

૨. [સં. સમ્ + મોહ (મૂર્ચ્છા)] પું. અવિવેક.

ક્રોધથી થાય **સંમોહ**, સંમોહે સ્મૃતિ નાશ તે; સ્મૃતિનાશે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે મરે જ તે. નાનાલાલ

૩. [સં. સમ્ + મોહ (મૂર્ખતા)] પું. બુદ્ધિ વગરના હોવુ તે; મૂર્ખતા, જડતા.

૪. પું. ભ્રાંતિ.

૫. પું. મૂર્ચ્છા.

ડૉ. ન્યુમાન સેન્ડ લખે છે કે, આ રોગ બહુધા સ્ત્રીવર્ગમાં હોય છે. એમાં મનોવૃત્તિ તથા કર્મેન્દ્રિય પરતંત્ર બને છે. એના બે પ્રકાર છેઃ મૃદુ અને સખ્ત. મૃદુમાં **સંમોહ** નથી હોતો. વાતરોગ દર્શન

૬. [સં. સમ્ + મોહ (પ્રેમભેલાપવું)] પું. મોહની; ગ્રામણ.

૭. ન. એ નામનું એક તંત્રશાસ્ત્ર.

સંમોહક [સં] વિ. બેભાન કરે એવું; મૂર્ચ્છા આણનાર; ભ્રાતિવાળું; મોહવાળું.

સંમોહકારી વિ સમોહ ઉત્પન્ન કરનાર.

સંમોહન [સ] ન મોહ પમાડવુ તે; એક જાતની વિદ્યા તે કામદેવના પાચ માહેનુ એક બાણ કહેવાય છે. સમોહન, ઉન્માદન, શોષણ, તાપન અને સ્તભન એ કામદેવનાં પાચ બાણ .

સંમોહન વિદ્યા [સં.] સ્ત્રી. મોહ ઉત્પન્ન કરે એવી એક જાતની વિદ્યા.

સંમોહની વિ. સ્ત્રી. મોહિત કરનારી.

સંમોહનીકલા [સં.] સ્ત્રી. મન જાગ્રત રહે પણ શરીરનું ભાન રહે નહિ એવી ઊંઘમાં લાવવાની કળા; ઝૂરકી નાખવાની કળા; પ્રાણવિનિમય; બીજી વ્યક્તિમાં કૃત્રિમ નિદ્રા ઉત્પન્ન કરી તેના મન ઉપર કાબૂ મેળવવાની વિદ્યા; મોહ પમાડનારી વિદ્યા.

સંમોહની વિદ્યા જુઓ સમોહની કલા.

સંમોહા ૧. પું (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, વાલા. તેના દરેક ચરણમાં મગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.

૨ વિ. સ્ત્રી. સારી પેઠે મોહ પામેલી.

સંમોહાવસ્થા [સં.] સ્ત્રી. સમાધિ અવસ્થા; બેહોશી

સંમોહાસાર પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વાલા. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમા દરેક ચરણમાં મગણ અને બે ગુરુ મળી પાચ અક્ષર હોય છે. જુઓ સમોહા ૧.

સંયજ્યું અ. ક્રિ. ઉત્પન્ન થવું

ઓચિંતામે વળિ વ્યાધિ પીડા,
આવિ દુખ ન સંયજે. વિદ્યાસાગર

સંયજ્ઞ સ્ત્રી. દરજ્જો.

સંયત ૧. [સં.] પું (જૈન) સંયમધારી સાધુ.

૨. વિ. હાથમાં કે કાબૂમાં રાખેલું.

૩. વિ. બાંધેલું; જકડેલું; બધાયેલું; બદ્ધ.

૪. વિ. શાસ્ત્રના નિયમોનું પાલન કરનાર.

૫. વિ. સંયમવાળું.

સંયત રાજ્ય [સં.] ન. આપખુદીથી રાજ્ય ન કરતાં દેશના કાયદાને અનુસરીને એટલે કે પ્રજામતથી દોરવાઈને ચાલતું હોય તેવું રાજ્ય; ' લિમિટેડ મોનાર્કી '.

સંયતા [સં] સ્ત્રી. (જૈન) સાધ્વી; આર્યા.

સંયતિ ૧. [સં.] પું. (જૈન) સંયમધારી સાધુ; સંયત; મુનિ.

૨. વિ. સંયમવાળું; નિગ્રહી

સંયતિદોષ પુ (જૈન) કાઉત્સર્ગ કરતાં શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બને હાથ ઢાંકો રાખવાથી એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખવાથી થતો દોષ.

સંયમ ૧. [સં. સમ્ (સારી રીતે) + યમ (આત્મસંયમ)] પુ. અશુભ પ્રવૃત્તિનો ત્યાગ

> છે બીજું પદ તાલીમ કેરું સંયમ એ કહે.
> યજ્ઞ પદ બીજું છે જે વિના નહિ જ કો શુદ્ધ.
> માખી ગીતા

૨. પુ. (વેદાંત) ઇંદ્રિયો અને મનને નિયમમાં રાખવા તે; ઘેરી કે આવરી રાખવું તે; નિગ્રહ; નિરોધ; મનના વિકારને વશ રાખવા તે; મનોનિગ્રહ; યમ; ઇંદ્રિયનિગ્રહ; જિતેંદ્રિયતા

> સૌંદર્ય શોભે છે શીલથી,
> ને યૌવન સોહે છે સંયમ વડે. જવાજવત

૩. પું. (જૈન) ચારિત્ર; સામાયિક આદિ પાંચ ચારિત્ર; મુનિનું ચારિત્ર.

> સામાયિક આદિ પાંચ સંયમોમાંથી સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે છે સંયમમાં પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણ નિર્ગ્રંથ વર્તે. તત્વાર્થસૂત્ર

૪. પું. દસ માહેનો એક અવયુધર્મ. ગ્રમિતિમા પ્રવર્તનારા મુનિએ પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ

૫. પુ. દાબ; દમ.ણ; અંકુશ.

૬. પુ. ઇંદ્રદમન; તપમયાનો મહાવરો.

૭. પું. (યોગ) ધારણા, ધ્યાન અને સમાધિ એક જ વિષયમાં કરવામાં આવે તે; ધારણા, ધ્યાન અને સમાધિનું એકત્રિત નામ; સંયમન; સંનિયમન.

> ધારણા પછી ધ્યાન અને ધ્યાન પછી સમાધિ એ ત્રણ ઉત્તરોત્તર આવે છે. આ ત્રણના એકત્ર સ્વરૂપને સંયમ એવું નામ અપાય છે.
> પ્રાણાયામ

૮. પુ પ્રત્યાખ્યાન.

૯. પું. પ્રાણ અને ઇંદ્રિયોનો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નિગ્રહ.

> વિધિપૂર્વક પ્રાણ અને ઇંદ્રિયોને કાબૂમાં રાખવાં તેને સંયમ કહે છે. સિદ્ધાંતદર્શન

૧૦. પું. બંધન; નિયમબંધન.

૧૧. પું. બીજાને દુ:ખ દેવાથી દૂર રહેવું તે.

૧૨. પું ભોગાદિકનું વર્જન.

૧૩. પું. (જૈન) મન, વચન અને દેહનું નિયમન રાખવું એટલે કે વિચાર, વાણી અને ગતિસ્થિતિ આદિમાં જતના કેળવવી તે.

૧૪. પું. મનની એકાગ્રતા; મનનો નિગ્રહ

> પ્રતિકૂલ ચિંતનના નિરોધપૂર્વક અનુકૂલ વસ્તુનું સતત ચિંતન એ પણ સંયમ છે. તેમ ચિત્તવૃત્તિના રામનપૂર્વક મનની કેવલ નિગ્રહ કરવા એ પણ સંયમ છે. જપ

૧૫. સૂર્યવંશી દિષ્ટકુળના ધૃષ્ટાક્ષ અથવા ધૃષ્ટાશ્વ રાજાનો એ નામનો એક પુત્ર; સંજય. તેને સહદેવ નામે પુત્ર હતો.

સંયમકળ સ્ત્રી. વશને બંધ રાખવાની કળા, ' બ્લેક '

> મોટર કરતાં રેલવેની સંયમકળ જબરી હોવ એક બનવા મોટર કે એરોપ્લેન સામસ્યાં નથી
> નાનાલાલ

સંયમકોટિ [સં.] સ્ત્રી. સંયમની ભૂમિકા

> જે ઓલામાં ઓછો નિગ્રહ સંયમકોટિમાં આવે છે આંશી આંશી સંપૂર્ણ નિગ્રહરૂપ સંયમ સુધીમા નિગ્રહની તીવ્રતા મંદતાની વિવિધતાના લીધે સંયમના અસંખ્યાત પ્રકારો સમજે છે
> તત્વાર્થસૂત્ર

સંયમગૃહ ન. એકાંતવાસ સેવવા માટેનું ઘર.

સંયમદેવ પું. સંયમ જગાવનાર દેવ

> રથની પ્રથમ ભૂમિકામા શારદાદેવી છે, દ્વિતીય ભૂમિકામા સંયમદેવ છે. સંયમિત્રા

સંયમધના સ્ત્રી. તપ, નિયમ એ જ જેનું ધન છે એવું.

> તું છે ખરેખર કુલીન સંયમધના શાકુંતલ નાટક

સંયમધર્મ [સં.] પું. મન ઉપર કાબૂ રાખવો તે.

> **સંયમધર્મના** પાલનમાં પત્નીની સહાય ન હોય તો પતિએ શું કરવું એવો પ્રશ્ન એક ભાઈ કરે છે. પ્રસ્થાન

સંયમધારક વિ. સંયમ ધરનારું; સંયમવાન.

> શુદ્ધ સંયમધારકે ત્યાની ઋદ્ધિપ્રભેદો ક્રમાગમ પણ શું સુલભ છે? આત્મસિદ્ધિ

સંયમન ૧. પું. (પુરાણ) દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા. તેનુ બીજું નામ રાહ હતું એના પુત્રને સંયમન કહ્યો છે

૨. પું યમદેવ.

૩. [સં.] ન. ઇંદ્રિયો વગેરેનો નિગ્રહ ઇંદ્રિયોનું સંયમન કરવું એટલે (૧) તેને યોગ્ય મર્યાદામાં વિહાર કરવા દેવો. (૨) ઇંદ્રિયોના વિષય એટલે ઉપભોગ્ય પદાર્થ ગ્રમાણમા ભોગવી ઇંદ્રિયોને બરાબર મારી નાખવી, (૩) ઇંદ્રિયોનો જ નહિ પણ પ્રાણનો યે વ્યાપાર બંધ કરી એટલે પૂરી સમાધિ થઈ કેવળ આત્માનંદમાં જ બેસી જવું યોગસૂત્રના, ત્રયમેકત્ર સંયમ:, વચનાનુસાર એક વસ્તુને વિષય કરનારાં ધારણા, ધ્યાન, સમાધિ એ ત્રણને સંયમ કહે છે

૪ ન. ખેંચી રાખવું તે.

૫. ન. (સ્થાપ) ચાર ખંડવાળું ઘર, ચતુ:શાલ ગૃહ.

૬. ન. નિગ્રહ; નિરોધ; અંકુશ, દાબ. નિયમ; બંધન, સંયમ; મનને કબજે રાખવું તે, નિયમન; દમન; નિગ્રહ

૭. ન. ભોગ વગેરે ત્યજવાં તે

૮. ન. (પુરાણ) માનસોત્તર પર્વત ઉપર દક્ષિણ તરફ આવેલી યમની સંયમની નગરી સાંદીપનિના મૃતપુત્રને લેવા શ્રીકૃષ્ણ અહીં ગયા હતા એમ કહેવાય છે

૯. ન. વ્યવસ્થા; નિયમ પ્રમાણે ચાલવું તે; નિયમન; ' ડિસીપ્લીન '.

> નિયમન અને સંયમનને અભાવે પ્રજા પોતાની સુજેચ્છાઓ પાર નથી પાડી શકતી.
> ગાંધીજી

૧૦. ન. સંતાન નિગ્રહ; સંતતિ નિયમન.

સંયમની [સં.] સ્ત્રી. મેરુથી દક્ષિણ દિશામાં માનસોત્તર પર્વત ઉપર આવેલી યમરાજની નગરી, યમદેવનુ નિવાસ સ્થાન તેમાં પાપીઓને પાપનાં ફળ આપનારા યમરાજા રહે છે. તે અહીં હજાર યોજન વિસ્તારવાળી છે

> શાસ્ત્રકોલીની સર્વે બાબતે તેને જ અનુસરી આઠ લોકપાલની દિશાઓને યોગ્ય અને રૂપને યોગ્ય એવી અહીં હજાર યોજન વિસ્તારવાળી આઠ નગરીઓ આવેલી છે. દક્ષિણમા યમની સંયમની પુરી છે. પુરુષોત્તમ ગીતા

સંયમનીપતિ [સં.] પું. યમરાજા.

> વૈવસ્વત નર દંડધર પિતૃપતિ રવિસુત રાજ;
> **સંયમનીપતિ** મહિષધ્વજ સમવર્તી જમરાજ.
> પિંગલપ્રકાશ

સંયમબળ ન. મનને વશ રાખવાની શક્તિ

સંયમયંત્ર ન. અટકાવ; રોકનારું સાધન.

સંયમવું સ ક્રિ. સંયમમાં રાખવું; નિયમમાં રાખવું.

> રાખીને સમબુદ્ધિ સર્વે મહિ ને સૌ **સંયમી** ઇંદ્રિયો, પામે તે ય મને જ સર્વ ભૂતના હિતે રહીને મથ્યો.
> ગીતાપદ્યામૃત

સંયમવૃત્તિ સ્ત્રી. તપસ્વિતા; વૈરાગ્ય; ત્યાગપરાયણતા.

> તમે ગીતાજ્ઞાન શ્લોક પાઠે કરી જરો તેથી કૃષ્ણ રાજી નહિ થાય. તમે કૃતિકાર્ય વાંચો કે નહિ, સરકૃત ભણો કે નહિ તેની મને કાંઈ પણ ચિંતા નથી. પણ તમે **સંયમવૃત્તિ** ધારણ કરો એ જરૂરનુ છે. એ માટે તૈયારી કીજો. માણસનો ગુણગ્રામ વખાનો ગમગીરા, પણ મારા મનનો ગુણગ્રામ વખા નહિ ગમ્યું. મનના ગુણગ્રામ વખા જેવું અધમ પાપ નથી, માટે તમે મનને નિયમમા રાખતાં શીખો. ગાંધીજી

સંયમવ્રત [સં] ન. ઇંદ્રિયોને નિયમમાં રાખવાનું વ્રત

સંયમશાળી વિ. સંયમી.

> એ **સંયમશાળીઓએ** મેઘદૂત, શાકુંતલ ને કાદંબરી જગતને આપ્યા. હોમર, આઇસ, ઓરેલિયસ, શેક્સપિયર, ડેન્ટ, ગાઇટ્સ એક જ દેશમાં જો જન્મ્યા હોય તો ભરતખંડમા.
> નાનાલાલ

સંયમશીલ [સં.] વિ. સંયમી; જેના સ્વભાવમાં સંયમ હોય તેવું

સંયમસ્થાન [સં.] ન. (જૈન) સંયમના પ્રકાર

જે ઓછામાં ઓછે નિમ્ન સંયમકોટિમાં આવે છે ત્યાંથી માંડી સંપૂર્ણ નિગ્રહરૂપ સંયમ સુધીમાં નિગ્રહની તીવ્રતા મંદતાની વિવિધતાને લીધે સંયમના અસંખ્યાત પ્રકારો સંભવે છે; એ બધા પ્રકારો **સંયમસ્થાન** કહેવાય છે.

તત્ત્વાર્થસૂત્ર

સંયમાસંયમ [સં. સંયમ + અસંયમ] ન. (જૈન) થોડો સંયમ સ્વીકારવો તે.

હિંસાવિરતિ આદિ વ્રતો જ્યારે અલ્પારો લેવાય ત્યારે તે **સંયમાસંયમ**. તત્ત્વાર્થસૂત્ર

સંયમિત [સં.] વિ. સંયમવાળું; નિયમિત; કાબૂમાં હોય એવું; વશ.

સંયમિતતા [સં.] સ્ત્રી. સંયમવાળું હોવું તે; સંયમન.

કલામાં ત્રીજી વસ્તુ **સંયમિતતા** છે. સંયમિતતા એટલે નિયમોની જકડતા નહિ, સંયમિતતા એટલે પરંપરાનું પારતંત્ર્ય નહિ, સંયમિતતા એટલે કલા પ્રકારો ન આવે એવી ચારે કોરથી બંધ કરેલી પેટી નહિ, પણ સંયમિતતા એટલે કલાની મર્યાદા. કૌમુદી

સંયમિની [સં.] સ્ત્રી. (પુરાણ) યમપુરી; યમની નગરી; માનસોત્તર પર્વત પરના દક્ષિણ દિગ્પાલ યમની નગરી. આ નગરીના વામ્યોત્તરવૃત્ત ઉપર સૂર્ય આવતાં ત્યાં મધ્યાહ્ન, દેવધાનીમાં સૂર્યાસ્ત, સૌમ્યા કે નિમ્નલોચિનીમાં સૂર્યોદય અને વિભાવરીમાં મધ્યરાત્ર થાય છે.

સંયમી ૧. [સં. સમ્ (સારી રીતે) + યમ્ (અંકુશમાં રાખવું) + ઇન્ (વાળુ)] પું. જેણે ઇંદ્રિયોને વશ કરી હોય એવો સાધુ પુરુષ; યોગી; મુનિ.

રાત્રિ સહુ ભૂતની જ્યાંમાં તે જાગતો **સંયમી**; જાગે છે સૌ ભૂત જે મહિ નિશા તે પેખતા મુનિની

ગીતાપંચામૃત

૨. વિ. મન અને ઇંદ્રિયોને નિયમમાં રાખનાર; જીતેંદ્રિય; સંયમવાન; સંયમવાળું; સંયમ પાળે તેવું; ઇંદ્રિયોને રોકનાર.

બાહ્ય આંતર આચારે અશુદ્ધિ વિશુદ્ધ ને, કર્મ વાણી મનેથી જે **સંયમી** તે મેર છે.

ગાંધીગીતા

૩. વિ. શાંત; ધીરજવાન.

સંયંતા [સં.] વિ. સંયમમાં રાખનાર; નિયમમાં રાખનાર.

સંયાતિ ૧. પું. (પુરાણ) એ નામના એક પ્રજાપતિ.

૨. પું (પુરાણ) સોમવંશી નહુષ રાજાના છ ભાઈનો ત્રીજો દીકરો. એને કોઈ સંતતિ ન હતી.

૩. પું (પુરાણ) સોમવંશી પુરુકુળના જનમેજય રાજાનો એ નામનો પુત્ર એના પુત્રનું નામ અહંયાતિ હતું.

સંયાન [સં.] ન. લડાઈમાં હારીનું નાસવું, ત્રાસું કે સપાટાબંધ ચાલવું તે.

સંયાનપથ [સં.] પું. પરદેશો સાથેના હિંદના વેપાર માટેનો દરિયાઈ માર્ગ.

સંયામ ૧. [સં.] પું. ઇંદ્રિયનિગ્રહ.

૨. પું નિયમ.

૩. પું. બંધન.

સંયાવું વિ. મજબુત; જેમાં બીજનો ભાગ હોય એવું

સંયાવ ૧. સ્ત્રી ઘી, ગોળ અને દૂધમાં બનાવેલી ઘઉંના લોટની એક વાની; શીરો.

૨ સ્ત્રી ઘી વગેરેમા શેકેલ ઘઉંનો લોટ.

૩ ન ચૂરમું

સંયાવ ક્રિયા કો દિન છ. પ્રેમાનંદ

સંયુક્ત ૧. [સં. સમ્ (સારી રીતે + યુજ્ (જોડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] ૧ સાથો; સાથે; જોડ.

૨ [સં. સમ્ (સારી રીતે) + યુક્ત (જોડેલું)] વિ. ભેગું કરીને કરેલું.

૩. વિ અવિભક્ત.

૪. વિ. નાણાંની નિમણૂક બાંધેલું.

૫. વિ. યુક્ત જોડેલું.

૬. વિ. ભેગું; ભેગી સાથે થતું

વાઈસરોય સાહેબે એસેમ્બ્લી અને કાઉન્સીલ ઓફ સ્ટેટની **સંયુક્ત** બેઠક સમક્ષ કરેલા ભાષણમા બે મુદ્દાઓ ચર્ચ્યા છે.

પ્રકાશ

૭. વિ. મિશ્રિત; સેળભેળ કરેલું.

૮. વિ. યુક્તિથી જોડવેલું; વ્યવસ્થિત; ભેળવી દીધેલું.

૯. વિ. સંભોગ કરેલું

૧૦. વિ સાથે જોડાયેલું, વળગેલું, સાથે જોડેલું કે લાગેલું; સંયુત; યુક્ત

૧૧. વિ. સગર્ભા.

૧૨. વિ. સાન્વય.

સંયુક્ત અપૂર્ણાંક પું. પ્રભાગજાતિ અપૂર્ણાંક; જેમાં અપૂર્ણાંકના અપૂર્ણાંક હોય અથવા બે કે વધારે અપૂર્ણાંક ' ના ' થી જોડાયેલ હોય તેવો અપૂર્ણાંક; ' કંપાઉન્ડ ફ્રેક્શન '.

સંયુક્ત કુટુંબ ન. એકત્ર કુટુંબ; એક ચૂલે જમતું આખું કુટુંબ; અવિભક્ત કુટુંબ.

સંયુક્ત ક્રિયાપદ ન. (વ્યાકરણ) બે ક્રિયાપદ જેમાં થઈ તેમાંથી સંયુક્ત અર્થને બહલે જુદો જ અર્થ નીકળે તેવું ક્રિયાપદ

સંયુક્ત ગુણોત્તર ન. (ગણિત) બે અથવા વધારે સાદા ગુણોત્તર જુદાં જુદાં આપેલાં હોય તો તેમનાં બધાં પૂર્વપદનો ગુણાકાર કરવો અને ઉત્તરપદોનો ગુણાકાર કરવો. એ બંને ગુણાકારોનું ગુણોત્તર. જેમકે, ૩ : ૫, ૫ : ૭, ૭ : ૯ એ ત્રણ ગુણોત્તર આપેલાં છે. તેનું સંયુક્ત ગુણોત્તર કરવું હોય તો (૩ × ૫ × ૭) : (૫ × ૭ × ૯) એટલે કે ૧૦૫ થાય. બીજી રીતઃ આપેલાં બધાં ગુણોત્તરોને અપૂર્ણાંકના રૂપમાં લખવાં અને પછી બધાં અપૂર્ણાંકોનો ગુણાકાર કરવો જ્યારે જે અપૂર્ણાંક આવે તેને ગુણોત્તરના રૂપમા લખવાથી જે નવું ગુણોત્તર આવે તે સંયુક્ત ગુણોત્તર કહેવાય. જેમકે, ૩ : ૫, ૫ : ૭, ૭ : ૯નું સંયુક્ત ગુણોત્તર કરવું હોય તો $\frac{3}{5} \times \frac{5}{7} \times \frac{7}{9} = \frac{3}{9} = 1 : 3$ થશે

સંયુક્ત ચલાંતર [સં.] ન. (ગણિત) ગણિત પ્રમિતિ એક જાતનું ચલાંતર. જ્યારે કોઈ પણ એક પરિમેય બીજા બે અથવા વધારે પરિમેયના ગુણાકારના બંધબેસતા પ્રમાણમાં વધે અથવા ઘટે ત્યારે તે પહેલું પરિમેય બીજા બે અથવા વધારે પરિમેયોનું સંયુક્ત ચલાંતર કહેવાય છે. જેમકે, ત્રિકોણનું ક્ષેત્રફળ તેના પાયા અને ઊંચાઈનાં ગુણાકારની બંધબેસ પ્રમાણે વધે ઘટે છે માટે ત્રિકોણનું ક્ષેત્રફળ તેના પાયા અને ઊંચાઈનું સંયુક્ત ચલાંતર છે.

સંયુક્ત જાપણ સ્ત્રી. મજિયારી પૂજી

સંયુક્ત નિકાય ૧. પું. ગદ્યપદ્યમિશ્રિત અને બીજા વિવિધ વિષયો પરનાં સૂત્રોનો સંગ્રહ; સંયુત્તનિકાય. તેમાં એક જ વિષય ઉપર ભિન્ન ભિન્ન શિષ્યો સાથે થયેલા સંવાદોનો સંગ્રહ છે.

૨. પું (બૌદ્ધ) સૂત્રપિટકના પાંચ માંહેનો એક વિભાગ

સંયુક્તાપણું ન. ગૂંચવણ; ગૂંચવાડો; કસુતર હોવાપણું.

સંયુક્ત પદાર્થ [સં.] પું. મિશ્રિત દ્રવ્ય; યૌગ. એકથી વધારે મૂળતત્ત્વો સંયુક્ત થઈને ઉત્પન્ન થતો પદાર્થ. જેમકે, ખાંડ, ખાવાનું મીઠું વગેરે.

સંયુક્ત પાંતી સ્ત્રી. (ગણિત) એક પરિમાણની કીમત કોઈ જાતના વિવિધ પરિમાણોમા આપેલી હોય તે ઉપરથી કીમત કાઢવાનાં પરિમાણ આવે તે જ જાતનાં જુદાં જુદા પરિમાણો આપ્યાં હોય તે બધાની સામટી કીમત એકસરા પાડીને સોંપી કાઢવાની રીત;

મિશ્ર પાતી જેમકે ૧ હંડવેટ બકની કીમત રા ૧૦-૧૦-૯ પડે તો ૧૧ હં. ક કયા ૧૭ પૌંની કીમત કેટલી? આ સયુક્ત પાંતીનુ ઉદાહરણ છે

સંયુક્ત પૂંજી સ્ત્રી. મજિયારી મૂડી

સંયુક્ત પ્રજાસત્તાક [સં.] ન. રાજાની સત્તાને ઊથલાવી નાખવા સ્થાપેલું પ્રજાકીય રાજ્યતંત્ર.

> સંયુક્ત પ્રજાસત્તાક રાષ્ટ્રને માટે હેમિલ્ટન વગેરેની સમર્થ બુદ્ધિએ રાષ્ટ્ર બંધારણ ઉપજાવ્યું. અ. ક. ઠાકોર

સંયુક્તપ્રત્યયભાષા [સં.] સ્ત્રી સમાસાત્મિકા ભાષા; સયોગાત્મિકા ભાષા; સક્તમાવસ્થા વિશિષ્ટ ભાષા

સંયુક્તપ્રમાણ [સં.] ન. (સગિત) બે અથવા વધારે ત્રિરાશિઓ દ્વારાથી જેનો જવાબ આવે એવા અથરા દાખલા કરવાની ટૂંકી અથવા સહેલી રીત: અકુરાશિ પ્રમાણ. જ્યારે એક સમસ્ત ગુણોત્તર બીજા કોઈ એક સાદા ગુણોત્તર બરાબર હોય ત્યારે તે ગુણોત્તરો, બરાબરીને સયુક્તપ્રમાણ કહે છે. જેમકે, ૬ : ૧૫ :: ૧૫ : ૩૫ અહીં ૬ : ૧૫ અને ૧૫ : ૩૫નુ સયુક્ત ગુણોત્તર ૬ : ૩૫ની બરોબર છે, માટે ત પ્રમાણ સયુક્ત પ્રમાણ છે.

સંયુક્ત પ્રાર્થના [સં.] સ્ત્રી. એકીસાથ ઈશ્વરની સ્તુતિ કરવી તે. ગાંધીજી લખે છે કે, આપણે હિંદુ હોઈએ કે મુસલમાન, પારસી હોઈએ કે યહૂદી અથવા શીખ, બધાં એક ઈશ્વરનાં સતાન છીએ. ચોવીસે કલાક તેનુ સ્મરણ કરવું આપણને ભાગે પણ એમ ન કરી શકાય તો ઓછામાં ઓછું પ્રાર્થના સમયે તો બધામ ભેગા મળીને એનું નામ લઈએ સયુક્ત પ્રાર્થના એ અખિલ માનવજાતિની એક કુટુમ્બ ભાવના સાધવાનુ સારામાં સારુ સાધન છે. સામુદાયિક રામધૂન અને તાલ એ 'સાધનાનાં બાહ્ય ચિહ્નો છે. એ કેવળ યાત્રિક ન હોય. જ્યારે બે આંતરિક એકતાનો પડઘો હોય છે ત્યારે એમાંથી જે શક્તિ અને માધુર્ય પેદા થાય છે તે શબ્દો દ્વારા નહિ—અનુભવ દ્વારા જ સમજી શકાય છે

સંયુક્તવાદી સ્ત્રી. જે બાબતો પરત્વે હિંદી પાર્લમેટ અને રાજ્યોના ધારા ઘડવાના સમાન અધિકાર છે તેવી બાબતોની નોંધ. તેમાં કુલ ૪૭ કલમો છે. તેમાં દર્શાવાયેલી કોઈ પણ બાબત અંગે કાયદા ઘડવાની પાર્લમેંટ તથા રાજ્યોના ધારાસભ્યોને સમાન સત્તા છે આ યાદી અંગે સંઘસત્તા કાયદામા અને પક્ષો વચ્ચે મતભેદ ઊભો થાય તો પાર્લમેટે ઘડેલા કાયદા અમલમાં રહે છે.

સંયુક્તરાષ્ટ્ર સંઘટન [સ.] ન. રાષ્ટ્રસમૂહ 'યુનાઇટેડ નેશન્સ ઓરગેનાઇઝેશન'. સ્વતત્ર ભાગ્યનર્ય માટે જે બંધારણ નક્કી કરવામા આવ્યુ છે, તેમાં વપરાયેલ અંગ્રેજી શબ્દો માટે આમ સમિતિ નીમેલ તેમણે સરથ.ને બદલે આમ સર્વમાન્ય શબ્દો નક્કી કર્યા છે. જેમકે, સેક્યૂ કોર્ટ = રાજ્ય-સ્વ-ન્યાયાલય
સેક્રેટ = રાજ્ય
કૌન્સિલ ઓફ સ્ટેટસ = રાજ્ય પરિષદ
હાઉસ ઓફ ધી પીપલ્સ = લોકસભા
પબ્લિક સર્વિસ કમીશન = લોકસેવા આયોગ
કોમર્શિયલ કોન્ગ્યૂસર = વાણિજ્ય
લેજિસ્લેટિવ કૌન્સિલ = વિધાનપરિષદ
લેજિસ્લેટિવ એસેમ્બ્લિ = વિધાનસભા
કોન્સ્ટીટ્યુશનલ સોસાયટી = સદ્ધારી સત્તા
યુનાઇટેડ સ્ટેટ્સ = સયુક્ત રાજ્ય
કોન્સ્ટિટ્યુએન્ટ એસેમ્બ્લિ = સવિધાનસભા
યુનાઇટેડ નેશન્સ ઓરગેનાઇઝેશન = સયુક્ત રાષ્ટ્ર સંઘટન

સંયુક્તવાક્ય [સં.] ન. (વ્યાકરણ) બે કે વધારે પ્રધાન વાક્યો એકબીજાં સાથેનું જોડાણ; જોડાયેલ વાક્ય. કેટલેક સ્થળે નિરપેક્ષ વાક્યો નીચેમાંના કોઈ સબંધથી જોડાયાં હોય છે: (૧) સમુચ્ચયથી—અને, તથા જેવા શબ્દ સમુચ્ચયવાચક કહેવાય છે, (૨) વિકલ્પથી અથવા, વા કે એ વિકલ્પ કે પક્ષવાચક કહેવાય છે, (૩) વિરોધથી—પણ, પરંતુ, કિંતુ જેવા શબ્દો વિરોધવાચક છે અને (૪) કાર્યકારણભાવથી—કેમકે, કારણ કે જેવા શબ્દ કારણવાચક અને તેથી, તેટલા માટે જેવા શબ્દ કાર્યવાચક કહેવાય છે ઉપલા સબંધથી જોડાયેલ વાક્યમા બીજુ વાક્ય હોય કે ન યે હોય. આ પ્રમાણે બે કે વધારે નિરપેક્ષ કે પ્રધાન વાક્ય બીજા વાક્ય સાથે કે વગર જે સમગ્ર વાક્ય બનાવે છે તે સમગ્ર વાક્ય સંયુક્તવાક્ય કહેવાય છે.

સંયુક્ત વ્યંજન [સં.] પું. જોડાક્ષર; બે કે વધારે એકઠા મળેલા વ્યજન. જેમકે, ક્ત, ક્ય વગેરે

સંયુક્ત શીતળા સ્ત્રી. શીતળામાં તાવનાં તેમજ બીજાં સૂજત ચિહ્ન પછી નીકળેલા દાણાઓનુ જોડાઈ સાથે સયુક્ત થઈ ફરફોલ્લા જેવા થતુ તે. તે બહુ ભયકારક મનાય છે.

સંયુક્ત સમવાય સંનિકર્ષ [સ.] પું. (વેદાંત) ઇંદ્રિયાર્થસનિકર્ષ. ચક્ષુ ઇંદ્રિયને લીધે જે મહત્ત્વ વિશિષ્ટ ઉદ્ભૂત રૂપવાળા ઘટાદિક દ્રવ્ય છે, તે ઘટાદિક દ્રવ્યો વિષે સમવાય સંબંધે કરીને રહેલાં જે ઉદ્ભૂત રૂપ, સખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ, સ્નેહ અને વેગ એ અગિયાર ગુણ છે તથા ક્રિયારૂપ કર્મ છે, તથા સત્તા, દ્રવત્વ, પૃથિવીત્વ, ઘટત્વ, આદિક જાતિઓ છે, તે સર્વેનું પણ ચક્ષુ ઇંદ્રિયે કરીને ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે એ રૂપાદિકના ચાક્ષુષ પ્રત્યક્ષમાં ચક્ષુ ઇંદ્રિયનો રૂપાદિકની સાથે સયુક્ત સમવાય સબધ જ કારણ હોય છે અહિ સયોગ સબધવાળાનુ નામ સયુક્ત છે ઘટાદિ દ્રવ્ય ચક્ષુ ઇંદ્રિયના સયોગવાળાં હોવાથી ચક્ષુ સયુક્ત કહેવાય છે એમ. ચક્ષુ સયુક્ત ઘટાદિકમાં તે રૂપાદિ અગિયાર ગુણ તથા કર્મ તથા સત્તા દ્રવત્વાદિક જાતિ સમવાય સબધથી રહે છે, માટે સયુક્ત સમવાય સંબંધે કરીને રૂપાદિકનુ ચક્ષુ ઇંદ્રિય વડે પ્રત્યક્ષ સભવે છે. એ જ રીતે રૂપાદિક અગિયાર ગુણોમાંથી રૂપને બાદ કરીને તેને બદલે સ્પર્શ ગુણ ઉમેરીએ તો તે સ્પર્શાદિ અગિયાર ગુણોનું ત્વગ્ઇંદ્રિય વડે પ્રત્યક્ષ થાય છે, તથા ઘટાદિક દ્રવ્યોના કર્મનુ તથા સત્તા, દ્રવત્વ, પૃથિવીત્વ, ઘટત્વ આદિક જાતિઓનુ પણ પ્રત્યક્ષ થાય છે. તેમાં પણ ત્વગ્ઇંદ્રિયોનો સ્પર્શાદિકની સાથે સંયુક્ત સમવાય સંબધ જ કારણ હોય છે. એ જ પ્રમાણે રસન ઇંદ્રિય વડે પૃથ્વી અને જળમાં રહેલા મધુરાદિક રસ ગુણનુ રાસન પ્રત્યક્ષ થાય છે, તથા ઘ્રાણ ઇંદ્રિય વડે પૃથ્વીમાં રહેલા ગંધ ગુણનું ઘ્રાણજ પ્રત્યક્ષ થાય છે, તથા મન ઇંદ્રિય વડે જીવાત્માના જ્ઞાનાદિ છ ગુણોનું તથા આત્મત્વ જાતિનું માનસપ્રત્યક્ષ થાય છે. તે પણ સંયુક્ત સમવેત સબધથી જ થાય છે

સંયુક્ત સમવેત સમવાય સંનિકર્ષ [સ.] પું. (વેદાંત) ઘટાદિકોના રૂપાદિ અગિયાર ગુણોમાં સમવાય સંબંધે કરીને રહેલી જે રૂપત્વાદિ અગિયાર જાતિઓ છે તે. રૂપત્વાદિક જાતિઓનુ પણ ચક્ષુ ઇંદ્રિયે કરીને પ્રત્યક્ષ થાય છે તે ચાક્ષુષ-પ્રત્યક્ષમાં એ ચક્ષુ ઇંદ્રિયનુ રૂપત્વાદિક જાતિઓ સાથે સયુક્ત સમવેત સંનિકર્ષ કારણ હોય છે. તેમાં ચક્ષુ સયુક્ત ઘટાદિકોમાં સમવેત જે રૂપાદિ ગુણ છે તે રૂપાદિક ગુણોમાં રૂપત્વાદિક જાતિઓ સમવાય સંબંધે કરીને રહે છે. માટે ચક્ષુ ઇંદ્રિયના સંયુક્ત સમવેત સમવાય સબધે કરીને તે રૂપત્વાદિક જાતિઓનું ચાક્ષુષ પ્રત્યક્ષ સભવે છે. એ જ રીતે ઘટાદિકના કર્મમાં રહેનારી કર્મત્વ જાતિનુ પણ સયુક્ત સમવેત સમવાય સબધે કરીને ચાક્ષુષ પ્રત્યક્ષ સભવે છે. પૂર્વોક્ત ઘટાદિક દ્રવ્યોના રૂપાદિક અગિયાર ગુણોમાં યથાક્રમે સમવાય સબધે કરીને રહેલી જે રૂપર્શત્વાદિક અગિયાર જાતિઓ છે તે

સ્પર્શત્વાદિક જાતિઓનું પણ ત્વક્‌ઇંદ્રિયો વડે પ્રત્યક્ષ થાય છે, તથા કર્મવૃત્તિ કર્મત્વ જાતિનું પણ ત્વક્‌ઇંદ્રિય વડે પ્રત્યક્ષ થાય છે. એ જ પ્રમાણે ગંધગુણવૃત્તિ ગંધત્વ જાતિના ઘ્રાણજ પ્રત્યક્ષમાં, રસગુણવૃત્તિ રસત્વ જાતિના રાસન પ્રત્યક્ષમાં અને આત્માના જ્ઞાનાદિ ગુણોમા રહેલી જ્ઞાનત્વાદિ જાતિઓના માનસપ્રત્યક્ષમાં પણ સંયુક્ત સમવેત સમવાય સન્નિકર્ષ જ કારણ હોય છે.

સંયુક્તા સમિતિ [સં.] સ્ત્રી. સામાન્યિક સભા; 'જોઇન્ટ કમિટી'.

સંયુક્ત સરકાર સ્ત્રી. જોડાયેલી સરકાર.

સંયુક્ત સંસ્થાન [સં.] ન. ઉત્તર અમેરિકામાં વસેલાં જુદાં જુદાં સંસ્થાનોનું બનેલું એક બળવાન રાજ્ય

યુ. સ્ટેટ્સે આપણે ગુજરાતીમાં **સંયુક્ત સંસ્થાનો** કહીએ છીએ. અ. ઠ. ઠાકોર

સંયુક્ત સામ્રાજ્યતંત્ર [સં.] ન. નાના રાજ્યોનું એકત્ર થઈ સામ્રાજ્ય બનાવ્યું તે.

કેટલી રાજ્યો પણ ભવિષ્યમાં આપણા ઘ્રાત રાજ્યોની સમાન કક્ષામાં હિંદી સરકારના બંધમા **સંયુક્ત સામ્રાજ્યતંત્ર**માં બળી રાકે તે માટે પણ આંદોલનમાં એનું પ્રતિનિધિસંસ્થાનું બીજ રોપ્યું છે. ઉત્તમલાલ કેશવલાલ

સંયુક્તા ૧. પું (પિંગળ) પંક્તિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, સંયુતા. તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

૨. સ્ત્રી. જયચંદની પુત્રી અને પૃથ્વીરાજની પત્ની.

૩. [સં.] વિ. સ્ત્રી. સંયુક્ત હોય એવી.

સંયુક્તાક્ષર [સં] પું. સ્વર રહિત વ્યંજન સમુદાય.

જોડાક્ષર **સંયુક્તાક્ષર** અને પોથા સંયુક્તાક્ષરનો ભેદ દર્શાવવા. કુસુમમાળા

સંયુગ [સં.] ન. યુદ્ધ; લડાઈ

આયોધન રણ આજિ મૃધ આહવ સંખ્ય સમીક, સપરાય સમર સમર સંયુગ કલહ અનીક. ચિંતામણકોષ

સંયુગા જુઓ સંયુતા.

સંયુત ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ; સંયુતા.

૨. [સં. સમ્ + યુ (જોડવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. જોડાયેલું; સાથે જડાયેલું; વળગેલું; સંયુક્ત; સમન્વિત.

૩. વિ. મેળવેલું; મળેલું; સહવર્તમાન.

૪. વિ. રચ્યુંપચ્યું રહેલું

સંયુતા પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, સહતિકા; સયુગા; સયુત; સંજુતી; સયુક્તા; સગતિકા; ગીતક, સજુક્તા; સજુત., કમલા તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

સંયુત્તનિકાય ૧. પું. ગદ્યપદ્યમિશ્રિત અને બીજા વિવિધ વિષયો પરના સૂત્રોનો સંગ્રહ.

૨. પું. (બૌદ્ધ) સંયુક્ત નિકાય; સુત્તપિટકના પાંચ નિકાય કે વિભાગ માહેનો એક નિકાય તેમાં એક જ વિષય ઉપર ભિન્ન ભિન્ન શિષ્યો સાથે થયેલા સંવાદોનો સંગ્રહ છે.

સંયોગ ૧ સં સમ્ (સારી રીતે) + યોગ (જોડવું તે) પું અસંગત્વ, સ્વાધિપત્ય વિશ્લેષમા જોડાવું તે, સં.યુક્તપણા સંબોધ

૨. પું. આસક્તિ.

૩. પું. (ન્યાય) ઇંદ્રિયાર્થ સન્નિકર્ષના છ પ્રકારમાંના બેહના છ માહેનો એક ભેદ.

૪. પું. એકની સત્તા બીજા પદાર્થમાં સૂક્ષ્મપણાને પામી જાય તે

૫ પું. એકાકાર થઈ જવું તે.

૬ પું (ન્યા.પ) ચોવીસ માંહેનો એક ગુણ

૭ પું ચોસઠ માહેનો એક માનસતત્ત્વ ભેદ

૮. પું જમાવટ

૯ પું જુદી જુદી કેટલીક વસ્તુઓમાંથી તે બધી અથવા તેમાંની થોડી દરેક વખતે લઈ લીધેલી વસ્તુઓમાંથી ક્રમ પર ધ્યાન રાખતા તેમને એકઠી કરવાથી તેમના જેટલા જુદા જુદા સમુદાય બને છે તે. જેમકે, સુરત એ ત્રણ અક્ષરમાંથી દરેક વખતે બબ્બે અક્ષરો લેવાથી સુર, સુત, રત એવા ત્રણ જુદા જુદા સંયોગ થાય છે. એ ત્રણે અક્ષરોમાના બધા લઈએ તો તેનો સુરત એવો માત્ર એક જ સંયોગ થાય છે.

૧૦. પું. (વેદાંત) જે ગુણજન્ય દ્રવ્ય વિષે રહે છે તથા સ્વસમાનાધિકરણમાં રહેલા અભાવનો પ્રતિયોગી હોય છે, તથા વિભાગથી ભિન્ન હોય છે તે ગુણ. જેમકે, ઝાડમાં બેઠેલા પક્ષીનો જે વૃક્ષ સાથે સંયોગ છે તે સંયોગ વૃક્ષ અને પક્ષીરૂપજન્ય દ્રવ્યમાં રહેલો છે. વળી તે વૃક્ષની ડાળી સાથે પક્ષીનો સંયોગ છતાં વૃક્ષના મૂળમાં સંયોગનો અભાવ પણ રહેલો છે અને તે અભાવનો પ્રતિયોગી તે સંયોગ છે; માટે તે સંયોગ સ્વસમાનાધિકરણમા રહેલા અભાવનો પ્રતિયોગી પણ છે. વળી તે વિભાગ ગુણથી ભિન્ન છે અને ગુણ પણ છે, માટે સંયોગનું એ લક્ષણ સમજવું છે.

૧૧. પું. જોડાવું કે બેસા થવું તે; યુતિ.

બધા પદાર્થો મુખ્ય તત્ત્વોના **સંયોગથી** બનેલા છે. સયાજી આભાસાત્મામાળા

૧૨ પું (વેદાંત) પટના અસમવા.થી કા.રણત્વની વ્યાપક તથા ગુણત્વ જાતિની વ્યાપ્ય એવી જે સંયોગત્વ જાતિ. તે જાતિવાળો ગુણ સંયોગ કહેવાય છે. જેમ તંતુઓનો સંયોગ એ પટનું અસમવાયિકારણ કહેવાય છે. માટે જ્યાં જ્યાં, પટનું અસમવાયિકારણ રહે છે ત્યાં ત્યાં સંયોગત્વજાતિ રહે છે, એ રીતે સંયોગત્વજાતિ પટના અસમવા.યિકારણત્વની વ્યાપક છે અને તે ગુણત્વજાતિની વ્યાપ્ય પણ છે, માટે એ લક્ષણ સમજવું છે.

૧૩. પું. (જૈન) પરમાણુની જરૂરી

૧૪ પું પરાદિ અપર. પ્રવજ્યાન પદર મહેનો એક ગુણ

૧૫ પું. (પદાર્થ) પ્રયત્ન જે અપ્રાપ્ત હોય તેની પ્રાપ્તિ.

૧૬. પું. (પ્રાચ્ય) પ્રિય અને પ્રિયાએ સાથે રહેવું તે.

૧૭. પું. મિશ્રણ; મેળવણી; મેળ.

૧૮. પું. (વેદાંત) વિદ્યમાન એવા બે અપ્રાપ્ત પદાર્થોની પ્રાપ્તિ.

૧૯ પું વૃદ્ધિ, વધારો ; ઉમેરો

૨૦ પું ગૃગ.રરમનો એક પ્રકાર

૨૧ પું સમાગમ, મેળાપ; મેળ., મિલન; મિલાવટ.

૨૨ પું. સમુચ્ચય.

૨૩ પું. સજોગ; પરિસ્થિતિ; પ્રસંગ; સમય; વખત

૨૪. પું સધિ.

૨૫. પું. સપ; જોડ.

૨૬. પું. સબંધ

સંયોગકેવલી ન. (જૈન) આત્મિક સ્થિતિમાં ચૌદ માહેનું એક ગુણસ્થાન. જે અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે તે અવસ્થા સયોગકેવલીગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે. એથી આને જીવન મુક્તિ કહી શકાય.

સંયોગગર્વિતા સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; પ્રિયના સંયોગથી ગર્વ કરનારી સ્ત્રી.

સંયોગગુણ પું. (વેદાંત) એ નામનો એક ગુણ. સંયોગગુણ ત્રણ પ્રકારના છે: (૧) અન્યતર કર્મજ સંયોગ, (૨) ઉભય કર્મજ સંયોગ અને (૩) સંયોગજસંયોગ. એ સંયોગ ગુણ પૃથ્વી આદિક નવ દ્રવ્યોમાં રહે છે તથા સર્વત્ર અનિત્ય હોય છે. વિભાજ્યન્ય સંયોગ વળી

(૧) અભિધાતાધ્ય સયોગ અને (૨) નોદનાધ્ય સયોગ એમ બે પ્રકારનો છે

સંયોગજન્ય [સ.] વિ. સયોગોમાંથી ઉત્પન્ન થયેલ.

સંયોગજશબ્દ પું. (વેદાંત) સયોગરૂપ અસમવાયિકારણ વડે ઉત્પન્ન થતો શબ્દ તેમાં નગારાનો અને દાંડિયાનો અભિઘાતાધ્ય સયોગ થવાથી બંદી અવિચ્છિન્ન આકારમાં ઉત્પન્ન થયેલો પ્રથમ શબ્દ સયોગજ ધ્વન્યાત્મક શબ્દ કહેવાય છે અને કંઠ, તાલુ, આદિકના સયોગથી ઉત્પન્ન થયેલો શબ્દ સયોગજ વર્ણાત્મક શબ્દ કહેવાય છે.

સંયોગજસંયોગ ૧. પું. (વેદાંત) કારણ અને અકારણ બંનેના સયોગથી જે કાર્ય અને અકાર્ય એનો સયોગ થાય છે તે. જેમકે, હાથની ક્રિયા વડે વૃક્ષ સાથે સયોગ કર્યો હોય ત્યારે એમ કહેવાય છે કે, શરીર અને વૃક્ષનો સયોગ થયો છે. તેમાં વૃક્ષમાં તથા શરીરમાં તો ક્રિયા છે નહિ માટે શરીર વૃક્ષનો સયોગ ક્રિયાજન્ય નથી, પણ હાથ અને વૃક્ષના સયોગથી જ શરીર વૃક્ષનો સયોગ જન્ય માનવો પડશે. હાથ માત્ર એક અવયવ છે, માટે અવયવની ક્રિયાથી અવયવીની ક્રિયા કહેવાય નહિ. તેથી હાથ એ સયોગનું કારણ છે અને વૃક્ષ એ સયોગનુ અકારણ છે. એ બેના સયોગથી શરીર રૂપ કાર્યનો તથા વૃક્ષરૂપ અકાર્યનો સયોગ થાય છે તે સયોગજસયોગ કહેવાય છે

૨. પું. (વેદાંત) જે સયોગ ક્રિયારૂપ કર્મવડે જન્ય નથી તે. જેમકે, હાથ અને વૃક્ષના સંયોગ વડે જન્ય જે શરીર અને વૃક્ષનો સયોગ છે, તે સયોગ ક્રિયારૂપ કર્મ વડે જન્ય હોતો નથી, પણ હાથ અને વૃક્ષના સયોગ વડે જ જન્ય હોય છે, માટે શરીર અને વૃક્ષનો સયોગ એ સયોગજસયોગ કહેવાય છે.

સંયોગધર્મ [સં.] પું. પ્રજનન ક્રિયા; સભોગ ધર્મ.

સંયોગધારી વિ. પાંચે ઇંદ્રિયને કબજે રાખનાર

સંયોગપરા સ્ત્રી. ચોસઠ માંહેની એક માનસતત્ત્વ દેવના

સંયોગપલટો પું. સયોગનુ ફરી જવું તે.

સંયોગભૂમિ સ્ત્રી. જમીનના બે મોટા કટકાને જોડનાર જમીનની એક સાંકડી પટી, ' કન્યામસ '.

સંયોગમય ૧. વિ. પ્રત્યયવાળું; સયોગવાળું; સબંધવાળું.

એ રીતે દરબાર સંસ્કૃત ભાષાનું પ્રત્યયવાળું **સંયોગમય** પ્રાચીન બંધારણ ભાગી ગયું અને તેના ચૂરચારો થયો. કુ. આ પરિષદ

૨. વિ. બનાવટી.

૩. વિ. સમસ્ત; સમન્વિત; અભ્યાકૃત

ચીજ અને જાતની વિભક્તિઓમા Synthetic (સંયોગમય) પદ્ધતિથી પ્રત્યય લાગી અને તેથી શબ્દોમા વિકાર થઈ રૂપાખ્યાન થાય છે. પણ તે સિવાયની વિભક્તિઓમાં પ્રત્યય જાનતા નથી પણ analytic (પૃથક્કરણવાળી બંધારણી) પદ્ધતિથી પ્રત્યય શબ્દ પાછળ રૂપસર્ગ નુકી વિભક્તિનો અર્થ દેખાડવામા આવે છે.

રમણભાઈ

સંયોગવશાત્ અ. સબંધોને અનુસરીને; સયોગોને તાબે થઈ ને, સબંધાનુસાર; કારણને લઈ ને; સબંધને લીધે; દૈવયોગે; પ્રસગોપાત.

સંયોગવિયોગ પું. ભેગું થવું અને જુદા પડવું તે.

અભક્તસતકના મુખ્યો ત્રણ જગમાં બહુચાર્ડ ભય છે: ભોગવિલાસના, રીસભર્યા મનામણાના અને **સંયોગવિયોગના**. અભક્તસતક

સંયોગવૃત્તિ [સ.] સ્ત્રી. એકઠા થવાની ઇચ્છા; ભેગા રહેવાની ઇચ્છા.

સંયોગશૃંગાર પું. (કાવ્ય) શૃંગાર રસનો એક ભેદ; નાયક નાયિકાના પરસ્પર દર્શન, સ્પર્શ અને સલાપ વડે અઢારની ઇંદ્રિયો સંબંધી પરસ્પરનો આનંદકાવ્યનો એક રસ.

સંયોગ સંનિકર્ષ પું. (વેદાંત) ચક્ષુ, ત્વક્, મન એ ત્રણ ઇંદ્રિયો વડે જ દ્રવ્યનું પ્રત્યક્ષ થાય છે તે. ઘ્રાણ, રસન અને શ્રોત્ર એ ત્રણ ઇંદ્રિયો વડે દ્રવ્યનું પ્રત્યક્ષ થતું નથી, પણ ગંધાદિ ગુણનુ પ્રત્યક્ષ થાય છે. તેમા પણ ચક્ષુ અને ત્વક્ એ બે ઇંદ્રિયો વડે મહત્ત્વ પરિમાણવાળાં અને ઉદ્‌ભૂતરૂપ સ્પર્શવાળાં પૃથ્વી, જળ અને તેજ એ ત્રણ દ્રવ્યોનું જ પ્રત્યક્ષ થાય છે. બીજા કોઈ દ્રવ્યનું પ્રત્યક્ષ થતું નથી અને મનરૂપી ઇંદ્રિય વડે તો એક આત્મારૂપ દ્રવ્યનું પ્રત્યક્ષ થાય છે; બીજા કોઈ દ્રવ્યનું પ્રત્યક્ષ થતું નથી. હવે ચક્ષુ ઇંદ્રિય વડે મહત્ત્વ વિશિષ્ટ ઉદ્‌ભૂતરૂપવાળા ઘટપટાદિ દ્રવ્યોનુ ' આ ઘડો છે, આ પટ છે ' એવું ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે. એ ચાક્ષુષ પ્રત્યક્ષ થવામાં ચક્ષુ ઇંદ્રિયનો ઘટપટાદિ દ્રવ્ય સાથે સયોગ સંબંધ જ કારણ છે. અહીં આમ કહેવાની મતલબ એ છે કે, પ્રથમ આત્માનો મનની સાથે સયોગ થાય છે, તે પછી આત્મ સંયુક્ત મનનો ચક્ષુ આદિક ઇંદ્રિયો સાથે સયોગ થાય છે તે પછી તે આત્મા મન સયુક્ત ચક્ષુ આદિક ઇંદ્રિયોનો ઘટાદિ અર્થ સાથે સયોગાદિરૂપ સંબંધ થાય છે, તે પછી જીવાત્મા વિષે ' આ ઘટ ' ઇત્યાદિક પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. (આ પ્રકારની રીતિ સર્વ પ્રત્યક્ષ જ્ઞાનની ઉત્પત્તિમાં જાણવી) હવે ઘટાદિ દ્રવ્યના ચાક્ષુષ પ્રત્યક્ષમાં ચક્ષુ ઇંદ્રિય તો કારણ છે અને તે ચક્ષુ ઇંદ્રિયનો જે ઘટાદિ દ્રવ્યની સાથે સયોગસબંધ છે, તે સયોગસંબંધ તે ચક્ષુ ઇંદ્રિય વડે જન્ય હોવાથી તથા ચક્ષુ ઇંદ્રિયજન્ય ચાક્ષુષ પ્રત્યક્ષનો જનક હોવાથી વ્યાપાર રૂપ છે અને ' આ ઘટ છે, આ પટ છે ' ઇત્યાદિ ચાક્ષુષ પ્રત્યક્ષ ફળરૂપ છે. (આ પ્રકારની પ્રક્રિયા ત્વક્ આદિ સર્વ ઇંદ્રિયોમાં જાણવી). ટૂંકામાં સર્વ પ્રત્યક્ષ વિષે ઇંદ્રિયો કારણ હોય છે. તે તે ઇંદ્રિયોનો તે તે દ્રવ્યાદિક અર્થ સાથે સયોગાદિ રૂપ સબંધ (તે) વ્યાપાર હોય છે અને તે તે દ્રવ્યાદિ રૂપ અર્થનુ જ્ઞાન એ ફળ હોય છે. ત્વક્ ઇંદ્રિય વડે ઘટાદિ દ્રવ્યોનું ત્વાચ પ્રત્યક્ષ થાય છે; તે ત્વાચ પ્રત્યક્ષમાં ત્વક્ ઇંદ્રિયનો ઘટાદિ દ્રવ્યો સાથે સયોગ સંબંધ જ કારણ હોય છે. એ રીતે મનરૂપ ઇંદ્રિય વડે, આત્મારૂપ દ્રવ્યનું માનસ પ્રત્યક્ષ થાય છે, તે માનસ પ્રત્યક્ષમાં મનરૂપ ઇંદ્રિયનો આત્મારૂપ દ્રવ્ય સાથે સયોગસબંધ જ કારણ હોય છે.

સંયોગાદિમકા [સ.] સ્ત્રી. ચાર માહેના એક પ્રકારની ભાષા; સામાન્યાદિમકા ભાષા.

આવી ભાષાઓને સામાન્યાદિમકા કે **સંયોગાદિમકા** કહી શકાય. ગૃહ્ય વ્યાકરણ

સંયોગાંક રેખા સ્ત્રી. રાખાકિયના અક્ષમકૂટ તથા સંખ્યક ભાગોનું જોડાણ બતાવનારી રેખા.

સંયોગાંત નાટક ન. છેવટમાં બધાં પાત્રોનો સયોગ એટલે મેળાપ થતો હોય તેવું નાટક; ' કોમેડી '.

સંયોગિ ન. (વૈશેષિક) એક પ્રકારનું જ્ઞાન તેમાં એક વસ્તુની સાથે જોડાયેલી બીજી વસ્તુનું જ્ઞાન થાય છે. જેમકે, શરીરનું નામ લેતાં તેની સાથેની ચામડી પણ સૂચવાય છે.

સંયોગિતા સ્ત્રી સહકારિતા.

સંયોગી ૧. પું. કુંવારા રહેવાને બદલે પરણનાર મોસાળી પૈરામા.

૨. [સ. સમ્ (સારી રીતે) + યુજ્ (જોડવું) + ઇન્ (વાળું)] વિ. જોડનાર; સયોગ કરનાર; સાથે જોડનાર

૩. વિ સંયુક્ત; જોડાયેલું

૪ વિ. સયોગવાળું; વિચાર કરતું.

સંયોગીકડી (સયોગીકડી) સ્ત્રી. જોડનારી કડી
જે ભિન્ન મજૂરી પ્રેમકરી હેમ **સંયોગીકડી**
ખબરદાર

સંયોગીકરણ ૧. [સ સયોગ (સાથે) + ર્ઈ (પ્રત્યય) + કરણ] ન. એકત્ર કરવું તે; મિશ્ર કરવું તે; ભેગાપ કરવો તે; ભેગું કરવું તે, એકીકરણ; ભેગા કરવાપણું; સયુક્ત કરવું તે; સાંકર્ય; સયોજના–મિશ્રણ સકલ્પ

કવિનો વ્યાપાર **સંયોગીકરણ**નો છે. વિવેચકનો પૃથક્કરણનો છે. કૌમુદી

૨ ન શિક્ષણની એક પદ્ધતિ

સંયોગીકરણનો હેત્વાભાસ પું. અર્થાંતર; સર્વત્રદર્શન દોષ

આવા હેત્વાભાસને અંગ્રેજીમાં ફેલસિ ઓફ ઇમ્પ્રોપ્રિયેશન (**સંયોગીકરણનો હેત્વાભાસ**, કહે છે. જેમાં અમુક સત્ય વ્યક્તિને લાગુ પડે છે. તો તે સમુદાયને પણ લાગુ પડવું જોઈએ, એવી રીતે અનુમાન કરવામાં આવે છે, માટે તે દૂષિત થાય છે. એવી જાતનો હેત્વાભાસ–પૃથક્કરણનો હેત્વાભાસ (ફેલસિ ઓફ ડિવિઝન) કહેવાય છે

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

સંયોગીકરણ પદ્ધતિ સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; વસ્તુ અથવા વિષયને તેના એકમથી છૂટો છૂટો શીખવી પછી આખી વસ્તુ અથવા વિષયનું પૂરું જ્ઞાન કરાવવું તે; 'સિન્થેટિક મેથડ'. આથી ઊલટી પદ્ધતિ તે પૃથક્કરણ પદ્ધતિ કહેવાય છે. ક, ખ, ગ એમ અક્ષરો શીખવી પછી જોડાક્ષરો આપવા તે સયોગીકરણ પદ્ધતિ અને પ્રથમ શબ્દ શીખવી લાર પછી શબ્દને છૂટો પાડી અક્ષરો શીખવવા. એ પૃથક્કરણ પદ્ધતિ છે.

સંયોગીકરણાત્મક ૧. વિ. જોડી દેવાના સ્વભાવવાળું

૨. વિ. ભેગું કરનાર; જોડનાર.

સંયોગીજળ ૧. એકબીજાની સાથે ભળતાં ચાલુ પાણી; સમુદ્રપુનીનાં પાણી.

૨. ન. સામુદ્રપુની.

સંયોગીપાષ્ણકેશ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે વનસ્પતિ ઘીલા રેસની હોય છે. મીઠા પાણીમાં થાય છે. તે એક પેશીવાળી અથવા તો તંતુના જેવી હોય છે

સંયોગીભાવ પું. સયોગોને લીધે ઉત્પન્ન થતો ભાવ. તે અનિત્ય હોય છે

સંયોગીભૂમિ સ્ત્રી. જમીનના બે મોટા ભાગને સાંધનારો નાનો પટ્ટી જેવો જમીનનો ચાચરવટો; બે મોટા પ્રદેશને જોડનારો ત્રીજો જમીનનો ટુકડો, બે દરિયાને જુદા પાડનારી જમીનની પટ્ટી, 'ઇસ્થમસ'.

સંયોજક ૧. [સં. સમ્ (સાથે) + યુજ્ (જોડવું) + અક (નાર)] પું. બે વસ્તુને જોડનાર વસ્તુ, 'એડપ્ટર'.

૨. પું. (વ્યાકરણ) વાક્યનો એક ભાગ

૩. પું. સૂક્ષ્મ તાંતણા અને પરમાણુનો બનેલો, શરીરના ભિન્ન ભિન્ન ભાગો, અસ્થિ, તેના આવરણો. સ્નાયુ, રક્તવાહિની, મજ્જાતંતુ, ત્વચા ઇત્યાદિને એક બીજા જોડે નિકટ સબંધમાં જોડનાર પદાર્થ.

૪. વિ. કંઈ પણ નવું કાર્ય કરવાની યોજના કરનાર.

૫. વિ. જોડનાર; બે વસ્તુને જોડે તેવું.

૬. વિ. યોજનાર; સૂચવનાર

સ્થાપત્ય ગણતરી આવ્યા બીજા, બે બંધાવનાર તેમજ પ્રજાના આનંદની મૂર્તિરૂપ હતુ બધાવનારાઓમાં તેના **સંયોજકો**ણ તે કેક પથ્થર ઘડનારાઓ મુખી હરેક તેના નાના મોટા ભાગોના રસ લેતુ

ચન્દ્રવદન વિશ્વનાથ

૭. વિ. રચનાત્મક; સાધક

તમારી પ્રકૃતિઓ કેવળ વિધ્વંસક છે. હાલની સ્થિતિનો નાશ થયે સમાજ માટે તમારો **સંયોજક** (Constructive) સિદ્ધાંત શો છે તે અમને બતાવો. ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટ

૮. વિ. સમવાયાધીન; સમવાયી; સયુક્ત

૯. વિ. સબંધ જોડનાર; સયોજન કરનાર; સબધક, અનેક સબધો.

બે પ્રકારની વિદ્યાપીઠમાંથી કેવા પ્રકારની વિદ્યાપીઠ આપણે જોઈએ, અનેક શહેરની કોલેજોને સાધતી સંસ્કૃતી કે તેની સમીક્ષા કરતી **સંયોજક** affiliating અને સંસ્કૃતી પુનિવર્સિટી કે બંને કેંદ્રમાં બંધાઈ તેને જ સપૂર્ણતાએ વિકસાવી લાજ વિરાજતી એકરવાની (યુનિટરી) યુનિવર્સિટી

જ બ. ફરકાળ

સંયોજકતંતુ ૧. પું. મજ્જાના જુદા જુદા પ્રદેશોને જોડનાર તંતુ; બંધક તંતુ.

૨. પું. હાડકાં, સ્નાયુ, નળી, મજ્જાતંતુ એ બધાને જોડનાર બારીક તંતુઓનો બનેલો પદાર્થ; સૌત્રિક ધાતુ

સંયોજક તંતુમયી વૃત્તિ સ્ત્રી. સંયોજની વૃત્તિ; હોજરીની દીવાલના ચાર પડમાંનું સંયોજક તંતુઓનુ પડ. આ પડ કરોળિયાના જાળા જેવા સૂક્ષ્મ સયોજક તંતુઓનું બનેલુ છે આ પડ અંદરના કલાના પડને ટેકો આપી માંસમયીવૃત્તિ સાથે તેનો સંબંધ જાળવી રાખે છે આ પડની અંદર ધમનીઓ, શિરાઓ, રસાવનીઓ તથા જ્ઞાનતંતુઓની બારીક શાખાઓ ફેલાયેલી છે

સંયોજક દંડ પું વનસ્પતિનો એક ભાગ.

સંયોજકપેશી સ્ત્રી. સંયોજન કરનારી પેશી; પરસ્પર સબંધ જોડનારી પેશી; બધા કોષને જોડનારી ધાતુ.

સંયોજન ૧. [સ. સમ્ (સાથે) + યુજ્ (જોડવું) + અન (પણ)] ન. અનુવાદ; પ્રતિકૃતિ; અનુકૃતિ; રૂપાંતર; અનુકરણ.

૨. ન. આયોજન; વ્યવસ્થા

સવમન (discipline) અને **સંયોજન** (organisation) એમા હજ આપણે આગળ વધવાનું છે. ચંદ્રશંકર ન. પંડ્યા

૩. ન. જોડવું તે. સયોગ કરવો તે; જોડાણ; સધિ.

૪. ન. (ભૌદ્ધ) બંધન. બૌદ્ધ ધર્મમાં સયોજનો દસ છે. તે દસનો ક્ષય કરવાથી સાધક અરહત અથવા જીવન્મુક્ત થાય એમ મનાય છે

માખણ જેમ બળ ગોળીને નીકળી જાય છે તેમ સંયોજનો ગોળીને, બેંડકા સીંગડાની જેમ એકાકી રહેવું. સુત્તનિપાત

૫. ન. મેળવણી; મિશ્રણ.

૬. ન. સમવાય; સમવાયતત્ત્વ; ' કેમરેશન '

૭. ન. સમારવું તે; સુધારવું તે; બહારવું તે.

૮. ન. સમક; એકઠું કરવું તે; એકત્ર કરવું તે; એકીકરણ.

કુંવારબા પેસ્ટેલાઝસીની પદ્ધતિ પૃથક્કરણની અથવા જ્ઞાન શોધવાની છે **સંયોજન**ની અથવા જ્ઞાન આપવાની નથી. મણિશંકર રત્નજી

૯. ન. સપ; એક ગઠ

૧૦. ન. સનદ કરવું તે.

૧૧. ન. સબંધ, વળગણ

૧૨. ન. સક્રોચ; મૈથુન; વિષયવાસનાની તૃપ્તિ.

૧૩. ન. (જૈન) સાધુએ નિવારવાના આહાર શુદ્ધિના આઠ માંહેનો એક દોષ.

૧૪. ન. હિસાબમાં જમા કરવું તે

સંયોજનસમિતિ સ્ત્રી. અંદર અંદરના પ્રશ્નોનો નિવેડો કરનાર સમિતિ.

સંયોજના સ્ત્રી. બદોબસ્ત; વ્યવસ્થા.

સંયોજનાદોષ પું. (જૈન) ઠંડા ભોજનને ગરમ પાણી સાથે મિલાવવાથી અથવા ગરમ ભોજનમાં ઠંડું પાણી ભેળવવાથી થતો દોષ.

સંયોજનીવૃત્તિ જુઓ સયોજક તંતુમયીવૃત્તિ.

સંયોજવું સ. ક્રિ. જોડવું.

એ સબ્દને માટે કશું જ અશક્ય નથી, કે જે પોતાના હરકામમા સદા અચલ અને સાવધાન મન **સંયોજી** શકે. ઉપદેશસારસગ્રહ

સંયોજિત ૧. [સં.] વિ. જોડાયું કરેલ.

૨ વિ. જોડેલ; યોજેલ; મેળવેલ; સાથે જોડેલું; સાથે મેળવી દીધેલું; સાથે સાથે યોજેલું; સધાયેલ; પરસ્પર જોડાયેલ; સબદ્ધ.

ઇવનહોરી અવત અમરી,
પ્રેમ **સંયોજિત** દીત નહીં તો. ભાષી

સંયોજનકંદક પું (પુરાણ;) એ ન.મનો એક યક્ષ તે વૈશ્રવણનો અનુચર હતો અને કુબેરનો સેનાપતિ હતો. રાવણ સામે યુદ્ધમા કુબેરે એને મોકલેલ હતો

સંરક્ષણ [સં. સંરક્ષણ] ન. રક્ષણ; પાલન.

સંરક્ષ જુઓ સંરક્ષણ

સંરક્ષક ૧ [સં] વિ. જૂની રૂઢિઓને જાળવી રાખનાર, પ્રાચીનપંથી; સ્થિતિસ્થાપક, નિયંત્રક.

૨ વિ. પાલનહાર; પાલનકર્તા; ઉત્તેજન આપી પોષનાર.

૩. વિ. રક્ષણ કરનારું.

૪ વિ સભાળ રાખનાર; 'ટ્રસ્ટી'. ગાંધીજી કહે છે કે: આજના રાજા વગેરે સરક્ષક અથવા ટ્રસ્ટી બને એવી આશા રખાય કે નહિ એ સવાલ પૂછવા લાયક છે. મારી દૃષ્ટિએ આવી આશા જરૂર રખાય. એ લોકો પોતાની ઇચ્છાએ સરક્ષક અથવા ટ્રસ્ટી નહિ બને તો કાળ તેમને માર્ગે ખેંચી જશે. એમ નહિ કરે તો તેઓ પોતાનો નાશ વહોરી લેશે. જ્યારે પ્રજાસત્તારાજ થશે ત્યારે પંચ ભણ કરાવી લેશે જમીનદાર, પૂજીપતિ કે રાજા પોતાની તાકાત ક્યાં સુધી જ ટકાવી શકે કે જ્યાં લગી પ્રજા પોતાની તાકાત નથી ઓળખતી. લોક રૂઠે તો રાજા વગેરે શું કરી શકે? પ્રજાના રાજ્યમાં પંચ ભણ પોતાના કાયદા વડે કરાવી લેશે. પંચનો કારભાર અહિંસાથી ચાલશે તો રાજા વગેરે સંરક્ષક અને ટ્રસ્ટી બનશે, હિંસાથી ચાલશે તો તેઓનો નાશ થશે.

એ મંદિરના ટ્રસ્ટીઓ પણ સંરક્ષકો (ટ્રસ્ટી) છે. ગાંધીજી

સંરક્ષકત્વ [સં.] ન. સભાળ રાખવાપણું.

સંસારનું સંરક્ષકત્વ વધારે છે કે સંહારત્વ. સરસ્વતીચંદ્ર

સંરક્ષકનિધિ [સં.] પું ભવિષ્યનો વિચાર કરી એકઠો કરેલ પૈસો; આજીવિકા સંબંધ; દ્રવ્ય સંચય; અભયનિધિ.

સંરક્ષક પકડો (સંરક્ષક પકડો) પું. રક્ષા પટ્ટા.

સંરક્ષક પદાર્થ [સં.] પું. લોહીને સંરક્ષણ આપનાર પદાર્થ. તે પદાર્થ પોતાની મેળે રક્ષણ કરે છે

સંરક્ષક પિધાન ન. વરાળયંત્રમાં વરાળ ઘણી ભરાઈ જવાથી તે ફાટી ન જાય માટે વરાળ નીકળી જવાનું અને હવા આવવા દેવાનું બાકું. 'સેફ્ટી વાલ્વ'.

સંરક્ષક બાકું ન. રક્ષાપટ્ટા; વધારાની વરાળ જવાનું બાકું.

સંરક્ષકાત્મક [સં.] વિ. સંરક્ષણ કરનારું.

ગ્રાહ્મી એ તો કુદરતની એક અપ્રતિમ વ્યક્ષરા છે. એનામા સંહારકમ અને સંરક્ષકાત્મક બને રુચિઓ સમાનતી હોય છે.

હરિશકર ત્રિવેદી

સંરક્ષણ ૧. [સં. સમ્ (સારી રીતે) + રક્ષ (રક્ષણ કરવુ)] ન. ઓથ; આશ્રય; છાયો

૨. ન. જતન; પાલન.

૩ ન. બચાવ; ટકાવ

૪ ન. રક્ષા; રક્ષણ; હિફાજત.

૫. ન. સારી પેઠે રક્ષણ કરવું તે; સારું રક્ષણ; સભાળ, જતનપણું.

સંરક્ષણ કર પું. ઊપજ માટે નહિ પણ ઉદ્યોગને ઉત્તેજન આપવા નખાયેલ કર.

સંરક્ષણ જકાત સ્ત્રી. ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે નખાની જકાત.

સંરક્ષણપ્રાપ્ત પું. જૂનાને વળગી રહેવાનો સિદ્ધાંત.

સંરક્ષણવાદી ૧. વિ. જૂના રીતરિવાજને જાળવી રાખવાનો મત ધરાવનાર; જૂનાને વળગી રહેનાર; સ્થિતિરક્ષક; પ્રાચીનનું પ્રેમી.

અહ લોકો વિશેષ પ્રમાણમાં સંરક્ષણવાદી હોય એમ જણાય છે. કેમકે, ચિરાત ચિકિત્સાના સિદ્ધા પદ્ધતિની નવી પદ્ધતિનું તેમણે અનુસરણ કર્યું નથી, પરંતુ પ્રાચીન કાળના સિદ્ધવાના સિદ્ધા પદ્ધતિનું ચાલુ રાખ્યું હતું. હિંદુરાજ્યવ્યવસ્થા

૨. વિ. વિદેશી ઉદ્યોગ ઉપર કર નાખી અથવા સ્વદેશી ઉદ્યોગને કોઈ પણ પ્રકારે આર્થિક મદદ આપી સ્વદેશના ઉદ્યોગોને ઉત્તેજન આપવું અને પરદેશીઓની હરીફાઈથી બચાવ કરવો એવો મત ધરાવનાર.

સંરક્ષણ શક્તિ [સં.] સ્ત્રી. બહારના જતુઓ સામે શરીરનું રક્ષણ કરનાર શક્તિ.

સંરક્ષવું ૧. [સં. સમ્ (સારી રીતે) + રક્ષ (રક્ષણ કરવુ)] સ. ક્રિ. ઓથ આપવો; આશરો આપવો.

૨. સ. ક્રિ. પાળવું; પોષવું

૩. સ. ક્રિ. બચાવવું.

૪. સ. ક્રિ. રક્ષણ કરવું; રક્ષા કરવી.

સંરક્ષા [સં.] સ્ત્રી. સારી રીતે રક્ષણ કરવું તે.

સંરક્ષિકા [સં.] સ્ત્રી. વાલી તરીકે કામ કરનાર સ્ત્રી; 'મેટ્રન'.

સંરક્ષિણી વિ. સ્ત્રી. રક્ષણ કરનારી.

સંરક્ષિત ૧. [સં.] વિ. બચાવેલું; સાચવેલું, સારી રીતે રક્ષણ કરેલું; સભાળીને રાખેલું; સંરક્ષણ પામેલું; પાળીપોષીને રાખેલું.

૨. વિ. બીજાના રક્ષણમાં રહેલું; શરણે રાખેલું

સંરંભ ૧. [સં.] પું. આડંબર

૨. પું. ઉત્સાહ

મિત્રના સમાચારના અભિમાનને ઉત્પન્ન કરેલા સંરંભમાં તે ઉછળ્યો કે ઝટ મસ્તક ઉપર પાઘડી બિના આરબે સુધી આવેલો હતો

સરસ્વતીચંદ્ર

૩. પું. ક્રોધ; ગુસ્સો; કોપ.

૪ પુ. નિંદા.

૫. પું. (જૈન) પ્રમાદી જીવના હિંસા આદિ કાર્યને માટે પ્રયત્નનો આવેશ.

કાર્યની સંકલ્પાત્મક સૂક્ષ્મ અવસ્થાથી લઈને એને પ્રગટ રૂપ પૂરો કરી દેવા સુધીમાં ત્રણ અવસ્થાઓ થાય છે. તે અનુક્રમે સંરંભ, સમારંભ અને આરંભ કહેવાય છે.

તત્ત્વાર્થસૂત્ર

૬. પું. વેગ; આવેશ.

૭. પું. હિંસાનો વિચાર.

સંરાગ ૧. પું. ક્રોધ.

૨. પું. પ્રીતિ.

સંરાધન [સં.] ન. સારી રીતે સેવા કરવી તે; રૂડી રીતે આરાધના કરવાપણું.

સંરાધિની મુદ્રા સ્ત્રી. બંને અંગૂઠા અંદર રાખી મૂઠીઓનો સયોગ કરવાથી બનતી મુદ્રા.

સંરાવ [સં.] પું. શબ્દ; અવાજ; ધ્વનિ.

સંરુદ્ધ [સં.] વિ. રોકેલું; અટકાવેલું; રૂંધેલું; સકુચિત.

સંરૂઢ ૧. [સં.] વિ. અંકુર ફૂટેલ; જેને કુંપળ આવી હોય એવું; કળીવાળું

૨. વિ. ઊગેલ.

૩. વિ. ખીલેલું.

૪. વિ. પ્રૌઢ.

૫. વિ. રૂઝાયેલું

૬. વિ. વિશ્વાસુ.

૭. વિ. સાથે સાથે ઊગેલું; જોગું આરૂઢ થયેલું.

સંરોધ ૧. [સ. સમ્ (સારી રીતે) + રોધ (અટકાવ)] પું. અટકાવ; નિરોધ; નિગ્રહ; બિલકુલ બંધ કરવું તે; રોકવું તે; રોકાણ.

૨. પું. રૂંધવું તે

સંરોધન [સં.] ન. અટકાવી રાખવું તે; રોકવું તે.

સંરોહણી સ્ત્રી. ઘા રૂઝવનારી ઔષધિ.

સંલક્ષ ક્રમ ધ્વનિ પું. (કાવ્ય) એક પ્રકારનો અભિધામૂલ ધ્વનિ. આ ધ્વનિ રસમાં અને ભાવમાં ત્વરાથી ક્રમ ન જણવામાં આવે એમ પ્રગટ થઈ સજ્જનના ચિત્તને આહ્લાદ આપે છે.

સંલક્ષિતક્રમવ્યંગ્ય જુઓ અસંલક્ષ્યક્રમવ્યંગ્યધ્વનિ.

સંલક્ષ્યલીલા પુ. (પિંગળ) કૃતિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ, રગણ, નગણ, તગણ અને બે ગુરુ મળી વીસ અક્ષર હોય છે

સંલક્ષ્યવ્યંગ્યધ્વનિ પુ. (કાવ્ય) એક પ્રકારનો ધ્વનિ. જેમાં અંગ્યને અજ્ઞકનો ક્રમ દેખાય છે. વ્યંગ્ય અર્થ ઉપલબ્ધનારનું એટલે વ્યંજકનું પ્રથમ જ્ઞાન થાય ને વ્યંગ્ય અર્થનું પછી. આમ પૂર્વાપર ક્રમની જેમાં પ્રતીતિ થાય તેને અસંલક્ષ્યક્રમધ્વનિ કહે છે.

સંલગ્ન ૧. [સ. સમ્ (સારું) + લગ્ન (જોડાયેલ)] ન. એકતાર. થવું તે; ધ્યાન લગાવવું તે

૨. વિ. આસન્ન; પાર્શ્વસ્થ.

૩. વિ. સાંકળેલ; જોડે લાગેલું; જોડેલું; વળગેલું; સયુક્ત; આસક્ત; મિશ્રિત; ભળી ગયેલું; પાસે પાસે આવેલું, ઓતપ્રોત; સન્નિહિત; સમીપ; અડોઅડ.

સંલગ્નક વિ. અનુકૂલ કરવાવાળું

સંલગ્ન કોણ [સ.] પું. (ભૂમિત) પાસેનો ખૂણો; આસન્નકોણ; ઉપકોણ; જે બે ખૂણાઓનો એક ભુજ સમાન હોય તે ખૂણો; 'એડજેસ્ટ એંગલ'.

સંલગ્નતા ૧. [સં.] સ્ત્રી. અનુસધાન.

૨. સ્ત્રી એક બાબતનું એક સાથે જોડાઈ જવું તે; કોઈ પદાર્થને વળગવાની શક્તિ; લગની; સયોગ; સપર્ક; સસર્ગ; વળગી રહેવું તે.

વર્ણનમાં સ્વાભાવિકતા અને પાત્રોમાં **સંલગ્નતા** હોવી જોઈએ. ઝવેરી

સંલગ્નત્વ જુઓ સલગ્નતા.

સંલગ્નબળ વિ. ભિન્ન પ્રકારના અણુઓને સાથે જોડનાર બળ.

સંલગ્નભુજા સ્ત્રી. (ભૂમિત) આસન્નભુજા; પડખાની બાજુ; 'એડજેસ્ટ સાઇડ'.

સંલગ્નશીલ વિ. (હિંદી) ભળવાવાળું; ચિપકવાવાળું; 'એથેસિવ'.

સંલગ્નિ ૧. સ્ત્રી. આસક્તિ; એકતા.

૨. વિ. સમથી સાથે જોડાયેલ.

જે શ્લોકનો અર્થ 'પૂર્ણતામા પગલું' એ સ્ત્રીકારીએ તો શ્લોકધર્મમાં સ્ત્રીએ પોતાનું પૌરુષ અને પુરુષે પોતાનું સ્ત્રૈણ પોતપોતાના સહચરને અર્પવા **સંલગ્નિ** પ્રતીકને શ્લોકપ્રતિજ્ઞામાં આપી દેવા.

જ્ઞાનમંજૂષા

સંલય ૧. [સં.] પુ. નિદ્રા; ઊંઘ.

૨ પું. પ્રલય

સંલંક પું. (પુરાણ) સાધિ રાજાના પુત્ર વિશ્વામિત્રના કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

સંલાપ ૧. [સ.] પું. એકાંતમાં બોલવું તે.

૨. પું. નાટકમાં એક પ્રકારનો સવાદ.

૩. પું. સવાદ; બોલાચાલી; સકથા; સભાષણ; વાતચીત, વાતલાપ; ગપ્પા; પરસ્પર પ્રેમથી વાતો કરવી તે, પરસ્પર વ.તાલાપ.

સખીઓના પરસ્પર થતા સંલાપથી રાજા તપતીની સ્થિતિ કળી જાય છે.

મુ. સા. પરિષદ

સંલાપક ૧. [સં.] પું. એક પ્રકારનું નાટક; ઉપરૂપકના અઢાર ભાઈનો એક ભેદ.

૨. પું. નાટકમાં એક પ્રકારનો સભાષ.

૩. વિ. સલાપ કરનારું

સંલીનતા ૧. [સં.] સ્ત્રી. એકાગ્રતા; એકાગ્રતા.

૨. સ્ત્રી. (જૈન) વિષયાદિને ઉત્તેજન ન દેવા રૂપ તથા અંગોપાગ સકોચી રાખવા રૂપી તપ.

તેમા અનશન, ઉણોદરી, વૃત્તિસક્ષેપ, રસત્યાગ, કાય ક્લેશ અને **સંલીનતા** એ છ બાહ્ય ભેદ છે. આદિનાથ ચરિત્ર

સંલેખણું ન. (જૂ. ગુ.) જૈનનું એક વ્રત.

સમકિત આદિઈ વ્રત ઉચ્ચાર,
સંલેખણું સરીસાં બાર. વિમલપ્રબંધ

સંલેખના ૧. સ્ત્રી. (જૈન) અનશનવ્રત; બારે આકારનો લાગ; સથારો; એક જાતનું વ્રત.

સંલેખના વ્રતમાં પ્રાણનો નાશ છે ખરો, પણ તે રાગ, દ્વેષ કે મોહથી ન થતો હોવાને લીધે હિંસા કોટિમાં આવતો નથી. તત્ત્વાર્થસૂત્ર

૨. [સ. સમ્લેખના] સ્ત્રી. (જૈન) શારીરિક અને માનસિક તપથી કષાયાદિનો નાશ કરવો તે

કષાયનો અંત આણવા માટે તેને બરાબરનાં અને તેની પુષ્ટિનાં કારણો મરાડવાપૂર્વક તેને પાતળા કરવા તે **સંલેખના**. તત્ત્વાર્થસૂત્ર

સંલેખનાશ્રુત ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર.

સંલેપક વિ. ભળી જવાને અશક્ત એવા એકત્ર થઈ રહેનારા.

સંલેષણા ૧. સ્ત્રી. અનશન; ઉપવાસ.

૨. સ્ત્રી. (જૈન) શારીરિક અને માનસિક તપથી કષાયાદિનો નાશ કરવો તે.

૩. સ્ત્રી. સથારો

સંલેહણા ૧. [સં. સલેખના] સ્ત્રી. (જૈન) અનશન; ઉપવાસ.

૨. સ્ત્રી. તપ

૩. સ્ત્રી. સથારો.

સંવ ૧ [સ. સવત્સર] પુ. (પ્રાકૃત) વર્ષ; સ.સ

૨. પું. સવત; શક; વર્ષની ગણના.

શાકે કહેતા શ્રી શાલિવાહન રાજઈ પ્રવર્તાવ્યો જે શાકે **સંવચ્છર** સંવત્ ૧૬૦૮ વર્ષે

સમ્યક્ત્વ પરીક્ષા

સંવચ્છરિઅ [સં. સવત્સરિક] વિ. (પ્રાકૃત) એક વર્ષનું; વાર્ષિક

સંવજ્જિજ ન. એકઠા થયેલા વજ્જિજ લોકો; વિશેષ તથા લિચ્છવી લોકોનો એકત્ર સંઘ.

સંવત ૧. [સ. સવત્] પું વરસ; સાલ; વર્ષ; સવત્સર. સંવત શબ્દ સંવત્સર શબ્દનું સક્ષિપ્ત રૂપ છે અને તેનો અર્થ વર્ષ થાય છે. તેનું અતિ સક્ષિપ્ત રૂપ સં. છે, પણ કોર્ટ કોર્ટ વ.૨ સવ. અને સ. પણ સાહિત્યમાં મળી આવે છે. સવત એટલે માત્ર વિક્રમસવત જ માની લેવાનો નથી, તે તો ભારતીય દરેક પ્રકારના સવત્સરો સૂચવે છે. ભારતીય સંવત ૩૪ છે : (૧) સપ્તર્ષિ સવત, (૨) કલિયુગ સંવત, (૩) વીરનિર્વાણ સવત, (૪) બુદ્ધનિર્વાણ સંવત, (૫) મૌર્ય સવત, (૬) સેલ્યુકિડિ સંવત, (૭) વિક્રમ સવત, (૮) શક સવત, (૯) કલચુરિ સવત, (૧૦) ગુપ્ત સવત, (૧૧) વાંગેય સવત, (૧૨) વર્ધ સવત, (૧૩) ભાટિક સંવત, (૧૪) હોલ્લક સવત, (૧૫) નેવાર સંવત, (૧૬) ચાલુક્ય વિક્રમ સવત, (૧૭) સિંહ સંવત, (૧૮) લક્ષ્મણસેન સવત, (૧૯) પુડ્ડવેપ્પુ સવત, (૨૦) રાજ્યાભિષેક સવત, (૨૧) બાર્હસ્પત્ય સંવત્સર (બાર વર્ષનો), (૨૨) બાર્હસ્પત્ય સવત્સર (સાઠ વર્ષનો), (૨૩) ગ્રહપરિવૃત્તિ સંવત્સર, (૨૪) સૌર વર્ષ, (૨૫) ચાંદ્ર વર્ષ, (૨૬) હિજરી સન, (૨૭) શાહૂર સન, (૨૮) ફસલી સન, (૨૯) વિલાયતી સન, (૩૦) અમલી સન, (૩૧) જલાલી સન, (૩૨) મગિ સન, (૩૩) ઇલાહી સન અને (૩૪) ઈસ્વીસન. ભારતવર્ષમાં ભિન્ન ભિન્ન પ્રદેશોમાં સમય સમયે ઉપર મુજબ ભિન્ન ભિન્ન સવતો ચાલતા જણાય છે.

૨. પું વરસોની ગણનાનો અનુક્રમ; વર્ષગણના; શક.

૩. પું વિક્રમ રાજાના શકનું કોઈ વર્ષ.

૪. પું. વિક્રમ રાજાનો શક. વિક્રમ રાજાના શકને સવત લખવામાં આવે છે. તે ઈસ્વીસનથી પૂર્વે ૫૬ કે ૫૭ વર્ષથી શરૂ થયેલ છે.

ગામ કુકડીયે કર્યો ચોમાસો,
સંવત ચૌદાતેરો માય.,
કયા કારણ આ રાસ જ કીધો,
હર સેવક ચિત્ત હામો. અમરરેહા

૫. પું. વિક્રમ સવત.

સંવત પ્રવર્તક વિ. સવત શરૂ કરનાર

સંવત્સર ૧. [સ] પું દેવોની અહોરાત્ર; દેવોની રાત અને દિવસ.

૨. પુ (પુરાણ) પાંચ માંહેનો એક સવત્સર સવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર એ પાંચ સવત્સર ગણાય છે જ્યારે સૃષ્ટિ પડવાને દિવસે સક્રાંતિ હોય છે, ત્યારે સૌરમાસ અને ચાંદ્રમાસ અને સાથે વર્ષ થાય છે અને તે વર્ષને સવત્સર નામનું વર્ષ કહે છે સૂર્યના માન પ્રમાણે સમયતરી ફરતાં એક વર્ષમાં ૭ દિવસો વધે છે અને ચંદ્રના માન પ્રમાણે ગણતાં ૭ દિવસો ઓછા થાય છે. આ રીતે બાર દિવસનું અંતર પડતા સૌરમાસ અને ચાંદ્રમાસ આશરે પાછળ વર્ષ બને છે. આ રીતે પાંચ વર્ષો બને છે. તેમાં વચ્ચે બે મલ માસ આવે છે. તેથી કુલ પાછળ છઠું વર્ષ સુદિ પડવાને દિવસે સક્રાંતિ થાય છે, જેથી પાછું તે સવત્સર નામે વર્ષ કહેવાય છે

૩. પું બાર માસ જેટલો કાળ; વર્ષ; સવત; શક; સાલ; હિંદુનાં સાઠ વર્ષના યુગ માંહેનુ એક વર્ષ. શકમાં સાઠ સંવત્સરનો એક સમૂહ બનાવી તેના એક એક વર્ષને સવત્સર જેવાં સાઠ નામ આપેલાં છે. પંચાંગમાં અમુક સામટે એ સમૂહના અમુક સવત્સર તરીકે નામ આપેલ હોય છે. જેમકે, ક્રોધી નામ સવત્સર. સંવત્સર ૬૦ છે. તેમાંના પહેલા ૨૦ બ્રહ્માની વીશીના, બીજા ૨૦ વિષ્ણુની વીશીના અને ત્રીજા ૨૦ રુદ્રની વીશીના ગણાય છે. તે સાઠ સવત્સરનાં નામ આ પ્રમાણે છે: (૧) પ્રભવ, (૨) વિભવ, (૩) શુક્લ, (૪) પ્રમોદ, (૫) પ્રજાપતિ, (૬) અંગિરસ, (૭) શ્રીમુખ, (૮) ભાવ, (૯) યુવા, (૧૦) ધાતૃ, (૧૧) ઈશ્વર, (૧૨) બહુધાન, (૧૩) પ્રમાથી, (૧૪) વિક્રમ, (૧૫) વૃષ, (૧૬) ચિત્રભાનુ, (૧૭) સુભાનુ, (૧૮) તારણ, (૧૯) પાર્થિવ, (૨૦) વ્યય, (૨૧) સર્વજીત, (૨૨) સર્વધારી, (૨૩) વિરોધી, (૨૪) વિકૃતિ, (૨૫) ખર, (૨૬) નંદન, (૨૭) વિજય, (૨૮) જય, (૨૯) મન્મથ, (૩૦) દુર્મુખ, (૩૧) હેમલંબ, (૩૨) વિલંબ, (૩૩) વિકારી, (૩૪) સાર્વરી, (૩૫) પ્લવ, (૩૬) શુભકૃત, (૩૭) શોભન, (૩૮) ક્રોધી, (૩૯) વિશ્વાવસુ, (૪૦) પરાભવ, (૪૧) પ્લવગ, (૪૨) કીલક, (૪૩) સૌમ્ય, (૪૪) સાધારણ, (૪૫) વિરોધકૃત, (૪૬) પરિધાવી, (૪૭) પ્રમાદી, (૪૮) આનંદ, (૪૯) રાક્ષસ, (૫૦) અનલ, (૫૧) પિંગલ, (૫૨) કાલયુક્ત, (૫૩) સિદ્ધાર્થી, (૫૪) રૌદ્ર, (૫૫) દુર્મતિ, (૫૬) દુંદુભિ, (૫૭) રુધિરોદ્ગારી, (૫૮) રક્તાક્ષી, (૫૯) ક્રોધન અને (૬૦) ક્ષય.

જૈન સૂત્ર પ્રમાણે પાંચ સંવત્સર છે: નક્ષત્ર સવત્સર, યુગ સવત્સર, પ્રમાણ સવત્સર, લક્ષણ સવત્સર અને શનિશ્ચર સવત્સર.

૩ ઋતુ = અયન
૨ અયન = સવત્સર
૫ સંવત્સર = યુગ

વેદમાં સવત્સરરૂપી પ્રજાપતિને કેટલાક ઋષિઓ પાંચ પગવાળા, બાર આકૃતિવાળા, જગતના સ્વામી તથા લોકોમાં સૌથી ઊંચા અડધા ભાગમાં રહેનાર કહે છે. વળી બીજા કેટલાક ઋષિઓ પ્રજાપતિ સવત્સરને સાત ચક્ર અને ૭ આરાવાળા રથમાં બેઠેલા કહે છે. આવી સવત્સરના વિષયમાં જે લૌકિક કલ્પના છે. તેને ઋષિઓએ અલૌકિક રીતે વર્ણવી છે. જેમકે, સવત્સર એ લોનો જનક છે, કેમકે, કાલ મર્યાદામાં ઉત્પત્તિમાં મુખ્ય છે. એ સંવત્સરને પાંચ ઋતુઓ રૂપી પાંચ પગ છે, બાર મહિનારૂપી બાર મુખ છે, એને જગતનો સ્વામી માનવામાં આવે છે અને એ લોકોમાં સૌથી ઊંચે ઉત્તરાયણમાં રહે છે. એટલે કે ઉત્તરાયણગત સૂર્યને લીધે ઊપજતા વર્ષને પાંચ ઋતુઓ, બાર માસ હોય છે. જ્યારે કેટલાક ઋષિની કલ્પના આથી સહેજ જુદી છે. તે સવત્સરના પણ ઉત્પાદક સૂર્ય ભગવાનને દક્ષિણાયનમાં રહેલા સમજે છે અને તેનાં સાત કિરણોને સાત પૈડાં તરીકે માને છે અને તેના રથને ૭ ઋતુઓ રૂપી ૭ આરાઓ છે એમ વર્ણવે છે. તાત્પર્ય કે, સૂર્ય જ્યારે ઉત્તરાયણનિષ્ઠ હોય છે ત્યારે સંવત્સરની પાંચ ઋતુઓ ને બાર આરા હોય એવી એક કલ્પના છે અને બીજી કલ્પના એવી છે કે, તે જ સૂર્યનાં સાત કિરણો અને ૭ ઋતુઓ રૂપી પૈડાં ને આરાઓ છે.

દેવયાનમાં ઉત્તરાયણ પછી સંવત્સર, વાયુલોક, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, વરુણલોક, ઇંદ્રલોક, પ્રજાપતિલોક અને બ્રહ્મલોક એ રીતે આગળની સર્વ પાયરીઓ આપેલી છે.

ગીતાપંચામૃત

૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કેમકે, તે બાર માસના વર્ષકાળ સવત્સરરૂપ છે; પ્રાણી માત્રને સારી રીતે સુખપૂર્વક એકત્ર વસવાના મુખ્ય સ્થાનરૂપ પણ તે જ છે. વળી તે વીર્યરૂપ છે અને વર્ષોના વર્ષો રૂપ પણ તેજ છે તેથી સવત્સર કહેવાય છે.

૫. સ્ત્રી. રાત્રિ. ક્ષણના એકમ રૂપ સવત્સર જ પ્રજાપતિ છે. સવત્સર અર્થાત્ વર્ષના બે માર્ગો છે: એક દક્ષિણાયન અને બીજો ઉત્તરાયણ. આત્માના પણ દક્ષિણ અને ઉત્તર એમ બે માર્ગો છે. એ બેમાં દક્ષિણ ગતિ ઉત્તર કરતાં કનિષ્ઠ છે

વેદ ચારમાં દીઠએ, તિથિમાં સાત મુકામ;
સાઠે સંવત્સર ધરો, ચક્રદ ધરી લેડાય.

બડમી

૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૭. પું. સમય; કાળ.

તેમાંથી ઋગ્વેદમ વદુ અથર્વ,
દીક્ષા દક્ષિણા અને સર્વ યજ્ઞો.
સવત્સરો ને યજમાન લે છે.
ઉદયતા સૂર્યચંદ્રો પવિત્ર.

મુંડકોપનિષદ

૮. પું. (પિંગળ) સત્તરીવું વર્ણનો એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં નગણ, રગણ, યગણ અને લઘુ મળી દસ, બીજા ચરણમાં બે તગણ અને ગગણ મળી નવ, ત્રીજા ચરણમાં નગણ, રગણ, યગણ અને ગુરુ મળી દસ તથા ચોથા ચરણમાં તગણ, ભગણ અને ગગણ મળી નવ અક્ષર હોય છે.

સંવત્સરચક્ર ન. સૈકારૂપી ચક્ર; સૈકારૂપી ઘટમાળ; વર્ષોરૂપી કૂંટમાળ.

ધનિષ્ઠા-શ્રવણના બિચે મહાભારતમાં કહ્યોય છે તેમજ ૬૦ અને ૧૨ વર્ષના બાર્હસ્પત્ય સંવત્સરચક્રનો આરંભ ધનિષ્ઠાથી થાય છે.

પુરાતત્ત્વ

સંવત્સર પ્રતિપદા સ્ત્રી. નવા વર્ષનો પડવો.

ચૈત્ર સુદિ પ્રતિપદા એ સંવત્સરના આરંભનો દિવસ કહ્યો. **સંવત્સર પ્રતિપદાને** આગલે દિવસે ઘર માંહેના દરદાગીના, હીરા, પન્ના એટલે રત્ન, ફૂલફળાદિ અને બીજા અનેક શોભાયમાન ચીજો દેવગૃહમાં વ્યવસ્થિત રીતે દેવના આસનની સામે ગોઠવવામાં આવે છે.

આર્યોના તહેવારનો ઇતિહાસ

સંવત્સર ફળ ન. વર્ષફળ. પંચાંગમાં સવત્સરનો રાજા કોણ? મંત્રી કોણ વગેરે? જ્યોતિષીને તેનાં ફળ કહેવામાં હોય છે. જેમકે, ચૈત્ર સુદિ પડવે જે વાર હોય તે રાજા, સૂર્યનું મેષસંક્રમણ જે વારે થાય તે મંત્રી, આર્દ્રા પ્રવેશ જે વારે થાય તે મેઘેશ; કર્ક, સિંહ અને ધન એ સંક્રમણો જે વારે થાય તે પ્રમાણે અનુક્રમે અબોદર, સેના અને પાકોતર પાક એ અંગેના અધિપ એવો નિયમ છે. અમુકનો સ્વામી અમુક હોય ત્યારે ફળ અમુક થાય એમ ઠરાવેલું છે તેમાં ચંદ્ર, બુધ, ગુરુ અને શુક્ર સારા ગ્રહ મનેલા છે; એમનાં ફળ સારાં હોય છે. બીજાનાં ફળ બહુ કરીને અશુભ હોય છે.

સંવત્સરી ૧. સ્ત્રી. પિતૃની તિથિ; મરણની તિથિ; વરસી; દર વરસે આવતી મરણતિથિ;

દર વરસે ઉજવાતો મૃત્યુનો દિવસ; મૃત્યુનો દર વરસે પળાતો દિવસ; સમયરી; છમછરી.

ર.મ ‘મરિલિ’ આવની કાલે પુત્ર્ય પિતાજીની સૈવત્સરી છે અને એક કલ્પ થઈ ગયો હોય તો પણ પિતરો તો નિયમન કિયા આદની અ.શા. રાખે. પ્રતિમાનાટક

૨. સ્ત્રી. (જૈન) આઠરવા મુદ્દિ પાચમ; પર્યુષણનો છેલ્લો દિવસ.

૩. વિ. બાર મ.સનુ.

સંવર્દ્ધિ [પ્રા.] સ્ત્રી. પુષ્ટજાપણ; વધારો; આબાદી.

સંવનન ૧. [સં. સમ્ (સારી રીતે) + વનન (યાચના)] ન. અ.ભોજન; જોવું તે; વિચારવું તે

૨. ન. તાબીજ; આદગિયુ

૩ ન પસદગી

૪ ન. પ્રેમની શરૂઆત; પ્રેમ કરવો તે

૫. ન. બોલવું તે; કહેવું તે

૬. ન. સમ પડેલ. સ્ત્રીને પ્રેમથી વશ કરવાનો પ્રયત્ન; પ્રેમથી છતી લેવાનો પ્રયત્ન; પરણવાની ઇચ્છાથી સ્ત્રીની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ; પ્રિયારાધન; અનુનય. સૌંદર્ય, વિભ્રમ, નૃત્ય, સંગીત વગેરે સવનનની ભૂમિકા કહેવાય છે. પુરુષનાં મજ્જ, બાહુ, છાતી આદિ જેમ શૌર્યની નિશાની ગણાય છે તેમ સ્ત્રીમાં કેશ, કુચ, કટિ આદિ સૌંદર્યની નિશાનીઓ છે. આ શૌર્ય અને સૌંદર્ય સંવનનમાં મુખ્યત્વે કરીને બહુ અગત્ય પડતો ભાગ ભજવે છે. હજુ સુધી વિદ્યા, સંસ્કાર અને સદ્ગુણ સંવનનમાં ઓટલાં કારમાં નીવડતાં નથી એ ખરું પણ વિદ્યાસસ્કૃતિના આ નૂતનયુગમાં સંવનનની એવી કોઈ નવી ભૂમિકા સ્વતઃ રચાશે એવી આશાઓ બધાય છે. સંવનન એ તો સૃષ્ટિના સંવર્ધનની મુખ્ય ક્રિયા છે અને તે માત્ર એકલી મનુષ્યજાતિમાં જ અગત્યનો ભાગ ભજવે છે એમ નથી; સંવનન તો પશુ, પંખી, જીવજંતુ આદિ નાનાં મોટાં પ્રાણીમાત્રમાં વંશવૃદ્ધિની અગત્યની પ્રથમ ભૂમિકા રજૂ કરે છે. સિંહ, ભોર આદિ તીવ્ર કામ.ભિવાળા નરને સુશોભિત કરીને સિંહણ, ઢેલ આદિ મદદામાભિલાષી મદાને વંશવૃદ્ધિ માટે સંવનન નિમિત્તે આકર્ષવાનો કુદરતનો પ્રબંધ અભ્યાસનીય છે. નાનાં જીવજંતુની સંવનન ક્રિયા પણ કોઈ વાર જોવા જેવી હોય છે. કોઈ એવી અનુકૂળ ઋતુમાં આપણે રંગબેરંગી પતંગિયાં, કુલકણ, ઝાડપાન કે વાડવેલા ઉપર અદીથી તદ્દી ઊડીને બેઠી વાર બેસી ને વળી પાછા ઊડીને એકબી બીજે સ્થળે મસ્ત બનીને એકબીજાની પાછળ ભમતાં જોઈએ છીએ. આવાં ભમણો કંઈ નિરર્થક નથી; એ તો છે પતંગિયાંના જીવથી યે અજાણ્યાં સવનનો! સ્ત્રીપુરુષોનાં સંવનનોમાં જેમ સૌંદર્ય અને શૌર્ય અગત્યનો ભાગ ભજવે છે એમ આ પતંગિયાંઓમાં પણ રૂપ, રંગ ને ગંધ એ સંવનનમાં અગત્યનો ભાગ ભજવે છે. દરેક જાતનાં પતંગિયાંને સંવનનની જુદી જુદી રીતો હોય છે. નાદેખી રંગનાં પતંગિયાં કદી ઝડપથી દોડતાં નથી. નર પતંગિયું માદા પતંગિયાની પાછળ ઘણુંજ અંતથી પડે છે અને એક ઠાળ ઉપર બેસીને માદાની રાહ જુએ છે. બંને જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી માદા પતંગિયું પણ ઊડતું નથી બેનેસા જાતનાં પતંગિયા સવનનની શરૂઆતમાં ખૂબ ઊંચે ઊડે છે તેથી તેઓમાં ઉત્તેજના વધે છે. જ્યારે પતંગિયાં નીચે ઊતરે છે ત્યારે તેઓ મોટે ભાગે ઠાળ કે છોડ ઉપર બેસે છે તે પાંખ ખુલ્લી રાખીને સૂએ છે અને સાંજ વખત સુધી પડી રહે છે. તરતજ નર પતંગિયું દોડી આવે છે અને માદાના શરીરને પંપાળવા માંડે છે માદાને આ ગમશે નહિ તો દોડી જશે અને જો ગમશે તો માદા શાંત રહેશે અને ધ્રૂજતી પાંખો સાથે સંવનનનો ઉપભોગ કરશે. જ્યારે સંવનનની શરૂઆત થાય છે ત્યારે બે પતંગિયાં એકબીજાની ઓટલાં બધાં નીકટ આવે છે કે જાણે તેઓ અદશ્ય તાંતણાથી બંધાએલા હોય! પતંગિયાંઓ એકબીજાને જોવાથી આકર્ષાય છે પરંતુ સંવનનમાં ગંધ પણ અગત્યનો ભાગ ભજવે છે. તેઓ એક સ્થળેથી બીજે સ્થળે ઊડીને અને એકબીજા જગ્યાએ ઘડીક સાથે ઘડીક જુદાં એમ બેસતાં બેસતાં નરમાદા એકબીજા પ્રત્યે આકર્ષાય છે. કોઈ કોઈ વાર તો એક માદા પાછળ એકથી વધુ નર ઊડે છે; પણ છેવટે તેમાંથી કોઈ એક નરને માદા પસંદ કરે છે ને પછી એ પસંદ કરેલ નર સાથે પોતાનો મેળાપ થવા દે છે; જો કોઈ પસંદ ન કરેલ હોય એવો નર પાસે જોવા આવે છે તો માદા ત્યાંથી ઊડીને બીજે ચાલી જાય છે. કોઈ કોઈ નર માદા તો બહુ બહુ ઊંચે એકસાથે ઊડીને પછી પાછાં નીચે આવીને એકબીજાને પસંદ કરે છે. જીવસૃષ્ટિની વંશવૃદ્ધિ કરવા માટે સ્ત્રી અને પુરુષનો સવનન સમો સંયોગ કરાવવા માટે કુદરતે ફૂલો આદિમાં વિવિધ પ્રકારનાં રૂપ, રંગ અને રસ પૂરેલ છે. પુષ્પનાં આ રંગો, રૂપો ને રસો પ્રભુએ કંઈ આપણા માટે સરજ્યાં નથી; એ તો સરજ્યાં છે જીવસૃષ્ટિની સંવનન ક્રિયા અર્થે: પુષ્પોનાં રૂપ, રસ ને ગંધના આકર્ષણને લીધે દૂર દૂર રહેલો ભમર પુષ્પ પાસે દોડી આવે છે અને ગુંજારવ કરી તેનો ઉપભોગ કરે છે. આવો ઉપભોગ કરતાં તેના હલનચલનથી પુંકેસર અને સ્ત્રીકેસરનો સવનન સમો સયોગ થાય છે અને તેના પરિણામે ફળ, બી વગેરે ઉત્પન્ન થાય છે પુષ્પ પાસે સૌ કરતાં વધારે વાર મધમાખ આવતી મનાય છે. મધમાખી પુષ્પને કોઈ અજબ રીતે રંગ ઉપરથી શોધી કાઢે છે. તે વાદળી રંગનાં પુષ્પને સૌથી વધારે પસંદ કરે છે અને પીળા રંગનાં પુષ્પની પસંદગી બીજે નંબરે આવે છે. કુદરતે જેવી ગંધ બક્ષવા કરવાની તેની ઘ્રાણેંદ્રિય તીવ્રતમ ન હોઈને તે રંગો ઉપરથી પુષ્પોને પારખી કાઢે છે અને ત્યાં જઈ ને પછી રસ ચૂસતાં ચૂસતાં પગ ને પાંખોના હલનચલનથી પુંકેસર પુંકેસરનો સયોગ થઈ જાય છે. આવી જ રીતે વાયુ પણ સ્ત્રીપુંકેસરનો સયોગ કરાવવામાં કારણભૂત બને છે. કોઈ કોઈ વાર માણસે પણ સ્ત્રીપુંકેસરનો સયોગ કરાવવા માટે પ્રયાસ કરવો પડે છે. માખીઓ વગરે જે વાર પીચનાં ફૂલો ઉપર પીંછીઓ ફેરવી સ્ત્રીકેસર પુંકેસરનો સંયોગ કરાવે છે. કેમકે, ત્યાં કોઈ એવાં જંતુઓ આવતાં નથી. જાવાની અંદર વેનિલાની વાવણી કરવામાં આવી ત્યારે ત્યાં મધમાખો જેવાં જંતુઓ આદિ ન હોતાં; તેથી જ્યારે તેનાં પુષ્પો ખીલતાં ત્યારે કોઓ જઈ ને સ્ત્રીકેસર પુંકેસરનો સંયોગ હાથે કરાવતી એક દિવસમાં આવાં ૩૦૦૦ પુષ્પનાં સ્ત્રીપુંકેસરનો સંયોગ કરાવી શકાતો. જેને પરિણામે તેમાંથી ફળી અને બીજ થતાં.

વેદકાળમાં સ્ત્રી પોતાને મનપસંદગીનો વર પણ જેમણી શકતી, તેમજ વળી તે સમયમાં સંવનન (courtship)ની પ્રથા પણ ભારતવર્ષમા પ્રચલિત હતી એમ કેટલાક ઋગ્વેદના મંત્રો પરથી સ્પષ્ટ સમજાય છે. કૌમુદી

૭. ન. વશ કરવું તે; વશીકરણ.

સંવનનકાળ પું પ્રેમ કરવાનો વખત.

બાપાજીનું એમ કહેવું હતું કે, પૂરતી કમાણી વિના ઘરબાર માથે ન લેવો, માટે સંવનનકાળ એમ થાઓ હોય તેમ સારું.

કેશવપ્રસ.દ દેસાઈ

સંવર ૧. પું. (જૈન) અપ્રતિક્રમ.

ઘાતિકર્મનો ક્ષય થયા પછી અઘાતિકર્મ અથવા સંવરનો અભ્યાસ કર્યા પછી અને શેષ કર્માશોનો નિર્જરા વડે ક્ષય થયા પછી જીવને જે સ્વભાવસિદ્ધ સુખ પ્રકટ થાય છે તેને મોક્ષ કહે છે.

અણુભાષ્ય

૨. પું. આચ્છાદન; ઢાંકણ.

૩. પું. ઇંદ્રનો એ નામનો એક શત્રુ.

૪. પું. એ નામનો એક દૈત્ય.

૫. પું. એક જાતનું માળવું

૬. પું. એક જાતનો મૂગ.

૭. [સં. સમ્ + ૃ (અટકાવવું)] પું (જૈન) નવાં કર્મને આવતાં રોકવાં તે; કર્મનો આત્મામા પ્રવેશ થતો અટકાવવો તે; આવતાં શુભાશુભ કર્મને અટકાવવાં તે; આવતાં કર્મને રોકવાં તે; અનાગમ કર્મનો આત્માની સાથે સંબધ ન થવા દેવો તે; આસ્રવને અટકાવવુ તે; આસ્રવનિરોધ; કર્મનિરોધ; નવ માહેનુ એક તત્ત્વ. ભગવાન મહાવીરે પોતાની મીમાંસામા ય તત્ત્વ અને ચારિત્રને સરખું જ સ્થાન આપ્યું છે, તેથી જ તેમની તત્ત્વમીમાંસા એક બાજુ જીવ, અજીવના નિરૂપણ દ્વારા જગતનુ સ્વરૂપ વર્ણવે છે અને બીજી બાજુ આસ્રવ, સવર આદિ તત્ત્વોને વર્ણવી ચારિત્રનું સ્વરૂપ દર્શાવે છે. કોઈ મતે સંવરો પાંચ કે સાત પણ મનાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ સવરો છે. યોગસૂત્રમાં તેને યમ પણ કહે છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તત્ત્વો છે. તત્ત્વાર્થસૂત્ર

૮. પું. બાહ્યપ્રવૃત્તિમાંથી પરાવૃત્ત થઈ આત્માભિમુખ થવું તે.

૯. પું. મન, વચન અને કર્મનુ નિયમન કરવું તે.

૧૦. પું. (પિંગળ) માત્રાથી પિંગળ પ્રમાણે ઉલ્લાલ છંદની જાતનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૧૧ ગુરુ, ૩૪ લઘુ મળી ૪૫ વર્ણની ૫૬ માત્રા હોય છે.

૧૧. પું. (વેદાંત) વિષયાભિમુખ પ્રવૃત્તિને રોકનારા જે યમનિયમાદિક તે.

૧૨. પું. (જૂ. ગુ.) સ્વયંવર.
દ્રોણ મેખની સોદરા રે,
સંવર મંડપ તાહો રે.
આનંદકાવ્યમહોદધિ

૧૩. ન. પાણી.

સંવરણ ૧. પું. (પુરાણ) સોમવંશીય અજમીઢપુત્ર ઋક્ષનો એ નામનો દીકરો. તેને તપતી નામની સ્ત્રીથી કુરુ નામે પુત્ર થયો. પાંચાળના લોકોએ તેને હસ્તિનાપુરમાંથી નસાડી મૂક્યો અને સિંધુ નદીની ઝાડીમાં તે સંતાઈ રહ્યો. જ્યારે વસિષ્ઠ તેના લોકો સાથે ભાળી ગયા ત્યારે તેઓએ પોતાનો પ્રદેશ પાછો મેળવ્યો.

૨ ન. અટકાવ
આખમાંના બેચાર આસુ મહામામાને બ્હા પડ્યા, લક્ષ્મીએ મનને ઘણું રોકવુ પણ તે **સંવરણ** કરી શકી નહિ. ગુજરાત

૩. ન. (જૈન) આસ્રવનાં પચ્ચખાણ કરવાં તે.

૪ ન ચૂંટણી.
પ્રથમ પરિષદ મળી તે વખતે પ્રમુખ સ્વ. ગોવર્ધનરામભાઈની પસંદગી કાર્યકર્તાઓએ શુદ્ધ પસંદગીને ધોરણે જ કરી હતી. તેમાં **સંવરણ** (election)નુ તત્ત્વ નહોતુ. ગુ. સા. પરિષદ

૫. ન. ઢાકણ; રક્ષણ

૬. [સં. સમ્ + ૃ (ઢાંકવુ)] ન હોંશ.
સંવરણ શબ્દ સંસ્ કૃ (ઢાકવું એ ધાતુમાથી આવેલ છે જ્યારે શબ્દ માયાના અર્થમા વપરાય છે માટે હોંશ અર્થ માટેય વિચાર કરતા પણ યોગ્ય લાગે છે.
કૌટિલ્યનું અર્થશાસ્ત્ર

૭. ન. સકોચ.

સંવરણી સ્ત્રી. પસંદગી.

સંવરભાવના સ્ત્રી. (જૈન) આત્માને લાગતાં કર્મને શુભ પ્રવૃત્તિઓથી અટકાવી સક્રમ તેવું ચિંતવન; બાર માહેની આઠમી ભાવના; જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવા કર્મ બાંધે નહિ તે

સંવરવું ૧. [સં. સમ્ (સાથે) + ૃ (ઢાંકવુ)] સ ક્રિ. આવરવું; ઢાંકી દેવું; ઘેરવુ.

૨. સ. ક્રિ. કબજે કરવું; કાબૂમાં રાખવું; રોકવું; દબાવવું, નિગ્રહ કરવો.
કૂર્મે અંગ વણી પરિકરઈ,
ઋષિ ઇદ્રી પાછી **સંવરઈ**. જીમ

૩ સ ક્રિ પાડુ ખેંચવુ; પાડુ વાળવુ

૪ સ ક્રિ અપમાન કરવુ
એવું કહીને ભાઈ **સંવર્યુ**,
આખો સભા ભોભરે. સામળભટ્ટ

૫. સ. ક્રિ. સમેટવું; આટોપવું.
કલિ કહે રા' હું રાખ્યો હું દમયંતીએ આપ;
પાત્ર પડું છું, લેપ **સંવરો**, કીર્તિ કરશુ પ્રકાર
ભાલણ

૬. સ. ક્રિ. સભારવું; યાદ લાવવુ.

૭. સ. ક્રિ. સહાર કરવો; નાશ કરવો; લય કરવો.
સરજે રે પાળે રે, વળી **સહુ સંવરે** રે.
છોટમભાણી

સંવરુ પું. (પિંગળ) વિલમીની જાતનો એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૨૨ લઘુ અને ૬ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

સંવર્ગ પું. સસાર સંયોજન; એકસપો થવું તે.

સંવર્તિકા જુઓ સંવર્તિકા.

સંવર્ત્ત ૧. પું. એ નામના એક સ્મૃતિકાર ઋષિ; ધર્મશાસ્ત્ર રચનાર ઋષિઓમાના એક ઋષિ. મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તમ્બ, સવર્ત્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠ એ સર્વ ધર્મશાસ્ત્રના રચનારા છે અર્થાત્ આ સર્વ ઋષિઓએ બનાવેલી સ્મૃતિઓને ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે

૨. પું એક પ્રકારનો મેઘ; વાદળોની એક જાત.

૩ પુ. કર્પટલ વૃક્ષ; બહેડાંનું ઝાડ. આ ઝાડ ઘણું મોટું અને ઘણાં વર્ષની આયુષ્યવાળુ હોય છે. બીજાં ઝાડની માફક તેનાં પાંદડાં ખરી જતાં નથી, જેથી તે સદાય એવુ ને એવું રહે છે.

૪. પું. (પુરાણ) ચાક્ષુ મન્વતરમાના અંગિરા ઋષિના આઠ માંહેનો સાતમો પુત્ર. નારદના કહેવાથી મરુત્ત રાજાએ તેને પુરોહિત તરીકે વરીને મોટો યજ્ઞ કર્યો હતો.

૫. પું. જગનુ પ્રલય.

૬. પુ પ્રલય.

૭ પું. પ્રલયકાળ.

૮. પું. (પુરાણ) પ્રલયકાળના સાત માંહેનો એ નામનો એક મેઘ.

૯. પું. બહેડાં.

૧૦. પું. મેઘરાજા; મેઘનો એક નાયક.

૧૧. પું. (પુરાણ) સ્વાયભુ મન્વતરમાના બ્રહ્મા માનસપુત્ર અંગિરા ઋષિના ત્રણ માંહેનો ત્રીજો દીકરો. તેણે જ્યાં તપ કર્યું હતું તે સ્થાનનું નામ સવર્ત્તવાપી પડ્યું છે

૧૨. ન. એક પ્રકારનુ ઘાસ અને.

૧૩. ન. ભયોથી ત્રાસેલાં કુટુંબ આવીને રહે તે સ્થળ

૧૪. ન. મુખ્ય અઢાર માહેની એ નામની એક સ્મૃતિ.

સંવર્ત્તક ૧. પું. એ નામના એક મહાન ઉપાસક.

૨. પું. કર્પટલ વૃક્ષ; બહેડાંનું ઝાડ.
અક્ષ વિભીતક કર્પટ્ટ **સંવર્ત્તક** કલિદ્રુમ,
ભૂતાવાસ બહેરમા તરી ચાર મૂલચક્ષ.
પિંગલપ્રકાશ

૩ પું. બહેડા.

૪ પું. બળરામ

૫. પુ. બાર માંહેનો એક મેઘ.

૬ પું. વડવાનલ; એ નામનો એક અગ્નિ.

૭. પું. સહારકારક વાયુ; તોફાની વાયુ; વાવાઝોડું

૮. પું. સ્થૂલપર્યાપ્ત વાયુ કાયના જીવનો એક પ્રકાર.

૯. ન. પ્રલય કરનારું એ નામનું એક અસ્ત્ર.
સર્વ નામના રાજેનું ધરી,
સાથે **સંવર્ત્તક** અસ્ત્ર કર સાર પ્રેમાનંદ

૧૦. ન બળરામનુ હળ.

સંવર્ત્તકયોગ પું. (જ્યોતિષ) એ નામનો એક અશુભ યોગ; સવર્ત્તયોગ.

પડવો કે ત્રીજ ને બુધવાર હોય, સાતમને રવિવાર તથા રવિવાર હોય, છઠ્ઠને શુક્રવાર હોય, બીજને શનિવાર હોય તો **સંવર્ત્તકયોગ** જાણવો. જ્યોતિષસાર

સંવર્ત્તકાગ્નિ [સં.] પું. પ્રલયકાળનો અગ્નિ.

સંવર્ત્તકાગ્નિએ કરી ચૌદ સૃષ્ટિ બાળી રાખ. પ્રેમાનંદ

સંવર્ત્તતીર્થ ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

સંવર્ત્તન ૧. ન આજુબાજુ કરવું તે.

૨. ન. લડાઈમાં હાથીની એક દિલચાલ; હાથીને પાછો ફેરવવાની ક્રિયા. જેમાં કે, સાર્ધ જવુ, આડા ઓળંગવા વગેરે.

સંવર્ત્તવાપી ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ. અહીં સવર્ત્ત ઋષિએ તપ કર્યું હતું તે ઉપરથી આ નામ પડ્યું છે.

સંવર્ત્તિકા ૧. [સં.] સ્ત્રી. દીવાની શિખા; દીવાની જ્વાળ.

૨. સ્ત્રી. નવું પાદડું.

૩. સ્ત્રી. પદ્મ વગેરેના કેસર પાસે ઊગેલું પાંદડું; કમળનું નવું પાદડું.

સંવર્દક ૧. [સં.] વિ. ઉછેરનાર.

૨. વિ. પોષક; આબાદ કરનાર.

ગામને **સંવર્દક** વિશાળ મનની જરૂર છે, ને તેની સાથે જ સંરક્ષક મર્યાદાની પણ જરૂર છે. ગિજુભાઈ

૩. વિ. વધારનાર; વૃદ્ધિ કરનાર.

૪. વિ. સમાન કરનાર.

સંવર્દન ૧. [સં.] ન. ઉછેર; ઊંડી મોટું કરવું તે; પાળીપોષી મોટું કરવું તે; પોષણ કરવું તે; પાલન; પોષણ.

પૃથ્વીનું પાલન-**સંવર્દન** કરે તે ભૂપતિ. તત્ત્વાર્થસૂત્ર

૨. ન. પ્રોત્સાહન.

૩ ન. વધારવું તે.

૪. ન. વિકસવાપણું.

હૃદયનું **સંવર્દન** બાધથી નહિ પણ વિચારથી થાય છે. કેશવકૃતિ

૫. ન. વૃદ્ધિ; વધારો; વધવું તે; અંકુરિત થવું તે; સંવૃદ્ધિ.

બાધા ઉત્પન્ન થઈ ત્યારથી તે આજ સુધીમાં તેનું કેવી રીતે **સંવર્દન** થયું. પ્રસ્થાન

૬. ન. સ્વાગત; આદરાતિથ્ય.

સંવર્દનાત્મક વિ. જેમાં વૃદ્ધિ મુખ્ય હોય તેવું.

તેના કરતાં **સંવર્દનાત્મક** કાર્યોમાં જેનું અસ્તિત્વ હોય તેનું જ સંવર્દન કરવાનું. મણિશંકર રત્નજી

સંવર્દિત ૧. [સં. સમ્ (બોલું ચવુ)] વિ. ઉછેરેલું; મોટું કરેલું; ઊછરેલું.

૨. વિ. ચડાવેલું.

૩. વિ. વધેલું જતું.

પણ સામાન્ય કૈવલ્યથી બાળકના જીવનને **સંવર્દિત** કરવાને બદલે જ્ઞાનની આગળ બાલ્યાવસ્થાનું બલિદાન આપે છે મણિશંકર રત્નજી

૪. વિ. વધારેલું; વધેલું.

૫. વિ. સંવૃદ્ધ થયેલું.

સંવર્ધન જુઓ સવર્દન.

સંવર્ધમાન વિ. આગળ વધતું; સવર્દિત થતું.

સંવર્ધવું સ ક્રિ. સવર્ધન કરવું

સકોરી **સંવર્ધી** જ દિવ્ય વહ્નિ. નરસિંહરાવ

સંવલ ૧. ન. એ નામનું એક વાદ્ય.

૨. વિ. સંબલ; સબળ; મોટું.

વિમળી વેરમા સાબળ વાત,
તારે છે કંઈ **સંવલ** ખાત. નાકર

સંવહન ૧. [સં.] ન. વહન કરવું તે; લઈ જવું તે.

૨. ન. વહન થાય તેમ કરવું તે; વહેવડાવવું તે.

સંવાદ ૧. [સં. સમ્ (સારી રીતે) + વાદ (બોલવું તે)] પું. એકમત થવું તે.

૨. પું. એકરાગ હોવો તે; મેળ; સંવાદિત્વ.

સર્વ પ્રજાઓને અને આડલિક રાજાઓને સાચવનાર ચક્રવર્તીના સામ્રાજ્યના અમે તંતુ અંશભૂત છીએ અને એ મહાન યંત્રના આપણે ચક્ર છીએ. એ ચક્રોની ગતિમાં પણ **સંવાદ** થવો અવશ્ય છે. સરસ્વતીચંદ્ર

૩. પું. ગાયા

જ્ઞાનપ્રધાદિ ગ્રાહ્યોમાં જે પ્રયોજનવશે ગ્રાહ્યવસ્તુ જનકના **સંવાદ**, ગાર્ગી તથા મૈત્રેયી આદિના સવાદ કહેવા છે તેને ગાથા કહે છે

ઋગ્વેદાદિભાષ્ય

૪. પું. તકરાર; સામસામી બોલચાલ; પોતપોતાના મતના ખરાપણાની હઠ; વાગ્યુદ્ધ.

૫. પું. નવીન અખબર કહેવા તે.

૬. પું. નાટકસાગા વિનાનું નાનકડું નાટક; ' રેડિયો સ્કિટ '.

સંવાદ એટલી ગતિમય નહિ પણ સ્થિર નાટક મુ. સા. પરિષદ

૭. પું. મનુષ્યોનો સારી રીતે નિર્ણયપૂર્વક પરસ્પર વાદ કે આપ્યું

૮. પું. વર્ણન; ઇતિહાસ

૯. પું. અખબાર.

૧૦. પું. (સંગીત) સર્વ સ્વરોનો એક રાગમાં લય, એકતા

બે વચ્ચ ટોળીઓમા બજન ચલાતાં હતાં અને સાથે ગુજરાતી સામજ અને એકતારાના સ્વરનો **સંવાદ** થતો હતો. સરસ્વતીચંદ્ર

૧૧. પું. સામસામે સવાલજવાબ ચલાવવા તે; વાદ, સંભાષણ; વાતચીત; વાદવિવાદ; ચર્ચા; ' ડાયાલોગ '.

ગુજરાતી જબાનના કેટલાક સર્વોત્તમ સંવાદો સંગ્રહમા લેવામાં આવે છે. તેમાંના **સંવાદ** તોરલ (કલાપી), હલદીઘાટ (નાનાલાલ કવિ), શિવાજી અને તાનાજી (સાગર), પ્રતાપ અને આમલ્લ (કેરાવ હ. મુખ) તથા સિદ્ધરાજ અને જયમા (પ્રેમાનંદ) એટલા નાટ્યતત્ત્વ ધારણ કરનાર ભાષાત્મક રીતીના છે અને સિદ્ધાર્થ અને રાહુલ તેમજ રાણો કુભો અને મીરા (કલા), પુરુરવા અને ઉર્વશી (નરસિંહરાવ) તથા વર અને વધૂ (મો. કાલેલકર), એ ચાર મુખ્યતઃ ચર્ચાત્મક રીતીના **સંવાદો** છે. મુ. સા. પરિષદ

સંવાદકાર પુ. વાદવિવાદમાં કુશળ.

આચાર્ય આનંદશંકર ધ્રુવ નથી કવિ કે નથી **સંવાદકાર** કે નાટકકાર. કૌમુદી

સંવાદન ન. (જૈન) બે વચ્ચે ભેદ દૂર કરાવી એકતા કરાવવી કે આડે રસ્તે જતાને સારે રસ્તે ચઢાવવું તે.

સંવાદપત્ર [સં.] ન. સમાચારપત્ર; વર્તમાનપત્ર.

સંવાદભ્રમ પું. (વેદાંત) સહજ પ્રવૃત્તિને ઉત્પન્ન કરનાર ભ્રમ. જેમ રત્નને દૂરથી જોઈને એકને રત્નમાં દીવાનો ભ્રમ થાય છે અને બીજાને રત્નનો ભ્રમ થાય છે. તેમાં પહેલાનો વિસંવાદી અને બીજાનો **સંવાદી** ભ્રમ છે.

સંવાદલેખન [સં.] ન. બે અથવા વધારે વ્યક્તિઓ વચ્ચેની વાતચીત સબધીનુ લખાણ; યથાલિખનરૂપ ' ડાયાલોગ '.

સંવાદાત્મક [સં.] વિ. સવાદરૂપ.

ગીતાની પદ્ધતિ **સંવાદાત્મક** હોવાથી એક જ વિષય પ્રસગાનુસાર જેટલો એક કેહ્યો તો એટલો બીજે કેહ્યો કહેલો છે. ગીતારહસ્ય

સંવાદિત વિ. સમસ્વર; સમતરંગી.

સંવાદિતા ૧. સ્ત્રી. સામ્યતા; અનુરૂપતા; અવિરોધ; પરસ્પર મેળ; સંવાદ; સમતોલન

પદાર્થ અને પદાર્થ વિષયક જ્ઞાનની અનુરૂપતા—**સંવાદિતા**, તે સત્ય. સત્યમીમાંસા

૨. સ્ત્રી સુસ્વરતા., સ્વરમાધુર્ય; સ્વરમેળ; સ્વરૈક્ય, સ્વરસગ, સંવાદીપણું. ' હાર્મની '.

જ્યાની ભાષામા અર્થ છે કે કવિતા પ્રાસરહિત હોય તો પણ તેમાં **સંવાદિતા** તો જોઈએ જ. ' કુમુદ '

સંવાદિત્વ ૧ ન એકરાગપણું.

અન્ય આર્ટમાં રાઇમાનની સંપૂર્ણતા અને સમમનુ **સંવાદિત્વ** કેટલે અંશે કલાકારની સિદ્ધહસ્તતાનો પરિચય કરાવે છે. પુરાતત્ત્વ

૨. ન. મેળ, સંવાદ, ગુમ્ફણા, સ્વરૈક્ય; સ્વરમેળ

૩. ન વિવાદનું સ્થાન; સત્યનું કારણ.

સાગરમંથન રૂપી પ્રકૃતિની મથામણ અને તેના ઉપર રાજ ચલાવનારી પુરુષની સહ સુકુમારતા, બંનેનો વિશેષ અનેક **સંવાદિત્વ** ધારણ કરે છે. રવિશંકર રાવળ

સંવાદિમેદી સ્ત્રી. (સંગીત) આકાશવાણી, ઑલ ઇન્ડિયા રેડિયો; 'ઑર્ગેનિક પ્રોગ્રેશન.'

સંવાદી ૧. [સં સમ્ (સાથે) + વદ્ (બોલવું)] + ઘિન્ (વાળું)] પું. (સંગીત) એક પ્રકારનો સ્વર; વાદી સ્વરથી પાંચમો અને ચોથો સ્વર; વાદી સ્વર સાથે વિશેષ સંબંધ રાખનાર શબ્દ; સ્વરોના વાદી, સંવાદી, વિવાદી અને અનુવાદી એવા ભાગ પડેલા છે તેમાનો એક ભાગ; રાગમાં વૈવિધ્ય લાવી એને મદદ કરે તે સ્વર; જે સ્વર કરકોઈ રાગ રાગણીમાં વાદી સ્વર સાથે બોલાતો હોય અને તેથી રાગનું રૂપ વિશેષ પ્રકારનું થતું હોય તે સ્વર. જે સ્વરના ઉપયોગથી રાગના સ્વરૂપ ઉપર વિશેષ પ્રકાશ પડે તેને સંવાદી સ્વર કહે છે જેમકે, રાગમાં ષડજ સ્વર વાદી હોય તેમાં મધ્યમ અથવા પંચમ તેનો સંવાદી થાય છે. સંવાદીનો ફરજનો પ્રધાન જેવો છે

વાદી સ્વરની સાથે જે સ્વરો બની જાય અને બંનેનું ઐક્ય થાય તેવા સ્વરો તે વાદી સ્વર સાથે સંવાદન કરનારા હોવાથી તેમને **સંવાદી** કહે છે. મુ. સા. પરિષદ

૨. વિ. તાલબદ્ધ; લયવાદી; સાદમાં મેળવાળું; એકરૂપ; અનુકૂળ; એકરાગવાળું, વિરુદ્ધ નહિ એવું

દ્વિપદ જાતની પ્રકૃતિ **સંવાદી** Rhythmical એક પદની ગતિ હશે. મુ. સા. પરિષદ

૩. વિ વાદવિવાદ કરનાર; તકરારી.

૪. વિ. પ્રવાદ કરનાર; ઉત્તર કે જવાબ આપે તેવું.

સંવાદીપણું ન. (સંગીત) એક સ્વરને બીજા સ્વર સાથે અનુકૂલતા હોવી તે.

સંવાદીભ્રમ પું ચાર માત્રાના એક પ્રકારનો ભ્રમ; મળતો આવે એવા ભ્રમ; અનુકૂલ ભ્રમ; ભ્રમને ખરો માનવાથી પ્રાપ્ત થતા અર્થ સિદ્ધિ થતી હોય તે.

ભ્રમોના પ્રકારમાં આ ભ્રમ છે એવું જ્ઞાન થયું તે **સંવાદીભ્રમ**. સિદ્ધાંત દર્પણ

સંવાદી રૂપાંતર ન. વિશેષ.

આ અનુમિતિઓમાં આપણે આગ એ વિસંવાદીમાંથી એક ભર્યું અને બીજું ખોટું; અને ધોરાનો વાતનો સમાવેશ થાય છે એટલું જ ફક્ત્રીમ ફીમ્બ ત્યારે દરામાં **સંવાદી રૂપાંતર** કરીશું અને જે વિસંવાદીમાંથી એક ભર્યું અને બીજું ખોટું હોય એ જ્ઞાન જ બીજું પ્રમાણ છે એમ કરીશું. રામનારાયણ પાઠક

સંવાદી શ્રુતિ સ્ત્રી (સંગીત) જે બે શ્રુતિઓની વચમાં ૯ તથા ૧૩ શ્રુતિઓનું અંતર હોય તે બને શ્રુતિ

સંવાદી સ્વર પું (સંગીત) એક જાતનો સ્વર સ્વરોના વાદી, સંવાદી, વિવાદી અને અનુવાદી એવા ભાગ પડેલા છે જુઓ સંવાદી ૧

સંવાય [સ. સમવાય] ન. સમવડ; ટોળું; જથ્થો; સમૂહ.

તીર્થે બહાવા જાવાને બહાનું.
બહા લોકોનો **સંવાય**. પ્રેમાનંદ

સંવાર ૧. [સં.] પું (આકરણ) સિદ્ધાંતમંજરી પ્રસિદ્ધ વર્ણોના ઉચ્ચારણમાં કંઠ અને હોઠના સંકોચરૂપ એક જાતનો બાહ્ય પ્રયત્ન; અક્ષરનો ઉચ્ચાર કરવાના બાહ્ય પ્રયત્નના અગિયાર પ્રકારોનો એક વિવાર, ઉચ્ચારણનો એક બાહ્ય પ્રયત્ન. તેમાં કંઠનું આકુંચન થાય છે

વર્ગીય ત્રિજા અક્ષ અક્ષરો, ય, ર, લ, વ તથા ક્ષ, ત્ર, જ્ઞ, શ, ષ, સ, હ, ળ અને સંયોગ પ્રયત્ન ન થતો હોય તે અક્ષરો, પ્રિય અને સરળ કહેવાય છે. બૃહદ્ ભાષારત્ન

૨ પું નાકોરાં, ફૂંફાડવું તે, રાડવું તે, સંકોચવું તે

૩ વિ ઓછું નીચું કરવું.

૪ સ્ત્રી દાઢી ઉપરના વાળ.

૫ બા પાપ અટકાવવું તે

૬. સ્ત્રી સુધારવું તે

સંવારવું ૧. સ ક્રિ. ઓળવું, ચૂપવું

૨. સ. ક્રિ. ચોખ્ખું કરવું, સાફ કરવું

દુશ્મનોના લોહીથી નીકળતા ઢગ પ્રવાહ **સંવારતા** ઝાંસી રાજ્યની પોતાની રાજધાની પાસે આવીને ઘોડા પર બેઠા. સરદેસાઈ સમગ્ર

૩ સ ક્રિ. બાંધવું, રૂંધવું

૪ સ ક્રિ. સાચવવું

સંવાર્ય ન. (સંગીત) તાલ પ્રમાણે ગાવા માટેનું ગીત નામનું બીજું પ્રકરણ.

સંવાસ ૧ [સં.] પું. ઘર

૨. પું રાજ્યના રહેવાસીઓનો ગણેશ બજાર ઉઘાડા મળવાનું એક ખુલ્લું સ્થાન.

૩. પું સહવાસ, સાથે નિવાસ.

સંવાસિત વિ સંસ્કાર પામેલું.

જૈન મતથી આત્મા **સંવાસિત** કર્યા પણ શાલ ઉપાય સત્ય છે. મણિલાલ નભુભાઈ

સંવાહ ૧. [સં] પું. અંગનું મર્દન એટલે ચંપી કરનાર ચાકર.

૨ ન , વહન કરવું તે; માલસામાનનો વેપાર

સંવાહક ૧. પું અંગમર્દન કરનાર સેવક; હજીર ચાકર

૨. [સં. વિ. સારી રીતે વહન કરનાર.

ત્યારે ગુજરાતી ભાષાકોકીના પિતા તથા ગુજરાતની નવી કવિતાના આદ્ય **સંવાહક** નવલની જયંતીને દિને આપણે બીજું શું કરીશું? ન્હાનાલાલ

૩. વિ. સંવાહન કરનારું

સંવાહક જ્ઞાનતંતુ પું મગજનો તંતુ, પહોંચાડનાર જ્ઞાનતંતુ

સંવાહન ૧. ન. અંગમર્દન; ચંપી; અંગ દબાવવાં તે; થાકેલ અથવા અકડાઈ ગયેલાં અંગને ચોળવા તે.

સાજે ગયેલા ચેતનને પાછું લાવવા માટે **સંવાહન** કરી ગુરુએ તેને ઉદ્દેશીને કહ્યું, પાછો તેજસ્વી થા. અભિનવ કાવ્યતત્ત્વ

૨. [સં. + વહ્ (લઈ જવું)] ન. ઓઝલ ઉપાડી જવું, તે, ઊંચકી કાંધ પર લેવું તે, વહન કરવું તે કાંધ પર લેવું તે

સંવાહન ક્રિયા ન મગજ; અંગમર્દન, ચંપી પ્રાચીનકાળમાં અંગમર્દન વગેરે જે ક્રિયાઓ ખૂબ પ્રચલિત હતી. જેમ જેમ કળી વ્યવહારમાં આવતી ગઈ અને પરદેશની અમલ દરમ્યાન પાશ્ચાત્ય સંસ્કૃતિનું મોજું ભારતમાં ઊભરાઈ વળ્યું તેની સાથેજ આ ક્રિયાઓનો પ્રચાર લગભગ નાબૂદ થઈ ગયો. ક્રમશઃ ક્રમશઃ ચોક્કસ વર્ગોની જ્ઞાનતંતુઓના સુધારા માટે સંવાહન ક્રિયાઓની ખૂબ આવશ્યકતા છે તેમ પાશ્ચાત્ય દેશોને અને તેમાંયે ખાસ કરીને અમેરિકને જણાયું છે અને મોટા મોટા શહેરોમાં શારીરિક સ્વાસ્થ્યના ડોક્ટરોની સંસ્થા પ્રમાણે કાર્ય કરતા અને ન રૂ પરિણામ સારા આવ્યા છે. આ ક્રિયાઓને આપણે ત્યાં વૈદ્યરાજો તથા મસાજની વ્યાખ્યા આપણે જોને મસાજ અથવા માલિશ કહીએ છીએ તેને પૂર્વકાળમાં 'સંવાહન' કહેતા. આ શબ્દ સંસ્કૃત ભાષાનો વહ્ ધાતુ કે જેનો અર્થ લઈ જવું, કપાવવું અને વહેતું કરવું એમ થાય છે. સમ્ એ ઉપસર્ગ કે એટલે સમ્ + વહ્ ઉપરથી સંવાહન એમ નામ થયું, જ્યારે શરીરને સંપૂર્ણ વહન કરવામાં તે આવે ત્યારે તે શરીરમાં રહેલ જ્યાં જ્ઞાનતંતુ-પો એ બે ખૂબ સમજવાના પદાર્થો છે અને શરીરમાં

પ્રવેશ થતો પ્રાણવાયુ આ તેજસ્વી દ્રવ્યોને વહેતાં રાખે છે તેથી જ શરીરના અંદરના બધાનો ચયનક્રાટ અને સ્ફૂર્તિ જળવાયેલાં છે. આ વહન ક્રિયામાં કિંચિત્ ખામી સ્વરૂપ તો અનાયાસ ઉત્પન્ન થાય અને કેટલાક અવયવો જીવનરસ વિનાના બની જાય; પરિણામે મૃત્યુ પણ આવે. મુખમંડલના દ્રષ્ટિપાત પરથી આપણે આ વસ્તુ તરફ કંઈક આધ્યાત્મિક દૃષ્ટિપાત પણ કરીએ. મનુષ્યશરીર પંચમહાભૂત (આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી)નું બનેલું છે આ પંચમહાભૂતોની પાછળ મન, તેની પાછળ બુદ્ધિ અને તેની પાછળ જીવનરસ રહેલા છે. શરીર અને ઇંદ્રિયો દ્વારા કર્મો નિમાણ થાય છે તેની છાપ મન ઉપર પડે છે અને આ મન પ્રકૃષ્ટિત થાય અથવા રહે તો શરીર અને ઇંદ્રિયોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે. આપણે તો અત્યારે સંવાહન ક્રિયાઓ મન ઉપર શી છાપ પાડે છે તેટલું જ જોવાનું છે તેથી વધુ ઝીણવટ અત્યારે નહિ ઊતરીએ આપણે એટલું તો જોઈ શકયા કે મનની પ્રસન્નતા જળવાય એટલે શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે. સંવાહન ક્રિયાઓથી એક સુખસંવેદના ઊભી થાય છે જેની છાપ મન ઉપર પડવાથી મન પ્રસન્ન રહે છે. અનેકવિધ રોગોનો ઉપદ્રવ. પૂર્વકાળમાં યોગીઓ અને ઋષિમુનિઓ દીર્ઘજીવન જીવી શકતા હતા તેમ આપણે સાંભળ્યું છે તે કાળમાં હાલના જેટલી દવાઓની અમર્યાદિત શોધખોળ નહિ હોય તેમ પણ માની શકાય. જ્યારે આપણે આટલું સમજી શકીએ છીએ ત્યારે વર્તમાનકાળમાં વપરાતી ઔષધિઓ જીવનરસને વધુ કાળ ટકાવી રાખવા સમર્થ છે કે પૂર્વકાળના ઋષિમુનિઓ જે કંઈ ક્રિયાઓ કરતા તે વધુ સમર્થ છે ? સમય જવાની સાથે પૂર્વકાળની ક્રિયાઓ તરફ સમાજ ઉદાસીન બનતો ગયો અને પોતાના જીવનરસને જાળવત રાખવા માટે ઔષધિઓ ઉપર અવલંબન રાખતો ગયો. પરિણામે અલ્પાયુષ અને અકાળ મૃત્યુ તથા અનેકવિધ રોગોના ઉપદ્રવ આપણે જોઈ શકીએ છીએ. પ્રાણવાયુનો ઉપયોગ: પૂર્વકાળના દીર્ઘાયુષી મનુષ્યોને શરીરમાં રહેલ રક્ત અને જ્ઞાનતંતુઓને નૈસર્ગિક રીતે વહેતા રાખવાનું જ્ઞાન હતું. તેઓને પ્રાણવાયુનો ઉપયોગ કરતાં ઘણો જ સરસ આવડતો હતો. આ પ્રાણવાયુનું મહત્ત્વ હાલના વૈજ્ઞાનિકો ઓછું આંકતા નથી; પરંતુ હમેશના જીવનમાં તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે સમજાતું નથી પ્રાણવાયુ સાથે સબંધ: આપણી મસાજ ક્રિયાઓને અને પ્રાણવાયુને ઘનિષ્ઠ સબંધ છે. નાસિકા દ્વારા ફેફસામાં જતો પ્રાણવાયુ લોહીને શુદ્ધ કરે છે. અશુદ્ધ થયેલું લોહી હૃદયમાં આવીને ધબકારા સાથે શુદ્ધ રક્તવાહીનીઓમાં આખા શરીરમાં પ્રસરે છે અને પછી સૂક્ષ્મરક્તવાહિનીઓ મારફત અશુદ્ધ રક્તવાહીનીઓમાં પ્રવેશે છે. અહીં પ્રાણવાયુનો ધક્કો કુદરતે હળવો અને છે અને રક્તમાં પ્રાણવાયુનું તત્ત્વ ખૂબ ઓછું ઘટી જાય છે આમ અશુદ્ધ રક્તવાહિનીઓમાં લોહી પ્રવેશે છે એટલે એની ગતિ હૃદય તરફ વધે છે. ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે પ્રવાહી વસ્તુનો વેગ હમેશા નીચે જ વહે છે. પરંતુ આ અશુદ્ધ રક્તવાહિનીઓમાં જતું લોહી ઊર્ધ્વ ગતિએ કેમ જાય છે તે જરા ચકાસી જોવું. મનુષ્ય શરીરની રચના કુદરતે એવી અદ્ભુત કરી છે કે અશુદ્ધ રક્તવાહિનીઓમાં અમુક અમુક અંતરે પડદા ગોઠવ્યા છે. આ પડદા, નીચેનો ધક્કો વાલ્વવાથી ઊંધો છે; પરંતુ ઉપરના દબાણથી ઊંચકાતા નથી. એક વખત પડદો વટાવીને જે લોહી આગળ વધ્યું હોય તે પાછું આવી શકતું નથી. આમ અશુદ્ધ રક્તવાહિનીઓનું લોહી સૂક્ષ્મ રક્તવાહિનીઓમાં રહેલા પ્રાણવાયુના વેગથી ધકેલાતું ધકેલાતું ફેફસાં સુધી પહોંચે છે અને નેમા ભરી ગયેલો કાર્બન ફેફસામાં પ્રાણવાયુનો સંપર્ક થવાથી લોહી પ્રાણવત બનીને વળી પાછું હૃદય દ્વારા ધકેલાઈને શુદ્ધ રક્તવાહિનીઓમાં પડે છે આને આપણે રુધિરાભિસરણ કહીયું. મસાજની ક્રિયાઓ કરતી વખતે અશુદ્ધ રક્તવાહિનીઓમાં વહેતા લોહીને ધક્કો મારીને હૃદય તરફ ઝડપથી મોકલવાનું છે. આમ થવાથી લોહીના ફરવાનું પ્રમાણ વધી જાય છે અને અવરસમાંથી તૈયાર થતું લોહી શરીરના ખૂણેખૂણામાં ઝડપથી ફરીને દરેક સ્નાયુઓને બળવત્તર અને સ્ફૂર્તિમત બનાવે છે. મસાજથી દૂર થતા રોગો. રુધિરાભિસરણ ઓછું હોવાને કારણે ઉત્પન્ન થતા ઉપદ્રવો જેવા કે સ્વભાવના રોગો, લીવર અને જરોળના રોગો, હૃદયરોગ, આંતરડાંની નબળાઈ, સ્નોયમ, કમળો દમાનો વગેરેને દૂર કરી શકાય છે. રુધિરાભિસરણ માટે મસાજ કરનારનો હાથ નીચેથી ઉપર એટલે કે સ્વાદીની અવળી (પ્રતિલોમ) દિશાએ જવો જોઈએ. શરીરના જુદા જુદા સ્નાયુઓ તરફ હાથની જુદી જુદી ક્રિયાઓ રહે છે તેની ઝીણવટ આપણે અહીં કરવાની જરૂર નથી. પરંતુ મસાજ ક્રિયાઓ વખતે હાથનો વેગ કઈ તરફ હોવો જોઈએ તે જ માત્ર જોવાનું છે. જ્ઞાનતંતુઓને ફાયદો: મસ્તકની ક્રિયાઓથી રુધિરાભિસરણ ઉપરાંત બીજી અદ્ભુત અસર જ્ઞાનતંતુ ઉપર થાય છે. જ્ઞાનતંતુઓનું મૂળ સ્થાન મગજ છે અને તેમાંથી જ્ઞાનતંતુની નાડીઓ, ઉપનાડીઓ અને સૂક્ષ્મનાડીઓ કરોડ રજ્જુમાંથી વહેની વહેતી શરીરના એકેએક અંગ અને ત્વચા ઉપર પહોંચી જાય છે. શરીરને, ત્વચાને કે નખને કંઈ પણ રપર્શ થાય તેનું જ્ઞાન આ જ્ઞાનતંતુઓ દ્વારા મગજને પહોંચી જાય છે મગજને જ્ઞાન મળે કે તરત જ જ્ઞાનતંતુના સંદેશવાહકો જે જે અંગને સ્પર્શથી જે કાંઈ ફેરફાર કરવાના હોય તે ફેરફાર કરવાના સમાચાર પહોંચાડી દે છે. માનસિક બેચેનીનો ત્રાસ: જ્ઞાનતંતુઓને સચેત રાખવા માટે મસાજ ક્રિયાઓ ઘણો જ સુંદર ફાળો આપે છે. આ વખતે મસાજની ક્રિયાઓમાં ખૂબ ધ્યાન આપવું પડે છે. રુધિરાભિસરણ વખતે સ્વાદીની અવળી દિશાએ એટલે કે પ્રતિલોમ મસાજ ન કરતાં તેનાથી વિરુદ્ધ એટલે કે જે તરફ સ્વાદી બનય છે તે તરફ જ મસાજની ક્રિયાઓ થવી જ જોઈએ. આને અનુલોમ સંવાહન (મસાજ) કહે છે. આ મસાજ કરતી વખતે બળનો ઘણો જ ઓછો ઉપયોગ કરવાનો હોય છે, પરંતુ હાથની ગતિ કંઈક ઝડપી અને પ્રફુલ્લરવાણી રહેવી જોઈએ. નિદાનારા, માનસિક બેચેની, મસાજની અરિચતા, ચૈલજા, હિસ્ટીરિયા અને સક્રતા ઉપર આ રીતના મસાજથી સુંદર પરિણામ લાવી શકાય છે. મસાજ માટેની વસ્તુઓ: મસાજ કરતી વખતે ખાસ કરીને પાશ્ચાત્ય દેશોમાં તેલને બદલે પાવડરનો ઉપયોગ કરે છે. તેનું કારણ એ છે કે એ દેશ ઠંડો હોઈને મસાજ દરમ્યાન આખું શરીર અમુક વખત સુધી ખુલ્લું રહે છે, તેથી ઠંડીની અસર શરીરમાં ન પેસી જાય તેની ખૂબ કાળજી રાખવામાં આવે છે. પાવડરને બદલે તેલ વાપરવામાં આવે તો સ્નાન કરવું જ પડે જેથી શરીરની ઉષ્ણતા સહેલાઈથી જાળવી શકાતી નથી. માટે જ એ દેશમાં પાવડરનો મસાજ જરૂરી છે. આપણા દેશમાં પૂર્વકાળથી મસાજની ક્રિયાઓ વખતે કોઈ એક સ્નેહન પદાર્થ એટલે કે ચીકાશવાળી વસ્તુ. ખાસ કરીને તેલ લેવામાં આવે છે કેટલાક એમ માને છે કે, તેલનો ઉપયોગ માત્ર હાથની ક્રિયાઓનો વેગ વધારવા પૂરતો જ છે. આ વિચારસરણી અસાધારણ છે. મનુષ્યશરીરની ત્વચામાં, શોષણાત્મક શક્તિ છે જ. તેથી છિદ્રો દ્વારા જરૂર પૂરતું તેલ અંદર પ્રવેશે છે અને ત્વચાને તથા તેની નીચેના પડને કુમાશદાર રાખે છે.

આને નૈલમર્દન કે મહામર્દન એમ કહેવામ છે. આયુર્વેદમાં અને અભ્યગ કહે છે. તેલ સાથે યષ્ટિના લોટને પાણીમાં પલાળીને સંવાહન ક્રિયાઓ કરી શકાય છે. તેને ઉદ્વર્તન કહેવામાં આવે છે. કેવળ પાણીની ધારને મધ્યદિન દબાણથી શરીરના જુદાં જુદાં અંગ ઉપર વહેતી રાખીને સંવાહન ક્રિયાઓ કરવામા આવે તેને અભિષેક કહેવામાં આવે છે અને જળના પ્રવાહના અમુક દબાણથી આખા શરીર ઉપર ઝેકી સાથે જે ક્રિયાઓ થાય છે તેને પરિષેક કહે છે. આ પરિષેક ક્રિયાઓ પાણીના જોરથી વહેતા વહેણમાં કે કોઈ એક પોચ પાસે શરીરને આમતેમ આકાળવાથી થઈ શકે છે. સ્વેદ લાવવાની ક્રિયા:—આ ઉપરાત શરીરમાં સ્વેદ લાવીને પણ સંવાહન ક્રિયાઓ કરી શકાય છે જેમકે, દ્રવ સ્વેદ એટલે ગરમ પાણીના રૂપમાં બેસીને સંવાહન ક્રિયાઓ કરવી તે. ઉપનાહે સ્વેદ-પોટીશ અથવા લોખાનો પિંડ બનાવીને સંવાહન ક્રિયાઓ કરવાથી સ્વેદ લાવી શકાય છે. તાપ સ્વેદ: ગરમ માટી, ગરમ રેતી કે ગરમ ઈંટ વડે અમુક રીતે સંવાહન ક્રિયાઓ કરવાથી સ્વેદ લાવી શકાય છે. ભાષ્પ સ્વેદ: વરાળથી પ્રસ્વેદન લાવીને સંવાહન ક્રિયાઓ કરવી તે. મસાજની ક્રિયાઓ પોતાના શરીર ઉપર જાતે પણ કરી શકાય છે અને સાધન સપન્ન મનુષ્યો સારા સંવાહકને આમત્રણ આપીને આવી ક્રિયાઓ કરાવી શકે છે. સંવાહક પસંદ કરતી વખતે એટલું જ જોવાનું કે તેનામાં મનુષ્ય સેવા દૃષ્ટિ છે, હાથમાં ઉષ્ણતા છે અને તેનું શરીર રોગી રોગ રહિત છે. સંવાહન ક્રિયાઓ લાંબો સમય સુધી કરી શકે તેવુ સ્ફૂર્તિમત શરીર તેનું હોવુ જોઈએ આ ઉપરાત સંવાહક શરીરે મોટો કે હાડપિંજર જેવા શરીરનો એટલે કે ચોહી વિનાના શરીરનો હોય તો જેના ઉપર સંવાહન ક્રિયાઓ થાય તેની શક્તિ વધવાને બદલે ઘટાય છે અને સંવાહક ઊલટાનો તદુરસ્ત બનતો જાય છે કાળજી એ રાખવાની છે કે ધર્ષણથી વિદ્યુત્ શક્તિનો પ્રવાહ શરૂ થાય છે અને મુખ્યત્વે આ પ્રવાહની આશા સંવાહકના શરીરમાથી રાખવાની હોય છે. મસાજ ક્રિયાઓ કરાવતી વખતે પેટ અને માથા ઉપર ખાસ કાળજી રાખવી ઘટે છે. બિનઅનુભવી અને અજાણ્યા પાસે આ ક્રિયાઓ ન કરાવવી જોઈએ કેમકે, તેથી ગેરલાભ થતા હોય તેમ અનુભવાયેલું છે. ભોજન બાદ નિષેધ:—શરીરમાં સોજો હોય, તાવ આવતો હોય, સધિવા હોય ત્યારે આ ક્રિયાઓ બિલકુલ ન કરાવવી જોઈએ. કેમકે આ ઉપદ્રવો વખતે તેમાં રહેલાં ટોક્સિન અને યુરિક એસિડ જેવા પદાર્થો શરીરમાં લોહી મારફે પ્રસરવાથી અનારોગ્ય ઉત્પન્ન કરે છે. પરંતુ સંવાહક કુશળ હોય અને તેને સ્વેદન ક્રિયાઓમાં ફાવટ હોય તો તેવી ક્રિયાઓની મદદથી સંવાહન કરવાથી ઉત્તમ લાભ થાય છે અને દર્દીને ખૂબ શાંતિ થાય છે. ભોજન લીધા પછી તરત જ મસાજ ન કરાવી શકાય

સંવાહિની ધમની સ્ત્રી. એ નામની ધમની. આ ધમની મસ્તકમાં રહેલા ભાળકની આભ્યતરા અધિગોબિકા નામની ધમનીઓમાથી નીકળીને, અસ્તિની દરેક બાજુએ થઈને ઉપર આવી, નાભિદ્વારા બહાર આવી, બાળકના નાળદ્વારા બોર તરફ જાય છે અને બાળકના શરીરમાનુ અશુદ્ધ લોહી લાં પહોંચાડે છે.

સંવાહિની શિરા સ્ત્રી. એ નામની એક મહાશિરા. ગર્ભાશયની દીવાલને ચોરેલી, માની બોરમાંથી નીકળી, નાળદ્વારા બાળક વધી, નાભિ પાસે બાળકના શરીરમાં પેસીને, તેના યકૃતના તળિયે પહોંચી જાય છે. ત્યાં તે બે શાખાઓમાં વહેંચાઈને, યકૃતના બને પિંડોને લોહી પૂરું પાડે છે. બાળકનો જન્મ થયા બાદ આ શિરા નકામી થવાથી સુકાઈ જાય છે

સંચિત ૧. [સ] ન. છકું કરેલું હોય તે.

૨. વિ. પુષ્કળેલું.

૩. વિ. બધથી કેપતુ

૪. વિ. સમીન નહિ એવું: 'એબસ્ટ્રેક્ટ.'

ગયાં દસબાર વરસનું સબે પ્રકારનુ વાઙમય સંચિત બાવનાઓને લક્ષમાં ધરીને સહજ (કોન્ક્રીટ) બાવનાઓને જાણવું બસુ છે.

ચૌધરી

સંચિઘ્ન ૧. [પ્રા.] વિ. બાકુળ; બ્યાપ્ત.

૨. વિ. મુમુક્ષુ; સંવેગી

સંચિન્ન ૧. [સં.] વિ. ઉદ્વેગ પામેલુ.

૨. વિ. વૈરાગ્ય પામેલું

સંચિત ૧. ન. ચોસઠ માનસતત્ત્વ દેવતાઓનો એક

૨. [સ.] ન. જ્ઞાન; સમજશક્તિ.

અનુભવના સંચિતની અનાવિલા સંસ્કારગ્રાહી સ્થિતિ સાધવી હોય તો વિજ્ઞાન કરતા સાહિત્ય કે લલિતકલાઓનો અભ્યાસ વધુ ઉપકારક થઈ પડે. ઉપનિષદો, ગીતા, કાલિદાસ, ભવભૂતિ, મીરા કે તુલસી, ગોવર્ધનરામ, પ્લેટો, ગ્રમેટ, મિલ્ટન, ટેનિસન, શેક્સપિયર, આર્નોલ્ડ, બ્રાઉનિગ, ચરક આ બધાનો પ્રભાવ જીવન ઉપર પડે છે તેટલો વિજ્ઞાનથી નથી જ પડતો. આ બધા હૃદયના માર્ગે છે. સંવિતની બે ભિન્ન ભિન્ન ભૂમિકાઓ છે. ઝવેરચંદ મેઘાણી

સંચિતપત્ર પું જનપદે પસાર કરેલા કાયદા લખવાનો કાગળ.

જનપદે પસાર કરેલા કાયદા સંવિદ નામે ઓળખાતા અને તે સંચિતપત્ર ઉપર લખી લેવામા આવતા. હિંદુરાજ્યવ્યવસ્થા

સંચિત્કોટિ સ્ત્રી. જ્ઞાનની કોટિ

સંચિત્તિ ૧. [સ.] સ્ત્રી. અંગીકાર.

૨. સ્ત્રી. એકીકરણ; સકલ્પ; ઉપચય; એકઠું કરવુ તે

તે રસને સંવેદન અથવા સંચિત્તિ જ બધુ બાગ છે. ચૌધરી

૩. સ્ત્રી. ચેતના.

૪. સ્ત્રી. જ્ઞાન; સમજ.

૫. સ્ત્રી. પ્રતિપત્તિ.

૬. સ્ત્રી. બુદ્ધિ.

સંચિદ ૧. પું. સમતિ.

૨. પું. સમતિથી પસાર કરેલા કાયદા.

કદાચ સંચિદ એટલે સંમતિ અથવા સંમતિથી પસાર કરેલા કાયદા. બે પ્રકારના એમના કાયદા સ્મૃતિને નામે પણ ઓળખાતા હશે. જનપદે પસાર કરેલા કાયદા સંવિદ નામે ઓળખાતા.

હિંદુરાજ્યવ્યવસ્થા

૩. [સ. સમ્ + ચિદ્ (જાણવું) + અ] સ્ત્રી. અંગીકાર.

૪. સ્ત્રી. આચાર.

૫. સ્ત્રી. કરાર.

૬. સ્ત્રી. જ્ઞાન; ચૈતન્ય; સ્વસત્તાનું સ્ફુરણ; સમજશક્તિ.

૭. સ્ત્રી. નામ.

૮. સ્ત્રી. પ્રાપ્તિ.

૯. સ્ત્રી. બુદ્ધિ.

૧૦. સ્ત્રી. ભાગ. કેમકે, તે આત્મજ્ઞાન અને આત્માના સ્ફુરણનો પ્રવાહ સતત રાખનાર સાધન મનાય છે.

૧૧. સ્ત્રી યુદ્ધ.

૧૨. સ્ત્રી. શાસ્ત્રવિધિ

૧૩. સ્ત્રી. સકેત.

૧૪. સ્ત્રી. સતોષ

સંચિદા ૧. સ્ત્રી. ભાંગ

૨. સ્ત્રી. સિદ્ધિ.

સંચિદ્ધિત ૧. [સ.] વિ. અંગીકાર કરેલું; સ્વીકારેલ.

૨. વિ. સારી રીતે જાણેલુ.

સંચિદ્રૂપ વિ. જ્ઞાનરૂપ.

તેમનો અનુભવ એવો થાય છે કે, પોતાનુ આત્મતત્ત્વ નિત્ય, શુદ્ધ, નિરાભાસ, કેવળ સંચિદ્રૂપ તથા પરામૃત છે. સૂતસંહિતા

સંવિધા જી. જીવનક્રમ અથવા જીવન જીવવાના સાધન

સંવિધાન ૧. [સં.] ન. ઉપાય; વિધાન; સાધન.

ટેલિફોનિયસની પદ્ધતિ શિક્ષણને સંવિધાન માત્ર બની છે — નર્મદાશંકર રેવાશંકર

૨. જી. ઇચ્છા કરવી તે. [સિં.]

૩. ન. બંધારણ તે; યોજવું તે, બંધારણ, સમયની શૃંખલા.

૪. ન. નાટકના વસ્તુની ગોઠવણ; નાટકનું વસ્તુ ગોઠવવું તે

સંવિધાનની સાદાઈ, પ્રસંગોત વૈચિત્ર્ય, વિનોદના માર્મિકપણું અને પદ્યબંધની સુશ્લિષ્ટતાને પ્રશંસાપાત્ર છે. કેશવ હર્ષદ

૫. જી. રચના; વ્યવસ્થા; આયોજન; ગોઠવણી

સંવિધાનક [સં.] ન. નાટકનું વસ્તુ; નાટકનો વિષય; કથાવસ્તુ.

સંવિધાન શક્તિ જી. રચનાશક્તિ

સંવિધાન સભા જી. લોકોથી ચૂંટાયેલી સભા જેને નિર્વાચિત સંવિધાન સભાનો વિચાર સૌથી પહેલાં અને ૧૯૨૨માં ગાંધીજીના મગજમાં આવ્યો હતો. તેમણે લખ્યું હતું કે, સ્વરાજ્ય બ્રિટિશ પાર્લમેન્ટ દ્વારા વિના મૂલ્યે આપેલી ભેટ નહિ હોય, તે ભારતના પૂર્ણ આત્મ પ્રકાશનની ઘોષણા હશે. એ ઠીક છે કે, તેનું પ્રકાશન પાર્લામેન્ટના એક અધિનિયમ દ્વારા થશે. પરંતુ તે ભારતની ઘોષિત અભિલાષાની રિષ્ટ સ્વીકૃતિ માત્ર હશે, જેનું કે દક્ષિણ આફ્રિકન સઘના મામલામાં બન્યું હતું. સંવિધાનની રચના: ભારતની સંપૂર્ણ પ્રભુત્વસંપન્ન સંવિધાન સભાના પ્રથમ અધિવેશનમાં તેના પ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદે ભારતમાં વર્ગહીન સમાજ સંગઠિત કરવાની વાત કહી. સંવિધાન રચના એ સભાનું મુખ્ય કાર્ય હતું. તેનો ઠરાવ પંડિત જવાહરલાલ નહેરુએ મૂક્યો હતો. તેમાં કહ્યું હતું કે:-જેમાં સંપૂર્ણ પ્રભુત્વસંપન્ન સ્વતંત્ર ભારતની અને તેના નિર્માતા ભાગોની તથા તેના શાસનના અંગોની શક્તિ અને અધિકાર જનતા દ્વારા પ્રાપ્ત થશે અને જેમાં ભારતના બધા લોકોને માટે સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાયની; પ્રતિષ્ઠા તથા અવસરની અને કાયદાની દૃષ્ટિમાં સમાનતાની; વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ ઉપાસના, આજીવિકા અને કામની સ્વતંત્રતાની, કાયદા તથા સાર્વજનિક સદાચારને આધીન રહીને, ગેરેન્ટી, અને નિશ્ચિત પ્રાપ્તિ કરાવવામાં આવશે અને જેમાં અલ્પ સંખ્યકો, અનુન્નત જન-જનજાતિઓના (કબાયલી) ક્ષેત્રો, અને દલિત તથા બીજા પછાત વર્ગોને માટે પૂરત સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવશે અને જેમાં લોકતંત્રના પ્રાદેશિક ક્ષેત્રની એકતાની અને જમીન, સમુદ્ર અને આકાશમાં તેના સંપૂર્ણ પ્રભુત્વસંપન્ન અધિકારોની, ન્યાય અને સભ્ય રાષ્ટ્રોના કાનૂન અનુસાર રક્ષા કરવામાં આવશે અને આ પ્રાચીન દેશ જગતમાં પોતાનો અધિકારપૂર્ણ તથા સન્માનિત સ્થાન પ્રાપ્ત કરીને, જગતમાં શાંતિ, વૃદ્ધિ તથા માનવ કલ્યાણની ઉન્નતિમાં સંપૂર્ણતાએ પોતાનો ભાગ પ્રદાન કરશે. સંવિધાનનો ઉદ્દેશ પોતાના બધા નાગરિકોને માટે નીચેની બાબતોથી સુરક્ષિત કરવા.-સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય; વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ, અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને અવસરની સમાનતા પ્રાપ્ત કરાવવી અને તે બધામાં વ્યક્તિની ગરિમા તથા રાષ્ટ્રની એકતા સુદૃઢ કરનારી બંધુતા વધારવી. મૂળ અધિકાર: (૧) અવસરની અને સામાજિક સમતા.-(૨) અસ્પૃશ્યતાનો અંત. (૩) અવસરની સમતા. (૪) વૈયક્તિક સ્વતંત્રતા, જેમાં વાક્સ્વાતંત્ર્ય અને સમેલન સ્વાતંત્ર્ય તથા વૃત્તિ સ્વાતંત્ર્ય આદિ આવે છે. (૫) કાયદાનું શાસન. (૬) પ્રાણ અને વ્યક્તિગતની રક્ષા તથા કાયદાની સમક્ષ સમાનતા (૭) ધનમાં માનવતાની, આચરણ કરવાની તેમ જ પ્રચાર કરવાની સ્વતંત્રતા. (૮) સંસ્કૃતિ અને શિક્ષાનો અધિકાર (૯) સંપત્તિનું સ્વામિત્વ. (૧૦) સાંવિધાનિક ઉપચારોની સમતા.

સંવિભક્ત [સં.] વિ. વિભાગ કરેલ; ભાગ પાડેલ; વહેંચેલ.

સંવિભાગ ૧. [સં.] પું. પોતાના ભોગ તથા ઉપભોગમાંથી સન્માનપૂર્વક સાધર્મિકને ભાગ આપવો તે.

૨. પું. ભાગ; અંશ; ભાગ પાડવા તે; હિસ્સો

૩. પું. વહેંચણ; ભાગપટ્ટી; ભાગલા પાડવા તે.

સંવિરોધ પું. વિરોધ.

સંવિધા જી. અતિવિદ્યાની કળા

સંવીક્ષણ ૧. [સં.] ન. તપાસવું તે; તજવીજ કરવી તે.

૨. ન. સારી રીતે જોવું તે; સોધવું તે; ખોળવું તે.

સંવીર જી. એક પ્રકારની વેલ. ગુલ્મ જાતિની આ વેલ ઘણી ઊંચી થતી નથી. તેનાં પાદડાંનો રસ પીળો હોય છે. પારદ બંધન માટે તે વપરાય છે.

સંવૃત ૧. [સં] પું આભ્યંતર પ્રયત્નના ચાર ભેદોનો એક વિભાગ.

૨. પું. બોલવામાં થતા બહાર ભેદોનો એક જાતનો દોષ; દીર્ઘ આકારાદિ સ્વર હ્રસ્વને પેઠે સંકોચીને બોલવા તે

હ્રસ્વ અ વર્ણના પ્રયોગમાં છાતના અગ્ર આદિ ભાગ તેના સ્થાનની પાસે રહે છે માટે એનો પ્રયત્ન **સંવૃત** કહેવાય છે. બૃહદ્ વ્યાકરણ

૩. પું. વસ્ત્રદેવ

૪. પું. વિષ્ણુનાં હજાર ભેદોનું એક નામ. કેમકે, તે નિર્ગુણ, નિરાકાર અને અનંત અપાર હોવા છતાં માયાથી આવૃત આચ્છાદન થયેલા કહેવાય છે વળી માયાથી ઢંકાયેલા પણ તે છે અને અવિકારી પદમાં રહેલા પણ તે જ છે.

૫. વિ. આચ્છાદિત; ઢંકાયેલું; રક્ષિત

જે મુનિઓ અહિંસક છે, નિત્યપ્રમથી **સંવૃત** છે, તે અમૃત સ્થાનમાં જાય છે, જ્યાં જઈને શોક કરતા નથી. ધમ્મપદ

૬. વિ. (જૈન) કર્મ આવતાં રોકનાર.

૭. વિ. ઢાંકેલું; ગુપ્ત; સંતાડેલ.

૮ : લા.બુ

૯. વિ. (વ્યાકરણ) સંકુચિત; સાંકડું; સાંકડા ઉચ્ચારવાળું

એ દસે સ્વરોના ઉચ્ચાર **સંવૃત** એટલે સાંકડા છે ગુ. સા. પરિષદ

સંવૃતકંઠ પું જેને ઉચ્ચારતા કંઠની નળી સાંકડી થાય છે તે.

સંવૃતયોનિ [સં.] જી. જે ઉત્પત્તિસ્થાન ઢંકાયેલું અથવા દબાયેલું હોય તે

નારક, દેવ અને એકેન્દ્રિયની **સંવૃતયોનિ**. તત્વાર્થસૂત્ર

સંવૃતવિવૃત ૧. [સં. સંવૃત (ઢાંકેલું) + વિવૃત (ઉઘાડું)] ન. હ્રસ્વ દીર્ઘ ગુણવૃદ્ધિ.

સંવૃતવિવૃત પ્રક્રિયાને લીધે પરસ્પર બદલે એ બે સંબંધ ધરાવે છે. કેશવ હર્ષદ

૨. વિ. જે ઉત્પત્તિસ્થાનનો થોડો ભાગ ઢંકાયેલો હોય તથા થોડો ખુલ્લો હોય તેવું; મિશ્ર; થોડું ઢંકાયેલું અને થોડું ઉઘાડું.

સચિત્ત, શીત અને સંવૃત એ ત્રણ તથા એ ત્રણના પ્રતિપક્ષભૂત અચિત્ત, ઉષ્ણ અને વિવૃત તથા મિશ્ર અર્થાત્ સચિત્તાચિત્ત, શીતોષ્ણ અને **સંવૃતવિવૃત** એમ કુલ નવ જન્મની યોનિઓ છે. તત્વાર્થસૂત્ર

સંવૃતવિવૃતયોનિ [સ. સંવૃત (ઢાંકેલ) + વિવૃત (ઉઘાડું) + યોનિ] જી. જે ઉત્પત્તિસ્થાનનો થોડો ભાગ ઢંકાયેલો હોય તથા થોડો ખુલ્લો હોય તે; મિશ્રયોનિ.

ગર્ભજ મનુષ્ય અને તિર્યંચની **સંવૃતવિવૃતયોનિ**. તત્વાર્થસૂત્ર

સંવૃતિ સ્ત્રી. માયા.
સંવૃતિ શબ્દ માયાના અર્થના પર્યાય છે
ઈંદિરાનુ અજગરાત્ર

સંવૃદ્ધ ૧ [સં.] વિ. આબાદ ઓજસ્વી, સમૃદ્ધ; સારી સ્થિતિમાં આવેલું

૨. વિ. ઊંચું વધેલું; ઉન્નત.

૩. વિ. પૂરેપૂરું ખીલેલું; ખૂબ વધેલું

સંવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. આબાદી; સારી સ્થિતિ; સમૃદ્ધ દશા.
તેમને પોતાના આશ્રિતો માટી તેમની સંવૃદ્ધિ ઇચ્છે છે. સરસ્વતીચંદ્ર

૨. સ્ત્રી. વધવું તે; વિવર્ધન.

૩. સ્ત્રી. વધારો

૪. સ્ત્રી. વિકાસ; ખીલવણી; પ્રગતિ; પ્રવૃદ્ધિ; ઉત્કર્ષ; ' પ્રોગ્રેસ '.
આ સમયમાં મેક્ષ વિદ્યાનોના તરી આવતા વિચારોમા, અનુષ્ઠાનમા સ્વતંત્રતા, સમતા અને બંધુતા સ્થાપન પર્યે બહુ સુખ ભરી અને જગતનું કલ્યાણ, સંવૃદ્ધિ અને સફળતા અર્થતા આર્યકાલમાં રહ્યુ છે એમ ગણાય છે. મન સુખરામ

સંવૃધ્વન ૧. [સં. સવૃધ્વન્] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. પું. શ્રુતિ વગેરેથી સારી રીતે આગળ વધેલ પંડિત.

સંવેગ ૧. [સં.] પું. આવેગ; ત્વરાટ.

૨. પું. આવેશ; પ્રયોજના; કારણ; નિમિત્ત; ઉશ્કેરણી; ઉત્તેજન

૩. પું. ગતિનો વેગ.
આ કારણને લીધે ગતિ માત્રના સંવેગનું અને તેના વિસ્તારનું આપણને જ્ઞાન થઈ શકે છે.
અંબિકાલાલ નથુભાઈ

૪. પું. બાલવાનું જોર; ગતિ; આવેગ; પ્રવૃત્તિ.

૫. પું. ધક્કો; હડસેલો; આંચકો; આઘાત.

૬. પું. પ્રોત્સાહન; પ્રેરક બળ

૭. પું. મોક્ષની અભિલાષા; મુમુક્ષુતા.

૮. પું. વિષ્ણની નિવૃત્તિ.

૯. પું. વેગ; ઝુકસો.
કલ્પના તીવ્ર સંવેગથી ચિત્ત એકદમ લીધે કે લીધે જવા પ્રયત્ન કરે છે. પ્રસ્થાન

૧૦. પું. વૈરાગ્યજ્ઞાન; વૈરાગ્યનું કારણ; વૈરાગ્યની પુષ્ટિ કરવી તે; સંસારની અસારતા ચિંતવતાં વિષયો તરફ ઉત્પન્ન થતી વૈરાગ્યવૃત્તિ.
પોતાના અસંતોષથી અને પરસ્પર કલેશ કરતા સંઘને જોઈને જય ઉત્પન્ન થયો તથા એને સંવેગ (વૈરાગ્ય) કેવી રીતે ઉત્પન્ન થયો તે હવે કહું છું. પુરાતત્ત્વ

૧૧. પું (જૈન) સમ્યક્ત્વનાં પાંચ ભાવેનું એક લિંગ
સમ્યગ્દર્શનની પ્રતીતિ કરાવે એવાં પાંચ લિંગ માનવામા આવે છે. જેવા કે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય
તત્ત્વાર્થસૂત્ર

૧૨. પું (જૈન) સાંસારિક બંધનોનો ભય.
રાગેષ અને વૈરાગ્ય ન હોય તો અહિંસાદિ વ્રતો સમગ્રી જ ન રહે તથી એ વ્રતના અભ્યાસી માટે સંવેગ અને વૈરાગ્ય પ્રથમ આવશ્યક છે
તત્ત્વાર્થસૂત્ર

૧૩. [પ્રા.] ન. સાધુતા
મરી સંવેગ જાપઈ નીકાર રે. દર્શનવિજય

સંવેગી ૧. વિ. (જૈન) મૂર્તિપૂજક; શ્વેતાંબરી.
આત્માનો અંદર આવેલા બદ્ધ અર્થની પેઠે પ્રજ્ઞાવાન અને સંવેગી થાઓ. ધમ્મપદ

૨. વિ. વેગથી જનાર; સંવેગવાળું.

સંવેદ ૧. [સં. સંવિદ્ (જ્ઞાનવું)] પું. અનુભવ; જ્ઞાન; ઇંદ્રિયો દ્વારા જ્ઞાનબોધ થવો કે સમજવો તે; જાણવું તે; જાગણીનું જ્ઞાન થવું તે.

૨. પું. કર્મ કરવામાં હર્ષાદિકથી જાગી ત્વરા.

સંવેદન ૧. [સં. સંવિદ્ (જ્ઞાનવું)] ન. ઇંદ્રિય દ્વારા જ્ઞાન ઊપજવું તે; ઇંદ્રિયબોધ; જ્ઞાના; વેદના; રકુરણ; વિષયજ્ઞાન; ઉપલબ્ધિ; દર્શન; ઇંદ્રિયજ્ઞાન.

૨. ન. પ્રતીતિ; જ્ઞાન; બોધ; સંજ્ઞા.
સાચું સાહિત્યસર્જન કયારે થાય કે સંવેદન (સેન્સેશન) સ્મૃતિ જાગણીના પારામાંથી મુક્ત, વર્કશક્તિ મુક્ત થાય ને નરી મહાપ્રજ્ઞા (રીઝોસીવીટી) કેળવાય એ જરૂરનું છે
વિજયરાય કલ્યાણરાય

૩. ન. બુદ્ધિ; શક્તિ; આંતરચેતન; ચેતના.
પોતાના હૃદયની અંતઃસ્થિતિ એ મુગ્ધના સંવેદનમા પૂર્ણ પ્રવેશ પામતી નથી.
નરસિંહરાવ

૪. ન. મનની ક્ષોભપૂર્ણતા; સક્ષોભ; તીવ્ર મનોભાવના; સંભ્રમ; આવેગ; વિકાર; તરંગ; કલ્પના.

૫. ન. જાગણી; અસર; ઊર્મિ.
સુખ અને દુઃખ આ બે નિરનિરાળાં સ્વતંત્ર સંવેદનો કે અનુભવ કે વસ્તુ છે.
ગીતારહસ્ય

૬. ન. સંકલ્પ.
જ્યો ભૂમિકામાં અખંડ બ્રહ્માકારવૃત્તિ રહેવાને લીધે બહાર બનાવો સંબંધી કંઈ સંવેદન (સંકલ્પ) નહિ રકુરવાથી તે અસંવેદનીય કહેવાય છે.
ત્રિકાળદર્શક દર્પણ

૭. ન. હૃદયમાં થતી બોધરૂપ જાગણી; સરકાર.

સંવેદનશીલ [સં.] વિ. સંવેદન વૃત્તિવાળું; એક પ્રકારની જાગણીયુક્ત; અનુભવશીલ
કવિ એની ઉદાર ભાવનાઓ અને કંઈ એવું સંવેદનશીલ હૃદય રહેલું છે
મહિરાકર રત્નજી

સંવેદનિક પટલ ન. અક્ષિપટ; ' રેટિના '.

સંવેદનિક પટલશોથ પું. અક્ષિપટ પ્રદાહ

સંવેદનીય વિ. આત્મા સંબંધી.

સંવેદ્ય ૧. [સં.] ન. મહાભારતમા જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ

૨. વિ. જાણી શકાય તેવું

સંવેશ ૧. [સં] પું. આસન

૨. પું. ઊંઘ; નિદ્રા; સૂઈ જવું તે.
સુખના સ્વપ્ન જ્યો બીજો સંવેશ જે
બોટાદકર

૩. પું. એક જાતનો રતિબંધ.

૪. પું. પીડા.

૫. પું. પ્રવેશ.

૬. પું. આલિંગન; ભેટવો.

૭ પું. સ્વપ્ન; સોણું.

સંવેશક પું. ઔષધ વાટનાર માણસ.

સંવેશન ૧. [સં.] ન. પ્રવેશ.

૨. ન. સંભોગ; મૈથુન; સંપ્રયોગ; રતિક્રિયા.
કૃતિમાં જણાવેલાં સર્વ ભૂતમા સંવેશનના ચિહ્નો હોવાથી તેનો સ્રષ્ટા બ્રહ્મા જ હોઈ શકે છે.
જોસેફ્ફ શાહ

સંવેષ્ટિત [સં.] વિ. ઢકી વાળેલું.
પટને તમે સંવેષ્ટિત કરી તો તેને જાણે જોઈ શકો છો ?
અણુભાષ્ય

સંવ્યમ [સં.] વિ. ખૂબ વ્યગ્ર.

સંવ્યવસ્થા [સં.] સ્ત્રી. આયોજના; વ્યવસ્થા; સંયોજન.
ઘર શી રીતે ચલાવવું તથા એની સંવ્યવસ્થા શી રીતે કરવી ? આનંદશંકર ધ્રુવ

સંવ્યવહરણદોષ પું. (જૈન) વાસણ વગેરેનું દેખીતેલ શીઘ્રપણે કરે અને જોયા વિના આહારપાણી આપે તે જાતનો દોષ

સંવ્યવહાર [સં.] પું. અરસપરસનો વ્યવહાર; અંતર્વ્યવહાર; પત્રવ્યવહાર.

સંવ્યવહારિક [સં.] ન. વેપારી મંડળ.

સંવ્યાન [સં.] ન. ઉત્તરીય વસ્ત્ર.

સંશાંતિ સ્ત્રી. (પુરાણ) પવમાન અગ્નિની પત્ની.

સંશામક ૧. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય. વનવાસના સમયમાં એને અર્જુને માર્યો હતો.

૨. પું. (પુરાણ) ' હું ક્યારે યોદ્ધાને મારીશ, ન મારું તો પંચપાતકોની ગતિ તે મારી ગતિ' એવું પણ લેનાર લડવૈયો મહાભારતના યુદ્ધમાં દુર્યોધન તરફથી અર્જુનની જોડે યુદ્ધ કરવાને બે સંશામક હતા. ત્રિગર્ત રાજાના સુશર્મા, સુરથ, સુધનુ, સુબાહુ અને સુબન્ધા નામના પાંચ પુત્રો

ઓ એક મતાવલંબી અને સત્યધર્મી, સત્યરથ, સત્યવ્રત, સત્યેષુ અને સત્યકર્મા એ પાંચે જુદા જુદા રાજાઓ એ બીજા સંશપ્તક. એમણે પણ અર્જુનને એક પછી એક એમ લડવાને બોલાવ્યો હતો. યુદ્ધમાં અર્જુને એ સર્વેને મારી નાખ્યા હતા

સંશમન ન. વિકારને શાંત કરનારું ઔષધ, રોગને વધતો અટકાવીને તેનું શમન કરનાર ગુણ

સંશય ૬. [સ સમ + શી (શક્ત થવું)]
પું. અનુમાનના ત્રણ માર્ગોનો એક અવયવ.
અને તેને વળી થાય સાક્ષાત્કાર પ્રભુજનો,
અક્ષરરા. હું માનું એ તેમાં **સંશય** ના કરા
આપીગીતા

૨. પું. (વેદાંત) એક જ ધર્મીમાં પરસ્પર વિરુદ્ધ ભાવ અને અભાવનું જ્ઞાન; નિશ્ચયરહિત જ્ઞાન; પરસ્પર ને વિરુદ્ધ નાના પ્રકારના ધર્મયુક્ત જ્ઞાન; એક જ વસ્તુમા પરસ્પર વિરોધ એવા બે અંશોને સ્પર્શ કરતું જ્ઞાન; બને પક્ષનું ખંડન કરનારું જ્ઞાન અમાત્ર કઈ પણ નિશ્ચય ન થતાં મનમાં શંકા રહે છે કે આમ હશે કે તેમ, આવા પ્રકારની સ્થિતિ જંગલ, મદ અંધકારમા રહેલા સ્થાણુમાં, એ સ્થાણુ છે કે પુરુષ એવા પ્રકારનું જ્ઞાન થાય છે એ જ્ઞાન મોટા આગળ રહેલા સ્થાણુરૂપ ધર્મિ ધર્મોમાં સ્થાણુત્વને તથા સ્થાણુત્વના અભાવને તેમ જ પુરુષત્વને તથા પુરુષત્વના અભાવને વિષય કરે છે, તથા સ્થાણુત્વ અને સ્થાણુત્વનો અભાવ તથા પુરુષત્વ અને પુરુષત્વનો અભાવ, બંને પરસ્પર વિરોધી પણ છે, અર્થાત્ એક અધિકરણમાં રહેતાં નથી, માટે એક જ ધર્મીમાં વિરુદ્ધ-ભાવ અભાવ પ્રકારક-હોવાથી એ જ્ઞાન સંશય કહેવાય છે.

૩. પું. (વેદાંત) એક જ વસ્તુમાં સમાન એવું વિરુદ્ધ જુદી જુદી કોટિઓવાળું જ્ઞાન. સંશય બે પ્રકારનો છે પ્રમાણગત અને પ્રમેયગત. વળી એ સંશય સાધારણ ધર્મજ્ઞાનજન્ય, અસાધારણ ધર્મજ્ઞાનજન્ય અને વિપ્રતિપત્તિ વાક્યજ્ઞાનજન્ય એમ ત્રણ પ્રકારનો છે. તેમાં (૧) આ સ્થાણુ છે કે પુરુષ છે, આ સંશય તો સ્થાણુમાં અને અને પુરુષમા રહેલો જે ઊંચાઈ નો ધર્મ છે, તે સાધારણ ધર્મના જ્ઞાન વડે જન્ય હોવાથી સાધારણ ધર્મજ્ઞાનજન્ય કહેવાય છે અને (૨) શબ્દત્વ ધર્મ આકાશાદિ નિત્ય પદાર્થોમાં પણ રહેતો નથી, તથા ઘટાદિક અનિત્ય પદાર્થોમાં પણ રહેતો નથી પણ કેવળ શબ્દ માત્ર વિષે રહે છે. એ પ્રકારના જ્ઞાન પછી, શબ્દ નિત્ય છે કે નહિ, એવો શબ્દ વિષે નિત્યત્વ ને નિત્યત્વના અભાવ પ્રકારક થાય છે એ સંશય શબ્દરૂપ અસાધારણ ધર્મના જ્ઞાન વડે જન્ય હોવાથી અસાધારણ ધર્મજ્ઞાનજન્ય સંશય કહેવાય છે અને (૩) યથાર્થ અનુભવરૂપ પ્રમા વિષે રહેલો જે પ્રમાત્વ ધર્મ છે. તે પ્રમાત્વને મીમાંસકો સ્વતોગ્રાહ્ય કહે છે અને નૈયાયિક પરતો ગ્રાહ્ય કહે છે. એ બે પ્રકારના વચનો સાંભળીને 'પ્રમાત્વ સ્વતોગ્રાહ્ય છે કે પરતોગ્રાહ્ય છે' એવો જે સંશય થાય છે તેને વિપ્રતિપત્તિ વાક્ય જન્ય સંશય કહે છે બીજા મતે કહીએ તો સંશય બહિર્વિષયક અને અંતર્વિષયક એમ બે પ્રકારનો પણ હોય છે તેમા બાહ્ય વસ્તુને વિષય કરનારો જે સંશય તેને બહિર્વિષયક કહે છે, અને અંતર્વસ્તુને વિષય કરનારો જે સંશય છે તે અંતર્વિષયક કહેવાય છે. જેમકે, 'મારું જ્ઞાન સમ્યક્ છે કે અસમ્યક્' એવો સંશય તે અંતર્વિષયક સંશય છે. બહિર્વિષય સંશય પણ (૧) દૃશ્યમાન ધાર્મિક અને (૨) અદૃશ્યમાન ધાર્મિક એમ બે પ્રકારનો છે તેમાં (૧) ઊર્ધ્વત્વ વિશિષ્ટ ધર્મીને જોવાથી 'આ સ્થાણુ હશે કે પુરુષ' એવા સંશયને દૃશ્યમાન ધાર્મિક કહે છે અને (૨) વનમાં વૃક્ષોની ડાળીઓથી ઢંકાયેલા ભણકતા કે રોજના શરીરનાં ચીંથરાં માત્ર જોઈને 'આ ભણકતું હશે કે રોજ' એવો જે સંશય થાય છે તે અદૃશ્યમાન ધાર્મિક કહેવાય છે. વિશેષનું અદર્શન અને બંને કોટિઓનું સ્મરણ, એ બધા સંશયનું કારણ હોય છે.

૪. પુ નાટકના ત્રયોદશ અંગોનું એક લક્ષણ.

૫. પું. ન્યાયમત પ્રમાણે જે સોળ પદાર્થોના જ્ઞાનથી મોક્ષ મેળવાય છે તે માંહેનો એક પદાર્થ.

૬. પું. ભય; બીક; દહેશત.

૭. પુ વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ચુમ્માલીસ બાબતોની એક વસ્તુ.

૮ પુ શક; શકા; સંદેહ, વહેમ, અંદેશો, ભ્રમ; અનિશ્ચય, અવિશ્વાસ; આ આમ હશે કે આમ એમ પરસ્પર વિરુદ્ધ અર્થનું બે પ્રકારનું જ્ઞાન બાળગંગાધર તિલક કહે છે કે: અર્જુનને જે કર્તવ્યજિજ્ઞાસા અને મોહ યુદ્ધના આરંભમા થયાં હતાં તે જ મોહ આગળ ઉપર યુદ્ધમાં મરેલા અનેક આપ્તજનોનું શોક કરવાને વખતે યુધિષ્ઠિર ઉપર પણ આવ્યો હતો અને તે વખતે તે મોહ શાંત કરવા માટે 'શાંતિપર્વ'નો ઉપદેશ ક્રમવાર આવ્યો હતો કર્મકર્મના સંશયના આવા પ્રસંગ શોધી કાઢીને અથવા કલ્પીને તે ઉપર મોટા મોટા કવિઓએ સુરસ કાવ્યો અથવા ઉત્તમ નાટકો રચેલાં છે. દાખલા તરીકે પ્રસિદ્ધ અંગ્રેજ નાટકકાર શેક્સપીયરનું હેમલેટ નામનું નાટક જાણે છે. ડેન્માર્ક દેશના રાજપુત્ર કાકાએ પોતાના ભાઈ ખૂટ રાજકર્તાનું, એટલે હેમલેટના પિતાનું ખૂન કરીને અને હેમલેટની માની સાથે લગ્ન પુનર્લગ્ન કરીને, ડેન્માર્કની ગાદી પણ હાથ કરી હતી. તે પ્રસંગે તેવા પાપી કાકાનો વધ કરી પુત્રધર્મ પ્રમાણે આપના ઋણમાંથી મુક્ત થવું. કે, એક તો કાકો, માતાની સાથે જ પુનર્લગ્ન કરવાથી સ્થિતિમાં આવેલો, અને તખ્તનશીન રાજા, એની સાથે ગુજરી કરવી: એવા મોહમાં પડેલા કોમળ મનના તરુણ હેમલેટની કેવી અવસ્થા થઈ હતી, તેનું ચિત્ર આ નાટકમા ઉત્તમ રીતે દોરેલું છે.

૧. સંશય આવવો ઊપજવો = શક પડવો; સંશયમાં પડવું; વહેમ પડવો
૨ સંશય દૂર કરવો = વહેમ ટાળવો; ભ્રમ મટાડવો.

સંશયક વિ. શંકાશીલ.

સંશયખોર વિ વહેમવાળું; શંકાશીલ
જે **સંશયખોર** મનુષ્ય છે ત નાશ પામે છે.
ગીતારહસ્ય

સંશયગ્રસ્ત [સં] વિ સંશયમાં પડેલું; શંકાયુક્ત; સંશયવાળું, સંદેહ કે શકા ઉત્પન્ન કર એવું
તેથી આ બાબત **સંશયગ્રસ્ત** હોવાથી બીજા અને અગ્રેસરનું સમકાલીનત્વ નિશ્ચયથી કહી શકાય નહિ.
પુરાતત્ત્વ

સંશયછેદ [સ સંશય (શકા) + છેદ (કાપ)] પુ શકાનું સમાધાન; સંશય દૂર કરવો તે, વહેમનો નિકાલ.

સંશયછેદી [સં. સંશય (શકા) + છેદ (કાપ) + ઇન્ (વાળું)] વિ. શંકાનું સમાધાન કરનારું, વહેમ દૂર કરનારું.

સંશયજ્ઞાન ન (જૈન) એ નામનો અપ્રમાણ જ્ઞાનનો ત્રણ ભાંગાનો એક ભેદ વસ્તુનો નિર્ણય કરવામા સાધ્ય લક્ષણનો આશ્રય તો ન આવે અને સપક્ષ અને પરપક્ષમા નિયત જે સાધારણ ધર્મ તેના આશ્રયથી નિર્ણય કરે તો ત્યા બંને પક્ષ પ્રસક્ત જાણે ત્યારે શિથિલ અપેક્ષિત થઈ બેતરફી જ્ઞાનનું રહેવું તે.

સંશયદોષ પું. (જૈન) સામાયિકમાં મનના કરવા માંહેનો એક દોષ. સામાયિકનું પરિણામ હશે કે નહિ હોય એવા વિચારથી જાગતો દોષ.

સંશયનિવૃત્તિ [સ] સ્ત્રી. સંશયનો નાશ; સંશયનું દૂર કરવું તે.
નથી તો **સંશયનિવૃત્તિ** માટે મનન કરવાનું કશું જ.
સિદ્ધાંતદર્શન

સંશય પ્રકૃતિ [સ સંશય (શકા) + પ્રકૃતિ (સ્વભાવ)] સ્ત્રી. વહેમી સ્વભાવ. જરા જરામાં શકા ઉત્પન્ન કરવાની પ્રકૃતિ, શકાશીલ વૃત્તિ.

સંશયબદ્ધ [સ.] વિ. શકાશીલ.
તમે મારી શકાઓ નહી અને મને **સંશયબદ્ધને** તાબો. સુનિપાત

સંશયભૂત [સં.] વિ. સશયાત્મક; અનિશ્ચિત
ખૂબસૂરતી ફોકટ અને છે **સંશયભૂત** માલ. મહાભારી

સંશયયુક્ત [સ.] વિ. શકાશીલ.

સંશયવાદ ૧. [સ સશય (શકા) + વાદ (સિદ્ધાંત)] પું. ઈશ્વર સંબંધી અવિશ્વાસને લગતો સિદ્ધાંત; અશ્રદ્ધા સબંધી વાદ, અશ્રદ્ધાવાદ; જે વિચારપદ્ધતિ મુજબ જ્ઞાનના સબધમાં માણસ શકા જ યોગ્ય ગણી શકે તે સ્વીકારનાર વાદ.
૨. પું. દરેક બાબતમાં કંઈ વહેમ બતાવવો અથવા શકાશીલ થવું એ વાદ; સશયશીલતા; શકાશીલપણું, અયોક્કસતા; કોઈ પણ તત્ત્વમાં શકાથી નિહાળવાની વૃત્તિ
૩. પું. મનુષ્યજ્ઞાન કદી પણ યોક્કસ હોતુ નથી પણ તે જ્ઞાનની અંદર પણ્યો સશય રહેલો છે એવો મત; અનિર્ણયવાદ; અજ્ઞાનવાદ

સંશયવાદી [સં સશય (શકા) + વાદ (મત) + ઇન્ (વાળુ)] વિ. અશ્રદ્ધાળુ; નાસ્તિક; શંકાશીલ; વહેમી; સશયાત્મા; ધાર્મિક માન્યતા કે વાદ તરફ શકાની વૃત્તિ રાખનાર; સર્વશકી; શંકાવાદી; ' સ્કેપ્ટિક '.

સંશયવાન વિ. સંશયવાળું; શકાશીલ, સદે.હી.

સંશય વિચ્છેદક વિ. શંકા દૂર કરનાર.

સંશયવૃત્તિ [સં.] સ્ત્રી. વહેમી સ્વભાવ.
સંશયવૃત્તિ ગઈ, અણવિશ્વાસ ગયો એટલે સહજ મહાને હીયે એ વજ્રાક્ષર થવાનો.
શિક્ષણ અને સાહિત્ય

સંશયવ્યુદાસ પું. (ન્યાય) અનુમાનના દસ માહેનો એક અવયવ.

સંશયશીલતા [સં.] સ્ત્રી. નાસ્તિકતા; અશ્રદ્ધા; દરેક વિષયમાં શકા લાવવી તે; સશયવાદ.

સંશયસમ સ્ત્રી. (ન્યાય) ન્યાયની ચોવીસ માહેની એક જાતિ; સશયનું આપાદન કરવું તે. જુઓ જાતિ.

સંશયસ્થ [સં.] વિ. શકાવાળું; સદેહયુક્ત, વહેમી.

સંશયાત્મ જુઓ સશયાત્મા.

સંશયાત્મક ૧. [સં. સશય (શકા) + આત્મક (વાળું)] વિ. અવિશ્વાસુ; સદેહવાળું; પૂચ્છક; શક પડતું; સશયી; અનિશ્ચિત; સશયવાળું; વહેમ ભરેલું; શકાશીલ; નક્કી નહિ હોય એવું.
૨. વિ. જે પ્રશ્નનો ઉત્તર એક કરતાં વધારે રીતે થઈ શકતો હોય તેવુ. ભૂમિતિની રચનામાં પ્રશ્નને સશયાત્મક કહે છે. જેમકે, જેની બે બાજુનું અને અતર્ગત કોણનું માપ આપેલુ હોય તેવા ત્રિકોણની રચના કરવામાં બે ત્રિકોણ ઉપસ્થિત થાય છે. પણ એક જ ત્રિકોણ થતો નથી. તેથી તેવી સ્થિતિને સશયાત્મક સ્થિતિ કહે છે
૩. વિ. જેને કરી બાબતમાં શ્રદ્ધા હોય નહિ એવુ, અશ્રદ્ધાળુ
૪. વિ. સંશય આવે એવુ

સંશયાત્મા ૧. [સં. સશય (શક.) + આત્મન (આત્મા)] પું અશ્રદ્ધાળુ માણસ, નકારાત્મક માણસ; સદેહાત્મા
૨ વિ. નાસ્તિક, અવિશ્વાસુ, અશ્રદ્ધાળુ, અવિશ્વાસુ
ન અશ્રદ્ધાનુ અજ્ઞાની **સંશયાત્મા** મરે છે, ન આ લોક ન પરલોક, ના સુખ સશયાત્મને
ભગવદ્ગીતા
૩. વિ. શકાશીલ આત્માવાળું; શકા રાખનાર; નકારાત્મક; સાચુ ખોટુ ન કળવાની શક્તિવાળું; સદેહવાળું; પૂચ્છક; વહેમી
અધ્યાપકો **સંશયાત્મા** બને તો વિદ્યાર્થીઓની શી દશા થાય ! નવચેતન

સંશયાલુ વિ. સદેહવાળું; શકવાળું; વહેમી.

સંશયાસ્પદ [સં] વિ શંકા ભરેલું
જે પ્રજાને કોમોનુ વાસીપણું આજ સુધીમાં ભાગ્યે જ ઉકેલાયુ છે તે કોમોને **સંશયાસ્પદ** દિલાસા દઈને કે કેમ તે એક મોટો સવાલ છે. કુમારપાર

સંશયિત ૧. [સં.] વિ. શક પડતું; શકાસ્પદ; સદેહાસ્પદ; સશયવાળુ
૨. વિ. સદિગ્ધ; બે અર્થવાળુ; દ્વિઅર્થી; સદેહાર્થી; અસ્પષ્ટ; અસ્પષ્ટ.

સંશયી [સં. સંશી (શંકા વાળી)] વિ. વહેમી; શકાશીલ.
પામે સશયી નાશ જ્ઞાનહીન ને શ્રદ્ધા વિનાના બધી. આ લોકે નથી અન્ય લોક ન સુખે એ **સંશયીને** નથી.
ગીતાપંચામૃત

સંશયોન્માદ [સં.] પું. ભરોસો નહિ રાખવો એવો સ્વભાવ.

સંશાપ્તિ સ્ત્રી. (પુરાણ) પરમાણ અગ્નિની એ નામની સ્ત્રી. તે સબ્ય અને આવસથ્યની માતા થાય.

સંશિત [સં. સમ્ (સારી રીતે) + શિત (તીક્ષ્ણ)] વિ. તીક્ષ્ણ બનેલું.

સંશિતવ્રત [સં.] વિ. જેણે દૃઢ રીતે વ્રત પૂરું કર્યું હોય તેવું.

સંશુદ્ધ [સ] વિ સ્વચ્છ, નિર્મળ; સાફ; ધોયેલુ, સશોધિત, શુદ્ધ કરેલુ, સ્વચ્છ કરેલુ, પવિત્ર, બરાબર શુદ્ધ થયેલુ, વિશુદ્ધ.

સંશુદ્ધિ ૧. [સ સમ્ (સારી રીતે) + શુધ્ (સાફ થવું)] સ્ત્રી અપરાધ, દોષ, પાપ અને માલિન્યનું માર્જન, સારી રીત થઈ અથવા કરેલી શુદ્ધિ, પરિષ્કરણ, કર્મશોધન, કર્મપાતન.
૨ જુઓ ચામડી
૩. સ્ત્રી તપ સ્નાન
૪. સ્ત્રી. વિશોધન; બાષ્પીભવન; નક્કર પદાર્થને પ્રવાહી વરાળરૂપ બનાવી ઠંડકથી પાછો નક્કર પદાર્થ બનાવવાની ક્રિયા; ' ક્રિસ્ટલેસેશન '.
૫. સ્ત્રી શુદ્ધિકરણ; શોધન
૬. સ્ત્રી. સત્ત્વ, તત્ત્વ અંતઃકરણથી અવધારમાં બંધનના કારણની મળ
૭ સ્ત્રી. સ્વચ્છતા; પવિત્રતા; પ્રક્ષાલન; સપૂર્ણ શુચિતા, નિર્મળતા; દોષ મુક્તિ; શુદ્ધિ.

સંશુદ્ધકારક [સ.] વિ શુદ્ધ; નિર્મળ; દોષમુક્ત.
પણ કોમાની સંખ્યા અને **સંશુદ્ધિકારક** વિભૂતિઓ અને શક્તિઓ જ ચિંતન કરવા કે મેળવવા હોય છે. છગનરોપણ

સંશે [સ. સશય] પું. સશય; શક; વહેમ.
અમરે અમરે એ અમૃત પીશે,
અમર થઈ અમ સંશો ન કીજે. ઋષિરાજ

સંશોચન વિ. સશયપૂર્ણ; શકાશીલ; વહેમી.
સંશોચત થઈ ગયા સતી જેવા,
સિવાજી બાલ્યા તે અસત્ય.
ગોવિંદરામ

સંશોધક ૧. [સં.] પું શુદ્ધિ કરનાર માણસ.
૨. વિ. (વૈદક) ચામડુ ને રેચક.
૩. વિ. શુદ્ધ કરનારું.
આખી દુનિયાના ક્ષેત્ર ઇતિહાસ **સશોધકોની** ચીકણીચીકણીને કરેલી ઢારમાં પણ દીપી જાય.
અજવતરાય

૪. વિ. સશોધન કરનાર; શોધનાર; જોતનાર; પ્રકાશમાં લાવનાર.

સંશોધક અધિકારી પું સુધારણા અમલદાર.

સંશોધકવૃત્તિ [સં] સ્ત્રી. નવી નવી શોધ કરવાની પ્રવૃત્તિ.
સસ્કૃત સાહિત્યના અધ્યયનની વિદ્યાર્થીઓની સ્વતંત્ર ને **સશોધકવૃત્તિ** ખીલવી જઈ
ઠમણારાવ

સંશોધન ૧ [સં સશુધ્ (સપૂર્ણ સાફ થવુ) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. (વૈદક) ઝેલટી તથા ગાંઠો લાવનાર ઔષધ; આપેલા અનાજને નાકેથી, ગુદામાર્ગે કે મોંમાંથી બહાર કાઢી નાખનાર ઓસડ; દસ્ત લાવનારું ઔષધ.

મળતા અવયવને કપર કે નીચેનેતેના સ્થાન બદાર લઈ જાય છે તેને દોષ **સંશોધન** કહે છે જેમકે, કકડવાનું કૃદ્ય અમૃતલાલ વેગડ

૨. ન. ચોકસી

૩ ન. તપાસણી; તલાશ, શોધખોળ. ઝાલાવાડના ઇતિહાસ સંશોધક શ્રી વિશ્વનાથ કાશીનાથ રાજવાડેના સબંધમાં એમ કહેવાય છે કે, એક વખત ઇતિહાસના મૂળ દસ્તાવેજો મેળવવા માટે મહેનત કરતાં કરતાં એમને કેટલાક જૂના અગત્યના ખતપત્રો હાથ લાગ્યા હતા. એ બધા પાગડીપત્રના મૂળ વિષે હતા. એમાં પાગડીપત્રના મૂળના એક મુખ્ય પોઢા ગોવિંદપત બુદ્ધેએ મૂળ દસ્તમિયાન સબંધના પત્રો પણ હતા. આ બધા દસ્તાવેજો ખતપત્રો ને બુંદેલના મૂળ વિષેના અંગત પત્રો એ તપાસવા લાગ્યા એ કામ માટે ખૂબ ઝીણવટ અથવા મહેનત અને કુશાગ્ર બુદ્ધિ જોઇએ. વખતે બળતાં ખતપત્રો હોય, બનાવટી દસ્તાવેજો પણ હોય ! તે બધું જોઈ તપાસી, એમાંથી ખરું શોધી કાઢવાનું. તે માટે એ આવી રીતે સતત કામ કરતા હતા. એ ખતપત્રો તપાસીને સંશોધન એમણે બારીક અક્ષરોમાં પ્રગટ કર્યું. ઇતિહાસને લગતી કેટલીક નવી શોધો કરી અને એની પ્રસ્તાવના-એ સંશોધન સાથે જોડેલી એમની પ્રસ્તાવનાએ એમને મોટા પંડિતનું-ઇતિહાસ વેત્તાનું સ્થાન અપાવ્યું. આવા સાધનો મેળવવા માટે એમને અનેક વેળા મુસાફરી કરવી પડતી હતી. એ માટે એમણે રામેશ્વરથી કાશી અને અફઘાનિસ્તાન, બલુચિસ્તાન સુધીનો પ્રવાસ કર્યો હતો. જ્યાં જ્યાં જૂના બગલના દસ્તાવેજો મળે એમ છે, એવું એમને લાગતું ત્યાં ત્યાં એ જતા. ગામડે ગોકડે પણ તે માટે એ રખડતા હતા અને આમ કરતાં કેટલીક વાર એમને ઉકરડા જેવાં માળીમાં તપાસવા પડતાં. ત્રીજે દિવસે જ્યાં કચરાના ઢગ પડ્યા હોય ત્યાં એ જતા. કેટલેક ઠેકાણે તો ઊભા પણ રહી શકાય નહિ, તેવા સ્થળે પણ એ જઈને જરૂર પડે તો ત્યાં બેસતા ને કામ કરતા. આ માટે કેટલીક વાર એમને એટલી બધી મુશ્કેલી વેઠવી પડતી કે ન પૂછો વાત. એક વખત તો દિવસોના દિવસો સુધી દરરોજ ત્રણ પૈસાના ભાત પર ચલાવી લેવું પડ્યું હતું. એમણે તો ઇતિહાસ સંશોધનની સાધના માંડી હતી. એ માટે જાણે જેમ લીધો હતો. આકરી જવાબદારી તેવી વિકટ પરિસ્થિતિમાં પણ એ મજા રહ્યા. એમ કરતાં એક વખત એક મુકદ્દમે એમના ઉપર ચોરીનો આરોપ પણ મૂકાયો હતો. એક વખત એ જૂની જતા બન્યા હતા. આ પ્રકારનાં સંશોધન માટે એમને તામ્રપત્રો, શુકાઓ, દિલ.લેખો જવા જવું પડતું હતું. ઐતિહાસિક સ્થાનો તપાસ કરવા આ રીતે એટ વખત એ દેશ એટ એટ ઉપર ગયા હતા પાછા ફરતાં ભોકું થઈ ગયું તે એટ ઉપર માણસની વસતિ નહિ, જંગ જનાવરનો ભય. વેરાન હોવાથી રાતના ત્યાં રહેવાય નહિ. વળી એવામાં દરિયામાં ભરતી આવી. પાછા ફરવાનું બોટ કે એવું સાધન નહિ એટલે એમણે દરિયામાં ઝંપલાવ્યું. તરીને સામે પાર પહોંચી જવા તૈયાર થયા. પણ પાણીનો વેગ એવો કે સીધું તરીને જઈ શકાય નહિ. અંધારે કશું દેખાય નહિ. એ તો રસ્તો ચૂક્યા. પણ જે કોઈ નિસ્વાર્થ ભાવે સારું કામ કરે છે તેની મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. ત્યાં તે વખતે એટ માછી આવી ચડ્યો. એણે અંધારે માછલાં પકડવા માટે જાળ નાખી. આ જાળમાં ઇતિહાસ સંશોધન માટે નીકળેલા પણ તણાઈ જતા રાજવાડે, માછલાને બદલે પકડાઈ ગયા. માછીને જાળ ખારે લાગી, એટલે એ તરત ખેંચવા લાગ્યો. એમણે બૂમ પાડીને સમજાવ્યો પેલા માછીએ તેનો જાળમાં બરાબર ભરાવી લઈ ને એમને કૂણી જતાં બચાવ્યા. રામ રાખે તેને શી આંચ આવે ! વળી આ ઇતિહાસ સંશોધનનાં અમૂલ્ય પુસ્તકો તૈયાર કરીને એમણે મરાઠી ભાષાની મોટી સેવા કરી. ફક્ત ઇતિહાસનાં જ ૭૫૦૦ પાનાં છપાવ્યાં ને બીજું કેટલું ય જૂનું સાહિત્ય, જે કોઈવાર ઉકેલાતું ન હોવું તે એમણે ઉકેલ્યું. બાબા રાજ વિષે પણ શોધ કરી અનેક ભાષાંતર કર્યાં. જુદે જુદે સ્થળે મંડળો સ્થાપ્યાં. ટોમસ આલવા એડીસન આજે પણ જીવાતા નથી. આજના ફિલ્મ ઉદ્યોગનું મૂળ એટલે એડીસનની સંશોધન શક્તિ અને એમની જીવન યાત્રા. ઈ. સ. ૧૮૮૯ની સાલમાં એડીસને પહેલું ચિત્રપટ તૈયાર કર્યું. પહેલું ઉત્પાદન ઘર પણ એડીસનની ઇજનેરીમાથી ઊભું થયું હતું. ૧૮૯૩માં એડીસનના સ્ટુડિયોમાં ચિત્ર તૈયાર થવા માંડ્યું હતું એડીસને ટેલિફોન, ગ્રામોફોન, ફિલ્મની કેમેરાની પટ્ટી અને બોલપટ અંગે જે શોધો કરી એમાથી આજનું બોલપટ સર્જાયું છે. ચિત્રપટની શોધ પછીનાં પહેલા દશ વર્ષ દરમિયાન ૫૦ ફૂટના ટુકડાવાળાં દસ્યો ઝડપભામાં આવ્યાં હતાં. એ પછી ચિત્રની અંદર કથા ભળી. 'ટ્રેઈન રોબરી' એ પહેલું મુજબરીવાળું કથામય ચિત્ર રજૂ થયેલું. એડીસનની દેખરેખ હેઠળ આ ચિત્રની ઝલવટ થઈ હતી. ૧૯૦૯ની સાલમાં ડેવિડ વાર્ક ગ્રીફીથ ચમક્યા અને ગ્રીફીથે ચિત્રકળામાં કહ્યો એમણે કથા ગ્રીફીથે ફિલ્મોનિયા ઉપર પસંદગી ઉતારી કારણ કે ત્યાં કુદરતી પ્રકાશની છોળ ઊડતી અને ગ્રીફીથની આ પસંદગીમાથી હોલિવુડનો જન્મ થયો ૧૯૨૭ની સાલ સુધી ચિત્રો મૂક હતાં. ત્યાર પછી ચિત્રને ગળુ મળ્યું. 'જાઝ સીંગર' પહેલું સવાક બોલપટ તૈયાર થયું અને જગતના ચિત્ર ઉદ્યોગે ત્યારે પલટો લીધો. એડીસનને આજે સમસ્ત ચિત્ર ઉદ્યોગ યાદ કરે છે પણ જેમણે ચિત્રની કલાનું રૂપેરી વ્યાકરણ રચ્યું એવા ગ્રીફીથનું અવસાન થયું ત્યારે હોલિવુડે એનો નિશ્વાસ પણ સાંભળ્યો ન હતો. જેની કલાએ જગતનાં ઉમદા કલામય ચિત્રોનું સર્જન કર્યું, એનું મૃત્યુ ગરીબીની ગોદમાં થયું. એડીસનની સાથે.સાથે આપણે આવા ગ્રીફીથને યાદ કરીએ અને એમની સ્મૃતિને સલામ ભરીએ.

૪. ન. પ્રક્ષાલન

૫. ન શુદ્ધિકરણ; શોધન; શોધી શોધીને દોષ, મલ વગેરે કાઢી નાખવા તે; સારી રીત કરવું શોધન; દોષાદિકનુ સંમાર્જન.

મારી માન્યતા એવી છે કે અધ્યાપન અને સંશોધન બંને એક સાથે થવા જોઈએ
આનંદશંકર ધ્રુવ

૬. ન. સુધારો; દુરસ્તી.

૭. ન. સ્વચ્છતા; પવિત્રતા.

સંશોધનકાર પુ. સંશોધન કરનાર મા.સ્ત્રી.

પ્રો. જદુનાથ સરકારના સંબંધમા એમને અધ્યાપન કરતાં સંશોધનમાં અધિક રસ હતો અને એમના વિદ્યાર્થીઓને પણ પોતાના સંશોધનકાર્યમા રોકતા એ અધિકારીઓને પસંદ ન હોવું. પરંતુ પ્રો. સરકારની પ્રામાણિક માન્યતા હતી કે **સંશોધનકાર** અધ્યાપકે સંશોધનનું જ વાતાવરણ વિદ્યાર્થીઓમાં રચવું અને એના ઉપર જ એકાગ્રતાથી કામ કરવું.
રતિલાલ મોહનલાલ ત્રિવેદી

સંશોધન પ્રવીણ [સં.] વિ. સંશોધન કરવામાં કુશળ.

સંશોધન પ્રવીણ મુનિ મહારાજ શ્રી જ્ઞાનવિજયજીએ આ કામ માટે સૌથી કાબેલ કર્યું ન હોત. કાલેલકર

સંશોધનવૃત્તિ સ્ત્રી. નવું શોધવાની વૃત્તિ.

પરંતુ તેના વડે અમુક સંજોગોને લીધે તેમના ઇતિહાસની **સંશોધનવૃત્તિને** પણ ઉત્તેજન મળ્યું છે. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

સંશોધનાત્મક [સં.] વિ. સંશોધનને લગતું; શોધખોળવાળું.

ઉપરની **સંશોધનાત્મક** ચર્ચામાં માણિક્યચંદ્રની ટીકાનો થોડો ઘણો ઉપયોગ થયો. પુરાતત્ત્વ

સંશોધની વિ. સંશોધનને લગતું.

સંશોધનું જુ જિ. સંશોધન કરવું.

ગરમ દેશના ચામડાના કુટુંબને નેવો હોય છે, પણ વાટ સંશોધવાથી એ બન્નેમાં નેત્ર અતિશય અકબ અને રંગહીન જણાય છે.

બાબા ભાલબાબા

સંશોધિત ૧ [સ સુગુપ્ (સંપૂર્ણ સ.૬ થવું) + ધ્ત] વિ. તદ્દન સાફ થયેલું; સ્વચ્છ.

૨. વિ. ફરી તપાસેલું

૩ વિ જૂનો સુધારેલું.

ઠેઠનાક નિર્ગિહ અને અલબ્ધ-દુર્જન જેવા ગ્રંથરત્નોને અર્વાચીન રાસાયણ પદ્ધતિએ સંશોધિત વિવેચિત કરી પ્રકટ કરવા. મુનિ જિનવિજય

૪. વિ. શુદ્ધ કરેલું; દોષ રહિત કરેલું; દોષ અને માલિન્ય કાઢી નાખેલું.

૫. વિ શોધેલું

સંશોધણી સ્ત્રી ખરાબ લોહી ચૂસી લે તેવો લેપ

સંશ્રય ૧. [સં. સશ્રી (આધાર આપવો)] પું. આશ્રય; આશરો. અ.ધ.૨.

૨. પું. નિવાસસ્થાન.

૩. પું. પાલન.

૪. પુ રાજનીતિનો એક ગુણ.

૫. પું. વિશ્વાસ.

૬. શરણું; વિશ્રામ કામ.

શત્રુ સામે ઠકાર કરવા એવું સંશ્રયનું બળ તેણે કરી જાણ્યું નહિ. કેશવ હર્ષદ ધ્રુવ

સંશ્રયશ્રી પું. (પિંગળ) વિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ જેના દરેક ચરણમાં ત્રણ તગણ, ગુરુ અને લઘુ મળી અગિયાર અક્ષર હોય છે.

એ સંશ્રયશ્રી ત તા તા ગા ગા થી.

રણછોડભાઈ

સંશ્રય ૧. [સં.] પું. અંગીકાર; સ્વીકાર.

૨. પું. કબૂલાત; કોલ.

૩. પું. સારી રીતે સાંભળવું તે.

સંશ્રિત ૧. [સં. સમ્ (સારી રીતે) + શ્રિત (આશ્રય કરીને રહેલું)] વિ. આશ્રિત; આશ્રયમાં રહેલ; શરણે આવેલું.

૨. વિ. પુષ્ટિવાળું; આધારવાળું

સંશ્રુત ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨ [સ] વિ. અંગીકૃત; સ્વીકારેલ.

૩. વિ. કબૂલેલું

સંશ્રુત્ય પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

સંશ્લિષ્ટ ૧. [સં.] વિ. આલિંગેલું; ભેટેલું; વળગેલું.

૨. વિ બનાવટી.

૩. વિ. સંબદ્ધ; સાથે જોડાયેલું.

સંશ્લેષ ૧. [સં.] પું. ગાઢ આલિંગન

૨. પું. સયોગ; સંસ્પર્શ; ભેગા થવું તે; એકીકરણ.

સંશ્લેષ અને વિશ્લેષ દ્વારા ભેગા થવાની તથા છૂટા થવાની શક્તિ જૂદાં દ્રવ્યોમા દેખાય છે

તત્ત્વાર્થસૂત્ર

સંશ્લેષક ૧ [સં.] વ. રૂઝ લાવે તવું ઔષધ.

૨. વિ. ચોંટાડી કે સાંધી દે એવું

૩. વિ. જુદાંને ભેગું કરનાર, એકીકરણ કરનાર; સંયોજક.

રમણભાઈ સાચું જોઈએ કે, પુરાતન પુનિવર્સિટીઓ સંશ્લેષક (Integrating) હતી અને આજની છે, વિશ્લેષક (Disintegrating) નહિ. અનંતરાય ત્રિ

સંશ્લેષણ [સં.] વ. એકીકરણ; પિંડીકરણ; સયોજન

સંશ્લેષ પ્રક્રિયા [સં.] સ્ત્રી સંશ્લેષણ

તે પ્રક્રિયામા એમ માનવામાં આવે છે કે, વિજ્ઞાનો અને તત્સૂચક પદાર્થોની વચ્ચે સંબંધ બધે જ હોય. તોપણ વિજ્ઞાનો યા પ્રત્યયો પરસ્પર સંશ્રિત છે પ્રત્યય પ્રત્યયની વચ્ચે આંતર સમરસતા-તત્પરતા રહેલી હોય છે. આ પ્રક્રિયાને **સંશ્લેષ પ્રક્રિયા** કહી શકાય. હરસિદ્ધભાઈ દીવેટિયા

સંસક્ત ૧. પું. શિકારી કૂતરો

૨. [સં.] વિ આસક્ત; લીન.

૩. વિ. ગોતરફ વિસ્તાર પામેલ.

૪. વિ. બંધાયેલ; જોડાયેલ, લાગુ થયેલ.

૫. વિ પાસે પાસે આવેલ; પાસપાસેનું, સમીપનું; સંન્નિહિત.

૬. વિ. ભળેલું; બધાયેલું.

સંસક્તકોષ [સં] પું. ઉપકોષ; 'ઓર્ગેનેલ્સ' બોલ્યા'.

સંસક્તતા [સં.] સ્ત્રી. આસક્ત હોવાની સ્ત્રી

સંસક્તિ ૧. [સં.] સ્ત્રી. આસક્તિ; નાદ; વ્યસન.

૨. સ્ત્રી. ગાઢ સબંધ

૩ સ્ત્રી. દ્રવ્યનો એ નામનો એક સાધારણ ગુણ

ન્યાયના વૈશેષિક સિદ્ધાંતમાં તેમ જ જૈન અને બૌદ્ધ મતના તેમ જ બીજા તત્ત્વચિંતકોના મતમા પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામા આવે છે સ્થિતિસ્થાપકતા. જેમકે. **સંસક્તિ**. સંધાન, અભેદતા, સાદ્રતા, ચિકટતા, સ્નિગ્ધતા, પ્રવાહિતા, દ્રવતા, છિદ્રમયતા, સૌષિર્ય વગેરે દ્રવ્યના ગુણોનું વર્ણન કરવામા આવ્યું છે.

પોપટલાલ ગોવિંદલાલ શાહ

૪. સ્ત્રી. સક્તિ

૫. સ્ત્રી. વળગી રહેવું તે સંયુક્તતા; પરસ્પર આકર્ષણ.

૬. સ્ત્રી. સયોગ; મળવું તે; યોગ થયો તે.

રાસાયનિક સસર્જિત ચિનાય અણુ સંસર્ગિનો પણ કેટલોક ભાગ હોય છે. જ્ઞાનકોષ

સંસદ [સ. સસદ્] સ્ત્રી સભા; મંડળી; સમાજ; વિદ્વાન્-મંડલી

કાશ્મર એ બને પ્રાંતોમા હિંદી અને હંદુ ભાષાના વિકાસ અર્થે 'હિંદુસ્તાની એકેડેમી' યાને હિંદી અને હંદુભાષાની સંસદ સ્થાપવામાં આવી છે.

બાબુરાવ પટેલ

સંસદિયું વિ. પરિષદિયું

સંસદિયાની ચોટમાં બરાબર બાજબતદારોએ શું નથી કર્યું ? પટ્ટાભિ સીતા

સંસદીય [સં] વિ. સભાને લગતું.

સંસરણ ૧. [સ] ન ગમન.

૨. ન. ગામ પાસેનું વિશ્રામસ્થળ; ગામ કે શહેર પાસેની આરામની જગા.

૩. ન. ઓળ કૂવા કરવુ તે.

૪. ન દૂર જવું તે; સરી જવું તે.

સંસારનો અર્થ જ એ છે કે જ્ઞાન થતાં જે સંસરણ પામે છે તે. આનંદશંકર

૫ ન. નાશ પામવુ તે.

૬ ન પ્રવાહ

૭. ન વૃદ્ધનો અભ્યાસ, સદાચરણનો પ્રારંભ.

૮. ન મરિયામ રસ્તો; મોટો રસ્તો; રાજમાર્ગ.

૯. ન સગતિ; સારી જવુ તે.

૧૦ ન. સયમ; ભેગું થવું તે

૧૧. ન. સસાર.

સંસરવું ૧. જ જિ. પગ લપસતાંને ચાલવું.

૨. અ. જિ. સરી જવું

સંસરતો સસાર, કુડલમડિત બાય બે

કેશવરાજ મુનિ

સંસરવેલ સ્ત્રી. એ નામની એક દેશી રમત; નામરવેલ; અક્ષરવેલ.

સંસર્ગ ૧. [સ. સસૃજ્ (ભેગવું) + ઘ (નામ બનાવનાર પ્રત્યય)] પું. આસક્તિ; લપટતા.

૨. પુ. (વેદાંત) એક પદનો બીજા પદ સાથે સબંધ. જેમકે, 'મડો લાવો ' એમાં મડાનો કર્મ રૂપે લાવો ક્રિયાની સાથે સંબંધ છે. તે સંસર્ગ કહેવાય છે

૩. પુ. એક બીજા વચ્ચેનો નિકટ સંબંધવ્યવહાર; લાગતું વળગતું રાખવું તે; અડકાઅડકી; સ્પર્શ; સયોગ; ગાઢ સ્પર્શ કે સબંધ; સહવાસ; સપર્ક; સહમપણું; સમ.ગમ; ભેગાપણું; ચેળાપણું; વહેવાર; પરિચય; અતિ સબંધ.

જેવા જેવા સંસર્ગમાં આવવાને પ્રાપ્ત છે તેવા તેવા સંસ્કાર તેને પડે છે. મહિપતરામ નથુભાઈ

૪ પું જુદું થયા પછી ભેટવાનું તે; પુનર્મિલન; મળવું
૫ પું. (વેદાંત) તાદાત્મ્ય સંબંધ સિવાયનો બીજો સંબંધ
૬ પું ભાગીદારી.
૭ પું વિષયનો સંબંધ
૮ પું સમીપતા
૯ પું સોબત; સંગતિ
૧. સંસર્ગ કરવો = ના સંબંધમાં આવવું
૨. સંસર્ગ તજવો = વ્યવહાર બંધ કરવો

સંસર્ગદોષ ૧. [સં.] પું નઠારી સોબતથી આવતી બૂરી, સંસર્ગદોષ; અનિષ્ટ સંસર્ગથી લાગતો દોષ

તેણે **સંસર્ગદોષ** મટાડવા માટે સ્નાન કર્યું અને માનસિક શુદ્ધિ મેળવવા ધ્યાન કરવા બેઠો
મુનશી

૨. પું. રોગસંચાર.

સંસર્ગનિષેધ [સં.] પું. ગમનાગમનની મના; ' ક્વૉરન્ટાઇન '.

સંસર્ગવિદ્યા [સં.] સ્ત્રી. ગર્ભવિદ્યા. સમાજમાં સસર્ગ કરીને જાણવું તે સસર્ગવિદ્યા એવો અર્થ રામકૃષ્ણો કરે છે

સંસર્ગાધ્યાસ પું (વેદાંત) તાદાત્મ્યભિન્ન ઉપાધિથી થયેલો અધ્યાસ. જેમકે, સ્ફટિકમા રાતાપણાનો અધ્યાસ, છીપમાં પીળાપણાનો અધ્યાસ અને અનાત્મામાં આત્માપણાનો અધ્યાસ

સંસર્ગાભાવ ૧. [સં.] પું. કોઈ સ્થળે અમુક પદાર્થ ન હોવો તે; કોઈ સ્થળરૂપ અમુક પદાર્થ ન હોવો તે
૨. પું. (વેદાંત) જે અભાવનો પ્રતિયોગી સસર્ગ છે તે અભાવ.
૩ પું. (વેદાંત) તાદાત્મ્યથી ભિન્ન સંબંધવાળો પ્રતિયોગી જેનો હોય એવો અભાવ
૪. પું. (વેદાંત) ન્યાય મતે બે માહેના એક પ્રકારનો અભાવ; અન્યોન્યાભાવથી ભિન્ન અભાવ. અન્યોન્યાભાવ સિવાયના તમામ અભાવો સસર્ગાભાવ કહેવાય છે. અન્યોન્યાભાવ અને સસર્ગાભાવ એમ બે પ્રકારના અભાવ કહેવાય છે. તેમાં સસર્ગાભાવના ચાર પ્રકાર છે: પ્રાગભાવ, પ્રાગભાવ, અત્યંતાભાવ અને ઇતરાભાવ. બીજા કેટલાક પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ, સામયિકાભાવ એ બધા સસર્ગાભાવ કહેવાય છે.
૫. પું. સંબંધનો અભાવ; પરિચય ન હોવો તે.

સંસર્ગી ૧. [સં. સંસર્ગિન્] પું. સંબંધી; સાથી.
૨. વિ. અડકાઅડકીના ચેપવાળું. એકબીજા સાથેના માઠ રોગનું કે સંક્રમણવાળું.
૩. વિ. અડકીને રહેલું
૪. વિ. સસર્ગ રાખનારું
૫. વિ. સસર્ગમાં આવેલ; સહવાસમા આવેલ; સહવાસી.

સંસર્પ ૧ [સં.] પું અધિક માસ આવનો હોય ત્યારે બે જે સાથે સાથે એક જ મહિના જણાય છે તે બેઉ માસ.

કોઈ માસ પ્રમાણે બાર માસનો અયનની ઉપરથી જે એક માસનો ફેર પડે છે તેને જોવા વખતે અધિક માસમા નામના **સંસર્પ** એ નામથી સંબોધતા હતા
આર્યોના તહેવારોનો ઇતિહાસ

૨. પું. અધિક માસવાળા વર્ષમાં આવતા બે માસ માહેનો પહેલો મહિનો. તૈત્તિરીય સંહિતામાં અધિક માસને સસર્પ એવું નામ આપવામાં આવ્યું છે. સસર્પ તથા અંહસસ્પતિ એ બે શબ્દ ક્ષય માસવાળા વર્ષમાં જે બે અધિક માસ આવે છે તેને માટે યોજવામાં આવ્યા છે. આ બેમાંના ક્ષય માસની પહેલાં આવનાર અધિક માસને સસર્પ તથા પછીથી આવનારને અંહસસ્પતિ કહેવામાં આવ્યા છે

૩. પું. ખસવું તે; સરકવું તે; પાણીના ઘસાની પેઠે જવું તે; સર્પની પેઠે જવું તે.

સંસર્પણ ૧ [સં.] ન. ખસવું તે; સરકવું તે, ધીમે ધીમે ખસવું તે; પાણીના રેલાની પેઠે જવું તે; સર્પની પેઠે જવું તે

૨. ન. હવામાનમાં થતા ફેરફારથી તેમ જ ખીજા કારણોથી પ્રવાહીઓમાં કે વાયુઓમાં પ્રવાહ દ્વારા ગરમી કે વીજળી દાખલ કરવાની પદ્ધતિ; પ્રાપણ.

સંસા [સં. સશ્ય] જો. શંકા.

વાગે તુજને લાગ વસી ખરૂ,
તે વાતે નહીં **સંસા** કંઈ. સામળ

સંસાર ૧. [સં. સસ્ (સરકવું) + અ (નામ બનાવનાર પ્રત્યય)] પું આત્માની કર્મજન્ય અવસ્થા.

૨. પું. જન્મ મરણાદિક જે ઘટમાળ તે; જન્મ પુનર્જન્મની ઘટમાળ.

વિચારવંત પુરુષો જન્મપુનર્જન્મની ઘટમાળ-જે **સંસાર** તેમાંથી છૂટવા ઇચ્છે છે.
હિંદુ ધર્મની ઝાંખી

૩. પું જન્મીને મરવા લગીનો ખટરાગ; જીવોનું ઉત્પન્ન થવું, સુખદુઃખ ભોગવતાં જીવવું અને આખરે મરવું વગેરે જીવન કલહરૂપ વ્યવહાર. સમયસારજી ઉપરનાં પ્રવચનોમાં કહેવાયેલ છે કે, જીવમાં બે પ્રકારની અવસ્થા થાય છે: (૧) અનાદિની અશુદ્ધ અવસ્થા. તે પર લક્ષણ રૂપ છે. (૨) રાગ, દ્વેષ, અજ્ઞાન રહિત સ્વભાવિક શુદ્ધ અવસ્થા. તે સ્વ સ્વભાવરૂપ છે. એવી બે હાલતો બતાવાય છે. કારણ કે, આત્મા ત્રિકાળી છે તેની સંસાર અને મોક્ષ બે હાલતો છે. સંસારપણે એ આખો આત્મા નથી તથા મોક્ષ એ આખો આત્મા નથી, બને અવસ્થા મળીને ત્રિકાળી આત્મા છે. આત્મા વર્તમાનમાં છે તે ત્રિકાળ છે તેની બે પ્રકારની દશા-અવસ્થા, તેમાં અનાદિની, પોતાની કલ્પના રૂપ, રાગ દ્વેષરૂપ અશુદ્ધ દશા એટલે સંસાર દશા. સંસાર ' બંધક ' છે તેનો તાત્પર્યભાવ એ છે કે, પર દ્રવ્ય મારી, પુણ્ય, પાપ, દેહાદિની હિંસા મારી છે એવી અજ્ઞાનીની માન્યતા તે જ સંસાર છે

જિસ્સુ હાથીના કાન, પિપલનું પાન, મહિલાની મૂત્ર, નીગનું માન, ગુવાર જાન, રંભાનુ ફળ, અમરીનુ પાન, મકકાનુ ચકીરાજ, જિસ્સા, બકુળોના બાળકના બોલ, જિસ્સા સમુદ્રના પ્રવાસ, વિજનો ઝબકુ, કમળપત્રિ જલનું બિંદુ, પવનનું અંધારૂ, તિસ્સુ **સંસાર** બંધાય છઈ
મુ. સા. પરિષદ

૪ પું. જીવનચક્ર.

દ્રવ્યબંધ અને ભાવબંધ એ જ **સંસાર** છે
તત્વાર્થસૂત્ર

૫. પું. (વેદાંત) જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય. ભોક્તા, ભોગ્ય અને ભોજન, કર્તા, કર્મ અને કરણ. એ ત્રણની ત્રિપુટી. આથી નવ પ્રકારનો સંસાર થાય છે.
૬. પું. ત્રિભુવન.
૭. પું. દુનિયાદારી; લોકાચાર; જનરીતિ.
૮. પું પંચમહાભૂતમાંનાં તત્ત્વોનો મિશ્રિત પદાર્થ; માયાનો પ્રપંચ
૯. પું. (વેદાંત) પોતાના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલા શરીરનો પરિગ્રહ; આ શરીર હું છું અથવા આ શરીર મારું છે એવો આગ્રહ.
૧૦. પું. (સાંખ્ય) પ્રકૃતિનો વિલાસ.
૧૧. પું પ્રપંચ.
૧૨. પું. પ્રવાહ.
૧૩. પું ક્રિયા કરવું તે.
૧૪. પું. (વેદાંત) ભગવાનની માયાનો વિલાસ; બ્રહ્મવન, બ્રહ્મવૃક્ષ

સંસાર સત્ય નથી એટલી negative સમજણ બસ નથી, સંસારમાં પરમાત્માનો વાસ છે એ positive રૂપે જાણવું જોઈએ. વેદાંતની પરિભાષામાં ચોતરફ માયા વિસ્તરી રહી છે. એટલું જ નહિ પરંતુ એ માયામા બ્રહ્મનો અનુપ્રવેશ છે. આ જ કારણથી માયા પણ અસ્તિત્વવાચક પદની અધિકારિણી બને છે
આનંદશંકર ધ્રુવ

૧૫. પું. ભૂલોકવાસ; પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિ; ચોરાસી લાખ યોનિ.

૧૬. પું. મનુષ્યસૃષ્ટિ.

૧૭. પું. (વેદાંત) મિથ્યા એવા અજ્ઞાનથી જન્મ સરકારરૂપી વાસના.

૧૮. પું. લોકાકાર; જગ લોકનો આકાર કે ચિતાર

૧૯ પું સંસરણ; ગમે કરવું તે.

૨૦. પું. સૃષ્ટિ; જગત; વિશ્વ; દુનિયા; મૃત્યુલોક; જગ; આલમ; લોક; નજર આગળ દેખાતું સર્વ જગત અથવા દૃશ્યસૃષ્ટિ

૧. સંસાર કરવો = ઘર ચલાવવું

૨. સંસાર તરવો = જીવનકલહના ઝંઝાવાતોમાંથી છૂટવું; મુક્તિ મેળવવી; દુનિયાદારીના વ્યવહારમાં પાર ઊતરવું; મોક્ષ મળવો

૩. સંસાર પૂંઠે લાગવો = સંસારની ઉપરી કરજો માથે પડવી.

૪. સંસાર ફળ્યો = વરદાર્ઢ થવી.

૫. સંસાર માંડ્યો = (૧) દુનિયાદારી શરૂ કરવી (૨) પરમાવું; પ્રજોત્પત્તિને માટે સ્ત્રીપુરુષે સંબંધ બાંધવો.

૬. સંસારનાં સોંદરા = કામના ઉપાડા.

૭. સંસારની જાળ = જીવનબંધન

૮. સંસારનો લહાવો = એનું સુખ.

૯. સંસારનો વા વાયો = (૧) સંસારના પ્રપંચની અસર થવી; પ્રપંચમાંજ આવડવી. (૨) સુખદુઃખનો અનુભવ થવો, નિર્વાહસંબંધ જરૂર રહેવું; મારા મમતા વળગવી.

૧૦. સંસારમાં કૂબવું = (૧) જિંદગીમાં અપકૃત્ય કરવાં. (૨) મામાનાં બંધનોમાં જકડાવું

૨૧. પું. સ્ત્રી, છોકરા અને પરિવારવાળી સ્ત્રીપુરુષની સંયુક્ત સ્થિતિ; ગૃહસંસાર.

૨૨. પું. સ્ત્રીપુરુષનું એક થઈ રહેલું, બનવરવું અને પ્રજોત્પત્તિ કરવી વગેરે તે.

૨૩. પુ. (જૈન) સ્ત્રી, મકાન, લક્ષ્મી, કુટુંબ વગેરે પદાર્થોમાં આત્માનો સંસાર નથી, પણ શરીર, માર્ગ, હું પરનું કાંઈ કરી શકું, પુણ્યથી મને લાભ થાય, પુણ્ય કરતા કરતાં ધર્મ થાય એવા પ્રકારની ઊંધી માન્યતા.

૨૪ પું. સ્વરૂપ

૨૫. વિ. સારવાળું; સારું.

રમ્યો બ્યૂહ તેવે શ્રીકૃષ્ણ સંસાર. વલ્લભ

૨૬. વિ. હમેશ રહેતું

સંસારચક્ર [સં.] ન. દુનિયારૂપી ચક્ર; સંસાર વ્યવહાર; ગટગાળ; સંસારરૂપી ચક્ર; પૈડાંની માફક ફરનાર આ સંસાર

સંસારચિત્ર [સં.] ન. નવલકથા; વાર્તા; ગપ્પા; કલ્પિત વાતો.

'કરણઘેલો' વાસ્તવિક રીતે જોતાં અંશોમાં જેને રોમાન્સ કહે છે તે વર્ગનાંનો છે, અર્થાત્ ઐતિહાસિક વૃત્તાંત સહિત થોડું કલ્પીકરણ વાપરી કરેલો ઉત્તમ વાર્તાગ્રંથ છે; પણ જેને નોવેલ કહે છે—સંસારચિત્ર (અમે નોવેલ શબ્દનો પર્યાય 'સંસારચિત્ર' સૂચવીએ છીએ. કાદંબરી શબ્દ કેવળ નકામો છે, વળી શા આધારે લીધો છે તે જણાતું નથી. નવલ એ શબ્દ પણ પહો પસંદ કરવા યોગ્ય અર્થસૂચક નથી.) કહે છે તેનો વાર્તાગ્રંથ તો આ સરસ્વતીચંદ્ર સિવાય બીજો નથી જ

મણિલાલ નભુભાઈ

સંસારતંતુ ૧. [સં.] પું. મોહ; બંધન.

૨. પું. સંતાન; છોકરાંછૈયાં; પુત્રપૌત્રાદિ.

બોલબાલાની ગાડી ધીંગો બળદો સંસારતંતુ સર્વને સામાન્ય જ છે. મણિલાલ દ્વિવેદી

સંસારતારણ [સં.] પું. સંસારરૂપી સાગરથી તારનાર; મોક્ષ દેનાર

સંસારતારણ બીજો નદીમા જોઈને મૂકે પાય છે. પ્રેમાનંદ

સંસારત્યાગી ૧. પું. સાધુ; યતિ.

૨. વિ. સંસારનો લાગ કરનારું.

નર જે અતિ હોય વૈરાગી,
પ્રભુનેજ જે સંસારત્યાગી.

હરિલીલામૃત

સંસારપરિભ્રમણ [સં] ન. સંસારમાં જન્મ લઈને ભટકવા કરવું તે

આ પ્રમાણે મૃત્યુપુરે વૈરાગ્યભાવથી સંસારપરિભ્રમણ દુઃખ કહ્યા

શ્રીમદ્ રાજચંદ્ર

સંસારપંડિત [સં.] પું. વ્યવહારે ડાહ્યો માણસ

સંસારપંડિતનો સ્વાભાવિક પ્રેમ સ્વાભાવિક રીતે નિર્મળ અદ્વૈત રહે તો તેના પર બુદ્ધિના રેખા કૃત્રિમ પ્રેમનું પટ બંધાયું—જેણે રમણીયતા અને સુખમ ધારણા આવી. સરસ્વતીચંદ્ર

સંસારભાવના સ્ત્રી. (જૈન) વૈરાગ્યને દૃઢ કરનારી બાર ભાવનાની એ નામની એક ભાવના; અનેક યોનિવાળો આ સંસાર દુસ્તર છે તેવું ચિંતવન, આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં બધા ભવ કર્યા છે, એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ, હું મોક્ષેચ્છુ છું એવી ભાવના.

સંસારભીરુત્વ ન. બીકણવૃત્તિ; દુનિયાથી બીતા રહેવું તે; સમસ્ત જીવનમાં બાયલાપણું બતાવવું તે.

તે વિચારો અમલમાં આવી શકતા નથી એમ માલમ પડવાથી તેને તે અમલારે જો પણ તેના આગ્રહને સંસારભીરુત્વ (Moral cowardice) કહી જગતમા વગોવવું એ કાંઈ વાજબી જણાતું નથી. વલ્લભરામ લક્ષ્મીરામ

સંસારમાર્ગ ૧. [સં] પું યોનિદ્વાર.

૨. પું સંસારનો રસ્તો

૩. પું. સંસારમાં રહી ગાળેલું જીવન.

સંસારમોચક ૧. પું દશમી શતાબ્દીમાં આર્યાવર્તમાં વર્તતો એ નામનો એક ધર્મ.

૨. પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૩. વિ. સંસારમાંથી છોડાવનાર.

આપ્તવચનથી અયુક્ત એવા શાસ્ત્રપક્ષિનું, નિર્ગ ભિક **સંસારમોચક** વગેરે આગમાભાસોનું નિરાકરણ થાય છે. પુરાતત્ત્વ

સંસારમોચન ન. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું એક તીર્થ

સંસારમોચની વિ સ્ત્રી સંસારમાંથી છોડાવનારી.

હે મહારાજ, અમને **સંસારમોચની** દીક્ષા આપ. પુરાતત્ત્વ

સંસારયાત્રા સ્ત્રી. સંસારની મુસાફરી

જેઓ ઈશ્વરમાર્પિત ઇચ્છતા હોય તેમણે સંસારયાત્રામાં ઓળીઘોળના કુ ખોના ભાગીદાર બનવું જોઈએ. સેંટ ઓગસ્ટાઇન

સંસારરસ પું. દુનિયાદારીનું સુખ; સંસારનો લહાવો.

સંસારરસ બાળનાં બાળવા જ સ્વર્ગસુખ પાનીએ તો કેવું !

ન્યાયવિનોદ

સંસારવૃક્ષ [સં.] ન. સંસારરૂપી વૃક્ષ; જાલવૃક્ષ, અશ્વત્થવૃક્ષ. કઠોપનિષદમાં લખે છે કે, પરમાત્મા આ સંસારનું મૂળ કારણ છે. એ મૂળને વળગવાથી ઝાડ પાદડાં એની મેળે હાથમાં આવે. મૂળનો રસ જો ચખાય તો એ જીવનસ્રોત જ હાથમાં આવે. આથી અતિ સૂક્ષ્મ પરમાત્માને લગતું જ્ઞાનરહસ્ય પ્રસિદ્ધ રૂપક દ્વારા બતાવતા સંસારવૃક્ષ કહેવાય છે કે જેનાં મૂળ ઊંચા ને ડાળો નીચે છે. પરમાત્મા સચ્ચિદાનંદ કોઈને સંસારવૃક્ષનું આ મૂળ છે. એની શાખાઓ નીચે છે એટલે કે બ્રહ્માદિ સ્થાવરાંત યોનિ સુધી એ સંસારવૃક્ષની શાખાઓ દશે દિશા નીચે ફેલાયેલી છે. બીજી રીતે કહેવાય છે કે, આ સંસારવૃક્ષના ભાગો આવા છે: મૂલ—વેદાંત નિર્દોષ પરબ્રહ્મ; બીજ—અવિદ્યા, કામ, કર્મ અને અવ્યક્ત; શક્તિ—જ્ઞાન અને ક્રિયા; અંકુર—બ્રહ્મારૂપ હિરણ્યગર્ભ; સ્કંધ—સર્વ પ્રાણીઓનું લિંગ શરીર; વૃદ્ધિ—તૃષ્ણારૂપ જળસિંચન; નવપલ્લવ—બુદ્ધિ, ઇંદ્રિયો અને તેના વિષયો; પત્ર—શ્રુતિ, સ્મૃતિ, ન્યાય, જ્ઞાનોપદેશ; પુષ્પ—યજ્ઞ, દાન, તપ; રસ—સુખ, દુઃખ, વેદના; માળો—સપ્તાદિ સાત લોક; ગુંજન—વર્ણોચ્ચારથી ઉત્પન્ન થયેલ તુમુલ ધ્વનિ

સંસારવ્યવહાર ૧. [સં. સમાર + વ્યવહાર (સબંધ)] પું. સંસારચક્રનો વ્યવહાર; સાંસારિક કર્તવ્યનો સમૂહ.

૨. પું. સ્ત્રીપુરુષનો સાંસારિક સબંધ; દુનિયાદારીનો વ્યવહાર.

સંસારશાસ્ત્ર [સં.] ન. સમાજવિદ્યા; સમાજશાસ્ત્ર; સંસારની વ્યવહારિક કેળવણી શીખવતું શાસ્ત્ર.

આજથી લગભગ પચાસ વર્ષ ઉપર અંગ્રેજોનો ઝંડો અને હુન્નરખાનની ચડાઈ નામનાં કાવ્યોમાં અર્થશાસ્ત્ર (Economics)ના અને પરિણામે સંસારશાસ્ત્ર (Sociology)ના કેટલાક સિદ્ધાંતો આપણા પ્રાચીન ગ્રંથોમાં ચર્ચાયા. પ્રેમભક્તિ

સંસારશાસ્ત્રી પું. સમાજશાસ્ત્રી

સંસારશાસ્ત્રીઓ સ્નેહલગ્નને નહિ સત્કારે જો બંદી લગ્નમેળા હાલશે. નાનાલાલ

સંસારશાળા સ્ત્રી. સંસારરૂપી નિશાળ.

નિશાળ છોડ્યા પછી સંસારશાળામાં પાસ થવાની મહેનતમાં પણ્યાક અનુભવ થયા.

સરસ્વતીચંદ્ર

સંસારશુદ્ધિપ્રાદ પું. મુખ્ય છ માહેનો એક નામનો એક પર્વ. તેનો આચાર્ય મલ્લિ ગોસાલ હતો. તેનું કહેવું એવું હતું કે, પ્રાણીઓની અપવિત્રતાનું કંઈ કારણ નથી. કારણ સિવાય પ્રાણી અપવિત્ર થાય છે. હેતુ સિવાય જ પ્રાણી અપવિત્ર થાય છે. પોતાના સામર્થ્યથી કાંઈ પણ થતું નથી, બીજાના સામર્થ્યથી કાંઈ થતું નથી, પુરુષના સામર્થ્યથી કાંઈ થતું નથી, બલ નથી, વીર્ય નથી, પુરુષની શક્તિ અથવા પરાક્રમમાં કંઈ નથી. સર્વ સત્ત્વો, સર્વ પ્રાણી, સર્વ જીવ અવશ, દુર્બલ અને નિર્વીર્ય છે. તે નસીબ, જાતિ, વૈશિષ્ટ્ય અને સ્વભાવથી બદલાય અને છમાંથી કોઈ પણ જાતિમાં રહી સર્વ દુઃખનો ઉપભોગ લે છે. ૮૪ લાખ મહાકલ્પના ફેરામાં ગયા પછી ડાહ્યા અને ગાંડા બનેનાં દુઃખનો નાશ થાય છે. આ સંસારમાં પરિમિત, પાણીથી માપી શકાય એ રીતે ઠરાવેલાં છે અને તે કમીબેશ કરવા ઓછાવધતાં કરાવી શકાય એમ નથી. જે પ્રમાણે સૂતરનો દડો ફેંકતાં તે ઊકલી રહે ત્યાં સુધી જ જાય, તે પ્રમાણે ડાહ્યા અને મૂર્ખના દુઃખનો સંસારના ફેરામાં ગયા પછી જ નાશ પામે છે.

સંસારસમષ્ટિ [સં] સ્ત્રી. બ્રહ્માંડ; સંસારની સર્વ વ્યક્તિતા.

દ્રા સુપર્ણા આદિ શ્રુત છે. તેમાં ઈશ અને અનીશ બે પક્ષી કહેલા છે. **સંસારસમષ્ટિ** (the macrocosm) જેવો ઈશનો ઉપાધિ છે તેમ વ્યષ્ટિ (the microcosm)ના સંસાર અનીશના ઉપાધિ છે. ગોવર્ધનરામ ત્રિપાઠી

સંસારસંયોજન ન. સંસાર સગઠન; એકસંપી રાજ્ય.

રાજદ્વારી જીવનમાં થતાં અસખ્ય મહત્ત્વનાં પ્રગતિશીલ ફેરફારોના યુગમાં આપણે વસીએ છીએ; નિવાસ સ્થાપના (colonisation) રાજ્ય વિસ્તાર, **સંસારસંયોજન** અને લોકશાસન અને સામાન્ય જગતની રાજદ્વારી સ્થિતિને એવા બળથી અસર કરે છે કે જૂની રાજનરાજ્યનો અભ્યાસ આજ મહત્ત્વનો થયો છે.

રમણભાઈ નીલકંઠ

સંસારસાગર પું. સંસારરૂપી દરિયો.

સસાર સાગરમાં ડૂબવું = (૧) કરમ બાંધવા. (૨) પાપી થવું; સસારની દુઃખાથી રિબાવા કરવું

સંસારસુખ [સં. સસાર (દુનિયા) + સુખ (તૃપ્તિ)] ન. સાસારિક આનંદની તૃપ્તિ; દુનિયાદારીની મોજમજા; કુટુંબપરિવારનું કે સસારના ભોગોનું સુખ.

સંસારસુધારણા સ્ત્રી. સમાજમાં સુધારો થવો તે.

કન્યાકેળવણી, પરદેશગમન, બાળલગ્ન પ્રતિબંધ, લગ્નવિચ્છેદનાં અર્થોનો અટકાવ, વિધવાઓનો ઉદ્ધાર એ સર્વ **સંસારસુધારણા**નાં કર્મો ક્રાંતિ દ્વારા કરાવવા ચાહે ખરા કે, કઈ ક્રાંતિના સમર્થક છે. પ્રેમાનંદ

સંસારસુધારાપરિષદ સ્ત્રી સામાજિક સુધારા માટે મળેલ સમેલન.

સંસારસુધારાસમાજ પું સંસારના સુધારા કરનારી મડળી.

સંસારસુધારો [સં.] પું. સાંસારિક બાબતોમાં સુધારણા કરવી તે; ખોટા સાંસારિક રિવાજો બંધ કરી સુધરેલ રિવાજ દાખલ કરવા તે; સામાજિક અને કૌટુંબિક બાબતોમાં સુધારો

સંસારસુધારાની પ્રથમ જાગના તે સ્વતંત્રતાની છે. રમણભાઈ

સંસારસોહાગણી વિ. સ્ત્રી. સંસાર માંહેની સૌભાગ્યવતી; વિવાહિતા; પરણેલી.

બાળકદેરો છે **સંસારસોહાગણી**

નાનાલાલ

સંસારસ્થિતિ સ્ત્રી. દુનિયાની હાલત.

તે કાળ અર્થશાસ્ત્ર, રાજનીતિ, સાહિત્ય, **સસારસ્થિતિ** વગેરે બાબતો પર હું ભેગડક ચર્ચા કર્યા કરું. ભટ્ટસદ્ર

સંસારાનુપ્રેક્ષા સ્ત્રી. (જૈન) બાર માંહેની એ નામની એક ભાવના; સંસાર અપાર અને દુઃખરૂપ છે એવો વિચાર કરવો તે; આ સંસાર બધી રીતે ગર્ભ વિષાદ, સુખદુઃખ આદિ દ્વંદ્વોનું ઉપવન છે અને સાચે જ ભ્રમણ છે તેવું ચિંતવવું તે.

સંસારાબ્ધિ [સં. સસાર + અબ્ધિ (સાગર)] પું. સંસારરૂપી મહાસાગર; ભવસાગર.

સંસારાબ્ધિ તરવો વિકટ ન માર્યો,
મોજ કરીને દિન ગમાવ્યો રે.

પ્રેમાનંદ

સંસારિક [સં. સાંસારિક] વિ. સાસારિક; દુનિયાદારીનું; લૌકિક; ઐહિક; સંસાર સબંધી.

સંસારિણી ૧. વિ સ્ત્રી. ગૃહસ્થાશ્રમી; સંસારી.

એ તો પરણેલી બ્રહ્મચારિણી,
એ તો **સંસારિણી** મહામોક્ષિની.

ગુજરાતનો વપરણી

૨. વિ. સ્ત્રી. સચાર કે પ્રચાર કરનારી

સંસારિત્ર ૧. વિ. સહાયક.

૨. [સં સાસારિક] વિ. (પ્રાકૃત) સંસારમાં રહેનાર.

સંસારી ૧. [સં. સ (બસવુ)] પું. દુનિયાદારી માણસ.

૨. વિ. કર્મસહિત.

૩. વિ. ઘરબાર અને પરિવારવાળું; ઘરબારી; સ્ત્રીછોકરાંવાળું; ગૃહસ્થાશ્રમી; સસાર માંડી બેઠેલું

૪. વિ. ભવવાળું

૫. વિ. લૌકિક; ઐહિક; વ્યાવહારિક; સંસારને લગતું; વ્યવહાર સંબંધી; દુનિયાદારીનું.

હાલ સ.મ.રણ કેળવણી પણ કેવળ સંસારી (secular) જ હોવાથી ઘણાં નુકસાન થાય છે એમ એવું કેટલાક સમજુ માણસો માર્મિક કેળવણીની વાંચના કરવા લાગ્યા છે.

નવલરામ લક્ષ્મીરામ

૬. વિ. સસારમાં રચ્યુપચ્યું; સસાર ઉપર મોહ રાખનાર; જગત પર પ્રીતિ રાખનાર.

સંસારીજીવ પું. સૂક્ષ્મ શરીરથી વીંટાયેલ જીવ; જીવાત્મા. જેઓ પૂર્વ સ્થૂલશરીરને છોડી નવા સ્થૂલશરીરને પ્રાપ્ત કરે છે તેઓ અંતરાલગતિના સમયે સૂક્ષ્મ શરીરથી અવશ્ય વીંટાયેલા હોય છે; એવા જીવો સસારી કહેવાય છે.

સંસારીડો (સસારીડો) પું. સસાર; દુનિયા.

જનની જીવો રે મોપીચદની, પુત્રને પ્રેમો નેરાય જી; ઉપદેસ આપ્યો એણી પેરે, લાગ્યો **સંસારીડો** આવજી.

નિષ્કુળાનંદ

સંસારીધર્મ પું. લૌકિક ધર્મ.

બ્રહ્મનો કર્તૃત્વધર્મ તે **સંસારીધર્મ**-લૌકિક ધર્મ નથી પણ અલૌકિક છે. બેચરદાસ દોશી

સંસારો પું અજુસારો; ઇશારો.

સસારની મૂંઝવણનો **સંસારો** કે જિંદગીની જંજાળોનો ઇશારો એ કૂદકા ભૂસકા મારતાં બચ્ચાઓને અને આવી જ કયારી શકે ?

પીતામ

સંસિક્ત વિ. છંટાયેલ.
સોરમથી સંસિક્ત ગ્રંથે નહિ હૃદય તમ્હાં.
બોટાદકર

સંસિદ્ધ ૧. [સં. સમ્ (સારી રીતે) + સિદ્ધ (મેળવેલું)] વિ. પૂર્ણ થયેલું; સફળ થયેલું; સંપૂર્ણ અંશે સિદ્ધ થયેલું; પ્રાપ્ત થયેલું; સારી રીતે સિદ્ધ થયેલ; સ્વભાવસિદ્ધ.
૨. વિ. મોક્ષ પામેલ; મુક્ત.

સંસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. પૂર્ણતા; સંપૂર્ણ સિદ્ધિ; સફળતા; પ્રાપ્તિ; શુભ સફળતા.
૨. સ્ત્રી. મોક્ષ; મુક્તિ.
કર્મ વડે જ સંસિદ્ધિ પામિયા જનકાદિઓ;
લોકસગ્રહ જો, તહો યે, ઘટે છ કર્મ તાહરે.
કવિકીર્તા
૩. સ્ત્રી. સ્વભાવ.

સંસિયા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે દ્વીપદી છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૪૨ લઘુ મળી ૭૭ અક્ષર હોય છે
૨ સ્ત્રી. સરકારે જાહેર કરેલી ગુના કરનારી એ નામની એક જાતિ
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

સંસી [હિં.] સ્ત્રી. પેચકશ; આંટા ફેરવવાનું પાનું.

સંસુતા પું. (પિંગળ) ત્રિભંગીની જાતનો એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં ૫૨ લઘુ અને ૩૮ ગુરુની ૧૨૮ માત્રા હોય છે.

સંસૂક [સં.] વિ. અદ્રાળુ; ભાવિક.

સંસૂચન [સં.] ન. ઇશારો; સૂચના; જ્ઞાપન.

સંસૂત્ર [સં.] વિ. માળાના દોરાની પેઠે પરોવાયેલ.

સંસૂર્ચ્છન ન. એક જાતનું કર્મ.
કેટલાક તત્ત્વવેત્તાઓ આમાં બે કર્મોનો ઉમેરો કરે છે. **સંસૂર્ચ્છન** (vertical motion) અને સ્પંદન (wave motion).
સુવર્ણમાળા

સંસૃત [સં. સંસ્ (ફેલાવવું)] વિ ફેલાયેલ.

સંસૃત શોભાસાર પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર આવે છે.
૨૩ ય ગા ગા **સંસૃત શોભાસારે**.
રણછોડ

સંસૃતિ ૧. [સં. સમ્ (સારી રીતે) + સૃ (વહેવું)] સ્ત્રી. જન્મમરણનું ચક્ર.
૨. સ્ત્રી. જન્મમરણરૂપ સંસાર; જગત
નામ્યો નૃસિંહ જિજ્ઞ ચિત્ત આત્મ વહી,
રેતી ગયો હૃદય સંસૃતિ નીર તોડી
બોટાદકર
૩. સ્ત્રી. પ્રવાહ; ગતિ; ગમન.
૪. સ્ત્રી. સરવું તે.
૫. સ્ત્રી. સમતિ; સમધ; સગમ.
૬ સ્ત્રી સંસારનો પ્રવાહ.
૭ સ્ત્રી સંસ્કૃતિ
૮. સ્ત્રી. દ્વાર; પરંપરા.

સંસૃતિમાર્ગ પું. પિતૃયાનનો એક માર્ગ.

સંસૃત્ય જુઓ સસૃતિ.

સંસૃષ્ટ ૧. [સં.] પું. વિભક્ત થયા પછી ફરીથી એકઠા થયેલ ભાઈઓ.
સંસૃષ્ટ સભાસની ખિલકતના વારસા પ્રવૃત્તિ વિષયા ને દીકરીને ઉપરટ રાખ્યાં છે તે ફેરબીને ઉપર લેવા જઈએ. પ્રસ્થાન
૨. વિ. વમન વગેરેથી શુદ્ધ કરેલું.
૩. વિ. સકૃત; ભેળવેલ.
લાક્ષણિકી સંસૃષ્ટ અનેક નિદર્શના અલકાર છે.
અખરસતક
૪. વિ. રપર્શ કરાયેલ.

સંસૃષ્ટિ ૧ પું. (કાવ્ય) કાવ્યના ૪૫ માંહેનો એ નામનો એક અલકાર; બે નિરપેક્ષ અલકારોનું એક જ સ્થાને હોવું તે; એક કાવ્યમાં અનેક અલકારોની સ્થિતિ હોવી તે; અન્યોન્યના આશ્રય વિનાના બે કે વધારે અલકાર જેના મળે તેમ હોવું તે. એમાં અલકારની મિલાવટ તિલતંદુલક ન્યાયથી છે. જેમકે,
હે સમર સમરસ સુબદ્ધ નરપતિ,
પૃથ્વી પર સુપ્રસિદ્ધ.
આમાં ચરણના પૂર્વ ભાગમાં યમક અને ઉત્તર ભાગમાં અનુપ્રાસ હોવાથી શબ્દાલકારોની સસૃષ્ટિ છે.
બે અલકારોએ પરસ્પર સંબધ થાય તો પણ તેઓ બેઉના રૂપો જુદા રહે છે તેમ એક બીજાથી પૃથક્ રહે તો તે સંયોગ **સંસૃષ્ટિ** કહેવાય છે. અને દૂધ ને પાણી બેઉનાં કરવાથી જેમ એકરૂપ થાય છે તેમ બે અલકારોનો સમવાય હોય તો તે સંકર કહેવાય છે.
પૃહદ્ બ્યાકરણ
૨. સ્ત્રી. છંદિત વિશિષ્ટ રચના; પિંડ.
૩. [સં. સમ્ + સૃજ્ (ઉત્પન્ન કરવું) + ક્તિ] સ્ત્રી. ઉત્પત્તિ.
૪ સ્ત્રી. એકત્ર કરવું તે; સમહ.
૫. સ્ત્રી. સહવાસ.
૬ સ્ત્રી સબધ; સપર્ક.
૭. સ્ત્રી સયોગ; મિલન
૮. સ્ત્રી. સુશ્લિષ્ટ સમાત; સ્વયજ્ઞવા પદાર્થ; જીવત અખડ પદાર્થ; સ્વયભૂ પદાર્થ.
સૃષ્ટિ પરસ્પર અંગાંગીભાવનો સંબધ ધરાવનાર ભાગોની બનેલી એક સંસૃષ્ટિ (Organic whole) રૂપે છે કે નહિ તે પ્રશ્નનો સંપૂર્ણ ઉત્તર વિજ્ઞાનશાસ્ત્રોના અભ્યાસથી જ મળી શકે છે.
હરસિદ્ધભાઈ દીવેટિયા

સંસૃષ્ટી ૧. [સ.] પું જુદા પડ્યા પછી ફરીથી એકઠા થયેલા ભાઈઓ
૨. પું. પુનર્મિલન.
૩. પું. સસર્ગ.

સંસે [સં. સંત્રય] પું. સત્રાસ; વહેમ; શકા; દહેશત; બીક.

સંસેક વિ. સેકેલું.

સંસેચન ન. પૂર્ણ પાડવું તે.

સંસેચન વિદ્યા સ્ત્રી. શિલ્પ સહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એક વિદ્યા. આ વિદ્યામાં જલવ્યાપ્તિ સયોગ નામની કળાનો સમાવેશ થાય છે.

સંસ્કરણ ૧. [સં.] ન. દુરસ્ત કરવું તે; સમરાવવું તે.
૨. ન. મૂળ વસ્તુ
એ કાવ્ય સુપ્રસિદ્ધ **સસ્કરણ** ટિપ્પણી ઇત્યાદિ સાથે પ્રગટ કર્યું. નરસિંહરાવ
૩. ન. શુદ્ધ કરવું તે.
તે વખતે અનેક જાતિઓનું **સંસ્કરણ** કરી તેને વર્ણાશ્રમમાં ગોઠવી છે, એવું પણ સિદ્ધ થાય છે.
ઠોમુદી
૪. ન. શુદ્ધ કરીને છાપવું તે; પ્રેસની આવૃત્તિ.
આ પુસ્તક કેટલું જનપ્રિય છે તે તૃતીય **સસ્કરણથી** સ્પષ્ટ થાય છે. ભર્તૃહરિ શતક
૫. ન. શૈલી; પદ્ધતિ.
૬. ન. સસ્કાર; સારા સસ્કાર કરવા તે; સંસ્કૃતિ.
પ્રથમતઃ ને મુખ્યતે નર્મદ કવિ અમેળ કવિતાના **સસ્કરણ** ગુજરાતીમાં કરનારા બહમોડિ અમેળપ્રાસનો આદિ કવિ. નાનાલાલ

સંસ્કર્તા ૧. [સં] પું. રસોઈયો; રાંધનાર પુરુષ.
૨. વિ. વિવાહ વગેરે સસ્કાર કરનાર.
૩. વિ. સશોધક; સસ્કરણ કરનાર.
૪. વિ. સસ્કાર આપનાર.
૫. વિ. સાફ કરનાર.

સંસ્કાર ૧. [સ. સમ્ (સારુ) + કૃ (કરવું) + ઘ (નામ બનાવનાર પ્રત્યય)] પું અવસ્કાર તેમ ઉપસ્કાર
સસ્કારનો અર્થ અવસ્કાર તેમ ઉપસ્કાર છે. અવસ્કાર એટલે કાઈક ખાવું કરવું અને ઉપસ્કાર એટલે નવું મેળવી આપવું. ગાધી પ્રવચનમ્
૨. પું અંશ; ભાગ.
૩. પું. આગલી જિંદગીનાં કામોની અસર; પૂર્વજન્મની વાસના.

૪ પુ વેદન) આત્મન. વિશેષ ગુણન ગ્રહેનારી તથા મૂર્ત દ્રવ્યો માં ગ્રહેનાર, ગ્રહણ. ગ્રહેનારી તથા ગુણત્વ જાતિની વ્યાપ્ય જોવા જે (અવાન્તર) જાતિ છે, તે જાતિ જે ગુણ. જ્યાત્મા.માં રહેનારો જે ભાવનાખ્ય સંસ્કારરૂપ વિશેષ ગુણ છે તે. આ ભાવનામાં સંસ્કારત્વ જાતિ રહે છે, માટે સંસ્કારત્વ જાતિ આત્મ વિશેષ ગુણજાતિ કહેવાય છે અને પૃથ્વી, જળ, તેજ, વાયુ અને મન આ પાંચ મૂર્ત દ્રવ્યોમા રહેનારો જે વેગ નામે સંસ્કાર છે, તે વેગમાં પણ સંસ્કારત્વ જાતિ રહે છે, માટે સંસ્કારત્વ જાતિ મૂર્ત દ્રવ્ય જાતિ કહેવાય છે. એ સંસ્કારત્વ જાતિ ગુણત્વ જાતિની વ્યાપ્ય પણ છે, એવી સંસ્કારત્વ જાતિ બધા સંસ્કારોમાં સમવાય સંબંધથી રહે છે માટે સંસ્કારનુ ઉક્ત લક્ષણ સમજવું છે

૫ પું ઇંદ્રિયોના પરિણામોનુ સૂક્ષ્મરૂપે હોવાપણું. ઇંદ્રિયોનો પદાર્થ સાથે સંબંધ થવાથી ઉત્પન્ન થયેલી સૂક્ષ્મ જાતિ.

૬. પું. ઉપનિ ક્રિયાને સ્થાપેલા સાત માંહેની એક ધર્મવિધિ. તે સાત વિધિ આ પ્રમાણે છે: સ્નાન સંસ્કાર, બળ સંસ્કાર, ક્રિયા પ્રસાદ સંસ્કાર, પ્રાયશ્ચિત્ત સંસ્કાર, અંત્યકર્મ સંસ્કાર, વ્રતિક દીક્ષાનો સંસ્કાર અને નામ સંસ્કાર

૭. પું. (કાવ્ય) એ નામનો એક જાતનો અલંકાર. અનુભૂત અર્થાત્ અનુભવ કરેલની વાસના એ સંસ્કારઅલંકાર ગણાય છે.

૮. પું. કેળવણી.

જેનો જેવો સંસ્કાર તેવું તેનું કામ = જાતિ પ્રમાણે જાત પડે.

૯. પું. કોઈ પણ જાતની ક્રિયા

૧૦. પુ. અથાલ; અનુભવ; છાપ; અસર

સંસ્કાર અને વાસનાની વિચિત્ર બળ બળમાં ચિત્રિત હોય છે અને એ સંસ્કારોનો અનુભવ એ જ સ્વપ્નાવસ્થા છે. એનો કોકડા બહુ મનોમય આત્મા છે. પ્રબોધચંદ્રિકા

૧૧. પું. જેથી મનુષ્ય કે પદાર્થ શુદ્ધ થઈ ઉચ્ચ તત્ત્વને પામે તે ક્રિયા; જેથી શુદ્ધ એટલે પવિત્ર કરવામાં આવે તે વિધિ.

૧૨. પું. દુ:ખ; મુશ્કેલી, સંકટ, કષ્ટ

માથે સંસ્કાર વીતવા = દુ:ખ પડવુ, સંકટો આવવાં.

૧૩. પું. (બૌદ્ધ) દુ:ખ તત્ત્વના પાંચ માંહેનો એક સ્કંધ. પાપ થકી થયેલા પરિણામને સંસ્કાર કહે છે.

૧૪. પું. (વૈદક) દ્રવ્યની મિલાવટથી જે બીજો ગુણ ઉત્પન્ન થાય છે તે.

૧૫. પું. ધર્મશાસ્ત્ર પ્રમાણે માણસના સારા માટે કરવામાં આવતા સોળ વિધિ કે ધાર્મિક રિવાજ; અભિમંત્રણથી માંડી બાજ પાડવાનો વિધિ, મનુષ્યનુ જીવન સુધારવા, માતાના ગર્ભમા બાળક હોય ત્યારથી શરૂ કરી પરલોકમાં સુખી થવા ને સારૂ મરણ પછી પણ કેટલોક વખત કરવામાં આવતી ધાર્મિક ક્રિયાઓ. તે વિધિ સોળ આ પ્રમાણે ગણાય છે: (૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) અનવલોભન, (૪) વિષ્ણુબલિ, (૫) સીમંતોન્નયન. (૬) જાતકર્મ, (૭) નામકરણ, (૮) નિષ્ક્રમણ, (૯) સૂર્યાવલોકન, (૧૦) અન્નપ્રાશન, (૧૧) ચૂડાકર્મ, (૧૨) ઉપનયન, (૧૩) ગોદાનપુરસ્સર, (૧૪) સમાવર્તન, (૧૫) વિવાહ અને (૧૬) સ્વર્ગારોહણ. આ સોળ માંહેના નવમા, દશમા અને સોળમા સિવાયના ૧૨ સંસ્કાર મનસ્મૃતિ કહે છે. મનુ ૧૨ સંસ્કાર આ પ્રમાણે બતાવે છે: ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, બલિ, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, (બ્રહ્મચર્યાદિ ચાર વ્રત), સમાવર્તન, વિવાહ. મીમાંસા શાસ્ત્ર અનુસાર ૧૬ વૈદિક સંસ્કાર મુખ્ય માન્યા છે. તેમાંના ૮ પ્રકૃતિના અને બાકી નિકૃતિના કહેવાય છે. આ ૧૬ સંસ્કાર ઉપર આધાર રાખીને બીજા પણ અનેક સંસ્કારોનું વર્ણન સ્મૃતિમાંથી મળી આવે છે તેમાંના ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, અન્નપ્રાશન, ચૂડાકરણ, ઉપનયન, સમાવર્તન અને વિવાહ એ દશ સંસ્કાર અત્યારે વિશેષ પ્રચલિત હોવાનું મહામંડલ ડાયરેક્ટરીમાં જણાવેલ છે. આ સંસ્કારો ચાર શ્રેણીમાં આ પ્રમાણે વહેંચાયેલા છે: ગાર્ભ સંસ્કાર, શૈશવ સંસ્કાર, કૈશોર સંસ્કાર અને યૌવન સંસ્કાર. ગર્ભાધાન, પુંસવન અને સીમંતોન્નયન એ ગાર્ભ સંસ્કાર; જાતકર્મ, નામકરણ અને અન્નપ્રાશન એ શૈશવ સંસ્કાર; ચૂડાકરણ, ઉપનયન ને સમાવર્તન એ કૈશોર સંસ્કાર અને વિવાહ એ યૌવન સંસ્કાર છે આ દરેક સંસ્કાર વેળાએ નાંદીમુખ શ્રાદ્ધ અવશ્ય કરવું જોઈએ એમ કહેવાય છે. અત્યારે હિંદુઓમાં આ ઉપયોગી ક્રિયાઓ ક્રમશઃ બંધ પડી ગઈ હોવાથી સમાજને અત્યંત હાનિ પહોંચી હોવાનુ મનાય છે. ફક્ત જનોઈ અને વિવાહ એ બે અત્યારે પ્રચલિત છે. આંગિરા ઋષિના મત મુજબ ૨૫ સંસ્કારો આ પ્રમાણે ગણાય છે ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, વિષ્ણુબલિ, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, ગોદાકર, વ્રાતિક, ઔપનિષદ, કેશાંત, સમાવર્તન, વિવાહ, આગ્રયણ, અષ્ટકા, શ્રાવણી, આશ્વયુજી, માર્ગશીર્ષી, ચાર્વેણ, ઉત્સર્ગ, ઉપાકર્મ, વ્રત બંધપાક વગેરે. વિષ્ણુધર્મ પ્રમાણે દરેક વસ્તુના સોળ સંસ્કાર આ પ્રમાણે મનાય છે. ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, વેષન, દર્શન, પ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, સાદર, કર્ણ પ્રવેશ, પ્રસ્થાન, અંત્યવિધિ, પિંડીકરણ અને શ્રાદ્ધ. જૈન મત પ્રમાણે સોળ સંસ્કાર આ પ્રમાણે કહેવાય છે: ગર્ભાધાન, પુંસવન (અપત્યગી), જન્મસંસ્કાર, સૂર્યચંદ્રદર્શન, ક્ષીરાસન, પક્ષીપૂજન, સુચિકર્મ, નામકરણ, અન્નપ્રાશન, કર્ણવેધ, કેશવપન, ઉપનયન, વિદ્યારંભ, વિવાહ, વ્રતારોપ સંસ્કાર, અંતકર્મ સંસ્કાર. કોઈ વળા ગર્ભાધાનથી માંડી મોક્ષ પ્રાપ્તિ સુધીના ૪૩ સંસ્કાર હોવાનું જણાવે છે.

૧૬. પું. ન્યાય મત પ્રમાણે ચોવીસ માંહેનો એ નામનો એક ગુણ. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુ:ખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ એ ચોવીસ ગુણ મનાય છે.

૧૭. પું. પવિત્રતા; સ્વચ્છતા

૧૮. પું. પંદર પરાદિ તથા પ્રયત્નાંત ગુણો માંહેનો એ નામનો એક ગુણ. જુઓ ગુણ.

૧૯. પું. પુનર્જન્મ.

૨૦. પુ. પૂર્વે જાણેલા પદાર્થની યાદગીરી.

૨૧. પું. પૃથ્વી વગેરેમાંનો ' વેગ 'નો ગુણ

૨૨. પુ. (વેદાંત) પોતાના આશ્રયને પ્રથમ ઉદ્ભૂત અવસ્થાના જેવી બીજી અવસ્થા પ્રાપ્ત કરાવે એવો ઇંદ્રિયાતીત ધર્મ.

૨૩. પું. પ્રતિપ્રત્યક્ષ; અન્વાદર્શ.

૨૪. પું. ભોજના; સનસનાટી

૨૫. પું. મન કે મગજ ઉપર થતી, પડેલી કે પાડેલી સારી કે ખોટી છાપ; સ્વભાવરૂપ થઈ ગયેલી અસર; સંસ્કારિતા; સંસ્કૃતિ

બાજપક્ષમા પડેલ શુભ અશુભ સંસ્કારો બહુ ઝડપ મૂળ પામે છે. ગાંધીજી

૨૬. પું મનુષ્ય તથા પશુનો ભેદ બતાવનાર તત્ત્વ.

૨૭. પું મનુષ્યની શારીરિક તેમ જ આત્મિક ઉન્નતાને ઉન્નત કરે તે

૨૮. પુ મનુષ્યને જંગલી પશુની દશામાંથી મનુષ્યની દશામાં મૂકનાર જુદી જુદી ધાર્મિક ક્રિયાઓ.

આપણું પશુજીવન માણસપણ કરવા સારૂ આપણા શાસ્ત્રકારોએ કેટલીક રીતો બાંધી છે, અને તેનું આપણને રહસ્ય આપવા સારૂ જ ધાર્મિક ક્રિયાઓ રચી છે જે સંસ્કાર કહેવાય છે હિંદુ ધર્મની બાળપોથી

૨૯. પું રસોઈ કરવી તે.

૩૩. પુ. (પિંગળ) ચતુર્દશકની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેમાં ૨ નગણ અને ૨૯ રગણ મળી કુલ અક્ષર હોય છે

૩૧ પું વાસના

૩૨. પુ વાસનાઓ કે કર્મોની મન ઉપર પડતી છાપ. દરેક સંસ્કાર આપણા શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ વગેરેમા ફેરફાર કરે છે

૩૩. પું. ચિતાનો અગ્નિ

૩૪ પું. આકારણસાથ્ય પ્રસિદ્ધ શબ્દ બનાવવાની રીત.

૩૫ પુ. શબ્દસાધનું તે

૩૬ પુ. શાસ્ત્રના અભ્યાસથી થયેલું જ્ઞાન.

૩૭ પુ શીખ ધર્મની એક રીત. શીખ ધર્મમાં અમૃત સંસ્કારની રીત એવા પ્રકારની છે કે શ્રી ગુરુગ્રંથસાહેબની સન્મુખ અમૃત–અભિલાષીઓ પ્રેમથી કેશસ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરી કચ્છ, કિરપાણ, કછેરા અને કેશ ધારણ કરી હાજર થાય અને ત્યાં અમૃતની માગણી કરે. આપી રીતે રીત કે મર્યાદામાં પૂર્ણ એવા પાંચ શસ્ત્રધારી સિંહ (નામવાળા) કેશ સહિત સ્નાન કરી, સાદા વસ્ત્ર પહેરી અકાળ પુરુષ આગળ પ્રાર્થના કરે કે "હે ઈશ્વર, તમારી આજ્ઞા વડે આ જિજ્ઞાસુઓને આ પથમાં જોડવા અમે આ ધર્મામૃત તૈયાર કરી રહ્યા છીએ. હે ભગવાન તમે અમારા અવગુણોને માફી બક્ષી આ પવિત્ર અમૃતની મર્યાદાને જાળવી રાખવા અમને યોગ્ય શક્તિ અને બળ આપો." આવી રીતની પ્રાર્થના બાદ ગ્રથસાહેબના અભ્યાસી રીતે (સિદ્ધ) ગ્રંથસાહેબના પુરતકમાંથી ગુરુમત વાંચી સભળાવવો અને ફરી પાછા પાંચે સોખડી ધર્મ–પુરુષોએ ધર્મામૃતને પોતાની મધ્યમા રાખી હવ આસન વાળી કરતા કુંડાળામાં બેસી જવુ. પછી એક વાટકામાં પવિત્ર જળ અને પતાસાં નાખી જપ, જાપ કરી, અંગદ સાહિબના સ્તોત્રોનુ ઉચ્ચારણ કરી આ અમૃત સમા વાટને પાન માટે બોપાસ ફેરવવો. આ સમયે અમૃત–અભિલાષીઓએ ધ્યાનમગ્ન રહી હરિસ્મરણ કરવું. મુખપાઠ કરવા ઉપરાંત પાંચ ધર્મપુરુષોએ ઊભા થઈ પ્રાર્થના કરવી કે, "હે કાળોના યે કાળ પરમ કૃપાળુ પરમાત્મા ! તમારી કૃપાથી આ અમૃત તૈયાર થયું છે. હવે હે ઈશ્વર, તમે અમૃતાધિકારીઓને તથા તેનું પાન કરાવનાર આપના આ દાસને યોગ્ય શક્તિ આપવા કૃપા કરજો". પ્રાર્થના પૂરી થયા બાદ અમૃતાધિકારીઓને ફરીથી કુંડાળામા બેસાડી પાંચ ચમચા અમૃતના પાવા, પાંચ ચમચા આખો ઉપર માર્જન કરી છાંટવા અને આવી રીતે પાંચ વખત તેના (અમૃત) વડે તેમના કેશ ભીંજવવા અમૃત જિજ્ઞાસુઓના અમૃત પાન પછી જે વાટકી વચ્ચે તે એક પાત્રમાં રેડી તેમને પિવડાવવુ અને ફરી પાછી સિદ્ધઓની રીત કે મર્યાદા અમલવારી

૩૮. પું. સમય; વાર; યોગ્ય રૂપ સ્થિતિ; વિનિયોગ.

૩૯. પું. સારું કરવુ તે; સંપૂર્ણ કરવુ કે સુધારવુ તે; શુદ્ધિકરણ; શુદ્ધ કરવાનો પ્રકાર તે; શુદ્ધિ.
સંસ્કાર કરવો = (૧) ક્રિયા કરવી (૨) ધર્મશાસ્ત્ર પ્રમાણે શુદ્ધિ કરવી. (૩) શુદ્ધ કરવુ; માંજવુ; શણગારવું.

૪૦. પુ સોબતી સત્તા બતાવનાર એક સાંકેતિક શબ્દ.

સંસ્કારક વિ. [સં.] સંસ્કાર કરનાર, શુદ્ધ કરનારું.
બાબાનુ સંસ્કારક બાબરણ છે, તેમાં આપેલા નિયમોની ચ્યુતિ જ્યા થાય તે દોષ ચ્યુત સંસ્કૃતિ કે ચ્યુત સંસ્કાર કહેવાય છે.
કે બ્યાસ, કુમારસંસ્કાર

સંસ્કારગુણ પું. (વેદાંત) એક પ્રકારનો ગુણ. એના ત્રણ પ્રકારે આ પ્રમાણે છે (૧) વેગ, (૨) સ્થિતિસ્થાપક અને ૩ ભાવના. તેમાંથી વેગ રૂપ સંસ્કાર તો પૃથ્વી, જળ, તેજ વાયુ અને મન એ પાંચ મૂર્ત દ્રવ્યોમાં રહે છે. સ્થિતિસ્થાપક સંસ્કાર માત્ર પૃથ્વીમા જ રહે છે કેટલાક ગ્રંથકારોને મતે સ્થિતિસ્થાપક સંસ્કાર પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચારે દ્રવ્યોમા રહે છે અને ભાવના એ સંસ્કાર કેવળ જીવ તમામા જ રહે છે તથા અતીંદ્રિય હોય છે વેગરૂપ સંસ્કાર પણ કર્મજ વેગ અને વેગજ વેગ એમ બે પ્રકારનો છે સંસ્કારગુણ અનિત્ય હોય છે.

સંસ્કારગ્રહી વિ. [સં. સંસ્કાર+ગ્રહિન્] વિ સંસ્કાર ગ્રહણ કરી લેતુ; સંસ્કારને ગ્રહણ કરે એવું. સંસ્કાર ગ્રહણ કરવા માટે યોગ્ય.
સુખદુ ખનો આધાર મન ઉપર હોવાથી તેને શુભ સંસ્કારગ્રાહી કરવું પ્રાણાયામ

સંસ્કારઘન ન. સંસ્કારરૂપી મૂડી.

સંસ્કારપુંજ [સં] પું. સંસ્કારનો સમૂહ.
અને વેદ વગેરે વિષયો માટે મહેનત કરીને તેનો સંસ્કારપુજ એકઠો કરીને પછી જ માણસ તેમા રસ લેતા થઈ શકે છે. કે.મુદી

સંસ્કારપ્રેરકત્વ ન. હૃદયગ્રાહીપણું.
આ પ્રકારે બાહ્ય પ્રેરણાદાન કરનાર વસ્તુના પ્રત્યક્ષ અને ચુમ્બનો જે વિચાર કર્યો તેનાથી વસ્તુના સમગ્ર સંસ્કારપ્રેરકત્વનો નિર્ણય બની શકે છે. અમિતલાલ નગીનદાસ

સંસ્કારભોગી વિ. સંસ્કારવાળું; સારી છાપ પાડવાવાળું
ઓગણીસમી ને વીસમી સદીના સંગમકાળ દરમિયાન જે કળા અને વિવેચનની સંસ્કારભોગી ભાવના પુરપમા પ્રસરી તેના પ્રણોજકોમાનો એક ફ્રાન્સ હતા.
વિજયરાય કલ્યાણરાય

સંસ્કારવતી વિ, સ્ત્રી. સંસ્કારવાળી

સંસ્કારવતીભાષા ૧ [સ] સ્ત્રી. થોડા શબ્દોમાં અધિક બોધપ્રદ ભાષા.
૨. સ્ત્રી. સભ્યતા સ્થાપિની ભાષા.
શિક્ષિત લોકોએ રાજકીય વિષયોની સંસ્કારવતી ભાષા તે સભ્યતા સ્થાપિની તથા મર્મજ્ઞોને સ્વરૂપ શબ્દોમાં અધિક બોધપ્રદ હોય છે.
જ્ઞ. સા. પરિષદ

સંસ્કારવર્જિત [સં.] વિ. સંસ્કાર પામ્યા વિનાનુ, જેના ઉપર સંસ્કાર અપાયો ન હોય તેવુ, સંસ્કારહીન; સંસ્કાર રહિત.

સંસ્કારવશાત્ [સ.] અ. સંસ્કારને લીધે; સંસ્કાર બળને લઈને

સંસ્કારવાદી [સ] વિ. સંસ્કારવાળું વદન કરનારું.

સંસ્કારવિહોણું વિ સંસ્કાર વગરનુ, કેળવણી વિનાનુ, વગર કે ઓછાવત્તુ. માણસના, ઢોરા માટે અપાતી જિંદગી સુધીમા મોટી વિધિ કરવામા આવે છે તે વિનાનુ

સંસ્કારવું ૧ ક્રિ સંસ્કાર કરવો
૨. સ. ક્રિ. સંસ્કારી કરવુ
બાળકને સમજણ કેળવણી કરવા પછીનુ વાચન અનાદ અને આત્મરૂપ બનવા ઉપરાંત જીવનની બીજી બાબતોને સંસ્કારવું હોય છે.
તારાબેન મોઢક

સંસ્કારશોભન વિ અભિજાત; શિષ્ટમાન્ય; રૂપપ્રધાન, સ્વરચ; ઉપદેશી
સર્વ સહિત કળાઓમા સંસ્કારશોભન classical અને ભાવન પ્રજ્વલિત Romantic શૈલીઓની પ્રણાલિકાઓને એમની કંઈક અવડાવવુ દીર્ઘ કાળથી જ ચાલી આવે છે.
નાનાલાલ

સંસ્કારસંપન્ન [સં.] વિ સંસ્કાર પામેલ.
સંસ્કૃત ભાષા એટલે સંસ્કારસંપન્ન–સંસ્કાર પામેલી શુદ્ધ ભાષા, શિક્ષિત પુરુષો જે બોલે તે.
કાન્હડદે પ્રિબંધસમીક્ષા

સંસ્કાર સંસ્થા [સ] સ્ત્રી. સુધરાઈ; 'મ્યુનિસિપાલિટી'.

સંસ્કાર સોહામણું વિ. સંસ્કારી; સંસ્કારને લીધે શોભીતુ
અ.પણો યુવાવૃન્દ નવો સસ્કાર સંસ્કાર સોહામણો છે. વાસકુંજ

સંસ્કાર સ્કંધ ૧. પું (બૌદ્ધ) પાંચ માંહેનો બીજો સ્કંધ; મનોવૃત્તિરૂપ વાસના; આંતરમલ

ક્ષેત્ર કૃષ્ણકક્ષ, વેદન કૃષ્ણ સતારકક્ષ, મરકારે કક્ષ અને વિતાનકક્ષ એ પાંચ કક્ષ ગણાય છે

૨. પું (વેદાંત) જીવમાંથી રાગ, દ્વેષ, મોહ, ધર્મ, અધર્મ, મદ, માન, ઇત્યાદિ સર્જે

સંસ્કારસ્થાન [સં] ન. જ્યાંથી સંસ્કાર મળે તે સ્થળ. આવા સ્થળોમાં પાઠશાળા, આશ્રમો, દેવમંદિરો વગેરેનો સમાવેશ થાય છે

સંસ્કારહત પું (કર્મ) સોળ પ્રકાર માંહેનો એક જાતનો પદાર્થ. શબ્દની અગાઢતાથી અર્થની પ્રતીતિ ન થાય તેવો દોષ. શ્રોતાનું અજ્ઞાન આ દોષનું કારણ છે. આ દોષ નિત્ય છે

સંસ્કારહીન [સં.] વિ. સંસ્કાર પામ્યા વિનાનું; જેના ઉપર સંસ્કાર થયા ન હોય એવું, સંસ્કાર રહિત; સંસ્કારવર્જિત.

સંસ્કારિકા સ્ત્રી. સુધારણા.

પૌરસ્ત્ય સંસ્કારિકાના અભ્યાસી અને કેપકનાં ટી કોમ્સ બિચ. ક્રિસ્ટિન્સ. કે.ઝવેરી

સંસ્કારિણી વિ સ્ત્રી. સંસ્કારવાળી.

તે એને રૂપે નમી મને શુદ્ધ અને **સંસ્કારિણી** કરી. આ મારે માટે ત્યાગી બનેલા શરીરનો જન્મ જે રીતે સફળ થાય તેટલું કરવા

સરસ્વતીચંદ્ર

સંસ્કારિત [સં.] વિ સંસ્કાર પામેલું; સંસ્કારી, કેળવેલું; સંસ્કારવાળું.

જૂની ભાષાના અભ્યાસથી આ સામગ્રી **સંસ્કારિત** સ્વરૂપમાં પ્રકટ કરવા સંસ્થાને અભિનંદન ઘટે છે. પ્રસ્થાન

સંસ્કારિતા [સં.] સ્ત્રી. સંસ્કારીપણું, સંસ્કૃતિ, સુધારો; વિશિષ્ટતા; કેળવણી; કોઈ પણ જ્ઞાન કોવું તે; ' કલ્ચર '.

સાહિત્ય, સંગીત અને કળા વગેરેમાં તે તે દેશની **સંસ્કારિતા** દેખાઈ આવે છે. મણિલાલ

સંસ્કારી ૧. પું (પિંગળ) વિદ્યુન્માલા; ત્રણ માત્રાનો માત્રાબંધ છંદ. પ્રસ્તાર જોઈને તેની ગુરુલઘુક્રમ, પદ્ધરી વગેરે ૧૫૮૭૭ ધ્વનિઓ થાય છે.

૨. વિ. અકલમંદ; પ્રાજ્ઞ.

૩. [સં. સમ્ (સારી રીતે) + કૃ (કરવું) + ઘન્ (વાળું)] વિ. સંસ્કાર પામેલું; સંસ્કાર વાળું; શિષ્ટ; જેમાં મૂળથી જ સારી અસર થયેલી હોય એવું; મૂળથી સારા સંસ્કારવાળું

યુરોપની સઘળી બોલીઓ (dialect) બારબાર જેમને **સંસ્કારી** (classical) કહેવામાં આવે છે. તેમની પણ તે ભાષા માતા

કેશવ હર્ષદ ધ્રુવ

૪. વિ. સારા ગુણવાળું; સારાં રીતભાત અને સારી કેળવણી વગેરેની છાપવાળું.

૫. વિ. સારી કેળવણી પામેલું, સુધરેલ.

બાદશાહોથી કેરફાર થઈ આપણે બ્રહ્મસ્ત થયા. તેમની અંદર પણ કેરફાર થઈ હાલના **સંસ્કારી** અટકે સુધરેલા માણસ બન્યા.

બાળવિજ્ઞાનમાળા

૬. વિ. સુઘડ; પુરુષસાળી.

૭. વિ. સુંદર કર્મવાળ

સંસ્કારી શિક્ષણ જ. સઘળી દૃષ્ટિએ સંસ્કાર આપતું શિક્ષણ; ઉપલક્ષિયું નહિ એવું શિક્ષણ.

સંસ્કારોન્થ [સં. સંસ્કાર + ઉત્થ (થી ઊપજનું)] વિ સંસ્કારથી બનેલું; સંસ્કારોને લઈ ને ઊઠતું-બનતું હોય

સંસ્કાર્ય ૧. ન કર્મના ચાર ભાંહેનો એક પ્રકાર

ધર્મનો જે બીજો પ્રકાર **સંસ્કાર્યમ્** તે પણ્ણથી ઉત્પન્ન થાય છે પુરાતત્ત્વ

૨. વિ સંસ્કાર કરવા યોગ્ય; સંસ્કારને લગતું.

સંસ્કાર્યકર્મ ન. કર્મના ચાર ભાંહેનો એક પ્રકાર.

સંસ્કૃત ૧. પું. શબ્દના મુખ્ય ત્રણ ભાંહેનો એક પ્રકાર.

શબ્દના મુખ્ય ત્રણ પ્રકાર છે: **સંસ્કૃત**, પ્રાકૃત અને દેશ્ય. ગુ. સા. પરિષદ

૨. સ્ત્રી. બોરસેટ ભાંહની એ નામની એક કલા

૩. [સં. સમ્ (સારી રીતે) + કૃ (કરવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] સ્ત્રી.વ. આર્યોની મૂળ ભાષા; આર્યોનું સાહિત્ય જેમાં સચવાયેલું છે તે વૈદિક સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષા, દેવવાણી; ગીર્વાણ ભાષા; હિંદુસ્તાનની એ નામની એક ભાષા; સંસ્કૃત ભાષા; શુદ્ધ સંસ્કાર પામેલી શિષ્ટ ગણેલી ભાષા; કોઈ પણ ભાંહેની એક જાતની ભાષા. પ્રાચીન કાળથી, આપણે સમુદ્રતટથી માંડી હિમાલય પર્વત સુધીના પ્રદેશને ભરતખંડ માનતા આવ્યા છીએ, એ વખતે પણ પ્રાંતોમાં જુદી જુદી ભાષાઓ બોલાતી હતી. એ વખતે પણ કોઈ એક સામાન્ય ભાષાની રાષ્ટ્રભાષાની જરૂર જણાયેલી. એ રાષ્ટ્રભાષાનું કામ સંસ્કૃત ભાષાએ ઉપાડી લીધું આર્ય ભાષાઓની માતૃભાષારૂપ સંસ્કૃત ભાષાની મહત્તા અતિ મહાન છે. શ્રીકૃષ્ણ સમા પરમાત્માએ તે જ ભાષામાં ગીતા જેવો સનાતન દિવ્ય મંત્ર સુણાવ્યો છે. બ્રહ્માએ પણ તે જ ભાષામાં વેદોને અમર કર્યા છે. પ્રભુપ્રેરિત ઋષિમુનિઓએ શ્રુતિ, સ્મૃતિ, બ્રહ્મસૂત્ર, ઉપનિષદાદિ સનાતન ધર્મના અખૂટ ઝરા સિદ્ધાંતો તે જ ભાષામાં સિદ્ધ કર્યા છે. પ્રત્યક્ષ સાહિત્યના પ્રાચીનતમ અવશેષો પણ સંસ્કૃતના પ્રાદેશિક અસ્તિત્વની નિર્ભ્રાંત તારીખો નથી આપી શકતા. છતાં વેદો એ જૂનામાં જૂનું સંસ્કૃત ભાષામાં અસ્તિત્વ ધરાવતું સાહિત્ય ગણી શકાય છે. પ્રકૃતિનાં ભવ્ય વર્ણનો ઉપરાંત વિપુલ નાટ્યસાહિત્યનો સંસ્કૃત ભાષા ભંડાર છે. કવિતાના ક્ષેત્રમાં પણ ગૌરવાંકાવ્યો, બોધાત્મક કવિતા, નીતિકથાઓ, વીરગાથા તેમ જ ઐતિહાસિક અને કલ્પિત લોકકથાઓ પણ વિપુલ પ્રમાણમાં, વિકસેલ છે તદુપરાંત ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન તેમ જ બીજા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિષયોને પ્રમાણભૂત દૃષ્ટિએ ચર્ચતા સંખ્યાબંધ ગ્રંથો સંસ્કૃત સાહિત્યમાં મળી આવે છે સંગીત અને અન્ય કલા વિષયક સરસ માહિતી આપતા અનેક વિવેચનગ્રંથો છે અને જ્યોતિષ તેમ જ ગણિત એ વિષય શાસ્ત્રોમાં તો અત્યારનાં સિદ્ધાંતો સચવાયું સરસ સાહિત્ય સંસ્કૃત આપી શકે છે. સંસ્કૃતનો અર્થ સંસ્કાર થાય છે એટલે કે સંસ્કાર કેળવનારી એ સંસ્કૃત ભાષા. પ્રાકૃત એટલે પ્રકૃતિની ભાષા કે જે, કોઈ પણ સામાન્ય વ્યવહારમાં વાતચીત વખતે બોલે છે. ગાંધીજી આત્મકથામાં લખે છે કે, સંસ્કૃતે મને ભૂમિતિ કરતાં વધારે મુશ્કેલી પાડી. ભૂમિતિમાં ગોખવાનું તો કંઈ જ ન મળે ત્યારે સંસ્કૃતમાં તો મારી દૃષ્ટિએ બધું ગોખવાનું જ રહ્યું. વિદ્યાર્થીઓ માંહેમાંહે વાત કરે છે કે, ફારસી તો બહુ સહેલું છે એમ આજાણી લોકવાતો ને એક દિવસ કાગળના વરખ, જર્જરિત પોથા સંસ્કૃત શિક્ષકને દૃષ્ટિએ પડ્યું. તેમણે મને બોલાવ્યો. તું કોનો દીકરો છે એ તો સમજ તારા ધર્મની ભાષા તું નહિ ભણે ? ' તો બધા વિદ્યાર્થીઓને સરસ સંસ્કૃત શિખવવું. હું આગળ જતા તો તેમાં રસના ઘૂંટડા વાસ્તવ કે હું શરમાયો શિક્ષકના પ્રેમની અવગણના ન કરી શક્યો આજે મારો આત્મા કૃષ્ણશંકર માસ્તરનો ઉપકાર માને છે. કેમકે, જેટલું સંસ્કૃત હું તે વેળા શીખ્યો તેટલું પણ ન શીખ્યો હોત તો આજે મારાથી સંસ્કૃત સાહિત્યમાં રમ જઈ શકાય છે તે ન જઈ શકાત. મને તો એ પશ્ચાત્તાપ થાય છે કે, હું સંસ્કૃત વધારે ન શીખી શક્યો. કેમકે, પાછળથી હું સમજ્યો કે કોઈ પણ હિંદુ ભાળકે સંસ્કૃતના સરસ અભ્યાસ વિના ન જ રહેવું જોઈએ. ગુજરાતી સાહિત્ય પરિષદ બીજાના મંચમાં જણાવે છે કે, આ તો નિર્વિવાદ સિદ્ધ થયું છે કે, પ્રાચીન આર્યો હિંદુકુશની પેલી તરફ આવેલા કોઈ શીત પ્રદેશમાંથી આવીને પ્રથમ પંજાબમાં વસ્યા. આ

વખતે તથા ત્યાર પછી કેટલાક કાળ સુધી તેઓ વૈદિક-લૂની સંસ્કૃત અથવા મહા સંસ્કૃત એ નામથી ઓળખાતી ભાષાનો ઉપયોગ કરતા હતા. તેમની લખવાની અને બોલવાની ભાષા એ કે એક જ તથાપિ કર્કિ ભિન્ન હતી. વાતચીતમા બોલાતી ભાષા હાલ જેમ ઘણી જગ્યાએ દીઢામાં આવે છે તેમ વ્યાકરણના બંધનોથી કર્કિ મુક્ત અને સ્વચ્છંદ હશે. જ્યારે લખવાની ભાષા શુદ્ધ અને વ્યાકરણના નિયમોને અનુસરતી હશે. આ વખતે છપવાની કળા તો બાજુ રહી, પણ લખવાનાં સાધનોની યે પૂરતી સગવડ ન હોતી તાલીપત્રો અને ભુર્જપત્રો ઉપર અણીદાર કલમ વડે કાળજીથી લખવાનો રિવાજ હજુ નીકળ્યો ન હોતો. આવા સંજોગો વચ્ચે લખવાની ભાષા જેવી જોઈએ તેવી બેડી શકાય જ નહિ અને તેથી વાતચીતની ભાષાનું પ્રબળ સ્વાભાવિક જ વધુ હોવું જોઈએ. ભાષાનો મુખ્ય આધાર જ્યાં જિહ્વા અને સ્મરણશક્તિ ઉપર જ હોય, ત્યા વિકારો થતાં વાર લાગતી નથી. આ નિયમાનુસાર વૈદિક ભાષામાં અનેક વિકારો થતા ગયા. ઈ. સ. પૂર્વે ચારસો વર્ષની વાત ઉપર પ્રખ્યાત વ્યાકરણકાર પાણિનિનું આ વિષય ઉપર ધ્યાન ખેચાયું. પતિત થતી ભાષાનો ઉદ્ધાર કરવા તેણે એક મોટું વ્યાકરણ રચી ભાષાને સુધારી 'સંસ્કૃત' એવું નામ આપ્યું. આચાર્ય પાણિનિએ પોતાના વ્યાકરણના જટિલ નિયમો દ્વારા સંસ્કૃતને જકડી લીધી. પાણિનિના આ નિયમો તોડવાનું સાહસ સંસ્કૃતના કોઈ કવિએ નથી કર્યું. કારણકે, આપણા પૂર્વજો પાણિનિને મહર્ષિ માનતા અને તેમનામાં પૂર્વજોની અગાધ શક્તિ હતી, તેમના નિયમોને તોડવા એટલે પાપ સમજતું. આ પ્રવૃત્તિ આપણામાં ઘણા પ્રાચીન કાળથી ચાલી આવે છે. આથી જ મહાભાષ્યકારે પાણિનિના સૂત્રોમાં કોઈ કોઈ સ્થળો પર ત્રુટિઓ બતાવ્યા છતાં પોતાને પાણિનિનું રહસ્ય સમજવાને અસમર્થ માનીને તેમનો આદર કર્યો છે. આ સમયમાં સંસ્કૃત સાહિત્યમાં સાહિત્ય લાવવાની કોશિશ થઈ, શબ્દ-ભંડાર ખૂબ વધ્યો સંસ્કૃતની ભિન્નભિન્ન લેખનશૈલીઓ આવિષ્કૃત થઈ આ વિકાસ ઈ. સ. ૬૦૦ની પણ પહેલાં શરૂ થઈ ચૂકયો હતો. કવિ મહાકવિ કાલિદાસ, ભાસ, અશ્વઘોષ વગેરે પણ પોતાના કાવ્યો દ્વારા તત્કાલીન સાહિત્યને સુસંપન્ન કરી ગયા હતા. મહાભારત અને રામાયણ પણ તેમના પૂર્વે લખાયાં હતાં; પણ આ વિકાસ અહીંથી જ ન રોકાયો. આ ઉન્નતિ ઘણા વખત સુધી ચાલુ રહી અને આપણે જોઈએ છે, આ ઉન્નતિક્રમ ઈ. સ. ૬૦૦ પછી પણ તે જ રીતે ચાલુ રહ્યો. સંસ્કૃત ભાષા હિંદી, પંજાબી, સિંધી, ગુજરાતી, મરાઠી, ઉત્કલી કે ઉર્દૂ અને બંગાળી એ સાત દેશી ભાષાની માતૃભાષા મનાય છે. વિંધ્યાચલ અને હિમાલયની વચ્ચમાંના આવેલા પ્રદેશમા સર્વત્ર ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં સંસ્કૃત એટ બોલાતી ભાષા હતી. એ વિષે જરાયે શકને અવકાશ નથી. ઈ.સ.ની પૂર્વે બીજા સૈકામાં સંસ્કૃત ભાષા હિંદમાં એક બોલાતી ભાષા હતી અને ત્યાર બાદ મુસલમાન બાદશાહો સુધીમા એવી સ્થિતિ આવેલી કે, સંસ્કૃત ભાષા લગભગ બોલી જ શકાતી ભાષા થઈ ગઈ હતી. આ સંસ્કૃત ભાષાના ચાર વિભાગ છે: દૈવભાષા, આર્ષભાષા, પૈશાચિક ભાષા અને માનુષ ભાષા.

પાણિનિએ લિખ સંસ્કૃતને પછી એમાં ફેરફાર થાય તે વિકૃતિ જ ગણાય એ રીતે વ્યવસ્થિત વ્યાકરણબદ્ધ રૂપ આપ્યું. પણ નિર્યાણ બિરા (દેવોની ભાષા) અર્થાત્ સંસ્કૃતની એવી પ્રતિષ્ઠા અને એવો પ્રભાવ-ભાષાના આ ફેરફારને રોકી શક્યો નહીં. સંસ્કૃતપ્રભાવિત વિદ્વાનોએ એ ફેરફારને વિકૃતિ કે અપભ્રંશ 'પ્રાકૃત' અને 'અપભ્રંશ' એ ફેરફાર પામેલી ભાષાઓનાં નામમાં સંસ્કૃતાભિમાનીઓની સૂક્ષ્મ વરતણ છે-પણ આજના ભાષાશાસ્ત્રીઓ તો એને ભાષાનો સ્વાભાવિક વિકાસ માને છે.

અનંતરાય ર.વ્યાસ

૪. વિ. કેળવાયેલું.

જ્યારે એક સમાજ બીજા સંસ્કૃત સમાજની સાથે ભળી જાય છે ને તેની ભાષા બોલવાનો પ્રયત્ન કરે છે ત્યારે નવી ભાષા ઉત્પન્ન થાય છે.

પુરાતત્ત્વ

૫. વિ. ચોખ્ખું કરેલું; પવિત્ર બનાવેલું

૬. વિ. તૈયાર કરેલ

૭. વિ. રાંધેલ

૮. વિ. શણગારેલું

૯. વિ. શુદ્ધ અને ફૂર્યું કરેલું.

૧૦. વિ. સમ સાધિત.

૧૧. વિ. સંસ્કાર આપેલું; સરકાર પામેલું.

૧૨. વિ. સંસ્કૃત ભાષાનું.

સંસ્કૃત જડપ ન. ચોસઠ માંહેનું એ નામનું એક વિજ્ઞાન.

સંસ્કૃતજ્ઞ [સં. સંસ્કૃત + જ્ઞ (જાણવું)] વિ. સંસ્કૃત જાણનાર.

શુદ્ધ ચરિત્ર અને સૌંદરનંદ નામનાં મહાકાવ્યોના રચનાર અશ્વઘોષ કાલિદાસ પહેલાં થઈ ગયા છે એમ સામાન્ય રીતે પાશ્ચાત્ય સંસ્કૃતજ્ઞોનો મત છે અને કેટલાક અગ્રણ્ય સંસ્કૃતજ્ઞોનો મત એથી ઊલટો છે.

સુવર્ણમાળા

સંસ્કૃતત્વ ન. (વેદાંત) વ્યાકરણનાં લક્ષણોવાળાં શબ્દસંહિતાનાં સાધનયુક્તપણું

સંસ્કૃત પ્રચુર વિ જેમા સંસ્કૃત શબ્દોની પ્રાધાન્યતા હોય એવું.

તેમની ભાષા પ્રૌઢ, વજનદાર અને **સંસ્કૃતપ્રચુર** ...

કે.મુનશી

સંસ્કૃતભવ [સં.] વિ. સંસ્કૃતમાંથી વિકાર પામેલું

આપણી ગુજરાતી ભાષામા દેશ્ય દેશી પ્રાકૃતનુ પણ મિશ્રણ થયેલુ છે, એ જ રીતે સંસ્કૃતસમ કે **સંસ્કૃતભવ** પ્રાકૃતનો પણ આપણી ભાષા સાથે સબંધ છે

હરગોવિંદદાસ કાંટાવાળા

સંસ્કૃતભાષાબદ્ધ [સં.] વિ. સંસ્કૃત ભાષામાં રચેલું.

સંસ્કૃતભાષી [સં.] વિ. સંસ્કૃત બોલનાર.

વિષ્ણુશર્મામાં કેવળ સંસ્કૃતભાષી કે **સંસ્કૃતભાષી** અને પ્રાકૃતભાષી માત્ર હોય છે.

કેશવ હર્ષદ ધ્રુવ

સંસ્કૃતમય ૧. વિ. આચારમય; ધર્મમય.

૨. વિ. સંસ્કૃતથી પરિપૂર્ણ; સંસ્કૃત શબ્દોથી ભરપૂર

'ગામડાં પરિક્રમ'ની શૈલીની સરલતા વિષે તો મને એમ લાગે છે કે, હાલના **સંસ્કૃતમય** અને ક્લિષ્ટ લખાણના જમાનામા એની શૈલીનો તેટલો પણ મળવો મુશ્કેલ છે

બળવંતરાય ક. ઠાકોર

સંસ્કૃતમયી વિ. સંસ્કૃતથી પરિપૂર્ણ

સંસ્કૃત વિષયક [સં.] વિ. સંસ્કૃત વિષય સબંધનું; સંસ્કૃત વિષયને લગતું.

મંદિર તરફથી પ્રાચીન **સંસ્કૃત વિષયક** બહોર બાબ્યાનો અભ્યાસની પણ ગોઠવણ કરવામાં આવી છે.

પુરાતત્ત્વ

સંસ્કૃતવેત્તા [સં] વિ. સંસ્કૃતના જાણકાર; સંસ્કૃતથી અલંકૃત થયેલું કે શોભાવેલું.

સંસ્કૃતશાહી વિ. સંસ્કૃતમય; સંસ્કૃતને મળતું.

પણ પારસી લેખકો સદા **સંસ્કૃતશાહી** ગુજરાતી શૈલી સામે પોકાર ઉઠાવતા રહ્યા છે.

કે.મુનશી

સંસ્કૃતશાળા સ્ત્રી. સંસ્કૃત ભાષા શીખવનારી નિશાળ.

સંસ્કૃતસમ વિ. શુદ્ધ સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલું.

આપણી ગુજરાતી ભાષામાં દેશ્ય દેશી પ્રાકૃતનું પણ મિશ્રણ થયેલું છે. એજ રીતે **સંસ્કૃતસમ** કે સંસ્કૃતભવ પ્રાકૃતનો પણ આપણી ભાષા સાથે સંબંધ છે

હરગોવિંદદાસ કાંટાવાળા

સંસ્કૃતાભિજ્ઞ [સં.] વિ. સંસ્કૃત જાણનાર.

આ ગ્રંથ **સંસ્કૃતાભિજ્ઞ** વિદ્વાનો વર્ષોને અભ્યાસ અને સત્કારને પાત્ર થયો છે.

ગોવર્ધનરામ માધવરામ શાસ્ત્રી

સંસ્કૃતાવસ્થા [સં.] સ્ત્રી. કુદરતી સ્થિતિ; મૂળ મતની સ્થિતિ.

સંસ્કૃતિ ૧. [સં.] સ્ત્રી. અભિમંત્રણ.

૨. સ્ત્રી. અમુક વિશિષ્ટ સંસ્કારોનો સમુદાય. સાહિત્ય એટલે જગતની સંસ્કૃતિનું સમહસ્થાન.

મનસુખરામ

૩. સ્ત્રી. ટેવો, આદતો, મનોવૃત્તિ. હિંદની **સંસ્કૃતિ** તે કંઈ નિરાળી ચીજ છે.

ગાંધીજી

૪ સ્ત્રી. કેળવણી.

૫. સ્ત્રી. શોધખોળ; શુદ્ધિ.

૬ સ્ત્રી. ચોપાસની સપ્પા બતાવનારી એક સત્તા.

૭. સ્ત્રી. જીવનવિદ્યા.

૮ સ્ત્રી. રહેણીકરણી, રીતભાત.

૯ સ્ત્રી. વસ્તુની આરે માહેનો ઝીણો અવયવ.

૧૦. પુ. (પિંગળ) વૃત્ત કે અક્ષરમેળ છંદનો એક ભેદ. આ ભેદના છંદના દરેક ચરણમાં ૨૪ અક્ષર હોય છે આ છંદના ૧,૬૭,૭૭,૨૧૬ ભેદ ; તન્વંગી, કિરીટ, ; દેય, વૈ ડિંડમા, દુર્મિલા, સુખદા, વિભ્રમ, સુરેશ્વર અને ભદ્રપાલ એ આ જાતના પ્રસિદ્ધ છંદ છે.

૧૧. પુ (પિંગળ) વૃત્તિ ૨૧ ભેદનો એક જાતિ ભેદ ૭૬. તેમાં ૯૬ અક્ષર આવે છે.

૧૨. સ્ત્રી સભ્યતા; સંસ્કાર પામેલા હોવાની સ્થિતિ.

ભારી સમજણ પ્રમાણે નગર, વન અને ગામ એ ત્રિવેણી આપણી સંસ્કૃતિનું મૂળ છે. આપણા ઉત્તમ સંસ્કારવિચારો કેમ વર્ષોવર્ષમા થયા છે તેમ રાજમહેલમાં અને ઝૂંપડામા પણ થયા છે.

આનંદશંકર ધ્રુવ

૧૩ સ્ત્રી સામાજિક પ્રગતિ; સુધારો; 'સિવિલિઝેશન.' શ્રી આનંદશંકર ધ્રુવ લખે છે કે, ઈ પછીનો આપણો ઇતિહાસ સમજવા જેવો છે. સાતમા સૈકાથી અગિયારમા સૈકા સુધીના આપણા દેશના ઇતિહાસનું અન્વેષણ ઊંડાણથી કરવાની જરૂર છે. એ સમય જેવા શંકરાચાર્ય અને ભાગવતકાર શુકદેવના ગ્રંથો પ્રકાશમાં આવ્યા-તે આપણો અતિસંસ્કૃતિનો ઇતિહાસ છે. જેમ અસંસ્કૃતિ કે ઓછી સંસ્કૃતિ હાનિકારક છે તેમ જ અતિસંસ્કૃતિનું પણ સમજવું. હરિજનબંધુમાં શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે કે, પેઢી દર પેઢી ભારતવર્ષની અને તેની સંસ્કૃતિની એકતાની પરંપરા આપણે ત્યાં જબાનોથી ઊતરી આવી છે. એ એકતા ટકાવી રાખવાની સાથે પાકી થઈ નીવડી ચૂકેલી છે અને આપણે ત્યા અનેક બોલીઓનો વપરાશ ચાલુ હોવા છતા, અઢારમી અને અઢારમી પહેલાંની અનેક જનતની તાણવું છતા તૂટી નથી. એ મૌરવભર્યા વારસાને વિસારી મૂકી આજે હવે આપણે ભાષાને ધોરણે અલગ પડવાની વાતો શા માટે કરીએ ? એકતા એ જ સામર્થ્યનો પાયો છે અને સત્ય તમ જ અહિંસા, બંને આપણને તને સાચવી રાખવાનો આદેશ આપે છે. કાકા કાલેલકર કહે છે કે, જૂના જમાનામાં જીવનના દરેક ધર્મ લીધો હતો. આજે એની જગ્યા સંસ્કૃતિએ આપવાની છે. ધર્મનો હેતુ મરણી પહેલાં જીવનશુદ્ધિનો હતો. સંસ્કૃતિનો હેતુ જીવનસમૃદ્ધિનો છે. સંસ્કૃતિનું વાયુમંડળ, ઉદાર અને ઉદાત્ત હોવું ખુલ્લી હોય છે. સંસ્કૃતિમાં સ્પર્ધાને સ્થાન નથી હોતું પણ જે સારો માર્ગ છે સંસ્કૃતિ એટલે જાણવાનો, જાણવાનો અને જીવનમાં ઉતારવાનો. મુનશી, તેઓ એકાત્મારામના આદર્શ અને ૪ એ પુરુષાર્થ બોધે છે પ્રેમમ. જે જેવું વસ્તુ તે સંસ્કૃતિમા દરજ્જો પ્રાપ્ત નથી થતું તે બાબતમા જાગવું આવશ્યક ઉદ્દેશ રાખવા હોઈએ તો ધર્મનું તેજ, જ્ઞાનવાનની સંસ્કૃતિ, વિજ્ઞાનવીરોની ધીરતા અને મહેનત મજૂરીની નિષ્પાપતા એ બધી વસ્તુઓનો અપૂર્વ સમન્વય સાધવો જોઈએ. પ્રેમ અને સહનશીલતા, ન્યાય અને ઉદારતા એ સૌથી મોટી વસ્તુઓ છે.

આ આપણા ગુજરાતમાં ગર્જે તે પારણું વળી, ગર્જે સંસ્કૃતિ આજ હો આપણા સંસ્કૃતિ કાલની.

ન્હાનાલાલ

૧૪ સ્ત્રી માર્ગ; પથ

૧૫. સ્ત્રી ક્રમ; અનુક્રમ; વિચારપૂર્વક ક્રમ

૧૬ સ્ત્રી સુધારણા; ઉન્નતિ; ઉન્નતિ

૧૭. સ્ત્રી સ્વભાવ

સંસ્કૃતિમું વિ. સંસ્કૃત શબ્દો જેમાં વધારે હોય તેવું; સંસ્કૃતમય.

સંસ્કૃતી પુ સંસ્કૃતનો પંડિત.

સંસ્કૃતેતર [સં.] વિ. સંસ્કૃત સિવાયનું બીજું.

પ્રાકૃત અને અપભ્રંશ, સંસ્કૃત અને સંસ્કૃતેતર બધા ગ્રંથકારો જ થયા છે.

કેશવ હર્ષદ ધ્રુવ

સંસ્કૃતોત્થ [સં] વિ સંસ્કૃતમાંથી આવેલું, સંસ્કૃતમાથી ઊતરી આવેલ.

હિંદની સંસ્કૃતોત્થ ભાષાઓમાં કવિતાનું સ્થાન સંગીતની બાબતે કિન્નરીના જેવું થઈ પડ્યું છે.

ન. કે. ઝવેરી

સંસ્કૃતોદ્ભવ [સં.] વિ સંસ્કૃતમાંથી ઊતરી આવેલ.

વસ્તુસ્થિતિ એ છે કે સંસ્કૃત અને સંસ્કૃતોદ્ભવ ગુજરાતી, મરાઠી, હિંદી ભાષાઓના સ્વરોના મૂલ્ય ચોક્કસ, ક્રમાગત નિયમિત છે. ઝવેરી

સંસ્ખલન [સં.] ન. દોષ.

સામાન્યત: **સંસ્ખલન** દરગુજર કરે છે.

મણિશંકર રત્નજી ભટ્ટ

સંસ્તર ૧. [સં.] પું. પાંદડાંની બનાવેલી શય્યા.

૨. પું. ત્રિકાનુ, પથારી

૩. પું. વસ્ત્ર.

સંસ્તરણ ૧. [સં] ન. પાથરણું, પથારી, પથરાવું; બિછાવટ.

૨. ન. પ્રસરણ; ફેલાવવું તે.

સંસ્તવ ૧. [સં.] પું. ઓળખાણ; પરિચય.

૨. પું. તારીફ; પ્રશંસા

૩. પું સંબંધ.

સંસ્તાર સ્ત્રી. પથારી

સંસ્તૃત સ. , વિ પથરાયેલું

સંસ્થ ૧ [સ] વિ ટકેલું, રહેલું.

૨. વિ. મરેલું; મૃત.

સંસ્થા ૧. [સ સમ્ (સારું) + સ્થા (ઊભા રહેવું)] સ્ત્રી. મંડળી; તંત્ર, ' ઇન્સ્ટિટ્યૂશન '

૨ સ્ત્રી રચના, વ્યવસ્થા

૩ સ્ત્રી. રાજકીય મંડળી.

વિક્રમ મહારાજ તથા પેશ્વાઓએ સંસ્થાઓ સ્થાપી. પ્રસ્થાન

૪. સ્ત્રી. વેપાર, વ્યવહાર અને બીજાં કામકાજ કરવાને માટે સ્થાપેલી ભંડોરવણવાળી મંડળી.

૫. સ્ત્રી. સમાજ ઉપર સમગ્રપણે વ્યવસ્થાપૂર્વક અસર ઉપજાવવા વિચારને અપાયેલું સ્વરૂપ.

૬. સ્ત્રી. સારી રીતે સ્થપાયેલું તે.

૭. સ્ત્રી. સારી સ્થિતિમાં હોવું તે.

૮. સ્ત્રી. સ્થાપિત વ્યવસ્થા કે રૂઢિ; રિવાજ, જેમકે, લગ્નસંસ્થા.

સંસ્થાગ્ય [સ] ન. (સંગીત) પાડવનુ એક તાન; પંચમ ગ્રામમા નિષાદ લાગવાથી ઊપજ થતું એક તાન.

સંસ્થાગાર [સં.] ન. જાહેર સભાસ્થાન.

સંસ્થાધ્યક્ષ [સ] પું. પ્રાચીન કાળમાં વેપાર ખાતાનો એક અમલદાર. તે ખોટાં તોલા, માપ, ત્રાજવાં વગેરે ઉપર દેખરેખ રાખતો. જોઈએ તેવો માલ ન વેચાય તથા સારા ભાવ તરીકે હલકો માલ વેચવામાં ન આવે તે ઉપર પણ તેની દેખરેખ રહેતી.

સંસ્થાન ૧. [સ.] પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. કેમકે, તે સંસ્થાઓના સ્થાપન

કરનારા અને તેના નિયમ બાંધનારા ગણાય છે.

૨. ન. (વેદાંત) અવયવનો આરંભક સયોગવિશેષ કે સમુચ્ચય. જેમકે, જન્મ સાથે ઉત્પન્ન થયેલા અવયવોના સમુચ્ચયમાં જેને પગ નથી તે બગડો કહેવાય છે.

૩. ન. (જૈન) આકૃતિ; આકાર.

પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણવાળા હોય છે. તથા તે શબ્દ, બંધ, સૂક્ષ્મત્વ, સ્થૂલત્વ, **સસ્થાન**, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા પણ છે. તત્વાર્થસૂત્ર

૪. ન. આસન; અંગવિન્યાસ.

મુદ્રારાક્ષસમા જોડિયા પાત્રો છે. ચાણક્ય ને રાક્ષસ એક જ રાજ્ય નીતિના ભિન્ન ભિન્ન ઓજનાં પ્રતીકો છે. ભીન્ન જુદા **સસ્થાન** (શરીરના અવયવોની વ્યવસ્થા)માં જોડકાં નિપુણક ને વિશોભગુપ્ત, રાક્ષસદાસ ને શકટદાસ વગેરેના છે.
કેશવ હર્ષદ ધ્રુવ

૫. ન (વેદાંત) ચિહ્ન.

૬. ન. (વેદાંત) ચારુ; ચાર રસ્તાનો ચકલો

૭. ન દેવ, ગુરુ વગેરેને પોષણ માટે અર્પાયેલુ ગામ અથવા ગામની ઊપજ.

૮. ન દેશી રાજાના તાબાનો મુલક; રાજ્ય; તાલુકો; પરગણું; નાનું રાજ્ય.

૯. ન. પરદેશીઓએ વસાવેલું આણું; પરમુલકમાં વસાહત; 'કોલોનિ'.

હનર અમેરિકામાં તેર **સસ્થાન** એકમેકથી સ્વતત્ર હતા. સત્તાની લોભને પોતાના રાજ્યની સામા બળાત્કા ઉઘાડની મદદ મળતી.
નર્મદાશંકર

૧૦. ન. પોતાના અમલવાળો ને પોતાને રહેવાનો પ્રદેશ; પોતાના તાબાના કે જાતના લોક સાથે પોતે રહેતા હોઈ એ તે અમુક મર્યાદાવાળો મુલક; પોતાનો રાજ્ય જેટલો પ્રદેશ.

૧૧. ન. (વેદાંત) મૃત્યુ.

૧૨. ન. રહેઠાણ.

૧૩. ન. રહેવુ તે.

૧૪. ન. રાજધાનીનુ શહેર.

૧૫. ન. રોગનું ખરું રૂપ દેખાય છે તે.

૧૬ ન. લોક સ્વરૂપ.

૧૭. [સં. સમ્યા (સાથે સાથે રહેવુ) + જન (નામ જન્મવાર પ્રત્યય)] ન. સમાજ; સમૂહ; એક જાતિનાં માણસોનો એક મોટો સમુદાય અને તેના વસવાટનુ સ્થાન.

૧૮. ન. (વેદાંત) સારી રીતે સ્થિતિ.

૧૯. ન. સ્થિત કરવી તે.

સંસ્થાનનામ [સં.] ન. (જૈન) નામકર્મની બીજી બાંધેલી એ નામની એક પિંડ પ્રકૃતિ. તેના ઉદયથી શરીરની આકૃતિ રચાય છે.

શરીરની વિવિધ આકૃતિઓનું નિમિત્ત કર્મ તે **સંસ્થાનનામ**. તત્વાર્થસૂત્ર

સંસ્થાનમતિ [સ] સ્ત્રી. નિર્ણાયક સમતિ; ભેદક મત.

સંસ્થાનવાસી ૧. પું. વસાહતમાં રહેનાર.

૨. પું. [સં. સસ્થાન + વાસિન્ (રહેનાર)] પું. સસ્થાનનો રહીશ, દેશી રાજ્યની પ્રજા

૩. વિ. સસ્થાનમાં વસનાર; દેશી રાજ્યમાં રહેનાર; સસ્થાનિક.

સંસ્થાનવિચય પું. (જૈન) ધર્મધ્યાનના સોળ આંહેનો એક ભેદ; ત્રણ લોકનુ સ્વરૂપ ચિંતવવું તે.

સંસ્થાનવિચય ધર્મધ્યાન ન. (જૈન) ધર્મધ્યાનના ચાર આંહેનો ચોથો ભેદ; ત્રણ લોકના આકારનું સ્વરૂપ ચિંતવવું તે.

આજ્ઞાના સ્વરૂપનો વિચાર કરવા મનોયોગ આપવો તે **સંસ્થાનવિચય ધર્મધ્યાન**.
તત્વાર્થસૂત્ર

સંસ્થાન સમવાય [સં.] ન. રાજ્યોનુ એકીકરણ; 'ફેડરેશન ઓવ સ્ટેટ્સ'.

સમવાય અથવા સઘ શબ્દ મુજરાતમા ન વપરા પેઠા વિજ્ઞાનોના એકીકરણ માટે વપરાય છે. જેમકે, બાવીસ ગામોના સમવા, અંદીવન. અહેવી સંઘ સંસ્થાદિ. આ રીતે ફેડરેશન ઓફ સ્ટેટ્સ ને **સસ્થાન સમવાય** એવુ નામ અપાય.
પાઠિ ભેળ

સંસ્થાનિક ૧. [સં. સસ્થાન + ઇક (વાળુ)] પું. સ્વભૂમિ સાથી દૂરદેશમાં આણું જમાવી સ્થાયી બનાર પુરુષ.

૨. વિ. પરદેશમાં વસાવેલ વસાહતમાં વસનાર.

૩. વિ. અન્યપોષ્યનુ માટે નીપજી આપેલા પ્રાતનું મહેસૂલ ભોગવનાર.

૪. વિ. સંસ્થાનવાસી; સંસ્થાનમાં રહેનાર.

સંસ્થાની ૧. પુ સસ્થાનનુ પતની

૨. [સં.] વિ. સસ્થાનનુ; સસ્થાનને લગતું.

સંસ્થાપક ૧. [સં.] પું. સસ્થાપન કરનાર માણસ; 'ફાઉન્ડર'.

કેળવણીમંડળ પોતાના અભ્યાસક કે શિક્ષામંડળમા એક **સંસ્થાપક** (Director)ની નિમણૂક કરી શે.
પ્રસ્થાન

૨. વિ. ભાવાત્મક; ભાવસૂચક.

૩. વિ. સારી રીતે સ્થાપન કરનાર; સંસ્થાપન કરનાર.

સંસ્થાપન ૧. ન. એકઠું કરવુ તે.

૨. ન નિયોજન; રોપણ, નિમણૂક; વ્યવસ્થા; નિયોજવુ તે.

૩. ન. મૂકવુ તે.

૪. [સ.] ન. સ્થાપના; સંસ્થાપના; સારી રીતે સ્થાપવું તે; સારી રીતે બેસાડવુ તે; પ્રતિષ્ઠા કરવી તે.

સંસ્થાપના જુઓ સંસ્થાપન.

સંસ્થાપવું સ ક્રિ. સ્થાપન કરવું

સંસ્થાપિત ૧. વિ. દાબ કે અંકુશમાં રાખેલું.

૨. [સં.] વિ. સંસ્થાપન કરેલું; ચાલુ કરેલું.

૩. વિ. સારી રીતે સ્થાપેલું; દૃઢ કરેલું કે બેસાડેલું.

સંસ્થાવાસી ૧. [સં.] વિ. એક સસ્થામાં રહેનાર.

ધીમે ધીમે અધ. **સંસ્થાવાસી** થઈને રહે એ આદર્શ રાખ્યો.
ગાપીજી

૨. વિ સસ્થામાં રહેનાર.

સંસ્થિત ૧. [સં.] વિ. મૂકેલું; ભરેલું.

૨. વિ. રહેલું.

૩. વિ. સક્ષમ, કંટાળેલું.

જે મંદિરો પડી ગયાં કે પાડી નાખવામા આવ્યાં તેમને પાછાનાખ્યાએ જ્યારે ફરી બીજા કયા ત્યારે મૂળ સ્થાનને બદલે તેમ, બદલે તે કેટલેક ગોઠવી દઈ માત્ર પ્રતિમાને **સંસ્થિત** બનાવવા જેવું ઉદ્ધારકાર્ય જ કરવા સમર્થ થઈ શકયા હતા
પુરાતત્વ

સંસ્થિતિ ૧ [સં] સ્ત્રી. કાયમનું સ્થાન

૨. સ્ત્રી. ટકવું તે; કાયમ રહેવુ તે.

૩. સ્ત્રી. તત્ત્વ; સાર.

૪. સ્ત્રી. પરિસ્થિતિ.

તેઓ એથી **સંસ્થિતિ**માં જીવતા કે તેની કલ્પના કરતા આપણને શેલ ઉત્પન્ન થાય.
અબિરાંકર રલજી ભટ્ટ

૫. સ્ત્રી. મૃત્યુ; મરણ; નાશ; અંત; છેડો.

૬. સ્ત્રી. નિષ્પત્તિ.

નદીઓ અને નદો સર્વ જેમ સાગરમા **સંસ્થિતિ** પામે છે, તેમ સર્વ આશ્રમીઓ ગૃહસ્થાશ્રમીમાં સસ્થિતિ પામે છે.
સરસ્વતીચદ્ર

૭. [સ. સમ્ (સાથે) + સ્થા (ઊભા, રહેવુ)]
સ્ત્રી. સાથે રહેવુ તે.

૮. સ્ત્રી. સારી સ્થિતિ.

૯. સ્ત્રી. સ્થિતિ; સ્થિરતા.

સંસ્પર્શ [સં. સમ્ (સારી રીતે) + સ્પર્શ (અડવુ તે)] પુ સ્પર્શ; સંબંધ.

સંસ્પર્શજન્ય [સં] વિ. સ્પર્શથી ઉત્પન્ન થયેલ.

સંસ્ફોટન ૧. [સં.] ન. ખિસ્સકાટ, ખિસ્સકાતરણી.

૨. ન. રહસ્યસ્ફોટન.

સંસ્મરણ ૧ ન આત્મકથા.

૨. [સ. સમ્ (સારી રીતે) + સ્મૃ (સ્મરવુ)] ન. પૂર્વસ્મરણ, વારવાર યાદ કરવુ તે; સ્મૃતિ; યાદગીરી, સભારવુ તે, યાદ કરવુ તે; સસ્મૃતિ.

૩. ન. સંભારણું; સ્મૃતિગ્રંથ; 'રિકલેકશન'

સંસ્પૃષ્ટ સ] વિ. સ્પર્શ કરીને રહેલ; અડકીને રહેલ; સાથે અડીને રહેલ

...આત્મા તને સ્પર્શ કરીને તેને અડકે છે. તેની સાથે તે સંસ્પૃષ્ટ થઈ રહ્યો છે. અહ્લાદશંકર

સંસ્કૃત [સ.] વિ. વિકાસ પામેલું.

સંસ્ફોટ [સં.] પું. ધુમ્મસ; લડાઈ.

સંસ્મૃતિ [સ.] સ્ત્રી. યાદ કરવું તે; સંભારણું, સંસ્મરણ, પૂર્વસ્મૃતિ, યાદ

સંસ્વેદજ ૧ ન. સંસ્વેદજ જીવ કે જંતુ

૨. [સ] વિ. પસીનામાંથી થયેલું, સંસ્વેદજ.

સંહત ૧ ન. પ્રકૃતિ અને તેના કાર્યો

સંહત અટલે પ્રકૃતિ અને તેના કાર્યો અન્યના ઉપભોગને માટે છે. તેથી પુરુષ અર્થાત્ આત્માનું અનુમાન કરાય. સાખ્યદર્શન

૨ [સ] ન. સમૂહ સમૂહ.

૩ વિ. એકઠું થયેલું

૪. વિ. દૃઢ સાધનવાળું; મજબૂત, સ્ટ્રૉંગ; 'કૉન્ક્રીટ'

૫. વિ. બુદ્ધિથી છટું ન પડ્યું હોય તેવું.

સંહતાશ્વ પું. સર્વપ્રથમ પ્રકાશનું કુવલયાશ્વ નિકુમ્ભ રાજાનો એ નામનો પુત્ર. તેને કૃતાશ્વ અથવા કૃષ્ણાશ્વ અને રણાશ્વ અથવા બર્હણાશ્વ એ નામના બે પુત્રો હતા.

સંહતિ ૧. સ્ત્રી. એકઠા કરવા તે; એકત્રીકરણ.

૨ [સ] સ્ત્રી. ગાઢ સમૂહ.

૩ સ્ત્રી. મજબૂતી; નક્કરપણું.

૪. સ્ત્રી. મિશ્રણ, ભેળાપ; સંયોગ.

૫. સ્ત્રી. સમુદાય, સમૂહ

૬ સ્ત્રી. સપ, સગઠન.

૭. સ્ત્રી. સારી રીતે હણવું તે.

સંહતિક વિ. લોહી થીજી જાય એવું.

સંહતિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ વર્ણદંડક છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેને સંહતા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

સંહનન ૧. [સં.] પું. સમૂહ; એકત્ર મડાગ; સમઘાત; સમૂહ.

૨. ન. ત્રાર ઘરનો સમુદાય.

૩. ન. દેહ; શરીર.

૪. ન. વધ; નાશ; હાર કરવા તે.

૫. ન. શરીરનાં હાડ વગેરેનું બંધારણ; બાંધો.

સુશ્લિષ્ટ જડદ્રવ્યોનો જે સંયોગ છે તેને સંહનન કહે છે અને એ સંયોગવાળાં જે દ્રવ્યો છે તે બધા સંહનન દ્રવ્યો કહેવાય છે. સાખ્યદર્શન

સંહનન અંક પું. શીતોષ્ણમાપક યંત્રના જે બિંદુએ પ્રવાહી પદાર્થ કરી જાય છે તે બિંદુ; 'ફ્રીઝિંગ પૉઇન્ટ'.

સંહનન નામ ન. (જૈન) નામકર્મની પિંતાલીસ પ્રકૃતિઓ માંહેની ચૌદ પિંડપ્રકૃતિઓ માંહેની એક. તેના ઉદયથી શરીરનાં હાડ પંજરનું બંધારણ થાય છે.

સંહરણ ૧ ન. ચટ્ટર મારફત કાઢી નાખવું તે.

૨. ન. સંહાર થવો તે; નાશ પામવું તે.

સંહરણ વિદ્યા સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એક વિદ્યા.

સંહરવું ૧. સ ક્રિ. એકઠું કરવું.

૨ સ ક્રિ. પાછું પાછું લેવું, પાછું ખેંચવું.

૩. સ ક્રિ. સર્જ લેવું.

૪. સ ક્રિ. સંહાર કરવો

સંહર્તા [સં.] પું. સંહારક; સંહાર કરનાર માણસ

સંહર્ષ ૧. [સં.] પું. આનંદ

૨. પું. રવપ્ના.

સંહાર ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ વર્ણદંડક છંદ. તેમાં ૨ નગણ અને ૨૩ રગણ મળી ૭૫ વર્ણ હોય છે.

૩. [સં. સમ્ (સારી રીતે) + હ (નાશ કરવો)] પું. ઉચ્છેદ; એકદમ ઘણાઓનો સામટો નાશ થવો તે; કાપાકાપી; ખૂનરેજી; કતલ; હિંસા.

સંહાર કરવું = સંહારવું; મારી નાખવું.

૪. પું. એકઠું કરવું તે; સમૂહ; સમુચ્ચય; જથ્થો; જમાવ.

૫. પું. નાશ; પ્રલય.

૬. પું. પાછું ખેંચી લેવું તે.

૭. પું. સંક્ષેપકરણ; સંક્ષેપ.

૮. સ્ત્રી. ખોરાક માંહેનો એક આકારતત્ત્વ દેવતા.

સંહારક ૧. [સં. સંહાર + ક (કરનાર)] પું. સંહર્તા.

૨. વિ. નાશ કરનાર.

૩. વિ. સંહાર કરનાર; વિનાશક; પ્રલય કરનાર.

સંહારણી સ્ત્રી. જય; સર્વ ચરાચર સૃષ્ટિનો લય; સંહાર. લોકમાન્ય તિલક કહે છે કે: પ્રકૃતિનો ભક્ષક અથવા ખેલ, જેને જ્ઞાનેશ્વર મહારાજ પ્રકૃતિની ટંકશાળ કહે છે, તે પ્રકૃતિનો સંસાર, પ્રકૃતિ કયા કામે પુરુષ સમક્ષ રજૂ કર છે અને તેનો લય કેવી રીતે થાય છે તેનો ખુલાસો આ પ્રકરણમાં કરીશું. પ્રકૃતિના આ વ્યાપારને વિશ્વની 'ઉભારણી' (ઉત્પત્તિ) અને 'સંહારણી' (લય) કહે છે. પ્રકૃતિમાંથી સર્વ બ્રહ્માંડ કેવી રીતે નિર્મિત થાય છે, તેનું સાંખ્યશાસ્ત્રમાં બે ત્રણ દૃષ્ટાંતે સમર્થ મહારાજે પણ સુરસ વર્ણન કરેલું છે અને તે વર્ણનમાંથી વિશ્વની 'ઉભારણી' અને 'સંહારણી' એ શબ્દો અમે લીધેલા છે. તેમ જ ભગવદ્ગીતાના સાતમા અને આઠમા અધ્યાયમાં આ જ વિષયનું મુખ્યત્વે કરીને પ્રતિપાદન છે.

સંહારતાંડવ ન. તાંડવ નૃત્યના સાત ભેદોનો એક પ્રકાર. ભાવ સ્વરૂપના સર્વનાશ પછીના ભાવિનું દિગ્દર્શન કરાવનારું નૃત્ય. આ નૃત્ય માયાના બંધનમાંથી આત્માની મુક્તિ સૂચવે છે.

સંહારનૃત્ય જુઓ સંહારતાંડવ.

સંહારન્યાસ પું. એક પ્રકારનો ન્યાસ.

સંહારમાર્ગ ૧. [સં.] પું. પૂર્વમાંથી પ્રથમ ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ અને પાછા પૂર્વમાં અવાય તે.

૨. પું. ઘરકોર્ડ દિશાથી ડાબા હાથ તરફ નમી પ્રવેશ થાય તે.

સંહારવું સ. ક્રિ. મોટો નાશ થાય એમ કરવું; કતલ ચલાવવી; સામટું મારી નાખવું; ઉચ્છેદ કરવો; નાશ કરવો.

સંહારસ્થાન [સં.] ન. સંહારનું સ્થળ.

સંહારાત્મક [સ.] વિ. સંહાર કરનારું.

સંહારિણી વિ. સ્ત્રી. સંહાર કરનારી.

સંહારેચ્છા [સં.] સ્ત્રી. વિનાશક વૃત્તિ; નાશ કરવાની વૃત્તિ.

સંહિત ૧. [સં.] વિ. જોડી કાઢેલું; રચેલું; બનાવેલું.

૨. વિ. પાસે પાસે મૂકેલું; સંયોજન જોડવેલું.

૩. વિ. જોયું કરેલું; એકઠું કરેલું.

સંહિતકોષ પું. (ગણિત) ભૂમિતિની રચનાથી બનતા એક પ્રકારના ખૂણા; સંહિત ખૂણા; 'ઇન્ટિરિયર ઍંગલ્સ'.

સંહિતા ૧. [સં. સમ્ (સારી) + હિત (મૂકેલું)] સ્ત્રી. કર્મકાંડ પ્રતિપાદક વેદનો એક ભાગ; વેદની શાખા; વેદોનો દેવોની સ્તુતિઓનો મંત્રભાગ; વેદનું પ્રકરણ; સંહિતાદિ રચંતી કાળક્રમનુસારીનું માપ નીચે પ્રમાણે છે:—

સંહિતાદિ સ્કંદને માટે દશા પદ્ધતિમાં બતાવેલ વર્ષોની કાળ ગણતરીની સમજૂતીનો કોઠો

ક્રમ	૭ ચંદ્ર વર્ષ	દિવ્યમાન વર્ષ	પૈત્યમાન વર્ષ	પૃથ્વી સૌર માન વર્ષ	ચાંદ્રમાન વર્ષ	નાક્ષત્રમાન વર્ષ	માનવીય મા.ન (ચાંદ્ર) વર્ષ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
			પ્રમાણ—૧ × ૩૦ × ૧૨ × ૩૦ × ૧૨ × ૩૦ × ૧૨ × ૩૦					
			(અયનગતિ લઘ સ્થાન) નિરયન પ્રદેશ (સોમ સ્વરૂપ)					ભચક્ર વર્ષ ૧
૧	૧	૩૦	૩૬૦	૧૦,૮૦૦	૧૨,૯૬૦૦	૩૮,૮૮,૦૦૦	૪,૬૬,૫૬,૦૦૦	
			(અયનગતિ ઉત્તમ સ્થાન) અયન પ્રદેશ (અગ્નિ સ્વરૂપ)					દિવ્યમાન વર્ષ ૧
૨	૧	૧	૧૨	૩૬૦	૪,૩૨૦	૧,૨૯,૬૦૦	૧૫,૫૫,૨૦૦	
	૩૦							
			પિતૃ ગોલક-સોમ પ્રદેશ (સોમ સ્વરૂપ)					પૈત્યમાન વર્ષ ૧
૩	૧	૧	૧	૩૦	૩૬૦	૧૦,૮૦૦	૧,૨૯,૬૦૦	
	૩૬૦	૧૨						
			પૃથ્વી કિંવા સૌર ગોલક (અગ્નિ સ્વરૂપ) ભૌમ (પૃથ્વી)					સૌરમાન વર્ષ ૧
૪	૧	૧	૧	૧	૧૨	૩૬૦	૪,૩૨૦	
	૧૦૮૦૦	૩૬૦	૩૦					
			ચંદ્ર ગોલક (સોમ સ્વરૂપ)					ચાંદ્રમાન વર્ષ ૧
૫	૨	૧	૧	૧	૧	૩૦	૩૬૦	
	૧૨૯૬૦૦	૪૩૨૦	૩૬૦	૧૨				
			નાક્ષત્રિક ગોલક (અગ્નિ સ્વરૂપ)					નાક્ષત્રમાન વર્ષ ૧
૬	૨	૧	૧	૧	૧	૧	૧૨	
	૩૮૮૮૦૦૦	૧૨૯૬૦૦	૧૦૮૦૦	૩૬૦	૩૦			
			નાક્ષત્ર કિંવા માનવીય ચંદ્ર પ્રદેશ (સોમ સ્વરૂપ)					માનવીય મા.ન
૭	૧	૧	૧	૧	૧	૧	૧	(ચાંદ્ર) વર્ષ ૧
	૪૬૬૫૬૦૦૦	૧૫૫૫૨૦૦	૧૨૯૬૦૦	૪૩૨૦	૩૬૦	૧૨		
			(અયનગતિનું લઘ સ્થાન) (નિરયન પ્રદેશ)					માનવીય સૂક્ષ્મમાન
૮	૦	૦	૦	૦	૦	૦	૩૦	વર્ષ ૧

અયન પ્રદેશો

નિરયન પ્રદેશો

સૂચના—આમાં અગ્નિ સ્વરૂપ અયન પ્રદેશો સમજવા અને સોમ સ્વરૂપ નિરયન પ્રદેશો સમજવા.

૨ જી. કાયદાનો સમૂહ.

૩. જી. ક્રમસર કરેલો અમુક સમય; પદ કે સભ્યોનો વ્યવસ્થિત સમૂહ જેમકે, મનુસંહિતા.

૪ જી (વેદાંત) ધર્મનો બોધ થતાં જે અર્થે રચેલો ગ્રંથ જેમકે, મનુસ્મૃતિ, મહાભારત વગેરે

૫ જી. પુરાણ.

૬ જી મંત્રોને સંધિ આદિ સહિત લખેલા હોય તે, વેદનાં સૂક્તોનો સમૂહ, સમહેલા મંત્રો

૭ જી વ્યાકરણમાં વચ્ચે વિરામચિહ્ન વગર બે કે વધારે પદોની સમીપતા, સંધિ.

૮ જી શાખા.

૯ જી. શ્રુતિનો એક પ્રકાર.

૧૦. જી. સમુચ્ચય.

૧૧ જી સંયોગ

૧૨. જી. સાર.

૧૩ જી (વેદાંત) સારી રીતે જિજ્ઞાસુનું પ્રતિપાદન જેમાં કરેલું હોય તે.

૧૪ જી સત્તા

સંહિતાગ્રંથ પું. મનુ વગેરેએ રચેલ ધર્મશાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ વગરે સંહિતા ગ્રંથો આ પ્રમાણે છે (૧) અથર્વમંત્ર સંહિતા, (૨) તૈત્તિરીય બ્રાહ્મણ, (૩) અગસ્ત્ય સંહિતા, (૪) કશ્યપ સંહિતા, (૫) ભૃગુ સંહિતા, (૬) શિક્ષા સંહિતા, (૭) કપિંજલ સંહિતા, (૮) જૂઠ-સંહિતા, (૯) સાર સંહિતા, (૧૦) હરિત-સંહિતા, (૧૧) વિષ્ણુધર્મ સંહિતા અને (૧૨) પદ્મસંહિતા.

સંહિતાપાઠ પું સંહિતાનો પાઠ કરવો કે સંહિતા ભણવી તે.

સંહિતામંત્ર પું. મંત્રોને સંધિ આદિ સહિત લખેલા હોય તે; વેદનાં સૂક્તોનો સમૂહ; સમહેલા મંત્રો; પદપ્રકૃતિ.

સંહિતાયુગ [સં] પું જે સમયમાં બધી સંહિતાઓ લખાયેલી છે તે સમય

સંહૃતિ [સં] સ્ત્રી ઘણા જણે કરેલો પોકાર.

સંહૃત ૧ [સં. સમ્ + હૃ] વિ. અંતરેલું; અંતરેલું

૨ વિ ખેંચેલું, તાણેલું.

૩. વિ સંહરેલું

સંહૃતિ સ્ત્રી જંબુદ્વીપની અંદર આવેલ ૬૪ માહેની એ નામની એક કલા.

સંહ્લાદ પું. (પુરાણ) કપાલુને પેટે થયેલા હિરણ્યકશિપુના ચાર માહેનો એક પુત્ર તેને કૃતિ નામની સ્ત્રી હતી. તેને પેટે પંચજન નામે પુત્ર થયો હતો.

સંહ્લાદિ પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ.

સા ૧. પું. જુઓ સ.સ.
૨. પું. (સંગીત) ષડ્જ સ્વરનો સંજ્ઞાક્ષર.
૩. પું. સંગીતના સ્વરસપ્તક માંહેનો પ્રથમ સ્વર.
૪. પું. સાર; સત્ત્વ; માલ.
એહુ વેચે બળદિયો, મનનો વેચે ગા,
હઉ વેચે વાઘડો, એમાં ન થા કે ન સા
લોકસાહિત્ય
૫. પું. સ્વાદ.
ખાડના ખરિયા ભરે, સાકરનો નહિ સા
લોકસાહિત્ય
૬. [સં.] સ્ત્રી. ગૌરી; લક્ષ્મી.
૭. સ્ત્રી. છાયા.
૮. સ્ત્રી વાસ; ગંધ; બો.
૯. વિ. ઠેકાણું.
૧૦. વિ. સરાફી દર્શક વિશેષણ જેમકે નવસસા.
૧૧. વિ. શાહુ; સાધુ; પ્રામાણિક
૧૨ અ. (હિંદી) સમાન, સરખું; જેવું; બરાબર કે મળતાપણું બતાવનારો પ્રત્યય જેમકે, ચાંદસા એટલે ચાંદના. જેવું.

સાઅત ૧. [અ.] પું. કલાક.
૨. પું. કાળનો કોઈ પણ ભાગ; વખત
૩. પું. ક્ષણ; પળ.
૪. પું. ઘડિયાળ.

સાઅત્રી [સં સુ + અત્રી] સ્ત્રી. (વહાણવટું) આગલા ભોરા સામે ભોરું રાખતાં વહાણનું જમણું પડખું; 'સ્ટાર બોર્ડ'.

સાઇકલ ૧. [અં.] સ્ત્રી. બેસનારે પોતે ચલાવવાનું બે ચક્રવાળું એક વિલાયતી વાહન; પગથી ચલાવી ઉપર બેસી ફરવા ફરવાનું બે ચક્રવાળું સાધન; પગે ચલાવવાની બે પૈડાંની ય.ત્રિક ગાડી
૨ [અં.] ન. ચક્રાવો; વીજળીના બે સી. કરંટમાં વીજળીની ગતિમાં થતા ફેરફારનું નામ
૩. ન. ફરી ફરીને આવતો અમુક વર્ષનો ક્રમ; અવસર ચક્ર.

સાઇકોલોજી [અં] સ્ત્રી. માનસશાસ્ત્ર.

સાઇકોલોજિસ્ટ [સં.] પું. માનસશાસ્ત્રી.

સાઇકલસ્વાર [અં.] પું. સાઇકલ ફેરવનાર.

સાઇકિલગ [અં.] ન. આનંદની ખાતર કે રમતની ખાતર સાઇકિલ ઉપર ફરવું તે. ૧૬મા સૈકાની આખરે જ્યારે સાદી સાઇકલ ચોલવામા આવી ત્યારે બહુ પ્રિય થઈ પડી. એક કલાકમા એક જણે ૬૬ માઈલ ૧૦૪ વારની મુસાફરી સાઇકલ ઉપર કરી છે

સાઇક્લોન [અં.] ન. વાનો વંટોળીઓ; જોસબેર વાનો પવન; પવનનું તોફાન; ચક્રવાત.

સાઇક્લોપીડિયા પું. જ્ઞાનકોષ; વિશ્વકોષ; સઘલશાસ્ત્રનું નિરૂપણ કરનારો ગ્રંથ; જ્ઞાનચક્ર; સર્વ બાબતોનો સમાસ હોય એવો ગ્રંથ

સાઇક્લોસ્ટાઇલ [સં.] ન. હાથથી લખેલા અક્ષર છાપવાનું યંત્ર; મૂળ લખાણ લખી તે ઉપરથી નકલો કાઢવાની એક યુક્તિ કે સાધન.
૧. સાઇક્લોસ્ટાઇલ કરવું = સાઇક્લોસ્ટાઇલથી નકલો કરવી.
૨. સાઇક્લોસ્ટાઇલ કોપી = અસ્સલ મળતું.

સાઈ ૧. પું. પ્રયત્ન કરનાર.
૨. પું. ભલામણ કરનાર
૩. પું. સાથી.
૪. સ્ત્રી. અસી; શાદી; સ્થાનાઈ.
૫. સ્ત્રી સહાય, મદદ
૬ [દિ] સ્ત્રી સુથી, બહાનાના પૈસા
૭ [પ્રા., સં સ્વાતિ] સ્ત્રી સ્વાતિ નક્ષત્ર
૮. વિ. આતુર.
૯. વિ. સરખું; જેવું. જેમકે, વાઘુપાસાઈ પાઘડી.

સાઈંગલ પું. ભારતીય સિને-સૃષ્ટિનો તાનસેન, સ્વરસમ્રાટ કુ-દનલાલ સાઈગલ. માનવહૃદયના ખૂણામાં સૂનેરી જિંદગીની અતિ પ્રેમાળ અને પવિત્ર લાગણીઓને ઢંઢોળી, પારાવહૃદયને પણ અનુકંપા અને સુવાળા સંવેદનની ભેટ આપી કે એવી સ્વર્ગીય સૂરોના સરતાથી રૂપેરી સંગીત અજવાળનાર સાઈગલ કાશ્મીરનાં ન્યાયખાતાના વિશિષ્ટ અમલદાર લાલા અમરેચંદ સાઈગલના પુત્ર હતા. ૧૯૦૬માં કે સાઈગલનો જન્મ 'અપો હતો. કિશોર વયનો સાઈગલ ગુન ગુન કરતો કાશ્મીર પ્રદેશની સુંદર ઘટાઓમાં ઘૂમતો ત્યારે એ અનોખી જાતનો સૂર સાભળવા અનેક જન્સાનો તેની પાછળ દોરાતા! જનતા સુંદર સ્વરકાર કિશોર સાઈગલને જલસાઓમાં અને રામલીલાઓમાં ગીતો ગાવા માટે આમત્રણ આપતી! સાઈગલે મેટ્રિક પસાર કરી કોલેજ જીવનનો આરંભ કર્યો પરંતુ પિતાનું મૃત્યુ થતાં જવાથી અભ્યાસને તિલાજલિ અર્પવી પડી અને એક ઘડિયાળની કંપનીમાં નોકરી શરૂ કરી. જીવનનૈયાએ પલટો આપ્યો અને સાઈગલે દિલ્હી આવી રેમિંગ્ટન ટાઇપરાઇટર કંપનીની નોકરી સ્વીકારી. સાઈગલ એક વાર રેમિંગ્ટન કંપનીના કાર્ય માટે શીમલા ગયેલ. ત્યાં ન્યૂયોર્કટર્સના સંસ્થાપક શ્રી નિરંજનાથ સરકાર સાથે એક સમારંભમાં તેનો ભેટો થઈ ગયો. શ્રી સરકારે સાઈગલનો સૂર સાંભળ્યો અને અજબ શક્તિશાળી સ્વરકારના અંતરમાં છુપાયેલ અમોઘ શક્તિનો જુદી જુદી સૂર-ઝમીઓમાં ઉપયોગ કરી રૂપેરી સંગીતને તાજગી આપવા નિર્ણય કર્યો. રૂપેરી સૃષ્ટિમાં પ્રવેશી સાઈગલે 'સુબહકા સિતારા', 'મુહબતકે આસુ' અને 'ઝિન્દા લાશ'માં ભૂમિકા ભજવી કેવકી બોઝના વિખ્યાત ચિત્ર 'પુરન ભક્ત'માં સાધુની નાની ભૂમિકામાં 'રાધારાની દે ડારો ન બસરી મોરી રે' ગાયું અને સાઈગલના સૂરના વાયરા રૂપેરી ચોગાનમાં વીંઝાઈ ગયા ત્યાર બાદ સાઈગલે 'યહુદીકી લડકી', 'ડપ્લેક્સ', 'ડાકૂ મન્સૂર', 'કારવાને હયાત', 'દેવદાસ', 'કરોડપતિ', 'પુનર્લગ્ન', 'પ્રેસિડેન્ટ', 'ધરતીમાતા', 'દુશ્મન', 'સ્ટ્રીટ સીંગર', 'તાનસેન', 'મુહબ્બત', 'ઉમ્મર ખય્યામ', 'પરવાના', 'તડપાર', 'શાહજહાં' વગેરે ચિત્રામ. સ્વર અને અભિનયનાં કામણ પાથર્યાં. સાઈગલ માત્ર સ્વરનું અમૃત જ નહોતો વહાવતો, એનો વાસ્તવિક અભિનય પણ પ્રેક્ષકોના દિલમાં એક કિસમનો આનંદ પ્રકટ કરી જતો. આવો અનોખો-સૂરીલો સાઈગલ ૧૬૪૭ની જાન્યુઆરિના દિને પ્રભુએ પાડોશી પંચમહાભૂતોની વાપસમાં મળી ગયો! એ માહારા દિને સૂરીલા સંગીતના જામ સમા સાઈગલનો જીવનદીપક બૂઝાઈ ગયો.

સાઈબિરિયા સ્ત્રી. અરબસ્તાનના અબિસોલુમાં આવેલી એ નામની ખુશિર.

સાઈઝ [અં.] સ્ત્રી. કદ; માપ; આકાર.

સાઈડ ત્રિલ [અં.] ન. ઇંગ્લાંડ અને નાનાં મળવાનાં હોય તેવી કૂટી

સાઈટ્રિક એસિડ કું સિંબુનાં ફળ. ૨૦ ગેલન સિંબુના રસમાંથી લગભગ ૧૦ પ.ઉંડ સાઈટ્રિક એસિડ નીકળે છે. તે એકદમ પાણીમાં ઓગળી જાય છે અને તેનો સ્વાદ ખાટો હોય છે.

સાઇડ ૧. [અં.] સ્ત્રી. બાજુ, પક્ષ.
૨. સ્ત્રી. વલણ

સાઈડિંગ સ્ત્રી રેલ્વે રસ્તાનો ફાંટો; રેલ્વેની અટકે પડખેની બીજી લાઈનો.

સાઈન ૧. [અં.] સ્ત્રી. ચિહ્ન, નિશાની.
૨. પું. ગણ. ત્રિકોણમિતિના વિષયમાં કોઈ એક દિશામાં બીજ કરતાં હિંદુ ગણિતજ્ઞાઓનો આગળ વધેલા હતા અને બીજી કોઈ એક દિશામાં અર્વાચીન ત્રિકોણમિતિમાં આપણને સપાદન કર્યું હતું. જ્યા, કોટિજ્યા અને ઉત્ક્રમ જ્યા એ સર્વેના કોષ્ટકો બનાવવામાં હિંદુઓ પ્રથમ હતા. જ્યાને માટે અંગ્રેજીમાં વપરાતો

સાઈનિ શબ્દ સંસ્કૃત ઉપરથી આરબોએ કરેલા અપભ્રંશનું ફળ લાગે છે. ગ્રીક ગણિતજ્ઞાનીઓ જ્યાના ઉપયોગથી પરિચિત ન હતા; તેઓ પૂર્ણજ્યા–ચાપકર્ણની સહાયથી ગણતરી કરતા. હિંદુજ્યોતિષીઓનાં કોષ્ટકો ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે, પ્રાચીન હિંદુઓને તલત્રિકોણમિતિ ઉપરાંત ગોલીય ત્રિકોણમિતિનું જ્ઞાન હતું.

સાઈનિ પોસ્ટ [અં.] પું. જાહેરખબર ચોડવાનો થાંભલો.

સાઈનિ બોર્ડ [અં.] ન. નામનું પાટિયું

સાઈટ્રિન [અં.] સ્ત્રી પીપળામાંથી પ્રવાહી વસ્તુ કાઢવાની નળી; વહનળી; એક વાસણમાંથી બીજા વાસણમાં પ્રવાહી ઠાલવવા માટે વપરાતી વાંકીચૂકી નળી.

સાઈબિરિયા પું. સોવિયેટ યુનિયન ઓફ રશિયાનો એશિયાનો દેશ દક્ષિણમાં ઈ કુંટરક અને પશ્ચિમમાં ઓબ્સ્ક તેની મુખ્ય શાખેરી છે. આ દેશમાં ઘણી નદીઓ છે. તેમાં યેનેસી અને અમુર મુખ્ય છે અને ઘણો વખત બરફથી ઢકાયેલ રહે છે. તેમાં કુંગરાની જગ્યા ઘારો છે, સપાટ ઉચ્ચ પ્રદેશો છે, અને ઘાડાં જંગલો છે. ઘણાં ખનિજો છે જેમાંથી થોડાં જ કેદીઓ પાસે ઢાવાય છે. વસતિ પણ કેદીઓ અને દેશનિકાલ થયેલાઓના વંસજોની છે. તેમાં ઘણાં સરોવરો છે અને ખાસ કરીને બૈકલ સરોવર દુનિયાના સૌથી તાજા પાણીના સરોવર માંહેનુ એક છે. મોરકોથી બ્લેડીવોસ્ટોક સુધી બૈકલ સરોવરને ફરીને જતી ટ્રાન્સ સાઈબિરિયન રેલ્વે વ્યવહારનું મુખ્ય સાધન છે તેની લંબાઈ ૫,૪૩૧ માઈલ છે.

સાઈમ પું. (જૈન) જૈન ધર્મના ચાર માંહેનો એક આહાર. તેમાં ખાંડ, ઝરૂં, અજમો, સોપારી, ચૂર્ણ વગેરે લેવાય છે.

સાઈમન પું. સર જોન સાઈમન. ૧૯૨૮મા હિંદના બંધારણમાં ફેરફાર કરવા અને તેની તપાસ કરવા ઇંગ્લંડની સરકારે તેના પ્રમુખપણા નીચે એક કમિશન નીમેલું. તેનો હિંદમાં બહિષ્કાર થયેલો. તેના નામ ઉપરથી સાઈમન કમિશન કહેવાયું.

સાઉંરિ ૧. પું. આખું.

૨. પું તમાશો; દેખાવ.

૩ [અ] પું નાકોરાંનો, દરવાજે ઊભા રહેવાની જરૂરત

૪ પુ મુકદ્દમ, પ્રાત, પરગણું.

૫ પુ ગમખ્વાર તે

૬. પું. સાયર; સાગર

૭. વિ. બીજું; બાકીનું.

સાઈસ ૧. [અ] પું. ઘોડાનો નોકર; ઘોડાવાળો; રાવત; અશ્વપાલ; આસવાર.

૨. [હિં] વિ. ઓજસ્વિ.

સાકટમ્ય વિ. કુટુંબ સાથે એટલે બધાંને દીધેલું; સાગમટું

સાકટી ૧. સ્ત્રી ભીંતના પાયામાં આવેલી કેરી

૨. સ્ત્રી. સામનો પાતળો મોટો; સામતી લાબી ને બત્તી વગી.

સાકડુ જુઓ સાકટી ૨

સાકડો જુઓ સાકટી ૨.

સાકડી જુઓ સાકટી ૨.

સાકણ્ય [સં. સાકિની] સ્ત્રી. એલી દેવી; કૂત્યા; દુમાંદેવીની દાસીઓમાંની એક; પિશાચી, ભૂતડી. આ શબ્દ ડાકણ શબ્દની સાથે સમાનાર્થે વપરાય છે. જેમકે, ડાકણ સાકણ

સાકણ્યસાથું વિ. ડૂંડાં કે દાણા સાથે કાપેલું

સાકણી જુઓ સાકણ્ય.

સાકર ૧. સ્ત્રી. એક જાતની કૂદી જેસ. તેનું દૂધ એટલું મીઠું હોય છે કે તેમાં સાકર ન નાખવી પડે તેમ હોઈને તેને સાકર કહે છે.

ગાડું, ભીખ, હોટડુ, દહાડું,
નકીનુ, મુખનું, દૂધ ગણીએ;
સાદિયુ, આખું, માખ ને સાકર,
ખાડ, માટલ તણા કેમ ગણીએ.

અંબેરાંદ મેઘાણી

૨. [પ્રા. સક્કરા; સં. શર્કરા] સ્ત્રી. એક જાતની મીઠી વસ્તુ. ગોળ કે ખાંડને ધોઈને પાડેલા પાસાદાર આંગડા. તેની ભાતરી, ઢોમ, ખડી સાકર, કુલ્ફ મીસરી એવી ઘણી જાતો છે; ઈંડામાંથી બનેલ પહેલવહેલા પાસાવાળા આંગડા. સાકરથી પહેલવહેલા ગ્રીસીયનો હિંદુઓ પાસેથી જાણીને બનતા સાકરનું નામ 'શુગર' એ સંસ્કૃતમાંથી નીકળેલું છે. આ વસ્તુ સાથે એ નામ અરેબિયા તથા ઈરાનમાં પ્રવેશ્યું અને ત્યાંથી યુરોપની ભાષામાં પ્રવેશ્યું.

૧. દૂધમાં સાકર = સારાની સાથે સારાંનો મેળાપ.

૨. મીઠું સાકર–સાકરના કટકા = બહુ જ મીઠું.

૩. સાકર બાંધી = મોળી બાવો.

૪. સાકરથી મરે તો વિષ ન દેવું = મીઠું બોલવાથી પણ જાનું હોય તો કડવું ન કહેવું.

૫ સાકરના રવા પીરસવા–સાકર પીરસણા–વાટકી–વાણી જીભ કરવી = (૧) ખુશામત કરવી. (૨) મીઠું મીઠું બોલી સામાનું મન રંજન કરવું

૬ સાકરનું સાલ કાઢવું = (૧) ઘણું જ બુઢાપો થવો, ગળત થવું. (૨) બારીક શોધ કે પરીક્ષા કરવી

સાકર કંકુ ન. લગ્નને દિવસે વરપક્ષ તરફથી કન્યાના ઘરમાં મોકલાતા સાકર તથા કંકુના પડા

સાકર કંદ ન. એ નામનું અમેરિકામાં ઊગતું એક કંદમૂળ

સાકરકાણું ન. એનું બનેલું કાણું જે શીતલ, રુચિકારક, મધુર, મનરંજક, દાહ અને પિત્તનો નાશ કરનાર છે. ઘણી ન પાકેલ બાજરાને પોંક કહેવામાં આવે છે. તેમાં પ્રમાણમાં ઘણું ખરું ખાંડ હોય છે. કોઈ લોકો તેને સાકરકોણું કહે છે તેના ઠારમાં ૪ ટકા જેટલો અને બાકીનું સાકરા ૧૫ ટકા જેટલી ખાંડને લગભગ ૬ ટકા જેટલી કાકરા છે. સાકરકોણામાં ૩૩ ટકા ફોસ્ફરસ, ૨૧-૧૩ ટકા સોડિયમ અને ૩-૬ ટકા ચૂનો ને ૧-૧ નાઈટ્રોજન હોય છે. એટલે સાકરકાણું ઉપયોગી, પૌષ્ટિક ખોરાક છે બહુ ઘરડું કોળું ન ખાવું. કારણ કે, તેના રેસાઓ પચવામાં ભારે પડે છે. કુમળું કોળું સરસ છે. તેનાં બીજ પણ ખવાય છે એનાં બીજનું પણ શાક કરીને લોકો ખાય છે. કોળાનાં બીજ કૃમિઘ્ન છે.

આખાં સાકરકોળાં ગણવાં = બધું હજમ કરવું.

સાકરખોર ૧. પુ સાકર ખાઈને જીવનારો જીવડો.

૨. વિ સાકર ઉપર જીવનાર

સાકર ચૂંદડી (સાકર ચૂંદડો) સ્ત્રી. કન્યાનું સગપણ થયા પછી તેના સાસરિયાં તરફથી પહેલીવાર જે ચુંદડી આવે તે

સાકરટેટી સ્ત્રી. એક જાતનું તરબૂચ, એક જાતનું ચીભડું. તેનું શાક થાય છે. શેરડીના વાઢમા ખોરિયાને કાંઠે તે વવાય છે તેના વેલા કાંટાની વાડ ઉપર પથરાય છે તેના ફળ અંદર રતાશ પડતા, અને નાનાંવત્તાં હોય છે. તેની ઘણી જાત છે. જે આકાર, કદ અને રંગમા એક બીજાથી જુદી પડે છે કેટલીક ગોળ, કાર, નારંગી આકારની લીસી અને ચટાપટાવાળી હોય છે.

સાકરડી (સાકરડો) જુઓ સાકર

સાકરડો (સાકરિયો) પું ચોટલાનું અથવા ગળેડાનું ગળું આવી જવું તે, ઢોરનો એક રોગ; ઢોરની

શ્વાસ નળી સુજી જાય તેવો રોગ. આથી ગળુ પકડાય છે, શ્વાસ રૂંધાય છે ને ત્રણ દિવસે ઢોર મરણ પામે છે જાગ્યે જ કોઈ બચે છે

સાકર દાળિયા પું. ન ન. ગળ્યા દાળિયા; આંડ પાયેલ દાળિયા.

સાકરપાઠ પુ દવાને ચાસણી અથવા મધમા મેળવીને બનાવેલું ઔષધ, મુરબ્બો. તેને હમેશા નરમ રાખવામાં આવે છે

સાકરબીજ ન. એક પ્રકારનું બીજ, મીઠુ બીજ

સાકરવું ૧ સ ક્રિ. ઓગાવવુ; સાદ દેવો, બરકવુ

૨. સ ક્રિ. સાકરવાળું કરવુ; ગળપણ ચડાવવુ; સાકર પાવી; સાકરયો પાસવુ

સાકરસુખડી (સાકરસુખડી) જી. અષાઢ હક સિવાયની ગામની અથવા સીમની જમીન તેમ જ બિન ફલદ્રુપની સીમની પડતર જમીન ઢરરાજ થયેથી રાજ્યને થતી ઊપજ.

સાકરિયાવાડ (સાકરિયાવાડ) જી. શહેરના જે હસ્તામા સાકરિયા લોકો એટલે કે સાકરના વેપારી વસતા હોય તે હસ્તો; સાકર બજાર; ગોરસી માહેનું એક ચોકુ

સાકરિયું ૧. વિ. ગળ્યું; મીઠુ

૧. સાકરિયો રોગ = ખડિયો રોગ.

૨. સાકરિયો પ્રમેહ = મધુ પ્રમેહ

૩. સાકરિયો સોમવાર = માત્ર ખોડી સાકર ખાઈને રહેવાનો સોમવાર.

૨. વિ. સાકર ચડાવેલું કે પાયેલું. જેમકે, સાકરિયા. ચણા.

૩. વિ. સાકર નાખીને બનાવેલ.

૪. વિ. સાકરને લગતું; સાકરનું.

૫. વિ. સ્વાદ કે આકારમાં સાકર જેવુ.

સાકરિયું પાણી ન. મીઠુ પાણી. ખારું પાણી મીઠુ બનાવવાની સહેલી અને સસ્તી પદ્ધતિ વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે. નપાણીયા પ્રદેશોને વસવાટ અને ખેતી માટે ઉપયોગમાં લઈને વિશ્વના મોટા વિસ્તારોને આ પદ્ધતિનો લાભ અપાશે. પાણીમાંથી ક્ષાર તત્ત્વો દૂર કરવા માટે અત્યારે કેટલીક પદ્ધતિઓ અમલમાં મુકાય છે. આ પદ્ધતિઓ અત્યંત ધીમી અથવા અતિ ખર્ચાળ હોય છે. પરંતુ અમેરિકાની એક મંડળીએ એક એવી પદ્ધતિ શોધી છે કે જે આ પ્રશ્નનો ઉકેલ આપે છે. આ એવી જાતનો બાહ્ય છે કે વિદ્યુતથી ઊભીકરીત સાથે એ જોડાયેલ હોય છે. જ્યારે પાણીમાં મીઠું, નેળનો વગેરે ઓગળે છે ત્યારે તેમનાં અણુઓ છૂટાં પડી જાય છે. કેટલાક કુદરતી કે બનાવટી એવા અદ્રાવ્ય પદાર્થોના દ્રાવણમાંથી એક પ્રકારનાં બાહ્ય ખેંચી લઈને એને સ્થાને બીજાં અણુઓ મૂકવાની શક્તિ છે. આમ પાણીમાંથી અનીજ દ્રવ્યોને અલગ પાડવાનુ કે શુદ્ધ કરવાનુ શક્ય છે. નવી પદ્ધતિમાં વીજળી શક્તિ માટે વપરાયેલા નવા પ્રકારના બનાવટી પદાર્થો પ્રવાહના વિવિધ વેગ વેગાએ પાણીને શુદ્ધ કરે છે. ખારા પાણીનો વેગ વધતાં વીજળશક્તિ પણ વધારવી જોઈએ. અણુના બદલાને કારણે વીજળીના પોઝીટીવ અને નેગેટીવ પ્રવાહો અંદર અંદર બદલાય છે અને એને લીધે તેઓ વીજળીનો જે પ્રવાહ ધરાવતા હોય છે એ પ્રવાહ પ્રમાણે અનીજ દ્રવ્યો અને ક્ષાર છૂટા પડી જાય છે. કેટલાક નપાણીઆ પ્રદેશોમાં આ નવી પદ્ધતિ વધુ સસ્તી માલુમ પડશે. પાણી શુદ્ધ કરવાની વર્તમાન પદ્ધતિથી ગેલન દીઠ લગભગ સાડાત્રણ આના ખર્ચ થાય છે. પાણીમાં અનીજ દ્રવ્યોનુ પ્રમાણ ગમે તેટલુ હોય પણ ગેલન દીઠ ખર્ચનુ પ્રમાણ તો એનું એ જ રહે છે. આને બદલે જો સસ્તી વીજળી મળે તો નવી ઈઓન બદલાની પદ્ધતિથી દર ગેલને સાડાચાર આનાનો ખર્ચ આવે છે. આનું કારણ એ છે કે, અનીજ દ્રવ્યોના પ્રમાણ અનુસાર ઈઓન બદલાનો ખર્ચ બદલે છે. નપાણીઆ પ્રદેશોમાં દરિયાના પાણીમાં જે ક્ષારતત્ત્વો હોય છે એના દશમા ભાગનાં ક્ષારતત્ત્વો મોજૂદ હોય છે. નપાણીઆ પ્રદેશમાં પાણીને ક્ષારમુક્ત કરવાના ખર્ચનો આધાર વીજળીશક્તિના ખર્ચ પર રહે છે. આજ અથવા ઈઓન બદલાનો સિદ્ધાંત તો સો કરતાં પણ વધુ વર્ષોથી જાણીતો છે, પરંતુ રીમર્ટ ગેન્સ નામના જર્મન વૈજ્ઞાનિકે એનો પ્રથમ અમલ ૧૯૦૦ની સાલમાં કર્યો. દરિયાના પાણીમાંથી સોનું મેળવવાની એની આશા હતી પાછળથી એમણે ખારા પાણીને મીઠું બનાવવા માટે પ્રયોગો કર્યા. પરંતુ ઈઓન બદલા માટે તેઓ જે પદાર્થો વાપરતા હતા તે પદાર્થો વીજળીના પોઝીટીવ પ્રવાહવાળા ઈઓન્સને બદલી નાખતા હતા. ૧૯૩૫ની સાલમાં બે અંગ્રેજ વૈજ્ઞાનિકો બી. એ. અડમ્સ અને ચિટન હોમ્સે નેગેટીવ અને પોઝીટીવ ઈઓન્સ બદલી શકે એવા પદાર્થો શોધી કાઢ્યા. અમેરિકન કંપનીઓએ તરત જ એમની પદ્ધતિઓ અપનાવી લીધી. વૈજ્ઞાનિકો હવે માનવ શરીરમાંના ઈઓન બદલાની પદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે. મૂત્રપિંડ, ફેફસાં. રક્તવાહો, આંતરડાંઓનો ભાગ વગેરે સ્થાનોમાં ઈઓન બદલો થતો હોવાથી માનવશરીરમાં નીપજતા વિષગ્રસ્ત અસરો અને તેના ઉપચાર અંગે અભ્યાસ થઈ રહ્યો છે. વળી સાગરનાં પાણીને મીઠુ પાણી બનાવવાની એક બીજી રીત પણ શોધાઈ છે. તેની વિગતો આમ છે: એક જાડીમાં એક ઈંચની તાવડી કાળા રંગથી રંગેલી હોય છે. તેના મુખ પર બરાબર બંધ બેસતો કાચ હોય છે. આ કાચની નીચલી ધારની આસપાસ એક પરનાળ હોય છે અને એ સમાહક તરીકે કામ લાગે છે. દરિયાના પાણીને આ તાવડીમાં ગ્રહણમાં આવે છે. ત્યારે સૂર્યની ગરમીથી એનું વરાળમાં રૂપાંતર થાય છે. ત્યાર પછી ઠંડા વાતાવરણમાં કાચના ઢાકણા ઉપર ઘુમ્મસનું ગાઢુ પડ જમાવવામાં આવે છે. આને પરિણામે મીઠા વગરનુ ચોખ્ખું પાણી ધીમે ધીમે સંગ્રાહકમાં ટપકે છે. આ તાવડીને જ્યાં મૂકવામાં આવે છે એ જમીન જ સૂર્યની લગભગ અડધો અડધ ગરમી મેળવી લેતી હોવાથી એ તાવડી અને જમીન વચ્ચે કોઈ અવાહક મૂકવાથી બમણા પ્રમાણમાં મીઠું પાણી મેળવી શકાય છે. સૂર્યનાં કિરણોની સહાય વડે પાણી ગાળવાની બીજી કોઈ પદ્ધતિ કરતાં આ પદ્ધતિથી બમણા પ્રમાણમાં પાણી મળે છે. તાવડીમાં રેડવામાં આવેલા પાણી પર સૂર્યની ૭૦ ટકા ગરમી કેન્દ્રિત કરી શકાય તો વધુ પ્રમાણમાં ચોખ્ખું પાણી મેળવી શકાય. સાગરના પાણીમાંથી જરૂરિયાત મીઠુ પાણી તૈયાર કરવામાં આ જાતી માટે એક એકર જમીનની જરૂર પડે છે. આ માપની જાતીદ્વારા દસ હજારથી બાર હજાર ગેલન પાણી મેળવી શકાય. આવી નવી પદ્ધતિઓને કારણે દુનિયાના રણ વિસ્તારોમાં ફરી જીવન શરૂ થવા માટેની આશા સજીવ છે.

સાકરિયો ૧ પું. આંબા વગેરે કેટલાંક ઝાડનાં ઝીણા ફૂલમાંથી ઝરતો-ઝીલતો મીઠો રસ, ફૂલના મધની ઝરમર.

૨. પું. આંબાને થતો એક જાતનો રોગ; મધીઓ

૩. પું. પાનખર ઋતુમા ખરેલાં પાન. પર જામેલો સાકર જેવો ચીકણો પદાર્થ.

૪. [સં. શર્કરા (સાકર)] પું. સાકર; ખાંડ.

૫. પું. સાકર કે ખાંડ ચડાવેલો ચણાનો દાણો.

૬. પું. સાકરનો વેપારી; સાકર વેચનાર.

સાકલ્ય ૧. ન. અખંડના; પૂર્ણતા.

૨. [સં.] ન. સમષ્ટિ.

૩. ન. સમુદાય.

૪. ન. સરવાળો.

૫. ન. હોમને માટે મેળવેલાં તલ વગેરે દ્રવ્ય.

૬. વિ. સકલ; બધુ; સર્વ અંશે સંપૂર્ણ

સાકા ૧. પું. ભય; બીક.
૨. પું. રેસા; તાતણા; રેસા; વનસ્પતિના બીજ ઉપરના ઝીણા ઝીણા તંતુ.

સાકાર ૧. [સ. સ (સાથે) + આકાર] વિ. આકારવાળું; અવયવવાળું; મૂર્તવાળું. મૂર્તિવાળું; પ્રત્યક્ષ; નજરે પડે એવા આકારવાળું. પ્રાકૃતિક સંસારની વ્યવસ્થામાં એક પ્રસિદ્ધ નિયમ પ્રચલિત છે કે, પ્રત્યેક અરૂપ શક્તિ પોતાના રૂપને કોઈને કોઈ સ્વરૂપે પ્રગટ કરે છે. આદિમા અરૂપ પરમેશ્વર પણ દૃશ્ય જગતનું રૂપ ધારણ કરી સ્વયં પ્રકાશે છે. ધાર્મિક દુનિયાના સૌથી મહાન પ્રાચીન ગ્રંથમાં પણ એમ કહેવામા આવ્યું છે કે, નિરંજન નિરાકાર પ્રભુને એક વાર ઇચ્છા થઈ કે એક (સ્વરૂપ)માંથી અનેક (સ્વરૂપે) રૂપે વ્યાપક બનું. આ ઇચ્છા અનુસાર ક્ષિરે કૃત્રિમ જગતનું રૂપ ધરી પોતાને સાકાર બનાવ્યા. આ સંસાર એનું જ સાકાર સ્વરૂપ છે. વિજ્ઞાનીઓ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે કે ન કરે, છતાં પણ તેઓ એક વાત તો મોક્ષમપણે માને છે કે, કોઈ અરૂપ સત્તા જ આ રૂપમાન જગતનું કારણ છે. દ્રશ્ય સૃષ્ટિમ અને સ્થૂળ સત્તા વચ્ચેનો ભેદ છે. પરંતુ જે લોકો પ્રકૃતિથી પર ગયેલા છે, એ લોકો, આ સૃષ્ટિનું નિયમબદ્ધ સંચાલન કરનાર સર્વ વ્યાપક સત્તા વિષે પૂરી સંમતા અને શોધ કર્યા બાદ એવી માન્યતા ઉપર આવ્યા છે કે, આ જગતના બીજરૂપ પરમાત્મા છે અને તેણે આ જગતરૂપી વૃક્ષનું સ્વરૂપ ધારણ કરી રાખ્યું છે. આ રીતે આપણે જોઈએ છીએ કે, આસ્તિક તથા નાસ્તિક, આત્મવાદી તથા અનાત્મવાદી સૌ આ વાત ઉપર સહમત થાય છે કે, નિરાકાર અરૂપ શક્તિ કોઈક સ્વરૂપે આ દૃશ્ય જગતમાં પ્રગટ થાય છે. પક્ષીજગતમાં પણ જોઈએ તો મયૂરનો કેકારવ, કોયલનો દૃહૂકાર તથા ભુલભુલનું ગીત વગેરેને એમ, આજ તથા દૂર સાથે પ્રેમ છે એ જ ઈશ્વરના સૌંદર્ય પ્રેમનું પ્રકટ ચિહ્ન છે. મનુષ્યતના ઇશારા માત્રથી દાથી જેવુ ભગવાન પ્રાણી પણ અંકુશ ભય તળે આવતા આંકે છે. એ પણ ઈશ્વરનું સર્વ પ્રાણીઓ ઉપરનું ભય રૂપી સામ્રાજ્યનું એક નિશાન છે. માનવ જગતમાં પણ એની જ ત્રિયતિ પ્રવર્તે છે. મુખ પર ફરકતું હાસ્ય એ પ્રસન્નતાનું ચિહ્ન છે, આંખમાંથી વહેતાં આંસુ એ દુઃખ અને આપત્તિનાં નિશાન છે અને માથાનો દુખાવો તથા આંખની રક્તતા દોષનો ભાવ પ્રગટ કરે છે
૨ વિ. સવિકલ્પ; ભેદોવાળું; વિશેષ.

સાકાર ઉપયોગ ૧. પું (જૈન) કું આકારવાળી વસ્તુનો બોધરૂપ વ્યાપાર સાકાર ઉપયોગના આઠ ભેદ આ પ્રમાણે છે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન.
૨. પું જે બોધ માત્ર વસ્તુને વિશેષ રૂપે જાણે તે.
૩. પું (જૈન) જ્ઞાનઃ સવિકલ્પ બોધ.
સાકાર ઉપયોગને જ્ઞાન અથવા સવિકલ્પક બોધ કહે છે, નિરાકાર ઉપયોગને દર્શન અથવા નિર્વિકલ્પક બોધ કહે છે. તત્ત્વાર્થસૂત્ર

સાકાર ઉપાસના સ્ત્રી. પરમાત્માના સ્વરૂપને સાકાર સમજીને તેની ઉપાસના કરવી તે

સાકારનિષ્ઠ સ્ત્રી. પરમાત્માના સ્વરૂપને સાકાર સમજીને તેમાં નિષ્ઠા રાખવી તે.

સાકારપૂજા સ્ત્રી. પરમાત્માના સ્વરૂપને સાકાર સમજીને મૂર્તિની પૂજા કરવી તે.

સાકારભક્તિ [સ (સહિત) + આકાર + ભક્તિ] પું. પરમેશ્વરનો આકાર કલ્પીને તેની ભક્તિ, પૂજા, અર્ચન વગેરે કરવું તે; મૂર્તિપૂજા; પ્રતિમાપૂજા

સાકારમંત્રભેદ પું (જૈન) અંદરોઅંદર પ્રીતિ તૂટે તે માટે એક બીજાની આડી આવી અગર કોઈની ખાનગી વાત પ્રગટ કરી દેવી તે.

સાકારમોક્ષ પું. આકાર સહિત પરમાત્માની સાથે મળી જવું તે.

સાકારવાદ પું. પરમાત્માનું સ્વરૂપ આકારવાળું છે એવો વાદ. તેનાથી ઊલટો નિરાકારવાદ કહેવાય છે

સાકારેશ્વરવાદ [સં. સ + આકાર + ઈશ્વરવાદ] પું. ઈશ્વર આકારવાળો છે એવો મત.

સાકાંક્ષ ૧. પું. એક પ્રકારનો અર્થદોષ. જો એક અર્થને વિશેષ અર્થની આકાંક્ષા રહે તો આ દોષ બને છે.
૨. [સં.] વિ. આકાંક્ષાવાળું; ઇચ્છાવાળું. ચાહવાવાળું

સાકિની સ્ત્રી. શાકિની, સાકિનું; મેલી દેવી; ડાકણ; પિશાચી; ભૂતડી.

સાકી ૧. પું. (પિંગળ) અં નામે એક અનિયમિત માત્રામેળ છંદ. તે દક્ષિણનો છંદ ગણાય છે. તેમાં ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૨ અને ગુરુ મળી ૨૮ માત્રા હોય છે.
૨. પું. એક જાતનો વાંદરો. તે ફક્ત દક્ષિણ અમેરિકા અને ખાસ કરીને એમેઝોન નદીના જંગલમાં મળી આવે છે. તેનું મોઢું ધોળું પીળું શરીર લાલ વાળથી ઢંકાયેલું હોય છે. લાંબી પૂંછડી એ તેની ખાસ નિશાની છે સારામાં સારી જાણીતી જાત કાળા સાકીની છે.
૩. પું. કસાઈ.
૪. પું. ઘેટાં કે બકરાંના પાછલા પગના ઘૂંટણથી ખરી સુધીના ભાગનું માંસ
૫. પું. જાપાનમાં વરસ કરીને ચોખામાંથી બનાવવામાં આવતું એક કેફી પીણું.
૬. [અ. સાકી (તેણે પાયું)] પું. મદ્ય પાનાર; દારૂ પીરસનાર; મંદિરોના પ્યાલા ભરી આપનાર છોકરો કે નોકર
જામ લેરાબ માશકને ભરી દે ઓ બલા સાકી, હસીને બોલતા એવું કહે તુજ હાથ શું આવ્યું. કલાપી
૭ પું. મ.ગ્રંથ સંબોધન.

સાકીન પું. બકરાની જાતનું એક પ્રાણી.

સાકુટ ૧ પું. કપટી કરનાર
૨ વિ. અધર્મી, દુષ્ટ; નીચ; પાપી; ખરાબ; લુચ્ચું, બદમાશ.

સાકુલ ન. એક જાતનું ગામડું. દરબારના ગામડા માટક તેનાં ઉપર મોટાં ગાડાં હોય છે.

સાકું પોકાદ ન. પોકાદના વણ ગાંઠના એક પ્રકારનું પોકાદ.

સાકુન [અ.] વિ. ચુપ.
આકાશના સામુ જોવા તેની સાકુન દહિમા રવાને કહેવું સમજવું. ગુલાબસિંહ

સાકેદમ જુઓ સાકદમ.

સાકો ૧. પું. આભરણ; ઘાટ; ઘડ.
૨. પું. ભય; ફડાણુ; બીક.
૩. પું. રેપો; રેન્જુ.
૪. પું. સાક્ષી; સાહેદ; સામ; પુરાવો.

સાકોબોરકો પું. ચંદની અંદર આવેલ એક પર્વતમાળા. તેનો પશ્ચિમ ૧૦૦ માઈલ હોવાનું મનાય છે

સાક્ષર ૧. [સં. સહ (સાથે) + અક્ષર] સ્ત્રી. લખી વાંચી જાણનાર; ભણેલું.
૨. વિ. વિદ્વાન; લેખક; પંડિત; પારંગત; ભણેલો

સાક્ષરનક્ષત્રમાળા સ્ત્રી. સાક્ષરના રૂપી નક્ષત્રો જેમાં છે તેની માળા.
૨૬મી સદીના ઊગતા દસકાની આપણી એ સાક્ષરનક્ષત્રમાળાની ત્યારે ઊગતી તિથિઓ હતી. નાનાલાલ

સાક્ષરમાળા સ્ત્રી સાક્ષરોનું લિસ્ટ; સાક્ષરોની પંક્તિ; સાક્ષરોનો સમૂહ.

સાક્ષરરત્ન વિ વિદ્વાનોનો શિરોમણિ

સાક્ષરવર્ગ [સ સાક્ષર + વર્ગ] પું. સાક્ષરોનો સમૂહ; તમામ સાક્ષરોનો વર્ગ

સાક્ષરવર્ય [સ. સાક્ષર + વર્ય (મુખ્ય)] પું. સાક્ષરોમાં મુખ્ય ઠોય એવો સાક્ષર, અગ્રેસર સાક્ષર; ઉચ્ચ સાક્ષર

સાક્ષરશિક્ષણ ન. ઉદાત્ત શિક્ષણ; શિષ્ટ કેળવણી; ઊંચી કેળવણી

સાક્ષરિયા વિ. સાક્ષર સં.કોનું

સાક્ષરી ૧. વિ. ભારે ભારે શબ્દોવાળું.

૨. વિ. વિદ્યા પ્રસ્પનું.

૩ વિ. સાક્ષરનું, સાક્ષરને છાજે એવું; અતિ સરકારી, સાક્ષર સબધો

સાક્ષરી ભાષા ૧. સ્ત્રી. વિદ્વાનોની ભાષા; જે ભાષામાં પુસ્તકો વગેરે લખાય તેવી શિષ્ટ ભાષા

૨ સ્ત્રી. શબ્દાડંબરવાળી ભાષા. તિરસ્કારમા બોલાય છે

સાક્ષરોત્તમ [સ] વિ. સાક્ષરોમાં ઉત્તમ

સાક્ષાત્ ૧. પું. એ નામનો એક ઉપસર્ગ

૨. અ. અપરોક્ષ; પ્રત્યક્ષ, હાજરાહજૂર; રૂબરૂ, નજરોનજર; કાનોકાન; રૂબરૂસીધું; સમુખ.

૩. [સ.] અ. ખરેખર

૪. અ. ખુલ્લું; સ્પષ્ટ; ઉઘાડું

૫ અ. જાતેજાત. પોતે, જાતે, પોતે

સાક્ષાત્ઉપલબ્ધિ સ્ત્રી. સદ્દર્શનપ્રાપ્તિ, પ્રતિભા., અંતઃસ્ફૂર્તિ; 'ઇન્ટિયૂશન'

> અભ્યાસ અને મનને મદદ આપીને અનુભવ અને પ્રતિભાદાન તેમજ અનુભવથી પહેલે દરજ્જે પૂરી પડાતી **સાક્ષાત્ઉપલબ્ધિ**, એ સાધનોને બધે પૂર્વથી તૈયાર કરી રાખેલી સામગ્રીનું અર્થઘટન, સંશ્લેષણ અને આકર્ષણપ્રવિ કરવાની શક્તિ નહને પ્રાપ્ત થાય છે
>
> નરસિંહરાવ બો.દાતાર

સાક્ષાત્કાર ૧. પું. આત્માનું જ્ઞાન થવું તે; આત્મદર્શન; આત્મા.નુભૂતિ; સ્વરૂપપ્રાપ્તિ; આત્મામાં થવું તે

૨ [સં] પું. ઈશ્વર કે પરમતત્ત્વનો સાક્ષાત્ અનુભવ; ઈશ્વરનો પ્રત્યક્ષ અનુભવ કે ઓળખાણ; અપરોક્ષ બોધ. ગાંધીજી કહે છે કે: ઈશ્વરને સાક્ષાત્ જોવા અને દુરથી તેને સત્યમાં નિમિત થયેલો જાણવો; એ બે વાતોમાં મોટો ફર છે. મને લાગે છે કે, આ બને વિધાનો પરસ્પર મેળ વગરનાં નથી; એટલું જ નહિ પણ, બનેમાંથી એકબીજાને ખુલાસો મળી રહે છે. હિમાલયને આપણે ઘણે દૂરથી જાણીએ છીએ અને આપણે તેની ટોચે પહોંચીએ ત્યારે તેનો આપણને સાક્ષાત્કાર થયો કહેવાય. દૃષ્ટિની મર્યાદામાં રહી કરોડો લોકો સેંકડો જંજનના અંતર પરથી તેને જુએ, પણ વરસોની પ્રવાસની મથામણ પછી જે બહુ ઓછા તેની ટોચ પહોંચી તેનો સાક્ષાત્કાર કરે. સાક્ષાત્કાર સમયે શ્રી આનદશકર બાપુભાઈ ધ્રુવ લખે છે કે: શ્રવણેદ્રિયથી વસ્તુ જાણે છે તેના કરતાં નેત્રથી જાણ વસ્તુની વિશેષ ખાતરી થાય છે. શબ્દનો સાક્ષાત્કાર તો કહેવાય પણ નેત્રથી થતો સાક્ષાત્કાર વિશેષ છે. વળી નેત્રથી હું જોઉં છું તેમાં પણ વખતે એક શકા થાય કે તમે ચિત્રરૂપ આકૃતિ દોરી-ભરી પછી તમારા હાથ પગ હલવના દોષ-ક્રમકે, સિનેમાઓમાં એથી હાલતી ચાલતી આકૃતિઓ દેખાય છે પરંતુ હું તમારી પાસ આવીને જોઉં ત્યાર તે બધા કરતા વધુ સાક્ષાત્કાર થાય. અહીં પ્રયત્ન શ્રોત્ર, પછી નેત્ર અને પછી ત્વક્ એમ ક્રમ થયો. આ બધી બાહ્ય ઇંદ્રિયોની વાત છે પરંતુ તે કરતા જે તમને પોતાનાં સુખદુઃખની વધુ ખાતરી થાય, એટલે કે આંતર અનુભવથી વિશેષ ખાતરી થાય છે. બાહ્ય વસ્તુને સિદ્ધ કરવા તે તેનો સાક્ષાત્કાર કરવા જેવું છે. છતાં અંતર અનુભવથી વધુ ખાતરી થાય છે. દલીલથી ખાતરી કરીએ તે કરતાં જ સાક્ષાત્કારથી અનુભવ કરીએ તેમાં પણ ફેર છે આપણે મનિતના આકડા જોડી અણુતરીથી કોઈ વસ્તુની આપણા ખાતરી કરી આપીએ તે કરતા સુખદુઃખના સાક્ષાત્કારનો અનુભવ વિશેષ છે આથી શાસ્ત્રકારોએ પરોક્ષાનુભવ અને અપરોક્ષાનુભવ એમ બે પ્રકારના અનુભવ બતાવ્યા છે. કર્મમાર્ગમાં ત્યજવાનું છે અને ભક્તિમા મનનો અનુભવ છે. તેથી કર્મયોગ કરતાં ભક્તિયોગ ચઢિયાતો છે. જ્ઞાનયોગ intellectual conviction (બૌદ્ધ ભાગ) ને ભક્તિયોગ કરતા ઊતરતો છે. જ્ઞાનયોગ તો બીજો ભાગ– સાક્ષાત્ અનુભવ એ સહુથી ચઢિયાતો છે એમાં તો ચિત્તમાં ભગવાન આવવા જોઈએ અર્થાત્ આત્મા consciousnessમા ભગવાનનું રૂપ કોતરાવું જોઈએ. માલતી માધવની એક મનોહર પંક્તિ-શ્રીનેત્ર પ્રતિબિંબિતેવ લિખિત વોક્તોત્કીર્ણરેષેવ ચ-દ્વારા આ સાક્ષાત્કારનું સ્વરૂપ સમજીએ. માલતીની પ્રતિમા પોતે આપણી વૃત્તિઓને પરમાત્મામાં લીન કરવા ની છે. એમનામાં એનું પ્રતિબિંબ પાડવાનું છે પરંતુ લય અને પ્રતિબિંબમાં અનુક્રમે અદર્શન અને છબી છે. એટલે એ મૂર્તિ હૃદયમાં સમાઈ જવી જોઈએ એમ કવિએ કહ્યું છે. પરંતુ લખવામા એટલા જે પણ તે યાત્રિક છે અને તેથી એ છબી કોતરાઈ જવી જોઈએ એમ કહેવામાં આવ્યું છે. આપણા હૃદયમા પ્રભુની મૂર્તિ કોતરવાની છે આપણા આત્મામાં સત્યસ્વરૂપ, સુંદર સ્વરૂપ, મગલ સ્વરૂપ વગેરે પ્રભુના ગુણોમાં મૂર્તિમત થતુ પ્રભુનું રૂપ જે શાસ્ત્રોએ વર્ણવ્યુ છે અને ઋષિઓએ જોયું છે તે આપણે હૃદયમાં કોતરી લેવુ જોઈએ પ્રભુને આકૃતિ નથી એટલે અને તો જ એના ગુણો જ આપણા અંતરમાં કોતરાશે. અદ્વૈત થઈ રહે અને કથાર્થમે દ્વૈત ન રહે. સાયુજ્યની પ્રાપ્તિ માટે આ ઊંચામા ઊંચી ભાવના છે. શ્રી વિનોબાજી કહે છે કે ઈશ્વર વિષેનો નાસ્તિક ખયાલ માત્ર અવિદ્યાનું જ મૂળ છે. નાસ્તિક મતમાં કર્તૃક અંશે અસત્ ન અને અસત્કારણ જ રહેલો જણાય છે. કારણ, ઈશ્વરનો સાક્ષાત્કાર (દર્શન-મેળાપ) તો ઘણા સત પુરુષોને થયો છે એમના મુખ દ્વારા એમના સ્વામીનું (ભગવાનનું) પુષ્કળ વર્ણન પણ કરાયું છે આવા ઈશ્વરસાક્ષાત્કારના અનેક પુરાવાઓ પણ છે તો ઈશ્વરની નાસ્તી વિષે કેમ જ બોલી શકાય ? ઈશ્વરની હસ્તીની શંકા થાયતી એટલે આપણી પોતાની જ હસ્તી બીમારી જણી આપણું અસ્તિત્વ એ જ ઈશ્વરન. પ્રત્યક્ષપ્રમાનો પુરાવો છે. આપણે એટલું જ કહી શકીએ કે અમે ઈશ્વર જોયા નથી, પરંતુ જેણે ઈશ્વર જોયો છે, અનુભવ્યો છે અનુભવ્યો છે અને સાક્ષાત્કાર કરી, વાણી દ્વારા વર્ણવ્યો છે, એ બધા જાતિથી બાધક કરનારા કે મિથ્યાચારી છે એમ માનવું એ આપણી નરી મૂર્ખાઈ અને અજ્ઞાનનું પ્રદર્શન જ છે બીજા જેવડી બુદ્ધિમાં સાગરસમા સર્જનહારનો ખયાલ આવી શકતો નથી. બિંદુ જળાશયમાં જ પડવુ હોય ત્યાં સમસ્ત જળનો સાક્ષાત્કાર કેવી રીતે કરી શકશે ? એ માટે તો એણે બધાં બિંદુઓમાં ઓતપ્રોત થઈ એકત્વ કેળવવું પડશે. ટૂંકામા સત પુરુષોની ઈશ્વર પ્રાપ્તિની સર્વ વાતો પૂર્ણ શ્રદ્ધા વડે માની લઈ, શ્રદ્ધાથી એનું પૂજન કરવું. આપણે જેટલું જોયું હોય એટલું જ માનવુ એ આપણો મોટો બધાય છે. કારણ આ પૃથ્વી ઉપર આપણે માણસે જોયું હોતું નથી છતાં બીજાની વાતો ઉપરથી એ બધું માની લઈએ છીએ. હું ચિકાગત કે અમેરિકા ગયો નથી, છતાં એ નામના દેશ બરોબર હશે કે નહિ તેવા શકા તો હું લાવતો જ નથી. કારણ મેં નહિ તો હજારોએ એ દેશ જોયા છે, માટે મારે પણ એવા દેશ છે એ માની જ લેવાનું રહ્યું. માત્ર નક્ષ મળે જાતે એ દેશ જોઈ અનુભવવાની મારે મહેનત કરવાની એવી જ રીતે સત મહાત્માઓએ જોયે જોયા અને અનુભવ્યા છે એમને જાતે અનુભવી

સેવા કોઈપણ અર્થે કરીએ, પણ ઈશ્વરના અસ્તિત્વ વિષે તો શંકા ન જ કરાય. વ્યવહારમાં પણ આપણે કોઈ વસ્તુના સ્વાનુભવ ન હોય તો ઘણી વાતો માનવી પડે છે

જે હે રામ! તી પગ્યો **સાક્ષાત્કાર** મમ થયો, નમો તને ! નમ, તને ! નમોસ્તુ કોટિ વાર સો
– ન્હાનાલાલ

૩. પુ. ખુલ્લું સમજવું તે, જ્ઞાન થવું તે; સ્પષ્ટ જ્ઞાન. ફ્રોઇપનિષદમાં સ્પષ્ટ છે કે સાક્ષાત્કારમાં પરિણમનારી બ્રહ્મવિદ્યાનો એ નિયમ છે કે, પહેલા સાધકે પ્રકૃતિનું યથાર્થ જ્ઞાન મેળવવું. ને મેળવ્યા બાદ પ્રકૃતિમાં ગૂંચવાઈ ને રહેલા, પ્રકૃતિથી પણ સૂક્ષ્મ જીવ-આત્મનું જ્ઞાન સંપાદન કરવું અને છેવટ પ્રકૃતિ અને પુરુષ અથવા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞથી પણ સૂક્ષ્મતમ પરમાત્મા કે જે પ્રકૃતિ અને પુરુષ બનેના નિયંતા છે, અંતર્યામી છે, જેમના કરતાં પર છે તે પરમાત્માને સમગ્ર સમજ પ્રાપ્ત કરવી. આત્મા, યદ્યપિ સ્વરૂપે પરમાત્મા જ છે પણ સંસારમાં જ્યાં સુધી છે એટલે કે જ્યાં સુધી દેહમાં છે ત્યાં સુધી એનું યથાર્થ સ્વરૂપ બુદ્ધિના બિંદુની મદદ કહી જ શકાય.

૪. પુ. નિદિધ્યાસન વડે સંસ્કાર પામેલો અને વિપર્યય વિનાનો બ્રહ્માકારવૃત્તિનો પ્રવાહ. શ્રવણ, મનન અને નિદિધ્યાસન વડે સાક્ષાત્કાર કરી શકાય છે.

૫. પુ. પ્રત્યક્ષતા; નજરોનજર જોવું તે; પ્રત્યક્ષદર્શન; પ્રત્યક્ષ અનુભવ; મોક્ષ.

સાક્ષાત્કાર કરવો = પ્રત્યક્ષ જાણવું.

૬. [સં.] પુ. ભેટો; મુલાકાત.

સાક્ષાત્‌જ્ઞાન [સં] ન. તાત્કાલિક જ્ઞાન, સહજજ્ઞાન; પ્રજ્ઞાન; અનુભવ; સિદ્ધ જ્ઞાન; પ્રત્યક્ષજ્ઞાન; અપરોક્ષજ્ઞાન.

સાક્ષાત્‌સેવા સ્ત્રી પ્રભુની સન્મુખ સેવા.

સાક્ષી ૧ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તેમાં સગણ, જગણ અને ભગણ મળી ૧૨ વર્ણ હોય છે

૨ પુ. (વેદાંત) ચૈતન્ય; ચૈતનરૂપ આત્મા જે ચૈતન્ય નિર્વિકાર ઉદાસીન હોઈને બુદ્ધિ અદ્વિકનો પ્રકાશ કરે છે, અર્થાત્ પ્રમાતા, પ્રમાણ, પ્રમેય ઇત્યાદિ સર્વેનો પ્રકાશ કરે છે, તે ચૈતન્ય સાક્ષી કહેવાય છે. કર્તા એ જીવ, કૃ અને આ એ મનની ક્રિયા અને એક બીજાથી અત્યંત ભિન્ન રહેલ. બંધ-મોક્ષ વિગેરે એ સર્વને જે ચૈતનરૂપ આત્મા એક જ સમયમાં પ્રકાશિત કરે છે, તેને વેદાંતશાસ્ત્રમાં સાક્ષી કહેલો છે તે સાક્ષી જગતાળામાં રહેલા દીવાની પેઠે કૂટસ્થ રૂપ જોઉં છું અને કૂ શબ્દ સમજાવું છું, ઇત્યાદિ દૃષ્ટા, દર્શન અને દૃશ્ય આદિ ત્રણે ત્રિપુટીઓને અત્યંત સમયમાં પોતે નિર્વિકાર રહી પ્રકાશે છે જેમ જગન્નાથમાં રહેલો દીવો જગન્નાથના સ્વામીને, જગત્ જોનારાને અને જગત્ કરનારીને સમાનપણે પ્રકાશે છે અને તેમનો અભાવ હોય ત્યારે પણ તેમના અભાવને પોતે પ્રકાશે છે, તેમ સાક્ષી અહંકારને, વિષયોને અને બુદ્ધિને જાગ્રતમાં અને સ્વપ્નમાં પ્રકાશે છે; ને સુષુપ્તિ આદિ અવસ્થામાં તે સર્વનો અભાવ થાય ત્યારે તે અભાવને સાક્ષીપણાવડે પોતે પ્રકાશે છે.

૩. પુ. (વેદાંત) જે કર્તા ન છતાં દૃષ્ટા માત્ર તે

૪. પું. નજરોનજર જોનાર માણસ

૫. પું. પરમેશ્વર; આત્મા

૬. પું વિષ્ણુનાં હજાર નામોનું એક નામ.

૭. પું શિવનાં હજાર નામોનું એક નામ.

૮. પુ. સાક્ષી પૂરનાર; સાહેદ

૯. [સં સ (સાથે) + અક્ષિ (આંખ)] સ્ત્રી. જુબાની; નજરે જોયેલું બનેલું હોય તે કહી બતાવવું તે; સાહેદી; સાખ

સાક્ષી આપવી-પૂરવી = (૧) જુબાનીમાં કહેવું. (૨) ટેકો આપવો

૧૦. સ્ત્રી. સહી; પુરવારી કે બનાવ હાજરીદર્શક દસ્તાવેજ કરવા તે; સાબિતી

સાક્ષીગોપા પું કૃષ્ણ

સાક્ષીગોપાલ ન. જગન્નાથજી પાસેનું એ નામનું એક તીર્થ.

સાક્ષીદાર [સં સાક્ષિન્ (સાક્ષી) + દાર] પું. સાક્ષી આપનાર; સાક્ષી; સાહેદ.

સાક્ષીબ્રહ્મ પું સાક્ષીરૂપ પરમાત્મા

સાક્ષીભૂત ૧ વિ પુરાવારૂપ; સાક્ષીરૂપ; સાક્ષી.

૨ વિ સાક્ષી બનેલું, સાક્ષી થયેલું

સાક્ષીરૂપ ૧ પું. ઈશ્વર; પરમાત્મા. કારણ કે, તે અંતર્યામી રૂપ સર્વમાં રહ્યા છે.

૨. વિ. પુરાવારૂપ; સાક્ષીની પેઠે જાણવું.

સાક્ષીસૂચી [સં.] સ્ત્રી. સાક્ષીની યાદી.

સાક્ષ્ય ૧. [સં. સાક્ષી + અ] ન. જેને વિષે કંઈ કહેવા કથવાનું હોય એવાં સાધન, પ્રાણી, પદાર્થો, જગત.

૨ ન સાક્ષીનું કર્મ; સાક્ષીપણું, સાક્ષીનું કામ. સાક્ષી; જુબાની; સાખ, સાક્ષ.

સાક્ષ્ય ગ્રહણ [સં.] ન પુરાવો લેવો તે; પુરાવો દાખલ કરવો તે.

સાક્ષ્યપાટી સ્ત્રી જે પથ્થરની પાટી ઉપર પરમેશ્વરે યહૂદીઓ માટે દસ આજ્ઞા લખી મૂસાને આપી હતી તે.

સાક્ષ્યલેખાવલિ સ્ત્રી. કબજાવલિ; ' વાઉચર કાર્ડ '

સાખ ૧. સ્ત્રી ઓટક; ઓડખ; ઓળખાણ

૨. સ્ત્રી. ઊભરાની ઉપરનો આડો કાળો પથ્થર

૩ [દિ] સ્ત્રી. ઝાડ

૪ સ્ત્રી ઝાડ ઉપરજ પાકેલું કેરી વગેરે ફળ.

સાખ મરવી પડવી = (૧) આંબા. પર કેરી પાકવી. (૨) આબાને ઘડી જોવાનો સમય થવો

૫. સ્ત્રી ખારેકના ચોકડાના ગોબા ટેકા.

૬. [સં. સાક્ષ્ય; અપ. સક્ખ] સ્ત્રી. સાક્ષી; સાહેદી; પુરાવો; સાબિતી; નજરે જોયેલી વાત; સંજ્ઞા; સાક્ષ્ય

સાખ ક્રવી = સાક્ષી તરીકે સહી કરવી

૭. સ્ત્રી. સારો માઠો લોકમત; લોકાભિપ્રાય; આબરૂ

સાખ ખરાબ કે સારી પડવી-હોવી = આબરૂ ખરાબ કે સારી થવી કે હોવી.

સાખડી સ્ત્રી. સાગની પાતળી દાંડી

સાખડી (સાખડો) સ્ત્રી. કેરીના નાના મરવાને મીઠાં માં આથી કરેલું અથાણું.

સાખત ૧. સ્ત્રી બનાવટ; રચના; તૈયારી.

૨. વિ. (જૂ શુ) અલંકૃત; શણગારેલું.

સાખ પડોશી (સાખ પડોશી) જુઓ સાખ પાડોશી

સાખપત્ર ૧. પું.. શાખ પર નીકળેલી હૂંડી; ' બિલ ઑવ ક્રેડિટ '.

૨. પું. શિક્ષા અથવા પદાર્થોને છોડી દઈને વસ્તુ કરવાનાં બીજાં સાધન. તેમાં હૂંડી, બૅન્કનોટ, ચેક, ગિરવી, શેર સર્ટિફિકેટ વગેરેનો સમાવેશ થાય છે

સાખપાડોશી (સાખપાડોસી) પું ચડોચડ રહેનારો પડોશી; બેડમાં જ જેનું ઘર હોય એવો પડોશી; નજીકનો પાડોશી

સાખિયું ન ઝાડ પર જ પાકેલું ફળ; સાખ

સાખિયો ૧. પુ સાક્ષી, સાહેદ

૨. પું. સો સોની સંખ્યાની મજૂરી પૂરી થતા રાખવામા આવતુ એકમ છાપા વગેરેની મજૂરી કરવામાં તેનો ઉપયોગ થાય છે

સો છાપાનો સાખિયો – (૧) સાક્ષી (૨) સો છાપાની મજૂરી થઈ જાય એટલે દર સો છાપાએ જુદુ રખાતુ એક છાપું.

સાખી ૧. પું સાક્ષી, સાખ પૂરનારે માણસ. ૨. જા ગઝલ, સાયબી ૬ મત્લીના અ.થરી સલ્યાવીને ગાયનની દરો પંક્તિઓ ૩. [અ. આફિન્ (આગમમાં રિયર ઊભા રહેવું તે)] જો બે અરબ્બતો એક પ્રકારનો દોદરો ૬ પદ, ગાયનના વચ્ચ વચ્ચ વિવિધતા લાવવા માટે મોઢવામા આવતી કડી. સાખી ગાતી વખતે સ્ત્રીઓ રિયર ઊભી રહે છે અને મીતના બાકીના ભાગ વખતે તેઓ ગોળ ફરે છે

સાખે વિ. સાખનું; અમુક અટકનું.

સાખો ૧ પું અચળા ઉ.ાદનમાં તેનો બનાવ ૨ પુ અ.ાડો ૩. પુ. કજિયો; ઝઘડો. ૪ પુ ઝાડ ઉપર જ પાકેલું ફળ. ૫ પુ. બાકીના ત્રણેનો બનાવ તે. મજબ્બ, હેન્ત ૬ પુ લોકાભિપ્રાય; સાખ, છાપ

સાખોસાખ અ બાકીની બધાને અદીને જ હોય તમ, તદ્દન મજબૂત, ખંડ.ખંડ, સળ.સળ

સાગ્ય ૧ જી મિશ્રણ દોરતી, ભાઈબંધી ૨. જી. સાંઠી, સ.ખ, ગરજ. ૩. ન. "(શિલ્પ) ઉત્તરમાં બહારવાળી ઓરડીઓ અને પૂર્વ તથા પશ્ચિમે પરસાળો હોય તેવું ઘર

સાગ ૧ પુ. જેનાં ઇમારતી લાકડાં બને છે તેવું એક જાતનું ઉપયોગી ઝાડ. તે ઝાડ ૫૦થી ૬૦ હાથ ઊંચાં થાય છે. તેનો પરિઘ ઘણો મોટો હોય છે. તેનાં પાન મોટાં હોય છે, તેને ચોળવાથી ગળો રંગ નીકળે છે. પાન ખાખરાના પાન જેવાં ગોળાકાર, જાડાં, મોટાં અને ખરસટ થાય છે. તેને ફાગણે ફૂટે છે. સાગનું લાકડું સર્વે લાકડાં કરતાં ટકાઉ છે. તે પાણીમાં કોહતું નથી અને કડવું હોવાથી તેને કીડા લાગતા નથી. ચોથી અડિયાતો સાગ મલબારનો છે. તેથી ઊતરતો બર્મામાં, તેથી ઊતરતો આફ્રિકામાં થાય છે સાગમા લગભગ બધા સારા ગુણ હોવાથી તે લાકડાનો રાજા કહેવાય છે. તેના મુખ્ય ગુણ આ પ્રમાણે છે તેને ઊધઈ લાગતી નથી. તે વજનમાં હલકું હોવા છતાં મજબૂત હોય છે. ઘડવામાં સહેલું છે અને સારો ઓપ કરી શકાય છે. રંગ પીળાશ પડતો આછો બદામીના રંગનો છે. ઉત્પત્તિસ્થળ પ્રમાણે તેના ગુણોમાં થોડો ફેરફાર થાય છે. સર્વોત્તમ સાગ મોલમીન-આફ્રિકામાં ઊગે છે, પણ તેનું લાકડું થોડું નરમ ગણાય છે. મુખ્ય કલાકામાં કારવાર, થાણા, વલસાડ, ગોધરા વગેરે સ્થળે તે ઊગે છે. તેમાં કારવારનો અથવા હલવાળી સાગ મોલમીનના બીજા નંબરનો છે થાણા જિલ્લાના સાગમાં ગાઢો વધારે હોય છે. થાણા, ગોધરા અને વલસાડી સાગના ગોળ મોજ સારા નીકળે છે અને ચોરસ માલ તેમાથી જ વહેરી કઢાય છે એટલે સામટી સાગમાથી બહુ મોટા માપનો માલ નીકળતો નથી, પણ મજબૂતી સારી હોય છે. આ સામટી સાગ ગોળવા, વગા, વડીપો, બારણા, ક્રમ, પડવાસ વગેરે માટે વપરાય છે. ગુજરાતમા વલસાડ, ગોધરાનાં જગલોમાથી અને મહારાષ્ટ્રમાં થાણા કોલાબાના જંગલમાથી આ સાગ કઢાય છે ગુજરાતનો સોગ સાગ બરડ હોય છે. થાણા કોલાબા જિલ્લામાં સીધા સરગ મોટા બનતા નથી પણ મજબૂત બધો હોય છે. મોટાને પાકા કરવાની બે રીત હોય છે. એક તો બારવા મહિનામાં મોટા ઝાપી પડી રહેવા દે એટલે તેની છાલ આપોઆપ સૂકાઈ ઊખડી જાય છે આ રીતે કાપેલા ગોળ મોટા દહાડે હોય છે બીજી રીત એક ઝાપી તરત જ તેની છાલ ઉતારી કાઢી સાધારણ ચોરસ કરી સુકાય એટલે વેચવો. આમ કરવાથી ઘણું લાકડું નકામું જાય છે અને આવી રીતે છોલેલા ગોલ તાજા વાપરવામાં આવે તો વાંકા વળી જાય છે

૨. પું. ફાસ; ફાચર.

૩. [હિ.] પું. બાજરાપાળો; ઝાડ

સાગઠી જી. · ગુજરાતમા કૂવામાંથી પાણી સીંચવા માટે બાંધણાને ઊંડે ઊંચું નીચું કરી શકે તેવું રાખેલું આડું લાકડું.

સાગડ (સાગડ) [સં. શાકટ] પું. ગાડાંનો સમૂહ

સાગંથી જી. તૈયારી; સજાઈ.

સાગદીદ [ફા. સગ્દીદ] જી. પારસીઓમાં સગ્ન સરમ એટલે ચાર આખવાળા એટલે કે બે આખ અને બે આખ ઉપર આંખ જેવા ડાધાવાળા કૂતરાને મડદું દેખાડવાની ક્રિયા કરવામાં આવે છે તે. આ ક્રિયા માટે જુદાં જુદાં કારણ જણાવવામાં આવે છે. કેટલાક કહે છે કે, આ જોનના કૂતરામા માણસમાં જીવ છે કે નહિ તે પારખવાની શક્તિ ખાસ હોય છે. જો જીવ જતો રહ્યો હોય તો તે શરીર તરફ તાકીને જુવે છે અને જીવ ગયો ન હોય તો તેના સામુ બિલકુલ જોતો નથી આથી અસલના ઈરાનીઓમાં કૂતરાને શબનું દર્શન કરાવવાનો હેતુ, જીવ છે કે નહિ, તે ખાતરી કરવાનો હતો. બીજાઓ કૂતરાની આખોમાં કાંઈ માનેલી આકર્ષક સત્તાને આ ક્રિયાના કારણરૂપે જણાવે છે. વળી બીજાઓ બધા પ્રાણીમાં સૌથી વધારે વફાદાર મનાતા કૂતરાને મડદું દેખાડવાની ક્રિયાનો સબંધ વફાદારી અને આભારની લાગણીના વિચાર સાથે જોડે છે કે જે લાગણી જીવતા અને વહાલા પરલોકવાસી વચ્ચ રહેવી જોઈએ. કોઈ વળી કૂતરાની કીમતી સેવાની કદર બજવાને તેના કારણરૂપે જણાવે છે. બીજાઓ વળી મડદાની નજીક કૂતરાની હાજરીને બધી અનૈતિક વૃત્તિઓના નાશના ચિહ્ન રૂપ માને છે. આ ક્રિયાદીની ક્રિયા શબને બહાર ઓઢાડવાની ક્રિયા દરમિયાન બે વખત કરવામાં આવે છે અને દરેક વાર એટલે દિવસના પાચ જુદા જુદા ભાગ માંહેનો એક તેમાં ફરી ફરીને કરવામાં આવે છે. જો કૂતરો ન મળી શકે તો કાગડા અને બીજા જેવાં માંસાહારી પક્ષી વડે સાગદીદ કરવાની છૂટ છે. એટલે કે, કોઈ માંસાહારી પક્ષી ઊંચે ઊડતાં ઊડતાં શબને જુએ તો પણ બસ છે એમ મનાય છે.

સાગબડું [સં. સ્વ + કુટુંબ] વિ. સાકલ્ય; કુટુંબ સાથે-બધાંને દીધેલું. બધાંને નોતરું દેવા માટે આ શબ્દનો ઉપયોગ થાય છે. તેનાથી ઊલટું ઘરના પુરુષને જ નોતરું આપવું હોય તો પાપડીબંધ નોતરું કહેવાય છે.

સાગબડે નોતરું આપવું = ઘરનાં બધાંને જમવા નિમંત્રણ દેવું.

સાગર ૧. પું. એક જાતનો મૃગ

૨ પુ ગગા નદી

૩. પું. ચાર સ્વયં સાર્થક શબ્દ.

૪. પું (સંગીત) ત્રણ ચાર રાગના મિશ્રણથી બનેલો એ નામનો એક રાગ.

૫. પું. (જૈન) દસ ક્રોડાક્રોડી પલ્યોપમ પ્રમાણનો એક કાળવિભાગ. તેને સાગરોપમ એટલે દરિયાની ઉપમા આપવામાં આવે છે

૬ પુ દસ પદ્મ એટલી સખ્યા.

૭ પું દસ માઠેના એક પ્રકારનો સંન્યાસી.

૮ પું. પુષ્કરમૂળ; એક જાતની ઔષધિ; પુષ્કરરાજ. એ સર્વે તળાવના તીર્થમાં રાજા જેવું મોટું તળાવ કે સાગર જેવું છે. તેને કાંઠે પુષ્કરમૂળ ઝાડ થાય છે. માટે તે સાગર કહેવાય છે

૯ પું. પ્યાલો, જામ; મદ્ય પીવાનો પ્યાલો

૧૦. પુ. ભડાર.

૧૧. પું. સમુદ્ર, દરિયો, સગર રાજાના પુત્રો સાગર ઉપરથી પડેલું સમુદ્રનું નામ સગર રાજાના દીકરાઓ કે જેવું પૃથ્વીથી પાતાળ સુધી ખોદી પોલાણ કર્યું હતું અને જેમાં ગગા નદી સમાઈ ગઈ તે સગરના નામ ઉપરથી સાગર શબ્દ નીકળ્યો છે. સાગર પૃથ્વીનો મોટો ભાગ રોકે છે. પૃથ્વીના ક્ષેત્રમાન ઉપર એની

અમર પડે છે. જમીન ઉપર જે દુનિયા ભળી છે એનું મૂળ સાગરમાંથી સાપડ્યું છે. જગતના દરિયામાં જેટલું ઊંડાણ છે, જેટલું પાણી છે એ તમામની અંદર બધા મૂલકોને સમાવી દેવામાં આવે તો પણ દરિયાનું પાણી માર્યાં જેટલું ઊંચે રહે. સાગરનું સરેરાશ ઊંડાણ લગભગ પોણાત્રણ માઈલ જેટલું ગણવામાં છે. ૬૦૦ ફૂટ જેટલા ઊંડા ગયા પછી સાગરનો અરો મૂલક શરૂ થાય છે. બીજાના એક અજ્ઞાતનું ઊંડાણ અલપાર્નિ શિખરના કરતાં અંદર વધુ નોંધાયું છે. કોઈ દરિયા કેરળ ૬ માઈલ ઊંડાણ નોંધાયું છે. જમીનની અંદર જેમ પર્વતો હોય છે એમ દરિયાની અંદર પણ ટેકરાઓ ફૂલેલા રહે છે. દરિયાનું તળિયું પણ જોવા જેવું છે તેની ઉપર જાતભાતની સજાઓ પથરાયેલી રહે છે. એના ઉપર રંગો દેખાય છે. જ્વાળામુખીનો કાદવ પણ દરિયાને તળિયે કેટલીક જાત ઊભી કરે છે. એક પ્રકારની લોઢા જેવી ધાતુ સાગરની જમીન ઉપર એકઠી થાય છે. એમાંથી ચમક ઊઠે છે. મોટી માછલીની કમરો અહીં મોજૂદ છે અને એમાંથી દરિયાની જમીનને રંગોની ભાંત મળે છે. દરિયા માત્ર ખારા હોય છે. પણ આટલાંટિક મહાસાગર સૌથી વધારે ખારો પુરવાર થયો છે. રાતા સમુદ્રનો અમુક ભાગ આટલાંટિકના કરતાં યે વધુ ખારો છે. પાણી ઉપરથી ખારાશ નક્કી કરી શકાય છે. પૃથ્વીની મોટી મોટી નદીઓ પણ જમીનના કરતાં ય દરિયામાં વધુ વહે છે એને લઈને તો દરિયાનું જળ બંધિયારે પાણી જેવું બનતું નથી અને એથી જ દરિયો સડતો નથી. કોઈ દરિયાનું પાણી કલાકના પાંચ માઈલની ઝડપે વહે છે અને એક દિવસના એક સો માઈલની સફર પણ કોઈ દરિયાનાં પાણી કરી જાણે છે. કરેક દરિયાના પાણીની ગરમી જુદી જુદી હોય છે. એક દિવસમાં દરિયાની અંદર બે વાર ભરતી આવે છે. પણ મનીલા ઉપર દિવસમાં એક જ ભરતી ચડે છે. તે દરિયાની હેઠળ જવામાં આવે તો શાંત દરિયો અનુભવાય છે. દરિયાની હેઠળ જાતજાતના જીવો વસે છે. ૪૦ ફૂટનો ઘેરાવો, ૨૦ ફૂટની લંબાઈ અને અનેક ટનના વજનવાળાં જળજીવો સાગરમાંથી કાંઠા ઉપર તણાઈ આવેલાં છે એના ઉપરથી અંદાજ આવી કે, દરિયાની અંદર પણ જીવનનો એક તાલ સમાયેલ છે. જળ હેઠળનાં જીવોનો શિકાર કરનારા એક અંડળ જળતમાં મોજૂદ છે. આ શિકારીઓ રીતસર દરિયાની હેઠળ જઈને જળજીવોના અડ્ડાઓ ઉપર પહોંચે છે અને શિકાર ખેલે છે. આ શિકારીઓનાં કેફસા મજબૂત હોય છે. કારણકે, શિકારની શરૂ ઊઠી થાય છે ત્યારે આ શિકારીઓ બંદરની જાત્રી મદદ વિના કેફસાંના જોરે શિકાર ઉપર પડે છે. તેમની પાસે સંતાવાળી બંદૂકો હોય છે. આ બંદૂકોએ મજબૂતમાં શિકાર ખેલ્યો છે. આ શિકારીઓ જણાવે છે કે, સાગરની હેઠળ કેટલાક એવા જીવો વસે છે કે, જેનાં દર્શન કરવાં એ એક અજબથી છે. સાગર હેઠળની દુનિયાની ઘણી હકીકતો બહાર આવી છે અને તે છતા સાગર હેઠળનો બેદ હજુ યે એમ ને એમ પડ્યો છે. જેવી દુનિયાની ઘણી વાતો આપણને હાથ આવી નથી

૧૨. પું. સર્પનાં એકમો આઠ માંહેનું એક નામ.

૧૩. પું. (પુરાણ) સર્પવંશી પદ્મવાહક કુળોત્પન્ન સગર રાજાને વૈદર્ભીને પેટે થયેલા સાઠ હજાર પુત્રો માંહેનો દરેક. સગર રાજા અશ્વમેધ યજ્ઞ કરતા હતા ત્યારે તેમનો ઘોડો ખોવાઈ ગયો હતો તે શોધવા આ બધા ગયા હતા. તેમણે સમુદ્રમાં ઘણું ખોદાણ કર્યું અને અશ્વ ન જડતાં છેવટે સમુદ્રના ઈશાન કોણમાં પાતાળ સુધી ખોદ્યું. ત્યાં કપિલ મુનિના આશ્રમમાં અશ્વને ફરતો જોયો. તેઓ કપિલ મુનિનો અનાદર કરી અશ્વને પકડવા દોડ્યા. આથી કપિલે ક્રોધ કરી તેના તરફ જોયું તેથી તેઓ બધા બળી ગયા; આ વાત નારદે સગરને કરી. સગરે પોતાના દીકરા અસમંજસના પુત્ર અંશુમાનને તેડાવી સઘળી હકીકત કહી અને અશ્વ લેવા જવાની આજ્ઞા કરી. અંશુમાને કપિલ ઋષિને પ્રસન્ન કર્યા અને અશ્વ લાવ્યો. કપિલ ઋષિએ તેને વરદાન આપ્યું કે તારા પૌત્ર વડે નાશ પામેલા સાગરોનો ગંગા આવવાથી ઉદ્ધાર થશે.

૧૪. સ્ત્રી. મોંસાર્ઝીઓની દશ માંહેની એ નામની એક જાતની અટક.

૧૫. ન. એ જાતની અટકનું માથુસ.

૧૬. ન. (સ્થિપ) એક પ્રકારનું પટ્ટારયુક્ત ત્રિકાળ ઘર.

૧૭. ન. (સ્થિપ) જેના મુખ આગળ ત્રણ ઓસરી અને જમણી તરફ એક ઓસરી હોય તેવું ત્રિકાળ ઘર.

૧૮. વિ. એ નામની એક જાતની અટકનું.

સાગરક ન. મીઠું.

સાગરકાંચી સ્ત્રી. પૃથ્વી.

સાગરખેડુ (સાગરખેડુ) વિ. દરિયો ખેડનાર એટલે કે તેમાં મુસાફરી કરનાર.

સાગરગામિની ૧. સ્ત્રી. નદી.
૨. સ્ત્રી. નાની એલચી; ઝીણી એલચી.

સાગરગોટો ૧. પું. એક ઔષધિ; માચ્છું; કાચકો.

૨. પું. એક જાતનો વેલો. આ વેલા ઘણા મજબૂત અને લાંબા થાય છે. તેમાં પીળા તીક્ષ્ણ કાંટા હોય છે. પાન સંયુક્ત બે વાર કપાયેલાં હોય છે. તેમાં ફૂલ પીળાં અને શીંગ પોટલી જેવી પહોળી ને ઝીણા કાંટાવાળી થાય છે.

સાગરઘેરું વિ. સમુદ્ર જેવું ગહન અને ભવ્યતા ભર્યું.

સાગરઘોષ પું. સાગરની ગર્જના.

સાગરજ ન. મીઠું.

સાગરજા [સં. સાગર + જા (જન્મેલી)] સ્ત્રી. સમુદ્રમાંથી જન્મેલી કે ઉત્પન્ન થયેલી તે; સાગરમાંથી મથન દ્વારા નીકળેલી તે; લક્ષ્મી; વિષ્ણુની પત્ની.

સાગરતરંગ પું. સમુદ્રનું મોજું.

રોષ કેરા અગ્નિ ઝોલે, જાગરતરંગ ઝોલે.
નાનાલાલ

સાગરતલ ન. સાગરનું તળિયું; સાગરનું પેટાળ.

સાગરધ્વજ પું. (પુરાણ) એ નામનો પાંડવોના સમયનો એક રાજા; પાંડદેશનો અધિપતિ. ભારતના યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. એના બાપ અને ભાઈને કૃષ્ણે મારેલા હોવાથી એ દ્વારકા ઉપર ચડી જતો હતો પણ એનાં સગાંવહાલાં અને મિત્રોએ જવા દીધો ન હોતો.

સાગરપંથી પું. જૈન ધર્મનો એ નામનો એક વિભાગ.

સાગરપેટું વિ. મોટા પેટવાળું; ઉદાર દિલનું, બીજાના અપરાધ માફ કરે એવું; ક્ષમાશીલ; ગમ ખાય તેવું.

સાગરપ્રવાહ પું. દરિયાનો પ્રવાહ. દરિયાના પ્રવાહો ગરમ ને ઠંડા એમ બે જાતના છે. જે આ પ્રવાહોમાં ઝડપાય તે હજારો માઈલની ઘૂમરીઓ ખાઈ શકે છે. પેસિફિક મહાસાગરમાં આવા કેટલાયે પ્રવાહો દોડે છે એમાં સૌથી જબરો એક જાપાની પ્રવાહ છે. જેને કુરો-સીવો કહેવામાં આવે છે. એ કુરો-સીવો પ્રવાહ જાપાન ચમને ઉત્તર પેસિફિકમાં આડો પડે છે અને ત્યાંથી આલાસ્કા પહોંચે છે અને તેને ફરી જતો અટકાવે છે અને પછી એકદમ દક્ષિણ તરફ દોડીને કેલીફોર્નિયાને ખુશનુમા કરે છે. પણ ખૂબ જાણવા જેવો તો એક પ્રવાહ આટલાંટિક મહાસાગરમાં દોડે છે. એનું નામ છે ' ગલ્ફ સ્ટ્રીમ યાને અખાતી પ્રવાહ ' એ પચાસ માઈલ પહોળો છે. પકરનો ૬ ફૂટ ઊંડો છે અને કાંઠે

ટેટલાયે સૈકાઓથી મેક્સિકોના અખાતની ગરમીથી યુરોપના ઉત્તર ભાગને ફળદ્રુપ બનાવે છે અને જીવન માટે જેમને તેટલી જરૂરીવાળો રાખે છે એ ઍટલાંટિકની ઉત્તરેથી ઝડપીને ભાગે છે અને લાંથી ફૂટતા મારતા અજગર જેવો એ મહાસાગરની મધ્યમાં ગોળ ચક્કર ફરે છે અને એ વચમાના મારાગોસાના સમુદ્રને ઘૂમરોઓ બનાવે છે. તેમાંની માછલીઓને કુદરીઓ ફેરવે છે ને મરત કરે છે. ઍટલાંટિકની ઉત્તરેથી ઝડપીને જાગનો આ પ્રવાહ કેરીબીઅન સમુદ્રમાં પેસે છે લાંથી આફ્રિકાના કિનારા પરથી પશ્ચિમમાં જતો એક પ્રવાહ એને મળે છે. તથી તે સમુદ્ર છલકાઈ જાય છે અને તેથી ફ્લોરીડાની ખાડીમાં પેસવું પડે છે. લાં એ ઘૂમરનો ગરમ ગરમ થઈ જાય છે અને ઉત્તર તરફ અમેરિકાને કિનારે વહેવા માંડે છે પણ ન્યૂફાઉન્ડલેન્ડનો કિનારો એ છોડે છે ત્યારે એક લેબ્રેડોર નામનો નવો પ્રવાહ એને જોડાય છે. આ પ્રવાહ ગ્રીનલેન્ડમાંથી આવતો હોવાથી ખૂબ ઠંડો છે. આ બંનેની ભાઈબંધીથી ઍટલાંટિકને જાપાનક બનાવનું માટું પુષ્કળ પથરાઈ જાય છે. એ પુષ્કળ નીચેના પાણીમાં ગ્રીનલેન્ડમાંથી લેબ્રેડોર પ્રવાહ આવે છે અને બરફના જંગી ખડકો તેમાં તરે છે. એ ખડકો વહાણો ને સ્ટીમરોને ચીરી નાખે છે. લાંથી આ ગલ્ફસ્ટ્રીમ પશ્ચિમ યુરોપ તરફ વહીને આર્ટિક સમુદ્રમાં પડે છે.

સાગરમહિષી સ્ત્રી. સાગરની પટરાણી ગંગા નદી

સાગરયાત્રા સ્ત્રી. સમુદ્રની મુસાફરી.

સાગરરથ પું., વહાણ; સ્ટીમર.

> સામાન્યરૂપ રીતે સૌ આલે એટલું સ્વીકારે છે કે એ શબ્દ 'કારસ નાવાલિસ' **સાગરરથ** ઉપરથી ઊતરી આવેલ છે. ગુજરાત

સાગરરાજ પું. મહાસાગર.

સાગરલિપિ સ્ત્રી. લલિત વિસ્તરમાં જણાવેલી ચોસઠ માહેની એ નામ એક લિપિ.

સાગરલોઢ પું. સાગરનું મોજું; તરંગ; છોળ

સાગરવર [સં.] પું મહાસમુદ્ર.

સાગરવસ્ત્રા સ્ત્રી. પૃથ્વી.

સાગરવિજ્ઞાન ન. સમુદ્ર સંબંધી વિદ્યાનું શાસ્ત્ર.

સાગરવીર ૧. પું. દરિયા કે મહાસાગરનાં પાણીનું સાહસ ખેડી શોધખોળ કરનાર માણસ.

૨. પું. સાગરમાં નૌકાદળમાં કામ કરતા સ્વયંસેવક. જેવી રીતે જમીન પર નેશનલ કેડેટ કોર્પ્સ, વાયુમાર્ગે હવાઈ દળ છે તેમ સાગરમાં નૌકાખાતાની તાલીમ લેવા માટે સાગર સ્વયંસેવક દળ ભારત સરકાર તરફથી રક્ષણની બીજી હરોળ તરીકે ગોઠવામાં આવેલ છે નૌકાદળ જે સ્વયંસેવકોનું બનેલું છે તે સ્વેચ્છક દળ છે. સંભવ છે કે, આ દળ આગળ ઉપર જતાં નૌકાખાતાને રક્ષણ પૂરતું મદદગાર પણ થાય. ઇંગ્લંડ અને અમેરિકામાં આવા દળોનું ખૂબ જ માન રાખવામાં આવે છે અને સદભાગ્યે ભારતમાં પણ કમાન્ડર ખંત ચીફે આ બાબતનું મહત્ત્વ સ્વીકાર્યું છે. ભારતીય નૌકા સ્વયંસેવક દળ મૂળ ૧૯૩૮માં કરાંચી ખાતે શરૂ થયેલું; તેના સ્થાપકો લે. એસ સદ્ગત અને ઈ. કમલ્લુ ઓફિસે હતા. નૌકા સ્વયંસેવક દળને માટે પ્રેરણા એ વખતના સિંધના ગવર્નર સર ડેન્સલાટ ગ્રેહામ તરફથી મળેલી. સૌથી પહેલી તાલીમની શરૂઆત એચ. એમ. આઈ. એસ. 'દિલાવર'માં થયેલી અને પહેલી ટુકડીને દિલાવર કંપની એવું નામ આપવામાં આવ્યું બીજા વિશ્વયુદ્ધે નૌકાપ્રવૃત્તિને વેગ આપ્યો અને એચ. એમ. આઈ. એસ 'રેલદાઉસિ'નો ઉપયોગ પણ છૂટથી કરવા દેવામાં આવ્યો. પછીથી 'હિમાલય' પણ તેમના ઉપયોગમાં આવી. નૌકા સ્વયંસેવક દળની પહેલી મિલકત એક મોટરબોટ હતી અને તે સિંધના ગવર્નર સર ફ્રેડરિક તરફથી ૧૯૪૬માં આપવામાં આવી હતી. સને ૧૯૪૭માં એક જમીનવહાણ પણ દળને આપવામાં આવ્યું. હિંદના ભાગલા પછી આ પ્રવૃત્તિમાં જરા ઓટ આવી પણ ઍડમિરલ પેરી અને કોમોડોર ટેયલર કે જે અનુક્રમે નૌકા સી-ઈન-ચી અને મુંબઈના નૌકા મથકના ઉપરી હતા તેના પ્રયાસે પ્રવૃત્તિ પાછી ચાલુ થઈ તેઓની ખ્વાહિશ એમ હતી કે ભારતના જુવાનોને નૌકાની તાલીમ આપી સમુદ્રપ્રિય કરવા. તાલીમ આપ્યા પછી યુવાન સભ્યને તાલીમમથક સાગરવીર બને છે. યુવાનોને પૂરતી તાલીમ આપવા માટે નૌકાશાળાઓ પણ ખોલવામાં આવી છે. હાલમાં ભારતના પ્રમુખ હો. રાજેંદ્રપ્રસાદે નૌકાદળના સ્વયંસેવકોને માન, ચાંદ અને ટ્રેસ આપીને નવાજ્યા પછી તેમના તરફ બધાની માનની લાગણી થઈ છે. તાલીમમાં નૌકાઓનું સામાન્ય જ્ઞાન, રક્ષણને માટે જ્ઞાન અને વહાણોનું જ્ઞાન, ભૂગોળ વગેરે ખાસ શીખવવામાં આવે છે. હાલમાં નૌકા સ્વયંસેવક દળમાં એક જુનિયર અને બે સિનિયર ડિવીઝનો છે. તેઓ દરેક રવિવારે આનંદ પર્યટન માટે જાય છે અને બાતુભાવ ખીલવે છે. તેઓ સારી કે ખરાબ ઋતુમાં પણ હમેશા આનંદિત રહે છે અને તેમના કર્મપ્રિય 'રેડી એય રેડી 'થી વાતાવરણ સજ્જતા મૂકે છે.

સાગરસમાધિ સ્ત્રી. સમુદ્રમાં સમાધિ લેવી તે; જલ સમાધિ; સમુદ્રમાં પૈડી દેહ પાડવો તે.

સાગરસુત ૧. [સં.] પું. કપૂર.

૨. પું ચંદ્ર

સાગરા ૧. [સ] સ્ત્રી પૃથ્વી. કેમકે તેણે સાગર રૂપી વસ્ત્ર ઓઢેલું છે.

> અચલા વિપુલા **સાગરા** ધરા ઉર્વરા સોમ;
> સોત્રા અવની કુંભિની મહિ ધરની ક્ષોણ.
> પિંગળશબ્દકોષ

૨. વિ. સાગરને લગતું.

સાગરાંબરા સ્ત્રી. પૃથ્વી; ભૂમિ

સાગરી ૧. સ્ત્રી. એક જાતની મગલી.

૨. વિ જહાજને અંગે એવું; નૌકાદળ સંબંધી એવું.

સાગરીત ૧. [જા. શાગિર્દ (શિષ્ય)] પું જાદરાહની આજુબાજુ બેસનારા માણેનો દરજ્જો ધરાવે

૨. પું. મદદગાર; મારીદાર; મિત્ર; દોસ્ત; ભેરૂ; મોડિયો; મળતિયો.

સાગરીદ જુઓ સાગરીત.

સાગરું વિ. મૂર્ખ; ઢોબળ; બેવકૂફ

સાગરેશ્વર પું. એ નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ઔંકારનાથ તીર્થમાંના એક શંકર.

સાગરોપમ વિ. સાગરની ઉપમાવાળું.

સાગરોપમકાળ [સ. સાગર + ઉપમા + કાલ] પું. (જૈન) દસ ક્રોડાક્રોડી પલ્યોપમ પ્રમાણેનો એક કાળ વિભાગ. તેને સાગરોપમ એટલે દરિયાની ઉપમા આપવામાં આવે છે.

> **સાગરોપમકાળના** આયુષ્યવાળા દેવોના વિષયમાં એવો નિયમ છે કે જેનું આયુષ્ય જેટલા સાગરોપમનું હોય તેનો એક એક ઉચ્છ્વાસ તેટલેટલા પખવાડિયે થાય છે. તત્ત્વાર્થસૂત્ર

સાગવાન ન સાગનું ઝાડ કે

સાગવું ૧. ન સગું; કુટુંબનું માણસ; સ્વજન. આ શબ્દ સગું શબ્દની સાથે તેના સમાનાર્થે વપરાય છે. જેમકે, સગાં સાગવા

> ચડું રૂવે એનું **સાગવું** રૂવે, જેની રૂવે બાર માસ.
> રહિમાળી રાવ

૨. ન. સંબંધી માણસ; ઓળખીતું માણસ, સગાનું સગું

સાગિર્દ જુઓ સાગરીત

સાગી સ્ત્રી. (જા. ગુ.) શોક બરેસ ખબર; મડા સમાચાર

> **સાગી** સુણી વાત હવ સુણી,
> હામહામ કોઈ દુરકણી ઇન્દ્રાવતીપ્રબંધ

સાગુચોખા [અં. સેગો; મલય. સાગૂ] પું. તાડ જેવા સાગૂ નામના ઝાડ કે ખજૂરના ઝાડના થડના ગરના બનાવેલ દૂધિયા કણ કે તે ઝાડના થડમાંના કૂંપનો ચૂરો રંધાર્યો; સાબુદાણા એ મોટા માણસને પાણી કે દૂધમાં ઉકાળીને અપાય છે.

સાગુદાણા જુઓ સાગુચોખા.

સાગુન જી. સીસમ.

સાગું [દે] પું. તાડની જાતનું એક ઝાડ. આ ઝાડમાંથી ગોંદ બનાવાય છે. તેમાંથી રોટી બનાવાય છે તાજી હોય ત્યારે એમ ને એમ ખવાય છે. કકડા સાચ ત્યારે પાણીમાં પલાળીને ખવાય છે. આવા ત્રણ ઝાડ એક માણસના એક વર્ષના ગુજરાન માટે પૂરતાં છે. એક એકરમાં સારી રીતે વાવેલાં ઝાડ સો માણસનો એક વર્ષ સુધીનો ખોરાક પૂરો પાડે છે

સાગૂન [દે.] પુ. સાગ

સાગો ૧. પું. માલમતા

૨. [અં. સેગો] પુ. સાબુચોખા.

૩. વિ. પું. ચતુર.

૪. વિ. પું. સારો.

સાગોડિયો પુ. વસવાયાં વર્ગનો માણસ.

સાગોટી સ્ત્રી. છાપરાનું મોભિયું

સાગોશ સ્ત્રી. રાની બિલાડા જેવું એક પશુ. તે રંગે અને કદે હરણના બચ્ચા જેવું હોય છે તેને કાને કાળા વાળની ટીશીઓ અને પગે દીપડા જેવા નહોર હોય છે. તે હરણનો શિકાર કરે છે. તેનું માં હરણથી સહેજ દૂર હોય છે.

સાગોળ ૧. [કા. શાદગિલ; સાદ (મોટી) + ગિલ (માટી)] પું. ચાળેલો બારીક ચૂનો.

૨. પું. ચૂનો, રેતી ને પાણીનું દીવાલ ઉપર લગાડાતું મિશ્રણ.

સાગ્નિક ૧. [સ.] પું. શ્રૌત કે સ્માર્ત અગ્નિના આધાનવાળો અગ્નિહોત્રી.

૨. વિ. જેણે અગ્નિ ધારણ કરેલો હોય એવું, અગ્નિ રાખનાર.

સાગ્ર ૧. સ્ત્રી. (જૈન) ગીચ ઝાડી.

૨. [સં.] વિ. બધું; સમગ્ર; તમામ.

સાગ્રતા ૧. સ્ત્રી. અણિયાળાપણું; બેધક સ્પષ્ટતા; 'પોઇન્ટેડનેસ'.

૨. સ્ત્રી. પૂર્ણતા.

૩. સ્ત્રી. સમગ્રતા.

સાગ્રહ અ. આગ્રહ સાથે.

સાચ [સ. સત્યં સત્યું, સાચ.] ન. સત્ય; ખરાપણું; સાચું હોવું તે.

સાચને કદી ન લાગે આંચ = સાચાને આખરે કાંઈ દુઃખ આવતી નથી

સાચક વિ. સાચું બોલનાર; પ્રામાણિક; નિષ્કપટી; ખરું.

સાચકલાર્ડ જુઓ સાચ.

સાચકલું જુઓ સાચક

સાચખોટ સ્ત્રી. સાચું કે ખોટું હોવાપણું.

સાચખોટનાં પારખાં = સાચું છે કે ખોટું છે તેની પરીક્ષા

સાચદિલી સ્ત્રી. સચ્ચાઈ.

સાચમાચ ૧. વિ. ખરેખર; ખરું દેખાવ તેવું જ, કૃત્રિમ પણ અસલ નહિ તેવું; જેવું છે તેવું

૨. અ. ખરેખર

સાચમારી સ્ત્રી. એક જાતનું મધ. તે સંસ્કૃત શર્કરાનું પ્રાકૃત રૂપ છે

સાચલ જુઓ સાચલું.

સાચલું ૧. વિ. (જૂ. ગુ.) સાચું; ખરું

૨. વિ. સાચું બોલનારું; પ્રામાણિક; નિષ્કપટી.

સાચવટ ૧. સ્ત્રી. ખમાનદારી, નેકી,' હાથનું ચોખ્ખાપણું; પ્રામાણિકપણું.

૨ સ્ત્રી. બરકતવાળી

૩ સ્ત્રી. સલામતી; સલામતીવાળી જગા, સચ્ચાઈ

૪ સ્ત્રી સાચવણી

સાચવણ ૧ સ્ત્રી સાચવવું તે, રક્ષણની કાળજી; જતનપણું, જતનવાળું હોવા, જતન, સમાધિ

૨. ન. ગાડીના પૈડાંમાં નાખવા માટે એરંડિયું અને ભીંડીના છોડાનો કરેલ લોંદો

સાચવણી સ્ત્રી. સાચવણ; જતન.

સાચવણું ન. તે જુ.

સાચવવું ૧. સ ક્રિ. ગાડીનાં પૈડાંમાં એરંડિયું ઊંજવું.

૨ સ ક્રિ. સંભાળ કે કાળજીથી રક્ષણ કરવું, સમાળવું; જતન કરીને રાખવું

સાચાઈ સ્ત્રી. સચ્ચાઈ; સત્તા; સાચવટ, બરકતપણું.

સાચાદિલી સ્ત્રી દિલ સાચું હોવાપણું; બેદિલી

નર્મદાશંકરની ઉચ્ચકૃત્ય સાચાદિલીથી ખુશી પડતી દલપતરામની મોટી સાચાદિલી દેશસેવાના વિચારદિશા મીમાં સુધારાના પ્રસરેલ આંદોલનના કાળમાં આવી એ આપણા ભાગ્યની વાત છે.

સાચાબોલું વિ. સાચું બોલનારું. સત્યવક્તા.

સાચિ પું. દૃષ્ટિના ઝાડ માફેના ત્રીજા પ્રકાર, માંસિ ઝોટલે ઊંડું ન હલાવતાં આખોના ખૂણામાંથી જોવું તે.

સાચિક ૧. ન. આકૃતિનાં નવ માહેનું એક સ્થાન તે ત્રણ અસમુખ સ્થાન માહેનું એક છે. તે ત્રાસ હોય છે

૨. વિ. ત્રાંસું.

સાચીકૃતવદના પું (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં નગણ, યગણ, ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં તગણ, નગણ, જગણ અને સગણ એમ બાર અક્ષર હોય છે

સાચું જુઓ સાચવું

સાચું ૧. વિ. અસલ, બનાવટી નહિ એવું જેમકે, સાચું મોતી.

સાચું લાગવું = રૂવાંટી ખડું થવું

૨ [સ સત્યક–સચ્ચઉં–સાચું] વિ. ઓરિજિનલ

૩. વિ ખરું; સત્ય; જેવું હોય તેવું

કરવું વેર છે લેવું કર્તવ્ય નથી આપણું.
ક્ષમા કર્તવ્ય લાગ્યું છે સુહિમા માનવીતણું.
ગાંધીગીતા

૪. વિ. ભલું; ઇમાની; પ્રામાણિક

૫. વિ. સત્ય બોલનારું

સાચુંખોટું જુઓ સાચવવું

સાચા ખોટા કરવા = (૧) કાન ભંભેરવા; ભંભેરણી કરવી. (૨) સાચાનું જૂઠું ને જૂઠાનું સાચું કોકી બેસાડવું.

સાચુંજૂઠું ૧. [પ્રા. સચ્ચ (સાચું) + જુટ્ઠ (જૂઠું)] ન. ખોટી વાત રજૂ કરવી તે; ભ્રમ ઉપજાવે એમ વાત કહેવી તે; ભ્રમ.વવું તે; ભંભેરણી

૨. વિ ખરું ખોટું; સત્ય અને અસત્ય; સત્યાસત્ય.

સાચે ૧ અ. ખરે; ખરેખર; નક્કી

૨ ન ચ જાણી જોઈને

સાચેસાચ અ. ખરેખર; ખરી રીતે; સાચોસાચ.

સાચેસાચું ૧. ન. સાચું સત્ય; કેવળ સાચી વાત; ખરેખરી જે હકીકત હોય તે.

૨. વિ. ખરેખરું; સાવ સાચું

સાચો ૧. પુ. મોની પગેથી ગાંઠવાનું રેશમ

૨. પું. રેશમનો પાકો દોરો.

સાચોરા ૧ સ્ત્રી. ચોરાશી માહેની એ નામની બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ. તેઓ મૂળ જોધપુર પરગણાની સાચોર ગામના છે

૨. સ્ત્રી. વાણિયાની ચોરાશી માહેની એ નામની એક પેટા જ્ઞાતિ

૩ ન એ નામની જ્ઞાતિનું માણસ

૪ વિ. એ નામની જ્ઞાતિનું.

સાચોરો પું. વૈષ્ણવ મંદિરનો નોકર

સાચોસાચ જુઓ ખરેખર; સચ્ચેજ; સાચેસાચ.

સાજ ૧. પુ. ઉપયોગી સરસામાન.

૨. પું કાપીને પૈડાંના દાંતા કરવાનું એક યંત્ર
સાજ ચડાવવો = દાંતાવાળું કરવું

૩. પું ઘોડા વગેરે ઉપર નાખવાનો સામાન; ઊંટ ઘોડા વગેરેની પીઠ પર બેસવા માટે માંડવાનો ટૂણી વગેરે પલાણનો સામાન
જેમકે, ઘોડાના સાજ; ઊંટનો સાજ વગેરે
સાજ માંડવો = ઘોડા ઉપર સામાન કે બોગીર નાખવું

૪. પુ. ઢાકોર્જીના સિંહાસનના પાછલા ભાગમાંનું વસ્ત્ર; બંડપાટના ચંદરવો વગેરે વસ્ત્ર

૫. પુ. દંડ, દોભ..

૬ પું ધંધો રોજગાર; કામકાજ.

૭. [સ. સજ્જ] પુ. (વહાણવટું) પરમાણી પડખેજ જડાના ખતના પર્વેલ. પટિયા

૮. [હિ. સાજ] પુ. નગારું, પખાજ(ણ)

૯. પું. સંગીતનો કરેક સાંભળ. ઢોલક, જલતરંગ. બંસી, એકતારો, કરતાલ, ડમરૂ, વાંસળી, મંજીરાં, ઝાંઝ વગેરે

૧૦. [હિ.] પુ સાગનું ઝાડ.

૧૧. પુ સાજડ.

૧૨. પુ. સાધન સામગ્રી.

૧૩. ન. સારંગી જેવું એક વાદ્ય.

સાજક સ્ત્રી. બરથરી લોઢાની નાની સારંગી

સાજગિરિ પું. (સંગીત) માત્રા ઘટમાંથી ઉત્પન્ન થયેલો એક જાતનો રાગ.

સાજડ (સાજડ) [સં. સર્જ; પ્રા. સજ્જ] પુ. એક જાતનું ઝાડ; રક્તાર્જુન; સાદડ; સાગથી ઊતરતી જાતનું એક ઝાડ. તેમાં ખોળી અને ફાળી એમ બે જાત થાય છે. તે ભારતમા સગળગ બધે નજરે પડે છે. એનાં પડો ખૂબ મોટાં થાય છે, લાકડાં મજબૂત હોય છે. વહાણ બાંધવામાં તથા ઇમારત બાંધવામાં આ લાકડાનો ઉપયોગ થાય છે. એની કુમળી છાલ રંગના કામમા આવે છે સાજડ લોહી બંધ કરવામાં કામ આવે છે. તેનાં પાન ત્રણ ત્રણ પડોળાં ને દોઢ ફૂટ લાંબાં હોય છે. તેનાં ફૂલ પાન જેવાં પાચ પાખડીવાળાં હોય છે. લાકડાં ઇમારતી ઘરનાં આડસર અથવા પીઠિયામાં ઘણે ભાગે વપરાય છે. લાકડાને લગતા કોઈ વ્યાધિ ઉપર પ્રાચીન ઋષિમુનિઓ તેને ઉપયોગમા લેતા હતા. અત્યારે પણ બીજ લોહી લાકડું ભાંગી ગયું હોય અથવા પગ મચકોડાઈ ગયો હોય તો આ ઔષધનાં પાનને ખૂબ છૂંદીને બાંધે છે. મુબઈના માળીઓ આ ઔષધને સાગ કહે છે. મુબઈના કેટલાક ગુજરાતી લોકો તેને વાતરોગ પર ઉપયોગી માને છે આ ઉપરાંત મરડો, લોહીવા, અતિસાર, દમ, ચાંદાં વગેરે રોગમા પણ આ ઔષધિ અસરકારક કરી છે સુશ્રુતના મત પ્રમાણે આ ઔષધિની રાખને સાપના કરડ પર લગાડવાથી આરામ થાય છે પરતુ પશ્ચિમના તબીબો આ હકીકતનો સ્વીકાર કરતા નથી.

સાજડિયો (સાજડિયો) જુઓ સાજડ.

સાજણ ૧. પુ સજ્જન; વહાલવાળું કે પ્રીતાળ મનુષ્ય; સહકર્મી મનુષ્ય; સ્વજન; વહાલા પ્રેમપાત્રને કરવામાં આવતું સંબોધન.
દરદન સયાનો સાજરે
સાજણ નાના રેનક કાઠિયાવાડી સાહિત્ય

૨ સ્ત્રી. એક જાતની ધોડી.

સાજણહાર [સ. સાજણહાર] વિ. પું. ગાનારની પત્ની. વાજિંત્રો વગાડનાર; ગાનાર અને નાચનારમ થેનાં સાધન તૈયાર કરી આપનારો; તબલા, મજીરાંવાળો, નાચનારી માટેનો સાજ તૈયાર કરનારો.

સાજન ૧ [હિ.] પું. આશક.

૨ [સં. સ્વજન] પુ સ્વજન, ભરતે કે સમ વિદ્વાને વખતે જે સ્વજન, સુજન અને પ્રતિષ્ઠિત માણસનો મેળાવડો થાય છે તે; વરના વરઘોડા સાથે રહેલા સારા સારા માણસોનો સમૂહ તે
૧ સાજન તેવા ભોજન = જેવા મહેમાન તેવી મહેમાનગીરી
૨. સાજન મડપ = કુટુમ સમુદાય

૩. પું. પતિ.

૪. ન. એક જાતનું કપડું.

સાજન મહાજન [સ અર્જુન + મહાજન (મોટા માણસ)] પુ. ક બ. વરના વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મડળ, કુટમિત્રો.

સાજનિયા જુઓ સાજન મહાજન.

સાજની ૧. સ્ત્રી સવારી.

૨. સ્ત્રી. સવારી.

સાજનું ન. નાતના પ્રતિષ્ઠિત માણસોનું મંડળ; નાતનું પંચ કે જે નાતના માણસો વચ્ચેના વાધા અને ઝગડા પતાવે છે તે; જમાત; જ્ઞાતિપચ.

સાજરું ૧. વિ. અલકૃત; શણગારવાળું; શોભતું.
૨. વિ. સૌભાગ્યવાળું; સૌભાગ્યના શણગારવાળું

સાજવારી સ્ત્રી. સજાવટ, સજાવટ કે તેને માટેની સામગ્રી.

સાજવું ૧. અ. ક્રિ. સજાવવું, બેસતું આવવું.
૨. અ ક્રિ. પરવારવું
૩ અ ક્રિ. સાજ સજી તૈયાર થવું; સજ્જ થઈ રહેવું
૪ સ ક્રિ ઉઠાવવું, મઢવું બેસીને સાફ કરવું; ધસવું.
૫ સ ક્રિ ઠેકાણે આગળ ધરવાની વસ્તુઓ ગોઠવવી
૬ સ ક્રિ ધરવું, ચડાવવું, રાખવું.
૭ સ ક્રિ. સાધન સામગ્રી તૈયાર કરી રાખવી; સાધન એકઠાં કરી તૈયાર રહેવું

સાજસજાવટ સ્ત્રી. ગોઠવણી

સાજસરંજામ [હા. સાજ + સરંજામ] પુ કાર્ય માટે જોઈતા સાધન વગેરે તે; સરસામગ્રી

સાજસામાન જુઓ સાજસરંજામ.

સાજંદો [હા. સાજન્દા] પુ. બજવૈયો.

સાજાત્ય ૧ [સ] ન (ગણિત) સાદૃશ્યતા; સમપ્રમાણ, પ્રમાણનું સરખાપણું; 'સિમિલિટ્યૂડ'

૨ વિ (ભૂમિતિ) પ્રમાણમા, સરખું જ્યારે એક સુરેખાકૃતિના બધાય ખૂણા અનુક્રમે બીજી સુરેખાકૃતિના બધા ખૂણાની બરાબર હોય તથા બંને આકૃતિના સરખા ખૂણાના જૂજોની ગુણોત્તર સરખાં હોય ત્યારે તે બંને આકૃતિઓ સાજાત્ય કહેવાય છે

સાજાત્યકેંદ્ર ન (ભૂમિતિ) સજાતીય, બિંદુ, જ: બીજાની બરાબર ન હોય તેવી બે સજાતીય સુરેખાકૃતિઓને એક કરીને ચીતરવામાં આવે કે તેમની મળતી બાજુઓ સમાંતર આવે, તો તેમનાં મળતાં બિંદુઓને જોડનારી બધી લીટીઓ એક જ બિંદુમાં થઈને પસાર થશે. આ એકજ બિંદુને સજાતીય સુરેખાકૃતિઓનું સામાન્ય બિંદુ કહે છે. અંગ્રેજીમાં તેને 'સેન્ટર ઓફ સિમિલિટ્યૂડ' કહે છે

સાજાત્યકેંદ્રવૃત્ત ન. (ભૂમિતિ) બે વર્તુળોનાં સાજાત્ય કેંદ્રોને જોડનારી સુરેખાને વ્યાસ તરીકે લઈને દોરેલું વર્તુળ.

સાજાત્યરેખા સ્ત્રી. (ભૂમિતિ) બે વર્તુળોના સાજાત્ય કેંદ્રોને જોડનારી સુરેખા; 'લાઇન ઓફ સિમિલિટ્યૂડ'.

સાજાત્યવૃત્ત જુઓ સાજાત્યકેંદ્રવૃત્ત.

સાજની [સ. સુ + જન] વિ. સજ્જન; સદ્‌ગત; સુજાણ; ભલું.

સાજનો માણસ ન. સજ્જન માણસ.

સાજોકાઢ પુ સુતારનું બીજવણ

સાજ્ય વિ. બધાય, તમામ.

૩. જી દેરાનગતી

સાટલું ન ખડના ઝાડની ઢાંકલી જમીન ઉપર પથરાઈ રહેલ છે તે

સાટવવું ૧. [રૂ. સટ્ટ સટ્ટો] સ ક્રિ. ખરીદ કરવું; ખરીદવું; વેચાતું લેવું

૨. સ ક્રિ. બદલો કરવો, સાટામાં લેવું અને આપવું; સોદો કરવો.

મૂવા માલ મળે, સુવા **સાટવીયે** નહિ,
ખવાં કોણ બળે, બાત વન્યાના બેગડા.
બદલો કુવ.

સાટવું ૧ સ ક્રિ ખરીદ અથવા વેચાણનો કરાર કરવો, સોદો કરવો, કબાલો કરવો.

૨ સ ક્રિ ભલ કરાવવું

૩. સ ક્રિ વચાતું લેવું

૪. સ. ક્રિ. શરત કરવી

૫. સ. ક્રિ. સાટે કે બદલે આપવું; બીજી વસ્તુની અદોબદ આપવું

સાટાખત [સં.સટ્ટ + ખત (લેખ)] ન. કબાલો, કરારનામું; સાટાં સબંધી ખત; સારું કામ થી કબૂલાતનો લેખ; સાટાનો કરાર.

સાટાખર્ચી પું અમુક વસ્તુને માટે થયેલ ખર્ચ.

સાટાપાટા ૧. પું બ વ. અદલાબદલી

સાટાપાટા કરવા. - અદલાબદલી કરવી.

૨. પું બ વ. વેચાણનો કબાલો; માલને બદલે નાણું નહિ પણ માલ આપી લઈ ચલાવેલો વેપાર.

સાટાપાટી જુઓ સાટાપાટા ૧.

સાટાસાટી અ. અરસપરસ; અન્યોન્ય; એકબીજાને

સાટાંખત જુઓ સાટાખત.

સાટાંતેખડાં ૧. ન. બ વ. કન્યા લેવા દેવાનો કરારી વહીવટ; કન્યાનાં સાટાં ને તેખડા કરવાનો વ્યવહાર.

૨. [સં. સાટું + તેખડું] ન. બ. વ. સામસામા નહિ પરંતુ પહેલો બીજાને, બીજો ત્રીજાને અને ત્રીજો પહેલાને સાટું આપે તેવો વહીવટ.

સાટાંદાર પુ. સાટું કરનાર; સોદા કરનાર, લેનાર અને વેચનાર

સાટિન ૧. પું. વાંસના વર્ગની એક વનસ્પતિ. તે વાંસ કરતાં સહેજ નાનો હોય છે.

૨ ન. એક જાતનું લાકડું

સાટી ૧. સ્ત્રી. કરાર; સાટું.

૨. [સં. સાટિકા] સ્ત્રી. માણસો જેમાં બેસે છે તે ગાડીનું ખોખું કે ચોકઠું

સાટીઝાંખરાં સાટી + ઝાંખરાં] ન બ વ બેગસમજૂત કરાવનારા શબ્દો કહેવા તે; કાન ભંભેરવા તે; સાચું ખોટું કહી દંટો કરાવવો તે; સાંઠીઝાંખરા.

સાટીઝાંખરાં કરવાં = એક બીજાને આડું અવળું કે ખરું ખોટું સમજાવી ભોળવવું; કાન ભંભેરવા

સાટીન [અં સૅટિન] સ્ત્રી એક જાતનું રેશમી કાપડ.

સાટીન ઢક [અં.] ન. સફેદ તથા સુંવાળું એક જાતનું સુતરાઉ કાપડ. તેનો ઉપયોગ કોટ, પાટલૂન વગેરે બનાવવામાં થાય છે.

સાટું ૧. ન. કબાલો; કરાર; શરતનામું; બોલી; શરત; પડ્યું

સાટું કરવું = (૧) ખરીદ અથવા વેચાણનો કરાર કરવો (૨) પડ્યું કરવી. (૩) વિવાહ કરવો, સગાઈ કરવી.

૨ ન બદલો, અવજ.

સાટું વાળવું - બદલો આપવો.

૩. ન. બાનાંની રકમ

૪. ન માલને બદલે માલ કે કન્યાને બદલે કન્યા આપવી તે; વસ્તુ વિનિમય.

સાટું બેસવું = વિવાહ કરવો; સગાઈ કરવી.

૫. ન. મૂલ્ય ઠેરવવું તે

૬. અ સાટે, વાસ્તે, ટાંકે.

સાટુંતેખડું (સાટુતેખડું) ન. કન્યાનું સાટું કે તેખડું

સાટોક પું. ઠગ; લુચ્ચો.

સાટ અ. અવેજમાં; બદલે, સરભર વજને કે તોલે એમ; ઠારોઠાર.

સાટેપાટે જુઓ સાટે.

સાટો ૧. પું. એક જાતનો ખાવાનો ગળ્યો તથા મોળો પદાર્થ, એક જાતની મીઠાઈ; નાના છોડ આ મીઠાઈ અશ્વિનીકુમારે ધૌમ્ય મુનિના શિષ્ય ઉપમન્યુને ખાવા આપેલ તે તેણે તેના ગુરુને ધર્યો સિવાય ખાવાની ના પાડેલ તેથી અશ્વિનીકુમાર ખૂબ જ પ્રસન્ન થઈ ઉપમન્યુને દિવ્યચક્ષુ આપ્યાં

૨ પુ ગાદામાં જ્યાં માલ ભરાય છે અને માણસો બેસે છે તે ચોકઠું કે ભાગ.

૩. પું. ચોખાના લોટની કુલેર; ઘીથી ચોળેલો ચોખાનો લોટ

૪. પુ. ખોપરું ઘી

સાટોડી (સાટોડો) [દિ. સાટી] સ્ત્રી એક જાતની વનસ્પતિ. આ વેલ ખાતું કરીને ઉકરડા ઉપર અને વિતરે કરીને ઉનાળા જમીનમાં બહુ ઊંડે છે. તેનાં પાન તાંદળજાની ભાજીનાં જેવાં મટ્ટ હોય છે. તેમાં નાનાં ઘટના આકારના પુષ્પકોશનાં ગુચ્છાઓ, રાતાં, સફેદ રંગનાં ફૂલ થાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે. તે શોધક, સોમ્ય, સારક અને મૂત્રલ તરીકે સાટોડીનાં મૂળ સોજા, પાંડુરોગ, તાવ, સૂતિકારોગ, સન્નિપાત, કમળો, મરોડ તથા વાત રોગ ઉપર ઔષધ તરીકે વપરાય છે અને પાંદડાંઓનો રસ સોજા ઉપર ચોપડાય છે સાટોડી બે જાતની છે. ધોળી અને રાની. ધોળી સાટોડીને ધોળાં ફૂલ આવે છે અને ઝાડનાં સર્વ અંગ ધોળાં હોય છે. રાનીને રાતાં ફૂલ આવે છે એનું ઝાડ થાય છે. ધોળી વધારે ગુણવાળી છે. એને ગુજરાતમાં ખાપરિયો પણ કહે છે. રતાધળાપણા ઉપર ધોળી સાટોડીનાં મૂળ ઉપયોગી હોવાનું મનાય છે.

સાટોડીઆ (સાટોડીગ્યા) ૧. સ્ત્રી એ નામની કબૂતરીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ એ નામની અટકનું.

સાટોડીમૂળ (સાટોડીમૂળ) ન. સાટોડીનું મૂળ.

સાટોડો (સાટોડો) પું એક જાતનો ખડ જોડ; એક જાતની વનસ્પતિ; ખાપર. તેનાં પાન સાટોડીથી નાનાં થાય છે. તે જમીન પર પથરાયેલા હોય છે. તેનાં પાન ભોળાઈ લેતાં ને પહોળાં હોય છે. તેમાં ધોળાં કે ગુલાબી ફૂલ થાય છે. હળ રતાશ કે કાળાશ પર મધ્યે ઊંડાં ને પહોળા, ખાડાવાળાં ૪ થી ૧૨ બીજવાળાં હોય છે. એનાં મૂળ રેચક હોવાથી દવામાં વપરાય છે. તેનાં પાનનો રસ ગડગૂમડાં ઉપર ચોપડાય છે.

સાટોપ ૧. [સં.] વિ. અભિમાની; ગર્વવાળું; ગર્વી.

૨ વિ. આડંબરવાળું; ઝપકાવાળું.

૩. વિ. મોટા દેખાવવાળું.

૪. અ. ધમકીથી; તુમાખીથી

સાટોસાટ અ. સાટે; બદલે

સાટ્ટાલ ન. મેડાવાળું ઘર

સાઠ ૧. ન. મોટું પાણીનું વાસણ

૨. વિ. પચાસને દસ; ૬૦; સાઠ.

સાઠમાર પું. સાટમાર; સાઠમારીમા હાથી, વાઘ વગેરે પ્રાણીઓને સાટ,' સોટા, આંકુશ કે આંકડો લગાવી ખીજવીને દાવપેચ લડાવનાર માણસ.

સાઠમારી ૧. સ્ત્રી. બાઝાબાઝી; વઢવાડ; લડાલડી.

૨ સ્ત્રી સાટમારી; હાથી, વાઘ વગેરે જંગલી પ્રાણીઓને લડાવવાનો તમાશો કે ખેલ.

૩. સ્ત્રી. દેરાનગતી.

૩. જી. હેરાનગતી

સાટલું ન. ખડના ઝૂડની ઢાંટલી જમીન ઉપર પથરાઈ ન્હોય છે તે.

સાટવવું ૧. [દે.-સક્ર. સટ્ટો] સ. ક્રિ. ખરીદ કરવું; ખરીદવું; વેગનું લેવું

૨. સ. ક્રિ. સાટું કરવું; સાટામાં લેવું અને આપવું; સોદો કરવો.

મુંયા માલ મળ્યે, સુધા **સાટવાયે** નહિ,
ખૂબાં કોમ્ય બધે, ભત વન્યાનાં ભેગડા.

ન્હાનો હકો

સાટવું ૧. સ ક્રિ. ખરીદ અથવા વેચાણનો કરાર કરવો; સાટું કરવું; કબાલો કરવો.

૨. સ. ક્રિ. મૂલ કરાવવું.

૩. સ. ક્રિ. વેચાતું લેવું.

૪. સ. ક્રિ. શરત કરવી.

૫. સ. ક્રિ. સાટે કે બદલે આપવું; બીજી વસ્તુની અરોબર આપવું.

સાટાખત [સાટું + ખત (લેખ)] ન. કબાલો; કરારનામું; સાટાં સબંધી ખત; સાકે કર્યા ની કબૂલાતનો લેખ; સાટાનો કરાર.

સાટાખર્ચ કું. અમુક વસ્તુને માટે થયેલ ખર્ચ.

સાટાપાટા ૧. કું. બ. વ. અદલાબદલી.

સાટાપાટા કરવા = અદલાબદલી કરવી.

૨. કું. બ. વ. વેચાણનો કબાલો; માલને બદલે નાણું નહિ પણ માલ આપી થઈ આવેલો વેપાર.

સાટાપાટી જુઓ સાટાપાટા ૧.

સાટાસાટી અ. અરસપરસ; અન્યોન્ય; એકબીજાને.

સાટાંખત જુઓ સાટાખત.

સાટાંતેખડાં ૧. ન. બ. વ. કન્યા લેવા દેવાનો કરારી વહીવટ; કન્યાનાં સાટાં ને તેખડાં કરવાનો વ્યવહાર.

૨. [સં. સ.ટું + તેખડું] ન. બ. વ. સામસામા નહિ પરંતુ પહેલો બીજાને, બીજો ત્રીજાને અને ત્રીજો પહેલાને સાટું આપે તેવો વહીવટ.

સાટાંદાર કું. સાટું કરનાર; સોદો કરનાર; લેનાર અને વેચનાર.

સાટિન ૧. કું. વાંસના વર્ગની એક વનસ્પતિ. તે વાંસ કરતા સહેજ નાનો હોય છે.

૨. ન. એક જાતનું લાકડું.

સાટી ૧. જી. કરાર; સાટું.

૨. [સં. સાટિકા] જી. માણસો જેમાં બેસે છે તે ગાડીનું બોખું કે ચોકઠું.

સાટીઝાંખરાં [સાટી + ઝાંખરાં] ન. બ. વ. મેરસમજૂત કરાવનારા શબ્દો કહેવા તે; કાન ભભેરવા તે; ગાડું ખૂંદું કરી ટંટો કરાવવો તે; સાંડીઝાંખરાં.

સાટીઝાખરાં કરવાં = એક બીજાને આડું અવળું કે ખોટું સમજાવી ભોળવવું; કાન ભભેરવા

સાટીન [ઑ. સૅટિન] જી. બહુ ચમકતું સુંવાળું એક જાતનું રેશમી કાપડ.

સાટીન ઠક [ઑ.] ન. સફેદ તથા સુંવાળું એક જાતનું સુતરાઉ કાપડ. તેનો ઉપયોગ કોટ, પાટલૂન વગેરે બનાવવામાં થાય છે.

સાટું ૧. ન. કબાલો; કરાર; શરતનામું; બોલી; શરત; પડછ.

સાટું કરવું = (૧) ખરીદ અથવા વેચાણનો કરાર કરવો. (૨) પડછ કરવી. (૩) વિવાહ કરવો, સગાઈ કરવી.

૨. ન. બદલો; અવેજ.

સાટુ વાળવું = બદલો આપવો.

૩. ન. બાનાંની રકમ.

૪. ન. માલને બદલે માલ કે કન્યાને બદલે કન્યા આપવી તે; વસ્તુ વિનિમય.

સાટું બોલવું = વિવાહ કરવો; સગાઈ કરવી.

૫. અ. મૂલ ઠેરવવું તે.

૬. અ. માટે; વાસ્તે; કાજે.

સાટુંતેખડું (સાટુંતેખડું) ન. કન્યાનું સાટું કે તેખડું.

સાટુક કું. કપ; ચુસ્કો.

સાટે અ. અવેજમાં; બદલે; સરખે વજને કે તોલે એમ; બારોબાર.

સાટેપાટે જુઓ સાટે.

સાઠો ૧. કું. એક જાતનો આવાનો ગળો તથા મોળી પહાર્ય; એક જાતની મીઠાઈ; નાના ઠોર આ મીઠાઈ અશ્વિનીકુમારે ધૌમ્ય મુનિના શિષ્ય ઉપમન્યુને આવા આપેલ. તે તેણે તેના ગુરુને ધર્યા સિવાય આવાની ના પાડેલ તેથી અશ્વિનીકુમાર ખૂબ જ પ્રસન્ન થઈ ઉપમન્યુને દિવ્યચક્ષુ આપ્યાં

૨. કું. ગાડામાં જ્યાં માલ ભરાય છે અને માણસો બેસે છે તે ચોકઠું કે ભાગ.

૩. કું. ચોખાના લોટની કુલેર; ઘીથી ચોળેલો ચોખાનો લોટ.

૪. કું. ઘોયેલું ઘી

સાટોડી (સાટોડ્ડી) [હિં. સાટી] જી. એક જાતની વનસ્પતિ. આ વેલ ઘણું કરીને ઉકરડા ઉપર અને વિશેષે કરીને રેતાળ જમીનમાં બહુ ઊગે છે. તેનાં પાન તાંદળજાની ભાજીનાં જેવાં બહુ હોય છે. તેમાં નાનાં ઘટના આકારનાં પુષ્પકોશનાં ગુલાબી, રાતાં, સફેદ રંગનાં ફૂલ થાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે. તે શોષક, સોથક, સારક અને મૂત્રલ તરીકે સાટોડીનાં મૂળ સોજા, પાંડુરોગ, તાવ, સૂતિકારોગ, સંગ્રહણી, કમળો, બરોળ તથા વાત રોગ ઉપર ઔષધ તરીકે વપરાય છે અને પાંદડાંઓનો રસ સોજા ઉપર ચોપડાય છે. સાટોડી બે જાતની છે. ધોળી અને રાતી. ધોળી સાટોડીને ધોળાં ફૂલ આવે છે અને ઝાડનાં સર્વ અંગ ધોળાં હોય છે. રાતીને રાતાં ફૂલ આવે છે. એનું શાક થાય છે. ધોળી વધારે ગુણવાળી છે. એને ગુજરાતમાં આપરિયો પણ કહે છે. રતાંધળાપણા ઉપર ધોળા સાટોડીનાં મૂળ ઉપયોગી હોવાનું મનાય છે.

સાટોડીઆ (સાટોડ્ડીઆ) ૧. જી. એ નામની કબૂતરીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

સાટોડીમૂળ (સાટોડ્ડીમૂળ) ન. સાટોડીનું મૂળ.

સાટોડો (સાટોડ્ડો) કું. એક જાતનો ખડ છોડ; એક જાતની વનસ્પતિ; આપર. તેનાં પાન સાટોડીથી નાનાં થાય છે. તે જમીન પર પથરાયેલાં હોય છે. તેનાં પાન ગોળાઈ લેતાં ને પહોળાં હોય છે. તેમાં ધોળાં કે ગુલાબી ફૂલ થાય છે. ફળ રતાશ કે કાળાશ પર મથાળે ઊંડાં ને પહોળા, ખાડાવાળાં ૪ થી ૧૨ બીજવાળાં હોય છે. એનાં મૂળ રેચક હોવાથી દવામાં વપરાય છે. તેનાં પાનનો રસ ગડગૂમડાં ઉપર ચોપડાય છે.

સાટોપ ૧. [સં.] વિ. અભિમાની; ગર્વવાળું; ગર્વી.

૨. વિ. આડંબરવાળું; ભપકાવાળું.

૩. વિ. મોટા દેખાવવાળું.

૪. અ. ધમડથી; તુમાખીથી.

સાટોસાટ અ. સાટે; બદલે.

સાઢૂલ ન. ભેડાવાળું ઘર.

સાઠ ૧. ન. મોટું પાણીનું વાસણ.

૨. વિ. પચાસને દસ; ૬૦; સાઠ.

સાઠમાર કું. સાઠમાર; સાઠમારીમાં હાથી, વાઘ વગેરે પ્રાણીઓને મારી, મોટા, ચાબુક કે ભાલો લગાવી બીજાઓને દાવપેચ લડાવનાર માણસ.

સાઠમારી ૧. જી. ખાઝાખાઝી; વઢવાઢ; લડાલડી.

૨. જી. સાઠમારી; હાથી, વાઘ વગેરે જંગલી પ્રાણીઓને લડાવવાનો તમાશો કે ખેલ.

૩. જી. હેરાનગતી.

૧. સાડમારી કરવી = દુઃખ દેવું; પીડા કરવી, હેરાન કરવું.
૨ સાડમારી ભોગવવી = દુઃખ સહન કરવું; હેરાનગતી ભોગવવી.

સાપ્તસિંગીતીર્થ ન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં પત્થરમાં ખોદેલ સાત શિવલિંગ છે. તેથી તેને સાપ્તસિંગીતીર્થ કહે છે.

સાબી ૧. સ્ત્રી પડપણ; સાત વર્ષની ઉમર.
૧. સાબી ભુદ્ધિ થરી = બાલ્યમાં અક્કલ બહરી.
૨ સાબી બુદ્ધિ નાબી = સાત વરસની ઉમર થઈ ને બુદ્ધિ જાગી રહી.
૩. સાબી વટાવવી = સાત વરસની ઉમર ઓળગી જવી.
સાબી વાયદા થવા = લગભગ સાત વર્ષની ઉંમર થવા આવવી; મરણ નજદીક આવવું.
૪. સાઠે હાથ પાલવ્યા = ખૂબ મરડુ થઈ જવું
૨. સ્ત્રી બે મહિને થતી જુવાર.
૩. [હિં] સ્ત્રી સાઠોડી.
૪. સ્ત્રી. સાત વર્ષનો ગાળો કે ભુમ્મો; સદીનો છઠ્ઠો હસ્સો.
૫. સ્ત્રી. સાધારણ ચોખાની એક જાત; ગ્રીષ્મ ઋતુમાં પાકનારો, જલદી થનારો ચોખા; સાઠ દિવસે પાકતી ગણતરીએ સાઠ દિવસે પાકતી ડાંગર. મધ્ય ગુજરાતમાં જાડી અને હલકી ડાંગરને સાબી કહે છે

સાબીચોખા ૧. પું. અષેડાના કુતરામાંથી બીજી કક્ષાએ છે તે.
૨. પું. એક કરિયાણું.
૩. પું. ચરીના ચોખા. આ ચોખા દાણે મોટા અને રાત. રંગના હોય છે.
૪. પું. સાઠ દહાડામાં જનારી કમોદના ચોખા.
૫. [સં. ષષ્ટિક] ન. એક જાતનું ધાન્ય. તે બેતરમાં થાય છે. તેની પાંચ જાત છે. ગુણ શીતળ, ગ્રાહી, વાતહર અને પિત્તહર છે.

સાબી બાજરો સ્ત્રી. સાઠ દિવસે થતો એક જાતનો બાજરો.

સાબે ૧. સ્ત્રી મરાઠાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

સાબો ૧. પુ. વિક્રમ સંવત ૧૮૧૭નો દુકાળ.
૨. પુ. સાડમો ભાગ. બાજ બબ્બાની રીત જુદી જુદી હોય છે, પણ ઘણે ભાગે સરાહોમાં સાડો કાપવાની રીત હોય છે અર્થાત્ બાજના જેટલા મર થાય તેમાંથી તેનો સાઠમો ભાગ બાદ કરવામાં આવે છે.

સાહોદરા ૧. સ્ત્રી. નાગરની એ નામની એક જ્ઞાતિ; નાગર જ્ઞાતિના ૭૨ માહેનો એ નામનો એક વિભાગ.
નાગરોમાં વડનગરા, વીસનગરા, **સાહોદરા**, પ્રશોરા, કૃષ્ણોરા અને ચિત્રોડા એમ ૭૨ જ્ઞાત છે. એમા પરસ્પર રોટી વ્યવહાર થતો નથી.
અપૂર.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું

સાઠ (સાઠ) ૧. [સં. શાટ] પું નાશ
૨. પું વરસ; દુષ્કાળ

સાઠગ (સાઠગ) [સ. શાટક] ન. સાડી; ઉત્તરીય વસ્ત્ર.

સાઠગગડ (સાઠગગડ) જ. ઠોડચ મરો.

સાઠત્રીશ (સાઠત્રીશ) [સ. સપ્તત્રિંશત્] વિ. ૬૭; ત્રીસ અને સાત.

સાઠત્રીશું (સાઠત્રીશું) વિ. જે વર્ણને અંત ૩૭નો આંકડો હોય તે વર્ણ. ૧૭ જેને છેડે હોય તે સાઠનું. જેમકે, સાઠત્રીસું દુકાળ.

સાઠત્રીસ (સાઠત્રીસ) જુઓ સાઠત્રીશ.

સાઠત્રીસું (સાઠત્રીસું) જુઓ સાઠત્રીશું.

સાઠધગડ (સાઠધગડ) જ જેમતેમ; ધામેધામે. ઠરકાર વગર થતા કામની રીત બતાવે છે

સાઠમેતાલું (સાઠમેતાલું) ૧ વિ. જુઓ.
૨. વિ. ૬૭ પડા વસ્ત્રનું; મેજ વસ્ત્રનું.

સાઠલો [પ્રા. સાડઅ સાડિલ્લ. સં. શાટક] પું. સાલ્લો; સ્ત્રીઓને પહેરવાનું ને ઓઢવાનું વસ્ત્ર; છાપણ; સાડી.
સાઠલો ફાડવો = અમુક વય પાર કરવું

સાઠસતી (સાઠસતી) જુઓ સાઠસાતી.

સાઠસંરી (સાઠસરી) પું. પરણેલ બાયલાનો. ખીજો

સાઠસાતી (સાઠસાતી) ૧. સ્ત્રી કષ્ટદાયી દુઃખ
૨. સ્ત્રી સાઠ.સાત વર્ષની મનુષ્યની પનોતી શનિને સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા કરતા લગભગ ૨૯૫ વર્ષ થાય છે. એટલા વખતમાં તે બાર રાશિ ફરે છે એટલે પ્રત્યેક રાશિમાં તે લગભગ ૨૫ વર્ષ હોય છે. જે રાશિમા તે હોય તેની આજુબાજુની બને રાશિઓને તે પીડા કરે છે, એવી સમજ છે. એટલે કે, એક એક રાશિને શનિની પીડા સાડા સાત વર્ષ હોય છે. મેષ રાશિમાં શનિ આવતા જ કૃષ્ણ અને મિથુન રાશિ વટાવી કર્ક રાશિમાં શનિ જાય ત્યાં સુધી રહે છે.
સાઠસાતી બેસવી = (૧) એકે ય ધાર્યું કામ પાર ન પડતાં અવળા પાસા પડવા (૨) સાડા સાત વરસની પનોતી બેસવી

સાડ (સાડા) [સ. સ (સ.યે) + અર્ધ (અડધું)] વિ. સાથ, ઉપર અડધું; અડધુ વધારે. સંખ્યાની પૂર્વે બોલાય છે. જેમકે, સાડત્રાર. અઢારમા અંક પછી સાડાનુ સાડી થઈ જાય છે જેમકે, સાડ. અઢાર પણ સાડી ઓગણીસ.
૧. સાડા ત્રણ = (૧) અડધુ પાંસળિયું; ધેલછાવાળું. (૨) થોડા; ગણ્યાં સાડ્યાં; ભૂજ.
૨. સાડા ત્રણ ઘડીનુ રાજ = થોડા વખત સુધી ટકે તેવું સુખ, ક્ષણિક સુખ કે અમલ
૩. સાડા ત્રણ ડ.ચું-સાડા ત્રણમાંનુ ડ.ચું = દોઢ ડ.ચું; અક્કલ વગરનુ
૪. સાડાત્રણ પગાનુ = (૧) અક્કલ વગરનું; મૂર્ખ. (૨) ઉડાઉ. (૩) ચસકેલ મગજવાળુ, ધખ્યાવાળુ; ઊંધી બુદ્ધિનું; વાદળી; મનની અસ્થિરતા વાળુ
૫. સાડા ત્રણ પાસળીનુ = (૧) ચસકેલ મગજનુ, ગાંડું. (૨) બેવકૂફ. નાદાન; કમ અક્કલ
૬. સાડા બાર = (૧) કાળજી; ચિંતા; ફિકર. (૨) પરવા; મરજી; દરકાર; ઓશિયાળ
૭. સાડા બાર ગણી જવુ-દેવ.-બેવડી જવું = નારણી જવુ; પસ્તાવન કરી જવુ; છટકી જવુ.
૮. સાડા બાર વાગવા = થઈ ચૂકવું; નાશ થવાની સ્થિતિ
૯. સાડાસાતનો ફેરો = મોટી આફત; ઘણું દુઃખ. જ્યોતિષમાં શનિ અશુભ ગ્રહ ગણાય છે. તેથી તેની અસર જન્મનક્ષત્રથી અઢારમા આગળના પાછળના નક્ષત્રમાં પણ થાય છે. એટલે અદી વર્ષ જન્મ નક્ષત્રમાં અને અદી વર્ષ આગળની રાશિમાં તથા અદી વર્ષ પાછળની રાશિમાં એ પ્રમાણે સાડા સાત વર્ષ દુઃખ ભોગવવાનાં મનાય છે. તે ઉપરથી આ રૂઢિ બની છે.
૧૦. સાડાસાત મણની સભળાવવી = ઘણી જ ઝાટકી મારી દેવા
૧૧ સાડાસાત વાર = ઘણી વખત.
૧૨ સાડાસાત વાર પરવડવું = ખાસ કે બરાબર પરવડવું કે પોસાવું
૧૩ સાડાસાત થવું – પૂરી નિષ્ફળતા મળવી; ધૂળધાણી થવું

સાડત્રીજું (સાડત્રીજું) વિ. સાડા ત્રણ ભાગમાંથી એક ભાગ જેટલું
જુવારમાં **સાડત્રીજો** ભાગ લેવાનુ ઠરાવવામા આવેલ છે. વાડાનેર રાજમેકેટ

સાડાસાતનો પા (સાડાસાતનો પા) ૧. પું. આકનો એક જાતનો ચડિયો.

૨ પું. મહિનાનો આઠ. ત્રીસ દિવસમાંથી સાડાસાત દિવસનો પા મહિનો થાય છે. તેથી આ આઠ દિવસમાંથી મહિનાની ગણતરી માટે જૂના વખતમાં પ્રચલિત હતો

સાડાસાતી (સાડાસાતી) સ્ત્રી. પનોતી, સ.ડ. સાત વરસની પનોતી; સાડસતી.

સાડાસાતી આવવી = ઘણું જ દુઃખ કે અકૃત આવવી; પડતી દશા આવવી

સાડિયું (સાડિયું) ૧. ન. આડસર

૨. વિ. પૈસે ટકે સુખી; સમૃદ્ધ

૩. જે સાજુ અને જાડું જેમકે, તે વર્ષાને સાડિયું થઈ ગયો છે.

સાડી (સાડી) ૧. [સં. શાટ, શાટક; પ્રા. સાડ-સાડય] સ્ત્રી. ઉત્તરીય વસ્ત્ર

૨. સ્ત્રી. (વહાણવટું) ખૂણાનું સાલ બેસાડવાની લાકડાની લાંબીચોરસ પાટલી, પાડી.

૩. સ્ત્રી. રૅંદિયાની તરાક ઉપરનું લાકડું, આડકાષ્ઠ

ચીર, ઠીકરાનો ભૂકો અને મળી વગેરેનો કરેલો જાડો લેપ.

૪. સ્ત્રી. સાડલો.

૫. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનું રેશમી સાજુ ચીર; કીમતી સાલ્લો. તેને શાટિકા પણ કહેવામાં આવે છે. ગુજરાતી સ્ત્રીઓને સાડી ૪૯" થી ૪૫ ઇંચ પહોળી અને પાંચ વાર લાંબી હોય છે. તેને બે લાંબી બાજુએ કોર અને પહોળી એક બાજુ પર પાલવ હોય છે. પ્રેમાનંદે સાડીના જરકસીની સાડી, ગજિયાણી સાડી, રેશમી સાડી, વગેરે વસ્ત્રની જાત પરથી તથા ચંપકવર્ણી, છાયલ અને સાડી એ રંગ અને છાપ પરથી અને ઘરસાડી જેવા ઉપયોગ પરથી વિભાગ દર્શાવ્યા છે. સાડી સિવાયનાં સ્ત્રીઓના પહેરવાનાં બીજાં વસ્ત્રો: સાળુ, ચોલાં, ચદરકણા, મોરપી, પીતાંબર, ઘરચોળાં, કલગેર, પટોળાં, ખીરોદક વગેરે નોંધાયા છે.

૬. વિ. [સ સાર્ધ] વિ. અર્ધા સહિતનું; ઉપર અડધું; સાડા.

૧. સાડી અગિયારસ = બારસ; પખવાડિયાની બારમી તિથિ ફાકિવ.વાડમા બૂખની બારસ એમ લોકોક્તિ હોવાથી બારસ શબ્દ અપશુકનવાચક ગણાય છે. તેથી વેપારી લોકો હિસાબમાં બારસને બદલે સાડી અગિયારસ એમ લખે છે.

૨ સાડી ગપતાળીસ = કોઈ અનિશ્ચિત વપરાની સંખ્યા. સંખ્યાના સમૂહમાં અગત્યપાત્ર હોય ત્યારે કોઈ એમ બોલે છે.

૩ સાડી ચમોતેરનો અટ – (૧) ખંગત કે આનતી એવું સૂચન કરતો આકડો. હરકોઈ કામગીરીના અરસામાને મથાળે આ આંકડો લખાય છે. (૨) બોટું લખ્યું તો એક જાતનું પાપ લાગે એવી પ્રતિજ્ઞા દેવરાવતા ભગતોના આકડા વેપારીઓ રોજમેળને મથાળે આ આંકડો લખાને પછી નામુ લખવાનું શરૂ કરે છે. તેની ઉત્પત્તિ સમયે જુદી જુદી માન્યતાઓ છે. એક ઐતિહાસિક દંતકથા એવી છે કે, અકબરે ચિતોડને ઘેરો ઘાલ્યો તે લડાઈમા અમ્મ ગરાનો બચી ગયા. અમાઉ મૂર્તિઓ જનોઈ પહેરતા. રાણા પ્રતાપે યુદ્ધમાં બચી ગયેલા રજપૂતોનાં શરીર ઉપરથી જનોઈ ઉતારી તેનું વજન કર્યું તો ૭૪ના મણ થયું. ૭૪ની સંખ્યા એ આ ઐતિહાસિક બનાવનું સ્મરણ ચિહ્ન છે. તે એમ સૂચવે છે કે, મારું લખ્યું ન પાળું તો એ યુદ્ધમાં કામ આવેલા અસંખ્ય રજપૂતોની હત્યાનું મને પાપ લાગે. પ્રથમ નિશાની કર્યા વિનાના પત્રો લખાતા હતા. ખાસ મતલબનો પત્ર બીજાને હાથ જતો ત્યારે હાનિ પહોંચવાથી એવો રિવાજ નીકળ્યો છે. ચિતોડથી રાજકીય મસલતને લગતો અમલનો એક પત્ર દિલ્હી દરબારના એક અંગીભૂત માણસ પર મોકલવામાં આવેલો પણ તે પત્ર બીજાને હાથ જવાથી વાત ફરી એટલે મુસલમાનોએ એકદમ સને ૧૫૬૧–૬૨માં ચિતોડને ઘેરો ઘાલ્યો અને કિલ્લેદાર જયમલ રાઠોડને મારી કર્યો. કિલ્લામાં રહેલી સ્ત્રીઓના જાણવામાં આ વાત આવી. તેથી તેઓ કેસરીઆં કરી રણમા ઝૂકતરી. બીજાને હાથ અગત્યનો પત્ર જતાં આવી હાનિ થઈ. એ વખતે રણમાં પડેલી સાડીની જનોઈઓનો તોલ કર્યો તો તે સાડી ચુમોતેર મણ થયો માટે એ વખતથી છાના પત્રો ઉપર એ અંક લખવાનો રિવાજ દાખલ થયો છે

સાડીબાર (સાડીબાર) સ્ત્રી. ઓશિયાળ; ગરજ; જરૂર; દરકાર; પરવા.

સાડીબાર હોવી = ગરજ હોવી. જેમકે, મારે કયાં તારી સાડીબાર છે.

સાડીસાતી (સાડીસાતી) ૧. સ્ત્રી. (જ્યોતિષ) સાડાસાત વર્ષની પનોતી

૨. સ્ત્રી. સાડા સાત લાયની.

સાડુ (સાડુ) જુઓ સાડુ

સાડો પું. જૈન સાધ્વીઓને ઓઢવાનું કપડું.

સાડુ પું. વહુની બહેનનો વર; સાળીનો વર.

જળમાં લાડુ અને સ્થળમાં સાડુ = જળમાં લાડુ જેમ ઉત્તમ જણાય છે તેમ સગાઈમા સાડુનુ સમજવુ.

સાડુભાઈ જુઓ સાડુ.

સાઢું (સાઢું) વિ સ્વાદિયું; સારું સારું ખાવાની ટેવવાળું; સારખાયું

સાઢોડું (સાઢોડું) જુઓ સાઢું.

સાણ ૧. [પ્રા. ષાન] પું. કૂતરો; કૂતરાનું ટોળું.

૨. સ્ત્રી સાન; સમજ.

૩. [સં. સ્મશાન] ન. મસાણ; સ્મશાન.

સાણક ન. અનાજ ભરવાની માટીની કોઠીનું ઢાંકું; સાણુ.

સાણકું ૧. [અ. સહક (રકાબી)] ન ખિસ્સાપાત્ર; તાંબાનું; ઢ.પ

૨. ન. મોટું સકોરું.

સાણકી જુઓ સાણસી.

સાણકો (સાણસ) પું સાણસો; મોટી સાણસી.

સાણસી ૧. [સં. સંદંશિકા–સાંડસિઆ–સાંડસી–સાણસી] સ્ત્રી. ચામડું તથા ચૂકો ખેંચવાનું મોચીનું એક હથિયાર.

૨. સ્ત્રી. નાની પકડ; સાંડસી; વસ્તુઓ પકડવા માટે બે પાંખાવાળું પકડ જેવું એક ઓજાર.

સાણસીકડછી (સાણસીકડછી) સ્ત્રી. સાણસી તથા કડછી બંને સાથે હોય તેનું રાંધવામાં કામ આવતું એક સાધન.

સાણસો ૧. પું. સંકડામણ; મુશ્કેલી.

૨ પું સાપ પકડવાનું લાકડાનું એક સાધન.

૩. પું. સાડસો; મોટી સાણસી; મોટી પકડ.

સાણસામા આવવું = (૧) કપટમાં આવવું. (૨) મુશ્કેલી કે અડચણમાં આવવું; સાંકડમાં આવવું; એવી રીતે ફસાવું કે જરા પણ ખસકવાનું બની શકે નહિ. (૩) વશ થઈ જવું. (૪) હેરાન થવું; પીડિત થવું.

સાણહિયો પું. અબપાળ

સાણંદિયા ૧. સ્ત્રી. કડવા કચ્છણીની એ નામની એક અટક.

૨. ક. એ નામની અટકનું મ.ણસ.

૩. વિ. એ નામની અટકનું

સાણા સ્ત્રી. રાજુલાના કુંભરમાં આવેલ ગુફા.

તળાજાથી થોડે દૂર સાતેક માઈલ ઉપર રાજુલાના કુંભરમાં આ ગુફા છે. મુખ્ય ગુફા ૬૮ા૦ ફૂટ લાંબી અને ૬૧ ફૂટ પહોળી છે. ઊંચાઈ ૧૬૫ ફૂટ છે. તળાજા અને સાણાની ગુફાઓનો સમય પણ પ્રાચીન હોવો જોઈએ. અને તે પશ્ચિમ હિંદની જૂનામા જૂની ગુફાઓ જેવી જૂની હોવી જોઈએ.

સાણી ૧. પું. ઘોડાનો ઉપરી અમલદાર.
૨. [સ. શુની] સ્ત્રી. કૂતરી.

સાણું ૧ ન. અનાજ વગેરે ભરવાની માટીની કોઠીનું ઢાંકણા કાઢવાનું ભાંકું તે સાણું કોઠીના તળિયાથી બોકું ઊંચું હોય છે.
૨. ન. સકંડામણ; મુશ્કેલી.
૩. ન. સાંકડો માર્ગ; બારી; મળું; અકોરું.
૪. ન. સ્ત્રીનું ગુહ્ય અંગ
૫. ન. સ્વપ્ન; સમાધિ; સોણ

સાણોર પું. (સંગીત) એક જાતનો રાગ.

સાત ૧. [અ. સ.ઞત (કલાક)] સ્ત્રી. ઘટિકા; મુહૂર્ત.
૨. વિ. દીધેલ; આપેલ.
૩. વિ. નાશ પામેલ; ખોવાઈ ગયેલ.
૪. [સં સપ્ત; અપ. સત્ત , વિ. પાંચ ને બે; ઈ. સાતની સંખ્યા શુભ સૂચક મનાય છે. હિંદુ લોકો એકીની સંખ્યામાં ૩, ૫ અને ૭ એ મંગળસૂચક સંખ્યા ગણે છે. જેમકે, સાત સોપારી, સાત નાળિયેર, સાત સુહાસણ વગેરે મોટાઈમાં, પૂર્ણતામાં અને છેલ્લી વાતમાં સાતનો આંક વપરાય છે. અગ્નિની જ્વાળા, ઓસરા, અતળ, ઉપધાતુ, ઋષિ, કલ્પ, રામાયણના કાંડ, કોર્તિનાં લક્ષણ, ચિરંજીવી, તાલ, દ્વીપ, ધાતુ, પદાર્થ, પાતાળ, પુરી, બ્રહ્માના પુત્ર, ભૂમિકા, રાજ્યાંગ, સ્વર્ગલોક, સમુદ્ર, સાપના સ્વર વગેરે સાત છે. વળી જાની મુદત દર્શાવવા કે ઘણી સંખ્યા દર્શાવવામાં આ સંખ્યાનો પ્રયોગ થાય છે. જેમકે, સાત તાડ ઊંચો; સાત ભુચ્ચાનો ભુચ્ચો; સાત વાર પાલવે તો; સાતમે માળ બેઠો છે વગેરે.
૧. સાત ખોટનું = ઘણું જ વહાલું. સાત દીકરીઓ પછી ઘણી માનતાએ એક જ દીકરો થયો હોય તો તે સાત ખોટનો દીકરો ગણાય છે.
૨. સાત જણે ગાળ્યું—ગાળીને પાણી પીવું = ખૂબ વિચાર કરવો; ખૂબ ઊંડો વિચારીને પગલું ભરવું; સારી પેઠે, બધી બાજુથી જોવું કે વિચારવું
૩. સાત ગઉની નમસ્કાર = (૧) ખૂબ દૂર રહેવું; અલગ રહેવું; (૨) જરાપણ સંબંધ ન રાખવો.
૪. સાત ઘર મણવા = છોકરાને બેર નિરર્થક લટકવું.
૫ સાત–સાને બેઠ સાથે ચડવું = જુદા કામ સાથે કરવા, અનેક કરવાં એક સાથ બજાવવા નીકળવું
૬ સાત તાડ ઊંચું = ઘણું ઊંચું
૭. સાત નામનું નામું = આખરે જેણે વખતે મૂકો દોષ તેવું; ઘણું જ ખુબ્બુ, ઢેક જ દાઝ
૮. સાત પાસની ચિતા = બધી તરફની ચિતા; ઘણી જાતની ચિંતા.
૯. સાત પાંચ મણવા = નાસી જવું, પલાયન થઈ જવું
૧૦. સાત પાંચ થવી કે વીતવી = સાંકડામા આવવું; શું કરવું તેની સૂઝ પડે નહિ તેવી સ્થિતિમાં આવી પડવું; મહા મુશ્કેલી થવી; બારે ગજરામણ થવી.
૧૧. સાત પાંચ પ.સવર નાં છોરાં – મોટા કુટુંબનું પોષણ કરવાનું હોવું
૧૨. સાત પેઢી ઊથલાવવા–સાત પેઢીના ચોપડા ઊકેલવા = જૂની નવી બાબતો વિષે સખત ચાળો દેવો; સાત પેઢીની નિંદા કરવી, ખૂબ નિંદા કરવી
૧૩ સાત કેરા નજર હોવા – છટકો ન હોવો; અત્યંત જરૂરે હોવું, પરવડવું હોવું.
૧૪. સાત મણ ને સવા શેરનું ડાગળું હોવું = (૧) ખૂબ સાવધતા જણાવી. (૨) ઘણી જ ચબૂ જાતીનું હોવું; જલ્દી ઢરડે નહિ તેવું હોવું; ખૂબ કપ્ટ હોવું
૧૫. સાત પીઢે સો ગણુ તવુ = છ ત પ,ક
૧૬. સાત સાધતા તેર તૂટવા – કેટલુંક કરતાં અર્ધ થવી જવું, એક બાબતનું અર્ધ માડ પૂરું થયું ત્યાં બીજી અનેક બાબતનું અર્ધ કરવાનું તૈયાર હોવું.
૧૭. સાત સૂપ લીધે વતરે ૮ – ઘણા પટેલે ગામ વહે, ઘણા ગુલામે ઘર ઉજ્જડ, ઘણું ઢાંચે રસોઈ ન સુધરે, એક બાબતમા ઘણા ભપા ઢાલા થતા હોય તા ત કામ સુધર નહિ.
૧૮. સાતમાં સૂકે ને પાત્રમાં પૂકે = જેમ તેમ ગમે તેવું; જતાંની સાથે જવા ને આવતાંની સાથે આવે તેવું, સૌમાં મારો લાગો લાગે તેવું
૧૯. સાતે અવતાર – જન્મજન્માંતરમાં
૨૦ સાતે પાંચ વસજો = ઘણો પરિવાર વધજો, છોકરા ઉપર ઘણાં થજો; લીલી વાડી થજો એમ આશીર્વાદ દેવામા બોલાય છે

સાતકર્ણી પું. એક પ્રકારનો માનવાચક પ્રાચીન શબ્દ તે આંધ્ર પ્રદેશમાં ઘણુ પ્રચલિત છે

સાતકલું ન. આખા સાતનુ બૂચ; સાતનો સમૂહ.

સાતકુંડ પું. અજંટામાં આવેલ એ નામનો એક ઘૂનો અજંટાની નીચેની નદીમાં મોટામોટા પથ્થરો છે અને ઉપરથી પાણી પડતુ પડતુ આવીને અરોબર ગુફા નીચે જ એમ મોટા ઘૂનામાં સમવાય છે. તેને સાતકુંડના નામથી ઓળખાય છે

સાતકૂકાણી સ્ત્રી. આઠ છોકરાથી રમાની એ નામની એક દેશી રમત. પ્રથમ એક જણ ઉપર દાવ ઠરાવવામાં આવે છે. તેના હાથમાં દડી હોય છે બીજા સાત છોકરા તેનાથી પાંચ હાથને અંતરે હાથ હાથના કૂંડાળાં, જુદા જુદા હાથને અંતરે કરીને ઊભા રહે છે. દાવવાળો પોતાના હાથમાની દડી કોઈ પણ એકના કૂંડાળામાં નાખે છે એટલે તે દડીને હાથમા લઈને કૂંડાળાવાળો છોકરો દાવવાળાને મારે છે જો તેને બરાબર વાગે તો તે દાવવાળો ફરીને તે દડી બીજા કોઈપણ કૂંડાળામાં નાખે છે જો દાવવાળો તે દડીને પોતાને લાગવા ન દે તો તેનો દાવ ઊતરે અને ઘા કરનાર ઉપર દાવ આવે; એટલે તે દાવવાળો થાય અને પેલો તેના કૂંડાળામાં આવીને ઊભો રહે. એમ વારાફરતી દાવ બદલાતા જાય અને રમત આગળ ચાલે.

સાતક્ષેપ ન. (જૈન) પરચૂરણ હિસાબનું ખાતું; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેવ, જ્ઞાન એ છ ખાતા સિવાયનુ પરચૂરણ કે સાધારણ ખાતુ

સાતગોટા સ્ત્રી. દડીમારની એ નામની રમત.

સાતઠોયો (સાતડિયો) પું સાત ઠાંતવાળો બાજ.

સાતડો (સાતડો) પું સાતની સંખ્યાનો આંકડો.
સાતડે સાત = (૧) નકામું, ભીંડું; ક્ષુલ્લ. (૨) નપુંસક. (૩) ધૂળધોયણી.

સાતડેકલી સ્ત્રી. એક દેશી રમત. તેને દડી ટીકરી, દેગરડી પણ કહે છે. રમનારે છોકરા મેદાનમાં ધૂળથી નાનુ કૂંડાળુ કરે છે પછી તેમા વચ્ચોવચ્ચ એક ઈંટ ઊભી મૂકે છે. કૂંડાળાથી પચીસ કદમને છેટે તાકવાની જગ્યા મુકરર કરે છે. ને ત્યાં ધૂળની ઢગલીનુ નિશાન કરે છે. આ ઠેકાણે બધા છોકરા ઊભા રહે છે. પછી વારાફરતી દરેક છોકરો પોતાના હાથમા સાત ઠેકરાં રાખેલા હોય તે વડે કૂંડાળામાં મૂકેલી ઈંટને તાકે છે. જેનાં સાતે ઠેકરાં ઈંટમાં વાગે તે જીત્યા કહેવાય છે. સાતે વખત ન આટનારે હારેલા છોકરાને આખે પાટા બાંધી ઘા કરવાની જગ્યાએથી બધાં છેટે મૂકી હતી તે કૂંડાળું શોધી આપવાનુ હોય છે. જો શોધી કાઢે તો તેને બીજીવારી દાવ જીતમાં ગણાય; જો ન શોધી શકે તો દરેક છતેલો છોકરો તેના પાસાના સાત ધપ્પા મારે છે ને રમત પૂરી થાય છે

સાતતાળી સ્ત્રી. એક જાતની મેદાની રમત તેને આખ્યાયન, પકડાપકડી, છોડી દા, દાણદાણ, બોકાટલી, હાયતાળી પણ કહે છે. ખુલ્લા મેદાનમાં દશ કે તેથી વધારે છોકરા રમી શકે છે તેમાં એક છોકરા ઉપર દાવ ફેંકવામાં આવે છે. દાવ દેનાર છોકરા સિવાયના બાકીના છોકરામાંથી એક જણ દાવ દેનાર છોકરાને હથળીમાં સાતતાળી આપે છે એ વખતે બીજા છોકરા તાળી મારનારની આસપાસ નાસવાની તૈયારીમાં હલકા બેર ઊભા રહે છે અને જેવી તે સાતમી તાળી આપે છે કે બધા દોડે છે. તાળી મારનારે પણ પોતે ન પકડાય તેમ આલાકા રાખી દોડી જવું. જો કોઈ છોકરો પકડાઈ જાય તો તેના ઉપર દાવ આવે અને તેના હાથ ઉપર સાતતાળી મારી ફરી એમ શરૂ થાય. આ એકમાં જોરજબરદસ્ત દોડવાની ટેવ કેળવાય છે, શ્વાસ રોકી શકાય છે અને વ્યાયામ મારો થાય છે. દાવવાળી છોકરો પકડવા આવે કે તે છોકરો અમ્બા કહીને નીચે બેસી જાય. દાવવાળો તેના ઉપર હાથ મૂકીને છપ્પુ એમ બોલે છે અને આ છોકરાને બીજો કોઈ રમનાર છોકરો અડે નહિ ત્યાં સુધી ઊભો થઈ શકે નહિ. આ રમતના ઘણા પ્રકાર છે. તેમાના મુખ્ય પ્રકાર આ પ્રમાણે છે: (૧) સાદી સાતતાળી: આની અંદર એક વિદ્યાર્થીને દાવ આપનાર કુંડાળામાં આવે છે. તે બીજા વિદ્યાર્થીઓને પકડવા દોડે છે જે વિદ્યાર્થી અડકાઈ જાય છે તે નવો દાવ આપનાર બને છે. આ રમતની અંદર મેદાનની હદ બહેતર. બાંધવામાં આવે તો રમત વધારે રસભર બને છે. (૨) શાહમૃગ સાતતાળી: આ રમત સાદી સાતતાળી જેવી જ છે; પણ ફેર ફક્ત એટલો છે કે, જ્યારે દાવ આપનાર પકડવા આવે ત્યારે તેનાથી બચવા માટે જો એક પગે ઊભો રહે અને બીજા ઊંચા કરેલ પગની નીચેથી હાથ લઈ નાક પકડી લે તો તેને દાવ આપનાર પકડી શકતો નથી. (૩) પડછાયા સાતતાળી: આ રમત ફક્ત તડકામાં જ રમી શકાય છે. આમાં દાવ આપનાર કોઈ પણ વિદ્યાર્થીને પકડવાને બદલે તેના પડછાયા ઉપર પગ મૂકે છે અને જેના પડછાયા ઉપર તે પગ મૂકે છે તેનું નામ તે જોરથી બોલે છે. પછી તેની ઉપર દાવ આવે છે (૪) ચાબુક સાતતાળી: આ સાતતાળી સાદી સાતતાળીની જેમ જ રમાય છે ફેર ફક્ત એટલો જ છે કે, દાવ આપનાર પોતાના હાથમાં એક ગઠેડો રૂમાલ, કે કાપડનો ચાબુક રાખી જેને તે મારે તેની ઉપર દાવ આવે છે તે ચાબુક મારવા પછી મારનાર ચાબુક નીચે મૂકે છે અને જેની ઉપર દાવ આવે છે તે ચાબુકને ઉપાડી લે છે. (૫) સવાર સાતતાળી: આ રમત સાદી સાતતાળી જેવી જ છે ફક્ત ફેર એટલો જ છે કે, જે વિદ્યાર્થીએ કોઈ બીજા વિદ્યાર્થી ઉપર સવારી કરેલ હોય તેને દાવ આપનાર પકડી શકતો નથી. (૬) આકડા સાતતાળી: આ રમતમા વિદ્યાર્થીઓ જમીનની જુદીજુદી જાતમાં ઉગેલા એક જાતના આકડાના ઝાડ ઉપર ચઢેલા હોય છે જુદીજુદી જાતમાં ઉગેલા એક બીજાના એક એક હાથ પકડી ઊભા રહે છે એટલે દરેક પોતાના જમણા હાથથી પોતાના જુદીજુદી જાતના આકડાનો ડાબો હાથ પકડે છે બીજો હાથ જે છૂટો રહેલો હોય તે પોતાના નિતમ્બ ઉપર મૂકી આકડા ઝરાવવા તેવી રીતે હાથને ગોઠવે છે એ વિદ્યાર્થી જેને બાકી રાખવામાં આવે છે તેમ થી એક દોડનાર અને બીજો દાવ આપનાર બીજા વિદ્યાર્થીઓથી દૂર ઊભા રહે છે. રમત શરૂ થયા પછી જે વિદ્યાર્થી દાવ દે છે; તેની પાછળ પકડનાર દોડે છે. જ્યારે દોડનાર થાકે છે ત્યારે તે જુદીજુદી જાતમાં જે વિદ્યાર્થીઓ હાથ ગોઠવીને ઊભા હોય છે તેમાંથી કોઈની સાથે સકળાય જાય છે જેવો તે સકળાય છે એટલે તરત જ બાકીના જુદીજુદી છૂટો પડે છે અને તેની ઉપર દાવ આવે છે. આમ રમત રમાય છે (૭) વચ્ચે પસાર થવું સાતતાળી: આ રમત સાદી સાતતાળી જેમ જ રમાય છે. ફેર ફક્ત એટલો જ છે કે, જ્યારે દાવ આપનાર બીજા દોડનારને પકડવા જતો હોય ત્યારે જો કોઈ વિદ્યાર્થી બેની વચ્ચેથી પસાર થાય તો દાવ આપનારને તેની તરફ પકડવા દોડવાનું રહે છે જો તે પકડાઈ જાય તો તે દાવ આપનાર અને પ્રથમ દાવ આપનાર તે દાવ લેનાર બને છે. (૮) જોડી સાતતાળી: આ સાતતાળી સાદી સાતતાળીની જેમજ રમાય છે ફેર ફક્ત એટલો જ છે કે, રમનારાઓ જોડીમાં ઊભા રહે છે પકડનાર પણ જોડીમાં જ હોય છે. તેઓ જોડીમાં જ બીજી જોડીને પકડવા દોડે છે. રમત રમતાં કોઈ જોડી પકડાઈ જાય કે જોડી તૂટી જાય તો તે જોડી ઉપર દાવ આવે છે અને તે દાવ આપનાર બને છે. (૯) વાસો અડાડવો સાતતાળી: આ પ્રકારની રમતમાં રમનારની સંખ્યા એકી નંબર હોય છે. એક વિદ્યાર્થી ઉપર દાવ નક્કી કરવામાં આવે છે. જ્યારે રમત શરૂ થવાની સિસોટી વાગે છે ત્યારે દાવ આપનાર બીજા વિદ્યાર્થીઓને પકડવા દોડે છે. જ્યારે તે વિદ્યાર્થીને પકડવાની બીક લાગે છે ત્યારે તે બીજા વિદ્યાર્થીની પાછળ જઈ વાંસાને વાંસો અડાડીને ઊભો રહે છે. પછી તે પકડાતો નથી. જો તે પકડાય તો તેની ઉપર દાવ આવે છે. (૧૦) કાબા સાતતાળી: તેમાં દાવ આપનાર જ્યારે કોઈને પકડે છે ત્યારે તે દાવ આપનારનો હાથ પકડે છે અને બને બીજાઓને પકડવા દોડે છે. આમ આખી સાંકળ પૂરી થયે રમત પૂરી થાય છે. (૧૧) કેંદબિંદુ સાતતાળી: આ રમતમાં એક મોટું અને તેની વચ્ચે એક ફૂટ વ્યાસનું એક નાનું એમ બે વર્તુલ દોરવામાં આવે છે. મોટા વર્તુલનો વ્યાસ ૧૫ થી ૨૦ ફૂટનો હોય છે. મોટા વર્તુળ ઉપર બીજા વિદ્યાર્થીઓ ઊભા રહે નાના વર્તુળમાં જે વિદ્યાર્થી ઉપર દાવ હોય તે એક જુગડાનો દડો રાખીને ઊભો રહે રમત શરૂની સિસોટી વાગતા વર્તુળ ઉપરના કોઈ પણ વિદ્યાર્થીને તે દડો મારે છે અને પોતે અંદાર નીકળી જાગે છે. જેને દડો વાગે તે વિદ્યાર્થી દડો લઈ અંદરના વર્તુળમાં મકી બેસા ભાગનારને પકડવા દોડે છે. જો તે ભાગનાર તેનાથી પકડાયા વગર દડાને લઇ લે તો જેને દડો વાગેલો હોય તેની ઉપર દાવ આવે અને જો તેમ ન કરી શકે તો દાવ તેની ઉપરથી ઊતરે નહિ.

સાતત્ય ૧. ન. કાયમપણું; બાકુ સ્થિતિ; બરી રહેવાપણું; બાકુ હોવાપણું; અવિચ્છિન્નતા.

૨. ન. સતતપણું.

સાતધર્તું વિ. સાત ઘરવાળું

સાતથાકે જ ઘણે દરજ્જે; મોટે ભાગે.

સાતદડો પું. દડીમારની એક જાતની રમત; સાતગોટો. સાતેક છોકરામાંથી એક જણ દડાને જીતમાં સાત વખત મારતાં મારતાં ઝીલતો જાય છે. આમ સાત વખત બરાબર ઝીલનાર છોકરો ગણાય. તે છોકરો છોકરાથી બરાબરથી દડો ન ઝીલાયો હોય તેને દડો મારે છે. જો મારે બાનાર છોકરો મારેલો દડો ઝીલી લે તો તેને મારવાનું બંધ થાય. આ પ્રમાણે જ્યારે બધા માર બાનારાઓનો વારો આવી જાય ત્યારે રમત પૂરી થાય.

સાતદુકાળી સ્ત્રી. ઉપર ઉપર સાત દુકાળ પડ્યા હોય તેવો વખત.

સાતધનું ન. સાત જાતનું અનાજ બાંધવાનું કપડું. તે ઉત્તરક્રિયા વખતે વપરાય છે.

સાતધાન્ય [સં. સપ્ત + ધાન્ય] ન. જ ન. સાત જાતનાં અનાજ. ઘઉં, ભાત, અડદ, મગ, જવ, તલ અને કાંગ એ સાત ધાન્યમાં ગણાય છે.

સાતપારા સ્ત્રી. એ નામની એક ગુફા. તે અસોક અને તેના પૌત્ર દશરથના સમયની આ ગુફા બહતિક પર્વત ઉપર આવેલી છે.

સાતપૂડી ૧. [સં. સપ્ત + પદ (પદો)] જી. સાત નદીઓમાં થઈને જન્મ તમા પરેનારો અવતાર; સાત ફાંટાની આટી

૨ વિ જી સાત ફાટવાળી

સાતપડા જી દડા ફેંકીને રમવાની એક જાતની રમત

સાતપડી ૧ જી સાત પડવાળી જોટલી

૨ વિ સાત પડવાળું, બંનને સાત મટી હોય તેવું

સાતપડું ૧ ન ચોપડું; જેનાં પંડે પડ જુદા પડે તેવું થેપલું

૨ જ સાતપડો; આમડીનાં આંતે પડને મુખ્યત્વે કે ચિકાર કરે તેવું ગડ કે ગૂમડું; લક્ષણનો એક રંગ આ દરદ હરેણી અને પતંગે થાય છે

૩ વિ બંને અથવા જેના સાત પડ કે વધુ હોય તેવું; સાત પડવાળું

સાતપડો ૧. પું. આમડીનો એક રોગ; એક જાતનું ગૂમડું, હાથની હથેળીની કે પગની પાનીની આમડીનાં સાતે પડ પાકીને થયેલું ગૂમડું.

૨. પું. ઢોરઢારનો એક આંચકો.

સાતપત્ર ન. સપ્તપર્ણ, એક જાતની ઔષધિ.

સાતપીપલીયાદ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક પાદ. નર્મદા પ્રકરણમાં તેની કથા છે કે, પ્રાચીન સમયમાં એક મહાત્માએ અહીં યજ્ઞ કર્યો હતો. તેની જ્વાલા નીકળે છે. એક વખતે તેની પાસે એક બ્રાહ્મણ આવ્યો અને કહેવા લાગ્યો કે, મારા હાથથી બ્રહ્મહત્યા થઈ છે, તેની નિવૃત્તિ થવી જોઈએ. આ પ્રાર્થના સાંભળીને મહાત્માએ પીપળાની સાઠડી તે બ્રાહ્મણને આપીને કહ્યું કે, આર્યાવર્તનાં તીર્થની યાત્રા કરવા તું જા અને ત્યાં આ ડંડાને સ્નાન કરાવતો જજે. જે તીર્થમાં આ ડંડામાંથી અંકુર ફૂટે ત્યાં સ્નાન, દાન કરવાથી તારી બ્રહ્મહત્યા મટી જશે. પછી બ્રાહ્મણે તે ડંડાને જગતનાં બધાં તીર્થોમાં નવરાવ્યો, પરંતુ કાંઈ થયું નહિ. પછી તે નર્મદાકાંઠે અહીં આવ્યો અને નિત્યક્રમ પ્રમાણે ડંડાને નર્મદાજળમાં ડુબાડ્યો તો તેમાં સાત અંકુર નીકળ્યા. આ જોઈને બ્રાહ્મણે સ્નાન, દાન, પિતૃતર્પણ વગેરે ક્રિયા કરીને બ્રાહ્મણભોજન કરાવ્યું. બ્રહ્મહત્યા મટી ગઈ ડંડામાંથી નીકળેલ સાત અંકુરના સાત પીપળા થયા. તેમાંથી હાલ એક જીવંત છે. અમુક સમય પછી આ તીર્થમા એક ગાયનો ઉદ્ધાર થયો આ કારણે આને ગૌધારીઘાટ પણ કહે છે અહીં પિતૃતર્પણ, શ્રાદ્ધ, પિંડદાન વગરે ક્રિયાનું માહાત્મ્ય મનાય છે.

સાતપુડો ૧ પું. એ નામનો એક પર્વત; સાતપડો.

૨ પું એક જાતનું ઝાડ.

૩. પું ગિરનાર ઉપરનો એ નામની એક સ્વચ્છ પાણીનો ઝરો મોમુખીની દક્ષિણે જટાશંકરી ધર્મશાળા પાસે થઈ ને પૂર્વ બાજુના રસ્તે અરધો માઈલ જતાં ત્યાં જવાય છે. ઝરાની વચ્ચ સાત નાના પથ્થરના સમૂહો હોઈ આ જગ્યાને સાતપુડો કહે છે. આ ઝરાનું પાણી પાચક મીઠું તથા તંદુરસ્તી વધારનારું મનાય છે અને ક્ષય વગેરે જીવલેણ દર્દોવાળા દર્દીઓને પણ ફાયદો કરે છે.

સાતપુતી પું મસલીનો એક પ્રકારનો વેલો. તેનો વઘારે કરી બેસે છે અને કૂવાના તોરા બનાવે છે

સાતપુરત જી. ઉભેલી સાત પેઢી.

સાતપુલકણી જી. એ નામની એક રમત; સાત ભુકામણી.

સાતપુકામણી જી. દડા ઉંચે ફેંકીને મારવાની એ નામની એક રમત.

સાતબાઈ ૧. પું. એક જાતનું પક્ષી. તે ભૂમિ પર પડતા ઊપદ્રવી કીટકોને ખાઈ જઈ ખેતીને ફાયદો કરે છે.

૨. જી. સાત સાતના ટોળામાં ઊડતા અમુક પક્ષીઓ.

સાતમ [સં. સપ્તમી] જી સુદ કે વદિનો સાતમો દિવસ; પખવાડિયાની સાતમી તિથિ.

સાતમ ને વળી સોમવાર = (૧) બધી રીતે અનુકૂળતા હોવાની સ્થિતિ. (૨) વિઘ્ન ઉપર વિઘ્ન.

સાતમાતાતીર્થ જુઓ સપ્તમાતૃકા તીર્થ.

સાતમી [સં. સપ્તમી] જી. (બારક્ષુ) ગુજરાતી ભાષામાં વપરાની સાત માઠેની છેલ્લી વિભક્તિ.

સાતમીંડિયા પું. નાટકમાં પહેરાતા કુલ નામના દાગીનાનો એક પ્રકાર.

સાતમું ૧. જ. મરણ પછીનો સાતમો દિવસ

૨. [સં. સપ્તમ] વિ. સાતમા નંબરનું; ક્રમમાં ૬ પછી આવતું.

૧ સાતમે આસમાને ચડવું–જવું–પહોંચવું = અતિશય વખાણ થયેલાં જણી ખૂબ ફુલાવું, ખૂબ ગર્વ ધારવો; અતિશય ખુશ થવું, સોથી સુખી અને ચડિયાતું થવું. હિંદુ લોકો આસમાન સાત અને તે દરેક એક એકથી ચડિયાતું માને છે. એમ ચડતાં ચડતાં જે કોઈ સૌથી પહોંચે તે સઘળે ઊંચેરે પહોંચ્યો ગણાય છે. બાદુદી લોકો સાત સ્વર્ગ એવી જ રીતે માને છે.

૨. સાતમે મોકે–પડદે–પાતાળે = કોઈ ન જાણે કે ન દેખે એમ; સાવ ખૂણે ખાંચરે; એકાંતમાં કોઈ ન દેખે એવી જગોએ; જ્યાં કોઈને હાથ લાગે નહિ કે કોઈના જાણવામાં આવે નહિ એવી સ્થિતિમાં અને એવે સ્થળે

સાતર ૧. જી ખાતર બરદાસ્ત

સાતર કરવી = આગતાસ્વાગતા સારી રીતે કરવી

૨. અ સારું; વાસ્તે, ખાતર.

સાતરખા જી સાત તારાઓનું ઝૂમખું; સપ્તર્ષિ. ગામડામાં લોકો એને સાતરખા કહે છે. દરિયામાં જ જ્ઞાન ગળનારા અને આ તારાઓની દિશા નિરખીને વહાણ હાંકનારા ખારવાઓ એને સાતેસરીને નામે ઓળખે છે.

સાતરંગી ૧. વિ. સાત કળા કારીગીરીવાળું.

૨. વિ. સાતરંગવાળું; સપ્તરંગી

સાતરાત્રિક પું. સાત પડવાળો હાખલો.

પંચરાત્રિક, સાતરાત્રિક, નવરાત્રિક વગેરેમાં કળ તથા ઉકેલનું એકથી બીજા પક્ષમા બદલી જવાનું કરીને પહેલી રાત્રિથી થયેલા ગુણાકારને સોમ રવિમોના ગુણાકારથી ગુણવાથી જવાબ આવે

ગીતાવલી

સાતરું વિ. સજ્જ; શણગારી તૈયાર કરેલું.

સાતરો ૧. પું એક જાતની વનસ્પતિ. તે દવા તરીકે વપરાય છે

૨. પું કાપેલા કસણનો પધારો; કાપીને આડુ પાડેલું કસણ.

૩. પું. પતંગની દોરીને ભોંય પર છૂટી છૂટી પાથરવી તે.

સાતરા પાડવા = ચગેલો કનકવો ઉતર્યા પછી તેના દોરને પૈડા પર વીંટાળવા સારુ ગૂચવણ ન પડે તેવી રીતે ભોંય પર છૂટી છૂટી પાથરવી.

૪. પું. સજા માટે કરેલી બંદીની પધારી.

૫. વિ પું શણગારીને તૈયાર કરેલો

સાતલા પું. એક જાતનું વૃક્ષ; ચિકારખાઈ; ચિકારવાઈ એનાં પાન બરીક હોય છે. તેમા ચપટી શીંગો થાય છે. તે બરીદાની માફક મેલ સાબુન કરનારી છે. તે કેશ સાફ કરવામા વપરાય છે.

સાતલોક પું બ વ. પૃથ્વીથી ઉપરના ભાગમાં રહેલા મનાતા સાત લોક. ભૂર્, ભુવર્, સ્વર્, મહર્, જન, તપ, સત્ય એ સાત લોક ગણાય છે.

સાતલોયાર પું પીળો ચોર; એક જાતની વનસ્પતિ.

સપ્તલા, વિમલા, સાતલા, ભૂરિફેના, ચર્મકષા એ પાંચ ચોલિમ નામ **સાતલાયોરના** છે

અમરકોષ

સાતવત ૧. [સં.] પું એ નામનો એક સમ; અંધક વૃષ્ણિ સમ.

પુરાણમાં એ (અંધક-વૃષ્ણિ) અને **સાતવત** સમ એક જ છે. એતરીય બ્રાહ્મણમાં જણાવ્યા પ્રમાણે સાત્વત સંઘે ક્ષૌભ્ય રાજ્યવંશનો સ્વીકાર કર્યો હતો. હિંદુ રાજ્યવ્યવસ્થા

૨. પું વૈષ્ણવ.

સાતવર્ષી વિ સાત વર્ષ સુધી ચાલતું કે ચાલેલું

ઈ સ. ૧૭૫૬થી ૧૭૬૩ સુધીનો **સાતવર્ષી** વિગ્રહ-સેવન ઈયર વોર એ મુખ્ય છે.

બળવંતરાય ઠાકોર

સાતવારિયું ૧. ન. અઠવાડિક વર્તમાન પત્ર; સામયિક

૨. ન. અઠવાડિયું, સાતવાર-નો સમૂહ

સાતવાહન ૧. પું. આંધ્ર રાજાઓનો એક મહત્ત્વવાચક ઇલકાબ.

૨. પું. શાલિવાહનનું એક નામ.

સાતવીણ ન. એક જાતનું ઝાડ. તેને સંસ્કૃતમાં સમપર્ણ, હિંદીમાં છાતીવાન કહે છે. તે દક્ષિણ હિંદમાં ઘણું સાધારણ જોવામાં આવે છે. આ ઝાડ મોટું અને જબરું થાય છે અને તેનાં પાન બહુ જ લીલાં ઘાટા રંગના હોય છે. તેનાં ફળ પારસ પીપળાના ડોડવા જેવડાં થાય છે. તેની છાલના કટકા જાડા, બરછટ અને સહેલાઈથી ભાંગી જાય તેવા છે. તેના ઝાડમાંથી છીર નીકળે છે. ઉપયોગ: સાતવીણ તાવની અંદર ઘણી જ ઉપયોગી દવા છે. સાતવીણ વિષમજ્વરમાં ઉપયોગી છે અને બીજા જ્વરમાં પણ ફાયદો કરે છે. જૂનું જ્વરમાં તે ફાયદા આપે છે, જરૂરામિ પ્રક્રિયા કરે છે ક્વીનાઈનના જેવું તેમાંથી પણ સત્ત્વ નીકળે છે. જે ક્વીનાઈનની માફક જ વપરાય છે. એની છાલમાં વાદળીનાં કાણાં જેવાં ઝીણાં ઝીણાં છિદ્રો હોય છે. તેનો સ્વાદ ખૂબ કડવો હોય છે. ઉપયોગ: જ્યાં ક્વીનાઈન કામ નથી કરતું ત્યાં જ્વરમાં તરીકે આ વનસ્પતિ કામ આપે છે. એક શેર છાલના ભૂકાને બત્રીસ શેર પાણીમાં ઉકાળી ખાકું થાય એટલે ગળી લઈ કસકસવાળી ગાળીમાં તડકે સુકાવીને સત્ત્વ કઢાય છે.

સાતવીણાદિ ક્વાથ પું. (વૈદક) એક જાતનો ઉકાળો. સાતવીણની છાલ, ગળો, ચીમડાની અંતરછાલ અને ભોજપત્રનાં ઝાડની છાલ દરેક અધોં અધોં તોલો લઈ ૩૨ તોલા પાણીમાં ઉકાળતાં ચોથો ભાગ રહે ત્યારે ઉતારી લેવાથી આ ક્વાથ તૈયાર થાય છે. તરિયો, એકાંતરિયો, રોજનો વગેરે તાવ આવતાં પહેલાં ટાઢ ચડે છે તેવા તાવમાં આ ક્વાથ ઉપયોગી છે.

સાતવેદનીય ન. (જૈન) જેના ઉદયથી પ્રાણીને સુખનો અનુભવ થાય છે તેવી વેદનીય કર્મની એક પ્રકૃતિ; સુખ ઉપજાવનાર એક પ્રકારનું કર્મ.

સાતવો પું. સાથવો; સાતુ; શેકેલા અનાજનો આટો; સત્તુ.

સાતસમુદ્ર જુઓ સાત મહાસાગર.

સાતસડું વિ. સાત સરોવાળું; સાત લાર હોય તેવું.

સાતસિંધુ પું. પંજાબ.

સાતસોકખ [સં. સાત સૌખ્ય] ન. સુખશાંતિ.

સાતસોછવ્વાસી ૧. વિ. સાત બબ્બે સો અને છ્યાસી વધુ હોય તેટલું; ૭૮૬.

૨. ન. બિસ્મિલ્લા-હિર્-રહેમા-નિર્-રહીમ એટલે કે ખુદા કૃપાળુ ને માવાળુને નામે; ખુદાને નામે. મુસલમાન લોકો તે આખા વાક્યને બદલે ટૂંકાક્ષરી લિપિમાં ૭૮૬ એમ લખીને કોઈપણ કાર્યની શરૂઆત કરે છે. અબ્જદ રીત પ્રમાણે આ આખા વાક્યના દરેક અક્ષરની કીમતનો સરવાળો ૭૮૬ આ પ્રમાણે થાય છે:

બે	૨
સીન	૬૦
મીમ	૪૦
અલિફ	૧
લામ	૩૦
લામ	૩૦
હે	૫
અલિફ	૧
લામ	૩૦
રે	૨૦૦
હે	૮
મીમ	૪૦
નૂન	૫૦
અલિફ	૧
લામ	૩૦
રે	૨૦૦
હે	૮
યે	૧૦
મીમ	૪૦
	૭૮૬

સાતહજારી ૧. પું. મોગલ દરબારનો એક ખિતાબ.

૨. પું. સાત હજાર ઘોડેસવારનો ઉપરી.

સાતહાથ પું ગંજીફાનાં પાનાંની એક જાતની રમત. આ રમતમા રમનાર ચાર જણ વારાફરતી એક એક પાનું ઊતરે. દરેક વખતે ઊતરેલ રંગમાં જેનું પાનું ચડિયાતું હોય અગર તો જેણે ચડિયાતું હુકમનું પાનું નાખ્યું હોય તે તે ચાર પાનાં લઈ જાય છે અને તે ચાર પાનાં એક હાથ કહેવાય છે. આમ જે સાત હાથ એટલે ૨૮ પાનાં મેળવે તે જીતી જણાય છે

સાતળો [સં. સાતલા] પું. એક જાતનું ઝાડ; સપેર.

સાતા ૧. [સં. સ્વસ્થતા] સ્ત્રી. (જૈન) આરામ; સ્વસ્થતા.

૨. સ્ત્રી. શાંતિ; નિરાંત; ઠંડક.

સાતા વાળવી = શાંતિ થવી

૩. સ્ત્રી. સુખ; ચેન.

સાતાકર ૧. સ્ત્રી. એ નામની એક જાતિ. કેનેરા તરફ રહે છે અને ખેતી કે મજૂરીનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

સાતારોહન ૧. સ્ત્રી. મોટું કુટુંબ.

૨. સ્ત્રી. સાત વરનું ટોળું.

સાતિ સ્ત્રી. અવસાન; અંત; છેડો.

સાતિરેક [સં.] વિ. ચોકું વધારે.

સાતિશય [સં. સ (સહિત) + અતિશય (અધિકતા)] વિ. અધિકતાવાળું; સર્વથી ચડિયાતું હોય નહિ પણ જેનાથી બીજું વધારે ચડિયાતું હોય તેવું.

સાતિશય કેવલી પું. (જૈન) સાત પ્રકારના અર્હત દેવ માહેના એ નામના એક. સાત પ્રકાર: (૧) પંચકલ્યાણકયુક્ત તીર્થંકર. તે પૂર્વ ભવમાં તીર્થંકરપ્રકૃતિ બાંધી તીર્થંકર થાય છે. તેમને તો નિયમથી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ એ પાંચે કલ્યાણક થાય છે. તેમને ચેતાલીસ ગુણો હોવા સંભવે છે. (૨) ત્રણ કલ્યાણકયુક્ત તીર્થંકર: તે આ મનુષ્યપર્યાયના જ ભવમાં ગૃહસ્થાવસ્થામાં જ તીર્થંકર પ્રકૃતિ બાંધે છે. તેમને તપ, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ જ કલ્યાણક થાય છે, એટલે તેમને જન્મકલ્યાણકના દસ અતિશય હોતા નથી. માત્ર છત્રીસ ગુણો જ હોય છે. (૩) બે કલ્યાણકયુક્ત તીર્થંકર: તે આ મનુષ્યપર્યાયમાં જ મુનિદીક્ષા લીધા પછી તીર્થંકર પ્રકૃતિ બાંધે છે. તેમને જ્ઞાન અને નિર્વાણ એ બે જ કલ્યાણક થાય છે, એટલે તેમને પણ જન્મના દસ અતિશય વિના છત્રીસ

ગુણો હોય છે. (૪) સાતિશય કેવલી: જેમને તીર્થંકર પ્રકૃતિનો ઉદય નથી હોતો પણ જે અષ્ટકુટીઆદિ સહિત હોય છે તે. (૫) સામાન્ય કેવલી: જેમને કેવલજ્ઞાન તો ઉત્પન્ન થયું હોય પણ અષ્ટકુટીઆદિ ન હોય તે. (૬) ઉપસર્ગ કેવલી: જે કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં જ થોડુ અંતર્મુહૂર્તકાળમાં નિર્વાણ પ્રાપ્ત કરી લે છે તે. (૭) અંતકૃત કેવલી. જેમને ઉપસર્ગ અવસ્થામાં જ કેવલજ્ઞાન થયું હોય તે.

સાતિશયત્વ ન. સાતિશય હોવાપણું

> અક્ષ નંદ સિવાયના બાકીના સર્વ આનંદોને ઉત્તર ઉત્તરની અપેક્ષાથી પૂર્વ પૂર્વના અલ્પ કહ્યા છે. તે પ્રકારનો **સાતિશયત્વ** હોય છે. સપ્તસંહિતા

સાતિશયપુણ્ય ન. (જૈન) પુણ્યાનુબંધી પુણ્ય.

સાતીન ૧. પું. ઘટાણું

૨. ન. એક જાતના જળચર પ્રાણીનું ચામડું. તે રંગે કાળું હોય છે.

સાતીનક પું. ઘટાણું.

સાતુ ૧. [સં. સક્તુ] પું. વિવાહ કે જનોઈ પ્રસંગે મોસાળ તરફથી અપાતી મીઠાઈ

૨. પું. સાતવો; સાથ્વો; શેકેલા અનાજનો લોટ

૩. વિ. અનુકૂળ; ગમતું.

૪. વિ. સહિયારું.

સાતેર સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

સાતોલિયા સ્ત્રી. દડા મારવાની એક જાતની રમત.

સાતોસરી પું. સપ્તર્ષિનું તારામંડળ; ઋક્ષ.

સાતોડિયું (સાતોડિયુ) ન. એક જાતની રમત.

સાતોડો સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

સાત્ત્વિક ૧. પું. (કાવ્ય) અનુભાવના ચાર ભાંહેનો એક ભેદ; અંદરની લાગણી કે ભાવથી થતા બાહ્ય વિકારો. જુઓ સાત્ત્વિકભાવ.

૨. પું. બ્રહ્મા.

૩. પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ

૪. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૫. [સં.] સ્ત્રી. નાટકની એક વૃત્તિ. તેનો વ્યવહાર વીર, રૌદ્ર, અદ્‌ભુત અને શાંતરસમાં થાય છે.

૬. ન. કુબેર, ગાંધર્વ, રાજા, વરુણ, ઋષિ, યમ અને ગંધર્વ એ સાતના જેવું બળ હોય તે બળ

૭. ન. સત્ત્વગુણ પ્રધાન એક પુરાણ; સાંખ્યનું અહંકાર તત્ત્વ.

૮. વિ. ઉજ્જ્વળ; નિર્મળ; સ્વચ્છ.

૯. વિ. પ્રામાણિક.

૧૦. વિ. બળવાન; સત્ત્વવાળું.

૧૧. વિ. શરીરને લાભ કરનાર; પથ્ય.

૧૨. વિ. સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થયેલું.

૧૩. વિ. સત્ત્વગુણવાળું; શાંત; કુદરતી સ્વભાવનું.

૧૪. વિ. મૂલ્ય

૧૫. વિ. સદ્‌ગુણી.

સાત્ત્વિક અભિનય પું. (નાટ્ય) ચાર અંહેનો એક પ્રકારનો અભિનય. સાહ જેવી જણાવવું, કંપ, રોંગટા વગેરેની નાટ્ય એ સાત્ત્વિક અભિનય સ્વરૂપ છે.

સાત્ત્વિક અહંકાર પું. અહંકારના ત્રણ ભાંહેનો એ નામનો એક પ્રકાર

> સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના અહંકાર છે તેમાંથી **સાત્ત્વિક અહંકારથી** અગિયાર ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. સાંખ્યદર્શન

સાત્ત્વિકઆહાર પું. આયુષ્ય, ઉત્સાહ, બળ, આરોગ્ય, સુખ અને રુચિ વધારનાર, રસયુક્ત, સ્નિગ્ધ, પૌષ્ટિક અને હૃદયને આનંદ આપતો આહાર. તેના સેવનથી સત્ત્વની વૃદ્ધિ થાય છે. સત્ત્વની વૃદ્ધિ એટલે બળની વૃદ્ધિ અને શરીરની પુષ્ટિ-આવા **સાત્ત્વિકઆહાર** સ્વાભાવિક રીતે સાત્ત્વિકજનોને પ્રિય હોય છે. એ સાત્ત્વિકઆહારના સેવનથી રજસ્ અને તમસ્‌જનો પણ સાત્ત્વિક બની જાય છે. કેમકે, નિરંતર તેવા આહારથી મનનો ઉત્સાહ વધે છે, સારે પ્રીતિ પણ વધે છે. તેની તેવી પ્રીતિ તેવાને હાથે પરને નિર્દોષ અને તેવા કલ્યાણકારી કૃત્યો કરાવે છે. ગીતામાં **સાત્ત્વિકઆહાર**નું લક્ષણ એમ છે કે:

> આયુષ્ય સત્ત્વ બળ ને સુખ આપનારો,
> આરોગ્ય દેહમહીં પ્રીતિ વધારનારો,
> પૌષ્ટિક સ્નિગ્ધ રસયુક્ત પ્રમોદ હેતો,
> આહાર પ્રિયજન સાત્ત્વિકને જ એવો

સાત્ત્વિકજ્ઞાન ન. જે કોઈ માત્રમાં જીવને અવિનાશી તથા અરૂપ તેમ જ ઈશ્વરથી જુદો નહિ એમ માને તે જ્ઞાન.

> એથી એક જ જ્ઞાન અવ્યય સહુ વિભક્ત ભૂતો વિષે,
> દેખાયે અવિભક્ત તો સમજ તું **સાત્ત્વિક** તે જ્ઞાનને
> ગીતાપયામૃત

સાત્ત્વિકકર્તા પું. નિર્વિકાર બની ને ઉત્સાહ ને ધીરજથી સિદ્ધિઅસિદ્ધિને સરખી ગણીને જે કાર્ય કરે તે. ગીતામાં તેનાં લક્ષણ એમ છે કે:

> ઉત્સાહે ધૃતિથી ભર્યો ન 'હું',
> કહે આસક્તિથી મુક્ત જે,
> નિર્વિકાર અસિદ્ધિ સિદ્ધિ મહીં,
> તે કર્તા જ **સાત્ત્વિક** છે.

સાત્ત્વિકકર્મ પું. આસક્તિ વિના રાગદ્વેષ તજીને જે નિષ્કામભાવે કર્મ કરાય તે. ગીતામાં તેનું લક્ષણ એમ છે કે

> આસક્તિ તજી રાગદ્વેષ તજીને ત્યાગી ફલેચ્છા અને,
> જે નિર્મમ કરાય કર્મ કર્યું છે **સાત્ત્વિક** તે કર્મને.

સાત્ત્વિકતપ ન. ફળની આકાંક્ષા વિનાના યોગયુક્ત પુરુષે પરમ શ્રદ્ધાપૂર્વક કરેલ તપ.

> શ્રદ્ધા એથી યોગયુક્ત પુરુષે ત્યાગી ફલેચ્છાય જે,
> સાધુ એ એ ત્રણ રીતનુ જ તપ તે **સાત્ત્વિક** કહેવાય છે.
> ગીતાપયામૃત

સાત્ત્વિકતા સ્ત્રી. સાત્ત્વિકપણું; સમભાવપણું; શાંતિ; રાગદ્વેષરહિતપણું.

સાત્ત્વિકત્યાગ પું. કરવું જોઈએ એવી સમજથી જે નિયત કર્મસમ અને ફળના ત્યાગપૂર્વક કરાય છે તેવો ત્યાગ.

> છે કર્તવ્ય જ એમ અર્જુન ! ગણી નિર્મમ કર્મો કરે,
> આસક્તિ વળી ત્યાગીને ફલ, ગણ્યો **સાત્ત્વિક** તે ત્યાગ ને
> ગીતાપયામૃત

સાત્ત્વિકદાન ન. દેવું યોગ્ય છે એવી સમજથી બદલો મળવાની આશા વિના, દેશકાળ અને પાત્ર જોઈને કરવામાં આવતું દાન; સ્વકષ્ટથી અને સન્માર્ગે પ્રાપ્ત કરેલું ધન કે દ્રવ્ય. આદરાતિશયથી અન્યને અર્પણ કરાય તે દાન સાત્ત્વિક સમજવું.

> દેવા યે સ્થળ પાત્ર યોગ્ય સમયે કર્તવ્ય દેવું વહી,
> જે જે દાન અનુપકારી જનને **સાત્ત્વિક**ને કહે સ્મૃતિ.
> ગીતાપયામૃત

સાત્ત્વિકપુરાણ ન. પુરાણનો એક ભેદ.

> આ પુરાણ છ છે. તેનાં નામ વિષ્ણુપુરાણ, નારદીયપુરાણ, ભાગવત, ગરુડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ, **સાત્ત્વિકપુરાણ**. પુરાવૃત્ત

સાત્ત્વિકબુદ્ધિ સ્ત્રી. સાત્ત્વિક ગુણવાળી બુદ્ધિ. સાંખ્યદર્શનમાં લખેલ છે કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ બધાં બુદ્ધિનાં ભાવો છે. બુદ્ધિ પ્રકૃતિનું કાર્ય હોવાથી તેમાં પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો છે તેથી સાત્ત્વિક બુદ્ધિનાં જ ધર્માદિ ભાવો છે

સાત્ત્વિકભાવ ૧. પું. (કાવ્ય) અંદરની લાગણી કે ભાવથી થતા બાહ્ય વિકારો.

> સ્થાયિભાવને વ્યભિચારીભાવ ઉપરાંત આઠ બીજા ભાવ છેઃ સ્તંભ (શરીર જડ થઈ જવું તે), સ્વેદ (પરસેવો), રોમાંચ (રૂવાં ઊભાં થવાં તે), સ્વરભંગ (અવાજમાં ફેરફાર), વેપથુ (કંપ), વૈવર્ણ્ય (ચહેરાની ફીકાશ), અશ્રુ (આંસુ), ને પ્રલય (મૂર્છા). એ આઠ **સાત્ત્વિકભાવ** છે. એ અનુભાવ છે તો પણ એને અલંકારશાસ્ત્રીએ પૃથક્ ગણ્યા છે. તેનું કારણ એ છે કે, પુરુષના ભાવની સાથે એક ભાવનાથી-પણ હૃદય સાથે અત્યંત સમાન ભાવનાથી-એ ઉત્પન્ન થાય છે.

પારકાના દુઃખ દર્દે બ ; આત્માને વિષે અત્યંત અનુકૂળ અંતઃકરણ ને તત્ત્વ સત્ત્વમાંથી ઉત્પન્ન થતા ભાવ ત સ્થિર ; અને અંતઃકરણથી ઉત્પન્ન થયેલા હ વગેરે તત્ત્વાદિ સાત્ત્વિકભાવ છે અને ભાવ સૂચવનાર ; વરૂપ દોષોથી અનુભવ પણ ૭ ખૂહદ્ વ્યાકરણ

૨ પું મનની અદ્વૈત, ભાવ, માનસિક વ્યાપાર પ્રવૃત્તિ ભેદ

સાત્ત્વિકયજ્ઞ પુ. શાસ્ત્રમાં કહેલ વિધાનથી, ફળની આશારહિત અને મનના સમાધાન સાથે થતો યજ્ઞ ફળની આકાંક્ષા ન રાખનારા પુરુષથી, યજ્ઞ કરવો જ જોઈએ એમ સમજી, ચિત્ત નિશ્ચય કરીને શાસ્ત્રવિધિ પ્રમાણે જે યજ્ઞ કરાવાય છે તે સાત્ત્વિકયજ્ઞ કહેવાય છે.

સાત્ત્વિકસુખ ન જે આરંભમાં ઝેર જેવું લાગે છે, પણ અંતે અમૃત જેવું છે તે; આત્મજ્ઞાનની પ્રસન્નતામાંથી ઉત્પન્ન થયેલું સુખ.

સાત્ત્વિકસ્મૃતિ સ્ત્રી. સ્મૃતિનો એક ભેદ વસિષ્ઠસ્મૃતિ, હારિતસ્મૃતિ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, પરાશરસ્મૃતિ, આપસ્તંબસ્મૃતિ, કાશ્યપસ્મૃતિ વગેરે સાત્ત્વિકસ્મૃતિ ગણાય છે. પુરાતત્ત્વ

સાત્ત્વિકી ૧. સ્ત્રી. દુર્ગા

૨. વિ. સ્ત્રી કરેલ અને શાંત સ્વભાવની, ક્ષમાશીલ સ્વભાવની

૩. વિ સ્ત્રી. સત્ત્વગુણ સંબંધી; સત્ત્વગુણવાળું

સાત્મ્ય ૧. [સં.] વિ. એકરૂપ; એકાત્મ.

૨. વિ. માફક; અનુકૂળ આવે તેવું. જે દવા આહાર અને વિહાર રોગને મટાડે અને રોગીને સુખ આપે તેને ઉપશય કે સાત્મ્ય કહે છે.

સાત્યકિ પું. (પુરાણ) સાત્વતકુળના શિનીનો પુત્ર.

સાત્યકિ [સં] પું. કૃષ્ણનો એ નામનો સારથિ; એ નામનો એક યાદવ યોદ્ધો; સત્યક રાજાનો પુત્ર; યુયુધાન. તેને દારુક, યુયુધાન અને સૈનેય પણ કહેવામાં આવે છે.

સાત્યચાર અ. થોડીક વાર; ઘડીક.

સાત્રાજિતી સ્ત્રી. (પુરાણ) સત્રાજિત રાજાની કન્યા સત્યભામાનું બીજું નામ

સાત્રી સ્ત્રી. (વહાણવટું) જમણી બાજુ

સાત્વત ૧. પું (પુરાણ) કૃતધ્વજ.

૨. પું. (પુરાણ) ચિત્રરથી યદુકુળ ક્રોષ્ટાના જ્યામઘ કુળના ક્રથવંશમાં જન્મેલા આયુ રાજાનો પુત્ર. એને અજમાન, ભજિ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ, અંધક અને મહાભોજ એમ સાતપુત્રો હતા

૩. પું. યાદવ લોકો; યદુઓનું એક કુળ

૪. પું. શ્રીકૃષ્ણ કે વિષ્ણુના ભક્ત.

૫ પું. (પુરાણ) શ્રીકૃષ્ણનું એક નામ.

૬. પું. શ્રીકૃષ્ણ જોષ આપેલ ધર્મ. કેમકે, તે સાત્વત કુળના. હતા. ઈ સ. પૂર્વે ૧૪૦૦મા આ ધર્મ પ્રચલિત હતો.

૭ પું. સાત્વતોનો રા ત

સાત્વતપતિ [સં.] પું. શ્રીકૃષ્ણ; યાદવોના પતિ

સાત્વતાંપતિ ૧. પું. ભક્તોનો સરક્ષક.

૨ પુ વિષ્ણુના દશાવ માંહેનુ એક નામ કેમકે, તે સત્ત્વગુણી કુળમાં જન્મ લેનારે છે. સત્ત્વગુણી ભક્તજનોનુ યોગક્ષેમ વહન કરનારા પણ તે જ છે. વળી સાત્વતકુળના પતિ શ્રી કૃષ્ણ પણ તે જ છે.

સાત્વતી ૧. [સ.] સ્ત્રી. નાટકની ચાર આંહેની એક જાતની વૃત્તિ જેનો વ્યવહાર વીર, રૌદ્ર, અદ્ભુત અને શાંત રસમા થાય છે

૨. સ્ત્રી. શિશુપાલની માતા.

સાત્વાન ૧. [સં.] પુ. યાદવોના અધિકારનો એક ભાગ

૨ ન. કાઠિયાવાડ તરફ થતુ એક જાતનુ મોટુ ઘાસ તેની જાત કઠણ અને અમિદીપક છે.

સાત્વિન [સ. સપ્તપર્ણ] પું એક જાતનું મોટું ઝાડ; સપ્તપર્ણ, વિશાલત્વચ; શારદ. એની એક કુળને સાત પાંદડાં હોઈ એનો આકાર ત્રિભંગાના પાંદડા જેવા જ લાગે છે. તેની છાલ અતિસાર કઠણ છે તનુ લાકડું ઇમારતમા ઉપયોગી છે

સાથ ૧ [સ સાર્થ] પું કાફલો; મંડળ; ટોળું; સમૂહ

૨. પું. (સંગીત) ગાનાર કે વગાડનાર કલાકાર સાથે તબલાં, મૃદંગની સોબત કરવી તે.

સાથનાં વાદ્ય = જેમાથી સ્વરોની પ્રકટતા થઈ રહે છે તે; સ્વરવાદ્ય.

૩. પું. સહવાસ; સહકાર; ટેકો.

સાથ દેવો = (૧) પક્ષ કરવો. (૨) મદદ કરવી. (૩) સહકાર કરવો. (૪) સંગાથ દેવો

૪. પું. સંગાથ; સબવારો; સંગતિ; સોબત. સાથે રહેવું કે ફરવું તે.

૫. સ્ત્રી. મહામારી

ગય વર્ષે જ ગામમા કોલેરાની સાથ આવી હતી અને અડધુ ગામ સાફ થઈ ગયુ હતુ

ટોપકર

૬. અ. તરત જ.

૭ અ. સાથે; સંગે; જોડે

સાથણ સ્ત્રી ગોકણ; સાકેલી, સોબતી સ્ત્રી; સ્ત્રી મિત્ર.

સાથરડું (સાથરડ) ન. સાથરો, ખડની પથારી.

સાથરડો (સાથરડ્રો) જુઓ સાથરો

સાથરા જ. એક જાતનું પ્રવાહી ઔષધ.

સાથરિયાવાડ (સાથરિયવાડ) સ્ત્રી. કહેરના જે ભાગમાં સાથરિયા લોકો વસતા હોય તે વસ્તી; ચોરાશી માહેનુ એક ચોઢું

સાથરિયો ૧. પું. ગમે ત્યારે અને ગમે તે જગ્યાએ બેસી, સાથરી માંડી પરચૂરણ સામાન વેચનાર માણસ.

૨ પુ નદીતટવાસુ ઉપર સાથરી રાખનાર બાહ્મણ

સાથરી સ્ત્રી. નદીએ નાહવા આવેલાઓને માટે પૂજાનો સામાન રાખવા બાહ્મણોએ પાથરેલા સાથરાની બટાઈ; યજમાનને સામાન મૂકવાને માટે બાહ્મણ નદી કાંઠે કર્ણની સાદડી રાખે છે તે; નાનુ આસનિયું.

સાથરું ૧. વિ. તૈયાર; પંગતમાં ઢારબંધ બેઠેલું.

૨. [સ. સ્થિર] વિ. સ્વસ્થ.

સાથરો ૧. [પ્રા. સત્થર, પ્રા. સત્થર] પું. પાથરવું બિછાનું; પરાળની શય્યા.

૨. પુ. કર્ણની સાદડી; સાથરી.

૩ પુ નવાણ ઉપર સ્નાન કરનારનાં કપડાં ઉતારી મૂકવાનું અને સ્નાન દાન લેનારનું, બાહ્મણને બેસવાનું સાદડાં પાથરેલું આસન; સાદડાનો જોડવાનો પયારો

૪. પું. મરણ પયારી; મરવા પડેલ માણસને ભોંય સુવાડવા લીંપીને તૈયાર કરેલી જમીન; ખોડ.

૧. સાથરે સૂવું = (૧) પથારીએ સૂવું (૨) મરનારને ત્યા રાંક ખાતર દસ દિવસ સૂવા જવું.

૨. સાથરો કરવો = સહાર કરવો; ચિતા૨ કરવો.

૩. સાથરો કાઢવો–સાથરે સુવાડવું = મરણ પથારીએ નાખવું.

સાથવો ૧. પું. એક જાતનો, છોડ.

૨. પું. ચણા તથા ઘઉંને શેકી તેના ફોતરાં ખોળના પાણી સાથે ભેળવી તૈયાર કરેલ ખાવાની વસ્તુ; શેકેલા અનાજનો ફોટ; સાતવો; સત્તુ.

સાથળ [સં. સક્થિક; પ્રા. સત્થિઅ] પું. ઘૂંટણ ઉપરનો પગનો માંસલ ભાગ; જાંઘ.

સાથળ ઉઘાડા કરવા = (૧) ભેગ બતાવવી; જાંઘ ખોલવી. (૨) કપડાં બદલવાં પાડવું

સાથળબૂડ વિ. પાણીમાં ઊભા રહેતાં સાથળ સુધી પહોંચે તેટલું

સાથિયો ૧. [સ. સ્વસ્તિક; પ્રા. સાત્થિઅ] પું એક બીજાને કાટખૂણે કાપતી લીટીઓની એક પ્રકારની ચોખ્ખી આકૃતિ, કંકુ, ચોખા કે રંગ વગેરેની મંગળસૂચક આવી 卐 આકૃતિ

સાથિયા પૂરવા = કંકુ, ચોખા કે રંગ વગેરેથી સાથિયાના આકાર કરવા; ઘરને આંગણે મંગલસૂચક ચિત્ર કે આકૃતિ કાઢવી; રંગોળી કરવી

૨. પું. દર્શક નિશાની; અભણ લોકો દસ્તાવેજ કે અંતમાં સહીની જગ્યાએ જે ચિહ્ન કરે છે તે; સહી દર્શક એક નિશાની. ચિથરા ભીંડે કરે છે.

સાથી ૧. પું. એક કરવાને સાથે રાખેલો માણસ; હરીફ; બાર મહિના સુધી પગારનો તથા ખાવા પીવાનો કરાર કરી રાખેલો માણસ; મદદનીશ.

૨. પું સારથીવાન

૩. પું. કંપનીમાંનું એક તે ઓપણે પતિ; સ્વામી

૪. પું. ભાગીદાર.

૫. પું. બીજ; જિલ્લુ.

૬. પું. મિત્ર; દોસ્ત; સોબતી; મદદગાર; સહાધિકારી.

૭. પું. સાથે રહીને કામ કરનારો માણસ; વ્યવસાયબંધુ; કાર્યબંધુ.

૮. જ. પત્ની; વળી

સાથીઅરબીજ જી. કારતક માસની અજવાળી બીજ.

સાથીડું (સાથીડું) જ. હળ; નાંગર.

સાથીડો (સાથીડો) ૧. પું. સાથે રહેનારો; સાથી; મિત્ર; દોસ્તી.

૨. પું. સાંતી હાંકનાર બેકું.

સાથીદાર પું. સાથી; સોબતી; મદદગાર મિત્ર.

સાથુવો પું. સાથવો; સત્તુ; શેકેલા અનાજનો લોટ.

સાથે જ. જોડે, જેવું; સંગાથે.

સાથે જવું = સંગાથે જવું.

સાથેલાગું ૧. જ. એક સાથે લેતાં; એકી ફેરે; સાથેસાથે; જોગાજોગું.

૨. જ આવુ સ્થિતિમાં; અમકપણે.

૩. જ. સમટું; એકદમ.

સાથેસાથે ૧. એક જ વખતે; જોગાજોગ.

૨. જ જોડે; સંગતમાં; વારાફરતી નહિ પણ જોડે જ.

૩. જ: વળી, તેમ જ.

સાથોસાથ જ. સાથે સાથે; જોગાજોગ; સંગાથે.

સાદ ૧. [સં. શબ્દ–સદ્–સાદ] પું. અવાજ; બાટો.

આકરિયે સાદે જોવાયલો ભરડા બધી,
કૂવા કાઢે કાઢ બલા કીધા જોડબા

કૂવો

૧. સાકરિયો સાદ = મીઠો અવાજ; પ્રીમો અવાજ

✓ સાદ ગ્રેયડવો = કંઠ સારો થયો; સ્વર કે અવાજ જેવો જોઇએ તેવો હોય તે સુધારવો; અવાજ બરાબર નીકળવો.

૩. સાદ કરવો = (૧) ભૂમ પાડીને બોલાવવું. (૨) હાક મારવી.

૪. સાદ કાઢવો = અવાજ બરાબર મળે બહાર કાઢવો

૫ સાદ કેવરાવવો–પડાવવો = દંડેરો પીટાવવો; દાંડી પીટારી જાહેર કરાવવું.

૬ સાદ દેવો = હુંકારો દેવો; જવાબ દેવો.

૭. સાદ નીકળવો = અવાજ બધા બહાર આવવો

૮ સાદ પાડવો = દાંડી પીટવી; ભૂમ પાડી લોકોને જાહેર કરવું; મોટે ઘાટે સૌ સાંભળે તેમ જાહેર કરવું.

૯ સાદ પૂરવો = ગાનારને સાદ બતાવવાને પોતે તેનું ગીતનું બોલવું.

૧૦ સાદ ફાટી જવો = બેસરું થઈ જવું, આકુળ વ્યાકુળ થઈ જવું.

૧૧. સાદ બેસવો = અવાજ ઓખરો કે કમજોર થઈ જવો.

૨ પુ. કૃશપણું; દુર્બળતા

૩ પુ. થાક; પરિશ્રમ.

૪. પુ નાશ; ક્ષય.

૫ પું. નિર્બળપણું.

૬ પું. ભૂમ; ત્રાડ; પોકાર; બરાડો.

૭ પું. સૂર; સ્વર.

સાદગી [ફા.] જી. સાદાઈ.

સાદડ (સાદડ) ૧. [સં. સારદ] પું. એક જાતનું ઝાડ; સાજડ. આ ઝાડના રેસાઓ દોરડાં બનાવવાના કામમાં આવે છે.

૨. પું. શરદ ઋતુમાં બીજનાર મોટું ઝાડ; સાતવિયું; સપ્તવર્ષું.

૩. [જ. સાર્દર] વિ. ભરચૂરવું.

૪. વિ. સાદર; જાહેર.

સાદડખરચ (સાદડખરચ) પું.ન. ગામમાંથી કરેલ ઉઘરાણાના અથવા સરકાર હવાલામાં રખાયલા નાણાંમાંથી જાહેર લાભ માટે થતું ખરચ; સાદડ નાણામાંથી જાહેર લાભના કે ધર્માદાના કામમાં થતું ખર્ચ; સાદડ નાણામાંથી થતો ખરચ; આ ખરચ સરકારી અમલદારની દેખરેખ નીચે જાહેર લાભના અથવા ધર્માદામાં કરવામાં આવે છે.

સાદડખર્ચ (સાદડખર્ચ) જુઓ સાદડખરચ.

સાદડનાણું (સાદડનાણું) જ. જાહેર ઉઘરાણાનું સરકારના હવાલામાં રાખેલ નાણું.

સાદડા (સાદડા) જી. માજડના લાકડાની કુમળી છાલ. તે ગામડાંને કાળો રંગ આપવા માટે વપરાય છે.

સાદડિયું (સાદડિયું) વિ સાદડ સબંધી; સાદડ ઝાડનું

સાદડિયો (સાદ-ડિયો) પું એક જાતનું ઝાડ; સાદડ; સાગથી ઊતરતા પ્રકારનું એક ઝાડ

સાદડી (સાદડી) ૧. જી. અવાજ; બાંટો; સાદ.

૨. જી. ઘરનાં રાડાં દોરીમા ગોઠવીને પીંજતી વખતે રૂ નીચે પાથરવાના કામમાં આવતું પીંજરાનું એક સાધન.

૩. જ. પથરણું; બેસણું; પાથરવા માટે વપરાતું એક સાધન.

સાદડી પાથરવી = મરણનો બરખરો કરવા આવનાર માટે પાથરણું પાથરવું.

૪. જી. ભીંડી; ઘર્ણ અને બીજી છાલ વગેરેની બનાવેલી ચટાઈ; તાડ કે નાળિયેરીનાં પાન, વાસની ચીપો અને ઘાસ વગેરેને વણી કે ગૂથીને બનાવેલું બિછાનું. સ્પેનમાં રપાટો નામના એક ઘાસની સાદડી બને છે. હિંદુસ્તાનમાં નાળિયેરી અને બબારના છાલાની સાદડી બને છે. મોરીશમાં ઝાડના એક જાતનાં પહોળાં પાતરાંની સાદડીઓ બનાવવામાં આવે છે.

સાદડું (સાદડું) ૧. ન. ખજૂરીનાં પાનના રેસા; બનાવેલું.

૨. ન. ફાટેલી ચટાઈનો ટુકડો.

સાદડો (સાદડો) ૧. પું. એક જાતનું ઝાડ; સાદડ. તેનાં લાકડાં ઇમારતી કામમાં વપરાય છે. આ ઝાડની છાલના રેસા દોરડાં બનાવવાના કામમાં આવે છે. તેનું લાકડું પાટડા, ભારોટ, ભારૈયા સોલૈયા, ગૈયાં, પેટીઓ તથા મુદીખાના કામમાં, પુલ બાંધવાના કામમાં, ગાડાં અને ફરનીચર બનાવવાના કામમાં વપરાય છે. તે સખત અને ટકાઉ હોય છે

૨. પું ખજૂરીનાં પાંદડાંની બનાવેલ મજબૂત સાદડી.

૩. પું. પિતપાપડો.

સાદની જી. દડુ નામની વનસ્પતિ

સાદર ૧ જી. આદરભાવ

૨. જી. (જૂ. મુ. સાદ્ર) ઠોકર; ઝાપો; ધક્કો.

ન્યાલિ પ્રતિ. સુત ! સાંભલ.
બહુ સાદ્ર પરિ જાય. ગાલવ

૩. જી. ગર્ભવતીને થતી ખાવા પીવા અને મહાલવા ફરવા વગેરેની ભાવના; ભલામણ; દોહદ.

૪ જી. બંદોબસ્ત

૫. વિ. આરી પર્યાપ્તવું

૬ વિ. એક જગ્યાએથી બીજાનાર

સાદર થવું = નીકળવું.

૭ [સ. સાદિર] વિ. જાહેર; જાહેરનું, નાદર, બહાર પડેલું

દર વખત વર્ષો નામદીઓનો ઠરાવથી જગાએ એકઠા મળતા અને બીજાના બે વિભાગના પ્રતિનિધિ રૂપે સ્થાનિક અધિકારમાં અગ્રપદ તરીકે કાય કરી વહીવટ ચલાવતા. બે ફ્રેંચમુઓને મામકાના પોતે ચૂંટી કાઢેલા મુખીઓની વાહી સાદર કરતા હિંદુરાજ્યવ્યવસ્થા

સાદર કરવું = (૧) જાહેર કરવું. (૨) તાબે થવું. (૩) મંજૂર કરવું, સ્વીકારવું. (૪) રજૂ કરવું; પાઠવવું; ગુજરવું

૮ વિ. પૂજ્ય; પવિત્ર

૯. વિ. માનભેર; આદરપૂર્વક; આદરમાનથી. વિવેકપૂર્વક; માનથી; માન સહિત

સાદર વાત ન પૂછે કંથ. પ્રેમાનંદ

૧૦. જ. રજૂ; વિદિત

સાદરઅનાદર જુઓ સાદરભંગ.

સાદરનિરાદર જુઓ સાદરભંગ.

સાદરભંગ પું. વિનયપૂર્વક ભંગ; સવિનયભંગ.

સાદરસુખડી (સાદરસુખડો) જી. અધરલિપ્તાતને તેના પિયર તરફથી અપાતી મીઠાઈ.

સાદરા જી. (ઠાવ્ય) એક પ્રકારની સખ્યા ધીરાધીરા નામિકા.

સાદરિયા ૧. જી. કડવા કલબીની તેમ જ ચુવાળા કોળીની એ નામની એક અટક

૨. જ. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું

સાદલું જ. મરનારની પાછળ સાજે થતા ભેસણા વખતે મરનારના સંબંધી તરફથી આવનારોને દેવાતી દક્ષિણા.

સાદલ જ. એક જાતનું ઝાડ; અર્જુનસદ્રા; સાદડ. જેની છાલ ઉપર સફેદાઈ હોય છે.

સાદા પું. આઈને અક્ષરીમાં જણાવેલ હાથીની એક જાત; હીલ.

સાદાઈ જી. સાદાપણું; સાદગી

સાદાકાર પું. સોના રૂપાનું સાદું કામ કરનાર સોની.

સાદાકારી જી. સોના રૂપાનું ઝીણું કામ.

સાદાત જ. સૈયદ. તે પીરના કુટુંબનાં માણસો મનાય છે.

સાદાદિલ ૧. [અ. સદક (તે સાચો હતો)] ૧. શુદ્ધ હૃદય

૨. વિ. ભોળું

સાદાબોડા પુ. બંગાળામાં થતા ચોખાની એક મુખ્ય જાત.

સાદિ ૧. પું. સારથિ, ચોદો; હાંકવૈયો; વાહ

૨. જ. (જૈન) જેનો નાભિ નીચેનો ભાગ સુદર અને ઉપરનો ભાગ ભેડાળ હોય એવું શરીરનું સંસ્થાન; છ સાંઠેનું ત્રીજું સંઠાણ; પ્રાયરૂપ સંસ્થાની ૮૨ સાંઠેની એક પ્રકૃતિ

૩. જ. અર્વાચીન; હાલના જમાનાનું

૪ અ સ + આદિ] વિ. આદિ સહિત, આદિવાળું; જેની શરૂઆત હોય તેવું

સાદિક ૧. [અ. સદક (તે સાચો હતો)] વિ. પ્રમાણિક, વફાદાર

૨. વિ. મુસલમાની

સાદિકપુરા ૧. જી. આબબ્બની ચોરાશી સાંઠેની એક પેટા જાતિ

૨. જ. એ નામની પેટા જાતિનું માણસ

૩. વિ. એ નામની પેટા જાતિનું

સાદિલવાર ૧. જી. લેખન સામગ્રીની જરૂરિયાતની ચીજો.

૨ વિ. આકસ્મિક

સાદિસાંત [સ. સ + આદિ + સ + અંત] વિ આદિ તથા અંત સહિત.

સાદી ૧. પું. સાદ પાડી બોલાવરાત આપનાર માણસ; ઢંઢેરો પીટનાર માણસ.

૨. [સં. સાદિન્] પું. હાથી, ઘોડા કે રથ ઉપર બેસી યુદ્ધ કરનાર યોદ્ધો.

૩. જી. પતંગનો દોર.

સાદીમાં નાખવું–સાદીમાંથી લેવું = એકે પતંગ કાપવાની સાદી દોરી હોય તેમાં પેચ નાખવો.

૪. જી. રૂપાના તારની ઝીણી ભૂકણી.

૫. જી. વિવાહ નિમિત્તે રાજા તરફથી લેવાની એક જાતની લેંતરી; સાદી.

સાદીઉડી જી. એ નામની મલખમની એક જાતની કસરત.

સાદીકત્તી જી. એ નામની એક તરવાર 'ફરાસી' કત્તી. તેનું પાનું ફરાસી પોલાદનું બનેલું હોય છે. તેથી જ તેને ફરાસી કત્તી કહેવામાં આવે છે. એ પાનું બે ફૂટ લાંબુ ઊંચું આશું અને એક ઊંચ પહોળું હોય છે. પાનાની એક જ બાજુએ ધાર હોય છે. પાના ઉપર એક ફૂટ એક ઇંચ લાંબાઈની અને બીજી એક ફૂટ લાંબાઈની એવી બે લીટીઓ હોય છે. તે દિલ્હીસાદી મુકા બેસાડેલ હોય છે આ હથિયાર બાકુ જ મરણ કરેછે તેની અનેક જાતો છે. તે પૈકી સગવું બાકુ જ પ્રિય હથિયાર હતું તેની એવી પ્રતિષ્ઠા હતી કે કત્તીની સહાયથી કાફર એટલે મૂર્તિપૂજકોને સહાર કરવો અને દક્ષિણ પણ કહે છે કે, તેણે આ કત્તીની સહાયથી ઘણા હિંદુઓનો સહાર કર્યો. તેણે ખિરોજશાહી મસ્જિદમાં આ કત્તીની પૂજા કરી અને તે દિવસ તહેવાર તરીકે પાળ્યો

સાદીકસરત જી. હાથ અને પગનો એક પ્રકારનો કસરતો આયામ. તેમાં હાથની કસરત ૧. સામે જોઈ (૧) બંને હાથને ઝડપથી સામે સીધા કરી કોણીમાંથી હાથ સીધા રહે. બંને હાથની હથેળી સામસામે રાખવી. હાથનાં અંગૂઠાં પણ સાથે રાખવાં. (૨) હોશિયાર. હોશિયાર થવું એટલે કવાયતની મુદ્રામાં હાથ સીધા રાખીને ઊભા રહેવું. ૨. ઉપર હાથ. (૧) બંને હાથને માથા ઉપર ઊંચા કરવા. (૨) હોશિયાર. ૩. બાજુ હાથ: (૧) બંને હાથ બાજુમાં પહોળા કરવા હાથ બહાની સીધાસૂમા રહે. હથેળી જમીન તરફ રહે. (૨) હોશિયાર. ૪. બાજુ ઉપર હાથ: (૧) હાથ બાજુ ઉપર. (૨) હાથ ઊંચે (૩) હાથ બાજુ ઉપર. (૪) હોશિયાર. ૫ આગળ પાછળ હાથ: (૧) ડાબો હાથ આગળ, જમણો હાથ પાછળ. હાથની મૂઠીઓ બંધાયેલી રહે. (૨) હોશિયાર. (૩) જમણો હાથ આગળ, ડાબો હાથ પાછળ. (૪) હોશિયાર. ૬ હાથ ફેલાવ: (૧) બંને હાથ સામે. (૨) બને હાથ પહોળા કરવા અને બાજુમાં લાવવા (૩) એકની જેમ. (૪) હોશિયાર. ૭. સામે હાથ વાળવા: (૧) બંને હાથ સામે. કોણીમાંથી વાળી મૂઠીઓ ખભા પાસે લાવવી. (૩) એકની જેમ (૪) હોશિયાર. ૮. બાજુએ હાથ વાળવા (૧) બંને હાથ બાજુમાં. (૨) કોણીમાંથી વાળી મૂઠીઓ ખભા પાસે લાવવી. (૩) એકની જેમ. (૪) હોશિયાર. ૯ ઉપરથી હાથ વાળવા: (૧) બંને હાથ ઊંચા સીધા કરવા. (૨) કોણીમાંથી વાળી મૂઠીઓ ખભા પાસે લાવવી. કોણીઓ અધર જ રહે. (૩) એકની જેમ. (૪) હોશિયાર. પગની કસરત: હોશિયાર. એડી મેળવી રહે. બંને હાથ કમર પર રહે. ૧. પીંડીની કસરત–(૧) પગ ઉપર ઊંચા થવું. (૨) પાની નીચે. ૨. એડી ઊંચકીને બેસવું–(૧) પગ ઉપર ઊંચા થવું (૨) ધીરે ધીરે ગોઠણમાંથી પગ વાળી નીચે બેસવું (૪) ઊભા થવું (૪) પાની જમીન ઉપર મૂકવી. ૩. આગળ પગ ઊંચકવા–(૧) ડાબા પગને આગળ અધર

ઊંચકવો ને તરત નીચે મૂકી દેવો. (૨) જમવું પણ ઊંચકવો ને તરત નીચે મૂકવા જેવું પેટ ભરીને ઊંચકવો (૧) ડાળ, થડ વગેરે ઊંચકવો ને તરત નીચે મૂક્યા જેવું. ઉદા. ઝાડ કાપ્યા પછી તે ઊંચકી નીચે મૂકવું. ૫ ભાજીપાલા પણ ઊંચકવા- (૨) ડાળ, પગલાં વગેરે ઊંચકવું. ઝાડુ ઊંચકી તરત નીચે મૂકવો (૩) એ જ રીતે જમવું. પગલાં ભરવાં ઊંચકવું ઊંચકવા પાછાં ઊંચકવાં. પગલાં ઉપર પગલાં મૂકવાં, પગલાં ન ઊંચકાવાં, ઊંચા જ રાખવાના છે.

સાદીદ [અ.] ઘણા દિવસની કામ કરવાની ટેવ માટેની એક રીત. ઉદા. સાદીદ પીર પીર બિન યાસીની રાખ્યા જવાનું કોણ છે

સાદીપાંતી જી [સાદી + પાંત] પાંતનો એક પ્રકાર એક વસ્તુની કિમત, કિંમત વગેરે તે જ વસ્તુની અનેક વસ્તુઓના ગણવારીને દૃષ્ટાંત. વિ.

સાદીબેઠક સ્ત્રી જુ ભ કે ના ભાર પ્રકારની બેઠક તમા બનપ ઉપર પેનાલ્ટ. દ્વય રાખી બેસવા તથા ઊઠવાનું હોય છે

સાદીસંખ્યા સ્ત્રી [સંખ્યા] જે કોઈ સંખ્યા એકડાથી જ ચાલુ થયેલી હોય, પણ કોઈ વસ્તુની ગણતરી ચાલતી ન હોય તેવી સંખ્યા

સાદુલો [સં શાર્દૂલ, અપ સદ્દૂલ] પુ વ.પ

સાદું વિ. જિ. કરકસરિયું.

૨ વિ પથ્ય; સાદો ખોરાક, પચવામાં હલકું ભોજન

૩ [સા સાદા] વિ ભભકો, આડંબર, ખર્ચાળપણું, જટિલતા, મિશ્રણ, દંભ કે કૃત્રિમતા વિનાનું સરળ, સીધું, ભભક કે તુકાર્ય રહિત, દંભ રહિત, મોટાઈ કે ઠાઠમાઠ વગરનું

૪ વિ. મહેનત મજૂરી કરવાની ન હોય તેવું, આસાન.

સાદી કેદ - અત્યંત કારાવાસ, આસાનકેદ

૫ વિ રંગ, ભાત કે ભપ્પાવાળું વસ્ત્રનું કોરું

૬ વિ સાધારણ; સામાન્ય

૭ વિ સ.ક્ષ દિલનું; ભલું, ભોળું

સાદુંવ્યાજ ન [ગણિત] મુદ્દલ રકમનું ઠરાવેલા દરે કહેલી મુદત સુધીનું વ્યાજ; એક જ રકમનું કહેલી મુદત સુધીનું સળંગ વ્યાજ

સાદૃશ્ય ૧ [સં.] ન તુલ્યપણું, યોગ્યતા

૨ ન સરખાપણું; સમાનતા; મળતાપણું

૩. વિ અભેદ્ય; અરોગર, સરખું.

સાદૃશ્યવાદ [સં] પુ. (ન્યાય] વૈધર્મ્ય હોય તે બધું ઝાડી નાખી સાદૃશ્ય માત્રને જ મનમાં ધારણ કરી રહેવું તે, ' કોન્સેપ્ટુઅલિઝમ '.

સાદૃશ્યભાસ સ] પુ સરખાપણાનો ખોટો દેખાવ

સાદો ચક્રવ્યૂહ પુ મંડળની સાત પ્રકારની રમતમાં મંડળી એક રીત તેમાં પહેલા અને મરહૂમ હાથથી લટકાવે. પોતાના બને હાથે મોઢા ઉપર મોજાં ફેરવવા. એ પ્રમાણે વારંવાર કરવું તે.

સાધન ૧ ' સ સ (મદિન) + આદિ (રાઉઆત) + અત (ઉદ્ગ.) ' થી ઉદ્ગાતાથી બોલાતી સુધીનું સમજવું.

૨ વિ નબીના, સંપ, પરસ્પર.

૩ ન તપેલીનો ઉકળેલ નબી, આદિથી અંત સુધી, મરચું, ઉંડા સુધી

સાધ ૧ પુ એક નાતનો એક શાક્ત સંપ્રદાય

૨ પુ. સાધન

૩ પુ સ (સાધ્નોતિ) સાધુ પરુષ.

૪ વિ જી ઉત્પન્ન, બનાવેલું, કામના

૫ જી વાપ, ખાણ, તપાસ, તજવીજ, તપાસ, ખોજ, પત્તા

ચૈમકર નાય છ બજરમ શા બળવત,
સીતાજીની સાધ તે લાવશે
બાળલીલા

૬ વિ. વિ પવિત્ર

૭ વિ નાપક

૮ વિ સ્વાધીન

સાધક ૧ પું. (જ્યોતિષ) જન્મની તારાવલિનું ૭૬, પરમ કે યોગીશમ નક્ષત્ર.

૨ સ સાધ (મળવવું) + અક (નાર)]

૩ ભવ વગેરે સાધનાર માણસ

૩ પુ મોક્ષની સાધના કરનાર પુરુષ

૪. ન (વેદાંત) પોતાના પક્ષમાં પ્રમાણને ઉત્પન્ન કરવાપણું તે

સાધક બાધક કારણો = તરફેણની અને વિરુદ્ધની દલીલો.

૫. વિ કામ સિદ્ધ કરી લેનાર

૬ વિ ભૂત, દેવ વગેરેને સાધનારું

૭. વિ મદદ કરનાર, સહાયક, સેવામાં સહાયક; કાર્યનિર્દિષ્ટમાં ઉપયોગી

૮ વિ મંત્રાદિની સાધના કરનાર.

૯. વિ મુમુક્ષુ

૧૦. વિ શોધી આપનારા ઉપકારક.

૧૧ વિ સાધન કરનાર

૧૨ વિ સિદ્ધ કરનાર.

૧૩. વિ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે યત્ન કરનાર, સિદ્ધ કરવા પ્રયત્ન કરનારું

સાધકતા ૧. સ્ત્રી. સાધક શક્તિ; સાધકતાની શક્તિ.

૨ સ્ત્રી સાધક હોવાપણું

સાધણ જુઓ સાધન

સાધન ૧ ન [સાધ] અ.ધ.રૂપ ઘાટ્ય; હેતુ, વિધાન, પ્રતિજ્ઞા, અવયવ

૨ ન આવવા જવાની જગ્યા.

૩ ન કમ્પ પ્રાપ્તિ માટે જરૂરી તપ, સંયમ, ઉપાસના વગેરે ધર્મવિદ્યાના ધ્યેય

૪. ન. ઉપકરણ; આદિત્ય ગ્રામણી

૫ ન ઉપાય, યુક્તિ

૬ ન ગતિ, નમન, યજ્ઞ, ત્યાગ.

૭ જ. ગાય વગેરે પશુનું ઘર, તબેલો

૮ [સ સાધ્ (સાધવું) + અન (કર્તૃવાચક પ્રત્યય)] ન (હેતુ) જે વડે અમુક સિદ્ધ થાય પણ અન્ય પ્રકારથી ન સધાય તે. તેના ઘણા ભેદ છે જેમકે, (૧) પર રૂપ ભિન્ન પદાર્થ, પરિણામ નિશ્ચય કરવા (૨) સંયોગરૂપ એક પદાર્થમાં બીજા પદાર્થ જે પરિણામ, તેનાથી નિશ્ચય કરવો. જે (૩) લક્ષણરૂપ-લક્ષણનો જોઈ વસ્તુનો નિશ્ચય કરવો (૪) પૂર્વચરરૂપ-અગાઉથી પ્રથમ થવારૂપ કર્મને દેખી અનુમાનનો નિશ્ચય કરવો તે (૫) ઉત્તરચરરૂપ અનુમાની પછી થવાવાળા, કાર્યરૂપ અનુમાનનો નિશ્ચય કરવો તે (૬) સહચર રૂપ-જે સાધ્યની સાથે સાથે હોય તેને દેખી સાધ્યનો નિશ્ચય કરવો. (૭) કૃત રૂપ કૃતના સાધનથી સાધ્યભૂત કાર્યનો નિશ્ચય કરવો (૮) કર્મરૂપ-કાર્યરૂપ હેતુના સાધન વડે કર્તારૂપ સાધ્યનો નિશ્ચય કરવો તે. (૯) કરણરૂપ-કરણના સાધન વડે તે દ્વારા થવાવાળા, કાર્યરૂપ અનુમાનનો નિશ્ચય કરવો (૧૦) સંપ્રદાનરૂપ સંપ્રદાન સાધન વડે નિશ્ચય કરવો તે (૧૧) અપાદાનરૂપ-અપાદાનને સાધન કરી અનુમાનનો નિશ્ચય કરવો (૧૨) અધિકરણરૂપ-આધારને જોઈ આધેયનો નિશ્ચય કરવો (૧૩) સંબંધરૂપ સંબંધને સાધન કરી નિશ્ચય કરવો તે. (૧૪) ક્રિયારૂપ-કાર્યની પ્રારંભ રૂપ ક્રિયાદ્વારા કાર્યના ભવાભવ્યો કે ખરાખવ્યનો નિશ્ચય કરવો. (૧૫) સ્વામીરૂપ-સ્વામીરૂપ સાધનવડે વસ્તુનો નિશ્ચય કરવો તે '૧૬) સ્વરૂપરૂપ-સ્વરૂપ સાધન વડે વસ્તુનો નિર્ણય કરવો (૧૭) દ્રવ્યરૂપ-દ્રવ્યરૂપ સાધનવડે વસ્તુનો નિર્ણય કરવો (૧૮) ક્ષેત્રરૂપ-ક્ષેત્રદ્વારા વસ્તુનો નિશ્ચય કરવો (૧૯) કાલરૂપ-કાલદ્વારા વસ્તુનો નિર્ણય કરવો તે. (૨૦) ભાવરૂપ-ભાવદ્વારા વસ્તુનો નિશ્ચય કરવો તે

૯ ન ધન; દ્રવ્ય.

૧૦. ન પુરુષની જનનેંદ્રિય

૧૧ ન પ્રમાણ; દાખલો

૧૨ ન મરેલાને અગ્નિસંસ્કાર કરવો તે.

૧૩. ન મિત્રતા

૧૪. ન. યોનિ; ભગ, સ્ત્રીઓનું ગુપ્ત અંગ.

૧૫. ન. (ન્યાય) સામાન્ય પ્રતિજ્ઞાનું આકૃતિ સહિત ઓછા શબ્દોમાં વર્ણન કરવું તે સિદ્ધાંતમાં જ્યારે પ્રતિજ્ઞાને આકૃતિ સાથે સમંધથી વર્ણવવામા આવે ત્યારે તે સાધન કહેવાય છે.

૧૬. ન સિદ્ધ ઔષધ

૧૭. ન. સિદ્ધિ; સાધવું તે

૧૮ ન સૈન્ય; લશ્કર.

૧૯ ન લાકડી ઘોડા વગેરે પુદ્ધ સામગ્રી

સાધનચતુષ્ટય [સં સાધન + ચતુષ્ટય (ચારનો જથ્થો)] ન (વેદાંત) મોક્ષ માટેનાં ચાર ખાસ સાધનોનો સમૂહ: (૧) નિત્યાનિત્ય વસ્તુ વિવેક, (૨) વૈરાગ્ય, (૩) શમાદિ છ સંપત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા) અને (૪) મુમુક્ષા એ ચાર સાધનચતુષ્ટય ગણાય છે.

સાધનતા [સ.] સ્ત્રી સાધનવાળા હોવાપણું. સાધનસંપન્ન હોવાની સ્થિતિ.

સાધનપાદ [સં.] પું. જેમાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિને માટે ક્રિયાયોગ બતાવેલ છે તેવો યોગશાસ્ત્રનો એક ભાગ.

સાધનભૂત [સં. સાધન + ભૂત (થયેલું)] વિ. મદદગાર; સાધનરૂપ બનેલું.

સાધનવાદ પું. અમુક સાધન સાચું કે કાર્યકર છે એ માન્યતા.

સાધનવિપુલતા સ્ત્રી. સામગ્રીનો જથ્થો; સામગ્રીની અતિશયતા; ઘણાં સાધનો હોવાપણું

સાધનવ્યવસ્થા સ્ત્રી મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોનો ક્રમ અને તેનો ઉપયોગ કેમ કરવો તેની યોજના.

સાધનશ્રેણી સ્ત્રી. ક્રમવાર એક પછી એક સાધનો આપવાં તે; સાધનક્રમ.

સાધનસમૃદ્ધિ સ્ત્રી. સાધનની વિપુલતા; સાધન સામગ્રીની છત.

સાધનસંપન્ન ૧. વિ. જેની પાસે પૂર્ણ સાધન હોય તેવું, સામગ્રીથી ભરપૂર

૨. વિ. સારી સ્થિતિવાળું; પૈસાદાર

સાધનસંપન્નતા સ્ત્રી. સાધનોની વિશાળતા

સાધના ૧. [સ. સાધ્ (મેળવવું)] સ્ત્રી. આત્માનો અનુભવ કરાવનારી ક્રિયા.

૨. સ્ત્રી. ઉપાસના; સેવા; સિદ્ધિ; કાર્યસિદ્ધિ માટેની ભક્તિ; તપ, હોમ હવનાદિ ક્રિયાઓને સિદ્ધ કરવું યા સાધવું તે; સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન કે ક્રિયા કરવાં તે.

સાધનામાર્ગ [સ.] પું. સાધનાનો માર્ગ પાતંજલિના મત પ્રમાણે સાધનામાર્ગની દશ મુકેલીઓ આ પ્રમાણે છે: હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, અશૌચ, અસંતોષ, વિલાસપ્રિયતા, સ્વાધ્યાયની ન્યૂનતા કે અભાવ અને ઈશ્વરની આરાધનાથી વિરુદ્ધની અહતા કે મમતા

સાધનિક ૧. [સં. સાધન + ઇક (વાળું)] વિ. સમર્થક; સમર્થ ધરાવનાર

૨. વિ. જેની સિદ્ધિ સમર્થી સાધનોને લગતું.

સાધનિકા ૧. સ્ત્રી. ફરી

૨ સ્ત્રી. (વ્યાકરણ) પરસ્મૈપદ

૩. સ્ત્રી. સાધ્ય કરવાનું જે સાધન તે, કામ સિદ્ધ કરી આપનાર અથવા કરવાની કાન સિદ્ધ કરવામાં કાન લાગે તેવું જે તે.

સાધની સ્ત્રી. સાવરણી જેવું સરખી કે કે નહિ તે સિદ્ધ કરી આપે એવું ઉપકરણ; સપાટી જોવાનું કડિયા સુતારનું એક ઓજાર; અવલગ સૂત્ર; સાવરણી, ઝાડુ, ઝાપટવાની પોટી અને ઓગળાનું બનાવેલું કડિયાઓનું ઓજાર; ' લેવલ ', તેથી દીવાલ બનાવવા માટે ઉપરાઉપર મૂકવામા આવતા પથ્થરના થર સીધાબ્રમાં છે કે નહિ તે નક્કી કરી શકાય છે

સાધનીય [સં.] વિ. સાધવા જોગ; સિદ્ધ કરવા લાયક; સાધ્ય.

સાધર્મિક ૧. પું. એક જ ધર્મના અનુયાયી; એક જ ધર્મનો માણસ.

૨. [સ.] વિ. એક જ જાતનો ધર્મ પાળનાર; સમાન ધર્મવાળું.

સાધર્મી વિ. એક જ ધર્મ પાળનારા; ધર્મબંધુ

સાધર્મ્ય ૧. [સં.] ન. એક ધર્મીપણું; સમાનધર્મપણું; સરખા ગુણધર્મવાળા હોવાપણું

૨. ન. એકસરખા ગુણ હોવાપણું.

૩. ન. મળતાપણું; ગુણનું સરખાપણું.

૪. ન. સ્વભાવનું સરખાપણું, સ્વભાવનુ ઐક્ય; પ્રકૃતિનું મળતાપણું.

સાધર્મ્ય દૃષ્ટાંત ન (ન્યા.) નિશ્ચિત સાધ્યવાળું તથા નિશ્ચિત સાધનવાળું હોય તેવો દાખલો; અન્વય દૃષ્ટાંત. જેમકે, પર્વત અગ્નિવાળો છે, ધૂમવાળો છે.

સાધર્મ્યે સમાજ્ઞનિ સ્ત્રી. (વેદાંત) સમાન ધર્મને લઈને સાધ્યનું જ્ઞાપન કરનારા હેતુને દૃષ્ટાંત આપનાર ઉત્તર.

સાધવું ૧. સ.ક્રિ. કાર્ય સિદ્ધ થાય એ રીતે આચરવું કરવું

૨. સ.ક્રિ. તક કે સગવડોનો લાભ ઊઠાવી લેવો, ઉપયોગ કરી લેવો; કામ કાઢી લેવું.

૩. સ.ક્રિ. દેવ, મંત્ર વગેરે વશ થાય કે સિદ્ધ થાય તે માટે સાધના કરવી.

૪ સ ક્રિ નિયમ પાળવો

૫. સ ક્રિ. પોતાને અનુકૂળ કે વશ કરવું; તાબે કરવું; પોતાનું કરી લેવું. પોતાના હક્ક પ્રમાણે કરે એમ વશ કરી લેવું. આધીન બનાવવું.

૬. સ ક્રિ. બનાવવું; બનાવવું; અદા કરવું; પૂરું કરવું; પાર પાડવું, સિદ્ધ કરવું

૭. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું

આ આત્મા બ્રહ્મ છે નિત્ય સ્વસ્થ જ્ઞાનમોક્ષનું,
પર એ જ્ઞાનદક્ષિણી સ્વરાજ્ય **સાધવું** ઘટે.
ગાંધીગીતા

૮. સ ક્રિ (વ્યાકરણ) શબ્દ તથા ક્રિયાનાં રૂપ સાધવા; સિદ્ધ કરી બતાવવું; શબ્દનું સિદ્ધ રૂપ કયા કારકારોથી બન્યું છે તે બતાવવું

૯. સ. ક્રિ. સજ્જિત કરવું.

સાધાર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ અને ચૌદ ગુરુ મળી ૨૩ વર્ણ હોય છે

૨. સ. (જૂ મુ.) આધાર

૩. વિ. આધાર સહિત; આધાર સાથે.

સાધારણ ૧. પું. (ન્યાય) એક પ્રકારનો અનૈકાંતિક હેત્વાભાસ; સાધ્યના અભાવના અધિકરણમાં રહેનારો હેતુ

૨. પું. જે ધન ઉપર બધાનો અધિકાર હોય તે આવક

૩. પું. જ્યોતિષ પ્રમાણે ચુમાલીસમો સંવત્સર; સ્વની વીસીમાં ચોથો સંવત્સર.

૪. ન. (જૈન) અનંત જીવો વચ્ચે એક સાધારણ શરીર પ્રાપ્ત થયેલું હોય તેવો જીવ.

૫. ન. નીલપત્ર, સ્વરનો તીવ્ર ઈ નામનો પ્રકાર

૬. ન. (સંગીત) સ્વરનું આગલી કે પાછલી શ્રુતિઓ ઉપર જવાપણું, એક સ્વરનું બીજા સ્વરમાં જવું તે; બે સ્વરનું સાધારણપણું, સાધારણ; બે સ્વરનું એક સ્થાનિત્વ થવું તે.

૭. વિ. એકથી વધારેમાં રહેલું; અનેકગત

૮. વિ. ગૌરવ રહિત; સાદું

૯. વિ. બહુ જરૂરી નહિ તેવું.

૧૦. વિ. મધ્યમ, નહિ અતિ ઘણું કે નહિ અતિ ઓછું

૧૧ [સં] વિ. સમાન; સર્વને એકસરખું લાગે તેવું, સર્વસામાન્ય; સર્વને ઉપયોગી

૧૨. વિ. સહજ સ્વભાવનું

૧૩. વિ. સામાન્ય; ખાસ નહિ તેવું.

સાધારણ અવયવ પુ. (ન્યાયશાસ્ત્ર) જે અવયવ પક્ષ, વિપક્ષ કે દૃષ્ટાન્તો કોઈથી નિશ્ચય ભાગી શકાય ન પડે; 'કૉમન ફેક્ટર'.

સાધારણ આધાર પુ. (સંગીત) વિકૃતિ આધાર; બારે વિકૃત સ્વર માટેના એક સ્વર; કૉમન સ

સાધારણતા જુ. સ્ત્રી સાદાપણું, સાદાઈ
૨ સ્ત્રી સામાન્યપણું; સાધારણત્વ; સામાન્યપણું.

સાધારણ ધર્મ જુ. પુ. (અલંકાર) ઉપમાના ચાર ભાગોનું એક અંગ.
૨. પુ. બધાને લાગુ પડે એવો ધર્મ
૩. પુ સરખો સ્વભાવ
૪. પુ. સામાન્ય ગુણ કે ધર્મ.

સાધારણ નામ ન. (જૈન) નામ કર્મની બેતાળીસ માંહેની એક પ્રકૃતિ; જેના ઉદયથી જીવને અનંત કાયમાં ઊપજવું પડે છે તે.

સાધારણ નિઃશેષભાજક પું. (ગણિત) બે અથવા વધારે સંખ્યાઓ માંહેની દરેકનો નિઃશેષ ભાજક હોય તે સંખ્યા. જેમકે, ૪૮–૧૨–૮૦–૬૪ વગેરે સંખ્યાનો ૮ એ સાધારણ નિઃશેષભાજક છે

સાધારણ નિઃશેષભાજ્ય પુ. (ગણિત) બે કે બે અથવા વધારે સંખ્યાઓ જે સંખ્યાના નિઃશેષ ભાજકો હોય તે સંખ્યા. જેમકે, ૨–૩–૪ વગેરે ૪૮ના નિઃશેષ ભાજકો છે તેથી ૪૮ એ ૨–૩–૪ વગેરે દરેકને સાધારણ ભાજ્ય કહેવાય છે.

સાધારણ બુદ્ધિ સ્ત્રી. લોકબુદ્ધિ; સામાન્ય વિવેકબુદ્ધિ; સાદી સમજ; અવહારબુદ્ધિ, સામાન્ય સમજણ; કુદરતી બુદ્ધિ; 'કૉમન સેન્સ'.

સાધારણ વિભાજક જુઓ સાધારણ નિઃશેષભાજક.

સાધારણ વિભાજ્ય જુઓ સાધારણ નિઃશેષભાજ્ય

સાધારણ વ્યતિક્રમ પું. શુદ્ધ પરિવર્તન.

સાધારણ વ્યથા સ્ત્રી. ચોટ; સહજ વ્યથા; દુઃખની વ્યથા

સાધારણ સભા સ્ત્રી. સમગ્ર સભા

સાધારણ સમજ સ્ત્રી. લોકબુદ્ધિ; સામાન્ય બુદ્ધિ; વિવેકબુદ્ધિ; અવહારબુદ્ધિ.

સાધારણ સ્ત્રી [સં.] સ્ત્રી. વેશ્યા.

સાધારણ સ્પર્શરેખા સ્ત્રી. એકથી વધારે વક્રોને સ્પર્શ કરતી હોય તેવી સીધી લીટી.

સાધારણ સ્વતંત્રવાદ પુ. (જૈન) એકત્વ, સમષ્ટિ સ્વતંત્રવાદ; સમવાદ
૨. પું. સમુદાય સ્થિતિ; સમુક્ત નયવાદ, સામાન્યવસ્તુમિત્ર મંત્રીઆચારવાદ, સામ્યવાદ, સમષ્ટિલક્ષીવાદ

સાધારણ હેત્વાભાસ પુ. (ન્યાય) એક પ્રકારનો અનૈકાન્તિક હેત્વાભાસ.

સાધારણી જુ., સ., સ્ત્રી. [...]
૨ સ્ત્રી (નાટ્ય) [illegible]

સાધારિત જુ. ન (સંગીત) એક સ્વરનું બીજા સ્વરમાં જવું તે. જુઓ સાધારણ ૬.
૨. [સ.] ન. સમાન ધર્મપણું.
૩. ન સમાનપણું
૪. ન. સાધારણ હોવાપણું

સાધારણ્યવા ક્રોયા સ્ત્રી. (ભાષા) સામાન્યા નામિક.

સાધિકા જુ. [સ.] સ્ત્રી. દુઆદેવી
૨. સ્ત્રી. સરકારી બૈરી
૩ સ્ત્રી સાધનારી સ્ત્રી
૪. સ્ત્રી. સિદ્ધ કરનારી સ્ત્રી
૫. સ્ત્રી. સુષુપ્તિ; ગાઢ નિદ્રા.

સાધિત જુ. પું (પુરાણ) એ નામનો એક ઋષિ
૨. [સં.] વિ. કરજ વગેરે અદા કરેલ.
૩. વિ. પાર પાડેલું; નક્કી કરેલું
૪ વિ (વ્યાકરણ) ધાતુ ઉપરથી બનાવાયેલું; ધાતુ ઉપરથી નીકળેલ.
૫. વિ. વટા આપેલું કે કરેલું.
૬. વિ. શોધેલ
૭. [સ. સાધ્ (જોગવવું) + કર્ (કરવું)] વિ. સાધેલું; સિદ્ધ કરેલું; સાધિત કરાયેલું;

સાધિદૈવ જુ. [સ.] પું. પરમેશ્વર.
૨. વિ. અધિ દૈવના સંબંધ.

સાધીમંદી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જરડ પાંદડાવાળો ઝાડમા બનતા છોડ; સાદડ

સાધુ જુ. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે
૨. પુ. જિનદેવ.
૩ પુ જૈન ધર્મની દીક્ષા લીધી હોય તે પુરુષ તેઓને કાયમ મહાવ્રત અહિંસા, સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, પાંચ સમિતિ: ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને પરિષ્ઠાપન અને ત્રણ ગુપ્તિ મન, વચન અને કાયાનું સાધન, તથા ચાર ભાવના: મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ–એ બધા વ્રતોનું કડક રીતે પાલન કરવાનું હોય છે
૪ પુ પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૫ પુ બાવો સાધી; વૈરાગી
૬ પુ મુનિ.
૭ પુ. વિષ્ણુ
૮. પું. વ્યાકરણની રીતે-સિદ્ધ થયેલો શબ્દ.
૯. પુ. શૈવમતનો કો નામનો એક વિભાગ.
૧૦. [સ. સાધ્ (સિદ્ધ કરવું)] પું. સજ્જન; સત્પુરુષ. પર કાર્ય સાધે તે સાધુ એટલે કે, પારકાનાં દુઃખ મટાડવાનું કાર્ય કરે તે સાધુ, અથવા પરલોક એટલે મોક્ષને માટે જે પ્રયત્ન કરે તે સાધુ કહેવાય છે. ગૃહસ્થ આદિ આશ્રમમાં રહીને તે તે આશ્રમના ધર્મનું યથાર્થ પાલન કરવાવાળા મનુષ્યનું નામ પણ સાધુ કહેવાય છે. વાયુ પુરાણમાં લખ્યું છે કે: ગુરુની પાસેથી વિદ્યાનું અધ્યયન કરનાર બ્રહ્મચારી કહેવાય છે. ગૃહસ્થધર્મની ક્રિયાઓનું અનુષ્ઠાન કરનાર ગૃહસ્થ પણ સાધુ કહેવાય છે. જંગલમાં અથવા ગામની બહાર રહીને તપ કરનાર વાનપ્રસ્થાશ્રમીને પણ સાધુ કહેવાય છે તથા સંન્યાસાશ્રમમાં રહીને પરમાત્માની પ્રાપ્તિના સાધનરૂપ યોગસાધન આદિ યત્ન કરનાર યતિને પણ સાધુ કહેવાય છે.

એ છે સરકારી સાધુ છે પાસે ગૃહસ્થ બે ઘડી,
તમારાથી કામકાજ હુએ વિદાય લાય છે
—ગાંધીગીતા

૧૧. પું. (શિલ્પ) સહુ આંગળા ઊંચો ઘોડો.
૧૨ પુ. મધપડો, રોકેલ ધણ ને ચણાનો ઓટ.
૧૩ પું. સાધુ પુરુષ.
૧૪. પું. સ્વામિનારાયણ ધર્મનો ત્યાગી પુરુષ. આ સંપ્રદાયના ત્યાગીઓમાં ત્રણ ભેદ છે. બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ. બ્રાહ્મણ વર્ણના ત્યાગીઓ બ્રહ્મચારી કહેવાય છે; ક્ષત્રિય અને વૈશ્ય એ સાધુ થઈ શકે છે. એ બંને પ્રકારના ત્યાગીઓને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવું પડે છે અને ધનનો ત્યાગ રાખવો પડે છે. પણ બ્રહ્મચારીઓ માતૃપાત્રનો ઉપયોગ કરી શકે છે. બ્રહ્મારે સાધુઓ કાષ્ટ પાત્ર અને તુમડીનો જ ઉપયોગ કરે છે. બ્રહ્મચારી સફેદ ધોતિયું અને ભગવું ઉપવસ્ત્ર પહેરે છે અને લાલ ટોપી રાખે છે, સાધુઓ સદા એ ભગવાં રાખે છે

૧૫. વિ. ઉત્તમ, યોગ્ય; સારું; ભલું.
૧૬ વિ ઉત્તમ કુળમાં જન્મેલ.
૧૭ વિ ધર્મિક, ઈશ્વરભક્તિપરાયણ
૧૮ વિ પ્રામાણિક, શીલવાળું
૧૯. વિ. મનોહર, સુંદર.
૨૦. વિ મોક્ષમાર્ગ સાધક.

૨૧. વિ. (આકરણ) શિષ્ટ; શુદ્ધ. તે શબ્દ કે ભાષા માટે વપરાય છે.
૨૨. વિ સદ્‌ગુણી; સદાચરણી.
૨૩. વિ સાધનાર; સાધનારું. સમાસને અંતે તે વપરાય છે. જેમકે સ્વાર્થી સાધુ
૨૪. અ. ધન્ય; શાબાશ.
સાધુકાર પું. શાબાશ, ધન્ય એવો ઉચ્ચાર
સાધુચરિત વિ. સાધુતાવાળા જીવનવાળું; પવિત્ર જીવનવાળું.
સાધુજીવન ન. સાધુ તરીકેની જિંદગી.
સાધુડી (સાધુડી) ૧ સ્ત્રી. ભાવી; ભિખારણ.
૨. સ્ત્રી. વેશ્યા
સાધુતા ૧. સ્ત્રી. યોગ્યપણું.
૨. સ્ત્રી. વૈરાગ્ય; લાજ; નિષ્કપટીપણું; નીતિરીતિ ને ભક્તિપરાયણ હોવાપણું
૩. સ્ત્રી. ઋજુતા.
૪. સ્ત્રી. સારાપણું
૫. [સં. સાધુ (સજ્જન) + તા (પ્રત્ય)] સ્ત્રી. સુજનતા; ધર્મ; નીતિ; ભક્તિ અને શીલતા; સજ્જનપણું.
સાધુત્વ જુઓ સાધુતા.
સાધુદ્રુત ન. (સંગીત) તાલનું એક અંગ; ત્રણ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ; દ્રુતવિરામ અંગ.
સાધુધર્મ ૧. પું. અણગારપણું; ઘરબાર વગરનું હોવાની સ્થિતિ.
૨. [સં.] પું. સાધુની અવસ્થામાં રહીને પાળવામાં આવતો ધર્મ.
સાધુરામ ૧. વિ. કમનેર; શૌર્ય વગરનું.
૨. વિ. ભિખારી; ગરીબ.
સાધુવાદ ૧. પું. (હિંદી) શાબાશી.
૨. પું. સારી બોલી; વાતચીત.
સાધુવાહ [સં.] પું. સારો કેળવાયેલો ઘોડો; ઉત્તમ ઘોડો.
સાધુવૃક્ષ ૧. [સ.] ન. ઉત્તમ ઝાડ
૨. ન. કદમનું ઝાડ.
૩. ન. વરસ્યવૃક્ષ.
સાધુવૃત્ત ૧. [સં.] ન. સદ્‌વર્તન; સદાચાર.
૨. વિ સારી ચાલવાળું; સદાચારી.
સાધુવૃત્તિ [સં. સાધુ (સજ્જન) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. સદાચાર; પવિત્રતા; સંતને છાજે એવી વૃત્તિ; સદ્‌વર્તન.
સાધુશિરોમણી વિ. સાધુઓમાં મુખ્ય.
સાધુશીલ ૧. વિ. લોકશાસ્ત્ર અનુસાર ઉત્તમોત્તમ આચાર પાળનાર.
૨ વિ. સારા સ્વભાવવાળું; ઉત્તમ ચારિત્ર્યવાળું; સદ્‌વર્તનવાળું
સાધુશીલતા ૧. સ્ત્રી. સદ્‌વર્તન.
૨. સ્ત્રી. સાધુ જેમ સારો સ્વભાવ.
સાધુશ્રેષ્ઠ વિ. સાધુઓમાં ઉત્તમ.
સાધુસમાગમ [સં. સાધુ + સમાગમ (સંગ)] પું. સત્સમાગમ; સાધુલોકોનો સંગ; જ્ઞાની પુરુષોનો મેળાપ; સત્સંગ; સંત સહવાસ.
સાધુસમાચારી સ્ત્રી સાધુઓએ કયા વર્તનથી કેવલજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત કર્યો હતો તે વિષે જેમાં સમાચાર આપેલ હોય તે.
સાધુસમાધી સ્ત્રી. સાધુલોકોની સમાધિ; સાધુ લોકો મુજરી બાદ ચારે તેની ઉપર જે ઢેરી ચણવામાં આવે છે તે.
સાધુસંગ જુઓ સાધુસમાગમ.
સાધુસંત પું. સાધુ કે સંત. તે સમૂહવાચક નામ છે. હરિજનબંધુમાં ઉલ્લેખ છે કે, હિંદના ઇતિહાસનું અધ્યયન કરે છું તેમાં અનેક રાજાઓ અને તેમની રાણીઓ તરફ મારું ધ્યાન ખેંચાતું નથી; પણ પ્રજાને સાચા સેવકો કોણે આપ્યા તે તરફ દોરાઉં છું. હું જોઉં છું કે, વિવિધ સાધુસંતોએ પગપાળા પ્રવાસો કરીને અને ભજનોનો દયાદાનનો સંદેશો ઘેર ઘેર ફેલાવીને જેટલી સમૂહસેવા કરી છે તેટલી બીજા કોઈએ કરી નથી. દુનિયામાં હિંદુસ્તાનનું નામ ગોખરે છે તેનું કારણ એ જ કે શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન વગેરે સાધુસંતોએ પ્રજાનું ચારિત્ર્ય ઘડ્યું છે. ગ્રીસ, ચીન, જાપાન જેવા વિદેશોમાં પણ પ્રજાનું ચારિત્ર્ય ઘડનારા સાધુસંતો જ થઈ ગયા છે. સંત ફ્રાન્સિસ, ચીનના મહાત્મા કન્ફ્યૂશિયસ વગેરે આવા જ હતા. જૂના વખતના સંતોની પ્રેરણા આપણને ગ્રામમાં આવતી, પણ એમની હવા હવે આપણને તેવા જ રૂપમાં ભાગ્યે જ ગ્રામમાં આવતી. તેમની માફક ધોતી ચોટલી ઉગાડીને કે ચંદન અર્દીને સંધ્યા આદિના વિધિઓ કયા કરીએ તો તેમાંથી હવે આપણે ધર્મ ઊભરી શકીશું નહિ. આપણે જૂના વિચારો બદલીને નવા લાવ્યાં, પણ નિષ્ઠા તો જૂની જેવી જ હોવી જોઈએ

દયા મુખ્યપણે ધરી તે મહાત્મા,
અનુસરે અંતરનાદ નિત્યે;
તે **સાધુસંતો** તણી આકૃતિમાંથી,
રૂપે ય દીસે નિજ સભ્યતાયે. ગાંધીગીતા

સાધુસાધ્ય પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
સાધુસૂનું વિ. સારા માણસ વિહોણું.
સાધુસ્ત્રી સ્ત્રી. સાધ્વી; પવિત્ર સ્ત્રી
સાધૂડલું (સાધૂડલું) ન. સાધુ.
સાધૂત ૧. ન. આશુપત્ર.
૨. ન. પર્ણપોથી
૩. ન. મોરપક્ષીઓનો સમૂહ.
સાધેલ ૧. વિ. ચાલાક; અનુભવી; ઉસ્તાદી.
૨. વિ. પક્કું; કામ કાઢી લે તેવું.
સાધો પું. બિલાડીના જેવું સિંહને પણ મારી નાખતું પ્રાણી.

સિંહ જેવું નિર્બળ ગણાતું પ્રાણી જ્યારે બિલાડી જેવું **સાધો** નામનું પ્રાણીને દેખે છે કે તુરત બેભાન થઈ જાય છે.

વિશ્વજ્યોતિ

સાધ્ય ૧. પું. અઢાર પ્રકારના વિવાદોમાં પ્રમાણ આદિથી સિદ્ધ કરવા લાયક પદાર્થ.
૨. [સં. સાધ્ (મેળવવું) + ય (વિધ્યર્થક પ્રત્યય)] પું. આત્મા.

છતાં જે ગણીએ **સાધ્ય** સત્ય શાશ્વત ધર્મ જે,
અહિંસા નિશ્ચયે તો છે પરં સાધન સત્યનું.

ગાંધીગીતા

૩. પું. ઉપાધિના બે માંહેનો એક પ્રકાર.
૪. પું. (પુરાણ) એ નામનો ચાક્ષુષ મનુનો પુત્ર.
૫. પું. (પુરાણ) એ નામનો તામસ મન્વંતરમાંનો દેવ.
૬. પું. એક જાતનો મંત્ર.
૭. પું. નવ ગણદેવ માંહેનો એક દેવ. તે પરમ પુરુષમાંથી અનેક પ્રકારના દેવો, સાધ્ય નામના દેવગણો, મનુષ્યો, પશુઓ, પંખીઓ, પ્રાણસમાન આદિ, વ્રીહિ જવ આદિ ધાન્ય, તપ, શ્રદ્ધા, સત્ય, અહિંસા આદિ તેમ જ બ્રહ્મચર્ય અને વિધિ ઊપજેલાં છે. છાંદોગ્યોપનિષદ પ્રમાણે આ દેવગણ પ્રાણને આશ્રિત છે. પુરાણ પ્રમાણે તેમાં ધર્મ અને દક્ષની દીકરી સાધ્યાના પુત્રો છે. એમનો ઉલ્લેખ પુરુષ સૂક્તમાં છે. શતપથ બ્રાહ્મણ પ્રમાણે તેમનું સ્થાન દેવોના સ્થાનની ઉપર છે. ગાર્ગ્ય પ્રમાણે તેમનું સ્થાન ભુવર્લોકમાં પૃથ્વી અને સૂર્ય વચ્ચે છે. પુરાણોમાં તે સાધ્યાના પુત્રો કહેવાયા છે. તેમની સંખ્યા બાર અથવા સત્તર ગણાય છે. પછીથી એમનું સ્થાન સિદ્ધો લે છે. તેઓનાં બાર નામ: મનસ મંત્રી, પ્રાણ, નર, યાન, વિનિર્ભય, નય, દમ, નારાયણ, વૃષ, પ્રભુ ઇત્યાદિ. ચાક્ષુ મન્વંતરમાના ધર્મ ઋષિથી સાધ્યા નામની સ્ત્રીથી કુળે ઉત્પન્ન થયા હતા. એમનાં નામ: મન, ઉર્મનુ, પ્રાણ, નર, ઉદ્‌ન, વીર્યવાન,

ચિત્તહાર્ય, અયન, હંસ, નારાયણ, વિભુ અને મન્ય પ્રભુ.

તેમાથી દેવો બારમા પ્રસૂત
સાધ્યો મનુષ્યો ચાક્ષુષીઓ સો,
પ્રાણાદિ બોદ્ધિ તણ નેમ અદ્ભા
સત્યાદિ ચિત્તિ વણી ચક્રાચરૂં

મુદ્ગલોપનિષદ

૮. પું. મજૂરગણ; કામદાર મંડળ. તેમાં ૧૮૫ સભ્યો હોય છે.

૯. પું. સત્તાવીશ યોગમાંનો વીસમો યોગ; વિષ્કુંભથી બાવીસમો યોગ.

૧૦. ન. નિગમન.

૧૧. ન. (વેદાંત) વ્યાપ્તિ જેના વડે સિદ્ધ થઈ શકે છે તે; પક્ષ વિષે લિંગ (હેતુ) જ્ઞાન વડે જે પદાર્થ જ્ઞાન થાય છે તે સાધ્ય. જેમ પર્વત (પક્ષ) વિષે ધૂમ (લિંગ)ના જ્ઞાન વડે અગ્નિનું જ્ઞાન થાય છે, માટે અગ્નિ સાધ્ય કહેવાય છે.

૧૨. ન. સિદ્ધ કરવાની વસ્તુ; પ્રાપ્ય; લક્ષ્ય; સાધવાની વસ્તુ; સાધનીય; કથનની સિદ્ધિ માટે હોરેલ આકૃતિના સબંધમાં લાગુ પાડી બોલવું તે. જે સિદ્ધ કરવાનું હોય તે સાધ્ય કહેવાય અને એ સાધ્ય જેને વિષે સિદ્ધ કરવાનું હોય તે પક્ષ કહેવાય.

૧૩. વિ. મટે એવું; ઉપચાર મન્ય; ચિકિત્સ્ય; સારું થઈ શકે એવું, ઉપાયવશ; રામનીય.

૧૪. વિ. સાધી શકાય તેવું; થઈ શકે તેવું, બની શકે તેવું; વશ કે તાબે કરાય તેવું; પાર પાડી શકાય તેવું; શક્ય.

૧૫. વિ. સાબિત કરવાનું; સાબિત કરવા યોગ્ય; ઉપપાદ્ય; પ્રમેય.

૧૬. વિ. સિદ્ધ થઈ શકે તેવું.

સાધ્યઉપપન્ન [સં. સાધ્ય + ઉપપન્ન (પ્રા.)] ન. જે સાબિત કરવાનું હતું તે; જે સિદ્ધ થયું છે તે; ' ક્યુ. ઈ. ડી '

સાધ્યગણ પું. (પુરાણ) એ નામના ઋષના બોમાસી જાતના. મનુ; સાધ્યા નામે દેવોનો સમુદાય. એમને બાર આંખો હતી.

૨૮ એકાદશ બાર આદિત્ય,
આઠ વસુ બળી સાધ્યગણ સત્ય.

નરહરિ

સાધ્યજ્વર પું. તાવનો એક પ્રકાર.

સાધ્યતા ૧. [સં. સાધ્ય + તા (પ્રત્ય)] સ્ત્રી. (વેદાંત) અભિવ્યક્તિ; પ્રકટ થવાપણું.

૨. સ્ત્રી. ન્યાય પ્રસિદ્ધ એક વિષયતા; એક પ્રકારની ઇચ્છા વિષયતા.

૩. સ્ત્રી. શક્યતા; સાધી શકાય એવું હોવું તે.

૪. સ્ત્રી. સારું કરી શકાય તેવું હોવું તે; નિવારણ કરી શકાય એવું હોવું તે; મટાડી શકાય એવું હોવું તે. રોગ માટે વપરાય છે

સાધ્યદેવ ૧. પું. (પુરાણ) એ નામના તામસ મન્વંતરમાંના એક દેવ

૨. પું. (પુરાણ) ચારુ મન્વંતરમાંના પ્રસૂત જાતના દેવમાની એક જાતિના દેવ. આ જ મન્વંતરમાં તેઓ ધર્મ ઋષિથી સાધ્યા નામની સ્ત્રીને કુખે ઉત્પન્ન થયા હતા. મન, ઉર્મન્, પ્રાણ, નર, ઉયાન, પરિમંથન, ચિત્તહાર્ય, અયન, હંસ, નારાયણ, વિભુ અને મન્ય પ્રભુ એ એમનાં બાર નામ છે

સાધ્યપદ ૧ [સં. સાધ્ય + પદ] ન. ઉત્તમ પદ; બાપડ

૨. ન. (ન્યાય) સાબિત કરવાની બાબત નિગમનના ઉદ્દેશપદને પક્ષપદ કહે છે, વિધિપદને સાધ્યપદ કહે છે ને ઉભયાવયવ સાધારણ તૃતીય પદને હેતુપદ કહે છે

સાધ્યરચના [સં. સાધ્ય + રચના (ગોકારણ)] સ્ત્રી. સાધ્યઉપપન્ન; જે રચી બનાવવાનું હતું તે; ' ક્યુ. ઈ. ડી '.

સાધ્યરૂપ સ્ત્રી. (વ્યાકરણ) એક જાતની ક્રિયા. તજે છે અને લાગ એ બને પદ ક્રિયાવાચક છે, પરંતુ તજે છે માં ક્રિયા સાધ્યરૂપ એટલે સધાતા જતિ વર્ધુની છે અને લાગમાં ક્રિયા સિદ્ધ રૂપ એટલે બનેલી અને તેમાથી બસાની સ્થિતિ સમજાય એવી વર્ધુની છે.

સાધ્યલક્ષ ન. હેતુવિદ્યા.

સાધ્યલક્ષી વિ. હેતુવિદ્યા સંબંધી; ઉદ્દેશવાદ સબંધી; પ્રયોજનવાદ સંબંધી.

સાધ્યવંગિત પું. અપચનો એક રોગ

સાધ્યવસાના ૧. [સં.] સ્ત્રી. ઉપચાર સહિત લક્ષણાના બે ભેદ. તેનાં નામ: શુદ્ધા અને ગૌણી. તે દરેકના સારોપા અને સાધ્યવસાના એવા બબ્બે ભેદ છે

૨ સ્ત્રી શુદ્ધા લક્ષણના ચાર માંહેનો એક ભેદ. જેમકે, આવરદા

સાધ્યવસાના સ્ત્રી. કાવ્યશાસ્ત્રમાં લક્ષણનો એક પ્રકાર; એકની સમાનતા બતાવવાને માટે બીજાને મુખ્ય સ્થાન આપવામાં આવે તે; આરોપ્યમાન, ઉપમાન અને આરોપ વિષય ઉપમેય ન હોય છતાં આરોપ વિષયને પ્રકટ કરે તે.

સાધ્યસમ પું. (ન્યાય) ગોતમ માંહેનો એક ન્યાય; પાંચ માંહેનો એક હેત્વાભાસ. જેવો પટ તેવો શબ્દ છે, તો શબ્દ તેવો પટ એમ પણ થાય અને તેમ થાય તો શબ્દસાધ્ય હોઈ પટ પણ સાધ્ય જ ગણાય. સાધ્યનુ દૃષ્ટાંત તો સિદ્ધ જ હોવું જોઈએ તો દૃષ્ટાંત સિદ્ધ માનો તો શબ્દ અને પટ વચ્ચે અસમાનત્વ આવવાથી દૃષ્ટાંત ન થઈ શકે આ રીતે દૃષ્ટાંતમાં સાધ્યના સાધ્યનુ આવાહન કરવુ તે સાધ્યસમ.

સાધ્યસ્વીકાર પું સિદ્ધ સાધન; અન્યોન્યાશ્રય; જે હકીકત સાબિત કરવાની છે તે વાતને સાબિત માની લેવારૂપ હેત્વાભાસ.

સાધ્યા ૧. સ્ત્રી. પરકીયા નાયકાનો એક ભેદ. અડચણ વિના સહજમાં બીજા કર્મ કરનારી સ્ત્રીને સાધ્યા કહે છે. તેનાં નવ ભેદ પડે છે. ૧. જ્ઞવધૂ, ૨. બાલકવધૂ, ૩. નપુંસકવધૂ, ૪. વિધવાવધૂ, ૫. ગાયકાવધૂ, ૬. સેવકવધૂ, ૭. નિરંકુશવધૂ, ૮. બારવધૂ અને ૯. રોગીવધૂ.

૨. સ્ત્રી. સાધ્યા પરકીયાના ૭ મ.હેનો એક પ્રકૃતિભેદ. તેના નામ: ૧. ગુપ્તા, ૨. વિદગ્ધા, ૩. લક્ષિતા, ૪. કુલટા, ૫. અનુશયના અને ૬. મુદિતા.

સાધ્યાનવચ્છેદ [સં.] પું. (ન્યા.) એ નામે ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક દોષ. અનવચ્છેદ દોષ બે પ્રકારના ન્યાયમાં થાય છે. સાધ્યાનવચ્છેદ અને હેત્વનવચ્છેદ આ ઉભય દોષ ચતુર્થ અને તૃતીય નિયમનો ભંગ થવાથી ઉદ્ભવે છે.

સાધ્યાપ્રસિદ્ધિ સ્ત્રી ન્યાયપ્રસિદ્ધ એક હેત્વાભાસ.

સાધ્યાભ્યુપગમ [સં. સાધ્ય + અભ્યુપગમ] પું. જે સાબિત કરવાનું છે તે ખરું હોય એવી રીતે તર્ક દોડાવવો તે; આત્માશ્રય; પ્રતિજ્ઞાભ્યુપગમ.

સાધ્યાવસાના સ્ત્રી. લક્ષણાનો એક ભેદ. જેનો આરોપ થાય છે તે વિષયી બીજાને એટલે જેમાં આરોપાય છે તે વિષયને પોતામાં સમાવી દે છે ગણી જ્યારે સાધ્યાવસાના થાય.

સાધ્યે ન. બારેલુ કામ

સાધ્યૈક્ય ન પ્રતિજ્ઞાસામ્ય, બે અથવા વધારે સિદ્ધાંત વચ્ચેની બરાબરી

સાન્ત્ર [સં] પું ટોળું; ભેગિણી ઓને થતી ખંજવાળ.

અળાણી દહી સૂત સાજણ,
બહુ સાન્ત્ર પરી ભૂપ. ભાલણ

સાન્ધક ન. સંધિત સબંધી જ્ઞાન આપતું એ નામનું એક પુસ્તક.

સાન્ધ્યસ [સં.] ન. બીક, ભય; ગભરાટ; હોબાળ; ઢાંકણાઢાંકણાં પડી જવાપણું. ચૈતન્ય રતભ્યતા.

દર સાધ્યસ આતંક ભય બે દ્વેષ ને ત્રાસ,
કરતી કરતી સહચરી ગઈ કુંવરીના પાસ.

વિજયવલ્લભ

સાધ્વાણી જી. સ્ત્રીની

સાધ્વાભાસ પું. અતીચાર

સાધ્વી ૧. [સં. સાધુ + ઙીપ્] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે

૨. જી અતિધિ

૩. જી. જૈન કે બૌદ્ધ ધર્મની દિક્ષા લીધેલી સ્ત્રી; આરજા

૪. જી બાવી; આપુડી

૫. જી. એક વનસ્પતિ

૬. જી સીતાની સ્ત્રી; સાધુવર્તનવાળી સ્ત્રી, પતિવ્રતા સ્ત્રી; પવિત્ર અને સચ્ચરિત્રવાળી સ્ત્રી; સતી

૭. જી. સંન્યાસિની

સાધ્વી સતી મનસ્વિની સુચરિતા શુચિ હિપા, પતિમતા જન આતતા મળ ન તજ સમીપ
પિંગળપ્રકાશ

૮. જી. સાધુની સ્ત્રી.

૯ વિ પતિવ્રતા.

૧૦. વિ. શીલવતી; પવિત્રતા.

સાન ૧. પું. બ્રહ્મા શોડોની માન્યતા પ્રમાણે વિષ્ણુના સત્તર મોટેનો છઠ્ઠો અવતાર.

૨. [સં. સજ્ઞા] જી. અક્ષસાર; સજ્ઞા; ઇશારત; ઇશારો; આંખમચ્ચારો; નિશાની કરવી તે; સમરવા; સંકેત.

૧. સાન કરવી = ઇશારત કરવી

૨. સાનમાં સમજાવવુ = ઇશારો કરી સમજાવવુ.

૩. જી. આડ; આંટી; ગીરવી; અવેજ; મીરો કે સાટે મૂકવુ તે.

૪. જી. છટા.

૫. જી. ઠેકો; નિશાન; નોબત.

૬. જી. લક્ષણ; રીત.

૭. [અ. સ્થાન (પ્રતિષ્ઠા)] જી. લાજ; આબરૂ; શરમ; ટેક

૮. જી. શુદ્ધિ; ભાન.

સાન આવવી–વળવી = (૧) ભાન આવવું, શુદ્ધિ આવવી. (૨) સમજણ આવવી.

૯ જી. સમજણ; અક્કલ; બુદ્ધિ; જ્ઞાન.

સોળે સાન અને બત્રીસે દાન = સોળ વર્ષે સાન એટલે કે સમજણ કે બુદ્ધિ આવી તો આવી અને બીજા વર્ષે શરીરનો વાન ફિક્કો તો ફિક્કો

૧૦. જી. સરાણ; ઓજારની ધાર કાઢવાનુ યંત્ર

સાન લગાવવી = ધાર કાઢવી.

૧૧. વિ. કુશળ વગરનું.

૧૨ [ફા.] અ. સમાન, જેવું એવો અર્થ બતાવતો એક પ્રત્યય. જેમકે, મુસ્લમાન એટલે મિસ્લમા જેવો મુસ્લ્મો.

સાનક [અ. સનક (ચાળ)] જી. માટીની કચરોટ, ટીપ; રકાબી, ડીશરની તાસક; ભરીલ માણસોને પાન વગેરે રાખવાનુ ડીશરનુ વાસણ; રાયરી

સાનકડી (સાનકડી) જી. જી દાણી

૨. જુઓ સાનક

સાનકી જુઓ સાનક.

સાનકું ન. (બા. પુ.) રામપાત્ર; સાંકડું મું પેટાળે મળી **સાનકુ** પાસે આવ્યુ કલનું પાત્ર
આનંદકાવ્યમહોદધિ

સાનખત ન. મીરો મકવા આપનનું લખાણ

સાનગમાન જી. ભાન; સમજ; સમજણ, બુદ્ધિ, ડહાપણ, ગમાગમ

સાનગીરો ૧ પું અવેજના બદલામાં આપેલી ચીજ

૨ પુ આડ મીરવી, આંટી; ધરેલું મૂકેલુ કોઇ ત, સાટો મીરા

૩. [સાન + મીરો] પું. માણિક પોતે કબજે રાખી શકે તેવી શરતનું ખત

૪. વિ. સાનમાં કે મીરો મૂકેલું.

સાનચક્કર ન. કાચ ધાતુનો બહારો બનાવેલુ પૈડું, ' એમરી વ્હીલ '.

સાનભાન ન. સુધબુધ; સાનશુધ.

સાનશુધ [અ. સાન + શુદ્ધિ (ભાન)] જી. સાનભાન

આવ્યા અહલ્યાસંકટમાં પ્રથમ તો તે બ્રહ્મચારીની **સાનશુધ** ઊડી ગઈ. ચંદ્રકાવ

સાનસોર પું ખેતરને ફરતે બોડો માલ ઊભો રાખે છે તે.

સાનંદ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ચતુર્દશક કહેવાય છે. તેમાં ૨ નગણ અને ૩૨ સમગ્ર મળી ૧૦૨ વર્ણ હોય છે.

૨. પું. (સંગીત) ધ્રુપદના ચાર ભાગોનો એક પ્રકાર. તેના દરેક પાદમાં અક્ષર અક્ષર હોય છે.

૩ ન યુગ્મ કરજાદ્ય

૪. [સ. સ + આનદ] વિ આનંદી; આનંદ સહિત, ખુશ.

૫. અ. આનદથી, કરખથી; સહર્ષ; આનંદપૂર્વક

સાનંદાશ્ચર્ય ૧ [સ સ + આનદ + આશ્ચર્ય] ન. આનંદ સાથે જ અયમો ઊપજવો તે; આનદયુક્ત આશ્ચર્ય

૨. અ. આનંદ અને આશ્ચર્ય સાથે

સાના ૧ ન બ વ. નાના માળખાં

૨. વિ કનકેલ

સાના પારસી જી. ઇસારો

સાનાર જી એક જાતની વેલ. એનાં પાન પીપળાનાં પાન જેવાં હોય છે; પણ એની પદોળાઈ એક વેંત અને લબાઈ સવાવેંત હોય છે. વેલનો રંગ રાતો અને ધોળો પણ હોય છે પ્રથમ તેના પાનનો રંગ રાતો હોય છે પછી લીલાં થાય છે. ગરમીના દરદમાં તેનાં મૂળ વપરાય છે

સાનિકા જી બંસી; વાંસળી

સાનિધ્ય જુઓ સાનિધ્ય

સાનિધ્ય ૧. ન. નિકટતા; સમીપતા; સમક્ષપણું; નજર આગળ હોવાપણું; નજીકપણું; પડોસપણું.

૨. [સં.] ન. (જૈન) પૂજા; ભક્તિ

૩. ન સ્થાન.

૪. ન. સ્વર્ગ.

૫. ન. હાજરી.

સાની ૧. જી. કચરિયું; તેલ અર્યા કચરેલા તલનો ખૂકો; ઘાણીમાં પિલાયેલો તેલ ચૂતો ખૂકો કે કચરો. તેની સાથે ખાંડ વગેરે ભેળવી ખવાય છે

સાની પાની = પાણી છાણી

૨. જી. પેથીમાં ખાતર વગેરે તળાતાં બરી પડેલો ખૂકો.

૩. જી. રાખ

સાની પાળવી = ઠંડી પાણથી; ચિતાની ભરમ જેમી કરી પાણી છાંટી ઠંડી પાડવી કે નદી નવાઝામા પધરાવવી.

સાનીપત જી. ગરમ અને રેતાળ પ્રદેશમાં ઉત્પન્ન થતી એક જાતની વનસ્પતિ. તે સિંધ, બલૂચિસ્તાન, રાજસ્થાન તે અફઘાનિસ્તાનમાં સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ વનસ્પતિને આયુર્વેદે ટાઢકોડની મહત્વની ઔષધિ તરીકે માન્ય રાખેલ છે. આયુર્વેદના આધારભૂત પુસ્તકોમાં પણ એનાં ગુણોગાર વખાણ કરવામા આવ્યાં છે. આ ઉપરાંત તાવ ઉતારવા, ત્રિદોષનો નાશ કરવા, આંતરડાનાં દરદો મટાડવા, આંતરડાના સોજા નાબૂદ કરવા, તથા નાકમાંથી લોહી પડતુ અટકાવવા માટે આ ઔષધિ સારું કામ આપે છે સાધુસંતોએ પણ આ વનસ્પતિ-સાનીપતને પથરીના દર્દમા રામબાણ સમાન

માની છે. આ વનસ્પતિનાં પ્રયોગનો વિવિધ સ્થળોએ અનેકવિધ રોગો ઉપર ઉપરોગ કરવામા આવ છે. જુદા જુદા દેશોમાં આ વનસ્પતિનો જુદો જુદો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે, જર્મનીનાં ગ્રામજનો આ વનસ્પતિનાં મૂળનો ઉકાળો વાયુનો નાશ કરવા માટે ઉપયોગમા લે છે ફ્રાંસના ગ્રામજનો તેનાં પાનનો તાજો રસ વાયુનો નાશ કરવા માટે ઉપયોગમાં લે છે. ચીનનાં ગ્રામજનો તાવ ઉતારવા માટે પાનના ઉકાળાનો ઉપયોગ કરે છે. અફઘાનિસ્તાનના વતનીઓ તાવ ઉતારવા માટે તેના મૂળનો ઉકાળો કરે છે. સિંધમાં સાનીપતનાં પાન અને મૂળનો ઉકાળો આંતરડાંના સોજા ઉતારવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. પંચાંગ સરખે ભાગે લઈ અધકચરું કરી તેમાંથી એક તોલો ચૂર્ણ વીસ તોલા પાણીમાં ઉકાળી દસ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી તેના ત્રણ ભાગ કરી દિવસમાં ત્રણવાર આપવાથી ટાઢોડીઉ તાવ ઊતરવાનું મનાય છે. વળી કહેવાય છે કે, તેનાં મૂળનું ચૂર્ણ એક આનીભાર સવાર સાંજ મધ અને આદુના રસ સાથે લેવાથી વાયુનો નાશ થાય છે મૂળ અને પાન સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી બાર બાર રતી દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવાથી પિત્તનો નાશ થાય છે. પાનનો તાજો રસ તોલો અધો સવાર સાંજ લેવાથી ૬૬ બોદ દિવસમા દૂર થાય છે. પંચાંગ સરખે ભાગે લઈ તેને અધકચરું કરી તેમાંથી બે તોલા ચૂર્ણ લઈ વીસ તોલા પાણીમાં ઉકાળી, દસ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ, ગાળી તેના બાર ભાગ કરી દિવસમા બાર વખત લેવાથી ત્રિદોષમા ફાયદો થાય છે. મૂળ અને પાન સરખે ભાગે લઈ અધકચરાં કરી તેમાંથી અધો તોલો ચૂર્ણ દસ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળી, તેના બે ભાગ કરી સવાર સાજ લેવાથી આંતરડાંના સોજા ઊતરે છે. મૂળનું ચૂર્ણ એક આનીભાર દિવસમા ત્રણ વખત પાણી સાથે આપવ.થી તાવ ઊતરે છે

સાનીચાની જી. તલની એક જાતની જનાવટ.

સાનુ ૧. [સ] પું ; ન. ઊંચ ભાગ

૨. પુ.; ન. આકડાનો છોડ.

૩. પું ; ન. ટેકરી ઉપરની સપાટ જમીન

૪. પું.; ન. પલ્લવ; કુપણ.

૫. પું , ન પંડિત, વિદ્વાન

૬. પું ; ન માર્ગ, રસ્તો.

૭. પુ , ન વન

૮. પું ; ન. વાયુનો સમૂહ

૯. પુ.; ન શિખર

૧૦ પું ; ન. શિખર જેવો ભાગ.

સાનુકંપ [સ.] વિ. દિલસોજ; અનુકંપા કે દયાવાળુ.

સાનુકૂલ ૧ [સ.] વિ. અનુકૂળ; બંધનેસનુ; સ્વચ્છ; કાયનું; સુખમય; સવડવાળુ

૨. વિ. સહાયભૂત; મદદગાર; સહાય કરે તેવુ

સાનુકૂળ જુઓ સાનકૂલ

સાનુકૂળતા જી. સગવડતા; અનુકૂળતા.

સાનુજ ૧. [સ.] ન. ચીકણા. તેનાં પંદરાં ભાગે કમ સામે દોડી આવતા ક્રોધ અને આપણને જોઈ શકતાં; ક્રોધ તેનાં સામે છે, એટલે કે, આપણી નજર તે ગાય ઉપર દોડે છે અને તેને જોવા ઇચ્છે છે. માટે તેને સાનુજ કહે છે

૨. ન. તુનર રંગ

૩ ન. પ્રપૌંડરીક

૪. વિ. નાનાભાઈ સહિત

૫. વિ. પર્વતના શિખર ઉપર ઉત્પન્ન થનાર.

સાનુનય [સ] વિ. અનુનય સહિત; આજીજી સહિત; વિનય કે વિવેક જેર; વિનવણી કરતું; નમ્ર

સાનુનાસિક વિ. અનુનાસિક.

સાનુપાદ [સં.] પું. દિવસની ઉલ્લી બે ઘડી; સધ્યાજોગા.

સાનુપ્રસ્થ પું. (પુરાણ) એ નામનો રાક્ષની સેનાનો એક વાનર.

સાનુભવ ૧. [સં.] વિ. અનુભવવાળું; અભ્યાસી; પાકો શુદ્ધિનું.

૨. અ. અનુભવપૂર્વક.

સાનુમાન પું. એ નામે એક પર્વત.

સાનુસ્વાર [સં. સ + અનુસ્વાર (બીજુ)] વિ. અનુસ્વારવાળું; જે અક્ષરને માથે બીંદુ હોય તેનું; જેમાં અનુસ્વારનો ઉચ્ચાર થતો હોય એવું; અનુસ્વાર ધરાવનાર. જેમકે, સાનુસ્વાર ઉકારાંત ધ્વનિ એટલે કે જે ધ્વનિને છેડે અનુસ્વાર સહિત ઉ હોય તે.

સાન્ત [સં. સ + અંત] વિ. અસ્થાયી; જેને અંત છે તેનું; અનિત્ય; વિનાશી; અંતવાળું; મર્યાદિત. નશ્વર

સાન્તતા જી. મર્યાદિતપણું; નશ્વરતા

સાન્તપન ૧. ન. ઉપવાસ કરી ગોમૂત્ર, છાણ, દૂધ, દહીં, ઘી અને દર્ભના પાણી ઉપર એક દિવસ રહી તપ કરવુ તે.

૨. ન. બે દિવસનું એક વ્રત.

સાન્તર ૧ વિ અંતરવાળુ, અવકાશવાળુ

૨ વિ ઢકુ છવાયુ

૩. વિ. (સંગીત) જેમાં આરોહ.વ.નુ. પંચમ જ્યારે પચમની બીજી શ્રુતિ લે છે ત્યારે તે વિકૃત સ્વર સાન્તર કહેવાય છે.

૪ [સં.] વિ. વિરલ.

સાન્નાહ્ય [સ.] પું. લડાઈ માટે કેળવાયેલ હાથી. આ કેળવણી છ પ્રકારની છે: ઉપન્યા.ન, સવર્તન, સયાન, વધાવધ, હસ્તિયુદ્ધ અને નાગરાધ્વ

સાન્નિપાતિક [સ.] વિ. સન્નિપાત કે ત્રિદોષથી થયેલ; સન્નિપાતને લગતું; સન્નિપાત સંબધી.

સાન્વય ૧. [સં.] વિ. અન્વયવાળું; જે શબ્દ બીજાની સાથે અન્વય પામ્યા વિના પણ અર્થ બતાવી શકે તે નિરન્વય અને જેને અન્વયની જરૂર પડે તે સાન્વય કહેવા.ય છે.

૨. વિ. પરંપરાગત.

૩. વિ. પૂર્વાપર સબધને બંધબેસતું.

૪. વિ. મિશ્ર; સારું નહિ એવું વાક્યને માટે વપરાય છે. જેમકે, સાન્વય વાક્ય એટલે જોડાયેલ વાક્ય

સાન્વયનિર્દેશ [સં.] પું. સાંકેતિક વાક્ય

સાન્વયનિર્દેશ બે પ્રકારના થાય છે. સાકેય અને અન્વયવાચિત. અમિકાલ નથુભાઈ

સાન્વય વ્યાકરણ ન. એ નામનુ વ્યાકરણ. વિવિધ ભાષાઓમાં જે ભિન્નતા દેખાય છે તેના નિયમો વિષેનું તે શાસ્ત્ર છે.

સાન્સી જી. એ નામની મધ્યભારતની એક બટકની કોમ.

સાપ [સ. સર્પ, પ્રા. સપ્પ, હિંદી. સાँપ] પું. જમીન સાથે પસવાઈને ચાલુચાલુ પણ ઝપાટાબધ ચાલતું દોરી જેવું એક લાબુ પ્રાણી. એની ઘણી જાતો છે. એ સ્વભાવે લબુહરામ અને દ્વેષી પ્રાણી છે તેથી તેવા સ્વભાવવાળાં માણસને એની ઉપમા અપાય છે. તેની નાગ, ભુજંગ, વિષધર, બાલ, અહિ, સર્પ વગેરે સસ્કૃત નામો છે. તેની બે મુખ્ય જાતો છે: (૧) ઝેરી અને (૨) ઝેર વગરના. તેમાં ચાંસી ટકા જેટલા સાપ તદ્દન ઝેર વગરના છે. એવા સાપ કરડેલા માણસો જાતજાતની નકામી દવાથી સાજા થાય છે. તેથી ઉતારનારા એમ જ સમજે છે કે, એ પરિણામ તેની દવાથી જ આવ્યુ. ભવિષ્યપુરાણમાં નાગ અને સાપમાં કેવી રીતે પ્રજાની ઉત્પત્તિ થાય છે, કઈ ઋતુમા ઈંડા ઉત્પન્ન થાય છે અને કઈ ઋતુમાં ઈંડાંનું નર અને માદા ભક્ષણ કરે છે વગેરેનું વર્ણન છે.

ઈંડા પરિપક્વ થતાં તેના લાલ રંગ ઉપરથી નર અને સોનેરી રંગ ઉપરથી સ્ત્રી સર્પની ઉત્પત્તિ કહી શકાય છે. જન્મ્યા પછી સાત દિવસમા સાપનો રંગ ઘેરો થાય છે. પછી દિવસમાં દાંત આવે છે. બારમે દિવસે દાંતમાં ઝેર ઉત્પન્ન થાય છે અને પચીસમી રાત્રે આ ઝેર ફાલીફ થાય છે ૭ ૭ મહિને સાપ કાંચળી ઉતારે છે. મનુષ્ય, નોળિયો, મોર, ચકોર, બિલાડી અને વીંછીથી સાપનું મોત થાય છે પરંતુ તેમાંથી બચવા પામે તો ૧૨૦ વર્ષ જીવે છે આ વર્ણન ઉપરથી આપણને પ્રાચીન ઋષિઓના સૃષ્ટિ અવલોકનના અને નિરીક્ષણ શક્તિનું ભાન થાય છે

૧. આગળ સાપ ને પાછળ વાઘ = બંને વચ્ચે સપડાયેલી જેવી સ્થિતિ.

૨. પ્રહ્લાદ વખતે સાપ કાઢવો = કામને વખતે વચ્ચે મુશ્કેલી કે આડી વાત ઊભી કરવી.

૩. દૂધ પાઈ સાપ ઉછેરવો = દુર્જનની મૈત્રી કરવી.

૪. સાપ ઉતારવો = મંત્રતંત્રથી સાપના ઝેરની અસર દૂર કરવી.

૫. સાપ કાઢવો = બદારીએ તેની ટોપલીમાંથી સાપનો ખેલ કરવા સાપને બહાર કાઢવો.

૬. સાપ કે ધો જે નીકળે તે ખરું = (૧) અનિષ્ટ; સારું તો નહિ જ. (૨) નસીબ અજમાવવું.

૭. સાપ ગયા પણ લિસોટા રહ્યા = કાર્યની સમાપ્તિ થઈ જવી પણ તેની અસર ચાલુ રહેવી; રીતરિવાજ ચાલુ રહેવા

૮. સાપ છે કે ધો છે ? = શું છે તે નક્કી કરી શકાતું નથી. અજાણ્યા ઘરમાં શું છે તે જાણ્યા વિના હાથ નહિ ઘાલવો એવી મતલબ છે

૯. સાપના ધોના ભણકારા = ભયંકર ભયંકર રીતે સમજાવવું; ઘણી ઘણી રીતે શિખામણ આપવી; અનેક પ્રકારે ચેતવણી આપવી.

૧૦. સાપના પગ સાપ જાણે = ચોર ચોરને ઓળખે

૧૧. સાપના મોંમાંથી અમૃત ન નીકળે = દુષ્ટ લોકો પાસેથી સારાની આશા ન રાખવી.

૧૨. સાપના લિસોટા = કહેવામાત્ર; નામનું જ; નામશેષ

૧૩. સાપને પેર પરોણો સાપ; મુખ ચાટી ગયો જાય = જેવા સાથે તેવાનું મિલન; જેવો ને તેવો એ બંને સરખા.

૧૪. સાપને માથે મણિ = સોનું લાગ્યું.

૧૫. સાપનો કરડ્યો = ભયંકર કે ઉગ્ર માણસનું મોતાન

૧૬. સાપનો કરડેલો દોરડી કે સીંદરીથી પણ ડરે = દુઃખનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ, બહુમાન્ય છાશથી પણ ડરે

૧૭. સાપનો ફૂંફાડો રાખવો = ડરાવવું પણ ધમ્મ કરવી નહિ

૧૮. સાપનો ભારો = (૧) એકઠું રાખી ન શકાય તેવું. (૨) ઘણી ભેખમકારક કે સંભાળવાની વસ્તુ; સાપના ભારાને ભળવવા જેટલું મુશ્કેલ કામ; ભયપ્રદ સ્થાન કે પાત્ર; ભરોસો ન પડે તેવું જે કંઈ તે. (૩) પણું જ ક્રોધીલું કે ઝઘડેખુ માણસ (૪) ભેખમ ભરેલ (૫) તોફાની; ન સચવાય તેવું. (૬) રાંડેલી કે કન્યાકાળ પીતેલો એવી તરુણ કુમારી

૧૯ સાપનો મોરો = સાપ ઉતારવા માટેની જડીબુટ્ટી

૨૦. સાપે છછુંદર ગળ્યો = મુશ્કેલીમાં આવવું; ન ગળાય કે ન છોડાય એવી બેઉ બાજુની મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ જવું.

૨૧. સુખે ન સુએ જેના ઘરમાં સાપ = ચિંતાવાળા માણસને સુખથી નિદ્રા આવતી નથી

૨૨. સાનો સાપ જગાડવો = હાથે કરીને દુશ્મન ઊભો કરવો.

સાપડિયું જ. જીંસ; સપડામણ

સાપડિયાં (સાપડિયાં) જ. ઊંચ અને સવરણને એક કરવા બેલગાડીમાં લોઢાનાં જે ધોડેલાં સાધન વપરાય છે તે

સાપડી (સાપડી) સ્ત્રી. પુસ્તક મૂકવાની લાકડાની નાની પોડી.

સાપડું (સાપડું) ન. ચપાટી; પોળી; ચોપડુ; ભાખરી; ભાટી; અંબાખરી.

સાપડો (સાપડો) પું. અભ્યાસ કરતી વખતે પુસ્તક મૂકવાનું લાકડાનું ઉપકરણ.

સાપણ ૧. સ્ત્રી. જેવા આકારનું ચિહ્ન.

૨. સ્ત્રી. (વહાણવટું) વહાણના એક ભાગનું નામ. તેની બે જાત હોય છે: (૧) સીધતા સાપણ અને (૨) ફેરા સાપણ.

૩. [સં. સર્પિણી] સ્ત્રી. સર્પની માદા; નાગણી; નાગણ એમ કહેવાય છે કે, જે સાપ કરડ્યો હોય તો માણસ જેવો જોવા કરે છે અને સાપણ કરડી હોય તો નીચે જોવા કરે છે.

સાપણિયો પું. પીઠ ઉપર બે સામસામા ભમરાવાળો બળદ. તે ખોડવાળો ગણાય છે

સાપણી ૧. સ્ત્રી અંગની એક પ્રકારની ખોટ. તેને કાંખની એક બાજુ બે અને બીજી બાજુ એક ભમરી હોય છે

૨ [સં. સર્પિણી] સ્ત્રી સાપની માદા; નાગણી.

સાપણીઉં ન. (શિલ્પ) નવું મકાન ચણતી વેળા બારસાખ ઉપર નખાતું નવું લાકડું

સાપત્ન ૧. [સં] પું એક જાતનો સ્વાર્થભાવ.

૨. વિ. બાપ એક અને મા જુદી હોય તેવું; ઓરમાન

૩. વિ. શોક્ય સબંધી; સપત્નીનું

સાપત્નભગિની સ્ત્રી ઓરમાન બહેન.

સાપત્નમાતા સ્ત્રી. સાવકી માતા.

સાપત્ન્ય ૧. [સં.] ન શત્રુ

૨. પું. શોક્યનો પુત્ર

સાપની કાંચળી સ્ત્રી. સાપ પોતાની ચામડીની જૂની ખોલ ઉતારી નાખે છે તે. એ શરીર ઉપરથી આખે આખી નીકળે છે. આ ખોળ ઉતારવા સાપ કોઈ સાંકડી જગ્યામાંથી બળપૂર્વક પસાર થાય છે અને તેથી ખોળ ચેતરી જાય છે

સાપની માસી જુઓ સાપમામણી.

સાપમામણી સ્ત્રી. એક જાતનો નાનો સાપ; સાપના કરતાં જોવા લાલ રંગનો બિલકુલ ઝાંખો એક જીવ; સાપની માસી. તેને મોટે સફેદ ટપકાં, પૂંછડી રાતી અને શરીર કાળું અથવા લાલ હોય છે

સાપમાર પું. સાપ મારી ખાનારું એક પક્ષી; લક્ષિયાને કાને લેખણ ખોસી હોય તેના દેખાવને મળતી કલગીવાળું એક પક્ષી.

સાપરાધ [સ. સ (સાથે) + અપરાધ] વિ. અપરાધી; ગુનેગાર; દોષિત; અપરાધવાળું.

સાપરાધતા સ્ત્રી. કસૂર; દોષ; દોષિતપણું.

સાપરાધ ધમકી [સ.] સ્ત્રી બીજા કોઈના શરીર, આબરૂ કે મિલકતને નુકસાન કરે અગર નુકસાન કરવાનો ડર દેખાડે એવું કૃત્ય.

સાપરાધ નરહત્યા સ્ત્રી ગિરફતીય મનુષ્ય વધ.

સાપરાધપ્રવેશ [સ.] પું. અતિક્રમણ; ઘૂસણ; સીમોલ્લંઘન; અનધિકાર પ્રવેશ; જે માણસના કબજામાં કંઈ મિલકત હોય તે માણસને ધમકી, તિરસ્કાર કે દુઃખ દેવાના ઇરાદાથી તે મિલકત ઉપર દાખલ થવું તે.

સાપરાધ અલંપ્રયોગ [સં.] પું સાપરાધ ભાગ વાપરવાનો ગુનો

સાપરાધ્યગ [સં.] પું સાપરાધ વાપરવામાં આવેલું ઓજાર; ' ક્રિમિનલ ટૂલ્સ '.

કોઈ રાજાસને ગેરવ્યાજબી કેદ કરવાની કાર્યવાહી **સાપરાધ્યગ** વાપર્યું હોય ત્યારે જેના પર સાપરાધ્યગ વાપર્યું હોય તેને યુનો માટી રાજાસનો અધિકાર છે. ફોજદારી કાયદો

સાપરાધ્ય ભયદર્શન [સં] ન. સાપરાધ ધમકી

સાપરાધ્યશીયત્વ [સં.] ન. સાપરાધ ધમકી આપવાનો ગુનો

સાપલો પું. સૂર્ય શિશિરના વનની એક પ્રકારની વનસ્પતિ. તેને અંગ્રેજીમાં વેનસ ફ્લાઈ ટ્રેપ એટલે માખી પકડવાનો સાપલો અથવા ફ્લાય ટ્રેપ કહે છે. એ ઉત્તર કારોલિનના પૂર્વકાંઠામાં જ માલૂમ પડે છે. સૂર્યશિશિરની પેઠે, બીની જમીનમાં તથા વેરાન ભૂમિમાં ઉત્પન્ન થાય છે એને ચક્ર નથી. પાદડાં મૂળમાંથી ઉપર આવે છે. પાદડાં જરા મોટાં તથા પહોળાં હોય છે. દાંતના પછી પાતરું, બીજાં સાધારણ પાતરાંની પેઠે બે ભાગમાં જુદાં પડે છે. પાંદડાનો એક ભાગ બીજાની સાથે બધું કરીને સરખા મૂળ્યથી ઊભો રહે છે. પાદડાના ભાગના કિનારા પર કાંટા હોય છે અને તે કાંટા સાંના ધારવાળા મોટે મોટે છેટે હોય છે. માખીના સાપલામાં જાણ્યું કે પતંગિયું પકડાયી પોતરાના બે ભાગ પણ બંધ થવાની વખતે કિનારા પરના કાંટાઓ બરાબર સૂર્યશિશિરની પેઠે એક પછી એક સકોચાઈ ને બંધ થાય છે. દરેક પાંદડાના ઉપલા ભાગમાં ત્રણ નાનાં નાનાં કાંટા એવી રીતે ઊંડે છે કે, જો રેખાથી તેઓના મૂળ દેશ કે શિરોરેખા એક બીજાની સાથે સયોજિત થાય તો એક ત્રિભુજ અંકિત થાય. કાંટો ઊંચના વીસમા ભાગ જેટલો હોય છે. એ કાંટાની રચના જીવનસક્તિ બહુ જાગ્રત તથા આત્મસંચાળી હોય છે. અતિ બીમેથી તથા સહેજ કોઈ એક કાંટાને અડકવાથી બધાં પાતરાં તરત એક પછી એક બંધ થઈ જાય છે. સૂર્ય શિશિરના કાંટાની પેઠે એના કાંટા નમતા નથી. એને અડકવાથી જ, બીજીના શક્તિ સંચારની પેઠે, તે રચના થતાં જ બધા પાતરાંનાં શરીરને જાગ્રત અવસ્થામાં લાવે અને પળમાં પાદડાના બે ભાગ સાંકળની પેઠે બંધ થઈ જાય છે

સાપવાં જુઓ સાપડિયાં.

સાપસન પું. એક જાતનો વેલો. એનાં પાન નાગરવેલનાં જેવા હોય છે. તેમાં કાળી અને ધોળી એવી બે જાત થાય છે. સાપસન બધી કરતાં હોય છે સર્પના વિષ ઉપર તેના મૂળ વપરાય છે.

સાપસ્પુત જી. એક જાતની વેલ. તે બધા ઝેર ઉપર ફાયદો કરે છે

સાપરુડી ન દબાયેલું, લપાયા અને ઢંકાયા તરફ થતું અભિમુખ વર્તન, બહુ ઝાડી છાલનું એક જેરી ઝાડ, ઉપાસ; ચાદુલ, ચાદુડા

સાપસ્પુત [સં. અદ્વિજ્યા] પું એ નામની ઔષધિ, કૃષ્ણિરમૂળ; નોરવેલ. શાસ્ત્રોમાં તેને શીતજ્વર મટાડવામાં અતિ ઉપયોગી વર્ણવેલ છે. શીતજ્વરનાં જતુઓનો નાશ કરવા માટે તેનો તાજાત રસ કે વિદેશોમાં પુષ્કારે બહુ ચૂસવાનું કહેવાય છે. સવના ઝેર ઉપર પણ ઉપયોગી ઔષધ માનવામાં આવ્યું છે આપણા ગારુડીઓ તો એનાં બીજ અનેક દરદો મટાડવા માટે તેના ઓરોબાર વખાણ કરે છે પણ ખરેખરાને બધું ઓછો નોરવેલ તરીકે પણ આપણે છે એના વેલા થાય છે. એમાં કાળી અને ધોળી એવી બે જાત છે કાળી સાપસ્પુત વધારે ગુણકારી છે, તે બાબી કડવી છે.

સાપહ્નવોત્પ્રેક્ષા સ્ત્રી (કાવ્ય) ઉત્પ્રેક્ષા અલંકારના પાંચ ભાદેનો એક ભેદ; અપહ્નુતિ સહિત સરખામણી કરવામાં આવે તે.

સાપિણી સ્ત્રી. સાપણી; નાગની માદા; સર્પિણી.

સાપિત્ય ૧. ન. સાપણ

૨. [સં.] ન. સપિંડ હોવાપણું, માદનો ઠક્કો પહોંચતો હોય એટલી સગાઈનું સગાઈનું માણસ; કુટુમ્બ; ગોત્ર કે વસતુ માણસ.

૩. ન. સાતક આવતું હોય કે બારસો મળતો હોય તેવી નજીકની સગાઈ હોવી તે, સપિંડતા.

સાપેક્ષ ૧. [સં.] વિ. અપેક્ષાવાળું.

૨. વિ. એક બીજાના સબંધમાં હોય તેનું; સબંધવાળું; સબંધી. જેમકે સાપેક્ષ સર્વનામ

૩. વિ. ગૌણ; બીજાની પંક્તિનું.

૪. વિ. (ગણિત) જેની કીમત બીજાની કીમત ઉપર આધાર રાખતી હોય તેનું.

૫. વિ પરાવલબી; બીજાનું; પોતાનું; એકમેક ઉપર અવલબી રહેનારું; અનુગ્રહનું; બીજા ઉપર આધાર રાખનારું

૬. વિ. લાભ વિષયોની અપેક્ષા રાખનારું.

૭. વિ. સ્વતંત્ર હસ્તી ન ધરાવનારું પણ બીજા કશા ઉપર આધાર રાખનારું; ' રિલેટિવ '.

સાપેક્ષચલ ન (ગણિત) બે માદેની એક ચલ રાશિ. જે ચલની કીમત બીજા ચલની કીમત ઉપર આધાર રાખતી હોય તેવી ચલને સાપેક્ષ ચલ કહે છે અને તે બીજી નિરપેક્ષ ચલ કહે છે

સાપેક્ષતા સ્ત્રી સાપેક્ષત્વ; અનુગ્રહત્વ; ' રિલેટિવિટી '.

ગતિ. દિક્ અને કાળ આ બધી સાપેક્ષ હોય છે કેમની ગતિ બદલે નીચની જમીન સ્થિર હોય તેમ જ દેખાય છે આ સાપેક્ષતાનો સિદ્ધાન્ત પ્રાચીન સમયના ખગોળજ્ઞાનીને અજ્ઞાત નહતો

પારિ. કોષ

સાપેક્ષતાવાદ પું ઉપાધિવાદ, ' રિલેટિવિટી થીઅરી '. માનસદૃષ્ટિએ દેશ અને કાળ વચ્ચે ઘણો ભેદ છે પણ ભૌતિકશાસ્ત્રની દૃષ્ટિએ એ વચ્ચે તત્ત્વતઃ કાંઈ ભેદ નથી. એમ થી એકેયનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. એક જ નિરપેક્ષ વિશ્વ સત્તાનાં બે સ્વરૂપો છે એક સ્વતંત્ર મૂલ્યના ત્રણ છે, જેને ' સ્પેસ્ટમ ટાઇમ ' એટલે કે દેશ. આમ ત્રણ અવિનેય પુગલ અથવા દૈનંદિન દૈનમાં વહેતા અનુભવ-કણોમાં આવે છે

એ ચતુર્માન જીવો ચોરસ અને ઘન એમ દેશમાં ત્રણ માન અને તે ઉપરાંત એક કાલનું માન એમ ચાર માનવાળું four dimensional) અખંડ સત્. તે વિશ્વમાં જગતહેર થયેલા આઈન્સ્ટાઈનનો ઉપાધિવાદ યાને **સાપેક્ષતાવાદ** (Relativity theory)નો મૂળ સિદ્ધા છે

પારિ. કોષ

સાપેક્ષત્વ [સં.] ન. અનુગ્રહત્વ; સાપેક્ષીપણું; સબંધવાળું હોવાપણું; સાપેક્ષતા; ' રિલેટિવિટી '.

સાપેક્ષદાયિત્વ ન. અવલબી જવાબદારી; અનિશ્ચિત બાબત ઉપર આધાર રાખતી જવાબદારી; શરતી જવાબદારી

સાપેક્ષદૃષ્ટિ સ્ત્રી. (જૈન) વસ્તુને મુખ્ય રાખે અને તે વસ્તુના બીજા ગુણને પેટામાં એટલે ગૌણ રાખે અથવા દ્રવ્યને ગૌણતામાં રાખે અને તેના એક ગુણ ધર્મને મુખ્ય રાખે તે દૃષ્ટિને નય અથવા સાપેક્ષદૃષ્ટિ કહેવાય છે.

સાપેક્ષનિર્દેશ પું. સાપેક્ષવાક્ય; ' કડિશનલ પ્રોપોઝિશન '.

સાપેક્ષ પદ [સં.] પું. અન્યોન્ય સબંધ રાખનાર શબ્દ.

સાપેક્ષપ્રક્રિયા [સં] સ્ત્રી. સાપેક્ષવાદ; ' રિલેટિવિટી ઓફ રિલેટિવિટી '.

આ નવીન **સાપેક્ષપ્રક્રિયા** યા સાપેક્ષવાદથી એમ સિદ્ધ થાય છે કે, કુદરતી સબંધો જેવા કે પ્રકાશના પ્રસરણનો વેગ: એમાં ગતિના એક બૃહદમાંથી અન્ય બૃહદમાં વિચરનારની દૃષ્ટિમાં ભેદ માલૂમ પડતો નથી. દૃષ્ટાંત તરીકે, પૃથ્વીની સૂર્યની આસપાસની ગતિના ઉત્તરોત્તર બદલાતા જતા વેગની ગતિમાં પડતાતા જતા બનુભવની દૃષ્ટિમા પ્રકાશના સચરણનો યા પ્રસરણનો જે ભેદ માલૂમ પડતો નથી તેનું કારણ એ છે કે, દેશ અને કાળ વેગની અપેક્ષાએ બદલાતા રહે છે

પારિ. કોષ

સાપેક્ષમૂલ્ય [સ.] ન પરસ્પર સંબંધ રાખની કિંમત. ' રિલેટિવ વેલ્યૂ '.

સાપેક્ષવાદ જુઓ સાપેક્ષતાવાદ.

સાપેક્ષસર્વનામ ન. (વ્યાકરણ) સર્વનામનો એક પ્રકાર

'જે' એ સાપેક્ષ સર્વનામ છે. કેમકે એ વાપર્યા પછી તેની અપેક્ષા રહે છે જ. 'તે' વાપરવું જ પડે છે. 'તે' એકવું વાપરી એની પહેલાં 'જે' ન મૂકીએ તો ચાલે પરંતુ 'જે' ની પછી તો 'તે' આવવું જ જોઈએ.

ભૂપેન્દ્ર વ્યાકરણ

સાપેક્ષસંખ્યા [સં] સ્ત્રી વિશેષ સંખ્યા; વિશિષ્ટ સંખ્યા; ' કૉન્ક્રિટ નંબર '.

સાપેક્ષવાદી [સં. સાપેક્ષવાદિન્] વિ સાપેક્ષવાદને માનનાર; ' રિલેટિવિસ્ટ '.

સાપેક્ષિક કર પું. જુદા જુદા દેશમાંથી આવતી એક જ વસ્તુ પર લેવાતો જુદો જુદો કર; ' ડિફરેન્શિયલ ડ્યુટિઝ '.

સાપેક્ષિક સ્થિતિ સ્ત્રી. ગ્રહોની અન્યોન્ય સાપેક્ષદર્શક સ્થિતિ.

સાપેક્ષ્ય [સં.] વિ. એક બીજાની અપેક્ષા અથવા જરૂર રાખનું.

સાપેક્ષ્યન્યાય [સં.] પું. અપેક્ષા ન્યાય; ' લૉ ઑવ રિલેટિવિટી '.

સાપેક્ષ્યસિદ્ધાંત [સં.] પું. વસ્તુના ધર્મના પ્રમાણમાં પરંતુ આપણી જાણવાની શક્તિ અનુસાર જ્ઞાત આત્મપ્રદેશને પ્રાપ્ત થાય છે તેને લગતો સિદ્ધાંત; ' પ્રિન્સિપલ ઑવ રિલેટિવિટી '

આ ખગોળની તથા તેમના ઉપરથી નીપજતા **સાપેક્ષ્ય** સિદ્ધાંતની ચિંતામાં હવે બીજા બ્રિટીશરત્ન સોમવું પડશે. વિજ્ઞાન પ્રવેશિકા

સાપોણ ૧. સ્ત્રી. ઠોર, મનુષ્યના શરીર ઉપર સાપના આકારનું જન્મથી જે ચિહ્ન હોય છે તે. સાપણવાળું પ્રાણી અપશુકનિયું ગણાય છે

સાપોણ જોવી = (૧) ખરાબ આલાક. (૨) ખરાબ ઝેરીલી કે દેખી.

૨. [સં. સર્પિણી] સ્ત્રી. સાપણ; નાગણ.

સાપેર સ્ત્રી (પ્રાચ્ય) શિલા; પત્થર.

સાપોલિયા ઠંઠી સ્ત્રી. ગળાના એક દાગીનાનું નામ.

સાપોલિયું ૧. ન. બચ્ચસિયું.

૨. ન. નાનો સાપ.

૩. ન. સાપનું બચ્ચું; કથો.

સાપ્તાહિક ૧. ન. સાત સાત દિવસે બહાર પડતું છાપું

૨. [સ. સપ્ત (સાત) + અહિક (દિવસ)] વિ. સપ્તાહિયું; સાત દિવસે નીકળતું; અઠવાડિક; સાત દિવસનું.

સાફ ૧. વિ. આરપાર દેખાય તેવું; નિર્મળ.

૨. વિ. કચરા કાંટા વગરનું.

૩. વિ. કોઈ પ્રકારની ઓઢાપાથરા કે શ્રમ વગરનું

૪. [અ.] વિ બાકી નહિ પણ ચોખ્ખું; સ્વચ્છ; કચરો કે મેલ વિનાનું

૫ વિ ચોખ્ખા મનનું. નિષ્કપટી; નિખાલસ, નિર્દોષ; સ્વચ્છ દિલનું; પવિત્ર; શુદ્ધ

૬. વિ. હીસું; મૂંગાળું.

૭. વિ. સપાટી ઉપર કચરો, આડો કે ઉપસ્યો ન હોય તેવું. સપાટ

સાફ કરવું-કરી દેવું = (૧) ઉડાડી દેવું, પૂરું કરવું (૨) ઊંટકવું; માંજવું, ધોઈ નાખવું. (૩) બાકી રહેલા ઝાડી સપાટી સરખી કરવી. (૪) ચોખ્ખું કરવું, સ્વચ્છ કરવું. (૫) નકામું દૂર કરવું. (૬) પ્રયત્નપૂર્વક કરી નાખવું. (૭) મારી નાખવું. (૮) ચોરવું; સપાટીથી ઝાટકવું.

૮. વિ. સ્પષ્ટ; ખુલ્લું; અવધાન રહિત; આડ કે ઓઝા રહિત.

૯. અ. ચોખ્ખી રીતે

૧૦. અ. બિલકુલ ઘસીને.

સાફદિલ ૧. વ. પવિત્ર હૃદય.

૨. વિ. ચોખ્ખા દિલનું; નિષ્કપટી; પ્રપંચ રહિત.

સાફદિલી સ્ત્રી. નિષ્કપટીપણું, ખરાપણું. નિષ્કપટ

સાફલ્ય ૧. [સં.] ન. લાભ; ફાયદો.

૨. ન. વિજય; જીત.

૩. ન. સફળતા

૪. ન. સંપૂર્ણતા.

૫. ન. સામર્થ્ય.

સાફલ્યપ્રદ વિ. સફળતા આપે તેવું.

સાફસફાઈ સ્ત્રી. ચોખ્ખાઈ; સ્વચ્છતા

સાફ સાફ ૧. વિ. તદ્દન સાફ.

૨. અ. ખુલ્લા દિલથી

૩. અ. ચોખ્ખે ચોખ્ખું; સ્પષ્ટ શબ્દમાં; સ્પષ્ટ રીતે.

સાફસુથરું વ. સાફસૂફ; સ્વચ્છ.

સાફસૂફ ૧. પુ. દાની કલમનો એક પ્રકાર; એક પ્રકારનો દંડ. આ દંડથી છાતી અને ખભા મજબૂત થાય છે.

૨. સ્ત્રી. કામકાજની સુઘડતા.

૩. સ્ત્રી. સફાઈ; વાળઝૂડ.

૪. [અ.] વિ. ચોખ્ખું; કચરા વિનાનું.

સાફસૂફી [અ.] સ્ત્રી ચોખ્ખાઈ; સ્વચ્છતા; સાફસાફ; સાફસાફ કરવું તે; શુદ્ધિ

સાફી ૧. [અ.] સ્ત્રી. આખી સંન્યાસી વગેરે બાવાઓનું પહેરવાનું કપ્પ જેવું કપડું.

૨. સ્ત્રી. મરડું.

૩. સ્ત્રી. ચશ્માની ધૂળાડી સાફ અને કહી વગેરે મોંમાં આવે તે માટે રાખવામાં આવતો કપડાનો ટુકડો; ચશ્માનો રૂમાલ; ચશ્મ પીવાનો કપડાનો ટુકડો.

૪. સ્ત્રી. ચાકળો

૫. સ્ત્રી. ડાકોરજીનું મોઢું સાફ કરવાનું કપડું.

૬. સ્ત્રી. પતરાળું

સાડી મારવી = પુતરાજ મારવી; બડાઈ મારવી.

૭. સ્ત્રી. પવિત્રતા; સ્વચ્છતા.

૮. સ્ત્રી. મસોતું.

૯. વિ. ચોખ્ખું

૧૦. વિ. વળતર કે વટાવ વગરનું

સાફો [હિં સાફા] પું. એક જાતનું શિરોભૂષણ; માથે વીંટવાનો સૂતરાઉનો લાંબામાં લાંબો ટુકડો; વળ વગરનો હેટો; પાઘડી; પાતી; મદીલ; રેટો.

૧. સાફો પહેરવો-બાંધવો = માથે સાફા જેવી પાઘડી પહેરવી.

૨. સાફો બંધાવવો = (૧) પહેરવા સાફો આપવો. (૨) મોભ કદર કરવી.

સાબદાબોદું (સાબદોબોદું) ૧. વિ. ભોળું; નિષ્કપટી.

૨. વિ. સેળભેળવાળું; સેગઢમેગઢ જેવું; સારા નરસાનું મિશ્રણ હોય તેવું.

સાબદાઈ સ્ત્રી. તૈયારી

સાબદાઈમાં રહેવું = તૈયારીમાં રહેવું.

સાબદું ૧. વિ. બધું ચે; તમામ; સાબ; અનવશેષ; સમુદાયનું; જરા એ જરા.

૨. વિ. સજ્જ; તૈયાર; તડેમકોડે.

સાબદે જાબદે = કડેમકોડે; તૈયાર સ્થિતિમાં; સજ્જ હોય એમ.

૩. વિ. સાજું; કટાર.

૪. અ. તૈયાર.

સાબદુંય વિ. બધું.

સાબધિકારાધિકાર [સં] પું. મર્યાદિત સ્વામીત્વ.

સાબધું જુઓ સાબદું.

સાબર ૧. સ્ત્રી. સાબરમતી નદી

૨. [સં. શમ્બર] ન. એ નામનું હરણની જાતનું શાખાદાર શિંગડાંવાળું પ્રાણી. એ ઉંમરાળ જગ્યા ઘણી પસંદ કરે છે. તેનાં

શિંગડાં ઝાડની ડાળીની જેમ ફાંટાવાળાં હોય છે તેથી તે ઘણું રળિયામણું દેખાય છે. તે ઘાસ ખાનાર વર્ગનું પ્રાણી છે. તેનાં શિંગડાં દર વર્ષે ઊગે છે અને દર વર્ષે ખરી પડે છે. સાબરનાં શિંગડાં મૃગથી ઘણાં મોટાં હોય છે. એ પોલાં નથી હોતાં પરંતુ નક્કર હોય છે. શિંગડાં ઉનાળો બેસતાં ખરી પડે છે અને ચોમાસું પૂરું થતાં તેના પાછા ફણગા ફૂટે છે. તે ત્રણ ફૂટ લાંબાં હોય છે. મૃગ નાના કદનાં હોય છે જ્યારે સાબર મોટાં અને ભરાવદાર કદનાં હોય છે. સાબર અથવા હરણની જાતમાં નરને માથે જ શિંગડાં હોય છે. માદાને હોતાં નથી

સાબરકાંઠો પું. સાબરમતી નદીના કાંઠા ઉપર આવેલો પ્રદેશ.

સાબરમતી સ્ત્રી. અમદાવાદ પાસેની નદી. તેના કાંઠા ઉપર સાબરમતી આશ્રમ આવેલો છે

સાબરમતી આશ્રમ પું. સાબરમતી નદીના કાંઠા ઉપર અમદાવાદમાં આવેલ ગાંધીજીએ સ્થાપેલ એ નામનો એક આશ્રમ

સાબરશિંગ જુઓ સાબરશિંગું.

સાબરશિંગડું (સાબરશિંગડ) જુઓ સાબરશિંગુ

સાબરશિંગું ૧. ન. એક પ્રાણીજ ઔષધી. સાબરના શિંગડાને એમને એમ અગર તેને બાળી તેની રાખ કરી તે રાખ વાપરવામાં આવે છે તેના કટકા કરી તેને અડકાના રસમાં રાખી મૂકો તડકે સૂકવી પાછળથી રોકવાથી પણ તેની રાખ થાય છે. તે સ્તંભન અને પૌષ્ટિક હોવાનું મનાય છે. તેનું ચૂર્ણ રક્તાતિસારમાં અપાય છે. તેમ જ ઘા, જખમ ઉપર પણ લગાડવામાં આવે છે. તેની રાખ જુદી જુદી જાતના ત્વકદોષ ઉપર એમને એમ ભભરાવવામાં આવે છે. મધની સાથે રાખી ચાટવાથી દમ, ઉધરસ, ક્ષય, વધરાવળ, મંદાગ્નિ, અપચો તેમ જ શુક્રદોષમાં ફાયદો થવાનું મનાય છે. વળી એમ પણ કહેવાય છે, કે બારસી, દમ વગેરેની દવા દેશી વૈદ્ય સાબરશિંગાના ધસારામાં પીવા આપે છે. ત્રિફળામાં છાલીનાં કરદ પર સાબરશિંગાનો લેપ લગાડાય છે. ઘા થયો હોય કે સાંધા દુઃખતા હોય તો પણ એ લેપ લગાડાય છે. સાબરશિંગાની ભસ્મ પણ બને છે. આનો ગુણ ઉષ્ણ છે.

૨. ન સાબરનું શિંગડું. તે ઘણું કઠણ, વજ્રદાર અને ભૂખરા રંગનું હોય છે. તેમાં ત્રણ ભાગમાં કટ હોય છે

સાબરશીંગ જુઓ સાબરશિંગુ.

સાબરશીંગડું (સાબરશીંગડ) જુઓ સાબરશિંગુ.

સાબરશીંગભસ્મ જ્ઞ. (વૈદક) સાબરના શિંગડાને અગ્નિમાં બાળી કરવામાં આવતી ભસ્મ. આ ભસ્મ કફ, ક્ષય, દમ, હરસની તકલીફ વગેરે ઉપર અકસીર છે.

સાબરશીંગું જુઓ સાબરશિંગુ.

સાબરિયો ૧. પું. દૂધવાળો; દૂધ વેચનારો; દૂધ દહીંનો વેપાર કરનારો. અમદાવાદ તરફ આ શબ્દ બહુધરું દૂધ વેચનાર બાયી માટે જ વપરાય છે.

૨. પું. હાજીઓ; હાજીવા કરનાર.

સાબરી સ્ત્રી. સાબરની માદા; એક જાતની હરિણી.

સાબળિયો જુઓ સાબરિયો.

સાબાન ૧. [અ. સાવબાન] પું. (ખૂ. મુ.) તાપ કે તેજ ન આપે એવો અગાડી પડદાવાળો તબૂ.

દહલી ઔર સાબાન, સિરાચા કટક ચલા સિવુમાર.
ભાનકવિકૃતબંધ

૨. પું. મુસલમાનોના બાર મહિનો આઠમો મહિનો; મહોરમથી આઠમો માસ

૩ સ્ત્રી. (ખૂ. મુ.) સાબમી.

રથ ચાહિલિ ઔરે નીસાબુ રચત ભયાં સાબિરી સાબાન.
વિમલપ્રબંધ

સાબાશ અ. શાબાશ; ધન્ય; વાહ.

સાબાશી સ્ત્રી. શાબાશી; ધન્યવાદ; તારીફ.

સાબિત ૧. વિ. દૃઢ; મજબૂત

સાબિત રહેવું = દૃઢ રહેવું; વળગી રહેવું.

૨. [અ.] વિ. સિદ્ધ; પુરવાર; નક્કી કરેલું, દાખલા દલીલ આપી પુરવાર કરેલું

સાબિત કરવું = પુરવાર કરવું; સિદ્ધ કરવું

સાબિતી ૧ સ્ત્રી. ટેકો; આધાર.

૨. [અ] સ્ત્રી. પુરાવો; ખાતરી; પ્રમાણ; સાક્ષી

સાબુ ૧. [અ. સાબૂન] પું. ક્ષાર અને તેલની મેળવણીથી બનાવેલો મેલ કાપે તેવો એક પદાર્થ. તે નાહવા ધોવાના કામમાં આવે છે. એક સૈકા પહેલાં એક ફ્રેંચમેને સાબુની શોધ કરેલી અને લગભગ ૨૫ વરસ સુધી તેમાંથી ગ્લિસરીન જુદું પાડવાનું શોધાયું હતું. ડૉ. પોટ્સડૂરની પદ્ધતિ પ્રમાણે એક શેર સાબુની શોધનું તેણે જર્મનીમાં માસ્ટર પેટ્ટ મેળવેલ છે. ઓસ્ટ્રેલિઅનો મેલબોર્ન શહેરમાં સાબુનું એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તે બીસામાં રાખીને ફરી શકાય છે એ ત્રણ ઇંચ લાંબું અને બે ઇંચ પહોળું હોય છે. તેમાં ૩૦ પાના હોય છે તેમાંથી એક પાનું ફાડી હાથ ઉપર મૂકો તેને પાણી વડે ઘસતા ફીણ ઉત્પન્ન થાય છે અને પાનાનો ડૂચો થઈ જાય છે. બીસામાં આ પુસ્તક સહેલાઈથી રાખી શકાય છે.

સાબુ બાઝવો-લગાડવો = કપડાને સાબુ ઘસવો કે સાબુવાળું કરવું

૨. પું. બારવાળા ઝોડાને પાણી પાતી વખતે લગાડવાનું સાધન.

સાબુગર [સાબુ + ફા. ગર (કરનાર)] પું. સાબુનો વેપારી; સાબુનો બનાવનારો તથા વેચનારો.

સાબુગરવાડ (સાબુગરવાડ) સ્ત્રી. શહેરના જે ભાગમાં સાબુગર લોકો એટલે કે સાબુ બનાવનારા અને વેચનારા વેપારીઓ વસતા હોય તે ચૌટું; ચોરાશી બાંધેલું એક ચૌટું.

સાબુગોળો ૧. પું. એક બાલ પદાર્થ; બાંડની વસ્તુ; સાકરમાંથી બનતી એક જાતની મીઠાઈ.

૨. પું. ટિંગણો અને ચીકણી ચામડીનો મજબૂત અથવા સ્થૂળ માણસ; શરીરે પુષ્ટ અને ટૂંકો માણસ; કેડાપૂર; મોળમટોળ.

૩. પું. સાબુનો ગોળો; ગોળાકાર સાબુ.

૪. વિ. ઘીસું અને ભરાવું.

સાબુચોખા પું. બ વ. સાગુચોખા; સાગુદાણા; સ.ગુદાણા, તાડ જેવા સાગુ નામના ઝાડના થડના ગરના બનાવેલા દુધિયા કણ. સાગુ મલય શબ્દ છે. સાબુચોખાના ઝાડને અંગ્રેજીમાં મેટ્રોક્સિલન સેગો કહે છે. બ્રાઝિલિયાની જાતના સાગુ નામના ઝાડના થડમાંથી સેગો કે સાબુચોખા નીકળે છે. તે મોમ થડવાળું ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું ઝાડ થાય છે તે મલબારનું મૂળ વતની છે. પોચી, રેતાળ, ઊંડા કળની, ભીનાશ સમાયલી એટલે ભેજવાળી સપાટ જમીનમાં આ ઝાડ થાય છે. આ ઝાડની ઉમર ૧૫ થી ૨૦ વરસની છે. તેમાં ફૂલ અને ફળ આવે છે અને પાન તરત સુકાઈ જે ખરી જાય છે. બેથી ત્રણ વરસે તેનાં બી પાકે છે. તેમાં ઊગવાની શક્તિ હોતી નથી. નવા રોપા તેનાં થડ પાસેથી નીકળતાં પીલા વાવવાથી થાય છે. ૧૫ કે ૨૦ વરસે જ્યારે તેમાં ફૂલ આવે ત્યારે તે તાડને કુહાડેથી કાપી નાખે છે. તે વખતે તેના થડના વચલા ભાગમાં સાબુચોખા બનાવવાનો પદાર્થ થયેલો હોય છે. થડના ચાર ફૂટના કટકા કરે છે. તેને વળી ઊભા ફાડી નાખવામાં આવે છે. તેમાંથી સાબુચોખાવાળો પદાર્થ જુદો કાઢી લે છે અને તેનો ભૂકો કરવામાં આવે છે. પછી પાણી સાથે તેને ભેળવી તે પાણી ગાળવા દે છે. એટલે તળિયામાં તપખીર જેવો પદાર્થ જામે છે ને ઉપરનું પાણી ફેંકી દે છે. બાદ ગાળી લઈ સૂકવે છે. તેને સેગોમીલ કહે છે. તેમાંથી દાણા

બનાવવા માટે કરી તેને પાણી સાથે ભેળવી ઘઉંના લોટ જેવી કણક બાંધે છે અને બારીક ચારણીમાં તેને ચાળે છે. ઓઘલે તેની બારીક ગોળીઓ થાય છે. તેને ચૂલા ઉપર તવામાં નાખી હવા ઉઠાડે છે અગર તાપમાં સૂકવે છે. જુદા જુદા દેશની સાબુગોળા કરવાની રીત જુદી હોય છે. સાબુગોળા પાચક અને પૌષ્ટિક છે. તેની દવામાં કાંજી કરી દરદીને પિવડાવવામાં આવે છે.

સાબુડી (સાબુડો) ૧. સ્ત્રી એક જાતનું ઝાડ. તેની નાની ને મોટી એમ બે જાત થાય છે. નાની જાતના છોડ અને મોટી જાતનાં ઝાડ થાય છે. તેનાં પાન ખજૂરીના પાનના આકારનાં થાય છે. ઘણ બહુમલ્યનું થાય છે. પાનના જમ્યા વચ્ચેથી લાંબાં કાંડલા જેવી ને છેડે કેરીના આકારે વળેલી તુચ નીકળે છે તે તુચમાં શેરડીની જેવી આંખો હોય છે. તેમાં દ્રાક્ષ જેવાં બી થાય છે. પણ તે બી વાવવામાં આવતા નથી. તે ઝાડના થડના મૂળમાં ગાંડા ફૂટે છે. તે ગાંડાને બીજે રોપવાથી ઊગે છે.

૨. સ્ત્રી. ધરેણાના ઘાટની બનાવવામાં આવતી એક મિષ્ટ વાની.

૩. સ્ત્રી. જુવારના ડોડાની રાબ.

૪. સ્ત્રી. દૂધ અને ખોખાના લોટની બનાવેલી દંડી

૫. સ્ત્રી. સાબુગોળાની કાંજી.

સાબુદાણા જુઓ સાબુગોળા.

સાબુદાન [સાબુ + ફા. દાન (રાખવાનું સ્થળ)] ન. સાબુ રાખવાની પેટી.

સાબુદાની જુઓ સાબુદાન.

સાબુ સાગાળીઓ ૧. વિ. પું. ઉપરથી અન્ય દેખાવવાળો; ઢંગી

૨. વિ. પું. જેને ક્યાં બધી વાતનો ફુકાળ પણ સાબુનો સુકાળ હોય તેવો.

૩. વિ. પું. બહારથી ઊજળાં લૂગડાં પહેરીને ફરનારો; ગરીબ હોવા છતાં બહારથી શ્રીમંતના જેવો ઠોળ રાખનારો.

સાબૂ જુઓ સાબુ.

સાબૂત ૧. [અ. મુખ્રત] વિ. આખાદ; આખું; જેવું જેને તેવું; સાબુસભું; પૂરેપૂરું; હેમાત; અખંડ; અભંગ; અવિકૃત; ખોડખાંપણ વગરનું; અખોવન; સારી હાલતવાળું; હતું તેવું ને તેવું.

૨. વિ. સંગીન; નક્કર; મજબૂત; ભેરાવદર; દઢ.

સાબૂત કદમ = દઢ પગલું.

સાબૂતી ૧. સ્ત્રી. અકબંધ હોવાપણું.

૨. [અ.] સ્ત્રી. દૃઢતા; મક્કમ હોવું તે.

૩. સ્ત્રી. મજબૂતી; સંપીનતા; સાબૂત હોવું તે; સંગીન હોવું તે.

૪. સ્ત્રી. લાંબા વખત સુધી ચાલે તેવું હોવું તે.

૫. સ્ત્રી. સુરક્ષિતતા.

સાબૂન [અ.] પું. સાબુ.

સાબેલડો (સાબેલડો) પું સાબેલો; મોવડી

નદવના પુત્ર સાબેલડા રે,
અન્યે બજા અકબેલડા રે.

અભિમન્યુ આખ્યાન

સાબેલો ૧. પું. મોવડી

૨. [ફા. સાહબાલા] પું. વરઘોડામાં જે વરની સાથે આવનાર મનુષ્ય.

૩. પું. વરઘોડામાં વરની બરોબર શસ્ત્રાગારમેલ બળદ; વરઘોડામાં વરની આગળ ચારુ જે ઘોડા ઇત્યાદિ ઉપર શણગાર પહેરી બેઠેલુ ઢોકળ; વાઘોડિયું.

સાબ્બોળ જ આખે શરીરે; સર્વાંગ.

સાભાગોતરું [સં. સર્વ + ગોત્ર] વિ. આબરૂને ન બધે તેવું; ઘણોદરિયુથી ઊલટું.

સાભાર ૧. [સં.] વિ. આભાર સાથે; આભાર સહિત.

૨. અ આભારપૂર્વક.

સાભાસ [પ્રા.] વિ. આભાસ સહિત; ભાસવા છતાં સત્ય દેખાય તેવું.

સાભિનય [સં.] વિ. અભિનય સહિત કરાયેલું.

સાભિપ્રાય ૧. [સં.] વિ. અભિપ્રાય મેળવેલું; અભિપ્રાયવાળું; સમતિદર્શક; કંઈ અર્થ કે હેતુવાળું.

૨. અ. મત સાથે; હેતુ સહિત.

સાભિપ્રાય નવલકથા સ્ત્રી. કંઈ અર્થ કે હેતુસર લખાયેલી નવલકથા; 'નૉવેલ વિથ એ પર્પઝ'.

પ્રસ્તુત નવલકથા Realism (વાસ્તવિકતા) સુધી જ અટકી રહેતી નથી, તેનું સાભિપ્રાય નવલકથામાં (Novel with a purpose) રૂપાંતર પણ છે. ધરિ. ગ્રેષ

સાભિમાન [સં.] વિ. અભિમાનયુક્ત.

સાભિલાષ [સં.] વિ. મનની અભિલાષાવાળું; અભિલાષા સહિત.

સાભ્રમતી જી સાબરમતી નદી.

સામ [સં.] સ. ક્રિ. (ધાતુ) શાંત પાડવું; સમાધાની કરવી. તે ઉપરથી થયેલ શબ્દો સામક, સામવેદ, સામિ વગેરે.

સામ ૧. [સં.] પું. અતિસારનો એક ભેદ.

૨. પું. (વેદાંત) પ્રીતિ વિશિષ્ટ જે ગાયન વિશિષ્ટ મંત્ર. સામવેદના ૮૮૦૧૪ મંત્રો ગાનરૂપ છે, તેમાંના દરેકને સામ કહે છે.

૩. પું. તાલનું નામ.

૪. પું. ત્રાદિત.

૫. પું. પરમેશ્વર; પ્રભુ.

૬. પું. (વેદાંત) મધુર વચન વડે ક્રોધનું ઉપશમન કરવું તે.

૭. પું. માન કર કરવાના ૭ માંહેનો એક પ્રકાર.

૮. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૯. [હિં.] પુ. રાખ.

૧૦. પું. સમજાવીને સમાધાનીપૂર્વક કામ કાઢી લેવાનો પ્રકાર; રાજનીતિનો એક પ્રકાર; સમજૂતીની રીત; શત્રુ શાંત થવાના સામ, દામ, દંડ અને ભેદ એ ચાર માંહેનો એક ઉપાય, મીઠું મીઠું બોલી યુક્તિથી સમજાવવું તે.

૧૧. પું. સામવેદ; ચાર માંહેનો ત્રીજો વેદ; ઋગ્વેદમાંથી લીધેલાં ગેય મંત્રોનો સંગ્રહ; સ્તુતિ ગીત. સ્તુત્યાત્મક મંત્રોને સંગીતમાં આલાપવા તેનું નામ સામ. ઋચાની સાથે તદાકાર ઐક્યતાનતા કરાવવા સંગીત એ સર્વોત્કૃષ્ટ સાધન હોવાથી વેદમાં સામવેદની ખાસ મહત્તા છે અને માટે જ સકલ કલાસંપન્નું મુરલીધર શ્રીકૃષ્ણે પણ સ્વમુખે 'વેદોનાં સામવેદો સ્મિ' એટલે કે, વેદોમાં હું સામવેદ છું એમ ગીતામાં સામની બડાઈ આપી છે. ઋચાઓ સામવેદમાંથી ગીતસંગ્રહ કર્યો અને ત્યારબાદ ન.રહે તેની પાસેથી તેને સંપાદન કરી પોથામાં ચઢાવ્યાં. ઋગ્વેદ મંત્રોને ઋચાઓ કહે છે. યજુર્વેદના મંત્રોને યજુસ કહે છે અને સામવેદના મંત્રોને સામ કહે છે.

સામના ધામ = સામવેદના મંત્રોનાં ધામ.

૧૨. પુ. સાન્ત્વન; અનુરંજન; સમજૂતી.

૧૩. પું. સ્વામી; ભરથાર; સ્વામ; પરાભવ.

૧૪. [સં. વસા, સાર] સ્ત્રી. (વહાણવટું) ચરબી

૧૫. સ્ત્રી. મૈત્રી

૧૬. સ્ત્રી. વિષ્ટિ; સમજાવટ.

૧૭ સ્ત્રી. સાંબેલામાં નાખવામાં આવતી લોઢાની કુંડલી; સાંબેલાના છેડાનો લોઢાનો વીંટો.

૧૮. ન. આકાશ.

૧૯. [અં.] ન. એક પ્રકારનું દ્રાવ્ય; સ્તોત્ર. જેમકે, 'સામ ઓફ લાઈફ'.

જિંદગી ધર્મની સામસ્વરૂપિક ભક્તિ આશ્લેષવાં, ગમગીન મૂંઝવણ, ચિત્તમ ગ્રાંતિ અને હીનતા અને ચિત્તથી ભારતની ઉલ્લાસ અને ઉત્સાહના

સામયિક

સામ (Psalm), હિમ (Hymn), પ્રાર્થના (Prayer) આદિ નામે ઓળખીએ, જૂનાં નવાં સ્તવન અને તેમને મળતાં કવનોનો અંગ્રેજમાં તોટો નથી ખબરદાર ક ઠાકોર

૨૦. ન. સામવેદમાં જે અવાંતર ખંડ છે તેમાંનો અદક

સામક ૧. [હિ.] પુ. અનાજવાળું ઘાસ.

૨. પુ. બધો ઝીણો અનાજનો દાણો.

૩. [સં. સામન] પું. સરાણ; સાપુ, છરી વગેરે સજવાનું ઓજાર

૪. પું. સામવેદી બ્રાહ્મણ

૫. ન. બ્રાહ્મ વગરનું મૂળમાત્ર કરજ

સામગ ૧. પું વિષ્ણુ

૨. [સં.] પું. સામવેદ ગાનાર કે અધ્યયન કરનાર

૩. પું. સામવેદી બ્રાહ્મણ

૪. વિ. સામવેદી; સામવેદનું.

સામગરી જુઓ સામગ્રી

સામગાન ન. સામવેદના મંત્રો ગાવા તે. સામગાનનાં પાંચ ભાગો છે: (૧) હિંકાર, (૨) પ્રસ્તાવ, (૩) ઉદ્‌ગીથ, (૪) પ્રતિહાર અને (૫) નિધન.

સામગાયક પું. સામવેદની ઋચાઓ સારા રાગથી ગાનાર.

સામગાયન ૧. પું. વિષ્ણુ.

૨. ન. ગાયન; ગીત; સ્તોત્ર.

રાજપદને વર્ષો પહેલાં ઉદ્‌ગાતા પોતાના સહકારીઓ સાથે સામગાયન કરે છે તેને સ્તોત્ર કહેવામાં આવે છે. મુન્ન. જ્ઞાનકોશ

૩. ન. સામવેદનું ગાન કરવું તે.

સામગીત ન. સામવેદનું ગીત.

સામગ્રી ૧. [સં.] પું. (સંગીત) એ નામે સંગીત પ્રસિદ્ધ એક રાગ. તે સવારે ગવાય છે.

૨. સ્ત્રી. આધાર; મુદ્દાની વાત; ઉપનામ, ' ઠેઠા '.

૩. સ્ત્રી. (વેદાંત) કારણનો સમુદાય.

૪. સ્ત્રી. કોઈ કાર્યમાં ઉપયોગી કે સાધન તરીકે કામનો સામાન; કોઈ એક કાર્ય કરવાને માટે જોઈતાં ઉપકરણ સાધન વગેરે તે; કાર્ય કરવામાં જોઈતી ચીજોનો સમૂહ કે જમાવ; સાહિત્ય; સાધન.

૫. સ્ત્રી કારકારણના પ્રસાદની વિવિધ વાનીઓ; પ્રભુની સેવાપૂજા માટે અપાતી વસ્તુ.

૬. સ્ત્રી. રસોઈનો સામાન.

૭. સ્ત્રી. સ્વીકારેલી બાબત, તથ્ય કે હકીકત.

સામગ્રય [સં.] ન. સમમતા.

સામઘોષ પું. સામવેદના ગાયનોનો ઘોષ; સુંદર રીતે વાહ ઉપર સામવેદ ગવડાવવો તે.

સામજ ૧. [સં.] પું સિંધુર; ગજ; હાથી; હસ્તિ.

સિંધુર અને ગજમ હરી ગજ સામજ માતંગ.
છયાં ગર્જત પુમે પણ વંદત નાના રંગ.
વિશ્વનાથપુરોહિત

૨. સ્ત્રી. સામવેદના પાઠથી ઉત્પન્ન થનાર.

૩. ન (સંગીત) તાલનાં મુખ્ય છ માહેનું પાયમું અંગ.

સામજ્ઞ પું. ઊતરતી જાતિના ઘોડાની ગણ માહેની એક નીચ જાતિનો ઘોડો.

સામજી સ્ત્રી. દાસદાસી.

સામટું ૧ [સં સમસ્ત; અપ. સવ્વટ્ઠિ] વિ. તમામ; બધું; સર્વ; સઘળું.

૨. વિ. સાથે લાગું; ઘોકબંધ; ભેગું; એકીજથ્થે; જથ્થાબંધ; એકીવારે.

૩. વિ. સાર્વત્રિક; સામુદાયિક.

૪ અ બધું

૫. અ ભેગું, એકઠું, એકસરે.

સામડો (સામડ.) ૧ પુ એ નામે એક વનસ્પતિ વૃક્ષ તેના સયુક્ત પાન પર્યા ની સમ્પાન. હોય છે તમા પીળા. સલેતા પંચા ફેલના. ફલ થાય છે તેમા ચપટા ચકરડા જેવા એક બીજવાળાં ફળ થાય છે. બીજ બદામી રંગનુ પડ વગરનું બાયવાળું હોય છે. આ ઝાડમાંથી ગુંદર લીકળે છે મૂળ નથા ડાંળીનુ લાકડુ બસીને મૂળાં ઉપર સાબરમા આવ છે

૨. પું. વગો; ઓટી વગી.

સામણ ૧. સ્ત્રી. (જૈન) આર્યિકાઓની આગેવાન બ્રો.

૨. સ્ત્રી. સમાન ધર્મવાળી બ્રો; ધર્મબહેન.

સામણચોટલા ન. બાળની જાતનો છોડ.

સામણસોટો પું. એક જાતનું ઘાસ. તેના ઉપર ત્રણ પાંખડીવાળુ ફૂલ થાય છે.

સામણે અ. સામે; ભેગે સામે.

સામદ પું. સામત.

સામદામ પું. બ. વ સમજાવટ અને દમદાટી; રાજનીતિના ચાર માહેના પહેલાં બે ઉપાય.

સામન ૧. પું. માલ; સામાન; ઘરવખરી.

૨. પું. ઋત્વિજ.

૩. સ્ત્રી. ઉત્તર ધ્રુવ તરફની એક જાતની માછલી તે ઉનાળ મારવામાં બહુ ફાયદા કારક હોય છે. વસંત ઋતુમાં ટોળેટોળાં નદીઓમાં જાય છે અને ઝડપથી તરે છે.

૪. [સં. સામન્] ન. મિલાપ.

સામનસૂમન [સા. સામાન] પુ. સરસામાન; સામાનસુમાન; પરચૂરણ ઉપયોગી વસ્તુઓ વગેરે; સામગ્રી; ચીજ સાહિત્ય; ઘરવખરીની ચીજો.

સામનો ૧. [હિં. સામના] પું. લડવાના પડકારનો સ્વીકાર; લડાઈ કરવી તે.

૨. પું વિરોધ, સામે થવું તે; વશ ન રહેવું તે; વિરુદ્ધતા; બાકરી.

સામનો કરવો = સામે થવું; દુશ્મન ગીજવો.

૩. પું. સિરનેમરી

સામપદ્મા ૧. પું (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, નગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ૮ સગણ અને બે લઘુ મળી છોતેર અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૩. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેને વસન્તપદ છંદ કહે છે

સામપરા પું. દશમી શતાબ્દીમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામે એક ધર્મ.

સામપુરા ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જ્ઞાતિ. તેનો ચોરાશી બ્રાહ્મણમા સમાવેશ થતો નથી

૨. ન. એ નામની જ્ઞાતિનું મંડળ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

સામપૂર્વક અ. બુદ્ધિપૂર્વક; સમજપૂર્વક.

સામમંત્ર [સં.] પું. મંત્રના ત્રણ ભાંહેનો એક પ્રકાર. ઋગ્મંત્રને ગાનમાં ગોઠવવાથી જે મંત્ર થાય છે તેને સામમંત્ર કહે છે

સામયિક ૧. [સં.] પુ. ઋતુ પરત્વે આવનારો રોગ.

૨. ન. નિયત સમયે પ્રગટ થતું છાપું; ' પિરિયોડિકલ '.

દરેક કામદારને સાંસ્કૃતિક વિકાસ સાધવાની પણ જરૂર તો ભળે છે તેમને માટે ખાસ કલબો, વાચનાલયો, પુસ્તકાલયો, સિનેમા, રેડિયો, રમતભૂમિ, નૃત્યગૃહો વગેરે સગવડો હોય છે. દરેક કારખાનાને પોતાનું સામયિક કે દીવાલપત્ર હોય છે અને તેનું સંચાલન કામદારો કરે છે.

૩. ન. (જૈન) રાગ અને દ્વેષને વશ થયા વિના સમભાવ—મધ્યસ્થ ભાવમાં રહેવું અર્થાત્ સર્વની સાથે આત્મતુલ્ય વ્યવહાર કરવો તે. સામયિકનું ફળ પાપજનક વ્યાપારની નિવૃત્તિ છે. તે કર્મ નિર્જરા દ્વારા આત્માના વિકાસનું કારણ છે.

૪. વિ. સમયસાધક, અધિક; અન્યાયી; હઠાગ્રહી
૫. વિ. નિયતકાલિક; નિયત સમયે નીકળવાના ઉદ્દેશથી પ્રવર્તતું

૬. વિ. સમય સમયથી; સમય પ્રમાણે; વખતને લગતું; સમય સમયને યોગ્ય અથવા તેને એમ હોય તેવું

૭. વિ. સમયોચિત

સામયિક વિદ્યા સ્ત્રી. પત્રકારત્વ; પત્રકારનું કામ; 'જર્નેલિઝમ'.

ઘડન ધુનિસર્જનીમા રાખ્યન થઈ **સામયિકવિદ્યા** (જર્નેલિઝમ)નો અભ્યાસ કર્યો. મધુકસુમ

સામયિકાભાવ પું. (વેદાંત) અત્યંત અભાવ. જે અભાવ ઉત્પત્તિવાળો તથા વિનાશવાળો હોય છે તે અભાવ સામયિકાભાવ કહેવાય છે જેમ મણિને સમયે કરીને ભૂતલમાં રહેલો જે ઘટ છે, તે ઘટને ભૂતલ પરથી ઉઠાવીને અન્યત્ર ક્યાંક લઈ જઈએ, ત્યારે આ ભૂતલ પર ઘડો નથી એવી અભાવને વિષય કરનારી પ્રતીતિ થાય છે તથા તે ઘડાને પાછો તે ભૂતલ પર મૂકવામાં આવે ત્યારે આ ભૂતલ પર ઘડો નથી એવી પ્રતીતિ થતી નથી. એ ઉપરથી એમ માલૂમ પડે છે કે, તે ભૂતલમાંથી તે ઘડાને જે વખતે લઈ જવામાં આવ્યો તે વખતે તે ભૂતલમાં તે ઘડાનો ક્ષણિક અભાવ ઉત્પન્ન થાય છે, જે અભાવને ઉક્ત પ્રતીતિ વિષય કરે છે અને તે ભૂતલમાં તે ઘડો પાછો મૂકવામાં આવે છે ત્યારે તે ઘડાનો અભાવ નાશ પામે છે તેથી ઉક્ત પ્રતીતિ થતી નથી એવો ઉત્પત્તિ વિનાશવાળો અભાવ તે સામયિકાભાવ છે. જો એ અભાવને અત્યંતાભાવ માનીએ તો અત્યંતાભાવ નિત્ય અને નિષ્ક્રિય છે. માટે ઘડાને પાછો ભૂતલમાં મૂકીએ છીએ તે વખતે અત્યંતાભાવનો નાશ તથા અન્યત્ર ગમન સંભવતું નથી, માટે તે ઘડાના વિદ્યમાન કાળમાં પણ 'આ ભૂતલ પર ઘટ નથી' એવી પ્રતીતિ થવી જોઈએ માટે અત્યંતાભાવથી ભિન્ન સામયિકાભાવ માનવાની જરૂર છે. આ સામયિકાભાવ કેવળ મૂર્ત દ્રવ્યનો જ હોય છે, બીજા કોઈ પદાર્થનો હોતો નથી

સામર [સં. शाल्मलि] ન. એક જાતનું ઝાડ; શીમળો. તેને ચરોતરમાં શીમલો કહે છે. તે ઔષધિ તરીકે ઉપયોગમાં આવે છે. તેના થડના મૂળ બેકરસમય દૂધ સાથે પીવાથી હોજન આપે છે. તેનું લાકડું બહુ જ ઉપયોગી છે. તેમના પીપ આ લાકડાના બને છે. દિવાસળી બનાવવાના કામમાં આ કીમતી લાકડું વપરાય છે. તે ઘણું જ હલકું છે જનસના લોકો તરવા માટે વાપરે છે.

સામર્થ્ય ૧. [સં.] ન. (વેદાંત) અર્થને ઉત્પન્ન કરવાની યોગ્યતા.

૨. ન. મહત્ત્વ શક્તિ; ધારવું શક્તિ

૩. ન. બળ; જોર; શક્તિ, તાકાત

૪. ન. સંજ્ઞાતાર્થપણું; બધબેસતા અર્થપણું; અર્થનું બંધ બેસતું તે

સામર્ષ વિ. ક્રોધવાળું; ક્રોધી; અસહનશીલ

સામવું અ. ક્રિ. સમાઈ જવું

સામવેદ [સં] પું ચાર મોટેનો ત્રીજો વેદ તેમાં ઋગ્વેદની ઋચાઓની ગાયન પ્રમાણે રચના કરેલી છે. તે સૂર્યમાંથી ઉત્પન્ન થયેલો મનાય છે આ વેદ તમ જ એનો ઉપવેદ ગાંધર્વવેદ ગણાવેના પશ્ચિમ મુખમાંથી નીકળ્યા હોવાનું મનાય છે આ વેદની પત્નીનું નામ હિંસા છે સામવેદ એ એક રીતે સ્વતંત્ર વેદ પણ ન કહેવાય, પણ એને ઋગ્વેદનું, સંગીત રૂપાન્તર વેદ કહી શકાય ઋગ્વેદના મોટા ભાગના મંત્રોને ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત શ્રેણીમાં મૂકી સહિતાની કલિતાને સંગીતમા પ્રવાહિત કરવાનો મહાપ્રાચીન અને મહાસમર્થ પ્રયત્ન તે સામવેદ. આ વેદમાં સંગીત ઉપર વધારે ભાર મૂકવામા આવ્યો છે ઉચ્ચારણનાં લક્ષણો તેમાં આપવામાં આવ્યા છે અને સૂત્રાવલિનો તેમાં પ્રવેશ થયો છે. એટલો જ તેનામાં અને ઋગ્વેદમાં અંતર છે. આ વેદ પૂર્વ અને ઉત્તર એમ બે ભાગમા વહેંચાયેલો છે. તેનું પરિમાણ ઉપનિષદ સહિત ૮,૦૧૪ છે. આ વેદની ૧,૦૩૦ શાખા હતી. તેમાંની ૭ અત્યારે જે ઉપલબ્ધ થઈ શકે છે તેમનાં નામો આ પ્રમાણે છે: રાણાયનીય, સાત્યમુગ્ર્ય, કાલાપ, મહાકાલાપ, લાંગલિક, રાઢલીય ને કૌથુમ. કૌથુમશાખાના ૭ ભેદ છે. તે આવી રીતે: આસુરાયણ, વાતાયન, પ્રાજાપત્ય, વૈનધૂત, પ્રાચીનયોગ્ય ને નૈગેય. આ વેદનાં બ્રાહ્મણો ક્રમપાઠ મળી શકે છે. તેમનાં નામો: પ્રૌઢ, ષડ્‌વિંશ, સામવિધાન, મંત્રબ્રાહ્મણ, આર્ષેય, દૈવતાધ્યાય, ૫૦, સંહિતોપનિષદ બ્રાહ્મણ.- આ સામવેદ બહુધા ઋગ્વેદના નવમા મંડળના મંત્રોને મળતો આવે છે અને તે ગાનમય છે તેમા સમગ્ર ઋચા ૧,૫૪૯ છે. તેમાંનો કાંઈક પાઠ સાંપ્રતના ઋગ્વેદના પાઠથી ભિન્ન છે. તે પાઠ ભિન્ન ભિન્ન શાખામાંનો હશે એમ અનુમાન છે. ૧,૫૪૯ ઋચામાં ૭૮ ઋચા ઋગ્વેદની નથી, પણ ભિન્ન છે. યજ્ઞમાં આવાહન કરેલા દેવોને જાણથી સંતોષ પમાડવાનું કામ સામવેદીય ઋત્વિજ કરે છે અને તે ઉદ્‌ગાતા કહેવાય છે.

સામવેદજ્ઞ [સં.] પું. સામવેદ જાણનાર માણસ

સામવેદી ૧. [સં.] પું સામવેદ ભણેલ માણસ

૨. પું. સામવેદને અનુસરનાર વ્યક્તિ; સામવેદ પાળનાર માણસ.

૩ વિ સામવેદનું ભણેલું કે સામવેદનું અનુયાયી

સામસાવણી [સં] સ્ત્રી. શ્રાવણી પૂર્ણિમાને જ્યોતિષ ગ્રહણવાનો દિવસ. તે દિવસે હસ્ત નક્ષત્ર આવવું જોઈએ. ભાદરવા સુદ ૧, ૨, ૩ કે ૪ સુધીમાં કોઈ પણ તિથિએ હસ્ત નક્ષત્ર આવે છે તેથી તેઓ હસ્ત નક્ષત્રવાળી તિથિ હોય તે દિવસે જ્યોતિષ ગ્રહણ કરે છે

સામાકૃષ્ટક [સં.] વિ. સમષ્ટિને લગતું.

સામસામું ૧. વિ. એક બીજાની નજર કે ચહેરા એક બીજાની બરોબર રહે એવી રીતનું; એક બીજાની એક નજર થાય તેવી રીતે; બરાબર સામું.

અત્ર મનુ સામસામા કીધા છે
સં. ૧૭૦૮નું ખતપત્ર

૨. વિ વિરુદ્ધ

૩ વિ સ્પર્ધાવાળું; હરીફાઈવાળું.

૪ અ. એક બીજાની વિરુદ્ધ; હરીફાઈમાં અને સ્પર્ધામાં પ્રતિપક્ષે.

૫. અ. એક બીજાની સામે.

સામસામે અ. સામસામું; સામસામી.

સામસામે આવી જવું = લડવા માટે એક બીજાની સામે થઈ જવું.

સામસામેના ખૂણા પું. બ. વ. (ગણિત) સામસામે આવેલા ખૂણા; અભિકોણ; 'વર્ટિકલ ઓપોઝિટ એંગલ્સ'. કોઈ પણ બે સીધી લીટી એક બીજાને છેદે તો આ શિરોબિંદુ આગળ તે જ બે લીટીઓના જુદા જુદા ભાગોની વચ્ચેના ખૂણાને સામસામેના ખૂણા કહે છે

સામસુમ અ. મૌનમોદે; ગુપ્તચુપ; ચુપકીથી; છાનુમાનું

સામહ ન. (જૂ. ગુ.) સામૈયું

ત્રિભુવ મહાજન મહિત ભોટા,
સામહિ સાવિ કહિ હર્ષ અપાર.
વિમલપ્રબંધ

સામહણી ૧. સ્ત્રી. (જૂ. ગુ.) તૈયારી.

જે મંદિરિ સામહણી કરી,
સાલિ સોલ તિહિં સોવિન ભરી.
વિમલપ્રબંધ

૨. [પ્રા.] સ્ત્રી. સામગ્રી.

જિનવર આગમ સામહણી રાલે રે,
આનંદકારમહોદધિ

સામળ ૧. પું. ઈ સ ની ૧૭મી સદીમાં સિદ્ધપુરમાં થઈ ગયેલ કવિ. માતૃકા–કથા એ એની પહેલિનું મળે લભ્ય પ્રેમાનંદ યુગના આ કવિ અમદાવાદમાં સાબરમતીના દક્ષિણે આવેલા વસ્ત્રાપુર કે બેગમપુર (આ પક્ષ મિરાતે અહમદી પ્રમાણે ઔરંગઝેબના સમયમાં વસ્ત્રાપુર હતું)માં રહેતા. આ શ્રીગોડ માળવી વિપ્ર કવિના પિતાનું નામ વીરેશ્વર, પુત્રનું નામ પુરુષોત્તમ અને ગુરુનું નામ નાનાભટ્ટ હતું સામળભટ્ટ પોતાના ગુરુનું ઋણ કબૂલતા પુત્રવત્ બુદ્ધિથી દરેક કાવ્યમાં સભાળે છે સામળભટ્ટ શિવપુરાણ માહાત્મ્ય, રેવાખંડ, અંગદવિષ્ટિ, રાવણમંદોદરી સંવાદ અને રણછોડજીના શ્લોકો ઉપરાંત બોડાણા અપવાદ સિવાય, પદ્યાત્મક લોકકથાઓનું સાહિત્ય ઉપલબ્ધ નથી તેમ જ લક્ષ્ય આપ્યું છે. સંસ્કૃત કથા સરિત્સાગર, દશકુમાર ચરિત, ભોજપ્રબંધ, વિક્રમકથા તથા તેનાં પ્રાકૃત અનુકરણોમાંથી પોતાને ગમ્યું તે લઈ એણે એના મગજમાં સમરી રાખ્યું અને એમાંથી વાર્તાઓનો એક અખૂટ ઝરો નીપજાવ્યો અને તે માટે આખ્યાનોમા વપરાતી દેશીઓ ફેરવતાં અપભ્રંશ અને જૂની ગુજરાતીના વાર્તા સાહિત્યમાં બોલાતા દુહા, ચોપાઈ અને છપ્પા જ એણે પસંદ કર્યા છે. પદ્માવતીની વાતામા પોતાનો કવિ અજમાવ્યા પછી કવિને પોતાની શક્તિમાં દૃઢ શ્રદ્ધા આવી લાગે છે. સારપછી કવિએ સિંહાસન બત્રીસીના નામથી ઓળખાતું વિક્રમ રાજાના સંબંધનું વાતાત્મક કામ કર્યું અને લગભગ વીસ વર્ષે પૂરું કર્યું. આ પ્રમાણે ગુજરાતી સાહિત્યનો પ્રવાહ ધાર્મિક દિશામાંથી લૌકિક પ્રાકૃત દિશામાં લાવનાર એ પહેલા કવિ છે. કવિ તરીકેની કીર્તિ એકદમ ફેલાઈ અને માગર પ્રગણાના સિદ્ધપુર ગામના વિદ્યાવિલાસી તથા સરકારી જમીનદાર રખીદાસને કાને આ વાત આવતાં તેણે સામળભટ્ટને પોતાને ત્યાં બોલાવ્યા અને તેને પસાયતું આપી પ્રોત્સાહન આપ્યું. કવિએ પોતાના આશ્રયદાતા રખીદાસને સાહિત્યમા અમર કરેલ છે. શિવપુરાણ માહાત્મ્ય, અંગદવિષ્ટિ, સુડા બહોતેરી, નંદ બત્રીસી, મદનમોહના, રેવાખંડ, ઉષાહરણ સંવાદ, વગેરે ગ્રંથો પણ સામળે રચ્યા છે. સામળભટ્ટના ગ્રંથો બધા વર્ણનાત્મક, કથાત્મક ને બોધાત્મક છે. સામળની વાર્તામાં પેટાવાર્તાની ગૂંથણી–એક વાતમાં અનેક ગૌણ વાત, સમસ્યા પૂર્તિનો બુદ્ધિ વિલાસનો પ્રસંગ, સામાન્ય ઉપરછલ્લું માનવસ્વભાવનું પૃથક્કરણ અને વર્ણન એ તેમની કવિતાના ખાસ ગુણો અલબત્ત તો તેમના કાવ્ય ગુણની પરિસીમા છે. એમની દોહરા, ચોપાઈ અને છપ્પા રચવાની કળા અને તેમની સરળતા ભલ્લ કરી નાખે તેવા છે. પરંતુ કેટલીકવાર સંસ્કૃતના તરફ વધારે વલણ રાખવાથી ભાષા છેક સાધારણ થઈ ગઈ છે. સ્વ. રમણભાઈએ તો ઉચ્ચાર્યું હતું કે સામળના વખતમાં ગદ્યનો પ્રચાર હોત તો સામળ મહાન જ વાર્તાઓ રચત

૨. પું. સામળ; શ્રીકૃષ્ણ.

સામળદાસ પુ. નરસિંહ મહેતાનો પુત્ર.

સામળિયો જુઓ સામળો.

સામળી સ્ત્રી. એક જાતની ઔષધિ; ચિનો; આમ્બીવન

સામળું [સં. શ્યામલ] વિ. સહેજ કાળુ; શ્યામળુ; કાળુ

સામળો [સં.] પું. સામળ; શ્રીકૃષ્ણ; ઘનશ્યામ

સામંજસ્ય ૧. [સં.] ન. ઔચિત્ય; મેળ; સુઘટિતતા; યોગ્યતા; ઘટારથપણું; જોઈએ તેવો મેળ સમતાવાળું; બરોબરપણું

૨. ન. બોકસાઈ; બરાબરપણું; સરખાપણું; પૂર્ણતા; એકતા

સામંત ૧. પું. એ નામની એક પ્રકૃતિ.

૨. પું. ખંડિયો રાજા; ઠાકોર; માંડલિક; સામ્રાજ્યમાંનો નાનો રાજા.

૩. પું. ગામધણી; પરાસિયો; જાગીરદાર

૪. પું. મોટો બોદ્ધો; લડવૈયો; સરદાર; નાના લશ્કરનો નાયક

૫ પું. રાજાનો મોટો જાગીરદાર કે સરદાર.

૬ પું. સરહદ ઉપર જમીન ધારણ કરનાર.

૭. પું. (સંગીત) સંગીતનો એક રાગ; સારંગ. તે સારંગની એક જાત છે ને કાફી થાટમાંથી ઉત્પન્ન થાય છે. મધ્યાહ્ન સમયે તે ગવાય છે.

૮. વિ. પાસેનું; બેપેનું; પાડોશનું; નજીકનું.

સામંતચક્ર ૧. ન. એક સમ્રાટના સામંતોનો રાજપ્રદેશ કે તેવા સામંતોનો સમૂહ.

૨. ન. ખંડિયા રાજાઓનું મંડલ.

સામંતપંચક ન. કુરુક્ષેત્ર; કુરુક્ષેત્રનું પ્રાચીન નામ.

સામંતપ્રથા સ્ત્રી. સામંત પદ્ધતિ; 'ફ્યુડલ સિસ્ટમ'.

સામંતસારંગ સ્ત્રી. (સંગીત) સ્ત્રી. એ નામે એક રાગણી. તેને સારંગ, મલ્લાર અને સોરઠ એ ત્રણેના સુરનો મેળ હોય છે. તેમાં ગાંધાર, નિષાદ ગમીને વૈવત મેળવી ષાડવ જાતિ કરી છે

સામા ૧. [સ. સમા] સ્ત્રી. જુવાન સ્ત્રી.

૨. સ્ત્રી. તૈયારી

૩ સ્ત્રી. રાત્રિ

૪ સ્ત્રી. લોહી વિકાર અને ગરમીની નાડી

૫ સ્ત્રી. વરતુ

૬ સ્ત્રી. શ્યામવર્ણની સ્ત્રી

૭ સ્ત્રી. સામો; એક જાતનું ખડધાન્ય.

૮ સ્ત્રી. સામળવાની શક્તિ

સામાચારી ૧ [સં.] સ્ત્રી. (જૈન) પરસ્પર મેળાપ.

૨. સ્ત્રી સાધુનું કર્તવ્ય.

સામાજિક ૧. [સ] પું. સભ્ય; સભાસદ.

૨. વિ. પ્રેક્ષક; સામાજિક.

૩. વિ. સમાજનું; સમાજ સંબંધી. અર્થશાસ્ત્ર તે ૫ છે વ્યાવહારિક પ્રજ્ઞપ્તિ, સામાજિક રાજધર્મરાણી યે તે **સામાજિક** સુધાસાધુ.

ગાંધીગીતા

સામાજિક કેળવણી સ્ત્રી. પ્રૌઢ શિક્ષણ. સામાન્યપણે જેને પ્રૌઢ શિક્ષણના નામથી ઓળખાવવામાં આવે છે તેને મધ્યપ્રાંતની સરકાર સામાજિક કેળવણી કહે છે.

સામાજિકતા [સં.] સ્ત્રી. સભ્યતા.

સામાજિક શિક્ષણ [સં.] ન. પ્રૌઢ શિક્ષણ. મધ્યસ્થ કેળવણી સલાહકાર મંડળે દરેક રાજ્યના કેળવણી પ્રધાનોની સાથે પ્રાથમિક ચર્ચા કરી જાઈ પનેરકોની સૂચના અને ભલામણ અનુસાર હિંદમાં સામાજિક શિક્ષણની શરૂઆત કરવાનું નક્કી કર્યું છે. આ નૂતન પ્રયોગમાં સહાયભૂત થવા મધ્યસ્થ સરકારે જુદાં જુદાં રાજ્યોને રૂા. ૬૦,૦૦,૦૦૦ જેટલી મદદ આપી. ઘણાંખરાં રાજ્યોએ સામાજિક શિક્ષણની ઘણી જ ઠોસાબર શરૂઆત કરી દીધી છે. શિક્ષકોને તાલીમ અપાય છે. પૂરાં સાધન સંપન્નવાળાં કરતાં ચલતો ગામડે ગામડે ફોકવાય છે. ઉપરાંત નાનાં ગામ અને ગામડાંઓમાં સામાજિકશિક્ષણ શિબિરો પણ ખોલવામાં આવી છે. દિલ્હી અને તેની આસપાસના ગ્રામવિસ્તારોમાં સામાજિકશિક્ષણ શિબિરો ખોલાયાં છે. આ માટે એક નવીન ફીલ્મિયો અજમાવવામાં આવ્યો છે. કેળવણી ધા તો શૈક્ષણિક વધુજર ગિળી કરવામાં આવી છે. વધુજરમાં ચાર કરતાં વાહનો રાખવામાં આવ્યાં છે. એક કરતું પુસ્તકાલય, બીજું ચલચિત્રો દર્શાવતું વાહન, ત્રીજું અને ચોથું કેળવણી વિષયક પ્રદર્શનો ભરી, ફરતા વાહનોમાં, ચોમેર પ્રવાસ કરી કેળવણી સંબંધે લોકોનો ઉત્સાહ અને પ્રેમ વધારે છે. વળી

આજે પણ ગ્રામવિસ્તારો આરોગ્યવિષયક અવરોધો દૂર કરવા, પ્રેરણા આપવા અને સામડાના મેળા આદિ ઉત્સવ, તહેવાર, ગામડે ગામડે ફરે છે દરેક વર્ષાન્તરે એક મહિનામાં ચાર સામડાં ખેરે છે સાંસ્કારિક મેળા અને ઉત્સવો, પ્રાણીજનોનો ઉત્સાહ વધારવામાં અદ્ભુત ભાગ ભજવે છે.

સામાજિક સુરક્ષા જી સમાજનું સંરક્ષણ પ્રસ્થાપિત સામાજિક સુરક્ષાના જે અધિક અધિકારો, તત્ત્વો કે સિદ્ધાંતોની રાજ્યદ્વારા જનતાને માટે પૂર્તિ કરાવવા ઇચ્છે છે તે આ છે (૧) આજીવિકાને માટે પૂરતાં સાધનોની પ્રાપ્તિ, (૨) ધનનું સમાન વિતરણ, (૩) સમાન કાર્યને માટે સમાન વેતન, (૪) કિશોર અને વૃદ્ધોના શ્રમનું સંરક્ષણ, (૫) રોજગારની પ્રાપ્તિ, (૬) ઔદ્યોગની આવૃત્તિઓનાં બાળકોને મોટે ભાગે મૃત્યુ અને બાધ્ય કે અનિવાર્ય શિક્ષણ (૭) બેકારી, બુઢાપો, બીમારી, અંગહાનિ તથા બીજી કોઈ જરૂરિયાતની દશાઓમાં સાર્વજનિક સહાયતા, (૮) નિર્વાહયોગ્ય મજૂરી, (૯) શ્રમની એવી દશા જેમાં શિષ્ટ જીવનસાર, અવકાશનો સંપૂર્ણ ઉપભોગ તથા સામાજિક અને સાંસ્કૃતિક અવસર પ્રાપ્ત કરવાનો સુનિશ્ચય હોય અને (૧૦) આહારની પુષ્ટિના સ્તરને ઊંચું કરવું અને જીવનસ્તરનો સુધાર. દલિત કે પછાત જાતિઓને માટે શિક્ષણ તથા આર્થિક હિતોની ઉન્નતિ કરવા ઉપર વિશેષ જોર દેવામાં આવેલ છે. આ નિર્દેશોમાં એવા પણ બીજા અનેક વિષય છે, જેની આ દેશની જનતા દીર્ઘકાળથી માગણી કરતી રહી છે તેમાંના કેટલાક આ છે: (૧) ગ્રામપંચાયતોનું સંગઠન, (૨) નાગરિકોને માટે એક સરખા વ્યવહાર સંહિતા–'સિવિલ કોડ', (૩) મદ્યક પ્રતિષેધ, (૪) કૃષિ અને પશુપાલનનું સંગઠન, (૫) દુકાળ અને વાહક રોગોના વર્ષનો પ્રતિબંધ, (૬) રાષ્ટ્રીય અને ઐતિહાસિક મહત્ત્વના સ્મારકો, સ્થાનો અને વસ્તુઓનું સંરક્ષણ, પરિરક્ષણ અને પોષણ અને (૭) કાર્યપાલિકાથી ન્યાયપાલિકાનું પૃથક્કરણ.

સામાણી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેને પ્રમાણિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે

સામાડા પુ. કોરન્ડમ નામનો પથ્થર. તે હીરા કરતાં પણ થોડો કઠણ અને લીસાશ ઉપર હોય છે

સામાન્ય ૧. પું. કોઈ પણ વ્યવહાર માટે જોઈતી વસ્તુ કે ઉપયોગી ચીજો; સામગ્રી; સાધિત્ય સરંજામ; રાચરચીલું, ઘરવખરી; ઉપકરણ.

૨. પું. નિશાની.

૩ પુ નિશાની

૪. પુ ભાગ

૫. પું માપ; જથ્થો

૬ પુ મ.લ.

૭. પુ રમાન અથવા જેના ઉપર કોઈક ભાર જેવું હોય તેવી ચીજ.

સામાન કરવો = સજોગ કરવો.

૮. પુ. સમજશક્તિ

૯. પુ. સાજ; પલાણ

સામાન નાખવો-બાંધવો = ઘોડા ઉપર સાજ બાંધવો.

૧૦. જી રેય

૧૧ વિ પશુ

૧૨. વિ. જંતુ.

૧૩. વિ. સામાન્ય.

૧૪. વિ. દર વખતનું.

સામાનસુમાન ન. ચીજ વસ્તુ; ઘરવખરી; સામાનસરંજામ

સામાનાધિકરણ્ય ૧. [સં.] ન. (વેદાંત) એક વિભક્તિવાળું હોવું તે એક જ અર્થવાળું હોવાપણું.

૨. ન. જુદા જુદા અર્થવાળા પદના અર્થથી વિશિષ્ટ પદાર્થની સાથે અભેદતાનો બોધ.

૩. ન. (વેદાંત) સમાન અધિકરણમાં વર્તવાપણું કે હોવાપણું

૪. ન. સદાચાર.

સામાનાધિકરણ્ય સંબંધ ૧. પું. (વેદાંત) જુદા જુદા અર્થમાં પ્રવૃત્તિ કરનાર અને સમાન વિભક્તિવાળા બે શબ્દોનું એક અર્થમાં તાત્પર્ય સામાનાધિકરણ્ય સંબંધ બે પ્રકારનો છે: (૧) મુખ્ય સામાનાધિકરણ્ય ને (૨) લક્ષ્યસામાનાધિકરણ્ય.

૨ પું (વેદાંત) જે શબ્દોથી જુદા જુદા અર્થમાં પ્રવૃત્તિ થઈ શકે છે, છતાં તેમની જે અનેક અર્થમાં પ્રવૃત્તિ થતી તે. જેમકે, 'તે આ દેવદત્ત' એમાં 'તે' પદ તે કાળ અને તે દેશથી વિશિષ્ટપણું બતાવે છે. અને 'આ' પદ વર્તમાન કાળ તથા વર્તમાન દેશથી વિશિષ્ટપણું બતાવે છે, એમ 'તે' અને 'આ' એ બને પદ ભિન્ન ભિન્ન દેશકાળમાં પ્રવૃત્તિ કરનારાં છતાં ભાગ ત્યાગ લક્ષણા વડે એક જ 'દેવદત્ત' અર્થમાં પ્રવૃત્તિ કરે છે. એ તેમનો સામાનાધિકરણ્ય સંબંધ કહેવાય છે.

સામાનિક ૧. પું. ઇંદ્રના સમાન ઐશ્વર્યવાળો દેવતા

આયુષ્ય આદિમાં ઇંદ્રની સમાન હોવાથી જે અમાત્ય, પિતા, ગુરુ આદિની માફક પૂજ્ય છે, પરંતુ જેનામાં કેવળ ઇંદ્રત્વ નથી તે **સામાનિક** કહેવાય છે. તત્ત્વાર્થસૂત્ર

૨ પું. દશમી સહસ્રાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તમાન એક ધર્મ

સામાન્ય ૧ [સ મા (માપવું)] ન. અમુક વર્ગની વ્યક્તિઓમાં રહેલ સમાન ગુણ, ધર્મ કે જાતિ

૨. પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર.

જે પ્રસ્તુતનો અપ્રસ્તુતની સાથે કોઈ ગુણ સામ્ય વિવક્ષા કરીને સંબંધ કે એકાત્મતાનું તાદાત્મ્ય કરવામાં આવે એ **સામાન્ય** અલંકાર કહેવાય છે. કાવ્યપ્રકાશ

૩. પું. (વેદાંત) જે જાતિરૂપ સામાન્યથી રહિત હોય છે તથા વિશેષ પદાર્થથી ભિન્ન ભિન્ન હોય છે, તથા સમવેત હોય છે તે પદાર્થ

૪. પું. (વેદાંત) જે ધર્મ અનેક પદાર્થોમાં અનુગત હોય છે તે.

૫. પું (વેદાંત) જે ધર્મ વગેરે ઘણા પદાર્થોમાં વ્યાપક હોય તે

૬. પું. (વેદાંત) જે નિત્ય હોય છે તથા અનેક વ્યક્તિઓ સમવાય સંબંધે કરીને રહે છે તે પદાર્થ; સાત માંહેનો ચોથો પદાર્થ. સામાન્યને જ ન્યાયશાસ્ત્રમાં જાતિ કહે છે. દ્રવ્ય, ગુણ, કર્મ એ ત્રણ પદાર્થોમાં રહેનારી જે સત્તા જાતિ છે તે સત્તા જાતિ, ઉત્પત્તિ વિનાશથી રહિત હોવાથી નિત્ય છે તથા દ્રવ્ય, ગુણ, કર્મ રૂપ અનેક વ્યક્તિઓમાં સમવેત પણ છે. માટે એ સત્તા જાતિને સામાન્ય કહે છે. એ જ રીતે પૃથ્વી આદિક નવ દ્રવ્યોમાં રહેનારી દ્રવ્યત્વ જાતિ, રૂપાદિ ચોવીશ ગુણોમાં રહેનારી ગુણત્વ જાતિ, ઉક્ષેપણાદિ પાંચ કર્મમાં રહેનારી કર્મત્વ જાતિ, એ જ પ્રમાણે પૃથ્વીત્વ જાતિ, જલત્વ જાતિ વગેરે; તથા રૂપત્વ, રસત્વ વગેરે, તથા ઉક્ષેપણત્વ, અપક્ષેપણત્વ વગેરે; તથા ઘટત્વ, પટત્વ વગેરે. એ સર્વ જાતિઓ અનેક વ્યક્તિઓમાં સમવેત છે અને નિત્ય છે માટે તે સર્વનો સામાન્યમા સમાવેશ થાય છે. પર અને અપર એવા સામાન્યના બે ભેદ છે: પર સામાન્યને સત્તા કહે છે. દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થોને વિષે દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ એવો સામાન્ય અંશ રહેલો છે. કેમકે, એ ત્રણે અનેક છે. માટે સત્તા રૂપ પર સામાન્ય એ ત્રણમા જ છે એથી ઇતરતા પ્રકારનું સામાન્ય તે અપર સામાન્ય.

૭ પુ. બધા સાદૃશ્ય વડે સમાન એવી વસ્તુનો પ્રતિબંધક ધર્મ જાએ નહિ તે સાદૃશ્ય પ્રયોજક ધર્મ

૮. પું વાદ માર્ગના જ્ઞાન માટે અનુમાની જોઈતી ૮૪ માહેની એક વસ્તુ

૯ ન. (વહાણવટું) નદીનો મધ્યનો.

૧૦. ન સર્વ મળી, સરેરાશ

૧૧ ન સરેરાશ; ઓસ

૧૨ વિ. એકથી વધારેમાં રહેલું

૧૩ વિ. ખાસ નહિ એવું; સાધારણ.

૧૪ વિ. બધામાં સમાન; સર્વને એક સરખું

૧૫. વિ વ્યાપક

૧૬. વિ શૈવના ત્રણ માહેના એ નામના એક મુખ્ય પ્રકારનું; શૈવના ત્રણ મુખ્ય પ્રકારે આ પ્રમાણે છે: (૧) સામાન્ય. (૨) વ્યાજબંધારી અને (૩) આખરી નક્ષત્રધારી. સામાન્ય શૈવ ઉપર દર વર્ષે નક્કી થાય તે પ્રમાણે નકો વદેયનો છે

સામાન્ય અંગ [સં.] ન. (વ્યાકરણ) વિશેષણનું સામાન્ય રૂપ; 'પોઝિટિવ ડિગ્રી'.

રશ્રૂતમાં **સામાન્ય અંગ** ઉપરથી તુલનાવાચક અંગ બને છે. એમ અધિકતા અને ઉત્કૃષ્ટતાના અર્થ રહેલો છે. 'તર' કે 'ઇયસ્' પ્રત્યય ક્રમાગતથી અધિકતાવાચક રૂપ બને છે અને 'તમ' કે 'ઇષ્ઠ' પ્રત્યય ક્રમાગતથી શ્રેષ્ઠતાવાચક રૂપ બને છે. કમળાશંકર

સામાન્યકરણ [સં.] ન. વ્યાપ્તિ નિર્દેશ; જ્ઞાનનિર્દેશ.

સામાન્યકીમત સ્ત્રી. કોઈ વસ્તુની સામાન્ય રીતે અપાતી હોય તે કીમત.

સામાન્યકૃદંત ન. ક્રિયાપદનું મૂળ કૃદંત. જેમકે, જવું.

સામાન્યકોણ [સં.] પું. એકી વખતે બે આકૃતિમાં આવેલો હોય તેવો ખૂણો; 'કોમન એન્ગલ.'

સામાન્ય ગુણ ૧. [સં.] પું. (જૈન) જેમાં દ્રવ્યમાં વ્યાપ્ત હોય તેવો ગુણ. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ એ સામાન્ય ગુણો છે. તે બધી વસ્તુઓમાં હોય છે.

૨. પું. (વેદાંત) સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, નૈમિત્તિક દ્રવત્વ, ગુરુત્વ અને વેગ એ દસ ગુણ. જેમને મતે સ્થિતિસ્થાપકત્વ પૃથ્વી વગેરે ચાર દ્રવ્યોમા રહેલ છે તેમને મતે એ ગુણ પણ સામાન્યમા ગણાય છે

સામાન્યજ્ઞ પુ. (ન્યાય) ન્યાયના ત્રણ માહેનો એક ભેદ. 'આ જાહલ્ય વિદ્વા અને ત્રણચરણથી સપન્ન છે' એમ કહેનાં જડવાદી માને છે કે, જાહલ્યમાં વિદ્યાચરણ સંભવે છે; ત્યારે ગાલ જોટલે વિદ્યાચરણહીન માત્ર જન્મથી જાહલ્ય પણ વિદ્યાચરણ સંપન્ન હોવો જોઈએ એવું કારણ કે, તે જાહલ્ય છે. આ વાદ તે સામાન્ય જ્ઞ

સામાન્ય જ્ઞાન ન. સાધારણ જ્ઞાન; ખાસ અમુક વિષયનું નહિ પણ સાધારણ જરૂરી એવા અનેક વિષયોનું સામાન્ય જ્ઞાન.

સામાન્યતઃ ૧. [સં.] અ. સરેરાશ; સરાસરી.

૨ અ. સામાન્ય રીતે; સાધારણપણે; બધે ભાગે; પાછું કરીને.

સામાન્યતઃદૃષ્ટ પું. અનુમાનના ત્રણ માહેનો એક પ્રકાર

પૂર્વવત્ અને શેષવત્ એ બે અનુમાનથી ભિન્ન હોય તે **સામાન્યતઃ દૃષ્ટ** અનુમાન કહેવાય

ત્રિભોવનદાસ

સામાન્યતા [સં] સ્ત્રી. સામાન્યપણું; વ્યાપકતા, સામાન્ય વ્યાપકતા.

સામાન્યતોદૃષ્ટઅનુમાન ન. (વેદાંત) જેમાં કાર્યરૂપલિંગ નથી તેમ કારણરૂપલિંગ પણ નથી, પણ તે કાર્ય કારણથી ભિન્ન ભિન્ન હોય છે તે અનુમાન. જેમકે, આ પદાર્થ દ્રવ્ય છે, પૃથ્વી છે તેથી આ અનુમાનમાં પૃથ્વીત્વરૂપ હેતુ વડે દ્રવ્યત્વરૂપ સાધ્યની સિદ્ધિ કરી છે. તેમાં પૃથ્વીત્વ જાતિરૂપલિંગ દ્રવ્યત્વ જાતિરૂપ સાધ્યનું કાર્ય પણ નથી, તેમ કારણ પણ નથી. માટે એ અનુમાન સામાન્યતોદૃષ્ટ કહેવાય છે. કોઈક આચાર્ય તો એમ કહે છે કે, જે અનુમાનમાં અન્વય વ્યાપ્તિ તથા વ્યતિરેક વ્યાપ્તિ બંને હોય છે એવું અન્વય વ્યતિરેક અનુમાન તે સામાન્યતોદૃષ્ટ કહેવાય છે. જેમકે, પર્વત વહ્નિવાળો છે, ધુમાડાવાળો હોવાથી અન્વય વ્યતિરેક અનુમાનને સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવું.

પૂર્વવત્, શેષવત્ અને સામાન્યતોદૃષ્ટ એ ત્રણ પ્રકારના અનુમાનો છે. કાર્યકારણથી ભિન્ન હેતુથી જે અનુમાન કરવું તે સામાન્યતોદૃષ્ટ અનુમાન કહેવાય છે. જેમકે, પવનથી ઊડેલા વૃક્ષના ફૂલનાં રજકણોમાં વૃક્ષહેતુથી રૂપવું અનુમાન કરવું તે **સામાન્યતોદૃષ્ટઅનુમાન** કહેવાય.

સાંખ્યદર્શન

સામાન્ય દીર્ઘચંચુ ન. એ નામનું એક પક્ષી નર તથા માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. લંબાઈ ૧૧ ઇંચ છે. માથાનું તાળવું કાળું, નાક અને છાતીનો ઉપલો ભાગ કાળી ભૂરી રેખાંકિત ભદામી, પીઠ કાળી, પાંખો કાળી ભૂરી, પુચ્છ કાળું અને માથાની કોર ઉપર ભદામી પટીઓ હોય છે. નીચલા ભાગનાં પીંછાં સફેદ હોય છે. આ પક્ષી પરપ, મેસોપોટેમિઆ, આફ્રિકા અને અમેરિકામાં મોટી સંખ્યામાં જોવામાં આવે છે અને તેની જાતો પણ ઘણી છે. હિંદુસ્તાનમાં ખાસ કરીને કરછમાં આ પક્ષી રહોય છે અને શિયાળામાં દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. જલ, કાદવ અને પાણીની સાથે રહેણ હોય છે ત્યાં જુદે જુદે રથળે આ પક્ષી હોય છે તેની મોટી આંખ ઉપરથી એમ ભાસે છે કે તે નિશાચર છે. દિવસના ઘાતાપ્રકાશ ભાગમાં તે ઊંધ્યા કરે છે. તે બિલ્લા આવે છે તોપણ કાદવમાંથી પકડી પાડેલાં કીડા જતુ વધારે પ્રમાણમાં ખાય છે આ કારણ માટે તેની લાંબી ચાંચ હોય છે જો તેને ચિતરાવવામાં આવે તો તે ઝડપથી આકાશમાં ઊડે છે. ઈંડાં મૂકવાની ઋતુ વખતે તે પાદડાં વગરનાં ઝાડો ઉપર એસવાનું પસંદ કરે છે. એક વખતનાં ઈંડાની સંખ્યા ચારની હોય છે. આ સિવાય તેની બીજી એક જાત ચિત્રિત દીર્ઘચંચુ પણ છે

સામાન્યધર્મ ૧. [સં.] પું. ઉપમાન અને ઉપમેયમાં અદૃશ્ય હોય તે ગુણ; જેને લીધે બે પદાર્થની સરખામણી કરી હોય તે સાધારણ ગુણ

૨. પું. બધાએ પાળવાનો ધર્મ; બધાએ એક સરખી રીતે પાળવાનો ધર્મ.

સામાન્ય નકશો પું. સામાન્ય રીતે નકામું બંધાયેલું ઘોરણ.

સામાન્ય નામ ન. (વ્યાકરણ) કોઈ એક આખા વર્ગને લાગુ પડતું નામ. બધાને લાગુ પડતું નામ.

સામાન્ય નીતિ [સં.] સ્ત્રી. (યોગ) ત્રણ માહેની એક પ્રકારની નેતિ. દોરી કે ચીનાઈ સૂતરનો મગિ વિનાનો ચીકણો તાંતણો ત્રણ કે ચાર વેંતની લંબાઈનો રાખી તેને સવાસો વડો કે દોઢસો વડો કરવો. પછી તેના મધ્યભાગમાં એક તાંતણો બાંધી બધાં ભાગને વળ દીધા વિનાનો રહેવા દેવો અને બીજા બધા ભાગના ત્રણ સરખા ભાગ કરીને તેમને ઉદરપુચ્છ કરી સારી રીતે વળ દઈ દઢ કરવા. સિદ્ધ થયેલા તે બધાં ભાગને બીજુ ચઢાવી સુંવાળો કરવો. પછી ઉત્તમસે અથવા ઉત્તરદે મોટે ઝિલડક બેસી, ડોક લાંબી કરી, નાકને શુદ્ધ કરી તથા નેતિને પાણીમા ભીંજવી બીજુવાળા ભાગનો છેડો બીરથી નાકના જે છિદ્રમાંથી પવન વહેતો હોય તે છિદ્રમાં નાખી તે છેડો

ગણા ઉપરની કરડી અંગુલ આને આને નેને જમણા હાથના અંગુઠા નખા તર્જની વડે પકડી મારુ પડે તે તેનિ અહાર કાઢવી. આ રીતને સામાન્ય તેનિ કહે છે.

સામાન્ય પદ [સ] ન જે જિદુની અપરાવસ્થા ... પદ જણુથી બીજા બાજુએ ... ત તિ

સામાન્યપદાર્થ પુ. (વૈશ) દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણમાં રહેતો જતિરૂપ સામાન્ય પદાર્થ. સામાન્ય પદાર્થ (૧) પર અને (૨) અપર એવા બે પ્રકારનો છે. તેમાં દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણેમા રહેનારી સત્તા જતિ રૂપે સામાન્ય કહેવાય છે અને નવ દ્રવ્યો વિષે રહેનારી દ્રવ્યત્વ જતિ, તથા ચોવીસ ગુણોમાં રહેનારી ગુણત્વ જતિ તથા પાંચ કર્મોમા રહેનારી કર્મત્વ જતિ એ સર્વ અપર સામાન્ય કહેવાય છે. જતિરૂપ સર્વ સામાન્ય નિત્ય છે.

સામાન્ય પેઢી સ્ત્રી. લાક્ષણિક પેઢી; જે પેઢીમાં સામાન્ય માણસો કામ કરતા હોય, નાણાં સંબંધી સ્થિતિ વગેરે સામાન્ય હોય, આવક અને કામ કરવાની પદ્ધતિ પણ સામાન્ય હોય એટલે કે જેમા તે ધંધો કરતી બીજી પેઢીઓનાં સામાન્ય લક્ષણો મળી આવતાં હોય તેવી પેઢી.

સામાન્ય પ્રત્યક્ષ યોગ્યતા સ્ત્રી. પ્રથમ પ્રકારની પ્રત્યક્ષ યોગ્યતા; અન્યથા થયેલું અલૌકિક પ્રત્યક્ષ. પારિભાષિક કોષમાં લખ્યું છે કે, પ્રથમ પ્રકારની પ્રત્યક્ષ યોગ્યતાને સામાન્ય અને દ્વિતીય પ્રકારની તે વિશેષ પ્રત્યક્ષ યોગ્યતા કહેવામાં આવે છે. વિશેષ પ્રત્યક્ષ યોગ્યતાને લૌકિક પ્રત્યક્ષ એટલે ઇંદ્રિયદ્વારે થયેલું પ્રત્યક્ષ એમ પણ કહે છે અને સામાન્ય પ્રત્યક્ષને સાક્ષાત ઇંદ્રિયદ્વારે નહિ પણ અન્યથા થયેલું અલૌકિક પ્રત્યક્ષ પણ કહે છે.

સામાન્ય બુદ્ધિ [સં.] સ્ત્રી. સાધારણ બુદ્ધિ; લોક બુદ્ધિ; વિવેક બુદ્ધિ, સારી સમજ.

સામાન્ય ભાવ [સ] પું. જતિસ્વભાવ; સાધારણ હોવું તે

સામાન્ય ભાષા [સ] સ્ત્રી એક દેશમાં બધા સમજી શકે તેવી ભાષા

સામાન્યભુજ વિ. પું. બે આકૃતિમાં આવેલી એકની એક બાજુ
૨. પું. બે સલમડોયુ બનાવનારી જમ્યુ આવેની વચલી રેખા.

સામાન્યમૂષા [સ] સ્ત્રી. રાખ, કમોદના ફોતરાંના કોલસા, ચળા, લાદ તથા માટી વગેરે ખૂબ કૂટી તેની બનાવેલી મૂષા.

સામાન્ય લક્ષણ સન્નિકર્ષ પું (વેદાંત) ચક્ષુ આદિક ઇંદ્રિયોનાં સંબંધાદિક લૌકિક સંબંધવાળો જે પદાર્થ છે, તે પદાર્થ જ્યાં વિદ્યમાન હોય અથવા ભૂતકાલિક જ્ઞાનમાં રહેલા પ્રકારીભૂત સામાન્ય. જેમ, રસોડા વગેરેમાં ધૂમની સાથે ચક્ષુ ઇંદ્રિયનો સયોગ સબંધ થયા પછી 'આ ધૂમાડો છે' એ પ્રકારનું ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે. તે પ્રત્યક્ષ જ્ઞાનમાં તે ચક્ષુ ઇંદ્રિયના સયોગસબંધો ધૂમ તે વિશેષ્ય છે અને ધૂમમા રહેલી ધૂમત્વ જતિએ પ્રકાર છે. માટે તે ચક્ષુ ઇંદ્રિય સબદ્ધ ધૂમ વિશેષ્યક પ્રત્યક્ષ જ્ઞાન વિષે પ્રકાર રૂપ હોવાથી, તે ધૂમત્વ જતિ સામાન્ય લક્ષણ સન્નિકર્ષ કહેવાય છે. એ ધૂમત્વ જતિરૂપ સામાન્ય સર્વ ધૂમોમા સમવાય સબંધે કરીને રહે છે. અર્થાત્ પૂર્વે નાશ પામેલા તથા હવે પછી ઉત્પન્ન થનારા જેટલા ધૂમ છે, તથા હમણાં વર્તમાન કાળમા રહેલા દેશાંતરોમાં જેટલા ધૂમ છે, તે સર્વ ધૂમોમાં એ ધૂમત્વ સામાન્ય સમવાય સબંધે કરીને રહે છે. એ ધૂમત્વ જતિરૂપ સામાન્ય જ ચક્ષુ ઇંદ્રિયનો તે સર્વ ધૂમો સાથે સંબંધ છે. માટે 'આ ધૂમ' એ પ્રકારનું ચાક્ષુષ પ્રત્યક્ષ થયા પછી તે ધૂમત્વરૂપ સામાન્ય લક્ષણ સન્નિકર્ષ વડે 'સર્વ ધૂમો' એ પ્રકારનું તે ધૂમો વિષયક અલૌકિક પ્રત્યક્ષ ચાક્ષુષ ઉત્પન્ન થાય છે. સામાન્ય લક્ષણ સન્નિકર્ષમા 'લક્ષણ' એવું પદ છે. તે 'લક્ષણ' પદના બે અર્થ થાય છે. એક તો લક્ષણ એટલે સ્વરૂપ અને બીજું લક્ષણ એટલે વિષય પહેલી રીતે સામાન્ય છે. લક્ષણ એટલે સ્વરૂપ જેનુ એવો સન્નિકર્ષ એવો અર્થ થાય અને બીજી રીતે સામાન્ય છે લક્ષણ એટલે વિષય જેનો એવો સન્નિકર્ષ એવો અર્થ થાય. પહેલી રીતે ધૂમત્વાદિક સામાન્ય સન્નિકર્ષ થાય છે અને બીજી રીતે ધૂમત્વાદિક સામાન્યનુ જ્ઞાન એ સન્નિકર્ષ થાય છે. અત્યાર સુધી જે સામાન્ય લક્ષણ સન્નિકર્ષનો અર્થ કર્યો તે પહેલી રીતે કર્યો છે. બીજી રીતે અર્થ આ પ્રમાણે છેઃ 'આ ધૂમ છે' આ પ્રકારના જ્ઞાનની ઉત્પત્તિ થયા પછી બીજે દિવસે તે ધૂમની સાથે ચક્ષુ ઇંદ્રિયના સયોગનો અભાવ છતાં પણ તે ધૂમત્વરૂપ સામાન્ય ધૂમ વિષે વિદ્યમાન છે. માટે તે ધૂમત્વરૂપ સામાન્ય લક્ષણ સન્નિકર્ષ વડે માનવા જોઈએ એવો કેટલાક મંથકારોનો મત છે

સામાન્યવિધિ સ્ત્રી (વેદાંત) વિશેષ વિધિનાં અપવાદ રૂપે કહ્યો હોય તે વિધિ. જેમ, અગ્નિષ્ટોમીય પશુની હિંસા કરવી. આ એક વિશેષ વિધિ છે. તેનો અપવાદ કરીને સર્વ પ્રાણીઓની હિંસા ન કરવી એવો વિધિ છે તે સામાન્યવિધિ છે

સામાન્યશાસ્ત્રે [અ] ક્રિ. સામાન્ય રીતે

સામાન્યશાસ્ત્રે કરતા વિશેષ સારું જાણવાનું ગમતું અહો નિયમ છે સિદ્ધાંતદર્શન

સામાન્યા [સં.] સ્ત્રી કેવળ ધનને માટે જ પ્રેમ કરનારી સ્ત્રી; સર્વ પુરુષને પોતાની સામાન્ય એવી સ્ત્રી; વારાંગના; છિનાળ; ગણિકા; નાયણ; નર્તકી; પુંચલી; વેશ્યા; તવાયફ. કન્યાની પેઠના. એના બે ભેદ છે (૧) સ્વતંત્રતા (૨) જનન્યધીના.

સામાન્યાત્યંતાભાવ પુ. (વેદાંત) જે ભૂતલમાં કોઈ પણ પ્રકારનો ઘડો નથી એવા ભૂતલમાં 'આ ભૂતલમાં ઘડો નથી' એવી જે પ્રતીતિ થાય છે, એ પ્રતીતિ વડે સિદ્ધ થયેલો ઘડાનો અત્યંતાભાવ.

સામાન્યાધિકરણ્ય જુઓ સામાન્યાધિકરણ્ય.

સામાન્યાધિકરણ્ય ન. જેનાં જોડમાં પ્રવૃત્તિ થવાનાં કારણ ભિન્ન ભિન્ન હોય તથા જેઓ ભિન્ન અર્થના વાચક હોય એવા શબ્દોનો તાત્પર્ય વડે એક અર્થને વિષે જે સમન્વય તે.

સામાન્યા નાયકા સ્ત્રી પૈસામાં લપટનારી સ્ત્રી; પૈસાથી કામક્રીડા કરનારી સ્ત્રી

સામાન્યાન્યોન્યાભાવ [સં.] પું. (વેદાંત) 'આ ભૂતલને ઘડો નથી' એ પ્રકારની પ્રતીતિ વડે સિદ્ધ થયેલ ભૂતલમાં ઘડાનો અન્યોન્યાભાવ

સામાન્યાભિધાન [સં.] ન. ભાલર્ષ; ધર્મવ્યાપ્તિ; અજ્જનાર્થ.

સામાપાંચમ સ્ત્રી. ભાદરવા શુદિ પાંચમ; ઋષિ પંચમી; એક હિંદુ પર્વ જેમાં રજસ્વલા થયા પછી બાળકે બાળકીએ અડાઅડ કરે તેની શુદ્ધિ માટે આ વ્રત હોવાથી તે ફક્ત સ્ત્રીઓ જ કરે છે અને તે દિવસે બળદની મહેનતથી ઉત્પન્ન થયેલા ઘઉં, બાજરી વગેરે અનાજ ન ખાતાં પોતાની મેળે પાકેલાં સામો વગેરે ખાય છે. વ્રતરત્નાકરમાં તેની ઉત્પત્તિ એવી વર્ણવી છે કે, કૃતયુગમા સુમિત્ર નામના બ્રાહ્મણને જયશ્રી નામની સ્ત્રી હતી. તેણે આળપંપાળ ન પાળવાથી તે બંને બીજા જન્મે પોતાના જ પુત્ર સુમતિને ઘેર બ્રાહ્મણ અને કુતરી થઈ અવતર્યાં માતાપિતાની તે દુર્ગતિ સુમતિએ જાણ્યા પછી પોતાની સ્ત્રી સહિત ઋષિ પંચમીનું વ્રત કરી તેમનો ઉદ્ધાર કર્યો હતો.

સામાભોળું વિ સામું જોનારું.

સામાયક જુઓ સામાયિક

સામાયિક [સં.] ન (જૈન) સમતાપૂર્વક એકાગ્ર ચિત્તસ્વાનું નિત્યકર્મ, સમતાભાવમાં રહેવું તે; મનને સમતામા. ૨.ખવાનો વિધિ. સામાયિક શબ્દની વ્યુત્પત્તિ સમ, આય અને ઇક એ ત્રણ શબ્દોથી થાય છે. સમ એટલે રાગદ્વેષરહિત મધ્યસ્થ પરિણામ, આય એટલે તે સમભાવનાથી ઉત્પન્ન થતો જ્ઞાનદર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભ અને ઇક એટલે ભાવ એમ અર્થ થાય છે; એટલે કે જે વડે કરીને મોક્ષના માર્ગનો લાભદાયક ભાવ ઊપજે તે સામાયિક. સમ્યગ્જ્ઞાનીઓના · આત્મા જ સામાયિકનું સ્થાન છે, કેમકે તેમાંએ ઇન્દ્રિયજન્ય મેળવી કષાયને હરવો હોય છે. બાહ્ય વાસના છોડી કોઈ પણ પર પદાર્થો મારા નથી હું કદી તેમનો થઈ શકું જ નહિ એવો દૃઢ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ આત્માઓને હોય છે. તેઓ સર્વ બાહ્ય ભાવો છોડી, સહાય આત્મામાં સમ્યક્ પ્રકારે સ્થિર થાય તેને સામાયિક કહેવામાં આવે છે. પોતામાં પોતાના આત્માને જ્ઞાનદર્શનમય વિશુદ્ધ અવલોકવો અને સમભાવની પ્રાપ્તિ કરવી તે સામાયિક. પોતે જ્ઞાયક અને પોતે જ્ઞેયરૂપ થઈ પોતાના આત્મા સિવાય સર્વ પર દ્રવ્યોથી પોતાનો ઉપયોગ હઠાવી પોતાના જ્ઞાતા દૃષ્ટારૂપ આત્મસ્વરૂપમા જ એકરૂપ થઈ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવવો અથવા રાગદ્વેષને હઠાવી, સમભાવ પ્રાપ્ત કરી માધ્યસ્થ ભાવરૂપ આત્મામાં લીન થઈ ઉપયોગની પ્રવૃત્તિમાં સમાઈ જવું એવું જેનું પ્રયોજન છે તે સામાયિક. સમ્યગ્દૃષ્ટિઓને જ સાચું સામાયિક હોય છે. સામાયિકના બે પ્રકાર છે (૧) નિશ્ચય સામા.યિક અને (૨) વ્યવહાર સામાયિક. (૧) નિશ્ચય સામાયિક: સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનનું જ્ઞાન માત્ર એટલે કે, એકાગ્રના લક્ષણરૂપ આત્માનો શુદ્ધ પર્યાય તે નિશ્ચય સામાયિક. (૨) વ્યવહાર સામાયિક: સમ્યગ્દૃષ્ટિ આત્માઓ જ્યારે પોતાના શુદ્ધોપયોગમાં સ્થિર રહી શકતા નથી ત્યારે તેમનો પુરુષાર્થ જો કે રાગ દ્વેષ તોડવા તરફ વળે છે, તો પણ તેમાં અશુભ ભાવ ટળે છે ને શુભ ભાવ રહી જાય છે તેવો પુરુષાર્થ બે ઘડી કે વધારે સમય સુધી ચાલુ રાખવાનો પ્રયાસ કરવો તે વ્યવહાર સામાયિક. સમ્યગ્દૃષ્ટિનું આ વ્રત છે અર્થાત્ સામાયિક વ્રત સમ્યગ્દર્શન થયા પછી જે પાંચમા ગુણસ્થાને શ્રાવકને હોય છે; જેઓ આત્માનું સ્વરૂપ ન જાણતા હોય તેવા મિથ્યાદૃષ્ટિ જીવોને સામાયિકના સ્વરૂપની સમજણ હોતી નથી. સામા.યિક વખતે જો મંદ કષાય હોય તો તે શુભરાગની ક્રિયાને વ્યવહારાભાસ સામાયિક કહેવામા આવે છે. ઉપરાંત દ્રવ્ય સામાયિક, ક્ષેત્ર સામા.યિક, કાલ સામાયિક, ભાવ સામાયિક ને દર્શન સામા.યિક એવા બીજા પ્રકાર પણ છે. તેમાં સચિત્ત અને અચિત્ત દ્રવ્યોમાં રાગ અને દ્વેષનો નિરોધ કરવો તે દ્રવ્ય સામાયિક છે. ગામ, નગર, જનપદ આદિમાં રાગ અને દ્વેષનો નિરોધ કરવો તે ક્ષેત્ર સામાયિક છે. વસંત આદિ છ ઋતુ વિષયક કષાયનો નિરોધ કરવો તે કાલ સામાયિક છે; જેણે સમસ્ત કષાયનો નિરોધ કરી લીધો છે તથા મિથ્યાત્વનું વમન કરી દીધું છે અને જે નયોમાં નિપુણ છે તેવા પુરુષને જે છ દ્રવ્યો સંબંધી આશા રહિત અને અરંજિત જ્ઞાન હોય છે તે ભાવ સામાયિક છે. વળી મિથ્યાદર્શન ટાળી સમ્યગ્દર્શન પ્રગટ કરવું અને તે સમ્યગ્દર્શનને વધારે ને વધારે દૃઢ તથા નિર્મળ કરવું તે દર્શન સામાયિક છે. તે ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. આત્માનું સ્વરૂપ ન સમજતા હોય તેને દર્શન સામાયિક હોતું નથી. આર્ત્ત અને રૌદ્ર એ બે પ્રકારનાં ધ્યાનનો ત્યાગ કરીને મન, વચન, કાયાના પાપભાવને રોકીને વિવેકી શ્રાવક સામા.યિક કરે છે. સામાયિકમાં ૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના એ ૩૨ દોષ ટાળી મન, વચન, કાયા વિશુદ્ધ રહેવા જોઈએ. સામાયિકનું જઘન્ય પ્રમાણ બે ઘડીનું છે. શુદ્ધ સામાયિક કરવા માટે એ બે ઘડીમાં ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના એ ૩૨ દોષોમાંથી એક પણ દોષ સેવવો ન જોઇએ. ચારમાંથી એક પણ વિકથા કરવી ન જોઈએ. સામાયિકમાં પ્રવેશ કર્યા પછી અને તેટલા કાયોત્સર્ગનો કાઉસ્સગ્ગ કરી ચિત્તની સ્વસ્થતા આણવી જોઈએ. પછી સૂત્ર પાઠ કે ઉત્તમ ગ્રંથનું વાચન, મનન કરવું જોઈએ. કરેલ ધાર્મિક અભ્યાસ સભારવો જોઈએ. નવો અભ્યાસ કરવો જોઈએ. કોઈને શાસ્ત્રાધારથી બોધ આપવો જોઈએ અથવા બીજું કાંઈ ન બને તો પણ પરમેષ્ઠી મંત્રનો જાપ ઉત્સાહપૂર્વક કરવો જોઈએ. આમ સામાયિકમાં વખત વ્યતીત કરવો જોઈએ. વિદ્યાવિજયજી લખે છે કે, ઐરેંદ્રિયથી માંડી પંચેંદ્રિય સુધીના સમસ્ત જીવ પછી તે રાજા હો, મહારાજા હો, દેવ હો, કે કોઈ પણ હો તે સર્વ જીવો ઉપર સમાન દૃષ્ટિ હોવી, બધાંને સમાન સમજવાં તેનું નામ સામાયિક છે. ગમે તેટલું દુઃખ કે સુખ આવે તો પણ મનમા રાગદ્વેષની ભાવના ન ભાવવી તે સામાયિકનું સાચું સ્વરૂપ છે. જીવજંતુનું આ વ્રત લેવાય તો ભલું થાય, પણ તેમ ન બને તો ગૃહસ્થે દરરોજ ઓછામાં ઓછી એક વખત ૪૮ મિનિટ સુધી સમભાવમા સ્થિર રહી સામાયિક વ્રત ધારણ કરવું જોઈએ, કેમકે શ્રાવકનું આ નવમું વ્રત છે

સામાયિક કૃત [સં.] પું. (જૈન) જઘન્ય બહિના સુધી દરરોજ એક બે વખત સામયિક કરનાર શ્રાવક.

સામાયિક ચારિત્ર [સ] ન (જૈન) પાંચ મહાવ્રતોના એક પ્રકારનું ચારિત્ર; થોડા વખત માટે કે યાવત્કથિક એટલે આખી જિંદગી માટે જે પહેલવહેલી મુનિ દીક્ષા લેવામાં આવે છે તે સામાયિક; સાવદ્યજ્ય જોગને રોધીને સમભાવમાં વર્તે તે; સમભાવમાં રહેવા માટે બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે. તત્ત્વા.ર્થસૂત્રમાં લખ્યા પ્રમાણે સામાયિક, છેદોપસ્થાન, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત એ પાંચ પ્રકારનું ચારિત્ર છે.

સામાયિક વ્રત ન. (જૈન) શ્રાવકોનું નવમું વ્રત; બાર બારેનુ એક શિક્ષા.વ્રત.

સામાયિક સૂત્ર ન. એ નામનું એક મહાસૂત્ર. તે જૈનશાસ્ત્રના સારરૂપ છે.

સામાયિક સ્થાયિત્વ [સં.] ન. સામાયિક મા.સિકો

> બધા મનુષ્યો એકત્રિત મળી જે કામ કરે છે જેને પરિણામે સામાયિક સ્થાયિત્વનો ઘણ ઉત્પન્ન થાય છે. નરહર વિદ્યા

સામાયિકુ જી. (જૂ. ગુ.) એ નામે બાર બારેનુ એક શિક્ષાવ્રત; સામાયિક.

> સામાયિકુ, દેસાવગાસિઉ પોષધુ અતિથિ સંવિભાગુ એ બારિ સિક્ષા.વ્રત.
>
> પ્રાચીન ગદ્ય સંગ્રહ

સામારિટન [અં.] જી. અઢારમા બારેની એક અંગ્રેજી લિપિ

સામાવડિયો (સામાવડિયો) ૧. પું. શત્રુ.

૨. વિ.પું. સામેની બાજુનો; વિરુદ્ધ ટોળીનો; હરીફ.

સામાવાળિયણ જી. સામાપક્ષની સ્ત્રી.

સામાવાળિયું વિ. સામા પક્ષનું; શત્રુ પક્ષનું.

સામાવાળું વિ. સામાપક્ષનું; શત્રુ પક્ષનું.

સામાવાળો ૧. [સં. સન્મુખ (સામુ) + વાદ (વાળુ)] પું. શત્રુ; દુશ્મન; પ્રતિવાદી.

૨. પું. સામાવાળિયો; હરીફ.

૩. વિ.પું. સામેની બાજુનો; વિરુદ્ધ ટોળીનો; પ્રતિપક્ષી.

સામાસ [પ્રા. સ્યામાસ] પું. સાંજનું ભોજન, વાળુ.

સામાસાત્મિકા [સં] સ્ત્રી. ચાર માહેના એક પ્રકારની ભાષા.

આ પ્રકારની ભાષામાં બે મૂળ શબ્દને પ્રત્યય લગાડ્યા વિના એકઠા મૂકી સમસ્ત શબ્દ બનાવવામાં આવે છે. આ સમાસમાં એક મૂળ શબ્દ અન્યને ગૌણ થઈ જાય છે અનુષ્ટ્યાદિ, યુદ્ધસમ જેવા શબ્દો આ પ્રકારે બની ભાષામાં વપરાય છે. ભાષાના આ વિશ્લેષણમાં દરેકાર શબ્દ નામ અને ક્રિયાપદ તરીકે વપરાતા બંધ થઈ ગયા છે ને નામની સાથે એક કે વિભક્તિ, પ્રત્યયની અને ક્રિયાપદની સાથે એકાદી કાળ કે અર્થના પ્રત્યયની જરૂર પડે છે આથી આપણને **સામાસાત્મિકા** કે સંયોગાત્મિકા કહી શકાય

જુઓ વ્યાકરણ

સામાસામી ૧. સ્ત્રી. દુશ્મનાવટ.

૨. અ. એકબીજાની સન્મુખ એમ; મોઢામોઢ. એકબીજાની સામે. પ્રત્યક્ષ; સામસામે

૩. અ. રમતમાં એકબીજાની વિરુદ્ધ હોય તેમ.

સામાસામી આવવું = (૧) મારામારી થવી (૨) રમતમાં થવી

સામાસિક ૧. વિ. ટૂંકું અને સમજી શકાય તેવું; સંક્ષિપ્ત; મુખ્તેસર.

૨. વિ. સમાસવાળું; સમાસયુક્ત.

૩. વિ. સમાસ સબંધી.

સામાસ્થ [સં.] પું. શિવનાં હજાર નામોનું એક નામ.

સામિ ૧. [સં. સ્વામિન્] પું. (પ્રાકૃત) અધિપતિ.

૨. પું. પતિ.

૩. પું. રાજા.

૪. સ્ત્રી. નિંદા.

સામિક ગાન [સં.] ન. (સંગીત) ત્રણ સ્વરમાં ગાવું તે.

સામિક પદ્ધતિ [સં.] સ્ત્રી. (સંગીત) ઋગ્વેદમાં વર્ણવેલી વૈદિક સંગીતની એક પદ્ધતિ તે ત્રણ સ્વરો ઉપર રચાયેલી છે. તે તાનસેનની ધ્રુવપદ પદ્ધતિને મળતી આવે છે તેના પ્રસ્તાવ, ઉદ્ગીત, પ્રતીહાર અને નિધન એવા ચાર ભાગ છે.

સામિકા પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે રગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે.

સામિકા સ ર લ ગ થી રણઝિણ

સામિણી સ્ત્રી (જૂ. ગુ.) સ્વામિની

સરસતી સામિણી નીનવું,
ત્રાર્ય રજુ તુલ્ય પસાઈ. કર્મેલુમંત્રો

સામિતિક આકૃતિ સ્ત્રી. કોઈ પણ આકૃતિને તેની કોઈ પણ રેખા ઉપર વાળીએ અને તેનો બંધાતો એક ભાગ બીજા ભાગ સાથે બરાબર મળી જાય તેવી આકૃતિ; 'સિમેટ્રિકલ ફિગર'.

સામિયાનો પું. સામિયાનો, તંબૂ.

સામિલ ૧. વિ. સામેલ; જોડાયેલું; મળેલું, એકમેક થયેલું.

૨. વિ. મોજની; મદદગાર; મિલાપી

૩. વિ. નિષ્ઠાવાન, સંગીન

સામિલગીરી ૧. સ્ત્રી. ઉપરની

૨. સ્ત્રી. મદદ

૩. સ્ત્રી. સબંધ; સોબત

૪ સ્ત્રી. [illegible]

સામિસાલ [illegible] પું (જૂ. ગુ) ઉત્તમ સ્વામી

સામી ૧ પું. [illegible] ઉપર ઉપરથી ચોપડવામાં આવતું ઘટ્ટ પ્રવાહી દ્રવ્ય. ખાસ કરીને ચામડાને મુલાયમ કરવા માટે ચરબી, તેલ વગેરેમાંથી બનાવેલું મિશ્રણ. 'કુલા ઑફ ગ્રીસ' તરીકે પણ ઓળખાય છે. ગ્રિસમીટ એટલે કે ઉપર કહીને ચામડાં વગેરેની મજબૂતી કરવા માટેના દ્રવ્યો તે બેળા નાનાજી જતા તે કરતાં અથવા ઑઈલમેંટનું અપભ્રંશ ગ્રિસમીટ અને તે ઉપરથી ગ્રિસમીટિયા થયું. આ ગ્રિસમીટ [illegible] ફુલીને મજબૂત કરે, સાથે સાથે પાણી પણ છુપાવી રાખે. આ મિલ નામને છોડે આકારો પ્રત્યય છે

૨. પું. પતિ; વર; ધણી

૩. પું. ભાવો; મહારાજ.

૪ પું. ટોચ; ઊપરી

૫. પું સ્વામી; માલિક.

૬. વિ. પું. ભરોસાદિયો

સામીના ૧. ન. એક જાતનું જંગલી ઝાડ.

૨. ન. એક જાતનું ઇમારતી લાકડું

૩. ન. રંગ આપનારી એક જાતની વનસ્પતિ.

સામીપિક [સં.] વિ. સમીપનું; પાસેનું

સામીપિક અધિકરણ [સં.] ન. (વ્યાકરણ) અધિકરણનો એ નામે એક પ્રકાર. તે વસ્તુઓ આપણે છે એમ કહેવાય છે.

સામીપુરુષ પું. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે ચંદ્રપુરુષનો સેવક.

સામીપ્ય ૧. [સં.] ન. (વેદાંત) મૂર્તિની સમીપમાં રહેવાપણું, ૭ મોક્ષના એક પ્રકારની મુક્તિ. મુક્તિ ૭ જાતની આ પ્રમાણે છે: સામીપ્ય, સાલોક્ય, સાયુજ્ય, સારૂપ્ય, સ.ષ્ટિ અને કૈવલ્ય.

૨. ન. સમીપપણું, પડોશ, પાસપાસ, નિકટતા; સાન્નિધ્ય; હાજરી, સનિકર્ષ.

સામીપ્યમોક્ષ [સં] પું. ક્રમ મોક્ષનો એક પ્રકાર

પોતાના ઇષ્ટદેવની સમીપમાં રહેવું તે **સામીપ્યમોક્ષ** કહેવાય છે. હાનદર્પણ

સામીપ્યમુક્તિ [સં.] સ્ત્રી. ચાર માહેની એક પ્રકારની મુક્તિ; ઈશ્વર સમીપ જીવાત્મા રૂપે સત્ય જ્ઞાન મેળવી ઈશ્વરના સેવક અને ભક્ત થઈ રહેવું તે

જેઓ કે વૈરતત્ત્વ સ્થિતિને પ્રાપ્ત કરે છે તથા જે પોતપોતાના વર્ણાશ્રમ માટે કહેલા ધર્મોનું બરાબર પાલન કરે છે તને **સામીપ્યમુક્તિ** પ્રાપ્ત થાય છે. સૂતસંહિતા

સામી ભાંત સ્ત્રી. જમામાં વરકન્યાની રાશિ મળતી ન આવવી તે; વરકન્યાને અણબનાવ રહે તેવો યોગ

સામુત્થિક [સં] પું. (જૈન) ક્ષણિકવાદ; વસ્તુ ઉત્પન્ન થયા પછી તે ક્ષણેક્ષણે નાશ પામે છે એવો મત.

સામુદાની ક્રિયા સ્ત્રી. (જૈન) સમુદાય એટલે બધા જણ મળી કોઈ કાર્ય કરતાં લાગતી ક્રિયા

સામુદાયિક ૧. [સં] વિ. એકત્રિત; એકઠું.

૨. વિ. સમુદાયને કે સઘને લગતું; સમુદાયનું; સઘનું; સમાજનું

૩. વિ. સમુદાય વડે કરાતું.

૪. વિ. સમુદાયવાળું; સમૂહવાળું.

૫. વિ. સામટું.

સામુદાયિક કર્મ ન. (જૈન) એક સાથે મળીને કરેલું હિંસક કર્મ. વિદ્યાવિજયજી લખે છે કે, એક શિકારી હોય અને તેને ૫–૨૫ આદમી સહાય કરતા હોય. તે બધા મળી કોઈ જનવરને મારે તો તે બધા શિકારીને આકરું પાપ બાંધે છે અને સામુદાયિક કર્મ બાંધે છે. તેનું ફળ બધાને માથે ભોગવવું પડે છે. શિકારમાં સહાય કરતા ન હોય પણ માત્ર શિકાર કરતાં દેખતા જ હોય, પરંતુ દેખવાને વખતે પણ મનોવૃત્તિઓ હિંસક બને છે અને પાપના ભાગી બને છે

સામુદાયિક સંઘ પું. સમૂહ, સઘ કે સમાજનો સંઘ

સામુદ્ગ સંધિ [સં] પું. હાડકાંનો એક સાંધો આ સંધિ અલ્પશ્રેષ્ઠ કોઈને તેમાં જોડાયેલાં અસ્થિ પરસ્પર સહેજસાજ હરે છે. તેઓ બાજુએ એક સપાટ રચતાં હોય એમ જણાવાથી તેમનું આવું નામ પાડવામાં આવ્યું છે.

સામુદ્ર ૧. [સં.] વ. દરિયાનું મીઠું
૨. ન. શરીર ઉપરનું ચિહ્ન કે નિશાન.
૩. ન. સમુદ્રફીણ.
૪. વિ. દરિયા માર્ગે વેપાર કરનાર.
૫. વિ. સમુદ્રનું; દરિયાઈ; દરિયા સબંધી; સમુદ્રને લગતું

સામુદ્રક ૧. વ. મીઠું.
૨. [સં.] ન. હાથ વગેરેની રેખા ઉપરથી સ્ત્રીપુરુષનાં શુભ, અશુભ લક્ષણને જણાવનાર એક ગ્રંથ.

સામુદ્રધુની [સં.] સ્ત્રી. પાણીના બે મોટા ભાગને જોડનારો પાણીનો નાનો ભાગ; બે મોટા સમુદ્રને જોડનારી ખાડી.

સામુદ્રભૂમિ [સં.] સ્ત્રી. બેટ; દ્વીપ; સમુદ્ર વચ્ચેની જમીન.

સામુદ્રાદિ ચૂર્ણ ન. (વૈદક) મીઠું, સંચળ, સિંધવ, જવખા૨, અજમો, હરડાં, પીપર, સૂંઠ, હિંગ તથા વાયડીંગનુ બનાવેલુ સમભાગી ચૂર્ણ તે ભોજન સમયે લેવાથી અજીર્ણ દૂર થાય છે. વાતરોગ, કમળો, પાંડુ, શ્વાસ, અને ગ્રહણ રોગ ઉપર તે અપાય છે.

સામુદ્રિક ૧. [સં.] પુ. સામુદ્રિક શાસ્ત્ર જાણનાર માણસ; હાથ વગેરેની રેખા ઉપરથી સ્ત્રી પુરુષનાં શુભ અશુભ લક્ષણને જણાવનાર સમુદ્ર ઋષિ પ્રણીત ગ્રંથને જાણનાર કે જાણનાર માણસ.
૨. ન. શરીરનાં ચિહ્ન ઉપરથી ભવિષ્ય કે શુભાશુભ ફળ જાણવાનું શાસ્ત્ર.
૩. વિ. શરીરનાં ચિહ્ન ઉપરથી જે શુભાશુભ વર્તવા કે જોવામાં આવે છે તે સંબંધીનુ.
૪. વિ. સમુદ્ર સંબંધી.

સામુદ્રિક શાસ્ત્ર [સં.] ન. શરીરનાં ચિહ્ન ઉપરથી ભવિષ્ય જણવાનું શાસ્ત્ર; માણસના હાથપગ વગેરે અવયવોમાં આવેલ રેખાઓ ઉપરથી તેનું સુખદુઃખ વગેરે દર્શાવનારું શાસ્ત્ર; શરીર ઉપરનાં ચિહ્નો ઉપરથી સારું નરસું પ્રારબ્ધ જાણવાની વિદ્યા

સામુદ્રિક શાસ્ત્રી પું. શરીરનાં ચિહ્ન ઉપરથી ભવિષ્ય કે શુભાશુભ ફળ જાણનાર માણસ; સામુદ્રિક શાસ્ત્ર જાણનાર.

સામુદ્રી [સં.] વિ. સમુદ્રનું; દરિયાઈ.

સામુદ્રીમાતા સ્ત્રી. કોળિયા જ્ઞાતિની કુળદેવી.
કોળિયા તે ધોરાજ પાસે કોઇક ગામના છે અને સામુદ્રીમાતા એ તેમની કુળદેવી છે.
સ્રો. સર્વસંગ્રહ

સામુહિક [સં.] વિ. સમષ્ટિગત; સામુદાયિક; એકત્ર.

સામું ૧. વિ. ઊલટું, વિરુદ્ધ.
૧. સામાં શિંગડાં આવ્યાં = લડવા તૈયાર થવું; સામા થવું.
૨. સામી પાયડી મૂકવી = સમાધાન કરાવવી.
૩. સામું આવવું-જવું = તેડવા, લેવા કે સ્વાગત કરવા જવું.
૪. સામું જોવું = (૧) નજર કે ધ્યાન કરવી. જેમકે, તેની સામું તો જોઈ લે. (૨) ની દરકાર કે ખબર કરવી. જેમકે, મારા પોતા વાળી સામું તો જો. (૩) સંભાળ લેવી
૫. સામું થવું = (૧) અવિનય કરી સામો જવાબ આપવો. (૨) મારવા તત્પર થવું.
૬. સામું પડવું = વિરુદ્ધ પક્ષમાં જવું.
૭. સામું બોલવું = ઉદ્ધતાઈથી જવાબ આપવો; વિરુદ્ધ બોલવું.
૨. [સં. સન્મુખ પ્રા. સંમુહ દે. સમહુત્ત અપ. સહુઁહુ] વિ. સામે આવેલું.

સામૂર ન. એક જાતનું સામાનું. તે ૩૬ અંગુલ લાંબું હોય છે અને રંગે કાળું હોય છે. તે આફ્રીકન દેશમાંથી મળી આવે છે.

સામૂલિ ન. એક જાતનું સામાનું. તે રંગે ધોળું હોય છે. તે અરબસ્તાન દેશમાંથી મળી આવે છે.

સામૂલી જુઓ સામૂલિ.

સામ્મૂર ન. ભરતખંડમાં પૂર્વે થતું એક જાતનું રેશમી કે ઊનનું કામળ.

સામે ૧. અ. મોં ઉપર; પ્રત્યક્ષ
૨. અ. વિરુદ્ધમાં; ઊલટા પક્ષમાં
૧. સામે આંગળી કરવી = નિંદા કરવી
૨. સામે આંગળી થવી = નિંદાપાત્ર થવું.
૩. સામે પૂર જવું = પાણીના વહનથી અવળી ગતિએ જવું; અવળું ચાલવું; બીજાથી વિરુદ્ધ ક્રિયા કરવી.
૪. સામે બારણે = નજીકમાં.
૫. સામે મોંએ જવું = ઠોર કે માણસે ભાગી જતી વખતે પાછું પણ વાળી ન જોવું.
૬. સામે મોંએ = સામું મોં રાખીને; સામે આવીને
૩. અ. સન્મુખ; મુખ નજરની આજુબાજુ એમ; નજર તરફની દિશામાં.

સામેથીબોલાવો (સામેથીબોલાવો) પું. મલ્લવિદ્યામાં કરાતી એક પ્રકારની કસરત તેમાં બંને પહેલવાન સામસામા લડતા હોય ત્યારે એક પહેલવાને પોતાના બને હાથ સામા પહેલવાનના ખભા ઉપર ચઢાવી તેની ગરદન દબાવી તેને ચીત કરવાનો હોય છે.

સામેદ્ગાન ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ અહેનુ પાંચમુ અંગ; પ્લુત અંશ; ત્રિમાત્ર; શ્રૃંગી; પ્રભુ શિખા; દિપ્ત; બાર માત્રાનું અંગ; બાર માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

સામેર ૧. પું. એક જાતનો રાગ.
ત્યારે રાગ સામેર ગાયો, નરસૈંયો હૃદયમાં હરિજી.
નરસિંહ મહેતો
૨. ન. સીમળાનુ ઝાડ.
રોહડી પ્રભુ પાયે સરસ, સબિંગ સુમખાં થાય,
આમ તણા સામેરની સોબા કહી ન જાય.
દલપતરામ
૩. ન. સીમળાનું સુંવાળું ફૂ; સીમળાના ફળમાં થી સાથે સુવાળુ ફૂ હોય છે તે.

સામેરી ૧. પું. એક રાગ.
૨. પું. બેડીદાર.
૩. સ્ત્રી. પંચમહાલ જિલ્લાની એક જાતની મકાઈ.
૪. સ્ત્રી. (સંગીત) ભૈરવી રાગ સાથે સંબંધ રાખતી એક રાગિણી; મેઘરાગની રાગિણી.

સામેલ ૧. સ્ત્રી. ધૂંસરી બરાબર નહિ તે માટે રાખવામાં આવતી એક આડખીલી; સમોવ; જરીને બને છેડે બાંધવાની ખીલી
૨. [અ. શામિલ (મળેલું)] વિ. શામિલ; ભળેલું; જોડાયેલું.
૩. વિ. સોબતી; મદદગાર.

સામેલગીરી સ્ત્રી. શામિલગીરી; શામિલ હોવાપણું.

સામેલા ન. વડનગર પાસે આવેલ એ નામનું એક તળાવ.

સામેલિયાત પું. અપરાધ કરવામાં સાથી; મદદગાર

સામેલું ન. સામેલ; દાણા ખાંડવાનું દળિયાર; મુસળ.

સામેલો પું. (પ્રાકૃત) વરઘોડો.
સામેલો સોહે રાજકુમાર, આણી ભેળો ચોરી મજાર.
આનંદકાવ્યમહોદધિ

સામૈયું ૧. ન. અતિથિને વાજતે ગાજતે સામે લેવા જઈને રામ રામ કરવા તે
૨. ન. દેવ, રાજા કે મોટા માણસને વાજતે ગાજતે સાજન સાથે સામા લેવા જવું તે; નવા આવનારની સામે લેવા જવું સરઘસ; આવનાર માણસને આદરમાનથી સામા લેવા જવાને વાસ્તે ભેગા થયેલ માણસ; આદરસત્કાર કરનારું સરઘસ
સામૈયું કરવું = નવા આવનારનું વાજતે ગાજતે સ્વાગત કરવું.

સામૈયો પું. વેજ્જુ બનાવતી વખતે લાંબણી બાંધવાના ક્રમમા આવે છે તે લાકડું.

સામો ૧. [સં. શ્યામાક; પ્રા. સામય] પું. એક ધાન્ય. તેનાં પાન લાંબાં અને સાંકડા થાય છે. ફૂલની ચમરી પ.સે પ.સે આંબલી, ધોળા રંગની હોય છે વગર ખેડ્યે કે વાવ્યે આ ધાન્ય થાય છે. આ ધાન્યને ખોદતા તેમાંથી નાના કણના ચોખા નીકળે છે. આ ધાન્ય ઢોરને વિશેષ ખવરાવે છે. સામાના દાણા માણસો ખાય છે. ઋષિવસ્તમાં તે ફરાળ તરીકે ખવાય છે. ભાદરવા સુદિ પાંચમે તે ખાવાનુ માહાત્મ્ય છે. ગુણે તે શોષક, વાતલ, કફલ અને પિત્તહર છે

૨. [સં. સમુખ] પું. (વહાણવટું) સામેથી આવતો પવન.

સામોકાળ પું. અમુક વખતે અમુક દિશામા ન જવુ તેવા ગણતરી.

સામોણું ન. સામા તેડવા જઈ આદરસત્કાર કરવો. ત; સામેલુ.

સામોદાવો પું કોઈ પણ માણસે દાવો કરેલ હોય ત્યારે સામા પક્ષ તરફથી આગળમા આવતી દાદ; પ્રતિવાદ; ઊલટો દાવો.

સામોપચાર [સં.] પું રાજનીતિનો એ નામનો એક ઉપાય; નરમ ઉપાય: મીઠા વચને કરીને બનવુ તે; સામનો ઉપાય કે પ્રયોગ; મીઠા વચનથી મેળવી લેવુ ત, ગુસ્સ થાય નહિ તેમ સમજાવીને કામ કાઢી લેવાની નીતિ; સામ ઉપચાર; સામાને પ્રિય લાગે એવી સમજાવવાની રીત; મન મેળવી લેવાના ઉપાય; સામોપાય.

સામોપાય ૧. પું. (કાવ્ય) માનમોચનના ૭ માંહેનો એક ઉપાય.

> જ્યાં નાયક નાયકને જેમતેમ સમજાવી અને મોહિત કરી માન છોડાવે તેને **સામોપાય** કહે છે. આ પક્ષ લઘુમાન છોડાવવાનો ઉપાય છે.
>
> કાવ્યપ્રકાશ

૨. જુઓ સામોપચાર.

સામોરું ન. સામનો, વિરોધ.

સામ્ની પુ (પિંગળ) અનુષ્ટુપ છંદના વેદ પ્રમાણે આઠ માંહેનો એક પ્રકાર.

સામ્ની અનુષ્ટુપ પું. (પિંગળ) અનુષ્ટુપ છંદનો એક પ્રકાર. તેમાં સોળ અક્ષર આવે છે.

સામ્ની ઉષ્ણિક પુ. (પિંગળ) ઉષ્ણિક છંદનો એક પ્રકાર. તેમાં સાત અક્ષર આવે છે.

સામ્ની ગાયત્રી પું. (પિંગળ) ગાયત્રી છંદના આઠ માંહેનો એક પ્રકાર. તેમાં બાર અક્ષર આવે છે.

સામ્ની જગતી પું (પિંગળ) જગતી છંદનો એક પ્રકાર. તેમાં ચોવીસ અક્ષર આવે છે.

સામ્ની ત્રિષ્ટુપ પું. (પિંગળ) ત્રિષ્ટુપ છંદનો એક પ્રકાર. તેમાં બત્રીસ અક્ષર આવે છે.

સામ્ની પંક્તિ પું. (પિંગળ) પંક્તિ છંદનો એક પ્રકાર. તેમાં વીસ અક્ષર આવે છે.

સામ્ની બૃહતી પું. (પિંગળ) બૃહતી છંદનો એક પ્રકાર. તેમાં અઢાર અક્ષર આવે છે.

સામ્બ ૧. પું. અઢાર ઉપપુરાણનો એક ભાગ.

૨. પું. પાર્વતી સહિત શંકર; શ્રીમ અને ઉમા સહિત શિવ

૩. પું. શ્રીકૃષ્ણના પુત્ર. સાંબને કોઈ ઠેકાણે શિવજીનો તથા કોઈ ઠેકાણે કાર્તિક સ્વામીનો અંશ લખેલો છે. જાંબવતીના મંત્રી કુમ્ભાંડની રામા નામની સુલક્ષણા પુત્રી સાંબ પરણ્યા હતા. તેમને સામ્બ થકી ઉષ્ણિક નામે પુત્ર થયા

૪. સિ. અંબા સહિત; માતા સાથે

સામ્ય ૧. પું (કાવ્ય) એ નામે એક અલંકાર.

> જ્યાં ગુણાદિ કારણ ધર્મોકારણથી પ્રાપ્ત થયેલ જે અર્થક્રિયા અથવા કાર્યકારિતા એથી ઉપમાનની સમતા હોવાથી ઉપમેય હોય ત્યા **સામ્ય** અલંકાર થશે.
>
> કાવ્યપ્રકાશ

૨. ન. એકતા; એકરસતા; અનુરૂપતા; તાદાત્મ્ય; અભિન્નતા; અનન્યતા.

૩. ન. મળતાપણું; સદ્રુપાપણું.

૪ ન મેળ.

૫. ન. સમતા; સમભાવ

૬. ન. સમતોલપણું.

૭. [સ.] ન. સમાનપણું, તુલ્યતા.

સામ્યચિહ્ન ન. (ગણિત) બરાબરી દર્શાવતુ (=) આવું ચિહ્ન; બરોબરીની નિશાની. બે રકમોની વચ્ચે = આવી નિશાની કરી હોય તો તેનો અર્થ એવો થાય છે કે, તે નિશાનીની ડાબી બાજુએ જે રકમ છે તે તે નિશાનીની જમણી બાજુની રકમની બરાબર છે. જેમકે, ૫ + ૩ + ૮ = ૧૬

સામ્યજળી ન. સમતોલપણાનું બળ; સમતોલ રાખનાર બળ

સામ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. બુદ્ધિની સાત્વિક, સમ અથવા આત્મનિષ્ઠ સ્થિતિ; સમાનબુદ્ધિ. લોકમાન્ય તિલક કહે છે કે: મનુષ્ય બુદ્ધિમાન અને નિગ્રહી હોય તો તેવા પ્રકારના યોગાભ્યાસથી ૬ મહિનામાં સામ્યબુદ્ધિ પ્રાપ્ત થાય એમ મૈત્રયુપનિષદમાં અને મહાભારતમાં કહેલું છે. પરંતુ ગીતામાં ભગવાને વર્ણવેલી બુદ્ધિની આ સાત્ત્વિક, સમ અથવા આત્મનિષ્ઠ સ્થિતિ ૬ મહિનામાં તો શું પણ પ્રકૃતિ સ્વભાવ પ્રમાણે ૬ વર્ષમાં પણ કેટલાકને પ્રાપ્ત થાય નહિ અને આ અભ્યાસ અપૂર્ણ રહેવાથી આ જન્મમાં પૂરી સિદ્ધિ થાય નહિ એટલું જ નહિ, પણ આવતા જન્મમાં પણ ફરીને પહેલેથી જ શરૂઆત કરવી પડવાની એવી શંકા ઉત્પન્ન થાય છે અને તેથી એમ પણ જાગવાનો સંભવ છે કે, કર્મયોગનું આચરણ કરવા માંડ્યા પહેલાં પાતંજલ યોગદ્વારા પૂરેપૂરી નિર્વિકલ્પ સમાધિ લગાવતાં શીખવું જોઈએ. અર્જુનના મનમા આજ શંકા આવવાથી તેવા પ્રસંગમાં મનુષ્યે શું કરવું તે પ્રશ્ન તેણે શ્રીકૃષ્ણને ગીતામા પૂછ્યો છે. આ પ્રશ્નનો ભગવાને એવો ઉત્તર આપેલો છે કે આત્મા અમર છે તેથી તે ઉપર સ્થિત શરીર દ્વારા આ જન્મમાં જે થોડા ઘણા સંસ્કાર થાય તે જ કાયમ રહેતાં તે યોગભ્રષ્ટ પુરુષ એટલે કર્મયોગ પૂરો સિદ્ધ ન કરતાં જે તેમાંથી, પડ્યો હોય તે પુરુષ-આગળના જન્મમાં પોતાનો પ્રયત્ન જન્મથી અધૂરો હોય ત્યાંથી જ શરૂ કરે છે અને તે રીતે થતાં થતાં કેમે કરીને અનેક જન્મની આખર તેવા પુરુષને મોક્ષ મળે છે. સારાંશ, મનુષ્યનો આત્મા મૂળમાં સ્વતંત્ર છતાં પૂર્વકર્માનુસાર પ્રાપ્ત થયેલા દેહના પ્રકૃતિ સ્વભાવની અગ્રાહ્યતાને લીધે એક જ જન્મમાં મનુષ્યને પૂર્ણ સિદ્ધિ મળવી શક્ય નથી. પરંતુ તેટલાથી કોઈએ નિરાશ થવું નહિ અને એક જ જન્મમાં પરમસિદ્ધિ મેળવવાના દુરાગ્રહમાં પડી પાતંજલ યોગાભ્યાસમાં એટલે ઇન્દ્રિયોની કેવળ કસરત કરવામા જ સર્વ આયુષ્ય ફોગટ ગાળવવામા પડવુ નહિ. આત્માને કંઈ જ ઉતાવળ નથી. આજ સાધ્ય હોય તેટલુ યોગબળ આવે આપી, કર્મયોગના આચરણથી શરૂઆત કરવી. એટલે તેથી જ બુદ્ધિ ધીમેધીમે અધિકાધિક સાત્ત્વિક અને શુદ્ધ થતાં કર્મયોગનું સ્વરૂપ આચરણ તો શું પણ જિજ્ઞાસા પણ મનુષ્યને આપોઆપ આગળ ધકેલે જાય છે અને વખારૂઢ થયો હોય તેની પેઠે આખરે આજ નહિ તો કાલ, આ જન્મમાં નહિ તો આવતા જન્મમા તેના આત્માને અલગની પૂર્ણ પ્રાપ્તિ કરાવી આપે છે

> કર્મયોગમા મુખ્ય જરૂરની જે **સામ્યબુદ્ધિ** તે પ્રાપ્ત કરવા માટે પરમેશ્વરના સર્વવ્યાપી સ્વરૂપનુ જ્ઞાન થવુ જોઈએ.
>
> ગીતારહસ્ય

સામ્યયોગ [સં.] પુ. કર્મયોગ

> શ્રીકૃષ્ણે જે યોગ કહ્યો છે તે કર્મયોગ હોઈને અર્જુને તેને પૂર્વે સામ્યયોગ કહેલો છે
>
> ગીતારહસ્ય

સામ્યવાદ પું. સમાનતાવાદ; ગરીબ શ્રીમંત, રાજા પ્રજા, જ્ઞાનીય અજ્ઞાનુ વગેરે ભેદો ટાળીને સૌ સરખા છે એમ મનાવનારો વાદ; બધા માણસોની આર્થિક સ્થિતિ સરખી હોય તેવું મનવું તે; માલમતા વગેરે સામાજિક માલિકીના ગણી, દરેકનું સામ્ય સ્થાપનારો એક રાજકીય વાદ; ' કોમ્યુનિઝમ '. સામ્યવાદ સાધ્યે છે કે, આદીના મૂળમાં જે કલ્પના છે તે તો એ છે કે, આદી જેટલોને સારુ અન્નપૂર્ણાનું કામ કરનારી છે, સામ્યાસંપ હરિજન વસ્તુઓનો પ્રાણ છે, ઓછામાં ઓછા ચાર માસ જેટલો નિરુદ્યમી રહે છે તેમને આદી ઉદ્યમ આપે છે આપણામાંથી ઉદ્યોગ ચાલ્યો ગયો છે. સ્વાવલંબન ચાલ્યું ગયું છે; આળસ જેવી ગઈ છે; એ ઉદ્યોગ અને સ્વાવલંબન પાછાં આવ્યે જ છૂટકો છે, આળસને ખર્ચે જ છૂટકો છે. આ દેશમાં જો આપણે સોઢીની નદીઓ ન વહેવડાવી હોય તો, લોકોને આજે છે તેથી યે વધારે પશુ ન બનાવી દેવા હોય, તો આદીનો આ વ્યાપક સંદેશો ઝીલવો જોઈએ. સામ્યવાદને નામે પ્રચલિત છે તે સામ્યવાદ નથી. હિંદુસ્તાનને પચી શકે તે સામ્યવાદ રેંટિયામાં ગુંજે છે. રેંટિયાનો આવો વ્યાપક સંદેશો લોકોને સમજાવવાનું કામ મારું ને મારા સંઘનું હતું, પણ જે રીતે આદી પ્રવૃત્તિ આજ લગી આવી છે તે જ રીતે સમાવતાં એ વ્યાપક વસ્તુ સિદ્ધ ન થાય એમ સ્પષ્ટ રીતે આ પત્રોમાં જોઈ શકશો. એ સંદેશો સમજાવવાનું ને તેને મૂર્તિમંત કરવાનું પ્રધાન કામ આત્મસેવકનું હોવું જોઈએ.
>
> મારું જ્ઞાન અને બાપુ !, પૂર્વ-પશ્ચિમવાદનું, સ્વરાજ સામ્યવાદોનું બધું રહસ્ય મેં પૂર
>
> આપીગીતા

સામ્યવાદી ૧. [સં.] પું. સામ્યવાદમાં માનનાર, બોલ્શેવિક; ગરીબ શ્રીમંત, રાજા પ્રજા, જ્ઞાનીય અજ્ઞાનુ વગેરે ભેદો ટાળીને સૌ સરખાં છે એમ માનનાર; ' કોમ્યુનિસ્ટ '.

> આરંભે સામ્યવાદી હું સમાજવાદી યે વળી, ક્રમે મુજન આવ્યો સૌ જરૂરત્યેજ મેળવો
>
> આપીગીતા

૨. વિ. સામ્યવાદને લગતું.

સામ્યવિદ્યા [સં] સ્ત્રી. મનોવિજ્ઞાનનું સામ્ય દર્શાવનાર વિદ્યા; મનોતાપવાને લગતું શાસ્ત્ર.

સામ્યવૃત્તિ [સં.] સ્ત્રી. સ્થિતપ્રજ્ઞતા

સામ્યસંજ્ઞા જુઓ સામ્યવિદ્યા.

સામ્યસંબંધ [સં.] પું. મનોતાપવાનો સંબંધ.

સામ્યાભાસ [સં.] પું મનોતાપવાનો દેખાવ.

સામ્યાવસ્થા [સં.] સ્ત્રી. સરખી અવસ્થા; સામ્ય સમાનતા. પરમેશ્વરનું જ્ઞાન થયા પછી આ જ સામ્યાવસ્થા પ્રાપ્ત થાય છે

સામ્રથ [સં. સામર્થ્ય] ન. બળ; સામર્થ્ય, સત્તા; શક્તિ

> સામ્રથ નહિ ત્યારે મહિ કરી મું કરવા રે
>
> પ્રેમાનંદ

સામ્રાજ્ય ૧. ન. કન્યાકુમારી સમુદ્રધુનીથી કાશ્મીર સુધી વિસ્તાર પામેલું રાજ્ય.

> તે પ્રમાણે પ્રાચીન સંજ્ઞા સમુદ્રપર્યંત ફેલાયેલું સામ્રાજ્યને બદલે કન્યાકુમારી સમુદ્રધુનીથી કાશ્મીર સુધી વિસ્તાર પામેલું સામ્રાજ્ય એ સંજ્ઞા ઉપયોગમાં આવતી.
>
> હિંદુરાજ્યવ્યવસ્થા

૨. ન. ચક્રવર્તીપણું; સાર્વભૌમત્વ; દશ લાખ ગામોનું સ્વામિત્વ; રાજાઓ ઉપરની હકૂમત.

૩. [સં.] ન મહારાજ્ય; વિશાળ રાજ્ય; જેમાં ઘણાં ખંડિયા રાજ્યો હોય તેવું એક મોટું રાજ્ય; ચક્રવર્તી રાજ્ય; એક સમ્રાટની હકૂમત નીચે આવેલાં અનેક રાષ્ટ્રોનો સમૂહ; સાર્વભૌમ રાજ્ય; દશ લાખ યોજનના વિસ્તારનું રાજ્ય

સામ્રાજ્ય જેવવામાં પશુબળ, સામ, દામ, દંડ, ભેદાદિ શક્તિઓનો પ્રયોગ હોય છે. એમાં ધર્મ નીતિનું માપ નથી. ઉત્તમતાનું માપ તો નીતિ છે અને નીતિની પાછળ રહેલું સામ્રાજ્ય એ ખરું સામ્રાજ્ય

> જે આવી દિવ્ય દૃષ્ટિથી રાષ્ટ્ર પ્રભો હંકારીએ, સામ્રાજ્યો સુખશાંતિનાં વિશ્વમાં સ્થાપી એ જંપે.
>
> આપીગીતા

૪ ન. સમુદ્રપર્યંત ફેલાયેલું રાજ્ય.

સામ્રાજ્યપ્રવૃત્તિ જુઓ સામ્રાજ્યવાદ.

સામ્રાજ્યભાવના જુઓ સામ્રાજ્યવાદ.

સામ્રાજ્યવાદ [સં.] પુ. સામ્રાજ્યભાવના; સામ્રાજ્યપ્રવૃત્તિ; ' ઇમ્પીરિયલિઝમ '.

સામ્રાજ્યવાદી ૧. વિ. સામ્રાજ્યવાદને લગતું.

૨. વિ સામ્રાજ્યવાદમાં માનનાર.

સામ્રાટ [પ્રા.] પું. સમ્રાટ; જેને ઘણા સામંત રાજાઓ હોય એવો મોટો રાજા; ચક્રવર્તી રાજા.

સાય ૧. પું અંત; છેડો

૨ પુ રાત્ર

> ચૂકમાં જાય સેડિયું, ગેડો કાપ્યા થઈ સાય, દીવા બળ્યા પું ચે જને નરશી ઘરપુ આય
>
> રણછોડજી

૩. [સં.] ન. બાણ; સર.

૪. ન. મદદ.

૫. ન. સાંજ; સંધ્યા.

સાયક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે સત્તર છંદનો એક ભેદ છે. તેમાં ૫૩ ગુરુ અને ૧૮ લઘુ મળી ૭૧ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, તગણ, ગુરુ અને લઘુ એમ અગિયાર અક્ષર હોય છે.

> રચજે **સાયક** સો બા ત લ મે. રણપિંગળ

૩. ન. બાણ; હથિયાર; તરવાર

૪. ન. પાય સૂચક સાંકેતિક શબ્દ

૫. ન. બાણ; તીર; તીર.

> **સાયક** ધાય જે લાગતા ઔષધ કર્યે ફરાય, વચન તીરની પીડ તો મટે નહિ જીવ જાય.
>
> પિંગળપ્રકાશ

૬. ન. રાત્ર.

૭. વિ. સહાયક; મદદગાર.

સાય જવું અ. ક્રિ. સહાયમાં હોવું; પક્ષમાં હોવું.

સાયણ પુ. વેદોના પ્રસિદ્ધ એક ભાષ્યકાર; ચારે વેદ ઉપર ભાષ્ય લખનાર; સાયણાચાર્ય.

સાયણાચાર્ય ૧. [સં.] પું એ નામના એક સંગીતશાસ્ત્રી અને ન્યાયશાસ્ત્રી.

૨ પું ચારે વેદ ઉપર ભાષ્ય લખનાર દક્ષિણના એક મહા પ્રસિદ્ધ આચાર્ય. તેમના પિતાનું નામ માયણ હતું. પહેલાં તે રાજમંત્રી હતા, પણ પાછળથી સંન્યાસી થઈ તૂંગેરી મઠના અધિષ્ઠાતા થયા હતા. તે વખતે તેમનું નામ વિદ્યારણ્ય સ્વામી રાખવામાં આવ્યું હતું. તે ઈ. સ.ના ચૌદમા સૈકામાં થઈ ગયા.

સાયત [અ. સાઅત (કલાક)] સ્ત્રી. કલાક; ઘડી ઘડી

સાયત વાર અ. જરા વાર; થોડી વાર.

સાયતા ૧. સ્ત્રી. લોહચુંબકની એ નામની એક અટક.

૨. સ્ત્રી. સહાયતા; મદદ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

સાયદી ૧. સ્ત્રી. સાક્ષી; જુબાની.

૨. વિ. રોજ સાદીનું

સાયન ૧ પુ જ્યોતિષની ગણતરી કરવાની રીત બે, વિષુવથી ક્રમરકૂટ અને ક્રમરકૂટ મંડળ. જે વાપરવામાં આવે છે તેને સાયન કહેવામાં આ. ૧

૨. પુ. ચોક્કસ ગણતરી માટે જ્યોતિષ ગ્રંથોમાં કહેલ એક મૂલ્ય.
૩. [સં.] પું. સુમાર્ગ પર્વત.
૪ સ્ત્રી અવકાશમાં થતી એક સંક્રાંતિ.
૫. ન ટ્રાન્સમીટરથી પ્રસારિત જે જગ્યાએથી કૂટે છે તે જગ્યાએથી પ્રસારણની આંખ સાબિત રાખી ઇચ્છા અટકાવ ઉંચ કાર્યક્રમની કાઢી લેવામાં આવે છે તે; નર.
૬. ન. મેષવિષુવના બિંદુથી ગણના ગ્રહનો રેખાંશ.
૭. ન વિષુવવૃત્તથી આરંભી ધ્રુવ સુધીની કમાન
૮ વિ અયનચલન પ્રમાણે ગણતરી
૯. વિ. અયનયુક્ત.

સાયન કર્ક સંક્રાંતિ સ્ત્રી. સાયન પદ્ધતિ પ્રમાણે સૂર્યનું કર્ક રાશિમાં દાખલ થવું તે.

જૂનની ૨૧મી તારીખે ઉદગયનનો અરધિ આવી રહે છે; એટલે સૂર્ય દક્ષિણાયન થાય છે તે દિવસને **સાયન કર્ક સંક્રાંતિ** કહે છે
જ્યોતિર્વિજ્ઞાન

સાયનતુલા [સં.] સ્ત્રી. તુલાસંક્રાંત; દક્ષિણ તરફ જતાં જે સમયે સૂર્ય વિષુવવૃત્તને ઓળંગે છે તે સમય. તે આશરે સપ્ટેમ્બરની ૨૩મી તારીખ ગણાય છે.

સાયન પંચાંગ [સં.] ન. અયનગતિ હિસાબમાં લઈને બનાવેલું પંચાંગ. આ પંચાંગ જ્યોતિર્વિજ્ઞાનના કર્તા શંકર બાલકૃષ્ણ દિક્ષિત કહેતા હતા. સાયન પંચાંગમાં સંપાતને આરંભ સ્થાન માન્યું છે. સંપાતમાં કોઈ પણ ગ્રહ આવ્યો એટલે તે વખતે તે તે સાયનમાન પ્રમાણે અશ્વિની નક્ષત્રમાં આવ્યો. તેની પછી ૧૮ અંશ ઉપર એટલે રેવતી તારામાં આવે ત્યારે કેરાયની પંચાંગ પ્રમાણે તેનું રેવતી નક્ષત્ર પૂરું થઈ તે અશ્વિની નક્ષત્રમાં આવ્યો અને ત્યાર પછી ચાર અંશ ઉપર જાય ત્યારે આપણા દેશમાં ઢાલમાં ચાલતા ગ્રહલાઘવાદિ ગ્રંથો ઉપરથી કરેલાં પંચાંગો પ્રમાણે અશ્વિની નક્ષત્રમાં આવ્યો એમ માને છે.

સાયન મકર સંક્રાંતિ [સં.] સ્ત્રી. સાયન પદ્ધતિ પ્રમાણે સૂર્યનું મકર રાશિમાં દાખલ થવું તે. ૨૨ ડિસેમ્બરે વિષુવવૃત્તની દક્ષિણે ઉત્તરાયણી સૂર્યની ગતિ આવી રહે છે. તે દિવસે તેની દક્ષિણે ક્રાંતિ લગભગ ૨૩ અંશ અને ૨૭ કળા હોય છે તથા તે દિવસે તે પૂર્વ બિંદુની દક્ષિણે લગભગ પચીસ અંશ ઉપર ઊગે છે. તે દિવસ સાયન મકર સંક્રાંતિ થાય છે આ દિવસથી સૂર્યનું ઉદયસ્થાન એટલે ઉત્તર દિશા તરફ જવાનું શરૂ થાય છે.

સાયનમેષ [સં.] પું. મેષવિષુવ, વસંતઋતુમાં જે સમયે સૂર્ય વિષુવવૃત્ત ઓળંગે છે તે સમય, માર્ચ માસની ૨૦મી તારીખનો સમય.

સાયનયંત્ર ન. સૂર્ય અયનરેખા અને સાયનવૃત્તમાં ક્યારે દાખલ થાય છે તે જોવાનું પત્ર.

સાયનરેખા સ્ત્રી દિવસ અને રાત સરખા હોય એવી રીતે સૂર્ય વિષુવવૃત્તને જ્યાં ઓળંગે છે તે લીટી

સાયનવર્ષ [સં.] ન. ઋતુ ઋતુતુલ્ય વર્ષ; એક ઋતુથી વર્ષ રાશે વર્ષ ફરી તે જ ઋતુ આવે ત્યારે પૂરું થાય તેવું વર્ષ. આવા એક વર્ષના ૩૬૫ દિવસ, ૬ કલાક, ૪૯ મિનિટ થાય છે.

સાયનસૌરવર્ષ [સં] ન. સંપાતથી સૂર્ય નીકળે ત્યાંથી પાછો તે ત્યાં આવે ત્યાં સુધીનો સમય; ૩૬૫ દિવસ, ૧૪ ઘડી, ૩૦ પળ આટલા ભાગને સાયનસૌરવર્ષ કહે છે

સાયન્ટિફિક [અં.] વિ. વૈજ્ઞાનિક; વિજ્ઞાન સંબંધી.

સાયન્ટિસ્ટ [અં.] પું. વિજ્ઞાનશાસ્ત્રી.

સાયન્સ [અં] ન વિજ્ઞાન વિદ્યા સાયન્સની એક વ્યાખ્યા આ છે કે, સાયન્સ એટલે સુવ્યવસ્થિત જ્ઞાન. શબ્દનો એ અર્થમ. વિજ્ઞાન શબ્દનો પ્રયોગ પોલ્ય નથી, પરંતુ જ્ઞાન, વિદ્યા અથવા શાસ્ત્ર એ અર્થમાં જેમ તે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. એવા વિસ્તૃત અર્થમ. ફિલોસોફી શબ્દ પણ અંગ્રેજ ભાષામાં વપરાય પોલ્ય છે અને ત્યારે સાયન્સ અથવા ફિલોસોફી શબ્દો તેવા વિસ્તૃત અર્થમાં યોજાય છે ત્યારે તે ઉપરથી સમાન અંશો માનવજ્ઞાનના સમગ્ર પ્રદેશના વાચક છે. સાયન્સની દ્વિતીય વ્યાખ્યા એવી છે કે, કુદરત તથા કુદરતની પદ્ધતિનો અભ્યાસ તે સાયન્સ. સાયન્સ શબ્દના આ અર્થમાં માનવજ્ઞાનના સમગ્ર પ્રદેશનો સમાવેશ થતો નથી પરંતુ માત્ર તે જ્ઞાનક્ષેત્રના એક અંગનો જ સમાવેશ થાય છે. કારણ કે, ઉપરની વ્યાખ્યામાં કુદરત શબ્દ સમગ્ર સૃષ્ટિ અથવા કુદરતના અર્થમાં નહિ પરંતુ માત્ર સ્થૂલદૃષ્ટિના અર્થમાં યોજાયો હોય એમ જણાય છે. અંગ્રેજી સાયન્સ શબ્દને સ્થાને આપણી ભાષામાં વિજ્ઞાન શબ્દ વપરાતો જાય છે. પરંતુ અંગ્રેજીમાં સાયન્સ શબ્દ અનેક અર્થમાં યોજાય છે અને તેને લીધે ગૂંચ અને અન્યથા મૂંઝવણના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે.

સાયબ પુ. પ્રભુ, ખુદા; ધણી, સાહેબ.

સાયબાન ન. વાછટિયું; બારી બારણાં ઉપરની જાળીમાં થઈને વરસાદના છાંટા ન આવે માટે રાખેલું પતરું.

સાયબાન ૧. ન. ચંદરવો.
૨. ન. છત્રી; ગંજગોળ આકારનું છત્ર સાયબાન આકારે એકવાર લાવુ હોય છે અને તેના હાથા ઉપર રત્નો જડેલાં હોય છે
૩ ન. છાજવાળું છાપરું.
૪. ન. મકાનમાં તડકો આવતો રોકવા બનાવેલો પડદો

સાયબી ૧. પું. ધણી
૨ સ્ત્રી. મજા; આનંદ; સુખ.
૩. સ્ત્રી. વિલાસ; ભદ્રોજલાલી

સાયબો ૧. [અ. સાહેબ (માલિક)] પુ પ્રિયતમ; પિયુ; પતિ.
૨ પું. સ્વામી; ધણી

સાયર ૧. [અ. શાયર] પું. કવિ.
૨. પુ. પ્રિયતમ.
૩. [સં. સાગર] પું. સાગર; સમુદ્ર; દરિયો; મહેરામણ

તું તેનિક જાહ **સાયર** કી સો તેવહુ વિચાર.
અજિયારામા સવકનું ગુજરાતી

૪. [અ શાહેર] ન ઢાર, તાડી ઇત્યાદિ કેફી ચીજ ઉપરની જકાત.

સાયરકોઠા પુ ઢાલ, જતા આવતા માલ ઉપર લેવાતો બેરો.

સાયરખાતું ન ફરજંદી ચોપડામાં, ગુપ્ત અર્થ કે જે બુલ્લી રીતે લખી શકાય નહિ તે રકમોનું ખાતું.

સાયરી ૧. સ્ત્રી. કવિતા; કાવ્ય.
૨ સ્ત્રી કાવ્યવિદ્યા.
૩. સ્ત્રી. (સંગીત) સમયસારમાં આપેલ રાગોના વિભાગો ગાવાના ભાષાના વિભાગની એક રાગિણી; આસાવરી.

સાયવાન જુઓ સાયબાન ૪.

સાયસુન [સ. અહિગંધા] સ્ત્રી. એક જાતની વેલ; નાની નોળવેલ. તેની ચોળી અને કાળી એવી બે જાત થાય છે. તેનાં પાંદડાં નાગરવેલના જેવાં ટૂંટાંની પાસે પડોળાં હોય છે. નાની નોળવેલ ઘણી કડવી હોય છે. તેની જૂની સર્પના મોઢામાં નાખવાથી તેનું ઝેર નીકળી જાય છે. સર્વ જાતના ઝેર ઉપર તે કામમાં આવે છે.

સાર્વ ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશીય પુષ્પાર્ણ અને પ્રભાનો એ નામનો પુત્ર

૨. પુ. (પુરાણ) પાંચ નામના સાતમા આદિત્ય અને કૃષ્ણનો પુત્ર.
૩. [સં.] જુઓ સાજ; સાયકાળ.

સાર્વકાલ જુઓ સાયંકાળ.

સાર્વકાળ ૧. પુ. (પુરાણ) ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણનો એ નામનો પુત્ર.
૨. [સં.] પુ. સાંજ; સંધ્યાકાળ; સમીસાંજ; અસુર; સવારની છત્રીસમી ઘડીથી ત્રોસમી ઘડી સુધીનો વખત.

સાંજ નિરાકુળ ચિત્તપ્રસ સાયંકાળ પ્રદોષ,
સાજ પછી ગઈ છે સખી જોડ સાંજ કરી રોષ
પિંગળગુરુરોષ

સાર્વકાળી સ્ત્રી. એક જાતનો છોડ; મુખમાખી. તેનાં પાન નાનાં અને મૃદુ હોય છે. તેમાં ખોળો, રંગ, મુખાળી, પીળાં વગેરે કુલોની બાબી જાતો છે

સાર્વકાળે અ. સાંજે.

સાર્વગ્રંથ [સં.] વિ. સાંજે આવવું. તે રોગ માટે વપરાય છે.

સાર્વંતન ૧. [સં. સાયં (સાંજ) + તન (વાળું)] વિ. સાંજના સમયનું
૨. વિ સાંજે થયેલું; સાંજ સમયી.

સાર્વપૂજા [સં.] સ્ત્રી. સાંજે કરવાની પૂજા કે પૂજન
ઉદરની સાયપૂજા = વાળુ

સાર્વપ્રાતર ૧. ન. સાંજ સવાર; સંધ્યા અને પ્રભાત
૨. અ. સવારે અને સાંજે.

સાર્વપ્રાર્થના [સં.] સ્ત્રી. સાંજના વખતે થતી ઈશ્વરસ્તુતિ; સાંજની પ્રાર્થના.

સાર્વભૌમ પું. (પુરાણ) દુર્યોધન પક્ષનો શસ્ત્રાસ્ત્ર જેનું બીજું નામ સમમન હતું તેનો એક પુત્ર. તેને ધૃષ્ટદ્યુમ્ને માર્યો હતો.

સાર્વરાગી વિ. સંધ્યા વખતે બીલતું

સાર્વસંધ્યા ૧. [સં. સાયમ્ + સંધ્યા] સ્ત્રી સાંજે કરવાની દૈનિક સંધ્યા અને પૂજા; સૂર્યાસ્ત સમયની સંધ્યા.
૨. સ્ત્રી. સાંજે બોલાતી સંધ્યા.
૩. સ્ત્રી. સાયંકાળે ઉપાસના કરવા લાયક દેવ.

સાયા ૧. [હિ.] પું. આશ્રય; રક્ષણ.
૨. પું. છાંયો
૩. પું જાતની અસર; છાયા
સાયામાં આવી જવું = ભૂત પિશાચની ખરાબ દૃષ્ટિ પડવી.
૪. પું. મુખત્રાઈ ઝભ્ભો; બાંય વિનાનો ઝભ્ભો; 'ઓવરકોટ'.
૫. પું (જૈન) વેદનીય કર્મની શુભ પ્રકૃતિ
૬. પું. સહાય
૭. પું. સુખશાંતિ; સ્વાસ્થ્ય.

સાયાદાર [હિ.] વિ. છાંયાવાળું; બહારદાર.

સાયાહ્ન [સં.] પું. સાંજ; પાંચ પ્રકારના વિભાગ પામેલા દિવસનો અંતે મુહૂર્તરૂપ પાંચમો ઉત્તરો ભાગ; સાંજનો સમય

સાયાંમાયાં ન. બ. વ. ઓબોએ એકબીજાને ભેટવું તે.

સાયિકા સ્ત્રી. પતિને સહાય કરનારી સ્ત્રી.
રઘુવીનપતિકા સાયિકા અતિ,
ઉચિત લક્ષ્મણ સાયિકા.
ભાલણકૃતરામાયણ

સાયુજ્યમુક્તિ સ્ત્રી વિદેહ મુક્તિ.
તો સાયુજ્યમુક્તિ પામ્યા ઓલખ.
પ્રેમાનંદ

સાયુજ્ય ૧. [સં. યુજ (જોડવું)] ન. એક થઈ જવું તે; મળી જવું તે.
૨. ન. ઓળખી કાઢવું તે; અભિજ્ઞાન.
૩. ન. સમીપત્વ; પાસે પડ
૪. ન. અદ્વયોગ; આત્મ તાદાત્મ્ય
૫. વિ. સાથે મળી જાય એવું; સમાઈ જાય તેવું.

સાયુજ્યતા ૧ [સં] સ્ત્રી. એકરૂપતા; એકત્વ; અભેદતા
૨ સ્ત્રી. ઈશ્વરમાં મળી જવાપણું.

સાયુજ્યમુક્તિ [સં.] સ્ત્રી. ચાર માર્ગોના એક પ્રકારની મુક્તિ; જેમાં ઇષ્ટદેવ સાથે તાદાત્મ્ય અનુભવાય તેવી મુક્તિ

સાયુજ્યમોક્ષ [સં.] પું. મુક્તિનો એક પ્રકાર, પરમાત્મામાં મળી જવું તે.
પોતાના ઇષ્ટદેવના જેવા ઐશ્વર્યને પામવું તે **સાયુજ્યમોક્ષ** કહેવાય છે. જ્ઞાનદર્પણ

સાયુજ્યમુક્તિ [સં.] સ્ત્રી ચાર માર્ગોના એક પ્રકારની મુક્તિ. મુક્તિના ચાર પ્રકાર આ પ્રમાણે છે: સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય. તે પ્રકારની સગુણ દેવતાની ઉપાસના કરવામાં અહંગ્રહ ચિંતનપૂર્વક ક્રિયા થાય છે એટલે તે ઉપાસ્ય દેવના હું જ છું એ પ્રકારે ઉપાસક ઉપાસ્ય દેવતા સાથે પોતાની એકતાની ભાવના કરે છે. એ પ્રકારે ઉપાસ્ય દેવતાના સ્વરૂપમાં સાધકનું અર્પાઈ રહી જવું તે સાયુજ્યમુક્તિ છે
સૂતસંહિતા

સાયુધ ૧. [સં.] વિ. હથિયાર સહિત
૨. અ. હથિયાર બાંધીને.

સાયો ૧. [જા. સાયા] પું. છાંયો.
૨ પું ફકીરનો ઝભ્ભો, કફની જેવું લાંબું પહેરણ. તેની બાંયો છૂટી ન હોતાં ઠેઠ કોણી સુધી જોડેલી હોય છે
૩. પું. ભૂત; વળગણ
૪. પું. મદદ; આસરો, સહાય.
૫. પું. રક્ષણ; ઓથ; આશ્રય
૬ પું સુખશાંતિ; સ્વાસ્થ્ય

સાર ૧ [સં.] પું. અલંકારનો રસ.
૨. પું. ઉદ્દેશ; હેતુ
૩ પું (કાવ્ય) એ નામનો એક અલંકાર.
જે વસ્તુનો સાર છે તે સાર અલંકાર
કાવ્યપ્રકાશ
૪. પું. (કાવ્ય) એ નામે એક અર્થાલંકાર; ભાગોદ્ય; જ્યાં ઉત્તરોત્તર ઉત્કર્ષ વર્ણવવામાં આવ્યો હોય તેવો અલંકાર; 'ક્લાઇમેક્સ'
૫. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૨૮ માત્રા હોય છે તેમાં અંતે બે ગુરુ હોય છે. તેમાં ૧૬ અને ૧૨ માત્રાએ યતિ આવે છે અને ૧, ૫, ૮, ૧૩, ૧૮, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.
૬. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રા છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૫૪ લઘુ મળી ૭૨ વર્ણની ૯૦ માત્રા હોય છે.
૭ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે કવિત છંદનો એક ભેદ છે. તે વર્ણદંડક કહેવાય છે. તેને પીયૂષ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ૨૦ રગણ મળી ૬૨ અક્ષર હોય છે.

ધરી બેઠકે ના રચો બે બળી
રા કરો વીસ પૂરા તમે ને ભમા,
અક્ષરો બાસઠ આહ્વતે સાર
પાયુષ કેરા ધરી પાદમા
રણપિંગળ

૮. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સારઃ ચારુ; સારસ. તે અત્યુક્તા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ગુરુ અને લઘુ મળી બે અક્ષર હોય છે.
૯. પું. કીમત; મૂલ્ય.
૧૦. પું. કૃપા; મદદ
૧૧. પું. કાળું; ઝીણું બાકું.
૧૨. પું. અજનો.
૧૩ પું. (કચ્છી) ખબર; ભંભાળ.
૧૪ પું. ખાતર.
૧૫ પું. ગાય ભેંસની યોનિ.
૧૬. પું. ગોંદાગાં.
૧૭. પું પૂર; ઘી

૧૮ પુ ચરબી
૧૯ પુ ચારો.
૨૦ પુ ઝાડની અંદરનું કઠણ ભાગ.
૨૧ પુ. દોરનો એક ચેપી રોગ. આ રોગમાં જીભી ઝીણી રહે છે; ચિત્રા, ચામડી અને કાન ગરમ રહે છે અને શ્વાસ બધો જોરથી થાય છે
૨૨ પું દહીંની તરી; મલાઈ.
૨૩ પુ. ઘન
૨૪ પું. મર્મ
૨૫. પુ. પીરજ.
૨૬. પું. પરમેશ્વર
૨૭ પુ. પાસો
૨૮. પુ. બળ, શક્તિ, શક્તિ
૨૯. પુ. મધ્ય, ઘાટ
૩૦. પુ મૂળ અર્થ
૩૧. પુ લોહચુંબક.
૩૨. પુ. સોદો કરવા પહેરે આવી સાબરકાંઠા અમુક ગામોના જાનવરો ; સોદો થીજી જાય છે ત્યારે તેમાંથી જે પાતળો રસ છૂટો પડે છે તે
૩૩ પુ. ધડ
૩૪ પુ [illegible] માટેનું એક નામ.
૩૫ પુ [illegible]
૩૬. પુ [illegible]
૩૭ પુ [illegible] ઝાડના થિર ભાગ
૩૮ પુ, ન. કસ, સત્ત્વ
૩૯ પુ, ન ખરાબી, ઉમગ
૪૦ પુ, ન લાભ, ફાયદો, માલ, ફાયદાની વાત.
૪૧ પુ ન. સારપ.
૪૨. પુ, ન સારાંશ; મતલબ; સક્ષેપ; સક્ષિપ્ત ટાચણ, તાત્પર્ય
૪૩. પું.; ન. સારો ભાવ.
૪૪ સ્ત્રી. નય
૪૫. સ્ત્રી ખરેડસ; ચાકરી.
૪૬ સ્ત્રી ભદ્ર, ભદ્રા
૪૭. સ્ત્રી (વહાણવટું) વહાણના એક દોરડાનું નામ; ખૂટનો જે ભાગુએ પરભણ હોય તેની સામી ભાગુએ ખૂટાને સતાબ્યુ બાંધી રાખવાનું બનાવી જેનું દોરડું
૪૮. સ્ત્રી સભાળ; સારસભ.
૪૯ સ્ત્રી સારી
સાર નામક કમિત ત્રિપદ દશાક્ષર
૫૦. ન. (સિદ્ધ) સમિક્ષાગમમાં બતાવેલ મકાનના પીસ માટેનો એક વર્ગ.
૫૧. ન. યોગ્યતા, યોગ્યપણું, લાયકાત.
૫૨. ન. વન; જગલ
૫૩. વિ ઉત્તમ; શ્રેષ્ઠ; સરસ; સારું.
૫૪. વિ. મધુર; મીઠું.
૫૫. અ. જેવું, સમાન, સરખું એવો અર્થ બતાવતો પ્રત્યય.
૫૬. અ જરેલું, વાળું એવો અર્થ બતાવતો પ્રત્યય
૫૭. અ. ભલી રીતે, સારી રીતે.
૫૮. અ. સક્ષેપમા.

સારક ૧. [સં.] પું [illegible].
૨ વિ. ચાળ હોગનારું
૩ વિ. સરજામોથી ઝાડો લાવનાર, ઝાડો સાફ લાવનાર, દસ્ત લાવનારું, રેચક
૪ વિ [illegible]

સારકેના ક્ર (અપ્રા) ૧૬૮ મકાની સાલ આંકવા એક મ [illegible]

સારખા વિ જેવું; સરખું
મારો તુજ સારખા સમળ

સારગર્ભ ૧. [સં.] પુ. સારભૂત તત્ત્વ
૨. વિ. જેમાં તત્ત્વ ભરપૂર હોય એવું; તત્ત્વપૂર્ણ; સારવાળું

સારગંધ ૧ [illegible] ન [illegible]
૨. ન. ગેરુનખ, તુરાંબ

સારગ્રાહિણી [સં.] વિ.; સ્ત્રી. સારી વસ્તુ ગ્રહણ કરનારી

સારગ્રાહિતા [સં] સ્ત્રી. અસાર છોડી સાર ગ્રહણ કરવો તે.

સારગ્રાહી [સં. સારગ્રાહિન્] વિ. અસાર છોડી સાર ગ્રહણ કરનાર.

સારચીર [સં.] પું. ખિજડાં કાપવાં માટેનું એક નામ

સારજ [સં.] ન. માખણ.

સારજંટ [અં.] પુ પોલીસ જમાદાર.

સારડા સ્ત્રી એ નામની એક દેવી
અમદાવાદના ચોલીસ ગામ નામના પ્રજાજનો સારડા (ડાકણ) દેવીના મંદિરમાં દેવનિધિના વારસ રાવ સિધ્ધરાજ જયસિંહદેવની સાથે ૧૧૪૪ ઈ. સ. ૧૧૨૬નો એક શિલાલેખ છે. મુ. સા. પરિષદ

સારડાઓ પુ. સવારી કરતી વખતે બોલ ઉપર બાંધવાનો સામાન

સારડા ૧. સ્ત્રી. ચાલણની એ નામે એક જાત. સારડા જાતના ચાબિયા આખા ગુજરાત કાઠિયાવાડમાં છે. પ્રસ્થાન
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

સારડી ૧ સ્ત્રી. તરફેણ.
૨ (સારડી) સ્ત્રી. સાવડી; ત્રિશૂલ; બીબ ચાકવાનું ઓજાર. તે લોઢાનું હોય છે. તે બે આંકડી આકારે આડા આડા આની સુધી લાકડી પકડવા હોય છે
૩. વિ દમનાર; દુ:ખ દેનાર; રોજને રોજ કનડનાર

સારડીકૂવો (સારડીકૂવો) પુ. સારડી જમીનમાં નાખી પાણી કાઢવું હોય તેવો કૂવો; ' ઓરિગ્રે.'

સારડો (સારડો) પું. જમીનમાં દોઢસો બસો હાથે પાણીનું વહેણ છે તે નક્કી કરવા માટે જમીનમાં ઊંડું કાણું પાડવા માટે વપરાતું યંત્ર

સારણ ૧. [સં] પુ. અતિસાર.
૨. પુ (પુરાણ) એ નામનો એક યાદવ.
૩. પુ. (પુરાણ) રાવણનો એ નામે એક મંત્રી. તે જેદ લેવા માટે રામની સેનામાં એક વાર ગયો હતો.
૪. પું સક્કાનો એ નામનો એક રાક્ષસ
૫. પું. (પુરાણ) વસુદેવને રોહિણીની કૂખે થયેલા સાત ભાઈઓનો એક પુત્ર.
૬. પું. ચામડાનું નાનું કાપેલી નહેર
૭ પુ (વહાણવટું) સરદનો પવન.
૮. સ્ત્રી. આખ્યાનક પદ્ય.
૯ સ્ત્રી. એક જાતનું ચોરી જોવાની વિદ્યા.
૧૦ સ્ત્રી. કૂવાનું વહેણ
૧૧ સ્ત્રી ઘોડાને ગળામાં બાંધવામાં આવતા કપડાના એક જાતનો ગાંઠ.
૧૨ સ્ત્રી પખીનું, પંખિ.
૧૩. સ્ત્રી. જાદવસા વનસ્પતિ
૧૪. ન. આતરડાં; કોથળીમાં ભીતરથી એક ગાંઠ; આતરડું, સારવગાંઠ
૧૫. ન. (જૈન) મંજાણી જેવું તે.
૧૬ ન સુગંધી દ્રવ્ય
૧૭ વિ ગમનાર, જનાર
૧૮. વિ. સારનાર; નિભાવનાર.

સારણક્રિયા [સં.] સ્ત્રી. ચૂનીકરણ; ઘટાડો; ' રિડક્શન.'

સારણગાંઠ સ્ત્રી. પેડુમાની અંત્રગાંઠ; એક જાતની પેડુમા થતી ગાંઠ, ' હર્નિયા'. તે વાયુના કોથળીમાંથી સરી પડે છે. આ અંત્રગાંઠને નીચે સરતી અટકાવવાને આંતરડા ઉપર દબાણ રાખે એવો પટો રાખવો પડે છે અને તેને સારણ ગાંઠનો પટો કહે છે. નવસારના પોતાં મૂકવાથી તે સહકારી બને છે

સારણિ જુઓ સારણી

સારણી ૧. [સં.] સ્ત્રી. અનુક્રમ દર્શક ચારે કે આવલી, કોષ્ટક, કોઠો
૨. સ્ત્રી જેવ પ્રસારણી; પ્રાસારિણી જતા
૩. સ્ત્રી. તારવણી

૪ જી નદેર; વદેનુ, નીક

૫. જી નાની નદ.

૬ જી વધાર માટે કણીમાંથી તાણો પરોવવો તે.

૭. જી. ગંતામાં મોકલેલી ટૂકી રીત
આને એક સહિત્ય **સારણી**ના રૂપમા લખીએ તો

$$\frac{a}{b} - \frac{m}{n}$$ થાય છે. ચિહ્નબીજગણિત

સારણી કામદાર કું. કણીમાં તાણો મારવાનુ કામ કરનાર

સારતત્ત્વ [સ.] ન. તત્ત્વ; તાત્પર્ય.

સારતરુ ૧. ન. કેળનું ઝાડ.
૨. [સં.] ન. ખેરનું ઝાડ.

સારથ [સં. સારથ્ય] ન. રથ હાંકનારનુ કાર્ય.

સારથ્ય ૧. જી. જખમ પ્રસંગે રસોડાનું કામ કરવું તથા પીરસવુ તે.
૨ જી. વય; ઉમર

સારથિ ૧. [સં.] કું. એ નામે એક તારકપુંજ; રાશિ ચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય. તેનો આકાર ખોળામાં હરણ રમાડતા માણસ જેવો અથવા રથ હાંકનાર જેવો છે.
અને ૧૮૯૨ના ડીસેમ્બરની ૧૦મી તારીખે આકાશગંગામા **સારથિ** નામે પુંજમા એક તારા દેખાયો જ્યોતિર્વિજ્ઞાન
૨. કું (જૈન) આચાર્ય.
૩. [હિ.] કું. કારખાનો નાયક.
૪. કું. કોઈ બાબતના કામમાં અમુક એક વખતે લોકોના મત લેવા કરવા માટે જરૂરના સભ્યો હાજર રાખનાર માણસ; 'ચીપ.'
૫. કું. ક્ષત્રિય બાપ અને બ્રાહ્મણ માતાથી ઉત્પન્ન થયેલ સંતાન.
૬. કું. રથ હાંકનાર માણસ. અમરકોષમાં નિયંતા, પ્રાજિતા, યંતા, સૂત, જ્ઞતા સંપ્રેષ્ટા, દક્ષિણેષ્ય આ સાત પુરુષિ નામ સારથિના છે.
સામધેનુ તણુ સારથિ સાર કર્મ વિવર નામકર્મ પડિહાર. પ્રબોધચિંતામણી

સારથિકર્મ [સ.] ન. સારથિ તરીકેનું કામ.

સારથિણી જી. સાબરી.

સારથી જુઓ સારથિ.

સારથ્ય ૧. [સં.] ન. મધ.
૨. ન. સારથિપણું.

સારદર્શિ [સં. સારદર્શિન્] વિ. સાર જોનાર; સાર ખેંચનાર; તત્ત્વદર્શી.

સારદા જી. દુર્ગાદેવી.

સારદારુવર્મ કું. એ નામે ક્ષત્રિયોનો એક વર્ગ શાક, નિમિત્ર, ખનપત્ર, અર્જુન, મધુક, નિચક્ર, તાલ, શિંશુપ, અરિષ્ટેદ, રાજાદન, શિરીષ, ખદિર, સમ્મ, તાલમસ્ક, અશ્વકર્ણ, સોમવલ્ક, કદમ્બ, પ્રિયક અને ધવ વગેરે વૃક્ષોનો અ. વર્ગમાં સમાવેશ થાય છે

સારદોહન [સ.] ન. સાર ખેંચવો તે; ગ્રાહ્યાગ્રાહ્યની તારવણી; તત્ત્વમંથન.

સારદ્રુ ન. સાજડનુ ઝાડ.

સારદ્રુમ ન. ખેરનુ ઝાડ.

સારધ જી. સુગ્રંથ.

સારધી ૧. કું દૂરદર્શી માણસ, હાજી અને દોરિયાર માણસ.
અમા કાંઇ ગેબરે **સારધી** અમા
૨. વિ. સારી કે ઉત્તમ બુદ્ધિવાળું; ચતુર, કુશળ

સારન વિ. નિભાવનાર.

સારનાથ ન. કાશી પાસે બુદ્ધ ભગવાનનું પવિત્ર જન્મ સ્થળ. સારનાથ કાશીથી આશરે ચારેક માઈલ છેટું બૌદ્ધ ધર્મનું પ્રસિદ્ધ સ્થળ છે. અહીંના વનમા ગૌતમ બુદ્ધ જ્યારે વિચરતા ત્યારે પાસેના કાશી રાજાને હરણનો શિકાર કરતાં તથા પાછળથી દરરોજ અસંખ્ય હરણ રાજાને પહોંચાડતું તે, ઉપદેશ આપી અટકાવતા આ સ્થળનું નામ ઋષિપત્તન પડી પાછળથી સારનાથ નામ પડી ગયુ છે. આ સ્થળને ઋષિપાટણ કહે છે. કારણ કે, આ સ્થળે ૫૦૦ બૌદ્ધ સાધુઓ રહેતા હતા. તેઓ સદેહે સ્વર્ગમાં ગયા હોવાનું મનાય છે. અહીં બુદ્ધ ભગવાનનું સુંદર કારીગરી અને ચિત્રોવાળુ પુરાણુ પ્રસિદ્ધ મંદિર છે. સારનાથના મંદિરમાં બુદ્ધ ભગવાનની ત્યાગ પ્રકટ કરતી પ્રભાવશાળી મૂર્તિ છે. મંદિરમાં પંદ બહુ જ મોટા રાજ્યોનુ મહત્ત્વ હોય એમ બૌદ્ધોનાં મંદિરો જોતા જણાય છે. બુદ્ધ ભગવાને આ વનમા સાથી પ્રથમ વાસ અને ઉપદેશ કર્યો હતો. અહીંથી ભગવાન બુદ્ધે ધર્મચક્ર પરિવર્તન કર્યું હતુ અને ધર્મના પ્રચારની શરૂઆત કરી હતી. અહીં બુદ્ધના વખતના અને પાછળના વખતમાં ધર્મનાં બંધાયેલાં અનેક સ્થળો અને મંદિરો ખંડિયેરના આકારમાં છે અને તેના અવશેષો ત્યાં છે. મંદિરો વગેરે તોડતાં કે તૂટી જતાં હાલમાં ખોદકામ કરતાં પથ્થરો મૂર્તિઓ વગેરે આબાદ સ્વરૂપમાં કે ટુકડારૂપે મળી છે. તેનું મોટું સમૂહ સ્થાન એક સુંદર મકાનમા સોહવવામાં આવ્યું છે. જેમાની કેટલીક ચીજો જેના કદ, આકાર, દેખાવ વગેરેથી અનુમાને અજમાવ કરે છે. જૂના વખતની કારીગરી પણ અદ્ભુત હોવાનુ જણાય છે. ખંડેરોની વચ્ચે જૂના વખતનો એક ઘન ગોળ સ્તંભ એવો મોનરથી અને વચ્ચેથી પણ આંધેલો આકાર જોવો છે. જેને સ્તૂપ કહેવામાં આવે છે. આના બહારના પથ્થરો ઉપર કંઈ કંઈ ઉપદેશ વચનો પાલી વગેરે ભાષામાં લખ્યા છે. આવા સ્તૂપ અશોક રાજાએ પોતાના સમયમાં બહુ સ્થળે બંધાવેલા છે.

સારપ ૧. જી. જશ, સારુ બોલાય તેવી આબરૂ.
સારપ લેવી = (૧) જશ લેવો (૨) પ્રશંસા મેળવવી.
૨. જી. ભલાઈ; ભલમનસાઈ; ભલપણ.
૩. જી. વખાણ; પ્રશંસા.
૪. જી. સારાપણું; સારાપાનું; સજ્જનતા; સારાપણ

સારપણું સ વિ. કચરામાના નકામા છોડ તાણી નાખી કાંકરને પાડી અંદર કાઢવ કે મંદીમાં દબાવવી; કચરા નીંદવા.

સારપંખમુખસાલ [સં.] ન. દાંત ઊંચકવાનું પ્રાચીન હથિયાર

સારફળ [સ. વલ્લરી; શાલશૃંગ] ન. સાલેડુ; ધૂપેડો. દક્ષિણમા થતું ઇમારતી ઝાડનું ઝાડ, પાદડાં અગથિયા જેવાં થાય છે. તેમા ત્રિકોણ આકારિયા જેવાં ફળ આવે છે. તેનું અથાણું સારુ થાય છે. ગૂગળ જેવો રસ આવે છે તેનો ધૂપ થાય છે. એના ગુંદરને કુંદરુ પણ કહે છે. સધિવાત ઉપર સારફળનાં પાંદડાં વાટી તેનો પાટો બંધાય છે. તેનો ગુંદર રક્તાતિસાર અને જળુ એ સર્પનો નાશ કરે છે.

સારબંધ ન. કાયીની આસુ સવારમાં ઢોરો કે બંગાડી એક તરફ નમી ઢોય ત્યારે તે સરખુ કરવા માટે ઢોરા કે બંગડીની સાથે બાંધવામાં આવતું દોરડું

સારભાર્યા જી. સદ્ સાથે મળે અને સૌનો પ્રેમ મેળવે તેવી સ્ત્રી

સારમાન [સ. સાર (ઊંટ) + માન (વાળો)] કું ઊંટ સવાર; રાવકો.

સારભંડ [સ. સારભાડ] ન. કીમતી વસ્તુ, સારભૂત ચીજ.

સારભાગ ૧. [સ.] કું. લેખનકળાનું એક અંગ.
૨. કું. સારાંશ
૩. કું. સારો ભાગ.

૪. પું. સાંબેલો વિષ્ણનો સારાંશ કહેવાનો બાપા સાદિલનો એક પ્રકાર.

આ પ્રકારને આખ્યે લેખનકળાનાં ત્રણ મુખ્ય અંગો કહીશું: વિસ્તારકળા, સારકળા અને રચનાકળા ગુજરાતી લેખનકળા

સારભૂત જુ. [સં] ન. જે કંઈ સારવાળું હોય તે

અનંત શાસ્ત્રો બહુ છે જ વિદ્યા,
અલ્પ વળી કાળ બહુ જ વિઘ્નો;
તો સારભૂત જ ઉપાસનીય,
હંસોની પેઠે ક્ષીરનીર ન્યાયે.

સુભાષિત

૨. વિ. આવશ્યક; વિશેષ.

૩. વિ. સર્વોત્તમ; શ્રેષ્ઠ.

૪. વિ. સારવાળું; સારરૂપ.

સારમનગાઈ જી. સૌજન્ય.

સારમલ [સં.] ન. સમુદ્રફીણ; સમુદ્રમાં મોજાં આવે છે, તે અથડાતાં અથડાતાં વલોવાતા ફીણ આવે છે માટે સમુદ્રફીણને સારમલ કહે છે.

સારમંડળ ન. એક જાતનું કરા તારનું તંતુ વાદ્ય; પાટિયા ઉપર તાર ગોઠવી દંડથી વગાડવાનું વાદ્ય

સારમાણસાઈ જી. સૌજન્ય; સહૃદયત્વાર્થ; સારા માણસ હોવું તે; ભલમનસાઈ; સજ્જનતા.

સારમેય જુ. [સં] પું. કૂતરાની કૂતરી સરમાનાં બે બાળકો. તેઓ યમના ઓકોદાર કૂતરા હતા અને દરેકને ચાર આંખ હતી.

૨. પું. કૂતરાનો રૂપધારી રાક્ષસ; નરકનો દારપાળ.

૩. પું. કૂતરો.

૪. [સાર (ધન) + મેય (અપાય તેવું)] પું. ધન અને અન્ન વગેરે.

૫. પું. (પુરાણ) શ્વફલ્ક યાદવનો ગાંદિનીને પેટે થયેલા તેર મા.ઓનો એક પુત્ર.

સારમેયદન ન. (પુરાણ) અઠ્ઠાવીસ માંહેનું એક નરક. સાતસો અને વીસ દાંતવાળા, શ્વાનોના સમુદાય ત્યાં જનારને ફરતી ખાય છે. રાહદારીને લૂંટનારાઓ આ નરકમાં યાતના ભોગવે છે.

સારમેયાદ [સં.] ન. એ નામનું એક નરક. જે ચોર ચોરો રાજાને અથવા રાજાના માણસોને અગ્નિથી સળગાવી દે છે, ઝેર દે છે, બંધને મારે છે અથવા ગાય કે સ્ત્રીને લૂંટે છે. તેઓ મૂઆ પછી સારમેયાદ નામના દારુણ નરકમાં પડે છે. ભાગવતી ભાગવત

સારમેયી [સં.] જી. કૂતરી.

સારલોહ ન. ફોલાદ; પોલાદ.

સારલ્ય [સં.] ન. સરલતા.

સારવ [સં.] વિ. સરયૂ નદીમાં ઉત્પન્ન થયેલું.

સારવક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતી છંદનો એક ભેદ છે તેને મુખલા છંદ પણ કહે છે. તેનાં દરેક ચરણમાં નગણ, ભગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

સારવનાર વિ. તત્ત્વ શોધી કાઢનાર.

વિદ્વાનને ખોળી ખોળીને **સારવનાર**
ધર્મિષ્ઠજના અમૃત નિતારી જગતને પાનાર

ન.તાલાઈ

સારવરોહા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, તગણ, નગણ, તગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે;

સારવરોહા રભ ભ ત ન ત ગ ધરિને,

રણછિમલ

સારવવું ૧. સ ક્રિ. ખેરવવું; પાડવું.

૨. સ ક્રિ. છેતરીને લેવું

૩. સ. ક્રિ. તારણ કાઢવું; તારવવું.

૪ સ. ક્રિ. ખાર કાઢવો.

૫. સ ક્રિ. નિભાવવું

૬. સ. ક્રિ. પાર પાડવું; પૂર્ણ કરવું.

૭. સ ક્રિ. સભાળવું.

૮. સ. ક્રિ. સાર કાઢવો

૯. સ. ક્રિ. સિંચવું; ખેંચવું.

મહ મઈ આપ્ય વચન સારવઈ અહી કરઈ તલ ટ

કર્મણ

સારવા ૧. જી. એક જાતની વેલ; કપૂરી કાચલી વેલ. તેના મૂળમાં કપૂરકાચલી જેવી વાસ આવે છે. તેના મૂળને સારસાપરિલાનાં મૂળ પણ કહે છે.

૨. [સ (સહિત) + રવા (છૂટાં છૂટાં રજકણો)] જી. છૂટાં છૂટાં રજકણો વાળી મોકળી જમીન; સારી ફળદ્રુપ જમીન; ખેતી માટે એક જાતની જમીન કે જેમાં વચ્ચે વિસામો આપવાથી રજકણો છૂટાં છૂટાં થયાં હોય. ખાતર નાખ્યા સિવાય વારંવાર પાક લેવાથી જમીન પ્રાયઃ કસદીયુ બનતી જાય છે. તેવી જમીનને અમુક અમુક વરસ વાવેતર કર્યા વિના પડતર રાખી તેમાં ચાર પાંચ હળની ખણો દઈ, તે ઉપર દર અડવાડિયે આખું વરસ કરબ કે કળિયું કાઢવાની ક્રિયાને વાસેલ કે સારવા પણ કહે છે. આવી રીતે વાસેલ રૂખેલ જમીન હળ કળીયાની ખેડથી પોચી, મોકળી, છૂટાં છૂટાં રજકણોવાળી, રવાદાર બને છે તેથી વાસેલ રૂખેલ ખેતરને કેટલાક ખેડૂતો સારવા કહે છે. ખેડૂતોની પરિભાષામાં આવી વાસેલ રાખેલ જમીનને કેટલાક પરિયુ, પરિયું, સરખું, આસી, લટો, રાંપોલિયું અને હસડીયું પણ કહે છે. જુઓ સાંપુ.

સારવાન [જા સાર (ઊંટ) + વાન (રક્ષક)] પું. ઊંટવાળો; રાયકો; ઊંટ હાંકનારો; ઊંટ સવાર.

સારવાર ૧. જી. આગત.સ્વા.ગત.; મહેમાનગીરી

૨. જી. દવાદારૂ કરવી તે.

૩. જી. સભાળગત; આગત.

૪. જી. સેવાચાકરી; બરદાસ્ત

સારવારગૃહ ન. અનાથ બાળકો માટેની ધરિપતાશ્રમ. અનાથ લક્ત બાળકોના ઉછેર અને કેળવણી અર્થે સ્થાપિત થયેલ ધરિપતાશ્રમો ફ્રાંસ, ઇંગ્લંડ, રશિયા, અમેરિકા અને બીજા સુધરેલ દેશોમાં માલુમ પડે છે. આવી ધરિપતાશ્રમોને રાજ્ય તરફથી મદદ મળે છે અથવા પ્રજાના દાનફાળાથી ચલાવવામાં આવે છે. લંડનની અનાથ બાળકોની ધરિપતાશ્રમ સને ૧૭૩૯માં કેપ્ટન ટોમસ કોરમ નામના ગૃહસ્થે સ્થાપેલ. ટોપલીમાં મૂકેલ અજ્ઞાત અને અનાથ બાળકો કે જે ધરિપતાશ્રમના દરવાજા પાસે છૂપી રીતે રાખી જવામાં આવે છે, તેમને ત્યાં રાખવામાં આવે છે. આ સંસ્થા માતાનું નામ ન જણાયેલ હોય તેવાં ગેરકાયદેસર જન્મેલ બાળકો માટે અનાથ બાલાશ્રમ બનેલ છે. હાલમાં આ સંસ્થા પાંચસોથી વધારે કુમારો અને કુમારિકાઓને પોષે છે અને તે બાળક બાલિકાઓને નોકરી અગર વેપારમાં પુખ્તવયે મૂકવામાં આવે છે. ઇન્ડલત. પ્રયત્નજનિત સંગીત જ્ઞાનથી સુંદર કેળવણી તે બાળકોને આપવામાં આવે છે.

સારવાહી [સં. સારવાહિન્] વિ. સારવાળું; શ્રેષ્ઠ

સારવું ૧. સ. ક્રિ. આંજવું; સજાડવું.

૨. સ. ક્રિ. એકડું કરવું.

૩. સ. ક્રિ. કોઈ માલ એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવો; સારી જવું; લઈ જવું.

૪. સ. ક્રિ. ખેરવવું; પાડવું

૫. સ. ક્રિ. બાંધવું, માનવું.
૬. સ. ક્રિ. ઓરવું
૭. સ. ક્રિ. ઉતરીને લેવું
૮. સ. ક્રિ. તારણ કાઢવું; તારવવું
૯. સ. ક્રિ. દુઃખ દેવું; કનડવું.
૧૦. સ. ક્રિ. પાર કરવું; દબાવવું.
૧૧. સ. ક્રિ. નિભાવવું
૧૨. સ. ક્રિ. પરોવવું; પેસાડવું
૧૩. સ. ક્રિ. પહોંચવું; પારણું કરવું.
૧૪. સ. ક્રિ. પાર પાડવું; પૂર્ણ કરવું.
૧૫. [સં. સમાધાન (સમાનાવવું) અવ. સાધય] સ. ક્રિ. બીજા સાજાને તેમ મોટેથી બોલવું જરથોસ્તી ધર્મની ત્રણ ક્રિયા સાથે આ ક્રિયાપદનો સંબંધ છે: પૂજ સારવી, ગેહ સારવી અને આશીર્વાદ સારવા. આ ક્રિયાપદનો ઉપયોગ સૂચવે છે કે તે ત્રણ ક્રિયા વખતે બંદગી મોટેથી બોલવી જોઈએ કે જેથી તે પ્રસંગે આજુબાજુ લોકો તે સાંભળી શકે
૧૬. સ. ક્રિ. બૂંસવું; ઓળઘોળ; ધસવું
૧૭. સ. ક્રિ. વીંધવું; કાણું પાડવું; સાકડામાં સારડી વતી વીંધ પાડવું; વેધ પાડે એમ કરવું; આકું કરવું.
૧૮. સ. ક્રિ. શણગારવું; શોભાવવું.
૧૯. સ. ક્રિ. ભરવું; તર્પણ કરવું; મૃત્યુક્રિયા કરવી; સરાવવું.
૨૦. સ. ક્રિ. સરકાવવું
૨૧. સ. ક્રિ. સારું દાદવું.
૨૨. સ. ક્રિ. સિંચવું; ખેંચવું.

સારવું ક્રિ. (જા. મુ.) સરખું; સમાન.

આહારિ ભેટા સવિ **સારવાં** ભોડ કર્મ નમ્યા પારમાં
વિમલપ્રબંધ

સારસ ૧. પું. (સંગીત) એ નામે એક ચતુશ્રજાતિ અઢાર માત્રાનો તાલ. તેનાં તાલ સ્થાન ૧, ૫, ૭, ૯, ૧૧, ૧૫ માત્રા ઉપર હોય છે

૨. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે અનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪૧ ગુરુ અને ૮ લઘુ મળી ૪૯ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મોહનવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૫ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પદપદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૩૩ ગુરુ અને ૮૬ લઘુ મળી ૧૧૯ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ. તે સર્વૈયા છંદનો એક ભેદ છે તેમાં ૩૩ ગુરુ અને ૫૮ લઘુ મળી ૯૧ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૬. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યુક્તા છંદનો એક ભેદ છે તેને ચાર છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ગુરુ અને લઘુ એમ ૫ અક્ષર હોય છે.

૭. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે સગણ અને લઘુ મળી દશ અક્ષર હોય છે.

ન સ સ લઘુ **સારસ** ગાય. રમ્યપિંગળ

૮. પું. (પુરાણ) જટાયુનો એક પુત્ર.

૯. [સ.] પું ; સ્ત્રી. એક જાતનું પક્ષી તેના માથા અને ઉપરની ડોકની આગળ ભાગનો પીંછ. ચિતાની હોય છે. અને માથાની પાછળ સુંદર ચળકતા લાલ રંગની માંસલતાથી હોય છે. ત્યાંથી નીચે લટકતા ચળકતા કાળા મુલાયમ વાળનો ગુચ્છો અને કાન ઉપરના સુંદર પીંછાનો ગુચ્છો જોનારની આંખને છેતરી જાય છે ગળકાંઠાની ઋતુમાં આ બધી નીચે જેવા ગળાકાંકણો આવે છે. એનો દેહનો રંગ આસમાની હોય છે. પાંખના છેડાનાં પીંછાં કાંબા સુવાળાં અને લાંબાંમાં પૂછડીથી આગળ વધીને લટકાં લટકતા હોય છે વળી, પગના સાથે તે વધારે લાંબાં અને જેવા અને છે. તેની ચાંચ દક્ષિણાર્ક લીલા રંગની છેટથી જરી, આંખ નાની રક્ત. રાતી અને પગ મુલાયમ રંગના રે. ૧૫ હોય છે તેના શરીરની લંબાઈ સવાત્રણ ફુટ, આંચ સવા ૭ ઇંચ, પૂંછડી સવા નવ ઇંચ ને વજન ૧૭થી ૧૮ રતલ હોય છે. સારસ જાતુધા વનસ્પતિ ખાતો છે. દાણા, ચણાના પોપટા, કૂમાં મળિયાં એ તેનો ખોરાક છે, પણ કાદવ અને પાણિયારે તે દેડકા અને બીજા જીવડા પણ ખાય છે. વિશાળ મુક્ત દેહધારી પક્ષી હોવાથી ખાસ અને વગડામાં એનાથી પાસે પુગાય. એને કોઈ વાર ટોળામાં વસે છે સારસની જોડીનો અલૌકિક પ્રેમ કવિઓએ ગાઈ ગાઈને અમર કર્યો છે. અને તે કોઈ માત્ર કલ્પના જ નથી. એનું યુગ્મ જિંદગી સુધી નભે છે અને એમાંથી એકનો નાશ થતાં બીજાની કરુણ દશા દયા ઉપજાવ્યા વિના રહેતી નથી. સજોધાનનો સમય ઓગસ્ટથી ઓક્ટોબર સુધીનો ગણાય છે. સારે સારસ સારસીને રીઝવવા નૃત્ય કરે છે. માળો બાંધવા માટે તેઓ નદી પરચેના ખેતરાં, ડાંગરની કયારી આદવા પાણીથી ભરેલ ખેતર પસંદ કરે છે અને સાંઠી, કાબળી અને ખાકડીનો વિશાળ માળો કરી તેમાં ઝાંખા લીલા રંગનાં અને કોઈ વાર છાંટવાળાં બે ઈંડાં મૂકે છે ઈંટ પીળા કે ભૂખરા રંગની હોય છે. તેમના માળાનો પગ પણીવાર પાણીમાં ડુબેલો હોય છે. સારસના માળા પાસે કોઈ ભૂલથી ચડી આવે તો પણ તેને આગળ આવે ગર્જ પડે. તેઓ પાંખ પહોળી કરી, ડોક લાંબી કરી ચાંચના કડિયા કચકચાવી ભારી ધમકો કરે છે. સારસનાં બચ્ચાંને નાનપણથી પાળવામાં આવે તો તેઓ મારા ચોકિયાત બની શકે છે સ્વભાવે સારસ બીકણ નથી, પણ જો તેને એમ જણાય કે કોઈ તેના ઉપર નજર રાખી રહ્યું છે અથવા પાસે આવવા પ્રયત્ન કરે છે તો તરત સાવધાન બની જાય છે સામાન્ય રીતે સારસ ઉત્તર હિંદ, બિહાર અને કોચીન ચીનમાં જોવામાં આવે છે. સામાન્યતઃ સારસ જોડલી દેખાય છે પણ ઉત્તર ગુજરાતનાં જળાશયોનો સમીપ એ સમૂહચર બની જાય છે. પાંચ પચ્ચીસ કે વખતે તો બસો ઓછાં ચરતાં હોય કે બેતનમાં રાતવાસો કાઢતાં હોય. તેનો અવાજ બીક વાળો, એની મનોહર અવર્ણનીય ગીતધ્વનિની ગતિ, કર્કશ કંઠના પ્રફુલ્લતા પ્રેરતો તેનો ગંભીર ગર્જન જેમ અવાજ, અજાણ્યા કાંપની ચિત્તપ્રેમ સમ સ્થિરગતિ ઉડ્ડયન, એમના અવિભક્ત આત્માની સદૈવ પ્રભુપ્રેમોન્મુખી પ્રકૃતિ, એ દૃષ્ટિએ સારસ એ કવિજનદૃષ્ટિનું રસેદ્યોગી પંખી ગણાય છે. પક્ષીશાસ્ત્રીઓ એ સારસના બે વર્ગ પાડ્યા છે: ૧. તરનારાં અને ૨. પાણી ખૂંદનારાં. તરનારાંને પગે જાળ હોય. એમનાં આગળ વચ્ચે કે નીચે આગળીનો મૂળ સુધીનો ગણસાથી ગરજ સારે છે બતક, હંસ, જળકાગ, જળકૂકડી વગેરે આવાં પક્ષી છે. પાણી ખૂંદનારાંના પગ સ્વાભાવિક રીતે લાંબા અને પીછાં વિનાના હોય છે. તેને પણ સ્વભાવભેદે બે વર્ગમાં વહેંચી શકાય: (૧) માત્ર કિનારે કિનારે ફરનારાં અને ઝાડ પાણી કે કાદવમાંથી આહાર શોધનારા (૨) પાણીમાં ઊંડી જઈ તરતાં આહાર શોધનારા

૧૦. ન. કપૂર.

૧૧ ન. કમળ.

પુંડરીક પુષ્કર કમલ જલજ અબ્જ અંભોજ,
પાજ સારસ તામરસ કુવલય કુજ સરોજ
વિશ્વલોચનકોષ

૧૨. ન. ઘેટાંનો દાગીનો; કોરો, જોનું એક જાતનું ઘરેણું.

૧૩. ન. ઝાડ.

૧૪. ન. નદી કે પહાડમાંથી નીકળી એક રહ્યો જમા થયેલું પાણી; સરોવરનું પાણી.

૧૫. વિ. સરોવરનું; સરોવર સંબંધી.

સારસડુ (સારસડુ) જ. સારસ પક્ષી

સારસન ન. ઇમરજન્સી.

સારસનાવલી સ્ત્રી. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દિમાવરી. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, એ જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

ન જ જ ગ એ થયી **સારસનાવલી**

રત્નપિંગળ

સારસભાલા સ્ત્રી. (પિંગળ) એ નામે એક સમવર્ણિત માત્રામેળ છંદ તેમાં ૨૮ માત્રા હોય છે. તેમા ૧, ૫, ૮, ૧૩, ૧૬, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે

સારસભાષ [હિં] પુ. એક પ્રકારનો છોડ, મગી મ.ય

સારસંગ્રહ ૧. પું. શ્રી શંકરાચાર્યે લખેલો એ નામનો એક ગ્રંથ

૨. [સં] પું સમાહાર; સંક્ષિપ્તતા; સક્ષેપ; ટૂકામાં આપેલી વિગત; લઘુ ગ્રંથ

સારસંગ્રહવાદ [સં.] પું. માધુકરી વૃત્તિ, સાર ખેંચી લેવાપણું, ' અકલંકવિદ્યાસિક્રમ '

સારસંદોહનવાદ જુઓ સારસમહવાદ.

સારસંપ્લવ પું. શિવનાં ઢગલા માહેનું એક નામ

સારસાપરીલા ૧. સ્ત્રી. એક ઔષધિનાં મૂળ. ૨ [અં.] સ્ત્રી. ભાંડી સુધારવાની એક લતા; ઉપરસા.ત્ર નામની વેલ

સારસાર ૧. પું. વેદાન્તનો એક ભાગ.

૨. વિ સારામાં સારું; અત્યુત્તમ.

સારસિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શાર્કરી છંદનો એક ભેદ છે. તેને દ્વારવતી, પમત્રણ, નૂતન સક્ષણ છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં રગણ, નગણ, બે જગણ અને રગણ મળી ખરેર અક્ષર હોય છે

ર ન જ જ ર થયી કિ. **સારસિકા** બને

રત્નપિંગળ

સારસિદ્ધિ પુ. એ નામનો એક પદ્યાત્મક ગ્રંથ. તે સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદ મુનિએ રચ્યો છે.

સારસી ૧. સ્ત્રી. (પિંગળ) એ નામે એક આર્યાજાતિ માત્રામેળ છંદ. તેને રસી છંદ પણ કહે છે. તેમા ૪૯ લઘુ અને ૪ ગુરુ મળી ૫૩ વર્ણની ૫૩ માત્રા હોય છે.

૨ પું. (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ તેમાં ૫૮ માત્રા હોય છે પણ જગણ આવતો નથી તેમાં ૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪ અને ૨૭ માત્રાએ તાલ આવે છે

૩. પું. નામપિંગળ માહેનો માત્રામેળવાળો એક છંદ.

૪ સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની સાત માહેની એક મૂર્છના

૫. સ્ત્રી. (જૂ ગુ.) સરસાઈ; ચડસાઈ; રપર્ધા સરિ **સારસી** કરણ ચારઈ બેદના પાવર માજ

માન્દરપ્રબંધ

૬. સ્ત્રી. સરસાઈ સારુ ઢાયીઓ પાડે છે તે ચીસ

ઢાયીઓની **સારસી** આનલિ કાનિ પડિઉ કોઈ નથી સાખલીજુ.

માન્દરપ્રબંધ

૭. સ્ત્રી. સારસ પક્ષિણી, સારસની માદા.

સારસ્ય [સં.] ન. સરસતા; રસવાળું હોવાપણું

સારસ્વત ૧. પું. (પુરાણ) અત્રિ ઋષિનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ.

૩. પું. એ નામના એક શહર. તેનું મંદિર નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ વેદાસમમન્વિત સારસ્વત તીર્થમાં આવેલું છે. તેને વેદેશ્વર પણ કહે છે

૪. પું. એ નામનો એક બ્રાહ્મણનો ગ્રંથ; અનુભૂતિ સ્વરૂપાચાર્યે તે લખેલ છે

૫. પું (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ૩૧ ગુરુ અને ૯૦ લઘુ મળી ૧૨૧ વર્ણની ૧૫૨ માત્રા હોય છે

૬. પું (પુરાણ) કૌશિક ઋષિના સાત માહેનો એક શિષ્ય.

૭. પું. બીલીના ઝાડવાનો ઇંડ

૮. પું. (પુરાણ) પ્લક્ષના ત્રીજા માહેનો બારમો દ્વિપ

૯. [સં.] પું. (પુરાણ) ભારતવર્ષનો એક દેશ; આજ સારસ્વત દેશ. સરસ્વતી નદીના તટ ઉપરનો દિલ્હીથી વાયવ્યનો આર્યોનો પવિત્ર પ્રદેશ. આ દેશ કુરુક્ષેત્રની પશ્ચિમે, પશ્ચિમ મરુસ્થ દેશ અને મત્સ્યભૂમિ દેશની વચ્ચે સરસ્વતી નદીને તીરે હતો.

૧૦. પું. (જૈન) લોકાન્તિક દેવના નવ માહેનો એક પ્રકાર.

સારસ્વત આદિત્યવૃદ્ધિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ નવ લોકાન્તિક છે.

તત્ત્વાર્થસૂત્ર

૧૧. પું. વિષ્ણુ.

વિષ્ણુ સર્વવ્યાપી છે એટલે કે સમગ્ર તળાવ, વાવો અને પ્રવાહોમા રહેલા છે એથી તેમનુ નામ **સારસ્વત** એવું છે. અમરની આનવત

૧૨. પું. (પુરાણ) સરસ્વતીનો દીકરો; અસલ્યુપા નામની અપ્સરાને જોઈને અથર્વણ ઋષિના પુત્ર દધીચિના રેખલિત થઈ સરસ્વતી નદીમાં પડેલા વીર્યમાથી ઉત્પન્ન થયેલો પુત્ર. એ મનુ મન્વન્તરમાં નવમી ચોકડી પર્યંત આમ હોવો જોઈએ કારણ કે આજુથી વૈવસ્વ,પર્યન્ત તેણ કર્યું હોવ એમ જણાય છે. એક વખત બાર વર્ષ સુધી લાગલાગટ વરસાદ અટ્યો નહિ. મરે વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણો નાશ પા.યા, પરન્તુ આ સારસ્વતને સરસ્વતી નદીએ માછલ. વગેરેનો આહાર આપીને જીવતા.ઓ તેણે પોતાની પાસે વેદાધ્યયન માટે આવેલા આઠ હજાર બ્રાહ્મણોને શિવાજ મુજબ પોતાના શિષ્ય બનાવી ચારે વેદ ભણાવ્યા હતા. અથર્વાઙ્ગિરસનો પુત્ર દધ્યક અથવા દધીચિનો સમબંધ સરસ્વતી સાથે હોવાનું સિદ્ધ થયુ છે. તેમના પુત્ર પિપ્પલાદ અને તેમનો પુત્ર સારસ્વત ઋષિ. આમ પ્રાચીન યુગની આ સઘળે મહત્વની વ્યક્તિઓનો સમબંધ સરસ્વતી સાથે હતો અને તેમનાં સ્થાનો સરસ્વતીનો જે પ્રવાહ ગુજરાતમાંથી વહેતો હતો ત્યાં હતાં.

૧૩. પું સારસ્વત દેશનો નિવાસી બ્રાહ્મણ.

૧૪. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક જાત; ચોરાશી માહેની બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ. તે સરસ્વતી નદીના આસપાસના પ્રદેશમ.થી ઊતરી આવેલી છે. તેઓ સોઢાવ્યા અને ખત્રીના કુળગોત્ર તેમજ જનોઈ પણ ચોર છે. તે યજમાન સાથે જમે છે, નાતરાંનો રિવાજ રાખે છે. આ જ્ઞાતિની ઇષ્ટદેવી સરસ્વતી મનાય છે.

૧૫. ન. ઇમરા.

સારસ્વત એવું સમુદ્રનુ નામ છે તો તેમાથી ઉત્પન્ન થયેલું જે કમળ તે **સારસ્વત** કહેવાય

અમરની આનવત

૧૬. વિ. જેમાં ઉદાર, લલિત, અભિજાત તથા નાગર અલંકાર પ્રબંધ હોય તેવુ વાઙ્મય.

મરાઠી ભાષામા ત્રણ શબ્દો વપરાય છે વાઙ્મય, સારસ્વત અને સાહિત્ય ભાષામા જે કંઈ લખાયુ હોય અથવા બોલાયું હોય તે શબ્દમા બધા પ્રકાર થયુ હોય તે વાઙ્મય; વાઙ્મયના વિશાળ પ્રદેશમા સારસ્વતના સમાવેશ થાય. જે વાઙ્મયમા ઉદાર, લલિત અભિજાત તથા નાગર અલંકાર પ્રબંધ હોય તે **સારસ્વત** અલંકાર. સારસ્વતમા સાહિત્યના સમાવેશ થાય જે પ્રબંધસ્થના વિચાર સૌંદર્ય તથા ભાષા સૌંદર્યવાળી હોય તેનો સાહિત્યમા સમાવેશ થાય.

રામમનોહર ત્રિપાઠી

૧૭. ન. બ્રાહ્મણની એ નામની જાતનુ માણસ.

૧૮. ન. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું એક તીર્થ.

૧૯. વિ જેના ઉપર સરસ્વતી દેવીની કૃપા હોય તેવું

૨૦. વિ ભાગ્યશાળી એ નામની સ્ત્રીનું

૨૧ વિ. વિદ્યા સંબંધી

૨૨ વિ. સરસ્વતી સંબંધી, સરસ્વતીનું

૨૩. વિ સારસ્વત દેશનું

સારસ્વતકલ્પ ૧ પું નવરાત્રિ પ્રસિદ્ધ સરસ્વતી પૂજનનો એક પ્રકાર

૨. પું ભાદ્રપદ શુદિ બીજના મીરાં માહેનો બારમો દિવસ

> કેમાદ્રિના કલ્પ ગ્રંથમાં પ્રસિદ્ધના નામાંતરમાં આ વાત કહી છે કે ફાલ્ગુન સુદિ બારસને દિવસ સારસ્વત કલ્પ થયો છે
>
> નવરાત્રી જ્ઞ ભગવત

સારસ્વત તીર્થ [સં.] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું ઋષિસંગમસ્થિત એક તીર્થ. નર્મદા પર્યાયમાં કહ્યું છે કે, અહીં ચંદ્રેશ્વર અથવા સારસ્વત શિવજીનું મંદિર છે તેનો જીર્ણોદ્ધાર સંવત ૧૧૩૫, શકે ૯૫૦૦માં મંડલેશ્વર વાસુદેવ કુલજૂરાવ જગતાયજીએ કર્યો છે. સારસ્વત તીર્થની કથા એમ છે કે, દ્વાપરયુગના બાલ્ય ચરણમાં સરસ્વતી અમરા ઋષિણીનો સંગમ અહીં થયો છે અહીં મહાન ઋષિએ બહુ સમય સુધી શિવારાધના કરી. અમુક સમય પછી શિવજીની કૃપાથી તેને વિશ્વરૂપદર્શન થતાં તે સમદૃષ્ટિ થઈ ગયા. વિશ્વરૂપમાં નિમગ્ન રહેવાના કારણે તે નાચતા રહેતા હતા. તેના નાચવાથી બધે ઠેર નાચતા હતા. આ જોઈને બ્રહ્મા દેવો સહિત શિવજીની પાસે ગયા અને કહ્યું કે, આખુ જગત નાચી રહ્યું છે દેવોનાં કામ કેમ ચાલે? આપ રોકો. પછી શંકર સહિત બધા દેવો મહાન ઋષિની પાસે પહોંચ્યા. તેને નાચવાનું કારણ પૂછ્યું. ઋષિએ કહ્યું, તમે કોણ છો? હું તો મારા શરીરમા વિશ્વને જોઈને આનંદથી નાચી રહ્યો છું. આ સાંભળી શંકરે પોતાના અંગૂઠાથી તેને માર્યું તો તેનું શરીર ભસ્મ સમાન થઈ ગયું. પછી ઋષિએ શિવજીની સ્તુતિ કરીને પૂજા કરી. મહેશ્વર શિવનું સ્થાપન કર્યું. અહીં કરેલ સ્નાન મનનથી તપથી આત્મનિશ્ચય થાય છે એમ કહેવાય છે

સારસ્વતપુર ૧. ન. (પુરાણ) પ્રાચીનમાં રાજાનું નગર.

૨. ન સિદ્ધોરનું પ્રાચીન નામ.

સારસ્વતબ્રહ્મ ન સરસ્વતી દેવીનું વ્રત

સારસ્વતી ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સારદા તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, જગણ, રગણ, સગણ અને બે જગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં નવમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે

સારસ્વતી નભ ને નવ, ત જ સ સ જ જ ધરાય.
રણછોડદાન

૨ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેને વિશ્વમૂર્તિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બબ્બે જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે

સારહી [સં. સારથિ, પ્રા. સારહિ] પું તીરંદાજ; બા.ય.પર; ધનુષધારી

ખરી સાદ સારથી તેરણા બોલઈ અસપતિ ગજ
કાન્હડદેપ્રબંધ

સારહીન વિ. નિઃસત્ત્વ

સારંગ ૧. [સં.] પું. અભ્રક.

૨ પું આકાશ; ગગન.

૩. પું. (સંગીત) એ નામે ઔડવ જાતિ એક રાગ. તેનો ગ્રહ અને ન્યાસ સ્વર સ છે. વાદી સ્વર ધ અને સંવાદી સ્વર રિ છે. તેમાં સ રિ મ ધ નિ સ્ર એ સ્વરો આવે છે. ગ, ધ વર્જ્ય છે. નિષાદ બે લેવાય તો આરોહમાં શુદ્ધ અને અવરોહમા કોમળ લેવાય છે સારંગના અનેક ભેદ છે, જે જુદા જુદા અંશ સ્વર માનવાથી થયા છે. પ્રાતાનો સમય ગ્રીષ્મ ઋતુમાં દિવસે બીજો પહોર છે. તે વીર, અદ્ભુત અને શાંત રસ ઉત્પન્ન કરે છે. તે સાધારણ ગંભીર પ્રકૃતિનો છે. આ રાગ ગાવાથી પિત્ત જ્વર તથા પિત્તના પ્રકોપથી થતી શિરોવેદના શમે છે

૪. પું. (પિંગળ) એ નામે એક પ્રચૂર્ણપ્રીતિ માત્રામેળ છંદ. તે ત્રીનિ રકેટકનો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૧૪ લઘુ મળી ૩૯ અક્ષરની ૬૪ માત્રા હોય છે.

૫. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ચૂડાક્ષ ઉપદોહા છંદનો એક ભેદ છે. તેમાં ૩૬ ગુરુ અને ૩૬ લઘુ મળી ૧૨૨ વર્ણની ૧૦૮ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૬૨ લઘુ અને ૪૫ ગુરુ મળી ૧૦૯ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૭. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિ જગતી છંદનો એક ભેદ છે. તેને કેદ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ચાર યગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે.

૮. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને મેનાવળી, મેનિકા, સારંગરૂપ, મૈણાવેલ, મદનાકુલ, સારંગા કે હામ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમા ચાર તગણ મળી બાર અક્ષર આવે છે તેમાં ત્રીજા અક્ષર ઉપર યતિ આવે છે

સારંગ તો થાય ત ત ત ત ત થી જ.
રણછોડદાન

૯. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વજ્રદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં તેર રગણ મળી ૩૯ અક્ષર હોય છે. પાદપારે રચ્યા તેર તો રા મળો શુદ્ધ સારંગના દડો, ગોરા ને ખડ છે અક્ષરો સત્ય તો એમ બધી વળે.
રણછોડદાન

૧૦. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મુખલા તે ભુજંગિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ અને સગણ એમ નવ અક્ષર હોય છે

૧૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સારંગી. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના ચરણમા પાંચ મગણ મળી પદર અક્ષરો હોય છે

૧૨. પું. કપૂર.

૧૩. પું. કમળ.

૧૪. પું. કામરચીતરો રંગ.

૧૫. પું. કામદેવ; અનંગ.

૧૬. પું કેરા

૧૭. પું કોયલ.

૧૮. પું ઘોડો; અશ્વ

૧૯. પું ચંદન; સુખડ.

૨૦. પું ચંદ્ર

૨૧. પું જાતક; બપૈયો.

કવિતકેર દાનુહ હરિ બાલક સારંગ નામ,
મનથી રહે પપીહરા અને નહિ કોઈ કામ.
પિંગળસમુદ્રોષ

૨૨. પું. છત્ર

૨૩ પું ઝાડ.

૨૪. પું. તબૂરો; સિતાર.

૨૫. પું દાગીનો; અલંકાર.

૨૬. પું દીવો.

૨૭. પું. દુષ્ટ બીછી

૨૮. પું. દેડકો.

રવિ રાશિ હૂય જબ ચલત મિથિ કે હરિ કબ કુરમ,
બાદુર દાદુર દીપ અલિ એ સબના સારંગ.
પિંગળસમુદ્રોષ

૨૯ પુ પતંગ
૩૦ પુ પુરુષ
૩૧ પુ પ્રકાર
૩૨ પુ કૃષ્ણ
૩૩ પુ વરુણ
૩૪ પુ બ્રહ્મા

મધુકર મધુલિહ મધુપ અલિ અલિની ત્રિપદીમુખ ભૃંગ, ચંચરીક કોવિદ હરિ પીતાવસ સારંગ પિતાંબરધર

૩૫. પુ. મેઘ

સુનબે યે જલિની ગરજા મીઠી બારે વનમોર, સારંગો ના તુજ સુખસરી માર્ગ વારિ વીંઝતા. મેઘદૂત

૩૬ પુ મોર
૩૭ પુ મોર
૩૮ પુ હંસ
૩૯ પુ. રાજહંસ
૪૦ પુ રાત
૪૧. પુ વજ્ર
૪૨. પુ પક્ષ
૪૩ પુ શંખ
૪૪. પુ શિવના હજારે આવેલું એક નામ.
૪૫ પુ શ્રીકૃષ્ણ કે વિષ્ણુનું ધનુષ; શાર્ંગ.
૪૬. પુ (વહાણવટું) સરંગ એટલે વહાણના કપ્તાનનો મદદનીશ.
૪૭. પુ. સારંગી
૪૮. પું. સિંહ

કો જગતમહર કો અભય કો હરિ બ્રહ્મ કુરંગ; કો ધનવાચક કો અમિત સમજી ધ્વનિ સારંગ. ધરણીવાચ

૪૯. પું સૂર્ય.
૫૦. પું. સોનું.
૫૧ પું. (સંગીત) હનુમત મત પ્રમાણે મેઘ રાગના આઠ પુત્રોનો એક પુત્ર. તેની જાતિ ઓડવ છે, એટલે ખરજ વિવાદ તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ અને નિષાદ તીવ્ર કોમળ બંને એ પ્રમાણે પાંચ સ્વર આવે છે. આરોહ અને વૈવત વર્જ્ય છે. ખરજ અથવા વિવાદ મંદ્ર સ્વર છે. પંચમ અથવા નિષાદ ન્યાસ સ્વર છે. મધ્યમ વાદી સ્વર છે. કોઈ સંપૂર્ણ ગાય છે. તેમાં વૈવત સલ્લકારી અને આરોહ કોમળ લે છે. આ રાગ કેદારી મલ્હાર અને નટથી મિશ્ર છે. કોઈ મારવા અને મલ્હારથી મિશ્ર કહે છે. ગાવાનો સમય મધ્યાહ્ન કાળ છે. આ રાગની ઘણી જાતિ છે: ગૂહ, ગિરિધાની, બડહંસ, સાવત, ધુળિયા, સૌડ, મદમાદ, ગુજરાતારા, સોરઠી, બદહારી, સૂર અને ઝર
૫૨ પુ હંસ.
૫૩. પુ ગાય
૫૪ પુ. દાંત, ગજ
૫૫. પુ. હાથી.
૫૬. પુ.ક. ધનુષ, સાપ; કામદેવ
૫૭ પુ.ન. બાણ, દરજ્જો; કૂવો
૫૮ સ્ત્રી એક જાતની માખી; મોટા માથાવાળી ઘોડા વગેરે એક પ્રકારની માખી; આટા
૫૯. વિ. કાબરચીતરા રંગવાળું.
૬૦. વિ. તરેહ તરેહનું, રંગબેરંગી

સારંગક પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિ શર્કરી છંદનો એક ભેદ છે. તેનો સારંગી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં પાંચ મગણ એમ પંદર અક્ષર હોય છે

સારંગડું (સારંગડું) જુ. સારંગ, હરણ

સારંગદેવ પુ. (સંગીત) એ નામે ગણત્રી પ્રમાણે ૪૯ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩ ૫, ૭, ૨૧, ૨૬ અને ૩૭ માત્રા ઉપર છે.

સારંગધર પુ. [સં] એ નામે એક વૈદ્યાનિક. તે ઈ.સ ૧૩૫૦માં રેવજપુલાનામાં રહેતો હતો. તે સાર્ઙ્ગધરના અભિપ્રાયમાં સૌકામાં મનો હતો હકીકત ગ્રન્થના દરબારમા તે મુખ્ય પંડિત હતો તેણે સારંગધર નામનો વૈદ્યક ગ્રંથ લખ્યો છે.

૨ પુ એ નામે એક વૈદ્યક ગ્રંથ.

૩. [સં સાર્ઙ્ગ+ધર (ધરનાર)] પું સારંગ નામનું ધનુષ ધારણ કરનાર શ્રીકૃષ્ણ, વિષ્ણુ; સારંગપાણિ; સારંગપાણી.

સારંગધરસંહિતા સ્ત્રી આયુર્વેદ ઉપરનું એ નામનું એક પુસ્તક.

સારંગપાણી [સં] પુ. વિષ્ણુ

સારંગનટ સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની એક જાત; સારંગ અને નટ રાગિણીનું મિશ્રણ.

સારંગનયના વિ સ્ત્રી. હરણાક્ષી; મૃગનયની; સુંદર નેત્રવાળી; ચંચળ નેત્રવાળી.

સારંગનયની જુઓ સારંગનયના.

સારંગપાણ જુઓ સારંગપાણિ.

સારંગપાણિ [સં] પું સાર્ઙ્ગ નામનું ધનુષ જેના હાથમા છે તેવા વિષ્ણુ ભગવાન.

ગરુડધ્વજ ચક્ર સારંગપાણિ,
મારજાદ મદાધર મુજદ્ધ પ્રાણિ

પ્રેમાનંદકૃત નળ

સારંગપુર ન. સ્વામિનારાયણ સંપ્રદાયનું સારાષ્ટ્રમાં આવેલું યાત્રાનું એક સ્થળ. આપાવાળા ગ્રંથમા ઉલ્લેખ છે કે, બોટાદ સ્ટેશનથી સારંગપુર આશરે પાંચ કોશ દૂર છે. ત્યાં હનુમાનજીનું સુંદર મંદિર છે. ત્યાંના હનુમાનજી સારંગધરના હનુમાનજી તરીકે વિખ્યાત છે. દેશપરદેશથી ઘણાં માણસો માનતા માટે આવે છે તેમા સ્વામિનારાયણ સંપ્રદાયનાં માણસો આસ આંક છે હનુમાનજીની મૂર્તિ ભવ્ય અને સુંદર છે તે મૂર્તિની સ્થાપના સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી શ્રી ગોપાળાનંદ સ્વામીએ કરેલ છે. મંદિર પણ સુંદર છે. સ્વામિનારાયણ પંથનો ભોગાસક્તપણાનો સાધુઓનો એક ઠાંઠો જુથ થયો છે, તેનુ મંદિર પણ આ છે. મંદિરની આસપાસ એક વિશાળ દરવાજો છે. આ ઉપરાંત નદીના કાંઠા ઉપર નારાયણ કુંડ નામે એક સુંદર કુંડ બાંધેલો છે તેનુ પાણી બહુ જ ઉપયોગી છે. સહજાનંદ સ્વામી જ્યાં રહેતા અને બેસતા તે ઓરડા આજકાલ દરબાર હનુમાનો તેમ નજરે પડે છે. સારંગપુરના હનુમાનજી અને સ્વામિનારાયણ સંપ્રદાયનું યાત્રાનું સ્થળ હોવાથી સારંગપુરની મહત્તા ઘણી જ વધી ગયેલ છે

સારંગરૂપ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સારંગ તે જાતની છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ચાર તગણ એમ બાર અક્ષર હોય છે તેમાં બીજા અક્ષર ઉપર વિસામો આવે છે

સારંગલોચના [સ સારંગ (હરણ) + લોચન (આંખ) + આ] સ્ત્રી. હરણીના જેવી આંખવાળી; સુંદર અને મોહન આંખવાળી.

સારંગશીંગું ન. શીંગ

સારંગસુતા [સં] સ્ત્રી. સમુદ્રની પુત્રી લક્ષ્મી.

સારંગા જુઓ સારંગી ૧

સારંગિક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મુખલતા; સારંગા સ રંગિકા. તે જાતિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, મગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે

૨ [સં] પું શિકારી

સારંગિકા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ, સારંગી તે અતિ શર્કરી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં પાંચ મગણ મળી પંદર અક્ષરે હોય છે

૨ જુઓ સારંગિક ૧.

સારંગિય જુઓ સારંગિક ૧

સારંગિયો પુ. સારંગી બજાવનાર માણસ.

સારંગી ૧ પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિ શર્કરી છંદનો એક ભેદ છે તેનો લાલલેખ, લીલાખેલ, કામકીડા, સારંગિકા, સારંગ, સારંગક, કેસર લેખ, ચિતવન છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં પાંચ મગણ મળી પંદર અક્ષરે હોય છે.

નામના મોટા ભાગની જેમ સારંગી કરી રીત.
ક્રમવિકાસ

૨ પું. ચિત્ર રચનારાઓનો એક પ્રકાર

૩ સ્ત્રી. (સંગીત) એક પ્રકારનું તંતુ વાદ્ય દીલરુબા. તેને નીચેથી પણ કેટલાક કહે છે તે તમ્બુરા સારંગીની જેવું છે. તેના ઉપરના ભાગને છાતી અને નીચેના ભાગને મડાણ કહે છે. મડાણ ચામડાથી મઢેલું હોય છે. મડાણના નીચલા ભાગથી ગજ ઉપર પોડી હોય છે. તેની ઉપરના તારો બકરાના આંતરડાંના બનેલા હોય છે નીચેના તારો તરબ કહે છે. તે પિત્તળના હોય છે. આ વાદ્યની ડાંડી ટૂંકી તબા પહોળી હોય છે અ. વાદ્ય વગાડવું બાજુ જ કરવું છે વાળી જ કરેલાંથી વગાડી શકાય છે. આ સાજમાં આવર્તી તબલાંનો થાપની જમણી બાજુથી અનુક્રમે મધ્ય વામક પાઠજ, મદ્ર સમક મધ્યમ અને મંદ્ર સમક પાઠજમાં મેળવાય છે. તરબના અવાજ થાટમાં મેળવાય છે આ વાદ્ય આસન પર રાખી જમણા હાથે કમાન આર્કાનની સાઠડી ઉપર બોડાના વાળના બનાવેલા મજબ વતી ડાબા હાથની ચાર આંગળીઓએ તાંતને નખનો સ્પર્શ કરી વગાડવામાં આવે છે. આ વાદ્ય સાથનો સંગ કરવામાં બાજુ પર્યું છે. માણસના અવાજથી નીકળતો અવાજ આ વાદ્યમાંથી આબેહૂબ નીકળે છે. નૃત્યમાં પણ આ વાદ્ય બાજુ જ ઉપયોગી છે સવૈયા સાથે આ વાદ્ય બેસીને વગાડવામાં આવે છે અને નૃત્યમાં આ વાદ્ય ઊભાં ઊભાં વગાડવું છે

૪. સ્ત્રી. ઠોયણ માદા.

૫. સ્ત્રી. નટનારાયણ રાગની એ નામની એક રાગિણી.

૬. સ્ત્રી બકરી

૭ સ્ત્રી. મોર પક્ષિણી.

૮ સ્ત્રી મૃગલી.

૯ સ્ત્રી ૨.જહમલી.

૧૦ સ્ત્રી. સ્ત્રિલિંગ

સારંગો ૧ પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. માત્રાથી પિંગળ પ્રમાણે તે સાઠક છંદનો એક ભેદ છે. તેમાં ૩૩ ગુરુ અને ૫૪ લઘુ મળી ૮૭ વર્ણની ૧૨૦ માત્રા હોય છે

૨. પું. (જૂ. ગુ) એક જાતનો ઘોડો

સારંસા જુઓ સારંગો ૧.

સારાઈ ૧. સ્ત્રી. મેળ; મૈત્રી.

૨. સ્ત્રી. સારાશ; ભલાઈ; સારાપણું

સારાત્મક [સં.] વિ. વાસ્તવિક; સ્વભાવસિદ્ધ; સ્વાભાવિક, મૂળ પ્રકૃતિનું

સારાનુવાદ [સં.] પું. સાર પૂરતો અનુવાદ કે ભાષાંતર

સારાપટ્ટી જ્ઞા. જમીનદારી

ખેડૂત તરફથી નામના સરકારી લોકો પર બિલકુલ વિશ્વાસ ન રાખતા અને સાતમાસ કરી સારાપટ્ટી જમીનદારો પાસેની વ્યવસ્થા કરી.

મુન્શી ઘાસવાલા

સારાયણ વિ. સાર, અન્ન નિભાવનાર કે ચલાવનાર

સારાયણ સુખ સ્વર્ગનું, કારાયણ ફિર કામ
સ.મળ

સારાલંકાર ૧. પું. (કાવ્ય) એ નામે એક [illegible], [illegible]; [illegible]. તેમાં [illegible] એક કરતાં વધારે અલંકારો ઉપયોગમાં લેવાયા હોય છે

૨ પું (પિંગળ) એ નામે એક માત્રામેળ [illegible] ને વિજળી છંદનો એક ભેદ છે. તેમાં [illegible] ગણ અને પર લઘુ મળી ૬૩ વર્ણની [illegible] માત્રા હોય છે

સારાવટ જુઓ સારાવાટ

સારાવનદા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેમાં નગણ, જગણ અને બે ગુરુ મળી ૮ વર્ણ હોય છે

સારાવનદા ત ન જે
રત્નપિંગળ

સારાવાટ ૧. સ્ત્રી. કષ્ટ પરિણામ; જિંદગી અજમા; શુભ આશા; સારું પરિણામ; સારી બાબતનો સંભવ

૨. સ્ત્રી સારો પગાર.

સારાશ ૧ સ્ત્રી મિલાપ; મેળ; દોસ્તી.

૨ સ્ત્રી. સારાપણું; ભલાઈ; સારાઈ

સારાસાર [સં] પું સાર અને અસાર; સારું અને બોટું સ્વીકાર્યપણું

સારાસારત્વ [સં.] સ્ત્રી. સાર અને અસારની સ્થિતિ

સારાસારબુદ્ધિ જુઓ સારાસારવિચાર.

સારાસારવિચાર [સં] પું સારા નરસાનો વિચાર; સારાસારનો વિચાર, પાત્રાપાત્ર વિચારણા; સારું બોટું સમજવાની શક્તિ; સદ્‌સદ્ વિવેકબુદ્ધિ.

સારાસાર વિવેક [સં.] પું. સાર અને અસારનો વિવેક કરવો કે જુદા પાડવા તે

સારાસારી ૧ સ્ત્રી આંતર પ્રેમની ગાંઠ

૨. સ્ત્રી. એકબીજામાં સારો સંબંધ હોવાપણું, મૈત્રી; મિલાપ; દોસ્તી; સુસંબંધ; સારોમેળ કે સંબંધ.

સારાસેન પુ. આરબ તેઓ અબ્રહેમની બી સારાહથી થયેલા દીકરાના વંશજો મનાય છે

સારાં ન ઢાંકવાં ખોરી કે દલદી બાતના રખડતા લોક; ભારાં તેઓ ભટકતી જાતિના છે અને ગધેડાં, પાડા, આખલા વગેરે પોઠિયા ઉપર ઘરવખરી બાંધી ગામેગામ ફરે છે. ગામ આવે તો ઘરમાં પેસી ચોરી પણ કરી જતા છે.

સારાંવાનાં ૧. ન ન ન ગણ વાનાં; શુભ કામ

૨. ન. ન ન. શુભ પરિણામ; સારું ફળ.

સારાંશ ૧. [સં] પું. ઉત્તમ ભાગ

૨ પું ભાવાર્થ. મતલબ; તાત્પર્ય; મર્મ; ઇન્દ્રિયાર્થ

૩. પું. સાર રૂપે વિસ્તાર, સમૂહ; સંક્ષિપ્ત ટૂંકાણ

સારિ ૧. પું. એક જાતનું પક્ષી

૨. પું. બાજી બેસવાનો પાસો

૩. પું. સલ્લકી વનસ્પતિ.

સારિક પુ. (પુરાણ) એ નામના યુધિષ્ઠિરની સભાના એક ઋષિ

સારિકા ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરસમવૃત્ત વર્ણમેળ છંદ તે અસ્ફોર્જી વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. તથા બીજા અને ચોથા ચરણમાં રગણ, નગણ, જગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. એક જાતનું પક્ષી; મેના. આ પક્ષીની અનેક જાત છે. તેઓનું ગાવું ઘણું પ્રિય હોય છે. તેઓના મોઢાની આસપાસ કાંઠાની ચીટી હોય છે. તેઓ પોતાનાં બચ્ચાં તરફ ઘણો પ્રેમ રાખે છે. (૧) સફેદ મેળાવાળી હસતી સારિકા: તેની બચાઈ બાર ઇંચની હોય છે અને નર અને માદા કદમાં સરખા હોય છે ઉપરનાં પીંછાં ભૂરાશી અને કપાળનાં પીંછાં હોય છે આખની આજુબાજુ જરા નીચે એક કાળું ટપકું હોય છે. ગળું અને છાતીનો ઉપલો ભાગ તદ્દન સફેદ હોય છે. પૂછડી ગોળ અને કરાવદાર હોય છે. હજારથી સિક્કીમ સુધી હિમાલયના પ્રદેશમાં આ પક્ષી જોવામાં આવે છે. આ પક્ષી બહુ બોલકણ હોય છે એક પક્ષી સામાન્ય રીતે એક બચ્ચાને જન્મ દેતા મૂકે છે. (૨) રેખાંકિત હસતી સારિકા: તેની બચાઈ ૮ ઇંચ હોય છે, નર અને માદા કદ તથા દેખાવમાં સરખાં લાગે છે. લગભગ આખે શરીરે લાલ-ભૂરા રંગથી અંકિત આ સારિકા સફેદ ભૂરા રંગની હોય છે.

આ પક્ષી ઉનાળા અનુચિત્તાનથી ચૂતાન સુધીના પ્રદેશમાં જોવામા આવે છે. ૫,૦૦૦થી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ આ પક્ષી રહે છે આ સ્થાનથી પક્ષી હિમાલયમા ૨,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી અને કેટલીક વખત તેથી પણ નીચ ઊતરે છે ચોમાસા દરમ્યાન આ પક્ષી રસ્તે જનારા પથિકોનું જુદી જુદી જાતના નમૂના કરીને ધ્યાન ખેંચે છે એ ચાર અવયવ પાચની ઠોકોમા આ પક્ષી રહે છે. તેને ઝાડ ઉપરથી નીચે ઝાડે જવું હોય તો મીમસીપુ ઊડીને નહિ પણ પણ પહેલાં જમીન ઉપર ઉતરે છે, બીજા ઝાડ પાસે જાય છે અને પછી તેના ઉપર ચડે છે. ઉપાય જવું હોય તો થોડો વખત જમીન ઉપર ચાલે છે અને થોડો વખત ઊડે છે. તે ઝેડી સાથે લાબો વખત ભાગ્યે જ ઊડે છે. કોઈ છેડતી ન કરે તો આ પક્ષીની પાસે એક બે વારના અંતરમાં કોઈ માણસ હોય ત્યાં સુધી એ ઊડી નહિ જાય. તે પોતાનો માળો કોઈ ન દેખે એવી રીતે ઘણું ફરીને દેવદારના ઝાડમાં બાંધે છે પણ એ ભાગ્યે જ પાંચ છ ફૂટથી વધારે ઊંચે હોય છે સામાન્ય રીતે આ પક્ષી એક વખતે ત્રણ ઈંડા મૂકે છે. (૩) લાલ માથાવાળી હમની સારિકા: તેની લબાઈ ૧૧ ઇંચ હોય છે, નર માદા કદ તથા દેખાવમાં સરખાં હોય છે. તેના માથાની ઉપલી સપાટી ચળકતા જૂરા રંગની હોય છે. માથાની બાજુ અને ગળુ કાળાં હોય છે, નીચલા ભાગનાં પીંછાં ઝાંખા બદામી રંગનાં હોય છે. તેમાંના ગળાનાં અને છાતીનાં પીંછાંમાં સહેજ કાળી ઝાંય હોય છે. પાંખો અને પૂછડી રાખોડી રંગનાં હોય છે. ચાંચ કાળી અને પગ ઝાંખા જૂરા હોય છે. પૂછડી સહેજ લાબી અને ભરાવદાર હોય છે. હિમાલય અને તેના દક્ષિણના પર્વતોમાં આ પક્ષી દેખાય છે. આ પક્ષીની મુખ્ય જાત બે છે. એક સ્થાની છે. જગલવાળા પ્રદેશમાં આ પક્ષી બહુ જોવામાં આવે છે. એ બહુ જ બીકણ છે અને તેથી બહુધરા લોકોએ તેને જોયું હોવું નથી. તે 'ફ્રીઓ-ફ્રીઓ' અવાજ કાઢે છે. આ અવાજ માણસ પણ જો બોલે તો તે ઝાડમાંથી બહાર આવે છે. સામાન્ય રીતે તે એક વખતે ત્રણ ઈંડાં મૂકે છે.

૩. સ્ત્રી. એક પ્રકારની લિપિ.

૪. ન. ગળામાં પહેરવાનું એક ઘરેણું.

સારિગમ જુઓ સારીગમ.

સારિણી ૧. સ્ત્રી. એક જાતનું સીવણ

૨. સ્ત્રી. કપાસ; કપાસનો છોડ

૩ સ્ત્રી ધમારો.

૪ સ્ત્રી દાની મહેરબાની

૫. સ્ત્રી મદદગારનો ધંધા

૬ [સ] ન. સારવાણી; સાર ઘરાવનારી

સારિપુત્ર પું. બુદ્ધનો એ નામનો એક શિષ્ય.

સારિયા સ્ત્રી. અનનસાનો વેલો; ઉપરસાલ; ઉપસલી, કપૂરીનવુરી

સારિસૂક પું. (પુરાણ) ગાર્હપત્ય પક્ષો–બંદપાણ ઋષિનો પુત્ર; સારૂમીજરિતા એની મા થાય. જ્યારે આત્ર વન જવું ત્યારે એની પ્રાર્થના ઉપરથી અગ્નિએ એમને બાળ્યાં નહોતા.

સારિસૂકત પું. ઋગ્વેદના દસમા મડલના ૧૪૭મા સૂક્તની ૫ ૬ ઋચાઓ રચનાર એક ઋષિ.

સારિંગ પું. ધનુષ

સારિંગપાણી [સં. શાર્ઙ્ગપાણિ] પું. જેના હાથમા ધનુષ છે એવા વિષ્ણુ

સામા આવ્યા સારિંગપાણી. વસ્તો

સારિંદી સ્ત્રી એક જાતનું તંતુવાદ્ય; ઉત્તર હિંદુસ્તાનમાં વપરાતી દલકી તરેહની એક સારંગી

સારી ૧ [સં.] સ્ત્રી બાજી બેસવાનો પાસો

૨. સ્ત્રી. સોગઠાંબાજ

સારીગમ ૧. સ્ત્રી. કોઈ રાગ કે ગીતના સ્વર

૨. સ્ત્રી. સારેગમ; સગીતના સાત સ્વર કે તેની સ્વરલિપિ; સારિગમ; મેળ રાગના સૂરની બારાખડી; સ્વરની પરિભાષા. સગીતના સાત સૂરો આ પ્રમાણે છે: (૧) ષડજ, (૨) ઋષભ, (૩) ગાધાર, (૪) મધ્યમ, (૫) પચમ, (૬) ધૈવત અને (૭) નિષાદ. આમાનો દરેકનો પહેલો અક્ષર જે રાગમાં અમુક સૂર હોય તે રાગની તે તે સૂરના પહેલા અક્ષરો ઉપરથી સારીગમ થાય છે

સારીપર્ણી જુઓ સારિવા

સારીપેઠ ૧. અ. ઠાળજીથી; ધરાઈને ધ્યાનથી.

૨. અ. બૂમ; પુષ્કળ; જોઈએ તેટલું.

૩. અ તંદુરસ્ત સ્થિતિમાં.

૪. અ. સારી પેઠે; પૂરતી રીતે; પૂર્ણ રીત.

સારીપેઠ જુઓ ૧ સારીપેઠ

સારીવા [સ. સ્ત્રી. અનનસા; સારિવ

સારીવાદ્યાસવ ન દવામાં વપરાતુ એક આસવ. કહેવાય છે કે, તે ઉપદંશ, ગરમી, આધ્ય, કૃષ્ટ, રક્તવિકાર, અજંદર, નાસૂર, અમ, ખુજલી, ગુમડાં વગેરે નામ ચામડીના દરદો મટાડી રક્ત શુદ્ધ કરે છે અને બોડી ગરમી કાઢી નાખીને શરીર નીરોગી બનાવે છે.

સારીસકૃંદ પું. (જ્યોતી) જરથોસ્તી મહિનાનો એ નામનો ૨૧મો દિવસ.

સારીસુંદરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં બે સગણ, જગણ, સગણ, તગણ, જગણ અને યગણ એમ એકવીસ અક્ષર હોય છે

દ્વિજ છે બસ છે તા પર જ ય **સારીસુંદરી**ના પદમાંહે. રણછોડ

સારુ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને ચારુ, શારુ, સાર અને સારસ છંદ પણ કહે છે. તે અત્યુક્તા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ગુરુ અને લઘુ એમ બે અક્ષરો હોય છે

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શિખિકા. તે અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ જગણ અને ગુરુ એમ પચીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે

૩. ન. ઘાટા લીલા રંગનાં પાંદડાંવાળું એક જાતનું ઝાડ. તેનો પરાગ ધુમાડા જેવાં વાદળાં જેવો પથરાયેલો હોય છે. તેનું લાકડું તીરકામઠાં બનાવવામાં વપરાય છે. તેનું લાકડું ભારે ઝીણા દાણાવાળું આછા તપખીરિયા કે ગતા રંગનું હોય છે

૪ અ. ગુજરાતી ચોથી વિભક્તિનો પ્રત્યય.

૫. અ. ને માટે; વાસ્તે

સારું ૧. વિ. આખું; બધું; પૂર્ણ; સમસ્ત.

વાનર વદતિ જપઈ શ્રીરામ, ભેળા મિલિઉ **સારુ** ગામ. કર્મભ

૨. વિ. પાકું; દઢાઈ.

૩. વિ. પ્રામાણિક; ધર્મીનદાર; ભલું.

૪. વિ. કાયદાકારક; લાભદાયક,

૫. વિ. બરાબર વજનનું; તેની તે જ હાલતમાં હોય તેવું

૬ વિ. ભલું દયાળુ; ઉદાર.

૭ વિ યોગ્ય; જોઈએ તેવું; ઘટતું.

૮ વિ ચાલુ; મળતાવડું

૯. વિ શુભ, ભલું

૧ સારું પગલાનું = શુકનિયાળ; જેને આવ્યે સારાં વાનાં થાય તેવું

૨. સારું કરવું = (૧) આરામ કરવો. (૨) ભલું કે કલ્યાણ કરવું. (૩) સુધારવું, ઠીક કરવું, દુરસ્ત કરવું,

સારું કુનરું = ઠકાણું નહિ એવું, બીજું કુનરું

૪. સારું થવું = મરી જવું; આરામ થવો

૫. સારો દહાડો = મુખ્યત્વે કરીને બીજી રીતે સારો એવો શુભ દિવસ.
૬ એને સારા દહાડા હોવા = મજા રહેવી, બેઠવી થવું

૧૦. વિ. સરળ; સીધું

૧૧. વિ સામાન્ય; ચાલે તેવું

૧૨. વિ સુખદાયક

૧૩. વિ. સુખડ

૧૪. વિ. સુંદર; મરસ; રુડું; શોભીતું; પસંદ પડે તેવું; મજાનું
સારાની કદર કોણ જાણે છે ? = ભલાઈની દુનિયા નથી

૧૫. અ ઠીક; બારુ; હો; ભલે. જવાબ આપવામાં વપરાય છે.

સારુંનરસું જુઓ સારુંમારું.

સારુંમારું વિ. સારું અને બરાબર; સારુંનરસું, સારાસાર.
૧. સારુંમારું કરવું = આ સારું છે અને આ ખોટું છે એવી ખાતરી કરવી.
૨. સારુંમારું કહેવું = (૧) ઠપકો આપવો (૨) નિંદા કરવી.

સારૂપ્ય ૧. [સં.] ન. (વેદાંત) છ માંહેના એક પ્રકારની મુક્તિ; ઉપાસકને ઈશ્વરના સમાનરૂપની પ્રાપ્તિ. મુક્તિ છ જાતની છે: સારૂપ્ય, સામીપ્ય, સાલોક્ય, સાયુજ્ય, સાષ્ટિ અને કૈવલ્ય.
૨. ન. નાટકનાં છત્રીશ માંહેનું એક લક્ષણ.
૩. ન. મળતાપણું; સામ્ય; સમરૂપતા; સમાનતા.
૪. ન. મુક્તિના ચાર માંહેનો એક પ્રકાર; પ્રભુમાં તન્મય બની જવું તે; સમાન રૂપવાળા હોવું તે.

સારૂપ્યમુક્તિ સ્ત્રી. ચાર માંહેના એક પ્રકારની મુક્તિ; ઉપાસકને ઈશ્વરના સમાનરૂપની પ્રાપ્તિ થવી તે.
તથી ઉચ્ચ કર્મ કરતાં પ્રતિમારૂપસાકાર આકારની જરૂર રહેતી નથી. તે કરવે તે તે દેવતાઓના વિવિધ ઐશ્વર્યરૂપ ગુણ વિશેષની જ ભાવનાપૂર્વક ઉપાસના થાય છે. એ સમગ્ર નિરાકાર ઉપાસના કહી છે. બધાંનો એકરૂપ અને છે. એ શાસ્ત્રોક્ત પ્રમાણે તે ઉપાસ્ય દેવતાના સમાનરૂપની પ્રાપ્તિ સાધકને જે થાય છે તેને **સારૂપ્યમુક્તિ** કહે છે. સતસહિતા

સારેગમ જુઓ સારીગમ.

સારેજું (સારેડું) [સં. શાલિ; પ્રા. સાલિ + વડું] ન. ચોખાના ડોટનો પાપડ.

સારેવત ન. કપૂર જોડવું એ નામનું એક પ્રકા

સારો વિ. સાર પત્રિકા; બેસતા વર્ષને દિવસે વેચાતી, જેમાં દરમિયાન બનવાના બનાવોની આગાહી.

સારોદ્ધાર ૧. [સં.] પુ. દરદ મટાડનાર વૈદ્ય
૨. પું. દરદ મટાડવું તે; રોગ દૂર કરવો તે.
૩. પુ મુખ્ય મુદ્દાનું સ્પષ્ટીકરણ
૪. પું. સાર ખેંચી લેવો તે; સારાંશ કાઢી લેવો. તે; સાર કે રહસ્ય તારવવું તે
૫. પુ સાર વસ્તુને જબ્બરી ઉપયોગમાં આવે તેમ કરવું તે, સારી વસ્તુ શોધીને કામમાં આવવી તે.

સારોપા સ્ત્રી. (કાવ્ય) ઉપમાન સહિત લક્ષણાના ચાર માંહેનો એક ભેદ
સમાનધર્મ પામી અમુક અર્થની અન્ય અર્થમાં સ્થાપના કરવામાં આવે ત્યાં સારોપા લક્ષણા સમજવી, જ્યાં આરોપમાન ઉપમાન હોય અને આરોપ્ય વિષય ઉપમેય પણ હોય તે **સારોપા** કાવ્યાદર્શ

સાર્થ ૧. [સં.] પું મણ; મહાજન
૨. પુ. ટોળું; કાફલો, સમુદાય
૩ પું. ભોમિયો
૪ પું વણજાર સાથેના લોઢોનો સમૂહ
૫. પું વેપારીઓનો સમૂહ
૬. પુ સજાતીય અથવા વિજાતીય પ્રાણીનો સમૂહ. જેમકે વહ્નિકસાર્થ
૭. વિ. અર્થયુક્ત; અર્થ સાથે.
૮. વિ. ધનવાળું, પૈસાદાર
૯. વિ. ભાષાંતર સહિત
૧૦. વિ. સફળ; કૃતાર્થ; કૃતકૃત્ય

સાર્થક ૧. [સં. સ (સાથે) + અર્થ + ક] ન. પ્રમાણ
૨ ન. સફળતા; પાર પાડવું તે; સાફલ્ય; ઉદ્દેશ કે અર્થ પાર પડ્યો હોય કે સધાયો હોય તે; સિદ્ધિ
૩ વિ અર્થવ[illegible] સહિત
૪ વિ. કામદેનુ હોય તેવું; ધોગ્ય
૫ વિ કૃતાર્થ, સફળ
૬. વિ પૈસાદાર

સાર્થકતા ૧ સ , સ્ત્રી મહત્ત્વ
૨. સ્ત્રી સફળતા, સાફલ્ય.

સાર્થક્ય ૧. [સં.] ન. ભલું; હિત
૨ ન સાર્થકતા, સફળતા

સાર્થપત્ય પુ વેપારી
સાર્થપત્યના તે દીકરો નુકસાન તે વાણોતર નફો
આનંદમાધવમહે દધિ

સાર્થવાહ ૧ સ , પુ ભોમિયો.
૨. પુ. માલ વેચવા માટે દેશપરદેશમાં ફરનારો વેપારી.
૩. પું. વણજારો; વણજારનો ઉપરી
૪. પું વ્યાપારી; વાણિયો; મહાજન.
૫. પું સબરી; પોતાની સાથે યાત્રામાં આવનાર યાત્રાળુનો વડો; જે સાથેના યાત્રાળુઓની પોતાને ખર્ચે સંભાળ રાખે છે તે; કાફલાનો અધિષ્ઠાતા

સાર્થિક [સં.] પું. વેપારી; વાણિયો; મહાજન.

સાર્દ્ધપદા સ્ત્રી (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, યગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે
દાય સા જગે **સાર્દ્ધપદા** રચો તમે. પદ્મવિનય

સાર્દ્ધ [સં. સ + અર્દ્ધ] વિ. બીજું; બીજાસહિતનું

સાર્દ્ધતા [સ] સ્ત્રી. બીજાપણું; બીજાપાપું.

સાર્ધ [સં.] વિ અર્ધ સહિત.

સાર્પ ૧. [સં.] ન. આશ્લેષા નક્ષત્ર
૨. ન. ક્રોધ, ક્રૂરતા, ક્રોર, ક્રરપોટ અથવા ઉતાવળા સ્વભાવના, અતિ શ્રમને સહન કરનાર કે ઉશ્કેરનાર, ઓછું કહેવા-થી ઘણું સમજી જાય તેવા અને આહાર વિહારમાં સદા તત્પર હોય તેવા સ્વભાવનું માણસ.
૩. ન. ખુશામત; ઉપસર્ગ
૪. ન ભલામણ.
૫. ન સારપ.
૬. ન. સારી પ્રકૃતિ.
૭. ન સારો ભાવ.
૮. વિ સર્પનું; સર્પ સંબંધી

સાર્પરાજ્ઞી પુ. ઋગ્વેદના દશમા મંડલના ૧૮૯મા સૂક્તનો કર્તા એક ઋષિ.

સાર્વ ૧. [સં.] પું. બૌદ્ધ કે જૈન સાધુ
૨. વિ. સાધારણ; સામાન્ય; સર્વનું; સર્વ સંબંધી; બધાનું.

સાર્વકાલિક ૧. [સ સર્વ (બધું) + કાલ + ઇક (નું)] વિ. કાયમનું; હંમેશનું, સર્વ કાળે બનનાર; સર્વ કાળ રહેનારું
૨ વિ. સર્વ સમયને લગતું

સાર્વકાલીન વિ. સર્વ કાળમાં બનનારું

સાર્વજનિક ૧ [સં.] વિ પ્રગટ; પ્રસિદ્ધ; ખુલ્લું
૨. વિ. બધાને લાગુ પડે તેવું; સર્વમત; સર્વ સાધારણ; સર્વ જનનું; સર્વ લોકોનું; સર્વે લોકો સંબંધી

૩ વિ. સર્વ લોકોને ઉપયોગી; બધાંને પ્રજાના ઉપયોગનું

સાર્વજનિક સંપત્તિ સ્ત્રી. સાર્વજનિક અને ઘણા તરફથી ગણી શકાય તેવી વસ્તુ. જેમકે, બગીચા બાગ; રસ્તા વગેરે

સાર્વજની [સ્ત્ર સાર્વજનિક] વિ સાર્વજનિક; બધાંને પ્રજાના ઉપયોગનું; પ્રજાકીય

સાર્વજનીન જુઓ સાર્વજનિક.

સાર્વત્રિક ૧. [સં.] વિ. સર્વ જગ્યાએ થતું

૨ વિ. સર્વવ્યાપી; સર્વવ્યાપક

૩. વિ સામાન્ય

૪ વિ સૌ કોઈનું; સાર્વજનિક

સાર્વદિક તારોદય ચૂત્ત ન. જે ક્રાંતિની ઉપરના કદાગાની નીચે તારા કદી પણ આથમતા નથી તે કદાગ્રા.

સાર્વદેહિક ચિહ્ન ન. (વૈદ્યક) આખા શરીરની સ્થિતિ ઉપરથી દરદને પારખવાનું ચિહ્ન

સાર્વધાતુક [સં] ન. વ્યાકરણ પ્રસિદ્ધ સર્વધાતુ પ્રકૃતિવાળા ચાર ગ કાર.

સાર્વનામિક [સં.] વિ સર્વનામનું કે સર્વનામને લગતું.

સાર્વભૌતિક ૧. [સં.] વિ. તમામ ભૂત સમષ્ટી; ભૂત માત્રને લગતું; બધાં ભૂત કે પ્રાણીને લગતું

૨. વિ. તમામ સજીવ પ્રાણીઓ વિષેનું.

૩. વિ. પ્રાણી માત્રમાં વ્યાપક.

સાર્વભૌમ ૧. [સં.] પું. ઉત્તરના લોકપાલ કુબેરનો ઐરાવત.

૨. પું (પુરાણ) દેવગુરુ અને સરસ્વતીને પેટે થયેલો સાવર્ણિ મન્વંતરમાંનો એક અવતાર.

૩. પું. રાજરાજેશ્વર; સમ્રાટ; ચક્રવર્તી રાજા.

૪. પું. શુક્રનીતિમાં જીપજ પ્રમાણે બતાવેલી રાજાની એક પાયરી.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુપૂરોત્પન્ન અજમીઢ વંશના કુરુ પુત્ર જહ્નુ રાજાના વિદૂરથ નામના પૌત્રનો પુત્ર. તેના પિતાનું નામ અહયાતિ, માનું નામ જાનુમતી, કોનું નામ સુંદરા અને પુત્રનું નામ જયત્સેન હતું. સુંદરાનું બીજું નામ સુનંદા હતું. એ ક્રમ રાજપુત્રી હોઈ સાર્વભૌમે એનું હરણ કર્યું હતું.

૬. પું. હાથીની મુખ્ય આઠ માઠેની એક જાત લાંબા દાંતવાળા, લાંબાં કેશવાળાવાળા, જલદીથી થાકે નહિ એવા, ખાનપાન વગેરેમાં અત્યંત આસક્ત નહિ એવા, ગરમ પ્રદેશમાં ફરનારા, મોટા શરીરવાળા, કર્કશ અંગવાળા, દાંત મજબૂત અને ગુલ્ફ, વિષ્ટા અને મૂત્ર ઓછાં કરતા હોય એવા હાથી સાર્વભૌમના કુળના સમજવા. આ હાથીમા મોની ઉત્પત્તિ થાય છે

૭. ન. આકાશ સમવનું એક જાતનું રાજ્યસંધારણ

૮. વિ આખી દુનિયાનાં માણસો પ્રત્યેનું.

૯. વિ. આખી પૃથ્વીનું, વિશ્વ સામાન્ય; આખી પૃથ્વી સંબંધી.

૧૦ વિ સર્વોપરી, શ્રેષ્ઠ.

સાર્વભૌમત્વ ૧ [સં.] ન. ચક્રવર્તીપણું; સર્વોપરીપણું

૨. ન. સાર્વત્રિકત્વ.

સાર્વલૌકિક ૧. [સં. સર્વ + લૌકિક (લોકનું)] વિ. સર્વ લોકમાં વિદિત કે પ્રસિદ્ધ; આખી દુનિયામાં પ્રખ્યાત.

૨. વિ. સર્વ લોકો સંબંધી; બધા લોકોનું; સાર્વજનિક; પ્રજાકીય.

સાર્વવર્ણિક ૧. વિ. બધું વર્ણન કરે તેવું.

૨. [સં.] વિ. સર્વ વર્ણ સંબંધી; સમગ્ર અક્ષરો સંબંધી.

૩. વિ સર્વ વર્ણોને સામાન્ય રીતે લાગુ પડે તેવું; બધા વર્ણો અંગેનું; સર્વ વર્ણો સંબંધી

સાર્વવિભક્તિક [સં] વિ. સર્વ વિભક્તિમાં આવે એવું

સાર્ષ્ટિ [સં.] સ્ત્રી સત્તર માંહેના એક પ્રકારની મુક્તિ; પ્રભુના જેવાં આયુધ ધારણ કરવાં અને એમના જેવું ઐશ્વર્ય મેળવવું તે.

સાર્ષ્ટિસોક્ય પું. (વેદાંત) ઉપાસકે ભક્તની ઉત્પત્તિ વગેરે વ્યાપાર સિવાય પરમેશ્વર સમાન ઐશ્વર્ય અને ભોગની પ્રાપ્તિ થવી તે

સાર્ષ્ટ્ય [સં.] ન. સરખી શક્તિ કે ઐશ્વર્યવાળા હોવું તે; મુક્તિના ચાર માર્ગોનો એક પ્રકાર.

સાલ ૧. પું ; ન. સાલ વૃક્ષ; સાગનું ઝાડ.

૨. સ્ત્રી. એક જાતની મોટી ઊંચી જાતની માછલી તેનો રંગ રાતો હોય છે.

૩. [ફા.] સ્ત્રી. વર્ષ; બાર મહિના જેટલો કાળ; વરસ

૧. સાલ ગયું = મરણ વરસ

૨. સાલ દર સાલ = પ્રતિ વર્ષ

૩. સાલ બ સાલ = વરસોવરસ

૪. સાલ દાલ = ચારેય વર્ષ; ચારેય ઋતુ.

૪. સ્ત્રી. વર્ષની ચાલુ મોસમ, પાક.

૫. સ્ત્રી. વપાસન; વરસાદ.

૬. [સં. શલ્ય] ન. કાટો· શલ્ય.

૭. ન કિલ્લો; કોટ; ગઢ.

૮ ન કોરા ચાલતાં બજારને ચાલવાની જગ્યા; પૈસું

૯. ન. ગિલ્લીદંડાની એક રમત.

સાલ ચપ્પર = ગિલ્લીદંડામાં સામા પક્ષને દાવ આપવાનું રહેવું

૧૦. ન ધર

૧૧. ન. દુઃખ; સંકટ; પીડા; વિઘ્ન.

૧૨. ન. નઠારા, ખરાબ આદમીની; ફાંસ.

૧૩. ન રાળ

૧૪ ન વખાણેલ ચોખા; શાલિ; ભાત; ડાંગર.

૧૫. ન. વીંધમાં બેસે તેવો લાકડાનો ઉંડો કે અણી; બધબેસતો સાંધો; વીંધમાં બેસતો અને બેસે એવો લાકડાનો ભાગ

૧ સાલ કાઢવું = (૧) અડબીલી દૂર કરવી. (૨) ઢાસણ કાઢવું. (૩) વીંધમાં બેસતો ભાગ કરવો; લાકડાને બેસતું કરવા અણી કાઢવી; બધબેસતો સાંધો બનાવવો

૨. સાલ પાડવું = નઠારું પેદા કરવું; નકે તેમ કરવું.

૩. સાલ ઢાળવું = જુઓ સાલ કાઢવું

૪. સાલ બેસાડવું = બરાબર સાંધો જોડવો.

સાલકા પું (પિંગળ) જે નામે એક સમવૃત્ત અક્ષરોના છંદ તે ઉપજાતિ છંદનો એક ભેદ છે તેને વિન્દીર છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં અગણ, તગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે

સાલગ પું. (સંગીત) છાયારાગ; જુદા જુદા રાગના અવયવોના મિશ્રણથી બનાવવામાં આવતા ચાર ભાઠેનો એક વર્ગ; બીજા કોઈ પણ રાગનો ભાસ આવે હોય તેવાં રાગરાગિણી

તેમના મિશ્રણથી શુદ્ધ, સાલગ, સંકીર્ણ અને બીજા સંકીર્ણ એવા ચાર પ્રકારના વર્ગો થાય છે

સંગીતવાદ્ય

સાલગ રાગ પું (સંગીત) બીજા રાગોની સહાયતાથી ખુશ કરી શકે તેવા રાગ; બીજા રાગની જેમાં થોડી છાયા આવે તેવા રાગ.

સાલગરેહ [ફા. સાલ (વર્ષ) + ગિરેહ (ગાંઠ)] સ્ત્રી વરસગાંઠ: આ શબ્દ સાલ અને ગિરેહ એવા બે શબ્દોનો બનેલ છે. સાલ શબ્દ ફારસી છે અને તે અવસ્તાના 'સરેધા' શબ્દ ઉપરથી બનેલ છે. વળી સરેધ એટલે પાનખર ઋતુ એટલે આ શબ્દ સંસ્કૃત શબ્દ હરદ એટલે પાનખર ઋતુને મળતો આવે છે અને ગિરેહ એટલે ગાંઠ એવો અર્થ થાય છે આ ઉપરથી લાગે છે કે, અસલના કોઈક લોકોમા એ રિવાજ હતો; અને હાલના પણ કોઈ

લોકોનો આ રિવાજ છે કે, વર્ષમાંના દિવસે એક દોરી ઉપર ગાંઠ વાળવી. તે કદાચ ભૂલવી રાખવા માટે પણ હોય.

સાલગિરા જુઓ સાલગરેહ.

સાલગિરેહ જુઓ સાલગરેહ

સાલગીરી જુઓ સાલગરેહ.

સાલગુદસ્ત [ફા.] જી ગયું વર્ષ.

સાલગ્રામ ૧. પું. વિષ્ણુનું એક રૂપ.

જેમ આ પૃથ્વી ઉપર વિષ્ણુ સાલગ્રામ રૂપે સ્થાવર કોટિમાં રહેલ છે, તેમ લક્ષ્મી તુલસી રૂપે રહેલ છે. વનસ્પતિરાજ

૨. [હિ.] પું. શાલિગ્રામ; કાળો પથ્થર કોકમાં પહેરાવવામાં આવે છે તે.

સાલઠિ (સાલઢિ) પું. એ નામના એક વર્ણસંક.

સાલણી જી૦ અથાણું; ખારી ખાટી વસ્તુઓ

આનું બહક, સાલણી વડી, કુર કપૂર લવી ખાખડી. કાન્હડદે પ્રબંધ

સાલણું ન. ઉત્તમ ભોજન; અમૃત ભોજન.

સાલિહણિ સિરિ સાલણઈ પૂત પરબ્બા જોલ જમ, સિર ખાડી ઝાપુ સાલણું કઇ કુમારપા ! પારણું. સન.ળદા આખ્યાન

સાલદાય જી. ગેડીદડા નામની એક દેશી રમત.

સાલન ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે જગણ, મગણ અને બે લઘુ એમ અગિયાર અક્ષર હોય છે.

સાલન સોહ વહી તો સાલન. દલપિંગળ

૨. પું. માંસ, મચ્છી કે ભાજીપાલાની કઢી.

૩. પું. રાળના ઝાડનો રસ; રાળ.

૪. પું. સાલના; પરભાટીના ઝાડના વખને વપરાતું વાસણ.

૫. ન. શાક

દાલિ સુહાલી મૂતની નાલિ,
સોલ સાલને ખાપી પાલિ. વિમલપ્રબંધ

સાલના જુઓ-સાલન.

સાલનું સૂતર ન. વણકરો પાસેથી લેવામાં આવતો એ નામનો એક કર.

સાલપરપોટી જી૦. એક ઔષધિ. તેનાં મૂળની દસ મૂળમાં ગણના કરવામાં આવે છે.

સાલપરપોટી, પીલવણી, મોટી રીંગણી, બોય રીંગણી, બોખરુ, ખાખી, પાટલ, અરણી. અરણી અને કારમરી એ દશના મૂળ લેવાં તેને દશમૂળ કહે છે. ધન્વંતરિનઘંટુ

સાલપર્ણી જી૦ એક જાતનું ઝાડ. તેનાં પાન મોટાં અને સાધારણ ગોળ હોય છે. ફૂલ પીળાં થાય છે. ફળ ચણા જેવાં થાય છે.

સાલપોલ ૧. ક્રિ. વિ. ઢીલું; ઓઢલું.

૨. ક્રિ. વિ. સાલ બરોબર બેઠાં ન હોય તેનું

૩ ક્રિ. વિ. સાલમાંથી ઢીલું પડી ગયેલું

સાલપોલિયું જુઓ સાલપોલ.

સાલ જ સાલ અ. દર વરસે; વરસોવરસ

સાલભર જ આખા વર્ષ દરમિયાન આખી સાલમાં; વર્ષભર; આખુ વર્ષ

સાલમ ૧ [અ. સજ્લમ] પું એ નામે એક જાતનો ધાતુપોષ્ટિક એક કંદ. તેના બેઠ થાય છે તેના મૂળમાંથી ફણગા ફૂટી ઝાડ થાય છે, તે જુદાં હોય છે, તથા જેમાંથી સાલમ થાય છે તે જુદાં છે. તેનાં મૂળ ઝીણી લાવી ગરમ પાણીમાં ધોવામાં આવે છે. પછી ખાદીના ટુકડા કપડાથી તેના ઉપરથી બાલ ચોળી નાખે છે તેથી તે ધોળી થાય છે. પછી તેને તાજાના તથા ઉપર નાખી દેવતાની આજ્ઞા આપે છે તેને સાલમ કહે છે. તે અરબસ્તાન, તુર્કસ્તાન અને ભારતમાં થાય છે. કાશ્મીરનો સાલમ સૌથી ઊત્તમ ગણાય છે. સાલમ બલ્યોજ પૌષ્ટિક છે. તેમાં ખોળી, બરાબ, સલપોડિયા, પંજાદાર અને કૂવમકાળી એવી પાંચ જાત છે.

૨. પું. દર્શન.

૩. પું સારી ફળદ્રુપ જમીન.

સાલમ પંજાબી જી. પંજાબી સાલમ; સાલમની એ નામની એક જાત

સાલમપાક ૧. [અ સજ્લમ (સાલમ) + સં. પાક (પક્વતુ તે)] પું. એ નામે એક જાતનો આયુ વર્ધાર્ક; સાલમ વગેરે વસાણા નાખીને બનાવાતો પાક. સાલમ, ધોળી મૂસળી, કાળી મૂસળી, એખરાનાં બીજ, ગોખરુ, બલબીજ, કવચ, શતાવરી, કમરકસ, ત્રિકટુ, કુલફાનાં બીજ, નીરગડી, વરાલોચન, આસન, સફેદ ચાઢો, અજમો, સુવા, તજ, ઇલાયચી, જાવકૂત્રા, જાવત્રી, વાયવિડંગ, અકલકરો, અશ્વગંધો, લીંડીપીપર, પીપરીમૂળ, ઇસબગોલ, બસબસ, બાવળિયો ગુંદ, શિંગોડાં, કેસર અને સાકર એ બધી વસ્તુઓનું મિશ્રણ કરતાં જે પાક બને છે તેને સાલમપાક કહે છે. અથવા, સાલમપાક બીજી રીતે પણ આ પ્રમાણે તૈયાર થઈ શકે છે: એક શેર સાલમ લઈ તેને ખાંડી જવાલે ચાળી તેનો મધુ એક દૂધમાં માવો કરવો પછી તે સાલમવાળા માવાની બરાબર શેર બીમાં ઝીણી કરવી. બાદ ૧૨॥ શેર સાકરની ચાસણી કરી તેમાં પહેલાંથી વેલી સાદ કરેલી કાળી દ્રાક્ષ નાખવી અને તે જરા ઘટે એટલે તૈયાર કરેલી ઝીણી તથા ઉપર બીજી ૭ શેર ઘી નાખવું અને તેમાં આ પ્રમાણે બીજા નાખવી. બદામનાં મીંજ શેર ૧, પીસ્તાં શેર ૦॥, ચારોળી શેર ૦॥, અખરૂટ તોલો ૧, બસબસ શેર ૦।, એલચી તોલા ૫ અને કેસર તોલા ૨॥ નાખવાં ને બરાબર આવે તે પ્રમાણે યોગ્ય માત્રાથી લોહભસ્મ, અભ્રકભસ્મ, અગર સુવર્ણ ભસ્મ નાખવાં. બીજો વધારે ઓસડનો ડૂચો નાખવો નહિ જેથી પાક કડવો અને નિ:સ્વાદ થઈ જાય છે અને તે ખવાતો નથી સાલમપાક ૨ થી ૫ તોલાની માત્રામાં અપાય છે શિયાળામાં આ દેશમાં સાલમપાક ખાવાનો રિવાજ ચાલે છે. તે આખા શરીરને પુષ્ટિ આપે છે તે પુષ્ટિકારક અને દીર્ઘવર્ધક ગણાય છે. આ પાક તરબૂચ-તરબૂચની ઔષધિ છે અને છતાં બે શિયાળા સિવાય બાકી ઘણી વખત બનાવ્યા નીવડે છે. શરીરમાં નવું જોમ, નવું યૌવન, નવી તાકાત લાવવા માટે આ ઔષધિ અત્યુત્તમ વર્ષો પૂર્વે શોધી કાઢી છે. તેમાં રહેલા તાજગી અને તેના મિશ્રણમાં રહેલી યૌવન પાછું લાવવાની તાકાત બાકીની જ બીજી કોઈ ઔષધિમાં જોવામાં આવે છે. આ ઔષધિ સાદી છતાં બે ગુણકારી છે. સાલમ શરીરમાં નવા અણુઓ દાખલ કરવા અને જૂનાં ખવાઈ ગયેલાં અણુઓને પુનર્જીવન આપવા માટેની એક અપૂર્વ ઔષધિ છે. આંખને તેજ આપી, ધાતુને પુષ્ટિ આપી, શરીરમાં નવું જોમ પૂરનાર આ ઔષધ બનાવે જ બીજી કોઈ ઔષધિમાં જોવામાં આવે છે. આ ઔષધિ સાદી છતાં બે ગુણકારી છે. સાલમ શરીરમાં નવા અણુઓ દાખલ કરવા અને જૂનાં ખવાઈ ગયેલાં અણુઓને પુનર્જીવન આપવા માટેની એક અપૂર્વ ઔષધિ છે. આંખને તેજ આપી, ધાતુને પુષ્ટિ આપી, શરીરમાં નવું જોમ પૂરનાર આ ઔષધ બનાવે ઘી, સાકર, મેવો અને બીજાં ઔષધો જેવાં કે ટોચાં, ગોખરુ, શતાવરી, બદામ, પિસ્તાં, કેસર, પીપર, અકલકરો વગેરેના મિશ્રણને મળે છે બારે ઘી અને સાકર શરીરમાં ખૂટતી ચરબી અને ફાજીલાનાં તત્ત્વો પૂરાં પાડે છે. મેવો એટલે બદામ-પિસ્તાં કેલ્શિયમ અને વિટામિન 'એ'ની પુરવાણું ઔષધ. ટોચાં ધાતુની આવેલી ક્ષીણતા અને ઇંદ્રિયોની કમજોરી દૂર કરવા માટેનું ઓક્સ ઔષધ છે. ગોખરુ મૂત્રાશયના સોજાઓ દૂર કરી સ્વપ્નદોષ આદિ રોગોને દાબે છે. શતાવરી આયુર્વેદના મત પ્રમાણે પુરુષોનું ગુમાવેલું પુરુષાતન પાછું લાવી માનવને જીવવાનો અધિકાર પાછો આપે છે. બદામ અને પિસ્તા શરીરમાં નીરોગી તત્ત્વો દાખલ કરી વિટામિન 'એ' અને 'બી'ની ક્ષતિઓ પૂરે છે અકલકરો શરીરના જ્ઞાનતંતુઓને પુનર્જીવન આપે છે. પીપર પાચનક્રિયા કરવા માટેનું રામબાણ ઔષધ છે અને છતાં આંતરડાંઓને ગતિ આપી વિટામીન 'બી કોમ્પ્લેક્સ'નાં તત્ત્વો પૂરે છે કેસર શિયાળાની ઋતુમાં આવવાથી શિયાળામાં આવતા રોગોને દૂર રાખવા માટેનું એ આયુધ બની રહે છે

૨. પું. માર.
સ.લમપાક આપવો-ખવડાવવો – માર મારવો.

સાલમમિસરી [અ. સમ્મમ્ (સાલમ) + મિસરી (મિસર દેશનું)] સ્ત્રી. મિસર દેશની સાલમ. તેની ત્રણ જાત છે: (૧) પાણી, (૨) અસરાર્ધ અને (૩) લસણિયા.

સાલમમિસ્સિ જુઓ સાલમમિસરી.

સાલમાકડું (સાલમાઢું) ૧. ન. આટકાટ.
૨. વિ. આટકાટનો માઠો, નઠણ

સાલમુબારક કા જુઓ બંસતુ વાં સુખરૂપ નીવડ. ઈ.ડ આશિષ.

સાલર સ્ત્રી. એ નામે એક જાતની વનસ્પતિ તેને ફોકણાકુપ કહે છે તે મધ્યહિંદના પહાડો ઉપર ઊગે છે તથા સહારનપુર જિલ્લાના શિવાલિક પર્વતના સીધા રેતાળ ઢાળ ઉપર પણ થાય છે.

સાલરસ જુ રૂ.ગા.

સાલરસોલર વિ. પોતાની જાત સિવાયના સૌદ્ર

સાલરી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

સાલરોઝ [ફા.] પું. મરઘીની સત્તરમી; મરઘીની વાર્ષિક નિમિ.

સાલવણ [સ. ર..લપર્ણી] સ્ત્રી. એ નામે એક જાતની વનસ્પતિ. તેના ઝોડ થાય છે. તેને સુભગા કે સુપત્રા પણ કહેવામાં આવે છે. તેની ગણતરી ઇડા મૂળમાં થાય છે અને લઘુપચમૂળની ગણતરી આવેનું તે એક છે તેનાં મૂળ અને છાલ જવરમ્ન, મૈથુનમ્ન તથા શામક તરીકે વપરાય છે તે કફ, ઉધરસ અને છાતીના બીજા કેટલાક વ્યાધિમા ઉપયોગી હોવાનુ મનાય છે.

સાલવાયું ૧. ન. આડખીલી; નડતર; સાલ; મનવણ.
સાલવાયું થયું = નંજવણ થવી.
૨ ન
બીજાનુ સાલવવું બીજાનુ બંધાવું
૩ ન સાલવાનું તે, સાલવા જેવું તે, એટલે બાજુ ખસી જવાનું નહિ તેવી સ્થિતિ
૪ ન સાલવવું તે, પાકમા ખાતરના ઢગ કે ખાડા તે, ઢોરોને પાણીમાં બરાબર ખેલવા કે ઢોલીને બરાબર કરી એમ કરવા તે.

સાલવન ન. હિમાલયની પાસેનું એક વન. પોતાના મોસાળથી અયોધ્યા આવતા ભરત આ વનમાંથી રાતોરાત પસાર થયા હતા

સાલવવું ૧. સ. ક્રિ. નાખવું; પડવું.
૨. સ.ક્રિ. પચારી પાડવું.
૩. સ. ક્રિ. પચાત ઊભી કરવી.
૪ સ ક્રિ. સરખુ કરીને બ્યાનુ ત્યાં ગોઠવવુ.
૫. સ. ક્રિ. સંડોવવુ.
૬. સ. ક્રિ. સબોલ કરવો.
૭. સ. ક્રિ. સાલવીને કે સાલ બેસતાં કરીને ઊભું કરવું, સાલ ચ.લવાં; સાલ બેસાડવાં. સ.લેલ સ મેળવવા, સ.લેસાલ મેળવીને બનાવવુ કે બેસતુ કરવું.

સાલવા ન એ નામનુ એક જાતનુ નિશાચર પ્રાણી તેના મોંના ઉપરના દાત હતો નથી માત્ર દાઢી અને ઉપરજ તેનો ખોરાક છે. જીવ.ત પરત્વે. માદે પ્રકૃતિએ તને સ.ખી અને ચીવટવાળી જીભ આપી છે તે જીભને લાળા કરે, બહાર કાઢ્યા છે અને કાદી કે ઊધઈ તેની ઉપર નાખે. ત્યાર પછી તેને મોંના પાછી બ.ધ કરે છે વળી પેટની બાજુ પણ એવી રચના છે કે તેમા કાચબરના પેટમાં જેમ કાદવી હાય છે અને એ કાદવી ખોરાકને પોચવાના ઉપયોગમાં આવે છે આ પ્રાણી પોતાના પેટમા કાદવી જમા કરવા માટે ખાસ પેટ છે. ઉપર પ્રમાણે કાદવ પ્રા ! નીકળીએ તો તેની ઉપર બીજું ખંતનુ કવચ હોય છે. આ કવચ માથાનો ઉપલે ભાગ, પીઠ, પડખાં, આખી પૂછડી અને પગની બહારની બાજુ એક ઉપર એક આવતાં મોટાં ભીંગડાંનું બનેલુ માલમ પડે છે આ પ્રાણી પોતાનો બચાવ તાકીદથી ગોળ કુડાળુ થઈ કરે છે અને બખતર ચડાવેલા દડા માફક થઈ જાય છે. એક વખત કુંડાળુ થઈ ગયા પછી તેને સીધુ કરવા સાધારણ બળ નાકામિયાબ નીવડે છે. તેનાં ભીંગડાંને સિગારિલા કેરા લાગવે અને પદોપ. અને ચટ્ટા સિગોરિલા મનાય છે છતા તે ભીંગડા નીચે જૂજ વાળ હોય છે.

સાલવાન પઠાવાન જા દમ.ગની પાસ વાળુ, કુસ્તી સુંદર નકમી કરેલું પહોળા પાનાનું સીધુ દયિયાર, એવ પ્રકારની તલવાર અ. તલવારને બેંસર ચપ્પુ અથવા તીરબોડી છરો કહેવામાં આવે છે. તેનું પાનું દમાસ્કસી ઢોલ્ડ તેના ઉપર કુદરતી સુંદર નકશી કરી હોય છે નકશીકામ અને મિનાકારી કરેલી હાય છે

સાલવામણ ન સાલવવા તરેનુ મહેનતાણું, સાલ સાલવવા માટે અપાતી રકમ.

સાલવાર [ફા] સ. વસ્ત્રવિ., વર્ણાનુક્રમવર.

સાલવારી ૧ [ફા] સ્ત્રી અમુક જાતિ.વ અમુક વર્ષમા થયો તેની હકીકત, બનાવોની સ.વત્સર ગોઠવણી, તેની પદ્ધતિ કે ક્રમ
૨. વિ. વર્ષાનુક્રમવાળુ; એક પછી એક સાલવાર હોય તેવુ.

સાલવાહન ન. સાતવ.હન; શાલિવ.હન

સાલવી ૧. પું (જૂ. ગુ.) વણકર, શાળવી; શાળ ઉપર કામ કરનાર.
પાસુત પદ્મા, સાલવી ગુહરઈ.
મા.ડણદેમ.ળમ
૨. [સાલ (સા.ળો) + વ.હિન્ (કરનાર)] પુ સુતાર, લ.કડાનો માળો મેળવનાર માણસ.

સાલવીઆ ન. એ નામે એક જાતનુ ફૂલઝાડ. ત એકથી દોઢ ફૂટ ઊંચુ થાય છે તેના પ.ન ગોળ થાય છે. તના ઉપર ફૂલની ઢેડો થાય છે તેના લવિંગના આકારના લાલ ફૂલ થાય છે

સાલવું ૧ અ ક્રિ. ખૂચવું, ખટકવું, ભોંકાવું; દુ:ખ પેઠે દુખ્યા કરવુ કે લાગવું
૨ અ ક્રિ દુ ખદાયક થઈ પડવું, દિલમા દુ:ખ થવુ, રહી રહીને સ.ભળવુ કે દુખવુ; મનમાં લાગવું કે અસર થવી; સ.ભળવાથી દિલમાં દુ:ખ થવુ.
૩. સ. ક્રિ. નડવુ
૪ અ ક્રિ નરમાશ.ને ન.મે બનાવેલાં સાલ એકમીલ્નમાં ગોઠવવાં.
૫ અ ક્રિ પરવઠવું
૬ અ ક્રિ ખગવું, ઘાવું

સાલવૃક્ષ ન. એક જાતનું વૃક્ષ; સુરેષ્ટ.

સાલવેરો ૧. પું. ગોપ્યજાતુના પાક ઉપરનો વેરો
૨ પું. વણકરો પાસેથી લેવામાં આવતો કર.

સાલશ્લોક [સાલ (વર્ષ) + શ્લોક (વાક્ય રચના)] પુ. સાલ દર્શાવતુ દ્વિઅર્થી વાક્ય.

સાલસ ૧. વિ ઓકરું નદિ તેવું, મવાલ; નરમ સ્વભાવનુ, નમ્ર; ભલુ.
એ આવે મન આલ્યો સાલસ વહુની જણ્યા. દલપતરા.ચ
૨. વિ પ્રામ.ણિક, નિષ્કપટી
૩. વિ. લાયક; મળતાવડું.
૪ [અ] વિ રાગીષ્ટ, પ.સર, ખટપટીનું નહિ તેવુ, સરળ.
૫. વિ સાધારણ

સાલસકથા પુ યુક્તિપ્રયુક્તિ, છળી બાજી; બનાવીમા ઘટ ઘડવો તે, જાળ, પ્રપચ, નખ્ખટ, છળી ગોઠવણ

સાલસા ૧ પુ (પિંગળ , એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધ્રુનિ છંદનો એક ભેદ છે. તેને નિશા. છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં બે નગણ અને ચાર રગણ એમ અઢાર અક્ષર હોય છે તેમા દસમા અક્ષર ઉપર વિરામો આવે છે.
૨. [સં.] પું સાર્સાપરિલા

સાલસાઈ ૧ જી. મીઠાશ

ગોરાની સાલસાઈથી રૂપચંદની સગાઈ પણ પદર વરસે થઈ. પ્રસ્થાન

૨. જી. પ્રામાણિકપણું

૩. જી. પ્રામાણિકતા; આજીજી

૪. જી. અલમનસાઈ; શીલતા; સાલસપણું

૫ [અ. સાલિમ (નમ્રતા; વિનય)] જી. વિવેક.

૬. જી. સરલતા; નરમાશ

સાલસી [કા.] જી. પંચાયત; મધ્યસ્થતા; લવાદ; ' આરબિટ્રેશન '.

સાલસી કૂંસલો = પચનો નિવેડો; મધ્યસ્થ નિર્ણય

સાલસેકૂકાઈ પું. એ નામે એક જાતનો રાકડાઝાડનો છોડ. તેનાં મૂળ અજવ જેવા આંગળી જેવડાં થાય છે તેનું શાક થાય છે અને કાચાં પણ ખવાય છે.

સાલસ્થ [સં.] વિ. આળસુ

સાલંકટંકટી ૧. જી. (પુરાણ) વિદ્યુત્કેશ નામના રાક્ષસની સ્ત્રી અને સંધ્યા નામની સ્ત્રીની કન્યા; સુકેશની મા. વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડમાં આ રાક્ષસવંશ દુનિયાની શરૂઆતમા ઉત્પન્ન થયાનુ લખ્યું છે.

૨. જી. (પુરાણ) દ્વિદિગ્મા.

સાલંકાયન પું. (પુરાણ) એ નામનો વિશ્વામિત્ર ઋષિનો પુત્ર.

સાલંકાર [સં] વિ. અલંકારવાળું

સર્વત્ર સાલંકાર અને કમાઈ કમાઈ વિના અલંકારના પણ જે શબ્દાર્થ હોય તે કાવ્ય

ન્હાનાલાલ

સાલંગ જી. (સંગીત) ઓડવ, ઓડવ અને સંપૂર્ણ એ ત્રણ રાગની જાતિઓમાંથી નીકળતી બીજી સાત મહેની એક રાગણી. જે રાત્ર રાગણીમાં બીજા કોઈપણ રાગનો ભાસ ઓછો હોય તેને સાલંગ કહે છે.

સાલંબન [સ.] વિ. અવલંબન કરનારું, ટેકા સહિત

સાલા ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને રુચિરવક્ત્રા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

૨. [હિં.] પું. સાળો; વહુનો ભાઈ.

૩. જી. એ નામની એક સિદ્ધ જાતિ.

૪. [સં.] જી. ડાળી; શાખા

૫. જી. શાળા; ઘર.

૬. જી. સભા; બેઠક.

૭. ન. એ નામની જાતિનું માણસ.

૮. વિ. એ નામની જાતિનુ

સાલાતાલા પું. ન. બ. બહાનાબાજી; નમ્ર વિનતિ; કરગરીને કહેવું તે; વિનવણી; આજીજી

સાલાતૂલું ૧ વિ દગપડા વગરનું, અબુસમજુ

૨ વિ બહુ ભોળુ, નિષ્કપટી; નિખાલસ; ઊંડી કે પ્રપંચ બુદ્ધિનુ નહિ એવુ.

સાલાના [કા.] વિ. વાર્ષિક.

સાલાપોલું જુઓ સાલાતૂલું

સાલાર ૧. [કા. સાલ (વર્ષ) + અર (વાળું)] પું. આગેવાન માણસ; વરડો આગેવાન; સરદાર; મુખી; મુખ્ય માણસ. આ શબ્દ ઉપરથી એમ જણાય છે કે, પ્રધાનમા કહ્યુ માણસને માન આપવામાં આવતું હશે. દાખલે, સિપાહ સાલાર અર્થાત્ સરદારનો ઉપરી; સેનાપતિ.

૨. પું. તલનો છોડ.

૩. વિ. આગેવાન; મુખ્ય

સાલાતૂક પું. કૂતરો.

સાલાતૂકી જી. કૂતરી

સાલાહ વિ. સુધારેલ.

સાલાહણ પું. સાલિવાહનનું એક નામ.

સાલાં ન ક બ. જુવાર બાજરાના પાન વગરના સૂના સાંઠા.

સાલિના [કા. સાલાના] વિ. વાર્ષિક, પ્રતિવાર્ષિક; સાલાના; સાલિયાના.

સાલિય [સં. શાલિક] પુ. વણકર; તુણિયો

સાલિયાણું ૧. [કા. સાલાના (વાર્ષિક)] ન. રાજાઓને અપાતું વર્ષાસન; ' સિવિલ લિસ્ટ '.

૨. ન. સાલોસાલ મળ્યા કરે તેવું ખેતર; વાર્ષિક ખેતર; ઇજારો; આખી સાલ માટેનો ઊપજ અદાજો કે ઠેકણી; વર્ષાસન.

સાલિયાન જુઓ સાલિયાણું.

સાલિયાનદાર [કા.] વિ વર્ષાસન ખાનાર.

સાલિયાના ૧. [કા.] પું. વર્ષાસન.

૨. વિ. વાર્ષિક; પ્રતિવાર્ષિક; સાલાના.

સાલિયાપાક પું. સાલિપાપાક; માર.

સાલિયું ૧. [કા. સાલાના (વાર્ષિક)] ન. વર્ષાસન; સાલિયાણું

૨. વિ સાલ સાલેલું; સાલાનું આવું

૩. વિ. સાલ સાલનું; વાર્ષિક.

સાલિવંઠન ન. ચોસઠ માંહેનું એક પ્રકારનું વિજ્ઞાન.

સાલી ૧. જી. ખોરિયામાં કચરો ભરાઈ ગયો હોય તે દૂર કરવાને સાડિયુનો અથવા બજૂરીના જાનરાંનો પૂળો આંખી ઉપર વજન રાખી ખોરિયામાં ફેરવે છે તે

૨. જી. માર.

સાલી ખેરવી = માર મારવો

૩. [હિં] જી. સાળી; વહુની બહેન.

૪. ન. એ નામે એક ગામ. આ દરજી લોકના કબીલા રહે છે.

સાલીઃ (સાલીઃ) ૧. પું. (પુરાણ) એ નામનો અંગિરા કુળનો એક ઋષિ. તેને સાલકી પણ કહે છે.

૨. ન. એ નામની કાઠિયાજી.

સાલીવજીફો [કા. સાલી વજીફા] પું. વર્ષાસન; સાલિયાણું; વાર્ષિક વૃત્તિ.

સાલુ ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શાલુર. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં તગણ, આઠ નગણ, લઘુ અને ગુરુ મળી ઓગણત્રીસ અક્ષર હોય છે. તેના આઠમા અને સોળમા અક્ષર ઉપર વિસામો આવે છે

૨. પું. ચિબાવનો સાડલો.

૩. [હિં] પું. સાડલો; સાડી

સાલુડો (સાલુડો) પું સાળુ; સાળુડો; સાડલો.

ઝરમર ઝરમર મેઘલો વરસે,
ભીંજે મારા સાલુડાની કોર. મીરાબાઈ

સાલુત્રી [સં. સાલિહોત્રી] પું. સાલોત્રી; પશુઓનો વૈદ્ય; ઢોરનો દાક્તર

સાલુર જુઓ સાલુ.

સાલું જુઓ સાળુ

સાલુંપાલું ૧ વિ. કામચલાઉ

૨. વિ. નબળુ પાતળું; જેવું તેવુ.

સાલૂ [સ.] પું. એક જાતનુ રતુ કાપડ.

વડા વાણીઆ જિહાં ઘણાર,
સાલૂ પાપડી આપીઆર.

શ્રુ. સા પરિષદ

સાલૂર ૧. [સં.] પું. કેડકો.

૨. ન. (જૂ. ગુ.) પ્રાચીન સમયની કાપડની એક જાત

નર્મ ધર્મ સાર્જ સાલૂર,
વારવા વસ્ત્ર વહાવ્યા પૂર. વિમલપ્રબંધ

સાલૂરી જી કેડકો.

સાલૂરો પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. માત્રાપરિ પિંગળ પ્રમાણે આ છંદ સાટક છંદનો એક ભેદ છે. તેમાં ૪૪ ગુરુ અને ૩૨ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

સાલેહ [અ. સેલાહ] સ્ત્રી. શાંતીમસ્જિદ; એક જાતની તરકારી; એક જાતનો શાકભાજીનો છોડ. તેનો જમીન ઉપર પાનનો મોટો પીળાશ પડતો થાય છે. એનાં પાનનું શાકીને રાયતું કરે છે. એમાં બે જાત છે. એકના છોડ સીધા ઊગે છે અને બીજાના જમીન ઉપર પથરાય છે

સાલેહું (સાલેડ) ન. જ. એ નામે એક જાતનું વૃક્ષ. તે જાતમાંથી જોવાં મોટાં વીડીમા થાય છે. થડને લીલા રંગની ડાળિયો થાય છે તેનાં પાન અમરીઓનાં પાન જેવા લગભગ થાય છે. ફૂલ ત્રણ હાસવાળા ચી ન થાય છે. તેમાં ત્રિકોણ આંબલીઓ જેવા ફળ આવે છે તેનું અથાણું થાય છે. એ ઝાડને મૂળમાં જોવો ધોળો રસ આવે છે. તેનો ધૂપ કરે છે. તેને સારદળ કે ધૂપડો પણ કહે છે.

૨. જ. પશુની એક જાત. તેને શરીરે ભીંગાં હોય છે અને તરવારનો ઘા પણ તેને વાગતો નથી. તે કીડી ખાનાર જનાવર છે. તે શેકાળ જેવું હોય છે.

સાલેમાળ ૧. પું. સુલેમાન પર્વત.

૨. વિ. મોટું.

૩. વિ. વજનદાર; ભારે.

૪. વિ. હૃષ્ટપુષ્ટ; જાડુ.

સાલેસાલ ન. અંગેઅંગ; સાંધેસાંધો.

સાલેસાલ ભુજ્યા દીસે રથ તણાં વહ
પ્રેમાનંદ

સાલો ૧. પું. મોટી ડાંગર; પુંજાનો ઓખો કે મોટો ઓયલો; ઘાસની મોટી ગઠ્ઠ.

૨. પું. સાળાના અર્થની ગાળ

સાલોક્ય ૧. [સ.] ન. (વેદાંત) ઈશ્વરના લોકમાં રહેવાપણું; ઇષ્ટદેવ સાથે એકલોકમાં રહેવું તે; સલોકતા; જીવલોકપણાને પ્રાપ્ત થવું તે; વૈકુંઠ લોકમાં વાસ થવો તે; ચાર માહેની એક પ્રકારની મુક્તિ. મુક્તિ ચાર પ્રકારની છે સાયુજ્ય, સારૂપ્ય, સાલોક્ય અને સામીપ્ય.

૨. ન. પતિનો લોક

સાલોક્ય મુક્તિ સ્ત્રી. ચાર માહેની એક પ્રકારની મુક્તિ. વિષ્ણુ આદિની પ્રતિમા ઉપાસવારૂપે અધિકારી લે છે અને એમની ઉપાસના કરે છે. એ સગુણ સાકાર ઉપાસના કરવાથી જે જે દેવતાની ઉપાસના થાય છે, તે તે દેવતાના સત્ય આદિ લોકો છે તે લોકોની પ્રાપ્તિ સાધકને થાય છે તેને સાલોક્ય મુક્તિ કહે છે

સાલોક્યતા ૧. સ્ત્રી. પતિ જે લોકમાં ગયો હોય તે લોકમાં જવા રૂપ મુક્તિ.

૨. સ્ત્રી. સુરલોકની પ્રાપ્તિ.

સાલોતરી જુઓ સાલોત્રી.

સાલોત્રી [હિં.] પું. અશ્વવૈદ્ય, ઘોરનો દાક્તર; ફાલિટોત્રી.

સાલોસાલ [ફા.] ન. વરસોવરસ.

હવે તો **સાલોસાલ** દુકાળનો પ્રકોપ ઓસરવા આ રાજા છે. સુદર્શનમાળા

સાલ્મલી ૧. પું. રેસેન સામર.

૨. પું. સફેદ સીમળો.

સાલ્લો [સં. સાટિકા; પ્રા. સાલ્હિઆ–સાડિઆ] પું. સાડલો; સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર; છાપલ.

નાનો પહેરનો = નામર્દ થવું; ઓળી પંક્તિમાં આવવું

સાલ્વ ૧. [સં.] પું એ નામે દેશનો રાજા. તે મહાભારતના યુદ્ધમાં ભીમસેનના હાથથી મરાયો હતો. તેને ઔદ્ભિદ્ય પણ કહે છે.

૨. પું. (પુરાણ) ઋક્ષવાન. કાશીરાજ પુત્રીઓના સ્વયંવર કાળે તે ત્યાં ગયો હતો. ત્યાં ભીષ્મે તેને હરાવી કન્યાઓનું હરણ કર્યું હતું. ભીષ્મે હરણ કરેલી ત્રણ રાજપુત્રીઓમાંથી અંબાએ એમ કહ્યું કે, હું તો મનથી સાલ્વને વરી ચૂકી છું, ત્યારે ભીષ્મે એને જવા દીધી અંબા સાલ્વને ત્યાં ગઈ, ત્યારે સાલ્વે તને બીજાએ હરણ કરી માટે મારે ન જોઈએ એમ કહી રાખી નહિ. સાલ્વને કૃષ્ણની સાથે વૈર થયું હતું.

૩. પું. મહાભારતમા જણાવેલો એક પ્રાચીન દેશ.

૪. પું. (પુરાણ) સાલ્વદેશનો ક્ષત્રિય.

સાલ્વેજ પું. વહાણ અથવા તેમાંનો માલ જોખમમાંથી બચાવવાનું મહેનતાણું.

વહાણ અથવા તેમાનો માલ જોખમમાંથી બચાવવા **સાલ્વેજ** ઠોઠું કરાયે છે.
દીવાની કાયદા

સાલ્વેશનઆર્મી [અં.] ન. મુક્તિફોજ.

રક્તપિત્તથી પીડાતા હિંદીઓની સારવાર આપણા લોકો નથી કરતા પણ મુક્તિફોજ (**સાલ્વેશન આર્મી**) વાળા બજાવે કરે છે. પ્રસ્થાન

સાલ્સીફ્રાઈ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના મૂળ માજરા જેવાં આકારનાં થાય છે ને તેનું વાવેતર પણ માજરની માફક સિંધાળામાં જમીન તૈયાર કરીને થાય છે. આ કંદ દેશનું શાક છે ને વિલાયતમાં વપરાય છે.

સાવ ૧ વિ (જૂ. ગુ.) ઉકાળેલું, ગરમ.

સાવ દૂધ અણપોલ્યા ઘોલ,
લિદ્ધા ચણ દિદ્ધ તખોલ.
વિમલપ્રબંધ

૨. વિ. તમામ; બધું જ; આખું; અનવશેષ; સમૂળું; અખિલ

૩. અ. તદ્દન; બિલકુલ; તરાતાણ; છેક જ.

સુણતા લાગું સાવ, અંગણ મીઠી વાતડી,
પાજર ભાંગ પડી, વજડાના જેવા નહિ
કવિ. સાહિત્ય

૪. અ. પૂરી રીતે.

સાવક ૧. [સં. શ્રાવક] પું. શ્રાવક; જૈન મતાનુયાયી; જૈન.

૨. [સ. શાવક] ન. સાવક; બચ્ચું; બાળ.

૩. વિ. આસ્તિક ધર્મ પાળનાર.

૪. વિ. ધર્મશાસ્ત્રનું શ્રવણ કરનાર.

૫. વિ. સાચું બોલનાર; પ્રામાણિક; શુદ્ધ હૃદયનું; નિષ્કપટી.

સાવકન ન. વાસિષ્ઠ ગોત્રનું એ નામનું એક પ્રવર

સાવકાઈ ૧. સ્ત્રી. ઓરમાનપણું.

૨ સ્ત્રી પક્ષપાત

સાવકાર [સં. સા (૭) + વકાર] વિ. સાહુકાર; જેની પાસે વ અક્ષરથી શરૂ થતા (૧) વસ્ત્ર, (૨) વપુ, (૩) વિદ્યા, (૪) વિનય, (૫) વાણી અને (૬) વિત્ત એ ૭ દ્રવ્યો હોય તેવું.

સાવકારી ૧. [મ.] સ્ત્રી. ધીરધાર; ઉધાર આપવું તે.

૨. સ્ત્રી. સાવકાર હોવાપણું; સાહુકારી

સાવકારા ૧. [સ. સ + અવકાશ (નવરાશ)] વિ. અવકાશવાળું; નવરું; જેને નવરાશ હોય તેનું.

૨. અ. ધીમેથી; અવકાશ મળે તેમ; સવડ પ્રમાણે; સમવડે; અનુકૂળતાએ.

સાવકાપણું ન. ઓરમાનપણું

સાવકીબહેન સ્ત્રી. ઓરમાન બહેન; જુદી માથી જન્મેલ દીકરી.

સાવકી મા સ્ત્રી. ઓરમાન મા; એક બાપની પણ પોતાની જનેતા વગરની બીજી સ્ત્રી.

સાવકું [સં. સાપત્ન; પ્રા. સાવક્ક] વિ. ઓરમાન; ઓરમાઈ; ઓરમાયું; ઓરમાનું; બાપ એક પણ મા જુદી એવી રીતના સંબંધથી બનેલ.

સાવકું સહિયારું ન. સાવકા ભાઈઓ વચ્ચે રહેલ મિલ્કિયારું

સાવકોબાઈ પું. ઓરમાન ભાઈ.

સાવગ [સ શ્રાવક] પું ૧. શ્રાવક, ધર્મશાસ્ત્રનું શ્રવણ કરનાર; અગાર ધર્મ પાળનાર.

સાવગળ જુ. સ. ન્યુ પ્રમાણે પાઠભેદ ત

૨. વિ. અપુ જ મળી જનાર, અપુ જ પ્રમાણે પાઠનાર

સાવચિત જુઓ સાવચેત.

સાવચેત ૧. ચોકસ તરફ નજર રાખનું, સાવધાન; સાવસ નહિ તેવું; હોશિયાર; જાગ્રત; સચેત; ખબરદાર.

સાવચેતન જ. સાવચેતી, સાવધાનપણું, સાવધાનતા; હોશિયારી, જાગ્રતિ.

એ આગળ એક આસન મૂકું.
સાવચેતન પોતાનું કહું. સામળ

સાવચેતી ૧ સ્ત્રી. ચોકસાઈથી નજર પુરાવવી તે

૨. સ્ત્રી. ખબરદારી

૩ સ્ત્રી. ચેતવણી

૪. સ્ત્રી. તપાસ, તજવીજ.

૫. સ્ત્રી. સભાળ

૬. સ્ત્રી સાવધપણું; સાવધાની; સાવધાનતા; હોશિયારી, જાગ્રતિ; ધ્યાન; સાવધાનપણું

સાવજ ૧. [સ. શ્વાપદ; પ્રા. સાવય] પું. એક હિંસક જંગલી પ્રાણી.

૨. પું. સિંહો; બ.વ

૩ પું. સિંહ.

વીરના ભાલેલા **સાવજો**ની સામે સંગ્રામ માંડનારી જે જોડી વિષે સાભળેલું તે જાં નજરે જોયું. ઝવેરચંદ મેઘાણી

૪. પું. હિંસક પક્ષી.

૫. સ્ત્રી. મેઉઆ કણબીની એ નામનો એક અટક.

૬. જ. એ નામની અટકનું માણસ.

૭. જ. એક જાતની આતશબાજી; સાવજ દરણના દેખાવનું ઝાડ.

૮. વિ એ નામની અટકનું

૯. વિ જડબરેત; ખૂનક.

૧૦. વિ. જગલી; રાની.

સાવજડું (સાવજડું) ૧. પું. (ચારણી) ડિંગળ માહેનો એક રાગ.

૨ ન. પક્ષી.

આ શું સોનાનું **સાવજડું**? નળાખ્યાન

૩. ન. સિંહ; સાવજ.

ભાળું પાટણ દેશ, પાણી વિના પૂગ ભરે;
સરવો સોરઠ દેશ, **સાવજડાં** સેજળ પાએ.
રાણકદેવીનો દુહો

જડું જ. છોકરાં ન બીએ એટલા માટે ગળે બાંધવામાં આવતો સોને મઢેલો સિંહનો દાંત.

સાવજબકરી સ્ત્રી. એ નામની એક દેશી રમત.

સાવજવેરો પું. સાવજના ખોરાક માટે બકરાં બદલ બખાડ પાસેથી લેવાની રકમ; સ્ટેટે રાખવા મિલને માટે ઘેટાં ને બદલે બખાડો પાસેથી લેવામા આવતો ક

સાવજશૂરું વિ. સાવજ કે વાઘના જેવું શૂરવીર.

બહારા **સાવજશૂરા** નામ વો.
બહારા દેખ ... પરદેખ.
નાનાલાલ

સાવજાં ૧. ન. ઘ ક ગરીબ પરા

૨. ન ઘ ક વાઘ; સિંહો

સાવજું ૧. જ. સાવજ પક્ષી, એક નખી તે બાકીના તો વાઘ છે

આ શું સોનાનું **સાવજું**. પદ્મ ગાજવાનું ગોદ. પ્રેમાનંદ

૨. જ. સિંહનું બચ્ચું.

સાવજ જુઓ સાવજ.

સાવજડો (સાવજડો) જ. ડિંગળનું ગીત. એ ગીતો ઘણી જાતના હોય છે. રઘુનાથરૂપક, રઘુવરજસ પ્રકાશ આદિ ડિંગળના રીતિ ગ્રંથોમાં ૮૫ પ્રકારના ગીતોનાં લક્ષણ કે ઉદાહરણ મળે છે

ત્રંબકડો, **સાવજડો**, આખડી, **સાવજડો**, અરિલીંબ વગે રાસરા

સાવટું ૧ પુ (વિકલ્પ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં જગણ અને ભગણ મળી ૬ વર્ણ હોય છે.

જ જા ની **સાવટું**. રઘુપિંગળ

૨. પું. (જૂ.ગુ.) કારીગર.

સવિ **સાવટું** દીધ સહકાર.
સોવિન પ્રકાસ અધિમા અપાર. વિમલપ્રબંધ

૩. જ. જરિયાન વસ્ત્ર; ઝગઝગાટવાળી અકે વસ્તુ; જરિયાન.

સોના રૂપાં અને **સાવટું**, દીધા કાચકપૂર.
પદ્મનાભ

૪ વિ. ધોરું, ગંભીરતાવાન અને સુવાળું.

અતિ સુખાળાં **સાવટું**. તેહ રેખાસંતપાય.
અર્થ છે એહ ભીતરે. સર્વ હૃદયમાંય.
નિષ્કુળાનંદ

સાવઢ (સાવડ) [દિ.] સ્ત્રી. પ્રસૂતિબળ, સુવાવડ કરવાનો ઓરડો

સાવણ ૧. પું. એ નામનો એક રાગ.

૨. [સં. શ્રાવણ] પું. શ્રાવણ; ચોમાસાનો બીજો મહિનો.

સાવતોળ જ. સર્વતોભદ્ર; બાંધણ સુશોભિત વજન.

સાવત્થી સ્ત્રી. કોસલ દેશનો ઉત્તર તરફનો ભાગ.

સાવદ્ય ૧. [સં] વિ. પાપકારી.

૨. વિ નિંદ્ય

સંસાર પરિભ્રમણ નિવૃત્તિ અને **સાવદ્ય** વ્યવહારથી નિવૃત્તિનો પવિત્ર વિચાર તત્વજ્ઞાનીઓ નિરંતર કરે છે. રાજચંદ્ર

૩. વિ. પાપકારી; દોષવાળું; દોષિત.

સત્ય કિન્તુ **સાવદ્ય** ભાષણ, ક્રિયા **સાવદ્ય**. ક્રોધ ભાષણ આદિ અશુભ યોગોમાં છે.
તત્વા.ધર્મસૂત્ર

સાવદ્ય ક્રિયા દોષ પું. (જૈન) કાયાના બાર માહેનો એક પ્રકારનો દોષ; કોઈ પાપક્રિયા કે તેની સલા કરવાથી સામાયિકમાં લાગતો દોષ

સાવધ [સ. સ + અવધ] વિ. સચેત; જાગ્રત; આગળ પાછળ નિયા રાખનું; આવી પડનાર ભય સામે ખબરદારીવાળું; સાવચેત; હોશિયાર; સ્વરક્ષ; સુજ્ઞ

સમય સમયો સમય વિચારે, સમય વિષે **સાવધ** વર્તી;
કરમ ખેરી સુખ લમાદ પ્રભાળુ પાપું કરે ધરી.
બળવંતરાય ઠાકોર

સાવધગીરી ૧. સ્ત્રી. અપ્રમત્તતા.

૨. સ્ત્રી. કાળજી

૩. સ્ત્રી. દેહભાન

૪. સ્ત્રી. સાવચેતી; હોશિયારી.

સાવધાન ૧. [સ. સ + અવધાન] વિ. એકાગ્ર ધ્યાનવાળું; મનના આગ્રહવાળું; ધ્યાન દઈ રહેલું; સાવક્ષ; ધ્યાન દેનારું.

૨. વિ. સચેત; જાગ્રત. હસ્તમેળાપ કે પાણિગ્રહણ થતી વેળા ચેતવવા સારું આ શબ્દ બોલાય છે.

૩. વિ. સાવધ; ખબરદાર; ચેતીને ચાલનારું; હોશિયાર; ચેતતું.

સાવધાનતા જુઓ સાવધાની.

સાવધાની ૧. સ્ત્રી. ખબરદારી; પક્કુ લક્ષ; મનની એકાગ્રતા.

૨ સ્ત્રી. જાગ્રતી

૩. સ્ત્રી. તપાસ; તજવીજ.

૪ સ્ત્રી. તૈયારી

૫ સ્ત્રી નોંધ

૬ સ્ત્રી. સાવધાનપણું; સાવધાનતા.

૭ સ્ત્રી. હોશિયારી

સાવધિક ૧. વિ. અન્ય સાપેક્ષ.

૨. વિ. પરિમિત

૩. વિ. શાંત

૪ વિ ઢહચાળું; સીમાવાળું.

સાવધોઢ (સાવધોડ) વિ. દરેક કામમાં આયુ મારનાર, કોઈ પૂછે ન પૂછે છતાં વચમાં પડ્યા કરનાર અને બિનજરૂરી બોજો પણ ઉઠાવ્યા કરનાર; કામમાં કોઈ ગણના ન કરે છતાં પણ દોટા માર્યા કરનાર; બીજાઓને મણ્યા વગર પોતે જ બધું આગળ પડીને કર્યા કરતા.

સાવન ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ એમ છત્રીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨. પુ. (સંગીત) એ નામે એક જાતનો રાગ પણ તેની આઠના સંકીર્ણ રાગોમાં આ રાગનો ગણાવેલ થયો છે. તેમાં કોમળ તેમ જ શુદ્ધ ગંધાર નિષાદનો પ્રયોગ થાય છે તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ કોઈ પણ સમયે ગાઈ શકાય છે. આ રાગમાં કેટલેક સ્થળે પટદીપકી, મલ્હાર અને દેશ રાગોનો ભાસ થાય છે.

૩. [સં.] પું. એ નામે એક દિવસ; એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો એક દિવસ.

કોઈ પણ બે મધ્યમ ગ્રહ જો. ખારે કે એ બે ગ્રહોનો કોઈ પણ મધ્યમ યોગ તે દિવસ (સાવન) પહેલા થયો હતો. પુરાતત્ત્વ

૪. પું. એ નામે એક વર્ષ.

૫. [ર્ઢિ] પું. એ નામે ત્રીસ અહોરાત્રનો એક મહિનો.

૬ પુ. કાગ માપવાની એક રીત. એક સૂર્યોદયથી માંડીને બીજા સૂર્યોદય સુધીનો એક દિવસ તે સાવન દિવસ. અને સૂરની આ રીતે ત્રીસ દિવસનો એક માસ કે સાવન માસ તેમ જ બે ગણતરીના બાર માસનું એક વર્ષ તે સાવન વર્ષ.

૭. પુ. વરસનો અંત; વરસની સમાપ્તિ.

૮. પુ. વરસ.

૯. પું. શ્રાવણ માસ.

૧૦. જ્યોતિષની માહિતી.

૧૧. ન. એ નામે એક જાતનું ગીત. તે શ્રાવણ માસમાં ગાવામાં આવે છે.

૧૨. વિ. સૂર્ય સંબંધી.

સાવન કાળ પું. સાવન દિવસનો વખત

વ્યવહાર માટે નાક્ષત્ર દિવસ ઉપયોગી નથી. તેથી સાવન દિવસ જ લેવા જોઈએ, એટલા માટે નક્ષત્ર કાળ ઉપરથી **સાવનકાળ** કાઢવાની રીત જણાવી છે. જ્યોતિર્વિલાસ

સાવનદિન જુઓ સાવન દિવસ.

સાવન દિવસ પું. પ્રાકૃતિક દિવસ; એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો કા.ગ. આપણને આ દિવસ તથા રાત્રિ કે પ્રત્યક્ષ દેખાય છે તે સાવન દિવસ કહેવાય છે. સૂર્યનો પૂર્વ ક્ષિતિજ ઉપર ઉદય થાય ત્યારથી ફરીથી પૂર્વ ક્ષિતિજ ઉપર ઉદય થતાં સુધીનો જે કાળ છે તેને સાવન દિવસ કહે છે. કોઈ એક ચોક્કસ કાળે પૂર્વ મધ્યાકાશ ઉપર આવે ત્યારથી પાછો ફરીથી તે મધ્યાકાશ ઉપર આવે ત્યાં સુધીના જેટલો વખત થાય તે. સાવન દિવસનું માન આપણે વપરાય છે. તેથી જુદાં જુદાં સાવન દિવસોની સરેરાશ કાઢીને તેનું મધ્યમ માન કરાયેલું છે. એ પરિમિત મધ્યકાળ ગમે તે પ્રમાણથી કરી શકાય છે. આપણા કોઈ એક ઘાળી સાડ ઘડીઓ માને છે. યુરોપીયન મોરીસ કલાક માને છે સાવન દિવસ = ૨૩ કલા. ૧ વર્ષ = ૩૬૬ સાવન દિવસ અને ૫ વર્ષ = ૧ યુગ. તેથી ૧ [illegible] દિવસ થાય, પણ ૧ યુગમાં ૬૦ નક્ષત્ર માસ તથા ૧ ચંદ્ર માસ = $\frac{૧૬૩૦}{૨૭\frac{૧}{૩}}$ = ૨૬ $\frac{૧}{૩}$ સાવન દિવસ, અને ૧ ચંદ્ર વર્ષમાં ૩૦ તિથિ તેથી ૧ તિથિ = $\frac{૬૬૧૫}{૨૭\frac{૧}{૩}} \times \frac{૧}{૩૦} = \frac{૬૬}{૨૭}$ સાવન દિવસ. $\frac{૬૬}{૨૭} \times \frac{૬૬}{૨૭} = \frac{૪૩૫૬}{૭૨૯} = ૧૫\frac{૪૧}{૭૨૯}$ કલા. હવે ૧ યુગ = ૬૦ નાક્ષત્ર માસ, તેથી ૧ નાક્ષત્ર માસ = $\frac{૧૬૩૦}{૬૦}$ = ૨૭ $\frac{૧}{૩}$ સાવન દિવસ. ૧ નાક્ષત્ર માસમાં ૩૦ નક્ષત્ર દિવસ માટે ૧ નાક્ષત્ર દિવસ = $\frac{૧૬૩૦}{૩૦} \times \frac{૧}{૨૭\frac{૧}{૩}}$ = $\frac{૬૬}{૨૭}$ સાવન દિવસ = $\frac{૬૬}{૨૭} \times \frac{૬૦}{૧}$ = ૧૪૬૬ કલા. વળી ૧ નાક્ષત્ર માસમાં ચંદ્ર ૨૭ નક્ષત્ર ફરે છે તેથી ચંદ્ર ૧ નક્ષત્ર ફરે તેટલો વખત = $\frac{૧૬૩૦}{૨૭} \times \frac{૧}{૩૦} = \frac{૬૬}{૨૭} = ૧\frac{૩૯}{૨૭}$ સાવન દિવસ = ૧ સાવન દિવસ અને $\frac{૩૯}{૨૭}$ × ૬૦ = ૧૭ કલા. તેમ જ સૂર્ય ૨૭ નક્ષત્ર ૩૬૬ દિવસમાં ફરે છે તેથી સૂર્ય ૧ નક્ષત્ર ફરે તેટલો વખત $\frac{૩૬૬}{૨૭} = ૧૩\frac{૫}{૯}$ સાવન દિવસ.

સાવનમાન ન. સરાસર જન્મનામોના મનુષ્યાદિને જે દિવસ અને રાત્રિ સ્પષ્ટ રીતે અવલોકમાં દેખાય છે તે ચંદ્ર એ નક્ષત્રનો કારક હોવાથી નક્ષત્રમાન ઉપરથી સૂર્યનું જે માન તે જ સાવન માન ગણાય છે.

સાવન માસ પુ. બબોતેર બોલ દિવસનો મહિનો; સૂર્યના ઉદય અને અસ્તની ગણત્રી ઉપરથી થતો મહિનો.

સાવન લંકદહન પુ. (સંગીત) એ નામે એક રાગ. તે લંકદહનનો એક પ્રકાર છે. તે કાફી થાટમાંથી ઉત્પન્ન થાય છે અને તેનો આરોહ કાનડા અને મલ્હારના મિશ્રણથી બનો છે. વર્જ્યસ્વરૂપ તે મધ્ય રાત્રે ગવાય છે.

સાવનવર્ષ ન. ૩૬૦ સાવન દિવસ જેટલો સમય

સાવની કલ્યાણ પુ. (સંગીત) એ નામે સંગીત પ્રસિદ્ધ એક રાગ. તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે. તે રાત્રીના પહેલા પ્રહરે ગવાય છે આ રાગ બને કે કલ્યાણના પ્રકારનો આંહેનો એક છે. પરંતુ તેમાં માત્ર શુદ્ધ મધ્યમ જ આવતો હોવાથી તેમ જ તેમાં સર્વ શુદ્ધ સ્વરો હોવાથી શંકરાભરણ થાટમાં સમાવેશ થતો નથી. આ રાગ સંપૂર્ણ જાતનો છે. વાદી સ્વર ઋષભ છે અને સંવાદી સ્વર પંચમ છે. આ રાગ દ્વિપ્રહર પછીને ગાઈ શકાય છે. મલ્હાર કેદાર, જયજયવંતી કેદાર અને હેમ કલ્યાણ એ રાગો આ રાગને ઘણા મળતા છે.

સાવની કેદારા સ્ત્રી. (સંગીત) કેદારા રાગિણીની સાત ભાર્યાની એક જાતિ.

સાવની કેદાર પું. (સંગીત) એ નામે એક રાગ તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને રાત્રિના બીજા પ્રહરે ગવાય છે.

સાવબોળા વિ. નવાયાનો એક પ્રકાર. તેની અંદર બધાં કપડાં પલાળવામાં આવે છે

સાવભલ વિ. (ગારવી) સહુથી ભલું

અમા આવે કે અમાવસ્યા કે અજ કે દાતણ, સાવભલ કેમ **સાવભલ** પાર કરાં પરમાત્મા ઘરમાં દુઓ

સાવયવ વિ. અવયવસહિત, કલેવર આદિ યુક્ત, સહિત, અંગોવાળું, ઘટક સંબંધી. અનવ.

પૂરો નારિયલ બાળ બિનકર પદ્મિનના આ ગુણ દેખાય બધા બેઠકે તેનું જ અનુકરણ બાળ **સાવયવ** દ્રવ્યાત્મક બધાય રૂપ થાય છે. એનો આખો બેઠકર આપાયે છે. પરિ. ૧૫

સાવયવત્વ ન. (વેદાંત) અવયવ હોવાપણું; [illegible] ઉત્પન્ન થવાપણું

આથી સ્થૂલત્વ, **સાવયવત્વ**, પરિચ્છિન્નત્વ, ક્ષણિક અભાવ વગેરે ધર્મના સાધ્ય થાય તો તેવા કરીને અન્ન કાલ્પનું ઉક્તિ અસ્તિત્વ ન્યાયો. આનંદમય

સાવયવદૃષ્ટાંત પુ. (ન્યાય) [illegible] એક ભેદ

સાવયવસંખ્યા સ્ત્રી. (ગણિત) જે સંખ્યાના તેના તે અંકો ૧ સિવાય બીજા પણ અવયવો પડી શકે તેવી સંખ્યા; 'કોમ્પોઝિટ નંબર'. જેમકે, ૪, ૬, ૮ વગેરે. કેમકે, ૪=૨ અને ૨ સિવાય ૨ અંકો ૨ થાય. ૬=૨ અને ૩ સિવાય ૨ અંકો ૩ અવયવો પડી શકે છે

સાવયવોપમા સ્ત્રી. (કાવ્ય) એક ઉપમા. જ્યાં અવયવો સહિત અવયવીની ઉપમા હોય તેને સાવયવોપમા કહે છે.

સાવર ૧ ન. એ નામે એક જનાવર, સાવર.
૨. [સં.] ન લોધ; એ નામની એક ઔષધિ.
૩. [અ] વિ ખાટું.

સાવરક [સં.] ન. લોધ્ર.

સાવરકર ૧. પુ. એ નામના એક હિંદુ નેતા.
૨ સ્ત્રી. એ નામની હિંદુની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું

સાવરણ ૧. સ્ત્રી. એક પ્રકારની સંધિ.
૨. [સં. સ (સહિત) + આવરણ (ઢાકણ)] વિ. ઢાકણવાળું; આચ્છાદિત; ઢકાયેલું.

સાવરણી [સં. સમાર્જની] સ્ત્રી. ઠચરો ઠાકવાની ઘાસ અથવા ખજૂરી કે તાડપાના રેસાની જૂડી; ઝાડુ.
૧. સાવરણી ફરવી = (૧) ધૂળધાણી કરી નાખવું (૨) નુકસાન કરી બરબાદી નાખવું; બરબાદ કરવું (૩) ઝાડસફા કરી કચરોપૂંજ કાઢી નાખવો
૨. સાવરણી મગાવે સારે સુવિધ્ય લાવે = બીજે ઠેકાણે અને કરે કંઈક

સાવરણો પુ. સળીઓની જૂડી; મોટી સાવરણી.

સાવરણ્યક [સં] પું એ નામે એક માણસ તેણે આકડાશાસ્ત્રની ગૌરવદાન દેવાની પદ્ધતિ શોધી કાઢેલ છે તે પદ્ધતિને સાવરણ્યક પદ્ધતિ કહેવામાં આવે છે

સાવરણ્યક પદ્ધતિ સ્ત્રી (આંકડાશાસ્ત્ર) એ નામે ગૌરવદાન દેવાની એક પદ્ધતિ. આ પદ્ધતિ તેના શોધક સાવરણ્યકના નામ ઉપરથી સાવરણ્યકની પદ્ધતિના નામે ઓળખાય છે. આ માણસનું એમ કહેવું હતું કે, જે ચીજો અતિશય ઉપયોગી હોય અને તેમાં જેમની કીમતો ઓછામાં ઓછા મણી શકતી હોય તેવી ચીજોના વધુ નમૂનાઓ લેવા અને જે ચીજો ઓછી ઉપયોગી હોય અને જેમની કીમત અરસપરસ ઓછામાં ઓછી રાખી ન હોય તેવી ચીજોના ઓછા નમૂના લેવા આમાં ગૌરવ આપવાની જરૂર રહેતા નથી વધુ કિંમતની ચીજોના વધુ દાખલાઓ લઈએ તો તેમની બેજો જ તેમને ગૌરવ મળી જાય છે. દાખલાઓ પસંદ કર્યા પછી દરેક ચીજનું ગૌરવ અલગ અલગ સમજવામાં આવે છે સાવરણ્યક નામના માણસ આ પ્રમાણે કહેલું અને કરેલું હોવાથી તેના નામે આ પદ્ધતિ ઓળખાય છે

સાવરલોહ [સં.] ન. પડાળી લોખર

સાવરસીંધું ન સાબરસીંધ, સાવર જનાવરનું સીંધું. ન બળદો ગાડું ઉપર આપવામાં આવે છે

સાવરિકા [સં] સ્ત્રી સસુને જણાવેલ કરી નહિ કોરી ૭ માહેની એક પ્રકારની જાતી.

સાવરિયું ન સાસરું; સાસુસસરાનું ઘર; શ્વસુરગૃહ.

સાવરિયો [હિં] પું શ્યામળિયો; શ્યામસુંદર, શ્રીકૃષ્ણ.

સાવરી ૧. સ્ત્રી. સીમળો; સીમળો; રક્તસિમૂળ.
૨ વિ સ્ત્રી. શ્યામ રંગની
સાવરી સૂરત, માધુરી મૂરત. બ્રહ્માનંદ

સાવરું વિ. નાનું; નાનકડું

સાવર્ણ ૧. પું. (પુરાણ) એ નામના એક ઋષિ
૨. પું. સૂર્યની સ્ત્રી સવારેપીના ગર્ભથી ઉત્પન્ન થયેલ ચૌદ માંહેનો એ નામનો આઠમો મનુ, આઠમા મનુનું નિરૂપણ.

સાવર્ણિ ૧. પું. (પુરાણ) કૃતયુગમા મહાદેવને પ્રસન્ન કરવા સારુ આઠ હજાર વર્ષ તપ કરનાર એક ઋષિ
૨. પુ. સાત માંહેના એક મનુ આવતુ મન્વંતર પૂરો થયા પછી બનારા ચૌદ માંહેનો આઠમો મનુ

સાવર્ણિક ૧. [સં. સાવર્ણિ (આઠમો મનુ) + ક (પાળ)] પું. એ નામે એક મન્વંતર
૨. પું. (પુરાણ) એ નામના એક ઋષિ
૩. વિ. આઠમા મનુ સમયનું
દક્ષ, બ્રહ્મા, ધર્મ મનુ, વરદ, અદ્રોય સાવર્ણિક ઉદ. બ્રહ્મ

સાવર્ણ્ય ૧. પું (પુરાણ) વિવસ્વાન આદિત્યે સંજ્ઞાના ગર્ભે વિષે ઉત્પન્ન કરેલ એક રાજર્ષિ.
૨ ન. એ નામના ગોત્રનું એક પ્રવર.
૩. ન. એ નામનું એક ગોત્ર.
૪. ન એક અક્ષર બીજા અક્ષરને બદલે વાપરી શકાય એવો અક્ષર સમજ.
૫. ન. એક જાતીવાચક; એકજાતિપણું
૬. વિ. સમાન વર્ણનું

સાવલિયું ૧. ન. પાનેતર
તંબોળ પરણ્યાનો હો સૂડલો નથી સાવલિયે. પ્રેમાનંદ
૨. ન. પુત્ર કરતી વખતે પહેરવાનું નાની ઘાઘરી જેવું ઝિણું વસ્ત્ર
૩. ન. સાવળું; સાવળું; એક જાતનું આછા વજનનું પાતળું ધોતિયું; રાત્રે પહેરી સવાનું નાનું પંચિયું; ધોતિયા જેવું, પણ નાના પ્રમાણનું પહોળાઈ દુવાલના આછા આછા વજનનું નાનું પંચિયું; નાનું ફાળિયું.

સાવલું ન. ચોરીના થાંભમા ઊભા માટલા ઉપર મુકાતું કાઠા જેવું વાસણ, સકોરું, સપલિયું, સરાવલું; મોટું કોડિયું

સાવલોહ વિ. નાના લોટાનું
સાવલોહ પાંખર નઈ ચામર, મણી મૂપરી ઝલકઈ.
કાન્હડદેપ્રબંધ

સાવશેષ ૧. [સં.] વિ. બાકીવાળું; અધૂરું; અપૂર્ણ.
૨. અ. અવશેષની સાથે; સંપૂર્ણ.

સાવંત કામોદ સ્ત્રી. (સંગીત) કામોદા રાગિણીની છયું માંહેની એક જાતિ.

સાવંત મલ્હાર સ્ત્રી. (સંગીત) મલ્હાર રાગિણીની અગિયાર જાતિ માંહેની એક રાગિણી

સાવંત સારંગ પું. (સંગીત) સારંગ રાગની તેર જાત માંહેનો એક જાતનો રાગ.

સાવંત્રી [સં. સાવિત્રી] સ્ત્રી. માતા.
અંબા સાવંત્રી પ્રસૂ જનમની મા નામ,
જનની રંભા કુંવારીની બીજી મંડપ ધામ.
પિંગળાસુતપ્રકાશ

સાવિત્ર [સ] સ્ત્રી પ્રસૂતિ કરાવનારી સ્ત્રી; દાઈ; સુવાણી; દાયણ; 'મિડ વાઈફ'.

સાવિત્રકા કર્મ ન. પ્રસૂતિ કરાવવાનું કામ; સુવાણીપણું; સૂતિકર્મ; ગર્ભમોચન વિદ્યા.

સાવિત્રિકા [સં. સાવિત્રિકા] સ્ત્રી. સાવિત્ર ધર્મ પાળનારી સ્ત્રી

સાવિત્રિજ ન. સાવજડું; સાવજડું; પક્ષી. સાવજડું, સાવજડું રૂપે આ શબ્દ પ્રેમાનંદના નળાખ્યાનના કલમા કડવામાં વાપર્યો છે. પક્ષીના અર્થનો આ શબ્દ તિકારી હિંસક પ્રાણીના અર્થના સાવજ [સં. શ્વાપદ] થી ભિન્ન છે.
શુક સારિકા સાવિત્રિજ આવી.
બાંધી પદ્મ પ્રકાર. કારંબરી

સાવિત્ર ૧. પું. આકડાનો છોડ.
૨. પુ. (પુરાણ) એ નામે એક ઋષિ.
૩ પું. (પુરાણ) એ નામે એક વસુ. રાવણના દેવોની સામેના યુદ્ધમાં એણે રાવણના ભ્રાતામહ સુમાલી રાક્ષસને માર્યો હતો.
૪. પુ. ગર્ભ
૫ પુ સાવિત્રીનો ઉપદેશ લેવાથી જે જન્મ થાય છે તે; જનોપવીત લીધા પછીનો જે જન્મ તે
૬ પુ બ્રાહ્મણ.
૭. પુ. મહાદેવ, શંકર
૮ પુ પવિત્રોપવીત.
૯ પુ વસુ.
૧૦. પુ. સૂર્ય
૧૧. પુ. સૂર્યનો પુત્ર કર્ણ
૧૨. વિ સૂર્ય જેનો દેવ હોય તેનું
૧૩. વિ. સૂર્યનું; સૂર્ય સંબંધી.

સાવિત્રી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની પ્લક્ષદ્વીપની એક નદી. અમ્બા, નૃપ્ત્રા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાત, ભગભરા અને સત્યભરા એ પ્લક્ષદ્વીપની સાત નદીઓ છે

૨. સ્ત્રી. એ નામે ઋગ્વેદની એક ઋચા

૩. [સં] સ્ત્રી. એકસો આઠ માંહેની એ નામની સામવેદની એક ઉપનિષદ.

૪. સ્ત્રી. સાવત્રી; બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણની મંત્ર દેવતા.

૫. સ્ત્રી દેવી

૬. સ્ત્રી. (પુરાણ) પુરાણાનુસાર ભાદ્રપદના ત્રીસ માંહેનો ચોવિસમો દિવસ

૭. સ્ત્રી. બ્રાહ્મની સ્ત્રી; દુર્ગાદેવી.

૮. સ્ત્રી મણિદ્વીપની અંદર આવેલી ૬૪ માંહેની એ નામની એક કલા.

૯. સ્ત્રી. (પુરાણ) મદ્ર દેશના અધિપતિ અશ્વપતિ રાજાની કન્યા અને સત્યવાનની પત્ની. અશ્વપતિ રાજાને સાં સંતતિ ન હોવાથી તેણે અઢાર વર્ષ સુધી સાવિત્રી દેવીનું આરાધન કર્યું. આરાધનની સમાપ્તિ વખતે હવનમાંથી પ્રકટ થઈ સાવિત્રી દેવીએ તેને વરદાન માગવાનું કહેતાં રાજાએ પુત્રની યાચના કરી. પણ દેવી 'હું તને પુત્રી થઈશ'. એમ વરદાન આપી અંતર્ધાન થયાં. યોગ્ય સમયે એને ત્યાં પુત્રીનો જન્મ થયો. એનું નામ સાવિત્રી રાખ્યું. તે કન્યા પરણવા યોગ્ય ઉમરની થઈ ત્યારે પણ તેના અલૌકિક તેજથી છક્ક થઈ કોઈ રાજપુત્ર તેને પરણવાની હિંમત કરતો નહિ આથી સાવિત્રી પોતાના પિતાના કહેવાથી જાતે જ પતિને પસંદ કરવા વૃદ્ધ મંત્રી સાથે પ્રવાસે નીકળી. સર્વ સ્થળે ફરી એણે દ્યુમત્સેન રાજાના પુત્ર સત્યવાનને પસંદ કર્યો. પછી પોતાના પિતા પાસે પાછી આવી. એ વખતે નારદજી ત્યાં હતા. તેણે સત્યવાનનું આયુષ્ય હવે માત્ર એક જ વર્ષનું છે એમ કહેતાં અશ્વપતિએ બીજો પતિ પસંદ કરવા સાવિત્રીને કહ્યું પણ સાવિત્રીનો દૃઢ નિશ્ચય જોઈ આખરે તેની સાથે લગ્ન કરવા તૈયારી કરી. અશ્વપતિ રાજાએ એ પ્રમાણે વિવાહની સામગ્રી તૈયાર કરાવરાવી અને સાવિત્રીને સાથે લઈને તપોવનમાં આવ્યો અને દ્યુમત્સેન રાજાની સંમતિ મેળવી સાવિત્રીને સત્યવાન કોડે પરણાવી. પછી સાવિત્રીને ત્યાં મૂકી પોતે પોતાને નગર પાછો આવ્યો. સાવિત્રીએ પોતાના અંધ સાસુ સસરાની અને પતિની યથોચિત સેવા કરી તેમને સંતોષ આપ્યો. પોતાના પતિનું આયુષ્ય ખલાસ થવા આવ્યું ત્યારે વનમાં પૂજા કરવામાં બહુ દિવસ બાકી રહ્યા ત્યારે તેણે અનશન વ્રત કર્યું. બીજે દિવસે લાકડાં લાવવા માટે સત્યવાન જંગલમાં જતો હતો ત્યારે સાવિત્રીએ પોતાના સાસુ સસરાને વિનંતિ કરી તેમની પાસેથી સત્યવાન સાથે જવાની આજ્ઞા મેળવી. સત્યવાન જંગલમાંથી લાકડાં કાપી, કટકાઓ એકઠાં કરી બોજ બનાવી તૈયારી કરતો હતો તેવામાં તેના માથામાં ચક્કર આવવા માંડ્યું. આ જાણી સાવિત્રીએ એનું મસ્તક ખોળામાં લીધું થોડીવારમાં સત્યવાનને નિદ્રા આવી ગઈ. તેવામાં સાક્ષાત્ યમ સાવિત્રીની દૃષ્ટિએ પડ્યા. સાવિત્રીએ તેના આવવાનું કારણ પૂછતાં આ ધર્મપરાયણ માણસ કોઈ હું તેને લેવા જાતે જ આવ્યો છું એમ કહી સત્યવાનના લિંગ દેહનું આકર્ષણ કરીને યમે દક્ષિણ દિશાનો રસ્તો લીધો. પોતાના સ્વામીને મરણ પામેલો જોઈને સાવિત્રીએ એના મૃત દેહને જંગલથી દાબો અને યમની પાછળ ગઈ. એ પ્રમાણે યમની પાછળ જતાં અને યમને સ્તુતિ કરી પ્રસન્ન કરતાં તેણે યમ પાસેથી પોતાના સાસુસસરાની આંખ સારી થાય, તેના સસરાને તેનું રાજ્ય પાછું મળે, તેના પિતાને સો પુત્રો થાય વગેરે વરદાન મેળવ્યાં અને આખરે યમે પ્રસન્ન થઈ સત્યવાનને પણ જીવતદાન આપ્યું સાવિત્રી પાછી પોતાના પતિ પાસે આવી. થોડી વારે સત્યવાનને ચેતન આવ્યું. સાવિત્રીએ તેને બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી પોતાની સ્ત્રીના પતિવ્રતપણે થીયે તેને ઘણો આનંદ થયો તે પછી તેઓ આશ્રમમાં ગયાં. ત્યાં યમના વરદાનથી દ્યુમત્સેનનાં નેત્રો પૂર્વવત્ થતાં એને બધું દેખાવા લાગ્યું. તેને આથી આનંદાશ્ચર્ય થતું હતું વળી સાવિત્રી અને સત્યવાન રાત્રિ પડવા છતાં ન આવ્યાં તેથી ચિંતા કરતી કરતી તેવામાં તે બંને આવ્યાં. તેમની પાસેથી બધી વાત જાણી દ્યુમત્સેનને ઘણો હર્ષ થયો. અશ્વપતિને સો પુત્ર થયા. દ્યુમત્સેનને પોતાનું રાજ્ય પાછું મળ્યું. વખત જતા દ્યુમત્સેને સત્યવાનને ગાદી આપી સાવિત્રીને સત્યવાનથી સો પુત્રો થયા. પતિ સહિત ચારસો વર્ષ રાજ્ય ભોગવ્યું.

૧૦. સ્ત્રી. શિવપત્ની; ઉમા; પાર્વતી. તેની મૂર્તિ દેવળમાં પૂજાય છે.

૧૧. સ્ત્રી. શિવ શક્તિનું એક નામ. જગતની ઉત્પત્તિ તેમાંથી થવાથી તેને સાવિત્રી કહે છે.

૧૨. સ્ત્રી. સરસ્વતી.

૧૩. સ્ત્રી. સાક્ષાત્ આદ્યશક્તિરૂપ સનક, સનંદન સનાતન ને સનત્કુમારની માતા.

૧૪. સ્ત્રી. સાત માંહેની એ નામે એક ઔપચારિક

૧૫. સ્ત્રી. સવિતાનો મંત્ર; સવિતાનો મંત્ર.

૧૬. સ્ત્રી. સૂર્યનું કિરણ.

૧૭. સ્ત્રી. સૂર્યથી પૃથ્વી તરફ આવનારી શક્તિ.

૧૮ ન. (સંગીત) ષાડવનું એક તાન. મધ્યમ ગ્રામમાં ષડ્જ સ્વર વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

સાવિત્રીકલ્પ પું. (પુરાણ) દિવસના ક્રમમાં જાનકીવલ્લભના આશુ ભક્તિનાનો અર્પાયેલો ચોવીસમો દિવસ કે કલ્પ

સાવિત્રી વ્રત [સં સવિત્રી + વ્રત (બાબા)] ન. જેઠ માસના શુક્લ પક્ષના છેલ્લા ત્રણ દિવસોમાં સૌભાગ્યની રક્ષા માટે કરતું વ્રત સાવિત્રીનું એક વ્રત. વૈધવ્યથી બચવા માટે બીજો જેઠ સુદ ૧૩ થી ૧૫ સુધીના ત્રણ દિવસો બાલ ઉપવાસ કરે છે.

સાવિત્રી સમાધિ ન (યોગ) યોગનું એ નામનું એક આસન. તેથી ઓજ, તેજ ને મેધા વૃદ્ધિ પામે છે.

સાવિત્રી સૂત્ર ન. યજ્ઞોપવીત; જનોઈ.

સાવિત્રેશ્વર પું. નર્મદાતીરે કોટિ તીર્થ ઘાટ ઉપર આવેલ એ નામના એક મહાદેવ.

સાવીણો [સં] પું. (માત્રામેળ) એ નામે એક માત્રામેળ છંદ. માત્રામેળ વિષમ પ્રમાણે તે સાદા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૮૪ લઘુ મળી ૧૦૨ વર્ણની ૧૨૦ માત્રા હો. છે.

સાવીરચિરતી પું. એ નામનો એક પંથ.

> તેનો એક શિષ્ય સાવીર ચિરતી પથનો સ્થાપક અહમદ સાવીર છે. બુદ્ધિ પ્રકાશ

સાવું ૧. ન. પાપણમાં પડતી ઝીણી જાળ તાંત જેવું એક જતન છવાયું. શરીરની ચામડી ઉપર કાળા કે રાતા રંગનાં જે ઝીણાં જંતુ થાય છે તેને પણ સાવાં કહે છે

૨. સ કિ. કપડે લેવું; કપડે કરવું.

૩. સ કિ. ટેકો કરવો; ટેકો દેવો.

૪. સ. કિ. સહારવું; પકડવું; ઝાલવું; ધરવું.

> સાહે કર્તારને મુખ સાપ,
> મરે તરત તે ગળતા આપ. નિષ્કુળાનંદ

૫. સ. કિ. સોંપવું; ઠીક પડવું. ગમવું

સાવેરી ૧. પું. (સંગીત) સંગીતના એક રાગનું નામ તે ભૈરવ ઘાટમાંથી ઉત્પન્ન થાય છે અને પ્રાતઃકાળે ગવાય છે.

૨. સ્ત્રી. ગોદાવરીને મળનારી એ નામની નદી.

૩. સ્ત્રી. (સંગીત) મેઘરાગની છ માંહેની એક રાગણી

સાવો જુઓ સાવું.

સાશંક [સં] વિ. શંકાસહિત, શંકાયુક્ત; શંકાવાળું; વહેમવાળું, શંકિત; વહેમી

તે આજના પર કર્યું વસ આપવાના પ્રયત્નોને આપણે સાક્ષક નજરે જ અવલોકીએ છીએ
પ્રેમચંદ

સાશૂક પુ. કામળી, પાનળી

સાશ્ચર્ય ૧. [સં. સ + આશ્ચર્ય] વિ. આશ્ચર્યવાળું; નવાઈ ભરેલું, આશ્ચર્યયુક્ત
૨. ક્રિ. વિ. સવિસ્મય; અચંબાપૂર્વક; અચંબા સાથે.

સાશ્રુ [સં] વિ. અશ્રુ સહિત

સાશ્રુધી સ્ત્રી. આસુ.

સાશ્વ પુ (પુરાણ) એ નામે એક રાજર્ષિ.

સાશ્વર્ય [સં] ન. અદ્ભુત શક્તિ કે ઐશ્વર્યવાળા હોવું તે; મુક્તિના આઠ આદેશો એક પ્રકાર.

સાષ્ટાંગ [સં સ (સાથે) + અષ્ટ (આઠ) + અંગ (શરીરના ભાગ)] વિ. આઠે અંગ સહિત; માથું, આંખ, હાથ, છાતી, પગ, ઘૂંટણ, મન અને વાણી એ સર્વે અંગ સહિત.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ [સં.] પું. ક્રિ. વિ. શરીરના આઠે અંગોથી લાકડીની માફક સપાટ સૂઈ જઈને કરવામાં આવતો નમસ્કાર
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા = જમીન માપવી; જોર જેવા થવું; ઘણા ગદ્ગદ થવું

સાષ્ટાંગ પ્રણામ [સં] પું. ક્રિ. વિ. નીચા સૂઈ આઠે અંગથી કરેલ પ્રણામ, જેમાં આઠે અંગ જમીનને અડે તેવા પ્રણામ; આઠ અંગથી પ્રણામ કરવા તે; લાંબા થઈને પગે પડવું તે
સાષ્ટાંગ પ્રણામ કરવા = લાંબા પડવું, ગબડી પડવું.

સાસ ૧. પું. જીવ; પ્રાણ.
૨. પું. શ્વાસ,
૩. પું. શ્વાસ; દમ; હાંફ
૧. સાસ આવવો = ઠીક થવું; સુધરવું
૨. સાસ ઊપડવો–થવો = મરણ પૂર્વે ખૂબ જોરથી શ્વાસ ચાલવો.
૩ સાસ કાઢી નાખવો = (૧) ખૂબ થકવવું. (૨) મરણતોલ કરી નાખવું.
૪. સાસ ખાવો = વિસામો લેવો.
૫. સાસ ચઢવો = જીવતું હોવું
૬. સાસ લેવો = શ્વાસ લેવો
૪ પું સુરકો નાખેલ ખરિયું.
૫. પું. સમસો.
૬. [હિં.] સ્ત્રી સાસુ.

સાસણ ૧. [સં શાસન] ન. આજ્ઞા; આદેશ
૨ ન. જૈન દર્શન.
૩. ન. શાસ્ત્ર; આગમ.

સાસણ દેવી સ્ત્રી (જૂ ગુ) શાસન દેવી; જૈન ધર્મની અધિષ્ઠાતા એક દેવી

સાસતું ૧ વિ ઓછું, ઘીમું, ઢીલું.
સ.સતુ મૂકવું - ઢીલું મૂકવું; જવા દેવું
૨ વિ. ચાલુ, કાયમનું.
અહીંનો કે સુખ સાસતાં.
લીધા બા છે અસમાન
આનંદાબ્ધમહોદધિ

સાસપમણ સ્ત્રી. ધમણની પેઠે શ્વાસ લેવું

સાસન [સં. શાસન] ન. (જૂ ગુ) શિક્ષા.
સાસન આપિ એ અદ્દિ નવ.
પડિઉ ભરતલિ ગયા પ્રાસુ.
કન્હડદેપ્રબંધ

સાસનીક દ્વાસન્ય ન. સમુદ્રપારના બદલાની શિક્ષા; આ શિક્ષા વરપિયન કે અમેરિકનને કરવામાં આવે છે

સાસર [અં. સોસર] ૧ અં ન.ન., નાની રકાબી
૨. [સ શ્વશુર-શ્વશ્રૂ] ન. (બ્યાકરણ) સાસરું

સાસરવાઢ સ્ત્રી. સાસરિયાંનું ઘરનો રહેવો.
સાસરવાઢ રિયા કરી રે એને ઉંચ અવળી, કમાય રાખી નથી જાણી રે નથી પંચના પાન
દાસ તરંગિણી

સાસરવાસ પું. સાસરવાસો, સાસરામાં વસવું કે રહેવું તે, સાસરા ઘરે રહેવું તે, એવીએ સાસરે જવું તે

સાસરવાસણ વિ સાસરામાં વસતી; સાસરવાસો કરીને જતી; સાસરાને ઘેર રહેનારી, પરણેલી દીકરી જેમાન તરીકે આવી હોય તો

સાસર વાસણી જુઓ સાસરવાસણ

સાસરવાસો પું. સાસરે જેવા જતી દીકરીને કપડાં વગેરે આપવું છે તે; સાસરે જતી દીકરીને અપાતો લૂગડાં, ઘરેણાં, ઘરવાપરો વગેરે સામાન; કરિયાવર.
બીજે બહુદાર આવી જેનાને કેમ તે,
સાસરવાસો ઢહેરનારો બાપને લાગે ત્યાં રહ્યો.
ક.કલીન

સાસરવેલ સ્ત્રી. સાસરાના કુટુંબનો પરિવાર, સાસરાના કુટુંબનાં માણસો–સગાંવહાલાં વગેરે
આવો જોગવાઈ દીકરી,
સાસરવેલ ગઈ પાવન કરી
પ્રેમાનંદ

સાસરાવહલી ૧. સ્ત્રી. જેને સાસરું પરણાવ્યું હોય તેવી સ્ત્રી
૨ સ્ત્રી. જેને સાસરું પરણાવ્યું છે તેવી

સાસરિયાં ન. બ. વ. સાસરાનાં સગાં, કુટુંબીજન વગેરે.

સાસારસું ૧. ન. સાસરીનું ઋણ
૨ ન. સાસરું

સાસરી સ્ત્રી. સાસરાનું ઘર; શ્વશુરપક્ષ; સાસરિયું

સાસરું ન. વહુને વરના બાપનું અને વરને વહુના બાપનું ઘર, કુટુંબ વગેરે તે; સાસુ સસરાનું ઘર; વરવહુને પરસ્પર તેમ તેમના બાપનાં ઘર કે વતન તે સાસરું કહેવાય છે.
૧. સાસરા સુખ વાસરા, દો દિનકા આસરા - સાસરાને ઘેર બે દિવસ માન રહે છે.
૨. સાસરે સપ નહિ અને પિયર જપ નહિ = કોઈ જગ્યાએ સુખ ન હોવું; ત્રિશંકુના જેવી સ્થિતિ

સાસરો [સં. શ્વશુર] પું. વહુનો વરનો બાપ અને વરને વહુનો બાપ.

સાસલું ન. સસલું

સાસવતું ક્રિ વિ ચોખ્ખી રીતે; ખુલ્લી રીતે

સાસાનિઅન સિક્કો પું. ઈરાન સિક્કાની જાત અને ઢબની જાત. તેને મહત્ત્વના પૈસા પણ કહે છે
તારમાન ખંડના શાસ્ત્રાતમાં કપના પ્રતાપી સાસાનિઅન સિક્કાના નમૂના ઈન રૂપિયા પડાયે છે પણ તે બધુ અમૂલા હાથ ન.
મુ. સા પરિષદ

સાસાની [ફા] પું એ નામે ઈરાનનો એક પ્રાચીન વંશ ન્યાય માટે જગમશહુર થયેલ ન.શેરવાન ન્યાય આ વંશનો હતો
હવે સાસાની વંશના સૌથી મહાન અને મશહુર રાજા નૌશેરવાન તરફ નજર નાખીએ.
પ્રસ્થાન

સાસા મુસા સ્ત્રી. મધ્યમ વર્ગની એક જાતની ખેડ

સાસિલ્લ [સં. શ્વસિતવત્] વિ આસવાળું, દમિયલ.

સાસીસ પું. (પુરાણ) સ્વાયંભુવ-મન્વંતરમાંના બ્રહ્માપુત્ર મરીચિ ઋષિના પુત્ર કશ્યપના કુળના એક ઋષિ.

સાસુ [સં. શ્વશૂ પ્રા. સાસુ] સ્ત્રી વહુને વરની મા અને વરને વહુની મા; આર્યજ્ઞા; સાસુજ્જા; સ.સ
૧. જુવાન સાસુ મરે નહિ ને વહુનો દહાડો વળે નહિ; સાસુ બાય ત્રિવરાત તો વહુને આવી નિરાંત; સાસુ બાય હોળી તો વહુ બાય ખીર પોળી = સાસુની જોરદારીમાં વહુને સુખ
૨. સાસુ કોઈની સારી નહિ ને મા કોઈની ડાહ્યી નહિ = સાસુ કોઈને સારી લાગતી નથી અને મા કોઈને ખરાબ લાગતી નથી
૩. સાસુ દીધે સરેણા તો વહુ દીધે કલેણા = સાસુ દેખતાં દુઃખ આપે તો વહુ છાની રીતે દુઃખ આપે.

૪. સાસુ આગે ઠીકરું તો વહુ આગે કલેકું = મોટા કરે તે ભૂલ નહિ, નાના કરે તો ભૂલ.

૫. સાસુ વહુના કજિયા તે બીચડીનો ઊભરો આવે ત્યાં સુધી – સગાવહાલાંમા કજિયા થાય પણ તેમાથી એક બીજાનું ભૂરું ન ચાહે તે વિષે. તેમાં કોઈ કોઈને હાડ બળ તેમ નથી.

૬ સાસુ વહુમાં સાપેલું ગેબ = ઘરનો વરઝોળો

૭. સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો = મહીના મો ફેરા તો બંદુલાનો એક ફેરો, મોને વારફરતી છે

સાસુજાયો પું વર; પતિ; ધણી; આર્યપુત્ર સરકૃત સરકૃતિના કાળે મોટા ઘરની વહુઓ પોતાના વરને આર્યપુત્ર કહીને બોલાવતી ને બ્યવહરતી હતી તેમ પ્રાચીન ગુજરાતી સાહિત્યમા સાસુજાયો, નણદલવીર એવા શબ્દો વપરાયેલ છે.

સાસુજી [સાસુ + જી (માનાર્થે)] સ્ત્રી સાસુનુ માનાર્થે સંબોધન.

સાસુડા (સાસુડા) સ્ત્રી. સાસુ.

સાસુડી (સાસુડી) [સાસુ + ડી (તિરસ્કારાર્થે)] સ્ત્રી. સાસુ, સાસુનું તિરસ્કારાર્થે સંબોધન.

રુસણે તે રણખત રાખ્યો રે,
સાસુડી સમદર પેર વાંઝા

રઢિયાળી રાત

સાસુનો પું. સાળી; એક જાતની માળ. સાસુનો એટલે સાસુનો છોકરો એટલે સામાની બહેન માળ હેનારને આપેલી એવો અર્થ દર્શાવતો શબ્દ

સાસુસસરો ન. દ્વ.વ. સાસુ અને સસરો

સાસોઠ ૧. વિ. પ્રપાટાબંધ હોડકું.

૨. વિ. ખાસબોર; ઢાંકતું; દમ ભરાયો હોય તેમ. બોલું કહીને મેલી દોર, ઉઘાટે દીધો **સાસોઠ**.

પ્રેમાનંદ

સાસોરાઠી પું એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ. તે દોપદી છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૬૮ લઘુ મળી ૧૦૫ વર્ણ હોય છે.

સાસોસાસ વિ. શ્વાસ ભર્યું; ઢાંકતું.

પ્રેમાનોની વાસે મોઢું **સાસોસાસ**
નવલેખાં પોઢશે પલાણને.

રઢિયાળી રાત

સાસ્થિ ૧. વિ. પુજવરી; કરોડવાળું. લેખાર્દ, પ્રાણીવર્ગને બે મુખ્ય વિભાગમા જોડવે છે: (૧) અપુજવરી કે અનસ્થિ અને (૨) પુજવરી કે સાસ્થિ.

૨ [સં. સ + અસ્થિ (હાડકું)] વિ. હાડકાવાળું; અસ્થિવાળું.

સારેના [સં.] સ્ત્રી. ગાયને ચણે જે ગોદડી જેવી ચામડી લબડે છે તે; ગોકામણ.

સાસ્ર વિ. આસુવાળું; સાશ્રુ.

સાસ્વાદન ૧. ન. આત્મિક સ્થિતિનાં ચૌદ માહેનુ એક મુખ્યસ્થાન ઉપશાંતમોહ ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુજ થોડા વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા. આનુ સાસ્વાદન નામ એટલા માટે છે કે તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વ રુચિનો સ્વલ્પ પણ આસ્વાદ હોય છે જેવી રીતે મિષ્ટાન્નના ભોજન બાદ ઊલટી થતી

૨. ન. સમ્યક્ત્વનો એક પ્રકાર

તે સમ્યક્ત્વના ઔપશમિક, **સાસ્વાદન**, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયક એવા પાંચ પ્રકાર છે.

આનંદશ્રાવકમહોદધિ

સાસ્વાદન સમકિત ન. (જૈન) સમકિતથી પડતાં મિથ્યાત્વમાં જતાં વચ્ચેના કાળમા સમકિતનો કંઈક આસ્વાદ રહે તે વખતની પતિત અવસ્થા આ સમકિત વધારેમાં વધારે ૭ આવલિકા અને સાત સમયનો છે. ત્યારપછી સાસ્વાદન સમકિતવાળો જીવ મિથ્યાત્વની ભૂમિકાએ પહોચે છે

સાહ ૧. પુ. નિર્દોષ માણસ; ભલો માણસ.

૨. [હિ.] પું. માનવાચક શબ્દ

૩. પું. શાહ; સાહુકાર. શરાફ; વેપારી.

૪. પુ. સાધુ

૫. સ્ત્રી છાશ

સાહ પીવી = બપોરનું ભોજન કરવું. બપોરે બેઠુ ભોજન કરે તેને અને રબારી, ભરવાડ વગેરે સિરામણીને સાહ પીવી કહે છે

૬. સ્ત્રી મદદ.

આઈ સાહે કરો સહી પ્રેમાનંદ

સાહકા વિ. સહાયક; સહાય કરનાર.

લક્ષ્મણ એ પુત્ર લાધ્યા રામનાં બત કેરા સાહકા.

સામળ

સાહચર્ય ૧. [સં.] ન. બહુ ગાઢ સબંધ; એક બીજાની ગાઢ સમાનતા, સંસ્કાર કે વિચારસગતિ.

૨. ન. મૈત્રી, મેળાપ.

૩. ન. સહચારીપણું; બદેનપણું

૪. ન. સહવાસની અસર.

૫. ન. સકલના, વળગણ; સયોગ થયો તે

બાળકના મનમાં પદાર્થ અને નામનું **સાહચર્ય** રૂઢ થાય એટલા માટે પદાર્થના નામ સાથે બીજો એક પણ શબ્દ બોલવો નહિ જોઈએ

મોન્ટીસોરી પદ્ધતિ

૬. ન. સાથે રહેવુ કે કરવું તે.

૭. ન. સાથે વર્તન કરવુ તે.

૮. ન. સામાનાધિકરણ્ય.

૯. ન. સોબત; સાથ; સગ; સંગતિ.

૧૦. ન. હમેશા સાથે હોવુ તે; સાથે હોવાપણું; એક જ આશ્રય હોવો તે

૧૧ વિ સાથે ચાલવા યોગ્ય.

સાહચર્ય વ્યાપ્તિ સ્ત્રી. પદાર્થોની પૂરેપૂરી અમલમાં આવ્યા સિવાયની બાકીની વ્યાપ્તિ. સાહચર્યમાં બને અર્થો સાથે જ હોય છે, એકના વિના બીજો નથી હોતો, માટે તેને અવિનાભાવિત્વ પણ કહે છે. આ સાહચર્ય વ્યાપ્તિઓના ચાર પ્રકાર છે (૧) જડ પદાર્થો તે સ્વભાવો સંબંધી વ્યાપ્તિઓ સોનુ પીળુ છે, વાળીએ તેમ વળે તેવુ છે, અમુક વિશિષ્ટ ગુરુત્વવાળુ છે. આ બધા ધર્મોનુ સાહચર્ય જ જૈનોએ જ આપણે માનીએ છીએ કે, આ બધા સોનાના ધર્મો છે; એટલે કે જ્યાં જ્યાં એક ધર્મ હશે ત્યાં બીજા બધા હશે (૨) બીજા પ્રકારની વ્યાપ્તિઓ સજીવ પદાર્થોની છે, જેવા કે મનુ, જનાવર સાહચર્યથી આપણે જાણીએ છીએ કે બીમારને અમુક જાતની ભાજી, ફોય, અમુક જાતનું ફળ ફોય તેનાં પાદડાં અમુક પ્રકારનાં ફોય વગેરે (૩) ત્રીજા વર્ગમાં આનાથી કંઈક ઓછી ચોક્કસાઈવાળી વ્યાપ્તિઓનો સમાવેશ થાય છે 'બંગાળી લોકો મ યુ ખુલ્લું રાખે છે,' તો એ પણ વ્યાપ્તિ છે પણ તે પહેલા બે વર્ગો જેવી કુદરતી નથી (૪) ચોથા પ્રકારમાં ભૌમિતિક ધર્મોનો સમાવેશ થાય છે. કોઈ ત્રિકોણાકાર ફોય તો આપણે કહી શકીએ કે તેની બે બાજુઓનો સરવાળો ત્રીજી કરતાં મોટો છે આ સત્ય આપણે ભૂમિતિની રીતે સાબિત કરીએ તો આ અનુમાન થઈ જાય, પણ જ્યાં સુધી એમ કહેલ નથી ત્યાં સુધી તે કેવળ એક સાહચર્યનો નિયમ છે

સાહચ્યિરી સ્ત્રી ઉત્તર હિંદમાં લગ્ન પ્રસંગે જાની એ નામની એક ક્રિયા

સાહજન ૧. ન. વરઘોડામાં વરની આગળ ચાલનાર આગેવાન મુહસ્થોનુ ટોળુ

૨. ન. બેપરી વર્ગ.

૩. [સં સજ્જન] ન. સાજન; સારા માણસોનો સમુદાય.

સાહજન મહાજન ન. વરઘોડામાં મળેલા લોકો.

સાહજનું ન. સાજનું; જ્ઞાતનું પંચ; જમાત જ્ઞાતના સભ્યોનો સમાજ કે મડળ; જ્ઞાતના લોકોનું જ્ઞાત સંબધી સવાલનુ નિરાકરણ કરવાને એકઠા મળતુ તે.

સાહજિક ૧. વિ. પોતાની મેળે બનેલું.
૨. વિ. યથાક્રમ, રીતસર.
૩. વિ. સરળ.
૪. વિ સહકારવાળું
૫. વિ. સન્માન્ય.
૬. વિ. સ્વાભાવિક; કુદરતી; સહજ; પ્રકૃતિજ; સહજ પ્રાપ્ત થઈ શકે તેવું

સાહજિકતા સ્ત્રી. સ્વાભાવિકતા.

સાહજિકપણે અ. સહેજે; સહેજે સહેજે.

સાહજિકવૃત્તિ સ્ત્રી. સહજબુદ્ધિ; પ્રેરણા; 'ઇન્સ્ટિંક્ટ'.

સાહજોગ ૧. વિ. પ્રામાણિક; ભરોસાને સાચવનાર.
૨. [ફા. ખાહ્લેમ] વિ. સ્વીકારવા જેવું; ડાયરેક્ટર; જેને માટે હા ના કરાય જ નહિ એવું, જેનું કરે તે વખતે જ કબ્જું પાછું પડે એવું; નાણાંની આપલેના સંબંધનું (કબ્જાનું, હૂંડી વગેરે); જેમાં પોતાની વીગ બોલાય જ નહિ તેવું. સાહજોગ; સાહુકારને યોગ્ય; હૂંડી લઈ આવનારને તરત નાણું આપવાં પડે તેવા ચોખ્ખા વહેવારવાળું

સાહજોગ હૂંડી સ્ત્રી. જે હૂંડીના નાણાં હૂંડી લઈ આવનારને તરત આપવાં પડે તેવા ચોખ્ખા વહેવારવાળી હૂંડી

સાહજોગું જુઓ સાહજોગ.

સાહણ ૧. ન. (જૂ. ગુ.) વાહન; ઢોર.
૨. ન. સાધન.
સાહણ વાહણ જો નહિ.
આપ કિ ફિરે કૈલાસ.
અ.નંદકાવ્યમહોદધિ
૩. ન. (જૂ. ગુ.) સૈન્ય; લશ્કર; સેના.
કરહઠઈ **સાહણ** સાથ અપાર.
ભરતેશ્વરબાહુબલિ

સાહણી [સં. સાધનિક; પ્રા. સાહણિઅ] ૧ (જૂ. ગુ.) અશ્વપાલ
સૂનિ **સાહણી** સજણ સજ થયા,
સાજા મંડિયય લેઈ ગયા.
બુદ્ધિરાસ.

સાહણ્ય જુઓ સાહેણ.

સાહમી [સં. સ્વામી] પું. (જૂ. ગુ.) સ્વામી; નાથ
સાહમી ! સુણુક સોનોરિય, દીજઈ દાન અપાર રે
આનંદકાવ્યમહોદધિ

સાહમી વત્સલ [સં. સ્વામી વાત્સલ્ય] પું. (જૂ. ગુ.) ધર્મબાંધવ ઉપર વાત્સલ્યના બતાવવા આપેલા ભોજન વગેરે ઉપચાર.

સાહર ૧. [અ. શાયર (કવિ)] પું. શાયર; કવિતા કરનાર; કવિ; વિદ્વાન.
અમીર ખુસરુ એક **સાહર** એટલે કવિ હતો તેણે ઈરાકીના એના નામની કિતાબ બનાવી છે. તેમાં ખીજરખાં અને દેવલદેવીના પ્રેમનું વર્ણન છે.
રાસમાલા
૨ વિ. સદાય ફરનારું; ભાગનારું.
સાતમો સતવતી **સાહર** મહાદુ ખ કેરા દાહર.
સામળ

સાહરણ [સં. સંહરણ] ન. હરી જવું તે; લઈ જવું તે.

સાહરે પું. (પુરાણ) ચાક્ષુ મન્વંતરના પ્રારંભમાં બ્રહ્મદેવે કરીથી ઉત્પન્ન કરેલ માનસ પુત્રોમાના અંગિરા કુળમાં થયેલા એક ઋષિ

સાહરું વિ સારું; ઉત્તમ.
આઈ મહિમા આખ્યો ઉલસે, તારે મન મેના **સાહરો**.
સામળ

સાહલિયા સ્ત્રી. (જૈન) ઓસવાળ વંશના બાકરા ગોત્રની શાખા.

સાહવવું સ કિ. બીજાને સહન કરવામાં મદદ કરવી.

સાહવું ૧. [સં. સાહાય્ય] સ. ક્રિ. કબજામાં લેવું. ધરી રાખવું; પકડવું;
અલે નરસૈંને તારા ગુણ આવે રીઝિયે,
ચૂડાં બાહ્ય પ્રભુ **સાહશે**.
નરસિંહ મહેતા
૨. સ ક્રિ. મદદ કરવી

સાહસ ૧. પું. એક જાતનો અગ્નિ.
૨ પું એક પ્રકારનો દંડ; સાહસ કરનારને ભરવી પડતી
૩. ન. જોખમ ભરેલું કામ.
૪ ન. જોખમ હોવા છતાં કામ બીજી કંપનીવાળું ન, કામ પાર પાડવામાં પ્રાણની હાનિ થવાનો વિચાર ન થાતાં તે કામ કરવાને જાતી બતાવવી કે હિમત બીડવી તે.
સાહસ ખેડવું = સાહસ આદરવું કે કરવું.
૫. ન ધાષ્ટ.
૬. ન બળાત્કારે કરેલ ચોરી
૭. ન. બળાત્કારે કરેલ ઔસોગ
૮. ન. મિલકત કે મનુષ્યને ઓચિંતુ ઉપાડી જવા તે
૯ (સ) ન. (ન્યાય) લૂટફાટ અને જબરદસ્તી
૧૦. ન. ગુરુત્વ.

સાહસકથા સ્ત્રી સાહસપૂર્ણ કે સાહસ વર્ણવતી કથા.

સાહસ પ્રિયતા સ્ત્રી. સાહસ માટેનો પ્રેમ.

સાહસવીર પું. સાહસ કરવામાં શૂરવીર; સાહસી પરાક્રમી પુરુષ.

સાહસવૃત્તિ સ્ત્રી જીવ સામેનાં પરાક્રમની ખાંત.

સાહસહારી વિ. સાહસિક; સાહસ ખેડનાર.
નડ્યા **સાહસહારી** નિર્જીવવાણા પરસ્પરની ખોડ
બાપજી બાલવી.
ઇ. સ્. ઇસાઈ

સાહસાંક ૧. પું. વિક્રમાદિત્ય રાજા
સાહસાંક બિરુદ મેળવનાર એવા દ્વિતીય ચંદ્રગુપ્ત છે.
કેશવ હર્ષદ ધ્રુવ
૨. વિ. ઉદ્ધત.
૩. વિ. સાહસ જેનું મુખ્ય લિક્ષણ છે તેવું

સાહસિક ૧. [સં] વિ ક્રૂર.
૨. વિ. ચોર
૩ વિ. જોખમ ભરેલું.
૪ વિ. પરસ્ત્રીલંપટ
૫ વિ. દુષ્ટો પડે એવું.
૬ વિ. ભરખાંત; મોત થાય એવું
૭ વિ. મિથ્યાવાદી
૮ વિ. સાહસ કરનારું; જોખમ વેઠનાર કે ખેડનાર
૯ વિ. સાહસી; અવિચારી. વગર વિચારે ઊંડી પડે એવું; ઉતાવળિયું; ઉતાવળું, આંધળિયાં કરનાર.
૧૦. વિ. હિમતવાળું; બહાદુર

સાહસિકતા સ્ત્રી. સાહસિકપણું; સાહસવૃત્તિ; સાહસપણું; અવિચારીપણું.

સાહસિક નિર્ણય પું. બેસાનુવૃત્તિ કરવા આવશ્યક અથવા ઊતાવમાં નિર્ણય કરવો તે.

સાહસિક પ્રવૃત્તિ સ્ત્રી. સાહસિકપણું; સાહસપણું; સાહસ વહોરવાનો ભાવ.

સાહસિની વિ. સ્ત્રી સાહસ કરનારી.
ઇ બાલ **સાહસિનિ** શું પડતી વિનારી
નરસિંહરાવ

સાહસી વિ. (જૂ ગુ) આડસર; અવિચારી; સાહસ કરનાર; સાહસિક; સાહસવાળું.
દાદરી દડાદડ કરી દામક દેસિ દિરસિ દિસિ દડવડઈ,
સંભરઈ રાઉ સુરત્રાણ સા.ન્ય **સાહસી** સવિ સમર ઈ.
રણમલ્લ છંદ ૧૫મી સદી

સાહસ્ર ૧. પું એક હજાર હાથીઓનો સમૂહ.
૨. ન. હજારની સંખ્યા.
૩ વિ. સહસ્ર સંબંધી; હજારની સંખ્યાએ પહોંચ્યા એવું; હજારનું

સાહંસી પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેને હંસી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે મગણ, તગણ ત્રણ નગણ, એક સગણ અને ગુરુ એમ બાવીસ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

સાહા ૧ [સં સાખા] જી. શાખા; ડાળી.
૨. [સં સ્વાહા] અ. સમર્પણ; સ્વાહા.

સાહાટકવું સ. ક્રિ. બદલવું; ફેરવવું; બદલી લેવું
ઊઠ પીઠ કુપાટક **સાહાટક** પ્રીતમ

સાહાડો (સહાડો) ૧ પુ. આરામ.
૨. પુ આશ્રય; આશરો
સાહાડો દોરા આવ્યો, વળગ્યાનો તે માળ.
વચનરાજ

સાહાણ [સં. સાધન; પ્રા સાહણ] ન. સૈન્ય; લશ્કર
ગજરથ સાહાણ સજ કર્યાં સંપતિ એ સપિ કુમાર. ભીમ

સાહાભંગ ૧. પું પ્રાણીનો કટકો.
૨. પું નવપલ્લવ; નવું પાદડું

સાહામિત્ર [સં સાધર્મ્ય] પું. વાદળો.

સાહામું ૧. ન. (જૂ. ગુ) સામૈયું.
સાહામાના સાચવ્યા વિષેક, જેનારા આવ્યા અનેક
વિમલપ્રબંધ
૨. અ. સામું

સાહામોલું ન. સામૈયું; સામા જવું તે.
સામગી કરી રત્ન ચાલીયા,
સાતણીયાને **સાહામોલ્યે** પ્રેમાનંદ

સાહાય જુઓ સાહાય્ય

સાહાયક ૧. પું. સાથી; મિત્ર; મદદગાર.
૨. વિ સહાય કરનાર; મદદ કરનાર.

સાહાયિકા ૧ જી સહાય કરનાર જી.
૨. વિ જી. સહાય કરનારી
મંત્રણાએ સાહાયિકા થવાનો કોલ આપ્યો
અભિજ્ઞાનશાકુન

સાહાય્ય ૧. [સં.] જી. ઓથ; ટેકો.
૨. જી. મદદ; કુમક
૩. જી. મૈત્રી; દોસ્તી.

સાહાય્યકાગત [સં. સાહાય્યક + આગત] વિ. મદદ માટે ધીરેલું.

સાહાય્યકારક વિ. સહાય કરે એવું.

સાહાય્યકારક ધાતુ પું. (વ્યાકરણ) સહાય કરે એવો ધાતુ

સાહાય્યકારક મંડળ ન. સહકારી મંડળ કે મંડળી, ' કોઓપરેટિવ સોસાયટી '.

સાહાયાટ જી સારાવાટ; સારાપણ

સાહાર્વય [સં. સ્વાભાવિક] વિ. અકૃત્રિમ; કુદરતી; સ્વભાવસિદ્ધ.

સાહિત ૧. [સં. સાહિત્ય] ન. સાહિત્ય; સાધન; સામાન.
૨. [સં. સાધિત] વિ. કહેલું; સાધેલું
૩. વિ. સહેલું, પકડેલું; ગ્રહેલું

સાહિત્ત ન. (જૂ. ગુ.) સાહિત્ય; સાધન.
બંધુઈ દાન માંન ઊચિત બંધુઈ તઈં સકલ સાહિત્ત.
વિમલપ્રબંધ

સાહિત્ય ૧. [સં] ન. કાવ્ય, નાટક અને સકલિત રસિક ભાવવાળી કલ્પનાપ્રધાન વાઙ્મય; આનંદ, ઉત્સાહ, ઉપદેશ ને રસ કેરવનારું એવું મનોહરણ લખ્યું. સાહિત્ય એટલે સહિતનું ભાવ. સાહિત્યનો બીજો અર્થ રસિક જનપદ છે એમાં ઉપરના કલ્પનાપ્રધાન સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન વગેરે જ્ઞાનોપ સાહિત્યનો સમાવેશ થાય, ત્યારે સાહિત્ય એટલે સકલ વાઙ્મય અનાદિથી સંસ્કૃત ભાષા જીવન દ્વારા વિદ્વાનવર્ગે સ્વાભાવિક રીતે જે જ ભાષામાં પોતાનું કલા કૌશલ્ય દર્શાવ્યું તેવા ભાષા હતો. પરંતુ એ ભાષા મૃતપ્રાયઃ થતાં અપભ્રંશના નિયમને પરિણામે ગુજરાતી વગેરે બીજી ભાષાઓ ઉત્પન્ન થઈ. વિશેષ પ્રચલિત થઈ અને એ ભાષા બોલનારામાંથી જે વિદ્વાનો થતા ગયા તેઓએ પરાપૂર્વથી સંસ્કૃત ભાષામાં સાહિત્ય રચવાની પદ્ધતિ સંસ્કૃત ભાષાના પોતાના અજ્ઞાનને અભાવ સંસ્કૃત ભાષામાં લખાયેલું સાહિત્ય બોધ રસિકર હોવાને કારણે છોડીને પોતાની ભાષાઓમાં કાવ્યાદિક કરવા માંડ્યાં અને તારથી એ ભાષાઓના સાહિત્યનો પાયો નંખાયો ગુજરાતી ભાષા રાજ્ય ભાષા નહિ હોવાથી તથા ગુજરાતી બોલનારી પ્રજામાં વિદ્યાના સંસ્કાર બહુ પ્રમાણમાં નહિ હોવાથી આ ભાષાનું સાહિત્ય સમૃદ્ધ ત્રણસો વર્ષ સુધી વિશેષ વધી શક્યું નહિ. ધર્મના વિષય ઉપરના કાવ્યો સિવાય બોડાક કવિઓની કૃતિ બાદ કરતાં નરસિંહ મહેતા પછી બસો કાળ સુધી નવીન પ્રકારનું કોઈ પણ જાણવા જોગ સાહિત્ય ઉદ્ભવ્યું નથી. દરેક પ્રજામાં સમયે સમયે અભ્યુદય કારણોથી રત્નો ઉત્પન્ન થાય છે તે નિયમે ગુજરાતી ભાષામાં પણ અંગ્રેજ કેળવણીની અસરના વિના જ અખો, પ્રેમાનંદ, દયારામ, ધીરો વગેરે રત્નો નીપજી આવ્યાં અને ગુજરાતી સાહિત્યનું બીજ રોપાયું. આપણા પૂર્વજોએ તો સાહિત્યનું વાઙ્મય નામ આપી તેમાં સર્વનો સમાવેશ કર્યો છે. જો કોઈ સ્વાધી ભાષામાં લોકોત્તર લેખ કે કવન તે સાહિત્ય સજ્ઞાને પાત્ર છે. વર્તમાન યુગના સાહિત્યનું નિરીક્ષણ કરતાં પાંચ વિભાગના સાહિત્યનું વિસ્મરણ કરવું એ ક્યાંઈ નહિ ચલાય. (૧) પારસીઓનું સાહિત્ય, (૨) બ્રહ્મ સાહિત્ય, (૩) જૈન સાહિત્ય (૪) સૌરાષ્ટ્રનું સાહિત્ય અને (૫) ખ્રિસ્તી પાદરી વર્ગનું સાહિત્ય સાહિત્ય એટલે માનવ હૃદયના ભાવ સંસ્કાર, સાહિત્ય એટલે સત્ય અને સૌંદર્યની શોધ, સાહિત્ય એટલે આત્માના ઊંડાં રહસ્યો, સાહિત્ય એટલે કલ્પના ની રીજણીના ચમકારા, સાહિત્ય એટલે માનવજાતિનાં સુખદુઃખનો ઇતિહાસ, સાહિત્ય એટલે વાણીના સરોવર પર પડતો મનોનયનનો ઝાંઝવાનો અદ્ભિભાવ, સાહિત્ય એટલે જગતની સંસ્કૃતિનું સંમેલનસ્થાન, સાહિત્ય એટલે મનુષ્યમાત્રને બ્રહ્મભાવથી સાંકળતું રસેદ્ર બંધન સાહિત્ય એ તો મનુષ્યની પ્રજ્ઞાનું મંદિર છે. એના શબ્દે શબ્દે પ્રભુતાનાં પગલાં પડેલાં છે અને એ પ્રભુતાનાં પગલાં જોતાં જોતાં અને તેમાં આપણાં પગલાં પાછાં પાડતાં પાડતાં આપણે ખુદ પ્રભુપદને જવાના માર્ગ પર મંડીએ છીએ. સાહિત્યનું શરીર તે એની વાણીનો શબ્દસમૂહ છે અને એ શબ્દસમૂહની શુદ્ધિ, તેનો યોગ્ય વપરાશ, તેની રચનાનો સવાદ અને એ સર્વને એકાકાર કરી તેમાંથી બહાર પડતા અર્થની સ્પષ્ટતા, એ સર્વ શરીર તત્ત્વોની સંસાર યોજના અને ક્રિયા, એ બધું મળીને સાહિત્યનું સુંદર શરીર બંધાય છે. એ બધી ક્રિયા માટે એક જ મહાગજ્ઞની આવશ્યકતા છે અને એ મહાગુરુ તે ઔચિત્ય અથવા વિવેકપ્રકાશ યશ કૈતા છે, માટે જ સાહિત્યને યોગ્ય ગણાતા લેખ કે કવનમાં ભાષાશુદ્ધિ, શબ્દશુદ્ધિ અને અર્થશુદ્ધિ મુખ્યપણે આવશ્યક છે. સાહિત્યે ગુજરાતી ગુજરાતી અનાજ ઉઘાડ્યું છે, સાહિત્યે વસ્ત્ર બદલ્યા છે, સાહિત્યે સોમરસ પાયો છે. સાહિત્યે સ્વપ્નોનાં રંગબેરંગી ચિત્રો આલેખ્યાં છે, સાહિત્યે ઉદ્બોધનિર્વાહનાં સાધનો આપ્યાં છે. સાહિત્યે ઉદ્યોગ, વેપાર, કળા વગેરે તનમનની ઉન્નતિના માર્ગ બતાવ્યા છે, સાહિત્યે સમાજ રચાવ્યા છે, સાહિત્યે ગામડાં અને મહારાજ્યોની સ્થાપના કરી છે સાહિત્યે પીરામિડો બંધાવ્યા છે, સાહિત્યે તાજમહેલની મૂર્ત સુંદરતા સર્જન કરી છે, સાહિત્યે મંદિરોમાં સ્વર્ગ ઉતાર્યાં છે, સાહિત્યે આંખમાં સુધા ઉભરાવી છે, સાહિત્યે આસુનાં ઓજસ ઠલવાવ્યાં છે, સાહિત્યે હિંસ્રતામાં માનવતાનો ચમકાવી છે, સાહિત્યે માનવતામાં દિવ્યતાને ઉતારી છે સાહિત્યનાં અમૃત દેવોના અમૃતથી યે મીઠાં છે સાહિત્ય ના હોત તો કલ્પાનાન અપ્સરીના સૂર ક્યાં ઝીલી રખાત ? સાહિત્ય ના હોત તો ઋષિમુનિઓના આદેશ આપણા કર્ણમાં કેવી રીતે ' ક્રાંત ! સાહિત્ય ના હોત તો પેગંબરોના પૈગામ કોણ પુગાડત ? દેવો ઊંચે ભાત, નંદનવનમાં રેનીનાં રણ ઊડત, દિવસ બસબસતો જ રહેત, રાત્રિના અંધારામાં તારાની ભાત નહિ જ ખૂલત,

ઉપર આકાશ, નીચે ધરતી, તેમાં માનવી પશુ જેવો માત્ર નીચે મુખ રાખી પોતાનું ઉદર ભર્યા જ કરત; અને એક રોજ કાળવાયુના વટોળિયામાં ઝાડ ને તૂટી પડી આકમાં આક મેળવી દેત મિરનાર પર્વતનું સૌંદર્ય તેની લંબાઈ પહોળાઈના માપ કાઢી બતાવવામાં કે તે કેટલા મણ માટી પથરાનો બનેલો છે તે દર્શાવવામા નથી, પણ કોઈ પ્રચંડ બાહુ આકાશે પોતાનું શિર અડાડીને ઊભો હોય અને તેના જોનારના મનમાં વીરતા, વિશાલતા, ભવ્યતા, અડગતા, પ્રતાપ આદિ અનેક ગુણોનો આવિર્ભાવ ઉત્પન્ન કરે એવી મૂર્તિ કલ્પનાના ચમત્કારથી વાણીમાં ઊભી કરાય ત્યારે જ તે વાણી પાછી સાહિત્ય નામને યોગ્ય થાય અ. ઉપરથી આપણે જોઈ એ છીએ કે એ સત્ય અક્ષર સૌંદર્યના તત્ત્વનો કલ્પનાનો સ્પર્શ થાય, ત્યારે જ તેને લગતું કથન સાહિત્ય તરીકે ગણવાની યોગ્યતા ધારણ કરી શકે

૨. ન. દાષ્ટાંતિક કથ્ય.

૩. ન. પ્રાણનાં ચિત્ત.૨, ભાવના, જ્ઞાન વગેરેની ભા.પ.મા સમવાયેલી મૂડી; ય.હ્મય.

૪. ન. સહિતપણું; મળતું તે; જોડાવું તે, પરસ્પર સાપેક્ષ તુલ્યરૂપ એક ક્રિયામાં જોડાવું તે.

૫. ન. સામગ્રી; વસ્તુ; કોઈ ક્રિયાને પૂર્ણ કરવાને ઉપયોગી જે 'ઉપકરણ વગેરે તે; સ.માન.

સાહિત્યક ૧. [સં.] પું. સાક્ષર.

૨. વિ. સાહિત્ય રચનાર; સાહિત્યકાર સાહિત્યક શબ્દ અપ્રયોગ છે પણ પ્રચારક સાથે એનો પ્રાસ મળે છે એટલે એ છોડવો ગમતો નથી.

૩. વિ. સાહિત્યને લગતું.

સાહિત્યકાર [સં. સ.હિત્ય + કાર (કરનાર)] પું. સાહિત્યમાં નિષ્ણાત; સાહિત્ય લખનાર; સાક્ષર; સાહિત્યનો ઉપાસક; સાહિત્ય રચનાર વિદ્વાન પુરુષ.

સાહિત્યકીય ભાષા સ્ત્રી. સાહિત્યની ભાષા; ' લિટરરી લેંગ્વેજ '.

સાહિત્યકૃતિ ૧ સ્ત્રી સાહિત્યની ચીજ.

૨. સ્ત્રી. સાહિત્યનું કામ.

સાહિત્ય કોવિદ પું. સાહિત્ય જાણનાર.

> ગુજરાતી ગદ્યનો નર્મદ પિતા એમ આપણા મન ઉપર અનેકવાર આપણા સાહિત્ય કોવિદોએ ઠસાવ્યું છે. કૌમુદી

સાહિત્યક્ષેત્ર [સં સાહિત્ય + ક્ષેત્ર (ખેતર)] ન. સાહિત્ય રૂપી ખેતર; સાહિત્યના ખેડાણનો વિસ્તાર.

સાહિત્યગોષ્ઠિ સ્ત્રી. સાહિત્ય ચર્ચા

> પ્રયાગમાં હિન્દી સાહિત્ય સંમેલના પ્રયત્નથી મળી આમ સુધી પરિષદને દિવસે એક નવલિક્ષ ગોષ્ઠિનું આયોજન કરાયું. કૌમુદી

સાહિત્ય ચર્ચા સ્ત્રી. સાહિત્યના વિષયોની ચર્ચા

સાહિત્યચંદ્ર પું. સાહિત્યમાં ચંદ્રની સમાન પ્રકાશનાર

> સાચા સાહિત્યચંદ્રો સામે રાહુની જેમ ચર્તે છે. મ. સા. પરિષદ

સાહિત્યચંદ્રિકા સ્ત્રી. એ નામની એક ઉપાધિ

સાહિત્ય તપસ્વી [સં.] પું. સાહિત્યના ક્ષેત્રમાં તપસ્વી; ઘણાં કષ્ટ વેઠીને પણ સાહિત્યની સેવા કરનાર વિદ્વાન જેમ આ જેમ ન.ન. ત્રિપાઠી મુનિઓ, હજારો શ્લોકોના પુરાણો ર.મ.ન. અને મહાભારતના વાર્કિમહી અને બા.મ. મરાઠી વાણીનાં ભવ્ય ભવનને ભવ્યરિયત કરનાર ભગવાન પાણિનિ, વિશ્વવિદ્યા સ્ત્રોતોના અધિષ્ઠાતાઓ, શુક્રાચાર્ય અને ભારદ્વાજાચાર્ય, ચાણક્ય અને વિદુર, ભરત અને નારદ, કાલિદાસ અને ભવભૂતિ અને એવા અનેક આ પુણ્યખંડ ભારત દેશના સાહિત્ય તપસ્વીઓનાં તપની વિભૂતિ આપણી આસપા હજારો વર્ષ થયાં છતાં આજે પણ ઓજસ્વી છે. પશ્ચિમ બાજુ તરફ દૃષ્ટિ કરતાં ત્યાં પણ હોમર અને વર્જિલ, ઓસ્યન અને દાન્તો, ટેસો અને ચાસ્ટેટ, વિક્ટર હ્યુગો અને ગ્રેઝેટે, શેક્સપીઅર અને મિલ્ટન, ગેલી અને હોટસ, બૅનસન અને કોલરિજ, રસ્કિન અને બ્રાઉનિંગ, ડાર્વિન અને હેકલ, મીલ અને કોમ્ત, એમરસન અને વૉરો ન્યૂટન અને લેન્ડોર, કાર્લાઇલ અને ટોલ્સ્ટોય આદિ અનેક પ્રખર બુદ્ધિઓએ સાહિત્ય સેવામાં જ જીવન ગાળ્યાં છે. વર્તમાન કાળમા જોતા ખુદ આ આપણા ગુજરાત દેશમાં પણ નરસિંહ મહેતો, ભાલણ, પ્રેમાનંદ, સામળ, દયારામ અને આપણા ગઈ કાલના જ પ્રચંડ સાહિત્યબાહુનો દલપતરામ, નર્મદાશંકર, નવલરામ અને ગોવર્ધનરામ જેવાં પુણ્ય નામો તો હજી આપણી જીભ ઉપર તાજાં જ છે. ભારતના જગદ્વિખ્યાત આધુનિક કવિવર શ્રીયુત રવીન્દ્રનાથ ટાગોરની અપ્રતિમ સાહિત્યશક્તિ તો હજી ઘમઘમાં સુધી ઘોષના જેવો ગર્યો ગર્યો ભવ્ય સ્વર કાઢતી જ હતી વર્તમાન ભારતના સનાતન સંસ્કૃતિની મૂર્તિ જેવા મહાત્મા ગાંધીજીએ પણ એ જ સાહિત્યની જેવી તેવી સેવા બજાવી નથી. એમના અપૂર્વ ચેતનાબળથી ગુજરાતી સાહિત્યની અધ વર્ષથી આકાશમા જ વહેતી અમૃત ગંગાને એમણે પાછી નીચે ઉતારી ઘેર ઘેર વહેતી કીધી છે. આપણા કેટલાક હયાત સાક્ષરો પણ વિધવિધ રીતે પોતાની ઊંડી સાહિત્ય ભક્તિનાં પુણ્ય દર્શન આપણને કરાવી રહ્યા છે. આ સર્વે તપસ્વીઓની પ્રજાની ઉન્નતિ માટે સાહિત્યની જ સમાધિ ચઢાવેલી છે. એ તપસ્વીઓએ પ્રજાના હૃદયવાટ ઉપર કાળનાં ઓળાં અથડાતાં જોયા અને એ ઘાટના પણાક પથ્થરોને ઠીક પડતા જોતાં પોતાની ભક્તિ અને પોતાના તપ બેવડી પ્રાણશક્તિથી અપૂર્વ રીતે દીપ.ઞ. છે. એમના તપમાં સ્વર્ગના રાજ્યની આકાંક્ષા ન હતી, એમની ભક્તિમા ધર્મપીઠ પામવાની આશા ન હતી, તેમ અખંડ કીર્તિ માટે કશા બદલા.ની માગણી ન હતી. પ્રભુની પ્રસન્ન.ત્રને પ્રભુના પ્રસાદ અખંડ મળતા રહે એ જ તમનું ધ્યેય હતુ. એ જૂના જોગીઓ જૂના હતા આજે પણ નવીન જ છે અને તેમનું તપ કાળજૂનું હતા હજીયે અખંડ જ ચાલી રહ્યું છે.

સાહિત્યતીર્થ ન. સાહિત્યનું ધામ.

> કવીશ્વર દલપતરામનુ ઘર સાહિત્યતીર્થ કહેવાયુ. કારણ કે કવીશ્વરને ઘેર ગિરનાર આવતા. ઈરાકી આવતા. પારસી આવતા. સાહેબો આવતા, રોડિયા આવતા., વિદ્વાનો આવતા, અમલદારો આવતા, રાજપુરુષો આવતા, દીવનો આવતા, કમોવાર્યો આવતા, ઓટલે દલપતરામનું ઘર ગુજરાતનુ સાહિત્યતીર્થ હતું. નાનાલાલ

સાહિત્યદર્પણ ન જ્ઞાનવરાજ્ઞા સભાથી એ નામે એક પુસ્તક. વિશ્વનાથ કવિરાજે આશરે પંદરમી સદીમાં આ પુસ્તક સંસ્કૃત હતું અલંકારો તથા સાહિત્યનો મર્મ સમજવા તે ગ્રંથ અતિશય ઉપયોગી છે

> કાવ્ય પ્રકારથી માંડીને સાહિત્યદર્પણમાં સુધીના અલંકાર શાસ્ત્રના બધા ગ્રંથોના આપણે એ સિદ્ધાંત જોઈએ છીએ. પુરાતત્ત્વ

સાહિત્યદર્શન ન. એ નામે સાહિત્યનું એક પુસ્તક

> ગ્રંથિસાહિત્યના આંકડાઓની અમુક સ્થિતિ તે સાહિત્યદર્શનમા નથી. અખબાર

સાહિત્ય પરિષદ સ્ત્રી. સાહિત્યચર્ચા કરનારી પરિષદ કે સભા. પહેલી સાહિત્ય પરિષદમાં, ૧૯૦૫માં અમદાવાદમા શ્રી ગોવર્ધનરામે તેને આશિષ આપી ૧૯૦૭માં મુબઈમા શ્રી કેશવલાલે એને ગુજરાતી સાહિત્યના સાતેસનુ દાન કર્યું. ૧૯૦૯માં રાજકોટમાં શ્રી અંબાલાલ સારાભાઈ અમદાવાદને પાછેથી પરિષદને ટકાવી રાખી. ૧૯૧૨માં વડોદરામાં શ્રી રણછોડભાઈએ એને પગભર કરી, ૧૯૧૫માં સુરતમાં શ્રી નરસિંહરાવે તેને તેજસ્વી સ્વરૂપ આપી, સરવાળામા સાહિત્યના આપવાનો પ્રયાસ કરવા માંડ્યો. ત્યાં પરિષદને

નયારી સ્વરૂપ આપવા માટે એક સમિતિ નિમાઈ ૧૯૨૦ની અમદાવાદની પરિષત્ મહત્ત્વ મહાત્મા ગાંધીજી ને કવિવર રવીંદ્રનાથ જેવા બે મહા તેજસ્વી પુરુષોના મેળાપથી પ્રગટેલા તેજમાં ઢંકાઈ ગયું હતું, પણ શ્રી હરગોવિંદદાસના નેતાપણા નીચે પરિષદે સ્વરૂપ બદલ્યું. પરિષદ મંડળી પ્રગટ્યુ સંમેલનનું. સંખ્યા ઘટી ૧૯૨૪માં ભાવનગરની પરિષદ શ્રી કમળાશંકર ત્રિવેદીના પ્રમુખપણા નીચે ભરાઈ હતી પરિષદ મંડળ નક્કી થયું અને મંડળી રજિસ્ટર કરવાની યોજના થઈ

સાહિત્યપીઠ જી સાહિત્ય માટેની સરથા બીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રેરકબળોએ સ્થપ્યુ છે કે તે વિશુદ્ધ ભાવનાત્મક અને ઉપયોગી જ્ઞાનવાળું અદ્યતન સાહિત્ય એકેએક ગામ સ્થાં ગુજરાતી નિરક્ષર દ્રોય ત્યા મફત છપાવી વહેંચી સાહિત્યની ગંગા અંતર્ગત અમર્યા વહેતી કરે ને વધારે મૂલ્યના પુસ્તકની અંગત જરૂરિયાત પુસ્તકાલયો સ્થાપી સંગીત જ્ઞાનનો પ્રસાર કરે, ને જ્ઞાનપ્રદીપ ને નિબંધમાળા લોકોના હૃદય પ્રેમથી અને સત્ પ્રવૃત્તિનો સદુપદેશ આપીને કરે અને સ્વપ્રયત્નથી પ્રસારકારક પુસ્તકો દ્વારા સાહિત્યોપયોગ ચલાવે; દ્વારમાં સાહિત્યનું સમારક, સંવર્ધક, પ્રચારક અને અભ્યાસક મંડળો નીમવે, એવું સાહિત્યપીઠ સ્થપનાના જન્મીના વિક્રમ ૧૯૭૯ ઉત્તમ પુરુષોના હાથમાં છે.

સાહિત્યપ્રદેશ [સં] પુ સાહિત્યનું ક્ષેત્ર.

સાહિત્યપ્રવાહ પુ. સાહિત્ય રૂપી ઝરો.

સાહિત્યપ્રેમી [સ. સાહિત્ય + પ્રેમી (આકાર)] વિ સાહિત્ય ઉપર પ્રેમ રાખનાર; સાહિત્યમાં રસ લેનાર.

મુસલમાનોનું આ દેશમાં રાજ્ય થયું તે પહેલાં અહીંના લોક અત્યંત **સાહિત્યપ્રેમી** હતા એ વાત સંસ્કૃત ભાષાની પુષ્કળતા અને સંસ્કૃત સાહિત્યની વિશાળતા ઉપરથી સિદ્ધ થાય છે.

ગુ. સા. પરિષદ

સાહિત્યભાષા જી. સાહિત્યની ભાષા. ઝાપણી સાહિત્યભાષાની ત્રણ પ્રધાન સરણીઓ પડેલી છે. એક છેડે છે દેવભાષાની સરણી. કપરી શાસ્ત્રીય સંસ્કૃતમય, અસ્તોદયની અને કુસુમાવલિની એ સાહિત્યવાહ બીજે છેડે છે લોકભાષાની સરણી સાદી ગામડી તળપદી બે બહેનો અને અધેરી નગરીનો અર્જુનસેનની એ સાહિત્યવાહ. એ બેની મધ્યમા છે આપણી સજ્જનભાષાની સરણી: સુધડ, સોહામણાની એ ગૃહસ્થાશ્રમી ભાષા: રસીલી, પ્રૌઢા ભર્યાભાદર્યા ઘરની ગૃહિણી સમી. નગરજ્ઞાન ને વેનચરિત્રની એ ભાષા. એ ભાષા તે ગુજરાતનાં સજ્જન ને સોહામણાની ભાષા, ગુજરાતના ગૃહસ્થાશ્રમની ભાષા.

સાહિત્યમણિ પું. શાસ્ત્રીને અપાતી એક નામની એક ઉપાધિ

સાહિત્યમંથન ન. સાહિત્યમા ... ઊતરવું તે

સાહિત્ય મંદિર ન. સાહિત્ય રૂપી દેવીનું સ્થાન

સાહિત્ય મંદિર તે નગારના સત્યથી અલંકૃત કરવાનું તથા પ્રસ થઈ ને પેસવાનું પવિત્ર સ્થાન છે રમણભાઈ નીલકંઠ

સાહિત્યમાર્તંડ ૧. [સં] પુ એ નામની સાહિત્યની એક ઉપાધિ

૨ પું સાહિત્યનો સૂર્ય.

૩ વિ. સાહિત્યમાં સૂર્યની પેઠે પ્રકાશનાર.

સાહિત્યમાળા ૧. જી. એ નામનું એક પુસ્તક.

૨. જી. પુસ્તકોની હાર

સાહિત્યમુગટ પું. સાહિત્ય રૂપી મુગટ

શિષ્યને ગ્રંથ આપીને ગીતાપાઠ ચટે છે, ... ગાયન ને ગિરે નર્મગ્રંથ, નર્મોક્તિ અને નર્મોદ્ઘોષ એ ગ્રંથ માગવાવાળો **સાહિત્યમુગટ** ગિરધર ગિરાવે છે. નાનાલાલ

સાહિત્યયુગ પુ. સાહિત્યનો જમાનો

સાહિત્ય રસિક [સં સાહિત્ય + રસિક (રસ લેનાર)] વિ સાહિત્ય માટે પ્રેમ ધરાવનાર; સાહિત્ય પ્રદેશમા રસ લેનાર

સાહિત્યરસિયું વિ. સાહિત્યમાં રસ લેનાર

સાહિત્યવિજ્ઞાન સભા જી વિદ્યા અને કળાની અભિવૃદ્ધિ કરનારી સભા: વિદ્વન્મંડળી; સંસદ, વિદ્વત્સભા; વિદ્વત્પરિષદ; ' એકેડેમી '.

સને ૧૭૯૯માં પ્રતિષ્ઠાની એકેડેમી (સાહિત્યવિજ્ઞાન સભા એ પોતાના વાર્ષિક દિનની નિબંધ માટે નીચેનો વિષય બહેર કર્યો હતો. અનંતરાય મહેતા

સાહિત્યવિદ વિ. સાહિત્યવેત્તા; સાહિત્ય જાણનાર.

સાહિત્ય વિલાસી વિ. સાહિત્યનો શોખીન; સાહિત્યમાં આનંદ લેનાર

સાહિત્યશાળા જી. સાહિત્યને લગતી શાળા: ' આર્ટસ કૉલેજ '.

સાહિત્ય શિરોમણી વિ. સાહિત્યની કલગીરૂપ.

સાહિત્યશોખી વિ. વિદ્યા તથા કળાના શોખવાળું; કલારસિક.

સાહિત્ય સપ્તાહ જી. સાહિત્યની ચર્ચા વગેરે માટે મુકરર કરવામાં આવેલું અઠવાડિયું.

સાહિત્યસભા જી. સાહિત્યની સભા; ' એકેડેમી '.

સાહિત્ય સમૃદ્ધિ જી. સાહિત્ય રૂપી સમૃદ્ધિ.

સાહિત્ય સરમુખત્યાર પુ. સાહિત્યનો સરમુખત્યાર; ' લિટરરી ડિક્ટેટર '

આપણા લોકજીવનના સમયે એક **સાહિત્ય સરમુખત્યારની** આવશ્યકતા અનિવાર્ય દેખાય છે. ઝવેરી

સાહિત્યસરિતા ૧ જી. શારદા.

શારદા એટલે **સાહિત્યસરિતા.** કાલેલકર

૨. જી સાહિત્ય રૂપી નદી

સાહિત્યસર્જક વિ. સાહિત્યકર્તા; સાહિત્ય પિતા; સાહિત્ય સરજનહાર

સાહિત્યસર્જન ન સાહિત્ય રચવું તે.

સાહિત્યસંમેલન ન. સાહિત્યકારોની પરિષદ.

સાહિત્યસંસદ જી. સાહિત્ય મંડળી; સાહિત્ય સભા

સાહિત્યસ્વામી સં , પુ. ઉચ્ચ પ્રકારના સાહિત્યકાર સાહિત્યસ્વામીઓનાં નામ આ પ્રમાણે આપી શકાય છે વાલ્મીકિ, કાલિદાસ, હોમર, વર્જિલ, ડાન્ટે, ચોસર, શેક્સપિયર, દેવ, મહારાષ્ટ્ર, જયદેવ, નરસિંહ, પ્રેમાનંદ, દયારામ, અખો, મોલિયર, રાસીન, ગ્યટે, શીલર, હોપમાન, કાર્લરપીટલર, ટોલસ્ટોય, પુશ્કીન, દાનન્ઝીઓ, પીરાંડેલો, ઇબ્સન, નૂટહામસન, રેમૉંદ, સર્વાંતીસ, બેનાવેંતો અને ઇબ્સાલ્વેઝ.

સાહિત્યાકાશ [સં.] પું. સાહિત્ય રૂપી આકાશ.

આપણા **સાહિત્યાકાશમાં** એકે પણ પોતાની શક્તિ અનુસાર ઠીકઠીક તેજ રેલાવ્યાં છે.

ખબરદાર

સાહિત્યાચાર્ય [સં. સાહિત્ય + આચાર્ય (વિદ્વાન)] પું. સાહિત્યના આચાર્ય; જ્ઞાનનાં સાધન પ્રચારક વિદ્વાન કે પંડિત

સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ **સાહિત્યાચાર્ય** પંડિત બદ્રીલાલજી. આર્યમિત્ર

સાહિત્યાલય [સં. સાહિત્ય + આલય (સ્થાન)] ન. લાઇબ્રેરી; પુસ્તકાલય.

તે પોતાનાં અસભ્ય કરતિકરણોએ **સાહિત્યાલયમા** સર્વ સ્થળે ઊભરાઈ ગઈ મુકી. ઝવેરી

સાહિત્યાલંકાર પુ. એ નામની એક વિદ્યોપાધિ

સાહિત્યાલાપ [સં.] પું. સાહિત્યનો આલાપ.
ગદ્યાલાપ, કવિતાલાપ, કાવ્યાલાપ, સાહિત્યાલાપ, પદ્યાલાપ, રૂપકાલાપ.
ગામનવાદન

સાહિત્યિક ૧. વિ વિદ્યામાં પ્રવીણ; સાક્ષર.
૨. વિ. સાહિત્યને લગતું; સાહિત્યનું જ્ઞાન ધરાવતું.

સાહિત્યેચ્છુ સ્ત્રી. કાવ્યનો પરવાનો; 'પોએટિકલ લાઇસન્સ'.
એ વિસંવાદી ન હોવાથી **સાહિત્યેચ્છુ** Poet cal Licence ના નામે ઓળખી કવિને રાખી છે
કેશવ હર્ષદ

સાહિત્યેત્તર [સં. સાહિત્ય + ઇતર] વિ. સાહિત્યથી જુદું

સાહિત્યોચિતતા [સં. સાહિત્ય + ઉચિતતા] સ્ત્રી. સાહિત્યના સંસ્કાર
બિ લૉર્ડ જર્યોર્જના ભાષણોનું બાહુલ્ય હતા **સાહિત્યોચિતતા** આવી નહિ
રમણભાઈ નીલકંઠ

સાહિત્યોદ્યાન [સં. સાહિત્ય + ઉદ્યાન] પું સાહિત્ય રૂપી બગીચો.
આ **સાહિત્યોદ્યાન**માં સૌરભ અર્પતા અનેક કુસુમો ખીલ છે
કૌમુદી

સાહિત્યોપાસક [સં. સાહિત્ય + ઉપાસક] પું. સાહિત્યની ઉપાસના કરનાર; સાહિત્યનો ભક્ત; સાહિત્યની પૂજા કરનાર
હું સાહિત્યસેવી કે **સાહિત્યોપાસક** પણ નથી.
મહેતકર

સાહિત્યોલ્લાસ [સં. સાહિત્ય + ઉલ્લાસ] પુ. સાહિત્યનો ઉમંગ.

સાહિત્યોપાસના [સં. સાહિત્ય + ઉપાસના] સ્ત્રી. સાહિત્યની ઉપાસના.
જૈન સાધુઓ પોતાના પુસ્તકોથી સારક્ષિત કોઠાને લીધે શાંતિથી **સાહિત્યોપાસના** કરી શકતા.
મુ. સા. પરિષદ

સાહિદ પું. સાક્ષી
ક્યા **સાહિદ** રે જે હો, અમારા મૂંગા જોગ જ્યો.
પ્રેમાનંદ

સાહિની પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ.

સાહિબ જુઓ સાહેબ.

સાહિબ્યા જુઓ સાહેબા.

સાહિબ્યાન જુઓ સાહેબ્યન.

સાહિબ્યી જુઓ સાહેબી.

સાહી ૧. સ્ત્રી મૃદંગ અને તબલાં ઉપર લગાડવામાં આવતો એક જાતનો કાળો મસાલો.
૨. [ફા. સિયાહી. સિયાહ (કાળું) + ઈ (વાળું)] સ્ત્રી. રુશનાઈ, શાહી. મસી. સાહી શુદ્ધ રૂપ છે રાહી અશુદ્ધ છે લખવાની સાહી હિંદુસ્તાની ફારસી છે. ઈરાનમાં સાહીને મુરક્કબ-મિઅસ્સ કહે છે
સાહી ચાટવી-ચાટી જવી = ખોટાનું ખુશામતમાંથી ફરીવળવામાં આવતું ખુશામતીમાં ખોટાના દાતમાં કંઈ ગ્રાસ હોય છે બધો ખતા તે ઠાર્ય નીકળી જાય છે.
૩. [ફિ] સ્ત્રી શક્ય; શક્તિવંત.
૪ [ફિ] સ્ત્રી સાહુડી; રોઝાર્ડ
૫. વિ. સાહી; અધિકારવાળું એવો અર્થ બતાવનારો પ્રત્યય. જેમકે, નોકરસાહી

સાહીકૃત વિ. સાહી ચૂની સે તૈયાર; સાહીકૃત.

સાહીકૃત કાગળ પું સાહી ચૂની થી તૈયાર કાગળ; 'બ્રોટિંગ પેપર'.

સાહુ ૧. પું. (જૈન) સાધુ
૨. વિ. પ્રામાણિક; ચોખ્ખું, આબરૂ કે સાખવાળું.
૩. વિ. (જા. સુ) સારું
સાહુ વિનોદે તરીકરે પદ્ય તણ્યો તાણ્યો
અખરાજ ભાખ્યા
૪. વિ. સારું; ઠીક.

સાહુકાર ૧. પું. નાણાવટી; શરાફ; નાણાની લેવડ-દેવડ કરનાર, શરતો પેઠી ચલાવનાર માણસ; શાહુકાર
૧ ચીનના સાહુકાર = ચોર, ઠગારિગીર; લુચ્ચા.
૨ સાહુકારનો છોકરો = (૧) પાસે હોય નહિ ને મોટી ફિલસૂરી કરનાર-હાંકનાર. (૨) ભલા માણસનો છોકરો. (૩) લુચ્ચો. (૪) શરાફનો છોકરો.
૨ [સં. સાધુ (ઠીક) + કાર (કરનાર)]
પું. ભલો માણસ
૩ પુ. ઉદાર.
૪. પું. સારા કે પ્રામાણિક માણસ તરીકે જેનો વટ આબરૂ હોય તે ગૃહસ્થ; વહેવારિયો; લત્તાદેવડમાં ઓળખો માણસ.

સાહુકારા [હિં] પું. નાણા બજાર; નાણાપટ્ટ.

સાહુકારી ૧ સ્ત્રી. ઉદારપણું; જમતાં વધેલું તે.
૨. સ્ત્રી (હિંદી) ધનાઢ્યપણું; શાહુકારી.
૩. સ્ત્રી. પ્રામાણિકતા; સાચવટ; વહેવાર સચ્ચાઈ, સત્યપરતા, સાખ; શાહુકારની આબરૂ; વટ
૪ સ્ત્રી ગણતરનો ધબો, શરાફો.
૫ સ્ત્રી સજ્જનતા, ભલમંસાઈ, ભલમનસાઈ
૬ વિ. ખરું; વાજબી.
૭ વિ. વટવાળું; પ્રામાણિક.
૮. વિ. શરાફને લગતું

સાહુડી (સાહુડી) સ્ત્રી એક જાતનું સમલા જેવડું પાળને ઠેકડે સિસોળિયાંવાળું ચારપગુ પ્રાણી. સાહુડી. આ જનાવરને પીઠ સિસોટિયાં હોય છે. તે જમીનમા મોટી મોટી બખોલો પાડે છે રાતે ત ખારક રોબવા નીકળે છે. દુશ્મનથી બચવ ને પોતાના સિસોટિયાંનો ઉપયોગ કરે છે. સાહુડીના સિસોટિયાંનો વેપાર ચાલે છે અને તેનો ઉપયોગ મીણબત્તી ના બરાબાના વનરે કામમા લેવામા આવે છે. તને રોઝાર્ડ, શાહડી કે સાઉડી પણ કહે છે

સાહુણી [પ્રા.] સ્ત્રી. આબરૂ; આબરુ; જૈન સાધ્વી.
ધન્ય એ રહિણી નામ ધર **સાહુણી**.
જ્ઞાન વિમલસૂરી

સાહુલ પું. (પુરાણ) અવતરત વખ ; પૃથ્વીના યુરોપ મધ્યસ્થાનમાંથી નીકળતી હોરી, 'પેનબ્ય લાઇન'.

સાહૂનિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત બનાવ છે ત ન.ગણી છંદનો એક ભેદ છે તેમાં ભગણ અને તગણ મળી છ વર્ણ હોય છે

સાહે સ્ત્રી સહાય
સાહે કરી ન સમીપ હત દયારામ

સાહેકા પું. મદદગાર, સહાય કરનાર; મદદગાર. લશ્કરમાં જે તને બચવા, સેવક રાખવામાં આવે છે **સાહેકા**
સમળ

સાહેબ ૧ પુ ઉપરી, કોર્ટનું ખાતાનો મુખ્ય અધિકારી.
૨. પું ઠેઠ્યીયનો યુરોપવાસી; અંગ્રેજ; યુરોપિયન. યુરોપના લોકને સાધારણ રીતે એ શબ્દ લગાડવામા આવે છે
૩. પું પદવી સૂચક ઉપનામ જેમકે રાજા સાહેબ, સુબેદાર સાહેબ કોજદાર સાહેબ વગેરે.
૪. પું પ્રભુ; ઈશ્વર; પરમેશ્વર; ખુદા
સાહેબ એક ઉપર બસો, સમર્થ સરજનહાર,
કોણ મુરખ તું માનવી, સાહેબ આપ બનાર !
નવલરામ
૫. પુ મહેરબાન, મુરબ્બી
૬ [અ સાહિબ] પુ માલિક; સ્વામી; ધણી; શેઠ, આબિદ
૭ પુ મોટો માણસ, સદ્ગૃહસ્થ
૮ વિ. સોબતી, સાથે ફરનાર; સોબત રાખનાર.

સાહેબ ફિરાન [ફા. સાહેબ (ધણી) + ફિરાન (પ્રયોગ)] પુ સારા પ્રયોગમાં જન્મેલો. તૈમુર એ નામથી ઓળખાતો.

સાહેબખાની ૧ [અ સાહિબ + ખાન] પુ. એક જાતનો કાગળ અમદાવાદી મારી ઊંચી જાતના કાગળો માટે આ શબ્દ આમ વપરાય છે તે અમદાવાદ તથા સુરતના મુસલમાનો કાગદીઓ બનાવે છે તે સંજ પાડી સીવે છે

૨ વિ ઊંચી જાતનું અને ઊંચી બનાવટનું

૩. વિ આનંદાન માણસોના ઉપયોગનું.

સાહેબજાદી [અ. સાહેબ + જાદી (જન્મ)] સ્ત્રી બાદશાહ કે ઉમરાવની દીકરી; કુંવરી.

સાહેબજાદો ૧ [અ સાહેબ + જાદા (જન્મેલ)] પું. ગૃહસ્થનો પુત્ર; આનંદાન કુટુંબનો નબીરો

૨. પુ ઠાકો; અભિમાની માણસ.

૩. પુ બાદશાહ કે ઉમરાવનો દીકરો; બાદશાહનો કુંવર.

સાહેબજી પું. મળતાં અથવા છૂટા પડતાં બોલવાના માનવાચક શબ્દ, પગે લાગવું, અર્પણ, નમસ્કાર અમે પગલાંનો અને કેટલાક સુધરેલાઓમાંથી વાતચીત આવતો શબ્દ, જય જય, રામરામ; 'ગુડમાનિંગ'.

સાહેબજી કરવું = (૧) છોડી દેવું (૨) જે જે કરવા; સલામ ભરવી.

સાહેબ ટોપી સ્ત્રી. ગોરા પહેરે છે તેવું ટોપલું કે ટોપ; 'હેટ'.

સાહેબદિલ પું. પવિત્ર માણસ; સંત

સાહેબ દોલત પુ. ધનાઢ્ય પુરુષ; તવંગર.

આજે રેલ્વેના જમાનામાં સાહેબ દોલતોને મટે મુસાફરીના મુશ્કીબતો નથી એમ કહીએ તો ચાલે. નૂરે આલમ

સાહેબ નોબત ૧. પું. જેને હાથી ઉપરના મોટા ડંકાનું માન છે તે.

૨. સ્ત્રી. હાથી ઉપરનો મોટો ડંકો.

સાહેબ બહાદુર પુ. મોટા સાહેબ.

સાહેબ લોક ૧. પુ. ગોરાલોક; ટોપીવાળા લોક; યુરોપીઅન આસ કરીને અંગ્રેજ.

૨ પુ મોટો હોદ્દેદાર વૈભવી ને મોજીલો માણસ

સાહેબસાઈ વિ ગોરાલોકોના જેવી રહેણીકરણી મટે કહેવાય છે.

મારી સાહેબસાઈ રહેણી તેમને ખરચાળ લાગી. આત્મકથા

સાહેબ સલામ સ્ત્રી. સાહેબને સલામ; લટક સલામ

કંઈ કોઈ અંગ્રેજ ઉતારુઓ સાથે વાતો થતી પણ તે સાહેબ સલામ પૂરતી જ. આપીછ

સાહેબા ૧ [અ.] સ્ત્રી પ્રતિષ્ઠિત સ્ત્રી, રોડ.ણી

૨. સ્ત્રી સાહેબ કે ઉપરી અધિકારી હોય તેવાં સ્ત્રી.

૩. સ્ત્રી. સાહેબનાં ધર્મપત્ની

સાહેબાન [અ.] પુ ક વ. સદ્ગૃહસ્થો.

સાહેબી ૧ સ્ત્રી અમીરી, ઠાઠમાઠ, મોટો વૈભવ; મોજશોખ; મજા

૨. [અ સાહેબ + ઈ (પ્રત્યય)] સ્ત્રી. ઉપરીપણું, રોડ કી, ધનીપણું.

૩. સ્ત્રી ગૃહસ્થ કી

૪ સ્ત્રી મદાર પદ્મના થતી એક જાતની અબૂર

૫. સ્ત્રી મોટાઈ.

૬ સ્ત્રી રુઆબ

૭. સ્ત્રી મજા.

૮. સ્ત્રી સાહેબપણું

૧. દોમ દોમ સાહેબી = અતિ સુખ; ભારે વૈભવવાળી સ્થિતિ.

૨ ના.ની કરે (જોગવાઈ) (૧) ઉપરીપણું ભોગવવું (૨) માજમું, મોટો વૈભવ કે મોજશોખ ઉડાવવો, ઠાઠમાઠથી જીવવું (૩) સાહેબપણું ભોગવવું

સાહેબીદાર વિ. સારે ઠાઠવાળું

સાહેબો [અ. સાહિબ] પું. ધણી; સ્વામી.

શોકના સાહેબાને એટલું કહેજો
તારી જહેનો પરભુ હેર આવ્ય રે
પુ. સા. પરિષદ

સાહેર પું. સાયર; સાગર; સમુદ્ર; દરિયો.

દાવાનલ પીધા રે, સાહેર વલોવીઆ રે
નરસિંહ મહેતો

સાહેલડી (સાહેલડી) ૧. સ્ત્રી. એ નામે એક જાતનું ફૂલઝાડ. તે ચમેલીને મળતું હોય છે ને બાગોમાં ઉછેરાય છે.

૨ સ્ત્રી. રાણીઓ તથા કુંવરીઓ સાથે વાતચીત કરવા માટે મહેલમાં રાખવામાં આવતી નોકરડી

૩ સ્ત્રી સખી, બહેનપણી; સહચરી; સોબતણ, મૈત્રિણી, પરિચારિકા

સાહેલાં ૧ ન એક જાતનું ફૂલનું ઝાડ

૨ ન. ક વ. બેનપણાં; સખીપણાં.

૩. ન વ ક સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર; છાયલ

ઉજ્જવલ શ્વેત સાહેલાં પહેર્યાં,
ઉજ્જવલ ચોળી ચરણ ચારી.
નરસિંહ મહેતો

સાહેલી જુઓ સાહેલડી.

સાહેલું ૧. ન. છાયલ.

૨ ન. સુખ, આનંદ

૩. વિ. આબાદી ભોગવતું

૪. વિ પકડેલું; ઝાલેલું

દેહેલો સાહેલો છે તે કહેલો ? ભાલણ

૫. વિ. સુખી; સંતોષી.

સાહેરતખાન પું એ નામે એક મુસલમાન સરદાર. તે ઔરંગઝેબ બાદશાહનો માનીતો હતો તે શિવાજીની સામે લડવા ગયો હતો, પરંતુ જ્યારે અચાનક શિવાજીએ તેના પર છાપો માર્યો ત્યારે તે જીવ લઈને નાસી ગયો હતો.

શિવાજીના આકમણની વાત સાંભળી સાહેરતખાન આબરૂ ફક્કો નાસવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ભારતના વીરપુરુષો

સાહોડી (સાહોડી) ૧. સ્ત્રી. એ નામે એક જાતની ભાજી

૨. સ્ત્રી. ચારિત્યાદિકા.

સાહ્ય સ્ત્રી સહાયતા; મદદ; કુમક; ઓથ; આશરો.

સાહ્યક વિ મદદ કરનાર.

સાહ્યકાર [સં. સાહ્ય (સહાય) + કાર (કરનાર)] વિ મદદગાર; સહાયકારક.

સારા જોઈએ સર્વને સાહ્યકાર.
કાન્તરસિક

સાહ્યકારક વિ સહાયતા કરનાર.

સાહ્યા ૧. પુ પીળા ઝોકરી તે.

૨ પું. કપડાંનું પડ્યું; કબજો; અંદર.

લેખકોના છબરે ફકીરનો સાહ્યો ઓઢ્યો જોઈ એ.
ખબરદાર

૩. પુ. રક્ષણ; કુમક, ઓથ; પડછીના બળનો ટેકો; આશ્રય.

૪. પું. સેવાસ; ચેસ.

સાળ ૧. સ્ત્રી. ઝંખર; કમોદ

કેક બીજે ઝાડશે, ત્રિજે બીજે પાક;
ચહદેવ કહે ચડતી, ઈંજે પાકે સાળ.
ચહદીવાક્ય

૨. સ્ત્રી. પશુની યોની. આસ કરીને ભેંસ અને ઘોડીને માટે વપરાય છે

૩. [સં. સારિ] સ્ત્રી. શાળ; કાપડ વણવાનું યંત્ર; કપડાં વણવાનું ઓજાર; જે ઉપર કપડાં વણવા માં આવે છે તે. તેમાં વપરાતી ચીજો આ પ્રમાણે છે. (૧) સાળ–ચોરસ ખાડો હોય છે. (૨) બીબા–સાળના પહેલા ભાગમાં ઓડવામાં આવે છે ને તે લાકડાના હોય છે. (૩) તુર–તે લાકડાની હોય છે અને બીબાની અંદર રહે છે. તેના ઉપર સૂતરનું વીંટાઈને રહે છે. (૪) તુર ફેરણી–તુરને ફેરવવાની નાની ઓવી વાંસ કે લોઢાની લાકડી. (૫) હાથો–તે લાકડાનો હોય છે અને વણવાનું હોય તેને દબવે છે. (૬) કણી–તે હાથાની અંદર વચલા ભાગમાં રહે છે. (૭) મીયાદી–તે વાંસની કે લોઢાની હોય છે

અને હ.થાના છેડામાં બબ્બેની સંખ્યામાં આવે છે. (૮) પક્ષ્મ–તે લાકડાની બે પટ્ટીઓ હોય છે ને તે વચ્ચને પહોળું પકડી રાખે છે. (૯) ચોકડિયું–તે લાકડાની બે મોટી ને ચાર નાની હોય છે. (૧૦) રાજ તે દોરાના દડાનો અથવા રીલના દોરાનો બનાવવામાં આવે છે ને તે તારને ઊંચા નીચો કરે છે. (૧૧) પોસારિયા રાજની નીચે બાજુમાં આવતી લાકડાની લાકડિયું. (૧૨) ચાપડા સાળની અંદર તળિયાના ભાગમાં રાખવામાં આવે છે. તે લાકડાના હોય છે અને પગથી દબાવાય છે (૧૩ વાસકારિયું–વાસની ત્રીણી ત્રણ લાકડિયું તાણા માટે રાજની પછવાડે રાખવામા આવે છે (૧૪) વાધર કાઠી–તેમાં તાણો બંધાય છે. તે લાકડાની પટી હોય છે. (૧૫) વાધર–જે નાળા જેવી પાતરી દોરી વાધર કાઠી સાથે બંધાય ને તાણને ખેંચી રાખે છે. (૧૬) નળિયુ–જેને મધ્યે કોકડિયું વીંટાય છે તે. (૧૭) કાસો–જેમા કોકડિયું અંદર રહે ને તેનાથી વણાટ વણાય તે. (૧૮) મૂની–તે લાકડાની હોય છે, તેની સાથે દોરી બંધાય છે ને તાણાને ખેંચી રાખે છે. ઉપર મુજબ જે અઢાર ચીજો સંબંધ છે તે બધી કટકા સાળમાં જોઈએ. તે ઉપરાંત પાંચ ચીજો વધુ જોઈએ તે આ પ્રમાણે છે (૧) ખોડા–લાકડાના હોય છે. તે બે હાથો ટીંગાડવા માટે સાળને કાઠે ખોડવામાં આવે છે (૨) પંખા–લાકડાની બે પટ્ટી છેડાના ભાગ ઉપર હોય છે ને હાથમાં રાખવામાં આવે છે (૩) રિપ્રગ–તે લોઢાની હોય છે ને પખાને ખેંચવાનું કામ કરે છે (૪) ગેડા–તે આમડાના બે હોય છે ને કામને મકો મારે છે. (૫) બાબીન–તેને માથે કોકડિયું વીંટાય છે.

૪ અ. નક્કી, અગીત.

સાળક ૧. ન. બકરાનુ ટોળુ. જેમ ગાયનુ ધણ ને ભેંસનું પાડુ કહેવાય છે તેમ બકરાનુ સાળક કહેવાય છે

૨ ન સાળાનું કુટુંબ.

સાળકિયો પુ બકરાં ચારનાર.

સાળખાતું ન મિલનો સાળોનો વિભાગ.

સાળવણ સ્ત્રી. સાળવી કે તેની સ્ત્રી.

સાળવી ૧. [સં. કાલિક] પુ. કારીગર.

વિદ્યામાં આવ્યા રે સર્વે સાળવી સાતે,
ચિત્ર વિચિત્રના મંડપ રચીઓ
દયારામ

સઈ, સોની ને સાળવી એને જબ ન રાખે બળવી = સઈ, સોની અને સાળવીને કોઈ પહોંચી શકે નહિ.

૨. પુ. વસ્ત્રકર; રેશમ તથા સનરનાં કપડાં વણનાર.

૩ પું. સાળ ઉપર કાપડ વણવાનો ધંધો કરનારાઓનું મડળ

૪ સ્ત્રી એ નામે એક કોમ જાતિ.

જેનાની પેરેય કરતાં નીચા દરજ્જાની જાતિઓ હાલમાં ગણાઈ. આવજાર **સાળવી**. સારેસર, મણીઆર, ભરૂ, બાર, સોની, રબારી, ઇત્યાદિ બધો ગુજરાતમા જેસલમીર મારવાડમાં છે
૩ સા પરિષદ

૫ સ્ત્રી. (શિલ્પ) શિલ્પશાસ્ત્રમા મુજબ નગરના ઉગ્રાન કોણમાં વસાવવા પાત્ર એક જાતિ

૬. ન. એ નામની જાતિનું માણસ.

૭. વિ. એ નામની જાતિનુ

સાળવી વાઢ (સાળવી વાઢ) સ્ત્રી. રાજેરના જે ભાગમાં સાળવીઓ વસતા હોય તે; ચોરાશી માહેનુ એક ચોટુ

સાળવું ન હોજનું આઉ સુધ્ધ બળ તે રોમ

સાળાવેલી સ્ત્રી. સાળાની બહેન; સાળેલી.

સાળિયું ૧. ન. ચોખાની એક જાત.

૨ ન. નાના બડા ચોખાની ડાંગર.

૩. [સ. શાલિ; અપ. સાલિ + ડુ (લઘુતાદર્શક પ્રત્યય)] ન. સ્વાગ

સાળી ૧. સ્ત્રી. બકરી

૨. [સં. સ્યાલી] સ્ત્રી. પત્નની બહેન.

સાળીઉં જુઓ સાળિયું

સાળુ ૧. પુ ચાદર.

૨. પું. વાસણનું એક સાધન.

૩. પું. ઓઓને પહેરવાનું ઝીણું રેશમીન કપડું; કમખો; સાડલો; રેશમી સાડી; ઊંચા પ્રકારનો સાડલો

સાળુમા ભરની રૂખની ચેલ નાનાલાલ

૪. ન એક પ્રકારનું ઝાડ

સાળુડો (સાળુડો) જુઓ સાળુ

સાળું ૧. વિ દુષ્ટ; પાપી; વિચારની મુરદેલીમાં ગળી જેવા તિરસ્કાર કે કંટાળાનો ઉદ્ગાર જેમકે, આ બાબત ઘણોએ વિચાર કર્યો પણ સાળુ કાંઈ સૂઝતું નથી.

૨ વિ. વાક્યમા વપરાતાં તેની વિવક્ષામાં જરા વધારે સંકોચ ને મમતાનો ભાવ ઉમેરે તે 'મારું સાળુ' પણ બોલાય છે. જેમકે, સાળી વાત તો ખરી

૩. ન. સાળુ પેઠે વહાલમાં કે નિરર્થક બોલાતો શબ્દ.

સાળેલી જુઓ સાળાવેલી.

સાળો ૧ પું. એક અપશબ્દ. સુરત તરફ સરજ્યમાં ગાળ દેતો આ શબ્દ વાપરે છે ગાળ દેનારનો ઇરાદો ન હોય તો પણ આ શબ્દ વપરાય છે

મુંબઈના બિરાદર ને કાઠિયાવાડના ભાયા,
અમદાવાદમાં આદિલાબ ને સુરતના સાળા.
લોકોક્તિ

૨. [સં સ્યાલક, પ્રા. સાલઓ; અપ. સાલક]
પુ. વહુનો ભાઈ; વધૂ બંધુ

સાં ૧. પું. ભવિષ્ય કાળનો પ્રત્યય

૨. પું. (ચારણી) વર્તમાન કાળનો પ્રત્યય; 'છુ'

અમ્હું છું ને બદલે અમ્હાંસાં,
અહ છું ને બદલે હે તો સા
સૌરાષ્ટ્રની રસધાર

૩. વિ. ના જેવુ

સાંઈ ૧. પું. ખુદા; પરમેશ્વર; પ્રભુ; દુનિયાનો માલેક.

૨. પુ. ગુરુ

૩. પું. ફકીર; સાધુ; ઓલિયો; દરવીશ.

સામ કે દહ ચલને હેના = જેમ ચાલતું હોય તેમ ધીરે ધીરે ચાલવા દેવુ.

૪. પુ. માલિક; ધણી

૫ પું સ્વામી; સત્તેસ,

૬. સ્ત્રી. કુશળ સમાચાર; કુશળ, કલ્યાણ કે ભલું ઇચ્છવુ તે

સાંઈ કહેવી–કહેવડાવવી = કુશળ સમાચાર કહેવા કે કહેવડાવવા. સૌરાષ્ટ્રમાં ઓઓ એક બીજાને સાંઈ કહેવડાવે છે

૭. ન. આલિંગન; ભેટવું તે; ભેટ.

પૂંઠ વન આવે છબીલે,
દાધું ગોપાને સાંઈ નરસિંહ મહેતો

સાંઈ દેવુ = ભેટવુ.

૮. ન. મેળાપ.

દુર્લભ સાંઈ બ્યા સુખ સાર વિરટ રાો નવખારી,
કેશવ હર્ષદ

સાંઈજી ૧. પું. પરમેશ્વર

૨. પુ સાંઈ.

૩. પું. સ્વામી.

સાંઈજી ૧. પું. ગોસાંઈજી.

૨. પું મુસલમાની ધર્મગુરુ.

કબ સમરોંગે રામ સાંઈજી અબ્બરહિમ

સાંઈડાં (સાંઈડાં) ન. બ વ ભેટ; આલિંગન.

રામબણા સંત સાંઈડાં લેશિ,
નહિ હાવે કંઈ વાર રે.
નરસિંહ મહેતો

સાંઈડું (સાંઈડું) ૧. ન. અંગોઅંગ મળવું તે.

૨. ન. આલિંગન; ભેટ; ભેટવું તે

૩. ન. ક્ષેમકુશળ; કલ્યાણ
૪. ન. છાયા.
૫. ન. સમાચાર; ખબર અંતર; ઓલાવણું.
૬. ન સાતા.

સાંઈફકીર પું. મુસલમાની ફકીર.

સાંઈબાવા ૧. પું મુસલમાની ફકીર.
૨ પું સાધુ; બાવો.

સાંઈમૌલા ૧. પું તાજીયતમાં ગાંડા ફકીરનો જે વેશ લે છે તે.
૨ પું પરમેશ્વર; ખુદા.
૩. પું. ફકીર.

સાંઉ પું. (કચ્છી) સામો; સાંમો

સાંઉસ્ખા ન (જૈન) સં ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને શ્રી જિનદત્ત સૂરિજીએ પ્રતિબોધ કરીને ઓસવાળનું સ્થાપેલું ગોત્ર.

સાંકડ (સાંકડ) ૧. સ્ત્રી. અડચણ; મુશ્કેલી; હરકત; મુસીબત
ગાઢે ખળે નખાવીએ સુતાં ગઢો રાત;
સાંકડે આવી સરખને, પ. કવિ પરભાત. સામળ
સાંકડે સાંકળું = કસાવવું; સાંકડમાં આણવું.
૨. સ્ત્રી. ચીપટ
૩. સ્ત્રી. દબાણ.
૪ સ્ત્રી પૂરતા જગ્યાની તંગી; જોઈએ તેથી ઓછી જગ્યા; સકડાશ; સકડામણ, સંકોચવાળી સ્થિતિ; ભીડ
સાંકડ પડવી–લાગવી = સકડાસ થવી.
૫ સ્ત્રી. સમાચાર; ખબર અંતર.

સાંકડખૂણ (સાંકડખૂણ) વિ. (ભૂમિતિ) જેમાં બધા ખૂણાઓ સાંકડા એટલે કાટખૂણા કરતાં નાના હોય તેવું. તે ભૂમિતિની આકૃતિઓ માટે બોલાય છે

સાંકડખૂણ ત્રિકોણ (સાંકડખૂણ ત્રિકોણ) પું. (ભૂમિતિ) ન્યૂનકોણ ત્રિકોણ; લઘુકોણ ત્રિકોણ. જે ત્રિકોણમાં ત્રણે ખૂણા સાંકડા એટલે કાટખૂણ કરતાં નાના હોય તેને સાંકડખૂણ ત્રિકોણ કહેવામાં આવે છે.

સાંકડમોકડ (સાંકડમોકડ) સ્ત્રી. સકડાસ કે મોકળાશ; કાંઈક સાંકડ અને કાંઈક પહોળાસ હોય તેવી સ્થિતિ; સકડાશ; સંકોચ બોલવીને ચલાવી લેવું તે.

સાંકડું (સાંકડું) ૧ વિ છૂટ રહિત; તંગીવાળું; કરકસર કરવા જેવું; ઓછું; થોડું; ખૂટ.
૨. વિ. નહિ મોકળું; સમાસ થાય નહિ તેવું, સાંધુ પણ પહોળું નહિ તેવું; જેની પહોળાસ ઓછી હોય તેવું; સૂકાસવાળું; નજીકનું; બરાબર સમાસ ન થાય તેવું
૧. સાંકડુ મોઢા જેવું = બહુ જ સાંકડું.
૨. સાંકડું પડવું = ભીડ લાગવી.
૩. સાંકડે સમાસ કરવો = ચોડાથી ચલાવી લેવું.
૩. વિ નિકટ; ગિડાતું; પાસે પાસે હોય એવું.
બે સમધ જેવું સાંકડો તો, બાય બનવુ જેર દે.
દયારામ
સાંકડો સંબંધ = બહુ જ પાસેનો સમધ કે સગપણ; ગાઢ સંબંધ.
૪ વિ સકટગ્રસ્ત; મુશ્કેલીમાં.
સાંકડાના સાથી સામળિયા, છે બગડ્યાના બેલી.
દયારામ
સકડે આવવુ = હરકત કે મુશ્કેલીમાં આવી પડવુ
૫. વિ. સકુચિત અનુદાર.
બ્રહ્મચર્ય નથી સારુ સાંકડો અર્થ એ મહીં.
જનનેંદ્રિય નિરોધ બ્રહ્મચર્ય પૂરું નથી
નાથીબાઈ
સાંકડું મન – ઉદાર નહિ એવું મન; સંકોચવૃત્તિ.

સાંકડું લાકડું (સાંકડું લાકડું) ન બહુ સંબંધ, નજીકનો સમધ
સમત સાંકડું લાકડું મજબુ.
વસત ગતવા વિશ્વનાં બજબુ. દ્વૈપાયનીકરણ

સાંકડેમાંકડે (સાંકડમાંકડ) જ્યમે એમ સકડાઈને
સાંકડેમાંકડે સમાસ કરવો = થોડી જગ્યામાં અગવડ વેઠીને પણ રહેવુ.

સાંકડેમાંકળે (સાંકડેમાંકળે) જુઓ સાંકડેમાંકડે.

સાંકડેમોકળે (સાંકડેમોકળે) જુઓ સાંકડે માકડે

સાંકડો ખૂણો (સાંકડો ખૂણો) પું. (ભૂમિતિ) કાટખૂણાથી નાનો ખૂણો; લઘુકોણ; ન્યૂનખૂણો

સાંકડો દહાડો (સાંકડો દહાડો) પું મુશ્કેલીનો વખત; આપત્ત કાળ વિપત્તિનો સમય.
સારે દહાડે જેણે પ્રભુભજનનુ સેવન નથી કર્યું,
તેને સાંકડે દહાડે કોઈ ન બચાવી શકે.
પ્રાચીનો મુક્તિ બાવ

સાંકડ્યું (સાંકડ્યુ) ન. નવેળું

સાંકર [સં. શંખલા] સ્ત્રી (વહાણવટું) એ નામે વહાણની એક વસ્તુ. તે ઉંડા સાંકળવાસ્તે વપરાય છે.

સાંકરડી (સાંકરડી) સ્ત્રી. હોરને થતો એક રોગ.

સાંકર્ય ૧. [સં.] ન. (ન્યાય) ન્યાયમાં જાતિબાધક એક દોષ; મિશ્રપણું; ભેગભેળ; ભેળવણ; ભેળવણી; મિશ્રણ; સકલન; એકીકરણ, સમીકરણ.
૨. ન. ભેગાપ.
૩. ન સકરપણું; સકરતા.
દેશી સ્ત્રીઓના સમાગમથી હાફારટ કે યુરેશિયનને નામે ઓળખાતી વર્ણસંકર પ્રજાના વધતા થવાથી એ વર્ણસાંકર્ય અપમાનિત ગણાવું ઘટે કે પ્રગતિને વેગ આપતું મનાવું ઘટે એ પ્રશ્ન અલગ છે. શાસ્ત્રોનો તો અંતિમ મત એવો છે કે, સાકર્ય રહિત કોઈ માનવી છે જ નહિ.
અપસરા

સાંકર્ષ ન વસ્તુના જુદા જુદા ભાગો એકઠા કરવાની રીત; સયોજના; મિશ્રણ; સમ્મિલન; એકીકરણ; સયોગીકરણ

સાંકર્ષણ પું. (પુરાણ) પ્રલયકાળે બીજરૂપ બચેલું કરનાર એક રુદ્ર. શૌનકાદિ ભગવાન પ્રલયકાળે આ જગતનો સંહાર કરે છે, ત્યારે ક્રોધથી વક્ર થયેલી તેમની બે ભ્રકુટી વચ્ચેથી સાંકર્ષણ નામના અગિયાર રુદ્રદેવ ઉત્પન્ન થાય છે. તેઓ સૌ ત્રણ ત્રણ નેત્રોવાળા હોય છે અને બધા અગ્નિજ્વાલાઓ ત્રિશૂળને ઉગામી રહ્યા હોય છે.

સાંકલ્પિક વિ સકલ્પનું સૃષ્ટિની રાસાયનિક રચનામાં અયોનિજ શરીર હોવાથી તે સાકલ્પિક અને સાસિદ્ધિક કહેવાય છે.

સાંકળું સ ક્રિ. સાંધવુ, મેળવવુ; ભરી જવા દબાને અંદાજ કાઢવો, ઉંચકવુ; અડસટ્ટો કાઢવો, ભરી જોવુ, સરખો કરવો
નવસો વાહિયો કાઢવા સાંકે. કહેવત

સાંકળ ૧. સ્ત્રી. અડચણ; હરકત.
સાંકળ ઘાલવી = વચ્ચે બીજુ કામકાજ કરીને વચમાં અડચણ નાંખવી, હરકત કરવી.
૨ સ્ત્રી. અનુસધાન.
અના જ વિસ્તરી રહ્યાં વળી મૂળ નીચે;
કર્મોની સાંકળ રૂપે જ અનુભ્ય લોક.
દલપતરામીકૃત
૩. સ્ત્રી. એ નામની એક દેશી રમત.
૪. સ્ત્રી. કડી; આકડી; ભારી બરજણાને બંધ કરવાનું કડીઓ કે આકડા જોડીને બનાવેલું સાધન.
૧ પાન સાંકળ = પાન ચાટની કમાડને દેવાની સાંકળ.
૨. સાંકળ ચડાવવી–ભીડવી–મારવી–લગાવવી –વાસવી = સાંકળ વડે બધ કરવું.
૫. સ્ત્રી. જમીન જરવાનું ૧૦૦ ફૂટ લંબાઈનું એક માપ.
૬. સ્ત્રી ગ્રહ; બરફત.
હાસશે આવી બધ જોવી સાંકળ. કપબમાં
બોલી ટીલડી અને અધમણ દૂધ બરેલાં બાલ.
એવી જોસો કોને ગમેથી ફટે ! મેઘાણી

૭. [સં. શૃખલા] સ્ત્રી. ધાતુની કડીઓ અથવા અંકોડા જોડીને બનાવેલો લાંબો હાર જેવો ઘાટ

સંકટ સમયે ખેંચવાની સાંકળ = રેલવે ડબ્બામાં અકસ્માત વખતે ગાડી ઊભી રાખવા માટે જે સાકળ ખેંચવાને માટે રાખવામા આવે છે તે

૮. સ્ત્રી વરતન, બે કડકા જોડતી વેળાએ આંટી પાડીને સાધો કરવો તે

સાંકળમાળા સ્ત્રી સાંકળની માળા. તે આડચ માટે થાંભલાઓ ખોડી તેમાં પરોવી રાખવામાં આવે છે

સાંકળરીતિ સ્ત્રી. (ગણિત) જુદી જુદી જાતનાં પરિમાણોમાંથી એક જાતના કોઈ પરિમાણ બરોબર બીજી જાતનું કોઈ પરિમાણ, બીજી જાતના કોઈ પરિમાણ બરોબર ત્રીજી જાતનું પરિમાણ થવારે એ પ્રમાણે આપેલા સમય ઉપરથી પહેલા પરિમાણની છેલ્લા પરિમાણના રૂપમા કીમત શોધી કાઢવા ની રીત તેને સાંકળ રીતિ કહે છે. આ રીતિમા ધણા પરિમાણો એક બીજાની સાથે સાંકળની કડીઓની પેઠે જોડેલા હોય છે. આ સાંકળરીતિ કહેવામાં આવે છે કારણ, ૮ રૂ.ની જાતના કીમતના ૧૫ શેર ખાંડની બરાબર, ૮ રૂ.ની જાતના કીમતના ૧૫ શેર ખાંડની બરાબર અને ૧૦ રૂ.ના ખાંડની કીમત ૩ રૂ.ના બદામની બરોબર હોય તો ૧૫ શેર ચાની કેટલા શેર બદામ આવે ? આ સાકળ રીતિનો દાખલો છે.

સાંકળવું ૧. અ. ક્રિ. સાંકળની પેઠે બંધાવું; સકળાવું

૨. સ. ક્રિ એક બીજા સાથે સાંકળની પેઠે બંધવું કે જોડવું; વળાવવું; ગૂંથવું, ભરાવવું; ગૂંથીને બંધવું કે બાંધવું.

૩. સ ક્રિ ઘેરી લેવું; ગૂંથવું; વીંટાળવું

સાંકળિયું [સં સકલન] ન. અનુક્રમણિકા; વિષય કે નામનું નંબરવાર કરેલું દિગ્દર્શન; સૂચિપત્ર; પુસ્તકનાં પ્રકરણ વગેરેનો પાનાના નંબર સાથેનો અનુક્રમ

સાંકળિયો કાબર પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો

સાંકળી ૧. સ્ત્રી એ નામે એક જાતનો દાગીનો; સોના કે રૂપાના અંકોડા એક બીજા સાથે જોડીને બનાવેલો એક ઘાટ; તાર અથવા સળિયા-ના અંકોડા ભેળવી હાથે પગે પહેરવાને બનાવેલું ઝીણા ચકરડું; કડપચેઈન; સોના રૂપાના તારની ગૂથણીની માળા કે હાર; ટોપે બાંધવાની કડી; ચેઈન.

૧. ડોકની સાંકળી = ડોકમાં પહેરવાનો સોનાનો દાગીનો.

૨. બાવડાની સાકળી = હાથમાં પહેરવાનુ ઘરેણું.

૨. [સ. શૃખલા] સ્ત્રી નાની કડીઓ જોડી બનાવેલી સેર

૩ સ્ત્રી ભેળવેલું- મિશ્ર કરેલું ઔષધ કે તે જેમકે, તલસાંકળી એટલે તલ મિશ્ર કરેલ વાની

૪ સ્ત્રી. વરત અથવા રાસડી તૂટી જતા તેના સાધા મેળવવા જે આંટીઘાળી ગૂથણી કરી તે

૫ સ્ત્રી સમય બતાવવા સારુ બે વર્ણો પર દોરવા લીટી, દા.ત. મૈત્ર વૈરુદ્રમ'

૬. સ્ત્રી. સારા પદોના-શ્લોકોની કુરતી વખત ચોઢાક વખત સુધી અને હારતા નથી કરવું કે એક દાવ નાખે સારે બીજા તોડ નાખે ત્યારે પહેલા કરીથી રોક નાખે અને બીજો દાવ નાખે એમ લાબા વખત સુધી ચાલે તે.

સાંકળી જમીન પું. આડ જમીન. એકાબાજુની ખુલ્લાપર જમીન; એકની સાથે બાજીને આવેલાર જમીન.

સાંકળું ન. પગનું એક ઘરેણું; હાથે કે પગે પહેરવાનું સોના રૂપાના અંકોડાનું એક બીજા સાથે જોડી બનાવેલું ઘરેણું

સાંકાડ્યા સ્ત્રી (પુરાણ) કક્ષુમતિ નદીને તીરે આવેલી ઇક્ષ્વાકુ રાજધાની. દશરથના સમયમા અહીં સુધન્વા નામે રાજા હતો. સુધન્વાએ સીરધ્વજ જનકને કહેવાવ્યું હતું કે તારી પાસે જે તે શંકર ધનુષ્ય અને તારી કુમારી સીતા મને આપી દે નહિ તો યુદ્ધ કરવા તૈયાર થા. આ ઉપરથી યજ્ઞ કરતાં તેમા સીરધ્વજ જનકે સુધન્વાને મારી નાખી તેની સાંકાશ્યની ગાદી પર પોતાના ભાઈ કુશધ્વજ જનકને બેસાડ્યો હતો.

સાંકૃતિ ૧. પું (પુરાણ) એ નામનો અગ્નિ-રોહિતના એક પુત્રનું.

૨. પુ. (પુરાણ) નર રાજાને મંજૂલીને પેટે થયેલા પુત્ર રંતિદેવનુ બીજુ નામ.

સાંકૃત્ય પું. (પુરાણ) એ નામે એક ઋષિ.

સાંકેઠ (સાંકેડ) ૧. સ્ત્રી. અડચણ; મુસીબત

૨. સ્ત્રી. સાંકડ

સાંકેતિક ૧. વિ. કૃત્રિમ; રૂઢિ પ્રમાણે થતું; ' કન્વેન્શનલ.'

નાટકની અધમ સ્થિતિનું આ સિવાય બીજું પણ કારણ છે: અને તે એ કે ગુજરાતી સાહિત્યમાં સર્વાનુમત્ય રસિક કવિ હજુ થોડા કે આગે કોઈ જ છે. કેટલાક નાટક લખનારને સાહિત્યનું કંઈ જ્ઞાન હોય છે અને પણ તેની કર્ય કચિત્ રસિક આવતી નથી સાંકેતિક નિયમો પાળવા અને સાંકેતિક પદો વાપરેલા જોવામાં આવે છે. પણ બાજુના પ્રેક્ષક તો કોઈ કેકાણે નજરે પડતો નથી. રમણભાઈ

૨. વિ દર્શક; દૃષ્ટાંતરૂપ.

૩. વિ. પારિભાષિક: ' ટેકનિકલ '

અલંકારશાસ્ત્રના સાંકેતિક (technical) નિયમો ચિત્રકાવ્ય આ શ્લોકમા દોષ થવાનો સવાલ નથી રમણભાઈ

૪. વિ. ભાષાથી નહિ પણ સંજ્ઞાથી જણાવેલું; સંજ્ઞારૂપ; સંકેતવાળું; સંકેતનું; અમુક ઓળખ, મેળાપ કે દેખાવ વગેરે સંકેત સમજી, સંકેત પ્રમાણેનું; અમુક જ સમજી શકે એવા સમજવાનું. ' સિમ્બોલિક

૫. વિ. ભેદવાળું, મર્મવાળું, છૂપા ભેદવાળું

૬. વિ લક્ષણિક

૭ વિ. વિશિષ્ટ; તદ્‌ગત.

૮. વિ શરતી; શરતવાળું; અમુક શરતથી અંકાયેલું

૧૦ વિ સૂચક; દ્યોતક; વ્યંજક અર્થ પ્રદર્શક; ' એક્સપ્રેસિવ '.

સાંકેતિક અક્ષર પું. સંખ્યાસૂચક અક્ષર. જ્યોતિષ આદિના શ્લોકબદ્ધ ગ્રંથોમાં પ્રત્યેક અંકને માટે એક શબ્દ લખવા જતાં વિસ્તાર થઈ જતો હતો તેથી તે સંક્ષિપ્ત કરવા માટે અક્ષરોથી અંક બતાવવાની રીત નીકળી. જેમકે, ક = ૧, ખ = ૨, ગ = ૩, ઘ = ૧૦, ઙ = ૧૦૦, ઉ=૧૦,૦૦૦, ઋ=૧૦,૦૦,૦૦૦. અક્ષરોથી આંકડા બતાવવાની આ શૈલીમાં સ્વરોમાં હ્રસ્વ દીર્ઘનો ભેદ નથી. વ્યંજનની આગે જ્યારે સ્વર જોડવાપણ હોય છે ત્યારે વ્યંજનસૂચક અંકને સ્વરસૂચક અંકથી ગણીને જે ગુણાકાર આવે છે તે આંકડો સમજવા નો છે.

ખિ ખ × ખ્ = ૨ × ૧૦૦ = ૨૦૦

ગુ ગ × ઉ ૩ × ૧૦,૦૦૦ = ૩૦,૦૦૦

સંયુક્ત વ્યંજનની સાથે સ્વર મળે છે ત્યારે નીચે મુજબ સંયુક્તો થાય છે.

ખ્ગુ = (ખુ + ગુ) = ખ × ઉ + ગ × ઉ =
૨ × ૧૦,૦૦૦ + ૩ × ૧૦,૦૦૦ = ૫૦,૦૦૦.

સાંકેતિક ચિહ્ન ૧. ન. સંકેત પ્રમાણેની નિશાની. ૨. ન. સામ્પ્રદાયિક નિશાની દરેક ધર્મમાં સાંકેતિક ચિહ્નનો વપરાશ ઓછો વત્તો જોવામાં આવે છે. ઇસ્લામનો અર્ધચંદ્ર, ખ્રિસ્તીનો ક્રોસ અને બીજા સ્વસ્તિકો- સાથીઆ વગેરે

સાંકેતિક તર્ક પું. સત્તાત્મક તર્કશાસ્ત્ર; 'સિમ્બોલિક લોજિક '.

તર્કરાજ તથા ગુઢ ગણિતરાજ અથવા સાંકેતિક તર્કના સિદ્ધાંતોનો જેમા સમાવેશ થાય છે તે સાધનના પ્રકારનો આપણે હવે વિચાર કરીશું.

વિજ્ઞાન પ્રવેશ-૨ા

સાંકેતિક તર્ક પદ્ધતિ જી. (ગણિત) ગણિતમાં તર્ક કરવાની રીત.

ગણિત શાસ્ત્રમાં વપરાતી સંજ્ઞાઓનો ભાષામાં ઉપયોગ થવા માંડ્યો ત્યારથી **સાંકેતિક તર્ક પદ્ધતિ**માં પણ પ્રગતી થયેલી છે

વિજ્ઞાન પ્રવેશિકા

સાંકેતિકત્વ ન. વિષયકતાપણું

સાંકેતિક દ્રવ્ય ન સિક્કાની સિક્કામાં રહેલ મતુ કરતાં વિશેષ કીમત હોય તેવું નાણું. 'ટોકન મની'. જેમકે, રૂપિયો

સાંકેતિક ભાષા જી પરિભાષા; 'ટર્મિનોલોજી'

સાંકેતિક વાક્ય ન. સાન્વય નિર્દેશ. જે દ્વારા બનાવે તો રોજ ચાલે એ સાંકેતિક વાક્યનો દાખલો છે.

સાંકેતિક વિયોગવાચક અ. ઉભયાન્વયી અવ્યયનો એક પ્રકાર. 'નહિ તો' એ શબ્દ આ પ્રકારના અવ્યયનો દાખલો છે

સાંકેતિક શબ્દ ૧. પુ. સંકેત બતાવનાર શબ્દ ૨ પુ સંખ્યાસૂચક શબ્દ મુખ્યત્વ વિદ્વાનો સંસ્કૃત પ્રાચીન કાળમા સાહિત્યોની સાક્ષાત રહેલાની રચના થઈ સહેલાઈથી મોઢે રહી શકે માટે જ્યોતિષ, ગણિત, વૈદક અને કોષ આદિના ગ્રંથો પણ શ્લોકબદ્ધ લખાવા માંડ્યા. જ્યોતિષ અને ગણિતના ક્રમમાં આખી આખી સંખ્યાનો શ્લોકમાં લાવવાની મુશ્કેલી પડતી. આથી સંખ્યાસૂચક સાંકેતિક શબ્દ નક્કી કરવાની જરૂર પડી. આ સાંકેતિક શબ્દો મનુષ્યનાં અંગ, છંદ અથવા એનાં ચરણો, અક્ષર, દેવતા, સાહિત્યના અંગ, ગ્રહ, નક્ષત્ર આદિ અનેક નિશ્ચિત પદાર્થોની સંખ્યા પરથી નક્કી કરાયા. જેમકે, ખ = ૦, સૂર્ય = ૧, યમ = ૨, ગુણ = ૩, વેદ = ૪, શર = ૫, રસ = ૬, પર્વત = ૭, વસુ = ૮, અંક = ૯, દિશા = ૧૦, રુદ્ર = ૧૧, મરુત = ૧૨ અને મનુ = ૧૪. આ પ્રમાણે શબ્દથી આંકડા બતાવવાની શૈલી બહુ જ પ્રાચીન છે

સાંકેતિક સમાચાર પું ન ન સંકેતસૂચક સમાચાર; 'સેમિફોન'.

સાંકેતિક સમીકરણ ન. સંજ્ઞાત્મક સામ્ય; 'સિમ્બોલિક ઇક્વેશન'.

સાંકેતિક હસ્તાક્ષર પું. ન. ન. બધુ હસ્તાક્ષર; ટૂંકી સહી.

સાંકેતિકી [સં] સ્ત્રી. જી. સંજ્ઞારૂપ; નિશાનીવાળી

પરમાત્મ સ્વરૂપની આ સ્થાનમાં **સાંકેતિકી** પ્રતિમા છે. ઝવેરચંદ્ર

સાંકો ૧. પુ અડસટ્ટો, શુમાર; ઉઠાક; ભરત અથવા તોલનો શુમાર

૨. પું. અંકિત કરેલો માર્ગ

૩. પુ. એક પ્રકારનો માપનો આંકો. માપ ભરવાના વાસણમાં આટલે સુધી આવે ત્યારે શેર કે અશેર થાય છે, કારણ કે મેં સાંકો રાખ્યો છે એમ કહે છે

૪. પું. ડારો; બીક

૫ પું. સંકેત

તું આડો કહી બીજાને એને.
સીધો શબ્દ એ **સાંકો**

અજ્ઞાત.

૬. પું. સાખો; અંદાજ

સાંકાંતિક વિ. સંક્રાંતિને લગતું, સંક્રમણને લગતું.

આજુ સમય અંગ્રેજીમાં જેને Transition Period કહે છે તેનો **સાંક્રાંતિક સમય** છે.

મુ સા. પરિષદ

સાંક્ષપ્તક અંગ ન. આરબડી વૃત્તિનાં ત્રણ માંહેનું એક અંગ.

સાંખ ૧. જી (ક્રિયા) ક્રિયા.

૨. જી. દયા; કરકર

૩. જી. શાખ; પ્રતિષ્ઠા

સાંખતું વિ. સહન કરતું; ખમતું; વેઠતું.

સાંખરવું અ. ક્રિ. ફાલવું; વધવું; મોટા થવું

સાંખરેકિયા ૧. જી. લેણિયા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

સાંખલીઆ જી. દરિયામાં તેમ જ દરિયા કાંઠે જોવામાં આવતી માછલીની એક જાત. અંગ્રેજીમાં તેને જેલીફિશ કહે છે સંસ્કૃતમાં તે એથી અદ્દી ઊંચ, આકારે તે મોળ મટોળ કેરી જેવાં પડખાવાળી અને રંગે સફેદ તેમ જ લાલ હોય છે. સ્પર્શ કરતાં તે ઠંડી લાગે છે અને તેનું શરીર કે જેવું નરમ હોવાથી અડતાં તે તૂટી જાય તેવું હોય છે.

સાંખલો ૧. પું. ગળુ

૨. વિ. છૂટા દાંતવાળો.

સાંખવું ૧. સ ક્રિ. ક્ષમા કરવી.

૨ સ ક્રિ. ખમવું; સહેવું; વેઠવું; સહી રહેવું, સહન કરવું.

૩. સ. ક્રિ. ધારણ કરવું; ધીરવું.

૪. સ ક્રિ. અરોબર કરી જોવું; સમતા તપાસવી; સરખાવવું; તુલના કરવી

૫. સ. ક્રિ. આપવું; અડસટ્ટો કાઢવો; ભરી લેવું.

સાંખળદેહ પુ. બસો દ્રવ્યનું માપ.

૧૦ હરત = વેળુ

૧૦ વેળુ = સાખળદેહ, નિવર્તન

સાંખાયન [સં સાંખ્યાયન] ન. ઋગ્વેદની એક શાખા

સાંખું ૧. [સં. (સારી રીતે) + આખુ (અખંડિત)] ન. ખેતરમાંથી કસ ન ચુસાય એવી સ્થિતિમાં ખેતરને રાખવું તે; સંપૂર્ણ આખુ; પડેપડે આખુ; ખેતરની એક જાતની અખંડિત જમીન; વિસામો આપીને ફળદ્રુપ કરેલી જમીન; કસ આપવામા એક ચોમાસું પડતર રાખેલુ ખેતર; વાસી ખેતર; આવતી સાલ માટે વાવવા સારુ ખેડીને રાખેલું વગર્યા સિવાયનુ ખેતર; ખેડીને પડતર રાખેલુ ખેતર; વાસેલ રાખેલુ ખેતર. જે ખેતરમાંથી કસ જાઈ ખાંડત ન થયેલું હોય તેવી સ્થિતિમાં રાખેલ ખેતરને સાખુ કહે છે. આજીવન કૃષિવિષારદ ગોકળદાસ મનજી કાળાવડીઆ કહે છે કે: ૨.૫ સમયમાં જિરાયત જમીનમાં પાક વધારે લેવા માટે અમુક વરસને અંતરે જમીનને નીચે પ્રમાણે વિસામો આપવાની પદ્ધતિ ચાલતી હતી અને તેથી તે સમયમા વસુધા રસકસે વધતી જતી હતી. અર્થાત્ પરાપૂર્વથી જ ખેતીની જમીનની સુધારણા કરવા માટે જમીન વાસેલ રાખવાની પદ્ધતિ દાખલ થઈ છે. આથી વિસામો આપેલ જમીનને કાઠિયાવાડમાં વાસેલ, પડતીયું, સાંખુ, સારવા, ખાસી, સઢો, રાપોલિયુ કે હસડીયું પણ કહે છે. બાજર નાખ્યા સિવાય પાક લેવાથી જમીન કાયમ કસદાયિ બનતી જાય છે. આથી જમીનને અમુક વરસ વાવેતર કર્યા વિના પડતર રાખી દોય તો, જમીન માહેના ઉટલાક જાડા, અગળાઉ પદાર્થ બારીક બળાઈ જઈ, ફરીને જમીન પોતાની આગલી હાલત પર આવી જાય છે. કુદરતના એ કાયદાને અનુસરી જમીનને બોડા બોડાં વરસને અંતરે પડતર રાખી વિસામો આપવા દેવાની ખાસ જરૂર છે. આવી જમીનને ચોમાસામાં વાવેતર કર્યા સિવાય પડતર રાખી તેમાં આર પાંચ હળની ખેડો દઈ, તે ઉપર દર અઠવાડિએ આખું વરસ કરબ કે કળિયુ ફેરવવાની ક્રિયાને વસેલ કહે છે પહેલાં દિવસનું રાંધેલ અનાજ બીજે દિવસે બાસુ, તેને વાસી ખોરાક કહે છે તેવી જ રીતે જમીનમાં વાવેતર નહિ કરતાં, એક વરસ પડતર રાખી, તેમા હળ, કળિયાની ખેડ, ચિંવાળાની ટાઢ, ઉનાળાનો તડકો, ઝાકળ, ડાર કે માવા વગેરેથી છોડનો જાડો બળાઉ ખોરાક પેદાય

બારીક ગળાકિ બની બીજે વરસે છોડ મોલને ખોરાકન. ઉપયોગમા આવે છે તેવી રીતે પડતર રાખેલ જમીનના મોલને વાસી ખોરાક ખાવા મળે છે, એટલે વાસી શબ્દ ઉપરથી વાસેલ શબ્દ થયો હોય એમ જણાય છે. વાસેલ જમીનમાં પાણી પચે છે, એટલુ જ નહિ પણ જમીન બારીક રજકણોવાળી લીસી અને કસદાર બને છે. નીંદામણના ઉગેલા છોડ જમીનમા ગળી ખાતરની ગરજ સારે છે. તેથી છોડમોલને વધારે પોષણ મળવા લાયક રસાળ જમીન બને છે, તેથી કેટલાક ખેડુત તે વાસેલ જમીનને પરીયુ પણ કહે છે. પુષ્ય એટલે પોષણ મળવુ એ ઉપરથી મૂળે આ શબ્દ થયો લાગે છે આ રીતે વિસામો અપેક્ષ પોચી જમીનમાં બોમાસામાં પડેલુ વરસાદનુ પાણી ત્યારે પચે છે તે ઉપર વારંવાર કુણિ ની ખેડ થવાથી, જમીનની બીનરા સપાની સરસાની બળી નદિ જતાં જમીનમાં જળવાય રહે છે એમાં, ઉનાળામાં પાણી પચવાની ક્રિયાને કારણે પચ્યુ કહે છે. બધી રાખેલ જમીનમાંથી છોડ મોલના મૂળવાટે ખેતરનો કસ નદિ ચૂસતાં, પૂરી રીતે બરોબર અથવા સારી રીતે આખુ રહેલું હોય છે. તેથી તેવા જમીનને કેટલાક ખેડુત સાખુ કહે છે. વાસેલ રાખેલ જમીન હળ કુળિયાની ખેડથી પોચી મોકળી, છુટાં છુટાં રજકણોવાળી રસદાર બને છે; તેથી ખેડુતો તેને સારવી એટલે કે સારા રજકણવાળી કહે છે. આખલા, ઘોડા, બળદ વગેરેનુ વીર્ય સ્ખલિત થવાથી નબળો ન પડી જાય તેટલા માટે તે જનાવરને ખસી કરે છે અને તેથી તે જોર.વર રહે છે, એવી જ રીતે જમીનને વાસેલ રાખવાથી પાણી પચી ઠળી થાય છે તેથી વાસેલ રાખેલ ખેતરને કેટલાક ખેડુતો બગી રાખ્યું કહે છે જેમ દવાને ખરલમાં નાખી લાંબા લીસા પથ્થર વડે લદવાથી બારીક બને છે, તેમ વાસેલ રાખેલ જમીનમાં આખું વરસ વરસેલ સાતી બાલવાથી જમીન બહુ બારીક કસદાર અને લીસી બને છે, તેવા ખેતરને કેટલાક ખેડુતો લદો રાખ્યું કહે છે વાસેલ રાખેલ જમીનમાં દળ ખેડ પછી આખુ વરસ કુણિયુ ફાડવાની ક્રિયાને ખેડુતો રાપલવુ અથવા રાય ફાડી કહે છે. એમ આખું વરસ રાંપ ફાડવાની રીતને સંપોલિયું કહે છે. વાસેલ રાખેલ જમીનમાં દળખેડ પછી કાયમ કુણિયુ ફાડવાથી નીંદામણનાં મૂળિયા જમીનથી છુટા પડી ચોમાસાની સાથેની સંપમાં ભરાય છે તેથી ખેતરની પોચી જમીનમા કસરડા કે લીસોટા થઈ રહે છે, તેથી કેટલાક ખેડુતો તેને કસડીયુ | રાખ્યુ કહે છે. આ રીતે વિસામો આપેલ જમીન જુદા જુદા ક્રમથી વાસેલ, પરીયુ, પચોયુ, સાખુ, સાલ્યા, ખાસી, લદા, રાપોલિયુ અને કસડીયુ કહેવાય છે.

વાસેલ રાખેલ જમીનમાંથી છોડ મોલના મૂળ માટે ખેતરનો કસ નહીં ચુસાતાં પૂરી રીત બરાબર અગ્યા સારી રીતે આખું રહેલ છે, તેવી જમીનને કેટલાક ખેડત સાંખું કહે છે કાળા ચકીઆ

૨ ન સરખા.મણીનુ માપ; ભરત; અંદાજ કાઢેલું જોખ.

૩. સ કિ. ખમવું; સહન કરવું.

સાંખો [સ સંખ્યા; પ્રા. સંખા] પુ એકનો મરેન

સાંખ્ય ૧. [સ] પું. એ નામનો ગીતાનો યોગ. સખ્યા શબ્દનો અર્થ (સમ્યક્ જ્ઞાન) વિચાર કરવો, તત્ત્વ નિશ્ચયના માટે વાદવિવાદ કરવો એવો થાય છે સંખ્યા શબ્દનો બીજો અર્થ આત્મવિષયક નિશ્ચિત જ્ઞાન છે. ક્રમપૂર્વક યુક્તિઓને દર્શાવીને જેના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવે છે એને સાંખ્ય કહે છે આ જગતમાં જેટલા પદાર્થ છે એ પદાર્થોની સખ્યા બતાવીને એનુ યથાવત્ જ્ઞાન જે શાસ્ત્રમાં કર્યું હોય છે એને સાંખ્ય કહે છે. સાંખ્યશાસ્ત્રે સૌથી પહેલાં ત્રિગુણી અંદર જડચેતન પદાર્થોની સખ્યા નિશ્ચિત કરી અને જડપદાર્થોનાં કાર્યોનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે સંખ્યા નિશ્ચય કરવાથી આ શાસ્ત્રનુ નામ સાખ્ય થયુ સાખ્ય શાસ્ત્રનો સૌથી પહેલો ઉપદેશ શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને આપ્યો. અર્જુનનો મોહ દૂર કરવા તત્ત્વજ્ઞાનના વિના બીજુ કોઈ સાધન નથી અને પોતાનું તથા પારકુ આ સબંધનો મોહ દૂર કરવા સાખ્યશાસ્ત્ર જેટલુ ઉપયોગી છે એટલું બીજુ કોઈ શાસ્ત્ર નથી કેમકે, આ શાસ્ત્રમાં જગતના સપૂર્ણ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન આપ્યું છે, કે જેનો પ્રાપ્ત કર્યા પછી મનુષ્યનો મોહ દૂર થાય છે બાળગગાધર ટિળક લખે છે કે: કાપિલ સાંખ્યશાસ્ત્રનો વિચાર કરતાં પહેલા સાંખ્ય એ શબ્દના બે જુદા અર્થ થાય છે તે આ સ્થળે કહેવુ જોઈએ. પહેલો અર્થ કપિલાચાર્યે પ્રતિપાદન કરેલ સાખ્યશાસ્ત્ર એ છે; આ વિશિષ્ટ અર્થ સિવાય સર્વ પ્રકારનાં તત્ત્વજ્ઞાનને માટે ' સાખ્ય ' એ શબ્દ વાપરવાનો વહીવટ છે તેથી તેમાં ' વેદાંતશાસ્ત્ર 'નો પણ સમાવેશ થાય છે. સાંખ્યનિષ્ઠા, સાંખ્યયોગ એ શબ્દોમાં સાંખ્ય શબ્દનો આ સામાન્ય અર્થ જ વિવક્ષિત છે. એટલે તેમાં આત્મા અનાત્મા વિચારદ્વારા સર્વ કર્મનો સન્યાસ કરીને બ્રહ્મજ્ઞાનમા જ ડુબ્યા રહેનાર વેદાંતીઓનો પણ સમાવેશ | કરવામાં આવ્યો છે. 'સાંખ્ય' શબ્દ 'સંખ્યા' એ ધાતુ ઉપરથી નીકળેલો છે અને તેથી તેનો પહેલો અર્થ, ' ગણનાર ' એવો થાય છે અને પ્રાપિલ શાસ્ત્રમાં પચીસ મૂળ તત્ત્વો ગણાવેલાં છે. એટલે ગણનાર, એ અર્થથી ' સાંખ્ય ' એટલે સામાન્ય રીતે સર્વ પ્રકારનું તત્ત્વજ્ઞાન આ વ્યાપક અર્થ થયો, એવો શબ્દશાસ્ત્રજ્ઞ વિદ્વાનોનો મત છે.

૨. પું. સન્યાસ કર્મત્યાગ; નિવૃત્તિ, જગતમાં આયુષ્ય ગાળવાના બે–સાખ્ય અને યોગ–માર્ગોનો ઓક મરાઠી લોકમાન્ય વિદ્વાન લખે છે કે: યુરોપખંડમાં એરિસ્ટોટલથી આજ સુધી આ બાબત જેવા બે પક્ષો છે તેવા જ પ્રાચીન કાળથી માંડીને આજ સુધી હિંદુસ્તાનમા વૈદિક ધર્મમાં પણ આ સબંધી બે માર્ગ એક સરખા ચાલે છે તે પૈકી એક માર્ગને સન્યાસ માર્ગ, સાખ્યનિષ્ઠા અથવા કેવળ સાખ્ય અથવા જ્ઞાનમાં જ હરહમેશ ગૂથેલા રહેવા પણ હોવાથી જ્ઞાનનિષ્ઠા એવાં નામો અપેલાં છે અને બીજાને, કર્મયોગ અથવા સંક્ષેપમાં કેવળ યોગ અથવા કર્મનિષ્ઠા એમ કહે છે સાંખ્ય અને યોગ એ શબ્દોથી અનુક્રમે કપિલ સાંખ્ય અને પાતંજલ યોગ એ અર્થ આ ઠેકાણે વિવક્ષિત નથી કર્મયોગ અને કર્મસંન્યાસ એટલે કે સાંખ્ય કિંવા સન્યાસ આ બે માર્ગોને સલીએ Optimism એટલે સૌખ્યવાદી અને pessimism એટલે દુર્ભાગ્યવાદી એવાં નામો અનુક્રમે અપેલાં છે. પણ અમારા મત પ્રમાણે આ નામો બરોબર નથી સસારને અનિત્ય સમજીને તે છોડી દેનાર લોક આનંદી હોય છે અને તેઓ સસાર છોડે છે તો પણ તેઓ સદા આનંદથી જ છોડે છે; એટલે તેમને દુર્ભાગ્યવાદી કહેવા એ અમારે મતે બરાબર નથી એના કરતાં કર્મત્યાગને Energism એટલે પ્રવૃત્તિ માર્ગ અને સાંખ્ય અથવા સન્યાસ માર્ગને Quietism એટલે નિવૃત્તિ માર્ગ એવાં અયોગ્ય નામ આપવાં એ વધારે પ્રશસ્ત છે. વૈદિક ધર્મ પ્રમાણે અને માર્ગે પ્રાપ્ત થવાનુ બ્રહ્મજ્ઞાન એટલુ જ દોર્યું ને બનેમાં આનંદ અને શાંતિ તો એકની એક જ છે એક માર્ગ આનંદમય અને બીજો દુ:ખમય અથવા એક સૌભાગ્યવાદી અને બીજો દુર્ભાગ્યવાદી એવા ભેદ અમે કરતા નથી. ને માર્ગનો આશ્રય લક્ષ્મમાં લઈ અર્જુન લડાઇ છોડી ભિક્ષા માગવા તૈયાર થયો હતો.

૩. ન. આત્મવસ્તુનુ જેમાં સારી રીતે જ્ઞાપન કરવામાં આવે તે.

૪. ન. કપિલ મુનિએ રચેલું દર્શન; છ વૈદિક દર્શનો માંહેનું એક; દર્શનના છ માંહેનો એક ભાગ. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા, અને વેદાંત આ તત્ત્વ નિર્ણયનાં ખટ દર્શનો છે એમાં પચીસ તત્ત્વો માનલા છે આ પચીસ તત્ત્વના વિચારવાળું શાસ્ત્ર પણ કહેવાય છે

૫. જ્ઞાન.

સાંખ્ય શબ્દના અર્થ જ્ઞાન થાય છે. અર્થાત્ પ્રકૃતિ, પુરુષ અને તેના ભેદનું જે યથાર્થ જ્ઞાન તેનું નામ સાંખ્ય સાંખ્યદર્શન

૬. ન. વિદ્યાનાં પાંચ માંહેનું એક પર્વ. વિદ્યાનાં પાંચ પર્વ આ પ્રમાણે છેઃ સાંખ્ય, યોગ, જ્ઞાન, વૈરાગ્ય તથા તપ.

૭. ન. (જૈન) સમ્યગ્ દર્શન.

૮. ન સર્વ પ્રકારનું તત્ત્વજ્ઞાન.

સાંખ્ય એ શબ્દ સંખ્યા ધાતુ ઉપરથી નીકળેલો છે અને તેથી તેનો પહેલો અર્થ ગણનાર એવો થાય છે અને કપિલ શાસ્ત્રમાં પચીસ મૂળતત્ત્વો ગણાવેલ છે એટલે ગણનાર એ અર્થથી સાંખ્ય એટલે સામાન્ય રીતે સર્વ પ્રકારનું તત્ત્વજ્ઞાન આ વ્યાપક અર્થ થયો.

ગીતારહસ્ય

૯. ન. સંપૂર્ણ વિચાર કરીને કહેનાર, સિદ્ધાંત બતાવનાર દર્શન અથવા શાસ્ત્ર.

સાંખ્યકારિકા સ્ત્રી. પું. સાંખ્યદર્શનનો જૂનામાં જૂનો ગ્રંથ

સાંખ્યદર્શનનો જૂનામાં જૂનો ગ્રંથ આજે સાંખ્યકારિકા નામનો મનાય છે.

પુરાતત્ત્વ

૨. સ્ત્રી. કપિલ મુનિના મતની ૭૦ શ્લોકના પ્રમાણવાળી પુસ્તિકા; એ નામે સાંખ્યશાસ્ત્રનો ઈશ્વરકૃષ્ણકૃત બહુ માનપાત્ર ગાથાબદ્ધ ગ્રંથ. તેના ઉપર શંકરાચાર્યના પરમ ગુરુ ગૌડ પાદાચાર્યનું ભાષ્ય છે. મૂળ સાંખ્યદર્શનના દ્રષ્ટા કપિલ મુનિ મનાય છે.

સાંખ્યદર્શનના વિદ્યમાન ગ્રંથોમાં ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા સૌથી પ્રાચીન છે.

પુરાતત્ત્વ

૩. સ્ત્રી સાંખ્ય પર વિવેચન કરેલું હોય તેવું પુસ્તક

સાંખ્યજોગ પું. સાંખ્ય યોગ.

સાંખ્યજોગ કુંડળ બેહુ કરણ. દયારામ

સાંખ્યદર્શન ન. કપિલ મુનિએ બનાવેલું એ નામનું શાસ્ત્ર; ષડ્‌વૈદિક દર્શન માંહેનું પહેલું કપિલ મુનિ કૃત દર્શન. તેમાં નિરીશ્વરવાદનું પ્રતિપાદન કરેલું છે. વિશ્વનાં જુદાં જુદાં તત્ત્વોની સંખ્યા ગણાવી તેથી જાણવા તો ઇટલાક કહે છે તેમ, સારી 'ખ્યા' કહેતાં બુદ્ધિ સુઝાડી તેથી આ દર્શન 'સાંખ્યદર્શન'ને નામે પ્રસિદ્ધ છે. વળી સાંખ્ય શબ્દનો અર્થ જ્ઞાન થાય છે. પ્રકૃતિ, પુરુષ અને તેના ભેદનું જે યથાર્થ જ્ઞાન તેનું નામ સાંખ્ય અને તેવા જ્ઞાનનો ઉપાય બતાવનાર જે શાસ્ત્ર તેનું નામ સાંખ્યદર્શન.

જિનશાસન રૂપી પુરુષનો ડાબો પગ સાંખ્યદર્શન છે. ગુ. સા. પરિષદ

સાંખ્યનિષ્ઠા સ્ત્રી. સાંખ્ય યોગ ગીતામા ભગવાને કહ્યું છે કે જગતનો રાહ જોઈએ તો આત્મજ્ઞાની પુરુષોના આયુષ્ય ગાળવાના અનાદિ કાળથી બે માર્ગ ચાલતા આવેલા છે એમ જણાય છેઃ સાંખ્ય અને યોગ (કર્મયોગ) આત્મજ્ઞાન સંપાદન કર્યા પછી શુક જેવા પુરુષ સંસાર છોડીને આનંદથી ભિક્ષા માગતા ફરે છે; તો જનક જેવા બીજા આત્મજ્ઞાની પુરુષો જ્ઞાન થયા પછી પણ સ્વધર્મ પ્રમાણે લોક કલ્યાણ સારુ જગતની સેંકડો ઉથલપાથલમાં પોતાનો વખત ગાળે છે. પહેલા માર્ગને સાંખ્ય કિંવા સાંખ્યનિષ્ઠા કહે છે અને બીજાનું કર્મયોગ અથવા યોગ એવું નામ છે. આ બને નિષ્ઠાઓ જો કે પ્રમાણમાં હતી તો પણ તેમાં કર્મયોગ અધિક શ્રેષ્ઠ છે એવો ગીતાનો સિદ્ધાંત છે.

જેની બુદ્ધિમાં સાંખ્યનિષ્ઠા સ્થિર થઈ ગઈ છે અને કૃતકૃત્ય કર્યા યોગ જેની રગેરગમાં વ્યાપ્ત થયેલ છે તેને ગીતામાં સ્થિતપ્રજ્ઞ કહે છે

વિનોબા ભાવે

સાંખ્યપ્રવચન ન. કપિલ મુનિનું સાંખ્યશાસ્ત્ર, પાતંજલ કૃત એક ગ્રંથ.

સાંખ્યમત પું. સાંખ્યનો મત

સાંખ્યમાર્ગ પું. આયુષ્યક્રમણ માર્ગના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર.

સાંખ્યમાર્ગી વિ. સાંખ્યમાર્ગને અનુસરતું

સાંખ્યમૂલ્ય ન. સાખ્યમાં દર્શાવેલી કીમત; આંકડામાં કીમત; ' ન્યુમેરિકલ વેલ્યૂ '.

સાંખ્યયોગ ૧ [સં.] પું. તત્ત્વોની સંખ્યા કરીને આત્મા જેથી જુદો છે એનું જ્ઞાન

૨. પું. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના અઢાર માંહેનો એ નામનો બીજો અધ્યાય. તેમાં શ્રીકૃષ્ણે અર્જુનને સાંખ્ય એટલે તત્ત્વજ્ઞાન કહી સભાગાથી ધર્મ કર્તવ્યના રસ્તા પર લાવવાનો પ્રયત્ન કર્યો છે; તેથી આ અધ્યાયને સાંખ્યયોગ કહ્યો છે. આ ઉપદેશ દેશકાળ પરિસ્થિતિ પ્રમાણે જગતની કોઈ પણ વ્યક્તિને ઉપયોગી થઈ પડે એવો છે; તેથી કરીને જ તત્ત્વજ્ઞાન અને ઉપદેશ વિષયના સર્વ ગ્રંથોમાં ગીતાને સૌથી વિશેષ મહત્ત્વ મળે છે.

સાંખ્યયોગી વિ. સાંખ્યમતને અનુસરનાર; ત્યાગી; નિવૃત્તિ માર્ગને આશરેલુ

સાંખ્યયોગી ડોસી = સંસાર વ્યવહારનો ત્યાગ કરી પ્રભુને ભજનારી બાઈ, ત્યાગી બાઈ સ્વામીનારાયણ સંપ્રદાયમાં આવી પ્રથા પ્રચલિત છે.

સાંખ્યવાદ પું. સાંખ્યમતને આશરેલો વાદ; ૨૪ તત્ત્વોને માનનારો વાદ.

સાંખ્યવાદી વિ. સાંખ્યમતને અનુસરેલ.

સાંખ્ય વેદાંત ન. કર્મનું ખંડન કરનાર શાસ્ત્ર.

સાંખ્યશાસ્ત્ર ન. એ નામે કપિલાચાર્ય કૃત ગ્રંથ; તત્ત્વજ્ઞાનનું એક શાસ્ત્ર. તેમાં તત્ત્વ પરિગણના અને તત્ સંબંધી વિચારો છે. એના છ અધ્યાય છે અને તેમા પ્રકૃતિ અને પુરુષના વિવેકનું જ્ઞાન છે સાંખ્ય શબ્દનો અર્થ જ્ઞાન થાય છે. અર્થાત્ પ્રકૃતિ, પુરુષ અને તેના ભેદનું જે યથાર્થ જ્ઞાન તેનું નામ સાંખ્ય અને તેવા જ્ઞાનનો ઉપાય બતાવનાર જે શાસ્ત્ર તેનું નામ સાંખ્યશાસ્ત્ર અથવા સાંખ્યદર્શન છે. આ સાંખ્યશાસ્ત્રમાં સર્વ જડ જગતનું મૂળ ઉપાદાન કારણ પ્રકૃતિ માનવામાં આવ્યું છે. આ શાસ્ત્રના ચાર વિષયો છેઃ હેય, હેય હેતુ, જ્ઞાન અને જ્ઞાન હેતુ. જ્ઞાન એટલે દુઃખની નિવૃત્તિ અને હેય એટલે ત્રિવિધ દુઃખો એવો અર્થ થાય છે. રજોગુણનું પરિણામ જ દુઃખ છે અને તેનો આઘાત જીવાત્માને થાય છે. એ આઘાતનો અત્યંત નાશ પણ થઈ શકે છે અને તેનો ઉપાય વિવેકજ્ઞાનથી અતિરિક્ત નથી આ સાંખ્યશાસ્ત્રમાં બતાવેલા ઉપાયથી મળી શકે છે. માટે આ શાસ્ત્ર સપ્રયોજન છે. ખાણ્ડિક્ય ઘર તિલક કહે છે કે: સનત્કુમાર, સનક, સનંદન, સનત્સુજાત, સત, સનતાનુ અને કપિલ, એ બ્રહ્મદેવના સાત માનસપુત્રો હતા; અને તેમને ઉત્પન્ન થતાની સાથે જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું, એવું શાંતિ પર્વમાં એક ઠેકાણે વર્ણન છે અને બીજે ઠેકાણે કપિલના શિષ્ય આસુરિ અને આસુરિના શિષ્ય પંચશિખ તેમને જનકને કહેલા સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ આપેલો છે. તે જ પ્રમાણે શાંતિપર્વમાં ભીષ્મ એમ પણ કહે છે કે, સાંખ્યશાસ્ત્રોએ સૃષ્ટિની રચના વગેરેની બાબતોમાં એકવાર જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તે જ પુરાણ ઇતિહાસ, અર્થશાસ્ત્ર, વગેરે સર્વ ઠેકાણે જડી આવે છે. દુનિયાના આ જગતમાં જે કાંઈ જ્ઞાન છે તે સર્વ સાંખ્યશાસ્ત્રમાંથી જ આવેલું છે. સાંખ્યશાસ્ત્રનો પહેલો સિદ્ધાંત એવો છે કે, આ જગતમાં નવું એવું કાંઈ જ ઉત્પન્ન થતું નથી. કારણ, સત્ય એટલે જે પૂર્વે ન જ હતું તેમાંથી સત્ય

સિવાય બીજું કંઈ ઉત્પન્ન થયું શકય નથી એટલે ઉત્પન્ન થયેલી વસ્તુઓમાં એટલ કાર્યસમુદાયમાં જે મૂળ દ્રવ્યમાં આવે છે તે જેમાંથી તે વસ્તુ ઉત્પન્ન થઈ છે તેમા એટલે કારણમા સૂક્ષ્મ રૂપમા પણ હોવા જ જોઈએ, એમ હમેશા સમજી લેવુ જોઈએ.

સાંખ્યશાસ્ત્રી વિ સાખ્યશાસ્ત્રને માનનારુ.

સાંખ્યસાર પુ એ નામે એક વિજ્ઞાનભિક્ષુએ સ્મિલુ એક પુસ્તક

સાંખ્યસિદ્ધાંત ન તર્કવાદ.
મ તેને **સાંખ્યસિદ્ધાંત** (તર્કવાદ પ્રત્યે તારા કર્તવ્યની આ સમજ પાડી
અનુ બોત

સાંખ્યસ્મૃતિ પ્રણેતા વિ. સાખ્યસ્મૃતિની પ્રેરણા કરનાર કે પ્રવર્તક
સાંખ્યસ્મૃતિ પ્રણેતા કપિલને અગીયરમા ગણી અવતારમા માન્યા છે ન.પ્રા. પ્રેમ

સાંખ્યા ન સ.કૃત્યન ગોકળ એ નામનું નગર પ્રવર

સાંખ્યાચારી વિ સાખ્યશાસ્ત્રને માનનારુ આચરવું જોયા
થઈ ને **સાંખ્યાચારી** રે, કે યોગની મતિ વિચારી રે પ્રી. ૬ મા

સાંખ્યાચાર્ય પું. સાખ્યશાસ્ત્રનો બનાવનાર કપિલ ઋષિ.

સાંખ્યાચાર્યસ્તુત પુ પુરાણોમાના કલ્પતરુ માફેનુ એક નામ.

સાંખ્યાયન ૧. પું. એ નામના એક ઋષિ.
દેવે કહ્યું જે **સાંખ્યાયનને** પ્રાચીન કાળ. દયારામ

૨. પું (પુરાણ) એ નામના એક ઋષિ. તે પરમહંસ ધર્મના પ્રવર્તક કોઈ અનકાદિક ના શિષ્ય હતા.

૩. પું. (પુરાણ) એ નામે એક ઋષિ. તે ગાયત્રી મંત્રની અધિષ્ઠાત્રી દેવતાના ઉત્પાદક હોવાથી ગાયત્રીના ગોત્રનુ નામ સાખ્યાયન પડયુ છે.

સાંખ્યેકદેશી પું સાખ્યદર્શનમા માનનારુ

સાંગ ૧ પુ (પુરાણ) ઉત્તાનપાદ વસાના હવિર્ધાન રાજાના પુત્ર ગય રાજાનું બીજુ નામ

૨. પું (પિંગળ) એ નામે એક વિશ્રામસ્થાનિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૬૦ લઘુ વર્ણની ૬૦ માત્રા હોય છે.

૩. પું એકનો સકેત.

૪ પુ. નકલ

૫. પું. નાટક.

૬ પું રથ.
કોઈ ચોરે પ્રભાત, ગોવિંદ મુખ જાય. ન.ક, ૮ મરણે મધરાત. **સાંગે** બાધુ રામણા ૬.૨૦

૭. [હિ.] પું. વેશ; સ્વાંગ
સાગ લેવો = વેશ ધારણ કરવો.

૮. પું. વેશ બદલો

૯. પું ભૌ.ત્રિ. એ નામે જ્યોતીના આકારનુ એક જ્યોતિષનુ હથિયાર: આકાશને મળતું એ નામે એક જાતનુ તદ્દન સોદાનું અણિદાર બરછી જેવુ હથિયાર. તેની લંબાઈ છ ફુટ ચાર ઇંચ જેટલી હોય છે. તેને કોઈ ઠેકાણે સાંધો હોતો નથી. તેને છેવાડે જે પાનુ હોય છે તે નવ ઇંચનુ હોય છે પણ ગરુઆનમાં તે દોઢ ઇંચ પહોળુ હોય છે પછી તે નાનું નાનુ થતું જાય છે તેનો હાથો પાચ ફુટ સાત ઇંચ જેટલો લાંબ છે. દાંડાનો ઘેર એ ઇંચનો હોય છે. તે ઘણું જૂનુ શસ્ત્ર છે. તેનો મારે પગના ઘૂંટણ પાસેની નસ ઉપર કરવાનો હોય છે આ મારે સામે એટલે માણસ ઊભો જ રહે નહિ પહેલાં કપાસ પેજવાને કાણી મારીનું એક પૂતળુ તૈયાર કરી તેના ઉપર આ રાજાથી તથા તલવારથી જુદા જુદા હાથ જેવા કે ગર્દનકાટ, કમરકાટ, અને શીરકાટ એ કેવી રીતે મારવા તે શીખવામા આવતુ. તે પછી આ પ્રયોગો માણસ ઉપર કરવામાં આવતા, તે પછીનુ પગલું એટલે આવા માર પત્થર ઉપર અને છેવટે યુદ્ધ પ્રસંગમાં શત્રુ ઉપર એ પ્રમાણે પાવરી પાવરીથી શિક્ષણ અપાતું. શિવાજી મહારાજના વખતમાં આ હથિયારનો ઉપયોગ કરનારી એક પાયદળ પલટણ ઊભી કરી હતી.

૧૦. [હિ] સ્ત્રી. શક્તિ

૧૧. સ્ત્રી. સીંગડી.
કડક ઓષડ ને કંઈક સાંગ,
એકે વાત ન લાગે આમ. સમજ

૧૨ વિ અંગો અર્દ્ધત; બધા ભાગ કે અવયવ સહિત.

૧૩. વિ આખુ; તમામ, સપૂર્ણ; પૂરેપૂરુ

૧૪ [સ સ + અંગ] વિ. દેહાભિમાની; દેહ રૂપી અંગવાળું. જેને દેહ રૂપી અંગો છે તેને આગ એટલે દેહાભિમાની કહે છે.

સાંગડી (સાંગડી) ૧. સ્ત્રી. કૂવાના નળિયાના પથ્થરમાં ઊંડો આડો પાડી પાણી કાઢવાનું લાકડાનું અણીવાળુ ઓજાર.
૨. સ્ત્રી. ખીજડાની સીંગ
૩ સ્ત્રી ઘોડાના પૂંછડાના વાળને વળ દઈ દોરા જેવા કરી ગૂથવામાં આવે છે તે.

સાંગડું (સાંગડું) ન મોળની કેડા ઉતારવા માટે વપરાતી આત લાકડાની લબાઈની લાકડાની પટ્ટી

સાંગડો (સાંગડો) પુ. ડોળી ઉપાડતાં ટેકણ તરીકે લેવાતા લાકડાનો દાંડો

સાંગણ પું (જૈન) શ્રાવક તરીકેની ધાર્મિક ક્રિયા કરનાર એ નામે એક અર્હદ્ ભક્ત.
સાંગણ પણ શ્રાવક તરીકેની ધાર્મિક ક્રિયા કરનાર અર્હદ્ ભક્ત હતા. ગુ સા. પરિષદ

સાંગાડું જુઓ સાગડુ

સાંગતિક ન જીવ જે સુખદુઃખ અનુભવે છે તે.
જીવો આ બધું સુખદુઃખ અનુભવે છે તે **સાંગતિક** છે પુરાતત્ત્વ

સાંગત્ય ન. સ.ત્રિ.ષ્ય; મેળ; સુઘટિતતા.

સાંગર ૧ સ્ત્રી બાબળા કે કુવાસના દરાવડને ગૂથવુ તે; વસ્તના ઉભેડાના દોરાને વંડી, આંક પાડવી તે; સાગરી
૨ સ્ત્રી. સમડીની શિંગ.

સાંગરવું ૧. અ. ક્રિ. કણસલામાથી પોંકન. દાણા છૂટા પડવા.
૨ સ ક્રિ. ગમવુ

સાંગરી ૧. સ્ત્રી. કાપડને છેડે વધેલા સૂતરના તાંતણાઓ થોડા થોડા સાથે લઈ વળ દઈને છેડે લટકતી ઝીણી દોરીઓ બનાવાય છે તે પ્રત્યેક; સાગર
૨ સ્ત્રી. સમડી કે ખીજડાની સીંગ; સાગરુ. એનું શાક તાપ્યા રામનું થ.ય છે તથા કાચી પણ ખવાય છે

સાંગરું જુઓ સાગરી

સાંગલું ન બાળકનું રક્ષા સૂત્ર; કાલરુ; વાઘનખ, ધુતારી નળી અને બજરબટ્ટુ વગેરે પરોવીને બનાવેલો, નાનાં છોકરાની રક્ષા માટ એવો, તાવિજ કાર કે માદળા.
સિદ્ધ વચ્ચ લેઉઆ સુથારું સોળે **સાંગલું** દયારામ

સાંગવેદ પુ. શિવ તરફથી આવેલું જ્ઞાન, આગમ.

સાંગવેદ વિદ્યા સ્ત્રી. એ નામે એક અપરા વિદ્યા. અપરા વિદ્યા અર્થાત્ સાંગવેદ વિદ્યા જીવલોક સુધીનુ જ ફળ આપી શકે છે. પરમાત્મા જે અક્ષય, અવિનાશી, સ્વરૂપભૂત, નિત્ય, અખડ એકરસ, સુખ છે તે આપી શકતી નથી. આથી બ્રહ્મજ્ઞાનુ વિવેકી પુરુષ વેદવિદ્યાને જાણી તે જ્ઞાનના બળે જ તેનો ત્યાગ કરે અને ત્યાગ કર્યા બાદ પરાવિદ્યામા સંચરે છે.

સાંગળવું સ. ક્રિ. જોડવું; વળગાડવું; નો સબંધ કરાવવો, જોડી આપવું; ઠોકે વળગાડી દેવું; સાકળવું; ગૂથીને જોડવું કે બાંધવું; સાથે વળગી રહે તેમ બાંધવું

સાંગાખેડાઘાટ (સાગાખેડાઘાટ) પુ. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીંથી પાંચ માઇલ ચાલતાં ધાનાઘાટ આવે છે

સાંગાબોઠકું (સાગાબોઠકુ) ૧. વિ. ઊંધાચત્તુ, આડા અવળું; ઊલટ નવટ

૨ વિ સમબત્ત, વગરનું

સાગામાંચી જુઓ સાગામાંચો.

સાંગામાંચી ૧. સ્ત્રી અદલીને બેસાય તેવા પાટી ભરેલી ખુરસીઘાટની માંચી. પાછળ ઓઠીંગણવાળો નાની ખાટલી, અદેલને બેસાય એવા કઠેરાવાળી પાટી ભરલી લાકડાની સુંદર બેઠક; અસલી દેશી બનાવટની ખુરસી, અદલાય એવી માંચી; આરામથી બેસવા માટે નીચા ઘાટની ખુરસી

૨. સ્ત્રી. ચાર પાયાવાળું માથે છત્રીવાળું સિંહાસન

સાંગી ૧ સ્ત્રી ઉતાર ચડીનો ધરી અને મારી વચ્ચેનો કકરાવાળો મોટો ખાંડ મોટો ખાંડ, રથની ધરી જેની સાથે જોડેલા હોય તે ભાગ જૂની બેસને ધુસરી વાળી. **સાંગી** સાંઠા આનીષ્ટ પ્રેમાનંદ

૨. સ્ત્રી. રંગમંડપનો સાથિયો; રંગ તથા ચિત્રથી શણગારેલો એક જાતનો મંડપ, ઠાકોરજીની આગળ જે રંગમંડપ પૂરવામાં આવે છે તે.

૩. સ્ત્રી. સાગામાંચી

૪ વિ. અલંકારરૂપ; શોભાયમાન.

૫. વિ. વેશધારી; ઢોંગી

સાંગીલગ વિ. ભાગવાળું; ખોટી દાનતથી લાવેલ કે ભેગું કરેલ હોય તેમાં ભાગવાળું

સાંગે અ. સાથે; સા.થે રથમાં સાંગ હોય છે તેથી કન્યાના રથની સાથે વળગીને જે દાસી આવે તે દાસીને સાંગે એટલે 'સાથે આવી છે' એમ કહેવાય છે

સાંગો પુ કશું ન સમજે તેવો મૂઢ કે મૂરખ માણસ.

૧. સાંગા બોડકું કરવું = મૂર્ખાઈ ભરેલી રીતે ગોટાળો કરવો.

૨. સાગાબાઈ સલવાણા = સાસવણે થયું.

૩. સાંગો બોડકે જઈ આવ્યો = ઢરિભદ્ર વડોદરું કરી આવ્યો.

સાંગોપાંગ ૧. [સં. સ (સહિત) + અંગ (શરીર) + ઉપાંગ (શરીરના ભાગ)] વિ. અંગ ઉપાંગ સહિત. ચાર વેદ અને ઉપાંગ જેવાં કે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષનું જ્ઞાન તેને સાંગોપાંગ કહે છે

સાંગોપાંગ વેદનું અધ્યયન કર્યું છે

પુરસ્તાન

૨. વિ. તમામ; અશેષ કૃતિ બુધા; સંપૂર્ણ, પૂરેપૂરું; એકે અનુભવી આડો ન ઢોળ એવું, આખું

૩. અ. નિર્વિઘ્ને; સહિસલામત.

સાંગ્ય સ્ત્રી. ભાલા જેવું હથિયાર; સાંગ

સાંગ્રામિક ૧ [સં.] પુ. યુદ્ધમાં ઉપયોગી રથ વગેરે

૨ પુ. સારથિ, સોદ્દો

૩ પુ. લડાઈનું. હાલમાં કરવાનો અનેક પ્રકારની દિલ્લગીઓ.

૪ પુ. સન્નાહ.

૫ વિ. સંગ્રામ સબંધી, લડાયક, યુદ્ધને લગતું, યુદ્ધોપયોગી સંબંધનું.

સાંઘણી સ્ત્રી. ખાવાનું વાસણ; ઘોડીઘાળો ઓળંબો.

સાંઘાતિક ૧. [સં.] ન. જન્મ નક્ષત્રથી સાતમું નક્ષત્ર

૨. વિ. એકનું કરનાર; સંઘાતકારક

સાંઘ્યિક [સં] વિ. સંખ્યાનું; સંખ્યને લગતું.

સાંચ ૧. પું. દેખાવ કરવો તે.

૨. [હિં.] પું. સત્ય.

સાચ કો આંચ નહિ = સત્યને ભય નથી

૩. પું. સાચો

એક હસ્તી જેઓ કહીં, સિંહજ કહે સાંચ.

સામળ

સાંચરવું ૧. સ. ક્રિ. ખરીદ કરવું

૨. સ ક્રિ ચાલવું.

૩. અ. ક્રિ. જવું; વિદાય થવું; સંચરવું

૪. સ. ક્રિ સમરવું; સાંચવું; એકઠું કરવું

સાંચવણું ન. તાળું

સાંચવવું ૧. સ ક્રિ. ગાડીના પૈડામા ઓરડવું ઊંજવું.

૨. સ. ક્રિ. સભાળવું

પ્રથમ સંખ્યા આદિક જે કર્મ તે થકી સાંચવણો ધર્મ. ભાસ્કર

સાંચવું ૧. સ. ક્રિ. અગાઉથી નાણું અપાવું; પહેલેથી રકમ આપવી

૨. સ. ક્રિ. સાચવવું; એકઠું કરવું; સમહ કરવો, ખરીદ કરી રાખવું; એક ઠેકાણે એકત્ર કરવું; સમરવું; વહોરી રાખવું.

૧ વાણિયો સાચે પળી પળી, ને રૂમ ઉઘાર કૃષ્ણા = કોડી સાચવે ને તેનર ખાય મલ્લા ચોરે મૂંડે ને અલ્લા ચોરે ઊંટ

૨. સાચવ્યું સચર્યું = પેદા કરી ભેગું કરી મૂકેલ

સાંચાકલા જુઓ યંત્રકલા.

સાંચાકામ ૧ ન યંત્ર

૨ ન. યંત્રકામ

૩ ન. યંત્રની રચના વગેરે

સાંચાયંત્ર ન સાચાકામ; યંત્ર ઓજાર કે સાધનમ, 'એપરેટસ'

સાંચા સામગ્રી જુઓ સચાકામ; યાંત્રિક સાધનો

સાંચી ૧ પુ વિદિશા નામની પ્રાચીન નગરીની બાજુમાં આવેલો એ નામનો બૌદ્ધધર્મિક પર્વત અને તેના પર બનેલી એ નામની જે બૌદ્ધ પર્વતમાળા ઉલ્લેખ કરાય છે તેના પર બૌદ્ધોએ સાંચી કાઢી છે. સાંચીના પહાડનું પ્રાચીનતમ નામ ચૈત્યગિરિ પણ છે. ચૈત્યગિરિનો અર્થ પણ જે પહાડ પર ઘણાયે ચૈત્યો છે તે જ થાય છે. આ પર્વત અત્યારે ભગ્નાવશેષ, નષ્ટપ્રાય અવસ્થામાં છે ને તેનો ઘડની પડતીનો ઇતિહાસ એમ છે કે: તથાગત ભગવાન બુદ્ધના અનેક મહાન શિષ્યો હતા. એમાંના બે મહાન શિષ્યો (૧) સારિપુત્ત અને (૨) મહામૌદ્ગલ્યાયનના અસ્થિઓ વિદિશા નગરી પાસે આવેલા શ્રી નામના પર્વત પર રચવામાં આવેલા એક બૌદ્ધ વિહારમાં સમ્રાટ્ઓમાં આવ્યા હતા. વિદિશા નગરીમાં ઘણા બૌદ્ધ મંદિરો અને જૂના ચૈત્યો પણ હતા. એ નગરી પણ વિદ્યાળ હતી એના પર મુસ્લિમોનું વારંવાર આક્રમણ થયું અને એ મહાનગરી નષ્ટપ્રાય થઈ ગઈ અને મહાન મંદિરોનો ધ્વંસ થયો. પરંતુ શ્રી પર્વત જેને સાંચી કહેવામાં આવે છે તે પર્વત ઉપર આવેલો મહાવિહાર મુસ્લિમોની નજરે ન ચઢ્યો અને તેથી તે વિનાશમાંથી બચી ગયો. આ સાંચી ઉપર અદ્ભુત કારીગરી અને કલાયુક્ત શોભતા સ્તૂપો, તોરણ દ્વારો પાંચશાળાઓ, યોગશાળાઓ અને પાઠશાળાઓ આવી હતી કાળે કરીને એ મહાન સ્મૃતિ સંસ્કૃતિનું ભવ્ય સ્મરણ લોક નજરથી દૂર રહેલ. માંડ્યું અને ભારતવર્ષમાંથી બૌદ્ધ ધર્મ પર થયેલ આક્રમણના કારણે પણ સાંચી ભુલાવા માંડ્યુ છતાં યે ભારતીય સંસ્કૃતિના એ અવશેષો, કોરે પથ્થર પર સચિત્ર બનાવેલી એ જાતક કથાઓ અને જ્યાં મહાન શિષ્યોના અસ્થિપૂજનનાં દાબડાઓ પડેલા હતા તે અખંડ રહ્યા તેરમી શતાબ્દિથી લોકહૈયેથી વિસ્મૃત બનવા માંડેલ સાંચીના

પહાડની પહેલી શોધ ઈ સ ૧૮૧૮મા જનરલ ટાયલરે કરી ત્યાર પછી કતિહાસકારો અને પુરાતત્ત્વવત્તાઓ આ શોધ પ્રત્યે આકર્ષાયા ઈ સ ૧૮૨૬માં કેપ્ટન કૉનસ્ટને આ સ્તૂપને ખોલવાનું કામ કર્યું અને એનું પરિણામ કેટલાક સ્તૂપોના નાશમા આવ્યું. ત્યાર પછી સને ૧૮૫૧મા કનિંગહામે આ આખોય ટેકરો કાઢ્યો અને ભગવાન બુદ્ધના મહાન શિષ્યોના અસ્થિ પ્રાપ્ત કર્યા. કેટલાક ઐતિહાસિક લેખો અને સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં. આ રીતે ભારતવર્ષની ભવ્ય સાંસ્કૃતિક સ્મૃતિ સદીઓના અંધકારમાંથી ફરીને બહાર આવી ગઈ. ભગવાન બુદ્ધના મહાન શિષ્યો... અસ્થિપાત્રો જે ઇંગ્લંડ પહોંચી ગયા હતાં, તે અસ્થિપાત્રો ભારત સરકારની મહેનતથી પુનઃ પ્રાપ્ત થયાં અને ભારતની મહાબોધી સોસાયટીને સુપ્રત થયા. એ અસ્થિઓ સને ૧૯૫૨ના નવેમ્બરની ૨૬મી તારીખે મૂળે જ્યાં હતાં ત્યાં પુનઃ સાંચી લઈ જવામાં આવ્યાં. આ નિમિત્તે સાંચીમાં ભગવાન બુદ્ધના અનુયાયીઓનું એક મહાસંમેલન મળ્યું અને માનનીય બડા પ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નહેરુના હાથથી આ ખાસ તૈયાર કરાવેલ એક ભવ્ય વિહારમાં જ શારિપુત્ત અને મહામોગ્ગલાયનનાં અસ્થિપાત્રો રાખવામાં આવ્યાં. એ પ્રસંગે સમગ્ર વિશ્વમાંથી અને ખાસ કરીને ચીન, જપાન, બરમા, તિબેટ, સીલોન, જુતાન વગેરે દેશોના બુદ્ધ ધર્માવલંબીઓના પ્રતિનિધિઓ એકત્ર થયા અને એશિઆની સંસ્કૃતિની જ્યોત અખંડ રાખવાનો કાયમી પ્રબંધ કર્યો. પ્રાચીન અવશેષોવાળા આ પુરાણા ઐતિહાસિક ચૈત્યની યાત્રા કરતાં જે લાલિત્ય અને સ્ફૂર્તિ અનુભવાય છે તે જીવનભર ભુલાતી નથી એવો આબાલવૃદ્ધોને અનુભવ પણ થયેલ છે.

૨ જ ભોપાલના રાજ્યમા આવેલું અને બુદ્ધના સ્તૂપોને લીધે પ્રસિદ્ધ થયેલ એ નામનું ગામ. તેનું જૂનું નામ કાકનાદ હતું

સાંચૂ પુ. ઈ. સ. પૂર્વે ૮૦૦ વર્ષ પહેલા ચોખામાંથી બનાવવામાં આવતો દારૂ

સાંચો ૧. પુ. ઓઠું; બીબું

૨. પુ. યંત્ર; સંચો; સહેલાઈથી કામ થાય એવા સાધનની ગોઠવણવાળી બનાવટ; જુદા જુદા અવયવો કે સાધનના વિભાગોની એવી બનતી રચનાવાળી બનાવટ કે જેમનાં સંયોજન સંચાલનથી નિયમિત અને સરલ રીતે કામ ચાલે તે; યુક્તિવાળી રચના

સાચોરા ૧. જી. એ નામે ઓળખાતું, વણિક અને રજપૂતોની એક જાત.

૨. બ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

સાંચ્યું સુચ્યું વિ. સંગ્રહ કરેલ; એકઠું કરેલ.

જેને તે પેટ એક દીકરી. **સાંચ્યાંસુંચ્યાં** ધન વાપરે. લોકગીત

સાંજ [સં. સંધ્યા] જુઓ સંધ્યા; સૂર્યાસ્તનો સમય; દિવસ આથમવાનો વખત; સંધ્યાકાળ; દીવા વખત; રાત પડવાનો વખત

સંધ્યા નિગામ્યૈષ વિપ્રસ્થ સાયંકાળ પ્રદોષ; **સાંજ** પડી ગઈ છે સખી છોડ હવા કરી રોષ. વિનયસપ્તશતી

૧ સાંજ કરવી = સાંજ પડે ત્યાં સુધી કામ કે કાર્ય ચલાવવું કે લંબાવવું; સાંજ પાડવી.

૨. સાંજ થવી–પડવી = (૧) બહુ મોડું થઈ જવું. (૨) સંધ્યાનો સમય થવો.

૩. સાંજ પાડવી = મોડું કરવું; કામ ઢીલમા નાખવું.

૪. સાંજ સવાર = (૧) રોજ; નિરંતર; હમેશ. (૨) પહેલા; મોડું

સાંજકાળે અ. સંધ્યા વખતે; સૂર્યાસ્ત વખતે.

સાંજખિયું જુઓ સાંજણી.

સાંજણી જી. દોહ્યા વગરની રહી ગયેલ ભેંસ; સવાર સાંજ નહિ દોહવાનાં બપોરે અને મધરાતે દોહવામાં આવતી ભેંસ. સવાર અને સાંજ તો ભેંસો દોહવા આપે પણ બપોર અને મધરાત જેવે ટાણે દૂધની જરૂર પડે તેટલા માટે જે અમુક ભેંસોને સવાર સાંજ ન દોહતાં બપોરે અને મધરાતે દોહે તેને સાંજણી કે સાંજખિયું કહેવાય

સાંજન્ય પું. ભાદરપદ; ભાદરવો મહિનો.

સાંજન્યમા (ભાદરપદમા) જીવહિંસા ન કરવી. પુરાતત્ત્વ

સાંજરે જુઓ સાંજે

સાંજ સવાર ૧. [સં. સન્ધ્યા (સાંજ) + સવાર (પ્રભાત)] જી. ખોટો વાયદો; મુલતવી રાખવું તે; કાલ ઉપર રાખવુ તે.

સાંજ સવાર કરવી = વાયદા કરવા.

૨. અ. સવારે ને સાંજે; દરરોજ; હરહમેશ.

સાંજિયું વિ. સાંજે પકાવ પડતું.

સાંજી ૧. જી. આરતી; સંધ્યા આરતી.

૨. જી. શુભ પ્રસંગનુ લહાવું.

૩. જી સ.ગી.

૪. જી સાજના સણગાર. મયૂરાની વર્તમાન ચિત્રકળામાં સાંજીકળા વિશેષ ઉલ્લેખનીય છે કેટલાંક પૌરાણિક કથનો અનુસાર આ કલા મયૂરામાં ઘણા જ પ્રાચીન કાળથી છે. અષ્ટછાપના સમયમાં સ્પષ્ટ રૂપથી સાંજી વિષે જાણવા મળે છે પહેલાં આ ફૂલોની બનતી હતી અને તેનાં દર્શન સાંજ (સંધ્યા) સમયે કરાવવામાં આવતા કદાચ તેને લીધે તેનું નામ સાંજી પડ્યુ. વાસ્તવમાં સંધ્યા અથવા રાત્રિને સમયે સાજીના દર્શન બહુ જ સુંદર લાગે છે. દિવસમાં સાજીની શોભા એવી લાગતી નથી. સાંજીમાં પહેલાં માટીના ચોરસ, આઠ ખાનાવાળો અથવા સોળ ખાનરો બનાવાય છે. પછી કાપેલા કાગળોની સહાયતાથી એના ઉપર યથાસ્થાન વિવિધ સુકા રંગ નાખવામાં આવે છે. આ રંગોથી દેવ દેવતાઓનાં ચિત્ર બને છે. સાથે અનેક પ્રકારના પત્ર અને પુષ્પ રચના તથા અન્ય અલંકરણ પ્રદર્શિત કરવામાં આવે છે. આજકાલ મથુરામાં વિશેષ કરીને દ્વારકાધીશના મંદિરમાં જ સાંજી બને છે.

૫. જી. સાંજનો વખત; સંધ્યાકાળ.

૬. જી. સાંજે ગાવાનાં લગ્ન-ગીત.

સાંજીપરભાતિયાં બ. વ. ક. સવાર અને સાંજના લગનમાં ગાવાના ગીત.

સાંજે અ. સંધ્યાકાળે; દિવસ આથમતાં; સૂર્યાસ્ત સમયે; દીવા વખતે.

સાંઢો ૧. પું. ધુબરા; સાંઢોરીમાં ભરવાનો માવો કે મસાલો તે

૨. પું. રેલમાનો તણાઈ આવેલો માલ વગેરેનો પૂલે કે કચરો.

સાંઢિક વિ. સવારવાળું.

સાંઢ જુઓ સાંઢ.

સાંઢરે જુઓ સાંઢરું.

સાંઢસકાર [સં.] અ સવાર અને સાંજ.

કરે રામ, જપે રામ, **સાંઢસકારે**. જ્ઞાનેશ્વર

સાંઢિયું જુઓ સાંઢિયુ

સાંઢી જુઓ સાંઢ.

સાંઢ પુ. ખેડાં કે બળદ ઉપર રાખના કે ખારાંના વાળના અનાજ કે એવા કોઈ વસ્તુ ભરવાના બે બાજુ લટકતા રહે એવા સીવેલ મોટા ગુણા

સાંઢા [સં.] પુ. લડાઈ વખતે હાથીઓને મારવામાં આવતો ભાલાનો

સાંઢાદાર વિ સાંઢાવાળું

સાંઢામલ્લાખ્યાં ન બ વ. સાડા અને તેમાંથી નીકળતાં મલ્લોખ્યા

સાડામલ્લોખ્યા અર્ક જવું = જુદા જુદા અર્ક જવા, વેરાઈ જવા

સાંઠી ૧. સ્ત્રી આખો, કાયા; કલેવર; શરીરનો આખો

સાઠી નખળી હોવી = શરીર નબળા બાંધાનું હોવું

૨ સ્ત્રી રાંધું

૩. સ્ત્રી. વસ્તુના છોડ સુકાઈ જતાં રહે તે થડ; સરાઠી.

સાઠી સાવરી = કપાસના સુકાએલા છોડને ઓદવા.

સાંઠીકડું (સાઠીકડ) ૧ ન. સાઠીનો નાનો કટકો; લાકડાનો પાતળો નાનો કટકો.

૨. વિ. પાતળું; નબળા બાંધાનું; સાવ પાતળું.

સાઠીકડા જેવું = સાવ પાતળું; નબળા બાંધાનું

સાંઠીઝાંખરાં ન બ વ કાન બહેરા તે; સાન્યુ ભૂંડું કહી ટલો કરાવવો તે; સાઠીઝાંખરાં.

સાઠી ઝાખરાં-લાકડાં લગાડવાં = લડાઈ ઊભી થાય તેમ કરવું

સાંઠો પું. બાજરી, જુવાર, શેરડી વગેરેનો પેરાઈવાળો લાંબો દાંડો

૧. આડો સાઠો કરવો = અડચણ કરવી; વિઘ્ન નાખવું.

૨. પોદળામાં સાંઠો રાખવો = પોતાનો મતલબી હક સાબૂત રાખવો.

૩. સાંઠો સાઠો થઈ જવું = નોખું નોખું થઈ જવું; છૂટું છૂટું થઈ જવું; વિખરાઈ જવું

સાંઢ ૧ [હિં.] પું. ઉદ્ધત માણસ; નિરંકુશ માતેલો માણસ.

રાંડનો સાંઢ = વિધવાનો રાખેલો માણસ

૨. પું ઊંટ.

૩. પું. ગોપતિ; ગોસ્વામી

૪. પું. વછેરો.

૫. પું. સાઢ, ગોધો; આખલો; બસી કર્યા વગરનો બળદ

સાંઢની [હિં.] સ્ત્રી સાંઢણી.

સાંઢનીસવાર [હિં.] પું. સાંઢણી સવાર.

સાંઢવું ન ક્રિ. ભરાડવું; મર્દ ઊઠવું.

ક્ષત્રી ન સાંઢે કેખો દળ,
નોખ પુરુષ તે ભલે ખંડલ. પ્રેમાનંદ

સાંઢસી જુઓ સાંડસી

સાંઢસી સ્ત્રી સાણસી; લોખંડની બે ફળાની પકડ, ચીપિયો, સાણસો

સાંઢસો ૧. પું દાવપેચ; કાવાદાવા.

૨. [સં. સદશક; અપ. સડસય, પું. સાણસો, મોટી સાણસી; પકડ; મોટી બે ફળાની પકડ.

સાંઢ [હિં] પું. ભીંતમાં દર કરીને રહેનાર ઉંદર જેવું પ્રાણી; સાદો

સાંઢિયા [હિં.] પું. ઊંટિયો

સાંઢિયાઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. અહીં શાંડિલ્ય ઋષિ તીર્થ આવેલ છે

સાંઢેસરા ૧. સ્ત્રી એ નામ એક ક્ષત્રિય જાતિ

૨. ન એ નામની જાતિનું માણસ.

૩. વિ એ નામની જાતિનું

કેનોની પેરેય કરતા નીચે દરજ્જાની જાતિમા હાલમા કણબી, આયર, સાળવી, સાંઢેસરા મણિયાર, ખત્રી, ઘાટ, સોની. રબારી વગેરે જાતો ગુજરાતમા ક્ષેત્રકમીર મારવાડમા છે.

શુ. સા પરિષદ

સાંઢ ૧ [સં ઋષ; પ્રા સઢ પું આખલો, બોધો; નંદી; ખૂંટિનો ઢોરની ઓલાદની સુધારવા માટે રાખીને સારા સાઢ ઉપર અવલંબતી છે બત્તર વરસમાં માદ એક વાછડાની માતા થાય છે ત્યારે સાંઢ સો કે તેથી વધારે વાછડાનો બાપ બને છે; માટે ગાય કરતાં સાઢ ઉપર ઓલાદ સુધારવા નો મુખ્ય આધાર છે. આથી અમેરિકામા તો સારા સાંઢના વીર્યની પીચકારીઓ વૈજ્ઞાનિક રીતે સમઢીને સારે આવશી ગાયો માટે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં વિમાનમાં મોકલી દેવામાં આવે છે. ગુજરાતમા પણ તેવા જ પ્રયોગો થઈ રહેલ છે. ચરોતર સર્વસમ્રહમાં લખ્યુ છે કે: શ્રાબોય ધોરણે યોગ્ય મજાવ તેવા ઉચ્ચ ઓલાદનાં નરપશુઓ જોઈતી સંખ્યામાં નહિ હોવાથી અને લોકો આ વિષયનું મહત્ત્વ નહિ સમજતા હોવાથી આના કૃત્રિમ તરીકે કૃત્રિમ વીર્યસિંચન આપવાની પદ્ધતિનો આખતરો આણંદની કૃષિમોવિદ્યાલયન નામની સંસ્થાએ પ્રચારમાં મૂકયો છે. એમા સારા નરપશુનુ વીર્ય કૃત્રિમ જનનેંદ્રિયમાં એકઠું કરી લાંબો સમય જીવત રહી શકે એવા રસાયણમાં ભેળવી રેફ્રિજરેટરમાં રાખવામા આવે છે. તે સમઢી રાખેલા વીર્યનું વૈજ્ઞાનિક સાધનો વડે માદા પશુને ઋતુકાળમાં દાન આપવામાં આવે છે. તેનાથી આશાજનક પરિણામ આવતાં જણાય છે. પણ આ પ્રવૃત્તિ અહીં આરંભ દશામાં હોય છે. તેના પ્રધાન ગેરે તેવાં પરિણામો હજુ આવ્યાં નથી દર ગ.મે ગાંઠી સાંઠી બોલાવતા. બેઠરેગા બીજોવા સાંઢો પુરા પાડવાથી ગાયો આશીર્વાદરૂપ બનશે એમ કહી બોલવાળા આજીવન કૃષિ ઉપદેશક ગોકુળદાસ કાલજી કાળાવડિયા સારા સાઢ પસદ કરવાની પોતાની અનુભવસિદ્ધ રીત એમ બતાવે છે કે: (૧) ચેપારોગ વારસ.માં ન ઊતરે માટે મજબૂત નીરોગી સહર સાંઢ પસદ કરી રાખવો. (૨) સાઢ ટૂકી અને તેજદાર ટૂચાટીવાળો પસદ કરવો જોઈએ. (૩) સાંઢ પગે મજબૂત, લાબી અને ઊતારણી ચાલવાળો પસદ કરવો, ટૂકચલો કે માકડપાયો સાંઢ પસદ કરવો નહિ. (૪) સાઢનું પૂછડુ સાધારણ લાંબુ, ઊડઊતાર, પાતળું, પાછળ રેશમ જેવા મુલાયમ લીસા ચકચકિત વાળના ગુચ્છવાળું જોઈએ. ગાદી ગોળાકાર, અડુ જ લાંબા કે બહાર દૂધ પંપાળવાવાળો સાંઢ પસદ કરવો નહિ. (૫) સાંઢની મોબલી ઠવી નમૂનેદાર જોઈએ. લાંબી મોકલીવાળો બેડોળ મોઢાવાળો સાંઢ પસંદ કરવો નહિ. (૬) સાઢના બને શિંગડાં સરખાં, ચકચકિત, સાધારણ કદનાં, સહેજ પાછળ વળતા જોઈએ; અડુ જ લાબાં કે પાતળાં, દૂર કે બાજુ, બેડોળ શિંગવાળો કે બોડિયો સાઢ પસદ કરવો નહિ. (૭) સાંઢ ચકચકિત, તેજદાર, ચમકા આખવાળો પસદ કરવો જોઈએ. (૮) સાંઢ ઘાડો મજબૂત, સીધા બરડાવાળો જોઈએ; નબળા ઘાડવાળો કે એક બાજુ નમેલ કમાન જેવા બરડાવાળો સાંઢ પસદ કરવો નહિ. (૯) સાંઢ અતીશુદ્ધ મોટા કાનવાળો પસંદ કરવો; નાના કાનવાળો ભૂમિયો સાંઢ પસદ કરવો નહિ. (૧૦) સાઢનું મૂત્રાશય સાધારણ કદનું, અડુ લબડતું કે અડુ જ ટૂંકુ નહિ જોઈએ. (૧૧) સાંઢ ઘોડાપેટો જોઈએ; પેટનો ભાગ ભઠાર નીકળતો નહિ જોઈએ. (૧૨) સાંઢના પગની બરીઓ ઓકસરખા ઘાટની મોળા કાળવા જેવી જોઈએ; લાંબી દૂરી અનિયમિત બરીઓવાળો સાઢ પસદ કરવો નહિ. (૧૩) સાંઢ સ્ફૂર્તિવાળો કચકરાથી તરત ઊભો થઈ જાય તેવો, પૂછડે અડતાં એકદમ ઊતાવળે ચાલી નીકળે તેવો તેજદાર સાઢ પસદ કરવો જોઈએ. (૧૪) સાઢ ઢાંચે મજબૂત, ખાડી ચામડીવાળો પસદ કરવો જોઈએ. (૧૫) બરડી ગાયથી ઊપજ બગેલ વાછડો સાઢ તરીકે પસદ નહિ કરતાં ગાયની બરજાતવાનીમા ઊપજ બગેલો વાછડો સાંઢ તરીકે પસદ કરવો જોઈએ. (૧૬) વરસવિયાણ ગાયનો વાછડો સાંઢ તરીકે પસદ નહિ કરતાં બબ્બે વરસે વિયાતી ગાયનો વાછડો સાઢ તરીકે પસદ કરવો જોઈએ (૧૭) ગાય બાતવાન,

ક્લીન, મારકણી નહિ તેવી મોટી ગાયનો પાળેલો સાંઢ તરીકે પસંદ કરવો જોઈએ (૧૮) દેશાઉ ગાય ને દેશી સાંઢથી ઉત્પન્ન થયેલ વાછડો સાંઢ તરીકે પસંદ કરવો જોઈએ (૧૯) ગાયને નજીકના સગપણવાળા સાંઢથી ઉત્પન્ન થયેલ વાછડો સાંઢ તરીકે પસંદ કરવો નહિ (૨૦) બચપણમાં પૂરતું પોષક અને પૂરતા પ્રમાણમાં ખોરાક આપેલ વાછડો સાંઢ તરીકે પસંદ કરવો જોઈએ.

૧. મારકણો સાંઢ ને એમાંયું મહાલ્યો, કરડકણ્યું કુતરાને ઢકડ્યા ઢાલ્યો = એક તો દુષ્ટ સ્વભાવ હોવો અને તેમાં બરાબર ખોરાક મળ્યો

૨. સાંઢે આવવું = ગાયને કામેચ્છા થવી

૨. પું. પત્ની, પતિ, વર. તે અસભ્ય ભાષામાં બોલાય છે

૩. પું. નર હરણ; કાળિયાર.

૪. પું. પોલીસ અમલદાર; ચોર કોળીના સાંકેતિક શબ્દ.

૫. પું. માંસલો નિરંકુશ માણસ

૬ પું. માલિક; શેઠ; મુખત્યાર. તે ગ્રામ્ય ભાષામાં વપરાય છે.

૭. પું. વડ

૮. સ્ત્રી. ઊંટડી; સાંઢણી: ઉતાવળી ચાલની સવારીની ઊંટડી. ઉચ્ચારમાં ફેર થતાં અર્થાત્ પહેલા અક્ષર ઉપર જોર મૂકાતાં સાંઢ કે જે પુલ્લિંગ સાદીઓ છે તે સ્ત્રીલિંગ સાંઢણીના અર્થમાં વપરાઈ જાય છે.

સાઢવાળા સાંઢ સણકારજે રે,
મારે ભલું જો સો કોસ. મીરાબાઈ

૯ સ્ત્રી. એ નામે કોળીની એક જાતિ.

૧૦. ન. એ નામની જાતિનું માણસ.

૧૧. વિ. એ નામની જાતિનું

સાંઢડી (સાંઢણી) જુઓ સાંઢણી.

સાંઢણી ૧. સ્ત્રી. ઘસણની પૂર્વે ગોઠવણ.

૨. સ્ત્રી. ઉતાવળી ચાલનું ઝાંસદી સવારીનું ઊંટ, ભાર બરદારી નહિ પણ સવારીનું ઊંટ

૩ સ્ત્રી. ઊંટની માદા; ઊંટડી.

૪ સ્ત્રી. એક જાતનું લાકડાનું રમકડું તેના નીચેના ભાગમાં ચાર પૈડાં નાખવામાં આવે છે. તેની ડોકે દોરી બાંધી ચલાવી શકાય છે

૫ સ્ત્રી એક જાતનો કીડો

૬ સ્ત્રી. કડિયાનો ઘાટઘૂંટો

૭. સ્ત્રી ભારે વસ્તુને ઊંચકવાનું સાધન, ઊંટડો, 'ક્રેઈન'

૮. સ્ત્રી. મચ્છીમારની એક જાત. તેને પોંડિચેરી પણ કહે છે તેના કોઈ કોઈમાં એને બદલે વધુ વધુ લાંબુ હોય છે. આ. ચાંચતર મિશ્ર ધર્મ પુ. ૧ માંથી ૨૬ રાસ દાખલાનો ઉતારો આવે છે.

સાઢણીસવાર પું ઊંટ સવાર, સાંઢ ઉપર બેસેલો પુરુષ

સાંઢલ સ્ત્રી. એકબીજાને કામમાં મદદ કરવાનો રિવાજ

પહેલા તો અરી **સાંઢલ** કરવાનો રિવાજ હતા. એક બેકુત બીજાને પોતાના કામમાં મદદ કરવાને બોલાવતો, સામો પણ હોંસે હોંસે આવતો.
આપીજી

સાંઢવું ૧ સ. ક્રિ. ઘર નભાવવું; સાસરે રહેવું

ઘર સાંઢવું = (૧) ઘર કરીને રહેવું (૨) ઘર ચલાવવું

૨. સ. ક્રિ પહેરવું.

૩. સ ક્રિ. પ્રવાસની તૈયારી કરવી; જવાને તત્પર થવું; ઉતાવળે જવાનો બંદોબસ્ત કરવો; જવા કે પ્રવાસે ઊપડવા માટે સોબતીઓ અને સાધનોની ઉતાવળે તૈયારી કરવી; સોંઢવું.

૪ સ. ક્રિ. સડવું.

૫. સ ક્રિ. સાચવવું

મા વિષાને સાંઢે નહિ = એવો વિષમ કાળ હોવો કે, જેમાં મા પણ પોતાના બાળકને સાચવે નહિ પરંતુ છોડી દે.

૬. સ ક્રિ. સંહરવું.

સાંઢાકાર સ્ત્રી. એ નામે તલવારની એક જાત: મોટા મોટા સાંઢને પણ એક ઝપાટે મારી નાખે તેવી તલવાર

સાંઢિયાપૂર સ. સાંઢિયો તણાઈ જાય તેવું પૂર.

સાંઢિયાવેલ જુઓ સાંઢિયાવેલ.

સાંઢિયાવેલ સ્ત્રી. એ નામે એક જાતની પાદડાં વગરની વેલ; ચોરવેલ. તેના વેલા બરસાણીના છોડની ડાળીઓ જેવા જાય છે. આ વેલા બાવુકરીને ઝટાવાળા ઝાડમાં ઊગે છે. એની શાખાઓ જરા સખ્ત, ગોળ ને લીસી હોય છે ને ડાંડલીઓ ચોરની પેઠે લાંબા સાંધાવાળા હોય છે. તેમાં પુષ્પો દુર્લભ હોય છે. તે નીચ જડી ને ઉપર પાતળી હોય છે. તેમાં પાન આવતાં નથી. તેમાં શાખાઓને છેડે ઝુમ્મારકુલની ગુચ્છીઓ આવે છે. ફૂલની વાસ ગટમોગરા જેવી હોય છે. સીંગ ૭ ઇંચ લાંબી અને પાતળી થાય છે.

સાંઢિયો ૧ પું. ધાતુનો ઢાળો કરવા જેમાં રસ રેડવામાં આવે છે તે માટીનું ઓઠું

૨ પું. સવારીનો ઊંટ. ઊંટના ચેટમાં લાંબી મુદત સુધી પાણીનો જથ્થો રહે છે એ વાત ખરી છે, પણ તે તેની હોજરીમાં નહિ, પણ હોજરીને વીંટળાઈને બહુ જ નાના નાનાં આનાઓ આવી રહેલા હોય છે તેમાં એ જથ્થો રહે છે. અરબસ્તાનના ઊંટ સખત મુસાફરી અથવા કામકાજ કરતા છતા પણ બાર ઉનાળામાં પાંચ દિવસ સુધી ને શિયાળામાં તો ૨૫ દિવસ લગી પાણી વિના ચલાવી શકે છે સહરાના રણના પશ્ચિમના ભાગમાં તો બારબાર મુસાફરીમા ઊંટો પાણીનો બીજો ઝરો ન મળે ત્યાંસુધી બેટલે બાર બાર દહાડા સુધી પાણી વિના રહે છે. આવે વખતે ઊંટની હોજરી ઉપર વળગેલા એ નાનાં નાનાં ટાંકાઓમાં ભરી રાખેલો પાણીનો જથ્થો ઊંટ વાપરે છે મરેલા ઊંટની હોજરી તપાસતાં તેમાં આ પાણીનાં ટાંકાં હમેશા ખુલ્લાં જ જોવામાં આવે છે, પરંતુ જીવતુ ઊંટ પાણી પીએ છે ત્યારે આ ટાંકા પાણીથી ભરાતાવેંત તેની આસપાસની ચકરીવાળી કુદરતી રચનાને લીધે આપોઆપ તેના મોં બંધ થઈ જાય છે. પછી હોજરીમાંનો પાણીનો જથ્થો ખૂટતાં તે મોં ઊઘડતાં જાય છે અને તેમાંનું પાણી હોજરીને મળતા કરે છે

૧. સાંઢિયાનાં બીંડાં = સંપ વગરનો સમાજ

૨. સાંઢિયો કૂદવો ન પડે = કુદરતી સ્વભાવ બદલાય નહિ

૩. સાંઢિયો મરે ત્યારે મારવાડ સામું જુએ = (૧) ગમે તેવા સુખ દુઃખમાં પણ જન્મભૂમિ વીસરે નહિ (૨) હમેશા કોળિયો મોટા તરફ જ વળે

સાંઢિયો દડો પું. ભરી જડી; નવ કાંકરીની રમતમાં એક પ્રકારનો દાવ. તેમાં કાંકરી જમા ચાલે ત્યા ભરત થાય અને સામાની કાંકરી જડે એવી ચાલ

સાંઢિયો પુલ ૧ પું. સાંઢિયાની પેઠે વાંકી બાંધણીનો પુલ

૨. પું. સાંઢિયો નીચેથી બાંધ્યો હોય તેવો ઊંચો પુલ

સાંઢી ૧. સ્ત્રી એ નામની એક પ્રકારની જેસ, કૂદી જેસ

ઘાટમુ. મીંઢણ. વાડમુ. દડકણ.
મલીયુ. મુગલું. રૂપ અનેક.
સાંઢિયું. બાપલ્યુ, માપને સાકડ,
પાડ. ગાડર વણ કેમ મણીએ.
અરદેસર મેવાણી

૨. સ્ત્રી. ઝાંખાં સીંગડાવાળી જેસ.

સાંઢા પુ. એ નામે એક જાતનું પ્રાણી, સરડો; કાચબો, ચનરોઠ જેના શરીરનો રંગ ખાખી હોય છે તેના શરીર પર ભિંગડા હોય છે પૂછડી શરીર કરતાં નાની હોય છે. મુળ આખરા પગી જાડી અને ઉંડા પર ઝણી પડતી હોય છે કાન ચપ્પા નાના હોય છે. દાંત બિલકુલ હોતા નથી એની લખાઈ ચાર ફૂટની હોય છે એનો ખોરાક કાંદો અને ઊખર્ડ છે અની પૂછડી બે ફૂટની છે તે કાકીડાને કે ચટનધોને મળતુ પ્રાણી છે તે ઘાસ પણ ખાય છે અને વાગોળે છે તે જમીનમા ભોયરુ કરી રહે છે સખત ઠંડીમા બહાર નીકળે છે તે રાતના જ ફરનારુ છે. તેનુ નેત્ર સુધિવાન. કરડ ઉપર હામ આવે છે.

સાંઢય જી. સાંઢણી; ઊંટની માદા.

સાંણું ૧ ન કોઠીમાંથી દાણા કાઢવાને માટે નીચે મૂકેલું બારણું.

૨ ન સ્વપ્નુ; સોણું.
સાચે સુખ દીધુ પણ રે.
અની તો થયુ કોક રે-બહાના અમો રે.
કુમુદચંદ્ર

સાંત ૧ સ્ત્રી. સમતા.
મારે ભક્તિ કરે એકાંત,
હ હૃદા સામા રાખે સાત. ભોજો

૨. ન. આત્મજ્ઞાનમાં વિરોધ પમાડનારાં ત્રણ.
૧ અનૃત. ૨ જડ. ૩ સાંત. ૪ દુ ખ અને ૫ અનાત્મરૂપ પરપોયત્વ એ પાંચ બ્રહ્મના અભ્યાસનો બોધ કરવાનો છે. સૂતસંહિતા

૩. ન. સ્વાતિ નક્ષત્ર.
સરવડ સાંત વણ્યા મળે તો મોતી નીપજે. લોકગીત

૪. (સ સ + અન્ત) વિ અંત સહિત; નશ્વર; નાશવત.
એક જીવની અપેક્ષાએ સમ્યગ્દર્શનનો કાળ વિચારીએ તો તે સાદિ સાંત અથવા સાદિ અનંત થાય પણ બધા જીવોની અપેક્ષાએ તે અનાદિ અનંત સમજવો ઘટે છે તત્વાર્થસૂત્ર

સાંતક ન યજ્ઞ, હોમ, લીલ અને વિવાહ જેવા પ્રસંગે સ્ત્રીપુરુષ પૂજા કરાવવાને સાથે બેસે છે તે
સાતક બેસવું = યજ્ઞ, હોમ, લીલ, વિવાહ પ્રસંગે સ્ત્રીપુરુષે સાથે પૂજા કરાવવા બેસવુ

સાંતપન કૃચ્છ્ર [સ] ન. એ નામે એક પ્રકારનું ચાંદ્રાયણ વ્રત. તે પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રતનો એક અવાંતર ભેદ છે. એક દિવસ ગોમૂત્ર, છાણ, દૂધ, દહીં, ઘી અને દર્ભનુ જળ વગેરેને બેસા કરી પીવાં અને બીજે દિવસે ઉપવાસ કરવો એ બે દિવસનુ સાતપનકૃચ્છ્રવ્રત કહેવાય છે
અગ્નિની ૬ પુત્રો સાથ હવન પ્રસંગે સમરપ દક્ષણાથી પુરુષાન માટ સાતપનકૃચ્છ્ર કરવાનુ કહું છે તેમા ગોમૂત્ર, ગોમય, દુધ, દહીં ઘી તથા કુશોદક આહારમાં લેવાં અને અહ રાત્રિ ઉપવાસ કરવો. સૂતસંહિતા

સાંતર ન (સંગીત) એ નામે બાર વિકૃતસ્વરનુ એક
જ્યારે પૈરવ સ્વર પચમ સ્વરની બીજી શ્રુતિ ગ્રહણ કરે ત્યારે સાંતર નામનું વિકૃત થાય છે સંગીત પ્રકાશ

સાંતરવું ૧ અ ક્રિ. પરસ્પરનુ
સાંતરાં ઘઈ રે સહુ નરનાર દયારામ

૨. સ ક્રિ. ગાળી કરવુ
ઉપાને દેવ મંદિરે જેતાની સીમાએ સાંતરી. ન નાથાલાલ

૩. સ ક્રિ. રાખવુ; સંતારવુ.
એક મોતીડું કાને સાંતર્યું રે,
અડબી દીસે છે ફોક જો ઉદિમાળી રાત

૪. સ. ક્રિ. સજ્જ કરવુ.
સાંતર્યાં છે રથને જે. નાનાલાલ

સાંતરસિંહ [સં.] પું. અમુક અંતરે સિંહ થાય તે
જ્યારે કોઈની સિદ્ધિ પછી અમુક વખત ગયા બાદ જ સિંહ થાય ત્યારે તે સાંતરસિંહ કહેવાય છે. તત્વાર્થસૂત્ર

સાંતરા ૧. ક્રિ. ઊંચાનીચુ
આખી રાત વયા સાતરા પ્રેમાનંદ

૨. વિ. સજ્જ, તૈયાર, રાખુસાર સજેલ
પઠાણિયે કરાવવા વાસ્તે સાંતરા પ્રાચીનકાવ્ય

૩. વિ. હર્ષવેલુ

સાંતરાં ન. ન વ. નાતરાં. આ શબ્દ સગાઈની સાથે સગાઈ સાતરા એમ બોલાય છે
સાતરાવાંતરાં કરવાં = ચીજ વસ્તુની અદલાબદલી કરવી.

સાંતરો ૧ ન રસોઈની સામગ્રી; એક દિવસનું સીધુ, રોજનુ જુદુ કાઢેલુ સીધુ, રસોઈ કરતા પહેલાં તેના જથ્થાની આવશ્યક જથી ચીજ
૨. વિ. આસું; બોકું
૩. વિ ગરીબ નાનું; કારીર નાનુક
૪ વિ સુસજ્જિત. બરાબર તૈયાર થયેલુ. સાતરું.
૫. વિ હોશિયાર

સાંતરો ૧ પું. મનસૂબો
૨. પું. મુકામ; પડાવ.
૩. પું સંપ
સાંતરો એક થાય કરીને. પ્રેમાનંદ.

૪ અ. સજ્જ થઈને; તૈયાર થઈને

સાંતલસિંહ પું એ નામે એક પુહકોટીલો રજપૂત વીર તે કાન્હડદે ચૌદાણાનો સત્રોજે થાય અને તેણે અલાઉદ્દીન સાથેના યુદ્ધમા જારે પરાક્રમ બતાવ્યુ હતુ. આ સબધે ઉલ્લેખ છે કે, કરણ વાઘેલાથી છેડાયલા તેના પ્રધાન માધવના પ્રેર દિલ્હીના અલાઉદ્દીન ખીલજીના સૈન્યના ગુજરાત ઉપરના આક્રમણ વેળા જાલોરની હદમાથી એને માર્ગ ન આપનાર કાન્હડદે ચૌહાણે દિલ્હીની પ્રબળ મુસલમાન સત્તા સામે વેર બેઠી એકર્યા પણ બખત મુસલમાન સૈન્યોના કરેલ, તેજસ્વી સામનાને અને અંતે તેમા તેણે મેળવેલા વીરમૃત્યુને આ કાવ્ય અમર કરે છે. કયાનાયક કાન્હડદે, તેનો ભાઈ માલદે, તેનો પુત્ર વીરમદે, તેનો સત્રોજ્ય સાતલસિંહ, મોડાસાનો બતક ડાહોર, જયત દેવડો, મહીપ દેવડો આદિ પુહકોટીલા રજપૂત વીરોનાં પરાક્રમ અને વીરત્યાર તથા સમિયાણા અને જાલોરગઢમા રજપૂતાણીઓએ કરેલ જૌહરનુ કાવ્યમાં થયેલ રસાળ આલેખન મુસ્લિમ આક્રમણના ઝઝાવાતમાં ઝઝત થતી રાજપૂતોની ઉજ્વલ પ્રતાકજ્યોતનું દર્શન કરાવે છે

સાંતવડ ન. એ નામે એક જાતનું ઝાડ. તેનુ ઝાડવું આડા ઝાંખરા તરીકે વપરાય છે

સાંતવું ૧. સ. ક્રિ. પૂરું કરવુ
પેટ ભાળી ને સાતવી ના ને દીવો ભાળી ને ઠારવી ના = કોઈ કામ કરતાં નુકસાન થાય તેવો વખો કરવો ન જોઈએ
૨. અ ક્રિ. સમવુ; વિરમવુ
૩ સ ક્રિ. ઊંચુ મેલવુ
૪. સ. ક્રિ. સતાડવું; છુપાવવુ

સાંતળવું સ ક્રિ. ઘી કે તેલમા શેકવુ કે તળવુ; ઘીના ઘી, તેલમાં શેકાય એમ કરવું.

સાતાનિક [સં.] વિ જેનાથી સતાન થાય એવા એક ઉપાસનાળુ

સાંતાલ ૧. સ્ત્રી બિહાર બિલ્લામા આવ. બગીચામાં વસતી એ નામની એક પ્રકારની પહાડી કોમ
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનુ.

સાંતિડું (સાંતીડું) જુઓ સાતી.

સાંતિનાડ (સાતીનાડ) જુઓ સાતીનાડુ.

સાંતી ૧ વિ. એક હળથી વવાય કે એટલ એટલી જમીન; ૩૨ એકર જમીન; એકસો વીઘાં જમીન; એક સાતીથી સવારથી સાંજ સુધીમાં વવાય તેટલી જમીન

સાંતીનાડું જગદ્ગોમંડલ ૮૭૬૬

સાંતીનાડું (સાંતીનાડું) ન. ખેડૂતનાં સાંતી વગેરે ઓજારોમાં વપરાતું દોરડું

સાંતીયેરો ૧. પું. ખેડૂતો પાસેની જમીન ઉપરનો કર; ખેડૂની પાસે જે જમીન હોય છે તેના ૫૦, ૧૦ કે ૬૦ વીઘાનુ એક સાંતી ગણી, દર સાંતી દીઠ લેવાતો અમુક કર
૨ પું. વિખોટી
૩. પું. હળ ઉપરનો કર.

સાંતેલી જી. ગુજરાતીમાં કહી તરફ છોકરાંને રમવાની એ નામની એક દેશી રમત.

સાંતેલીઉં જુઓ સાંતેલી.

સાંતેલું ન. બળદને ગાડા કાંધે જોડવામાં વપરાતું લાકડાંનું એક ખાસ ઓજાર; બળદને જોતરવામાં વપરાતું લાકડાનું ઓજાર.

સાંતેસરી લાલ [સં. સપ્તર્ષિ] જી. (વહાણવટું) સપ્તર્ષિ નક્ષત્ર તરફની લાલ નિશાની; ઈશાન.

સાંત્વ્ ૧. [સં.] સ ક્રિ. (ધાતુ) કહે પાડવું; શાંત પાડવું. તે ઉપરથી બનતા શબ્દોઃ સાંત્વન; સાંત્વના.
૨. સ. ક્રિ. દિલાસો આપવો.

સાંત્વત પું. યાદવ.
સુનંદન નંદાદિ સેવા સહુ,
સુખિયા **સાંત્વત** તેહ. રત્નેશ્વર

સાંત્વન ૧. [સં.] ન. આસના આસના.
૨. ન. કાન અને મનને પ્રસન્ન કરે તેવું વચન.
૩. ન. દિલાસો; ધીરજ; મનનુ સમાધાન; આશ્વાસન; શાંતિ.
૪. ન. સ્નેહ.
૫. ન. હિંમત.

સાંત્વના જુઓ સાંત્વન

સાંત્વનવચન ન. મીઠાં બોલ; રોષ શમાવવા કહેલા મીઠા વચન.
આ એ પૂરી રીસાઈ **સાંત્વનવચને** ના ક્રમ શેષે રાખે. અમરકવિ

સાંધ ૧. જી. ખેડૂતે ખેતી કરવા બદલ જમીનદારને જે જમીનનું ભાડું આપવું પડે તે; ખેડાણ; ગણોત; ફારમ; વેરો; વિખોટી; મહેસૂલ. જમીનની ફળદ્રુપતાના બદલામાં જમીનના માલિકને થતી આવકને સાધ અથવા ગણોત કહે છે. તેને ભાડું કહેવું હોય તો જમીનભાડું
પેદાશનુ અર્ધ ભાગ કરે, ત્યાર પછી જે બચત રહે તે બરી સાંધ કહેવાય છે. આ બરી સાંધ કરતા જમીનદારની સાથ વધુ હોવી ન જોઈએ કેટલીક વખતના જમીનના માલિકને ખેતર ઉપરનાં મકાન અને એવા કાયમના અમાઉ થયેલ સુધારાને બદલે પણ આવક સાધ છે તેને સાધ રૂપી આવક કહી શકાય; તેવી જ રીતે મચાઓ કે એવી રવાવર મિલકત જેમાં મોટી રોકાણ થયો હોય અને જેમાથી થતી આવકનો આધાર માગણીના વધારાઘટાડા ઉપર હોય, તેમાથી થતી આવકને પણ સાંધરૂપી આવક ગણી શકાય. આ શબ્દ, જે વસ્તુની ભોગવાઈ અસર છત નિમિત્ત હોય અને જેમાથી થતી આવકનો આધાર બજારની માગ ઉપર હોય અને તેથી આવકમાં વધારો થતો હોય ત્યાં વપરાય છે. તે ટૂંકા સમયની આવકને જ લાગુ પડે છે; એટલે કે માગમાં વધારો થયા પછી નવા ફેરફારો અમલમાં આવે તે ગાળામાં થતી આવકને માટે જ વપરાય છે.
સાધે આપવું–મૂકવું = સાંધ લેવાની કરીને ખેડવા માટે જમીન આપવી; સાંધવુ.
૨. જી ગુજરી; બજાર; દુકાન.
૩. જી. દાણ.
૪. જી ઢાન.
૫. જી. ભોજપટો.
૬. જી. રકમ.
૭. જી. વહીવટ.

સાંધણી જુઓ સાંધ.

સાંધ નજરાણો પું. જમીન બદલો ફરતી વખતે આપવામાં આવતું વળતર.

સાંધવડિયું (સાધવડિયું) ક્રિ. ગણોતે.
જમીન કબજાનિરો કે વેચાણ આંડી દેવી ને પછી સાંધવડિયે કે ભોગવડિયે ખેડવી. આવા રસ્તા પણ ખેડૂતોને નહોતાં આવતા ખેતીવાડી વિકાસ

સાંધવું ૧. સ. ક્રિ. ગણોતે આપવું; સાંધે આપવુ. ખેડવા કે વાવવાને માટે જમીન ભાડે આપવી.
૨. સ. ક્રિ. જોડવુ; સંધાન કરવુ; રોકાવું; કામે વળગાડવું.
બીજાની જમીન ગણોતે ખેડનાર; સાધે જમીન ખેડનાર ખેડૂત.
૨. પું. બાર મહિનાની મુદત માટે ખેતરના કામકાજ માટે રોકેલો નોકર.

સાંધીડું (સાંધીડું) ન. એ નામે એક જાતનું ખેતીનું ઓજાર, દંતાળો

સાંધીડો (સાધીડો) પું. સાધે જમીન ખેડનાર ખેડૂત; ગણોતિયો.

સાંધેળ ન. ટુકડાની એક જોડ; બે કડા જોડાઈ ને એક થઈ ગયેલ હોય તે.

સાંકલ જી. જકડવાની એક વસ્તુ.
મનજાય **સાંકલ** મનહર મેહેલીયા ૨
દયારામ

સાંદીપનિ [સં.] પું. શ્રીકૃષ્ણ અને બળરામના પ્રસિદ્ધ આચાર્ય. તે કાશ્ય નામના ઋષિના પુત્ર હતા. તેઓ અવતી નગરીમાં રહેતા હતા. કૃષ્ણ અને બલરામ ઉપનયન સરકાર થયા પછી તેમને ત્યાં વેદાભ્યયન કરવા સારુ રહ્યા હતા. ત્યાં એક બ્રાહ્મણ પણ અભ્યાસ કરતો હતો. એને પહેરવાને સારા લૂગડાં યે નહોતાં મળતાં માટે એ બ્રાહ્મણને કુચૈલ કહેતા. વેદ, વેદાંગ અને સમૂર્ણ ચોસઠે કળાઓ શીખી રહ્યા પછી બંને બાળકોએ બ્રહ્મ વિદ્યાનો પણ અભ્યાસ કર્યો. આ બધામાં કુચૈલ કૃષ્ણબળરામનો સહાધ્યાયી હતો. ભણી રહ્યા પછી, 'ગુરુ દક્ષિણા માગો' કહેતાં સાંદીપનિએ પોતાનો મૃત પુત્ર માગ્યો. કૃષ્ણે એ પુત્ર આણી આપ્યો. આ કુચૈલ તે જ સુદામો. ઉજ્જૈન–અવંતિકામાં સાંદીપનિ મુનિનો આશ્રમ હતો તે જગ્યાએ હાલ એક મંદિર છે તેમાં ગુરુની આરસની પ્રતિમા છે. સાંદીપનિ મુનિના આશ્રમમા રહેતા વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાના સ્થાનને અંકપાદ કહેતા. હજી પણ તે જગા અંકપાદના નામથી ઓળખાય છે

સાંદ્ર ૧. વિ. મુલાયમ
૨. પું. જળચર
૩. [સં.] પું. પ્રમેહના વીસ મહેનો એક પ્રકાર. તે કફથી થાય છે.
૪ પું. વાડી; વન.
૫. પું. વીસ માહેનો એક સામાન્ય પ્રમેહ.

૬. વિ. અડાબડ્યું
૭. વિ. બરછ
૮. વિ. ઘાટું, ગીચોગીચ; ગાઢ.
૯. વિ. ઘોર
૧૦. વિ. ચીકણું, સ્નિગ્ધ
૧૧. વિ. ટેરદાર, અણીદાર
૧૨. વિ. તેલવાળું
૧૩. વિ. નક્કર ઘટ્ટ ઘન
૧૪. વિ. મધુર
૧૫. વિ. સખત; તીક્ષ્ણ.
૧૬. વિ. સુકાયેલ
૧૭. વિ. સુખકારક
૧૮. વિ. સુંદર; રમ્ય; મનોહર.

સાંદ્રકોટસ પું. સિકંદરના સરદાર સેલ્યુકસનો એ નામનો વડીલ; મેગેસ્થિનિસ.

સાંદ્રતા સ્ત્રી. સાંદ્ર હોવાપણું.

સાંદ્રતામાપક ન. કોઈ પણ ચીજ કેટલી ઘટ્ટ છે તે માપવાનું યંત્ર.

સાંદ્રપદ જુઓ સાંદ્રપદા.

સાંદ્રપદા [સં.] પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને અનુકૂલા પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, નગણ, ગુરુ અને લઘુ એમ અગિયાર અક્ષર હોય છે.

સાંધ ૧. પું. ચાલાક માણસ. સોનીની પારસીમાં બોલાય છે.
માણેકનો ગુરો બહુ સાંધ છે, પારદ નારી નહિ = માણેકનો વર બહુ જ ચાલાક છે. માટે સોનું સંતાડીશ નહિ.

૨. સ્ત્રી. ટાંકણ કે વણાટમાં તાર સાંધવા તે. જેમકે, નવી તાણી સાળ પર જેતાં.

૩. સ્ત્રી. જોડેલો કે સાંધેલો ભાગ.
સાંધ સોરવી = સાંધાથી કાપી નાખવું.

૪. સ્ત્રી. ફાટ; ચીરો.

૫. સ્ત્રી. સાંધો.

૬. સ્ત્રી. સીવણ.

સાંધ ચાતરણ ૧. [સાંધ (સાંધો) + ચાતરવું (ખસેડવું)] ન. ખાનગાડીને પાટા ઉપરથી ઉતારી મૂકવાની ક્રિયા; ' ડિરેઈલમેન્ટ.'
૨. ન. ચણતર કામમાં એક ઉપર બીજી સાંધ ન આવે એવી રીતે કરાતી ઈંટ કે પથ્થરની ગોઠવણ; સાંધ ચાતરો.

સાંધ ચાતરો જુઓ સાંધચાતરણ.

સાંધણ ૧. ન. અનુસંધાન; અનુસધાન તરીકે મૂકેલો ભાગ તે; વધારાનો આપી રહેલો ભાગ.
૨ ન. આગળનું રહેલું પાછળથી ભરી રાખવું તે
૩. ન. ત્રાજવાના છાબડાં વજનની રહેલી વધઘટ; તોલમાં ઓછું રહેતું હોય ત્યારે તોલ સરખો કરવા માટે ત્રાજવાના પલ્લામાં મૂકાતો પથ્થરો કે કોઈ વસ્તુ; ઝીંકો; જોખ કે વજન કરવામાં વપરાતો ઘડો
સાંધણમાં તણાઈ જવું = કંઈ અસ્તરીમાં ન હોવું.
૪. ન. પુરવણી; વધારો.
૫. ન. સાંધવું કે સીવવું તે, સીવણ; સાંધો.
૬. ન. સાંધાનો ભાગ; સાંધ.

સાંધણ જોડાણ રેખા સ્ત્રી. રેખા મિલ; ' કાર્ડિંગ '.

સાંધણહાર વિ. સાંધનાર
સાંધણ હેઠ ઉભિયે, જેવો કંથણહાર;
આપ ભણે પર રીઝવે, બાંગા સાંધણહાર.
દલપત ધર્મશિક્ષ

સાંધણી ૧. સ્ત્રી એ નામે કઠિયાનું એક ઓજાર

૨. સ્ત્રી. દોરાને રાચ સાથે સાંધવાની વસ્તુઓની ક્રિયા.

૩. સ્ત્રી. નિશાની.

૪. સ્ત્રી. જોવા જોવાનું સુથારનું સાધન.

૫. સ્ત્રી. સાંધવું તે.
સાંધણી તે નિશાનની, સાંધણી સાંધવું જોઈ; સાંધણી કઠિયાની અને, સાંધણી વણકરની જોઈ.
અદ્વૈત મોદી
સાંધણી કરવી = દિવસવહું વાળવું. દીકરીનો વર વિવાહ થયા પહેલાં ગુજરી જતાં તેનાથી નાના ભાઈ જોડે તે દીકરીનો સંબંધ કરવો તેને સાંધણી કરવી કહે છે.

સાંધણું ન. બીજાનું દઈને સીવવું તે.

સાંધરજ ન. સાંધા જોવાનાર એ નામે એક ઝાડની ઝાડ. તેનાં પાન વેંતભર લાંબાં અને કંડાનાં પાન જોયાં હોય છે તેની અસ્થિબંધ ઉપર ઘણી ઉપયોગીતા છે. એનાં પાનમાં એવો ચમત્કાર છે કે, પાનનો વચ્ચોવચ્ચથી ચીરો નાખ્યા પછી કેટલીક વારે જોડીએ તો તેનો સાંધો થઈ જાય છે અને પૂર્વવત્ પાંદડા જેવું પાંદડું થઈ જાય છે. તે જ પ્રમાણે તે ભાંગેલ હાડકાંના સાંધા જોવાની આપે છે. તેટલા માટે હડાર્મ હાડનાર તેનો ઉપયોગ કરતા. તે હાડકચર ઉપર આપણ છે તેમાં બે અત્યલ પ્રકારનાં ઝાડ છે તેને લઘની આકારણ કહે છે. અસ્થિબંધ ઉપર સાંધિકમની છાલ કચરી ત્રણ દિવસ બાંધવામાં આવે છે

સાંધવું ૧. સ ક્રિ જોડવું કરવું
૨ સ ક્રિ જોડવું.
૩ સ ક્રિ. ટાંકવું.
૪ સ. ક્રિ તાકવું; નિશાન માડવું.
બાણ સાંધવું = શરસધાન કરવું.
૫. સ. ક્રિ. રેખ કરવું; રેખવું; ચીંતરવું રેવું.
૬. સ. ક્રિ. સંપ કરવો
૭. સ. ક્રિ. સાધવું; સાધના કરવી.
૮. સ. ક્રિ. સાસેલ કરવું; મેળવવું; જોડાણ કરવું.
૯. સ ક્રિ. સાંધો કરવો.
૧૦. સ. ક્રિ. સીવવું; સાથે લગાડવું; વળગાડવું; સીવી લેવું; સીવણ કામ કરવું.

સાંધાવલ પું. એ નામે એક પ્રકારનો વેલો. તેનાં પાન જાડાં, લીસાં અને ચળકતા સાંધાવાળાં થાય છે. ઢાન વહેતો હોય તો તેના રસનું ટીપું નાખવામાં આવે છે.

સાંધાવાળો પું. રેલવે લાઇન ઉપરના પાટા જોડનાર પુરુષ.

સાંધિક [સં.] પું. સંધિ કરનાર.

સાંધિયો ૧. પું. અનુસંધાનવાળો કાગળ; એક કાગળ સાથે સાંધેલો બીજો કાગળ.
૨. પું. દોરડું, લાકડું, લોઢું વગેરેની લંબાઈ વધારવાને, તે જ વસ્તુનો બીજો ટુકડો સાથે જોડવો તે.

સાંધિ વિગ્રહિક [સં.] પું. પર રાજ્યો સાથે સંધિ કે વિગ્રહ કરવાના અધિકારવાળો પ્રધાન કે મંત્રી; એલચી; ' એમ્બેસેડર '.

સાંધિવિગ્રાહક જુઓ સાંધિવિગ્રહિક.

સાંધો ૧. પું. આંતરો.
૨. પું. જોડાણ; જ્યાં બે વસ્તુઓ સાથે જોડાઈ કે સિવાઈ હોય તે ભાગ.
૧. ધૂંકના સાંધો = ટકી ન શકે તેવી મેળ વગરની વાત કે કૂલ.
૨. સાંધો મેસવો – બાવો = સાંધો બરાબર જોડવો; બરાબર જોડાવું; સંધાવું.
૩. પું. નક્ષત્રોના એક ભાગનું નામ.
૪ પું (વહાણવટું) પરમાણુનો સૌથી ઉપલો પાતળો કટકો
૫. પું પેરિયું, પેશી.
૬. પું. ફાટ; ચીરો; સાંધ; બે ભાગ સંધાતા હોય તે ભાગ.
૭. પું. બે હાડકાંનું સામસામું જોડાણ તેના મુખ્ય બે પ્રકાર છે: (૧) ચળ સાંધા અને (૨) અચળ સાંધા. ખોપરીનાં હાડકાંના સાંધાને અચળ સાંધો કહે છે; કારણ કે, તે સાંધા

પાસે હાડકા બસી શકતા નથી. ચળ સાંધાના ચાર પ્રકાર છે: (૧) મજબૂત જોડા સાંધા, (૨) દડા ને ગોખલા જેવા સાંધા, (૩) ખીલી જેવા સાંધા અને (૪) લપસતા સાંધા. હાથની આંગળીઓના, કોણી તથા ગોઠણના સાંધાને મજબૂત જોડા સાંધા કહે છે હાથ અને પગના સાંધાની રચના દડા અને ગોખલાના જેવી છે માથાને મડની ઉપર રાખવામાં આવેલ છે. તેની રચના ખીલીના જેવી છે માટે તેને ખીલી જેવો સાંધો કહે છે. આ ઉપરાંત હાથના કાંડાના તથા પગની ઘૂંટીના સાંધાને લપસતા સાંધા કહે છે. કારણ કે, ત્યાં આગળ એક હાડકા ઉપર બીજું હાડકું લપસે છે તેથી તેને લપસતો સાંધો કહે છે

૧. સાંધા ઝલાવા = વાના રોગથી સાંધાઓનું જકડાઈ જવું.

૨. સાંધા બેસવા = (૧) વય અથવા અશક્તિને લીધે નબળું પડવું. (૨) હિંમત હારી જવી.

૩. સાંધે સાંધે જૂદું = હાડેહાડ જૂદું; હાડહાડનું જૂદું.

૮. પું. મેળાપ.

૧. સાંધા કરવા = આમતેમ કરવી.

૨. સાંધો આવો = (૧) ખબર મળવી; મનોરથ પૂર્ણ થવો; સગવડતા મળવી. (૨) મેળાપ થવો; પ્રસંગ મળવો; લાગ હાથવો; મેળ બેસવો.

૯. પું. સાંધેલો ભાગ; બીજું; ફાટેલું કે તૂટેલું દુરસ્ત કરવા દીધેલું બીજું.

સાંધો દેવો કે મારવો = સાંધો કરવો; સાંધવું.

સાંખ્ય [સં.] વિ. સંખ્યા સમયનું; સાંજનું; સંખ્યા સબંધી

સાંખ્ય ઈશ ઓમ રમે રાસ વાસકુંજ

સાંખ્યભૂમિ જી. ક્ષિતિજ.

સાંખ્યભૂમિની દક્ષિમર્યાદા આકાશ આ આખરી ગ્રહ આનો દેખાતો સીધો વિસ્તાર તે આખરી પૃથ્વીનો પાઠ છે. ભગવદ્ગોમંડલ

સાંનિધ્ય ૧. [સ.] ન. પાસે હોવું તે; પાઠોઠ; સમીપતા; નિકટત્વ; નજીકપણાનો ભાવ.

આ અવસરમા આવ છે આવરવાતા વળી, ઈશ્વરની જ સાનિધ્યે નમ જનવાની અતિ. ગાધીગીતા

૨. ન. હાજરી; રૂબરૂ હોવું તે.

સાંનિપાતિક [સં.] વિ. સન્નેપાત સંબંધી.

સાંનિપાતિક મૂર્છા [સં.] જી. સન્નેપાતમાં થતી મૂર્છા

સાંપ [હિં.] પું. સર્પ; સાપ

સાંપટ ૧. જી. પકડ.

સાપટમાં લેવું = (૧) બરાબર પકડ કરવી. (૨) મુઠ્ઠીમાં મૂકવું

૨. જી. મુઠ્ઠી

સાપટમા આવવુ = મુઠ્ઠીમાં આવવું; સાહ્યુસામા આપવુ

૩. જી. સકડામણ; ભીંસ; ફાંસ, તાણ; ઇબાણ

૪. જી. સપુટ; ઊંચાચત્તા કોડિયાની જોડ.

સાંપડિયું જુઓ સાપટ

સાંપડ (સાપડ) જુઓ સાપટ.

સાંપડવું (સાંપડવું) ૧. સ ક્રિ. જન્મવું; અવતરવું; જન્મ થવો.

૨. સ ક્રિ. મળવું; પ્રાપ્ત થવું; જડવું.

સપત મર્દ તે સાંપટે, ત્રમા બળે છે વહાણ; ગત અવસર આવે નહિ, ત્રમા ન આવે પ્રાણ. તોકેક્તિ

સાંપડા (સા.પડા.) પું (જૈન) જ્ઞાન મેળવવાનું એ નામે એક ઉપકરણ.

જ્ઞાનોપકરણિ પાટી પોથી કમળી સાંપડા સાપડી પેત આસાતના પણ લાગઇ મુડ લાગઇ × × × તેહ મિચ્છામિ દુક્કડ. તાડપત્ર સ. ૧૩૬૯

સાંપડી (સાપડી) જી. (જૈન) જ્ઞાન મેળવવાનું એ નામે એક ઉપકરણ.

સાંપડીઉં (સાંપડીઉ) ન. રોટલા રાખવાનું વાસણ, બાકરિયો.

સાંપણીઉં ન. ઘરના કમાડ ઉપરના બારકાનો ઉપર જે પાટિયું રાખવામા આવે છે તે.

સાંપત્તિક વિ. પૈસા કે સપત્તિ સબંધી; સમૃદ્ધિ સબંધી; આર્થિક.

દુનિયાના સર્વે દેશોની સાંપત્તિક સ્થિતિમાં અકીકિક પરિવર્તન થયું. પ્રસ્થાન

સાંપરાય ૧. [સં + પર + આય] પું. પરલોક.

હે મૃત્યુ ! જેમા અહ રાખિતો છ, તે સાંપરાયે વદ જેહ જે છે જે જાણ છે તે વર મહ જે બીજો ન કોઈ વર કામનો હું કઠોપનિષદ

૨. પું. મરણોત્તર જીવન કે તે વિષે વિચાર.

૩. વિ આત્મવિદ્યા સબંધીનુ

સાંપરાયણ વિ. અનુકૂળ

સાંપરાયિક ૧. ન. યુદ્ધ

૨. વિ. (જૈન) આત્માનો સપરાય-પરાભવ કરનું; અનિષ્ટકારક.

કષાય સહિત અને કષાય રહિત આત્માનો યોગ અનુક્રમે સાંપરાયિક કર્મ અને ઈર્યાપથ કર્મનો બધ હેતુ-આસ્રવ દ્વાર છે તત્ત્વાર્થસૂત્ર

૩. વિ પરલોકનુ.

સાંપવું ૧ સ ક્રિ. મેળાપ રાખવાને આપવું; તજવીજને માટે હવાલે કરવું

૨. સ. ક્રિ. સ.પડવું; મેળવવું.

૩. સ ક્રિ સોપવું, હવાલે કરવું. સુપરત કરવુ

સાંપળુ ન. પીંજરું

સાંપળો પું. શિકાર પકડવાનો સચો

સાંપિન [હિં.] જી. અર્પિણી

સાંપી જી. વાણો આડો રાખવાનું વણકરનું એક ઓજાર. તે બેરના લાકડાની બાજુ કરીને બનાવાય છે

સાંપુડ (સાપુડ) ન. (જૂ. ગુ.) જૈન સાધુનુ એક જાતનું ઉપકરણ.

જ્ઞાનોપકરણિ પાટી પોથી કમળી સાંપુડ સાપુડી આસાતન પણ લાગઇ. તાડપત્ર સવત ૧૩૪૦

સાંપુડી (સાપુડી) જુઓ સાંપુડ.

સાંપ્રત ૧. [સં.] વિ. તૈયાર; સજ્જ.

૨. વિ. ક્રમપ્રાપ્ત; હાલનુ

૩. અ. તરત; અમથડી

૪. અ. ક્રમપ્રાપ્ત; હાલ.

સાંપ્રતકાળ પું આલતો વખત; વર્તમાન સમય.

સાંપ્રતિક [સં.] વિ. વર્તમાન સમયનુ; ક્રમપ્રાપ્તનુ.

સાંપ્રદાયિક ૧. વિ. પરંપરાગત.

૨. [સં.] વિ. સમ્પ્રદાય સંબંધી; સમ્પ્રદાયનુ.

સાંપ્રદાયિકતા જી. સમ્પ્રદાય સબંધી હોવાપણું; ધાર્મિકતા.

આ ધાર્મિકતા એટલે કર્મકાડ કે ઢીલા ઢપકાની સાંપ્રદાયિકતા નહિ પણ વિશુદ્ધ અધ્યાત્મિકતા. વિનોબાજી

સાંપ્રદાયિકત્વ ન અમુક સંપ્રદાયના હોવાપણું

સાંબ ૧. પું. ઉગ્રસેનનો બાપ તે કુબાંડની દીકરી રામાને પરણ્યો હતો

૨. પુ. (પુરાણ) એ નામના એક ઋષિ.

૩. પુ (પુરાણ) જાંબુવતીને પેટે જન્મેલો સોમવશી યાદવકુળના શ્રીકૃષ્ણનો એક પુત્ર. એ મહારથી હતો. દુર્યોધનની પુત્રી એની સ્ત્રી થાય

૪. [સં સ (સહિત) + અમ્બા (પાર્વતી)] પું. પાર્વતી સહિત શકર; શિવ

૫. પું. (પુરાણ) વૃષ્ણિકુળનો એક યાદવ. એને સ્ત્રીનો વેશ પહેરાવીને યાદવોના કુમારોએ

ધિક્કાર ક્ષેત્રમાં એક ઋષિની મજાક કરવા પૂછ્યું હતું કે આ જોને શું અનરથ? મહાભા.રેતમ. જાંબુવતીનો પુત્ર કહ્યો છે એ ખોટું છે કારણ કે તે વેળાએ એ સાત કુમારોવચ્ચામ. જ ન હતો. એ યાદવસ્થળીમાં મરણ પામ્યો હતો

૬ [સ. શમ્બ] સ્ત્રી. સાબેલાની નીચલી લોઢની ખોલી

૭. [સ.] ન. એ નામનું એક ઉપપુરાણ.

૮. વિ. અંબા, સહિત; માતા સહિત

સાંબડી (સાબડી) સ્ત્રી એક જાતની ભાજી

સાંબડો (સાબડો) ૧. પુ. કોદાળીમા નાંખવાનો લાકડાનો સાંબો હ થો

૨. પુ દંતાળ જેવી બળદે ખેતીના સાધનોમા પૂસરું અને સમર સાથે રાખવામાં આવતી લાકડાની સાબી બળી

સાંબપ્રતીક [સં.] ન. સચેતન ત્રિકોણ.

તેના મધ્યમાં બિંદુ મુકી સચેતન ત્રિકોણ બને એટલે **સાંબપ્રતીક** બને તંત્રશાસ્ત્રમાં જણાવ્યામાં આવે છે ડાહ્યાભાઈ કેશવલાલ

સાંબર ૧. ન એક જાતનું ઝાડ. તેનું લાકડું મજબૂતી કામમા વપરાતું નથી.

૨. [સં.] ન. એક જાતનું મીઠું; સંબર દેશનું મીઠું. મીઠું આઠ જાતનું થાય છે: (૧) સિંધવ અથવા સિંધાલૂણ, (૨) સમુદ્ર મીઠું અથવા સાધારણ મીઠું, (૩) બીડલોણ અથવા બીટ્લવણ અથવા વડાગરું મીઠું, (૪) સોવર્ચલ એટલે સંચળ (૫) સાંભર મીઠ જે મારવાડની અંદર એક તળાવની અંદર જામે છે તે, (૬) ઓદ્ભિદ, (૭) ચુટિકા અને (૮) પાંશુજ.

સાંબરી સ્ત્રી. માયા.

સાંબવાહ ન. (પુરા.વ) અગસ્ત્ય ગોત્રનું એક કુળ.

સાંબળી સ્ત્રી કબો; દાબડો.

પૂતળની બબી મૂર્તિઓ અને નાળિયેર જેવડની એક **સાબળી**માં રાખેલાં હતાં. કરંડિયો

સાંબેલ સ્ત્રી. સબોલ; ઘૂંસરીને દરેક છેડે રાખવામાં આવતી લાકડાની ખીલી. તે બેતર ભરાવવાના ઉપયોગમાં આવે છે.

સાંબેલી સ્ત્રી. નાનું સાંબેલું; બાંધવાનું નાનું સાધન.

સાંબેલું ૧. ન. સાંબળીને વેડે ગબડાવ તેવી ચીજ, વસ્તુ કે માણસ વગેરે.

૨. ન. ભોંયતળિયે ઘાબો કરતાં ટીપવા માટે વપરાતું લાકડાનું એક સાધન.

૩. [સં. શમ્બ] ન. મુસળ; કાંબર વગેરે બાંધવાનું છેડે લોખંડની ખોળવાળું જાડું; બાંધણિયામાં અનાજ ખોવાવાનું કે કોઈ બીજનો ભૂકો કરવાનું લાકડાનું ગબડે હાથ લાગુ, લાકડીથી વધારે જાડાઈનું એક સાધન.

વારદીદે **સાંબેલું** અવ. એમા એવો વાળ થાય. અખો

૧ સારા રાજમા સાંબેલુ = એક જ કીમતી ચીજ.

૨. સાંબેલાં રોડવવાં = પછાડા મારવા.

૪. ન. વરખોડામાં વરની પાછળ ઘોડે બેઠેલ બીજું છોકરું

સાંબો ૧. [સં. શામક] પુ. એક જાતનું ઘાસ. તે ઘરાળામાં વપરાય છે. તેના છોડનાં પાન પદોળાં અને લાંબાં થાય છે. ઉપર ડોળ નીકળે તેમાંથી દાણા નીકળે છે.

૨. પુ ગોરણીમાં નાખવાની નાડીમાં આંટા પાડીને વાળવામાં આવતી ગાંઠ.

સાંબ પું. એ નામનો એક યાદવ. દુષ્ટ વિચારોને લીધે તેને કોઢ થયો હતો. તેના બાપે તેને સૂર્યની ઉપાસના કરવાની સલાહ આપી. બાર વરસ સુધી કઠણ પીડાતો સાંબ રેતીમાં તપતા સૂર્યની ગરમી સહન કરતો જોડો. સૂર્યદેવે આખરે પ્રસન્ન થઈ તેનુ દરદ નષ્ટ કર્યું. ત્યાં તે તપ કરતો હતો તે ઠેકાણે એકદા સ્નાન કરતાં સૂર્યદેવની મૂર્તિ પાણીમાં તરતી જોઈ. સાંબ તે મૂર્તિની પ્રતિષ્ઠા કરવા મંદિર બનાવવા લાગ્યો. આ મૂર્તિ મનુષ્યકૃતિ નહિ હોવાથી હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. જગન્નાથપુરીના પવિત્ર ધામમાં, ૐના મંદિરમાં આ મૂર્તિ હાલ બિરાજે છે

સાંભર ૧. જો. સ્મરણ; યાદ.

૨. ન ચૌહાણ વંશની એ નામની પ્રાચીન રાજધાની

ચૌહાણની મૂળ રાજધાની સંભર નામના બાર સરોવરની તેર ઉપર જોધપુરથી પૂર્વમાં ૨૫૪ માઈલ ઉપર હતી. એ સરોવરની વચ્ચે ટેર ઉપર ચૌહાણોની દેવી, શક્તિ, સાકંભરીનુ દેવળ છે. અજમેર વસાવ્યા પછી રાજધાની અજમેર ગઈ. ચૌહાણોની જુદી જુદી શાખાઓએ જુદે ઠેકાણે ગાદી સ્થાપી હતી. આ બધા સમરરાવ-સબર મણી-સંભરપતિ એ બિરુદથી ઓલખાતા અજમલ સું ૭૦૦માં માણેકરાવ ચૌહાણે સાકંભરી દેવીના નામથી આ **સાંભર** શહેર વસાવ્યુ હતુ. હાલ તે બાગ જોધપુરનો તાલુકો છે. મા. પ્ર.

સાંભરણ સ્ત્રી યાદદાસ્ત, યાદી; સ્મરણ.

સાંભરવું ૧. [સં. સસ્મૃ] અ ક્રિ. યાદ આવવું; સ્મરણ થવું.

૨ સ. સસ્મૃ; પ્રા. સભર] સ ક્રિ. ઓઢવું કરવું; બેવું કરી લેવું; ઊસડવું.

સંધાના કુક્રમ મસ ઇવિ '
સાભરી **સાંભલી** ના મારે પરો !

નાનાલાલ

સાંભરી વિ. સુતરાઉ કાપડના એક જાતના રંગનું.

સાંભરેટવું અ. ક્રિ. વસૂલ કરવું; ઉઘરાવવું.

સાંભવાહ [સં] ન. અગસ્ત્ય ગોત્રનું એક કુળ.

સાંભવિક [સં] વિ સભળી હોય તેવું; રાજપતાવાળુ.

ગુજરાતી ભાષાનો જન્મ અમારા આત્રેયોથી થયો, એમ માનવાને **સાંભવિક** કારણો છે.

મુ. ઝા. પરિષદ

સાંભળવું ૧. [સં. શ્રુ] સ ક્રિ. અવાજ સમજવો; શ્રવણ કરવું; મન ઉપર અવાજ પડવો

૨ સ. ક્રિ. દાદ આપવી; અરજ ધ્યાનમાં લેવી

૩. સ ક્રિ. મન ઉપર લેવું; મગજમાં ઉતારવું; ધ્યાન ઉપર લેવુ

૪ સ ક્રિ માનવું, કબૂલ કરવુ

૧. સાંભળવું સૌનું પણ કરવું પોતાના મનનુ = પૂજ્ય બધાને પણ આપ બુદ્ધિએ કામ કરવુ.

૨. સાંભળ્યાનો સંતાપ અને દીઠાનું વેર = સાંભળવાથી અને દેખવાથી દુઃખ થાય છે.

સાંભાઈ ન. (વહાણવટું) મોરમાં ભરાવી જબુત્રા સાથે સતાવ બંધાતું મરેઠીવાળું આખું દોરડું. તે બે હોય છે.

સાંભેટવું સ.ક્રિ. એકઠું કરવું; બેવું કરવું સાંભરી લેવું.

હા ! ત્યારે સુપરે સરવ **સાંભેટીએ**

રાસો

સાંભો ૧. [સ. સ્તંભ] પું. (વહાણવટું) વહાણ ભંધાતી વખતે તેને ટેકવી રાખવાનુ લાકડું.

૨ અ સામે.

ઈરાની હરીફ સીકંદરના હરકર **સાંભો** પસારે ધીબો વિજ્ઞાનવિલાસ

સાંમચો અ સામે; સાથે

ગાડની **સાંમચો** રોપ ન રખાચે. કુહો

સાંમણી ન. એક જાતનું કમારતી લાકડું

સાંમંદ વિ. સાવધ

એને દેવ મહીરાવણ થયો **સાંમંદ**
વધુવીરની કરવા માત

આખ્યાન

સાંમિહું વિ (જૂ. ગુ.) સ્વામ; શ્યામળુ.
૪ ગોરી કે સાંમિલિ સોહાવું રે.
લાવણ્યસમય

સાંય ૧. પું. પ્રશ્નાર્થ; સ્નેહ વદન.
૨. પુ. સારા સમાચાર
સાંય કહેવા = ક્ષેમકુશળ હોવાનું જણાવવું

સાંયમાંય સ્ત્રી. એકબીજાને ભેટવું કે મળવું તે.

સાંયરા ૧. સ્ત્રી. માળેણીની એ નામની અટક.
૨. બ. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું

સાંયલો [સં. સહાય] પું. કોસને આગળ ખેંચવા માટેનું ગરેડીવાળું દોરડું

સાંયા પું ઈશ્વર; પરમાત્મા.
રે'જે સાંયાજી માર્ય મનડું ન માને મમતાળુ.
દયારામ અમત

સાંયાત્રિક પું (વહાણવટું) વહાણ મારફત વ્યવહાર કરનાર વેપારી; વહાણવટી.

સાંયોજી પું. એ નામે એક ચારણી કવિ. તેણે ડિંગળ ભાષામાં ' નામડમણ ' નામે સુંદર છંદ ગ્રંથ લખ્યું છે

સાંવર્ત્તકી સ્ત્રી. એ નામની એક સ્મૃતિ.

સાંવત્સર ૧. [સ.] પું. જ્યોતિષશાસ્ત્રી; જોશી
૨. વિ. વર્ષનું; વર્ષ સંબંધી.

સાંવત્સરરથ પું. સૂર્ય.

સાંવત્સરિક ૧. પુ જ્યોતિષ; જોષી
૨. [સં.] ન. દરેક વર્ષે કરવાનું એક શ્રાદ્ધ; સવત્સરી
૩. વિ. દરેક વર્ષે હોનાર કે થનાર.
૪ વિ. મોસમનું.
૫. વિ. વાર્ષિક; સવત્સરનું; વરસનું.

સાંવત્સરિક દિવસ ન. (જૈન) ભાદરવા સુદિ પાંચમ. આર્ય સંસ્કૃતિનાં પર્વો ત્યાગ, દયા, માનવતા, અહિંસા, પ્રેમ અને સેવાના સાંધિયા દોરે છે. સારા યે વિશ્વમાં એવું એકજ પર્વ ઉજવાતું ધરાવે છે, જે પર્વનો આશય વિશ્વશાંતિ, વિશ્વકલ્યાણ અને વિશ્વના પ્રત્યેક જીવોના હિતનો હોય એ પર્વ તે પર્યુષણ. આર્ય ધર્મ માફેના જૈન ધર્મનું એ મહાપર્વ છે. આને પર્વાધિરાજ કહેવામાં આવે છે. એ પર્વાધિરાજનો અંતિમ દિવસ એટલે સાંવત્સરિક દિવસ. જૈન પરિવારોમાં નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધીનાં માણસો આ દિવસે ઉપ ને કંઈ ત્યાગ કરે છે. ઉપવાસ, આયંબીલ, એકાસણું વગેરે કંઈક ને કંઈક તપ જરૂર કરે છે. માત્ર તપવતથી આજના દિવસની પૂજાવિધિ થતી નથી. આ પર્વની મહત્તા એથીયે વિશેષ છે. આત્મભાવને જાગૃત રાખવાની, જાગૃતિ આડે આવી પડેલા દોષ રૂપી ઘરોને દૂર કરવાની અને કરેલા દોષોનું પ્રાયશ્ચિત કરી નવા દોષો ન થાય એની સતાણ રાખવાની આજના પર્વમાં મહત્તા છુપાયેલી છે અને સૌથી વિશેષ ઉદારતા તો એ ભરી છે કે આ પર્વે એક એક જૈન સંસારના સમસ્ત જીવોને ક્ષમા આપશે અને સંસારના સમસ્ત જીવોની ક્ષમા માગશે.

સાંવત્સરિક પ્રતિક્રમણ ન. (જૈન) અષાડ સુદિ પુનમ પછી ૪૯ કે ૫૦ મે દિવસે દર વર્ષે કરાતું પ્રતિક્રમણ; વાર્ષિક પ્રતિક્રમણ

સાંવરિયો ૧. પું આશક; પ્રેમી.
૨. પું. પતિ
૩. પું. શ્રીકૃષ્ણનું એક નામ.

સાંવરો ૧. પું. જવ માફેની એક કનિષ્ઠ જાતિનો ઘોડો
૨. વિ પું. રૂપાળો.

સાંવલા [હિ.] વિ. કાળુ; શ્યામળુ; શ્યામ; શ્યામલ

સાંવલિયા ૧. [હિ.] પું. શ્રીકૃષ્ણનું એક નામ.
૨. વિ. શ્યામળું

સાંવલી પુ. ઓળો.

સાંવલો [પ્રા.] પું સગાઈ
મોક્ષ પંથનો **સાંવલો**, સજ્જન જીવનો સાર.
આનંદઘનજી,૬.દધિ

સાંવા [હિ.] વિ. શ્યામક; શ્યામ.

સાંવાદિક ૧. [સં.] પું નૈયાયિક, ન્યાયશાસ્ત્ર જાણનાર.
૨. પુ. સવાદદાતા.
૩. વિ. લોકોને મોઢે બોલાતું; સાધારણ વાતચીતનું
૪. વિ. વાદવિવાદ કરનારું.
૫. વિ. સવાદને લગતું

સાંવ્યવહારિક ૧. વિ (જૈન) અનાદિ નિગોદમાંથી તથાવિધ સામગ્રીના યોગે પૃથ્વ્યાદિકના વ્યવહારમાં આવેલ
૨. વિ. વાજબી

સાંશ [સં. સ + અંશ] વિ. અંશ સહિત.
કેટલાકો બ્રહ્મને કેવળ નિરંશ માને છે અને કેટલાકો **સાંશ** માને છે. અણુભાષ્ય

સાંશયિક [સં. સશય + ઠક (ષ્ણ)] વિ શકવાળું; સદેહ પમેલ

સાંસ ૧. પુ. તડ; કાડ; ચીરો.
૨. પું. દમ જેટલો વખત
૩. [હિ.] પું. નિસાસો.
૪. પું વિચાર.
૫. [સં. સશય] પુ શંકા, સદેહ
૬. પુ શ્વાસ, દમ
૧ સાસ ખેંચવો = (૧) મરી ગયાનો ઢોંગ કરવો. (૨) લાંબો વખત સુધી શ્વાસ લેવો. (૩) શ્વાસ રોકવો
૨. સાસ ભરવો = નિસાસો નાખવો; હાંફવું.
૩. સાંસ રોકવો = ગૂંગળાઈ જવું
૪. સાસ લેવો = શ્વાસ લેવો
૭. સ્ત્રી. (જૂ. ગુ.) વાર; દીલ.

સાંસગ્રી [પ્રા. સંસગ્ગ] સ્ત્રી. છુપી ઉશ્કેરણી; છુપી મસલત.

સાંસત ૧. સ્ત્રી. તંગી; સાંસા
૨ સ્ત્રી ધીમાશ, ઢીલ
૩. સ્ત્રી. ધીરજ; સબૂરી

સાંસતિ સ્ત્રી. શિક્ષા.

સાંસતું ૧. વિ. ઓછું, થોડું
૨. વિ. ધીમું; નરમ; થાયું; ધીઠું; જુસ્સો નરમ પડ્યો હોય એવું
થોડા ધુમસતા, બીજે બંધાયે નહિ,
સાંસતાં પાડા સગા, આવી આભપરાના ધણી
દુહો
સાસતાં પાડવું = આશ્વાસન આપવું, ધીરા પાડવું.
૩. વિ. નરવું; અણગમતું; ન ગમે તેવું
૪. વિ. ભોળું; મૂર્ખ; કમનસીબ.
૫. વિ. સબૂરી રાખનું
૬. વિ. શ્વાસ લેતું; નહિ જીતાયેલું; ગાભરું.
સાસતા થવું = શ્વાસ લેવો, વિસામો લેવો..

સાંસડું ૧. ન. છિદ્ર; બાકું.
સૂઝતા પડે છે હરે **સાંસડાં** હો વાસલડી
દયારામ
૨ ન. આરપાર; એક છેડાથી બીજા છેડા લગી, સળગ

સાંસર્ગિક ૧ [સ] વિ સોબતને લીધે થયેલ.
૨ વિ. રપર્શજન્ય, ચામી

સાંસલેલ વિ. શ્વાસભર્યું

સાંસવું ૧. અ ક્રિ. શ્વાસ લેવો.
૨. અ. ક્રિ. સબૂરી રાખવી
૩. સ. ક્રિ. સોંપવું, સહન કરવું

સાંસહવું સ ક્રિ (જૂ ગુ) સાખવું, સહન કરવું
જોર જો ઝાઝું હોય, માર આપે **સાંસહવું** સોય
ઝવેર.સ

સાંસા ૧. પું. ન વ ન તંગી; અછત; ટાંચ.
સાંસા પડવા = અછત હોવી; તંગી આવવી.
૨. પું વ. ન ફાકાં; હાડમારી. બહુવચનમાં વપરાય છે
૩. પું. વ. ન મુશ્કેલી; વિડંબના; દુઃખ, આપત્તિ
૪ પું. વ ન સસ્તાં
૫. [સં. સશય] પું. (જૂ. ગુ.) સશય; શક; સકા.

સાંસાગડથલ (સાંસાગડથલ) સ્ત્રી. આડુ પાતળું સ્વાગત; ટેકની પરીક્ષા;ગત; કાલુંઘેલું થઈ જવું તે.

સાંસારિક [સ સસાર + ઇક (ને લગતુ)] વિ. સસારે સબધી; દુનિયાદારીનું; સામાજિક

સાંસાવાડ (સાસાવાડ) સ્ત્રી. સસલાં ન આવી શકે એવી વાડ.

સાંસિદ્ધિક ૧. વિ સ્વત:સિદ્ધ; સ્વેચ્છાથી બની આવતું
૨. વિ. સ્વભાવથી જ સિદ્ધ હોય તેવુ; બીજા કોઈ નિમિત્તથી નહિ થયેલુ; સ્વાભાવિક; કુદરતી; નૈસર્ગિક. જેમકે, જળમાં સાસિદ્ધિક દ્રવત્વ છે. એટલે સ્વભાવથી જળ દ્રવગુણવાળું છે.

સાંસી ૧. સ્ત્રી. બંગાળા તરફની એ નામની એક ભટકતી કોમ
૨. સ્ત્રી. વિલબ; ઢીલ.

સાંસુ જુઓ સાસો.

સાંસો ૧. પું. તંગી; ખોટ; તાણ.
૨. પું. મુશ્કેલી; આપત્તિ.
૩. પું. સસલું.
૪. પું. સંશય; શંકા; વહેમ; અંદેશો.
પ્રમાન કહું હું તુજને સાંસો થશે મિથ્યાય,
હમમાં વિધન પાયું ઓચિંતા આવી અત્ર.
વિશ્વામિત્ર-સિની
૫. પું હાડમારી, ફાંફાં

સાંસોટ અ. આરપાસ; સોંસરુ.

સાંસ્કારિક વિ સંસ્કારને લગતું, સંસ્કાર સબધી.
એ યાર હા સુધી આપણી સાંસ્કારિક એકતા આપણે બળવથી જોઈએ ને વધારવી જોઈએ.
કોમુદી

સાંસ્કૃતિક ૧. [સ.] વિ સસ્કૃતિને લગતું.
૨. વિ સસ્કૃત ભાષાને લગતું
કેટલાક દેશી શબ્દ ઘિસીને સસ્કૃતના આધાર ઉપર ચલાવી લેવામાં આવે સહેજસાજ કાર્યક્ષ સાંસ્કૃતિક આધાર આપી શકાય પુરાતત્ત્વ

સાંસ્તે અ (જૂ. ગુ.) ધીમેથી; આસ્તે આસ્તે.

સાંસ્થાનિક ૧. [સં.] પું. સંસ્થાનમાં સાથે વસતો દેશભાઈ.
૨. વિ. સંસ્થાનનું; સંસ્થાન સબંધી; સંસ્થાન જેવું.

સાંસ્થાનિકસ્વરાજ જુઓ સાંસ્થાનિક સ્વરાજ્ય.

સાંસ્થાનિક સ્વરાજ્ય ન. બ્રિટિશ સસ્થાનોને મળતું સ્વરાજ; ' ડોમિનિયન સ્ટેટસ '.
હેલ્લી કલકના મહારાજાનો મુખ્ય ઠરાવ એ હતો કે જ ૩૧મી ડિસેમ્બર ૧૯૨૯ સુધીમાં જો સાંસ્થાનિક સ્વરાજ્ય હિંદને ન મળે તો લાહોર મહાસભામાં સપૂર્ણ સ્વરાજ્ય જાહેર કરવું.
પ્રસ્થાન

સાંહિલ ન. (જૈન) ઓસવાળ વંશનું એ નામનું એક ગોત્ર. સવત ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને શ્રી જિનદત્તસૂરિજીએ તે સ્થાપ્યુ હતુ.

સાંહિવાલ ન. પંજાબમાં અમૃતસર પાસે આવેલું એ નામનું એક સ્ટેશન. ત્યાં ઢોર ઉછેરનો મુખ્ય ધધો છે
અમૃતસરમાં સાંહિવાલ ગાયો સૌથાનબંધ વેચાતી મળતી અને હરિયાણામાંથી પણ પુષ્કળ ગાયો સાધારણ આવે આવતી.

સિઆરક સ્ત્રી. એક જાતની તુર્કી લિપિ

સિઝેનેટ પું પત્થરની એક જાત.
ચમારીની ટેકરીમાં ' ગ્રાનિટ ' ' સિઝેનેટ ' અને ' નીસ ' એ પત્થરની જાતો મળી આવે છે
મુ. સયસંગ્રહ

સિઝ્ઝેલું [સં. સ્વયંપ્રભ] પું. સાપો; પમારો.

સિક [અં.] વિ. માંદું; રોગી.

સિકલું વિ (હ૰ભી) ભિખારી; બભુક્ષત, બીજાની પાસે ખાવાની જરૂર દેખી ખાવાની લાલચ કરનારું માણસ.

સિકતામેહ પુ. પ્રમેહના બીજ ભાદેનો એક પ્રકાર. તે કયી ધાત છે

સિકતા ૧ સ્ત્રી. પથરી રોગનો એક પ્રકાર. આ રોગમાં નાના નાના કકડા હોય તે રજકણ અને જેમાં રેત હોય તેને સિકતા કહે છે.
૨. સ્ત્રી. રેતાળ પ્રદેશ.
૩. [સં.] સ્ત્રી. રેતી; વેળુ

સિકદાર પું. એ નામની ભટકતી એવરેસ્ટનો મહા શોધક એક બંગાળી સાહસ વીર. તેનું આખુ નામ રાધાનાથ સિકદાર હતું. તેનો જન્મ ઈ. સ. ૧૮૧૩માં કલકત્તામાં એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયેલો. ૧૮૨૪મા એ હિંદુ કોલેજમાં દાખલ થયો અને નવ વર્ષ લગી ત્યાં અભ્યાસ કર્યો. અભ્યાસનાં છેલ્લાં વર્ષો દરમિયાન એનું મન ગણિત તરફ વળ્યું અને એમના અધ્યાપક ડૉ. ટીટલરે એમને ગણિતમાં તૈયાર કરવા માંડ્યો. ડૉ ટીટલરે એમને સંસ્કૃત ભાષા શીખવા અને તેમાં લખાયેલાં ગણિતના પ્રમાણભૂત પુસ્તકો અંગ્રેજી ભાષામાં ઉતારવા કહેલું અને રાધાનાથે સસ્કૃત શીખવા પણ માંડેલું; પરંતુ કુટુંબની ગરીબ સ્થિતિના કારણે તેમને કયાંક પણ નોકરીએ લાગ્યા વિના છૂટકો ન હતો. ડૉ. ટીટલરે જ એ વખતના સર્વેયર જનરલ સર જ્યોર્જ એવરેસ્ટ ઉપર ભલામણ કરી આપી અને એવરેસ્ટે તેમને માસિક રૂા. ૪૦ના પગારે પોતાના ખાતામાં મોજણીદાર તરીકે જગ્યા આપી. ઈ. સ. ૧૮૩૨માં મોજણીખાતામાં જોડાયા પછી પણ રાધાનાથે પોતાનો ગણિતનો અભ્યાસ આગળ ચાલુ રાખ્યો. એમના ખતને લઈને એ એવરેસ્ટના પ્રીતિપાત્ર બન્યા અને તે પોતે એમને ન્યૂટન અને લાપ્લાસના સિદ્ધાંતો શીખવતો. રાધાનાથે ગણિતમાં એવી પ્રવીણતા પ્રાપ્ત કરી કે, એમના ખાતામાં એ અનિવાર્ય થઈ પડ્યો. ઈ. સ. ૧૮૩૭માં હિંદુ કોલેજના વિદ્યાર્થીઓમાથી હોશિયાર વિદ્યાર્થીઓને ડેપ્યુટી કલેક્ટરપદે મૂકવાનું નક્કી થતાં રાધાનાથે પણ એ કોલેજના ભાજી વિદ્યાર્થી તરીકે અરજી કરી અને જ્યોર્જ એવરેસ્ટ પાસે પોતાની ભલામણ માટે માગણી કરી. એવરેસ્ટને પોતાના ખાતામાંથી આવો શક્તિશાળી માણસ ગુમાવવો પરવડે તેમ નહોતું એટલે તેણે ડેપ્યુટી કલેક્ટર પદ માટે ભલામણ કરવાને બદલે રાધાનાથનો પગાર વધારી આપવાની ભલામણ સરકારમાં કરી. એવરેસ્ટની આ ભલામણ સ્વીકારાઈ. ઈ. ૧૮૪૩માં એવરેસ્ટની નિવૃત્તિ પછી એના સ્થાને આવેલો સર એન્ડ્રૂ વો પણ રાધાનાથની કામગીરી ઉપર એટલો જ ફિદા હતો. વોએ પણ સરકારને ભલામણ કરીને તેનો પગાર વધારાવી આપેલો. ૪૦ રૂપિયાથી વધતો જઈને રાધાનાથનો પગાર આમ ૬૦૦ રૂપિયા પર પહોંચેલો. ઈ. સ ૧૮૫૨ની એક સવારે તેણે પોતાના અમલદારને કહ્યું કે, સાહેબ, દુનિયાનું સૌથી ઊંચુ શિખર એવરેસ્ટ મેં શોધી કાઢ્યુ છે. આમ છતાં તેનું નામ પોતાના જ દેશવાસીઓની સ્મૃતિમાથી લગભગ ભૂંસી પડ્યુ છે. અનેક વર્ષો સુધી હિમાલયનો પથ્થરે પથ્થર ફરી વળીને એ આખા ય પ્રદેશની અસાધારણ માહિતી મેળવનાર અને ભૂતનીરિક્ષણથી સંપાદેલા અનુમાનને મોજણીના ચોક્કસ આકડાઓના પ્રમાણ દ્વારા સિદ્ધ કરી આપનાર આ હિંદીને બળે હિમાલય અને તેના સર્વોચ્ચ શિખર

સાથે કોઈ નિસ્બત જ ન હોય એમ એ વિસરાઈ ગયો છે. એવરેસ્ટ સર થયું ત્યારે કવચિત ક્રમાંક એના નામનો નિર્દેશ થયેલો પણ એથી આગળ વધીને એના નામને ભાવિ પેઢીની સ્મૃતિમાં તાજું રાખવાનો કશો જ પ્રયત્ન થયો નથી પામ્યો. વસ્તુતઃ તો આજે એવરેસ્ટ નામે દુનિયાભરની જીભે ચડી રહેલા શિખરના શોધક રાધાનાથ સિકદાર જ છે જેનું નામ નથી. એ શિખરને તેનું હાલનું નામ આપવામાં આવ્યું છે એ સર જ્યોર્જ એવરેસ્ટ તો એ વખતે હિંદમાંની પોતાની નોકરીથી નિવૃત્ત થઈને ઇંગ્લંડમાં શેષ જીવન ગાળી રહ્યા હતા. આ વસ્તુ એમને પણ અજ્ઞાત હશે. સર જ્યોર્જ એવરેસ્ટ ઓગણીસમી સદીની બીજી પચીસીના ગાળામાં હિંદના સર્વેયર જનરલ હતા. રાધાનાથ એમના હાથ નીચે કામ કરતા. તેમના પ્રત્યે એમને અને એમની પછી એમના સ્થાને આવેલા સર એન્ડ્રૂ વોને ખૂબ માન હતું. રાધાનાથ જેવો બીજો નિષ્ણાતગણિતી એ સમયે એ ખાતાને મળવો મુશ્કેલ હતો. આ એન્ડ્રૂ વોએ જ રાધાનાથે કહેલા જગતના સર્વોચ્ચ શિખરને પોતાના પુરોગામી અને ખ્યાતનામ ભૂસ્તરશાસ્ત્રી સર જ્યોર્જ એવરેસ્ટના નામ ઉપરથી એવરેસ્ટ નામ આપી દીધું અને રાધાનાથે પણ એ સામે કશો વાંધો ન લીધો. વખતના વહેવા સાથે આ શિખરની શોધ જેડે રાધાનાથને જાણે કશી જ નિસ્બત ન હોય તેવો ભ્રમ પેદા થયો. હિંદ સરકારના જોજનીખાતા તરફથી બહાર પડેલા 'મેન્યુઅલ ઓવ સર્વેયિંગ'ના મુખપૃષ્ઠ ઉપર ૧૮૫૬ની પહેલી અને ૧૮૫૨ની બીજી આવૃત્તિમાં રાધાનાથનું નામ મૂકવામાં આવેલું, એટલું જ નહિ પરંતુ એ ગ્રંથનો અમરામાં અમરો વૈજ્ઞાનિક ભાગ રાધાનાથે લખેલો તે બદલ પ્રસ્તાવનામાં તેમનો આભાર ઋણસ્વીકાર પણ કરવામાં આવેલો. પરંતુ ૧૮૭૫ના સપ્ટેમ્બરમાં બહાર પડેલી તેની આ ત્રીજી આવૃત્તિમાંથી એ વખતના સર્વેયર જનરલ કર્નલ એચ. એલ. યુર્ડ સિયરે એ નામ તથા ઋણસ્વીકાર સમૂળગા ઉડાવી દીધા. રાધાનાથ પોતે તો એ વખતે જીવતા નહોતા, પરંતુ જાગ્રત આત્મસન્માનવાળા હિંદીઓએ અને ન્યાયપ્રિયતાનો જેમનામાંથી લોપ નહોતો થયો એવા અંગ્રેજોએ પણ એ સામે વાંધો ઉઠાવ્યો, પરંતુ શરતચૂકનું બહાનું આપીને યુર્ડ સિયર છટકી ગયો અને રાધાનાથનું નામ ભૂંસાયેલું જ રહ્યું. હિંદના શાસન તરીકેનું ગુમાન ધરાવતા ગોરા માણસની આ એક કપટચાતુરી જ હતી, જેના પરિણામે એક હિંદીને તેની અસાધારણ કામગીરીના વાજબી યશથી વંચિત બનાવી દેવામાં આવ્યો છે. હજુ તાજેતરમાં જ બહાર પડેલા જોન મરેના 'એ સ્ટોરી ઓવ એવરેસ્ટ'માં હિમાલયના સર્વોચ્ચ શિખરની શોધનો યશ મોજણીખાતાના એક એંગ્લો ઇંડિયન કર્મચારી હેનેસીના નામે ચડાવી દેવામાં આવ્યો છે. એ બદલ કશા પુરાવા આપવાની જરૂર એના લેખકને નથી જણાઈ. 'ધી મેન્યુઅલ ઓવ સર્વેયિંગ'માંથી રાધાનાથનું નામ નીકળી જવા બદલ કર્નલ યુર્ડ સિયરે આપેલું બહાનું તદ્દન વાહિયાત છે. એની ત્રીજી આવૃત્તિ બદલ સર્વાંશે એ જ જવાબદાર છે. એ બહાના સામે 'ફ્રેન્ડ ઓવ ઇન્ડિઅ' પત્રે તો તેના તા. ૪થી નવેંબર ૧૮૭૫ના અંકમાં સીધો એવો આક્ષેપ કરેલો કે, ઇંગ્લંડની રોયલ સોસાયટીના ફેલો ચૂંટાવા માટે એ આખું મેન્યુઅલ પોતાના જ પરિશ્રમનું ફળ હોવાનું યુર્ડ સિયરે જણાવેલું અને એટલા ખાતર જ રાધાનાથનું નામ ઊડાવી દીધેલું. જેનો જવાબ એ આપી નહોતો શક્યો. આ ઉપરથી ધી ઇંગ્લિશ મેન, પાયોનિયર, સ્ટેટ્સમેન, હિંદુ પત્રિકા વગેરે પત્રપત્રિકાઓએ પણ એ સામે ઊહાપોહ મચાવેલો, જેમાં લેફ. કર્નલ જોન મેડ્રોનલ્ડ નામના જોજનીખાતાના અધિકારીએ ૧૮૬૬ના જૂનની તા. ૧૭ અને ૨૪ના ઇંગ્લિશમેનમાં રાધાનાથને થયેલો અન્યાય દૂર કરવાની જોરદાર હિમાયત કરતાં યુર્ડ સિયરે એના સામે શિસ્તભંગનાં પગલાં લેવા તે વખતની સરકારને જણાવ્યું અને સરકારે તેને ત્રણ મહિના સુધી સસ્પેન્ડ કરીને પછી નીચી પાયરીની જગ્યાએ ઉતારી મૂકયો. આ હતો એક ભલા અધિકારીને તેના સત્યપ્રેમ અને સ્પષ્ટ વક્તૃત્વનો મળેલો બદલો. ૩૦ વર્ષની સેવા બાદ રાધાનાથ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા હતા. બે વર્ષ રહીને ૧૮૬૪માં તેણે હિમાલયનો ફરી એકવાર વિસ્તૃત પ્રવાસ ખેડ્યો ત્યારે દહેરાદૂનથી એ વખતે પ્રસિદ્ધ થતા 'હિલ્સ' નામના વિજ્ઞાન વિષયક સામયિકે તેની સેવાઓ બદલ એને ભાવભર્યું ભાવપૂર્ણ અંજલિ આપેલી. ઈ. સ. ૧૮૭૦ના મેની ૧૭મીએ એનું અવસાન થયેલું તેણે વિશ્વના એક ઊંચામાં ઊંચા ગૌરવશાળી હિમાલયના શિખરની શોધ કરી તે સંબંધમાં ડો. શ્યામપ્રસાદ મુકરજીએ ગ્રીનવરથી કલકત્તા સુધી લખી મોકલ્યું હતું કે, આપણા મિત્ર અર્લકરણ જેવી જ મિત્ર આળોટવાનો અમે અનુભવ કરી રહ્યા છીએ, અથવા તો આળોટવા મારી મિત્ર તબિયત અથવા તેઓ પ્રથમ શિખર પર પહોંચ્યા હોવા છતાં તેમને મળેલ મિત્ર આવકાર જેવી છે. કલકત્તા તેનું નિર્જીવ સ્વાગત કરશે આ ઊંચી અને ગૌરવશાળી પર્વતનો ખરો શોધક એક બંગાળી સર્વેયર હતો. તેનું નામ સિકદાર હતું. છતાં બાર સાળ એવરેસ્ટ તેનું માન એકલા ખાટી ગયા. જીવન એવું જ છે

સિકતિલ [સં.] વિ. રેતાળ; રેતીવાળું

સિકત્થ ૧. પું વેદમાં વપરાયેલું રત્નનું એક નામ.
૨. વિ. રેતીમાં રહેવાવાળું

સિકલ ૧. [અ. શકલ] સ્ત્રી. આકાર; સ્વરૂપ; ઘાટ
૨. સ્ત્રી. દેખાવ; ઢોળ; ઢંગ
૩. સ્ત્રી. મુખવટો; ચહેરો, મુખાકૃતિ.
૪. સ્ત્રી. રોનક; તેજ
સિકલ કરવી = ઘસીને સાફ કરવું; ઓપ ચડાવવો; ઘાટ ચોકસ દરિયારને ઘસી ચકચકિત કરવું.

સિકલીગર ૧. પું. ઓપણિયો; ઓપ દેનારો; ઓપ ચડાવનાર કારીગર
૨. પું. હથિયાર વગેરે ઘસીને તીક્ષ્ણ કરનાર કારીગર; સરાણિયો.

સિકલીન [અં.] સ્ત્રી. માદગીની રજા.

સિકંચો પું. સંચો; સડંચો; યંત્ર.

સિકંજા [ફા. શિકન્જ] પું. દાવપેચ; સકંજ

સિકંદર ૧. [ફા.] પું. ગ્રીસનો મહાન સહેનશાહ અલેકઝાંડર.
સિકંદરની પૂતળી = મહાસમુદ્રના મધ્યમાં જ્યાં ચમકતો પહાડ હોય ત્યાં જો વહાણ જાય તો ડૂબી જાય માટે જેથી દૂર રહો, દૂર રહો એમ દર્શાવવા ઊભી કરેલી મૂર્તિ.
૨. પું. નસીબ; ભાગ્ય.
૩. પું. સુભાગ્યપણું, ઉન્નતિનો સિતારો.
સિકંદર ચડતો હોવો-દહાડો હોવો-પાસરો હોવો = નસીબની અનુકૂળતા હોવી; ચડિયાતો દિવસ હોવો; આબાદીનો વખત હોવો.
૪. વિ. ઠગ; ધુરંધર.
૫. વિ. ફતેહમંદ; જયકારી, વિજયી

સિકંદરાબાદ ન. ઉત્તર ભારતમાં, આગ્રાથી પાંચ માઈલ દૂર આવેલ એ નામનું એક ગામ. એમ કહેવાય છે કે, અગાઉ ત્યાં સિકંદર લોદીની રાજધાની હતી. મહાન અકબર બાદશાહની કબર પણ ત્યાં આવેલી છે. બાનો કીર્તિસ્તંભ અકબરે બંધાવવાનો આરંભ કરેલ, જહાંગીરે તે પૂરો કરાવ્યો. તેણે અસલના નમૂનામાં કેટલાક ફેરફારો કરાવ્યા હતા. તેનું ચણતર ૧૬૦૬માં

શરૂ થયેલ, ૧૬૧૨માં પૂરું થયેલ. તેમાં રૂપિયા ૧૫ લાખનું ખર્ચ થયું હતું. અહીંનો કીર્તિસ્તંભ બહિશ્તાબાદના ૧૫૦ એકર પહોળા ઉદ્યાનમાં ઊભો કરાયો છે. દરેક દીવાલ આરસની એક મજબૂત રંગીન પથ્થરનો સુશોભિત દરવાજો છે. પશ્ચિમી બાજુ મસ્જિદના ઉપયોગમાં આવતો પ્રવેશદ્વાર દક્ષિણ દિશામાં આવેલું છે. ત્યાં એક ૭૪ ફૂટ ઊંચો ભવ્ય દરવાજો ત્રીજો કરવામાં આવ્યો છે. દરવાજો બહુ જ સુંદર અને સુશોભિત છે. દરવાજાની ચોમેર ચાર નાના ઘુમટવાળા મિનારાઓ ચણવા કરાયા છે. દરવાજાની મધ્યમ સંગીતખંડ અને નોબતખાનું આવેલાં છે. ભવ્ય કીર્તિસ્તંભના નીચેથી માંડી મોટામાં મોટા ચણતરમાં મોગલાઈની લાક્ષણિક ચિત્રકળા અને શિલ્પી કામ કોતરેલાં દેખાય છે. કીર્તિસ્તંભના મધ્યખંડમાં વચ્ચોવચ આકબર બાદશાહની કબર છે. અગાઉ ત્યાં કીમતી ગાલીચા અને શેતરંજીઓ પથરાતી. કબરના પથ્થરને ફરતી સોનાપાની કિનારીવાળી જાળ જડવામાં આવેલી છે. કબરની બાજુમાં જ અકબર બાદશાહની શમશેર, ઢાલ, પાઘડી, પગરખાં અને ઓઢ ચડાવેલ કીમતી પુસ્તકો રખાયેલા હતાં. કહેવાય છે કે, ૧૭૬૪માં જ્યારે મહારાજા સવાઈજયસિંહે (જયપુરનો રાજા) આગ્રા શહેરને લૂંટવું હતું ત્યારે આ સમાધી ચણીને લૂંટાઈ ગયેલી. કિંમતી ઝાંગડોક પણ કબરમાં આવેલી. આગળના જમાનામાં આ ભવ્ય ખંડની અંદરમાં ચોમેર સુશોભન અને બારમાસની રંગના ભવ્ય ચિત્રો જોવામાં આવતા. બાદશાહની કબર પાંચના ઊંચાસન ઉપર બીજી બે નાની નાની કબરો આવેલી છે. એ કબરો અકબરની બે પુત્રીઓ શેખુરુન્નિસા અને આરામબાનુ બેગમની છે. વળી ત્રીજી કબર શાહઆલમ બીજાના પુત્ર મિરઝા સુલેમાન શેખની ત્યાં ઊભી કરાઈ છે. સૌથી ઉપરના માળે એક ઝારસપહાડુનો એક ભવ્ય શિલાલેખ જોવામાં આવે છે. તે બરાબર બાદશાહની કબરના ઘુમટની ઉપર જ રખાયેલો છે. તેમા બહાના નામ અને ગુણનું બયાન કરવામાં આવ્યું છે

સિક્કલ જુઓ સિકલ.

સિક્કાઈ ૧. જિ સિક્કાદાર, ઊંચી જાતનું; બનાવટી નહિ તેવું; સક્કઈ

૨. જિ સુંદર; મજેનું.

સિક્કાદાર ૧ [અ. સિક્કા (છાપ) + દાર (વાળું)] જિ છાપવાળું; જેની ઉપર છાપ મારેલી હોય તેવું

૨ ન સુંદર દેખાવનું; ભભકાદાર; સરસ | ચટેગવ.ગુ

સિક્કાબંધ ૧. જિ બીડેલું, બનાવટ; છાપબંધ રાખી મૂકેલું; અકબંધ; વપર છોડેલું કે વાપરેલું હોય તેવું

૨ જિ. મહોર કે છાપવાળું; જેની પર છાપ મારેલી હોય તેવું

સિક્કારાજ્ય ન ધાતુ વગેરેના સિક્કાઓ ઉપરથી ઇતિહાસ ઉકેલવાની વિદ્યા; પ્રાચીન સિક્કાઓ ઉપરથી કુશાની પુરાતત્ત્વ દ્વારોનું જ્ઞાન, મુદ્રાપરીક્ષાનુંશાસ્ત્ર. નિમિસ્મેટિક્સ, મુદ્રા રાજ્ય, 'ન્યુમિસ્મેટિક્સ'

સિક્કે અ. સુધી

ખૂબ ઉંમરના બાળ કમબખ્તની લડાઈ દરમ્યાન નાના બાળકો સિક્કા બિનાજામાથી ઠમણી લેવામા આવેલાં. નવજીવન

સિક્કેદાર જી કુદરતની આકૃતિવાળી મહોર કે છાપ

સિક્કો ૧. [અ સિક્કા (છાપ)] પું. ચલણી નાણું; અમુક ચોક્કસ વજન, આકાર અને છાપવાળું ધાતુનું નાણું સરકાર તરફથી પાડવામાં આવે છે તે. જે સિક્કા કાયદાથી ઠરાવેલા પોરખ મુજબ પૂરેપૂરા વજનના હોય તેને 'પુરું નાણું' (Good money) કહે છે; જે વધારે વજનના હોય અગર જેની કીમત કાયદાથી ઠરાવેલી કીમત કરતા બજારમાં વધારે કિંમતની હોય તેને 'ભારે નાણું' (Heavy money) કહે છે અને જે ઓછા વજનના હોય અગર જેની કીમત બજારમાં ઓછી કિંમતની હોય તેને 'હલકું કે દીકૃસ્ત નાણું. (Weak or bad money) કહેવામાં આવે છે. જે સિક્કા ફક્ત ઘસારાને લીધે હલકા થયા હોય તેને 'ઘસાયેલું નાણું' (Worn money) પણ કહે છે અને તે ઘસારાને 'સિક્કાનો ઘસારો' (Abrasion) કહે છે. સિક્કામાં વપરાયેલી ધાતુની કીમત પ્રમાણે સિક્કાનું જે મૂલ્ય થાય તેને 'સિક્કાનું અર્ક મૂલ્ય અથવા ધાતુઈ મૂલ્ય' (intrinsic or metallic value) કહે છે અને કાયદાથી નક્કી થયા મુજબ તેનું લેવડ દેવડ માટે જે મૂલ્ય ચલણમાં હોય તેને 'ચલણી મૂલ્ય' (Nominal or face value) કહે છે આ રીતે રૂપિયાનું ચલણી મૂલ્ય વધારે છે. ત્યારે તેમાં એક રૂપિયાની કીમતની ચાંદી ન હોવાથી તેનું ખરું મૂલ્ય કે ધાતુઈ મૂલ્ય ઓછું છે. કોઈ પણ દેશના ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્યના મરોપિનકાર્યમા સિક્કાઓનું મુખ્ય સ્થાન છે જે નાનો સિક્કાઓના મહત્ત્વને સમજે છે તેઓને માટે સિક્કો એક અમૂલ્ય વસ્તુ થઈ પડે છે. આવા સિક્કાઓ દરેક સમયમા શાસન, શાસનાધિકારીઓ તરફથી ચલાવવામા આવે છે. પ્રાચીન સમયમા પણ સોના, ચાંદી, તાંબુ, સીસું, ચામડું અને તેવા અનેક જાતના સિક્કાઓ ઉપયોગ માટે પ્રચલિત કરવામાં આવતા હતા. એમા કોઈ કોઈ રાજાઓ પોતાની આકૃતિઓ છાપતા, સવત છાપતા, પોતાના મુદ્રાલેખો કે લેખ છાપતા અને એવી રીતે એ નાણું પ્રચલિત કરતા. આવી રીતે એ નાનાં ચિહ્નો અંદર પણ સંસ્કૃતિનો મોટો ઇતિહાસ સમાયેલો હોય છે. હિંદુસ્તાનમાં જુદાં જુદાં સરકારી સમાજસ્થાનોમા આવા સિક્કાઓનો સંગ્રહ પણ જોવામાં આવે છે. બરપનાં સમાજસ્થાનોની જેમ જાહેરનીય સમાજસ્થાનોમાથી પણ કેટલાંક સૂચિપત્રો બહાર પડવા લાગ્યા છે. સરકારી સમાજસ્થાનો સિવાય હવે તો કેટલીક ખાનગી સસ્થાઓ અને વ્યક્તિઓ પણ આવા સિક્કાઓનો સંગ્રહ કરે છે. જેમાનો એક સંગ્રહ શિવપુરીના પૌરાણત્ત્વ પ્રકારાક મડલના પુરાતત્ત્વાલયમાં મુનિશ્રી વિદ્યાવિજયજીના પ્રયત્નથી કરાયેલ છે. આ સંગ્રહમાં ઈ.સ. પૂર્વે ૧૨૦ની સાલના ઇન્ડો-ગ્રીક સિક્કા છે. તે પછી ઈ.સ.ની પહેલી શતાબ્દિથી શરૂ કરીને વર્તમાન સમય સુધીના લગભગ એક હજાર સિક્કાઓનો સંગ્રહ છે, જેમા ઇંડોગ્રીક, ઇંડોપાર્થિઅ., કુશાન, અવન્તિકા, ક્ષત્રપ, ગુપ્તવશ, ઇંડો સેસનીઅા, ચીન, જપાન, સેસનીઅા, ડચ, પોર્ટુગીઝ, ફ્રેંચ, તુર્કી, અમા, ઈરાની, અરબ, ગ્રીક, મુનાની, ગુજરાતના સુલતાન, માળવાના, સુલતાન, દિલ્હીના મોગલ બાદશાહો, હોળી વશ, ખીલજી વશ, મસ્તક અને ઉમા, તઘલખવશ, ગુલામવશ, સૂર વશ, બ્રિટિશ ઉપનિવેશો અને દેશી રાજ્યોના સિક્કાઓનો સમાવેશ થાય છે અ. સિક્કાઓનું વર્ગીકરણ હ.સમા કરવામાં આવ્યું છે અને એક સુંદર પેટીમાં વિભાગવાર રાખવામા આવેલ છે કે જેથી કોઈ પણ સમયે, કોઈ પણ સજ્જનો સિક્કો સહેલાઈથી કાઢી શકાય છે. ગુજરાત રાજ્યની રોયલ એશિયાટિક સોસાયટીમાં અનેક પ્રાચીન અને અમૂલ્ય પુસ્તકો ઉપરાત સોના ચાંદીના સિક્કાઓ, મહોરો, પ્રાચીન ખંડેરોમાથી મળી આવેલી વસ્તુઓ પ્રસાદિ રાખવામાં આવેલ છે. બીજો એક અજાયબીભર્યો ભંડાર જૂના સિક્કાઓનો છે આશરે દસ હજાર ઉપરાત સોના, ચાંદી, તાંબા તથા સીસાના સિક્કાઓની નામાવલી પરથી જણાય છે કે, પાંચ તોલા સોનાનો એક સિક્કો સૌથી અદ્વિતીય

જતો હતો બાદશાહ અલ્લાનો સમયનો આ સિક્કો ખાસ પ્રેમના ઉદ્ગાર બોલ્યા અને અંકિતબાબત કોર્ટ ફ્રેન્ચમાં કરવું ફરજિયાત ઉપદ્રવ નહિ કરવા બાબત બાબતો. આ સિક્કા અલબુમ તે હતા બાદશાહ ટકાબાદમાં આ સિક્કા બનાવ્યા છે બાબ સિક્કા પરથી જણાય છે આ ઉપર ૧ એક તારીખનો અને બીજી ૧૬ ૫૬ ૧૮ ૧૯૧૦ ૧૯૧૧, ૧૯૧૨ તારીખ સિક્કા જાહેરાતના સમયના છે આ સિક્કા પર ચલણ રાજા આ સમયમાં રાજા વીર ને નૂરજહાંની છાપ અને નામવાળા સિક્કાઓ અપ્રાપ્ય ગણાય છે અને તેના નમૂના પણ આ સમયમાં છે. રાણી નૂરજહાંએ એક હુકમ આપ્યો કે, બાદશાહની છાપ અને નામ સાથે નૂરજહાંનું નામ અને છાપ પણ ચલણી સિક્કાઓ પર કોતરાવવાં. વિલાસી જહાંગીર તો રાજ્યના વૈભવમાં ચૂર રહેતો અને તેનો કારભાર નૂરજહાં ચલાવતી. આથી તેના નામ અને છાપ સિક્કાઓ પર ચાલુ કરવા તેણે આદેશ કર્યો. સિક્કાઓની એક બાજુ આવી છાપ અને નામ હોય છે અને બીજી તરફ ઓગીસ રાજાઓમાંથી એકાદનું નામ હોય છે. એમ માનવામાં આવે છે કે બાદશાહ જ્યારે રાજધાની બીજી પ્રયાસે નીકળતો અને કોઈક સ્થળે રહેતો ત્યારે જે નક્ષત્ર ચાલતું હોય તે જ નક્ષત્રની છાપ અને નામ સિક્કાઓ પર છાપવામાં આવતા. રેલ્વે વ્યવસ્થા બીજાના સમયનો મુંબઈની જ ટંકશાળમાં બનેલો તાંબાનો સિક્કો બ્રિટિશ ઇન્ડિયા કંપની સરકારે ચાલુ કર્યો હતો. એની વિશિષ્ટતા એ છે કે, સિક્કાની એક બાજુએ સમુદ્રમાં જતી એક નૌકાનું ચિત્ર છે અને બીજી તરફ ટંકશાળનું નામ વગેરે છે. છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં ચાલતો તાંબાનો એક સિક્કો છે તેની એક તરફ "શ્રી રાજા શિવ છત્રપતિ" લખેલ છે અને બીજી બાજુએ શિવાજી મહારાજનું ચિત્ર અંકિત કરેલ છે પાંચમી સદીમાં ગુપ્ત રાજા કુમારગુપ્તના સમયનો એક સોનાનો સિક્કો છે એમાં એક બાજુ સદ્ભીજી અને બીજી બાજુએ કુમારગુપ્ત જોવા છે. આ ઉપરાંત રાજા સામંતના સમયના ચાલતા ચાંદીના સિક્કાઓ પણ છે. તે કદમાં આઠ આની જેવડા છે. એક તરફ બોધિવૃક્ષ નદી અને બીજી બાજુ ઘોડેસવાર બેઠેલો રાજાની તે પર છાપ છે. માત્ર બાજુ નિશાનીવાળા. સિક્કાઓના મુખે ચંદ્ર અને સૂર્ય એક તરફ આપેલા છે આ ચાંદીના સિક્કાઓ ઈસ્વી ૧૫ આઠમી સદીમાં પ્રચલિત હતા એમ મનાય છે કોઈ પણ રાજાની છાપ આ સિક્કાઓ ઉપર નથી. આ ઉપરાંત મુસલમાની રાજાઓના સિક્કાઓ પણ છે જેમ તુર્ક સ્થાને અલ્તમશ, અલ્લા ઉદ્દીન, મુબારક ઇત્યાદિના સોના ચાંદીના અને તાંબાના સીસાના. સિક્કાઓ છે. બાદશાહ બાબરથી બહાદુરશાહ બાદશાહના સિક્કાઓમાં જુદાજુદા સિક્કાઓ બાબત બાબત બાબ બાબ છે સિક્કાના મથાળે ઉપરાંત મહારાજા રાજાધિરાજ. સોના ચાંદીના છાપવાની મહોર પણ જોડાય છે. આ મહોર પર સિક્કાદાર મહારાજાનું નામ, વર્ષ અને દેવદેવીઓના નામ વગેરે હોય છે

૨. પું. છાપ મહોર; ધાતુ વગેર ઉપર પાડવા નિશાની.

૩. પું. દેખાવની જાતક તે; ઘાટ; ચહેરો

૪. પું. પ્રભાવ.

૫. પું. ઠપ્પાની નિશાની; ડઠ્ઠો.

૬. પું. મોટી લાખોટી; રમવાનો પથ્થરનો લાખોટો.

૭. પું. રાજાના નામની છાપ જે તેની સહીને ઠેકાણે વપરાય છે તે; મહોર; રાજમુદ્રા.

સિક્કા કરવો-ઠોકવો મારવો-લગાવવો . (૧) કામ સફળપણે પાર પાડવું (૨) મહોર કે છાપ પાડવી. (૩) સલા બેસાડવી; પ્રતિષ્ઠા જમાવવી.

સિક્ખા ૧ [સ. શિક્ષા જી. (પ્રાકૃત)] કેળવણી; શિક્ષણ

૨ જી. કોઈ વ્યંજનના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર રાજ્ય

સિક્ખાવ્વય [સં. શિક્ષાવ્રત] ન. (પ્રાકૃત) શ્રાવકનાં નવથી બારે સુધીનાં ચાર વ્રત; શિક્ષાવ્રત.

સિક્ખિઅ [સ શિક્ષિત] વિ. (પ્રાકૃત) શીખેલું, અભ્યાસ કરેલું

સિક્ત [સં] વિ સિંચેલું, છાંટેલું

સિક્તમણિમાલા પુ (વિજ્ઞા.) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, સિક્તમણિમાલા. તે જગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, રગણ, તગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે

સિક્તાક્ષ ન સિંધુ દરિયા આવેલું એ નામનું એક તીર્થ.

સિક્થ ૧. [સ.] ન. ભાત.

૨. ન. મીણ.

સિક્થક ૧ [સ પુ ઉકાળેલા ચોખા

૨ પું. ચોખા વગેરેનો કોળિયો

૩. ન. મીણ.

સિક્યુરિટિ ૧ સ જી. જામીનગિરી, હ.મી.

૨ જી. સલામતી

૩ જી. હમીરગીર, જમીન

સિક્યુલર ન ધર્મનિરપેક્ષ રાજ્ય, જ્યાં રાજ્ય પ્રકારના રાજ્ય બંધારણમાં વિવિધ સંપ્રદાયો હોવા છતાં પણ બંધારણ સંપ્રદાયિક રાજ્યનું વિશેષ છે અને બધાને માટે ધર્મનિરપેક્ષ રાજ્યની કલ્પના કરે છે ધર્મ, જાતિ વગ, વિશ્વાસ કે જ્ઞાતિના કોઈ પણ ભેદભાવ વિના બધાને માટે એક સામાન્ય નાગરિકતાનો નિયમ કરવામાં આવ્યો છે. આ પ્રકારે રાજ્ય તરફથી જે સેવાઓ થશે, તે બધા નાગરિકોમાં સમાનરૂપે વિભાજિત થશે બંધારણનો દરેક નાગરિક પોતે મનપસંદ ધર્મનું આચરણ, પ્રચાર કરવાને સ્વતંત્ર રહેશે. સરકાર ધાર્મિક બાબતોમાં કોઈ પ્રકારના હસ્તક્ષેપથી નહિ થાય તેમજ કોઈ વિશેષ મતની સાથે પક્ષપાત પણ નહિ કરે કે કોઈ મતવિશેષનો પ્રચાર પણ નહિ કરે. આ ઉદ્દેશનો આધાર એ વિચાર છે કે, ધર્મનિરપેક્ષ રાજ્યનું કામ કેવળ મનુષ્ય અને મનુષ્યના સંબંધોનું નિયંત્રણ કરવાનું છે, મનુષ્ય અને પરમેશ્વરના સંબંધોનું નહિ. રાજ્ય અન્ય મનુષ્યોની સાથે કોઈ વ્યક્તિના વ્યવહારનું નિયંત્રણ કરશે.

સિક્ષા ૧. [સં.] જી. ઉપદેશ; શિખામણ.

૨. જી. અભ્યાસ તે.

સિખામણ જી. (બજ) શિખામણ.

સિગડી (સિગડી) [હિં] જી. સગડી.

સિગરામ પું શિગરામ; સગરામ; એક વાજિંત્ર.

સિગાર [અં.] જી. કાગળના બૂંગળામાં તમાકુ ભરીને વાળેલી બીડી, વિલાયતી બીડી

સિગારેટ જુઓ સિગાર.

સિગ્નલ ૧. [અં.] પું.; ન દૂરથી ખબર આપવાની નિશાની કે તે માટેની યોજના

૨. પું. ન. રેલવેનો હાથ

૧. સિગ્નલ આપવો = ગાડીને રેલવેના હાથની નિશાની બતાવવી.

૨. સિગ્નલર પાડવો = રેલવેના હાથને કલ વડે નમાવવો.

સિગ્નલર [અં.] પું તાર માસ્તર.

સિગ્નલિંગ [અં.] ન અંતર ઉપર નિશાની બતાવવાની રીત. વાવટા, ફાનસ, ધૂમાડો, અવાજની નિશાની જેવી કે ઘંટ વગેરે વગાડવા ટેલિગ્રાફ અને ટેલિફોન આ બધી નિશાનીઓ

છે સરહદી અને નાકાદળના કામ માટે અને વહાણ ઉપર માણ કરીને અંદરના સમય અને વહાણ ભયમા હોય છે તો કિનારા ઉપર ચેતવણી માટે સિગ્નલિંગ કામનું છે. મોર્સ પદ્ધતિ અને તેના ફેરફારો સિગ્નલિંગમાં મહારણ રીતે વપરાય છે. રેલવેમાં ફરતી નિસાની કરવાના સમયને રાત્રે રાતા અને લીલા પ્રકાશની નિશાનીઓ મદદ કરે છે. રંગવાળી બનાવો રસ્તાના વ્યવહારની નિસાનીઓ તરીકે પણ વપરાય છે.

સિગ્નેચર [અં.] સ્ત્રી. સહી; હસ્તાક્ષર.

સિગ્મઉષ્ણોદક [સં.] ન. ઉકળતાં અરધ અથવા ચોથો કે આઠમો ભાગ રહે તે પાણી.

સિગ્મનાથ પું. સરેસનો નામનું વૃક્ષ.

સિજદાગાહ ૧ [અ.] સ્ત્રી. નમાજ પઢવાની જગ્યા

૨. જ્યાં ગિયા હોદો જમીનને અપવિત્ર અડ્યું છે તેથી તેઓ ઘૂંટણીએ પડી જમીન ઉપર કપાળ રાખે છે તે પવિત્ર.

સિજદો [અ. સજદ (તે ઘૂંટણીએ પડ્યો)] પું. ઘૂંટણીએ પડી નમન કરવું તે; જમીન ઉપર પડી નમન કરવું તે; જમીન ઉપર માથું ટેકવીને કરાતું વંદન.

સિજદામા ખૂનીપુલનો આશ જબ્બારથી રાહેનસાકે તે રીત બંધ કરી.
આબ્રે અકબરી

સિજ્જા ૧. [સં. શય્યા] સ્ત્રી. (પ્રાકૃત) પથારી.

૨. સ્ત્રી. વસતી.

સિઝાવવું ૧. સ ક્રિ. ઉકાળવું.

૨. ઉ. ક્રિ. સીઝે એમ કરવું

સિઝાવું અ ક્રિ. સીઝે એમ થવું.

સિટ [સં.] સ ક્રિ અનાદર કરવો; તુચ્છ કરવું.

સિટી [અં.] ન. શહેર.

સિડકું (સિડકુ) ન. ઘઉંનો એક પ્રકારની બનાવટનો રોટલો. તે બનાવતાં ઘઉંનો લોટ જરા નરમ બાંધી રાત આખી રાખી મૂકવો. સવારે સારી પેઠે મસળવો. પછી રોકેલા બસબસમાં સાકર મેળવી પરણ બનાવવું. મસળેલા લોટમાંથી નાનો એવો રોટલો થાય એવડો લૂમો લઈ તેમા પૂરણ ભરી તેનો રોટલો વણવો. તેને લોઢી અથવા તાવડી ઉપર ભરણ મચળ જરા. શેકવો અને પછી માળો નાખી બાકીનો આ બનાવટને પહાડી લોકો સિડકું કહે છે. તે ઘી નાખીને ખવાય છે. અડદની કોતરાંવાળી દાળને પલાળી, વાટી તેમાં જરા મીઠું નાખીને પણ પૂરણ બનાવાય છે.

સિઠાવું (સિઠાવુ) અ. ક્રિ. સીઠાનું ચવું

સિડેન [અં.] સ્ત્રી એક માણસને ઉપાડી લઈ જવા માટેનુ ખુરસીના આકારનું વાહન. તેને ઉપાડવા માટે બે ડાંડા બાંધેલા હોય છે. સામાન્ય રીતે બે માણસ ઉપાડે છે. આ વાહન પ્રથમ ફ્રાંસના સિડેન શહેરમાં બનેલું છે તેથી આ નામ પડ્યું છે.

સિત ૧. [સં.] પું. કાસડો.

૨ પુ ધોળો રંગ; સફેદ રંગ; શ્વેત રંગ

૩ પુ શુક્ર નામે ગ્રહ.

૪ ન. ચંદન, સુખડ.

૫ ન મોતી

૬ ન રૂપું

૭ વિ. ઉજ્જ્વલ; શુક્લ; ધવલ; ધોળું; સફેદ; શ્વેત

૮. વિ. જ્યોત્સ્ન

૯. વિ. ભયંકર.

૧૦. વિ. સમાપ્ત થયેલ; પૂર્ણ થયેલ

સિતકર ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

સિતકર્ણિકા ૧. [સં.] સ્ત્રી. અરડૂસો

૨. સ્ત્રી. સફેદ કમળનો મરમાળો.

સિતકર્ણી સ્ત્રી. અરડૂસો.

સિતકંઠ [સં.] પું. સફેદકૂટ પક્ષી.

સિતકિરણ ૧ [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

સિતકુંજર ૧. [સં.] પું. ઉંદર.

૨. પું. ઐરાવત હાથી.

૩. પું. ધોળો હાથી.

સિતગુંજા સ્ત્રી. ધોળી ચણોઠી.

સિતછત્રા ૧. [સં.] સ્ત્રી. શતપુષ્પી નામની વનસ્પતિ.

૨ સ્ત્રી. સુવાદાણા.

સિતદૂર્વા [સં.] સ્ત્રી. ધોળી દ્રોબ્ડ

સિતધાતુ ૧. [સં.] પું. કલાઈ વગેરે ધોળા ધાતુ.

૨. પુ. ખડી; ચાક.

૩. પુ રૂપું.

સિતપક્ષ ૧. [સ] પું હંસ

૨. ન. શુક્લપક્ષ; અજવાળિયું.

સિતપુષ્પ ૧. [સં.] પું. કાસડો.

૨. પુ. નગરનું ઝાડ.

૩. પું. ધોળા રોહિડાનું ઝાડ.

૪. ન. એક જાતની મોથ.

૫. ન. ધોળું કમળ

સિતપુષ્પા [સં] સ્ત્રી મોગરો.

સિતબ્રહ્મ ન. કપૂર.

સિતમ [અ] પું જુલમ કામ

સિતમખોર [અ] વિ જુલમગાર; જુલમી.

સિતમખોરી સ્ત્રી. જુલમીપણું

સિતમગર [અ] વિ. સિતમ ગુજારનાર, જુલમ કરનાર; જુલમગાર, જુલમી

સિતમગર હોય ન કહેરો
ખરો હસ્તાદ છે પ્યારો. કલા.પી

સિતમગાર જુઓ સિતમગર

સિતમગારી સ્ત્રી જુલમ

સિતમગુજારી સ્ત્રી. સિતમ ગુજારવો તે.

સિતરશ્મિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પુ ચંદ્ર

સિતરાહુક ન. પ્રાણીના શરીરના ઘણા રસોમાં માણસ પડતાં સફેદીવાળાં દ્રવ્યોના વિઘટનથી ઉત્પન્ન થતો પદાર્થ. તે પ્લીહા વગેરે અવયવોના અને વિવિધ પેશીઓના એક ઘટક . તેમજ વનસ્પતિ સૃષ્ટિમા પણ જોવામાં આવે છે. રાસાયનિક દૃષ્ટિએ તે એક દ્વિગુણ્યમ્લ છે. તેમાં અંગારના ૭ ભાગ, આર્દ્રજનકના ત્રેપ ભાગ, નત્રવ્યૂનો એક ભાગ અને પ્રાણવાયુના બે ભાગ હોય છે

સિતરેણક પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે આકૃતિ છંદનો એક ભેદ છે તેને પરિસ્તભક પણ કહે છે. તેના દરેક ચરણમા તગણ, ભગણ, યગણ, જગણ, સગણ, રગણ, નગણ અને ગુરુ મળી બાવીશ અક્ષર આવે છે

સિતહિમ ન. અલમોડા-ગિરી ઇંદન. તે બહુ જ શીતજ્વરતાપહારી છે.

સિતા ૧. [સ] સ્ત્રી. કટુપર્ણિની નામે વનસ્પતિ.

૨. સ્ત્રી. આદની; ચંદની કૃતિ

૩. સ્ત્રી. તેજની વનસ્પતિ

૪. સ્ત્રી. ત્રાપભાજ વનસ્પતિનો વેલો

૫. સ્ત્રી. દારૂ; અરિષ્ટા

૬. સ્ત્રી. ધોળી દ્રોબ્ડ; ધોળી દ્રો.

૭ સ્ત્રી. ધોળી ભોરીંગણી

૮ સ્ત્રી. પર્ણિખા; ઘાડકા ઉપર આવેલો સાબો અને સાકડો ઊંડો ભાગ અથવા ખાર્ડ.

૯. સ્ત્રી. પહાડી અપરાજિતા વનસ્પતિ

૧૦ સ્ત્રી. પિત્તા વનસ્પતિ

૧૧ સ્ત્રી મોગરો

૧૨ સ્ત્રી. નરિયાળી

૧૩ સ્ત્રી વિદારી વનસ્પતિ

૧૪ સ્ત્રી. સાકર

સિતાફર પુ. એક જાતનો આંબો તે ચૂકના કાર્યમાંથી છટકી ગયેલ પાકવ કે અપકવ મડજની ઉપર કાર્ય કરી તેનું આડ બનાવે છે

સિતાનન વિ. [સં. સિત (ધોળું) + આનન (મુખ)] જું. ગરુડ. કેમકે તેનું મુખ સ્વેત હોય છે

૨ ન ધોળું મુખ.

સિતાપાંગ [સ] પું. મોર પક્ષી

સિતાબ ૧. સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન વાટીને બચ્ચાને ઝરણીમાં અપાય છે.

૨. સ્ત્રી સિતાબ; ઉતાવળ.

સિતાબી સ્ત્રી. ઉતાવળ; શીઘ્રતા.

સિતાભ વિ. [સં.] પું કપૂર.

૨ પુ. અદ્ર.

સિતાભા [સં.] સ્ત્રી. છાયા.

સિતાભ્ર વિ. [સં.] પું. કપૂર.

૨. ન. ધોળું કમળ.

સિતાભ્રક [સં.] પું. કપૂર. કેમકે, તે ગુણમાં રહે છે અને તે અભ્રકની પેઠે ઝગે છે માટે તેને સિતાભ્રક કહે છે.

સિતાયશ [ફા.] સ્ત્રી. પ્રશંસા; સ્તુતિ.

હું પાક ખુદાની સિતાયશ કરું છું કે, જેણે આકાશમાંથી ઓસનું અને કેળનું ઇનસાન પેદા કીધુ છે. નૂરે એલમ

સિતાર [ફા.] પું.;સ્ત્રી. ત્રણ અથવા છ તારનું વાજું; એક જાતનું તતુવાદ્ય આ તતુવાદ્યનો અલ.ઉદ્દીન ખીલજીના વખતમાં દિલ્હીના પ્રખ્યાત કવિ અમીર ખુશરો નામના અન્વેષકે તેનો પ્રથમ ઉપયોગ કર્યો હતો એમ સંગીતાચાર્યોના કાનિદાસ ઉપરથી મળી આવે છે તેમણે પ્રથમ ત્રણ તાર રાખ્યા હતા. પાછળથી તેમાં વધારો થતો ગયો હાલ તેમાં સાત તાર અને અઢાર પડદા છે. આ વાદ્ય ચીન ઉપરથી નીકળેલું છે. ચીનનો બાજ મુશ્કેલ હોવાથી સરલતા માટે અમીર ખુશરોએ નવીન કલ્પનાથી સિતાર બનાવી તેમાં અમુક રાગ રાગણીના ગત તોડા અમુક તાલના નિયમમા બાંધી તે ગત તોડા તની યાદદાસ્ત માટે તેના અમુક બોલ નિશ્ચય કર્યા. ચીનમાં બે મજરાઓથી વગાડવું પડે છે. તેમા મંત્ર આલાપનુ જ કામ થાય છે તેને આલાપમાં કોઈ તાલનો નિયમ હોતો નથી માટે આલાપ કરવામાં પોતાની મનશક્તિનુ ખિલવવાનું કામ પડે છે અને સિતારમાં એક મજરો નથી વગાડવું પડે છે તેમ ગત તોડા તે અમુક તાલના નિયમથી હોય છે. માટે તે ભાગ્યની યાદશક્તિમા વિશેષ રીતે રહે છે તેથી સિતાર બીનથી સરલ ગણાય છે કેટલા કામ સારા મોટા સિતારમા [illegible] સિતારમા સાત માહેનો પ્રથમનો તાર [illegible] જેને બાજનો તાર અથવા મધ્યમનો તાર કહે છે અને તેના પછી આવેલા બે પીત્તળના તાર એટલે બાજના અથવા જોડના તારથી ઝાર સ્વર ઊંચો અથવા તે બરજ તારને સોળ પડદા હિસાબે ચોથા ઉપર દબાવે જે સ્વર નીકળે તે સ્વરમા અર્થાત્ મધ્યમ સ્વરમાં મેળવવો. તે પછીના બે પિત્તળના તારને અમુક હરકોઈ સ્વરમાં એટલે સામાન્ય રીતે બહુ ઊંચા નહિ તેમ બહુ નીચા પણ નહિ તેવા સ્વરમા. એકમેકના મેળથી તેને પડજ સ્વરની કલ્પના. [illegible] સમજી નિયમ પ્રમાણે જેનાં ૨૫૬ થાય તે એટલે મોટર્ન થાય છે તેવા સ્વરવાળા ટ્યુનિંગ ફોર્ક સાથે તે બે તારને મેળવવા એમે તે સ્વરમાં પણ તે બે તાર એકસરખા મેળવ્યા તેને પડજની કલ્પના કરવાની આવશ્યકતા છે. સિતાર મેળવવામાં પ્રથમ જ આ બે તારનો મિલાપ કરી પછી બીજા સ્વરમાં તારને મેળવવા. કારણ કે, તે તાર પડજ સ્વરના છે અને પડજ સ્વરની કલ્પના કર્યા સિવાય બીજા સ્વરની કલ્પના થઈ શકતી નથી; હવે તે પછીના ચોથા પોલાદી પંચમના તારને જોડાવા તારને સોળ પડદાના હિસાબે છઠ્ઠા પડદા ઉપર દબાવી અથવા પ્રથમના બાજના તારને બીજા પડદા ઉપર દબાવી તે સ્વર સાથે તેને મેળવવો એટલે જોડાના તારથી ચડતા પંચમ સ્વરમાં મેળવવો. તે પછીના પિત્તળના તારને પંચમના તારથી એક નીચા સપ્તકમાં મેળવવો એટલે જોડાના તારથી ઊતરતા પંચમ સ્વરમાં મેળવવો, તે પછીના તારને બાજના તારને છઠ્ઠા પડદા ઉપર દબાવેથી જે સ્વર આવે તેની સાથે મેળવવો, તે પછીના છેલ્લા તારને કે જેને પપૈયા અથવા છિંગારી પણ કહે છે. તે તારને બાજના તારને ઊપલે હિસાબે ચૌદમા પડદા ઉપર દબાવેથી જે સ્વર નીકળે તેની સાથે મેળવવો. જો તરબદાર સિતાર હોય તો તરબને જે રાગની ગત આપણે બજાવવી હોય તેમા આવતા તીવ્ર કોમળ સ્વર પ્રમાણે મેળવવા. તેમા પ્રથમની તરબને ઘણેભાગે પડજથી અથવા મધ્યમથી અથવા પંચમથી મેળવી તેના આરોહીના ક્રમ પ્રમાણે બીજા તમામ તરબને ચડતા સ્વરમાં મેળવવી. વચમાં કોઈ સ્વરને છોડી દેવો નહિ પણ તે રાગમાં જે સ્વર વિવાદી હોય તેને છોડી દેવાથી બાધ આવતો નથી. સિતાર બજાવવામાં ત્રણ અક્ષરનું કામ પડે છે. તેને બોલ કહે છે (૧) દા, (૨) રા અને (૩) દિર સિતારમાં બોલી, આ, પડદા, તુંબું વગેરે ભાગ હોય છે તંબૂર [illegible] સિતારની યોજનામાં ફેર એ છે કે, તંબૂરમાં પડદા હોતા નથી અને સિતારમાં વીણાની માફક પડદા હોય છે. સિતાર અને વીણામાં એટલો ફેર છે કે, વીણામા ડાબી બાજુથી તાર ગણ્યામા આવે છે અને સિતારમા તેથી ઊલટી રીતે જમણી બાજુથી ડાબી બાજુ તરફ તાર ગણવામાં આવે છે. મતલબ કે, સિતાર એ વીણા અને તંબૂરનું મિશ્ર અનુકરણ છે. સિતાર બે ઘાટના હોય છે. અચલિત અને અને અચલિત. અચલિત ઘાટના સિતારમાં મ–પ ધ–ધ–ની–ની–સા રી ગ મ–મ–પ–ધ–ની–સા–રી–ગ–મ મળી ૧૮ પડદાઓ હોય છે જ્યારે અચલિત ઘાટમા રી મેં–ધેં–નીં–રીં–ગેં–મળી ૨૪ પડદા હોય છે. જમણા હાથની તર્જની ઉપર, તારની બાજુની અંગુઠી જેને મિજરાબ કહેવામાં આવે છે. તે નખ ઉપર તાર આવે એ રીતે પહેરી ડાબા હાથની તર્જની તથા મધ્યમા બાજના તાર ઉપર પડદા સાથે દબાવી, મિજરાબ જુદ્રજ અને ઉપલા પડદાની વચમાં લઈને સિતાર વગાડવામાં આવે છે.

સિતારબાજ ૧. પું. સિતાર વગાડનાર.

૨. સ્ત્રી. સિતારના દા, રા, દિર એ ત્રણ બોલોને આડાઅવળી અમુક તાલના નિયમમાં ગોઠવી વગાડવું તે. વગાડતાં તેમાંથી બે જાતિના બાજ ઉત્પન્ન થાય છે. પ્રથમના બાજને મસીતખાની અથવા દહલવી બાજ કહે છે આ બાજમા બોલ રીમા હોય છે, પણ તેમાં લય વિલમ્બિત રહે છે. તેથી તેમાં મીંડ જમજમા ખસીટ ગમક ઝલ.દિ દરવિધ ચમત્કૃતિ કૃત્ય સારી રીતે થઈ શકે છે અને તેથી રાગનું ગોખ્ખુ સ્વરૂપ જણાઈ આવે છે, માટે આ બાજને મુશ્કેલ ગણ્યો છે. બીજો પૂરબી બાજ ઉપર બતાવેલા ત્રણ બોલોને લઘુ, ગુરુ, પ્લુત, દ્રુત, અનુદ્રુત ભેલાદિ પ્રમાણમાં આડાઅવળી ત્વરાથી અમુક તાલના નિયમમા લાવવાથી જે બાજ થાય છે તેને પૂરબી બાજ અથવા, ગુલામરબ્બ અથવા ફિરોજખાની બાજ કહે છે. આ બાજમાં લયદ્રુત રાખવી પડે છે તેથી હાથની તૈયારી હોય તો જ પૂરબીબાજ વાગી શકે છે.

સિતારિયો પું સિતાર બજાવનાર આદમી

સિતારી સ્ત્રી. નાની સિતાર.

ઐતિહાસિકવાદના સંગીતની સિતારી એ જ વગાડી રહી છે, પણ ફરાયી બાર રહીને બોલે છે, એટલે બહારના ઘોંઘાટમા આપણે બધુમર્ક એને સાભળી શકતા નથી. ચૌધરી

સિતારો ૧ [ફા. સિતારા (તારો)] પુ મહ; તારો
૨. પું ચડતી; આબાદી
સિતારો ચડતો હોવો = ચડતી કળા હોવી.
૩ પુ નસીબ; દશા; યોગ.
સિતારો પાંસરો હોવો = ભાગ્ય અનુકૂળ હોવું
૪. પું. મહાન વ્યક્તિ.

સિતાર્થ ૧. પું અર્જુન
૨. [સં. સિત (સફેદ) + અર્થ] પું ધોળો ઘોડો
૩. પું સાદડાનું ઝાડ.
૪. વિ ધોળા ઘોડાવાળું.

સિતાસિત ૧. [સં.] પું. કાળો અને ધોળો રંગ.
૨. પુ. બળદેવ.
૩. વિ. કાળા અને ધોળા રંગવાળું

સિતાંગ ૧. [સં.] પું. શ્વેત રોહિષ
૨. વિ. ધોળાં શરીરવાળું.
૩. વિ. ધોળું; સફેદ.

સિતિ ૧. [સં.] પું કાળો રંગ
૨. પું. ધોળો રંગ.
૩. વિ. કાળું
૪. વિ. ધોળું.

સિતિવજ્ર [સં.] પુ. બળદેવ.

સિતોદર [સં.] પું. કુબેર.

સિતોપલ ૧. [સં.] પું. સ્ફટિક મણિ.
૨. ન. ખડી; ચાક.

સિતોપલા [સં.] સ્ત્રી. સાકર

સિતોપલાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદક) ખાસી મટાડનાર એક જાતની દેશી દવા. તે બનાવતાં સાકર ૧૬ ભાગ, વંશલોચન કે વાંસકપૂર ૮ ભાગ, લીંડીપીપર ૪ ભાગ, એલચીદાણા ૨ ભાગ અને તજ ૧ ભાગ લઈ ચૂર્ણ કરાય છે. તે યોગ્ય પ્રમાણમાં મધ કે ઘી સાથે કાસ, શ્વાસ, ક્ષય, જીર્ણજ્વર અને પિત્તવિકાર વગેરે રોગ ઉપર અપાય છે.

સિત્તાદાવ સ્ત્રી. બે કે તેથી વધારે બાળકોની નિયમબદ્ધ ઝપાટીઓ રમવાની એક જાતની મેદાની રમત

સિત્તેર [સં. સપ્તતિ; પ્રા. સત્તરિ] વિ. સાઠને દશ; ૭૦.

સિત્તોતેર [સં. સપ્તસપ્તતિ; પ્રા. સત્તહત્તરિ] વિ. સિત્તેરને સાતે; સિત્તોતેર; ૭૭.

સિત્તોતરું વિ. સિત્તોતેરના અંકવાળું.

સિત્યાશિયું ૧. વિ. ભુખાળવું.
૨. વિ. સત્યાશીની સાલ કે તે વર્ષના દુકાળને લગતું. સંવત ૧૯૮૭માં મોટો દુકાળ પડ્યો હતો તે ઉપરથી બોલાય છે.

સિત્યાશી [સં. સપ્તાશીતિ; પ્રા. સત્તાસીઈ] વિ એંશીને સાત; સિત્યાસી, ૮૭

સિત્યાસી જુઓ સિત્યાશી.

સિત્યોતરું જુઓ સિત્તોતર.

સિત્યોતેર જુઓ સિત્તોતેર

સિદાવવું સ. ક્રિ. પીડાવવું; દુઃખી કરવું; પજવવું, રિબાવવું; હેરાન કરવું

સિદાવું અ. ક્રિ. પીડાવું; દુઃખી થવું; રિબાવું.

સિદ્દીક [અ. સદક (તે સાચો હતો)] વિ. સત્યવાદી

સિધાવવું જુઓ સિધારવું.

સિધારવું અ ક્રિ. વિદાય થવું; જવું; પધારવું.

સિદ્ધ ૧. પુ. ઉપાધિના બે ભાદેનો એક પ્રકાર.
૨. પું (પિંગળ) એ નામનો એક પ્રચલિત ગીતિ માત્રામેળ છંદ. આ છંદ સવૈયા ગીતિનો એક ભેદ છે તેને શુદ્ધ પણ કહે છે
૩. [સં.] પું. એ નામે એક અર્ધદેવ જાતિ. તેઓ પૃથ્વી અને આકાશ વચ્ચે રહે છે. તેઓ અદ્રાશ્ય હોવ તેમ મનાય છે
પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, નાના નાના પિતૃઓ, ગંધર્વો, અપ્સરાઓ, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો, અસુરો × × × તેમજ બીજા પણ જે પૃથ્વી, જળ કે આકાશને વિષે રહેનારા સ્થાવર અને જંગમ જીવો છે તે સર્વને એ પરમાત્મા તેમના કર્મ પ્રમાણે સત્ત્વ, રજ અને તમોગુણથી શરીરો ઉત્પન્ન કરે છે. પુરુષોત્તમ ગીતા
૪. પું. કાળો ધંતૂરો
૫. પું. યોગ.
૬. પું. (પિંગળ) ચોવીસની અંક સંજ્ઞા
૭. પું. (પુરાણ) પ્રાધાના ગાંધર્વ માંહેનો એ નામનો એક પુત્ર.
૮. પું મુક્ત પુરુષ.
૯. પું. (જૈન) મુક્તાત્મા; સિદ્ધ ભગવાન.
ઐહ માદિ જ્ઞાનાવરણ પ્રભૃતિનાદિ કર્મ કારણને કરી અર્હંત-સિદ્ધ-આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુ લક્ષણ પાંચ નમસ્કાર કરવાને.
તત્ત્વ પ્રજ્ઞસુરી
૧૦. પું. રાંધવા માટે તૈયાર કરેલો સામાન.
૧૧. પું. (જ્યોતિષ) વિષ્કંભક વગેરે સત્તાવીશ માંહેનો બાવીશમો યોગ.
૧૨. પુ. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૧૩. પુ. બાપાર
૧૪. પું. બાસ વગેરે મુનિ
૧૫. પું. શંભુ; શિવ.
૧૬. પું. (વૈદક) સંમોહિની કહ્યાથી રોગ મટાડનાર વૈદ્ય.
૧૭. પું સિદ્ધ થયેલો મંત્ર.
૧૮. પું. સિદ્ધ પુરુષ
સિદ્ધને કૂંપળું = પોતે એક હોવાની સાફાઈ કરનાર માણસ
૧૯. પું સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી કે દેવી પુરુષ.
૨૦. પુ સિદ્ધિવાળો મંત્ર.
૨૧. વિ અજર, અમર; અક્ષય
૨૨. વિ ધ્રુવરી.
૨૩. વિ. કૃતાર્થ
૨૪ વિ. તૈયાર; સાબજ
૨૫ વિ નિત્ય; હમેશનું; કાયમનું
૨૬. વિ. નિરંજન; નિરાકાર
૨૭. વિ. નિશ્ચિત; નિશ્ચયવાળું, નક્કી થયેલું.
૨૮. વિ નિષ્ણાત.
૨૯. વિ પવિત્ર
૩૦. વિ. પાર પડેલું
૩૧. વિ. પુત્ર, પૌત્ર, ધન, ધનધાન્યથી સંપન્ન
૩૨. વિ. પ્રમાણ વગેરેથી પુરવાર કરેલું; સાબિત થઈ ચૂકેલું; સ્થાપિત
૩૩. વિ પ્રસિદ્ધ
૩૪ વિ અનાદિનું
૩૫. વિ મંત્ર તંત્ર સબબી, તાંત્રિક
૩૬. વિ મુક્ત
૩૭. વિ. રાંધેલું
૩૮. વિ. સદ્ગત; પ્રાપ્ત.
૩૯ વિ. સારી રીતે કહેલ.
૪૦. વિ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવું
૪૧. વિ. સુભાષિત.

સિદ્ધઅખતરા પું બ.વ. કેટલાક અપેક્ષ પ્રયોગો. કૃષિઉપદેશક ઓકળી કાનજી કાળાવડીઆ એની સબધે પોતે કરેલ સિદ્ધ અખતરાનો ઇતિહાસ આપતા કહે છે કે: ભાવનગરમાં દુર્લભજી રામજી જાનીના તબીબખાના નીચે બેસનાર પચવાડીઆ પત્ર બહાર પડતું હતું. દક્ષિણમાં ઓબસિક્ત અને સિંધમાં ઇન્ડિપ્રિગેશન કપાસની કેટલાકદીના બંને લેખ પત્રમાં બહાર પડ્યા હતા તે ઉપરથી એ બને પાકનાં બીજાં અજમાએશ ખાતર મેળવવા તબીબની સાથે તજવીજ કરતાં, તેમણે તે બને પાકનાં બીજાંની સગવડ કરી દીધી હતી. તે બંને પાકોની અજમાએશ સને ૧૯૦૮માં ઉપલેટામાં અમારી મોજકાઢાની વાડીમાં કરી હતી. છોડ સારા નીરોગી થયા હતા. અજમાએશ કેટલેકદે ઉતરી

હતી; પરંતુ ગેર બીજા વાવેલ મગફળીનો પાક થાય. [illegible] પરંપરા ચાલુ છે. આ રીતે બીજાના દૃષ્ટાંત પાક પ્રસિદ્ધિમાં મૂકી આપ્યા નહોતા કૃષિ ઉદ્દેશક તરીકે ઉતરતા. અને પરિણામે અપેક્ષા અપારની બજરંગદાસ ખુશમન્સાપની અનુકૂળ ઉત્તમ તક મને મળી હતી ઈન્ડસ્ટ્રિયલ કપાસનો નમૂનો સને ૧૯૧૧ના જાન્યુઆરી ખેતીવાડી પ્રદર્શનમાં મેં મોકલ્યો હતો. તેનું ઇનામ મને મળ્યું હતું તે પાક બારડોલી પાક તરીકે ઓળખાયો અને દિવાળાના કરી ઝાડનું પાકવા રાતા થઈ રોગ આવવાથી તેનું વધારે વિશેષ વાવેતર પાન્યુ નહિ મગફળીનો પાક જિરાયત હોવાથી બીજાની મદદ મળે તો મોટા વિસ્તારમાં વાવેતર કરવા કેટલાક ખેતીવાડી [illegible] પરિચયમાં આવ્યા. પરમ ભાઈ [illegible] હતા. તે અને ભાઈ દરમ્યાન પરિચય પ્રસંગ મારા સબંધી અને સ્નેહી હતા. તે બંને ઉત્સાહી અને મારા ઉપદેશમાં વિશ્વાસ રાખનારા હતા તેઓ ગુજરાતના પાકોની માહિતી મેળવવા મોકલવામાં મુલાકાત અને પર્યટનમાં મારી સાથે આવતા હતા. પરમા નથુને રાજપ તરફથી તગાવી તરીકે બીજાં માટે રૂપિયા સોનો મદદ મળી તેથી તે અને બિડતોએ વધારે વિસ્તારની જમીનમાં મગફળીનું વાવેતર કરી સભાગત અને માલજતની પૂરી કાળજી રાખવાથી પાક ફૂલેફાલ અને બીજાને દૃષ્ટાંતરૂપ નીવડ્યો હતો. મારા ઉપદેશની અસર સસ્થાનના સમગ્ર ખેડૂતોમાં થઈ હતી. આ રીતે મગફળીનો પાક પ્રસિદ્ધિમાં આવ્યો અને સને ૧૯૧૨માં મોટી જનપાનીસ મગફળીના હેવાલની હજાર નકલ હાડી ખેડૂતોમા વહેંચી હતી આ ઉપરથી સમગ્ર સૌરાષ્ટ્રમાં મગફળીનું વાવેતર પ્રથમ ખેડાસ રાજ્યમાં થયું.

સિદ્ધક ૧ પુ (પિંગળ) એ નામનો એક અમાત્ત વર્ણમેળ છંદ, રાશિયવાળા. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, ત્રણ જગણ અને રગણ એમ એકવીસ અક્ષર હોય છે.

૨. [સ] પુ. નગોડનું ઝાડ.

૩ પું રાજાનું ઝાડ.

૪. પુ સાગનું ઝાડ

સિદ્ધક્ષેત્ર ૧. ન. તીર્થસ્થાન.

૨ ન મુક્તભૂમિ.

૩ [સ.] ન. મુક્તાત્મા જે જગ્યાએ વસે તે સ્થળ.

૪. ન શેત્રુંજ્ય પર્વતનું નામ.

૫. ન સિદ્ધ પુરુષ રહેતો હોય તેવું ક્ષેત્ર

જયસ્થાન સિદ્ધક્ષેત્રને વિષે આશ્ર્ય જોયું બીકણજનોને પણ નિર્ભય કરવા કરવાની છટ પડે ઉત્તરરામચરિત

૬ ન સિદ્ધપુર ગામ. જે હાલના ઉત્તર ગુજરાતમા આવેલું છે અને માતૃશ્રા તરીકે પ્રસિદ્ધ છે.

સિદ્ધગતિ સ્ત્રી મોક્ષ; મુક્તિ.

સિદ્ધગંગા [સં.] સ્ત્રી. ગયા નદી

સિદ્ધજલ ૧. [સં.] ન. (વૈદક) ઉકાળેલું પાણી, પકવ જલ.

૨ ન ગળ

સિદ્ધતા ૧ સ્ત્રી સાબિતી

૨ સ્ત્રી. સિદ્ધપણું

૩ સ્ત્રી. (ગણિત) સિદ્ધાંતમાં જે સાધ્યતા સિદ્ધ કરવાની હોય અથવા રચવાની હોય તે જ્યારે સિદ્ધ કરવામાં અથવા રચવામાં આવે ત્યારે જે ભાગમા સિદ્ધ થાય તે ભાગ

૪. સ્ત્રી. સિદ્ધિ; સફળતા.

સિદ્ધત્વ ૧. ન. સાબિતી.

૨. ન. સિદ્ધપણું.

૩ ન. સિદ્ધિ; સફળતા.

સિદ્ધદશા સ્ત્રી. મુક્ત સ્થિતિ. મુનિશ્રી જ્ઞાનજીસ્વામી લખે છે કે: (૧) આત્માની ઓળખાણથી આઠ કર્મોનો નાશ કરતાં સિદ્ધદશા પ્રગટે છે. (૨) આત્માની સાચી ઓળખાણ અને શ્રદ્ધા કરતાં સ્વભાવની પરમ શાંતિનો અનુભવ થાય છે. આ ભાવિ શ્રદ્ધા અને જ્ઞાનરૂપી બે પગની શીતળતા સિદ્ધદશાના માર્ગમા આવે છે. (૩) ત્યાર પછી આગળ વધતાં ચારિત્રદશા પ્રગટે છે એટલે કે, સ્વરૂપ રમણતા રૂપ અમૃત સરોવર આવે છે. આ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ પૂરો થતાં કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે છે.

સિદ્ધદેવ [સં.] પું. મહાદેવ; શિવ.

સિદ્ધધાતુ [સં.] પું. પારો.

સિદ્ધનદી [સં.] સ્ત્રી. ગયા નદી.

સિદ્ધનાથતીર્થ ન એ નામનું એક તીર્થ. તે નર્મદા નાભિસ્થાનમા આવેલ છે. અહીં કુબેરે ષડાક્ષરી મંત્રનો જપ કરી એક વર્ષ સુધીને પ્રસન્ન કર્યા હતા એમ કહેવાય છે.

સિદ્ધનાથ પું. એ નામના એક રસસિદ્ધ.

સિદ્ધપદ ન. સિદ્ધપુર; એ નામનું એક તીર્થ. ત્યાં દેવહૂતિએ સરસ્વતી નદીને કાંઠે દેહત્યાગ કર્યો હતો.

સિદ્ધપીઠ સ્ત્રી સાધના સિદ્ધ થાય એવું સ્થાન

સિદ્ધપુર ન ઉત્તર ગુજરાતમા આવેલું એ નામનું શહેર અને તીર્થસ્થાન - આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: શહેરની અંદર રુદ્રમાળ કે રુદ્ર મહાલયના ઇતિહાસ પ્રસિદ્ધ જૂના વખતનું શિવમંદિર ખંડેર છે. આ રુદ્રમાળ ગુજરાતના રાજા મૂળરાજ સોલંકીએ સને ૯૯૮માં બંધાવવો શરૂ કર્યો હતો. તેની હયાતીમાં પૂરો ન થતાં અધૂરો રહેલ, તે પાછળથી તેના પ્રસિદ્ધ પૌત્ર સિદ્ધરાજે સને ૧૨૦૨માં પૂરો કર્યો. આ રુદ્રમાળ સને ૧૩૬૫માં છિન્ન ભિન્ન તૂટ્યો હતો, જેના અવશેષ તરીકે થોડાક સ્તંભો અને તે ઉપરનો કેટલોક ભાગ ખંડેર રૂપે રહેલો છે. સરસ્વતી નદીથી થોડે છેટે બિંદુ સરોવર છે: ત્યાં માતૃશ્રાદ્ધ કરાવાય છે. ગયા પિતૃશ્રાદ્ધને માટે પ્રસિદ્ધ છે, તેમ સિદ્ધપુર માતૃશ્રાદ્ધને માટે પ્રસિદ્ધ તીર્થસ્થાન છે. બિંદુ સરોવર પાસે કપિલ મુનિએ પોતાની માતા દેવહૂતિને જ્ઞાન આપી પરમ પદની પ્રાપ્તિ કરાવી હતી. તેથી આ માતૃશ્રાદ્ધ માટે તીર્થસ્થાન ગણાય છે. આ બિંદુસર કાંઠે પ્રજાપુત્ર, તેનાં પત્ની, તેમ જ કપિલ મુનિ અને તેનાં પત્નીની મૂર્તિઓ છે. પાસે કાળી માતાનું મંદિર પણ છે. અલ્પ સરોવર, જ્ઞાનવાપી કે જ્ઞાનકૂપ, ગર્ભબિંદુ કુંડ વગેરે પણ નાહવાનાં સ્થાનો છે. સરસ્વતી નદીના ઘાટ ઉપર સિદ્ધનાથ મહાદેવ, કાશીવિશ્વનાથ, ઘાટોત્કચ મહાદેવ વગેરેનાં સુંદર મંદિરો છે. શહેરમાં નાનાં મોટાં મંદિરોમાં ગોવિંદ માધવનું મંદિર પ્રખ્યાત છે. શહેરમાં સંસ્કૃત શિક્ષણનો પ્રચાર સારો છે. એક સંસ્કૃત વિદ્યાપીઠ છે. સિદ્ધપુરનું પ્રાચીન નામ શ્રીસ્થલ હોવ એમ જણાય છે અને ઉત્તર હિંદુસ્તાનમાંથી મુસલમાને બોલાવેલા તથા શ્રીસ્થલમાં રાખેલા બ્રાહ્મણોએ તેને સિદ્ધપુર નામ આપ્યું હોય એ સંભવિત છે; જો કે દંતકથા તો એવી ચાલે છે કે, મૂળરાજે શરૂ કરેલો રુદ્રમહાલય સિદ્ધરાજ જયસિંહે પૂરો કર્યો ત્યારે એના માનમાં બ્રાહ્મણોએ રાજાના નામના પહેલા બે અક્ષરો લઈ આ તીર્થસ્થાનનું સિદ્ધપુર નામ પાડ્યું

સિદ્ધપ્રયોજન [સ.] પું ધોળો સરસવ.

સિદ્ધમનોરમ પુ (જ્યોતિષ) જૈનમત પ્રમાણે કૃષ્ણપક્ષના પંદર માહેનો બીજો દિવસ; વદ બીજ

સિદ્ધરસ ૧. [સં.] પું. પારો

૨. પું. લોઢાનો ધાતુ.

સિદ્ધરાજ પુ. ગુજરાતનો એ નામનો એક પ્રસિદ્ધ રાજા તેણે રુદ્રમાળ પૂરો કરાવ્યો અને આ રાજાના નામ ઉપરથી શહેરનું નામ સિદ્ધપુર પડ્યું. સિદ્ધરાજ શબ્દનો અર્થ જાદુગરનો રાજા થાય છે. એ નામ સિદ્ધરાજ જયસિંહને એટલા માટે મળેલું કે, એણે બર્બરક નામે રાક્ષસને જીતીને એની પાસેથી જાદુઈ સિદ્ધ કરેલ હતું.

સિદ્ધરેષા સ્ત્રી. (સિલ્પ) જેને આધારે અણનર સીપુ ચલાય તે મૂળ લીટી કે દોરી.

પ્રથમ બે ખૂંટને દોરી બાંધી બહારની એક રેખ નક્કી કરવી. આ રેખા તે **સિદ્ધરેષા** (Base line) કે જેના ઉપરથી બીજી રેખાઓની માપણી થાય. સુલભ વાસ્તુશાસ્ત્ર

સિદ્ધલોક પુ સિદ્ધોને વસવાનો લોક

તે સિદ્ધલોકમા ઉભયે સચાર કીધો છે. ગુ. કા. પરિષદ

સિદ્ધવિષયા ૧. સ્ત્રી. (કાવ્ય) ફલોત્પ્રેક્ષા અલકારના બે ભાદેનો એક ભેદ.

૨. સ્ત્રી. (કાવ્ય) હેતૂત્પ્રેક્ષા અલકારના બે ભાદેનો એક ભેદ. તેમાં ઉત્પ્રેક્ષાનો વિષય સિદ્ધ હોય છે.

સિદ્ધર્ષિ પું. સસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલ ગુજરાતના એક કવિ.

સિદ્ધર્ષિ અને માઘ કાકાના છોકરા ભાઈ કહેવાય છે. સિદ્ધર્ષિનો સમય ઈ. સ. ૯૦૬નો ગણાય છે. ગુ. કા. પરિષદ

સિદ્ધશિલા ૧. સ્ત્રી (જૈન) પૃથ્વી ઉપર આવેલા બધા લોકોની ઉપરનો સર્વથી ઊંચ લોક. ઉત્તિઆગભારા નામની પૃથ્વીની મધ્યમાં છત્રાકાર, મનુષ્યક્ષેત્ર સમાન ગોળ, પિસ્તાલીસ લાખ જોજન લાબી પહોળી, વચમાં આઠ જોજન જાડી અને છેડા તરફ ઊતરતાં પાતળી થતી જતી સિદ્ધશિલા છે. તે મોતી ને ગાયના દૂધ જેવી પ્રકાશમાન અને રચનાથી પણ નિર્મળ છે

૨. સ્ત્રી. સિદ્ધ જીવોને રહેવાનું સ્થાન.

સિદ્ધસંકલ્પ ૧ પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ. કેમકે, તે પૂર્ણકામ છે.

૨. વિ જેના સકલ્પ માત્રથી કાર્ય સિદ્ધ થાય એવું

સિદ્ધસંઘ [સં. સિદ્ધ (સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એવું) + સઘ (સમૂહ)] પું સિદ્ધોનો સમુદાય.

બીજેત રાક્ષસ બધા સહુ દિશ નાસે,
ને સિદ્ધસઘ સરવે તુજને નમે છે.
ગીતાપંચામૃત

સિદ્ધસાધક ૧. પુ. કપટથી કામ કાઢી લેવાને એકે કાંઈ બોલવું ને બીજાએ તેને ઊપાડી લેવુ તે બે જણ; ધારેલું કામ પાર ઉતારવાને માટે મળી ગયેલા ગુરુ અને ચેલો

૨ પું. શિવનાં હજાર માહેનુ એક નામ

૩. પુ. સિદ્ધનું અને સાધકનું એમ બેઉ કામ કરી બતાવનારો હોય તેવો પ્રપચી માણસ.

સિદ્ધ સાધક થઈ મુલક મમો = દુનિયા ઊતરવી

સિદ્ધસાધન ૧. પું. ધોળો સરસવ

૨. ન જાદુના ખેલ કરી બતાવવા તે

૩. ન. (ન્યાય) સિદ્ધનું સાધન કે નિશ્ચય કરેલાનું અનુમાન; ન્યાય પ્રસિદ્ધ એક દોષ; એ નામે એક નિગ્રહ સ્થાન પૂર્વ સિદ્ધ અર્થની જે હેતુ વડે સિદ્ધિ કરવામાં આવે છે તે હેતુ સિદ્ધસાધન કહેવાય છે. પ્રાચીન નૈય વિ. સિદ્ધસાધન હેતુનો આશ્રયાસિદ્ધ હેત્વાભાસમાં અન્તર્ભાવ કરે છે અને નવીન નૈયાયિકોને મતે સિદ્ધસાધન એ નિગ્રહસ્થાનમાં આવી જાય છે અથવા પ્રમાણથી નિશ્ચિત થયેલ અર્થનું પાછું અનુમાન કરવું તે સિદ્ધસાધન એટલે જે વાત અવયવોમાં સ્વીકારી લેવાઈ છે તેને નિગમનમાં દર્શાવવી એટલે કે સિદ્ધનું સાધન કરી બતાવવું. સિદ્ધસાધન એ શબ્દ ન્યાયનો છે અને ત્યાં એનો અર્થ આ કરતાં જરાક જુદો છે. એક પ્રમાણથી નક્કી થયેલી વાતને અન્ય પ્રમાણથી સાબિત માંડવી તેને સિદ્ધસાધન કહે છે. પર્વત ઉપર અગ્નિ છે. એ વાત પ્રત્યક્ષ થયા પછી તે સિદ્ધ કરવા અનુમિતિનો પ્રયોગ કરવો એ સિદ્ધસાધન છે

સિદ્ધસાધ્ય ૧. [સ.] પું તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક મત્ર

૨. વિ સિદ્ધ થયેલું; સ્થાપિત કરેલું.

સિદ્ધસિંધુ [સ.] સ્ત્રી. ગગા નદી

સિદ્ધસેન ૧. પુ. એ નામે એક જૈનાચાર્ય

૨ [સં.] પું. જ્ઞાતિક સ્વામી

સિદ્ધસ્વરૂપ ન. (જૈન) કૈવલ્યપદ; સંસારમાંથી મુક્તાદશા

સિદ્ધહસ્ત ૧. વિ. જેનો હાથ બેસી ગયો છે તેનું; હથરોટીવાળું

૨. વિ. દોશિયાર; પ્રવીણ

ખાસ કરીને ખંડપ્રબન્ધમા વસ્તુની કલ્પનામય ગૂંથણી કરવામાં અને અનુકૂલ પ્રસંગે ચિત્રોની જેમ સાક્ષાત ખડા કરીને રસમય વાતાવરણ જમાવવામાં તેઓ **સિદ્ધહસ્ત** છે. કુમાર

સિદ્ધહસ્તતા સ્ત્રી સિદ્ધિ જ અપાવે તેવી હાથની ક્રિયા કરવાની કળા.

સિદ્ધહૈમ વ. આચાર્ય હેમચદ્રે બનાવેલું વ્યાકરણ

સિદ્ધહૈમ ન. સિદ્ધરાજ જયસિંહના કહેવ.થી જૈન આચાર્ય શ્રી હેમચદ્રાચાર્યે બનાવેલું એ નામનું એક બૃહદ્ વ્યાકરણ. એ સબંધમાં અનતરાયે રાવળ લખે છે કે: હેમચદ્રસૂરિ (ઈ. સ ૧૦૮૮–૧૧૭૨)એ પોતાના ' સિદ્ધહૈમ 'એ પ્રાકૃત વ્યાકરણમાં ઉલ્લા અધ્યાયમા અપભ્રશનું વ્યાકરણ આપ્યુ જે લોકપ્રચલિત અપભ્રંશ દુહા ઉદાહરણોમૈ ટાંક્યા છે તેની ભાષાને ગ્રીયર્સન અને કેશવલાલ ધ્રુવે પ્રાચીન ગુજરાતી કહી છે. સુનીતિકુમાર ચટરજીએ એ સિદ્ધોને સાવ મળતી આવતી લાગી છે. બરી વાત એ છે કે, એ ભાષા ગુજરાતી, હિંદી ને રાજસ્થાની એ ત્રણેની નજીકની પુરોગામી અને તેની પૂર્વ જ જોવી છે. એ અપભ્રશને હેમચદ્રે શૌરસેન અપભ્રશ ગણ્યો છે. એનુ મૂળ તે મથુરા જેનુ કેંદ્રસ્થાન હતુ અને ખ્રિસ્ત પછી તુરતની શતાબ્દીઓની પ્રાકૃત ભાષાઓમાં જે સૌથી સૌમ્યયુક્ત અને સુદર મનાતી તે શૌરસેની પ્રાકૃત. એ શૌરસેની તે આજની બજભાષાનુ પ્રાચીન સ્વરૂપ. આ શૌરસેની પ્રાકૃત તેના કરતાં એક ભૂમિકા અર્વાચીન એવી મધ્યદેશની મહારાષ્ટ્રી પ્રાકૃત થોડા પાસવાળી ભૂમિકામાં થઈ, રાજસ્થ.ની બોલીઓમાં તત્ત્વસહિત પશ્ચિમી અપભ્રંશમાં પરિવર્તન પામી. ઈ સ. ૬૫૦માથી બારમા શતક સુધી આ અપભ્રશ મથુરાથી દ્વારકા સુધીના પ્રદેશમાં પૂર્વ પ્રજા.વમાં હતી ' અ.૨ ગાઉએ બોલી બદલાય ' એ ઉક્તિને જન્મ આપતા પ્રાદેશિક બોલીભેદને કારણે બ્રજપ્રદેશને, અપભ્રશને આભીર, રાજસ્થ.નીનાને મારુ અને ગુજરાતના નાગર કે શૌરસેન અપભ્રશ એવાં નામ વિદ્વાનોએ આપ્યાં છે. અનુક્રમે બ્રજહિંદી, રાજસ્થ.ની ને ગુજરાતી એમાથી ઊતરી આવી છે સિદ્ધરાજ અને પોતાનુ એમ બને નામની પ્રસિદ્ધિને માટે તેનુ નામ સિદ્ધહૈમ રાખવ.મા આવ્યુ હતુ. સિદ્ધરાજે તે પુસ્તકને હાથીની ઉપર પધરાવીને આખા નગરમાં પોતાના રસાલા સાથે માન સહિત ફેરવ્યુ હતું અને તેની બહુ જ કદર કરી હતી આ વ્યાકરણ ભારતભરમા ખૂબજ પંકાયુ. સિદ્ધરાજે તેને પોતાના પુસ્તક ભડારમા મૂકી તેની અનેક નકલો કરાવી અને દેશપરદેશ મોકલી તેનો પ્રચાર કર્યો

પછી એક વર્ષની અંદર હેમાચાર્ય સવા લાખ શ્લોકનું પ્રમાણ વ્યાકરણ તૈયાર કર્યું અને રાજાનું તથા પોતાનુ નામ તેની સાથે જોડી **સિદ્ધહૈમ** એવું તેનુ નામ રાખ્યુ. નરહરિ પરીખ

સિદ્ધા ૧ સ્ત્રી (જ્યોતિષ) આઠ મહેની એક દશા

૨. સ્ત્રી (પિંગળ) આર્યાની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૬૧ લઘુ અને ૧૩ ગુરુ મળી ૪૪ વર્ણની પ૭ માત્રા હોય છે

૩. સ્ત્રી. સ્ત્રી જ્યોતિષી; ભાગ્ય જોનારી સ્ત્રી

સિદ્ધાઈ સ્ત્રી સિદ્ધપણું; સિદ્ધતા

સિદ્ધાચળ પું. સૌરાષ્ટ્રમાં પાલીતાણા પાસે આવેલ શેત્રુંજો પર્વત. તેના ઉપર જૈનોના ઘણાં દહેરા છે. જૈનોનું એ પરમ તીર્થ છે. સિદ્ધાચળે તપશ્ચર્યા કરીને ઘણાએ સાધુઓ સિદ્ધ થઈ ગયા એમ જૈનશાસ્ત્રો કહે છે. લાં કારતકી અને ચૈત્રી પૂનમે યાત્રા ભરાય છે.

સિદ્ધાધિપ પું. સિદ્ધરાજ જયસિંહનું એક નામ

કર્ણાટક, લાટ, મગધ, અંગ, કલિંગ, બંગ, કાશ્મીર, મરુ, માલવ, સિંધ આદિ દેશોને બાર વર્ષમાં જીતીને **સિદ્ધાધિપ** (જયસિંહ) પોતાને નગર પાછો આવ્યો પ્રબંધ

સિદ્ધાનંદ પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એ નામના એક મહાન પુરુષ.

સિદ્ધામૃતરસ પું. (વૈદક) એક જાતની દેશી દવા. કડકડીનું ફૂલ ૩ ભાગ અને સોનાગેરુ ૧ ભાગ બંને ચૂર્ણ બનાવવું. તે ૧ માસા જેટલું ચૂર્ણ માપના રૂપમાં પ્રાતઃકાળે સેવન કરવાથી શિરોભ્રમણ, મસ્તક શૂળ, અમ્લપિત્ત અને સર્વ પ્રકારના પિત્તથી થયેલા રોગો દૂર થાય છે ખાટા અને તેલવાળા પદાર્થ વર્જ્ય છે.

સિદ્ધાયતન [સં.] ન. (જૈન) શાશ્વત દેવળ.

સિદ્ધાર્ધ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

૨. પું. એક જાતનું ઝાડ; કડી વૃક્ષ.

૩. પું ગૌતમ બુદ્ધ; શાક્યસિંહ

૪ પું જૈન તીર્થંકર મહાવીર સ્વામીના પિતા; ક્ષત્રિ કુંડ નામની નગરીના ઇક્ષ્વાકુવંશીય એ નામના રાજા. તેની રાણીનું નામ ત્રિશલા હતું.

૫. પું. કરારય રાજાનો એ નામનો એક પ્રધાન. તે ભરત ચક્રવર્તીને મોસાળમાંથી બોલાવવા ગયો હતો.

૬. પું. ધોળો સરસવ.

૭ પું નિર્ણય; ચુકાદો.

૮ પું ભારતના યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો એક રાજા

૯. પું. બુધના દેવાવર્ત વિષ્ણુધર્મોના ચાર માહેનો એક પુત્ર. તેમણે સિદ્ધપક્ષથી મંથો રચ્યાં છે.

૧૦. પું મોક્ષ.

૧૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કેમકે તે ભક્તજનોના અર્થને સિદ્ધ કરનાર મનાય છે

૧૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૩. પું. સાઠ માહેનો ત્રેપનમો સંવત્સર.

૧૪. ન (સિદ્ધપ) એક પ્રકારનું ઘર.

જે ઘરમા કરિણી (હસિની) અને મહિષી એ બે રાણાઓ જેમાં હોય તે ઘરનું સિદ્ધાર્થ નામ કહેવાય તેથી તે ઘરના નામ પ્રમાણે તેનું ફળ પણ શુભ છે. જ્ઞાનચંદ્રોદય

૧૫ વિ. પ્રસિદ્ધ અર્થવાળું

૧૬. [સં. સિદ્ધ (પાર પાડવું તે) + અર્થ (હેતુ)] વિ. સિદ્ધ અર્થ કે પ્રયોજનવાળું; જેના મનોરથ પાર પડ્યા હોય તેવું; સાધુ.

સિદ્ધાર્થક ૧. [સં.] પું. કડી વૃક્ષ.

૨. પું. ગૌતમબુદ્ધ.

૩. પું. જૈન તીર્થંકર મહાવીર સ્વામીના પિતા; સિદ્ધાર્થ

૪. પું ધોળો સરસવ.

૫. જુઓ સિદ્ધાર્થ ૧૫–૧૬

સિદ્ધાર્થા [સં.] સ્ત્રી. ચોવીસ જૈન તીર્થંકરની માતા.

સિદ્ધાર્થી પું. પ્રભવથી ત્રેપનમો એ નામનો સંવત્સર; ભાદરવા સંવત્સરના ૬૦ વર્ષ પૈકીનું ત્રેપનમું વર્ષ.

સિદ્ધાલય [સં.] ન. સિદ્ધનું આલય; સિદ્ધલોક.

સિદ્ધાવસ્થા સ્ત્રી. અખ્યાત્મજ્ઞાનની પરાકાષ્ઠા; નિત્યમુક્ત અવસ્થા; પૂર્ણયોગ. લોકમાન્ય તિલક કહે છે કે, બ્રહ્મમેક્યનું એટલે ખરા પરમેશ્વરસ્વરૂપનું જ્ઞાન થતાં જગતમાં ભૂતમાત્રમાં એક જ આત્મા છે તે ઓળખવું અને તે પ્રમાણે વર્તવું, એ અખ્યાત્મ જ્ઞાનની પરાકાષ્ઠા છે અને જે એ સ્થિતિ પ્રાપ્ત થાય તેજ પુરુષ ધન્ય અને કૃતકૃત્ય છે, આજ સિદ્ધાવસ્થા છે. એટલે કે, સર્વભૂત માત્રમાં સમા, સાચા અને મને કરીને દરહમેશ આવા પ્રકારની સામ્યબુદ્ધિ રાખી સર્વ કર્મ કરવાં તેનાંજ નિત્યમુક્ત અવસ્થા, પૂર્ણયોગ અવસ્થા સિદ્ધાવસ્થા એવાં પણ બીજાં નામો છે

સિદ્ધાશ્રમ પું (પુરાણ) મલદ અને કરુષ એ બે દેશોને મધ્યભાગે અરણ્યમાં આવેલો એક આશ્રમ. આ જગાએ કશ્યપ અને અદિતિએ ઘણા વર્ષ સુધી તપ કર્યું હતું. આપણ મન્વંતરની સાતમી ચોકડીમાં આજ આશ્રમમાં વામનઅવતાર થયો હતો. વિશ્વામિત્ર ઋષિએ આ જ જગાએ રહીને યજ્ઞ કર્યો હતો. એમના યજ્ઞમાં વિક્ષેપ કરનાર તાટકા રાક્ષસી અને એના પુત્રોને ઋષિએ રામ અને લક્ષ્મણને આણીને તેમને હાથે મરાવી પોતાનો યજ્ઞ સંપૂર્ણ કર્યો હતો

સિદ્ધાસન ન. (યોગ) એ નામનું એક આસન. એક પગ જિગના મૂળમાં અને બીજો પગ જાંઘની નીચે રાખવો હૃદય તથા શરીર ડોકડાની પેઠે સ્થિર રાખવાં–હાલવું ચાલવું નહિ. ઇંદ્રિયોને નિયમમાં રાખવી, અધખુલ દૃષ્ટિથી ભ્રૂકુટીના મધ્યભાગને જોયા કરવો. આવી રીતે બેસવું તે સિદ્ધાસન કહેવાય છે. આ આસને બેસવાથી મસ્તક વિના શરીરનો મધ્યભાગ સીધો રહે છે ને શ્વાસોચ્છ્વાસ સીધો ચાલી તેની ગતિ મંદ પડવા માંડે છે. દૃષ્ટિની સ્થિરતાથી તેજોદર્શન થાય છે. વીર્યધરાનાડી દબાવાથી વીર્યનો જય થાય છે. દેહને કષ્ટ દીધા વિના આ આસને વધારે સમય સુધી બેસી શકાય છે, વૃત્તિ અનાયાસે સ્થિર થવા માંડે છે, સોડી યોગ્યરીતે કરવાથી શરીર નીરોગી રહે છે અને જ્ઞાનના પ્રતિબંધક સંસ્કારો દૂર થવા માંડે છે. આ આસન પ્રાણવહનાડીઓના સર્વ મલને દૂર કરનાર છે. આ આસન વાણીને બેસવાથી સુષુમ્ણા નાડી આપોઆપ સીધી રહે છે અને પ્રાણાયામની ક્રિયા નિયમિત બની જાય છે તથા નાડીના મલનું શોધન થાય છે, પ્રાણતત્ત્વ સરળ રીતે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે કે જેથી મનના નિગ્રહમાં સહાયતા થાય છે આ આસનથી હૃદય તથા ફેફસાં બળવાન બને છે તથા શ્વાસોચ્છ્વાસની ક્રિયા દીર્ઘ બને છે, પાચનક્રિયા નિયમિત બને છે તથા ઉપરસ, શ્વાસ, પ્રતિશ્યાય (શરદી) હરસો, મરડાની ગ્રહણીથી આવતો તાવ, જીર્ણજ્વર, અજીર્ણ, અતિસાર, પ્રવાહિકા, સ્વપ્નદોષ, વીર્યનિર્બળતા, અકુમ્ભક, મૂત્રકૃચ્છ્ર વગેરે રોગ નાશ પામે છે.

સિદ્ધાંગના ૧. [સં.] સ્ત્રી સિદ્ધ પુરુષની સ્ત્રી. ૨. સ્ત્રી. સિદ્ધ સ્ત્રી

સિદ્ધાંજન ન. (તાંત્રિક) એક જાતની બનાવટનું આંજણ. આ અંજનથી અનેક દિવ્ય પદાર્થો સિદ્ધ પુરુષો જોઈ શકે છે. પુષ્યનક્ષત્ર અને રવિવાર હોય તે દિવસે ધોળા એરંડાનું મૂળ લાવી

ઓરસિયા ઉપર ઘસી તેમાં ખીમસેની કપૂર મેળવવાથી અ. અંજન તૈયાર થાય છે. તે બંને આંખે આંજવાથી ભૂમિમાં રહેતાં દ્રવ્યાદિ દેખાય; વળી તેથી આવિર્ભાવ ને તિરોભાવ યથેચ્છ થઈ શકે એમ કહેવાય છે.

સિદ્ધાંત ૧. પું. ઉપપત્તિયુક્ત મત

૨. પું કાયદો; ક્રાનૂન.

૩. વિ. (ગણિત) જેમાં ભૂમિતિનું કંઈપણ સત્યસિદ્ધ કરેલું હોય તે પાટ.

૪. પુ. જ્યોતિષશાસ્ત્ર પ્રસિદ્ધ સૂર્યસિદ્ધાંત વગેરે

૫. પુ. (જૈન) દર્શન; શાસ્ત્ર.

૬. [સં. સિદ્ધ + અંત (નિશ્ચય)] પું નિશ્ચય; છેવટનો નિર્ણય; સપ્રમાણ સિદ્ધ કરેલો નિયમ; પૂરી તપાસ કે વિચારણા; વિચારી કે ચર્ચાને નક્કી કરેલી બાબતઃ વાત કે વિચારને પ્રમાણ આપી પુરવાર કરેલો નિયમ; હદ મત; ઠરાવ

> હું તો અદ્વૈતના મોટા માનનારો **સિદ્ધાંતને**, અર્થ અદ્વૈતનો મારો ક્યાંય નીચ ન જોઈ છે.
>
> પ્રાણીગીતા

૭. પું. ન્યાયમત પ્રમાણે જે સોળ પદાર્થોના જ્ઞાનથી મોક્ષ મેળવાય છે તેમાનો એક પદાર્થ.

૮. પું. (વેદાંત) પ્રામાણ્યાદિકનું કથન કરીને પૂર્વ પક્ષનું ખંડન કરનાર અર્થ; શાસ્ત્રજ્ઞોના પુરુષોએ પ્રામાણિકતા રૂપ વડે અંગીકાર કરેલો અર્થ. એ સિદ્ધાંત ચાર પ્રકારનો છે: (૧) સર્વતંત્ર સિદ્ધાંત, (૨) પ્રતિતંત્ર સિદ્ધાંત, (૩) અધિકરણ સિદ્ધાંત અને (૪) અભ્યુપગમ સિદ્ધાંત. (૧) સર્વતંત્ર સિદ્ધાંતઃ બધાં શાસ્ત્રોથી અવિરુદ્ધ હોવો જે પોતાના શાસ્ત્ર વિષે અંગીકાર કરેલો સિદ્ધાંત. (૨) પ્રતિતંત્ર સિદ્ધાંતઃ જે અર્થવાદીએ અથવા પ્રતિવાદીએ એક જણાએ જ અંગીકાર કર્યો છે, બીજાએ અંગીકાર કર્યો નથી, તે અર્થ પ્રતિતંત્ર સિદ્ધાંત કહેવાય છે. (૩) અધિકરણ સિદ્ધાંતઃ જે અર્થની સિદ્ધિ થયા પછી પ્રસ્તુત અર્થની સિદ્ધિ થાય તે. (૪) અભ્યુપગમ સિદ્ધાંતઃ સાક્ષાત્સૂત્રમાં નહિ કથન કરેલા અર્થનો અંગીકાર.

૯. પુ મતવ્ય; વિચાર

૧૦. પું વાદ; તર્ક.

૧૧. પું. વાદી પ્રતિવાદીએ નક્કી કરેલ અર્થ.

૧૨. પુ. વ્યાપકતત્ત્વ બાળગંગાધર તિલક કહે છે કે: ગુરુત્વાકર્ષણ અથવા સૃષ્ટિરચનાનું ઉત્ક્રાંતિતત્ત્વ, અથવા પ્રજાતંત્રૈક્ય, તેના જેવી ઉદાત્ત કલ્પનાઓ સેંકડો વર્ષોમાં કોઈ એક વાર એકાદ કોઈ મહાત્માને સૂઝે છે. એટલે જે કંઈ જે સામાન્ય સિદ્ધાંત કે વ્યાપકતત્ત્વ પ્રચલિત હોય તે ઉપર જ બારે દઈને પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાનો વહીવટ સામાન્ય રીતે સર્વ દેશના ગ્રંથોમાં ભળી આવે છે.

૧૩. પું. શંકરાચાર્યનો ગ્રંથોનો એ નામનો ગ્રંથ

૧૪. પું સમય.

૧૫. પુ સંપ્રદાય; મત.

૧૬. પું. સૃષ્ટિના આરંભકાળથી જેમાં ગણિત હોય તે ગ્રંથ

સિદ્ધાંતકૌમુદી જી. સંસ્કૃત વ્યાકરણનું એ નામનું એક પુસ્તક. તેમાં ધાતુપાઠ, લિંગાનુશાસન, પાણિનીય શિક્ષા, પરિભાષા પાઠ, સૂત્રસૂચી, વાર્તિક, ગણસૂત્ર, પરિભાષાસમુચ્ચિત સૂત્રો, ઉણાદિસૂત્રસૂચી, ધાતુસૂચી, ફિટસૂત્રસૂચિ વગેરેનો સમાવેશ થાય છે.

સિદ્ધાંતજ્ઞાન ન. (જૈન) જ્ઞાનના બે ભાદેનો એક પ્રકાર. ઉપદેશજ્ઞાન અને સિદ્ધાંતજ્ઞાન એમ જ્ઞાનના બે પ્રકાર ગણાવાય છે. આત્માનું હોવાપણું, આત્માનું નિત્યપણું, આત્માનું એક અથવા અનેકપણું, બંધાદિ ભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા આ બધાને દૃષ્ટાંત આદિથી જે પ્રકારે સિદ્ધ કર્યાં હોય છે તે સિદ્ધાંતજ્ઞાન કહેવાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે, સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જ્વલ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધના ઉદયમાં છે. જે જીવમાં અસગ્રહતા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ છે અને અસગ્રહતા વૈરાગ્ય અને ઉપશમથી આવે છે

સિદ્ધાંતમૂલકપદ્ધતિ જી. શિક્ષણશાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; 'ડિડક્ટિવ મેથડ'. આ પદ્ધતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે. પ્રથમ સિદ્ધાંતને રજૂ કરી તે સિદ્ધાંતનું સત્ય દાખલાઓથી સમજાવવું અર્થાત્ દાખલાઓ ચાવી ચાવીને સિદ્ધાંત સાબિત કરવો એ પદ્ધતિ સિદ્ધાંતમૂલકપદ્ધતિ કહેવાય છે. ગણિત, ભૂમિતિ વગરે વિષયો સિદ્ધાંતમૂલકપદ્ધતિથી શીખવાય છે. આમાં બુદ્ધિથી અથવા દલીલથી સિદ્ધાંત સમજાવીને તેનું ખરાપણું અથવા પરિણામ બતાવવામાં આવે છે. જે સાબિત કરવાનું હોય છે તે સિદ્ધાંત ઉપરથી દલીલો તારવીને સાબિત કરી બતાવવામાં આવે છે. આ પદ્ધતિથી ઊલટી પદ્ધતિ તે દૃષ્ટાંતમૂલકપદ્ધતિ છે.

સિદ્ધાંતવાક્ય ન. મંથનને અંતે તારવી કાઢેલ સૂત્ર.

સિદ્ધાંતવાદ ૧ [સ] પુ ધર્મશાસ્ત્રમાં કહેલું જ સત્ય છે તેવો મત.

> અને અદ્વૈત ૨ ગ્રન્થ **સિદ્ધાંતવાદમાં** કોઈ બાધ પડ્યુ નથી. સરસ્વતીચંદ્ર

૨. પુ. સિદ્ધાંતને વળગી રહેવાનો મત

સિદ્ધાંતવાદી ૧ વિ. શાસ્ત્રના તત્ત્વને જાણનાર

૨ વિ. સિદ્ધાંતમાં માન્યતાવાળું; કોઈ પણ બાબતમાં તે અંગેના સિદ્ધાંત પ્રમાણે ચાલનારું, સિદ્ધાંતને વળગી રહેનાર; સિદ્ધાંતી.

સિદ્ધાંતશિરોમણિ ૧. પુ. ભાસ્કરાચાર્યે રચેલ ખગોળવિજ્ઞાનો એ નામનો એક ગ્રંથ. તેના ગોલાધ્યાય અને ગણિતાધ્યાય એવા બે ભાગ છે.

૨. પું સંસ્કૃત પરીક્ષાને અંતે અપાતી એક ઉપાધિ

સિદ્ધાંતસૂત્ર ૧ [સ] ન જૈનમત; મત

૨. ન. શંકાનો નિર્ણય આપનારું અને શાસ્ત્રકારના મતનું પ્રતિપાદન કરનારું સૂત્ર. ઉત્તરમીમાંસા બે પ્રકારનું છે: એકમાં વાદીઓનાં સમાધાન માટે સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે અને બીજામાં જિજ્ઞાસુઓના સમાધાન માટે સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. પહેલાંને અધ્યાસૂત્ર અને બીજાંને સિદ્ધાંતસૂત્ર કહે છે.

સિદ્ધાંતી ૧. [સં. સિદ્ધાંતિન્] પું. સિદ્ધાંત રજૂ કે સમર્થન કરનાર પુરુષ

૨. વિ. જેણે એક પણ શાસ્ત્ર સંબંધી વિવેચન કરેલા પુસ્તકનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું હોય તે.

૩. વિ. (ન્યાય) વાદી.

> આવી રીતે જ્યારે પ્રતિજ્ઞાવાક્ય નિગમનમાં આવી રહે ત્યારે તે સિદ્ધ થયું કહેવાય, એટલે પ્રતિજ્ઞાનો સિદ્ધાંત થયો કહેવાય. પ્રતિજ્ઞા સિદ્ધ ન થઈ હોય ત્યાંસુધી તે સિદ્ધાંત કહેવાય નહિ. વાદી છેવટે સિદ્ધાંત સ્થાપિત કરે છે માટે તે સિદ્ધાંતી કહેવાય છે.
>
> પ્રમાણરાજ પ્રવેશિકા

૪. વિ શાસ્ત્રના તત્ત્વને માનનારું

૫. વિ. સિદ્ધાંત રજૂ કે સમર્થન કરનારું.

૬. વિ સિદ્ધાંતવાળું; એક નક્કી વિચાર પર આવેલું; અમુક વિચાર કે મંતવ્ય નક્કી કરી જેણે પકડેલું હોય તેવું; સિદ્ધાંતવાદી.

સિદ્ધિ ૧. પું. (પિંગળ) આર્યાની જાતનો એ નામનો એક માત્રામેળ છંદ. તેને સિદ્ધા કે મુદ્રા કહે છે. તેમાં ૩૧ લઘુ અને ૧૭ ગુરુ મળી ૪૮ વર્ણની ૬૭ માત્રા હોય છે

૨. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬ ગુરુ અને ૩૬ લઘુ મળી ૪૨ વર્ણ હોય છે

૩. પું (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેનું પહેલું ચરણ ઇંદ્રવજ્રા અને બીજું, ત્રીજું ને ચોથું ચરણ ઉપેંદ્રવજ્રાના માપના હોય છે. ગણપ્રસ્તાર પ્રકાશમાં આ છંદને ઋદ્ધિ અને પ્રાકૃત પિંગલસૂત્રના કર્તાએ બુદ્ધિ નામ આપેલ છે.

૪ પું (પિંગળ) પ્રકૃતિની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; શક્તિવાદના. સિદ્ધિકા. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, નગણ જગણ અને રગણ એમ એકવીસ અક્ષર હોય છે.

૫ પું. (પિંગળ) માત્રામેળ પિંગળ પ્રમાણે એક સમજાતિ માત્રામેળ છંદ આ દ્રાપદી છંદનો ભેદ છે તેમાં ૨૨ ગુરુ અને ૬૮ લઘુ મળી ૯૦ વર્ણ હોય છે.

૬. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કર્મઠ, ને યોગીઓને સિદ્ધિઓ આપનારા અને સર્વ સિદ્ધિઓના સ્વામી છે. વળી તે સમસ્તકારિક શક્તિરૂપ છે. કાર્યોમાં પરિપૂર્ણતારૂપ અને જ્ઞાનપ્રાપ્તિ કે ફળપ્રાપ્તિરૂપ હોવાથી તે સિદ્ધિ કહેવાય છે

૭. પું. (પુરાણ) વીર નામના અગ્નિને સ્વરુ નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક દીકરો.

૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૯ પું. (પિંગળ) ષટપદી છપ્પયની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬૬ લઘુ અને ૨૮ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૧૦ પું. (જ્યોતિષ) સત્તાવીસ માંહેનો એ નામનો એક યોગ; વિષ્કુંભથી ૨૧મો યોગ.

૧૧. સ્ત્રી. અનુભવ; પ્રસન્નીકરણ

૧૨. સ્ત્રી. અંત; સમાપ્તિ.

૧૩ સ્ત્રી. અંતર્ધાન થવું તે.

૧૪. સ્ત્રી. (પિંગળ) આઠના અંકની સત્તા.

૧૫. સ્ત્રી. ઈશ્વરની પ્રસાદી.

> ઉપાસનીય ગુરુની ઉપાસના કરી જ્ઞાન મેળવી એમ સિદ્ધિ મેળવી શકાય છે, તેમ પ્રકૃતિ તથા તેના કાર્યોની ઉપાસના કરવાથી સિદ્ધિ મેળવી શકાતી નથી: અર્થાત્ પ્રકૃતિની ઉપાસનાથી ગમે તેટલું ઐશ્વર્ય મળે પણ વિવેક જ્ઞાનથી જે સિદ્ધિ મળે છે તેની તુલ્ય એક પણ સિદ્ધિ નથી.
>
> સાખ્યદર્શન

૧૬. સ્ત્રી. ઋદ્ધિ નામે ઔષધિ.

૧૭. સ્ત્રી. (આધ્ય) એક પ્રકારનું ઐશ્વર્ય. ઊહ આદિ જોટેથી આઠ પ્રકારની સિદ્ધિ થાય છે: ૧ ઊહ, ૨. શબ્દજ્ઞાન, ૩. અધ્યયન, ૪ ગુરુપ્રાપ્તિ, ૫. દાન અને આંતરિક શુદ્ધિ, ૬ આધ્યાત્મિક દુઃખનો નાશ, ૭ આધિભૌતિક દુઃખનો નાશ, અને ૮ આધિદૈવિક દુઃખનો નાશ. એ આઠ સિદ્ધિઓનાં નામો અનુક્રમે તાર, સુતાર, તારતાર રમ્યક, સદામુદિત, પ્રમોદ, મુદિત અને મોદમાન રાખવામાં આવ્યાં છે પૂર્વજન્મના સારા સંસ્કારને લઈ થોડા જ ઉપદેશથી તત્ત્વજ્ઞાન થવું તે ઊહ, પોતે સાક્ષાત્ ગુરુ પાસે અભ્યાસ ન જતાં બીજાના પાસ માસ્તરવાથી જે તત્ત્વજ્ઞાન થાય તે અધ્યયન, ગુરુ પોતે જ ચેર આવી બતાવી આપ અને તેથી તત્ત્વજ્ઞાન થાય તે ગુરુપ્રાપ્તિ; દાન સદાચાર અને અંતઃકરણની પવિત્રતાથી જે તત્ત્વજ્ઞાન થાય તે દાન અને આંતરિક શુદ્ધિ એ પાંચ સિદ્ધિઓ કહેવાય છે. વિવિધ દુઃખના નાશથી ત્રણ સિદ્ધિઓ થાય છે એ બધી મળી આઠ સિદ્ધિઓ થાય છે

૧૮. સ્ત્રી. કરજમાંથી મુક્ત થવું તે.

૧૯. સ્ત્રી. કલ્યાણ; પ્રકર્ષ; અભ્યુદય; આબાદી; સંપત્તિ

> અભુસ્વામી ચરિત ચહઈ જુગઈ જે સંભલઈ,
> સિદ્ધિ સબ્બ અહંત તે નર સીલહિ પામિસિઈ.
>
> અભુસ્વામી રાસ સવત ૧૨૧૬

૨૦. સ્ત્રી. ગણેશની પાસે રહેતી બે માંહેની એક શક્તિ.

૨૧. સ્ત્રી. છેવટની મુક્તિ; જન્મ મરણના ફેરામાંથી છુટકારો; મુક્તિ; નિર્વાણ.

૨૨. સ્ત્રી. (યોગ) તપ, મંત્ર વગેરેથી પ્રાપ્ત થતી ધારણાપૂર્વક અલૌકિક શક્તિ; યોગથી મળતી આઠ માંહેની દરેક શક્તિ. તેનાં નામ: (૧) અણિમા: પરમાણુના રૂપપર્યંત નાના થઈ જવાની શક્તિ. (૨) મહિમા: આકાશ જેવા વિભુ થઈ જવાની શક્તિ. (૩) લઘિમા: રૂના જેવા હલકા થઈ જવું તે. (૪) ગરિમા: અત્યંત ભારે થઈ જવું તે (૫) પ્રાપ્તિ: અત્યંત દૂર પદાર્થ ને સ્પર્શ કરવાની શક્તિ (૬) પ્રાકામ્ય: ઇચ્છા થાય તે સિદ્ધ કરવાની શક્તિ. (૭) કુશિત્વ: શરીર ને અંતઃકરણ ઉપરનું પૂર્ણ પ્રભુત્વ અને (૮) વશિત્વ: સર્વત્ર વશ વર્તાવનાર સામર્થ્ય. એ આઠ શક્તિઓ ગણાય છે બીજા મત પ્રમાણે અણિમા, અંજન, પાદલેપ, અંતર્ધાન, રૂપપરાવર્ત્ત, મેઘવર, ભૂચર, પાતાલ એમ આઠ પ્રકારની સિદ્ધિ ગણાય છે

૨૩. સ્ત્રી તૈયાર રસોઈ.

૨૪ સ્ત્રી. દક્ષની એક કન્યા.

૨૫. સ્ત્રી નાટકનાં ૩૬ માંહેનું એક લક્ષણ.

૨૬ સ્ત્રી નિધિ.

૨૭. [સં] સ્ત્રી. પરિપૂર્ણ, સફળ કે સાબિત થયું તે

૨૮ સ્ત્રી પાદુકા; પાવડી; ચાંખડી.

૨૯. સ્ત્રી પ્રભાવ વગરે ગણ શક્તિ.

૩૦. સ્ત્રી. પ્રમાણ; નિર્ણય.

૩૧. સ્ત્રી. કૃતેજ; વિજય; જીત.

૩૨. સ્ત્રી. ફલપ્રાપ્તિ; કાર્ય કે ધારણાની પરીપૂર્ણતા

૩૩. સ્ત્રી. બુદ્ધિ; જ્ઞાન.

૩૪ સ્ત્રી. વહાણની આઠ માંહેની એક કલા.

૩૫ સ્ત્રી. (પુરાણ) ભગ નામના આદિત્યની સ્ત્રી. આશી તેની દીકરી થાય.

૩૬. સ્ત્રી. સાંગ

૩૭. સ્ત્રી. મરડાસીંગીનું ઝાડ

૩૮. સ્ત્રી. રસોઈ કરવી તે; રાંધવું તે.

૩૯ સ્ત્રી ઋદ્ધિ; પ્રાપ્તિ.

૪૦ સ્ત્રી વિવાદિત બાબતનું છેવટનું નિર્ણય પરિણામ.

૪૧. સ્ત્રી. (પુરાણ) વિશ્વકર્મની એ નામની એક પુત્રી. તે અને તેની બહેન બુદ્ધિ ધર્મદેવની સ્ત્રીઓ છે

૪૨. સ્ત્રી. શુદ્ધિ; પવિત્રતા.

૪૩. [સં. સિધ્ (સાધવું) + ક્તિ (પ્રત્યય)] સ્ત્રી. સફળતા

> અહિંસા સત્યની સિદ્ધિ અસ્તેયની સિદ્ધિ વિના, ન સંભવતી હોઈ તે સનાતન ધર્મ છે.
>
> ગાંધીગીતા

૪૪. સ્ત્રી. સંપત્તિ.

૪૫. સ્ત્રી. સાબિતી.

૪૬. સ્ત્રી. (જૈન) સિદ્ધ શિલા.

સિદ્ધિકર ૧. [સં.] વિ. પ્રતાપી.

૨. વિ. સિદ્ધિ આપનાર કે કરનાર.

> એ વિના સિદ્ધિકર નથી, કહું આ ભૂમિ મમ.
>
> પ્રેમાનંદ

સિદ્ધિકરણ ન. સાબિત કરવું તે; સિદ્ધ કરવાની ક્રિયા.

> આ વાતનું સિદ્ધિકરણ આ દેશના આર્યજનોના હૃદયમાં જ છે. એ હૃદયોને જ પૂછવાથી સત્ય વાત જણાય એમ છે. ગુ. સા. પરિષદ

સિદ્ધિકંદ પું એક જાતનું મૂળિયું; તેલકંદ; તેલિયો કંદ; વિષકંદ. આ કંદ કમળકંદ જેવો થાય છે. કમળ જેવાં પાંદડાં થાય છે તેમાંથી તેલનાં ટીપાં પાણીમાં પડે છે. આ કંદમાં આઠ જાતનાં ઝેર ઉતારવાનો ગુણ છે. તેની આસપાસનું જળ તેલ જેવું લાગે છે અને તેની આજુબાજુ દસ હાથ સુધી પથરાઈ ગયેલું દેખાય છે. આ કંદમાં સોમ ભોસવાથી સોમ પણ મળી જાય છે

સિદ્ધિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ ૩૬ પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને શક્તિવદના કે સિદ્ધિ છંદ પણ કહે છે.

સિદ્ધિક્ષેત્ર [સ] ન. સિદ્ધક્ષેત્ર; સિદ્ધપુર, હાલના ઉત્તર ગુજરાતમાં આવેલું એક પ્રાચીન ગામ.

સિદ્ધિક્ષેત્ર માતૃ સરસ્વતી,
રુદ્રદેવ શ્રી કર્દમપતિ. બલિન

સિદ્ધિદ ૧ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

૨. [સં.] પું. બટુકભૈરવ

૩. પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

૪ વિ. સિદ્ધિ આપનારું.

સિદ્ધિદા ૧. [સં] સ્ત્રી. દુર્ગા; શિવજીની પત્ની.

૨. વિ સ્ત્રી. સિદ્ધિ આપનારી.

સિદ્ધિદાતા ૧. [સં. સિદ્ધિદાતૃ] પું. બટુક ભૈરવ

૨. વિ. સિદ્ધિ આપનારું.

સિદ્ધિદાયક [સં.] વિ. સિદ્ધિ દેનાર.

સિદ્ધિમંત વિ. સિદ્ધિ મેળવી હોય તેવું.

સિદ્ધિમંતોને ક્ષેમકુશળ સ્થાપીને જ હોય છે.
નાનાલાલ

સિદ્ધિયોગ ૧. પું. (જ્યોતિષ) એક શુભ યોગ; અમુક તિથિએ અમુક વાર હોય તો કાર્ય પરિપૂર્ણ થાય તેવો યોગ. રાજવલ્લભમાં લખે છે કે: એકાદશીને દિવસે ગુરુવાર હોય, છઠને દિવસે મંગળવાર હોય, તેરસને દિવસે શુક્રવાર હોય, નવમી, એકમ અને આઠમ એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિને દિવસે રવિવાર હોય; બીજ, દશમ અને નવમી એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિના દિવસે સોમવાર હોય તો તે સિદ્ધિયોગ જાણવો વળી શુક્રવાર અને નંદાતિથિ, બુધવાર અને ભદ્રાતિથિ, મંગળવાર અને જયાતિથિ, શનિવાર અને રિક્તાતિથિ, ગુરુવાર અને પૂર્ણાતિથિ હોય તો સિદ્ધિયોગ થાય.

૨. [સં. સિદ્ધિ + યોગ (સંયોગ)] પું. સિદ્ધિદાયક થઈ પડે તેવી રીતે ગ્રહોનું આવવું તે

સિદ્ધિવિનાયક [સ.] પુ. ગણેશ; ગણપતિ; ગજાનન; વિઘ્નનાયક. ભાદરવા સુદિ ૪ ને દિવસે તેનું વ્રત થાય છે

સિદ્ધિશિલા સ્ત્રી. (જૈન) સિદ્ધિશિલા; લોકને અગ્રભાગે રહેલ એ નામે ઓળખી પૃથ્વી, મુક્તિશિલા; અજરામર સ્થાન.

સિદ્ધેશ્વર ૧ પુ યોગ, તપ અને જ્ઞાનની સિદ્ધિને પામેલા સિદ્ધોનો પણ ઈશ્વર; મહાન યોગી.

૨. ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ; ઓંકારેશ્વરના મંદિરની પ્રદક્ષિણા કરતાં આવતું એક તીર્થ

સિદ્ધેશ્વરી ૧ [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. સંદેશરો નામની વનસ્પતિ.

૩. જુ સિદ્ધિવાળી સ્ત્રી.

૪ ન. દેશાવળ જાતિના વાણિયાનું મૂળ ગામ.

૫. વિ. સ્ત્રી. કામ સિદ્ધ કરી આપે તેવી.

સિદ્ધોવરણ [સં. સિદ્ધોવર્ણ] ન. વર્ણમાળા શીખવવાની અસલ પદ્ધતિ; જૂના વખતના અભ્યાસક્રમનો એક મુખ્ય ભાગ. એ સમયમાં મુખ્ય ત્રણ વિષયો હતા. સીધો (સિદ્ધોવર્ણ), ખત અને ગણના.

હું તો સિદ્ધોવરણ સિદ્ધ ઘૂંટિયો.
કાન્તિલાલ

સિધ્ [સં.] અ. ક્રિ (ધાતુ) પાર પાડવું; સાધ્ય થવું તે ઉપરથી બનેલા શબ્દો: સિદ્ધિ, સિદ્ધાંત, પ્રસિદ્ધ

સિધવા વિ સ્ત્રી. પતિવાળી; સધવા.

સિધવાડી સ્ત્રી. પાટણાના પૈડાને સાચવણ (ઘેસ) પૂરતી વખતે આખુ ઝાડ જેના આધારે અધર રાખે છે તે ટેકો

સિધારવું અ ક્રિ. વિદાય થવું; જવું; સિધાવવું; ચાલતી પકડવી; જતા રહેવું

તેઓ સ્વર્ગલોકમાં સિધાર્યા
ઉમાશંકર સુમંકર જોશી

સિધાવવું અ. ક્રિ વિદાય થવું; જવું; સિધારવું
આવા કેસરણીના કેમ હો ' સિધાવોજી ઝબૂકાટ.
ન.નાનાલાલ

સિધ્મ ૧. [સં.] પું. એક જાતનો ચામડીનો રોગ; કરોળિયા

૨. પું. કુષ્ટરોગનો એક પ્રકાર; ધિલાસરોગ, શ્વેતમિશ્રિત રાતા રંગવાળો ફોલ્લ. તેમાં ચામડી ધોળી, રાતી તથા પાતળી થઈ જાય છે. તેમા બરજ આવી ઉપરથી કાતરી ખરે છે.

સિધ્મલ [સં.] વિ. સિધ્મરોગવાળું.

સિધ્મલા [સં.] સ્ત્રી ભીંતું ચડાવેલ માળવું.

સિધ્ય [સ] ન પુષ્ય નક્ષત્ર

સિધ્ય, તિષ્ય, પુષ્ય એ ત્રણ નામ પુષ્ય નક્ષત્રના છે. અમરકોષ

સિનાઈ [અં] પુ. બાઈબલમાં આવતો એક પર્વત. ત્યાં મૂસાએ ઈશ્વર વાણી સાંભળી હતી.

સિનીવાલી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની સ્ત્રી દેવહૂતીનું બીજું નામ.

૨. સ્ત્રી. ચાક્ષુ મન્વંતરમાં રાકા નામની ઋષિની પુત્રે ભૂહસ્પતિને થયેલી સાત માહેની એક કન્યા.

૩. સ્ત્રી. (જ્યોતિષ) જેમાં ચંદ્રમા દેખાતો હોય તેવી અમાવાસ્યા; ચતુર્દશીયુક્ત અમાવાસ્યા. કર્મદોષે અમાવાસ્યાના ત્રણ ભાગ કરી પ્રથમ પ્રહરને સિનીવાલી, બીજાથી છઠ્ઠા પ્રહરને કુહૂ અને સાતમા આઠમા પ્રહરને કુહૂ કહેલ છે.

૪. સ્ત્રી (પુરાણ) ધ્રુવના નામના આદિત્યની એ નામની એક સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) શાલ્મલીદ્વીપની એ નામની એક નદી.

૬. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં અંગિરા ઋષિને શ્રદ્ધાને પેટે થયેલી એ નામની એક કન્યા.

સિનેજગત ન. ચલપટની હિલ્મનો પ્રદેશ; સિનેમા આલમ.

સિનેમા ૧. [અં] પું ;ન. ચિત્રોની પરંપરાને ચાલતી ઘટના તરીકે પટ ઉપર બતાવવાની યુક્તિ.

૨. પું ; ન. ચિત્રોની પરંપરાને ચાલતી ઘટના તરીકે યુક્તિથી બતાવાતું ચિત્ર; ચલચિત્ર. હાલમાં તો શૈક્ષણિક ચલચિત્રોથી સમાજને ઘણું ઘણું શીખવાય છે. એટલું જ નહિ પણ વાઙ્મયપદ્ધતિએ પણ થોડા સમય ઉપર શીખવવાનું શરૂ થયું છે. આ પદ્ધતિ વાઙ્મયપ્રસાદ શિક્ષણમાં અતિશય ઉપયોગી નીવડવાની. તેનો એક બીજો ફાયદો એ છે કે, હિલ્મના ગમે તે ભાગને સ્થિર કરી ગમે તે ક્રિયાને બારીકાઈથી વિદ્યાર્થી ચાહે તેટલા લાંબા સમય સુધી પોતે જોઈને સમજી શકે. આજે જગતભરમાં ચિત્રપટે અજબની અસર કરી છે. કેળવણીમાં એનું સ્થાન કેવું અને કેટલું ઊંચું જોઈએ એ વિષે સાંભરેલા દેશોમા ચર્ચા ચાલી રહી છે એ અમે ફ્રાન્સની શાળાઓમાં જે કાર્ય ચાલી રહ્યું છે તે ' નૂતન શિક્ષણ 'માં આપતાં રવજીભાઈ દ. દેસાઈ લખે છે કે: પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ચલિત ચિત્રોએ શિક્ષણના એક સ્થાન તરીકે ફ્રાંસમાં કીક સ્થાન પ્રાપ્ત કર્યું છે ત્યાંની નિશાળોમાં લગભગ ૯,૦૦૦ જેટલાં સિનેમા યંત્રોનો ઉપયોગ થાય છે. દર વર્ષે ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ ફિલ્મો

નિશાળોમાં પહોંચતી કરવામાં આવે છે. તે ઉપરાંત ફરતી 'સ્લાઇડો'ની પેટીઓ, ૩૦,૦૦૦ થી ૪૫,૦૦૦ દર વર્ષે ફરે છે. એક મધ્યસ્થ સંસ્થા લગભગ ૫૦ જેટલી શાખાઓ દ્વારા જુદે જુદે સ્થળે ફિલ્મો અને સ્લાઇડો પહોંચાડવાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરે છે. ફિલ્મો તૈયાર કરવાનું કામ ખાનગી પેઢીઓ કરે છે છતાં ફળવણી, ખેતીવાડી, પોસ્ટ તેમજ એવાં બીજ ખાતાં તરફથી એ પેઢીના સંચાલકોને મોજ સલાહ તેમજ જરૂરી મદદ મળે છે. હજી સુધી લાંની સરકારે ખાસ નિશાળો માટેની ફિલ્મો તૈયાર કરવાનું કાર્ય પોતાને હસ્તક લીધું નથી; પરંતુ થોડા જ સમયમાં એ કાર્ય હાથ ઉપર લેવું એવી વકી છે. વળી ફળવણી અંગેની ફિલ્મો તૈયાર કરવામાં મોજ શિક્ષકોની સલાહ અનિવાર્ય છે એ ફ્રાંસના વિચારકો સમજતા છે. નોંધવા જેવી બીના એ છે કે, એ ફિલ્મોની ખરીદાર કોઈ જાતનું લવાજમ લીધા સિવાય તેમજ પોસ્ટ ખર્ચ વિના થાય છે. વળી એક સંસ્થાએ શાળાના ઉપયોગમાં આવે એવી ફિલ્મોનું પત્રક પ્રસિદ્ધ કર્યું છે. મુખ્યત્વે ભૂગોળ તેમજ વિજ્ઞાન સબંધી ફિલ્મોની માગણી થાય છે. મોટે ભાગે ચલચિત્રો ઉપયોગમાં આવે છે. અન્ય વિષયો માટે કેવી ફિલ્મો તૈયાર કરવી, ભોંયપટનો ઉપયોગ કેમ કરવો, શિક્ષકને એ વિષય પરત્વે કેવી તાલીમ આપવી, નિશાળના સમયપત્રકમાં કેવો ફેરફાર કરવો, પાછળ પડતા વિદ્યાર્થી માટે ચિત્રપટ કેટલું ઉપયોગી સાધન થાય વગેરે પ્રશ્નો ઉપર ફ્રાંસમાં ઠીક ઊહાપોહ ચાલી રહ્યો છે. રશિયામાં પણ કલા અને સંસ્કારિતાની ફળવણી માટે નીચે પ્રમાણે અવસ્થા હોવાનો 'સ્લાવ્યાન શિક્ષણ'માં ઉલ્લેખ છે: પુખ્ત ઉમરના માણસો માટે ઊંચી કક્ષાના ઓપેરા, નાટકો, સંગીતના જલસા, વગેરે કાર્યક્રમો ગોઠવાય છે. સંગીતકલાનું સૌથી મોટું મહાવિદ્યાલય રશિયામાં મોસ્કોનું છે. નાનાં બાળકોને સંસ્કારિતાની ફળવણી તેમજ મનરંજન આપનારી સાધનસામગ્રીનો વિકાસ રશિયામાં કેટલા પ્રમાણમાં થયો છે તે ૧૯૩૩ના નીચે આપેલા આંકડાઓ બતાવી આપશે: (૧) માત્ર બાળકો માટેનાં જ નાટ્યગૃહો ૧૦૦. (૨) માત્ર બાળકો માટેનાં જ સિનેમા થિયેટરો ૪૦. (૩) ફળવાળા પૂતળીઓની રમતોની નાટ્યશાળાઓ ૩૫. (૪) ચિત્રપટો બતાવવાનાં સાધનવાળી શાળાઓ ૬,૦૦૦. (૫) સંગીતશિક્ષણ શાળાઓ ૫૨. (૬) બાલસાહિત્ય પ્રકાશન સંસ્થાઓ ૫૨. (૭) રેડિયોવાળી શાળાઓ ૨૬,૦૦૦. 'નૂતન શિક્ષણ'માં એ. બી. રસ્તમજી લખે છે તેમ: ગ્રામોફોન અને રેડિયો જેવાં સાધનોનો વાજબી ઉપયોગ કરવાથી લોકોના એક મોટા સમુદાયને ચોક્કસાઈથી વિવિધ વિષયોની માહિતી આપી શકાય છે. શિક્ષણશાસ્ત્રીઓ રેડિયોને 'હવાઈ વિદ્યાપીઠ' કહે છે; કેમકે વિદ્યાપીઠનું કાર્યક્ષેત્ર વધારવામાં તેની ઉપયોગિતા જરૂર મહામૂલ્યની થઈ પડતી હોય છે. ગ્રામવિસ્તારના શિક્ષકોને માટે શિક્ષણની કોઈ શાખાની નૂતન પદ્ધતિ ઉપર રેડિયો દ્વારા પ્રવચન ગોઠવીને શિક્ષણક્ષેત્રમાં ઘણું જે પરિવર્તન થઈ શકે એમ છે. આપણી શાળાઓ જુદા જુદા વિષયોના ખાસ અભ્યાસીઓને રોજના સામાન્યતઃ અશક્ત છે; રેડિયો વગેરે સાધનોનો ઉપયોગ જો વિચારપૂર્વક શૈક્ષણિક દૃષ્ટિથી કરવામાં આવે તો આપણે આપણાં બાળકોને તેવા અભ્યાસીઓના સંસર્ગમાં રોજે રોજ નિયમિત રીતે મૂકી શકીએ. રેડિયોની મદદથી આપણે આપણા મહાન પુરુષો અને મહાન સ્ત્રીઓને પણ સાંભળી શકીએ અને જો સાયોસાય્થ ટેલીવિઝન એટલે કે સંજ્યદૃષ્ટિનો પ્રબંધ કરીએ તો તે નજરે પણ બતાવી શકીએ. આ વાત પૂરતી સમજવાની સરળતા રેડિયો ઉપર ફળવણીના વિષયો સાંભળવા તૈયાર નહિ થાય ત્યાં લગી રેડિયોના કાર્યક્રમો આપણે કલ્પીએ છીએ તેવા આદર્શ તો નહિ જ થાય. ઇંગ્લંડમાં તો જુદી જુદી જાતના કાર્યક્રમોની યોજના રાખવામાં આવી છે અને તેનો લાભ સેંકડો શાળાઓ પણ લઈ રહી છે. આવા શૈક્ષણિક કાર્યક્રમ ચાલુ હોય તે વેળા જો પુસ્તકો કે નકશાઓનો ઉપયોગ કરવાનો હોય તો તે અગાઉથી તૈયાર રહેવાં જોઈએ અને જેમ જેમ પ્રસંગ ઊભો થાય તેમ તેમ તેના તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન શાંતિથી દોરવું જોઈએ. રેડિયોની મદદથી સંગીતશિક્ષણનું કાર્ય સારી રીતે થઈ શકે છે ને તે પ્રમાણે તેનો ઉપયોગ પણ થાય છે ખરો. આજે આપણને ભક્તિગીતો બળ ધ્વનિરૂપે મળી શકે છે. એ જ પ્રમાણે ગીતા, ભાગવત, કુરાન વગેરેમાંથી ભાવિક અને સુંદર વાચન સાંભળવાનું સુલભ થાય છે. ભાષાના શિક્ષણનો વિચાર કરતાં પણ રેડિયો અતિ ઉપયોગી નીવડે; કેમકે રેડિયોના વ્યાપક ઉપયોગથી ઉચ્ચારેલા શબ્દની મહત્તા ઘણી વધી જાય છે. ઇંગ્લંડમાં ઇટાલિયનના ઉચ્ચારને માટે ખુદ ઇંગ્લેન્ડને નિયમિત શિક્ષણ આપવામાં આવે છે એવો કાર્યક્રમ અહીં આપણા દેશમાં રાખવામાં આવે તો તે ઘણો મદદગાર થઈ પડે. ડેન્માર્કમાં લાંનાં બાળકોને સ્વીડીશ, જર્મન, અંગ્રેજી અને ફ્રેંચ રેડિયોની મદદથી શીખવવામાં આવે છે. ફ્રાંસ પણ ઘણી ભાષાઓ શીખવે છે એ જ પ્રમાણે ઇંગ્લંડમાં ફ્રેંચ અને જર્મનના પાઠો રેડિયો મારફત અપાય છે. આ જ રીતે સાહિત્ય, પ્રતિષ્ઠિત ભૂગોળ અને વિજ્ઞાનનું શિક્ષણ બાળકોને રેડિયો મારફત આપી શકીએ. દેશપરદેશના પ્રવાસથી જે આપણે જાણી શકીએ તે બધું વિદ્યાર્થીઓ એકી સાથે થોડા સમયમાં જાણી શકે એવાં પ્રવાસનાં ચિત્રપટોનો પ્રબંધ કરવાથી ઘણો ફાયદો થઈ શકે. યાત્રાનાં સ્થળોનાં 'ચિત્રો' આજકાલ જેમ બતાવવામાં આવે છે તે જ દૃષ્ટિથી અદ્યતન શિક્ષણ સંસ્થાઓ, શૈક્ષણિક પ્રદર્શનો, દેશ પરદેશની વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ, સમાજ શિક્ષણના વિધવિધ પ્રસંગો, મોટી મોટી સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થાઓ વગેરે વિદ્યાર્થીઓને સિનેમાથી નજરે બતાવી શકાય. મચ્છર, માખી વગેરે જંતુઓથી રક્ષણ તેમજ મરકી, કોલેરા, ક્ષય વગેરે છૂતવ્યાધિ રોગોનું નિવારણ જનતાને વૈજ્ઞાનિક રીતે શીખવવાનું સાધન સિનેમા થઈ શકે. હિમગિરિનાં શિખરો કે આલ્પ્સ પર્વત પરના સાહસિક વીરોની પરાક્રમકથા સિનેમા સિવાય જનતા બીજે ક્યાં જોઈ શકવાની હતી? જનતીય શિક્ષણ કે પ્રજનન શાસ્ત્ર, શરીરસ્વાસ્થ્ય કે આંખ, કાન, નાક, મસ્તક, મજ્જા, હૃદય, લોહી વગેરે અંગોની રચના સિનેમા સિવાય બીજું કોણ ગળે ઉતારી શકે? કામળા, કાપડ, મોટર, વિમાન, સિમેંટ ટાંકણી, ઘડિયાળ વગેરે ઉપયોગી વસ્તુઓનાં દેશપરદેશમાં વ્યવસ્થિત રીતે બનતાં જંત્રી કારખાનાંઓ ચિત્રપટ સિવાય જિજ્ઞાસુઓ છૂટથી બીજે જોઈ શકે તેવી પરિસ્થિતિ જ નથી હોતી. ભયંકર જંગલો માહેનાં કૂર પ્રાણીઓ, સાગર તળેની અજાયબ સમૃદ્ધિઓ તેમજ આકાશ માહેના ગ્રહોની ગૂઢતા ઉકેલવાનું સહજ સાધન સિનેમા જ નીવડે. આપણી સ્વતંત્રતા પછી આ બધી આપણી મહેચ્છાઓ ફળે તો કેવું સારું!

સિનેમાઘર જ. ચલચિત્ર દેખાડવા માટેનું નાટકઘર; 'થિયેટર'.

સિનેમેટોગ્રાફ ૧. [અં.] પું; જ. સિનેમા; ચલચિત્રપટ.

૨ પું; જ. ઘડિયાળની યુક્તિ કે તેનું યંત્ર.

સિનેહિંદી સ્ત્રી. બોલપટમાં વપરાતી હિંદી. સિને જગતમાં વપરાતી હિંદી ભાષાને સિનેહિંદી અથવા સિનેદી કહેવામાં આવે છે.

સિનેંદી જુઓ સિનેહિંદી.

સિપર ૧ પું. (ત્રિપ્રણ) એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૫ ગુરુ અને ૬૦ લઘુ મળી ૭૫ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૨ [ફા.] જી દાલ.

સિપાઈ ૧ પુ. તહેનાતમાં રહીને અમલદારનું ફરમાન્જ બજાવનારો માણસ.

૨. પુ. તોપખાનાનો એક ઓહદેદાર માણસ આલમગીરી યુગમા તોપખાનાના સંખ્યાબંધ ઓહદેદાર હતા.. (૧) દારોગા અફસર) તોપખાના, (૨) મીર આતિશ, (૩) ગોલા અંદાજ, (૪ એન્જિનિયર અને (૫) સિપાઈ ત્રેમાસિક

૩. પુ. પોલિસ.

૪. [ફા. સિપાહ (ફોજ)] પુ. સૈનિક; ફોજનો માણસ; લશ્કરી માણસ

૧. સિપાઈ લડે અને જમાદાર જશ લઈ જાય = એકની મહેનત બીજો ખાઈ જાય.

૨ ઓળમીનો સિપાઈ બે પક્ષા વધારે મારે = પરાયા કરતાં પોતાનો-જાણીતો હોય,ને કારણે વધારે દુઃખ આપે.

૩. દુબળો સિપાહ ઢેલવાડે સોંઢલો = નમાલો ધણી બૈયર ઉપર ઠસરો

૫. જી. મુસલમાનની એ નામની એક જાત. ગુ. ભા. આરબ જેવી જ વફાદાર હોય છે તેમનામાં ચૌહાણ, સોલંકી, પરમાર વગેરે અટકો છે, એ ઉપરથી જણાવાને કારણ મળે છે કે, તેઓ મૂળ રજપૂત હશે. તેનનામાં કરબાતી અને ગામેચા એવા બે વિભાગ છે. કરબાતીઓ તેમના ધોળામાં જ બેટી વહેવાર કરે છે પણ ગામેચા ગમે સાથી દીકરી લાવે છે

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. વિ એ નામની જાતનું.

સિપાઈગરૂ ન. સિપાઈનું કામ: સિપાઈગીરી. તમે (અમેરિકે) હિંદુસ્તાનનું **સિપાઇગરૂ** કરવાની ઇચ્છા રાખો તો ઠંડી ક્ષ.ય તેનું છે.

આમીજ

સિપાઈગીરી ૧. [ફા. સિપાહ + ગીરી (પણું)] જી. પટાવાળાનું કામ; મજૂરિયાની કામગીરી.

૨. જી. પોલિસનો ધંધો; ગુના પકડવાનું કામ.

૩. જી. સિપાઈનું કામ કે નોકરી; સિપાઈનો ધંધો; લશ્કરી કામ; સિપાહીગીરી

સિપાઈસિપરાં ન. બ. ક. પોલિસ સિપાઈ વગેરે કાલતુ માણસો.

કદીઓના ઝઘડા પેસા ખાઈને બીજા, બીકાઈ જે જોઈએ તે પૂરે પાડનારા **સિપાઈસિપરાં**. પડેલાં છે મહાદેવ દેસાઈ

સિપાઈસફેરાં જુઓ સિપાઈસિપરાં.

સિપારણ જી. સિપાઈની કે સિપાઈ જાતિની સ્ત્રી.

સિપારા [ફા.] ન. કુરાને શરીફના ત્રીસ ભાગોનો કોઈ એક ભાગ.

સિપાસ ૧ [ફા.] જી. આભાર.

૨. જી. પ્રશંસા.

સિપાસનામા [ફા.] પું. પ્રશંસાપત્ર; અભિનંદનપત્ર; માનપત્ર.

સિપાહ ૧ [ફા.] પુ લશ્કર

૨ પુ. સિપાઈ.

સિપાહગીરી જુઓ સિપાઈગીરી

સિપાહસાલાર [ફા. સિપાહ (સિપાઈ) + સાલાર (સરદાર)] પુ લશ્કરનો ઉપરી, સેનાપતિ; સરદાર.

સિપાહી જુઓ સિપાઈ

સિપાહીગીરી જુઓ સિપાઈગીરી.

સિપાહીરાજ ન. લશ્કરી અમલ; સિપાઈ પર નભતો અમલ

સિપાહીરાજ્ય જુઓ સિપાહીરાજ

સિપિયા જી. મુર્શિદાબાદની સુવિખ્યાત રેશમી એક જાત તે મોટી, રંગદાર, કાંઠે વખતે પડે તેવી અને મારી સુમારવાળી હોય છે.

સિપિયાન પ્ર., ન એરિઝોનાના સમુદ્રમ, અને ટ્રાન્સવાલનો કંઈ વખતનું સ્વતંત્ર રાજ્ય પ્રજાની, કદર મજબૂત તેને રાજધાની કોયળા હોય છે તેમાંથી તે સાલાગ પડતો જૂનો રંગ કડો દુશ્મનની નજર ચૂકવે છે.

સિપુર્દા [ફા. સિપુર્દન (સોંપવું)] વિ. સોંપેલું.

સિપેહસાલાર જુઓ સિપાહસાલાર.

સિપ્ર ૧. [સં.] પું. એ નામે એક સરોવર.

૨. પુ કપૂર

૩. પું. ચંદ.

૪ પુ પરમેશ્વર, રામ

સિપ્રા ૧ [સં.] જી ઉજ્જયિની નગરી પાસેની એક નદી.

૨ જી ભેંસ

સિપ્રી [ફા. ખા અમદાવાદ બિનકાની એ નામની એક બેગમ. અમદાવાદમા તેની મસ્જીદ છે.

ગણી **સિપ્રી**ની મસ્જીદ આસ્ટોડિયા ચકલામાં છે. તે કોતરકામ માટે આખા હિંદમા પ્રખ્યાત છે.

ચાંચનબાબા

સિફત ૧. [અ.] જી. ગુણ; ખાસિયત. વિશેષતા.

૨. જી. ચહેરો.

૩. જી. ચાલાકી; હોશિયારી

૪. જી. તરેહ; છટા; રીત.

૫ જી. તારીફ, વખાણ, પ્રશંસા

૬. જી વર્ણન

૭ જી દિકમત; કરામત; યુક્તિ, તદબીર.

૮. વિ ટકાઉ; મજબૂત.

૯. વિ. બાંધેલ

૧૦ વિ. મળતું આવતું.

સિફલું [અ સફલ (તે કનિષ્ઠ કર્તા)] વિ ભલીવાર વગરનું, ઢાંઢવું; બાલું; ઢંગ વગરનું

સિફેહબહાદુર [ફા. સિપાહી બહાદુર (બહાદુર સિપાઈ)] વિ હિંમતવાળું; બહાદુર; મજબૂત મનનું.

સિફારત ૧. અ | જી એલચીનું કામ કરવું તે

૨ જી. ચોપડી લખવી અને બાંધવી તે.

૩. જી. બીજાઓ વચ્ચે સમાધાન કરવું તે.

સિફારસ [અ. સિફારિશ કે સુફારિશ (ભલામણ)] જી. ઓળખીતાને બીજાના ભલા માટે કરેલું કહેવું તે; ભલામણ; ક્ષ ક્ષવ્યવહાર. આગળ કોઈને માટે કરેલી પ્રશંસા કે આગ્રહ.

સિફારિશ ૧ [અ] જી ભલામણ

૨ જી વખાણ; સ્તુતિ

સિફારિશનામા ન ભલામણનો કાગળ; પ્રતિષ્ઠાપત્ર

સિફારિશી ૧. વિ ભલામણનું.

૨. વિ જાણવગવાળું

સિફારિશી હૂંડી જી. આબરૂ ઉપર મળતી હૂંડી; જેની પાસે હૂંડી લખવાવાળાનું પહેલેથી કાંઈ દેણું ન હોય અથવા જેણે એમ સમજીને હૂંડી લખી હોય કે તેનો લખવૈયો યોગ્ય સમયે તેને બદલે રકમ ચૂકવી દેશે એવા માણસના નામની લખેલ હૂંડી

સિબ્બતી ૧ જી કામ પડે તો લડવું, નહિ તો પોતાનો વખે કરવો એવી શરતે રાખેલું લશ્કર

૨. જી વખત કવાવતી લશ્કર.

૩. (ફા. સરબતી) જી સિરબંદી; સમ્રાટને માટે સામંત રાજાએ પોતાને ખર્ચે રાખેલું લશ્કર

૪ વિ સમ્રાટને માટે સામંત રાજાએ પોતાને ખર્ચે રાખેલું. તે લશ્કર માટે બોલાવે છે.

સિફિલિસ [અં.] પું. ચાંદીનો રોગ; ઉપદંશ. આ રોગ ઇંદ્રિયોપભોગ કરવાથી અથવા એવા રોગીના સહવાસથી થાય છે.

સિબુ સ્ત્રી. (કચ્છી) આવતી કાલ.
આજ અલુણી ગુજરઈ, સિબુ પીએ ભેખો,
ગય ઝાંખી કેતરો, જે મે માય વેખા.
શારદા

સિમગા સ્ત્રી. (ભીલી) હોળી; કાળીપરજના લોકોનો હોળીનો તહેવાર. તેઓના મુખ્ય તહેવારોમાં સિમગા (હોળી), દિવાળી, અખાત્રી, પોળી (દિવાસો), પિતરાં (નવું ધાન્ય આવાનો દિવસ) વગેરે છે.

સિમેંટ [અં.] પું.;સ્ત્રી. ચૂનામેટ: ચણતરમાં ચૂના પેઠે વપરાતો એક પદાર્થ.

સિમેંટ કોંક્રિટ [અં.] સ્ત્રી. કાંકરી નાખીને મિશ્રણ કરેલો સિમેંટ.

સિમ્પસન પું. એ નામના કલોરોફોર્મના શોધક એક નામાંકિત ડૉક્ટર. આ ડૉક્ટર એડિનબરો વિદ્યાલયનો એક શિક્ષાગુરુ હતો.

સિયમ [જા. સિયૂમ (ત્રીજું)] વિ. ત્રીજા દરજ્જાનું; ઊતરતી પંક્તિનું.

સિયા ૧. પું. ખણી; વહાણો.
એડો અરડાની ધાર, ભણ્યું ભલામણા આવશે,
દેશવટો દીધો દરાર, સાચો સિયા ને સેઢમે.
હલામણ જેઠવાનો દુહો

૨. સ્ત્રી. શય્યા; સેજ.

૩. [જા.] વિ. કાળું.

સિયાહત [જા.] સ્ત્રી. રાજ્ય.

સિયાના ૧. [હિં.] પું. જાદુગર.

૨. પું. જોશિયો.

૩. વિ. ઉંમર લાયક થયેલ.

૪. વિ. યુક્તિબાજ.

૫. વિ. ચતુર્ચું.

૬. વિ. શાણો; ડાહ્યું.

સિયામ પું. એશિયાના અગ્નિકોણમાં આવેલો એ નામનો એક દેશ

સિયામેંગ પું. સુમાત્રા અને મલાયા તરફની વાંદરાની એક જાત. આ જાતના વાંદરા ૩ ફૂટ ઊંચા હોય છે; તેના હાથ અને પાછલા અવયવો બહુ લાંબા હોય છે.

સિયાહ [જા.] વિ. કાળું; શ્યામ; મસ જેવું.
૧ આફ સિયાહ કરવું = આળોને લશ્કર કરવું.
૨. સિયાહ કરવું = (૧) કાળું કરવું. (૨) ખરાબ રીતે લખવું. (૩) બગાડવું.

સિયેનેટ પું. એક જાતનો પત્થર
ચમકીની ટેકરીમાં આવેલ. **સિયેનેટ** અને નીસ એ પત્થરની જાતો મળી આવે છે.
ગુજરાત સર્વસંગ્રહ

સિર ૧. [હિં.] પું. આરંભ
૨ પું ટોચ; શિખર
૩. [સ] પું. પીપરીમૂળ; ગોડા.
૪. [જા] ન માથું; મસ્તક; શિર
સિર સલામત તો પઘડી બહુત = કોડી જો તો ઢાંકણ બહુ એ; જીવતો નર ભદ્રા પામે, જીવે તેને બધુ

સિરકા ૧. [જા. સિર્કા] પું. ખાટો રસ.
૨ ન. બીનારાવાળી જમીનમાં ઊગતું ઊંચા જાતનું એક જાતનું ઘાસ.

સિરકોરી ૧. [જા. સર (માથું) + કોર (બળી)] સ્ત્રી ઉદ્ધતાઈ; તુમાખી
૨ સ્ત્રી બળી, પહેલવાની
૩ સ્ત્રી ગિરદેનગી; બેનગાવગી; જબરદસ્તી.
૪. સ્ત્રી. હઠ; દુરાગ્રહ

સિરદાઈ પું. જૂના વખતે વાહ વગાડનાર માણસ; સંજની
જૂના વખતે જે વાજીંત્રોમાંથી જે રાગ વગે છે તે ગત વહેતા. આ વાજો વગાડનારને સંજની યા સિરદાઈ કહેવામા આવે છે.
નાથાલાલ દામોદર

સિરતાજ ૧. [જા.] પું. માથાનો મુગટ.
૨. પું. પુ બબ્બી
૩. પું. સરદાર; અગ્રણી.

સિરનામું ન. સરનામું; નામ ઠામ વગેરે

સિરપાવ પું. સરપાવ; પહેરામણી; શાબાશી બદલ આપવામાં આવતો પોશાક.

સિરપેચ [જા. સર (માથું) + પેચીદન (લપેટવું)] પું. ફેંટા અથવા પાઘડી ઉપર બાંધવાનો હીરા મોતી જડિત પટકો.

સિરપોસ જુઓ સરપોસ

સિરફ [અ. સર્ફ] અ જ્ઞાત; માત્ર કેવળ.

સિરબંદ [હિં.] સ્ત્રી. પાઘડી.

સિરબંદી જુઓ સિબંદી.

સિરસિરીયાહ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ

સિરસ્તેદાર [જા. સર (છેડો) + રિસ્તા (દોરી) + દાર (વાળું)] પું જેના હાથમાં બાતાનો વહીવટ હોય તેવો માણસ. અમલદારનો મુખ્ય કારકુન; ' હેડ ક્લાર્ક '.

સિરસ્તેદારી સ્ત્રી. સિરસ્તેદારપણું; વડા કારકુનનો દરજ્જો.

સિરસ્તો [જા. સરિસ્તા] પું. રિવાજ; ધારો; ધોરણ; નિયમ; પ્રથા; ચાલુ વહીવટ

સિરહાના [અં. શિરોધારણ] પું પલંગનું કે કબરનું મથાળું; ઓસીકું.

સિરાજ ૧. [અ.] પું. દીવો.
૨. પું સૂર્ય.

સિરાત [અ.] સ્ત્રી દોઝખ અને બેહિસ્ત વચ્ચેના પુલનું નામ. તે વાળ જેવો પાતળો અને તરવાર જેવો અણીદાર મનાય છે અને તેના ઉપર થઈને સ્વર્ગમાં જવાય છે

સિરામોક્ષણ [સં.] ન. કસ ખોલવી તે; નસમાંથી લોહી કઢાવવું તે શાર્ઙ્ગધરમાં લખે છે કે: ચામડીના રોગો, ગ્રંથિ, સોજા વગેરે ન થવા દેવા માટે શરદઋતુમાં મનુષ્યે પોતાની શક્તિ અનુસાર ૪, ૮ કે ૧૬ તોલા લોહી કઢાવી લેવું જોઇએ. સોજા, દાહ, અંગપાક, કુષ્ઠ, પ્રમેહ વાતવ્યાધિ, હાથના રોગ, હાથીપગુ તથા ગ્રંથિ, અર્બુદ, રક્તાધિપત્ય, ગ્લાનિ, પેન, મોં કે નાકમાં દુર્ગંધ આવવી, બરોળ, કાન, હોઠ, નાક વગેરેના વ્યાધિઓમાં શીંગડી, જળો, કપડી વગેરે મુકાવી કે છેદવે સિરામોક્ષણથી લોહી કઢાવવું. કૃશ, અતિક્રમી, ખીકણ પુરુષ, ગર્ભિણી સ્ત્રી, સુવા રોગમાં કે પાંડુ રોગમાં તેમ જ સર્વાંગ રોગમાં, ઉદર વ્યાધિમાં તેમ જ ઝાઝા, ઊંઘતી થતાં હોય તેને તથા સોળ વરસની અંદરના તથા સત્તર વર્ષ ઉપરનાએ સિરામોક્ષણ ન કરાવવું.

સિરાયા [જા. સરા (ધર્મશાળા) + યા લઘુતાદર્શક પ્રત્યય)] પું. સરિયાણો.

સિરિયસ પું. હરણી નક્ષત્રને છેડે દક્ષિણ તરફ દેખાતો ઝરોઝો તારાઓમાં સૌથી વધારેમાં વધારે તેજસ્વી જણાતો તારો. તારાના તેજ પ્રમાણે સાત વર્ગો પાડેલા છે, તેમાં આ પહેલા વર્ગમાંનો પહેલો તારો ગણાય છે

સિરિલિક સ્ત્રી. અઢારમા અર્વાચીન લિપિ માહેની એ નામની એક લિપિ.

સિરિંજ [અં] સ્ત્રી. પીચકારી.

સિરીખ સ્ત્રી. કાઠિયાણીનું રેશમી પાનેતર

સિરીષ પું. એક જાતનું ઝાડ. તેનાં પાનનો તાજો રસ આપવાથી ઝેર અથવા સર્પદંશનું ઝેર ઊતરી જાય છે
વેરપતુ ઘર કરવું હોય ત. **સિરીષ** (સરેસ)ના લાકડાની ખૂંટીઓ વાપરવી
રાજવલ્લભ

સિરેઝ્મકબ્બર ન. દારા શિકોહે લખેલ ઓ | ન.મનુ એક પુરાણ તેમા ઉપનિષદોનો ફારસી તરજૂમો છે. તે ઈ સ. ૧૬૫૭મા લખાયુ છે

સિરોઈ [અ. સુરાહી (દારૂ કે પાણી ભરવાનુ વાસણ)] સ્ત્રી. મુસાફરીમા પાણી ભરી રાખવાનુ નળી જેવ, મોંનું વાસણ; જેમા મોંનુ પાણીનુ વાસણ; શિરોઈ

સિરોઝ પું (પારસી) મરણ પછીનો ત્રીસમો દિવસ.

સિરોધરા [સં શિરોધરા] સ્ત્રી. (પ્રાકૃત) ગરદન; ગ્રીવા.

સિરોહી સ્ત્રી. જોધપુર પાસે આવેલું એક શહેર.

સિરોહી પખ્યારાહી સ્ત્રી. એક પ્રકારની તલવાર. તેનું પાનું ઝબેરદાર પોલાદનું બનેલ હોય છે. તેની લબાઈ બે ફૂટ સાત ઈંચ અને પહોળાઈ દોઢ ઈંચ હોય છે. પાનું નાનું નાનુ થતાં છેવટે અણીદાર બને છે. આ તલવારનુ પાનું રામપુર પાસેના એક ગામમાં બનાવવામાં આવતું; પણ રામપુરના નવાબે આવી તલવારો તે ઠેકાણે બનાવવાની મનાઈ કરવાથી ફક્ત પોલાદ જ ત્યાં જેમ તેમ તૈયાર થયું. પછી સરદાર પખારાવની દેખરેખ નીચે કારીગર બંબરસિંગે જોધપુર પાસે સિરોહી શહેરમાં તે તલવાર તૈયાર કરી. એના પાનાની ઉપરની લીટી વચ્ચમાથી જ નીકળેલી હોય છે અને તે પીપળા પાસેથી બેધારી બનેલી હોય છે. એની બજાવટ ઘણી કઠણ રીતે એવી રીતે કરવામાં આવી હતી કે, કેળના થાંભલામાં છ ઈંચ પેરનો એક લોઢાનો થાંભલો પૂરવામાં આવ્યો અને તેના ઉપર ફ્રામ ત્રાંસનો હાથ મારવામાં આવ્યો. લોઢાનો થાંભલો કેળના થાંભલાની સાથે સહેલાઈથી કપાઈ ગયો

સિરોહી સાખ્યારાહી સ્ત્રી. એક પ્રકારની તલવાર. આ તલવારના પાનાને મધ્યભાગે ખાણ હોય છે. કેટલાક આ તલવારને દેસલખ્તહી કહે છે. કોઈ કહે છે તે જૂનમાં તૈયાર થઈ ત્યારે બીજા કહે છે તે સિરોહી શહેરમાં બનેલી છે.

સિર્ફ [અ.] અ. માત્ર; ફક્ત; કેવળ

સિલક ૧. [અ. સલખ (ચાંદ માસનો છેલ્લો દિવસ. સિલક મહિનાને છેલ્લે દિવસે ફાતી ચટે)] સ્ત્રી. ખરચ જતાં બાકી રહેલી રકમ; પુરાતજાખુસ.

૧. સિલક કાઢવી = ખર્ચ જતા બાકી રકમનો હિસાબ કરવો.

૨. સિલક મેળવવી – હાથ પરની રોકડ હિસાબ પ્રમાણે છે કે કેમ તે તપાસવુ.

૩. સિલકે રહેવુ = બચત થવી; ખર્ચ જતાં જમા રહેવુ

૨. સ્ત્રી. હાથ પરની રોકડ રકમ.

૩. વિ. હાથમાં બચત રહેલું; બચત.

સિલકી ૧. વિ. પડી રહે તેવુ; સિલકમાં હોય એવું; સિલકમાં રહે એવુ

૨. વિ. બચેલુ; વધારાનુ.

સિલકીગ્મવેજ [અ. સિલક (રોકડા પૈસા) + ઇન્વેજ (બદલો)] સ્ત્રી. રક્ષિતનિધિ; તારણનિધિ

સિલખડો પું. સાબજી

સિલખડ્ડો [હિ.] પું. વાટવાનો પત્થર; ઉપરપટ્ટો

સિલસિલા ૧. [અ.] પું. કુળ પરંપરા; પરાનુક્રમ.

૨ પું ક્રમ; પ્રથા; પરંપરા

૩. પું તરકીબ; ગોઠવણ

૪. પું સાંકળ, જજીર

૫ વિ આર્દ્ર, ભીનુ

૬ વિ ચીકણું

સિલસિલાબંધ ૧. [અ. સિલ્સિલા (સાંકળ બંધ) + ફા (વાળું)] વિ. અકબંધ; જેમનું તેમ; નહિ ખોલેલું, ઉકેલેલું અથવા નહિ વાપરેલું પણ જેવી સ્થિતિમાં હોય તેવી અને તેવી જ સ્થિતિમાં રાખેલું.

૨. વિ. એક પછી એક; અનુક્રમે; અનુક્રમ પ્રમાણેનું

૩. વિ. ભંગ પડ્યા વગરનું; સળંગ.

૪. અ. અનુક્રમ પ્રમાણે; એક પછી એક; હારમાં

સિલસિલો જુઓ સિલસિલા ૧–૪.

સિલહટ પુ. હિંદના ઉત્તર ભાગનો એક પ્રાચીન પ્રદેશ. કિરાત દેશમાં આ પ્રાંતનો સમાવેશ થઈ જતો

સિલાઈ ૧. સ્ત્રી મજૂરી આપી કપડાંને નુકસાન કરતો જંતુ

૨. [સં. સિવ્ (સીવવું)] સ્ત્રી. સિવડામણ; સીવવાની મજૂરી

૩. સ્ત્રી. સીવવાની કળા અથવા આવડત; સીવવાની ઢબ

સિલાપોશ [અ. સિલાહ (લડાઈનું હથિયાર) + પોશ (પહેરનાર)] વિ. હથિયાર સજનાર

સિલાપ્રવાલક પુ. એક જાતનો દીરો, પરવાળાને મળતુ હલકી જાતનુ એક રત્ન

સિલાવટ [પ્રા] પું. સલાટ, પત્થર ઘડનાર માણસ

સવિ સિલાવટ સાચરઈ સાથી,
ઓઢ વહઈ ખૂનાર.

પ્રાન્ધરટેપ્રબંધ

સિલાહ [અ.] સ્ત્રી ધારવાળું હથિયાર; મોત નિપજાવવું કોઈ પણ તીક્ષ્ણ ધારવાળુ હથિયાર.

સિલાહદાર [અ.] પું. હથિયારબંધ સિપાઈ.

સિલિકન [અં.] ન. પૃથ્વીમાંથી મળી આવતું ધાતુ નહિ એવુ એક તત્ત્વ. તેની નિશાની અને અણુનું વજન ૨૮-૩ છે. આકાર વિનાનું સિલિકન કુદરતમાં મળતું નથી, સિવાય કે પ્રાણ્વાયુ સાથે મળેલું. પણ તેમાંથી તેને જૂદા જૂદા તરીકે જુદું પાડી શકાય છે. ૧૮૨૪માં બર્ઝીલીઅસે પહેલવહેલું જુદુ મેળવ્યુ. ચોક્કસ આકાર વિનાના સિલિકનમાંથી કટકાવાળુ સિલિકન મેળવાય છે. આકારવાળા સિલિકન ઉપર હાઇડ્રોફ્લોરિક એસિડની બરાબર અસર થતી નથી. સિલિકા કાચ, ચિનાઈ વાસણો વગેરે બનાવવામાં વપરાય છે.

સિલિંગ [અં.] સ્ત્રી. લાકડાનાં પાટિયાંની છત

સિલિંગરોઝ [અં.] સ્ત્રી. છત કમળ. જ્યારે છતમાં બીજળી બત્તી ટાંગવાની હોય, ત્યારે ચિનાઈ માટીનું એક ઉપકરણ બેસાડવામાં આવે છે, તેને સિલિંગરોઝ કહે છે. તેમાં બળી વખત દબુઝનો તાર પણ બેસાડી, કટઆઉટ અને રોઝ બંને કામો એક જ ચીજથી કરવામાં આવે છે, પણ આમ કરવુ યોગ્ય નથી, કારણકે, દબુઝ બળી જાય, તો આટલે ઊંચે ચડી નવી દબુઝ બેસાડવી એ અઘરામાંનું કામ છે

સિલિંદર [અં.] સ. નળાકાર પાત્ર; બૂચળીના આકારનું પાત્ર.

સિલે [અ. સિલાહ (હથિયાર)] અ. કવચ કે હથિયારબંદ.

સિલેદાર [અ. સિલાહ (લડાઈનાં હથિયાર) + દાર (વાળુ)] પુ ઘોડેસવાર સિપાઈ, હથિયારવાળો સિપાઈ

સિલેદારી સ્ત્રી. સિલેદારનો ધધો, ઘોડેસવારનું કામ

સિલોન પુ. ભારતની દક્ષિણે આવેલો એ નામનો એક બેટ, લકા

સિલ્ક ૧. જી. દોરી

૨. [અં.] ન. રેશમ; કીર.

૩. ન. રેશમી કાપડ.

સિલ્લા ન. એક જાતનું વહાણ.

સિલ્વર [અં.] ન. રૂપું, ચાંદી.

સિલ્વર આયોડાઇડ જનરેટર [અં.] ન. કૃત્રિમ રીતે વરસાદ વરસાવતું એક જાતનું યંત્ર. અમેરિકાની એક વેપારી પેટાકંપની આ યંત્ર શોધી કાઢયું છે. આ યંત્ર દર મિનિટે ૩૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ જેટલાં વરસાદનાં ટીપાં વરસાવી શકે છે. ખેડૂતોને ઘઉંનો પાક ઉગાડવામાં આ યંત્ર મદદ કરે છે

સિવડામણ ન. સિલાઈ; સીવવાનું મહેનતાણું

સિવડામણી જુઓ સિવડામણ.

સિવડાવવું સ. ક્રિ. સીવનાર દરજી પાસે અમુક રીતે કપડાંનો ઘાટ કરાવવો; શરીરે પહેરાય તે પ્રમાણે કપડું તૈયાર કરાવવું.

સિવણ ન. એક જાતનું મોટું ઝાડ. તેનાં પાંદડાં મોટાં તથા સામાન્ય ચીળ હોય છે તેને પીળા રંગનાં ફૂલ થાય છે. ફળ નાનાં ગોળ જેવડાં હોય છે અને ઘણી દવાના કામમાં આવે છે. તેનાં મૂળ દવામાં આવે છે. ઝાડ ઉપર સિવણના પાંદડાનો રસ ગાંઠે ચોળાય છે.

સિવર [સં.] પું. હાથી.

સિવરી [સં.] સ્ત્રી. હાથણી.

સિવા [હિં.] અ. વિના.

સિવા જમા = વધારાની ઊપજ વસૂલ કરવી તે.

સિવાઈ જુઓ સિવડામણી

સિવાય [જા. સિવાએ] અ. વિના; બગર.

સિવાય ખર્ચખાતું ન. ખુલ્લી રીતે ન લખી શકાય તેવું રકમનું ખાતું.

સિવાયનું વિ. બગરનું કે રહિત.

સિવાવું અ ક્રિ. સિલાઈ થવી; સીવી શકાવું.

સિવિ પુ પ્રાચીન હિંદના લોકોની એક જાત. આ સિબ્બોઈ લોકોને અલક્ષ તથા પતંજલિ સિવિ અને શૈબ્ય નામે ઓળખાવે છે.

હિંદુ રાજ્યવ્યવસ્થા

સિવિલ [અં.] વિ. મુલકી; શહેર સબંધી

સિવિલ પ્રોસીજર કોડ [અં.] પું. શહેર ફોજદારી વહીવટનો કાયદો.

સિવિલ મેરેજ [અં.] ન. પોતાની ધર્મ્ય મુજબ પરણવું તે સરકારી દફતરે નોંધાવીને આવા લગ્ન કરી શકાય છે બિન ધર્મીઓ પણ આવાં લગ્ન કરી શકે છે.

સિવિલિયન ૧. [અં.] પું. આઇ. સી. એસ.ની પરીક્ષામાં પાસ થયેલ સરકારી અમલદાર.

૨. પું. લશ્કરી કામો કે બાતામાં સરખું કામ કરી શકે એવું કોઈ માણસ કે વસ્તુ

સિવેચ્યક ન. એક જાતનું ઉત્તમ કાપડ.

સિવેચ્યક નામના ઉત્તમ વસ્ત્રોની ભેટ તેણે રાજસભામાં મોકલી. પુરાતત્ત્વ

સિવ્ય વિ. ટાંકા ટેભા મારવા પડે તેવું તે સ્ત્રીઓ ક્રિયાનો એક ભાગ છે. સુશ્રુત શસ્ત્રક્રિયાના આ પ્રમાણે વિભાગ પાડે છે. અર્ધ્ય, ચેદ્ય, છેદ્ય, એષ્ય, લેખ્ય, સિવ્ય અને વિસ્રવનીય.

સિસકારવું સ. ક્રિ. સિસકારો કરવો; ઉશ્કેરવું.

સિસકારો ૧. પુ. દાંતમાંથી પવન પસાર થતા થતો અવાજ

૧. સિસકારો કરવો = પ્રેરવું; ઉશ્કેરવું

૨. સિસકારો બરવો-મારવો-તવો = સિસકારાનો અવાજ કરવો

૨. પું. દુઃખનો તીણો અવાજ.

કટાનું આસ લયુ નીકળી પડયું પણ એણે સિસકારો કર્યો નહિ. રસધાર

સિસાટી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ. તે સિંધ, કચ્છ અને પંજાબમાં થાય છે. તેનું લાકડું સફેદ, મજબૂત, રિથતિસ્થાપક છે. તેની ઉપર ઓપ સરસ ચડે છે

૨. સ્ત્રી. તીણો અવાજ કરવાની ક્રિયા. સિસોટી મારવી-વગાડવી = સીટી વગાડવી.

૩ સ્ત્રી. પવન ફૂંકીને કરાતો તીણો અવાજ. સીસોટી આપવી = ચેતવણી આપવી

સિસાદિયા પું. રજપૂતોની એક શાખા. તેની પ્રતિષ્ઠા ક્ષત્રિયકુળોમા સૌથી અધિક ગણાય છે. તેઓનું મુખ્ય સ્થાન અગાઉ ચિતોડ હતું, હાલ ઉદેપુર છે. તેઓ સૂર્યવંશી રજપૂતો છે પ્રથમ તેઓ ગુજરાતમા વલ્લભીપુરમાં હતા ત્યાંથી ભાગી રાવળે ચિતોડ જઈ ત્યા રાજધાની કરી. ત્યાં રાણા સમરસિંહ, રાણા કુંભા, રાણા સંગ વગેરે મુસલમાનો સામે વીરતાથી લડ્યા હતા. સિસોદ નામના સ્થાનમા કેટલોક વખત વસવાથી તેઓ સિસોદિયા કહેવાય છે

સિસોલિયું ન. સાકુડીના શરીર પરનો જાડો શૂળ જેવો વાળ અથવા પીંછનો સાંઠીયો; સાકુડીનુ અણિયા જેવું પીંછ.

સિસ્કારી સ્ત્રી ખોખીની જાતનું એક ખિજવણું

સિસ્ટર ૧ [અં] સ્ત્રી નર્સ, સેવી બરદાસી.

૨. સ્ત્રી. બહેન.

સિહર ૧. [સં. શિખર] પું. (પ્રા.કૃત) ટોચ; શિખર.

૨. પું. (પિંગળ) માત્રથી પિંગળ પ્રમાણે ઉલ્લાલની જાતનો એ નામનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં બે ગુરુ અને બાવન લઘુ મળી ચોપન વર્ણની છપ્પન માત્રા હોય છે.

સિહલક પુ. શિકારમ

સિહોર ૧. ન. એ નામનું સોરાષ્ટ્રમાં આવેલું એક ઐતિહાસિક પ્રાચીન શહેર તે ભાવનગર રાજ્યની જૂની રાજધાની હતું. ખલાતના અખાતના પશ્ચિમ કાંઠે ગ્રેનાઇટ પથ્થરના ડુંગરની એક ગિરિમાળા છે. આ અરધચંદ્રી ગિરિમાળા ચમારડી ગામ તરફ ઝુકતી જાય છે. આવી ભૌગોલિક, પૌરાણિક, ઐતિહાસિક વિરાટતા ભરી સકલના હિંદના અન્ય ભાગમાં જવલ્લે જ જોવામાં આવે છે. આ પર્વત કે ડુંગરની ગોદમાં આ શહેર છુપાયેલું છે. તે સિહપુર, સિંહગઢ, સારસ્વતપુર વગેરે નામથી જાણીતું છે. તેની પ્રાચીનતા રહેદપુર.વ સુધી તો સ્પષ્ટ નજરે પડે છે. અહીંની પર્વતમાળાના મુખ્ય ઘાંટા આ પ્રમાણે છે: મોદળ, છાપરો, ખોડીધાર, લાંબધાર, ખેરીઓ, અજરીઓ, વારીઓ, જરખીઓ, ઢાળો, ચણીધાર, દીપડીઓ, તરંગિગડો અને નળીઓ વગેરે. આ ડુંગરાઓમા અતુલ ખનિજ સંપત્તિ રહેલી છે; ઇમારતી પથ્થર, લીલા, કાળા અને પીળા પથ્થર, તાંબા અને લોઢાનાં રજકણો, ચિનાઈ માટી, કોલસા વગેરે સંપત્તિ ભૂગર્ભમાં વિપુલ પ્રમાણમાં પડેલી છે એમ રસાયણશાસ્ત્રીઓ જણાવે છે. સિહોર નામ વિષે જાતજાતની દંતકથાઓ ચાલે છે કોઈ મતે આ સિહની ભોગાળી વસતી હતી તેથી તે સિંહપુર કહેવાતું. જ્યારે એક મત એવો પડે છે કે, વલ્લભી વંશ પહેલા સિંહવંશના રાજાઓ થઈ ગયેલા. તેના નામ ઉપરથી સિંહપુર નામ પડેલું ઇતિહાસનો પહેલો, પર એમ દર્શાવે છે કે, મૂળરાજ સોલંકીએ બ્રાહ્મણોનું બહુમાન કરી પાંચ ગામ દાનમાં આપ્યાં અને ધીમે ધીમે બ્રાહ્મણોનું પરિબળ જામતુ ગયું ગુર્જરેશ્વર જયસિંહ મહારાજે મહાયજ્ઞ કરેલો ત્યારે દેશદેશના વિદ્વાન બ્રાહ્મણોને બોલાવેલા; તેમાંના મોટા ભાગવર્ગ સિહપુર અને સિંહપુરના હતા એમ તો કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય દ્વયાશ્રયમાં સ્વીકારે છે. અહીં રાણા અને જાની એવા ગોત્રના બ્રાહ્મણો વસતા હતા. નજીવા

પ્રસંગ ઉપરથી અને પક્ષ વચ્ચે વર્ગવિગ્રહ થયો અને કતલ ચાલી. પછી રણમલે ચારિયાચારના રજપૂતોની અને જાનીએ ઉમરાળાના ગોહિલોની સહાય માટે ધા નાખી. આમ જૂનું સિહોર નાશ પામ્યું. તેના અવશેષ સાતધારીએ આજે પણ જોવા મળે છે. ગોહિલવરાના રાજાઓએ નવું સિહોર વસાવી ત્રિરિમાળાની ગોદમાં એક મજબૂત કિલ્લો બંધાવ્યો. શહેરની સરક્ષા માટે તેમાં જે કોટની કિલ્લેબંદી છે તેવી કરામત જૂનાગઢ અને પાવાગઢના પુરાણા કિલ્લાઓમાં પણ જોવામાં આવતી નથી. ઔરંગઝેબના અવસાન પછી મોગલાઈ તૂટવા લાગી ત્યારે શિવાજી મહારાજના પાંચ સરદારે પોતાના સરદાર કંથાજી કદમબંદે અને પિલાજી ગાયકવાડને ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરવા મોકલેલ.. મરાઠા તરફથી શિવરામ ભાઉ સૌરાષ્ટ્રમાં આવ્યો અને સિહોરને જાકર પડાવ નાખ્યો. આ યુદ્ધ કાઠિયાવાડની થર્મોપોલી તરીકે ઓળખાય છે. જેસર પાસે ગરાસની ગાણીમાં ખૂનખાર જંગ જામ્યો. સિહોરના કિલ્લાની તોપો વડે મરાઠા લશ્કરને પરાજય મળ્યો. આમ સિહોર પ્રદેશમાંથી મરાઠાને ખંડણી અપાતી બધ થઈ એટલે ગોહિલોએ ભાવનગરમાં ગાદી સ્થાપી. આપણા ગોહિલવાડ પ્રદેશમા પોતાનું સાર્વભૌમત્વ સ્થાપિત કર્યું ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં તથા અત્યારે જે ઇતિહાસના અન્વેષકોએ પરિશ્રમપૂર્વક કરતાં હકીકત જાહેર કરી છે તે ઉપરથી એટલું સ્પષ્ટ જણાઈ આવે છે કે, આ શહેર એક કાળે સમૃદ્ધ પાટનગર હોવું જોઈએ સિહોરથી માત્ર થોડે જ દૂર દરિયો હોવાનો તર્ક પણ પ્રમાણહીન તો નથી જ. ખાખળી પાસેની ખાડી નહી તેનુ આજે પણ પ્રત્યક્ષ પ્રમાણ આપે છે. આ ફાંટો પશ્ચિમે વળાવડ સુધી લંબાયેલો હતો. આ પ્રદેશની અત્યાર સુધી જળાવાઈ રહેલી ખારાશ પણ ઉપરના વિધાનનુ કાયમ અંશે સમર્થન કરે છે. જૈન કલ્પસૂત્રમા એવી હકીકત આવે છે કે, વિમલાપુરી (વલ્લભીપુર)નો વિસ્તાર સમુદ્રપર્યન્ત સુધી હતો. તેની તળેટીમા એક શહેર હતું અને તે બદર પણ હતું. બાર યોજનના ઘેરાવામાં વસેલા તેના ઘેરાવામાં સિહોર, ચોગઢ, ચમારડી, ખોખરા અને નાગલ આવી જાય છે સૌરાષ્ટ્રમાં ચાલ્યા આવતા અવશેષો આજે સુખનાથ, જોડનાથ, પ્રયમુખ, દધાનદગુફા, ચમકકુડ, ગૌતમેશ્વર, ગૌતમગુફા, વિશ્વનાથ, જતનબાની જગ્યામાં જોવામાં આવે છે. આ માહેનો ચમકકુડનો ઉલ્લેખ કરી સિદ્ધરાજના સમયમાં કોઈ નિયમસર્ગાર્થે સિહોરમાં આજ પણ મોજૂદ છે અને સિદ્ધિકુમાર માંડવી ગૌતમેશ્વરની જગ્યા સરસ્વતીચદ્ર જેવી ગુજરાતી પ્રથમ પંક્તિની નવલકથામાં સુવર્ણગિરિની ટેકરી રૂપે અમર થયેલ છે. અહીંની સાતધારીની ગુફાઓ ઉપર એક કાળે મદિરના ઘુમટ હતા. આજે તો એ ભિનભિન થઈ ગયા છે. સિહોરની નજીક એક દધાનંદગુફા છે, તેની રચના ખાસ ધ્યાન ખેંચે તેવી છે. આ ગુફા પથ્થરવાળા ભાગમાં લોંઢાથી કોરી કાઢેલી છે. ૧૮૫૭ના બળવામાં પરાજય પામી હતાશ થઈને કેટલાક નોખવી મુખ્ય વેપ અહીં આવી ચડેલા તમા ત દધાનદ, જાનરામજિ અને રામચંદ્ર મુખ્ય હતા. સૌરાષ્ટ્રમા પ્રાચીનતમ સ્થળો તો અનેક છે. પણ જેના પુરાવા આપણને, કરીબદ્ધ ચિત્રો અને લેખોનો ઉપલબ્ધ થતી હોય તેવું પ્રાકૃતિક રમણીયતાથી ભરપૂર બે કોઈ સ્થળ હોય તો તે આ છે. ચીની મુસાફર યુએનસંગે પણ વલ્લભીપુરના વર્ણન સાથે સિદ્ધોરનો માનભર્યો ઉલ્લેખ કરતા જોવામાં આવે છે. તેના પુરાણા અવશેષો જુદી જુદી ટેકરીઓ ઉપર સાતધેરી નામે જે ગુંબો જળવાઈ રહ્યા છે તે એક હજાર વર્ષ પહેલાંના સુર્વભદ્રિને મળતા આવે છે. જયમુનિકૃત પાદલિપ્તચરિત્ર ઉપરથી જણાય છે કે, આજથી પાચ હજાર વર્ષ ઉપર સિદ્ધાર સારસ્વતપુરના નામથી પ્રસિદ્ધ હતું અને તેની આસપાસના પ્રદેશને સારસ્વત દેશ કહેતા. ઐતિહાસિક દૃષ્ટિએ અમૂલ્ય ગણી અનેક મંડિતીઓ આ વિસ્તારની ધરતીના પેટાળમાં દટાયેલી પડી છે. હાલના સિદ્ધોરની દક્ષિણે આવેલ સાતધેરીના ડુંગરાની તળેટીના પૂર્વ ભાગમાં જમીન નીચેથી અર્ધ દટાયેલી જુની ઈંટોનો ઢોકળિયા કરી રહી છે. આ સાતધેરી ડુંગરાની બાજુમા જ 'ઈટડિયા ધાર' કરીને એક ટેકરી-ભૂપ્રદેશ દીઠો છે. મૌર્ય વશના, સિક્કાઓ તેમજ હાથી દાંતના વિવિધ અલંકારોનાં અવશેષો તો આજ પણ અમુક ગૃહસ્થો પાસે તેમજ સિદ્ધોરની સામગ્રીમા સમ્રહાયેલા પડ્યા છે. પહેલાના સિદ્ધપુરની અલ્પ દિવાસોના અવિશેરો ફક્ત પુરાતત્ત્વ રસિકોને આકર્ષે છે. સૌરાષ્ટ્ર સરકારે ઈટડિયા ધારના વિસ્તારને રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. એવી માન્યતા છે કે, સાતધેરી બાજુના ઈટડી ટીબા નીચે અતિ પ્રાચીન સમયમાં સારસ્વતપુર નામનું એક વિશાળ નગર હશે. એમ કહેવાય છે કે, મહાભારત સમયમાં યાદવોના આંતરકલહ પછી તેમનું એક સારસ્વત નામનું કુળ આ બાજુ આવી વસ્યુ હતું. એથી શહેરનુ નામ સારસ્વતપુર પડ્યુ. આજના સિદ્ધોરની બાજુમા જ વલ્લભીપુર અને પાદલિપ્તપુર (પાલીતાણા), પૂર્વે હસ્તિપ્રદ (હાથબ), કુડીનપુર (કુંડી કોળિયાક) અને તાલધ્વજ (તળાજા) તેમ જ દક્ષિણે મધુમાવતી (મહુવા) અને જરા દૂર ઉત્તરે ધિરાટનગરી (ધોળકા) વગેરે પ્રાચીન શહેરોના કેન્દ્રમા જ ઐતિહાસિક સ્થાન જોતાં સા.રસ્વતપુરની મહત્તા સ્વયસિદ્ધ છે. વળી સિદ્ધોરની ગૌતમી નદી, ગૌતમ કુડ અને ગૌતમેશ્વર મહાદેવ સાથે ગૌતમ ઋષિનુ નામ જોડાએલુ છે એ ઋષિ ઉપનિષદ સમયના ઉદાહરક ગૌતમ હોઈને ખરેખર આ પ્રદેશ પ્રાચીન ને ઐતિહાસિક કહી શકાય. આજે આ શહેર વેપાર માટે જાણીતુ છે તાબા,પિત્તળના વાસણ અને ઘીકળી માટે આ શહેર પ્રખ્યાત છે. સિદ્ધોરની રચના પર્વત વચ્ચે તળેટીમા આવેલા શહેર જેવી પણ પામડીપને છે. તેની ચારે દિશામા જુદા જુદા દેવોની સુપ્રસિદ્ધ જગ્યાઓ છે. જેમકે, એક બાજુ સિદ્ધોરી માતા તો બીજી બાજુ ગૌતમેશ્વર, બીજી બાજુ પ્રત્યેશ્વર તો ત્રીજી બાજુ સુખનાથ છે. સાતધેરીની ઐતિહાસિક ટેકરી ઉપર ગ્રામપચની ઓફિસ જે જૂના સિદ્ધોરમાં આવેલી છે તેનો ઇતિહાસ પણ રોમાંચક છે. આ શહેરન નૈસર્ગિક વાતાવરણને કવિ ત્રિભોવને વર્ણવ્યું છે કે: સિદ્ધોર એ એક અતિ પ્રાચીન અને નૈસર્ગિક રમ્ય પુણ્યભૂમિ છે. તેની ટેકરીએ ટેકરીએ દેવોનો નિવતમ વાસ છે, તેને પાંચે પાંચે પ્રાચીન ઇતિહાસો આલેખાયા છે, તેને કુડે કુડે પાવનકારી ગગોદક જમનોદક છે, તેને પત્રથિયે પત્રથિયે પુણ્યવતાં પાદચિહ્નો છે. સિદ્ધપુરીનાં સૌંદર્યભોના શિખરોને પણ કવિએ પોતાનાં કાવ્યોમાં અમર કરેલ છે.

કાળી ખીજો ખાજો ગુફા,
કાળાં શિખર કાળી શિલા;
અંજવતું ભુલાવતું અજવાળું,
અતિ ભાંખો ન જ્યા.
મૂર્તિ પુરાણી પ્રેમની,
બ્રહ્માંડ બ્રહ્મ.રે ઘડી;
જનની સમાણી જન્મભૂમિ,
સ્વર્ગ કરતાં યે ' ચડી

૨. [હિ.] ક્ર. શાખોટક પક્ષ; પીતપ્રસ

સિદ્ધલક [સં.] પુ શોખાન.

સિદ્ધીસાતેમ સ્ત્રી. કૌતળાસાતમ; શ્રાવણ સુદ કે વદ સાતમ

સિક્સ [અં] સ્ત્રી જગલી બિલાડીની એક જાત. તેને કાને વાળના ગુચ્છા હોય છે. તે વરપ અને આફ્રિકામાં વસે છે

સિકોના ન. એક જાતનું ઝાડ. સત્તરમી સદીમાં પેરુના વાઇસરોયની સ્ત્રી કાઉંટેસ સિકોનના નામ ઉપરથી આ નામ પડ્યું છે કેમકે, તેનો તાવ આ ઝાડની છાલથી દૂર થયો હતો. આ ઝાડની છાલમાંથી કિનાઇન બને છે. તે સ્વાદમાં ઘણું જ કડવું હોય છે, દાદિયા તાવ ઉપર કિનાઇન અકસીર દવા છે. ચાના અને રબરના બગીચામાંના મજૂરો જ્યારે દાદિયા તાવથી વધારે બીમાર પડવા લાગ્યા, ત્યારે લોકો બગીચાના માલિકોએ આ સિકોનાના ઝાડ લાવી તેને નીલગિરિ અને મલબારમાં ઉગાડવાની યોજના કરી હતી.

સિંગ ૧. પું. સિંહ.

૨. સ્ત્રી કઠોળ વગેરેનાં બીજના શણ જેમાં થાય છે તે બે પડવાળું બંધ છોડું; સીંગ; શિંબ

૩. ન. શિંગડું.

બે સિંગ બેગાં કરવાં = સરખો મેળ કરવો.

સિંગડું (સિંગડું) ૧. ન. એક જાતનું કઠોર અવાજ કાઢતું વાજું.

૨. ન. શિખર.

૩. [સં. શૃંગ] ન. શિંગડું; પશુ વગેરેને માથે ઊગતા અસ્થિપ્રવર્ધ.

સિંગડાં ઊગવા = વાત વધવી; હદ થવી.

સિંગર પું. સીવવાના સંચાની શોધ કરનાર મહાન વ્યક્તિ. અમેરિકનો આ શોધક ૧૮૧૧ના ઓક્ટોબરની ૨૭મી તારીખે ન્યૂયૉર્કમાં જન્મ્યો હતો. બાર વરસ સુધી પ્રયોગો કર્યા પછી તેણે ૧૮૫૧માં સીવવાનો સંચો શોધી કાઢ્યો. પછી તેણે ન્યૂયૉર્ક શહેરમાં કારખાનું ખોલ્યું. તે ૧૮૭૫ના જુલાઈની ૨૩મી તારીખે અવસાન પામ્યો. ગાંધીજી કહે છે કે, આપણે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ. માણસનાં અંગોને ક્રમને અભાવે જડ અને નિરુપયોગી કરી નાખવા તરફ યંત્રની પ્રવૃત્તિ ન હોવી જોઈએ. કંટાળા માટે કે યંત્રનો વિષય કરી દાખલા તરીકે, સિંગરના સીવવાના સંચાને કે વધારી લઈએ પણ મબલખ આધુનિક શોધોમાં એક ઉપયોગી ગણવા યોગ્ય ચીનીમાની આ એક છે. એની શોધની પાછળ અદ્‌ભુત કરુણરસ છે. પોતાની સ્ત્રીને સીવવાનું કંટાળા ભરેલું કામ કરતાં જિયરે જોઈ. પત્ની પ્રત્યેના તેના પ્રેમે તેને અનાવશ્યક શ્રમમાંથી ઉગારી લેવા. આ સેવાની યોજના કરવા પ્રેર્યો. આ શોધ કરીને તેણે માત્ર પોતાની પત્નીનો જ શ્રમ ઓછો કર્યો નથી, પણ તેનો સીવવાનો સંચો ખરીદી શકે ને સહુને હાથે સીવવાના કંટાળા ભરેલા શ્રમમાંથી મુક્ત કર્યા છે.

સિંગરોટી ૧. સ્ત્રી એક જાતનું ઘાડો અવાજ નીકળતું વાજું.

૨. સ્ત્રી. ઢોરને વેચવાનું દાણ.

સિંગલા સ્ત્રી. એક જાતની માછલી

સિંગલી સ્ત્રી. (જૂ. પ્ર.) સિંહલદ્વીપ તરફની એક લિપિ

ખર્યો કાઢ્યો કાઢલી.
લિપિ આપણી સરી સિંગલી.

ભાવબંધમાળા

સિંગાપોર ન. ભારતની પૂર્વે આવેલું નૌકાયાતાનું એક બંદર

સિંગાર ૧. પું. કપડાં; વસ્ત્ર.

૨ પું. પ્રેમની ચાળણી; રસ.

૩. [સં. શૃંગાર] પું. શણગાર; સોળા.

૪. પું. સંભોગ; મૈથુન.

સિંગારવું સ ક્રિ. (જૂ. પ્ર.) શણગારવું.

સિંગારહર ન. એક જાતનું સુંદર ફૂલ.

સિંગારા સ્ત્રી. એક જાતની માછલી; સીંગારા.

સિંગાસન ન. સિંહાસન.

સિંગાળું વિ. સિંગડાંવાળું.

સિંઘાલા સ્ત્રી. મુંબઈ પાસેના દરિયામાં મળતી એક દેશી જાતની માછલી

સિંઘાસણ ન. સિંહાસન.

સિંઘાસન બત્રીસી જુઓ સિંહાસન.

સિંચન ૧. [સં. સિચ્ (છાંટવું)] ન. છાંટવું તે; સિંચવું તે; રેડવું તે; છંટકાવ.

૨. ન. છૂટું કરવું તે; લાગ

૩. ન. ઝાડને પાણી પાવું તે.

૪. ન. પાલનપોષણ.

૫. ન. ભીંજવવું તે.

૬ ન. સમિશ્રણ; મિશ્રણ

સિંચવું ૧. સ ક્રિ. ઉપરા ઉપરી છોડવું.

૨. ક્રિ. કૂવામાંથી પાણીનું ખેંચવું

૩ સ ક્રિ. છાંટવું; રેડવું

૪ સ. ક્રિ. ઝાડને પાણી પાવું

૫. સ ક્રિ. પાણીનું; પોષવું; ઉછેરવું

૬. સ ક્રિ. લાડવું; લાર્યા કરવું.

સિંચાઈ સ્ત્રી. નહેર વડે પાણી પૂરું પાડવું તે.

સિંચાઈ કૂવો પું. ખેતીની સિંચાઈ માટે વપરાતો કૂવો. વરસાદની અનિશ્ચિતતાને પહોંચી વળવા તેમજ રવીપાક એટલે કે ઉનાળુ પાક લેવા માટે જે કૂવાઓ હોય છે તેને સિંચાઈ કૂવા કહે છે. આણંદના કૃષિગોવિદ્યાભવનમાં (૧) પીવાના પાણી માટે, (૨) બળી ઉપયોગી પાણી માટે અને (૩) આદ્યોગિક ઉપયોગના પાણી માટે વૈજ્ઞાનિક તપાસ કરવાનો પ્રબંધ છે પાણી પીવા લાયક છે કે નહિ તેની બે દૃષ્ટિએ તપાસ કરવાની હોય છે: રાસાયણિક પરીક્ષા અને જંતુ પરીક્ષા. ઉપરોક્ત બંને પરીક્ષા કર્યા બાદ અમેરિકન વૈજ્ઞાનિકોએ નક્કી કરેલાં નીચે આપેલાં ધોરણો પ્રમાણે પાણી હોય તો તે પીવા લાયક છે:

રાસાયણિક તત્ત્વ કે લક્ષણ	પ્રમાણ
૧. દ્રાવ્યવાયુ	નહિ હોવા જોઈએ
૨. રંગ	રંગહીન
૩. વાસ	વાસહીન
૪. કુલ ક્ષારો	૫૦૦–એક લાખ ભાગ પાણીમાં
૫. ક્લોરીન	૧૫૦થી ૧૦૦–એક લાખ ભાગ પાણીમાં
૬. ઑક્સિજન ઉદ્‌દહતા	૨થી ૫
૭. નાઇટ્રોજન ઍમોનીઆના રૂપમાં	૦૦૨થી ૩
૮. નાઇટ્રોજન આલ્બ્યુમિનોઇડ ઍમોનીઆના રૂપમાં	૦૧૫થી ૦૨૦
૯. નાઇટ્રોજન નાઇટ્રોજનના રૂપમાં	૦૦૦૫
૧૦. નાઇટ્રોજન નાઇટ્રેટના રૂપમાં	૦–૫થી ૨–૦
૧૧. આલ્કલીનીટી	૩૦–એક લાખ ભાગ પાણીમાં
૧૨. જંતુઓ	૧૦૦–૫૦૦–એક સી.સી માં
૧૩. કોલોન બેસીલસ	નહિ હોવી જોઈએ

સિંચાવવું સ ક્રિ. સિંચે એમ કરાવવું.

સિંચિતા [સં.] સ્ત્રી લીંડીપીપર.

સિંજકો પું. એક જાતનું ઘાસનું ઘૂમડું; અડખાઉ પીળો મદન. તેમાં સુગંધી પીળાં ફૂલ આવે છે.

સિંજારવ પું. ધાતુનાં ઘરેણાંનો અવાજ.

સિંડિકેટ [અં.] સ્ત્રી. અંતર મંડળી.

સિંદલી ન. કાપડની એક ઊંચી જાત.

સિંદુ [સં.] પું. નગોડનું ઝાડ; નિર્ગુંડી; ટ્રાસુરસ

સિંદુક જુઓ સિંદુ.

સિંદુર [સ.] ન. નગોડનું ફૂલ.

સિંદુવાર [સ.] ન. નગોડનું ઝાડ કે તેનું ફૂલ.

સિંદૂર ૧. પુ એ નામનો એક દૈત્ય.

૨ [સ] પુ એક જાતની ઉપધાતુ, પ.રો. સીસું તથા ગંધકની મેળવણીનો લાલ ભૂકો. તે કડવી મ.ફક ટીકડી કે પિંજણ કરવામાં વપરાય છે રંગમાં ચીજ ઉપર ચાપડતા તેમને ઢાકી દેવાની શક્તિ આવતા, જે દ્રવ્ય નાખવામા આવે છે, તમાં સફેદો, સીસાનો ક્રાર્બોનેટ અને સિંદૂર એટલે સીસાનો ઑકસાઈડ મુખ્ય છે. પરંતુ તમાં પણ પહેલો નંબર ઑકસાઈડનો છે તે લાખડને સારો ચોટે છે. ત્વચા રોગ ઉપર સિંદૂરનો મલમ ઉપયોગી મનાય

સિંદૂર ફેરવવુ = ધૂળમાં મેળવવું; નકામુ કરી દેવુ

૩. પુ એક જાતનુ વૃક્ષ

૪. પુ મુખ્ય અઢાર માઠેનો એક પ્રકાર.

સિંદૂરકારણ [સં] ન. સીસું.

સિંદૂરતિલક [સં] પું હાથી.

સિંદૂરતિલકા [સં] સ્ત્રી. સુવાસણ; ખણીવાણી સ્ત્રી. જેના લલાટમાં સિંદૂરનો ચાંદલો હોય તેવી સ્ત્રી.

સિંદૂરતિલકી [સ.] સ્ત્રી. હાથણી.

સિંદૂરવદન [સ.] પું. ગણેશ; ગણપતિ.

સિંદૂરસેતુ [સ.] ન. સાંધું.

સિંદૂરા ૧. પું. સિંદૂરની ડાબલી.

૨ પું. (સંગીત) સૈંધવી ને કાફી રાગના મિશ્રણથી બનતો એક રાગ. તે આસ તો મધ્યરાત્રિએ અથવા અગે તે વખતે ગવાય છે.

સિંદૂરિયું વિ સિંદૂરના રંગનું; ખૂલતા લાલ રંગનું.

સિંદૂરિયો ૧. પુ. આંબાની એક જાત. તેમા નાની, મધુર ગંધવાળી, રાતા પ્રભવાળી કેરી થાય છે.

૨. પું એક જાતનો આકરો તાવ. તે પથી ૧૦ તરસનાં બાળકોને આવે છે. તેમાં લાલ ચકામાં થાય છે

સિંદૂરી ૧. સ્ત્રી. ધાવડી નામની વનસ્પતિ. તેમાથી સુદર કેસરી રંગ નીકળે છે. આ વનસ્પતિનાં બી તથા મૂળ દવામા કામ આવે છે.

૨ સ્ત્રી. વિધવાઓએ પહેરવાનુ સિંદૂરિયા રંગનું એક જાતનું કપડું.

૩. વિ. સિંદૂરના રંગનુ.

સિંદૂરીઘાટ પુ. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ

સિંદૂરી-સંગમ પુ. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીંનું દૃશ્ય મનોહર છે.

સિંદોર જુઓ સિંદૂર.

સિંદ્રક પુ લગભગ ત્વાદહીન અને પારદર્શક એક પદાર્થ. ગુંદર તરીકે પણ તેનો ઉપયોગ કરી શકાય છે. ઉષ્મા, તેજાબ કે પવનની ક્રિયાથી અકબરાથી તે મેળવી શકાય છે. તે વિકારી બદનાવાળો છે અને તેમા કેટલાંક અંગારદ્વર હોય છે અને તે અંગારદ્વર જુદી જુદી ભાતના રૂપમાં સહેલાઈથી ફેરવાઈ જાય છે.

સિંધ ૧. પું. (પિંગળ) તોમરની જાતનો એ નામનો એક સમમાત્રા મેળ છંદ. તેમા ૯ ગુરુ અને ૩૦ લઘુ મળી ૩૯ વર્ણની ૪૮ માત્રા હોય છે

૨. [સ સિંધુ] પુ સિંધનો પ્રદેશ, પજાબની પાસુએ અને કચ્છની ઉત્તરે આવેલો એક દેશ સિંધુ નદી તેમા વહે છે. હાલ આ પ્રદેશ પાકિસ્તાનમા આવ્યો છે. જુઓ સિંધુ

સિંધકાફી પું. (સંગીત) એ નામનો એક રાગ. તેમાં ગાંધાર, નિષાદ કોમળ છે, શુદ્ધ મધ્યમ છે. આરોહમા શુદ્ધ નિષાદ પણ મેળવાય છે. સપૂર્ણ જાતિ છે. કોઈ આરોહમાં ગાંધાર, નિષાદ વાદ કરે છે. ગ્રીષ્મ ઋતુમાં દિવસના ત્રીજા અને ચોથા પ્રહરમાં તે ગવાય છે

સિંધડી ૧. સ્ત્રી. એક જાતની ગાય.

૨. સ્ત્રી. એક જાતની ઘોડી.

૩. સ્ત્રી. રાતી રોરડીની એ નામની એક જાત. કૃષિઉપદેશક ગોકળ કાનજી કાણાવાડિયા પોતાનો અનુભવ કહે છે કે: પહેલાં ફક્ત રાતી કાળી કાબડી નામે એક જ જાતનું રોરડીનું વાવેતર મુખ્યત્વે હતું. આજે છ સાત જાતની રોરડી ગોડલ સસ્થાનમા વવાય છે. ધોળી રોરડીની ચાર પાંચ જાતની અજમાયેશ કરી તેમાથી પૂનાની પુડિયા જેને ખેડુતો પૂનાગરી કહે છે તેનું વાવેતર સારા પ્રમાણમાં થાય છે. મોરસ રોરડીની બે જાતની અજમાયેશ થઈ તેમા રાતી જૂરી મોરસની એક જાત કસદારમા તીવડી છે. રાતી રોરડીની ચાર જાતની અજમાયેશ થઈ તેમાં રાતી સિંધડી રોરડી પસદ પડી છે. તે કોઈ કોઈ જગ્યાએ વવાય છે. ધોળી વાંસડી કામડી ઝડીની જાત નાપસદ પડવાથી કમી થઈ છે. રાતી કાળી કાંબડી, રાતી કાબરી, કડીમાલી રાતી વગેરે જાતો કમી થઈ છે ધોળી દેસી ઢોકળી કે ગડેરી વવાય છે. પહેલાં કયારડા કરી રોરડી વવાતી અને હાલ કેટલાક એ પ્રમાણે વાવે છે. ત્યાર પછી ચરો અને આમણ વાવવાની રીતની અજમાયેશ થઈ. હાલમાં ત્રણ ! ફૂટ છેટે ચાસ પાડી, તેમા બતર પૂરી નીકપાસાની રીતે ફાયદાકારક વાવેતર કરવું છે

સિંધનપુર ન. એ નામનુ એક શહેર. ત્યાની ગુફાઓમા ચિત્રવિચિત્રો સચવાયેલા છે

સિંધભૈરવી ૧ પુ. (સગીત) આશાવરી થાટમાથી ઉત્પન્ન થતો એક થાટ તે દિવસના બીજા પ્રહરે ગવાય છે.

૨. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તેની જાતિ સપૂર્ણ છે એટલે, ઋષભ, ધૈવત તીવ્ર કોમળ અને, ગધાર કોમળ, મધ્યમ તીવ્ર કોમળ અને, પચમ ધૈવત કોમળ, નિષાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે આ રાગિણી પ્રસિદ્ધ છે ગાવાનો સમય સવારનો છે.

સિંધવ ૧. પુ. ઘોડો; અશ્વ, સિંધી ઘોડો.

૨ સ્ત્રી રજપૂતાની એ નામની એક અટક

૩. ન. એ નામની અટકનુ માણસ

૪. [સં સૈંધવ] ન. લવણના આઠ માઠેનો એક પ્રકાર. એક જાતનો ખનિજ ક્ષાર; સિંધાલૂણ. આ સિંધુ નદીના ખારા પાણીમાં કવાય પણ ભેગું થાય છે. હાલમા તે ખાણોમાથી જરૂરિયાત પ્રમાણે નીકળી આવે છે. જમીનના જરૂરિયાતનો અને દરિયાનો સમય થવાથી અને તૂરી જવાથી જુદાજુદા અને સિંધવનાં પડો એક બીજાની પછી અનુક્રમે બંધાય છે. હિમ પર્વતના ઉત્તર ભાગમાં રટારદ્રહ પાસે આવેલી મીઠાની ખાણમા આ પ્રમાણે બનાવેલાં પડો ઉપરથી આ વિલક્ષણ, ચમત્કારી રચનાત્મક ક્રિયા બરાબર સમજાય છે. ત્યાં આગળ સૌથી નીચે શુદ્ધ, સ્ફટિકરૂપ બન સિંધવનું પડ આવેલું છે. જુઓ સિંધાલૂણ.

૫. વિ. એ નામની અટકનુ

સિંધવા ૧ સ્ત્રી. કુંભાર કોમની એ નામની એક શાખા.

૨ સ્ત્રી. રજપૂત બાપ અને ભગીઓણ માતાથી ઉત્પન્ન થયેલ મનાતી એક સકરી જાતિ

૩. ન. એ નામની જાતિનું માણસ

૪. વિ એ નામની જાતિનુ

સિંધવી ૧ સ્ત્રી. (સગીત) ભૈરવ રાગની પાંચ માઠેની એક રાગિણી કહેવાય છે કે, તેનુ સ્વરૂપ સારુ શોભાયમાન છે લાલ રંગનાં વસ્ત્ર પહેર્યા છે. બધુજીવ એટલે બપોરિયાના પુષ્પથી કાન શણગારેલા છે. હાથમા ત્રિશૂળ છે. મહાદેવના મદિરમા ઊભી ઊભી પૂજા કરે છે ક્રોધયુક્ત પોતાના સ્વામીના વિરહાગ્નિથી શરીરને બાળે છે. આ રાગિણી ગાવાનો વખત સાજનો છે તેની જાતિ સપૂર્ણ એટલે કે ઋષભ, ધૈવત તીવ્ર, ગધાર કોમળ, મધ્યમ કોમળ,

પંચમ ધૈવત તીવ્ર, નિષાદ કોમળ એવી રીતે સ્વરો આવે છે કોઈ આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં ઊતરી નિષાદ પર આવે છે ગ્રહ સ્વર ધૈવત અથવા મધ્યમ છે ષડજ વાદી સ્વર તથા ન્યાસ સ્વર પણ છે આ રાગિણી સંકીર્ણ, દેવસાન, ઠાકુરા અને શ્રી રાગથી મિશ્ર છે એમ પણ કેટલાક માને છે વળી કોઈ ઓડવ પણ કહે છે તથા પંચમ વર્જ્ય છે. પરંતુ આ મત પ્રખ્યાત નથી. તે અહીરી અને આશાવારીથી મિશ્ર ગણાય છે આ રાગિણીને સિંધુરિયા, સિંધુડો અને રાવસો પણ કહે છે

૨. સ્ત્રી. સિંધ દેશની પ્રાચીન સમયની એક લિપિ

નૌલ કે સિંધથી યાવની.
નાગરી દ્રાવિડી માલવી

લાટવર્ણસમય

સિંધારવું જુ. ક્રિ. સંહારવું.

સિંધાલી ૧. પુ. સિંહલદ્વીપના રહેવાસી.

૨. સ્ત્રી. સિંહલદ્વીપમા બોલાતી એક ભાષા

સિંધાલૂણ [સં. સૈંધવ] ન. એક પ્રકારનું મીઠું; એક જાતનો ક્ષાર. આ લવણ ધોળું, રાતુ અને પાસાવાળું એમ ત્રણ જાતનું થાય છે. તેને ભાંગવાથી સરખાં ચપટાં કપોટાં ઊખડે છે. જે મોંદ સિંધાલૂણ મળે છે તે ઢવાની અંદરના પાણીના ભાગને લીધે ફરીને જામા થયેલું સિંધાલૂણ હોય તેમ દેખાય છે. તેની અંદર પાણીનો ભાગ વધારે રહેલો હોય છે. પાચનશક્તિને માટે સિંધાલૂણ ચડિયાતું છે. ગરમ પાણી સાથે પીવાથી ઊલટી થઈ પિત્ત શાંત થાય છે કુળાકાર વખતે મીઠાને બદલે સિંધાલૂણનો ખૂબ ઉપયોગ થાય છે. જુઓ સિંધવ.

સિંધિચ્ચર પું સિંધનો એ નામનો એક પ્રખ્યાત વ્યાપારી; એક પ્રકારનો.

સિંધિયા ૧ પું. સિંધ દેશનો રહેવાસી.

૨. સ્ત્રી મરાઠા કોમની એ નામની એક અટક.

૩. ન એ નામની અટકનું માણસ

૪ વિ. એ નામની અટકનું.

૫ વિ સિંધ દેશનું

સિંધી ૧. પુ સિંધ દેશનો રહેવાસી

૨. સ્ત્રી એ નામની એક જાતિ

૩. સ્ત્રી તલવારની મૂઠનો એક પ્રકાર.

૪ સ્ત્રી સિંધી ભાષા; સિંધ દેશમા બોલાતી ભાષા.

૫. ન એ નામની જાતિનું માણસ. હિન્દુસ્તાનમાં સામ્ય છે કે સિંધી લોકો સાહસિક હોય છે, દેશપરદેશમાં ફરી વળે છે અને સ્થાની ભાષા ઝટ શીખી જાય છે એથી તો એ લોકો સારા વેપારી કરી શકે છે

૬ ન. કાપડની એક જાત.

૭ વિ. એ નામની જાતિનું

૮. વિ. સિંધ દેશનું; સિંધ દેશને લગતું.

સિંધુ ૧ પું (પુરાણ) એ નામનો એક દૈત્ય તેને ઋષભપતિએ માર્યો હતો

૨ પું (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ઋતદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૯ ગુરુ અને ૪૨ લઘુ મળી ૬૧ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૩. પું (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુડલિયા છંદનો એક ભેદ છે તેમાં ૩૯ ગુરુ અને ૭૪ લઘુ મળી ૧૧૩ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૪. પુ. ધોળો ટંકણખાર

૫. પું નગોડનું ઝાડ.

૬. પું પ્રાચીન સમયના હિંદનો એક દેશ, હાલના સિંધનો એક ભાગ. હાલની સિંધુ અને જેલમ નદીની વચ્ચે આવેલો દેશ. આ દેશ ઇંદ્રપ્રસ્થની પશ્ચિમ દિશામાં મરુભૂમિ અથવા મરુધન્વ દેશની પશ્ચિમે આવેલો હતો. સૌવીર દેશ આની બહુ જ પાસે આવેલો હતો. પાંડવોના વખતમા અહીં વૃદ્ધક્ષત્રપુત્ર જયદ્રથ રાજા રાજ્ય કરતો હતો. આ જયદ્રથ ધૃતરાષ્ટ્રનો જમાઈ થતો. સહદેવની દિગ્વિજય યાત્રામાં આ દેશનું નામ ન હોવાથી એમ લાગે છે કે એ દેશ સૌવીરની ઉત્તરે હશે.

૭. પું. (સંગીત) ભૈરવ રાગની સ્ત્રી; એ નામની એક રાગિણી. તેમાં વીર રસ અને કરુણ રસ જમાવવાનું અજબ સામર્થ્ય છે.

૮. પું. સમુદ્ર; દરિયો.

૯. પું. સાતની સંખ્યા.

૧૦. પું. (સંગીત) હનુમત મત પ્રમાણે શ્રી રાગના ચાર પુત્રો પૈકીનો એક રાગ. કોઈ તેને સિંધવી અથવા સિંધુડો પણ કહે છે. ભૈરવી રાગની રાગિણી સિંધવી અને આ રાગમાં માત્ર શ્રુતિઓનો ફરક છે.

૧૧. પુ. હાથી.

૧૨. પું હાથીનો માહ

૧૩. સ્ત્રી. ઘોડાની એક જાત.

૧૪ [સં.] સ્ત્રી. નદી

૧૫. સ્ત્રી. પારિયાત્ર પર્વતમાંથી નીકળનારી એ નામની એક નદી.

૧૬. સ્ત્રી (પુરાણ) સપ્તર્ષિઓના સંતોષ માટે ભાગીરથી ગંગાએ કરેલા પોતાના સાત પ્રવાહમાંથી એક પ્રવાહ

૧૭ સ્ત્રી હિંદની એ નામની એક મોટી પ્રસિદ્ધ દરિયાઈ નદી. આ નદીનું મૂળ કૈલાસ પર્વતના બરફના પર્વતોમાં આવેલું છે અને તે બ્રહ્મપુત્રા, સતલજ અને ગંગા નદીના મૂળ આગળ જ છે. આ નદી ત્રણ ઝરાના સંગમથી બનેલી છે. કશ્મીરમાં થઈને પંજાબમાં વહે છે કેરાજ્યત નજીક પંજાબની પાંચ નદીઓ- જેલમ, ચિનાબ, રાવી, સતલજ અને બિયાસમાં સાથે મળી જાય છે અને દક્ષિણ પશ્ચિમમાં થઈને અરબી સમુદ્રને મળે છે. તે હિમાલયમાંથી ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈએથી નીકળે છે. તેની લંબાઈ ૧૮૦૦ માઇલ છે તેમાંથી નહેરો દ્વારા આપી છે તે ૩,૭૨,૦૦૦ ચો. માઈલ જમીનને પાણી આપે છે સિંધુમાં સક્કર પાસે ૧૬ કરોડ રૂપિયાને ખર્ચે દુનિયામાં સૌથી મોટો બંધ સક્કર બેરેજ અથવા સ્લૉઈડ બેરેજ બાંધવામાં આવ્યો છે. વડોદરાવિદ્યાનગરના અષ્ટા શ્રી ભાઈલાલભાઈ ડાહ્યાભાઈ પટેલે 'સક્કર બરાજમાં મારાં આઠ વર્ષ', નામક પુસ્તકમાં એક અદ્‌ભુત બાંધકામની અનુભવકથા આપી છે. તેમાં જણાવ્યા પ્રમાણે, સિંધુ નદીની આડો બંધ બાંધીને, એમાંથી સાત નહેરો-ત્રણ જમણી બાજુ અને ચાર ડાબી બાજુ બાંધવાનું વિરાટ કાર્ય ઈ. સ. ૧૯૨૩ના જુલાઈની શરૂઆતમાં ઉપાડવામાં આવ્યું હતું અને ઈ. સ. ૧૯૩૧ની આખરે પૂરું થયું હતું. એ યોજનાનો ઉદ્દેશ ૬૦,૦૦,૦૦૦ સાડા બાવન એકરને બારે માસ પાણી પૂરું પાડવાનો હતો અને એનું ખર્ચ ૧૮ કરોડ રૂપિયા આવશે એવો અંદાજ હતો. અસલના વખતમાં સિંધુ નદીનાં જે અનેક વહેણો હતાં અને સિંધુના કાંપથી જેમ જેમ દરિયો પુરાતો ગયો તેમ તેમ સિંધુ નદીમા નવાં નવાં મુખ થયાં અને જૂનાં મુખ કાંપથી બંધ થઈ ને તે વહેણ નહેર જેવાં બની ગયાં. ઉનાળામાં જ્યારે હિમાલયનો બરફ ઓગળતો ત્યારે સિંધુ નદીમાં ભારે પૂર આવીને બંને કાંઠા ઉભરાઈ જતા અને તે વખતે સિંધુ નદીનાં જૂનાં વહેણમાં પાણી પેસતું હતું અને બંને કાંઠા ઊભરાઈને જમીન તર થતી હતી. મહાભારતકાળથી સિંધની ખેતી આ કુદરતી નહેરોના પાણીથી થતી હતી. આ કુદરતી નહેરોમાં દર વર્ષે જ્યારે સિંધુ નદીનું પાણી આવતું ત્યારે આ પાણી સાથે આવેલો કાંપ કેટલોક ખેતરોમાં જતો અને કેટલોક નહેરોમાં ઠરતો. આથી કરીને દર વર્ષે નહેરો કાંપથી ભરાતી અને કાંપ જો દર વર્ષે સાફ કરવામાં ન આવે તો નહેરો સંપૂર્ણ રીતે ભરાઈ જાય અને આ રીતે જો નહેરો ભરાઈ જાય તો

પછીથી એની માટે પાછી મળે નહિ. અગ્રેજ અમલ આવતાં પહેલાં આ કાંપ કાઢવા માટે દર વર્ષે નહીંતર પૂર ઉતર્યા પછીથી રાજ તરફથી હુકમ છૂટતા. તે વખતે દરેક નહેર ઉપર એની કરનારા અને ખેતી કરાવનારા બધા જમીનદારો ભેગા થઈ જતા અને તળાં મળીને નહેરોમાં જરૂરતનો કાંપ ખોદી કાઢતા. અંગ્રેજોએ ૧૮૪૮માં સિંધ જીત્યા પછી એના વિજેતા સર ચાર્લ્સ નેપીઅરે જોઈ લીધું હતું કે, સિંધની આબાદી વ્યવસ્થિત નહેરો સિવાય થવાની નથી. ચોમાસુ ઉપલબ્ધ થયું સિંધનો ગરજકારગર નબળ નેમ નથી. તેથી એણે સક્કર આગળ એક બંધ બાંધીને બંધના માથા ઉપર સિંધની બને બાજુ ઉપર જરૂરિયાત પ્રમાણે મોટી મોટી નહેરો કાઢવાની દરખાસ્ત મૂકી. દુનિયાની બધી નહેર યોજનાઓમાં સક્કર બરાજ એ મોટામા મોટી યોજના હતી. એની નહેરો એટલી લાખ એકર જમીનને આવરી લેતી હતી અને એવડા વિશાળ ક્ષેત્રફળમાંથી સાડા લાખ એકરને પાણી આપવાનુ હતું. યોજનાનું એકંદર કુલ ખર્ચ અઢાર કરોડ રૂપિયાનું હતું. આ યોજનામાં સક્કર શહેરથી નીચેની બાજુએ નદી ઉપર આડો બંધ બાંધવાનો હતો. આ બંધની લબાઈ એક માઇલની હતી. એમાં સાડા ત્રણ પહોળા એવા છાસઠ દરવાજા પાણીના નિકાલ માટે મૂકવાના હતા. આ દરવાજા ઉપાડબંધ કરવાથી નદીની ઉપરની બાજુએ નદીના તળથી વીસ ફૂટ ઊંચાઈનું પાણી ભરી રાખવાનું હતું. બાકી બધારાનું પાણી નદીમાં નીચે જવા દેવાનુ હતુ. દરવાજા ઊંચાનીચા કરવાને માટે વીજળીથી ચાલતા ઊંટડા બંધના એક છાજા ઉપર ગોઠવવાના હતા. બંધના બીજી છેડા ઉપર વાહનવ્યવહાર માટેનો રસ્તાનો પુલ હતો. શરૂઆતના અંદાજમા આ બંધનું ખર્ચ ત્રણ કરોડનુ આકવામાં આવ્યું હતુ. બંધના બંને છેડે નહેરો બોદાવાની હતી. જમણી બાજુએ ત્રણ નહેરો હતી અને ડાબી બાજુએ ચાર નહેરો હતી. આ નહેરોના મોઢા આગળ પણ દરવાજા મોકલ્યા હતા, જેથી નહેરોમા જોઈએ એ પ્રમાણમા બોછવધુ પાણી મોકલી શકાય. આ સાત નહેરોમા આખુ વર્ષ પાણી મોકલવાનુ હતું અને એમાં દર સેકંડે અડતાલીસ હજાર ઘનફૂટ પાણીનો પ્રવાહ વહેતો કરવાનો હતો. દર સેકંડે એક ઘનફૂટ પાણીનો પ્રવાહ હોય તો સિંધના હવામાન પ્રમાણે તેટલા પાણી ઉપર પચાસ એકરમાં ડાંગરનો પાક થઈ શકે છે અગર તો સો એકરમાં બાજરી, જુવાર કે કપાસનો પાક થઈ શકે છે. સિંચાણાની ઋતુમાં એટલા જ પ ણી વટ બસો એકરમાં ઘઉંનો પાક લેવાય છે એટલે બારેય માસ એ પાણી વહેતુ રહે તો તેથી જુદી જુદી ઋતુઓના પાક મળીને ત્રણસો એકર ઉપર એની અસર થઈ શકે તેમ હતું. સક્કર બરાજમાં મોટામાં મોટી નહેર ઋણોપચાસ માઇલ લાંબી હતી એટલે કે મહેસાણાથી નીકળી મુન્દ્રા પહોંચે એટલી લાંબી હતી. શાખા ઉપશાખાઓ મળીને સાતેય નહેરોની નાની મોટી નહેરો સાથે એકદર સત્યાવીસ છપ્પન હજાર માઇલ જેટલી હતી. બારે નાના ઢાળીઆઓનો તો કાંઈ સુમાર જ નહોતો. મોટામાં મોટી નહેરની પહોળાઈ એના તળમા ઋણોપચાસ ફૂટ હતી અને શરૂઆતમા તેની ઊંડાઈ તેરથી અઢાર ફૂટની હતી. અને બાજુએ એક ફૂટે એક ફૂટનો ઢોળાવ હતો. આ મોટી બોદીને નહેરની બારથી પચોતેર ફૂટ જગ્યા છોડીને એ માટીના ઢગલા કરવાના હતા. આ ઢગલા પચાસથી સાઠ ફૂટ ઊંચા થયા હતા આ ઉપરથી નહેરો ઉપર કરવાના માટી કામનો ખ્યાલ આવશે. મોટામા મોટી નહેરમાં દર સેકંડે પદર હજાર ઘનફૂટ પાણીનો પ્રવાહ વહેવાનો હતો. આ નહેરનુ નામ હતુ ફરદન નારા. બીજી નહેરનુ નામ હતું રોહરી કેનાલ. તે અઢીસો માઇલ લાંબી હતી અને શરૂઆતમા તેના તળામાં અઢીસો ફૂટની પહોળાઈ હતી સિંધુના ડાબે હાથે આ બે મોટી નહેરો સિવાય જૈસલમેર રાજ્ય માટે બે નહેરો કરી આપી હતી. આ ચાર નહેરોમાં થઈને દર સેકંડે હજારજ ત્રીસહજાર પાચસો ઘનફૂટ પાણીનો પ્રવાહ વહેતો હતો. જમણી બાજુની નહેરોમા મુખ્ય નહેરનું નામ રાઇસ કેનાલ હતુ. તે પણ શરૂઆતમાં ત્રણસો ફૂટ પહોળી હતી. એમા પાણીનો પ્રવાહ દર સેકંડે નવહજાર ઘનફૂટ વહેવાનો હતો. બીજી નહેરનું નામ નોર્થ વેસ્ટર્ન પેરેનીયલ કેનાલ હતુ. એનો પ્રવાહ દર સેકંડે ચોપનસો ઘનફૂટનો હતો. એના તળિયાની પહોળાઈ હજારજ એકસો સાઠ ફૂટ હતી. ત્રીજી નહેરનું નામ દાદુ કેનાલ હતું. એની તળિયાની પહોળાઈ હજારજ સો ફૂટ હતી. એના પાણીનો પ્રવાહ દર સેકંડે ત્રણહજાર ઘનફૂટનો હતો જગતની વિખ્યાત નહેરોમાં આપણે સુએઝ અને પનામાની નહેરોની વાત સાભળીએ છીએ. સુએઝની નહેરના તળની પહોળાઈ એકસો પંદર ફૂટની હતી જ્યારે પનામા નહેરના તળની પહોળાઈ એકસો પીસતાલીસ ફૂટની હતી. એની સાથે સરખાવતાં સક્કર બરાજની નહેરોની વિશાળતાનો ખ્યાલ આવી શકશે.

સિંધુક ૧ ન. (ત્રિ.૭૫) કાર્તિકસ્વામિમાં બતાવેલ વીસ માહેની એક જાતનુ મકાન

૨. [સ.] ન. નગોડનુ ઝાડ

સિંધુકરૂ [સ.] પુ સમદરફોલ, સમુદ્રફીણ

સિંધુકર [સ] ન. ધોળો ટકખાર.

સિંધુજ ૧. પુ કપૂર.

૨ [સ. સિંધુ (સમુદ્ર) + જ (જન્મેલ)]

૩ ચંદ્ર

૩ ન સંચળ; સિંધાલૂણ

૪. વિ જળમાં બનેલુ

૫ વિ દરિયાઈ, સાગરમા ઉત્પન્ન થયેલુ

૬ વિ પાણીનુ

સિંધુજા [સં.] સ્ત્રી. સમુદ્રની પુત્રી; લક્ષ્મીદેવી.

સિંધુજાત ૧. પુ. કપૂર.

૨. [સ.] પુ ચદ્ર.

૩. ન. સંચળ; સિંધાલૂણ

સિંધુજાતા [સ.] સ્ત્રી. લક્ષ્મીદેવી

સિંધુડો (સિંધુડો) ૧. પું. એક જાતનો સૂર.

> સિંધુડો એટલે સંગીતનો એક સૂર. ને તે પણ કરી સારવાઈ સંગીતના બનિ ઉપગત ગીતના વસ્તુની દૃષ્ટિએ પણ નામ ઉચિત છે.
>
> ગૌતમી

૨. પું. શૂરે ચડે એવા સૂરનો એક રાગ; સિંધવો, સિંધુરિયા, રાવસો; ભૈરવ રાગની પાંચ માહેની એક રાગિણી. લશ્કરને પાનો ચડાવવા ભાટ ચારણો એ રાગનાં ગીત ગાતા.

સિંધુતટ [સ.] પું. દરિયા કિનારો.

સિંધુતનય ૧. [સ.] પું. કપૂર.

૨. પુ. ચદ્ર

સિંધુતનયા [સ] સ્ત્રી. લક્ષ્મીદેવી.

સિંધુતનુજ જુઓ સિંધુતનય

સિંધુતલ [સં] ન દરિયાનું તળિયુ.

સિંધુદુર્ગ [સં.] પું દરિયાની અંદર બાંધેલો કિલ્લો

સિંધુદ્વીપ ૧. પુ. સામવેદનો એ નામનો એક ઋષિ

૨. પુ. (પુરાણ) સર્યવંશી ક્ષત્રવૃદ્ધ કુલોત્પન્ન ભગીરથ રાજાના પૌત્ર અંબરીષનો પુત્ર અયુતાયુ તેનો પુત્ર થાય.

૩ પું. (પુરાણ) સર્યવંશી ઋતુપર્ણ રાજાનો પિતા

૪. પું (પુરાણ) સોમવંશી જહ્નુ રાજાનો એ નામનો પુત્ર તે ક્ષત્રિય હતો પણ તપ વડે બ્રાહ્મણ થયો હતો. તેને બલાકાશ્વ નામે પુત્ર હતો.

સિંધુનંદન ૧. [સં.] પું. કપૂર.
૨ પું ચંદ્ર

સિંધુનંદિની [સં.] સ્ત્રી. લક્ષ્મીદેવી.

સિંધુપતિ ૧ [સં.] પું. સમુદ્ર; નદીઓનો સ્વામી.
૨. પું. સિંધુ દેશનો રાજા.

સિંધુપાર પું. કનિષ્ઠ જાતિના ઘોડાની ત્રણ માંહેની એક જાતનો ઘોડો.

સિંધુપુત્ર ૧. [સં.] પું. કપૂર.
૨. પું ચંદ્ર

સિંધુપુત્રી [સં.] સ્ત્રી. લક્ષ્મીદેવી.

સિંધુપુષ્પ [સં.] પું. સફેદ.

સિંધુભવશિલા [સં.] સ્ત્રી. દરિયામાં રહેલ ખડક

સિંધુયાન [સં. સિંધુ (સમુદ્ર) + યાન (વાહન)] ન. વહાણ કે આગબોટ.

સિંધુર ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પચ્ચા છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૨૨ લઘુ મળી ૩૪ વર્ણની ૪૬ માત્રા હોય છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૬૭ ગુરુ અને ૫૦ લઘુ મળી ૮૭ વર્ણની ૧૧૪ માત્રા હોય છે.
૩. [સં.] પું. હાથી; કુંજર.

સિંધુરથા પું. (પિંગળ) ગાયત્રીની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ અને મગણ મળી ૭ અક્ષર હોય છે

સિંધુરવદન [સં. સિંધુર [(હાથી) + વદન (મોઢું)] પું ગણેશ.

સિંધુરિયા સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની પાંચ માંહેની એક રાગિણી

સિંધુલવણ [સં.] ન. સૈંધવ; સિંધાલૂણ.

સિંધુવાર ૧. [સં] પું. ઉત્તમ ઘોડો.
૨ પું. નગોડનું ઝાડ.
૨ ન. નગોડનું ફૂલ.

સિંધુવાલ ૧ સ્ત્રી. બાલ્યાણની એક પેટા જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

સિંધુવાહ પું. સમુદ્રનો પ્રવાહ.
આ રીતે મરજીના મોતીઓ સમુદ્રમાં પણ સિંધુવાહ ઉત્પન્ન કરે છે જ્ઞાનબાગ

સિંધુવૃક્ષ [સં.] પું. નાંખારીનું ઝાડ.

સિંધુશયન [સં.] પું. વિષ્ણુ.

સિંધુશાયી [સં. સિંધુશાયિન્] પું વિષ્ણુ.

સિંધુસંગમ ૧. [સં.] પું. નદી અને સમુદ્રનો સમાગમ.
૨. પું. નદી અને સમુદ્રનો સંગમપ્રદેશ.
૩. પું. નદીનો સંગમપ્રદેશ.
૪. પું. બે નદીઓનું મળવું તે.

સિંધુસાગર પું. સિંધુ નદી જ્યાં સાગરને મળે છે તે સમુદ્ર; હિંદી મહાસાગર.

સિંધુસુત ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

સિંધુસુતા [સં. સિંધુ (સમુદ્ર) + સુતા (પુત્રી)] સ્ત્રી સમુદ્રની પુત્રી; લક્ષ્મીદેવી.

સિંધુસૌવીર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૭ રગણ મળી ૨૧ અક્ષર હોય છે.
ચા ૬ ચા ચા ૬ ચા આપ્યાને ઓઢી સિંધુસૌવીરમાં. ન્હાપિંગળ
૨. પું. સિંધુ દેશની પાસે આવેલો એ નામનો એક પ્રાચીન દેશ.
૩. સ્ત્રી. અંગ્રાની બીજાની દક્ષિણ બાજુએ વસતી એ નામની એક જાત.
૪. ન. એ નામની જાતિનું માણસ.
૫. વિ. એ નામની જાતિનું.

સિંધૂદ્ભવ ૧. [સં. સિંધુ (સમુદ્ર) + ઉદ્ભવ (જન્મ)] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.
૩. ન. સિંધાલૂણ; સૈંધવ.
૪. વિ. નદીમાં ઉત્પન્ન થનાર.
૫. વિ. સમુદ્રમાં ઉત્પન્ન થનાર.

સિંધૂદ્ભવા [સં.] સ્ત્રી. લક્ષ્મીદેવી.

સિંધૂપલ [સં. સિંધુ (સમુદ્ર) + ઉપલ (પત્થર)] પું.; ન. સિંધાલૂણ; સૈંધવ.

સિંધ્રયત સ્ત્રી. ઘોડાની એક ધીમી ચાલ. તેમાં ઘોડો પોતાના પ્રાન અને આયું ટટ્ટાર રાખે છે. આ ગતિ સિંહના જેવી હોય છે.

સિંધ્રાલ ન. શાલ્મલિ વૃક્ષ.

સિંધ્રોલ [સં.] ન. ગોળ થાળીના આકારનું પિત્તળનું એક વાદ્ય; ઝાંઝ, ઝંજિરા. તેની જોડી વપરાય છે. દરેક વાદ્યની પાછળ હેંડલ હોય છે. વગાડનાર તે પકડી એકબીજા સાથે અથડાવીને તાલમાં વગાડે છે.

સિંઘ [સં. શ્લેષ્મન્] પું. (પ્રાકૃત) કફ; સંઘનમ.

સિંહ ૧ પું. એક જાતના અન્ય એટલે ઘરનું રક્ષણ કરનારા દેવ
૨ પું (શિલ્પ) એક જાતનો ગોખ; પંદર માંહેનો એક પ્રકારનો અવયવ. તેમાં લંબાઈ વધારે હોય છે.
૩. પું. (પિંગળ) કાવ્ય છંદની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૭૮ લઘુ અને ૯ ગુરુ મળી ૯૬ માત્રા હોય છે
૪. પું. જિનધ્વજ.
૫. પું. પરાક્રમી ઘોડો.
૬. પું. (જ્યોતિષ) બાર માંહેની મેષથી પાંચમી રાશિ. આ રાશિ એપ્રિલ માસમાં માથા ઉપર આવવાથી ઉનાળાના પ્રખર સૂર્યનું ભાન કરાવે છે. મઘા, પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો પા ભાગ આ રાશિમાં આવે છે. આ રાશિમાં જન્મનારનું નામ મ કે ટ અક્ષરના પ્રારંભના શબ્દથી પડે છે. આ સ્થિર રાશિ કહેવાય છે. તેમાં ૯૩ તારા હોય છે. તેનો આકાર સિંહ જેવો છે. સિંહની છાતીમાં એક ઘણો પ્રકાશિત તારો છે ને જાંથી બીજા પાંચ તારા સાથે મળીને ઢાતરડા જેવો મઘા નક્ષત્રનો આકાર બનાવે છે તે સિંહનું મોં છે.
૭. પું. રાતા સરગવાનું ઝાડ.
૮. પું. (પુરાણ) રામના સુત નામના મંત્રીના કુલ માંહેનો એ નામનો એક દીકરો.
૯. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. કેમકે, તે નૃસિંહરૂપ ધરનારા છે.
૧૦. પું. (પુરાણ) શ્રીકૃષ્ણને સત્યભામાની કૂખે થયેલો એ નામનો એક દીકરો.
૧૧. પું. (પિંગળ) સત્તાવીસ અક્ષરની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૪૨ લઘુ અને ૫૫ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૧૨. [સં. હિંસ્ (હિંસા કરવી)] પું. હિંસા કરનાર પ્રાણી. પુરાણમાં કહેલ છે કે, ક્રોધવશાની પુત્રી શાર્દૂલને પેટે આ હિંસક જાતિ ઉત્પન્ન થઈ છે. બધાં પ્રાણીઓમાં તે વધારે શક્તિમાન, ઉદાર અને માનવાળો હોઈને વનરાજ કે પશુઓનો રાજા કહેવાય છે. ઈરાન, હિંદ અને આફ્રિકાનાં ગરમ જંગલોમાં આ પ્રાણી થાય છે. તેને મૃગેંદ્ર, પંચાસ્ય, હર્યક્ષ, કેસરી, ચિત્રકાય, મૃગદ્વિષ, હરિ, મૃગરિપુ, મૃગદૃષ્ટિ, મૃગાશન, પુંડરીક, પંચનખ, કંઠીરવ, મૃગપતિ, પંચાનન, પલ્લલભક્ષ પણ કહે છે. સિંહો પ્રાચીનકાળમાં ઉત્તર ગ્રીસ અને મેસીડોનીઆમાં પણ હતા. તેઓનો વસવાટ ઈરાન અને મેસોપોટેમીઆમાં પણ હતો. ઉત્તર અને મધ્ય ભારત પણ તેઓની ડણકથી ગાજતો

હતો ઈ. સ. ૧૮૨૨માં તેઓ પ્રજામાં પથરાયેલા હતા. ઉત્તર રોહિલખંડ અને રામપુર આસપાસ તેઓ અજાવ્યા નહોતા. ઈ. સ. ૧૮૪૭માં સાગોર અને નર્મદાના વનોમાં તેઓની વસતી નોંધાઈ છે. અલ્હાબાદથી ૮૦ માઈલ ઉપર જ તેનો શિકાર થયેલ સાંભળવામાં છે મધ્યભારત અને ગુજરાતમાં હજુ એક સદી પહેલાં સિંહોની સારી સંખ્યા જોવામાં આવતી હતી. ઈ. સ. ૧૮૩૦ સુધીમાં તે અમદાવાદ, આબુ અને ડીસાની સીમને શોભાવત. હતા. ડીસામાં છેલ્લા સાવજ ઈ સ. ૧૮૭૦માં મરાયાની નોંધ મળે છે. સૌરાષ્ટ્રમાં ગોંડલ, જસદણ, ચોટીલા અને પૂર્વે ગીરથી મઢી પશ્ચિમ ગિરનાર સહિત આહેજ અને બરડાની ડુંગરમાળ તેઓના વસવાટથી સભર હતી. હવ તો સામાન્યતઃ તેઓ ગોંડલ અને આફ્રિકામાં માલુમ પડે છે. એશિઆમાં તો માત્ર સૌરાષ્ટ્રમાં અને તે યે માત્ર ગીરમાં તે માલુમ પડે છે. ગિરનારની આસપાસના ૮૦, ૨૫ માઈલના ઘેરાવાને ગીરનું જંગલ કહે છે. આ ગીરના ૫૦૦ ચોરસ માઈલમાં તેઓની છેલ્લી વસતી ગણતરી થઈ છે. તે ગણતરી મુજબ સૌરાષ્ટ્રમાં માત્ર ૨૧૨ સિંહો છે. સિંહની વસતી ગણતરી કરવા માટે તે કામ માટે નિષ્ણાતોને ખાસ રોકવામાં આવે છે અને તેઓ સિંહના વસવાટનાં સ્થાન, શિકારનાં સ્થાન, આરામના સ્થાન, પાણી પીવાના સ્થાન પ્રમાણે સિંહ, સિંહણ ને તેઓનાં બચ્ચાંને તેમનાં પગલા ઉપરથી જોઈતી તમામ હકીકત એકઠી કરે છે. ગિરના સિંહની કેસવાળી સાધારણ રીતે આફ્રિકાવાસી સિંહની કેસવાળી જેટલી ઘોની નથી કદમા ઓછા બંધના સિંહો લગભગ સરખા જ હોય છે. અત્યારે સુધીમાં ગીરનો લાંબામાં લાંબો સિંહ ૯ ફૂટ ૧૭ ઈંચ માપાયો છે; જ્યારે આફ્રિકાવાસી સિંહની લંબાઈ ૧૦ ફૂટ ૧૭ ઈંચની થઈ છે ગીરના લોકોની માન્યતા એવી છે કે, અહીં બે પ્રકારના સિંહ થાય છેઃ એક લાંબા દેહવાળા અને બીજા ઊંચા દેહવાળા. લાંબા દેહવાળાને વેલિયા કે વેલર અને ઊંચા દેહવાળાને મૂંધિયા એવા નામ આપ્યાં છે. એ મિત્રય નેસવાળાએ પોતાની આસપાસના સાવજનાં નામ તેઓના રંગ અને અવાજ ઉપરથી રાખ્યાં છે. જેમકે, રાતડો, મરિયો, બાંખરો વગેરે. સિંહના નાનાં બચ્ચાના રંગમાં ડાઘા તથા લીટા હોય છે. આ ડાઘા તથા લીટા બતાવે છે કે, આ પ્રાણીના પૂર્વજનનો રંગ દીપડાના ગુલ અને વાઘના પટ્ટાની વચ્ચના રંગવાળો હશે આ ચિહ્નો ઉંમર વધવાની સાથે ઝાંખાં પડતાં જાય છે. નર બચ્ચાને મરદન ઉપર લાંબા વાળ હોય છે અને ઉંમર વધવાની સાથે તે વધતા જાય છે. સિંહ જ્યારે ૭ વરસની ઉંમરનો થાય છે ત્યારે તે પૂર્ણ જુવાનીમાં આવી જાય છે, ત્યારથી તેની કેસવાળીના વાળ વધતા રહે છે. પચીસ વર્ષ પછી તેને ઘડપણની નિશાની જણાય છે તેનું આયુષ્ય ૩૦થી૪૦ વર્ષનું લેખાય છે. રંગે તે બદામી રંગનો છે. તેનો દેખાવ દમામદાર, માથું પહોળું, મજબૂત, અવાજ ઘોર ગર્જના જેવો અને સ્વભાવ ક્રૂર પણ ગંભીર હોય છે. તેની ઠોક અને માયુ મોટું હોવાથી તે ડાલામથ્થો કહેવાય છે. મરદન ઉપર લાંબા વાળ હોય છે તેને વાળ કહેવાય છે. તેની લાંબી પૂછડીને છેડે વાળનો ઝૂમખો હોય છે એક પુરાણકાળથી પરિચિત આ પ્રાણી એક કાળે મોટા, સમગ્ર આફ્રિકા ને દક્ષિણ એશિઆમાં વસતુ હતું. પણ હાલ તો પૂર્વ આફ્રિકા, મેસોપોટેમિયા તથા ઈરાન ઉપરાંત હિંદમાં તો માત્ર સૌરાષ્ટ્રમાં ગીરનાં જંગલોમાં જ તેની વસતી રહી છે. સિંહને એશિઆના ને આફ્રિકાના એમ બે વિભાગમાં વહેંચી નખાય છે. તેમાં યે સોરદનો સિંહ આખી દુનિયાના સિંહોની એક વિશિષ્ટ જાતિ જણાય છે એશિયન સિંહની કેસવાળી આખી ને પૂર્ણ વિકસિત દશામાં છેડથી ઢાળી હોય છે સેનિગાલના સિંહોને યાલ હોતી નથી. નાકથી પૂછડીના છેડા સુધી સિંહ નવ ફૂટથી યે લાંબો ને લગભગ ૫૦૦ રતલ વજનનો હોય છે માદા નર કરતાં એકાદ ફૂટ નાની હોય છે. બંનેની પૂછડીને છેડે વાળનો ઝાળો ગુચ્છો હોય છે; જેમાં શિંગડા જેવો સખત કાંટો હોય છે. સિંહને હિંદીમાં શેર બબ્બર, ગુજરાતમાં ઘોરિયો વાઘ ને સોરઠમાં સાવજ કહે છે. તે રેતાળ, સપાટ ને ખડકાળ તથા ઘોર અને પાણી કાંઠે ઊંચા ઘાસવાળી ખુલ્લી ભૂમિમાં વસે છે. અધિક બળવાન ને અતિશય હિંમતવાન તથા સાકડી જગ્યામા યે આસાનીથી સારુ ફરી શકતો હોવા છતાં સિંહ વાઘ જેટલો ચપળ નથી. વળી ખુલ્લામાં સામે મોંએ મોં-હાડીને હુમલો કરવાની તથા હમેશા ધોરી માર્ગે જ આવજા કરવાની તેની ટેવ શિકારીને ઘણી અનુકૂળ નીવડે છે. દિવસ આખો એ હારે જાયે આરામ લે છે ને ગોરજ ટાણે ઊભા થઈ શિકારની શોધમાં નીકળે છે ત્યારે ગર્જનાઓ કરતા રહેવાની તેને ટેવ છે. તેનો કૂદવાનો સમય સાજ અને ભાળકડું ખાસ છે, છતાં રાતમાં તેઓ ઝાઝુકતા સાભળવામાં આવે છે તેની ગર્જના મેઘગર્જના જેવી અત્યત મોટી અને ગભીર હોય છે તેઓની ચોક્કસ પ્રજનન ઋતુ નથી, પરંતુ ગીરમાં વધારે ભાગમા સિંહસિંહણોનો સયોગ ઓક્ટોબર નવેમ્બર માસમા થાય છે અને સિંહણો જાન્યુઆરી ફેબ્રુઆરીમાં બચ્ચાંને જન્મ આપે છે જે બચ્ચાંનો જન્મ વર્ષાઋતુ દરમિયાન થાય તેઓ ઘણે ભાગે પ્રતિકૂળ હવામાન અને ખોરાકની અછતને લઈ લાબુ નભતાં નથી સિંહણ જ્યારે બકી ત્રણ વર્ષની થાય ત્યારે જુવાનીમા આવે છે અને એ અરસામાં તે બચ્ચાને જન્મ આપે છે. તેનો ગર્ભાધાનનો સમય ચારેક માસનો છે. સિંહણ એકી સાથે બે બચ્ચાને જન્મ આપે છે પણ કયારેક તેમાં એકાદનો વધારો પણ દેખવામાં આવે છે. બે વિયાજણ વચ્ચે ઓછામાં ઓછું દોઢ કે બે વરસનું અંતર હોય છે. એક વાંઝ બચ્ચાંના દાખલા દાંત પડી બીજા આવવા શરૂ થાય છે બચ્ચાંના ઉછેરમાં સિંહ પણ પૂરતો ભાગ લે છે અને આખા કુટુંબનું પોષણ કરે છે. સિંહ અને વાઘનો સયોગ કરાવીને જાયગિર નામની વર્ણસંકર પ્રજા પણ ઉપજાવવામાં આવે છે.

૧. સિંહ કે શિયાળ ? = હતેહના સમાચાર કે બોકાસણના ? હતેહ થાય કે નાસીપાસી થાય એમ પૂછતાં આ રૂઢિ વપરાય છે. જવાબમાં સામો માણસ જો હતેહ થયો હોય તો સિંહ એમ કહે છે ને જો નાસીપાસી મળી હોય તો શિયાળ એમ કહે છે.

૨. સિંહનું બચ્ચું = બદાદુર; મર્દ.

૩. સિંહને વનનો ભોય ને વનને સિંહનો ભોય = નાના મોટાને એકબીજાનો સહકાર દેવાધર્મ.

૧૩. જ એ નામનું એક ઉપપુરાણ.

૧૪. ન. (શિલ્પ) એક પ્રકારનું ઘર.

જે ત્રિકોણ ઘરના મુખ અગ્રભાગ સૃષ્ટિ ભાગે ચાર અસિંદો હોય, તે અસિંદો આગળ એક મદપ હોય. પરતુ તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો સિંહ ઘર કહેવાય છે રાજવલ્લભ

૧૫. ન. (શિલ્પ) એક પ્રકારનું દેવમંદિર.

૧૬. ન. (શિલ્પ) એક પ્રકારનુ સિંહાસન.

૧૭ ન. વીસ માંહેની એક જાતનુ નગર; મોળ નગર.

૧૮. વિ. જુઓ

સિંહક પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ, ત્રણ જગણ અને રગણ એમ એકવીશ અક્ષર

હોય છે આ છંદને કુસુમવદના, સિંહિ, ધૃતશ્રી પણ કહે છે

સિંહકપાલી વિ. સિંહના જેવા મોઢાવાળું

સિંહકર્ણ [સં] પું. (શિલ્પ) રાજમહેલના ૭ માહેનો એક પ્રકાર. રાજવલ્લભમાં કહેલું છે કે, જે પ્રાસાદના ભદ્રોના મધ્યોના ખૂણાઓને મોખ કરેલા હોય તેવા પ્રાસાદને સિંહકર્ણ નામનો પ્રાસાદ કહેવામાં આવ્યો છે

સિંહકુંડળ ન. (શિલ્પ) મોટી ગોળાકાર કટીમા નીચે સિંહનું મોં કરેલું હોય એવું કુંડળ. મંદિરમાં દ્વારપાળ તથા જયકર દેવત ઓને આ કુંડળ પહેરાવાય છે. સિંહને બદલે કવચિત હાથી પણ કોરેલો હોય છે

સિંહગઢ પું. એ નામનો એક પ્રખ્યાત કિલ્લો. અસલ તો એ કિલ્લો કોંડાણનો કિલ્લો કહેવાતો પણ શિવાજીના કોરત અને સરદાર, જબરા સિંહ જેવા બાબતન, મોટી ગરદન, કમાબદ્દર ચહેરો ને અદ્‌ભુત વીરતાવાળા તાનાજી માલસુરને શિવાજી 'મારો સિંહ' કહીને બોલાવતા તે વીર તાનાજી ત્યાં મરાયા જેથી તેનું નામ સિંહગઢ પડ્યું છે.

સિંહચર્મ [સં.] ન. સિંહનું ચામડું.

યોગ મુક્તમાં યોગાસન ઉપર સુવાડો, **સિંહચર્મ** ઓઢાડીને એમને. જયાજયત

સિંહચલો પું ડિંગળ માંહેનો એક ચારણી રાગ

સિંહણ સ્ત્રી. સિંહની માદા. તેને કેસવાળી હોતી નથી.

સિંહણસુત [સ. સિંહણ + સુત (પુત્ર)] પું. સિંહણનું નર બચ્ચું

સિંહણ કેરું દૂધ હોય તે **સિંહણસુતને** ધરે. કનકપાત્ર પાખે સહુ માટુ ફોડીને નીસરે. દયા.૨.મ

સિંહણી સ્ત્રી. સિંહણ; સિંહની માદા.

સિંહતલ [સં] પું. જોડેલા હાથ; અંજલિ.

સિંહથર [સ. સિંહસ્તર] પું. (શિલ્પ) સિંહાસનના છપ્પાસી ભાગોમાં બાંધેલા જે ભાગમા સિંહની આકૃતિઓ કોતરવામાં આવી હોય તે ભાગ; સિંહાસનનો સિંહના આકારનો શોભાનો થર.

સિંહદ્વાર [સ] ન. શહેર વગેરેમા દાખલ થવાનો મુખ્ય દરવાજો; મુખ્ય દ્વાર.

સિંહનંદન [સ પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક તાલ.

સિંહનાથ લોકેશ્વર પું. અમિતાભ નામના ધ્યાની બુદ્ધે ધ્યાન વડે ઉત્પન્ન કરેલા એ નામના એક બોધિસત્ત્વ. તેનું બીજું નામ અવલોકિતેશ્વર કહેવાય છે. તેની મૂર્તિ મહાદેવની મૂર્તિ હોય એમ ઘણીવી મનાય છે. એનું પદ્મપાણિ એવું પણ નામ છે.

સિંહનાદ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલહંસ; કુટજા. તેના દરેક ચરણમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે આમાં છઠ્ઠા અક્ષર પછી વિસામો આવે છે.

૨. પું. રઘુવંશના; વીર પુરુષોના દોકારા.

૩. પુ. શિવનાં હજાર માંહેનુ એક નામ.

૪. [સ.] પું. સિંહની ગર્જના.

૫ પું. સિંહનો કે સિંહ જેવો નાદ; હુંકાર.

સિંહનિકા સ્ત્રી. કરને બદલે મજૂરો આગળથી પ્રાચીન સમયમા લેવાતુ કામ

સિંહનિષાદી પું. કમે કમે ઊંચો જવાતો પર્વત. કમે કમે ઉપર જતાં મુખસ્થાને અતિ ઊંચો બંધાતો દેખાય છે તેવા આકારના પર્વતને સિંહનિષાદી કહે છે.

સિંહનુકૂંદુ ન. એ નામની એક રમત. એક કુંડામાં બધા છોકરા ભેગા રહે ને દાવ આપનાર છોકરો સિંહ થાય, તે બહાર ભેગો રહે. સિંહ કુંડાળામાં જઈને અંદર કુંડાળાને ફરતો ઓટો દઈને જે છોકરાને ઢાપલી મારે તે છોકરો બેસી જાય

સિંહપક્ષી ન. એક જાતનું પક્ષી

અદ્રિગિરિ નામક પર્વતે એક જાતનાં પક્ષી રહેતાં, તેનું નામ **સિંહપક્ષી**. તે હાથી અને માણસ પકડીને ખાય. જાહરામાખણ

સિંહપુચ્છ પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા પાંચ ગણ મળી પદર અક્ષર હોય છે

સિંહપુર ૧. ન. (પુરાણ) ચિત્રાયુદ્ધ રાજાનુ એક નગર. તે અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતી લીધું હતું. દશમી સદીમા મૂળરાજના આમંત્રણથી ઔદિચ્ય બ્રાહ્મણો ત્યાં રહેવા આવ્યા.

૨ ન જૂના જાવનગર રાજ્યની એક પ્રાચીન રાજધાનીનું શહેર; સિહોર. કેવળકર વૈદ્યકૃત બદ્ર કૃત ' સિદોરની હકીકત ' સરકારણ કરી પ્રસિદ્ધ કરનાર મુનિકુમાર મણિશંકર બદ્ર લખે છે કે: પ્રાચીન કાળમાં સિંહપુર નામે ઓળખાતું સિહોર શહેર રમણીય ટેકરીઓની હાર વચ્ચે તળેટીમાં આવેલ છે. આ કુંજરાજોમાં સિંહ, દીપડા, સાર (સાબર) વગેરે જાનવર જનાવરો પ્રથમ રહેતા. તે ઉપરથી ' સિંહપુર ' નામ પડેલું એમ કેટલાક ધારે છે. ' સિંહ ' પદધારી રાજાઓ રહેતા તેથી એ નામ પડેલું હોવુ જોઈએ એમ બીજા માન્યતા છે અને તેના જ અપભ્રંશ રૂપ થઈ હાલનુ નામ ' સિહોર ' વપરાય છે. ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષથી એ સ્થળ મહાભારતાદિક પુસ્તકોમાં જાણીતુ છે. એનું એ સમયે ' સારસ્વતપુર ' નામ હતુ શ્રી સ્થળપ્રકાશ નામના ગ્રંથના ૩૩મા અધ્યાયમા સિંહપુર (સિહોર)નું વર્ણન નીચે મુજબ આપેલુ છે : " તે નગરમાં સુવર્ણના સ્તંભ અને સોનાની ઈંટોથી પૃથ્વી જડિત અને ઘરોને હાથીદાંતની જાળીઓ હતી. ધજાપતાકા અને રત્નોના સ્તંભથી સુશોભિત નગરના દરવાજે ઘણી શોભા કરેલી, તેમાં હજારો મણિની માળાઓની પંક્તિઓથી સુશોભિત હતુ. તથા ઘરો ઉપર સુવર્ણના કળશ અંધકારને નાશ કરી રહ્યા છે અને સુગંધી જળથી ભૂમિમાં છંટકાવ કરે છે ઘણી રસ્તામાં કમળના ફૂલ વેરેલા છે, તેનો સુગંધ લેવા ભમર દોડતા આવે છે અને સૂર્ય કરતાં વધારે તેજસ્વી અને સ્વર્ગ કરતાં વધારે મનોહર છે. જેમાં અગ્નિ હોમેલા હૂંફ છે એવાં ઘર સહિત સિંહપુરનું દાન મૂળરાજે યથાવિધિ પૂજન કરીને દશ બ્રાહ્મણોને આપ્યું. સર્વ સમૃદ્ધિયુક્ત એ નગરમાં હતુ પણ ' નીલકંઠ મહાદેવજી 'નું બાકી છે. બારસો હજાર ઋષિઓ નીલકંઠ મહાદેવની પાસે કમેકમે બેસીને ધ્યાન ધરતા હતા. શ્રી ગૌતમેશ્વરના કુંડથી ઉત્તરે નદીને કિનારે સ્વામી દયાનંદ કરીને એક સંન્યાસીએ યોગ સાધવાને ગુફા કરી હતી. આ જગ્યાએ ૩-૪ માણસ સિંહાસને બેસી શકે એટલો વિસ્તાર છે. સિદોરના શહેરીજનો લખે છે કે: " શ્રી નાના સાહેબ પેશ્વાએ નક્કી કરેલ સમય અગાઉ મૂર્તિ સળગી ઊઠવાથી નિષ્ફળતા મળવાને લીધે પોતાનુ નામ દયાનંદ યોગેંદ્ર રાખીને સિંહપુર યાને સિહોરમાં આવી પાછળની જીંદગી ગાળી છે અને સવત ૧૯૫૯ના ચૈતસુદ વદિ ૧૩ના રોજ તેમની આત્મજ્યોત બુઝાણી છે." પાંચાળીયાળાં બ્રહ્મન જટીશાર્દૂલ હનુમાન મહેતા જણાવે છે કે: " હરખરામ વિશ્વનાથ જે મારા બાપા થતા તે કાશીથી સિદોર આવતાં રસ્તામાં ભોપાળની સરહદે ભોપાળતાલ સરોવર પાસે મકાળો કરીને રસોઈ બનાવતા હતા તેવામાં એક ઘોડેસવાર તેમની પાસે આવ્યા ને તેમની સાથે વાતચીત કરી. હરખરામ દાદાએ તેને જમાડ્યા બાદ ઘોડેસવારે ઘોડા સોનાના શિક્કા આપ્યા અને તેનુ નામઠામ અને સિદોર કેવુ ગામ છે વગેરે પૂછપરછ કરી. હું સાત વરસની હતી ત્યારથી મારા બાપા વગેરે યોગેંદ્ર દયાનંદની સેવા કરતા. હું ૨૨ વર્ષની ઉમ્મરે વિધવા થઈ. ત્યાર પછી

મોટે ભાગ તુ સિહોર રહેતી. વિધવા થયા પછી મને ગુરુદેવે મૂર્તનો મંત્ર શીખવ્યો હતો અને ભગવત્નામા મન પરોવવાનો મને ઉપદેશ આપ્યો હતો ગુરુદેવ નદીને કાંઠે ગુફા, અમારી તે સિંહાસન વગેરે ચણાવીને તૈયાર કર્યા હતા. ગુરુદેવની બોલી મરાઠી અને હિંદી જેવી હતી, હરિનામમા હું તેની બોલી સમજતી ન હતી, પણ પાછળથી ટેવ પડી ગઈ હતી. ગુરુજીના ઉપલા ત્રણ વર્ષ મેં પોત તેને રમોર્શ કરીને અવરાવેલુ. મરણ અગાઉ તેમને કાર્ડ માંદગી ન હતી; પણ તેણે બે દિવસ અપવાસ કરેલ. મને બોલાવીને આમા પાછા ન જવાનું કહેલું મરતાં પહેલાં તેણે મને કહ્યું કે, હું નાના મકાન પેઠા પછી મારી સમાધિ ગંગાકુંડની પવિત્ર જગાની પછી બનાવશો કે જેથી ત્યા ગંગાકુંડ અને અને ગૌતમકુંડથી નાહીને સુખનાથે જનારા લોકો મારી સમાધિ ઉપર જગા રેડી શકે'. નડિયાદવાળા, સુપ્રસિદ્ધ વિદ્વાન્ દીક્ષિત, પિતા અબુભાઈ ઈસ્વીસને નાના ભાઈપને આશરે અપ્પાની. બાદ થવાથી મરણકારે એમની બાદગીર જામ કરી એ તો ઐતિહાસિક દસ્તાવેજ છે નડિયાદથી. સિહોર બહાર આગે બહુ જ નજીક છે એ ભોગોલિક સત્ય છે. વિહારી આદિ સશોધક દૃષ્ટિ. સિદ્ધેશ્વર. વિદ્વાનો પણ સ્પષ્ટપણે માને છે કે: ' સિંહ પિટાનિયા "નુ મૂળ વતન સિદ્ધપુરમા અગાઉ કોઈ અગમ્ય કારણે દરબારમાં કોચમીન તરીકે આવી વસેલ કોઈ જમન પાસેથી અંગ્રેજીમા વડીલોએ વાંચેલું. અર્થાત્ સિદ્ધપુર પૂર્વકાળમા પ્રથમ પંક્તિના સન્યાસીઓનું તેમ જ ઉચ્ચ કક્ષાના શહેરોનું પણ ધામ હતું એ સ્વયસિદ્ધ હકીકત છે જુઓ સિહોર.

સિંહભૂમિ [સ] સ્ત્રી સિંહ વસતા હોય તેવો પ્રદેશ

સિંહમુખ પું એક હાથથી થતા ૨૮ જાતના અભિનય માંહેનો એક

સિંહયાન ન. (સિદ્ધ) એક જાતનુ દ્વિદાળ ઘર.

સિંહલ ૧. [સ.] પું. અફ્રાલ્ક દેશ પૈકીનો એક દેશ, ભારતની દક્ષિણે આવેલ એ નામનો એક બેટ, હાલનો સિલોન આ દેશની મુખ્ય બોલી સિંહાલી છે. ભારતના દક્ષિણ છેડે આવેલા શ્રી રામેશ્વર ટાપુથી સિહલનો ઉત્તર છેડો માત્ર ૭૦ માઈલને અંતરે આવ છે. આ ૭૦ માઈલની વચ્ચે આવલો સમુદ્રપટ્ટ છાછરો અને ખડકાળ છે આ પથરોની હારને રામનો સેતુ કહે છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં મગધ એટલે બિહાર દેશના સિંહબાહુ નામના રાજાએ પોતાના પાટવીપુત્ર વિજયસિંહને દેશવટો દીધો હતો. તે પોતાની સાથેના ૭૦૦ માણસો સાથે ત્યાં વસ્યો તેમનો વશ વધતો ગયો તે સિંહલ કહેવાયા લકાના લોકો તે વખતથી સિંહલી તરીકે ઓળખાવા લાગ્યા લકા બેટનુ નામ પણ તેજ વખતથી સિંહલદ્વીપ કે૨.ન્યુ. આ વખતે લકાની રાજધાની ઉપ.નિસાનુવારા હતુ

૨ ન. એક ઝાડ. તમાલપત્ર એના પાદડા છે

૩. [સં] ન. કલાઈ.

૪. ન. તજ.

૫. ન. પિત્તળ નામની ધાતુ

સિંહલદ્વીપ જુઓ સિંહલ.

સિંહલવલ્લ્યા [સ] સ્ત્રી એક જાતની વેલ; સિંહલીનો વેલો

સિંહલસંડી વિ જી સિંહના જેવી પાતળી કેડવાળી

સિંહલી ૧ સ્ત્રી અફ્રાવત અવ.ચીન માંહેની એક લિપિ

૨. સ્ત્રી સિંહલદ્વીપની મુખ્ય ભાષા

૩ વિ સિંહલદ્વીપનું; સિલોનનુ

સિંહલીપીપર સ્ત્રી પીપરની એક જાત ઉત્કટ. ત મૂત્રકૃચ્છ્ર, પિત્ત, વાત, પ્રમેહ, વિસર્પ.ટક અને હૃદયના રોગ ઉપર અપાય છે

સિંહલું ન સોનું સોનાં લોકો પારસીમાં સોનાને સિંહલું કહે છે. જેમકે, સિંહલામાં એટલે તૂની ઉમેરવુ ઠસાડ એટલે કે સાતમા ચાર તોલા ચાદી નાખ.

સિંહલેખા પુ (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમા રગણ, જગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે

સિંહવર્ગ પું. (જ્યોતિષ) એકબીજાને સુમેળ કે દુશ્મન રહેશે તે જાણવા માટે પાડલા વર્ગ મહેનો એક ચ, છ, જ, ઝ એ અક્ષરોમાંથી ગમે તે અક્ષર ચરખણીના નામના આદિમાં હોય તો તેનો સિંહવર્ગ ગણાય છે

સિંહવાહન [સં] પું. શિવનાં હાલર માંહેનું એક નામ.

સિંહવાહિની ૧. [સ] સ્ત્રી દુર્ગા દેવી

૨. વિ જી. સિંહના વાહનવાળી

સિંહવિક્રમ ૧. પું. ઘોડો.

૨. પુ (સંગીત) સગીતરાજમા પ્રસિદ્ધ એક તાલ

સિંહવિક્રાંત ૧. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રત્યેકના દરેક ચરણમાં બે નગણ અને સાત યગણ એમ સત્તાવીસ અક્ષર હોય છે.

૨. [સ.] પું. ઘોડો.

૩. વિ. સિંહના જેવુ પરાક્રમી

સિંહવિક્રાંતી [સ.] સ્ત્રી ઘોડી

સિંહવિક્રીડ (સિંહવિક્રીડ) પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ અને છંદ વર્ણવૃત્તમાં કહેવાય છે તેના દરેક ચરણમાં ૯ યગણ આવી ૨૭ અક્ષર હોય છે.

> ગણો ત્રા બધા બદ તો થાય છે
> **સિંહવિક્રીડના** પાદમા વર્ણ સત્તાવિશેના.
>
> રત્નપિંગળ

સિંહવિક્રીડિત (સિંહવિક્રીડિત) [સ] ન. (જૈન) તપસ્વીઓ તરફથી આચરવામાં આવતું એક જાતનું તપ તેના મુહ્યલક અને મહા એવા બે ભેદ છે

સિંહવિલોકન પુ. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ તેના દરેક ચરણમાં ૧૬ માત્રા હોય પણ તેમાં છેલ્લે સગણ અવશ્ય આવવો જોઈએ ૩, ૭, ૧૧ અને ૧૫ મા માત્રાએ તાલ આવે છે

સિંહવિલોકિત જુઓ સિંહવિલોકન

સિંહવિસ્ફૂર્જિત પુ. (પિંગળ) ધૃતિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તેના દરેક ચરણમાં બે ભગણ, જગણ, ભગણ અને બે યગણ આવી અઢાર અક્ષર હોય છે તેમાં પાંચમા અને અગિયારમા અક્ષરે યતિ આવે છે

સિંહશય્યા સ્ત્રી. (યોગ) એ નામનું એક યોગાસન. યોગી જમણા પડખા ઉપર પગ તાણીને સૂઈ જાય અને ડોબી જમીન ઉપર રાખી જમણી હથેળી ઉપર માથાનો ભાર રાખે તથા ડાબો હાથ ડાબા પડખા અને સાથળ ઉપર ઓઢેલો રાખે એ આસનને સિંહશય્યા કહે છે આ આસન વીર્યસ્ખલન અને અકાલનિદ્રાને માટે વિશેષ અનુકૂળ છે

સિંહસભા ન. અમૃતસરનુ એક જૂનું નામ

સિંહસંક્રાંતિ સ્ત્રી (જ્યોતિષ) સિંહ રાશિમા સૂર્યનુ આવવુ તે

સિંહસંવત પુ. ભારતીય ૩૪ માંહેનો એક સવત. તે ઈ. સ. ૧૧૧૪થી શરૂ થાય છે. તેને શિવસિંહ સવત પણ કહે છે. સૌરાષ્ટ્રના મડલેશ્વર મીસિંહે આ સવત ચાલુ કર્યો કહેવાય છે. એમ પણ કહેવાય છે કે, ચૌલુક્ય જયસિંહ સિદ્ધરાજે સોરઠના રાજા ખેંગારને હરાવીને વિજય મેળવ્યો, તેની યાદમા આ સવત ચલાવાયો છે. પરંતુ

કાઠિયાવાડ બહાર આ સંવતનો પ્રચાર નહિ | સિંહા ૧. સ્ત્રી. ચોથેર આકાશતત્ત્વ દેવનામોની એક.
હોવાનું જણાય છે કે, આ સંવત કાઠિયાવાડના સિંહ નામના કોઈ રાજાએ ચાલુ કરેલ છે. આ સંવતનો પ્રારંભ અષાઢ સુદિ ૧ થી થાય છે. વિક્રમ સંવતમાંથી ૧૨૭૦ બાદ કરતાં આ સિંહસંવત આવે છે.

સિંહસંવત વઢવાણથી રાઠ વર્ષ હોવાનું બતાવનારો એક પાળિયો પણ હાલમાં વઢવાણમાં જોવામાં આવે છે. આ પાળિયો રાણકદેવીના, સુપ્રસિદ્ધ મંદિરની પાસે દટાયેલા તથા બીજા કેટલાક પાળિયાઓનો એક છે

મુ. સા. પરિષદ

સિંહસંહનન ૧. વિ. ઉત્તમ બાંધાવાળું.

૨ [સં. સિંહ + સંહનન (દેહ)] વિ. સિંહ સમાન મજબૂત બાંધાવાળું.

સિંહસૂરિ પું. (જૈન) સિદ્ધસેન દિવાકરના એ નામના એક ગુરુ.

એ જો અલ્લવાદિકૃત નયચક્રના ટીકાકાર સિંહસૂરિ જ હોય તો એમ કહી શકાય કે, નયચક્રની ઉપલબ્ધ સિંહસૂરિકૃત ટીકા સાતમા સૈકા કરતાં પ્રાચીન હોવી જોઈએ

પંડિત સુખલાલજી

સિંહસેન ૧. પું. (પુરા.) દ્રૌપદિ નામના પંચાલનો એ નામનો એક પુત્ર. ભારત યુદ્ધમાં એ પાંડવ પક્ષમાં હતો. એ પોતાના રથને શ્વેત અને રક્ત એવા મિશ્ર રંગના ઘોડા જોડાવતો. યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરાયો હતો.

૨. પું. (જૈન) ચોદમા તીર્થંકર અનંતનાથના પિતાનું નામ

૩. પું. (પુરા.) ભારત યુદ્ધમાં કર્ણે મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક રાજા.

સિંહસ્તંભ ૧. [સં.] પું. જેના ઉપર સિંહ કોતરેલા હોય તેવો થાંભલો.

૨. પું. સાંચીમાં આવેલ મહાન બૌદ્ધ સ્તૂપમાં ઊભા પર સિંહના ઓઠાવાળો થાંભલો.

અશોકનો બંધાવેલો **સિંહસ્તંભ**-નાં પદાર્થ સંગ્રહાલયમાં આજે પણ જોવાને મળે છે.

પુરાતત્ત્વ

સિંહસ્થ ન. (જ્યોતિષ) બૃહસ્પતિ સિંહ રાશિમાં હોય તે સમય. બાર વરસે સિંહના બૃહસ્પતિ થાય છે. આ વર્ષે નર્મદાની ઉત્તરે સમાદિક થતાં નથી અને નાસિક ત્રંબકની યાત્રાનું માહાત્મ્ય મનાય છે.

સિંહસ્થવર્ષ [સં.] ન. જે વર્ષમાં બૃહસ્પતિ સિંહ રાશિમાં હોય તે વર્ષ. તેમાં સમેસરાનો આંક ગણાય છે.

સિંહસ્થી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

૨. સ્ત્રી ઓરિસ્સી

૩ સ્ત્રી. મરાઠા કોમની એ નામની એક જાતિ

૪ ન એ નામની જાતિનું માણસ.

૫ વિ એ નામની જાતિનું

સિંહાઈ સ્ત્રી. ક્ષત્રિયના મંદિર કે ઘરમાં મૂકવામાં આવતી એક દેવી.

સિંહાકાંત [સં.] સ્ત્રી. આયર્નીની ચોવીસ મંત્રોની એક મુદ્રા

સિંહાકૃતિ [સં.] વિ. સિંહના જેવી આકૃતિવાળું; સિંહરૂપધારી.

સિંહાક્ષ ન. મકર; લોઢનો કટ

સિંહાન ૧. ન. નાકનો મેલ; ચૂંક

૨. ન. લોઢાની કીટી; લોઢાનો મેલ.

સિંહાના પું. (સંગીત) એક રાગ; રાગના.

સિંહાનો કનકરો પું. (સંગીત) એક જાતનો રાગ. આ ગાવાથી કફ ગરમીની પીડાથી રહિત રહેનાં મન અને શરીરને શાંતિ થઈ રહે છે અને આખા શરીરમાં શાંતિ થઈ રહે છે એમ કહેવાય છે

સિંહાભાહુ પું. મગધ દેશનો એ નામનો એક રાજા. તેના પટ્ટધીકુવર વિજયસિંહે લાટનો દેશલોક ભાગ જીતી લઈ ત્યાં રાજ્ય કર્યું. તેનો વંશ સિંહલા કહેવાયો ને લોકો સિંહાલી તરીકે ઓળખાવા લાગ્યા અને લંકા એટનું નામ તે પરથી સિંહલદ્વીપ કહેવાયું.

સિંહાયત સ્ત્રી. ઘોડાની એક જાતની જાતિ. તેમાં ઘોડો સિંહની માફક ચાલે છે

સિંહાર પું (ભા. શુ.) નાશ; સંહાર.

સંપ લહાર સસર **સિંહાર**,
સબોદર દેહ મતિ બાર. લાવણ્યસમય

સિંહાર્ક [સં.] ન. સૂર્યનું સિંહ રાશિમાં આવવું તે.

સિંહાલ પુ. મગધના સિંહાબાહુ નામના રાજાના પુત્ર વિજયસિંહનો વંશ.

સિંહાલી ૧. સ્ત્રી. સિંહલ દેશની રહેવાસી પ્રજા.

૨. સ્ત્રી. સિંહલદ્વીપની એક મુખ્ય ભાષા.

૩ સ્ત્રી. સિંહલદ્વીપનું

સિંહાવલોકન ૧. ન. ઉપર ઉપરથી જોઈ જવું તે.

૨. ન. ગુણદોષ વિવેચન કે નિરૂપણ.

૩. ન. વૃત્તના ચોદ માંહેનો એક ભેદ.

૪. ન. સમાલોચન; આગળ કહેતાં પહેલાં પૂર્વેનું સારાંશે કહેવું તે

૫. [સં. સિંહ + અવલોકન (જોવું તે)] ન. સિંહની પેઠે આગળ વધતાં પહેલાં પાછળનું ફરીથી જોઈ લેવું તે; સિંહની માફક પાછળ નજર કરવી તે; પ્રમાદવલોકન; ભૂતકાળના બનાવોનું અવલોકન કરવું તે.

સિંહાવલોકન ન્યાય [સં.] પું. (ન્યાય) સિંહ શિકાર મારીને જ્યારે આગળ વધે છે ત્યારે પાછો ફરી ફરીને જોતો જાય છે. તેમ જ્યાં અગાઉની પાછળની બધી વાતોની એકી સાથે આલોચના કરવામાં આવતી હોય ત્યાં આ ન્યાય વપરાય છે.

સિંહાવલોકી ૧. વિ ચરણોના છેલ્લા ને પહેલા શબ્દો સમકરૂપ હોય એવું કાવ્ય માટે વપરાય છે

૨. [સં.] વિ. સિંહ.વલોકન કરનારું.

સિંહાસણ ન. સિંહાસન.

ત્રિભુવન ત્રા સિંહાસણ બઈઠો,
તવ્વિહુ મોહ દિગંતે પઈઠો.

મુ. સા. પરિષદ

સિંહાસન ૧. [સં. સિંહ + આસન] પું. અર્હંતના ચોતાલીસ માહેનો એક ગુણ. આ ગુણો આ પ્રમાણે છે: જન્મના ૧૦ અતિશય: (૧) મલમૂત્ર રહિત શરીર, (૨) પરસેવો ન થવો, (૩) સફેદ લોહી, (૪) વજ્રઋષભનારાચ સહનન, (૫) સમચતુરસ્ર સંસ્થાન, (૬) અદ્ભુત રૂપ, (૭) અતિ સુગંધ, (૮) ૧૦૦૮ લક્ષણ, (૯) અતુલ બળ અને (૧૦) પ્રિય વચન. કેવળજ્ઞાનના ૧૦ અતિશય: (૧) ઉન્મેષ રહિત નેત્ર, (૨) નખ અને વાળનું ન વધવું, (૩) ભોજનનો અભાવ, (૪) રૂદ્ધ ન થવું, (૫) છાયા ન પડવી, (૬) ચોમુખ દેખાવું, (૭) સો જોજન સુધી સુભિક્ષ, (૮) ઉપસર્ગ અથવા દુઃખ ન થવું, (૯) આકાશ ગમન અને (૧૦) સમસ્ત વિદ્યામાં નિપુણતા. દેવકૃત ૧૪ અતિશય: (૧) ભગવાનની અર્ધ માગધી ભાષા કરવી, (૨) જીવોમાં મિત્રતા, (૩) બધી ઋતુનાં ફળફૂલ ફળવા, (૪) પૃથ્વી દર્પણસમ થવી, (૫) સુખકારક પવન ચાલવો, (૬) સુખપ્રદ વિહાર થવો, (૭) પૃથ્વી કાંકરા પત્થર વગરની થવી, (૮) સુવર્ણ કમલ રચના, (૯) પૃથ્વી ધાન્ય પૂર્ણ થવી, (૧૦) આકાશ નિર્મળ, (૧૧) દિશાઓ નિર્મળ, (૧૨) જયઘોષ, (૧૩) ધર્મચક્રનું આગળ અને (૧૪) સુગંધિત જળની વર્ષા. પ્રાતિહાર્ય ૮:—અર્હંતના સમવસરણમાં આઠ પ્રાતિહાર્ય હોય છે: (૧)

અશોકવૃક્ષ, (૨) સિંહાસન, (૩) ત્રણ છત્ર, (૪) ભામંડળ, (૫) દિવ્ય ધ્વનિ, (૬) પુષ્પવૃષ્ટિ, (૭) ચમર ચોસઠ અને (૮) દુંદુભિ વાર્ય વાગ્યાં. અનંત ચતુષ્ટય: (૧) અનંતજ્ઞાન; (૨) અનંતદર્શન, (૩) અનંતસુખ અને (૪) અનંતવીર્ય. ૨. ન. (યોગ) યોગના ચોરાશી આંકેનુ એક આસન. ઢીંચણની નીચેની બે પોરી નસદ્વારા વીર્ય પ્રવાહ કરે છે તે સીવની કહેવાય છે. તે સીવનીની ડાબી બાજુએ જમણા પગનું ગુહ્ય મૂકવુ અને તેની નીચેથી ડાબા પગના ગુહ્યને ઢાંકીને જમણી બાજુએ મૂકવું અને તે રીતે બેસવુ. ઢીંચણો આસન સરખાં રાખીને તેના ઉપર હાથ મૂકીને આંગળીઓને ચળી પ્રસારવી. ટટ્ટાર બેસીને નાસાગ્રનું નિરીક્ષણ કરવુ એ સિંહાસન છે. આ સિંહાસન કરતી વખતે કોઈ કોઈ સ્થાને એવું કહ્યું છે કે, જાંઘને મૂળમાંથી બને તેટલી બહાર કાઢવી અને તે જાંઘના અગ્રને જોઈ રહેવું. એ પણ સિંહાસનનો એક પ્રકાર છે. સિંહાસનનો અન્ય પ્રકાર કપોનીની જમણી બાજુએ પ્રથમ ડાબા ગુહ્યને મૂકી તેની નીચેથી જમણા ગુહ્યને લઈ જઈને ડાબી બાજુએ મૂકીને ઉપર પ્રમાણે કરવું. કામવાસના ઉપર કેટલેક અંશે આ આસનથી અંકુશ રહે છે. ઝેર તથા રોગને તે નિવારે છે. આ આસન વધારેમાં વધારે ત્રણ મિનિટ કરવુ. એક મિનિટમાં લગભગ બાર વખત જાંઘ અંદર લેવી તથા બહાર કાઢવી. જાલંધરબંધ, જ્રીબંધ અને મૂળબંધ વગેરેને સાધ્ય કરવું આ આસનથી સરળ બને છે. બળાનાં સ્નાયુઓને મજબૂત બનાવે છે તથા આંતરિક ગ્રંથિઓ તંદુરસ્ત બને છે તેમજ ગાળની ગ્રંથિઓને લાભ થાય છે. શ્રવણેંદ્રિયની બહેરાશ પણ દૂર થાય છે.

૩. [સં.] ન. સિંહની આકૃતિવાળું ઊંચું આસન; રાજા, દેવ કે આચાર્યનું આસન.

સિંહાસનસ્થ ૧ [સં.] પુ. પુરુષોત્તમનાં હજાર આંકેનુ એક નામ.

૨. વિ. સિંહાસનમાં બેઠેલ.

સિંહાસનારૂઢ [સં.] વિ. સિંહાસન ઉપર બેઠેલું; રાજગાદી ઉપર બેઠેલ; જેનો રાજ્યાભિષેક થયો હોય એવું; તખ્તનશીન.

સિંહાસનારૂઢ થવુ = રાજગાદીએ બેસવુ; રાજા થવું

સિંહાસની ન (જૂ. ગુ.) સિંહાસન.

સિંહાસ્ય [સં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; અરડૂસી.

સિંહાળા ૧. સ્ત્રી. એ નામની રજપૂતની કોમની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનુ.

સિંહિકા ૧. સ્ત્રી. અરડૂસી.

૨. સ્ત્રી. એ નામની એક દેવી.

૩. સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાંદડાં ખાવાથી જોવાં, ફૂલ પીળાં તથા કંદને ગુંદ આવે છે. પારો બાંધવા માટે તે ઉપયોગી છે.

૪. સ્ત્રી. (પુરાણ) કશ્યપની તેર પત્નીમાંની એક રાક્ષસી સ્ત્રી. તેને રાહુ, સુચંદ્ર, ચંદ્રહર્તા અને ચંદ્રમર્દન નામે ચાર પુત્રો હતા.

૫. સ્ત્રી (પુરાણ) કશ્યપને દિતિની કુખે થયેલી કન્યા એ હિરણ્યકશિપુની બહેન હતી અને વિપ્રચિત્તિ નામના દાનવને પરણી હતી. જ્યારે હનુમાન સીતાની શોધ કરવા સમુદ્ર કૂદી જતા હતા તે વખતે આણે સમુદ્રના જળ ઉપર હનુમાનનો પડછાયો પડેલો દીઠો. એ પડછાયાનુ આકર્ષણ કરીને એણે હનુમાનની ગતિ રોકી હતી એના આકર્ષણથી માર્યા બેચ કૂદી આવીને તેના મોંમાં પેસી ગયા હતા. પણ પોતે બલાઢ્ય હોવાથી એને મારી નાખીને એણે પૂર્વવત્ ગમન કર્યું હતું.

૬. [સ.] સ્ત્રી. સિંહણ; સિંહની માદા.

૭. સ્ત્રી. (પુરાણ) હિરણ્યકશિપુને કયાધુ નામની સ્ત્રીથી થયેલ એ નામની દીકરી પ્રહ્લાદની બહેન.

સિંહિકાતનય [સં.] પુ. રાહુ.

સિંહિકાતનુજ જુઓ સિંહિકાતનય

સિંહિકાપુત્ર જુઓ સિંહિકાતનય.

સિંહિકાસુત ૧. [સં. સિંહિકા + સુત (પુત્ર)] પુ. સિંહણનો પુત્ર.

૨. પુ. સિંહિકાનો પુત્ર; રાહુ.

સિંહિનિક ન. ચોખા, તેલ વગેરે તૈયાર કરવાપણુ.

સિંહિની પું. (પિંગળ) એ નામે એક પ્રચલિત ગીતિ માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ૩૨ માત્રા હોય છે અને ૧૨ તથા ૨૦ માત્રાએ યતિ હોય છે બીજા દલમા ૩૦ માત્રા હોય છે અને ૧૨ તથા ૧૮ માત્રાએ યતિ હોય છે તેનાં વલ્લરીગીતિ અને વલ્ગુગીતિ એવા બે નામ છે.

સિંહી ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક આર્યા જાતિ માત્રામેળ છંદ. તેમાં ૫૩ લઘુ અને ૨ ગુરુ મળી ૫૫ વર્ણની ૫૭ માત્રા હોય છે

૨. સ્ત્રી. એ નામની એક વનૌષધિ; અરડૂસી

૩. સ્ત્રી. એ નામની એક વિદ્યા, વરાહી વિદ્યાની વિરોધિની વિદ્યા.

૪. સ્ત્રી જંગલી ભંગ

૫. સ્ત્રી. ભોંયરીંગણી.

૬. સ્ત્રી. રાહુની માતા; સિંહિકા.

૭. સ્ત્રી. સિંહણ.

સિંહીતનુજ પું. રાહુ નામનો ગ્રહ.

સિંહેંદ્રમધ્યમ પું. (સંગીત) બત્રીસ આંકેનો રૂપમો થાટ. તેમાં ગાંધાર અને ધૈવત કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના ચાર સ્વરો શુદ્ધ આવે છે

સિંહોદ્ધતા જુઓ સિંહોન્નતા

સિંહોન્નતા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. સિંહોદ્ધતા; વસંતતિલકા; ઉદ્ધર્ષિણી તે લક્ષ્મી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ભગણ, બે જગણ અને બે ગુરુ એમ બાર અક્ષરો હોય છે આમાં આઠમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

સીઆ પુ (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૬ લઘુ અને ૧ ગુરુ મળી ૧૨૭ વર્ણની ૧૨૮ માત્રા હોય છે.

સી આઇ ઈ. [અં.] પુ. ખિતાબનો એક જાતનો ખિતાબ; 'કંપેનિયન ઑફ ઇન્ડિયન એમ્પાયર'નું ટૂંકું રૂપ

સી આઇ ડી. [અં.] ન. ખાસ 'ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડીપાર્ટમેન્ટ'નું ટૂંકું રૂપ.

સીઆવ સ્ત્રી. (જરથોસ્તી) મરણથી ત્રીજે દિવસે મયરમી પછી ચાર બાજ ભણીને પવિત્ર કરવામાં આવેલી કપડાંની જોડ. તેને જમેહ, અસોદાહ પણ કહે છે.

સીઆંગડી સ્ત્રી. કીઓજનના રાજા કોમુએ ઈ સ. પૂર્વે ૧૭૨ના વરસમાં શોધી કાઢેલી રોતરંજને મળતી એક રમત, હાથીની રમત. તેમાં ૬૪ ખાનાં, વચ્ચે આડો અને પટના બે વિભાગ કરનારી નદી હોય છે. દરેક બાજુના લશ્કરમાં ૬ મહોરાં, ૨ ઘડગોળા હોડનાર ઊંટકરા અને પાંચ પ્યાદાં હોય છે. આને ચોંગકી પણ કહે છે.

સીઉસિણ ૧. [સં. શીતોષ્ણ] ન. (પ્રાકૃત) ઊનું અને ઠંડુ

૨. ન. સુખ અને દુઃખ

સી એસ આઇ [અં. પુ. સરકારનો એક જાતનો ખિતાબ; 'કંપેનિયન ઑફ ધ સ્ટાર ઑફ ઇંડિયા'નું ટૂંકું રૂપ.

સીક ૧ [ફા. સીખ] ન. લોઢાનો લાંબો પાતળો સળિયો; લોખંડી ગજ.

સીક મારવી = ગુપ્ત કે ઢંકાયામાં શું છે તે તપાસવા તેમાં સીક ખોસવી; સીક વડે તપાસવું.

૨ [અ] વિ. માદું

સીકઠવું (સીકડવું) ૧. સ. ક્રિ. પકડવું.

૨ સ ક્રિ બાંધવું; પેક કરવું.

સીકડાવું (સીકડવું) અ ક્રિ જકડાવું, કસાઈ પડવું.

સીકર [સં] પુ પાણીનો છાંટો, ફરફર; શીકર

સીકલ ન. (વૈદક) પેટની જમણી બાજુએ આવેલો મોટા આંતરડાનો ભાગ, તેમાંથી એક આંગળ જેવો લાંબો નળીનો કોથળો નીકળે છે તેને એપેન્ડીક્સ કહેવાય છે.

સીકવાલ ૧. સ્ત્રી. એ નામની ઝાડાઝૂડની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

સીકેટર ન. બંગડીઓમાં વપરાતું એક હથિયાર. ગુલાબ વગેરેનાં કાંબળાં કાપવામાં તે કામ આવે છે.

સીખ જુઓ સીક ૧.

સીગારણો પું. (જુ. ગુ.) રાત્યમહોર કરનાર રાત્યનો એક નોકર.

સીગરો પું. સુતારનું એક જાતનું હથિયાર; પદાર્થને મજબૂત રાખવા માટેનો સંચો.

સીગલ્સ [અં.] ન. બ વ. એક જાતના દરિયાઈ પક્ષી. આ પક્ષી વહાણ ઉપરથી જે કચરો ફેંકી દેવામાં આવે છે તે ખાઈને જીવે છે. તેની આંખ તીવ્ર હોવાથી બહાસીઓ તેનેસ ભમરિનું સ્થાન નક્કી કરવા પાળે છે.

સીઝર (સીઝર) [અં.] પું. રોમન રાજદ્વારી પુરુષ, લડવૈયો ને લેખક. તેનો જન્મ ઈ. સ. પૂર્વે ૧૦૨માં જુલાઈની ૧૨મી તારીખે થયો હતો. પહેલાં તેણે પૂર્વમાં લશ્કરમાં નોકરી કરી હતી. ત્યાર પછી રોમમાં તે ઊંચી પાયરીએ ચઢ્યો હતો. કોન્સલ તરીકે ને ગોલના ગવર્નર તરીકે તેણે ઊંચા હોદ્દા ભોગવ્યા હતા. તેણે બે વખત ઇંગ્લંડ ઉપર સવારી કરી હતી. નેપોલિયનની માફક તે ફક્ત મોટો લડવૈયો જ નહિ પણ રાજદ્વારી પુરુષ હતો. તેણે ઘણા સુધારા કર્યા અને કેલેન્ડર ફરીથી સ્થાપ્યું. તેણે પોતાના ભત્રીજા ઓગસ્ટસનાં મહાન સામ્રાજ્ય માટે રસ્તો સરળ કરી દીધો. તે ઘણું વખત પરણ્યો પણ તેને સંતાન ન હતું.

સીઝવવું ૧ સ ક્રિ ધીમી મરમીએ બફાવા દેવું.

૨. સ. ક્રિ શાંત કરવું; ટાઢું પાડવું

સીઝવું ૧ અ. ક્રિ. ઠરવું, ધીજવું

૨ અ. ક્રિ. દિલગીર થવું

૩. અ. ક્રિ. દુ:ખી થવું

૪. અ. ક્રિ. દેખાવું

૫. અ. ક્રિ. ધીમે તાપે બરાબર બફાઈ ચડીને તૈયાર થવું; ચમાર રહેવું

૬ અ ક્રિ બળવું

૭. અ ક્રિ. માફક આવવું, સદવું.

૮. અ. ક્રિ. શરમ થવું.

૯. અ. ક્રિ. શાંત પડવું.

૧૦ અ ક્રિ. સિદ્ધ થવું, પાર પડવું

સીટ ૧. [અં.] સ્ત્રી. બેઠક; આસન, બેસણું, કામ; બેસવાની જગા.

૨. સ્ત્રી. ક્રોપબિયારનો ખાસ શબ્દ.

સીટી ૧. સ્ત્રી. ઓઠ કે મૂખળી જેવા સાધનથી પવન ફૂંકીને કરાતો તીણો અવાજ.

૨. સ્ત્રી તીણો અવાજ કરવાની મૂખળી કે સાધન, સિસોટી

સીઠ [અં] ન. બી; બિયું

સીઠવું (સીઠવું) ૧. સ. ક્રિ. બટા કરવું.

૨ સ ક્રિ. દાબીને બંધ કરવું; સજ્જડ પૂરવું, જાદી દેવું; મજબૂત રહે, ખુલ્લું થઈ જાય નહિ એમ સજ્જડ કરી નાખવું

બીડવું સીડવું = ચૂપચાપ

સીડી (સીડી) ૧ પુ. (પિંગળ) એક અર્ધ સમમાત્રિક છંદ. આ છંદ પદ્ય છંદને મળતો છે. તેના વિષમ પદમાં ૬, ૨ અને ૫ મળી ૧૩ માત્રા હોય છે. અને સમ પદમાં ૨, ૪ અને ૪ મળી ૧૦ માત્રા હોય છે

૨. સ્ત્રી. આરોહણ; સોપાન

૩. સ્ત્રી ક્રમ

૪ સ્ત્રી. છાપખાનામાં અક્ષરવાળું કારમ ચઢાવવાને રાખેલી લાકડાની લાંબી પટ્ટી

૫. સ્ત્રી. નિસરણી; પગથી

૬. સ્ત્રી. મોન્ટેસોરી પદ્ધતિ અનુસાર બાળકોને ઇંદ્રિય દ્વારા શિક્ષણ આપવાનું સાધન. સીડીના ત્રણ પ્રકાર છે: લાંબી અને પહોળી સીડી ઇંદ્રિય કેળવણી અર્થે તેમ જ રંગીન સીડી ગણિત જ્ઞાન આપવા માટે વપરાય છે

૭. સ્ત્રી. રમતનો એક પ્રકાર; કોઠાદાવ, બોડી બમચી; બીજાની દાવ. તે છ થી બાર વર્ષ સુધીનાં બાળકો રમે છે. હાલમાં છોકરાઓ આ રમત રમતા નથી પણ છોકરીઓમાં તેનો સારો પ્રચાર થયેલો છે. દસ ફૂટ પહોળી અને વીસ ફૂટ લાંબી ખુલ્લી જગામાં રમવાનો કોઠો બનાવવો અને તેના સાત ખંડ પાડવા દરેક ખંડની લંબાઈ છ ફૂટ અને પહોળાઈ અઢી ફૂટ રાખવી. દરેક રમનારે એક ઠીકરાનો ટુકડો અઢી ઇંચ બાજુનો કે ઇંચ બાજુનો ચારો, લીસો અને ગોળ બનાવી લેવો. તેને ભટ્ટો કહે છે એ ભટ્ટો વચમાં ઊંડો અને બધી બાજુએથી કાંઠે ઊંચો હોવો જોઈએ. જો સપાટ હશે તો તેને ઠોકર મારતાં વિશેષ લાભ જરૂર નહિ. માટે ભટ્ટો એવો પસંદ કરવો કે તેને મારેલી જગાએ નાખી શકાય, ઠોકર મારીને લંબે ધકેલી શકાય, પગ લાગતાં તેના ટુકડા ન થઈ જાય. રમનારાઓએ અનુક્રમ ઠરાવી તેનાથી રમત શરૂ કરવી. દરેકનો પહેલો વારો થઈ ગયા પછી બીજો વારો આપવો અને પછી ત્રીજે રમનારે પ્રથમ ભટ્ટો પહેલે, બંડની હદમાં નાખવો અને લગટીથી ચાલીને તે ખંડમાં જવું. પહેલું પગલું એ ભટ્ટા પર પડવું જોઈએ પછી એક પગ અદ્ધર રાખીને જ તે ભટ્ટાને તે બંડની વચમાં એવી રીતે ઠોકર મારવી કે તે બાંધેલ હદની બહાર જાય અને તે જ્યાં પડ્યો હોય ત્યા પોતે ઠેકીને તેના ઉપર પડવું. એ પ્રમાણે બીજા બંડમાં, ત્રીજા બંડમાં અને એમ આગળ વધતા જવું. ભટ્ટો જો બારેલા બંડની હદમા પડે નહીં, બંડની હદ ઉપર પડે, બંડમાં જતાં કે ભટ્ટાને ઠોકર મારતાં પોતાનો પગ જો કોઈ પણ રેખાને અડકે, અથવા ભટ્ટો બહાર પડ્યા પછી પણ રમનારે તેના ઉપર બરાબર ન પડે તો ભૂલ થઈ ગણાય અને તેનો વારો બંધ પડે. ભટ્ટાને ઠોકર લાગી ન હોય તો બીજી ઠોકર મારવાની છૂટ છે. ભટ્ટો જો કોઈ પણ રેખાને તદ્દન અડકે પડે તો રમનારે બીજો છોકરો તે રેખાની ઉપર પોતાનો ભટ્ટો ઊભો કરે છે. તેને દોરો કર્યો એમ કહે છે. રમનારે જો દોરાને અડ તો પણ ભૂલ ગણાય અને તેનો વારો બંધ પડે. રમતા રમતાં ભટ્ટાના બે ટુકડા થઈ જાય છે એ બંધ. ટુકડા એ બંડની હદમાં જ રહેવા જોઈએ. કોઈ પણ છોકરાના લાતે બંધ પૂરા થઈ જાય તો તે કાઢી પણ બંડને પોતાના ઘર તરીકે પસંદ કરે. તે ઘરમાં બીજો કોઈ પણ આવી શકે નહિ માત્ર ઘરવાળો તેમાં અને પગે ચાલી શકે બે ત્રણ છોકરા એવાં ઘર લાઈ લે તો પછી રમવાનું બહુ કઠણ પડે છે અને ખેલ બંધ જ કરવો પડે છે એટલે વખતે રમનારને ઘર ન આપતાં ગુપ્ત આપવામાં આવે તો રમત બંધ કરવી ન પડે

સીડોસીઢ (સીડોસીઢ) જ અડોઅડ; બીસાર્ઢ ને.

સીબુ ૧. જી. ધાબરા કે ચણિયાને નેફે કરચલી પાડીને સીવતું સીવણ.
૨. જી. ધાક.

સીબ્ગાર ૧. પું. (ચારણ) નાગરપિંગળ માંહેનો વર્ણમેળવાળો એક છંદ
૨. પુ. શણગાર; આભૂષણ

સીબ્વી જી એ નામે એક ઝાડ, તે વાડમાં થાય છે તેના પાદડાં ગોળ થાય છે. તેની સોટીમા ગાંઠે ગાંઠે નાની ડાળો થાય છે. તેમાં બોર જેવડા ધોળા દાણા થાય છે. તેને મીણવા કહે છે

સીબ્વું ૧. જ ક્રિ. કરમાવું; ચીમળાવું.
૨. જ ક્રિ. બંધ થવું

સીબ્વી જી છીણી, લોઢું કાપવાનુ હથિયાર

સીબ્વો પુ રાજ્યરો અથવા રાર્ય બંધુ કીયુ ખડ.

સીત ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. ગણપ્રસ્તારપ્રકાશમાં આ છંદ વૃદ્ધપદી છપ્પ છંદનો એક ભેદ છે. તેમા ૩૨ ગુરુ અને ૯૨ લઘુ મળી ૧૨૪ વર્ણ હોય છે.
૨. જી. એ નામની એક રમત. તે અમદાવાદ તરફ રમાય છે
૩. જી. સીતાજી
૪. જી. ઝળપણી; ઝોક
૫. જ. ખેતીની પેદાશ.
૬. જ. રાજ્યની જમીન.

સીતલ ૧ પું (જૈન) દશમા તીર્થંકરનુ નામ.
૨ જિ. ઠંડું.

સીતલપટ્ટી જી સુંદર ઠંડી સાડી.

સીતવા જી. સીતા; જનકની, વૈદેહી; જનકપુત્રી.
ભિક્ષા લોને સતી **સીતવા** રે
અમે ભૂખ્યા ઊઠીએ સતીત
તું રે મારે મન ગમતણ જતિ, લોકગીત

સીતવૃષ્ટિ પું. એક જાતનું રત્ન. તે ઠંડી વૃષ્ટિ વરસાવતું હોય એમ દેખાય છે.

સીતહર ૧. પું. સીતાને હરનાર રાવણ.
૨. જ. ટાઢને હરનાર વજ્ર.

સીતા ૧. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, તગણ, મગણ, યગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.
૨. જી. આકાશ ગંગાજીની સાત માંહેની એક ધારાનું નામ.
૩. જી. આમુર નદી. તે પેસિફિક મહાસાગરમાં પડે છે.
૪. જી. ખેતરમાં હળની રેખા.
૫. જી. ખેતીની પેદાશ
૬. જી. ગીતાના અઢાર માંહેનુ એક નામ.
૭. જી. ચૌદ માંહેની એક મહા નદી. હાલની યાર્કંદ નદી. તેના ઉપર યાર્કંદનું શહેર આવેલુ છે.
૮. જી. છપ્પન માંહેની એક દિક્કુમારિકાનુ નામ.
૯. જી. (પુરાણ) જનકની પુત્રી; એક સતી. વિદેહવંશીય સીરધ્વજ જનકને આ કન્યા હળ વડે ચાસ પાડતાં ખેતરમાંથી મળી હતી. એમનો જન્મદિવસ વૈશાખ સુદ ૮નો મનાય છે. તે યોગ્ય ઉંમરની થતાં જે તેની પાસેનું શિવનુ ધનુષ્ય તોડી શકે એની સાથે જ સીતા પરણે એવુ સ્વયંવર કરી જનકે સીતાનો સ્વયંવર આરંભ્યો. એ ધનુષ્ય દશરથ પુત્ર રામચંદ્રજીએ તોડયુ અને સીતાની સાથે તેમનુ લગ્ન થયુ. પંદરો સમય પીતા પછી પિતાની આજ્ઞાનુસાર રામ વનમાં ગયા. સીતાને અયોધ્યામાં રહેવા રામે ઘણુ કર્યું છતાં આગ્રહ કરી તે તથા રામનો ભાઈ લક્ષ્મણ રામની સાથે વનમાં ગયા રામ ઘણો કાળ સીતા સાથે અરણ્યમાં ફરતાં ઊંચટે પંચવટીમાં આવી રહ્યા. ત્યાં એક વખત રાવણનો પ્રેરેલો મારીચ રાક્ષસ સુવર્ણમૃગનુ રૂપ ધારણ કરીને આવ્યો. એને જોઈને સીતાને એના ચામડાની ચોળી કરાવી પહેરવાનું મન થયુ. એણે રામચંદ્રને કહેતાં એ ધનુષ્ય બાણ લઈ એને મારવા ગયા અને તેને મારતાં મરતી વખતે મૃગે 'લક્ષ્મણ બાપજે,' એવા બોલી ભ્રમ પાડી. આથી સીતાએ રામચંદ્ર ભ્રમમાં છે એમ ધારી તેને સહાય કરવા લક્ષ્મણને પરાણે મોકલ્યો પાછળથી રાવણ ભિક્ષુકનો વેશ ધારણ કરી સીતાને ભરી ગયો અને એને લઈ જઈ અશોક વાટિકામાં રાખી. ત્યાં સીતા પોતાને વશ થતાં એમ કરવા રાવણે ઘણી યુક્તિઓ કરી. પણ તેમા નિષ્ફળ ગયો. અશોક વાટિકામાં સીતાનુ રક્ષણ કરવા રાક્ષસીઓ રાખી હતી. એના ત્રાસથી એક ત્રિજટા નામની રાક્ષસી સીતાને સમજાવતો. તે સીતાની સંભાળ લેતી, ધીરજ આપતી અને રામના સમાચાર કહેતી એક વખત પોતાના દુઃખથી કંટાળીને સીતાએ બળે ઢામો આર્ય કરી જવાનો પ્રયત્ન કર્યો હતો સુલાગ્યે તે જ વખત સીતાની શોધ માટે ગયેલ હનુમાન એનો પત્તો મેળવી અશોક વાટિકામાં ઊપર સંતાઈને બધુ જોતા હતા. તેણે તે વખત રામચંદ્રજીની વીંટી તેની પાસે નાખી પછી પોતે પ્રગટ થઈ રામના કુશળ સમાચાર આપ્યા અને સીતાને આશ્વાસન આપ્યું. તે જાણ થઈને ગયા પછી રામ વાનર સેના લઈને લંકા પર ચઢ્યા. સમુદ્ર પર એમણે સેતુ બાંધ્યો અને વાનર સેના લઈને સુવેળાચલ પર્વત પર ચઢીને ઊતરી. રાવણની સાથે યુદ્ધ થતાં સપરિવાર રાવણ હણાયો ત્યારે સીતાનો સ્વીકાર કરવાની ના કહેતાં સીતાએ ચિતા તૈયાર કરાવી તેમાં પ્રવેશ કર્યો. તેમાંથી સાક્ષાત અગ્નિદેવ સીતાને ખોળામાં લઈને બહાર આવ્યા અને કહ્યું કે હે રામ ! હું આજ્ઞા કરું છું કે, પરપરદિત શુદ્ધભાવવાળી અને પહેલાંના જેવી શુદ્ધ જનકપુત્રીનો સ્વીકાર કરો પછી રામે સીતાનો અંગીકાર કર્યો. ત્યાર બાદ સીતા સહિત રામ અયોધ્યામા આવ્યા. અયોધ્યામાં સુખે રાજ્ય કરતા હતા તેવામા, ઘણા સમય બાદ સીતાએ ગર્ભ ધારણ કર્યો એ વખતે અયોધ્યાના કોઈ ધોબીએ સીતા સંબંધે નિંદા કરી, એ વાત સાંભળી રામે સીતાનો ત્યાગ કરી એને વનમાં મોકલી દીધી. આગળ જતાં સીતા વાલ્મીકિ ઋષિના આશ્રમમાં રહેતી હતી ત્યાં એને લવ અને કુશ નામે બે પુત્રોનું યુગલ પ્રસવ્યું વાલ્મીકિએ હજારો શ્લોકોની સમક્ષ સીતાનાં શુદ્ધાચરણ અને પાવિત્ર્ય સ્થાપિત કરી એને પુત્રો સહિત રામને સ્વાધીન કરી ઋષિ પોતાને આશ્રમે પાછા ગયા. અહીં સીતા એકાએક ભૂમિમાં સમાઈ ગયાં તેને અયોનિજા, ભૂમિજા, ધરણીસુતા, પંથિરી વગેરે ઘણા નામ આપવામાં આવ્યાં છે
૧૦. જી. દુર્ગાદેવી.
૧૧. જી. ધાન્યની અધિષ્ઠાત્રી દેવી.
૧૨ જી. એલચામના એસ. જી. કાપડેકરની એ નામની એક ગાય. તેની ઉંમર સાડાચાર વર્ષની છે. તે અમરજી સાંઢ અને મિર્ધા ગાયની ઓલાદ છે. તેના પહેલા વેતરમા સને ૧૯૫૧માં દશ માસ અને દશ દિવસમાં તે ગાયે કુલ ૭,૫૦૦ રતલ દૂધ આપ્યું હતું વચ્ચે દશ દિવસ જ માત્ર દૂધ આપ્યા વગર તે ફરી બિયાણી હતી અને બીજા વેતરમાં સને ૧૯૫૨માં ૮,૦૫૦ રતલ દૂધ આપ્યુ હતુ ત્રીજા વેતરમાં તે ગાય દરરોજ ૬૦ રતલ દૂધ આપે છે.
૧૩. જી. લક્ષ્મીદેવી
૧૪. જી. શાંતિ.
૧૫. જી. (પુરાણ) સ્વરપુનીના ચાર માંહેનો પૂર્વ દિશા તરફનો પ્રવાહ એ ગોમુખન પર્વત ઉપરથી ભરાય દેશમાં વહીને ક્ષાર સમુદ્રને મળે છે
૧૬. જી સ્વર્ણની નદી.
૧૭ જી. ઢાળમાં ઊપર આવેલો લાબો ને ઊંડો ખાડો, ખાઈ; પરિખા

મૂકવા ને બે તળિયા, બે પારાઓ, બે પિંડો, બે નાના પિંડો અથવા પિંડિકાઓ છે. તેમજ તેને પાંચ સીતાઓ અથવા બાઈઓ હોય પાંચ પ્રબંધનીઓ છે. અલકનંદાસ્તોત્ર

૧૮. સ્ત્રી.જ. અથર્વ વેદની એક ઉપનિષદ.

૧૯. ન. પાટલાનું ઝાડ.

સીતાકુંડ પું. ભારતવર્ષનું એ નામનું એક તીર્થ સ્થાન.

સીતાદેવડી (સીતાદેવડી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ બધાં ઉપયોગી છે. તેનાં ફૂલ બાફીને રાની લોકો દુકાળમાં ખાય છે. તે વડોદરા રાજ્યમાં ઉત્પન્ન થાય છે.

સીતાપતિ [સં. સીતા + પતિ (ધણી)] પું. દશરથપુત્ર શ્રીરામ.

સીતાપંથી વૈરાગી પું વૈરાગીનો એક પ્રકાર. તેઓ ભગવા ટોપી પહેરે છે અને એક વાંસને અને છેડે ટોપલી બાંધે છે. તેના ઉપર રાતુ લૂગડું હોય છે. આ ટોપલીમાં સમાજળ હોય છે. જેને તેઓને દ્વારકા અથવા જગન્નાથજી જઈ જવાની પ્રતિજ્ઞા કરી હોય છે.

સીતાપ્રિય [સં. સીતા + પ્રિય (વહાલું)] પું. રામચંદ્ર.

સીતાફળ ન. એક જાતનું ફળ. તે ઘણાં ઝાડચડ્ડ હોય છે અને તેમાં સફેદ પેશીઓ હોય છે. તેના ઉપર સફેદ મર હોય છે અને ઝાળા ઢળિયા હોય છે. સીતાફળને અંગ્રેજીમાં કસ્ટર્ડ એપલ કહે છે. તેનો વર્ગ એનોનેસી છે. સીતાફળના ઝાડ ઊંડા ફળની જમીન હોય અને તેની અંતર ભૂમિ મુરમ અથવા પથ્થરની હોય કે જેમાં પાણી ભળતું ન હોય તેમાં સારાં થાય છે. પણ તે વાવવાની જમીનમાં ગામના ઉકરડાનું ઝળતિયું ખાતર નાખ્યું હોય તો બહુ જ માફક આવે છે. આવા પ્રકારની જમીનમાં ખાતર નાંખી બે ફૂટ ઊંડો અને બહુ ફૂટ પહોળો ખાડો કરી સીતાફળના બીમાંથી ચોમાસામાં રોપ કરી એક વરસનાં થાય ત્યારે બાજા ચોમાસામાં જ ફેરવીને વાવવાં. વાવતી વખતે ગળતિયું ખાતર નાખવું તથા ઉપરની સપાટીની માટીથી ખાડો પૂરવો અને પાણી પાવું. દરેક સીતાફળી ૧૫ પંદર ફૂટને અંતરે વાવવી. સીતાફળનાં તાજાં બી ઠિવાળી ઉપર સીતાફળ પાકતા હર્ષ મળે છે તે બી ત્યારથી પાત્ર ઉપર જણાવેલા ખાડા ખાતર અને માટીની સળંગેળ કરી પૂરીને વાવ્યાં ને પાણી પાવું સીતાફળ કાયમની જમીનમાં બી વાવવાથી પણ ઊગાડી શકાય છે. રોપા કરવાની તેની જરૂર રહેતી નથી. બી વાવવા માટે કારતક મહિનાની મોસમ ઉત્તમ છે. કારણ ટાઢ બહુ હોતી નથી, તેમ જ તાજાં બી પણ મળી શકે છે. સીતાફળ બહુબંધકે બીમાંથી જ કરવાનો રિવાજ હોય છે. સીતાફળનાં બી પંદર ફૂટને છેટે ખાડામાં વાવી દેવાં ને વચગાળાની જમીનમાં બટેટા કુવારામાં પાણી બાંધી કારતક કે આસો માસમાં વાવવાં એટલે જમીનની ઊપજ પણ આવે છે. સીતાફળી બે વરસે મોટી થઈ જાય છે. સીતાફળી ત્રણ કે ચાર વરસની થાય એટલે તેમાં ફળ આવે છે તે ૧૫ વરસની ઘટ લાંબુ ફળ આપ્યા કરે છે પછી ઉતરત. દરબ્બનના ફળ આપની મરી જાય છે. ગરમ ઋતુમાં તેનાં પાતરા વગેરે ખરી જાય ત્યારે જમીન ખોદી નાખી તેનાં મૂળ પાસે ખાતર નાખવું ને પાણી પાવું. આથી બહુ સારો ફાલ આવશે. ઑગસ્ટ માસમાં સીતાફળીમાં ફૂલ આવે છે ને ઠિવાળી ઉપર સીતાફળ પાકે છે પદર ફૂટ છેટે વાવતાં એક એકરમાં ૧૬૩ ઝાડ વવાય છે. તે દરેક ઝાડ પૂરા ફળતાં નથી. કુમરોની સફરી માટીવાળી ચૂના પથ્થરની જમીનમાં સીતાફળી ખૂબ થાય છે. તેનું કારણ જમીન બીનારાવાળી ને નરી ફળદ્રુપ હોય ૪ આ ઝાડ મૂળ વેસ્ટ ઇંડિઝનું વતની છે, પણ તેનાં સ્વાદિષ્ટ ફળો માટે હાલ બધાં દેશોમાં વવાય છે. હિંદનાં જંગલોમાં આપમેળે ઊગતું થઈ ગયું છે. પાનમાંથી મળી જેવું રંજક તત્ત્વ નીકળે છે. તેમનો ફૂંઢ અન્ડાનાં ગુદભેદ (આમણ)માં પીવા તથા ચોપડવા વપરાય છે. ઝાડ, મૂળમાં ઉપર પાન વાટી ચોપડવાથી પડવી પરુ એની કાઢી શોધન કરી કે અંદરનું જખમેલું લોહી વિખેરી નાખી સુધારે છે. વાટી નાકમાં ચોપડવાથી કે નાકમાં રસ નાખવાથી મૂર્છામાં શુદ્ધિ આવે છે, ડિસ્ટીરિયામા ગતન આવે છે. ફળમાનો મિષ્ટ મર શાંતિકર અને પૃષ્ટાસામક છે. તેમાંથી એક જાતનો ઘારૂ તૈયાર કરવામાં આવે છે. ઝાડાં ફળોનું શાક ચૂર્ણ સોટમાં ભેળવી બાળમાં નાખવાથી ચૂનો મરી જાય છે પાકા ફળની છાલમા બધુંનું શોધારોપણ કરવાનો તેમ જ તેમાનાં જંતુઓનો નાશ કરવાનો ગુણ છે. બીજ જંતુનાશક છે. બારીક વાટી વાળમા નાખવાથી જૂ મરી જાય છે, પણ આખમાં પડે તો આખને નુકસાન થાય છે, એટલે સાવચેતીથી વાપરવા જણાવ્યું છે. મૂત્રાંતર માટે ચોનિમા રાખવાથી ઋતુપ્રાપ્ત થાય છે ગર્ભવતીથી ન રખાય, ગર્ભપાત કરે બીજમાંથી તેલ ને રાળ મળે છે. નવ તીવ્ર, રેચક, તીક્ષ્ણ મરડો, પ્રાણવાયપ્રકોપ અને કરોડરજ્જુનાં દરદને મટાડે છે છાલમાંથી ઢલકા રેસા મળે છે ઝાડ ઉપર લાખનાં જંતુ ઊછરે છે. ફળ જંતુઘ્ન છે. બીજનો મલમ દરદ ઉપર સારો છે

સીતાફળી સ્ત્રી. સીતાફળનું ઝાડ.

સીતારપટન ૧. ન. ઓંકાર ક્ષેત્રની પાસેનો એક પ્રદેશ

૨. ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થાન. લોકકથા છે કે, અહીં વાલ્મીકિ ઋષિએ અમુક સમય સુધી તપ કર્યું હતું. તે સમયે સીતામાતા તેનાં દર્શન માટે આવેલ હતાં. તે વખતે ત્યાં બ્રાહ્મણોને ષડ્રસભોજન કરાવેલ હતા. તેનાં રસમયુચિહ્નરૂપે ભોજનની પાતળ પથ્થર ઉપર બનેલી છે. ભોજન પીરસની વખતે જ્યાં સીતા બેઠી બેસેલ હતા તે સ્થાનને સીતારપટન કહેવા લાગ્યા. સ્થાન રમણીય અને દર્શન યોગ્ય છે અહીંથી ૫ માઈલ દૂર પર્વત અને જંગલના ભાગે મધુપુરીધાટ જવાય છે

સીતારામ ૧ પું. નમસ્કારાત્મક શબ્દ.

૨ પું, બી સીતા અને રામની જોડલી, આદર્શ દંપતી

જય જોડી જોડ પંચવટી પધારો,
જે ફૂલ ફૂલમા આડી **સીતારામ**નાં સિદ્ધ જન
દંપતી સમાધે યજ્ઞ આદરો
ન્હાનાલાલ

સીતાવન ન (પુરાણ) એ નામે એક ભારતવર્ષનું વન

સીતાસાલ પું. ખમાણામા થતા ચોખાની એક મુખ્ય જાત

સીતાસેજ સ્ત્રી. કાલિંજર પર્વતનો એક કુમરાળ પ્રદેશ

સીતાહર ૧. [સં. સીતા + હર (હરનાર)] પું સીતાનું હરણ કરનાર રાવણ

૨. વિ સીતાનું હરણ કરનારું

સીતાહાર ૧. ન એક જાતનાં ઝાડનાં બીજ

૨. ન એક જાતની દવામા વપરાતી વનસ્પતિ. કડા અને સમશીતોષ્ણ મુલકમાં આ વનસ્પતિ ઊગે છે હિમાલય ઉપર પણ આ વનસ્પતિ થાય છે. તેના અસિમ કેપ આછા પીળા રંગના હોય છે અને સત્તરમી સદીથી દેશમાં વપરાતા આવ્યા છે તેમ છતાં હજુ તેમાં કોઈ જાતનો ઔષધિનો ગુણ માલમ પડતો નથી. માત્ર બહારથી જ તેને લગાડવામાં આવે છે અસિમ કોષની રાખ પાકો રંગ કરવાના કામમા આવે છે

સીતોદા સ્ત્રી ચાંદ માહેની એક મહા નદી.

સીતોમા જી. સીતા.

સીતોમા પરમારાધ્યા, અનંતા નિષ્કલામ્બા,
રમતા આકેચરી નિત્યા, રા.ચેતી પરમ.હાર.
અધ્યાત્મ રામ.૫૭

સીત્કાર ૧ પું ઉશ્કેરવા કે ઉત્તેજવાનો અવાજ.
૨ પું ઓઠથી પવન ફૂંકો કહાતો અવાજ; અંદર ખેંચતા કરાતો કે થતો સીત એવો અવાજ.
૩. પું. (યોગ) કુંભકનો પ્રકાર.
નાકના અને છિદ્રો દબાવી બહારના પવનનો સીત્કારે. કરીને બે હોઠની વચ્ચે હબને અર્ધગોળાકારે રાખીને મુખથી અંદર ખેંચવો. પછી કુંભક કરી નાકના બંને છિદ્રો દ્વારા રેચક કરવો તે **સીત્કાર** ત્રિકાળદર્શકદર્પણ
૪ પું કોઈને બોલ વવા અથવા ચેતાવવ, માટે દાંતમાંથી પવન નીકળે તેવી રીતે સીત્ સીત્ એવા ટૂંકા અવાજ કાઢવા તે.
૫. પું પ્રેમનો કે સ્નેહનો શબ્દ.
૬. પું. ફૂંફાડો.
૭. પું. ભય અને ઠંડીની મુખ્યત્વે ઓઠ કે મોં મૂજ્યાં બતો એવો અવાજ.
૮. પું. સીસકારી.
માં, મા, મૂઆ મને, અરે કાઠ ' કહી ઓઢતી દે.ચે બના બોબાઈ કબૂડો કરતી કરનો ડંખો દીધે ઉંતના, વામા નેન મૂખાવની મૂકી મુખે **સીત્કાર** ચૂમી બળે, પામ્યા તે જ અમી, મમ્યો અવરના કોરોડ પેલા સુરે.
અમકેરાતક

સીત્કારવું અ. ક્રિ. સીત્કાર કરવો.

સીત્કારી જુઓ સીત્કાર.

સીત્કારો જુઓ સીત્કાર.

સીત્કૃમ કપાલભાતિ જી (યોગ) એ નામની યોગની એક ક્રિયા. સીત્કારશબ્દ વડે મુખવાટે જલનું આકર્ષણ કરી, નાસિકાનાં બંને છિદ્રો દ્વારા તેને બહાર કાઢવું. તે ક્રિયાને સીત્કૃમ કપાલભાતિ કહેવાય છે.

સીથ [સં. સ્થિત] જિ. સ્થિત; રહ્યાની; કાયમ.
રમૂ નહી ખરી એક ઈ **સીથ**,
બાલ્યે ગજ બોબાબ્યું કવિત્ય. ભોમ

સીથિયન જી એ નામની એક જાતિ; શક લોકો તેઓ ક્રિસ્તમાં ઈ. સ. પૂર્વે ૩૨૭માં આવ્યા હતા.

સીદકું ન. સીદીનું બાળક.
સીદી વહારા **સીદકાં**નો કાળુડો રંગ
મેઘાણી
સીદીબાઈને સીદકાં વહાલાં = પોતાનું બરાબ હોય તે પણ પોતાને ગમવું

સીદણ જી. સીદીની સ્ત્રી; સીદણ, જાસણ.

સીદરડી (સીદરડી) ૧. જી. એક જોડ; સેદરડી.
૨ જી મદા સુહાગણ; સૌભા.ગ્ય સુંદરી.

સીદરી જી બિલાડી.

સીદી ૧. પું સીધી; હબસી; શીદી.
સીદીભા.ઈનો કાળો કાન = કામ કરવાની સહેલી રીત પડતી મૂકી અઘરી રીત ગ્રહણ કરવી
૨ જી એ નામની મુસલમાનની એક જાત. આ જાતના લોકો મે.૨.૬ટમાં ઘણા ઓછા છે. જે છે તેનો મોટો ભાગ જાફરાબાદ, જંજીરા, જંબુડા-ની આસપાસમા છે. સીદી-હબસી અસલ આફ્રિકના વતની ગણાય છે ઔરંગઝેબ. ક્યારે ભારતી આવ્યા, તે ચોક્કસ જાણી શકાયું નથી જામ રાવ રાજ્યમાં (પ્રમાણમાં) તેની ઘણી વસ્તી જણાય છે. જામ વિભા તથા જામ રણમલના સમય દરમિયાન આ૨બ, સીદી વગેરેના પહેરા, ચોકી કે ઘરના ચાકર તરીકે નોતરવામાં આવેલ આ લડાયક કોમ મજબૂત છે. શરીરે પડછંદ, સીસમ જેવા શ્યામળા વાંકડિયા વાળ અને ઉપસેલા ગાલ હોય છે. સીદીઓનું રાજ્ય એક વખત જાફરાબાદ અને જંજીરામા હતું. મોગલ બાદશાહના તે વખતના સુબાના સરદારે સીદી સિમેલે સ્વતંત્ર કરી તે વખતી લીધેલા વખત જતાં જાફરાબાદ અને જંજીરા સહિત સીદી રાજાઓ પાસે બાર ગામ હતાં
૩. ન એ નામની જાતનું માણસ.
૪. જિ. એ નામની જાતનું.

સીધ ૧. જી જ્ઞાનમ તરફ રમાતી એ નામની એક રમત.
૨. જી. ખબર; સમાચાર.
૩. જી. નેમ ટાંકવી તે
૪. જી. શોધ.
૫. જી સીધાપણું.

સીધણ જુઓ સીદણ.

સીધવું ૧ [સ સિધ્ (સ્વાર્થ)] અ. ક્રિ. સિદ્ધ થવું; સફળ થવું; પાર પડવું.
હવે અર્થ આખ્યો **સીધ્યો** રે,
ભાઈ મેઘનાદ સાથર કેમ પાધો રે.
પ્રેમાનંદ
૨. સ ક્રિ સીધવવું, દેખાડવું

સીધવો ૧. પું ઊંચો વધેલો ઝોકરો; ભાખડો.
૨. પું ઊંટડા ઉપરનો ભાગ.
૩. પું. ગાડું ઝિલાતી ન જાય માટે પાછવાડે ગોબો રોકવાનો લાકડાનો બે અદી હાથ લબાઈનો ગોળ કકડો.

સીધસેરી ન. એક જાતનું ઝાડ; સપેસરો. તેનાં પાન ઝીણાં અને ફળ અને ફૂલ મોટાં થાય છે. આ વૃક્ષ ૧૫થી ૨૫ ફૂટ ઊંચા થાય છે. તેનાં પાન સયુક્ત અને બાવળનાં પાન જેવાં ઝીણા હોય છે. એક સળી પર ઘણાં પાન હોય છે. ફૂલ ધોળાં મધુર વાસવાળાં અને ઊપડ્યા પછી પીળા રંગનાં થઈ જાય છે. શિંગ લાબી, ૧ ઇંચ પહોળી અને ચપટી થાય છે.

સીધાઈ ૧. [હિં.] જી. સીધાપણું; સરલતા, પ્રામાણિકપણું.
૨. [સીધુ + આઈ (નામ બનાવનાર પ્રત્યય)] જી સીધું હોવું તે: સીધાપણ

સીધાપણ ન. સીધું હોવું તે, સીધી લીટીમાં હોવું તે; સીધી લીટીએ રહેલું અંતર; સીધી લીટી

સીધાવંશ પું. (જૈન) જૈન મત પ્રમાણે એક ઉત્તમ વશ

સીધી જુઓ સીદી

સીધીપદ્ધતિ જી પ્રત્યક્ષ પદાર્થ બતાવીને તથા શરીર વડે જુદી જુદી ક્રિયાઓ કરી બતાવીને પરભાષાનું સીધી રીતે જ્ઞાન આપવાની પદ્ધતિ; ' ડાયરેક્ટ મેથડ '.
મૂર્ખિના સિદ્ધાંત પ્રમાણે હરકોઈ વિષય પરદેશી ભાષા દ્વારા પણ શીખી શકાય. આને આપણે Direct Method **સીધી પદ્ધતિ** કહીએ છીએ. યુગકલ્પ

સીધુ ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમા સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે.
૨ પું ગોળ કે શેરડીના રસમાંથી તૈયાર કરેલ મદ્ય

સીધુપુષ્પ ૧ [સં.] ન. કદંબનું ઝાડ.
૨. ન. બોલસરીનું ઝાડ.

સીધુપુષ્પી જી. ચાવડીનો છોડ.

સીધુમુખ ૧ જી સૌ.ષ્ટ્રની આજુબાજુ વસતા અનાર્ય લોકોની એક જાત
૨. ન એ નામની એક અનાર્ય જાતિનુ મ.ણસ.
૩. જિ એ નામની જાતિનુ.
તે વખતે **સીધુમુખ** (સૌરાષ્ટ્રની આજુબાજુ) અનાર્યો વસતા. કાઠિયાવાડ ટાઇમ્સ

સીધુરસ [સ.] પું. જાસો

સીધું ૧. ન. ખડો; ઇરજાર, સત્કાર
સીધુ કોબ્યુ = ભાવ પૂછવો, ખડો કરવો.
૨ ન. રાંધી ખાવા જેટલું કાચું અનાજ વગેરે તે; સીધુ સામાન, લોટ, ચોખા, દાળ, ઘી, લાકડાં વગેરે રાંધી ખાવાનો સરસામાન

૧. સીધાંપાણી ખૂટવાં = પૈસા ટકા ખૂટી જવા.
૨. સીધુ પાણી-સામગ્રી-સામાન = સીધાતી સામગ્રી અથવા તેનો સામાન; ખાવાપીવાનુ.
૩. વિ. પાસકે; વાંક રહિત; પાધરુ.
૧. સીધાંપાણી આપવાં = માર મારવો
૨. સીધી રીતે = (૧) આડાઈ કર્યા વિના. (૨) સીધા વ્યવહારથી કે નરમાસથી.
૩. સીધું કરવું = માર મારીને ઠેકાણે લાવવું
૪. સીધુ ભેખવુ = માર મારવો.
૫. સીધુ સજાણવી દેવુ = મોઢામોઢ કે સાફસાફ કોમ તે કહી દેવુ.
૬. સીધો જવાબ = ઊડાઉ નહિ તેવો નિષ્કપટ જવાબ.
૭. સીધો સવાલ = આડીતેડી વાત કર્યા વિના કે ગોળગોળ નહિ એવી રીતે પુછાતો પ્રશ્ન
૪. વિ વાંકુ નહિ તેવું; એક લીટીમાં હોય તેવુ, રૈખિક; રેખારૂપ, રેખાકાર.
સીધે સરેડે ચડવું = રીતસર સીધે રસ્તે ચાલવુ કે વર્તવુ.
૫. વિ. સપાટ; જરા પણ ખાડાટેકરા નહિ તેવું.
૬. વિ. સરલ, નિષ્કપટી; પ્રમાણિક.
૭. વિ સવળ

સીધુંદોર વિ. દોર જેવુ; સીધુસટ.

સીધુંપાણી ન. ખાવાપીવાનુ

સીધુંસટ વિ. એકદમ સીધું; સાવ સીધુ; સીધી નજર પડી શકે તેવુ

સીધુંસાદું વિ. સીધુ ને સાદુ

સીધુંસામાન [સીધુ + ફા. સામાન] પુ. ભોજન; સામગ્રી; સીધુ.

સીધે પું. કડની કસરતનો એક પ્રકાર; એક પ્રકારનો દંડ. આ દંડથી છાતી અને ખભા મજબૂત થાય છે.

સીધેસીધું વિ. તદ્દન સીધુ.

સીધોહાથ પું. ગુજરાતની સાત બહેનોની એક પ્રકારની કસરત

સીન ૧ [અં.] પું. દેખાવ; દૃશ્યપાત વિષય.
૨. પું. નાટકનુ દૃશ્ય; નાટકમંડળના શૃંગાર, પડદા વગેરે દેખાવ.

સીનરી ૧. [અં.] સ્ત્રી દૃશ્ય; દેખાવ
૨ સ્ત્રી. રંગભૂમિની રચના કે ગોઠવણ; કૃત્રિમ રચના; રંગભૂમિ પર દેખાવમાં સાધનોની ગોઠવણી; નાટકનાં દૃશ્યો.

સીનસીનરી જુઓ સીનરી.

સીના [ફા.] પું. છાતી.

સીનાકસી [ફા. સીનાકશી] પું. એક પ્રકારનો દંડ કે કસરત.

સીનાઝોર ૧. [ફા.] વિ. છાતીવાળું; નિડર.
૨. વિ. જબ્બર; જબ્બી.
૩. વિ. ઢીલો.

સીનાઝોરી ૧. [ફા.] સ્ત્રી. દુરાગ્રહ; હઠીલાપણું
૨. સ્ત્રી. હિમત.

સીનાદાર [ફા.] વિ. દેખાવડું; સુંદર

સીનાબંધ [ફા.] સ્ત્રી. કમખો, ચોળી, પોલકું

સીનાબીન [ફા.] સ્ત્રી. છાતી તપાસવાની નળી.

સીનાસોરી પું. એક પ્રકારનો દંડ. આ દંડથી ખાસ છાતીને કસરત આપી મજબૂત બનાવાય છે.

સીનીસીઝમ [અં.-ફ્રેં.] ન. વક્રતવાદ; આંડપ્રપં.

કાર્યોત્પત્તીના સમયે પ્રભુ શ્રીસર્વે માટે એક મહામૂલા વારસો મૂકતા ગયો. એ વારસો એ એની ક્રિસ્તાસ્ત્રી એનુ નામ **સીનીસીઝમ**. એનું સ્વરૂપ ૩ પ્રકૃતિના અનુયાયી થવું. એને પૂજતાં સમાજ આડે આવે તો એની પરવા ન કરવી, મૃત્યુ આવે તો હોંસથી ભેટી લેવું. પણ નૈસર્ગિવાન પૂજતાં પૂજતા માનવમા રહેતી યથાર્થ માનવતાની દિવ્યતાનો સાક્ષાત્કાર કરવો. કૌમુદી

સીનેગોગ ન. યહૂદી લોકોનું દેવળ

સીનેપાયરમ પું. (વહાણવટું) ખૂણો

સીનેબર પું. સિંદૂર

હવે આપણે બે જાતની રાખોનો ઉલ્લેખ કરવો જોઈએ. એક અંબર (Amber) અને બીજી **સીનેબર** (cinnabar) સિંદૂર.

પુરાતત્ત્વ

સીનેરેડીઓગ્રાફી [અં.] સ્ત્રી. શ્વ કિરણોની મદદ વડે શરીરની ક્રિયાઓના ઝડપી ફોટા લઈને સિનેમા દ્વારા બતાવવાની ક્રિયા.

સીનો ૧. પુ. ચહેરો

તે લગભગ વૃદ્ધાવસ્થાને સ્પર્શી રહ્યા છે. આકાર ચિહ્નોથી તેની કલાકારીતરી મૂછો મુરપૂરે છે, નશાબરી હોય એવી તેની આખો હમ છે એનો **સીનો** ડરાવે અવો છે ઈંદ્રમાલાલ મુનશી

૨. [ફા. સીના (છાતી)] પું. છાતી, છાતીનો ફેલાવ; છાતીનો પહોળો વિશાળ ભરાવદાર દેખાવ, છાતીની વિશાળતા.
સીનો કાઢી ચાલવું = છાતી ટટ્ટાર રાખીને અક્કડ ચાલવુ.
૩. પુ. બહારનો દેખાવ; મોરો.
સીનો તેજદાર હોવો = બહારનો સીનો-મોરો સારો દેખાવો
૪. પું. હૃદય; મનોજગ.

સીનોદાફ ન. મહાન વિગ્રહમાં ખપી ગયેલા સૈનિકોની સામટી યાદ રાખવા સારુ ઊભું કરેલું ચૂના અને પથ્થરનું સ્મરણચિહ્ન

સીનોર પું. સિપાહી પારડી અને દમણ તાલુકામા પોલીસને અથવા અન્ય સિપાહીને સીનોર કહે છે. પોલીસ પોલીસ ભમ મારવી હોય તો સીનોર સીનોર કહે છે

સીપ ૧. [હિં] સ્ત્રી છીપ.
સમુદ્રમા ચમકાવત મું **સીપજા** સતાન
દલપતરામ
સીપનું મોતી = ઊંચી જાતનુ મોતી
૨. [સં. શુક્તિ પ્રા. સિપ્પિ] સ્ત્રી. માછલીને રહેવાનુ ઘર કે કોટલુ.
૩. સ્ત્રી. મૂદુકાયાદિનુ એક મુખ્ય અંગ.

સીપટીઉં ૧ ન બળદને સીપટી ન ચડે માટે તરેસ.માં સમેલના ઉપલા ભાગમાં રહેતી ચીપરની ગોળાકારની ઉઁઢાણીના આકારનું બનાવટ.
૨. ન. બે કોડિયાંની બનેલ સોપારી નાખો હેરાથી બાંધી કરે છે તે; સાપટિયુ.

સીપણી ૧. સ્ત્રી. છીપણ.
૨ સ્ત્રી. જળસિચન.
૩. સ્ત્રી. સીપવુ તે.

સીપમાછલી સ્ત્રી. છીપમાં રહેતી મોતી બનાવનાર માછલી.

સીપરી ન. શિવપુરી નામનું એક ગામ. શિવપુરી એક પવિત્ર ધામ છે. મધ્યભારતમા ગ્વાલિયરથી બોતેર માઇલને અંતરે ઉચ્ચ ટેકરી ઉપર એ આવેલુ છે. નાનુ શુ ગામડું છે પણ બારદાની કમાલ છે. ગ્વાલિયરના રાજવીઓની એ ગ્રીષ્મઋતુઆની રાજધાની હતી. કેકુવર્ણી એ ભૂમિની હરિયાળી કુંજો અને મહુડાનાં વનોમાંથી વહેતો શીતળ પવન પ્રવાસીની મનઃસૃષ્ટિને અપૂર્વ આહ્લાદથી ભરી દે છે. એક તરફ અદ્યતન વૈજ્ઞાનિક સાધનોથી સુસજ્જ અને બીજી તરફ ઋષિમુનિઓના નિવાસસ્થાન સમુ વાતાવરણ એ આ સ્થળની ખાસ વિશિષ્ટતા છે સંસારની આધિવ્યાધિ અને મનના તાપ-સંતાપ અહીં વિસ્મૃતી જવાય એવી વનશ્રી છે. ગામડાના લોકો તેને સીપરીના નામે ઓળખે છે; પણ સુંદરતા કોનુ નામ ! પોતાની સુંદરતાના બળે એ શિવપુરી બની ગયુ છે. જેમ સાબરમતીને

તીરે દધીચિઋષિના હાડ પડ્યા અને તે ભૂમિનાં પૂણ્ય જાગી ગયાં, વિશ્વવિખ્યાત વિશ્વવંદનીય એક સંતના આશ્રમનો જન્મ થયો, તેમ આ ભૂમિમાં ભારતની એક પૂરુષશ્લોક વિભૂતિના હાડ પડેલાં છે. અનેક જૈનજૈનેતર તથા પરપીય વિદ્વાનોના પ્રેરક શ્રી વિજયધર્મસૂરિજીએ મુખ્યત્વે અનાસક્ત જતા અહીં દેહોત્સર્ગ કર્યો એવા મહાપુરુષનુ સ્મારક કરવા માટે મુનિરાજ વિદ્યાવિજયજી અને બાબુ જોકોએ પ્રયત્નો આદર્યા અને એને પરિણામે શ્રી વિજયધર્મસૂરિ સમારિમંદિરની પ્રતિષ્ઠા કરવામા આવી. સ્વર્ગસ્થ સૂરિજીએ દેશ-પરદેશમાં આર્યભાષાઓ અને આર્યધર્મોની નામના કાઢવા માટે મુબઈમાં સ્થાપેલા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડલને આશ્રયી શિવપુરી બાંધવામા આવ્યુ અને તેનુ સમારંભન વિદ્યાવિજયજી મહારાજે પોતાના હાથમાં લીધું. એ દિવસથી શિવપુરી એ ખરેખર શિવપુરી બન્યુ. દેશનરો વિદ્વાનો, ઉપદેશકો, સરકારમાન્યોઓ, રાજકીય પુરુષોનુ એ પ્રેરણાસ્થાન બન્યું. પરપીય વિદ્વાનો માટે તો એ એક વિશિષ્ટ યાત્રાસ્થળ બન્યુ.

સીપર્ણ ન. સીસમ જેવી એક જાતની માછલી. તે આશરે દશ ઇંચ લાંબી હોય છે અને અટલાંટિકમાંથી વખતે વખતે ઇંગ્લંડમાં દક્ષિણ કિનારે આવે છે. તે રાતા અને ભૂમધ્ય સમુદ્રમા પણ છે. શરીર રાતું અને પડખાં આસમાની ધોળાં દરિયાઈ મોજાંના રંગની લીટીઓવાળાં છે. નીચેનું જડબું લાંબું હોય છે.

સીપલાસ પું. રોગ
ભમરી, બાબુ કરડે. પણ મારી સાથે એમ બોલે **સીપલાસ** ના કરતા. પીલમ

સીપવું ૧. [પ્રા. સિમ] સ. ક્રિ. ભટવું; પાવું; રેડવુ.
૨. સ ક્રિ. છીપવું; સિંગવુ

સીપંદસોઝ [કા સિપદ (રાઈ) + સોઝ (બાળનાર)] પુ. ધૂપ કરનાર
પ્રત્યેક તબેલામા એક **સીપદસોઝ** રાખવામાં આવે છે. તેનુ કામ તપેલી લોઢી ઉપર રાઈના દાણા નાખી ધૂપ કરવાનુ હોય છે જેથી ઘોડાને નજર લાગે નહિ. આઈને અકબરી

સીપાળી સ્ત્રી છાપાળી; નાની છીપ; નાની સીપ

સીપારસ [કા સિફારશ] સ્ત્રી. ભલામણ; વગ; લાગવગ
મને સરકારી કોલેજમાં નોકરી અપાવવા તેમણે ઉપરી ઓફિસરોની **સીપારસ** લગાડી રાજ કરી. પ્રસ્થાન

સીપી ૧ [હિં] સ્ત્રી છીપ
૨. સ્ત્રી. ભારતદેશનો મધ્ય પ્રાંત; 'સી. પી.'
૩. ન. ઉરોજિની ઢોરાંનો અણીદાર છેડો; સોપીનું હાડકું તેના ઉપર ભૃગુલાંછન હોય છે

સીપીઆ સ્ત્રી. બ વ પૃદુકામાદિ પ્રાણીઓ, કાળુ માછલી જેવાં મૃદુકાય અને છીપા જેવા કવચી વર્ગનાં સીપવાળા દરિયાઈ અપૃષ્ઠવંશી પ્રાણીઓ; 'મોલસ્કા'

સીપીસતા ન. એક જાતનું કરિયાણું.

સીપ્લેન ન. દરિયામાં ઊતરવું અને ઢવામા આવું એક જહાજ; પાણીમાંથી ઊંચે જવા અને પાણી ઉપર ઊતરવા બનાવેલુ હવાઈજહાજ અથવા વિમાન; વિમાન કરતા ભારે, જમીન ઉપર નભરી શકે અથવા, પર્ણ નાવ. નીકળી નાકે 'સ્પેન્ટ વિમાન. એપ્લિન.' સીપ્લેનમાં બબ્બે જાતના હોય છે: (૧) એમ્ફીબ્યાઅન્સ, જેઓ પાણી અથવા જમીન ઉપર નભી શકે અને પાછા ઊડી શકે. (૨) ફ્લોટ પ્લેઈન્સ, જેઓને તરાપા હોય (૩) ઊડતી બોટો. જેના ઊતરવાના બીજા ભાગ બોટના બનેલા હોય આ વર્ગમાં ઊડતી બોટોએ દુનિયાનું સૌથી વધારે ઝડપનુ માન મેળવ્યુ છે. દરિયાની મુસાફરી માટે ઊડતી બોટો બહુ સારી છે

સીપ્લેનનુ આગળ સિલ્વર ફ્રેરવાળા સેપ્ટનના દરેકમા આગની બૂલ બાજુ તો નીચે ઊતરવા સારુ તેને સમાવી દેવા તૈયાર કરે કે.નુરી

સીફ સ્ત્રી. [અ સીર્ફ] ફક્ત; માત્ર

સીફરાદ ન. કોટ બનાવવાનુ પથ્થર, ઈંટ

સીફિલિસ [અં.] સ્ત્રી. ઉપદંશ; આઠીંગ ગરમીનો રોગ.

સીફોન ન. એક જાતનું કાપડ.

સીબંધી ૧. સ્ત્રી. બારણા વગરેનું રાખવાનુ અનિયમિત સરકાર; એક જાતની ફોજ.
૨. [ફા. સે (ત્રણ) + બંદ (બાંધવું તે)] સિ ત્રણ બંધારણનો-કેડે, કોટે ને લટકનો એમ ત્રણ પટા પહેરનાર.

સીબાસ સ્ત્રી. બોગદાની એક માછલી તે ખારકરીને દક્ષિણ યુરપની આસપાસ મળે છે અને વખતે વખતે બ્રિટિશ કિનારે પણ જોવામા આવે છે તેનુ વજન ૧૫ રતલ હોય છે. તેની આસમાની ભૂરી પીઠ, ભૂરી બાજુ અને નીચના ભાગ ધોળા હોય છે. લગભગ બે માસ નજીક ઊંડે પાણી છોડે છે. બુઝાન માછલીઓ નાની માછલીઓનો શિકાર કરે છે. તેનુ માસ સ્વાદિષ્ટ હોતુ નથી.

સીભી ૧ સ્ત્રી. પ્રાચીન ભારતમાં લાહોર અને મુલતાનની વચ્ચેના પ્રદેશમાં રહેતી એક જાતિ
૨ ન. એ નામની જાતિનુ માણસ
૩. વિ. એ નામની જાતિનુ

સીભીજાતિ પુ. લોકોનો એક સમૂહ
સીભીજાતિ લાહોર અને મુલતાનની વચ્ચેના પ્રદેશમા રહેતી હતી. પ્રસ્થાન

સીમ ૧. પું. એક વિષમ જાતિ મ.ત્રામેળ છંદ. તે આનંદવર્ધનુ છંદનો એક ભેદ છે તેમાં ૨૧ ગુરુ, ૪૮ લઘુ મળી ૬૯ વર્ણની ૯૦ માત્રા હોય છે

ન મ **સીમ** નઈ દેસ દેસા કર.
વિદેસી નઈ સહુ આવિજિ;
ધસિ સરસી સુર ન સમઈ સેઈ,
અમલ રજ્જ બિહુ થાપિજિ
સીત.હરણ પ્રદરમી સ્વી

૨ [ફા.] પું રૂપું.

૩ [સં સીમન; પ્રા મીમઆ] સ્ત્રી બેતર કે ગામની હદ; ગામને લગની બેતર કે પાદરની જમીન; સીમાડો.

જેની **સીમ** માહી પ્રવેશ કરી ન શકે પ્રતાપ લબમેશ. ભીમ
સીમમાં બેતર નહિ ગામમાં ખોરકું નહિ
કર લેવા દેવા ન હોય તે.

૪ [સં સીમા] સ્ત્રી. હદ; મર્યાદા; સીમા; દિશાંતર

૫ ન ગામની નજીકમાં આવેલું વન.

૬. [ફા સિવુમ] વિ. ત્રીજો.

સીમક સ્ત્રી ધોકાની ચાલ.

સીમખરડો (સીમખરડો) પું. આકાર મુકરર કરવા જનાર અધિકારી સીમ નજરે જોઈ દરેક નજરનો વર્ગ ઠરાવે તે પત્રક

સીમઢ ન જગાસ; સોદ ચોકડો પદાર્થ; પરૂ. માડામા લોઢી યા **સીમઢ** અથવા લોઢી-સીમઢ બેઢ આવે તો તે ઉપરથી બહુધા કે મરડાનો બાધિ થયો છે. ડો. ગોરામજી બહમનજી

સીમઢોક બ સૌનો સમાવેશ થાય એમ; કોઈ પણ રહી ન જાય તેમ, દરેકદરેક; કોઈ પણ અપવાદ વિના; બધુ, તમામ

સીમડી (સીમડો) સ્ત્રી સીમાડો, હદ
સુવાળી **સીમડી** લુંબે મુંબે
લંબે મુબે ગોંડળિયા ગામ રે. વિદ.રી

સીમડીઉં (સીમડોઉં) ન એક જાતનો છોડ. તેના જમીન ઉપર નાના વેલા ગ.લે છે. નીચે ચીપટી સિંગો બેસે છે, તેમાંથી પાકે ત્યારે કાળા ચપટા બી નીકળે છે

સીમતન ૧. વિ રૂપાળો
૨ વિ શ્વેત વર્ણનુ

સીમઆપું ન ગામના ઊભા પાક ઉપર લેવામા આવતુ દાણ

સીમમાર્ગ પુ સીમાડા ઉપરનો રસ્તો. જુઓ મર્ગ

સીમરેખા [સ. સીમન્ + રેખા] સ્ત્રી. પધરેખા; હદરેખા; સીમા કે હદ નક્કી કરવાની રેખા.

સીમલ ન. શેમળાનું ઝાડ.

સીમલા ન શીમળા માતા પરથી સીમલા કહેવાતું હિમાચલની ટેકરી ઉપર આવેલું ગામ, ઉત્તર ભારતનું એ નામનું એક મુખ્ય શહેર. આ શહેર ૬,૮૦૮ ફુટની ઊંચાઇએ આવેલું હોવાથી ઠંડી ખૂબ પડે છે આ શહેરની ઉપર જ ઝમૂમી રહેલ એક ૮૦૦૦ ફુટ ઊંચા શિખર ઉપર 'જાખુ' અર્થાત્ હનુમાનનું એક સુંદર મંદિર છે ત્યાં જવા માટેની સારી એવી કેડી હોઈને સૌ કોઈ ત્યાં દર્શને પગપાળા ને ઘોડે બેસીને પણ જાય આવે છે અને રસ્તામાં નીચેના સીમલાનુ દૃશ્ય મનહર લાગે છે. શીખરની ગોદમાજ ગોંડલના મહારાજકુમારી શ્રી લીલાબાનો બંગલો આવેલ છે અને તે ગુજરાત હાઉસ તરીકે જાણીતો છે શહેરમા આર્યસમાજ, સનાતન અને ગુરુદ્વારાની ધર્મશાળાઓ છે. શહેરમા વસતીનુ પ્રમાણ ઉનાળામા વધી જાય છે. શિયાળા કરતાં જમણી બેટલે કે લગભગ ૫૦ હજાર જેટલી વસતી થઈ જાય છે. અંગ્રેજના અમલમાં વાઇસરોયનો મુકામ ઉનાળામાં અહીં રહેતો; ત્યારે તા ૧૫મી માર્ચથી તા. ૧૫ ઓક્ટોબર સુધી અહીંના માલરોડ ઉપર મોટર, સાયકલ કે ઘોડાગાડી એવાં વાહન દિવસના ૧૧થી ૨ અને સાજે ૪થી ૫ સુધીમા ચાલવા દેવામાં આવતા નહિ. આ કામદો વાઇસરોય, પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નર તથા કમાન્ડર ઇન ચીફ ઓફ ઇન્ડિઆ એ ત્રણ સિવાય સર્વને લાગુ પડતો. માલરોડ પણ સ્વચ્છ અને રળિયામણો રસ્તો છે. આ રસ્તે મજૂર કે મેલાં કપડાવાળા લોકોને કોઈ પણ ઋતુમાં ચાલવાની મનાઈ હતી. પહાડી શહેર હોઈ રસ્તા ઢોળાવવાળા છે. કાર્ટ રોડ, લોઅર રોડ અને માલ રોડ એ ત્રણ મુખ્ય રસ્તાઓ ઉપર રિક્ષા ફરતી રહે છે. પણ રિક્ષામા ફરવુ એ તો પૈસાદાર સિવાય બીજાને પાલવે તેવુ નથી. કોઈ મુસાફર અહારથી પોતાની આનગી મોટર સીમલામાં લાવી ફેરવવા ઇચ્છે તો તેને પ્રથમ મ્યુનિસિપલ સેક્રેટરી અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની પરવાનગી લેવી પડતી. પૂર્વે આ ભૂમિમા ઋષિ મુનિઓનો નિવાસ હતો આ અનુભવ તો જ્યે પગે ચાલીને 'જાખુ' જઈએ ત્યારે આજુબાજુની ઐ દૈવીભૂમિ ઉપર કોઈ જોમિયાને સ્પર્શે ને ફરીએ તો જ ખરા. બાકી તો બધુ પંજાબી જ જણાય પછી છુટીછવાઈ પહાડી વસતી થઈ અંગ્રેજના વખતથી તેઓ સીમલાને છોટી વિલાયત કહેતા. સીમલા ઉપર જ્યારે આપણે વિહરતા હોઈએ ત્યારે આપણને જાણે જ ખયાલ આવે કે આપણે તો એક હિમગિરિના શિખર ઉપર ક્રિકેટ આકારમાં વિહરીએ છીએ, કેમકે સા તરે ખરેખર વિલાસ ને ભોગ માટે એક નાનુસુનું પણ આબાદ વિલાયત જ બાકી દીધુ છે. સીમલાનો ખરો ખયાલ જાણવો હોય તો નીચની ગલ્લીઓમાં, મજૂરોની બાલીઓમાં અને જંગલોમાં કામ કરતા વનવાસી બધુઓના સંપર્કમાં આવીએ ત્યારે જ ખબર પડે કે આપણે આ વનવાસીઓ ઉપર કેવા સવાર થઈ ને હિમગિરિનો આસ્વાદ અન્યને ભોગે માણી રહ્યા છીએ. શહેરની પૂર્વ દિશાએ બે માર્ગોના રસ્તા ઉપર છોટા સીમલા છે. ત્યાંથી એક માર્ગ દૂર કુસુમહટ્ટી પણ સીમલાનો જ ભાગ જણાય છે માલરોડ ઉપર વરિષ્ઠનોની સ્ટેશન લાયબ્રરી છે. બાદીથી આગળ મિશન મેદાન આવે છે. આ મેદાન નાનું પણ બહુ ઊંચ હોવાથી સુંદર લાગે છે. તેની નીચે પાણીની વિશાળ ટાંકી છે, જેમાંથી નળ વાટે શહેરમાં પાણી જાય છે. હિમગિરિની શિખરમાળાઓ વચ્ચે થઈને મોટર રસ્તે સીમલા જવાનો મોટર રસ્તો બહુ જ વિકટ છે; પણ વૈજ્ઞાનિક રીતે તેને ઘણો જ સલામત બનાવ્યો છે અને તે રસ્તે થઈને જ્યારે ઝપાટાબંધ પસાર થતા હોય ત્યારે મનમાં જે જે ભાવનાઓ ઉદ્ભવે છે તે તો માત્ર અનુભવથી જ જણાય તેવી છે રેલ્વેગાડીનો રસ્તો પણ છે; પરંતુ તે એટલો બધો જાણ ન લાગે !

> **સીમલાનુ** નામ શીમળા માતા ઉપરથી પડયુ છે. જેમ મુબઈનુ મુબાદેવી ઉપરથી અને કલકત્તાનુ કાળી ઉપરથી તેમ દેવી એવુ નીચલી છે અથવા તેના ઉપાસકો દેવીને ભરી ગયા છે.
>
> ઝાબી જ્ઞાનમેષ

સીમલો પુ એક જાતનું ઝાડ. તે કચ્છમા થાય છે.

સીમળ પું શેમળો; એક જાતનું ઝાડ

> ઝીલ્યો ફોગટ સરયુ **સીમળ**. પ્રેમાનંદ

સીમળો ૧. [સં. શાલ્મલી; પ્રા સિમલિ]
પું. એક ઝાડ; શેમળો
૨. પુ. આખરો
૩. પુ. બીજડો.
૪ પુ. ડુંગરી જમીન ઉપર થતુ એક મોટુ વૃક્ષ. તેનાં થડ તથા ડાળાઓ ઉપર ચળદાર કાંટા હોય છે અને ડાંટિયાના છેડા ઉપર અઢીદાર પાચ પાચ પાન થાય છે તેનાં ફુલ મોટાં, કસુબી રંગનાં અને પાચ પાચ પાખડીવાળાં થાય છે જેમાં પુષ્કળ પુંકેસર અને સ્ત્રીકેસર થાય છે તેના ફળ નાનાં, કેળાનાં આકારનાં અને અંદર અતિ કુમાશદાર રૂવાળા હોય છે. સીમળાનાં વૃક્ષમાંથી ગુંદર નીકળે છે તેને મોચરસ કહે છે. જે દવાની તરીકે ઔષધમાં વપરાય છે

૫. પું. સ્થૂલ ફલ

સીમંત ૧ પુ. પહેલી નર્કનો નર્કાવાસો
૨. [સ.] પું. સ્ત્રીઓનો સેથો; માથાના વાળ હોળતા નાકની સીધી લીટીમા માથા ઉપર જે વાળમાં આતરો પાડે છે તે સ્ત્રીના સીમંત વખતે તેના સેથામાં કંકુ વગેરે પૂરે છે તે ઉપરથી એ સસ્કારનુ નામ સીમંતોન્નયન કહેવાય છે.
૩. પું છાપરા ચોળી રાખનાર અસ્થિ.
૪. સ્ત્રી. કપાલાસ્થિની બે નામની સધિ
૫. સ્ત્રી. ચોમની
૬. ન. અભરણી; સ્ત્રીનો પ્રથમ ગર્ભધારણનો પ્રસગ કે તેનો સસ્કાર. ગર્ભ રહ્યા પછી છટ્ટે કે આઠમે મહિને મૃગશીર્ષ, હસ્ત, શ્રવણ, મૂળ, પુષ્ય, પુનર્વસુ અશ્વિનીજત, પૂર્વભાદ્રપદ, અનુરાધા અને અશ્વિની, (ત્રણે ઉત્તરા પણ અર્ધ રાત્રિ) એ નક્ષત્રમાં રવિ, મગળ તથા ગુરુવારે ગર્ભવતી સ્ત્રીને ચદ્ર બળવાન હોય તે દિવસે સીમંત કરવુ. સીમંતમાં શુક્લ પક્ષની ૫ થી કૃષ્ણ પક્ષની ૫ પર્યંતની તિથિઓ આઠેની ૪ ૬–૧૪ તથા ૧૫ સિવાયની તિથિઓ લેવી.

સીમંતક ન. સિંદૂર

સીમંતમર્મો ન બ.વ. માથાનાં કપાલાસ્થિઓના પાચ સાધાઓ. તે પાંચ આગળ બતાવ્યા છે. તેને ઘાતાતર પ્રાણહર સધિમર્મો તરીકે ઓળખ્યા છે. ત્યાં ઈજા થતાં તે સધિઓની નીચે રહેલી શિરા પરિખાઓ તેમજ મગજના ભાગોને નુકસાન થતાં દરદી હેરાન થઈ ને મરી જાય છે. બાધિમા ઉન્માદ, ભય, ચિત્તનાશ વગેરે ચિહ્નો થાય છે. કોઈ ને વાઈ, તો કોઈ ને તાવ આવે છે. આ બધાં ચિહ્નો મગજની ઈજાને આભારી છે.

સીમંતાસ્થિ [સ. સીમત + અસ્થિ (હાડકું)] ન. તાળવાની ટોચ અને બાજુઓ આગળનાં હાડકાની જોડ માહેનુ એક હાડકુ

સીમંતિની ૧ [સીમત (સેંથો)] સ્ત્રી. અભરણિવાત; ધેષુ.

> ત્હોને નથા કહેવાનું પ્રવાસ વખત તાત કરવપને કે શકુંતલા દુષ્યતને પરણેલી છે ને **સીમંતિની** છે.
>
> નાનાલાલ

૨. સ્ત્રી. સુવાસણ સ્ત્રી; સૌભાગ્યવતી સ્ત્રી, ગૃહસ્થની સ્ત્રી.

સીમંતોન્નયન ૧. [સં.] પું. ગર્ભાધાન આદિ સોળ સંસ્કારો પૈકીનો એક સંસ્કાર; બારણું; પ્રથમ ગર્ભાવસ્થાના ચોથા, છઠ્ઠા કે આઠમા મહિનામાં સ્ત્રી ઉપર થતો બાર સંસ્કારો પૈકીનો એક સંસ્કાર, ચોથે, છઠ્ઠે કે આઠમે માસે સગર્ભિણી તેમજ ગર્ભની શુદ્ધિ તથા રક્ષા માટે કરવામાં આવતો સંસ્કાર. આ પ્રસંગે ગર્ભના રક્ષણાર્થે મણકાપૂજન કરવામાં આવે છે આ સંસ્કારના ઉત્પત્તિ સગર્ભિણી સ્ત્રીને આનંદમાં રાખવાના હેતુથી થઈ હોય એમ મનાય છે. આ પ્રસંગે સીમંતિનીના પિયર પક્ષ તરફથી સાસરા પક્ષને વસ્ત્રો અને પોષાકો આપવા પડે છે. સેંથા પાડી વાળ ઓળવા વગેરે પ્રથમ ગર્ભવાળી સ્ત્રીને આ સંસ્કાર કરવામાં આવે છે

૨. પું. પચીસ સંસ્કારો પૈકીનો એક સંસ્કાર. જુઓ સંસ્કાર.

સીમંતોપનયન [સં.] ન. ગર્ભાધાન ક્રિયા; સીમંત સંસ્કાર.

સીમંધરનાથ પું. (જૈન) મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજતા વીસ વીસમાંના એ નામના પહેલા તીર્થંકર.

સીમા ૧. પું. કપાસ.

૨. પું. ચહેરો.

૩. [સં.] સ્ત્રી. અમુક મર્યાદિત ભૂ ભાગ તે.

સીમા એ છે અભિરામની તું નેન સખી ! રાંભા ઝહુણા રમામની દમારામ

સીમા બાજની = હદ બાજવી.

૪. સ્ત્રી. અવધિ; મર્યાદા.

૫. સ્ત્રી. અંતઃકોષ; જૂથ્યુ.

૬. સ્ત્રી. અંત; છેડો.

૭. સ્ત્રી. ક્ષેત્ર

૮ સ્ત્રી. વખત; વેળા.

૯. સ્ત્રી. શલ્ય; કાટો

૧૦. સ્ત્રી સીમ.

૧૧ સ્ત્રી. સીમાડો.

૧૨. સ્ત્રી સ્થિતિ.

સીમાચિહ્ન [સ.] ન. સીમા બતાવનારી નિશાની; બાહ્ય; હદ નિશાન; મર્યાદાનું ચિહ્ન

આવતી પંદરમી તારીખ હિંદની તવારીખમાં એક નોખના લાયક **સીમાચિહ્ન** છે. એ દિવસે હિંદને બ્રહ્મી પરદેશી હકૂમતની પૂંસરી ઊતરી ગઈ છે અને બ્રહ્મદેશ ફરી એક સ્વતંત્ર રાષ્ટ્ર બને છે. ગાંધીજ્ઞાનકોષ

સીમાડીઓ (સીમાડીઓ) ૧. પું. (રાનીપરજ) ! એક દેવનું નામ; ગામના સીમાડાનો દેવ.

૨. પું. ભૂત વિદ્યા થતી વખતે તેની સાથે મીઠાઈ ભરેલી માટલી સીમાડે મૂકવા આવે છે તે.

તે દહાડે **સીમાડીઓ**, રૂડું બનાવ્યા રાય. પુત્રો પોતાના પેટની, પરણ્યની લાગ્યા પાય. સામળ

૩. વિ. બડિયું.

સીમાડો (સીમાડો) ૧. પું ગામની હદ; ગામનો ભાગ; સીમ. દરેક જમીન જમીરિયત તથા વેચાણખતમાં કેટલી મિલકત કુનામ તરીકે અથવા વેચાણ આપેલ છે, તેની સીમા ચોક્કસ રીતે અને સ્પષ્ટ રીતે નક્કી કરાવી લેવાઈ હોલમાં વેચાણખતની સાથે લગભગ નિયમ પ્રમાણે નકશો બંડવામાં આવે છે, જેમાં સીમા બતાવેલી જોવામાં આવે છે. જૂનાં ખતપત્ર અને બીજા લેખ ઘણીવાર સંદિગ્ધ હતા કાયદાએ જમીનમર્યાદા સબબી કેટલાક અનુમાનો બાંધ્યાં છે. જ્યા બે જમીનોને રસ્તો અથવા નદી જુદા પાડતા હોય ત્યાં સીમાડાની લાઈન તે બેની વચમાં જતી હોવાનું માનવામાં આવે છે. જ્યાં ખોદેલ જમીન ઉપર વાડ ઊભી કરવામાં આવી હોય ત્યાં વાડથી દૂરના બાવાનો છેડો એ હદ. એવા સિદ્ધાંતથી માનવામાં આવે છે કે, બન્નીએ પોતાની મિલકત (જમીન)ના છેક છેડા ઉપર બાડો ખોદીને માટી પોતાની જ જમીન ઉપર પાડી નાખી છે

૨. પું. ગામને લગતી જમીન

૩. પું. છેડો.

૪ પું. સરહદ.

સીમાડા વગાડવા આવા વીરોક્ત, એની ડાલના વચ્ચે લોકસાહિત્ય

૫. પું હદ; મર્યાદા

સીમાડા ૧. પું સીમાડિયા કે બડિયા રાજ

૨. વિ. (જુ. ગુ.) બડિયું

સીમાપુસ્તક [સં.] ન. બાંધવહી; બાંધણક; હદનિશાનની વહી

સીમાપ્રદેશ પું હદ બતાવનારો ભાગ કે પ્રદેશ.

હજીએ ગુજરાતના **સીમાપ્રદેશ** ઉપર આવેલ પાલનપુર, દાતા, ઈડર વગેરે સંસ્થાનોના તાબાના કેટલાક પર્વતીય પ્રાંતોમા ફરનાર મુસાફર તે જોઈ શકે તેમ છે. પુરાતત્ત્વ

સીમાફોરલેસ્રેપ સ્ત્રી. સિમલાની બત્તી; ગાડીનો માટેનો સિગ્નલ ઉપરનો દીવો

સીમાબ [ફા. સીમ (રૂપુ) + આબ (પાણી)] પું. રૂપા જેવું શ્વેત પાણી; પારો.

સીમાબદ્ધ [સં સીમન્ (હદ) + બદ્ધ (બંધાયેલું)] વિ અમુક હદમાં બંધાયેલું; મર્યાદિત; સમર્યાદ

મારી આજ્ઞાની બાબ્બા **સીમાબદ્ધ** નથી પણ વ્યાપક છે. નવલરામ

સીમાબદ્ધતા સ્ત્રી હદ બંધાયેલ હોવી તે; સમર્યાદા

બંધાયેલું હતું તે કાયદો **સીમાબદ્ધતા**નો સ્વીકાર કરે એમ નહોતું. પ્રસ્થાન

સીમાબંધન [સં] ન. હદ

સીમાબી ૧ વિ. ચળકતું

૨. [ફા.] વિ પારાના રંગનું; શ્વેત

સીમારક્ષક ૧ [સં] પું. સીમાની રક્ષા કરનાર સિપાહી

૨ વિ. મર્યાદા પાળનાર

૩. વિ હદનું રક્ષણ કરનાર

સીમારિયો દેવ પું. (રાનીપરજ) ઓધરા નામના રાનીપરજ લોકોના દેવનું નામ.

સીમારેખા સ્ત્રી. હદરેખા; સરહદ.

સીમાલ [સિ.] ન. રોમળાનું ઝાડ.

સીમાલંઘન [સં] ન. સાપરાધ પ્રવેશ; સીમોલ્લંઘન; અતિક્રમણ; ઘૂસણ.

સીમાલિંગ પુસ્તક ન બાંધવહી; બાંધણક; હદનિશાનની વહી.

સીમાવાદ [સં] પું. સીમાહદની તકરાર.

સીમાવિવાદ [સં.] પું અઢાર માંહેનો એક વિવાદ; સીમાડો, હદ વગેરે માટે વિવાદ

સીમાશુલ્ક [સં.] ન. સરહદી જકાત

સીમાસંધિ ૧. [સં. સીમા + સંધિ (જોડાણ)] સ્ત્રી. બે સીમાઓની સંધિ, બે હદનું જોડાણ; બે હદ જ્યા જેથી થતી હોય ત્યાં ગણતરની લીટી

૨ સ્ત્રી સીમાડો

સીમાસંયોગ ૧ પું ટેકો; છેડાનો પુરનો

૨. [સં સીમા + સંયોગ] પું. સીમાસંધિ.

સીમાસૂત્ર ૧. [સં. સીમા + સૂત્ર (દોરો)] ન. કોઈ પણ આકૃતિની બધી બાજુઓનો સરવાળો

૨ ન. ગામની હદનું નિશાન કે બાબ્બ

૩ ન પરિમાણ

૪ ન સીમા દર્શાવનાર દોરાની નિશાની; હદ બતાવનાર લીટી

સીમાસેતુ [સં.] પું બાબ્બ; હદ નિશાન.

સીમાસ્તંભ [સં] પુ. ખૂંટો; બાવું; હદ બતાવનાર થાભલો; હદ જુદી પાડનાર થાભલો; સરહદી ખાંભો

સીમાળિયો પું રાનીપરજનો દેવ.

સીમાળું વિ મર્યાદિત; સીમાવાળું; હદવાળું; મર્યાદાવાળું

સીમાંચિહ્ન જુઓ સીમાચિહ્ન.

સીમાંત ૧. [સં. સીમા + અન્ત] પું છેવટની હદ; પરમાવધિ

૨. પુ. પાળના છેડાવાળો ઓળોડાનો ભાગ.

૩. પુ સીમાનો છેડો

૪. વિ વિશિષ્ટ; ગુણદોષ વિવેચક; 'ક્રિટીકલ'

૫. વિ સરહદના અંત ઉપર આવેલું.

સીમાંતપૂજન ન. ભાગોળની પૂજા

મહારાષ્ટ્રમા પુત્રબાહનગ્રહણ અને **સીમાંતપૂજન** (ભાગોળની પૂજા, થાય છે તેવું કશું ગુજરાતમા થઇ નથી

ગુ. ની લગ્નવ્યવસ્થા અને કુટુમ્બસંસ્થા

સીમાંતભાંગ સ્ત્રી. અમુક માત્રા કરતાં વિશેષ ન આવી શકે તેવા ભાગ.

સીમાંતર ૧. [સીમા + અંતર (છેદ)] પું વધારેમાં વધારે હદ; છેવટની સીમા.

૨. પુ. સીમનો છેડો; હદનો અંત; જે સીધી આગળ હદ પૂરી થતી હોય તે.

સીમાંતસંચરી વિ ઉદામાં આગળ પડતાં પગલાં લેનાર.

પછી બોલે જણાવે છે કે, આના પરિણામમાં દેશના (રાજ્ય) સુધારકોમા બે પક્ષ પડી ગયા હતા એક Moderate એટલે મિતાચારી અને બીજો Extremist એટલે **સીમાંતસંચરી.**

પરિ. ઘોષ

સીમાંસંધિ [સં. સીમા + સંધિ] સ્ત્રી. સીમાસયોગ; ટેકો; છેડાની પુરતો.

સીમીઓ સ્ત્રી બારવટીઓ અને વાંજલાની વચ્ચે બેસાડેલી સાદી અમર નકશીદાર લાકડાની આકૃતિ.

સીમીંઢ પું. ચીમેંટ; સીમેંટ; એક જાતનો કાળા પથ્થર કે મારાનો ઝીણ જેવો ભૂકો; પકવેલા ચૂનાને ખૂબ બારીક લસોટીને બનાવેલો, ઈંટ અને પથ્થરને સજ્જડ ચોંટાડી દેનારો પદાર્થ

સીમુખિ [સં. નામમુખ] વિ. પોતાના મોઢાનું.

સીમુર્ઘ [ફા] પુ એક કલ્પિત પક્ષી.

સીમૂમ પુ અરબસ્તાનના રણમા ફૂકાતો ગરમ પવન

સીમેંઢ જુઓ સીમેંટ

સીમેસોખ્તા [ફા. સીમ (રૂપું) + સોખ્તા (બાળેલ)] ન. બાળેલી ચાંદી.

સીમેસોખ્તા ચાંદી, સીસુ અને ત્રાંબુ મળીને થાય છે તે ધાતુ ચકચકિત કાળી હોય છે અને રમકડામા વપરાય છે. આહમે અહમદી

સીમેંટ પું. માટી, લાઇમસ્ટોન વગેરેને દળીને બનાવેલું મિશ્રણ. તેમાં પાણી નાખી જમાવીને કરવા દેતાં તે પોર્ટલેન્ડ પથ્થરને મળતું આવે છે માટે તે પોર્ટલેન્ડ સીમેંટને નામે ઓળખાય છે તે કોન્ક્રીટ વર્ક, પુલ, તળાવ, મકાન અને રસ્તામાં પણ પુષ્કળ વપરાય છે. સીમેંટનું પ્રથમ કારખાનું : હિંદુસ્તાનનું સૌથી પ્રથમ અને સૌરાષ્ટ્રનું પણ સૌથી પ્રથમ કારખાનું પોરબંદર ખાતે ૧૯૧૩માં સ્થાપવામા આવ્યું હતું. હાલમાં તેમાં ૬૧૦ માણસો કામ કરે છે અને તેની વાર્ષિક ઉત્પાદનશક્તિ ૪૨ હજાર ટન છે. સીમેંટ ઉત્પાદન : ૧૯૨૨મા દ્વારકા ખાતે બીજું સીમેંટ કારખાનું સ્થાપવામાં આવ્યું. તેમાં ૬૦૦ માણસો કામ કરે છે અને તેની વાર્ષિક ઉત્પાદનશક્તિ ૧ લાખ ૮૦ હજાર ટનની છે. આ બંને કારખાનામાં થયેલું ઉત્પાદન ૧૯૪૯ પ્રમાણે ૧૪ હજાર ટન અને ૧ લાખ, ૨૬ હજાર ટન અનુક્રમે હતું. સીમેંટ ઉદ્યોગમાં રોકાયેલી મૂડી ઉપરના બંને કારખાનાઓમાં ૧ કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે. ૧૯૪૯માં જામનગર ખાતે વાર્ષિક ૧ લાખ ટન ઉત્પાદનની શક્તિવાળું એક નવું સીમેંટનું કારખાનું સ્થાપવામાં આવ્યું છે નવું કારખાનું નાખવાથી અને જૂના કારખાનાઓમાં ઉત્પાદન વધારવાથી ઉપરના બે વર્ષમાં સૌરાષ્ટ્રના સીમેંટ ઉત્પાદનમાં આશરે ૧૦૦ ટકાનો વધારો થયો છે. અખિલ હિંદની સરખામણીમાં સૌરાષ્ટ્રનું ઉત્પાદન : હવે અખિલ હિંદના પોરણે આપણે આંકડાઓની સરખામણી કરીએ તો સીમેંટનું ઉત્પાદન હિંદુસ્તાનમાં ૩૦ લાખ ટન છે. જ્યારે એકલા સૌરાષ્ટ્રનું આશરે ૩ લાખ ટન વાર્ષિક ઉત્પાદન થાય છે. હિંદુસ્તાનના સીમેંટ કારખાનાઓમા ૨૧ હજાર કારીગરો કામ કરે છે, જ્યારે સૌરાષ્ટ્રના સીમેંટના કારખાનાઓમાં ૨ હજાર કારીગરો કામ કરે છે હિંદુસ્તાનમાં સીમેંટ ઉદ્યોગમા ૨૦ કરોડ રૂપિયા રોકાયેલ છે, જેમાથી સૌરાષ્ટ્રમા ૨ કરોડ રૂપિયાનુ રોકાણ થયેલ છે હિંદુસ્તાનની વસતી ૪૦ કરોડની છે, જ્યારે સૌરાષ્ટ્રની વસતી ૪૦ લાખની છે. ઉપરના આંકડાઓ ઉપરથી એવુ સિદ્ધ થાય છે કે, સૌરાષ્ટ્રનો સીમેંટ ઉદ્યોગ હિંદુસ્તાનના સીમેંટ ઉદ્યોગનુ ૧૦ ટકા ઉત્પાદન ધરાવે છે. જ્યારે સૌરાષ્ટ્રની વસતીનુ પ્રમાણ હિંદુસ્તાનની વસતીના પ્રમાણમાં ૧ ટકાનુ છે અથવા તો હિંદુસ્તાનના પોરણે સૌરાષ્ટ્રમાં માથાદીઠ સીમેંટનુ ઉત્પાદન ૧૦ ગણુ છે. આ આંકડાઓ સૌરાષ્ટ્રના સીમેંટ ઉદ્યોગને અખિલ હિંદના પોરણે સરખાવવા માટે રજુ થયેલ છે સીમેંટ ઉદ્યોગના વિકાસના કારણો : સૌરાષ્ટ્રના સીમેંટ ઉદ્યોગના વિકાસના મુખ્ય કારણોમાં કાચા માલની સવલત અને સૌરાષ્ટ્ર સરકારની નવી ઔદ્યોગિક નીતિને આભારી છે. સીમેંટ ઉદ્યોગમાં વપરાતા કાચા માલમાં ચૂનો, માટી અને જીપ્સમ છે આ બધી ચીજો મોટા પ્રમાણમા સૌરાષ્ટ્રમાંના બદનાની વધુ નજીક મળી આવતી છે, એટલે કારખાનાઓ બંદર પર વિકસી શકયાં છે પરિણામે કાચા માલની હેરફેરનો ખર્ચ ઘટે છે અને તૈયાર થયેલા માલને તેમના છેવટનાં સ્થાને પહોંચાડવામાં વાહન વ્યવહારની ફરિયાદ રહિત સવલત મળે છે. હાલમાં રેલવે વેગનોની અછતના સયોગોમાં આ કુદરતી બક્ષિસ સીમેંટ ઉદ્યોગને સારી રીતે મદદકર્તા થઇ પડી છે. સૌરાષ્ટ્રમા આ ઉદ્યોગ પૂરતો કોલસો મેળવવાની બધી જ મુશ્કેલી છે કારણ કે, કોલસો બહુ દૂરથી લાવવો પડે છે. એક ટન સીમેંટ બનાવવા માટે ૧૫થી ૧૬ ટન ચૂનાનો પથ્થર અને ૦૬ ટન કોલસો જોઇએ છીએ તેમ જ ખૂબ પ્રમાણમાં ચોખ્ખુ પાણી અને વિદ્યુત શક્તિ જોઇએ હવે આપણે સીમેંટ બનાવવાની રીત ટૂકમાં જોઇએ. સીમેંટ બનાવવાની રીત: સૌથી પ્રથમ ચૂનાના પથ્થરને ખોદી કારખાને લાવી બારીક ભૂકો કરવામાં આવે છે. તેવી જ રીતે માટીને પણ ખોદી કારખાને લાવી બારીક ભૂકો કરવામાં આવે છે. કારખાને બને ચીજના ભૂક્કાને ચોક્ક પ્રમાણમાં મેળવવામાં આવે છે. કેટલાક કારખાનાઓમાં આ મેળવણી પાણી સાથે કરવામાં આવે છે તેને Wet Process કહેવામાં આવે છે. જ્યારે બીજા કારખાનાઓમાં એ કોરા પાવડરનું મિશ્રણ કરવામા આવે છે તેને Dry Process કહે છે ચૂનો અને માટીના ચુક્ત પ્રમાણે મિશ્રણ કરી તેને ઢાળ પડતી Rotary Kilnમાં ઉપરથી નાખવામાં આવે છે તે ધીમે ધીમે વધતી જતી ગરમીમાથી ખૂબ આકરા તાપમાથી પસાર થાય છે અને બહારથી નીકળતા ગાગડાના સ્વરૂપમાં હોય છે આ ગાગડાને દળીને જે પાવડર બને છે તેને સીમેંટ કહે છે જરૂરિયાત પ્રમાણમાં વચ્ચેની ક્રિયામા જીપ્સમ નાખવામા આવે છે. આ સીમેંટ બનાવવાનો ક્રમ સંક્ષિપ્તમા અહિંય

છે. ઉદ્યોગની ભાવી શક્યતાઓ: હવે પછી સૌરાષ્ટ્રમાં પોરબંદર, રાજુવાવ, જામરાજાદ અને ધોધા વગેરેમા સીમેંટના નવા કારખાનાઓ ઊભા કરવા માટેના અનુકૂળ સંજોગો છે સીમેંટ ઉપર સીધો આધાર રાખનારા આશરે નાનાં મોટાં મળીને ૩૦ કારખાનાઓ સૌરાષ્ટ્રમા જુદી જુદી જગ્યાએ આવેલા છે. તેમાં સીમેંટન. ટાઇલ્સ, જળી, ગટર, પાયરો, ખેતીવાડી ખાતામાં અને શહેરને પાણી પૂરું પાડવામા અને ગટર યોજનામાં અગત્યનો ભાગ ભજવે છે. આ રીતે સીમેંટના ઉદ્યોગનો સૌરાષ્ટ્રના ઘડતરમાં સુંદર ફાળો છે.

સીમેંટગાર જી. સીમેંટનું પ્લાસ્ટર.

સીમોલ્લંઘન ૧. ન. દશેરાને દિવસે થતી એક સીમાન્ત પૂજનની ક્રિયા.

૨. ન. દશેરાને દિવસે પોતાના રાજ્યની સીમા ઓળંગી પારકી ભૂમમાં પ્રવેશ કરવાની એક ક્રિયા, દશેરાને દિવસે કરવામાં આવતુ વિજય પ્રસ્થાન; દશેરાને દિવસે વિજય માટે પ્રયાણ જવાના શુકન તરીકે આ ક્રિયા કરવામાં આવે છે.

> અહં જેતા વિજયાદશમીના **સીમોલ્લંઘનના** જેવુ જ આ હતુ એમ કહીએ તો ચાલે
> મરાઠી વિમાસત

૩. [સીમા + ઉલ્લમન] ન. સરહદ ઓળંગવી તે.

સીયા ૧. [કા. સિયાહ] પુ. એ નામનો કાળો રંગ

૨. પું. એક આર્યા માત્રામેળ છંદ. તેને વાસિતા છંદ કહે છે. આ છંદ આર્યાછંદનો એક ભેદ છે. તેમાં ૪૧ લઘુ અને ૮ ગુરુ મળી ૪૯ વસ્તુની ૫૭ માત્રા હોય છે

૩. પું. એક સમજાતિ માત્રામેળ છંદ. આ છંદ દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૪૨ ગુરુ અને ૨૮ લઘુ મળી ૭૦ વર્ણ હોય છે.

૪. [સં. સીતા] જી. કંઠી

સીયાન પુ. જિલ્લો.

> આની સિંગ **સીયાન** (સીયાન, એટલે જિલ્લો)માં ૨૦૦ શાખાઓ ચાલુ થઈ છે.
> પ્રસ્થાન

સીયામૂસલી જી. એ નામની શીતમૂળિયાના વર્ગની એક વનસ્પતિ; 'ઝેનિલેમા ન્યડીફ્લોરમ'. તે કુમસ તરફ થાય છે.

સીયાર જી. એ નામની મચ્છી; સુરમાઈ.

સીયારામ પું. સીતા અને રામ.

સીયાવર [સં. સીતાવર] પુ. (પ્રાકૃત) રામચંદ્રજી; સીતાપતિ. જેમકે, સીયાવર રામચંદકી જે

સીર ૧. પું. જાડાવન માહેનો ચાલીસમો વંચારકાર.

૨. પું આકડાનો છોડ.

૩ પું ગીતોપયોગી ચાર માહેનો એક અલકાર.

૪ પુ. સંગીતનો એક અલકાર

૫ પું સૂર્ય

૬ પુ હળ

૭ જી ખેતી

૮ જી ખેડીને રાખનારની પોતાની ખેડ.

૯. ન. અસ્તર; પડ.

૧૦. ન ખેડથી કરેલ ધાન્ય

૧૧. ન દ્રવ્ય; ધન.

> આ પુરુષાર્થો સંચિયો. અહ દુનિયારો સીર.
> આનદકાવ્યમહોદધિ

૧૨ ન (પ્રાકૃત) માયુ.

> મીરની જમીન = માપ માટે ગરાસમાં મળેલી જમીન

સીરક પું એક જાતનું માપવું.

સીરકી પું. સરકો.

સીરકુદ્દી જી. રેવડાસી

સીરત ૧. [અ.] જી. મિજાજ; સ્વભાવ.

૨. જી વર્તન

> આપ ગુલશનની સૂરત તથા સીરતથી સારી રીતે વાકેફ છો. નારાયણ વિષ્ણનજી

સીરધ્વજ ૧. પુ.(પુરાણ) વિદેહવંશીય હ્રસ્વરોમા નામના જનક રાજાના બે માહેનો મોટો પુત્ર. એના નાના ભાઈનું નામ કુશધ્વજ હતું. એને સુમેધા નામની બહેન હતી. એ પોતે મિથિલામાં રાજ કરતો હતો. એક વખત કુશધ્વજને પોતાના રાજ્યમાં જમીન ખેડતા ચાસમાંથી એક પેટી મળી. એ પેટી ઊઘાડતાં તેમાં એક કન્યા જણાઈ. હળથી પડેલા ચાસને સસ્કૃતમાં સીતા કહે છે. તે ઉપરથી એ કન્યાનુ નામ સીતા પાડયુ. સીરધ્વજને પુત્ર નહોતો. માત્ર એક ઊર્મિલા નામે ઔરસ કન્યા હતી. સીતા યોગ્ય ઉંમરની થતાં સીરધ્વજે પોતાને મળેલ શંકર ભગવાનના ધનુષ્યનો ભગ કરનારને તે કન્યા આપવાની પ્રતિજ્ઞા કરી, સ્વયંવરની તૈયારી કરી. તેના નિમંત્રણથી સમગ્ર રાજાઓ અને મહર્ષિઓ સહ આવી પહોંચ્યા દશરથ રાજા આવ્યા ન હતા. વિશ્વામિત્ર ઋષિ પણ રામ લક્ષ્મણ સાથે ત્યાં આવ્યા. સીરધ્વજના પૂછવાથી વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણ કોણ હતા અને પોતાના આશ્રમમાં શા માટે આવ્યા હતા તે કહ્યું. જો રામ ધનુષ્યનો ભંગ કરશે તો સીતાને તેની સાથે પરણાવીશ એ પ્રમાણે વિશ્વામિત્રને કહી રાજાએ સભામાં ધનુષ્ય મગાવ્યુ. રામે રમત માત્રમા જ ધનુષ્ય ઊંચકયુ, જતા ચડાવી અને તેનો ભગ કર્યો. જનકે દશરથને પત્ર લખી વિવાહ માટે તેડાવ્યા. દશરથ સકુટુંબ પરિવાર ત્યા આવી પહોંચ્યા અને સીરધ્વજે ઘણા જ સન્માન સાથે તેમને નગરમાં લાવીને ઉતાર્યા.

૨. જિ. જેની ધજામાં હળનુ ચિહ્ન છે તેવુ

> **સીરધ્વજ** ધૈરેહ તમને અભિવાદન કરે છે
> કનકર.મચરિત

સીરની જી પ્રસાદી; શેષ

સીરપ [અં.] ન ચાસણી

સીરપાણિ ૧ પુ. અત્રિ ઋષિનો એક શિષ્ય ને આયુર્વેદનો આચાર્ય

૨. [સ] પુ. બળરામ; બળદેવનું એક નામ

સીરફામ ન. દૂધના રંગનુ મોતી

સીરફીઠ જી. એક જાતની માખી

સીરમ [અં] પું. રક્તસાર; લોહીનો પ્રવાહી ભાગ; રસી, સત્ત્વ

> અનેક પ્રકારના **સીરમ** બેપારી પીચકારીઓ આપી શરીરને બરફ કરીને બદલે તેઓ આરોગ્ય જાળવવા કુદરતી-ઈશ્વરી નિયમો બનાવી રાખે છે. માપીજી

સીરમાઈ જી. એક પ્રકારની માછલી. દીવ, ધોધા અને ભાવનગર તરફથી આ માછલી આવે છે

સીરમું જિ. પાણી પાયા વિના નીપજતું. જેમકે, સીરમા ધઉ

સીરવઈ જી. એક જાતની માછલી

સીરસ ૧ ન. (કચ્છી) એ નામનું ઝાડ; મરસડી. તે કચ્છમાં થાય છે. કાળો સીરસ સી વર્ગનું ઝાડ છે વરસાદમા બી વાવી નવાં ઝાડ કરવામાં આવે છે માર્ચ એપ્રિલમા તેને સફેદ ફૂલ આવે છે. ૪૦ ફૂટ ઊંચું આ ઝાડ વર્ષે છે ઓગસ્ટમાં બી પાકે છે. સુંદર ઝાડ હોવાથી બાગના રસ્તા ઉપર અને બહેર રસ્તા ઉપર વવાય છે સફેદ સીરસ સી વર્ગનું ઝાડ છે એપ્રિલ, મેમાં વાવી નવા રોપ કરે છે જુલાઈથી સપ્ટેમ્બર સુધી લાલ ફૂલ આવે છે. એપ્રિલમાં બી થાય છે સો ફૂટ ઊંચુ ઝાડ થાય છે.

૨ ન. એક જાતનુ કપિારતી ઝાડવું.

૩. ન. એક જાતનો રોગ. આખા શરીરે લાલ ચકામાં પડી જાય છે. સીરસ પાયુ કહેવાય છે.

સીરા ૧ [હિં.] પુ. શીરો; લોટ, ઘી, સાકર અને પાણીનું બનાવેલું મીઠું ભોજન.

૨ સ્ત્રી. એક જાતનું રબ્બરનું ઝાડ. તેનાં પાન લાંબી ડાંઈ ઉપર ૩ થી ૫ વિભાગોવાળા લીલા મખમલી નસોવાળાં હોય છે. શાખાઓને છેડે પીળાં ફૂલ થાય છે અને ફળ ઝેરડી જેવા થાય છે. આ ઝાડમાંથી દૂધ નીકળે છે. તેનું રબ્બર થાય છે.

૩ સ્ત્રી પ્રા.ન્ય.
ઉપાસનાયુક્ત કર્મને **સીરા** અર્થાત્ પ્રાણ અગ્નિયુક્ત નાડીઓને ઉપાસના કર્મમાં યુક્ત કરે. વલ્લભ

સીરાઈ [ફા. સરાઈ] સ્ત્રી. ધર્મશાળા; મુસાફરખાનું.
સીરાઈમાં હમારા સબ અસબાબ બાકીત પાસ પ નર રમણભાઈ

સીરાઝ વિ. [ફા. શીરીન (મીઠું) + ઝ્રીન (સ્થિતિ)] પું. મધુરું હોવું તે; સ્વાદિષ્ટ હોવું તે; મીઠાશ; લહેજત.

૨ પુ. સરબત.

૩ પું સુવાસિત હોવું તે; પીમળા પ્રસારનું હોવું તે; વાસ ઉપરથી સ્વાદ ઉપજે એવું હોવું તે.

સીરાબણી સ્ત્રી. (જૂ. ગુ.) સવારનું ભોજન.
સીરાબણી કરી તુમ્હે પહુ.
બહિલા મંત્રો સરનિ મિલઉ જ્ઞાનપ્રકાશમમ

સીરાય ન. હિમાલયમાં વસતી ભોટોપને મળતી ઘરજાની એક જાત.

સીરિણી પું. (પિંગળ) પંદર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, નગણ, રગણ, નગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

સીરિયલ [અં.] વિ. ક્રમવાર; યથાક્રમ.
નાસ્તામાં અમને મકાની પાણી કે કોર્નફ્લેક્સ જેને આપી **સીરિયલ** છે. પ્રસ્થાન

સીરિંક્સ સ્ત્રી. ગુરંસ. સીરિંક્સ ગ્રીક ભાષાનો શબ્દ છે તે ઉપરથી ગુરંસ શબ્દ નીકળ્યો છે. સિકંદરના સમયમાં હિંદુસ્તાનમા થેરો નામની પક્ષને **સીરિંક્સનો** ઉપયોગ થતા
હિંદુ રાજ્યવ્યવસ્થા

સીરિંજ [અં.] સ્ત્રી. પીચકારી

સીરી ૧. પું. (અરબી) એ નામે એક રાગ.

૨ પુ. ચૂક; સોબાગ્યના ચિહ્ન તરીકે સ્ત્રીઓને પહેરવાનું આભૂષણ.

૩ [સં] પું બળભદ્ર; બલરામ

૪ પું શ્રી નું અપભ્રંશ; શ્રી

૫ સ્ત્રી. ભીંગડાવાળી માછલી

૬. સ્ત્રી. મીઠાશ; મધુરપણું.

૭ સ્ત્રી લહેજત; સ્વાદ.

૮. સ્ત્રી સરી; મીઠી-સ્વાદ ઉપજે તેવી વાસ

૯ ફા. શીરીન] વિ. મીઠું; મધુર; સ્વાદ પેદા કરે તેવું.

સીરીખ ન. પરણતી વખતે કાઠિયાણી પહેરે છે તે પાનેતર; કાઠિયાણીનુ રેશમી પાનેતર.

સીરીજ પું. સૌથી પહેલો સોપી કાઢેલો ઉપગ્રહ

સીરીઝ જ્ઞ (અં. માળા; હાર, શ્રેણિકાક્રમ, શ્રેણી

સીરીમા સ્ત્રી. રાજગૃહ નગરની ગણિકાની પુત્રી તે બૌદ્ધધર્મ તરફ સદ્ભાવ બતાવતી હતી. તેના મૃત્યુના અવસર આપતી વખતે બિમ્બિસારને વિનંતિ કરવામાં આવેલી કે સીરીમાના શબને ન બાળતાં તેને રાખી મૂકવું જેથી ભિક્ષુ અને ગૃહસ્થ વર્ગના બૌદ્ધ ધર્મીઓને સીરીમાનું શબ જોતાં જ પોતાની નશ્વરતાનો માર્મો ખ્યાલ આવી શકે બુદ્ધની વિનંતિ અનુસાર બિમ્બિસાર રાજાએ સીરીમાના શબને રાખી મૂકવું અને નગરજનો તથા ભિક્ષુઓને દરરોજ એ શબને જોવાનું ફરમાન કર્યું. જેના બંગ માટે દંડ પણ ફરાવવામાં આવ્યો હતો.

સીરીસ ૧. પું. એ નામના ગુંદરની એક જાત

૨ પુ. એ નામનો એક મધ્ય. મગળ અને ગુરુ વચ્ચેના લઘુગ્રહોમાં સીરીસ અને વેરટા મોટા છે તેમનો વ્યાસ ૨૦૦થી ૪૦૦ માઈલ પર્યન્ત છે.

ઈ સ ૧૯૦૧ના જાન્યુઆરિની પહેલી તારીખે પિયાઝી નામે એક જ્યોતિષીને એક ગ્રહનો પત્તો લાગ્યો તેનું નામ તેણે **સીરીસ** એવું પાડયું
જ્યોતિર્વિલાસ

સીરે વિ. શીતલ.
તપે તનુકો તન અહો અસે હીયમેં
તહ **સીરે** મન ગોહન દમાર મ

સીરોજ ૧. [ફા. સી (ત્રીસ) + રોજ (દિવસ)] પુ ત્રીસ દિવસ

૨. પું (જરથોસ્તી) મરણ પછીનો તેરમો દિવસ.

૩ પું. માસના ત્રીસ દિવસના અધિષ્ઠાતા માસેનો દરેક દિરસ્તો.

સીરોજનમાજ [ફા. સી (ત્રીસ) + રોજ (દિવસ) + નમાજ] સ્ત્રી. (જરથોસ્તી) મરનારની પાછળ મરણથી ત્રીસમે દિવસે કરવામાં આવતી બંદગી.

સીરોડું (સીરોડું) ન ઘીસોડું.

સીર્ફ [અ. સિર્ફ] અ. માત્ર, કેવળ.
સીર્ફ પાકળી એક નસ જરા ખોચાઈ
પ્રસ્થાન

સીલ ૧. [સં શીતલ; પ્રા. સીઅલ] પુ. ઠંડો છાંયો; શીળો છાંયો.
હવચઢિઅઉ ગિરિનારહ
પાજઉ, **સીલસુરદ્વિપ**મ
તિહાવાજઉ – ગિરિનાર.
ચૈત્ર પ્રવાડી સં. ૧૪૧૫

૨ પુ. (જૂ. ગુ) શીયળ.
તેહની **સીલ** અ પ્રભાવ રામબંધન તૂટે રે.
આનંદકાવ્યમહોદધિ
નાલ તં.૩૫ – પ્રથમ સંભોગ કરવો.

૩. સ્ત્રી. કાપડની જાત.

૪. સ્ત્રી. ચારિત્ર.

૫. [હિં.] સ્ત્રી. ઠંડી; બેજ.

૬. સ્ત્રી. નીતિ.

૭. [સં.] સ્ત્રી. પ્રકૃતિ.

૮. સ્ત્રી. કુલદારનો ભાગ.

૯ સ્ત્રી બાંધવા ચોડવાનો સાધ; બીજું કે તેવો બીજો પદાર્થ.

૧૦. સ્ત્રી. બ્રહ્મચર્ય.

૧૧. સ્ત્રી ભાજી તે ચોમાસામાં થાય છે.

૧૨. [અં] સ્ત્રી. મીણથી હોરો બાંધી અમુક મિશ્રની છાપ મારવી તે; મહોર લગાડી ચોંટાડેલું સાધ કે એવા બીજા પદાર્થનું બનેલું.

૧. સીલ કરવું-મારવું = સીલ લગાવીને બંધ કરવું.

૨. સીલ મારવી–લગાવવી = સીલની છાપ પાડવી

૧૩. સ્ત્રી. સદાચાર, સારો સ્વભાવ.

૧૪. સ્ત્રી. સિક્કો; પ્રતિકૃતિ; મહોર; મુદ્રા; છાપ.

૧૫. ન. કાઠિયાવાડનું એક બંદર.

૧૬. ન. દરિયાઈ પ્રાણીની એક જાતની મ.છલી; એક જાતની મોટી માછલી. એ મત્સ્ય બરફથી ઢંકાયેલ સમુદ્રમાં થાય છે અને ગોપડા પશુ જેવું જ હોય છે. એ દરિયાઈ કૂતરો છે. એનું માથુ કૂતરાના જેવું, પગ ચપટા અને માછલીની પૂંછડીની પેઠે લાંબા ગયેલા હોય છે એને ઠંડીમાં રહેવું ગમે છે. એને નવું બચ્ચાવાની હોશ હોય છે.
સીલ માછલી એવી સાથે ફક્ત દોઢ જ મિનિટ રહી શકે છે. વિશ્વની વિચિત્રતા

૧૭. ન. ઘરબાંધવું કોચિયું

સીલક જુઓ મિલક

સીલક વેચાણ ન જે માલ હાજર હોય તેનું વેચાણ કરવું તે.

સીલકી જિ સિલ્ક સબંધી

સીલબંધ ૧ જિ. અકબંધ; પેક વગર બોલેલું.
૨. જિ. લાખની મહોરવાળું; સીલ મારેલું.
૩. જિ. સીલ તૂટ્યા વિનાનું.

સીલમાવતી સ્ત્રી એ નામની એક નદી.

સીલવું [અં. સીલ] ન સીલ કરવા માટેનું સાધન

સીલવર્ય પું ભાદરવા સુદિ ૮ને દિવસે પૂજા કરીને ચોખાના લોટમાં માખણ, સાકર, તલ અને કોપરું ભળવીને લાડુ નૈવદ્ય તરીકે ધરવામાં આવે છે તે

સીલવરમન પુ. એ નામનો ઉત્તર હિંદમાં હિમાલયની ગોદમાં ત્રીજી સદીમાં થઈ ગયેલ રાજા. તેણે અશ્વમેધ યજ્ઞ કરેલો હોવાનું જણાય છે. આ સબંધે એમ કહેવાય છે કે હિમાલયની ગોદમાં ફરતાંફરતાં પડ્યા, અશ્વમેધ યજ્ઞનાં ચાર પુરાણાં રકાબો મળી આવ્યાં છે આ રકાબીઓમાંથી બાંધ કેલાવાની સ્થિતિના ગરુડ પક્ષીની આકૃતિ પણ મળેલ છે. ત્રીજી સદીના સમયના, કેટલાક અવશેષો મળ્યા છે, જેમાં પ્રથમ અશ્વમેધ બતાવતા બ્રાહ્મી લિપિમા સંસ્કૃત શ્લોક અપાયેલ છે. રાજા મીલવરમને આ યજ્ઞો કરાવ્યા હોવાનું જણાય છે

સીલવું ૧ ક્રિ ગરીબાવું.
૨. જ ક્રિ. સહવું; ખમવું

સીલાસુંદી સ્ત્રી. સગાઈ થયા પછી અને વિવાહ થયા પહેલાં પહેલી વખત સાસરે જમ લારે જમાડીને વરને વસ્તુઓ આપે છે તે પહેરામણી.

સીલિંગ [અં] સ્ત્રી. છત; અટરવો.
ઓરડાની **સીલિંગ** ઉપર એક નજરે જોવાનું તેને કહ્યું. જયન્ત પરીખ

સીલિંડર જ. નળાકાર ખૂણાવું; ખૂણાના આકારની કોઈપણ વસ્તુ, વરાળયંત્રમાં નળાકાર જેવો ભાગ. તે પિસ્ટન અંદર અને બહાર જા આવ કરે છે

સીલિંડરમા સ્ટીમ દાખલ થતી વખતે તેની બે ટેમ્પરેચર અને સ્ટીમ એક્ઝોસ્ટ થતાની બે ટેમ્પરેચર રહે તે બે ટેમ્પરેચરો વચ્ચેનો તફાવત ઘમ બળ તેમ વધુ રાખવા એટલે એકઝાસ્ટમા જતી સ્ટીમની ટેમ્પરેચર ઓછી રાખવા માટે તેનો પ્રેશર પણ ઓછા રાખવા જોઈએ અને બોઈલરમાં જતા પાણીને બાઈલર અને ચીમની વચ્ચે મૂકેલા ઈકોનામાઈઝરના પાઈપોમાંથી પસાર કરી વધુ વરમ પણ કરવું જોઈએ
પ્રોફેસર ઇજિનિયરિંગ ફ્રેન્ડબુક

સીલીકા ન. પૃથ્વીના પડમા રહેલું એ નામનું તત્ત્વ, રેતી તે કુદરતી રૂપ હોય છે રંગ સફેદ રતાશ પડતું, સફેદ રેતનું અને ચળકતું હોય છે. તેના ઉપર કુદરતી ઝીણું પરિવર્તન બહુ ધીમું થતું હોય તો તેમાંથી શુદ્ધ રેતીના કણ બને છે.
ઘઉં અને જવ વગેરેના પરાજમાં **સીલીકા** (રેતી)નો ભાગ વધારે હોવાથી તેનું પરાળ વધારે વખત ટકી શકે એવું હોય છે.
ખેતીવાડી વિજ્ઞાન

સીલીકેટ પુ ચકમકનો પથ્થર.
સીલીકેટ (ચકમકનો પથ્થર એ રસ એ પથરા વચ્ચે થયા અમદ મોટા પથ્થરના પેટામા મૂકે છે. ત્યા એના બનાવના આધાર થઈ જાય છે
અમપડા

સીલીંદાણા પુ ૧ ૧ મરઘાના નીકળતા મોતી ન બરાબર મોતી જેવા પદાર્થના હોય છે.

સીલું જિ. ચકમકીલું, કઠીનું

સીલેક્ટ કમિટિ [અં.] સ્ત્રી. પ્રવર સમિતિ; એક મોટી સભામાંથી કોઈ કામ કરવા માટે અમુક ચૂંટી કાઢેલ સભ્યોની સભા

સીલેદાર ૧. [અ. સિલાહ (હથિયાર) + દાર] પું. ઘોડાના અર્થે સજ્જિત પગારદાર નોકર
૨. પું. ઘોડેસ્વાર ટુકડીને ઘોડસવાનું કામ કરનાર
૩. પું. હથિયાર રાખનાર માણસનો એક હોદ્દો.
મુનેજર, રેસાલદાર, ને **સીલેદાર**
ઈ. સા. ઇસાઈ

સીલેનીઅમ [અં] ન એક પ્રકારનું રાસાયનિક તત્ત્વ; નિસાની સી અને અણુઓનું વજન ૭૯ રસાયણોમાં ઉપયોગમાં આવતું રાસાયનિક તત્ત્વ. તે ૧૮૧૭મા સલ્ફ્યુરિક એસિડ બનાવતા કારખાનામાંથી શોધી કાઢવામાં આવેલ હતું. જુદા જુદા રૂપવાળું તે રસાયનિક બંધકને મળતું આવે છે. સીલેનીઅમને પ્રકાશમાં રાખવાથી વીજળી પસાર થવાની તેની શક્તિમાં વધારો થાય છે તેથી તે ઓપ્ટોફોન અને ફોટોની ફિલ્મના પ્રોજેક્શન જેવા હથિયારોમાં વપરાય છે

સીલોન [ફા. સરન્દીપ (સક્કા)] પું સિંહલદ્વીપ; લક્ષ સીલોન દેશ કેરીના આકારનો છે આ કેરીની કુદરતી કિનારીએ મોટાં મોટાં શહેરો આવેલા છે. પશ્ચિમમાં કોલંબો છે. કોલમ્બોથી ફરવા નીકળવું હોય તો કુદરતી કિનારે ખુલ્લા મોટા બાર સમુદ્રને કાંઠે કાંઠે જ પાકા રસ્તાઓ છે. આજુબાજ ટ્રેન ચાલતી હોય છે ટ્રેનમા કે મોટરમાં દરીઆના મોજાંમાં માણીના છાંટાં ય આપણને ઊડતા હોય. ઊંચાં ઊંચાં નાળિયેરીનાં ઝરોડો ઝાડથી ભરેલો છે. રબરનાં ઝાડ પણ ઘણાં છે. ચાના બગીચાઓનો કાર્ય કહ્યાન નથી. સીલોનની ચારે કરતો દરિયો છે અને કિનારા તરફનો ભાગ ઢોળાવવાળો છે ઉત્તરનો તે દક્ષિણ સુધી મોટી મોટી કુદરમાણાઓ છે પણ એ કુદરમાળાઓ લીલી હરિયાળી લીલોતરીયા ભરપૂર છે લીલાં લીલાં ઝાડવાં ઝુડવાળાં જગલોના જગલોથી આખો દ્વીપ ખાનોખાય ભર્યો છે આકરે ચારસો માઈલ લાંબો ને ત્રણસો જ માઈલ પહોળો આ દ્વીપ દર વર્ષે ઓછામાં ઓછો ૫૦ ૬૦ ઇંચ વરસાદ તો વધારેમાં વધારે ૧૫૦ ઇંચ જેટલો વરસાદ અહીં થાય છે એટલે પાણીનો ધોધાર તો અહીં પૂર્વ પશ્ચિમ બને તરફના વરસાદ પવનોને લીધે નવેક મહિના વરસાદ આપ્યા કરે તેનું બને છે. ઠાઢ તાપની ઋતુઓની અસર સામાન્ય જણાય. અનરાધાર વરસે એ રીતોનાનાં કટાયેલાં જૂના શહેરમાનું એક છે. ચારસો વરસ સુધી એ રાજાની રાજધાની શહેર હતું સિંહાલીની પ્રજાના જૂના રાજાઓ આ રાજ્ય કરતા. મોટા મોટા મહેલો અને મોટાં મોટાં બુદ્ધનાં મંદિર અને મઠો આ વિસ્તાર એક વાર ભવ્ય દેખાતો હતો. આજે માર્ગોના વિસ્તારમાં પથ્થરના ચોરસાઓ, તળાવો વગેર જૂની બાંધણીની નિસાની રૂપે ઊભેલાં છે. એનાં કોતરકામ અને વિસ્તાર એ વખતની કારીગરી અને દબદબાની સાખ પૂરે છે. આ આસપાસની ગીચ ઝાડીઓમાં જંગલી હાથીઓનાં ચમકો પણ જોવા મળે છે. પર્વતમાળાની ટોચે ન્યૂરેલા નામ આવેલું છે. આપણા ગિરનારની ઊંચાઈ ૫-પાર હજાર ફૂટ છે. આની ઊંચાઈ સાડાસાત હજાર ફૂટ છે. યુરોપના કોઈ ઠંડા પ્રદેશમાં જેવી ઠંડી લાગે તેવી અહીં પડે. કેન્ડી પણ સિંહાલીઝ લોકોનું ઐતિહાસિક શહેર છે. ચારે બાજુ ડુંગરમાળા છે. વચ્ચે ખીણમાં આ શહેર છે. શહેરની વચ્ચ તળાવ છે આની સુંદરતાની તો કલ્પના કરવી અશક્ય છે. અહીં જ બુદ્ધનો એક દાંત સાચવવામા આવેલો છે. તેના ઉપર એક ભવ્ય મંદિર ચણાયું છે દોઢસોએક માણસો આપણા મંદિરોમાં એકઠાં થઈ ભક્તિ કરે છે તેમ અહીં પણ બુદ્ધ ભગવાનની પૂજા કરવામા આવે છે અને બુદ્ધ ભગવાનના ઉપદેશના પાઠ ભણે છે.

સીલોસીબ્રા જ. એક જાતનો છોડ તેનાં પાન કાકડા કોમનાં પાન જેવાં હોય છે. તેને લાબડી જેવાં ફળ આવે છે

સીહપા [અં] ન શરીરમા આવતા કરા જેવા સૂક્ષ્મ તાંતણા. તે લગભગમા એક ઇંચના ૫,૦૦૦મા ભાગ જેટલા શરીરની

અંદરનો. કેટલાક ભાગની સપાટીના રજકણ ઉપર આવેલા અને ત્યાં કેપની માફક થર થર ચાલતા અતિશય સૂક્ષ્માકારના હોય છે અને જેમ પવનથી ઘાસ ચાલે છે તેમ તે નિરંતર એક જ તરફની ગતિએ ચાલતા જોવામાં આવે છે આવી ગતિને લીધે પ્રવાહી અથવા બારીક પદાર્થ તેમના સંબંધમાં આવે છે તેને તેઓ બહાર મોકલે છે

તાજાં મુડદામાંથી આવો કોઈપણ ભાગ કાઢીને સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવાથી જેવી રીતે ખેતરમા પવનથી ઘાસ હાલે છે તેમ નિરંતર એ **સીલણ** હાલતા જોવારે. ડો ત્રી મો. શાહ

સીલલા ન જ ન. એ નામનાં વહાણ.

પ્રથમ રોડ પાસે **સીલલા** નામના પચાસ વહાણ હતાં. ઝા ઉપ

સીવણ ૧. [સં. સીવના] પુ એક જાતનુ ઝાડ. તેનાં પાન મોટાં અને મજબૂત ગાળા હોય છે તેને પીળા રંગના ફલો થાય છે. તેનું લાકડું જોવાં કાળ થાય છે પરદેશી સીવણની બીજી જાત થાય છે.

૨. પું. સાલપર્ણી

૩. સ્ત્રી. જ્યાં સીવ્યું હોય તે જગ્યા.

૪. સ્ત્રી. સીવણી; સીવવાની રીત; ઢાંકા.

૫ ન. બૃહત પંચમૂળ માંહેનો એક ઔષધિ

સીવણકામ ન. સીવવાનું કામ કે કારીગરી.

સીવણી ૧. સ્ત્રી. એ નામે એક ઔષધ.

૨ સ્ત્રી પૃથ્વીઓટના સમીસલના સ્થળથી મળધાર સુધીનો પ્રદેશ.

૩. સ્ત્રી. સીવવું તે; સીવવાની ક્રિયા; સીવવાની રીત.

સીવણું ન. કપડાં સીવવાનુ કામ.

સીવની સ્ત્રી જનાવરના મૂત્ર તથા ગુદાના છિદ્રની વચ્ચેનો ભાગ

સીવરો પું. સુતાર, લુહાર, સોની વગેરેનું વસ્તુ પકડી રાખવાનું ઓજાર.

સીવવું ૧. સ્ત્રી. ચોસઠ માંહેની એક કળા

૨ સં. સિવ્ પ્રા. સિવ્વ, સીવ] સ. ક્રિ. આપદોરા વડે સાંધવું; ટાંકા મારી જોડવું

સીવા ૧. [હિ.] પું દરજી

૨ ન સિવાય.

સીવાઅબ્જ ન. સિવડામણ. સિલાઈ

સીવિગાર્ડ [અં] પુ. સઢેરસંરક્ષક કળ.

સીસોરિયાં ૧ પુ એક જાતનો છોડ. તે કાર્બંકર ઊભા વધતા હોય છે અને કોઈવાર જમીન ઉપર પથરાયેલ હોય છે. તેના પાન લાબા અને ઝૂલા પીળાં ફૂલના ચક્રાકાર હોય છે ફૂળ કાળીજીરી જેવા લાંબાં બારા રંગનાં હોય છે અને ત્યારે કડવાં હોય છે

૨. ન જ ન સોનામક્ષિયા.

સીસક ૧ ન. સિંદૂર.

૨ ન. સીસુ; સાત મુખ્ય ધાંહેની એક ધાતુ.

સીસકનત્રિત ન. એ નામનું એક રસાયન.

સીસકો ૧. પું. કોઈને ઉશ્કેરવા માટે દાંતમાંથી પવન ગાંદીને સી સી એમ લાંબોટકો અવાજ કરવો તે.

૨. પું. સીસાગર; સીસાવાળો; સીસાનુ કામ કરનાર.

૩. પુ મોં સી એમ દાંતમાંથી પવન નાખો એવો અવાજ કરવો તે; ટાઢથી જેવી વસ્તુ અચાનક અડકતાં કે કાંઈ ગરમ વસ્તુથી દાઝતાં કે બીજા સામાન્ય દુઃખની લાગણીથી સ્વાભાવિક સી અવાજ થઈ જાય છે તે.

૪. પું. સીસ સીસ કરીને કોઈને બોલાવવું તે.

૫. પું સુસવાટ

સીસઘટી [પ્રા. સ. શીર્ષઘટી] સ્ત્રી. માથાની ખોપરી.

સીસધાતુ પું. સીસુ

સીસપેન સ્ત્રી પેનસિલ.

સીસમ ૧. પું. વર્ષે થતો છોડ. હિંદુસ્તાન અને પૂર્વના દેશોમાં મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે તેના બીજમાંથી નીકળતું તેલ રાંધવાના કામમાં વપરાય છે. તે સાબુ બનાવવા, વસ્તુ સંરક્ષણ કરવાને, રોશની કરવામાં પણ વપરાય છે.

૨. [સં. સીંસપા; કે સીસમ] ન. એક જાતનુ ઊંચું ઝાડ તે નવસારી પ્રાંતમાં થાય છે ફર્નિચર, ગોતરકામ, તોપની ગાડી માટે વપરાય છે આ ઝાડનું રોઝવૂડ અથવા બ્લેકવૂડ એ સસ્તાથી ઓળખાય છે તે પણ ટકાઉ અને મીજોગીમ કામવાળું હોય છે. બીજુ સીસમ પણ થાય છે. મૂંદર ઝાડ મજબૂત હોય છે અને સીસમ ગિલટીને મટાડે છે

૩ [સ સિરપા] ન એક જાતનુ ઝાડ આ ઝાડ મધ્યમ કદના હોય છે હિંદના પ્રહાડી પ્રદેશમાં સર્વત્ર થાય છે હાલ તેનાં મોટાં વાવેતરો થાય છે સામાન્ય જમીનમા પણ ઊગી શકે ઝાડનું મુલ્યવાળી ગ્રાય લેવું, કાળા રંગનું, મજબૂત, ઊધઈરોધક, ટકાઉ, ઘાટે નહિ તેવું હોય છે ફર્નિચર, ગાડાગાડીઓ, ખેતીનાં ને બીજ ઓજારોના દાંડા, પગથીઓ અને અરીસાઓની ફ્રેમો, પટીઓ, કબાટો વગેરે વસ્તુઓ બનાવવામા વપરાય છે. વહાણ કે બારીક દરવાજાઓનો પ્રવાય રક્તશોધક છે. ફોલ્લ, ગૂમડાં, ઓરી, અછબડા, શીતળા, રક્તદોષમાં તે અપાય છે. તે ઊલટી તથા પ્રમેહ બંધ કરે છે. તે અરુ ગ્રાહી અને રક્તસ્તંભક છે. પાન, છાલ અને મૂળ ગ્રાહી છે. મૂત્ર, મુદા, જનનેંદ્રિય વગેરે દ્વારા તથા અંગોમાંથી થતા રક્તસ્રાવને બંધ કરવા માટે ક્વાથરૂપે વપરાય છે મીઠા તેલ સાથે ઉકાળી ઝોલાયેલા શરીર, દાઝયા ઉપર, નાડી ચટી કે કોઈ ભાગ ખૂબ ચિરાઈ રક્તસ્રાવ થતો હોય તો બંધ કરવા ચોપડાય છે. આનું લાકડું ઘેરા કથ્થઈ રંગનું હોય છે અને તેના ઉપર ઓપ ઉત્તમ ચડે છે, માટે તે વધુ મહત્ત્વનું ગણાય છે તે થોડું બરડ હોય છે, પણ મરડાતું નથી કે ફાટતું નથી તે ગાડરચીલા માટે જેટલું વપરાય છે તેટલું ઇમારતના કામમા વપરાતું નથી કારણ કે, ગાડરચીલા માટે તેની માગણી એટલી છે કે, બાકી બાકું થોડું રહે છે અને તેનો ભાવ આજે હોય છે. દર બારકસર હોય તો, ઇમારતમાં બધા કામમાં આવી શકે તેવું છે

ગામ **સીસમ** ને ગોનું કરી ન ગધ્ય ભટ્ટ. કે.ગોસ્વામિ

સીસમડી (સીસમડી) સ્ત્રી. એ નામે એક ઝાડ. તેનાં પાન પૈસા જેવડાં ગોળ પણ અણીવાળાં હોય છે અને તેને લીલી ત્રીણી ત્રીણી સિંગો આવે છે.

સીસલ ૧. પું. ગુજરાતની પૂર્વના મુલકમાં થતી કેળકોની એક જાત.

૨. સ્ત્રી. એક જાતની કુવારની જાતની વનસ્પતિ. તેમાંથી દોરડાં બનાવાય છે તથા કૃત્રિમ રેશમ બનાવી કપડા વણાય છે.

સીસવ ન. (જૂ. ગુ.) સીસમ.

પુરાણ નારિંગ નામ, જેમ્યા **સીસવ** ઝાડ. આ.નંદશંકરજોષિ

સીસા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને સાવિત્રદના છંદ કહે છે. તેના દરેક ચરણમાં નગણ અને યગણ એમ છ અક્ષર હોય છે.

૨ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ આ છંદ મધ્યમા છંદનો એક ભેદ છે, તેને નારી છંદ કહે છે. તેના દરેક ચરણમાં એક મગણ હોય છે.

૩. [હિં.] પું દર્પણ; અરીસો; મુકુર.

૪ પું સીસુ.

સીસાગાર પુ. કાચનો મહેલ

હિંદના મૂળ કે ઉંચા **સીસાગાર** સે હિંદાક ચારદા

સીસાદાચાડ (સીસાડાવાડ) જી. શહેરના જે ભાગમાં સીસાડા લોકોની દુકાનો હોય તે, સીસાના વેપારીઓનું બજાર; ચોરાશી આહેનું એક ચૌદ

સીસાડો (સીસાડો) પ્રા. સીસીહડ્ડ] પુ સીસાનો વેપારી.

સીસાપેન જી. સીસાની બનાવટી પેન, પેનસિલ.

સીસાબાજી જી આતશબાજી; દારૂખાનું

સીસાબાજી છે એવા રસવાળો. પ્રીતમ

સીસાવેઢ [સ શીર્ષવેષ્ટ] ન (પ્રાકૃત) પાઘડી; ફેંટો.

સીસી ૧. [જા. સીશા (કાચ)] સ્ત્રી. વખત માપવાની સીસી; ઘડી

મરણ બે ભાય ઠાળતી **સીસી**ને ફેરવી નાખવી બે છે હિંદુસ્તાનના રેવાં.

૨. સ્ત્રી. શીશી; બાટલી, દવા ઇત્યાદિ ભરવાનું લાંબા બાટનું સકડ આનું કાચનું નાનું વાસણ.

સીસું ૧. [હિ.] ન અક્ષાર મુખ્ય આહેની એક ધાતુ; એક જાતની ભારે પણ વળે અને જલ્દ ગળી જાય તેવી નરમ ધાતુ. તેના ઉપર નેજાબ જેવા કડક આમ્લની પણ અસર થતી નથી. પાણી તદ્દન શુદ્ધ હોય તો તેમાં બહુ થોડા પ્રમાણમાં સીસું ઓગળે છે અને આ રીતે તે આપણા શરીરમાં જાય તો રોગ થાય છે. સીસાનો ઉપયોગ છાપરાના બે ઢાળ મળતા નીક થાય ત્યાં તેની પરનાળ બનાવી પાણી વહેવડાવવા માટે કરવામાં આવે છે. ભોજ ઉપર પણ તેનાં પતરાં વાળી વાપરવામાં આવે છે. છાપરા ઉપરનાં જસ્તાનાં પતરાં જસ્તાના રહ્યની પીઢિયામાં પીલવા માટે સીસાની ચક્કીઓ વાપરવામાં આવે છે. કે જેથી રહ્યું સખ્ત બેસે છે. વળી ઢોળેલા પાણીના કે મેલા પાણીના નળના જ્યાં બહુ વાંક આવતા હોય ત્યા જોડાણ માટે સીસાની નળી ઠીક પડે છે, કારણ તે ગમે તેમ વાળી શકાય છે. વાણવી હોય ત્યારે સીસાની નળીમાં રેતી ભરવા માટી ઠાસી, પછી ગમે તેટલું જોર કરી વાળવામાં આવે તો પણ તે તૂટતી કે વિકૃત થતી નથી. કલાઈ કરતા એનો રંગ વધારે ઝાંખો વાદળી હોય છે. તેની ગોળીઓ અને ભટન વગરે ચીજ બને છે એકદમ કપચ તેવી તથા કપાય તે જગ્યાએ થોડા વખત માટે રૂપા જેવી ચળક તેવી તે ધરાવે છે.

૨ ન. દેશી ઔષધિની સાત ધાતુમાંની એક ધાતુ સીસું પોચું અને બહુ વજનદાર હોય છે. મકેદો, સિંદર, મુરમો અને જોદારઝાંકરો એ બધા સીસાનાં ક્ષાર છે. શોધન તથા મારણ: સીસાને અગ્નિ ઉપર તપાવી તેનો રસ કરી તે રસને આકડાના છીરમા ઠારવો. એક હાંડલીમાં આકડાનું છીર ભરી તે ઉપર સછિદ્ર ઢાકણ કરી તે છિદ્રમાંથી સીસાનો રસ રેડવો આ રસને ત્રણ વાર ઠારવાથી સીસું શુદ્ધ થાય છે શુદ્ધ સીસાને અગ્નિ ઉપર તપાવી રસ કરી તેમાં તેથી ચોથા ભાગનો અપામાર્ગ ક્ષાર નાખી અડાના લાકડાથી હલાવવો આથી તેનું ઝારીક ચૂર્ણ થશે. ચૂર્ણ થયા પછી તેનો આઠમો ભાગ શુદ્ધ મનઃશીલ નાખવું. સીસું વાપરવું બહુ જ જોખમ ભરેલું છે માટે તે વાપરતી વખતે દરેક વૈદે ઘણી જ સાવચેતી રાખવી. જો તે અશુદ્ધ વપરાય તો ગુલ્મ, કૃષ્ટ, રક્તવિકાર વગેરે થઈ આવે છે. સીસામાંથી નાગભસ્મ તથા વડવાનળ રસ નામની દવાઓ બને છે. ઉપયોગ: ક્ષય, પ્રમેહ, સમદની. અગ્નિમાંદ્ય ઉપર તે અપાય છે. તે પૌષ્ટિક ઔષધ છે. તેને વીર્યની વૃદ્ધિ કરનાર માનવામાં આવે છે

૩. ન નાગ

૪ ન પોલાદ

૫ ન ભીમ

સીસો ૧. પું. આદુઅવળ ભમાવી પોતાના ભતનું કરવું ત

સીસામાં ઊતારવું = (૧) ઇતવું; વશ કરવું (૨) તેજ હરી લેવું. (૩) વિરુદ્ધ વિચાર ખરાબર ગળે ઉતારવો; ખાલી ન રહે એવા કોઈ દઢનિશ્ચયી બનાવવું

૨ પુ. આશરે ત્રણ ફૂટ ઊંચા થાંભલા ઉપર મૂકવાનું એક લાંબું પાટિયું એ પાટિયા ઉપર બાળકો બેસીને પગથી તેને ઊંચું નીચું કરતાં આ બેસે રમે છે એ પાટિયું પડી ન જાય પણ ઊંચું નીચું થઈ શકે એવી રીતે તેને બરાબર વચમાંથી થાંભલા ઉપર બેસાડેલું હોય છે. આ બેસથી બાળકોને સારો આયામ થાય છે અને મજબત પણ બને આવે છે.

૩. પું. તેજ હરી લેવું તે

૪. [હા શીશા (કાચ)] પું. સાકડા મોંનુ નળાકાર કાચનું વાસણ; મોટી શીશી, સીસો; બાટલો.

સીસોટી ૧ સ્ત્રી એક જાતનું સાકડું. તેની હાથમા રાખવાની લાકડીઓ બહુ સારી થાય છે.

૨. સ્ત્રી. એક જાતનું વૃક્ષ તેનાં પાન લાબાં, ૨ ઇંચ પહોળા કિનારીદાર હોય છે. તેનાં ફૂલ પીળાં અને ફળ પ્રથમ પીળાં અને પછી કાળાં થાય છે. ફળ તુરા થાય છે અને ગ્રહનું થડ બાજુ સીધું હોય છે. તેને પાલીમ સારો લાગે છે. ચોમાસે ઝાડ પાન અને ફળથી ભરાયેલું હોય છે. તે સર્વાંગ ઉપયોગી છે

સીસોટી ઉપલેહ, ઝાડી અને વિષ્કર ઇ વનસ્પતિશા.

૩. સ્ત્રી ભીંત વગી વગાડવાનું વાદ્ય.

સીસોડું ન. સીસોટીનું ફળ

સીસોડાં મંગેઠાની પેઠે લોકો ખાય છે વનસ્પતિશા.

સીસોડા (સીસોડા) ન. એક જાતનો વેલો કારેલા જેવાં ફળ ઝીણાં તથા વેલા પણ કારેલાં જેવા થાય છે

સીસોડી (સીસોડી) ન. (કચ્છી) એક પ્રકારનો છોડવો. તે જમીન ઉપર પથરાયેલા હોય છે. ફૂલ પીળાં લાબી નળીવાળાં હોય છે. ફોકરાં તે વગેરે છે. ફૂલ તથા ફળ સાપ સાથે પ્રબદ્ધ ઉપર ફાય લાગે છે

સીસોદિયા પું ન ન. એ નામની શાખાના રજપૂત. સીસોદિયા રામના પુત્ર લવને મૂળ પુરુષ માને છે ને સૂર્યવંશી કહેવડાવે છે.

સીસોદ્યાં ૧. ન. સાદડી

આ ફકરીનું નામ તેનો આકાર **સીસોદ્યાં** (જેને અંગ્રેજમાં પોકયુપાઈન કહે છે) તેને નામનો આવયવી અ.પેલુ છે.

મુનશીનો વેપારી અનુભવ

૨. ન. ન ન. સાદડીનાં અણીદાર પીંજ

સીસોળિયું ૧. ન. સલાકા

૨. ન. સાદડીનું અણીદાર પીંછુ.

સીસોળિયાંવાળો પ્રાણી જેવા કે કાદુડી.

ભૌતિક વિજ્ઞાન

સીસ્ટેરી પુ. રોમમા ચાલતો રૂપાનો સિક્કો.

સીસ્ટેરીની કીમત દોઢ રૂપિયા મોસલ કરતા વધારે હોવાથી પાચ કરોડ સીસ્ટેરી આશરે ૨૬ લાખ ૫૦ હજાર પેસર જેટલી થાય

પુરાતત્ત્વ

સીસ્તાન પુ. સકસ્થાન

શક લોકો અફઘાનિસ્તાનની હેલમંદ નદીની ખીણમા ઊતર્યા ત્યા તેઓ ઘર કરી રહ્યાથી એ પ્રદેશ **સીસ્તાન** એટલે શકસ્થ.નના નામે ઓળખાતો થયો. ઇ હ. મુખ

સીસ્નેલકડલ સ્ત્રી એક જાતની માછલી

સીસ્મોગ્રાફ ન. ધરતીકપ નોધવાનું વેધશાળામાં રાખવામા આવતું એક યત્ર. આ યત્રની રચના બાવ સહેલી છે. તેમા એક મોટી સીમેંટની શિલા ૩૦થી ૪૦ ફૂટ ઊંડી જમીન સાથે જોડવામાં આવી હોય છે. આ શિલા સાથે એક સોય જોડવામાં આવી હોય છે તેની સાથે એક બાજી સોય જોડેલી હોય છે જ્યારે ધરતીકપ

થાય છે, ત્યારે શિલા પ્રસૂતિ છે. શિલા સાથે પહેલી સોય પણ પ્રસવ માંડે છે. તે પ્રસૂતિને મોટું સ્વરૂપ આપવા તેની સાથે જે બીજી સોય જોડેલી હોય છે તે પ્રસવે છે. આ સોયની પ્રસૂતિની નોંધ થાય છે. તેના ઉપરથી ધરતીકંપ કેટલો આવ્યો અને કયાં થયો તે બરાબર પડે છે. નાંધ ઉપરથી ધરતીકંપ કયાં થયો તે શોધવાનું સહેલું છે. પહેલાં બધી વેધશાળાની નોંધ જેવી કરાય છે. ત્યારબાદ સ્કેલ પ્રમાણે મુખાકૃતિ, પુતા અને દિલ્હીના માપ પ્રમાણ વગેરે આકૃતિમાં બતાવ્યા પ્રમાણે દોરવામાં આવે છે આમ જ્યાં ત્રણ વર્તુળ એકબીજાને કાપે ત્યાં ધરતીકંપ થયો હોય એમ નક્કી થાય છે. ત્યાર બાદ મુખાકૃતિથી કેટલા માઈલ અને કઈ દિશામાં ધરતીકંપ થયો છે તે શોધી કાઢી ગામનું નામ જાહેર કરે છે. આમ આવી રીતે ધરતીકંપ નોંધાય છે

સીહલ [સં. સિંહલ] પું સિંહલદ્વીપ

સીહા ૧. પું (જૈન) સિદ્ધ

૨. [સં. સિધ્ધ)] વિ. અધિકારમય; કાળું

સીહાગોરા ન. એક જાતનું પ્રાણી

સીહાગોસ બોબડામાં ને ગલગોટામાં છે.

ગુજરાતન. સર્વસંગ્રહ

સીહુંડ પું. હાયલો થોર. વજ્જ અને સીહુંડ એ બે પર્યાયવાચક નામ હાયલા થોરનાં છે.

સીહોરિયાં ન. પુરુષવર્ગને કાનમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

સીહોળિયું ન. પીપ

એના બાલાં જેવા **સીહોળિયાં** (પીછાં) ઊભાં કરે ને સામે દોડે. ત્રિભુવનદાસ

સીળસ ન. ઉચરકાનો વિકાર; ચામડી ઉપર લાલ ચાઠાં પડી જાય ને થોડી વારમાં નાબૂદ થઈ જાય એવો રોગ.

સીળી સ્ત્રી શીળી; બળિયા; ચેપક; કાકા બળિયા.

સીળું ૧. વિ. ભાયડો; શીળુ

૨. વિ. ઢાંકું

૩. વિ ધીમું; નહિ ઊતાવળુ.

૪ વિ. વિવેકી; ગુણવાન

૫ વિ શીળુ; નરમ સ્વભાવનું; ભોળું; ઠંડી પ્રકૃતિનું

સીળો જુઓ સીળ

સીંકરણ ન. ચામડાના કોગળાની મશિ એટલે લાકડાની ચીપ તથા કોગળને બાંધવાની દોરી

સીંકલવું સ ક્રિ. જડબે સલાક કરીને બાંધી લેવું

આવી રીતે કોઈ કોમે યુક્તિથી રેવાને **સીંકલી** લીધો. લોકસાહિત્ય

સીંકલી જી. છીંકણી

સીંકલું ન. બળદને મોઢે બાંધવા છે તે નાનું સીંકું.

સીંકું ન. દોરી કે તારે ગૂંથીને બનાવેલી ચહેર લટકાવવા એવી ઝોળી; સીંકુ

બીજના બાંડાં કચમ **સીંકે** ચડશે

સામળ

સીંકોના ન. એક જાતની દવા તરીકે વપરાતી વનસ્પતિ; સિંકોના. જેમાંથી આપણે ક્વીનાઇન મેળવીએ છીએ તે સીંકોનાના ઝાડની છાલને પાણીમાં પલાળી સત્ત્વ ખેંચવામાં આવે છે તેને ક્ષય નાશન કહે છે આ ઝાડ ૧૫થી ૨૦ ફૂટ ઊંચા થાય છે. તેઓનું મૂળ વતન બોલીવીઆ, પેરૂ અને દક્ષિણ અમેરિકના પહાડો છે. રાતી છાલના સીંકોનાના ઝાડને સીંકોના સક્રીઅબ્રા કહે છે. બીજા સીંકોનાનાં ઝાડ પીળી છાલનાં થાય છે. તેને કૉમબાઈ તથા લેજર્સબાર્કના કહે છે આ બધામાંથી લેજર્સબાર્ક સીંકોનાનાં ઝાડમાંથી પહેલાં નંબરનું ક્વીનાઇન થાય છે. પેરૂના વાઇસરોયની લેડી કાઉન્ટેસ ઓફ સીંકન નામની હતી. તેને તાવ આવ્યો ત્યારે સીંકોનાની છાલમાંથી ક્વીનાઇન બનાવી આપવામાં આવેલું. તે ઉપરથી સીંકોના નામ પડયું. આપણા દેશમાં નીલગિરિ ઉપર આનું વાવેતર છે તથા સીલોનમાં છે. સીલોનથી એક કરોડ સાડ રતલ સીંકોનાની છાલ ક્વીનાઇન બનાવવા પરદેશ ચડે છે. આપણી સરકાર સીંકોનાનું વાવેતર કરે છે. જાવામાં પણ સીંકોનાનાં ઝાડ થાય છે. જે જમીન ઘણી ફળદ્રુપ વનસ્પતિજન્ય પદાર્થવાળી છે ને જેની અંતર ભૂમિમાં પાણી ભરાઈ રહેતું ન હોય તેમાં આ ઝાડ સારાં થાય છે. ૪૦૦૦ ફૂટથી ૬૦૦૦ ફૂટની ઊંચાઈ એ ઠંડી હવામાં જ્યાં સાધારણ વરસાદ હોય અને પવન બહુ નુકસાન કરતો ન હોય એવી ઓથવાળી જમીન ઉપર આનું વાવેતર કરવામાં આવે છે. રાતી છાલનું સીંકોના ૨૦૦૦થી ૨૦૭૦ ફૂટની ઊંચાઈ સુધીમાં ઊગે છે. ડાળીના કટકા વાવવાથી નવા રોપા થાય છે અગર બી વાવી કે ડાળી જમીનમાં દાબી, મૂળ નવાં મૂકે ત્યારે રોપ કાઢીને પણ બીજે વાવવામાં આવે છે. સીંકોનાનાં બી બહુ બારીક હોય છે તેટલા માટે ખાતરવાળી બારીક માટી તથા રેતી પાતરાંનાં ખાતર સાથે ટોપલામાં ભરી રોપવાં અગર ક્યારામાં પણ સાવચેતી રાખી રોપવાં બારીક કાણાંવાળી ઝારીથી પાણી છાંટવું. વાવ્યા બાદ ત્રણ અઠવાડિયામાં બી ઊગી નીકળે છે. બે ઇંચના રોપા થાય એટલે ફેરવી બીજા ક્યારામાં વાવવા અને પાણી પાવું. ૮ કે ૯ ઇંચ મોટા થાય ત્યારે કાયમની જગ્યાએ બે ફૂટ ઊંડા પહોળા ખાડા ગાળી, જમીનમાં બે ફૂટ ઊંડા પહોળા ખાડા ગાળી, જમીનનું ખાતર ભરી, દોરીનો ખોળો નાખી રોપવા બાર ફૂટને અંતરે આ રોપા વવાય છે સીંકોનાનાં થડને મૂળની છાલમાંથી ક્વીનાઇન બનાવે છે. મૂળની છાલનું ઉત્તમ થાય છે. ઝાડમાંથી નીચે મુજબ છાલ ઉતારવામાં આવે છે. (૧) સીંકોનાનાં ઝાડની પાતળી ડાળીઓ કાપીને (૨) ૭ વરસનું સીંકોના થાય ત્યારે જમીન ઉપરથી તેનું થડ કાપી છાલ લેવામાં આવે છે આથી ઝાડ ફરી સીધું ફૂટે છે. (૩) ઉપરથી છાલ ધીમેથી છોલી લેવામાં આવે છે જેથી કેમબીઅમ લેયર એટલે અંતરછાલ નીચેનો રસ લાઈ જનારો ભાગ ભય થયા ન પામે. આ રીતે બે બાજુની છાલ ઉતારવામાં આવે છે. (૪) કોઈ ઊંચ પહોળી થડની છાલ ઉતારવામાં આવે છે અને પછી થડ ઉપર સેવાળ મૂકી પાટા બાંધી લેવામાં આવે છે. એટલે બે વરસમાં નવી છાલ આવી જાય છે તેને ઉતારી લેવામાં આવે છે. તો તેમાંથી પ્રથમ કરતાં વધારે ક્વીનાઇન નીકળે છે. (૫) છાલને તાપમાં સૂકવી ગાસડીઓ બાંધી પરદેશ મોકલવામાં આવે છે એક એકરે ૬૦૦ રતલ સૂકી છાલ નીકળે તો કુટુંબનો ખાધુ ગણાય છે. અગર સાત વરસનાં સીંકોનાનાં ઝાડમાંથી બે રતલ છાલ નીકળે તો તે સરાસરી સારી ઊપજ ગણાય છે. તે વિષમજ્વર ઉપર ઘણી જ અકસીર દવા ગણાય છે.

સીંખળવીંખળ વિ. ચૂથાઈ ગયેલું; બીબાંઢ ચૂથાઈ ગયેલું

સીંગ ૧. પું દક્ષિણમાં આવેલ કુરુબેરી પ્રદેશ

૨. પું સિંહરાજ.

૩. પું. સિંહ

બોબા કેમ **સીંગને** વને અન્ન આપી મરે

સામળ

૪. [સં. શુમ; પ્રા સિંગ] સ્ત્રી. જેમાં બી થાય છે તેવી લાંબી વસ્તુ; સિમ્બિકા.

૫. સ્ત્રી. બહાદુરી.

૬. [સિ] સ્ત્રી સિંગડું; સિંગ

૭. ન. એક પ્રકારનું સુષિર વાદ્ય, રણશિંગ.

૮ ન. તેજ; પ્રકાશ

૯ ■. પશુ.

૧૦ ■. બાજરનું

સીંગદાણા ૧ પું ન ન. સીંગમાંથી નીકળતા દાણા

૨. પું. ન. ન મગફળીનાં બિયાં

સીંગફળી સ્ત્રી મગફળી; માંડવી

સીંગારા સ્ત્રી. એક જાતની માછલી; સિંગારા

સીંગિણ [પ્રા.] સ્ત્રી ક્રમાનુ; ક્રમશઃ; અનુપ. સીંગિણિ ષષ્ઠીક્ત તીર. કાન્હડદેપ્રબંધ

સીંગોટી સ્ત્રી જનાવરનો અદલોબદલો કરવામા આવે તે ઉપરનું દાણુ, સિંગડા ઉપરનો કર; પુછડી વેરો.

સીંઘડા ન. (જૈન) સંવત ૧૧૧૭મા રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને શ્રી જિનદત્તસૂરિજીએ સ્થાપેલુ ઓસવાળ વંશનુ એક ગોત્ર

સીંઘણિયું ૧. ન. પાણી સીંચવાનું પાત્ર કે સાધન.

૨. [સં. સિંચન; પ્રા. સિંચણ] ન. સીંદરીનું બનાવેલું પાણી ખેંચવાનું દોરડું; કૂવામાંથી સીંચવાનું દોરડું

સીંચવું ૧. સ. ક્રિ. ઉપરાઉપરી મોકલવું; મોકલવું.

૨. સ. ક્રિ. ખેંચવું

૩. સ ક્રિ. છાંટવું; રેડવું.

૪ સ ક્રિ. ઝાડને પાણી પાવુ.

૫. સ ક્રિ. પાણી કાઢવા માટે ઘડો કે દોરડું કૂવામાં નાખવું

૬. સ. ક્રિ. ગાળવું

સીંચાઈ ૧. સ્ત્રી. પાણુ; પાણી પાવાની ક્રિયા ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ સને ૧૯૫૪ની ૮મી જૂનના રોજ સવારમાં પંજાબ અને એક બીજાની કળ દબાવીને દુનિયાની સૌથી લાંબી નહેરમા પાણી વહેતું મૂકીને ઉદઘાટન ક્રિયા કરી હતી. ભાકરા નાગલની આ નહેર ભારતના એક સૌથી મોટા વેરાન વિસ્તારમાં પથરાયેલી છે અને પંજાબ, રાજસ્થાન અને પેપ્સુના ૬૦ લાખ એકર જમીનને હવે પાણી પૂરું પાડશે ભાકરા નાંગલ યોજના હેઠળ બે જળાશયો, બે વીજળી મથકો, નાગલ હાઇડેલ ચેનલ, એક નવી સીંચાઈ વ્યવસ્થા અને જૂની નહેરોના વિસ્તારવધુનો સમાવેશ થાય છે. નાંગલ બાતેનો બંધ બંધાઈ ચૂકયો છે. નાંગલ બંધ વડે બનતા જળાશયમાંથી નાંગલ હાઇડેલ ખાડી નીકળે છે. એનું મુખ્ય કાર્ય બે વીજળી મથકોને તેમ જ કપાર નજીક ભાકરા મેઇન કેનાલને પાણી પૂરું પાડવાનું છે આ ખાડી મથકો લગભગ ૧૪૦ ફૂટ પહોળી છે અને એના પાણીનુ ઊંડાણ ૨,૦૪૬ ફૂટ છે. આ વિસ્તારનો કુદરતી ઢોળાવ ખાડીના ઢોળાવ કરતાં વધુ આકરો હોવાથી ઇજનેરોએ આ વિસ્તારમાં બે વીજળી મથકો બાંધ્યાં છે એક નાંગલ બંધથી બાર માઇલે ગબુવાલ ખાતે અને બીજું એથી ૭ માઈલ છેઢવાસે કોટલા ખાતે. બંને પાવર હાઉસ મળીને ૬૬,૦૦૦ કિલોવોટ વીજળીનું ઉત્પાદન થશે. આજને જતાં એમાં પણ જરૂરત જણાતાં વધારો કરવાની જોગવાઈ રાખવામાં આવી છે અહીંની પાવાનીજમીનમાંથી પાણી દૂર કરવા માટેની યાંત્રિક સામગ્રી ભારતમાં જ બનાવવામાં આવી છે અને એ રીતે ભાખરા યોજના કિંમતની બચત થઈ છે. ગંગુવાલ વીજળી મથકની વીજળી થોડા વખતથી જ મળવા માંડશે અને કોટલાનુ વીજળી મથક થોડા વખતમાં તૈયાર થઈ રહેવાની ધારણા છે ભાકરા-મેઇન કેનાલ ૧૦૮ માઈલ લાંબી છે. બધું મળીને ત્રણ નહેરો છે નાંગલ હાઇડેલ કેનાલ, ભાકરા મેઇન કેનાલ અને ભાદરા મેઇન બ્રાન્ચ. આ ત્રણે મળીને દુનિયાની પહેલી લાંબી નહેર રચના બને છે આ આખી સીંચાઈ વ્યવસ્થાનું કેંદ્ર નાંગલ બંધ છે. આ બંધ બે કામ કરશે. એક ભાકરા બંધ માટેના જળાશય તરીકે પાણીનો સંગ્રહ કરશે અને હાઇડેલ કેનાલમા પાણી વાળશે. આ બંધનુ કામ ૧૯૪૬માં શરૂ કરવામા આવ્યુ હતુ અને ૧૯૫૧મા પૂરું થયુ હતુ. પણ એના દરવાજા અકતબર આને બનાવવામાં આવી રહ્યા હતા તે છેક હમણાં સુધી તૈયાર થયા ન હતા, તેથી આ બંધ અત્યાર સુધી ઉપયોગમાં લઈ શકાયો ન હતો. આ બંધ તેના પાયાના ખડકથી ૬૧ ફૂટ ઊંચો છે અને ૧,૦૦૦ ફૂટ લાંબો છે. તેમાં ૩૦ ફૂટ પહોળા એવા ૨૫ ગાળા છે. તેની માથે એક રસ્તા બનાવવામાં આવ્યો છે. આ માઇલ ઉપરવાસે જ્યા સતલજ હિમાલિય પર્વતમાળામાની એક ખીણમાંથી પેલે પાર નીકળે છે ત્યાં આ યોજનાના મુખ્ય બંધની શરૂઆત કરવાને લગતી તૈયારીઓ ચાલી રહી છે આ બીજો બાંધ ૧૯૪૮થી પ્રગતિ ચાલી રહી છે અને એ વખતે બે મોટા સુરંગ જળમાર્ગો ખોદવાની શરૂઆત કરવામાં આવી હતી. બંધનુ કામ શરૂ કરવા માટે બંધના સ્થળથી સતલજના પાણીને બાજુ રચવે વાળવા માટે આ બે કેનાલ બનાવવામાં આવી છે આ બંને સુરંગ તૈયાર થઈ ગઈ છે આ દરેક સુરંગ બધો માઈલ લાંબી અને પચાસ ફૂટના વ્યાસવાળી છે જ્યારે બંધનુ બાંધકામ પૂરું થશે ત્યારે આ બે ટનેલની જરૂરત નહિ રહે અહીં બાંધવામા આવનારા જળબંધ ૧૮૦ ફૂટ ઊંચો હશે. મથાળે તે ૧,૩૦૦ ફૂટ લાંબો હશે અને પાયે નીચે ૬૨૫ ફૂટ જાડો હશે આ બંધ વડે બનનારા જળાશયનો જળપટ લગભગ ૬૦ ચોરસ માઈલનો હશે. આમ આ બંધ દુનિયાનો બીજા નંબરનો ઊંચામાં ઊંચો બંધ બનશે આના જળાશયમા સંગ્રહાયેલું બાષ્પો ગેહન પાણી આ બંધની તળેટી ખાતે બાંધવામા આવનારા બે વીજળી મથકોમા છેવટ ૬,૦,૦,૦૦૦ કિલોવોટ વીજળી બનાવવા માટે કામમાં આવશે અને વીજળી મથકો બૂકપની અસર ન થાય એવાં બાંધકામ આવશે આ વીજળીની માગને અનુલક્ષીને વીજળી મથકનુ બાંધકામ વાજબી જરૂરો તેમ તેમ તે બાંધકામ હાથ ધરાશે. સમગ્ર ભાકરા યોજનાનું એકંદર અને આખરી વિદ્યુત ઉત્પાદન લગભગ ૧૦ લાખ કિલોવોટ આંકવામા આવ્યું છે. આ આખી યોજનાનો કુલ અર્થ રૂપિયા ૧૫૬ કરોડ થશે. પંજાબ, પેપ્સુ અને રાજસ્થાનના સરકારો કેંદ્રીય સરકાર પાસેથી લોન મેળવીને આ યોજનાનાં નાણાં પૂરાં પાડે છે

૨ સ્ત્રી. પાણી પૂરું પાડવાની કીમત

સીંચાણી ગુ. બાજ માદા; શકરી

તે **સીંચાણી** રૂપે થઈ,
પર્વત ઘોડી અડગ રહી.

આનંદ કાવ્ય મહાલય

સીંચાણો પું. બાજ; શકરો

સીંચારવું સ. ક્રિ સીંચવું; રેડવું

સીંચી ૧. સ્ત્રી. કરમદીએ જોડેલા બળદ વ.ચેતર બાર્લી બાય નહિ માટે તેને મોંએ બાંધવાની દોરીની ગૂથેલી ટોપણી

૨. સ્ત્રી. ખેતરને પાણી પાવાની મોસમ

સીંચી જમીન સ્ત્રી. નહેર વાટે પાણી પૂરું પાડવામાં આવતુ હોય તેવી જમીન.

સીંદરી સ્ત્રી કાચા, શણ કે સૂતરની બનાવેલી દોરી કે દોરડી

સીંદરું ન. કાથીનુ દોરડું

સીંદરાં તાણવાં = જમતની જજવળમાં મગ્ન રહેવું

સીંધુરો પું (સંગીત) એ નામનો એક જાતનો રાગ. મૈંખની પલાસી થાટના સકોર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમા કોમળ ગાંધાર અને શુદ્ધ તેમ જ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે આ રાગનો વાદી સ્વર ષડજ અને સંવાદી સ્વર પંચમ છે આ રાગ કાનડાનો એક પ્રકાર છે કોઈ પણ સમયે ગાવાનો પ્રચાર છે

સુ ૧. પુ. તાડપત્રના સાતક ઓંડો માંહેનો ૧; તાડપત્રીય પુસ્તકનાં પાનાંની મજબૂતી માટે કરેલા સાતક ઓંડો માંહેનો ૧.
૨. સ્ત્રી. પૂજા
૩. [સં.] અ. એ નામે એક ઉપસર્ગ. તે નીચેના અર્થમાં વપરાય છે. (૧) સુંદર; સારું જેમકે, સુકેશી, સુવાસ. (૨) સારી રીતે; પૂરું જેમકે, સુરક્ષિત. (૩) સહેલાઈથી. જેમકે, સુકર, સુલભ.
૪ અ ક્રિ. (ધા.તુ) આંકડવો
૫. અ ક્રિ. ઐશ્વર્યયુક્ત થવું
૬ અ ક્રિ. પર્વવિમોચન કરવું
૭ અ ક્રિ જન્મ
૮. અ ક્રિ. મરવું.
૯ અ. ક્રિ. સમર્થ હોવું
૧૦. અ ક્રિ. સોમરસ કાઢવો.

સુઅવસર [સં. સુ (સારું) + અવસર (પ્રસંગ)] પું. શુભ પ્રસંગ; સારો પ્રસંગ.

સુઆર [સ. સૂપકાર; અપ. સુઆર] પું રસોયો.
વારવાસ આદુક ઘરઈ **સુઆર** પદ્મનાભ

સુઈશાલ સ્ત્રી. શાલની જાત.

સુએઝ સ્ત્રી. રાતા અને ભૂમધ્ય સમુદ્રને જોડનારી એક નહેર. સુએઝની નહેર ફ્રેંચ એંજિનિયર ફર્ડિનાન્ડ દ. લેસેપ્સનું કાર્ય છે. ભૂમધ્ય સમુદ્રમા પ્રવેશ કરતાં જ આખ ઉપર આવેલું, આજુબાજુના રંગ સાથે મળી જતા હરિયાળ લીલા રંગનું તેનું જળ પ્રથમ દર્શને મુસાફરનું ધ્યાન ખેંચે છે અ. નહેર બાંધતાં દશ વર્ષ લાગ્યા હતાં અને સુએઝ કેનાલ કંપનીને તેની પાછળ ૨,૬૭,૨૫૦૦ પાઉન્ડનું ખર્ચ થયુ હતુ. પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિને સાંકળતા આ જળમાર્ગનો ઇતિહાસ રસભર્યો છે. ઈ. સ. પૂર્વે ૧૩૦૦ વર્ષ પહેલાં ઈજિપ્તના રાજા સેટી પહેલાએ નહેરમાર્ગ માટે પ્રયત્ન કરેલ. પ્રખ્યાત ઇતિહાસ લેખક હિરોડોટસના સમયમા બે વહાણો સામોસામ ચાલી શકે તેટલી પહોળી અને ચાર દિવસે પસાર કરી શકાય તેટલી લાંબી નહેર અસ્તિત્વમાં પણ આવેલી. ઇસ્વીસનની નવમી સદી સુધી એમા વહાણો કરતાં પણ ત્યારબાદ ખલીફા અલ મન્સૂરે અરબસ્તાન સાથેના વ્યવહાર રાખનાર વહાણોને એ નહેરમા મુસાફરી કરવાની મના કરી એટલે લાંબ પછી જોઈતા વપરાશને અભાવે તેમજ સહરાના રણ તરફની આ.મસીન વટોળાઓથી ઊડતી રેતી વડે એ નહેર પુરાતી ગઈ. મિસર પરની ચડાઈ વખતે નેપોલિયને એ નહેર ફરી શરૂ કરવા તિયાર કરેલો, પણ ભૂમધ્ય સમુદ્ર કરતાં રાતા સમુદ્રની સપાટી તેત્રીસ ફૂટ ઊંચી છે એવો ખોટો અભિપ્રાય તેના ઇજનેર ' લપિરે 'એ આપતાં તે ઇરાદો અધૂરો રહ્યો પછી દક્ષિણ આફ્રિકાની અંતર્ય ભૂશિરનો સળગ માર્ગ વાસ્કોદ્ગામાને હાથ લાગતાં વેનિસ વગેરે શહેરોના વેપારને મોટો ધક્કો લાગ્યો. તેથી નજીકમાં બીજો જળમાર્ગ ફરી શરૂ કરવા વ્યાપારીઓ વિચાર કરવા લાગ્યા. પિરેલાઃ તો ઇજિપ્તને જીતી લઈ, નહેરનો પુનરુદ્ધાર કરી, રાજકીય સત્તાની દૃષ્ટિનો લોભ ત્યજતાં પહેલા નેપોલિયને આ યોજના ઊંચકી લીધી પણ નાઈલના યુદ્ધના પરાજય વચ્ચે એ સ્વપ્નસમાઓ પડીભર એમને એમ રહી. ફરીને ૧૮૪૬મા એ વિચાર સજીવન થયો અને સુએઝની નહેર માટે એક ફ્રેંચ કંપની ઊભી થઈ. લેસેપ્સે ઊભી કરલ આ કંપનીનુ નામ ધી યુનિવર્સલ સુએઝ કેનાલ કંપની લીમીટેડ હતુ તેના આઠ લાખ શેર કાઢવ.મા આવ્યા. અત્યારે તેનો વહીવટ ૨૧ ફ્રેંચ, ૧ ડચ અને ૧૦ અંગ્રેજ મળીને કુલ ૩૨ ડાયરેક્ટરો કરે છે. વરાળવંચના શોધક અને પહેલુ વરાળયત્ર આપનાર અંગ્રેજ ઇજનેર રોબર્ટ સ્ટિફન્સને આ રસ્તાની માપણી કરી તે નહેર ખોદવાના મતથી વિરુદ્ધ પડ્યો. નહેરને બદલે સુએઝ તથા અલેકઝાંડ્રિઆ બંદરો વચ્ચે રેલવે બાંધવા પોતાનો નિશ્ચય જાહેર કર્યો અને ઈ. સ. ૧૮૬૦માં તે કામ શરૂ કર્યું. લોકોને આ વાત પસંદ નહોતી. લેસેપ્સને અસંખ્ય અડચણો પડી. પણ એ ધૈર્યશીલ મહાબુદ્ધિએ પોતાનાં સુખસગવડ ભર્યા પરિશ્રમ, દ્રવ્ય અને વહાલી પત્નીની બીમારી, પોતાની અસ્વસ્થ તબિયત બધું ભૂલી જઈ એ મહાકાર્ય આગળ રાખ્યુ અને આખરે એ પૂરું કર્યું ફેરોના ખોદાણકામ માટે ૨૫,૦૦૦ મજૂર પૂરા પાડેલ. ઈ સ ૧૮૬૯ના નવેમ્બરની ૧૭મીએ સુએઝની નહેર ખુલ્લી થઈ અને પશ્ચિમ માટે પૂર્વનાં બજાર સમૃદ્ધિ, સંસ્કૃતિનાં ભંડાર ખુલ્લાં થયાં. ઈ સ. ૧૮૬૯ના નવેમ્બરની ૧૭મીએ સુએઝની નહેર ઉપયોગ માટે જાહેર થઈ. ફ્રેંચ મહારાણી ઊજવાતી રટીમર યુજેનીમાં બેસી લેસેપ્સે પહેલવાર એ નહેર પસાર કરી. એની પાછળ બીજી ૧૦ જુદી જુદી સ્ટીમરો હતી. નહેર પસાર કરતાં લેસેપ્સના મોંમાથી આત્મસંતોષનાં ઉદ્ગારો નીકળેલા, " જગતની શાંતિ અને પ્રગતિ માટે મેં કંઈક કરી શક્યો છુ ". નહેર બાંધી ફ્રેંચ લોકોએ, પણ એનુ સૌથી વિશાળ અમલ અંગ્રેજોને થઈ પડ્યું એટલે અંગ્રેજોએ એ નહેરનો કબજો લેવા જાત્રા તેટલા અને તેના ચાળો કરી છેવટે એ કબજો લીધો ઈ સ. ૧૮૭૦માં બીજે જ વર્ષે લેસેપ્સને સન્માન સહિત આ.મત્યો. ઇંગ્લંડના આહોરા મુત્સદ્દીઓએ એનુ ભભકાભર્યું સન્માન કર્યું. બધી હકીકતથી વાકેફ થઈ એ વખતના ઇંગ્લંડના વડાપ્રધાન ડિઝરાયલીની ચાલાકબુદ્ધિને પરિણામે ઇજિપ્તના ખેદિવ પાસેથી ૨૪ નવેમ્બર ૧૮૭૫મા તેની પાસે હતો તે શેરોનો મોટો ભાગ બેરન રોથ્સચાઇલ્ડ પાસેથી પૈસા ઉછીના લઈ સાઠ ચાલીસ લાખ પાઉન્ડની કીમતે ખરીદી લીધો. ૪૦ લાખ પાઉન્ડની કીમતના એ શેરોની કીમત આજે લગભગ ૭ કરોડ, ૨૦ લાખ પાઉન્ડ ગણાય. વસ્તુત એ રાજરમતને પરિણામે, શેરો વેચાતાં મિસર વેચાયું અને સુએઝની નહેર અંગ્રેજોના કબજામાં ગઈ. નહેરની પહોળાઈ તથા ઊંડાઈ, પહેલાં અનુક્રમે ૧૨૮ ફૂટ અને ૩૨ ફૂટ હતી; પરંતુ હવે પહોળાઈ વધારી ૧૪૮ ફૂટ કરેલ છે. પહેલા સર્ચલાઈટ ન હોવાથી રાતને વખતે આગબોટને ચાલવા દેવામાં ન આવતી. હવે સર્ચલાઈટ પડીથી રાતે પણ આગબોટો નહેરમાં મુસાફરી કરી શકે છે. પૂર્વથી પશ્ચિમ જતી આગબોટો પ્રથમ એડન બદરે લાંગરે છે. એડનથી રાતા સમુદ્રમાં થઈ આગબોટ સુએઝ બંદર પર અટકે છે. સુએઝ બંદર એ નહેરનું પ્રવેશદ્વાર છે. લાંબો લગભગ ૮૭ા માઈલની એ નહેર કરી થાય છે અને એટલી નહેર ઓળંગતા ૧૭થી ૧૮ કલાક લાગે છે. નહેરમાં મોટી આગબોટો તો કલાકના પાંચ માઈલના વેગે જ ચાલે છે; કારણકે નહેર રેતીમાંથી ખોદી કાઢેલ હોઈ, આગબોટ જો જોરથી ચાલે તો કિનારા પરની રેતી પોવાઈ અંદર પડે. આટલી સભાળ રાખવા છતાં નહેરમાં રેતી તો જોઈ પડે છે અને એ રેતી કાઢવા માટે આશ આગબોટો કરતી રાખવી પડે છે. પરિણામે પૂર્વમાં સફર કરતી વેપારી સ્ટીમરોનુ ટનેજ ૧૬,૦૦૦ ટનથી વધારે નથી હોતું. નહેરના રસ્તામાં પાંચ મોટાં તળાવો આવે છે. આ સરોવરોનાં ઊપયોગ સામસામી સ્ટીમરોને ઊભી રહેવા માટે થાય છે. નહેરને બીજે છેડે પોર્ટસૈયદ છે, જ્યાંથી જગતના જળમાર્ગનુ જંકશન. પોર્ટસૈયદ પાસે ત્રણ મહાન બંદરો એલેક્ઝા, આફ્રિક ને વરપ જેવા મળે છે. નહેરને કિનારે કામકાજ તારયંત્રો, ટેલિફોનની વ્યવસ્થા હોઈ થોડી સેકંડોમાં જ નહેરના અધિકારીઓ વહાણને આવી પડેલ આફત જાણી શકે સત્વર ઉપાયો યોજે છે. પૂર્વપશ્ચિમની અપૂર્વ સંસ્કૃતિ સૃષ્ટિ સમી, વિજ્ઞાનની વિરાટ સિદ્ધિ સમી અને લેસેપ્સનો જીવનપ્રસ્થ ગાની આ સુએઝ નહર છે. પૂર્વપશ્ચિમનો સુદર સદયોગ એ ભવ્ય

આદર્શ પોર્ટમૈવદમાં લેસેપ્સની પ્રતિમાના લંબાવેલ હાથમાં સુદર રીતે વ્યક્ત થાય છે અથવા કે પૂર્વ પશ્ચિમને આલિંગન આપતો હોય અથવા તો પૂર્વપશ્ચિમનું હસ્તધૂનન અપેક્ષનો હોય. આમ સિત્તેર વર્ષ પહેલાં સુએઝની નહેરનું ઉદઘાટન કરવામાં આવ્યું ત્યારથી તે વિશ્વની એક મહત્ત્વની વ્યૂહાત્મક બક્ષિસ તરીકે બની રહી છે. આ નહેર પશ્ચિમ યરપ અને ભૂમધ્ય સમુદ્રમાંથી ક્રિરાનનો અખાત, ભારત અને ઑસ્ટ્રેલિયા જતાં હજારો માઈલનો પ્રવાસ બચાવી લે છે. શાંતિકાળમાં તે વિશ્વની એક મહાન ધોરી નસ બની રહે છે અને એ નહેર મારફતે દર વર્ષે પાંચ કરોડ ટનનો વ્યવહાર ખેડાય છે. વ્યવહારના સાધનો તરીકે સુએઝની નહેરનું સ્થાન બીજું કોઈ લઈ શકે તેમ નથી.

સુઃ ૧. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ તે સર્વેયા છંદનો ભેદ છે. તેમાં ૩૦ ગુરુ અને ૬૪ લઘુ મળી ૯૪ વર્ણની ૧૨૪ માત્રા હોય છે

૨. પું. રાવણનો એક રાક્ષસ દૂત.

સુકક્ષ ૧. પું. ઋગ્વેદના આઠમા મંડલના ૬૨, ૬૩મા સૂક્તના કર્તા એક ઋષિ.

૨. પું. સામવેદના એક ઋષિ.

સુકટાક્ષ [સ.] ન સુદર કટાક્ષ

સુકડ (સુકડ) જી. સુખડ.

સુકડિ (સુકડિ) જી (જૂ. ગુ.) સુખડ
ઉરસીલ આસણ કસકસઉ,
તોહઈ સુકડિ અલગી બસઉ
વાગ્ભટસમય

સુકતાન ન. ખાવાને બદલે એક રોગ; સડગળું; ' રિકેટસ '.

સુકથા [સં.] જી. સુવાર્તા.

સુકથિત [સં.] વિ. સારી રીતે વર્ણન કરેલું.

સુકન્યા ૧. [સં.] જી. ચ્યવન ઋષિની પત્ની; શર્યાતિ રાજાની પુત્રી

૨. જી. સારી કન્યા.

સુક ભાદર જી સૌરાષ્ટ્રની એક નદી. ભાદર જ્યાં જ્યાં આડી ફાટી એક નથી નદી જેવી થઈ પડે તે સુક ભાદર કહેવાય છે.

સુકર ૧. પું. અતિશય મરમીવાળું ક્રિયાપદ.

૨. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

૩. પું. સુદર વૃક્ષ.

૪. વિ. સહેલાઈથી થઈ શકે એવું; સહેલું; સરળ; સુસાધ્ય.

૫ વિ. હાથનું પ્રતીક

સુકરતા ૧. જી. પ્રતીક્ષતા.

૨. [સં.] જી. સહેલાઈ.

સુકરા [સં.] જી. સહેલાઈથી દોહી શકાય તેવી ગાય; નરમ સ્વભાવવાળી ગાય; મરીમ ગાય; સહેલાઈથી વશ થાય તેવી ગાય.

સુકરિક ન એક જાતનું ફેરવી શકાય તેવું હથિયાર. તે દુશ્મનોથી કિલ્લાના પ્રવેશદ્વાર માટે રચી કરેલ લાકડાની કોતણી હોય છે.

સુકરી જી. ઓપાલમાં થતી ઘાસની એક જાત. આ ઘાસ કુંવરાઓ ઉપર અને તેની તળેટીમાં બહુ થાય છે. આ ઘાસ દોરીને બાંધામાં કંઈ એવું સારું ગણાતું નથી

સુકર્ણ ૧. [સ] ન. (શિલ્પ) પહોળા કાનવાળું ચતુ રાણી ઘર

૨. વિ. સારા કાનવાળું

સુકર્ણપૂપ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં તગણ, રગણ, જગણ, રગણ અને ગુરુ એમ સોર અક્ષર હોય છે.

સુકર્ણિક ૧. પુ. હસ્તિકંદ વનસ્પતિ.

૨. [સં.] વિ સારા કાનવાળું.

સુકર્ણિકા ૧. [સં] જી ઉંદરકની વનસ્પતિ.

૨. વિ જી. સારા કાનવાળી

સુકર્ણી જુઓ સુકર્ણિકા.

સુકર્મ [સં] ન. સારું કામ; સત્કર્મ; સુકૃત.

સુકર્મા ૧. પું. (પુરાણ) એ નામનો યુધિષ્ઠિરની સભાનો એક ક્ષત્રિય.

૨. પુ. (પુરાણ) રૈવતાવર્ષિ મન્વંતરમાં થનાર એક પ્રકારનો દેવ.

૩. પુ. (જ્યોતિષ) વિષ્કુંભથી સાતમાનો યોગ

૪. પું. સારું કામ કરનાર.

૫. પુ. (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન એકલક રાજાનો પુત્ર.

સુકર્મી ૧. વિ. પુણ્યશાળી; સદ્ભાગી.

૨. [સં.] વિ. સારું કામ કરનાર; સત્કર્મી; સદાચારી.

સુકલ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. તે આનંદ વસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૨૦ લઘુ મળી ૫૫ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૨. [સં.] વિ દાન આપવા અને જમાડવામાં પ્રખ્યાત થયેલું.

સુકલકડી (સુકલકડી) ૧. જી સુકાયેલ લાકડી

૨. વિ. પાતળી લાકડી જેવું સૂકું; કોઈ પણ જરાય નક્કિ એવું દુર્બળ શરીરનું, દુર્બળ; દુબળું; એકવડા શરીરનું; લાકડી જેવું સૂકું.

સુકલ્પક ૧. પું. સારો કલ્પક.

૨. પું. સારો કલ્પ.

સુકલ્પન ૧. ન. સારી કલ્પના.

૨. ન. સારો કલ્પ.

સુકલ્પિત ૧. વિ. સારી રીતે કલ્પેલું.

૨. વિ. સારી રીતે કલ્પેલું.

સુકવચ ૧. જી. સુકવચેલું તે; સુકવચું.

૨. ન. જે વરસે કર્યપણ વરસાદ પડ્યો ન હોય અને બધી જમીન સૂકી રહી હોય તે વર્ષ; દુષ્કાળ

૩. ન. સુકાયેલું ઘાસ

૪. ન. સડી ગયું ગયેલું હોય તેવી હાલત.

સુકવચી ૧. જી. તડકામાં સુકવીને બનાવેલી ચીજ; સુકવેલી વસ્તુ.

૨. જી. સુકાવું તે

૩. જી. સુકવેલું તે; સુકવચું.

સુકવચું દ્રવ્ય ન. જે ઉમેરવાથી તેલ જલદી સુકાય તે દ્રવ્ય. આમાં મુરદાડ સિંગનો નંબર મોખરે છે. સીસું ઓગાળીએ તો તેની સપાટી ઉપર જે એક પ્રકારની ઝારી વળે છે તે ઉતારી લઈ તપાવતાં પીળા રંગનો પદાર્થ નીપજે છે. તેને મુરદાડ સિંગ કહે છે. બોલતેલ જલદી સુકાવવાનું કારણ તેને ઉકાળતી વખતે તેમાં કમીઅધિક પ્રમાણમાં ઉમેરેલો મુરદાડ સિંગ છે. સફેદાના રંગ બનાવવા પણ તે જલદી સુકાય તે માટે કોઈ કોઈ મુરદાડ સિંગ ઉમેરે છે જાપાન વાર્નિશ પણ આવી જ તરેહનું કાર્ય સાધે છે. મોરથૂથુ પણ ઓછા પ્રમાણમાં આ કામ કરે છે

સુકવચું ન. પૂરતા વરસાદ વગર જમીન, વાવેતર વગેરેનું સુકાતું જવું તે; અરવિપ્લુ.

સુકવિ [સં.] પું. સારો કે ઉત્તમ કવિ; સારો કાવ્યકાર; કવિરાય; કવિરાજ; કવિવર; કવિરત્ન.

સુકવિતા [સં.] જી. સારું કાવ્ય; સુંદર કવિતા; સારી કવિતા.

સુકવિત્વ [સ] ન કવિતા બનાવવાની સારી શક્તિ

સુકંઠ ૧ [સ.] પુ. સારો રાગ; સારો કંઠ કે અવાજ.

૨. પું સુગ્રીવ.

સુકંઠા [સં] જી. સારા રાગવાળી સ્ત્રી.

સુકંઠી ૧. [સં.] જી સારા કંઠવાળી સ્ત્રી

૨. ન. એક જાતનું સુંદર અવાજવાળું પક્ષી; પટપટારો કરનારું એક પક્ષી; મધુર ગાવાવાળ સક્કાની જાતનું પક્ષી

૩. વિ. સારા રાગવાળું; સારા કંઠનું

સુકંદ ૧. [સ.] પુ. કાંદો, પલાંડુ; કુંગળી; પિયાજ.

૨. વિ. સારા કાંદાવાળું

સુકંદક ૧ પુ (પુરાણ) એ નામનો ભારતવર્ષમ એક દેશ.

૨. પુ. કાંદો; પલાંડુ, ડુંગળી; ગિલાજ.

૩. સ્ત્રી. કાંદામૂલની પાસે આવેલી નલિકાહીન ગ્રંથિ.

૪. [સ.] વિ સારા કાંદાવાળુ

સુકંદક ગ્રંથિ [સં.] સ્ત્રી. ગળાની સહેજ નીચે અને અમુક ભાગે છાતીમાં બે ઇંચ જાંખી એ નામની એક ગ્રંથિ. આ ગ્રંથિ બાળકમાં બે વર્ષને અંતે સૌથી વધારે કદની થાય છે. ત્યાર પછી તે ધીમે ધીમે ઘટવા માંડે છે અને ચૌદ વર્ષે આખરે નહિન અદશ્ય થઈ જાય છે. આ ગ્રંથિ ઘણી ઉપયોગી છે. જો કોઈ નાના પ્રાણીમાંથી આ ગ્રંથિ કાઢી નાખવામાં આવે તો તેનાં હાડકાં યોગ્ય રીતે વૃદ્ધિ પામતાં નથી. ખાસ કરી તેમાં ચૂનાનો અંશ રહે છે. આ ગ્રંથિ જો અન્યપ્રમાં બરોબર કામ ન કરે તો બાળક ઠીંગણું, જાડું અને શક્તિ વગરનું થાય છે અને તેવા બાળકને દમનો રોગ પણ લાગુ પડે છે. બાળકમાં જો આ ગ્રંથિ બિલકુલ ન હોય તો બારેબાર બાળક ગાંડું માલમ પડે છે.

સુકાણ [અ. સુક્કાન] ન સુકાન.

સુકાણૂકીર [સ.] પુ સુકાન ધરનાર.

સુકાણૂકાર જુઓ સુકાણૂકીર.

સુકાન [સ. સુકર્ણ; અ. સુક્કાન; ફા. સુક્કાણ] ન. પનવાર; જેને મરડવાથી વહાણ કે હોડી દિશા બદલે છે તે કળ કે તેની જગાએ આવેલ વહાણનો ભાગ. તે વહાણ કે હોડીની પછવાડે અડધુ પાણીમાં હોય છે.

સુકાનચક્ર [સં.] ન હંકસેલનાર ચક્ર; 'પ્રોપેલર.'

સુકાનચી પું. સુકાન ફેરવનાર ખલાસી.

સુકાની ૧. પું. આગેવાન; નેતા.

૨. પું. વહાણની દિશા સમાયક પુરુષ; સુકાન ફેરવનારો ખારવો; ખલાસી; ટંડેલ.

> એટલી દીર્ઘદૃષ્ટિના સુકાની આપણા સુખી,
> હતનાર ત્રિલો સૌનાં નેતા ભગવન્ત એકત.
> ગાંધીગીતા

સુકાનીમાછલું ન. એક જાતનું માછલું. તેને અંગ્રેજીમાં બીટફીશ કહે છે. વહાણોમાંથી જે કચરો નાખી દે તે લેવાને તેમની પાછળ જાય છે તેથી તેનું આ નામ પડ્યું છે. તે એક જ કુટ લાંબુ હોય છે

સુકામ [સ.] વિ સારી કામનાવાળુ

સુકામા [સં.] સ્ત્રી ત્રાયમાણનો વેલો; વનસ્પતિ ત્રાયમાણા

સુકારો પુ કપાસમાં થતો એક જાતનો રોગ

સુકાલ જુઓ સુકાળ.

સુકાલી ૧. પું. જે પોતાનો કાળ સત્ય અને ધર્મની વૃદ્ધિ કરવામાં ગાળે છે તે પુરુષ.

૨. પુ. (પુરાણ) પિતૃઋણનો એક ભાનિનો પિતર. એ વસિષ્ઠ ઋષિનો પુત્ર હોઈ બ્રહ્મ ભાનિનો પિતર છે.

સુકાવવું સ. ક્રિ. ભેજ કે પ્રવાહી ઊડી જઈ શુષ્ક થઈ જાય તેમ કરવું.

સુકાવું ૧. અ. ક્રિ. કરમાવું, ચીમળાવું; પાંદડાં ખરી જવા

૨. અ ક્રિ. પાણી રહિત થવું

૩. અ. ક્રિ. શરીરે દુબળા પડવું; શરીરમાં પિત્ત વધવાથી પાતળુ દેખાવું; કૃશ થવું

૪. અ. ક્રિ. સૂકું થવું; હવા જતી રહેવી, બીનારા ઊડવી; ભેજ કે પ્રવાહી ઊડી જઈ શુષ્ક થવું

સુકાઈ જવું = (૧) કરમાઈ જવું. (૨) (૨) દુબળા થઈ જવું. (૩) સૂકું થવું

સુકાષ્ઠ ૧. [સ.] ન. દેવદારનું ઝાડ

૨. ન. દેવદારનું લાકડું

૩. ન. સારું લાકડું.

સુકાશા ૧. [સ.] સ્ત્રી એક જાતની કેળ.

૨. સ્ત્રી કડુ વનસ્પતિ.

સુકાળ ૧. પું. અનાજ્દિના સારા પાકવાળો વખત; અન્નપાણીની પુષ્કળતાવાળું વર્ષ; સારો વખત; સોંઘવારી, સુબિક્ષ; સારા પાકનો વખત; દુષ્કાળથી ઊલટો વખત.

૨. પુ. પુષ્કળપણું; બહુ.

સુકાંઠ ૧. પું. કારેલાનો વેલો; કારેલી

૨. પુ. સારી કાખવાળુ વૃક્ષ

સુકી ૧ પું. અકબરના વખતનો ચાંદીનો એક ચોખૂણાકાર સિક્કો; તે જલાલી રૂપિયાની ચૂઠની બરાબર છે.

૨. સ્ત્રી. આરબ્રાની; પાવલુ

સુકીર્તિ ૧. પું ઉદનું એક નામ

૨ પું. પુષ્કળપણુ

૩. પું વિષ્ણુનાં દશ્વર માંહેનું એક નામ

૪. પું. શિવનાં દશ્વર માંહેનું એક નામ.

૫. પું. સાધવારી

૬. [સુ (સારી) + કીર્તિ (આબરૂ)] સ્ત્રી. આબરૂ; સારી કીર્તિ; સારી નામના.

૭. સ્ત્રી. સારી કાખવાળુ વૃક્ષ.

૮ ન એ નામનું એક સ્તોત્ર.

સુકીર્તિકાન્નીવત પુ. ઋગ્વેદના દસમા મંડલના ૧૩૫મા સૂક્તનો કર્તા એક ઋષિ

સુકુમાર ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ

૨. પું. (પુરાણ) એ નામનો પુષ્કિદ નગરનો રાજા. રાજસૂય દિગ્વિજય યાત્રામા ભીમસેને એને હરાવ્યો હતો.

૩. પું. જાયલી ચપો

ચામેલ ચમક સુરસિયદ હેમ પુષ્પ સુકુમાર,
આ ચંપક તુજ પગ ચડે લિયો પુષ્પ ઉપહાર
પિંગળશમુંદર

૪. પુ. ડાંગર

૫ પુ. તમાલપત્ર. તમાલપત્રના પાંદડાં ખરે કુપળિયોની પેઠે ફૂટે છે ત્યારે સારાં સોબીતા અને બહુજ કોમળ હોય છે માટે તેને સુકુમાર કહે છે

૬. પું. (પુરાણ) અરબ દેશની પાસે રહેનારો એ નામનો એક ક્ષત્રિય. રાજસૂય દિગ્વિજય યાત્રામાં ભીમસેને એને હરાવ્યો હતો

૭. પું. શિવનાં દશ્વર માંહેનું એક નામ

૮. પું. સામો નામે ધાન્ય.

૯. પું. (પુરાણ) સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના પૃષ્ટકનુ રાજાનો પુત્ર. એનો પુત્ર ધૃષ્ટકેતુ હતો.

૧૦ સ.] વિ. કાચું નાજુક નરમ, સુવાળું; કોમળ

મન્દુર મંજુ મનોજ્ઞ મધુ મધુર ચારુ સુકુમાર,
લલિત ઉદાર ઓ કુપલ્લવ મંજરીમ અમાર.
પિંગળશમુંદર

સુકુમારતા [સં] સ્ત્રી કોમળપણું; નાજુકાઈ.

સુકુમારા ૧ [સ.] સ્ત્રી કેળ

૨ સ્ત્રી. ચમેલી

૩ સ્ત્રી ભાંગ

૪ સ્ત્રી નવમાલિકા.

૫ સ્ત્રી મોગરો

૬. સ્ત્રી વૃક્ષ વનસ્પતિ

સુકુમારી ૧. સ્ત્રી. અલાસ્કામાં આવેલી એક નદી

૨ [સ] સ્ત્રી કોમળ સ્ત્રી; નાજુક સ્ત્રી; સુંદર કુમાર અવસ્થાવાળી સ્ત્રી

૩ સ્ત્રી (પુરાણ) ઋક્ષવાન પર્વતમાંથી નીકળેલી એ નામની એક ભારતવર્ષીય નદી

૪. સ્ત્રી. (પુરાણ) સંજયની પુત્રી અને નારદની સ્ત્રી

૫. સ્ત્રી (પુરાણ) સોમવંશી પરીક્ષિત પુત્ર ભીમસેનની ભાર્યા. એને પરિશ્રવ., વમાકુ, પ્રતીપ વગેરે પુત્રો હતા

સુકુલ [સ] ન ઉત્તમ કુટુંબ; સારુ કુળ.

સુકુલિણી [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી

સુંદર **સુકુલિણી** તણો ઉમિ હીન નિહરે વંશ.
મેરાજજી

સુકુંડળ પું (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એ નામનો એક પુત્ર

સુકૃત ૧. પુ (પુરાણ) ઉત્તાનપાદ વંશના પૃથુ રાજાને વિજિતાશ્વાદિક પાંચ ભાઈનો એક પુત્ર

૨. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતરમાંનો એક પ્રજાપતિ.

૩. પું (પુરાણ) ભાવિ સાવર્ણિ મન્વંતરમા થનારા સપ્તર્ષિઓ માંહેનો એક ઋષિ.

૪. ન. ધર્મ.

૫. [સં. સુકૃત; પ્રા. સુકય–સુકઅ; અપ. સુકિઉ સુકિઉ] ન. પુણ્ય; સારું કામ.

અભિમાને તે તો **સુકૃત** ખાયુ.
પ્રીત રંગ નથી માણ્યો રે
નરસિંહ મહેતો

૬. ન સદ્‌ગુણ

૭. વિ. પુણ્ય કરનાર.

૮. વિ. મંગલ.

૯. વિ. સારું કરેલું

સુકૃતવ્રત ૧. [સં.] ન. શ્રાવણ સુદિ બને દિને કરવામાં આવતું વ્રત. સૌભાગ્ય અને આરોગ્ય પ્રાપ્તિ માટે સ્ત્રીઓ આ વ્રત કરે છે.

૨. ન. સારી રીતે પાળેલા વ્રતથી મળેલું પુણ્ય
વચન ન પાળ્યું જેન, તેહ **સુકૃતવ્રત** હાર્યો.
સામળ

સુકૃતિ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ૨૫૫૬ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, સગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. બીજા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. [સ.] સ્ત્રી. પુણ્ય કર્મ; શુભ કાર્ય

૩. વિ સારાં કર્મ કરનાર; સદાચારી.

પામી જોગો **સુકૃતિ** જનના વર્ષ ઝાઝાં વસીને,
શ્રીમંતને ગૃહ પુનિતને યોગથી ભ્રષ્ટ જન્મે
ગીતાપદ્ય.મૃત

સુકૃતી જુઓ સુકૃતિ ૨, ૩

સુકૃત્ય [સ. સુ + કૃત્ય (કામ)] ન. સારું કામ; સત્કર્મ. પુણ્ય; સુકૃત; સુકૃતિ.

સુકેઉ (સુકેઉ) ન સુખડ; ચંદન; સુખેડ.

મલયાગર **સુકેઉ** કેરા વૃક્ષ જે નજીક
રત્નાદાસ

સુકેતન પુ. (પુરાણ) સોમવંશી અધુપુત્ર ક્રતરાહના કાવ્ય નામના પૌત્રના વંશમાંના સુનીથ રાજાનો પુત્ર. એનો પુત્ર તે ધર્મકેતુ.

સુકેતુ ૧ પું (પુરાણ) નાટકા રાક્ષસીનો પિતા; એક યક્ષ.

૨. પુ. (પુરાણ) પાંડવ પક્ષના શિશુપાલનો એક પુત્ર. એને દ્રોણાચાર્યે માર્યો હતો.

૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમા પાંડવ પક્ષના ચિત્રકેતુ રાજાનો એ નામનો એક પુત્ર એને કૃપાચાર્યે માર્યો હતો.

૪. પુ. (પુરાણ) રામના પ્રધાન સુતનો એક પુત્ર.

૫. પુ. (પુરાણ) વિદ્વત્તશીલ નદિવર્ધન જનકનો પુત્ર. એનો પુત્ર તે દેવરાત જનક

સુકેરા ૧. પું. (પુરાણ) વિદ્યુત્કેશી રાક્ષસને સાલકટંકટાને પેટે થયેલો એ નામનો પુત્ર. એ સદ્ગણ થયો હતો.

૨. વિ પું સારા કેશવાળો.

તણો **સુકેશ** ગોવિંદ
નરહરિ

સુકેસાર ૧. પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે

૨. [સં.] ન. બીજોરું

સુકેશા [સં.] પું. ભારદ્વાજ ગોત્રી એ નામના એક ઋષિ. તેણે પિપ્પલાદને પ્રશ્નોપનિષદનો છઠ્ઠો પ્રશ્ન એમ પૂછ્યો હતો કે, હે ભગવાન ! લોગ પ્રકાશવાળો પુરુષ કયાં છે ?

સુકેશી ૧. સ્ત્રી (પુરાણ) ગાંધાર રાજાની કન્યા અને શ્રીકૃષ્ણની સ્ત્રી.

૨. સ્ત્રી. સુકેશી નામની અપ્સરા.

૩. ન. વાંદરું

૪. વિ સ્ત્રી સારા વાળવાળી; સુંદર કેશવાળી

સુકેશી તવ વેણી છે, કવિર ચિત્રલેખા,
લુબ્ધો મનોહર મદનસમા રૂપ, તિલોત્તમા નાસિકા.
નીતાબેન

સુકેસર ૧. પું. (પિંગળ) જે નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુખેસક. તે અતિશક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે

૨. પું. બીજોરાંનું ઝાડ

સુકોમલ ૧. વિ. નમણું; અત્યંત પ્રેમાળ; લઘુ કોમળ, નાજુક

પ્રશંસા સતુ કહિ જિ અતિ **સુકોમલ** માત.
ભાલણ

૨. [સ. સ (વધારે) + કોમળ (પોચું)] વિ. વધારે નરમ; ઘણું જ પોચું

સુકોમલા [સ] સ્ત્રી રાતી જાસૂદ

સુકોમળ વિ ઘણું કોમળ

સુકોલી [સ.] સ્ત્રી ક્ષીર કાકોલી વનસ્પતિ.

સુક્ક ૧. [સં શુષ્ક] પુ. (પ્રા.કૃત) ઊંચામા ઊંચુ ધ્યાનું શુક્લ ધ્યાન.

૨. [સ. શુક્ર] ન. (પ્રાકૃત) એ નામનો એક ગ્રહ; શુક્ર

૩. ન. વીર્ય.

૪. ન. સાતમો દેવલોક.

૫. વિ. ધોળું.

૬. [સં. શુષ્ક] વિ (પ્રાકૃત) સૂકું; રસ વિનાનું; સૂકું

સુક્કજ્ઝરિયા [સં શુક્લધ્યાં] સ્ત્રી. (પ્રાકૃત) શુક્લની ગતિ જાણવાની વિદ્યા.

સુક્કજ્ઝાણ [સ. શુક્લ ધ્યાન] ન. (પ્રાકૃત) આત્મપરિણતિમાં એકાગ્ર થવું તે.

સુક્કજ્ઝરણી [સ. શુક્લ ધારિણી] સ્ત્રી. (પ્રાકૃત) પાંચ ધારણા કરનારી નાડી

સુક્કલેસ્સા [સં. શુક્લ લેશ્યા] સ્ત્રી. (પ્રાકૃત) અતિ સ્વચ્છ પુદ્ગલના યોગથી થતા અતિ શુદ્ધ મનોભાવ

સુક્કાના ૧. [અ સકન (તે રહ્યો)] પુ. ૪ ૧ રહેવાસીઓ

૨. ન. (વહાણવટું) સુખવાળું.

સુક્કોરોક પુ. (વૈદક) ગરમ રેતી, ધૂળ, ઈંટ, નળિયું, નિમક, ચૂનામાંની ગરમ રાખ, ગરમ કરેલું કપડાના ગોટા, ગરમ પાણી ભરેલી બાટલી વગેરે વડે કરવામાં આવતો શેક.

સુક્ખ [સ. સૌખ્ય ; ન. (પ્રાકૃત) શાંતિ; સાતા; સુખ.

સુકૃતુ ૧ [સ. સુ (સારું) + કતુ (સંકલ્પ)] પુ. સારો સંકલ્પ.

૨ વિ. શુભ સંકલ્પવાળું.

સુકૃત ૧ [સં. સુકૃત] ન પુણ્ય.

૨. ન સત્કર્મ; સત્કાર્ય; સારું કામ.

સુકૃત્યા [સ. સુ (સારું) + ક્રિયા (કામ)] સ્ત્રી. સારું કામ

સુકીર્તવાન વિ. જાગતવાળી.

ત્યારે બીજી કહે ભાઈ સાભળો સીતા **સુકીર્તવાન**,
અમ ચિતવ્યો આવી મળ્યા મુજને રઘે સમાન
નીતાસ્વયવર

સુકોઝ [અં] ન. ગોળમાં આવતી બે માદેન. એક પ્રકારની ખાંડ આ બે પ્રકાર સુક્રોઝ અને ગ્લુકોઝ છે.

સુકોત્ર ૧ પુ. (પુરાણ) એ નામે કોસલ દેશાધિપતિનો પુત્ર.

૨. પું. (પુરાણ) ભારતયુદ્ધમાં આવેલો પાંડવ પક્ષનો એક રાજા.

સુક્ષ્મા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નજ્ઞ, મજ્ઞ, જગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

સુક્ષ્મ્ય [સં.] વિ. અતિ સૂક્ષ્મ

સુક્ષેત્ર ૧. [સં.] ન. (શિલ્પ) એક જાતનું વિશાળ ઘર.

> સાધારણ વિધાન વગરનું એટલે અલિંદ વિનાનું વિશાળ ઘર પર્વના મુખનું હોય તો તે સુક્ષેત્ર નામે ઘર કહેવાય. રાજવલ્લભ

૨. ન. સારું ખેતર.

સુક્ષેમી વિ. કલ્યાણકારી.

> નમો ઓ ધનનંદદાની સુક્ષેમી. સ્વાધ્યાય

સુખ્ [સં] સ. ક્રિ. (ધાતુ) સુખી કરવું; સુખી બનાવવું. તે પરથી અનેક શબ્દો: સુખ, સુખી વગેરે.

સુખ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે આનંદ વસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૪૦ લઘુ મળી ૬૫ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વસંતવદ. તે ઉકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૮ સગણ અને બે લઘુ એમ છવ્વીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૩. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મ ઋષિને તેની શાંતિ નામની બીજી પૈકી થયેલો પુત્ર.

૪. ન. અંતઃકરણની વૃત્તિ જ્યારે બહિર્મુખ નથી હોતી પણ અંતર્મુખ હોય છે ત્યારે તે વૃત્તિ પોતાને અનુકૂળપણે ભાસવાથી થતી વૃત્તિ. રાગદ્વેષરૂપ ભાવકર્મનો નાશ કરતાં સુખ પ્રગટે છે. ભાવકર્મનો નાશ કરતાં આઠે પ્રકારનાં દ્રવ્યકર્મનો નાશ થાય છે અને સર્વકર્મનો નાશ થતાં સ્વતંત્ર સુખ પ્રગટે છે. સુખ બહારથી આવતું નથી પણ અંદરથી જ પ્રગટે છે. જે પરમાંથી સુખ લેવા માગે છે તે મૂઢ છે સુખ કર્મોના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી—વીતરાગદશાથી થાય છે અને ચારિત્ર એટલે અંતર સ્વરૂપમાં રમણતા, તે સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાનથી પ્રગટે છે આ સિવાય બીજી રીતે કોઈ દિવસ સુખ પ્રગટે નહિ. આ રીતે સમ્યગ્દર્શન એ જ સુખનો મૂળ પાયો છે. બાળગંગાધર ટિળક કહે છે કે: તુકારામબુવા કહે છે તેમ 'પ્રમાણુ સુખનું જગ જોવું, દુઃખતણું પર્વત જોવું ' એવો સિદ્ધાંત સ્વીકારવો પડે છે. ઉપનિષદકારનો સિદ્ધાંત આવો જ હોઈને ગીતામાં પણ મનુષ્યનો જન્મ અશાશ્વત અને ' દુઃખનું ઘર ' છે અને ફૂલની ઉપરનો આ સંસાર અનિત્ય અને ' અસુખાવહ ' છે એમ લખેલું છે. જર્મન પંડિત શોપેન હાઉઅરનો પણ મત એવો જ છે અને તે સિદ્ધ કરવાને માટે તેણે એક સમકારિક યોજના કરેલી છે. તે કહે છે કે, એકંદર મનુષ્યની જેટલી સુખેચ્છા થાય તેમાંથી જેટલી સફળ થાય છે તે ઉપરથી આપણે તે કેટલો સુખી છે તે સમજી શકીએ અને જો સુખોપભોગ સુખેચ્છાથી ઠમી પડ્યો તો તેટલા પ્રમાણમાં તે દુઃખી અજ્ઞાન. આ જ પ્રમાણુ ગણિતની રીતિએ બતાવવાનું હોય તો સુખોપભોગનો સુખેચ્છાથી ભાગાકાર કરવા અપૂર્ણાંકની રીતિએ $\frac{\text{સુખોપભોગ}}{\text{સુખેચ્છા}}$ એ પ્રમાણે લખી લેવું જોઈએ. પણ આ અપૂર્ણાંક એવો તો વિલક્ષણ છે કે તેનો છેદ એટલે 'સુખેચ્છા' ને તેના અંશ કરતાં એટલે સુખોપભોગ કરતાં હમેશા વધતો જ ચાલે છે, એટલે આ અપૂર્ણાંક પ્રથમ કૈ હોય તો પછીથી કૈક થાય, એટલે સુખોપભોગ ઝાઝો હોય અને સુખેચ્છા પાંચ ઝાઝી વધે એટલે પરિણામે વધારે ને વધારે અપૂર્ણ જ થયે જાય. માટે જ મનુષ્ય પૂર્ણ સુખી થાય એ આશા રાખવી તે વ્યર્થ જ.

૫. ન. (વેદાંત) આ અમારે દૃષ્ટનું સાધન છે, એ પ્રમાણે દૃષ્ટ સાધનના જ્ઞાન વડે અજન્ય એવી જે જન્ય ઇચ્છા છે, તે ઇચ્છાનો જે વિષય હોય તથા ગુણ હોય તે. અહીં આમ સમજવાનું છે: શબ્દ સ્પર્શાદિ વિષયો સુખરૂપ દૃષ્ટનાં સાધન છે, પણ સુખ કોઈ બીજા દૃષ્ટનું સાધન નથી. કેમકે, તે સુખ જ કળરૂપ છે. તેથી તે પોતે જ દૃષ્ટ છે. એવા સુખમાં જે લોકોને ઇચ્છા થાય છે તે સુખમાત્રના જ્ઞાન વડે જ જન્ય છે. દૃષ્ટ સાધનના જ્ઞાન વડે જન્ય નથી. માટે દૃષ્ટ સાધનના જ્ઞાન વડે અજન્ય અને મને સુખ થાઓ એ પ્રમાણે સુખ માત્રના જ્ઞાનથી જન્ય એવી ઇચ્છા છે તે ઇચ્છાના વિષયભૂત સુખ છે અને તે ગુણ પણ છે માટે ઉક્ત લક્ષણ સંભવે છે

૬. ન. આઠની સંજ્ઞા; આઠ સૂચક સાંકેતિક અક્ષર

૭. ન. જટામાંસી નામે ઔષધિ

૮. ન. ચોવીશ માંહેનો સોળમો ગુણ

૯. ન. તન, મનને જે એવો અનુભવ; આરામ; ચેન; શાંતિ; સંતોષ; તૃપ્તિ; ઉપભોગ, કામનાની સિદ્ધિનો આનંદ. મુદ, પ્રીતિ, પ્રમદ, હર્ષ, પ્રમોદ, આમોદ, સંમદ, આનંદથુ, આનંદ, શર્મ, શાત અને સુખ એ બાર નામ સુખનાં છે. મુદ અને પ્રીતિ શબ્દ ઓલિંગ છે, શર્મ, શાત, સુખ, નપુંસક છે, શેષ પુલ્લિંગ છે.

> વિચારીને બહુ જ રહું છું પ્રાણ ધારી હું પડે,
> તો કલ્યાણિ! તુ પણ ન થયે સાગરી સાવ લાંહે
> ચલ્લુ હોને સુખ મળી ઠરયુ કે ઠરી દુઃખધારા?
> નીચે જોયે ફરી રહી ઉરા ચક્રના જેમ આરા.
> મેઘદૂત

૧. પહેલું સુખ તે જાતે નર્યા = તંદુરસ્તી એ ઉત્તમ સુખ છે.

૨. સુખ પાછળ દુઃખ, દુઃખ પાછળ સુખ = વારા ફરતી ઝંઝટો; ચડતી પડતી; અસ્તોદય

૩. સુખ પામવું = સારી હાલતમાં રહેવું.

૪. સુખદુઃખના વિભાગી = સુખદુઃખમાં શાંતિ અને દિલાસાનું સ્થાન.

૫. સુખનાં સૌ સગાં = ચડતીમાં બધાં વાહ વાહ બોલે.

૬. સુખનો સાથી = સારામાં ભાગ લેનાર.

૭. સુખનો સાથી દુઃખનો વૈરી = સુખમાં ભાગ લેનાર ઘણાં મળે પણ આપત્તિએ તેમનો તજી દે છે.

૮. સુખનો રોટલો = ભારે દુઃખ, કષ્ટ કે અગવડ વિના નિરાંતે મળતો રોટલો કે કમાણી

૯. સુખમાં સૌની સાંભરે દુઃખમાં સાંભરે રામ = સુખમાં ઈશ્વર સાંભરતો નથી પણ દુઃખને કેવી રીતે ખુશી કરવો તે જ વાત સાંભરે છે, ઈશ્વર તો ફક્ત આપત્તિ ટાળે જ સાંભરે છે.

૧૦. ન. ઘંટર પરાદિ તથા પ્રાસ્તાંત મહેનો એક ગુણ

૧૧. ન. (જૈન) પુદ્ગલોનું એક કાર્ય.

સુખઓઢ ૧. [સં. સુખ + ઓકસ (ઘર)] પું. સુખનો ભરપો

૨. ન. ધન.

> દ્રવિણ દ્રવ્ય વસુ વિત્ત અકલ્પ્ય અર્થસુખઓઢ,
> ધન જેવું ગજબનું તેવું નહિ બીજું કોઈ.
> પિંગળસપુકોષ

સુખકર ૧. [સં.] વિ. પ્રિય.

૨. વિ. ભાવતું; રોચક

૩. વિ સુખ ઉપજાવે તેવું

૪. વિ સુખદાયી; સુખ કરનાર; સુખકારક.

સુખકરણ ૧. [સં] વિ આનંદકારી.

૨. વિ. સુખકારી.

એ મજ જાવતી સુખકરણ, રરીમ સુખ માનને ચ. દમારામ

સુખકંદ ૧. [સં.] ન. સુખનું મૂળ.

મોતી દીએ મરાલને, મધુકર ને મકરદ, વારિ તૃષિતને આનસર. સહુ જગને સુખકંદ

કાન્યદોહન

૨ વિ. સુખ ઉપજાવે એવું, સુખ આપનાર; સુખદાયક

સુખકંદા [સં.] વિ. સ્ત્રી. સુખદાયક.

આહા ! પૂરી ખીલી ચંદા, શીતળ મધુરી છે સુખકંદા. નર્મદાશંકર

સુખકાર વિ. સુખ કરનાર.

નિત નિત ઉચ્છવ પેખણા, સવિકિહિ નઈ સુખકાર કર્મગ્રંથ સં ૧૫૨૧

સુખકારક જુઓ સુખકર.

સુખકારિકા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં, સગણ, બે જગણ, મગણ અને લઘુ એમ તેર અક્ષર હોય છે

સુખકારી જુઓ સુખકર.

સુખચાર [સં.] પું. પડોશ હક્ક; વાપર હક્ક; સુખાધિકાર.

સુખચૈન ૧. સ્ત્રી. નર્મદાને મળતી એ નામની એક નદી.

૨. ન. આરામ; સુખશાંતિ.

સુખચૈનસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. અહીં સિનોધાટ આવેલ છે.

સુખચૈની વિ. આનંદિત

સેન્ટ્રલ લેજવાળી હોળીનો મોટો લાભ સુખચૈની છે. નવલરામ

સુખજન્યા [સં.] વિ. સ્ત્રી. સુખ આપનારી; સુખ ઉત્પન્ન કરનારી.

સુખઝૂલો પું. સુખથી ઝૂલવાનું સાધન; હીંડોળાખાટ.

સુખઝૂલે ઝૂલ્યાં રે. ગરબ

સુખડ (સુખ્ડ) ૧ [સં. શ્રીખંડ] સ્ત્રી ચંદનના ઝાડના સુગંધીદાર લાકડાને ઘસી કરાતો લેપ

૨. સ્ત્રી. ચંદનના ઝાડનું સુગંધીદાર લાકડું. ઈ સ. પૂર્વે આશરે પાંચમી સદીના બારકના વૈદિક ભાષ્યમાં અને જૂનામાં જૂના હિંદી લખાણોમા સુખડનાં ઝાડોનો ઉલ્લેખ કરેલો છે. ફરિશ્તાની સારંગમા આયાત થતી હિંદી વસ્તુઓમાં લગભગ પહેલી સદીના અંતભાગમાં પેરિપ્લસ ઑવ ધ એરિથ્રિયન સીના કર્તાએ સુખડનો ઉલ્લેખ કરેલો છે. તે સમયે તેમાંથી નીકળતું ઉપયોગી તેલ કુંવારીઓને શરીરે લગાડવામાં જ માત્ર વપરાતું હતું. ચંદનનું ઝાડ સામાન્ય રીતે ૨૦થી ૩૦ ફૂટ ઊંચાઈનું હોય છે અને પૂરેપૂરું ખીલી રહે ત્યારે તેનો ઘેરાવો ૬થી ૮ ઇંચનો હોય છે હિંદુસ્તાનના કુમરાણ ભાગમાં તે થાય છે. તે સૂકી અને ખુલ્લી જમીનમાં ઊગે છે. જંગલમાં નહિ પણ વાડના ઝાડમાં ઝેગે છે. તેની છાલ બૂરી ઝાંખવાળા પીળા રંગની હોય છે અને તેનો માવો ચોક્કસ બૂરા રંગનો હોય છે. તે ઘસ્યો સાખત, વજનદાર, ચીકટ અને કાપવામાં આવે તો કુંડાળાં કુંડાળાવાળો હોય છે. લાકડામાંથી ખાસ કરીને તેને ગરમ કરવામાં આવે ત્યારે અમુક જાતની તેલની મીઠી સુગંધ નીકળે છે. દુનિયાના બીજા ભાગોમાં સુખડની કેટલીક જાતની શોધ થયેલી છે. પણ સામાન્ય રીતે એમ સ્વીકારાયું છે કે, હિંદુસ્તાન અને મલાયા દ્વીપકલ્પમાંથી મળતું સુખડ વૈદિક દૃષ્ટિએ સૌથી વધારે કીમતી છે. આ પ્રદેશનું તે વતની હોવાથી હિંદમા તેનું વાવેતર બહુ લાભદાયક છે. જ્યારે ચંદનનું ઝાડ આશરે ૨૦ વર્ષનું થાય છે એટલે કે, યુવાવસ્થામાં પહોંચે છે ત્યારે તેને પાડવામાં આવે છે અને ડાળીઓ કાપી નાખવામાં આવે છે અને તેનું થડ જમીન ઉપર કેટલાક મહિના પડતર રહેવા દેવામા આવે છે, જે દરમ્યાન બોગી કીડીઓ બહારની છાલ અને અંદરની નરમ છાલ ખાઈ જાય છે, કે જે તેમને પોષણ આપનારી અને હિતકારક હોય છે પણ અંદરનું લાકડું કે જે ઘાટું કાળું અને તેલ આપનારું હોય છે તે તેઓ છોડી દે છે. આ રીતે બળવણનાં તેઓ બહારની નકામી છાલ દૂર કરવામાં માણસને મદદ કરે છે ચંદનવૃક્ષનું સુગંધીદાર કાષ્ઠ રંગે સફેદ, પીળું તથા લાલ હોય છે. સફેદ અને પીળું કાષ્ઠ એક જ વૃક્ષમાં થાય છે. લાકડાંનો વધારે પડતો ભાગ પીળા રંગનો થાય છે. સુખડ શીતળ અને સુવાસિત છે અને ખીલ, ગૂમડાં, મસ્તકશૂળ તથા સોજા ઉપર ઘસીને ચોપડાય છે. સુખડનાં લાકડાંના ટોચને પાણીમાં પલાળીને ઉર્ધ્વનળિકાયંત્ર દ્વારા તેલ અત્યંત ઓછું, જે ખરજ અને ત્વચારોગ ઉપર લગાડાય છે. તેલ મૂલ્યવાન તરીકે પ્રમેહમાં ૧૦થી ૧૨ ટીપાં માત્રામા આપવામાં આવે છે. એવું કહેવાય છે કે, એક મણ સુખડના લાકડામાં દોઢ પાશેર તેલ મળી આવે છે. ચંદન કરતા કાષ્ઠાઓ અને કાષ્ઠાઓ કરતાં નાની ડાળીઓમાં તેલ ઓછું હોય છે. આથી જાત જાતનાં તેલ કાઢવામાં આવે છે. મૂળમાંથી જે તેલ નીકળે છે તે ઉત્તમ મનાય છે. તેલનો રંગ ફીકો પીળો હોય છે. ચંદનના બેદો ધન્વંતરીય નિઘંટુમાં ચંદન, રક્તચંદન, કુચંદન, કાલીયક અને ભદ્રશ્રીક આ પાંચ પ્રકારે છે. રાજનીઘંટુમાં તેના સાત પ્રકાર છે ભાવપ્રકાશમાં ચંદન, રક્તચંદન, પીતચંદન અને કુચંદન આ ચાર પ્રકારનાં ગુણોનો ઉલ્લેખ છે. ધોળા ચંદનના ગુણોઃ કડવું, તીખું, શીતળ, તૃપ્તિ, ક્રાંતિકારક, કામજનક, રુક્ષ, આનંદકર, લઘુ તથા હૃદયને હિતકર અને પિત્ત, શ્રમ, બળતરી, તાવ, તૃષા, સંતાપ, મુખરોગ, દાહ, શ્રમ, શોષ, વિષ, કફ તથા રક્તપિત્તનો નાશ કરે છે. પીત ચંદનઃ શીતળ, કડવું તથા કાંતિકારક છે અને કફ, ક્રોઢ, ખરજ, કૃમિ, રક્તપિત્ત, વિષ, પિત્ત, તૃષા, દાહ અને જ્વરનો નાશ કરે છે. રક્તચંદનનું લાકડું ગાઢું અને પૌષ્ટિક મનાય છે. સોજામાં કંડ લાવવાને તેમજ માયુ દુઃખતું હોય તો ચંદનને ચોપડવાથી એ ધોળા ચંદન કરતાં વધારે કંડ કરે છે. લોહીની બળતી આદિ રોગોમાં રક્ત ચંદનને દૂધમાં ઘસીને પવાય છે. સુખડનું અત્તરઃ ઉંચી મલમલની સુખડના ઝીણા ઝીણા કટકા કરી બોડા દિવસ પાણીમાં પલાળી રાખી તેને તે પાણી સાથે ઉકાળવા અને સારી રીતે ઉકળવાથી તેની ઉપર તેલ તરી આવે ત્યારે નીચે ઉતારી તેમાંથી તે તેલ ચૂપીથી કાઢી લેવું.

સુખડ ઘસાય, કાંઈ ઓરસીઓ ઘસાય ? = જાત નમે, કજાત ન નમે.

સુખડિયા (સુખ્ડિયા) ૧. સ્ત્રી. ગેરુઆ કસુંબીની એ નામની એક બટક.

૨. ન. એ નામની બટકનું મલમલ.

૩. વિ. એ નામની બટકનું.

સુખડિયાવાડ (સુખ્ડિયાવાડ) સ્ત્રી. ચોરાહી માંહેનું એક ચૌદું; શહેરના જે ભાગમાં સુખડિયા લોકોની દુકાનો હોય તે.

સુખડિયો (સુખ્ડિયો) પું. કંદોઈ; મીઠાઈ બનાવનાર; હલવાઈ

સુખડી (સુખ્ડી) ૧. સ્ત્રી. ખેતરની જમીન રાખતાં વિધોટી ઉપરાંત વધારાના હપ્તા દરબારને ભરવા પડે છે તે.

૨. સ્ત્રી. ઘી, ગોળમાં ઘઉંનો લોટ શેકીને બનાવેલો ખાવાનો પદાર્થ.

૧. સુખડી જમાડવી = માર મારવો.

૨. સુખડી ખંખારવી = મુસાફરી માટે કોરું ખાવાનું આપવું

૩. સ્ત્રી. દરબારી કોઠારીને જે ભાગ ગામ પેદાશમાંથી આપવામાં આવે છે તે.

૪. સ્ત્રી. કસ્તૂરી; હકસાઈ; બક્ષિસ.

૧. સુખડી આપવી = બક્ષિસ આપવી.

૨. સુખડી કાપવી = વેચેલા માલની કીમતમાંથી કસ્તૂરી પેટે થોડી રકમ કાપવી કે ઓછી આપવી.

૫. સ્ત્રી. દેશી પેઢીઓ અને કારખાનામાં ક્રમ કરનારા નોકરોને સારી નોકરીના બદલામાં મીઠાઈ તરીકે આપવામાં આવતી બક્ષિસ; વાર્ષિક ઇનામ કાયમ નોકરને આપવાની રકમ; 'બોનસ'.

૬. સ્ત્રી. મીઠાઈ

સુખડું (સુખડું) ૧. ન. ઘી, ગોળ અને લોટનું મિષ્ટાન્ન; ગોળપાપડી.

૨. ન. મીઠાઈ.

૩. ન. સુખ.

સુખણું [સં. સુખિન્] વિ. સુખી; સુખમાં મગ્ન

સીતા તો તું વને વહાલા ! રામ સુખણો રાય.
રતિદાસ

સુખતળી સ્ત્રી. લોઢાના ઢાંકા પગને તળિયે ખૂંચે નહિ તે માટે લોઢાની અંદર નાખવામાં આવતું નરમ છૂટું ચામડાનું પડ.

સુખતળી જુઓ સુખતળી.

સુખદ ૧. પું. ગંધર્વોનાં પાનાનાં બાર માંહેનો એ નામનો એક રેગ.

૨. પું. (સંગીત) ધ્રુપદના સોળ માંહેનો એક પ્રકાર. તેના દરેક પાદમાં ૨૦ અક્ષર હોય છે.

૩. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સદાચારીઓને સુખ દે છે અથવા દુરાચારીઓનું સુખ ખંડન કરે છે તેથી વિષ્ણુને સુખદ કહે છે.

૪. જુઓ સુખકર.

સુખદવેલડી (સુખદવેલડી) સ્ત્રી. સુખ આપનારી વેલ; સુખવલ્લી.

સુખદર્શન ૧. સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ; સફેદ કમળ જેવો એક છોડ. કાનના દુખાવામાં તેનો રસ અપાય છે.

૨. ન. એક જાતનું ફૂલ.

સુખદા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કમલા. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૮ સગણ અને ગુરુ એમ પચીસ અક્ષરો હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે સર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, યગણ, સગણ, તગણ અને બે ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને વિષ્ણુ, સુરેશ્વર, કોકી, મુક્તાહારા, મુક્તાહરા, સવૈયા, માલવી પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ જગણ મળી ચોવીસ અક્ષર હોય છે અને બારમા અક્ષર ઉપર યતિ આવે છે

૪. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૫. સ્ત્રી. બીજોરીનું ઝાડ.

૬. સ્ત્રી સીતાના સહસ્ર માંહેનું એક નામ.

૭. સ્ત્રી સ્વર્ગની વેશ્યા; અપ્સરા.

૮. વિ. સ્ત્રી. સુખ આપનારી.

સુખદાઈ જુઓ સુખકર

સુખદાજ વિ. સ્ત્રી સુખ આપનારી.

પ્રભુ મને હસ્તરી **સુખદાજ** રાવરી
નરસિંહ મહેતો

સુખદાતા જુઓ સુખકર.

સુખદાનિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કમલા. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૮ સગણ અને ગુરુ એમ પચીસ અક્ષરો હોય છે. તેમાં ૧૨મા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

સુખદાની જુઓ સુખદાનિ.

સુખદાય જુઓ સુખકર.

સુખદાયક જુઓ સુખકર.

સુખદાયણી વિ સ્ત્રી. સુખ આપનારી; સુખદા.

રેવી **સદા સુખદાયણી.**
હો અહનરી પરમેશ્વરી પ્રસિદ્ધ
વરજાંગ મેવાડા

સુખદાયિની વિ. સ્ત્રી. સુખ આપનારી

સુખદાયિની, સુખદાવિની, સરસ્વતી. બલા પું.
ગુ. સા પરિષદ

સુખદાયી વિ સુખ આપનાર; સુખકર, સુખદ સ્વેરે રેહ નહવાઈ જઈ તમ કાંતિ અહહ ' કરમાઈ, રાખન સુહનિયે; મખન હું નાખૂ નલિત રહે **સુખદાયી.**
મીનળદેવિ

સુખદુઃખ [સં.] ન.બ.વ. ખુશી અને દિલગીરી; જીંદગીની સારી નરસી સ્થિતિ. સામાન્ય રીતે સુખદુઃખના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રણ ભેદો કરેલા છે. કેટલાની કૃપાથી અમુક અકૃપાથી જે સુખદુઃખ ભોગવવું પડે છે તે આધિદૈવિક; બાલ વગેરેના પૃથ્વી આદિ પાંચ મહાભૂતાત્મક પદાર્થો સાથે મનુષ્યની ઇંદ્રિયોનો સમ્બન્ધ થતાં શીતોષ્ણાદિક મુલથી જે સુખદુઃખ ઉત્પન્ન થાય છે તે આધિભૌતિક એવા પ્રકારના બાહ્ય સંયોગ સિવાય ઉત્પન્ન થનારાં બીજાં સર્વ સુખદુઃખ તે આધ્યાત્મિક

૧ સુખદુઃખ સંસારમાં આવ્યાં જ કરાય છે = સંસારમાં બધા દહાડા સરખા જતા નથી.

૨ સુખદુઃખના કતમીન :- ઓરતને ઘણી મારકૂટ નહિ કરતા સારી રીતે રાખે તે ખાતરી બદલ આપવાનો જામીન

૩ સુખદુઃખનો સાથી = જે દોસ્તદાર સુખ અને દુઃખ બનેમાં એકસરખો ભાગ લે તે.

સુખદુઃખવિદ્યા [સં.] સ્ત્રી મનુષ્ય દર્શન અને સુખદુઃખ એ બે વચ્ચેનો સમ્બંધ દર્શાવતું શાસ્ત્ર.

સુખદેણ જુઓ સુખકર.

સુખદેણી વિ. સ્ત્રી સુખ આપનારી; સુખદાયી-ણ તે. તેને **સુખદેણી** રે લોક દયારામ

સુખદેણું ન. સુખ દેનારું

સુખધાની [સં.] સ્ત્રી સુખદાયી પધારી; સુખદાયક; સુખે સુવાય તેવું બિછાનું કે પલંગ. ઉત્તરાદિત પર્યંકે પોઢ્યા, પછી ન બન્ય **સુખધાની**
દયારામ

સુખધામ ૧. ન. આશરો; આશ્રય

૨. [સં.] ન. સુખ આપનારું ઠેકાણું, સુખની જગ્યા; સુખનું સ્થાન

૩. ન. સ્વર્ગ

સદ્‌બુદ્ધિ કરી મારવી, સંયમ નિયમ હરામ,
અંતરામાં વહે અમને જોવાને **સુખધામ.**
રામરમત

સુખધાર સ્ત્રી. સુખની ધારા.

સુખન ૧. પું. અનુમાન.

૨. [સં. સુખુન] પું. બોલ; વેણ; ઉચ્ચાર; શબ્દ

બે સુખન કહેવા = (૧) ઠપકો આપવો. (૨) બે બોલ કહેવા; ભલામણ કરવી. (૩) સલાહ શિખામણ આપવી.

૩. ન. વચન; બોલ.

સુખન દેવું = વચન આપવું

સુખનયન [સં] ન સુખ દર્શાવતું નયન; સુખવાણી આંખ

જોઈને સાતિ **સુખનયનમા** સ્વર્ગ પણ વહારી.
ચાંદો ભક્ત

સુખનાવડી સ્ત્રી. સુખનું વહાણ.

આવાગમિ **સુખનાવડી.** આર્ય પ્રભાસ્વ

સુખનિદ્રા ૧. સ્ત્રી. ગાઢ ઊંઘ.

૨. [સં] સ્ત્રી. નિરાંતવાળી ઊંઘ

સુખનિધાન [સં.] ન. સુખનો ભંડાર.
તામનો **સુખનિધાન** રે સજની.
નરસિંહ મહેતો

સુખપથ [સં.] પું. સુખ પ્રાપ્ત થાય તેવો રસ્તો
ભવસાગર તરવા તણી,
સહુને એ **સુખપથ** પાજ દયારામ

સુખપરિણામક ૧. [સં] વિ આનંદ પર્યવસાયી.
૨. વિ. સુખમાં પરિણમતું; 'હોમિક'. નાટક માટે વપરાય છે

સુખપાલ ૧. પું. સિત્તેરામ નામનું વાહન; ૨ઘ. ઔંધના રાજકર્તા શ્રી ભગવતસિંહજીના પિતાશ્રી સમ્રામજી બાપુ ઈશ્વરભક્ત હતા અને પ્રજાનાં સુખ માટે બહુ કાળજી રાખતા. તેથી તેઓ સુખપાલ કહેવાયા. સિત્તેરામ નામનું વાહન પણ તે ઉપરથી સુખપાલ કહેવાયા લાગે વળી હિંદુ સ્ત્રી પોતાના પતિનું નામ ઉચ્ચારી ન શકે એ રિવાજને લીધે શ્રી ભગવતસિંહજીનાં માતુશ્રી બોંધીયા સાહેબે સિત્તેરામને બદલે સુખપાલ શબ્દ યોજ્યો હોવાનું પણ સંભવે છે.
૨. [સં. સુખ + પાલ (પાળનાર)] પું. સુખપૂર્વક પાળનાર રાજા.
૩. સ્ત્રી. એક જાતની પાલખી; એનો તેનો ઉપરનો આકાર શિવાલયના શિખર જેવો હોય છે.
રાજા **સુખપાલ** મહેતાજી મેકે ગયા,
વરણ સાસુ-નણંદને બાલ કીધા.
નરસિંહ મહેતો
૪. ન. સુખ આપનારું સાધન.

સુખપાવની સ્ત્રી. ખીચડી.
સુખપાવની અને કઢ ન ખીચડી અને કઢી

સુખપૂર્વક [સં.] અ. આરામથી; મજાથી; સુખથી; સહેલાઈથી.

સુખપ્રદ [સં.] વિ. કલ્યાણકારી; સુખ આપનાર; સુખદાયક.
બધા સંપ સાથે સમસ્ત સુખકારી,
સર્વ પ્રકાર **સુખપ્રદ** ધામ.
રઘુવરરામ

સુખપ્રદાયની વિ સ્ત્રી. સુખ આપનારી.
શોભે **સુખપ્રદાયની** સુમુખે સહર્ષ નરેશ.
પ્રવાસ વર્ણન

સુખપ્રધાન નાટક ન. ઉપન્યાસિકા; હાસ્યરસ પ્રધાન નાટક; 'કોમેડી'. ગ્રીકના કરુણ રસ નાટકમાં નટનું કદ ઊંચું કરવાને એક જાતના બનાવ તળિયાના જોડા પહેરાતા. સુખપ્રધાન નાટકમાં નટ પાતળા તળિયાના જોડા પહેરતો.

સુખપ્રયોજનતાવાદ [સં.] પું. ક્રમ સુખવાદ; સુખેચ્છાવાદ.

સુખપ્રયોજનતાવાદી [સં,] વિ. ક્રમ સુખવાદી; સુખવાદી; સુખેચ્છાવાદી.

સુખબોધ ૧. [સં. સુખ + બોધ (જ્ઞાન)] પું. સહેલાઈથી મેળવેલો બોધ; સુખેથી મેળવેલું જ્ઞાન
૨. પું. સૌખ્યની ભાવના.

સુખભાગી ૧. [સં. સુખ + ભાગિન્ (ભાગ લેનાર)] વિ. સુખ ભોગવનાર; સુખી.
૨. વિ. સૌખ્યનો ભાગી બનનાર.

સુખભાજ જુઓ સુખભાગી

સુખભાવ જુઓ સુખભુવન.

સુખભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મ કુંડળીમાંનું ચોથું ભુવન. તેમાં માતા, મિત્ર, વાહન, પશુ, સ્થાન, ખેતર, ભોજન, હૃદય, આસન અને રાજન વગેરે બાબતનું સુખ જોવામાં આવે છે

સુખભોગ [સં.] પું. સુખ ભોગવવું તે
એ હાલની પૂર્વે આત્મા રહેતો છે કે, જેને સુખભોગ પણ નથી કે દુઃખભોગ પણ નથી
સ્વામી વિવેકાનંદ

સુખભોજન [સં] ન. નિરાંતે જમવું તે

સુખભોક્તા ૧. [સં.] પું. વિષ્ણુ
૨ વિ સુખ ભોગવનાર.

સુખમગ્ન [સં.] વિ. સુખમાં ગરકાવ.

સુખમણ સ્ત્રી એ નામની પણ માંદગી એક નાડી; સુષુમ્ણા. જ્યારે બંને નાસિકામાંથી સાથે શ્વાસ નીકળે ત્યારે સુષુમ્ણા નાડી કહેવાય છે જ્યારે આ સ્થળે સ્વર આવે ત્યારે મનને સમાધિ થાય છે. સુખમણ એ સુષુમ્ણાનું અપભ્રંશ રૂપ છે.

સુખમણા સ્ત્રી. સુષુમ્ણા નાડી; સુખમણ
ત્યાં અષ્ટ કમળે છે હંસ, તાર ન તૂટે રે,
રાખી ઉંડા પિંજરા વાસ, **સુખમણા** નાડી રે.
ત્યાં ચંદ સૂરજ મણી મેઘ, અનહદ ભારી રે.
મુ. સા. પરિષદ

સુખમણી જુઓ સુખમણા.

સુખમય ૧. [સં. સુખ + મય (ભરેલ)] વિ. સુખથી ભરેલું
૨. વિ. સુખી.

સુખમા [સં. સુષમા] સ્ત્રી. શોભા; અપ્રતિમ; બળદ
શોભા આવ્યા વા પ્રભુ **સુખમા** પરખા કરિતે.
કવી ન રાચુ કળી જીવનની સુરમન સ્પર્શે ભાંતિ
ત્રિભુવનપુરોહિત

સુખરાત્રિ ૧. સ્ત્રી. મહાષ્ટમી રાત્રી.
૨. જુઓ સુખરાત્રિકા

સુખરાત્રિક [સં.] સ્ત્રી દિવાળી.

સુખરાશિ ૧. [સં. સુખ + રાશિ (ઢગલો)] પું. અનંત સૌખ્ય; પુષ્કળ સુખ; સુખનો ઢગલો.
હવે મારે સમજે **સુખરાશિ**. અખો
૨. વિ. પુષ્કળ સુખ આપનાર; અનંત સૌખ્ય લક્ષનાર.

સુખરાશિ [સં. સુખ + રાશિ (ઢગલો)] પું. સુખનો ભંડાર.
પળે સંત રહિત **સુખરાશિ**.
નાથ ભોક્તામાં અવિનાશી.
હરિલીલામૃત

સુખરૂપ ૧. વિ. ક્ષેમકુશળ; સ.ભુસમુ.
૨. વિ. તંદુરસ્ત.
૩. વિ સહીસલામત.
૪. અ. સુખમાં

સુખરેચ [સં.] પું. હલકો રેચ.

સુખરેચક [સં.] વિ. હલકો ઝુલાબ લાવે એવું.

સુખરેલ સ્ત્રી સુખની રેલ.
જ્યારે પ્રેમી નિજારો **સુખરેલમા** હશે.
ઝવેરી

સુખલડી (સુખલડી) સ્ત્રી. પકવાન; સુખડી.
સારી **સુખલડી** હું આપીશ હરિને હાથ.
દયારામ

સુખલા પું. ઘ. ઘ. મકાનો ઓઢ; રવો.

સુખલાડી ન. ઘોડાનું એક જાતનું પલાણ.
કરી સુદર બહુ વાઘે,
સોનેરી **સુખલાડી** ભિરાજે. નિષ્કુળાનંદ

સુખલીલા [સં. સુખ + લીલા (રમત)] સ્ત્રી સુખદાયક રમત; સૌખ્ય આપનારી રમતિવાળ પ્રવૃત્તિ

સુખલું ન. અનાજના કણસલા ઉપર ઊગતી રુંવાટી

સુખવર્ધન ૧. [સં. સુખ + વર્ધન (વધારવું તે)] ન સુખ વધારવું તે; સુખવૃદ્ધિ.
માત્ર આપણા **સુખવર્ધનને** માટે બનાવે નથી.
વસંત
૨. વિ. સૌખ્ય લક્ષીને તેમાં વૃદ્ધિ કરનાર; સુખ વધારનાર.

સુખવસ્તુ વિ પહેલાની કમાણી ઉપર બેઠેબેઠે ખાનાર; આયેપીયે સુખી.
ગામડામા ગયાં, ત્યા કેટલાએક ઘરોની અંદર જઈને જોયું, ત્યાના કમગાર વર્ગનાં ઘરો જોયા ટેવવાળો જોયો, ત્યાના **સુખવસ્તુ** લોકોની રહેણી જોઈ.
વાયુજિન બોડકર

સુખવંત ન. સુખી

જગમાં બહુજન ધન વિના સંપ ઘડી ધનવંત
સાખપુરે વસારમાં એની લોક અનંત. પદ્મપાદ

સુખવાદ ૧. [સં.] પુ. આસ્વાદ; 'ઓપ્ટીમિઝમ.'

ત્યાર પછીના 'હૃદયવીણા'ના હૃદયને કરુણ ભાવથી આર્દ્ર કરી નાખે તેવા પ્રસંગો પણ છે ; આ કલ્પના ઉપન્યાસની પ્રગતિ છે. તત્ત્વચિંતનનું વિલાસીપણું બધુ છે અને 'કુસુમમાળા'ના બાપા રહેલ સુખવાદ ખરડી ગયો છે. બધુ તેને માટે બહુ ઓછી આવી જઈ છે. કુલની સાથે બધુવેશ કુ બાવાદ 'હૃદયવીણા'માં કર્યક પ્રધાનપણે બહ્યો છે. હિમ્મતરામ બાનરિયા

૨ પુ. ઇંદ્રિયસુખાનુવાદ; ઇંદ્રિયોના ભોગવિલાસને જ જીવનનું મુખ્ય ધ્યેય સમજનારો વાદ; ન ન ન્યાદ 'હિડોનિઝમ' શ્રી અનિલસુખરાય ક. ત્રિવેદી લખે છે કે, ગંભીર ચિંતનના ઉંડા પ્રતાકાળથી ઉદ્ભવેલા માણસો એવાં થઈ ગયાં છે કે, તેમણે આનંદ કે ભોગજન્ય એ જ ધ્યેય વસ્તુ છે એમ મત ધરાવ્યો હતો. આ વાદને સુખવાદ એટલે હિડોનિઝમ કહેવામાં આવે છે. પોતાની બધા કર્મો કર્મથી સૌથી વધારે બધારે બધારી એવો ઉદ્દેશ રાખી કર્તવ્ય કરનારાઓનો વાદ સ્વાર્થપરાયણ સુખવાદ એટલે હેડોનિસ્ટિક હિડોનિઝમ કહેવાય છે. સમજની બધા કર્યા કર્મથી સૌથી વધારે મેળવાશે એવો ઉદ્દેશ રાખી કર્તવ્ય કરનારાઓનો વાદ પરમાર્થપરાયણ સુખવાદ એટલે યુનિવર્સેલિસ્ટિક હિડોનિઝમ કહેવાય છે.

સુખવાદી ૧. [સં.] વિ. આશાવાદી

૨. વિ. સુખવાદમાં માનનાર; 'હેડોની.'

એ કનિષ્ઠ પામરીથી ઘડતાં આધિભૌતિક સુખવાદીઓને બહુ પરોપકાર અને ઉપરે માણસાઈ સુધી આવવું બહુ છે. ગીતાપંચામૃત

સુખવાન [સં.] વિ. જ્યાં સુખ છે તેવું; સુખદાયક; સુખી.

રથમ સુંદર ગોબામાલ તક લાખે બધી સુખવાન. શિરમર

સુખવાસના [સ.] સ્ત્રી. સુખની લાલસા.

સુખવાસી ૧. [સ] વિ. આનંદી

૨. વિ. દુ:ખ વગેરે આપદા નહિ વેઠતાં આરામથી રહેવાની ટેવવાળું; મોજીલું.

૩. વિ. બેદિકરું.

૪. વિ સુખમાં રહેનારું.

૫. વિ. સુખમાં વસેલું.

સુખવાહક વિ સુખ લાવે જનાર.

સુખવાહક વિપદ પ્રહાર સહી. અખંડિતેલી

સુખવેલ સ્ત્રી. એક જાતની કનોદ.

સુખશયન જુઓ સુખશય્યા.

સુખશય્યા ૧. [સં. સુખ + શય્યા (પથારી)] સ્ત્રી. નરમ અને તરત ઊંઘ આવે તેવું બિછાનું; સુખપાની; સુખરૂપે સુવાય તેવું સરસ ને સુંદર બિછાનું કે પલંગ.

૨. સ્ત્રી. વિલાસ ભોગ કરવાનો પલંગ.

૩. સ્ત્રી. સ્વામિનારાયણના મંદિરમાંનો એક ઓરડો. તેમાં સહજાનંદ સ્વામીનો પલંગ, પાન આદિ વસ્તુઓ પ્રસાદી તરીકે બચાવી રાખવામાં આવેલી હોય છે.

સુખશાતા ૧ સ્ત્રી તંદુરસ્તી; શારીરિક સુખ; આરોગ્ય.

૨. સ્ત્રી નિરાંત; સુખ અને શાંતિ.

સુખશાંતિ જુઓ સુખશાતા.

સુખશીલ ૧ [સ] વિ પરિશ્રમ ભોગવવાને કાયર, મનની અસ્વસ્થતાવાળું.

૨ વિ. સુખરૂપ; સુખકારી.

સુખશીલિયું વિ. સુખ આપે તેવું

કેટલાક રોગમાંથી મર્મભેદ કેટલાક સુખશીલિયાં સાધનનો બોધ બોલી દીધા. શ્રીમદ્ રાજચંદ્ર

સુખશૂરું વિ. સુખ ભોગવે શૂર

વાળીસરા વાળિયા, ઘણસરા જાદવ,
સુખશૂરા જાનકારિયો, બધુ કુ બહાદુરા અદ્‌ભુત. નરહરિ

સુખશૌક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, જગણ, તગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

સુખસગવડ (સુખસગવડ) સ્ત્રી ; ન જ ન આરામ અને અનુકૂળતા; સુખ અને સગવડ.

સુખસજ્જા જુઓ સુખશય્યા.

સુખસમાધાન [સં.] ન. જ. ન. સુખ અને સમાધાન; આનંદ અને શાંતિ.

સુખસવડ (સુખસવડ) ૧. સ્ત્રી. સુખ તેમ જ સગવડ.

૨. સ્ત્રી. સુખ મળે તેવી સગવડ.

સુખસંગી [સ સુખ + સંગિન્ (સંગ કરનાર)] વિ સુખનો સંગ ધરાવનાર; સુખમાં આસક્તિવાળું; સૌખ્યની શોધમાં ફરનાર

સુખસંજ્ઞા [સ] સ્ત્રી. જીવને અંતરમાં સુખની બધા જણાય તે.

સુખસંતોષ [સં.] પું. સુખ તેમ જ સંતોષ.

સુખસંપત્ત ૧. [સ] વિ. નસીબદાર ભાગ્યશાળી.

૨. વિ પ્રતાપી

૩. વિ. પુણ્યશાળી.

૪. વિ. સુખી.

સુખસાગર [સં.] પું. અત્યંત સુખ; અવધિ વગરનું સુખ; સુખનો દરિયો.

બાની બધ સુખસાગર ઊલટ્યા,
ઉમંગ અંગ ન સમાય ૮. હરિરામ

સુખસાજ [સં] પુ સુખનો સામાન.

સુખસાતા જુઓ સુખશાતા.

સુખસાધક ૬ [સ પુ ગૌણ રચણનો બાલિક

૨. પું. સુખવિધાતા.

સુખસાધ્ય [સ] વિ મહેનતાઈથી સાધી શકાય તેવું; સુસાધ્ય.

સુખસાર ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, તગણ, યગણ, જગણ, રગણ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે

૨ પું પરમસુખ; સર્વોત્તમ સુખ

૩. [સ] પુ સુખનું તત્ત્વ.

સુખસિંધુ [સ] પું સુખનો સાગર.

હજારના અંક કમાઈના જો,
મહેનત સુખસિંધુમાં નહાય જો.

વલ્લભ ભટ્ટ

સુખસેજ જુઓ સુખશય્યા.

સુખસ્રોત [સં.] પું. સુખનો પ્રવાહ.

સુખહસ્ત [સં] વિ. સારો કે ફળવો જેનો હાથ છે તેવો. તે ફલમ માટે વપરાય છે.

સુખહિતપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં સુંદર માંહેનું એક નામ.

સુખા ૧. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની પાંચમી મૂર્છના; જો સપ્તકની એક મૂર્છના; અંધાર ગ્રામની એક મૂર્છના. મદ્રસ્થાની પંચમ સ્વરથી આરોહ કરી મધ્યસ્થાની પંચમ સુધી જવાથી અને અવરોહ કરી પાછા મંદ્રસ્થાની પંચમ ઉપર જવાથી આ મૂર્છના બને છે.

૨. સ્ત્રી. વરસ્ત્રદેવની રાજધાનીનું શહેર.

સુખાકારી સ્ત્રી તનમનની સુખકર અવસ્થા; તંદુરસ્તી, આરોગ્યતા; સુખી હાલત

સુખાગાર [સ.] ન. સુખનું સ્થાન કે ગૃહ

સુખાજાત [સ] પું. શિવના સુંદર માંહેનું એક નામ

સુખાણ ૧. [સં. સુક્ષાન; સુ (સારો) + ક્ષર્ણ (ક્ષાન)] ન (વહાણવટું) વહાણને ડાબી બાજુએ કે જમણી બાજુએ ફેરવવા માટે પાછાના મોરા પાસે રખાતો ધોકામાં જડેલા પાટિયાવાળો નુખતો; સુકાન. સુખાણ કાન જેવું લાગે છે એ તો હજારૂ રપટીકરણ છે.
૨ ક્રિ. વિ. સુખે કરીને.

પ્રબ્ધ નવલગીરા **સુખાણ** પ્રેમાનંદ

સુખાણગીર કું. (વહાણવટું) સુખાણી, સુકાની.

સુખાણી ૧. કું ઉપરી; મુખી.
૨. કું સુકાની

સુખાધાર [સં] પું. સુખ આપનાર ' વાસ સ્થાન; સ્વર્ગ.

સુખાધિક ૧. વિ. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર.

જે દ્વિશાળ ઘરને ત્રણે દિશાઓમા બે બે ભીતો હોય, તે ઘરના મુખ આગળ ત્રણ ભીતો હોય, એ મુખ આગળના ભીતો આગળ એક મંડપ હોય તથા ઘરનું મુખ દક્ષણ તરફ હોય તો તે ઘર **સુખાધિક** ઘર કહેવાય. રાજવલ્લભ

૨. [સં.] વિ. અધિક સુખ મળે તેવા ક્રમવાળુ.

સુખાધિકાર ૧. [સં.] પું. પાણીના નિકાસનો તથા કુવા બનાવવાનો હક

૨. પુ. બીજાની મિલકત ઉપર સુખનો હક.

૩. પું. ભોગવટા દ્વારા પ્રાપ્ત થયેલો અધિકાર; ભોગવટો.

સુખાધિકારી [સં.] પું. શહેરસુધરાઈ ખાતાનો ઉપરી.

સુખાનંદ ૧ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં યગણ, રગણ, તગણ, મગણ મળી બાર અક્ષર હોય છે.

સુખાનંદે રચ્યો ગા, રા, ત, મા શોભી.

રણછિમલ

૨. [સં.] પું. સુખ અને આનંદ.

સુખાનિલ [સં.] શિવનાં હજાર નામોનું એક નામ

સુખાનુબંધ [સં.] પું. (જૈન) અનુભવેલાં સુખો યાદ લાવી મનમાં તાજાં કરવાં તે.

ક્ષપિતરાસા, અરણ્યરાસા, ચિત્રાનુરાસા **સુખાનુબંધ** અને નિદાન કરણ એ માણ્યાતિક સંક્લેશનાના પાંચ અતિચારો છે. તત્વાર્થસૂત્ર

સુખાનુભવ [સં] પું સુખનો સ્વાદ

સુખાનુભવપ્રદ [સં.] વિ. સુખનો અનુભવ આપનારો

સુખાપ્તિ [સં] સ્ત્રી. સુખની પ્રાપ્તિ.

સુખાભ વિ.પુ. જેના જ્ઞાનથી સર્વને સુખ થતુ હોય તેવો તે ગ્રાહક માટે વપરાય છે

સુખાભાસ [સ] પુ. સુખનો ભ્રમ

મોક્ષનો ઉપદેશ એટલા માટે છે કે, એમા સાચું સુખ મળે છે પણ સાચુ સુખ નહિ, **સુખાભાસ** મળે છે. તત્વાર્થસૂત્ર

સુખાભિલાષી સ] વિ ભોગી, વિલાસી

સુખામૃત [સં.] ન. સુખ રૂપી અમૃત.

સુખારિ ૧ પુ મુખી, સુદર વગેરેથી કોલ્હો સાહિત્યનો સમાનિકાળ.

૨ વિ. ૮૬ મ.ટેનો સખ્યાસૂચક સાંકેતિક અક્ષર. સુખ ૮ છે અને અરિ ૬ છે માટે સુખારિ એટલે ૮ અને ૬ એટલે ૮૬, જેમકે, આ ચાલતા સુખારિ સમયના = ૧૯૮૬માં.

સુખાર્ણવ [સ.] પું. સુખનો સમુદ્ર.

કૃતાર્થ તે જો સરવે કથેલા
સુખાર્ણવે મગ્ન થઈ રહેલા.

હરિશ્ચંદ્રાખ્યાન

સુખાર્થી [સં] વિ સુખનો અભિલાષી

સુખાવગ્રંથ [સ] પુ સુખા અને પિંગલ

સુખાવહ ૧ વિ સુખ આપનાર, સુખદાયક ઉદાહરણ

૨ [સં.] વિ. સુખ ઉપજાવે તેવું; સુખકારક.

સુખાશા [સ] સ્ત્રી. સુખની આશા

સુખાસક્ત [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

સુખાસન ૧ [સં] ન આરામ લેવાની જગ્યા.

૨. ન. પાલખી; મ્હાનો.

૩. ન. યોગનાં ચોરાસી માંહેનું એક આસન. જે પ્રકારે બેસવાથી પ્રકૃતિને સુખનું ભાન થાય, અંતઃકરણને શ્રમ ન જણાતાં ધૈર્યનું ભાન થાય તે પ્રમાણે બેસવું અથવા અન્ય રીતે શરીરને ગોઠવવુ તે સુખાસન કહ્યું છે. બાધિ આદિ કારણોથી જેનું શરીર અશક્ત હોય તેવા અધિકારીને માટે આ આસન કહ્યું છે

૪. ન. સિંહાસનનો એક ભાગ

ત્રીજા પ્રકારના સિંહાસન વિષે નગર, વેદી, ભાદ્ર **સુખાસન** અને તોરણ સહિત કરવુ

રાજવલ્લભ

૫ ન સુખેથી બેસી શકાય તેવુ આસન, સુખદાયક બનાવટવાળુ આસન

સુખાસ્વાદ ૧ પુ સુખ માણવાપણું, સુખનો લોભવટો.

૨ [સં] પું. સુખનો સ્વાદ લેવો તે

સુખાળવું વિ સુખ આપે તેવું; સુખદાયક

સુખાળવું થવું = નિંદા લેવી; ઠપકો જવુ.

સુખાળવો વિ. સુખદાયક

અલી કહ્યાલા ! તે **સુખાળવો** તો છે ને તને આ કમળપાન કેમનો થયુ ? નાનાલાલ

સુખાળું ૧ વિ આરામમા ચાલતું, સુખમા ચાલતું

સુખાળા થવું = આરામથી પડવુ કે ચાલવુ.

૨ વિ સુખમા, રહેનાર, સુખવાળુ, સુખી; સુખિયું.

સુખાંત [સ] વિ જેના અંતમા સુખ હોય તેવું; 'કોમિક'. તે નાટક માટે વપરાય છે

સુખિયાઈ વિ સુખી, સુખવાળુ દુઃખ વિનાનુ.

સુખિયું જુઓ સુખિયારું.

સુખી ૧ પુ વિસનગર તરફના મહેનું એક નામ

૨. [સં સુખિન્] વિ આનંદી.

૩. વિ. નસીબદાર

૪ વિ પ્રતાપી.

૫. વિ. ભાગ્યવાન; ભાગ્યશાળી; સુભાગી

૬. વિ. સત્કર્મી, સદ્‌ભાગ્યી

૭ વિ સુખવાળુ, દુઃખ વિનાનુ. સુખિયારું; સુખિયું.

૮. વિ સ્વાસ્થ્યવાળુ; સુખ હોય તેવી સ્થિતિવાળુ.

સુખીનળ કું. (પુરાણ) સોમવંશી પુરુકુત્સોત્પન્ન પાંડવ વંશના નૃપસુ રાજાનો પુત્ર તેના. પુત્ર તે પરિપ્લવ રાજા.

સુખીર ૧ ન છિદ્ર

૨. સ્ત્રી. નક્ષિકા; નાસી; વિવર.

નસીની **સુખીર** ભિદ્રમ નરી કપતા મ પરવાલ
તુજ અધરન સમ કહત કવિ પણ નહિ અદ્ભુત લાલ.

પિંગળસારકોષ

સુખે ૧. ક્રિ. અનાયાસે

૨ ક્રિ. આનંદથી. લહેજથી

૩. ક્રિ પીડા વિના, કષ્ટ વિના

૪. ક્રિ નિરાંતે, નવરાશે

૫. ક્રિ સારી રીતે, સારી પેઠે

૬ ક્રિ સુખથી.

મુખ્યા ચૂમી લઈ **સુખે**, નિરખતા રોમાંચ ગાલસ્થલે
અમરકવિકૃત

સુખેચ્છા [સ] સ્ત્રી સુખની ઇચ્છા, તૃષ્ણા. તે સબધે ગીતારહસ્યમા લોકમાન્ય ટિળક લખે છે કે, જર્મન પંડિત શોપેન હાઉએરનો પણ એવો જ મત છે અને તે સિદ્ધ કરવાને માટે તેણે એક ચમત્કારિક યોજના કરેલી છે ને કહે છે કે, ઇશ્વરે મનુષ્યની જરૂરી **સુખેચ્છા** થાય તેમાથી કેટલી સફળ થાય છે તે ઉપરથી આપણે તે કેટલો સુખી છે ને સમજી શકીએ અને જો

સુખોપભોગ સુખેચ્છાથી કમી પડ્યો તો તેટલા પ્રમાણમાં તે દુઃખી ગણાય આ જ પ્રમાણે ગણિતની રીતિએ બતાવવાનું હોય તો સુખોપભોગનો સુખેચ્છાથી ભાગાકાર કરવા અપૂર્ણાંકની રીતિએ સુખોપભોગ એ પ્રમાણે સુખેચ્છા લખી જોવું જોઈએ, પણ આ અપૂર્ણાંક એવો તો વિલક્ષણ છે કે, એનો છેદ એટલે સુખેચ્છા તે તેના અંશ કરતાં એટલે સુખોપભોગ કરતાં હમેશા અધિક પ્રમાણમાં વધતો જ ચાલે છે, એટલે આ અપૂર્ણાંક પ્રથમ ૧ હોય તો પછીથી ઘટ થાય, એટલે સુખોપભોગ જરા ગણો વધે તો સુખેચ્છા પાંચગણી વધે એટલે પરિણામે વધારે ને વધારે પૂર્ણ સુખી થાય એ આશા રાખવી તે વ્યર્થ જ છે.

સુખેચ્છક [સં.] વિ. સુખ ઇચ્છનાર.

સુખેચ્છુ જુઓ સુખેચ્છક.

સુખેડ (સુખેડ) જી. સુખડ.

સુખેન સુખવાદ [સં.] પું. ગ્રેવીલ્સ આદિનો એક વાદ.

સુખથી સુખ થાય છે તેમાં આર્યમાત્રે અને પરમ સમાધિ મળવાની માન્યતાને **સુખેન સુખવાદ** કહે છે. પુરાતત્ત્વ

સુખેલક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને પ્રભદક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુકેસર. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષરો હોય છે. તેમાં પાચમા અક્ષર ઉપર વિસામો આવે છે.

સુખેલા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, જગણ, રગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

સ જ ર ગ યાય છે **સુખેલા** રણપિંગળ

સુખૈષ્ટર [સં.] પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ઉજ્જયંતી તીર્થમાંના એ નામના એક શંકર. તેને પત્રેશ્વર પણ કહે છે.

સુખૈષણા ૧. જી આશા.

૨. [સં.] જી. સુખ મેળવવાની ઇચ્છા.

સુખૈષણાવાદ [સં.] પું. સુખવાદ; 'હેડોનિઝમ'.

આવા **સુખૈષણાવાદ** ઉપર જે ચારિત્ર મીમાંસાનો પાયો રચવામાં આવ્યો હોય તે બહુ દૂર ન જઈ શકે. ધરિ. મેવ

સુખોચિત [સં.] વિ. સુખભોગવવાને લાયક.

સુખોચ્ચાર [સં.] પું. મધુર વચન.

સુખોત્પત્તિ [સં.] જી. સુખ ઉત્પન્ન કરવું તે.

સુખોત્સવ ૧. [સં.] પું. આનંદોત્સવ.

૨. પું. ધણી; પતિ; સ્વામી.

સુખોપભોગ પું. સુખનો ઉપભોગ; સુખ ભોગવવું તે; સુખનો લહાવો.

સુખોપભોગાધિકાર ૧. [સં.] પું. કોઈ પણ વસ્તુ સહેલાઈથી વાપરવાનો અધિકાર.

૨. પું. લાભપ્રદ અધિકાર; સદાવકારી અધિકાર.

સુખોપાર્જન ૧. [સં.] ન. સુખ મેળવવું તે

૨. ન. સુખને ઉત્પન્ન કરવું તે

આપણો આત્મા જ **સુખોપાર્જન** કરનાર છે, શ્રીમદ્ રાજચંદ્ર

સુખ્યાતિ [સં.] જી. સારી નામના; આબરૂ.

સુગ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ; સુગતિ. તેમાં ૭ માત્રા હોય છે. તેમાં ૧ અને ૫ માત્રાએ તાલ આવે છે.

સુગઠિત વિ. સારી રીતે ચૂંથેલ.

સુગણ પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રિક માત્રામેળ છંદ; નગણ. તેના વિષમપદમાં ૧૦ માત્રા હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ હોય છે. સમપદમાં ૭ માત્રા હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ આવે છે.

સુગત ૧. પું. (પિંગળ) એ નામે એક સમમાત્રિક માત્રામેળ છંદ; સુગતિ; શુભગતિ. તેના દરેક ચરણમાં ૭ માત્રા હોય છે. તેમાં ૪થી માત્રાએ યતિ અને ૧ તથા ૫મી માત્રાએ તાલ આવે છે.

૨. [સં.] પું. બુદ્ધના અઢાર માંહેનું એક નામ.

૩. પું. શિવ.

૪. વિ. (જૈન) પૈસાદાર; ધનવાન.

૫. વિ. (જૈન) સારા જ્ઞાનવાળું

શ્રી શૃંગારે **સુગત** જનના ચાખી પ્રદ્યુમ્ન પિતા. સંસ્કૃત પુષ્પાંજલિ

સુગતસવૈયો પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૩૨ માત્રા હોય છે અને અંતે જગણ હોય છે. તેમાં ૧૬ માત્રા ઉપર યતિ હોય છે.

સુગતા પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તે ચાલિની કુલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૩૨ લઘુ મળી ૯૫ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

સુગતાવદાન ન. બૌદ્ધધર્મનું એ નામનું એક અવદાન.

સુગતિ ૧. પું. (પુરાણ) ઋષભદેવ વંશના ત્રણ રાજાનો એ નામનો પુત્ર

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત માત્રામેળ છંદ; સુગત; શુભગતિ. તેમાં સાત માત્રા હોય છે. તેમાં ૪ માત્રાએ યતિ તથા ૧ અને ૫મી માત્રાએ તાલ આવે છે

મુનિ કહ ગણો, **સુગતિ** ભણો.
કૃતિ યતિ ધરો, ચરમ ન કરો.
રણપિંગળ

૩ પું. (પુરાણ) હંસધ્વજ રાજાનો એ નામનો એક પ્રધાન.

૪. [સં.] જી. સદ્ગતિ; મોક્ષ.

સુગન પું. ભોજન.

સુગમ ૧. [સં] વિ. અનાયાસે મળેલું.

૨. વિ. જાણીતી પહોંચાય તેવું.

૩. વિ. ઝટ પ્રાપ્ત થાય તેવું; સુલભ.

૪. વિ. સુતરું; સરળ; સહેલું.

સુગમતા ૧. [સં.] જી. અનુકૂળતા; હાથવું આવવું તે

૨. જી સગવડ.

૩. જી. સરળતા.

૪. જી. સહેલાઈ.

સુગમ સાહિત્ય [સં.] ન. મનોરંજક સાહિત્ય; 'લાઈટ લિટરેચર'.

રમતિયાળ અને હલકુંફુલ સાહિત્ય કે જેને અંગ્રેજીમાં Light literature એટલે **સુગમ સાહિત્ય** કહેવામાં આવે છે, તે પણ એમને હાથે ઠીક પ્રમાણમાં બહાર પડવું છે. ભળરદાર

સુગમ્ય ૧. [સં.] વિ. હોંડોપયોગી.

૨. વિ. સરળ; સહેલું.

સુગરલેહ [અં.] ન. (વૈદક) એ નામનું એક ઔષધ. મુડદારશીંગનો સરકો અને પાણીની મેળવણી કરી, પછી મુડદારશીંગનો સરકો ગળીને એકરસ થાય ત્યાં સુધી ધીમી ગરમી આપવી. આ મિશ્રણને ગાળી, પાણી બરાબરપણે ઊડી જાય ત્યાં સુધી વાલુકાયંત્રથી ગરમી આપવી. સુગરલેહ કૃમિરોગ, આંતરડા, મૂત્રરોગ, સમજણી વગેરે બધાં દરદોમાં ઉપયોગી હોવાનું મનાય છે

સુગરાઈ ૧ પું (સંગીત) સંગીતનો એક રાગ. તે બપોર પછી ગવાય છે.

૨. જી. સુઘડતા; સ્વચ્છતા.

સુગરી ૧. [સં. સુગૃહા; પ્રા. સુઘર] જરી એક જાતનું પંખી સુગરી નામ સુગ્રીવ એટલે સુંદર ડોક ઉપરથી પડ્યું છે. કદમા તે ૬ ઇંચ એટલે આપણી ચકલી જેવડું જ છે રંગે પણ તે આપણી ચકલી જેવું છે. પ્રજનન કાળમાં નર તેના વિશિષ્ટ રંગો પરથી ઓળખાઈ આવે છે. માથા ઉપર અને છાતી ઉપર સોનેરી પીળો રંગ શોભે છે મોં ઉપર આંખો કાળો બુરખો પહેર્યો હોય એવો રંગ આખના ઉપરના ભાગથી આખો ને ગળા સુધી આવેલો હોય છે અને તેનાથી પીળો રંગ વધુ શોભે છે તેથી જ તેનું નામ સુગરી પડ્યું છે. બાકીનું ઉપરનું શરીર ઘેરા બદામી રંગનું અને દરેક પીછાને પાળા કિનારી હોય છે બાકીનું શરીર ઝાંખા પીળા ઝાંયવાળું બદામી હોય છે આપણી સુગરીઓ માળા બાંધવાની અદ્ભુત કળાથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે અને જ્યારથી શ્રી સાલિમઅલીએ તેના ગૃહજીવનમાં અને સમાજજીવનમાં ઊંડા ઊતરીને પોતાના એ સંતોષન કાર્યનું આશ્ચર્યજનક પરિણામ જાહેર પાડ્યું છે, ત્યારથી સુગરી પુરુષોની ઈર્ષા અને સ્ત્રીઓના તિરસ્કારને પાત્ર બની હોય તો તેમાં કોઈ નવાઈ નથી જ્યારે ઘોડાક નર સુગરી ભેગા થઈને પોતપોતાના માળા બાંધવાનું શરૂ કરે છે, ત્યારે તેઓ વિધુર અથવા કુંવારા હોય છે. સુગરીના સમાજમા પતિ-પત્ની જિંદગીભર પરસ્પર સમર્પણથી બંધાઈ રહેવાની ટેકવાળી પસંદ નથી કરતાં આ નર પક્ષીઓ માળા બાંધવા લાગે છે. ત્યારે એમના, હાજા ઝૂલતા માળામાં સુવાવડખાનાનો ઓરડો તૈયાર થઈ જાય ત્યારે માદાઓ આવે છે. પછી નરનું સર્વસ્વ કાર્ય શરૂ થાય છે. તે માદાને રીઝવે છે પણ માદા વ્યવહારુ સ્વભાવની હોય છે, તે નરને નહિ પણ તેના ઘરને પસંદ કરે છે અને જો માળો પસંદ પડ્યો તો એવો સુંદર માળો બાંધનાર નર તો પસંદ પડે જ ને ! બસ પછી તો તેઓ પતિ-પત્ની બની જાય અને બંને માતા બાપ ને દોરે દોરે માળાનું કામ પૂરું કરે. પછી તો માદા ઈંડા મૂકે અને સેવવા જેવી બાબ પણ નરને ગૃહસ્થાશ્રમના એવા શુષ્ક કાર્યમાં રસ નથી એટલે નર બીજો માળો બાંધવા લાગે છે. વળી નવા ગૃહની નવી મૂંઝવણ આવે છે અને તેને પણ ઈંડા સેવની કરીને જો કશુ ઝાઝુ બાકી રહ્યું હોય તો નર ત્રીજા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે માદાની સદિચ્છતા પ્રશંસનીય છે. તે એકલે હાથે ગૃહસ્થાશ્રમનાં બધા કાર્યોને વધોચી વળે છે; એટલું જ નહિ પણ ક્રમ જણાય છે કે, કોઈ વાર બીજી માદાને પણ પોતાના માળામા ઈંડા મૂકવા દે છે દુનિયામાં બહુ ઓછા પક્ષીઓ સુગરી જેવી કારીગીરી જાણે છે. એના જેવો સલામત અને મજબૂત માળો બારતમાં કોઈ પખી નથી બાંધી જાણતુ કોયલને માળો બાંધતાં આવડતું જ નથી. ટિટોડી જેવાં પખી જમીન ઉપર જરા આડો કરીને જ તેમા ઈંડાં મૂકે છે. કુદરત કુવડની જેમ સાવ કઠણ માળો બાંધે છે, એટલું જ નહિ પણ માળો બાંધવાની જગ્યા પસદ કરવાની પણ તેનામા આવડત નથી. ત્યારે સુગરી જેવા માળો બાંધે છે કે, પવન, તડકો, ટાઢ, વરસાદ કે દુશ્મનો તેને કાંઈ કરી શકતા નથી. માળો બાંધવાની જગ્યા સુગરી સમજપૂર્વક પસંદ કરે છે તાડ, ખજૂરી કે બાવળનું ઝાડ હોય તો તેને પહેલી પસદગી મળે છે નીચે પાણી હોય તો વધારે સારું કેમકે, કોઈ દુશ્મન માળામાં પેસવા જાય તો પાણીમા જ પડે. બીજુ કોઈ જળાશય ન હોય તો કૂવામાં ઝૂલતી ડાળી પણ ચાલે બંધુ ઝાડ હોય તો જળાશયની પણ જરૂર નહિ માળો બાંધવા માટે ડાળી પસદ કરીને પછી સુગરી તાડ, નાળિયેરી કે ખજૂરીનાં પાંદડામાંથી ચીરીઓ પટીઓ કાપીને લાવે, પછી એ પટીઓને પેલી ડાળી ઉપર ચૂંથે અને આમ માળાનો પાયો બને. પછી વધુ પટીઓ અને ઘાસ લાવી આવીને માળો ગૂંથવાનું શરૂ કરી લાબી નળી જેવો આકાર બનાવે. પછી આંત ઇંડા મૂકવા માટે સુવાવડખાનાનો ઓરડો. અહીં એ નળી પહોળી થઈ ગોળ દડા જેવી બને. પછી તે ઓરડાને છેડે એ નળીને બે ભાગમાં વહેચી નાખવામાં આવે. એક ભાગ નળી આકારે આગળ વધે. બીજો ભાગ ચૂંથી ડાટ ને બંધ કરી દેવામાં આવે. અહીં માદાનુ બેસવું બને. રમતા આવે ત્યારે આ તબક્કો પૂરા પડાયે છે ત્યારે તે તબક્કો કટોકટીનો હોય છે. અહીંથી માળો એવો સમતોલ હોવો જોઈએ કે તે પવનમા ગમે એટલો ઝૂલે પણ પડે કે બગડી જવાય ન આવી પડે. સુગરી જરૂર પડે તો અદર કાદવ પણ ચોટાડે છે અને લોક માન્યતા એવી છે કે, એ અંધારા માળામા પ્રકાશ લાવવા માટે સુગરી કાદવમાં આગિયા ચોટાડે છે જ્યારે માળાનું મુખ આવે છે. અહીં તેની દીવાલ પાતળી પડતી બની જાય છે જેથી તે બેસી આડી બની જાય છે કે, જો બહારથી કોઈ દુશ્મન તેની ઉપર ચડીને અદર ડોકાવા જાય તો નીચે આવી પડે સુગરી પોતે પણ માળાના મુખ પર નથી બેસતી. એવા સાડા ત્રણ ચટકતા માળા પણ તે ચિડીને સાંધો અંદર પેસી બની જાય છે અહીં તેનો પાખો ઉપરનો કાણ ચાંચોને સપૂર્ણ પ્રકાશમાંથી સપૂર્ણ અંધકારને અનુકૂળ કરી દેવાની શક્તિ નોંધપાત્ર છે. સુગરી સ્વભાવે સમૂહચારી છે. માળા પણ સમૂહમા બાંધે છે. ગામ છે પણ મનદુખમાં એ કોઈ સંગીતજ્ઞ નથી. કાયમી તરીકે સુગરી પાકને થોડું નુકસાન કરે છે ખરું, પણ જ્યારે ખેતરમાં ધાન્ય ન હોય ત્યારે એકલા અડમાનથી પણ તેને ચાલે છે અને જીવડાં કાંઈ તેણે ખાવાનાં નથી જાણ્યાં. બચ્ચાને તો તે નરમ જીવડાજ ખવરાવે છે. આમાં ખેતીને નુકસાન કરતાં જીવડા મારી નાખ છે અને તેથી સુગરીને ઉપયોગી પંખી કહી શકાય. સંજોગોને અનુકૂળ થઈ જવાનો સુગરીનો સ્વભાવ એવો જ છે પાજરામાં પણ જો તમે તેને વાસ આપો તો તેમાથી માળો બનાવીને ઈંડા મૂકે ! સામાન્ય રીતે પક્ષીઓ બંધનાવસ્થામાં પ્રજનન નથી કરતા પાળવા લાયક પખીને જો તે નાનાં બચ્ચાં હોય ત્યારથી જ તેમને પાળ્યા હોય તો જ તેઓને પાજરાનુ કૃત્રિમ જીવન અનુકૂળ આવ. પરંતુ સુગરી અને મુનિયા જેવા લાગણી પ્રધાન પખી નથી. તમે પુખ્ત ઉમરનાં પંખીને પકડી આવો તો પણ તેમને પાંજરાનું કૃત્રિ જીવન ફાવી જશે સુગરી એ આખા ભારતનુ બારેમાસ પખી છે તે સ્થાયી વતની છે પણ ખોરાકની સગવડ પ્રમાણે સ્થળાતર કરે છે. સુગરી અને તેના માળા આપણા ગ્રામ્ય જીવનનાં પરિચિત દૃશ્યો છે. માદા જેથી ચાર ઈંડાં મૂકે છે. જે કોઈ જાતની છાંટ વિનાનાં સફેદ હોય છે. ચૈત્રથી આશ્વિ સુધી તેમનો ઋતુકાળ છે પરંતુ મોટા ભાગે ચોમાસામાં જ તેઓ પ્રજનન કરે છે

૨. વિ. જૉ. ઝારા ખરવાળી

સુગરીનો માળો = મકાનના ચૂમવાયેલા, ચૂરાયા અને બરાબર વાળેલા બરબો જ્યારે જીના માથાના વાળ એક એકમા ગૂચવાયેલા હોય, માંહે જૂઓ પડી હોય અને લટિયાં બરાબર હોય ત્યારે તેને વિષે એમ કહેવાય છે કે, તેના વાળ તો સુગરીનો માળો છે.

સુગરું ૧ વિ. કોઈ અંકુશ કે મર્યાદાવાળું

૨ વિ. જેને માથે ગુરુ હોય તેવું.

૩. વિ. મહાન ગુરુનો બોધ પામેલ

૪ વિ. હોંશિયાર; ચાલાક

સુગર્હ ન. (શિલ્પ) ઉત્તરમાં ઓરડી અને દક્ષિણ તથા પશ્ચિમે ઓસરીવાળું ઘર.

મનોરમ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે સુગર્હ ઘર થાય. રાજવલ્લભ

સુગલ નુ. આનદની વાત.

સુગલો પુ. આનંદ, ગમ્મત

સુગંધ ૧. પું. કસ્તૂરમાં ઉત્પન્ન થતો એક જાતનો કૃમિ.
૨. પું. કાળુ કમળ
૩. પું. ગંધક
૪ પું. અથિપૂર્ણ વૃક્ષ.
૫ પું. ચણો
૬ પું. ચંદન.
૭. પું. જીણું જીરું.
૮. પું. રાતો સરગવો.
૯ પું. રીંગ ગુદર.
૧૦. [સ ., પુ.,ન્નો સારી ગંધ; પરિમલ, ખુશબો.
૧૧. સ્ત્રી. અત્તર.

સુગંધક ૧. [સં] ન. કાકડી.
૨. ન. ગંધક.
૩. ન. નાગરવેલ.
૪. ન. રાતી તુલસી
૫. ન. રોહિત ઘાસ.

સુગંધ દરામી સ્ત્રી. ભારતવર્ષ સૃષ્ટિ ૧૦

સુગંધપત્રા [સં.] સ્ત્રી. રુદ્રજટા વનસ્પતિ.

સુગંધ પંચક [સં.] ન. અગર, કપૂર, કેસર, કસ્તુરી અને ચંદનનું ચૂર્ણ

સુગંધમયું [સં.] વિ. સુગંધયુક્ત.

સુગંધયુક્તિકલા [સં] સ્ત્રી ચોસઠ માહેની એક કલા; જાતજાતનાં અત્તરો બનાવવાની કલા.

સુગંધા ૧. [સ.] સ્ત્રી (પુરાણ) એ નામની એક અપ્સરા..
૨. સ્ત્રી. એ નામની એક ઔષધિ.
૩ સ્ત્રી એ નામની એક દેવી.
મારવા વનમાં સુગંધા નામની દેવીનો પીઠ છે. ભારવી ભા.ભવત
૪. સ્ત્રી. એ નામની એક વેલ; ઉપરસોલ.
૫ સ્ત્રી. સપત્રી વનસ્પતિ.
૬. સ્ત્રી. ચોસઠ મા.હેની એ નામની એક યોગિની.
૭. સ્ત્રી. તુલસી
૮. સ્ત્રી. નાકુલી
૯. સ્ત્રી બીલાડે.
૧૦. સ્ત્રી. રારના વનસ્પતિ.
૧૧ સ્ત્રી. સુવા.

સુગંધાર [સ] પુ. શિવના હલ્લર મા.હેનું એક નામ.

સુગંધિ ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમમાત્રામેળ છંદ; નૂગણ. તેના વિષમપદમાં ૧૦ માત્રા હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ આવે છે; સમપદમાં ૭ મા. હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ આવે છે.
૨ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, નગણ અને યગણ એમ નવ અક્ષર હોય છે.

સુગંધિક [સં] ન. સેંદારસનું ઝાડ. તે ખુશબોવાળું હોય છે. જેટલી માણસ આવતું હોય ત્યારે તેને એમ થાય કે, આને કયા ઝાડની ખુશબો છે? માટે તે સુગંધિક કહેવાય છે.

સુગંધિત [સં] વિ. સારી ગંધવાળું; સુગંધવાળા, સુવાસિત.
અને સુગંધિત દેહને સોબાવતી
દલપતરામ

સુગંધિ વાળો ૧ એક જાતનું ઘાસ; સુગંધિક. આ ઝાડના મૂળમાંથી જે રેષા નીકળે છે તેની સુગંધિ ટટ્ટી બનાવવામાં આવે છે. આ ટટ્ટીઓને બારી બારણાં ઉપર લટકાવવામાં આવે છે અને ઉનાળામાં ઠંડક રહે તેટલા માટે તેને પાણી છાંટીને ભીની રાખવામા આવે છે. ગુણ તે શીતળ, દીપન અને પાચન છે તે રતવા અને અતિસારમાં વપરાય છે.

સુગંધી ૧ સ્ત્રી ખુશબો આપની ચીજ
૨ સ્ત્રી. સારી ગંધ; ખુશબો.
૩ [સ] વિ સારી ગંધવાળું.

સુગંધીદાર વિ સારી ગંધવાળું; ખુશબોદાર, સુગંધીવાળું.

સુગંધીપંચક [સં.] ન. કેસર, અગર, કપૂર, કસ્તુરી અને ચંદન એ પાંચ વસ્તુઓનો સમૂહ.

સુગંધીબ્રહ્મી સ્ત્રી. એક જાતનો છોડ. તે જમીન ઉપર પથરાયેલ હોય છે. તેની શાખાઓ ચોખારી, રાતા રંગની, ઘણી ભરાટ હોય છે. પાન સામસામાં જરા જાડાં, ચોળાઈ લેતાં, દોઢ ઇંચ લાંબાં અને અરધો ઇંચ પહોળાં હોય છે. તેના ધોળાં કે જાંબલી અથવા આસમાની રંગનાં ફૂલ થાય છે અને અરસટ શંખલાનાં જેવાં ફળ થાય છે તેના મૂળમાં ઘણી સારી સુગંધ હોય છે

સુગંધીમેંદી સ્ત્રી. એક જાતનું ઝાડ. આ ઝાડ મેંદી જેવા જ દેખાવનું છે, તેના જેટલું જ ઊંચું હોય છે પાદડા પણ તેના જેવા જ પણ જરા રંગે કાળાશ લેતાં હોય છે. વરપથી મુખ્ય પ્રદેશ, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન અને હિંદમાં બગીચાઓમાં તે વવાય છે. પાંદડા યહૂદી લોકોની ધર્મક્રિયામાં વપરાય છે ઉત્તર હિંદમાં મજીજના રોગ તથા ખાસ કરીને વાઈ માટે વપરાય છે ઉપરાંત ભૂત ઓટકર્યું, હોજરી અને યકૃતના રોગોમાં તે વપરાય છે તે મરડો, અતિસાર, થૂંક વાટે પડતુ લોહી, પ્રદર ને સળેખમ માટે પણ ઉપયોગી છે. જૂના ચાંસરોગ, મૂત્રરોગમાં પણ તે ઉપયોગી છે ઠાળીને ફોતરી બગીચામાં સુંદર ખુશ્બી, ટેબલ, બેન્ચ વગેરે બનાવે છે કિનારીઓ સારી થાય છે કિડ્સા અને મૂત્રપિંડ ઉપર તેની ધાર્યા અસર થાય છે તે કફઘ્ન, સડો અટકાવનાર, મૂત્રલ, ગ્રાહી અને ઉત્તેજક છે વીંછીના દંશનું ઝેર તે ઉતારે છે. પાંદડાં અને ફૂલોમાંથી જુદી જુદી જાતનું તેલ મળે છે પાંદડાનુ વરાણયંત્ર દ્વારા ઊડ્યન સુગંધી તેલ મળે છે. સુગંધિતા માટે તે વપરાય છે

સુગંધી પદાર્થ [સં] ન. જે સુગંધી વસ્તુઓનો સમૂહ; ભાયફળ, લવંગ, કપૂર, સોપારી, વાળો અને અબૂઝમાળ અથવા કુબ્બાગર, કસ્તૂરી, કપૂર, ચંદનચંદન, અબૂઝમાળ અને નોરવેજનો કંદ

સુગાતા સ્ત્રી. સારાં ગાનારાણી સ્ત્રી.
જ્યાં જગત ડોલે હર્ષ ધારે સુગાતા.
પ્રેમ.નંદ

સુગાલ પુ. (પ્રા.કૃત) સારું વર્ષ; સુકાળ.
હુઓ કેરા સુગાલ રે.
આનંદમંગલમહોદધિ

સુગાવું અ. ક્રિ. અભાવ થવો; ધૃણા થવી; સૂગ ચડવી; કંટાળો થવો; નસકોરાં ફુલાવાં

સુગાળ ૧. વિ. અપ્રિય વસ્તુ જોતાં જ જેને કંટાળો કે સૂગ આવતી હોય એવું; ચીતરીવાળું; સુગાળવું; ઝટ સુગાવ એવું; જેને ઝટ સૂગ ચડે એવું
૨. વિ. સહજ મળે તેવું.
૩. વિ. સોંઘું, પુષ્કળ.

સુગાળવું જુઓ સુગાળ ૧.

સુગાળું જુઓ સુગાળ ૧.

સુગાંગ પું ચક્રગુપ્તનો મહેલ; ગંગા ઉપરનો પાટલિપુત્રનો રાજમહેલ.

સુગીતા [સં] સ્ત્રી આચરણમાં ઉતારેલી ગીતા. ગીતામાહાત્મ્યમાં કહ્યું છે કે, ગીતા સુગીતા કર્તવ્યા. આ ગ્રન્થે શ્રીકૃષ્ણ સમા અવતારી પુરુષે અર્જુન સમા પોતાના પ્રિય શિષ્યના સારથી થઈ ને ધર્મક્ષેત્રરૂપી કુરુક્ષેત્રમાં અર્જુનને આ જે જ્ઞાન આપ્યું હતું તે જ શ્રીમદ્ ભગવદ્ગીતા ભગવદ્ગીતા આજે ત્રણ હજાર વર્ષથી સેતુથી સહોનારાયણ તે જગન્નાથપુરીથી દ્વારકા સુધી

બિંદુમાત્રમા સૌથી પરમ પ્રમાણ મનાતુ આખ્યુ છે. વેદો ઋષિને પ્રેરણા થઈ તે મુજબ જ્ઞાનના મુખમાથી નીકળ્યા છે, સ્મૃતિઓ સ્મરણો કરીને ઋષિઓએ કહી છે જ્યારે ગીતાજી તો જેની નાભિમાથી બ્રહ્મા પ્રગટ્યા તેના સાક્ષાત્ શ્રીમુખથી નીકળેલાં છે તેનો ઉંદરા તો આપણા હૃદયની અંદર દોરો કરી તે હૃદય આપણી પાસે તપાસ.વવાનો છે એટલે કે આ ગીતાની આત્મ નિરીક્ષણની પ્રથા સૌ શિક્ષણ પદ્ધતિઓમાં ઉત્તમા ઉત્તમ છે વળી શિષ્યો રૂપી સૌ કોઈ જિજ્ઞાસુને આ ગીતા આદર્શ પુરુષોના લક્ષણો આપી મનુષ્ય માત્રને સનાતન શિક્ષણ આપે છે કે: લાભ અલાભ, જય પરાજય, નમસ્કૃષ્ય, રાગદ્વેષ, સ્તુતિ નિંદા વગેરે દ્વંદ્વોને જે પુરુષ તરી જાય છે તેને અ. દેહે અહીં જ મોક્ષ છે. આ દ્વંદ્વો તરી જવા એટલે કે તેની પોતાની ઉપર અસર ન થવા દેવી જે પુરુષ સુખમા છકી જતો નથી, દુ:ખમા ડરી જતો નથી તે પુરુષ આદર્શ પુરુષ છે. જે પુરુષ સ્તુતિથી ફુલાઈ જતો નથી અને નિંદાથી ડધાઈ જતો નથી તે જ પુરુષ આદર્શ પુરુષ છે અર્થાત્ ગીતાજ્ઞાનનુ તાત્પર્ય તો એ છે કે: રાગદ્વેષથી પર રહો, સુખ દુ:ખમાં સમ રહો, માનાપમાને નિર્લેપ રહો, જય પરાજયે સમતોલ બનો. આનુ નામ જ મુક્તિ, મોક્ષ કે જે કહો તે પુરુષની પરમ ગતિ !

સુગીતિ પું. (પિંગળ) એ નામે એક પ્રચુર્ણગીતિ માત્રામેળ છંદ તેના પ્રથમ દલમાં ૩૨ માત્રા હોય છે અને ૧૨ તથા ૨૦ મ.ત્રાએ યતિ હોય છે. બીજા દલમાં ૨૭ માત્રા હોય છે અને ૧૨ તથા ૧૫ મ.ત્રાએ યતિ હોય છે.

સુગીતિકા પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૨૫ માત્રા હોય છે શરૂઆતમાં અને છેવટે લઘુ હોય છે. તેમા ૨, ૫, ૮, ૧૨, ૧૬, ૧૯ અને ૨૩ માત્રાએ ત.લ અ.વે છે

સુગીતિકામા આદિ લઘુ કલ ચરણ ચરણે,
આઠ પચીશ કલધર ચરણ ચરણે
પ્રભાકર પરભાશુદ

સુગુણ ૧. પું. નાગપિંગળ માહેનો વર્ણમેળવાળો એક છંદ

૨. વિ સારો ગુણ

૩. વિ સારા ગુણવાળુ

સુગુણવંત વિ સદ્‌ગુણી, સારા ગુણવાળુ

સુગુરુ પું (જૈન) સાચા ગુરુ; મહાવ્રતધારી, ધીર, ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનાર, નમભાવે મહેનત અને ધર્મનો ઉપદેશ આપનાર ભક્તિ.

સુગૃહી [સ] સ્ત્રી. સુંદર માળો બનાવનારુ એક પક્ષી, સુગરી.

સુગેય [સં.] વિ. સારી રીતે ગાઈ શકાય તેવુ

સંગીતના **સુગેય** સ્વરોમા આલાપનની મજાની ગેલી હોય છે. કાલેલકર

સુગ્રંથિ ૧. [સં] પું. ઓરડ વૃક્ષ

૨. વિ. સુંદર ગાઠવાળુ

સુગ્રાહક [સં] વિ. તરત અસર થાય તેવુ, તરત છાપ પડે તેવુ, સૂક્ષ્મગ્રહી

સુગ્રાહ્ય ૧. વિ. ગ્રહણ કરવા યોગ્ય, સહેલાઈથી ગ્રહણ કરી શકાય તેવુ

૨. વિ. ઝટ સમજાય તેવુ, સુગમ; સુતર, સહેલાઈથી સમજાય એવુ

સુગ્રીજ સ્ત્રી. ઇંદ્રજવના જેવાં પાનવાળુ એક ઝાડ. તેના પાન ૪ ઇંચ પહોળા હોય છે અને અરિયલમ ઉપર અષાઢ છે તેમા આવળ જેવાં પીળાં ફૂલ આવે છે. ફળ પાકતા પહેલાં કાળી થઈ જાય છે તેની છાલની ગુલ્લન જેવી મીઠ્ઠી ગોળી થાય છે.

સુગ્રીવ ૧ [સં.] પું. (પુરાણ) ઋક્ષરજના નામના વાનરના બે ભાઈનો નાનો પુત્ર એના મોટાભાઈનુ નામ વાલી હતુ. સુગ્રીવ સૂર્યના વીર્યથી જન્મ્યો હતો. તે બંને બળા વખત સુધી સાથીને પ્રેમથી સાથે રહ્યા પણ એક બાબાથી રાક્ષસ સાથેના યુદ્ધને લીધે બંનેમાં વિખવાદ થઈ પડ્યો. વાલીએ સુગ્રીવને કિષ્કિંધામાથી દેશવટો દીધો. સુગ્રીવે હનુમાન વગરે સચિવો સહિત ઋષ્યમૂક પર્વત ઉપર રહેવા માંડ્યુ. પાછળથી સીતાની શોધ કરતા રામ અને લક્ષ્મણ ત્યાં આવી ચઢ્યા ત્યારે સુગ્રીવ તેમની સાથે મૈત્રી કરી. સીતાએ વાનરોમાં ફેંકેલા વસ્ત્રાભૂષણ તેમને બતાવ્યાં. તે સીતાનાં જ વસ્ત્રો છે એમ રામની ખાત્રી થઈ. સુગ્રીવે રામની સહાય લઈ વાલી સાથે દ્વંદ્વ યુદ્ધ કર્યુ તેમાં રામે વાલીને બાણથી માર્યો. પછી રામે લક્ષ્મણને હાથે સુગ્રીવને ગાદી ઉપર બેસાડ્યો અંગદને યુવરાજ નીમ્યો. પોતે લક્ષ્મણ સાથે પ્રસ્રવણ નામના પર્વત ઉપર રહ્યા. રાજ્ય મળતાં સુગ્રીવ મોજશોખમાં પડી ગયો, પણ હનુમાને તેને રામને આપેલું વચન યાદ આપવાથી તેણે બધા વાનરોને એકઠા કર્યા. રામના કહેવાથી લક્ષ્મણ, સુગ્રીવ વચન ભૂલી ગયો છે એમ જાણી, ક્રોધિત થઈ સુગ્રીવ પાસે આવ્યા. ત્યાં મારુતિએ તેમની કાર્યસિદ્ધિ માટે વાનરો હાજર થયા છે એમ જણાવીને તેને સન્માનપૂર્વક રામ પાસે લઈ ગયો. આથી લક્ષ્મણનો કોપ શમ્યો. સુગ્રીવ લક્ષ્મણ સાથે બધા વાનરોને લઈ રામ પાસે ગયો. પાછળથી હનુમાને સીતાની ભાળ કાઢી રામે સમુદ્ર પર પુલ બાંધી લંકા ઉપર ચઢાઈ કરી રાવણને માર્યો સીતાને મુક્ત કર્યા અને સીતા સાથે રામ અયોધ્યા આવ્યા ત્યાં ઘણા વર્ષ રાજ્ય કરી સ્વધામ જતા હતા ત્યારે સુગ્રીવ પણ અંગદને કિષ્કિંધાની ગાદી પર બેસાડી પોતે રામચંદ્ર સાથે સ્વધામ ગયો

૨. પું. કૃષ્ણના ચાર મ.હેનો એક અશ્વ

૩. પું સનોપ.

૪. [સ સુ (સુંદર) + ગ્રીવા (ડોક)] વિ નાજુક ડોક ધરાવનાર; સુંદર ડોકવાળું

સુગ્રીવા ૧. સ્ત્રી કશ્યપની એક પત્ની

૨. સ્ત્રી. (પુરાણ) તારાને કશ્યપ વડે થયેલી એક કન્યા

સુઘટિત ૬. [સ.] વિ. ઘટિત; બરાબર; યોગ્ય.

૨ વિ ઘરીલુ; દેખાવડું; સારા બાંધાનુ

૩ ક્રિ સારી રીતે રચવુ

૪. વિ. સુવ્યવસ્થિત

સુઘટિતતા ૧. [સં., સ્ત્રી] ભેળ

૨. સ્ત્રી સમ્મિશ્રતા; સંકર

વિજ્ઞાનના વિષય સૃષ્ટિક્રમ સૃષ્ટિક્રિયા સમજવાનું કે આ ધ્યેયની પ્રાપ્તિને માટે વિજ્ઞાનસૃષ્ટિક્રિયામાં સભર વ્યવસ્થા અને નિયમિતતા જોઈએ છે અને શોધે છે. આ વ્યવસ્થા અને નિયમિતતાની સાથે **સુઘટિતતા** અને સંવાદ પ્રાપ્ત થાય છે.

પં. ઓ શાહ

સુઘડ (સુઘડ) ૧. પું. (ગારુડી) નાગપિંગળ માહેનો એક વર્ણમેળ છંદ.

૨. વિ. ઠામેલ; હોશિયાર; ચતુર; પ્રવીણ

૩. વિ. ચોખ્ખુ; સ્વચ્છ; મેલુ કે ગંદુ ન હોય તેવુ

૪. વિ. પવિત્ર; સારાં આચરણવાળુ

૫. વિ. વિવેકી

૬. વિ. સારી રીતભાત પ્રમાણે વર્તનાર; સભ્ય; સારા વર્તનવાળુ

સુઘડતા (સુઘડતા) ૧. સ્ત્રી. ચતુરાઈ; કુશળતા.

૨. સ્ત્રી. ચોખ્ખાઈ, સુઘડપણુ; સ્વચ્છતા

સુઘડાર્ડ (સુઘડાર્ડ) જુઓ સુઘડતા.

સુઘડી (સુઘડી) સ્ત્રી શુભ અવસર

સુઘર વિ ચતુર.

સુઘર સમુઝિ સેહુ મન. દયારામ

સુઘરાર્ડ પું (સંગીત) કાનડાની જાતનો સંગીતનો એક રાગ. તે કાફી થાટમાંથી ઉત્પન્ન થાય છે. દિવસના બીજા પ્રહરે ગવાય છે

સુઘરી જુઓ સુગરી

સુઘોષ ૧ પુ એ નામનો નકુલનો શંખ.

૨ પુ વિષ્ણુના હનુકર માંહેનુ એક નામ ભગવાનનો વેદ રૂપ સુદર ઘોષ છે અથવા તે મેઘની સમાન ગભીર ઘોષવાળા છે તેથી તે સુઘોષ કહેવાય છે.

૩. ન પુ સારો અવાજ; મધુરી ગર્જના; સુદર અવાજ

૪ વિ સુદર અવાજવાળુ

સુઘોષા ૧. [સ.] સ્ત્રી દેવલોકની એ નામની ઘટા. જ્યારે બધા દેવોને ભેગા કરવા હોય ત્યારે ઇદ્ર મહારાજ કુબેરભંડારી નામના દેવને બોલાવી ત્રણવાર સુઘોષા નામની ઘંટા વગડાવે છે ને સાથે જ અસખ્ય યોજન દૂર રહેલી ઘટાઓ વાગવા માંડે છે.

૨. ન (સંગીત) એક પ્રકારનુ વાદ્ય

૩. વિ ; સ્ત્રી. સારા અવાજવાળી.

સુચરિત [સં.] વિ. બહુ વિચક્ષણ પાકેલ.

કવિ કિલાસકેરા **સુચરિત** ગણ હૈયામહીં ચિંતવતા.
કરસન હર્ષદ

સુચરુ પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક મત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૪૩ ગુરુ અને ૧૦ લઘુ મળી ૫૩ વર્ણની ૫૬ માત્રા હોય છે.

સુચક્ષુ ૧. [સં.] પું ઊભરો.

૨. સ્ત્રી (પુરાણ) ભાગીરથીના સાત માંહેનો એક પ્રવાહ. કોઈ કોઈ ઠેકાણે એને જંબુ નદી પણ કહે છે

૩. સ્ત્રી. સારી આંખ.

૪. વિ. સુંદર નેત્રવાળું.

સુચરિત ૧. ન. પરાક્રમનાં કામ.

૨. [સં.] ન. ઐસા વર્તન; સારી ચાલ; સારું ચારિત્ર; સદાચરણ; સદાચાર; સદ્વર્તન.

૩. વિ. ચોખ્ખી અને પ્રમાણિક ચાલચલગત તથા સુવ્યવહારવાળું; નીતિ અને સદાચારવાળુ; સદાચારી

અમારા ભાઈની ખાતર અમને **સુચરિત** કર.
પ્રસ્થાન

સુચરિત્ર ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ગાહિની કુડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૮૮ લઘુ મળી ૧૨૩ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૨. જુઓ સુચરિત

સુચરિત્રા [સં] સ્ત્રી પતિવ્રતા સ્ત્રી; સતી સ્ત્રી; સતી

સાખી સતી મનસ્વિની **સુચરિત્રા** સુણોહિમ.
પતિમતા જમ માતતા અને ન તુજ સમ અન્ય
પિંગળપ્રકાશ

સુચંગ ૧. પું. (ચારણી) નામપિંગળ માંહેનો એક વર્ણમેળ છંદ

૨. વિ. દેખાવડુ, સુંદર

જિણા એક નાખી **સુચંગ**.
નહમાત્ર કીધી તે અંગ
અલબ્ધ

૩. વિ નિર્ભંગ; પવિત્ર; વિશુદ્ધ

સુચંગી વિ ,,સ્ત્રી કૃપાળી; સારાં અવયવાળી, સુદર.

સુચંતા પુ (પુરાણ) ઋત્સમદનો પુત્ર. વત્સ નામનો ઋષિ તેનો પુત્ર હતો

સુચંદ્ર ૧. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.

૨. પું. (પુરાણ) પ્રાધા પુત્ર એક ગંધર્વ.

૩. પું. (પુરાણ) ભાર માંહેનો એક સૈદ્ધિક્ય.

૪. પું. વિશાલા નગરીનો વિશાલથી ત્રીજો રાજા

૫. પું. (પુરાણ) સૂર્યવંશી રોમચદ્રનો એ નામનો એક પુત્ર

સુચારુ ૧. પું (પુરાણ) એ નામે સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૨ પું. (પુરાણ) કૃષ્ણ અને રુક્મિણીનો પુત્ર.

૩. ´સ સુ (સારી રીતે) + ચારુ (સુંદર)] વિ. બહુ જ સુંદર. બહુ જ સુંદર; અતિ મનોહર

લીલા **સુચારુ** પતિ અંતર રેખી કરી.
કીર્તિ

સુચાંદની સ્ત્રી. રજા ચંદ્રપ્રકાશ.

રાતો રજા **સુચાંદની** ચમકતી આવી નિસા ઓપતી.
કુ. સા. પરિષદ

સુચિત્ત ૧. પું. (પુરાણ) તામ્રધ્વજ રાજાનું બીજું નામ. એને સુમિત્ર પણ કહે છે.

૨. પું. (પુરાણ) દ્રોણાચાર્યે મારેલા પાંડવ પક્ષના ચિત્રવર્મા રાજાનો પિતા. એને સુચિત્ર પણ કહ્યો છે.

૩. વિ. ધ્યાન આપે તેવુ.

૪ વિ સારા ચિત્તવાળુ.

સુચાક્ષિ પું. (પુરાણ) આઠમુ મન્વંતરના પ્રારંભમાં બ્રહ્મદેવે ફરી ઉત્પન્ન કરેલા બ્રહ્મામાનસ પુત્રોમાના અંગિરા ઋષિના પુત્રનો એક ઋષિ

સુચિત્ર ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માલા છંદનો એક ભેદ છે. તેમા ૧૫ ગુરુ અને ૪૨ લઘુ મળી ૫૭ વર્ણની ૭૨ માત્રા હોય છે.

૨ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેને ઉપચિત્ર છંદ કહે છે. તેના દરેક ચરણમા. ત્રણ સમણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષરો હોય છે તેમા છઠ્ઠા અક્ષર ઉપર વિશ્રામો આવે છે

૩. પુ. (પુરાણ) એ નામે સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર

૪. જુઓ સુચિત્ત ૧ ૨

સુચિત્ય [સ સુચિર્] વિ (પ્રાકૃત) પવિત્ર.

સુચિરાયુ ૧. [સ] પું દેવ

૨. વિ. લાબા આયુષ્યવાળુ

સુચિહ્ન [સ.] ન શ્રેષ્ઠ ચિહ્ન; સારું લક્ષણ

એ આપણા સમાજનુ એક **સુચિહ્ન** છે.
પ્રસ્થાન

સુચિહ્નિત [સં] વિ સારાં ચિહ્નવાળું

સુચેલક પું. સાડી.

સુચેષ્ટિત [સં] ન. સદ્વ્યવહાર; નેક ચાલ; સારી ચાલ

સુચ્છત્રા [સં.] સ્ત્રી. સતલજ નદી.

સુચ્છાયા સ્ત્રી. (પુરાણ) ધ્રુવપુત્ર શિષ્ટની સ્ત્રી તેને રિપુ, રિપુંજય, વૃત્ત અને વૃક એમ ચાર પુત્રો હતા.

સુછમ વિ. સૂક્ષ્મ

સાખની વાતો **સુછમ** જાતો. પ્રાચીન કાવ્ય

સુજંક ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમમાત્રામેળ છંદ. તે જગતીવાળા રડધર છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ અને ૧૦ લઘુ મળી ૩૭ વર્ણની ૬૪ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કમલા. અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ૮ ભગણ અને ગુરુ એમ પચીસ અક્ષરો હોય છે. તેમા ૧૨મા અક્ષર પછી યતિ કે વિશ્રામો આવે છે

સુજમા સ્ત્રી. સારી જમા.

જો પત્તે છે અદનો અચલો અતિ,
તો દિન આ તુજ છે **સુજમા** જો.
પલાસ

સુજન ૧ [સ] પુ. (પુરાણ) ભાર માંહેનો એક ભાર્ગવ દેવ

૨. પું. ભલો સારો માણસ, સારો સદાચારી માણસ; સજ્જન. સારી ચાલનો પ્રમાણિક માણસ; ગુણવાન માણસ.

સુજનતા ૧. સ્ત્રી. સજ્જનપણું; સારાપણું, ભલાઈ, સદ્ગુણીપણું; માયાળુપણું

૨. સ્ત્રી સારી પ્રજા; સારી જનતા

સુજની ૧. સ્ત્રી. રજાઈ; આખું કે જરેલું ઓઢવાનું પાતળું ગોદડું. ૨ જરેલું ગોદડાના જેવું પણ પાતળું ઓઢવાનું વસ્ત્ર.

ચોરટાઓ મળે આજરે, **સુજનીઓ** પીરબાપમ.
દલપતરામ

૨. સ્ત્રી. ઉપરથી ગોળ, પહોળું અને નીચેથી અણીવાળું એક જાતનું મોતી. મોતીનો દાણો ઉપર જાડો અને નીચે પાતળો અણી જેવા ભાગનો ઘાટવાળો હોય તે સુજની કહેવાય છે.

સુજન્ય પું. (પુરાણ) ભાર ભાર્ગવ માંહેનો એક દેવ.

સુજસ ૧. [સં.] ન. કમળ.

૨. ન. સારો જસ

સુજસા વિ સ્ત્રી. સારા જશવાળી.

સુજસ પું નામના; કીર્તિ; પ્રખ્યાતિ; યશ.

સુજાજમ સ્ત્રી સારી જાજમ; સારું પાથરણું.

આખો પધારા તરભણે મદીંથી આવે,
અને ઓશરી મદીં **સુજાજમ** તે બીજાવે.
નાનાલાલ

સુજાડવું (સુજાડવુ) સ. ક્રિ. બતાવવું; જાણ કરાવવું.

સુજાણ ૧. વિ. અકલમંદ; બુદ્ધિમાન.

૨. વિ. કહ્યું; સારી રીતે વાત કે વસ્તુનું જાણકાર; ચતુર; જ્ઞાની; સમજુ.

બોલ્યા પિરિ તવ બોલ્યું વાધ્યિ,
પુંડરીક! સાંભલ **સુજાણ**.
ભાલણ

૩. વિ. પ્રવીણ; હોશિયાર.

૪. વિ. માહિતગાર; બધું જાણનાર.

સુજાણી વિ સ્ત્રી. ચતુર સ્ત્રી.

પચ્ચા પૈસા મૂકી વાણી, જોયું ત્યાં **સુજાણીએ**.
છોટાલાલ નરભેરામ

સુજાત ૧. પું. (પુરાણ) એ નામનો સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૨. પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માત્રા છંદનો એક ભેદ છે. તેમાં ૬ ગુરુ અને ૬૦ લઘુ મળી ૬૬ વર્ણની ૭૨ માત્રા હોય છે.

૩. વિ. કુલીન; ઊંચા કુળનું

ગોરમા અવ જેણત જાણને કે,
તો હું **સુજાત** છું કે સોજ.
વલ્લભ ભટ્ટ

૪. વિ. ભલું

૫ વિ. સુંદર; બાંધીલું.

સુજાતા સ્ત્રી (પુરાણ) ઉદ્દાલક ઋષિની કન્યા; કહોલ ઋષિની સ્ત્રી.

સુજાન ચરિત્ર ન. કવિ સુદનનું એ નામનું એક વીરરસ પ્રધાન કાવ્ય. આ કાવ્ય અપૂર્ણ છે. તેમાં જુદા જુદા વર્ણનો ખૂબ જ જોવામાં આવે છે. તેમાં કયાંક ઘોડાઓની જાતિઓના અસંખ્ય નામોની યાદી આપવામાં આવી છે અને કયાંક હથિયારો અને વસ્ત્રોની યાદીઓ પણ આપવામાં આવી છે. કયાંક જુદા જુદા દેશવાસીઓ અને જાતિઓના નામો પણ ગણાવવામાં આવ્યા છે. આ કાવ્યમાં સુજાનગિરિના સાત યુદ્ધોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ યુદ્ધોને કોઈ સ્ત્રી સાથે સંબંધ નથી. તેથી તેમાં કૃષ્ણ કવિની જેમ શૃંગારરસનો અભાવ છે. તેમાં વીરરસ પ્રધાન રસ છે અને રૌદ્રરસ સહાયક રસ છે અનુપ્રાસમય શબ્દોનો પ્રયોગ પણ સારા પ્રમાણમાં કરવામાં આવ્યો છે. તેમાં વીરરસની સાથે બીભત્સ રસના પણ દાખલાઓ જોવામાં આવે છે. કરુણ અને હાસ્યની ભેળવણી પણ ઠીક પ્રમાણમાં જોવામાં આવે છે ઐતિહાસિક દૃષ્ટિથી આ કાવ્યનું મહત્ત્વ ઘણું જ વધારે છે. તેમાં બનાવો ઇતિહાસને અનુરૂપ છે. મોગલ સમ્રાટ ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલ સામ્રાજ્યની જેવી હાલત થઈ હતી તેનું આ કાવ્ય અત્યંત પ્રમાણિક અને સુંદર પ્રમાણ છે ઇતિહાસની દૃષ્ટિમાં ઝીણી ઝીણી બાબતોમાં કવિથી ભાગ્યે જ રહેતી નથી. આ દૃષ્ટિએ સુજાન ચરિત્ર ગદ્યકાવ્યનું એક અમૂલ્ય રત્ન છે અને એક રાષ્ટ્રીય કાવ્ય છે.

સુજાવવું ૧. સ. ક્રિ. સજે તેમ કરવું.

૨. સ. ક્રિ. સોલ્યે આણવો.

સુજૂહ્યિ ૧. સ્ત્રી. (પુરાણ) ઉર્વશીની એક સખી.

૨ સ્ત્રી તન્વી; સારા શરીરવાળી સ્ત્રી

૩. સ્ત્રી સારા વેગવાળી કે ત્વરિતા સ્ત્રી

૪. વિ બહુ કે અતિશય વેગવાળું; ઉતાવળું.

સુજેની પું. એ નામનો એક અશ્વ.

સુજૈતા પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તે માદિની કુડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૬૭ ગુરુ અને ૨૪ લઘુ મળી ૯૧ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

સુજોગ ૧. પું. શુભ સંયોગ; સારો મેળ.

૨. પું સારો અવસર; સારી તક.

સુજ્ઞ ૧. પું. (પુરાણ) એ નામે દશરથ રાજાનો એક મંત્રી

૨ ન. એ નામનું એક સુશોભિત ગાડ

૩. [સં. સુ (સારી રીતે) + જ્ઞ (જાણવું)] વિ જાણકાર; ડાહ્યું; અકલમંદ; વિદ્વાન; ચતુર.

કૃષ્ણ છે કર્મ અકર્મ શું વિષમ એ **સુજ્ઞો** મુંઝાય છે,
એને ભલી પ્રકારે હું અશુભથી આણું તને કર્મ તે.
ગીતાપંચામૃત

સુજ્ઞતા સ્ત્રી. સુજ્ઞપણું; ડાહ્યપણું; ચતુરાઈ; વિદ્વતા

સુજ્ઞાત [સં.] વિ સારી રીતે જાણેલું.

સુજ્ઞેય પું. (પુરાણ) પંડવોના અશ્વમેધમાં સહાય કરનાર એ નામે એક યાદવ.

સુજ્યેષ્ઠ પું (પુરાણ) મૌર્યકુળના અગ્નિમિત્રનો એ નામનો પુત્ર.

સુઝાડવું (સુઝાડવુ) ૧. સ. ક્રિ. દેખાડવું; બતાવવું

૨. સ ક્રિ. શીખવવું.

૩ સ ક્રિ. સૂઝે તેમ કરવું; સૂઝ પાડવી; સમજ પાડવી; સમજાવવું

સુઝાવવું ૧. સ. ક્રિ બતાવવું.

૨. સ. ક્રિ. સમજાવવું.

૩. સ ક્રિ સુજાવવું; સોલ્યે આણવો; સોલ્યે ચડાવવો

રહી રહી સખિ કુબ્જાનાં હું ન બહુ **સુઝાવજે**
લલિત

સુઝુહ્લન પું. એક છંદ.

સુઢબો પું કલાજ; ઉપાય; જંતરમંતરનો અજમાવટા; વહેમી ક્રિયાઓ માટે થતો પ્રયોગ.

સુઢું પું. ઝાડના થોટનો બનાવેલો ખોરાક.

સુતાલીસ (સુડતાલીસ) [સં. સપ્ત ચત્વારિંશત્; પ્રા. સત્તચાલીસા; સતતાલીસ] વિ. ચાલીસ ને સાત; ૪૭.

સુતાળી (સુડતાળી) જુઓ સુડતાલીસ.

સુતાળીસ (સુડતાળીસ) જુઓ સુડતાલીસ.

સુતાળો (સુડતાળો) પું. સંવત ૧૬૪૭ની સાલનો ભારતનો એક ભયંકર દુકાળ.

સુડતાળામાં ચાર ગમા, દયા ધર્મ ને દીનો.
સગાભાણી સગજ્જ ગયું, જેમ તેમ કરીને જીવો.
દુહો

સુઠમુઠી (સુડમુઠી) સ્ત્રી હજામની હલકી જાત.

સુડીલું વિ સારા ડીલવાળું

સુડીલો યદુને શ્રી હરી
અમૃત યે રસ મુખમા દિયે.
નરસિંહ મહેતો

સુઢોલ ૧ વિ. બાંધીલું; દેખાવું; નમણું.

૨ વિ સારા ડોળવાળું; બેડોળ નહિ તે.

સુઢોલતા સ્ત્રી. રૂપ; નમણાશ

સુઢોળ જુઓ સુડોલ.

સુજ્ઞ ૧ પું (પ્રાકૃત) કૂતરો.

૨ સ્ત્રી સુજ્ઞવુ તે; જ્ઞાન

સુણક પુ. (પ્રાકૃત) કૂતરો

સુણતલ વિ. સુથનાર.

સુણવું જ. ક્રિ. સાભળવું

સુણવાઈ સ્ત્રી. શરણાઈ.

સુણાવણી ૧. સ્ત્રી. જણાવવું તે; સભળાવવું તે.
૨. સ્ત્રી. ફરિયાદને લગતી બાબતો સાંભળની ૧, ન્યાય તોળવા માટે બંને પક્ષનાં કારણો અને વાદવિવાદ સાંભળવાપણું તે
૩. સ્ત્રી. સૂચવું તે

સુણાવવું જ. ક્રિ. સભળાવવું; જણાવવું

સુણાવું ૧. જ. ક્રિ. સભળાવું; શ્રવણ થવું.
૨. જ ક્રિ. સાભળી શકવું. શ્રવણ કરી શકાવું.

સુણી સ્ત્રી. (પ્રાકૃત) કૂતરી

સુણ્ણ [સ. શૂન્ય] વિ. (પ્રાકૃત) ખાલી; રહિત.

સુણ્ણકાલ [સં શૂન્યકાલ] પું. (પ્રાકૃત) વિરહકાલ.

સુણ્ણાઢ જ. સોનેટ એટલે કે ચૌદ લીટીના કાવ્યબધ માટે સૂચવેલું એક નામ.
આજ સુધી ચતુર્દશપદી, મૌક્તિક, ગાથગીત, સ્વનિતક, રેખનીત, સુનીત, **સુણ્ણાઢ** આવા આવા પણ નામો આપ્યા છે અને તે નામના અભિમાની તે તે નામ વાપરે છે. કૌમુદી

સુત ૧. પું. પારો.
૨. પુ. પુત્ર; છોકરો; દીકરો.
સુત અપત્ય આત્મજ **સુત** વપુ જ તનય ને જાત
નંદ નંદ ગોવિંદથી ન કર પર્વની વાત. વિજયવલ્લભ
૩. પું. બહાદુર; બાહોશ; બંદીજન.
૪. પું. રાજા.
૫ પું. શિવનાં હજાર માહેનું એક નામ.

સુતધર્મ પું પુત્રનો ધર્મ; પુત્રની ફરજ.
નથી **સુતધર્મ** વરઘોઓ. સરસ્વતીચદ્ર

સુતન પું. સારો પુત્ર.
બારમે દ્વારા **સુતજ** (**સુતન**) બાલીઓ,
દ્વારા જીતર રાજ કરર.
સોરઠી બહારવટિયા

સુતનુ ૧. સ્ત્રી. (પુરાણ) અક્રૂરની સ્ત્રીઓ માહેની એક, આહુકની પુત્રો
૨ [સ.] સ્ત્રી. (પુરાણ) વસુદેવની એક સ્ત્રી.
૩. સ્ત્રી. સુદર સ્ત્રી
૪ [સ. સુ (સુંદર) + તનુ (શરીર)] જ સુદર કે નાજુક શરીરવાળું; કોમળ અગવાળું; સુકોમળ; કોમળ
૫. વિ. પાતળું, નાજુક

સુતપા ૧. પું. આકડો
૨. પું. (પુરાણ) એ નામે એક પ્રજાપતિ. એ જ જન્માતરે કૃષ્ણનો પિતા વસુદેવ થઈને જન્મ્યો હતો.
૩. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છદ તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ત્રગણ, મગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર આવે છે
૪. પું. મુનિ
૫. પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. બદરિકાશ્રમમાં નર-નારાયણ રૂપથી સુદર તપ કરે છે તેથી વિષ્ણુ સુતપા કહેવાય છે.
૬. પું. સૂર્ય.
૭. પું. (પુરાણ) સાવર્ણી મન્વતરમાં થનારો એક દેવ
૮. પુ. (પુરાણ) સૂર્યવશી ઇક્ષ્વાકુકુળના અંતરિક્ષ રાજાના ત્રણ માહેનો પહેલો પુત્ર એનો પુત્ર તે સમિત્રજિત
૯. પુ. (પુરાણ) સોમવશી અનુકુલોત્પન્ન હેમ અથવા સેન રાજાનો પુત્ર તે બલિરાજા
૧૦. વિ. સારા તપવાળુ

સુતપ્ત [સં.] વિ. સારી રીતે તપેલ

સુતફેણી જુઓ સુતરફેણી

સુતભાવ [સં.] પું. પુત્ર પ્રેમ
તે થકી **સુતભાવ** જોડે,
જાણે ઈશ્વર એહ છે. દયારામ

સુતમેધ [સ.] પું. જેમાં દીકરાનો જોગ આપ્યો હોય એવો યજ્ઞ.

સુતમ્ભર [સ] પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ

સુતર ૧. વિ. સરળ; સહેલું; પાસરું; સમમ.
એવા અતિ **સુતર** જનને,
તે કરે પ્રભુ પ્રસન્ન. નિષ્કુળાનંદ
૨. જ સુગમ; સરળ.

સુતરકટ્ટુ વિ. સહેલું કરનાર; સુતર કરનાર

સુતરણું જ. ઘડું વાપ્યા પછી દરે રાડાની કોળી ખાપીને તેના ઘડે જે નિશાની થાય છે તે.

સુતરનાળ [જ્ઞા **સુતુર્નાલ**] સ્ત્રી ઊંટ ઉપર રાખવામા આવતી તોપ

સુતરલાવ જ. ઉતારામાપક યત્ર.
આપણ અમારી પાસેથી **સુતરલાવો** લીધા અને સાતે જુગતનાં ચક્રો દીધાં
પ્રેમાનંદ

સુતરસ્તાર [ફા. **સુતુર્સ્તાર**] પુ ઊંટ ઉપરનો સવાર

સુતરાઈ ૧ સ્ત્રી. સગવડ; સોઈ
૨. સ્ત્રી સરળતા.

સુતરાઉ વિ. રૂના તારની બનાવટનું, સારનું બનેલું; સૂતરનું.

સુતરામ સ. [સ] જ ધાણુ; ખૂબ, વધારે.

સુતરામ્બુ [સ] પું બાર માહેનો એક મેઘ

સુતરિયા ૧. સ્ત્રી એ નામની રેઉઆ કણબી અને દશા શ્રીમાળી વાણિયાની એક અટક
૨. જ એ નામની અટકનુ માણસ
૩ વિ. એ નામની અટકનુ

સુતરિયાવાડ (**સુતરિયાવાડ**) સ્ત્રી જે લત્તામાં સૂતરના વેપારીઓની દુકાનો હોય તેવો શહેરનો ભાગ; ચોરાશી માહેનુ એક ચૌટું

સુતરિયો પુ. સૂતરનો વેપારી.

સુતરું જુઓ સુતર

સુતરેલ જુઓ સુતરાઉ

સુતર્ક [સં.] પું સારો વિચાર.

સુતલ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છદ તે જગતી છદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, રગણ, સગણ અને રગણ એમ બાર અક્ષરો હોય છે.
સુતલે આઠમા સ ર સારા ગાઓ
રત્નપિંગળ
૨. [સ] જ. સાત માહેનુ બીજુ પાતાળ. ત્યા હાલ બલિ રાજા રહે છે. તે સાત પાતાળ આ પ્રમાણે છે: અતલ, વિતલ, સુતલ, મહાતલ, તલાતલ, રસાતલ અને પાતાલ.
૩. જ. સારુ તળિયુ

સુતશેખર વૃક્ષ પું. (વૈદક) ઝાલરી, થણ, ઉપરસ, ઝાડા, મરડો, દમ, ખરી, આમવો તથા સુધારોગમા ઉપયોગી મનાતુ એક ઔષધ. ૨ થી ૪ રતીભાર ઔષધ મધ કે પાણી સાથે સવાર સાજ લેવાય છે.

સુતશ્રવા પું (પુરાણ) એ નામે એક ઋષિ.

સુતશ્રેણી ૧. સ્ત્રી ઊંટસવારની
૨ સ્ત્રી. મોટો નેજાળો

સુતસંગર પુ (પિંગળ) એ નામ એક સમવૃત્ત વર્ણમેળ છદ તે સુપ્રતિષ્ઠ, છદનો એક ભેદ છે તેને દ્વાદશ છદ પણ કહે છે તેના દરેક ચરણમા નગણ અને બે ગુરુ એમ બાર અક્ષર હોય છે.

સુતસોમ પું. (પુરાણ) ભીમસેનથી દ્રૌપદીને થયલ એ નામના એક પુત્ર મહાભારતના યુદ્ધમા એને નકુલની સાથે યુદ્ધ થયુ હતુ એ રાત્રે તબુમા ચાલ્યો ગયો હતો ત્યા અશ્વત્થામાને હાથે માર્યો ગયો હતો એનુ બીજુ નામ શ્રુતસેન હતુ.

સુતળ ૧ પુ અટારીનો એક અંધ
૨ પુ મકાન વગેરેનો ચારો પાયો.
૩ ન. સાત માહેનું ત્રીજું પાતાળ; સુતલ

સુતળવું સ ક્રિ. જોડવું, સાકળી જેવું, આંધવું.
દેવ, દૈત્ય મનુ આદિ પ્રજા રે લાલ
પુરુષ પ્રપ તણા સૂત્ર માંહી સુતળ્યાં રે લાલ.
પ્રાચીન કાવ્ય

સુતંતુ ૧ પુ વિસ્તૃત, હલકું મહેનું એક નામ
સુ એટલે મહ અને તનુ એટલે વિસ્તાર આમ સર્વવ્યાપક એક તનુરૂપ પ્રધાનત્વ હોવાથી વિષ્ણુ સુતનુ કહેવાય છે
૨ પુ શિવનાં હલકાર મહેનું એક નામ.

સુતા ૧ [સં.] સ્ત્રી છોકરી; દીકરી; પુત્રી; કન્યકા; દુહિતા; તનયા; તનૂજા
પુત્રી, દુહિતા, કન્યકા, તનયા, તનૂજા કન્યાય.
સુતા જે પ્રભુમાનની, મઈ સહચરી સાય
વિમળવપુ ૫.૫
૨ સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ

સુતાર ૧. પુ (પુરાણ) એ નામનો અનુગ્રાહ્ય રાજાનો પ્રધાન
૨ પુ એક પ્રકારની સિદ્ધિ; રાજદ્વાન
૩. પુ. પારો.
૪ પુ [સં. સૂત્ર (દોરી) + ધાર (રાખનાર); સુતધાર-સુતાર] પુરાણોમાની દેવી પોતાના હાથમાં રાખી તેમને નચાવનાર; નાટકમંડળીનો નાયક.
૫. પુ. લાકડાનું કામ કરનાર; લાકડાં ઘડનાર કારીગર; સુથાર. ગુજરાતમાં પાંચ જાતના સુતાર છે. ગુર્જર, મેવાડા, પંચોળી, વાયડા અને વૈશ્ય કાઠિયાવાડમાં ગુર્જર અને મારવાડી છે. ગુર્જર ઘર આંબાને આજળથી નકશો તૈયાર કરે છે અને પોતે બીજા સુતારો ઉપર ઉપરીપણું કરે છે સૂત્રધારનો અપભ્રંશ સુતાર અથવા સુથાર કહેવામા આવે છે વળી સૂ અક્ષર જાણે ઉપસર્ગ હોયની-એમ જાણી તેને કાઢી નાખી થાર અથવા કાર કહી સુતારને બોલાવે છે ને તે તેઓ માન ભરેલું સમજે છે. તે જ રીતે કડિયાને થાર નામથી પંજ સારુ લાગે છે

સુતારકા સ્ત્રી એ નામે એક જૈન શાસન દેવી

સુતારકામ ન સુતારી કામ; સુથારનું કામ; લાકડાં ઘડવાનું કામ.

સુતારણ સ્ત્રી સુતારની બો

સુતારા સ્ત્રી (જૈન) છપ્પન માંહેની એક દિક્કુમારિકા

સુતારિણી [સં] વિ ; સ્ત્રી બરોબર તરીને પાર ઊતરે એવી નૌકા

સુતારી ૧ સ્ત્રી સુતારકામ
૨ વિ. સુતારને લગતું

સુતારીઓ પુ લાકડાં વહેરતાં હોય એવો અવાજ કરનાર પક્ષી

સુતારીકામ ન સુતારકામ, સુતારનું કામ.

સુતારીડો (સુતારીડો) પુ. સુતાર.
સોનીડા, દેશીડા, સુતારીડા. વેલીના કૂલ

સુતિક્ષ્ણ ૧ [સ પુ પીનપાપડો.
૨. પું લીમડો
૩. વિ. બહુ તીખું

સુતિક્ષ્ણક [સં , પુ લીમડો

સુતિનિક્ષ્ણ [સં] ન. કરિયાનું; કરિયાતું બહુ જ કડવું હોય છે. કડુ કરતાં પણ તે વધારે કડવું છે માટે તેને સુતિનિક્ષ્ણ કહે છે.

સુતિની સ્ત્રી. પુત્રવાળી સ્ત્રી.

સુતીક્ષ્ણ ૧. પુ. (પુરાણ) એ નામના એક ઋષિ. એ અગસ્ત્ય મુનિના શિષ્ય હતા. તે પ્રસિદ્ધ રામોપાસક હતા તેની પ્રેમભક્તિ આદર્શ હતી. રામચન્દ્ર એના આશ્રમમા દેઢલોક કાળ રહ્યા હતા.
૨. પું. ગ્રામ
૩ પુ. [illegible] દક્ષિણ આવેલ એક આશ્રમ
૪ પુ અગત્યનું ઝાડ; પીળો સરગવો.
૫ વિ અત્યંત તીક્ષ્ણ
૬ વિ ખાસ જ કિમ
૭ વિ બહુ જ તીખું

સુતીર્થ [સ , ન મહાભારતમા જણાવેલું એક પ્રાચીન તીર્થ.

સુતરખાના પું ઊંટ રાખવાનો વાડો.

સુતુંગ ૧. [સ , પું નાળિયેરી.
૨. વિ. બહું ઊંચું.

સુતેજ ૧ ન (શિલ્પ) એક પ્રકારનું દ્વિશાળ ઘર
જે દ્વિશાળ ઘરના મુખ આગળ જે અલિંદો હોય અને તે અલિંદો આગળ એક મંડપ હોય અને તે ઘરની જગ્યા તરફ જે અલિંદો હોય અને તેથી ઊલટી બીજી હોય. વળીતે પણ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે **સુતેજ** ઘર કહેવાય.
રાજવલ્લભ
૨ ન. સારું તેજ; સારો પ્રકાશ કે ચળકાટ.
દીપે પૂર્ણ લહ્ય લીલાં સુતેજે
કાવ્ય રસિક

સુતેજન પું (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

સુતેજસી [સ] સ્ત્રી. તેજબળ. તે ખાવામાં મરચાં જેવી બહુ જ તીખી હોય છે અને તે ખાવાથી શરીરની કાંતિ એકદમ વધારે છે અને તેજસી એટલે તેજથી પણ વધારે તીખી છે માટે તેને સુતેજસી કહે છે.

સુતેજા ૧. પુ. (પુરાણ) સૂર્યવંશી ક્ષત્રિયકુ કુળના હરિશ્ચંદ્ર વંશના સુદેવ રાજાના બે મહેનો નાનો પુત્ર
૨. સ્ત્રી. આકાશગંગાનું તારકમંડળ.
૩. વિ અત્યંત તેજસ્વી; ઘણા તેજવાળું.

સુતૈલા [સં] સ્ત્રી માલકાંકણી. સુત એટલે દીકરો અને પ્રિયા એટલે એલચી માલકાંકણી પ્રિયા એટલે એલચીના જેવી અને સુત એટલે દીકરા જેવી ફળવાળી છે અને તેમાંથી ચોખ્ખું તેલ નીકળે છે માટે તેને સુતૈલા કહે છે.

સુત્ત ૧. ન બુદ્ધ ભગવાનનો ઉપદેશ.
આ પછી બે જ સુત્તમા ધર્મચર્ચા સમવર્ષાનું વર્ણન કર્યું છે પુરાતત્ત્વ
૨. [સં સૂક્ત] ન. સૂક્ત; સૂત્ર
ટીકાકાર આ શબ્દ સંસ્કૃત સૂત્રમાંથી આવેલો માને છે પણ સૂત્ર અને સુક્ત બે જુદાં પાલીમા સુત્ત થાય. અહીં સુક્ત જેવું જ હોય છે સુક્ત એટલે સારી રીતે કરેલું. પુરાતત્ત્વ

સુત્તધરા પું. સિપ્રુઓની ટોળીમાં સુત્તનું રક્ષણ કરનાર અમલદાર.
તેઓ પણ એની બાબતમાં તપાસ ચલાવી જો એ નિરપરાધી રહે તો એને છોડી મૂકે છે; પણ જો એ અપરાધી હોય, તો **સુત્તધરા** નામના બીજા અમલદાર પાસે એને મોકલી આપે છે.
હિંદુરાજ્યવ્યવસ્થા

સુત્તનિપાત ન. (બૌદ્ધ) ખુદક નિકાયના પંદર માહેનો એક વિભાગ. આ પુસ્તકમાં ૭૦ છોટાબડ સૂત્રો આપેલાં છે. તેના પાંચ વિભાગ પાડેલા છે. પહેલા ચાર વિભાગમાં દરેકમાં નાના નાના ૧૪ પદ્યો છે અને પાંચમામાં એક લાંબુ કાવ્ય છે.

સુત્તપિટક [સં.] ન ત્રિપિટકના ત્રણ માહેનો એક સમૂહ. એમાં ગૌતમબુદ્ધના ઉપદેશનો સમાવેશ કરવામા આવ્યો છે તેના પાંચ નિકાય અથવા વિભાગ પાડેલા છે: દીર્ઘ નિકાય, મધ્યમ નિકાય, સંયુક્ત નિકાય, અંગુત્તર નિકાય અને ખુદક નિકાય આ પાંચે વિભાગોમાં બુદ્ધ ભગવાને પોતાના શિષ્ય સમુદાયને આપેલો ઉપદેશ, તેમના પરસ્પર સંવાદો તથા ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષે શિષ્યોએ પારેવાર પૂછેલા પ્રશ્નો અને વહેમના ઉત્તરોનો સમાવેશ કરવામાં આવેલો છે

સુત્ય પુ એક જાતનો યજ્ઞ

સુત્યા [સં.] પું. અગ્નિષ્ટોમ યાગનો છેલ્લો દિવસ.

અગ્નિષ્ટોમમાં સુત્યા (છેલ્લે)ને દિવસે ત્રણ સ્તોત્રોનું સંસ્તવન અને ત્રણ સ્તોત્રોનું ગાન થાય છે. ગુજ. જ્ઞાનકોષ

સુત્રામા ૧. [સં. સુત્રામન્] પું. ઇંદ્ર. બળવાન.

સુત્રામા સુર વિત્તપાલ. શિવદાસ

૨. પું. (પુરાણ) રૈવતાવલિ મન્વંતરમાંનો એ નામનો એક દેવ

સુત્રેશાહી પું. શીખ ધર્મના સાધુઓનો એક પંથ. તેઓ વિશેષ સંખ્યામાં માલૂમ પડે છે. તેઓ કપાળમાં આડી સીધી લીટી કરે છે અને હાથમાં બે નાની કાળી લાકડીઓ રાખે છે અને ભીખ માગતી વેળા આ બે લાકડી અથડાવી અવાજ કરે છે તેઓ ભજન ગાતા અને ભીખ માગતા ભટકે છે.

સુધ ૧. પું. આત્મસુખ.

હીંમત હોય તો પોતે પામે,
સઘળા વાતે સુધ જોને. પ્રીતમ

૨. સ્ત્રી. આબાદી.

સુધમાં હોવું = હંસલા કે નફાના જ હકદાર થવું.

સુધળ પું. (ચારણ) નામપિંગળ માહેનો માત્રામેળવાળો એક છંદ.

સુધાદ્રિયો (સુધાદ્રિયો) પું. એક જાતનું લાકડી સળીનું ઘાસ.

સુધાપવું સ. ક્રિ. સારી પેઠે જડવું; સારી પેઠે સ્થાપવું.

નિજ જન્મભૂમિ નિજ સાથ સુધાર્યા. કાન્હરસિંહ.

સુધારે ૧. પું. તૂણ પર પડતાં ઊપલકી કોટરોનું ભક્ષણ કરનાર એક પક્ષી; ખેતીને કાયદાકારક એક ઉપકારી પક્ષી.

૨. [સં. સૂત્રધાર] પું. સુતાર; કારુ; લાકડાં ઘડનાર કારીગર. સુથારી કામમાં લાકડું ચારેબાજુ માપ પ્રમાણે વહેરવા માટે સૂત્ર એટલે સૂતર ગોઠવી જોવું પડે છે. આ ક્રિયા ઉપરથી સૂતર ધરાવાળો તે સૂત્રધાર કહેવાયો. આવી જાતનું અઘરું આંકવાની વિદ્યા માત્ર લાકડાને વહેરવા પૂરતી જ નહિ હોતાં ઘરોના નકશા કરવા સુધી વિકાસ પામેલી છે. આપણા દેવ વિશ્વકર્માને પણ પહેલાં દેવોના રથ કરનારા સુધાર કહ્યા છેવટ જ્યારે શિલ્પના કર્તા કહ્યા છે

સુથારનું મન બાવળીએ = મનુષ્યનું મન પોતાની રુચિ અનુસારની વસ્તુ ઉપર જ મંડે છે.

સુથારકામ જુઓ સુતારકામ.

સુથારવું જુઓ સુતારવું.

સુથારવાડો (સુથારવાડો) પું. જે જ્ઞાતિમાં સુથારો વસતા હોય તેવો શહેરનો ભાગ; ચોરાશી માહેનું એક ચોટું.

સુથારી જુઓ સુતારી.

સુથી સ્ત્રી. સોદો કે સાટું નક્કી કરવા બયાનેથી આપેલી રકમ; સોદા પેટે બયાનેથી અપાયેલું નાણું; બાનું

સુધીર પું. (ચારણી) નામપિંગળ માહેનો માત્રામેળવાળો એક છંદ.

સુદ ૧. સ્ત્રી શુક્લપક્ષ; અજવાળિયું, સુદિ

સુદનાં કરણો આ પ્રમાણે છે.

તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	કિંસ્તુઘ્ન	બવ
૨	બાલવ	કૌલવ
૩	તૈતિલ	ગર
૪	વણિજ	વિષ્ટિ
૫	બવ	બાલવ
૬	કૌલવ	તૈતિલ
૭	ગર	વણિજ
૮	વિષ્ટિ	બવ
૯	બાલવ	કૌલવ
૧૦	તૈતિલ	ગર
૧૧	વણિજ	વિષ્ટિ
૧૨	બવ	બાલવ
૧૩	કૌલવ	તૈતિલ
૧૪	ગર	વણિજ
૧૫	વિષ્ટિ	બવ

૨. વ. શુક્લ પક્ષમાં

સુદક્ષણા સ્ત્રી. (પુરાણ) અવંતી દિલીપ રાજાની એ નામની રાણી; અંશુમાન રાજાના પુત્ર દિલીપ રાજાની સ્ત્રી

સુદક્ષિણ ૧. પું (પુરાણ) પાંડવોના સમયમા કલોજ દેશાધિપતિ ભારતના પક્ષમા. એ દુર્યોધનના પક્ષમાં ગયો હતો અને અર્જુનને હાથે મરણ પામ્યો હતો

૨. (પુરાણ) પૌંડ્ર વસુદેવના મિત્ર કાશીના રાજાનો પુત્ર. શ્રીકૃષ્ણે એના બાપને માર્યો હતો માટે એણે શ્રીકૃષ્ણને મારવા રુદ્રનું તીવ્ર તપ કર્યું. એથી રુદ્રે એના પર પ્રસન્ન થઈ કહ્યું કે, તું અભિચાર પ્રયોગ વડે દક્ષિણ અગ્નિનું સેવન કર એટલે એ અભિચારનો નાશ કરશે પછી તેણે બીજા પ્રયોગથી અગ્નિનું સેવન કર્યું આથી અગ્નિ તત્કાળ ઉત્પન્ન થયો. પરંતુ કૃષ્ણ તો બ્રાહ્મણોને માનનારા હોવાથી ત્યાંથી પાછો ફર્યો અને સુદક્ષિણ ઉપર આવી પડ્યો જેથી એ મરણ પામ્યા.

૩. પું. વિદર્ભ દેશનો એક રાજા.

સુદત્ત પું. આવલીનો રહીશ એ નામનો એક ધનાઢ્ય વાણિયો તેણે પોતાના પૈસાથી બુદ્ધને ઘણી મદદ કરી હતી તેથી તેનું અનાથપિંડ એવું નામ પડ્યું

સુદત્તા સ્ત્રી. શ્રીકૃષ્ણની એ નામની એક સ્ત્રી.

સુદરિદ્ર પું. (પુરાણ) એ નામે પાંચાળ નગરનો એક બ્રાહ્મણ; ધૃતિમાન, તત્ત્વદર્શી, તપોલુબ્ધક અને વિદ્યાવ્રત એ ચારનો પિતા.

સુદર્ભ પું. પ્રાચીનબર્હિના પુત્રોમાં ધર્મિષ્ઠ કાર્યમાં પરંપરાનું વર્ણન; સદરો

સુદર્શા સ્ત્રી. પ્રજાપતિ નામે એક ઋષિ.

સુદર્શન ૧. પું. (પુરાણ) કકુત્સ્થવંશના દુર્યોધનની પુત્રો સુદર્શનાને અગ્નિથી જન્મેલો પુત્ર. એની સ્ત્રીનું નામ ઓષધવતી હતું. આ ઓષધવતી જૂનગઢના રાજાની કન્યા હતી. આ રાજાની અતિથિ ઉપર ઘણી જ મમતા હતી અને કદી પણ તે અતિથિને વિમુખ થતો નહિ. તેણે પોતાની સ્ત્રીને પણ અતિથિને વિમુખ ન થવા અને પોતાનું સર્વસ્વ માગે તો પણ આપવાનું વ્રત પાળવાનું કહ્યું. તેની સ્ત્રી એ પ્રમાણે નિયમ પાળતા લાગી એક વખત રાજા શિકાર કરવા ગયો હતો તેવામાં તેની સ્ત્રીની કસોટી કરવા મૃત્યુદેવ બ્રાહ્મણનો વેશ લઈ તેને ઘેર ગયા. ઓષધવતીએ તેનો સત્કાર કરી તેની ઇચ્છા જણાવવાનું કહેતા મારે તારા શરીરનો ઉપભોગ કરવાની ઇચ્છા છે એમ તેણે કહ્યું. ઓષધવતીએ તેની ઇચ્છા પૂરી કરવાનું સ્વીકાર્યું. તેઓ રતિમાં રોકાયાં હતાં તેવામાં સુદર્શન શિકાર કરી પાછો આવ્યો પછીથી તેઓ બહાર આવ્યા અને રાજાએ અતિથિને દીઠો પોતે નિંદ્ય કામ કર્યું છે તે માટે શિક્ષા કરવા તે બ્રાહ્મણે રાજાને કહ્યું પણ રાજાએ કહ્યું, એ સ્ત્રી આપની દાસી છે; હું આપનો આજ્ઞાધારક સેવક છું મારા આવવાથી આપની તૃપ્તિમાં ન્યૂનતા આવી હોય તો આપ જ અને સ્વીકાર કરો આથી મૃત્યુદેવે સંતુષ્ટ થઈને પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું અને કહ્યું કે, રાજા તેં મને હરાવ્યો. આમ કહી ઓષધવતીના અર્ધભાગને નદી બનાવી પૃથ્વી ઉપર સ્થાપી અને બાકી રહેલા અર્ધભાગ સહિત રાજાને સ્વર્ગે લઈ ગયો

૨ પું (પુરાણ) ઋષભદેવના મોટા પુત્ર ભરત જે પ્રજાપતિને થયેલ પ્રાગ્ય માહેનો ત્રીજો પુત્ર.

૩. પું. (પુરાણ) એ નામનો એક મુનિ. તે ભીષ્મના નિર્વાણ સમયે હાજર હતો

૪ પું (પુરાણ) એ નામનો એક વિદ્યાધર. એક વખત એણે અગિરા ઋષિની હાંસી કરી તેથી ઋષિએ એને શાપ આપ્યો કે, ‘તું સર્પ થઈસ’ આમ શાપને લીધે એ અંબિકાવનમાં અજગર થઈ ને પડ્યો. ગોકુળમાંથી એક વખત નંદ બધા ગોવાળો વગેરેને લઈ ને યાત્રાએ ગયા હતા ત્યારે આ અજગરે તેમને ગળ્યા. કૃષ્ણે એને મારી એનો ઉદ્ધાર કરી નંદને છોડાવ્યા હતા..

૫. પું. (પુરાણ) એ નામનો દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. એને સાત્યકિએ માર્યો હતો

૬. પું એ નામનો ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એક પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

૭. પું (પુરાણ) એ નામનો ભારતવર્ષીય એક સામાન્ય પર્વત

૮. પું. (પુરાણ) એ નામનો હંસધ્વજ રાજાનો એક પુત્ર

૯. પું. (પુરાણ) એક પ્રાચીન દેશ.

૧૦. પું. (પુરાણ) ક્રૌંચમંડળમાં આવેલો એક દ્વીપ.

૧૧. પું. (પુરાણ) જંબુદ્વીપમાં આવેલું કેતુરૂપ જાંબુડાનું ઝાડ. જંબુદ્વીપના મધ્ય ભાગમાં આવેલા ઉત્તરકુરુક્ષેત્રના પૂર્વાર્ધ ભાગમા જાંબુનદ સુવર્ણની જંબૂપીઠ આવેલી છે. એ પીઠો ઉપર બે યોજનનાં મૂળિયાંયુક્ત અને સાધિક અષ્ટ યોજન ઊંચુ થયેલું ત્રિકાલ શાશ્વત સુદર્શન નામનું જંબુવૃક્ષ છે. એનાં મૂળ, કંદ, થડ, શાખા વગેરે વિવિધ જાતનાં અને નાના પ્રકારનાં રંગબેરંગી છે.

૧૨. પું. જૈન ધર્મના પાંચમા જાદેવ.

૧૩. પું. મહારાષ્ટ્ર દેશનો એ નામનો એક રાજા. બૌદ્ધધર્મી અશોક રાજા વચ્ચેના યુદ્ધમાં તે વાસા ગામ પાસે માર્યો.

૧૪. પું. વિષ્ણુનાં ઝળહળ માથેનું એક નામ. ઝમકે, ભગવાનનું દર્શન એટલે જ્ઞાન અતિ સુંદર નિત્યાનંદરૂપ ફળ આપનાર છે અથવા તેનાં નેત્ર અતિસુંદર પદ્મપત્રની સમાન વિશાળ છે અથવા ભક્તોવડે સુગમતાથી દેખાવ છે તેથી તે સુદર્શન કહેવાય છે

સુદર્શને અદ્ય અપી અબ્જિન રિયર,
નંદુ ક્લેસ હુમેરા સુરેસ વીર. વિહારી

૧૫. પું. (પુરાણ) શિવનાં ઝળહળ માથેનું એક નામ.

૧૬. પું. (પુરાણ) સૂર્યવંશના છત્રવાક કુળના કુશ અન્વયમાં જન્મેલા ધ્રુવસંધિ રાજાને તેની મનોરમા નામની મોટી રાણી કુખે થયેલ પુત્ર. એ મોટો થયો એટલે ભરદ્વાજ ઋષિએ એને ઉપનયન સંસ્કાર કરીને વેદવેદાંગનું તેમ જ ધનુર્વિદ્યાનું પણ શિક્ષણ આપ્યું અયોધ્યાના ધ્રુવસંધિ રાજાને મનોરમા અને લીલાવતી નામે બે સ્ત્રીઓ હતી. મનોરમાને સુદર્શન અને લીલાવતીને શત્રુજિત નામે પુત્રો હતા. એક વખત ધ્રુવસંધિ રાજા શિકારે ગયો હતો. ત્યા તેને સિંહે મારી નાખ્યો તેની અયોધ્યામાં જાણ થતાં વશિષ્ઠ વગેરે મંત્રીમંડળે ભળીને સુદર્શનને ગાદી આપવાનો નિશ્ચય કર્યો, કેમકે તે પટરાણીનો પુત્ર હતો એ વખતે મનોરમા તો પિતા વીરસેન અને લીલાવતીનો પુત્ર યુધાજિત અયોધ્યા આવી પહોંચ્યા. યુધાજિતે શત્રુજિત ઉંમરમાં મોટો હોવાથી તેને ગાદી મળવી જોઈએ એવો આગ્રહ કર્યો. વીરસેને કહ્યું કે, સુદર્શનને જ તે મળે. આ ઉપરથી બંને રાજા વચ્ચે યુદ્ધ થતાં વીરસેન તેમાં મરાયો. યુધાજિતે શત્રુજિતને ગાદી પર બેસાડ્યો અને મનોરમા તથા સુદર્શનને મારી નાખવા માટે ખોળતો હતો તરત વિદ્વાન નામના પ્રધાને મનોરમા અને સુદર્શનને અયોધ્યામાંથી નસાડી, બધી હકીકત જણાવી તેને ભરદ્વાજ ઋષિના આશ્રમમાં સોંપ્યા. યુધાજિત ઘણો તપાસને અંતે નિષ્ફળ થયો અને પાછો પોતાને દેશ ગયો. ત્યાં તેને મનોરમા અને સુદર્શન ભરદ્વાજના આશ્રમમાં હોવાની ખબર પડી. તેણે તે ઋષિ પાસે જઈ તેમની માગણી કરી, પણ ઋષિએ ના કહેવાથી, ‘હું તેમને બળાત્કારે લઈ જઈસ’ એમ કહ્યું. આથી ઋષિએ તેનામાં પૂરતુ બળ હોય તો તેમ કરવા પણ કહ્યું. પણ ભરદ્વાજે પોતાના પ્રધાનની સલાહથી તે પ્રમાણે ન કરતાં ઋષિને વંદન કરી પાછા જવાની આજ્ઞા માગી. અવતી ગયો. સુદર્શન ભરદ્વાજે સોંપ્યાથી આદિ શક્તિની ભક્તિ કરતો હતો. આદિ શક્તિએ પ્રસન્ન થઈ કાશીના સુબાહુ રાજાની કન્યા શશિકળાને સ્વપ્નમાં સુદર્શનને પરણવાની આજ્ઞા કરી. કન્યાએ એ વાત પોતાની માતાને કહી. આ વાત સાંભળીને તેના પિતાને તેમ કરવાનું રુચ્યું નહિ. તેથી તેણે પુત્રીને પરણાવવાના ઉદ્દેશથી સ્વયંવર કરવાનું ઠરાવ્યું. સુદર્શનને શશિકળાએ જાની રીતે કહેવરાવ્યું. તેથી તે પણ બધા રાજા સાથે આવી પહોંચ્યો. શશિકળા તો સુદર્શનને જ પરણવાની હઠ લઈ સ્વયંવર વખતે સભામંડપમાં જ ન આવી. આથી બીજે દિવસે આવવાનું કહી રાજાએ તેમને રજા આપી શશિકળાની ઘણી જ હઠ જોઈ સુબાહુએ રાતોરાત સુદર્શન સાથે તેનું લગ્ન કર્યું. બીજે દિવસે બધા રાજાઓએ આ જાણ્યું. તેઓ ઘણા ગુસ્સે થયા અને શત્રુજિતને બોલાવી રાજા લડવા તૈયાર થયા. સુબાહુ પણ સુદર્શનને બોલાવી લડવા આવ્યો શક્તિનું સ્મરણ કરી સુદર્શને યુદ્ધ શરૂ કર્યું દૈવીશક્તિની મદદથી બધાને હરાવ્યા. પ્રથમ જિત અને શત્રુજિત યુદ્ધમાં મરાયા. આથી બીજા રાજાઓ તેને શરણે આવ્યા સુદર્શને પ્રાર્થના કરવાથી શક્તિ ત્યાંથી અંતર્ધાન થઈ. રાજાઓએ સંતોષ પામી, સુદર્શનના પ્રકટ વિવાહના સમારંભમાં ભાગ લીધો સુબાહુએ સુદર્શનને ઘણું જ દ્રવ્ય, દાસ, દાસી, પશુઓ વગેરે આપી તેની મહત્તા વધારી, તેને શશિકલા સાથે વિદાય કર્યો. ત્યાંથી અયોધ્યા ગયો અને મંત્રીઓએ તેનો રાજ્યાભિષેક કર્યો સુદર્શને લીલાવતીનું સગી માના જેવું જ સન્માન અને રક્ષણ કર્યું શશિકલાને પેટે સુદર્શનને અગ્નિવર્ણ નામે પુત્ર હતો.

૧૭ ન. ઉડ્ડક વિમાન

૧૮. ન ઉદ્ભવું તહેર

૧૯. ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષીય એક મંદીવર. આ નામનું તળાવ ગિરનાર પાસે હતું. તેને અશોકે સમરાવ્યુ હતુ.

૨૦. ન. એક જાતનું ઝાડ તે ઉષ્ણ, કટુ અને વાતહર છે

૨૧. ન. એક જાતનું ફૂલ સુદર્શન ફૂલ રાયમેસ જેવું હોય છે. તેની પાંખડીની અંદર પીળુ કેસર હોય છે.

૨૨ ન. ખૂનસરતી

૨૩. ન નાથ ઉપર અપાતું એક અક્ષરીય આમુંબદિક ચૂર્ણ

૨૪ ન. માણસ

૨૫. ન. સુદર્શન ચક્ર; કૃષ્ણ કે વિષ્ણુનું ચક્ર.

આતૂમેનો અહિસાનો છે દેટિયો સુદર્શન.
રામબાણ રામ નામ તામ્રુ તીર જ બાદી છે
માધીગીતા

૨૬. ન. સુંદર દર્શન; સારો દેખાવ

૨૭ વિ સારા દેખાવવાળુ; કૃપાળુ; મનોહર.

જૂ ઇસી અધર ડસી ચમકવતી,
કૃષ્ણ પુરસ સુદર્શન પુરવતી. ગીતગોવિંદ

સુદર્શનચક્ર ૧ [સં.] ન રેટિયો

પોતાની દેહ નમી રહે ના સુપી આત્ત બીજા
પહેલા અર્યો કહ્યા સુદર્શનચક્ર ફેરવનું
મહાદેવ દેસાઈ

૨ ન. વિષ્ણુનુ એક હથિયાર. કાર્તિક સુદ ૧૪ને દિવસે વિષ્ણુએ શિવપૂજન કરી મહાદેવ પાસેથી આ ચક્ર મેળવ્યું હતું. પુજા માટે વિષ્ણુ કમળ લાવ્યા હતા પણ પરીક્ષા માટે મહાદેવે એક સંતાડી દીધું છેવટે પુજામા એક કમળ ઘટતાં વિષ્ણુએ નેત્રકમળ ઊખેડી અર્પણ કર્યું. તેના જવાબમાં શંકરે આ ચક્ર તેને આપ્યુ.

સુદર્શનચૂર્ણ ન. તાવ માટે અપાતુ એક આયુર્વેદિક ચૂર્ણ કે દવા. તે જુદા જુદાં ઓસડિયાંના પ્રમાણમાં મહાસુદર્શન કે લઘુસુદર્શનને નામે ઓળખાય છે. ગળો, સૂંઠ, પીપર, લવિંગ, પીપરીમૂળ, લીમડાની છાલ, કડુ, સુખડ, હરડાં અને તજ એ દરેક અંકડા તોલો, પાંચ તોલા કરિયાતા સાથે ખાંડી, વસ્ત્રગાળ કરીને બનાવેલું ચૂર્ણ લઘુસુદર્શન કહેવાય છે. તે જ્વરમાં અરધા તોલાની માત્રામાં પડીકા રૂપમાં અપાય છે. આ ચૂર્ણ જ્વર નિવારક, જંતુઘ્ન, લોહી સુધારક, શક્તિવર્ધક અને દ્રવ્ય ઔષધ છે. આ ચૂર્ણ દરેક જાતના તાવમાં ખાસ કરીને લાંબા વખતના તાવમાં અપાય છે. ઉપરાંત જૂનું દાદિયા તાવ સાથે અજીર્ણ હોય તો ખાસ આપવામાં આવે છે. ચામડીનાં દરદોમાં ચૂર્ણનો લેપ કરાય છે. કોઢ અને ચામડીના રોગમાં પીવા માટે ચૂર્ણ દેવામાં આવે છે.

સુદર્શનબ્યાન સ્ત્રી. એ નામની પુરાતની તોપ. આ તોપમાં આ પ્રમાણે ટોતરસું છે: અકબર પુરંદરની કૃપાથી બાદશાહ રણજિતસિંહ બહાદુર વિક્રમ સંવત્સરીના કુકમથી તોપ સુદર્શનબ્યાન પાટનગર લાહોરના કારખાનામાં જવાહરમલની વ્યવસ્થા તળે ૧૮૮૭ વિક્રમીમાં તેજસિંગની દેખરેખ નીચે ઢાળવામાં આવ્યું છે.

સુદર્શનબ્યાન સ્ત્રી. એ નામની પુરાતની તોપ. આ તોપમાં આ પ્રમાણે ટોતરસું છે: અકબર [illegible] શાકના ખોડેલા ચાંદ મહિનાની એકમે [illegible]. તેના સ્થાપક તુલસિ ઋષિ હતા. તે શ્લોક વિતણ શ્લોકમાં પ્રચલિત થયું.

સુદર્શના ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ.
૨. સ્ત્રી. (જૈન) ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીની બહેન.
૩ સ્ત્રી (પુરાણ) સૂર્યવંશી દુર્યોધન રાજાની કન્યા; અગ્નિની સ્ત્રી તેના પુત્રનું નામ સુદર્શન.
૪. સ્ત્રી સુદર્શન સ્ત્રી; સુંદર સ્ત્રી; રૂપાળી સ્ત્રી.
૫. સ્ત્રી. હિંદુ જ્યોતિષ મુજબ શુક્લ પક્ષની પાંચમી રાત્રીનું નામ
૬ વિ. સ્ત્રી સુંદર, રૂપાળી

સુદર્શની [સં] સ્ત્રી. અમરાવતી; દેવોની નગરી.

સુદલ ન. એક જાતનું ઝાડ

સુદંડ ૧. [સં.] પું નેતર
૨. વિ. સારી લાકડીવાળું.

સુદંડિકા [સં.] સ્ત્રી. ગોરક્ષીનો વેલો

સુદંષ્ટ્ર પું. (પુરાણ) રામની સેનામાંનો એક બળવાન વાનર

સુદાક્ષિણ્ય [સં] ન. સરમ. વિદ્યાવિજયજી લખે છે કે, કોઈ કામ કરવાની આપણી ઇચ્છા ન હોય, પરંતુ કોઈ ધર્માત્મા, સદાચારી, સજ્જન માણસ નિઃસ્વાર્થવૃત્તિથી તે કામ કરવાનું કહે, સલાહ આપે, કોઈ પ્રકારે તે કામમાં મદદ કરવાની પ્રેરણા કરે તો તે માણસના માનની ખાતર તેઓની શરમથી જરૂર તે કામ કરવું જોઈએ. આને સુદાક્ષિણ્ય કહે છે.

સુદાગર પું. ઘોડાનો વેપારી
કાચલ કાપડ નર વણિઆર,
સાચિ સુદાગર તેજી સાર. કાન્હડદેપ્રબંધ

સુદાણી ૧. સ્ત્રી. લેઉવા કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩ વિ. એ નામની અટકનું

સુદાત પું. સારો દાતાર.
મારે ઓવર સુદર એનો સુદાત. કાલીદાસ

સુદાન્ત [સં.] વિ. બરોબર દાન્ત; સારી રીતે દમન કરેલ.
સુદાન્ત આત્મા વડે દુર્જયનાથ બને છે. ધમ્મપદ

સુદામ ૧ પું. રામાયણમાં વર્ણવેલો એક પર્વત. તે બિયાસ નદીની પાસે આવેલો હતો.
મારે ઓવર સુદર એનો સુદાત. કાલીદાસ

સુદાન્ત [સં.] વિ. બરોબર દાન્ત; સારી રીતે દમન કરેલ.
[illegible]
પરમ પ્રયત્ન નાખી ઉદાસત આપ્યુ સહજ સુદામ. દયારામ

સુદામત ૧. અ. બૂનું માલતુ આવેલું હોય તેમ.
૨ અ. બેધડક; કોઈપણ જાતની બીક વગર ભય વિના.
૩ અ. સલામતીથી, નુકસાન ન થાય તેવી રીતે; ક્ષેમ; સારી વ્યવસ્થાવાળી સ્થિતિમા

સુદામન અ. નુકસાન ન થાય તેમ; સલામતીથી.

સુદામા ૧. [સં.] પુ. એ નામનો કોઈ ગોપ
૨. પું. (પુરાણ) એ નામનો એક ભારતવર્ષીય દેશ. એની રાજધાની મોદાપુર હતી
૩. પુ. (પુરાણ) એ નામે ઉલ્લેખાયેલ દેશનો રાજા. તે ચેદી દેશના રાજા શિશુપાલ અને વિદર્ભ દેશના અધિપતિ ભીમક એટલે દમયંતીના પિતાનો સસરો થતો હતો
૪ પું (પુરાણ) એ નામે ભારતવર્ષીય સામાન્ય પર્વત
સુદામા પર્વતની દિશામાં વસેલી બીજાઓની પેઠે ૭ આ વનના પ્રદેશમા રોજ જે. વનપર્વ મારકંડ
૫ પું. ઔરાવત હાથી
૬ પું. કર્ણનો એ નામનો એક પુત્ર. દ્રૌપદીના સ્વયંવર કાળે એને યુદ્ધમા અર્જુને માર્યો હતો.
૭. પું. કંગાળ માણસ
૮. પું શ્રીકૃષ્ણનો એક ગરીબ સહાધ્યાયી મિત્ર
૧. સુદામાના તાંદુલ = (૧) ગરીબની ભેટ. (૨) નમતા પે ન ચડવા જેવી કોઈ પણ નજીવી ભેટ
૨. સુદામાની કુટી = નાની અને માલમતા વગરની ગરીબ માણસની ઝૂંપડી
૯. પું. (પુરાણ) મોદાપુરનો અધિપતિ એ નામે એક રાજા. એ દામોદર રાજાના ભાઈ હતો. ભારતના યુદ્ધમાં એ પાંડવ ના પક્ષમા હતો.
૧૦. પું. વાદળું; મેઘ
૧૧. પું. સમુદ્ર
૧૨. પું. (પુરાણ) સીરધ્વજ જનકનો એ નામનો મંત્રી
૧૩. સ્ત્રી. એ નામે એક નદી; બડભાગા.
૧૪. વિ. રૂડો દાતા

સુદામાન [સં] પુ. મહાભારતમા જણાવેલ એક પ્રાચીન દેશ

સુદામાનો સહોદર પું. મોહનદાસ કરમચંદ ગાંધી, કવિવર નાનાલાલ એ બન્ને એમની

૧૩. સ્ત્રી. એ નામે એક નદી, બડભાગા.
૧૪. વિ. રૂડો દાતા

[illegible]
જાણે કોઈક વિશ્વ તરેખ્યો,
જાણે સદાનો અપવાસી:
એ કોણ છે એવોક ?
લોકવલ ને સર્વે પૂજ્ય ?
સુદામાનો જાણ કો સહોદર
એ માનવસળોકડુ છે શું ?
સળેકડાયો યે રેખાપાતળુ
એ ફિરસુ છે મહાસર્વેનુ-
અડગ અને અભય,
અખંડ અને અપ્રમેય
એ તપસ્વી છે
સાબરમતીના ઊંચા ટિનારાનો:
રિદ્ધિવતા રાજનગરની હવેલીઓનો
એ યોગીન્દ્ર છે અવધૂત
એ તો સંસારી સાધુ છે;
ગૃહસ્થ થઈ સંન્યાસ પાળે છે
નિરંતર દુઃખને ન્હોતરતો
ઓશિયાળા એક મહાયોગીન્દ્ર કૃષ્ણનો
એ અનુજ છે બ્રહ્મનકડા
પરપીડા પ્રોઝી પ્રજ્વળનાર
બહાર્વધ્યૂનો એ વશજ છે

શ્રીનગરનો જન્મે નરસિંહ મહેતો.
હૈયામાં એના હોળી સળગે છે,
જ્વાલામુખી અંગારા જેવી છે એની આંખડીઓ,
વદને વિરાજેલી છે વિપાદગ્રસ્તા.
દેહની દાઝથી દાઝે છે
છણછણતી એની દેહલતા.
વિરોધીઓ પ્રતિ યે પ્રેમીલો,
ગાઢં ગ્રસ્યધિ સસ્વજમ્ બોધનાર,
'અન્યાય સ્વામે યે ઉગામ મા'નો અનુયાયી,
'દેહયી દેહી જયવંતો છે'નો આચરનાર,
દુઃખતપતી આ દુનિયાનો દરવેશ છે તે.
જીવન આદેશ શોધવામાં ઋષિ,
રઘુપેલનામા સુભટ ક્ષત્રિય વીર,
નીતિમત્તામાં સુજ્ઞ વૈશ્યવર,
સોકસેવાભાવમાં પરમ શૂદ્ર :
તેનામાં સૌ વર્ણ સમાયેલા છે.
બેજુબ્બીના તે મણિ રચે છે,
પથ્થરના તે દેવ પ્રગટે છે,
શાલ્વતી તે અહલ્યાઓ કરે છે,
અસાધુના તે સાધુ ઘડે છે,
અહંકારીના તે સમર્પણી બનાવે છે.
દુખિયાંનો બેલી ને વિસામો,
દાઝ્યાંના અંતરનો આરામ,
બામણના આત્માનો અમૃતૌષધિ :
અનારોગ્યોનો ધન્વંતરી છે તે.
વાદળાંની અમ્રુવ છાયાદ્દડીમા
એક એ ધ્રુવ તત્ત્વ :
ઇતિહાસમાં ઉચ્ચારાતો
સનાતન સત્યનો એ શબ્દ,
પ્રાચીનતાનો પરમ મંત્ર:
નવામાં નવો તે,
ને જૂનામાં જૂનો છે.
સત્ય તેનો સુદામંત્ર છે,
તપ તેનું કવચ છે,
બ્રહ્મચર્યનો તેનો ધ્વજ છે,
અપ્રતિમ ક્ષમાજલ તેને ક્રમડલે છે,
સહનશીલતા તેની ત્વચા છે.
સનાતન યોગી કૃષ્ણનો યોગવારસ,
રાજદ્વેષના કંઝાનિલથી પર,
ભારતનો વર્તમાન મહાગુરુ,
એ તો ગુજરાતનો તપસ્વી
મહાત્મા મોહનદાસ ગાંધી.
ને એને પૂજે છે કોણ ?
કસ્તૂરી શી મહેકતી તે તપસ્વિની !
સાધુચરની સાખી નાર,
પત્નીઓમાં પરમ પત્ની,
જગતની એ તો આદર્શ ગુજરાતણ :
ભગવતી કસ્તુરબાઈ ગાંધી.

સુદામાપુર જુઓ સુદામાપુરી.

સુદામાપુરી ૧. સ્ત્રી. કંગાળનું નિવાસસ્થાન.
૨. સ્ત્રી. જ્યાંથી કંઈ પણ પ્રાપ્ત ન થઈ શકે તેવું ગામ; નમાલું ગામ.
૩ સ્ત્રી. પોરબંદર; સુદામા જ્યાં રહેતા હતા તે શહેર; પોરબંદરનું જૂનું નામ. શ્રીકૃષ્ણે પોતાના મિત્ર સુદામાના માનમાં આ શહેર સ્થાપ્યું હતું.
શ્રીકૃષ્ણના મિત્ર ને પરમ ભક્ત સુદામાજી પોરબંદર રહેતા. એટલે એને **સુદામાપુરી** પણ કહે છે. નાનાલાલ

સુદામ્નિની સ્ત્રી (પુરાણ) વસુદેવના ભાઈ રાજાધિની સ્ત્રી અને સુમિત્ર અને અર્જુનની માતા.

સુદામો જુઓ સુદામા.

સુદામ્નિ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે માત્રામેળ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને નગણ મળી ૭ વર્ણ હોય છે
સુદામ્નિ જ ન થી. રઘુપિંગળ

સુદાસ ૧. પું. એ નામનો એક રાજા. તેની સભામાં વિશ્વામિત્ર અને વસિષ્ઠ બંને રહેતા. તે યજ્ઞ કરવામાં પ્રખ્યાત હતો.
૨ પું. (પુરાણ) એક યવન જાતિનો રાજા. એ જાતે બ્રહ્મો ઋષિનાથી હોવાથી નાશ પામ્યો હતો. પૂર્વે વેન રાજા તેમ જ નહુષ રાજા પણ જાતે ઉદ્ધત અને ઋષિનો હોવાથી નાશ પામેલા છે. એ રાજાઓનાં નામ સાથે ઉદ્ધતોમાં આ સુદાસનું નામ પણ ગણાવ્યું છે તે ઉપરથી આ રાજા બ્રહ્મો પુરાતન હોય એમ લાગે છે.
૩. પું. સૂર્યવંશી પુરુકુળના સર્વકામ અથવા સર્વકર્મનો પુત્ર. મિત્રસહ રાજા એનો પુત્ર થાય.
૪. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના અજમીઢના પુત્ર નગરાજાના મૃદ્ગલ પાંચાળ વંશના ચ્યવન રાજાનો પુત્ર. એનું બીજું નામ બૃહદ્રથ હતું. સહદેવ નામનો એને એક પુત્ર હતો.
૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના પાંડવ વંશના તિમિ રાજાના પુત્ર બૃહદ્રથનો પુત્ર. એને શતાનિક નામે પુત્ર હતો.

સુદાસતીર્થ ન. (પુરાણ) સરસ્વતી નદીના તટ ઉપર આવેલું એ નામનું એક તીર્થ.

સુદાસ પૈજવન પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૩૩મા સૂક્તના કર્તા એક ઋષિ.

સુદિતિ પું. સામવેદનો એક ઋષિ.

સુદિ [સં.] ન. સુદ; શુક્લપક્ષ; અજવાળિયું.

સુદિન ૧. [સં.] ન. સારો દિવસ; શુભ દિન; આનંદ, વધામણાં કે હરખનો દિવસ; સોનાનો દિવસ; માંગલિક દિવસ.
૨. ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ

સુદિવા પું. (પુરાણ) એ નામે એક ઋષિ.

સુદી જુઓ સુદિ.

સુદીતિ પું. ઋગ્વેદના આઠમા મંડલના ૭૧મા સૂક્તનો કર્તા એક ઋષિ.

સુદીન ૧. વિ. અતિશય દીન; ખૂબ નમ્ર.
૨. [સં. સુ + દીન (ગરીબ)] વિ. બહુ જ ગરીબ; ગરીબીમાં આવી પડેલું.

સુદીર્ઘ વિ. ખૂબ લાંબું; વિસ્તારવાળું; વિશાળ; ખૂબ દીર્ઘ.
અમાની સ્ત્રીઓના જેવા **સુદીર્ઘ** કેશ અને તેને માટેનો વાસ્તવ પ્રેમ અન્ય દેશોમાં થોડો જ હોય છે. પ્રસ્થાન

સુદીર્ઘ કથાકાવ્ય [સં.] ન. મોટું વર્ણન કાવ્ય. સૌ. દીપકબા કેસાઈ, રા. વંદનલાલ પંડ્યા તથા સ્વ. ચોપટલાલ શર્માએ કહ્યું હતું કે **સુદીર્ઘ કથાકાવ્ય** રચવાનું પસંદ કર્યું તેમાં પણ આ જ વાસના કામ કરી રહી છે. વિશ્વનાથ ભ. ભટ્ટ

સુદીર્ઘા [સં.] સ્ત્રી. ચીનાર કે કાકડી.

સુદુર્લભ [સં. સુ (બહુ) + દુર્લભ (મુશ્કેલીથી મેળવાય એવું)] વિ. મુશ્કેલીથી મળી શકે તેવું

સુદૂર [સં. સુ + દૂર (આઘે)] વિ. બહુ જ આઘેનું; અતિશય દૂર આવેલું; બહુ દૂર.
મહાન ને દિવ્ય, અચિન્ત્યરૂપ તે;
ને સૂક્ષ્મથી સૂક્ષ્મ જ તે પ્રકાશે;
દૂરથી સુદૂર, અહીં પાસ છે તે;
જોનારમા યે એ રહ્યો અહીં ગુહામાં.
ઉપનિષત્પંચક

સુદૃઢ [સં.] વિ. બહુ દૃઢ; ખૂબ મજબૂત; ન તૂટે કે ભાંગે એવું. ઉપનિષદ્ભાષ્યમાં લખ્યું છે કે, સુદૃઢ શરીર અધ્યાત્મવિદ્યાને ઝીલવા અતિ ઉપયોગી છે. નિર્બળ શરીર જીવનના મહિમાને પચાવી શકતું નથી; આથી પ્રશ્નોપનિષદમાં ઋષિએ પ્રાર્થ્યું છે કે, સુદૃઢ અંગયુક્ત શરીરવાળા થઈને પરમાત્માની સ્તુતિ કરતાં કરતાં દેવે પ્રસન્નતાપૂર્વક દીધેલું આયુષ્ય પૂરેપૂરું ભોગવીએ.

સુદૃઢ ઐક્ય ૧. [સં.] ન. સંયુક્તતા; એકતાનતા; 'કોહીરન્સ'. શ્રી કનૈયાલાલ મુનશી લખે છે કે, જે અંકમાં સામાજિક તંદુરસ્તીનાં બે મૂળતત્ત્વો શક્તિ ને સ્વાતંત્ર્ય પર કેવું વિવેચન કર્યું; હવે ત્રીજું લક્ષમાં લઈશું. તેને 'સુદૃઢ ઐક્ય' કે એકતાનતા કહીશું તો ચાલશે. અંગ્રેજીમાં એને "કોહીરન્સ" (Coherence) કહે

છે સશક્ત શરીરમા અવયવોનો એકમેક પર એવો આશ્રય હોય છે, બધી નસેનસ એવા ઔષધથી પ્રેરિત હોય છે કે શરીરમાં ગમે ત્યાં કૈં પણ થાય તો આખું શરીર એકે અવાજે પોકારે છે. તેની જ રીતે જીવત સમાજમાં એવુ લક્ષણ હોય છે કે, તેમાંના ગમે તેના પર કૈં દુઃખ આવે, કોઈને કૈં પણ વિટંબના નડે તો આખો સમાજ એક વ્યક્તિ તરીકે એક પ્રયત્ને તેનો રસ્તો લેવા મંડી જાય. આપણે હાલ ચાલતી લડાઈમાં જોયું કે અગ્રેજી પ્રજા ગમે તેટલા જુદા મતમતાંતરથી આમ તેમ તણાતી હતી પણ જ્યાં સ્વદેશને ડરવાનું કારણ મળ્યુ કે બીજી બધી વિરોધનો નાશ થયો, મતમતાંતરો અદૃશ્ય થયા અને આખી અંગ્રેજ પ્રજા એક વ્યક્તિની સુદૃઢતાથી જર્મની સામે થઈ. આ જુસ્સાનું નામ 'કોહીરન્સ' અથવા 'સુદૃઢ ઐકય' કે એકતાનતા

૨. વિ. જરા પણ ઢગે નહિ એવુ.

સુદત્ત પું. ગૌતમ બોધિસત્ત્વનું ભવિષ્ય જાણવા માટે બોલાવેલ મુખ્ય આઠ માહેનો એક બ્રાહ્મણ.

સુદૃષ્ટ [સં] પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ.

સુદેવ ૧. પું. (પુરાણ) અંબરીષનો સેનાપતિ. અંબરીષ મરીને સ્વર્ગે ગયો. ત્યાં પોતાની પહેલાં મરણ પામેલા સેનાપતિ સુદેવને ઉત્તમ પ્રકારના ભોગ ભોગવતો દીઠો. તેણે ઇંદ્રને પૂછ્યું કે, આણે યજ્ઞ કર્યો નથી અને કયા પુણ્યે કરીને આ લોક પામ્યો છે ? ઇંદ્રે કહ્યું કે, એ મુદ્ગરૂપી મંત્રમાં ન્યાય પુરઃસર વર્ત્યો છે, એ પુણ્યે.

૨. પું. આયુર્વેદ પ્રવર્તક ધન્વંતરિના પિતા

૩. પું. (પુરાણ) એ નામે યૌવનાશ્વ રાજાનો ભાઈ.

૪. પું. (પુરાણ) મગધના રાજા હર્યશ્વનો પુત્ર. એને વીતહવ્યે હરાવ્યો હતો. એનો પુત્ર તે દિવોદાસ.

૫. પું. (પુરાણ) દક્ષિણાને યજ્ઞ ભગવાનથી થયેલા બાર માહેનો એક દીકરો.

૬. પું. (પુરાણ) દમયંતીના ભાઈનો મિત્ર એ નામનો એક બ્રાહ્મણ. ભીમરાજાએ મોકલેલ એ નામના બ્રાહ્મણે એદી દેશના સુબાહુ રાજાને ત્યાંથી દમયંતીનો પત્તો મેળવ્યો હતો.

૭. પું. (પુરાણ) દાશરથિ રામના સમયમાં વિદર્ભ દેશનો રાજા. એને શ્વેત અને સુરથ નામે બે પુત્રો હતા.

૮. પું. (પુરાણ) બાર તુષિત માહેનો એ નામનો એક દેવ.

૯ પું રુક્મિણીનો શ્રીકૃષ્ણ પરનો પત્ર લઈ જનાર એ નામનો એક બ્રાહ્મણ.

૧૦. પું (પુરાણ) સૂર્યવંશી ક્ષત્રવૃદ્ધ કુળના હરિત અથવા ક્ષુપ રાજાનો પૌત્ર; ચંપ રાજાનો પુત્ર. તેને વિજય અને સુતેજ નામે બે પુત્રો હતા.

૧૧. પું. (પુરાણ) સોમવંશી વદ્રુકુળના સાત્વત અન્વયમાં જન્મેલા દેવક રાજાના ચાર માંહેનો ત્રીજો પુત્ર.

સુદેવી સ્ત્રી. (પુરાણ) નાભિ રાજાની પત્ની. તેનાથી પ્રભુનો ઋષભદેવ નામનો અવતાર થયો હતો એમ મનાય છે

સુદેષ્ણ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો શ્રીકૃષ્ણને રુક્મિણીનો પુત્ર

૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ

સુદેષ્ણા ૧ સ્ત્રી. (પુરાણ) ગાંધારરાજ સુબલની પુત્રી; ગાંધારીની બહેન અને શોકલ્ય અને ધૃતરાષ્ટ્રની એક સ્ત્રી.

૨. સ્ત્રી. પૂર્વભવસ્થ દેવાધિપતિ વિરાટ રાજાની સ્ત્રી; કીચકની માસીની દીકરી; દેવલ રચ્યારની બીજી સ્ત્રી માલવાની પુત્રી. કીચકો એની બીજી સ્ત્રીના પુત્રો હતા. ઉત્તર કુમાર એનો પુત્ર થાય. એની પુત્રી ઉત્તરા અભિમન્યુને પરણાવી હતી

૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી અનુકુળોત્પન્ન અજિરાજાની સ્ત્રી. દીર્ઘતમસ ઋષિ પાસે એણે પતિની આજ્ઞાથી અંગ, વંગ, કલિંગ, પુણ્ડ્ર અને સુહ્મ એમ પાંચ પુત્રો ઉત્પન્ન કરાવ્યા હતા.

સુદૈવ [સં.] ન. સારું નસીબ; સારું ભાગ્ય.

સુદ્દહ [અ.] પું. કાળુ કાઢો.

સુદ્ગ [સં.] પું. તોફાની હાથીનો એક પ્રકાર; કાળમાં ન રહી શકે તેવો હાથી. તે બહુ ભયંકર હોય છે. તેનામા અઢાર દોષ હોય છે

સુદ્ગમંધારા સ્ત્રી (સંગીત) મેધાર ગ્રામની સાત મૂર્છનાઓમાંની ચોથી મૂર્છના.

સુદ્ધાં વિ. સાથે; સહિત

સુધન્વા પું. બ્રાહ્મ દેવનો પુત્ર તે પ્રથમ ઇજ્યા નામે કન્યા હતો અને વસિષ્ઠે તેને પુત્ર કર્યો મુનિના તપોબળથી અને પરમાત્માના અનુગ્રહથી સર્વેના જોતજોતામાં એ ઇજ્યા પુરુષ બની ગઈ

સુધુ પું. (પુરાણ) સોમવંશી પૂરુકુળના ચારુપદ રાજાનો પુત્ર. એ બહુગવ રાજાનો પિતા થાય.

સુધુમ્ન ૧. પું. (પુરાણ) મનુપુત્ર નભગને નભગાને પેટે થયેલા અત્રિગોત્ર માહેનો એક પુત્ર. કોઈ કોઈ ઠેકાણે એને પ્રદ્યુમ્ન પણ કહ્યો છે શંખ ઋષિના ભાઈ લિખિત ઋષિની પાસે આવીને ચોરીની સજા જે લાવ કરવા, તે સજા એને કરી કહી હાથ કપાવનાર રાજા તે આ જ હતો.

૨. પું વૈવસ્વત મનુનો પુત્ર. જન્મ વખતે તે સ્ત્રી હતો અને તેનું નામ ઇલા હતું. પણ પાછળથી પુરુષ થયો અને સુદ્યુમ્ન કહેવાયો. શિવના શાપથી તે ફરીવાર સ્ત્રી સ્વરૂપમા ઇલા થઈ ગયો. આ સ્વરૂપમાં તે બુધને પરણ્યો અને પુરુરવા નામના દીકરાનો જન્મ આપ્યો. વિષ્ણુની કૃપાથી તે ફરી વાર પુરુષ થયો અને તે અન્ય પુત્રનો પિતા થયો.

સુદ્ર વ. (શિલ્પ) એક પ્રકારનું પડદારહિત ત્રિશાળ ઘર.

> જે ત્રિશાળ ઘરના મુખ આગળ સુદ્રિ ભાગે ચાર અસિદે હોય, તે અસિંદો આગળ એક મંડપ હોય, તે ઘરની ડાબી તરફ એક અસિંદ હોય અને તે ઘરનું મુખ ઉત્તરમા હોય તો તે 'સુદ્ર' નામા ઘર કહેવાય. રાજવલ્લભ

સુદ્રહ્મ પું. (જ્યોતિષ) સદરો; પવિત્ર પેરણ.

સુદ્રીપદી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, જગણ, રગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

સુધનુ ૧. પું (પુરાણ) એ નામનો સંદ્રામકર્મા હતો તે રાજા; ત્રિમર્ત રાજાના પાંચ માહેનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના અજમીઢ વંશના કુરુ રાજાના ચાર માહેનો બીજો પુત્ર. તેને કોઈ કોઈ જગ્યાએ સુધન્વા કહ્યો છે. તેને સુહોત્ર નામે પુત્ર હતો

સુધન્વા ૧. પું (પુરાણ) ઉંદ્ર દેશનો રાજા. એણે સીરધ્વજ જનકની પાસે સીતાનું માગું કર્યું હતું. સીરધ્વજે એમને એમ એને સીતા પરણાવવાની ના કહી હતી અને કહ્યું કે, આ આરે શંકરધનુષ્ય છે તેનો ભંગ કર એટલે હું તને સીતા પરણાવું. પછી સુધન્વા મોટી સેના લઈ મિથિલા ઉપર ચઢી આવ્યો અને સીરધ્વજને તેમ જ એની પ્રજાને બહુ ત્રાસ આપ્યો. આથી કોપે ભરાઈ જનક એવી દૃઢતાથી યુદ્ધ કર્યું કે એણે યુદ્ધમાં સુધન્વાને હાર આપી એની રાજધાની સાંકાશ્યા નગરી પડાવી લઈ ત્યાં પોતાના ભાઈ કુશધ્વજને ગાદીએ બેસાડ્યો. આ સુધન્વાને કંભુગ્રીવ નામે પુત્ર હતો.

૨ પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ઊલ્મુક રાજાનો પુત્ર; અંગિરા ઋષિનો એક પુત્ર. એ એક સમયે કૃતિની નામે રાજકન્યાને વેર ગયો હતો. ત્યાં પ્રહ્લાદ પુત્ર વિરોચન આવ્યો હતો. એની અને વિરોચનની વચ્ચે ઝઘડ્યુ અને

ક્ષત્રિયની કેદનને લઈને વાદવિવાદ થયો હતો. તેમા અર્જુને વિરોચનને હરાવ્યો હતો.

૩. પું એ નામે એક રાજા. તેણે કાપાલિકોનો નાશ કર્યો હતો.

૪. પું તાલધ્વજ રાજાનો પુત્ર.

બ્રાહ્મણોના કહેવાથી બીજા દીકરાનું નામ તાલધ્વજે સુધન્વા રાખ્યું. ભાગવતી ભાગવત

૫. પું (પુરાણ) દાશરથિ રામ અને એમના ભાઈઓને ધનુર્વિદ્યા શિખવનાર એક બ્રાહ્મણ

૬. પું (પુરાણ) દુર્યોધન પક્ષનો એક સરામક રાજા; ત્રિગર્ત રાજાના પાચ માહેનો એક પુત્ર.

૭. પું બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરનાર એ નામનો એક રાજા.

૮. પું. (પુરાણ) ભારતના યુદ્ધમા પાંડવ પક્ષનો એક રાજા. એને યુદ્ધમા દ્રોણાચાર્યે માર્યો હતો

૯. પું. વિશ્વકર્મા.

૧૦. પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ ભગવાનનું ઇંદ્રિયદિમય સુંદર શાર્ઙ્ગ ધનુષ્ય છે તેથી તે સુધન્વા કહેવાય છે.

૧૧. [સં. સુધન્વન્] પું. સારો ધનુર્ધર; બાણાવળી

૧૨. પું સુંદર પિનાક ધનુષ્યધારી શકર; વેદમા વપરાયેલું રુદ્રનુ એક નામ.

૧૩. પું. (પુરાણ) સોમવશી પુરુકુળના અજમીઢ વસના કુરુ રાજાના ચાર માહેનો બીજો પુત્ર. એને સુધનુ પણ કહેતા.

૧૪. પું. (પુરાણ) હસધ્વજ રાજાનો એક પુત્ર. તે શ્રીકૃષ્ણનો પરમ ભક્ત હતો. તે અર્જુનને હાથે મરાયો હતો.

હસધ્વજ સુત સુધન્વા જેહ છે.
તેને અતિ હરિમાં સ્નેહ છે.
નિષ્કુળાનંદ

૧૫. સ્ત્રી. એ નામની એક નીચ જાતિ.

વૈશ્ય સ્ત્રી વૈશ્યજાત વડે સુધન્વાને, સુધન્વા વડે આચાર્યને, તે વડે ઋક્ષને, ઋક્ષ વડે દ્વિજન્માને, દ્વિજન્મા વડે મૈત્રને, મૈત્ર વડે સાત્વત મૈત્રને અને તે વડે વૈદેહિકને ઉત્પન્ન કરે છે.
સૂત સંહિતા

૧૬. ન. એ નામની નીચ જાતિનું માણસ.

૧૭. વિ એ નામની નીચ જાતિનું

૧૮. વિ. સારા ધનુષ્યવાળુ

સુધન્વાખ્યાન [સં.] ન. મહાકવિ પ્રેમાનંદ રચિત એ નામનું એક આખ્યાન.

સુધન્વાચાર્ય [સં.] પું. વાલ વૈશ્યથી વાલ વૈશ્ય જાતિની વૈશ્ય કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર.

સુધર્મસભા સ્ત્રી. એ નામની દેવોની સભાનો સભામંડપ

સુધરવું ૧. અ ક્રિ. નીતિરીતિ ને વ્યવહારની સમજમા આવવું; અજ્ઞાન અને બુરાઈ તજી નમ્રતા ઉપર આવવું, નીતિનુ જ્ઞાન થવું; સારા વિચાર આવે એવા થવું; જ્ઞાન પામી સારી હાલતમા આવવું; સારા થવું

૨. અ ક્રિ. શુદ્ધ થવું, બગડેલું જવું

૩ અ ક્રિ. સમારવું, દુરસ્ત થવું

સુધરાઈ ૧. પું. (સંગીત) એ નામે એક રાગ. પહાડી થાટના સર્કોનું પ્રકારના નમૂના આ રાગનો સમાવેશ થાય છે. તેમા કોમળ તેમ જ શુદ્ધ આધાર અને કોમળ તેમ જ શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો આવે છે. આ રાગનો વાદી સ્વર પડજ અને સંવાદી સ્વર પંચમ છે આ રાગ કાનરા નો એક પ્રકાર છે દિવસે ચોથા પ્રહરે ગાવાનો પ્રચાર છે. આ રાગમા કેટલેક સ્થળે કાફી અને સૂર મલ્હાર રાગનો ભાસ થાય છે

૨ સ્ત્રી. ગામેરસુધરાઈ; 'મ્યુનિસિપાલિટી'
સુધરાઈ આવવી = મ્યુનિસિપાલિટીનો વહીવટ સ્થાપવો.

૩. સ્ત્રી. સુધરેલી સ્થિતિ.

૪ સ્ત્રી. સુધરવું, સુધરવુ તે.

૫. સ્ત્રી (સંગીત) હનુમત મત પ્રમાણ માલકોશ રાગની પત્ની મનાતી એક પુત્રવધૂ રાગિણી. તેની જાતિ સપૂર્ણ છે ઋષભ, રિષભ તીવ્ર અને નિષાદ કોમળ એમ સાતે સ્વર આવે છે, મહ સ્વર ઋષભ અથવા આધાર છે. વાદી સ્વર ધૈવત છે. પંચમ ન્યાસ સ્વર છે આ રાગિણી આશાવરી, ભિલાવલ અને નટનારાયણથી મિશ્ર છે. કોઈ ભિલાવલ અને કાન્હરાથી મિશ્ર કહે છે. ગાવાનો વખત દિવસનો ત્રીજો પ્રહર છે

સુધરાઈ કાનરો પું (સંગીત) એ નામે એક રાગ. તે ચોથા પહોરે ગવાય છે.

સુધરાઈ કાનરા ૧. પું. (પિંગળ) એ નામે એક રાગ. સૂરમલ્હાર અને કાનરાનું તે મિશ્ર રૂપ છે. તેથી એને આધાર અને એને નિષાદ લાગે છે

૨ સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર માહેની એક રાગિણી. ગાવાનો વખત દિવસનો બીજો પહોર છે. જાતિ સપૂર્ણ એટલે ઋષભ, રિષભ તીવ્ર, આધાર કોમળ, મધ્યમ કોમળ, ધૈવત તીવ્ર અને નિષાદ કોમળ એ પ્રમાણે સ્વર આવે છે.

સુધરાઈ ખાતું ન. સુધારો કરનાર ખાતું; નગરવ્યવસ્થા રાખનાર સંસ્થા; 'મ્યુનિસિપાલિટી'

સુધરાઈ શ્યામ પું. (સંગીત) શ્યામ રાગની બાર માંહેની એક જાતિ

સુધરાવટ ૧. સ્ત્રી સુધારણા; સુધારો.
૨. સ્ત્રી સુવ્યવસ્થા

સુધરાવવું સ. ક્રિ. સુધારે એમ કરવું; સુધારવાનું

સુધર્મ ૧. પું. (જૈન) મહાવીર સ્વામીના મુખ્ય અગિયાર મહેનો એ નામનો એક શિષ્ય.

૨ [સં.] પું, શ્રેષ્ઠ ધર્મ; સારો ધર્મ

સુધર્મા ૧. પું. (પુરાણ) અકૂરનો એ નામનો એક પુત્ર

૨. પુ ઇંદ્રની કચેરીનો ઓરડો યદુવશીઓની સભા ભરવા માટે આ કચેરીનો ઓરડો ઉગ્રસેનને આપી દેવાનું કૃષ્ણે ઇંદ્રને ફરમાન કર્યું હતું. કૃષ્ણના મૃત્યુ પછી તે પાછો ઇંદ્રને મળ્યો.

૩. પું. (પુરાણ) એ નામે પાંડવ પક્ષનો એક રાજા.

૪. પુ. (પુરાણ) દુર્યોધનનો એ નામનો પુરોહિત.

૫. પું (પુરાણ) દુર્યોધનપક્ષનો સંશપ્તક માંહેનો એક રાજા.

૬. પુ. (પુરાણ) પૂર્વ દશાર્ણ દેશનો રાજા. રાજસૂય યજ્ઞમાં એના પરાક્રમથી ખુશ થઈ ભીમસેને એને સેનાપતિ બનાવ્યો હતો.

૭. પું. (પુરાણ) પૃથુ રાજાના સમયમાં મનુષ્ય જાતિનો પૂર્વ દિક્પાળ.

૮. પુ. (જૈન) મહાવીર સ્વામીના અગિયાર મહેના પાચમા ગણધર. મહાવીરના મૃત્યુ પછી તે પંથના અગ્રગણ્ય અધિકારી થયા હતા.

૯. સ્ત્રી (પુરાણ) ઇંદ્રના સારથિ માતલીની સ્ત્રી એની પુત્રીનુ નામ ગુણકેશી.

૧૦. સ્ત્રી. દેવોની કે ઇંદ્રની સભા

૧૧. સ્ત્રી. (જૈન) સુધર્મ નામના પહેલા દેવલોકના અધિપતિ શકેંદ્રની સભા.

સુધર્માસભા સ્ત્રી દેવોની સભા; ઇંદ્રની સભા

સુધા ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સકીર્ણ વર્ગનો છે. તેના વિષમ પદ વિરાટ છંદ જેવાં અને સમપદ મિશ્રુ છંદ જેવાં હોય છે તેના પહેલા તથા ત્રીજા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે

ત્રીજે ચાર મ સા જ ગા ખરે,
સ જ ર લા ગા ન **સુધા** સમે કરે.

૨ પુ (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. એ આનંદવસ્તુ છંદનો એક ભેદ છે તેમા ૨૮ ગુરુ અને ૨૬ લઘુ મળી ૫૮ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૩ પું (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ગાહિની કુડલિની છંદનો એક ભેદ છે તેમ ૪૮ ગુરુ, ૧૨ લઘુ મળી ૧૧૮ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૪. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા યગણ, મગણ, નગણ, મગણ, તગણ અને સગણ એમ અઢાર અક્ષર હોય છે તેમાં છઠ્ઠા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે

ય મ ન સ ત સા, અ.ષો પદ સુધા.
૨૬પિંગળ

૫ [સં.] સ્ત્રી. અમૃત; દેવતાઓનુ ઔષધ.

સોમ, સુધા પીયૂષ અમૃત અમર દાર સુરવામ,
મસ્ત રહે સહુ લોક તીહા કરી અમી ઉપલોગ
પિંગળપ્રકાશ

૬. સ્ત્રી. આળસ.નું ઝાડ.

૭. સ્ત્રી. ઈંટ

૮. સ્ત્રી. એ નામની એક રુદ્રાણી; કાલ નામના રુદ્રની સ્ત્રી.

હે રુદ્ર ! મન્યુ, મનુ, મહિનસ, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાલ, વામદેવ અને ધૃતવ્રત એ તમારાં નામો છે વળા ધી, ધૃતિ, ઉશના, ઉમા, નિયુત, ઋષિ, ઇલા, અંબિકા, ઈરાવતી, સુધા અને દીક્ષા એ રુદ્રાણીઓ તમારી સ્ત્રીઓ છે પુરુષોત્તમગીતા

૯ સ્ત્રી. ગંગા

૧૦ સ્ત્રી. ચૂનો.

૧૧ સ્ત્રી જલ; પાણી.

૧૨ સ્ત્રી યોગ.

૧૩. સ્ત્રી. ધરતી.

૧૪ સ્ત્રી. મધ

૧૫ સ્ત્રી મોરવેલ

૧૬ સ્ત્રી રમ

૧૭. સ્ત્રી. વાંજણી.

૧૮. સ્ત્રી. શાલપર્ણી વનસ્પતિ.

૧૯. સ્ત્રી. સ્નુહી વૃક્ષ.

૨૦. સ્ત્રી હરડે.

સુધાકર ૧. [સ.] પું. કપૂર.

૨. પું. જેનાં કિરણમાં અમૃત છે તે; ચંદ્ર; સુધારુ.

નિતુ નિતુ વહઈ સુધાકર સોઈ,
વપરીનઇ ભય એહુ હોઈ.
પ્રબોધ ચિંતામણિ

સુધાકૂંભ [સ.] પું અમૃતનો ઘડો

સુધાગત પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પંક્તિ છંદનો એક ભેદ છે તેને મૃગનિલકા છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, નગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે

સુધાજીવી [સ] પુ કડિયા કામ કરનાર કારીગર; સલાટ

સુધાધરા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શાર્દૂલી છંદનો ભેદ ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, જગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે

ર જ ત ર લા ય અબ્ધિ યતી **સુધાધરા**
રત્નપિંગળ

સુધાધવલ ૧ [સં.] વિ અમૃત જેવું ધોળું.

૨. વિ ચૂનાથી ધોળેલું.

સુધાધાર ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે તેના દરેક ચરણમાં ચાર ભગણ, ત્રણ તગણ અને બે ભગણ મળી ૨૭ વર્ણ આવે છે

ચાર ભ ઉપર છે ત્રણ ત ત્રણ
તેની પરે જ **સુધાધારમાહ** બ બે ૨૭
રત્નપિંગળ

૨ [સ.] પું કપૂર.

૩. પું. ચંદ્ર

સુધાધારા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, નગણ, રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

ર ન ર ગ ગ થી **સુધાધારા**.
રત્નપિંગળ

૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, તગણ, બે નગણ, ભગણ, લઘુ અને ગુરુ એમ સત્તર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

સુધાધારા રાગ, શિવ ચતિ ન ત ન ન ભ લ ગે.
રત્નપિંગળ

સુધાન પુ. (વાસણવટ) ચૂનો

સુધાનિધિ ૧. પું. એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કવિત છે તે વર્ણદંડક કહેવાય છે. તેમાં ગુરુ લઘુને ક્રમે કર વર્ણ આવે છે

ગા લ ક્રમે ક્રમે સુવર્ણ રુદ્ર યંત સર્વ.
પામ્યે ગણી ગણી **સુધાનિધિ** વિષે સલાય.
રત્નપિંગળ

૨. પું. કપૂર

૩. [સ. સુધા (અમૃત) + નિધિ (ભંડાર)] પુ ચંદ્ર

સુધાપ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને દેવ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ યગણ એમ ચોવીશ અક્ષર હોય છે.

સુધાપતિ પું. શિવનાં હજાર માહેનું એક નામ.

સુધાપાક [સ. સુધા (ચૂનો) + પાક] પું. ચૂનાની ભઠ્ઠો

સુધાપાણિ [સ] પું. ધન્વંતરી.

સુધાપાન [સં.] ન. અમૃતનું પાન.

સુધાભવન [સં.] ન. ફળીચૂનાથી ધોળેલું ઘર

સુધામૂર્તિ ૧. [સં.] પું કપૂર.

૨ પું ચંદ્ર.

૩ પુ. પદ્મ

સુધામય ૧. [સં.] ન રાજમહેલ

૨. વિ અમૃતમય; અમૃતથી ભરપૂર.

૩. વિ. ચૂનાવાળુ.

સુધામા ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૪૦ ગુરુ અને ૧૬ લઘુ મળી ૫૬ વર્ણની ૯૬ માત્રા હોય છે

૨. પું (પુરાણ) કૌંચ દ્વીપમાંનો ચોથો દેશ.

૩. પું. (પુરાણ) ચાક્ષુષ મન્વંતર માંહેના એક સપ્તર્ષિ.

૪. પું (પુરાણ) પ્રિયવ્રતપુત્ર ધૃતરાષ્ટ્રના સાત માંહેનો ચોથો પુત્ર. તે સુધામા નામના ખંડનો અધિપતિ હતો.

૫. પું (પુરાણ) પ્રિયવ્રતપુત્ર ધૃતરાષ્ટ્રના સુધામા નામના પુત્રનો દેશ

સુધામોદક ૧. [સં] પું. કપૂર

૨. પું. ખડી સાકર.

સુધાર પું. સુધારણા; સુધારો

સુધારક ૧ પું. અજવાળું કરનાર સૂર્ય

૨ પું સુધારો કરનારો આદમી. સૌરાષ્ટ્રના સુપુત્ર કરસનદાસ મૂળજી સૌરાષ્ટ્રના આદિ સુધારક હતા. ગુજરાતની સમાજસુધારણાના એ એક મોટા પહેલવાના સમરસેનાની હતા મૂળ તો એ સૌરાષ્ટ્રના મહુવા પાસેના વડાળના કપોળ હતા. સ્વ. કરસનદાસ મૂળજી માત્ર ધુરંધર લડવૈયા હતા, એટલું જ નહિ પણ લેખક, અખબાર, કોષકાર, જગતપ્રવાસી પણ હતા. માતાપિતાના છત્ર વિહોણા થયેલા કિશોર કરસનદાસ કાકીને ત્યાં અભ્યાસ કરતા હતા. તે

સુધારઢ [સં] સ્ત્રી. કોચલા.

કાળમાં તેઓ દેશભક્ત દાદાભાઈ નવરોજજી તથા સુધારક ડાક્ટર ભા.ઉ દાજીના પરિચયમા આવતાં સમાજસેવાના રંગે રંગાયા. તેમણે શરૂઆતમાં વિધવા-વિવાહ ઉપર નિબંધ લખ્યો કાકીને આ વાતની ખબર પડતાં તેમને ઘરમાંથી રજા આપી દીધી. પોષણનો આધાર રત્નજા તૂટી પડતા તેમને આર્થિક ભીંસ આવી પડી. તેમનું દેશસેવાનુ સ્વપ્ન વિલાઈ જતુ નોકરીની શોધમાં તેઓને નીકળવુ પડ્યુ. ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાં અને પાછળથી ઠીમાની અમલ્ડ શાળામા ૧૨.સ્કૃતના કાર્યકર્તા જીવનની શરૂઆત કરી ફરી પાછા મુંબઈમા આવી પહોંચ્યા. તત્ત્વશોધક સભા, ગુજરાત જ્ઞાનપ્રસારક મંડળી, બુદ્ધિવર્ધક હિંદુસભા અને પત્રપ્રકાશન વગેરે જ્ઞાનજ્ઞતના સમાજસેવાના પ્રયોગો હાથ ધર્યા જ્ઞાતિભેદ, ધાર્મિક પાખંડ, કુટીબંધન, બહેમજબન, ધાર્મિક સુધારો, વિધવા લગ્ન, સમાજજાતિના આંદોલન જોરશોરથી ઉપાડી લીધાં આ અરસામાં તેમણે પત્રકારનો વ્યવસાય પ્રારંભ્યો. રાજ્ય તરીકે રાજ કર્યો. તે કાળમાં બધા છાપાં પારસી માલિકીનાં હતાં. મુંબઈ સમાચાર બન્યે જામશેદ, સમાચાર દર્પણ, અખબાર સોદાગર, રાસ્તે ગોફતાર, ભાસ્કર, આયુક, જ્ઞાન પ્રસારક વગેરે પત્રો મુંબઈમાં પ્રગટ થતાં, પણ દરેક પારસી લાગવગ હોળા હતાં. ગોકુલે મહીમે સત્યપ્રકાશ નામનુ નવુ જ અખબાર શરૂ કર્યું. એક વાત નોંધવા જેવી છે કે, તે કાળમાં હજુ કવિ નર્મદાશંકરના 'દાંડિયા 'નો જન્મ થયો ન હતો. સમાજસુધારણાનાં તમામ ક્ષેત્રોમાં તેમણે સુધારક આક્રમણ શરૂ કરી દીધુ. પોતે જન્મે વૈષ્ણવ હોવાથી વૈષ્ણવ સંપ્રદાયના અનિષ્ટો ઉપર પ્રહાર કરવા માંડ્યા. તેને લીધે તેમને પ્રથમ નંબરની કીર્તિ મળી. એટલામાં કવિ નર્મદાશંકર સાથે તેઓ જદુનાથ મહારાજ બદનક્ષી કેસમાં સડોવાયા. દિવસો તવારીખમાં ધાર્મિક સુધારણામાં આ એક યાદગાર કેસ ગણાય છે. પાછળથી આ કેસ ઉપર લડતથી વૈષ્ણવી લીલા ઉપર એક અંગ્રેજ ગ્રંથ પણ પ્રસિદ્ધ થયો અને વૈષ્ણવી દુનિયામાં ભારે કોલાહલ મચેલો આ મહારાજ-લાઈબલ કેસ લાહોરમાં આવતાં તેઓ વિલાયત જવા ઉપડ્યા. તેમની પહેલાં બે વરસે જ રા. મંછાપતરામ રૂપરામ વિલાયત ગયેલા. બીજી બાજુ તેઓ પાલીતાણા જૈન દેવળના પક્ષકાર વકીલ તરીકે ગયેલા. ત્યાંથી પાછા ફરતા કાઠિયાવાડમાં તે વખતનાં પોલિટિકલ એજન્ટ કર્નલ કોટીજ પાસે જૈન દેવળના કજિયાની રજૂઆત માટે રાજકોટ આવેલા તે વખતે રાજકોટમાં વિદ્યાગુરુ પ્રસારક સભા ચાલતી હતી તેને ઉપક્રમે તેમણે રાજકોટમાં 'કાઠિયાવાડને સુધારવાના ઉપાય ' એ વિષય ઉપર જાહેર ભાષણ કરેલુ. તેમાં કાઠિયાવાડના રાજા મહારાજાઓ, કારભારીઓ અને અંગ્રેજ અમલદારો પણ હાજર હતા. આ સભામાં તેમણે એક સૂચના કરેલુ કે, રાજાઓએ પોતાનું એક મંડળ રચી કાઠિયાવાડના બેની મોજના હાથ ધરવી જોઇએ. આ ભાષણ ચાલતુ હતું ત્યારે જ પો. એ. કર્નલ કોટીજ વચ્ચે બોલી ઊઠ્યા કે, તો પછી અમારે વહેલા સાજદા થવું પડશે ! અને સભામાં હાસ્યનું મોજુ ફરી વળેલુ. આ પછી અમે તે કામેથી તેઓ નોકરી તરફ વળ્યા અને રાજકોટના વહીવટદાર તરીકે અંગ્રેજ સત્તાના પ્રતિનિધિ તરીકે રાજકોટમા ૧૮૬૬થી ૧૮૭૦ સુધી રહ્યા. રાજકોટમાં તે કાળે ઉત્તમરામ નરભેરામ, મણિશંકર જટાશંકર કીકાણી, ભગવાનલાલ સખારામ, નગીનદાસ બાંભણિયા, જગન્નાથ ધનજીરામ અમલદાર હતા સ્વર્ગસ્થે રાજકોટમાં આવી નવો પ્રાણ રેડી વિજ્ઞાન વિલાસ નામનું અખબાર શરૂ કર્યું. વિદ્યાગુરુ પ્રકાશની પ્રવૃત્તિથી પણ ગાજતું કર્યું લોકજીવનમાં નવાં પલ્લવ ખીલ્યાં સ્વધર્મ, સ્વજાતિનું ભાન પ્રગટાવી બ્યાપક દુરાચાર અને પાખંડને તેમણે ખુલ્લાં પાડવા એક જબરદસ્ત જેહાદ જમાવેલી જ્ઞાતિએ તેમનો છેવટ સુધી બહિષ્કાર કરેલો, તેને લીધે તેમને ઘણું જોનુ પડેલુ રાજકોટની તેમની ઘર બંધી કારકિર્દી અત્યંત યશસ્વી નીવડેલી. અહીંથી તેમની ફેરબદલી લીંબડી રાજ્યના સરકારી પ્રતિનિધિ તરીકે થઈ. ત્યાં પણ તેમણે સમાજસુધારણાની વિવિધ પ્રવૃત્તિઓ જારી રાખેલી. તે જમાનામાં રાજકીય ચેતના જાગેલી ન હતી રાજ્યમા આચારે સામાજિક સુધારા સિવાય કોઈ પ્રવૃત્તિ શક્ય ન હોતી. આ કાર્ય રાજકીય કરતાં કઠિનતમ ગણાતુ હતું.

સુધારકે તે વળી સેવકે છે,
પ્રતિનિધિ મેઢતના જ બ્રેશ,
સંન્યાસી પેઠે અનિકેત થે છે,
વિશ્વે અહિંસા વસી શાંતિ ઘાતા.
ગાપીગીતા

૩. મે. પ્રગતિવાદી; સુધારાનો અગ્રેસર; પ્રાગતિક ઉદારમતવાદી, ઉદારપક્ષી; ' લિબરલ '

૪. મિ. સુધારો કરનારુ; સુધારનારુ

સુધારકમંડલી સ્ત્રી. સમાજમા સુધારા કરનારી સભા

સુધારગૃહ [સં.] ન. જ્યાં રહીને માણસને સુધરવાની તક મળે તે સ્થાન.

સુધારણ સ્ત્રી સુધારવુ તે; સુધારો

સુધારણા જુઓ સુધારણ.

સુધારણાકાર્ય ન સુધારવાનુ કાર્ય

સુધારણાગૃહ ન. ગુનેગારને સુધરવાનુ મકાન; સુધારણા શાળા, ગુનેગાર છોકરાઓને સુધારવાની જગ્યા કે સંસ્થા; ' રેફર્મેટરિ '.

સુધારણામતવાદી વિ. સુધારણામાં માનનાર, સુધારમતવાદી, ' રીફોર્મર '.

આર્યોડાક્સ ને રીફોર્મર માટે ૧। કોઇક એક લેખમા પુરાણમતવાદી ને **સુધારણામતવાદી** વાપરે છે. આમાનો આસ્વાદ કરીને પહેલું. જૂના વિચારવાળા આપણા સુધરેલા રાજ્યો કરતા, બધુ સંસ્કારયુક્ત છે, સરળ પણ છે; તેને અપનાવવો જોઈએ ને બીજા માટે સુધારક ન વાપરવો હોય ત્યારે નવા શબ્દને સહેજ ટૂંકાવીને સુધારમતવાદી વાપરી શકાય. કોમુદી

સુધારણાવાદી જુઓ સુધારણામતવાદી.

સુધારણાશાળા જુઓ સુધારણાગૃહ

સુધારવું ૧. સ. ક્રિ. કાપવુ; મોળવુ, વનારવુ; સમારવુ; વધારવુ; દુરસ્ત કરવુ. શાક, મકાન વગેરે માટે વપરાય છે.

૨. સ ક્રિ. ચોખ્ખુ કરવું; શુદ્ધ કરવુ.

૩. સ ક્રિ. દોષ કે ખામીવાળા રહિત કરવુ; ભૂલ સુધારવી. ભૂલ રહિત કરવુ; ભૂલ દૂર કરી ખરું કહેવુ કે લખવું.

૪ સ. ક્રિ. સારું કરવુ; ખરાબ સ્થિતિમાંથી સારી હાલતમાં લાવવુ; બગડેલું, ક્ષયગ્રસ્ત સુધરે તેમ કરવું.

સુધારસ્નિગ્ધ [સં.] વું અદ.

સુધારસ [સં] પુ. અમૃત

સુધારાવધારો (સુધારાવરાઢ) વું. મૂળ મરામિલ્કત કે ભાયતો પાસેથી તેમના મરામતને અંગે સાર્વજનિક સુધારા માટે લેવાની મુકરર કરેલી રકમ

સુધારાવાળું ૧. વિ. વિદેશી રીતભાત પ્રમાણે ચાલનાર.

૨. વિ. સુધરેલી હદે રહેનાર; જૂના વિચારનુ નહિ તેવુ; ચાલતા રિવાજમા સારાને માટે ફેરફાર કરનાર.

૩. વિ સુધારો દાખલ કરેલુ હોય તેવુ.

સુધારો ૧. વું. ઠરાવને સુધારવા માટેનો ઠરાવ

સુધારો મૂકવો = સુધારાનો ઠરાવ રજુ કરવો

૨. પું. નવો ચાલ કે રીતભાત.

૩. પું. પરિવર્તન; ફેરફાર.

૪. પું. સંસ્કૃતિ; સભ્યતા.

૫. પુ. સારાપણા તરફ જવાનું વલણ તે; નઠારાનો ત્યાગ અને સારાપણાનો સ્વીકાર કરવાપણું; નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમા આવવુ તે.

૬. પું. સુધરવું તે; સારું, સુધડ કે દોષ રહિત થવું તે; સારાપણું; સુસ્થિતિ; સારો ફેરફાર; સારી સ્થિતિ.

સુધારો કરવો = (૧) શુદ્ધ કરવું. (૨) સુધરે તેમ કરવુ.

સુધાર્મિક ૧. પું. (પુરાણ) કેરલ દેશના અધિપતિ ચંદ્રહાસ રાજાનો પિતા.

૨. પું. (પુરાણ) વિદેહવંશીય મહાવીર્યનો પુત્ર. એનો પુત્ર ધૃષ્ટકેતુ.

સુધાલહરી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ૭ જગણ, લઘુ અને ગુરુ મળી ૨૩ અક્ષર હોય છે. તેમાં અગિયાર અને સત્તરમા અક્ષરે યતિ આવે છે.

ન પર જ અ પર અન્ત લ ત્ર,
હર ચાર્ય છયે, જ સુધાલહરી. . ઇન્દુપિંગળ

સુધાવૃષ્ટિ [સં.] સ્ત્રી. અમૃતનો વરસાદ.

સુધાસવ સ. અમૃતપાન.

સાધુ તે સુધાસવ સમો સંયમ હિત અપાર.
આનંદકાવ્યમહોદધિ

સુધાસમુદ્ર [સં.] પું. અમૃતરૂપી સમુદ્ર.

એક વખતે ભોંયરામાં રહેલા વિષ્ણુને, પોતે પહેલા દીઠેલા સુધાસમુદ્રમાં રહેલા મણિદ્વીપનું સ્મરણ થયું. જ્ઞાનવતી ભાગવત

સુધાસિંધુ [સં. સુધા + સિંધુ (દરિયો)] પું. અમૃતનો સાગર; સુધારસનો દરિયો.

સુધાસૂતિ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. ઘી.

સુધાહર [સં.] પું. ગરુડ.

સુધાંશુ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર; યતી; ચંદ્રમા; વિષ્ણુ.

૩. પું. તે એક હોવાથી એક સૂચક સાંકેતિક શબ્દ.

૪. વિ. અમૃતના કિરણવાળું.

સુધાંશુમણિ [સં.] પું. ચંદ્રકાંત મણિ.

સુધિ સ્ત્રી. (વજ) સંભાળ.

સુધિ ન લેત જગરાજ. દયારામ

સુધિતિ સ્ત્રી. કુહાડી.

સુધી ૧. પું. પંડિત; બુદ્ધિમાન.

૨. પું. શિવ.

૩. સ્ત્રી. સારી બુદ્ધિ.

૪. વિ. સારી બુદ્ધિનું; ડાહ્યું; જાણું; સુત; બુદ્ધિવાળી.

૫. વિ. સીધું; સરળ.

૬. અ. બરોબર; ચોક્કસ.

૭. અ. દરમિયાન; વખતમાં.

૮. અ. લગી; પર્યંત.

પાતાને મૂળ તેનાં જે હૃદય પ્રજ્ઞાના સુધી,
ચડ હલાવવા તેનું કોઈ સમર્થ ના દીસે.
ગાંધીગીતા

સુધીર ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે ગાહિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૫૧ ગુરુ અને ૫૬ લઘુ મળી ૧૦૭ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

૨. પુ. ડાહ્યો માણસ.

૩. વિ. ડાહ્યું; સમજવાળું; સુત.

૪. વિ. દક્ષ; મક્કમ.

૫. વિ. સારી ધીરજ કે સબૂરીવાળું; ડાહ્યું; ડરેલ; બહુ ધીરજવાળું; ખૂબ ધીર.

૬. વિ. હિંમતવાળું; બહાદુર; બહાદર.

સુધીરતા સ્ત્રી. સારી ધીરજ; સારી દક્ષતા.

સુધું ૧. વિ. બરોબર; સાચું.

૨. વિ. સરલ; નિષ્કપટી; દ્વાવપેચથી અજાત; ભોળું.

૩. વિ. સીધું; પાંસરું.

સુધૂમ્રવર્ણા [સં.] સ્ત્રી. અગ્નિની સાત જીભોની એ નામની એક જીભ.

સુધૃતિ ૧. પું. (પુરાણ) વિદેહવંશી મહાવીર્ય જનકનો પુત્ર. એ ધૃષ્ટકેતુ જનકનો પિતા થાય.

૨. પું. સૂર્યવંશી દિષ્ટકુળના રાજવર્ધન રાજાનો પુત્ર. નર નામનો રાજા એનો પુત્ર થાય.

સુધોદ્ભવ [સં.] પુ. ધન્વંતરિ.

સુધોદ્ભવા [સં.] સ્ત્રી. હરડે.

સુદ્ધસજ્જા સ્ત્રી. વજ્જ ગ્રામની સાત જીભોની એક મૂર્છના.

સુદ્ધાં ૧. અ. લગી; પર્યંત.

૨. અ. સાથે; સહિત; મળીને; પણ; બાકી રહ્યા કે છોડ્યા વિના.

સુદ્ધાંત જુઓ સુદ્ધાં.

સુધ્યબુધ્ય [સં. શુદ્ધિબુદ્ધિ] સ્ત્રી. સુધબુધ; સંજ્ઞા તથા જ્ઞાન; ભાન અને અક્કલ.

સુધ્યબુધ્ય શરીર કેરી, સર્વ વીસારી.
ગીતમ

સુનક પું. (પિંગળ) એ નામે એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૪૪ લઘુ મળી ૪૬ વર્ણની ૪૮ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) પિંગળશાસ્ત્રમાં બેંતાલીસ જાતિનો એક જાતનો દોહરો. તેમાં ૪ ગુરુ અને ૪૦ લઘુ મળી ૪૪ વર્ણ હોય છે.

સુનક્ષત્ર ૧. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન બૃહદ્બળ વંશના મરુદેવ રાજાનો પુત્ર. એને ક્ષિત્રરાજ અથવા પુષ્કર નામે પુત્ર હતો.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન જરાસંધ વંશના નિરમિત્ર રાજાનો પુત્ર. એનો પુત્ર તે બૃહત્સેન.

સુનક્ષત્રા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) જૈનસૂત્ર પ્રમાણે કૃષ્ણપક્ષની એક રાત્રિ.

સુનગ્ના સ્ત્રી. રત્નરૂપી સ્ત્રી; સુનંગા; સારા નંગ જેવી સ્ત્રી.

ચિત્ત જુઓ હવી આ સુનગ્ના જો.
વલ્લભ

સુનગ્નતા પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રામેળ છંદ. તે ગાહિની કુંડલિની ૭૬નો એક ભેદ છે. તેમાં ૫૬ ગુરુ અને ૪૬ લઘુ મળી ૧૦૨ વર્ણની ૧૫૮ માત્રા હોય છે.

સુનક્ષત્રયોગ પું. (જ્યોતિષ) એક પ્રકારનો યોગ. ચંદ્રથી ચોથા સ્થાનમાં મંગળ આદિ ગ્રહો હોય તેને સુનક્ષત્રયોગ કહ્યો છે.

સુનજ્વરી સ્ત્રી. એક જાતનો રોગ. તેમાં પગ બહુ જ જકડા થાય છે.

સુનજ્વહિરિ પું. વાતરક્ત; ગાંઠિયો વા; શરીરનું અકડાઈ જવું તે.

સુનમ્ય [સં.] વિ. નમ્ય; મૃદુ; વાળી શકાય તેવું; સ્થિતિસ્થાપક.

સુનય ૧. પું. ઉત્તમજાતિ; સારી જાતિ.

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પાંડવવંશના પરિપ્લવ રાજાનો પુત્ર.

સુનયન ૧. [સં. સુ + નયન (આંખ)] પું. મૃગ; હરણ

૨. વિ. સુંદર આંખવાળું.

સુનયની ૧. [સં.] સ્ત્રી. મૃગલી; હરણી.

૨. સ્ત્રી. સુંદર નયનો ધરાવનારી સ્ત્રી; મોહક સ્ત્રી; દેખાવડી સ્ત્રી; સુંદર સ્ત્રી.

સુનર્તકનટ [સં.] પું. મહાદેવ; શંકર.

સુનલી [હિં.] સ્ત્રી. સોનીનો ધંધો.

સુનવણી સ્ત્રી સાંભળવું તે

સુનવા પું. ચામડીને સ્પર્શની ખબર ન પડે તેવો વાતરોગ

સુનવાર સ્ત્રી. નેપાળમાં બોલાતી એ નામની ભાષા

સુનસા [સ] સ્ત્રી મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી

સુનસામ ૧ ન. અંધારું

૨. વિ. ચુપકીદીવાળું; શાંતિવાળું

સુનંદ ૧ પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત માત્રામેળ છંદ. તે જગણવાળો રકમક છંદના ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૬ લઘુ મળી ૩૫ વર્ણ હોય છે

૨ [સં.] પું. એક જાતનો હાથી

૩. પું વિષ્ણુનો પાર્ષદ

૪. ન. ચારે તરફ બગે અસિદો અને બે બાજુ ઓળી ઘર.

૫. ન. બળરામનું મુસળ.

૬ વિ આનંદ ઉપજાવનાર

સુનંદન પું. (પુરાણ) આપ્રરાજાઓ માંહેનો એ નામનો એક રાજા.

સુનંદા ૧. સ્ત્રી એ નામનો એક છોડ; અર્કપત્રા; અર્કમૂલા. તેને ઢરણીના આકારના પાન આવે છે.

૨ સ્ત્રી. ગોરોચના; પાર્વતીની એક સખી

૩. સ્ત્રી. (પુરાણ) ચેદી દેશના રાજા વીરબાહુની કન્યા. નળથી વિખૂટી પડેલી દમયંતીને તેણે આશરો આપ્યો હતો.

૪. સ્ત્રી (પુરાણ) નીલધ્વજ રાજાની સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુપુત્ર જન્મેજયની એક સ્ત્રી, પ્રાચીન્વાનની માતા.

સુનંદિત [સં.] વિ. સારી રીતે ખુશ થયેલું.

સુનંદિતા વિ. સ્ત્રી. સારી રીતે ખુશ થયેલી.

સુનંદિની પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મંજુભાષિણી. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે. પાંચમાં અક્ષર ઉપર વિસામો આવે છે.

સુના ન. સોનું; હેમ.

સુનાગેરુ પું. પીળાશ પડતી એક જાતની લાલ માટી, સોનાગેરુ

સુનાપણું ન એજાનપણું; ચતુરપણું.

સુનાભ ૧. પું (પુરાણ) એ નામે એક ક્ષત્રિય. તેને રાજસૂય દિગ્વિજય વખતે અર્જુને જીત્યો હતો

૨. પું. મૈનાક પર્વત

૩. પું (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

૪ ન એક જાતના ઘરનું નામ

ખાનદ ઘરના મુખ આગળ એક અસિદ વધારીએ તો તે **સુનાભ** ઘર થાય. રાજવલ્લભ

૫ ન કેવાની દાંડીવાળું ઉત્તમ ચક્ર

૬. ન. (પુરાણ) વિષ્ણુના ચક્રનું નામ.

સુનામ ૧ ન ત્રિદ પ્રકારનું ઘર. પૂર્વ દિશામાં મોઢા આગળ બે ઓસરી તથા દક્ષિણ અને ઉત્તરમાં એકેકી ઓસરીવાળું ઘર

૨. પું નેકનામી; યશ.

ખાનદ ઘરના મુખ આગળ એક અસિદ વધારીએ તો તે **સુનામ** ઘર થાય. રાજવલ્લભ

સુનામણી સ્ત્રી. ચુકાદો. ફેસલો.

સુનામપત્ર [સં] ન. પ્રમાણપત્ર; સારી વાણૂક વગેરેનું પ્રમાણપત્ર.

સુનામપત્રિકા [સં.] સ્ત્રી સારી વર્તણૂક વગેરેનું સર્ટિફિકેટ; પ્રમાણપત્ર

સુનામા ૧. પું. (પુરાણ) કૈલાસનો એક ડાર્ક. એને અજારામે માર્યો હતો

૨ પું (પુરાણ) ધૃતરાષ્ટ્રનો પુત્ર

૩ પું. (પુરાણ) સુમેરુનો પુત્ર.

૪. વિ. સારી ખ્યાતિવાળું.

સુનામી પું (પિંગળ) એક માત્રામેળ છંદ. તે માર્કંડ છંદનો ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૮ વર્ણ હોય છે.

સુનામુખી સ્ત્રી. એક જાતનું દેશી ઔષધ, મીઢીઆવળ; સોનામુખી.

સુનાર ૧. પું. ચકલો પક્ષી

૨. પું. રાજગુરુ; રાજમોર.

૩. પું. સાપનું ઈંડું.

૪. [સ. સુવર્ણકાર] પું. સોની; સ્વર્ણકાર.

૫. સ્ત્રી. સારી નારી; સારી સ્ત્રી.

સુનારણ સ્ત્રી સોનારણ.

સુનારી ૧. સ્ત્રી. ચકલી.

૨ સ્ત્રી. સારી સ્ત્રી.

૩ સ્ત્રી સોનીની પત્ની

૪. સ્ત્રી. સોનીની વહુ; સોનારણ

સુનાવણી ૧ સ્ત્રી ન્યાયકોર્ટમાં ફરિયાદ સાંભળવી તે કે તેને સાંભળવાની તે

સુનાવણી થવા-નીકળવી = સુનાવણી માટે કેસ નીકળવો.

સુનાસીર [સ] પું. ઇંદ્ર; શક્ર. મઘવા; પાકશાસન; દિવસ્પતિ; સુરપતિ.

૨. પું. મૈનાક પર્વત

૩. પું (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

૪ ન એક જાતના ઘરનું નામ

ખાનદ ઘરના મુખ આગળ એક અસિદ વધારીએ તો તે **સુનાભ** ઘર થાય. રાજવલ્લભ

૫ ન કેવાની દાંડીવાળું ઉત્તમ ચક્ર

૬. ન. (પુરાણ) વિષ્ણુના ચક્રનું નામ.

સુનામ ૧ ન ત્રિદ પ્રકારનું ઘર. પૂર્વ દિશામાં મોઢા આગળ બે ઓસરી તથા દક્ષિણ અને ઉત્તરમાં એકેકી ઓસરીવાળું ઘર

૨. પું નેકનામી; યશ.

ખાનદ ઘરના મુખ આગળ એક અસિદ વધારીએ તો તે **સુનામ** ઘર થાય. રાજવલ્લભ

સુનામણી સ્ત્રી. ચુકાદો. ફેસલો.

સુનામપત્ર [સં] ન. પ્રમાણપત્ર; સારી વાણૂક વગેરેનું પ્રમાણપત્ર.

સુનામપત્રિકા [સં.] સ્ત્રી સારી વર્તણૂક વગેરેનું સર્ટિફિકેટ; પ્રમાણપત્ર

સુનામા ૧. પું. (પુરાણ) કૈલાસનો એક ડાર્ક. એને અજારામે માર્યો હતો

૨ પું (પુરાણ) ધૃતરાષ્ટ્રનો પુત્ર

૩ પું. (પુરાણ) સુમેરુનો પુત્ર.

૪. વિ. સારી ખ્યાતિવાળું.

સુનામી પું (પિંગળ) એક માત્રામેળ છંદ. તે માર્કંડ છંદનો ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૮ વર્ણ હોય છે.

સુનામુખી સ્ત્રી. એક જાતનું દેશી ઔષધ, મીઢીઆવળ; સોનામુખી.

સુનાર ૧. પું. ચકલો પક્ષી

૨. પું. રાજગુરુ; રાજમોર.

૩. પું. સાપનું ઈંડું.

૪. [સ. સુવર્ણકાર] પું. સોની; સ્વર્ણકાર.

૫. સ્ત્રી. સારી નારી; સારી સ્ત્રી.

સુનારણ સ્ત્રી સોનારણ.

સુનારી ૧. સ્ત્રી. ચકલી.

૨ સ્ત્રી. સારી સ્ત્રી.

૩ સ્ત્રી સોનીનો ધંધો

૪. સ્ત્રી. સોનીની વહુ; સોનારણ

સુનાવણી ૧ સ્ત્રી જાહેરાત; પ્રસિદ્ધિ.

૨ સ્ત્રી ન્યાયાધીશે ફરિયાદ સાંભળવી તે કે તેને સાંભળવાની તે

સુનાવણી થવા-નીકળવી = સુનાવણી માટે કેસ નીકળવો.

સુનાસીર [સ] પું. ઇંદ્ર; શક્ર. મઘવા; પાકશાસન; દિવસ્પતિ; સુરપતિ.

સુનિરૂપિત [સ] વિ આબેહૂબ

સુનિર્લજ્જ [સ.] વિ શરમ વગરનું.

સુનિશ્ચલ ૧. પું શિવનાં હજાર માંહેનું એક નામ

૨. વિ. દૃઢ નિશ્ચયી

સુનિશ્ચિત ૧. પું શીલાચાર્યનો સમય; વિક્રમનો દસમો સૈકો

૨. [સ] વિ દૃઢ; સારી રીતે નક્કી કરેલું.

૩ વિ નિઃસંદેહ; અચૂક; ચોક્કસ

સુનિષણ્ણક ન. એક જાતનું શાક

સુનિષાદ પું. એક નીચ જાતિ

વૈશ્ય સ્ત્રી થકી નિષાદ પુરુષ દ્વારા સુનિષાદ થયા છે. સૂત સંહિતા

સુનિહા સ્ત્રી. દુર્ગાનું એક નામ તેની મૂર્તિ સુગંધા નામના પીઠસ્થાનમાં છે

સુની ૧. સ્ત્રી. કૂતરી.

ધનિનુ કશું ન માનઈ કહ્યુ,
સુની પરિ સ્ત્રી ઘરિ તેહ

સમરાદિત્ય . અ.ખ્યાન

૨. [હિં.] સ્ત્રી. છોકરાની છોકરી;

૩. વિ. નાજુકી; નાદ જેવી.

૪. વિ. શોભા રહિત; કદરૂપી; બદસૂરત.

સુનીત ૧. સ્ત્રી. સારી નીતિ.

૨. ન. ચાંદ સંક્રાંતિના કાલ્પબ્રાહ્મ માટે સ્વયંવેલું એક નામ, 'સોનત'

આજ સુધી ચતુર્દશપદી, નીતિકા, ગાનગીત, સ્વનિતક, સ્વનીત, **સુનીત** આદા આવાં પણ નામો આમણ આપ્યા છે અને તે તે નામના અભિમાની તે તે નામ ધારણ કરે છે. કૌમુદી

૩. ન. સદ્‌વર્તન; સારી ચાલ

૪. [સં.] વિ. સદાચારી; સારી નીતિવાળું.

સુનીતિ ૧. [સ.] પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. સ્ત્રી. ધ્રુવની માતાનું નામ

૪. સ્ત્રી સારી નીતિ; ઊંચામાં ઊંચો આદર્શ.

૫. વિ. સારી નીતિવાળું; ન્યાયી

સુનીતિ ભાસ્કર પું. દ્વારકા શારદા પીઠાધીશ્વર તરફનો બહુમાન વાચક ખિતાબ; સારી નીતિનો સૂર્ય

સુનીથ ૧. [સ.] પું. (પુરાણ) એ નામે એક રાજર્ષિ

૨. પું. (પુરાણ) નહુષ કુળના પુરુ રાજાના વંશમાં થયેલા જરાસંધ વગેરે જન્મેજય સુધીના રાજાનો પુત્ર. એની **સુધ** તે સત્યજિત.

૩. પુ. (પુરા.) પુરુકુત્સના પાડવ વંશના સુરેણુ રાજાનો પુત્ર. નૃચક્ષુ રાજા એનો પુત્ર થાય

૪ પુ. શિશુપાળ. તેને યક્ષ પણ કહેતા.

૫. પુ. (પુરા.) સોમવંશી આયુપુત્ર શ્રુતંજયના ક્રોધ્ય નામના પૌત્રના વંશના સતતિ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુકેતન.

સુનીથા સ્ત્રી. યમની પુત્રી; મૃત્યુદેવની કન્યા અને અંગરાજાની સ્ત્રી વેન રાજા આનો પુત્ર થ.ય

અંગ નામે એક તપસ્વી બ્રહ્મ ક્ષત્રિય હતો. તે યમની પુત્રી **સુનીથાને** પરણ્યો હતો

પુરાવૃત્ત

સુની પંથી જુઓ સુની.

સુનીલ ૧. વ. એ નામનો એક મણિ; નીલમમણિ.

૨. ન. કાચ

૩. વ. સુંદર લીલો રંગ.

૪. વિ. સુંદર લીલા રંગનું

સુનીલક ૧ [સં.] વ. કાળો ભાંગરો.

૨. ન. કાચ

૩. વ. નીલમ મણિ

સુનીલા ૧. [સં.] સ્ત્રી. અપરાજિતા વનસ્પતિ.

૨. સ્ત્રી. બળસી

સુનુ સ્ત્રી. તકરાર.

માતા સૂતમા **સુનુ** કરાવે. પ્રેમાનંદ

સુનું [સં. સ્વર્ણ] ન. સુવર્ણ; સોનું.

સુનૃત ૧. [સં] ન. સત્ય; સત્યવાણી.

જે અકલ્પબુદ્ધિ ગૃહસ્થના ઘરમાં અતિથિ ભૂખ્યો રહે છે તેનાં આશા, પ્રતીક્ષા, સંગત, **સુનૃત**, કીર્તિ, પુત્ર, પશુ વગેરે નાશ પામે છે.

કઠોપનિષદ

સુનૃતા ૧. સ્ત્રી. (પુરા.) ઉત્તમ નામના મન્વંતર માંહેના વિષ્ણુના અવતારની માતા; ધર્મઋષિની સ્ત્રી

૨. સ્ત્રી. (પુરા.) ઉત્તાનપાદ રાજાની સ્ત્રી સુનીતિનું બીજું નામ.

૩. સ્ત્રી. (પુરા.) સપ્તર્ષિ ઋષિની સ્ત્રી; રૌચ્ય મન્વંતરમાં થનાર વિષ્ણુના અવતારની માતા.

સુનેરી [હિં. સુનહરી] વિ. ઝમઝમતું; સોનેરી રંગનું; સોનાના રંગનું; સોનેરી.

સુનૈયા ૧. સ્ત્રી. એક જાતની નાની માછલી.

૨. વિ સાંભળનાર.

સુનો વિ. કુ. સૂનો; કોઈ પણ વિનાનો

સુન્ના ૧ [અ. સુન્નત] સ્ત્રી. શિશ્નનો છેદ કરવા બદલ થતો મુસલમાન લોકોનો એક ધાર્મિક વિધિ.

૨ વિ પું. રેઢો.

સુન્ન વિ. જડ; ચૈતન્ય રહિત.

સુન્નત ૧ સ્ત્રી. એક મુસલમાની સંસ્કાર. તેમાં લિંગની પોપચાની ચામડી કાપી નાખવામાં આવે છે. સુન્નત મોટે ભાગે પુરુષોમાં જ પ્રચલિત છે. મુસલમાન અને યહૂદીઓ એ બે જ જાતિઓમાં સુન્નત કરાવવાનો રિવાજ વધારે છે. નાનો યોનિ—ભોટ કપાવી કાઢીને સ્ત્રીનું સુન્નત થાય છે એમ પણ કેટલાક માને છે.

૨. સ્ત્રી. ધર્મ; ફરજ.

૩. સ્ત્રી. પેગમ્બર મોહમ્મદનું ફરમાન; મહમદના કહેવા અને કરવા પ્રમાણે ચાલ્યો આવતો ક્રમવાદ. સુન્નીઓના મત પ્રમાણે તે ક્રમવાદ કુરાનના વાક્યોથી જરાય ઊતરતો નથી પણ શિયા તેમ માનતા નથી.

૪. સ્ત્રી. મુસલમાન કરવું તે; ધર્માંતર.

સુન્ના ૧. પું. ઇસ્લામ ધર્મનો એક ધર્મસમ્પ્રદાય.

૨. પું. (વ્યાકરણ) જેનો ઉચ્ચાર ન થતો હોય તે અક્ષર.

૩ [સં. શુન્ય] પું. (ગણિત) મીંડું.

૪. ન. સોનું; સુવર્ણ.

સુન્ની ૧. [અ.] પું. એક મુસલમાની સંપ્રદાય; જે મહંમદનો એક પંથ. સુન્ની લોક પહેલા ત્રણ ખલીફાને શિયા લોક પહેલા ત્રણનો સખ્ત નિષેધ કરે છે અને શિયા ખલિફા હજરત અલી અથવા તેના વંશજને પણ જ પૂજ્ય માને છે.

૨. વિ. એ નામના મુસલમાની પંથનું.

સુન્યાન પું. (પુરા.) જૈમિની પુત્ર સુમતનો પુત્ર. એને જૈમિનીએ સામવેદની એક સંહિતા શીખવી હતી

સુન્વાર સ્ત્રી આસામ, બંગાળા અને સિક્કિમ તરફની એક જાત.

સુન્હેરી ૧. વિ પાકું.

૨. વિ રસિક.

૩. વિ. સુંદર

૪. વિ. સોનેરી.

સુન્હારા વિ સોનેરી.

સુપ ૧. ન. કાજી.

૨. પું. કોઈ પણ દાળ કે ઈંડાંની મેળવણીવાળો રસદાર મિષ્ટ પ્રવાહી પદાર્થ; સેરવો; સાર; ઓસામણ.

હું ગાજર હલવાનો **સુપ** બનાવું. ગાંધીજી

૩ ન ખીજડાનું ઝાડ

૪ ન ગળેલી દાળ.

૫ ન સૂપડું

સુપક્વ ૧. પું એક જાતનો આંબો

૨. [સ] વિ સારી રીતે પાકેલું.

સુપચ્ય જુઓ સુપચ્ય.

સુપચ્ય [સં] વિ. સહેલાઈથી પચી જાય એવું

સુપઠિત [સ.] વિ. ભણેલું; સંસ્કારી

સુપણ્ય વિ. બારીક નજરવાળું

સુપતી સ્ત્રી. પથ્થર ઘડનાર સલાટની હથોડી.

સુપત્ની [સ] સ્ત્રી. સારી સ્ત્રી, સારી પત્ની.

સુપત્ર ૧. ન. એક જાતનું ઘાસ.

૨. ન. તેજપત્ર.

૩. [સં.] વિ. સુંદર પાંદડાંવાળું.

સુપત્રક [સં.] પું. સરગવાનું વૃક્ષ; સરગવો.

સુપત્રા ૧. [સં.] સ્ત્રી. ખીજડી

૨. સ્ત્રી. રતનજોત.

સુપથ ૧. [સં.] પું સદાચાર; સદ્‌વર્તન; સારી ચાલ

૨. પું. સારો, નીતિનો માર્ગ.

બુદ્ધિ વિનય મતિ બલ શિક્ષ **સુપથ** કુપથ જ્ઞાન.

તુલસી સપ્તશતી

૩. વિ. સારા માર્ગવાળું.

સુપથગામી ૧. [સં. ° + ગામિન્ (જનાર)] વિ. સદાચારી; સદ્‌વર્તન કરનાર કે આચરનાર; સદ્‌વર્તનશીલ.

૨. વિ. સારે, નીતિને માર્ગે જનાર.

સુપથ્ય [સં] વિ. કચિકર.

સુપદ્મા ૧. [સં] સ્ત્રી. કમળનો વેલો.

૨. સ્ત્રી વજ

૩. સ્ત્રી. છિન્દ રત્નાકરના મત પ્રમાણે જમીનનો ચાર માંહેનો એક પ્રકાર

સુપન [હિં.] ન (ચારણી) સમણું; સોણું; સ્વપ્નું; સ્વપ્ન

સુપનપાઠક વિ. સ્વપ્નના ભેદ અને અર્થ જાણનાર; સ્વપ્નવિદ્યા જાણનાર.

સુપનું ન. સ્વપ્ન

સુપન્ન ન. સ્વપ્નું.

સુપર એન્યુએશન પેન્શન [અં.] ન. નોકરીઆતોને પંચ વર્ષની ઉમર થાય એટલે નોકરીમાંથી નિવૃત્ત થયથી તે જીવે ત્યાં સુધી આપવામાં આવતું પેન્શન. આ પેન્શનની રકમ

સાધારણ રીતે નોકરીનાં છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન અમલદારને મળેલ સરેરાશ માસિક પગારની અડધી જેટલી રકમ હોય છે.

સુપરટેક્સ [અં.] પું. માલના વેચાણ ઉપર લેવાતો કર.

સુપરત ૧. [જા. સિપુર્દ] સ્ત્રી. સોંપણી.
સુપરત કરવું = સોંપવું.
૨. વિ. સોંપેલું.

સુપરફોસ્ફેટ [અં.] પું. ખાતરમાં વપરાતો એ નામનો રાસાયણિક પદાર્થ. તે દળદાર વગેરે માટે ઉત્તમ છે.

સુપરવાઇઝર [અં] વિ. દેખરેખ રાખનાર.

સુપરહીટર [અં.] ન. વરાળ-ભઠ્ઠીની નીચેના ભાગમાં. નાની નળીઓમાં વરાળ પસાર થાય એમ કરીને વરાળને અત્યંત ગરમ કરવાનું યંત્રનું એક સાધન.

સુપરિ અ સારી પેઠે.

સુપરિણામ [સં.] ન. સારું ફળ; સારું પરિણામ

સુપરિણામક વિ. સારું ફળ આપનાર.
બી૦, ખૂંચાર, ભક્તિ તથા હાસ્યની પ્રેરણા કરનાર નાટક સુપરિણામક છે. આરોગ્ય

સુપરિન્ટેન્ડેન્ટ [અં.] પું. નિરીક્ષણ કરનાર ઉપરી કે અધિકારી.

સુપરીક્ષિત [સં.] વિ. સારી રીતે તપાસેલું

સુપર્ણ ૧. પું. ઋગ્વેદની ઋચા.
૨. પું. (પુરા.) એ નામે એક ઋષિ.
૩. પું. ગરુડ.
૪. પું. કૃતનાલ વૃક્ષ.
૫. પું. ગરુડ રૂપી વાહન પર જનાર વિષ્ણુ
૬. [સં. સુ (સુંદર) + પર્ણ (પાંખ)] પું. જેની સુંદર પાંખ છે તેવું ગરુડ; ખગધર. સુપર્ણનું શરીર ન.નું હોય છે અને તે ત્રણ પગથી ઓળખાય છે ગરુડની માતા વિનતા કદ્રુની દાસી થઈને રહી હતી. એને છોડાવવાને ગરુડે સ્વર્ગમાંથી અમૃત આણી આપવાનું માથે લીધું હતું. એ અમૃત લેવા સ્વર્ગમાં ગયો અને ઇંદ્રને જિતાવ્યો કે મને અમૃતનો કળશ આપો. ઇંદ્રના કહેવાથી તેની સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં ઇંદ્ર તેને જીતી શક્યો નહિ એટલે એના ઉપર પોતાનું વજ્ર ફેંક્યું આ વજ્ર દધીચિ ઋષિના અસ્થિનું બનાવેલું હતું એ ગરુડ જાણતો હતો તથી ઋષિના માનને ખાતર એણે પોતાનું એક પીંછું દેવલોકમાં ફેરવ્યું. આ પીંછાનું સૌંદર્ય જોઈ દેવો મોહિત થયા અને ગરુડનું સુપર્ણ નામ પાડ્યું.
૭. પું દિવ્ય પક્ષી
૮. પું. નાગકેસર
૯. પું. પક્ષી.
જે સુપર્ણ અર્થાત્ પક્ષીઓ જે સારે રહેનાર વયા મિત્ર છે તે એક વૃક્ષને જઈને રહેલ છે. તે બેમાંથી એક તેના સ્વાદિષ્ટ ફળને ખાય છે. બીજો તેને ન ખાતો જોઈને જુએ છે. દ્રષ્ટાઓ જોક્તા છે અને પરમાત્મા સાક્ષી છે
મુંડક.ઉપનિષદ
૧૦. પું. (પુરાણ) પ્રાણાને ઉદરે થયેલ એક દેવગંધર્વ.
૧૧. પું. પ્લક્ષ દ્વીપનો એક પર્વત
૧૨. પું. શિવનાં હજાર આઠેનું એક નામ.
૧૩. પું. સૂર્યનું કિરણ
૧૪. વિ. સારાં પાંદડાંવાળું.

સુપર્ણક ૧. પું. ગરુડપક્ષી.
૨. [સં.] પું. ગરુડ પક્ષી
૩. પું. સાતપુડાનું ઝાડ.

સુપર્ણકા જુઓ સાબરી.

સુપર્ણકુમાર પું. (જૈન) જૈનદર્શનપ્રસિદ્ધ ભવનપતિ એક દેવ જાતિ. આ દેવોમા બે ઇંદ્ર છે. વેણુદેવ અને વેણુદારી.
સુપર્ણકુમારોને આભરણમાં ગરુડનું ચિહ્ન છે. તત્ત્વાર્થસૂત્ર

સુપર્ણકેતુ જુઓ સુપર્ણ.

સુપર્ણખા સ્ત્રી. એ નામની રાક્ષસી; શૂર્પણખા; રાવણની નાની બેન રામ અમર લક્ષ્મણ સાથે લગ્ન કરવાની પ્રબ્રાર્થી તેણી દરબારસભામાં આવી હતી. લક્ષ્મણે તેણીનું નાક કાપી અપમાન કર્યું હતું.

સુપર્ણગામી [સં.] વિ. ગરુડ રૂપી વાહન પર જનાર વિષ્ણુ.

સુપર્ણધ્વજ [સં.] પું. વિષ્ણુ.

સુપર્ણલોક પું (પુરાણ) ગરુડલોક. એ લોકમા ઇંદ્રનો સારથિ માતલિ ગયો હતો

સુપર્ણા ૧. [સં] પું. વિષ્ણુનો પાલક પિતા પરમેશ્વર.
૨. સ્ત્રી (પુરાણ) તાર્ક્ષ્ય નામના કશ્યપની પત્ની

સુપર્ણી ૧. સ્ત્રી. કમલિની.
૨. સ્ત્રી. ગરુડની માતા.

સુપર્દ [જા. સિપુર્દ] સ્ત્રી. સોંપણી.

સુપર્વ ૧. પું. દેવતા.
૨. પું પુરાણો
૩. પું ભાષ
૪. પું. વસ; વાસ.
૫. ન. આગ; વિશ્રામ.
૬ [સં.] ન. સારું પર્વ.
૭. ન. સાંધો; ગાંઠ

સુપર્વા ૧. [સં.] પું (પુરાણ) રુચિપર્વા નામના દુર્યોધન પક્ષના રાજાને મારનાર પાંડવ પક્ષનો એક રાજા.
૨ પું. દેવ.
૩. સ્ત્રી ધોળી ધો; શ્વેત દૂર્વા. તે સપ્તપતિ દેવને પ્રિય છે

સુપલાશરાજપુત્ર ન. અગ્નિવૃક્ષ; દેવસદન; અગ્નિગૃહ યમ અને પિતૃઓ સુપલાશરાજપુત્રની નીચે ગતી સહપાઠ કરે છે. તિલક

સુપલ્લવ વિ. કૂણાં લાલ પાનવાળું.
વિશાળ નેત્રો રતિમા વિ.સે.
પ્રફુલ્લ સુપલ્લવ લાલ ઝા.સે. કા.પ

સુપવિત્ર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને પવિત્ર છંદ કહે છે આ છંદ ઠાકુરી છંદનો એક ભેદ છે. તેમાં ૪ નગણ, અને ૨ ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે. તેમા ૭.૭મે અને છઠ્ઠે અક્ષરે વિસામો આવે છે

સુપરા ૧. ન. વેદિકા; પીઠ
૨. ન. સિંહાસન.

સુપરાજ્ઞે ન. પાકશાસ્ત્ર.

સુપરસાય પું. (જૂ ગુ.) કૃપા; મહેરબાની.

સુપંખરો ન. ડિંગળનું ગીત.
રઘુનાથરૂપક, રઘુવર જસપ્રકાશ આદિ ડિંગળના રીતિ ગ્રંથોમા ૮૫ પ્રકારના ગીતોનાં લક્ષણ-ઉદાહરણ મળે છે. રંગકડો, પાલવાણી, સાખડી, સાવઝડો; ઓલડંય, સુપંખરો ઝકડબંધ વગેરે
સારસ

સુપંખાળું વિ. સારી પાંખવાળું

સુપંથ પું. સન્માર્ગ; સુપથ

સુપાત્ર ૧. ન. સારી વસ્તુ; યોગ્ય વસ્તુ
૨ [સુ (સારું) + પાત્ર (વાસણ)] ન. સારું માણસ; યોગ્ય માણસ
૩. વિ. ઉચ્ચ; કુલીન; જ્ઞાનદાન.
૪. [સં] વિ. યોગ્ય; લાયક.

સુપાત્રતા ૧. સ્ત્રી. જ્ઞાનદાની; કુલીનતા
૨ [સ. સુપાત્ર + તા (પણું)] સ્ત્રી લાયકાત; લાયક પાત્ર હોવાની સ્થિતિ; સારું પાત્ર હોવાની સ્થિતિ

સુપાથી સ્ત્રી. સારા પાણીવાળી જી
પુ ભળ્યા પણ ક્ષત્રિયનંદિની
વાદળી પાડવની સુપાથી કલાપ

સુપારી [હિં.] સ્ત્રી. સોપારી.

સુપાર્શ્વ ૧. [સં.] પું. એ નામનું રામાયણમાં વર્ણવેલ એક કાલ્પનિક પ્રાણી. તે સંપાતિનો પુત્ર તથા જટાયુનો ભત્રીજો થાય.
૨. પું. એ નામનો એક ક્ષત્રિય.
૩. પું. આખરાનું ઝાડ.

૪ પું. જૈનના સાતમા તીર્થંકર.
૫. પુ. પુરુ કુળના હસ્તિ રાજાના પુત્ર મીઢ અથવા દ્વિમીઢના વસના દસ નેમિ રાજાનો પુત્ર એને સુમતિ નામે પુત્ર હતો.
૬. પુ (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લડેલો એક રાજા.
૭ પું મર્કટબાંડ વૃક્ષ.
૮. પું મેરુ પર્વતની નજીકનો એક પર્વત. તે દશ હજાર યોજન વિસ્તારવાળો તથા તેટલો જ ઊંચો છે તેના ઉપર ૧૧૦૦ (અગિયારસો) યોજન ઊંચું અને સો યોજન વિસ્તારવાળું કદમ્બનું વૃક્ષ પર્વતની મધ્ય મેખલા રહેલું છે. તેની ફોરોમાંથી પાંચ વામ પદોળી પાંચ મધની ધારાઓ વહે છે આ ધારાઓ આ પર્વતના શિખર ઉપરથી પડીને પશ્ચિમ તરફ છબ્બીસ ક્ષેત્રમાં વહ્યા કરે છે

મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ એવા નામના દશ દશ હજાર યોજન પહોળા અને ઊંચા ચાર પર્વતો મેરુ પર્વતની ચારે દિશાઓમા સમાન રીતે ટેકા રૂપ હોવાથી તે મેરુ પર્વતના પાદ કહેવાય છે. જમવતી ભાગવત

૯ પું. રાવણનો એક સચિવ
૧૦. પું સિદ્ધાર્થ રાજાનો ભાઈ; મહાવીર સ્વામીનો કાકો.
૧૧. વિ. સરખું, સીધું.
૧૨. વિ. સારું પડખું.
સુપાર્શ્વક ૧. પું. (પુરાણ) અક્રૂર યાદવનો એ નામનો પુત્ર.
૨. પું. પારસપીપળો.
૩. પું. (પુરાણ) વિદેહવંશી શ્રુતશ્રુ જનકનો પુત્ર. એનો પુત્ર તે ચિત્રરથ જનક.
સુપાર્શ્વનાથ પું. જૈનના એક તીર્થંકર; વર્તમાન કાળના સાતમા તીર્થંકર. તેની મૂર્તિનું ચિહ્ન સાથિયો છે. તેની જન્મભૂમિ વારાણસી છે, તેમના પિતા સુપ્રતિષ્ઠ રાજા ને માતા પૃથ્વીમલ્લિ હતાં. માતાનાં બંને પાસાં રોગથી વ્યાપ્ત હતાં તે પ્રભુનાં મર્મોમા આવ્યા પછી રોગ રહિત સુવર્ણ વર્ણાં અને સુકોમળ થયા તેથી તેનું-પ્રભુનું નામ સુપાર્શ્વ રાખ્યું. તેમની વાદંગીરીમાં મથુરાની પશ્ચિમે આવા કંકાળી ટીલા જેને આજકાલ જૈની ટીલા કહે છે ત્યાં એક સોનાનો રત્નજડિત સ્તૂપ ચણાવવામાં આવ્યો હતો.
સુપિચ્છ ૧. ન. મયૂર.
૨. વિ. સુંદર પીછાંવાળું.
સુપિચ્છસુશિખ પું રસીલો મયૂર.

મયૂરોમા પોતા ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવા સુંદર સુપિચ્છસુશિખ મયૂર જે મોરપણ કલાપ અને નૃત્ય કરી રહે છે. સારસ્વતીચંદ્ર

સુપિંગલા સ્ત્રી. જીવતીપુત્ર; માલકાંકણી. એ રંગમાં સોનાના જેવી પીળા રંગની ચળકાટ મારતી હોય છે માટે તેને સુપિંગલા કહે છે
સુપીત ૧. પું. સુંદર પીળો રંગ; અત્યંત પીળો રંગ
૨ પુ.; ન. આજર.
૩. [સં] વિ. સુંદર પીળા રંગવાળું; અત્યંત પીળા રંગનું
સુપીન ન. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે રાત્રી દિવસનાં ૩૦ મોહેનું એક મુહૂર્ત.
સુપુત્ર [સ.] પું. કુટુંબની આબરૂ ઉન્નતિમાં વધારો કરે તેવો દીકરો; કુળદીપક; સપૂત.
સુપુત્રા [સં.] વિ. સારા પુત્રોવાળી.
સુપુત્રિકા [સ] સ્ત્રી. લાખ.
સુપુત્રી [સં] સ્ત્રી. સારા કુળની દીકરી.
સુપુરત જુઓ સુપ્રત
સુપુષ્પ ૧. ન. ૨.
૨. ન. સવિંગનું ફૂલ
૩. [સં.] ન. સારું ફૂલ.
૪ ન કોરંજ.
સુપુષ્પિત ૧. પું. (પુરાણ) સૂર્યવંશી સુભગ રાજાનો પુત્ર. વંશાવળીમાં તેનું નામ નથી પાંડવોના સમયમાં એ કુણિંદ દેશાધિપતિ હતો.
૨. વિ સારી રીતે ખીલેલ.
સુપુષ્પી ૧. સ્ત્રી. કેળ.
૨. સ્ત્રી. જૂઈવેલ.
૩. સ્ત્રી દ્રોણપુષ્પી.
૪. સ્ત્રી. પીળી અપરાજિતા વનસ્પતિ.
૫. [સં.] સ્ત્રી. વચિયાળી.
સુપેશલ [સં. સુ (સારી રીતે) + પેશલ (સુંદર)] ન. વધું સુંદર.

સુભગ સુપથ ઋચિ રુચિર ને કાંત કમન કમનીય, રમ્ય સુપેશલ અવિરાદ રામ રમન રમનીય. પિત્રાજપુરોધ

સુપ [સં.] સ્ત્રી. પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ શબ્દોના પ્રત્યય.

સુપ્ને વિભક્તિ કહે છે. સુપ્ એટલે નામને જે પ્રત્યય લાગે છે તે સુપ્, નામિકી વિભક્તિ કહેવાય છે. બૃહદ્ વ્યાકરણ

સુપ્ત ૧. ન ઊંઘ; નિદ્રા.
૨ વિ અજ્ઞાની; અજ્ઞાનગ્રસ્ત; અબોધ.
૩. વિ. અદશ્ય; ગુપ્ત; છાનું
૪ વિ. અવ્યક્ત; અંતર્હિત; અપ્રકટ; અંદર રહેલું
૫. વિ. નિશ્ચેષ્ટ; જડ; મંદ; સુસ્ત.
૬. વિ. મિથ્યાત્વી
૭ [સં] વિ સૂતેલું; નિદ્રાવશ; ઊંઘેલું.
સુપ્તઉષ્ટ્રાસન [સં] ન સૂર્યભેદન વ્યાયામનું એક આસન. પ્રથમ ઊંધા સૂઈ જવું પછી બંને હાથ પાછળ કરીને બંને પગને ઢાંડામાંથી પકડી લેવા પગ હાથનુ પરસ્પર ખેંચાણ કરવાથી નાભિ પાસેનો ભાગ જમીનને સ્પર્શ કરશે
સુપ્તજાગ ૧. પું અર્ધરાત્રિ; મધ્ય રાત.
૨. પું સાતસો માણસ.
સુપ્તજ્ઞાન ન. (જ્યોતિષ) જૈન મત પ્રમાણે રાત્રીદિવસના ૩૦ મોહેનુ એક મુહૂર્ત.
સુપ્તપદ્માસન ન (યોગ) એ નામનું એક આસન તેથી ઉદરરોગ મટે છે
સુપ્તવજ્રાસન ન. (યોગ) ચોરાશી મોહેનું એક આસન. જમણા પગને જમણા નિતંબ નીચે ને ડાબા પગને ડાબા નિતંબ નીચે એવી રીતે રાખવો કે તળિયું ઉપરના ભાગમાં રહે. પછી બંને ઘોંટણ એક બીજાને અડાડવા અને એ સ્થિતિમાં જ ચત્તા સૂઈ જવું. પછી હાથની કોણી સુધીના ભાગને એક બીજા ઉપર રાખી માથા નીચે ઓશીકાને બદલે રાખવા તથા એ જ અવસ્થામા હાથ વડે એક બીજા અંગ પકડવા. આંખો બંધ કરવી. આ આસનને સુપ્તવજ્રાસન કહે છે એ વજ્રાસન પછી વધુ આગળ વધવાની સીડી છે. આમાં સાથળની બરાબર નીચે પીંડીઓ રહેવી જોઈએ અને પગનાં તળિયાં ગુદાની બંને બાજુએ રહેવાં જોઈએ બે ઢીંચણથી વળેલો પગનો સમળી નીચલો ભાગ જમીન સાથે અડીને રહેવો જોઈએ. પગની આંગળીઓ જમીન ઉપર ટેકવીને એડીઓ ઉપર નિતંબ રાખીને બેસવાથી પણ આ આસન થાય છે. આ આસનથી પગ તથા પેટને પણ લાભ થાય છે.
સુપ્તાવસ્થા [સં.] સ્ત્રી (જ્યોતિષ) ગ્રહોની નવ જાતની એક અવસ્થા. બળવાન ગ્રહ તે સુપ્તાવસ્થાનો ગ્રહ કહેવાય છે.
સુપ્તિ ૧ સ્ત્રી. ઘેન.
૨. [સં.] સ્ત્રી. ઘોર નિદ્રા.
૩. સ્ત્રી. વિશ્વાસ.
૪. સ્ત્રી. સ્વપ્ન.
૫ ન. એ નામનું ઝાડ.
૬. ન એક જાતનો છોડ. તે વધુ ભળજાત છે. તેની છાલ જૂયના જેવી છે. પશ્ચિમઘાટમાં તે ઊગે છે. તે દેખાવમાં સુંદર છે.
સુપ્રકાશિત [સં.] વિ. સારી પેઠે પ્રકાશવાળું.

સુપ્રમીવા જી. રસોઈખાનાના પ્રવેશદ્વાર પાસેનો ઓરડો. તેનું માપ ૯ હાથ હોય છે

સુપ્રજનનવિદ્યા [સં] સ્ત્રી પ્રાણી અથવા મનુષ્યની ઓલાદ સારી કરવાની વિદ્યા; સુમતનિશાસ્ત્ર.

સુપ્રજનનવિદ્યા અને અન્યનાં તત્ત્વો પણ પ્રાચીન હિંદુઓ સારી રીતે સમજ્યા હતા.

પો ગો રાવ

સુપ્રજનનશાસ્ત્ર [સં] ન. સારી રીતે પ્રજા ઉત્પન્ન કરવાનું શાસ્ત્ર; જનનીય જીવનને સ્પર્શતું એક નામનું એક શાસ્ત્ર. તે શાસ્ત્ર કેવળ વિચારપ્રધાન શાસ્ત્ર નથી તેમ જ કેવળ ક્રિયા, અથવા આચારપ્રધાન પણ નથી. એ શાસ્ત્ર ઊંડા સિદ્ધાંત ઉપર રચાયેલું છે અને તેના પ્રત્યાક્ષ અને પરોક્ષ તાત્ત્વિક આધારો સમા શકાય તેમ છે. દર્શન, જીવન, વર્તન એમના અંતઃકરણ તત્ત્વની આનંદવાણી સાંઠ અલંકાર પ્રકટ થવી તેનું નામ અપત્ય (પ્રજા) છે આવાં આનંદસ્વરૂપ બાળકો ખરી રીતે વિરાટ શરીરના અપત્યરૂપ કહેવાય કારણ કે, તે જ પ્રજાશરીરના આધ્યાત્મમંડલને પડવા દેતાં નથી. જે પ્રજાના મૂળમાં આનંદ અને શુદ્ધિ ન હોય તે પ્રજા કેટલી તુચ્છ છે, અપત્ય ગણાવા યોગ્ય નથી. તેવી પ્રજાનો ઉદય ન થાય અને થાય તો તેમની પ્રજાધારા ન ચાલે અને તેમનું માત્ર સંરક્ષણ જ થાય એવો ઊંડો હેતુ સુપ્રજનનશાસ્ત્રની પીઠમા રહેલો છે. સુપ્રજનનશાસ્ત્રના આચારખંડ વિધિનિષેધ અને સંરક્ષણ એમ ત્રણ વિભાગમાં પડે છે વિધિના નિયમો વડે કેવા પ્રકારના દંપતીઓએ સંસારમારા ચલાવવી તેનું જ્ઞાન કરાવવામા આવે છે. નિષેધના નિયમો વડે કેવા પ્રકારનાં વર્તનો અને સબંધો સેવવાયોગ્ય નથી તનું જ્ઞાન કરાવવામાં આવે છે અને સંરક્ષણ વિભાગના નિયમોથી વિકારી સ્ત્રીપુરુષોથી ભવિષ્યની પ્રજાને શી રીતે બચાવવી અને શી રીતે નિયંત્રણમાં રાખવી તેનું જ્ઞાન કરાવવામા આવે છે આપણા ભારતવર્ષમા સુપ્રજનનશાસ્ત્રના સિદ્ધાંતો ઘણા પ્રાચીનકાળથી ધર્મશાસ્ત્ર, કામશાસ્ત્ર અને આયુર્વેદમા વર્ણવામા આવ્યા છે. પરંતુ તે સિદ્ધાંતોને એકત્ર કરી સ્વતંત્ર શાસ્ત્ર તરીકે તેની ઘટના થઈ નથી પશ્ચિમમા આ શાસ્ત્રના સિદ્ધાંતોએ વ્યવસ્થાવાળું રૂપ પકડ્યું છે અને સામાન્ય જણાવેલી પ્રજા સભ્યતાનું ધોરણ સાચવી આ શાસ્ત્રની ચર્ચા કરી શકે છે આ શાસ્ત્રના બે મુખ્ય ખંડ છે (૧) વિચારભૂમિકા અને (૨) આચારભૂમિકા. વિચારભૂમિકાના ખંડમાં આ શાસ્ત્રના પ્રાચીન યા નવા કયા વિચારકોએ નાખ્યા છે અને તેનું હાલનું રૂપ કેવી રીતે બંધાયેલું છે તેનો સમાસ થાય છે. આચારભૂમિકામાં આ શાસ્ત્રના સનાતન નિયમોને કેવી રીતે પ્રજાના ઉત્કર્ષ સારુ અને અપકર્ષને અટકાવવા સારુ આપણે યોજવા જોઈએ તેના ઉપાયોનો સમાસ થાય છે. પાશ્ચાત્યભૂમિમાં પ્લેટોએ પોતાના પ્રજાસત્તાક અને કાયદા નામના ગ્રંથોમાં પ્રજાસત્તાકનું સ્વરૂપ અને કાયદાનું સ્વરૂપ ચર્ચવાના પ્રસંગોમાં સુપ્રજનનશાસ્ત્ર પ્રતિ નજર નાખેલી જણાય છે. આ ગ્રંથોમાં તે સમર્થ ચિંતક જણાવે છે કે, મનુષ્ય જાતિનો ઉત્કર્ષ ક્રમની સુધારણાથી થઈ શકે છે ક્રમપ્રાપ્તિથી જોડાનાર સ્ત્રીપુરુષો યોગ્ય વયના હોવાં જોઈએ. તે વય પ્રાપ્ત થયા પછી શરીર અને મનની યોગ્યતા થયા છતાં જેઓ અવિવાહિત રહે તેમણે વિશેષ કરી આપવો જોઈએ. કારણ કે, તેઓ માત્ર પોતાનું ઐહિક સુખ સાચવવા પ્રયત્ન કરે છે અને રાજ્ય પ્રતિની પ્રજાવૃદ્ધિની જવાબદારી સમજતા નથી જેઓ યુદ્ધમાં ઉત્તમ વીરત્વ દર્શાવે તેમને ઉત્તમ કન્યા આપવી અને નિઃસત્ત્વ સ્ત્રીપુરુષોને પ્રજાજનના ક્રમમાં ઊર્જિત કરનાર વૈદ્યકશાસ્ત્ર દોષવાળું છે અને તેવી પ્રજાએ પ્રજાજનકાર્યમા રોકાવું નહિ અને રોકાનારને શાસનમર્યાદામાં મૂકવા. એરિસ્ટોટલે પણ પોતાના રાજનીતિ નામના ગ્રંથમાં એવું પ્રતિપાદન કર્યું છે કે, લગ્નવ્યવસ્થા એવી રાખવી કે, શરીર અને મનના બળવાળી પ્રજા ઉત્પન્ન થાય પ્રજાની સંખ્યાની વૃદ્ધિ કરતાં ગુણોના ઉત્કર્ષવાળી ઓછી પ્રજા ઇચ્છવા યોગ્ય છે. મધ્યમવયે પ્રજોત્પત્તિમા ઉત્તમ મનાયું છે

સુપ્રજ્ઞવિદ્યા સ્ત્રી. સારી તથા સંસ્કારી પ્રજા કે સંતતિ, કેવી રીતે ઉત્પન્ન કરવી તે વિષે સૂચના આપનાર વિદ્યા

સુપ્રત [સં સુ + પૂર્તિ (ભરી દેવું)] સ્ત્રી. અર્પણ, સમર્પણ; હવાલે કરવું તે

સુપ્રતિબદ્ધ [સં] પું. આર્ય સુહસ્તિનો શિષ્ય

આર્ય સુહસ્તિના શિષ્ય સુસ્થિત. **સુપ્રતિબદ્ધ** અને તેમના શિષ્ય ઇંદ્રદિન્ન, ઇંદ્રદિન્નના શિષ્ય દિન્ન અને દિન્નના શિષ્ય પ્રેષિક નોંધાયેલ છે

તત્ત્વાર્થસૂત્ર

સુપ્રતિભા ૧. સ્ત્રી. ઉજ્જ્વળ બુદ્ધિ.

૨. [સં] સ્ત્રી. દારૂ; મદિરા; સુરા.

સુપ્રતિષ્ઠ ૧. પું ભાદરવો માસ.

૨. [સં.] વિ આબરૂદાર; સારી પ્રતિષ્ઠાવાળું; પ્રસિદ્ધ.

સુપ્રતિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. આબરૂ, કીર્તિ; યશ.

૨. સ્ત્રી. પ્રશંસા; વખાણ

૩. સ્ત્રી. (પિંગળ) વૃત્ત કે અક્ષરમેળ છંદની એક જાત આ જાતના છંદમાં દરેક ચરણમાં ૫ અક્ષર આવે છે. આ જાતના પંક્તિ અથવા હંસા, વિલાસ, પ્રિય, નારી કે નારિયબંધ અને સમોહ એ પ્રસિદ્ધ છંદો છે.

સુપ્રતિષ્ઠિત ૧. પું. ઉંબરનું ઝાડ.

૨. વિ. માનનીય

૩. વિ સારી પેઠે જમી ગયેલું; સુસ્થિર.

૪. [સં.] વિ. સારી પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર.

સુપ્રતીક ૧. પું. એ નામે એક ઋષિ. એ પોતાના ભાઈ વિભાવસુ ઋષિના આપને થઈને ગજ થઈ નિ ખાધો હતો અને હસ્તિરૂપે હતો ત્યારે ગરુડ ખાઈ ગયો હતો.

૨ [સં સુ + પ્રતીક (મુખમુદ્રા)] પું. કામદેવ.

૩. પું. વાયવ્યદિશાનો દિગ્ગજ.

૪. પું. શિવ

૫. પું (પુરાણ) સૂર્યવંશી બૃહદ્બાહુ કુશોત્પન્ન કુશ વંશના પ્રતીકાશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે મરુદેવ. કોઈ કોઈએ સુપ્રતીપ પણ કહ્યો છે.

૬. પું. હાથીની આઠ મદની એક મુખ્ય જાત. તે લાંબી સૂંઢવાળા, પ્રમાણપુરઃસર અવયવોવાળા, મોટા વેગવાળા, કોમથી ભરેલા, સારું જ્ઞાનગ્રહણ, હાથણીઓમાં પ્રેમવાળા, પ્રકૃષ્ટ મદસ્રાવવાળા હોય છે તેઓમાં મોતી ઉત્પન્ન થાય છે તેમ મનાય છે

૭ વિ. સુંદર; સુંદર આકૃતિવાળું; રમ્ય.

૮. વિ સુંદર સૂંઢવાળું.

સુપ્રથા પું. સન્માર્ગ; સારો રસ્તો.

સુપ્રભ ૧. પું. (પુરાણ) એ નામનો અગ્નિથી ઉત્પન્ન થયેલ એક ઋષિ.

૨ પું જૈન ધર્મના બીજા જગદેવ.

૩ [સં. સુ (સારી) + પ્રભા (તેજ)] વિ સુંદર કાંતિવાળું; સુંદર પ્રભાવાળું; સારા તેજવાળું

સુપ્રભા ૧. [સં] સ્ત્રી. અગ્નિ જિહ્વા.૨૪

૨ સ્ત્રી. અંગારવાહની સ્ત્રી અને વસુધારાની પુત્રી.

૩ સ્ત્રી મહાભારતકાલીન સરસ્વતી નદીની સાત મહેની એક શાખા.

૪. સ્ત્રી. સરસ્વતી નદી

૫. સ્ત્રી સારી ચમક; દીપ્તિ

૬ સ્ત્રી. સ્વર્ભાનુ દાનવની કન્યા અને નમુચિ નામના અસુરની સ્ત્રી

સુપ્રભાત ૧ [સં.] ન. આશીર્વાદાત્મક શબ્દ; પ્રાત:કાળે બોલવા યોગ્ય માંગલિક વાક્ય. જૂના વખતમા સવારમાં કોઈ મળે સારે આ આશીર્વાદાત્મક શબ્દથી સબોધતા. જેમ હાલ " ગુડમોર્નિંગ " બોલાય છે.

૨. ન. મગળ પ્રભાત; શુકનવાળુ પ્રભાત, સારી સવાર

સુપ્રભાતા જી. એ નામની પ્લક્ષ દ્વીપની નદી.

અરુણા, નૃમ્ણા, આંગરિસિ, સાવિત્રી, **સુપ્રભાતા**, ઋતંભરા અને ઋધ્વરા એ પ્લક્ષદ્વીપની સાત નદીઓ છે.

ભાગવતી ભાગવત

સુપ્રમાણ ૧. વિ. અતિ સુંદર.

૨. [સં.] વિ. પ્રમાણભૂત; સારુ; માન્ય કરવા યોગ્ય

સમય સરખનું હું કરે મંડાણ,
માણિક તેમ રજત **સુપ્રમાણ**. પુરાતત્ત્વ

૩. વિ. વિશાલ

સુપ્રસન્ન ૧. [સં. સુ + પ્રસન્ન (પ્રસન્ન)] વું. કુબેર

૨ વિ ખરું પ્રસન્ન; બહુ જ ખુશ.

સુપ્રસંગ [સં.] વું. મગળ અવસર; શુભ પ્રસગ; સારો પ્રસગ.

સુપ્રસિદ્ધ વિ. જગજાહેર.

સુપ્રાપ્ય [સં.] વિ. સહજમાં પ્રાપ્ત થાય તેવુ.

સુપ્રીમકોર્ટ [અં.] સ્ત્રી. વરિષ્ટ અદાલત.

સુપ્સુપ્સમાસ [સં.] વું. સમાસનો એક પ્રકાર. જે સમાસ દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ અને અવ્યયી ભાવમાં આવી શકતા નથી તે સુપ્સુપ્સમાસ કહેવાય છે. સુપ્ એ સસ્કૃતમા નામિકી વિભક્તિના સર્વે પ્રત્યયોનું નામ છે. અર્થાત્ એક વિભક્તયન્ત પદ બીજા વિભક્તયન્ત પદ સાથે સમાસ પામે છે તે સમાસ સુપ્સુપ્સમાસ કહેવાય છે. જેમકે દૃષ્ટપૂર્વ; શ્રુતપૂર્વ.

સુફણી સ્ત્રી. તપેલી; હાલ્લી.

સુફરો [જા. સુફરા] વું. કસ્તરખાના; તોશાદાન; ભાણું મૂકવાનું પાયરણું.

સુફેલ ૧. [સં] ન. કચોર.

૨. ન. કોઠ.

૩. ન. દાડમ

૪. ન બોર.

૫. ન. મગ.

૬ ન. સારું પરિણામ; સારું ફળ.

૭. [સં સુફલ] વિ. સારા પરિણામવાળું.

સુફેલક [સ.] વું. એક નામનો યાદવ; અક્રૂરનો પિતા..

સુફેલા ૧. સ્ત્રી. કેળ; કદલી

૨. સ્ત્રી. કોળું

૩. સ્ત્રી. પીળી દ્રાક્ષ

૪. વિ સ્ત્રી. સારાં ફળવાળી

સુફુલ્લિત [સં.] વિ. પુષ્ટ; પોષ્યુ પામેલુ.

પતંગિયુ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર બેસી **સુફુલ્લિત** કરે છે. અલેકર

સુફૂળ જુઓ સુફલ.

સુફૂળદાયી વિ. સારું પરિણામ આવનારુ; ફળ આપનારુ

મારે માટે તો એવા પ્રાયશ્ચિત તરીકે ઉપવાસ અને પ્રાર્થના જેવું **સુફળદાયી** સાધન બીજું કોઈ નથી. નવજીવન

સુફૂળા જુઓ સુફલા.

સુફિયાણી ૧. વિ. ડાહી; તત્વજ્ઞાનથી ભરપૂર.

૨. વિ. સહેલી; સારી

સુફિયાણું [જા. સુફીઆના] વિ. ઉપરથી સુંદર; ખાલી સાદાર્ધદાર.

સુફેદ [ફા.] વિ. ધોળું; સફેદ; શ્વેત.

સુફેદા [ફા.] વું. સફેદો.

સુફેદી ૧. [ફા.] સ્ત્રી. ઇડાંનો ધોળો ભાગ.

૨. સ્ત્રી. શ્વેતવર્ણ.

સુફેન ન. સમદરફીણ; સમુદ્રનું ફીણ

સુબત્તિ વું. મિત્ર; સાથી; સોબતી.

પૂછના બત્ત સુબ્બત્તિય: કહો હો નહાર કવિયર.
પૃથ્વીરાજ રાસો

સુબરાત સ્ત્રી. પિતૃ તૃપ્તિ માટે મુસલમાનોમાં કરાતો વિધિ.

સુબર્ન [સં. સુવર્ણ] ન. સોનુ

કંચન અર્જુન, કાંતરેખા હેમ હિરણ્ય **સુબર્ન**
આભાપદ હાટક પુરટ શાંત કુંભ હરિ સ્વર્ન.
પિંગલપ્રકોષ

સુબહ [હિ.] વું. સવાર.

સુબહાનઅલ્લા ૧. [અ.] ન. પ્રભુ સૌનુ કલ્યાણ કરે.

૨ ન સાબાસ.

સુબળ ૧. વું. એ નામનો સોમવંશમાંનો એક ગોપ.

૨. વું. (પુરાણ) એ નામે ગાધાર દેશનો અધિપતિ; શકુની અને ગાંધારીનો પિતા. એને દશ ભૂહદ્બળ વગેરે બધા પુત્રો હતા.

૩. વું. સોમવંશી પુરુ કુળોત્પન્ન જરાસંધ વશના સુમતિ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુનીથ રાજા.

૪. વું (પુરાણ) હંસધ્વજ રાજાના પુત્રોમાંનો એક.

૫. [સ સુ + બલ] વિ સારા બળવાળું; ૯૮; જોરાવર

સુબા વું એક પ્રાતનો મુખ્ય અધિકારી

સુબાગીરી સ્ત્રી. વહીવટી વડાનો હોદ્દો; સુબાનો હોદ્દો; સુબાના અધિકારનો ભોગવટો; સુબાની કામગીરી, સુબા. તરીકનો અમલ

પાટણી રાહડાદાની **સુબાગીરી**ના સમયમા બળદની બે જોડ પાણી ખેચવા માટે અને ચાર ભાગબાનો એને માટે નીમવામા આવ્યા હતા.
પુરાતત્ત્વ

સુબાસ ૧. વું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વાસકિ. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને લઘુ એમ સાત અક્ષરો હોય છે

૨. [હિ.] સ્ત્રી. સુગધ; સુવાસ.

૩. સ્ત્રી. સુદર મકાન

સુબાસા વું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વાસકિ. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને લઘુ એમ સાત અક્ષરો છે.

સુબાહુ ૧. [સં.] વું. (પુરાણ) અક્રૂર યાદવનો એક પુત્ર.

૨. વું. (પુરાણ) ઇક્ષ્વાકુ કુળના શત્રુઘ્નનો મોટો પુત્ર. શત્રુઘ્નની પછી મથુરા અથવા મધુરાનો અધિપતિ અજ થયો હતો.

૩. વું. (પુરાણ) એ નામે એક સર્પ.

૪. વું. (પુરાણ) એ નામે કાશીનો રાજા. ધ્રુવસધિ રાજાના પુત્ર સુદર્શનને પોતાની કન્યા ચદ્રિકાળા પરણાવી હતી.

આપણે કાશીનગરમા જન્મ રહીશું; ત્યા **સુબાહુ** નામનો મારો મામો બળવાન છે તે આપણી રક્ષા કરશે. ભાગવતી ભાગવત

૫. વું. (પુરાણ) એ નામે કુલિંદાધિપતિ ક્ષત્રિય.

૬. વું. (પુરાણ) એ નામે રામની સેનાનો એક વાનર.

૭. વું. (પુરાણ) કૃષ્ણનો કાલિંદીને પેટે જન્મેલો એક પુત્ર.

૮. વું. (પુરાણ) તાટકા રાક્ષસી સાથે રહેનારો એક રાક્ષસ; તાટકા રાક્ષસીના બે મહેનો પુત્ર; મારીચનો ભાઈ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરતી વખતે રામે તેને મારેલ હતો.

૯. વું. (પુરાણ) ત્રિગર્ત રાજાનો પાંચ માહેનો એક પુત્ર.

૧૦. વું. (પુરાણ) દુર્યોધન પક્ષનો સહાયક એક સપ્તરથ રાજા. મહાભારતના યુદ્ધમાં યુદ્ધસુએ તેના હાથ કાપી નાખ્યા હતા

૧૧ વું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માહેનો એક પુત્ર. તેને ભીમસેને માર્યો હતો.

૧૨ પુ. (પુરાણ) નલ રાજાના સમયમા ચેદી દેશનો રાજા. એને પેર દમયતી દ.સી થઈને મૂર્છા રહી હતી એ વીરબાહુનો પુત્ર થતો હતો.

૧૩ પુ. (પુરાણ) રૈવત મન્વતરમાં થઈ ગયેલો એક ઋષિ.

૧૪ પુ (પુરાણ) હિમાલયની તળેટીના પ્રદેશનો એક કિંપુરુષાધિપતિ, ગંધમાદન પર્વત ઉપર જતા આવતાં એણે બુધિષ્ઠિરનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું હતું.

૧૫ સ્ત્રી (પુરાણ) એ નામે એક અપ્સરા

૧૬ વિ મજબૂત હાથ ધરાવનાર, જેના હાડમા જોર હોય એવા, સુદર કે મજબૂત હાથવાળુ

સુબી સ્ત્રી ચહેરા, છાતી, ખભા, મોઢાની કરચા ઓખા.મરાઠા. તરફ વપરાય છે.

સુબુદ્ધિ ૧ પું (પુરાણ) એ નામે બભ્રુવાહનનો મત્રી.

૨. [સં.] પું. બાર માહેનો એક મેઘ.

૩. સ્ત્રી. નિષ્કપટ બુદ્ધિ; નીતિરીતિ અને કોર્ટના પક્ષ કલ્યાણની બુદ્ધિ; સારી બુદ્ધિ; સદ્બુદ્ધિ

સુબોધ ૧. [સ. સુ (સારો) + બોધ] પું. ઋષ સમજાય એવી શિક્ષા; શિખામણની વાત; સારી સલાહ; સારુ જ્ઞાન કે શિખામણ.

૨. વિ. લોકોપયોગી; સુગમ્ય.

સુબોધક વિ સારો બોધ આપનાર, સુબોધ દેનાર, બોધપરાયણ.

અમેરિકા, પ્રથકરંગ્રેજ તે જ ભાષાને ઉત્તમ માની છે કે જની વાકયરચના પાણીના પ્રવાહની પેઠે સરળ અને અર્થસ્પષ્ટ સુબોધક હોય.
મુ. સા. પરિષદ

સુબોધકારી વિ. સારો બોધ આપનારું; સુબોધ દેનારું.

સુબ્રહ્મણ્ય ૧. પું એક પ્રાચીન ઋષિ.

૨. પું સોળ માહેનો એક ઋત્વિજ.

૩ પું. (પુરાણ) સ્કંદનું એક નામ; સ્કંદ; કાર્તિકેય.

૪. વિ. બ્રાહ્મણો તરફ બહુ અનુકૂળ.

સુભકુમારી પું. (પિંગળ) એક માત્રામેળ છદ. આ છદ ત્રિભગી છદનો એક ભેદ છે. તેમાં ૧૧૪ લઘુ અને ૭ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

સુભગ્ય પુ (જૂ. પ્રા.) સુકાળ.

સુભગ્ય શાતા સુખી, રારસ મહી માનવી.
આનંદકાવ્યમહોદધિ

સુભગ ૧. [સ] પું. આસોપાલવ; અશોકવૃક્ષ; અશોકનું ઝાડ.

૨. પું. એક જાતનું રત્ન

૩. પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક છદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે. તેને વર્ણરિતા છંદ પણ કહે છે.

૪ પુ ચપો.

૫. પુ. ટકખુમાર.

૬ પુ. રક્તચંદન વૃક્ષ.

૭. પું શિવનાં હજાર માહેનું એક નામ.

૮ પુ (પુરાણ) સુજળી રાજાનો એક પુત્ર; સદ્રુનિનો ભાઈ મહાભારતના રાત્રિયુદ્ધમાં ભીમે એને માર્યો હતો

૯ ન સ.ક કાલ્

૧૦. વિ કલ્યાણમય; પવિત્ર.

૧૧ વિ નમીજાનાર, આબરૂદાર; દા.ત. ઐશ્વર્યવાળુ, સદ્ભાગી; સારા ભાગ્યવાળું, સુભાગી.

૧૨. વિ મજેનું; સુંદર; રમણીય; સારુ; દેખાવડું

સુભગે સોનાનું બળ સુભગ સિંહાસન હતુ.
રેવાશ હર્ષદ

સુભગતા ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ માહિની કુડલિની છદનો એક ભેદ છે. તેમાં ૫૯ ગુરુ અને ૪૦ લઘુ મળી ૯૯ વર્ણનો ૧૫૮ માત્રા હોય છે.

૨. સ્ત્રી ચળકતા સોના જેવું સૌંદર્ય, ચમકતા રંગોનું સૌંદર્ય

૩ સ્ત્રી મારા ભાગ્યવાળાપણું.

૪ સ્ત્રી સુદરતા.

સુભગા ૧. [સં સુ (સારું) + ભગ (નસીબ) + આ (સ્ત્રીલિંગવાચક પ્રત્યય)] સ્ત્રી. એ નામની અપ્સરા.

૨. સ્ત્રી એક જાતની મોથ

૩. સ્ત્રી. કસ્તૂરી.

૪. સ્ત્રી કાગ.

૫. સ્ત્રી. ભૂમસુગત સૌભાગ્યવતી સ્ત્રી.

૬. સ્ત્રી. ચડિકા દેવીનું એક નામ.

૭. સ્ત્રી તુલસી.

૮. સ્ત્રી. નીલદૂર્વા.

૯. સ્ત્રી. (પુરાણ) પ્રાધાની પુત્રી.

૧૦. સ્ત્રી. સરસ્વતી

૧૧. સ્ત્રી. સાલવણ.

૧૨. સ્ત્રી સોન કેળ.

૧૩. સ્ત્રી સ્વરૂપવાન સ્ત્રી; સુંદરી.

૧૪. સ્ત્રી હળદર.

૧૫. વિ સ્ત્રી નસીબદાર સ્ત્રી; ભાગ્યશાળી સ્ત્રી

૧૬. વિ સ્ત્રી. પતિની વહાલી સ્ત્રી.

૧૭ વિ સ્ત્રી. પ્રિયતમા

સુભટ [સ] પુ. યોધ; બહાદુર લડવૈયો; જોરાવર માણસ; વીરયોદ્ધો

રોષ કરવા સીતા તણી, સુગ્રીવ સુભટ તે સજ્જ થયો.
સ્વામળ

સુભટપતિ પું. મુખ્ય લડવૈયો; સૈનિકોનો ઉપરી.

સુભદ્ર ૧ પુ. એ નામે એક રાજા

૨ પુ (શિલ્પ) કુળ સમૂહ નામના ઘરના મુખ્ય અગ્રગા એક અલિદ વધારવામા આવવાથી થતુ ઘર.

૩ પુ (સગીત) ગાયનનો ગાંધાર ગ્રામ કે બીજો ગ્રામ

૪ પું (પુરાણ) પૂર્વે દક્ષિણ સમુદ્રને તીરે આવેલ એક બહુ વિશાળ વડનું ઝાડ. સુમનીક અને વિભાવસુ નામના બે ભાઈઓ પરસ્પર રૂપ જોઈને કામના અને ગજની યોનિને પામ્યા હતા. તેમને આવાને માટે એકેક હાથમાં બીજાને ભરીને ગરુડ આ વૃક્ષ ઉપર બેઠો હતો.

૫ પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રો માહેનો ત્રીજો પુત્ર.

૬. પું (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સુભદ્ર નામના પુત્રનો દેશ.

૭. પું. પ્લક્ષ દ્વીપમાંનો સાત માહેનો ત્રીજો દે

૮. પું (પુરાણ) ભદ્રાને પેટે શ્રીકૃષ્ણને થયેલો એક પુત્ર.

૯ પુ (જૈન) યક્ષોના. તેર માહેનો એક પ્રકાર યક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે: પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.

૧૦. પું. રાજવલ્લભમાં વર્ણવેલા ચાર માહેના એક જાતનો કૂવો, ભદ્રવાળો કૂવો.

જે કૂવો ભદ્ર સહિત હોય તે કૂવાનું નામ સુભદ્ર કહેવાય છે.
રાજવલ્લભ

૧૧. પું. વિષ્ણુ.

૧૨. પું. સિંહ ઘરની ડાબી તરફ એક અલિદ હોય અને તે ઘરનું મુખ ઉત્તરમાં હોય તેવા ઘરનો એક પ્રકાર.

૧૩. પું. (પુરાણ) સોમવંશી વસુદેવને પૌરવીના કુખે થયેલ એક પુત્ર.

૧૪. ન. એક જાતનું તળાવ.

૧૫. ન. (શિલ્પ) દ્વિશાળ ઘરનો એક પ્રકાર; પૂર્વમાં બે પરસાળ ઉત્તર દક્ષિણ અને પશ્ચિમે અનેક પરસાળ, તથા ઉત્તરમાં બહારે (બે પાટડા અને ચાર સ્તંભો)વાળી ઓરડી હોય તેવું ઘર. આવા ઘરમાં મધ્યશાળા અને વચ્ચે બહારે, મોટા આગળ બે અલિંદો અને તેની આગળ મંડપ હોય છે.

૧૬. વિ પ્રમાણવાળું; માનસિક

સુભદ્રા ૧ પુ (પિંગળ) એક વિષમવૃત્તિ
મ ત્રણ ૭૬ આ છંદ ગાહિની કુડલિની
છંદનો એક ભેદ છે. તેમા ૭૧ ગુરુ અને ૧૬
લઘુ મળી ૮૭ વર્ણની ૧૫૮ માત્રા હોય છે
૨. સ્ત્રી એ નામની દેવી
૩ સ્ત્રી (પુરાણ) એ નામે કામધેનુની પુત્રો
૪ સ્ત્રી. એક જાતની વેશ્ય, કૃષ્ણ લતા
૫. સ્ત્રી. દશ વર્ષની કુમારિકા. નવ વર્ષની હોય
તે દુર્ગા અને દશ વર્ષની હોય તે સુભદ્રા કહેવાય છે
૬. સ્ત્રી (પુરાણ) દેવકીને ઉદરે જન્મેલાં આઠ
પુત્રો, કૃષ્ણની નાની બહેન, અર્જુનની સ્ત્રી. એ
સાયક ઉંમરની થતા એને દુર્યોધન સાથે પર
બળરામે વિચાર કર્યો. દરમિયાન એમ
પાંડવો દ્વૈતપ્રસ્થમા રહેતા હતા, ત
તીર્થે જવુ પડ એવો
તીર્થયાત્રા કરતો અર્જુન દ્વારકા આવ્યો. કૃષ્ણ
એને નગર બહાર મળ્યા. તેમણે અર્જુનને કહ્યું કે
સુભદ્રા તને વરવા ઇચ્છે છે, તે તારે પરણવા
એમ મારી ઇચ્છા છે, પણ એ બાબતમા આપણી
મરજી જુદી જ છે. થોડા દિવસમા વાદળો
રૈવતાચળ પર માત્રાએ જનાર છે. ત
વખતે તું હરી જા. હાલ સન્યાસીને વેષે દ્વારકામાં
આવી રહે એ પ્રમાણે સન્યાસીને વેષે દ્વારકામા
આવીને નાસિક દૃષ્ટિ કરીને તેણે એક જગ્યાએ
સ્થાનક જમાવ્યું. મહાવૈરાગ્યશીલ સન્યાસી
ગામમાં આવ્યો છે એ વાતની ખબર બળરામને
પડતાં તે તેનું દર્શન કરી આવ્યા અને તેને
પોતાને ત્યાં લાવ્યા. ત્યાં સુભદ્રા સન્યાસીની
સેવામા રહેવા માંડી. રૈવત પર્વતની યાત્રાનો
દિવસ આવી પહોંચ્યો, બળરામે સન્યાસી
મહારાજને એક રથમાં બેસાડ્યા, સુભદ્રા પણ
એ જ રથમાં બેઠી. શ્રી કૃષ્ણે સ્નાન કરતાં અર્જુને
રૂદ્રપ્રસ્થ તરફ રથ હાંકી મૂક્યો. આ સમાચાર
જાણતાં બળરામ ઘણા ગુસ્સે થયા અને બધાને
પાછી લાવવા યાદવોને મોકલ્યા. અર્જુને તેમને
હરાવી સુભદ્રાને અર્જુન હરી ગયો છે એમ
કહેવડાવી પાછા કાઢ્યા. આ ખબર સાંભળી
બળરામ વિશેષ ગુસ્સે થયા પણ શ્રી કૃષ્ણે તેમને
સમજાવી શાંત પાડ્યા. ત્યાર બાદ અર્જુનને
પાછો બોલાવી ઉત્તમ સમારંભ કરીને સુભદ્રાનુ
અર્જુન સાથે લગ્ન કર્યું સુભદ્રાને અભિમન્યુ
નામે પુત્ર થયો હતો.
૭. સ્ત્રી મધ્યકાલીન ભારતમા થયેલી એ નામની
એક વિદુષી સ્ત્રી
૮. વિ. સ્ત્રી કલ્યાણ કરનારી
૯. [સં. સુ (ધાતુ) + ભદ્ર (સુખ) +
આ] વિ. સ્ત્રી. ધણી નખી
૧૦. વિ સ્ત્રી સદ્ભાગી

સુભદ્રાવલ્લરણી પુ. (પિંગળ) એ નામનો
એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમા મ
તગણ, તગણ અને સગણ એમ બાર અક્ષરો
હોય છે

સુભદ્રિકા સ્ત્રી (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ
છંદ તે ત્રિષ્ટુપનો ભેદ છે. તેમાં બે નગણ,
એક સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણ
હોય છે.

સુભર ૧. વિ. સહેલાઈથી સાધી શકાય તેવું;
સુસાધ્ય
૨ વિ. સારી રીતે ભરાયેલું; સભર

સુભલ્લ પું. એક જાતનુ હથિયાર
બટે અલખથી શલ્ય **સુભલ્લ** અરે
પડે વીસ કોરીસ કરી રીસ છેદે પ્રેમાનંદ

સુભંગ ૧ પું. નાગિયેરનુ ઝાડ
૨. વિ સહેલાઈથી ભંગાય તેવું; સારી રીતે
ભાંગી શકાય તેવુ.

સુભંગા સ્ત્રી કાંઈ તેને ઝાટકવાથી બહુ જ ચોખ્ખી
અને ચોખ્ખા દાણાવાળી દેખાય છે માટે તેને
સુભગા કહે છે

સુભાગ ૧. પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રિકૃતિ છંદનો એક ભેદ
છે. તેને વિલાસવાસ છંદ પણ કહે છે. તેના
દરેક ચરણમાં ભગણ, સગણ, બે ભગણ,
સગણ, જગણ, ભગણ અને બે ગુરુ મળી
ત્રેવીસ અક્ષર હોય છે
૨. વિ સારાં ભાગ્યવાળુ.

સુભાગણી વિ. સ્ત્રી. સારાં ભાગ્યવાળી;
સૌભાગ્યવતી.

સુભાગિની [સં.] સ્ત્રી. સારા ભાગ્યવાળી સ્ત્રી.

સુભાગી [સ. સુ + ભાગીન્ (ભાગ્યવાન)]
વિ. ભાગ્યશાળી; સદ્ભાગી

સુભાગ્ય ૧. ન. સદ્ભાગ્ય; સારું નસીબ.
૨. વિ. નસીબદાર; ભાગ્યશાળી.

સુભાનુ ૧. [સં.] પું. (પુરાણ) કૃષ્ણ અને
સત્યભામાનો એ નામે એક પુત્ર.
૨. પું. પ્રભવથી સત્તરમો સંવત્સર.

સુભાનૂ પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ
છંદ. તે માર્તંડ છંદનો ભેદ છે. તેમા ૧૬ ગુરુ
અને ૬૪ લઘુ મળી ૮૦ વર્ણ હોય છે

સુભાવ ૧. પું. સારો ભાવ; સારી ભાવના.
૨. પું. સ્વભાવ; ટેવ.

સુભાવિક ૧ [સં] વિ. ભાવનાશીલ
જન્મકારણ કું સોનું, પ્રવર્તે સર્વ કું ઘડે.
બ્રહ્મ છે અવ્યક્ત ભાવિને મહેને સુજ્ઞ. **સુભાવિકો**
કવિ મીરાં

૨ વિ [illegible]

સુભાષિત વિ ખૂબ સારું, સારી ભાવનાવાળું
જેમ સારી રીતે ભાજેલ, ઘરમા ચરસાદ મોસરો
પડતા નથી તેમ **સુભાષિત** ચિત્તમા રાગ આસરો
પડતા નથી. ધર્મપદ

સુભાષ ચંદ્રબોસ પું. ભારતના એક વીર નેતા.
એ. ભગાળી રાષ્ટ્રવીર ભારતના લાડીલા યુવાન
નેતા હતા રાષ્ટ્રીય કોંગ્રેસનુ પ્રમુખપદ પણ
એમણે શોભાવેલું. રાષ્ટ્રભક્તિનો ભરેલો અગ્નિ
એમના હૃદયને અતિ સંતાપ આપી રહ્યો હતો.
ભારતમૈયાનાં બંધન તેનાથી સહ્યાં જતા ન
હતાં આત્મા અકળાતો હતો એક અગમ્ય
અને અનન્ય નિમિત્ત પળે એમણે મહાભિનિષ્ક્રમણ
કર્યું ભારતના સંતાપો વધારી દૂર દૂર થયા.
મુક્તિ માટે તૈયાર કરી તેના રવપ્ન અમની
પાસે મૂકી. નેતાજીનાં બંધન તોડવા કૃત્ય
કરી રહ્યા હતા. ત્યાં એક કમનસીબ પળે અદૃશ્ય
થયા એમ મનાય છે તેમના અદૃશ્ય થવાથી
ભારતીએ એક તેજસ્વી સુપુત્ર, દેશદાઝથી
ઝગમગતો યુવાન, મુક્તિદાતા અને સમર્થ
રાષ્ટ્રવીર ગુમાવ્યો એ જરૂર

સુભાષણ ૧. પું. (પુરાણ) વિદેહવંશીય યુધુધા
નામના જનકનો પુત્ર એનો પુત્ર તે સુવ્રતજનક.
૨. ન. સારું કથન; સારું ભાષણ

સુભાષિત ૧. [સુ + ભાષિત (ભાષણ
કરેલું)] ન. માર્મિક વચન સૂત્ર
અને કહેવતો અને **સુભાષિતો** દ્વારથી જણાય
છે કે તે પ્રમાણે લઘુ. વખતમા માણસોને સંસ્કૃ.
ભૂલાતા ઇતિહાસનું પુરેપુરું જ્ઞાન હતું
પુરાતત્ત્વ
૨ ન. સારું વચન, વાક્ય કે પદ; સારું
સુભાષણ કે કવિતા.
૩ વિ સારું બોલનાર, સારા શબ્દમાં
બોલેલું, સુંદર રીતે કહેલું

સુભિક્ષ [સં.] પું સુકાળ; સુખેથી ભિક્ષા મળે
એવો સમય.

સુભીમ પું. (પુરાણ) એ નામનો અસુર
પાંચજન્ય અયજ્ઞ, તપ નામના અગ્નિએ યજ્ઞમા
નાશ કરનારા પદર દેવો કે અસુરો ઉત્પન્ન કર્યા.
તેમાંના સુભીમ, અતિભીમ, ભીમ, ભીમબળ
અને અમોઘ એ પાંચ યજ્ઞધ્વંસ કરનારા
અસુરોને પહેલા ઉત્પન્ન કર્યા હતા પછી તપ
અગ્નિએ સુમિત્ર, મિત્રવાન, મિત્રયજ્ઞ, મિત્રવર્ધન,
અને મિત્રધર્મા એમને ઉત્પન્ન કર્યા અને તે
પછી સુરપ્રવીર, વીર, સુરેશ, સુપર્યમ અને
સુર એમ પદર દેવો પાંચ પ્રકારના જગતે યજ્ઞ
મંડપમાં ઉત્પન્ન થયા હતા. તેઓ યજ્ઞમા અનેક
તરેહના વિક્ષેપ નાખે છે તેમને વેદોની

બહારથી ભાગ અપાય છે એમ હોવાથી તેઓ અંતર્વેદી જ્યાં અગ્નિનુ સ્થાપન કર્યું હોય ત્યા જતા નથી

સુભુજ ૧. [સ] પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શંકરી છંદનો ભેદ છે. તેમાં ભગણ, સગણ, જગણ, રગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે

૨. પું. વિષ્ણુ.

સુભૂમિ [સં] સ્ત્રી પવિત્ર તીર્થ; રમણીય ભૂમિ.

સુભેદ્ય [સં] વિ ભોગું; સારી રીતે ભેદી શકાય તવુ

સુભ્રૂ ૧. પું. (પુરાણ) રોહિણીની કુખે થયેલા વસુદેવના પુત્રોમાંથી એકનું નામ.

૨. પું. સારા ભવાં; સારાં નેત્ર

૩. [સં.] વિ.; સ્ત્રી સુંદર ભમરવાળી; કમાનદાર સુશોભિત ભવાંવાળી.

સુમ ૧. પું. આકાશ.

૨. પું. કપૂર.

૩. પું. કંજૂસ; કૃપણ, લોભિયો માણસ.

૪. પું. ઘોડાનો નખ.

૫ પું. ચંદ્ર.

૬ પું. પુષ્પ; ફૂલ

૭. ! પું. હાલે ચાલે નહિ તેમ જ બોલે ચલે પણ પડી રહે તેવો માણસ.

૮. વિ. જ્ઞાનદ્વારા બોલ્યા વગરનું.

સુમકું અ. ખાય નહિ, પીએ નહિ ને નસકોરાંમાંથી પાણી ચાલ્યાં જાય, શરીર ટાઢું થઈ જાય એવો જેમને થતો એક જાત નો રોગ.

સુમકો પું. ઢોરને છેરડવું થાય તેવો એક રોગ.

સુમખારો પું. ઘોડાને થતો એક રોગ. આ રોગમાં પગ ઉપર ફોડા થઈ નખ સડવા માંડે છે.

સુમડાં (સુમડાં) ક્રિ. વિ. ઢ. કપાસના ખેતરમાં અથવા વણમાં પેસી જઈ તેનો નાશ કરતાં જીવડા. તે ઘનેડાં જેવાં હોય છે

સુમડી (સુમડી) સ્ત્રી. સુથારનું એક હથિયાર.

સુમડુ (સુમડુ) ૧. વિ અતડું; બીજાની સંગે પરિચય ન ગમે તેવુ.

૨. વિ. અલ્પભાષી; ઓછું બોલનાર.

સુમતિ ૧. પું. (પુરાણ) અર્જુનના પુત્ર બભ્રુવાહનનો એ નામે સેનાપતિ.

૨. પું. જૈનના પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ.

૩. પુ. (પુરાણ) પુરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશના સુપાર્શ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સન્નતિમાન રાજા.

૪. પું. (પુરાણ) પ્રિયવ્રત વંશના ઋષભ દેવના પુત્ર ભરતને પંચજની સ્ત્રીથી થયેલા પાંચ માંહેનો મોટો પુત્ર. એનો બાપ ઋષભદેવની પેઠે જ આ પણ નામ રહેતો હતો. આ ઉપરથી નાસ્તિક લોકો એને દેવ કહેતા. એને પદ્મસેના નામની સ્ત્રી હતી. એને પેટે દેવતાજિત નામે પુત્ર થયો હતો.

૫ પુ. (પુરાણ) યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાનો એ નામનો એક ઋષિ.

૬. પુ. (પુરાણ) વજ્રજ લોકમાનો એ નામનો એક અસુર.

૭. પું વિશાલા નગરીનો વિશાલયા દશમો રાજા.

૮. પું. (પુરાણ) વ્યાસજીના શિષ્ય રોમહર્ષણના ૭ માંહેનો એક શિષ્ય.

૯. પું. (પ્રાકૃત) સમિતિ.

સુમતિ કુમતિ નિજ સાર જે,
અરથ કરણ આધાર

આનંદકાવ્યમહોદધિ

૧૦. પું. (પુરાણ) સૂર્યવંશીય દિષ્ટ કુલોત્પન્ન વિશાલ વંશના સોમદત્ત રાજાનો પુત્ર. એનો પુત્ર તે જનમેજય. આ સુમતિ દાશરથિ રામના સમયમાં દશરથ છતા વિશાલા નગરીમાં રાજ્ય કરતો હતો.

૧૧ પું. (પુરાણ) સૂર્યવંશીય નૃગરાજાનો પુત્ર. એને ભૂતજ્યોતિ નામે પુત્ર હતો.

૧૨. પું. (પુરાણ) હવે પછી થનારા આઠમા સાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક પુત્ર.

૧૩. પું (પુરાણ) હંસધ્વજ રાજાનો મુખ્ય પ્રધાન.

૧૪. સ્ત્રી. અક્કલ

૧૫. સ્ત્રી. કલ્યાણ.

૧૬. સ્ત્રી. (પુરાણ) દાશરથિ રામના પુત્ર લવની સ્ત્રી.

૧૭. સ્ત્રી. પરોપકાર; ભલી ઇચ્છા.

૧૮. સ્ત્રી. સમજણ

૧૯. [સં સુ (સારી) + મતિ (બુદ્ધિ)] સ્ત્રી સારી મતિ; સુબુદ્ધિ; સદ્બુદ્ધિ.

૨૦. વિ. ડાહ્યું; ચતુર

સુમતિ ચાવર કાવ પું. (જૈન) વાવ કાયના જીવોનું ગોત્ર. તે સુબુદ્ધિ દે છે તેથી સુમતિ ચાવર કાય નામ પડ્યું છે.

સુમતિદા [સ. સુ (સારૂં) + મતિ (બુદ્ધિ) + દા (આપનારી)] વિ. સ્ત્રી. સદ્બુદ્ધિ આપનારી.

સુમતિનાથ પું. જૈનોના પાંચમા તીર્થંકર.. તેની જન્મભૂમિ અયોધ્યા, પિતા મેઘરથ રાજા ને માતા સુમંગલા રાણી હતાં. પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાને બે શોકોના ટંટાનો ચુકાદો કરવાની ભલી બુદ્ધિ ઉત્પન્ન થઈ એ ગર્ભનો મહિમા જાણી પ્રભુનું નામ સુમતિનાથ રાખ્યું.

સુમધ્યા પુ (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. તે માલિની કુંડલિની છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૩૦ લઘુ મળી ૬૪ વર્ણની ૧૫૮ માત્રા હોય છે

સુમદન ૧. [સં] પુ. આંબો

૨. પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માલા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૯ વર્ણ હોય છે.

સુમધુર ૧. [સ.] વિ. અતિ મિષ્ટ; ખૂબ મીઠું; સારી રીતે મધુર.

૨. વિ. મારુ; સાંત્વન કરનાર

સુમધુરા પું (પિંગળ) ઓગણીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, રગણ, જગણ, નગણ, મગણ નગણ અને ગુરુ મળી ઓગણીશ અક્ષરો હોય છે. તેમાં સાતમા અને તેરમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે

સુમધ્યમા ૧. સ્ત્રી. (પુરાણ) મદિરાશ્વ રાજાની કન્યા; હિરણ્યહસ્ત ઋષિની પત્ની

૨ [સ.] સ્ત્રી. સિંહના જેવી પાતળી કેડવાળી સ્ત્રી

હે સુમધ્યમે રમયતી, કું કહે છે તેમજ છે.

અસ્તોદય

સુમન ૧. [સં.] પું. (જૈન) ઇન્દ્રક વિમાનનું નામ.

૨. પું. (પુરાણ) એ નામે એક સર્પ.

૩ પું. કોકનું ઝાડ.

૪. પું. મતૂરો.

૫. ન. કસ્તૂરી.

૬. ન. કુસુમ; પુષ્પ; ફૂલ

૭. ન. ધતૂરો

૮ ન જળપ્રાણ.

૯. ન વનૌષધિ.

સુમંથી સુમનો બહુ સમાગ્યા તાવ તો કંઈ નવ બાય રે.

પ્રેમાનંદ

૧૦. વિ. આનંદી; પ્રફુલ્લિત; પ્રસન્ન

સુમનક પુ. (પિંગળ) અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ, રગણ૫દ. તેના દરેક ચરણમાં નગણ, નગણ, સગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે તેમાં બીજા અક્ષર ઉપર વિસામો આવે છે

સુમનતલપ સ્ત્રી ફૂલની સેજડી

સુમનતલપને જોઉ, ત્યાર નિજથી દૂરે છે.

રાજકુલ નાટક

સુમનફૂલ ન જળપ્રાણ.

સુમનસ જુઓ સુમના

સુમનસા સ્ત્રી. (પુરાણ) ઋષભ દેવ વગેરના ભરત રાજાના કુળમાં ઉત્પન્ન થયેલ મધુ રાજાની સ્ત્રી; વીરપ્રભ રાજાની સ્ત્રી.

સુમના ૧ પું. ક્રિરાતરાજ.

૨. પુ. હેમકૂટમાં આવેલો એક પર્વત.

૩. પું હોજ

૪. પુ ધડ

૫. પું. ચક્ષુમનુવરશીય ગલ્પુક અને પુષ્કરિણીનો એક પુત્ર; ઉલ્મુક રાજાના ૭ માહેનો એક દીકરો

૬. [સં. સુમનસ] પુ. (પુરાણ) દેવ.

> અમર, નિર્જર, દેવ, ત્રિદશ, વિબુધ, સુર, સુપર્વાણ, સુમનસ, ત્રિદિવેશ, દિવૌકસ, આદિત્ય, દિવિષદ, હેય, અદિતિ, નંદન, આદિત્ય, ઋભવ, અસ્વપ્ન, અમર્ત્ય, અમૃતાન્ધસ, અદ્રિમુષ્ક, ઋતુભુજ, મીઢાંધ, દાનવારિ અને પુરંદર એ નામ દેવતાના છે. અમરકોષ

૭. પું ભિત્ર,વરુણના પુત્ર વસિષ્ઠ ઋષિના કુળમા થયેલો એક રાજર્ષિ.

૮. પું. (પુરાણ) વરુણ લોકમાંનો એ નામે એક અસુર

૯. સ્ત્રી. (પુરાણ) એ નામે કેકય દેશના રાજાની કન્યા.

૧૦. સ્ત્રી. કૃષ્ણની ભક્તિ.

૧૧. સ્ત્રી. ચમેલી.

૧૨. સ્ત્રી. જાઈ.

૧૩. સ્ત્રી. દમની બીજુ નામ.

૧૪. સ્ત્રી. (પુરાણ) પ્રિયવત વંશના મધુ નામના રાજાની એ નામની સ્ત્રી

૧૫. સ્ત્રી. (સંગીત) મદ્ર સ્થાનીય બાવીશ માંહેની સાતમી શ્રુતિ.

> **સુમના** કહીએ માલતી સુમના દમની તીજ,
> સુમના રતિ શ્રીકૃષ્ણમાં કરી બે હપટ છજ.
> પિંગલપ્રકોષ

૧૭. વિ અત્યંત

૧૮. વિ. શાંત; સૌમ્ય; સંતુષ્ટ

સુમની સ્ત્રી શહેનશાહ અકબરના વખતનો એ નામે એક સોનાનો સિક્કો. તે પુખરાજની આઠમા ભાગની હતી એક બાજુએ અલ્લાહ અકબર અને બીજી બાજુએ જલ્લ જલ્લાહા કોતરેલું હતું. તેને અષ્ટસિદ્ધ પણ કહેતા.

સુમનીષા [સ] સ્ત્રી. સારી બુદ્ધિ.

> **સુમનીષા** તાહરી, તેથી છે માહરી.
> નરસિંહ

સુમન્યુ પું. (પુરાણ) એ નામે ક્રાંડિલ્ય ઋષિનો શિષ્ય એક રાજા.

સુમનોભદ્ર પું. (જૈન) યક્ષોના તેર માંહેનો એક પ્રકાર. યક્ષોના તેર પ્રકાર આ પ્રમાણે છે: પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.

સુમપલ્લું ન. શૂન્યપલ્લુ, કોરાકોરા ઊડી જઈ શૂન્ય બની જવું તે.

> સઉનું **સુમપલ્લું** પુગ્યો, હો.
> બહુચરી પુરવે પાપ બળાય. પદ્યપ.૪

સુમરણ [સં. સ્મરણ] ન. ધ્યાન; યાદ; સ્મરણ.

> **સુમરણ** કર્યું શ્રી સારંગધરનું. પ્રેમાનંદ

સુમરણી સ્ત્રી. માળા; સમરણી.

> વિપ્ર કેસર ધર્યાં અંગે **સુમરણી** જપ માળ
> પ્રેમાનંદ

સુમરન ન. ધ્યાન; યાદ; સ્મરણ

સુમરા ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક જાત.

૨. ન એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનુ.

સુમરાણી ૧. સ્ત્રી. ક્ષત્રિયની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનુ

સુમરી સ્ત્રી. સુમરા જાતની સ્ત્રી.

> હસ્તા ચાલથી પોતાની ધર્મની બહેનો **સુમરી** રાણીઓનો વિચાર કરતો હતો.
> સોરઠી સમરોર

સુમરો પું. સિંધમાંથી આવી કાઠિયાવાડમાં વસેલી મુસલમાનની એક જાતનો પુરુષ.

> આપણે **સુમરા**નુ કારજ કર્યુ.
> સોરઠી સમરોર

સુમહિમા [સં. સુ (સારો) + મહિમા (મોટાઈ)] પું. સારી મોટાઈ; મહત્તા.

> તે તમારો **સુમહિમા** છે
> આપસ્તંબ કેદ્રવ્યાય

સુમંગલ ૧. [સં] પું. વેદમાં વપરાયેલુ ઋષિનું એક નામ.

૨ વિ. અત્યંત મંગલ; કલ્યાણકારી

સુમંગલા પું. (સંગીત) રાગનો એક પ્રકાર.

સુમંગલી સ્ત્રી. કૃષ્ણદિકની કુવારી કન્યા કે સાખી સ્ત્રી. તેઓ સ્નાન કરતી વખતે મોટે અને પગે હળદરનું માખી ચોપડી પોતાને ખૂબસૂરત કરે છે. બહાર નીકળતાં કમરે પટા જેવો કંદોરો પહેરે છે. શ્રીમંતવર્ગની સ્ત્રીઓ સોનાનો કંદોરો પહેરે છે

સુમંગળ ૧. પુ (પુરાણ) બ્રહ્માએ કરીથી ઉત્પન્ન કરેલ માનસ પુત્રોમાંના. અત્રિ ઋષિના કુળમા થયેલ એક ઋષિ

૨. વિ કલ્યાણકારી; કલ્યાણ આપનાર

સુમેજન પું (પિંગળ) એક માત્રાદડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૪૮ લઘુ મળી ૭૨ વર્ણની ૯૬ માત્રા હોય છે.

સુમંજુલ [સં વિ. મિષ્ટ અને કોમળ; કર્ણપ્રિય; અનન્દાયક

> ગીત **સુમંજુલ** નાથ ગુણસુંદરીનો રાસ

સુમંઠન વિ સુવ્યવસ્થિત

> સોળમી સદીના **સુમંઠન** સુત્રની પાછળ આપણે આપણે જ નજર કરીએ હીએ
> લાલ. લજ્જાતર.૫

સુમંઠળ પુ (પુરાણ) એ નામનો એક ભારતવર્ષીય દેશ. અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે આ દેશ જીત્યો હતો

સુમંત ૧ પું. એ નામના એક ઋષિ.

૨. પું. શિવાજીના અષ્ટપ્રધાનમંડળ માંહેનો એક પ્રધાન

સુમંતુ ૧ પું અથર્વવેદનુ અધ્યયન કરનાર જ્યાસના શિષ્ય એક મુનિ.

૨. પુ. એ નામના એક ઋષિ

૩ પું યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાના સો માંહેનો એક ઋત્વિજ

૪. વિ. અત્યંત અપરાધી; ઘણા અપરાધવાળુ.

સુમંત્ર ૧. પું દશરથ મહારાજાનો એ નામનો મંત્રી સારથિ. તે રામ, લક્ષ્મણ અને સીતાને વનવાસ માટે દક્ષકારણ્યમાં મૂકવા ગયો હતો.

૨. પું. નાણા ખાતાનો પ્રધાન.

૩. પુ. રાજ્યના આઠ માંહેનો મુખ્ય કારભારી.

૪. પું. શુભ વિચાર; સારો વિચાર

સુમાત્રા ૧. પુ. એ નામનો ઇન્ડોનેશિયાનો એક ટાપુ.

> આ અર્વાચીન નામ પ્રાચીન સમુદ્ર નામનો અપભ્રંશ છે અને રામાયણ મંજરીમા જણાવેલો સમુદ્રદ્વીપ એ હાલનો **સુમાત્રા** ટાપુ છે અસલ અને શ્રીવિજયના રાજ્ય સુમાત્રામાં જ થઈ ગયા.
> બુદ્ધિપ્રકાશ

૨. પું સુવર્ણદ્વીપ

સુમાન ન. સારું માન; સત્કીર્તિ

> રામ સમાન **સુમાન** મળે વળી.
> કાવ્ય રસિકા

સુમાર ૧. [ફા શુમાર (ગણતરી)] પું અટકળ; અડસટ્ટો, અંદાજ; આશરો, શુમાર.

૧. સુમાર કાઢનો = અડસટ્ટો કાઢવો.

૨. સુમાર જોવો = હદ કે શક્તિ જોવાં.

૨ પું નવો
સુમારમા બોલવું = નવા.માં બોલવું.
૩ પુ. મા.પ
૪. પું. સંખ્યા
૫ પુ સીમા; હદ
ઉત્તમ ખાતુ પીરૂ શૌર્ય બાહ્યાદિ દોસ્તો સાથે ઘડાયો છો તેની વિવિધતા.ઓનો **સુમાર** જ નહિ.
ન. કે. હકોર
૬. પુ હિસાબ

સુમારે [સા. સુમાર] અ અટકળે; અડસટ્ટે; આશરે; લગભગ
રાતના દસ વાગ્યા ને **સુમારે** દસેથી આશરે ત્રીસ હાથ દૂર તેમના ભેગા.માં એકે બકરો આવ્યા.
વિજ્ઞાન વિલાસ

સુમારો પુ (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ આ છંદ સાઠક છંદનો એક ભેદ છે તેમા ૨૮ ગુરુ અને ૬૪ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

સુમાર્ગ [સ. સુ (સારો) + માર્ગ] પુ. દેવયાન; પિતૃયાનથી ભિન્ન એવો માર્ગ.
અને ! **સુમાર્ગે** ચાલ્યા સુખાર્થે.
ઉદ્‌ભિજ્જપ્રકાશ

સુમાલી ૧. પું. (પુરાણ) એ નામે દૈત્યાસુર અનુયાયી એક અસુર
૨. પું. (પુરાણ) રાવણનો માતામહ એક રાક્ષસ. એની સ્ત્રી કેતુમતી હતી.

સુમિત્ર ૧. પું. (પુરાણ) અજિમન્યુનો સારથિ.
૨. પું (પુરાણ) એ નામનો એક અગ્નિ.
૩. પું. (પુરાણ) એ નામનો કુળદ રાજાનો પુત્ર. એને સૌમિત્ર પણ કહેતા. જયદ્રથે એને માર્યો હતો.
૪. પું (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં ૩૫ ગુરુ અને ૨૬ લઘુ મળી ૬૧ અક્ષરની ૯૬ માત્રા હોય છે
૫. પું. (પુરાણ) એ નામે ઐક્ષ્વ વંશીય એક રાજા. આ ઐક્ષ્વ કુળ તે સૂર્યવંશી કે ચંદ્રવંશી એ સંબંધે નિર્ણય થતો નથી આ રાજાનો ઋષ્યમની સાથે અ.શા એ વિષય ઉપર સવાદ થયો હતો
૬. પું. (પુરાણ) પાંડવોના દિગ્વિજયમાં અર્જુને જીતેલો એ નામનો સૌવીર રાજા
૭. પુ. (પુરાણ) પુલિંદ નગરના અધિપતિ બે માંહેનો નાનો ભાઈ
૮. પું. ભાર્ગવવંશી એક ઋષિ. વાળખિલ્યોને ઘવરાવ્યા પછી તેનાં મોંએ ગોટેલા ફળનું કીણજ ખાઈને તે રહેતો તેથી તેનું ફેનપા નામ પડ્યું હતું.
૯. પુ (પુરાણ) શ્રીકૃષ્ણનો જાંબુવતીની કુખે થયેલો એ નામનો એક પુત્ર.
૧૦. પું સારો મિત્ર.
૧૧. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના સુત્રય રાજાનો પુત્ર અને મતિ ન હોવાથી એના વંશનો એ છેલ્લો રાજા હતો.
૧૨ પુ (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુના કુળમા થયલ અનરિક્ષ રાજાના વસુ માંહેનો નાનો પુત્ર એના વંશનું નામ મુદ્ગલ અથવા ભૂદ્વાજ હતું.
૧૩ પું (પુરાણ) સોમવંશી વસુદેવોત્પન્ન સાત્વત પુત્ર વૃષ્ણિના બે મા.ઓનો મોટો પુત્ર.
૧૪ પુ (પુરાણ) સોમવંશી વસુદેવના બાર રાણીઓને સુદામિનીની કુખ થયેલા બે માંહેનો મોટો પુત્ર.
૧૫ વિ સારું મિત્રવાળું

સુમિત્રા ૧ સ્ત્રી એક વિદુષી સ્ત્રી તેણે ધર્મનીતિ શાસ્ત્રની રચના કરી હતી.
૨. સ ી સ્ત્રી દશરથ રાજાની એક પત્ની લક્ષ્મણ અને શત્રુઘ્નની માતા
૩. સ્ત્રી નિશાનિ

સુમિલા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ. છંદ, કમલ, ત અતિકૃતિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમા ૮ સગણ અને ગુરુ મળીને પચીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પર યતિ કે વિરામો આવે છે.

સુમુખ ૧ સ પુ (પુરાણ) એ નામનો એક સર્પ ઇક્ષ્વાકુ સારથિ માતલિની પુત્રીકરી નામની કન્યાને. વિવાહ આની સાથે થયો હતો.
૨. પુ એ નામનો રામની સેનાનો એક વાનર
૩. પું. એક જાતનું ઝાડ.
૪. પું. ગણેશ
૫. પુ. ગરુડ
૬. પું. (પુરાણ) નારદની સોબતમાં મરુ નામના અસુરે રચેલી પાડવોની સભા જોવા ઇંદ્રપ્રસ્થ આવેલ એક ઋષિ.
૭. પું. પંડિત; વિદ્વાન માણસ.
૮. પું. (પુરાણ) પોતાના ભવિતવ્યને લઈને નાશ પામેલો એક પ્રાચીન રાજા; યવન જાતિનો એક રાજા; સુદાસ.
૯. પું પ્રિયવક્ત્ર નામનો ગવાક્ષ
જે ગવાક્ષને ખભુંબિ હાથ અને પાત્ર મુખ હોય તે પ્રિયવક્ત્ર અથવા **સુમુખ** નામનો ગવાક્ષ કહેવાતા.
રાજવલ્લભ
૧૦. પુ વિષ્ણુનાં ઘરનાં માંહેનું એક નામ.
૧૧. પુ. શિવનાં ઘરનાં માંહેનું એક નામ.
૧૨. સ્ત્રી. આવળ આવળી
૧૩. ન. એક પ્રકારનો નક્ષત્ર
૧૪. વિ મનોહર; સારા સુંદર મુખવાળું; સુંદર.
૧૫. વિ. સન્મુખ
૧૬. અ પાસે; સામે

સુમુખી ૧ પુ (પિંગળ) એ નામે એક છંદ. તેના દરેક ચરણમાં નગણ, બે જગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે તેમાં સાતમ. અક્ષર ઉપર યતિ આવે છે
૨ પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ મલ્લિકા. તે વિકૃતિ છંદનો એક ભેદ છે છંદ પણ કહે છે તેના દરેક ચરણમા સાત જગણ, લઘુ અને ગુરુ એમ એકવીસ અક્ષર હોય છે
૩ સ્ત્રી (પુરાણ) એ નામની એક અપ્સરા
૪ સ્ત્રી (સંગીત) ગાંધાર નામની એક મૂર્છના. મદ્ધ સ્થાની અંતિ કોમલ ધૈવતથી આરોહ કરી મધ્યસ્થાની. અંતિ કોમલ ષડ્જથી સુધી લાવવાથી અને પાછો અવરોહ કરી મૂળ ષડ્જ ઉપર આવવાથી આ મૂર્છના બને છે.
૫ વિ સ્ત્રી સુંદર., સુંદર મુખવાળી

સુમુખ્ય સ વિ મનોહર

સુમુદ્રિકા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે વિષ્ટુપ છંદને એક ભેદ છે તેને સુભદ્રિકા છંદ પણ કહે છે

સુમુમ [અ સમુમ (ગરમ હવા)] સ્ત્રી અસહ્ય ગરમી, ઉકળાટ ભરી હવા. એ હવાને ઊંટને બહુ ડર છે, તે વખતે ઊંટ પોતાનું ડોક જમીન પાસેની રેતીમાં પડી રહે છે એટલે મોઢા પોતાની પાસેનો કપડાનો ડૂચો ઓઢીને ઊંટ ઉપર જ સૂઈ જાય છે જ્યારે એ હવા જતી રહે છે ત્યારે ઊંટ ઊભું થાય અને સવાર પણ ક્રમણો ઝાડી નાખે છે અંગ્રેજીમા એને સિમૂન કહે છે.

સુમુર્ખી સ્ત્રી. એ નામની ઉર્વશીની ચાર માંહેની એક વેદકાલીન અપ્સરા સખી

સુમુષ્ટિકા સ્ત્રી. મોટી ખરજોડી

સુમુહૂર્ત [સ] ન. સારું મૂહૂર્ત; સારુ ચોઘડિયું.
તેણે અતુ **સુમુહૂર્ત** શોધી કાઢયું કે તે યોગમા પુત્રી પરણ્યું તો કદી વિધવા ન થાય
પુરાતત્ત્વ

સુમૂર્ત ૧ વિ. દેખાવે સુંદર
૨. વિ સારી મૂર્તિવાળું.
મારી ઇચ્છે પ્રિય શ્યામ **સુમૂર્ત** પામે.
અન્તે દીવાની બની પણ સમર્પી દીધો
ભીમરાવ

સુમૂલ પું. ખોળો સગવો

સુમૂલક ન. ગાજર

સુમૂલા ૧. સ્ત્રી. ધોળો સરગવો

૨. સ્ત્રી. શાલપાત વનસ્પતિ, પૃશ્નિપર્ણી વનસ્પતિ.

સુમેખલ ૧. વિ. મુજ; એક જાતનું ઘાસ.

૨ વિ. સુંદર કટીરાવાળુ

સુમેતશેખર પું. બગાળામાં આવલ એક ટેકરી. જેનોને ત્યા મોક્ષ મળે છે એવી માન્યતા છે.

સુમેધ વિ. સારી મેધાવાળુ

જે પ્રમત્ત લોકોમા અપ્રમત્ત સૂતેલામા જાગૃ જનારો છે, તે **સુમેધ** શીઘ્ર અધ્વનાળો કુમળા અધ્વનાળાને ઓળીને ભાગ, તેમ ભાગ છે. મરપદ

સુમેધા ૧. [સ. સુમેધસ્ , પું. એ નામે એક ઋષિ, સુમેધસ; અગસ્ત્ય કુળનો એ નામનો એક ઋષિ

૨. પું. ડાહ્યો માણસ.

૩. પું. વૈષ્ણવના હલ્લર માંહેનું એક નામ.

૪. સ્ત્રી. (જૈન) છપ્પન માહેની એક દિક્કુમારિકા.

૫. સ્ત્રી. જ્યોતિષ્મતી લતા; માલકાકણી.

૬. સ્ત્રી. (પુરાણ) સીરધ્વજ જનકની સ્ત્રી.

૭. વિ. સારી બુદ્ધિવાળું.

સુમેધાવી [સં. સુમેધાવિન્] વિ. બુદ્ધિશાળી; સારી મેધાવાળુ.

તેને કવિ, ઋષિ, **સુમેધાવી** કહે છે. જગન્નાથ

સુમેય [સં.] વિ. બરોબર માપી શકાય એવુ, ' કોમેન્સ્યૂરેબલ '. જ્યારે બે રાશિઓનું ગુણોત્તર બે પૂર્ણ કે સંખ્યાના ગુણોત્તરથી દર્શાવી શકાય ત્યારે તે બે સંખ્યાને ' સુમેય ' કહે છે

સુમેર ૧. પું. પવન.

૨. પું. પર્વત

સુમેરિયન પું. ૧ ૧. એક જાતના પ્રાચીન લોકો. હરપ્પા અને મોહનજોદરોના ખોદકામમાથી નીકળેલી વસ્તુઓ બતાવે છે કે, સિંધમા ઈ સ. પૂર્વે ૩૧૦૦માં સુમેરિયન લોકોની વસાહત હોવી જોઇએ એમ પણ મનાય છે કે, તેઓ ઈ.સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાં મધ્ય એશિયામાથી ઊતરી આવ્યા હતા અને સિનારના સપાટ પ્રદેશમા ખાસ કરીને દક્ષિણ ભાગમાં વસ્યા હતા.

સુમેરુ ૧. પું (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમા ભગણ, રગણ, તગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે

સુમેરુમાં રચ્યો ભ ર ત ગી ભ.
રણછોડજી

૨. [સં.] પું. માળાનો મેરુ; માળાની વચ્ચેનો મોટો મણકો

૩. પું. મેરુ પર્વત; કનકાચલ; એક મોટો ને ઊંચો પૌરાણિક પર્વત, સોનાનો પર્વત. હાલના ચાલુ વૈવસ્વત મનુ અથવા સત્યવ્રત તે જળપ્રલય વખતે વહાણમા બેસી નીકળ્યા હતા ને મત્સ્યરૂપ નારાયણે તેઓને બચાવ્યા હતા. તે વહાણ જળ ઓસર્યા પછી સુમેરુ પર્વત ઉપર ઓલ્યુ હતુ. તે પર્વત વિષે કોષકો એવુ અનુમાન કરે છે કે, એ પ્રદેશ તે તાતાર દેશમાં હિંદુકુશ પર્વત અણીનો પ્રદેશ હતો ને એ જ ભૂમિ આર્યોનુ મૂળ વતન હતુ ને ત્યાથી બધા દેશમાં આર્યો ફેલાયા હતા.

પર્વતમાં શ્રી શૈલ, **સુમેરુ** અને ગંધમાદન બધાં પવિત્ર આશ્રમ છે. ભગવતી આરાધના

સુમેરુજ્યોતિ [સં.] સ્ત્રી- અક્ષ્યોદય; ઉત્તર ગોળાર્ધમાં થતો પ્રકાશ; ઉત્તરીય પ્રકાશ.

સુમેરુપીઠ પું. શકરાચાર્યે કાશીમાં સ્થાપેલ એ નામનો મઠ.

સુમેરુવૃત્ત ન. ઉત્તર ધ્રુવવૃત્ત.

સુમેળ ૧. પું. સારો મેળ કે બનાવ.

પહેલોની પેઠે નીતિ એમની છે,
નિષ્કામભાવે કરવુ જ રાજ્ય,
ફાન્સિસનો અંશ હીસે ય એમાં,
છતો પ્રતિ પ્રેમ અને **સુમેળ**. ખાખીબાવા

૨. પું. સારૂ સુલભ મિશ્રણ.

સુમોદ [સં.] પું. આનદ.

સુમોદ મંગલકારિ. દયારામ

સુમોહિતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, મગણ અને ગુરુ મળી ૭ અક્ષર હોય છે.

સુમ્ભ ૧. [સ.] વિ. બહેરુ.

૨. વિ. શુદ્ધિ કે જ્ઞાન વગરનુ.

સુમ્ભુ ન ધરેલુ ગાંડુ

સુયગડ ન (જૈન) બાર માહેનુ એ નામે એક અંગસૂત્ર; સૂયગડાગ નામે બીજું અંગસૂત્ર.

સુયજ્ઞ ૧. પું આશ્વલાયન શ્રૌતસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એ નામનો એક આચાર્ય.

૨. પું. (પુરાણ) ઉશીનર દેશનો એક રાજા. તે પાંડવોની પહેલાંનો મનાય છે.

૩. પું. (પુરાણ) દાશરથિ રામની સભાનો એ નામનો એક મત્રી.

૪. પું. રુચિ ઋષિને આકૂતિને પેટે થયેલો ભગવાનનો અવતાર

૫. પું. સારો યજ્ઞ.

સુયષ્ટ [સ. સ્વપ્ન] ન (જૂ. ગુ.) સપન; સ્વપ્ન તે.

સુયજ્ઞાણ [સ સુજ્ઞાન] ન. (જૈન) સાભળવાથી થતુ જ્ઞાન; પાંચ માંહેનુ બીજુ જ્ઞાન

સુયતે અ (જૂ. ગુ.) સારી રીતે

સડતીસમી ઢાલે, **સુયતે** કહ્યો અધિકાર.
અ.નદકા.વ્યવહારદર્પણ

સુયશ ૧. [સં.] પું. સારી કીર્તિ.

નયખડ નાયક **સુયશા** સખગે. દયારામ

૨. ન. (શિલ્પ) એક જાતનું સિહાસન.

જે સિહાસનમા પીઠ, ગજવર, સિહયણ, ચેદિકા અને છાયા હોય તો તે સિહાસન **સુયશા** કહેવાય. રાજવલ્લભ

સુયાણી સ્ત્રી. સોયાણી, દાયણ, પ્રસવ કરાવનારી સ્ત્રી; ધાઈ.

૧. જચ્યુનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે = પોતામાં શક્તિ જોઈએ.

૨. ઝાઝી સુયાણિએ વેતર વધે = વધારે માણસો હસ્તક રખાયેલ કામ બગડે.

૩. સુયાણી આગળ પેટ છુપાવવું નહિ જાણકર પાસે અસલ તજ્યે નહિ.

સુયુક્તિ [સં.] સ્ત્રી. સારી ચતુરાઈ; સારો આવડત.

એની **સુયુક્તિ** અને સફળ વિનિયોગ માટે સર્વયોગ માર્ગ આ દ્વાપત્ય યોગના પણ બે મુખ્ય પ્રકાર પાડવામા આવ્યા છે. ઇતિહાસપ્રકા.

સુયુત [સં. સુ + યુજ્ (જોડવું)] વિ. બરાબર સારી રીતે જોડાયેલુ.

સુયુત બે ચરણો થયા ઊડવા,
પવનથી પડતાં કંઈ જૂડતા. કાન્ત

સુયોગ ૧. [સં.] પું. અનુકૂળ ફેરવાર.

જ્યાન અવયવનો **સુયોગ** શરીરને સંરક્ષે છે. અભિનય કામરાજ

૨. પું. સારી તક; યોગ્ય અવસર

જો આજે પ્રાપ્ત થયેલો **સુયોગ** આપણે ખોવી બેસીશું તો ફરીથી પાછો તેવો યોગ સો વર્ષ સુધી નહિ આવે. નવલરામ

૩. પું. (જ્યોતિષ) સારો જોગ; અમૃતસિદ્ધિ યોગ

સુયોગી [સં. સુયોગિન્] વિ. સારા યોગવાળું.

સુયોગ્ય વિ. લાયક; સુઘટિત: સારી રીતે અનુકૂળ.

અને ઘણી સુદર **સુયોગ્ય** કથાઓ ગાડાની ઢાંકી પડદા વિષે કહ્યું કહી નથી. પુરાતત્ત્વ

સુયોધન ૧. [સં. સુ + યુધ્ (લડવું) + અન] પું. દુર્યોધન. યુધિષ્ઠિર દુર્યોધનને આ નામે બોલાવતા. તે ઉત્તમ લડવૈયો હતો પણ તેણે પોતાનું બુદ્ધકૌશલ દુષ્ટ અસત્ય માટે વાપર્યું હોવાથી તે સુયોધન હોવા છતાં દુર્યોધન બની ગયો

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના વિકુક્ષિ રાજાનો એ નામનો પુત્ર

૩. વિ. ઉત્તમ લડનાર; સારું પરાક્રમ બતાવનાર, સારું લડી જાણનાર.

સુર ૧ પું (જૈન) અરિહંત દેવ.

૨. પું આકડાનો ઝોડ.

૩. પું આત્મા.

૪. પું. (પિંગળ) ત્રણે નામનો એક અક્ષરમેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે. તેમ ૧૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૪ વર્ણ હોય છે.

૫. પું (સંગીત) જુદાં જુદાં ન હોતાં અખંડ, નિયમિત, સ્પષ્ટ તથા જેનાં આંદોલનોનો વેગ મધ્યમ શક્ય તેવો નાદ

કલાલી બંને સુર એમ બોલે,
આસન કયે ઈંદો જ,
તિહા જોઈ અવધિ નાખે
તેણી વેલ, અવતરિયા જાણ્યો છ

કોળાની સદીનો પ્રાચીન કોપડો

: સુર મેળવવો = વાદ્યોમાં તાર બેસાડવા; સા.થ આનુ, સમત થવુ.

૬ પું સૂર્ય.

૭. પું. મદ.

૮. પું. કૂકરનો વકરી ગયેલો નર

૯. પું. દેવ. અમર, નિર્જર, દેવ, ત્રિદશ, વિબુધ, સુર, સુપર્વા, સુમનસ, ત્રિદિવેશ, દિવૌકસ, આદિતેય, દિવિષદ, લેખ, અદિતિનંદન, આદિત્ય, ઋભુ, અક્ષય્ય, અમર્ત્ય, અમૃતાંધસ, અદિતિમુખ, ક્રતુભુજ, ગીર્વાણ, દાનવારિ, ઋન્દારક, દૈવત અને દેવતા એમ છત્રીસ નામ દેવતાનાં છે. દૈવત એ પુલ્લિંગ અને નપુંસકલિંગ છે, દેવતા સ્ત્રીલિંગ છે અને બાકીનાં પુલ્લિંગ છે.

૧૦. પું. પંડિત.

૧૧. પું પુરુષોત્તમના લશ્કર માંહેનું એક નામ.

૧૨. પું સૂર્ય

ક્રતુભુજ, ગીર્વાણ, દાનવારિ, ઋન્દારક, દૈવત અને દેવતા એમ છત્રીસ નામ દેવતાનાં છે.

૧૩. વિ આંધળું; સૂરદાસ.

સુરઈ ૧. સ્ત્રી. ત્વરા

૨ સ્ત્રી. પ્રથમ વરસાદથી જમીનમાંથી આવતી મધુર ગંધ.

૩. [અ. સુરાહી (દારૂ કે પાણી ભરવાનું પાત્ર)] સ્ત્રી સિરોહી; પાણી કાઢવા રાખવાનું લાંબી દાંડીનું પાત્ર; માટલા જેવા મોંનું પાણીનું વાસણ.

સુરકો પું. સરકો; સોક્તિક.

જરૂરતો ઓછી દારૂ, સુરકો કે બીજર જમડી ભળ છે. અભિનવ કામશાસ્ત્ર

સુરકાક ૧. પું. એક જાતનો આંબો

૨. પું. સોનાગેરુ

સુરક્રીડા ૧ પું. (પિંગળ) ત્રણે નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને માણવક છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ભગણ, તગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે

૨. સ્ત્રી. દેવોની ક્રીડા

સુરક્ષકદીપ [સં.] પું ખાણમા સર્વે જતાં જોખમ આગ ન લાગે તેવી બત્તી. ' ડેવી સેફ્ટી લેંપ '.

સુરક્ષા [સં] સ્ત્રી. સલામતી; સુરક્ષિતપણું; સારી રક્ષા.

સુરક્ષિત [સં. સુ + રક્ષ્ (રક્ષણ કરવું) + ક્ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ નિર્ભયવાળું, સલામતી સારી રીતે રક્ષાયેલું

સાતિ જો સુરભીયે છે મૌન આદિ **સુરક્ષિત**,
રાખ્યમ કરી તે પ્રૌઢ બ્રહ્મચારી બને નર.
માધવીગીતા

સુરખ ૧. પું. સૂર્ય.

૨. સ્ત્રી. ભભક.

બ્યા ઝટ યુવાનની **સુરખ** બધ ઊંચી ઊડી
બળવંતરાય ઠ. ઠાકોર

૩. ન. ગંજાનું એ ત્રિઅક્ષરવાળું ધાતુ; ગંજાના આઠ ભાઈનો એક રંગ.

૪ ન. એક જાતનું પક્ષી
બુલબુલ, **સુરખ**, લેલા, તેતર વગેરે
ચિત્રમયજગત

૫. ન. લાલ રંગ.

૬. [સં સુર્ખ] વિ. રાતું; લાલ, સુરખીવાળું.
વીસ પચીસ વખત આ પ્રમાણે વિમળાને મોંવાથી ગુલ લાલ **સુરખ** જેવો વિમળોક થાય છે . પુણ્યનિજવચ્છ

સુરખા ૧. [વિ.] પું. પાદડાના માપ કરતા વખારે મોટો ભોર ચિત્રમયજગત

૫. ન. લાલ રંગ

સુરખાઈ ૧. સ્ત્રી. અંસર; લોમણા.

૨. સ્ત્રી. ચટકી

૩. સ્ત્રી. પકવેલી માટીમાંથી બનતો એક જાતનો પદાર્થ. પકવેલી માટીમાંથી સુરખી તૈયાર થાય છે ઈંટો, નળિયાં પકવેલી માટી જ છે, એટલે તેના નાના ટુકડા કરી દળીને, સુરખી તૈયાર કરી શકાય. ઈંટોનાં રોડાં બનાવ મળતાં ન મળતાં હોય ત્યાં ચૂનો પકવવાની ભઠીની ટોચે માટીનો થર નાખી તેને પકવી શકાય છે. ભઠ્ઠી કાઢતી વખતે આ પાકેલી માટી જુદી કાઢવામાં આવે છે. ચૂનાની ભઠ્ઠી પણ ન કરી હોય તો, ભુક્કા રોટલા થાપી કે ઓળા બનાવી પકવવી પડે છે. આ રોટલા પકવવા માટે બહુ ઊષ્ણતામાનની જરૂર પડતી નથી. સૂકાં પાંદડાં, ઘાસ, ડાળાં વગેરેથી પણ તે પકવી શકાય છે. આમ પકવવા માટે બળતણ અને માટીના રોટલાના એક ઉપર એક થર ખડકવામાં આવે છે. જે બાજુથી પવન વાતો હોય તે બાજુ થરની સમગ્ર ખડાર્ધ કમી રાખી, આગળ જતાં વધારે કરીને આ ભઠ્ઠી ઢાળ પડતી બનાવવામાં આવે છે. ઢળ પવન વાય તે દિશાથી શરૂ થઈ, વધ.રેમા વધારે ઊંચાઈ, સામે છેડે આવે. ભઠ્ઠીની ઉપર અને પાછળને છેડે તેમજ પડખામાં ગારો લીંપી નાખી, પછી તેને સૂકવવામાં આવે છે. ધુમાડો નીકળવાનાં નાનાં બાકા, પાછલે છેડે મધ્યમાં રખાય છે. બેસતે ત્રાણ આખા ઢાળમાં કરી પછી જ બહાર પડી ગયે સુરખી બનાવવાની માટીમાં ચૂનાની કાંકરી હોય તો હરકત નથી, પણ તેથી ઊલટો ફાયદો જ છે; કારણ કે તેથી ચૂનાના તત્ત્વમાં ઉમેરો થાય છે અને રોટલા પાકે છે પણ જલદી. ચૂનામાં કુદરતી રીતે જ રેતી વગેરેની તથા પકવતાં કે પાછળથી રાખની ભેળસેળ ન થઈ હોય તો બજારુ રેતી અને દોઢી સુરખી ભેળવવાને કાર્ય જ જરૂરત નથી પરંતુ દરેક પ્રસંગે યોગ્ય પ્રયોગ કરી આ પ્રમાણ કરાવવુ સારૂ.

૪. સ્ત્રી. ભભક; તેજ; ચોખ્ખા તાજા ને તંદુરસ્ત લોહીની ઝાંક

૫. [સં. સુર્ખી (લાલાશ)] સ્ત્રી. લ.લાશ; લાલી

૬. સ્ત્રી. ચોકીનું તરી આવતુ તે.

સુરગ ૧. સ્ત્રી. ચિંતા, ધ્યાન

૨. ન (જૂ ગુ) સ્વર્ગ.

વિબુધ વિમલસૂરિ **સુરગે** ગયા ભાગ્યસૌભાગ્ય

૫. [સં. સુર્ખી (લાલાશ)] સ્ત્રી. લ.લાશ; મધ્યમાંથી પાકવાના બાદ બાકીનુ એક રંગ

સુરગણ ૧. [સ. સુર + ગણ (સમૂહ)] પું દેવતાઓનો સમૂહ; દેવોનો સમૂહ, દેવો. સુર લોકોનો સમૂહ

૨ પું પંડિતોનો સમૂહ.

૩. પું. શિવના લશ્કર માંહેનું એક નામ

સુરગંગા [સ ૧ સ્ત્રી આકાશગંગા; સ્વર્ગગંગા.
ત૨ જોગી સુરગંગા સમી આર્ય વિમલાનો ઉપર
પ્રભુના આશીર્વાદ ઊતરા અંબિકાદત્ત્વ

સુરગા સ્ત્રી સારા વર્ણવાળી સ્ત્રી.

સુરગિરિ [સ] પુ મેરુ પર્વત.
૨.ચીપતિ સુરગિરિ નહવરાવો વિબુધન રંગ વધાવો
આનંદદાસ્વામીકૃત બંધિ

સુરગી પુ. કૂંડે બળદના જેવી કાળી કામળીવાળો ઘોડો.

સુરગુરુ [સ સુર + ગુરુ (આચાર્ય)] પુ. દેવોના ગુરુ; બૃહસ્પતિ.
શુક્રાચાર્ય અને અને સુરગુરુએ નીતિમાં બૃહસ્પતિ,
તુ બને ! ગુરુ દ્રોણ શિષ્ય થીખવી જેણે કર્યા મહારથી
પીરસુ

સુરગોપ [સ પુ ઇંદ્રગોપ; લાલરંગનો કીડો

સુરગ્રા ન. (સાગ્રી) સ્વર્ગ
વિકસ્યે હરિ વેણુ ગ્રામો ભળ્યો,
સપ્તકે પ્રતળે સુરગ્રે સુણ્યો.
નાગદમણ

સુરગ્રામ ન. આકર્ષી ગ્રામ; કલ્પાણગ્રામ.
બોલે તો સાભળો, કુમુદસુંદરી ! પ્રથમ વિચાર
મે એવો કર્યો કે આપણા ઊંચેલા વિદ્વાનો. સંસ્કૃત
શાસ્ત્રીઓ અને નિરક્ષર ખેડાણોને માટે એક
• ન સરળ સુરગ્રામ જેવું કલ્યાણગ્રામ ઊભું
પરવુ સરસ્વતીચંદ્ર

સુરગ્રામણી [સં.] પું. ઇંદ્ર

સુરચાપ પું. ઇંદ્ર ધનુષ.
સુરચાપના સલિત તોરણો અને
પરાક્રમની પ્રસાદી

સુરજા સ્ત્રી (પુરાણ) પ્રાધાની એક અપ્સરા કન્યા.

સુરજિહ્વા સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય બાવીસ મંડ્રેની દશમી શ્રુતિ.

સુરજ્યેષ્ઠ [સ સુર (દેવતા) + જ્યેષ્ઠ (સૌથી મોટો)] પું બ્રહ્મા; વિરંચિ; આત્મભૂ, પરમેષ્ઠી; સ્વયંભૂ; ચતુરાનન; ધાતા.

સુરત ૧ સ્ત્રી. કામક્રીડા; મૈથુન
૨ સ્ત્રી કુરાને શરીફના ત્રીસ ભાગોના દરેક ભાગનું એક નામ છે
૩ સ્ત્રી હોડી, કામદોડ.
આવી રે રમવા તુજ રે ખપને નિતના ચદ્રકાંત.
ઉતાવે લટકી રહીને વારિબિંદુ ઝરવા..
ખુલવાયે શિથિલ કરતા પત્રીને ચિત્ર કાતે.
અનલાનિલ સુરતથી થતી જ્યા મટે ચદ્રકાંત.
મચદૂત
૪ [સ. સરત] સ્ત્રી. ચહેરો; મુખછબી; મુખપટો; મુખાકૃતિ; દેખાવ, પ્રતિમા; રૂપરેખા
૫ સ્ત્રી ધૂન
૬. સ્ત્રી. બ્રહ્મા આદિ એકાવતાર થનું તે
સુરત નુરત ને ઉંડા ચિત્તના સુદ્રબ્રહ્મા એક સ્થાન પામે.
ધીરા
૭ સ્ત્રી મનોવૃત્તિ, સ્મરણ.
૧ સ્મરણ ન રહેવું (૧) ભાન ભૂલી જવું. (૨) નહીં જેવું; બહેમચૂક થઈ જવું.
૨. સુરતમાં આવવું = (૧) ભાન આવવું (૨) સમજવું
૮. સ્ત્રી. મુખમુદ્રા; મોઢું
૯. સ્ત્રી. યાદ; વિચાર
૧. સુરત આવવી = મનમાં આવવું.
૨ સુરત ઉઠાવવી–ધરવી = વિચાર નક્કી કરવો
૩. સુરત કરવી = યાદ આવવું.
૧૦. સ્ત્રી. સરત; નજર.
૧૧. સ્ત્રી. સારી મોસમ.
સુરત સીમ્યને કહે, સુરત રાખવી એહ,
સુરત નજરને કહે સુરત સારી રત તેહ
અદયદાસાઈ
૧૨. સ્ત્રી સુદરતા; દેખાવ
૧૩. ન. ગુજરાતનું એ નામનું એક જૂનું અને પ્રખ્યાત શહેર. સુરત નામ સુરજ નામની કોઈ બીના નામ પરથી પડ્યું છે એમ કેટલાક ધારે છે. કોઈ કહે છે કે કામરેજના રાજા કામસેનના વંશમાં સુરસેન નામનો જે રાજા થઈ ગયો તેની ૧૪૦૦ વીઘાની ૧૪ કૂવાવાળી વિશાળ અને સુંદર વાડી આ સ્થળે હતી. એ વાડીમાંથી નદીમાં સ્નાન કરવા જવાને એક ઘાટ પણ તે રાજાએ બંધાવ્યો હતો. જે ઘાટ રાજાઓના નામથી આજ પણ પ્રખ્યાત છે. તે સમયે મુસલમાની રાજ્ય હતું. અને તેથી કુરાનમાં પ્રકરણને સુરત કહે છે તેથી બાદશાહના ફરમાનથી સુરત નામ રાખવામાં આવ્યું. સુરતનો અરબીમાં ખૂબસૂરત અર્થ થાય છે અને તેથી નગરીની સારી રચના જોયા પછી તેને તે પ્રસગથી સુરત નામ આપ્યું. સુરતનો કિલ્લો તાપી નદી ઉપર આવેલો છે. મોગલ બાદશાહોના વખતમાં સુરત બહુ જાહોજલાલી શહેર હતું. યુરોપ અને મધ્યપૂર્વના દેશો સાથેનો હિંદનો વેપાર વહેવાર આ બદર મારફત ચાલતો. લોકો તને બાબુસુરત પણ કહેતા કારણ કે મુસલમાનો આ બદરથી મક્કા, મદીના અને કરબલા હજ પઢવા જતા. પશ્ચિમ હિંદમાં અંગ્રેજ લોકોએ પોતાની પહેલી કોઠી અહીં નાખી હતી. અત્યારે પણ સુરતનો વેપાર અને વસતી ભારે છે
૧. સુરતનું ગોપિયું = પેટમા મોટો વળવો
• સુરતનું જમણ અને કાશીનું મરણ = વખાણવા લાયક.
૧૪ વિ અત્યંત રમેલું.
સુરતકર્મ ન. સભોગ.
ખૂબ ઉલિકલા અથવા સુરતકર્મમાં પણ કોઈ જાત ઓલી નથી કે જે નદી, અશ્લીલ, અપવિત્ર, અને ચારિત્ર માટે હાનિકારક હોય.
અભિનવ કામશાસ્ત્ર

સુરતકલા સ્ત્રી. સભોગ રીતિ.
સુરતકલા અભ્યાસીની દુર્લ તિમ દીસતે નાહિ.
બાલણ

સુરતકેલિ સ્ત્રી કામક્રીડા; સંભોગ.

સુરતજ્ઞ વિ. કામક્રીડા વખતનું જ્ઞાન
સુરત સમાગમ વખતે જેના સુરતજ્ઞમાં
કમળના જેવી સુગધી આવતી હોય એ પદ્મિની
સ્ત્રીનું લક્ષણ છે. અભિનવ કામશાસ્ત્ર

સુરતજ્ઞ સ્ત્રી. સુરતમાં વસનાર સ્ત્રી.
સુરતજ્ઞ અજોન એક અનોખી કલા મૂર્તિ છે
કૌમુદી

સુરતપરસ્તી [અ. સુરત + પરસ્તી] સ્ત્રી. સુરતપૂજા; સૌદર્યપૂજા
કેવી રીતે પણ ખરી જ સુરતપરસ્તી કરી છે.
ગોવર્ધનરામ

સુરતબાંધાનો પું. ઘોડાને પીઠાદી બંધાય છે તે જગ્યાએ થતો મરજ.

સુરતમલ્હાર પું. (સગીત) એ નામે એક રાગ. તેને સુરદાસી મલ્હાર પણ કહે છે. તે મલ્હાર અને સારંગ મળવાથી બને છે.

સુરતરુ [સં. સુર + તરુ (ઝાડ)] ન. કલ્પદ્રુમ; કલ્પવૃક્ષ; દેવદાર; સ્વર્ગનું એક ઝાડ
રમી વહ્યો, નયન મદિરા નિશ્રમો ભોગનારી,
પુષ્પો ઝાલે કુપણ કળીઓ, ભૂષણો ભારી ભારી;
લાક્ષારાગે અરણ કમળો રંજવા યોગ્ય જ્યાંહે,
ત્યાંનીને સુરતરુ સહુ ભૂમણો એટલું છે.
મેઘદૂત

સુરતરેલાન ન. (સગીત) પ્રથમ ચાર સ્વરનું તાન. જેમકે, સારેગમ રગમપ ગમપધ વગેરે.

સુરતવાળી ૧. સ્ત્રી. એ નામની એક જાત. તે કર્ણાટકમાં રહે છે ઘણો ખેતીનો ધધો કરે છે
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ એ નામની જાતનું

સુરતવિચિત્ર નાયકા સ્ત્રી. પોતાની બુદ્ધિથી કામક્રીડાની અનેક રીત ઉત્પન્ન કરનારી સ્ત્રી.

સુરતશૂર ૧. પુ. કામદોડામાં બહાદુર કુશ્તુ.
આવી દ્વાર ઘોકલ્યુ અહીં રે,
નરસૈ સખિયે બાળ્યો સુરતશૂર.
નરસિંહ મહેતો
૨. વિ. રતિગ્રામ વિષે શૂરો.

સુરતશ્રમ પું સંભોગથી પડતો શ્રમ.
સિંપાવણ સુરતશ્રમને નારીઓના મટાડે,
સ્પર્શ શીતા કુસળ શોભ્યે કાત ચેઠે પ્રભાતે
મેઘદૂત

સુરતસંગ્રામ ૧. પું. આઠ કવિ નરસિંહ મહેતા કૃત એક ખડકાવ્ય જેમા તેણે ગોપી અને કૃષ્ણ વચ્ચેના શૃંગારિક પ્રેમનું વર્ણન કર્યું છે.
૨. પુ. પ્રણય કલહ; રતિક્રીડાનું યુદ્ધ.
૩. [સં.] પું. મૈથુન; સંભોગક્રીડા.
સુરતસંગ્રામે શ્યામળા શું, મૂકી મન અભિમાન
નરસિંહ મહેતો

સુરતસેન પું. તાનસેનનો એ નામનો પુત્ર.

સુરતા ૧. [સં] સ્ત્રી. અંતર્વૃત્તિ.
સુરતા સમજી સદેહ મેલને નિરાત બ્રહ્મ
૨ સ્ત્રી. આંશ; આવેશ
૩. સ્ત્રી. આનંદ શક્તિનો અંશ.
સખી સુરતા ચાલી નિજ ધામથી.
૪ સ્ત્રી ઘણી જ રાગી સ્ત્રી; અત્યંત આસક્ત એવી સ્ત્રી.
૫. સ્ત્રી ચેતના; સત્તા.
૬. સ્ત્રી. દેવોનો સમૂહ.
૭. સ્ત્રી ધ્યાન; નજર; લક્ષ.
૮. સ્ત્રી. (પુરા.વ) પ્રધાની અપ્સરા કન્યાઓમાં એ નામની એક
૯. સ્ત્રી પ્રેમ; સ્નેહ
૧૦. સ્ત્રી યાદ; સ્મૃતિ
૧૧. સ્ત્રી લગની, તેજ, રટણ, એકતારત્વ; ધ્યેય તરફની તલ્લીનતા.
૧. સુરતા લગાવવી = ઈષ્ટ કે આત્મા લીન કરવો; ભક્તિયોગ આચરવો.
૨. સુરતા સાધવી = અંતરદૃષ્ટિથી આત્માનું ધ્યાન ધરવું.
૧૨. સ્ત્રી. વાસના.
૧૩ સ્ત્રી. વૃત્તિ.
૧૪. વિ કામુક; ચતુર.
૧૫. વિ. દેવતાઈ.
૧૬. વિ. વિચારશીલ.

સુરતાનુકૂલ [સં. સુરત + અનુકૂલ] વિ. સુરત યોગ્ય; સંભોગશીલ; સુરત સમયને અનુકૂલ.

સુરતારકા સ્ત્રી. દારુ ઢાળવા; આબા ઢાળવા.

સુરતિ ૧. [સં. સુ + રતિ (પ્રેમ)] સ્ત્રી. ઊંડુ એકતાન; લખના.
પલક મું પલક પલ એક લાગી,
શ્યામની સુરતિથી તુરત જાગી. પ્રેમાનંદ
૨. સ્ત્રી. ખૂબ આનંદ અને સુખ.
૩. સ્ત્રી. નરમાદાનો સયોગ; સંભોગ; પ્રેમક્રીડા.
૪. સ્ત્રી. પ્રેમ; સ્નેહ; ગાઢ રતિ.
તીરથ નત એ ચરણે ભણ, એક ધરે ઉ સુરતિ અભ્યાસોએ

સુરતિકમલ ન. (યોગ) હઠયોગ પ્રમાણે મૂલાધારથી કપાળ સુધીમાં આવેલાં આઠ મર્મસ્થાનો એક કમળ.

સુરતિવિચિત્રા સ્ત્રી. મધ્યાનાવિકાનો એક ભેદ.
જે મધ્યા વિચિત્ર પ્રકારથી રામક્રીડા કરી જાણે તેને સુરતિવિચિત્રા કહે છે.
કામરત્ન

સુરતી ૧. પું. હેડ; હેડને માટે ભંગમાં વપરાતો શબ્દ
૨. પું. સુરતનો કે તે તરફનો વતની.
અમદાવાદ ને રાજકોટની ટ્રેનિંગ કૉલેજોના પ્રિન્સિપાલો અને બહારના ડેપ્યુટિ ઇન્સ્પેક્ટરો સુરતી હતા. કમળાકર
૩ સ્ત્રી અતલસની પ્રખ્યાત એક જાત.
૪ સ્ત્રી એક જાતની ફ્રેંચ.
૫. સ્ત્રી. કપાસની એક જાત.
૬ સ્ત્રી તુવેરની જાત.
૭. સ્ત્રી ધ્યાનવૃત્તિ.
૮ સ્ત્રી. બરફીની પ્રખ્યાત જાત.
૯ સ્ત્રી મોહ.
૧૦ સ્ત્રી યાદ; સ્મૃતિ
૧૧ સ્ત્રી સુરત તરફની બોલી.
૧૨ સ્ત્રી લક્ષ્મી, ભાગ્યદેવી, ' લોટરી '
૧૩ વિ સુરત સંબંધી; સુરતનું; સુરત શહેરનું કે તે તરફનું
૧ સુરતી ભાર્ગ = કહેવાતા ભાર્ગ. ભાર્ગ કહેવાય છે પણ તે પ્રમાણે વર્તન હોતું નથી.
૨. સુરતી લાલા = લહેરીલાલ; ફાંકડેરાવ
૩. સુરતી સગાઈ = ઉપર ઉપરની પ્રીત.

સુરતીરૂપિયો પું. એક અણણી નાણું.
૬૫૦૦ કોરી અને ૨ હોકડાનો સુરતીરૂપિયો કચ્છદર્શન

સુરતીવાલ પું વાણિયાની ચોર્યાશી જ્ઞાત માંહેનો એક જથ્થો.

સુરતી વાલોળ સ્ત્રી. એક જાતની વાલોળ. તે પહોળી અને લાંબી હોય, જ્યારે પાપડી વાલોળ પહોળી અને ટૂંકી હોય છે.

સુરતી સવાતેંતાલો પું. એક પ્રકારનો તોલ.

સુરત્ત [સં. સુરક્ત] વિ. (પ્રાકૃત) અતિ લાલ.

સુરથ ૧. પું. (પુરાણ) અશ્વત્થામાએ મારેલો દ્રુપદ રાજાનો એક પુત્ર.
૨. પુ. એ નામનો રાજા; ઉદ્ગસભાનો સભાસદ.
વળી અશ્વમેધના યુદ્ધમા
સુરથ અને સુમન્યાનાં મસ્તક.
દયારામ
૩. પું (પુરાણ) એ નામનો યમસભાવાસી એક રાજર્ષિ.
૪. પું. (પુરાણ) એ નામે શિબિરાજાનો એક ક્ષત્રિય; કોટિકાસ્થનો પિતા
૫. પું. (પુરાણ) એ નામે સ્વારોચિષમન્વંતર માંહેનો એક રાજા. એ ઉત્તમ ગુણવાળો અને પ્રજાપાલનમાં સદા તત્પર હતો. એક વખત તેને મ્લેચ્છો સાથે જબરુ યુદ્ધ થયુ, તેમાં તે હાર્યો અને અસવાર થઈ જંગલમાં નાસી ગયો. ત્યાં સુમધા નામના ઋષિના આશ્રમમાં રહ્યો. રાજા ત્યાં રહેતો તેવામા એક વૈશ્ય ત્યાં આવ્યો તેનાં સ્ત્રીપુત્રોએ એનુ સઘળું દ્રવ્ય લઈ ઘરમાંથી કાઢી મૂક્યો હતો. તેથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ઋષિના આશ્રમમાં આવ્યો હતો રાજા અને વૈશ્યને મિત્રતા થઈ. એક વખત ઋષિએ તેમને કહ્યું કે, જો તમે બે જણા આદ્યશક્તિનુ આરાધન કરો તો કાર્યક્ષ ફળ મળશે. આથી ઋષિએ બતાવેલી વિધિ પ્રમાણે બંનેએ આદ્યશક્તિને ઉપાસી અને ભક્તિ પુરસ્સર પોતાનું આચરણ એવું રાખ્યુ કે, થોડા જ સમયમાં તેમને દેવીનો સાક્ષાત્કાર થયો. તમારી શી ઇચ્છા છે એમ દેવીએ પૂછતાં વૈશ્યે સ્વર્ગ પ્રાપ્તિની ઇચ્છા બતાવી. સુરથ રાજાએ આ લોકના ઐશ્વર્યની વાંછના કરી. દેવીએ વૈશ્યને સ્વર્ગે મોકલ્યો અને રાજાને કહ્યું કે, આ તારું રાજ્ય તને પાછું મળશે તું બીજે જન્મે વિવસ્વાન આદિત્યનો સાવર્ણિ નામે પુત્ર થઈશ. એ અવતારમાં હરીથી મારુ અર્ચન કરીશ, જેના પ્રભાવે હરીને તું વૈવસ્વત મન્વંતર પૂરો થયા પછી સાવર્ણિ નામનો મનુ થઈશ. આમ વરપ્રદાન કરી આદ્યશક્તિ અંતર્ધાન પામી.
અઢાવિષમ પીડાનો નારા કરનારા દુર્જનોનો સુરથ રાજાએ પ્રથમ પૃથ્વીમા મૂલ કરી હતી
અમરવતી ભાગવત
૬. પું. (પુરાણ) એ નામે ક્ષત્રધ્વજ રાજાનો પુત્ર. તે અર્જુનને હાથે મરાયો.
૭. પું. (પુરાણ) કૃપાચાર્યનો રક્ષકપાલ.
૮. પું (પુરાણ) ચેદિ દેશનો એક રાજા. જ્યારે દાશરથિ રામે અશ્વમેધ કર્યો ત્યારે આ સુરથ રાજા ચેદિ દેશની રાજધાની શુક્તિમતીમાં રાજ્ય કરતો હતો. રામના અશ્વમેધનો ઘોડો એણે બાંધ્યો. એણે મારુતિ વગેરેને બાંધી કેદ કર્યા. પછી રામ સ્વતઃ ત્યાં આવ્યા અને સુરથને જીતીને એમણે મારુતિ વગેરેને છોડાવી અશ્વ પાછો આણ્યો.
૯. પું. જયદ્રથનો મિત્ર એક શિબિ દેશનો રાજા.
૧૦. પું. (પુરાણ) ત્રિગર્ત રાજાના પાંચ માંહેનો એક પુત્ર.

૧૧. પુ. (પુરાણ) દુર્યોધન પક્ષના સહાયક માહેનો એક રાજા.

૧૨ પુ (પુરાણ) વિદર્ભો દેશાધિપતિ નરેંદ્ર રાજાનો પુત્ર

૧૩ પુ (પુરાણ) સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ વંશના રક્ષક રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુમિત્ર

૧૪ પુ (પુરાણ) સોમવંશી પુરુકુત્સના આજમીઢ વંશના કુરુ પુત્ર જન્હુ રાજાનો પુત્ર એનો પુત્ર વિદ્વન્ય

૧૫ સ વિ સારા રથવાળુ

સુરથા ૧. સ્ત્રી. (પુરાણ) અનપત્યોત્પન્ન કિતીનર રાજાની સ્ત્રી અને તિમિ રાજાની માતા, યમાનિની દીકરી.

૨ સ્ત્રી (સંગીત) શ્રુતિ; સાત સ્વરોની ચમત્કાર જે સ્વરોના વિભાગ રહેલ છે તે. તેના આશ્રયથી સ્વર ભેદનું અનુમાન થાય છે

સુરથાનક [સ] ન. ઉદ્લોક; સ્વર્ગ; દેવતાઓનું સ્થાન

સુરથાનકે મોકલ્યા ફરી. કલિદાસ

સુરદ ૧ [સં સુહૃદ (મિત્ર)] પુ. પ્રીતમ

સુરદ મિત્ર વલ્લભ સખા વમિત દોસ્ત મિત્ર પ્રાણ, હરિ પ્રીતમથી છે કુંવરી ન કર અકારણ માન. પિંગળપ્રકાશ

૨. ન. એક જાતનું વાદ્યિંત્ર

સુરદારુ [સ.] ન દેવદાર

સુરદાસ ૧. પુ. આંધળો માણસ.

એય, સુરદાસને શું કરે? નાનાલાલ

૨ પું પુષ્ટિ માર્ગના સ્થાપનાર વલ્લભાચાર્યના બાર માહેનો મુખ્ય શિષ્ય.

૩. પું. શ્રીરામચંદ્ર. એક પરમ ભક્તનું નામ.

૪ પું હિંદી ભાષાનો એક પ્રસિદ્ધ અંધ ભક્ત કવિ ભક્ત સુરદાસજીનો જન્મ સંવત ૧૫૪૦માં જાજરમાન કુળમાં થયો હતો. તેના પિતાનું નામ રામદાસજી હતું સુરદાસજી જન્માંધ હતા તેમ. પિતાએ તેને સંગીતવિદ્યા, કારસી અને માતૃભાષાનું જ્ઞાન આપ્યું હતું. પિતાના મૃત્યુ પછી તેનામાં ભજન લખવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થઈ અને ધીમે ધીમે હૃદયમાં શ્રીકૃષ્ણ ભક્તિ ઉત્પન્ન થયા બાદ છેવટે તેણે શ્રીવલ્લભાચાર્યનું શિષ્યત્વ અને વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો. તેમણે જાજરમાન પુરાણોનો માતૃભાષામાં ઘણો સુંદર પદ્યાનુવાદ કર્યો છે, જે સૂરસાગરના નામથી પ્રસિદ્ધ છે ૬૮૬૪માં સુરદાસજીએ પોતે પોતાના વિષયમાં લખ્યું છે કે, મુસલમાનોની સાથે મારા પિતાને યુદ્ધ થયું તેમાં મારા પિતાને બાર ભાઈ મારી ગયા હું એક કૂવામાં પડીને ૭ દિવસ સુધી એમાં પડી રહ્યો. છેવટે સાતમે દિવસે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ આવીને મને બહાર કાઢ્યો અને દિવ્ય દૃષ્ટિ આપીને કહ્યું કે વત્સ! તારી ઇચ્છામાં આવે તે માગ. ત્યારે મેં એમ માગ્યું કે, અનન્ય મનથી આપની આરાધના કરું અને મારી આંખો આપના સિવાય બીજા કોઈને ન દેખે. ત્યારબાદ તે વ્રજધામનાં ચાલ્યા આવ્યા. શ્રીકૃષ્ણની પ્રેરણાથી તેણે વ્રજમાં રહી અનેક ભજનો લખ્યાં. આવી રીતે વ્રજભૂમિમાં રહી કૃષ્ણ ગુણગાન માર્ફ સને ૧૫૬૨માં મનુષ્ય લીલા સમાપ્ત કરી. લોકોનો વિશ્વાસ છે કે, ખુદ ઉદ્ધવજી ઘોર્ડ સાધવરા સુરદાસજીના રૂપમાં અવતર્યા હતા.

સુરદાસ પટમંજરી સ્ત્રી. (સંગીત) પટમંજરીની બે જાતિ માહેની એક રાગિણી.

સુરદીર્ઘિકા [સ.] સ્ત્રી ગંગા, આકાશગંગા, વિયદ્ગંગા, સ્વર્ગંદી

સુરધનુ પુ. (પિંગળ) એક વિષમવૃત્ત. તેના પહેલા ચરણમાં ચાર રગણ એમ બાર અક્ષર હોય છે. બીજા ચરણમાં જગણ, ભગણ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે. ત્રીજા ચરણમાં ચાર યગણ એમ બાર અક્ષર હોય છે. ચોથા ચરણમાં જગણ તગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

સુરદ્રુમ [સં. સુર +દ્રુમ (ઝાડ)] ન. કલ્પદ્રુમ; કલ્પવૃક્ષ

સુરદ્વિષ ૧. [સં. સુરદ્વિષ્] પું. અસુર; રાક્ષસ.

અસુર, દૈત્ય, દૈતેય, દનુજ, ઇન્દ્રારિ, દાનવ, શુક્રશિષ્ય, દિતિસુત, પૂર્વદેવ, સુરદ્વિષ એ પુલિંગ નામ દૈત્યોનાં છે. અમરકોષ

૨ વિ. દેવોનો દ્વેષ કરનાર

સુરધન ૧. પું ચોખા.

૨. પું. પૂર્ણાર્થ ગણપ્રવેશ પણ હણાયેલ માણસ.

૩. પું ઝઘડોપરો; લડાઈથી કે અવગતિથી મરણ પામેલા માણસની મારગીરી માટે ઓડેલો પથ્થર કે ખાખી તેને બાદરવી અમાસે તેના સમાવહાલાં પાણી પાવા જાય છે.

સુરધનુ [સ] ન. ઇંદ્રધનુષ, મેઘધનુષ્ય

સુરધનુષ જુઓ સુરધનુ.

સુરધાન ન. વહાણમાં રસોઈ કરવાનું લાકડાનું માચન. *

સુરધામ [સં.] ન દેવતાઓનું ધામ; સ્વર્ગ.

દેવત કરે બેહાલ, સુખ શું કામના સુરધામના ચંદ્રકાન્ત

સુરધુનિ સ્ત્રી ગંગા; દેવ નદી; ગંગા નદી.

અત્યાનંદે સુરધુનિ મહીં પ્રેમકોડા જમાવ્યો. ચંદ્રકાન્ત

સુરધૂપ પુ. રાળ.

સુરધેનુ ૧. [સ. સુર (દેવતા) + ધેનુ (ગાય)] સ્ત્રી. ઇચ્છિત આપનાર ગાય; કામધેનુ; દેવતાની ગાય.

૨. વિ ઇચ્છિત આપનાર

સુરનગરી સ્ત્રી દેવોની અમરાવતી નગરી

સુરનદી ૧ [સં.] સ્ત્રી આકાશગંગા; દેવલોકની નદી; સ્વર્ગગંગા.

૨. સ્ત્રી ગંગા નદી; મંદાકિની.

સુરનર ૧. [સં. સુર + નર (માણસ)] પુ. ઇંદ્ર

૨. પું. દેવ; દેવતા.

સુરનન્દિની [સં.] સ્ત્રી. કામધેનુ.

સિદ્ધાર્થ કેવળીય વસતી એક વત્સા, પોથી સહર્ષ સુરનન્દિની ચન્દ્રમુખે નાનાલાલ

સુરનર્તકી પું (પિંગળ) બાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ રગણ, જગણ નગણ અને રગણ એમ એકવીસ અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા, બારમા અને અઢારમા અક્ષર ઉપર વિસામો હોય છે.

સુરનદા [સં.] સ્ત્રી. એ નામે એક નદી.

સુરના સ્ત્રી. (હિંદી) મોટેથી વગાડવાનું શરણાઈ જેવું વાદ્યિંત્ર

સુરના સિંદૂરની અને હરીની વાદ્યિંત્ર છે અને તે લગ્ન એવી સારે વગાડવામાં આવે છે. આઇને અકબરી

સુરનાઈ વિ. સરણાઈ વગાડનાર.

સુરનાગ [સ.] પું. ઐરાવત હાથી.

સુરનાથ [સં.] પું. ઇંદ્ર.

સુરનામું ન. એક જાતનું વાદ્યિંત્ર; મુરલી.

સુરનાયક [સ. સુર (દેવ) + નાયક (નેતા)] પુ ઇંદ્ર

સુરનિમ્નગા [સં. સુર (દેવતા) + નિમ્નગા (નદી)] સ્ત્રી. ગંગા નદી; ભાગીરથી

સુરનિર્ગંધ [સ.] ન સુવાસ; સુગંધ

સુરપટી સ્ત્રી. અજરીઅજરી; આટાપાટા; એક જાતની રમત.

સુરપડિમા [સ સુર + પ્રા પડિમા (પ્રતિમા)] સ્ત્રી દેવની પ્રતિમા; સુરપ્રતિમા.

બાર વરસના બાળક સુરપડિમા એટલે સરખા કહીએ છઈએ. વીરવિજય

સુરપણું ન. દેવત્વ.
સુરપણું પણ કર્મથી જ મળે છે.
જગતની જાગવત

સુરપતિ ૧ [સં.] પું ઇંદ્ર રાજા; દેવોનો રાજા.
૨ પુ. ગજરાતની પ્રાચીન રમતમા બા.૨ માંહેનો એક રાજા.

સુરપતિસુત [સં.] પું. ઇંદ્રપુત્ર અર્જુન.

સુરપથ [સં.] પું. આકાશ.

સુરપદ ન. સુરનું પદ; સ્વર્ગ.
થાતિ સ્વે સુરપદ વધી પૂજ્ય જ્યોતિ મહીને
ચદ્રિકા કાવ્ય

સુરપરદા પું. (સગીત) એક રાગ. શુદ્ધ ઢાડવી સંપૂર્ણ જાતિ છે. આરોહમાં રિષભ ખાદ છે ગાધાર ગ્રહ છે. તે બપોરથી સાયકાળ સુધી હમેશા ગવાય છે

સુરપર્ણી ૧. ન. એક જાતનુ સુગંધી ઔષધ.
૨. ન. સુરપીલુનું ઝાડ. તે એક શીમળાની જાત છે

સુરપંખ ન. એક જાતનું ઔષધ

સુરપાઠક સ્ત્રી. કોંકણમાં થતી સોપારીની એક જાત.

સુરપાટી સ્ત્રી. આટાપાટા નામની એક દેશી રમત.

સુરપાદપ [સ.] પું કલ્પવૃક્ષ.

સુરપારંબી સ્ત્રી. એક દેશી રમત; આમળાપીપળા; ઓળકોળ;મધ્યો; ચુલ્લકડી. એક ઝાડ અને એક હાથ જાખી લાકડીથી તે રમાય છે. ઝાડની ડાળીઓ મજબૂત અને ૮–૧૦ ફૂટ ઊંચી તથા આસપાસ ફેલાયલી હોવી જોઈએ. સાધારણ રીતે વડનુ ઝાડ આ રમત માટે ઠીક પડે. તે ઝાડની નીચે એક કૂંડાળું કાઢવુ. તે કૂંડાળા પાસે દાવવાળા એક છોકરાએ તથા રમનાર પૈકી એક છોકરાએ હાથમાં લાકડી લઈને ઊભા રહેવુ. બીજા બધા ઝાડ ઉપર ચઢી જાય પછી તેણે પોતાની લાકડી જોરથી દૂર ફેંકવી. દાવવાળો તે લાકડી લેવા દોડે અને કૂંડાળામાં એ લાકડી મૂકે તે દરમિયાન તે રમનારે ઝાડ ઉપર ચડી જવુ જોઈએ પછી તે દરેકે તે લાકડીને અડી આવવું જોઇએ. દાવવાળો એ છોકરાને ઝાડ ઉપર ચડીને પકડી શકે અને નીચે લાકડીને અડ્યા ન હોય ત્યાં સુધીમાં પકડી શકે. જો કોઈ પકડાઈ જાય તો તેના ઉપર દાવ જાય. કૂંડાળામાં પગ મૂકતાં પહેલાં જો કોઈ છોકરાને દાવવાળો પકડે તો તેનો દાવ ઊતરે અને પકડનાર ઉપર દાવ આવે. આ રમત ઘણી સાહસ ભરેલી અને શક્તિ આપનારી છે.

સુરપાલ પું. એક જાતનું ઘાસ.

સુરપ્રિય [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનુ એક નામ.

સુરપીલુ [સં. સુરપર્ણ] ન. શીમળાની જાતનો એક છોડ. તે બે હાથ ઊંચો વધે છે કાન પાકયો હોય તે ઉપર સુરપીલુનાં પાદડાંનો રસ કાનમાં પાડવાથી દુઃખ બંધ થાય છે.

સુરપુષ્પાગ ન. સોરંગીનું ઝાડ.

સુરપુર ૧. [સં. સુર (દેવતા) + પુર (નગર)] ન. ઇંદ્રપુરી; દેવનગરી.
૨. ન. સ્વર્ગ; દેવલોક.

સુરપુરી ૧. [સ.] સ્ત્રી. અમરાવતી
૨. સ્ત્રી. જૈનના બાવીસમા તીર્થંકર નેમનાથની જન્મભૂમિ; જામા.

સુરપેય [સં. સુર (દેવતા) + પેય (પીવા યોગ્ય)] ન. ચદ્ર.
કપુરજંધુ સોમધુ અને શોભિણીપ્રિય સુરપેય,
ઉદુરાજ દ્વિજરાજ હરિ ચ્યો મૃગાંક આત્રેય.
પિંગલપ્રકાશ

સુરપ્રિય ૧. પું. અગથીઆનુ ઝાડ; અગથીઓ.
૨. [સં.] પુ ઇંદ્ર.
૩. પું. બૃહસ્પતિ
૪. વિ દેવને પ્રિય.

સુરપ્રિયા ૧. [સં.] સ્ત્રી. જાઈ
૨. સ્ત્રી. સોનેરી કેળ.

સુરફાક પું. સંગીતનો એક તાલ

સુરફો પું. ચમક રાખવાનું એક સાધન.

સુરબહાર ૧. પું. અવાજની મોહકતા.
૨. પું. એક જાતનું તંતુવાદ્ય

સુરબાંધ ૧. પુ. એક ઔષધિ વૃક્ષ. આ ઝાડ કીરમાણી અજમાની જાતનુ છે. એ કૃમિ અને દુર્ગંધીનો નાશ કરે છે
૨ પું. એક જાતનુ ઝાડ. એ ઝાડ હાથ બે હાથ ઊંચુ વધે છે. લીલી જમીનમાં આ ઝાડ પુષ્કળ થાય છે. એનાં પાંદડાં રોતળીનાં પાંદડા જેવા છે પણ તે કરતાં નાના છે. એ પાંદડાને પુષ્કળ ખાટા હોય છે. તે ઘણાં જ કડવાં હોય છે. તે કફનાશક મનાય છે

સુરભ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ચણ પ્રસ્તાર પ્રકાર પ્રમાણે ચટપદી જાપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૩૧ ગુરુ અને ૯૪ લઘુ મળી ૧૨૫ વર્ણ હોય છે.
૨. પુ. (પુરાણ) વીરવર્માનો પુત્ર.
૩. વિ. સુંદર.

સુરભિ ૧. પું. એક જાતનો ચૂનો.
૨ [સં.] પુ. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સડીવું વર્ણનો છે તેના પહેલા પાદમાં નગણ, જગણ અને બે રગણ મળી બાર અક્ષરો, બીજા પાદમાં નગણ, બે જગણ અને રગણ મળી બાર અક્ષરો, ત્રીજા પાદમાં બે નગણ, રગણ અને વગણ મળી બાર અક્ષરો અને ચોથા પાદમાં નગણ, બે જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષરો હોય છે.
૩. પું. કદંબનું ઝાડ.
૪. પુ. ખીજડો; ખીજડાનું વૃક્ષ.
૫. પું અંબિકા
૬. પું. ચપો; ચંપાનું વૃક્ષ
૭. પું. ચૈત્ર માસ.
૮. પુ. મૃગ
૯. પું. વસંત ઋતુ.
કુસુમાકર ઋતુરાજ બધુ સુરભિ અને વસંત,
કુંજલતા સમ પાંચરીસ રૂપરાતાં તુજ કંત.
પિંગલપ્રકાશ
૧૦ સ્ત્રી. કશ્યપ ઋષિની તેર માંહેની એક કન્યા.
૧૧ સ્ત્રી કામદુધા; કામધેનુ; મનવાંછિત ફળ આપનારી ગાય; સ્વર્ગીય ગાય.
૧૨. સ્ત્રી ગાય
૧૩ સ્ત્રી તુલસી.
૧૪. સ્ત્રી. પૂર્વ દિશા.
૧૫. સ્ત્રી પૃથ્વી
૧૬ સ્ત્રી મુરામાસી.
૧૭ સ્ત્રી રાત્રિ.
૧૮. સ્ત્રી રાગ.
૧૯ સ્ત્રી કસ્તૂરી.
૨૦. સ્ત્રી સુગધ.
૨૧. સ્ત્રી સુગંધી ચંદન.
સુરભિ ચંદન સુરભિ મુખ સુરભિ ઋતુ વસંત,
સુરભિ ચારત વનમહીં કોમળ કમળાકંત
પિંગલપ્રકાશ
૨૨ ન. એક જાતનુ કંદ.
૨૩. ન જળપ્રણ
૨૪. ન. બકુલ
૨૫. ન. બીલીનું ઝાડ.
સુરભિ શાહુપી સદાદ બાલ બિલ્વ માહર.
એ બીજા તુજ કુચ સમા અતિ કઠોર રસપૂર.
પિંગલપ્રકાશ
૨૬ ન. વરૌકસારા નદીને તીરે આવેલું એ નામનું એક નગર.
૨૭. ન. સોનુ.
૨૮. વિ ધીર.
૨૯. વિ. પડિત.
૩૦. વિ. વિખ્યાત.
૩૧ વિ. સારુ, મનોહર
૩૨. વિ. સુવાસિત.

સુરશિખંડર [સ.] પુ. મૌરીશિખર; મૌરીશંકર.

રહ્યો પર્વત દેખાય તે જ સુરશિખંડર.
પરાક્રમની પ્રસાદી

સુરશિખા [સં.] સ્ત્રી. એક જાતની કેળ; સોનેરી કેળ.

સુરશિજલ [સં.] ન ગોમૂત્ર

સુરશિત [સ.] વિ સુરક્ષિત

સુરશિદારુ [સં.] સ્ત્રી. આંબા દેવદાર.

સુરશિદારુક જ. પીળો ભેરવો

સુરશિપત્તન જ. (પુરા.વ્યુ) સહદેવ પોતાની દિગ્વિજય યાત્રામાં જીતેલું દક્ષિણ દિશામાં આવેલું એ નામનું એક નગર

સુરશિવદારુ [સં] ન. તજ. તજના ઝાડના પાંદડાં બહુ જ મોટાં થાય છે તે પાંદડા જંગલી લોકો વજનની પેઠે વાપરે છે.

સુરશિવલ [સ. સુરશિ (સુગંધ) + વલ (ધારણ કરનાર),] પું. સર્પ.

આવેલ સર્પક સુરશિવલ જેમપુષ્પ સુકુમાર,
આ બંપો તુજ પગ બડે જિયો પુષ્પ ઉપહાર.
વિજળલપુકોષ

સુરશિસુત [સં.] પું ગણેશ.

સુરશી જુઓ સુરશિ.

સુરશૂરુહ [સં.] પું. દેવદારુ.

સુરશોગ [સ. સુર (દેવ) + ભોગ (ખાવાનું)] પું. પીયૂષ; સુધા; સોમ.

સોમ સુધા પીયૂષ અમૃત અમરરાજ સુરશોગ,
મરણ રહે સહુ લોક તીહાં કરી અમી ઉપયોગ.
વિજળલપુકોષ

સુરશ્રેષ્ઠ [સં.] પું. દેવશ્રેષ્ઠ.

સુરશ્રેણ [સં. સુર (દેવતા) + પ્રા. શ્રેણ (માર્ગ)] પુ. આકાશ; સુરપથ.

અંબર પુષ્કર નભ વિમલ અંતરીક્ષ ગગનવાસ,
વ્યોમ અનંત વિહાયસ આ સુરશ્રેણ જે ગગનાસ.
વિજળલપુકોષ

સુરશ્રેષ્ઠ જ. એક રમતનું નામ.

સુરશ્રોણિ [સ] પુ. કલ્પવૃક્ષ જેવો સ્વર્ગનો એક મણિ.

સુરશ્રુત વિ. રમણીય.

રાજા આવ્યા આ પ્રજા સુખમાં ધરમા ક્રાંતિ,
કહી ન શકે કળી જીવનની સુરશ્રુત સ્વર્ગની ક્રાંતિ.
વિજળલપુકોષ

સુરશ્રેળી ૧. જ. (સંગીત) એક પ્રકારનું તતવાદ્ય. તેને વાલ્તરીણા, સ્વરમંડળ, શ્રીમંડળ કે કાતુલ પણ કહે છે.

૨. જ. દેવતાઓનું મંડળ.

સુરશ્રાઈ ૧. સ્ત્રી. એક જાતની માછલી. તેને બીજાં વજરની કાળી ચામડી હોય છે.

૨ સ્ત્રી સુતરાઉ કાપડનો એક રંગ.

સુરશ્રાલિકા પું. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; આ છંદ સંકીર્ણ વર્ગનો છે તેને સુંદરી છંદ કહે છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષરો હોય છે. અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે

સુરશ્રુતિકા [સ.] સ્ત્રી. ગોપીચંદન.

સુરસ ૧ પું. એક કીટક. તે શેરડ પક્ષ વર્ગનું છે. ડાંગર, જુવાર, મકાઈ વગેરેને નુકસાન કરે છે. માદા દાણા ઉપર પોળા કે લાલ રંગનાં ઈંડાં મૂકે છે પાંચ છ દિવસમાં ત્રીજી ઇયળો નીકળી અંદરનો ભાગ ખાવાનું શરૂ કરે છે ઇયળો નાની અને પોળી હોય છે

૨. [હિ. સુર્મા (આંખમાં આંજવાની દવા)] પું એક ખનિજ પદાર્થ કે તેનું આંખનું અંજન; અંજન દ્રવ્ય; પોળી આસમાની ધાતુ ને બીજાં દ્રવ્યો ભેળવીને બનાવેલું આંજણ; સોયરો, સોનાંજન. સુરમો શ્વેત તથા કૃષ્ણ એ ભેદવાળો બે પ્રકારનો છે. એમાં કાળો તે શ્વેતાંજન અને શ્વેત તે સૌવીરાંજન. સફેદ ચીજ બનાવ છે. સુરમાને બારીક વાટી તેને લીંબુના રસમાં ખલ કરી, એક દિવસ તડકામાં સુકવવાથી શુદ્ધ થાય છે. શુદ્ધ કરેલ સુરમાને અગ્નિ ઉપર તપાવી ત્રિફળાના ક્વિમની અંદર ઠંડો કરી ખરલમાં ખૂબ ઘૂંટવો. આવી રીતે સાત દિવસ સુધી તેને ગરમ કરી ત્રિફળાના ક્વિમની ભાવના દેવી. પછી જ્યારે ખૂબ બારીક થાય ત્યારે તેની અંદર એક તોર સુરમો, પોળાં મરીના દાણા ૧૦ તથા એલચીના દાણા ૧૫ અને ૩ રૂપિયાભાર ભીમસેની કપૂર નાખી તેને ખરલમા ખૂબ ઘૂંટવું. પછી તેને બસ દિવસ સુધી દરરોજ ગુલાબજળની ભાવના દઈ બલ કરવો છેલ્લે દિવસે ચાવ સુકાય ત્યારે ફરી ભીમસેની કપૂર નાખી બલ કરી શીશીમા ભરી રાખવો. સુરમો આંખના દરદોમાં અત્યંત ઉપયોગી છે. તેથી આંખને ઠંડક થાય છે અને પુષ્ટિ મળે છે. સુરમો આખમા આંજવાથી આંખની બળતરા, ત્રાખ, આખનુ બળતું વગેરે શાંત થાય છે. જ્યારે આંખની અંદર ગરમી રહેવાને લીધે માથાની અંદર દુખાવો થાય છે ત્યારે સુરમો આંજવાથી માથુ દુખતું મટે છે.

૩ પું. ચૂરો

૪. પું. દાગીનાના જડતરમાં ઉપયોગી એક પદાર્થ

૫. પું. પારો, મીસુ અને સોયકે બનાવટ.

૬. પું. સોનેરીની એક જાતની બનાવટ ને ભરત ભરવાના કામમાં વપરાય છે.

સુરસ્ય ૧. [સ.] વિ મનોહર; અત્યંત રમણીય; રમવા લાયક.

૨. વિ સુંદર; સારુ; શુભ

સુરસ્ય રચનાકર વિ યોજનાર; રચનાર; સયોજક.

આ બીજા પ્રકારનું ક્ષેત્ર પણ વિશાળ છે. અને તેમાં પણ બીજા અનેક વિભાગો પાડી શકાય, જેમ કે: (૧) Designers સુરસ્ય રચનાકારો) (૨) Subject painters (વસ્તુ ચિત્રકાર) (૩) Illustrators (ખેખક ચિત્રકાર) (૪) Decorators , સુશોભનકાર).
રવિશંકર મ. રાવળ

સુરસ્યવર્ત. જ. સૂર્યમુખી. આ નકામો છોડ હિંદમાં અને ખાસ કરીને બગાળામાં વધારે ઊગે છે. તે કૃમિઘ્ન છે. તેનાં બી ત્રોળ છે. તે કૃમિ, ખાંસી, તાવ, કમ, કમળો અને મૂત્રાશયના દુખાવામાં બહુ જ ઉપયોગી છે.

સુરસ્યાનવતી પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે સગણ, જગણ અને ગુરુ એમ દસ અક્ષરો હોય છે. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે.

સુરસ્યાનવતી સો સ જ ગે રણપિંગળ

સુરસુવતી [સં.] સ્ત્રી. અપ્સરા.

સુરરાજ [સ.] પું. ઇંદ્ર; સુરપતિ.

સુરરાજ્ઞી સ્ત્રી. ઇંદ્રાણી; ઇંદ્રપત્ની.

સુરરામા સ્ત્રી. અપ્સરા

સુરરાય પું. ઇંદ્ર; સુરપતિ.

સુરરિપુ ૧. [સં. સુર (દેવતા) + રિપુ (દુશ્મન)] પું. દાનવ; દૈત્ય; અસુર; રાક્ષસ.

૨. પું. દેવોનો શત્રુ

દાનવ દનુજ દૈત્યજન સુરરિપુ અસુર અનંત,
માયારૂપી રાત્રિદિન હોયત દુઃ અનંત.
વિજળલપુકોષ

૩ પું. રાહુ.

સુરર્ષભ [સ.] પું ઇંદ્ર.

સુરર્ષિ [સં.] પુ. નારદ

સુરલતા ૧. [સ.] સ્ત્રી તુલસી.

૨. સ્ત્રી. માલકાંગણી

સુરલોક [સં.] પુ. ત્રિવિષ્ટપ; દિવ; સ્વર્ગ

સતું થયું સુરલોક જાલણ

સુરવધૂ ૧. [સં.] સ્ત્રી અપ્સરા.

૨. સ્ત્રી. દેવની સ્ત્રી

સુરવન ન. દેવતાઓનું વન; નંદનવન.

સુરવનિતા [સ.] સ્ત્રી. દેવતાની સ્ત્રી; દેવપત્ની.

સુરવર ૧. પું. ઇંદ્ર, બ્રહ્મા, વરુણ, આદિ પ્રધાન દેવ.

> સહુ સુરવર શિરમોર, જય જય દેવ હરે
> ગીતગોવિંદ

૨. [સં.] પું. શ્રેષ્ઠ દેવતા.

સુરવંશભૂષણ [સં. સુર (દેવતા) + વંશ (કુળ) + ભૂષણ (શણગાર)] પું. ઇંદ્ર.

સુરવાત સ્ત્રી. આરંભ; શરૂઆત.

સુરવાલ ૧. પું. ઘાસને છેડે ઝણીદાર કાંટા જેવા સુખળાવાળું ઘાસ.

૨. [હા. શુલ્વાર] પું. પાયજામો; લેંઘો; ચોરણો.

સુરવાળ જુઓ સુરવાલ.

સુરવાળી ૧. સ્ત્રી. એક જાતના ઘાસનું નામ; સાવરણીનું ઘાસ.

૨. સ્ત્રી. ગંગા નદી.

૩. સ્ત્રી. સૂવરના વાળની પીંછી તે દાંતીના ધોવાના કામમાં આવે છે.

સુરવિજય પું. નાકર જૂનનો એક કવિ. તે સં ૧૬૬૫માં થયેલ હોવાનું મનાય છે. તે રત્નપાળના ભેખડા છે.

સુરવિલાસિની [સં.] સ્ત્રી. દેવતાઓને ખુશ કરનારી અપ્સરા.

સુરસ [સં.] વિ. સારા કે સુંદર રસવાળું.

સુરસતા ૧. [સં.] સ્ત્રી. અતિ ચમત્કૃતિ.

૨. સ્ત્રી. સારો રસ હોવાપણું

સુરસદન [સં.] ન. દેવલોક; સ્વર્ગ.

સુરસદન ન. દેવતાર્હ વન. લાં કર્દમ ઋષિએ દેવકૃતિ સાથે વિહાર કર્યો હતો.

> સંખચૂડ, વિરપંદન, સુરસદન, નંદન, ચંપકાદન અને ચિત્રચદન નામના દેવતાર્હ વનોમાં રમણ કરતો હતો. ભાગવતી ભાગવત

સુરસરિત [સં. સુરસરિત્] સ્ત્રી. ગંગા નદી.

સુરસરિતા જુઓ સુરસરિત.

સુરસરી ૧. [સં. સુરસરિત્] સ્ત્રી. ગંગા નદી.

> સુરસરી જે આ લોકમાં પાપહરી સુખકારી,
> તુજ તીરતી ગંગા સમી થયાં પુનિત નરનારી.
> પિંગળપ્રકોષ

૨. સ્ત્રી. દારૂખાનાની રમતમાં એક જાતની આતશબાજી.

સુરસંજ્ઞકયંત્ર [સં.] ન. ઉચ્ચારાયેલ શબ્દો નોંધી રાખીને પુનઃ તેમને ઉચ્ચારનારું યંત્ર; 'ગ્રામોફોન'.

સુરસંઘ [સં. સુર (દેવ) + સંઘ (ટોળું)] પું. દેવોનો સમુદાય.

સુરસા ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, રગણ, ભગણ, નગણ, નગણ, નગણ અને ગુરુ મળી ૧૯ વર્ણ હોય છે અને ૭ અને પછી અક્ષરે યતિ આવે છે.

> મા રા ભા ના ન ના ગ, મુનિ
> હય સરસી, થાય સુરસા. રણપિંગળ

૨. સ્ત્રી. (પુરાણ) એ નામે એક રાક્ષસી; મારુતિ સમુદ્ર ઓળંગીને લંકામા જતા હતા ને વખતે તેના બળ અને ચાતુર્યની પરીક્ષા કરવા માટે દેવોએ મોકલેલી સ્ત્રી. એ રાક્ષસીનું રૂપ ધારણ કરીને મારુતિની આડે આવીને ઊભી રહી. તેણે મારુતિને કહ્યું કે, મારા મોંમાં પ્રવેશ કર. મારુતિએ કહ્યું કે, હું રામના કામ માટે જાઉં છું તે પૂરું કરી, સીતાની શોધ કરી એના સારા સમાચાર રામચંદ્રને જણાવી પછી તારા મુખમાં પ્રવેશ કરીશ. પરંતુ એણે એ વાત ન ગણકારતાં પોતાનું મોં દસ યોજન પહોળું કર્યું. એ જોઈને મારુતિ પણ મોટા થઈ ગયા એટલે સુરસાએ પોતાનું મોં બીજા દસ યોજન પહોળું કર્યું. ફરી મારુતિએ પોતાનું સ્વરૂપ એથી બે ગણું મોટું કર્યું. આમ વધારતાં વધારતાં એનું મોં પણ જ મોટું થયું એટલે મારુતિએ પોતાનું સ્વરૂપ એકાએક અંગૂઠા જેવડું કરી દીધું અને સુરસાના મોંમાં પ્રવેશ કરીને જતાં જ કાનમાંથી પાછા નીકળી આવ્યા. સુરસાને વંદન કરીને કહ્યું કે, મેં તારા મુખમાં પ્રવેશ કર્યો. હવે હું જાઉં છું.' આ ઉપરથી સુરસાએ કહ્યું કે, તું બળવાન ને ચતુર બંને છો માટે તને રામના કામમાં જરૂર મળશે. એમ આશીર્વાદ આપી પોતે સ્વર્ગમાં ચાલી ગઈ

૩. સ્ત્રી. એ નામે ભારતખંડની એક નદી.

૪. સ્ત્રી. (પુરાણ) દક્ષપત્ની એ; નાગોની માતા.

૫. સ્ત્રી. તુલસી.

૬. સ્ત્રી. નોળવેલ.

૭. સ્ત્રી. બાજરો.

૮. સ્ત્રી. મહાશતાવરી.

૯. સ્ત્રી. રાસ્ના.

૧૦. સ્ત્રી. વરિયાળી.

સુરસારંગ પું. (સંગીત) સંગીતનો એક રાગ. તે સારંગની એક જાત છે અને કાફી થાટમાંથી ઉત્પન્ન થાય છે. તે બપ્પાહ સમયે ગવાય છે.

સુરસીંગાર ન. (સંગીત) એક પ્રકારનું વા.ય. આ વાદ્ય સિતારના જેવું જ છે. તેમાં નહિ જેવો જ ફેરફાર છે. તેની બનાવટ સિતાર ઉપરથી ઉપજાવી કાઢેલી છે

સુરસુર ૧. સ્ત્રી. એ નામે એક દેશી રમત; સ.સં. હમેશની રમતમાં ગમે તેટલા રમનાર હોય તો પણ ચાલી શકે. રમનારની સંખ્યા વિષમ હોય, તો જે પક્ષમાં ઓછા છોકરા હોય, તે પક્ષમાં એક વધારે આપવો. રમનારના બે પક્ષ પાડ્યા પછી મધ્યરેખાની બંને બાજુએ બંને પક્ષ ઊભા રહે. દાવ લેનાર એક છોકરો સં.સં. બોલતો સામા પક્ષની હદમાં પાણી નાખવા જાય અને તે છોકરાઓને શ્વાસ પૂરો થતાં પહેલાં અડકીને પોતાની હદમાં આવે. તે દરમિયાન જેટલાને તે પાણી નાખનાર અડકે તેટલા મરે, પણ જો શ્વાસ ખૂટી જાય અગર તેને કોઈ અડી જાય તો પોતે જ મરે અને તેણે જેને માર્યા હોય તે બાદ ન થાય. આ રીતે જે પક્ષના વધારે છોકરા મરે તે પક્ષ ઉપર દાવ આવે અને સામો પક્ષ જીતે.

૨. [હિં.] સ્ત્રી. ખળભળાટ; અડબડાટ.

સુરસુરા [હિં.] સ્ત્રી. ફટફટાટ કરતો પવન.

સુરસુરી ૧. [હિં.] સ્ત્રી અનાજમાં થતો જીવડો.

૨. સ્ત્રી. એક જાતની આતશબાજી.

૩. [સં. સુર + સરિતા (નદી)] સ્ત્રી. ગંગા; સુરનદી.

સુરસુંદરી ૧. [સં.] સ્ત્રી. અપ્સરા; દેવાંગના; સ્વર્ગની પરી.

૨. સ્ત્રી. એક પદ્મિણી મહાયક્ષિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મહના એ ચૌદ પદ્મિણીઓ છે.

સુરસેન ૧. પું. (પુરાણ) વસુદેવના પિતા.

૨. પું. મૌર્ય દેશનો એ નામનો રાજા; નૃપ રાજાનો પિતા.

સુરસેની સ્ત્રી. ઈસુની પૂર્વે બસ્સો વર્ષ ઉપર બોલાતી ભાષા. જૂનું પ્રાકૃત પણ કાળાંતરે બગડીને તેમાંથી સુરસેની થઈ.

સુરસ્ત્રી [સં.] સ્ત્રી. અપ્સરા; દેવાંગના.

સુરહિઓ પું. સરેયો.

> બહુ સાહિત્યમાં સુગંધી દ્રવ્ય વેચનારને સૌરભિક સુરહિઓ કહેલો છે. પુરાતત્ત્વ

સુરહિતા પુ. (પિંગળ) એક અર્ધસમવૃત્ત છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં બે નગણ,

સુરાખદાર તરતો

બે નગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં નગણ, ત્રણ નગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે

સુરહિયા ૧ જી. (જૂ ગુ.) વાણિયાની ચોરસી જ્ઞાતિની એક જ્ઞાતિ

અજ્ઞાતિ અજ્ઞાતિ વાણ સુરહિયા વિમલપ્રબંધ

૨ ન એ નામની જ્ઞાતિનું એક માણસ.

૩ વિ એ નામની જ્ઞાતિનું

સુરંગ ૧ પું અશ્વનો એક રંગ.

૨ પું એ નામની જાતનો ઘોડો

૩ પુ. એક અર્ધસમવૃત્ત વર્ણમેળ. આ છંદ અસરી વર્ગનો છે.

૪ પુ એક જાતનો આડો; ભોંયરું; જમીનની અંદર જઈને પ્રસાર થતું ભોંયરું.

૫ પું. એક પ્રકારનું ગદ્ય

૬ પું એક જાતનો રંગ

૭. પું (ગણિત) નાગપિંગળ માત્રામેળ છંદ.

૮. પુ નારંગી

૯. પુ. પતંગ

૧૦. પું. માત્રાદંડક માત્રામેળ છંદ. આ માત્રા છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૫૪ લઘુ મળી ૧૩ વર્ણ હોય છે.

૧૧ પું. સરગવો.

૧૨ પું. સુંદર રંગ

૧૩. પું. બિલાડો.

૧૪. જી. ખાણ.

૧૫. જી. જમીનમાં આડો ખોદી જડક તોડવા કે શત્રુનો નાશ કરવા વપરાતી દારૂગોળાની એક યુક્તિ કે તે માટેની બનાવટ; જડકવાળી જમીનમાં કૂવો કરવા અથવા પત્થર ફાડવા માટે નાનું બાકોરું પાડી દારૂ ભરીને ઉડાડવાની ક્રિયા.

૧. સુરંગ ઉડાડવી. = (૧) કાવતરું કરવું. (૨) બાકોરૂં. દારૂ ભરીને ફોડવો.

૨ સુરંગ ફાડવી = ઉપર ફોડીને નીચેથી રસ્તો કરવો

૩. સુરંગ ફોડવી = આડો કરી તેમાં દારૂ ભરી સળગાવી પત્થર ઉડાડવો

૪ સુરંગ લગાવવી = (૧) કાવતરું કરવું ૨) બાકું ખોદવી.

૧૬ જી. ભૂમાર્ગ; ભોંયરામાંથી બહાર કાઢેલો રસ્તો; ભોંયરાનો માર્ગ; જમીનમાં કરેલું ભોંયરું.

૧૭. જી રંગભૂમિ.

૧૮ વિ અત્યંત આનંદમય.

૧૯. વિ પતંગિયા રંગનું

૨૦ વિ રસમય

૨૧ વિ રાતું.

૨૨ ય અત્તર

૨૩ વિ સુંદર વસ્ત્રનું

સુરંગા ૧ [સં.] પું. ઓકનું ઝાડ.

૨ જી બાકું; ભુગદો.

૩ જી. ભોંયરું.

૪ જી મોચ.

૫ જી. વિવરમાર્ગ.

૬ જી. સધિ; સાંધો

૭. જી મુદ્રણ

૮. વિ સારા રંગવાળી.

સુરંગિયો ૧ [હિં. સુરંગિયા] પું. આગ ઓકનાર માણસ.

૨ ૧ બાણ ખોદવામાં અને સુરંગ ફોડવામાં વપ૦ ૨. ૬ ૦ તે દારૂ ભંડકિયા કરતાં વધારે ચડિયાતો છે.

સુરંગી ૧ જી એક જાતનું દેખાવડું ઝાડ. તેનાં ફૂલ શરૂઆતમાં ઝાંખા જેવા રંગના અને પછી ઘેરા લીલા રંગના થાય છે. ફૂલ પોળા અને ચાર પાંખડીવાળાં હોય છે.

૨. જી. કાકનાસા વનસ્પતિ.

૩. જી. ફોર.

૪. જી. નારંગી

૫. જી. રાતો સરગવો

૬. ન. ઊંચી જાતનો રંગ નીકળે તેવો ઝાડ; સોરંગી.

૭. ન. એ નામનું એક અત્તર.

૮. વિ. રમણી; રંગીલું; બહેરી; વિલાસી.

૯. વિ સારા બજકદાર રંગવાળું; સારા સુશોભિત રંગનું

સુરંગી નાગકેસર ન. રાતું નાગકેસર.

સુરંગીસાર ન. એક પ્રકારનું તંતુવાદ્ય. આ વાદ્ય સિતારના જેવું છે. તેમાં નહિ જેવો જ ફેરફાર આવે છે. તેની બનાવટ સિતાર ઉપરથી ઉપજતની કારેલી છે.

સુરંગું વિ. સુંદર; સુશોભિત; સરસ.

સુરંજન ૧. પું. (પિંગળ) એક માત્રાદંડક માત્રામેળ છંદ. આ માર્તંડ છંદનો ભેદ છે. તેમા ૨૭ ગુરુ અને ૪૨ લઘુ મળી ૬૯ વર્ણ હોય છે.

૨. પું. સોપારીનું ઝાડ.

સુરંજી ન. સાલનું ઝાડ

સુરંદો પું. (સંગીત) એક સંગીત વાદ્ય. આ વાદ્ય ઉત્તર હિંદમાં ઘણું વપરાય છે. તેની ઉત્પત્તિ સારંગી ઉપરથી થઈ છે

સુરા ૧. પું. તોરા.

૨. પુ. પ્રમેદના વીસ ભાવેનો એક પ્રકાર.

૩. પું. વિભાગ; પ્રકરણ. કુરાન ૧૪૪ સુરામાં છે તેમાંનું બુલંદ અવાજે " બિસ્મલ્લા ઈ રહમાન ઈ રહીમ " બાળી પહેલી સુરા સંભળાવી મહ.દેવ દેસાઈ

૪ જી ૬ ૨, મદિરા.

મધુ માખી મદિરા મીરા સુરાવાકળી પેમ; આસવ મદ કાદંબરી મધુવારિ મેરેય પિંગળપ્રકાશ

૫. જી મદ્ય.

૬. જી. રાંધેલા અનાજમાંથી બનાવેલો દારૂ. સુરાના ઉપલા પાતળા પડને પ્રહ્લાદ કહે છે. તેથી નીચેનાને કાદંબરી, તેની નીચેનાને જગળ કહે છે, જગળથી ઘાટા આગને મેદક કહે છે અને તેની નીચેનાને વક્કસ કહે છે, તથા સુરા બીજાને ક્વિથ કહે છે

૭. જી. (પુરાણ) વરુણને જ્યેષ્ઠાની કૂખે થયેલી એ નામની કન્યા.

૮. જી. સમુદ્રમથન કાળે તેમાંથી નીકળેલી દેવી. એ સુરાની અભિમાનિની દેવીથી પ્રથમ દેવોએ અમૃત જાણીને એનો સ્પર્શ કર્યો તેથી તેનું આ નામ પડ્યું

૯. જી. સાત મ.હેનો ત્રીજો સમુદ્ર. તે શાલ્મલી દ્વીપને વીંટાઈને રહેલો છે.

વળી ઈક્ષુ સુરા ઘૃત તણો, દધિ દુગ્ધનો નિર્વાહ. પ્રેમાનંદ

સુરાઈ ૧. જી. કૂવાના ઘાટનું સાંકડા ગળાનું વાસણ; સુરાહી.

૨. જી. સાંકડા મોઢાવાળું દારૂનું વાસણ.

સુરાઉ [ફા. સરાખ] ન. કાણું; સાર.

સુરાકર ૧. ન. મદ્યનું ઉત્પત્તિસ્થાન.

૨. વિ. દારૂ બનાવનાર.

સુરાકુંભી જી. દારૂનો શીશો; મદ્ય રાખવાનું નકશીદાર વાસણ; આસવકુંભી.

સુરાક્ષી પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકિર્ણ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, બે યગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

ન ય ય ગ આણો સુરાક્ષીમા. રણપિંગળ

સુરાખ ૧. [ફા. સરાખ] જી. કાણું; બાકોરું; વેધ.

૨. જી ગરનાળું; પાટ.

૩ જી શોધ.

સુરાખદાર વિ. છિદ્રાળું; વેધવાળો.

સુરાખદાર તરતો પું. (જ્યોતિષ) રસોમના રસને માપવાને માટે બળણી જેવી કાણાવાળી રકાબી.

સુરાખી વિ. કાબાંવાળું; સુરાખદાર.

સુરાગ [સં.] પું. પ્રેમ; સારી પ્રીતિ.

સુરાગિણી વિ. સ્ત્રી. સુપ્રેમવતી; સુપ્રેમી.

સુરાગી ૧ પું. સારો ગવૈયો; અતાર્દ

ભાગમા ખીલે મધુર કેતકી રે લોલ
એણીય **સુરાગી** એની દેહ જો

ગુજસુંદરીના રાસ

૨. [સં. સુરાગિન્] વિ. અનુરાગવાળું.

સુરાચાર્ય [સં. સુર (દેવ) + આચાર્ય] પું. બૃહસ્પતિ, દેવોના આચાર્ય; દેવોના ગુરુ.

સુરાજ ૧ [સં] પું. સારો રાજા.

૨ ન. સ્વરાજ્ય

સુરાજક ૧. [સં.] પું. જાગરો

૨. વિ. સારા રાજ્યવાળું

સુરાજ્ય [સં.] ન. સારું કે સારી રીતે ચાલતું રાજ્ય

સુશાસ્ત્ર અને કાયદો તથા વ્યવસ્થા એ શું ઓછા કાયદા છે પ્રસ્થાન

સુરાટ્ટા પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એ નામનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ તેના પહેલા તથા ત્રીજા ચરણમાં બે નગણ, રગણ અને યગણ મળી ૧૨ અક્ષર હોય અને બીજા તથા ચોથા ચરણમાં મગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

સુરાદેવી સ્ત્રી. (જૈન) જંબૂદ્વીપ માહેની એ નામની એક દિક્કુમારિકા

સુરાધિપ [સં.] પું. ઇંદ્ર.

સુરાધીશ [સં.] પું. ઇંદ્ર; સુરપતિ.

સુરાધ્યક્ષ ૧. પું. ઇંદ્ર.

૨. [સં. સુરા (દારૂ) + અધ્યક્ષ] પું. દારૂ ને બીજાં મદ્ય ઉપર દેખરેખ રાખનાર અધિકારી.

૩. [સં. સુર (દેવ) + અધ્યક્ષ] પું. વિષ્ણુ.

૪. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

સુરાનંદ ૧. પું. એ નામનો એક રસસિદ્ધ મુનિ.

૨. પું. વિષ્ણુ

સુરાપરાધી [સં. સુર + અપરાધિન્] પું. દેવનો ગુનેગાર.

સુરાપરાધી સહુ દાનવોને વિક્રમોર્વશીય

સુરાપરી સ્ત્રી. સ્વર્ગાપુરી

સુરાપાત્ર [સં. સુરા + પાત્ર (વાસણ)] ન. દારૂનું વાસણ; દારૂપીવા માટેની પ્યાલી, સુરાભાંડ.

સુરાપાન [સં.] ન. દારૂ પીવો તે; દારૂ પીવાનું કૃત્ય; મદ્યપાન. તે પણ મહાપાતક માંહેનું એક પાપ ગણાય છે

સુરાપાની વિ. દારૂ પીનારું.

સુરાપી [સં. સુરાપિન્] વિ. દારૂ પીનાર.

સુરાપુરી સ્ત્રી. સ્વર્ગ; સ્વર્ગાપુરી

સુરાબ્ધિ ૧. [સં.] પું. મદિરાનો સમુદ્ર.

૨ પું. સુરસિંધુ; ગંગા.

સુરાભાગ [સં.] સ્ત્રી. દારૂ ઉપરની તર; સુરાગ્રભાગ

સુરાભાંડ [સં. સુરા + ભાંડ (વાસણ)] ન. દારૂનું વાસણ; સુરાપાત્ર.

સુરાભિરા પું. ભરવાડ; રબારી; ગોવાળિયો; આભીર; ગોપ મનુસ્મૃતિ પ્રમાણે આભીર એ બ્રાહ્મણ પુરુષ અને અમ્બષ્ઠ સ્ત્રીમાંથી ઉત્પન્ન થયેલ મનાય છે કોઈ કોઈવાર આ જાતિને સુરાભીર પણ કહેવાય છે

સુરામ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પૌંડ્રક; ઉર્વિ. આ છંદ વર્ણવૃત્તક કહેવાય છે. તેના દરેક ચરણમાં બે નગણ અને સત્તર રગણ મળી પણ અક્ષર હોય છે.

સુરામત્ત પું (કાવ્ય) એક જાતનો વૈદિક નામક

સુરામંદ [સં. સુરા (દારૂ) + મંદ (આળો)] પું. સુરા ગાળતાં આવતો આળો; દારૂ ગાળતાં હીણ આવે છે તે; ખમીર; દારૂ ઉપરની તર.

સુરામેદા [સં.] ન. મહામેદા કંદ મહામેદા નામનું સુપ પીળું હોય છે અને તેના કંદમા ચરબી પણ પીળા રંગની હોય છે માટે તેને સુરામેદા કહે છે

સુરારિ ૧. પું. કંસ રાજા.

૨. [સુર (દેવ) + અરિ (દુશ્મન)] પું. દેવોના દુશ્મન; રાક્ષસ; દૈત્ય; અસુર.

૩. પું. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા.

સુરારિહા [સં. સુરારિહન્] પું. વિષ્ણુ, કેમકે તે દૈત્યોનો નાશ કરનાર ગણાય છે

સુરાલય ૧ [સં. સુર + આલય (સ્થાન)] પું. દેવતાનું નિવાસ સ્થાન; સ્વર્ગ.

૨. પું. સુમેરુ પર્વત; મેરુ; હેમાદ્રિ; રત્નસાનુ.

સુરાલુબ્ધા [સં] વિ. દારૂ પીને લોભાયેલું; મદલોલ.

સુરાવટ ૧. સ્ત્રી. (સંગીત) સૂર મિલાવવા તે, સ્વરમેળ; રાગના સૂરની જમાવટ.

૨. સ્ત્રી. સુરેલ ધ્વનિ.

નારદમાંથી જન્મ પામતાં ઉચ્ચારનાં આ એકમો જ્યારે સુસંયોગપૂર્વક પ્રકટે છે, ત્યારે મનુષ્યની પ્રજ્ઞેન્દ્રિયમા નાદની-સ્વરની એક પ્રકારની **સુરાવટ** જન્મી જાય છે. એ સુરાવટ તે જ સંવાદ. આલેકલાલ પ્રાણિદાસ ભટ્ટ

સુરાષ્ટ્ર ૧. [સં. સુ (સારું) + રાષ્ટ્ર] પું. મહાદેવ માહેનો એક દેશ; સૌરાષ્ટ્ર; કાઠિયાવાડ. એ નામનો ભારતવર્ષમાં એક દેશ. આ દેશ દિગ્વિજય કરતાં સહદેવે જીત્યો હતો એની નૈર્ઋત્ય દિશામાં ગણાવેલો છે.

૨. પું. (પિંગળ) કુંડલિયાની જાતનો એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ તેમાં ૨૯ ગુરુ અને ૯૪ લઘુ મળી ૧૨૩ વર્ણો હોય છે.

૩. પું મહારાજ દશરથના આઠ મંત્રીનો એક મંત્રી.

૪. સ્ત્રી. ગંગાની ખીણની દક્ષિણ તરફ વસતી એક જાત.

૫. ન. એ નામની જાતિનું એક માણસ.

૬. ન. સુરત શહેર. કેટલાકને મતે ' સુરત 'નું અને કેટલાકને મતે ' સોરઠ 'નું પ્રાચીન નામ સુરાષ્ટ્ર ગણાય છે

૭. વિ. એ નામની જાતનું.

સુરાષ્ટ્રજ ૧ [સં.] ન. એક જાતની માટી.

૨. ન. એક જાતનું ગેરુ.

૩. ન. કાળા મરી.

૪. ન. કાળા મરી, કાળાં તીખાં.

૫. ન. ફટકડી

૬. વિ. સૌરાષ્ટ્ર દેશમાં ઉત્પન્ન થનાર.

સુરાષ્ટ્રજા ૧. [સં.] સ્ત્રી. સોરઠી માટી; સૌરાષ્ટ્ર દેશની એક જાતની માટી; ગોપીચંદન.

નરહરિકૃત મણિદામ વૈદક ગ્રંથમાં જેમ ગોપીચંદનમાં બતા ગોપીચંદનને **સુરાષ્ટ્રજા** નામ આપ્યું છે તેમ કચ્છમા પેદા થતા કાળા મરી અને ફટકડી ને **સુરાષ્ટ્રજા** નામથી ઓળખાવ્યા છે હરગોવિંદદાસ કાંટાવાળા

૨. ન. કાળા મરી.

૩. ન ફટકડી.

સુરાસોટો પું. એક પ્રકારનું તતવાદ્ય. આ વાદ્ય તળપદમાંથી જ ઉત્પન્ન થયું છે. પણ તેનો આકાર તળપદા કરતાં જુદો જ છે. તાર અને તેને મેળવવાની રીત તળપદા જેવી જ છે.

સુરાહી જુઓ **સુરાઈ**

સુરાંગના ૧. [સં. સુર (દેવ) + અંગના (સ્ત્રી)] સ્ત્રી અપ્સરા; દેવાંગના

૨ સ્ત્રી. દેવલોકની સ્ત્રી; દેવ સ્ત્રી; દેવી.

સુરિ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં નગણ, યગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે

સુરિ ન ય ગા થી છે. રત્નપિંગળ

સુરિયાલ પુ. (ફ્રેન્ચ) એક પ્રકારની વનસ્પતિ
એના છોડ સખ્ત વેલ જેવા થાય છે. પાનનો રસ્તાની ઝાડા ને સંગ્રહણી ઉપર અપાય છે.
વનસ્પતિશાસ્ત્ર

સુરીલું વિ. મધુર કે બરોબર મેળવી સ્વરવાળું.
૨ વિ. સંગીતમા રસ લઈ શકે તેવું
૩. વિ. સારા સ્વરવાળું

સુરીજન ન. એક જાતની વનસ્પતિ અને તેનો કંદ. તે વાતહર તરીકે પ્રથિ અને સધિવામાં વપરાય છે. તેની કાળી ને ધોળી એવી બે જાત થાય છે

સુરુચિ ૧. પું. ઉત્તાનપાદ રાજાની કનિષ્ઠ સ્ત્રી; તેનો પુત્ર તે ઉત્તમ
૨ પુ. (પુરાણ) મહા મહિનાના સૂર્યના સમાગમમાં આવનારો યક્ષ.
૩. પું વિષ્ણુનાં કાનપર માહેનો એક નાગ.
૪. [સં.] સ્ત્રી. સારી રુચિ; સારો મનોભાવ; સારી વસ્તુ અને સત્ય પ્રત્યેનુ વલણ.

સુરુચિભંગ પુ. સુરુચિ એટલે શિષ્ટ રસજ્ઞતાનો ભંગ.

સુરુચિર [સ.] વિ. સારી પેઠે સુંદર

સુરુચિરાજ્ઞ [સં.] ન. આનંદશાસ્ત્ર; રસશાસ્ત્ર; સૌંદર્ય વિજ્ઞાન; કળાશાસ્ત્ર

સુરુજ [સં.] વિ. બહુજ માંદું; અત્યંત રોગી

સુરુપ ન. (સિક્કા) એક પ્રકારનું ત્રિકોણાકૃતિ.
જે ત્રિકોણ પર બાજુ એક રાજા હોય તો તે હસ્તિની રાજા કહેવાય છે. પણ હસ્તિની રાજાનું મુખ દક્ષિણ સામે હોય તો તે સુરુપ નામનું પર કહેવાય.
પ્રાચીનલિપિ

સુરુપી પું. (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ચૌદ માત્રા હોય છે ને તેમાં ૧, ૫, ૮ અને ૧૩ માત્રાએ તાલ આવે.

માત્રા ચૌદ કરો ચરણે,
છઠ્ઠાર્જુન સુરુપી વરણે.
બૂ રાર લક્ષિત ચક્ષ પરે,
ચારે ચડતી તાલ ખરે
રણછોડ

સુરૂ ન સરલ; સરુ; પીળા દેવદારનું ઝાડ; ' સાઇપ્રેસ '. આ ઝાડ બહું સુંદર છે. તે સીધુ અને ઊંચુ વધે છે. તેનુ થડ જાડીક અને આખુ હોય છે. એ ઝાડ નિરંતર લીલુંછમ રહે છે. તેથી શોભા માટે તે બાગમાં વવાય છે. એ ઝાડમાથી દૂધ નીકળે છે. તેને દેવદાર કહે છે જે તબુવાસના તારને ચોપડવાના કામમા આવે છે. દૂધને અગ્નિ ઉપર નાખવાથી ધૂપ જેવી સુગધ આવે છે.

સુરૂઢ [સ સુરૂઢ , વિ (પ્રાકૃત) રોપાયમાન થયેલ.

સુરૂઢ [સ.] વિ. બાપાની રૂઢિને લગતું.
બાપા લૌકિક વાગ્યાનુ બાપાતર કરતા બહેર કરે છે; બલે. લૌકિક ગુજરાતી સુરૂઢ (ઇડિયોમેટિક) પણ ના હોવું જોઈએ ?
વિજયરાય કલ્યાણરાય

સુરૂપ ૧. [સ.] પું. પંડિત; વિદ્વાન.
૨. ન. (જૈન) નવ માંહેના એક પ્રકારનુ ભૂત.
ભૂતોના નવ પ્રકાર છે સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતજ્ઞ અને આકાશગ. તત્ત્વાર્થસૂત્ર
૩. ન. ૨.
૪ ન. સારું રૂપ
૫ વિ સુ ૨ રૂપવાળું; ખૂબસૂરત; દેખાવકું.

સુરૂપતા સ્ત્રી સુંદરતા; ખૂબસૂરતી; દેખાવડાપણું

સુરૂપદ્વાદશી સ્ત્રી. પોષ મહિનાની વદિ બારસ. તેનું વ્રત કરવાથી સારું રૂપ પ્રાપ્ત થાય એમ મનાય છે

સુરૂપા ૧. સ્ત્રી. અગ્નિની દસ માહેની એક કલા.
૨ સ્ત્રી (પુરાણ) કામધેનુ
૩. સ્ત્રી. (પુરાણ) આયુ મન્વંતરના મરીચિ ઋષિની કન્યા અને વારુણિ અંગિરા ઋષિની સ્ત્રી.
૪. સ્ત્રી. છપ્પન માહેની એ નામની એક દિક્કુમારિકા.
૫. [સ.] સ્ત્રી. ભારંગ નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. જબૂદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એક કલા.
૭. સ્ત્રી. શકપ્રવર્તક શાલિવાહનની માતાનું નામ.
૮ સ્ત્રી સારા રૂપવાળી સ્ત્રી
૯. સ્ત્રી. સાલપાન નામની વનસ્પતિ

સુરૂપી વિ. ખૂબસૂરત; સુંદર રૂપવાળું; સુરૂપ.

સુરૂ સન [અ. શહૂર (મહિનો)] પું. હિજરી શક પછી ૭૪૫ વર્ષે એટલે ૧૩૪૪ ઈ. સ.થી શરૂ થયેલો શક.

સુરેખ ૧. [સં. સુ (સુંદર) + રેખા (ચિહ્ન)] વિ. બાટીલું; પ્રમાણસર; ખોડખાપણ વિનાનું.
૨. વિ. ચોખ્ખા ચહેરાવાળું; રમણ મુદ્રાનું; ચોખ્ખી છાપનું
૩. વિ. (ગણિત) જેની હદ સીધી લીટીઓથી બંધાયેલી હોય તેવી સમતલ આકૃતિનું; સારી આકૃતિ કે ચિત્રવાળું; ' રેક્ટિલીનિયર '.
૪. વિ. સમરેખ; સમાન રેખા ઉપર આવેલું.
૫. વિ. સારી રીતે રક્ષાયેલું.
૬. વિ. સારી રેખાવાળું
ત્યા પણ કવિએ એ સિદ્ધબાલનું ચિત્ર સુરેખ ચીતર્યું છે પુરાતત્ત્વ
૭. વિ સ.રૂ, સુદર

સુરેખકંસ પું. (ગણિત) રેખાકસ; ઉપર રેખા દોરીને કરાતો કસ. કોઈ વખતે કસ કરવાને બદલે જે પદ સમુદાયનો એકજ પદ તરીકે ગણવાનું હોય છે તે બધાં પદો ઉપર —— આમ સીધી લીટી કરવામાં આવે છે. તે સીધી લીટીને સુરેખકસ કહે છે

સુરેખતા ૧. સ્ત્રી ચોકસાઈ; બારીક.
૨. સ્ત્રી. પ્રમાણસર હોવુ તે.
૩. સ્ત્રી. યથાર્થતા; સુવ્યક્તપણુ
આ ચિત્ર દાક્ષિણાત્ય શૈલીનું છે. એ ખ્યાલમાં રહેતા જ એની સુરેખતા અને સુંદરતા પૂરેપૂરી ચિત્તપટ ઉપર ઉપાય છે. અમકરાતા

સુરેખપદી સ્ત્રી. (ગણિત) જે પદાવલિ દરેક પદ પ્રથમ ઘાતમાં જ હોય અથવા જેનું એક પણ પ્રથમ ઘાતનું હોય અને બાકીનાં પદોમાનું કોઈ પણ પદ એકથી વધારે ઘાતનું ન હોય તે પદી; ' લિનિયર એક્સપ્રેશન '.

સુરેખ સમીકરણ ન. (ગણિત) જેમાં બે અવ્યક્ત રાશિ હોય તથા બંને રાશિ પહેલા ઘાતનો હોય તેવુ સમીકરણ; જેમાં બેથી વધારે અવ્યક્ત રાશિઓ ન હોય તથા તે દરેક રાશિ એકથી વધારે ઘાતનો ન હોય તેવુ સમીકરણ; પ્રથમ ઘાતનું એક કે બે અવ્યક્ત રાશિવાળું સમીકરણ; ' લિનિયર ઇક્વેશન '. એવા સમીકરણનું આલેખન કરતાં માત્ર સુરેખા એટલે સીધી લીટી થાય છે માટે તેને સુરેખ સમીકરણ કહેવામા આવે છે. જેમકે: ૨ ગ + ૩ ગ = ૭.

સુરેખા ૧. સ્ત્રી. આંબાની એક જાત.
૨. સ્ત્રી. (ગણિત) સીધી લીટી.

સુરેખાવસ્થા સ્ત્રી. અખંડતા; ભાગા વિનાની સ્થિતિ.
જૂની પેરાશીબાળો કમાસ પોલનાથી કમાસિયો ચોખ્ખો પડે છે, ઇનો ઉતાર વધે છે. તેમજ ઇના રેસા સુરેખાવસ્થામાં બીજા ભાગ પડે છે.
વનસ્પતિ

સુરેજ્ય [સ. સુર (દેવ) + ઇજ્ય (પૂજ્ય યોગ્ય)] પું. દેવગુરુ; બૃહસ્પતિ.

સુરેજ્યા [સ.] સ્ત્રી. તુલસી.

સુરેણુ સ્ત્રી. (પુરાણ) સરસ્વતી નદીના સાત માહેનો એક પ્રવાહ.

સુરેભ [સ. સુર (દેવ) + ઇભ (હાથી)] પું. ઐરાવત હાથી.

સુરેલ વિ સુમધુર, મરીલું

સુરેશ ૧ [સં] પુ (પુરાણ) એ નામનો એક અગ્નિ
૨ પુ દેવોનો રાજા; ઇંદ્ર
૩. પુ બ્રહ્મ
૪ પું વિષ્ણુ
૫. પું શિવ

સુરેશ્વર ૧. [સ] પું. અગિયાર માંહેના એ નામના એક રુદ્ર
૨ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુખદા તેના દરેક ચરણમાં આઠ જગણ મળી વીસ અક્ષર દોય છે. તેમ ૧૨મ, અક્ષર ઉપર વિરામ મો આવે છે.
૩ પું દેવોનો રાજા ઇંદ્ર
૪ પુ બ્રહ્મ.
૫. પુ વિષ્ણુ.
૬. પું. શંકરાચાર્યનો એ નામનો એક મુખ્ય શિષ્ય. તેણે નૈષ્કર્મ્યસિદ્ધિ નામનો બ્રહ્મવિદ્યાનો એક ગ્રંથ બનાવ્યો છે. યજુર્વેદના તૈત્તિરિય શાખાના ઉપનિષદ ઉપર અને કણ્વ શાખાના ઉપનિષદ ઉપર આચાર્યે ભાષ્ય કર્યાં હતાં. સુરેશ્વર તે ઉપર વર્તિકો રચી ગુરુને અર્પણ કર્યાં એ બ્રહ્મ.નં. અવતાર મનાતો હતો.
૭ પું શિવ

સુરેશ્વરાચાર્ય પું સન્ન્યાસ લીધા પછીનું મંડનમિશ્રનું નામ

સુરેશ્વરી ૧ [સ] સ્ત્રી ઇંદ્રાણી
૨. સ્ત્રી દુર્ગાદેવી.
૩. સ્ત્રી બ્રહ્માણી
૪ સ્ત્રી મહાલક્ષ્મી
૫. સ્ત્રી સ્વર્ગની ગંગા.

સુરેષ્ટ [સ] પુ રાળનું ઝાડ; સુરપુન્નાગવૃક્ષ; સાલવૃક્ષ.

સુરેષ્ટા ૧ [સ] સ્ત્રી બ્રાહ્મી.
૨ સ્ત્રી શિવમલ્લી વનસ્પતિ.

સુરેંદ્ર [સં સુર (દેવ) + ઇંદ્ર (અધિપતિ)] પું. ઇંદ્ર; સુરેશ, દેવતાઓનો ઇંદ્ર.

સુરેંદ્રજિત ૧. [સ. સુરેંદ્રજિત્] પુ. ગરુડ
૨. પું રાવણનો પુત્ર ઇંદ્રજિત.

સુરેંદ્રનાથ બેનરજી પું બંગાળના એ નામના એક દેશભક્ત. તે બંગાળના અનભિષિક્ત રાજા ગણાય છે. તેનો જન્મ કલકત્તામાં એક ડાક્તરને ત્યાં ઈ સ. ૧૮૪૮માં થયો હતો તેઓ બહુ કર્તવ્યપરાયણ હતા દેશસેવામાં જ જિંદગી ગાળવાનો એમણે નિશ્ચય કર્યો હતો. એમને આ.સી. એસ ની પરીક્ષામાં વાધો નડ્યો હતો ત્યારે તેઓ કલેક્ટર થયા ત્યારે એક નજીવા કારણસર એમની કલેક્ટરી રદ થઈ હતી અને નોકરીમાંથી રજા મળી. તે પાછી મેળવવા પોતાની કેફિયત રજૂ કરવા એ ઇંગ્લંડ ગયા. તો ત્યાં એમનું કોઈ સાંભળનાર જ નહિ. એ બેરિસ્ટર થયા ગયા તો ત્યાં પણ એમને સરકારી નોકરીમાંથી રજા મળી હતી આ કારણે પરીક્ષામાં બેસવા દેશમાં આવ્યા ન હતા. બુલંદ વક્તા અને બંગાળના એક વખતના અનભિષિક્ત રાજા તરીકે એમણે અનેક સમયે મંડાર સામે આંદોલન ચલાવેલી તથા સ્વદેશી ચળવળ આદિની ચળવળદ્વારા પ્રજાને જાગૃત કરવી એમણે ત્યારે લોકપ્રિયતા પ્રાપ્ત કરવી તેઓ ૨૬૬૫ મહામંડળના બે વખત પ્રમુખ થયા હતા એમના બાબતની પણ અજબ અસર હતી. બેરાસતમાં રહીને તેમણે કામ કર્યું હતું બેરાસતમાં તો તેઓ ધારાસભ્ય પણ રહ્યા હતા ત્યારપછી પ્રધાન પણ થયેલા અને સર પણ બનેલા એમનું નામ જગપ્રસિદ્ધ બન્યું છે આમ જીવનભર સતત દેશસેવા કરીને ૭૮ વરસની વયે ૧૯૨૫માં તેઓ દેવલોક પામ્યા

સુરૈયા પુ (જૈન) શેષડા ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ

સુરૈયો પું બળદ તેલ વગેરે સુગંધી દ્રવ્યનો વેપારી

સુરૈષિ ૧ પુ (પુરાણ) બ્રહ્મની માનસ સૃષ્ટિમાંથી અંગિરા ઋષિના કુળમાં થયેલ એ નામનો એક ઋષિ.
૨ પુ બ્રહ્મદેવનો એ નામનો એક માનસ પુત્ર.

સુરો ૧ પું લાકડું સીંકું કરવા માટે વપરાતું એક ઓજાર, દેરો
૨ પું સુરોખાર
જસ્તદ સુમના તેલબજમાં ખાસ કરી ટીખાં નાખવાથી પણ એ ગાગડા પાકા પીગળી જરો નહિ. ડો. અરબેલ્ડ બહેરામજી

સુરોઈ સ્ત્રી એક જાતની મેના.

સુરોચન ૧. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર યજ્ઞબાહુના સાત માંહેનો મોટો દીકરો.
૨ પુ. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર યજ્ઞબાહુના સુરોચન નામના પુત્રનો એ નામનો દેશ
૩ પું વિષ્ણુ.
૪. પું. (પુરાણ) શાલ્મલિ દ્વીપના સાત માંહેનો પહેલો દ્વીપ

સુરોચિ પું (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાના વસિષ્ઠ ઋષિના સાત માંહેનો બીજો પુત્ર; વસિષ્ઠનો ઊર્જા નામની સ્ત્રીથી થયેલ એ નામનો એક પુત્ર.

સુરોત્તમ ૧. [સં.] પુ આકડાનો છોડ.
૨ પુ. સૂર્ય.
૩. વિ દેવોમા ઉત્તમ

સુરોત્તમા [સ] સ્ત્રી શુદ્ધિકર; વહ્નિ. તેથી સુર એટલે દેવ સોકો વધ્ય થાય એવુ મનાય છે માટે તેને સુરોત્તમા કહે છે

સુરોદ [સ.] પુ દારૂ જેવો કાળો સમુદ્ર; મદિરાનો સાગર; સાત માંહેનો ત્રીજો મદ્યસાગર એ શાલ્મલિ દ્વીપને વીંટાયેલો છે અને એની બીજી બાજુએ કુશદ્વીપ આવેલો છે એમ ચાર લાખ યોજન પહોળો છે એમ કહેવાય છે

સુરોદધિ [સુર. + ઉદધિ (સમુદ્ર)] પુ. દારૂનો સમુદ્ર, વારુણિનો સમુદ્ર. સાત માંહેનો એક સમુદ્ર.

સુરોમા પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

સુર્ખ ૧ [ફા. સુર્ખ (રાતું)] પુ. લાલ રંગ.
૨. વિ. રાતું; લાલ; સુરખ.
ઊંટાનો વીસે દમ લાલ જોને ઉંટનીઓ સુર્ખ કહે છે. તે દાડમના ફૂલ અથવા ખાસેસ ઝીણા જેવા હોય છે. નૂરે-હકમ
સુર્ખ થવું = (૧) ક્રોધથી લાલચોળ થઈ જવું. (૨) ફળ પાકવું (૩) શરમાવું.
૩. વિ બદામી

સુર્ખી [ફા સુર્ખ (લાલ)] સ્ત્રી. રતાંજણ લાલાશ, સુરખી.

સુર્નાસ પુ. સરસવ, વરિયાળો, જીરું વગેરે ઉપર સુરૂ, સુદ, બ.ર આ બધા શબ્દોનો સિક્કો મારવાનું કામ કરનાર અધિકારી

સુર્પ પુ ૨૦૪૮ રૂપિયાભાર જેટલું વજન તે દવા બનાવવામાં વપરાય છે

સુર્પન ન એક જાતનું ફૂલ.
સુર્પનના ફૂલ ચંપાના ફૂલના જેવા થાય છે. તેને વચ્ચે પીળું કેસર હોય છે.
આઈને અકબરી

સુર્મા [ફા] પુ. સુરમો; મોતીનું કરેલું નેત્રાંજન.

સુર્વાર [ફા સુલ્વાર] સ્ત્રી ચોરણી, સુરવાળ.

સુલક્ષણા ૧ પું (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ જુઓ સુલક્ષણી.
૨. ન (શિલ્પ) ઘરની ૨૬૪ માંહેની એક જાતનું ઘર; દ્વાર આગળ બે પરશાળ તથા બે પાટડા નાખેલું ઘર.
મધ્ય ઘરના મુખ આગળ એક અલિંદ હોય, તે અલિંદ બગલા બીજો બગ અલિંદ કરી મધ્ય ઘરમા પાટડો નાખવામા આવે તો સુલક્ષણા નામનું ઘર થાય છે રાજવલ્લભ

સુલક્ષણ [સ] ન. સારું લક્ષણ; સારા ગુણ, સારી વર્તણૂક.

૪. વિ. (સંગીત) ગાતી વખતે દમને તોડે નહિ તથા સ્વરને છોડે નહિ તેવું તે ગાયકનો એક ગુણ ગણાય છે.

૫. વિ. સારાં લક્ષણવાળું; સારી રીતભાત અને વર્તણૂકનું.

સુલક્ષણા વિ. સ્ત્રી. સારાં લક્ષણવાળી

મારા પૌત્રની **સુલક્ષણા** વહુને સાતમે માળે સોનાની ચોપાટેથી ઝાલ્યા વહોરી દેખું.

વહેવારોનો ગોબિયો

સુલક્ષણી પું. (પિંગળ) એ નામનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ચૌદ માત્રા હોય છે. તેમાં ૭ મી માત્રાએ યતિ ને ૧, ૫, ૮, ૧૨ માત્રાએ તાલ આવે છે. પ્રત્યેક સાત માત્રાને અંતે ગુરુ લઘુ હોવા જોઇએ.

૨૨ ૨૨ સાત, તે પર સાત
પ્રથ ૨૨ ચૌદ છે પ્રખ્યાત
પ્રતિ યતિ આદિ ૨૨ છે તાલ
સુલક્ષણી જ, ભતિ રસાલ. વૃત્તદિવાકર

સુલક્ષણું વિ. સારાં લક્ષણવાળું; સારી રેખવાળું

સુલગવું અ. ક્રિ. (હિંદી) સળગવું; બળવું.

સુલઘાવવું સ. ક્રિ. સાફ કરવું; સ્વચ્છ કરવું; સઘળે પાસે આણવું; ઊંચાનીચું હોય તેને પાછું ઠેકાણે લાવવું.

સુલતાણાકું વિ. સુલતાનનું.

સુલતાણાકી સાહિબો, ઓ પિંગળ મહ ભાત, હોત ગોરીનો વલ્લહી, (તો), પહલિયે ભાખી ભાત
મારુ-ઢોલાનો દુહો

સુલતાન ૧. [અ. સલ્તત (તેણે રાજ્ય કર્યું)] પું. બાદશાહ; મુસલમાની રાજા. કેટલાક લોકો સં. સુરત્રાણ ઉપરથી આ શબ્દ ઉત્પન્ન થયાનું માને છે.

૨. પું. મોટા ખાતાનો અધિકારી; સત્તો.

સુલતાનચંપ પું. ન. એક જાતનું વાંકુચૂકું ઝાડ.

સુલતાનચંપો પું. નાગચંપાના વર્ગનું એક જાતનું ઝાડ. તેનાં પાન ઝાળાવા પડતાં લીલાં, ચળકતાં, લાંબા ને લીસા હોય છે. ફૂલ ભોરસલીનાં ફૂલ જેવડા પણ પીળા રંગનાં હોય છે. ફળ સોપારી જેવડાં થાય છે. તેની છાલ કડવી હોય છે. અંદર ગર હોય છે. તેનું તેલ દવાના કામમાં આવે છે. ખોળ ખાતરના કામમાં વપરાય છે.

સુલતાનશાહી સ્ત્રી. સરમુખત્યારપણું; અમુક કામ ખરાબ કરવાની વૃત્તિ

હિટલરની **સુલતાનશાહી** તડનેડાની આડે આવી
ચિત્રમય જગત

સુલતાના [અ] સ્ત્રી. રાણી; સહેનશાહબાનુ; બેગમ.

૨. સ્ત્રી. સૂકી દ્રાક્ષ.

સુલતાનિયત [અ] સ્ત્રી. સુલતાન હોવું તે; સાર્વભૌમપણું

સુલતાની ૧. સ્ત્રી. બાદશાહ તરફથી પડેલા અટકણ

૨. સ્ત્રી. મહારાજ્ઞા.

૩. સ્ત્રી. રાજાની આપખુદી કે જુલમ.

૪ સ્ત્રી. સુલતાનની કારકિર્દી; બાદશાહી; સુલતાનનો અમલ.

૫. ન., એક જાતનું પક્ષી; 'ટિટ'. આ પક્ષી તેતર જેવું હોય છે.

૬. વિ. સુલતાનનું; સુલતાનને લગતું.

સુલતાની રીંગણ ન. એક જાતનું ઝાડ. દીપુ સુલતાને આ ઝાડ દાખલ કર્યું માટે સુલતાની રીંગણ કહેવાય છે.

સુલપ સ્ત્રી. (સંગીત) ગાયન ગાતાંગાતાં કોઈ સ્વરને વીંટાતાં વીંટાતાં ઊતરવું તે ક્રિયા.

સુલપટ સ્ત્રી. સારી પેઠે લપટાવું તે; સારી પેઠે ભરાવ થવું તે.

પાસ રમે તેહ, **સુલપટે** લપટાય છે
કાન્હરસિકા

સુલફેરક પું. (સંગીત) એક જાતનો તાલ; સુરફાક; મઠતાલ. આ તાલ પાંચ ઠેકાનો હોઈ તે તેની દશ માત્રા છે. આની પહેલી નિશાની લઘુ, તેની ચાર માત્રા, બીજી નિશાની દ્રુત, તેની બે માત્રા અને ત્રીજી નિશાની લઘુ, તેની ચાર માત્રા એમ મળીને દશ માત્રા થાય છે. આ તાલમાં બધા અક્ષરોની માત્રા સરખી જ છે

સુલફેરો પું. (સંગીત) દશ માત્રાનો એક તાલ.

સુલભ ૧. [સ. સુ (સહેલાઈથી) + લભ (મેળવવું)] પું. વિષ્ણુના ઢબ્બર માંહેનું એક નામ. ભજન, સ્મરણ અને શરણાગતિ વડે તે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે માટે તે સુલભ કહેવાય છે.

૨. પું. શિવનાં ઢબ્બર માંહેનું એક નામ

૩. વિ. સં. જે ઝટ પ્રાપ્ત થાય તેવું; મળેલું, સરળ; મળવા તથા જાણવાને કઠિન નહિ તેવું, સુસાધ્ય; સહેલાઈથી મળે તેવું

સુલભક પું. એક હલકી જાતનો હાંગો.

સુલભતા ૧ સ.] સ્ત્રી. અનુકૂળતા; સહેલાઈ; સુગમતા

૨. સ્ત્રી. ઝટ પ્રાપ્ત થવાપણું; સહેજ મળવાપણું

સુલભત્વ ન. સહેલાઈ; સરળતા.

સુલભા ૧. સ્ત્રી. એ નામે એક વિદુષી સ્ત્રી. તે કન્યાકુમારીનગરમાં નિષ્ણાત હતી. તેણે દેશાટન કરીને અધ્યાત્મમતનો પ્રચાર કર્યો હતો.

૨. સ્ત્રી. તુલસી.

૩. [સ.] સ્ત્રી. ધૂમપત્રા

૪. સ્ત્રી (પુરાણ) પ્રધાન નામના રાજર્ષિની એ નામની એક કન્યા. એ પણ જ જ્ઞાનવાન બ્રહ્મનિષ્ઠ હોઈને પરમહંસ દીક્ષા લઈ ને સન્યાસી રૂપે પૃથ્વીના ફરતી હતી. મિથિલાનગરમાં જનકરાજાની મોક્ષસભામાં ઘણો કુતૂહલ છે એવું તેણીએ સાંભળ્યું. આ વિષે સરાય થતાં યોગબળે વડે બહુ જ સુંદર રૂપધારણ કરી તે મિથિલા પહોંચી. ત્યાં ભિક્ષા નિમિત્તે પ્રવેશ કરી જનક પાસે તે જ બહાને ગઈ. સર્વભાષ્ય જનકરાજા સાથે તેણીએ મોક્ષ સબંધી ચર્ચા કરી.

૫. સ્ત્રી. રાતી અડદ; માષપર્ણી વનસ્પતિ.

સુલભાજનકસંવાદ [સં] પું. જનક અને સુલભા વચ્ચે મોક્ષ પ્રાપ્તિ માટે થયેલ સંવાદ. આ સંવાદમાં જનક રાજા સુલભાને મોક્ષપ્રાપ્તિ કઈ રીતે થાય તે બતાવે છે અને તેમાં નિષ્ઠા શબ્દનો પણ સ્પષ્ટ અર્થ કરેલ છે લોકમાન્ય તિલક કહે છે કે: આ જનક સુલભાને કહે છે કે, મોક્ષપ્રાપ્તિ માટે બધા પ્રકારની નિષ્ઠા મોક્ષ તત્ત્વના જાણતા પુરુષોએ કહેલી છે (૧) લોકોત્તર જ્ઞાન પ્રાપ્ત કરી લઈ સર્વ કર્મનો સંન્યાસ કરવો; એને જ કેટલાક મોક્ષ શાસ્ત્રમાં પુરુષો જ્ઞાનનિષ્ઠા એવું નામ આપે છે; (૨) તેમ જ બીજા સૂક્ષ્મ દૃષ્ટિવાળા યતિઓ કર્મનિષ્ઠા કર્મમાં નિષ્ઠા બતાવે છે; પણ કેવળ જ્ઞાન અને કેવળ કર્મ એવી આ બે નિષ્ઠાને છોડી દઈને આ ત્રીજી જ એટલે (૩) જ્ઞાન વડે અજ્ઞાનનો ક્ષય કરીને કર્મ કરવાની નિષ્ઠા અને તે પરમસિદ્ધ અધ્યાત્મમાર્ગ કહેલી છે. નિષ્ઠા શબ્દનો સામાન્ય અર્થ છેવટની સ્થિતિ, અંત કિંવા અવસ્થા છે. પણ આ અધ્યાયમાં નિષ્ઠા એ શબ્દથી, જે પ્રકારના આચરણથી છેવટે મોક્ષ મળે તે અધ્યાત્મમાર્ગ આ અર્થે વિવક્ષિત છે અને ગીતા ઉપરના અધ્યાત્મદર્શન, અધ્યાત્મ, યજ્ઞ, નિષ્ઠા, અર્થાત્ અનુષ્ઠાન, જે કર્મ અનુષ્ઠાન કરીને આચરવાનું છે તેને, અનુષ્ઠાનમ, તત્પરતા, તમા જ નામ દિવસ ગૂથાઈ રહેલ પણ જ અર્થ કહેલો છે.

સુલલિત વિ. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ; રસિકા; ઉત્કટ.; ઉક્કંઠા. તેમાં અગિયાર માત્રાનું એક ચરણ, ૭ પાદ હોય છે. કુલ ૬૬ માત્રા થાય છે.

૨. પું. (પિંગળ) જગણની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લલિતા. તેના દરેક ચરણમાં નગણ, જગણ, જગણ અને રગણ એમ ચાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે

૩. [સ.] વિ મનોહર; અત્યંત સુંદર.

૪. વિ. સુકુમાર; મૃદુતાવાળું

સુલલિતા ૧. પું (પિંગળ) અતિધૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, સગણ, નગણ, મગણ, બે જગણ અને ગુરુ એમ ઓગણીસ અક્ષર હોય છે

રમ્ય **સુલલિતા** ચરણ ના સ. ના મ ન જ ન મી ક્રમે. રત્નપિંગળ

૨. પું. (પિંગળ) અષ્ટિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, મગણ, જગણ, સગણ, નગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે. તેમાં સોળા, આઠમા અને બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

યતિ યુગે, ચારે ન મા જ સ ન ગા **સુલલિતા** રત્નપિંગળ

૩. સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીસ માંહેની આઠમી શ્રુતિ.

સુલસ ૧. ન. એક જાતનું વૃક્ષ.

૨. ન. (જૈન) ભૂત જાતના અંતરોનું ચિહ્ન.

આઠ પ્રકારના અંતરોનાં ચિહ્ન અનુક્રમે આ પ્રમાણે છે: અસોક, ચંપક, નાગ, તુંબરુ, નંદ, ભદ્રવાસ, **સુલસ** અને કદંબ.

તત્ત્વાર્થસૂત્ર

સુલસુલી [હિં.] સ્ત્રી અણખણાટ; ખડખડાટ.

સુલહ [અ. સુલ્હ] પું. સુલેહ; સંધિ.

સુલહી વિ જમીનના ત્રણ માંહેનો એક પ્રકાર. અકબરે સોથી પહેલ. જમીનના જુદા જુદા પ્રકારના વિભાગ પાડ્યા. મુખ્ય વિભાગ ત્રણ હતા. અરોરી, બિરાદ અને **સુલહી**

આકબરારામ

સુલા ૧. ન. ખાતર પાડવાનું એક હથિયાર, ખાતરિયું. તે સંબંધી લોકનો છપી બોલીનો શબ્દ છે. તેઓ મરકોડીના હથિયારને સુલા કહે છે

૨ ન. દુઃખ.

સુલાખ સ્ત્રી. કાચું; બાકોરું; સુરાખ

સુલુક ૧. [અ. સલુક (સલાર્હ)] પું ઉપાય; ઉપાય

૨. પું. મિલનસાર હોવાપણું

૩. પું. બંદોબસ્ત

૪. પું. સલાહ

૫ પું. સારી વર્તણૂક; સુલક્ષણ; સલુક

૬ પું સુલેહ, શાંતિ

૭. વિ નમ્ર; નરમ

૮ વિ મિલનસાર; મળતાવડું

૯. વિ. સદાચારવાળું

સુલુખ જુઓ સુલુક.

સુલૂ પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરતા; કલમુખી. તેના દરેક ચરણમાં નગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

ન લ ગ **સુલૂ** રત્નપિંગળ

સુલે અ. ધીમેથી, સંભાળથી.

સુલેખ જુઓ સુલેખન

સુલેખન [સં] ન સારા અક્ષર લખવા તે.

સુલેખા પું. (પિંગળ) એ નામનો એક માત્રાદંડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૫૮ લઘુ મળી ૭૭ વર્ણની ૯૬ માત્રા હોય છે

સુલેમાન ફિરોજ જ. ફિરોજ નામના ગંધેરાતની એક ઉત્તમ જાત; સબજહાં.

સુલેમાની ૧. સ્ત્રી. વહોરા કોમની બે માંહેની એક પેટા જાત. દાઉદી અને સુલેમાની એમ બે વિભાગ છે. સુલેમાનનો દાવો સ્વીકારી સોળમા સૈકામાં દાઉદી વહોરામાંથી બનેલા આ વહોરા દાઉદી જેવો વ્યવહાર રાખે છે પણ કજ્યાની બાબતે કરતા નથી.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. [ફા. સુલેમાન] ન. (વહાણવટું) કૂકડા ઉપરનું ઝીણું મોતિયા જેવું પડેલું બાષ્પ

૪ ન. પીળા રંગનો પાગો; ઓરાણી જાતના પથ્થર માંહેની એક જાત; એક જાતનું ગંધેરાત; અકીક; ગોમેદ; રિષ ધાતુ

૫ વિ. વહોરાની એ નામની જાતનું.

સુલેમાની તખ્ત જ. ગોલગપ્પાથી ઓકાદ ગાઉ દૂર આવેલ એક સ્થાન તે શહેરાબાંધની ટેકરી તરીકે પણ ઓળખાય છે.

સુલેર ૧. સ્ત્રી. ખારવાડ તરફ રહેતી એક જાત

૨. ન. એ નામની જાતનું માણસ

૩. વિ. એ નામની જાતનું

સુલેહ ૧. [અ. સુલ્હ] સ્ત્રી. સમાધાની; સંધિ; કરાર, સલાહ

૨. સ્ત્રી. સલાહ અને શાંતિ; ઝઘડા કે લડાઈનો અભાવ; આનંદપ્રમોદનો સમય.

સુલેહનામું । ન સુલેહ-નામા ન. કરારનામું, કરારદાદ; સમાધાનીપત્ર

એકબીજા **સુલેહનામું** થયા પછી કોઈ કોઈની સામે લડે નહિ એવો ધર્મરાજાનો આંતરરાષ્ટ્રીય કાયદો હોય છે. કા.લેખક

સુલેહપ્રિય વિ શાંતિચાહક

હિંદુસ્તાનના લોકો સ્વભાવે જ **સુલેહપ્રિય** છે. પ્રસ્થાન

સુલેહશાંતિ સ્ત્રી. સુલેહ અને શાંતિ; સલાહ સંપ.

સુલેહાધિકારી પું સુલેહ સાચવનાર અમલદાર; જે. પી.નો ઇલકાબ મેળવનાર અધિકારી.

સુલોચન ૧. પું (પુરા.જ) ધૃતરાષ્ટ્રના સો ભાઈઓ એ નામનો પુત્ર. તેને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

૨. પું વિષ્ણુનાં કળવર માંહેનું એક ના.મ. તે અમૃતમયી દૃષ્ટિ રાખનારા ગણાય છે.

૩. પું. શિવનાં કળવર માંહેનું એક નામ.

૪. [સ.] પું. હરણ; મૃગ

૫. ન. સારું નેત્ર

૬. વિ. સુંદર નેત્રવાળું

સુલોચના ૧. સ્ત્રી. (પુરાણ) રાવણના પુત્ર ઇંદ્રજિતની સ્ત્રી

૨. [સ. સુ (સુંદર) + લોચન (આંખ) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. સુંદર આંખોવાળી સ્ત્રી; દેખાવડી સ્ત્રી

સુલોચનાજ્ઞ પું. (વૈદક) અબરખની એક બનાવટ. આઠ તોલા શુદ્ધ અબરખ લઈ કોળાનો મરજ, ચણક, વાળો, દાડમનું દૂધ, લીંબુનો રસ, આમળાં અને ગળોની દરેકનો રસ આઠ આઠ તોલા લઈ તેની એક પછી એક અબરખને ભાવના દેવી. એ બધી ભાવના દેવાઈ રહે ત્યારે વાલ વજનની ગોળી વાળવામાં આવે અજીર્ણની વ્યાધિ ઉપર એકેક ગોળી આપવાથી ફાયદો થતો મનાય છે.

સુલોચની [સં.] સ્ત્રી મૃગલી; હરણી.

સુલોમશ [સં.] વિ સુંદર રુવાંટાંવાળું

સુલોમશા ૧ સ્ત્રી. અળેડી

૨ [સં.] સ્ત્રી કાકજંઘા વૃક્ષ

સુલોમા ૧ [સ] સ્ત્રી તામ્રવલ્લી વનસ્પતિ.

૨. સ્ત્રી. માંસચ્છદા વનસ્પતિ

સુલોહ ન. કાંતલોહ; પોલાદ, એક જાતનું સખત લોઢું

સુલોહક [સ] ન. પિત્તળ

સુલોહિત ૧. [સં] પું સારો લાલ રંગ.

૨. વિ સારા લાલ રંગવાળું, ઘણું જ લાલ

સુલોહિતા ૧. સ્ત્રી. અગ્નિની સાત માંહેની એ નામની કાંટાવાળી એક જીભ.
૨. [સં.] સ્ત્રી. અગ્નિજિહ્વા નામનું વૃક્ષ.
૩. સ્ત્રી. રુદ્રની પત્નીનું એક નામ.

સુલ્ફો ૧. [ફા. સુલ્ફા] પું. કાંકરી વગર ઝીણી તમાકુ ભરેલો ચલમ
૨. પુ. ગાંજાના ફૂલનો રસ; ચરસ.
૩. પું નાળ વગરના હુક્કામાં પીવાતી તમાકુ.

સુવક્તા [સં. સુ (સારું) + વક્તૃ (બોલનાર)] પું. વાગ્વીર; વક્તા; ' ઓરેટર '.

સુવક્ત્ર પુ. (શિલ્પ) એક જાતવાળો ગવાક્ષ.
જે ગવાક્ષને એક જાલ હોય તેને **સુવક્ત્ર** કહે છે. રાજવલ્લભ

સુવક્ત્રા ૧. ન. એક પ્રકારનું ઘર.
જે ઘરની દક્ષિણે અને પશ્ચિમે એક એક ઓસરી હોય તે **સુવક્ત્રા** નામે ઘર કહેવાય છે.
રાજવલ્લભ
૨. [સં.] વિ. સારી વાણી બોલનાર.

સુવચન [સં. સુ (સારું) + વચન (બોલ)] ન. સારું વચન; સારું ભાષણ; સુભાષિત; સદ્વચન; રૂડું ભાષણ

સુવચના [સં. સુ (સારું) + વચન (બોલ) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ.સ્ત્રી. સારાં વચનો બોલવાવાળી.

સુવડાવવું (સુવડાવવું) ૧. સ. ક્રિ. ખૂબ નુકસાનીમાં ઉતારી દેવું.
૨. સ. ક્રિ. ઓટે તેમ કરવું; આડું પડે તેમ કરવું; સોંઢાવવું.
૩. સ. ક્રિ. સુવાડવું; સૂવે તેમ કરવું; ઊંઘાડવું.

સુવણ્ણ ૧. ન. એ થી રતી સોનાની મહોર.
૨. [સ. સુવર્ણ] ન. (પ્રાકૃત) સોનું.

સુવણ્ણગાર [સં. સુવર્ણકાર] પું. (પ્રાકૃત) સોની.

સુવણ્ણજુત્તિ [સં. સુવર્ણયુક્તિ] સ્ત્રી. (પ્રાકૃત) સોનું બનાવવાની, શોધવાની અને પારખવાની કળા.

સુવણ્ણમાસ ૧. [સં. સુવર્ણમાષ] પું. (પ્રાકૃત) એક માસો સોનું.
૨. પું. સોનું તોળવાનું મ.સા નામનું વજન.

સુવણ્ણસુત્ત [સ. સુવર્ણસૂત્ર] ન. (પ્રાકૃત) સોનાનો દોરો

સુવત્સા સ્ત્રી. (જૈન) છપ્પન માંહેની એ નામની એક દિક્કુમારિકા

સુવત્સેન્દ્ર પું (જૈન) કાદંબિકામતના દક્ષિણેન્દ્રનું નામ.

સુવદના ૧. પું. (સંગીત) એક પ્રકારનો રાગ.
૨. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, રગણ, જગણ, નગણ, યગણ, જગણ, લઘુ અને ગુરુ મળી બાર અક્ષર હોય છે તેમાં સાતમા અને ચૌદમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
સાતે અમ્બે છબે છે, મરજનયલલા ગાથી સુવદના. રણછોડ

૩. [સં. સુ (સારું) + વદન (મોઢું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. રૂપાળા મુખવાળી સ્ત્રી.

સુવન ૧. પું. અગ્નિ.
૨. પું. આકડાનો છોડ.
૩. પું. પુત્ર; દીકરો.
૪. પું. સૂર્ય.
૫. ન. કપૂર.
૬. ન. ચિત્રાનું ઝાડ.
૭. [સુ (સારું) + વન (જંગલ)] ન. સારું જંગલ; સુંદર વન.
૮. ન. સૂવું તે; નિદ્રા; ઊંઘ.

સુવનમાલિકા પું (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ; ઉપવન માલિકા. તેના દરેક ચરણમાં તગણ, સગણ, જગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

સુવનિતા [સં. સુ (સારું) + વનિતા (સ્ત્રી)] સ્ત્રી. લાયક સ્ત્રી.

સુવયસ પું. એ નામનો એક ઋષિ.

સુવયા [સ. સુ (સારું) + વયસ (ઉમર)] સ્ત્રી. પ્રૌઢ સ્ત્રી

સુવરણ ૧. [સ. સુવર્ણ] ન. કંચન; સોનું; સુવર્ણ; હેમ
૨. વિ. સારા રંગનું, ઉત્તમજાતિ ગૌર રંગનું.

સુવરાવવું જુઓ સુવડાવવું

સુવર્ચલ ૧. પું. એ નામનો એક દેશ.
૨. ન. તરબૂચ.

સુવર્ચલા ૧ સ્ત્રી. (પુરાણ) ઋગ્વેદદેવતાના દેવદ્યુમ્નના પુત્ર પરમેષ્ટીની એ નામની સ્ત્રી.
૨. સ્ત્રી. (પુરાણ) એક દેવકન્યા; દેવલની એ નામની પુત્રી. એ બ્રહ્મવિદ્યાસંપન્ન હતી ઉદ્દાલક ઋષિના પુત્ર શ્વેતકેતુની સાથે એને બ્રહ્મવિદ્યા સંબંધી સંવાદ થયો હતો તેમાં શ્વેતકેતુએ એના પ્રશ્નોનો તદ્દન યથાસ્થિત ઉત્તર આપવાથી તે એના ઉપર ખુશી થઈને તેની સાથે પરણી હતી
૩. સ્ત્રી. પરમેષ્ઠી રાજાના પ્રતીહ નામના પુત્રની સ્ત્રી.
૪. સ્ત્રી. બ્રાહ્મી
૫. સ્ત્રી. સૂરજમુખી
૬. સ્ત્રી. (પુરાણ) સૂર્યની સ્ત્રી.

સુવર્ચા ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ.
૩ પુ. (પુરાણ) એ નામે દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. એને અભિમન્યુએ યુદ્ધમાં માર્યો હતો.
૪. પું. (પુરાણ) ભરતનો એ નામે એક પુત્ર.
૫. પું. ચંદ્રનો એ નામનો પુત્ર.
ચંદ્રનો **સુવર્ચા** નામનો પુત્ર સોમપ્રદ નામના પારદારિક અવતર્યો હતો. ભાગવત ભાગવત
૬. પું. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એ નામનો એક ક્ષત્રિય
૭. પું. (પુરાણ) રામના પ્રધાન સુમંત્રનો એ નામનો એક પુત્ર
૮. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટ કુલોત્પન્ન કરંધમ રાજાના પુત્ર અવિક્ષિત્રનો એ નામનો પુત્ર એનું બીજું નામ કરંધમ હતું
૯ પુ (પુરાણ) સોમવંશીય પ્રતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર. એને ભીમસેને માર્યો હતો.

સુવર્ચિક [સં] પું. સાજીખાર.

સુવર્ચિકા સ્ત્રી. લાખ.

સુવર્ણ ૧. પું. (પુરાણ) એ નામે એક તપસ્વી.
૨. પું. એક જાતનો ગૂગળ.
૩ પું. ધતૂરો
૪ પુ નવ માંહેનો એક ખંડ.
૫. પુ શિવનાં હજાર માંહેનું એક નામ.
૬ પુ. સૂર્યનું એક નામ.
૭. પું. સોનામેર.
૮ ન. એ નામે એક વર્ણ.
૯ ન. કંપનીસાહી એક રૂપિયાભારનું વજન.
૧૦. ન. ગરમાળો; એક સુશોભિત વૃક્ષ. તેને સોનેરી ફૂલ આવે છે
૧૧. ન. ધન
૧૨. ન. સારો રંગ; સારો વર્ણ
૧૩. [સ] ન સોનું, કંચન
૧૪. ન. સોનું તોળવાનું એક વજન.
૫ રતી = ૧ માશ
૧૬ માશ = ૧ કર્ષ
૪ કર્ષ = ૧ પલ
૧ પલ = ૧ સુવર્ણ
૧૫. વિ. [illegible]
૧૬ વિ. [illegible]

સુવર્ણકૂટ ૧ [સં.] પું ગરમાળો. ગરમાળાની શીંગ રંગમાં તો કાળી હોય છે પણ તેમાં સોના જેવો ઝગમગાટ હોય છે. પીળી ઝાંય મારે છે તેથી તને સુવર્ણકૂટ કહે છે.

૨. ન. પિત્તળ.

સુવર્ણકદલી સ્ત્રી જેને પીળાં એટલે કે સોનેરી કેળાં થાય એવી કેળ.

સુવર્ણકર [સ] પું સૂર્ય; સવિતાનું એક નામ.
સવિતૃને સુવર્ણનેત્ર, **સુવર્ણકર** અને સુવર્ણ જિહ્વા કહે છે. સરસ્વતી પુષ્પાંજલિ

સુવર્ણકર્ષ પું વજનનું એક માપ.
૧૬ માષા = ૧ સુવર્ણકર્ષ
૪ કર્ષ = ૧ પલ

સુવર્ણકંઠિકા સ્ત્રી. સોનાની પેટી

સુવર્ણકાકિણી ન. (જૈન) ચક્રવર્તીનાં ચૌદ મહેનું છઠ્ઠું રત્ન. તે ચાર આંગુલ પ્રમાણ લાંબું અને બે આંગુલ વિસ્તીર્ણ હોય છે.

સુવર્ણકાય પુ. ગરુડ. કેમકે, તેનું શરીર સોનેરી રંગનું હોય છે.

સુવર્ણકાર [સં. સુવર્ણ + કાર (કરનાર)] પું. સોની.

સુવર્ણકુમાર પું. (જૈન) એક પ્રકારના ભવનપતિ દેવ.

સુવર્ણકુંભ ૧. પું. એ નામનો એક દેશ. તેમાં ઘણું સુંદર કાપડ બનતું. વપરાશ વખતે આ કાપડને રત્ન સાથે ઘસી લીસું કરવામાં આવતું.

૨. ન. એક જાતનું મુલાયમ સુતરાઉ કંપડું; તે રંગે રાતું હોય છે. વપરાશ વખતે તેના ઉપર હીરો ઘસવામાં આવે છે.

સુવર્ણકુંભક પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે સુવર્ણકુક્ષ દેશમાંથી નીકળે છે. તે રંગે રતાશ પડતો પીળો હોય છે અને તેની સંતરા જેવી વાસ હોય છે

સુવર્ણકૂલા સ્ત્રી. ચૌદ માદેની એક મહાનદી.

સુવર્ણક્ષીરી [સ] સ્ત્રી હિમાલયમાં થતું સારિવાના જેવાં પાનવાળું ઝાડ.

સુવર્ણગણિત ન. લીલાવતી પ્રસિદ્ધ એક ગણિત.

સુવર્ણગિરિ ૧. પું ગિરિવ્રજ એટલે રાજગૃહની પાસેના પાંચ મહેનો એક પહાડ.

૨ પુ હિમાલય

સુવર્ણગૈરિક [સ] પુ સોનાગેરુ

સુવર્ણગૌરી સ્ત્રી મધુશ્રાવણિકા નામનું એક વ્રત. જોઓ તે વ્રત શ્રાવણ સુદિ ત્રીજને દિવસે કરે છે

સુવર્ણચંદક પું. સોનાનો ચાંદ (ગોલ્ડ મેડલ). જેમકે, રણજિતરામ સુવર્ણચંદક. તેનો ક્ષેત્રવિસ્તાર નક્કી કરતો ઠરાવ: ગુજરાતની સંસ્કારિતા ને સાહિત્યને સમૃદ્ધિ મળે એવી કૃતિના સર્જકને–કર્તાને આ ચંદક આપવો. આમાં દરેક વર્ષે આ ચંદક આપવો જ એવો નિયમ ના રાખવો તેમ જ અમુક વિષય વાસ્તે જ આપવો એવું બંધન પણ ના સ્વીકારવું. રણજિતરામ સુવર્ણચંદક પારકો.

૧૯૨૮ શ્રી ઝવેરચંદ મેઘાણી
૧૯૨૯ શ્રી ત્રિભુવનદાસ ઝવેરી
૧૯૩૦ શ્રી રવિશંકર રાવળ
૧૯૩૧ શ્રી વિજયરાય વૈદ્ય
૧૯૩૨ શ્રી રમણભાઈ નીલકંઠ
૧૯૩૩ શ્રી ચંદ્રશંકર શુક્લ
૧૯૩૪ શ્રી મુનશી
૧૯૩૫ શ્રી વિશ્વનાથ ભટ્ટ
૧૯૩૬ શ્રી ચંદ્રવદન મહેતા
૧૯૩૭ શ્રી ચુનીલાલ શાહ
૧૯૩૮ શ્રી કનુ દેસાઈ
૧૯૩૯ શ્રી ઉમાશંકર જોષી
૧૯૪૦ શ્રી. ધનસુખલાલ મહેતા
૧૯૪૧ શ્રી. જ્યોતીંદ્ર દવે
૧૯૪૨ શ્રી રસિકલાલ ન. પરીખ
૧૯૪૩ શ્રી પંડિત ઓંકારનાથજી
૧૯૪૪ પ્રો [ખબરદાર ત્રિવેદી
૧૯૪૫ શ્રી ગુણવંતરાય આચાર્ય
૧૯૪૬ પ્રો. ડોલરરાય માંકડ
૧૯૪૭ શ્રી હરિનારાયણ આચાર્ય
૧૯૪૮ શ્રી બચુભાઈ રાવત
૧૯૪૯ શ્રી સોમાલાલ શાહ
૧૯૫૦ શ્રી પન્નાલાલ પટેલ
૧૯૫૧ શ્રી જયરાકર (સુંદરી)
૧૯૫૨ શ્રી કેશવરામ કા. શાસ્ત્રી

સુવર્ણચંપો પું એક જાતના ઝાડનું પુષ્પ
સુવર્ણચંપો તે આપણો શુદ્ધ આર્ય ચંપો. તેના મોટાં ઝાડો આસામ પુષ્કળ થાય છે.
પ્રસ્થાન

સુવર્ણજયંતી સ્ત્રી સુવર્ણ મહોત્સવ; પચાસ વર્ષે ઉજવાતો ઉત્સવ; ' ગોલ્ડન જ્યુબિલી '.

સુવર્ણજિહ્વ [સં] પું. સૂર્ય.

સુવર્ણતુલાવિધિ સ્ત્રી. સોનાથી જોખવું તે.

સુવર્ણત્વક સ્ત્રી. નાગકેસરની છાલ.

સુવર્ણદાન ન. સોનાનું દાન.

સુવર્ણદિન પું. સોનાનો દિવસ; સારો દિવસ.

સુવર્ણદ્વીપ [સ] પું. સુમાત્રા, જિવા.મ, કમ્બોડિયા વગેરે પ્રદેશ; મલય દ્વીપકલ્પનું પ્રાચીન નામ.

સુવર્ણધસારો પું એ નામનો અમેરિકામાં આવી ગયેલો એક યુગ; ' ગોલ્ડ રશ '. આ યુગ દરમિયાન લોકોએ સોનું મેળવવા માટે એક સામટો કેલિફોર્નિયા ભણી ધસારો કર્યો હતો. ઈ. સ. ૧૮૪૬માં અમેરિકા જ્યારે આખું કેલિફોર્નિયામાં સોનું શોધાયું છે. બસ, થયું ! આ અફવાએ તો આખા યે દેશમાં એક પટોળિયો સરજ્યો દીધો એક વર્ષમાં તો તદ્દન ઉજ્જડ એવો પ્રદેશ ૬૨,૦૦૦ નવા માં સોધકોથી ખચાખચ ભરાઈ ગયો હતો. ચાર વર્ષ પીતા લાં તો નવી જ સ્થપાયેલી ' પેસિફિક કોસ્ટલ લાઈન શિપિંગ કંપની ' એ કેલિફોર્નિયા, ન્યૂયોર્ક ખાતે ૧,૨૨,૦૦૦,૦૦૦ ડોલરની કીમતનું સોનું કૂવ્યું હતું બીજું કિલ્લામ. બાકી પણ અસાધારણ હતા. સોનાની ખાણોમાં કામ કરતા ખાણિયાઓને રોજનું વીસથી ત્રીસ ડોલર જેટલું વેતન મળતું. સોનું ધોનાર.ઓને તો રોજના એકસોથી માંડીને એક હજાર ડોલર મળતા. રહેરોમાં ઉંદરો પકડવા માટે ૨.૫૦ માં આવતી બિલાડીની કીમત પચાસથી સો ડોલર જેટલી થઈ ગઈ હતી. દશ વર્ષને અંતે કેલિફોર્નિયાની વસતી વધીને ૪,૮૦,૦૦૦ જેટલી થઈ ગઈ; પરંતુ તે દરમિયાન 'સુવર્ણ-ધસારા'નો યુગ અસ્તંગત થઈ ગયો હતો.

સુવર્ણનકુલા સ્ત્રી. મહાકાંકણી.

સુવર્ણનકુલી જુઓ સુવર્ણનકુલા.

સુવર્ણનાભ પું. એ નામે એક મહાપંડિત. તેણે સાપ્રદોષિક અધિકરણ નામનું પુસ્તક લખ્યું છે.

સુવર્ણનિયમ પું. સોના જેવો કીમતી નિયમ; ઉત્તમ નિયમ; ' ગોલ્ડન રૂલ '

સુવર્ણપદક ન. સોનાનો ચાંદ
દક્ષિણ આફ્રિકામાના મારા કામની કદરમાં લૉર્ડ હાર્ડિંજ તરફથી મને કેસરે હિંદ **સુવર્ણપદક** મળેલો. ઝવેરચંદ મેઘાણી

સુવર્ણપુરી સ્ત્રી. રમશાન; મસાણ; સોનાપુરી.

સુવર્ણભંગ સ્ત્રી. એક જાતની દવા. શુદ્ધ પારો, શુદ્ધ ગંધક અને ભાંગરાનો એ ત્રણેને સમભાગે લઈ તે બધાની બરોબર નવસાર લઈ તે બધાને સાથે ઘૂંટીને પછી તે બૂકાને કાચની શીશીમાં નાખી વાલુકા યંત્રની અંદર પકાવવાથી જે ચીજ શીશીના ગળામાં જામી રહે તેનું નામ સુવર્ણભંગ. સુવર્ણભંગનો રંગ સોનાની પેઠે ઝગઝગતો હોય છે. તે પ્રમેહ, નપુંસકતા, રક્તપ્રદોષ વગેરે રોગોમાં અમૃત જેવો લાભપ્રદ હોવાનું મનાય છે તો ૧થી ૨ વાલની માત્રામાં લેવાય છે.

સુવર્ણબિંદુ પુ. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ.

સુવર્ણબિંદુ તીર્થ [સં.] ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક તીર્થ.

સુવર્ણભસ્મ સ્ત્રી. સોનાની રાખ. બનાવટ:— સોનાનાં શુદ્ધ કરેલાં ચોખ્ખા પતરાં લઈ તેમાં બે ભાગ પારો નાખી લીંબુના રસની અંદર ખૂબ ઘૂંટી તેનો ગોળો કરવો અને તે ગોળાના વજન પ્રમાણે ગંધક લઈ અરધો ગંધક એક કાચની અંદર મૂકી તે ઉપર ગોળો મૂકવો અને અરધો રહેલો ગંધક માથે નાખી તે ઉપર બીજું કાચ રાખ મૂકી કપડમાટી કરી ૩૦ અડાયાં છાણાનો તેને તાપ દેવો. ઠંડું થાય સારે બહાર કાઢી લેવો એ પ્રમાણે ૧૪ વખત કરવાથી શુદ્ધ સુવર્ણભસ્મ થાય છે. તે પુષ્ટિ માટે બહુ વપરાય છે. શ્વાસની અંદર તેમજ જૂનું ઉધરસ, શ્વાસ, દમ તથા છાતીનાં દરદોમાં થયેલી કમકોવતીને તે બહુ ફાયદાકારક હોવાનું મનાય છે. ઓના ઋતુદોષ, પ્રદર વગેરે દર્દોમાં, મગજની બ્યાધિ, અપસ્માર, મગજની કમકોવતી, મગજનું બારે રહેવું વગેરે બ્યાધિની અંદર, તેમજ નપુસકપણું, વીર્યસ્રાવ, કમરનો દુખાવો, પગની કળતર, વગેરે દર્દમાં પણ તે ઉત્તમ ઔષધિ મનાય છે તે ૧ થી ૨ રતિની માત્રામાં લેવાય છે.

સુવર્ણ મહોત્સવ પુ. રાજ્યમહારાજાને જન્મને કે ગાદીએ બેઠાને પચાસ વર્ષ પૂરાં થયે ઉજવાતો ઉત્સવ; સુવર્ણ જયંતી; ' ગોલ્ડન જ્યુબિલી '.

સુવર્ણમંદિર [સં.] ન. સુવર્ણથી મઢેલું શીખ મંદિર. તે અમૃતસરમાં આવેલું છે.

સુવર્ણમાક્ષિક [સં. સુવર્ણ + માક્ષિક (એક ધાતુ)] સ્ત્રી. (વૈદક) સોનામુખી; સાત મહેની ઔષધીપયોગી એક ગૌણ ધાતુ; લોહ અને ગંધકના સયોગથી બનેલો એક ક્ષાર. તેના ચળકતા પીળા રંગના કકડાઓ ખાણે સ્થળે જમીનમાંથી નીકળે છે. તેના રંગ ઉપરથી તેને સુવર્ણમાક્ષિક કહે છે. તે પૌષ્ટિક હોઈ પાંડુ રોગ અને નબળાઈની બ્યાધિઓમા વપરાય છે તે કૃમિ, ક્ષય, કફ તથા પિત્ત વિકારમાં લાભદાયક મનાય છે

સુવર્ણમાક્ષિક ભસ્મ સ્ત્રી. (વૈદક) સુવર્ણમાક્ષિકની બાખ. સોનામુખીના કકડાને બાંધી કપડે ચાળી ઝીણો ભૂકો કરી તેનાથી ત્રીજો ભાગ સિંધાલૂણ મેળવી લીંબુના રસમાં ખૂબ ઘૂંટી લોઢાની કડાઈમા નાખી નીચે ખૂબ તાપ કરવો અને લોઢાની કડછીથી હલાવવું જ્યા સુધી દવા લાલ થાય ત્યાં સુધી હલાવ્યા કરવું પછી તેને ઉતારી લેવું. આવી રીતે સુવર્ણમાક્ષિક લાલ થાય ત્યારે શુદ્ધ થઈ કહેવાય છે. શુદ્ધ થયા પછી તેને કળથીના ક્વાથમાં તેલની અંદર અગર બકરીના મૂતની અંદર બાલ કરી મજપુટ દેવાથી શુદ્ધ સુવર્ણમાક્ષિક ભસ્મ થાય છે. તેમાથી ગલંવિનોદ રસ બને છે. તે શોષક અને પૌષ્ટિક મનાય છે. પાંડુરોગ, મૂત્રરોગ, જળોદર, જીર્ણપ્રમેહ, અર્શ, અમ્લપિત્ત, શોથ તથા નેત્રરોગની અંદર આ ભસ્મ ઉપયોગી છે. કહેવાય છે કે સોનામુખીને મધની અંદર વાટી આખની અંદર આંજવાથી આખનું ફૂલું કપાય છે. તેની માત્રા ૨ થી ૩ રતી છે અને તે મધ, ઘી કે દૂધ સાથે દિવસમાં બે વાર લેવાય છે

સુવર્ણમાલિનીવસંત પું (વૈદક) એક પ્રકારનો ઔષધીય રસ; સોનામાંથી બનતી એ નામની એક દવા. તે બનાવવા માટે સોનાનાં પાનાં એક ભાગ, હિંગળો ૩ ભાગ, બાવરિયો ૮ ભાગ, મોની ૨ ભાગ, મરી ૪ ભાગ એ બધાને માખણની અંદર ભેગાં કરી લીંબુનો રસ તેની અંદર નાખી જ્યાં સુધી સોનાનાં પરમાણું અદશ્ય થાય ત્યાં સુધી ખૂબ ઘૂંટવામાં આવે છે. તેની બીજી બનાવટ એમ છે કે: સોનું ૧ ભાગ, પારો ૧ ભાગ, ગંધક ૧ ભાગ, સાજીખાર ૭ ભાગ. આ દવાઓ એકઠી કરી પાણી ને મધ જોગવી પાણી વરાળ રૂપે ઊડી જાય ત્યાં સુધી વાલુકાયંત્રમા ભરમ કરવામાં આવે છે. તેનું અનુપાન મધ અને પીપર છે. તે કમકોવત, તાવ, ચાંદી, પ્રમેહ, ધાતુવાત ઉપર ઉપયોગી છે. તે ક્ષય, કફ, દમ, અતિસાર અને પ્રમેહ ઉપર ફાયદો કરે છે. તેની માત્રા ૧ થી ૨ રતીની છે. આ દવા ખાતી વખતે ઘી, દૂધ વગેરે પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ તથા તેલ, મરચું અને ખટાશથી દૂર રહેવું જોઈએ.

સુવર્ણમાષ પું. સોનું તોળવાનું એક વજન.

૧૬ સુવર્ણમાષ = ૧ કર્ષ.
૪ કર્ષ = ૧ પલ.

સુવર્ણમૃગલી સ્ત્રી. ઉચ્ચ વર્ગના સત્તાઓમાં રહેતી, ભપકાળા અને શોભાયમાન મકાનોમાં નિવાસ કરતી અને અત્યંત સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ રહેતી અભિમાની

સુવર્ણયુગ પું. સારો અને સુખી જમાનો; ' ગોલ્ડન એઈજ '.

સુવર્ણયૂથસંતમાલતી જુઓ સુવર્ણમાલિનીવસત.

સુવર્ણ વિનિમય પદ્ધતિ સ્ત્રી. સોનું કુદરતી ધોરણનું પ્રમાણ વિનિમય પદ્ધતિ, પ્રમાણિકતી ધોરણનું, દરના, આંતરિક વ્યવહાર માટે રૂપા જેવા હલકી ચલણનું ચલણ કે સંકેત નાણું મુખ્ય નાણાં તરીકે ચાલતું હોય અને ફક્ત પરદેશના વ્યવહાર માટે સોનાનાણું કે પાઉંડમાં હૂંડીઓ પૂરી પાડવાની વ્યવસ્થા હોય તેવી પદ્ધતિ; ' ગોલ્ડ એકસચેઈન્જ સ્ટાન્ડર્ડ '.

સુવર્ણવૃક્ષ પ્ર. ગરમાળાનું ઝાડ.

સુવર્ણશિરા પું. (પુરાણ) વસ્વૌકસ માહેનો એ નામનો એક ગાયક; સુવર્ણશીર્ષ.

સુવર્ણષ્ઠીવી પું (પુરાણ) શૈબ્યપુત્ર સૃંજય રાજાનો એક પુત્ર. તેની બહેન દમયંતી નારદની સ્ત્રી હતી. એના શરીરમાંથી સોનું બહુ નીકળતું. એનાં મળમૂત્રાદિ પણ સોનાનાં જ થતાં. આમ સોનું પ્રાપ્ત થતું હોવાથી સૃજયે પોતાની પ્રજાને ધણી ધનાઢય કરી દીધી હતી. એક વખત તે અરણ્યમાં ગયો હતો. ત્યાં સોનાને લોભે ચોરોએ તેને મારી નાખ્યો. રાજા એથી ઘણો જ શોક કરતો હતો. તેવામાં નારદ ઋષિએ આવી એ પુત્રને જીવતો કરી પોતાના સસરાને આનંદ ઉપજાવ્યો.

સુવર્ણસિદ્ધિ ૧. સ્ત્રી. ચોસઠ માહેનું એક વિદ્યાન. ૨. સ્ત્રી. સોનું કરી આપે એવી ખુટ્ટી.

સુવર્ણા ૧. [સં. સુ + વર્ણ (રંગ)] સ્ત્રી. દેખાવડી સ્ત્રી; સુદર વર્ણની સ્ત્રી

૨. સ્ત્રી. સુધોન્નની પત્ની.; હસ્તીની માતા; દક્ષપ્રાકૃની એ નામની એક કન્યા.

૩. સ્ત્રી. સોનામુખી

૪. સ્ત્રી. હળદર.

૫. વિ. સ્ત્રી. સુદર દેખાવની; દેખાવડી.

સુવર્ણાક્ષર પું. કદી ન ભૂસાય એવી રીતનું લખાણ; સોનાના અક્ષર

સુવર્ણાગર [સં. સુવર્ણકાર] પુ. સોનાનો ધધો કરનાર માણસ; સોની.

સુવર્ણાધ્યક્ષ [સં. સુવર્ણ + અધ્યક્ષ] પુ. સોનામાથી દાગીના બનાવવાના કામ પર દેખરેખ રાખનાર એક પ્રાચીન અમલદાર

સુવર્ણાખ્યતીર્થ ન. (પુરાણ) એક તીર્થ. વિષ્ણુ ઋષિએ ત્યાં તપ કર્યું હતુ

સુવર્ણાજ્ઞ પું (પુરાણ) સ્વારોચિષ મનુના રાજપાદ નામના પુત્રનો એ નામનો એક દીકરો.

સુવર્ણાંગી ૧. પું. (સગીત) બત્રીસ માહેનો બાત્રીસમો થાટ. તેમાં રિષભ અને ગાધાર કોમળ, મધ્યમ તીવ્ર અને બાકીના ચાર સ્વરો શુદ્ધ આવે છે

૨ વિ સ્ત્રી. સુવર્ણ જેવા અંગવાળી

સુવર્ણી ૧. સ્ત્રી ઉદરકની નામની વનસ્પતિ

૨. વિ સ્ત્રી. સુદર દેખાવની

૩. વિ. સ્ત્રી. કંચન જેવા સોનેરી રંગવાળી; સુંદર વર્ણ ધરાવનારી.

સુવર્ણ ૧. ન. એક જાતનું પ્રાણી; 'ઓરિલિયા'.
રાતા રંગનાં કેટલાક પ્રાણીઓ પણ **સુવર્ણા** નામના પુલકાગના સહવાસમાં રહેતા હોય છે. પ્રાણીસૃષ્ટિ

૨. વિ. સુંદર વર્ણવાળું.

સુવર્ણા ૧. પું (પુરાણ) ત્રિગર્તના સુશર્મણ નામના રાજાનો એ નામનો એક ભાઈ

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માહેનો એ નામનો એક પુત્ર.

સુવલ્લી [સં.] સ્ત્રી. સોમરાજી લતા.

સુવસંત [સં.] પું ચૈત્ર મહિનાની પૂનમ.

સુવસંતક ૧. [સં.] પું. કામદેવનો ઉત્સવ; વસંતોત્સવ; હોળી

૨. પું. માધવી લતા.

સુવસ્તુ [સં.] સ્ત્રી. વેદિક કાળની એક પ્રાચીન નદી.

સુવસ્થા સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષીય એક નદી.

સુવહ ૧. વિ. ખમી લેનાર.

૨. વિ. ધીરજ રાખનાર.

૩. [સં. સુ + વહ (લઈ જવું)] વિ. સહેલાઈથી વહી લઈ શકાય એવું.

૪. વિ. સારી રીતે વહેનાર.

સુવહા ૧. સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તેનાં ફૂલ ઘેરા આસમાની રંગનાં અને ફળ ચટાણા જેવાં થાય છે. તેને નીલપુષ્પી પણ કહે છે.

૨. [સં.] સ્ત્રી. કાળી નગોડ.

૩. સ્ત્રી. નસોતર.

૪. સ્ત્રી. નોળવેલ.

૫. સ્ત્રી. મૂસળી

૬. સ્ત્રી. રાસ્ના.

૭. સ્ત્રી. લાલ ગન્ધવતી

સુવંગ ન. એક જાતનું અમિશ્ર ખડકોનું દ્રવ્ય; 'મેગ્નેશિયમ કાર્બોનેટ'. દિવાળીના દિવસોમાં બાળકો વીજળીનો તાર સળગાવે છે તેને સુવંગનો તાર કહે છે

સુવંગ અંગારિત ન. એક જાતનું રસાયણ

સુવંગ ક્ષાર પું. સુવંગ નામની ધાતુને બાળવાથી બનતો એક હલકો પાર્થિવ તત્ત્વવાળો પોળો પદાર્થ; 'મેગ્નેસિયા'. રેચક ઔષધ રૂપે તેનો ઉપયોગ થાય છે.

સુવંગ ગંધહિત ન. એક જાતનું રસાયણ; 'મેગ્નેશિયમ સલ્ફેટ'.

સુવંગ પ્રાક્ષિલ પું સુવંગ ધાતુ હવામાં ખૂબ સારે જે ચળકી રહે છે તે; 'મેગ્નેશિયમ ઑક્સાયડ'.

સુવંશ પું. (પુરાણ) વસુદેવને શ્વેતદેવી કૂખે થયેલ એ નામનો એક દીકરો.

સુવંશા પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, રગણ, જગણ, નગણ, બે તગણ અને બે ગુરુ એમ વીસ અક્ષર હોય છે

મા રા જા ના ત તા ગા ગ કવિ
રસિયા આણ **સુવંશા** વતે. રણપિંગળ

સુવા ૧. પુ. અનુકૂળ પવન; સહાયક પવન.

૨. પું. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. ભારતના લગભગ તમામ ભાગમાં તે થાય છે તેનાં પાનની ભાજી થાય છે. તેનાં બી ઉપયોગમાં આવે છે તેને સુવાદાણા કહે છે. તે પિત્તકર, દીપન, ઉષ્ણ, વાતહર અને કફઘ્ન છે. તે જ્વર શ્વાસમાં કામ આવે છે. દક્ષિણમાં જે સુવા થાય છે તેમાંથી તેલ બને છે. સંસ્કૃતમાં તેને શતપુષ્પા એટલે એક સો ફૂલવાળું એ નામથી સંબોધવામાં આવે છે. કારણકે તેના માથા પરની ફૂલવાડીમાં અનેક ગુચ્છામાં સો ફૂલ રહે છે, ઉદરશૂળ તથા વાયુના રોગ ઉપર તેનો સારો ઉપયોગ થાય છે. પાશ્ચાત્ય વિદ્વાનમાં પણ આ ઔષધિનો પેટમાં ભરાયેલા પવનને દૂર કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. બાળકોના વાયુ માટે આ ઔષધિનો બહોળો ઉપયોગ થાય છે. સંધિવાનું શૂળ, પક્ષઘાત, પેટનાં જૂનાં દર્દો, પેટનાં ચાંદાં, કફ વગેરેને માટે સુવા અસરકારક સાબિત થયેલ છે. પ્રસૂતા માટે તો સુવા સારી પૌષ્ટિક ઉપયોગમાં લેવાય છે. પાશ્ચાત્ય તબીબો આ ઔષધિનો કૃમિનાશક તરીકે આંતડિયા જંતુ માટે ખાસ ભલામણ કરે છે. સુવા પિત્ત કરનાર ઔષધ હોઈ પિત્તના રોગીઓએ તે ઔષધીને ઉપયોગ કરતી વખતે પિત્તશામક ઔષધિનું મિશ્રણ કરી ઉપયોગ કરવો હિતકર છે.

૩. [સં. સુ + વક્] પું ન. ક. (વહાણવટું) નદુલમાંથી પાણી કાઢવા વખતે હોડે ઊતરવા કરેલ નીસરણીના પોડા.

સુવાક ૧. પું. (પુરાણ) પાંડવોની સાથે રૈત વનમા રહેલો એ નામનો એક ઋષિ.

૨. પું. (પુરાણ) સોમવતીય ધૃતરાષ્ટ્રના સો માહેનો એક દીકરો

સુવાક્ય ૧. [સં. સુ + વચ્ (બોલવું) + ય (વિધ્યર્થે કૃદંતનો પ્રત્યય)] વિ. સારી રીતે કહેવા યોગ્ય; કહેવાય એવું.

૨. વિ. સારી રીતે વંચાય એવું
આ નાટકો જેટલા સુબાળ્ય, તેમ **સુવાચ્ય** છે તેના કરતાં વિશેષ સુદરય છે. કૌમુદી

સુવાડવું જ. ક્રિ. સુવડાવવું.

સુવાણ ૧. સ્ત્રી. આરામ; સુખ; માંદગીમાંથી સારા થવાપણું, તંદુરસ્તી

૨. સ્ત્રી. ગમત; મજા.

સુવાણવું જ. ક્રિ. લાંબી મુદત સુધી રોકાવું કે રહેવું

સુવાણે ૧. ન અમસ્તું, સહેજ; કશુંપણ ખાસ પ્રયોજન વગર.

૨. અ. આનંદને ખાતર

૩. અ. સોબતના આનંદથી.

સુવાભાજી સ્ત્રી. એ નામની ભાજીનું નામ. જુઓ સુવા.

સુવામી ૧. પું (પિંગળ) એ નામે એક માત્રાદંડક માત્રામેળ છંદ તે માર્તંડ છંદનો એક ભેદ છે.

૨ સ્ત્રી રામગંગા નદી

સુવાર ૧. પું. એક જાતનો ઉન્માદ રોગ: સુવારા.

૨. સ્ત્રી. અમદાવાદ તરફ રહેતી એ નામની એક જાતિ. તેઓનો મુખ્ય ધંધો પાણી ભરવાનો હોય છે

૩. ન એ નામની એક જાતિનુ માણસ.

૪. વિ. એ નામની જાતિનું.

સુવારા પું. એક જાતનો ઉન્માદ રોગ. તેના દરદીનાં ચિહ્નો: દરદની શરૂઆતમાં ઊંઘનો નાશ થવાથી અખંડ જાગે, બેચેનીમાં અને બબડાટમાં રહે, ઊંઘમાં ડરીને અચાનક ઊઠે, શ્વાસ ચડી આવે, સવાલ અનુસાર ઉત્તર ન આપે; વ્યર્થ બોલ્યા કરે; આંખો લાલ અને ભારે રહે; એને એવો ભ્રમ છે કે આંખમાં કંઈ પડયું છે અને અમથો અમથો રડ્યા કરે, પેશાબ પાતળો અને સફેદ થાય, કદી એવું પણ બને કે પેશાબ ન ઊતરે તો પેડુ ઉપર હાથ વડે ઠોકે અને ગિભને મસળ્યા કરે.

સુવારોગ પું. પ્રસૂતિમાથી બાદ પડતો એક રોગ; સુવાવડમાથી જાગતો રોગ. સુવાવડના રહી ગયેલા દોષને સુવારોગ કહે છે. તાવ, ખાંસી, ઝાડો, ઊલટી, સોજા, શૂળ, મંદાગ્નિ, અરુચિ, ફિક્કાશ વગેરે તેનાં લક્ષણો છે. તેના ઉપાય તરીકે દેવદારાદિ ક્વાથ, સૌભાગ્ય સૂંઠીપાક જીરાપાક, ભલીયુ વગેરે અપાય છે. ગોદ અથવા મડૂરનું ત્રિકટુ સાથે ઘી તથા મધમા સેવન કરવું અને વિજયવટી ગોળીઓ વાપરવી સારી ગણાય છે

સુવાર્તા સ્ત્રી ઈસુ ખ્રિસ્ત કરેલ ઉદ્ધારના સમાચાર; ઈસુખ્રિસ્તના જીવન ચરિત્રનું પુસ્તક; ગૉસ્પેલ. ૦કથા સ્ત્રી. સુવાર્તા.

સુવાલ ૧. પુ. [ય]

૨ પુ. પથ્થરની એક જાત.

પાવાની પડોશની ખાણોના પથ્થર **સુવાલા** કહેવાય છે. ગુજરાત સર્વસંગ્રહ

સુવાવડ (સુવાવડ) સ્ત્રી. જનનકાળ પ્રસંગ; પ્રસૂતિ; બાળકને જન્મ આપવાનો અને તે પછીની માંદગી અને અશક્તિનો વખત; બાળકો, ઢોરઢાંક જણ્યા પછીની ગાંની સ્થિતિ; **સૂતિકાવસ્થા** સુવાવડ માટે વૈદ્ય ભાષાશાસ્ત્રી મ. શાહ સરસ અનુમાન કરે છે કે, તે અવરવામાં ખાવામાં, પીવામાં, નાહવામાં, ધૂણી લેવામાં એમ દરેક બાબતમાં સુવાનો બહોળો વપરાશ જેટલો ઉપયોગ કરવાની વૈદ્યક બલામણ કરે છે તેથી સુવાવડ નામ પડ્યું લાગે.

૧ જન્મારાની સુવાવડ = બારે માસનો બાઠલો.

૨. સુવાવડ આવવી = પ્રસૂતિનો સમય થવો.

૩. સુવાવડ કરવી = સુવાવડ દરમિયાન સેવાચાકરી કરવી.

સુવાવડખાનું (સુવાવડખાનું) ન. પ્રસૂતિગૃહ; સુવાવડ કરવાનું દવાખાનું.

સુવાવડી (સુવાવડી) સ્ત્રી. પ્રસૂતા; સુવાવડમાં હોય તેવી સ્ત્રી

સુવાવડું (સુવાવડ) વિ. તાજેતરમાં કે તરતમ. પ્રસૂતિ આવેલ હોય તેવું.

સુવાવું અ. ક્રિ. સૂવાનો ભાવ થવો

સુવાસ ૧. પુ. શિવનાં હજાર મળેલું એક નામ

૨ [સ સુ (સારું) + વાસ (નિવાસ)] પુ. સારો નિવાસ

૩. સ્ત્રી. ભલાઈ.

૪. સ્ત્રી. સારી કીર્તિ; સારી નામના.

વૃદ્ધ સમાજનો માર્યો ધર્મ જ્યાં ઠેકાણાં છે. **સુવાસ** વૃદ્ધની ત્યાંથી ફેલાય છે સમાજમાં ગાંધીનીતા

૫ સ્ત્રી. સારો પરિમલ; ખુશબો; સુગંધ

સુવાસક પુ (વિજ્ઞા) એ નામે એક અક્ષરમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેને વામકિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે.

સુવાસણ સ્ત્રી. સાંભારવાની સ્ત્રી; હેવાતનવાળી સ્ત્રી

સુવાસણી જુઓ સુવાસણ

સુવાસન પુ (પુરાણ) પાંચમા મન્વંતરે મનુનો એ નામનો એક દેવ

સુવાસની જુઓ સુવાસણ

સુવાસરા પું. અગિયારો. જ્યારે અગિયારમાં કૃત્ય થાય છે ત્યારે તેની પરસેથી નીકળ્યા હોઈએ તો તેની જેવો સુગંધ આવે છે કે આપણને અડતાં મન ન થાય માટે તેને સુવાસરા કહે છે.

સુવાસિક વિ. સારી ગંધવાળું

સુવાસિણી જુઓ સુવાસણ.

સુવાસિત [સ. સુ (સારી) + વાસિત (વાસવાળું)] વિ. ખુશબોદાર; સારી વાસવાળું; સારી મહેકવાળું; સુગંધીદાર.

સુવાસિની જુઓ સુવાસણ

સુવાસ્તુ પું. સ્વાદ દેવ

તેણે જળપર અને કરમીનાં ઝરિયાં રહ્યાંબોમા થઈ વસ્તુમૂલનો વસ્તેથી **સુવાસ્તુ**નો મહાકલ્પ પર્યંત ઝપાટાબંધ પસાર કર્યો.

કેસવ હર્ષદ

સુવાંગ ૧. વિ. નિરપેક્ષ; 'ઍબ્સોલ્યૂટ'.

૨ [સં. સર્વાંગ] વિ. બીજાનો આશ્રય નહિ તે પોતાનું જ હોય એવું આખું ને આખું.

સુવાંગ ઢોરા જેવડો = વાત કરવામાં એકલું પોતે જ બોલબોલ કર્યા કરવું

સુવિચક્ષણ વિ. જ્ઞાની

સુવિચાર પું સારો વિચાર.

સુવિજ્ઞાન વિ સારી પ્રખ્યાતિ પામેલ

સુવિજ્ઞ વિ. વિદ્વાન

સુવિજ્ઞાત [સં.] વિ. સારી રીતે જાણેલું.

સુવિજ્ઞેય સં.) વિ સારી રીતે જાણી શકવાને યોગ્ય. સહેલાઈથી જાણી શકાય એવું.

સુવિદ ૧. પુ. રાજાનો કંચુકી; અંતઃપુરનો રક્ષક વડો અધિકારી. નાજર

૨ [સ. સુવિદિત (જ્ઞાત)] વિ. સારી પેઠે જાણીતું; બરાબર વિદિત.

સુવિદિત [સં.] વિ. સારી રીતે જાણીતું.

સુવિદ્યા ૧. [સં.] સ્ત્રી. આદર્શ વિદ્યા. આ સંબંધે મુંડકોપનિષદમાં એમ છે કે: શૌનક ઋષિના પુત્ર શૌનક અંગિરા નામના આચાર્યનું વિધિવત શરણ ગ્રહણ કરીને એમને પૂછવા લાગ્યા કે હે ભગવાન! કોનું વિશેષ રીતે જ્ઞાન થયે જાણવા યોગ્ય આ સર્વ વસ્તુ, વિશેષ રીતે જાણવામાં આવે છે? તે શૌનક પ્રતિ અંગિરા આચાર્ય બોલ્યા કે, આ વિષયમાં બ્રહ્મવેત્તાઓ કહે છે તેમ બે વિદ્યા જાણવા યોગ્ય છે: એક પરા અને બીજી અપરા. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, સામવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ અપરા વિદ્યા છે કે જેના વડે ધર્માધર્મનાં સાધન અને ફલને જાણી શકાય છે જે વડે અવિદ્યાની નિવૃત્તિ થવાથી પ્રાપ્ત એટલે કે પરમ સત્યનો સાક્ષાત્કાર થાય છે તે પરા વિદ્યા છે. ઉપરોક્ત પરા વિદ્યાની શિક્ષણ પદ્ધતિ સંબંધે પ્રશ્નોપનિષદમાં એમ છે કે: ભારદ્વાજ, સત્યકામ, ગાર્ગ્ય, આશ્વલાયન, વૈદર્ભિ અને કાત્યાયન નામના છ બ્રહ્મનિષ્ઠ ઋષિઓ સમિત્પાણિ થઈને જે જાણવા યોગ્ય નિત્ય વસ્તુ છે તેની પ્રાપ્તિ માટે ભગવાન પિપ્પલાદ આચાર્યને શરણે ગયા. તેઓને એ સુપ્રસિદ્ધ આચાર્યે કહ્યું કે, હે ઋષિઓ! જો કે તમે તપસ્વીઓ જ છો, તોપણ હજી પણ તપ વડે, બ્રહ્મચર્ય વડે, શ્રદ્ધા વડે આદરવળા યજ્ઞ ને એક વર્ષ પર્યંત ગુરુની સેવામાં સારી રીતે તત્પર થઈને અહીં વાસ કરો. પછી જેને જે વિષય જાણવાની ઇચ્છા હોય તે વિષય સંબંધે પ્રશ્નો પૂછજો. જો અમે જાણતા હોઈશું તો તમને સર્વે અવશ્ય કહીશું. નિષ્કામ કર્મો કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે અને શુદ્ધ ચિત્તમાં જિજ્ઞાસા ઊપજ્યે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે; તેથી શિષ્યોને, જિજ્ઞાસુઓને, મુમુક્ષુઓને કર્માનુષ્ઠાન કર્તવ્ય છે અને તેથી જ વેદ જણાવીને આચાર્ય શિષ્યને અનુશાસન કરે છે કે, સત્યં વદ-સત્ય બોલ, ધર્મં ચર-ધર્મ આચર, સ્વાધ્યાયાન્મા પ્રમદઃ-સ્વાધ્યાયમાંથી પ્રમાદ ન કર; માતૃદેવો ભવ માતા જેને દેવની પેઠે ઉપાસ્ય છે તેવો થા, આચાર્ય દેવો ભવ-આચાર્ય જેને દેવની પેઠે ઉપાસ્ય છે તેવો થા; યાન્યસ્માકં સુચરિતાનિ તાનિ ત્વયોપાસ્યાનિ-જે અમારાં ઉત્તમ આચરણો છે તે તે તારે પુણ્યની ઉત્પત્તિ માટે નિશ્ચયપૂર્વક કરવા યોગ્ય છે ગીતાયુગમાં અર્જુન શિષ્યસ્વરૂપે હતો ત્યાં ત્યાં પ્રપન્નમ્ એમ કહીને જ્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનને શરણે જાય છે ત્યારે ભગવાન પોતે અર્જુનને કહે છે કે, ઘણા પ્રકારના યજ્ઞોનો વિસ્તાર વેદોમા દર્શાવેલો છે, પરંતુ હે પરંતપ! દ્રવ્ય વડે કરતા યજ્ઞ કરતાં

જ્ઞાનપત્ર શ્રેષ્ઠ છે અને તે તું પ્રણિપાત, પરિશ્રમ અને સેવા વડે જાણ, કેમકે, જ્ઞાનીજન, તત્પર અને સમ્યગ્‌દર્શી જ્ઞાન પામે છે ગીતાના શબ્દોમાં કહીએ તો

તે તું પામ પડે પ્રણામ કરીને સેવાથી પ્રશ્નો વડે, તે તો જ્ઞાન જ તત્ત્વદર્શી પુરુષો જ્ઞાની તને ઉપદેશે સર્વે પાપી મનુષ્યથી ય કદી તું પાપી વધારે હશે.. આ તોયે પણ જ્ઞાનનૌકાથી જ સૌ પાપો તરી તું જઈશ અગ્નિ જેમ પ્રદીપ્ત ભસ્મ કરતો બાળી બધાં કાષ્ઠને, જ્ઞાનાગ્નિ તમ પાર્થ ભસ્મ કરતો બાળી બધાં કર્મને. આ લોકે ય પવિત્ર જ્ઞાન સરખું બીજું નથી કાંઈ યે, કાળે આપ જ યોગસિદ્ધ કરી લે પોતા વિષે પ્રાપ્ત તે. પામે શ્રદ્ધા જ્ઞની તત્પર થઈ સંયત જે જ્ઞાન તે, ને જ્ઞાનિ પણ મેળવે પરમ તે અ. જ્ઞાન પામ્યા જ ને

ગાંધીજી તો એમટલે સુધી કહે છે કે, જ્ઞાન માત્ર સત્યમાં સમાયેલું છે તેમાં જે ન સમાય તે સત્ય નથી., જ્ઞાન નથી, પછી તેમાં ખરો આનંદ તો હોય જ કયાંથી ? પણ સત્ય જે પારસમણિ રૂપકડે, જે કામધેનુ રૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે અભ્યાસ અને વૈરાગ્યથી સત્યની જ તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિષે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. ઉપરના મહાત્માજીના સ્પષ્ટ મતવ્ય ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે, ગાંધીયુગની સુવિદ્યા- માંધીયુગનું પર જ્ઞાન તે બીજું કોઈ જ નહિ પણ નવું સત્ય એ જ એ યુગની સુવિદ્યા કે એ યુગનું પરમ જ્ઞાન. આ સત્ય રૂપી પરમ જ્ઞાન પામવા માટેનાં સાધન પણ તેઓએ ગીતાનુસાર બતાવતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે: અભ્યાસ અને વૈરાગ્યથી એ પરમ જ્ઞાન પમાય છે તેઓ એમ પણ કહે છે કે, અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે કે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીંબી ચકરડીની બે બાજુ. છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમ ધર્મ થઈ, સત્ય પરમેશ્વર થયું. સાધનની ફીકર કર્યા કરીએ તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ તો કરીશું જ. આટલો નિશ્ચય કર્યો એટલે જય થયો.. આપણા માર્ગમાં ગમે તે સંકટ આવે, બાહ્ય દૃષ્ટિએ જોતાં આપણી ગમે તેટલી હાર થતી જોવામાં આવે, છતાં આપણે વિશ્વાસ ન છોડતા એક જ મંત્ર જપીએ: સત્ય છે તે જ એક પરમેશ્વર તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા: તેને કદી નહિ છોડું. સત્ય રૂપી ગાંધીજીનું કલ્પેલું પરમ જ્ઞાન પ્રભાવની ફલશ્રુતિ એમના જ શબ્દોમાં ક્રમશઃ કહીએ તો તે એમ છે કે: (૧) સત્ય વિના કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. (૨) સત્યનું સંપૂર્ણ દર્શન અહિંસા વિના અશક્ય છે. એટલે કે, સત્યમય થવાને માટે અહિંસા એ જ એક માર્ગ છે (૩) આવા વ્યાપક સત્યનારાયણના દર્શનને સારુ જીવ માત્રની પ્રત્યે પ્રેમની પરમ આવશ્યકતા છે. (૪) આત્મશુદ્ધિ વિના જીવ માત્રની એકતા ન જ સધાય. વળી આત્મશુદ્ધિ વિના અહિંસા ધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે એટલે કે, જીવન માર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે: પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે. (૫) શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું; રાગદ્વેષ રહિત થવું. (૬) તેને સારુ સત્યવત્ બનવાનું છે. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી. નમ્રતા એટલે કુંપળાનો આત્યંતિક ક્ષય. આ જગતમાં જીવ માત્ર એક રજકણ કરતાં પણ કંઈ નથી; એટલે કંઈ નથી થઈ જઈએ. તો બધુ થઈ જઈએ. કંઈ થવું એટલે ઈશ્વરથી– પરમાત્માથી-સત્યથી વિખૂટા થવું. કંઈ ટળી જવું એટલે પરમાત્મામાં મળી જવું. સમુદ્રમાં રહેલ બિંદુ સમુદ્રની મહત્તા ભોગવે છે. પણ તેનું જ્ઞાન આ નથી. નમ્રતા એટલે પુરુષાર્થરહિતતા ન હોય ! ખરું જોતાં નમ્રતા એટલે તીવ્રતમ પુરુષાર્થ અને બધો પરમાર્થ કારણે હોય. (૭) આવી નમ્રતાગર્ભિતા કેળવવાથી કેમ આવી શકે ? પણ તેનાને ખરી રીતે સમજવાથી નમ્રતા પોતાની મેળે આવતી જાય છે. આ બાંધી તત્ત્વજ્ઞાનનો સાર એ છે કે, આપણે સૌએ પ્રથમ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય આદિના જે જે વ્રતો એટલે કે નિયમો, સિદ્ધાંતો હોય તે સમજી લેવા અને તે પૂરેપૂરા સમજવા અને તેને વર્તનમાં મૂકવે આપણામાં નમ્રતા, શૂન્યતા આપોઆપ આવી જશે. જે ક્ષણે એવી નમ્રતા એટલે કે પરમાર્થ કારણે તીવ્રતમ પુરુષાર્થ કરતાં આપણે થઈ ગયા તે ક્ષણ આપણે સંપૂર્ણ અહિંસક બની ગયાં સમજો; એટલે કે રાગદ્વેષથી રહિત થયા, શુદ્ધ થયા અને પછી એ શુદ્ધિના પરિણામે જીવ માત્રની સાથે આપણે એકતા સાધી, જીવ માત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમ થયો અને એ જ પરમ પ્રેમ જ પરમેશ્વર કે પરમ સત્ય. આનું નામ જ સત્યનો સાક્ષાત્કાર કે પરમ પ્રેમની પ્રાપ્તિ ! આ બધુ તત્ત્વજ્ઞાન તો કરોડોમાંથી એકાદ કોઈ સમજે અને વર્તનમાં મૂકે તો આપણો બેડો પાર; પણ કાલ તરત આપણે આ તત્ત્વજ્ઞાનનો જે એકડો છે તે ઘૂંટીએ તો યે સારું:

હિંસા અને અહિંસાનો જાણવો ભેદ તો ઘટે,
બીજાને દુઃખ દે હિંસા અહિંસા દુઃખ ઓઢારી લે.
મિથ્યા વાણી કુવિચારો ઉતાવળ પરિઘાત,
હિંસાનુ વદરુ રૂપ દુષ્પ્રવૃત્તિ ને અસત્યતા
સત્યથી પણ કાતિલ જીભના કારી ઘાવ છે,
નથી અહિંસકે જીભ કાબૂમા રાખવી ઘટે
સત્ય સાધી અહિંસાથી અહિંસા વ્રત આદર્યા,
સ્થાયી શાંતિ વિશ્વભર સ્થપાશે **સુવિદ્યા** થકી.

ગાંધીગીતા

સુવિદ્યા ૧ [સં.] સ્ત્રી. સત્યવડ; સોબત; અનુકૂળતા, સવડ

૨. અ. સારી રીતે

સુવિધાન વિ. વિધિ પ્રમાણે કરાયેલ; બરાબર ગોઠવાયેલું.

સુવિધિ ૧ પું જૈન ધર્મના નવમા તીર્થંકર. ૨. પુ સારુ અનુષ્ઠાન.

સુવિધિનાથ પું. (જૈન) એ નામે જૈનના વર્તમાનકાળના નવમા તીર્થંકર તેનું ચિહ્ન મગર-મગર છે. જન્મ સ્થળ કાકોન્દ્રપુર અને મરુભૂમિ સમેત શિખર છે.

સુવિનીત [સં] વિ. સારી પેઠે ભણેલું

સુવિનીતા સ્ત્રી સુશીલ બાપ.

સુવિનોદ પું સારો આનંદ

સુવિભૂષિત [સં] વિ સારી રીતે શણગારેલ.

સુવિહિત ૧ [સં] વિ. ઉત્તમોત્તમ આચારીએ વિહિત ગણેલું.

૨. વિ સારી રીતે સ્થપાયેલું; બરાબર સ્થાપિત થયેલ.

સુવિહિતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં બગણ, સગણ, જગણ અને સગણ મળી ૧૨ અક્ષર હોય છે

ન સા જ સગી બને છે **સુવિહિતા**

રણછોડ

સુવીર ૧. પું (પુરાણ) એ નામે એક ચંદ્રવંશી રાજપુત્ર; કેકય રાજાનો ભાઈ

૨. પું. (પુરાણ) વસુદેવના ભાઈ દેવશ્રવા ને ઇમાવતીને પેટે થયેલા બે ભાઈનો મોટો પુત્ર.

૩. પું. શિવનાં હજાર નામોનું એક નામ.

૪ પુ. સારો વીરપુરુષ.

૫. પું. (પુરાણ) સૂર્યવંશી ધૃષ્ટકેતુ પુત્ર હર્યશ્વના કુળના સુતિમાન રાજાનો પુત્ર અને દૃઢાશ્વ રાજાનો પિતા.

૬ પુ. (પુરાણ) સોમવંશી અનુકુલોત્પન્ન નિમિ રાજાના પાંચ પૌત્રોનો બીજો પુત્ર

૭. પુ (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢના વંશના ક્ષેમ્ય રાજાનો પુત્ર અને રિપુંજય રાજાનો પિતા.

સુવીર્ય ન. ધાતુ જ બળ; ઉત્તમ વીર્ય

સુવીર્યા સ્ત્રી કપાસનો છોડ.

સુવૃત [સં.] વિ. સારી મોળાશવાળું

સુવૃત્ત ૧. ન (સંગીત) તાલના મુખ્ય છ માંહેનું બીજું અંગ

૨ ન. સરણ

૩. [સં. સુ (સારું) + વૃત્ (હોવું.)] વિ. સારી ચાલનું; સારી વર્તણૂકવાળું.

સુવૃત્તા [સં.] ૧ સ્ત્રી દ્રાક્ષ

૨. સ્ત્રી. શતપત્રી

૩. સ્ત્રી. સારી ચારિત્ર્યવાન સ્ત્રી.

સુવૃત્તિ ૧. પું (પિંગળ) એ નામે અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, નગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. [સં. સુ + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. સદ્વર્તન; સદાચાર; સારીવૃત્તિ; સાત્ત્વિકવૃત્તિ.

સુવૃષ્ટિ [સં.] સ્ત્રી. સારો વરસાદ

સુવૃંદ [સં.] ન. સમૂહ.

કેદ્ય નીલ કપાલ પુલ પુટ અનેક સુવૃંદ,
બની ચાત તુજને કહી થઈ તથા પર ધુંદ
પિંગળાક્ષરકોષ

સુવેખે અ. સારી રીતે.

સુવેગ પું. (પુરાણ) એ નામે યૌવનાશ્વ રાજાનો પુત્ર.

સુવેગા સ્ત્રી. માલકાંગણી.

સુવેણ ન. મીઠી બોલી.

સુવેદા શૌરીષિ [સં.] પું. ઋગ્વેદના દસમા મંડલના ૪૯મા સૂક્તનો કર્તા એક ઋષિ.

સુવેલાચલ પુ. દક્ષિણમાં આવેલ એક પર્વત. તેની તળેટીમાં રામ લક્ષ્મણ સેતુ બાંધતી વખતે ઊતર્યા હતા.

સુવેળા સ્ત્રી. સારો વખત.

સુવેળાચળ જુઓ સુવેલાચલ.

સુવ્યવસ્થા [સં. સુ (સારી) + વ્યવસ્થા (ગોઠવણ)] સ્ત્રી. સારી વ્યવસ્થા; સારી ગોઠવણ; સારો વહીવટ.

સુવ્યવસ્થિત [સં.] વિ. સારી વ્યવસ્થાવાળું; સારીપેઠ વ્યવસ્થિત

સુવ્યુત્પન્ન [સં.] વિ સારી રીતે પારંગત.

સુવ્રત ૧ પુ. અઠ્યાસી માંહેનો એક ગ્રહ.

૨ પું (જૈન) એ નામે એક જૈન તીર્થંકર; સુવ્રતનાથ; સુવ્રતસ્વામી.

કેટલાક અમસ્ત આકાશો તારા આ જૈનમા નિમગ્ન થવાથી પ્રકાશિત થતા નથી અને જે માર્ગે **સુવ્રત** ભગવ છે તે માર્ગે તેઓ ભમતા નથી. સુનિપાત

૩. પું કૈકય દેશના અંદવશી રાજા ઉશીનરનો પુત્ર.

૪ પું. ધર્મચર્યા કરવામાં હોશિયાર હાથી

૫ પું વિષ્ણુનાં કલ્કિ માંહેનું એક નામ

૬ પુ. (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન અજમીઢના વંશના કુરુ પુત્ર સુધનુના વંશમાના કલ્પમય કુળમાં થયેલા ક્ષેમરાજાનો પુત્ર. એનો પુત્ર તે ધર્મસૂત્ર

૭ વિ સારા વર્તનવાળું; સદ્વર્તની

સુવ્રતેશ્વર [સં.] પું શિવનાં કલ્કિ માંહેનું એક નામ

સુવ્રતસ્વામી [સં.] પું. જૈનના પ્રહ્વાકૃવરા અને ક્રસ્પ ગોત્રમાં ઉત્પન્ન થયેલા વીસમા તીર્થંકર; સુવ્રત; સુવ્રતનાથ

સુવ્રતા ૧. સ્ત્રી. એ નામે પંદરમા જૈન તીર્થ કરની માતા.

૨. [સ.] સ્ત્રી. વ્રત નિયમો પાળવાવાળી સ્ત્રી; સાધ્વી; આર્યા

૩. સ્ત્રી. સારા વ્રતવાળી સ્ત્રી

૪. સ્ત્રી. સુશીલ સ્ત્રી.

સુવ્રતી જુઓ સુવ્રતા.

સુશર પું (પિંગળ) એ નામે એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૩૫ ગુરુ અને ૮૨ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

સુશર્મા ૧. પું. (પુરાણ) એ નામે અર્જુનો પુત્ર. એ ભારતના યુદ્ધમાં નકુલને હાથે મરણ પામ્યો હતો

૨. પું. (પુરાણ) કર્ણને હાથે મરણ પામેલ પાંડવ પક્ષનો એ નામનો એક પાંચાલ રાજા.

૩. પું (પુરાણ) દુર્યોધન પક્ષનો સંશપ્તક રાજા; ત્રિગર્ત રાજાના પાંચ માંહેનો એક પુત્ર એને દુર્યોધને દક્ષિણ દિશાની ગાયો પાળવાને વિરાટ મોકલ્યો હતો. વિરાટનાં ઢોર પાળતાં પાળતાં યુદ્ધમાં એણે વિરાટને પકડ્યો હતો અને મારી નાખત પણ બલવત નામધારી ભીમસેને એને છોડાવ્યો હતો. ભારતના યુદ્ધમાં એણે ભાગ લીધો હતો અને એ યુદ્ધમાં અર્જુનને હાથે તે મરાયો હતો.

સુશલ્ય [સ.] ન ખારનું ઝાડ

સુશર્વી ૧. [સં] પું કાચલાનો રસો

૨ ન કાળો ગોળ

સુશંભુ [સ.] પ પરમ સુખદાયક; પરમ મંગલ

પીત પયોધર યુગ્મ સુશંભુ
જાણી મોક્ષ દ્વારના કુંભ. ભ ગોવિ

સુશાકટ [સ] ન. આદુ. આદુ નૃપંદડાંવાળા નામવાળો ગણાય છે. તેનાથી શાક સ્વાદીષ્ટ થાય છે તેથી તેને સુશાકટ કહે છે.

સુશાસન [સ.] ન.૦ સારું રાજ્યતંત્ર; સુરાજ્યતંત્ર

સુશાળ [સં.] ન. બસો ઓરડાંવાળું માંહેનું એક જાતનું ઘર; ઉત્તરમાં પરસાળ (બે-પીઠા અને ચાર સ્તંભો જેમાં છે તેવી) વાળી ઓરડી અને પરસાળ તથા પૂર્વમાં બે અને દક્ષિણે એક પરસાળ હોય તેવું ઘર

સુશાંતિ ૧. પું. (પુરાણ) ચૌદ માંહેનો એક દેવ

૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન હસ્તિપુત્રે અજમીઢના નીલ નામના પુત્રનો પૌત્ર. એના પુત્રનું નામ પુરુજ હતું.

૩. [સં.] સ્ત્રી. સારી શાંતિ; ઘણી શાંતિ.

સુશિક્ષક [સં.] પું. સારું શિક્ષણ.

સુશિક્ષિત [સં.] વિ. સારી કેળવણી પામેલું; સારી રીતે શિક્ષિત; સારસુંગરયું; કેળવાયેલું; સારું જ્ઞાન પ્રાપ્ત કરેલું.

સુશિક્ષિતમંડળ સ્ત્રી. સારી કેળવાયલી મંડળી; કેળવાયલો વર્ગ; ' ક્રીમ ઑફ સોસાયટી '.

સુશિક્ષિતા વિ સ્ત્રી. સારું શિક્ષણ પામેલી; સારી રીતે કેળવાયેલી

સુશિખ ૧. [સં.] પું અગ્નિ.

૨. પું ચિત્રાનું ઝાડ.

૩ વિ. સારી ઓટલીવાળું; સારી શિખા કે કલગીવાળું.

સુશિખા [સં] સ્ત્રી. મોરની કલગી.

સુશિર ૧. ન. દાગીનામાં થતું પોલું કામ.

૨ ન. પ્રણાલી

૩. ન વાદ્યનો એક પ્રકાર

સુશી ૧ સ્ત્રી એક જાતની જાડી રેશમી સાડી

૨. સ્ત્રી. પટાપટીનું લૂગડું, ચોકડીનું લૂગડું.

સુશીત ૧. પુ. પીપરનું નાનું ઝાડ

૨. ન પીળું ચંદન.

૩ [સં] વિ. અત્યંત શીતળ

સુશીલ ૧. [સં.] વિ. ઉત્તમ શીલવાળું; સચ્ચરિત; સારા ચારિત્ર્યવાળું
૨. વિ ગુણવાન
૩. વિ મનોરાશીલ.
૪. વિ વિનયી, વિવેકી
૫ વિ. સરળ, સીધું
૬. વિ સારા સ્વભાવનું
પ્રકૃતિ નિસર્ગે સહજ અને વિશ્વ **સુશીલ** સ્વભાવ ટેવ પડી જાયે નહિ દુરીએ કદિ કપટ્ય
વિશ્વજીવનકોશ

સુશીલતા [સં.] સ્ત્રી. સુશીલપણું.

સુશીલા [સં] વિ સ્ત્રી. સારા ચારિત્ર્યવાળી.

સુશોભન ૧. [સ] ન. સણગાર; ચિત્રામણ
૨ વિ શોભા કરવી તે
૩ વિ. શોભીતું

સુશોભના ૧. સ્ત્રી. (પુરાણ) આસુ નામના મનુપ્રાધિપતિની કન્યા અને ઇક્ષ્વાકુ કુળના પરીક્ષિત રાજાની સ્ત્રી
૨ સ્ત્રી. સીતાનાં સખીજન માહેનું એક નામ.

સુશોભિત ૧. [સં. સુ + શોભિત] વિ. ખૂબ શોભાવાળું; રૂડું લાગે તેવું; સોહામણું; બહુ શોભીતું; સારું દેખાવનું
૨. વિ સરસ; દિલખુશ; સુંદર

સુશ્રવા ૧. [સ.] સ્ત્રી. (પુરાણ) સોમવંશી જયત્સેનની ભાર્યા અને પરાક્રીનની માતા.
૨. સ્ત્રી (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રની સ્ત્રી અને ગાંધારીની બહેન

સુશ્રાવ્ય [સ.] વિ. સાભળવામાં સારું કે મીઠું.

સુશ્રૂષા સ્ત્રી. સેવા ચાકરી.
પછી ચતુર પ્રેમદા પાસે આવી કરે **સુશ્રૂષા** નારી. પદ્મપુરાણ

સુશ્રી [સ] સ્ત્રી અગ્નિની દશ માહેની એક કલા

સુશ્રુત ૧. [સ] પુ. એ નામનો એક પ્રાચીન પ્રસિદ્ધ વૈદ્ય
આયુર્વેદના મૂળ પ્રવર્તકો ચરક અને **સુશ્રુત** લગભગ અઢી હજાર વર્ષ જેટલા પ્રાચીન છે. ચરક (ઈ. સ. પૂ. ૫૦૦) ઔષધ સંગ્રહ તરીકે પ્રખ્યાત છે અને સુશ્રુત (ઈ. સ. પૂ. ૧૦૦) શસ્ત્રવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે નિદાનવિચાર
૨. પુ વિશ્વામિત્રના પુત્રો માહેનો એક
૩. પુ. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.
૪. ન. એ નામનું સુશ્રુતનું આયુર્વેદ ઉપર લખેલું પુસ્તક.
૫. વિ વેદમાં પારંગત.
૬. વિ. સારી રીતે સભળાય તેવું; બરાબર ભણ્યું કહ્યું સાંભળ્યું તેવું; બરાબર કાને પડતું

સુશ્રુતસંહિતા સ્ત્રી. એ નામનો સુશ્રુતકૃત એક અત્યંત પ્રાચીન ગ્રંથ. તે આયુર્વેદનો સર્વોપરિ ગ્રંથ છે. તેમાં વ્યવચ્છેદ વિદ્યા, શલ્યક્રિયા, રોગ નિદાનચિકિત્સા, વિષવિજ્ઞાન અને રસાયનિક રોગ એ સર્વેનું વર્ણન છે. તે ઉપરાંત તેમાં સૂત્રસ્થાન, નિદાન-શારીરસ્થાન, ચિકિત્સાસ્થાન અને કલ્પસ્થાન ઉપરાંત બધા રોગનાં નિદાન, લક્ષણ અને ઔષધિનો પ્રત્યા- તથા દરેક રોગ ઉપર ક્વાથ, ચૂર્ણ, રસ અને વી વગેરેનું સુંદર રીતે વર્ણન કર્યું છે.
સુશ્રુતના આ શાલક્યતંત્રમાં, શલ્યતંત્ર, ભૂતવિદ્યા, રસાયન, વાજીકરણ, બાલતંત્ર, કાર્ય ચિકિત્સા વગેરે ક્રમિકરાજને વર્તમાન **સુશ્રુતસંહિતા** થઈ છે
મ. સા પરિષદ

સુશ્રોણી ૧ સ [સ્ત્રી સુ + શ્રોણી]
૨ વિ સ્ત્રી ભારે, અવયવવાળી

સુશ્લિષ્ટ ૧ સ [વિ અંગો પ્રકૃતિનું, બરાબર પ્રમાણ
૨. વિ સારી રીતે જોડેલું કે બેસાડેલું, સુવ્યવસ્થિત; બરાબર ગોઠવેલું
૩. વિ સુંદર; આકર્ષક; સુશોભિત.

સુશ્લિષ્ટતા સ્ત્રી. સુ + શ્લિ.; ચોકીલાપણું.

સુષમ ૧ વિ. સમાન, સદૃશ
૨ [સં.] વિ. સુંદર; મનોહર.
સુષમ **સુષમ** કર્મ રુચિર ને કાલ કમલ કમનીય, રમ્ય સુપેરાલ જાય વિરાજ રામ રમત રમનીય
વિશ્વજીવનકોશ

સુષમદુઃષમા [પ્રા.] સ્ત્રી. (જૈન) જેમાં સુખ વધારે અને દુઃખ ઓછું એવો અવસર્પિણી કાળનો ત્રીજો અને ઉત્સર્પિણી કાળનો ચોથો આરો.

સુષમા ૧. પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વામા. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, યગણ, જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.
ત ય જ ગ થી થાયે **સુષમા** વૃત્તરત્નાકર
૨ સ્ત્રી જૈનાગમ પ્રસિદ્ધ ત્રણ કોડાકોડી સાગરોપમનો બીજો આરો; એક કાળ.
૩ [સં.] સ્ત્રી પરમ સુંદરતા; બહુ ઉત્તમ શોભા

સુષવી [સં.] સ્ત્રી. ધાણજીરું. તે અનાજ તથા પાણીનું શોષણ કરે છે માટે તેને સુષવી કહે છે.

સુષા સ્ત્રી. (સંગીત) નારદમત પ્રમાણે શરીર વીણાના આખની એક મૂર્છના.

સુષાર [સં.] સ્ત્રી. એક પ્રકારની તુષ્ટિ; સંતોષ.
રહેણીમા દોષ જોઈ જે તુષ્ટિ થાય છે તેને સુષાર કહે છે. સામ્યદર્શન

સુષિર ૧. [સ.] પુ અગ્નિ.
૨ પુ ચિત્રાનુ ઝાડ
૩. ન. બાકું; કાણું

સુષિરવાદ્ય [સં સુષિર (છેદ) + વાદ્ય (વાજું)] ન. (સંગીત) પવન ભરીને વગાડવાનું કાણાવાળું વાજું; અમુક અંતરે અમુક માપના કાણાવાળું અને પવનની મદદથી વાગતું વાદ્ય વાંસળી, શંખ, પાવો, શરણાઈ, પુંગી, મુખચંગ, હારમોનિયમ, નગારું વગેરે વાદ્ય સુષિર જાતનાં છે

સુષુપ્ત ૧ [સં.] વિ અપ્રગટ; છાનું; ગુપ્ત; અંદર રહેલું; ' લેટન્ટ '.
૨ વિ ગાઢ નિદ્રામાં પડેલું,
૩ વિ બધું; નિષ્ક્રિય; અચેત
૪ વિ ચેતવું ચેતન, નિદ્રામાં આવેલું

સુષુપ્તક સ ન્ત્રી. સાત માહેની એક જાત. ભૂમિસર્પ. તે ભૂમિકા ગાઢ નિદ્રાની હોય છે. તેમાં જડ જેવી સ્થિતિ મુખ્ય હોય છે

સુષુપ્તજ્ઞાન ન. આ જગત શાંતિ માત્ર છે, જ્ઞાન માત્ર છે, એવું સમજવું.

સુષુપ્તયોગ ન. (યોગ) જગતના બાધપૂર્વક આત્માનું જ અનુસંધાન કરવું એવા પ્રકારનું મૌન

સુષુપ્ત સૌંદર્ય [સં.] ન. આધુનિક વિજ્ઞાનની એક ચમત્કૃતિ. યરપના એક ગામમાં ઓગણીસ વર્ષની એક બાળા પ્રેમી પોતાનિ પીઅર, બે વર્ષ પહેલા મોટરની અથડામણમાં મૂર્છિત બનેલી તે ૨૧૭ દિવસ પસાર થવા છતાં શરીરની કોષ પણ વિકૃતિ વિના એકસરખી અવસ્થામાં સુષુપ્ત પડેલી હોવાનું મનાય છે. આટલો લાંબો ગાળો પસાર કર્યા પછી તે ફરીથી સ્વસ્થ પ્રાપ્ત કરતી જણાય છે આનંદ તબીબી ધ્વનિવિજ્ઞાનની આ એક અજાયબી મનાય છે

સુષુપ્તિ ૧ સ્ત્રી અવનતિ, મંદ દશા, અપરિમાનમ; અધિમાનમ
૨. [સં. સુ (પણ) + સ્વપ્ (ઊંઘવું) + તિ (પ્રત્યય)] સ્ત્રી. ગાઢ નિદ્રા; જેમાં કોઈ બાબતની સ્મૃતિ કે જ્ઞાન રહેતી ન હોય એવી નિદ્રા
૩. સ્ત્રી. (યોગ) ત્રણ માહેની એક અવસ્થા, એક જાતની જ્ઞાનશૂન્ય અવસ્થા; બધી ઇંદ્રિયો લીન થયા પછી કેવળ અજ્ઞાનરૂપ વૃત્તિ વડે પદાર્થનું જ્ઞાન જેમાં થાય છે તે અવસ્થા જાગ્રત અવસ્થા ઉપરાંત જીવની ચોરાસીની

સુસંગત ત્રિકોણ

ઉપાધિને લઈને બીજી બે અવસ્થા પણ છે: સ્વપ્નાવસ્થા અને સુષુપ્ત અવસ્થા. જેમ જાગ્રત અવસ્થા એ જીવની–આત્માની વાસ્તવિક અવસ્થા નથી પણ ઔપાધિક અવસ્થા છે તેમ સ્વપ્ન અને સુષુપ્તિ પણ ઔપાધિક અવસ્થા છે; પારમાર્થિક નથી. આ વખતે બધી ઇંદ્રિયો મનમાં લીન થઈ જાય છે જે મનનું પણ સુષુપ્તિમાં સ્પન્દન નથી, માત્ર પ્રાણ જ ત્યારે છે સ્વપ્નાવસ્થામાં મન જાગ્રત હોય છે અને મનમાં કોરાઈ રહેલી વાસનાનો મનોમય આત્મા અનુભવ કરે છે. જ્યારે તે મનરૂપી પરમદેવ સૌ ઇંદ્રિયોના એકાયનરૂપી મનરૂપી પ્રધાન દેવ ઉદાનરૂપી તેજથી દબાઈ જાય છે એટલે ઉદ્ગત વાયુના પ્રભાવથી મન જ્યારે સ્પન્દનશૂન્ય–વપારશૂન્ય થાય છે ત્યારે તે અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે, અર્થાત્ ઇંદ્રિયો સહિત મન પણ જ્યારે નિર્વ્યાપાર થઈ જાય છે, અનુક્રમાર્થ તમોગુણના પ્રબળ ઊભરાને લઈને દબાઈ જાય છે ત્યારે સુષુપ્તિ અવસ્થા આવે છે. આ સુષુપ્તિ કાળમાં મનોમય આત્મા સ્વપ્નો જોતો નથી. કેમકે, સ્વપ્નોનો દેખાડનાર મનદેવ તે કાળે સ્પન્દનશૂન્ય હોય છે; અને તે વખતે આ શરીરમાં આ સૌષુપ્ત સુખને મનોમય આત્મા પ્રાપ્ત કરે છે. અંતઃકરણની જે અવસ્થામાં અહંકારના સ્થૂલપદાર્થોનું કે શરીરની અંતરના વાસનામય પદાર્થોનું અંતઃકરણને જ્ઞાન થતું નથી, પણ અંત કરણ અજ્ઞાનમાં લીન થઈ ગયેલું હોય છે તેવી અંતઃકરણની અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે. એ અવસ્થામાં જીવાત્માને અજ્ઞાનનો અને સુખનો અનુભવ થાય છે તેથી જ સુષુપ્તિમાંથી જાગેલો પુરુષ " મને કાંઈ જ્ઞાન ન હોતું, હું સુખથી સૂતો હતો " એવો પોતાનો અનુભવ અન્યને જણાવે છે સુષુપ્તિમાંથી જાગેલો પુરુષ સુષુપ્તિઅવસ્થાનો પોતાનો જે અનુભવ બીજાને કહે છે તે પોતાના સ્મૃતિજ્ઞાન પરથી કહે છે અર્થાત્ સુષુપ્તિઅવસ્થામાં પોતાને જે અનુભવ થયો હતો તે સંભારીને અન્યને કહે છે વેદાંતીઓએ આ અવસ્થાના સુષુપ્તિ જાગ્રત, સુષુપ્તિ સ્વપ્ન, અને સુષુપ્તિ સુષુપ્તિ એવા પેટા પ્રકાર પણ પાડેલા છે

સુષુમ્ણા ૧. [સં.] સ્ત્રી. યોગશાસ્ત્ર પ્રમાણે વચ્ચલી માહેની વચલી પ્રધાન નાડી; નાકની વાટે નીકળતો શ્વાસ ડાબો જમણો ન જતાં સમાન આકરો જતો હોય તે નાડી; સુષુમણા; શરીરને જીવન આપી અંગોનું પોષણ કરનારી મુખ્ય નાડ મહેની પહેલી ત્રણ તત્ત્વ (રજ)નો વાસ હોવાનુ મનાય છે ખરડાની કરોડના ભાગમા જ્ઞાનતંતુના બે નવ છે તે ઈડા અને પિંગળા એ નામથી ઓળખાય છે. તે જમણી બાજુ બીજી નાડી પણ છે તેને સુષુમણા કહેવામા આવે છે. શરીરમાં રહેલી કુંડલિની શક્તિની નામનો એક ભાગ એની સાથે જોડાયેલો હોય છે. નાભિથી નીચે ને ઉપરથી ઉપર કંદ નામનું સ્થાન છે. એ કંદમાંથી સુષુમણા નામની નાડી નીકળી મેરુદંડમાં થઈ કંઠ પ્રદેશની આગળ આવે છે. ત્યાંથી એ નાડીની બે શાખા થઈ એક પાછળના ભાગ વાટે ભ્રમરગુફામાં થઈ ભ્રહ્મરંધ્રમા જાય છે અને બીજી ત્રિકુટીમા થઈ બ્રહ્મરંધ્રમાં જાય છે. એ સુષુમણા નાડીમાં બધાં ચક્રો છે. જ્યારે શરીર માહેની નાડીઓની ગુહ્ય થઈ કુંડલિની જાગ્રત થાય છે ત્યારે પ્રાણ સુખપૂર્વક સુષુમણામાં પ્રવેશ કરે છે

૨. સ્ત્રી શરીરની બાર માહેની એ નામની એક કલા.

સુષુમા જુઓ સુષમા.

સુષુપ્તી સ્ત્રી. અરધુ નિદ્રામાં અને અરધુ જાગ્રત હોય એની સ્થિતિ

સુષુમ્ણ ન. એ નામનું એક જાતનું ત્રિરણ.

સુષુમ્ણા જુઓ સુષુમણા

સુષેણ ૧. પું. ઉત્તમૌજાએ ભારત યુદ્ધમાં મારેલો આ નામનો દુર્યોધન પક્ષનો એક રાજા.

૨. પું. એ નામનો એક વાનર વૈદ્ય. તે રામના લશ્કરમાં હતો. તેણે મરી ગયેલા વાનરોને જીવતા કર્યા હતા. એને મૈંદ અને દ્વિવિદ નામે બે પુત્ર હતા અને તારા નામે એક કન્યા હતી તારાને એણે વાલિને પરણાવી હતી.

૩. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૪. પું. (પુરાણ) એ નામે કર્ણનો એક પુત્ર. ભારતયુદ્ધમાં એને નકુલે માર્યો હતો.

૫. પું. કરમદાનું ઝાડ

૬. પું. કૃષ્ણ અને રુક્મિણીનો એક દીકરો.

૭. પું. નેતરનુ ઝાડ.

૮. પું (પુરાણ) મહા મહિનાના સૂર્યની સાથે સવારે કરનાર એ નામનો એક ગંધર્વ.

૯. પું. (પુરાણ) રેણુકાને જમદગ્નિથી થયેલા પુત્રો માહેનો એ નામનો એક

૧૦ પુ. (પુરાણ) વસુદેવને દેવકીની કૂખે થયેલ: ચાર માહેનો એક પુત્ર.

૧૧. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ.

૧૨ પુ (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રના સો માહેનો એક પુત્ર: એ નામે એક કૌરવ

૧૩. પુ (પુરાણ) સોમવંશીય ભદ્રવાહ કુલોત્પન્ન અનરિક્ષ રાજાના ત્રણ મહેના બાલ પુત્ર

સુષ્ઠુ ૧ [સં] વિ ઘાટીલું, સારા અવયવોવાળું; સમ્પટિત; સુરક્ષિત

૨. અ સારી રીતે, ઉત્તમ રીતે

સુસંજ્જિત [સ.] વિ સારી રીતે સજાવ્યું,રેલ, સારી રીતે તૈયાર કરેલ

સુસત્યા સ્ત્રી. જનક રાજાની એ નામની એક પત્ની.

સુસમાહિત [સં.] વિ. (જૈન) શુદ્ધ ભાવમાં સ્થિર થયેલ

સુસર પું. એક જાતનો મગરમચ્છ, ખરા સુસર ઉપલા અને નીચલા દાંતથી જુદા મગરમચ્છથી પડે છે. તેનો ચોયો નીચલો હાલ દબાણની જેમ બહાર નીકળે છે ને ઝટપટથી તરી શકે છે અને ઝાઝો વખત પાણીમા કાઢે છે તેના ચામડામાંથી બેગ બનાવવામાં આવે છે. તની આંખમાં આંસુ હોય તેમ મનાય છે

સુસવાઢ ૧. સ્ત્રી. એક જાતનો મગર; સુસવાળ

૨. જુઓ સુસવાટો

સુસવાઢો પું. પવનનો ઝપાટો; સુસવાટ; જોરથી વહેતા કે ચીંઝાતા પવનનો કે તેને મળતો અવાજ

સુસવાટો મારવો = જોરથી પવન વાવો.

સુસવાઢ (સુસવાઢ) જુઓ સુસવાળ.

સુસવાર જુઓ સુસવાળ

સુસવાળ સ્ત્રી મગરની જાતનુ પેટે ચાલનારું એક પ્રાણી. તેનું મોં લાંબું અને પાતળું હોય છે. શરીર ભીંગડાં હોય છે ને તેમાંથી પ્રવાહી ઝરે છે. માદા રેતીમાં ઈંડાં મૂકે છે તે સૂર્યની ગરમીથી સેવાય છે.

સુસંકલિત વિ. સારી રીતે સકળા,ગેલ.

સુસંગ ૧. [સં.] પુ. મેળ; એકરસતા; સુસંગતિ

૨. પું. સુસ્વરતા: સ્વરમાધુર્ય

સુસંગઠિત [સ.] વિ સારી રીતે એકત્ર થયેલ

સુસંગત ૧. [સં] વિ બરાબર સંગત હોય તેવું બરાબર બંધબેસતું; બાજતું

૨ અ. સારી રીતે સબંધવાળું.

સુસંગતતા [સ] અ. બધી રીતે મળતાપણું, તર્ક બેસવાપણું, સુસંગતિ; ' કોમની '

સુસંગત ત્રિકોણ પું ન ન (ભૂમિતિ) સરખે સરખા ત્રિકોણ જ્યારે બે ત્રિકોણ એવા હોય કે એક ત્રિકોણને બીજા ઉપર મૂકતા, પહેલા ત્રિકોણના કોનબિંદુઓ અને બાજુઓ અનુક્રમે બીજા ત્રિકોણના કોનબિંદુઓ અને બાજુઓ

ઉપર બરાબર પડી રહે તો તે બે ત્રિકોણ સુસંગત ત્રિકોણ કહેવાય છે.

સુસંગતબહુકોણ પુ. (ભૂમિતિ) સુસંગતબહુભુજ 'રેગ્યુલર પોલિગોન'.

સુસંગતબહુભુજ [સં.] પું (ભૂમિતિ) જેની બધી બાજુઓ તેમ જ બધા ખૂણા સરખા હોય તેવી ચારથી વધારે બાજુવાળી સમતલ આકૃતિ તેને સુસંગતબહુકોણ પણ કહે છે.

સુસંગતિ જુઓ સુસંગતતા

સુસંપ પુ. સારો સંપ

સુસંપી વિ. સારા સંપવાળું

સુસંબદ્ધ [સં.] વિ. આગળ પાછળ બરાબર સંબંધવાળું; સુસંગત

સુસંયોગ [સં.] પુ. સારી રીતે યોગ થયો તે.

સુસંસ્કાર [સં.] પું સારા સંસ્કાર

સુસંસ્કારશાલિની [સં. સુસંસ્કારશાલિન્] વિ સ્ત્રી. સારા સંસ્કારવાળી; સંસ્કારી.

સુસંસ્કારી [સં.] વિ. સારા સંસ્કારવાળું; ઉત્તમ કેળવણી પામેલું.

સુસંસ્કૃત ૧. [સં.] વિ. અલંકૃત

૨. વિ. ઊંચા સંસ્કારવાળું; સુઘડ; શિષ્ટ.

તેને સુસંસ્કૃત કરી તેના દરેક અંગો વિશેષ આકર્ષક બનાવવાનું માન તાનસેન અને તેના ગુરુ હરિદાસ સ્વામીને ઘટે છે. સંગીતકા.

૩. વિ. પ્રવાહી વડે ઘી, તેલ, મસાલો વગેરે નાખી સુધારેલું. અન્ન વગેરે માટે બોલાય છે.

સુસાણ [સં. સ્મશાન] વિ. (પ્રાકૃત) પ્રેતભૂમિ; મસાણ.

સુસામા પું. (પુરાણ) યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ઉદ્ગાતા (ઉદ્ગાતા) બનેલ એક ઋષિ. એ ધનંજય ગોત્રના હતા.

સુસારસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીંથી ત્રણ માઈલ દૂર કસરાવદ ગામ આવેલ છે.

સુસ્ત ૧. [ફા.] વિ આળસુ; બેદરકાર.

૨. વિ. ધીમું, મંદ.

સુસ્તી ૧. [ફા.] સ્ત્રી અસ્ફૂર્તિ; આળસ; ઊંઘનું ઘેન; શૈથિલ્ય; અસ્વસ્થતા

૧. સુસ્તી ઊડાડી દેવી–મારી નાખવી = શિક્ષાથી પાંસરું કરવું

૨. સુસ્તી ઊડવી = સુસ્તી જતી રહેવી, જાગ્રત થવું.

૩. સુસ્તી કરવી–રાખવી = આળસ થવું.

૨. સ્ત્રી. મંદપણું; ધીમાપણું; મંદતા.

સુસ્થ ૧ [સં.] વિ સુસ્થિત

૨ વિ સ્વસ્થ, આબાદ તાજું.

સુસ્થાંચિત્ત [સં.] વિ. આબાદ હોશિયારીવાળું; સાવધ; શાણું; ડાહોશ.

સુસ્થાપિત [સં.] વિ. સ્થપાયેલું.

સુસ્થિત ૧. [સં.] વિ. બરાબર ગોઠવાયેલું

૨. વિ. સારી રીતે સ્થિત; દૃઢ

૩. વિ. સારી સ્થિતિવાળું.

સુસ્થિતિ [સં.] વિ. સારી સ્થિતિ; સારી હાલત

સુસ્થિર [સં.] વિ. સારી રીતે સ્થિર થયેલ.

સુસ્પષ્ટ [સં.] વિ. ખૂબ સ્પષ્ટ

સુસ્વધા પુ. (પુરાણ) આજ્યપ નામના પિતરોનું નામાંતર. એ કામદુઘ લોકમાં રહે છે

સુસ્વભાવ ૧. પું. પોતાનો ઉત્તમ ગુણ કે ધર્મ.

૨. પું. સારો સ્વભાવ

સુસ્વભાવી વિ સારા સ્વભાવવાળું

સુસ્વર ૧ [સં.] પુ (પુરાણ) એ નામના ગરુડ પુત્ર

૨ પુ પાકડના છ ભાઈનો એક ગુણ

૩. પું. સારો અવાજ; મધુર કંઠ, સુંદર રાગ કે સ્વર; ઉત્તમ સ્વર

૪ વિ. મેળવાળું; એકરસ.

૫. વિ. સારા રાગવાળું; સારા અવાજનું, ઉત્તમ સ્વરવાળું; સુંદર કે મધુર સ્વરનું

સુસ્વરા સ્ત્રી. (સંગીત) મધ્ય સ્થાનીય આઠીસ ભાઈની એ નામની સૌભાગી શ્રુતિ

સુસ્વરિત [સં.] વિ. સારા અવાજવાળું

સુસ્વાગત [સં.] ન. સારું સ્વાગત; સત્કાર. આ શબ્દમાં સુ અતિરેક છે

સુસ્વાપ [સં] પુ. સારી ઊંઘ.

મહારાજને સુસ્વાપ હો પ્રસ્તાવ

સુહસ્ત પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રના સો ભાઈનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો.

સુહંકર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શુભંકર. તે વર્ધમાનક કહેવાય છે. તેના દરેક ચરણમાં આઠ નગણ અને એક રગણ એમ સતાવીશ અક્ષર હોય છે.

નસુ નગણ પર રગણ ધરી
કવિવર ! પ્રતિ ચરણ રચ સુહંકર. રણછોડ

સુહંત વિ સોહીતું; સોહાવે તેવું.

સુહા ૧. પું. (સંગીત) એ નામે એક રાગ. તે સાંજી ચાટમાંથી ઉત્પન્ન થાય છે. તે ગ્રામની એક જાત છે. દિવસના બીજા પ્રહરે તે ગવાય છે. તેમાં સારંગની છાયા દેખાય છે.

૨. પુ. (સંગીત) એક રાગ તે વસંત ઋતુમાં દરેક વખતે ગવાય છે. જાતિ સંપૂર્ણ, ખરજ અને રિષભ તીવ્ર, ગંધાર અને મધ્યમ કોમળ, પંચમ, ધૈવત અને નિષાદ કોમળ સ્વરો આવે છે

૩ સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી; નુદ્ધા કાન્હરા; કનેરાની એક જાત

૪ [સં સુધા] સ્ત્રી. (પ્રાકૃત) અમૃત

સુહાકનરો પું (સંગીત) એ નામનો કાનરાની જાતનો એક રાગ તેનો ગાવાનો વખત ચોથો પ્રહર છે

સુહાગ ૧ [સં. સૌભાગ્ય–સોહાગ–સુહાગ] પુ. સૌભાગ્ય, સદ્ભાગ્ય, સારું ભાગ્ય

૨. પુ. સૌભાગ્યચિહ્ન પતિની હયાતિમાં જ પહેરતાં અમુક ઘરેણાં અને શણગાર

૧ સુહાગ ઉતારવો = (૧) વિધવા વેશ ધારણ કરવો

૨. સુહાગ છિનાવો ઉતારવો . વિધવા થવું

૩ વિ મધુર; સુંદર, શણગારું

સુહાગણ ૧. [હિ.] સ્ત્રી. એ નામે એક ફૂલવેલ

૨ વિ સ્ત્રી. પતિની માનિતી; વહાલી, પતિના પ્રેમવાળી

૩. વિ સ્ત્રી. સૌભાગ્યવતી

સદા સુહાગણ = વેશ્યા; અભિસારિકા

સુહાગન જુઓ સુહાગણ ૩.

સુહાગનૃત્ય ન. એક જાતનું નૃત્ય.

સુહાગરાત સ્ત્રી. નવ પરિણીત દંપતીની પ્રથમ રાત્રિ.

વરવધૂ પહેલી રાત્રે જ્યારે જોગા થાય છે તે રાતને મહારાષ્ટ્ર કુટુંબકાત્ત ભાષામાંથે **સુહાગરાત** નામ આપ્યું છે. અભિનવ કામશાસ્ત્ર

સુહાગસેજ સ્ત્રી. પરણેલ વરકન્યાની પહેલી રાત્રિની પથારી

સુહાગા [હિ.] પું. ટંકણખાર; 'બોરેક્સ'.

સુહાગિણી જુઓ સુહાગણ ૩

સુહાગિન જુઓ સુહાગણ ૩.

સુહાગિની જુઓ સુહાગણ. ૩.

સુહાગિયું જુઓ સુહાગી

સુહાગી ૧. વિ. સારાનસીબમાં સર્જ્યું થયેલ.

૨. વિ સુભાગી; સુખી.

૩. વિ. સુંદર

સુહાગો [હિ. સુહાગા] પું. એક પ્રકારનું સોના રૂપાને સાધવાનું રેણ; ટંકણખાર.

હાવર કૂહાડો કૂરીલ નર, અણપીછ્યા બીછ્યાય,
સોમ સુહાગો સુપડ નર બીછડિયા દુર મિલાય.

દુહો

સુહાણ જી. શાંતિ, સમાધાન.

સુહાની [હિં.] વિ સુંદર

સુહાબિલાવલ જી. (સંગીત) બિલાવલ રાગિણીની ચૌદ ભાંજેની એક જાતની રાગિણી; બિલાવલી, સુદ્ધ બિલાવલ અને બિલાવલનું મિશ્રણ.

સુહામણું વિ શોભીતું; સોહામણું

સુહાલુ વિ [જૂ. ગુ.] સુંવાળું

સુહાવણ જુઓ સુહાવન

સુહાવન વિ શોભાયમાન; સુંદર

સુહાવવું ૧. સ કિ. શોભાવવું. રોજે નમાજ કરવું.

> સામ્રાજ્યની લહમી સુહાવવાને,
> દિગ્જયમાં ધર્મ દીપાવવાને;
> નવમ્રનાતે નવનેજ જીતતા,
> બની, પધારે અહીં ધર્મરાજ આ. સંધ્યનિત્રા

૨ સ કિ. સુખ ઉત્પન્ન થાય તેમ કરવું

સુહાવું ૧ અ. કિ. ગમવું; પસંદ પડવું; ફાવવું; ચેન પડવું; સુખ રહેવું.

૨. સ કિ. શોભવું; દીપવું; સારું લાગવું કે દેખાવું; સોહવું

સુહાશ્યામ પું (સંગીત) શ્યામ રાગની જાતે ભાંજેની એક જાતિનો રાગ.

સુહાસણી જુઓ સુહાગણ ૩.

સુહાસિની [સં.] વિ. સ્ત્રી. સુંદર હાસ્યવાળી; મદહાસ્ય કરવાવાળી

સુહૃજ્જન [સં] પુ. મિત્ર.

> કોઈ કામ ભલ્યા આતુર યામ,
> સુહૃજ્જન સ.ય વિરોધ કેશવ હર્ષદ

સુહૃદ ૧. પું (વેદાંત) ઉપકારના બદલામાં ઉપકારની અપેક્ષા રાખ્યા સિવાય ઉપકાર કરનારો માણસ

૨. પું. ત્યોતિષપ્રસિદ્ધ ગ્રહોથી ચોથું સ્થાન.

૩. ~ સ સુ (સારું) + હૃદ (અંતઃકરણ; હૃદય) પુ. મિત્ર, દોસ્ત; સોબતી, દોસ્તીદાર, ભાઈબંધ.

૪ પુ શિખનાં ગુરુનો ભાંજેનું નામ એક.

૫. ન રાજનીતિનું એક પ્રકારનું ષાડ્ગુણ્ય, રાજનીતિમાં રાજ્યના સાત ભાંજેનું ત્રીજું અંગ

૬ ન સારો અંત કરણ

૭. વિ વહાલું, પરમસ્નેહી

> ભાલા ! ખમને પખીથી સુહૃદો, મતની વાત થાતી,
> માતાઓને સુહૃદ મુખથી, સત્યથી સ્વેજ ઉલ્ટી.
> મેઘદૂત

સુહૃદજ્જન ૧ [સં] ન. સ્નેહીજન, વહાલું માણસ, હિતચિંતક મિત્ર; મિત્રતા કે સ્નેહવાળા આપ્ત માણસો.

૨ વિ ભાવવાળું, સારા હૃદયવાળું.

સુહૃદભાવ [સં.] પું. હૃદયનો સાચો ભાવ; સ્નેહ

સુહોત્ર ૧ પું ઋગ્વેદના છઠ્ઠા મંડલના ૩૧–૪૨મા સૂક્તના કર્તા એક ઋષિ.

૨ પું. (પુરાણ) એ નામના એક રાજર્ષિ. એ પરમ દાતા હતા

૩. પુ (પુરાણ) એ નામે પાંડવના સભાગમમાં દૈત્ય બનમા રહેલા એક ઋષિ

૪ પું. (પુરાણ) એ નામે રામની સેનામાનો એક વાનર

૫. પું (પુરાણ) પાંચાલ અર્ક્ષના પુત્ર એની માનું નામ વિદ્યા હતું

૬. પુ સામવેદના એક ઋષિ.

૭ પુ. (પુરાણ) સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધ રાજાનો પુત્ર. એને કાશ્ય, કુશ અને ગૃત્સમદ એમ ત્રણ પુત્ર હતા.

૮. પું. (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન અજમીઢવંશીય કુરુ રાજાના પુત્ર સુધનુનો પુત્ર. ચ્યવન રાજા એનો પુત્ર થાય.

૯. પુ સોમવંશીય ભૂમન્યુનો પુત્ર.

સુહ્મ ૧ [સં] પુ અનિમોત્પન્ન એક ચંદ્રવંશી રાજપૂત.

૨ પું (પુરાણ) ઉદ્ભિજ્યની ઉત્તર અને પૂર્વે આવેલો એ નામનો એક દેશ.

૩. પું એ નામનો દૈત્ય પાંડુએ તેનો પોતાના દિગ્વિજય વખતે જીતી લીધો હતો

૪ પુ બંગાળાની પૂર્વનો પ્રદેશ

૫ પુ (પુરાણ) સોમવંશીય અનુકુલોત્પન્ન બલિરાજાના છ ભાંજેનો ત્રીજો પુત્ર બલિએ તેને પોતાની સુદેષ્ણા નામની સ્ત્રીને પેટે દીર્ઘતમા ઋષિ પાસે ઉત્પન્ન કરાવ્યો હતો

સું અ. સાથે; સું.

સુંકે ૧ ન. એ નામની એક જાતનું કાપડ

૨. ~ સ. શુષ્ક ~ ન. (પ્રાકૃત) કરું, જકાત, દાણ.

સુંકળું ન ધરુની ઉભી ઉપર લાંબા વાળ જેવો કરકરો લાંબો નાનકડો હોય તે

સુખરું જુઓ સુંકળું

સુગું ન કઠોળને નુકસાન કરનાર એક કીટક ન ભેગરમા કઠોળની સીંગ તેમ જ સગ્રહી રાખેલા દાણાને નુકસાન કરે છે લીલી સીંગ કે સંગ્રહેલા કઠોળ પર માદા ઈંડાં મૂકે છે. ઈંડા ધોળા રંગના અને ચપટા હોય છે સાત આઠ દિવસમાં જીવડા નીકળી દાણામા દાખલ થઈ જાય છે. આ જીવડો શરૂઆતમા પીળા રંગનો દોઢ શરીર પર રુવાટી હોય છે આ અવસ્થા દશ દિવસ ચાલ્યા પછી તે દાણામાં નિદ્રિત થાય છે. પછી અઢવાડિયામા પ્રૌઢ કીટક દાણાની અંદર બે દિવસ રહી કોતરે કાણી બહાર નીકળે છે. તે રાત્રે આમ તેમ ઊડે છે. તેનો રંગ ભૂરો હોય છે. તેનાથી બચવા માટે દાણામા રાખ, લીમડાનાં પાંદડા, તમાકુ, પારો વગેરે નખાય છે અને મચાલે કપડું રાખી ઉપર રેતી, કપાસ કે ગુવારનો થર કરવામાં આવે છે પછી કોઠી પર ઢાંકણું મૂકી બાદી દેવામાં આવે છે દાણા તડકે નાખી માફ કરી કીટકમુક્ત કરવા વારવાર ઊથાડપોઢ કરવું નહિ દાણા ભરવાની જગ્યાએ મંકોડાના ધુમાડો આપવો. કાર્બન બાઈસલ્ફાઇડ દવા અકસીર છે પણ વાપરવામાં અત્યંત સાવચેતી રાખવી, કારણ કે તે એકદમ સળગી ઊઠે છે

સુપું ૧. ન. તલમાં પડતી એક જાતની જીવાત; તલ ખાનારું એક જંતુ

૨. વિ. સોંઘું.

સુચક્ર પું. દસમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ

સુંજય પું. પ્રાચી દિશામાં ભીમે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતેલો દેશ

સુંદ ૧ પું (પુરાણ) એ નામનો એક દૈત્ય. તે નિસુંદનો પુત્ર હતો તેને ઉપસુંદ નામનો ભાઈ હતો તે બંને ભાઈઓનો નાશ કરવા માટે સ્વર્ગમાંથી તિલોત્તમા નામની અપ્સરાને મોકલવામાં આવી હતી. તેણી માટે બંને ભાઈઓ લડી મૂઆ

૨. પુ (પુરાણ) તાટકા રાક્ષસીનો પતિ. એને સુબાહુ અને મારીચ નામે બે પુત્ર હતા.

૩. પું વિષ્ણુના હજાર માંહેનું એક નામ.

૪. ન. એ નામનું એક પુરાણ

સુંદણ જી. ભાતભાતના ભૂતડાં ભારી કરવાની કે પલાળવાની અંદર કૂંડી ઘાલી ચહેલી ચોખડી જગા; રંગરેજ જે ચોરસ ખાડામાં કપડાં રંગે છે તે; રંગરેજનો રંગથી ભરેલો ચોરસ ખાડો

સુંદર ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા સાત જગણ અને ગુરુ મળી ૨૨ અક્ષર હોય છે

૨ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સુંદરિકા. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા બે સગણ, જગણ, સગણ, તગણ, બે જગણ, લઘુ અને ગુરુ એમ બેંતાલીસ અક્ષર હોય છે


Image is NOT
Available
(PLEASE GO PREVIOUS / NEXT PAGE)

સુસ પુ (પિંગળ) દોહરાની ૨૧ માત્રાની એક જાતનો દોહરો. તેમાં ૩ ગુરુ અને ૪૨ લઘુ મળી ૪૫ વર્ણની ૪૮ માત્રા હોય છે

સુસિણ્ડિ વિ સ્ત્રી (જૂ ગુ) વાળની ગૂછોવાળી.
ચોખંડિ ચંચલિ ચોપડી,
સતપિણ્ડિ **સુસિણ્ડિ** સુચિણ્ડિરાડી
લાવણ્યરસમય

સુંહાળું વિ સુવાળું, નાજુક; કોમળ

સૂ [સ ૬] પુ. તાડપત્રના પુસ્તકનાં પાનાંની અણીદાર માટે કરેલા શતક માહેનો બીજો અંક.
૨. વિ ઉત્પન્ન કરનાર, જન્માવનાર સમાસને અંતે વપરાય છે. જેમકે, ધીરસૂ, વીરસૂ વગેરે.
૩. અ ક્રિ. જન્મવું; પેદા કરવું. તે ઉપરથી થતા શબ્દો, પ્રસૂતા, પ્રસૂતા વગેરે.

સૂઅર ૧. [હિં] પું. સુવર; ભૂંડ, ડુક્કર.
૨. સ્ત્રી. એ નામની એક માછલી. તે ઘણું કરીને નવમ્બરથી મે અથવા તો માર્ચથી મે સુધી મળી શકે છે.

સૂઅા ૧. પું. સુવાદાણા
૨. પુ. સડો; પોપટ.
૩. પું. સડો.

સૂઆર [સ. સૂપકાર; પ્રા સૂઅઆર] પુ. રસોઈયો.
અરણ્ય તાપ્યે અપિ ભોજનાર્થ,
વાસેત આદૃત્ય ખલઈ **સૂઆર**.
કાન્હડદેપ્રબંધ

સૂઈ ૧ પું. દરજી.
૨. સ્ત્રી. કાંટો
૩. સ્ત્રી. ઘડિયાળનો મોગરો.
૪. સ્ત્રી. ગાજવાનો સળો.
૫. સ્ત્રી. દાણાનો ડમ્મરો.
૬. સ્ત્રી. ભરતવાળી શાલ.
૭. સ્ત્રી. વાળાબૂટ; બ્રીલી.
૮. [હિં] સ્ત્રી. સોય.

સૂઈમુહ [સં. સૂચીમુખ] વિ. સોય જેવા અણીદાર મુખવાળું.

સૂઈમોગરા પુ. એક જાતનું ફૂલ.

સૂઉ ૧. પુ. અનાવૃષ્ટિ; દુષ્કાળ.
૨. પુ. કમળ
૩. પું. પવન
૪ સ્ત્રી સડવું હોવાનો ગુણ; જીનાશનો અભાવ; સડવણી, સડવપણું

સૂકગળું ન. બાળકને થતો એક રોગ; સુકતાન; 'ટિટનસ'

સૂકર ૧. [હિં.] અઠાવીસ માહેનુ એ નામનુ એક નરક.
૨ પુ અઢાર મુખ્ય માહેનુ આ નામનું એક પુરાણ.
૩. પું. અન્યાય કરનાર ન્યાયાધીશ.
૪. પું એક પ્રકારનુ મૃગ
૫. પું. કુબેર.
૬. ન. શૂકર; ભૂંડ; ડુક્કર.
જેણે કર્યું વસ્ત્ર મહા નવીન તેહ,
બીજા મળી સરવ **સૂકર** તુલ્ય દેહ
વૈરાગ્યકલ્પલતા

સૂકરદંષ્ટ્ર પું. એ નામનો એક પ્રકારનો રોગ. તેમાં દાઢયુક્ત, કોરો, સાલ, જેના ચામડી પોલી હોય તેવો તીવ્ર, વેદનાયુક્ત, કંડુયુક્ત અને જ્વર કરનાર એવો સોજો અથવા ગ્રંથ થાય છે. તેને ડુક્કર દાઢ પણ કહે છે

સૂકરમુખ ન. (પુરાણ) અઠાવીસ માંહેનુ એ નામનું એક નરક. હંડ દેવા યોગ્ય ન હોય કે સજા કરવાને લાયક નહિ એવા માણસને સજા કરનાર અધિકારી આ નરકમાં પડે છે. ત્યાં આવા અધિકારી જેમ કોસુમાં શેરડી પિલાય છે તે પ્રમાણે પિલાઈને યાતના ભોગવે છે.
તો તે **સૂકરમુખ** નરકે પડે.
પાણી કમીર પિવેજ કુરે સહી. ચન્દ્રબ

સૂકરિકા સ્ત્રી. લડાઈના વખતનું એક જાસલી હથિયાર.

સૂકરી ૧ [સ સ્ત્રી એક જાતની બનાવટી.
૨. સ્ત્રી. કુંભારચક્ર.
૩. સ્ત્રી. કુક્કરની માદા; ભૂડણ; સુવરની માદા.
૪. સ્ત્રી. વરાહકાંતા વનસ્પતિ; ભડીલો; ઘીલ

સૂકલ વિ. સુકાયેલું; કૃશ.

સૂકલું વિ સુકાયેલ.
ઘીલ ઘીલ, ઘીલે બનાવ્યા ઘાટ,
સત્ય સત્ય, **સૂકલું** સૂકલું.
અમરેશતક

સૂકવવું ૧ સ ક્રિ. તડકે નાખવુ.
૨. સ ક્રિ. સુકાય તેમ કરવું; સુકાવવુ.

સૂકવું ૧. [સં. શુષ્] અ.ક્રિ. કરમાવુ.
૨. અ ક્રિ. રાઇ જેવા કરવી.
૩. અ ક્રિ. સડવુ થવુ; સુકાવુ

સૂકિ સ્ત્રી. સોડય.
સૂકિ કરે સાલ. ભાલણ

સૂકી બેઠરી સ્ત્રી. નિષ્પ્રવાહી સેલ; 'ડ્રાય સેલ'.

સૂકું ૧. વિ. ફૂલ્યું; કૃશ; પુષ્ટ નહિ તેવું; પાતળું
સૂકુ પાપડ જેવુ = સાવકડી.
૨. વિ. ધન રહિત; જેમાંથી કંઈ પ્રાપ્ત થાય નહિ એવું
૩ વિ નિર્બળ, સત્ત્વહીન, તાજગી વગરનુ
૪. [સં. શુષ્ક; પ્રા. સુક્ખ, સુક્ક] વિ બીનાશ વગરનુ; જેમાં જલાંશ ન હોય એવું; લીલું નહિ તેવુ, શુષ્ક; સુકાઈ ગયેલુ
૧. સૂકા ભેગુ લીલું બળે = નબળા. સાથે સબડવું નબળા.
૨. સૂકું રહી જવું = કશી અસર ન થવી; કોરું રહેવું.
૩. સૂકો કાળ = વરસાદને અભાવે પડેલો દુકાળ.
૪. સૂકો દમ = ખાલી દમદાટી; ધમકી
૫. સૂકો પ્રદેશ = જે ભાગમાં ઝાડ વગેરે નહાનાં બંધી હોય તે

સૂકુંપાકું વિ. સૂકું; જેવું મળે તેવું; લૂખુંસૂકું.

સૂકુંભટ વિ. સાવ સૂકું.

સૂકુંસટ જુઓ સૂકુંભટ.

સૂકો પું જરદો; ચલમ પીવાનો તમાકુનો જૂકો; પીવાની તમાકુ
સૂકો ફૂંકવો = તમાકુ પીવી.

સૂકો તબેલો પું. વિ. સ. ૧૮૦૩માં પડેલા દુકાળનું નામ. તબેલામાં સૂકામણ એટલે ખડની અછતને લીધે આ નામ પડયું હોવાનું મનાય છે.

સૂક્ત ૧ ન ઉક્થના સાત માહેનો એક ભાગ.
૨. ન. (જૈન) નીતિના શ્લોક વગેરે.
૩. [સં.] ન મંત્ર
૪ ન. વિશિષ્ટ ઐહાર્થ પ્રતિપાદક એક દેવતાવાળો વૈદિક મંત્ર સમુદાય
૫ ન વેદનાં ગાયન; ઋચાઓનો સમૂહ; વેદના અમુક મંત્રોની બનેલી સ્તુતિ; નાનું વૈદિક પદ; વેદની કડી; વેદ મંત્રોનો સમુદાય.
૬. ન. સુભાષિત; સુંદર કથન; મનોજ્ઞ હૃદ્ય વાક્ય
૭ ન મંત્ર
૮. ન. સ્તુતિ; ગુણગાન
૯. વિ. સારી રીતે બોલાયેલું; સુંદર બોલેલું; સારી રીતે કહેવ યેલુ

સૂક્તિ સ્ત્રી છિપલી, સીપ
૨ [સં.] સ્ત્રી. (જૈન) નીતિશાસ્ત્રના પરચુરણ શ્લોક
૩. સ્ત્રી. સારી કથા , સુભાષિત, સારુ કથન.

સૂક્તિકાવ્ય [સ] ન. સુભાષિતવાળું કાવ્ય.

સૂક્ષ્મ ૧. [સં] પુ. અધ્યાત્મ પદાર્થ.
૨. પું. એ નામનો ઔષધિનો એક ગુણ.
૩ પુ કલકલ્સ.
૪. પુ કપટ, દગો

૫ પું. કાવ્યના ૪૫ માહેનો એક અલંકાર, એ નામનો એક અર્થાલંકાર, જ્યાં સૂક્ષ્મતાનું વર્ણન કરવામા આવે તે અલંકાર.

૬ પું. (પુરાણ) દનુપુત્ર માહેનો એક દાનવ

૭ પું. નિર્મળીનું ઝાડ

૮. પું. વિષ્ણુના હજાર મ હેનુ એક નામ

૯ પું. વીસ સામાન્ય માહેનો એક ગુણ

૧૦ પું. શરીરના ત્રણ મહેનો એક પ્રકાર; દેહથી છૂટો પડેલ જીવ જેનો આશ્રય કરી રહે છે તે શરીર

૧૧ પું. શિવનાં હજાર મહેનુ એક નામ

૧૨. વિ. અત્યંત નાજુક

૧૩. વિ. તીક્ષ્ણ

૧૪. વિ. થોડું; અલ્પ

૧૫. વિ. ન ન. સ્થૂળ; પાતળું; ઝીણું; દેખી ન શકાય તેવું

તુચ્છ અલ્પ લઘ સૂક્ષ્મ તનુ નિપટ દુર્બોધ્ય તાકુ; આવા મોટા મનને કમાયી સમાવતાકે. વિમળાબહુકોષ

૧૬. વિ. ભારીક; તીવ્ર

૧૭ વિ સ્થૂળથી જિલકું. ભાણસંગાધર દ્વિવેદી કહે છે કે: વ્યક્ત પદાર્થ અનેક છે, તેમાના ઝાડ, પથ્થર વગેરે પદાર્થો સ્થૂળ કહેવાય છે અને કેટલાક મન, બુદ્ધિ, આકાશ વગેરે પદાર્થો ઇંદ્રિયગોચર થાય છે એટલે જ વ્યક્ત છે છતાં સૂક્ષ્મ કહેવાય છે. સૂક્ષ્મ એટલે નાનુ એવો આ ઠેકાણે અર્થ નથી. કારણ, આકાશ સૂક્ષ્મ છે, છતા સર્વ જગત વ્યાપીને રહેલુ છે એટલે સૂક્ષ્મ એટલે સ્થૂલથી જિલકું અથવા વધુ કરતાં પણ વિરલ એવો અર્થ સમજવો

સૂક્ષ્મઅણુ પું. પરમાણુ; 'એટમ'

સૂક્ષ્મઅર્થાલંકાર [સં.] પું. એ નામનો એક અર્થાલંકાર જ્યાં સૂક્ષ્મતા અમત્કારિક ભોય સાં આ અલંકાર જોવામાં આવે છે.

સૂક્ષ્મકાળપ્રદર્શકયંત્ર [સં.] ન. એ નામનું ખગોળવિદ્યા. માટે વપરાતું ચોકકસ ઘડિયાળ; કાળમાપન; ઘટીયંત્ર; કાલપ્રમાણપત્ર, 'ક્રોનોમીટર'

સૂક્ષ્મકાળમાપકયંત્ર જુઓ સૂક્ષ્મકાળપ્રદર્શક યંત્ર

સૂક્ષ્મકોષ [સં] ન. ન્યૂનકોષ; કોટપૂણાયી નાનો ખૂણો; લઘુકોષ; 'એકયુટ એન્ગલ'.

સૂક્ષ્મગ્રંથિ [સં.] સ્ત્રી. ગાંઠ; રસોળી; સૂક્ષ્મગ્રંથિ; ગ્રંથિ; ક્ષયગ્રંથિ

સૂક્ષ્મગ્રાહી [સં.] વિ. ઝીણવટથી જોનાર કે વિચાર કરનાર; થોડું ગ્રહણ કરી શકનાર

સૂક્ષ્મજંતુ જુઓ સૂક્ષ્મજીવ

સૂક્ષ્મજીવ [સં] પુ ઝીણામા ઝીણો જંતુ.

સૂક્ષ્મતોલન [સં.] ન. ઝીણી નજરે તુલના કરવી તે

સૂક્ષ્મત્રસ [સં] પું. (જૈન) અગ્નિ અને વાયુનો સૂક્ષ્મ જીવ.

સૂક્ષ્મદર્શક ૧ [સં.] વિ ભારીક વસ્તુને મોટી દેખાડનાર

૨. જુઓ સૂક્ષ્મદર્શકયંત્ર

સૂક્ષ્મદર્શકકાચ પું. ભારીક વસ્તુઓને મોટા પ્રમાણમાં જોવામાં સાધનભૂત બનો કાચ.

સૂક્ષ્મદર્શકયંત્ર [સં.] ન. ભારીક ચીજને મોટી કરીને દેખાડે એવી રીતે ગોઠવેલા કાચનું યંત્ર, ભારીક વસ્તુ મોટી દેખાડનાર એક સાધન અણ્વીક્ષ્ય યંત્ર; ખુર્દબીન; 'માયક્રોસ્કોપ'.

સૂક્ષ્મદર્શી ૧. [સં.] વિ. ચતુર

૨. વિ. ભારીક નજરે જોનાર; તીક્ષ્ણ બુદ્ધિવાળુ; તીક્ષ્ણ નજરનું, ઊંડાણમાં ઊતરી ઝીણવટથી જોનાર; સૂક્ષ્મ દૃષ્ટિવાળુ; તત્ત્વદર્શી; ઘણું ભારીકીથી જોનાર.

સૂક્ષ્મદૃષ્ટિ ૧ સ્ત્રી. ઊંડા ઊતરવાની ચાવી; ભારીકાઈથી જોવું તે; તીક્ષ્ણ નજર.

૨. સ્ત્રી. ઝીણી નજર; સૂક્ષ્મ વસ્તુઓ જાણી કે સમજી શકે એવી દૃષ્ટિ

આપણે અંત જોયા ને બીજા સૌ નીચ છે જાણે,
એ વિચાર જ છે નીચ સ્થૂળ ને સૂક્ષ્મદર્શિણી. માધીગીતા

૩. સ્ત્રી. કલ્પના; ચતુરાઈ; બુદ્ધિ

૪ વિ ભારીકીથી અવલોકન કરનાર.

એ કવિ પણ સૂક્ષ્મદૃષ્ટિ તથા નિપુણમતિ હતા પુરાતત્ત્વ

સૂક્ષ્મદેહ [સં] પું. વેદાંતમાં આત્માના કલ્પેલા ચાર માંહેનો એક દેહ; પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ સૂક્ષ્મભૂતો, મન અને બુદ્ધિ એ સત્તર વસ્તુનું બનેલું શરીર; લિંગ દેહ; દેહથી છૂટો પડેલો જીવ જેનો આશ્રય કરી રહે છે એવો કલ્પિત ભારીક દેહ

સૂક્ષ્મદેહી ૧. [સં. સૂક્ષ્મદેહ + ઇન (વાળુ)] ન જીવાત્મા

૨. વિ. સૂક્ષ્મ શરીર ધરાવનાર

સૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્ત પું. (જૈન) સાત વર્ગણામાંથી કોઈપણ એક વર્ગણાપદો સર્વ પુદ્ગલોને ગ્રહણ કરે અને મૂકે તે; સર્વપુદ્ગલ પરમાણુઓને વિવક્ષિત કોઈપણ એક ઔદારકાદિ વર્ગણારૂપે પરિણમાવીને મૂકે તે.

સૂક્ષ્મધ્યાન [સં.] ન. (જૈનોગ) એ નામનો ધ્યાનનો એક પ્રકાર ધ્યાન ત્રણ પ્રકારનાં છે: સ્થૂળ, જ્યોતિ અને સૂક્ષ્મ. જેમાં જીવનું ધ્યાન ધરવામાં આવે છે તે સૂક્ષ્મ ધ્યાન છે. આંખોને સ્થિર કરવી, તેની ચંચળતા દૂર કરી નિમિષોન્મિષ રહિત સ્થિર કરી ત્રાટકની સિદ્ધિ કરવી પછી તે નેત્રદ્વારા અંદર વૃત્તિ નાખી આત્માની સાથે જોડી દેવી. એવી રીતે આંખો ઉઘાડા હોવા છતાં જ્યારે તેની વૃત્તિ અંદર આત્મા સાથે એવી મળી જાય કે, બહારના કોઈ પદાર્થને દેખે નહિ તેને શાંભવીમુદ્રા કહે છે. આ સૂક્ષ્મ ધ્યાન શાંભવીમુદ્રાના યોગથી આત્માનું ધ્યાન કરે તો સિદ્ધ થાય છે

સૂક્ષ્મનામ [સં.] ન. (જૈન) નામકર્મની બેતાલીસ માંહેની એક પ્રકૃતિ તેના ઉદયથી જીવોના ચર્મચક્ષુને અગોચર-સૂક્ષ્મ એવા શરીરની પ્રાપ્તિ થાય છે.

સૂક્ષ્મપત્ર ૧. [સં.] પું. એક જાતનો ગુંદર.

૨. પુ. એક જાતનો સરસવ.

૩. સ્ત્રી. રાતી શેરડી.

૪. ન. ધાણા.

૫. ન. રાની જીરુ.

સૂક્ષ્મપત્રા ૧. [સં.] સ્ત્રી. આકાશમાંસી વનસ્પતિ; ધમાસો

૨. સ્ત્રી એક જાતના સરસવ.

૩. સ્ત્રી. ચણોઠીનું ઝાડ.

૪ સ્ત્રી જંગલી જીરું.

૫. સ્ત્રી ધાણાજાતિ; કોથમીર.

૬. સ્ત્રી. બાવળનું ઝાડ; જંગલી બાવળ.

૭. સ્ત્રી. લઘુપાઢી વનસ્પતિ.

૮. સ્ત્રી લાલ શેરડી.

૯. સ્ત્રી રાતાવરી

૧૦. સ્ત્રી. સુરપર્ણી વૃક્ષ

સૂક્ષ્મપત્રિકા જુઓ સૂક્ષ્મપત્રા

સૂક્ષ્મપત્રી જુઓ સૂક્ષ્મપત્રા.

સૂક્ષ્મપર્ણી ૧. [સં.] સ્ત્રી. રુમઝતી નામની વનસ્પતિ.

૨. વિ સ્ત્રી. ઝીણા પાદડાવાળું.

સૂક્ષ્મપિંડ પું શરીરની અંદર રહેલા ભારીક પિંડ.

આવર શક્તિ ઉત્પન્ન કરવા માટે સૂક્ષ્મપિંડની પુષ્ટિ કરવી જોઇએ. માધીજ

સૂક્ષ્મપુષ્પી [સં] સ્ત્રી વનતિક્તા વનસ્પતિ.

સૂક્ષ્મબુદ્ધિ [સં સૂક્ષ્મ + બુદ્ધિ (અક્ષર)] સ્ત્રી. તીવ્રબુદ્ધિ; ચંચળ મગજશક્તિ, હોશિયારી

સૂક્ષ્મભૂત ૧ [સ] ન પૃથિવી આદિ પાંચ મહાભૂતનો એક સૂક્ષ્મભાગ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ પદાર્થો સૂક્ષ્મભૂત છે

૨ ન. (વેદાંત) પ્રત્યક્ષ વ્યવહારને અયોગ્ય એવા સૂક્ષ્મભૂત.

શબ્દાદિક પાંચને **સૂક્ષ્મભૂત** અને આકાશાદિક પાંચને સ્થૂલભૂત કહે છે. જગતી જ્ઞાનવત

સૂક્ષ્મયંત્ર [સ] ન. બારીક વસ્તુ જોવાનું યંત્ર.

આ કરચ જો અહીં વિકસા જોઈએ તો તે સમજવા જેવા **સૂક્ષ્મયંત્રો** તો હાજર છે

જયંતિપ્રસાદ

સૂક્ષ્મયંત્રલેખન [સં] ન સૂક્ષ્મયંત્રની મદદ વડે લખવું તે. ધ્વનિમરના સિદ્ધાંતને આધારે આ જાતની શોધ છે. ઉપલાં બારીક લખાણ લખતી સોય ચાલે, તેમ બીજા ફાગળ ઉપર યંત્રની સહાય વડે તેથી યે નવમા ભાગમા ઝીણા અક્ષરો લખતી સોય ચાલે છે; અને એ બારીક અક્ષરોવાળી સોયના અનુસધાનમાં તેથી પણ નવમા ભાગમા એટલે અસલથી એકાશીગણા બારીક અક્ષરો આલેખતી ગ્રેફાઇટ અને હીરાકણીની સોય કામ કરે છે. સૂક્ષ્મદર્શકપત્ર વિના આ લેખન અદૃશ્ય રહે છે. અમેરિકાનાં સિમ્પ્સોનિઅન ઇન્સ્ટિટ્યૂશન ઉપર આલ્ફ્રેડ માર્ક હર્વાન નામના પુરુષે આવો પત્ર લખેલ. એ પત્રમાં ૪૪ શબ્દો હતા. સૂક્ષ્મદર્શક યંત્ર વડે એ વંચાયો.

સૂક્ષ્મવલ્લી [સં.] સ્ત્રી. પનડી. તેનું ઝાડ નાની વેલના જેવુ થાય છે માટે તેને સૂક્ષ્મવલ્લી કહે છે.

સૂક્ષ્મવ્યવચ્છેદવિદ્યા ૧. [સં.] સ્ત્રી ઉદ્ભિજ્જ વિદ્યાના નવ પેટા વિભાગ માહેની એ નામની એક વિદ્યા.

૨. સ્ત્રી. સેન્દ્રિય પદાર્થોનાં મન તેમ જ પ્રવાહી દ્રવ્યોમાં જે રચનાત્મક કે આકાર તત્ત્વો રચેલાં હોય છે તેનુ વર્ગીકરણ તથા વર્ણન કરનારી વિદ્યાની શાખા.

સૂક્ષ્મશબ્દગ્રાહક વિ. મૃદુત્ ધ્વનિ ઉપાદકઃ ' માઇક્રોફોન '.

સૂક્ષ્મશરીર [સં] ન. (વેદાંત) આત્માનુ ચાર અંતઃકરણ અને પાંચ તન્માત્રાવાળુ લિંગશરીર; વાસના લિંગ; સૂક્ષ્મ દેહ. અપચીકૃત પંચ ભૂતોનું કાર્ય દૃષ્ટિએ ન દેખાય એવુ હોઈ ને જે કારણશરીરથી ભિન્ન હોય તે. ભગવદ્ગીતામાં મન અને પાંચ જ્ઞાનેન્દ્રોનુ લિંગ શરીર બનેલુ છે એમ કહી વાલુ જે પ્રમાણે પુષ્પોમાંથી સુગંધ લઈ જાય છે તેમ જીવ સ્થૂળ શરીર છોડતી વખતે આ લિંગ શરીર પોતાની સાથે લઈ જાય છે એવુ વર્ણન કરેલુ છે તથાપિ ગીતાનુ અધ્યાત્મજ્ઞાન ઉપનિષદોમાંથી જ લીધેલુ છે એટલે, મનની સાથે છ ઇન્દ્રિયો, આ શબ્દમા જ પાંચ ઇન્દ્રિયો, પાંચ તન્માત્રા, પ્રાણ અને પાપપુણ્યનો સમૂહ, જીવાત્માને અભિપ્રેત છે એમ કહેવુ જોઇએ મનુષ્ય મરી જાય તે પછી આ જન્મનાં પાપ પુણ્યનાં ફલ ભોગવવા માટે તેને પંચતન્માત્રાત્મક સૂક્ષ્મ શરીર પ્રાપ્ત થાય છે એમ મનુસ્મૃતિમાં પણ વર્ણવેલુ છે. આ લિંગ શરીર અંગૂઠા જેવડા આકારનું છે, કેમકે મહાભારતમાં સાવિત્ર્યુપાખ્યાનમા લખ્યું છે કે: સત્યવાનના સ્થૂલ શરીરમાંથી અંગુષ્ઠમાત્ર પુરુષ વમે જબ્બર કાઢવો લિંગ શરીર આપણી આંખે દેખાતું નથી તોપણ તે છે એવું અનુમાનોથી સિદ્ધ થાય છે. ઉપરિક્ત ગુણોનો ઉત્કર્ષ જ્યારે મનુષ્યને જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને તેને લીધે પ્રકૃતિ અને પુરુષ એ બેનું તે સમજે છે ત્યારે પુરુષ પોતાના કૈવલ્યપદને પ્રાપ્ત થાય છે; અને લિંગ શરીર છૂટી જતા તેના દુઃખની અત્યંત નિવૃત્તિ થાય છે

સૂક્ષ્મશ્રાવકયંત્ર [સ] ન. મંદમાં મંદ ધ્વનિ પણ જેના વડે સાભળી શકાય એવો સચો, સૂક્ષ્માકર્ષકઃ ' માઇક્રોફોન '

તે નજદીક આવે છે કે કેમ, એ સોયવાળી એક બીજી હિકમત એ છે કે, સપાટી પરના વહાણ ઉપર **સૂક્ષ્મશ્રાવકયંત્ર** (Microphone) જડવામા આવે છે કે જે વડે સબમરીન અથવા જળચીનરના રહનું આદોલન સાભળી શકાય છે.

અભિયંકર રત્નજી જટ

સૂક્ષ્મશ્વેતા ન. રોઝ્ઝ ટાપુનાં ઓર્ગેનલ દપ્તરીના પ્રયોગથી સર્જાયેલુ એ નામનું ગુલાબનું પુષ્પ. આ દપ્તરીએ વાંકડિયું ગુલાબ, ગુલાબી રાજકુવરી, ગાયકની ઊષા, સરદની છાયા, સ્વર્ગીય છાયા, લાવણ્ય વગેરે અનેક જુદા જુદા નામની ગુલાબની જાતો પ્રયોગથી ઉત્પન્ન કરી છે

સૂક્ષ્મસંપરાય [સં.] પું (જૈન) આત્મિક સ્થિતિના ચૌદ માહેનુ એ નામનુ દસમુ ગુણ સ્થાન; જે અવસ્થામાં મોહનીયનો અંશ લોભ રૂપે જ ઉદ્યમાન હોય છે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં હોય તે. આ ભૂમિકાએ પહોંચેલ આત્માને સૂક્ષ્મ કષાય હોય છે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, નામ, ગોત્ર અને અંતરાય એ છની જઘન્યસ્થિતિ આ ગુણસ્થાનમા સભવે છે સૂક્ષ્મસપરાય અને છદ્મસ્થ વીતરાગમા ચૌદ પરીષહો સંભવે છે જે આત્મજ્ઞાની જીવને બાદર ક્રિયા સૂક્ષ્મ રહી હોય છે તે જીવ આ ગુણસ્થાને કહેવાય છે.

સૂક્ષ્મસંપરાયચારિત્ર સ ન (જૈન) પાંચ માહેનુ એ નામનુ એક ચારિત્ર જેમા ક્રોધ આદિ કષાયો ઉદ્યમાન નથી હોતા, ફક્ત લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય છે તે.

સૂક્ષ્મા ૧. [સ] સ્ત્રી એ નામની સૂર્યની એક શક્તિ.

૨. સ્ત્રી. એ નામનુ દેવીનુ સ્થાનક.

૩. સ્ત્રી આયવીની ચોવીસ અક્ષરની એ નામની એક શક્તિ.

૪ સ્ત્રી. ચાર માત્રાની એ નામની એક પ્રકારની વનસ્પતિ

૫ સ્ત્રી. જૂઈ

૬. સ્ત્રી. ઝીણી એલચી.

૭. સ્ત્રી રેતી.

સૂક્ષ્માકર્ષક [સ.] ન. સૂક્ષ્મશ્રાવકયંત્ર; બીજાની વડે ઘણો ઝીણો દૂરનો અવાજ સાંભળી શકવાનુ યંત્ર; ' માઇક્રોફોન '

આજ સુધીમા એવો કદર મોટી મોટી શોધની પેટ્ટ (ઝનરો) મળવી છે તેમાં વિદ્યુદ્દીપ Electric Lamp), દૂરાકર્ષક (Telephone સૂક્ષ્માકર્ષક (Microphone), અને વિદ્યુલેખની એ તો એવા ચમત્કારો છે કે, તે જોઈ આખી દુનિયા છક થઈ ગઈ છે. નવલરામ

સૂક્ષ્માક્ષરીલેખન [સં.] ન. નરી આંખે ન દેખાય તેવું લખાણ; સૂક્ષ્મદર્શક યંત્ર કે લેન્સ વડે વાચી શકાય તેવુ લખાણ. આ લેખનકળા ખૂબ ખીલી છે એક ઓરવડિયા પત્રમાં ૧૬૦૦ ને ૧૮૦૦ અક્ષરોમાં દાદાભાઈ તથા ફિરોજશાહનુ જીવનવૃત્તાંત લખાયાં હતાં રાજકોટ ખ્રિસ્તિઅમમાં ૧૨૫ અક્ષરનો ૮૦ લીટીઓ લખેલ એક પત્ર છે. એક ચોખાના દાણા ઉપર એક દક્ષિણી ગૃહસ્થે ૨૬ અક્ષરો કોતર્યા હતા દિલ્હીની એક કંપની એક ચોખાના દાણાની બધી બાજુઓ ૧૦૦થી ૧૨૫ અક્ષરો કોતરે છે. ગુજરાત કોલેજના પ્રો શાહ અને પ્રો દીક્ષિત પાસે એવા ઘણા નમૂના છે. રૂપાની બે આની જેટલી જગામાં ત્રણ હજાર શબ્દો લખાયાના દાખલા છે. ઓરસ ચોરસ એક ઇંચ ફાગળમાં ૮૦૦૦ આઠ હજાર શબ્દો કેદ થયા છે નખ જેટલા પટ ઉપર ભાઈબલમાંના પ્રભુ પ્રાર્થના, દશ આદેશ અને ધર્મ કરાર લખીને રાણી એલિઝાબેથને બેનાયત કરવામાં આવેલ. મહાકાવ્ય ઇલિયડની ૧૫૦૦૦ લીટીઓ એક ફોટલા ઉપર સમાવવામાં આવી હતી. ઓક્સફર્ડની સેંટ જૉન કોલેજની પુસ્તકશાળામા એક નાનુ ચશ્મુ છે, તેના ઉપર ચાર્લ્સ બીજાનુ માથુ કોરેલુ દેખાય છે પણ એ કોરણી એવી અજબ છે કે તેના લીટામાં

પ્રાર્થના, સ્તોત્રો અને કરાર પણ વાંચી શકાય છે. જોનારને મોઢું દેખાય અને નીચખનારને લેખનકળા દેખાય. બ્રિટિશ મ્યુઝિયમમાં રાણી ઍનની છબી છે એ છબીનાં રેખાઓ ઉપલક દૃષ્ટિએ માત્ર આકૃતિ રજૂ કરે છે. બારીકીથી જોતાં તેમાં અક્ષરો ઇતિહાસ કહેછે. કોકસ ઓગસ્ટસ નામના લેખકે આમડાનાં ગ્રંથમાં સુંદર ફીરમજી રંગનાં પાનાઓની કિનારીઓમાં સૂક્ષ્માક્ષરી કળા વાપરીને બીજો ગ્રંથ લખ્યો નાખ્યો છે; ગ્રંથમાં છપો ગ્રંથ લખ્યો છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ [સં. સૂક્ષ્મ + અતિ + સૂક્ષ્મ] વિ. ઝીણામાં ઝીણું; એકદમ બારીક; નાનું; અતિ ઝીણું

> જે પરિમાણનો બીજાથી પણ બીજો વિભાગ ન થઈ શકે તેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિમાણનું નામ ક્ષણ છે. પુરાતત્ત્વ

સૂક્ષ્માલંકાર [સં.] પું. (કાવ્ય) એ નામનો ગૂઢ કાવ્યચિત્રનો એક ભેદ. જ્યાં ઇંગિતથી, નામચેષ્ટાથી અથવા આકારથી અંતઃકરણનો ભાવ કે આશય જણી લેવામાં તે.

સૂક્ષ્માવલોકન [સં.] ન. બારીક તપાસ; બારીકીથી વિષયમાં ઊંડું ઊતરવું તે.

સૂક્ષ્માંક [સં.] પુ. નાનો આંકડો.

સૂક્ષ્માંગ [સં.] ન. વેદાંત પ્રસિદ્ધ લિંગ શરીર. તે લિંગનું ભોગસાધન મનાય છે.

સૂક્ષ્મેક્ષિકા ૧. [સં.] સ્ત્રી. બારીકાઈથી જોવું તે.

૨. સ્ત્રી. સત્યાભાસ; વાકછળ; ખરી દેખાતી ખોટી તકરાર.

૩. વિ.સ્ત્રી. (જૈન) ઝીણામાં ઝીણું; નાનામા નાનું.

સૂખા ૧. [હિં.] પું. અનાવૃષ્ટિ; વરસાદની તંગી, દુકાળ.

૨. પુ રોગ.

૩. પું. પાનની સાથે ખાવાની અથવા બીડી બનાવવાની તમાકુ; સ્વચ્છ તમાકુનાં પાંદડાં.

૪. પું. ભાગ.

૫. પું. બોદી ઉખરસ

૬. પું. સૂકી જમીન

૭. સ્ત્રી. માનતા.

૮. વિ. દુર્બળ; પાતળું.

૯. વિ. શુષ્ક; સુકાઈ ગયેલું; કરમાઈ ગયેલું.

સૂખાર [હિં.] સ્ત્રી. દુકાળ.

સૂખા રોગ પું. એ નામનો બચ્ચાંનો તબાહી જવાનો એક જનનો રોગ; સુકતાનનો રોગ; અસ્થિક્ષયનો રોગ.

સૂગ સ્ત્રી. કંટાળો; ચીતરી; કંટારી; ત્રાસ; અભાવ; અરુચિ; ઉકરાટો; અણગમો; સાંભળતાં કે જોતાં તિરસ્કાર અને અભાવ કે અણગમો ઉત્પન્ન થવો તે; તિરસ્કાર; ચીડ; ગંદી ચીજ જોવાથી કે કંટાળો ઉપજે તે; ઘૃણા; અતિશય અણગમો.

સૂગ આવવી–ચડવી = અણગમો આવવો; અળખે પડવું; અભાવ થવો.

સૂચક ૧. [સં.] પું. કથા કહેનાર માણસ.

૨ પુ. મગડો.

૩ પુ. કૂતરો

૪ પુ. ચાડિયો; ચુગલખોર.

૫. પુ ઝીણી ડાગર.

૬ પુ. નાટકનો સૂત્રધાર.

૭ પુ. પિશાચ; રાક્ષસ.

૮ પુ. બાતમીદાર; બાતમી આપનાર; મુખબર.

૯. પું. બિલાડો

૧૦ પું ભુક્ક.

૧૧. પું. સિંહમત્સ્ય.

૧૨. પુ સીવવાનું સાધન

૧૩ પુ સંકેત, ઇશારત

૧૪ [સ સચ્ + અક (ક.કૃ)] વિ ગર્ભિત સૂચનોવાળું.

૧૫. વિ. ચુગલી કરનાર; આંતરિક દ્રોહ કરનાર.

૧૬. વિ જેથી ચેતવણી મળે તેવું; સૂચના આપે તેવું; ઇશારે સમજાય તેવું; મુશ્કેલીમાંથી છુટકારાનો માર્ગ સુઝાડે તેવું.

૧૭. વિ. નિશાન કે અનુક્રમણિકા દર્શક.

૧૮. વિ. નિર્દેશક; ' પોઇન્ટર '.

૧૯. વિ. ઓપ્ટ્યુ ' સિન્ટોમ ટિક '.

સૂચકસંખ્યા સ્ત્રી (ગણિત) બધી વાત સંખ્યા પરથી જ સમજાય તેવી સંખ્યા

> સૂચકસંખ્યાઓ આ નામ જ બતાવે છે કે આ સંખ્યાઓ સૂચક હોય છે, સૂચના કરે છે. બધી વાત સંખ્યાઓ પરથી જ સમજાય છે. લક્ષણો અને સ્વભાવો સંખ્યાના પ્રમાણોમાં જ સમાઈ જાય છે. સૂચક સંખ્યાઓ સંલગ્ન હોય છે આકડા.૨.૩૪

સૂચકાંક [સં.] પું દર્શક આંક.

સૂચકી ૧. [સં] સ્ત્રી. ચાડી.

૨. સ્ત્રી. કૂતરી

૩. સ્ત્રી. પિશાચણી.

૪. સ્ત્રી. બિલાડી.

સૂચન ૧. ન. ચુગલી કરવી તે; ચાડી કરવી તે.

૨. [સં.] ન ચેતવણી, જાહેરાત.

૩. ન. જણાવવું તે.

૪. ન. દર્શન કરાવવું.

૫. ન. દેખાડવું તે; બતાવવું તે.

૬. ન. નિર્દેશ.

૭. ન. પરિપત્ર; સૂચનાપત્ર; વિજ્ઞાપન

૮. ન. પરિપૃચ્છા; ખુલાસો પૂછવો તે.

૯. ન. ભલામણ

૧૦. ન. માર્ગદર્શન; ઉપયોગી સૂચના; રસ્તો દેખાડવો તે.

૧૧. ન. વશીકરણ કરનાર કોઈમાં કૃત્રિમ નિદ્રા ઉત્પન્ન કરવા માટે અથવા કોઈને વશ કરવા માટે તે સામા માણસની જાણ્યે કે અજાણ્યે પદ્ધતિ વાપરે તે.

> શરીરના કોઈપણ ભાગને અડકીને, નિશાની કરીને, શબ્દ બોલીને, ચાળા કરીને પણ, પીળાપીઠ મંત્રાદિ આપીને અને માત્ર વિચારથી સૂચન આપી સામી વ્યક્તિને વશ કરી શકાય છે. ડૉક્ટર ચંદ્રીકરણ

૧૨. ન. શીખવવું તે.

૧૩. ન. સૂચના; ઇશારો; સૂચવવું તે; ' સજેશન '.

સૂચનશૈલી [સં.] સ્ત્રી. પ્રકટ રીત; બતાવનારી રીત.

> કર્તા વક્તા સૂચનશૈલી વડે જ તેમનું આખું વક્તવ્ય રજૂ કરાય નહિ એમ કેવળ નાખવા માટે એ કુદરતી છે. અળવંતરાય ક. ઠાકોર

સૂચના ૧. [સં.] સ્ત્રી. અભિનય; હાવભાવ; ચાળા.

૨. સ્ત્રી. ચેતવણી; સાવધ રહેવાની ખબર કરવી તે; ઇશારો; સૂચવવું તે; જ્ઞાન; ચિહ્ન કે નિશાનીથી સમજાવવું તે.

૩. સ્ત્રી. જાણ; ખબર આપવી તે જણાવવું તે.

૪. સ્ત્રી. જાહેરાત; નોટિસ.

૫. સ્ત્રી. દરખાસ્ત. જ્યારે કોઈ એક વસ્તુ કરવાની અથવા ન કરવામાં બીજા શખ્સની સંમતિ મેળવવાના હેતુથી એકાદ શખ્સ તે વસ્તુ કરવાની કિંવા ન કરવાની પોતાની ખુશી છે એવું સદરહુ બીજા શખ્સને જણાવે ત્યારે તે સૂચના કરી કહેવાય.

૬ સ્ત્રી દૃષ્ટિ; નજર.

૭ સ્ત્રી પ્રલોભન, તરકોદ

૮. સ્ત્રી. પ્રેરણાસ્થાન.

૯. સ્ત્રી. સમજ પાડવી કે બતાવવું તે.

સૂચનાત્મક [સં.] વિ સૂચનાવાળું; સૂચક; ગર્ભિત.

સૂચનાપત્ર [સં.] ન જાહેરાત; નોટિસ

સૂચનિકા [સં.] સ્ત્રી. અનુક્રમણિકા

સૂચવન ૧. [સં.] ન. સૂચન

તત્ત્વથી જોતા થકી અર્હત્સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, આચાર્ય સ્વરૂપ, ઉપાધ્યાય સ્વરૂપ અને સાધુ સ્વરૂપ એનો વિચારથી વિચાર કરવાનું પણ એ સૂચવન છે શ્રીમદ્ રાજચંદ્ર

૨. વિ. સૂચિત

સૂચવવું ૧ સ ક્રિ. ઇશારો કરવો, ચેતવવું.

૨. સ ક્રિ. ખબર કરવી; જાહેર કરવું; ધ્યાન ઉપર લાવવું, સૂચના કરવી.

૩ સ ક્રિ. બતાવવું, સુઝાડવું

સૂચવાવવું સ ક્રિ. સૂચના કરાવવી.

સૂચવાવું અ ક્રિ. સૂચના થવી.

સૂચિ ૧. [સ.] સ્ત્રી અણી.

૨ સ્ત્રી એક જાતની સૈન્યની વ્યૂહરચના.

૩. સ્ત્રી એક જાતનું ઘાસ

૪ સ્ત્રી એક જાતનો ત્રિકોણ

૫. સ્ત્રી એકથી થતા અઠ્ઠાવીસ પ્રકારના અભિનય માર્ગોનો એ નામનો તેરમો પ્રકાર.

૬ સ્ત્રી ઉલ્લેખ.

૭. સ્ત્રી અંજળખાણ

૮ સ્ત્રી. કાણા પાડવા તે

૯. સ્ત્રી કાટો

૧૦. સ્ત્રી ચોટલી; શિખા

૧૧. સ્ત્રી (ગણિત) પિરામિડના જેવી ઘનાકૃતિ; જે ઘનાકૃતિનો પાયો કે તળિયું ત્રિકોણ અથવા બહુભુજ હોય અને જેનાં સઘળાં પાસાં ત્રિકોણાકાર હોવાની સાથે એક બિંદુમાં મળતાં હોય તે.

૧૨. સ્ત્રી. પુસ્તકોનું વર્ણન; પુસ્તકોના વિષયનો ટોળો; સાંકળિયું; ક્રમાનુસારી ટીપ.

૧૩ સ્ત્રી. પ્રસ્તારમાં આવેલા અક્ષરમાંથી આદિ બદલવાનું, અંતલઘુવાનું વગેરે પ્રકારના છોતુ તારણ કરવાની છંદશાસ્ત્રના ગણિતની રીત

૧૪ સ્ત્રી યાદી, ટીપ

૧૫. સ્ત્રી. સાપના આકારની છાયા; સાપ; 'કોબ્રા'.

૧૬. સ્ત્રી. સીવવાનું સાધન; સોય.

૧૭. સ્ત્રી ઢાવભાવ, ચાળા.

સૂચિક [સ.] પું. કરજ.

સૂચિકર્મ [સ] ન. સીવવાની કળા; ભરત ગૂંથણની કળા.

સૂચિકા ૧. [સં.] સ્ત્રી. અનુક્રમણિકા; યાદી; ટીપ.

૨ સ્ત્રી. સોય; સોયો.

૩ સ્ત્રી. કાપીની સહ

સૂચિકાધર [સ.] પું. કાથી

સૂચિકાધરી [સ] સ્ત્રી. કાથણી

સૂચિકાપુષ્પ [સં.] ન. કેવડો

સૂચિકાભરણ ન. સર્પના ઝેરમાંથી બનાવવામાં આવતી એક આયુર્વેદિક દવા.

સૂચિકામુખ ૧. [સં.] પું. સાપ

૨. ન. સોયનું મોઢું

સૂચિત ૧. [સ.] વિ. આજ્ઞાથી ચેતવણી આપેલું, સૂચના થયેલી કે કરેલી હોય તેવું, સૂચવાયેલું.

૨. વિ. બતાવેલું.

૩ વિ. બોધેલું.

૪ ન સમજવું

૫. વિ. વિકસિત, દાખલ કરેલ

સૂચિતપ્રદેશ ૧. [સં.] પું. જાહેર કરેલો પ્રદેશ, નિર્દિષ્ટ પ્રદેશ

૨. પું. કટિબંધ પ્રદેશ; 'ઝોન'.

સૂચિપત્ર ૧. [સ.] ન. ઉટવણ; એક જાતનું પત્રશાક

૨ ન ઉપોદ્ઘાત; પ્રસ્તાવના

૩. ન. કોઈ પણ બાબત ઉપરની ટૂંકમાં હકીકત પૂરી પાડતું નાનું પુસ્તક; 'ગાઇડ'.

૪. ન. પુસ્તકોની નામાવલિ.

૫ ન સાંકળિયું; અનુક્રમણિકા; યાદી; ક્રમાનુસારી ટીપ; હકીકત જાણવાની સગવડ આપવા માટે મૂળાક્ષરના ક્રમ મુજબ પુસ્તકમાં આપેલ વિષયોની જે ગોઠવણ કરવામાં આવે છે તે; મહત્ત્વના વિષયને જણાવનાર કોઠો વગેરે. સોળમી સદીમાં તો પુસ્તકમાં આવેલ વિષયોનો ફક્ત કોઠો આપતા. હવે દરેક પુસ્તકમાં સૂચિપત્ર આપે છે. સૂચિપત્ર બનાવવાની સહેલામાં સહેલી રીત એ છે કે, દરેક નોંધ કાગળની દરેક જુદી કાપલી ઉપર લખવી અને ત્યારપછી મૂળાક્ષરના ક્રમ મુજબ આ કાપલીઓને ગોઠવવા માટે તૈયાર કરવી. હાલ જે પુસ્તકોમાં સૂચિપત્ર નથી તે પુસ્તક તાળા વગરની પેટી જેવું છે, એટલે કે નકામું છે

સૂચિપત્રક જુઓ સૂચિપત્ર.

સૂચિપુષ્પ [સ] ન. કેવડો.

સૂચિભેદ્યાયોનિ [સં.] પું. યોનિરોગના ૨૦ માંહેનો એ નામનો એક પ્રકાર. તેમાં સોય સરખું ઝીણું છિદ્ર હોય છે.

સૂચિવદન ૧. [સં] પું નોળિયો.

૨. પું મચ્છર

સૂચિવેધ [સ.] પું ત્વચાને સોયથી વીંધવી તે; 'ઇન્જેક્શન'.

સૂચી ૧. સ્ત્રી. (ગણિત) પિરામિડ જેવી આકૃતિ

૨. સ્ત્રી. પેનસિલ.

૩. જુઓ સૂચિ.

સૂચીઝ સ્ત્રી. સુવાવડ સંબંધી

સૂચીઝ કર્મ કરે તહીં દેવતણી એ નારી.

આનંદકાવ્યમહોદધિ

સૂચીકટાહન્યાય [સ] પું (ન્યાય) એ નામે એક ન્યાય; નાનું અને મોટું એવાં બે કાર્ય જ્યારે સાથે કરવાનાં હોય ત્યારે પ્રથમ નાનું અને પછી મોટું કાર્ય કરવાનું દૃષ્ટાંત, સોય અને તવામાં પડેલા સળી સોય કરી આપવી તે; સોય બનાવ્યા પછી કડાઈ બનાવવા જેવી વાત. મોચી સુથારને ત્યાં એક માણસે આવી કડાઈ બનાવી આપવા કહ્યું. થોડા વખતમાં બીજા કોઈએ આવી સોય બનાવી આપવા કહ્યું. સુથારે પહેલી સોય બનાવી અને પછી કડાઈ બનાવી. સહેલું કામ પહેલું કરવું અને પછી કઠણ કામ હાથ ધરવું તેને માટે આ ન્યાય અપાય છે

સૂચીખંડ [સ.] પું. (ગણિત) કોઈપણ ઘન પદાર્થનો ઉપરનો ભાગ કાપી નાખવા પછીનો ભાગ

સૂચીપત્ર જુઓ સૂચિપત્ર.

સૂચીપત્રક જુઓ સૂચિપત્રક.

સૂચીપત્રા [સં.] સ્ત્રી. એક જાતની ફોઈખડ.

સૂચીપુષ્પ જુઓ સૂચિપુષ્પ

સૂચીમુખ ૧. [સ.] ન. (પુરાણ) એ નામનું અઠ્ઠાવીસ માંહેનું એક નરક ઘનના અભિમાનવાળો સર્વ સ્થળમાં ધનની અતૃપ્ત જાવાની ચિંતાથી જેનું હૃદય તથા મોઢું સુકાય, કરે છે તે મર્યા પછી આ નરકમાં પડે છે.

૨ ન. ધોળો દર્ભ.

૩ ન. સાપનું માંડું

૪ ન. હીરો

સૂચીમુખકુંડ [સ.] પું. (પુરાણ) એ નામનો એક નરક કુંડ

જે માણસ પારકા કાંતમાં મોટું ઘાલી પારકાની નિંદા કરે છે, બીજામાં દોષ કાઢીને પોતાને ગુણવાન માને છે અને દેવ તથા બ્રાહ્મણની નિંદા કરે છે તે માણસ ત્રણ જન્મ સુધી આ કુંડમાં વસે છે. એકસોએકમે સૂચીમુખકુંડ સોય જેવા મોઢાવાળા જીવોથી ભરેલા છે અને પચાસ મનુષ્યના વિસ્તારમાં છે ભાગવતી ભાગવત

સૂચ્ય ૧. [સ.] પું. (ગણિત) વસ્તુના બે માંહેનો એક વિભાગ. વસ્તુના સૂચ્ય અને દૃશ્યશ્રાવ્ય એવા બે વિભાગ પડે છે તેમાં પણ સૂચ્યના પાંચ પેટા વિભાગ હોય છે (૧) વિષ્કંભક, (૨) ચૂલિકા, ('નેપથ્યે' જુવો), (૩) અંકાસ્ય (અંકનું મુખ—અંકને અંતે જે સૂચવાય તે), (૪) અંકાવતાર (અંકને અંતે જે

આવવાના અંક માટે ખ.સ બોલાય તે) અને (૫) પ્રવેશદ્વ

૨. વિ સૂચવવા યોગ્ય; સૂચવવા લાયક

સૂચ્યાકાર ૧. [સં. સૂચિ + આકાર (આકૃતિ)] પુ જેનું તળિયું ત્રણમૂળિયા કે સમચોરસ અથવા ચાર કરતાં વધારે ખૂણાનું હોય અને જેની ઉપલી ટોચ અણીવાળી હોય એવો નક્કર પદાર્થ

૨ પુ શંકુ જેવી આકૃતિ; શંકવાકાર.

૩. વિ. શિખરી; શંકુ આકારી; શંકુ જેવી આકૃતિનું, સગીના આકારનું

સૂચ્યાર્થ [સં] પુ (કાવ્ય) સૂચિત અર્થ

વ્યંજનામાંથી ભાસતા અર્થને વ્યંગાર્થ, ધ્વન્યર્થ, આક્ષેપાર્થ, **સૂચ્યાર્થ** અને પ્રતીયમાનાર્થ ઇત્યાદિ કહે છે. કા.વ્યરાજ

સૂજ સ્ત્રી. શરીર ઉપર વિકારથી આવતો સોજો; સૂજેલું હોવું તે.

સૂજતું વિ ઠીક લાગતું, મનગમતું.

ન તુ તારે **સૂજતું** કર, આજથી તુ એમ ન સમજજે કે હું તારા પિતા છું.

મહિલાઅૂયધ્વ

સૂજની [ફા.] સ્ત્રી. રજાઈ.

વિરમગામમાં કાંતવા વણવાનો રાંધો, કપાસ સોડવાના ઇન અને ૪ બૈલા હલકા પંખા, **સૂજનીઓ** ને ગુજરતા વખણાય છે.

ફેબ્રવણીનું શાસ્ત્ર

સૂજવું ૧. અ ક્રિ. કસોટીમાંથી પસાર થવું; કસોટીમાંથી પાર ઊતરી સત્ય સાબિત કરવું.

૨. અ ક્રિ. શુદ્ધ થવું; ચોખ્ખું બનવું.

૩. અ ક્રિ. સલવું તરી આવવું કોઈના ઉપર ચોરી કે વ્યભિચારનું આળ આવે છે, ત્યારે તેને ઊના કરેલા તેલના તાવડામાંથી હાથ વતી વીંટી કઢાવે છે અથવા હાથમાં કોઈ ચીજ ઊની કરીને આપે છે, તેમાં તે ન દાઝે તો સાચો ઠરેવાય છે.

૪ અ ક્રિ સૂજ આવવી

૫. અ ક્રિ. સોજો આવવો, સૂજ જવું, દરદથી ચામડી વગેરેનું ઊપસવું; ફૂલવું; સોજો ચડવો.

સૂજક ૧. પુ ઉપ્પવાત

૨. પું પ્રમેહ.

સૂજી ૧ પુ ઘઉંમાંથી બારેલ, જ્યો.

૨ પુ (કન્નડી) દરજી

૩ પુ પૂજારી.

૪ પુ સોય

સૂજેલું વિ ફૂલેલું

સૂજ્ય ૧ સ્ત્રી. ખાત

૨ સ્ત્રી ખોજ; તપાસ

૩. સ્ત્રી. ગમ.

૪. સ્ત્રી. પહોંચ.

૫. સ્ત્રી સમજ.

જ્ઞાનથી નિરંતર **સૂજ્ય**,
પ્રભાવડે કર્મ પ્રતિષ્ઠા પૂજ્ય. અખો

સૂઝ ૧ સ્ત્રી. અદ્‌ભુત કલ્પના.

૨. સ્ત્રી. કર્તવ્યની ફરજ.

૩. સ્ત્રી ગમ; સમજ; જ્ઞાન; સૂચના.

૪. સ્ત્રી. પહોંચ; કાર્ય કરવાની કુશળતા.

૫. સ્ત્રી. સૂઝવું તે.

સૂઝકો ૧. પું ઉકેલ; કામની આવડત; કુશળતા.

૨. પું. કળપૂર્વક કામની મજૂરી.

૩ પું. ખબર

૪. પુ. ગમ; સમજ, સૂઝ.

સૂઝતું ૧. વિ. ખપતુ.

દિજિઈ લહિ મુક્ક **સૂઝતુ** આહાર.
માતપિતા વ્યહી કરઈ સાર.

લાવણ્યસમય

૨. વિ. (જૈન) દોષ રહિત; પવિત્ર; નિર્દોષ આહાર પાણીના સંબંધમા જૈનસાધુઓ આ શબ્દ વાપરે છે

છઠ્ઠ તમે વળી પારણે પૂજ **સૂઝતો** આહાર રે

આનંદકાવ્યમહોદધિ

૩. વિ. પોતાને ગમતુ કે સમજાતું, જેમકે, તમે તમારે **સૂઝતું** કરો છો એ ચાલે?

સૂઝવું ૧. [સં. દૃશ્યમાન; પ્રા. સુજ્ઝંત]

અ. ક્રિ. ઊપસવું; ફૂલવું

૨. અ ક્રિ. ગમ પડવી; આકલ્પ પમાવવી; સમજાવું.

૩. અ ક્રિ જડવું; મળી આવવુ

૪. અ. ક્રિ. દેખાવું; નજરે પડવુ.

૫. અ ક્રિ પરખાવું.

૬. અ. ક્રિ. અજવું

૭. અ ક્રિ વિચાર આવવો

સૂટ ૧. [અં.] પું. કોટ, પાટલૂન વગેરે સુગઠાંનો સટ

૨. પું. લાવો; ફરિયાદ.

સૂડ (સૂડ) ૧ પું. ગામડાના હિસાબો ઉપરથી મારાંશ રૂપે તૈયાર કરેલો હિસાબ.

૨ પું. તારવણી; ચોખવટ

૩. પુ ; ન મળ

૪ સ્ત્રી જરીક ખરડો; ક્ષેત્રફળ પત્રક; સૂડવહી

૫. ન. આનલા પાંદડાનાં મળ, કૂવા વગેરે ખોદી આવી સફાઈ કરવા ન

૬. ન. જડમૂળથી નાશ, નખોદ; સત્યાનાશ.

સૂડ કાઢી નાખવુ જડામૂળ કાઢી નાખવુ, જડમૂળથી ઉખેડી નાખવુ.

૭. ન. તપાસણી

૮. વિ ફૂલેલ.

૯. વિ સાદુ, સડિયું; સીધું અને સામટુ તે વ્યાજ માટે વપરાય છે.

સૂડકટું (સૂડકટુ) વિ મૂળ ઉખેડનાર, નખોદ કાઢનાર; સત્યાનાશ વાળનાર

સૂડતલ (સૂડતલ) વિ. સૂડીઓના સૂડનાર.

સૂડલો (સૂડલો) ૧. [સં. શુક] પું. એક જાતનો પોપટ; સૂડો.

૨ પું. મોટી સૂડી

સૂડવહી (સૂડવહી) સ્ત્રી. ક્ષેત્રફળ પત્રક; સૂડ; જરીક ખરડો

સૂડવું (સૂડવુ) ૧. સ ક્રિ. ઉપાડવુ

રમવાટે **સૂડયા** સાથી. કાન્હડદેપ્રબંધ

૨ સ ક્રિ કાપણી કરવી, ખેતરમાંથી નિરુપયોગી છોડ, ઘાસ વગેરે વાઢવુ

૩. સ. ક્રિ. જડમૂળમાંથી ખોદી કાઢવુ

૪. સ. ક્રિ. મારવું.

૫. સ. ક્રિ. કૂને સોટીઓથી મારી, છૂંદું પાડી, કમરો કાઢીને સારું કરવું; ઝૂડીને સાફ કરવું.

૬. સ. ક્રિ. વિનાશ કરવું

૭. સ ક્રિ. સારું કરવું

સૂડવ્યાજ (સૂડવ્યાજ) ન. કપિયા રકમ હોય તેટલા વખતનુ સામટુ સાદું વ્યાજ.

સૂડાપંખું (સૂડાપખુ) ૧. વિ, પોપટિયા રંગનુ.

૨ વિ. સૂડાની પાંખ જેવું.

અખિયાળા ને વાંકડાં **સૂડાપખાં** જેહ,
સમજી એ મજ કરણના અમને એ શું દેહ.

હલામણ જેઠવો

સૂડાબહોંતેરી (સૂડાબહોંતેરી) સ્ત્રી. એ ના.નો સામળ કવિકૃત વાર્તાનો સંગ્રહ.

સૂડાસૂડ (સૂડાસૂડ) ન. મારામારી; ટીપાટીપ.

આગેનું વેર અમારે કાકાને અને કુઠ રે,
સૂડ નીલું નહિ ગાલે એ કરસે **સૂડાસૂડ**

ર.મ.વણ

સૂડિયું (સૂડિયુ) ૧ ન મોટા વેપારી દિવસે જ્યારે ગડબડ થાય છે તે જે કાગળની ચોપડીમા લખી લે છે તે. તેને ખડિયું કે દનિયુ પણ કહે છે

૨ વિ સૂડ, સાદુ, શુદ્ધ. તે વ્યાજ માટે વપરાય છે

સૂડી (સૂડી) ૧ સ્ત્રી સોડાની મ.દા

૨. સ્ત્રી સોપારી વાઢવાનું સાધન; કટકા કે બારીક ચૂરી કરવાનું ઓજાર આગ કરીને તે વડે સોપારી ભાગવામાં આવે છે

સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ -- અત્યંત જોખમ ભરેલી સ્થિતિ; બહુ જ મોટી મુશ્કેલીમાં મુકાઈ જવાય એવી હાલત

સૂહ (સૂહો) ૧. પું. કરી વગેરે મોટાં હાથી કાપવાનું ઓજાર

૨. [સ. શુક] પું. પોપટના જેવું એક પક્ષી, એક જાતનો પોપટ.

ચંચ અડાડી જેમ **સૂહો** જઈ બેસી બીજ સાખે રે. ભાલણ

૩. પું. મોટી સૂંડી.

સૂહારાણો (સૂડારાણો) પું. ચટક વર્ણના આરોકર ગાયનું શુકકુલનું એક પક્ષો; સૂહો.

સૂહવવું [સ. શ્રુત , જા. હિ. કુલી જવું; સાંભળવું; સોજી આવવું, સોજો આવવો.

સૂત ૧ પું. આકડાનો છોડ.

૨. પું. એ નામની એક નીચ જાતિનો માણસ. વૈશ્ય જાતિની સ્ત્રી માતંગ પુરુષ દ્વારા **સૂત**ને, **સૂત**દ્વારા દસ્યુને, ને દસ્યુદ્વારા આભીરને કલ્પ્યા કરે છે. સૂતસંહિતા

૩ પુ એ નામે વિશ્વામિત્રનો પુત્ર; એક ઋષિ.

૪. પું. કર્ણ.

૫ પુ ક્ષત્રિયથી બ્રાહ્મણીને પેટે થયેલો પુત્ર.

૬ પુ તલનો પાંચમો ભાગ.

૭ પું. નીગ્રોવેલ સોમરસ.

૮. [સં.] પું. પાણિનિના સમય પછીના એ નામના એક જાતના શ્લોક.

૯. પું. પારદ; પારો.

૧૦. પું. પ્રસિદ્ધ રાજવરીઓના રાસા કહેનાર માણસ; રાજભાટ; બદીજન; ભાટચારણ; રાજબારોટ તથા પંડિયો. એનું કામ દરેક પ્રાંતમાં જનત, સારા નરસા બનાવોની તેમ જ મહાન માણસો તથા શુભ પ્રસંગોની નોંધ રાખવાનું હતું

અનેક રાજા કુંભા પૃથિ, ધરતિ જજ્જર ચાલિ,
સૂત માગધ વરા બોલી, બંદી કરઈ બખાણ. ભાલણ

૧૧. પું. મહાભારતમાં બબ્રુવંશનું ક્ષીરકનું એક નામ

૧૨. પું. મૂળ.

૧૩. પું. રથ બનાવનાર

૧૪. પું રથ હાંકનાર, સારથિ, ગાડીવાન.

૧૫. પું (પુરા.નું) રોમહર્ષણ નામનો એક પૌરાણિક પુરાણ કહેનાર કે વાચનાર, પુરાણ વક્તા. એ શૌનિ ઋષિ. ઉગ્રશ્રવસનો પિતા. મૂળ. સ્વાભાવિક રીતે દરેક પુરાણમાં, રોમહર્ષણ (**સૂત**) અથવા તેનો પુત્ર ઉગ્રશ્રવ (સૌતિ) કથા કહી રહ્યા છે એમ વર્ણવેલ છે. **સૂત** એટલે બ્રાહ્મણ કન્યાને પેટે ક્ષત્રિય પિતાથી ઉત્પન્ન થયેલો પુત્ર એમ અર્થ આવેલો છે અને આ **સૂત** સર્વ પુરાણોની કથા કહે છે તે ઉપરથી એમ અનુમાન કરી શકાય કે, જે કતકચાઓ ઉપરથી પુરાણો બનાવવામાં આવ્યાં હતાં તે કથાઓનું મૂળ બ્રાહ્મણો નથી, પરંતુ ક્ષત્રિયો છે.

ઉત્તરમાં ઉત્તમ છે, **સૂત** માગધ તમામ. જલપ

૧૬. પું. લડાઈની સામગ્રી, રથ તથા ઘોડાના અલંકાર બનાવનાર માણસ.

૧૭. પું પક્ષ.

સકલ પેરે **સૂત** બોલે પણ આપે નહિ,
તે અણતા જાણજ, જાય સોરઠીઓ જ. પંચમી

૧૮ પું વેદમાં વપરાયેલું રત્નનું એક નામ.

૧૯. પુ. શ્રીબાદરાયણ વ્યાસ મુનિના એક શિષ્ય.

૨૦ પુ સંતતિ

૨૧ પું સુતાર

૨૨ પું સર્પ.

૨૩. પું દ્વાર; બારી.

૨૪. સ્ત્રી. (સંગીત) સિતાર અને વીણામાં નીકળતી તાન.

૨૫. ન. સોનાનું બાજબંધ.

૨૬ ન. સૂતર

૨૭. વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલ

૨૮. વિ. પ્રેરણા કરેલ.

૨૯. વિ. મોકલેલું

સૂતક ૧. ન. અટકાવ.

૨. ન. અટકાવેલું વહાણ રાખેલું હોય તે સ્થળ કે જગ્યા; ' ક્વૉરેન્ટાઇન '

એ રસ્તામાં પેઠે ને ઊંધી રોગ લાગુ પડ્યો હોય છે સીમાડાને **સૂતક**માં ક્વૉરેન્ટાઇનમાં રાખે છે અમે મુંબઈ જોડું ત્યારે ત્યાં મારી તો ચાલતી જ હતી, તેથી અમને કંઈક **સૂતક** નડવાનો ભય હતો જ. આપીજી

૩. ન. સગા-સબંધીમાં જન્મ તેમ જ મરણ વગેરેથી પાળવામાં આવતી આભડ છેટ. મરણ અથવા જન્મના આ સંબંધથી પાળવામાં આવતું અશુદ્ધપણું, સગામાં બાળક જન્મવાથી અથવા મરી જવાથી અપવિત્ર થવાય ન, તે સંબંધ, સોયક-તોયક ના પેદા થયી ના ય ત્યાંથી લઈ ના ખા સુધી ના પાંચમી પહેલી ના ય ત્યારે પડે, સગાઓના મરણ પ્રસંગે તથા બે જાતનાં હોય છે. (૧) જનનાશૌચ અને (૨) મરણોત્તર. સપિંડને દસ રાત્રિ સુધી અને સોદકને ત્રણ રાત્રિ સુધીનું **સૂતક** હોય છે. જ્યારે સગોત્રને સ્નાન માત્રથી શુદ્ધિ મળે છે. જનનાશૌચ—બાળકનો જન્મ થવાથી સપિંડને દસ દિવસનું જનનાશૌચ લાગે છે. મનુ ...ચ નામ પાડ્યા પછી અને દાંત ફૂટ્યા પહેલા પુત્ર મરણ પામે અને તેને આવ્યો દોષ તો સપિંડને એક દિવસનું **સૂતક** લાગે. જો દાઢો હોય, તો સ્નાન માત્ર. માબાપને ત્રણ રાત્રિનું **સૂતક** (બાળો કે દાઢો તો પણ) લાગે. જો છોકરી હોય, તો માબાપને એક દિવસ અને ત્રણ પેઢી સુધીનાને સ્નાન માત્ર આવે. બાકીનાને કંઈ નહિ.

[illegible] **સૂતકો** વૃદ્ધિ શ્રાદ્ધના પ્રસંગમાં પાળવા જ જોઈએ સો વર્ષના જાને. દિવેતાપત્રી સમશ્લોકી

૧. **સૂતક** આવવું-લાગવું = (૧) આભડછેટ લાગવી (૨) લાગતું વળગતું હોવું. (૩) **સૂતક**ને યોગ્ય સગપણ હોવું

૨. **સૂતક** ઉતારવું = વિધિપૂર્વક **સૂતક**ની અશુદ્ધિ દૂર કરવી

૩. **સૂતક** પડવું = **સૂતક**ની આભડછેટ લાગવી

૪. **સૂતક** પાળવું = **સૂતક**ની આભડછેટ સાચવવી.

૪. સ્ત્રી. હડતાલ.

પ્રથમ બેસતા દિવસે **સૂતક** પાળીને તે પ્રત્યેની ચીડ જાહેર કરે છે. દિગંતરાય અંજારવાળા.

સૂતકી ૧. વિ. અશુદ્ધ.

૨. વિ. જન્મ મરણની અપવિત્રતાથી દૂષિત; **સૂતક** લાગેલું હોય તેવું; **સૂતક**વાળું

સૂતગીતા [સં] સ્ત્રી. સ્કંદ પુરાણમાં ગૂંથેલી **સૂત** સંહિતાના વજ્રપ્રભવ ખંડના ઉપરી ભાગમાં બ્રહ્મગીતા પછીના આઠ અધ્યાયમાં આવેલી એ નામની એક ગીતા.

સૂતતનય ૧. પું. એ નામના એક ઋષિ; **સૂત** ઋષિના પુત્ર. તે કથા વાર્તામાં બધા કુશળ હતા. તે ઋતાઓને ઘડીમાં હસાવતા, અને ઘડીમાં રડાવતા તેથી તેનું નામ રોમહર્ષણ પડ્યું હતું.

૨. [સ] પુ કર્ણ

૩ પુ સારથિના પુત્ર

સૂતતનુજ [સં.] પુ કર્ણ

સૂતપુત્ર ૧ [સ [illegible] (સારથી) + પુત્ર] પું. [illegible] **સૂત** [illegible] મોટો કર્ણ [illegible] દુર્યોધન દ્વારા પુત્ર.

૨ પુ ક્ષત્રિયવર, બ્રાહ્મણના વિષે ઉત્પન્ન થયેલો પુત્ર; જાત.

૩. પુ (પુરાણ) વિશ્વામિત્ર ઋષિના એક પુત્ર.

સૂતમૂલી [હિં] સ્ત્રી. આકાશ જમીનમાં વધતો રાક્ષના એક જાતના છોડ

સૂતર ૧ સ્ત્રી. આકડો; સફેદ આકડાનું ઝ.

સૂતર આવે તમ તેમ તું રહે,
નમ નમ કરીને હરિને લહે. અખો

૨ [સ સૂત્ર, અપ. સુત્ત] ન સૂત્ર; રૂનો કાચો દોરો; ૩ કાંતીને કાઢેલો તાર, માફક રાખેલું રૂ ઇ.ઓ.ને તૈયાર થયેલા સૂતરની જાડાઈ પ્રમાણે વણતી વખતે પનાની એક ઇંચ જગ્યા મા ૧૨ નાખવા પડે છે આ જાડાઈ એટલે એક આકની આંટીના વ.રનુ વર્ગમૂળ. જે વર્ગમૂ. ૨૯ થાય પરંતુ ત.રની સપાટી ઉપરની ફેલાટીને લીધે ૧ ઇંચમાં ૨૭½ વાર સમાય છે આ આંટીના સૂતરનો આંક એક હોય તો એક જગામા અડોઅડ ૨૭½ તાર ગોઠવાય. આ જે ૨૭½ આંક આવ્યો તે એક આકના સૂતરની જાડાઈ કહેવાય. સૂતરની સ્થિતિ-સ્થાપકતા અ.ધ.૨ રેસા ની પોતાની સ્થિતિસ્થાપકતા ઉપર અને સૂતરની જાડાઈ તથા દર ઇંચે ચોટલ. વળાના પ્રમાણ ઉપર હોય છે. હાથકતમાંથી થતી પ્રાથમિક ક્રિયાઓ વધુ મૃદુ હોવ.થી રેસાની સ્થિતિસ્થ.પકતા વધુ પ્રમાણમા જળવા.ઈ રહે છે ફટિયાનુ કાંતણ ' ખુલ ' ના કાંતણ જેવુ છે અને તેથી ' રિંગ ' ના કાંતણ કરતા વળ આપવા.ની એમા વધુ સગવડ છે તેમ જ હાથે કાંતનારના કોમળ સ્પર્શ તથા તેના હ.થના અનુભવજન્ય વિવેકને લીધે મિલના ' ખુલ ' સૂત્ર કરતાં પણ રૂંઢિયા પર કતાયલા સૂતરમાં વધુ સ્થિતિસ્થાપકતા આવી શકે છે. ગાંધીજી લખે છે કે, સૂતર તે સૂતર હોવું જોઈએ. રૂમાંથી ગમે તેવો ધાગો તાણી કઢાઓ તેને સૂતર કોઈ નહિ કહે. સૂતર એ કે જે વણી શકા.ય. તે વળદાર, રેસા ચિનાનુ અને એકધારુ હોવુ જોઈએ. તે ફોદીપી રહિત હોવું જોઈએ. બ.રે સૂતર સહેજે સીધુ નીકળવા માડશે ત્યારે પ્રભુની ઝાંખી હૃદયમાં થશે ને પ્રભુ સૂતરના તાર ઉપર નાચતો જોવામા આવશે

હિંદ સ્વાતંત્ર્ય નિર્ઝર તાર **સૂતરના** પરે,
કહેવું એમ તે છે ના અતિશયોક્તિ મુજને.
આપીનીના

૧. સૂતરને તાતણે બધાયેલું = પ્રેમના બળથી બધ.યેલું કે વશ થયેલ

૨. સૂતરને તાતણે સ્વરાજ = રૂંટિયા અને ખ.દીના રચનાત્મક કાર્યક્રમને બળે સ્વરાજ મળવુ તે.

સૂતરનાણું ન. સૂતરનુ ચલણ. તે સબંધે ગાંધીજી લખે છે કે : ખાદીના પૈસા આપવાને બદલે સૂતર આપવાનું કારણ એ છે કે, ખાદીનું ખરું સ્થાન ઓળખવુ ને સૂતરનાણું બને ત્યાં સુધી અ.વવુ. સૂતર રચનાત્મક કાર્યનો એક ભાગ છે એ વિચારને અહીં કયું સ્થાન નથી અમ તો સૂતર એટલે કે કાતણ મર્યું છે, મધ્ય બિંદુ છે. પણ એ વાત જવા દઈએ. સૂતરને તાંતણે સ્વરાજ હોય તો સૂતર સોના રૂપાનાં નાણાં કરતાં હકીકતમાં વધારે કીમતી છે, એ વાત સ્પષ્ટ છે. રચનાત્મક કાર્ય કરનારા સૂત્ર યજ્ઞમાથી મુક્તિ મેળવતા જ નથી. તે યજ્ઞમાંથી મુક્તિ કેમ હોય ? સૂતરયજ્ઞ જ એક એવો યજ્ઞ છે જે બધાયને સારુ આવશ્યક છે આ સબંધમાં હરિજન બંધુમાં લખ્યું છે કે, સૂતરનાણાનુ કોષ્ટક આવુ રાખવુ :

૪ ફૂટ = ૧ તાર
૯૦ તાર = ૧ લટ
૪ લટ = ૧ વાંગી
૧૦ વાંગી = ૧ દિવસ

સૂતરફેણી [સં. સૂત્ર; પ્રા. સુત્ત + દે. ફોણિઆ] સ્ત્રી. સુતર જેવા. તાતણાવાળી એ નામનો એક જાતની નીપજ

સૂતરશાળા સ્ત્રી. એક જાતની ઇમારત

સૂતરાઉ વિ. સૂતરનુ બનેલુ

સૂતરિયા ૧ સ્ત્રી કડવા કબૂતરી. વાદળિયા અને ઝાઝમણી એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩ વિ. એ નામની અટકનુ.

સૂતરિયો પું. સૂતર વેચનાર

સૂતરો સ્ત્રી લગ્ન વખતે ઓઢવામાં આવતી ખાસડીની ચૂંદડી

સૂતરું વિ સહેલું સુગમ.

હાથ કલાકમાંનું **સૂતરું** પડે એવી કપાસ વીણવાની રીત તેને આવડ પડી હોવી જોઈએ. ગાંધીજી

સૂતરિશાખા પું. (વિજ્ઞા) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ ૬૬ ને અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા તગણ, યગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે. તેમા નવમા અક્ષર ઉપર વિસામો આવે છે.

સૂતસંહિતા [સ.] સ્ત્રી. સ્કંદપુરાણની છ માહેની એ નામની બીજી સંહિતા. તેમાં ૬,૦૦૦ શ્લોક છે.

સૂતળાવું સ. ક્રિ. આવું બોડવું; સાંઠવું.

સૂતળી સ્ત્રી. સણની પાતળી દોરી; સણસૂત્ર; પવિત્રક

સૂતાપસદ [સં.] પું દુષ્ટ સારથિ.

સૂતાંજલિ [સં. સૂત (સૂતર) + અંજલિ (અર્પણ)] સ્ત્રી. દેશના ઉત્થાન અર્થે અર્પણ કરવામા આવેલ જાતે કાંતેલ સૂતરની ફાળકોઓ. બધી અગ્નિપરીક્ષામાં સૂતરની અંજલિ આ યુગમાં સર્વોત્તમ લેખાય છે દેશના કલ્યાણ કાજે સૌ કોઈએ થોડું ઘણું કાંતીને તે સૂતર મહાસભાને અર્પણ કરવુ જોઈએ. એ આ યુગનુ પ્રથમ નિત્યકર્મ છે

સૂતિ ૧. [સં] સ્ત્રી ઉત્પત્તિ; પેદાશ.
૨. સ્ત્રી જન્માતર; પ્રસવ.
૩. સ્ત્રી (પુરા.ણ) પ્રતીક્ષ રાજાના દીકરા પ્રતિહર્તાની એ નામની સ્ત્રી
૪ સ્ત્રી. સોમનો રસ કાઢવાની ભૂમિ.

સૂતિકટ [સં.] પું. એક જાતની વનસ્પતિ પ્રાપ્ત. શૂદ્ર સ્ત્રી અને ક્ષત્રિય પુરુષ વડે ઉત્પન્ન પ્રતિલોમ જન્મ પામે છે. એ પ્રજા કોનીથી થઈ હોય તો સૂતિકટ કહેવાય છે. સૂતપુરાણ

સૂતિકર્મ [સં.] ન ગર્ભપોષણ વિદ્યા; પ્રસવ કર્મ; સુવાવડની ક્રિયા; પ્રસૂતિ કર્મ.

સૂતિકા ૧ સ્ત્રી. નવપ્રસૂતા; તુરતમાં જેણે જન્મ દોષ તેવી સ્ત્રી; સુવાવડી સ્ત્રી
૨ [સં સૂતિ (જન્મ) + કારિણી (કરનારી)] સ્ત્રી. સુવાણી; પ્રસવકરાવણી

સૂતિકાગાર [સં] ન. સુવાવડીનો ઓરડો.

સૂતિકાગૃહ [સં.] ન. સુવાવડખાનુ

સૂતિકાચિકિત્સિકા [સં.] સ્ત્રી સુવાવડી સ્ત્રીઓની સારવાર કરનારી સ્ત્રી; સુયાણી

સૂતિકાજન્ય [સં.] વિ. સુવાવડમાં થતું.

સૂતિકાજ્વર [સં. સૂતિકા + જ્વર (તાવ)] પું. (વૈદક) સુવાવડી સ્ત્રીને આવતો ખાસ પ્રકારનો તાવ; સુવાવડનો તાવ; સુવારોગ. આ તાવ હાલ, સોજા કે બીજા દરદમાંથી લાવુ પડે છે સુવાવડ પછી બૂબ લાગે અને કાચા વાસામાં ભારે પદાર્થ વધુ પડતો ખવા.ય અને કોઠો બગડે તો પણ તાવ લાગુ પડે છે પ્રથમ ટાઢ થાય, માથુ દુઃખે, છાતીમાં મૂઝવણ, મન ખિન્ન, ઊલટી, શરીરે રહેતા, ઝાડો કબજ વગેરે ચિહ્ન જણાય છે. આ તાવ બહુદર રૂપ પકડે તો થોડા કલાકમાં સ્ત્રી મરણ પામે છે. લાગો વખત ચા.લે તેમ આરામ થાય છે આ તાવમાંથી સૂવા, સોજા, કમળો, પાંડુ, દાહ, કળજિયાત, ઉધરસ વગેરે રોગ પણ લાગુ પડે છે.

સૂતિકાજ્વરઘ્ન [સ.] (વૈદક) ન. સુવાવડી સ્ત્રીને સુવારોગ ઉપર અપાની એક જાતની દવાની બનાવટ લવિંગ, કાળાં તીખાં દરેક એકત્રીસ નંગ, બીર બહૂટી ૬ માસા, ધોળા મરણી ૬ માસા, રસકપૂર શુદ્ધ ૩ માસા, ઉત્તમ કસ્તૂરી ૪ રતી, એ સઘળાંને વાટી કપડછણ કરી તુલસીના રસમાં એક દિવસ ખરલમાં ઘૂંટવું પછી મગ જેવડી ગોળી બનાવવી સવારે અને સાંજે બે ગોળી પાણીમાં આપવી. અતિસાર હોય તો દહીંની મલાઈમા ગોળી દેવી એક અઠવાડિયું દેવાથી સર્વ જાતના પ્રસૂતરોગ નાબૂદ થાય છે.

સૂતિકાભરણરસ [સં] પું. (વૈદ્યક) એ નામનું સુવાવડી સ્ત્રીને સન્નિપાત ઉપર અપાતું એક જાતનું ઔષધ સુવર્ણભસ્મ, રૌપ્યભસ્મ, પ્રવાલભસ્મ, શુદ્ધ પારદ, ગંધક, અભ્રકભસ્મ, હરતાળભસ્મ, મનશીલભસ્મ, સૂંઠ, પીપર, મરી, નગોડના બી બધા સમભાગે લઈ આકડાના દૂધની, ચિત્રાના મૂળના ઉકાળાની, અરડૂસીના રસની એકેક ભાવના દેવી મુસમા પેઠ કરી વાલકયંત્રમાં ચાર પ્રહર પકાવવું સુવાવડીનાં બધા દરદમાં માત્રા બાંધી રસ. દરદ પ્રમાણના અનુપાન સાથે આપવાથી બધા દરદ મટે તે સિવાય ધનુર્વા, આંચકો અને ત્રિદોષ પણ મટે છે.

સૂતિકાભવન જુઓ સૂતિકાગૃહ.

સૂતિકારોગ [સં સૂતિકા + રોગ (દરદ] પું. સુવાવડ દરમિયાન લાગુ થયેલો રોગ

સૂતિકારોગાંતકરસ પું. (વૈદ્યક) સુવારોગ ઉપર અપાતો એ નામનો એક રસ. પારદ, ગંધક, અભ્રકભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, સૂંઠ, પીપર, મરી, બળદાણા, અજમોદિયાનાં બી, જીરું, કેરેલા ધાણા, હરડે, સુવાદાણા, અજમ., પ્રત્યેક તોલા પાંચ સાથે મેળવી દેવદારવાદિ ક્વાથની ભાવના ત્રણ અને ગાંઠોની ભાવના એક દર્શ, ચણોઠી જેવડી ગોળી વાળવી અથવા ભૂકી રાખવી. માત્રા રથી ૩ ગોળી દિવસમાં બે વખત પાણી સાથે દેવી. સુવાવડીના તાવ, ઝાડા, મરડો, સન્નિપાત, હરસ, અજીર્ણ, ઊલટી, શ્રમ, ઊધરસ, છાતીનાં દરદ, પાંડુ, રક્તસ્રાવ વગેરેમાં વપરાય છે

સૂતિકાવસ્થા [સં.] સ્ત્રી. સુવાવડ.

સૂતિકાવિનોદરસ [સ.] પું. (વૈદ્યક) સુવારોગ ઉપર અપાતો એ નામનો એક રસ. શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ મોરથૂથુ દરેક સમ ભાગે લઈ ત્રણ દિવસ સુધી લીંબુના રસમાં ખલ કરી તેમાં એકેક ભાગ જીરું, કાળીજીરી, લીંડીપીપર, મરી અને સૂંઠનું ચૂર્ણ નાખી તે બધાને બરાબર મિલાવી તેની વાલ વાલની ગોળી કરવી. ગળિણી સ્ત્રી તેમજ સુવાવડી સ્ત્રીના ઉદર વ્યાધિમાં આ રસ બધો ઉપયોગી છે તે બનાવવાની બીજી રીત આ પ્રમાણે છે પારદ, ગંધક, રસસિંદૂર, અભ્રકભસ્મ, લોહભસ્મ તામ્રભસ્મ પ્રત્યેક તોલા ૧૦, સૂંઠ, પીપર, મરી, પીપરીમૂળ, સિંધાલૂણ, જાવખાર, જાવત્રી, તજ, ધાણા, કાળદર, વજ, અતિવિષ, સુવાદાણા, અજમોદિયાનાં બી પ્રત્યેક તોલા ચાર સાથે મેળવી, દેવદારવાદિ ક્વાથની ભાવના ત્રણ અને નગોડના રસની ભાવના એક દર્શ, ચણોઠી જેવડી ગોળી વાળવી અથવા ભૂકી રાખવી. માત્રા ૧ થી ૩ ગોળી સમભાગે મધ સાથે ૪ રતી સુવાવડીના તાવ, ઝાડા, મરડો, સન્નિપાત, હરસ, અજીર્ણ, ઊલટી, શ્રમ, છાતીના દરદ વગેરે રોગમાં ઉત્તમ કામ કરે છે

સૂતિકાવૈદ્ય [સં] પું. જણાવનારો વૈદ્ય; પ્રસવ કરાવનારો વૈદ્ય

સૂતિકાશાસ્ત્ર [સ] ન. સુવાવડ શાસ્ત્ર

સૂતિકાષષ્ઠી ૧ [સં] સ્ત્રી. છઠ્ઠી; પ્રસવ પછીનો છઠ્ઠો દિવસ

૨ સ્ત્રી સૂતિકાગૃહમાં પ્રસવથી છઠ્ઠે દિવસે પૂજવાની પટ્ટી દેવી.

સૂતિઆસ [સ.] પું. પ્રસવનો છેલ્લો મહિનો, પ્રસવમાસ; જણવાને નજીકનો સમય

સૂતિવૈદ્ય જુઓ સૂતિકાવૈદ્ય

સૂતી [સિં] વિ સૂતરનું બનાવેલું; સુતરાઉ.

સૂત્કાર [સં] પું. સૂ સ. અવાજ.

સૂત્કારી [સં] વિ. (સંગીત) ગાતી વખતે સૂત્કાર કરનાર.

સૂત્યા ૧. [સં.] સ્ત્રી. યજ્ઞ વખતે કરવાનું સ્નાન.

૨. સ્ત્રી. સોમ રસ પીવો તે.

સૂત્ર ૧. [સં] ન ક્રિ. (ધાતુ) સૂવવું.

૨. ન ક્રિ. વીંટવું.

૩. ન. ક્રિ. સૂત્ર રૂપે લખવું. તે ઉપરથી અનેક શબ્દ: સૂત્ર; સૂત્રિત વગેરે.

સૂત્ર ૧. [સં. સિવ્ (સીવવું)] પું. મેખલા; કંદોરો.

રચના કાંચી કીર્ત્યારી, કટિમણિ સૂત્ર મેખલા બલ, ઉદારથી કું મદનગૃહ. ભાષી તોરણ માળ. પિંગળપ્રકાશ

૨. ન. અંગ.

હાલ જે અગિયાર સૂત્રો-અંગો છે તે પણ કાળના પલટાની અસરવાળાં જણાય છે. પુરાતત્ત્વ

૩. ન. ઈશ્વરનો મામાવી દેહ.

ઈશ્વર જ્યારે સૂક્ષ્મદેહનું અભિમાન રાખે છે ત્યારે સૂત્ર કહેવાય છે. ભગવતી ભાગવત

૪ ન કળા; કલમ

૫. ન. કોઈ પણ ક્રિયામાં મુખ્ય ચાલક તત્ત્વ.

૬. ન. જનોઈ; યજ્ઞોપવીત; બ્રહ્મસૂત્ર.

૭. ન. (વેદાંત) જે થોડા અક્ષરવાળું, સંદેહ રહિત, સારવાળું, સર્વ તરફથી અર્થ થઈ શકે તેવું, એટલે એક જ અર્થને ઉદ્દેશીને કહેલું છતાં તેવા બધા પ્રસંગે લાગુ પડે તેવું, રોકાણ વગરનું અને દોષ રહિત હોય તે વાક્ય.

૮. ન. તંત્ર

૯. ન તાર; તાંતણો; દોરો; તંતુ

૧૦ ન ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકું વાક્ય

૧૧ ન. નાટકનું ઉપકરણ; પ્રસ્તાવ

૧૨. ન નિયમ; ધારો

૧૩. ન. નિયમ વાક્ય; શિક્ષામાળા.

૧૪. ન. પદ્ધતિ, ગોઠવણ

૧૫ ન. (સંજ્ઞિત) પાઠ; ગુરુસૂત્ર; કાયદો; ' ફોર્મ્યુલા '.

૧૬ ન. (સંજ્ઞિત) પ્રતિજ્ઞા; ' પ્રોપોઝિશન '.

૧૭. ન અંત

૧૮. ન વંશ; કુટુંબ; કુળ.

તું અરતર્યો અમારે સૂત્ર, અમ કુળ દેવા આવ્યો પુત્ર વસુદેવ

૧૯. ન અવસ્થા.

૨૦. ન વ્યાકરણના પાંચ માહેનું એ નામનું એક અંગ.

વ્યાકરણના પાંચ અંગો છે સૂત્ર, ગણપાઠ સહિતધાતુ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન. પુરાતત્ત્વ

૨૧. ન. શરીર; ક્ષેત્ર

૨૨ ન. (વેદાંત) સંક્ષિપ્ત વાક્ય; પ્રાચીન શાસ્ત્રકારોએ રચેલાં મૂળ સંક્ષિપ્ત વાક્ય કે તેનો અર્થ; ટૂંકું વચન; થોડા શબ્દો કે અક્ષરોમાં ઘણો અર્થ સમાયેલો હોય એવી રીતે બનાવેલું નાનું વાક્ય. તે સ્મરણમાં રાખવાને ઉપયોગમાં આવે છે. એ પ્રત્યેક સૂત્રો પર પુષ્કળ પુષ્કળ ભરાય તેટલું વિવેચન થઈ શકે એવું હોય છે. સંસ્કૃત ભાષામાં આ સૂત્રો વ્યાકરણ, ન્યાય વગેરે પુસ્તકોમાં પ્રસિદ્ધ છે.

૨૩. ન. સિદ્ધાંત.

૨૪. ન. સૂતર.

સૂત્રક ૧. ન. એક જાતનું ખખતર. કમર અને નિતંબનો પ્રદેશ ઢાંકવા માટે તે વપરાતું હતું.

૨. [સં] ન. કંદોરો.

૩. ન. દોરો.

૪ ન. સૂતર.

સૂત્રકંઠ ૧. પું. કપોત; હોલો.

૨. [સં] પુ. ખંજન પક્ષી

૩. પું બ્રાહ્મણ.

સૂત્રકંડરિકા [સં] સ્ત્રી એ નામના હૃદયના પાતળા સ્નાયુતંતુ.

સૂત્રકાર ૧. [સં. સૂત્ર + કાર (કરનાર)] પું. દર્શનકાર; શાસ્ત્રકાર

૨. પું. મૂળ સૂત્ર રચનાર; સૂત્રનો કર્તા; સૂત્ર રચનાર લેખક; ધર્મશાસ્ત્રો બનાવનાર વ્યક્તિ.

અહિંસા એક પ્રમ ધર્મ છે કે, આટલા સૂક્ષ્મદર્શી અને સંમાર્જક સૂત્રકારના ધ્યાનમાં એ વાત ન આવી કે જે વૃત્તિકારના ધ્યાનમાં આવી.
આપણો ધર્મ

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

સૂત્રકાળ પું વેદનો એક કાળ; સૂત્રો બન્યાં તે વખત. તે બસો બસો વર્ષો પ્રમાણે ગણી ૮૦૦ વર્ષો જેટલો કાળ બુદ્ધની પૂર્વે એટલે ઈસ્વીસન પૂર્વે ૧૨૦૦ વર્ષનો નિશ્ચિત થયો છે.

સૂત્રકૃત [સ.] ન. (જૈન) ગણિપિટકના બાર માંહેનું એ નામનું એક અંગ

સૂત્રકૃમિ [સં. સૂત્ર + કૃમિ (કરમ)] પું. સૂતરના દોરા જેવો પાતળો કરમ; એક જાતનો કૃમિ

સૂત્રક્રીડા (સૂત્રક્રીડ) [સ.] સ્ત્રી. સૂતર કાંતવું તે તથા તેની જાતજાતની બાજીઓ, રમાલનું ભરતકામ તથા ગૂંથણકળા વગેરે.

સૂત્રગ્રંથ સ] પું. સૂત્રનું પુસ્તક; સૂત્રનો ગ્રંથ; સૂત્રોમાં લખાયેલો ગ્રંથ જેમકે, મોટાભાગ હિંદુ ધર્મગ્રંથ તે બે પ્રકારના છે. શ્રૌતસૂત્ર-કલ્પસૂત્ર અને સ્માર્તસૂત્ર-ગૃહ્યસૂત્ર. વાસ્તવિક રીત સ્માર્તસૂત્રોના જ બે વિભાગ છે ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર શ્રૌતસૂત્રમાં યજ્ઞની ચર્ચા હોય છે ગૃહ્યસૂત્રમાં સંસ્કારોની ચર્ચા હોય છે અને ધર્મસૂત્રમાં કુટુંબના કરજો વગેરેની ચર્ચા હોય છે સ્થાનને ઉદ્દેશીને ઉપનિષદોનાં પણ ગ્રહ્યસૂત્ર અથવા ઉત્તરમીમાંસા સૂત્રો થયા છે. સૂત્રગ્રંથો નીચે પ્રમાણે છે. (૧) બૌધાયન શુલ્વસૂત્ર, (૨) હિરણ્યકેશી શ્રૌતસૂત્ર, (૩) કાત્યાયન શ્રૌતસૂત્ર, (૪) ગૌભિલ ગૃહ્યસૂત્ર, (૫) આશ્વલાયન ગૃહ્યસૂત્ર, (૬) ગર્ગસૂત્ર, (૭) પારાશરસૂત્ર અને (૮) વાસ્તવસૂત્ર

સૂત્રગ્રાહક ૧. [સં.] પું. ખોડવાળો; રાવત, ખોડો હાકનારો

૨ વિ. સૂત્રગ્રહણ કરનારું.

સૂત્રગ્રાહી [સં.] વિ. સૂત્રગ્રહણ કરનાર.
તેને કલ્પ સંહિતામાં દેવલ, ભૃગુસંહિતામાં અત્રિપુત્ર, યમસંહિતામાં **સૂત્રગ્રાહી** અને અંગ્રેજીમાં આર્કિટેક્ટ કહે છે.
હિંદી શિલ્પશાસ્ત્ર

સૂત્રચાલક [સં.] વિ. તંત્ર ચલાવનાર.

સૂત્રજંતુ [સં] પું. લાખી સોની જેવો એક જાતનો જંતુ

સૂત્રતંતુ [સં. સૂત્ર + તંતુ (તાંતણો)] પુ. દોરો; સૂતરનો તાંતણો
તેના ઘરમાં સૂત્રતંતુ પણ નથી = તે છે ગરીબ છે.

સૂત્રદ [સં.] વિ. સૂત્ર બનાવનાર; વણકર પાઠક.

સૂત્રદોરી સ્ત્રી. સૂત્રધાર જે ધારણ કરે છે તે દોરી.
સૂત્રધાર અર્થાત્ **સૂત્રદોરી**નો ધારણ કરનાર; કારણ કે આ માનુસન બાધકામ વગેરે સર્વ યજ્ઞ સબંધી અવસ્થાની શિલ્પ (કળા આ પ્રતીકતા પ્રસંગથી આચરણ હતી. મુ. સા. પરિષદ

સૂત્રધર ૧. પું. વરિષ્ઠ ન્યાયાધીશનો ઉપરી ન્યાયાધીશ; સ્મૃતિશાસ્ત્રજ્ઞ.

૨. [સં] વિ. શાસ્ત્રપાઠક

૩ વિ. સૂત્રનો ધરનાર

સૂત્રધાર ૧ [સં. સૂત્ર (તંતુ) + ધાર (ધારણ કરનાર)] પુ. ઉદ.

૨. પું. કારભારી; અધ્યક્ષ; કોઈ કાર્ય કે સંસ્થાનો સંચાલક

હું બેલ્લા ત્રીસ વર્ષોથી પ્રમુખ **સૂત્રધાર** છું. સ્વાતંત્ર્ય લડતો કેવો ચલાવાઈ કરે બધું.
આર્યસંગીતા

૩ પુ દીંગલીને દોરીના ઇશારાથી નચાવનાર, કળાસૂત્રી. કળાસૂત્ર દીંગલીમાં જેવી કરામત કે કળા હોય છે કે કળાસૂત્ર કહેતા કળાકાર પોતાની આંગળીમાં પકડેલી દોરીના સંચારથી તે દીંગલીને પાસે રામરામ કરાવે છે, છાજિયા લેવરાવે છે. તેને નીચે નમાવી પ્રભુના સાક્ષાત્ નમસ્કાર કરાવે છે. તેના હાથે ભીખને માર મરાવે છે અને તેજ હાથે આશીર્વાદ પણ અપાવે છે. એ બધુ સૂત્ર કહેતાં દોરીથી થતુ હોવાથી તેવા નચાવનારને સૂત્રધાર કહે છે.

૪. પું. નાટક મંડળીમા મુખ્ય માણસ, નટલોકોનો નાયક; રંગભૂમિની સઘળી જોગવાઇ કરનાર નાટકમા પ્રધાન નટ. તે નાંદી તેમજ પ્રસ્તાવના બજાવે છે. રંગભૂમિ ઉપર આવીને દરેક નટે કેમ વર્તવું તેનું આજ્ઞારૂપ સૂત્ર તે બતાવે છે

૫. પુ. (શિલ્પ) સુતાર. સુતારી કામમા વાપરેલા માપ પ્રમાણે વહેરવા માટે સૂત્ર કે સૂતર ગેરુવાળું કરી એની છાંટ પાડવામા આવે છે તે ઉપરથી સૂતર ધરનાર તે સુતાર. તેને કલ્પ સંહિતામાં શિલ્પકા, ભૃગુસંહિતામા સૂત્રધાર, યમસંહિતામાં સ્થપતિ અને અંગ્રેજીમા એન્જિનિયર કહે છે. વૃદ્ધવિધાનમા લખ્યુ છે કે, ગુજરાતના પ્રાચીન શિલ્પગ્રંથોમાં ગુજરાતના એન્જિનિયરને ઘણી જગાએ સૂત્રધાર (સુતાર) કહેલ છે.

ઓલઈ આણ સૂત્રધાર તેડઈ,
મેડઈ મંદિર અહિ જડુએ.
ઉષાહરણ

સૂત્રધારતા [સં.] સ્ત્રી. દોરી સંચાર.
વિમાનની સૂત્રધારતા નિશ્ચિત છે.
ગોવર્ધનરામ

સૂત્રધારી ૧. [સં.] વિ. સૂત્ર ધારણ કરનારું

૨. વિ. સૂત્ર મુજબ વર્તનારું.

સૂત્રપાઠ [સ.] પું. સૂત્રનો પાઠ

સૂત્રપાત ૧. [સં.] પુ. પ્રારંભ; શરૂઆત

૨. પુ. સૂત્રખંડ.

સૂત્રપુષ્પ [સં] ન. કપાસ

સૂત્રફેણી જુઓ સૂતરફેણી

સૂત્રબદ્ધ [સં.] વિ. સૂત્રરૂપે ગૂંથેલ.
તીર્થંકરો દ્વારા પ્રકાશિત જ્ઞાનને એમના પરમ બુદ્ધિમાન સાક્ષાત્ શિષ્યગણધરોએ ગ્રહણ કરી એ જ્ઞાનને દ્વાદશાંગરૂપે **સૂત્રબદ્ધ** કર્યું તે અંગપ્રવિષ્ટ.
તત્ત્વાર્થસૂત્ર

સૂત્રયજ્ઞ [સં] પું. રાષ્ટ્રના કલ્યાણ કાજે રેંટિયો ચલાવવો તે. રેંટિયો ચલાવવો તેને એક યજ્ઞ એટલે લોકકલ્યાણ માટેની મહેનત કહેલ,માં આવે છે. તેમા લોકહિત છે તેથી તે કાર્યને યજ્ઞનું નામ આપવામાં આવ્યું છે. સૂત્રયજ્ઞની પવિત્ર ભાવના વ્યક્ત કરતાં ગાંધીજી કહે છે કે, આગામી રેંટિયાબારસને (ગાંધીજયંતીને) અંગે રેંટિયાપ્રેમીઓનો ઉત્સાહ સો ગણો ઢાંચો જોઈએ. એનો અર્થ એ નહિ કે સોગણુ સૂતર મોકલે. એટલું કાંતે મોકલે પણ જો તેઓ સત્ય અહિંસાનુ પાલન ન કરતા હોય, ઈશ્વરનુ ધ્યાન ન ધરતા હોય તો જરૂર સૂતર ન મોકલે. આનો અર્થ એ થયો કે, જેઓ આ યજ્ઞ નિમિત્તે કાંતશે તેઓ સત્ય અહિંસાનું પાલન કરતા હશે ને ઈશ્વર જ સૌનો ખેલી છે ને અને સ્વરાજ તે વાટે જ મળે એમ માનતા હશે. એમ ન માને તે આ સૂત્રયજ્ઞમાં ભાગ ન લે એ જ બરાબર કહેવાય.

સૂત્રયંત્ર ૧. [સ.] ન. વણકરનો કાંકણો; તૂરી.

૨. ન. સૂતર કાંતવાનુ યા વણવાનુ યંત્ર; કાળ; ' મિલ '

સૂત્રયુગ [સં.] પું. એ નામનો પ્રાચીન સાહિત્યનો એક યુગ; પ્રાચીન સાહિત્યનો એક કાળ. તે સમયે મનુષ્ય જ્ઞાન વિજ્ઞાનની વિસ્તૃત વાતો શીખીને તથા તેમને યાદ રાખીને તે વાતોને સૂત્રરૂપમાં અર્થાત્ નોંધરૂપમાં લખી લેતા હતા

સૂત્રવચન [સં.] ન. ટૂંકું પણ મુદ્દાસર વચન; સિદ્ધાંતવાક્ય.

સૂત્રવાક્ય [સ.] ન. જીવનસૂત્ર; મુદ્રાલેખ; મુદ્રાતંત્ર; મુખવચન.

સૂત્રવાણી [સં.] સ્ત્રી. સૂત્રવાચન.

સૂત્રવિવેચન [સં.] ન. સૂત્ર સમજાવવું તે.

સૂત્રવેષ્ટન [સં.] ન. કોટ; વણવાનું ઓજાર.

સૂધ

સૂત્રશૈલી સ વિ ટૂંક લખાણની પદ્ધતિ. અલ્પ વિસ્તાર બહોળાર્થવાળી પદ્ધતિ; સૂત્રની લખાણપદ્ધતિ

સૂત્રસંજ્ઞા સ્ત્રી રચનાસંકેત; 'કોન્ટ્યુલા'.

સૂત્રસંતાન પું સ પુ વિષ્ણુયશા અપરાજિત નામના પુત્ર રચેલો એ નામનો શિલ્પ સંબંધી ગ્રંથ, અપરાજિત ગ્રંથનું બીજું નામ

સૂત્રસંદર્ભ [સં.] પું સૂત્રરચના; સૂત્રસમૂહ.

સૂત્રસ્થાન ૧ [સં] ન. કેદ્રસ્થાન

આજ તો આ બાઈના (શબ્દો) ઉતારને જ સૂત્રસ્થાને રાખી એના વિવરણ રૂપે બે શબ્દો કહીશ આપણો ધર્મ

૨. ન. વ્યવસ્થાકેન્દ્ર

૩ ન શલ્ય કે શસ્ત્રોપચાર કરવા; 'સર્જરી' વિભાગ

સૂત્રા સ સૂત્ર (તાંતણો) । સ્ત્રી કરોળિયો

લૂતા સૂત્રા અંડની ઉર્ણનાભ પણ નામ; મકરીએ શું ગુણ કરી બનાવી બળ તમામ.

વિમલપ્રબંધ

સૂત્રાકાર [સં.] વિ. તંતુના આકારનું.

સૂત્રાત્મક ૧ વિ. સિદ્ધાંતાત્મક; સૈદ્ધાંતિક.

૨ [સં સૂત્ર + આત્મક (વાળું)] વિ. સૂત્રોવાળું, સૂત્ર કે સૂકેલું; સૂત્રના સ્વરૂપમાં રચાયેલું, સૂત્રિત

પાણિનિના વ્યાકરણમાં ભિક્ષુસૂત્ર અને નટસૂત્ર નામના બે સૂત્રાત્મક ગ્રંથ હયાત હતા.

પુ. સા. પરિષદ

સૂત્રાત્મા ૧. [સ.] પું. ઈંદ્ર

૨. પું બ્રહ્માનું સૂક્ષ્મ શરીર સુષુપ્ત્યભિમાની પ્રજ્ઞાને સૂત્રાત્મા કહે છે

૩. પું. (વેદાંત) હિરણ્યગર્ભ, સમષ્ટિ સૂક્ષ્મ શરીર. કપડામાં સૂતરની પેઠે સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપ્ત હોવાથી તેને સૂત્રાત્મા કહે છે ઈશ્વર એ જીવની પેઠે ત્રણ દેહ અને પાંચ અવસ્થાધારી માત્ર છે એ મુક્ત નથી, પણ બદ્ધ છે એના ત્રણ દેહને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત કહે છે

૪. વિ. વ્યાપીને રહેલ

સૂત્રાધ્યક્ષ ૧ [સ સૂત્ર + અધ્યક્ષ] પું. પ્રાચીન કાળનો કોતણ વણાટની આખા વ્યવસ્થાના ઉપરી એ નામનો એક અમલદાર

૨ પુ વણાટકામ ઉપર દેખરેખ રાખનાર અધિકારી

સૂત્રાધ્યાય [સ] પું એ નામનો ભગવદ્ગીતાનો બીજો અધ્યાય કારણ કે, પાછળના બધા અધ્યાયો એ સૂત્રો ઉપર વિવરણ રૂપે છે

સૂત્રાનુસારી ૧ વિ કહેલું; કરાવેલું; મુકરર કરેલું ।

૨ । સં । વિ શાસ્ત્રોક્ત.

સૂત્રાપાઠા (સૂત્રાપાડા) ન. સૌરાષ્ટ્રમાં આવેલું એક ગામ તે સોરઠ જિલ્લામાં સોમનાથ પાટણથી સાત માઈલ છેટે નાનું ગામ છે. આ ગામમાં એક ભવન કુંડ છે અને એક સૂર્યમંદિર છે તેમાં સંવત ૧૩૫૬ની સૂર્યની મૂર્તિ પધરાવ્યાની નોંધ છે આ ગામથી વાયવ્યમાં બે માઈલ ઉપર એમ વરાહમંદિર છે આ મંદિરનું મંદિર કંપાયેલ છે ઉપર કહેલ સૂર્યમંદિર કરતાં આ વરાહમંદિર વધારે પ્રાચીન છે અને પ્રાચીન મૂર્તિઓ માટે જોવા જેવું છે. આ મંદિરમાં એક વરાહની, એક વામનની અને એક નરસિંહની એમ ત્રણ મૂર્તિઓ છે

સૂત્રાર્થ [સં.] પું. આખા લખાણમાં સૂત્રથી જેમ સળંગ ચલાવાઈ રહેલા વિચારને જુદો કાઢી લેવાય તે. ખાસ કરીને એકાદ વાક્યમાં મોટા અનર્થનો મૂળો તારવી લેવાય ત્યારે આ પ્રકાર બને છે. સૂત્રાર્થ એકથી વધારે હોઈ શકે.

સૂત્રાહ પું. સુથાર.

કોઈ કાળે કુંભાર માટી મર્દનિયા સૂત્રાહ.

વિમલપ્રબંધ

સૂત્રિત ૧. [સં.] વિ. એક સૂત્રમાં ગોઠવું કે ગોઠવાયેલું

૨. વિ. પદ્ધતિસર મૂકેલું; વ્યવસ્થિત કરેલું.

૩. વિ. સૂત્રાત્મક; સૂત્રરૂપે રજૂ કરેલું કે ગોઠવેલું.

સૂથણી સ્ત્રી. ચોરણી; સુંથણી.

સૂથની જુઓ સૂથણી.

સૂથાડિયો (સૂથાડિયો) પું. ખડા સાંઠાનું એ નામનું એક જાતનું ઘાસ.

સૂથિયા સ્ત્રી. મેમણ તથા વોરા કોમ પહેરે છે તે સોનેરી પાયડી.

સૂધણ પુ (કચ્છી) ચોરણો

સૂદ ૧. સ. ક્રિ. ભમવું

૨. સ. ક્રિ. દબકવું.

૩. સ. ક્રિ (ધાતુ) ઠાર મારવું. તે ઉપરથી બનેલા શબ્દોઃ સૂદન, મધુસૂદન વગેરે.

૪. સ. ક્રિ. પીડવું

૫. સ. ક્રિ. મારવું.

સૂદ ૧. સ] પું. અપરાધ

૨ પુ નફો, લાભ.

૩ પુ. પાપ

૪. પું. મસાલો નાખી સ્વાદિષ્ટ કરેલું અન્ન

૫. પું રસોયો

૬. પું. વ્યંજન.

૭. પું. વ્યાજ.

૧. સૂદ આપવું = વ્યાજ લેવું

૨ સૂદ પર દેવું = ધીરવું, વ્યાજે આપવું

૩. સૂદ પર લેવું – કરજ કરવું; વ્યાજે લેવું

૪ સૂદ પર સૂદ = ચક્રવૃદ્ધિ વ્યાજ, વ્યાજનું વ્યાજ.

૫. સૂદ બટ્ટા = નફો અને નુકસાન

૬. સૂદ લગાવવું = વ્યાજ ચઢાવવું

સૂદખોર ૧. [ફા.] પું. કુસીદક.

૨. પુ વ્યાજ આપનાર

સૂદખોરી [ફા] સ્ત્રી વ્યાજખોરી.

સૂદન ૧. પુ. એ નામના એક હિંદી કવિ. તે જયપુરના જાટ રાજા સુજાનસિંહ કે જેનું ઉપનામ સૂરજમલ હતું તેના રાજ્યાશ્રિત કવિ હતા. તેનું એકજ સુપ્રસિદ્ધ કાવ્ય સુજાન-ચરિત્ર હતું. પરંતુ તે અપૂર્ણ હતું ને વીરરસપ્રધાન કાવ્ય હતું બીજા બધા રાજ્યાશ્રિત કવિઓની માફક સૂદને પણ પોતાના આશ્રયદાતા સુજાનસિંહની વીરતાનું વર્ણન બહુ જ વધારીને કર્યું છે. સૂદનમાં કેશવ, દેવ, બિહારી જેવી અદ્‌ભુત કાવ્ય પ્રતિભા ન હતી. તેની વિશેષતા આ છે કે, તેણે રીતિકાલમાં હોવા છતાં પણ તે સમયની શૃંગારિક ભાવના અને લક્ષણ ગ્રંથોના નિર્માણમાં મન લગાવ્યા વગર પોતાના માલિકની પ્રશસ્તિમાં વીરરસપૂર્ણ કવિતા કરી હતી. તેથી તેની રચના જૂજવા અને લાલ જેવા વીર રસના કવિઓ સાથે કરવામાં આવે છે. તે આધુનિક કલાકારોની માફક છંદને બંધન માનતો ન હતો. છંદોમાં છપ્પય, ગીતિકા, પદ્ધરી, રોલા, દોહા, ક્વચિત વગેરેનો વિશેષ પ્રયોગ થયેલ હતો. તેણે અલંકારો ઉપર વિશેષ ધ્યાન આપ્યું ન હતું બીજા રીતિકાલીન કવિઓની તુલનામાં સૂદનનું મહત્ત્વ એ છે કે, તેનામાં તત્કાલીન રાજનૈતિક પરિસ્થિતિ સાકાર સ્વરૂપમાં જોવામાં આવતી હતી. અભીપ્સિત તેની કીર્તિ તેણે ઊંડાઈ નથી. આટલા માટે સૂદન એક રાષ્ટ્રીય કવિ હતા. તે સંવત ૧૭૭૬થી ૧૮૮૯ સુધીમાં થયેલ છે.

૨. ન. અંગીકાર; કબૂલ કરવું તે; સ્વીકાર

૩. ન કબજો

૪ ન મકબ ર

૫. ન. રખાપણું

૬. [સં સૂદ (નાશ કરવો)] ન. નાશ કરવો તે

૭. વિ. વધ કરનાર; નિષૂદન કરનાર. તે સમાસને અંતે વપરાય છે. જેમકે, મધુસૂદન

સૂદશાલા [સ.] સ્ત્રી રસોડું; પાકશાળા.

સૂધ [સં] વિ ગામમાં રહેનાર; વેદમાં વપરાયેલું સ્તુતનું એક વિશેષણ.

સૂધ ૧. [સં. શુદ્ધિ] સ્ત્રી. ભાન; સાન; સંજ્ઞા.
સૂધ આવવી – મળવી = ભાન આવવું
૨. સ્ત્રી. સંભાળ; ખબર; ભાળ.
સૂધ લેવી = સંભાળ લેવી; ખબર લેવી.
સહરય દેવ દયાળ શ્રી કૃષ્ણ
નિજ જન જાણિને સૂધ લેશે. નરસિંહ મહેતો

સૂધડી (સુધડી) ૧. સ્ત્રી. અક્કલ.
લોભે લાહો ભળોભ ભેગો, ગઈ તારી સૂધડી. શીધર
૨. સ્ત્રી. શુદ્ધિ.

સૂધબૂધ ૧. સ્ત્રી. અક્કલ; ભાન; હોશ; સાનભાન.
સ્વર સુણતાં હું તો સૂધબૂધ વીસરી. દયારામ
સૂધબૂધ ઊડી જવી = ભાન ન રહેવું; હોસકોશ ઊડી જવા
૨. સ્ત્રી. ૪ ૧૧. એ નામની અપ્સરાની બે પત્નીઓ; બુદ્ધિ અને શુદ્ધિ.

સૂધાઈ સ્ત્રી. ભલમનસાઈ

સૂધું ૧. વિ. ખોખરું; સીધું.
સામાયિક વણ આતમા મરો સૂધો અર્થ. યશોવિજયજી
૨ વિ. પૂરેપૂરું.
૩ વિ. ભલું; સારું.
૪. વિ શુદ્ધ.
૫. વિ. સરળ; નિષ્કપટી; પ્રપંચ ન સમજે એવું.
૬. વિ. સાચું; ખરું.
૭. વિ. સ્પષ્ટ; ચોખ્ખું.
તેહનિ કથસ્વાની નહિ આરા.
નાહારિજિ સૂધું વિશ્વાસ. ભાલણ

સૂન ૧. પું જેનું માંસ ખોરાક તરીકે વપરાતું હોય તેવું ઢોર
૨. સ્ત્રી. ચૂપકી; શાંતિ
સૂન ખેંચવી–સાધવી = ચૂપ રહેવું; જવાબ ન આપવો
૩ ન. અંકુર.
૪. ન કલિકા; કળી, વિકસ્યા વગરનું ફૂલ.
૫ ન કુસુમ; પુષ્પ; સુમન; વિકસેલું ફૂલ.
૬. ન (જૈન) પાપનું સ્થાન; ખાંડણી, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી એ પાંચ સ્થાન.
૭. ન. પ્રસવ; ઉત્પન્ન થયું તે.
૮. વિ. ઉત્પન્ન થયેલું; જન્મેલું.
૯. વિ. વિકસેલું; ખીલેલું

૧૦. [સં. શૂન્ય; પ્રા. સુન્ન] વિ. શૂન્ય; ખાલી હોવું તે.

સૂનકાર ૧ [સં. શૂન્ય + આકાર] પું. ઉજ્જડપણું.
૨. પું. નિરવતા.
૩. પું. બાકી લાગે એવી સ્થિતિ.
૪. પું. બેભાન અવસ્થા.
૫. પું. સોપો; સન્નાટો; ચૂપચાપ.
ચડ્યું પૂર ગમરાનું ગાજે ઘર સૂનકાર. નાનાલાલ

સૂનકું ન. ખૂનઃ વળું.

સૂનમન જ. ચુપચુપ.

સૂનમૂઢ ૧ [સ શૂન્ય, અપ. સુન્ન (સુન) + મૂઢ (મૂર્ખ)] વિ. બેભાન; આભું; દિગ્મૂઢ.
૨. વિ સૂનમૂન; અવાચક.
૩. જ. ચૂપકીદીથી; બોલ્યા વિના.
૪. જ. બેભાન સ્થિતિમાં.

સૂનમૂન ૧. વિ. ગંભીર; શાંત.
૨. વિ. સ્તબ્ધ; બોલ્યા ચાલ્યા વિનાનું; સૂનમૂઢ

સૂનમૂનું જુઓ સૂનમૂન.

સૂનસાન ૧. સ્ત્રી. ગાઢ શાંતિ; ચૂપકી; જરાપણ અવાજ ન થાય તેવી સ્થિતિ.
૨. વિ. ઉજ્જડ.

સૂના ૧ સ્ત્રી છોકરી, દીકરી.
૨. સ્ત્રી. પ્રાણીવધસ્થાન. ગૃહસ્થના ઘરમાં ચૂલો, ઘટી, સાવરણી, બારણિયો અને પાણિયારું એ પાંચ હિંસાનાં સ્થાન મનાય છે.
૩. સ્ત્રી. માંસ વેચતું તે.
૪. સ્ત્રી વધભૂમિ; વધસ્થળ.
૫. સ્ત્રી હાથીની સૂંઢ

સૂનાદોષ પુ. વધારે જીવ મરે એવા ગૃહસ્થના ઘરના સ્થળમાં થતાં દોષ, બારણિયો, ચૂલો, ઘટી, સાવરણી અને પાણિયારું એ પાંચ સૂનાસ્થાને થતા પાપ દોષ. આ દોષ ટાળવા માટે ગૃહસ્થે હમેશાં પંચયજ્ઞ અવશ્ય કરવા જોઈએ.

સૂનાધ્યક્ષ ૧ પું કતલખાનાની દેખરેખ રાખનાર અધિકારી.
૨. [સં.] પું. ચંદ્રગુપ્તના વખતમાં ઢોરઢાંખર અને ગોચરખાતાના છ માહેનો એ નામનો એક અમલદાર. તે શિકારનાં પ્રાણીઓ સાચવવાનું પણ કામ કરતો.

સૂનાની પું ખાટકી; કસાઈ.
હાથ ફેરવે ઉપર ઘણે
મનમાં હેત ઘણે તેહને
પણ સૂનાનીને મન ચાર ગમતી
તે ચારે ચાખે દેહને. અખો

સૂની ૧. પું. કસાઈ.
૨. પું સોની; સુવર્ણકાર.
૩. સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી

સૂનુ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. દીકરો; પુત્ર; છોકરો; તનુ.
સૂનુ અપલ આતમજ સુત વનુજ તનયને તાત,
નંદ નંદ ગોવિંદથી ન કર ગર્વની વાત. વિંઝળવધુકોષ
૩. પું. નાનો ભાઈ.
૪ પુ સૂર્ય.
૫. ન. સોનું.

સૂનું ૨ [સં. શૂન્યમ્; અપ. સુન્ન] વિ. એકાંત; ગમે નહિ તેવું; એકલા પડવાથી મૂંઝવણ થાય તેવું.
૨. વિ. ખાલી; વસતી કે સહવાસ વિનાનું; ઉજ્જડ; નિર્જન.
૧. સૂનું પડવું = (૧) ખાલી રહેવું. (૨) સહવાસ વિનાનું રહેવું.
૨. સૂનું મૂકવું = એકલું કે સહવાસ વિનાનું મૂકવું.
૩. વિ. નકામું; શૂન્ય.
ગાળ વિના બોળો કંસાર.
આ વિના સૂનો સંસાર - પ્રેમાનંદ
૪. વિ બેભાન; ગાફેલ; મન બીજી વાતમાં હોય તેવું.
૫ વિ શુષ્ક; નીરસ
સૂના ઘરમા સોહાગ,
કૈં સિંચ્યું રે બોલ.
બોટાદકર
૬. વિ. સંભાળ કે રક્ષણ વિનાનું; આશ્રય વગરનું.

સૂનુંસટ વિ. સાવ સૂનું.
આખ ઉઘાડીને જુએ છે તો સઘળે સૂનુંસટ જણાય. ઇ. સૂ ડેસાઈ

સૂનૃત ૧ [સ , ન પ્રિય વાક્ય; સાચી અને ગમે તેવી વાણી.
૨. ન. મંગળ.
૩. ન. વિવકી વચન; વિનયી ભાષા
૪. વિ. મળતાવડું
૫. વિ. માયાળુ
૬. વિ. માયલિક.
૭. વિ. સાચું અને ગમે તેવું; સત્ય અને પ્રિય; સત્યવાળું; સાચું.

સૂનૃતા ૧ [સં.] સ્ત્રી. સત્ય અને પ્રિય વાણી.
૨. સ્ત્રી. હિંદુ જ્યોતિષ મુજબ શુક્લપક્ષની નવમી રાત્રિ.

સુનેરી ૧. વિ. ઉત્તમ.

સંસ્કૃત સાહિત્યનો ઉલ્લેખ **સુનેરી** યા રૂપેરી યુગ તે બાણ અને ભવભૂતિના ખેડાણે કે હર્ષ અને યશોવર્માના રાજ્યકાળનો આનંદશંકર ધ્રુવ

૨. વિ. સોનેરી; સોનાનું; સોના જેવું.

સૂપ ૧ [સં.] પું. અથાણું

૨. પું. ચટણી વગેરે જેવો કોઈ બાજ પદાર્થ.

૩. પું. પંચામૃત.

૪. પું. બાપુ

૫. પું. મગ ચણા વગેરેની દાળ.

૬. પું. માંસ વગેરેનો રસો; સેરવો

૭. પું. (જૈન) રસોઈઘરો.

૮ પું. રસોઈ

૯. પું. વાસણ; પાત્ર

૧૦. પું સૂર્ય.

૧૧ ન ઓસામણ જેવો હલકો પદાર્થ; દાળ જેવો પ્રવાહી બાજ પદાર્થ; મસાલો નાખી વઘારેલી દાળ; એક પ્રકારનું શાકનું ઓસામણ બા આગળના પૌષ્ટિક પદાર્થો માટે રસ ઉત્પન્ન કરવાની તૈયારી કરે છે.

૧૨. ન. ભડકો; રાગ.

૧૩. ન. સૂપડું; અનાજ વગેરે ઝાટકવાનું વચ્ચે બાજુ ઊંચી કિનારવાળું સાધન.

તે સૂપ મહા છે બાજણી,
મેં સૂપ મહા છે સૂપ. વસ્તો

સૂપકાર [સં.] પું. (શિલ્પ) એ નામનો મુખ્ય અઢાર માંહેનો એક કર્મકાર.

સૂપકાર [સં.] પું. રસોઈયો.

સૂપડી (સપડી) ૧. સ્ત્રી. ઘોડાના પગથી કાદવ, પાણી ઊડીને ગાડીમા ન આવે એટલા માટે વાહનના આગલા ભાગમાં રાખેલું પાટિયું.

૨. સ્ત્રી. નાની નદી ઉપર પૂલને બદલે ઉપરથી પાણી વહી જાય એવુ કૃત્રિમ ચૂનાથી કરેલુ બાંધકામ.

૩. [સં સર્પ] સ્ત્રી નાનું સૂપડું.

સૂપડું (સુપડું) ૧. [સં. સર્પ; પ્રા. સપ્પ + ડું (સ્વાર્થવાચક પ્રત્યય)] ન. અનાજ ઝાટકવાનું રાચ કે સાધન.

સ્વર્ગમાં નથી સૂપડું ને નથી બાવણિયો ગોવૃંદી, જોને

૨. ન. અનાવલાઓમાં વહુ પહેલી વાર સાસરે આવે ત્યારે લાડુ, પૂરી વગેરે સાથે લેતી આવે છે તે.

૧. સૂપડે આવવું = (૧) ઋતુમાં આવવું. (૨) પહેલે બાણે સાસરે આવવું; કર કરિયાવર સાથે સાસરે આવવું.

૨. સૂપડે ને ટીપલે = પુષ્કળ; અતિશય.

૩. ન. (વહાણવૂડું) વાવડાના ઊંડાનું પાંખિયું

સૂપતી સ્ત્રી. સલાટની હથોડી.

સૂપધૂપક સ્ત્રી. ક્રિ.

સૂપધૂપન સ્ત્રી. ક્રિ. તેને તડકામાં સૂકવીએ તો પણ તેની તત્ત્વરૂપી ગંધ જતી નથી માટે તેને સૂપધૂપન કહે છે.

સૂપપર્ણી [સં.] સ્ત્રી. રાની બત્ર

સૂપશાસ્ત્ર [સં સૂપ + શાસ્ત્ર (વિદ્યા)] ન એ નામનુ એક શાસ્ત્ર; રાંધણકળા; પાકશાસ્ત્ર. તે સુકેશે બનાવેલું છે. આમા ઘણી ઉપયોગી અને ઘરગથ્થુ બાબતો જોવી કે રસોઈ કેમ બનાવવી વિગેરે વિષે હકીકત આપેલી છે.

સૂપસેષ્ટ [સં.] પું. મગ.

સૂપા ન. એ નામનું ગુજરાતમાં નવસારી પાસેનું એક ગામ. ત્યાં ગુરુકુળ છે

સૂપાંગ [સં.] ન. હિંગ; વઘારણી

સૂપૌદનષષ્ઠી [સં.] સ્ત્રી. રાંધણ છઠ; શ્રાવણ સુદિ ૭૮

સૂફ (સફ) ૧. [અ.] ન. ઊનનું વસ્ત્ર.

૨ ન. બકરાંના વાળ.

૩. ન. બકરાનાં વાળનું વસ્ત્ર.

સૂફી (સફી) ૧. [અ.] પું. અંતઃકરણની શુદ્ધતા રાખનાર; સૂફીમતનો અનુયાયી. સૂફી મતની ઉત્પત્તિ જાણ્યા પહેલાં સૂફી શબ્દની ઉત્પત્તિ જાણી લેવાની જરૂર છે. કેટલાક લોકોનું એમ કહેવું છે કે, મદીનામાં એક મસ્જિદની સામે એક ' સુફ્ફી ' કહેતાં ચબૂતરો હતો. એની ઉપર બેસનારા ફકીર સૂફી કહેવાયા. બીજા કેટલાકનું એવું કહેવુ થાય છે કે, સૂફી શબ્દનો મૂળાર્થ ' સફ ' એટલે પંક્તિ છે. કયામતના દિવસ પછી સૌ પોતાનાં સારા નરસાં કર્મના પ્રમાણમાં હિસાબ કે ચુકાદો મેળવવા પંક્તિમા ઊભા રહેતા. તેમાં પુણ્યવાન લોકો સ્વર્ગની પહેલી હરોળમાં ઊભા રહેતા એથી એ ખુદાના પ્રિય પાત્ર ગણાતા તેથી તે સૂફી કહેવાયા. કોઈને મા એવો છે કે તેઓ ' સૂફી ' એટલે સાદા, પવિત્ર, નિર્મળ મનના હોવાથી તેઓને ' સૂફી ' કહેવામા આવે છે. કોઈનો મત એવો છે કે, સોફિયા એટલે જ્ઞાન એ ઉપરથી જ્ઞાનીને 'સૂફી' કહેવાય છે. પરંતુ આજકાલ સર્વમાન્ય સિદ્ધાંત એવો છે કે સૂફી શબ્દ વાસ્તવિક રીતે સૂફ એટલે ઊન ઉપરથી આવેલો છે. ઊનનું વસ્ત્ર ધારણ કરનારા સૂફી નામથી પ્રસિદ્ધ થયા. નિકલસન, બાઉન, મારગોલિયન આદિ વિદેશી વિદ્વાનોએ પણ એ સાબિત કરી બતાવ્યુ છે કે, સૂફી શબ્દ સૂફ ઉપરથી બન્યો છે. તદુપરાંત ઇસ્લામ ધર્મના અનેક પંડિતોનો પણ એવો જ મત છે, ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોથી કેટલીક રીતે જુદા પડતા તેમ જ સાદાઈવાળુ આડંબર રહિત જીવન પસંદ કરનારા મુસલમાનો સૂફી કહેવાયા. એ લોકો સફેદ ઊનનાં વસ્ત્ર પહેરતા હતા. પરમાત્માની સત્તાને એ સૂફીઓ સર્વવ્યાપક માનતા હતા એટલે કે આત્મા અને પરમાત્માના ઐક્ય અને પ્રેમલક્ષણા ભક્તિમાં વિશ્વાસ ધરાવતા હતા એકેશ્વરવાદનો એમનો સિદ્ધાંત વેદના અદ્વૈતવાદને વધારે મળતો આવતો હતો. કેટલાક સૂફી લોકોનું એમ કહેવું છે કે સૂફીમતનું બીજ આદમે વાવ્યુ. જૂનાના સમયમાં તેનું બીજ અંકુરિત થયું. અબ્રામના વખતમાં તેમાંથી કળી ફૂટી, મૂસાના સમયમા તેનો વિકાસ થયો. મસીહ તે વૃક્ષમાં ફાલ લાવ્યો અને મુહમ્મદના સમયમાં તેમાંથી મધુરાં ફળ ઊતર્યાં. એનો અર્થ એ છે કે, સૂફીમતની ઉત્પત્તિ જાણવા માટે મુહમ્મદ પયગમ્બર સાહેબ પહેલાની સિરિયાની જાતિઓની બાહ્ય ભૂમિકા શોધવી જોઈએ, જેમાં સૂફીમતનાં બીજ જોવાં પડ્યાં છે. સૂફી મતમાં સૌથી મુખ્ય ભાવના પ્રેમ છે. પ્રેમને એ લોકો એટલું બધુ મહત્ત્વ આપે છે કે, સૂફી મત અને પ્રેમ અરસપરસ બનીને કે એક બીજાના પર્યાય કેમ ન હોય. સૂફી લોકોની આવી પ્રેમભાવના ઉપરથી જ યુરોપમાં પારમાર્થિક પ્રેમનો પ્રચાર થયો છે. ખ્રિસ્તી સાધુઓને આ સૂફી પ્રેમ દ્વારા જ અલૌકિક પ્રેમશૌર્યનું તત્ત્વ હાથ લાગ્યું છે આમ દેશના સંતોએ આવા સૂફી-પ્રેમનો હમેશા વિરોધ કર્યો છે. મૂસાએ પ્રવૃત્તિ માર્ગ ઉપર વધારે ભાર દઈ લૌકિક પ્રેમનું સમર્થન કર્યું છે. સૂફીઓ પ્રેમાળ ભાવને જ સાચા ઈશ્વરી પ્રેમની નિસરણી સમજતા. આ લૌકિક પ્રેમનું પરલોકમાં અલૌકિક પ્રેમમાં મિલન થવાનું કારણ એ હતું કે માનવજાત આ લોકના જડ અને સામાન્ય વસ્તુના પ્રેમથી સુખ ન પામતા કોઈ અજ્ઞાતીય સુખાર્થે દૈવી પ્રેમના વિરહ માટે ઝૂરવા લાગી. દિવ્ય પ્રેમના વિરહમાં આ પવિત્ર આત્માઓ બાઝળી જતાં સૂફીઓ બની ગયા. મુસલમાની સત્તાના આગમન સાથે જ આપણા દેશમાં સૂફી સંપ્રદાયનુ આગમન શરૂ થયું. એ લોકો ભગવાનને ઓંકાર રૂપમા નહિ પરંતુ વેદાંતીઓના વિશિષ્ટાદ્વૈતવાદની જેમ જ માનતા, જો કે આ મત મુસલમાનોના શાસ્ત્રને પ્રતિકૂળ હતો. એમ પણ કહેવાય છે કે, સૂફી મતના વેદાંતનો પ્રત્યક્ષ પ્રભાવ જણાતો હતો મુસલમાનોમાં જે લોકો વધારે પડતા શાસ્ત્રપરાયણ હતા એ લોકો એમને શાસ્ત્ર વિમુખ માનતા હતા.

ઇતિહાસમ. એવા લોકો ઉપર જાતજાતના અત્યાચાર થઈ ગયાની વાતો મળી આવે છે. 'અન અલ હક' ની ઘોષણાવાળા મન્સૂરને એ જ કારણથી સૂળી ઉપર ચડાવવામા આવ્યા હતા. સૂફીઓમા એક વિભાગ એવો પણ હતો કે જે શરાઅની સમાનતા રાખી પોતાની ભક્તિ ચાલુ રાખતા હતા. આ લોકો શરાઅ સમ્મત કહેવાયા. શરૂઆતમા એ સાધકો પંજાબ અને સિંધમાં આવીને વસ્યા અને ત્યાર પછી ધીમે ધીમે એની પરંપરા આખા ભારતવર્ષમા ફેલાઈ ગઈ. સૂફીઓની સાધના અનેક રીતે આ સંતોને અનુકૂળ હતી. પ્રાણીમાત્રમાં એમણે ચૈતન્યનું રૂપ વિલસતું દીઠું એટલે જગતના કોઈ પણ જીવમાત્રથી એને વિરોધ જેવો કોઈ ભાવ જ ન હોતો

સૂફી એટલે શરીઅત (મજહબી કાનૂન)ને દૃઢ કરી, સાંસારિક આસક્તિનો ત્યાગ કરી, પોતાની સર્વ શક્તિ ખુદા પ્રતિ કેંદ્રિત કરી તેના જ પ્રેમમા એકાકાર બની જનારા: જ્ઞાનમય થઈ જનાર. અનવર આમેખાન

૨. વિ. ઊનનાં વસ્ત્ર પહેરનાર

૩. વિ ઊનનું. વસ્ત્ર માટે વપરાય છે

૪ વિ પવિત્ર, નિર્દોષ

૫ વિ જકડાના વગેરેનું

૬ [અ સફ (હરોળ; પ્રથમ પંક્તિ)] વિ ભક્તિ વગેરે કારણોથી પહેલી પંક્તિમાં મૂલ્યા લાયક.

૭. વિ. સૂફીમત સબંધી.

સૂફીમત [અ.] પું. ઇસ્લામનો એ નામનો એક સંપ્રદાય.

સૂફીવાદ [અ.] પું ઇસ્લામનો એ નામનો એક સંપ્રદાય; ઈશ્વરને સનમ સમજીને તેની ભક્તિ કરવામાં માનતો વાદ. તે મોહાના જળોનો પેઢી દર પેઢી ઊતરી આવેલો વારસો હતો. જોનેદ લખે છે કે: ઇસ્લામનો સર્વથા ત્યાગ, ઇંદ્રિયના વિષયનો ત્યાગ, અરે, માણસે પોતા માટે જ કંઈ સારું માન્યું હોય તો સર્વનો ત્યાગ અને ઈશ્વર પ્રાર્થના તથા ઉપવાસોનું આચરણ. એનાથી સૂફી સાધના શરૂ થાય છે.

સૂફીવાદ એ ઈશ્વરનો કે ખુદાનો માર્ગ છે. જેનો હેતુ ઈશ્વરી સત્યનો સાક્ષાત્કાર કરવો એ છે. મરફે

સૂબા [અ.] પું. પ્રાંત.

સૂબાગીરી [ફા.] સ્ત્રી. સૂબાપણું; સૂબાનું પદ.

સૂબાદાર જુઓ સૂબેદાર.

સૂબાદારી જુઓ સૂબેદારી.

સૂબેદાર ૧ પું પ્રાંતનો વડો હાકેમ.

૨. પું. કેપ્ટનની પદવીનો દેશી સરકારી અમલદાર; સિપાહીઓની નાની ટુકડીનો અમલદાર

સૂબેદારી [અ.] સ્ત્રી. સૂબેદારની પદવી કે દરજ્જો; સૂબેદારનું પદ.

સૂબેનવીસ [અ] પું. કારકુન.

સૂબો ૧ [અ.] પું. પ્રાંત; પરગણું

૨. પું પ્રાંત કે પરગણાનો હાકેમ કે સૂબેદાર; પ્રાંતપતિ; હાકેમ.

સૂભાય સ્ત્રી. શોભા; સુંદરતા

એ હંમેશ ઘરે આવશ્યે ઉમંગ વહે રહિત સૂભાય.
આનંદકાવ્યમહોદધિ

સૂમ ૧. [અ. શુમ] પું. લોભિયો માણસ; કંજૂસ.

સૂમને વહાલું દ્રવ્ય પુત્રને વાલી ખારી
સામળ

૨ વિ. કંજૂસ; મખ્ખીચૂસ; કૃપણ; લોભિયું

૩. વિ. મૂર્ખ; જડ

૪. વિ શુષ્ક.

૧ સૂમ જેવું = ખોત જેવું; ખાખા જેવું

૨. સૂમ મારી જવું = માર્યું કે મજબૂ ખાલી થઈ અંધારા આવી સમ થવું તેવું થવું

સૂમડું (સમડું) ૨. વિ લોભિયું; કૃપણ

૨. વિ સૂમ; મૂર્ખ; જડ

સૂમસામ વિ જેમને તેમ પડી રહેલું હોય એવું; જાન તેમજ વાચા રહિત; મૂંગું અને જાન વગરનું

ગમે તેમ તોયે આટલા વર્ષોની એ મારી એકલી સહચરી હતી, હવે બધુંજ **સૂમસામ** થઈ જવાનું. ઝવેરી

સૂમસામ ૧. ન. શૂન્યકાર.

૨. વિ ઉજ્જડ.

૩. વિ. ઠંડું, નિર્માલ્ય.

૪ વિ. શાંત; શાંતિમય.

૫. વિ. સૂનકાર; નીરવ; અવાજ કે હલનચલન વગરનું.

અને દીવાબત્તીઓના ઝાંખા ઉજાસમા ઝબુક ઠળ ઓરેખમ પણ **સૂમસામ** દિશે એ સાહડી ખીણમાં ઢેબળ ઉતર્યું. ઝવેરી

સૂમસુમ જુઓ સૂમસામ

સૂયડો (સૂયડો) પું. પોપટ.

વિમુહ ચૂડમણી સૂયડો સારો.
આનંદકાવ્યમહોદધિ

સૂયણ સ્ત્રી. સુવાણી.

સૂયર [સં. શૂકર] પું. સુવર; ડુક્કર.

સૂયરી [સં. શૂકરી] સ્ત્રી. ભૂંડણી

સૂયાર [સં. સૂદકાર] પું રસોયો

સૂયો ૧. પું કૂવાના થાળામાનો તોરણમાળને આધારરૂપ થાભલો; તોરણમા દર થાળા દીઠ પક્કડ કરવા માટેનુ લાકડાનુ અડધુ પાવડા ઉપરનો લાકડાનો ટેકો. તેના ઉપર તોરણમાળ રહે છે.

૨ પું માડવાનુ મૂળ

૩ પું લાકડાના ચિયાઢાનો એક ભાગ; મઢને બાજુ છેડે પક્કડ કરવા જોતમાં લાકડાના લાબા કટકા ખોડે છે તે.

૪ પું. લોઢાનો ખાતળો ગોળ લાબો સળિયા જેવો કટકો. તેને એક છેડે નાનું અને બીજે છેડે આગી હોય છે. કોથળા સીવવાના કામમા આવે છે

૫. પું. સાળમા રાસ ભરવાના કામમા આવે એવું સાધન.

સૂર ૧. [સં , સ ક્રિ (ધાતુ)] અર્થ રહેવું.

૨ સ ક્રિ ધ્વનિ કરવો

૩. સ ક્રિ નિશ્ચય કરવો

૪ સ ક્રિ. મજબૂત કરવું

૫. સ ક્રિ. મારી નાખવું.

સૂર ૧. [સં.] પું. અવાજ; ઘાંટો

૨ પું આકડો

૩ પું (પિંગળ) એ નામે એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ તે સોરઠા છંદનો એક ભેદ છે તેમાં ૯ ગુરુ અને ૩૦ લઘુ મળી ૩૯ વર્ણની ૪૮ માત્રા હોય છે.

૪ પું (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ; સૂર્ય. તે કાવ્ય છંદનો એક ભેદ છે તેમાં ૯૨ લઘુ અને ૨ ગુરુ મળી ૯૪ વર્ણની ૯૬ માત્રા હોય છે

૫ પું (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ અષ્ટપ્રસ્તારે પ્રસ્તારમાં તે ૬૪મી છપ્પય છંદનો એક ભેદ છે તેમાં ૩૦ ગુરુ અને ૯૬ લઘુ મળી ૧૨૬ વર્ણની ૧૫૬ માત્રા હોય છે

૬ પું (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૪ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૬ વર્ણની ૯૦ માત્રા હોય છે

૭. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ અને ૪૨ લઘુ મળી ૬૯ વર્ણની ૯૬ માત્રા હોય છે

૮. પું (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ તેમાં કુલ ૨૬ માત્રા હોય છે.

તેમાં ૧૦, ૮, ૮ અને ૧૦ માત્રાએ યતિ અને ૩, ૧૦, ૧૧, ૧૫, ૧૮, ૨૩, ૨૭ અને ૩૧ માત્રાએ તાલ આવે છે.

૯. પું. એ નામે એક હિંદી કવિ; સૂરદાસ. પ્રૌઢ માધ્યમિક કાળમાં સૂર, તુલસી અને કેશવ પણ મહા કવિઓ થઈ ગયા.

છંદ ચંદ પદ સૂરકે દુહો બિહારીદાસ.
કિરાત

૧૦. પું સૂર્ય, સૂરજ.

સૂર દિવાકર વિભાકર દિનકર ભાસ્કર હંસ.
મિહિર નિમિરહર સહસકર ઉષ્ણરશ્મિ તિગ્માંશ.
પિંગળપ્રકાશ

૧૧ પું સુવર; ડુક્કર.

આગે જરદ ઉતાવળી, એમાં ભમરાં ભમ્મ
રાણો કે રેકુ ખેતર, કે ઘોટે સૂર હંભ્યા.
લોકોક્તિ

૧૨. પું. (સંગીત) સ્વર; અવાજ; કંઠ સ્વર સપ્તક સાથે સૂર બાર છે અને શ્રુતિ ઇક્કીસ છે એટલે કુલ બાવીસ સૂર છે અવાજના કુદરતી ક્રમમાં વિસ્તાર પામતાં કાનને અથડામ છે અને નાદનું ભાન કરાવે છે. એવાં નિયમિત મોજાં જેમાં મધુરતા હોઈ અસર કરવાનું સામર્થ્ય છે તેને સૂર કહે છે.

૧. સૂર આપવો = ગાયકને જોઈતો અવાજ વાદ્ય ઉપર ઉપજાવવો.

૨. સૂર કાઢવો = ગળામાંથી સ્વર કાઢવો

૩. સૂર પૂરવો = (૧) ટેકો આપવો. (૨) મદદરૂપે સાથે ગાવા લાગવું કે વાદ્ય વગાડવું.

૧૩. સ્ત્રી. એક જાતની ભાજણી.

સૂરક્ષાર કું. સૂરોખાર.

સૂરચર્યા [સં.] સ્ત્રી. સૂર્યની ગતિ જાણવાની વિદ્યા

સૂરચૈન ન. (સંગીત) એ નામનું એક તંતુવાદ્ય; સૂરસિંગાર. આ વાદ્ય સિતારનું મિશ્રરૂપ છે, તેમ જ વાદનક્રિયા પણ સિતારને મળતી છે

સૂરજ **૧.** [સં. સૂર્ય] પું. આદિત્ય; રવિ; સૂર્ય.

સીતાઈ સૂરજ ધનિ જાયુ.
અગ્નિ કુલ અવતારઈ.
(પંદરમી સ્ત્રી) સીતાહરણ

૧. સૂરજ ઊગ્યો છાનો કાયરો ન રહે = બનેલ બનાવ ગુપ્ત રાખી શકાતો નથી

૨. સૂરજ કેની કોર ઊગશે ? = અણધાર્યું બનવું કે કોઈનું આવી ચડવું.

૩. સૂરજ ચડતી કળાએ હોવો–ચડતો હોવો = (૧) ઉન્નતિનો સમય હોવો; આબાદીમાં હોવું. (૨) દિવસ ચડતો હોવો.

૪. સૂરજ છાપરે આવવો = બહુ દિવસ ચડી જવો.

૫. સૂરજ તપતો હોવો = ચડતી થતી હોવી

૬. સૂરજ મધ્યાહ્નનો હોવો–માથે આવવો = (૧) ખરા બપોર થવા. (૨) પૂર્ણ આબાદી હોવી

૭. સૂરજ સામી ધૂળ નાખીએ તો સામી આંખમાં પડે = પત્થરને ભચડ ભરીએ, તો પોતાના દાંત પડે.

૮ સૂરજ સામે ધૂળ ઉડાડવી = અધિક બળવાળા સામે બાથ ભીડવી

૯. સોનાનો સૂરજ ઊગવો = બહુ જ સારી સ્થિતિ થવી.

૨. પું. બલાટે વચ્ચોવચ્ચ ભમરો હોય તેવો ઘોડો

સૂરજકાંત પું સૂર્યકાંત મણિ

સૂરજકુંડ પું. એ નામનો એક કુંડ. તે કુરુક્ષેત્રની પાસે આવેલ છે.

સૂરજમહલ ન. સૂર્યમહાલ.

સૂરજમું (સૂરજમું) ન. સૂરજ.

સૂરજતેજી વિ. સૂર્યના તેજ જેવું પ્રકાશિત.

મહીધરે એ સેના જેટી,
સંગ્રામ એ સૂરજતેજી.
આનંદકાવ્યમહોદધિ

સૂરજદેવળ ન. સૌરાષ્ટ્રના પાંચાલમાં થાન પાસે આવેલું ઝાડીઓનું તીર્થ તરીકે ઓળખાતું સૂર્યદેવનું મંદિર. કંડોલિયા હનુમાનથી અરધોક માઈલ ઉત્તરે ઈશાન ખૂણે ચાલતાં આ રમ્ય અને અલૌકિક સ્થાન આવેલું છે. સૂર્યદેવ ઝાડી દરબારોના કુળદેવ છે. તેની પ્રતિતી કરાવવું આ દેવળ કોઈ સારા ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રીની સરદારી નીચે બંધાયેલું હોય તેમ જણાયા વગે છે. દેવળના પૂર્વે દરવાજા ઉપર એક અર્ધગોળ ભારી ઝણતરી કરીને એવી રીતે મૂકવામાં આવી છે કે પાંચાલમાં પગરણ કરતા સવિતાનારાયણનાં કોમળ રશ્મિઓ પહેલવહેલા ભગવાન સૂર્યની મૂર્તિના મુખકમળ ઉપર જ પડે છે અને પછી જ પાંચાલની પવિત્ર ભૂમિકા ઉપર પડે છે. આ ભારી, ભારીની પથ્થરની બેઠકો એ બધું મોટલું તો ઉપયોગી સ્થળ છે કે ત્યાંથી આખા યે પાંચાલમાં દૃષ્ટિપાત કરી શકાય. દર આવતી વદિ સાતમ આઠમનો મેળો થાનના નાગરિકો અહીં ભરે છે. આ ભારી ઉપર બેસીને ચોકીદાર સુખચેનથી ચોકી કરી શકે છે. દેવળમાં કાળા પથ્થરની બે મૂર્તિઓ છે. એક બકુચાર્ક સૂર્યની અને બીજી રાજ્ઞની. નીચેના ભાગમાં સારથિ અરુણને પધરાવવામાં આવ્યા છે. ઉપરાંત મુખ્યદ, ભોંયરાં, પથ્થર ઉપરનું સાદું શિલ્પ, જૂનું અભ્રતર આ સઘળાંનાં જોટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. દેવળ ફરતો આઠ દસ ફૂટ પહોળો રસ્તો છે રસ્તા ઉપર બે ચાર માણસો સહેલાઈથી બેસી શકે તેવા ઊંડા ગોખ છે.

સૂરજધામ ન. સૂર્યનું સ્થાન

સૂરજમૂલ **૧.** ન. ઔષધોપયોગી એક વનસ્પતિ. તેના કૂલ ઉપયોગી છે. આ છોડ દરેક ઠેકાણે ઊગતા નથી. પણ તેનું વાવેતર કરવાથી બધી જગ્યામાં ઊગે છે. તે દવા સુધારે છે તેનાં બિયાંમાંથી તેલ નીકળે છે અને ઢોરના આવાના ક્રમમાં વપરાય છે. તેનાં બિયાં આવામાં ક્રમ આવે છે. દવાના ક્રમમાં પણ વપરાય છે. તેમાં મોટાં પીળાં કૂલ કલમી જેવા આકારનાં થાય છે અને આ કૂલનું મુખ સૂર્ય તરફ રહે છે.

૨. ન. સૂર્યકૂલ; સૂરજમુખી; સૂર્યકમળ.

રાણે વણી સૂરજકૂલ જાં કડા.
કાન્હડદેપ્રબંધ

સૂરજબાળા સ્ત્રી. સૂર્યબાળા.

સૂરજમુખી **૧.** [સં. સૂર્યમુખી] પું એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં, પાતળાં અને ખરબચડાં હોય છે. પાનનું ડીંટકું લાંબું હોય છે. તેના મુખ્ય ડંડના અગાળે સૌથી પ્રથમ પીળા રંગનું મોટું કૂલ આવે છે. તેના પુષ્પકોષમાં ચાર પડદા હોય છે, મધ્ય ભાગમાં ત્રિજ્યક કોષ હોય છે અને તેની વચ્ચે બીજ હોય છે ઉત્તમ છોડને ૪૦ કૂલ આવે છે અને એક કૂલમાં બધાં બીજ આવે છે.

૨. સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. તેના ઉપર ફારસી ભાષામાં બે પંક્તિઓ કોતરેલી છે. તેનો તરજૂમો આ પ્રમાણે છે: 'ગુરુ નાનકની કૃપાથી ગુરુ ગોવિંદસિંહની મહેરબાનીથી અને શાહજાદા નવનીહાલસિંગના હુકમથી નવી તોપ શાહપસંદ અને ફતેહ કરનારી તોપખાનાના જનરલ તેજસિંગની વ્યવસ્થાથી તૈયાર થઈ'.

૩. સ્ત્રી. એક જાતની આતશબાજી.

૪. ન. એક જાતનું કૂલ; સૂરજકૂલ. તે કૃમિઘ્ન, પિત્તહર અને કૃષ્ણ છે. પ્રમેહમાં તે ઉપયોગી છે.

૫. વિ. સૂરજના ચિન્હવાળું

૬. વિ. સૂરજની સામે પોતાનું મુખ કે ઉપલો ભાગ રાખતું.

સૂરજમુખું વિ સૂરજ જેવા તેજસ્વી મુખવાળું.

સૂરજરાયચાપ [સં] ન. મેઘધનુષ્ય; ઇંદ્રચાપ.

શ્યામ સુભગ તન વલિત વસન
સૂરજરાયચાપ ઘનમાંહિ દયારામ

સૂરજવંશ [સં. સૂર્યવંશ] પું. સૂર્યવંશ; ક્ષત્રિયોનો એક મુખ્ય વંશ

સૂરજવંશી [સં. સૂર્યવંશ + ઇન (વાળું)] વિ. સૂરજવંશી; સૂર્યવંશી

સૂરજવેલ [સં. સૂર્યવલ્લિ] સ્ત્રી. એક જાતની વેલ. તેની શાખાઓ સુતળી જેવી ઝીણી હોય છે. તે ખાળના નારેળી માફક ગાબડાં જેવી ઝીણી એક બીજી શાખાઓ સાથે વીંટાઈ ગયેલી હોય છે. એનાં પાન ઘાસ કરીને ભાડાં ઢોકળાં જેવાં હોય છે. ફૂલ પીળાશ પડતાં લીલા ને રોંગ સાબી આગીવાળી થાય છે

સૂરજા સ્ત્રી. સૂર્યનાડી

સૂરઠ પું. (જૂ. ગુ) સોરઠ
કહઈ પ્રધાન હમાકે રાઈ
અણી **સૂરઠ** નુરપાલ્ ભઈ ભાન્ડદેપ્રબંધ

સૂરણ [સં.] ન. એક પ્રકારનું કંદ. તેની બે જાત થાય છે. (૧) કડવી. તે ખેતી છે. (૨) મીઠી. તે ખાવ ના કામમાં આવે છે સૂરણની મોટી મોટી જમીનમા થાય છે તે કંદ હોવાથી કેટલાં વર્ષોથી ચિકિત્સા વત અને ઉપવાસમાં ખવાય છે. તે ઉપરાંત તેની બની વાનગી તેમ જ ઔષધિ પણ થાય છે તે બહુ પૌષ્ટિક હોઈ ખરેર સૂરણ એક શેર બકરીના માંસ બરાબર કહેવામ છે સૂરણના પાક માટે ગોરાડુ અને બ.ગાયત જમીન અનકૂળ આવે છે. મોટે ભાગે એ ગુજરાતનો પાક હોઈ દક્ષિણમાં ઘમણાં ઘમણાં જ દાખલ થયો છે. પહેલાં સાં કોઈ જાણતું પણ ન હતું એમ કહીએ તો ચાલે. સૂરણનો પાક તૈયાર થતાં ચાર વર્ષ લાગે છે. ગુજરાતીમાં કહેવત છે કે, ' બગદ ઉછેરવા સારા પણ સૂરણ ઉછેરવું કપરું '. તેની એક માટે પહેલે વર્ષે ૧૨' × ૬'ના માપના ક્યારા બનાવી દરેક ક્યારામા ૧૦થી ૮૦ સૂરણની પાકો ગાઠમાંથી સારા અંકુરવાળા ટુકડા બે બાસમા રોપવ.માં આવ ૬ તેના પદડા નવમ્બર ડિસમ્બરમાં સકાઈ જા. પછી પાકી તેની નાની ગાંઠો ખોદી કાઢવામા આવ ૬ તે વખતે તે દરેકનું વજન ૬થી ૮ ઔંસ જેટલું આસરે હોય છે તેને સૂરજનો તડકો બતાવી ભરી મકવામા આવે છે બીજે વર્ષે તેને રોપવાથી તેમાથી ૧૫થી ૧૬ રતલનું નાનુ સૂરણ થાય છે. તેને ફરી બાદી લેવામાં આવે છે. ત્રીજે વર્ષે ફરી તેને રોપવામાં આવે છે, તેમાથી સારી મોટી વધેલી ગાંઠો વેચી દેવામા આવે છે અને જે ૩ થી ૪ રતલની હોય છે તેને રહેવા દેવામાં આવે છે. આ રાખા મૂકેલી ગાંઠ ચોથે વર્ષે રોપવામા આવે છે અને તે દરેકમાથી ૧૦થી ૧૨ રતલની મોટી ગાંઠો તૈયાર થાય છે. ચોથા વર્ષના પાકમાથી દર એકરે લગભગ ૧૫ ટન સૂરણ મળી રહે છે. તે કબજીઆરમાં બવાય છે. દીપન અને કફ્ન છે કેટલી ઠામાં સૂરણ વિશેષે કરમ ઉપર બહુ ગુણકારી છે. તે બળે ભાગે પાક અને મોદકના રૂપમા બપાય છે પ્લીહા અને ગુલ્મરોગમાં પણ તે બપાય છે.

સૂરણના સ્વાદ ચખા = (૧) મોટા મોટા ફાયદા તકાસવા. (૨) સારુ સરસ બાબતનુ મન થવુ

સૂરણમોદક પું. એક પ્રકારનો મોદક. તે અગ્નિ પ્રદીપ્ત કરનાર છે

સૂરણવતક ન. (વૈદક) એ નામનુ એક ઔષધ. તેમાં મુખ્ય ઔષધિ સૂરણ, ચિત્રક, કૃહદરક, મૂસળી, ભલ્લાતક, સિમ્બાલ, સુઠ, વિરંગ અને ત્રિફળા છે. તે ધાતુ પરિવર્તક અને પાચક છે. દરસમાં આ ઔષધિ બકસીર છે તે બધ બતાડે છે. તે જૂનું અતિસાર, અજીર્ણ, કૃમ, બાસી, મરોળનો બધારો, હેડકી, નપુસકતા, બાવર, મધુપ્રમેહ અને જલોદરમાં ઉપયોગી છે. તે રસાયણ છે અને તેનો કાયમી ઉપયોગ કરવાથી માદકાસ્ત સારી થાય છે. તેની દરેક ગોળી ૪ ગ્રેઈનની હોય છે તેની ૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત ૪૦ દા સેવા આપે છે

સૂરણિયું ૧. વિ. સૂરણવાળું
૨. વિ. હોલુપ; અત્યાસક્ત.

સૂરણો પું. દરણાગીની જાતનું એક વાદ્ય. આ વાદ્ય ઉપર આગળ સાત અને પાછળ બે છિદ્ર હોય છે. તેની પિપડી તાડના પાંદડાની બનાવવામાં આવે છે.

સૂરત ૧. [અ] સ્ત્રી આકૃતિ; દેખાવ; ચહેરો; સિકલ; મુખાકૃતિ.
૧ બરત એમ છે કે: – હકીકત એવી છે કે
૨ સૂરત દેખાડવી = હાજર થવ દરબાર વેગા
૩ સૂરત બદલવી = (૧) રૂપ ફેરવવુ (૨) ફેરવી બાંધવું.
૪. સૂરત બનાવવી = (૧) આકાર બનાવવો; ઘાટ ઘડવો. (૨) વેશ ધારણ કરવો
૫. સૂરત હરામ = દેખાવમા સુંદર પણ અંદર બારથી બલીન.
૬. સૂરતે હાલ = (૧) બધારિયત હકીકત. (૨) લિખિત એકરાર.
૨. સ્ત્રી સૂરતા; શૌર્ય

સૂરતપરસ્તી [અ.] સ્ત્રી. ચહેરાના સૌંદર્યની પૂજા.

સૂરતા [હિ] સ્ત્રી. શૂરતા, શૌર્ય

સૂરતી સ્ત્રી. શૂરવીરતા; શૌર્ય.

સૂરદાસ ૧. પું. આંધળો માણસ
૨. પું. એક અંધ હિંદી ભક્ત કવિરાજ. તેમનો જન્મ સવત ૧૫૪૦માં આગ્રાની પાસે આવેલ રુનકત નામના ગામમાં થયો હતો. તે સારસ્વત બ્રાહ્મણ હતા તેનો બાલ્યકાળ વિપ્રકુલોચિત શિક્ષામાં સમાપ્ત થયો હતો. તેમના સબંધમાં કહેવાય છે કે: યૌવન.વસ્થામાં તે કોઈ ચિંતામણી નામની વેશ્યા ઉપર મુગ્ધ થયા હતા અને તેની સગતમાં ઘણો સમય સુધી રહ્યા પરંતુ સદ્ભાગ્યે તેમના વિચારમાં પરિવર્તન થયું અને તે કૃષ્ણના અનન્ય ભક્ત બની ગયા. ત્યાર પછી તેમનુ આખું જીવન કૃષ્ણના ગુણ ગાવામા જ વીત્યું. વ્રજભૂમિમાં રહીને સરદાસે શ્રીમદ ભાગવતના બ.ધાર ઉપર વ્રજ બ.ધામાં ' સૂરસાગર 'ની રચના કરી કૃષ્ણભક્ત કવિઓમાં સરદ.સ સર્વ શ્રેષ્ઠ મનાય છે

સૂરદાસીપટમંજરી સ્ત્રી (સંગીત) પટમંજરી રાગિણીની બે માંહેની બે નામની એક જાતિ.

સૂરદાસીમલ્હાર સ્ત્રી (સંગીત) મલ્હાર રાગિણીની અગિયાર માંહેની બે નામની એક જાતિ.

સૂરનાઈ સ્ત્રી સારે પ્રસંગે વગ.વવાનુ ભૂંગળુ; શરણાઈ

સૂરપર્ણાત ન. (જૈન) અંગ નામના સૂત્રના વિભાગરૂપ બાર માંહેનો એક ધર્મગ્રંથ.

સૂરપારક ન. એ નામનુ એક રાજેર; સોપારા.
આ પ્રમાણે અતિ પ્રાચીન કાળમાં પણ **સૂરપારક** અતિ પ્રસિદ્ધ હોવું જોઈએ. સુવર્ણમાળા

સૂરપેટી સ્ત્રી સૂર પૂરવાનું પેટી આકારનુ વા.

સૂરબહાર ન. (સંગીત) એક જાતનું તંતુવાદ્ય. એ કચ્છપી વીણાનો જ એક પ્રકાર છે ઈ સ. ૧૮૨૮ના સુમારમાં ગુલામ મહમદખાન નામના એક ગવૈયાએ આ વાદ્યિત્ર શોધી કાઢયુ હતુ. એમા આલાપ બની સરસ રીતે પ્રગટ થઈ શકે છે

સૂરબીન ન (સંગીત) એક જાતનું તંતુવાદ્ય. તેને સ્વરબીણો પણ કહે છે આ વાદ્યિત્ર પ્રાચીન કાળનું છે તે રુદ્રવીણાને મળતુ છે

સૂરમલ્હાર પું (સંગીત) એ નામે એક રાગ. પલ્લારી ઘાટના બાકત રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ગાધાર વર્જ્ય છે. ધૈવત દુર્બળ છે એટલું જ નહિ પણ માત્ર અવરોહે જ તેનો પ્રયોગ થાય છે અને શુદ્ધ તેમ જ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે અને તે સિવાય સર્વ

શુદ્ધ સ્વરો છે અ. રાગનો વાદી સ્વર ષડજ અને સંવાદી સ્વર પંચમ છે આ રાગ કોઈ પણ સમયે ગાઈ શકાય છે

સૂરમંડલ ન મુખ્ય છત્રીસ. માહેનું એ નામનું એક વાજિંત્ર

સૂરમા [હિ] વિ ચતુરવીર

સૂરય [સ સૂરિ (પંડિત) વિ વિદ્વાન

સૂરશૃંગાર ન. (સંગીત) એક જાતનું તતુવાદ્ય અ. વ..જિત્ર મહતિ, કચ્છપી, અને રુદ્રવીણ, એ ત્રણ ઉપરથી પ્યારેખાન નામના ઉસ્તાદે બનાવ્યું હતું

સૂર સન પુ ભારતીય ચોત્રીસ મહેનો એક સંવત આ સંવત ઈ સ ૧૦૦ થી શરૂ થયો છે તેને અરબો સન, શાહુર સન અને મૃગ સ.સ પણ કહે છે અ. સન હિજરી સનનો એક ભિન્ન પ્રકાર છે હિજરી સનમા ચંદ્રમાસ મુજબ ગણતરી થાય છે અ. સન સુલતાન મહમદ તઘલખે જ્યારે પોતાની રાજધાની દિલ્હીથી દોલતાબાદ ફેરવી ત્યારથી શરૂ થયો છે સૂર્ય મૃગ નક્ષત્રમા જાય છે ત્યારે આનો આરંભ થાય છે વર્ષ મૌર છે મહિના મોહરમ વગેરે ચાલે છે મરાઠાઓની કાર્કિર્દીમા સૂર સન ઘણો પ્રખ્યાત હતો આને શાહુસન પણ કહે છે.

સૂરસંગ ન. (સંગીત) એક જાતનું તતુવાદ્ય. બંગાળી પ્રાંતમાં બાનકુરા જિલ્લામાં વિષ્ણુપુર ગામમા પ્રગટ થયેલ રામદાસ નામના માણસે આ વાજિંત્ર પ્રથમ બનાવ્યું હતું

સૂરસાગર પુ. સૂરદાસ કવિએ રચેલ ભાગવત તેમાં ૧૨ સ્કંધ વિવિધ રાગરાગિણીમા બધાયા છે. સૂરસાગરમા કૃષ્ણને નંદનંદન, ગોપાલ, ગોપીવલ્લભ, રાધાવલ્લભ, મનમોહન અને રસિક શિરોમણિ તરીકે વર્ણવ્યા છે. આ પદોમાના સાહિત્યમાં નથી તો કૃષ્ણનુ બાળ વર્ણન, નથી વાત્સલ્ય વર્ણન, નથી ગોપી અને રાધાની સાથેના સાહચર્યજનિત પ્રેમની ઉત્પત્તિ તથા વિકાસ અને નથી એના અનુપમ વિરહના રૂપમા ભ્રમર ગીત. આ રીતે કૃષ્ણકાવ્યની રચના કરવી તે સૂરની પ્રતિભાનુ કામ છે ને પછીના કૃષ્ણકાવ્યના રચનારાઓ આજ સુધી સૂરના પગલાની નિશાનીઓ પર ચાલતા આવે છે

સૂરસારંગ પુ. (સંગીત) સારંગ રાગની તેર મહેની એક જાતિ

સૂરસિંગાર ન એક જાતનું તતુવાદ્ય

સૂરસૂચક પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉત્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, સગણ, જગણ, રગણ સગણ, બે યગણ, એક લઘુ અને ગુરુ એમ ૨૬ વર્ણ આવેલ છે.

આ સાત્ત પદ **સૂરસૂચક** વિષ રસ સા પર બે ય આઠો લ ગા અન્તમા રત્નપિંગળ

સૂરસૂત [સ] પુ સૂર્યનો સારથિ; અરુણ

સૂરસેન ન પુરાણો સોંગ માહેનુ એક રાજ્ય તેની રાજધાની મથુરા હતી

સૂરસોટ ન એક જાતનું તતુવાદ્ય. આ વાદ્ય તંબૂરા નું અનુકરણ છે, પરંતુ આકૃતિ ભિન્ન છે તુમ્બાની જગ્યાએથી તુમ્બાની પહોળાઈના પ્રમાણમા રહેલી દાંડી સાંકડી થતી થતી અગ્ર ભાગે માત્ર તંબૂરાની દાંડી જેટલી પહોળી રહે છે નીચે રહેલો ભાગ પાટિયાથી બંધ કરવામા આવેલ છે વાદન તથા તાર મેલાપ તંબૂરા સાથે મળતા હોય છે

સૂરંગો પુ . (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ માંથી પિંગળ પ્રમાણે તે આઠક છંદનો એક ભેદ છે તેમા ૩૦ ગુરુ અને ૬૦ લઘુ એમ મળી ૯૦ વર્ણની ૧૨૦ માત્રા હોય છે

સૂરા ૧ . અ સ્ત્રી કુરાનનું એક પ્રકરણ. કુરાનના અધ્યાય તમા ૧૧૪ સૂત્રો છે
૨ સ્ત્રી નાની સોપારી

સૂરાખ ૧. [ફા.] પું. કાણું, બાકોરું; છેદ; નાકું
૨. પું. માર્ગ

સૂરાખદાર [ફા] વિ. ઘણા કાણાવાળું.

સૂરાખી વિ. કાપેલું

સૂરાજ પુ સુગંધીદાર પદાર્થ. કપૂરકચલી, વાળો, મોથ, પડ વગેરે પદાર્થો સુરાસુ કહેવાય છે

સૂરાનના ૧ સ્ત્રી વાણિયાની ચારણી માહેની એક જાતિ
૨ ન એ નામની જાતિનુ માણસ
૩ વિ એ નામની જાતિનુ

સૂરાવટ સ્ત્રી સૂર કાઢવાની તરબ, સ્વર લગાવવાની છટા

સૂરાવલી [સ] સ્ત્રી (સંગીત) સૂરોની હારમાળા

સૂરાસિંગાર પુ (પિંગળ) એ નામે એક સમમાત્રા વૃત્તિ માત્રામેળ છંદ તે દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમા ૪ ગુરુ અને ૧૦૪ લઘુ ગણી ૧૦૮ વર્ણની ૧૧૨ માત્રા હોય છે

સૂરિ ૧ [સ] પુ આકડો
૨. પુ. એ નામનો એક યાદવ
૩ પુ કવિ, પંડિત; વિદ્વાન. આચાર્ય આ શબ્દ જૈન આચાર્યોના નામ પાછળ લગાડવામાં આવે છે.
૪ પુ સૂર્ય

સૂરિજ પુ. (જૂ યુ) સૂર્ય
यद ह्लक्ष्मा अवतरित **सूरिजनि** शीर त.प
ભાવપ્રકાશસમય

સૂરિણી પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ત સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા રગણ અને બે ગુરુ એમ પાંચ વર્ણ હોય છે
સૂરિણી ૨ ગ રત્નપિંગળ

સૂરિમ સ્ત્રી. (પ્રા.કૃત) શૂરવીરતા; બહાદુરી
રત્રિ તણા વૃત્તાત જ કહે
સૂરિમ દેખી નૃપ મહગહે.
ભ.વસ્તમસમય

સૂરિયું ન. એક પ્રકારનું ઘાસ. તેને કાળસૂળિયું પણ કહે છે

સૂરી ૧. [સ , સ્ત્રી ૨.ભ.
૨ સ્ત્રી. સતી. પતિ સાથે બળી મરવા તૈયાર થયેલી સ્ત્રી
૩ સ્ત્રી સૂર્યની મનુષ્ય જાતિની સ્ત્રી કુંતી
૪. વિ. પ્રકાશિત.૨, તેજ

સૂરીઓ [સં. સૂર્ય] પું. (વહાણવટું) અગ્નિખૂણાનો પવન

સૂરીપટ્ટક ન. એ નામનું એક પ્રાચીન શહેર; મુંબઈ જિલ્લામાં આવેલ સોપારા. આ બંદર પ્રાચીન કાળમાં અતિ પ્રસિદ્ધ હતું. ત્યાના વિદ્વારના અવશેષો સોપારાના વિદ્વારને નામે પ્રસિદ્ધ છે

સૂરીલું વિ મીઠા સૂરવાળું, સૂરના મેળવાળું

સૂરીશ્વર સ પું જૈન સાધુઓનો વડો

સૂરો ૧ પુ અધ્યાય
૨ પુ ઝનૂની માણસ, બહાદુર માણસ
૩ પુ સુતારનું છોલવાનું ઓજાર, રંધો
૪. વિ પુ સુગંધીદાર

સૂરોખાર પુ એક જાતનો ક્ષાર

સૂરોતેલ ન ધૂપેલ તેલ

સૂરોત્તર ન. ચંદન.

સૂર્ખ વિ. બેવકૂફ

સૂર્જકાંતિ સ્ત્રી એક જાતની ઔષધિ. ખાસ કરીને હરકિસ વ્યાધિલુ ઝેર દૂર કરવા માટે જુદા જુદા દેશોમા તે ઉપયોગમા લેવામા આવે છે એ ઉપરાંત તે રેચક, રક્ત શુદ્ધ કરનાર, પેટનો ઝેરી વાયુ નિષ્ફળ કરનાર અને કાળજાના રોગોની ફરિયાદ દૂર કરનાર ઔષધિ તરીકે જણીતી છે.

પ્રદરનાં દર્દ માટે પણ તે અકસીર પુરવાર થઈ છે આંતરડાના દર્દો ઉપર તેનાં મૂળ અકસીર છે હિમાલયથી છ હજાર ફૂટની ઊંચાઈ સુધી આ ઔષધિ સારા પ્રમાણમાં થાય છે અને ત્યાંના આદિવાસીઓ તેનો સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. શ્રી રીડના મત પ્રમાણે મલબારમાં આ ઔષધિનો ઉપયોગ ઝેરની અસર નાબૂદ કરવા માટે થાય છે. તેમની માન્યતા એવી છે કે, કાળા નાગનું ઝેર દૂર કરવા માટે ઘાસ કરીને આ ઔષધિ અતિ ઉપયોગી નીવડે છે. ઘાસ આથે ગ્રેવી વનસ્પતિ ખાઈ જતાં મેદાં બકરાંનું ઝેર દૂર કરવા માટે પણ ત્યાંના લોકો આ ઔષધિ ઉપયોગમાં લે છે શરીર ઉપર કોઈ ઝેરી પદાર્થ લાગ્યો હોય તો આ ઔષધિનાં મૂળને ઘસીને લગાડવાથી ફાયદો થાય છે. આ ઔષધિના પંચાંગને ઉકાળીને આપવામાં આવે તો છાતીમાં ભરાઈ ગયેલો કફ દૂર થાય છે એમ ચીનના કેટલાક લોકોનું માનવું છે. આ ઔષધિનાં મૂળ ઉકાળીને આપવામાં આવે તો લીવરની તમામ ફરિયાદ દૂર થાય છે એમ મલબારના લોકોનું માનવું છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ આ ઔષધિનો ખૂબ ઉપયોગ કરતા હતા એમ જાણવામાં આવ્યું છે.

સૂર્ખી ૧. સ્ત્રી. (પુરાણ) અનુહ્લાદ નામના દૈત્યની સ્ત્રી

૨. સ્ત્રી. ઘોડાની પ્રતિમા, સ્થૂણા વગેરે.

સૂર્ય ૧ પું. આ જગતમાં સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર અને ચલાવનાર દેવ

૨. [સં.] પું. આકડો

૩. પું. (જૈન) એ નામના એક દેવ. તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના સ્વામી છે

૪. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેને સૂર છંદ પણ કહે છે. તે ક્રાઙ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૬૨ લઘુ, ૨ ગુરુ મળી ૬૪ વર્ણની ૬૬ માત્રા હોય છે

૫. પું. (પિંગળ) એ નામે એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ૬૬પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૪ લઘુ અને ૧૪ ગુરુ મળી ૧૩૮ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.

૬. પું (પિંગળ) એ નામે એક સમજાતિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૧૬ લઘુ મળી ૩૨ વર્ણની ૪૮ માત્રા હોય છે

૭. પું. જેના ઉદયારતથી દિવસ રાત થાય છે તે સર્વ ગ્રહોમાં તેજસ્વી ગ્રહ; પૃથ્વીને પ્રકાશ, ગરમી ઇત્યાદિ આપતો આકાશીય ગોળો; સૂરજ. પુરાણ અનુસાર સૂર્યના એક પૈડાવાળા રથને હરિત વર્ણના સાત ઘોડા જોડાય છે. અરુણ તેનો સારથિ છે. રથનો વેગ એક ઘડીમાં ૯૦, ૧,૨૦૦ યોજનનો છે. આવા રથમાં બેસનાર હિરણ્યના જેવા વર્ણવાળા, ચાર ભુજાવાળા, બે હાથમાં કમળ અને બીજા બે હાથમાં અભય અને વર ધારણ કરનાર કાળચક્રના નિયામક એવા શ્રી સૂર્યનારાયણનું સ્વરૂપ વેદમાં અને બ્રાહ્મણ ગ્રંથોમાં વર્ણવેલું છે ઉપરાંત સૂર્યસૂક્ત વર્ણન છે કે સૂર્યના અશ્વો અને રશ્મિઓ પ્રાણી માત્રને જાણનાર એવા જાતવેદસ એટલે સૂર્યદેવનું આખા વિશ્વને લેવા માટે ઊંચે વહન કરે છે. તે સૂર્યની દૈવી શક્તિ છે તે સૂર્યનું આદિતત્ત્વ છે. તે પોતાના મધ્યમાં વિસ્તારેલું તેજ અસ્ત થતી વેળા પોતા તરફ પાછું ખેંચી લે છે અને ત્યારે પોતાના અશ્વોને રથથી છૂટા પાડે છે ત્યારે રાત્રી સર્વ દિશામાં પોતાનો અંધાર પછેડો પાથરી દે છે. આ સૂર્ય વિશ્વરૂપ છે, સર્વ રોગહર છે, સૌને જ્ઞાન દેનાર છે, સૌને તપાવનાર છે, પરમ એક છે, ગતિ છે, જ્યોતિસ્વરૂપ છે, હજારો કિરણોવાળો છે, સેકડો રીતે વર્તી રહેલ છે, પ્રજાનો પ્રાણ છે, એવો સૂર્ય ઊગી રહ્યો છે. તાત્પર્ય કે જેમ સ્થૂલ જગત એ સૂર્યની જ પ્રતિમા છે તેમ સૂર્ય સહિત આ સમસ્ત જગત આત્માનું જ પ્રતિરૂપ છે. સ્થૂળ સૂર્ય જેમ રોગહર છે તેમ આ આત્મા સર્વ રોગના મૂળ કારણરૂપ જે ભવરોગ તેનો હરનાર છે સૂર્ય જેમ પોતાનો ઉદય સાથે જ અંધારામાં પડેલાં તમામ વસ્તુને પૃથક્ પૃથક્ જણાવી દે છે તેમ આ આત્માનો ઉદય થતાં જ સૌને જગતનું યથાર્થ જ્ઞાન થાય છે. જેમ સૂર્ય જગતના તમામ પદાર્થોને તપાવે છે તેમ આ આત્મા પણ પુરુષાપુરુષને તપાવી મૂકનો નાખે છે! જેમ સૂર્ય ગ્રહોપગ્રહોનું પરાયણ છે, તેમ આ આત્મા પણ સમસ્ત જગતની પરમ ગતિ છે. સૂર્યને ઘણી પત્નીઓ છે. રામાયણ અને પુરાણમાં સૂર્યને કશ્યપ અને અદિતિનો પુત્ર કહ્યો છે. વળી રામાયણમાં તેને બ્રહ્માના પુત્ર તરીકે પણ વર્ણવેલ છે. વિશ્વકર્માની દીકરી સંજ્ઞા તેની પત્ની થાય છે. તેનાથી તેણીને ત્રણ સંતાન થયાં; વૈવસ્વત મનુ, યમ અને યમી અથવા યમુના. અતિ તેજ સહન ન થવાથી સૂર્યની સ્ત્રી સંજ્ઞા ઘોડીનું સ્વરૂપ ધારણ કરી તપ કરવા ગઈ. સૂર્ય ઘોડાનું સ્વરૂપ ધારણ કરી તેની પાછળ ગયો તેવા સ્વરૂપમાં તેને અશ્વિનો અને રેવંત જેવા સંતાન થયાં. સૂર્ય પોતાની સ્ત્રી સંજ્ઞાને ઘેર પાછી લાવ્યો તેણીના પિતા વિશ્વકર્માએ સૂર્યને ચક્ર ઉપર ચડાવ્યો અને તેના તેજનો આઠમો ભાગ કાપી નાખ્યો જે કટકાઓ નીચા થયા તે પૃથ્વી ઉપર પડ્યા. તે કટકાઓમાંથી વિશ્વકર્માએ વિષ્ણુનું ચક્ર, શિવનું ત્રિશૂલ, કુબેરનું હથિયાર, કાર્તિકેયનું ભાલું અને બીજા દેવતાઓના હથિયાર બનાવ્યાં કર્ણ સૂર્યનો દીકરો હતો. સૂર્ય શનિ અને સુગ્રીવનો પિતા હોવાનું મનાય છે વૈવસ્વત મનુ ઇક્ષ્વાકુનો પિતા થાય અને તેનાથી સૂર્યવંશ ઉત્પન્ન થયો અશ્વના સ્વરૂપમાં સૂર્યે યાજ્ઞવલ્ક્ય ઋષિને શતપથબ્રાહ્મણ કહ્યો હતો. તેણે સત્રાજિતને સ્યમંતક મણિ આપ્યો હતો પૃથ્વી પર જે જે સત્ત્વ છે તેને તેને સૂર્યનો આશ્રય છે બ્રહ્માજીનો અધિપતિ મોટી કૃપા કરીને જે કાંઈ પ્રકાશ અને ઉષ્ણતા આપે છે તેના ઉપર તે જીવોની હયાની અવલંબી રહી છે; જીવનોપયોગી પદાર્થો પકવનાર મેઘ પણ સૂર્યમાંથી ઉત્પન્ન થાય છે. ઉનાળો, ચોમાસું અને શિયાળો એ ઋતુ કરનાર પણ સૂર્ય જ છે પ્રકાશ અને ઉષ્ણતા એ બેના યોગથી સૂર્ય તે સ્થાવર અને જંગમનો આત્મા છે તે જ પ્રમાણે સૂર્ય પોતાના વિલક્ષણ પ્રભાવથી આપણા ભૂગોળને ઊંચે આકાશમાં ખેંચી પકડીને પોતાની આસપાસ ફેરવે છે સૂર્યમાંથી ઉષ્ણતાનો વરસાદ સતત સર્વ દિશામાં થયા જ કરે છે. પરંતુ સૂર્યમાંથી નિઃસરતી ઉષ્ણતાના બે અબજાંશમાંથી સવાબે હિસ્સો પૃથ્વીને મળે છે સૂર્યના અંગમાં પૃથ્વીને આકાશમાં પોતાની આસપાસ ફેરવવા જેટલું બળ આવ્યું છે તે કેવળ તેના આકાર ઉપરથી નથી; બધા ય ધૂમકેતુઓ એવા છે કે, આકારમાં તેઓ સૂર્યથી પણ ચડી જાય છે; પરંતુ તે ધૂમકેતુઓના અંગમાં આકર્ષણ શક્તિ સમૂળગી હોતી નથી. સૂર્યનું પ્રકૃતિ દ્રવ્ય પૃથ્વીના પ્રકૃતિ દ્રવ્ય જેટલું જડ નથી; શુમારે ચારગણું વિરલ એટલે છૂટું છૂટું છે તેમ છતાં પણ તેનું એકંદર દ્રવ્ય ગણીએ તો પૃથ્વીથી સવા લાખ ગણું સૂર્યનું વજન છે સૂર્યબિંબ ઉપર રાહુના અધિક્રમણ સિવાય બીજી પણ બે ત્રણ રીતોનું કાલમા સૂર્યનું અંતર કાઢવામાં આવ્યું છે. તે પણ અત્યારે ય તે ગણનામાં બે ત્રણ લાખ માઈલની ભૂલ આવવાનો સંભવ છે. જ્યાં અનેક કોટિનો હિસાબ ચાલતો હોય ત્યાં બે ત્રણ લાખની ભૂલ કંઈ બહુ મોટી ન કહેવાય. નરી આંખે જોઈએ તો સૂર્યબિંબના સર્વ ભાગ ઉપર સમાન તેજ જણાય છે પરંતુ દૂરબીનથી જોતા તેના ઉપર એક અથવા અનેક કાળાં ટપકાં દેખાય છે અને આખીનું બિંબ એકાદા સ્વચ્છ પ્રવાહી પદાર્થમાં આંખના. દાબા અગર ધ્રુજારી કશું તરતા હોય એવું દેખાય છે આ ઝાંખા

દેખાય છે કોઈ કોઈ જગ્યાએ તો તે બિલકુલ દેખાતા જ નથી. આને કારણ કહીએ છીએ ખરા પરંતુ તેનો વાસ્તવિક વિસ્તાર સેંકડો માઈલનો હોય છે સર્વે ડાઘની આકૃતિ એકસરખી હોતી નથી. વળી સૂર્ય પોતાના આસ ઉપર ફરે છે. તેને લીધે એક જ ડાઘ જુદા જુદા ભાગ ઉપર જુદો જુદો દેખાય છે પોતાની મેળે ડાઘના આકારમાં પણ ફેરફાર થાય છે. કેટલાક ડાઘ કેટલાક દિવસ દેખાઈ પાછા નહિ જોવા થઈ જાય છે. કોઈ કોઈ ડાઘ તો એટલો મોટો હોય છે કે, તે નરી આંખે પણ દેખી શકાય છે કોઈ કોઈ ડાઘના ક્ષેત્રફળ કોટચવધિ માઈલ હોય છે ડાઘનો મધ્યભાગ બહુ કાળો દેખાય છે તેને છાયા કહે છે અને તેની આસપાસ સહેજસાજ કાળાશ પડતી જગ્યા દેખાય છે તેને છાયાકલ્પ કહે છે ઈ. સ. ૧૬૧૧માં પહેલવહેલા આ ડાઘાની શોધ થઈ સૂર્ય પોતાના આંસ ઉપર ચક્કર ચક્કર ફરે છે એ વાત આ ડાઘા ઉપરથી સમજાઈ. આ અક્ષપ્રદક્ષિણાકાળ સૂર્યબિંબ ઉપર સઘળા ભાગમાં એકસરખો નથી. વિષુવવૃત્ત કરતાં ધ્રુવ તરફના પ્રદેશમાં આંસ ઉપર ફરતા સૂર્યને વધારે વખત લાગે છે. આ ફરકમાં પણ જુદે જુદે વખતે ફેર પડે છે શુમારે પચ્ચીસથી છવ્વીસ દિવસ સુધીમા સૂર્યની અક્ષપ્રદક્ષિણા થાય છે. સૂર્ય ઉપર આ ડાઘ કોઈ વર્ષે બહુ જ દેખાય છે અને કોઈ વર્ષ મોડા દેખાય છે અને કોઈ વર્ષ સમૂળગા દેખાય નહિ એવું કદી પણ બનતું નથી. એકવાર ડાઘ બહુ જ દેખાય તો ફરીથી શુમારે સવા અગિયાર વર્ષે જેટલા કાળે પાછા એટલા વધારે દેખાય છે. આ ડાઘ દેખાવાના કાળનું ચક્ર સવા અગિયાર વર્ષનું જ કૂળ છે એ સમયના નિયમાનુસાર જગાબની હજુ સુધી શોધ થઈ શકી નથી; પરંતુ આનું કારણ ખાલોપાધિ નથી; સૂર્યની કોઈ અંત:સ્થિતિને લીધે નિયમિત સમયે આ ડાઘા દેખાય છે એમ પ્રખ્યાત જ્યોતિષીઓના અનુમાન છે. સૂર્યના ડાઘાના કાળચક્રને અનુસરીને ધાન્યાદિકના ભાવ ઓછા વધતા થાય છે. ડાઘા કમી હોય છે ત્યારે સૂર્યકિરણ પાકને અનુકૂળ હોય છે એવો હર્શલનો મત હતો. વર્ષાદ અને દુકાળ સાથે ડાઘાને સંબંધ છે. પણ ડાઘ ઉપરથી દુકાળ સંબંધી નિયમો બહુ બાંધવા જાવતાં નથી. હર્શલનો મત સારપછીના અનેક વર્ષોના અનુભવ ઉપરથી ખરો ઠર્યો નથી; તથા ડાઘને આપણી પૃથ્વીની ઉષ્ણતા અને વાતાવરણ સાથે કંઈ પણ સંબંધ છે કે નહિ, તેમ જ જો કદાપિ કંઈ પણ સંબંધ હોય તો તે કેવા પ્રકારનો છે તે બાબતમાં કંઈ પણ સિદ્ધાંત હજુ નક્કી થયો નથી. આરોરા નામે ચમત્કારિક પ્રકાશ ઉત્તર ધ્રુવ તરફ દેખાય છે તે અને વિદ્યુત્શક્તિ એ બંનેને સદરહુ ડાઘ સાથે કંઈક સંબંધ છે એવું દેખવામાં આવ્યું છે. જે વર્ષે ડાઘ બહુ દેખાય છે તે વખતે વિદ્યુત–યંત્રો અને લોહચુંબક એ બંનેને બહુ જ ઉપાધિ થાય છે. ઈ સ. ૧૮૯૧–૯૨માં પુષ્કળ ડાઘોને લીધે તારા-યંત્રનું કામ અટકી પડયું એવું અનુભવમાં આવ્યું છે અક્ષાસ સૂર્યપ્રદક્ષિણ વખતે વર્ષુલેખક દૂરબીનથી સૂર્યના તેજોગોળની આસપાસ અનેક ચમત્કાર દેખાય છે. તેજોગોળની આસપાસ પહેલું એક આવરણ છે. તે આવરણ તેજોમય છે તેનો પૃષ્ઠભાગ ઊંચોનીચો દેખાય છે. તે ભાગ કરવતના દાંતા જેવો જણાય છે કરવતના દાંતા એક સરખા હોય છે, તેટલું નિયમિત તે આવરણ નથી હોતું. આપણે તેને કણકાવરણ કહીએ. તેમાં બે થર છે નીચેનો થર સૂર્યબિંબથી સુમારે એક બે વિકળા છે અને ઉપરનો થર સુમારે દશપંદર વિકળા છે, અર્થાત્ માહલાની ઊંચાઈ શુમારે પાંચસે છસે માઈલ છે અને બાહલાની સુમારે બે હજારથી સાત હજાર માઈલ પર્યંત છે આ આવરણપ્રભાથી વચલા ભાગમાંથી લાલ અથવા ગુલાબી રંગની જ્વાળા બહાર આવે છે. આ જ્વાળાઓ કોઈ કોઈ વાર થોડી છે અને કોઈ કોઈ વાર વધારે હોય છે. સૂર્ય ઉપર ડાઘ નથી હોતા તે વખતે આ જ્વાળાઓ પણ ભાગ્યે જ હોતી નથી. આ જ્વાળાઓને આપણે તેજ:શૃંગ અથવા શૃંગ કહીએ. તેજોગોળથી તે કોઈ કોઈ વાર પાંચસે માઈલ ઊંચા હોય છે અને કોઈ કોઈ વાર એક લાખ માઇલ ઊંચે જાય છે. કણકાવરણની આસપાસ ઝગઝગતું પ્રકાશમંડળ હોય છે તેનું કિરીટ એટલે મુગટ અર્થને સાર્થવનાર કોરોના એવું અંગ્રેજી નામ છે. આ મંડળ તેજોગોળની આસપાસ સર્વત્ર હોય છે. આને આપણે પ્રભાકિરીટમંડળ અથવા પ્રભામંડલ કહીશું આમાં કોઈ કોઈ વાર બે ભાગ દેખાય છે: એક માહલો અને બીજા બાહલો માહલો ભાગ વિશેષ તેજસ્વી હોય છે. પ્રભામંડલ કેટલીકવાર તદ્દન સાદડુ દેખાય છે. કેટલીકવાર તે ચોડીક કળા પહોળું દેખાય છે અને કેટલીકવાર તે બિંબના જેટલું જ બહાર પ્રસરેલું હોય છે. સૂર્ય ઉપર ડાઘ થોડા હોય છે ત્યારે તો તે તદ્દન નાનું હોય છે. ડાઘ બહુ જ હોય છે ત્યારે તે બહુ જ પહોળું થાય છે. બિંબનો વ્યાસ સુમારે આઠ લાખ આઠ હજાર માઈલ છે. પ્રભામંડલ પોણા લાખથી સોળ લાખ માઈલ પર્યંત પહોળું હોય છે, એટલે કે તેજોગોળની ઉપર તે એટલું ઊંચું હોય છે. બ્રમાસ સૂર્યગ્રહણની વખતે પ્રભામંડળ કોઈ કોઈ વાર નરી આંખે પણ દેખાય છે, એવું દૂરબીનની શોધ થયા પહેલાંનાં બ્રમાસ ગ્રહણનાં વર્ણનો ઉપરથી દેખાય છે. તે ગ્રહણ જોનારાઓને તેનું સ્વરૂપ અને કારણ જાણમાં ન હતાં પરંતુ દૂરબાનથી તેનું સ્વરૂપ સ્પષ્ટ દેખાવાથી આગળનાં વર્ણનો આ પ્રભામંડળનાં જ છે એવું સિદ્ધ થયું. સૂર્યગ્રહણમાં ચંદ્રબિંબના યોગથી સૂર્યનું આચ્છાદન થતે થતે પૂર્ણ આચ્છાદન થાય છે કે તરત જ બિંબની આસપાસ વિલક્ષણ પ્રભામંડળ કેટલીએક મિનિટ દેખાય છે. બિંબની નજીકના ભાગ બહુ તેજસ્વી હોય છે તે સહેજસાજ ખુલ્લો લાલ હોય છે. તેની બહાર આછો પીળો અગર મોતીના તેજ જેવો રંગ દેખાય છે. મંડળનો સુમારે અર્ધો ભાગ સાધારણ તેજસ્વી દેખાય છે. તેનું બાહલ્ય તેજ ઝાંખું થવા માંડે છે અને છેવટે તે તદ્દન ફીકું દેખાય છે. આ રંગ સર્વદા એક સરખા નથી હોતા. આ તફાવતના પરથી એમ દેખાયું છે કે, પ્રભામંડળ તદ્દન ગોળ હોય છે એવો નિયમ નથી. કોઈ કોઈવાર તેનો આકાર અનિયમિત હોય છે કોઈ વાર આરે બાજુએ તેના ખૂણા બંધાયેલા હોય છે. સુમારે બસો વર્ષ પહેલાના એક ગ્રહણમાં તેજ:શૃંગ દેખાવાનો ઉલ્લેખ છે. પરંતુ તે તરફ જ્યોતિષીનું વિશેષ લક્ષ જાગવાને તો સુમારે એક સૈકો જ થયો છે અને કણકાવરણની વિશેષ શોધ તો ગયા વીસ વર્ષમા જ થઈ છે. સૂર્ય ઉપર પ્રભામંડળ અને તેજ:શૃંગો શાને લીધે ઉત્પન્ન થાય છે, આ મંડળ શૃંગો અને કણકાવરણ એ સર્વેની શરીર બંધના કેવી છે અને આ સર્વેના અંતર્ભાગમાં રહેનાર સાક્ષાત્ સૂર્ય એ પદાર્થ છે, વળી તેનાં ઉપર ડાઘ શા માટે દેખાય છે, એ બધું સમજવાને માટે હાલમાં જ્યોતિષીઓના પ્રયત્નો ચાલુ છે. ગેલીલીયો, હર્શલ હ્યુગ્દિ નામાંકિત જ્યોતિષીઓના સ્વપ્નમાં પણ નહોતું આવ્યું એવી શોધો હાલમા કરવામાં આવે છે તથાપિ સૂર્યપ્રકૃતિ એટલી અગમ્ય છે કે, તેના સંબંધી હાલ હજી સુધી બાલ્યાવસ્થામાં જ છે. અનેક વર્ષો સુધી અનેકના પ્રયત્નો ચાલુ રહી હજારો શોધ થઈ તે સર્વેનો વિચાર થશે તે વખતે સૂર્યની બંધના સમજાય તો સમજાય. તથાપિ હાલમાં જાણેલી બાબતો આશ્ચર્ય કરે એવી છે. પ્રભામંડલને સૂર્યનું વાતાવરણ નથી એ નિર્વિવાદ સિદ્ધ થયું છે. તેનાં કારણ આ છે: સૂર્યપૃષ્ઠ ઉપર આકર્ષણ શક્તિ પૃથ્વીની આકર્ષણ શક્તિ કરતાં અઠ્ઠાવીસ

બગડી છે પૃથ્વી ઉપર જે પદાર્થ એકે ગેર થાય છે તે પદાર્થ સૂર્ય ઉપર ગુમારે અઠ્ઠાવીશ ટકા થાય. વા.વરણમ. ઉપરના ભાગનું દળ.બ્ધ નીચેના ભાગ ઉપર ભૂમિતિ. પ્રમાણસર વધતુ જાય છે. તદ્દન હલકો વાયુ હાઇડ્રોજન તેનુ પણ પણ જો વાતાવરણ હોય નો આ આટલા મોટા દળાને લીધે તે વાયુ તળિયેથી બહુ જ મોડો થવો જોઈએ પરંતુ પ્રભામંડલમા એવી ઘનતા મૂલ્ય નથી અને ૧૮૪૩નો ધૂમકેતુ તેમા થઈને ગયો ત્યારે તેના ઉપર તેનુ ખાસ. કાંઈ પણ થયુ ન હોતું તે પ્રભામંડલ તદ્દન વિરલ વાળુ છે આ ઉપરથી પ્રભા.મંડલનું વા.તાવરણ નથી. તેની શરીર બંધના સબધી એવુ અનુમાન છે કે, સૂર્યની અતિ ઉષ્ણતાને લીધે વરાળ રૂપે થયેલાં દ્રવ્ય-પરમાણુનુ તે અનેલુ છે-તે પરમાણુ પરસ્પર જોડાયેલાં નથી તેમના કેટલા.ક સ્વયંપ્રકાશી હોય છે તે કેટલાંક સૂર્યના પ્રકાશથી પ્રકા.શે છે. પ્રભા.મંડલમાં એકે સ્તરનો ફેરફાર થયા કરે છે એવુ દેખા.ય છે. આ ઉપરથી તેનાં પરમાણુ સર્વકાળ એકે ઠેકાણે નથી હોતાં એમ દેખાય છે. આ પરમાણુ સૂર્યપૃથ્વી કેટલા ઊંચાં કેવી રીતે રહે છે એ શંકા છે. એ વિષે બહુ અનુમાન છે પહેલું આ કે, આ પરમાણુ તેજોગોળામાંથી ઝપાટાબંધ બહાર પડે છે અને ઊંચે જઈ પાછાં ગોળ ઉપર પડે છે. આ ઉત્તર સ્વીકારતાં બાધ એ આવે છે કે, દર સકડે બસો માઈલ જેટલો વેગ તે પરમાણુઓમા આવે એટલા જોરથી તેજોગોળના સર્વભાગમાંથી સર્વકાળને પરમાણુઓ બહાર જતાં હોવાં જોઈએ એમ માનવું પડે છે બીજું અનુમાન આવું છે કે, સૂર્યમાંથી બહાર પડેલાં પરમાણુ વિદ્યુતશક્તિને જોરે થોડી વાર ઊંચે રહે છે. ત્રીજું અનુમાન આવુ છે કે, સૂર્ય આસપાસ ફરતા અતિ સૂક્ષ્મ ઉલ્કાઓના સમુદાયોનું આ પ્રભા.મંડલ બનેલુ છે પ્રભા.મંડલની અંદર કૃષ્ણ.વરણ છે. આ સૂર્યનુ વાતાવરણ છે. એમા તદ્દન હાઇડ્રોજન છે. જેમ જેમ અંદર જઈએ તેમ તેમ અનેક ધાતુઓ વરાળ રૂપે છે. તળિયા.થી આ આવરણની ઘનતા બહુ જ છે અને સૂર્યના તેજોગોળમાંથી નીકળનાર કિરણોનો તો બા.ધ થાય છે, એટલે કે કેટલાંક કિરણો તેઓ ગળી જાય છે હાઇડ્રોજન, સોડિયમ, લોખંડ, મેગ્નેશિયા, બેરિયમ, તાબુ, જસત, ક્રમાલ્શિયા, ક્રોમિયમ, નિકલ, ટીટેનિયમ, કોબોલ્ટ, મેંગેનીઝ-આ સર્વ તત્ત્વો કૃષ્ણાવરણમા છે. સોનુ પણ તેમાં હશે એમ સંભવિત છે તે ઉપરાંત પૃથ્વી ઉપર જેની માફિની નથી એવા પણ કેટલાક પદાર્થો છે. આ સર્વ અતિ ઉષ્ણ વરાળની સ્થિતિમાં છે આમાં ધાતુઓ મુખ્ય કરીને નીચેના થરમાં છે અને વાયુ મુખ્ય કરીને ઉપર છે રૂપી કૃષ્ણાવરણ ઉપર પુષ્કળ ઊંચાઈ ઉપર હોય છે. પ્રભામંડલનો વર્ણલેખ ફક્ત સૂર્ય કલમા જ મળ્યા નીકળે છે. એ સિવાય બીજા કોઈ રીતે પ્રભામંડલ સ્પષ્ટ નીકળી શકતું નથી પરંતુ પ્રભામડલ કરતાં રાંગો તેજસ્વી અને ઉષ્ણ હોવાના કારણે તેમાંનો વર્ણલેખ સૂર્ય પ્રકાશેલો હોય તે છતાં પણ નીકળે છે. આ રાંગો બે પ્રકારનાં છે. કોઈ વાદળાં માફક તરતા હોય છે પરંતુ કોઈ પણ પદાર્થ ખેંચીને પકડી શકે તેવું વાતાવરણ રાંગો છે ને પ્રદેશમાં નથી. આને લીધે પ્રભામડલનું દળ ઊંચે કેવી રીતે રહે છે એ કહેવું જેવુ કઠણ છે તેવું જ આ રાંગો સંબંધમાં છે તેમાંનાં કેટલાક રાંગો તો એક જગાએ બહુવાર સ્થિર રહે છે, તેને લીધે પ્રભામડલ અવલબી રહેવા સંબંધી પ્રશ્નો ખાસ પડતાં નથી. માત્ર ત્રીજું સમજવા લાગ પડે છે બીજા પ્રકારનાં રાંગો ઉદ્ગમનથી થાય છે કૃષ્ણાવરણમાંથી મોટા ઝપાટાથી હાઇડ્રોજન અને મેગ્નેશિયમ બહાર પડે છે. તેનો વેગ દર સેકડે દોઢસો માઈલ પર્યંત હોય છે. આ ઉદ્ગમન કેટલીએક ઘડીઓ સુધી અને કોઈ કોઈ વાર કેટલાએક દિવસ સુધી એક સરખું ચાલ્યા કરે છે. આ પદાર્થોની વરાળ હજારો માઈલ પથરાય છે અને ઘણી પાછી તેજોગોળ ઉપર આવીને પડે છે સૂર્યપૃષ્ઠ ઉપર કૃષ્ણાવરણમાં જુદા જુદા આપાર ઘણા વેગથી ચાલે છે આપણને પ્રકાશ અને ઉષ્ણતા મળે છે. તે સૂર્યના તેજોગોળમાંથી મળે છે. દ્રવબિંદુના મધ્યમાંથી પ્રકાશ અને ઉષ્ણતાનાં અગીભૂત બહુ થાય છે મધ્યબિંદુમાંથી ઉષ્ણતા જેટલી નીકળે છે તેનાથી અર્ધી ઉષ્ણતા તેની કોરના ભાગમાંથી નીકળે છે. પ્રકાશ રામારે તૃતીયાંશ નીકળે છે અને રામાયણિક કિરણો અષ્ટમાંશ બહાર પાડે છે. સૂર્યની આસપાસ જે આવરણ છે તેમાં ઉષ્ણતા અને પ્રકાશનું ગળી જવુ થાય છે. તેજોગોળમાંથી જેટલાં કિરણ બહાર પડે છે તેમાંના રામારે અર્ધોઅર્ધ કૃષ્ણાવરણમાં ચૂમ થઈ જાય છે જો આ આવરણ ન હોય તો સૂર્ય હાલ છે તે કરતાં રામારે ભભકો ગરમ અને ભભકો તેજસ્વી હોત અને તે આંખને અધિક સ્વચ્છ નીલવર્ણો દેખાતો હોત. સૂર્યબિંબ ઉપર ડાઘા દેખાય છે તે મુખ્ય કરીને વિષુવવૃત્તની બે બાજુએ સૂર્યના ત્રીજાચોથ અંશ પર્યંત દેખાય છે. તેની પેલીપાર જે ડાઘ દેખાય છે તે ઝાંખા દેખાય છે. આ ડાઘ કેવી રીતે ઉત્પન્ન થયા તે વિષયમાં હજુ સુધી કોઈ સિદ્ધાંત નિશ્ચિત થયો નથી સૂર્ય ઉપર જે વિલક્ષણ ઊથલપાથલ ચાલેલી હોય છે તેનું કારણ તેજોગોળમાંના દ્રવ્યોની અત્યંત ઉષ્ણતા અને રસાયન પ્રીતિને લીધે સયોગ પામવાનું તેઓનુ વલણ છે. ડાઘ વિષે સેચ્ચી નામે નામાંકિત વેધકરાજ જ્યોતિષીનો મત આ પ્રમાણે છે: હાઇડ્રોજન મેગ્નેશિયમ, સોડિયમ એ સર્વની અતિ ઉષ્ણ વરાળ તેજોગોળમાંથી બહાર નીકળી ઊંચે આવે છે. તેના બંધમાં પ્રકાશ કિરણને ગળી જવાનો ગુણ છે. તેને લીધે તેજોગોળ અને આપણી આંખ એ બે વચ્ચે જ્યારે તે એક જગાએ સજ્જડ બનેલ છે ત્યારે તે વરાળ તે કિરણોને આપણા તરફ આવવા દેતી નથી અને લીધે તે ઠેકાણે બિંબ ઉપર આપણને ડાઘ દેખાય છે. બીજા જ્યોતિષીઓના મત પ્રમાણે કિરણનિગિરણ ઓટલે કે કિરણને ગળી જવાની ક્રિયા એ જ ડાઘનું મુખ્ય કારણ છે તેજોગોળની ઘટના કેવી છે તે સબંધમાં બે મત છે. તેનો ઉપલો ભાગ ઘન હોવો જોઈએ અને પ્રકાશ તથા ઉષ્ણતા તેમાંથી આવતાં હોવાં જોઈએ એવો સંભવ દેખાય છે. આ ઘન દ્રવ્યની જાડાઈ લગભગ ચાર હજાર માઈલ હોવી જોઈએ. આ તેજોગોળનો બહારનો ભાગ ઘન ન હોય તો તેનો પૃષ્ઠભાગ સર્વકાળ એકસરખો સપાટ દેખાય નહિ. તે વાયુરૂપી છે એવો કેટલાકનો મત છે. પરંતુ જો તેમ હોય તો વેગથી બહાર પડનાર રાંગો ઉપર અને છે તેમ તેમાં પણ મોજાં ઊછળીને તેની સપાટી ભાંગી જાએ. પરંતુ તે કદી ભાંગતી નથી. આ દ્રવ્ય પૃથ્વીના પૃષ્ઠભાગ જેટલું ઘન હોય એવું નથી. તેની અંદર પદાર્થો અતિ ઉષ્ણ વાયુરૂપ સ્થિતિમાં છે: તેના ઉપર દ્રવ્યનાં ઘન પરમાણુઓ તરતાં હશે અને આવા પરમાણુઓનુ આ દ્રવ્ય બન્યુ હશે તેથી કરીને તેની સપાટી ભાગતી નથી આવો સાધારણ મત છે તેજોગોળનો આ જે ઉપલો થર છે તેમા સર્વ દ્રવ્યો વાયુની અવસ્થામાં છે આ અંદરના ભાગ ઉપર ઘણું બધું દબાણ છે કે, તેની ઘનતા પ્રમાણી પદાર્થ જેટલી છે તો પણ ત્યાં ઉષ્ણતા અતિશય હોવાથી તેમાના સર્વ દ્રવ્યો રસાયન સયોગ ન પામતાં વાયુરૂપ સ્થિતિમા છે તજ્જોગોળની ઉષ્ણતાની ગણના કરવી કઠણ છે તે સુમારે બે કોટિ અંશ હોવી જોઈએ જર્મન ડો ખૂનો લેગે સ્વતંત્ર રીત તે બાબતમાંતે શોધ કરી છે કે, સૂર્યનાં કિરણથી રોશની ને વાદન ચલાવી શકારો તેની આ શોધના સાધનો સાવ સાદા છે. કપુપ્રસ ઓક્સાઇડનું મિશ્રણ

પાતળા તાંબાના પતરા ઉપર પાયરી તેને બને તારના છેડા લગાડી દેવામાં આવે છે ને પછી તે ઉપર સૂર્યકિરણ નાખતા એક દીવો થાય અથવા એક મોટર ચાલે એટલો વીજળિક પ્રવાહ ચાલે છે સૂર્યનો વ્યાસ ૮,૬૫,૦૦૦ માઈલ છે. સૂર્યના જો ૧૦,૦૦,૦૦૦ ભાગ પાડવામાં આવે તો દરેક ભાગ પૃથ્વી કરતાં મોટો થશે પણ આ દરેક ભાગ પૃથ્વી જેટલો વજનમાં હશે નહિ. આપણી પૃથ્વીની ઘનતા વિશેષ છે, કેમકે, સૂર્યમાં ઘણો ભાગ વાયુરૂપ છે. સૂર્યની ગરમી આપણા ઉષ્ણતામાપક યંત્રના શબ્દમાં દશ હજારથી પદર હજાર અંશ જેટલી છે ઈ. સ. ૧૬૧૦માં ગેલીલીઓએ શોધી કાઢયુ કે, સૂર્યની સપાટી ઉપર કાળા ડાઘા છે આ કાળા ડાઘાઓ હમેશા તેઓની જગા બદલતા હતા. આ ડાઘ ઓ જેમ સૂર્યની બાજુ ઉપર જાય તેમ નાના દેખાય છે. સૂર્ય પોતાની ધરી ઉપર ફરે છે. એક વખત સપૂર્ણ ફરવાને માટે લગભગ ૨૪ કે ૨૫ દિવસ થાય છે એટલે કે, પૃથ્વીને ધરી ઉપર ફરવાને ૨૪ કલાક લાગે છે ત્યારે સૂર્યને ૨૪ થી ૨૫ દિવસ લાગે છે. જે દિશા તરફ સૂર્ય ફરે છે તે એક જ દિશા તરફ આ ડાઘાઓ જાય છે. એક ડાઘાને સૂર્યના એક છેડાથી બીજા છેડા સુધી પહોચતા લગભગ બાર કે તેર દિવસ લાગે છે. આ ડાઘા જુદી જુદી ઝડપે ચાલ છે. આ કાળા ડાઘાઓ ફરતા વાયુના છે કે જે સૂર્યના ઊંડા ભાગમાંથી આવે છે. આ ડાઘાઓ એવડા મોટા હોય છે કે, આપણા જેવા બે પૃથ્વી તેની અંદર સહેલાઈથી સમાઈ શકે. સૂર્યના ડાઘાઓ અને પૃથ્વા ઉપર બનતા બનાવ વચ્ચ કર્ષક સબધ હોય છે. પૃથ્વીનુ આકર્ષણપણુ અને પૃથ્વા ઉપરની ચુબકીય શોધની ગતિ આ ડાઘાઓની જાત સાથે સબધ રાખ છે. આ ડાઘાઓ કદ અને સખ્યામા દર વરસે બદલામા કરે છે છેલ્લા ત્રણસો વરસના અવલોકન પછી માલૂમ પડયું છે કે, આ ડાઘાઓમાં નિયમિત વધઘટ થયા કરે છે. દર અગિયાર વરસે ડાઘાઓની સંખ્યા અને કદ સરખા માલૂમ પડે છે. આ નિયમિત વધઘટ શા માટે થાય છે તે હજુ સુધી માલૂમ પડયુ નથી. આ ઉપરાત સૂર્યમા સર્વોન્નત જ્વાલા પણ હોય છે. સર્વોન્નત જ્વાલા તેના રતાશ પડતા રંગ માટે જાણીતી છે. આ સર્વોન્નત જ્વાલાઓ સાધારણ દૃષ્ટિએ દેખાતી નથી પરંતુ ગ્રહણ વખતે જોઈ શકાય છે. આ સર્વોન્નત જ્વાલા મોટા ભડકાઓ હોય છે અને ભડકાઓની પેઠે તેઓ ઝગઝગાટ માર્યા કરે છે. આવો એક ભડકો પૃથ્વીના વ્યાસ કરતાં દશગણો લાબાઈમા હોય છે. આ ઉપરથી એમ સાબિત થયું છે કે, સૂર્યની સપાટી શાંત નથી, પરંતુ નિરંતર તોફાનોથી ભરપૂર છે. સૂર્યની આસપાસ ભડકાના કુંડાળાને તેજમડલ કહે છે. આપણે જાણીએ છીએ કે, સૂર્ય સુહાત બધા તારાઓ ધીમે ધીમે ફરતા જાય છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ બહારના રાસાયનિક પદાર્થોમાં ફેરફાર થાય છે. આ ફેરફાર સાથે તેના તેજમાં પણ ફેર પડે છે. સૌથી પ્રથમ તારો તદ્દન સ્વેદ પ્રકાશ આપે છે. ત્યારપછીની અવસ્થામાં આપણા સૂર્યની માફક સહેજ પીળાશ પડતું તેજ આપે છે અને તેનાથી પણ વિશેષ ઠરવાથી રતાશ પડતું તેજ આપે છે. સૂર્ય પણ વરસો અગાઉ શરૂઆતમાં બહુ જ વિસ્તૃત હતો ત્યારપછી ધીમે ધીમે શીત થવાથી પ્રમાણમાં ઘન થતો જાય છે આધુનિક વિજ્ઞાન મુજબ આપણા સૂર્ય ઉપર તેજસ્વિત દેખાય છે તે બધુ કરી હાઇડ્રોજન વાયુના ઉદ્ગમથી થાય છે. આપણા સૂર્ય અને તારા બનેની શરીર બટના સામાન્ય રીતે સરખી જ હોય છે. સૂર્ય ઉપર શુમારે દર ૧૧ વર્ષે બહુ ડાઘ દેખાય છે. તે વખતે સૂર્ય એ બીજા કઈ જ નહિ પણ આટલા ચોક્કસ કાળમા નિયમિત રૂપ વિકાર પામનાર એક તારો જ છે. આ વિકાર બહુ જ થોડો, છતાં કાંઈ પણ છે ખરો બીજા તારા પ્રમાણે આપણા સૂર્યને પણ ગતિ છે. સીરી નામે પુજમાં એક બિંદુ તરફ તે સપડ્યિાર ચાલ્યો છે. આ ગતિ બહુ જ થોડી એટલે ૧૦૦ વર્ષમાં શુમારે ૩૪ વિકલા છે. દર સેકડે તે ૩૪ માઈલ જાય છે એવો કોઈ કોર્ષનો મત છે. કોઈ કોલના મતે એની ગતિ આના કરતાં વધ રે ઝડપ વાળી છે. પૃથ્વીના પેટામાથી ૧૨ સાલ ૬૪ ક ટિલ્લા ટન કોલસા નીકળે છે. આ સર્વ કોલસા સૂર્ય ઉપર પાયરી સગાવાયાએ ત્યારે જેટલી ઉષ્ણતા ઉત્પન્ન થાય તેની ચાર કોટિ પટ ઉષ્ણતા દર સેકડે સૂર્ય બહાર પાડે છે આમાંનો શુમારે સવા બે અબજાંશ ભાગ પૃથ્વીને મળે છે અને સર્વ ગ્રહોને મળીને સાડી બાવીશ કોટિ અરા ભાગ મળે છે. બાકીની સર્વ ઉષ્ણતા આકાશમા નકામી જાય છે. દ્રવ્ય અને શક્તિ શન્યમાંથી ઉત્પન્ન થઈ શકતાં નથી અને તેજ પ્રમાણે તેમનો લય પણ થતો નથી એવો હાલના ભૌતિક શાસ્ત્રનો સિદ્ધાત છે એટલે કે, સૂર્યમાં આપોઆપ ઉષ્ણતા ઉત્પન્ન થતી નથી. તેની જે ઉષ્ણતા ચાલી જાય છે તે કોઈ પણ રૂપે તેને પાછી મળવા વગર અરીભવન સતત ચાલવાનુ નહિ. અરીભવન સીધી લીટામા થાય છે સૂર્યમાથી ઉષ્ણતા જાય છે તે તેની પાસે પાછી આવતી નથી તેમ જતું હોત તો રાત્રે સૂર્યની બિલકુલ દિશામાંથી ઉષ્ણતા આપણને મળતી હોત પણ તેવો અનુભવ નથી. અરીભવનથી જનારી ઉષ્ણતા નષ્ટ થતી નથી ત્યારે તે આકાશમાં સીધી લીટીઓમા આગળ જતી હોવી જોઈએ. ઈથર શક્તિથી તે કાળાંતરે સૂર્યને મળનારી હોય તો કોણ જાણે, હાલમા તો તે મળતી નથી. તો પછી સૂર્ય પાસેથી હાલમાં જે અતર્ધ્ય ઉષ્ણતા બહાર પડે છે તે બદલ તેને ઠંડક મળે છે કે કેમ એ મોટી વિચારવા જેવી બાબત છે આકુચન મત પ્રમાણે વાયુરૂપ ગોળાના આકુચનને મર્યાદા છે કેટલાક કાળે સૂર્ય દ્રવ્યરૂપે થશે અને ત્યારે આકુચન બધ થશે. ત્યારથી તેની ઉષ્ણતાના સમમમાં ભરાવો ન થતાં તે ઓછી થવા માંડશે. પૃથ્વી ઉપરના પ્રાણી આદિના પોષણ થવાને પૂરતી ઉષ્ણતા બહુ તો બીજા એક કોટિ વર્ષ બહાર પડશે. અરીભવન ક્રમે થશે તેમ તેમ કાર્બનથી ઉત્પન્ન થયેલા સયુક્ત વાયુ સૂર્ય આસપાસ જામવા લાગશે જેવો તે અતિશય જામશે ત્યારે કિરણ નિમિત્તન પુષ્કળ થવા માંડશે અને છેવટે અપ્રકાશિત થશે તેના જ ઉપર પૃથ્વી પ્રમાણે કવચ બનશે અને તેની આસપાસથી બીજા ગોળાઓને ઉષ્ણતા મળતી બધ થઈ જશે. કેટલાક તારા આવા થયેલ છે સૂર્ય પૃથ્વીથી એટલે દૂર છે કે, જો દુનિયાની સૌથી ઝડપવાળી આગગાડી ત્યાં જવા સીધી ઊપડે તો તેને રાત અને દિવસ મુસાફરી કરતાં ૧૭૫ વર્ષ લાગે કેનોપસ નામનો તારો સૂર્યનાં કરતાં ૨૨,૦૦૦ ગણો પ્રકાશિત છે. સૂર્યનાં એકસો આઠ નામ આ પ્રમાણે છેઃ સૂર્ય, અર્યમા, ભગ, ત્વષ્ટા, પૂષા, અર્ક, સવિતા, રવિ, ગભસ્તિમાન, કાલ, મૃત્યુ, ધાતા, પ્રભાકર, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, જનક, ચદ્ર, મગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, ઇંદ્ર, વિવસ્વાન, દીપ્તાંશુ, શુચિ, કૃષ્ણ, પદ્મા, વિષ્ણુ, રુદ્ર, સ્કદ, વરુણ, યમ, વિદ્યુત જઠરાગ્નિ ઔષધ, તેજસ્પતિ, ધર્મધ્વજ, વેદકર્તા, વેદાગ, વેદવાહન, સત્યપુત્ર, ત્રેતા, દ્વાપર, કળાયુત્ર, ધર્માશ્રયી, કર્તા, દ્રષ્ટા, હર્ત્તા, મુહૂર્ત, પ્રહર, દિવસ, રાત્રી, કાળચક્ર, વિભાવસુ, પુરુષ, શાશ્વત, યોગી, વ્યક્ત, અવ્યક્ત, સનાતન, કાલાધ્યક્ષ, પ્રજાધ્યક્ષ, વિશ્વકર્મા, તમોનુદ, જળ, સાગર, અંશ, જીમૂત, જીવન, અરિહા, ભૂતાશ્રય, ભૂતપતિ, સર્વલોક, નમસ્કૃત, સ્રષ્ટા, સવર્તક, વહ્નિ, સર્વરસાદિ, અલોલુપ, અનત, કપિલ, ભાનુ, કામદ, સર્વતોમુખ, જય, વિશાલ, વરદ, સર્વધાતુ, નિર્યન્ત્રિત, મન-સુપર્ણ, અહકાર, શિધુગ, પ્રાણધારક, ધન્વતરી, ધૂમકેતુ, આદિદેવ, આદિતેજ, દ્વાદશાત્મા અરવિંદાસ,

સર્વપિતા, સ્વયંદ્વાર, પ્રત્યક્ષદ્વાર, મોક્ષદ્વાર અને કરુણાન્વિત

સત્ય સૂર્યની પેઠે જે તપાવે પ્રાણ ક્રિયાઓ,
સૂર્ય સત્ય અભાવે જે સૃષ્ટિનો નાશ થાય છે
ગ.ગીતા

ઊગતા સૂર્યને પૂજવો = આવતા અધિકારીની પૂજા કરવી.

૮. પું. (જૈન) જ્યોતિર્વનિકાયનો પ્રાચ્ય માહેનો એક ઇંદ્ર

૯. પું. દનુપુત્ર એક રાક્ષસ

૧૦. પું. બાર સૂચક એક સાંકેતિક શબ્દ, ક્રમકે, વાસ્તવિક રીતે તે બાર છે.

૧૧. પુ. વિષ્ણુનાં દશાવતાર માહેનુ એક નામ.

૧૨. પું. શરીર માહેની પિંગલા નામની નાડીનો દેવ.

૧૩ પુ. શિવનાં દશાવતાર માહેનુ એક નામ.

૧૪. પું હંસ

૧૫. સ્ત્રી. એક પ્રકારની સેના

પછી રઘુરાજા ઔક્ષ્ય, ક્ષત્ર, **સૂર્ય**, સોમ, દ્વિપદ અને આટવીક એમ ૭ પ્રકારની સેના લઈ દિગ્વિજય કરવા નીકળ્યો. ચરિત્રચંદ્રિકા

૧૬. સ્ત્રી; ન. એકસો આઠ માહેનુ એક ઉપનિષદ

૧૭. ન. (શિલ્પ) એક જાતનુ દ્વિશાળ ઘર.

જે દ્વિશાળ ઘરની ડાબી તરફ એક અલિંદ અથવા લઘુ હોય, મુખ આગળ ત્રણ લઘુ હોય અને જમણી તરફ એક લઘુ હોય તે **સૂર્ય** નામે ઘર કહેવાય. સુત્રધારવાસ્તુરાજ

૧૮. ન. શીંગમાંથી બનાવેલ વાદ્ય.

૧૯. વિ. તેજસ્વી.

સૂર્યકન્યા [સં.] સ્ત્રી. યમુના.

સૂર્યકમલ [સં.] ન. એક ફૂલઝાડ.

સૂર્યકમળ સ્ત્રી. એ નામની શ્વેત અને ગુલાબી પુષ્પોથી ઓપતી કાશ્મીરની એક જાતની વનસ્પતિ; જળકમળ. આ ઔષધિનાં મૂળ, પાન, દાંડી, ફૂલ અને ગાઠ સુદાં ઉપયોગી છે. કાશ્મીરની વનસ્પતિ જળકમળ અથવા સૂર્યકમળ ભારતના ગરમ પ્રદેશો, ઈરાન અને ઓસ્ટ્રેલિઅમાં નજરે ચડે છે. આ વનસ્પતિનો આયુર્વેદ તેમ જ યૂનાની હકીમોએ એક અગત્યના ઔષધ તરીકે સ્વીકાર કર્યો છે જળકમળને શ્વેત તથા ગુલાબી રંગનાં પુષ્પો આવે છે આ ઔષધિ અનેક જાતનાં દર્દો ઉપર રામબાણ ઔષધ તરીકે સદીઓ થયાં વપરાતી આવી છે. આ ઔષધિના મિશ્રણથી બીજી અનેક દવાઓ તૈયાર થાય છે. આ ઔષધિનાં મૂળનો ઉપયોગ કફ ઉપર થાય છે. કાળજાના બારેપણાને પણ તે દૂર કરે છે અને આખા શરીરને ઠંડક આપવાનો તેનામાં મોટો ગુણ રહ્યો છે. આ ઔષધિની દાંડીઓ ઝેરની થતી અટકાવવા માટે ઉપયોગી છે લોહીનો ભરાવ દૂર કરવા માટે તે અચૂક ઔષધ છે અને ઘણી વખત પથરી તથા કોઢના રોગ ઉપર તે કામચલાઉ પુરવાર થઈ છે. તેના પાનનો ઉપયોગ આયુર્વેદે અર્ધ અને શરીરમાં થતી બળતરા મટાડવા માટે ઉપયોગી વર્ણવ્યો છે. તેનાં ફૂલ ખોટી ગરમીને હટાવી શરીરને ઠંડક આપે છે. લોહી સુધારવા માટે પણ તે એક અનોખ ઔષધ છે. ચામડી ઉપર પડતા ચાઠાં અને ચામડીનાં બીજા દરદો દૂર કરવા માટે તેની ઉપયોગિતા સાબિત થઈ છે. ઝેર ઉતારવા માટે ઘણા વૈદ્યો તેનો શ્રદ્ધાપૂર્વક ઉપયોગ કરે છે. આંખનાં દર્દો માટેના તેના ઉપચાર જાણીતા છે. કોઢ પરાગ ધાતુવિકાર માટે પણ ઉપયોગી છે. તે કફ અને પિત્તના રોગોને દૂર કરે છે અને મોઢામાં પડેલા ચાઠાં સહેલાઈથી મટાડે છે. સોજા દૂર કરવામાં પણ તે ઘણુ ઉપયોગી છે અને અર્શાશયને નિયત રીતે ઉપયોગી રાખવા માટે પણ તેને સારું માનવામાં આવે છે. તેનાં ફૂલ મોઢામાથી નીકળતી દુર્ગંધ દૂર કરવા અને લોહી સુધારવા માટે ઉપયોગમા લેવાય છે. તેનાં બીજ અસર્ભા ઓઓ માટે ઘણા ઉપયોગી છે. તે ધાતુવર્ધક છે અને અગ્નિના રોગોમાં પણ અસરકારક છે શરીરની શક્તિ વધારવાની અચૂક શક્તિ તેનાં બીજમાં રહી છે. તેનુ મધ આંખના રોગમા વપરાય છે અને શક્તિ માટે ઘણુ ઉપયોગી છે યૂનાની તબીબો તેના મૂળને શીતળાનાં પડેલાં ચાઠાં દૂર કરવા, ચામડીનો કોઢ નાબૂદ કરવા, ફેફસાંનાં દર્દો મટાડવા અને જૂના રોગોને નાબૂદ કરવા માટે ખૂબ ઉપયોગી માને છે. જળકમળનાં સફેદ ફૂલ મગજ અને હૃદયના રોગો માટે શક્તિવર્ધક છે યૂનાની તબીબો તે ફૂલને આંખના રોગો અને બાસ કરીને વહેતા અશ્રુ નિવારવા માટે ઉપયોગમાં લે છે સગર્ભાના રોગો ઉપર તે રામબાણ ઔષધ તરીકે વપરાય છે અને શરીરના અંદરના ભાગમાં થયેલી ઈજા દૂર કરવા માટે પણ તેનો ઉપયોગ જાણીતો છે તેનાં ફળો અતિસાર અને કોલેરામાં સફળ પ્રયોગ તરીકે વપરાય છે તથા તે કાળજાના રોગો ઉપર ઉપયોગી હોવાની હકીકત પણ મળે છે હૃદયના દર્દોમાં આ ફૂલ શક્તિવર્ધક તરીકે ઓળખાયું છે. નાનાં બાળકો માટેના શક્તિવર્ધક ખોરાક તરીકે પણ ચીનના લોકો તેની ગાઠનો ઉપયોગ કરે છે તેના બીજનો ગર્ભ ગમે તેવો ઊંચો તાવ નીચો લાવવા માટે અચૂક ઔષધ છે. આ રીતે અનેક ચેપી રોગો મટાડતા તેનાં ફૂલ, ફળ તથા બીજનો ગર્ભ 'ફ્લોરેગેમાઝસેટીન' જેવાં ઔષધની જગ્યાએ પ્રયોગ કરવા જેવો છે.

સૂર્યકલા [સં.] સ્ત્રી સૂર્યની કળા

સૂર્યકવચ [સં.] ન. એક સૂર્યસ્તોત્ર.

સૂર્યકાંત ૧. પું. એ નામે એક જાતનો કાલ્પનિક મણિ. તેના ઉપર સૂર્યનાં કિરણ પડતાં અગ્નિ ઉત્પન્ન થાય છે

૨. [સ.] પું એક જાતનું ગૌણ રત્ન. તે ચાર ખૂણાવાળું, ૬ ખૂણાવાળું કે ગોળ થાય છે.

૩. ન. (સંગીત) ષડ્જનુ એક ન.ન. તે ષડ્જ ગ્રામના પંચમનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થાય છે

સૂર્યકાંતા ૧. પું (સંગીત) બત્રીશ માહેનો બીજો ચાટ. રત્નગિરિ ચા.ટ. તેમાં ઋષભ–ગિધાર–રિ–ગોમળ આવે છે. બાકીના બીજા ગૃહ સ્વરો છે

૨. જુઓ સૂર્યકાંતિ ૨

સૂર્યકાંતિ ૧. [સં] સ્ત્રી. અળસી.

૨. સ્ત્રી. સૂરજનું તેજ; સૂર્યપ્રકાશ

સૂર્યકિરણ [સં.] ન. સૂરજનું કિરણ; સૂર્યમાંથી નીકળતું કિરણ

સૂર્યકુમારી [સ] સ્ત્રી સૂર્યની પુત્રી; તપતી.

સૂર્યકુંડ ૧. [સં.] પું. એ નામનો એક કુંડ. મહાભારત અનુસાર ભીષ્મ પિતામહે પાણી માગતાં અર્જુને બાણ મારીને પાણી કાઢયું તે આ સૂર્યકુંડ છે સૂર્યગ્રહણ વખતે લાખો માણસો સ્નાન અર્થે અહીં એકત્ર થાય છે

૨. પું. નર્મદાના ઉત્તર તટ ઉપર આવેલ ભડાણીયાટમાંનો એ નામનો એક કુંડ. નર્મદા પંચાંગમાં કથા છે કે, કશ્યપને બાર પુત્રો થયા. તેમાથી ત્વષ્ટા અને ભગ એ બે સૂર્યોએ એક સમય મધ્યાહ્ન ફળ મેળવવાના હેતુથી અહીં નર્મદાકુંડ ઉપર સો દિવ્ય વરસો સુધી ઘોર તપ કર્યું. ત્યારે ઉમા સહિત શંકર કુંડમાથી પ્રગટ થયા. બંનેએ પ્રેમ સહિત સ્તુતિ કરી. શંકરે મધ્યાહ્ન વરદાન આપ્યુ. ત્યારથી આ કુંડનુ નામ સૂર્યકુંડ પડયું. અહીં વિશ્વકર્મા અને મયાસુરે બ્રહ્માજીનુ તપ કરીને માનસિક સૃષ્ટિ નિર્માણ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી

૩ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ રામપુરીગામ પાસેનો એક કુંડ.

સૂર્યકુંતીર્થ [સ] ન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનુ એક તીર્થ નર્મદા પંચાંગમાં લખ્યુ છે કે: અહીં સૂર્ય ભગવાને તપ કર્યું હતું. પ્રાચીન કાળમાં સૂર્ય ભગવાને અંધકાસુર દૈત્યને અહીં માર્યો હતો તેનુ વિશાળ હાડકુ અહીં દબાયેલુ છે અને તે પથ્થરરૂપ બની

મણ છે. અહીં સૂર્ય ભગવાન સ્થિત રહીને ભક્તોની ઇચ્છા પૂર્ણ કર્યા કરે છે. અહીં ગાયત્રીપુરશ્ચરણ, બ્રહ્મણ ભોજન વગેરેનું ફળ સોગણું વધી જતું હોવાનું મનાય છે.

સૂર્યકુંડલ [સં] ન. સૂર્યની આજુબાજુ કોઈક વખતે ગોળાકારે દેખાતું તેજ વર્તુળ.

સૂર્યક્ષાર જુઓ સૂર્યખાર.

સૂર્યખાર પું સુરોખાર.

સૂર્યગ્રહિત [સં] ન. સૂર્યની ગતિ ઉપરથી ગણવામાં આવતું. મહાન જ્યોતિષશાસ્ત્રો વરાહમિહિરે તે રચ્યું હતું.

સૂર્યગ્રહ [સ.] ન. સૂર્યનાં કિરણો વડે ગરમ થયા સત્કાર થઈ શકે તેવું આરોગ્યભવન; 'સોલેરિયમ'. સૌરાષ્ટ્રમાં જામનગરમાં એક ને બીજું પારીસમાં એમ બે સૂર્યગૃહો આજે છે. સને ૧૯૩૪ના પારીસના સુપ્રસિદ્ધ સ્વ. ડૉ. સેડપેનની અંગત દેખરેખ નીચે જામનગરનું સૂર્યગૃહ બાંધવામાં આવ્યું છે. સૂર્યગૃહની કીમત લગભગ છ લાખ રૂપિયા જેટલી થાય છે. આસમાની રંગનું રંગબેરંગી કાચથી ભરેલું બે માળનું આ સૂર્યગૃહ સૌનું ધ્યાન ખેંચી રહે છે. સૂર્યગૃહના બને માળમા જુદી જુદી કેબિનો રાખવામાં આવી છે દરેક કેબિનમાં જુદા જુદા રોગોનો ઉપચાર કરવામાં આવે છે. સૂર્યગૃહના પહેલા માળમા વિદ્યુતકિરણો દ્વારા ઉપચાર કરવામા આવે છે જ્યારે બીજા માળમા સૂર્યનાં નૈસર્ગિક કિરણો દ્વારા ઉપચાર કરવામાં આવે છે. આની નોંધપાત્ર હકીકત એ છે કે, જેમ જેમ પૃથ્વીના પરિભ્રમણથી સૂર્યનું સ્થાન બદલાતું જાય છે તેમ તેમ સૂર્યગૃહને પણ વિદ્યુત શક્તિ વડે ફેરવવામાં આવે છે અને સૂર્યને સૂર્યગૃહના મધ્યબિંદુએ આ રીતે રાખવામાં આવે છે જેથી તેમાં ઉતરી કળનાં બધા જ સાધનો અહીં બસાવવામા આવ્યાં છે. સૂર્યગૃહ એટલે સૂર્યના કિરણો દ્વારા જ રોગોપચાર કરવાનું ગૃહ જામનગરનું. સૂર્યગૃહમા વિદ્યુતકિરણો દ્વારા પણ રોગોપચાર કરવાની અવસ્થા છે. સૂર્યગૃહનું બાંધણનું અંગ એ તેની વેધશાળા છે. તેમા જુદી જુદી જાતનાં મીઠાંઓ મોકલવામા આવ્યાં છે અને તે દ્વારા સૂર્યનાં કિરણો, તેની શક્તિ, તેની ગરમી, તેનો ધૂમ્રો વગેરેનું માપ કાઢવામાં આવે છે. આ માપને અનુલક્ષીને દરદીનો ઉપચાર કરવામા આવે છે. આ સૂર્યગૃહમાં હાલ ખૂબ જ સસ્તા દરે લગભગ દસ જેટલા મોટા દર્દીનો ઉપચાર કરવામાં આવે છે. બાહ્યકનો રૂક્ષ, સાધાનો રૂક્ષ, ત્વચારૂક્ષ, સપીપા, ત્વચા રોગ જેવા કે વાળો, ખસ, દાદર, કોઢ, લકવા, અને બાળ લકવા, દાદક સ્થિતિ, નાક, કાન, અને ગળાના રોગો, બાળકોનો રૂક્ષ વગેરે દરદોનો ઉપચાર અહીં કરવામા આવે છે. ચોમાસાના દિવસોમા સૂર્યના કિરણો દ્વારા ઉપચાર કરવામા મુશ્કેલી નડે છે પરતુ આ દિવસોમા વિદ્યુત કિરણોનો પૂરતો ઉપયોગ કરવામાં આવે છે.

સૂર્યગ્રહણ [સં.] ન. ચદ્ર આડે આવવાથી સૂર્યબિમ્બનું ઢંકાવું કે ગ્રહણ થવું તે. અમાવાસ્યાને દિવસે સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચદ્ર જ્યારે એક લીટીમાં આવે છે ત્યારે ચદ્ર જે અપારદર્શક ગોળ વસ્તુ છે તેના પડછાયામા પૃથ્વી પ્રવેશ કરે છે અને તે વખતે પૃથ્વી ઉપરના લોકોને ચદ્ર આડે આવવાથી સૂર્યનું દર્શન થતું નથી. તેથી તેઓ સૂર્યના આવા દરાનને સૂર્યગ્રહણ થયેલ ગણે છે. આ વખત ચંદ્રની પીઠ પૃથ્વીના લોકો તરફ હોય છે. પૃથ્વીના, જે ભાગ આગળ ચદ્રની છાયા વિસ્તર હોય છે ત્યા સૂર્યનું ગ્રહણ ખગ્રાસ થયેલું જણાય છે અને તે મુખ્ય છાયાની આસપાસના છાયાકલ્પ પ્રદેશોમાં સૂર્યનું ખડ ગ્રહણ થયેલું દેખાય છે કોઈ વખતે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચદ્ર એક લીટીમા, પણ એવી રીતે દૂર આવી જાય છે કે તેની પ્રત્યક્ષ છાયા પૃથ્વી ઉપર ન પડતાં તે છાયા ઊલટી પડે છે. ત્યારે તે છાયા જ્યાં પડે છે તે સ્થળના પૃથ્વી ઉપરના લોકોને સૂર્યનું કંકણ ગ્રહણ થયેલું જણાય છે અને છાયાકલ્પના પ્રદેશોમાંથી સૂર્યનું ખંડ ગ્રહણ થયેલું જણાય છે.

સૂર્યચક્ર ૧. [સં.] ન (જ્યોતિષ) છાયા ઉપરથી સમય જાણવા માટેનું ચક્ર.

૨. ન. નાભિસ્થાનમાં રહેલું જ્ઞાનતંતુઓનું ગૂચળું

સૂર્યચંદ્રદર્શન [સં.] પું. (જૈન) સોળ માહેનો એક સંસ્કાર.

સૂર્યજ ૧. [સં] પું. બૃ.

૨. પું. યમરાજ

૩. પું. વૈવસ્વત મનુ.

૪ પું. શનિ

૫. પું. સાવર્ણિ મનુ.

૬ પું સુગ્રીવ.

સૂર્યજા [સ] સ્ત્રી. તાપી નદી એ યમુનાની બહેન કહેવાય છે.

સૂર્યજનય જુઓ સૂર્યજ.

સૂર્યતનયા જુઓ સૂર્યજા.

સૂર્યતંત્ર [સં] ન આકાશના તારા વગેરેની ઊંચાઈ માપવાનું યંત્ર.

સૂર્યતાપન સ , પુ નિયત, દરજ્જે માહેનું એક નામ.

સૂર્યતાલ પુ (સગીત) એક ચતુસ્રગતિ ૪૮ માત્રાનો તાલ તેના તાલ સ્થાન ૧, ૫ ૯, ૧૩, ૨૫ ૨૯, ૩૩, ૩૫, ૩૭, ૪૧, ૪૩ અને ૪૫ માત્રા ઉપર હોય છે

સૂર્યતિલકમત [સ] પુ સૂર્ય ઉપરના ડાઘ સબધી અભિપ્રાય

સૂર્યતીર્થ [સં] ન. મહાભારતમા જણાવેલું એ નામે એક પ્રાચીન તીર્થ

સૂર્યદત્ત પુ (પુરાણ) એ નામે વિરાટ રાજાનો ભાઈ. તેને દ્રોણે ભારતયુદ્ધમાં માર્યો હતો.

સૂર્યદર્શન ૧ [સ , ન બગીચો. સૂર્ય દેખાડવાની ક્રિયા

૨. ન યવન. મુખારવિંદનું દર્શન; સૂર્યનું મુખ જોવું તે.

સૂર્યધ્યાન સ , ન સૂર્ય નમસ્કાર

સૂર્યધ્વજ ૧ પુ (પુરા.) દ્રૌપદીના સ્વયવરમાં આવેલો એ નામનો એક રાજા

૨. સ્ત્રી. એ નામની પ્રાચીનકાળની એક જાત

૩. ન એ નામની જાતનું મહાણ

૪ વિ. એ નામની જાતનું.

સૂર્યનમસ્કાર ૧. [સં] પું. સૂર્યને નમન.

૨. પું. સૂર્યને નમીને કરાતી એક પ્રકારની કસરત; અષ્ટાગ દડ અગાઉ હિંદુઓ પોતાની નિત્ય પૂજનનો અમુક વખત સૂર્ય નમસ્કારમા ગાળતા. આથી તેમને ઉત્તમ જાતની કસરત મળી રહેતી અને તેમનાં સ્નાયુઓ બહુ તત્પર રહેતા. ઔધ સસ્થાનના સરદાર બાબત પંત પ્રતિનિધિએ આ બાબત ઉપર અંગ્રેજીમાં એક પુસ્તક લખેલું છે. આ રીતથી શરીરના આઠે અગોને વ્યાયામ મળવા ઉપરાત મનની એકાગ્રતા બીજરી શકાય છે. આ સૂર્ય નમસ્કારની કસરત ઔધ સસ્થાનમાં દરેક શાળામાં કસરત તરીકે દાખલ થયેલ છે અને સતારાની શાળાઓએ તેનું અનુકરણ કર્યું છે. મુબઈના ગવર્નર સર લેસ્લી વિલસન તથા મહારાજા નટુવરસિંહ શર્માએ આ રીતને માટે સારા અભિપ્રાય દર્શાવ્યા છે. આ રીત દડ પીલવાની કસરતને મળતી છે. ફક્ત તે કરતી વખતે સૂર્યને નમસ્કાર કરવાના અમુક મત્રો બોલવાના હોય છે તેથી વાણી અને ફેફસાંને સારી કસરત મળે છે આ નમસ્કાર સ્ત્રીઓ અને પુરુષો એક સરખા રીતે કરી શકે છે અને તેમ કરવાથી અમુક દરદો સારા થાય છે ઇંડિયા શારીરિક શિક્ષણ સસ્થાની નોંધ મુજબ, આ વ્યાયામથી શરીરના દરેક સ્નાયુઓને

પૂરની કસરત મળે છે તથી શરીર સ્વાસ્થ્ય પૂરેપૂરું સુધરે છે. આ આયામ કદ ઉપરત કુસ્તી જોઈએ નહિ. સામાન્ય રીતે આ કસરતમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપર નિયમન રાખવું જોઈએ પણ શરૂઆત કરવાવાળા માટે શરૂમા આ બંધનો ખાસ જરૂરનાં નથી. આ કસરતમાં વધારે જગ્યાની જરૂર પણ પડતી નથી. ૧ શરૂઆતની સ્થિતિ:-આ સ્થિતિમાં કોણિયાંમાં ઊભા રહી પગને જોડેલા રાખવા ૨ અષ્ટાંગ દંડ:-પહેલો ઘાવ—આ કુદરમા હાથને આગળની બાજુએથી ઊંચા કરવા, ધડને જરા પાછળ ધકેલવું અને માથાને પણ જરા પાછળ ધકેલવું અને શ્વાસ લેવો. બીજો ઘાવ—આ ઘાવમા હાથને બે ખભેથી નીચે લાવ, ધડ નમાવવું અને હાથને જમીન ઉપર પગની બાજુએ મૂકવા. ત્રીજો ઘાવ-ધડને વધારે નીચે નમાવી માથું ઢીંચણની પાસે લાવવું, કે જેથી કપાળ ઢીંચણ અડે. ઘૂંટણ સીધા રાખવા અને શ્વાસ છોડી દેવો જોઈએ. ચોથો ઘાવ-હાથને જરાપર જમીન ઉપર મૂકી, માથું પૂરેપૂરું પાછળ ધકેલી ડોકા પર્યંત પાછળ લાવ્યો અને જમણા પગને બંને હાથની વચ્ચે રહેવા દેવો. પછી છાતી ઊંચી રાખવી અને ડોકાની કમાન કરવી અને શ્વાસ લેવો પાંચમો ઘાવ જમણા પગને ડાબા પગની બાજુમાં લાવવો, શરીરસ્થિતિ નમેલી પણ સીધી રાખવા હાથને પગના ઉપર સમ દિસે શરીરનું વજન રહેવું જોઈએ. છઠ્ઠો ઘાવ-આ ઘાવમાં શરીરને નીચું કરી, કપાળ, છાતી અને ઘૂંટણ જમીનને અડે. પેટને અંદર ધકેલવું અને શ્વાસ બહાર કાઢવો સાતમો ઘાવ-આ ઘાવમાં હાથને ધીમે ધીમે સીધા કરવા અને છાતીને ઊંચી કરી ડોકાની કમાન કરી માથું ઊંચું કરી શ્વાસ લેવો આઠમો ઘાવ-આ ઘાવમા ધડને ઊંચું લાવી પગની પ્રેરીઓ જમીન ઉપર મૂકવી અને શ્વાસ બહાર કાઢી નાખવો. નવમો ઘાવ-આ ઘાવમા ડાબા પગને અને હાથની વચ્ચમા લાવ્યો, વાંસો કમાન થાજેલો અને માથું ઊંચું રાખવું અને શ્વાસ લેવા દશમો ઘાવ જમણો પગ ડાબાની બાજુમા લેવા બોડવું સીધા રાખવા, અને હાથની જમીન ઉપર રાખવી અગિયારમો ઘાવ-આમાં માથું ઊંચું કપાળ ઘૂંટણને અડાડવું અને ઘૂંટણને સીધા રાખવા, અને શ્વાસ કાઢી નાખવો. બારમો ઘાવ-પેઠ પ્રમાણે પણ સીધી સ્થિતિમા આવવું

સૂર્યનાડી (સૂરનાડી) [સં.] સ્ત્રી. શરીરમાં ન દેખી શકે એવી સૂક્ષ્મ નાડી, પિંગળા

સૂર્યનારાયણ ૧ [સં.] પુ. પુરુષોત્તમના ઢબનું માણસનું એક નામ

૨ પું. સવિતા નારાયણ; સૂર્યદેવ.

સૂર્યનીચ ન. સૂર્યની પાસેમાં પાસે હોય એવો, ગ્રહ કે કેતુની કક્ષાનો ભાગ

સૂર્યનૃત્ય [સં.] ન. એક પ્રકારનું ચિત્રનૃત્ય.

સૂર્યનેત્ર [સં.] પું (પુરાણ) એ નામે ગરુડનો એક પુત્ર

સૂર્યપક્ષ પું. (જૈન) પંદર સૂર્ય દિવસનો સમય.

સૂર્યપક્ષી ન. એ નામનું એક પક્ષી. તે દેખાવનું બહુ સુંદર છે. તેની પૂછડી લાંબી હોય છે. આ પક્ષી મધ ખાવાનું બહુ શોખીન હોય છે. તેની ચાંચ લાંબી, વળેલી અને નાજુક હોય છે આ ચાંચ મધ ચૂસવાને બંધ તરીકે કામ કરે છે, તેમ જ તે વડે તે જીવડાં પણ પકડે છે આ પક્ષીઓ ઓસ્ટ્રેલિયા અને હિંદુસ્તાનમાં બહુ થાય છે, પણ તેનું મૂળ વતન આફ્રિકા છે. આ પક્ષીઓ તડકાના બહુ શોખીન હોય છે

સૂર્યપત્ર પું ઔષધિઓને સૂર્યનો તડકો ખવડાવવો ત.

સૂર્યપરિવેષ [સં.] પુ. સૂર્યની આસપાસ કોઈ કોઈ વાર દેખાતું રંગબેરંગી મંડળ.

સૂર્યપર્ણી ૧. સ્ત્રી. જંગલી અડદ.

૨. સ્ત્રી. જંગલી મગ.

સૂર્યપર્વ ન. સૂર્યનું ઉત્તર અયન કે દક્ષિણ દિશામાં જવાનું પર્વ.

સૂર્યપંચાયતન [સં.] ન. સૂર્યનું પંચાયતન તેમાં વચ્ચે સૂર્ય, ઈશાન કોણમાં મહાદેવ, અગ્નિ કોણમાં ગણપતિ, નૈઋત્યમાં વિષ્ણુ અને વાયવ્ય કોણમાં પાર્વતીજી હોય છે

સૂર્યપુત્ર જુઓ સૂર્યજ

સૂર્યપુત્રી સ્ત્રી સુવર્ણા; યમુના

સૂર્યપુર ૧ ન ઢાસોદ તાલુકામા આવેલા ગામ પાસેનુ એક પુરાણુ શહેર

૨. ન. સુરત. સુરત નામ સૂરજ નામની કોઈ સ્ત્રીના નામ ઉપરથી પડયું છે, એમ કેટલાક કહે છે કોઈક કહે છે કે, ક્રામરજના રાજા રામમેનના વખતમા સુરસેન નામનો જે રાજા થઈ ગયો તેણે ૧૪૦૦ વીઘાની ૧૪ કુવાવાળી વિશાળ અને સુંદર એક વાડી આ સ્થળે હતી. એ વાડીમાંથી નદીમા સ્નાન કરવા જવાને એક ઘાટ પણ તે રાજાએ બંધાવ્યો હતો. જે ઘાટ રાજા આવારાના નામથી આજ પણ પ્રખ્યાત છે. વળી ચોકીના નામ માટે એવી પણ માન્યતા છે કે, જે સમયે તે વસ્યુ તે સમયે મુસલમાની રાજ્ય હતું સુરતનો અરબીમાં ખુબસુરત અર્થ થાય છે. અને તેથી નગરની સારી રચના થવા પછી બાદશાહના ફરમાનથી સુરત નામ રાખવામાં આવ્યુ સુરતની પહેલા જે નગર એ સ્થળે હતુ તેનુ નામ સૂર્યપુર હતુ એમ પણ કેટલાકનુ માનવુ છે

સૂર્યપૂજા સ્ત્રી. સૂર્યદેવની ઉપાસના મધ્યયુગમાં દેવીઓ સિવાય સૂર્યપૂજા પણ પ્રચલિત હતી સર્વ પ્રત્યક્ષનુ જ રૂપ મનાતો ઋગ્વેદમા સૂર્યની ઉપાસનાનો ઘણો ઉલ્લેખ છે બ્રાહ્મણો અને ગૃહ્યસૂત્રોમાં પણ તેનુ ઘણુ વર્ણન છે સૂર્યનુ દેવોમાં વિશેષ સ્થાન હતું ઘણા સંસ્કારોમા પણ તેની પૂજા થતી તેનું પૂજન દિવસના ભિન્ન ભિન્ન ભાગોમાં ઉત્પાદક, સંરક્ષક, વિનાશક આદિ નામોથી અનેક પ્રકારે કરાતુ હતું. સૂર્યની મૂર્તિની પૂજા ભારતમા ક્યારથી શરૂ થઈ તે કહેવુ ભારે છે. વરાહમિહિરે સૂર્યની મૂર્તિની પૂજા મય જ્ઞાનીઓદ્વારા થયાનુ જણાવ્યુ છે સૂર્યની મૂર્તિ એ હાથવાળી, અને હાથમાં કમળ, શિર ઉપર કિરીટ, છાતી ઉપર કવચ અને પગમાં ઘૂંટણીયા ઘાટે નીચે સુધી બૂટ હોય છે. હિંદુઓમા પુરુષની મૂર્તિઓમાંથી સૂર્યની મૂર્તિ જ એવી હોય છે કે જેના પગમાં બૂટ જોવામાં આવે છે મત્સ્ય છે કે, સૂર્યની પ્રથમ મૂર્તિ શ્રીકૃષ્ણના પ્રપૌત્રથી આવી હોય, કારણ કે તે બૂટ પહેરવાનો રિવાજ હતો ભવિષ્યપુરાણમાં લખ્યુ છે કે, સૂર્યના પગ ખુલ્લા ન હોવા જોઈએ. એ જ પુરાણમા એક કથા છે કે, રાજા સામે સૂર્યની ઉપાસનાથી નીરોગી થવા માટે સૂર્યની મૂર્તિના સ્થાપના કરી, પણ દેવપૂજનથી પ્રાપ્ત થતા ફલ્યથી પ્રજાક્રિયા ન થાય; આ જાણીને તે હાથને રખાકરું નહિ પછી રાજાએ શાકદ્વીપથી મગ જાતિના બ્રાહ્મણોને બોલાવ્યા ભારતનાં તમામ સૂર્યમંદિરોના પૂજારી પ્રાયે આના મગ હોય છે રાજપૂતાનામા આને સેવક અને ભોજક કહે છે સૂર્યના હજારો મંદિરો અત્યાં અને હજુ પણ સેંકડો વિદ્યમાન છે જેમ શિવમંદિરોમા પોઠિયો અને વિષ્ણુમંદિરમા ગરુડ વાહન હોય છે, તેમ સૂર્યની સામે ચાતુરસ્ર આભ ઉપર ખાલી પર ઘૂમતુ તેમના વાહનરૂપ એક કમલાકૃતિ ચક્ર હોય છે આ રથનો બેસવાનો ભાગ સાત ઘોડાઓની કલ્પના કરવામા આવી છે આથી સૂર્યને સપ્તાશ્વ અથવા સપ્તશતિ કહે છે. કેટલીક મૂર્તિઓમાં સૂર્યની નીચે સાત ઘોડા પણ બતાવ્યા હોય છે. એક સૂર્યમંદિરના બારણાના ભાગમાં સાત ઘોડાવાળો એવો પણ મૂર્તિ જોવામાં આવી છે, જેનો નીચનો ભાગ ઘૂંટણવાળો સૂર્યનો અને ઉપરનો ભાગ બાકી,

વિષ્ણુ અને શિવનો છે. સૂર્યનાં મંદિરોમાં સૌથી જૂનું મંદસોરનું સૂર્યમંદિર છે. તે ઈ સ. ૪૩૭માં બન્યાનું તેના શિલાલેખ ઉપરથી જણાય છે. સૂર્યના પુત્ર રેવતની પણ ઘોડા ઉપર બેઠેલી મૂર્તિઓ મળી આવે છે. તે ઘોડાના અધિષ્ઠાતા રેવંત મનાય છે અને તેમના પગમાં પણ સૂર્યની માફક બૂટ જોવામાં આવે છે

સૂર્યફાકી પુ (સંગીત) સંગીત પ્રસિદ્ધ એક તાલ; સુલફાક. તેમાં દસ માત્રા હોય છે તેમાં પહેલી, પાંચમી અને સાતમી માત્રા ઉપર તાલ આવે છે

સૂર્યફૂલ ન. સૂરજમુખી ફૂલ તેના છોડ દરેક ઠેકાણે ઊગી શકે છે બાવળની પેઠે તેનું વાવેતર કરવું પડે છે એ છોડ માંડોડા કરતાં એકાદ બે હાથ ઊંચે સુધી વધે છે તેનાં પાંદડા હૃદયાકાર, લાંબાં, પાતળાં અને અરબચડાં હોય છે ફૂલોના રંગ પીળો હોય છે. ફૂલમાં ઓછામાં ઓછાં ૫૦ અને વધુમાં વધુ ૮૦૦ બીજ હોય છે ફૂલનું મુખ સવારથી સાંજ સુધીમાં સૂર્ય જેમ ફરે તેમ ફરતું રહે છે. તેથી આ છોડને આદિત્યભક્ત કહે છે. તેનાં બિયાંનું તેલ અત્યંત ઉપયોગી છે. રોગાન બનાવવામાં અને ચિત્ર કાર્ય માટેનું વૈરંગમ. આ તેલનો ઉપયોગ થાય છે અ. છોડને સૂર્યકમળ. પણ કહે છે.

સૂર્યબિંબ ન. સૂર્યની ગોળ તકતી; થાળી જેવડું સૂર્ય, ગોળ ચકરડું, સૂર્યનું ચિહ્ન

સૂર્યભક્ત ૧. [સં.] વું અપોરિયાનું ઝાડ.

૨. વું સૂર્યની પૂજા કરનાર બ્રાહ્મણ.

સૂર્યભાનુ ૧ પુ (પુરાણ) એ નામનો રામની સેનાનો એક વાનર.

૨. વું કુબેરનો એ નામનો દ્વારપાળ. તેને રાવણે દ્વાર ક્યાં હતો

સૂર્યભેદ [સં.] વું. પ્રાણાયામના ત્રણ ભાંહેનો એક પ્રકાર. તે આ પ્રમાણે છે: ઊજ્જયી, સુખપૂર્વક અને સૂર્યભેદ.

સૂર્યભેદક કુંભક વું (યોગ) પ્રાણાયામનો એક પ્રકાર. તે આ પ્રમાણે થાય છે. પ્રથમ નાકના જમણા છિદ્રેથી વાયુને અંદર ખેંચી એંચવો અને શક્તિ પ્રમાણે જાલંધરબંધમુદ્રા ધારણ કરવી. નાકનાં બને છિદ્રો બંધ કરી પવનને અંદર રોકી રાખવો

સૂર્યભેદન કુંભક [સં.] પુ. (યોગ) એક પ્રકારનો પ્રાણાયામ, સૂર્યભેદી યોગીએ સુખને ઉત્પન્ન કરે એવા સ્થાનમાં, સર્વ આસનોમાં શ્રેષ્ઠ એવા સિદ્ધાસન પૂર્વક બેસવું પછી પોતાના કટિપ્રદેશનું ધ્યાન ધરીને જમણા [illegible] દક્ષિણ ભાગમાં રહેલા [illegible] અને સામર્થ્યના પ્રમાણમાં તેનો કુંભક કરવો. અંતમાં રેચકને ડાબી ઇડા નામની નાડીથી કરવો. આ પૂરક તો ધીરે ધીરે પણ કરવો પરંતુ પ્રક્રમોપાત સાધકના અધિકાર પ્રમાણે કદાચિત્ વેગથી પૂરક થાય તો તેની ચિંતા નથી: પરંતુ રેચક તો ધીરે ધીરે એટલે મંદ ગતિથી કરવો, કારણકે વેગથી રેચક કરનાર સાધકના બળની હાનિ થાય છે અને વિવિધ રોગની ઉત્પત્તિ પણ પ્રસંગે થાય છે આ દુર્નિગ્રહ અને અતિ ચપળ વાયુને વશ કરવો એ સમાન કઠિન અને ભયંકર કામ આ જગતમાં કોઈ નથી તેથી જેમ વિકટપણે વસનાર ભયંકર ક્રૂર પશુઓને ધીરે ધીરે યુક્તિથી વશ કરવામાં આવે છે તે પ્રમાણે તેને પણ વશ કરવો. નહિ તો સાધકને અરિષ્ટરૂપ હાનિ પણ સહેવી પડે છે. આ સૂર્યનાડીથી પૂરી કુંભક કરી ચંદ્રનાડીથી રેચક કરવો. એમ વારંવાર નિયમિત પ્રમાણ સુધી કરે છે તો એ સૂર્યભેદનકુંભક પ્રથમ તો મસ્તકની શુદ્ધિ કરે છે, તથા વાયુના સમસ્ત રોગોને હણે છે અને ઉદરમાં રહેનારા કૃમિદોષને ટાળે છે.

સૂર્યભેદનાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન તેનાથી નેત્રરોગ દૂર થાય છે.

સૂર્યભેદી વું. (યોગ) પ્રાણાયામનો એ નામનો એક પ્રકાર.

> પ્રથમ ધીરે રેચક કરી સૂર્યનાડી જમણા છિદ્રથી પૂરક કરવો. પછી કુંભક કરી, ડાબા છિદ્રથી રેચક કરવો. **એનું નામ સૂર્યભેદી** પ્રાણાયામ.
>
> યોગાદ

સૂર્યમણિ ૧ [સં] પુ. એક જાતનો સ્ફટિક, રત્ન

૨. ન. સૂરજમુખ

સૂર્યમદ [સં.] વું. આઠ ભાંહેનો એક જાતનું અભિમાન; ક્રોધાગ્નિથી ભરેલાને ' આનો સંહાર કરી નાખવો' એવો વિચાર જરૂર કરાવનાર મદ

સૂર્યમંડપ વું. (શિલ્પ) શરીર ઉપર સૂર્યનાં કિરણો ઝીલવા માટે બંગલામાં બાંધેલ મકાન; મકાનનો એક ભાગ

સૂર્યમંડલ ૧ ન. ધ્રુલોક; સૂર્યલોક; બ્રહ્મલોક. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે કે, જે કોઈ ત્રણ માત્રારૂપ ૐકારથી પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન ધરે તે મરીને તેજોરૂપ સૂર્યલોક અર્થાત્ ધ્રુલોકમાં સ્થિત થાય છે. જેમ સર્પ કાંચળીથી મુક્ત થાય છે એમ જ તે પાપથી છૂટેલો થાય છે. તે સામમંત્રોથી બ્રહ્મલોકમાં ઉપર લઈ જવાય છે. અને ત્યાં જીવનઘન, બ્રહ્મલોક પર સર્વ શરીરોમાં સ્થિત, અંતરાત્મા પરબ્રહ્મને સાક્ષાત્ જુએ છે. ઉપનિષદની પરિભાષામાં સૂર્યલોક એટલે આત્માનો લોક છે. અર્થાત્ જે પરિપૂર્ણ ઈશ્વરને ભજે તે પરિપૂર્ણ પરમાત્માના લોકને, પ્રકાશને પામે છે, અર્થાત્ બ્રહ્મલોકને પામે છે.

૨. [સં.] ન. સૂર્ય અને તેની આસપાસના ગ્રહો ઉપગ્રહો વગેરેનો સમૂહ; સૂર્યમાળા.

૩ ન. સૂર્યબિંબ

સૂર્યમંડલરથ [સં. સૂર્ય + મંડલ + રથ (રહેણી)] વું. સૂર્યના મંડલમાં રહેલા પરમ તેજોમય ભગવાન ૐકારેશ્વર.

સૂર્યમંડળ જુઓ સૂર્યમંડલ.

સૂર્યમંદિર ન. સૂર્યની ઉપાસના માટેનું મંદિર.

સૂર્યમાર્ગ [સં.] વું. દેવયાનનો માર્ગ; ક્રાંતિવૃત્ત; આકાશમાં સૂર્ય ફરતો દેખાય છે તે માર્ગ.

સૂર્યમાલા જુઓ સૂર્યમાળા.

સૂર્યમાલિકા જુઓ સૂર્યમંડળ.

સૂર્યમાળા સ્ત્રી સૂર્ય અને તેની આસપાસ ફરનારા ગ્રહોનો સમૂહ; સૂર્યમંડલ. ગ્રહો, ચંદ્રો, ખરતા તારા ને પૂછડિયા તારાનો તેમાં સમાવેશ થાય છે. બધા ગ્રહો સૂર્યની આસપાસ લાંબી કક્ષામાં જુદે જુદે અંતરે ફરે છે, ત્યારે પૂંછડિયો તારો બંને દિશામાં જાય છે. આ બધા પ્રકાશ અને ગરમી સૂર્યમાંથી મેળવે છે. ફક્ત પૂંછડિયા તારાને પોતાનો પ્રકાશ હોય છે. કુદરતની પણ ખાસિયત છે ને ! દરેક ગ્રહોના રંગ પણ જુદા જુદા હોય છે. મંગળ અને શુક્ર ધોળા, મંગળ અને રવિ તામ્રરંગી બુધ અને ચંદ્ર લીલા તથા શનિ અને રાહુ કાળા બનાય છે. સમસ્ત સૂર્યમાળામાં પ્રથમ એકરસ સૂક્ષ્મ દ્રવ્ય ભરેલું હતું અને પછી તેની ગૂંચની ગતિ અને ઊષ્ણતા જેમ જેમ ઘટતાં ગયાં તેમ તેમ તે દ્રવ્યનો વધારે ને વધારે સંકોચ થતો ગયો. પૃથ્વી સુદ્ધાં સર્વ ગ્રહો ક્રમે ક્રમે નિર્માણ થતાં ગયાં અને જે સૂર્ય અત્યારે જોઈએ છીએ તે તેનો છેવટે બાકી રહેલો અંશ છે કવિવર નાનાલાલ લખે છે કે·

> સૂરજમાળથી સૂર્ય સુશોભિત,
> સૂર્યથી સૂરજમાળ સુદ્રવ્ય,
> દેહ જીવે જેમ દ્રવ્ય થકી,
> અને દેહનો દેહ કલાપ દીપાવે;
> બ્રહ્મ થકી બ્રહ્માંડ પ્રકાશિત,
> બ્રહ્માંડથી બ્રહ્મ વ્યક્ત કલાવે,
> તેમ પ્રજાજન રાજને, અને
> રાજ પ્રજાજનને બહલાવે.

સૂર્યમાળા

નામ	વ્યાસ માઈલ	ધરી પરનો ચક્રાવો	કક્ષા ઉપરનું ચક્કર (સૂર્યની આસપાસ)	સૂર્યથી અંતર (સરેરાશ) માઈલ	ચંદ્ર	એક મિનિટે એક માઈલ વગર અટકે ચાલતી ટ્રેનને પૃથ્વી ઉપરથી ચંદ્ર પહોંચતાં કેટલો વખત લાગે
સૂર્ય	૮,૬૬,૦૦૦	૨૫ દિવસ				૧૭૭ વર્ષ
બુધ	૩,૦૦૮	૮૮ દિવસ	૮૮ દિવસ	૩૬૦ લાખ		૧૧૦ વર્ષ
શુક્ર	૭,૮૦૦	૨૨૫ દિવસ	૨૨૫ દિવસ	૬૭૦ લાખ		૫૦ વર્ષ
પૃથ્વી	૭,૯૧૩	૨૪ કલાક	૩૬૫¼ દિવસ	૯૩૦ લાખ	૧	૨૦ દિવસ (પ્રદક્ષિણામાં)
ચંદ્ર	૨,૧૬૦	૨૭½ દિવસ	૨૭½ દિવસ પૃથ્વીની (આસપાસ)	૨,૪૦,૦૦૦ (પૃથ્વીથી)		૧૬૬ દિવસ
મંગળ	૪,૨૧૦	૨૪½ કલાક.	૬૮૭ દિવસ	૧૪ કરોડ	૨	૬૦ વર્ષ
નાના ગ્રહો						
ગુરુ	૮૬,૦૦૦	૯૦ કલાક	૧૨ વર્ષ	૪૮ કરોડ	૮	૭૪૦ વર્ષ
શનિ	૭૫,૦૦૦	૧૦½ કલાક	૨૯½ વર્ષ	૮૯ કરોડ	૧૦	૧,૪૭૦ વર્ષ
યુરેનસ	૩૦,૧૦૦	...	૮૪ વર્ષ	૧૭૮ કરોડ	૪	૩,૧૫૦ વર્ષ
નેપચ્યુન	૩૭,૦૦૦	...	૧૬૫ વર્ષ	૨૭૯ કરોડ	૧	૫,૦૫૫ વર્ષ

સૂર્યમુખી ૧ સ્ત્રી. એક જાતની માળવી. તે ઊગડને કિનારે થાય છે.

૨ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક ફૂલઝાડ જે તેનું ફૂલ. તે કૂંમિશ્ર છે. સોળ કૂંમિના ઊપદ્રવમા તેના બીનું ચૂર્ણ ૩૦ ગ્રેન ૧ ડ્રામ દિવસમાં બે વાર બે દિવસ સુધી સાકર સાથે આપી પછી ઍંદરડયુ કેરુ. આંસી, દમ, તાવ, કમળો અને ગર્ભોશયનો દુખાવો તેનાથી મટે છે. તેના ફૂલમા પણ ઉપર પ્રમાણે ગુણ છે. પણ બાસ કરીને કમળા.મા અક્સીર છે. તે હવા શુદ્ધ કરે છે અને મેલેરિયાવાળા પ્રદેશમાં ઉપયોગી છે.

સૂર્યમુખીફૂલ ન. એક જાતનુ ફૂલ. તે સૂર્યોદયે ખીલે છે.

સૂર્યયંત્ર ૧. ન. સૂર્યની ગતિ બતાવનાર પૂજામાં વપરાતુ યંત્ર, ઉપાસના માટેનુ સૂર્યનુ યંત્ર; તુરીય યંત્ર

૨. ન. સૂર્યનું નિરીક્ષણ કરવામાં વપરાતુ એક યંત્ર

સૂર્યરેખા [સં.] સ્ત્રી. (જ્યોતિષ). હાથમાં આવેલ એ નામની એક રેખા. આ રેખાને કીર્તિ અથવા સરસ્વતી રેખા પણ કહે છે. આ રેખા અનામિકા પાસેથી નીકળી ચંદ્રસ્થાન સુધી જાય છે આ રેખા અમરત્વની રેખા મનાય છે

સૂર્યલિંગ [સં.] ન એક પ્રકારનુ સ્ફટિકલિંગ. સ્ફટિકલિંગો ત્રણ પ્રકારના છે.–(૧) સૂર્ય, (૨) ચંદ્ર અને (૩) અગ્નિ. સૂર્યલિંગ સફેદ, ચંદ્રલિંગ લાલ અને અગ્નિલિંગ પીળુ હોય છે ત્રણેમા સહજ કાળાશની છાયા રહેલી છે

સૂર્યલોક ૧ [સં.] પું. સૂર્ય જે લોકમાં વસે છે તે; સૂરજની દુનિયા; સૂર્યનો લોક

૨ પું સૂર્યનો પ્રકાશ; સૂર્યનું તેજ.

સૂર્યવર્ચ પું. (પુરાણ) સૂર્યની સાથે સંચાર કરનાર એ નામના ગંધર્વ

સૂર્યવર્ચા પું. (પુરાણ) કશ્યપની મૂની નામની ભાર્યાને પેટે થયેલો એક દેવગંધર્વ.

સૂર્યવલ્લી [સં.] સ્ત્રી. એ નામની એક વેલી આ વેલ ચોમાસામાં ઊગે છે. ફૂલ પીળાશ લેતા લીલા રંગનાં અને સીંગ કાગડાની ચાંચ જેવી હોય છે. મૂળ વધરાવળવાળાને અપાય છે

સૂર્યવંશ પું. ક્ષત્રિયોના બે મોટેનો એક પ્રધાન વંશ; સૂર્યનો રાજવંશ; સૂર્યનું કુળ. વૈવસ્વત મનુના દસ દીકરા માહેના મોટા ઇક્ષ્વાકુએ અયોધ્યામાં પોતાની સૂર્યવંશની પ્રથમ ગાદી સ્થાપિત કરી હતી. સૂર્યવંશી રાજવંતસ શ્રી રામચંદ્રજીના પિતામહ દિલીપ વિષે ઉલ્લેખ કરતાં લોકમાન્ય તિલકે યથાર્થ કહ્યું છે કે: આ શરીર પ્રસિદ્ધ રીતે નાશવંત છે, પણ આત્માના કલ્યાણને માટે જે કાંઈ આ જગતમા કરવાનુ છે તે માટે મનુષ્યદેહ એ એક જ સાધન છે. તથાપિ આ નાશવંત પણ દુર્લભ મનુષ્ય દેહને પણ ખરચી નાખીને તેના કરતાં પણ અધિક શાશ્વત એવી કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની હોય તે વખતે, દાખલા તરીકે, દેશ માટે, ધર્મ માટે, સત્ય માટે, પોતાનું વાનું, વ્રત અથવા નિરદ રાખવા માટે, આબરૂ માટે, વશ માટે અથવા પ્રાણી માત્રના હિતને માટે, અનેક મહાત્માઓ અનેક પ્રસંગે તે તીવ્રતમ કર્તવ્ય–અગ્નિમાં આનંદથી પોતાના પ્રાણની આહુતિ આપેલી છે ! વસિષ્ઠની ગાયનું સિદ્ધિથી રક્ષણ કરવા માટે સિદ્ધને પોતાનુ શરીર અગ્નિ રૂપે આપવા તૈયાર થયેલા દિલીપે "મારા જેવાઓને આ પંચમહાભૂતના શરીર સબધે અનારમા હોય છે માટે તું મારા જડ શરીર તરફ નજર ન કરતા મારા ચલાચલ શરીર તરફ જો. શ્રી રામચંદ્રજીના પિતા દશરથની રઘુકુળનીતિ વર્ણવતાં કવિવર તુલસીદાસજી યથાર્થ કહે છે કે: રઘુકુલરીતિ સદા ચલિ આઈ ! પ્રાણ જાઈ અરુ બચન ન જાઈ ! સાહિત્યરત્ન પંડિત અયોધ્યાસિંહજી ઉપાધ્યાય " કલ્પાણ "ના રામાયણાંકમાં લખે છે કે: અમારે રાજ્ય છીનવી લેવાય, ઐશ્વર્ય ધૂળમા મળી જાય, વિભવ પદ-દલિત થાય, સમસ્ત સપત્તિ લૂટી લેવાય, ટૂકામાં અમે સર્વ પ્રકારે નિર્ધન બની જઈએ અને સર્વસ્વ ગુમાવી બેસીએ, તોપણ જ્યાં સુધી અમારામા રામાયણ અને મહાભારત જેવા અલૌકિક રત્ન સુરક્ષિત છે, ત્યાં સુધી અમે નિઃસત્ત્વ થવાના નથી જેમ વેદાંતમાં પ્રસ્થાનત્રય કહેવા વડે ઉપનિષદ, ભગવદ્ગીતા તથા બ્રહ્મસૂત્રને ગણવામાં આવે છે તેમ પુરાણના પ્રસ્થાનત્રયમાં ભાગવત, રામાયણ તથા મહાભારતને ગણવામાં આવે છે શ્રી સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર રામાયણ ગ્રંથની પ્રશંસા કરતાં લખે છે કે: જેની ઉચ્ચ આદર્શ સે યુક્ત શિક્ષા, આર્ય દિલ, તોરેત કુરાન પ્રકૃતિ કિસી ભી ગ્રંથ મે નહીં પાયી જાતી ! આજ ભી ભારતવર્ષ મે મહલો સે લે કર ઝોંપડિયો તક મંસકી પૂજા, પાઠ ઔર આરતી હોતી હૈ.

સૂર્યવંશ



સૂર્યવંશી ૧. વિ. સૂર્ય ઊગ્યા પછી ખોદું ઊઠતું. ૨. વિ સૂર્યના વંશમાં જન્મેલું; સૂર્ય વંશમાંથી ઊતરી આવેલું.

સૂર્યવ્રત [સં.] ન. એ નામનું એક વ્રત. રવિવારને દિવસે આ વ્રત કરાય છે અને સૂર્યનારાયણનું પૂજન કરાય છે.

સૂર્યશિરિશર જી. એક પ્રકારની માંસ ખાનારી વનસ્પતિ. સૂર્યશિરિશર માંસ ખાનારી વનસ્પતિ કહેવાય છે, પણ તે એકીવારે માંસ સિવાય વનસ્પતિ ખોરાકમાં કે.ઈ પદાર્થ લેતી નથી એમ નથી. સૂર્યશિરિશરના પાંદડા રાત દિવસ ઉઘાડા રહે છે. બીજી ઘણી વનસ્પતિના પાંદડાની પેઠે રાતે તે બંધ થતાં નથી. એ ઘાસને કોઠા ખનસિયા સિવાય બીજી ઘણી વસ્તુઓ તેના ઉપર પડવાનો સંભવ છે. ખરી રીતે વાસુની સાથે ઘણાક પુષ્પરેણુ તથા બીજ કાંટા ઉપર આવી પડે છે અને એને ઉત્તેજિત કરીને રસ કાઢે છે. એ રસથી જીવજંતુને પરગ અથવા બીજ એને વધારે જાતનો ભાગ લાગ કરવાની ફરજ પાડે છે અને તેજ તેનો ખોરાક થઈ પડે છે. એના વિના પકાવેલાં શાક, ભાજી, કોબી એને પચાવવાને સમર્થ થાય છે તેથી સૂર્યશિરિશર આપણી પેઠે માસ તથા શાકભાજી ખાનાર છે. કાચું માસ, પનીર વાટ્યું પ્રવાહી કર્યાથી પુષ્કળ આઉધરા માણસની પેઠે સૂર્યશિરિશર બહુ ખાવાના દોષથી કષ્ટમાંતે મરી જાય છે.

સૂર્યષષ્ઠી [સં.] સ્ત્રી ભાદરવા સુદી છઠ.

સૂર્યસગડી (સૂર્યસગડી) જી સૂર્ય ચૂલો; સૂર્યપ્રકાશ ચૂલો. તે બળતણની તંગી અનુભવતા દેશો માટે આશીર્વાદ રૂપ બનેલ છે. ન્યૂયોર્ક યુનિવર્સિટીમાં સંશોધન વિભાગમાં કામ કરનાર ડૉ. મેરીઆ ટેલ્કસે આ સગડી શોધીને સૂર્યની અખૂટ શક્તિનું પ્રત્યક્ષ ઉદાહરણ રજૂ કર્યું છે. આ સગડી ૩૫૦ થી ૪૫૦ ડિગ્રી ફેરનહીટ જેટલી ઉષ્ણતા પેદા કરી શકે છે. ન્યૂયોર્કમાં ઓકટોબર મહિનામાં આ સગડી આટલી ઉષ્ણતામાં પકાવી શકે છે. ભારત અને પ્રગતિશીલ જેવા દેશો કે જ્યાં બળતણની તંગી હોય છે, ત્યાં આ સગડી બહુ ઉપયોગી થઈ પડે તેમ છે. ભારતમાં સન-કુકર નામના સૂર્યપ્રકાશ ચૂલા વપરાય છે. પણ આ નવી સગડી સરળ અને સસ્તી હોવાથી તેનો વ્યાપક ઉપયોગ થઈ શકે છે. આ સૂર્યસગડીમાં કાચની બારીવાળી એક પેટી બનાવવામાં આવી છે આ પેટીમાં ચાર સાદા અરીસા અને ઉષ્ણતા ચૂસી શકે તેવું રસાયણ હોય છે. બારીમાંથી દાખલ થતી સૂર્યની શક્તિ પેટીમાં પુરાઈ રહે છે અને રસાયણ એને ચૂસી લે છે. આ રસાયણ ગરમ થાય છે અને વધારે પ્રમાણમાં ગરમી ચૂસ્યા રહે છે. ૩૦ મિનિટમાં ઓછામાં ઓછી ૩૫૦ ડિગ્રી ઉષ્ણતા પેદા થઈ જાય છે સગડીની આજુબાજુ ગોઠવાયેલા ચાર અરીસા પેટીમાં વધારે સૂર્યપ્રકાશનાં પ્રતિબિંબ પાડી રહે છે આ સગડી માટેના સાધનોનું ખર્ચ બે ડોલર જેટલું આવ્યું છે. જથ્થાબંધ ઉત્પાદન થાય તો

એક સગડી પંચ ડોલરથી પણ ઓછી કીમતે વર્ચ્યા રાકાશે એવી ગણતરી છે આ સગડી ઉપર ખોરાક રાંધ્યાથી તેમા જરા પણ ફરક પડતો નથી. એક વાર આ સગડી તપી ગયા પછી સૂર્યાસ્ત બાદ પણ એક કલાક સુધી એ એટલી જ ગરમ રહે છે ડૉ. ટેકલ્સ જણાવે છે કે, ફ્રેન્ચ ચેમ્બરિલોએ ઉપર ૧૮૭૧મા સૂર્ય-સગડીઓ તૈયાર કરેલી અને સાર પછી એના અનેકવિધ નમૂના બોલ્યા છે. પણ આ છેલ્લામાં છેલ્લો નમૂનો અત્યંત સરલ અને સુગમ છે ડૉ. ટેકલ્સે અગાઉ સૂર્યપ્રકાશમાથી ગરમી આપતું મકાન પણ તૈયાર કરેલું

સૂર્યસંક્રાંતિ [સં.] સ્ત્રી એક રાશિમાથી બીજી રાશિમાં સૂર્યનું જવું તે

સૂર્યસંજ્ઞ [સ.] ન. કેસર

સૂર્યસંજ્ઞાપક યંત્ર [સ] ન. સદેશો પહોંચાડનારું યંત્ર; સૂર્યસંજ્ઞા; સૂર્યતેજસજ્ઞાયંત્ર; પ્રકાશસકેતયંત્ર. સૂર્યનું તેજ કોઈ કોઈ વાર સદેશા પહોંચાડવાના કામમા આવે છે આ યંત્રનો ઉપયોગ સૂર્યના પ્રકાશમાં જ થઈ રહે છે. આ યંત્રમાં જે દિશામા સદેશો મોકલવાનો હોય તે દિશા તરફ એક કાચ રખાય છે. જો સૂર્ય ઊલટી દિશામાં હોય તો બીજા કાચની મદદ લઈ સંદેશ મોકલનારા કાચ ઉપર સૂર્યનુ પ્રતિબિમ્બ પાડવુ. આ યંત્રમાં V જેવા આકારનો કાચ કાચની સમક્ષ હોય છે આ V જેવા આકારમાંથી કાચમાથી પ્રતિબિબિત થયેલ કિરણ પસાર થાય છે કાચની પાછળ એક આંખ છે. તે કાચની ઉપરની અને નીચેની ગતિ ઉપર કાબૂ રાખે છે આમ કાચમાથી સૂર્યનુ પ્રતિબિબિત કિરણ V જેવા આકારમાથી પસાર થઈ મુકરર કરેલી જગ્યાએ પહોંચે છે જેવો ચાપ ઉપરથી ભાર સહેજે છોડે કે, તરત કાચ ઊંચો જતો રહે છે અને સૂર્યનુ કિરણ પણ V જેવા આકારથી ઘણે ઊંચે જઈ અદૃશ્ય થઈ જાય છે. ફરીવાર ચાપ દબાવતા કિરણ નીચું આવે છે અને V જેવા આકારમાંથી પસાર થઈ મુકરર કરેલ જગ્યા ઉપર પડે છે. કિરણ ઝાઝો સમય જો જમીન ઉપર રાખવામા આવે તો કઇ રમજવુ એવી રીતે તારની સિધિની માફક યોજના હોય છે ને વધે ગમે તે સદેશ મોકલી શકાય છે દાખલા તરીકે કોની સગ્યા કહેવી હોય તો એક વાર સાંજના વખત સુધી કિરણને રાખવુ અને પછી ચાર વખત દબાવાની માફક તદ્દન થોડો વખત રાખવું. જવાબ આપવા માટે સામે રહેલો તેવા જ પ્રકારનુ યત્ર જોડવવામાં આવેલુ હોવું જોઇએ.

સૂર્યસંવત્સર [સ પુ] ન્યૂન્યર્ય, સૂર્યવર્ષ

સૂર્યસારથિ [સ . પુ. અરુણ

સૂર્યસિદ્ધાંત ૧. [સં.] પુ. (જ્યોતિષ) સૂર્યના ભ્રમણ આદિ ઉપરથી શોધી કાઢેલ ગ્રહ ભ્રમણ સબધનો સિદ્ધાંત. તે સિદ્ધાંત ઘણો જ મુશ્કેલ છે

૨. ન ખગોળશાસ્ત્ર સબધી એક પુસ્તક સૂર્યે આ પુસ્તક સભાળ્યુ હોવ એમ મનાય છે. વિદ્વાનો અને બર્જેસ નામના બે પરદેશી વિદ્વાનોએ તેનુ ભાષાંતર કર્યું છે તેમા કાલવિભાગ, ગ્રહગતિના કારણો, સ્પષ્ટગ્રહસૂર્ય આદિ ભાવા જ્ઞાન, ગ્રહસ્પષ્ટન, સૂર્યગ્રહણ પરિલેખ, ગ્રહદર્શન, નક્ષત્રસ્થાન, ઉદયાસ્તકાલનિર્ણય, ચદ્રોદય પાતાધિકાર, અભ્યાનમવિદ્યા, ગોલબંધાદિ તથા કાલનિર્ણયાદિ જેવા બહુ અદ્‌ભુત વિષયો વર્ણવ્યા છે

૩. ન. ભાસ્કરરામાર્યે રચેલ ગણિતનુ એક નામનુ મોટુ પુસ્તક. તેના ઉપર રંગનાથે ગૂઢાર્થ પ્રકાશિકા નામની ટીકા કરેલી છે

સૂર્યસ્નાન [સં] ન. તડકામાં ફરવું તે; સૂર્યનો તાપ આવો કે શરીર ઉપર લેવો તે; સૂર્યની ગરમીથી નહાવુ તે; એક નૈસર્ગિક ઉપચાર. સૂર્યના રશ્મિના કુદરતના રંગો મનુષ્યની તંદુરસ્તી માટે એટલા બધા મહત્ત્વના છે કે, જો માણસ તેનાં સવારનાં નગ્ન કિરણોમાં પોતાનું શરીર ખુલ્લું રાખે એટલે કે સૂર્યસ્નાન કરે તો તે શારીરિક ઉપદ્રવથી મુક્ત થાય એવા જરા પણ શક નથી. આનું કારણ એ છે કે, મનુષ્યના દેહમાં દાખલ થતાં સૂર્યનાં કિરણોમા સમાયેલા કુદરતી રંગો શરીરમા ઘસાઈ ગયેલા પરમાણુઓને બહાર કાઢી તે નવા પરમાણુઓ રચે છે. આ ક્રિયાથી શરીર બલિનતાથી મોકળુ રહી આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્તિ મેળવે છે. હાડકાના રોગ માટે સૂર્યસ્નાન અકસીર ઇલાજ છે. સૂર્યસ્નાનના સિદ્ધાંત આ પ્રમાણે છે:-(૧) શરીરનો જે ભાગ રોગિષ્ઠ હોય તે ખુલ્લો કરી ઉપર સૂર્યનો કૂણો તડકો અને ખુલ્લી હવા તેના ઉપર આવવા દેવી (૨) શરીરના અવયવ નમ્ર સાધા જરાજર કામ કરતા રાખવા. (૩) દર્દીમાં શક્તિ દ્રઢાવી રાખવી. (૪) શરીરના રોગિષ્ઠ ભાગને તડકો તથા હવા મળવામાં ઓછી હરકત થાય તેમ લાં કાપકૂપ કે મલમના પણ ઉપચાર કરવા.

સૂર્યસ્વર ૧. પુ. પિંગલા નામની નાડી

૨. [સં.] પું. સૂર્યનાડીમાથી નીકળતો શ્વાસ; જમણી નાસિકામાથી નીકળતો શ્વાસ.

સૂર્યા ૧. [સં.] સ્ત્રી. નવવધૂ.

૨ સ્ત્રી સૂર્યપત્ની.

૩. સ્ત્રી સૂર્ય પુત્રી.

૪. સ્ત્રી.; ન. અથર્વવેદનુ એ નામનું એક ઉપનિષદ.

સૂર્યાક્ષર [સં] ન. પાંચ માહેનુ એ નામનુ એક આકાશ.

> આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ અને સૂર્યાક્ષર એ ચોમપચક કહેવાય છે.
>
> યોગવાસિષ્ઠ

સૂર્યાક્ષ ૧. પું (પુરાણ) એ નામે એક ક્ષત્રિય.

૨. પું. (પુરાણ) એ નામે રામની સેનાનો એક વાનર.

સૂર્યાગમ ૧. ન. સૂર્યનું આગમન

૨. [સ.] ન. સૂર્યોદય.

સૂર્યાત્મ [સં] સ્ત્રી ;ન. અથર્વવેદનુ એ નામનું એક ઉપનિષદ.

સૂર્યાભ ન. (જૈન) એ નામનું એક વિમાન.

સૂર્યાલોક [સ] પું. સૂર્યનો તાપ, તેજ કે પ્રકાશ.

સૂર્યાવરણ [સં] પું. સૂર્ય જેને આવર્તન કરે છે તે મેરુ પર્વત.

સૂર્યાવર્ત ૧. પું. શિરોરોગનો એક પ્રકાર; એક જાતનો માથાનો રોગ. સૂર્ય ઊગ્યા પછીથી અપોર લગી આંખો તથા ભ્રમરોમાં થોડી થોડી પીડા પ્રાપ્ત થતી જાય અને જેમ જેમ સૂર્ય ઉંચે ચડતો જાય તેમ તેમ પીડામાં વધારો બહુ જ થતો જાય અને જેમ જેમ સૂર્ય આથમણી તરફ ઢળતો જાય તેમ તેમ પીડા ઓછી થતી જાય, તેમ જ કોઈ વેળાએ એ પીડા શાંતિથી શાંત થાય અને કોઈ વેળાએ ઊભ્યથી પણ શાંત થતી જાય તેને સૂર્યાવર્ત કહે છે.

૨ [સં.] પું. (જૈન) સૂર્ય જેને આવર્તન કરે છે તે મેરુપર્વત.

સૂર્યાશ્મ [સં] પું. સૂર્યકાંતમણિ.

સૂર્યાસન [સં] ન. (યોગ) એ નામનું એક આસન તેથી અગ્નિ વધે છે.

સૂર્યાસ્ત [સં] પું સૂર્યનુ આથમવું તે.

સૂર્યાંક [સં.] પું. સૂર્યમાંનો ડાઘ; સૂર્યમાં દેખાતુ કલક

સૂર્યાંગ પ્રાણાયામ [સં.] પું (યોગ) પ્રાણાયામનો એક પ્રકાર. આ પ્રાણાયામ પણ ચદ્રાંગ પ્રાણાયામની માફક જ કરવાનો છે પણ તેમાં પ્રથમ ચદ્રનાડીથી શ્વાસ લેવાને બદલે સૂર્યનાડી પિંગલાથી લેવો અને નાભિ કમળમાં અગ્નિની જ્વાળા સમાન અત્યંત તેજસ્વી સૂર્ય ભગવાનનું ધ્યાન ધરવુ.

સૂર્યેદુસંગમ [સં] પું અમાસ તિથિ.

સૂર્યોચ્ચ [સ. સૂર્ય + ઉચ્ચ (ઊંચું)] ન. સૂર્યથી આથેમાં આથે ક્રોય એવા ગ્રહ કે કેતુની કક્ષાનુ બિંદુ; ગ્રહની કક્ષાનુ સૂર્યથી આભામાં અ.ધુ બિંદુ.

સૂર્યોદય [સં. સૂર્ય + ઉદય] પું. સૂર્યનુ ઊગવુ તે.

સૂર્યોપસ્થાન [સ.] ન. સૂર્યની ઉપાસના; સૂર્યની પૂજા.

સૂર્યોપાસક [સં. સૂર્ય + ઉપાસક] પું સૂર્યની ઉપાસના કરનાર માણસ; સૂર્યનો ઉપાસક.

સૂર્યોપાસના સ્ત્રી. સૂરજની ઉપાસના કે પૂજા.

સૂલ ૧ ન કાંટો.

૨. ન. છેવટની કીમત નક્કી કરવી તે.

૩. ન. તીર

૪ ન ત્રિશૂળ.

૫. ન. દુઃખ.

૬ ન. ભાલાની અણી.

૭. ન. શૂળી; ફાંસી.

૮. ન. શૂળનો રોગ.

૯ ન સમાધાન; નિવેડો; હિસાબ અથવા ઝગડાનો નિકાલ.

૧૦. વિ પારકું; સીધું.

૧૧. વિ. સરખુ.

સૂલક ૧ વિ અનુકૂળ

૨. વિ. અનુ; સવળું.

સૂલકાવું અ ક્રિ સૂલકું થવું કે કરાવું.

સૂલકું ૧. વિ. અનુકૂળ.

૨. વિ. અનુ; સવળું.

સૂલકૂટ પું (સંગીત) એક જાતનો ઋતસ્પતિ ૧૦ માત્રાનો તાલ.

સૂલી ૧. [હિ.] સ્ત્રી. જય; ભોગમ.

૨. સ્ત્રી. ચણી.

સૂવટ પુ. [પ્રા.] સૂડો; પોપટ.

સૂવો જુઓ સવટ.

સૂવર [સ શૂકર; પ્રા. સુઅર] ન. ભૂડ; ડુક્કર.

સૂવર્ણકલીયન ન. મહાભારતમાં જણાવેલું, ગંધમાદન પર્વત ઓ.હેનુ વન. તેમાં હનુમાનનો વ.સ હતો

સૂવું ૧ [સ. સ્વપ્ (સર્વ જવુ)] અ ક્રિ. આડા પડખે પડવુ.

૧ ચોર સૂએ = ચાંપી આવરદા ભોગવ એવુ જણાવનારો એક આશીર્વાદ.

૨. સાથે જવું = (૧) અર્થના માર્યા ખરાબ થવુ. (૨) ચલતા કલકત.નુ નીચા નમી જાપરા વગેરે ઉપર પડવું. (૩) મરી જવુ; ઊલ્લી નિદ્રા લેવી. (૪) શાંત થવું; બંધ પડવુ (૫) હિમત હારી જવુ, નબળુ પડવુ

૩. સૂતુ જાગવુ = અણધારી અકલ્પ્ય આવી પડવી.

૪. સૂતુ મૂકવું = અવગણના કરવી.

૫. સૂતું વેચવુ = ઊંતરી જવુ.

૬. સાપોનો સાપ જગાડવો = (૧) જાણી જોઈને ભોખમ વહોરવું. (૨) શાંત પડી ગયેલુ વેર જગાડવુ.

૭. સાવજો સિંહ જગાડવો = વિકરાળ કે પરાક્રમી પુરુષને ઉશ્કેરવો

૨. અ ક્રિ ઊંઘવુ

૩. અ. ક્રિ. ઊલ્લી નિદ્રા લેવી; મરી જવુ.

સૂસી [અ.] સ્ત્રી. એક જાતનું કાપડ.

સૂસ્ [સં.] સ. ક્રિ. જન્મ આપવો.

સૂસ્યા [સં સૂસ્ (જન્મ આપવો)] સ્ત્રી. માતા.

સૂષા સ્ત્રી (પુરાણ) પશ્ચિમ દિગ્પાળ વરુણની નિમ્લોચિ નામની નગરીનું બીજું નામ.

સૂસવવું અ. ક્રિ. પવનનું ભેસકોર અવાજ સાથે વહેવું; સસ. અવાજ કરવો; સુસવાટો કરવો.

સૂસી [હિ.] સ્ત્રી. એક જાતનું ઝીણાવાળુ જાડું કાપડ.

સૂહર ન સવર; ભૂંડ.

સૂહવવું સ. ક્રિ સુહાવવું; સુહાવું.

સૂળ ૧. ન. પડખાનો દુખાવો; એક જાતનું તીક્ષ્ણ હરદ.

૨. ન. શૂળ; કાંટો; ભાવણ વગેરેનો મોટો કાંટો.

૩. જુઓ શૂળ.

સૂળી [સં. શૂલિકા; પ્રા. સૂલિઆ] સ્ત્રી. શૂળી; એક અ.ભુમે અણીદાર, મોટો અને જાડો જમીનમાં રોપેલો સળિયો; માણસને ઘટકાવીને મા.ી નાખવાની એક જાતની ગોઠવણ

સૂળીનુ ફૂલ = જેની સાથે પ્રેમ પડે તો ભારે દુઃખ દેવાવાળો.

સૂળો પુ. મોટી સૂળ; મોટો કાંટો.

સૂંખણું ન. ઊંખી ઉપરનો સોય જેવો રેસો.

સૂંખણી સ્ત્રી ખજવ; ઝીંખણી.

સૂંખવું ૧ સ ક્રિ. નાકના બાકથી ઝીંખણી અંદર ખેંચવી.

૨ સ ક્રિ. વાસ લેવી; સોડવું.

સૂંઘા [હિ] પું શિકારી કૂતરો.

સૂંઘાડવું (સુઘાડવુ) સ ક્રિ સૂંઘે એમ કરવુ.

સૂંઘાવું જા. ક્રિ. સૂંઘે એમ થવુ

સૂંઠ [સ શુણ્ઠી] સ્ત્રી સૂકવેલું આદુ; શુંઠી, વિશ્વા; નાગર; વિશ્વભેષજ; ઉષ્ણ કટુભદ્ર; શૃંગવેર; મહૌષધ. આદુની સૂંઠ કરવા માટે આદુને પાણીમા પલાળી મૂકવામાં આવે છે અને છાલ માટીનાં ઠીકરાથી કે છીપલાથી સોરી નાખવામાં આવે છે. પછી તેને ધોઈને ત્રણચાર દિવસ સુધી તડકે નાખી રંગ ઊડી જવા દેવામાં આવે છે. પછી કાળજીપૂર્વક કાચથી ચોળીને વળી ત્રણચાર દિવસ તડકે નાખી, વળી હાથથી ઘસવામાં આવે છે. તેને બે કલાક સુધી પાણીમાં બોળી મૂકીને પછી તડકે સૂકવવામાં આવે છે. પછી બરાબર કપડાથી ઘસવામાં આવે છે. આમ ઘસવાથી સૂંઠનો સફેદ રંગ સુંદર થતો જાય છે સૂંઠ આપણા દૈ.ની ઘણી સામાન્ય ચીજ છે. તેનાં અથાણું, ચટણી વગેરે થાય છે. તેમ જ મસાલામાં પણ તે પડે છે. ગુણે તે ઉષ્ણ, પાચન, દીપન અને વાતહર છે. સુકાયેલ આદુ તે સૂંઠ. તે સુગંધીદાર અને તીખી હોય છે. એના સેવનથી શરીરમાં તાજગી આવે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને વ.યુપ્રકોપ શાંત થાય છે. સૂંઠ ગરમ છે અને તે સાચી ગરમી પેદા કરે છે. સૂંઠ, આદરો અને પેટ ચડવું વગેરેમાં બીજા વાતહર પદાર્થોની સાથે આપવામા આવે છે. અજીર્ણના વ્યાધિમાં તેમ જ પીઠોદરની અંદર બીજી યોગ્ય દવા સાથે સૂંઠ અગર ત્રિકટુ આપે છે. વિષમજ્વરમાં જ્યારે સખત માથુ દુઃખે છે ત્યારે સૂંઠ ઘોપડવાથી ફાયદો થાય છે તથા સૂંઠ વાટી નવશેકી કરી જ્વરમાં કપાળ ઉપર ઘોપડી હોય તો બીડીવ.રમાં પરસેવો વળી તાવ ઊતરી જાય છે. વાતહર તરીકે સૂંઠ બહુ વપરાય છે. હાથ, પગ અને નાક ટાઢાં પડી જાય ત્યારે સૂંઠનો બારીક ભૂકો તે ભાગ ઉપર ઘસવાથી ગરમી પુનઃ જાગૃત થાય છે. કોલેરાના દરદીનું શરીર જ્યારે ઠંડુ થાય છે અને તેને બેહદ પસીનો વળે છે ત્યારે સૂંઠ ઘસાય છે. સૂંઠને બકરીના દૂધમાં ઉકાળી અંદર સિંધાલૂણ નાખી પીવાથી હેડકી બેસી જાય છે

૧ શેર સૂંઠ આધી હોવી = તા.કાત ધરાવવી; બરદાર હોવી

૨. સુંવાળી સૂંઠ – સૂંઠનુ = (૧) નરમ સ્વભાવનું (૨) નાજુક

૩. સૂંઠ કૂબવી = (૧) ક્રોધ ભભેરવા (૨) ગાય, ભેંસ દૂધ ન દેતાં હોય ત્યારે અથવા

ટીપે ટીપું દૂધ કાઢી લેવા તેની યોનિમાં સૂંઠ ઉગાડવી

૪ સૂંઠ સૂંઠે તો બજાઈ જઈ ને કોચાં રહેવાં = રસકસ ચૂસાઈ ગયા પછી કૂચો બાકી રહેવો; કસ્યો સ્વાદ ન રહેવો, મજા ઊડી જવી.

૫ સૂંઠનો સ્વાદ ચખાડવો = માર મારવો, મારી મારીને ટીલું કરી નાખવું.

સૂંઠપાક પું કાટલું.

સૂંઠી સ્ત્રી સૂંઠ

સૂંઢ [હિં.] સ્ત્રી. સૂંઢ.

સૂંઢલી સ્ત્રી. નાનો સૂંડલો

સૂંડલો પુ ટોપલો

સૂંડવું અ ક્રિ. (જુ. રૂ) ચાલવું

દેસાણી રાજત રહિ **સૂણ્યા** નહીં નાદ ઉતાદિક કાન્હડદેપ્રબંધ

સૂંઢા ૧ [હિં.] પુ. ગધેડા ઉપર ભાર ભરવાનું લગડું

૨. સ્ત્રી. નાળિ; કૂંડી.

સૂંડી વિ કાઈ કાઢનાર.

સૂંઢો પુ ટોપલો; સાડલો.

સૂંઢ ૧ સ્ત્રી. અમનાસિકા.

૨. સ્ત્રી. કોસનો વચલો ભાગ.

૩. [સં. શુષ્કા] સ્ત્રી કાર્યાનો બાળો નાકવા તે અવયવ કાર્યોની સૂંઢમા હાડકાં હોતાં નથી. તે લગભગ ૪૦ હજાર સ્નાયુઓના સમૂહની બનેલી છે. તે નાક તેમજ કામનું કામ કરે છે તેના વિના તો જીવવું મુશ્કેલ થાત.

સૂંઢણ ન. સૂઢવું તે; તૈયારી.

સૂંઢલ સ્ત્રી. બળદ કે મજૂરીની સામસામી બાંધવાની સૂંઢલ રાખની = સૂંઢલનો સાથ બાંધવો.

સૂંઢલિયો પુ સૂંઢલ રાખનાર માણસ.

સૂંઢવું ૧. અ. ક્રિ. ચાલવું, જવું.

૨. અ ક્રિ સજ્જ થવું, તૈયાર થવું.

સૂંઢાડવું (સૂંઢાડવું) સ ક્રિ. સજ્જ કરવું

સૂંઢાળું વિ. સૂંઢવાળું.

સૂંડિયું ૧ ન. ઊંટ કે ઘોડાની પીઠ ઉપર ખસારો ન લાગે એ માટે પલાણ નીચે નખાતું લબચોળ ઓશીકા જેવું કપડું.

૨ ન. એક જાતની કાંટાળી જુવાર.

૩ વિ સૂંઢવાળું; સૂંઢના આકારનું તે ઠોસ માટે વપરાય છે.

સૂંઢ્યો પું મોટા નાકવાળો વાંદરો. તે પાત્ર પટ ઊંચો હોય છે તે હળી શકતો નથી.

સૂંથણી સ્ત્રી નાનું સથાણું, લથી

સૂંથવું ન. પાયખાનો; સુરવાણ; લેંઘો

સૂંથણો પું. ચોરણો.

સૂંથણો ઊતરી જવો = પોતિયાં છૂટી જવા, બહુ બીક લાગવી.

સૂંધિયું ૧ ન ચીંથરાં, દોરડી વગેરેની બારીની મોટી છટોણી

૨. ન. કામધંધા વિનાની કે જૂની પાયલી કે ટોપી

સૂંડણ સ્ત્રી,ન. ભાવસારની ભઠ્ઠા બારવાળ, કરવાની કૂંડીવાળી ચોખંડી જગા

સૂંદાલી સ્ત્રી સૂંવાળી પાતળી પૂરી

સેવ, **સૂંદલી**. લાડુ ગિલ્લા, આણા આકા, પાપડ તલ્યા.

કાન્હડદેપ્રબંધ

સૂંનહા (સૂનડા) પું (જુ. રૂ) ઘોડાની એક જાત

હલા હરડા રંગડા.
સરસ્ય રોહલારા **સૂનડા**. કાન્હડદેપ્રબંધ

સૂંસર [પ્રા.] પું સાસરો.

કરજે બાવર તુમ્હો બાઈ નહીં,
મુજ **સૂસર** પ્રતિ તતખેવ. પ્રેમવિજય

સૂંસું સ્ત્રી. એક જાતની દેશી રમત.

સૂંહાલી ૧. સ્ત્રી (જુ. રૂ.) પૂરી.

૨. વિ સૂંવાળી.

દલિ **સૂંહાલી** પૂતની નાસિ.
સોય કાલને આપિ પાસિ

કાન્હડદેપ્રબંધ

સૂ ૧ (સ) અ ક્રિ જન્મવું, બહાર આવવું, સરવું, ઝરવું.

૨. અ. ક્રિ. વહેવું

સૂક ૧. પું. બાણ

૨. પુ. ત્રિવિક્રમની ત્રીજી.

૩. પું. વાયુ.

સૂક્રાંક પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે તેને સારસિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, બે ભગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે

સૂગાળ ૧. પું. (પુરાણ) કરવીરપુરનો રાજા સૂગાળ વાસુદેવ કલિંગ દેશના રાજા ચિત્રાંગદે પોતાની કન્યાનો સ્વયંવર રચ્યો હતો અને જ્યાયી કર્ણની સહાયતાથી દુર્યોધન એ કન્યાનું હરણ કરી ગયો હતો તે સ્વયંવરમાં આ રાજા પણ ગયો હતો.

૨. પું. (પુરાણ) સિપાળનું રૂપ ધારણ કરીને આવેલો ઇંદ્ર. એ રૂપવાળા ઇંદ્ર જોડે કૃષ્ણને સંવાદ થયો હતો

સૂજ ૧ [સં.] (ધાતુ) સ ક્રિ. પેદા કરવું, તે ઉપરથી બનેલા શબ્દો. સર્ગ, સૃષ્ટિ, સરજવું.

૨ સ ક્રિ. બહાર કાઢવું.

સૂજન ૧ ન. દુનિયા; સૃષ્ટિ; સર્જન.

૨. ન સૂજવું તે; ઉત્પત્તિ

સૂજનહૂનું વિ. અનાદિ; સૃષ્ટિ જેટલું જૂનું

સૂજનહાર વિ. પેદા કરનાર.

સૂજવું સ. ક્રિ. ઉત્પન્ન કરવું; બનાવવું; સર્જવું.

સૂજાવવું સ. ક્રિ. ઉત્પન્ન કરાવવું

સૂજાવું ૧. અ. ક્રિ. સૂજન કરી શકાવું, સરજી શકાવું; ઉત્પન્ન કરી શકાવું.

૨. અ. ક્રિ સૂજન થવું; ઉત્પન્ન થવું

સૂષ્ટિ ૧ પું. શત્રુ.

૨ સ્ત્રી માળા.

૩. સ્ત્રી. હથિયાર

૪. સ્ત્રી. કાર્યનું અંકુર.

સૂણી જુઓ સૂષ્ટિ

સૂતઅંબુ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં સગણ, ભગણ અને બે લઘુ મળી આઠ વર્ણ હોય છે

સ ભ લા બે **સૂતઅંબુ**. રત્નપિંગળ

સૂતંજય પું. (પુરાણ) પુરુકુલોત્પન્ન જરાસંધ વંશના કર્મોજિત રાજાનો પુત્ર

સૂતા પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ભૂષતી છંદનો એક ભેદ છે. તેને ભુજગશિશુભૃતા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ અને ભગણ એમ નવ અક્ષર હોય છે.

સૂતાલચાર ૧. સ્ત્રી. એ નામની ખારાબણની એક અટક

૨ ન. એ નામની અટકનું માણસ

૩. વિ. એ નામની અટકનું

સૂતિ ૧. [સ.] સ્ત્રી જવું તે; ગમન

૨ સ્ત્રી માર્ગ.

સૂપ્ ૧ [સં] અ ક્રિ જવું

૨ અ ક્રિ પેટે ચાલવું.

સૂષ્ટ ૧. ન શિલ્પના આઠ માહેનું એક સૂત્ર

૨. વિ છોડેલું, તજેલું

૩ વિ ભેગેલું, યુક્ત

૪. વિ નિશ્ચિત.

૫. [સ. સૃજ્ (પેદા કરવું)] વિ. સરજાયેલું; બનેલું; ઉત્પન્ન કરેલું; પેદા કરેલું

સૃષ્ટસૂત્ર [સ] ન. એ નામનું કડિયાનું એક ઓજાર

સૃષ્ટા ૧ પુ બ્રહ્મા

૨ પુ શિવનાં ડમરુ માહેનું એક નામ.

૩. [સં. સૃજ્ (સરજવું)] વિ ઉત્પન્ન કરનાર.

સૃષ્ટિ ૧ પું (પુરાણ) ઉત્તાનપાદ રાજાના નવ માંહેનો આઠમો પુત્ર.

૨. સ્ત્રી. ઉત્પત્તિ; ઉદ્ભવ.

૩. સ્ત્રી (વેદાંત) ઉત્પત્તિ કરવાનો અનુકૂળ એવો અનુક વ્યાપાર

૪ સ્ત્રી પૃથ્વી; મર્ત્યલોક

૫. સ્ત્રી પ્રકૃતિ.

૬. સ્ત્રી વિશ્વ; જગત; સંસાર; દુનિયા. બ્રહ્માંડ

સૃષ્ટિની ઉત્પત્તિ વિષે પ્રશ્નોપનિષદમાં લખ્યું છે કે, બ્રહ્માંડરૂપ શરીરને ધારણ કરનારા સહસ્રરશ્મિ, નયન અને પાદવાળા આદિપુરુષમાંથી દેદીપ્યમાની વિરાટ પુરુષ ઉત્પન્ન થયો તેણે ઉત્પન્ન થઈને પછી પોતાથી વ્યતિરિક્ત દેવ, મનુષ્ય વગેરેમા પ્રવેશ કર્યો અને તે તે ભાવે કરીને ભૂમિમા વ્યાપ્ત થયો ત્યારપછી સપ્તધાતુથી બનેલા શરીરોમાં તેણે જીવરૂપે કરીને પ્રવેશ કર્યો. વળી તે સર્વાત્મારૂપ પુરુષે આ માનસિક યજ્ઞમાંથી સઘળી ભોગ્ય વસ્તુઓ, દહીં, ઘી, વગેરે પેદા કરીને વાયુદેવતાવાળાં અશ્વરૂપ પશુઓ તથા ગ્રામ્ય પશુઓ ઉત્પન્ન કર્યાં. વળી તે પુરુષના માનસિક યજ્ઞમાંથી ઋગ્વેદ તથા સામવેદના મંત્રો ઉત્પન્ન થયા અને તેમાંથી ગાયત્રી આદિ છંદો તથા યજુર્વેદના મંત્રો પણ પેદા થયા. પૂર્વોક્ત માનસિક યજ્ઞમાંથી અશ્વો તથા ઉપર નીચે એમ બિલમા કાણવાળા પ્રાણીઓ અને ગાય, બળદ, બકરાં, ઘેટાં વગેરે પેદા થયાં સોળ કળાના વિસ્તારરૂપ આ વિશ્વ અર્થાત્ સૃષ્ટિ પરમાત્માએ પોતાનામાંથી સરજી છે. તાત્પર્ય કે પરમાત્મા જ વિશ્વરૂપે પોતાની જાતમાં જ અને કુદરી નીકળેલ છે. જેમકે, પરમાત્માએ વિચાર્યું કે, હું તો એકલો છું, મારે અનેક થવું છે, તો મારી કર્મ શક્તિને ઉપર લાવવી કે જેથી ઉપર આવેલો હું પ્રત્યક્ષ થાઉં. આમ વિચારી તેણે પોતાની બે શક્તિરૂપ પ્રાણ અને પ્રકૃતિને પોતાનામા જ આવિર્ભૂત કરી દીધાં. તેણે પ્રાપ્ત અર્થાત્ જીવાત્માને પોતાનામાંથી જ સરજ્યો, પણ જીવને માટે જ્યાંસુધી પ્રકૃતિનો પરિવાર ન હોય ત્યાંસુધી સૃષ્ટિનું સંચાલન થતું નથી. આથી જીવને પોતાનામાંથી સરજ્યા બાદ પરમાત્માએ શ્રદ્ધા અર્થાત્ અસ્તિબુદ્ધિ એટલે કે, આ બધુ વિશ્વ છે અને મારું છે એવી મતિને ઉપજાવી અને ત્યારબાદ મતિના જ પરિણામરૂપ પણ પૃથિવ્યાદિ મહાભૂતો અને દશ પ્રાણ તથા ક્રમે દ્વિદો અને અગિયારમું મન સરજ્યું. એ બધાના પોષણ માટે અન્ન સરજ્યું, અન્નમાંથી શક્તિના ઝરારૂપ વીર્યને સરજ્યું, ત્યારબાદ વિશોધક તપને સરજ્યું ઋગ્વેદાદિ મંત્રો સરજ્યા તે દ્વારા કર્મ સરજ્યું કર્મના ઉપભોગ માટે લોક સરજ્યા અને લોકમા પ્રમર્જિત દેવદત્ત વનરે નામો સરજ્યાં આમ પરમાત્માએ પ્રાણાદિ સોળ કળા સરજી અર્થાત્ આ અફલાત સૃષ્ટિ આ સોળનો જ અજબ મૂલ્યાકાર છે. એમાં પ્રકૃતિ ભોગ્ય છે અને અવિદ્યાને વશ જીવાત્મા ભોક્તા છે. પદ્મપુ ભાગવતમા લખ્યા પ્રમાણે સઘળી સૃષ્ટિ દશ પ્રકારની છે તે આ પ્રમાણે છે. (૧) મહત્તત્ત્વની સૃષ્ટિ, (૨) અહંકારની સૃષ્ટિ, (૩) પૃથ્વી, વાયુ, તેજ વગેરે પંચમહાભૂતની સૃષ્ટિ, (૪) આંખ, કાન વગેરે ઇંદ્રિયોની સૃષ્ટિ, (૫) બેઠ રિક દેવતાની સૃષ્ટિ, (૬) પંચપર્વા અવિદ્યારૂપ નામની સૃષ્ટિ. આ છ પ્રકારની સૃષ્ટિને પ્રાકૃત સૃષ્ટિ પણ કહે છે અને બીજી સૃષ્ટિ વૈકારિકી કહી. (૭) સ્થાવરની સૃષ્ટિ, વનસ્પતિ વગેરે ૫ પ્રકારની છે. તેમાં જીવ રહ્યો છે અને તે તમોગુણ પ્રધાન છે (૮) પશુ, પક્ષી, સર્પ, વીંછી વગેરે નિર્યક્ પ્રાણીની સૃષ્ટિ તેના પણ અંદરખાને ભેદ તપાસીએ તો ૨૮ છે. (૯) મનુષ્યની સૃષ્ટિ અને (૧૦) દેવતાની સૃષ્ટિ. તેમાં દેવતા, પિતૃ, અસુર, ગંધર્વ, અપ્સરા, સિદ્ધ, ચારણ, ભૂત, પ્રેત વગેરે. સૃષ્ટિની ઉત્પત્તિ વિષે લોકમાન્ય ટિળક કહે છે કે. જગતના મૂળ આરંભમાં હિરણ્યગર્ભ હતા અને અમૃત તથા મૃત્યુ એ બે તેની જ છાયા હતી અને તેણે જ પછી સર્વ જગત નિર્માણ કર્યું; અથવા વિરાટ રૂપી પુરુષ પ્રથમ હતા, તે પછી વધારી સર્વ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. અથવા પ્રથમ પાણી હતું, તેમાંથી પ્રજાપતિ ઉત્પન્ન થયા અથવા સત અને અસત પ્રથમ ઉત્પન્ન થયાં. પછી રાત્રી, તે પછી સમુદ્ર, સંવત્સર એ વગેરે ઉત્પન્ન થયા આમ એક અથવા બીજી રીતે દશ તત્ત્વમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થવાનાં ભિન્ન ભિન્ન વર્ણનો ઋગ્વેદમાં છે પરંપિપન વિદ્વાનો જે જે અનુમાનો સૃષ્ટિ ઉત્પત્તિ સમયે કરે છે, જે જે પ્રમાણો વેદ સ્મૃતિ-પુરાણ માટે આપે છે, જે જે ભાગનો ક્રમ અને ભીન્ન દેશોના સંબંધમાં બતાવે છે, તેમ જ મનુષ્ય-ઉત્પત્તિ ક્રમ થઈ તે માટે જોધો કલ્પનાપૂર્વક કરે છે, તેમાં દહાડે દહાડે વધુ ઓછું માલૂમ પડે છે. એક વિદ્વાન અનુમાન કરે છે તેનું બીજો ખંડન કરે છે. પ્રથમ તો સૃષ્ટિ ઉત્પત્તિના સંબંધમા અર્વાચીન કાળની ભૂતવિદ્યા જણાવે છે કે, આ પૃથ્વીનો ગોળો અગ્નિમય પ્રવાહી હતો. તે સામે સામે ઠંડો પડ્યો ઠંડો પડતા તેમા ચીરાડા પડ્યા અને ઊંચી નીચી જમીન નીકળી ચીરાડા. તે સમુદ્ર, નદી તથા સરોવરો અને જમીન તે જમીન અને પર્વતો. ચીરાડમા ક્રોર્ડ કાળે છિદ્રવાળી વનસ્પતિ અને ઝરડાના કાડકા વગરના પ્રાણી થયાં. તેમને આખ જેવું કાંઈ હતું, પણ બીજી ઇંદ્રિયો હતી નહિ. પછી બરડાવાળા કાડકુ જેમને હતુ એવા પ્રાણી થયા તે મચ્છ હશે. પછી કોર્ડ કાળે જમીન ઉપર નેતર, બરુ અને કેટલીક વનસ્પતિ થઈ, તેવામા રેસ આવી. તે વનસ્પતિ તથાર્ડ સડાઈને સર્વના તાપથી બળી કોલસા થયા પછી જળચર પ્રાણી થયાં આ પ્રાણી મગરમચ્છ જેવા અને સસવાદ જેવા વિસ્તારીસ ફૂટ લાંબા હતાં. આમાં કેટલાક સોપત્રા પ્રાણી હાલના જેવાં થયા અને હાલના જેવી વનસ્પતિ થઈ. પણ તે પ્રાણી ૧૫ થી ૧૮ ફૂટ લાંબાં હતા. આ પ્રાણીઓમાં હાથી અને ઘરસ જેવી જાત મળી હતી. તેનો નાશ થઈ તેમાંથી હાલની મનુષ્યસૃષ્ટિ થઈ છે. આ વાદને ડાર્વિન ખોટો પાડે છે તે કહે છે કે, વાનરમાંથી કાળાતરે મનુષ્યો થયાં; હિમ પ્રદેશમાં જઈને વસ્યા તે ગોરા થયા અને કાળા મનુષ્ય તે હબસી. એક બીજો વિદ્વાન કહે છે કે, પ્રાણીઓ તો જુદાં જુદાં હતાં પણ હવા, પાણી અને ફેળવણીથી મનુષ્યસૃષ્ટિ થઈ છે. વળી એક પરંપિપન વિદ્વાન કહે છે કે, મનુષ્ય તો પહેલાં પશુ સમાન હતો, તે કેળવાઈને હાલની હાલતે પહોંચ્યો છે; પણ કેળવનાર કોણ તે કહેવામાં આવતું નથી. એક બીજો સિદ્ધાંત કહે છે કે, મનુષ્ય હાલની સ્થિતિમાં જ થયો છે. ઇંદ્રિયગોચર ન થતું માટે અવ્યક્ત, સૂક્ષ્મ, એકરસ અને સારે તરફ અખંડ ભરાઈ રહેલા એક એક નિરવયવ દ્રવ્યમાંથી સર્વ સૃષ્ટિ ઉત્પન્ન થઈ, એ સાખ્યોનો સિદ્ધાંત પશ્ચિમાત્ય દેશોના અર્વાચીન આધિભૌતિક તારણોને માન્ય છે, એટલું જ નહિ પણ આ મૂળ દ્રવ્યમાંથી સૃષ્ટિનો ક્રમે ક્રમે વિકાસ થતો આવ્યો છે અને આ પૃથ્વીપર ક્રમ અથવા સરણી છોડીને વચમા જ પોલંપોલની પેઠે કોઈ વસ્તુ આવી નથી, એવું તેમણે હાલમા ઠરાવેલું છે. આ મતને ઉત્ક્રાંતિવાદ કહે છે લોકમાન્ય ટિળક કહે છે કે, આ સિદ્ધાંત પશ્ચિમમાં જ્યારે ગયા સૈકામા શોધી કાઢવામા આવ્યો તે વખતે ત્યાં મોટું ખાંધલ થઈ પડ્યું હતું ખ્રિસ્તી ધર્મના પુસ્તકોમાં એવ વર્ણન છે કે, પરમેશ્વરે પંચમહાભૂત અને જગમ કોટિમાનાં પ્રત્યેક પ્રાણીની જાત જુદી જુદી વખતે અને સ્વતંત્ર

રીતિએ નિર્માણ કરી હતી અને ઉત્ક્રાંતિવાદ નીકળ્યા પહેલાં આ જ મત સર્વ ખ્રિસ્તીઓ માન્ય કરતા હતા. એટલે ઉત્ક્રાંતિવાદથી આ સત્ય ખોટું કરવાનો જ્યારે વખત આવ્યો ત્યારે ચારે તરફથી ઉત્ક્રાંતિવાદ ઉપર હલ્લા શરૂ થયા અને અદ્યાપિ સુધી થોડા પડ્યા ચાલે છે. સૃષ્ટિનું જીવન ૩૦,૦૦,૦૦૦ વરસનું છે ઘડિયાળની માફક તેના કલાકની જેમ ૧૨ ભાગ પાડવામાં આવે તો તેનો ગતિક્રમ આ પ્રમાણે થાય: (૧) દરિયામાં જંતુઓ, (૨) દરિયાઈ વીંછીઓ, (૩) માછના કરપલવાળી માછલી, (૪) હથિયાર જેવાં શરીરનાં અસ્થાણી માછલી, (૫) મહાન વક્ષો જેમા તેથી જમીન ઉપર જીવ રહેવા લાગ્યા. હાથ અને પગ દેખાયા (૬ઠીમ) દરિયાઈ પેટે ચાલનારા પ્રાણી, (૮ઠીમ) પેટે ચાલનારાં પ્રાણી પછી પક્ષી, (૧૦) ચોકના પડ, દાંત અને પાલવાળાં પક્ષી, (૧૧થી ૧૨) વાદરાં અને છેવટે માણસ પોતે. જીવન શરૂ થયાને ૩,૬૦,૦૦,૮૦૦ વર્ષો થયાં છે સાખ્યદર્શન પ્રમાણે અધિક સત્ત્વગુણવાળી સૃષ્ટિ ઉત્કૃષ્ટ છે તમોગુણવાળી સૃષ્ટિ નિકૃષ્ટ છે. રજોગુણવાળી મધ્યમ સૃષ્ટિ કહેવાય છે

જગત જે આપણે દેખીએ છે તેની પેલી પાર જઈને કંઈ કામ. સૃષ્ટિની પાછળ જે તત્ત્વ રહેલું છે, આ તત્ત્વ અને મારી વચ્ચે સંબંધ શો છે, તેનો સંબંધ સમજવા જાણવા માટે આ જગતમાં પરમ સાધન શું છે અને મને તે સાધન પ્રાપ્ત કરવા સારુ મારે કયા પ્રકારનો આધ્યાત્મ જ્ઞાનવાનો માર્ગ સ્વીકારવો જોઈએ અથવા કયા માર્ગથી કયું સાધન પ્રાપ્ત થશે, ઇત્યાદિ મહત્ત્વ પ્રશ્નોનો યથાશક્તિ શાસ્ત્રીય રીતિએ વિચાર કરવા માટે જ વેદાંતરામાની પ્રવૃત્તિ થયેલી છે.

બાળગંગાધર ટિળક

સૃષ્ટિકર્તા પું. સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર; પરમેશ્વર; પરમાત્મા; સ્રષ્ટા. બ્રહ્મા.

સૃષ્ટિકર્મ વિરુદ્ધ વિ. જગતની રીતથી ઊલટું

સૃષ્ટિકર્ત્તા જુઓ સૃષ્ટિકર્તા

સૃષ્ટિકાળ પુ. જગતની ઉત્પત્તિનો સમય

સૃષ્ટિક્રમ [સં] પુ. સૃષ્ટિનો ક્રમ કે નિયમ; જગતનો નિયમ. લોકમાન્ય ટિળક લખે છે કે: સૃષ્ટિના આરંભમાં જગવાને હિરણ્યગર્ભ એટલે બ્રહ્મદેવને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કહ્યું. તે પછી તેમનાથી મરીચિ વગેરે સાત માનસપુત્રો ઉત્પન્ન થયા અને તેમણે સૃષ્ટિક્રમ સારી રીતે કરવાને માટે યોગ એટલે કર્મમય પ્રવૃત્તિ માર્ગનું અવલંબન કીધું અને સનતકુમાર, કપિલ વગેરે બ્રહ્મદેવના બીજા સાત માનસપુત્રોએ નિવૃત્તિમાર્ગ એટલે સંન્યાસનું અવલંબન કર્યું, એ રીતે આ બે માર્ગની ઉત્પત્તિ કરીને એ બને માર્ગો મોક્ષદૃષ્ટિએ વાસુદેવ રૂપી એક જ પરમેશ્વરની પ્રાપ્તિ કરાવી આપનાર ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર છે એમ સ્પષ્ટ કહેલું છે તે જ રીતે યોગ એટલે પ્રવૃત્તિમાર્ગના પ્રવર્તક હિરણ્યગર્ભ અને સાંખ્યમાર્ગના મૂળ પ્રવર્તક કપિલ એવો પણ ભેદ કર્યો છે, છતા હિરણ્યગર્ભ પછી કર્મ છોડી દીધાં એવું કોઈપણ ઠેકાણે કહેલું નથી. બીલકુલ સૃષ્ટિનો વ્યવહાર સરલતાથી ચલાવવા માટે જગવાને વસ્તરૂપી કર્મમય ઉત્પન્ન કરી તે સતત ચાલુ રાખવુ એમ તેમને તેમ જ બીજા દેવતાઓને કહ્યું આવું વર્ણન છે.

સૃષ્ટિક્રમ વિરુદ્ધ કર્મ કરવું = પુરુષે પુરુષનો સહોગ કરવો

સૃષ્ટિક્રિયા [સં] સ્ત્રી. સૃષ્ટિનો વ્યાપાર

સૃષ્ટિચિત્ર [સં] ન. બ્રહ્મદેશનું ચિત્ર; દૃશ્યભૂમિ ચિત્ર; દૃશ્યચિત્ર

સૃષ્ટિજન્ય [સં] વિ. સૃષ્ટિ થકી ઊપજેલું, જગતમાંનું; કુદરતી.

સૃષ્ટિજૂનું વિ. બહું જૂનું, પ્રાચીનમાં યે પ્રાચીન.

સૃષ્ટિજ્ઞ [સં.] પું. પ્રકૃતિશાસ્ત્રી; સૃષ્ટિશાસ્ત્રી.

સૃષ્ટિજ્ઞાન ૧. ન. કુદરતનું જ્ઞાન; સૃષ્ટિનું જ્ઞાન. ૨ [સ] ન. વિજ્ઞાનશાસ્ત્ર

સૃષ્ટિઢ ન. (સિંધ) એક જાતનું દિવાળ ઘર.

સુનેજ ઘરની પછીતે બે અસિદો હોય જ્યા તેને બહારાક ન હોય તો તે સૃષ્ટિઢ ઘર કહેવાય.

રાજવલ્લભ

સૃષ્ટિર્દૃષ્ટિવાદ [સં.] પું. (વેદાંત) સિદ્ધ સૃષ્ટિ સત્ય છે અને સમજાતી નથી છતા બાધકારક નથી, પણ માનસિક સૃષ્ટિ જે સમજાય છે તે મિથ્યા બાધકર્તા છે એવો વાદ; અકલ્પિતવાદ

સૃષ્ટિદ્વય [સં.] ન. (વેદાંત) બે પ્રકારની સૃષ્ટિ. (૧) યુગપદ્ એટલે એકદમ સૃષ્ટિની ઉત્પત્તિ થયી તે અને (૨) ક્રમ સૃષ્ટિ એટલે માયા, મહત્તત્ત્વ, અહંકાર, પંચ મહાભૂત. ઇત્યાદિ ક્રમે સૃષ્ટિ થયી તે.

સૃષ્ટિનિયંતા [સં. સૃષ્ટિ + નિયંતૃ (નિયમન કરનાર)] પું. દુનિયાનું નિયમન કરનાર પરમેશ્વર; બ્રહ્મા; સ્રષ્ટા.

સૃષ્ટિનિર્માણ [સ.] ન. સૃષ્ટિ રચના.

સૃષ્ટિપતિ [સં.] પું. પરમેશ્વર.

સૃષ્ટિમાર્ગ [સં.] પુ. જગતનો નિયમ.

સૃષ્ટિરચના ૧. [સ.] સ્ત્રી વિશ્વરચના; વિશ્વની બાંધણી; સૃષ્ટિની બનાવટ

૨. સ્ત્રી સૃષ્ટિસૌંદર્ય; કુદરતી દૃશ્ય

સૃષ્ટિવિજ્ઞાન [સં.] ન કુદરતને લગતું વિજ્ઞાન; નિસર્ગ સંબંધી વિદ્યા; સૃષ્ટિ સંબંધી શાસ્ત્ર; સૃષ્ટિની રચના વગેરેનું શાસ્ત્ર; સૃષ્ટિજ્ઞાન.

સૃષ્ટિવિરુદ્ધકાર્ય [સં.] ન. સ્વભાવિક કુટેવ.

સૃષ્ટિશાસ્ત્રજ્ઞ [સં] પું. સૃષ્ટિ સંબંધી વિદ્યા જાણનાર પુરુષ

સૃષ્ટિશાસ્ત્રી [સં] પું. પ્રકૃતિશાસ્ત્રી; સૃષ્ટિને જાણનાર વ્યક્તિ

સૃષ્ટિસમાનતા [સં.] સ્ત્રી. એકસરખા કારણમાંથી એકસરખું કાર્ય ઉદ્ભવે છે તે.

સૃષ્ટિસાદૃશ્ય [સં] ન. વિશ્વવ્યવસ્થાની એકરૂપતા. તેના નિયમ વિષે શ્રી રામનારાયણ પાઠક લખે છે કે, આપણે પ્રથમ જો વિચારીએ કે, આપણે અમુક વસ્તુને અમુકનું કારણ કહીએ છીએ ત્યારે તેનો અર્થ શો કરીએ છીએ. નાના છોકરાને તરસ લાગી હોય અને પછી આપણે એને પાણી પાઈએ એટલે તેની તરસ છીપે. તરત છોકરો ઓછી વત્તી અંશે તેવી સ્પષ્ટતાથી સમજે છે કે, તેની તરસ છીપવાનું કારણ હોકું લેવાયું. પાણી પીવાથી તરસ છીપે છે અને માને છે કે, ભવિષ્યમાં જ્યારે જ્યારે તરસ લાગશે ત્યારે ત્યારે પાણી પીવાથી મટશે. પૃથક્કરણ કરતાં આમાં બે જુદા જુદા નિયમો આવી જાય છે; એક તો એ કે, દરેક કાર્યને કારણ હોય છે અને બીજો એ કે, અમુક કારણથી અમુક કાર્ય થાય છે. એ સત્ય સ્વયં કાળથી અનિયંત્રિત છે. આમાંથી પહેલાને આપણે કારણતાનો સિદ્ધાંત કહીશું અને બીજાને સૃષ્ટિ સાદૃશ્યનો

સૃષ્ટિસૌંદર્ય [સં.] ન વિશ્વની શોભા; જગતની સ્વાભાવિક રમણીયતા કે સુંદરતા; કુદરતનું સૌંદર્ય

સૃંક [સ] ન માર્ગ

તે દ્વાર જો કે નવિશેત્ત કોણે,
તન્યા પદાર્થો ક્રિયારહસ્યે.
ચિત્તમયી આ રહ્યુ માર્ગ સૂક્ષ્મો,
જોડી દીધા જ્યાં કુળતાં મનુષ્યો

કવીપનિષદ

સૃંજાલ પું (પુરાણ) એ નામે એક રાજા.

સૃંજય ૧ પું. (પુરાણ) અંબા, અંબિકા અને અંબાલિકા એ ત્રણ કન્યાઓના માતામહ હોત્રવાહન રાજાનું બીજું નામ

૨. પું. (પુરાણ) ઉત્તમ નામના ત્રીજા મનુનો એ નામનો એક પુત્ર.

૩ પું. (પુરાણ) પાંચાળ કહેવાતા પંચ ભાઈઓમાંના સૃજય રાજાનું બીજું નામ ૪ પુ વિદાલા નગરીનો વિસાલથી પાંચમો એ નામનો એક રાજા

૫. પું શિબિદેસનો એ નામનો રાજા. એની સ્ત્રીનું નામ કૈકેયી હતું નારદ અને પર્વત એ બને ઋષિઓ રાજા મિત્રો હતા એક સમય એ બને ઋષિઓ આની પાસે આવી કેટલોક કાળ રહ્યા. રાજાએ પોતાની કન્યા દમયંતીને તેમની પાસે સેવા કરવા રાખી નારદ અને પર્વત વચ્ચે એવો કરાર હતો કે, એક બીજાએ પોતાના મનમા જે સંકલ્પ થાય તે એક બીજાને કહેવા રાજા પાસેથી તેની કન્યા કુવારી છે એમ જાણી નારદના મનમાં પોતાને તેને પરણવાનો વિચાર આવ્યો. પણ નારદે આ વાત પર્વતને ન કહેવાથી પર્વત ઋષિએ તને શાપ આપ્યો કે, તારુ મોં વાનર જેવુ થશે પર્વતના મનમાં પણ કન્યા સાથે પરણવાનો વિચાર હતો પણ શરમથી નારદને કહ્યું નહિ. તેથી નારદે તેમને તારાથી દેવલોકમા જવાશે નહિ એવો શાપ આપ્યો પછી પર્વત ઋષિ પૃથ્વા ઉપર કરવા નીકળી પડ્યા. અને નારદ ત્યાં જ રહ્યા. દમયંતીએ વિચાર્યું કે, નારદે મારા પિતાને પૂછતાં તેમણે કુંવરી પુ એવો તેને જવાબ આપ્યો છે માટે મારે તેમને જ પરણવુ જોઈએ એમ નિશ્ચય કરી તેણે નારદની ઉત્કૃષ્ટ રીતે સેવા કરી અને પોતાની માતાને કરેલો નિશ્ચય જણાવ્યો એની માતાએ તે વાત રાજાને કરી. આવા વાહર જેવા મોં વાળાને હું મારી કન્યા શી રીતે આપુ? એમ રાજાએ કહ્યું આ જાણી દમયંતી નિરુપાય થઈ પણ. કાળ પછી પર્વત ઋષિ ત્યાં આવી ચડ્યા પર્વતે નારદને અને નારદે પર્વતને શાપથી મુક્ત કર્યા. આ પ્રસંગે નારદનું મુખ પૂર્વવત્ થયુ પછી રાજાએ દમયંતીનું લગ્ન નારદ સાથે કર્યું સૃજયના પુત્રનુ નામ સુવર્ણષ્ઠિવી. તેના શરીરમાથી સોનુ નીકળતું એમ કહેવાય છે

૬ પું. (પુરાણ) સુપૈવશીય દ્રિષ્ટકેતુપ્રજાપૂત્રાક્ષ રાજાના પુત્ર સમમનુ બીજું નામ ૭ પું (પુરાણ) સોમવંશીય અનુ રાજાના પૌત્ર કાલનરનો પુત્ર એનો પુત્ર જનમેજય

૮. પુ. (પુરાણ) સોમવંશીય વદુકુલાન્તર્ગત સાત્વત્ અન્વયમા થયેલા શૂર રાજાના દશ માહેનો પાચમા પુત્ર. કમની બહેન રાષ્ટ્રપાલી આની સ્ત્રી થાય એને વૃષ અને દુર્મર્ષણ નામે બે પુત્ર હતા.

સુંજયા સ્ત્રી (પુરાણ) સૃજય રાજાની કન્યા અને સાત્વતપુત્ર અજમાન રાજાની મોટી રાણી

સે ૧ સ્ત્રી અરક્ત; પુષ્કળ હોવુ તે.

૨. સ્ત્રી. મદદ

સે પૂરવી = (૧) ટેકો આપવો, મદદમાર નીવડવું (૨) બરક્ત જણાવી,

૩. સ્ત્રી. રિવાજ

૪. સ્ત્રી. સહનશક્તિ.

સેક ૧. [અ] પું. એક જાતનો દારૂ તેને શેરી જેવો પણ ઘણી વખત મીઠો કરવામા આવતો અને મસાલાથી સુગંધીત પણ કરવામા આવતો.

૨. [સં.] પું ક્ષારવુ તે.

૩. સ્ત્રી ખોનેર આફ્રિકી એ નામની એક આકાશતત્ત્વ દેવતા.

૪. પુ. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ; ચર્મણ્વતી અને પાટલાવતી નદીઓ વચ્ચે અવતીની ઉત્તર દિશાએ આવેલો પ્રદેશ. એનો અપરસેક કરીને એક વિભાગ હતો.

૫. પું સિંચવું તે; પાણી છાંટવુ તે

સેક પામવુ = સિંચાવુ; ધીમે ધીમે છાંટા પડવા

સેકડો ૧. પું એ નામની એક ઔષધિ. તેને ઉપદંશક્ષમ પણ કહે છે.

૨. પું. સરમવાનુ ઝાડ.

સેકડું (સેકડ) વિ. તોફાની. ઢોર માટે વપરાય છે

સેકપાત્ર [સં.] ન. (વહાણવટું) પાણી છાંટવાનું પાત્ર; ડોલ; મશક

સેકબદ [અં] ન. અખબારમા વપરાતું એક સંગીત વાદ્ય. તે પવનવાદ્યુ હતુ. તે લગભગ નગારા જેવું અને જોડીમાં બનાવવામાં આવતુ તે ઘણુ પ્રિય થઈ પડ્યું અને પછીથી રમકડા બનાવનારાઓ રંગભૂમિ ઉપર પણ વાપરતા. તેમાંથી અલારનુ ટોમબોન થયુ છે

સેકંડ ૧. [અં] સ્ત્રી. મિનિટનો સાઠમો ભાગ

૨. વિ. બીજુ.

સેકંડહેન્ડિંગ [અં.] સ્ત્રી. ડિસ્કની ગતમા પહેલી ધ્વનિનનુ પરિણામ આવ્યા પછી ઢારેલી ટુકડી બીજી વાર રમત ચાલુ રાખે છે તે.

સેકંડકાંટો પુ. ઘડિયાળમા સેકંડ બતાવનારો કાટો.

સેકંડક્લાસ ૧ [અં.] પું બીજો વર્ગ

૨ વિ બીજા વર્ગનુ

સેકંડહેન્ડ [અં] વિ. ઉતરેલુ; વાપરેલુ, જૂનુ

સેકેરિન [અં.] સ્ત્રી. ટોલ્યુઈન નામના પદાર્થમાથી બનાવવામા આવતુ અત્યંત મીઠુ મિશ્રણ. કોલસામાથી બનાવવામાં આવતી સેકરિન હલકી છે. તે પાણીમાં થોડી ઓગળે છે. ખોરાકમાં ગળપણ નારીકે અને મધુપ્રમેહવાળાને ખાંડને બદલે તે અપાય છે. શેરડીમાથી બનતી ખાડ કરતા સેકેરિન ૪૦૦-૫૦૦ ગણી ચડી જાય છે

વિશ્વની વિચિત્રતાઓ

સેકેરોમીટર [અં] ન એ નામનુ એક યંત્ર; ગોર્કરા માપક યંત્ર; શેરડીનો પાક કાચો છે કે પાકો તેની પરીક્ષા કરનારી એક જાતની શીશી. આ યંત્ર મિ. બ્રિક્સે તૈયાર કરેલુ છે તેથી શેરડીના રસમા કેટલા ટકા ખાડ છે તે જાણી શકાય છે.

સેકતા ૧. [સ. સેક્તૃ] પુ પતિ, ધણી

૨. પું. મેઘ

૩. વિ. સિંચનાર.

સેક્રેટરિયેટ [અં.] ન. સરકારના મુખ્ય ખાતાંનું સૌથી મોટું કાર્યાલય કે કચેરી

સેક્રેટરી [અં.] પું. મત્રી; તંત્રી; કોઈપણ ખાતાનો મુખ્ય અધિકારી.

સેક્રેટરીબર્ડ [અં.] ન. ગીધ સાથે સંબધ ધરાવતું લાબા પગ અને પૂછડીવાળુ આફ્રિકાનુ એક પક્ષી. દેખાવમાં તે બગલા જેવુ છે અને નાગ તેનો ખોરાક છે. તેનાં પીંછા ભૂરાં, કાળા અને ધોળા હોય છે. તેના માથાની પાછળ એક ઝૂમખું હોય છે તે કાન પાછળ ભરાંવેલ કલમનાં મળતું આવે છે તેના ઉપરથી આ નામ પડ્યું લાગે છે

સેક્સન [અ] પું. વિભાગ; ભાગ

સેક્સોફોન [અં] ન. પિત્તળનુ એક વાજુ. તને લગભગ ૨૦ ચાવી તથા પીપા હોય છે. તેની શોધ પારિસમાં રહેતા એડોલ્ફ સેક્સ નામના બેલ્જિયને ઈ સ. ૧૮૪૬ના અરસામાં કરી હતી. લશ્કરી બેડમાં આ વાજુ ક્લેરિયોનેટને બદલે વપરાય છે

સેખ સ્ત્રી. અ.જિવક દર્શનની આઠ મ.હેની એક ભૂમિકા.

સેખચ સ્ત્રી. બઢાઈ, પતરાજ; બગરી, દમામ.

સેખચું (સેખચ) વિ. સૌથી વધાર

સેખચો (સેખચો) પું. હાથો અગર મોટો સરગવો

સેગઢો (સેગડો) પું પદાર્થોને મજબૂત રાખવાનો સગ્રા.

સેગરી [હિ.] સ્ત્રી. એક જાતની મીઠાઈ.

સેગરો પુ સુતારનું એક ઓજાર; સીગરો.

સેગો પુ સાબુચોખા.

સેગોપામ સ્ત્રી એક જાતનુ ઝાડ. આ ઝાડ ખજૂરી જેવુ દેખાય છે તેમાં કાટા થાય છે નાગફણ જેવા પોટા થાય છે અને તેની કોર ઉપર ફૂલ થાય છે

સેચક ૧ પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. વિ. ધનની વૃદ્ધિ કરનાર.
૩. [સં સિચ્ (સિંચવું)] વિ. પાણી છાંટનાર; પાણી સિંચનાર

સેચન ૧. ન. છાંટવાની દવા
૨ ન. (વહાણવટું) ઢોલ; પાણી ઢાકવાનું ચામડાનું પાત્ર
૩. [સં.] ન. ધીરે ધીરે પાણી પાવું કે સિંચવું તે; ધીમે ધીમે થોડું થોડું પાણી રેડ્યા કરવું તે; છાંટણ

સેચની [સં] સ્ત્રી. પાણી છાંટવાનું વાસણ; ઝોલ.

સેજ ૧. [સ શય્યા] સ્ત્રી. પથારી; બિછાનું.
કરિપુ વહ્ય શાન્ય, સયન સ્પેસન શયનીય,
કુપરીષ્ણ સમ સેજપર બેઠી ત્રિય રમણીય
પિંગળગ્રંથપ્રકાશ
સેજ દેવી = મરેલાની પછવાડે ઘાલવાને પથારી વગેરે આપવું
૨. સ્ત્રી રહેણ; રોવું તે.
૩. વિ અમરતું; પ્રયોજન રહિત.
૪. વિ. જરાક; થોડું; અલ્પ.

સેજડી (સેજડી) સ્ત્રી પથારી; શય્યા
સુખની સેજું નોય, સેજડીએ સુનાય નૈં,
હલામણને હોય, સોન વિનેએ સાયરો.
દુહો

સેજપર ૧. સ્ત્રી સોનીની એ નામની એક ઓટક
૨. ન. એ નામની ઓટકનું માણસ
૩. વિ. એ નામની ઓટકનું.

સેજબંધ ૧. પું. ખાટલાની પાટી.
૨. પું. છત્રપલંગ વગેરેને ચારે ખૂણે મચ્છરદાની ઉપર રેશમી ચૂંથેલી દોરીઓ અને તેને છેડે રેશમી ફુમતાં લટકતાં હોય તે.
૩. [ગિ.] પુ પથારી બાંધવાની દોરી

સેજલડી (સેજલડી) સ્ત્રી શય્યા; પલંગ, પથારી.

સેજલિયા ૧ સ્ત્રી. લેઉઆ કણબીની એક ઓટક.
૨. ન એ નામની ઓટકનું માણસ.
૩. વિ. એ નામની ઓટકનું

સેજસાજ ૧ વિ. થોડુંઘણું; અમરતું, ઉપર ચોટિયું
૨ ક્ર. મરકરીમા; મન્મતમા

સેજળ ૧ ન નદીનું પાણી.
બાળુ પાટણ દેરા, પાણી વિના પૂરા મરે;
સરવો સોરઠ દેસ સાવજડાં **સેજળ** પિયે.
લોક સાહિત્ય
૨. વિ. વગસાદના પાણીથી થતું. તે ખાસ કરીને ઘઉં માટે વપરાય છે

સેજાર ૧ પું. પોપચું; શક્તિ; તાકાત
સેજાર રહેવો = તાકાત રહેવી.
૨. ન. અંશ; થોડો ભાગ.
૩. ન. વરાળ

સેજારત ન. સહેજ; જરાસું.

સેજિયું ન. પંચિયું; કોર વગરનું ટૂંકું ધોતિયું.

સેજું ૧ ન. પથારી
સુખની **સેજું** નોય, સેજડીએ સુનાય નૈં,
હલામણને હોય સોન વિનેએ સાયરો.
દુહો
૨ ન. સ્વભાવ કે મૂળનું મળતાપણું
૩. ન. હાડ ભાંગો.

સેજ્જ ૧. [પ્રા] સ્ત્રી (જૈન) પથારી.
૨ સ્ત્રી. સાધુને રહેવા યોગ્ય મકાન.

સેજ્જાસંથાર [સં. શય્યા સસ્તાર] પું. (જૈન) પથારી પાથરવી તે.

સેઠ ૧ પું ટનિસની છ રમતોનો સટ
૨. [અં] પું સધાન વસ્તુઓનો સમૂહ; સટ

સેટલમેંટ ૧. [અં.] ન. જમાબંધી; વિલોટી.
૨. ન. પતાવટ; ચુકાદો; તોડ; નિકાલ.
૩. ન સંસ્થાન; ઠોબોનિ; નિવાસ; વસતિ

સેટલમેંટ ઓફિસર અ.] પું. વિલોટી નક્કી કરનાર અમલદાર

સેટસ્કેયર [અં.] ન ઘાટખૂણ માપક; ઘાટખૂણો માપવાનું સાધન

સેટાયર ૧. [અં.] પું નિંદાત્મક કવિતા; કુરાચારનું ઉપહાસક કવિતા
૨. પું. સંસ્કૃત ટીકા.

સેટિનેટ [અં.] સ્ત્રી. સુતરાઉ તાણા અને ઊનના તાણાનું બનાવેલું એક જાતનું કપડું. તે મુરવાલ બનાવવામાં વપરાય છે.

સેટીન [અં.] ન. સાટીન; રેશમી લૂગડું; અતવસ.

સેઠડું (સેઠડું) વિ શોખી કરનાર, શોખડુ

સેઠોન પું. અમેરિકાનો એક વિખ્યાત પ્રભુ પ્રેમી અને નિસર્ગ પ્રેમી માણસ. તેનું પૂરું નામ અર્નેસ્ટ થોમ્પસન સેટોન છે. પૂરતે સર્જેલી માનવ સિવાયની જીવલીલા વિષેના એમણે લખેલા પુસ્તકોએ અમેરિકની નવ્ય નવ્ય પેઢીઓને પશુપ્રેમી બનાવી છે. અમેરિકી જનતાને સેટોને પહેલી વાર જણાવ્યું કે, જંગલી પ્રાણીઓના પણ જીવન હોય છે, એ પ્રાણીઓના પ્રેમની કથા પણ હોય છે અને એમના જીવનની કરુણાઓ પણ માનવજીવન જેવી જ હોય છે. આ નિસર્ગ પ્રેમી લેખકનો જન્મ એક ગામડા ગામમાં સ્કોટ માતાપિતાને ત્યાં થયો હતો. બાળપણથી જ એમના બાપની એવી ધારણા એમનાં મનમાં વસી ગઈ હતી કે, જેના પ્રસવપાતને લીધે તે પશુપ્રેમી યાને નિસર્ગપ્રેમી બન્યો. એ દરમ્યાન બાંધુઓને એમના બાપ તરફથી એવી આજ્ઞા હતી કે, હું ઘરમાં પગ મૂકું ત્યારે તમારે દસે ય જણાએ એક ઠરીઠામમાં ઊભા રહેવું. એક વેળા સેટોન એક ઉંદર પાછળ પડેલ. એ બંનેની દોડ ૩૦૦ માર્યલ જેટલી લાંબી ચાલી અને બંનેએ જંગલના ઝાડા, ટેકરાઓ, ખાંખરાઓ ઓળંગતા ઓળંગતા ૫૬ દિવસ વિતાવી કાઢ્યા. આવા તો અનેક બનાવો એમના જીવનમાં બનવા પામ્યા હતા એમણે લખ્યું છે કે, આપણે અને પશુઓ બાંધુઓ જેવાં જ છીએ એવી એક પણ ગ્રીજ માનવ ધરાવતો નથી કે જેનો ઓજસમાં ઓછો અંશ પણ પશુઓમાં ન હોય અને માણસ પાસે જે નથી તે પશુઓ પાસેથી પણ મળી શકતું નથી.

સેઠ (સેઢ) ૧. સ્ત્રી ચામખા કે લગામની પાતળી દોરી
૨. સ્ત્રી. ભેર; યુદ્ધ
૩ સ્ત્રી દીવાથી લાંબી સગ.
૪ સ્ત્રી. ધાર; ધારા; પ્રવાહીની જોરદાર ધારા; રોડ.
૫. સ્ત્રી પક્ષ; વગ.
૬. સ્ત્રી. હળની લાંબી સીધી ધરી
૭. ન. હાલું; હળનો એક ભાગ; ખેતીનું ઓજાર કરબનો એક ભાગ.

સેઠકડું (સેઠકડું) વિ શોઠકડું; તરતનું જ ઠોકેલું. તે દૂધ માટે બોલાય છે.

સેઠણ [અં.] ન. સાઈકલ ઉપર બેસવા માટેનું ચામડાનું સાધન.

સેઠવવું (સેઠવવું) ૧. સ. ક્રિ. આઘો આવવા દેવો; અથાય બળ તેમ કરવું.
૨ સ ક્રિ સહી બળ તેમ કરવું.

સેઢિ ૧. સ્ત્રી. (પ્રાકૃત) નિસરણી
૨. [સં શ્રેણિ] સ્ત્રી. (પ્રાકૃત) પંક્તિ, હાર.

સેણ ૧ પું. સજ્જન; સ્નેહી; મિત્ર
૨ પું. સ્વામી
૩. સ્ત્રી. શરણ
૪ વિ બલું; ગુણવાન

સેણ્ય [સં સૈન્ય] ન (પ્રાકૃત) લશ્કર; સેના

સેણ્ય સ્ત્રી (પ્રાકૃત) ભિક્ષા

સેતલવાડ (સેતલવાડ) ૧ જ્ઞા. અનાવિલ બ્રાહ્મણની એ નામની એક અટક.
૨ ન એ નામની અટકનું માણસ
૩. વિ એ નામની અટકનું.

સેતાન ૧ [અ શતન (તેણે બળવો કર્યો)] પું ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો
૨. પુ. દુષ્ટ નઠારો માણસ; લુચ્ચો માણસ.
૩. પું. બદમાશ; શેતાન.

સેતાનશાહી જી. હરામખોરી; લુચ્ચાઈ; બદમાશી

સેતાનિયત જી. દુષ્ટતા; લુચ્ચાઈ; બદમાશી; શેતાનિયત

સેતાની ૧. વિ. તોફાની; શેતાની
૨. વિ. દુષ્ટ પાપી; સેતાનના જેવું.

સેતુ ૧ [સં] પું. ખેતર વગેરેમાં જળ રાખવા બાંધેલી પાળ
૨ પુ ગતિનું સાધન.
૩. પું. પુરુષોત્તમનાં ઢળવર મહેનું એક નામ.
૪. પું પુલ; પાણી ઉપર થઈને જવા આવવા માટે બાંધેલો રસ્તો. બાંધકામ મુખ્યત: ચાર પ્રકારના સેતુ બનાવવામાં આવે છે: (૧) ગર્ડર બ્રિજ–લોઢાના ગર્ડરોનો બનાવેલો પુલ; (૨) આર્ચબ્રિજ–ગોલાકાર પુલ; (૩) સસ્પેન્શન બ્રિજ–ઝૂલતો પુલ. જેમાં વચ્ચે થાંભલા હોતા નથી. અને (૪) કોપર્નિક બ્રિજ–વહાણોની આવજા કરતી વખતે ઊઘડતો પુલ
વિચારમાં ઢોમસ બેફીનાસ,
સંતો તણો આમ સુયોગ જેમાં;
આ પુત્રની વ્યક્તિ મહાન તે છે,
શાંતિ તણા સ્થાપક **સેતુ** રૂપ !
ગાંધીમીતા
૫. પું. પ્રણવાત્મક મંત્ર.
૬. પું (પુરા.વ્યુ) લંકામાં જવાને નલ વાનરની પાસે રામે કરાવેલો પાષાણમય માર્ગ એ દશ યોજન પહોળો અને એક યોજન લાંબો હતો એ છેક સમુદ્રને તળિયેથી પાણીની સપાટી સુધી પથ્થર નાખી પૂરીને કરવામાં આવ્યો હતો. આખો પણ તરતા પથ્થરનો બનાવ્યો હતો. તેથી સમુદ્રમા લાંબા તેની નિશાની રહી નથી
૭ પું વજ્ર
૮ પુ. શિવના ઢળવર મહેનું એક નામ
૯. પુ. સાંધો
૧૦. પુ. સેતુબંધ
૧૧ પુ (પુરાણ) સોમવંશીય દ્રુહ્યુપુત્ર બભ્રુ રાજાનો પુત્ર. એનો પુત્ર તે આરબ્ધ રાજા.
૧૨ ન. પાણીનો કુંડ.
૧૩ ન બાંધ

૧૪ વિ નિયામક, નિયમમા રાખનાર
સેતુ જે છે મહોનો સૌ તે પરબ્રહ્મ જ્ઞાન છે, તરનાર તણો આશે પ્રશ્ન છે નચિકેતને.
પ્રશ્નોપનિષદ

સેતુક ૧. [સં.] પું. ૐકાર મંત્ર; પ્રણવમત્ર
૨. ન એ નામનું એક ઝાડ; વરણ ઝાડ.

સેતુદ્રુમ [સં] ન. વરણનું ઝાડ.

સેતુધમની જી. એ નામની એક ટૂંકી ધમની. આ ધમની કુરકુસાક્રિયા ધમનીને મહાધમની સાથે જોડે છે.

સેતુન પુ. સોનાની કસોટીનો પથ્થર. મહારાષ્ટ્રમાં સેતુન એટલે સોનાની કસોટીનો પથ્થરનો પહાડ છે આ કીમતી સેતુન વિલાયત મોકલો જાય છે.

સેતુપતિ ૧ [સં.] પું જબુવાન
૨. પું. રઘુવંશનો રાજા

સેતુપથ સ પું ઊંચાણવાળી તથા મુકેલી ગોઠવેલી જગ્યાએ જવા માટેનો કે તેવી જગ્યાઓ ઉપર થઈને જતો ૩૨ ફૂટ પહોળો રસ્તા

સેતુબંધ ૧ પુ પુલ; ઝરણાળુ, બંધ
૨ પું. પુલ બાંધવો તે.
૩. પું. રામની લીલા.
૪. પું. લંકા અને રામેશ્વર વચ્ચેનો પથ્થરનો પ્રાચીન પુલ; રામે લંકા જવા બાંધેલો પુલ.

સેતુમ ન. એક જાતનું ઝાડ આ ઝાડ ઘરસાદમા વવાય છે તેના રોપા કરવામાં આવે છે. તેને નવેમ્બરથી જાન્યુઆરિ સુધી ફાંખાં સફેદ ફૂલ આવે છે. બે માસમાં બી પાકે છે તે ૩૦ ફૂટ ઊંચું વધે છે. એના બીમાંથી તેલ નીકળે છે. લાકડામાંથી રમકડાં અને નાનુક ફર્નિચર બને છે. આ ઝાડ પહાડમા થાય છે

સેતુવિદ્યા જી. શિલ્પ સંહિતામા વર્ણવેલી મુખ્ય બત્રીશ માંહેની એક વિદ્યા આ વિદ્યામાં વૃક્ષખંડ બંધન, જલબંધન અને ધાતુબંધન નામની ત્રણ ક્રિયાઓનો સમાવેશ થાય છે

સેતૂર ૧ ન એક જાતનું ફળ ઝાડ; શેતૂર
સેતૂરની ત્રણ જાત છે. એકને રાતાં, બીજાને ધોળાં અને ત્રીજાને કાળા ફળ આવે છે. આ ફળ જોડીપાપર જેવાં પણ ખટમીઠાં હોય છે. સેતૂરનાં પાન રેશમનાં કીડાને ખાય છે
૨. ન. સેતૂરનું ફળ.

સેત્રા ૧ જી એ નામની મુસલમાનની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ એ નામની જાતનું

સેત્ત સ સમાપ્ત વિ (પ્રા.પ્રયોગ) સંસ્કૃત, સમાપ્ત.

સેદરડી (સેદરડી) જી એક જાતનો છોડ. તે એક ફૂટ ઊંચો થાય છે તેની ડાળી અને શાખા ધોળા રંગની હોય છે. પાન આતરે આવેલા બે ઈંચ લાંબા અને અરધો ઇંચ પહોળાં હોય છે તેમાં જાંબલી રંગના નાના ફૂલ થાય છે. ફળ ઘણાં ભારીક સુંવાળાં વાળની રૂવાટી અને માથે સફેદ લાંબા વાળની પીંછી વળાં હોય છે

સેન ૧. પું. આર્ય સંસ્કૃત ભાષામાં વપરાયેલ 'તુમ્'નો એક આદેશ
આર્ય સંસ્કૃતમા પણ ઘણા સે, સેન, અસ, અસેન, કસે, કમન, અસે, અસેન કર્યે, કમન, રાખ્ય, રાખન, તવે, તવેહ અને તવેન અનેક આદેશો થયેલા છે. ગુજરાતી
૨. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્તિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે તેમ. ૩૧ ગુરુ અને ૬૨ લઘુ મળી ૯૩ વર્ણની ૧૨૪ માત્રા હોય છે
૩ પુ ભાષ નામા ચાલતો સોનાનો સિક્કો, તે અકબર બાદશાહે પોતાના સોનાની કીમતનો છે. તે રોનનો સોમો ભાગ છે અને કીમતમાં હાલિમ બરોબર છે ૧૦, ૨૮, ૫૦ સેનની કીમતના સિક્કા પડતા હતા
૪ સ સ્નાન્ પુ નીચે,ના ભાગ
સેન તણી પવિત્ર ધુ ધારા ! કાન્હડદેપ્રબંધ
૫ પુ સુવાન. ઓરડા
૬ પુ (કુરાન) સાતમાંથી હેમરાજાનું સાતમું નામ
૭ જી બખના, ચામડા, સાન
૮ જી પથારી
૯ જી કોપરામાં થતી એ નામની ઘાસની એક જાત. આ ઘાસ કુંગરાઓની તળેટીમાં બહુ થાય છે અને તેની જાત પણ એવી સારી ગણાતી નથી. આ ઘાસ સામાન્ય રીતે જંગલી જાતનું ગણાય છે
૧૦. ન. ભગવાનના રાત્રે સૂવાના દર્શન; કલોલમા શ્રીકૃષ્ણના દર્શનનો સાજનો સમય.
૧૧. ન. શયન
૧૨. ન સદન
૧૩. ન. સેના, સૈન્ય; ફોજ.

સેનક ૧ પું. એ નામનો આઠ પ્રાચીન વ્યાકરણકાર
૨ પુ (પિંગળ એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને કપોતિકા છંદ પણ કહે છે. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે તેમ. પાંચમા અક્ષર ઉપર યતિ આવે છે.

સેનજિત ૧. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર બૃહદ્વિધુના વિષ્ણુ રાજાનો પુત્ર. એને રુચિરાશ્વ, દૃઢહનુ, કાશ્ય અને વત્સ એમ ચાર પુત્રો હતા.

૨. સ્ત્રી. (પુરાણ) દનુપુત્ર મહિષાસુરના અંતિમના સમાગમમાં આવનારી અપ્સરા.

સેનબો પું ટેટ સોકોનો હબશ

સેનવા ૧. સ્ત્રી. એ નામની એક જંગલી ઊતરતી કોમ બંગી સાથે તેમનો રોટી બેટી વહેવાર હોતો નથી. પોતાની જાતમાં જ તેઓ લગ્ન કરે છે. આ મજૂરી કરનારી કોમ છે તેમની વસતી બહુ જ ઓછી છે. તેઓ મુખ્ય સૌરાષ્ટ્રમાં આસ કરીને મોરબી વિસ્તારમાં જોવામાં આવે છે

૨. ન. એ નામની કોમનું માણસ

૩. વિ. એ નામની કોમનું.

સેનવો પું. એ નામની જાતિનો માણસ, રોબ્બો.

સેના ૧. સ્ત્રી. ઋગ્વેદના સમયની સત્તાવાળી સંસ્થા

૨. સ્ત્રી. એ નામે એક જિનદેવની માતા

૩ સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; સોનામુખી. તેના નાના છોડવા દીનાજેલીનાં જંગલોમાં દક્ષિણ હિંદુસ્તાનમાં મળી આવે છે. આ વનસ્પતિ બે ફૂટ ઊંચી થાય છે. આ વનસ્પતિ અરબસ્તાન અને પૂર્વ આફ્રિકની મૂળ વતની છે. તેનાં પાતરાં સૂકવી દવા માટે પરદેશ મોકલે છે. આનાં પાતરા ગુજરાતમાં ક્વચિત્ આવે છે. વિલાયતમાં તેની બનાવટી જાતની દવા બનાવે છે.

૪. સ્ત્રી. કાર્તિકેય સ્વામીની સ્ત્રી

૫. સ્ત્રી સૈન્ય; લશ્કર; સૈન્ય

> સેના બધુ નૃપતિ નહિ નૃપતિ વિના નહિ સેન,
> પ્રતના અજિની વાહિની, ચમૂ વરૂથિની એન.
> પિંગળશબ્દપ્રકાશ

૬. સ્ત્રી. માણસ વગેરેનું મોટું ટોળું કે ઘાડું

૭. સ્ત્રી. રાજ્યના આઠ ભાગોનું એક સૂત્ર

૮. સ્ત્રી સંખ્યા.

૯. [સં. સંનાહ] ન. બખ્તર; કવચ.

૧૦. વિ લશ્કર રૂપ થઈ ક્રીડા કરનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ

સેનાઈ પું. વૈષ્ણવનો એ નામનો એક સંપ્રદાય.

સેનાખાસખેલ ૧. પું. પેશ્વાએ આપેલ માપકવાડનો એ નામનો એક ખિતાબ.

૨. પું. રાજ્યના લશ્કરનો સરદાર.

સેનાગ્ર [સં.] પું. લશ્કરનો સૌથી આગલો ભાગ.

સેનાચર ૧. [સં.] પું. લશ્કરનો સિપાઈ

૨. વિ. લશ્કરમાં જનાર.

સેનાડામ ન લશ્કરનો ઊતારો; ' કૅમ્પ '.

> આવિલ સેનાડામ. ભાલણ

સેનાતાલ પુ (સંગીત) એ નામે એક તાલ. તે સવારીનો એક પ્રકાર છે તેની પંદર માત્રા છે. તેમાં પ્રથમની ત્રણ તાળીઓ ચાર ચાર માત્રાને અંતરે આવે છે અને ચોથી તથા પાંચમી તાળી દોઢ દોઢ માત્રાને અંતરે આપવી પડે છે.

સેનાધર ૧ [સં] પું કાર્તિક સ્વામી.

૨. પું. સેનાપતિ.

સેનાધિપતિ [સં] પું. રાજ્યના રક્ષણ ખાતાનો વરિષ્ઠ અધિકારી; રક્ષક સૈન્યનો ઉપરી; લશ્કરનો વડો

સેનાધિપત્ય [સં.] ન. સેનાધિપતિપણું

સેનાધ્યક્ષ જુઓ સેનાધિપતિ

સેનાનાઈ પું (જૂ. ગુ.) સેનાપતિ

> કાહિ હુકમિ મંત્રિ આણી વહ,
> સબર સેનાનાઈ બેકાસિ રે.
> ભુવનવિજય

સેનાનાગા ૧. સ્ત્રી આસામની નાગા જાતિની એક પેટા જાતિ

૨. ન એ નામની જાતિનું માણસ

૩. વિ. એ નામની જાતિનું

સેનાનિવેશ [સં.] પું. લશ્કરની છાવણી; પડાવ

સેનાની ૧. [સં.] પું. કાર્તિક સ્વામી, કાર્તિકેય

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર.

૩. પું. લશ્કરી ટુકડીનો ઉપરી; સેનાનાયક; લશ્કરનો વડો; સેનાપતિ.

૪ વિ. સંગ્રામમા સેનાને દોરનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ

સેનાપતિ ૧. [સં.] પું. આખા સૈન્યનો ઉપરી અમલદાર; લશ્કરનો વડો; સેનાધ્યક્ષ; સેનાની

૨ પું. એ નામના એક હિંદી કવિ. તેનો આવિર્ભાવ ભક્તિકાલ અને રીતિકાલના સંધિ યુગમાં થયો હતો. તેના ઉપર ભક્તિ અને રીતિ બંનેનો પ્રભાવ પડ્યો હતો. ભક્ત કવિઓએ વ્રજભાષાના સંસ્કાર પ્રત્યે યોગ્ય ધ્યાન આપ્યું ન હતું. સેનાપતિએ વ્રજભાષાના સંસ્કાર ઉપર તેને સઘળ અને સ્વાવલંબી બનાવી. તે પહેલા આ ભાષા ઉપર સંસ્કૃતનું પૂર્ણ આધિપત્ય હતું. સ્વાભાવિક દેશી શબ્દોને હોકર મારીને તેના સ્થાન ઉપર સંસ્કૃત શબ્દોનો પ્રયોગ થતો હતો. પ્રત્યેક સ્થાન ઉપર શાબ્દિક ચમત્કાર માટે સંસ્કૃતની જ મદદ લેવાતી હતી સેનાપતિએ સર્વ પ્રથમ આ પરંપરાની અવગણના કરીને સંસ્કૃત શબ્દોની જગ્યાએ વ્રજભાષાના શબ્દોનો પ્રયોગ શરૂ કર્યો અથવા તો સેનાપતિએ અવ્યવસ્થિત વ્રજભાષાને સુધારવાનો પ્રયત્ન કર્યો અને તેને સુધારીને પિંગળશાસ્ત્રને અનુરૂપ બનાવી. સેનાપતિની ભાષા પ્રાસ્ય હોવા છતાં અલંકાર વાળી છે. તેને વ્રજભાષા ઉપર સંપૂર્ણ અધિકાર હતો. તેની વિશિષ્ટ રચનામાં ભાષાનો અદ્ભુત ચમત્કાર જોવામાં આવે છે. સેનાપતિની ભાષામાં તત્સમ રૂપો અને સંસ્કૃત પદાવલીનો અભાવ હોય છે. ફારસી અને અરબી શબ્દોનો પણ ઓછો પ્રયોગ જોવામાં આવે છે. માધુર્ય પ્રત્યે જરા બહુ જ ઓછું છે. શબ્દ સૌન્દર્યનાં સુંદર દાખલાઓ મળે છે. સેનાપતિનું સૂક્ષ્મ નિરીક્ષણ બહું જ માર્મિક હતું.

૩. પું. કાર્તિક સ્વામી.

૪. પુ. લશ્કર ખાતાનો મંત્રી.

> સેનાપતિ લશ્કરનો ઉપરી ન હોતો પણ લશ્કરી ખાતાનો મંત્રી હતો અને નામક લશ્કરનો સરદાર હતો. હિંદુરાજ્યવ્યવસ્થા

૫. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને મારી હતો

૬ ન. અઢાર મુખ્ય માંહેનું એક તીર્થ.

સેનાપૅચ પું. એ નામનો વૈષ્ણવ ધર્મનો એક પંથ. તેનો સ્થાપનાર સેનો વાળદ હતો.

સેનાબિંદુ ૧. પું. (પુરાણ) અર્જુને દિગ્વિજય કાળે જિતેલો દેવપ્રસ્થ નગરીનો રાજા.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. એને જોવું મારી હતો એ પાંચાળ હતો

સેનામુખ [સં.] ન. ત્રણ હાથી, ત્રણ રથ, નવ ઘોડા અને પંદર પાયદળનું લશ્કર

૨. ન. લશ્કરનો આગલો ભાગ.

સેનારક્ષ [સં] પુ. લશ્કરનું રક્ષણ કરનાર; ચોકીદાર

સેનાવાસ [સં] પુ લશ્કરને રહેવાનું ઠેકાણું.

સેનાહિત ન. કુરુક્ષેત્રમાં આવેલું એ નામનું એક તીર્થ. અહીંથી એક માઈલ ઉપર એક મોટું તળાવ છે. મહાભારતના યુદ્ધમા જે લશ્કર દિવસે લડ્યા કરતું તેનાં મૃત શરીરોનો સંસ્કાર સાંજે કરી આ તળાવમા રત્નન કરવામા આવતું.

સૈનાંગ ૧. ન. લશ્કરનું સાધન.
૨ [સ.] ન સૈન્યનો ભાગ; સૈનાનું અંગ.

સૈનિક પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે તેને સૈનિક છંદ પણ કહે છે તેમાં જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ અગિયાર અક્ષર હોય છે

સૈનિટરી [અં.] વિ લોકોના આરોગ્યને લગતું; તંદુરસ્ત રાખે એવું; આરોગ્યકર

સૈનિટરીઑર્ડર [અં.] આરોગ્ય ઉપર દેખરેખ રાખનાર પંચ કે મંડળ.

સૈનિટેશન ૧. ન. આરોગ્ય વિદ્યા.
૨. [અં.] ન. તંદુરસ્તીની જાળવણી.

સૈનેટ ૧. સ્ત્રી. યુનિવર્સિટીનું નિયામક મંડળ; વિદ્વન્મંડળ. ગુજરાત યુનિવર્સિટી સમક્ષ અપાયેલ દીક્ષાંત ઉદ્બોધન કરતી વખતે ડો. સી. પી. રામસ્વામી અય્યર જણાવે છે કે, આ સંસ્કારિત વિદ્યાપીઠની સેનેટની સર્વ પ્રથમ કાર્યવાહીમાં અગ્રિમ વિધિ એ પસાર થયો હતો કે કલા વિભાગના પ્રથમ વર્ષના અભ્યાપનમાં ગુજરાતી અને અથવા હિંદીને બોધ ભાષાના માધ્યમ તરીકે સ્થાન આપવું અને એ માધ્યમને ઊંચા વર્ગો અને વિદ્યાવિભાગોમાં ક્રમશઃ સુવિસ્તૃત કરવું શિક્ષણનું માધ્યમ માતૃભાષાને પોતાના કહેવું મહત્ત્વ મળવું જોઈએ એવી આશા આગણીના પ્રત્યુત્તરમાં આ પગલું છે અને વિશિષ્ટ હર્ષપૂર્વક હું જોઈ શક્યો છું કે તમારા બે વર્ષ પરના મુલેટિન મુજબ આ વિદ્યાપીઠ અનુકૂળ પાઠ્યપુસ્તકોના નિર્માણ માટે પગલાં ભરી રહી છે કે જેથી કરીને ભાષા પરિવર્તનનો પ્રારંભ થાય ત્યારે કેટલાક પાઠ્યપુસ્તકો સીધોપલબ્ધ બને. અનુભવે મને એ માલૂમ પડ્યું છે કે, અંગ્રેજીને પોતાના આસનેથી ઊઠાડવાને માટે પર્યાપ્ત ભૌતિક અને માનસિક સામગ્રી અને કાર્યવાહકો તૈયાર ન હોય તો પણ તેની ઉપેક્ષા અને તેમાં નિપુણતાપ્રાપ્તિની સક્રિય અવગણનાના વૃત્તિ ઉપર યોગ્ય રીતે ભાર મૂકી શકાય. મેં વારંવાર ઉલ્લેખ કરેલ છે તેમ અંગ્રેજી ભાષા અને સાહિત્યના વિકાસની સામે નોંધાતા વિરોધો મહદંશે રાજકોપ દૃષ્ટિના હતા. અલબત્ત એ નિઃશંક સત્ય છે કે જનસામાન્ય પોતાની માતૃભાષામાં જ ઉત્તમ અને સહજ રીતે વિચારી શકે અને વિદેશી ભાષાના અભ્યયનની માનસિક ઉપાધિ અને તે વળી પ્રાથમિક દશામાં ઘણી વાર વિષાદમય પરિણામો નિપજાવે છે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માતૃભાષામાં ઉત્તમ રીતે આપી શકાય એની કોઈ ના કહી શકશે નહિ પરંતુ જગતના બનાવોની સાથે તાલમાં તાલ મિલાવવા અને અભ્યાસના વૈશ્વિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં વિકાસ સાધવા અને વળી આપણા પોતાના સાહિત્યના અને કલાના વિકાસ માટે પ્રેરણા પ્રાપ્ત કરવા લગભગ વિશ્વભાષા જેવી ગણાતી અંગ્રેજીનું કામ પૂરતુ જ્ઞાન કોઈ પણ વિદ્યાપીઠની માનસિક સામગ્રીનો એક વિભાગ બનવો જોઈએ

૨. [અં.] સ્ત્રી. રાજ્યમંડળી; રાજ્યમંત્ર સભા

૩. સ્ત્રી. રોમના લોકોની ચૂંટી કાઢેલી રાજ્યસભા પહેલા તેમાં સો સભ્યો હતા. પરંતુ જેમ વખત જતો ગયો તેમ સભ્યો વધતા ગયા અને છેવટે નવસો થયા ત્યારે ઓગણસે છસોની સંખ્યા નક્કી કરી અને જે સભ્ય પોતાની ઓફિસ માટે નાલાયક ઠરે તેને સેન્સર બરતરફ કરતો. આધુનિક દુનિયામાં કાયદા ઘડનારાની ઉપલી મંડળ માટે આ શબ્દ જુદા જુદા રાજ્યોએ અંગે વપરાયો છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં સેનેટ બીજી મંડળના ઓરડા તરીકે વપરાય છે
૪. સ્ત્રી. સમિતિ.

સૈનેટર [અં.] પું. સેનેટનો સભ્ય

સૈનેટોરિયમ ન દરદીઓને માટેનું સારા હવા પાણીવાળું ઉપચારનું મથક; આરોગ્યાલય; આરોગ્યભુવન

સૈનો ૧ પું. એ નામનો એક વાણંદ ભક્ત. તે બાંધોગઢમાં રહેતો હતો. તે પ્રેમપૂર્વક ભગવદ્ ભક્તિ તેમ જ સતપુરુષોની સેવા કરતો હતો અને ત્યાંના રાજાની નોકરી કરતો એક સમયે રાજાની હજામત કરવા જતાં માર્ગમા ભગવદ્ ભક્તો સામા મળતાં પાછો વળી તે સંતપુરુષોને પોતાને ઘેર લઈ ગયો અને ભાવપૂર્વક સેવા કરવા લાગ્યો. સ્નાનમાત્રમ કરતાં હજામતનો સમય પીની જવાથી શ્રીહરિને ચિંતા થઈ કે રાજા સેનાને મરદન મારશે અને જો તેમ થશે તો મારા ભક્તનો કદી નાશ થતો નથી, એ મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે. એમ ધારી પ્રભુએ સેનાનું રૂપ ધારણ કર્યું અને ત્યાંથી કોયળી લઈ રાજાની હજામત કરી તેલ મર્દન કરી સ્નાન કરાવીને શ્રીહરિ અંતર્ધ્યાન થઈ ગયા. બાદ સેનાએ પોતાને ત્યા આવેલા ભગવદ્ ભક્તોને ભોજન કરાવી વિદાય કર્યા અને ડરતો ડરતો રાજાને ત્યાં ગયો. રાજાએ પૂછ્યું કે, " કેમ આવ્યો ? " તેણે ભયભીત બનીને કહ્યું કે, મારે ત્યાં સાધુઓ આવ્યા હતા, તેમની સેવામાં રોકાવાથી વિલબ થયો છે, માટે મને ક્ષમા કરો રાજાએ ચકિત થઈને કહ્યું કે અરે ! આ તું શું બોલ છે ? હમણા જ તું હજામત કરી તેલ ચોળી નવરાવીને ગયો છે ને ? તબ સ્પષ્ટ ના પાડતાં રાજાએ આશ્ચર્યમાં મુગ્ધ બની વિચાર કર્યો કે, " સેનો આવ્યો જ નથી તો આ મારી હજામત કોણે કરી ?" રાજાએ પોતાના શરીર તરફ જોયુ તો પોતાના શરીરે ફોલ્લા હતો તે મટેલો જોઈ, નિશ્ચય કર્યો કે, ખરેખર આ કાર્ય શ્રીહરિએ જ કર્યું છે. જેથી ભક્ત સેનાને રાજાએ દંડવત્ પ્રણામ કર્યા અને તે દિવસથી જ મુકત કરીને તેની પાસેથી ગુરુ તરીકે માની મત્રોપદેશ લઈ ઘણુ દ્રવ્ય ભેટ કરી સત્કાર કર્યો અને રાજા હમેશા સેનાને ત્યાં તે દિવસથી દર્શન કરવા જવા લાગ્યા અને તે દિવસથી આજ દિન સુધી તે સેના ભક્તના વશજોને સ્થાને રાજાઓ ભાવપૂર્વક સન્માને છે.
૨. પું. ધોબેલુ જાતુ પણ ઘટ સહકારિદ્વાર સુતરાઉ કાપડ; નેનકલાક તે ડગલા બનાવવામાં વપરાય છે

સેન્ટ ૧ પું. એક અમેરિકન નાણું. સો સેન્ટનો એક ડોલર અને ૮૬½ સેન્ટનો એક પાઉંડ થાય છે
૨. [અં] સ્ત્રી. વાસ; સુગંધ.
૩. ન. અત્તર

સેન્ટર [અં.] ન. મધ્યબિંદુ.

સેન્ટાક્લૉઝ [અં.] ન. ફ્રાંસ દેશનુ આપણી પાસે અથવા ઘોડકા જેવું નાનામાં નાનું ચલણ.

સેન્ટિગ્રામ [અં.] ન. ગ્રામનો સોમો ભાગ.

સેન્ટિગ્રેડ થર્મોમીટર [અં.] ન. ગરમી માપવાનુ એક જાતનું યંત્ર.

સેન્ટિમીટર [અં] ન. લંબાઈનું એક જાતનું મા.પ; એક મીટરનો સોમો ભાગ.

સેન્ટિમીસ [અં.] પું ફ્રાંસ, બેલ્જીયમ તથા સ્વીટ્ઝર્લેંડમાં ચાલતો નાણાનો એક સિક્કો. તે આશરે ½ પાઈથી વધારે અને ½ પાઈથી ઓછી કીમતનો ગણાય છે

૧૦૦ સેન્ટિમીસ = ૧ ફ્રાંક.

સેન્ટિલીટર [અં.] ન. દશ મન સેન્ટિમીટર અથવા દશ ગ્રામ પાણીનુ માપ.

સેન્ટિસીમી પું. ઇટલીમાં ચાલતો નાણાનો સિક્કો તેની કીમત આશરે એક પાઈ જેટલી ગણાય છે.

સેન્ટ્રલ [અં.] વિ. વચલું, મધ્ય.

સેન્ટ્રી [અં.] પું પહેરેગીર; સત્રી.

સેન્હલ [અં.] ન. ચંદન. તેનું ઝાડ મૈસુર કોઈમ્બતૂર અને મદ્રાસ પ્રાંતના દક્ષિણ ભાગમાં

ઊગે છે. તેની છાલ અથવા લાકડાનો ભૂકો શરીરની અંદર થતી બળતરા, રક્તસ્રાવ અને પિત્તના ઉપદ્રવમાં વપરાય છે.

સેન્હલપૂડ [અં] ન. સુખડનું લાકડું.

સેન્હો [અં] પુ. મજબૂત માણસ.

સેન્ન [સં. સૈન્ય] ન (પ્રાકૃત) લશ્કર, સેના.

સેન્ટીમોસ પુ સ્પેનનાં અલબ્યુનો સિક્કો
૧૦૦ સેન્ટીમોસ = પેસેટ.
૧૦૦ સેન્ટીમોસ = બ્રિ. અ.ના. કે પેન્સ

સેન્સર [અં.] પુ. વર્તમાન પત્રો કે પુસ્તકો બહાર પડે તે અગાઉ તપાસી જનાર અમલદાર, ટપાલ, સિનેમા વગેરે તપાસી તેમાં વાંધાભર્યું રોકનાર કે ધ્યાન ઉપર લેનાર સરકારી અધિકારી.

સેન્સસ [અં.] ન વસતી પત્રક; વસતી ગણતરી. અત્યારના દેશોની વસતી ગણતરી ઈ. સ. ૧૮૦૦ પછી શરૂ થઈ છે. બાકી દરેક સુધરેલા દેશમાં દર દસ વર્ષે વસતી ગણતરી થાય છે. તેમાં ઉંમર, જાતિ, ધંધો, જન્મસ્થાન વગેરે જણાવવામાં આવે છે. તેનું પરિણામ આંકડાની ચોપડીઓમાં બહાર પાડવામાં આવે છે.
સેન્સસ લેવું = વસતી ગણતરી કરવી.

સેપ [હા. સેળ] ન. કચરજન.

સેપડાં ન બ ક વ ચામડાના સાટકાની પટ્ટીઓ કે સાટકા.
મારી મારીને સેપડાં કાઢી નાખ્યાં = છોડા નીકળી જાય ત્યાં સુધી ખૂબ મારવું.

સેપટી સ્ત્રી. ચામડાના સાટકાની પાતળી પટ્ટી.

સેપ્ટિક [અં.] વિ. જંતુનો ચેપ લાગેલું; સડવાથી થતા ઝેરવાળું.

સેપ્ટિક ટેન્ક ન. મળમૂત્ર વગેરેનું જંતુ પાણી ભેગું થઈ નીતરી જાય તે માટે કરેલો એક પ્રકારનો બાંધેલો ખાળકૂવો કે કુંડ જેવી રચના.

સેફ ૧ પું. ઉપરણ; શિરસ્ત્ર; શિરસ્ત્રાણ.
૨. [અં] સ્ત્રી. તિજોરી; લોઢાની પેટી.
૩. વિ સલામત.

સેફટી [અં] સ્ત્રી. સલામતી.

સેફ્ટીફર્સ્ટ [અં.] સ્ત્રી. રસ્તા અને ઉદ્યોગી જીવનમાં થતા અકસ્માતો ઓછા કરવાની હિલચાલ. ૧૯૨૩માં સ્થપાયેલી નેશનલ સેફ્ટી ફર્સ્ટ એસોસીએશન ઉપર પ્રોસ્પેનર ગાર્ડન્સ ધ્યાન રાખે છે અને સૂચનાઓ આપે છે. આ સંસ્થા જુદી જુદી રીત લોકોને અકસ્માતથી દૂર રહેવા સમજાવે છે અને આ બાબતનું સાહિત્ય પણ આપે છે તેમજ હરીફાઈઓ યોજવે છે.

સેફ્ટીમેચ [અં.] સ્ત્રી. બાજુ તૈયાર કરેલી એક જાતની દીવાસળી.

સેફ્ટીરેઝર [અં] પું. હાથે હજામત કરતા અસ્ત્રાની ધાર ન વાગે તેવો સલામતીવાળો અસ્ત્રો.

સેફ્ટીલેમ્પ [અં.] પું. ખાણોમાં સહેજ જતાં જેથી આગ ન લાગે તેવી બત્તી, સુરક્ષક દીપ. ડેવી, સ્ટીવન્સન અને સર હમ્ફ્રી ડેવીએ આ ફાનસો બનાવ્યા હતાં. તેમા ફાનસની ચારેની આસપાસ-નીચે કાચનું અને ઉપર તારની જાળીનું પોલું ઘુમ્મટ હોય છે. આ રીતે ગેસ પસાર થઈ જાય છે અને ભડકો થતો નથી.

સેફ્ટીવાલ્વ [અં.] ન. વરાળ યંત્રમાં વરાળ વધી જરાઈ જવાથી તે ફાટી ન જાય માટે વરાળ નીકળી જવાનું અને હવા આવવા દેવાનું બારું.

સેફ્રન ૧. [અં.] ન. કેસર.
૨. ન કેસરનો છોડ.

સેભ્ય ૧. [હા.] ન. એક જાતનું કૃળ; સાથરજન; સપ.
૨ પું. હડપચી. આ શબ્દ આસ કવિઓ વાપરે છે.

સેમથ [અં.] પું બહુદીઓના આઘવાડિયાનો સાતમો દિવસ. તે આરામ અને ધાર્મિક કામ માટે પાળવામા આવે છે.

સેમરડું (સેમરડું) ન. દૂધ અને ગાસ જેવા કરવાં તે.

સેમલ [અં] ન. નોળિયાની જાતનું પ્રાણી આ પ્રાણી વરુ અને ઊત્ત એરિઝમાં રહે છે. તેના રૂવાં ઉપયોગમા લેવાય છે. સોફો તેનો શિકાર કરે છે.

સેમળ ન. એક જાતનું દીવાસળી બનાવવામા વપરાતું લાકડું.

સેમ્બા સદન સ્ત્રી એક જાતની કેરી. આ કેરી ખાવા લાયક, કપૂરના જેવી ગંધવાળી, ઘોળા માવાવાળી, પાચન થાય તેવી, બાદા માણસને કોઈ પણ જાતના નુકસાન વિના સ્વાદ લેવા લાયક છે.

સેમર ૧. સ્ત્રી. નહુ જ ઘાટી ચાસેપાસ વાવેલી જુવારના છોડ.
૨ [હિં.] સ્ત્રી. સ્થિરરાશુ; શાલ્મલિ.
૩ ન એક જાતનું પ્રાણી; સાબર.
૪ ન. ઘાટુ વાજિંત્ર.

સેમરો ૧ પુ. ખરાર પટેલ, કણબી અટક ધરાવતા.
૨ વિ પું ઉદ્ધત; સ્વચ્છંદી.

સેમલ ૧. [હિં.] ન. નેપાળમાં થતું એક જાતનું ઝાડ; સેમળાનું વૃક્ષ. શીમળો તેનું થડ સીધું લાંબું હોય છે તેનું લાકડું નરમ હોય છે. ગરમીમા તેના જીંડવાં પાકી ફાટે છે અને તેમાંથી રેશમ જેવું રૂ નીકળી ચારે તરફ ઊડવા લાગે છે. આ રૂ સાધારણ રૂથી મોંઘુ હોય છે. તે તકિયા ભરવામાં કામ આવે છે. ઓષધોમાં દીવાસળી બનાવવામાં આ ઝાડનું લાકડું કામ આવે છે.
૨ ન. રેશમ જેવું રૂ.

સેમવો પું. જનાવરમાં થતો એક જાતનો રોગ. આ દરદ ચેપી છે. ખરાબ હવા, ખરાબ ઘાસ તથા ખરાબ તબેલાથી આ રોગ થાય છે. આ રોગમાં નાકમાંથી પાણી ઝરે છે, સાથે સોજા થાય છે અને ગળા નીચે પથ્થર જેવી ગાંઠ થાય છે.

સેમળો જુઓ સેમર

સેમા ૧. સ્ત્રી. આસામમા વપરાતી એક ભાષા.
૨. સ્ત્રી. નાગા લોકોની એક પેટા જાતિ. આ જંગલી લોકો આસામ પ્રાંતમાં નાગા પર્વત ઉપર રહે છે.
૩. ન. એ નામના લોકોની જાતિનું માણસ.
૪. વિ. લોકોની એ નામની જાતનું.

સેમાજી સ્ત્રી. ધૂંસરીની સાથે બાજુના બે ઊભા ઉપર નાખેલા લાકડાના બે નાના કકડા. આથી બળદ બહાર નીકળી શકતો નથી.

સેમિડિઝ ૧. સ્ત્રી. એ નામની એક લિપિ.
૨. સ્ત્રી. કોકેશિયન જાતની એક મુખ્ય જાતિ.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪ વિ આસીરિયા, અરબસ્તાન અને તેની આસપાસનું પ્રદેશનું કે તેને લગતું.
૫ [અં.] વિ સેમાઈટ નામની પ્રાચીન પ્રજાને લગતું.

સેમી [અં.] વિ અર્ધું.

સેમીકોલન [અં] ન. અર્ધવિરામ; ટાંચ; મિસલો.

સેમીસેક્ટર ૧ [અં.] ન. એક જાતનું ચામડું; બનાવટી ચામડું.
૨ ન. દાગીનાનો ચળકાટ લાવવાનું સાધન.

સેમી સર્કલ [અં] ન. અર્ધવર્તુલ; વૃત્તાર્ધ; અર્ધગોળ.

સેમ્પલ [અં.] ન. નમૂનો; વાનગી.

સેમ્પલ સર્વે [અં.] સ્ત્રી. નમૂના તરીકે કરાયેલી આકારણી. હાલમા નેશનલ સેમ્પલ સર્વેએ કરેલી આકારણી ઉપરથી જાણી શકાય છે કે, સને ૧૯૪૯ ૫૦ દરમિયાન ભારતવર્ષના ગ્રામવિસ્તારનું માથાદીઠ વાર્ષિક ઘર ખર્ચ રૂ૨૦

રૂપિયા હતુ. ગ્રામવિસ્તારના પ્રત્યેક કુટુમ્બની સરેરાશ પાચથી છ માનવીની વચ્ચે આવી હતી. આમાં ચોથા ભાગ કરતા સહેજ વધુ એવા રળનાર હોય છે બગભગ છઠ્ઠા ભાગના કમાઉ આશ્રિતો હોય છે. અધા કરતા વધુ એવા કશુ ન કમાતા આશ્રિતો છે. એટલે જનતાનો માત્ર પચ્ચીશ ટકા જ ભાગ કમાણી કરતો હોય છે અને બાકીના પચ્ચોતર ટકા ભાગ નિરાશ્રિતો અથવા એકની કમાણી ઉપર જીવન ગુજારનાર હોય છે. સમગ્ર ભારતની સરાસરીએ વ્યક્તિ દીઠ ગ્રામ વિસ્તારમાં વાર્ષિક ઘર ખર્ચ ૨૨૦ રૂપિયા આવતુ હતુ અને મુબઈ સહિત સૌરાષ્ટ્રના ગ્રામવિસ્તારમા વ્યક્તિ દીઠ વાર્ષિક ખર્ચ ૨૫૩ રૂપિયા થતુ હતું. ગ્રામવિસ્તારમાં વ્યક્તિ દીઠ આવતા ખર્ચમા ૨/૩ ભાગ આધાખોરાકીમાં, ૧/૧૦ ભાગ કાપડમાં જતો હોય છે. શિક્ષણ, છાપાંઓ તથા પુસ્તકો ઉપરનુ ખર્ચ, ઘરખર્ચના કુલ ખર્ચના એક ટકા કરતાં પણ ઓછું હોય છે દીવાબત્તી અને બળતણ પાછળનું ખર્ચ બગભગ ત્રણ ટકા જેટલું હોય છે. આપણા દેશની ગરીબાઈ કઈ કક્ષાએ જઈ રહી છે તેનુ આ એક સગતનું ચિત્ર છે.

સેયડો (સેપડો) પું. રસ્તો.
ગામા સહમા પાડવ બળતાં, સેયડો કેમાઠે સહદેવ. પૃહદ્કાવ્ય

સેર ૧ પું. માર્ગ.

૨. સ્ત્રી. આનદ કે મોજમાં ફરવું તે; હવા ખાવી તે; સહેલ

૩. સ્ત્રી. કપાસની પાતળી અને ચપટી પાનક; ઘાસનું ચપટું પાન કે સળી.

૪ સ્ત્રી. મૂંજલી દોરી; સાંકળી.

૫ સ્ત્રી. બે દોરામાં મોતી, મણકા વગેરે પરોવ્યા હોય તે; સર
૧. સેર પરોવની = મગાનો દોરો પરોવવો; દોરો પરોવી માળા કે હાર બનાવવો
૨. સેર સાધવી = હુકમ માનવો.

૬. સ્ત્રી. ધારા; ધાર.
૧ સેર આવવી = ધારા કે પ્રવાહ નીકળવો
૨ સેર છૂટવી = ફુવારાબધ ધારા ચાલવી.

૭. સ્ત્રી. નાડી, શિરા, નસ.
સેર આવવુ = (૧) દુ:ખી કરવુ. (૨) ભૂતપ્રેત વળગવુ (૩) રઝેરગમાં ક્રોધનુ ભરાઈ જવુ.

૮ સ્ત્રી. પ્રદક્ષ

૯ સ્ત્રી. લટ.

સેરડો (સેરડો) ૧. પુ. ઘણું ગરમ અથવા ઠંડું આથાથી ભરાયેલી તે પેટ લગી લાગતી બાય તે.
૨. પુ. ઝાડો
૩. પું. લોહી તરી આવવાથી મોં ઉપર પડતો લાલ ચટો.
૪. પુ. સાકડો પગ રસ્તો, વાટ; મારગ; શેરડો.
૫. પુ. સુકાઈ ગયેલ આસુના રેલાના ડાઘ.

સેરમાર્ઈ ૧. સ્ત્રી. એક જાતની માળણી.
૨ સ્ત્રી ચૂમડી

સેરવવું ૧. [સં. સૃ] સ. ક્રિ. ધીમે રહી ખસેડવુ, સરકાવવું
૨ સ ક્રિ લપસી જાય એમ કરવુ.

સેરવાવું ૧. અ ક્રિ. ખસેડાવુ; સરકાવાવું.
૨. અ ક્રિ ખસેડી શકાવુ.
૩ અ ક્રિ. છૂપી રીતે ઘાબલ કરી દેવાવુ
૪ અ ક્રિ પોતાની જાતે સરકવુ; લપસવુ
૫ અ ક્રિ સરકી શકાવું; લપસી શકાવુ

સેરવો ૧. પું. માસને ઉકાળીને બનાવેલો રસ કે પ્રવાહી પદાર્થ
૨ પું વાઢિયો. તે સોનીની ચારસીમાં વપરાય છે.

સેરેબ્રો પું. (પિત્રળ) એ નામે એક માત્રામેળ છદ માત્રામેં પિત્રળ પ્રમાણે તે સાદક છદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૧૧ વર્ણની ૧૨૦ માત્રા હોય છે.

સેરિયમ [અં.] પું એક જાતનો પદાર્થ. તે પેટ્રોમિક્સના મેન્ટલ બનાવવામા પુષ્કળ વપરાય છે.

સેરિયું ૧. ન. એક ધરેણ
૨. ન. ઘીડીની જાતના એક છોડનું બી.
૩. ન. શેર ભાર સમાય એવુ પાત્ર અથવા માપ; શેરિયુ
૪ વિ. શેર માપ સમાય તેવુ

સેરીઝમ અ ન. બોટુ બેગતુ; બંને બાજુ સરખા ગોઠવાયલ બે અર્ધગોળનો બનેલો બેલ્તના આર માહેનો એક ભાગ. બંને અર્ધગોળની વચ્ચે બાજુ પડતો પડદો હોય છે. સપાટી ઉપર કરચલી અથવા ચૂજીયાં હોય છે દરક અર્ધગોળની વચ્ચે પોલ હોય છે અને જે દેકા હોય છે. તેમના ઉપર રપર્શ અને ગતિનો આધાર છે. તે બે પદાર્થોનુ બનેલુ છે સપાટી ઉપર જૂરા રંગનો અર્ધો ઘન પદાર્થ અને તેની અંદર શ્વેત રંગનો પદાર્થ હોય છે

સેરી લાબાન પુ. એક જાતના ઝાડનો સૂકો ગુંદર. તે ધૂપ તરીકે વપરાય છે

સેલ ૧ [અં] પુ. કોષ; પિંડ
૨. [સં. શૈલ] પુ. (પ્રાકૃત) પર્વત; ડુંગર.
૩ સ્ત્રી આનદભેર ફરવુ ફરવું તે, મોજ કરવી તે.
૪. સ્ત્રી. પથ્થરની છટ
૫. સ્ત્રી બેટરી
૬ ન નેઝવું, દોરને દોહતી વખતે પગે બાધવાનુ દોરડું.
૭. વિ સહેલુ
૮. અ સહેલાઈથી

સેલકર્મ [સં સૈલકર્મન્] ન. (પ્રાકૃત) પથ્થર કોરવાનું કામ

સેલગ [સં] પુ. પ્રાચીન સમયમાં વિંધ્ય અને સાતપુડાના પ્રદેશમા રહેતા જંગલી અને મનુષ્યાહારી માણસો.

સેલગાહ [અ.] સ્ત્રી ફરવા ફરવાની જગા; મેલ કરવાની જગા.

સેલડી [અં.] ન. એક જાતનું ઝાડ. વરસાદમાં તેના બી વાવી રોપા થાય છે. માર્ચ, એપ્રિલમાં ડાખાં સફેદ ફુલ થાય છે બે માસમાં બી પાકે છે. અફઘાનીસ્તાન, નેપાળ અને હિમાલય તરફ આ ઝાડ છાંયો કરવા માટે બહુ વવાય છે. ડાળો ઝૂકતી રહે છે તેથી બહુ શોભા આપે છે

સેલઢબહું (સેલઢપેલુ) વિ. હલેતું; મુખાવરવાના આનદમા ઘેલા જેવુ લાગતું; મોજીલું.

સેલઢિયા (સેલઢિયા) ૧. સ્ત્રી. સેઊઆ કઠણીની એક અટક
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનુ.

સેલડું (સેલ્હું) ન. સેલરુ; કુંવારનું ફુલ.

સેલણ ન. રબારીનુ માતાનું નૈવેદ્ય.

સેલન [અં.] ન. પ્રહરનો બાધિ; ઓને ધાતુનુ જવુ તે.

સેલરી [અં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સાતવરી.

સેલરુ ૧. ન. કુવારનું ફુલ; કુવારની ડાડલી; સલડુ.
૨. ન. બાવાની એક વની

સેલવવું ૧. સ. ક્રિ. ઊભા હોઈ એ સાથી થોડે દૂર ખરિયો ફેરવવો
૨. સ ક્રિ સેલારો કે હલેસો મારીને દૂર કરવું.

સેલવું ૧ અ ક્રિ. આમતેમ પાણીમાં ફરવુ; સેલારા બાવા
૨. અ. ક્રિ. ઊંચકા બાવા.

સેલહુત ૧. પું. વિષયી પુરુષ; બ્યભિચાર કરનારો માણસ
સેલહુત શું રાતે રમે. નપમુદ્દર

૨. પુ. રોબત; જમીનદાર તરફથી વજે વગેરે ઉઘરાવનાર અમલદાર.
મંત્ર માહિ ડાહા સેલહુત્ત રીખામણ હુઈ
ડાન્હડદેપ્રબંધ

૩. વિ. ભાલો ધરનાર.
નગર તલ્હાર, દેસ સેલહુત્ત,
દેહર.સરિ વિપ્ર પ્રોહિત.
ડાન્હડદેપ્રબંધ

સેલાણી વિ મોજી; ફક્કડ; આનંદે હરેફરે અને મોજ કર્યા કરે તેવું; આનંદી; ખુલ્લા, મોકળા અને લહેરી સ્વભાવનું, સહેલાણી

સેલાન ન એક જાતનું ઝવેરાતનું નગ. તેનો રંગ ફિરમજી પણ કાળાસ પડતો હોય છે. તે મણિકની એક જાત છે.

સેલાર ૧. પું. સરદાર; મુખી.
જેણિ કામી કુલ દેહરાસર આગ દીઈ સેલ્હાર
ડાન્હડદેપ્રબંધ

૨. પું. સેલારો; પાણીનું હલેસું

સેલારસ પું. સિલારસ; એક જાતનો ચીકણો ધાતુપુષ્ટ પદાર્થ. તે ગુણે પૌષ્ટિક, કફશામક, મારી અને પ્રમેહશામક હોઈ ઉધરસ, ત્વચારોગ અને મૂત્રરોગ ઉપર ઔષધ તરીકે અપાય છે; તેમ જ વધરાવળ અને મરડી ઉપર લગાડાય છે

સેલારી સ્ત્રી સ્ત્રીઓએ પહેરવાનું કસબી કોર અને પાલવનું સુંદર વસ્ત્ર; કસબી કોર અને પાલવવાળી એક જાતની સાડી

સેલારો પું. પાણીમાં પડીને આગળ ખપવા સારુ શરીરને ફેંકતાં તરાપ મારવી તે; હેલારો; ઝબરકો.
સેલારો મારવો = પાણીની અંદર શરીરને ઝાટકો મારવો.

સેલાવટ પું. (જૂ. ગુ.) સલાટ.
તેઆ સેલાવટ સદ્ગત
જે જાણઈ વરતાવી વાત વિમલપ્રબંધ

સેલાસાડી (સેલાસાડી) સ્ત્રી. સેલારી; કસબી અને ભારીક વણાટનું વસ્ત્ર; સ્ત્રીઓએ પહેરવાનું, રાતીપીળી લીટીઓવાળું ગરબસુતરાઉ કપડું; રોલાસાડી.

સેલી ૧. સ્ત્રી કાપડની એક જાત. આ કાપડ વિવાહમાં વરવધુને પહેરવા માટે વપરાતું.
૨ સ્ત્રી. ડોકમાં નખાતી કાળા દોરાની આટી. ખીરપથી સાધુ તથા ફકીરો તે રાખે છે.
૩. સ્ત્રી લાલ રંગની એક જાતની માછલી.
૪. સ્ત્રી. હેલી; રાખ; છાર; રેલી; રાખોડી.

સેલીબંધ પું. જાતવંત કાઠિયાવાડી ઘોડાની ગરદનથી તે પૂંછડા સુધી કાંબી પીઠ ઉપર જે જુદા રંગનો કૂદરતી પટો હોય છે તે.

સેલું ૧. ન. ભારીક વણાટનું સુતરાઉ વસ્ત્ર; ખેસ; કસણી ઉપરણો.
૨. ન. ઓઢવાનું કસણી પાલવવાળું એક કીમતી વસ્ત્ર. ટેસુ

સેલેઠ (સેલેઠ) ૧. [અં.] સ્ત્રી ઇગ્લંડમાં થતી મૂળા જેવી એક ભાજી.
૨. સ્ત્રી. રાંધ્યા વગર ખાવાની એક જાતની વાની; કચુંબર

સેલો પું. ઢોર કૂદીને દોણી ઉડાડી ન મૂકે તે માટે તેને પગે બાંધવાનું દોરડું; ગેલો.

સેલોત પું. દેસાઈ કે જમીનદાર તરફથી ગામની વસૂલાત કરનાર કે ઉઘરાવનાર માણસ

સેલ્યુકસ પુ સિકંદરનો એ નામનો એક સેનાપતિ ન સિકંદરના વિજયમ ... કર્યો અને સીરિયા ઉપર રાજ્ય કરતો હતો. ચંદ્રગુપ્તે તને હરાવી તેની પુત્રી સાથે લગ્ન ... કર્યું હતું.

સેલ્યુકિડિ સંવત પુ. ઇ.સ. પૂ. ૩૧૨ માં સેલ્યુ ... એ ન નામે એક સંવત. તે ઈ. સ. પૂર્વે ૩૧૨ વર્ષથી શરૂ થાય છે. ઈ. સ. પૂર્વ ... વનાના બાદશાહ સિકંદર. મરી જવાથી તેના સેનાપતિઓ રાજ્ય માટે અંદર અંદર લડવા માંડ્યા અંતમાં મકદુનિયા, મિસર અને સીરિયા એ ત્રણ રાજ્યો કાયમ રહ્યાં. સીરિયાનો ધણી સેલ્યુકસ નિકાટોર થયો અને તેણે બાકૃટ્રિયા આદિ ઐતિહાસના પૂર્વ દેશો પણ કબજે કર્યા. તે સાલથી જે સંવત શરૂ કર્યો તેનો સેલ્યુકિડિ સંવત કહે છે અને તે કાબુલ અને પંજાબમાં થઈને ભારતવર્ષમાં પ્રચારમાં આવ્યો.

સેલ્યુલોઈડ [અં.] ન. હાડકા જેવો એક પદાર્થ

સેવ ૧. [સં.] ન. કિ. પાળવું જવું.
૨. ન. કિ. વસવું; રહેવું
૩. સ. કિ. આચરવું; કરવું
૪. સ કિ. આરાધવું.
૫. સ. કિ. ઉપભોગમાં લેવું; ભોગવવું.
૬. સ. કિ. રક્ષણ કરવું.
૭. સ કિ વાપરવું.
૮. સ કિ. સેવા કરવી.
૯. સ કિ. સંસર્ગ કરવો.

સેવ ૧. [હિં.] પુ. સક્કરજન.
૨. સ્ત્રી. મકાના મેદાની સળી જેવા આકારની, ઓસાવીને ખાવાની એક વાની.
૩. સ્ત્રી. ચણાના લોટની સાંઠા સળી જેવી તળેલી એક વાની; શેવ.
૪. સ્ત્રી. ચાકરી; પૂજા, સેવા; ભક્તિ

સેવક ૧ પું. ભક્ત; ઉપાસક
૨ . સ સેવ્ (સેવા કરવી) + અક]
પુ. સેવા કરનારો માણસ; ચાકર; દાસ. મિતાક્ષરા પાંચ જાતના દાસ અથવા સેવક મનાયે છે: (૧) શિષ્ય, (૨) અંતેવાસી, (૩) ભૃતક, (૪) કિંકરાધ્યક્ષ અને (૫) દાસ. આમાંના પહેલા ચાર દાસ શુભ કાર્યમાં રોકાય. ખરું જોતાં તેઓ આજ્ઞા પાળે માટે જ એમને દાસ મળવા હોવા જોઈએ. બાકી તેમનાં કાર્ય ઊંચી જાતનાં જ હોવાનાં બાધીજી લખે છે કે, ગામડામાં જઈ સેવક પોતે નિયમિત રીતે કાંતવા લાગે. કાંતતો નહિ હોય ત્યારે વાસણો ચોખ્ખાં કરે, કપડાં ધોવા લાગે કે હાથપગની માલિશ તે મજૂરી કરતો હશે. એ કામમાં એ બે નહિ ઉતારતો હોય. પોતે જ પોતાનું ઘર ઉઘાડવા અને સાફ કરવા મહેનત કરતો હશે. એની એક મિનિટ નકામી નહિ જતી હોય. રોંધતા આઠ કલાક સિવાયના બાકીના એનો ... મા કલાક ... મ અને કામમાં જ જતા હશે. લોગો ... ને, તડાકા મારવાને, પત્તા રમવાને એને ફુરસદ નહિ જ હોય. એ લોકોને બતાવતો હશે કે, મારે તો બહુ કરવાનો છે, શરીરનું પોષણ શરીરના કામથી કરવાનું છે. મનન, પોષણ માટે મનની કેળવણી જોઈએ. શારીરિક કામમાં ભલે શ્રમ વિભાગ હોય; પણ એક વર્ણ શરીરશ્રમ કર્યા કરે અને બીજો માનસિક શ્રમ જ કરે એ યોગ્ય નથી.
વિષ્ણિકર કિંકર દાસ અને સેવક અનુગ પદાતિ;
મૂલ્ય કરે રવિનાથ સમા, કબા વરણી નથી જાતી.
પિંગળપ્રકાશ

૩. સ્ત્રી. ખારવણની એ નામની એક જ્ઞાતિ.
૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૫. વિ. એ નામની જ્ઞાતિનું

સેવકસમાજ પું લોકોની સેવા કરનાર મંડળ.

સેવકા સ્ત્રી. પરિચારિકા; સેવિકા

સેવકાર્ય ૧. સ્ત્રી. સેવકનું કાર્યક્ષેત્ર કે મહેનતાણું.
૨. સ્ત્રી સેવકપણું

સેવડી ૧. સ્ત્રી. ગરીબ વૈષ્ણવને મદદ કરવા માટે કાંઈ રોકડ પૈસા આપવા તે.
૨. સ્ત્રી. ઠાકોરજીના પ્રસાદ સહિત અપાતું દ્રવ્ય.
૩. સ્ત્રી. પ્રસાદ અગર થાળી ધરવા જવાનું મહેનતાણું
૪. સ્ત્રી. સેવકોને માટે જલ, વસ્ત્ર વગેરે રાખવાનું સ્થળ.
૫. સ્ત્રી. સેવક; ભક્તાણી.

સેવડી જળ ન. ઠાકોરજીના સેવકોના ઉપયોગનું જળ.

સેવગાંઠિયા પુ. ૪ ન. સેવ અને ગાંઠિયા, શેવગાંઠિયા

સેવડ (સેવડ) ન ધોળું વસ્ત્ર

સેવટી (સેવડી) સ્ત્રી આર્યા; જૈન સાધ્વી; શેવડી.

સેવડો (સેવડો) ૧ પુ. બ્રહ્મચારી

૨ [સં શ્રમણ] પું માથે વાળ વધારનાર જૈન સાધુ જતિ. આજે પણ મુસલમાન લોકો ધાર્મિકરીતે જૈન સાધુઓને સેવડા કહે છે. પાલણપુરમા તો પ્રસિદ્ધ રીતે સેવડા નામથી જ ઓળખવામાં આવે છે. જૈન સાધુઓને પ્રાચીન સમયમાં શ્રમણ કહેતા. સંભવ છે કે, એ જ શ્રમણ સેવડાના રૂપમાં પરિવર્તિત થઈ ગયેલ હોય.

સેવતી ૧. [હિં. સેવ્તી] સ્ત્રી. એક જાતના સુગંધીદાર ફૂલ અને તેની વેલ; એક ફૂલઝાડ. તેમાં ઘણી જાતનાં ફૂલો થાય છે

૨. સ્ત્રી. એક જાતની ખાવાની ચીજ.

૩. ન. એક જાતનું અત્તર.

સેવન ૧ [સં.] ન. ઉપભોગ

૨. ન એક જાતનું ઇમારતી ઝાડ. ખારી, બારણાં, કબાટનાં ચોકઠાં, હોડી, રમકડાં અને બીજી સુશોભિત ચીજો બનાવવાના કામમાં તે વપરાય છે. પાણીથી આ લાકડા ઉપર બહુ અસર થતી નથી અને તે સંકોચાતું નથી, તેથી ફસાઈ પડતું નથી. તેમાં ચીરા પડતા નથી અને ફાટી જતું પણ નથી. તે બહુ ટકાઉ અને હલકું છે તેમાંથી સારાં વાજિંત્રો પણ બને છે.

૩ ન. એક જાતનો છોડ. તેનાં પાન ગોળ, મોટાં અને પહોળાં થાય છે. તેમા જાંબલી ફૂલ આવે છે

૪. ન. ઘણા દિવસ સુધી દવા અથવા બીજી ચીજ વાપરવી તે.

૫. ન. પૂજવું તે; ભજવું તે.

૬. ન પંખીની માદાએ ઈંડાંને હૂંફ આપવા તેના ઉપર બેસવું તે

૭ ન. બાંધવું તે; બંધન.

૮ ન. સીવવું તે.

૯. ન. સેવવું તે, સેવા.

સેવનકાળ પું. જેટલા વખતમાં સેવનની ક્રિયા પૂરી થઈ શકે તેટલો વખત; પક્ષીની માદાએ ઈંડાને હૂંફ આપવા તેના ઉપર બેસીને જેટલો સમય ગાળવો જોઈએ તેટલો સમય; ઈંડું સેવાઈ રહે તે માટેનો વખત

સેવનવિધિ સ્ત્રી દવા લેવાની વિધિ

સેવનવિષય [સં.] પું. માંધાને ટાકા મારી જોગા કરવાની ક્રિયા

સેવના [સં] સ્ત્રી સેવા કરવી તે; ખરા મનથી ચાકરી કરવી તે; ભક્તિ.

સેવની ૧. સ્ત્રી પેશાબના મૂત્ર અને ગુદાના છિદ્રની વચ્ચેનો ભાગ

૨. સ્ત્રી. મુખભૂમિના મધ્યમાં રહેલી એક સ્નાયુ જાળ; સ્નાયુસૂત્રો વડે બનેલી દોરી. આ દોરી દરેક હોઠની અંદરની બાજુ ઉપર બરાબર મધ્ય રેખામાં આવેલી છે અને તેને દાંતનાં આગલા પેઢા સાથે જોડે છે. ઉપલા હોઠની સેવની સહેજ મોટી હોઈ ઉત્તરાસેવની તરીકે અને નીચલા હોઠની અધરાસેવની તરીકે ઓળખાય છે

૩. [સં.] સ્ત્રી સોય.

સેવનીય [સં.] વિ. સેવા કરવા યોગ્ય

સેવરી પું એક જાતનું ઝાડ. તે વસઈ તરફ થાય છે. મેદાનમાં ઓક્ટોબરમાં અને ટેકરીઓ ઉપર માર્ચ અને એપ્રિલમા વવાય છે. દિવસમાં બહુ ભાળીવું નથી છતા ટેકરી ઉપર સારી રીતે વાધી શકાય છે. આનાં મસાળા ઘણાંજ સુગંધી હોય છે.

સેવર્ધન સ્ત્રી. શીવર્ધન ગામમાં થતી એક જાતની સોપારી. સેવનુ.

સેવર્ધની જુઓ સેવર્ધન.

સેવલી સ્ત્રી એક જાતનો વેલો. રાની લોકો તેનાં કંદ ખૂબ મરામાં ખાય છે

સેવવું ૧. સ. ક્રિ. આચરવું.

૨. સ. ક્રિ. ઉદ્ભવવું.

૩. સ. ક્રિ. ક્રમમાં લેવુ

૪. સ. ક્રિ. ખૂબ સંગ કરવો.

૫. સ. ક્રિ. પંખીની માદાએ ઈંડાં ઉપર બેસી હૂંફ આપવી.

૬ સ. ક્રિ. ભોગવવું; વાપરવું.

૭ [સં સેવ્] સ ક્રિ. સેવા કરવી; ચાકરી કરવી; ભજવુ.

સેવંતરિયા પું શેવડાના ચોરાશી માંહેનો એક પેટા જન્મ

સેવંત્રો જુઓ સેવર્ધન.

સેવા ૧. સ્ત્રી. અર્પણ કરવા ધારેલ અથવા અર્પણ કરેલ ભૌતિક વસ્તુઓનો સદુપયોગ કરવો તે

૨. સ્ત્રી. ઉપભોગ કરવો તે.

૩. સ્ત્રી. ચાકરી; નોકરી

૪. સ્ત્રી. નિષ્કામભાવથી પારકાનું કામ કરવુ તે. તેના તનુજ, વિત્તજ અને માનસી એવા ત્રણ ભેદ છે. તેમાં માનસી એ ઉત્તમ કહી છે; પણ માનસીની સિદ્ધિ માટે તનુજ અને વિત્તજ સેવા કરવાની જરૂર છે

> સર્વ સેવા પ્રકાર છે જેમા પર્યાપ્ત અહીં,
> જગના હૃદયોનુ એ સામાન્ય આધાર નથી.
>
> ગાંધીગીતા

૫. સ્ત્રી. પૂજા; આરાધના

૬ સ્ત્રી (ચિ.) સંપૂર્ણ અવયો અન્યોન્યને અનુરૂપ હોય તેમ કરવુ તે

૭ સ્ત્રી સ.રવ.ગ. પરદારગમન

> સેવા કરવાની ઉત્કટ ઇચ્છા રાખનારે અપાર ધીરજ ને અપાર સહિષ્ણુતા રાખવી જોઈએ. અધો માણસ પોતાના અભિપ્રાય બીજાઓને માથે મારવાની જબરજસ્તી કદી ન કરે
>
> ગાંધીજ્ઞાનકોષ

સેવાકેંદ્ર [સં] ન. સેવા કરવાની જગ્યા; લોકસંપર્કનુ સ્થળ

સેવાગૃહ [સં.] ન. જ્યાં રહીને સેવકોની સેવા, થઈ શકે તેવું મકાન

સેવાગ્રામ ન. મધ્ય પ્રદેશમાં વર્ધા જિલ્લાનુ એ નામનું એક ગ.મ. જ્યારે ગાંધીજીએ દાંડીકૂચ વખતે સને ૧૯૩૦માં એવો નિર્ણય કર્યો કે, સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમ અમદાવાદમા પાછો નહિ આવું ત્યારે ૧૯૩૨-૩૪માં તેમણે અસ્પૃશ્યતા નિવારણ ઉપર પોતાનું કામ કેંદ્રિત કર્યું. તેમના અનુયાયી જમનાલાલ બજાજે વર્ધામાં રહી આ કાર્ય કરવા ગાંધીજીને આમંત્રણ આપ્યું. ગાંધીજી શરૂઆતમા મહિલા આશ્રમમાં રહ્યા. ત્યારે બાદ જમનાલાલ બજાજના ઉદ્યાનગૃહમાં ગયા. આ ઉદ્યાનગૃહનું નામ પાછળથી મગનવાડી રાખવામાં આવ્યું. અને ૧૯૩૬માં ગાંધીજીને શહેરી જીવનથી દૂર રહેવાની ઇચ્છા થઈ. વર્ધાથી દક્ષિણ-પૂર્વમાં પાંચ માઈલ દૂર આવેલ શેગાંવની પસંદગી થઈ. ગાંધીજીના અંગ્રેજ અનુયાયી મીરાબેન અત્રે વસતા જ હતાં. આ ગામમાં હરિજનોની વસતી પ્રમાણમાં ખૂબ હતી. ગામની સ્થિતિ પણ કફોડી હતી. આ બધી વાત ધ્યાનમાં લઈ શેગાવની પસંદગી કરવામાં આવી. ગાંધીજીના વસવાટથી ટપાલની દૃષ્ટિએ આ ગામની એટલી બધી અગત્ય વધી ગઈ કે, મુસાફરો પાસે આવેલ શેગાંવ ગામની બાજુ આ ગામની ટપાલનો ગોટાળો ન થાય તેથી ગાંધીજીએ સેવાગ્રામ એવું નામ પસંદ કર્યું અને સત્તાધીશોએ ૧૯૩૮મા આ નામ મંજૂર કર્યું. શરૂઆતમા ગામ બહુ નાનું હતું. વસતીમા મુખ્યત્વે હરિજનો હતા. સડકના અભાવે ગોમાસામા મુસાફરી કરવી મુશ્કેલ હતી. આજે વર્ધાથી પાકી સડકો બાંધવામાં

આવી છે ટપાલ ઑફિસ અને તાર ઑફિસ ઊઘડી છે. બુનિયાદી શાળા પણ ચાલે છે અને ગામમાં ઠીક પ્રમાણમાં સફાઈ કાર્ય નિયમિત રીતે થાય છે ગાંધીજીનો આશ્રમ ગામથી એક ફર્લાંગ દૂર છે આજે સેવાગ્રામ એક પુણ્ય તીર્થ બની ગયું છે ભારતના વિવિધ ભાગોમાંથી, ઇંગ્લંડ, અમેરિકા, ચીન, જાપાન વગેરે પરદેશોમાંથી અનેક જિજ્ઞાસુઓ આ પવિત્ર સ્થાનના દર્શને આવે છે આશ્રમવાસીઓ નીચેનાં અગિયાર વ્રતને શક્ય એટલી રીતે અનુસરે છે: અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ, શરીરશ્રમ, અસ્વાદ, ભયવર્જન, સર્વધર્મ સમાનત્વ, સ્વદેશી અને સ્પર્શ ભાવના.

સેવાચાકરી સ્ત્રી. સેવા; ચાકરી; સારવાર.

સેવાચોર પુ. પૂજા કરવામાં દિલની ચોરી રાખનારો માણસ; મન દઈને સેવા ન કરનારો માણસ; ઢોંગી પૂજારી

સેવાજૂથ ન. સેવા કરનાર જૂથ; સેવા કરનાર ટોળું; ચાકરી કરનાર મંડળ.

સેવાટહુક ન. રેંટિયો ચારતી વખતે બરાબર બેસી ન જાય તે માટે આડી ઠેસી ચોડેલ બાવળનું પાટિયું; સુતાર સોંસો કામ કરતી વખતે જે બાવળા ઉપર બેસે છે તે. પાટિયા વગેરે છોલતી વખતે તેના સામે ટેકો દેવા બનાવેલું એક સાધન.

સેવાદળ ન. સેવા કરનાર લશ્કર; સેવા કરનાર દળ.

સેવાદાન [સં] ન. સેવા અર્થે કરેલું દાન

સેવાદાસી સ્ત્રી. ભાવના કે સાધુએ સેવા માટે રાખેલી દાસી કે રખાત.

સેવાધર્મ [સં. સેવા + ધર્મ (ફરજ)] પું. સેવા કરવાની ફરજ; સેવક તરીકેનો ધર્મ; સેવારૂપી ધર્મ

સેવાના [અં.] પુ. કુદરતી ઘાસથી છવાયેલો પ્રદેશ. ઊષ્ણકટિબંધના દેશોમાં તે જોવામાં આવે છે અને વર્ષાઋતુમાં તેના ઉપર સીસોતરી જાતની ઊગે છે તે વેનેઝુએલામાં લાનોસ, ઑસ્ટ્રેલિયામાં ડાઉન્સ અને આર્જેન્ટિનામાં પેમ્પોસ કહેવાય છે

સેવાપરાયણ [સં.] વિ. સેવા કરવામાં જ રત કે મશગૂલ રહેનાર.

સેવાપૂજા [સં.] સ્ત્રી. સેવન અને પૂજન; ચાકરી અને પૂજા; સેવા અને પૂજા.

સેવાપ્રિય [સં] વિ. સેવાવૃત્તિવાળું

સેવાભગિની [સં.] સ્ત્રી. સેવાપરાયણ બેન.

સેવાભાવ [સં.] પું. સેવાનો ભાવ; સેવા કરવાની વૃત્તિ કે ભાવના.

સેવાભાવે વર્ષે જેમ અકલ્પિત થવાય છે. અકલ્પિત થનારાનો એકમત અવરોધ નહિ.
ગાંધીગીતા

સેવાભાવી [સં.] વિ. સેવાવાળું, સેવા કરવાની ઇચ્છાવાળું

સેવામાર્ગ [સં.] પું. સેવાનો માર્ગ.

સેવારત [સં.] વિ. સેવા કરવામાં મશગૂલ.

સેવારે અ. પાછળ; નજીક

સેવાર્તા ૧. [સં.] ન. (જૈન) છ માહેનું છકું સંથમણ.

૨. ન. પીડાયા છતાં સેવા કરવાથી સ્વસ્થાનને પ્રાપ્ત કરતું અસ્થિબંધારણ.

સેવાર્થિની ૧. [સં.] સ્ત્રી. પાર્વતી.

૨. વિ. સ્ત્રી. સેવા માગનારી

સેવાર્હ ૧. [સં.] વિ. સન્માનિત; માનદ, માનાર્થ; ' ઑનરરિ '.

૨ વિ સેવાના ઉદ્દેશવાળું; સેવાભાવી.

સેવાર્થે [સં.] અ. સેવા માટે; ચાકરી માટે; સેવાના હેતુથી; માનદ રીતે

સેવાલય [સં.] ન. સેવા માટે બાંધવામાં આવેલ મકાન.

સેવાવવું ૧. સ. ક્રિ. નોકરીમાં રખાવવું; નોકરીમાં રાખવાનું કહેવું.

૨. સ ક્રિ સેવાય તેમ કરવું; સેવન કરાવવું.

સેવાવું ૧. અ. ક્રિ. નોકરી બજાવી; નોકરીમાં રહેવું.

૨. અ ક્રિ. બચ્ચાનું ઇંડામાંથી બહાર નીકળવું

૩. અ. ક્રિ. સેવન થવું; ઈંડાને બરાબર હૂંફ મળવી

૪. અ ક્રિ. સેવી શકાવું; સેવન કરી શકાવું

સેવાવૃત્ત [સં.] ન. સેવા બજાવવાનો નિયમ કે ટેક.

સેવાવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. નોકરી; ચાકરી, દાસત્વ

૨. સ્ત્રી. સેવા કરવાની વૃત્તિ; સેવા પ્રત્યેનું વલણ; સેવાની ભાવના.

સેવાવ્યવહાર [સં.] પું. સેવાનો નિયમ; સેવાનું કર્તવ્ય

સેવાવ્યસન [સં.] ન. સેવાભાવના; સેવાવૃત્તિ; સેવાની તાલાવેલી

સેવાશુશ્રૂષા [સં.] સ્ત્રી. સેવાચાકરી; ખરદાસ.

સેવાસદન [સં.] ન. સેવા કરવાનું મકાન.

સેવાસેના [સં.] સ્ત્રી. સેવાદળ.

સેવાળ ૧ પું. બાફ; વરાળ

૨. પું વનસ્પતિનો એક પ્રકાર; લીલ; શેવાળ. તેને ફૂલ આવતાં નથી

૩ સ્ત્રી રેસા; તંતુ; નસ

સેવાળવું ૧. સ. ક્રિ. રળવું; કમાવું

૨. સ ક્રિ. સહૃદયતાપૂર્વક કામ પાર પાડવું; શેવાળવું

સેવાળિયું ૧. વિ. આછી વરાળ નીકળતી હોય તેવું.

૨. વિ. સેવાળવાળું; શેવાળિયું.

સેવાળેલ વિ. સેવાળ બાઝેલ.
પાણે પણ દઈએ નહિ, સેવાળેલ સરવા.
લોકસાહિત્ય

સેવાંજલિ [સં.] સ્ત્રી. સેવાને અર્થે જોડેલ હાથ

સેવિઅર [અં.] પું. ઉદ્ધારક

સેવિકા ૧. સ્ત્રી. આયુર્વેદ વિદ્યાલય તરફથી અપાતી એ નામની એક ઉપાધિ

૨. સ્ત્રી. ચાકરડી; બાઈ નોકર; ઓ સેવક. વાતાવરણ અનુસાર, બાવી દાસીઓ ઘરકામ માટે, ઘરકામનો અમુક વિભાગ સાચવવા માટે, બાળકોની સાચવણી માટે કે ગૃહિણીઓને સમય વિતાવવા સાથ આપવા માટે કાયમી વેચાણથી અગર માસિક કે વાર્ષિક પગારથી રાખવામાં આવે છે.

૩. સ્ત્રી. પરિચારિકા; ' નર્સ '.

૪. સ્ત્રી. પાલખી.

૫. સ્ત્રી. સેવા કરનારી સ્ત્રી

સેવિત ૧. વિ. આરાધેલું.

૨. [સં. સેવ્ (સેવા કરવી) + ક્ત (ભૂ. કૃ. નો પ્રત્યય)] વિ. ઉપભોગ કરેલું.

૩. વિ સેવાયેલું; સેવેલું; સેવાતું હોય એવું.

સેવિંગ [અં.] સ્ત્રી બચત.

સેવિંગ્સ બૅંકાઉન્ટ [અં.] ન. બચત રકમનું ખાતું.

સેવિંગ્સબૅંક [અં.] સ્ત્રી. બચતનાં નાણાં મૂકવાની પોસ્ટ ખાતામાં રહેતી બૅંક.

સેવિંગ્સ સર્ટિફિકેટ [અં.] ન. રેટના ખાતરીવાળા ફંડમાં રોકેલ પૈસા બાબતનું પત્ર.

સેવી ૧. [સં. સેવિન્] વિ. વાસ કરનાર; રહીશ; વસનાર.

૨. વિ. સેવન કરનાર; વાપરનાર.

૩. વિ. સેવા કરનાર; પૂજક; સેવક.

સેવું ૧. વિ. ઝીણું.
૨ વિ. જમીન અને ઓટિયા વચ્ચે થોડું અંતર હોવું.
૩. વિ. નમતું; એક બાજુ નમેલું; ઢાળ પડતું
૪ વિ. પાકું

સેવૈયો ૧. પું. એક જાતની ખાવાની સેવ.
૨. પું એક જાતનો ઘાસ.
૩ વિ. પું. ખુદીનો; કળીનો

સેવો જુઓ ૪ ૬ ખાવાની સેવ.

સેવ્ય ૧. [સં.] પું. પીપળો
૨ પું પુરુષોત્તમના ઢબનો બાંધેનું એક નામ.
૩. પું શેઠ; માલિક.
૪ વિ. સેવા કરવા જેવું; સેવવા યોગ્ય; સેવાને લાયક
હરિદ્ર દીન ને દુ ખી નબળું દિલ ઈશ્વર,
સમસ્ત રૂપ છે સેવ્ય દરિયા જપ બાદીયો
ન પ્રીતાના

સેવ્યપંક [સં.] પું. અતિ મૈથુનથી પંક થયો હોય તે.

સેવ્યા ૧. [સં.] સ્ત્રી. અરણી.
૨. સ્ત્રી. વંદ.વૃક્ષ.

સેશન ૧. [અં.] સ્ત્રી. સભાની બેઠક, ધારાસભા. જેવા મંડળની બેઠકનો એક સાથે ચાલુ રહેતો સમય કે ગાળો; સત્ર.
સેશન ચાલવી = સભાની બેઠકનું કામ ચાલુ હોવું કે થવું.
૨. સ્ત્રી. સેશન્સ કોર્ટ.

સેશનઅદાલત સ્ત્રી. સેશન કોર્ટ.

સેશનકોર્ટ [અં.] સ્ત્રી. જિલ્લાની વરિષ્ઠ ફોજદારી કોર્ટ.
સેશન કોર્ટમાં જવું = ફરિયાદ કે ગુનાની તપાસ માટે કે ઉલ્લી સજા માટે વરિષ્ઠ કોર્ટમાં કેસ જવો કે લઈ જવો.

સેશન જજ [અં.] પું. સેશન કોર્ટનો જજ; જજલ, વરિષ્ઠ અદાલત ન્યાયાધીશ.

સેશન્સ [અં.] સ્ત્રી. જિલ્લાની વરિષ્ઠ ફોજદારી કોર્ટ
સેશન્સમાં જવું = ફરિયાદ કે ગુનાની તપાસ માટે કે ઉલ્લી સજા માટે વરિષ્ઠ કોર્ટમાં કેસ જવો કે લઈ જવો

સેશન્સજજ જુઓ સેશન જજ.

સેશંબા [હા સે (ઋષ) + સંબા (શનિવાર)] પું. શનિવાર પછીનો ત્રીજો દિવસ; મંગળવાર.

સેશુદ્ધ વિ. જાતવંત; શુદ્ધ બીજમાંથી ઉત્પન્ન થયેલું; શુદ્ધ માતાપિતામાંથી પેદા થયેલું.

સેશ્વર [સ] વિ. [illegible] છે તે. ઈશ્વર

સેશ્વર નૈયાયિક [સ
ઈશ્વરને નિમિત્ત માનનાર નૈ[illegible]
[illegible] કહે છે કે: બીજા કે
પરમાણુનો સંયોગ થવા માટે ઈશ્વરને [illegible]
કારણ માને છે અને તેમ કરી સૃષ્ટની
કારણપરંપરાની શંકા પૂરી કરે છે અને તેમને
સેશ્વર નૈયાયિક એમ કહે છે. વેદાંતસૂત્રના
બીજા અધ્યાયના બીજા પાદમાં આ
પરમાણુવાદનું અને તેની સાથે જ સમાન ઈશ્વર
કેવળ નિમિત્ત કારણ છે તે મતનું પણ ખંડન
કરેલું છે

સેશ્વરવાદી [સં.] વિ. ઈશ્વરને માનનાર

સેશ્વર સાંખ્ય [સં.] સ. પતંજલિ નામના ઋષિએ રચેલ યોગશાસ્ત્ર.

સેશ્વરી [સ.] વિ. ઈશ્વરવાળું; આસ્તિક.

સેસ ૧. [અં.] પું. અમુક જાતનો કર
૨. સ્ત્રી. વરકન્યા અને અક્ષરલિખાત ઓને અનુક્રમે વિવાહ અને સીમન્તોન્નયનની દીક્ષા વખતે ખોળામાં નાળિયેર, પાન, સોપારી અને રૂપિયો આપવામાં આવે છે તે.
૩. સ્ત્રી. વિવાહાદિક શુભ અવસરે આપવામાં આવતી ભેટ.
સેસ ભરવી = પોંખ ભરવી.

સેસફૂલ [સં. શીર્ષ + ફુલ] ન ઓછો તાજ ફૂલને બદલે માથે વેણીમાં જે સોનાનું ફૂલ ખોસે છે તે; સેંથા આગળ ઓઢણામાં ખૂંસવાનું ઘરેણું; વેણીમાં અથવા સેંથા આગળ પહેરવાનું ફૂલના ઘાટનું ઓઘોનું એક ઘરેણું.

સેસમૂળ ન. એક જાતનું ઘાસ. તેનાં પાન મહેજ પહોળાં અને ટૂંકાં થાય છે અને તે જમીન ઉપર પથરાઈ જાય છે. ગાંઠે ગાંઠે તે મૂળ મૂકે છે. તેમાં લીલા ફૂલ આવે છે.

સેસમુંજ સ્ત્રી. એક જાતનું ફૂળઝાડ. તેની ત્રણ જાત થાય છે. એકને કાળાં, બીજાને રાતાં અને ત્રીજાને ધોળાં લીંડીપીપર જેવાં બટમોડાં ફળ આવે છે

સેહર ૧. પું. મુગટ.
૨ [સં. શેખર] પું. (પ્રાકૃત) શિખર; ટોચ, શિખા
૩. ન. ચકોર; ગામ

સેહરિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું.

સેહરુકદ વિ. પૂરેપૂરો પવિત્ર, સાચી ઓલાદનો

સેહી [હિ.] જુઓ સેઢાર્ડ, સાકુડી

સૈંધલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને ભુજંગી છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ત્રણ યગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે

સૈળભેળ ૧. ન. મિશ્રણ; ભેળસેળ.
૨. વિ. એકરૂપ, મિશ્રણ.

સૈળભેળિયું વિ સેળભેળ થઈ ગયેલું; સળંભેળવાળું

સૈળવવું સ. ક્રિ. રૂપેણાનું; અનાજ સાણી ન જાય તેટલા માટે તેમાં રાખ વગેરે પદાર્થો નાખવા.

સૈં ૧ ન. એક પ્રકારનું ઝાડ. તે પાંચથી બાર ફૂટ ઊંચું થાય છે. ફૂલ સુંદર સોનેરી જેવા પીળા અને પ્રથમ લીલા, પછી પીળા અને છેવટે કાળા રંગનાં થઈ જાય છે. તેને સિસોટી પણ કહે છે.
૨. ન. એક સિવાયના સંખ્યાવાચક વિશેષણ સાથે વપરાતું ' સો 'નું રૂપ. જેમકે, બસેં, ચારસેં

સૈંકડું (સેંકડું) ન. સો.

સૈંકડે (સેંકડે) અ. દર સોએ.

સૈંકડો (સેંકડો) ૧. પું. સેકું; સૈકો; શતક.
૨. પું. સોની સંખ્યા; સોનો સમૂહ
૩. વિ. અનેક સો. જેમકે, સેંકડો માણસો.

સૈંચાણો પું. ખાજ.
આહેરી ન.ય સૈંચાણા નામ
માસ આહારનું તેને કામ.
સ.મળ

સૈંચાર વિ ચારસો.
સાદી સદીઓ સખી ત્રણસો
કામલ લાખો સૈંચાર પ્રેમાનંદ

સૈંજળિયા ૧ જી લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું માણસ
૩. વિ એ નામની અટકનું.

સૈંજા ૧ સ્ત્રી. ઓળખાણ.
૨. સ્ત્રી નાતો.
૩ સ્ત્રી માન.
૪. સ્ત્રી. શરમ.
આંખની સૈંજા = આંખની શરમ.

સૈંટબર્નાર્ડ [અં.] પું એક જાતનો કૂતરો. તે આલ્પ્સ પર્વત ઉપર રહે છે અને બરફમાં દટાયેલા માણસનો જીવ બચાવે છે. સૈંટબર્નાર્ડ

નામના એક સાધુએ એ જાતના એક કૂતરાને અ. સદાચાર પહેલા શીખવ્યો હતો. આ કૂતરાનો ચહેરો પ્રૌઢ, આખ વિચારશીલ અને પગ મોટા છે. તે બળવાન અને ચાલાક છે

સૅંઠ ૧. સ્ત્રી. ભેગા થવા માટેની ગોઠવણ; મેળાપ કરવાની ગોઠવણ

૨. સ્ત્રી વાયદો; વચન

સૅંઠ આપવી = વાયદો કરવો.

૩. સ્ત્રી સંકેત; ખાનગી મસલત.

સૅંઠે અ. ઠીક; ઠીક પડે એવી રીતે.

સૅંઠે આ.વવું = માફક આવવું.

સૅંઢ સ્ત્રી. નર્મદાને મળતી એ નામની એક નદી.

સૅંઢસંગમ પુ. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ. તેને પ્રયાગસંગમ પણ કહે છે આ સ્થાન સુંદર અને તપ કરવા યોગ્ય છે. અહીં સંગમેશ્વર તથા અન્ય મંદિરો પણ પ્રાચીન છે

સૅંતક વિ પુષ્કળ; ઘણું.

સૅંતકનું વિ. ઝાઝું; પુષ્કળ; ઘણું

સૅંતલ પુ સળગ; અરડાં ઉપાડવાનું એ પંખિયાવાળું લાકડું; સૅંટલો.

સૅંતો ૧. સ્ત્રી મુસલમાનની એ નામે એક જાત.

૨. ન. એ નામની જાતનું મધ્યમ.

૩. વિ. એ નામની જાતનું

સૅંથકનું વિ. ઘણું; પુષ્કળ, બહુ જ.

સૅંથલિયો પું. માથાનો સૅંથો.

સૅંથલો ૧. પુ. સૅંથો.

૨. જુઓ સૅંતલો.

સૅંથી ૧. સ્ત્રી. સળંથી; કાંટા ઉપાડવાનું એ પાંખડાંવાળું લાકડું.

૨. સ્ત્રી. સૅંથો, માથાના વાળને બે ભાગમાં ઓળતાં વચ્ચે પડતી લીટી.

સૅંથી પાડવી = માથાના વાળને બે ભાગમાં ઓળી વચ્ચે લીટી પાડવી.

સૅંયુકનું વિ. ઘણું, પુષ્કળ

સૅંયુકું વિ. ઘણું, ઝાઝું

સૅંથો ૧. [સં સીમન્ત–સીમન્તક] પું. માથાનું એક ઘરેણું; સેંથામા પહેરવાની સેર

૨. જુઓ સૅંથી

સૅંદ્રેના ન (પુરાણ) એ નામનું ભારતવર્ષનું એક તીર્થ.

સૅંદ્રિય ૧. પુ. એ નામે પથ્થરની એક જાત.

એ બે સિવાય પથ્થરની બીજી બે જાતો છે: **સૅંદ્રિય** અને પરિવર્તની. સુબોધવાસ્તુશાસ્ત્ર

૨ ન ચિહ્ન, ઇંદ્રિય વિશિષ્ટ રચના; સંજ્ઞા

૩. વિ. ઇંદ્રિયયુક્ત; સજીવ, સચેત, આયુષ્ય. જીવન સંબંધી.

૪. વિ. ઓજસવાળું.

૫. વિ. પ્રાણી અથવા વનસ્પતિમાંથી બનેલું.

સૈ પું. કળશીનો દશમો ભાગ

સૈક વિ. થી એક વધારે. આ સૈક શબ્દ પણ અપસ્ત શબ્દમાં વપરાય છે અને એ સૈક શબ્દ પછી જે સંખ્યા કહી હોય તેનાથી એક વધારે તેવો એનો અર્થ થાય છે. જેમકે, સૈકપદ એટલે પદ (રકમો)ની જેટલી સંખ્યા હોય તેના કરતાં એક વધારે

સૈકત [સં.] પું. બહુ રેતીવાળી જગ્યા; રેતીવાળો કિનારો

સૈકતભૂમિ [સ.] સ્ત્રી. રેતીલી કાળી જમીન.

સૈકાજાનું વિ. જમાના જૂનું; ઘણું જ પુરાણું.

સૈકું ૧. ન. સો; સોનો અંક; સેંકડો

૨. ન. સો વર્ષનો સમય.

સૈકો જુઓ સૈકું.

સૈગા [અં.] ન. બેટા જેવું હરણની જાતનું એક પ્રાણી. તેનાં શીંગડાની અણીઓ ભાલામાં જડાય છે

સૈઠકાગાંઠ (સૈઠકાગાડ) સ્ત્રી. એક છેડો ખેંચવાથી છૂટી થાય તેવા ગાંઠ

સૈડકિયું (સૈડકિયુ) ૧. ન છોકરાની એક રમત કેરીનો ગોટલો લઈ તેને ટોચથી એક આગળના આશરે કાપી તેમાંથી ગોટલી કાઢી નાખી તેને એક તરફથી વચમા એક છિદ્ર પાડે છે અને બીજો એક ગોટલો આખો લઈ તેની વચમાં કાણું પાડી તેમાં એક દોરીનો છેડો ભાલી તે નીકળી ન જાય માટે તે કાણામા એક લાકડાનો નાની ખીલી જેવો ટુકડો ભાલે છે. પછી તે લાકડાનો ટુકડો પેલા કાપેલા ગોટલામાં મૂકે છે અને દોરી તેના છિદ્રમાં પરોવે છે તેને સૈડકિયું કહે છે. તે ફેરવવુ હોય ત્યારે ઉપરનો ગોટલો જરા ફેરવી દોરી તાણે છે એટલે દોરી પેલા લાકડાના ટુકડાને વીંટળાઈ જાય છે. તેથી લાકડા સુધા ઉપરનો ગોટલો ખૂબ જોરથી ફરે છે. એથી સૈડ સૈડ બોલે છે માટે સૈડકિયું કહેવાય છે.

૨. ન. સરકારાય તેવી આંટાવાળી ગાઠ; સૅંડકા ગાઠ.

સૈઠકી (સૈઠકી) ૧. સ્ત્રી. તાંત.

સૈડકી બોલવી = (૧) તાંત બોલવી. (૨) મશ્કરીના જેવો અવાજ થવો.

૨ સ્ત્રી. મશ્કરી બોલવી તે.

૩ વિ સ્ત્રી. સરી જાય તેવી

સૈઠકું (સૈડકુ) ૧ ન ગાળો, જેમ જેમ ખેંચાય તેમ તેમ મજબૂત બનતી જાય તેવી સરકની ગાઠ; સૈડકિયુ; સૈડકા ગાંઠ.

૨. ન. સરડકો; સૈડકો

સૈઠકો (સૈડકો) ૧. પુ. સરડકો; નાકદ્વારા કે પ્રવાહી ખાતાં પીતાં શ્વાસ પાછો ખેંચવાથી થતો અવાજ

૨. પું. સાલ્મના છાતી ઉપરના પાલવનો જે છેડો કાખથી બાજુની કૂખમાં ખોસાય છે તે

સૈઠજ (સૈડજ) ૧. ન. છાપરાની વળીઓ ઉપર નાખવાના ઢાંકણાં, ચીપો વગેરે; કલોઈની પાતળી મોટીઓ વગેરે; છાજ; સૈઠજ.

૨. ન. છાપરાની વળીઓ પર નખાતા ઢાંકણાં, ચીપો વગેરેને બાંધવાની દોરી

સૈઠજ માળજ (સૈઠજ માળજ) ન. છાપરુ સૈડવા કે માળવામાં વપરાતી વસ્તુઓ

સૈઠવું (સૈડવા) ૧. સ ક્રિ. આડી ઇંઈ બે વસ્તુઓ એક બીજા સાથે બાંધવી; જોડવુ, સાંધવું

૨. સ ક્રિ. વળીઓ ઉપર ઢાંબડા પાથરી બાંધવું, છાવું; સૈઠજ પાથરીને બાંધવુ.

સૈતની સ્ત્રી વસ્ત્રનિર્માણકલામાં એક પ્રકારની ક્રિયા

સૈતવાહિની સ્ત્રી. (પુરાણ) બાહુદા નદીનું બીજું નામ; કાર્તવીર્ય અર્જુને ઉતારેલી નદી.

સૈદર [ફા.] પું. બેરો; બાધાબેરો.

સૈદ્ધાંતિક ૧. [સં.] પું. સિદ્ધાંત જાણનાર માણસ

૨. વિ. સિદ્ધાંતને લગતુ

૩. વિ. સિદ્ધાંતવાળુ; સિદ્ધાંતાત્મક

સૈનપત્ય પું. કિલ્લાનો એક મુખ્ય દરવાજો

સૈનાક પુ એક ઋષિ. તેનાથી સુતારની જાતિ ઉત્પન્ન થઈ છે એમ મનાય છે

સૈનાપત્ય [સં] ન સેનાપતિનું કામ; સેનાપતિપણું; સેનાપતિપદ

સૈનિક ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદની એક જાત છે. તેને સૈનિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ અગિયાર અક્ષર હોય છે.

રચાણ **સૈનિકે** જ રા જ ગા લ. રણપિંગળ

૨. પું સેનામાનો માણસ; લશ્કરી સિપાઈ, લડવૈયો; લશ્કરનો માણસ

૩. વિ સૈન્ય સંબંધી; લશ્કરી. સૈન્યનુ, સૈન્યને લગતુ

સૈનિકા જુ સૈનિક નામનો છંદ.

સૈન્ય ૧. [સં.] પું. (પુરાણ) બ્રહ્મદેવે કરીથી ઉત્પન્ન કરેલા માનસપુત્રોમાંના અંગિરા ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલો એક ઋષિ.

૨. ન. પરાશર ગોત્રનું એ નામનું એક પ્રવર.

૩. ન. લશ્કર; ફોજ; સેના.

મારા એ જ્યાલના રાજ્યારોહણમાં નથી સ્થાન દિ, જિટિશ સૈન્યને તો હું અદ્રીજ સૈન્યને સુધા.
ગાંધીયોગ

સૈન્યકિલ્લો પું. અતિ મજબૂત કિલ્લો કે જ્યાં બળવાન રાજાને જ તાબે હોય છે.

સૈન્યદળ ન. મોટું સૈન્ય; સંખ્યાબંધ સિપાઈઓની સેના; ઘણું જબરું લશ્કર.

સૈન્યસત્તાક [સં.] વિ. સૈન્યની સત્તાવાળું તે લશ્કરશાહી રાજતંત્ર માટે વપરાય છે.

સૈપચ સ્ત્રી. રમી નામની એક દેશી રમત; રમીબાર નામની એક દેશી રમત.

સાફ સ્ત્રી. એ નામની એક જાતની તરવાર. દિલ્હીના બાદશાહના કેદખાનામાંથી જ્યારે મોહાર્જની પેટીમાં બેસી શિવાજી મહારાજ પસાર થયા ત્યારે રસ્તામાં જબરજસ્ત સંસ્થાનમાં તેમણે મોટો વખત મુકામ કરેલો હતો. ત્યાંથી તેમણે આ તરવાર પોતાના પ્રાંતમાં આણી હોવી જોઈએ એ. જબરજસ્ત સંસ્થાનમાં સાધારણ રીતે આ જ પ્રકારની તરવારો વાપરવામાં આવતી હતી. એની મૂઠના મોગરો, કૂલ, કેમળી, કટારી, પુતળા, પરજ, નખા એવા ભાગ છે. તેનું પાનું પોણાદસ અંગુલ હોઈ તે બધું કૂલ સાડા ૭ ઇંચ લાંબુ અને સવા ઇંચ પહોળું હોય છે. તે તદ્દન સીધું હોઈ તે ઉપર બે લીટીઓ છે. તે દરેક લીટીની લંબાઈ બે કૂલ પાંચ ઇંચ છે. શિવાજી મહારાજના સમય પછી આ તરવારો ઘણી પ્રકારમાં આવી હતી. જગત વિખ્યાત બનવાની સાથે તે ઘણી જ મળતી આવે છે. મૂઠનો મોગરો સારી રીતે લાંબો હોવાથી નરમ કરી શકાય છે. આ તરવારની મદદથી એક માણસ બે જણ સામે સહેલાઈથી લડી શકે છે.

સૈપારકી ૧. સ્ત્રી. શક્તિવાળી એક ભારતીય જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની નામની જાતિનું.

સૈપ્ય ન. એક જાતનું ધાન્ય. તેનાં બિયાં ભાજન તરીકે વપરાતા.

૧૬ શૈપ્ય ધાન = ૨૦ સૈપ્ય
૨૦ સૈપ્ય = ૧ પરમ્

સૈપ્ય (સૈપ્ય) પું ન ન. ભળિયા; શીતળા.

જુઓ સૈપ્ય.

સૈયદ ૧. [અ.] પું. હજરત મહમદ પેગંબર સાહેબની દીકરી બીબી ફાતિમાના વંશજો; મહમદ પેગંબરના વંશજો. મોક્ષપત્રિકામાં લખ્યા પ્રમાણે, અલીફા ઉસ્માન પછી મહમદ સાહેબના જમાઈ અલી બલીફાની ગાદીએ આવ્યા. અંદર અંદરની અટપટને લીધે તેમનું ખૂન થયું. તેના બે પુત્રો હસન અને હુસેન ઈરાન નાસી ગયા. આ બેકરાઓના વંશજોને સૈયદ કહેવામાં આવે છે.

૨. સ્ત્રી. મુસલમાન અને નાગરની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪ વિ. એ નામની અટકનું.

સૈયદ ઇબ્રાહીમ પું. એ નામના એક મુસલમાની સંત. તે વૈષ્ણવ ભાવ અને પદાવલીથી મુગ્ધ બની વૈષ્ણવ બન્યા હતા અને તેમણે ભક્તિથી ભરપૂર પદાવલી રચી હતી. સરસ પદાવલીકાર હોવાથી તેઓ રસખાન કહેવાતા હતા. તેનો શિષ્ય પ્રસિદ્ધ પણ કવિ હતો.

સૈર ૧. સ્ત્રી. મનોરંજન માટેનું ભ્રમણ.
સૈર કરવી = ફરવા જવું.

૨. [ફા.] સ્ત્રી. સહેલ; ફરવું તે; મનગમતી રીતે આનંદથી ફરવું તે.

સૈરગાહ [ફા.] સ્ત્રી. ફરવા જવા માટેનો જાહેર રસ્તો.

સૈરવી પું. (સિંધ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં રગણ, ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

સૈરભાં ત ભા ગ. રણછિંદ

સૈરસપાટા [હિં.] પું. ન. ન. સહેલસપાટા; મોજમજા.

સૈરંધ્રિ પું. (પુરાણ) બ્રહ્મા ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ.

સૈરંધ્રી ૧. [સં.] સ્ત્રી. અંતઃપુરની દાસી; પરિચારિકા; ચાકરડી; રસોવાસની દાસી.

૨. સ્ત્રી. (પુરાણ) કેકયની એક દાસી; કુબ્જા.

૩. સ્ત્રી. ચારેક ઘરમાં સ્વાધીનપણે રહેનારી સ્ત્રી; કારીગર સ્ત્રી.

૪. સ્ત્રી. રાજ્યાર્યા; વેશ્યા.

૫. સ્ત્રી. વિરાટ રાજાને ત્યાં દાસી તરીકે રહેલી દ્રૌપદી. ચૌદ વરસના વનવાસ પછી દ્રૌપદીને એક વરસ છૂપું રાખવાનું હતું. વૈરાટ નગરના વિરાટ રાજાની દાસી તરીકે સૈરંધ્રી નામ ધારીને તે રહી હતી.

સૈરાણી સ્ત્રી માતા; વૈષ્ણવ; કુટુંબની માતા.

સૈરિક ૧. પું. ભેડ઼ત.

૨. પું. હળે ખેડાતો બળદ; હાલિક

સૈરી [સં. સૈરિન્] પું. કાર્તિકસ્વામી.

સૈવદક પું. (પુરાણ) મિત્રાવરુણના પુત્ર વસિષ્ઠ ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

સૈવાલ [સં.] ન. સેવાળ.

સૈસ પું. સાર્થપ; ધોબાવાળો; અજમાદ; કાલિયો.

સૈસક વિ. સીસાનું.

સૈંધવ ૧. પું. (પિંગળ) એ નામે એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે ચુડાણા ઉપદોહા છંદનો એક ભેદ છે. તેમાં ૩૭ ગુરુ અને ૬૪ લઘુ મળી ૭૧ વર્ણની ૧૦૮ માત્રા હોય છે.

૨. પું. એક પ્રાચીન દેશ.

૩. પું. એક રાગ.

૪. પું. ઘોડો; અશ્વ.
વાજી વાહ હય તુરંગ હય, સૈંધવ અર્વ કુરાહ.
વરણ તુરંગમ નર કહે અશ્વનામ નિર્વાહ.
અમરસિંહ કોશ

૫. પું. સિંધવ; એક ક્ષાર; સિંધાલૂણ.

૬. પું. (પુરાણ) સિંધુ દેશના બધા રાજાનું સામાન્ય નામ. આ નામ બહુધા જયદ્રથને લગાડાય છે.

૭. ન. એ નામનું એક પવિત્ર સરવર.

૮. વિ. સમુદ્રનું; સમુદ્ર સંબંધી.

૯. વિ. સિંધુનું; સિંધુને લગતું.

સૈંધવી ૧. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની એ નામની છ માહેની એક ભાર્યા રાગિણી. તે મધ્યરાત્રિએ ગવાય છે

૨. સ્ત્રી. સિંધુ દેશની ઘોડી; સિંધી ઘોડી.

સૈંહ [સં.] વિ. સિંહનું; સિંહ સંબંધી.

સૈંહલ ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની લિપિ.

૨. વિ. સિંહલદ્વીપ સંબંધી; લંકાનું.

સૈંહલી સ્ત્રી પીપર. તે તીખી, ઉષ્ણ, અગ્નિદીપક અને શુદ્ધિકારક છે તથા કફ, વાત અને આમનો નાશ કરનાર છે.

સૈંહિક ૧. [સં.] પું. રાહુ ગ્રહ; સિંહિકાસુત.

૨. વિ. સિંહ સરખું

સૈંહિકારસ પું. સેલારસ. તેનો રસ વજનદાર આવે છે. તે સિંહલદ્વીપમાં થાય છે.

સૈંહિકેય [સં.] પું. રાહુ ગ્રહ, તેની જાતનું નામ સિંહલ જાતુ.

સો [સ શત] પુ દશ વખત દશ; ૧૦૦

૧. સો ઉંદર મારી બિલાડી પાટ બેસવી = મહાપાતક કરીને પછી સાધુ બનવું

૨. સો કાગડામાં એક હંસ = નઠારામાં સારો શોભે નહિ

૩. સો જણે ગાળીને = ઘણું જ સંભાળથી

૪. સો જંતને પણ સોનો પાલવઅલાર જરૂરી નહિ = પરગજુને પરમેશ્વર આબાદ રાખે

૫. સો જેશી બરાબર એક ડોશી = વિદ્વત્તા કરતાં અનુભવ ચઢે

૬. સો દ્રવ્યનું સોનું = ઉત્તમોત્તમ સોનું.

૭. સો તારી રામદુવાઈ ને એક મારું ઊંહું = પંચ બાબાપ છે પણ મારી ખીલી અસે નહિ

૮. સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો = એકાદ વખત તો લાગ આવે જ.

૯. સો બગડ્યું એક સુધ્યું = સુધારણ તે ઘડણ.

૧૦. સો મણ ઘરમાં અંગારો = એક બૂરું આખા સમાજને વગોવે

૧૧. સો મણ તેલે અંધારું = વ્યવસ્થા વગર કંઈ નહિ.

૧૨. સો મણ રૂની તળાઈએ સૂવું = તદ્દન નશ્ચિંત થઈ રહેવું; નિશ્ચિંતતા કે સુખચેન હોવા

૧૩. સો યે વર્ષ પૂરા થવા = આવી બનવું; મૃત્યુની તૈયારી થવી.

૧૪ સો સર્ધ ન આપે તેવું = વધારે સર્ધ ઓછું આપવાની દાનતવાળું.

૧૫. સો વાતની એક વાત = ટૂંકામાં; સારાંશ.

૧૬. સો સગાનું સગું = વસ્તારી; ઘણોગા સગપણવાળું

૧૭. સોએ સો દ્રવ્ય ઊતરવું = પૂરેપૂરા શુદ્ધ નીકળવું

૧૮. સોન. સાદ કરવા = (૧) બાળકે ખોવી. (૨) નુકસાનમાં ઊતરવું; ખોટ ખાવી; ઊંધો ધંધો કરવો

૧૯. સોમાં શરો, તે એકમાં નહિ મરો = સમજીમાં આવું મારે તે બધામાંથી રખડે.

૨૦. સોમુ ઓસડ–સોમો ઉપાય = મૃત્યુ સામે ઉપાય કે દવા. એ નથી એમ જતાવવા માટે વપરાય છે

સોઇયો પું મોટી સોય; સોયો.

સોઈ ૧ પુ દરજી; સઈ

૨ સ્ત્રી. સગવડ; વ્યવસ્થા; ગોઠવણ.

૩. સ્ત્રી. સાધન.

૪. [સ. સૂચિ] સ્ત્રી. સોય

સોકટાબાજી ૧ સ્ત્રી સોકટાં વડે રમાતી રમત, ચોપાટની બાજી.

૨. સ્ત્રી. સોકટાં વડે રમાતી રમતનું સાધન કે સરંજામ.

સોકટી સ્ત્રી. ચોપાટનું ખાનું કે કાયદાંતનું મહોરું; સોકટાબાજીનું મહોરું.

૧. સોકટી ઉડાવવી = (૧) પ્રપંચ તોડી કે ઉખાડી નાખવો; નહિ ફાવવા દેવું; સામાની ખળ ઉથલાવી નાખવી. (૨) સોકટાબાજીની રમતમા સામાની સોગઠીને બાજીમાંથી રદ કરવી.

૨. સોકટી ઉડાવી દેવી = તાલકું તોડી નાખવું; માથું ઉડાવી દેવું.

૩. સોકટી જમવી = (૧) જવ મેળવવો, ફાવટો લેવો. (૨) દાણા પડ્યા હોય તે પ્રમાણે ઘર ગણી સોગઠી બાજીમાં બેસાડવી.

૪. સોકટી મારવી = (૧) ચોટ લગાવવી (૨) ધારેલું કામ પાર પાડવું; વિજય મેળવવો; કેફેહ પામવું; કામ સાધી લેવું (૩) સામાના મહોરાને બાજીમાંથી ઉડાવવું

૫. સોકટી વાગવી = યુક્તિ ફળવી; હેતુ પાર પડવો

સોકડું ન. નાની સોકટી.

સોકડાબાજી જુઓ સોકટાબાજી.

સોગઠી જુઓ સોકટી.

સોકપા સ્ત્રી નેપાલમાં બોલાતી એ નામની એક ભાષા

સોકરડો (સોકરડો) ૧. પું. ટાઢનું સખત પડવું તે.

૨. પું. ત્રાસ; જુલમ.

સોકરડો બોલાવવો = ત્રાસ વર્તાવવો

સોકલપુરઘાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. તેની પાસે રાજરસંગમ આવેલ છે.

સોકલા પું બ વ. દવા કે પવનના ઝપાટા

સોકલા ખા.વ. = દુઃખી થવું; ખુવાર થવું

સોકાવું અ. ક્રિ. કરવું; સોસવું.

સોકાસોક અ ઉપરા ઉપરી; એક પડી એક.

સોકખ [સ. સૌખ્ય] ન. (પ્રાકૃત) સુખ; આનંદ

સોક્રેટિસ પુ. એ નામે એક ગ્રીક તત્ત્વજ્ઞાની. ઇતિહાસમાં તે સૌથી ડાહ્યા માણસો માહેનો એક ગણાય છે તે ઈ. સ. પૂર્વે ૪૬૯માં જન્મ્યો હતો. તેણે નાની વયમાં લડાઈમાં ભાગ લીધો હતો ત્યા તેણે દરેક પ્રકારની મુફેલી તરફ તદ્દન બેદરકારી બતાવી હતી પાછળની જિંદગીમાં તેણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો અને પોતાની આસપાસ કેટલાક શિષ્યો બેગા કર્યા. તેમાંના ઝેનોફોન અને પ્લુટો મુખ્ય હતા. તે શીખવતો કે વિશ્વમાં આસ્થા રાખવા કરતા આત્મજ્ઞાન વધારે સારું છે. સત્ય અને સદ્‌ગુણ એક બીજા સાથે સંકળાએલાં છે અને અજ્ઞાનમાંથી દુર્ગુણ ઉદ્‌ભવે છે. આથેન્સના યુવાનોને બગાડવાનો તેના ઉપર સોફિસ્ટોએ આરોપ મૂકયો અને તેને ઈ સ. પૂર્વે ૩૯૯માં ઝેર પીવાની સજા થઈ પ્લેટોના સંવાદોનું તે મુખ્ય પાત્ર છે

સોખડી (સોખડો) સ્ત્રી. બળદની એક જાતની ખોડ શીંગડાં મોઢા આગળ વળ્યાં હોય અને બગાડ પોતે તે દેખી શકે તે સોખડી બોળવાળા કહેવાય

સોખમણ ૧. સ્ત્રી. વસવસો, ચોળો

૨ સ્ત્રી. શરમાવાપણું; મૂંઝવણ

સોખમાવું અ. ક્રિ. સંકોચાવું; સંકોચ લાગવો.

સોખરોમ પું. ઘોડાને થતો એક રોગ

સોખવાજ ન. વઢાણનો ખાખડાનો એક ભાગ.

સોખવું ૧. વિ જેનો દાંત બહાર નીકળેલ હોય તેવું

૨ અ. ક્રિ સંતોષ પમાડવું.

સોખી ૧. સ્ત્રી. ઉ-ભત્તપણું

૨. વિ. પોતાનું શીંગડું જુએ તેવું ઢોર માટે વપરાય છે

સોગ [સં. શોક] પું. શોકની સ્થિતિ; શોક.

૧. સોગ કરવો–મનાવવો = (૧) અફસોસ કરવો. (૨) શોકનાં કપડા પહેરવાં.

૨. સોગ છાંડવો = શોક મૂકવો

૩. સોગ પાળવો = કોઈના મરણ વગેરેને માટે અમુક મુદત સુધી દિલગીરી કે શોકમાં રહેવું

૪. સોગ ભાગવો = મિષ્ટાન્ન જમાડી શોક છોડાવવો

૫. સોગ રાખવો = અમુક દહાડા સુધી શોક પાળવો

સોગઠું (સોગઠું) ન. ચોપાટનું સોગઠું.

સોગઠાબાજી જુઓ સોકટાબાજી

સોગટી જુઓ સોગઠી

સોગટું જુઓ સોકડું

સોગઠાબાજી જુઓ સોકટાબાજી

સોગઠી ૧. સ્ત્રી. બાળકોને ખિજવવા માટે બનાવવામાં આવતી શંકુઆકારની ચોળી.

૨ સ્ત્રી. (વૈદ્યક) મુખ્ય દવાની સાથે કોઠામાં તેલ, ઘી અને ચરબી ભેળવીને બનાવાતી, યોનિ અગર મળદ્વારમાં પધરાવવાની શંકુ આકારની ગોળી.

સોગડી ચડાવવી = દવાની સોગડી યોનિ અગર મળદ્વારમાં નાખવી

૩. જુઓ સોઠડી

સોગકું જુઓ સોકડું.

સોગન પુ. સોગદ; સમ; કસમ; શપથ

ક્રિસ્તીની મનેલા ધણામાં માના બીજા તો બસ વર્ષ ઉપર 'અસી' અથવા 'બિસેન,' એ નામના સન્યાસીઓનો પથ એકલો બહુદી દેશમાં ઉદ્ભવ્યો હતો. એ બિલી લોક બહુદી ધર્મના હતા, પણ હિંસાત્મક યજ્ઞયાગ છોડી દઈ પંચાનો કાળ એકાંત સ્થળમાં પરમેશ્વરનું ધ્યાન કરવામાં ગાળતા અને વ્યવહાર માટે ધણુ તો બેની જેવો નિરુપદ્રવ ધંધો કરતા. અપરિગ્રહિત રહેવું, મધ્યમાસ વર્જ્ય કરવું, હિંસા ન કરવી, **સોગન** ન ખાવા, એકલા થઈને મઠમાં રહેતા કોઈને કઈ મિલકત થાય તો તે સઘળી સ.માજિક મિલકત સમજવી, વગેરે તેમના પંથના મુખ્ય તત્ત્વો હતા અને તેમની મંડળીમા કોઈ એ દાખલ થવું હોય ત્યારે ત્રણ વર્ષ હમેદવારી કરી પછી કાઈ સખતો પાળવાનું કબૂલ કરવું પડતુ હતું ખાલગંગાધર ટિળક

૧. સોગન આપવા–ખવડાવવા = સોગન લેવડાવવા.

૨. સોગન ઉપર = સોગનપૂર્વક.

૩ સોગન ખાવા લેવા = સમ ખાવા; પ્રતિજ્ઞા કરવી.

૪. સોગન ઘાલવા = અમુક ન કરો તો તમને કસાણાના સમ છે એમ કહેવું.

સોગનનામું [ફા. સોગદ + નામહ] ન. પ્રતિજ્ઞા પત્રક; પ્રતિજ્ઞા લેખ; શપથ લેખ; પ્રામાણ્ય લેખ; સોગનપત્ર; સોગન પર કરેલો એકરાર; 'એફિડેવિટ'.

સોગનપત્ર જુઓ સોગનનામું.

સોગસંજ્ઞા સ્ત્રી. (જૈન) જીવને શોકની અનિચ્છા.

સોગંઠ જુઓ સોગન

સોગઠનામું જુઓ સોગનનામું.

સોગાત [તુ. સવગાત (ભેટ)] સ્ત્રી. કીમતી ભેટ; નજરાણાની ચીજ; નવાઈની તેમજ મૂલ્યવાન વસ્તુ

સોગાદ જુઓ સોગાત.

સોગાનું વિ. શોક સૂચક, સોગિયું તે વસ્ત્રને મ.ટે વપરા.ય છે

સોગિયું ૧. ન. કોઈ પણ માણસના મરણ પછી શોક પાળવા મા.ટે પહેરવાનું કાળુ વસ્ત્ર; શોકદર્શક વસ્ત્ર, શોકિયુ.

૨ વિ. દુનિયાના ઉપભોગ તરફ વિરક્તિવાળું; આનંદ ઉલ્લાસ વિનાનુ

૩ વિ. રોકવાળુ

સોચ ૧. પુ. ચિંતા

૨ પુ ધ્યાન

૩. પુ મનન

૪ પુ વિચાર

સોજ ૧. પુ ઠંડકપણું

૨ પુ ખાનગી, લાગવગ

૩. પુ વનસ્પતિ, ચાલ, લહલ્લુ; હરિયાળ.

૪ પુ ખુશનસીબ, સૌભાગ્ય, સદ્ભાગ્ય.

૫ પુ. સોજો, દર્દ

૬. વિ. સોજ્જુ.

સોજધણ સ્ત્રી. વિસ્તાર; પરિવાર.

સોજધારણી સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત

સોજવું ૧. સ ક્રિ. અનાજને સૂપડામાં નાખી હલાવવું; કચરા મારી સાફ કરવું; સોવું.

૨. સ. ક્રિ. (બુ. ગુ.) શોધવું.

પુર વનમાં માયાને સોજે,
આપણા સીવર ગામ. ભાલણ

૩ સ ક્રિ સ્વચ્છ કરવું

સોજરવું જુઓ સોજવું.

સોજળવું જુઓ સોજવું.

સોજી ૧. પું. અથનો એ નામે એક રોગ.

૨. [હિં.] સ્ત્રી. પરસદી; મેંદો.

૩ પું. પૂછડી.

સોજીનરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનુ માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

સોજીરા જુઓ સોજીનરા.

સોજીર ૧. [અ. સોજ્જર] પું. અગ્નિ સિપાઈ; 'સોજ્જર.'

૨ પું ચકિમાં પડતી એક જાતની જીવાત

સોજીલું વિ. સારા વિવેકી ગુણવાળુ; સારા લક્ષણવાળુ; મળતાવડા સ્વભાવનુ.

સોજું ૧. વિ. સારુ; ઉત્તમ.

૨ વિ. સીધું; શાંત

૩. વિ સ્વચ્છ; ચોખ્ખુ.

સોજો ૧ [સં. શોથ] પું. આઘાત અથવા અંદરના વિકારથી માંસના લોચામાં લોહીનો જમાવ થઈ ચામડી ઊપરથી આવતી તે; ચામડીના ઉપલા પડમાં નિર્બળતાને લીધે બાજી જરાઈ આવવું તે; અંતર્દાહ.

૧. કલાપ્રિયના સોજા ચડવા – વધુ પડતુ કલાપ્રિય ડોળવુ

૨. સોજે આવવો-ચડવે.–એસવો = સુજી જવુ.

૩. સોજો ઊતરવો = સુજ ઊતરી જવી

૨ પુ. નાકના રોગના ૬૪ માહેનો એક પ્રકાર.

સોજાક [ફા] પું. પ્રમેહ.

સોજાલવું સ ક્રિ. (જુ. ગુ) રંગવું

પગ કરી ચલ્યા મોટા ચોર,
કિંકુરિંઈ સોજાલ્યા કુલ

ભાવપ્રકાશમય

સોટ ૧ સ્ત્રી ઝાડ

૨. ન. સોટો; વાસ.

કલ્પક કુરસી મોડલી આણે.
દ્રાક્ષ ચણી સાં સોટ નાકર

સોટાબાજી સ્ત્રી. સોટીઓની રમત

સોટાવાળી સ્ત્રી સોટીથી માર મારવો તે

સોટી ૧. સ્ત્રી. તલ બાવળની સહેજ જાડી ડાળ કાપી તાપમાં શેકીને એક છેડે વાંકી વાળીને કપાસમાંથી કોટી કાઢવાનું કરેલુ સાધન.

૨. સ્ત્રી. નેતર અથવા ઝાડની પાતળી સાકડી.

૧. સોટી ચલાવવી = (૧) માર મારવો. (૨) સત્તા ચલાવવી

૨. સોટી મારવી–લગાવવી = માર મારવો.

૩. સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ = માર ખાય ત્યારે જ જ્ઞાન આવે અને ભણે.

૪. સોટીઓ રમવું = નવપરિણીત દંપતીએ સામસામે પાદર આંબલ દેવકીના મંદિરે જઈ સગાંવહાલાં સમક્ષ એક બીજાને સોટીથી ધીમે ધીમે મારવાની લૌકિક રૂઢિ કરવી

સોટેદુપટ્ટે જ છીછોટા; કોઈપણ સામાન વિના

સોટો ૧. પુ. ઝાડના ઘોડા નીચે નાખવાનો લાકડાનો ટેકો.

૨ પું. ગાડામાં પૈંજણ ભરાવવાના ક્રમમા વપરાનો લોઢાનો વળાંકદાર ટેકો.

૩. પું. દાબ; શેહ; મારકાટ અથવા કડક અમલથી પાડેલી ધાક.

સોટો ચલાવવો = (૧) માર મારવો (૨) સત્તા ચલાવવી

૪. પુ. મોટી લાંબી લાકડી, ગડો દડુકો; મોટી જાડી સોટી, ડાંગ.

સોટો મારવો-લગાવવો માર મારવો.

સોઠ (સોડ) ૧. પું.; સ્ત્રી વાસ; ગંધ; ખો

૨ સ્ત્રી પગથી તે માથા સુધી પહોચે એવ ખાટલો;

૨. સ્ત્રી. પથારી; બિછાનું.

૪ સ્ત્રી પાસું; બાજુ; છાતીમાં બંને બાજુઓ તરફનો ભાગ

૧ સોડમાં ભરાવું = કોઈને પડખે કે આશ્રયે જવું.

૨. સોડમાં લેવું = (૧) પક્ષમાં લેવું. (૨) સોડમાં કોઈને સાથે સૂતા રાખવું.

૫. સ્ત્રી. પીરની કબર ઉપર ચઢાવવામાં આવતી લીલા રંગની કફની કે ઓઢાડેલું લીલું કપડું.

૧. સોડ ઓઢ કર્યો = (૧) કબર ઉપર કપડું ઓઢાડવું (૨) મુડદા ઉપર ચાદર ઢાંકવું

૨. સોડ લેવી = સોડનું ચણાયું બેસાડવું લેવું.

૬. સ્ત્રી. લાજ કાઢવામાં કપડું મોઢા ઉપર લે છે તે; બીજી પહેરણી સાડીનો લાજ કાઢવામાં વપરાતો મોં આગળનો ભાગ.

૭ સ્ત્રી સૂતેલું માણસ મોં ઢાંકવા કપડું મોઢા ઉપર લે છે તે.

૧. સોડ કરવી = પથારી કરવી; ઓઢવા માટે ચાદર વગેરે રાખવું.

૨. સોડ તાણવી-તાણીને સૂવું = (૧) આળસુ થઈ પડ્યા રહેવું. (૨) નિરાંતે લાંબે પગે મોઢે માથે ઓઢીને આડા પડવું; નિરાંતે સૂવું (૩) પગથી માથા સુધી ઓઢવું. (૪) મરી જવું. (૫) રિસાઈને સૂવું.

૩. સોડ પ્રમાણે સાથરો ને પગ પ્રમાણે પાથરણું = ગજું હોય તે પ્રમાણે કામ કરવું; ગજા પ્રમાણે ખર્ચ કરવું.

૪. સોડ ઘસ્યાની = નકામો ફુલ્ફો કરીને જેની સાથે સૂતેલા હોય તેની આબરૂ હલકી કરવી.

૮. સ્ત્રી. સોડવણ; ઓઢવાના વસ્ત્ર કે રજાઈ વગેરે સાથે નીચે રખાતું સુંવાળું વસ્ત્ર.

સોડ ધ.સ્થી = સોડવણ રાખવું.

૯. ન. સડવું તે; કોહવું તે

સોઠણ (સોડ્ણ) જુઓ સોડવણ.

સોઠણિયું (સોડણિયું) જુઓ સોડવણ.

સોડણી (સોડણી) સ્ત્રી. ઓને સોડમાં લેવાનું વસ્ત્ર

સોઠપાઠ (સોડપાડ) ૧. સ્ત્રી. (વહાણનું) વહાણને મજબૂત કે ડક્કાની બાજુમાં લાઈ જવું તે.

૨ જ વહાણને ડક્કાની બાજુમાં લો એવા અર્થનો ઉચ્ચાર.

સોઠમ (સોડમ) સ્ત્રી. વાસ; પરિમળ; સુગંધ.

સોડવણ ન. સોડ લેવાનું વસ્ત્ર, ઓઢવાના વસ્ત્ર કે રજાઈ સાથે નીચે રખાતું સુંવાળું વસ્ત્ર; સોડણિયું.

સોઠવવું (સોડવવું) સ કિ. સડવી નાખવું

સોઠવું (સોડવું) ૧. અ.ક્રિ. કોરવું; વાસ ઊઠવી; ગંધાવું.

૨. સ. ક્રિ. સૂધવું

સોઠા (સોડા) ૧. [સં. સૌરક] પું. એ નામનો એક ક્ષાર. મીઠાના ક્ષાર જેવો ધોવા માટે વપરાતો પદાર્થ. જળમાંથી કુદરતી રીતે નીકળતાં બીજાં તત્ત્વો સાથે તેમજ ઝાડપાનની કેટલીક રાખ બાળવાથી એ મળે છે. આપણા ખાવા પીવાના મીઠામાંથી પણ તે મળે છે. સાબુ બનાવવામાં, રંગ કરવામાં, કાચ બનાવવામાં પણ એનો ઉપયોગ થાય છે.

સોડા વગેરેનાં પીણાં અઢારમી સદીના વૈજ્ઞાનિક જોસેફ પ્રીસ્ટલિએ શોધી કાઢ્યાં હતાં.

વિશ્વની વિચિત્રતાઓ

૨. પું. બાવાના સોડા; સાજીનાં ફૂલ.

સોઠાકાર્બ (સોડાકર્બ) [અં.] પું એક જાતનો ક્ષાર. છબી પાડનાર કાચ ધોવામાં તે વપરાય છે.

સોઠાખાર (સોડાખાર) પું. ધોવાનો ખારો. આ ક્ષાર ખરો જબરદ છે એ પાણીમાં ઓગળી જાય છે. કપડાં ઉપર એની અસર થતી હોય છે તેટલા માટે રંગીન કપડાં ધોવાને માટે એ ક્ષાર નકામો છે. ઊનનાં કપડાં એનાથી બગડી જાય છે અને જરાં પીળાં પડે છે તો પણ સુતરાં અને શેલાં કપડાં એના પાણીમાં પલાળી રાખવા માટે એ ક્ષાર ઘણો ઉપયોગી છે બારા ભારે પાણીને હલકું કરે છે, ચીકટો વાળી નાખે છે અને ધૂળ કે મેલ ઉપર તેની અસર થાય છે. સાબુ બનાવવામાં એ જ વપરાય છે.

સોડાબાઇકાર્બ (સોડાબાર્બકાર્બ) [અં.] પું. સાજીનાં ફૂલ.

સોઠાવું (સોડવું) અ. ક્રિ. વાસ આવવી; સોડવું

સોડાવોટર (સોડાવોટર) ન. સોડા નાખી તૈયાર કરેલ પાણી, સોડાનું પીણું. સાદા પાણીને દબાણ નીચે કાર્બન ડાયઓક્સાઇડ ભેળવવાથી બને છે ખાસ કરીનાથી આ બાટલીઓનાં બૂચ દેવાય છે તેમાંનું પાણી પીવા તરીકે ઉપયોગમાં આવે છે

સોડિયમ [અં.] ન. એક જાતનું ધાતુમય તત્ત્વ.

સોઠિયું (સોડિયું) ન. ઓના પહેરવેશમાં એક બાજુ તરફનો અંતરપટ, અંતરાળ અથવા અવકાશ; બીજી પહેરેલાં લૂગડાંનો ડાબી બાજુનો માથાથી કમર સુધીનો ઝૂલતો ભાગ

સોડિયું વાળવું = ઓઢેલા લૂગડામાં હાથ ભમેરી લેવા.

સોરે (સોડે) ૧. અ. કિનારે.

૨. અ. બોડે.

૩. અ. પાસે; પડખે; નજીક.

૪. અ. પ્રમાણે; રીતે.

સોઠો ૧. પું. સોડ; લાજ કાઢવામાં કે સૂતેલું માણસ મોં ઢાંકવા કપડું મોઢા ઉપર લે છે તે.

૨. વિ. મદદગાર.

સોઠ્ઢીયાન પદ્માસન [સં.] ન. પેટનું એ નામનું એક આસન. તેમાં પદ્માસન વાળી હથેળીઓને સોડિયા ઉપર રાખવી, સંપૂર્ણ ઉચ્છ્વાસ કરી પેટને વારંવાર અંદર બહાર કરવું અને સંપૂર્ણશ્વાસ લઈ ફરી ઉચ્છ્વાસ કરી પેટને પૂર્વવત્ અંદર બહાર કરવું. આ આસનથી પેટનો વધીલો મેદ ઓછો થાય છે. યકૃત, પ્લીહા વગેરેના વિકાર મટે છે. પેટના બધા રોગ આ આસનના નિત્ય અભ્યાસથી મટી જાય છે.

સોઠ્ય જુઓ સોડ.

સાડ્યો સ્ત્રી. માછલાં પકડવાની જાળ.

સોઠ ૧. વિ. ક્ષમાવાળું; ક્ષાંત.

૨. વિ. ધરખમ.

૩. [સં.] વિ. સહન કરનાર; ખમનાર; સહનશીલ

સોઠણ ૧. ન. ઓઢવાના લૂગડાની ગોઠવણ.

૨. ન. ઓઢવાનું વસ્ત્ર.

૩. ન. પથારી ઉપરનું પાથરણું.

સોઠણિયું ન. ઓઢવાને માટેનું પાતળું કપડું.

સોઠલ પું. ઈ. સ.ના બારમા શતકમાં થઈ ગયેલ એ નામનો વૈદ્ય. હેમચંદ્ર પેઠે સોઠલને વૈદ્ય ગૌણ ન હતું. સોઠલ તો વૈદ્ય જ હતો. છતાં હેમચંદ્ર પેઠે સોઠલની બુદ્ધિ પણ સર્વગ્રાહી હતી. હેમચંદ્રની દૃષ્ટિ જેમ સંસ્કૃત સાહિત્યના સર્વ પ્રદેશ ઉપર ફરી વળે છે તેમ સોઠલની દૃષ્ટિ આયુર્વેદના સર્વ પ્રદેશ ઉપર ફરી વળે છે અને આયુર્વેદના અગાધ સમુદ્રમાંથી ગુજરાતના સાધારણ વૈદ્યોને ઉપયોગી સર્વ વિષયોનો નિષ્કર્ષ કાઢી લાઈને એમણે એક સમગ્રગ્રંથ લખ્યો છે અને આયુર્વેદમાં સાધારણ રીતે વપરાતી વનસ્પતિઓ ઉપરાંત ગુજરાતમા થતી વનસ્પતિઓની શોધ તથા અભ્યાસ કરીને એક નિબંધ લખ્યો છે આ વૈદ્ય સોઠલ નંદન વૈદ્યના પુત્ર તથા વત્સગોત્રી રાયકવાળ જ્ઞાતિના હતો એટલી હકીકત એમણે પોતે ગ્રંથાંતે આપી છે. રાયકવાળ જ્ઞાતિની વસ્તી મોટે ભાગે ગુજરાતમાં હોવાથી સોઠલ ગુજરાતી હોવા જોઈએ એમ ગદનિગ્રહના પ્રકાશક વિદ્વાન વૈદ્યરાજ જાદવજી ત્રિકમજી આચાર્ય સહેતુક તર્ક

કરે છે વૈદ્ય સોઢલે ગુજરાતની અપૂર્વ વૈદ્યક સેવા કરી છે. એણે મદનિગ્રહ નામના મોટા ગ્રંથમાં પ્રયોગ, ક્રાયચિકિત્સા, શલ્ય, શાલાક્ય, ભૂતવિદ્યા, બાલતંત્ર, રસાયન, વાજીકરણ, વિષતંત્ર અને પંચકર્મ એ રીતે દશ ખંડો પાડીને વૈદ્યકના સર્વ વિષયોનો એકત્ર સંગ્રહ કર્યો છે ગ્રંથન વિભાગની આ પદ્ધતિ આયુર્વેદના સાહિત્યમાં નવીન જ છે.

સોઢવું ૧. અ.ક્રિ. ચાલવું; રવાના થવું.
૨. સ. ક્રિ. ચાખવું
૩. સ.ક્રિ. સૂંઘવું.

સોઢા ૧. સ્ત્રી. એ નામની રજપૂતોની એક શાખા.
૨. ન. એ નામની શાખાનું માણસ
૩. વિ. એ નામની શાખાનું

સોઢિયા ૧. સ્ત્રી. આહીર અને કાઠીની એ નામની એક પેટા જાતિ.
૨ ન. એ નામની પેટા જાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જાતનું.

સોણ ૧ પું. ખીલી; ફાચર.
૨. સ્ત્રી. પક્ષ.

સોણલિયું ન. સ્વપ્ન.

સોણલું જુઓ સોણલિયું.

સોણંદ પું. (પ્રાકૃત) ત્રિકાષ્ટિકા; સંન્યાસીનો ત્રિદંડ

સોણાવવું સ.ક્રિ. દબાણ વગેરે બેતીનાં સાધનમાં કાણાં પડ્યાથી અંદર વાંસની ખીલી નખાવવા.

સોણ્ઠિ [સં. શૌણ્ડિ] સ્ત્રી. (પ્રાકૃત) કેફ; કેફર.

સોણ્ડિચ્ચઅ [સં. શૌણ્ડિક્ય] ન. (પ્રાકૃત) કેફરનો ધંધારો

સોણ્ડિય [સં. શૌણ્ડિક] પું.;ન. (પ્રાકૃત) રુધિર, લોહી.

સોણું [સં સ્વપ્ન–સમાસ–સોણું.] ન. સ્વપ્ન.

સોત ૧. [સં શ્રોત્ર] પું (પ્રાકૃત) કાન.
૨. [સં. સહિત] અ. સુધાં; સહિત; સાથે, સમેત

સોતનિયા [હિં] સ્ત્રી. શોકય

સોતા ૧ વિ મૃત
૨ [હિં] વિ સૂતેલું

સોતાપન્ન વિ બૌદ્ધ મતમા નિર્વાણ માર્ગની ચાર ભૂમિકાની એક પાયરી

સોતી અ સહિત

સોતું અ. સહિત; સુધા, સાથે; સદ.

સોત્કંઠ ૧. વિ. (વિપત્તા) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે તેને ઉદ્ધત છંદ પણ કહે છે. તેમા ૨ નગણ અને ૧૯ રગણ એમ ૬૩ વર્ણ હોય છે.
૨. [સં.] વિ. ઉત્કંઠ.આતુર; આનંદ માણવાને તૈયાર; ઉત્સુક; આતુરતાવાળું. ઉત્કંઠાવાળુ.
૩. અ. ઉત્કંઠા સાથે, ઉત્કંઠાપૂર્વક

સોત્તિય ૧. [સં શ્રોત્રિય] પું. (પ્રાકૃત) વેદ ભણનાર બ્રાહ્મણ
૨. વિ. (પ્રાકૃત) સૂતર વેચનાર.
૩. વિ સુતરાઉ

સોત્થિય ૧. [સં. સ્વસ્તિક] પું ;ન. (પ્રાકૃત) સાથિયો.
૨. ન. આઠ ખાંડેનુ એક માંગલિક.

સોત્સાહ ૧. [સ સ + ઉત્સાહ] વિ ઉત્સાહ ધરાવનાર, ઉત્સાહી; ઢંગીલુ
૨. અ. ઉત્સાહપૂર્વક.

સોત્સુક [સ. સ + ઉત્સુક] વિ. ચિંતાતુર; દિલગીર; અત્યંત ઉત્સુક.

સોથ પું દાટ; બાધ.
સોથ વાળવો = દાટ વાળવો, ખાલ કાઢવો

સોથડ્યા વિ. ખાવા અથવા બદલે સોંપડાયેલા સોબતે મટાડે તેવું. તે દવા માટે વપરાય છે.

સોથરોગ પું. સોજો ચડવો તે.

સોથો પું ચીંથાઈ ચૂંથાઈને થયેલો; કુચો.

સોથોદર ન સોજો આવવાથી થયેલો પેટનો રોગ.

સોદક ૧ [સં સ + ઉદક] વિ. પાણીવાળુ.
૨. વિ. સગોત્ર.

સોદય ૧. [સં.] વિ ઉદયવાળું
૨. વિ. પ્રગટ થયેલુ.
૩. વિ લાભવાળુ
૪. વિ. વધેલુ.
૫. વિ ખાસ સહિત.

સોદર ૧. [સં] પું. સગો ભાઈ; સહોદર.
૨. વિ એક ઉદરનુ.

સોદરા [સં.] સ્ત્રી સગી બહેન

સોદરી સ્ત્રી. સતોષ

સોદર્ય જુઓ સોદર

સોદર્યા જુઓ સોદરી

સોદેહ સ્ત્રી. સોમેદડા નામની દેશી રમતનો એક પ્રકાર. આ રમતમાં રમનાર છોકરો મોર્ય જમીનમાં લાબી મૂકો ટોચવો મારી દૂર ફેંકે છે. પડી જ્યા પડી હોય ત્યાથી બદી સુધી દડા ભરે છે પાછી મોય ઉડાડે છે. એમ સો દડા થાય ત્યાસુધી રમે છે

સોદાઈ ૨. સ્ત્રી લગ્નગાઠ, કજોડ
૨. સ્ત્રી. બ્યભિચારી, રંડીબાજી

સોદાગર ૧ [સૌદા (વેપાર) + ગર (કરનાર)] પું કીમતી ચીજનો વેપાર.ર માણસ; મોટો વેપારી, કીમતી માલનો વેપારી
૨ પું ઘોડાનો વેપારી
૩ વિ છેતરાય નહિ તેવુ
૪ વિ. પ્રપચી; તરકટી

સોદાગરી ૧. સ્ત્રી ધંધાનો સામાન
૨. સ્ત્રી મોટી કીમતના માલનો વેપાર; મોટો વેપાર
૩ સ્ત્રી પનઘાટ
૪ સ્ત્રી ખાદ્ય ગરબાવુ
૫ ન ધંધાનો વગડ

સોદાગીરી જુઓ સોદાગરી

સોદાની ૧ સ્ત્રી બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનુ માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનુ.

સોદું ૧ ન લાભ, ખપ, કામ ધૂળ
૨ વિ બ્યભિચારી, કામી, વિષય

સોદો ૧ પું. ખરીદ કે તે કરવાનો સકેત કે વાયદો
૧. સોદો પાકવો = (૧) વાયદો પૂરો થયો કે તેનો સમય થયો. (૨) સોદામા સાટુ થવુ; બરોબર સોદો થયો
૨ સોદો વસાવવો = માલ ખરીદ કરવો.
૨. પુ કામ, ધધો, કામ
૩. પુ કામ, કામ
૪ પુ લાભ માણસ; બ્યભિચારી માણસ
૫. પું. વેચવાનો ધધો; વેપાર
૬ પુ વેપારી સાહસ
૭ પુ સામાન

સોધરી સ્ત્રી. તૃપ્તિ; સતોષ
સોધરી વળવી = આત્માને પૂરી રીતે સતોષી થવુ.

સોન ૧ સ્ત્રી એ નામે લોકસાહિત્યમાં પ્રસિદ્ધ થયેલ સ્ત્રી પાત્ર, દલામણ જેઠવો અને સોન કસારી નામની સોરઠની લોકકથાનુ એક મુખ્ય સ્ત્રીપાત્ર. સાપ્તાહિક આનદમા જણાવ્યુ છે કે: બરડાની ટેકરીએ ટેકરીએ પ્રેમની જંગમ બની એ દલામણના સમાચાર ફૂટની ઝડપે પંથી સાનગીરે આવી દરિયાના દિલોય જોઈ ખોલી ગયા.

હલામણ દિલોજ., હવે દુઃખના દરિયા છલ્યા; અમારી પાજરડી પરોણા, વિષમ રતી વેલુના ધણી. હે હલામણ ! દુઃખથી ભરેલ જીવનના દરિયામાં હું હવે ડૂબકા મારી રહી છું. સોનાના આ પિંજરને ભૂલી જનાર હે વેલુ પર્વતના ધણી ! મારા જેવી દુઃખણીની તું હવે સંભાળ લે. વિલાપ, સંતાપ અને નિરાશામાં અટવાયેલી સોના આખરે સિંધ પહોંચી. એને ખબર મળ્યા કે હલામણ સિંધમાં છે. ફરી નવજીવન આવ્યું હોય એ રીતે હુલાસભર એ જે રાજમહેલમાં હલામણ રહેતો હતો તે તરફ આગળ વધી. હલામણ મહેલ નીચેની ફુલવાડીમાં ઊંચકે ઊંચતો હતો સોન આવે છે એવા સમાચાર મળતા એણે ઊંચક, ઊપરથી ઠેકડો માર્યો ઓચિંતો એનો પગ એક વેલના હલ્લા ઉપર પડ્યો કે વેલ નીચના કાળોતરાએ એને દશ દીધો. સર્પદંશથી બેભાન થઈ હલામણ ભૂમિ ઉપર ઢળી પડ્યો. એ વખતે સોન ઝરખભેર ત્યાં આવી પહોંચી; પણ હલામણની વિપરીત સ્થિતિ જોઈ એણે માથું પછાડ્યું:

હૈયે ધૃતિ હામ, જાણે સુખડાં માણીશું; પણ કરમે કાળો ધક્કો, ઝૂંપરો હોય તો ભાંગીએ

સોનના આ વિલાપથી ત્રે બગીચાનાં વૃક્ષો પણ રડી ઊઠ્યાં. રેવળદેવી અને એની માતા પણ ત્યાં દોડ્યાં આવ્યાં. બગીચાનો રખવાળ તુરત એક ગારુડીને તેડી આવ્યો. ગારુડીએ સર્પનું ઝેર ઉતાર્યું. સોનરાણીના ખોળામાં જેનું માથું છે એવા હલામણની ઝેરના ઉતાર પછી જ્યારે આંખો ઊઘડી ત્યારે સોનરાણીને જોઈ એને અંગે અંગે આનંદ ઊછળી ઊઠ્યો. સોનરાણી સિંધ આવી, શિયાળનું મૃત્યુ થયું અને હલામણને નામે સોન ઘૂમલીનું રાજ્ય ચલાવે છે એ ખબર વાયુવેગે સિંધ પ્રદેશમાં પ્રસરી ગઈ. ઘૂમલી આવી ખરડાનું રાજ્ય સંભાળવા સોનરાણીએ હલામણને વિનંતિ કરી. રેવળદેવીએ એ વિનંતિમાં સાથ આપ્યો. કચ્છની શુભ્રશિષ સહિત હલામણ સોન સાથે પાછો ઘૂમલી આવ્યો. આજે એ ઘૂમલી અને એ જેતા વાવ હજુ પણ હલામણ અને સોનના દુઃખથી, પડીને પાદર થયા છતાં ઇતિહાસમાં અમર સ્થાન ભોગવે છે.

૨ જી શ્રીનગરથી લગભગ ૧૫ માઈલ છેટે આવેલી એક નદી

૩. ન સોનુ.

સોનઈયો પું (જા. પ્ર.) સોના મહોર.

સોનકાર પુ. સોની.

સોનકી સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં પીળા રંગના ફૂલ થાય છે

સોનખત ન. મેલાંનું ખાતર

સોનખાતર ન. એ નામે એક પ્રકારનું કીમતી ખાતર. સડાસનો આડો ભરાઈ જવા આવે એટલે તેના ઉપર પુષ્કળ માટી નાખી મહિના સુધી જેમનો તેમ રાખવો અને તે પછી તેને ખાલી કરાવવો. આ કામ થતી વખતે પુષ્કળ દુર્ગંધ છૂટવાની બધાને ધારતી હશે પણ પહેલેથી જ સ્વસ્થતા રાખી હોય અને યોગ્ય પ્રમાણમાં માટી વપરાશ થતાં જ નાખ્યા કરી હોય તો જરા પણ વાસ આવતી નથી. આ કામ માટે ભંગી બોલાવવાની પણ જરૂર નથી અંદરથી નીકળેલું મળ-માટી મિશ્રણ ઉત્તમ ખાતર છે અને તેને સોનખાતર નામ આપવામાં આવે છે. તે બહુ કીમતી મનાય છે.

સોનખેર ન. એ નામનું એક ઝાડ. આ ઝાડ બંગાળ, મધ્યપ્રાંત, દક્ષિણ અને ઉત્તર ગુજરાતનું છે. મજ્જાના જ્ઞાનતંતુઓ ઉપર કેફી અસર કરી હરમાની જેમ તે મીઠો ચડાવે છે. તેનું લાકડું બહુ કઠણ હોય છે. ખરશાન, ગાડાં, ખેતીનાં ઓજારો, કૂવાનાં ચક્કર અને પૈડાં માટે તે વપરાય છે.

સોનગડી (સોનગડી) સ્ત્રી. શેરડીની એક જાત. તેનો રંગ મેલો કાળો તથા લીલો હોય છે તે કઠણ અને ઊંચી થાય છે.

સોનગેરુ પું. સોનાગેરુ.

સોનચમેલી સ્ત્રી. એક જાતનો છોડ તેમાં ચિયાળામાં પીળાં ફૂલ થાય છે.

સોનચંપો પું. એ નામનું એક ઝાડ; પીળો અપો; ચમેલી. આ ઝાડ સમશીતોષ્ણ હિમાલયમાં નેપાળની પૂર્વે ખાસ, ટિનાસરિમ, નીલગિરિ અને ત્રાવણકોરમાં કુદરતી રીતે ઊગે છે; બધે ઠેકાણે બાગોમાં વવાય છે. તેમાં ફૂલ આછાં પીળાં, સુંદર સુગંધી હોય છે. તેમાંથી ઉકૃષ્ટ તેલ વરાળયંત્ર દ્વારા કાઢવામાં આવે છે. તેની પાંખડીઓ અને હાર બહુ સુંદર દેખાય છે. મધમાખીને તેમાંથી પુષ્કળ મધ મળે છે. તેમને ઉકાળવાથી પીળો રંગ થાય છે. તે વડે કપડાંને રંગી પછી ભીનો રંગ ચડાવવાથી સુંદર ચમકતો ને ટકાઉ રંગ બને છે અજીર્ણ, ઝીણો તાવ, અમ્લપિત્ત, ઊબકા, સન્નિપાત, તાવ, કોઢ, વાતવ્યાધિઓ, સુવારોગ, પ્રમેહ, મૂત્રકૃચ્છ અને ઉપદંશ માટે તે ફાયદાકારક છે. તેમને વાટી તલના તેલમાં ઝાલવી તે તેલ માથામાં નાખવાથી મજ્જાના રોગ દૂર થાય છે પાન શીતળ, કૃમિઘ્ન, મૂત્રલ અને કફઘ્ન છે. તે ખાંસી, પિત્તપ્રકોપ, મૂત્રકૃચ્છ, ચૂક, ઝોટીવિકાર માટે ઉપયોગી છે. પાનને ગરમ કરી ઉપર બાંધવાથી ઝેરની ઝીણી ઝાંઝી ગાઠપણ, સન્નિપાત, માથાનો દુખાવો વગેરેમાં કપાળે અને માથે બંધાય છે. સોજા ઉપર બાંધવાથી તે હાપડો કરે છે.

સોન જાઈ સ્ત્રી. એક જાતની વેલ તેનાં પાન જાઈનાં પાન જેવાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે

સોનથાલ પું. બંગાળમાં વસતા એક જાતના લોક. તેઓ મૂળ સોનથાલ પરગણામાં રહેતા હતા. અને અસલના વતનીઓની બાસ કોમ છે. ભૂમજ, કોલ અને મૂળદાસને તેઓ મળતા છે. છેલ્લા થોડા સૈકામાં તેઓ પૂર્વ તરફ ખસ્યા છે અને છોટા નાગપુરના ઉચ્ચ પ્રદેશ અને મિદનાપોરમાં તેમની સંખ્યા ઘણી છે. હવે તેઓ ઉત્તર બંગાળ અને આસામ તરફ વધે છે.

સોનપાળ ૧. સ્ત્રી એ નામની લોહાણાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું

સોનપુર ન. ગંગા અને ગંડકના સંગમ ઉપર આવેલ ગજેંદ્રમોક્ષ નામના રથળનું બીજું નામ.

સોનફુલડી (સોનફુલડો) પું. એક પ્રકારનો ઝોડવો. આર ઇંચથી ૧૮ ને ૧૮ ઇંચ લાંબો હોય છે. તે ઊભો કે જમીન ઉપર પથરાયેલો હોય છે. તેને છેડે ચક્રાકાર સોના જેવાં પીળાં ફૂલ આવે છે. આ ઝોડવો ઉકાળી તાવવાળાને બહુ અપાય છે.

સોનબાવળ પું. એક જાતનું ઝાડ. આ ઝાડ વીસ ફૂટ ઊંચું વધે છે. તેનું લાકડું ખેતીનાં ઓજાર બનાવવામાં વપરાય છે. તે મજબૂત છે. હિમાલયમાં તે બહુ થાય છે.

સોનલ ૧. વિ સોનાનું.

૨. સ્ત્રી. સોનેરી.

સોનલું ન. સોનું; કનક; હેમ.

સોનવલ્લી સ્ત્રી એ નામની એક વેલ; મણો.

સોનવેલ સ્ત્રી એક પ્રકારની વેલ. હિંદમાં સર્વત્ર સોમરસું ઊતરતા તે દેખાય છે. તે પીળી મગકની સોના જેવી દેખાય છે તેને પાન સોના નથી ફૂલ, ફળ શિયાળાની આખરમાં બેસે છે કચ્છ, મારવાડ જેવા સૂકા પ્રદેશમાં પણ તે જોવામાં આવે છે. તેની અંદર ચીકણો રસ હોય છે; પરંતુ સુગંધ હોતી નથી ને પૌષ્ટિક, રક્તશોધક અને ધાતુવર્ધક છે તે અતરડાના રોગ, ઝાડા, મરડા, શૂળ અને આમને મટાડે છે તે તીખી, મધુર, અગ્નિદીપક, મોળી, પિત્તશામક, રસાયન અને કફશામક છે તે

પકૃત અને પ્લીહાની વૃદ્ધિ તથા કમળામાં સારું કામ કરે છે. તેને વાટી તેલમાં કાજળી કપડે ગાળી માથામાં નાખવાથી વાળ વધે છે અને મસ્તકના જ્ઞાનતંતુઓને શાંતિ મળે છે. સ્વરસમાં જરા સાકર મસી દુખતી આંખમા આજવાથી આંખ મટે છે. બીજને પીલી તેલ ચઢવામાં આવે છે. તે ચરબી જેવું ઘટ્ટ હોય છે. તે મૂત્રલ છે. ઠંડીને લીધે હાથપગ ફાટયા હોય તે ઉપર ચોપડાય છે. છાલ મૂત્રલ, વાતાનુ, કફઘ્ન, જ્વરઘ્ન અને ઉત્તેજક છે. મૂળનો છાલ કડવી, રેચક અને આર્તવજનક છે. તેને સુકવી નષ્ટાર્તવ માટે ઔષધો પીઓ છે. ગડગૂમડાં ઉપર ચોપડવાથી પકવી ફોડી નાખે છે અને તુરત રુઝ લાવે છે. લાકડું ઇમારતી કામમાં વપરાય છે. તેમાંથી રમકડાં વગેરે બને છે.

સોનસૂર ૧. સ્ત્રી. આહેર કાઠીની એક પેટા જાતિ.

૨. ન. એ નામથી પેટા જાતિનુ માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

સોનાગરુ ૧. સ્ત્રી. ચોરાસી આહેરની એક અટક.

૨. ન. એ નામની અટકનુ માણસ.

૩. વિ. એ નામની અટકનુ.

સોનાગેરુ પું. એક જાતની પીળી ચમકવાળી લાલ માટી; એક જાતનો ગેરુ; એક જાતની લાલ માટી

સોનાઢહર પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક કુંડ. સ્થળ તપ કરવા યોગ્ય છે. અહીંથી ચાર માઈલ આગળ ત્રિકોલીઘાટ આવે છે.

સોનાણી ૧. સ્ત્રી. કચ્છની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનુ માણસ.

૩. વિ. એ નામની અટકનુ

સોનાપાણી ન. સોનાને ઓગાડેલું પાણી; જેમાં સોનુ ઓગળ્યુ હોય તે પાણી. આ પાણીની છાટથી સ્પર્શાસ્પર્શની આબડછેટ જતી જાય છે.

સોનાપુર ન. સ્મશાન; મસાણ.

સોનાપુરી ૧. સ્ત્રી. આસામ પ્રાંતમાં વસતા સતરની એક જાત.

૨ સ્ત્રી. સ્મશાન; મસાણ

સોનામકી જુઓ સોનામુખી

સોનામક્ષાર્ય જુઓ સોનામુખી

સોનામખી જુઓ સોનામુખી.

સોનામહોર સ્ત્રી. એક જાતનો સોનાનો સિક્કો.

સોનામહોર જેવું વિ (૧) અત્યંત કીમતી, હિતકર કે સુંદર. (૨) આસુ મનજેવુ

સોનામુખી ૧. સ્ત્રી. ચોરાસી આહેની પચ્ચરની એક જાત.

૨. સ્ત્રી. ભીંટીગાવળ; એક રેચક વનસ્પતિ. તે હિંદ અને અરબસ્તાનમાં થાય છે. અરબસ્તાન કરતાં હિંદની જાત ગુણમાં ચડિયાતી છે. છોડ બહુ વર્ષાયુ, મૂળોવાળા અને ૧ થી ૪ ફુટ ઊંચા હોય છે. હિંદમાં ઋષીઓને ત્યાં તેનાં પાન વેચાય છે. એનાં પાન લગભગ એક ઇંચ લાંબાં અણીદાર, લીલાં અથવા પીળાં હોય છે. સોનામુખીની રેચક અસર મોટાં આંતરડા ઉપર બહુ ન થતા નાનાં ઉપર સારી થાય છે. તે આંતરડામા જરાયેલા મળને એટલા જોરથી ખેંચી કાઢે છે કે, તેથી પેટની અંદર વીંટ આવે છે અને કોષ્ઠબદ્ધ જરા ચક્કર અને ઊલટા પણ આવે છે. એ અટકાવવા તથા તેની વધારે સારી અસર ઉપજાવવા માટે બીજ સહિત કાળી દ્રાક્ષ, હીમજ, અરબાળાનો ગોળ, સાકર, જવખાર, હીંગ, એલચી, મોથા, અનીસત, પીપરમિન્ટ અને ગોમૂત્ર જેવી વાતહર ચીજો સાથે મેળવવી જોઇએ. આ રેચથી પાખી જેવા ઝાડા થતા નથી. પણ નરમ મળ જાય પડે છે. તે આખી દુનિયામાં પણ લાંબા વખતથી રેચ માટે જાણીતી વસ્તુ છે. અર્વાચીન પાશ્ચાત્ય પ્રણાલીમાં પણ તે પ્રમાણભૂત સિદ્ધ થઈ છે. તે રેચક, મૂત્રલ, વિષઘ્ન અને રક્તશોધક છે. જૂના રક્તવિકારમાં પણ ઉપરાઉપરી લીધાથી પણ જેરફાવટો જતો નથી. તે, જૂહ, અજીરક્ત, ખાળકોને અપાય પણ ગર્ભિણીને તથા રક્તાર્શ અને તાવના પ્રકાર હુમલા વખતે ન અપાય. આના રેચથી શરીરમાં અશક્તિ આવી જતી નથી. તેની સિંચ પણ રેચક છે. પાન કરતાં તેમા રેચકતા ઓછી છે તેને શેકીને ખાવી અનાવા પિત્તાય. તેની ફોડો સહેજ્જતદાર બને છે. પણ ઉકાળવાથી ઔષધીય ગુણો નાશ પામે છે. તે ઉદરરોગ, કરોળિયા, ગુલ્મ, કૃમિ, આમ, સોજો, જ્વર કોઢ, વાયુ, આમવાત, વિષ, દુર્ગંધ તથા ઉધરસનો નાશ કરે છે. એનાં મૂળ તૂરા, અગ્નિદીપક, વર્ણકર તથા પાકકાળે સ્વાદુ છે અને કૃમિ, કોઢ, યકૃત, ધાતુક્ષય અને વાયુનો નાશ કરનાર છે

૩. સ્ત્રી. લોટું અને ચોકડના સયોગથી બનતી એ નામની એક બનીજ. તે ચળકાટ મારતી પીળાશ પર છે. તે વજનદાર અને ગોળ આકારની છે. તેને શુદ્ધ કરવા માટે સંજીર નાખેલ લીંબુના રસમાં ઉકાળવામા આવે છે. દવામા તેનો ચૂર્ણ અને ભસ્મ તરીકે ઉપયોગ થાય છે. ચૂર્ણનો ઉપયોગ પાંડુરોગ, મૂત્રરોગ, પિત્ત તેમ જ આંખના રોગમાં થાય છે સોનામુખીની ભસ્મ શક્તિવર્ધક છે. તેનો ઉપયોગ ક્ષય, હરસ વગેરે ઉપર કરવામા આવે છે

સોનામૂલું વિ. કીમતી; સોના જેટલું કીમતી.

સોનાર ૧. [સ. સુવર્ણકાર] પું. સોનાનો વેપારી.

૨. પું. સોની; સોનાના ઘાટ ઘડનાર; સોના રૂપાનુ કામ કરનાર.

સોનારખ સ્ત્રી. એ નામની ગીરમાં વહેતી એક નદી. તેની રેતી સોનાની મનાય છે.

સોનારજ સ્ત્રી. સોનીની જ્ઞા.

સોનારવા ૧. સ્ત્રી. ઢેઢની એક જાત.

૨ ન. એ નામની જાતનુ માણસ.

૩. વિ. એ નામની જાતનુ

સોનારવાડ સ્ત્રી. સોનીઓને રહેવાનું સ્થળ.

સોનારવાડો ૧ પું. શહેરના જે ભાગમાં સોનાના વેપારીઓ વસતા હોય તે; સોના બજાર: ચોરાસી માલેનુ એક ચોંટુ.

૨. પું. સોનીઓને રહેવાની જગ્યા; સોનીવાડ.

સોનારવેલ સ્ત્રી એક જાતની વેલ. આ વેલનાં પાદડાં પીપળાનાં પાંદડાં જેવા હાઈ એની પલોગાઈ એક વેત અને લગભગ સવા વેત હોય છે એ વેલાની જડ્યાઈ હાથની આગળી જેટલી હોય છે. એનો રંગ રાતો અને ખોળો પણ હોય છે. એનાં પાંદડાનો રંગ રાતો હોઈ પછી લીલો થાય છે. પાંદડાં જૂનાં થયા પછી તે ઉપર રાતા રંગનાં ચાંદાં હોય છે. કોલેરા અને સર્પાદિકના વિષ ઉપર સોનારવેલનાં પાંદડાંનો રસ અથવા મૂળ પાણીમાં ઘસી આપવામા આવે છે.

સોનારવાડો જુઓ સોનારવાડો

સોનારિયા ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનુ માણસ.

૩. વિ. એ નામની જાતનુ.

સોનારિયું ન. ચણાના પોપટાનુ ફોતરું.

સોનારી પું. સોની

સોનારવાડે હું ગઈતી છ રે,
સોનારી પોદળા ઢોલીએ છ રે.

રઢિયાળી રાત.

સોનારેણ સ્ત્રી. સોનારની સ્ત્રી.

સોનારો પું. સોની.

સોનાસરી સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં એક સણી ડાળાઓ પડતી થાય છે. ઉપર ફુલ પીળાં થાય છે

સોનાસણી ૧ જી એક જાતનું કાપડ, કસબ ભરેલું કાપડ; સોનેરી કસબની ભરીઓવાળું એક જાતનું રેશમી કાપડ.

૨. જી. વરને લગ્ન વખતે દાંત ખોતરવા માટે અત્તરવામાં આવતી સળી

સોનાળિયાં ન. બ વ ખોટાં મોતી.

સોની ૧. પું. ઓકડા, ઘેરાં ખરીદવા આવેલ કસાઈ

૨ [સ્વર્ણિન્] પું સોનાર; સોનાકપાના ઘાટ ઘડવાનું કામ કરનાર કે સોન રૂપાનું કામ કરનાર કારીગર

૩. જી. જૈન મત પ્રમાણે ૮૪ મહેની એક જાતિ

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ એ નામની જાતિનું

સોનીકજિયો પુ. ખોટો કજિયો.

સોનીઢો (સોનિડો) પું. ચટક વર્ગનું એક જાતનું પક્ષી. એ કથારધિયુ પણ કહેવાય છે. કરવા જતી વખતે વડીઓની વાડ પાસે ડાંકરામાં જ રરતા ઉપર પેટ ફુલાવીને આ પક્ષીઓ બેઠાં હોય છે અને પાસે પગ પડે ત્યારે જ ઊડીને અળપઘાને ફફડાવી દે છે. પણ ચકૂ, ચકૂ, ચકૂ ચકરર્રર્ર એવાં આવર્તનોથી એ સંખ્યાને આવકારે છે અને રાત્રિને ત્રિજાવે છે. ઉપાને અભિનંદીને એ શાંત થઈ જાય છે. ભર વસ્તીમાં યે રોજ રાતે પધારીમાં પડ્યાં પડ્યાં એની એક ધારી આલાપસરણી કાનમાં અથડાયા કરે છે

સોનીમહાજન જુઓ સોની ૧.

સોનીસાથ ૧. જી. (જા. ગુ.) વાણિયાની ચોરાસી માહેની એક જાત.

૨. જ. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું

સોનીહાર પું. શતાવરીનો છોડ. એમાં સફેદ ફૂલનાં ઝૂમખાં આવે છે. એ છોડ ઉપર બારીક કાંટા હોય છે

સોનું [સં. સુવર્ણ] ૧. ન. એક જાતનું ધાતુનું મૂળ તત્ત્વ; સુનું; પીળા રંગની એક કીમતી ધાતુ. જૂના વખતમાં કિમિયાગરો અને લોકો આ ધાતુને ઓળખતા અને બહુ જ કીમતી માનતા. તે લોકો આ ધાતુને સૂર્ય સાથે સરખાવતા અને પારસમણિની મદદથી હલકી ધાતુઓને સોનામા ફેરવવાનો પ્રયાસ કરતા. સોનું ઘાટું કરીને ચાંદી અને તાંબા સાથે મિશ્રણ થયેલું મળી આવે છે. પાસાદાર ખડક અને લાવાના રસ્તાની જમીનમાથી પણ તે મળી આવે છે. કોટર્ઝના ૭૦,૦૦૦ ભાગમાં એક ભાગ સોનું હોય છે. લાવાની માટીમાં પંદર લાખ ભાગમાં એક ભાગ સોનું હોય છે. તેની લગડીઓ પણ બની શકે ટ્રાન્સવાલ, ઓસ્ટ્રેલિઆ, રશિઆ, ઉત્તર અમેરિકા, મેક્સિકો અને ક્લોન્ડિકમાંથી સોનું નીકળે છે. આ કીમતી ધાતુ બ્રેઝરમાં આવેલી કોલારની સોનાની ખાણોમાંથી મળે છે. અહીં સોનાની ખાણોમા આઠ કંપનીઓ કામ કરે છે. બધી ખાણોમાં મળી ૨૫-૩૦ હજારથી ય વધારે માણસો કામ કરે છે. વીજળીથી જમીન ખોતરાય છે; ઊંડા ઊંડા ખુમડા કરવામાં આવે છે અને વીજળીથી સોનાના પથ્થરો ભરેલી લોખંડી મોટી બાલદીઓ ઉપર ખેંચાય છે પછી યંત્રથી તેનો ભુકો બનાવી તે ભુકો ભઠીમાં મૂકી રસ થાય ત્યાં સુધી ગરમ કરવો પડે છે અને તેમાંથી બહુ કુશળતાથી સોનું અલગ કરવુ પડે છે. સોનું તૈયાર કરવામાં ઘણી મહેનત અને ખરચ પણ ઘણો થાય છે; તેથી સોનું બારું મોંઘુ હોય છે સોનું એ ઓસ્ટ્રેલિઆનુ એક મહત્ત્વનું ઉત્પાદન છે દક્ષિણ આફ્રિકામાં મેલબોર્ન નજીક બેલારેટ આને ૧૮૫૧મા પ્રથમ સોનું હાથ આવ્યુ. આ બાતમી મળતાં જ હજારો સાહસિક માણસો સોનાની આશાથી ઓસ્ટ્રેલિઆ દોડી આવ્યા. તેને લીધે ઓસ્ટ્રેલિઆની વસ્તી આઠ વર્ષમાં તો બમણી થઈ ગઈ. બેલારેટ આમ નજીક સોનાની ખાણો હોવાથી તેની નજીકનુ મેલબોર્ન આમ જોતજોતામાં મોટુ શહેર બની ગયું. બેલારેટની આસ પાસની ખોદતા ખોદતા આખું આખું મકાન નીકળી પડે એવી જબરી માટી છે. આ માટીમાં હજારો માણસો રાતદિવસ પાણીના દીવા અને પંખા ચાલે છે અને ટોળામાડી કરે છે. બેલારેટ પછી પશ્ચિમ રણ પ્રદેશમાં કુલગાર્ડી અને કલગુર્લી નામનાં સ્થળોએ બહુ મોટી સોનાની ખાણો મળી છે. આ ખાણમા હજારો મજૂરો કામ કરે છે તેમને માટે મકાનો મારફતે દૂરથી પાણીના નળ આણેલા છે અને તે ઉનાળા રણમાં આગગાડી પણ લાવવામાં આવી છે આ ખાણોની આસપાસ બે સુંદર શહેરો પણ વસેલાં છે. નાના જથ્થામાં સોનું ઘણી જગાએથી મળી આવે છે સમુદ્રના પાણીમાંથી પણ સોનું કાઢવામાં આવે છે. લાવાની માટીને હાથેથી અથવા યંત્રથી ધોવામાં આવે છે અને સોનું મેળવવા માં આવે છે. તેમાથી સોનુ ધોવાઈ ન જાય તે માટે પારો સાથે મિશ્રણ કરવામાં આવે છે. ચિરોડીમાંથી સોનુ મેળવવા માટે તેને ભુકો કરનારા યંત્રમાંથી પસાર કરવામાં આવે છે ત્યારે તેનો ભુકો કરવામાં આવે છે ત્યારે તેમા પાણી ઉમેરવામાં આવે છે ત્યારબાદ તેને તાંબાના પતરા ઉપરથી પસાર કરવામાં આવે છે; પણ જે સોનું મેળવવામા આવે છે તેમાં પારો મિશ્રિત હોય છે. તે પારાને જુદો પાડવામા આવે છે. શુદ્ધ સોનું પ્રકાશિત, પીળું અને શુદ્ધ પાસાદાર અને એક સરખુ હોય છે તેની ઘનતા ૧૯.૪ છે. સોનું નરમ અને ઘડી શકાય તેવું અને તેનો તાર બનાવી શકાય તેવું હોય છે એક ઔંસ સોનામાથી $\frac{1}{200}$ ઇંચની જાડાઈનું ૧૮૯ ચો ફૂટ પતરું બનાવી શકાય છે. એક ગ્રેન સોનાથી બે માઈલ લાંબા રૂપાના તારને ઓપ ચડાવી શકાય છે. એક ગ્રેન સોનામાંની ૩,૨૪૦ મીટર લાંબો ઝીણો તાર બનાવી શકાય છે. સોનાનાં પતરાં પ્રકાશને લીધે લીલાં દેખાય છે. બખ્તરોની છાપણી માટે સુવર્ણકાચ જે લાલ હોય છે, તે જાંબુડીઓ રંગ આપે છે. કોલોઇડલ સોનું પાણીમાં આસમાની દેખાય છે. સોનું હમેશના વપરાશ માટે બહુ નરમ વસ્તુ છે તેથી તેમાં ચાંદી અથવા તાંબુ મેળવવામાં આવે છે. ૨૪ કેરેટ સોનું શુદ્ધ હોય છે એટલે કે તેમાં ૨૨ ભાગ સોનું અને ૨ ભાગ તાંબુ હોય છે ૧૮, ૧૫, ૧૨, ૯ કેરેટના સિક્કાઓ પણ હોય છે. ઈ. સ. ૧૯૦૮માં સોનાની ઊપજ ૨,૧૦,૦૦,૦૦૦, ઔંસ હતી. તેમાથી ૬૦ ટકા ફક્ત બ્રિટિશ સામ્રાજ્યમાથી મળી આવ્યું હતું. સોનું દેશી ઔષધમાં એક ઉત્તમ ઔષધ ગણાય છે. ઔષધમાં સોનાનો વરખ તથા તેની ભસ્મ વપરાય છે સોનાને તપાવી કાંજીમાં, તેલમાં, ત્રિફળાના ક્વાથમાં, ગૌમૂત્રમાં અને બકરામાં ઠંડુ કરી શુદ્ધ પાણીથી ધોઈ નાખવાથી સોનું શુદ્ધ થાય છે. સોનામાથી સુવર્ણ ભસ્મ સુવર્ણ માલિની વસંત, સુવર્ણ પર્પટી, રાજમૃગાંક, હિરણ્યગર્ભ પોટલી અને પૂર્ણચંદ્રોદય નામની દવાઓ બને છે ગુણે તે પૌષ્ટિક અને શોધક છે. સોનું પુષ્ટિ માટે બહુ વપરાય છે હૃદયની અંદર તેમ જ ફેફસાં ઉપરના, યકૃત, દમ તથા છાતીનાં દરદોમા થયેલી કમજોરીને માટે તે બહુ સારું છે મગજની બાધિ, અપસ્માર, મગજની કમજોરી, મગજનુ ભારે રહેવું, નપુંસકપણું, વીર્યસ્રાવ, કમરનો દુખાવો, પગની કમજોર, વીર્યનું મૂત્ર માર્ગની અંદર ઝરવું વગેરે દરદો ઉપર સોનું બહુ જ ઉપયોગી છે વિજ્ઞની વિચિત્રતાઓમાં લખ્યુ છે કે, જો દરિયાના પાણીમાથી સોનું ખેંચી લેવાની સીધી રીત સફળ થાય તો એક ઘન-માઈલ દરિયાના પાણીમાથી લગભગ પચાસ પાઉંડની કીંમતનું સોનું મળે અમરકોષમાં રવર્ણ, સુવર્ણ, કનક, હિરણ્ય, હેમ, હાટક તપનીય, શાતકુંભ, ગાંગેય, ભર્મ, કર્બુર, ચામીકર, જાતરૂપ,

મહારજત, કાંચન, કનક, કાર્તસ્વર, જાતરૂપ, અષ્ટાપદ એ બધાં સોનાનાં નામ છે.

અસડકાર એ સાચા **સોના** જેવું દીસે રૂડું,
કૃષ્ણ પેખારે દીધું મદાવસ્તા મહીંય તે
અખો-ગીતા

૧ ફકોરિયું સોનું = (૧) કંગાલી આબત (૨) સત્ત્વહીન છતાં ચલચાવનારી વસ્તુ

૨ સો ટચનું સોનું = તદ્દન શુદ્ધ, નિર્ભેળ

૩ સોના કરતાં ઘડામણ મોંઘું = મૂળ વસ્તુ કરતાં તે બનાવવાનો બીજો ખર્ચ વધી જવો.

૪ સોનાનાં નળિયાં કરવાં = પુષ્કળ પૈસાની પ્રાપ્તિ કરવી. ખૂબ કમાવું. બહુ ધનવાન થવું

૫ સોનાની ગારથી લીંપવું = ઘણું જ સુશોભિત કરવું.

૬ સોનાની થાળી પાણીમાં નાખવી = કીર્તિની મૂડીમાંથી કરી નાખવી.

૭ સોનાની તક ચૂકવી = ફરી ફરી ન આવે તેવી સારી તક, અમૂલ્ય અવસર

૮ સોનાની થાળીમાં લોઢાની મેખ = એક નાનકડી વસ્તુથી બહુ વધુ વસ્તુ

૯ સોનાની લકી લૂંટાવી = ઘણી કીમતી વસ્તુનું ચૂમ થવું કે ગુમાવું.

૧૦. સોનાને પથરે રમવું – સોનાને પારણે ઝૂલવું = જન્મ શ્રીમંતાઈમાં ઊછરવું.

૧૧. સોનાને સ્વાદ લાગતી નથી = સાચનો આંચ નથી.

૧૨. સોનાનો કોળીપો = મોંઘો ખોરાક.

૧૩. સોનાનો વરસાદ વરસવો = પુષ્કળ કમાણી થવી.

૧૪. સોનાનો સૂરજ ઊગવો = ખૂબ સુખ અને આબાદીનો સમય આવવો

૧૫ સોનું જોવું કસી અને માણસ જોવું પરખી = કસોટી કર્યા વગર સાચું માની લેવું નહિ.

૧૬ સોનું દેખી મુનિવર ચળે = મોટાથી મહાપુરુષોનાં મન પણ ચલિત થાય છે.

૧૭ સોનેથી દાંત મઢવા = (૧) ધનની મોજ માણવી (૨) ધનાઢ્ય હોવું.

૨ ન ન્યાય કંસારીના અડધા નાહેનો એક ભાગ.

સોનેટ [અં.] સ્ત્રી. અંગ્રેજી કાવ્યનો એક પ્રકાર; ચૌદ લીટીનો એક કાવ્ય પ્રકાર. ગુજરાતી સાહિત્યમાં સોનેટનો પ્રારંભ ૧૮૮૮માં સૌથી પહેલો બળવંતરાય ઠાકોરે ભાષાંતરમાં કરેલો ત્યાર પછી ૧૯૦૨માં ચંદ્રવદન મહેતાએ કાવ્યના બીજા પિતામહ શ્રી ખ. ક. ઠાકોરનું અનુકરણ કરી પોતા કાવ્યોલક્ષ્યાંઓને પૂરતી વ્રત્તથી સોનેટો લખવાનો એક નવો ચીલો પાડ્યો. ત્યાર પછી આ છંદ એટલો કવિપ્રિય થઈ ગયો કે હરકોઈ કવિયશપ્રાર્થી સોનેટમાં કાવ્ય લખવા માંડ્યો આમ તો સોનેટ એક પ્રકારનું ઑર્ગેનિઝમ છે તેમાં ૧૪ પંક્તિઓ હોય છે અને એક જ વિચાર તથા ભાવનું આલેખન થયેલું હોય છે આ સોનેટ રચનાના બે પ્રકાર હોય છે પેટ્રાર્કીઅન અને શેક્સપીઅરીઅન તેમાં વળી કોઈ મિશ્રણનાં નો ત્રીજો પ્રકાર ઉમેરે છે પહેલા પ્રકારમાં અષ્ટક અને ષટક એમ ૧૪ પંક્તિઓ બને છે આઠ લીટી પૂરી થતા એક વિચાર પૂરો થઈ પરિવર્તન થાય છે બીજા પ્રકારમાં ચાર પંક્તિની ત્રણ કડીઓ હોય છે ત્રણ લીટીઓ પછી છેલ્લી બે લીટીઓમાં ભાવની પરિસીમા આવે છે અને તે ઠગાઈ ચડાવે છે. આ લીટીઓને અંગ્રેજીમાં 'કપ્લેટ' કહે છે અંગ્રેજી સાહિત્યમાં અલંકારમાં આવશ્યક મનાયો છે. આપણા કવિઓ તેને આવશ્યક ગણતા નથી. એક મત એવો છે કે શેક્સપીઅર પ્રકારના સોનેટમાં તે અનિવાર્ય ગણવો જોઈએ.

સોનેરી ૧ સ્ત્રી ઝીંક ધાતુ.

૨. વિ. ઉત્તમ; ધ્યાનમાં લેવા જેવું. નિયમ, કાયદો વગેરે માટે વપરાય છે

૧. સોનેરી કેળું = એક સારી જાતનું કેળું;

૨ સોનેરી ટોળી = કાઠિયાવાડના કે બીજા ગામડાંઓથી કરતી ખંડણીઓની ટોળી.

૩ વિ સોના જેવા પીળા રંગનું

૪ વિ. સોનાનું.

૫. વિ. સોનાનો ઢોળ ચડાવેલું, સોનાના તારથી ભરેલું.

સોનેરીપંખાતાડ પું. પંખા જેવાં પાનવાળું તાડનું ઝાડ એમાં કાંટા થતા નથી પાનની ડાંટડી પીળા રંગની અને પાનમાં પીળા ચાંદલા હોય છે.

સોનૈયો ૧ પું ડોકમાં પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું

૨ પું (જૂ પ્ર) સોનામહોર, મુદ્રા; સોનાનો સિક્કો.

ચિહ્ન દિસિ મુદ્રત લહિરનિ ચક્રા,
ઠંકસાલિ **સોનૈયા** ઘડ્યા.
જાવદયસમય

સોનૈયો કે રૂપૈયો જી એ નામની એક રમત અબુલો દબુલો નામની એક દેશી રમત.

સોન્માદ [સ , વિ ઉન્માદવાળું, ઉન્મત્ત, ગાંડું; પાગલ; ચિત્તભ્રમવાળું

સોપ ૧. [અં.] પું. સાબુ

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ

સોપટ ૧. વિ. આડોપાટ; પાંખરું, પ્રોપટ; સીધેસીધું

૨. અ. જલદી; તુરત

સોપધિ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં ૨ગણ અને ભગણ મળી ૭ વર્ણ હોય છે.
રો ઋથી **સોપધિ.** રત્નપિંગળ

સોપપત્તિક [સં] વિ. કારણ સહિત; સકારણ; ઉપપત્તિ કે પ્રમાણયુક્ત.

સોપપદાતિથિ જો જેઠ સુદ ૨, આસો સુદ ૧૦, માઘ સુદ ૪ અને માગ સુદ ૧૪ એ ચાર માહેની દરેક તિથિ.

સોપા [અ. સુફ્ફા] પું. ઓટો, ચોકની ચોતરફની ઊંચી જગ્યા.

સોપાધિ [સં.] વિ. ઉપાધિવાળું.

સોપાધિક જુઓ સોપાધિ.

સોપાધિક ભ્રમ [સ.] પું (વેદાંત) અધિષ્ઠાનનું જ્ઞાન થયા છતાં પણ જે નિવૃત્ત થતો નથી તે ભ્રમ. તે બે પ્રકારનો છે: બાહ્ય સોપાધિક ભ્રમ અને આંતર સોપાધિક ભ્રમ. (૧) બા.સ્ર સોપાધિક ભ્રમ: આ ભ્રમ ઉપાધિનો લીધે થયેલો હોય છે. જેમ, રાતા ફૂલ રૂપ ઉપાધિને સ્ફટિકમાં રાતાપણું દેખાય છે. (૨) આંતર સોપાધિક ભ્રમ: કર્મરૂપે પરિણામ પામેલી અવિદ્યાના કાર્યરૂપ હોવાથી જડાંપણાનો ભ્રમ.

સોપાન ૧. પું. નિસરણી; સીડી; દાદર.

આરોહની આશીષ અને નિર્ઝરણી સોપાન,
મણીમય સીઢ ચડી સખી નીરખી કુંવરી સુજાણ.
વિજયસપ્તપદીકોષ

૨. [સં.] પું. પગથિયું.

સોપાનક જી. બે સેરો વચ્ચે સોનાના તારોથી પરોવેલી મોતીની સેર; એક જાતની મોતીની માળા. તેમાં મોતીની બે સેર વચ્ચે સોનાની દોરી હોય છે

સોપાનશ્રેણી [સ.] સ્ત્રી. નિસરણી.

સોપાનારોહણ ન્યાય [સ] પું. (ન્યા.શા) ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક ન્યાય. જેમ અગાસી ઉપર જવા માટે નિસરણીનું એક એક પગથિયું ક્રમવાર ચડાય છે તેમ કોઈ મોટું કામ કરવામાં ક્રમ ક્રમથી ચાલવાનું હોય ત્યાં આ ન્યાય વપરાય છે

સોપાનાવરોહણ ન્યાય [સં.] પું. ન્યાયશાસ્ત્ર પ્રસિદ્ધ એક ન્યાય. સીડી જે ક્રમે ચડવા હોઈએ તેથી ઊલટા ક્રમે ઊતરીએ તેમ કોઈ ક્રમ ચાલીને ચડ્યા તેમ ઊલટા ક્રમે ચાલવાનું હોય ત્યાં આ ન્યાય અપાય છે.

સોપારા ૧. પું. અખ્યાય.

સોપારા ગણવા-ગણી જવા = નાસી જવું. ૨. [સં. શૂર્પારક] ન. મુંબઈ પાસે આવેલ એ નામનું એક ગામ રોમલ એશિયાટિક સોસાયટીમા સોપારા નામના નાના ગામ પ.સેથી મળી આવેલાં ભગવાન બુદ્ધનાં ભિક્ષાપાત્રનાં કેટલાક મ.ટીના ટુકડા, મૂર્તિઓ વગેરે સોનાચાંદીના પાત્રોમાં મૂકેલાં આજે મોજૂદ છે. એ મુબઈની પ્રજામાથી માત્ર થોડાએક વિદ્વાનો જ જાણે છે. સોપારા થાણા જિલ્લાના વસઈ તાલુકાનુ એક નાનુ ગામડું છે. મુબઈથી સુરત જતાં વિરાર સ્ટેશનથી સાડાત્રણ માઈલ દૂર આવેલુ છે એનો પ્રાચીન ઇતિહાસ અતિ મહત્ત્વનો છે ઈ. સ. પૂર્વે ૨૫૦થી સને ૧૫૦૦ સુધીની તેની જ્વલંત કારકિર્દી હતી. એ એક સમૃદ્ધ બંદર અને આપાર કેન્દ્ર પણ ઘણાં વર્ષો સુધી હતું. સોપારા વિષે બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં પણ વર્ણન મળી રહે છે. એની પશ્ચિમે સમુદ્રની લહેરો જણાતી હતી અને સહ્યાદ્રિ પણ તેની પૂર્વ દિશામાં વ્યાપારીઓની આવજા માટે ઉપયોગમાં લેવાતો. આજનો કોંકણ પ્રદેશ તે સમયમા નવસારીથી ગોવા સુધીનો ગણાતો. આ આખાયે વિસ્તારના ભાગની રાજધાની સોપારા હતી. ઈ. સ. પૂર્વે ત્રીજી સદીના અંત્ય ભાગમાં મહાન સમ્રાટ અશોકે પોતાનો ધર્મ પ્રચારક ધર્મરખીતા કોંકણ પ્રદેશના સોપારા સુધી મોકલેલો. આશરે સીત્તેર હજાર ભિક્ષુઓએ એના વાણી પ્રવાહને સાંભળ્યો અને લગભગ હજાર પુરુષો અને તેથી વધુ સંખ્યામાં સ્ત્રીઓએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો સને ૧૮૮૨માં સોપારામાંથી અશોકનો શિલાલેખ પણ મળી આવ્યો છે. સોપારાને ધર્મરખીતાએ બૌદ્ધધર્મને ફેલાવવા પૂરતું કેન્દ્ર બનેલું બૌદ્ધ ધર્મગ્રંથોના આધારે એમ માનવામાં આવે છે કે ભગવાન બુદ્ધના પૂર્વ જન્મોમાંનો એક અવતાર સોપારામાં થયેલો. બુદ્ધાવતાર થયો સારે બુદ્ધ પોતે સોપારા શહેરની એક શુદ્ધ.મ શ્રીમત કન્યાના આગ્રહને વશવર્તી સોપારા પધારેલા. આ કન્યા એક ધનિક અને વ્યાપારી પણ હતી. આ પધરામણીની પુણ્યસ્મૃતિ રૂપે એક મહાન સ્તૂપ બનાવવામાં આવ્યો. રામકૃષ્ણ અને ગૌતમ જેવા નાગવંશના રાજા સોપારાવાસીઓને અવારનવાર પજવતા હતા. તથાપિ આ પધરામણી પછી ગૌતમ બુદ્ધે તેમને 'ઓપી' બનાવ્યા. મહાભારતમાં પણ પ્રભાસ ક્ષેત્રમિયાન અર્જુન પોતે સોપારા સુધી આવેલા અને અનેક દેવ-દેવીઓનાં મંદિરો જોયેલા એવુ વર્ણન મળી રહે છે સોપારાથી સમુદ્ર માર્ગે સોમનાથ-પ્રભાસપાટણ એટલે દક્ષિણ કાઠિયાવાડમાં અર્જુન પહોંચેલા. ભગવાન બુદ્ધ સોપારાને અમે અમર બનાવવા ઇચ્છતા હોય તેમ તેમણે પોતાના પૂર્વ અવતારોમાં પોતાનું નામ પણ સોપારિસુપારક રાખેલું. જૈન દાર્શનિકો અને પુસ્તકો પણ સોપારાની ચર્ચા કરે છે. સોપારાના રાજા મહાસેનની પુત્રીને શ્રીપાલ સાથે પરણાવેલી. જૈનોના ચોર્યાશી પવિત્ર ધામોની નામાવલિમાં સોપારા મુખ્ય ગણાતું આવ્યું છે. જૈન ધર્માચાર્ય શ્રી જીનપ્રભસૂરિએ ચોથી સદીમાં સોપારા વિષે લખેલું મળી આવે છે. જૈન ધર્મના ચોર્યાશી કાટાઓમાના એકનું નામ સોપારાજ કે સોપારા ગચ્છ છે જે અદ્યાપિ પર્યંત જણાય છે. આ કાંઠાની રાજધાત સોપારાથી ચાલેલી એ એના નામ સોપારા ગચ્છ પરથી જણાય છે. ગ્રીક ભૂગોળશાસ્ત્રી ટોલેમીએ સને ૨૦૦માં પોતાના પ્રવાસ દરમિયાન સોપારાની યાત્રા કરેલી એમ તેના ગ્રંથો બતાવે છે. એનફી અને રાર્મનોડ જેવા વિદ્વાનોએ પણ સોપારાનો ઉલ્લેખ કરેલો છે. ઈલિયટ અને ફ્રાઉસેનના પુસ્તકોમાં તેમ જ બાઉની ' મીરાતે અહમદી 'માં પણ સોપારા વિવિધ નામોચ્ચારથી બતાવેલ છે. પંદરમી સદી પછી આ શહેર અમદાવાદના મુસલમાન બાદશાહોના હાથમાં આવ્યું અને ઈ. સ. ૧૬૨૫-૫૮ના સમયમાં શાહજહાનના સમયમાં બનેલા સોનેરી ધાતુઓના ચોખંડા સિક્કાઓ પણ સોપારામાંથી મળી આવેલા છે. આજકાલ સોપારાની પણ વસતી આશરે પાચ સાત હજારની ગણી શકાય સામાન્યતઃ શાસ્ત્રજ્ઞાનરહિત સામવેદી બ્રાહ્મણો ત્યાં રહેતા એમ મનાય છે. ખોદકામ કરતાં મળી આવેલો અશોકનો શિલાલેખ બાટેલા સરોવર પાસેથી મળી આવેલો. સોપારાની ઉત્તરે લગભગ અર્ધો માઈલ દૂર બ્રેન્ચર તળાવ છે ત્યાં બુદ્ધની મૂર્તિ મુખ્ય છે. આ મૂર્તિ લગભગ પચાસ સાડ વર્ષ પહેલાં ' સોનારભાટ 'ના ખેતરમાંથી મળી આવેલી. સ્તૂપનું ખોદકામ કરતાં સાડાસત્તર ફુટ ગોળાર્ધનો એક આરસ પીળા રંગનો પથ્થરના ઢાલવા જેવો ઘાટ મળી આવેલો. તેની ઉપર ઢાંકણ પણ એટલી જ ઊંચાઈનું હતું. એ બંધબેસતુ ઢાંકણું ખોલતાં અંદરમાં એક અંડાકાર તાબાનું પાત્ર હતું. તેની ચારે બાજુ ગોળાકારમાં ગોઠવેલી આઠ મૂર્તિઓ અને બૂબ નાના સોનાનાં ફૂલ અને તમાલપત્રો, સુકેદ અમરચૂર્ણ, અબીલ, ચંદનચૂર્ણ અને અનેક સુગંધિત દ્રવ્યો હતાં.

સોપારી ૧ સ્ત્રી એ નામની એક દેશી રમત. ૨. સ્ત્રી. સાતની સંખ્યા બતાવતી એક સંજ્ઞા. ૩. સ્ત્રી : ન. મુખવાસમાં વપરાતું એક ફળ; કોફળ. હિંદુ લોકોમાં કોઈ પણ ધાર્મિક કાર્ય કરતી વખતે સોપારીની જરૂર પડે છે. ગણપતિ પૂજન વગર કોઈ પણ ધાર્મિક કાર્ય, ક્રિયા-કર્મકાંડ કે પૂજન સંભવે જ નહિ. અને તેવે દરેક વખતે શ્રી ગણેશની સ્થાપના પણ સોપારી મૂકીને જ કરવામાં આવે છે. શુભ પ્રસંગે સોપારી વેચવાની પણ પ્રથા છે. લગ્ન કે જનોઈ પ્રસંગે પીઠી ચોળવા આવેલ સન્નારીઓને ગોળ સાથે સોપારી આપવાનો રિવાજ અજાણ્યો નથી. તેમ જ ઘણી વખતે નાળિયેરની જરૂર હોય પણ તે ગરીબને પરવડતાં ન હોય અથવા એવી પરિસ્થિતિ હોય કે કોઈ પણ દ્રિસાએ મળતાં જ ન હોય ત્યાં ' નાળિયેરની રીત ' ને બદલે ' સોપારીની રીત ' ને શાસ્ત્રોએ બહાલી આપેલ છે. પ.રસી કોમ પણ નાળિયેર અને સોપારીને પવિત્ર ફળ માને છે આ બધા ઉપરથી તે બહુ જ જૂના વખતથી હિંદુઓ તેમ જ હિંદીમાત્રમાં જાણીતાં છે એ નિર્વિવાદ છે. સોપારીની વ્યુત્પત્તિ વિશે જોઈએ તો પૂગીફળ કે પૂગીફળ શબ્દમાંથી પોફળ શબ્દ આવી સોપારીના ઝાડ માટે વપરાયો છે કાનડી ભાષામાં ' સોપ્પુ ' શબ્દનો અર્થ પાન થાય છે અને ' અરિક ' શબ્દનો અર્થ ઝાડ થાય છે. આ બે શબ્દ જોડાઈ જઈ તેનુ અપભ્રંશ મરાઠીમાં સુપારી અને ગુજરાતીમાં સોપારી શબ્દો થયા હોવા જોઈએ; કારણ કે કર્ણાટકમાં આ ઝાડ મોટા પ્રમાણમાં થાય છે. વનસ્પતિશાસ્ત્રીની દૃષ્ટિએ સોપારીનું ઝાડ સપુષ્પ એકદળિયા વનસ્પતિના ' પામેઈ ' ના કુદરતી વિભાગમાં આવેલું કોઈ ઓરેકા-કેટેચુ-લીનાના શાસ્ત્રીય નામે જાણીતું છે અને દક્ષિણ કોંકણ અને કાનડામાં તે મોટે ભાગે નજરે પડે છે. તે આકર્ષક, સુંદર, કળામય, બંધાકારવાળા થડવાળું, ઊંચુ અને પાતળું ઝાડ કોઈ લગભગ ૧૦૦ ફુટ જેટલુ વધે છે અને તેના થડનો વ્યાસ એક ફુટથી વધારે હોતો નથી. તેનાં સયુક્ત પાન ૪થી ૬ ફુટ લાંબા, અણીવાળાં પર્ણના બનેલાં પંખા જેવા હોય છે અને એકેકું પર્ણ ૧ થી ૨ ફુટ લાબુ, અણીવાળુ, રવાદી વગરનુ, લીસુ અને લીલુ હોય છે. તેનુ લીલુ ફળ લગભગ ૧½ ઈંચ લાબુ, ગરવાળું માસલ રેષાવાળું, નારંગી કે તપખિરિયા રંગનું હોય છે અને સ્વાદમાં મીઠુ લાગે છે. સુકાયા બાદ ઉપરની રેષા તથા બહુ જાડું કાઢી નાખ્યા પછી આપણે બજારમાં જોઈએ કે વાપરીએ છીએ તે સોપારી નીકળે છે. મુબઈ રાજ્યમાં કર્ણાટક, ગોવા, કારવાર, રત્નાગિરિ,

કોલાબા તથા થાણા જિલ્લામાં તે ઝાડ મોટા પ્રમાણમાં થાય છે ખાસ કરીને ફરતાર જિલ્લો 'શ્રીવર્ધન' નાં સોપારીનાં રોઠા માટે બહુ પ્રખ્યાત છે. મલાયા દ્વીપસમૂહો વગેરે સ્થળે સોપારીનાં ઝાડ જંગલમાં નજરે પડે છે. સોપારીનું વાવેતર ચીન, મલાયા, અફઘેશ, મંગાળ, મલબાર, મૈસુર, લંકા વગેરે સ્થળે થાય છે. સોપારીને ગરમ અને ભેજવાળાં આર્દ્ર હવામાનની જરૂર છે તે નારિયેરીની વાડીમાં તેમ જ એલચી અને મરી સાથે વાવવામા આવે છે એટલે તેનાં હવામાન તેને અનુકૂળ આવે છે; અર્થાત્ સોપારીનું વાવેતર સમુદ્ર કિનારાથી બહુ દૂર થઈ શકતું નથી તેમ જ વરસાદનું પ્રમાણ પણ ૧૦૦ ઇંચ સુધીનું હોવું જોઈએ. સોપારીનું વાવેતર મુખ્યત્વે રાજ્યમા કુંગરી બાગાયતી અને આમા બાગાયતી એમ બે જુદી જુદી જાતની જમીનોમાં જુદી જુદી રીતે કરવામાં આવે છે. ફરતાર જિલ્લાનુ વાવેતર–કુંગરી બાગાયતી સોપારીનુ વાવેતર–બે કુંગરની વચ્ચની ખીણમા કરવામાં આવે છે. સાધારણ રીતે સોપારીને ગમે તેવી જમીન ચાલે છે અને તેના ઉત્પાદનનો આધાર ફક્ત ખાતર કયારે અને કેટલુ આપ્યું તે ઉપર છે બી માટેની સોપારી, ત્રીસ વર્ષની ઉમરના સારાં ઝાડ પરથી એટલે મોટાં સોપારીનાં બે ગૂમખાં ઓછામા ઓછા હોય તેના ઉપરયા લેવામા આવે છે. બી માટે પસદ કરવામાં આવતાં સોપારીના ઝાડ ઉપરથી મૈસુર અને આસામ તરફ સફ્આતમાં નાની સોપારી તોડી લઈ ખાડીની મોટા વધવા દેવામાં આવે છે. સોપારી સારી પાકીને નીચે ખરી પડવા માંડે એટલે ગૂમખાં ફાળજીથી વેરે છે તેને જમીન ઉપર નાખી દેતા નથી. સોપારી છાલ ફાડવા સિવાય તેનાં ડીચકાં સાથે ક્યારામાં બીજા રોપાય છે. કયારા સારા ખોદીને તેમાં પાંદડા તથા છાણનુ ખાતર એક ચૂંહે અધું આડું નાખવામા આવે છે. અધા ચૂંહામાં ૮૦૦ છોડ તૈયાર થાય છે અને તે એક એકરમાં રોપી શકાય છે. બગીચા જૂના હોવાથી રોપ બેસવા માટે તથા મરી ગયેલા ઝાડ છોડની જગ્યાએ રોપવામા તેનો ઉપયોગ થાય છે. સોપારીના બી નવ ઇંચને અંતરે લગભગ છ ઇંચ ઊંડાં વાવવામાં આવે છે ક્યારા ઉપર ગરમી રાખવા માટે કેળના થાભલા ઢાપીને તેના ટુકડા મૂકવામા આવે છે બે મહિના બાદ સોપારીમાંથી ફણગા ફૂટયા પછી કેળનુ ઢાકણ કાઢી નાખવામા આવે છે. ચાર વર્ષે એક વાર ઓકટોબર મ.સમાં, એટલે ચોમાસું વીત્યા બાદ એક વાર જૂની માટી કાઢી નાખવાનો રિવાજ છે. સોપારીના ઝાડમાંથી બે હારમાની એક ફૂટ ઊંડી માટી બાજુએ કાઢે છે. પછી ટોકરી ઉપરથી નવી માટી ખોદી લાવીને બેવા બાદી ફૂટની ઊંચાઈ સુધી ચાવ છે. ઉગવા માટે ૨૦ થી ૨૫ વર્ષનાં ઝાડની સોપારી લેવાનુ પ્રચલિત છે સોપારી વાવવા માટે ખાસ કયારા કરવાનો રિવાજ નથી સોપારી પકવતા મોસમ કરતાં મોસમમાં શરૂ થાય છે અને ઉગાવા સુધી ચાલુ રહે છે સોપારી બરાબર પાકવા પહેલાં ઉતારી લેવામાં આવે તો વજનમા બરાબર ભરાતી નથી, તેથી, તે સારી પકતી નથી એટલા માટે તે કાચી તોડવી નહિ રત્નાગિરિ અને કોલાબા જિલ્લામાં સોપારીની ઉપલી થોડી છાલ કાઢીને પણ સૂકવવામાં આવે છે અને રોઠા કાઢીને પછી અજારમાં વેચાય છે. સોપારી સૂકવવાની ક્રિયાને લગભગ વીસ દિવસ લાગે છે એક ઝાડ ઉપરથી ૨૦૦થી ૪૫૦ જેટલી સોપારી ઉત્પન્ન થાય છે. સોપારીની જાત ખાસ બહુ નથી.. ડોંગરમાં મરી અને મોરાની એમ બે જાત જાણીતી છે. મોરાની સોપારી મોટી હોય અને તૂરી ખાવાની નથી અને ખાધા પછી કૂચો પડતો નથી અને તૂરી સોપારી ખાવા જેવી ખાવાની નથી. સોપારીની જાત આ પ્રમાણે છે: સોપારી 'શ્રીઆલી', સોપારી છલની, સોપારી આંગરોલી, મોપારી પીનીત, સોપારી લાલ, સોપારી સીમાપૂરી, સોપારી રામ અને સોપારી હસા. નાળિયેરીની માફક સોપારીના ઝાડના બધા ભાગોનો ઉપયોગ થાય છે. સોપારીનું ઝાડ કાપ્યા પછી માંડવા વગેરે કરવામાં તેનો ઉપયોગ થાય છે. નાના નાના મછવા, તરાપા, થાણી કાઢવાનુ દોરડું વગેરે પણ તેમાંથી બને છે. સોપારીનો ઉપયોગ ખાવામા અને રંગવામાં પુષ્કળ થાય છે. તેમાંથી કાથો પણ થાય છે. લીલી સોપારી મીઠી લાગે છે. જુદા જુદા ભાગમાં જુદી જુદી રીતે સોપારીનો વપરાસ છે તે પ્રમાણે તેનુ જુદુ જુદુ વર્ગીકરણ થાય છે. લીલી સોપારીમાંથી દુધિયા સોપારી બનાવવામાં આવે છે. તેના ચીકણી, ગોટી, ગોટુ, આખી એવા વર્ગ પણ છે. ઉપલા ખાટની નરમ ચીકણી સોપારી બનાવીની છે. જાતજાતની મસાલેદાર સોપારી પણ બનાવાય છે. સુવાવડમાં સોપારી બદામ પિસ્તાં સાથે તળીને બાળકોને આપવામાં આવે છે. તેમાં રેચક ગુણ છે અને મુખવાસ તરીકે તે બનાવીની છે. જુદા જુદા સ્થળની સોપારીમાં જુદા જુદા ગુણો હોવાનુ મનાય છે તેવી કેટલીક માન્યતાઓ સસ્કૃત વાઙ્મયમાંથી તારવી અહીં નીચે આપી છે: પાકી લીલી સોપારી દાઢ તોડી નાખનારી અને ત્રિદોષનાશક છે. પકાવીને સૂકવી નાખેલી સોપારી સ્નિગ્ધ, વાતકર અને ત્રિદોષનાશક છે. કુમળી પકાવેલી સર્વદોષનાશક છે આંધ્ર દેશની સોપારી પકાવેલામાં મધુર, થોડી ખારી, તૂરી, કફ અને વાતનાશક અને મોઢામાં બ્રહ્મ ઉત્પન્ન કરનારી મુનિઓએ કહી છે ચોલ દેશની સોપારી પાચક, અગ્નિદીપક, બલપ્રદ, રસાઢ્ય અને કફનાશક છે. શ્રેઢી સોપારી રુચિકર, અગ્નિદીપક, તીખી, તૂરી, ગરમ, પિત્તકારક અને મલસ્તભક છે. બલ્લુલ ગામની સોપારી રુચિકર, અગ્નિદીપક, પાચક અને ત્રિદોષનાશક છે તેના સેવનથી મલસ્તભ, અગ્નિ અને ભેદ નષ્ટ થાય છે ચદ્રાપુરી સોપારી રસકાલમાં મધુર, તીખી, તૂરી, રુચિ ઉત્પન્ન કરનારી, સ્વાદિષ્ટ, અગ્નિદીપક, પાચક અને કફનો નાશ કરનારી છે ગુલાગરી સોપારી મધુર, તૂરી, હલકી, તીખી, દોષ પાતળા કરનારી અને પાચક છે. તૈલાવત ગામની સોપારી કફરોગહર, પાચક, મધુર, રુચિ ઉત્પન્ન કરનાર, સારક, કાર્તિકારક, હલકી, ત્રિદોષનાશક અને રસયુક્ત હોય છે સોપારી મોહ ઉત્પન્ન કરનારી, સ્વાદિષ્ટ, રુચિ ઉત્પન્ન કરનારી, તૂરી, રૂક્ષ, સારક, મધુર, ગુરુ, પથ્ય, અગ્નિદીપક, યોગવાહિ, મોઢાની અરુચિનો નાશ કરનારી, ઊલટી, દ્રવભાવ, વિબંધ, મલ, વાત, કફ, પિત્ત અને મુખદુર્ગંધનો નાશ કરે છે લીલી સોપારી તૂરી, કફની શુદ્ધિ કરનાર, અગ્નિબ્રહ્મક, સારક, ગુરુ, દૃષ્ટિ અને અગ્નિને મદ કરનારી છે તે રક્તદોષ, મોઢાનો મલ, પિત્ત, આમ, કફ, આધ્માન અને ઉદરને નષ્ટ કરે છે. સૂકી સોપારી રુચિ ઉત્પન્ન કરનારી, પાચક, રેચક, સ્નિગ્ધ, વાતુલ, કંઠનો રોગ દૂર કરનાર, ત્રિદોષ નષ્ટ કરનાર છે. પાન વગર સોપારી અધી હોય તો સોજો અને પાંડુરોગ ઉત્પન્ન થાય છે

સોપારીનુ નામ જૂના કાળમાં તે વસઈ પાસે આવેલા 'સોપારા' નામના બદરેથી આવતી તે પરથી પડયુ છે. વિશ્વની વિચિત્રતાઓ

સોપારો ૧ પું એક અપશબ્દ. તે જાણવાને માટે વપરાય છે

૨ પું પુરુષની ઇંદ્રિય.

સોપાશ્રયાસન [સં.] ન. (યોગ) એ નામે એક આસન. તેમા કાખા પગને સાથળ ઉપર જમણો પગ મૂકી, જમણા સાથળ ઉપર કાખો પગ રાખી, પછી કાખા ગોઠણની નીચે યોગપટ્ટક એટલે લાકડાની આશરે છ આંગળ ઊંચી અને મોળ પાટલી રાખી, બેઉ બૂજ જ્ઞાનમુદ્રા યુક્ત કરી તે બંને ગોઠણ ઉપર રાખી દૃષ્ટિ અર્ધ ઊઘાડી સ્થિર કરવાથી થાય છે

સોપો પું. સુષુપ્તિ; રાત્રિના પહેલા પહોરમાં પ્રાણીઓ નિદ્રાવશ થતા વળતો જપ કે શાંતિ.

સોપો પડવો = રાત શાંત થવી

સોકે ૧ જી ભયનો ઘાસકો, ભયનો ગભરાટ; મોંએ શ્વાસ માય નહિ અને મન વિકૃત થઈ ગયું હોય તેવી સ્થિતિ.

૨ જી સોન્યે

સોકજ્વા પુ. શરીર કૃશ થવા એવો વાયુનો એક રોગ

સોફા [અં.] પું. ગાદીવાળો લાંબો બેસવાનો કોચ; ગાદીવાળી ખુરસી બાંધની એક બેઠક. તેમાં એકથી વધુ બેસી શકે છે

સોફ્રાઇટ જી. કોળના થડમાંથી કાઢવામાં આવતા રેષા. આ તંતુઓ કલમ કરતી વખતે બે ડાળીને સાથે બાંધવામાં ઉપયોગી થઈ પડે છે.

સોફ્રાવવું ૧. સ. ક્રિ. ગાળો આપવી.

૨. સ ક્રિ. જોરથી ફેંકવું

૩. સ ક્રિ. સબોડવું; મારવું.

સોફ્રિયા ન. એ નામનું એક માદક પીણું.

દારૂબંધી થયા પછી માદક પૂરક તરીકે વ્યસનીઓનો કબજો લેનાર **સોફ્રિયા** નામના પીણાએ ગઈકાલે પાણ મૃત્યુ નીપજવતા સહેરબરમાં (પોરબંદર) આવકો ભાપી જવા પામ્યો છે. જન્મભૂમિ

સોફ્રિસ્ટ [અં.] પું. સોફિસ્ટિસનો અનુયાયી; તાર્કિક

સોફ્રોકર પું. એક જાતનો પેટનો રોગ

સોફ્લાય [અં.] ન. એક જાતનું ઇવડું. માદાને કરવત જેવું કીડાં મૂકવાનું ગોળ અણીદાર અવયવ હોય છે કે, જેથી તે કીડાં મૂકવા પાંદડામાં કાકાં પાડે છે. તેમાનાં ઘણાં છોડને બહુ નુકસાનકારક છે. જેમકે, ગુલાબ, પાલન અને ટર્નિપની સોફ્લાય.

સોબઢાવવું (સોબડાવવું) સ. ક્રિ. સોબડામાં દેવું; બોલમાં દેવું, લબધારવું; મારવું.

સોબત [અ. સહબત (મૈત્રી)] જી. સંગત; સાથ; મૈત્રી, સંગ.

૧. સોબત કરવી = (૧) સાથ કરવો; સગાથ કરવો. (૨) સ્ત્રીપુરુષનો સહયોગ થવો

૨. સોબત તેવી અસર = જેવી સંગત તેવી અસર થાય

૩. સોબતે ચડવું = સંગ કરવું.

સોબતણ જી. સાથણ; સાહેલી

સોબતી [અ. સહબતી] પું. મિત્ર; સાથી; ભેરિયો; દોસ્ત; સગાથી.

સોબા ન. સૌભાગ્યનું ગીત. તે વરકન્યા પરણી ચિકવા પછી ગણપતિ પૂજન વખતે ગવાય છે.

સોભરિ પું સામવેદનો એક ઋષિ.

સોભાંગી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમા ૧૨ ગુરુ અને ૮૮ લઘુ મળી ૧૦૦ વર્ણની ૧૧૨ માત્રા હોય છે

સોભંજન ન. પંજાબ અને સમુક્ત પ્રાંતમાં થતો એક છોડ

સોભાગ ૧. [સં. સૌભાગ્ય] ન. સારું ભાગ્ય

૨. ન. સુવાસણનું ચિહ્ન; સોહાગ.

૧ સોભાગ ઉતારવો–લેવડાવવો = વિધવાએ ચોટલો વગેરે કઢાવી નાખવાં.

૨. સોભાગ રાખવાં = વૈધવ્ય હોવા છતાં દેવાતણાના ચિહ્ન કાયમ રાખવાં

૩. ન સૌભાગ્ય; હેસાતન.

સોભાગ પાંચમ જી. કાર્તિક સુદિ પાંચમ; સૌભાગ્ય પચમી.

સોભાગપટું ન. બારસાખ ઉપરનું આડું લાકડું

સોભાગવતી [સં. સૌભાગ્યવતી] જી સૌભાગ્યવતી સ્ત્રી; સધવા; સોહાગણ; સોભાગ્યવતી.

સોભાગવંતી જુઓ સોભાગવતી

સોભાગસુંદરી જી. એક જાતનું ફૂલઝાડ. તેનાં પાન ઝીણાં હોય છે. તેમા નારંગી રંગના ફૂલ થાય છે

સોભાગ્યપંચમી જુઓ સોભાગ પાંચમ

સોભાગ્યસુંદરી જુઓ સોભાગસુંદરી

સોભાનઅલ્લા [અ. સુબહાનલ્લાહ] ન. બધા ભગવાન જેવો એક આશ્ચર્યનો ઉદ્ગાર

સોભાનઅલ્લાહ જુઓ સોભાનઅલ્લા.

સોભાંજન પું. સરગવાનું ઝાડ.

સોમ્ય ૧. [સં.] વિ. મનુષ્યલોક અને ગંધર્વ નગર જનોમાં ઉત્પન્ન થનાર; વેદમા વપરાયેલું રુદ્રનું એક વિશેષણ

૨. વિ. શીત અને ઉષ્ણ એવાં બેય રૂપવાળુ

૩. વિ. સોમ નામના ગંધર્વ નગરમાં ઉત્પન્ન થયલ.

સોમ્યનો અર્થ સાચણ પુરુષ અને પાપ બેય વાળો મૃત્યુલોક એમ આપે છે. બૃહ ભાસ્કર સોમના બે અર્થ આપે છે: (૧) સોમ નામનું ગંધર્વ નગર હતું, ત્યા ઉત્પન્ન થયેલો અને (૨) શીત અને ઉષ્ણ એવાં બેય રૂપવાળો.

નાગરિક

સોમ ૧. પું. ઈશાન કોણનો લોકપાલ.

૨. [સં. સ + ઉમા] પું. ઉમા સહ રહેવાવાળા શંકર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

ઉમા સહિત શિવ તે **સોમ** અને ઉમા સહિત શિવ તે સામ્બ. શિવરાત્રે મહિમા

૩. પું (સંગીત) એ નામનો એક અલંકાર; સીતાર બનાવવામાં ઉપયોગી સાત મહેનો એક અલંકાર. તેને પ્રસન્ન મધ્ય પણ કહે છે.

૪. પુ એ નામનો એક દેવ. તે મૃગશિર નક્ષત્રના સ્વામી છે

૫. પું એ નામનો રવિવાર પછીનો દિવસ; સોમવાર.

૬. પુ. (પિંગળ) એ નામે એક વિષમમાત્રિક માત્રામેળ છંદ તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૪૬ લઘુ એમ ૬૮ વર્ણની ૯૦ માત્રા હોય છે.

૭. પુ. એક જાતની માદક વનસ્પતિ; સોમવલ્લી. વેદકાળમાં યજ્ઞ કરનારાઓ જેનો રસ કાઢી દેવોને અર્પણ કરતા અને પોતે પીતા. આ સોમલતાના પચ્ચીસ પ્રકાર આ પ્રમાણે છે:–(૧) અંશુમાન (૨) મુજ્જમાન, (૩) અદમા, (૪) રજતપ્રભ,(૫) દુર્વાસોમ, (૬) કનીયાન, (૭) શ્વેતાક્ષ, (૮) કનકપ્રભ, (૯) પ્રતાપવાન, (૧૦) તામ્રાક્ષ, (૧૧) કરવીર, (૧૨) અંશવાન, (૧૩) સ્વયંપ્રભ, (૧૪) મહાસોમ, (૧૫) ગરુડાહૃત, (૧૬) ચાયજ, (૧૭) ત્રેયુભ, (૧૮) પાંક્ત, (૧૯) જગત, (૨૦) શાક્કર, (૨૧) અગ્નિ, (૨૨) ધ્રોમ, (૨૩) રૈવત, (૨૪) પયોક્ત અને (૨૫) ઉદ્યુપતિ દેવતાઓને અર્પણ કરવામાં ઉપયોગી છે. ઋગ્વેદમાં સોમ સંબંધી ઘણી હકીકત વર્ણવી છે તેને સર્વશક્તિમાન ગણવામાં આવેલ છે અને દેવની પંક્તિમા તેની ગણના થઈ છે. તેને પરમેશ્વર જેમ પણ ગણવામાં આવે છે. આ નામ ચંદ્ર સાથે જોડી દેવામાં આવ્યું હતું. તેટલા માટે ચંદ્રને ઔષધિપતિ પણ કહેવાય છે. સોમરસને તપ, યજ્ઞ અને ઔષધિઓનો મુખી કહેવ.ય છે. વિષ્ણુપુરાણમાં તેને બ્રાહ્મણોનો રાજા કહ્યો છે.

સોમ નાખ્યા = (૧) 'છૂટ્યા, નિરાંત થઈ' એવા અર્થવાળો ઉદ્ગાર. (૨) સોમયાગમાં પૂર્ણાહુતિનું સ્નાન કરવું.

૮ પુ. કપૂર

૯ પું. ચિરજી

૧૦ પુ. કુબેર

૧૧ પું. ગાયત્રીના ચોવીસ માંહેના એક દેવતા.

૧૨. પું. ચદ્રમા; શશી. સોમ દક્ષ ઋષિની ૨૭ દીકરીઓ પરણ્યો હતો. જેઓને ૨૭ ચાદ્ર નક્ષત્રોનાં સ્વરૂપ આપવામાં આવેલ છે ૨૭માંથી ચોથી સ્ત્રી રોહિણીને તે વિશેષ ચાહતો હોવાથી બીજી ૨૬થી એ સહન થયું નહિ. તેથી તેઓએ તેના બાપ દક્ષ પાસે જઈ પણ દક્ષનુ કંઈ ચાલ્યુ નહિ. છેવટે તેણે સોમને શાપ આપ્યો કે, તેને ક્ષય રોગ લાગુ પડશે. તેથી તેની બધી

સ્ત્રીઓને લાગી આવ્યું અને પોતાના પતિને એ શાપમાંથી મુક્ત કરવા દક્ષને આજીજી કરી પણ આપેલો શાપ પાછો ખેંચી શકાયો નહિ. પણ એ શાપની રુખતાર્દ દૂર કરી સોમને અમુક અમુક આતરે ક્ષય થાય પણ કાયમ નહિ એમ નક્કી થયું. તેથી આપણે ચંદ્રને દરરોજ વધતો અથવા ક્ષય પામતો જોઇએ છીએ. સોમે રાજસૂયયજ્ઞ કર્યો, તેથી તે બહુ ગર્વિષ્ઠ અને ઠામી થઈ ગયો અને બૃહસ્પતિની સ્ત્રી તારાને તે ઉપાડી ગયો અને પાછી આપવા | ના પાડી. બ્રહ્માની હુકમ પણ તેણે માન્યો નહિ. ઉશનસ ઋષિ કે જેને બૃહસ્પતિ સાથે વેર હતું તેણે સોમનો પક્ષ લીધો અને સાથે દૈત્યો અને દાનવો પણ તેના પક્ષમાં ગયા ઇંદ્ર અને દેવો બૃહસ્પતિના પક્ષમાં જોડાયા. બહુ મોટો કલહ પેદા થયો. પૃથ્વી ડગમગી ઊઠી શિવના ત્રિશૂળથી સોમનાં બે કટકા થયા. છેવટે બ્રહ્મા વચમા પડ્યા અને પુત્ર અષ્ટાબ્યુ. તારા બૃહસ્પતિને પાછી સોંપી દીધી પરંતુ સોમથી તારાને એક પુત્ર રહ્યો હતો. તેનું નામ બુધ રાખ્યું. તેમાંથી ચંદ્રવંશની ઉત્પત્તિ થઈ તેના બીજા નામ છે: જ્ઞાત્મા (કેમકે તેના શિવના ત્રિશૂળથી કટકા થયા હતા), ચંદ્ર, ઇંદુ, કલાધી, નિશાકર, નક્ષત્રનાથ, શીતમરીચિ, સિતાયુ, મૃગાંક, શિવશેખર, કુમુદપતિ, શ્વેતવાજી વગેરે.

૧૩. પું. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાંના અત્રિ ઋષિનો પુત્ર; ચંદ્ર એનાથી સોમવંશી રાજાઓની ઉત્પત્તિ થઈ છે. એની માનું નામ અનસ્વિની. એનો પુત્ર વર્ચા. આ સોમને બ્રહ્મા અને જ્યોત્સ્નાના નામે બે કન્યા હતી. બ્રહ્મા એ ઉતથ્ય ઋષિને અને જ્યોત્સ્ના વસ્તુપુત્ર પુષ્કરને પરણી હતી.

૧૪. પું. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાંના ધર્મ ઋષિને તેની વસુ નામની ભાર્યાને પેટે આઠ પુત્રો જે વસુ નામના દેવો થયા હતા તેમાંનો એક. આ ચાક્ષુ મન્વંતરમાં સર્વમંડળના અધિપતિ છે.

૧૫. પું. તે એક હોવાથી એક સંખ્યા સાંકેતિક શબ્દ.

૧૬. પુ. પરમાત્મા

૧૭ પું. પાણી

૧૮ પું. પૂર્વ દિશાનો દિક્પાલ.

૧૯. પુ. બ્રહ્માનંદ

૨૦. પું. બુધનું એક નામ.

૨૧ પુ. યમ.

૨૨. પુ. વનસ્પતિ સમૂહ.

૨૩ પુ. વ.પુ.

૨૪. પુ. વાંદરો

૨૫ પું. વિષ્ણુનાં કાનનું બાહ્ય એક નામ.

૨૬. પુ. (પુરાણ) વૈશ્રવણનું મૂળ નામ

૨૭ પુ. સામવેદનો એક ઋષિ

૨૮ પું સામવેદનો એક દેવતા.

૨૯. પુ ઓનો પ્રથમનો વિવાહિત પતિ.

> કે ઓ, જે તારો પહેલો વિવાહિત પતિ તને પ્રાપ્ત થાય છે તેનું નામ સુકુમારતાદિ ગુણયુક્ત હોવાથી સોમ કહેવાય છે. સત્યાર્થપ્રકાશ

૩૦. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાના અત્રિનો પુત્ર. ચાક્ષુ મન્વંતરની પહેલાના સોમમંડળનો આ અધિપતિ હતો.

૩૧ ન. અમૃત.

> સોમ સુધા પીયૂષ અમૃત અમરરાજ સુરભોગ,
> મરત્ત રહે બહુ નીક તાહ્યા. કરી અમી ઉપમાગ.
> પિંગલપ્રકોષ

૩૨. ન. આકાશ

૩૩. ન. (સિદ્ધ) એક જાતનું ત્રિફાળા ઘર. ત્રિફરાદિ એક અક્ષિરવાજા ત્રિરાગ સોજ ઘરો જે જે કાળા છે તે ઘરોમાં વહુદાકે હોય તો તે સોમ નામે ઘર કહેવાય. રાજવલ્લભ

૩૪. ન. ચોખાનું પાણી

૩૫. વિ. કલ્યાણ.

૩૬. વિ. શીતળ; શાંત; સૌમ્ય

સોમઈયા [મા.] પું. (જૂ. મુ.) સોમનાથ; સોમનાથ માટે પંદરમી સદીમાં વપરાતો શબ્દપ્રયોગ. પ્રાન્હડદે વાને કૃષ્ણદેવ ચૌહાણની કીર્તિગાથા ગાતો પ્રાન્હડદેપ્રબંધ પ્રાન્હડદે ચોપાઈ કે પ્રાન્હડદે રાસો પંદરમાં શતકમાં નરસિંહ પછી સભારવા જેવા પદ્મનાભ કવિએ જલોરમાં ઈ. સ. ૧૪૫૬માં રચેલ છે. આ ઐતિહાસિક વીરકાવ્યનો પરિચય આપતાં અંબારામ રાવળ લખે છે કે: કવિનો પોતાના દેશને ક્લેચ્છો વડે રોળાવનાર માણવા માટેનો તિરસ્કાર તથા મુસલમાનો વડે થતા સોમનાથના લિંગના અપહરણનું વર્ણન કરતી જોગા બ્રાહ્મણીની ઊકટતા અનુભવી તેણે કાઢેલા ' પદ્મનાભ પૂછજો સોમર્ગવા, કે થઈ કઠે ત્રિશૂલ ' જેવા ઉદ્ગાર કવિની દેશભક્ત ને સ્વધર્માભિમાનને જ પ્રગટ કરે છે

> ગુજરાતિ સોરઠ સોમઈયા
> ચાહરિ વિસમૂ પીનૂ
> પ્રાન્હડદેપ્રબંધ

સોમક ૧. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને વિદ્યુન્માલા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે ભગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર આવે છે

૨ પું. (પુરાણ) કૃષ્ણને ક્રાંતિદેવીને પેટે થયેલો એક પુત્ર.

૩. પુ. (પુરાણ) પુરુકુલોત્પન્ન પાંડવવંશના સુદાસ રાજાના પુત્ર સહદેવનો બીજો નામ

૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજસમુદાય.

૫. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન પાંચાળ વંશના સહદેવ રાજાનો પુત્ર. એને સો સ્ત્રીઓ હતી. પણ પુત્ર માત્ર એક જન્મુ નામનો હતો એક વખત આ પુત્રને કોઢી કરડી અને તેના દુઃખથી તે મરવા જેવો થઈ ગયો આથી રાજાને બહુ શોક થયો અને વધારે પુત્ર હોય તો સારુ એવી ઇચ્છા થઈ. એવામાં ત્યાં એક બ્રાહ્મણ હતો તેણે રાજાને કહ્યું કે, જો તું આ પુત્રને પશુ છે એમ કલ્પી તું તેને કર, એ પ્રમાણે એને અગ્નિમાં હોમ અને એનો જે ધુમાડો નીકળે તે તારી સ્ત્રીએ સૌઆંન, નાકમાં જવા દે તો તે બધીઓને મર્દ થઈ અનેક પુત્ર થશે. એ ઉપરથી રાજાએ એ બ્રાહ્મણના કહેવા પ્રમાણે કર્યું. એ જન્મુ પૂરુવંશ નામે પ્રસિદ્ધ હતો અને એનો પુત્ર તે તે દ્રુપદ રાજા હતો. કેટલાક કાળ પછી અ. બ્રાહ્મણ અને રાજા થોડી થોડી મુદતને અંતરે મરણ પામ્યા. રાજા સ્વર્ગમાં ગયો અને બ્રાહ્મણ નરકમાં પડ્યો. સ્વર્ગમાં ગયા પછી રાજાને આ વાતની ખબર પડી. તેણે તરત જ યમને વિનવીને કહ્યું કે: આ બ્રાહ્મણને આવી દશા પ્રાપ્ત થવાનું મૂળ કારણ હું પોતે છું. માટે એને સ્વર્ગમાં મોકલો. હું એને બદલે નરકયાતના ભોગવીશ. પણ યમે કહ્યું કે, જેનું તેનું પાપ તેણે પોતે જ ભોગવવું જોઇએ. પણ તું તારે ખોટે કહે છે કે, એનો સાંસર્ગિક પાપી હું છું. તો એ પાપનો કેટલોક હિસ્સો તારે પણ ભોગવવો જોઇએ. આ ઉપરથી પોતે સ્વર્ગમાં ન જતાં રાજા ત્યાં જ રહ્યો. તેણે બ્રાહ્મણનું અડધું પાપ એને ભોગવવા દઈ, બાકીનું અડધું પોતે ભોગવ્યું. ત્યારબાદ સોમક બ્રાહ્મણને કોઢ ગઈ ને સ્વર્ગમાં ગયો

સોમકર પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઋષ્ટિદંડક કહેવાય છે તેમા લઘુ ગુરુનો નિયમ નથી. અંતે ગુરુ આવે છે તેમા ૩૧ વર્ણ આવે છે. ૮, ૮ અને ૧૫ ઉપર યતિ આવે છે

> અંત ગુરુહિ કામસ બરન, ચરન એક પરમાન,
> વસુ વસુ પુનિ પંદ્રહ વિરતિ, કહત **સોમકર** જન.
> રણપિંગળ

સોમકલ્પ પુ. (પુરાણ) બ્રહ્મદેવના ચાક્ષુ માસમાનો ગયેલો ઓગણીસમો દિવસ કે કલ્પ.

સોમકંતો જુઓ સોમક ૧

સોમકુલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; નિરક્ષ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ અને સગણ એમ ૭ અક્ષર હોય છે

સોમકાંત ૧. [સ] પું. એક જાતનું રત્ન; ચંદ્રકાંત; ચંદ્રમણિ.
૨. જુઓ સોમક ૧.

સોમક્ષીરી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; સોમવલ્લી. એના વેલા અરસાણી ચોરની ડાંડલીઓ જેવા હોય છે. તેમાંથી દૂધ નીકળે છે

સોમગોલક [સં.] પું. પિતૃગોલક. તે પિતરોનું સ્થાનક મનાય છે

સોમજ ૧. [સ.] પું. બુધ.
૨. ન. દૂધ
૩. વિ. ચંદ્રથી ઉત્પન્ન થયેલ.

સોમજ્યેષ્ઠા પું (જ્યોતિષ) જૈનનક્ષત્ર પ્રમાણે કૃષ્ણપક્ષના પંદર માંહેનો આઠમો દિવસ.

સોમજ્યેષ્ઠા સ્ત્રી. (જ્યોતિષ) જૈનનક્ષત્ર પ્રમાણે કૃષ્ણપક્ષની એક રાત્રીનું નામ.

સોમતનય [સં.] પું. બુધ.

સોમતનયા [સં] સ્ત્રી. નર્મદા નદી.

સોમતનુજ જુઓ સોમતનય.

સોમતનુજા જુઓ સોમતનયા.

સોમતીર્થ ૧. [સં.] ન. નર્મદા નદીને કિનારે આવેલું એ નામનું એક તીર્થ.
૨. ન. પ્રભાસ.

સોમદત્ત ૧. પું (પુરાણ) સૂર્યવંશના પુરુકુળના અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુ રાજાના અન્વયમાં થયેલા પ્રતીપ રાજાના પુત્ર બાહ્લીક રાજાનો પુત્ર. આને ભૂરિશ્રવા, ભૂરિ, શલ અને શૂરકેતુ એમ ચાર પુત્રો હતા.
૨. પું. વિશાલા નગરીનો વિશાળથી આઠમો રાજા
૩. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુળના કૃતાશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુમતિ.

સોમદા સ્ત્રી. (પુરાણ) એ નામની ઊર્મિલા નામની અપ્સરાની કન્યા. એ પોતે ચૂલિના પુત્ર બ્રહ્મદત્તની માતા થતી હતી

સોમદેવ ૧. [સં] પું. ચંદ્ર
૨ પું. કીર્તિકૌમુદી નામના સંસ્કૃત કાવ્યના કર્તા.

સોમધેય પું. (પુરાણ) એ નામનો ભારતવર્ષીય એક દેશ પૂર્વ દિશાના દિગ્વિજયમાં ભીમસેને આ દેશ જીત્યો હતો

સોમનસ ન. મેરુ પર્વત ઉપર આવેલું એ નામનું વન

સોમનાથ પું. સૌરાષ્ટ્રમાં વેરાવળ નજીક દરિયા કાંઠે આવેલું શંકરનું પ્રખ્યાત જ્યોતિર્લિંગ. સોમનાથનું મંદિર પ્રભાસપાટણમાં આવેલું છે. સૌરાષ્ટ્રમાં વેરાવળથી આશરે પાંચ માઈલ દૂર સમુદ્રકિનારે આવેલું આ નાનું નગર દેવપાટણ તરીકે પણ ઓળખાય છે. શૌર્ય અને ભક્તિનો ૨,૫૦૦ વર્ષોનો ઇતિહાસ આ નાના નગર સાથે સંકળાયેલ છે. સોમનાથના મંદિરનું પ્રાગટ્ય ક્યારે થયું તે કહી શકાય તેમ નથી, પણ માન્યતા એવી છે કે, મંદિર તો સૃષ્ટિ જેટલું જ પુરાતન છે. દંતકથા એવી છે કે, પ્રભાસમાં સોમ એટલે ચંદ્રદેવનું રાજ્ય હતું પ્રજાપતિ દક્ષને ૨૭ કન્યા હતી. તે બધી સોમદેવને પરણી હતી. પણ સોમદેવને રોહિણી માનીતી હતી કારણ કે, રોહિણી સૌથી સુંદર હતી. આથી બીજી બધીઓએ બાંધો પાડી પિતાને ફરિયાદ કરી. તેથી દક્ષે સોમને શાપ આપ્યો. આ શાપથી દૂષિત બનેલો ચંદ્ર ક્ષીણ થવા લાગ્યો. શાપમુક્ત થવા સોમે સોમનાથનું મંદિર બંધાવ્યું. પ્રાચીન કાળથી જ પ્રભાસ યાત્રાધામ તો હતું જ, પણ સોમનાથનું પહેલું મંદિર ઈ સ. ના આરંભમાં બંધાયું હતું. ગુપ્તવંશના યુગમાં ઈ. સ. ૩૨૦થી ૬૦૦ સુધી સોમનાથની મહત્તા ઘટી ગઈ. કારણ કે, એ યુગના રાજાઓ વૈષ્ણવ હતા; શિવપંથી ન હતા. તેમ છતાં પશ્ચિમ ભારતના રાજાઓ ચુસ્ત શૈવપંથી હતા. પણ આ યુગ બહારની રાજાઓની ઊથલપાથલનો હતો. ઈ સ. ૭૫૫માં વલ્લભી સામ્રાજ્યનું પતન થયું. સિંધના સુબાએ મોકલેલા આરબ સરકરે તેનો નાશ કર્યો તેની સાથે પ્રભાસનું પણ પતન થયું. પરંતુ બીજા નાગભટ્ટે આરબ આક્રમકોને હરાવીને હાંકી કાઢવા ત્યારે સોમનાથની મહત્તા પાછી એકાદ બે વધી. એ સમયમાં એટલે ઈ સ. ૮૧૫માં સોમનાથનું ત્રીજું મંદિર ઊભું થયું. એ લાલ પથ્થરનું હતું. એ યુગમાં સૌથી મોટી ધમારતોમાં તેની ગણના થતી હતી આ ત્રીજા મંદિરની એટલે ઈ સ. ૮૦૦થી ૯૫૦ સુધી સોમનાથની કીર્તિ પરાકાષ્ઠાએ પહોંચેલી પોણો સમય વીત્યા બાદ આ રાજાઓની સત્તા નબળી પડી. મુસ્લિમ સાહસિકો નસીબ અજમાવવા નીકળી પડ્યા. એમાં મહમદ સૌથી આગળ પડતો હતો. એ જ્ઞાત મેળવતો ગયો અને સલ્તનત વિસ્તારતો ગયો. છેવટે તેની નજર પ્રભાસ ઉપર પડી. તે જાણતો હતો કે, પ્રભાસ મજબૂત કિલ્લેબંધીમાં સુરક્ષિત છે; એટલે તેણે જબરદાન લશ્કર સાથે ચડાઈ કરી. સોમનાથના રક્ષણ માટે હોરો અપૂર્વ વીરતાથી આઠ દિવસ સુધી લડ્યા. આઠમે દિવસે બીજા સમાચ ખેલાયો અને સોમનાથ મંદિરને બચાવવા અર્ધો લાખ માણસ લડ્યા. છેવટે આક્રમણખોરોનો વિજય થયો. મહમદ ગઝનવી કિલ્લામાં અને પછી મંદિરમાં દાખલ થયો. તેણે શિવલિંગ ભાંગ્યું અને મંદિર બાળ્યું પણ મહમદનો વિજય ક્ષણિક બન્યો પ્રભાસની મદદે રાજા પરમદેવ સૈન્ય સાથે આવતો હતો એમ સાંભળી મહમદ એક માસની અંદર જ પ્રભાસ છોડી ગયો. ગઝનવીની વિદાય પછી ગુજરાતનો સૂર્ય મધ્યાકાશમાં ચમક્યો. પ્રતિભાસંપન્ન રાજાઓની પરંપરાથી ગુજરાત મહત્તાની પરાકાષ્ઠાએ પહોંચ્યું. સોમનાથે પોતાની મહત્તા પાછી મેળવી. મંદિર અને નગરની પુનર્રચના કરવામાં આવી અને વળી ભદ્યોજ્જાલીના યુગની શરૂઆત થઈ એનો યશ સમ્રાટ કુમારપાળને ઘટે છે આ નવું મંદિર તેના પુરોગામીઓ કરતાં કદાચ મોટું અને ભવ્ય હતું. વિશાળ સભામંડપ, સુંદર ઘોજ, આગળ ઓગાન, મંડપાકારની જગતીકારી એ બધાંની રચના એ વખતે કરવામાં આવી. આ નવું મંદિર કાળના આક્રમણ સામે ઊભું રહી શકયું છે. જોકે એને પણ ઘણું સહન કરવું પડ્યું છે, છતાં સમારકામ તો કરી શકાય તેમ છે. ઈ. સ. ૧૧૬૯માં પાંચમું મંદિર બંધાયું, ત્યારથી સો વરસ સુધી તો તે સલામત રહ્યું. પણ તે પછી ગુજરાતની પડતી થઈ આ પડતીનું મુખ્ય કારણ તેરમી સદીના અંત ભાગમાં અલ્લાઉદ્દીન ખીલજી બન્યો અણહિલવાડના બસો વર્ષના સમયકાળ પછી ઔરંગઝેબે મંદિરનો સંપૂર્ણ નાશ કરવાનો હુકમ કર્યો કે જેથી તેનું સમારકામ પણ ન થઈ શકે. પણ મરાઠાઓની સત્તા પણ વધતી જતી હતી અને ઔરંગઝેબ ખેંચેન રહેતો હતો. ઔરંગઝેબના સરદારોએ મંદિરનો નાશ કરવા પ્રયાસ કર્યો, પણ સંપૂર્ણ નાશ ન થઈ શક્યો. ઔરંગઝેબના કાળથી મંદિર મૂર્તિ વિનાનું બન્યું. સોમનાથની મૂળ ઉત્પત્તિ અને મહિમા સ્કંદ પુરાણમાં નીચે મુજબ છે: સૌરાષ્ટ્રની ભૂમિ તે કાળમાં પ્રભાસ ક્ષેત્ર નામથી પ્રસિદ્ધ હતી. ઋગ્વેદના સાતમા અષ્ટકમાં ' यत्र प्राची सरस्वती यत्र सोमेश्वरो देवः ' વાળો વેદમંત્ર આજે પણ મોજૂદ છે. વળી સ્કંદપુરાણનો સાતમો ખંડ પ્રભાસખંડને નામે પ્રસિદ્ધ છે તેમાં વેદવ્યાસ કહે છે કે, દિવના દ્વાદશ જ્યોતિર્લિંગમાનું સોરઠી સોમનાથ ઉત્તમોત્તમ છે પૃથ્વી ઉપર પાંચ સકાર દુર્લભ કહ્યા છે. તેમાં એક સકાર સોમનાથ છે પુરાણોમા સોમનાથને નામે જે જ્યોતજ્યોતની

કલ્પનાઓ થયેલી જોવામા આવે છે તેમાની એક છે ચદ્ર અને રોહિણીને લગતી ચદ્રની બીજી સ્ત્રીઓએ પોતાના પિતા દક્ષ આગળ ફરિયાદ કરી તેથી ચદ્રદેવના સસુર દક્ષે ચદ્રને પદર દિવસ સુધી ક્ષીણ થવાનો અને તાર પછીના પદર દિવસે ફરીને વધતા જવાનો શાપ આપ્યો શાપના નિવારણ માટે ચદ્રે દક્ષને પ્રાર્થના કરી. ત્યારે દક્ષે કહ્યું કે પદર દિવસના ક્ષય પછી ઉત્કર્ષ લાવવા માટે તમારે જ્યા સરસ્વતી સમુદ્રને મળે છે ત્યાં સ્થાપિત થયેલ શિવની પૂજાઅર્ચના કરવી અને રાત્રે સન્નિધામાં રનાન કરવુ. કહે છે કે, શિવે ત્યાં પોતાનુ સ્વયભૂ જ્યોતિર્લિંગ પ્રગટ કર્યું. આમ જે શિવસ્વરૂપ પ્રગટ થયુ તે ચદ્ર કે સોમના ઈશ્વર ને સોમેશ્વર અથવા સોમનાથ. દતકથા કહે છે કે, ચદ્રે આ મદિર સુવર્ણનુ બધાવ્યુ હતું. કેટલાક સોમનાથનો એવો અર્થ પટાવે છે કે, સોમવિદ્યાના યોગીઓના પ્રાણબધને લીધે સોમેશ્વર કે સોમનાથ નામ પડેલુ હોવુ જોઈએ એ આ યોગીઓ એમની મુદ્રાથી સોમરસનુ પાન કરતા અને શિવોપાસના કરતા. તે ઉપરથી કદાચ તેમણે પોતાના આરાધ્ય દેવને સોમનાથ એવું નામ આપ્યું હોવું જોઈએ. મહાભારતની કથા અનુસાર પાંચ પાંડવોમાંના વડીલ બધુ ધર્મરાજા પ્રભાસપાટણ આવ્યા અને ખુદ પ્રભુ તરીકે સદીઓથી જેઓ પૂજાતા હતા તે શ્રીકૃષ્ણે પ્રભાસપાટણમાં રૌપ્ય મદિરની સ્થાપના કરી ઈ. સ. ના પહેલા સૈકાથી સોમનાથ પાશુપત સપ્રદાયનું મહાન કેંદ્ર બની ગયેલું. આ પ્રથમ મદિરના અવશેષો ખોદકામ દરમિયાન આ સ્થળેથી જ મળી આવ્યા હતા. પુરાતત્ત્વવિદોના સશોધન મુજબ જ્યારે વલ્લભીપુરનું રાજ્ય ભારતવર્ષમાં અગ્રગણ્ય સ્થાન ભોગવી રહ્યું હતુ ત્યારે ઈ. સ. ૫૦૦ થી ૭૦૦ ના ગાળામાં સોમનાથનું બીજુ મદિર બાંધવામાં આવ્યુ હતું. આ મદિરના બાધકામ ઉપર ઈ સ. ૮૦૦ની આસપાસ એક ત્રીજુ મદિર પણ બાધવામાં આવ્યું હતું. એ લાલ પથ્થરનુ હતુ. એ યુગની સૌથી મોટી ઈમારતોમા તેની ગણના થતી હતી. કનોજના ગુર્જર પ્રતિહાર રાજાઓએ ઈ. સ ૮૦૦ થી ૯૫૦ સુધી સોમનાથની પૂજા કરવાનુ ચાલુ રાખ્યુ હતું. ભારતના પ્રવાસે આવનારા આરબો પણ આ મદિરની પવિત્રતાથી અંજાઈ ગયા હતા અગિયારમી સદીના અલબરુનીએ અને તેરમી સદીના માર્કો દ પોલોએ સોમનાથની એક મહત્ત્વના વેપારકેન્દ્ર તરીકે નોંધ કરી હતી. તેઓમાના કેટલાકના મતવ્ય મુજબ, મદિર એ ગાળામાં કલ્પી ન શકાય તેટલુ સમૃદ્ધ હતું. આ મદિરની જાળવણી માટે ૧૦,૦૦૦ ગામડા આપવામાં આવ્યાં હતા. આ પવિત્ર સ્થળની પાસે ૨૦૦ મણ વજનની સોનાની સાંકળી હતા અને ઝિવપૂજાના નક્કી કરેલા સમયની એ ઘટડીઓના રણકાર દ્વારા જાહેરાત કરવામાં આવતી હતી આ બંડની પાસે એક કોઠાર હતો. તેમા મૂલ્યવાન પથ્થરો અને સુવર્ણ ચાંદીની મૂર્તિઓ સગ્રહવામાં આવી હતી. મદિરના પૂજાગૃહને રત્નજડિત ઝુમરો અને મૂલ્યવાન ફેનચેરેમી પડદાઓ શોભાવી રહેતા હતા. આ મદિરની સમૃદ્ધિ અને કીર્તિએ મહમદ ગઝનવી માટે આકર્ષણ ઊભુ કર્યું અને તેણે ઈ. સ. ૧૦૨૫ મા સોમનાથ ઉપર આક્રમણ કર્યું. આમ આ તુર્કી વિજેતાએ ત્રીજી વાર બંધાયેલા મદિરનો નાશ કર્યો હતો અને તેની સમૃદ્ધિની લૂટ ચલાવી હતી. આ બનાવ સબધે બે અભિપ્રાય પડે છે: એક સત્ય અને બીજુ કાલ્પનિક. દિવસના અને અલબરુનની જેવા મુસ્લિમ તવારીખકારોએ જ તેનું વધારે પડતું વર્ણન કર્યું છે. ઉપરની દલીલની સત્યતા તપાસતાં એમ લાગે છે કે, જો મહમદ ગઝનવીના બેદાન-બેદાનમા તથ્ય જ હોય તો તે સમયના મેરુતુંગાચાર્યના પ્રબધ જેવા ગ્રથોમાં તેની વિજયનો જરાયે ઉલ્લેખ થયેલ નથી. આમ હકીકત હોવાથી પરદેશીઓએ હિંદીઓને બદનામ અને હલકિત કરવા માટે કેટલાંક જાહ્યાં કેલાવેલ એમ પણ માની શકાય. અને મહમદ ગઝનવીની સવારી પણ એક જાહ્યા હોવાની માન્યતા પ્રચાર પામી છે. મહમદ ગઝનવીની લૂંટ પછી તરત જ માળવાના સમ્રાટ ભોજ અને ગુજરાતના રાજા ભીમે સોમનાથનાં ખડેરો ઉપર ઓથા મંદિરની રચના ઈ સ. ૧૦૪૨માં કરી હતી. ઈ. સ. ૧૧૬૯માં મહાન રાજવી કુમારપાળે ત્યાં પાંચમી વાર મદિરની સ્થાપના કરી હતી. તેના અવશેષ અત્યારે પણ મોજૂદ છે. ઈ. સ. ૧૨૮૭મા સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુગખાને મદિરને નુકસાન પહોંચાડ્યું હતું અને મૂર્તિનો નાશ કર્યો હતો આ ચડાઈનુ વર્ણન કવિ પદ્મનાભ કાન્હડદે પ્રબધમાં વિસ્તારથી નોંધે છે તેનું બીજુ વર્ણન જિનપ્રભસૂરિજીએ લખેલ તીર્થકલ્પ નામના જૈન સાહિત્યગ્રથમા જોવા મળે છે. તેના વર્ણન મુજબ ઉલુગખાન લિંગના ટુકડા કરાવી, ગાડામાં નખાવી દિલ્હી લઈ ગયો હતો. ઈ. સ. ૧૩૦૮ અને ૧૩૨૫ વચ્ચે ચૂડાસમા વસના મહિપાળદેવે મદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. આ પછી ફરીથી ઈ સ. ૧૩૭૫માં ગુજરાતના સુલતાન મુઝફરશાહ બીજાએ આ મદિરની મૂર્તિને ખસેડી હતી. થોડા વર્ષો પછી લોકોએ પોતે જ મૂર્તિની પુન. સ્થાપના કરી હતી. અમદાવાદના સ્થાપક અહમદશાહે ઈ સ. ૧૪૧૪મા ફરીને મદિરની ભાગફોડ કરી હતી અને મૂર્તિને ઊઠાવી ગયો હતો. પરંતુ થોડા વર્ષોમા મદિરની પુનરચના કરવામા આવી હતી. ગુજરાતના બીજા સુલતાન મહમદ બેગડાએ ઈ સ. ૧૪૫૬મા મૂર્તિ બસેડીને મદિરને મસ્જિદમાં ફેરવ્યું. નામ્યુ હતુ પણ લા.ર પછીના થોડા જ વર્ષોમા ફરીને આ મદિરની સ્થાપના થઈ હતી. મોગલ યુગમાં સોમનાથ મંદિરનો ઉત્કર્ષ ચાલુ રહ્યો હતો ઈ સ ૧૫૬૦માં અકબરના વખતમા તેનો પુનરુદ્ધાર થયો. ઈ. સ. ૧૭૦૬માં મોગલ બાદશાહ ઔરગઝેબ મદિરનો ફરીથી નાશ કર્યો હતો. ઔરગઝેબ પછી મારવાડના રાજે પણ સોમનાથની ગેરહાજરે કરેલી; પણ જૂનાગઢના દિવાન અમરજીએ પાછુ સોમનાથ જીતી લઈ જૂનાગઢના શાસન હેઠળ રાખ્યું. છેલ્લે ઈ. સ. ૧૭૮૩માં અહલ્યાબાઈ હોલ્કરે મૂળ સોમનાથથી એકાદ માઈલને છેટે એક નવુ સોમનાથ બંધાવી તેનો જીર્ણોદ્ધાર કર્યો હતો. મૂળ શિવલિંગનું અનેક વાર ખંડન થયેલુ એટલે આ નવા શિવલિંગને ભૂગર્ભમાં ઊતારવામાં આવેલ. પણ તે જમાનામાં સોમનાથની ખ્યાતિ વીસરાઈ ગયેલી હતી. તે દૂર દૂરના ખૂણામાં આવેલ હોવાથી તીર્થસ્થાન અને યાત્રાધામ તરીકે તેનું મહત્ત્વ ઓછું થઈ ગયું હતું આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: પ્રભાસપાટણમાં સમુદ્રકિનારે સ્વયંભૂ સોમનાથ મહાદેવનું જ્યોતિર્લિંગ હતું, જ્યાં તેનું મોટું, ભવ્ય, દિવ્ય, કીમતી મંદિર બાધેલું હતું. આ કારણથી પણ આ શહેર બહુ પ્રસિદ્ધ થઈ ગયું છે. પ્રાચીન અર્વાચીન રાજા મહારાજાઓએ જે મદિર ઉપર વધુ ને વધુ ખર્ચ કરી તેને સુશોભિત કર્યું હતું એ મદિરમાં કોતરકામવાળા ૫૬ રત્નજડિત સ્તભો હતા. ચારેય બાજુએ કારીગરીનો અજોડ ભડાર હતો. હીરા માણેકનો પાર ન હોતો. ચારેય બાજુએ હિંદુસ્તાનના જુદા જુદા હિંદુ રાજાઓના નામો, ઈતિહાસ અને બિરુદો કોતરેલા હતા. અદરના ભાગમાં મહાદેવનુ સ્વયંભૂ બાણ હતું. દરરોજ હજારેક ભાવિકો તેની પૂજા કરતા. પૂજાના જળ માટે ગગાજીથી હમેશહમેશ ગગાજળ, લોટા આવતા અને ઠેઠ કાશ્મીરથી પુષ્પોના કડિયા આવતા. પૂજા વખતે સેંકડો નટ નટીઓ નૃત્ય કરતાં. સોનાની સાકળે ટાંગેલ રત્નજડિત દીવીઓ કે ગાડામા ઘીના દીવા અખંડ બળતા. દરવાજાનાં બારસાં સોનાજડિત સુખડના હતાં. ઠેકાણે ઠેકાણે સોનાના અને રત્નોના ભંડાર

હતા. હિંદુસ્તાનના પ્રત્યેક વિભાગમાંથી હજારો યાત્રાળુઓ આવતા અને મંદિરની સમૃદ્ધિમા વૃદ્ધિ કરતાં. આ મંદિરની ખ્યાતિથી અન્ય ધર્મના વિદેશી લોકો આકર્ષાઈ ત્યાં જોવાને આવતા અને તેના તેઓ આકર્ષક વર્ણન લખતા. એક વિદ્વાન ચીની મહાશયે તેનું, તેની સમૃદ્ધિનુ ભવ્ય વર્ણન કરેલું છે. ફરગ્યુસનના હિંદના ઇતિહાસના બીજા ભાગમા નીચ પ્રમાણે વિગત મળે છે. આ દેવાલય તેના કદ માટે કંઈ ખાસ અસાધારણ નહિ હોય. ૧૩૦ ફૂટ કરતાં તે વધારે નહિ હોય. તેના મંડપના ઘુમટનો વ્યાસ ૩૩ ફૂટ છે અને તે સમયમાં એવડા મોટા ઘુમટવાળા મંદિરોમાં તેને એક ગણી શકાય. મહમદ ગઝનવીના સોમનાથના ધેરાનું વર્ણન વાંચતાં માલૂમ પડે છે કે, તેમિનાથના મંદિરની બાંધણી તેને ચોતરફ દિવાલ હતી અને દિવાલની અંદરનો ઓઠ બરોબર આકર્ષક હોવો જોઇએ. નેમિનાથનાં મંદિર જેવી જ તેની રચના છે. પણ કદમાં તે નેમિનાથના મંદિરથી એવડુ છે. ઓટલે પ્રમાણમાં સોમનાથના મંદિરનો ચોક વિશાળ અને ભવ્ય હોવો જોઇએ; કોતરકામની કારીગીરીના બાકી રહેલ અવશેષો જોતાં માલૂમ પડે છે કે, કોતરકામ બરોબર એ જમાનામા જેને ક્રિક કહેવામ તે પ્રકારનુ હતું. મંદિરમાં અત્યારે મોજૂદ પડતા અવશેષો નવમી કે દશમી સદીના છે. તેને માટે શંકા છે. બારમી સદીમાં તેનો પુનરુદ્ધાર થયા પછીનો તો તે નહિ એક ઇતિહાસકાર લખે છે કે, ઈ. સ. ૧૯૪૭ની ઓગસ્ટની પંદરમી તારીખે ભારત આઝાદ થયું અને સર્વત્રમો અદૃશ્યા. આર્થિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ૮૬ ટકા જેટલા હિંદુઓની વસતી ધરાવતા જૂનાગઢનું ભાવિ પાકિસ્તાન સાથે જોડાયું અને ત્યાના મુસ્લિમ રાજવી તેના કુટુંબ સાથે પાકિસ્તાન ચાલ્યો ગયો નવાબની નાસભાગથી રાજકીય પરિસ્થિતિ પલટાઈ ગઈ ને વહીવટી તંત્રમાં ભંગાણ પડ્યું. આ હાડમારી દૂર કરવાના હેતુથી જૂનાગઢના દીવાન સર શાહનવાઝ ભુટ્ટોએ ઈ. સ. ૧૯૪૭ના નવેંબરની આઠમી તારીખે ભારત સરકારના પ્રાદેશિક કમિશનરને જૂનાગઢનો વહીવટ સંભાળી લેવાની વિનંતિ કરી. તા. ૯મી નવેંબરે ભારત સરકારે જૂનાગઢના વહીવટની લગામ પોતાને હસ્તક લીધી. તા. ૧૩મી નવેંબરે ભારતના નાયબ વડા પ્રધાન, લોખંડી પુરુષ, સરદારશ્રી વલ્લભભાઈ પટેલ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પધાર્યા ને ઢાકા સાહેબ ગાડગીલ તથા મહારાજા જામસાહેબ સ.થે સોમનાથની મુલાકાત લીધી ભારતની અખંડતાના પ્રતીક સમા સોમનાથ મંદિરનાં ખંડેરો જોઈને સરદારશ્રીને ખૂબ દુઃખ થયુ અને સોમનાથનો જીર્ણોદ્ધાર કરવાની પ્રતિજ્ઞા લીધી. આ યોજનાને અમલમાં મૂકવા શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપણા હેઠળ એક સલાહકાર સમિતિની નિમણૂક કરવામાં આવી ને સૌરાષ્ટ્રના રાજપ્રમુખ નામદાર જામસાહેબના પ્રમુખપદ હેઠળ એક ટ્રસ્ટીમંડળની રચના પણ ભારત સરકારે કરી. સોમનાથના પ્રાચીન મંદિરોનુ સ્થાન નિશ્ચિત કરતાં કેટલુક ખોદકામ કરવામાં આવ્યું હતુ. ભારત સરકારના પુરાતત્વશાસ્ત્રીઓની સહાયથી પાચ જુદાં જુદા મંદિરોના થર એકબીજાની ઉપર મળી આવ્યા હતા. આખરે પુરાણા મંદિરના જમીનદોસ્ત કરવાનો અને નવાં મંદિરની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગ.ઝ.ની "મહાગજા જામવનમિહજી વાચનમાળા"મા લખ્યુ છે કે: સોમનાથનું મૂળ મંદિર લાલ પથ્થર ને ઈંટની ઊભણી ઉપર સામના કરપન થબો ઉપર ઊભેલુ હતું. મંદિરને સોનાના ઝગઝગતા કળશો હતા. સભામંડપના થંભો ઉપર કીમતી હીરા, માણેક ને મોતી, પાનાં ને પોખરાજ જડેલાં હતા મંદિરના ગભારામા જમીનથી બે હાથ નીચું ને પાચ હાથ ઊંચુ મહાદેવનુ લિંગ હતુ. પૂજા માટે રોજ કાશ્મીરથી પુષ્પો આવતા. અભિષેક માટે હારીથી ગંગાજળ લાવતા. ગભારામા રત્નજડિત દીપમાલા અખંડ જગતી. એક હજાર બ્રાહ્મણો રોજ પૂજામાં રોકાતા. સિંગની નક્કર ૨૦૦ મણ વજનની સોનાની સાંકળે લટકાવેલો ઘંટ હતો. આરતી ટાણે અદર એ ઘંટ વાજતો. મંદિરને દરવાજે સાડીત્રણસો વૈશ્યાઓનું સંગીત થતું. સેકડો યુવક કન્યાઓ નૃત્ય કરત. તમને મંદિરની તિજોરીમાંથી રોજ પચ્ચીસ મણનો તિજોરીમાં રત્નજડિત કપડા, કીમતી રત્નો અને સોનાની મૂર્તિઓનો પાર ન હતો. દર મહિનાને દિવસે મહાદેવનાં દર્શન કરવા માટે એક લાખ લોકો જેવા મળતા ભારતભરના હિંદુ રાજાઓ સોમનાથની યાત્રાએ આવતા. તેમણે અનેક પાણીદાર રત્નો અને ૧૦,૦૦૦ ગામો મંદિરને દાનમાં આપ્યા હતાં સોમનાથ પાટણની આસપાસ મજબૂત ગઢ હતો ગઢને ફરતી ઊંડી ખાઈ હતી. મંદિરની આસપાસ અષ્ટકોણ આકારનો વિશાળ ખડ છે. આ ખડને ચારેકોર ચાંભળે અજબ કોતરકામ અને નકશીકામ જોવા મળે છે. ઝીણવટથી અભ્યાસપૂર્વક કોઈ જુએ તો એમાંથી એક એક મૂર્તિનો સ્પષ્ટ ખ્યાલ મળી રહે. આજે તો કોઈ મૂર્તિનો પગ ભાંગી ગયેલો છે; તો કોઈ મૂર્તિનો હાથ ખંડિત થઈ ગયો છે. કોઈનું નાક નથી તો કોઈનું માથુ નથી. એટલે પહેલી જ નજરે એની મૂળ સ્થિતિનો ખ્યાલ આવી શકતો નથી. આ અસભ્ય કોતરેલી મૂર્તિઓમાની કોઈ ગણેશની છે, તો કોઈ નર્તિકાની છે, કોઈ સંગીતકાર નાયકની હોય એવી લાગે છે. તો કોઈ શિવના તાંડવ નૃત્યની લાગે છે. આ મૂર્તિઓ ઉપરાંત આ સ્તંભોમાં જે નકશી કોતરેલી છે, જે કલાના નમૂના કંડારેલા છે, એ આખનો વિસામો મંગી લે તેવા છે. આ મંડપખંડની બહુ બાજુએ વિશાળ મહાસાગરના પ્રચંડ મોજાંઓ સતત અથડામાં કરે છે; આ થી કરીને, સખ્યાબધ વિમાનો આપણી આસપાસ ઘૂમતાં હોય એવો ઘૂમવાટ સંભળાયા કરે છે. હાલના મંદિરની પીઠ નીચેથી ૨૦ કે ૨૫ ફૂટ ઊંડેથી સ્થાપત્યપીઠોના થરના થર નીકળી આવ્યા છે જૂના શિવાલયના અભ્યતરમાંથી જે જે કલાની મૂર્તિઓ મળી આવી તેને સલામત કાઢી લઈ ને પ્રાચીન અવશેષો તરીકે સંગ્રહાલયમાં રાખવામા આવેલ છે આ મંદિરના પાયાનું ખોદકામ ૨૬ ફૂટ ઊંડે થતાં મુખ્યમાં ત્રણ પરીઓ મળી આવેલી. પહેલી મૈત્રીક સમયની બીજી બીમદેવ ને ત્રીજી પરમ ભટ્ટારક કુમારપાળના સમયની સ્પષ્ટ જણાય છે. એટલું જ નહિ પણ શિલ્પનાં બાબતની નીચેની બહારિશાઓ પણ એક જ કેન્દ્ર ઉપર ઉત્તરોત્તર મુકાયેલી છે. તેની સાથે જળાધારીમાં થતા અભિષેકનું પાણી બહાર લઈ જનારી બાજુ એ જ શિલાઓની સપાટી ઉપર મંદિરની જમીનમાં કાર્ય બહાર જતી દરેક થરમાંથી નીકળતી દૃષ્ટિએ પડે છે. વળી હાલની સપાટીની નીચે ૧૦ ફૂટ જેટલે ઊંડેથી કાળા આરસની કરસબંધી મળી આવે છે. તે ઉપરથી કુમારપાળના સમયમાં બંધાયેલા ભવ્ય મંદિરના અવશેષો સ્પષ્ટ હાથ લાગે છે. પુરાતની મંદિર તોડી તે જગ્યાએ નવુ શિવાલય બાંધવાનુ કામ રાજ્ય છે શરૂઆતમા સમારકામ કરવામાં આવ્યું. શિલ્પીઓએ આ પુરાણા શિવલિંગની બહારિશા, કુમરિશા તથા જળાધારીનુ બારીકાઈથી અવલોકન કરેલુ તેમા એવુ જણાએલું છે, આ બધા થર વજલેપ અને સીસાથી જમાવેલ છે. આ બધી પટ્ટી છએ પાસાએ સંધાડાઉતરે કોરી કાઢેલી સફાઈદાર હતી. આ પછી મૂળ પાયામા મંદિરના આધારે પૂરેપૂરા સશોધન પછી નવા મંદિર માટેનો નમૂનો તૈયાર કરવામાં આવ્યો હતો હાલમા અંદરનુ એક જ મંદિર બાંધવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને આ બાંધકામ પ્રમાણમાં ઓછે ખર્ચે થવાનું છે જ્યારે મંદિરનુ પ્રવેશદ્વાર સુધી કામ પહોંચ્યું છે. તેમાં ગોંગાના થર કર્ક જગ્યર, અબ્જર, નરજર એમ સાત પ્રકારના બહતન શિલ્પવિધાનની

ચર દેવ.માં આ.વ્યા છે. જૂના મંદિરને ઉખેડતાં તેમાંથી કાળી લાદી હાથ લાગેલી આ રાષ્ટ્રપુરુષના મંદિરની લિંગપ્રતિષ્ઠાવિધિ તા. ૧૧ મે ૧૯૫૧ના શુભ દિને માનનીય રાષ્ટ્રપતિ ડો. રાજેંદ્રપ્રસાદના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. તે વખતે રાજ્યની આમંત્રિકાઓ અનુસાર, દરેક ખૂણેથી માટી, સમુદ્રો અને સરિતાઓના જળ ધાર્મિક વિધિઓ ઉપરોક્તમાં લેવામાં આવ્યાં હતા. આ પ્રસંગે બરાબર સવારના ૯- ૪૩ કલાકે રાષ્ટ્રપતિએ સુવર્ણરાલાકા વડે જ્યોતિર્લિંગની પુનઃ પ્રતિષ્ઠાનો વિધિ કર્યો હતો. તે જ ક્ષણે સંકડો બ્રાહ્મણોના મુખમાંથી વેદમંત્રોનો ઘોષ થઈ રહ્યો હતો તેની સાથોસાથ પ્રચંડ લોક મેદનીએ 'જય સોમનાથ'ના જયનાદો અને ૧૦૧ તોપો ફૂટવાની ગર્જનાથી આખું જ વાતાવરણ ધર્મધ્વનિથી ગાજી ઊઠ્યું હતું મંદિર પાસેના સાગર કાંઠા પાસે જમા થયેલા એકઠો વધારાઓમાંથી પણ તોપો ફૂટી હતી અને સોમનાથની પુનઃ પ્રતિષ્ઠાને વધાવવા માટે સાગર પણ જાણે ઊછળી રહ્યો હતો. આમ એક હજાર વર્ષ પછી આ ઐતિહાસિક, ભવ્ય પ્રતીક સમા ઉત્થાન, અવનતિ અને પુનરુત્થાનના ઇતિહાસ સમા, સૈકાઓ સુધી ગુજરાતના ધાર્મિક રાજનગર પદને શોભાવતા સોમનાથ પાટણના પ્રકાશ અને પ્રતાપ સમા મહાકાળ સોમનાથ ફરીથી ચિર નિદ્રામાંથી ઊઠે છે અને જૂની ભસ્મમાંથી પુનર્જન્મ પામે છે. આમ એક હજાર વર્ષ જૂના રાષ્ટ્રીય કલંકનું પ્રાયશ્ચિત થાય છે અને સૌરાષ્ટ્રની લોકપ્રજાતિ વચ્ચે સૂતેલો અમર સોમનાથનો આત્મા જાગે છે. સોમનાથનું સ્થાન અતિ પ્રાચીન કાળથી લોકપૂજનનું મહાન પદ ભોગવતી રહ્યું છે. સત્યયુગમાં તેનું નામ ભૈરવેશ્વર, ત્રેતામાં શ્રાવણીકેશ્વર, દ્વાપરમાં ગલવેશ્વર અને કળિયુગમાં સોમેશ્વર તરીકે તેને પુરાણોએ ઓળખાવેલ છે. કહે છે કે, આ મંદિર ૧૩ માળનું ઊંચું હતું અને તેને ૧૪ સુવર્ણ કળશ હતા તેની ધજા ગગનમાં એટલે ઊંચે ફરફરતી કે દૂરદૂરનાં વહાણો તેને સોમનાથનું મંદિર પીછાની લઈ તે તરફ હંકારતા. મેઘલી રાતે સોમનાથનો જે અખંડ દીવો બળતો દેખાતો તેને જોઈને ચંદ્રશેખરીઓ પોતાના હોકાયંત્રની મદદથી માર્ગક્રમ મોડવતા. તેના દ્વાર હીરારત્નજડિત હતાં આ નૂતન રાષ્ટ્રપુરુષમાં એનું માહાત્મ્ય જેમનું તેમ અખંડ રહ્યું છે એ તેની વિશિષ્ટતા છે. રાષ્ટ્રપુરુષમાં એ તેનું માહાત્મ્ય અખંડ રહે છે.

સોમનાથ પટ્ટણ ન. સૌરાષ્ટ્રને દક્ષિણ કિનારે આવેલું એક બંદર. તે સોમનાથ મહાદેવના મંદિર માટે પ્રખ્યાત છે ત્યાનું શિવલિંગ અવતારના બાર જ્યોતિર્લિંગ માહેનું એક ગણાય છે.

સોમનાથેશ્વર પું. એ નામના એક શંકર. તેનું સ્થાન નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ઓંકારનાથ તીર્થમાં છે

સોમપ ૧. [સં.] પું. તે નામે એક પિતૃગણ

૨. પુ (પુરાણ) માનસ લોકમાં રહેનાર એક પિતર. તેની માનસ કન્યા નર્મદા બ્રાહ્મણને પૂજ્ય છે

૩. પું. યજ્ઞમાં સોમરસ પીનાર.

૪. પું વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. યજ્ઞોમાં પ્રથમ દેવતારૂપથી વિષ્ણુ સોમપાન કરે છે તેથી સોમપ કહેવાય છે અથવા યજમાનરૂપથી ધર્મમર્યાદા બતાવે છે તેથી સોમપ કહેવાય છે

૫. પું. શિવના હજાર માંહેનું એક નામ.

૬ પુ. સોમયજ્ઞ કરનાર.

સોમપત્ર [સં.] ન. એક જાતનું ઘાસ

સોમપથ પુ. (પુરાણ) ચંદ્રલોકમાં જવાના રસ્તામાંનો એક પ્રદેશ.

સોમપદ [સં] ન. મહાભારતમાં જણાવેલું એક પુણ્ય ક્ષેત્ર.

સોમપરા ૧ જ્ઞી. એ નામની બ્રાહ્મણ અને સલાટની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

સોમપા ૧. પું. એક પ્રકારનો પિતૃ; આરોગ્ય અને શક્તિનો રક્ષક. તે પોતે શક્તિશાળી ઔષધિઓનું સત્ત્વ વાપરી પોતાને અને બીજાઓને રોગમુક્ત કરે છે

૨. પું. સોમયજ્ઞ કરનાર.

૩. પું. સોમરસ પીનાર બ્રાહ્મણ.

૪. જ્ઞી. એક જાતની મોરની જાતની વેલ એને શુક્લપક્ષમાં પાંદડાં આવે છે અને કૃષ્ણપક્ષમાં ખરી પડે છે. એની ૨૪ જાતો છે. એનો રસ મરડો, જળતરા, તરસ, શોષ અને ત્રિદોષને મટાડે છે

૫. [સં.] વિ. સોમરસ પીનાર.

સોમપાન ૧. ન (પુરાણ) એ નામનું એક તીર્થ

૨. [સં. સોમ + પાન (પીવું તે)] ન. સોમરસનું પાન; સોમવલ્લીના રસનું પાન; સોમ નામનો માદક પદાર્થ પીવો તે.

સોમપી જ્ઞી (સંગીત) એકવીસ માંહેની સત્તરમી મૂર્છના; તારસાપકની મૂર્છના; ગાંધાર ગ્રામની એ નામની એક મૂર્છના,

સોમપીથી ૧ પુ સોમ યજ્ઞ કરનાર.

૨. [સં. સોમપીથિન્] પું. સોમરસ પીનાર.

સોમપુત્ર [સં] પુ બુધગ્રહ.

સોમપૂત્રી [સં] જ્ઞી. નર્મદા નદી.

સોમપુર [સં] ન પ્રભાસપાટણ.

સોમપુરા ૧. જ્ઞી. બ્રાહ્મણની એ નામની એક જાતિ.

૨ ન એ નામની જાતિનું માણસ.

૩ વિ. એ નામની જાતિનું

સોમપ્રદોષ [સં.] પું સોમવારે એક દિવસ આવવાનું વ્રત

સોમબંધુ ૧. [સં. [પુ આકડાનો છોડ.

૨ પુ. બુધ.

૩. પું. સૂર્ય

૪. ન કુમુદ; પોયણું.

સોમભૂ ૧. [સં.] પુ ચંદ્રવંશી ક્ષત્રિય.

૨. પું. તે નામે એક જિનદેવ

૩. પું. બુધ.

૪. વિ. ચંદ્રથી હોનાર કે બનાર.

સોમયજ્ઞ [સં.] પું. એ નામનો એક યજ્ઞ; જેમાં સોમરસ પીવામાં આવતો હોમ તેવો એક યજ્ઞ.

સોમયાગ જુઓ સોમયજ્ઞ.

સોમયાજી ૧ વિ. સોમ પીનાર.

૨. [સં.] વિ સોમ યજ્ઞ કરનાર

સોમરત [સં.] પું. શિવનાં હજાર માહેનું એક નામ

સોમરસ ૧ પું ચંદ્રમાં રહેલ પોષણશક્તિ ધરાવતું દ્રવ્ય.

૨. [સં.] પું સોમવલ્લીના માદક રસ.

સોમરા ન. એક જાતનું વાસણ.

સોમરાજ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે યગણ મળી છ અક્ષર હોય છે

૨ પું. ચંદ્ર.

૩. [સં. સોમ + રાજન્] પુ રાજસૂય યજ્ઞ કરનાર રાજાધિરાજ

સોમરાજક ન (પુરાણ) ગૌતમ.ગિરસોનુ એક કુળ.

સોમરાજી ૧ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તે ગાયત્રીછંદનો એક ભેદ છે. તેને સમ્બભારી, અર્ધભુજંગી, હરિરસભાલા સમ્બનારી કે સોમરાજ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં બે યગણ મળી છ અક્ષર આવે છે.

૬ થી સોમરાજી
રઘુપિંગળ

૨. જ્ઞી. બાવળી; બાકુચી

સોમરોગ [સં] પુ એક પ્રકારનો રોગ, જ્વાપ્રદ?

સોમલ [અ સમ્મલ્લાર (ઉંદરનું ઝેર); ફા. સુંબુલ] પુ એક ઉપધાતુ કે પત્થર; એક અત્યંત ઝેરી પદાર્થ; પત્થર અને ધાતુ સમિશ્ર પોલાદ જેવા સહજ લીલા રંગનો બરડ પદાર્થ. સોમલની ત્રણ જાત છે: (૧) ધોળો, (૨) પીળો અને (૩) રાતો ધોળો સોમલ રાખ જેવો હોય છે. તેને શંખિયો સોમલ કહે છે. તે કૃત્રિમ છે. પીળો સોમલ દાડમના રંગ જેવો હોય છે અને તે પર્વતમાં થાય છે. તે ઘણો મોંઘો અને વિષકારી છે. રાતો સોમલ મનશીલ કહેવાય છે તે હડતાલ જેવો છે. તેમાં સ્વાદ નથી સોમલ એ સૌથી ઝેરી દવા છે સોમલ નિઃસ્વાદ હોવાથી ગમે તે ખોરાકની ચીજ સાથે સહેલાઈથી ભેળવી શકાય છે સોમલને લીંબુના અથવા કેળના રસમાં રાખવાથી શુદ્ધ થાય છે. ઝેર તરીકે સોમલનો ઉપયોગ થયા પછી એક કલાકની અંદર તેની અસર જણાય છે. દરદીને મોળ આવે છે, ઊલટી થાય છે. પેટમાં સખત વાઢ ઊપડે છે તથા બળતરા થાય છે. પાણીની તૃષા બહુ લાગે છે અને ગળાની અંદર સખત બળતરા થાય છે. ઝેરની અસર દૂર કરવા માટે એકદમ ઊલટી કરાવવી; રાઈનો ભૂકો ઊના પાણી સાથે પાવો. ઝેર આપ્યે ઘણી વાર થઈ હોય તો આકરો રેચ આપવો. સોમલમાંથી જ્વરઘ્નકાર્ય, દાહઘ્નકા અનામની દવાઓ બને છે. એક એક ભાગ સોમલ અને છ ભાગ મરી સાથે મેળવીને તેની ગોળી બનાવાય છે. ગુણ તે શોષક, જ્વરઘ્ન તથા પૌષ્ટિક છે. ઉપરાંત તે જ્વરઘ્ન, વાતઘ્ન અને મગજને પુષ્ટિ આપનાર છે. અપસ્માર, હિસ્ટીરિયા, આધાશીશી તથા મોટી ઊધરસ વગેરેમાં સોમલ ઉપયોગી છે. સોમલની ગોળી વાતરક્ત ઉપર અપાય છે. ત્વકૃદોષની અંદર પણ સોમલનો સારા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. સર્પદંશની અંદર સોમલની ગોળી અપાય છે. પૌષ્ટિક તરીકે પણ સોમલ ઉપયોગી છે.

સોમલ ખોળવાં = ઝેર ખાઈ પીવું; આત્મઘાત કરવો.

સોમલખાર [અ. સમ્મલ્લાર (ઉંદર માટેનું ઝેર)] પું એક જાતની ઝેરી દવા; શંખિયો સોમલ; ધોળો સોમલ તે તાવ ઉપર વપરાય છે.

સોમલતા સ્ત્રી. એક જાતનો વેલો; સોમ નામની વનસ્પતિનો વેલો તે મારક, ગરમ, કડવી, કફનાશક ને વાયુનો નાશ કરનાર છે. હડકો તેને સ્વપ્નદોષ ઉપરનું ઉત્તમ ઔષધ મનાય છે. સોમલતાનાં મૂળ અને પાન વગેરે નાખુદ કરવા માટે ઉપયોગી છે પાનનો રસ કાઢી પાણી સાથે લેવાથી મૂર્છાની અસર દૂર થાય છે સોમલતાના પંચાંગનો અનેક ઉપયોગો છે પ્રજામાં તેને સિતાગ્ર અને મહારાષ્ટ્રમાં સતાપના નામથી ઓળખવામાં આવે છે અને સાંતાલ આદિવાસીઓ વાયુ અને કફનો નાશ કરવા માટે તેનાં પાનના રસનો ઉપયોગ કરે છે અરબસ્તાનમાં સોમલતાને અદ્રક્ત નામથી સંબોધવામાં આવે છે અને સાંતાલ આદિવાસીઓ સ્વપ્નદોષ દૂર કરવા માટે તેનો ઉપયોગ કરે છે બંગાળમાં તેને અરમલના નામથી સંબોધવામાં આવે છે અને સાંતાલ આદિવાસીઓ કિડનીના રોગો ઉપર તેનો ઉપયોગ કરે છે. કાન્કણમાં તેને કડાના નામથી ઓળખવામાં આવે છે. ત્યાંના આદિવાસીઓ કૃમિનો નાશ કરવા માટે તેનો ઉપયોગ કરે છે. મલબારમાં સોમલતાનો સંજ્ઞાના નામથી પરિચય આપવામાં આવે છે ત્યાંના આદિવાસીઓ સર્પવિષ દૂર કરવા માટે તેનો ઉપયોગ કરે છે. મૂળ અને પાન સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી એક એક આનીભાર સવાર સાંજ મધ અને આદુના રસ સાથે લેવાથી વાયુનો નાશ થાય છે. પાનના તાજા રસ તોલો અધો સવાર સાંજ લેવાથી એકવીસ દિવસમાં કોઢ દૂર થાય છે. સ્વપ્નદોષ ઉપર એક આની ભાર બીજ ના શેર દૂધમાં ઉકાળી સવાર સાંજ લેવાય છે. સર્પવિષ ઉપર પાન, મૂળ અને બીજ સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી આઠ આઠ રતી દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવાય છે પાન તોલો ના અને બીજ તોલો ના સાથે ખાડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી એક એક આનીભાર દિવસમાં ત્રણ વખત મધ સાથે લેવાથી બે માસમાં હિસ્ટીરિયા દૂર થાય. પાન તોલો ના અને મૂળ તોલો ના અધકચરાં કરી દશ તોલા પાણીમાં ઉકાળી પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેના બે ભાગ કરી સવાર સાંજ બટી માસ સુધી નિયમિત લેવાથી હૃદયરોગ દૂર થાય છે. મૂળ અને પાન સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી ચાર ચાર રતી સવાર સાંજ પાણી સાથે લેવાથી કૃમિનો નાશ થાય છે એમ કહેવાય છે.

સોમલતિકા ૧. [સં.] સ્ત્રી. જુઓ.

૨. સ્ત્રી. સોમલતા.

સોમલવિષ ન સોમલ ખાવાથી થતું ઝેર, સોમલનું ઝેર. તેનું વાળ્યું ઊલટી કરાવવાથી અથવા ઘી પાવાથી થાય છે

સોમલીયા ૧. સ્ત્રી કાઠી લોકોની એક અટક. કાઠીના એક પૂર્વજના ઘરમાં સોમાવતી નામે બહુઆણુની પુત્રી બની એ ઓગે ભગાજીને પ્રસન્ન કરી માળવામાં સોમલ નદી કઢી, તે પરથી આ કાઠી સોમલીયા કહેવાયા એમ મનાય છે

૨. ન. એ નામની અટકનું માણસ

૩. વિ. કાઠી લોકોની એ નામની અટકનું

સોમલોક પું ચંદ્રલોક.

સોમવતી ૧. [સ. સોમ (ચંદ્ર) + વત્ (વાળું) + ઈ (તારીજ્ઞાનિનો પ્રત્યય)] સ્ત્રી. સોમવાર યુક્ત અમાસ. તે પુણ્ય તિથિ ગણાય છે.

૨. વિ સ્ત્રી. સોમવારે આવતી (અમાસ).

સોમવતી અમાસને ચૂલ્હવાર = તદ્દન ખોટું; તદ્દન અશક્ય વાત; અસંભવિત બાબત. એ કંઈ બનવા જેવો સંભવ જ નથી તે ઉપરથી આ અર્થમાં વપરાય છે

સોમવતી અમાસ સ્ત્રી. સોમવારે આવતી અમાસ.

સોમવદની વિ સ્ત્રી ચંદ્રસમાન મુખવાળી; ચંદ્રમુખી; ચંદ્રવદની

સોમવદની મુંદરી સાદંમનયના સુખાણ. પ્રેમાનંદ

સોમવલ્ક ૧. [સં] પું. કરંજની એક જાત; રીંછો કરંજ.

૨ પુ. કાચકૂળ

૩. પું. ધોળો ખેર; ખિરખદિર.

સોમવલ્કલ પું. ધોળો ખેર.

સોમવલ્કા [સં.] સ્ત્રી કાચકૂળ.

સોમવલ્લકા જુઓ સોમવલ્લી

સોમવલ્લિક જુઓ સોમવલ્લી.

સોમવલ્લી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; 'ઈફેડ્રા વલ્ગેરીઝ'. આ વનસ્પતિ બીજોમાં મૂળ ઊગે છે અને સંધિવા તથા ઉપદંશ માટેની એ ઉત્તમ ઔષધિ છે. આયુર્વેદશાસ્ત્રમાં સોમવલ્લીને મળતીને જીવતદાન આપતી વનસ્પતિ તરીકે ઓળખાવવાનો પ્રયાસ થયો છે. સોમરસ તરીકે એને કેટલાક તબીબો વૈજ્ઞાનિકોએ ઓળખાવી છે. પણ એ વનસ્પતિ સોમવલ્લી નથી એ હકીકત છે. હૃદયની ગતિ અને લોહીનું દબાણ વધારવા માટે આ ઔષધિ ઉપયોગી છે. રક્તકોઢ જેવા અનેક દરદો ઉપર તે અકસીર છે. આ ઔષધિનો વધુ પ્રમાણમાં ઉપયોગ થાય તો

તે ઝેરી અસર ઉત્પન્ન કરીને દરદીને નુકસાન પહોંચાડે છે. સોમરસને નામે ઓળખાતી એક વનસ્પતિને ડૉ. અચેસન નામના એક વનસ્પતિના નિષ્ણાતે ડુમ અને બાદમોન નામે અફઘાનિસ્તાનમાં અને રશિયામાં બનણીની થયેલી ઔષધિ 'ફ્રેડ્રા પેચીકલ' ને નામે ઓળખાવી છે. આપણા વૈદકગ્રંથની સોમરસ વનસ્પતિ અપૂર્વ છે સમુદ્ર જેવો એનો અર્થ થાય છે એ આદર્શિયો માનવો ... શકે અથવા મૃત્યુમાર્ય કરી સજીવન થઈ શકે છે વખારે ઝડપથી બુદ્ધિ અર્પનારી વનસ્પતિ તરીકે પણ એ બનણીની છે. આ વનસ્પતિ ફ્રેડ્રા નથી એમ સાબિત થઈ શકે છે. પ્રથમ તો તેના ગુણદોષમાં ફેર પડે છે અને બીજું ... જેસેફ બાઝમુલ્લરની દૃષ્ટિએ પણ સારકોસ્ટેમા વાયોલાસિયમ નામે ઓળખાતી વનસ્પતિને સોમરસ કહેવામાં આવે છે આ વનસ્પતિનો ઉપયોગ રશિયા, ચીન અને બીજા દેશોમાં પણ થયો છે અને હિમાલયના ૮,૦૦૦થી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર મળી આવે છે. કાશ્મીરમાં વિપુલ રીતે તે બંતવામાં આવે છે. ચીનમાં તેનાં પાદડાંઓ અને નાની નાની ડાળખીઓનો ઉપયોગ બેદરદ અને તાવ ઉતારવા માટે વપરાય છે. તેના મૂળિયાંઓ શક્તિવર્ધક તરીકે અને કફના ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે વેરહેજ નામના 'મટીરિયા મેડીકા' ના લેખક આ ઔષધને ટૉનિક્ચર રૂપે અપચાથી શક્તિ વધારનાર, હૃદય ઉપર આવેલા ઝેરી દબાણને કારણે થતાં દર્દો નિવારવા માટે, ન્યુમોનીઆને દૂર કરવા માટે અને ડીપ્થેરિયામાં સારી જેવી અસર કરવા માટે બાયુજ અસરકારક ઔષધ તરીકે વર્ણવે છે. આ ઔષધિ શરદીનાં દરદો પર, હૃદયની ગતિ વધારવા, શરીરમાં ગરમી લાવવા, સ્મરણી તથા આંખનાં દર્દો તેમજ રક્તકોઢ ઉપર અસરકારક રીતે વપરાય છે

૨. સ્ત્રી. ગળો.

૩. સ્ત્રી. બાવચી; સુદર્શન બાવચી

૪. સ્ત્રી. પ્લાક્ષો.

૫. સ્ત્રી વેદકાળમાં પ્રસિદ્ધ એક લતા; સોમવલ્લી તેના પાનના રસનો યજ્ઞોમાં ઉપયોગ થતો તેને સોમલતા, સોમક્ષીરી, દ્વિજપ્રિયા પણ કહે છે પારદશંખન માટે તે વપરાય છે. તેની નાની ને મોટી એમ બે જાત છે એમાં બુદ્ધિ વધારવાનો ગુણ છે. તેમાં બહુ કેફ હોય છે. તેથી તે એક જાતની વારુણી ગણાય છે. અગાઉના વખતમાં બ્રાહ્મણો તેનું પાન કરતા ગીતારહસ્યમાં લખ્યું છે કે, સોમ એ શબ્દનો સોમવલ્લી અને ચંદ્ર એવા બે અર્થ થાય છે ચંદ્ર જે પ્રમાણે જલાત્મક, અન્નમાન અને શુભ્ર છે તે પ્રમાણે સોમવલ્લી પણ છે

સોમવલ્લી દરપન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે. વગબંધીને વમન કરાવે વેદવાણી ઉચ્ચરે. દયારામ

૬ જી વેવડીનો વેલો

સોમવંશ ૧. [સ સોમ (ચંદ્ર) + વંશ] પું. ચંદ્રવંશ; એક પ્રાચીન વંશનું નામ

૨ પું. ચંદ્રવંશી ક્ષત્રિય

સોમવંશી ૧ [સ. સોમવંશ + ઈન (વાળું)] વિ. ચંદ્રવંશી, ચંદ્રવંશનું

૨ વિ રાત્રિના રાજા; રાતનું વધારે કામ કરનાર, ઉજાગરો કરનાર.

સોમવાર [સ.] પું. રવિવાર પછીનો વાર તે; ચંદ્રવાર, અઠવાડિયાનો એક દિવસ.

સોમવારે સાજા મંગળવારે માંદા = ઘડીકમાં સાજા ને ઘડીકમાં માંદા રહેનાર.

સોમવારિયું વ. કાણું મોકાણ. મરણ પ્રસંગ સામાન્યપણે સોમવારે જવાય છે તેથી.

સોમવારું વિ. સોમવારનું; સોમવારે આવતું કે થતું.

સોમશર્મા પું. (પુરાણ) અગસ્ત્ય કુલોત્પન્ન એ નામના એક ઋષિ.

સોમવિક્રયી [સં. સોમવિક્રયિન્] પું. સોમલતા કે સોમરસ વેચનાર માણસ.

સોમવિત્ત પું. (પુરાણ) એ નામનો એક રાજા.

સોમવૃક્ષ ૧. [સં.] ન. કલ્પવૃક્ષનું ઝાડ.

૨. ન. શ્વેતખદિર; ધોળા ખેરનું ઝાડ.

સોમવેલ ૧. સ્ત્રી. અમરવેલ; આકાશ વેલ; પાન વગરની અને વૃક્ષ ઉપર જ ઊછરતી એક વેલ. તેની શાખા સુંદર ફીકા ને ઘેરા લીલા રંગની ઠેઠ જમીન સુધી નીચી ઝૂકી રહે છે.

૨ જુઓ સોમવલ્લી

સોમવેલી જુઓ સોમવલ્લી.

સોમશર્મા પું. (પુરાણ) નાગિણી નામની સ્ત્રીની કુખે ઋતશ્રવા ઋષિને થયેલો એ નામનો એક દીકરો. એ પાંડવોના પ્રપૌત્ર જનમેજયનો પુરોહિત હતો.

સોમશ્રુતિ પું. (પિંગળ) ગાયત્રીની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં યગણ અને ભગણ એમ ૭ અક્ષર હોય છે

સોમસાર પું. ધોળા ખેરનું ઝાડ.

સોમસિદ્ધાંત ૧ પું ચંદ્રમાંગે કરેલ સિદ્ધાંત

૨ પું જ્યોતિષનો એક સિદ્ધાંત ગ્રંથ

૩. પું શિવપૂજન કરનારાઓએ ઉપરી તત્ત્વની બાંધેલી રૂઢિ

સોમસિંધુ [સ] પું વિષ્ણુ

સોમસુત [સં.] પું બુધ નામનો ગ્રહ.

સોમસુતા [સં] સ્ત્રી નર્મદા નદી

સોમસૂત્ર ૧. [સ ., ન. અગાસી વગેરેમાંથી પાણી નીકળવાનું ભૂંગળું.

૨. ન. પાણી નીકળવાનો માર્ગ; પાણીને નીકળવાનું સ્થળ

સોમસ્વસા સ્ત્રી ચંદ્રની બહેન; લક્ષ્મી.

મહાત્મ્ય કહું અક્ષય માહોટું સોમસ્વસા સાંભળજો. દયારામ

સોમંતો પું એક માત્રામેળ છંદ; માત્રથી ત્રિગણ પ્રમાણ સાદક છંદની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૬૩ ગુરુ અને ૪૬ લઘુ મળીને ૧૨૦ માત્રા હોય છે.

સોમા ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. ગળો

૩. સ્ત્રી. પ્રાર્થના.

અમે ગયા ત્યારે ઋષ ચાર ભગાન્યા સોમપુત્ર પછી સોમા (પ્રાર્થના) કરતા હતા. કુમાર

૪. સ્ત્રી. બાવચી.

૫. સ્ત્રી સોમલતા.

સોમાખ્ય ૧. ન. (સંગીત) મધ્યમ ગ્રામમાં ગાંધાર વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

૨. [સ.] ન. લાલ કમળ.

સોમાગ્નિમુખરસ પું. (વૈદક) એક જાતનો રસ પંચલવણ સમભાગે લઈ તેને આદુના રસની અંદર પંદર દિવસ સુધી ભાવના દેવાથી આ રસ બને છે. તેની ચણા જેવડી ગોળી કરી ૧ થી ૨ ગોળીની માત્રા અપાય છે

સોમાનંદ પું દશમી સદીમાં કાશ્મીરમાં થયેલો એ નામનો એક બ્રાહ્મણ. તેણે શિવસંપ્રદાયની એક શાખા પ્રત્યભિજ્ઞા સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો.

સોમાપિ પું (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન જરાસંધના પુત્ર સહદેવના ત્રણ ભાઈનો એક દીકરો

સોમાર્ધશેખર [સં.] પું. જેના માથામાં અર્ધ ચંદ્ર રહેલો છે એવા શિવ

સોમાસરિયા ૧. સ્ત્રી. ખારવા કાઠી એ નામની એક પેટા જાતિ.

૨. ન. એ નામની પેટા જાતિનું માણસ
૩. વિ એ નામની પેટા જાતિનું

સોમિલ [અં] સ્ત્રી લાકડા વહેરવાનું કારખાનું

સોમિલ્લ પું. ઈ. સ. પૂર્વે અજ્ઞાત સમયથી તે ઈ. સ.ના પાંચમા સૈકા સુધીનાં નાટકોના પહેલા યુગમાં થઈ ગયેલ એક નાટ્યકાર.

સોમેશ [સં] પું. શિવ; શંકર

સોમેશ્વર ૧. પું. એક જાતનો શિવમત
૨ પું. એક પ્રસિદ્ધ શિવલિંગ; ચંદ્ર બંધાવેલું મહાદેવનું મંદિર ચંદ્રે ક્ષય રોગમાંથી મુક્તિ મેળવવા માટે ગોદાવરી નદીના તુલ્ય નામક ફાંટામાં સ્નાન કર્યું અને પોતાના નામની યાદગીરી જળવી રાખવા શિવનું મંદિર બંધાવી તેનું નામ સોમેશ્વર રાખ્યું
૩. પું મધ્યકાલીન ભારતમાં થયેલ એક કવિ. તેણે લલિતવિગ્રહરાજ નાટક રચ્યું છે.
૪. [સં સોમ + ઈશ્વર] પું. શંકર; શિવ.

સોમોદ્ભવ [સં.] પું. બુધ નામનો ગ્રહ.

સોમોદ્ભવા ૧. [સં.] સ્ત્રી. નર્મદા નદી.
૨. સ્ત્રી (પુરાણ) સોમ નામના પિતરની કન્યા; નર્મદાનું એક નામ.

સોમ્યા સ્ત્રી. પહેલી સ્ત્રી. ઋગ્વેદમાં પહેલી સ્ત્રીને સોમ્યા કહેલ છે.

સોય ૧. સ્ત્રી. કર્મનો પ્રવાહ.
૨. સ્ત્રી. છિદ્ર
૩. [સં. સ્રોતસ્] સ્ત્રી. પ્રવાહ.
૪. સ્ત્રી. વાદળીના હાડપિંજરને બનાવતો એક જાતનો ચકમક જેવો પદાર્થ; 'સ્પિકયુલસ'.
૫. સ્ત્રી. વિષયોમાં ઇંદ્રિયોની પ્રવૃત્તિ; આસવ.
૬. સ્ત્રી. શુદ્ધ આચાર.
૭. [સં. સૌમ્ય] સ્ત્રી. શુચિ; પવિત્રતા.
૮. [સં. સૂચી; પ્રા. સૂઈ] સ્ત્રી. સીવવાનું પાતળી સળી જેવું ઝીણું નાકાવાળું ઓજાર; સીવવાનું નાકાવાળું, પાતળું અણીદાર સાધન. સીવવાની સોયની શોધ સૌથી પહેલાં હિંદુસ્તાનમાં થઈ હતી આજથી ૨૭૦૦ વર્ષ પહેલાં જે શોધાઈ હતી; તે સોય લાકડામાંથી બનાવવામાં આવી હતી લોહયુગપ્રવર્તી સોયનો વપરાશ સાધન તરીકે ઉપયોગ ૩,૦૦૦ વર્ષથી થાય છે એમ કહેવાય છે
૧. સોય આપીને ડોરા લેવા = કામ કરીને ઠીકરું આપવું; નાનું આપીને મોટું પડાવવું.
૨. સોય પાછળ દોરો = એકને આધારે બીજાએ પાછળ પાછળ ચાલવું તે.
૯. ન નીર; જલ; વ.રિ.
૧૦. વિ બધું; સઘળું
૧૧. [સં. સ (તે); પ્રા. સો] ન. તે. આ શબ્દમાં ન નિરર્થક છે.
સ્વામીજી ! સવા સહુ કોય સાબળવા કંડિયે સોય. સાવજ

સોયખોસણું ન. દરજીની પાથરી. એક દરજી દરજીએ દરજીને કહેલ કે હું તો પાથરીવાળો છું. એટલે કે બહારનો છું; જવાબમાં દરજીએ કહ્યું કે, તમારી પાથરી એ તો સોયખોસણું છે, સોયખોસણું.

સોયજ સ્ત્રી. વાંસ વગેરેની જડ.

સોયણી ૧ સ્ત્રી. એ નામની એક રાગિણી; મોદિની
૨. સ્ત્રી. ચામડું સાફ કરવા માટેનું બોચીનું એક ઓજાર.

સોયમ ૧. [સં. સિયમ (ત્રીજું)] સ્ત્રી. ઊતરતી પ્રતિની જમીન; અવ્વલ, દોયમ ને સોયમ એમ જૂની પ્રતિજ્ઞાથી પ્રમાણે ત્રણ પ્રકારની જમીનના ઊપજની સરાસરી પ્રમાણે પાડેલા વિભાગ માંહેનો ત્રીજો વર્ગ.
૨ વિ. ત્રીજા નંબરનું; ત્રીજા કલાસ.

સોયમૂલ [સં શૌચમૂલ] ન. (પ્રાકૃત) પવિત્ર જેનું મૂળ છે તેવો ધર્મ

સોયરું ન. આંખમાં આંજવામાં વપરાતું એક બનીજ દ્રવ્ય; સુરમો

સોયરો ૧. પું. વિવાહ કે એવો શુભ પ્રસંગ.
આપણે ઘેર આઈનો સોયરો. લોકગીત
૨. પું સોયરું; સુરમો.

સોયલું ૧. વિ. ઝીમણી.
૨ વિ પૈસાદાર; આબાદ; સાહુકાર.
૩. વિ. સોનીનું. સુંદર; મોહનું
૪. વિ સહેલું; સરલ; અઘરું નહિ તેવું

સોયા ૧. [ફિ.] પું. શોભા.
૨. પું. સુવા નામની વનસ્પતિ; શતપુષ્પા
૩. વિ. સારું

સોયાણી સ્ત્રી જણાવનારી; સુમાણી; સમજણ; દાઈ; સાવિત્રા

સોયાબીન ન. ચોળા વટાણાની જાતનું એક જાતનું કઠોળને મળતું બૌદ્ધિક ધાન્ય; એ નામની કળી કે દાણો ઢોરના ખોરાક માટે આ છોડ ઉગાડવામાં આવે છે; હાલ તેનો પાક વધવા લાગ્યો છે આ છોડની ડૂંખવાળી સીધી ડાળીઓ ઉપર પાંદડાં થાય છે. આ પાંદડાં ત્રણ નાનાં પાંદડામાં વહેંચાયેલાં છે. ફૂલ જાંબુડિયા રંગનાં નાનાં ગુચ્છ છે. તેની શીંગ ખરબચડી હોય છે. તેમાં નાઇટ્રોજન ઉપરાંત બીજી પોષણશક્તિ હોય છે. દાણો ચપટો અને ગોળ હોય છે. મનુષ્યના ખોરાક તરીકે તે ઘણો સારો છે. પશુને પણ ફાયદાકારક છે. તે ચીન, જાપાન, મોંગોલિયા, સિલોન અને ઇન્ડોચાઇનામાં પુષ્કળ પ્રમાણમાં ઊગે છે. ઘણા અગમ્ય સમયથી આ દેશોમાં તેનું વાવેતર થતું આવ્યું છે અને તેની ખોરાક તરીકેની કીમત સૌ કોઈને જાણીતી હતી યુરપ અને અમેરિકામાં ઉપલાં સાઠેક વર્ષથી સોયાબીન ઉપર અખતરા થયા છે તેમાંથી માયના દૂધ જેટલી જ પોષણશક્તિવાળું દૂધ, તેલ, સેક્યુલોઈડ, રબ્બર, સાબુ વગેરે બન વી શકાય છે. તેનાં પાંદડાં તથા દાણા ઢોરનો ઉત્તમ ખોરાક છે. હુન્નર ઉદ્યોગમાં તેની ઉપયોગિતાને લીધે ફ્રાંસ અને અમેરિકામાં તેનું વાવેતર કરવામાં આવે છે. કેટલાએક વર્ષ પહેલાં પંજાબની ખેતીવાડીમાં એક અગ્રગણ્ય પુરુષે સોયાબીન દિલ્હીમાં વાવવા માટે અખતરો કર્યો હતો પછી બડોદરા રાજ્યે આ અખતરો કર્યો છે. જો આ અખતરો કસોટીમાં પાર ઊતરે તો ખેતીવાડી તથા હુન્નર ઉદ્યોગ બનેને ઉપયોગી નીવડે. તેમાંથી વનસ્પતિના દૂધ ઉપરાંત ગ્લેસીન, ગ્લેમિડોન, ડાયાસ્ટેઝીસ, ગ્લકોઝ, મ ગ્લેરિન વગેરે જુદી જુદી ઉપયોગી બનાવટ તૈયાર કરવામાં આવે છે. સોયાબીનના વાવેતરમાં ઈ સ. ૧૮૭૩માં વિયેનામાં ભરાયેલ વર્લ્ડ એક્ઝિબિશન પછી લોકો વિશેષ રસ લેતાં શીખ્યા. તે સમયે ચીન, જાપાન અને મોંગોલિયામાંથી જુદી જુદી ૨૦ જાતનાં સોયાબીન આ પ્રદર્શનમાં ખુલ્લાં મૂકાયાં હતાં. ત્યારબાદ જર્મની અને ફ્રાંસમાં આ વનસ્પતિ ખોરાકની વિશેષ જાહેરાત થઈ. ત્યારપછી ઈ. સ. ૧૮૭૬માં ઓસ્ટ્રિયામાં ૧૪૮ બેડુએ સોયાબીનનું વાવેતર કર્યું. તેઓને માલૂમ પડ્યું કે, એકરમાં સોયાબીન વાવવાથી પાક બહુ ઘટ લાગે છે. તેથી તેને જે વનસ્પતિ ઓછી ઘટ હોય તેની સાથે વાવવાથી વિશેષ લાભકારી થઈ પડશે. સોયાબીનનું પૃથક્કરણ કરતાં તેમાં પ્રોટીન એટલે પિત્તજન્ય, ફેટ એટલે કફજન્ય, કાર્બોહાઇડ્રેટ એટલે વાતજન્ય, ક્ષારો અને બધાં પ્રકૃતિક તત્ત્વો તથા લોહ એ તત્ત્વો માલૂમ પડ્યાં છે સોયાબીનનું તેલ દેશી સાબુકામમાં ઊંચવાના તેલ તરીકે વપરાય છે તેલ કાઢયા પછી વધેલો ખોળ ઢોરના ખોરાક અથવા ખાતર તરીકે ઉપયોગી છે . દીવાબત્તીમાં પ્યાસનેલની જગ્યાએ આ તેલ વાપરી શકાય છે તે વોટરપ્રૂફ કપડું બનાવવામાં, કાગળનાં છત્રી, ફાનસ બનાવવામાં. વાર્નિશ અને છાપવાની શાહી બનાવવામાં ઉપયોગી છે સોયાબીનમા ૪૦ ટકા પ્રોટીડ છે એટલે કે, સોયાબીનમા રહેલ પ્રોટીડ બીજા કઠોળ અને માંસ કરતા ઘણું, ઘણું

કરતાં વધુ ગણુ અને ચોખા કરતા પાંચ ગણુ છે. સોયાબીનમાં રહેલ પ્રોટીન બાળના દૂધમાં રહેલ પ્રોટીનને મળતુ છે મેજર જનરલ સર રોબર્ટ મેકેરિસન કહે છે કે માતાના દૂધના અભાવે બાળક માટે પૌષ્ટિક મતાંય છે. તેમા સ્ટાર્ચનુ પ્રમાણ ઓછું હોવાથી મધુપ્રમેહવાળા રોગી લોકોને ખોરાક તરીકે એ ઉપયોગી છે સોયાબીનના લોટને દશેક મિનિટ પાણીમાં ઢલાવતાં ઢલાવતા ઉકાળી નીચે ઉતારી લૂગડે ગાળી લેવાથી દૂધ બને છે. સોયા.માનમાંથી નીકળતુ દૂધ સામાન્ય દૂધ જેવુ હોઈ તેમાંથી ચા, કોફી, છાશ, માખણ, પનીર, આઇસક્રીમ વગેરે બને છે. મા વગરના નાનાં બાળકને આ દૂધ સારુ પોષણ આપે છે. બીજાં કઠોળની માફક તેની રોટલી, પૂરી, ભજિયા પાપડ, સેવ, ગાંઠિયા વગેરે વાનીઓ ઉપરાંત કુલ્લરોટી, બિસ્કિટ, સોયાપાક વગેરે પણ બને છે. માસ, ઈંડાં, કોડલીવર ઓઈલ વગેરેને બદલે એ સર્જ શકાય છે. હાલ સોયા.બીનનું વાવેતર ગુજરાતમાં કૃતેહમદ રીતે ચોતરફ કરવામાં આવે છે. વડોદરા, રાજ્યે તેનું વાવેતર વિસ્તારવામાં આગળ પડતો ભાગ લીધો છે. સિધમા સરકારી ખેતરોમાં સોયાબીનનુ વાવેતર સારા પ્રમાણમા કરવામાં આવે છે. હવામા રહેલ નાઇટ્રોજનનુ તે સીધી રીતે પોષણ મેળવે છે. આ છોડની ૧૫૦૦ જાત થાય છે, કે જે પીળાં, કાળાં, બદામી, ચટાપટાવાળાં, તલકાંવાળાં વગેરે જાતનાં સોયાબીન આપે છે. પીળા સોયા.બીન ખોરાકની દૃષ્ટિએ પ્રોટીન અને ચરબીથી ભરપૂર છે. મધુરિયામાં તે સર્વત્ર ઊગે છે. અમેરિકામાં કપાસ ઉત્પન્ન કરનાર સ્થળોમાં તે ઉગાડી શકાય છે. સોયાબીનને બે દિવસ તડકામાં સૂકવી કઠોળ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે આ કઠોળ બાજરા અથવા ઘઉંની સાથે મિશ્રણમાં વપરાય છે. બીજા દાણાના ૭ થી આઠ ભાગ અને સોયાબીનનો એક ભાગ એ પ્રમાણે મિશ્ર લોટ કરી તે ખોરાકમાં વપરાય છે. સોયાબીન તદ્દન એકલા ખોરાક તરીકે વપરાતાં નથી પરંતુ અન્ય ખોરાક સાથે મેળવવાથી તે પેશીદ, ચરબી તથા બીજા ક્ષારાનું પોષણ પૂરુ પાડે છે શાકાહારી લોકોને તે બહુ જરૂરનુ છે. ઘરપના લોકો તેનો લોટ બનાવી પાંઉ, કેક, બિસ્કિટ વગેરે અનેક પદાર્થો બનાવે છે તેમાં પ્રમાણ કડવો સ્વાદ હોવાથી તેની વાનીઓ એકલી ખાવા કરતાં ચણા, ઘઉં, મકાઈ, જુવાર કે ચોખાના લોટમા ચોથા ભાગમાં નાખી ખાઇ શકાય છે. ચીનમાં તેની ભીંજવેલી દાળની ખીચડી રાંધી ખવાય છે. આખા બીજને ભીંજવી દબાવા કૂટે ત્યારે કાઢી ખોઈ સાફ કરી દબાવા સહિત થોડા થોડાં જરા નમક સાથે ખાવાથી શરીર ખૂબ પુષ્ટ બને છે. તેને વાટી રસ કાઢી બચ્ચાને પાવાથી દૂધ જેટલું પૌષ્ટિક કામ કરે છે. તેમાં સ્ટાર્ચ ઓછો હોવાથી મધુપ્રમેહને માટે તે સર્વોત્તમ ખોરાક છે. બનીજ ક્ષારો વધુ હોવાથી મગજના જ્ઞાનતંતુના રોગમાં હાવદાકારક છે. દબાવા કૂટેલ બીજનું શાક બનાવાય છે. બીજા ખોરાકોના પ્રમાણમાં સોયાબીનમાં પ્રોટીદ વગેરે કેટલા ટકા છે તે નીચેના કોઠા ઉપરથી જણાઈ આવશે:-

ક્રમ	ખોરાક	પ્રોટીદ	ચરબી	કાર્બોહાઇડ્રેટ	ક્ષાર (સીલ)
૧	સોયાબીન	૪૦	૨૦·૩	૨૪·૬	૪·૮
૨	બાજરી	૧૦	૫	૭૪·૨	૨
૩	ચોખા	૦ ૫	૧·૮	૮૨	૮
૪	પ્રોન્ટીસ	૨૫	૧·૫	૬૦	૬
૫	અળસી	૨૪	૪૦	૨૬	૨
૬	માંસ	૨૪	૨·૫	૦	૧·૫
૭	સોયાબીનનુ દૂધ	૩·૫૦	૩·૫૦	૫·૨૫	૦·૭૫
૮	સામાન્ય દૂધ	૩ ૫૦	૩ ૫૦	૫ ૨૫	૦·૭૫
૯	ઘઉં	૧૨	૧·૭	૭૩·૭	૧·૫
૧૦	જુવાર	૮ ૯	૩ ૧	૭૧	૨·૫
૧૧	ચણા	૧૯	૪·૩	૫૪	૨·૮
૧૨	વટાણા	૨૪	૧·૫	૬૦	૩
૧૩	મગફળી	૨૪	૪૫	૨૨	૨
૧૪	ઈંડા	૧૪ ૮	૧૦·૫	૦	૧ ૧
૧૫	બટાટાં	૩	·૧૨	૧૪ ૨	૧

સોયાગ્રામ જી. મુસલમાનોમા થતી મરણ પછીની એક ક્રિયા.

સોયું વિ. ચાળુ એવા અર્થનો નામને છેડે લાગતો એક શબ્દ જેમકે વહાલસોયુ

સોયો ૧ પુ કૂવાના થાળ.માના તોરણમાળનો આધારરૂપ થાંભલો

૨ પું. કોસના વરત અને તરેલાને જોડતાં બોસવામાં આવતી લાકડાની ખીલી

૩. પું. મગફળીના છોડની ડાળખ. ફૂટી જમીનમાં જતો પોપટાનો અંકુર.

૪. કું મોટી સોય; સાયો; સોઇયો; લોઢાના પાતળા ગોળ અને લાંબા કકડાને એક છેડે નાકુ અને બીજે છેડે આણી હોય એવુ કોથળા વગેરે સીવવાનું સાધન.

સોર ૧. [સં. ક્ષુર-ક્ષોર–સોર] પુ (બ્રાહ્મ) અસ્ત્રો.

૨. પું ઉઝરડો; સોળ; સોટી વગેરેના મારનો શરીર પર પડતો આકો

> એન્ટિકના સુધારાથી અંગ્રેજમય શિક્ષણ. એ હેરિટેજની સોટીનો સોર છે હૃદયે હરે
> — માખીગીતા

સોર પાડવો = ચા.બા ત્રાસ પોકરાવવો; રંજાડવુ

૩. પુ. વરકન્યા પરણી ઊઠ્યા પછી ગોત્રજ પૂજન વખતે સોપારી પૈસા.થી રમે છે તે.

૪. સ્ત્રી. તપાસ; શોધ.

સોરટી ૧. [અં. સોર્ટિશન] સ્ત્રી. નાની નાની ઘણી રકમોથી બનાવલી એક મોટી રકમમાથી અમુક રકમ રાખી બાકીની રકમ ઇનામ તરીકે આપવાને કાઢવામાં આવતી ચિઠ્ઠીઓવાળી ભાગ્ય અજમાવવાની એક ક્રિયા કે ગોઠવણ; ભાગ્યકીડા; નસીબની અજમાયેશ; ઘણા જણની રકમ ભેગી કરી અમુક હિસ્સો રાખી બાકીનામાંથી ચિઠ્ઠી નાખી જેનુ નામ આવે તેને નિયત ઇનામ આપવુ તે; ' લોટરિ '.

૨. સ્ત્રી. (સંગીત) મેધ રાગની છ માંહેની એ નામની એક રાગણી.

સોરટીઉં ન. સળી.

> વખતે કાન કોતરતા **સોરટીઉં** અંદર ભાગી જાય છે — ડૉ. બરનેજ બહેરામજી

સોરઠ ૧. પું. (સંગીત) એક ઓડવ વક્રજાતિ રાગ. તેમાં આરોહમાં સા, રિ, મ, પ, નિ એમ પાંચ સ્વરો અને અવરોહમાં સા, નિ, ધ, પ, મ, ગ, રિ એમ સાત સ્વરો આવે છે. તેમાં નિ કોમળ છે. મ થી રિ સુધીનો લા.ગ અને સારંગનુ પ્રધાનપણુ એ જ આનુ મુખ્ય સ્વરૂપ છે આરોહે નિ શુદ્ધ અને અવરોહે નિ કોમળ

લાગે છે. તેનો આરો સ્વર સા, વાદિ સ્વર રિ, સંવાદિ સ્વર પ અને ન્યાસ સ્વર રિ છે ગાવાનો વખત દિવસનો ત્રીજો પહોર છે તે વીર, અદ્‌ભુત અને ભયાનક રસ ઉત્પન્ન કરે છે. આ રાગ ગંભીર પ્રકૃતિવાળો ગણાય છે આ રાગ અને દેશ રાગને ઘણો મેળાપ છે અને ગાવાથી જીવનમાં વૃદ્ધિ થઈ શરીર આરોગ્યવાન બને છે એમ કહેવાય છે

૨ પુ. ગિરનારની આસપાસનો એક પ્રાંત; સૌરાષ્ટ્રનો એક વિભાગ

૩ [સં સૌરાષ્ટ્ર] પુ સૌરાષ્ટ્ર; કાઠિયાવાડ; ભારતના પશ્ચિમ કિનારાનો એક ફળદ્રુપ દ્વીપકલ્પ. આ દેશનું વર્ણન કરતાં કવિ નાનાલાલ લખે છે કે, સોરઠ ભયાનક ને ભવ્યવણોં છે. રાહેરોમાં ઝે નહિ દેખાય. સીમમાં જઈને જુઓ. જૂનાગઢમાં નહિ ગીર ને ગિરનારમાં, ઓખાહરણ ને દ્વારકાક્ષેત્રના શિખરે, પોરબંદરમાં નહિ છાયામાં, બરડામાં, ધૂમલીમાં, ભાવનગરમાં નહિ ખોડિયારની પાટે, સિદ્ધોરના ચોટી ડુંગરે, સિદ્ધાચળને શિખરે, વલ્લભીના વેરાન ખંડેરોમાં, જસદણમાં નહિ ભાડલાના વગડામાં, દિગંબરગઢને અણુી અગ્રે, ધેલા સોમનાથની ઠંડાળીઓમાં, ગાંગ્રમેર કે પ્રભાસને સાંગરકાંઠે, ચોરવાડની સિધુતીરની જાજરહેરીઓના બારણે કે દ્વારિકામા જગતછેડે કૃષ્ણ મંદિરના ઉત્તુગ શૃંગે. વળી આર્યાવર્તપાત્રમાં સરવા સોરઠ દેશનું વર્ણન કરતાં કવિ વિહારી કહે છે કે:

ગળવતો ઈ ગીર, ઝાડે કૂદે કેસરી,
એકલ હિંદી હીર, દુનિયા પર ના દેખશો
તેજ્યુ તરીતાર, કાનસૂગ્યિ કમાન ચઢે,
સોરઠનો સણગાર કયાં નીરખશો નૂરજહાં
ભગરી સોરઠ ભેસ, ગૌધન માટે બાટીલાં,
ઘી, દહીં, દૂધલ દેશ, બીડો કયાંય મળે નહિ
કૂળો કાઠિયાવાડ, ભાવનીનો ને ઝોળિયો,
જાલે કાલે હાડ, પરોણાગતનો પોરબી
ખડતલ ને ખમનાર, જમીન ખાલે કેળવી,
ખાતરનો ખાનાર, એકુ સોરઠ ખડનો
ચારતાળીનો સ્નેહ, સ્નેહળબીનાં સાજ્યાં,
ચાહનાબીની ચોટ, પ્રેમશૌર્યનાં પારખાં.
ઝીરે કમકમી કાળ, ખાંબી ખોડી ખળખળે,
પાણ કરે પ્રીતાળ દુહો સોરઠ દેશનો.

૪. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગના પુત્રોની આઠ મહિલાની એક ભાર્યા રાગિણી જાતિ સપૂર્ણ છે. નિષાદ બંને અને બાકી બધા સ્વર શુદ્ધ છે આરોહમાં ષાડવ કમતી જણાય છે ઋષભ પ્રધાન સ્વર છે પડજ અને ઋષભ મધ્યમ, પંચમ ન્યાસ છે. ઋષભ મધ્યમ અને ઋષભ પંચમનો લાગ રાખવો ઠીક છે. ઋષભ ઉપર મૂર્છના છે. દરિયાના મોજાની માફક ઋષભ હલતો અને ફેલાતો રહે છે. શૃંગારરસથી મધ્યરાત્રિએ અને બહુ કરીને મધ્યાહ્નથી મધ્યરાત્રિ સુધી સર્વદા અને આસ કરીને વર્ષાકાળમા ગવાય છે

સોરઠમલ્હાર પું. (સંગીત) મલ્હાર રાગ; અગિયાર માંહેની એક જાતનો રાગ કે રાગણી.

સોરઠિયા ૧. સ્ત્રી આહીર, લેઉઆ કણબી અને દેઢની એ નામની એક અટક

૨. સ્ત્રી આહીરની બે માહેની એક પેટા જ્ઞાતિ. મત્સોયા અને સોરઠિયા એમ બે જાતના આહીર ગણાય છે

૩. સ્ત્રી ચારણની પાંચ માહેની એક પેટા જ્ઞાતિ. આ જાતનાં ચારણો માલધારી છે. ઘણુ કરીને ઢોરઢાંખરનું પાલનપોષણ કરી તેઓ જીવનનિર્વાહ ચલાવે છે અને કાઠીના જેવો રિવાજ, પહેરવેશ ને ભાષા રાખે છે.

૪ સ્ત્રી. ભાટની એક પેટા જ્ઞાતિ. તેઓ પ્રસંગોપાત્ત જનોઈ પહેરે છે રજપૂતો સાથે જમવામાં બાધ મનાતો નથી. વંશાવળી કહેવાનો અને ભાટાઈ કરવાનો તેઓ ધંધો કરે છે.

૫. સ્ત્રી (જૈન) શ્વેતડા મહાજના ૮૪ માહેનો એક પેટા જ્ઞાતિ; વૈશ્યની એક પેટા જ્ઞાતિ.

૬. સ્ત્રી. સારસ્વત બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ.

૭. ન. એ નામની પેટા જ્ઞાતિનું કે અટકનું માણસ

૮. વિ એ નામની પેટા જ્ઞાતિ કે અટકનું

સોરઠિયાણી સ્ત્રી. સૌરાષ્ટ્ર કે સોરઠ દેશની સ્ત્રી; સોરઠી સ્ત્રી

સોરઠિયા દુહા પું. બ. વ. સોરઠ પ્રદેશના દુહા; સોરઠા.

સોરઠિયો ૧. પું. એક જાતનો ચારણી રાગ.

૨. પું સોરઠમા થતો એક જાતનો ઘોડો.

૩. વિ પું સોરઠી; સોરઠનો વતની

સોરઠી ૧ સ્ત્રી નંદીસૂત્રમાં જણાવેલી એક પ્રકારની લિપિ.

૨ સ્ત્રી પ્રમોરા જ્ઞાતિનો એક પેટા વિભાગ.

૩ સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગનો એક પેટા ભેદ

૪ સ્ત્રી. (સંગીત) મેઘ રાગની એક રાગણી.

૫. સ્ત્રી. (સંગીત) સારંગ રાગની તેર માંહેની એક રાગણી તે સારંગ, ગુજરી, પંચમ, ભૈરવ, મલ્હાર અને ગંધારીથી મિશ્ર છે.

૬. ન એ નામની જ્ઞાતિનું માણસ.

૭. વિ એ નામની જ્ઞાતિનું

૮. વિ સોરઠ દેશનું; સોરઠને લગતું; સોરઠનું.
સોરઠી માટી = સોપીચંદન.

સોરઠો પુ. (પિંગળ) એક જાતનો અર્ધ સમમાત્રા માત્રામેળ છંદ દોહરાને ઊલટાવવાથી સોરઠો બને છે; એટલે કે તેના વિષમપદમાં અગિયાર અને સમપદમાં તેર માત્રા હોય છે. પહેલી અને ત્રીજી તુકમાં છેલ્લા અક્ષરો સરખા આવે છે એટલે સોરઠામાં પ્રાસાનુપ્રાસ વચમાં આવે છે. સોરઠાનું બીજું નામ સોરઠિયો દુહો છે અને તે સૌરાષ્ટ્રમા અસલના વખતથી જ લાંબા સાદથી લલકારીને બોલવામાં આવે છે.

પ્રથમ ત્રીજે અગિયાર, બારે બીજે તો તેર કહ્યા,
પદ દોહરા પ્રકાર, સાર બાર ને સોરઠા.

પિંગળ

સોરણ ૧. ન. ઝાડની ડાળીઓનાં સોરી નાખેલ ઝીણાં લાકડાં.

૨. ન. અનુતાપ; પસ્તાવો; સોસ; પશ્ચાત્તાપ

૩. ન. વિયોગથી થતું દુઃખ; સોરવું તે.

૪ ન. વિવાહ વખતે વસવાયા તથા બીજાઓ માટે પરાણે લેવાતી જેતરી

૫. ન. સોરેલી ચીજ કે વસ્તુ.

સોરણ કરવું = (૧) પૈસા પડાવવા. (૨) સપાટી સરખી કરવી. (૩) સોરી નાખવું.

સોરભ [સં. સૌરભ] સ્ત્રી. સુગંધ; સુવાસ.

સોરમ ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ અર્ધ સમપદ છંદ તેમાં માત્રા ૪૮ અને તાલ ૧૨ હોય છે.

૨. [સં. સૌરભ] સ્ત્રી. ખુશબો; સુવાસ; પરિમલ; હોરમ; સુગંધ; સોડમ

ધનના કમલા હોય તેની છાયાએ જેવાય નહિ
આબો ઉતરાબો તોય મીઠી સોરમ માંગશ.

દુહો

સોરલ વિ સોરેલું.

સોરલ સાંઠી ન સોરીએ જૂના ન તોડીએ નેહ,
આભ પરેથી આવી ઉજળી, હાય ઝાલે તું મેહ

દુહો

સોરવણું ન. સોરવે તેમ કરવું તે.

સોરવવું સ ક્રિ. ગમવું; ગોઠવું; ચેન પડવું.

સોરવું ૧ અ ક્રિ વિયોગથી ઝૂરવું; દુખી થવું; દુભાવું

૨ સ ક્રિ. આંખ,ખૂંપી કાઢી નાખવા.

૩ સ ક્રિ. ખૂબ પૈસા પડાવવા.

૪. સ ક્રિ ગાળો દેવી કે ભાડવું; ભૂંડું બોલવું, વિપરીત બોલવું; ખમાનું બોલવું.

૫. [સં. ક્ષુર્] સ ક્રિ છેદી નાખવું, કાપવું.
સોરી નાખવું = વૃક્ષ કે વેલને જડ કરવું.

૬. સ ક્રિ. છોલવું, ઉપરઉપરથી ઉખાડવું; ઉજરડી કે આછું છોલી સાફ કરવું.

૭. સ ક્રિ. દાંત વતી ખેંચી આવું; દાંતથી ઉજરડવું

૮ સ ક્રિ. મારવું; ઠોલવું.
૯. સ. ક્રિ. લાકડીના ઘા મારીને ખખેરવું.

સોરંગ જુઓ સુરંગ.

સોરંગી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનું મોટું ઝાડ થાય છે. નર અને માદા ફૂલનાં ઝાડ જુદાં થાય છે. ભારતમાં પશ્ચિમઘાટ, કાનડાથી કોંકણમાં પુષ્કળ થાય છે. ફૂલની કાચી કળીઓ નાગકેસરને નામે વેચાય છે. પરંતુ તેમાં નાગકેસર જેવા પણ બહુ ઓછા માદી ગુણો છે. પૂર્ણ ખીલે તે પહેલાની કળીઓ મીઠા સ્વાદની હોય છે અને તાજગી આપે છે. મહા કે ફાગણમાં ફૂલ આવે છે ત્યારે જંગલમાં તેની સુગંધી સર્વત્ર પ્રસરી રહે છે. કોમળા વજરની કળીઓ સાદી રંગ બનાવવા માટે પરદેશ જાય છે. આ કળીઓનો રંગ રેશમ મલમલ વગેરે ઊંચી જાતનાં કપડા રંગવાના કામમાં આવે છે. રંગ લાલ બને છે. દવા અને ધૂપેલ તેલમાં સુગંધ લાવવા માટે પણ આ ફૂલો વપરાય છે આ ઝાડ કડવું છે. તેનું લાકડું ઇમારતમાં વપરાય છે.

૧ સોરંગી આંકણી = (૧) ખૂબ ગૂંદવું; બહુ મારવો. (૨) માથાકૂટ કરવી.
૨. સોરંગી જેમ ફૂટે તેમ રંગ માંડે = પરાધીન રાખી કામ લેવાથી અમુક ઠીક કામ આપે છે.

૨. વિ. સારા રંગવાળું.

સોરંગીલાલ પું. કચ્છ પુરુષ.

સોરંજ [સં. સૌરજ] સ્ત્રી. ખુશબો; સુગંધ; સુવાસ; સોરમ; સોરજ.

સોરાઠવું ૧ સ. ક્રિ. ખૂબ ગાઢવું; ગાળો દેવો.
૨. સ. ક્રિ. સોરવું; ખૂબ છોલવું.

સોરામણ ૧. ન. સોરવું; વિયોગથી થતું ઝૂરણ.
૨. ન. સોરવાની મજૂરી.

સોરાવટ ૧. સ્ત્રી. સરાવટ; સ્વરની તરેહ.
૨. સ્ત્રી. સોસ

સોરાવવું ૧. સ ક્રિ. આનંદ પડવો; ગમે તેમ કરવું
૨. સ ક્રિ. છોલાવવું; સોરાય તેમ કરવું.
૩ સ ક્રિ. ઝૂરે તેમ કરવું.

સોરાવું ૧. ન. અંધને દોરવાનું નોંજણ
૨. સ ક્રિ છોલાવું, ઉઝરડાવું.

સોરાસોર ૧ [જ્ઞા. શોર] સ્ત્રી. ધોંધાટ; ગડબડ; શોરબકોર.
૨. સ્ત્રી છોલાછોલ; સોરંસોરા.
૩. સ્ત્રી. વિપરીત બોલવું તે.
૪. સ્ત્રી. શોધાશોધ; ખોળખોળાં.

સોરાં ન. ૧ ૨ છોકરાં; બાળકો.

સોરિયું ન. મોસળી જેવા ઘાટનું સાદી સગવા માટે વપરાતું એક સાધન.

સોરી ૧. સ્ત્રી. કરસણના સાંઠાને સુકવવા માટે ઊભા મૂકવા તે; અનાજના ડોડને સુકવવા કે તપવવા ઊભા ગોઠવવા તે
૨. સ્ત્રી. કળ; ગમ.
૩. સ્ત્રી. છોકરી.
૪. સ્ત્રી. બરકત; શાંતિ; સંતોષ; નિરાંત.
૫. સ્ત્રી. સોરવું તે; ગોઠવું તે
સોરી વળવી = (૧) ગમવું કે ગોઠવું. (૨) નિરાંત અનુભવવી; બરકત થવી

સોરું અ. જમીનમાં; સુખીમાં; અમુક વસ્તુમાં, બરસાતમાં. જેમકે, તે બહારથી કમાર સોરા આવશે ?

સોરો ૧ [અં.] પું. આસોસ; દિલગીરી.
૨. પું છોકરો
૩. પું. (કચ્છી) સસરો.
૪ વિ. (કચ્છી) શાંત.

સોરોં ન. ગળાનદી ઉપર આંબલું એક પવિત્ર સ્થળ. કહેવાય છે કે, હિંદીના મહાકવિ તુલસીદાસજીનું બાળપણમાં ત્યાં પાલનપોષણ થયું હતું

સોર્ટર [અં.] પું. કાગળોની ગોઠવણી કરનાર માણસ.

સોર્ટિંગ [અં.] ન. જુદું પાડવું તે.

સોર્ટી [અં.] સ્ત્રી. લાગ્યકિડા; 'લોટરી'.

સોલ ૧. [અં.] પું. બોડાનું તળિયું.
૨. સ્ત્રી. એક જાતની સુપાટ માછલી. તેની ઘણી જાત છે. સામાન્યરૂપ અથવા ડોવર સોલ બંબાઈમાં બે કૂટથી વધારે હોય છે. પણ તેની સરાસરી લંબાઈ એક ફૂટ હોય છે
૩. વિ મુખ્ય

સોલ એજંટ [અં.] પું એક જ પ્રતિનિધિ; મુખ્ય પ્રતિનિધિ.

સોલખણું વિ (જૂ. ગુ.) સુલક્ષણું; સારાં લક્ષણવાળું
ચિંચિત મોટું અંક અવાજ, સોલખણું ઘરું આમલ. ભીમ

સોલપડ પું. એક હાથથી થતા ૨૮ માહેનો એક જાતનો અભિનય

સોલંકી ૧. [સં. ચૌલુક્ય] સ્ત્રી. રાજપૂત, ખાંટ, ઘાંચી, કુંભાર, કંસારા, ભારોટ, કડિયા, દરજી, મોચી, કોળી, રેટ, ગોલા અને ભંગીની એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું.

સોલા ન. એક જાતનું ઝાડ તે દરિયા કિનારે કે જળાશયમાં ઊગે છે. તેનું લાકડું હલકું છે ને પાણીની અંદર બહુ ટકે છે તેમાંથી હોડ્યા, ટોપલીઓ, મઢવા ઉપરથી કિનારે તરીને આવવા રહ્યું માટેના બચાવની લાકડી, બાટલીનાં બૂચ વગેરે બને છે. બધું રંગવા તેની સળીનો ઉપયોગ થાય છે

સોલાપુર ન. મહારાષ્ટ્રમાં આવેલ એ નામનું એક શહેર

સોલાપુરી ૧. પું. એક જાતનો ચેવડો.
૨. સ્ત્રી પીળાશ પડતા રંગની સોલાપુર તરફ થતી એક જાતની જુવાર
૩ વિ. સોલાપુરનું.

સોલાર૫ાક પું પ્રા.ર: માર.

સોલારવું સ. ક્રિ. માર મારવો; શિક્ષા કરવી.

સોલિયાટ [અં.] ન. પાટિયા જડીને કરવામાં આવતું છાપરકામ
સોલિયાટનાં પાટિયાં બને બાજુ ચોરસ ૬"થી ઓળી પહોળાઈનાં ન હોય તેવાં ૧" જાડાઈનાં પીસી છગીકરી વાપરવાં. ગૃહવિધાન

સોલિસિટર [અં.] પું. અસીલો સાથે સંબંધ રાખતો એક પ્રકારનો બારિસ્ટરો; મુકદમો તૈયાર કરનાર વકીલ

સોલીગા સ્ત્રી. એક જાતની કુંભારી જાતિ; દક્ષિણ ભારતમાં રહેતી એક આદિવાસી જાતિ. જન્મ પછી બારમે દિવસે સોલીગાના ઘરમાં બાર વડીલોને બાળકને આશીર્વાદ આપવા આમંત્રણ આપવામાં આવે છે. વિવાહ વખતે વરપક્ષના બાર સગાઓ કન્યાને તેના ઘરમાંથી લાવે છે સમસ્કાર બાર વાંસનો હોય છે; વર કન્યાને બાર રૂપિયા આપે છે અને કન્યાની ડોકે બાર આનાની કીમતનું ઘરેણું બાંધે છે. સોલીગા જૂથમાં બાર સભ્યો હોય છે. મરણ વખતે બાર જણ ભાગ લે છે બાર વાંસડાની ચિતા બનાવાય છે અને સોગ બાર દિવસ સુધી ચાલે છે તેઓની સમ પ્રથા પણ જાણવા જેવી છે યુવાન યુગલ બીજા જંગલમાં છુપી રીતે નાસી જાય છે. ત્યાં તેઓ સમક્રિયાની અવરિયત ધાર્મિક ક્રિયા વગર પતિ પત્ની તરીકે રહે છે કન્યા માતા બન્યા પછી તેઓ ઘેર આવે છે. ત્યા તેમનો ભાવભર્યો સત્કાર થાય છે. સમક્રિયા અને જમણ ત્યારપછી થાય છે. તેઓ પોપટને પોતાના બાળક સમાન માને છે. તેથી તેઓ પોતાના બાળક માટે જેટલી સભાળ રાખે છે તેટલી જ સભાળ આ પક્ષીની રાખે છે. અને દરેક સોલીગાના ઘરમાં અચૂક આવા પોપટ હોય છે.

સોલો ૧ પુ. ઊર્મિ; તરંગ; તુક્કો; મનમાંથી નવો તર્ક ઊઠેલો તે; વિચારનો આવેશ

સોલો ઊપડવો–ચડી આવવો = તર્ક ઊઠેલો; નવો વિચાર આવવો

૨. [અં.] પુ. પતાંની એક રમત

સોલોમન ૧ [અં] પુ. ઇઝરાયલનો જૂના વખતનો એક રાજા, તે ડહાપણ માટે પ્રખ્યાત ગણાતો

૨. પું. ઓશિયાનિયામા આવેલ એક દ્વીપસમૂહ

૩ પુ. ડહ્યા માણસ

સોલ્જર ૧ [અં.] પુ. ગોરો સિપાઈ

૨. પું. લશ્કરી સિપાઈ; સૈનિક

સોલ્ડરીન ૧. [અં.] ન. ઊકેલ

૨. ન. ચોટડવાનું એક દ્રવ્ય

૩. ન. પાણીમાં દવા મેળવીને તૈયાર કરેલ દ્રાવણ

સોલ્લાસ ૧. [સ.] વિ. ઉલ્લાસવાળું

૨. અ. ઉલ્લાસ સાથે; ઉલ્લાસપૂર્વક.

સોલ્સ સ્ત્રી પરપના સમુદ્રમાં માલમ પડતી એક જાતની માછલી.

સોવાવવું (સોવડાવવું) સ. ક્રિ. સૂપડામાં નાખીને ઝાટકે તેમ કરવું.

સોવરણ ૧. ન. સોના બરાબર વસ્તુ.

૨. ન. સુવર્ણ; સોનું.

૩. [સં. સૌવર્ણ] વિ. સુવર્ણનું.

સજ્જનો સોહામ્યો વહાલો,
સોવરણ ખાટ ઊતારી રે. નરસિંહ મહેતો

૪. વિ. સુંદર પીળા રંગનું; સોનેરી.

સોવરણિયું [સં સુ + વર્ણ (રંગ) + ઇય (વાળું)] વિ. સોહામણાપણું; સુશોભિત સુંદર રંગનું; દેખાવડું.

સોવરાવવું ૧. સ. ક્રિ. સૂપડામાં નાખીને ઝાટકે તેમ કરવું.

૨. સ. ક્રિ. સોહે એટલે શોભે તેમ કરાવવું.

સોવરીન [અં] પું. બ્રિટનનો સોનાનો એક ચલણી સિક્કો. તે હેનરી આઠમાના વખતથી ચાલુ છે પણ તે ૧૮૧૭માં મુખ્ય સિક્કા તરીકે અમલમા આવ્યો. તેના ૨૦ સિલિંગ થાય છે. તેનું વજન ૧૨૩.૨૭૪૪૩ ગ્રેઇન છે અને ૨૨ કેરેટ સોના ત્રાંબાના મિશ્રણનો બનેલો છે. અર્ધા સોવરીન પણ સામાન્ય ઉપયોગમાં ચાલુ છે અને ખાસ પ્રસંગોમાં બે અને પાંચ સોવરીનના સિક્કા પણ પાડવામાં આવે છે

સોવસા અ. ચોકસાઈ નક્કી; ખાતરીપૂર્વક; સોળ આના; પૂર્ણરીતે; ખાતરી જેવું હોય તેમ.

સોવાગણ વિ. સુવાસણ; સોહાગણ.

અમો ચાર સોવાગણ આવશું રે
અમો કૃષ્ણજીનાં મંગળ ગાવશું રે

નરસિંહ મહેતો

સોવાટ પું આમતેમ અથડાઅથડી થવી તે. ગડબડાટ; સોવાવું તે; મજૂરોટનાં ફાંફા.

સોવાણ ૧. [સં સોપાન] પુ. પગથિયું.

૨. પુ. મીઠી; નીમરમી

સોવાવું ૧ અ ક્રિ. આમતેમ અથડાવું, અહીંતહીં ફાફા મારવા; મુશ્કેલીમાંથી છૂટવા માટે આમતેમ બેફામ રીતે દોડવું

૨. અ. ક્રિ. સૂપડામાં પડીને આમતેમ ઝટકાવું.

સોવાસણ [પ્રા. સોવાસિણી] સ્ત્રી સોહાગણ; સુવાસિની; સૌભાગ્યવતી સ્ત્રી; સુવાસણ સ્ત્રી; સધવા

સોવાસણી જુઓ સોવાસણ

સોવાસેણ જુઓ સોવાસણ.

સોવાહ સ્ત્રી. માછલીની એક જાત.

સોવિન [પ્રા.] ન. સુવર્ણ; સોનું.

સોવિન કુંજે વધાવો આવે આવિજનો રે
આનંદકાવ્યમહોદધિ

સોવિયેટ [અં.] ન. ગ્રામપંચાયત જેવું સ્વશાસક મંડળ; રશિયામાં ચાલતા રાજ્યશાસનની પદ્ધતિ આ શબ્દ રશિયન છે અને તેનો અર્થ મંડળી થાય છે રાજ્યશાસનની સોવિયેટ પદ્ધતિ મુખ્યત્વે વર્કસોવ, કારખાનું, ગામ અને સહેરના આધારે રચાયેલી છે. આ આધારે તેઓ પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. આ પદ્ધતિ પ્રમાણે રાજ્યશાસન નીચેથી છે અને હુકમો મધ્યસ્થ સત્તામાંથી છૂટે છે તે નીચે સુધી જાય છે અમાં તેનો અમલ ગામડાનો મુખી કરે છે

સોવિરા સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની સાત મૂર્છનામાંની છઠ્ઠી મૂર્છના.

સોવું ૧. અ ક્રિ સૂપડામાં નાખી આમતેમ ફેરવીને ઝાટકવું.

૨. સ. ક્રિ. સોહાવું; શોભવું; સુંદર દેખાવું.

ધૂળમા ઝાકરા સોવા = નકામી મહેનત કરવી; પાણી વલોવવા.

સોવણ ૧ ન. (જૂ. ગુ.) સુવર્ણ; સોનું

૨. વિ સોનાનું.

સોવણકાર [સં. સુવર્ણકાર] પું. સોની; સોનું ઘડનાર.

કામિની કુંદન વણ દિસોસાર
જડનારો હંસ સોવણકાર.

નરસિંહ મહેતો

સોશ સ્ત્રી (જરથોસ્તી) મરનારની પાછળ ક્રિયા વખતમાં આવતી એ નામની એક મુખ્ય ક્રિયા. આ શબ્દ 'સ્રઓશ'નું અપભ્રંશ મનાય છે.

સોશ ઝબાવવી = પારસીઓનાં ઉત્તમક્રિયાની ક્રિયા વખતે ધુપ–નિરંગ નામની બંદગી પછી મરનારના વડ પુત્ર અથવા નજીકના સગા પાસે વડો ધર્મગુરુ અમુક સૂત્ર બોલાવે છે. આમાં તે આસામી મરનારની પાછળ અમુક ધાર્મિક ક્રિયા કરાવવાનુ માથે લે છે.

સોશાન્સ પું. જરથોસ્તનો એક દેવદૂત.

સોશિયલ [અં.] વિ મળતા વહું, બધાં સ.વે હળેમળે તેવું; મળતિયું

સોશિયાલિસ્ટ [અં.] વિ સમ.જવાદી.

સોસ ૧ પું ઢાળો પાડેલ વસ્તુની અંદર રહી ગયેલ પોલો ભાગ. તેથી બીજી તેવડી જ વસ્તુ કરતાં આ વસ્તુ વજનમાં હલકી જણાય છે

૨. પું તીવ્ર ઇચ્છા

૩. પું. ફિકર; ચિંતા; વલવલાટ.

૪. પુ લાગણી, પ્રેમ

૫ [સં શોષ] પું વારંવાર તરસ લાગ્યા કરવી તે; પાણીની તૃપ્તિ નહિ થવી તે; પાણી વગર ગળુ સુકાવું તે; પિપાસા; પ્યાસ; અતિશય તરસ, ગળે પડતી સુક

સોસ પડવો = અત્યંત તરસ લાગવી; ગળુ સુકાવું.

૬ પું. શરીર સુકાઈ જવુ તે.

૭. પું શિશુમાર નામનું જળજંતુ

સોસનપત્તા સ્ત્રી. એક પ્રકારની તલવાર. તેનું પાનું પોલાદનું બનાવેલુ અને તેને ઝોરી પાણી ચડેલું હોય છે. તેની લંબાઈ બે ફૂટ અને પહોળાઈ એક ઇંચ હોય છે. છેડા ઉપર તે ભારીક થયેલું અને જરા વાંકવાળુ હોય છે તેની એક જ બાજુએ સુપૂર્ણ રીતે ધાર કાઢેલી હોય છે. આ પાનું દિલ્હીશાહી મૂકમાં બેસાડેલું હોય છે. આ હથિયારને અર્ધી તલવાર કહી શકાય તે આબ્રુની માફક સ્થિતિસ્થાપક અને વજનમાં હલકી હોય છે. તેની પકડારે મજબૂતી આપવા માટે એક ચીપિયો બેસાડેલો હોય છે

સોસના જુઓ સોસ.

સોસની સ્ત્રી. મણી, કસુંબો અને આબોલિયાંના મિશ્રણથી થતો રંગ.

સોસર [અં] સ્ત્રી અડાળી જેવુ છીછરુ વાસણ; રકાબી

સોસવાવું ૧ અ. ક્રિ. મનસ્તાપથી દુર્બળ થઈ જવું, ચિંતાથી સુકાવું.
૨. અ ક્રિ. વનસ્પતિ વગેરેનું મરમી જાવાથી કે પડવું; રસનું સુકાઈ જવું.

સોસવું ૧. અ. ક્રિ. ખમવું; સહન કરવું; દુઃખ વેઠવું.
૨. અ. ક્રિ. સુકાવું, સકોચાવું.
૩. [સં શુષ્; પ્રા. સોસ] સ. ક્રિ. ચૂસી લેવું; શોષવું; ખેંચી લેવું

સોસળાઈ જી. ખ્યાન નહિ રાખવાપણું; અનુપલક્ષતા; બેદરકારી.

સોસળું ૧. વિ બેદરકાર; ખ્યાન ન રાખનાર.
૨. વિ. ભુલકણું; વીસરણોળુ;
૩. વિ ચતુ; લક્ષ ન હોય એવી રીતનું; સભાળ વિનાનું.

સોસાયટી ૧. [અં.] જી ભેગાં મળી બાંધેલા મકાનોનો નવો વસવાટ; 'હાઉસિંગ સોસાયટી'.
૨. જી. મંડળી; સભા.
૩. જી. સમાજ.

સોસાવું ૧. અ ક્રિ. ચિંતાથી શરીર સુકાવું
૨. [સં શોષ્] અ. ક્રિ. ચુસાવું, ચુસાઈ ને ચૂકું થઈ જવું; ચુસાઈ જવાવું.
૩. અ. ક્રિ. સુકાવું; કરમાવું.
૪. અ. ક્રિ. સોસવાવું; રસનું સુકાઈ જવું.

સોહગો ઠકણુંખાર પુ બે માંહેની એક જાતનો ટંકણખાર. સોહગો અને પાટિયો એમ ટંકણખારની બે જાત છે.

સોહણાં ન વ. બ. સારી ગમત; ઉત્સવ; રંગરાગ; આનદના ઉછાળા.

સોહણી ૧. પું. (સગીત) એ નામનો એક રાગ.
૨. જી સોભા
૩. વિ જી. સારી
૪ વિ જી. સુભાગી; ભાગ્યશાળી.

સોહણું ૧. [સ. સ્વપ્ન] ન. સોણું; સ્વપ્ન.
૨. અ. સામામાં મળવાં તે.
પહેનાણ પહેરાણો મળી હળીમળી સોહણાં લીધા રે. ઇમારામ
૩. વિ. સોહામણું

સોહન ૧. [હિ] પું મિત્ર
૨. જી સોભા
૩. વિ સુદર, સોભતુ, સોહામણું
સૌ.ર્યે છે સુ-રીઓની સોભા,
વિરોઠ વપની રાજકુમાર છે જ,
સસારનુ સોહન ધન સુખનું,
કામધને એ સહુ કાય કે છે
સમમિત્ર

સોહની સુ (સગીત) મારવા થાટમાંથી ઉત્પન્ન થતો એક ષાડવ જાતિ રાગ. તેમાં સા, રિ, ગ, મ, ધ, નિ સ્વરો આવે છે. તેમા પ વર્જ્ય છે. રિ કોમળ છે. તેનો અવ સ્વર તથા વાદી સ્વર ગ છે ગાવાનો વખત રાત્રે ત્રીજે પહોર છે. કૃમાર અને કરુણ રસ ઉત્પન્ન કરે છે. મધ્યમ પ્રકૃતિવાળી છે.

સોહમ જો એક જાતની મીઠાઈ

સોહર ૧. જી. સૌભાગ્ય.
૨. ન. બાળકના જન્મ વખતે ગવાતું ગીત.

સોહરાવવું સ ક્રિ. ઝવણારાવવું.
રાવે નમર સોહરાવિયું સોહરાણી છે ઘટ. પ્રેમાનંદ

સોહરાવું અ ક્રિ ગીમળી.વું, કરમા.વું

સોહલું ૧. ન મજા પડે એવી ગમત, ઉત્સવ કે રગરાગ, ગૃગારન, લાડ, આનંદ અને રમતગમત.
૨. વિ. સહેલું, કપરું નહિ; સરલ.
સરીર આપણ સોહલું, રોહલો રેવો ડાગ
કાન્હડદે પ્રબંધ

૩. વિ સારું, સખદાયક
૪ વિ. સુંદર, શોભીતુ, સોહામણું.
૫. વિ. સ્વચ્છ.

સોહલો પું આનંદ, ગમત, આનદની છૂટ
એમ બાર દિવસ લગી મંડપ સોહલો
અદ્‌ભુત વરતાયો લાંબે છ.
જિતમર

સોહવાવું સ. ક્રિ. આકર્ષ આવવું
બીજું કરવું તે કાંઈ ના સો'વાય. નીરાત

સોહવું [સ ગ્રહ (શોભવુ), પ્રા. સુહ (સોહવુ)] અ ક્રિ સોભવુ, સુદર દેખાવું; શોભી રહેવુ
ગિરિ સોહિઈ પલિત રુઅ જટા
લખી ધર્મધ્વજ અવિ ઝટા જાલણ

સોહં ૧ [સ સ (તે) + અહમ્ (હું)] ઘ પ્ર. (વેદાત) તે બ્રહ્મ હું છું એવુ એક મહા વાકય, એ ભાવનાવાળુ એક વેદાત સૂત્ર
૨. અ. પ્ર. તે હું છું એવો નાદ; શ્વાસ લેતાં ને મૂકતાં અંદર થતો એવો ધ્વનિ.
૩. અ. પ્ર. હું જ આત્મા છું એવો જપમત્ર
૪. અ. પ્ર. જન્મ થતાં પહેલા માતાના ગર્ભમા બાળકથી નીકળતો મનાતો એક ઉદ્‌ગાર

સોહંત વિ. સોભીતું; સોહામણું; દીપતુ

સોહંતું વિ સોભીતું; રમણીય

સોહા [સં. શોભા] જી (પ્રાકૃત) સોભા

સોહાકરું વિ. (ખા. ગુ) સોહામણું સુદર

શ્રી શ્રીમ.ની સોહાકરું રે દસ વસા દીપત
કાન્હડદે પ્રબંધ

સોહાગ ૧. પું. ટકણખાર; ખડિસોખાર
૨. પું ધણી
૩. પું નસીબદારપણું, સુભાગ્ય, રૂડુ ભાગ્ય.
૪ [સ સૌભાગ્ય, પ્રા. સોહગ્ગ]
પું. સૌભાગ્ય; હેવાતન.
૧ સોહાગ ઉતર.વવો - લેવર.વવો = હેવાતનનાં ચિહ્ન કઢાવી નાખવા
૨. સોહાગ રાખવો = વિધવા થયા છતાં સૌભાગ્યવતીનાં ચિહ્ન કાયમ રાખવાં
૫. પું. હેવાતનનું કોઈ પણ ચિહ્ન જેમકે, ચૂડી, ચોટલા, ચાદલો વગેરે.
૬. અ. એક જાતનું ઝાડ; આમુરા રોહિતક. તેના બં. ઓમ.નામ. ચાવવામા આ.વે છે. ઓગસ્ટથી નવેમ્બર૨મ. તેને નાના સફેદ ફૂલ આ.વે છે આ. ઝાડ ત્રીસ ફુટ સુધી ઉંચુ વધે છે. તે સુદર હોવાથી બાગમાં વવાય છે. તેનું બારકું મજબૂત મણાય છે.
૭. વિ. સોહાગી; શોભીતું

સોહાગણ ૧ જી પતિવાળી સ્ત્રી, સધવા
૨. વિ જી. સારા ભાગ્યવાળી; નસીબદાર
સામળિયાને સગ રમતાં હું સોહાગણ થાઉ રે. નરસિંહ
૩ વિ જી. શોભા આપનારી; દીપાવનારી.
૪ વિ જી સારી શોભા કે વશવાળી; સૌભાગ્યવતી.

સોહાગણી જુઓ સોહાગણ.

સોહાગા પું. ટકણખાર.

સોહાગિની જુઓ સોહાગણ.

સોહાગિયું ૧. વિ સારાં ભાગ્યવાળુ
૨. વિ. સુંદર; શોભાવાળું; રૂડું

સોહાગી ૧ [સ સૌભાગિત; પ્રા સોહગ્ગિઅ] વિ આનદી; મોજીલુ
૨ વિ ટકણખારને લગતુ, ટકણખારમાંથી નીકળતું.
૩. વિ સારા ભાગ્યવાળુ; સુખી.
૪. વિ. સુદર; શોભાવાળું, સુશોભિત.

સોહામણું [સં શુભ + આપમણુ સ. પ્રેરકરૂપ બનાવવામાં વપરાતા આમય પ્રત્યય ઉપરથી)] વિ રૂઢિયાળું; રૂપાળું; શોભાવાળું; સુશોભિત. મૂળ શબ્દ સોહ ઉપરથી તેનુ વિશેષણ સોહામણું થયેલ છે. આમણુ પ્રત્યયની ઉત્પત્તિ એમ છે કે: પ્રેરકરૂપ બનાવવા સસ્કૃતમાં આમય પ્રત્યય છે. તે સસ્કૃતમાં અમુક ધાતુને જ લાગે છે. પરંતુ પ્રાકૃતમાં તે સામાન્ય પ્રેરક પ્રત્યય થઈ પડે છે. તે ઉપરથી ગુજરાતી પ્રેરક પ્રત્યય આમ ઊતરી

આવ્યો છે એ પ્રેરકમાં અણુ પ્રત્યય મળી આમણું પ્રત્યય થયો છે અણુ પ્રત્યય સંસ્કૃત ગણની વિકૃતિ છે. તેથી વિશેષણ તેમ જ ક્રિયાવાચક નામ બનાવવામાં વપરાય છે. એ રીતે આમણું પ્રત્યય બે રીતે પ્રયુક્ત છે: લક્ષ્યમણું અને પટામણું.

પદ્મ નમીય વીરહ દશાનબદ્ર ચરિય રચિયિ
સોહામણુય

દશાર્ણભદ્ર રાસ (સંવત ૧૪૮૬)

સોહાયનું જુઓ સોહામણું

સોહાવવું ૧. સ કિ. સોરવવું; મજા પડવી; ગમવું

૨. સ. ક્રિ. શોભાવવું; સોહે તેમ કરવું.

સોહાવું ૧. અ કિ. ગમવું; સોરવવું; ગોઠવું.

૨ અ. ક્રિ. શોભવું; શોભાવું; સારું દેખાવું

સોહાસણ જી. સધવા; સૌભાગ્યવતી સ્ત્રી.

સોહાસણી જુઓ સોહાસણ

સોહિણી ૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે રાત્રિના ચોથા પહોરે ગવાય છે. કનુમંત મત પ્રમાણે તે શ્રીરાગની આઠ ભાર્યાની એક પુત્રવધુ ગણાય છે. આ રાગ ગાવાથી અતિકુપિત થયેલ સર્પ કે વાઘનું સાંત્વન થાય એમ મનાય છે. સંગીતના ચાઉદ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં ઋષભ, મધ્યમ વિકૃત છે અને પંચમ વર્જ્ય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર નિષાદ અને સંવાદી સ્વર ગાંધાર છે. આ રાગમાં કેટલેક સ્થળે હિંડોલ અને પૂરિયા રેનકી રાગોનો ભાસ થાય છે.

૨. સ્ત્રી. મનોહર દેખાવની અને મોજીલી સ્ત્રી.

૩. સ્ત્રી. સ્વરૂપવતી સ્ત્રી.

સોહિની જુઓ સોહિણી

સોહિલ [પ્રા.] સ્ત્રી. સહેલાઈ.

સોહિલ્લ વિ. (જૂ. ગુ.) સહેલું; સરળ; સુખેથી થાય તેવું.

સોહિલ્લય [પ્રા.] વિ સુલભ

ઢોલિ મોંઘરી **સોહિલ્લયા** આહિ

ઋષભદાસ

સોહી પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમાં ૩૨ ગુરુ અને ૪૮ લઘુ મળી ૮૦ વર્ણ હોય છે

સોહીલી પું. ચોખાની એક સારી જાત.

સોહુ પું. (સંગીત) ભૈરવ રાગના આઠ ભાર્યાનો એક પુત્ર રાગ; સુહા. તે ગાવાનો વખત સવારના દશ વાગ્યાનો છે. જાતિ સંપૂર્ણ છે. અહ સ્વર પંચમ છે. ગ્રહ જ વાદી સ્વર, પંચમ સંવાદી સ્વર અને નિષાદ અનુવાદી સ્વર છે. તે માલશ્રી, બિલાવલ, બિભાસ અને આશાવરીથી મિશ્ર છે. આ રાગ વસંત ઋતુમાં હર વખત ગવાય છે. આ રાગનો ઠાઠ કાફીનો છે. એટલે ગાંધાર મધ્યમ તથા નિષાદ કોમળ છે, પણ તેમાં ધૈવત થોડી બોલવાની છે એટલે મંદ સ્વર ધૈવત છે. અને તેનો આરંભ મધ્યમથી અથવા રિષભથી થાય છે, ગાંધાર ઉપર આવી રાગ પ્રકાશ થાય છે. તેમાં સારંગનો મિલાપ છે.

સોહેલું વિ. સોહીતું; સોહલું.

સોહેલો જુઓ સોલ્લો

સોહોનું વિ. સ્વપ્ન

સોહોર [સં. સોર] પું. ધોબાટ; ગરબડ; શોરબકોર.

સોહોરાવું અ. ક્રિ. કરમાવું; નિસ્તેજ થવું.

ચહેરા ચાંદો **સોહોરાઈ** ગયા.

ગો. નરસૈંયો ચહેરામણ

સોહોવું ૧. અ કિ. ગમવું; ગોઠવું

૨. અ. ક્રિ. શોભવું; સુંદર દેખાવું.

સોહ્ય ૧. [સં. સોહિત] વિ. દેખાવડું; સુંદર; મનોહર; સોહ્યું.

૨. વિ. શુભલક્ષણ

સોહ્યું ૧. ન. મનગમતી શૃંગારચેષ્ટા કે રમત.

૨. વિ. સહેલું; અઘરું નહિ તેવું

સોહ્યા સુખના ભોગ ભોગવ્યા દુઃખ અણગમ્યાં.

મંધમિત્રા

૩. વિ સુખદાયક.

૪. વિ. સોહામણું; સુંદર.

સોહ્યલો ૧. પું. આનંદનો ઉછાળો; ઉત્સવ શુભ પ્રસંગનો સમારંભ; મજાનો અવસર

૨ પું. ઝળકો; રોફ; શોભીતો સુંદર દેખાવ.

૩. પું. સુંદરતા કે સૌભાગ્યનું અભિમાન.

સોળ ૧. [સં. સમસ્ત-સવ્વસુ-સઉસુ-સોળ] પું. સળ; સોટી વગેરેના મારથી ચામડીનું ઊપસતું તે; સોટી વગેરેના મારનો શરીર પર પડતો આંકો.

૧. સોળ ઊઠવા-પડવા-સોળાં ઊઠવા = મારથી સજેલો ઘાનો લાંટો જણાવો.

૨. [સં પોડશન્; પ્રા. સોલહ] વિ. દસ ને છ એટલું; ૧૬

૧. સોળ કળાનું = (૧) પૂરેપૂરું ખીલેલું; (૨) સંપૂર્ણ આનંદી

૨. સોળ વાલ ને એક રતી = (૧) બરાબર સાચું; ન્યાયપુરઃસર. (૨) સંપૂર્ણ અને સંતોષકારક. (૩) સૌથી સારું.

૩. સોળમી ઘડી જવી = ગજરાજ જવું અટકત આવી પડવી. દિવસની ત્રીસ ઘડીમાંથી પંદર ચાલી જતાં તે ઉપરથી સમય પૂરો થઈ જવાથી મુશ્કેલીમાં આવી પડવું.

૪. સોળશ ને મકરવારે = કદી જ નહિ. તે શબ્દ વાયદા કરવામાં વપરાય છે.

૫. સોળે કળા = પૂરેપૂરું; પરિપૂર્ણ. ચંદની ૧૬ કળા હોય છે તે ઉપરથી.

૬. સોળે કળાએ પ્રકાશ = પૂર્ણ ચમકી.

૭. સોળે શણગાર સજીને = પૂરેપૂરો ઠાઠ કરીને; બધાં વસ્ત્રાભૂષણ સજીને. કેમકે શણગાર સોળ છે તે ઉપરથી.

૮. સોળે સરકાર થઈ ચૂકવા = બધાં સુખદુઃખ રીતી ચૂકવાં; બધી તરહના વાયરા વાઈ ચૂકવા; સારા માઠા કેરકાર કે બનાવ બની ચૂકવા. સરકાર સોળ છે તે ઉપરથી.

૯. સોળે સાન ને વીસે વાન = સોળ વર્ષની ઉંમર થતાં સુધીમાં અક્કલ આવે છે. એટલે કે, પુખ્ત ઉંમર થવાથી પુખ્ત વિચાર બધાય છે અને વીસ વર્ષની ઉંમર થતા સુધી શરીરનો બાંધો બંધાઈ ચૂકે છે પછી કાંઈ ફેરફાર થતો નથી એમ કહેવાય છે

૧૦. સોળે સોગટી કાચી કોવી = કાંઈ કામ થયું ન હોવું; બધું જ બાકી હોવું; કાંઈ કર્યું ન હોય તેમ અતૃપ્તિ રહી જવી. રમવાની બાજીમાં સોગટીઓ સોળ હોય છે તેમાં રમનાર ચાર હોય છે. તે પ્રત્યેકની ચાર ચાર સોગટીઓ બાકીની કોઈની પણ પાકીને ઘરમાં ગઈ ન હોય તે ઉપરથી

૧૧. સોળે સોપારા બાંધવા = બધી રીતે કોસિયાર થવું; કુરાનના અધ્યાયને સીપારો કહે છે. એ સીપારા ત્રીસ છે. તેમાંથી સોળ ભણવામાં આવે છે તે ઉપરથી.

૧૨. સોળે સોળ આની = પૂરેપૂરું; બેલાશ તેવું; બરાબર

સોળકૂકી સ્ત્રી સોળ કૂકીથી રમાતી બાજી.

સોળકૂટી જુઓ સોળકૂકી.

સોળપણ ન. ઊંમેપણ; ધાન્ય બરાબર ભરાવાનું બારકાનું બોખર

સોળપેજી [સં. પેજ (પૃ૪)] વિ. જાપવામાં સોળ પૃષ્ઠ થાય એવા કદનું.

સોળભત્તું ન. (જૈન) સોળ ટંક ઉપવાસનું વ્રત

સોળા પું. ૧ ૧. આગળના ભડકા.

પુષ્પાકાના ચોટીબોરા નીકળતા હતા અને રાવણી તો આગના સોળાઓમાં બીંટભાઈ ચૂકી હતી.

પીતાંબર

સોળું ૧. [પ્રા. સોહ] ન. અજોટિયું; પોઈને અલગ રાખેલું સ્વચ્છ પવિત્ર વસ્ત્ર; રસોઈમા પહેરવાનું પવિત્ર વસ્ત્ર.
સોળામાં હોવું = અજોટિયું પહેર્યું હોવું; કોઈને ન અડાય તેવી શુદ્ધ સ્થિતિમાં હોવું.
૨. ન મરજાદ.
૩. ન. સોટી વગેરેના મારનો શરીર ઉપર પડેલો આકો; સળ; સોળ.
૪. વિ. પોઈને અલગ રાખેલું; પવિત્રતામા રાખેલું

સોળે અ. સોળ રાજ્યારમાં; સોળ શણગાર સજીને
બહાર પધારો સોળે હો સુંદરી. લગ્નગીત

સોળૈયો પું. સોળ કૂટનો લાંબો વળો; સોળ કૂટનો સાગરો.

સોં ૧. સ્ત્રી. ત્વરિતિ; સ્ફૂર્તિ; શક્તિ; તેજી.
૨. સ્ત્રી. નિરાંત; સ્વસ્થતા; મનની સ્થિરતા.
સોં વળવી = (૧) નિરાંત થવી; સ્વસ્થતા મળવી. (૨) શક્તિ આવવી; સ્ફૂર્તિ આવવી.
૩. [સં. સજ્ઞા] સ્ત્રી. જાન; શુદ્ધિ.
૪. સ્ત્રી. સમજણ; અક્કલ.

સોંખી પું. કપાળની મધ્યમાં ભમરાવાળો બળદ. તે ખોડ ગણાય છે

સોંગ ૧. પું. ઢોંગ; આડંબર; ધતિંગ; છળ; ખોટો કૃત્રિમ દેખાવ; બાહ્ય બનાવો.
૨. [સં. સ્વાંગ] પું. નાટકમાંનો વેશ; કૃત્રિમ દેખાવ.
સોંગ ધરવો–સેવો = વેશ લેવો
૩. પું. પ્રતિજ્ઞા.

સોંગરું ન. બાજરો, મકા, કોદરા ને અડીનો સેળભેળ લોટ.

સોંઘ સ્ત્રી. સસ્તાઈ; સસ્તાપણું; છત; સોંઘવારી, સોંઘારત.

સોંઘવારી સ્ત્રી. સોંઘનો વખત; સસ્તાઈ; સોંઘું મળવું તે, સસ્તાપણું; છત.

સોંઘારત સ્ત્રી; ન. સોંઘવારી; સસ્તાપણું; છત; સોંઘું મળવું તે.
તેથી સ્વરાજ સાચું તો સોંઘારત ગણાય છે, અન વસ્ત્ર વિના કોથી નાગા ભૂખ્યા રહે ન કો ગ.મોગાવા

સોંઘારથ જુઓ સોંઘારત

સોંઘું ૧ [સં સ્વર્ધક] વિ. મોજ આપનું; સસ્તું, છતવાળું.
૧. સોંઘી અધામણ મોંઘી પડે = અતિ સસ્તું તે મોંઘા માટે
૨. સોંઘુમોંઘુ થવું = માન આપવું; ઇચ્છા હોવા છતાં આનાકાની કરવી, આગ્રહની અપેક્ષા કરવી
૨. વિ પુષ્કળ છતનું

સોંઘુંસપરું વિ. વધુ સોંઘું; પાણીના ભાવનું

સોંજ ૧. સ્ત્રી. ઇચ્છા; મરજી
૨. સ્ત્રી. જોવડ; મોહવશ; પ્રગાઢ.
૩. સ્ત્રી. કુરસદ
૪. સ્ત્રી. સમવડ; અનુકૂળતા.

સોંઢવું ૧. સ. ક્રિ. આપવું; દેવું.
૨. સ. ક્રિ. મરજી હોય ત્યારે ઇચ્છા ન હોય તો પણ આપવું.

સોંઢવું જુઓ સોંઢવું

સોંઢા [સં. શુંડા] સ્ત્રી. સૂંઢ

સોંઢાડવું (સોંઢાવું) જુઓ સોંઢાડવું.

સોંઠી સ્ત્રી. ભાત જોડીને નીકળવાની તૈયારી; ધામધૂમ

સોંઢવું ૧. અ. ક્રિ. માંગલિક પ્રસંગે સાથે આવવા તૈયાર થવું; શુભ પ્રસંગે જવું; મોટી ધામધૂમ કરીને નીકળવું; સજ્જ થવું; તૈયાર થવું; સઢવું
૨ સ. ક્રિ .સાઢવું; જવું, પ્રયાણ થવું
સોંઠી જવું = મરણ પામવું

સોંઢાડવું (સોંઢાવું) સ ક્રિ આવવા તૈયાર કરવું; નોતરવું; લગ્નમાં સાથે તેડી જવા નિમંત્રવું.

સોંઢિયું ૧. ન. ચોડાની પીઠ ઉપર ભાર ન પડે માટે બને બાજુ રાખવામાં આવતું આંકીબાંકી જેવું પોચું સાધન.
૨. ન. ચામડાના ટ્રોસના કોઠા નીચેનો ચામડાનો સીવેલો ભાગ.

સોંત [સં. સમાપ્ત; જૂ. ગુ. સત] વિ. સમાપ્તિ.

સોંતળવું સ. ક્રિ. ચોડા તેલમાં નાખીને સહેજ તળવું.

સોંતાડવું (સોંતાવું) સ. ક્રિ. પકવ કરવું; સમાપ્ત કરવું.
શુકવારે શુભ ગ્રંથ સોંતાડ્યો
ભક્તરાજને દલાડોલ. દેવીદાસ

સોંતાળવું સ ક્રિ સોંતળવું; જરાક તળવું; સેંકવું.

સોંથલી વિ. એક જાતના રંગનું.

સોંદો પું. રેડીબાજ; વિધવા પુરુષ.

સોંધિયા ૧. સ્ત્રી. એ નામની એક ભટકતી કોમ.
૨ ન. એ નામની કોમનું માણસ
૩ વિ. એ નામનું કોમનું

સોંધો [સં સૌગન્ધિક] પું. એક વનસ્પતિદાર પદાર્થ, નવટ રંગામના કપડાની રાખને ગરમ કરેલા મીણમા ઘૂળી અદર સુગધીદાર અત્તર વગેરે નાખી તેને કપડામા જમાવી રાખે છે. વાળમાં ચોપડવાથી તે છૂટા પડી જતા નથી. જૂના વખતની ઓઓ માથા ઉપર પણ એની ત્રણ ટપકો કરીને સૌંદર્ય વધારતી.
બની એવા સરખી જોડ રે,
હરિને સોંધો અને રાધોડી રે. પ્રેમાનંદ

સોંપવું (સોપવું) ૧ સ. ક્રિ. મળવું; જડવું; લાભ આપવો
૨. સ. ક્રિ. જન્મ આપવો; જણવું.

સોંપણ સ્ત્રી સુપરત; જાળવણી; જાળવવું તે; સોંપવું તે; હવાલો

સોંપણહાર વિ સોંપનાર; આપનાર

સોંપરત સ્ત્રી જાળવણી; સુપરત

સોંપવું [સં સમર્પ] સ ક્રિ. જાળવવું; સલામતીમાં મૂકવું; સુપરત કરવું; કોઈના કબજામાં સાચવવા આપવું

સોંપાવવું સ ક્રિ. સોંપણી કરાવવી; જાળવણી કરાવવા

સોંપાવું અ. ક્રિ અપાવું; દેવડાવું; સોંપવાનું થવું; સુપરત થવું

સોંપ [ક્રિ સોંપ] સ્ત્રી. વરિયાળી.

સોંસરવું ૬. વિ. અવિકૃત; અખૂણગાડ્યું
૨. વિ. એક છેડાથી બીજા છેડા સુધી ગયેલું; આરપાર; અળગ
૧ સોંસરવું ઊતરી જવું - બહુ અસર થવી.
૨ સોંસરવું નીકળવું -પડવું = (૧) આરપાર નીકળી જવું, સોંસરું જવું. (૨) ન પચવું; નકામું જવું.
૩. અ આરપાર; સોંસરું

સોંસરું જુઓ સોંસરવું.

સોંસી વિ. ઊન અને રેશમી વસ્ત્રનો એક રંગ.

સૌ ૧. [સં. સર્વ, અપ–સઉ; પ્રા. સવ્વ] વિ સહુ; સઘળું; સર્વ
૧. સૌ કોઈ કહે બાપડી, પણ કોઈ ન સીવે કાપડી = સૌ ભલું મનાવે, પણ આંધણમાં ઓરવા કોઈ ન આવે; કહેવા સૌ આવે પણ કોઈ કરી આપે નહિ
૨. સૌ ઘર સરખા ન હોય = સૌની સ્થિતિ સરખી હોતી નથી
૩. સૌ સૌનાં ગીત ગાય = સૌ પોતપોતાનું સારું બોલે કે વખાણ કરે
૪. સૌ મૌને મન સયા શેર = દરેક માણસ પોતાને માટે અભિમાન રાખે
૫. સૌની મત ને વહુની ગત–સૌનું ધર્યું તે વહુનું થશે–સૌનો રાહ તે વહુનો રાહ =

સોનુ થશે તે અત્યારે થશે; બધાં એક જ નાવમાં બેઠાં હોવા જેવી સ્થિતિ.

૨. ન પશુ; ઢોર; વળી.

સૌકર ન. એ નામનું એક પ્રમાણ.

સૌકર્ય [સં. સુકર (સહેલું) + ય (પણું)] ન. સહેલાઈ, સહેલાપણું; સુકરતા.

સૌકર્યા સ્ત્રી. ચોપન માંહેની એક વાસુતત્ત્વ દેવતા.

સાકંદી સ્ત્રી ઉપલસરી નામનો છોડ; અનંતમૂળ.

સૌકુમાર્ય [સં. સુકુમાર (કોમળ) + ય (પણું)] ન. કોમળતા; સુકુમારતા; નાજુકતા સુકોમળતા

સૌક્ષ્મ્ય [સં.] ન. સૂક્ષ્મતા

સૌખ્ય ન સુખ; આરોગ્ય; આનંદીપણું; સુખી હોવાનો ભાવ; ખુશ મિજાજપણું; આરામ

સૌખ્યદ ૧. [સ] ન. (સિદ્ધ) એક જાતનું ત્રિકાળ ઘર

જે ત્રિકાળ ઘરના મૂળ આત્મા પાસે અસિરો ૬.૫ ને ઘરની ડાળી, જમણી ને પછીતે બે રીતે ત્રણ વરદમા ત્રણ અસિદ હોય અર્થાત્ એક વાર અને અસિદ હોય અને તે ઘરનું મુખ ઉત્તરમા હોય તો તે **સૌખ્યદ** ઘર કહેવાય છે.

રાજવલ્લભ

૨. વિ. સુખદાયી.

સૌખ્યહર ૧. [સ] ન. (સિદ્ધ) એક જાતનું ત્રિકાળ ઘર

જે ત્રિકાળ ઘરમા ડાળી, જમણી, પછીતે ત્રણે બાજુ બે બે અસિદા હોય તે ઘરના મુખ આત્મા ત્રણ અસિદ હોય; જે મુખ આત્મા ત્રણ અસિદો હોય તે આત્મા એક મડળ હોય તે અથવા તેના જ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે **સૌખ્યહર** ઘર કહેવાય.

રાજવલ્લભ

૨. વિ. સુખ હરી લેનાર; દુ.ખદાયક.

સૌગત ૧. પું. બુદ્ધનો અનુયાયી.

૨. વિ. બુદ્ધનું, બુદ્ધ સબંધી

૩. વિ. બુદ્ધમતનાં શાસ્ત્રો જાણનાર

સૌગતિક ૧. પુ નાસ્તિક; નિરીશ્વરવાદી.

૨. પુ બૌદ્ધ સાધુ

૩. પું સૌગત; સુગત એટલે બુદ્ધનો અનુયાયી

સૌગંધ ૧ સ્ત્રી સુગંધ

૨ ન સુગંધવાળું એક જાતનું ઘાસ; રોહિષ; રામકપૂર

૩. ન. સોગન; શપથ; કસમ.

સૌગંધપત્ર ન પ્રતિજ્ઞાપત્ર

સૌગંધિક ૧ પુ ગંધક

૨ પુ પદ્મ માંહેના એક પ્રકારનો વંદ

૩ ન (જૈન) એ નામનું એક નરક

૪ ન. એ નામનો એક ભૂમિ ભાગ. તેની અંદર એ નામનાં રત્નો હોવાનું મનાય છે

૫. ન. એક જાતનું રત્ન; ઊગતા સૂર્યનો પ્રકાશ આપે તેવો હીરો

૬. ન. કુબેરનું એ નામનું એક વન; સૌગંધિક નામના શિખર ઉપર આવેલું અલકાનગરી માંહેનું એ નામનું એક વન

૭ ન કૈલાસની ઈશાન દિશામા આવેલું હિમાલયનું એક શિખર

૮. ન. પોળુ અને ઝાંખું કમળ; સુગંધી કમળ.

૯. ન. રોહિષ નામનું સુગંધી ઘાસ.

૧૦. ન. સાંજે ખીલતું કમળ.

૧૧. ન. હીરાની કીમત કરવાનું એક માપ.

૪ વ્રીહિ = ૧ સૌગંધિક

૧૨ વિ સુગંધદાર; ખુશબોદાર; સુગંધીવાળુ

સૌગંધ્ય [સ ન. સુગંધ; ખુશબો.

સૌગાત [હિ.] પું. ઉપહાર.

સૌઘાત [ફા.] સ્ત્રી. કીમતી ભેટ

સૌઘાતી [ફા] વિ ભેટ આપવા લાયક.

સૌચર્ચિક ૧. પુ. (પુરાણ) રોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા. તેણે નૈમિષારણ્યમાં રહેતા શૌનકાદિને મહાભારત પુરાણ સંભળાવ્યું હતું અને શૌનકો સાથે તેને સવાદ થયો હતો

૨ પુ. (પુરાણ) વારુણી ભૃગુના પુત્રોનો એ નામનો એક ઋષિ

સૌચિ જુઓ સૌચિક.

સૌચિક [સં] પુ. દરજી; મેરાઈ; સાંધ.

સૌચિત્તિ પુ. (પુરાણ) મહાભારતના યુદ્ધમાંનો પાંડવ પક્ષનો સુચિત્તનો એક દીકરો. તેનું બીજું નામ સત્યકૃતિ હતું. યુદ્ધમાં કર્ણને હાથે તે મરાયો હતો.

સૌજન્ય ન. સુજનતા; ભલાઈ; સ્વભાવમાધુર્ય; સુજનપણું, સભ્યતા; સદ્વ્યવહાર.

સૌજન્યપત્ર ન. સુજન માણસ તરફથી મળેલુ પ્રશસાપત્ર

સૌત [હિ] સ્ત્રી. શોક્ય; સપત્ની.

સૌતિ ૧ પુ (પુરાણ) રોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા તેણે નૈમિષારણ્યમાં રહેતા શૌનકાદિને મહાભારત પુરાણ સભળાવ્યું હતું. વળી તેણે શૌનકો સાથે સવાદ થયો હતો.

૨ પુ. સૌત પૌરાણિકનો વંશજ.

સૌત્ય ન સારથીપણુ

સૌત્ર ૧. [સં] પું. દર્ભ ગણથી ભિન્ન ગણેલા સૂત્રમાત્રમા ગણેલા ધાતુ; સૂત્રપઠિત ધાતુ.

૨. પુ. વ્યાકરણ.

૩ વિ. સૂત્ર સબંધી.

સૌત્રામણ ૧ પું. એક કેરી પીળુ

૨. [સ. સૌત્રામણી] પુ એક પ્રકારનો શ્રૌતયજ્ઞ તેમાં સુરાની આહુતિ આપવામાં આવે છે

સૌત્રામણે કેખાને સુરા હરપ્યો ભુજ અણનલે પુરા. ભાલણ

સૌત્રામણી ૧. પુ એક પ્રકારનો યજ્ઞ. તેમાં સુરા અને સોમ બેમાં કરીને ઇંદ્રને તેની આહુતિ આપવામા આવે છે, કેમકે આ યજ્ઞનો દેવ ઇંદ્ર છે આહુતિમા સિંહ, વાઘ અને બકરા વાળની જરૂર પડે છે એમ કહેવાય છે અતિશય સમયમાં પરભ્રષ્ટ થયેલા રાજાને આ યજ્ઞ કરવો પડતો

૨. સ્ત્રી. (જૈન) ઉત્પન્ન મહેની એ નામની એક દિક્કુમારિકા

૩. સ્ત્રી. તે નામની એક કૃષ્ટિ

સૌત્રાંતિક પું. (બૌદ્ધ) બૌદ્ધની હીનયાન શાખાનો એક ભેદ; આત્મા નથી તેવો મત. વિજ્ઞાન, વેદના, સત્તા, સસ્કાર અને રૂપ એ પાંચ સ્કંધ જ છે. એ પાંચ સ્કંધ જ પરલોકમાં જાય છે. સર્વે પદાર્થ ક્ષણિક છે. ચાલતો પ્રવાહ ઉચ્છિન્ન થાય તેને મોક્ષ કહે છે. તેઓ બાહ્ય પદાર્થનું અસ્તિત્વ અનુમાનથી સમજાય એમ કહે છે. વૈભાષિક, સૌત્રાંતિક, વિજ્ઞાનવાદી અને માધ્યમિક એમ બૌદ્ધો ચાર પ્રકારના છે.

સૌદામનદામ પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ચાર સગણ, નગણ, જગણ, યગણ, સગણ અને લઘુ મળી ૨૫ અક્ષર હોય છે.

સૌદામની ૧ [સં] સ્ત્રી. અપ્સરા

૨. સ્ત્રી ઐરાવત હાથીની પત્ની એક હાથણી.

૩. સ્ત્રી. વીજળી; વિદ્યુત

૪. ન (સંગીત) ગાવવું એક તાન; વક્ર ગ્રામમા નિષાદ વર્જિત કરવાથી ઉપજ થતું તાન.

સૌદામિની ૧. સ્ત્રી (પુરાણ) કશ્યપથી વિનતાની કૂખે થયેલી કન્યા.

૨. [સ.] સ્ત્રી વીજળી; વિદ્યુત.

સૌદામિનીકલા ન. મહર્ષિ ભરતે રચેલ એ નામનુ એક શાસ્ત્ર. તેમાં પ્રાણિ અને આકારસ્થ વસ્તુઓની છાયા ક્રમ લેવી અને દશ્યોના, નાદનાં આંદોલનોનો ક્રમ અભ્યાસ કરવો, પ્રમાર્જન કરવુ અને ઉપયોગ કરવો વગેરેની રીતોનુ વર્ણન આપેલું છે.

સૌદામિનીપતિ [સં] પું. મેઘ

સૌદાયક ૧ [સ સૌદાયિક] ન પોતાનું, પતિ પાસેથી અથવા માતા પિતા પાસેથી મળેલું એવું ધન

૨ ન માતાપિતા કે કોઈપણ સગાસબંધી તરફથી વહુને અપાતી લગ્ન પ્રસંગની ભેટ, વરપક્ષને આપવાની બક્ષિસ.

૩ વિ કન્યાને સગાં તરફથી ભેટ તરીકે અપાતું.

સૌદાયિક [સ] જ. એક જાતનું સ્ત્રીધન; સૌદાયક

સૌદાસ પું (પુરાણ) સર્વકર્મા નામના ઋષિનો પુત્ર સુદાસનો પુત્ર કલ્માષપાદ, મિત્રસહ વસિષ્ઠ ઋષિના પુત્ર શક્તિઋષિને શાપથી તે રાક્ષસ થયો અને શક્તિઋષિને જ મારી ખાધા. એક વખત તે વનમાં ભટકતો હતો ત્યાં મૈથુન [illegible] વનમાં પણ રાક્ષસને જાણવામાં પક્ષ [illegible] આકાશ ન જોવાથી મારી ખાધો [illegible] પોતાના ગુરુથી જાણવામાં આવતાં [illegible] કર્યું અને બદલામાં પહેલા રાજાને શાપ આપ્યો કે તું મૈથુન કરતાં જ મૃત્યુ પામશે. વસિષ્ઠ ઋષિએ તેને શક્તિઋષિના શાપથી મુક્ત કર્યો, તેથી તે અયોધ્યામાં આવી સારી રીતે રાજ્ય ચલાવવા લાગ્યો એક વખત અતિ પ્રબળ કામવાસનાને લીધે તેણે પોતાની પત્ની સાથે સંભોગ કરવા પ્રયત્ન કર્યો પણ તેની સ્ત્રીએ તેના હાથની વાત માની નહીં તેને અટકાવ્યો

સૌદેવ પું (પુરાણ) આયુર્વેદ પ્રવર્તક ધન્વંતરિનું એક નામ. તેના પિતા સુદેવ ઉપરથી આ નામ પડ્યું છે તેનું બીજું નામ દિવોદાસ હતું

સૌધુમ્નિ ૧. પું. (પુરાણ) બુધનો પુત્ર

૨ પું. (પુરાણ) વૈવસ્વત મનુના પુત્ર ઇલ અથવા સુદ્યુમ્ન રાજાનો પુત્ર

સૌધ ૧ [સ] પું. એક જાતનો રાજમહેલ

૨ પુ દૂધિયો પથ્થર

૩ [સં] સ્ત્રી અગાસી

કુમારી તે **સૌધ** ઉપરી ચડી અતિ મનિ ક્રીન. કાદમરી

૪ ન. રૂપું

૫ ઘ અમૃતનું; અમૃત સમાન

૬ વિ ક્ષણીચૂનાનું.

સૌધર્મ પું (જૈન) એ નામનું પહેલું દેવલોક. તેના ઇંદ્રનું નામ શક્ર છે

કલ્પના સૌધર્મ, ઐશાન આદિ બાર ભેદ છે જેમાંથી **સૌધર્મ** કલ્પ જ્યોતિશ્ચક્રની ઉપર અસંખ્યાત યોજન ગયા પછી મેરુના દક્ષિણ ભાગથી કુછ ઊણ અસંખ્યપ્રદેશમાં રહેલા છે આ દેવલોકમાં દેવોની બે સાગરો પર્યંતની સ્થિતિ છે. તત્ત્વાર્થસૂત્ર

સૌધર્મજ [સ] પું. સૌધર્મ નામના દેવલોકના દેવ.

સૌધર્માવતંસક ન. (જૈન) એક જાતનું વિમાન.

સૌધર્મેંદ્ર પુ (જૈન) સૌધર્માવતંસક વિમાનની અંદર રહેનાર ઇંદ્ર.

સૌધરેતસ [સં.] પું. ચૂનાનો ગાભલો

સૌધાંધ્રિ પું. (પિંગળ) ત્રિકુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે

સ. ન. ધા. ગા. ગ યથી **સૌધાંધ્રિ**

રત્નપિંગળ

સૌધિક પું (પુરાણ) વાર્ક્ષ્ણ કૃષ્ણના કુળમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ.

સૌધેય ન એક જાતનું રાસાયણિક દ્રવ્ય; ઍમોનિયા અડકોનું દ્રવ્ય.

સૌનંદ [સં.] જ. બળદેવનું મૂસળ.

યદુ નિષ્ણ પરમાત્મ **સૌનંદ** જોઈ. પ્રેમાનંદ

સૌનંદી [સ. સૌનંદિન્] પું. બળરામ.

સૌનિક [સ.] પુ. કસાઈ; ઘાટકી; માંસ વેચી જીવનાર માણસ.

૨. પું. માંસ વેચવું તે.

૩. પું. વધસ્થાન.

સૌપર્ણ ૧. [સં.] ન મરકતમણિ; પન્ના.

૨. ન. મહાભારતનું એક પેટા પર્વ.

૩. ન. સૂપ

૪ વિ. ગરુડનું; ગરુડ સંબંધી

સૌપર્ણાસ્ત્ર ન. ગરુડની શક્તિવાળું અસ્ત્ર.

સૌપર્ણી સ્ત્રી. પાતાલ ગારુડીનો વેલો.

સૌપર્ણેય ૧. [સ પુ. ગરુડ

૨ ન ગાયત્રી વગેરે છંદ

સૌપુરિ પુ (પુરાણ) ચાક્ષુ મન્વંતરના પ્રારંભમાં જાબદેવે ઉત્પન્ન કરેલા માનસ પુત્રો માંહેનો આંગિરા ઋષિના કુળમાં થયેલો એક ઋષિ.

સૌપુષ્પિ પું. (પુરાણો) ચાક્ષુ મન્વંતરમાં જાબદેવે ફરીથી ઉત્પન્ન કરેલા માનસ પુત્રો માંહેના અત્રિઋષિના કુળમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ.

સૌપ્તિક ૧. ન. મહાભારતનું એ નામનું પર્વ.

૨. [સ] ન રાત્રિયુદ્ધ.

સૌબલ પું. (પુરાણ) ગાંધારના સુબલ રાજાનો મોટો પુત્ર શકુનિ. તે દુર્યોધનનો મામો થાય.

સૌભરી સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની એકવીસ મૂર્છનામાંની એક મૂર્છના. આ મૂર્છનામાં પ્રથમ સ્વર શુદ્ધ મધ્યમ, બીજો કોમળ પંચમ, ત્રીજો કોમળ ધૈવત, ચોથો કોમળ નિષાદ, પાંચમો કોમળ ષડ્જ આ મધ્યસ્થાની, છઠ્ઠો કોમળ ઋષભ અને સાતમો કોમળ ગાંધાર આવે છે.

સૌભ્યુદ્ધિ પું (પુરાણ) ચાક્ષુ મન્વંતરના પ્રારંભમાં જાબદેવ ફરીથી ઉત્પન્ન કરેલ માનસ પુત્રોમાંના અંગિરા ઋષિના કુળમાં થયેલો એક ઋષિ

સૌભ ૧. [સ] પુ એ નામે એક રાજા; કૃષ્ણનો શત્રુ તેને કૃષ્ણે માર્યો હતો

૨. પું જાદુઈ નગર; કામચારી શહેર. હરિશ્ચંદ્ર રાજાનું હવાઈ શહેર. તે હજુ પણ કોઈ કોઈ વાર દેખાય છે એવી માન્યતા છે. તેને અપુર, પ્રતિમાગ્રહ, વંશ પણ કહે છે. એમ કહેવાય છે કે, સાલ્વ રાજાનું વિમાનના આકારનું સ્વેચ્છાપૂર્વક ગમે ત્યાં ફેરવાય એવું નગર હતું.

સૌભગ ૧. પું (પુરાણ) ઉરુક્રમ નામના આદિત્યના દીકરા બૃહદ્ભાનુલોકનો એ નામનો પુત્ર.

૨. ન. કલ્યાણ

૩ ન. ધન; પૈસો

૪. ન સારું નસીબ; સુભાગ્ય.

સૌભગકલા પું. (પિંગળ) ત્રિકુપની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે

સૌભગકલા ભ સ જ સ ા ગ થી.

રત્નપિંગળ

સૌભદ્ર ૧ [સ પુ ઊભા ઝાડવાના સાધાની પાંચ મજબૂત, એક જાતના સાધો

૨. પું. બહેડાનું ઝાડ

૩. પું. (પુરાણ) રથરાજની કુખે વસુદેવને થયેલ ભાઈ માંહેનો એક પુત્ર.

૪. પુ. સુભદ્રાનો દીકરો; અભિમન્યુ

૫. ન દક્ષિણ કિનારે આવેલ એક તીર્થ, પચનારી તીર્થ

સૌભદ્રેય ૧. પુ [સં.] અર્જુનની પત્ની સુભદ્રાનો પુત્ર અભિમન્યુ

૨ વિ અભિમન્યુ જેવો

સૌભર ૧. પું. (પુરાણ) એ નામનો એક અગ્નિ.

૨ ન કાશ્મીરમાં થતું એક જાતનું કેસર. તેના રેસા ભારે અને લાલ રંગના હોય છે.

સૌભરિ [સં.] પું. (પુરાણ) એ નામના એક ઋષિ. તેણે મરુદ્ને શાપ દઈને યમુનાના ઘરામા આવવાની મનાઈ કરી હતી. એ ઋષિને એક વખત પરણવાની ઇચ્છા થતાં માંધાતા રાજા પાસે જઈ તેની કન્યાની માગણા કરી પણ ઋષિ વૃદ્ધ અને કદરૂપા હોવાથી રાજાએ કહ્યું કે, મારા અંત:પુરમા જાઓ અને તમારી સાથે કોને પરણવાની ઇચ્છા છે તે જુઓ આ ઉપરથી સૌભરિ પોતાના તપોબળ વડે દિવ્ય અને તરુણ દેહ ધારણ કરી અંત:પુરમાં ગયા. તેને જોઈને બધી કન્યાઓ આનંદ પામી અને હું પરણું, હું પરણું એમ બોલી. રાજાએ બધી કન્યાઓને ઋષિ સાથે પરણાવી. પોતાની બધી સ્ત્રીઓને લઈને ઋષિ પોતાને આશ્રમે આવ્યા. વિશ્વકર્માને બોલાવી દરેકને માટે અલગ એમ પચાસ મહેલો બંધાવ્યા. દૈવીશક્તિ વડે તે સઘળીની સાથે કાયમ રહી શકતા અને દરેક સ્ત્રીને એમ જ લાગતું કે, તેનો ધણી તેને સૌથી વધારે ચાહે છે તેને કુલ ૧૫૦ પુત્રો થયા. અંતરે આ સુખી જીવનથી તે કંટાળી ગયા અને તપ કરી વિષ્ણુની પૂજામા બાકીનું જીવન ગાળ્યું. એનો આશ્રમ નર્મદા તીરે હતો યુધિષ્ઠિર રાજાએ અશ્વમેધ કર્યો તે વખતે અશ્વરક્ષા માટે ફરતો ફરતો અર્જુન એને આશ્રમે આવ્યો હતો. તે વખતે એ સૌભરિને મળ્યો હતો.

સૌભાગિનેય [સં] પું. ધણીની બહેનીનો દીકરો.

સૌભાગ્ય ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે છંદ વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, ત્રણ તગણ, સગણ, બે યગણ, નગણ અને ગુરુ, લઘુ મળી રહ અક્ષર હોય છે.

૨. પું. ટકણખાર.

૩ પુ (જ્યોતિષ) સત્તાવીસમાંનો એક યોગ

૪. સ્ત્રી.,ન. ઋગ્વેદનું એ નામનું એક ઉપનિષદ.

૫. ન ઐશ્વર્ય.

૬ ન શોભા, સુંદરતા, સૌંદર્ય

૭. ન સારું ભાગ્ય; સારું નસીબ

૮. ન. સિંદૂર.

૯ ન. સુખ; આનંદ; કલ્યાણ.

૧૦. ન જેવાતણ; સધવા અવસ્થા. સ્ત્રીને પતિની હયાતીનું સુખ.

સૌભાગ્ય ઉત્સવ પું. અખંડ દાંપત્યનાં પચીસ વર્ષ પૂરાં થયે તેની ખુશાલીમાં કરવામા આવતો ઉત્સવ; સૌભાગ્યનો રજત મહોત્સવ.

અંગ્રેજોમાં 'સિલ્વર વેડિંગ', 'ગોલ્ડન વેડિંગ' અને 'ડાયમન્ડ વેડિંગ' તથા સૌભાગ્યના ત્રણ ઉત્સવો ક્રમવાર પચીસ, પચાસ અને સાઠ વર્ષને અંતે કરવાનો રિવાજ છે. એ ત્રણેને આપણે **સૌભાગ્ય ઉત્સવ**, સૌભાગ્ય મહોત્સવ અને સૌભાગ્ય મહા મહોત્સવ કહીએ અથવા મૂળ અંગ્રેજી શબ્દનો નિરોધાર્થે સાચવીએ તો સૌભાગ્યનો 'રજત મહોત્સવ', 'સુવર્ણ મહોત્સવ' અને 'મણિ મહોત્સવ' એ નામ આપીએ આનંદશંકર ધ્રુ

સૌભાગ્યકર ન એક જાતનું રત્ન.

સૌભાગ્યકલા સ્ત્રી. ભાગ્યરેખા; પુણ્યોદય.

સૌભાગ્યચિહ્ન [સં સૌભાગ્ય + ચિહ્ન] ન સૌભાગ્યાવસ્થા સૂચવનાર સ્ત્રીનાં આભૂષણ કપાળ, ચાંલ્લો, કેશ વગેરે.

સૌભાગ્યદેવ પું. પતિ; સ્વામી.

સૌભાગ્યદ્રવ્ય [સં સૌભાગ્ય + દ્રવ્ય (પ્રા)] ન. સૌભાગ્યસૂચક વસ્તુઓ; કંકુ, કટ અક્ષત, કંકણ, ચાંદિયા માર્તની માળા વગેરે માંગલિક વસ્તુઓ.

સૌભાગ્ય પંચમી સ્ત્રી કારતક સુદિ પાંચમ, સૌભાગ્ય પાંચમ; લાભપંચમી સૌભાગ્ય પાંચમ. એ દિવસે અમો વદિ અમાસે ન થયેલ વર્ષપ્રતિબંધ થઈ છે કારખાનાવાળા અજુગો કરી પોતાના કાર્યનો આરંભ કરે છે

સૌભાગ્યમહામહોત્સવ પુ અખંડ દાંપત્યના સાઠ વર્ષ પૂરાં થયે તેની ખુશાલીમા કરવામાં આવતો ઉત્સવ.

સૌભાગ્યમહોત્સવ પુ અખંડ દાંપત્યના પંચોતેર વર્ષ પૂરાં થયે તેની ખુશાલીમાં કરવામાં આવતો ઉત્સવ.

સૌભાગ્યમંદન ૧. ન. હરતાલ.

૨. વિ. સધવાવસ્થાસૂચક

સૌભાગ્યમીમાંસા સ્ત્રી. સુભગ કે સુંદર વસ્તુના આનંદના નિદાનનું તત્ત્વ શોધનારી વિદ્યા; રસશાસ્ત્ર; સૌંદર્યશાસ્ત્ર; સાહિત્યમીમાંસા

સૌભાગ્યવતી ૧ પુ (પિંગળ) પંક્તિ છંદની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ચપકપ્રભા તેના દરેક ચરણમા ભગણ, નગણ, નગણ અને ગુરુ એમ દસ અક્ષર હોય છે.

૨ વિ સ્ત્રી સધવા, સુવાસિની; સારા ભાગ્યવાળી; હેવાતનવાળી; પતિ જીવતો હોય તેવી.

સૌભાગ્યવર્ધ જુઓ સૌભાગ્યવર્ધક

સૌભાગ્યવર્ધક [સં સૌભાગ્ય + વર્ધક (વધારનાર)] વિ સૌભાગ્યની વૃદ્ધિ કરનાર; સૌભાગ્ય વધારનાર. ધાર્મિક વ્રત વગેરે સૌભાગ્યવર્ધક મનાય છે

સૌભાગ્યવર્ધન [સ] ન (શિલ્પ) રાજાઓએ કરાવવા લાયક એક પ્રકારનું ઘર રાજવલ્લભમા કહ્યું છે કે : જે ત્રિશાળ ગૃહના મુખ આગળ પાંચ અલિંદો હોય, તેવા ઘરની જમણી, ડાબી અને પછીતે એ રીતે ત્રણે તરફ ત્રણ ત્રણ અલિંદો હોય અને તેવા ઘર મધ્યે પ્રાસાદ હોય તો તે સૌભાગ્યવર્ધન ઘર કહેવાય. તે ઘર રાજાઓએ કરાવવું જોઈએ

સૌભાગ્યવંતી વિ. સ્ત્રી સૌભાગ્યવતી; સધવા; સુવાસિની. સોહાગણ

સૌભાગ્યવાદી વિ આશાવાદી; સુખમય; આનંદમય; 'ઓપ્ટિમિસ્ટ'.

કર્મયોગ અને કર્મત્યાગ (સાંખ્ય કિંવા સંન્યાસ) આ બે માર્ગોને લક્ષીએ પોતાના Pessimism નામના ગ્રંથમા Optimism અને Pessimism એવા નામો અનુક્રમે આપ્યા છે. પણ અમારા મત પ્રમાણે એ નામો બરાબર નથી. Pessimism એ શબ્દનો 'રડ્યા અથવા કાળા મહોના' એવો અનર્થ થાય છે. પણ સંસારને અનિત્ય સમજીને તે છોડી દેનાર હંમેશ આનંદી હોય છે અને તેઓ સંસાર છોડે છે તો પણ તેઓ આનંદથી જ છોડે છે. એટલે તેમને Pessimist દુર્ભાગ્યવાદી કહેવા એ અમારે મત બરાબર નથી. એના કરતા કર્મયોગને Energism (પ્રવૃત્તિમાર્ગ) અને સાંખ્ય અથવા સંન્યાસ માર્ગને Quietism (નિવૃત્તિમાર્ગ) એવા અંગ્રેજી નામો આપવા એ વધારે પ્રશસ્ત છે. વૈદિક ધર્મ પ્રમાણે બંને માર્ગે પ્રાપ્ત થવાનું જ્ઞાન એકજ હોઈને બંનેમાં આનંદ અને શાંતિ તો એકની એક જ છે. એક માર્ગે આનંદમય અને બીજો દુ:ખમય અથવા એક સૌભાગ્યવાદી અને બીજો દુર્ભાગ્યવાદી એવા ભેદ અમે કરતા નથી

પારિ. કોષ

સૌભાગ્યશયન વ્રત [સં.] ન. ચૈત્ર સુદિ ત્રીજને દિવસે કરાતું એક વ્રત. તે વખતે શંકર અને પાર્વતીનું પૂજન થાય છે

સૌભાગ્યસંક્રાંતિ વ્રત [સ] ન દરેક સંક્રાંતિએ કરવામા આવતું એક જાતનું વ્રત તેમાં બ્રાહ્મણ તથા તેની પત્નીનું પૂજન કરી તેને વસ્ત્રદાન અપાય છે

સૌભાગ્યસુંદરી સ્ત્રી એ નામની એક જાતની વેલ

સૌભાગ્યસુંદરી વ્રત [સ] ન માગસર અથવા માઘ માસની વદિ ત્રીજને દિવસે થતું એક વ્રત. તે સ્ત્રીઓને સૌભાગ્યપ્રદ મનાય છે.

સૌભાગ્યસૂંઠી પાક પુ સૂંઠ અને બીજી ઔષધિઓનો પાક. તે સુવારોગ ઉપર અપાય છે. તે બનાવવામાં સૂકુ ચૂર્ણ શેર ૦॥, ગાયનું ઘી શેર ૦॥, સાકર શેર ૨॥ લઈ ગોળપાકની રીતે પાક બનાવાય છે તૈયાર થયે તેમાં તીખાં, પીંપરીપીપર, નાગરમોથ, નાગકેસર, દાલચીની, એલચી, તજ, તમાલપત્ર વગેરે અકેક તોલો મેળવાય છે. આ બનાવવાની બીજી પણ રીત છે. તેમાં ૩૨ તોલા સૂકને બારીક વાટી ઘીગરે માળી ૩૨ તોલા ગાયના ઘીમાં કરમોળા પછી આઠ શેર ગાયના દૂધમાં નાખી માવો બનાવાય છે. તે માવાની બીમાં કોટી બનાવીને આઠ શેર સાકરની ચાસણીમાં આ કોટી નાખીને પાક તૈયાર થાય છે. આ પાકમાં ખાખ્યુ તોલો ૦॥, વરિયાળી તોલો ૧। અને વાવડિંગ, સૂઠ, નાગકેસર, કાળાં મરી, પીપર અને નાગરમોથ ચમ્મચાર તોલા મેળવાય છે. ઉપરાંત તેમાં સોદ્યરસ, અબરખ ભસ્મ, બદામ, પિસ્તાં, ચારોલી વગેરે નખાય છે. ચાર તોલાની માત્રામાં આ પાક અપાય છે. તે ખાંસ, વમન, જ્વર, દાહ, રોષ, શ્વાસ, આંસી, પ્લીહા, કૃમિરોગ મટાડી જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે.

સૌભાંજન [સં.] પું. સરગવાનું ઝાડ; એ નામની વનસ્પતિ.

સૌભૂતિ ૧. જી. પ્રાચીન હિંદના લોઢોની એ નામની એક જાત; સોહાર્ડ.

પંજાબમાં ઈ. સ. પરે ચોથા શતકમાં રાજ્ય કરનાર **સૌભૂતિના** મુદ્રા સિક્કાઓ સેલ્યુકસ નીકેટરના સિક્કાઓનું અનુકરણ હોય એવા હુણ બીજ પ્રકારના છે. પુરાતત્ત્વ

૨. જ. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

સૌમાત્ર [સં] જ. સત્તાર્થે કે પ્રેમનો સંબંધ.

નિષ્કામ્ય વનવાસ વહોરી લઈને બતાવેલું છે **સૌમાત્ર** જેમણે, એના સૌમિત્રિને આપ અમા કે નહિ! પ્રતિમાનાટક

સૌમ્ય ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી જગતીનો એક ભેદ છે. તેમાં ૨૬ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૩૦ વર્ણ આવે છે.

૨ પું (જ્યોતિષ) શુભ નામનો ગ્રહ.

સામદેવ પું (પુરાણ) સોમદા ગંધર્વીના પુત્ર ગાંધારીનું એક નામ.

સૌમન જ. એક પ્રકારનું સુંદર અત્તર.

સૌમનસ ૧. પું. (જૈન) ઉડ્ડક વિમાન.

૨. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

૩. પું. (જૈન) નવ માંહેની સાતમી મૈવેકનું નામ.

૪. પું. પશ્ચિમ દિશાના લોકપાલ વરુણનો ઐરાવત.

૫. જ. જળપ્રદેશ.

૬. જ. (જૈન) સુમેરુ પર્વત ઉપર આવેલ ચાર માંહેનું એક વન. સુમેરુ પર્વત ઉપર નંદનવનથી બાસઠ હજાર પાંચસો જોજન ઊંચે ચોતરફ આ વન આવેલું છે એમ કહેવાય છે.

ચાર વનોનાં નામ ક્રમપૂર્વક ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક છે. તત્ત્વાર્થસૂત્ર

સૌમનસ્ય ૧. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના પુત્ર યજ્ઞબાહુના સાત માંહેનો એ નામનો બીજો પુત્ર

૨. પું. શાલ્મલિ દ્વીપ માંહેનો એ નામનો એક ખંડ.

સુરોચના, **સૌમનસ્ય**, રમણ, દેવવર્ષક, પારિભદ્ર, આપ્યાયન અને વિજ્ઞાત એ નામના શાલ્મલિ દ્વીપના સાત ખંડ છે. ભાગવતી ભાગવત

૩. જ. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. જે ઘરમાં હસ્તિની શાળાના મુખ આગળ બે અલિંદ તથા એક મંડપ અને વચ્ચે પટ્ટદારુ હોય તે સૌમનસ્ય નામનું ઘર કહેવાય છે.

૪. [સં.] જ. ચિત્તની પ્રસન્નતા; સંતોષ.

૫. જ. પિંડ દીધા પછી બાલકના હાથમાં કુશ દેવાનો એક મંત્ર.

સૌમમાલ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સોમમાલા. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં જગણ અને રગણ ક્રમ અનુક્રમે નવ વખત આવી તેના ૨૭ અક્ષર હોય છે. તેમાં નવમા અને સત્તરમા અક્ષર ઉપર વિરામો આવે છે.

સૌમમાલા જુઓ સૌમમાલ.

સૌમંગલ પું. (જૈન) એક પ્રકારના બે ઇંદ્રિયવાળા જીવ.

સૌમિક ૧. [સં.] વિ. ચંદનું; ચંદ્ર સંબંધી

૨. વિ. સોમરસ સંબંધી.

સૌમિનિક પું. જગાદને ઓઢાડવાની ચૂલ.

સૌમિત્ર ૧. પું. (પુરાણ) દ્રુપદ રાજાનો પુત્ર; સુમિત્ર. તેને જન્મથી માર્યો હતો.

૨. પું. સુમિત્રાનો પુત્ર લક્ષ્મણ; સૌમિત્રિ.

સૌમિત્રિ પું. સુમિત્રાના પુત્રો લક્ષ્મણ અને શત્રુઘ્ન. પરંતુ વિશેષે કરીને લક્ષ્મણને આ નામ લગાડાય છે.

સૌમ્ય ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક ઉપયોગ. તે કાર્યની સિદ્ધિ અર્થે છે એમ મનાય છે.

૨ પુ. ઉંબરો નામનું ઝાડ.

૩. પું એ નામનો એક બેટ

૪ પુ. એક પ્રકારના પિતરો.

૫. પુ કુબેર

૬. પું (જ્યોતિષ) તારાપુંજના સાત માંહેનો એ નામનો એક સમૂહ.

૭. પું. નવ માંહેનો એક ખંડ.

૮. પું. પ્રભવથી ૪૩મો સંવત્સર; એ નામનું એક ઉંદાવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરનાં ૬૦ માંહેનું ૪૩મું વર્ષ

૯. પું. (પુરાણ) મય દાનવે કરેલું સભાગૃહ જોવા યુધિષ્ઠિર પાસે આવેલો એ નામનો એક ઋષિ.

૧૦. પું. (જ્યોતિષ) વૃષભ વગેરે સમરાશિ.

૧૧. પુ શિવના હજાર માંહેનું એક નામ.

૧૨. પુ સૂર્યનું એક નામ

૧૩. પું. સોમના પુત્ર બુધ ગ્રહનું એક નામ.

૧૪. પું. સોમરસ પીનાર બ્રાહ્મણ

૧૫. જ. (જૈન) ઉડ્ડક વિમાનનું એક નામ.

૧૬. જ. (શિલ્પ) એક પ્રકારનું ઘર; જેની જમણી તરફ બે પરસાળ તથા અંદર બે પાટડા હોય તેવું ઘર. રાજવલ્લભમાં લખે છે કે: જય ઘરની જમણી તરફ એક અલિંદ હોય તે અલિંદ આગળ એક અલિંદ કરી જયમાં પાટડો નાખવાથી તે સૌમ્ય જાતનું ઘર થાય છે. જે ઘરના મુખ આગળ બે અલિંદ અને વચ્ચે પટ્ટદારુ એવું બે શાખાવાળું શાંત ઘર કર્યું છે, તે ઘર આગળ એક મંડપ આવે તો તે સૌમ્ય નામે ઘર કહેવાય. એક પ્રકારનું ઘર જેમાં ઉત્તર, પૂર્વ અને પશ્ચિમે અલિંદ હોય અને અંદર બે પાટડા તથા ચાર સ્તંભો હોય છે. આવું ઘરમાં એક પટ્ટદારુ નાખવામાં આવે તો તે સૌમ્ય ઘર થાય.

૧૭. જ. વીસ માંહેની એક જાતનું નગર; નદીની ઉત્તરે વસેલું ગામ.

૧૮. જ. શાંત સ્વભાવ. વિજ્ઞાવિજયજી મહારાજ લખે છે કે: શાંતતા બે પ્રકારની છે. એક બહારની અને બીજી આંતરિક. બને પ્રકારની શાંતિ રાખનાર સૌમ્ય પુરુષ સંસારમાં કોઈને કોઈ ભલું કામ કરી શકે છે અને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે.

૧૯. વિ. આનંદી.

૨૦. વિ. ચંદ્રનું; સોમ સંબંધી; આર્દ્ર; આર્દ્રમસી.

૨૧. વિ. તેજસ્વી; પ્રકાશમાન.

૨૨. વિ. પ્રિય દર્શનવાળું.

૨૩. વિ. શીતળ; મૃદુ

સૌમ્ય એ શબ્દનો મૂળ અર્થ ચંદ્ર સંબંધી એટલો જ છે. પરંતુ ચંદ્રપ્રકાશની શીતળતાને લીધે સૌમ્ય શબ્દનો અર્થ શીતળ, મૃદુ એવા પ્રકારનો થયો છે. જ્યોતિર્વિલાસ

૨૪. વિ. શુભ; ભલું. બુધ, શુક્ર, ગુરુ અને ચંદ્ર સૌમ્ય ગ્રહ ગણાય છે.
૨૫. વિ. સરખું.
૨૬. વિ. સુશીલ; શાંત; રૂડા સ્વભાવનું; સાલસ; સાત્ત્વિક વૃત્તિનું; વિવેકી સ્વભાવનું; સભ્ય.
૨૭. વિ. સુંદર; મનોહર
૨૮. વિ. સ્નેહાળ.

સૌમ્યકાચ પું. ધીરે ધીરે દ્રવ્ય નાખીને બનાવેલો કાચ. આવો કાચ ઠંડી અથવા ગરમીથી જલદી તૂટતો નથી.

સૌમ્યકારિણી વિ. ભલું કરનારી; સારું કરનારી સર્વ પ્રકારે, સૂક્ષ્મ સરિતામાં **સૌમ્યકારિણી.**
મણિરાજ રત્નજ

સૌમ્યગંધી ૧. સ્ત્રી. શતપત્રી વનસ્પતિ.
૨. [સં.] વિ. સારી ગંધવાળું; સુગંધદાર.

સૌમ્યધાતુ પું. શરીરમાં રહેલી ૭ ધાતુ

સૌમ્યશાર્ંગી વિ. વિનીત; મિતવાદી; મિતાચરણી

સૌમ્યોરસ પું. દૂધ વગેરે સૌમ્ય પદાર્થોના પાચનને પરિણામે તૈયાર થયેલો રસ; 'ક્લાઇલ'. તે આંતરડામાંથી ઝીણી ઝીણી રસાયનીઓ દ્વારા ખેંચાય છે અને કરોડની આગલી બાજુ પર આવેલી રસપ્રપામાં દાખલ થાય છે. ત્યાંથી ઝીણી રસકૂલ્યા તેને ગલમૂષિકા શિરામાં લઈ જાય છે ત્યાંથી તે ઉત્તરા મહાશિરામાં દાખલ થાય છે.

સૌમ્યવપુ [સં. સૌમ્ય (સુંદર) + વપુ (શરીર)] વિ. સુંદર શરીરવાળું; શાંત સ્વરૂપનું

અર્જુનને વચન એ કહી વાસુદેવે,
રેખાવ્યું નિજ મૂળરૂપ પછી ફરીને;
પાછું ફરીથી ધર્યું સૌમ્યવપુ મહાત્મા,
આશ્વાસને વળી દીધું અર્જુનને ત્યા.
ગીતાપદ્યામૃત

સૌમ્યવાર પું. બુધવાર.

સૌમ્યશિખા પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; અનંગક્રીડા. તેના પૂર્વાર્ધમાં ૧૬ ગુરુની ૩૨ માત્રા અને ઉત્તરાર્ધમાં ૩૨ લઘુની ૩૨ માત્રા એવી રીતે કુલ ૬૪ માત્રા હોય છે. તેમાં આઠ આઠ અક્ષર પછી યતિ આવે છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯ માત્રા ઉપર તાલ આવે છે.

સૌમ્યા ૧ [સં.] સ્ત્રી. કચૂરો નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. ચણોઠી.
૩. સ્ત્રી. દુપારિયો.
૪. સ્ત્રી. ખાખી વનસ્પતિ
૫ સ્ત્રી (સંગીત) મધ્યમગ્રામીય આવીશ, મારેની સત્તરમી શ્રુતિ.
૬. સ્ત્રી. મહિષવલ્લી વનસ્પતિ.
૭. સ્ત્રી (સંગીત) મદ્રગ્રામીય આવીશ મારેના છઠ્ઠી શ્રુતિ.
૮. સ્ત્રી માલકાંકણી વનસ્પતિ
૯. સ્ત્રી. મૃગશીર્ષ નક્ષત્રની ઉપર રહેલા પાંચ તારાઓનો સમૂહ
૧૦. સ્ત્રી. મોગરો
૧૧. સ્ત્રી. રુદ્રજટા નામની વનસ્પતિ
૧૨. સ્ત્રી ચાલણપર્ણી નામની વનસ્પતિ
૧૩. સ્ત્રી. સમેરવો.

સૌર ૧. [સં] પું. ઉંમરો નામનું વૃક્ષ.
૨. પું પર્વતન; વિહાર.
૩ પું યમરાજ.
૪. પું (પુરાણ) વારુણિ ભૃગુના કુળમાં ઉત્પન્ન થયેલ એ નામે એક ઋષિ.
૫. પું. શનિ; સૂર્યનો પુત્ર શનૈશ્ચર
૬. પું. (પુરાણ) શુચિ નામનો અગ્નિ
૭. પું. સુગ્રીવ વાનર.
૮ પું સૂર્યની ઉપાસના કરનાર એક નામનો એક પંથ. તેના કપાળ પર ગોપીચંદનનો ઊભો ચાંલ્લો કરે છે, ગળામાં રાતાં ફૂલની માળા પહેરે છે. આ સંપ્રદાયનો સ્થાપક દિવાકર હતો તે શંકરની સ્તુતિ વાદમાં હારી ગયો ત્યારે દિવાકરના અનુયાયીઓ પ્રમાણે સૂર્ય ભક્તો ગણાય છે. સૂર્યના પુજનના ૭ વિભાગ પાડવામાં આવ્યા છે.
૯ પું સૂર્યને એક આખા ફેરામાં લાગતો સમય, સમય
૧૦. પું. સૂર્યનો પુત્ર કર્ણ.
૧૧ સ્ત્રી ઓરિસ્સામાં બોલાતી એક ભાષા
૧૨ ન. અઢાર માઠેનું એક ઉપપુરાણ.
૧૩ ન. (પુરાણ) સૂર્ય સંબંધી સૂક્ત.
૧૪ વિ સુરલોકનું, દૈવી
૧૫. વિ. સૂર્ય સંબંધી.
૧૬ વિ. સૂર્યની ગતિ ઉપરથી ગણવામાં

સૌરકાંતા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, ભગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

સૌરદિન પું. સૂર્યને એક બિંદુ ફરતાં લાગે તેટલો સમય; દિવસના મધ્યાહ્ન સમયથી લઈને બીજા દિવસના મધ્યાહ્ન સમય સુધીનો વખત.

સૌરદિવસ જુઓ સૂર્યદિન.

સૌરપ્રમેહ પું. વાયુથી થતો એક જાતનો પ્રમેહ રોગ. તે અસાધ્ય ગણાય છે.

સૌરભ ૧ પું [illegible] એ નામનો એક અગ્નિ તે મોટાને પણ કહેવાય છે
૨ પું (પિંગળ) એ નામનો એક વિષમવૃત્ત [illegible] છંદ તેના દરેક ચરણના સગણ, જગણ, સગણ અને લઘુ એમ દશ અક્ષર, બીજા ચરણમાં નગણ, સગણ, જગણ, અને ગુરુ એમ દશ અક્ષર, ત્રીજા ચરણમાં રગણ, નગણ, ભગણ અને ગુરુ એમ દશ અક્ષરે આ રીતે ચારેય ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ બેંતાલીસ અક્ષરનો [illegible] છંદ સવૈયા વર્ગનો છે
૩ [સં.] ન. કેસર
૪. ન. નારીતીર્થ નામના [illegible] તીર્થ
૫. ન. પુષ્પરજ
૬ ન. બીલ વનસ્પતિ
૭. ન. સુગંધ, સોરમ; સુવાસ, ખુશબો
૮ ન સુદરતા, શોભા

સૌરભક જુઓ સૌરભ ૨

સૌરભવર્દ્ધિની પું [illegible] એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ત્રિષ્ટુપ છંદનો [illegible] છે તેના દરેક ચરણના સગણ, રગણ, જગણ, ભગણ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે
ન મ સ ર ભ ગે **સૌરભવર્દ્ધિની** રણછોડ

સૌરભસોપાસાર પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેના દરેક ચરણમાં, ભગણ, જગણ, રગણ, નગણ, જગણ, નગણ, લઘુ અને ગુરુ એમ ૧૭ અક્ષર હોય છે. આ છંદ કૃતિ છંદનો એક ભેદ છે

સૌરભસંચિત ૧ પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ, પ્રસ્તારિક. તે સમમેળ વર્ણનો છંદ છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, જગણ, રગણ અને વગણ મળી બાર અક્ષર તથા બીજા અને ચોથા ચરણમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે
૨. ન. (સંગીત) ષડ્જગ્રામમાં નિષાદ અને મધ્યમ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

સૌરભી ૧ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ, તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ અને સગણ મળી ૬ વર્ણ હોય છે.
સૌરભી ૪ સ ગ થી. રણછોડ
૨ સ્ત્રી. ગાય
૩. સ્ત્રી. સુગંધ.

સૌરભેય ૧ [સં સુરભિ (ગાય)] પું બળદ.
૨. વિ. ગાયનું

સૌરભેયા સ્ત્રી. (પુરાણ) કુબેર સભાની એ નામની એક અપ્સરા. તે એક ઋષિના શાપ વડે નારીતીર્થમાં મગરી થઈને પડી હતી અર્જુને તેનો ઉદ્ધાર કર્યો હતો.

સૌરભેયી ૧. વિ. (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે તે વસિષ્ઠ અને ઇંદ્રવરાના મિશ્રણથી બનેલ છે. તેનું પહેલું તથા ત્રીજું ચરણ ઇંદ્રવજા અને બીજું તથા ચોથું ચરણ વસિષ્ઠના માપનું હોય છે એમ તેના દરેક ચરણમાં બાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. ગાય

૩ સ્ત્રી. (પુરાણ) શાપને લીધે મગરી થયેલી એક અપ્સરા..

સૌરકર્ય ૧. [સં.] પું. કુબેર

૨. ન. કીર્તિ; યશ; પ્રતિષ્ઠા.

૩. ન. સુગંધીપદાર્થ, સુગંધ; ખુશબો; સુવાસ.

૪. ન. સૌંદર્ય

સૌરમાન ન. કાળ માપવાની એક રીત; સૂર્યના કરવા પ્રમાણે કરાતું સમયનું માપ.

સૌરમાસ પું. એક રાશિમાં જેટલો કાળ સૂર્ય રહે તેટલો કાળ. આ મહિનો ચાંદ્રમાસથી સહેજ મોટો હોય છે. યુરોપિયનોની વર્ષગણના ચાંદ્રમાસ ઉપર નહિ પરંતુ સૌરમાસ ઉપર થાય છે. તેથી તેમને અધિકમાસની ભાંજગડમાં પડવું પડતું નથી.

સૌરવર્ષ ન. સૂર્યને મેષથી મીન સુધીની બાર રાશિઓમાં પસાર થતાં જેટલો સમય લાગે તેટલો સમય; એક મેષ સંક્રાન્તિથી માંડીને બાર રાશિ ફરીને પાછા મેષ રાશિમાં આવતાં સૂર્યને જેટલો કાળ લાગે તેટલો કાળ; સૂર્યનો બાર રાશિ ભોગવવાનો કાળ; કોઈ એક ઋતુથી શરૂ કરી પછી તે ઋતુ આવતાં સુધીનો કાળ તે દેવોનો એક અહોરાત્રિ બરોબર છે. આ વર્ષ સૂર્ય ઉપરથી સમજવામાં આવ્યું તેથી તેને સૌરવર્ષ કહે છે. સૌરવર્ષ બહુધા ૩૬૫ દિવસ, ૧૫ ઘડી, ૩૧ પલ, ૩૦ વિપલ અને ૨૪ પ્રતિપલનું મનાય છે. સૌરવર્ષના બાર ભાગ કરી દરેકને સૌરમાસ કહે છે એક રાશિમાંથી બીજી રાશિ મહિનામાં સૂર્યના પ્રદેશને સંક્રાંતિ કહે છે પંચાંગોમાં માસ, પક્ષ અને તિથિની ગણતરી ચાંદ્ર છે પણ સંક્રાંતિઓનો હિસાબ સૌર છે.

સૌરસૂક્ત ન. સૂર્યનું સ્તોત્ર.

સૌરસેય [સં.] પું. કાર્તિકસ્વામી.

સૌરાટી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે રાતના પહેલા પ્રહર પછી ગવાય છે.

સૌરાષ્ટ્ર ૧. [સ સુ (સારો) + રાષ્ટ્ર (દેશ)] પું. આર્યાવર્તનો એ નામનો એક ઐતિહાસિક સુંદર પ્રદેશ; આનર્ત; સુરાષ્ટ્ર, સ્વરાટ્; સુરેસ્યસ; ઓરેતુર; સુરાષ્ટ્રેણ; સુરઠ. સંજ્ઞા, કાઠિયાવાડ સૌરાષ્ટ્રનો અર્થ સુરાષ્ટ્ર એટલે કે સુંદર દેશ એવો થાય છે. યજુર્વેદની માધ્યંદિની શાખાની સંહિતામાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યે સૌરાષ્ટ્ર દેશનો નિર્દેશ કર્યો છે. પુરાણોમાંથી મળતી હકીકત પ્રમાણે શ્રાદ્ધમા મનુ વૈવસ્વતના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તે આ રાષ્ટ્રની સ્થાપના કરી તેનું નામ આનર્ત રાખ્યું હોવાનું કહેવાય છે. તેનું મુખ્ય શહેર કુશાવતી હતું હરિવંશમાં લખ્યું છે કે, આનર્તરાષ્ટ્ર બે ભાગમાં વહેંચાયેલું હતું: (૧) સૌરાષ્ટ્ર અને (૨) અનૂપ. તેનું મુખ્ય શહેર ગિરિપુર હતું સૌરાષ્ટ્રમાં ઊંચામા ઊંચો પર્વત ગિરનાર છે. તે ઉપરથી આપણે અનુમાન કરી શકીએ કે આનર્તરાષ્ટ્રના મુખ્ય શહેર ગિરિનગર જેવું કોઈ શહેર હાલના જૂનાગઢ નજીક હોવું જોઈએ. હરિવંશમા એમ પણ ઉલ્લેખ છે કે, રાજા માધુએ પોતાનું રાજ્ય જ્યારે હર્યશ્વને આપ્યું. હર્યશ્વને તેના ભાઈ યુવાનશ્વે પદભ્રષ્ટ કર્યો અને તેની જગ્યા પચાવી પાડી. શ્રી કૃષ્ણની સરદારી નીચે યાદવો સૌરાષ્ટ્રમાં વસ્યા અને જૂના કુશાવતીની જગ્યાએ દ્વારકા રાજધાની સ્થાપી. સુરાષ્ટ્ર અથવા સૌરાષ્ટ્રનો ઉલ્લેખ ઘણા જૂના લખાણોમાં પણ મળે છે. મહાભારતમાં અને પાણિનિના ગણપાઠમાં સુરાષ્ટ્ર નામ છે. એ જ નામ વિક્રમ સંવત ૨૦૬ના રુદ્રદામાના તેમ જ વિક્રમ સંવત ૪૯૨ના સ્કંધગુપ્તના શિલાલેખોમાં તથા વલ્લભી તામ્રપત્રોમાં મળે છે. સુરાષ્ટ્રનું પ્રાકૃત રૂપ સુરઠ વિક્રમ સંવત ૨૦૬ના ગોત્રતીપુરના નાસિના લેખમાં છે. આ પ્રદેશનો પરદેશીઓમાં પહેલો ઉલ્લેખ સં ૬૪થી સ. ૭૬મા રટ્ટોએ સુરોસ્યસ નામથી અને સં. ૧૨૬ના પ્લીનીએ ઓરેતુરા નામથી કર્યો છે. ઇજીપ્તના મહાન પ્રાચીન ભૂગોળશાસ્ત્રી ટોલેમી સં. ૨૦૬માં અને ગ્રીક લેખક પેરીપ્લસ સંવત ૨૯૧માં તે પ્રદેશને સુરાષ્ટ્રેણ કહે છે ચીનાઈ મુસાફર હ્યુએનત્સંગ વલ્લભી રાજ્યને તથા સુરાષ્ટ્રને જુદાં રાજ્યો તરીકે વર્ણવે છે. કેટલા ભાગને જૂના વખતમાં સુરાષ્ટ્ર કહેતા હતા એ કહેવું મુશ્કેલ છે. આખો દ્વીપકલ્પ કાઠિયાવાડ કહેવાતો ત્યારે માત્ર આ દ્વીપકલ્પનો એક દક્ષિણ ભાગ સોરઠના જૂના નામથી ઓળખાય છે. કાઠિયાવાડ નામ તો મરાઠાઓએ પાડ્યું છે. તે પહેલાં મુસલમાનો તો આખા દ્વીપકલ્પને સોરઠ કહેતા. ગિરનાર પાસેના એક સુપ્રસિદ્ધ બૌદ્ધ ઉપરના અશોકના એક શિલાલેખ સાથે મહાક્ષત્રપ રુદ્રદામાના કાળનો એક લેખ છે, તેમાં રુદ્રદામાના પોતે મેળવેલા દેશોના નામમાં આનર્ત અને સુરાષ્ટ્ર આમ બંને નામ છે તેથી ઈસુના પ્રારંભકાળમા કાઠિયાવાડના ભૌગોલિક સીમાડાઓમાં કેટલોક ફેરફાર થયો હશે એમ માનવું પડે છે આર્યસંસ્કૃતિનો સમય જે ઈ સ. પૂર્વે ૪૬૦૦નો કહ્યો છે તે વખતે સિંધુમુખ એટલે સૌરાષ્ટ્રની આજુબાજુ અનાર્યો વસતા અને સૌરાષ્ટ્રમાં આસુરી સંસ્કૃતિ ફેલાયેલી હતી એવું પણ એક મંતવ્ય છે ઋગ્વેદના પહેલા મંડળના ૧૩૩મા સૂક્તમાં 'સ્વર્ભ' શબ્દ છે તે સૌરાષ્ટ્ર હોવો જોઈએ તે કાળમાં દૈત્ય, દાનવ, દસ્યુ એવા અસુરોના પેટા પ્રકાર હતા તે સર્વે સૌરાષ્ટ્રમાં આવી જાય છે એક એનું વિધાન પણ છે કે બે હજાર વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ નહિ પણ ટાપુ હતો. કચ્છના રણની જગ્યાએ પણ સમુદ્ર હતો. સિંધુમુખ સૌરાષ્ટ્રનો પૂર્વભાગ હતો. કાળક્રમે સિંધુએ પોતાનું વહેણ બદલાવ્યું એટલે ઝાલાવાડની જમીન એક છીછરા કાદવવાળું તળાવ બની ગઈ. ધીમેધીમે આ તળાવ પુરાવા લાગ્યું અને રણ જેવો પ્રદેશ થઈ ગયો આ પ્રદેશ ખારાશથી ભરપૂર છે અને તેમાં હોરાં એટલે કે માથુસોને માથુસો કે ઢોરઢાંખર કે વાહન વગેરે આખાં અંદર ગરક થઈ જાય એવા ભયંકરો આજે પણ જોવામાં આવે છે, તે આ હકીકતની સાબિતી છે બીજી બાજુ ખંભાતનો અખાત જબરી પાળો હઠવા લાગ્યો અને અગ્નિકોણ તરફનું રણ હટી જવાથી ત્યાં ભાલ પરગણું બની ગયું. ભાલની જમીન ઘઉંને માટે લાયક બનવાનું તથા તે મુલક નપાણીઓ બનવાનું આ એક સંભવિત કારણ છે. આ હકીકતના સમર્થનમાં શ્રી મુનિકુમાર મણિશંકર ભટ્ટે સંસ્કરણ કરી પ્રસિદ્ધ કરેલ સ્વ. દેવશંકર વેકુઠજી ભટ્ટ કૃત 'સિંધોરની હકીકત'માં લખ્યું છે કે: ભૂસ્તરશાસ્ત્રીઓનો માને છે કે અખો સૌરાષ્ટ્ર દેશ એક કાળે બેટ હતો તેનો જે ભાગ અત્યારે ગુજરાત પ્રાંતની ખડસ્થ ભૂમિ સાથે જોડાયેલો છે ત્યાં પણ દરિયો હતો, જે ખંભાતના અખાતને કચ્છના અખાત સાથે સયુક્ત કરતો અને સિંધુ નદીનું મુખ ખંભાતના અખાતને મળતું હતું. વઢવાણ અને ભાવનગર વચ્ચેની સડકનું ખોદાણ કામ ચાલતું હતું ત્યારે ત્યાંથી વહાણનો એક કુવાસ્તંભ નીકળી આવ્યો હતો ને એ પ્રદેશમા પૂર્વે સમુદ્ર હોવાનું સૂચન કરે છે કચ્છનું રણ પૂર્વે સમુદ્ર તળિયાની રેતી હતી એવું અનુમાન છે એ સમુદ્ર નદીઓની રેતી અને કાદવ વગેરેથી

બરાબરને કાળાંતરે જમીન બની ગઈ. શ્રીકૃષ્ણનુ રાજ્ય દ્વારિકા બેટમા હતુ એ ખરું, પણ માત્ર દ્વારિકા નગરીનો જ વિસ્તાર નહિ, પરંતુ તે સ્થળે આખો સૌરાષ્ટ્ર બેટ હશે એમ માનવુ કોઈ રીતે અપ્રમાણ નથી. વિશેષમા તેમાં લખ્યુ છે કે: ઇસ્વીસનના પાચમા સૈકાથી તો ખાતરીપૂર્વક કહી શકાય કે અર્વાચીન ગોંડિલવાડની સીમા જોતાં ઠેઠ વલ્લભીપુરથી આરંભીને મધુવા સુધી લાલ બદરો છે તે કરતા વધારે હતા અને તે સારી હાલતમા હતા. પણ વલ્લભીપુર બદર મટી ગયુ અને કાંઠે જ્વાળામુખીને યોગે બૂઠ થયો હશે, તે વેળા સિહપુર યાને સિહોરના કુંગરા તેમ જ ચમારડીના કુગરા ઉપરથી આવ્યા હોય એમ માનવાને કારણ છે. જો કે સિહોરના કુગરા બધા પ્રાચીન માનીએ તોપણ તે જ્વાળામુખીની જનતના છે. માત્ર તફાવત એટલો કે તેની અંદર લાવા રહેલો, અને પછ ઉપસ્રવથી ગાત પડલ. સૌરાષ્ટ્ર એ તો ખરેખર દેવભૂમિ જ છે તના દૃષ્ટાતો આપતાં સ્વામી.વત તાના પર્યટ કર્યુ છે કે: અલૌકિક ગીતાજ્ઞાન આપનારે શ્રીકૃષ્ણ યોગેશ્વરનુ નિવાસસ્થાન આ અંતિહાસિક સારાષ્ટ્ર છે! આ ભૂમિમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉપરાત આદિનાથ, નેમિનાથ આદિ ચોવીશે તીર્થંકરો, સહજાનંદ સ્વામી અને સુદામા, મીરા, નરસિંહ મેમા પ્રભુપ્રિય ભક્તવરોનને સદાને માટે પરમ શાંતિ મળી છે. આ દેવભૂમિને માટે ગુજરાતી બીજા સાહિત્ય પરિષદના સ્વાગત પ્રમુખ મોંડાના મહારાણી શ્રી નદકુવરબાએ સાક્ષરોનુ સૌરાષ્ટ્ર તરફથી સ્વાગત કરતા કહ્યું હતુ કે: સૌરાષ્ટ્રમાં ગીતાના વક્તા જ્ઞાનમૌલી શ્રીકૃષ્ણ પોતાનું નિવાસસ્થાન પસદ કરી ગૃહસ્થાશ્રમનુ પાલન કર્યું છે. અહીં ગૌતમ ઋષભદેવના તપોભૂમિનાં સ્થળો છે. અહીં આદિ જગદ્ગુરુ શ્રી શકરાચાર્યે વિદ્યાપીઠનુ પીઠ સ્થાપેલ છે અહીંની ગુહાકદરાઓ ગોરખ વગેરે સિદ્ધ જ્ઞાનીઓને એકાતવાસ પૂરા પાડ્યા છે. અહીં દાનવીર ઝવેરાભાઈએ પોતાના દેહ સહિત સર્વસ્વ ઈશ્વરાર્પણ કીધુ છે વેદકાળથી માંડીને આપણી સસ્કૃતનો સમન્વય કરતા 'સરસ્વતી'મા લખ્યુ છે કે: સર્વોપનિષદો રૂપી ગાયો દોહીને યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને ગીતામૃતરૂપી જે દૂધ આપણા માટે એકઠું કર્યું છે, તેમાં અહિંસા અને ક્ષમા રૂપી મેળવણ નાખીને શુદ્ધ ભગવાને આપણા માટે દધિસાગર નિર્માણ કર્યો અને પછી તેનું નરસિંહ મીરારૂપી નેતરાં વડે મહર્ષિ દયાનંદ સરસ્વતી અને સહજાનંદ સ્વામીએ મથન કરી મોહનદાસ કરમચંદ ગાધી જેવા યુગપ્રવર્તક મહાત્માઓ વિશ્વશાતિને અર્થે સૌરાષ્ટ્રની સસ્કૃતિ રૂપે સારા યે વિશ્વને સમર્પ્યા. આ સૌરાષ્ટ્ર સમી દેવભૂમિમાં પુરાણપ્રસિદ્ધ અનેકો સ્થળો હજુ જોવા ને જેવા નજરે પડે છે: પ્રયાગ—મૂળ, પ્રાચી—ક્ષેત્ર, આબુ—ક્ષેત્ર, તાલધ્વજની રાજધાની તાલધ્વજપુરા કે તળાજા, વિષ્ણુપ્રયાગ કે ઉના પાસેના સપ્તકુડ, દેલ્વાસ્ત્ર, પાતાળના વાસુકિની રાજધાનિ તરણેશ્વર કે હાલનુ ચાનગઢ, ઢેકાસુરનુ પાટણવાવ, ઐદપાટણ, મેરુતુંગાચાર્ય પ્રભાવિત દેવપુરી કે હાલનુ દીવ, બલિનુ પાટનગર કે હાલનુ બિલખા, રૂક્મિપુરાનુ સિહપુર કે વર્તમાન સિહોર, વામનપુરી કે વામનસ્થળી કે હાલનું વંથળી, મધુમાવતી કે હાલનુ મહુવા, રુક્મિણીના પિતા ભીષ્મકની કુડિનપુર કે કનકાવતી અથવા કરકાઈ, જલધર અને તુલસીના વિવાહથી પ્રસિદ્ધ બનેલુ સપ્તોદકતીર્થ કે હાલનું તુલસીશ્યામ, નાગદાથી બીજા દરજ્જાનુ વલ્લભી વિદ્યાપીઠ કે હાલનુ વળા. આવા આવા તો અનેક પુરાણા પાવનકારી તીર્થો અહીંની ભૂમિમાં વિસ્મૃતિની કદરામાં અવાર્ય રહ્યા છે અને તેથી જ હાલની સૌરાષ્ટ્ર સરકારે પુરાણા સ્મારકોના સરક્ષણ માટે મહત્વના અવશેષોને રક્ષિત સ્મારકો તરીકે જાહેર કર્યા છે. મધ્યયુગનુ ચિત્ર આપતાં એક સસોધક લખે છે કે: મહારાજ મૂળરાજ સોલકીએ અસાધારણ ઉદારતાથી ગામ દાન કર્યા પ્રમાણે બ્રાહ્મણો પોતપોતાનાં ગામે જઈ ને વસ્યા અને પોતાના બ્રહ્મધર્મ કરી મળેલી આજીવિકા ઉપર આનદથી ગુજરાન ચલાવી દિવસ નિર્ગમન કરવા લાગ્યા. આ વખતે સિહપુર યાને હાલનુ સિહોર બ્રાહ્મણના પરિજાતવાળું થયુ અને તે બ્રહ્મપુરી તરીકે ઓળખાવા લાગ્યુ. આ વખતે બ્રાહ્મણોએ ભણે ખેડ કરવાનુ રાખેલ નહોતુ વિદ્યાર્થીને બ્રહ્મચારીએ પ્રસન્ન કરવી, બદુકે કારીએ ભણવા જવું અથવા ત્યાં સમર્થ વિદ્વાન શાસ્ત્રો રહેતા હોય ત્યા જઈ વિદ્યાર્થીઅવસ્થા ગાળી સસ્કૃત વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, પુરાણ, વેદ શીખવુ એ મુખ્ય વાત હતી. 'શ્રીસ્થાનકપ્રકાશ' નામે ગ્રથમાં ૩૩મા અધ્યાયમાં લખ્યુ છે કે: ભારતખડમાં સૌરાષ્ટ્ર દેશ છે. ત્યા ઉદ્રપુરી સરખુ સિહપુર નગર છે સર્વ સમૃદ્ધિયુક્ત એ નગરમા હજુ પણ નીલકંઠ મહાદેવજીનુ ભાષ્ય છે, અઢાસી હજાર ઋષિઓ નીલકંઠ મહાદેવની પાસે બેસેલા જોસીને ધ્યાન કરે છે. ત્યાં બ્રહ્મકુંડ બ્રહ્માજીએ નિર્માણ કર્યો છે સસારમાં જન્મમરણના ત્રાસથી ભયભીત પરાયણ આ સિહપુર (સિહોર)માં જે ઉત્તમ દિવ્ય રહે છે, તેને પુણ્ય માનવા એમ માર્કંડેય મુનિઓ કહેલ છે. આવી બ્રહ્મપુરીમાં ગોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પધારતા સૌ શ્રાવકાચાર્યની આજ્ઞા માનતા અને તેઓને સન્યાસીઓના મઠમા રાખી તેમની સેવાપૂજા કરતા સિહપુરમાં ગૌતમેશ્વરની મુદ્રા ઘણી જૂની છે. મહાદેવજી કૈલાસ પર્વતની ઠંડકથી કંટાળીને અગ્નિ લેવા માટે આ જગ્યાએ વસ્યા છે એમ કહેવાય છે. એ ગૌતમઋષિએ સ્થાપ્યા માટે ગૌતમેશ્વર કહેવાયા. સ્કંદપુરાણમાં લખ્યું છે કે: મહાત્મા ગૌતમઋષિ અહીં હજારો શિષ્યોને ભણાવતા હતા. વિદ્યાભ્યાસ કરી રહી, ગુરુદક્ષિણા આપી તથા ગુરુજીની રજા લઈ પ્રયા શિષ્યો પોત પોતાને ઘેર જતાં એમાના એક ઉનક નામે શિષ્ય પણાં વર્ષ સુધી ગૌતમઋષિની સેવામાં રહ્યા અને પછી ગુરુમતીની મુન્ઝવણથી અપ્રાપ્ય રત્નજડિત કુલ પાંચ દિવસની અંદર લાવી આપવાની આજ્ઞા પણ છે. આવી જ રીતે પૂર્વકાળમા સૌરાષ્ટ્રના બીજા ભાગોમાં પણ વિદ્યાપીઠ સમાં અનેક આશ્રમો હોવાનો સંભવ છે. ડોક્ટર સી. પી રામસ્વામી અ.યરે તા. ૩ સપ્ટેંબર ૧૯૫૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીનાં રત્નાકો સમક્ષ દીક્ષાંત પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે: "સૌરાષ્ટ્ર સૈકાઓ જૂની પોતાની ખાસ શૈક્ષણિક પ્રણાલિકાઓ ધરાવે છે અને વલ્લભીપુર વર્ષો સુધી નાલંદાથી બીજે દરજ્જે એ સબંધમ. ખ્યાતકીર્તિ ભોગવતું હતું". વલ્લભીનો ઇતિહાસ બતાવી આપે છે કે, તે વખતની તેની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની હતી. જો કે આ મુખ્યત્વે બૌદ્ધ વિદ્યાપીઠ હતું છતાં સારા યે આન્તવર્તના સર્વ વિભાગોમાથી અને આસપ્રદેશમાથી વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ માટે ત્યાં આવતા હતા. રાજનીતિ, કોટિલ્યશાસ્ત્ર, રાજ્યશીટ, કામદાકાનૂત, ન્યાયાદિ, અર્થશાસ્ત્ર અને હિસાબવિદ્યાના કે નામાઠામાનુ આ શિક્ષણ અપાતું હતું. શ્રી ઠી. જી આપેના પ્રાચીન વિદ્યાપીઠોના અદ્યતન અભ્યાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, આ વલ્લભી વિદ્યાપીઠમાથી અભ્યાસ કરીને બહાર આવતા વિદ્યાર્થીઓને ભારતના કેટલાક રાજવીઓ પોતાના રાજ્યો ચલાવવામાં મદદ કરવા માટે નોકરીમા રાખતા હતા. ઇત્સિંગત્સત્સ વર્ણવે છે કે, સાતમા સૈકાની આજુબાજુમાં વલ્લભીમા ૬,૦૦૦ છ હજાર વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરતા અને ત્યા ૧૦૦ સો જેટલાં જ્ઞાનાલયો હતાં. એક એવુ વિધાન પણ છે કે: અહીં જ્ઞાનમાર્ગના ઉદ્ધારક શ્રી આદ્ય શકરાચાર્ય ભક્તિમાર્ગના ઉદ્ધારક શ્રી વલ્લભાચાર્ય અને તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી મુંજાર્યા પધ્યો વખત બીરાજ્યા હતા એનાં

અનેક પ્રમાણ ઉપલબ્ધ થાય છે. આ સિવાય આદ્ય શ્રી રામાનુજાચાર્ય, શ્રી નિમ્બાર્કાચાર્ય અને શ્રી મધ્વાચાર્યે અનેક વખત દ્વારિકા પ્રભાસની યાત્રાએ અહીં પધાર્યા છે ભક્તિમાર્ગના નિર્ગુણ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે જગતમાં ઉતારનાર શ્રી વલ્લભાચાર્ય તો સૌરાષ્ટ્ર દેશમાં પાંચ સોળ સ્થળે શ્રીમદ્ભાગવતનાં પારાયણ કથા કરી સૌરાષ્ટ્રની જનતામાં ભક્તિમાર્ગનો પ્રકાશ કર્યો છે. દ્વારિકાના પ્રસિદ્ધ મંદિરની સેવા પ્રણાલિકાની સુવ્યવસ્થા પણ આ આચાર્યશ્રીએ કરી હતી. ભટ્ટી નામના મહાકાવ્યના કર્તા ભર્તૃહરિ કે જેઓ કવિ કાશિયાવાડી હતા. પુરુષોત્તમ નામના પંડિત, યજુર્વેદના ભાષ્યકાર અને સમર્થ દાર્શનિક મધુ પણ સૌરાષ્ટ્ર દેશના નિવાસી હતા તેમ જ મેરુતુંગાચાર્ય, જ્યોતિર્માર્તંડ શંકરાચાર્યજી, પંડિત ગદુલાલજી સર્વદર્શના કર્મકાંડ [illegible] આદ્ય સનાતન ભગવાનલાલ ઇંદ્રજી વગેરે ઔદીચ્યોની વિદ્વત્તા રૂપે છે. આ પ્રાચીન સ્વર્ણમિત્ર અને ઇતિહાસ આપતાં કહેવાય છે કે: ઈ. સ. પૂર્વે ૩૨૬થી ૧૮૩ સુધી સૌરાષ્ટ્ર મૌર્ય સામ્રાજ્યનો પ્રાંત હતો. ખડકો ઉપર કોતરાયેલા અશોકના લેખો મૌર્ય સામ્રાજ્યના વિસ્તારનો ખ્યાલ આપે છે. આઠમી સદીમાં રાજપૂતની જુદી જુદી ટોળીઓ જુદા જુદા રાજ્યો સ્થાપવા લાગી. તેમાનાં પ્રભાકર સૌરાષ્ટ્રના નવા રાજ્ય સ્થાપવા સુધી ફેલાઈ હતા. અલાઉદ્દીન ખીલજીએ વાઘેલાઓને હરાવી ઈ.સ. ને સ.૧૨૫૭થી ગુજરાત દિલ્હીના રાજ્યકર્તાઓના તાબામાં રહ્યો અને સને ૧૪૦૩માં સુલતાન મહમદશાહ ગુજરાતનો રાજા જાહેર થયો. અકબરે ગુજરાતને પોતાના રાજ્યમાં જોગવી દીધું. ગુજરાતના સૂબા ઉપર દિલ્હીના સુલતાનના પ્રતિનિધિ કે સૂબાની દેખરેખ રહેતી. તેઓ સૌરાષ્ટ્રના રાજપૂત રાજ્યો પાસેથી ફરિયાદના જોરે ખંડણી વસૂલ કરતા. ,મોગલ સલ્તનતના અંત સમયે મરાઠાઓ આ દ્વીપકલ્પમા દાખલ થયા અને ખંડણી વસૂલ કરવા લાગ્યા. સારપછી અંગ્રેજો આવ્યા અને હકુમત ચલાવવા લાગ્યા સને ૧૯૪૮ની ૧૫મી એપ્રિલે સૌરાષ્ટ્રના રાજ્યોનુ એકમ થયુ અને સૌરાષ્ટ્રને બ વર્ગના રાજ્યની કક્ષામાં મૂકવામાં આવ્યુ. તે પહેલા સૌરાષ્ટ્રમાં જુદાં જુદાં ૨૨૨ રાજ્યો હતાં આ એકીકરણની શરૂઆત સને ૧૯૪૮ની ૧૫ જાન્યુઆરિએ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં પાંચ જિલ્લા છે: મધ્ય સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, હાલાર, સોરઠ અને ગોહિલવાડ. સૌરાષ્ટ્રનુ પાટનગર રાજકોટ છે સુરેંદ્રનગર, જામનગર, જૂનાગઢ અને ભાવનગર બીજાં મોટાં શહેરો છે. ભાદર, ઓજત, શેત્રુજ, ઉંબ્રા, દીવ્ય, રાવળ, માલન, ભોગાવો, આજી, મચ્છુ, વગેરે સૌરાષ્ટ્રની મોટી નદીઓ છે ગિરનાર, શત્રુંજય, બરડો અને ચોટીલો એ સૌરાષ્ટ્રના મુખ્ય પર્વતો છે. કેશોદ, પોરબંદર, જામનગર, રાજકોટ ને ભાવનગર આ પાંચ શહેરો વિમાનવ્યવહારથી સંકળાયેલ છે. ભેડી, નવલખી, ઓખા, પોરબંદર વેરાવળ, માંગરોળ અને ભાવનગર સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ બંદરો છે સોમનાથ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, શત્રુંજા અને પાલીતાણા આ સૌરાષ્ટ્રના યાત્રાનાં ધામો છે. જલારામ, ભોજા ભગત, દેવાદ ન, ઇચ્છુ ભગત, આપા ગીગા, ર. સ, આપા દાના વગેરે સૌરાષ્ટ્રમા નામ. મોટ અનેક સત પુરુષો થઈ ગયા છે સૌરાષ્ટ્રના સાગરકે ી, સોરઠના ગિરનાર ને ગીરપ્રદેશ તમ જ આહીર, મેર, રાજપૂત અને કાઠી જેવી મૂછાર કોમો, શ્રીકૃષ્ણ ને મીરાંના નામે પ્રખ્યાત બનેલુ દ્વારિકા, સુદામાનું નિવાસસ્થાન પોરબંદર અને સોમનાથ જેવાં પવિત્ર સ્થળો, નરસિંહ જેવા વૈષ્ણવ અને અનેક લોકસંતો, મહર્ષિ દયાનંદ અને મહાત્મા ગાંધીજી જેવાની જન્મભૂમિ હોવાનુ ગૌરવ આ બધી સૌરાષ્ટ્રની વિશિષ્ટતા છે. સૌરાષ્ટ્રની કલા, લોકગીતો, લોકસાહિત્ય, પોશાક, રહેણીકરણી વગેરેથી સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું ભારતમાં આગ સ્થાન છે. સૌરાષ્ટ્ર સરકારે મુંબઈ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને સોસિયોલોજીના નિષ્ણાતો પાસે કરાવેલ સૌરાષ્ટ્રની સર્વદેશી વૈજ્ઞાનિક સમીક્ષા અનુસારઃ સૌરાષ્ટ્ર એ એક દ્વીપકલ્પ છે. તેનો દરિયાકાંઠો ૭૫૦ માઈલ જેટલો મોટો છે. આ પ્રદેશ ૨૦° ૪૦'થી ૨૪° ૨૫' ઉત્તર અક્ષાંશ અને ૬૯° ૫' અને ૭૨° ૨૦' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. તેનું ક્ષેત્રફળ લગભગ ૨૩,૫૦૦ ચોરસ માઈલ છે. મુંબઈ રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલા ધંધુકા અને ધોળા તેમ જ મુંબઈ રાજ્યમાં હાલમાં ભેળવી દીધેલ ઓખા અને અમરેલી બાદ કરતાં રાજકીય વિભાગની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર રાજ્યનું ક્ષેત્રફળ ૨૧,૪૫૧ ચોરસ માઈલ છે. તેને દક્ષિણકાંઠે પોર્ટુગીઝનો ૭ ચોરસમાઈલનો દીવ બેટ આવેલ છે. બારકો હકુમત નીચેના આવી રીતે વચ્ચે આવેલા દેશી અને પરદેશી પ્રદેશો ન્યાય અને અવરજવારિમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે અને તે સૌરાષ્ટ્રના વિકાસ કે પ્રગતિમાં અંતરાયરૂપ થઈ પડે એ સહજ છે સૌરાષ્ટ્રમાં ગિરનાર સિવાય બીજો એકે ય એવો મોટો પર્વત નથી. ગિરનાર સિવાયના બીજા જે કોઈ ડુંગરાઓ છે તે ઉપયોગી વનસ્પતિ વિનાના હોઈને લાભ કરતા ગેરલાભ હાનિ કરે છે ઝાડપાન કે વનસ્પતિ વિનાની ટેકરીઓ કે નર્યા રાંક ઊભડ જેવા ડુંગરાઓ હવામાનને સાનુકૂળ નહિ બનાવતા, ઊલટા પ્રતિકૂળ બનાવે છે; એટલે કે, તે પ્રદેશની ઠંડી કે ગરમીને નરમ નહિ પાડતાં ઊલટી વધુ આકરી કરી મૂકવામાં કારણભૂત બને છે આવા જોડસૃષ્ટિ વિનાના ડુંગરાઓ વરસાદને આકર્ષવામાં જરા યે સહાયભૂત થતા નથી ગિરનાર એક અપવાદ છે સૌરાષ્ટ્રનો ઇતિહાસ પણ આ ગિરનાર પર્વતની આજુબાજુ બહુ જ ગૂંથાયેલો છે. દ્વારકાને બાદ કરતાં સૌરાષ્ટ્રમાં ગિરનાર સૌથી વધુ ઐતિહાસિક છે તેમાં સૌરાષ્ટ્રનો અસલ ઇતિહાસ તેના રાઠ સ્વરૂપમાં છુપાયેલો છે સૌરાષ્ટ્રમાં ગિરનાર સિવાય બીજા કોઈ ડુંગરો પર્વત ન હોવાથી તેની નદીઓ પણ ગિરનાર જેવા મણવાગાંઠયા અપવાદ વિના કોઈ મોટી નથી. આ નદીઓ માત્ર ચોમાસામાં જ તે પછી બહુ થોડા વખત માટે ચાલુ રહે છે. તે નદીના પાળો પણ ટૂંકા છે. સૌરાષ્ટ્રમાં સામાન્યતઃ બારેમાસ જેટલી નદીઓ અને ઝરણાંઓ છે. આ નદીઓમાં નીચે જણાવેલ સાત નદીઓ સિવાય બીજી બધી નદીઓના પાર્ટ ૫૦ માઈલથી પણ ઓછા છે: (૧) ભાદર, ૧૦૫ માઈલ, (૨) શેત્રુંજી, ૬૬ માઈલ, (૩) સુખભાદર, ૭૨ માઈલ, (૪) ઓજત, ૫૬ માઈલ, (૫) ભોગાવો, ૫૭ માઈલ, (૬) ફાળુભાર, ૫૬ માઈલ, (૭) મચ્છુ, ૫૫ માઈલ. બાકી બધી નદીઓ ઝરણાં કે વોંકળા ગણાય! આ નદીઓના પટ પણ બહુ જ સાંકડા છે. આવી છીછરી નદીઓમાં જ્યારે બહુ વરસાદ આવે છે ત્યારે પાણી ફેલાય છે ને આજુબાજુ નુકસાન કરે છે. સૌરાષ્ટ્રની નદીઓમાંથી વીજળીબળ ઉત્પન્ન કરી શકાય એમ નથી અને તેમાંથી નહેરો કાઢી શકાય એમ ન હોઈને ખેતીના ક્ષેત્રમાં તે જોઈએ તેવી ઉપયોગમાં આવી શકતી નથી. આથી સૌરાષ્ટ્ર સરકાર તરફથી મોટી નદીઓ ઉપર બંધ બાંધીને તેનો ઉપયોગ ખેતીમા કરવાના પ્રબંધ પંચવર્ષીય યોજનાઓમાં ખાસ સ્થાન પામ્યા છે. સૌરાષ્ટ્રના વરસાદની વિશિષ્ટતા એ છે કે: (૧) જ્યારે વરસાદ આવે છે ત્યારે તે એકદમ તૂટી પડે છે અને પછી (૨) તે બધે થઈ જઈ બહુ લાંબો છે, એટલે કે સૌરાષ્ટ્રમાં વર્ષાઋતુ બહુ ટૂંકી છે. સૌરાષ્ટ્રની આબોહવા એવી છે કે, શિયાળામાં સખત ઠંડી અને ઉનાળામા બહુ ગરમી, કેમકે ચોમાસું બહુ થોડો વખત ચાલે છે અને બાકી

એ ટૂકા ગાળાના ચોમાસામાંયે વચ્ચે વચ્ચે લાંબા વખત સુધી વરસાદ બિલકુલ આવતો નથી. દરિયાકાંઠે અપવાદ રૂપે ઠંડી અને ગરમી દરિયાને લીધે સમધારણ રહે છે, પણ સામાન્યતઃ સૌરાષ્ટ્રમાં લાંબો વખત સુધી ગરમી રહે છે સૌરાષ્ટ્રમાં અગાઉ જુદાં જુદાં નાનાં મોટાં અનેક રાજ્યો હતાં; પણ આ બધાં રાજ્યોનું હવે એકમ થઈ જતાં સૌરાષ્ટ્ર રાજ્ય એક, અખંડ અને અવિભાજ્ય બન્યું છે. સૌરાષ્ટ્રનું ક્ષેત્રફળ ભારતના ક્ષેત્રફળ સાથે સરખાવતાં ૧૭ ટકા થાય. આ જ રીતે જો સૌરાષ્ટ્રની વસતી ભારતની વસતી સાથે સરખાવીએ તો તે પણ માત્ર ૧·૨ ટકા જ થાય છે. સૌરાષ્ટ્રમાં શહેરોની વસતીનું પ્રમાણ હાલ ૩૪ ટકા છે, ત્યારે ભારતમાં તે પ્રમાણ માત્ર ૧૭ ટકા છે; એટલે કે, સૌરાષ્ટ્રમાં ભારત કરતાં શહેરોની વસતીનું પ્રમાણ બરોબર બમણું છે. મુંબઈ રાજ્ય જે કૃષિ ઉદ્યોગનું મથક ગણાય છે ત્યાં પણ શહેરની વસતીનું પ્રમાણ ૩૧ ટકા છે. આ ઉપરથી જણાય છે કે, ભારતવર્ષમાં બીજાં રાજ્યો કરતાં સૌરાષ્ટ્રમાં શહેરની વસતીનું પ્રમાણ વધારે છે. સૌરાષ્ટ્ર તેનો વિસ્તૃત દરિયાકાંઠો, અપૂરતો વરસાદ અને સાગર કિનારાની ધરતીને લીધે તેમ જ દરિયાના પાણીને ઠળવું કરનાર એક પણ નદી દરિયામાં ન મળતી હોવાને લીધે ભારતનું મીઠા માટેનું ઉત્પાદન કેંદ્ર બન્યું છે. સાગર કિનારા ઉપર તેમ જ રણ વિસ્તારમાં મોટા પ્રમાણમાં મીઠાનાં કારખાનાં છે. સૌરાષ્ટ્ર તેના કિનારા વિસ્તારોમાં ખનિજો ખાસ કરીને ચૂનાના પથ્થરોવાળા ખનિજો, તેમ જ સિલિકા અને ઑક્સુમિનિયમવાળા માટીનાં ખનિજોથી સમૃદ્ધ છે. તેમાં જુદી જુદી જાતની ક્વાલ તેમ જ પીળી માટી, ચીરોડી અને બાંધકામના પથ્થર તેમ જ રેતી આખા દ્વીપકલ્પ ઉપર પથરાયેલાં છે. સૌરાષ્ટ્રમાં કોલસાની ખાણ કે તેલનો એક પણ કૂવો નથી. પણ ૧૯૪૮ પછી સૌરાષ્ટ્રના જુદા જુદા ઉદ્યોગોનો ઠીકઠીક વિકાસ થયો છે. દીવાસળીનો ઉદ્યોગ પહેલા વર્ગનો છે કાપડની મીલો બીજા વર્ગમાં છે. મીઠું ઉદ્યોગોના ત્રીજા વર્ગમાં આવે છે. સૌરાષ્ટ્રમાં મીઠા તેમ જ ચૂનાના પથ્થરોનો વધારો હોવાને લીધે સમગ્ર ભારતમાં મહત્ત્વના એવા સોડાએશનો ઉદ્યોગ વિકસેલ છે. પ્રાંસુઆ કેમીકલ વર્કસ દરરોજના ૬૦ ટન ઉત્પાદનની શક્તિ ધરાવે છે. આ ઉત્પાદન માટેનો બીજો પ્લાન્ટ મીઠાપુર તાતા કેમીકલ વર્કસ, પણ સૌરાષ્ટ્રમાં આવેલ છે. તેની દરરોજની ઉત્પાદનશક્તિ ૧૨૦ ટનની છે. વાર્ષિક ૬૬,૦૦૦ ટન મીઠાનું ઉત્પાદન કરતું એક મોટું કારખાનું જામનગર ખાતે છે. ઘણાખરા કારખાનાંઓ સોડિયમ સિલીકેટ બનાવે છે. સૌરાષ્ટ્રનો તે પછીનો બીજો મહત્ત્વનો ઉદ્યોગ સિમેન્ટનો છે. દ્વારકા અને પોરબંદરમાં સિમેન્ટનાં કારખાનાં છે. પછીનો મહત્ત્વનો ઉદ્યોગ માટી કામનો છે મોરબી, થાન, વાંકાનેર, જામનગર, ચોરવાડ વગેરેમાં માટીકામનાં કારખાનાઓ છે કાપડનો ઉદ્યોગ એ સૌરાષ્ટ્રનો મોટામાં મોટો ઉદ્યોગ છે. આ પછીનો સૌરાષ્ટ્રનો અગત્યનો તેલનો ઉદ્યોગ છે. વનસ્પતિ ઘીની બનાવટનો બીજો ઉદ્યોગ વિકસી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં સાબુનાં નાનાં મોટાં ઘણાં કારખાનાં છે. સૌરાષ્ટ્રમાં લોકશાહી સરકારની રચનાની શરૂઆતથી જ જૂની કેળવણીને રાષ્ટ્રીયતાનું રૂપ આપવાની જરૂરિયાત માનવામાં આવી હતી અને પરિણામે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં તેમ જ પાયાની કેળવણીમાં પણ પ્રગતિ થઈ છે ગુજરાતમાં અને મહદ્ અંશે ભારતમાં મોન્ટેસોરી પદ્ધતિએ બાલમંદિરની શરૂઆત કરીને બાળકો તરફની સમાજની પ્રચલિત દૃષ્ટિ બદલાવી તેને સમાજમાં, કુટુંબમાં અને શાળામાં મહાન ગૌરવ તેમ જ યોગ્ય સ્થાન આપવાના પ્રથમ પ્રચારનો યશ ભાવનગરની દક્ષિણામૂર્તિ નામની સંસ્થા અને તેમાં યે ખાસ કરીને શ્રી મિનુભાઈ બધેકાને છે. સને ૧૯૩૭માં પાયાની કેળવણી માટેની વિચારધારા દેશ પાસે રજૂ થઈ ત્યારે આ સંસ્થાએ પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત કરીને ગ્રામદક્ષિણામૂર્તિ નામની નવી સંસ્થાનો ભાવનગરથી ૨૦ માઈલને અંતરે આવેલા આંબલા નામના ગામમાં પાયો નાખ્યો કેળવણીના આ પ્રયોગને વિસ્તારીને એ જ ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાએ દેશની નવી જરૂરિયાતને લક્ષમાં લઈ ને આંબલાથી નજીક આવેલા સણોસરા ગામે લોકભારતી યાને ગ્રામવિદ્યાપીઠ નામની નવી ઉચ્ચશિક્ષણ સંસ્થાની શરૂઆત કરી છે. તેના પ્રણેતા શ્રી નાનાભાઈ ભટ્ટ છે મહુવામાં ગ્રામોદ્યોગ મંદિર, માલપરામાં વાત્સલ્યધામ, કુંડલાની પાસે ખાડસલીમાં લોકશાળા ચાલી રહી છે. વઢવાણમાં વિદ્યાસવિદ્યાલય, ધરસાણા અને કુલગ્રામની નજીક સર્વોદય આશ્રમ હાલાવાડની ખ્યાતનામ સંસ્થા છે સોરઠમાં જૂનાગઢમાં ગ્રામકાર્યકર વિદ્યાલય ચાલી રહ્યું છે ગિરનારની તળેટીમાં રૂપાયતન સરસ્વા કામ કરી રહી છે. શાપુરમાં સર્વોદય આશ્રમ પણ ચાલી રહ્યો છે. ઉપરાંત માંગરોળની નજીક સારણગ્રામમાં લોકશાળા ચાલી રહી છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ તરફથી સૌરાષ્ટ્રમાં ઘણી જગ્યાએ ખાદીકેંદ્ર ચાલે છે. ઉચ્ચશિક્ષણ માટે સૌરાષ્ટ્રમાં ચાર કલાની કોલેજો છે, એક કોમર્સ કોલેજ છે, પણ ટેકનિકલ સંસ્થાઓ છે, મોરબીમાં એક એન્જિનિયરિંગ કોલેજ છે અને જામનગરમાં આયુર્વેદિક કોલેજ છે. સૌરાષ્ટ્રમાં સરકારી અને ખાનગી આઠ અધ્યાપન મંદિરો પણ છે. સૌરાષ્ટ્ર સાથે સંકળાયેલો ગુજરાતનો સાગરકાંઠો વિશાળ છે જૂના સમયમાં સૌરાષ્ટ્રમાં દ્વારિકા, પોરબંદર, વેગવળ, સોમનાથ પાટણ, દીવ અને ઘોઘા તથા ગુજરાતના ખંભાત એટલે સ્તંભતીર્થ, ભરૂચ એટલે ભૃગુકચ્છ ને સુરત બંદરેથી વહાણો મારફતે દેશપરદેશનો વેપાર ખેડાતો. આ બંદરો જગમશહૂર હતાં અહીંના ખારવા ને વેપારીઓ વહાણોમાં જાતજાતની ચીજો ભરીને મિસર, અરબસ્તાન, ઈરાન, આફ્રિકા, મલબાર, ક્રોરોમંડલ, સિલોન, જાવા ને ચીનની મુસાફરી કરતા. દ્વારિકાનો રામસિંગ માલમ તો એકવાર ઈંગ્લંડ દેશ સુધી પહોંચી ગયો હતો. ત્યાંથી હુનર ઉદ્યોગ પણ ઠીકઠી ખીલ્યો હતો સૌરાષ્ટ્રની આબોહવા નીરોગી અને મનને આનંદ આપનારી છે. ડુંગર,ળ મુલકની ધામધૂમિના નેસડામાં ગાય, ભેંસ, બકરાં અને ઘેટાં ઊછરે છે: ત્યાં દૂધ, દહીં ને ઘીની રેલમછેલ હતી રમાળ ને સપાટ જમિનમાં બાજરી, જુવાર, ઘઉં, તલ, કપાસ ને કપાસ પાકે છે. સોરઠમાં જ્યાં વરસાદ સારો પડે છે ત્યાં ડાંગર, શેરડી ને કળાકળાદિ પાકે છે સોરઠની લીલી નાયેરની હરિયાળી ભૂમિ આંખને ઠારે છે દરિયાકિનારાના મુલકમાં ખારેક પાકે છે આ કવિ દાસિ સૌરાષ્ટ્રને વંદન કરતાં વિહારી લખે છે કે:

જય જય સુંદર સૌરાષ્ટ્ર,
વંદુ જય જય સુંદર સૌરાષ્ટ્ર—
પ્રભુની પૂર્ણ કળાનો પાત્ર—વંદું...

વંદુ સુફળ વિમળ જળ પૂરિત ભારતભૂમિ ભુજ કેરા,
ધન્ય ધન્ય ગુણિજન જનની ભુજ ખારો પુરુષ પ્રદેશ—
જય જય જય ગરવી ગુજરાત—વંદું...

દીપાવ્યો ભામ કેરા દ્વારમ શૌર્યથી કરી તખ્ત,
મીરાં નરસિંહ ને સુદામા મોહન સમે જ્યાં ભક્ત—
દયાનંદે દીપાવી ભક્ત—વંદું

અલ અમાગં વજ્ર અમારાં જળ ઇવન અમાર,
લીલાંછમ લીલાંછમ ચેતર ભર્યાં ભૂમિ ભંડાર—
અન્નેનનું બની એકૂત ભક્ત—વંદું...

સિંહભૂમિ સુવર્ણભૂમિ તીખી તેજપુ તારોતાર,
પ્રેમશૌર્યની ભાગીર ભૂમિ કરે કુદા ભક્તકાર—
સહુ ગુજર સોરઠના ચળકાટ—વંદું...

૨. ગું (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રિક છંદ; સોરઠા; સૌરાષ્ટ્રી; પૂર્વાર્ધની તેના પહેલા અને ત્રીજા પદમાં અગિયાર માત્રા તથા બીજા અને ચોથા પદમાં તેર માત્રા હોય છે. પહેલા અને ત્રીજા પદનો પ્રાસ મળે છે.

૩. [સં.] પું. કુકરડ વૃક્ષ.
૪. ન. ક્રાસુ.
૫. જિ સૌરાષ્ટ્ર દેશમાં હોનાર કે થનાર; કાઠિયાવાડી.

સૌરાષ્ટ્રક [સં.] ન. એક જાતની ધાતુ.

સૌરાષ્ટ્રજ [સં] જિ સૌરાષ્ટ્ર દેશમાં જન્મેલ.

સૌરાષ્ટ્ર ટંક પું. (સંગીત) ભૈરવ, કાલિંગડ ને લલિત રાગના મિશ્રણથી બનતો એક રાગ તે પ્રાતઃકાળે ગવાય છે

સૌરાષ્ટ્ર મૃત્તિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની સુગંધી માટી.

સૌરાષ્ટ્ર રક્ષિત રમારકો ન. બ. ક. સોરાષ્ટ્રનાં જુદાં જુદાં રાજ્યોનું એકીકરણ થયા પછી સૌરાષ્ટ્ર સરકારે રક્ષિત કરાવેલા જૂનાં રમારકો. સૌરાષ્ટ્ર રાજ્યે અપનાવેલા અને તેને લગતુ કરાયેલા સને ૧૯૫૪નાં પુરાણાં રમારકોના સરક્ષણધારાની કલમ ૩ ની પેટા કલમ ૧ નીચે મળેલ અધિકારો અન્વયે સરકારે નીચે જણાવેલાં રમારકોને રક્ષિતરમારકો તરીકે જાહેર કર્યાં છે : **મધ્ય સૌરાષ્ટ્ર** : (૧) જૂનો દરબારગઢ–ધોરાજી, (૨) લાખા ફુલાણીનો પાળિયો–આદકોટ, (૩) જાડલાની વાવ–જાડલા, (૪) જગેશ્વર મહાદેવનો શિલાલેખ–વાંકાનેર, (૫) નોળમાતા–વાંકાનેર, (૬) કુબેરવાવ–મોરબી, (૭) ત્રાંબાના લેખોવાળા દરવાજા–મોરબી, (૮) સુપેડીનાં મંદિરો–સુપેડી (૯) મુનિબાવાનું મંદિર–ધ્રાન, (૧૦) તરણેતર મંદિર–ધ્રાન, (૧૧) સતીનું મંદિર–જેતપુર, (૧૨) છત્રુડીનું મંદિર–છત્રુડી અને (૧૩) દ્વારેજનું મંદિર–દ્વારેજ. **કાઠિયાવાડ** : (૧) ભીમોરાની ગુફાઓ–ચોટીલા, (૨) માધાવાવ–વઢવાણ સીટી, (૩) ચંપાવાવ–વઢવાણ સીટી, (૪) શક્તિનું મંદિર–ધ્રાગધ્રા, (૫) માળાનું મંદિર–ચાળા, (૬) સ્મશાન પાસેના પાળિયા–ઢળવદ, (૭) સુંદરી ભવાનીનું મંદિર–ઢળવદ, (૮) મંતરી વાવ–કેરાવડી, (૯) દરવાજાનાં ખંડેર–કેરાવડી, (૧૦) ચોમુખી વાવ–ચોબારી, (૧૧) તળાવનું મંદિર–ચોબારી, (૧૨) માધવપુરની વાવ–માધવપુર, (૧૩) પંચાયત મંદિર–પરબડી, દરવાજા–ઝીંઝુવાડા. **ઓહિલવાડ** : (૧) ગંગાજળેરી–ભાવનગર, (૨) ભાવનાથ મહાદેવનું મંદિર–ભાવનગર, (૩) જૂનો દરબારગઢ–ભાવનગર, (૪) તળાજાની ગુફાઓ–તળાજા, (૫) સાગુની ગુફાઓ–સાગુ, (૬) કીર્તિની મસ્જિદ–ઘોઘા, (૭) ખોડિયાર મંદિર–ખોડિયાર, (૮) મહુવા માતા મંદિર–મહુવા, (૯) વિષ્ણુ મંદિર–મહુવા, (૧૧) જૂનું ગોપનાથનું મંદિર–ગોપનાથ, (૧૨) વગાનું જૂનું મંદિર–વગા, (૧૩) સતસેની–સિહોર અને (૧૪) ઝાંઝમુખ સિહોર **હાલાર** : (૧) લાખોટો ટાવર–જામનગર, (૨) કોઠો–જામનગર, (૩) જામેમસ્જિદ–જામનગર, (૪) ખીજડા મંદિર–જામનગર, (૫) દ્વારકાપુરીનું મંદિર–જામનગર, (૬) નાગનાથનું મંદિર–જામનગર, (૭) બિલેશ્વર મહાદેવનું મંદિર–બિલેશ્વર, (૮) ભુવનેશ્વરની ગુફાઓ–ભુવનેશ્વર, (૯) પાજતરનું મંદિર–પાજતર (૧૦) શીતળાનું મંદિર–ક્રાલાવડ, (૧૧) સોનકસારીનું મંદિર–સોનકસારી, (૧૨) કાશી વિશ્વનાથ મહાદેવ–હરિયાણા (૧૩) જૂથરમોરી મંદિરઃ પાળિયા અને કબર તેમ જ સ્થૂપેશ્વર-ધોળ, (૧૪) જેસલપીરની દરગા–ધોળ, (૧૫) સેખપટ–અલિયાબાડા, (૧૬) મીઠોઈ મંદિર–ખભાળિયા, (૧૭) મોડપુરનો કિલ્લો–મોડપુર, (૧૮) કિલ્લેશ્વરનો કિલ્લો કિલેશ્વર, (૧૯) પીઠડ માતા–પીઠડ, (૨૦) કણબીમાતા ખાલભા, (૨૧) નવઘણ કુવો–ખાલભા, (૨૨) બાવિયાનો કોઠો–બાવિયા, (૨૩) સોનીબાવ–ક્રાયલા અને (૨૪) પનોતિ મંદિર–ક્રાયલા. **સોરઠ** : (૧) જૈનમંદિર–ઉના, (૨) ઉના તળાવ પરનો શિલાલેખ–ઉના, (૩) મિસ્કાતશની મસ્જિદ–દેલવાડા–ઉના, (૪) મુમપ્રવાસના કુવા–દેલવાડા–ઉના, (૫) જૈનમંદિરો–પાટણ, (૬) પાટણની ગુફાઓ–પાટણ, (૭) વણેશ્વર મહાદેવનું મંદિર–પાટણ, (૮) ભદ્રકાળી મંદિર (માતા)–પાટણ, (૯) જહાંગીરનો શિલાલેખ–પાટણ, (૧૦) તળાવ–પાટણ, (૧૧) ક્રમનાથ મહાદેવનું મંદિર–શિલાલેખ સાથે–આસોદર, (૧૨) શ્રીમતી કરતૂરબાનું મકાન–પોરબંદર, (૧૩) સરતાનજીનો ચોરો–પોરબંદર, (૧૪) માધુપુરનું જૂનું મંદિર–માધુપુર, (૧૫) ગંજુબતીની ગુફાઓ–માધુપુર, (૧૬) મિયાણીનું જૂનું મંદિર–મિયાણી, (૧૭) વાવ–વીસાવદર, (૧૮) પચાયતન મંદિર, વીસાવદર, (૧૯) પચાયતન મંદિર–કેશોદ અને (૨૦) કદવારનું જૂનું મંદિર–કદવાર. **પ્રાચીન સ્થળોઃ** (૧) ખાનસર, (૨) જેતપુર, મધ્ય સોરાષ્ટ્રઃ (૩) શિવાળ ભેટ–જામરાબાદ, ઓહિલવાડ; (૪) આમરણ, (૫) આમરા, (૬) ભોડ, (૭) વસાઈ, (૮) ભારાણા, (૯) જૂથરમોરી–ધોળ. (૧૦) લાખાબાવળ, (૧૧) મોડપુર, (૧૨) મોડ, (૧૩) નરમાણા, હાલાર; (૧૪) સાકરનો ટીંબો- પાટણ, (૧૫) જડેશ્વર–તાલાળા, (૧૬) ભીમદેવળ, (૧૭) નદીનો કાંઠો–જૂનાગઢ, (૧૮) જૂની ખતાલી ગીર, (૧૯) જુહવિહાર–ગિરનાર અને (૨૦) લાખામેડી–ગિરનાર, સોરઠ

સૌરાષ્ટ્ર વિધાન પું. સૌરાષ્ટ્રની નવરચના: સને ૧૯૪૭ના ઓક્ટોબરની ૨૯-મી તારીખે ભારત દેશ આઝાદ બન્યો. ૧૯૪૮ના ફેબ્રુઆરીની પદરમી તારીખે હિંદના નાયબ વડા પ્રધાન સરદારશ્રી વલ્લભભાઈની હાજરીમા સૌરાષ્ટ્રના એકમની સારાય ભારતવર્ષને ભવ્ય ઘર્ષ ૧૯૪૮ના મે મહિનાની પહેલી તારીખે સૌરાષ્ટ્રના રધુમ એકમની શપથવિધિ થઈ તેની બધારણસભાઃ સૌરાષ્ટ્રનુ એકમ તો થયુ પણ સૌરાષ્ટ્રની ધારાસભા નું અસ્તિત્વ ન હતું સૌરાષ્ટ્રના એકમ પહેલાં કાઠિયાવાડના બે ચાર દેશી રાજ્યોમા પ્રજાસભા, પ્રજાપ્રતિનિધિસભા, ધારાસભા જેવાં નામ ધરાવતી સભાઓ હતી પરંતુ એ કોઈ સભા જેને બધારણીય અર્થમાં ધારાસભા કે વિધાનસભા કહેવાય એવું તત્ત્વ પૂરતા પ્રમાણમાં સાથની ન હતી. કે તેને કોઈ જવાબદાર એવુ પ્રધાન મડળ ન હતુ તથી સૌરાષ્ટ્રના સયુક્તરાજ્ય માટે બધારણ ઘડી કાઢવા એક બધારણસભા ઊભી કરવી એ વિધાનસભાની જરૂરિયાત ઊભી થઈ. એ માટે સમસ્ત સૌરાષ્ટ્રમાં ચૂંટણી થઈ અને ૪૫ સભ્યોની બનેલી બધારણસભાની પહેલી બેઠક તારીખ ૨૪-૧૧-૧૯૪૮ના રોજ રાજકોટ ખાતે મળી જેનુ ઉદ્ઘાટન પણ સરદાર વલ્લભભાઈએ કર્યું સૌરાષ્ટ્રની આ બધારણસભા એ તા ૧૭ ઓક્ટોબર બેઠકમા ઠરાવ કર્યો કે, સૌરાષ્ટ્ર લોકપ્રતિનિધિ સભાની આ બેઠક ઠરાવે છે કેઃ રાજસ્થાનોના સભાના નામદાર રાજપ્રમુખો તથા માનનીય વડા પ્રધાનોની પરિષદમા વિધાસની બાતાએ કરેલા બલ્લભભાઈ અનુસાર રાજસ્થાનોના સભનુ બધારણ સમગ્ર હિંદના બધારણનુ અંગભૂત બનવુ જોઈએ; અને તે માટે એવુ બધારણ ઘડવાની આ બેઠક દિલ્હીની હિંદી લોકપ્રતિનિધિસભાને સત્તા આપે છે. બધારણસભાનુ ધારાસભામા રૂપાંતરઃ ત્યારબાદ ૧૯૪૯ના ઓક્ટોબરની ત્રીજી તારીખે મળેલ બધારણ સભાએ હિંદની વિધાન સભાએ સુચવેલ બધારણને સામાન્ય રીતે માન્ય રાખી કલમવાર ફેરફારો સાથેના હતા અને છેવટે તારીખ ૧૯ જાન્યુઆરિ ૧૯૫૦ના રોજ હિંદની બંધારણ સભાએ પસાર કરેલ બધારણને સંપૂર્ણ મંજૂરી આપતો ઠરાવ પસાર કરીને પોતાનુ કાર્ય સમાપ્ત કર્યું હતુ અને પાંચે અનાકિ બક્ત કરેલ મુજબ મુલ્ક સ્ટેટ મિનિસ્ટર્સની સલાહથી તારીખ ૨૦ જાન્યુઆરિ ૧૯૫૦ના રોજ સૌરાષ્ટ્ર બધારણસભાનુ સૌરાષ્ટ્ર ધારાસભામાં રૂપાંતર કરવામાં આવ્યુ હતુ. અબ્બાદેનોને અપાયલુ કાયદાનુ સ્વરૂપ આ રીતે સૌરાષ્ટ્ર ધારાસભાનો

જન્મ થયો તે પહેલાં સૌરાષ્ટ્રનું શાસન રાજપ્રમુખ તરફથી બહાર પાડવામાં આવતા અધ્યાદેશો (Ordinances)દ્વારા ચલાવવામાં આવતું હતું જો કે તે કાયદાનું રૂપાન્તર હતું પણ તે કાયદાઓ સૌરાષ્ટ્ર ધા.સભાએ પસાર કરેલા ન હતા. ધારાસભાને જવાબદાર પ્રધાનમંડળ: સૌરાષ્ટ્ર ધારાસભા થયા પછી જે પરિસ્થિતિ પલટાઈ. સૌરાષ્ટ્રનું પ્રધાનમંડળ જે પ્રથમ રાજપ્રમુખને અને રાષ્ટ્ર મિનિસ્ટરોને જવાબદાર હતું તે પ્રધાનમંડળ ધારાસભા થયા પછી બંને કે (Technically) તો તે જ રીતે ચાલુ રહ્યું છે પણ હકીકતે તે ધા.સભાને જવાબદાર હોય તે રીતે તેનું રાજતંત્ર ચાલ્યું છે. કારોબારીથી સ્વતંત્ર ધારાસભાનું વહીવટી તંત્ર: હિંદના બંધારણ પ્રમાણેની તે ક.મંત્રીમંડળ ધારાસભા બનતા તેને તમામ હકો અને કરજો પ્રાપ્ત થયા તેણે અધ્યક્ષ (Speaker) અને ઉપાધ્યક્ષ (Dy Speaker) ચૂંટ્યા. તેણે બંધારણપૂર્વક કામ ચલાવવાને માટે પોતાના નિયમો પસાર કર્યા અને શરૂઆતથી સર્જન કરતાં કરતાં પોતાનું સ્વતંત્રસ્થાન પ્રાપ્ત કર્યું. આજે સૌરાષ્ટ્રની ધારાસભાના કર્મચારીઓ માટેના સ્વતંત્ર નિયમ છે. તે નિયમો અનુસાર કારોબારીથી સ્વતંત્ર રીતે સેક્રેટરી તથા અધ્યક્ષ તાબાના નોકરોની નિમણૂક, બરતરફી, રજા, બઢતી વગેરે કરે છે. ધા.સભા સચિવાલય પોતાનું અંદાજપત્ર પણ સ્વતંત્ર રીતે તૈયાર કરે છે અને સામાન્ય રીતે તે સ્વીકારમાં આવે છે. પ્રણાલિકા એવી ઊભી કરવામાં આવી છે કે, તેને લગતી બાબતોમાં અધ્યક્ષનો નિર્ણય સ્વીકારવામાં આવે છે. આ રીતે બંધારણમાં જે સ્વતંત્ર સ્થાન ધા.સભા વિભાગને આપવામાં આવ્યું છે તે સૌરાષ્ટ્રની ધા.સભાએ પોતાના ત્રણ વર્ષના ટૂંકા ઇતિહાસમાં કારોબારીના સહકારથી પ્રાપ્ત કર્યું છે. સૌરાષ્ટ્રની ધારાસભાની તે એક મહાન સિદ્ધિ છે. ધારાસભાનું કામકાજ: આ ધારાસભામાં અંદાજપત્ર રજૂ થાય છે ઘણી તારાંકિત પ્રશ્નો એટલે કે, જેના મૌખિક જવાબો આપવામાં આવે અને જેના ઉપર ઉપપ્રશ્નો પૂછી શકાય છે તે અને તેવા બિનતારાંકિત પ્રશ્નો પૂછવામાં આવે છે બિનતારાંકિત પ્રશ્નો એટલે કે, જેના લેખિત જવાબો ધારાસભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે. આ ધારાસભાની અંદર બે પ્રકારનાં વિધેયક એટલે બિલ રજૂ થાય છે. એક સરકારી અને બીજું બિનસરકારી. પસાર થયેલ વિધેયકોમા કેટલાંક કાયદાની દૃષ્ટિએ કે ન્યાયની દૃષ્ટિએ મહત્ત્વના હોય, જ્યારે કેટલાંક સામાજિક, આર્થિક અને રાજકીય દૃષ્ટિએ જરૂરી હોય છે. હિંદુ પત્નીપ્રતિબંધક તથા બાળલગ્ન પ્રતિબંધક વિધેયક વગેરે સામાજિક મહત્ત્વનાં વિધેયકો પણ હોય છે. પરંતુ આ બધાં ઉપરાંત સમગ્ર હિંદનું ધ્યાન ખેંચે તેવાં મહત્ત્વનાં વિધેયકો તો જમીન સુધારણાને લગતાં હતાં. સૌરાષ્ટ્ર ભરાસદાર પદ્ધતિ માટે એક બાંહેધરી પ્રશ્ન બન્યો હતો. સૌરાષ્ટ્રનાં આશરે ૪૫૦૦ ગામડાંઓથી આશરે ૧૭૨૬ ગામડાંઓ ભરાસદારી પદ્ધતિ નીચે હતાં. આ બધાનું એકીકરણ કરી સમાન મહેસૂલ પદ્ધતિ દાખલ કરવી એ એક આવશ્યક સુધારો હતો. સૌરાષ્ટ્રના રાજવીઓએ સૌરાષ્ટ્રનું એકીકરણ કરવા માટે કરેલ સત્તાત્યાગ પછી શાંતિમય રીતે સૌરાષ્ટ્રમાં જમીનદારશાહી નાબૂદ થયેલ છે. એ સૌરાષ્ટ્રના ઇતિહાસનું એક ઉજ્જ્વલ પ્રકરણ છે વિશિષ્ટ વસ્તુ તો એ હતી કે, જમીનદારશાહી નાબૂદી અંગેનાં વિધેયકો પસાર કરતી વખતે બધા પક્ષો, મિત્રો અને સભ્યોની સંપૂર્ણ એકમતિથી આ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. આ વિધેયકોમાં જમીન સુધારવાનું વિધેયક, ભારખતી નાબૂદીનું વિધેયક અને જાગીર ઉપાર્જન મેળવવાનું વિધેયક એમ ત્રણ મુખ્ય હતાં ધારાસભાના કાર્યની વિશિષ્ટતા: સૌરાષ્ટ્રમાં ધારાસભાની રચના હોવા છતાં પણ કેટલીક બાબતોમાં તેણે વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ છે જેમાં ખાસ કરીને અંદાજ સમિતિ જણી શકાય. ઇંગ્લંડની પ્રસ્તુત લોકશાહીમાં પાર્લામેન્ટરી સમિતિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. હિંદમાં પણ આવી જે સમિતિઓને કાયસ્તરનું સ્થાન મળેલ છે એ સમિતિઓમાં અંદાજ સમિતિ તે બહોળા હિસાબ સમિતિ આવે છે. આ સિવાય દરેક મંત્રીને સલાહ આપવા માટે સલાહકાર સમિતિઓ તથા નાણાંકીય સમિતિ પણ દર વરસે ધારાસભાના સભ્યોમાંથી ચૂંટવામાં આવે છે અંદાજ સમિતિ એ બજેટમાં રજૂ થયેલ અંદાજને તપાસે છે અને તંત્રની કાર્યદક્ષતામાં વધારો ન આવે એ રીતે કરકસર કરવા સરકારને ભલામણ કરે છે. અંદાજ સમિતિ કારોબારી સમિતિ ઉપર ધારાસભાના નાણાંકીય અંકુશ ઉપર કામ કરે છે અને નાણાંકીય બાબતો ઉપર આડકતરી રીતે દેખરેખ પણ રાખે છે આમ ધારાસભા માત્ર ધારાઓ ઘડની અને સરકારી બજેટો પસાર કરતી સંસ્થા નથી પરંતુ આવી સમિતિઓ દ્વારા રાજતંત્ર ઉપર સંપૂર્ણ દેખરેખ રાખી રાજકારોબાર અને પ્રજા વચ્ચેની એક મહત્ત્વની કડી બની જાય છે. સૌરાષ્ટ્ર ધારાસભામાં દરેક મંત્રીમંડલાહકારસમિતિ ઉપરાંત અંદાજ સમિતિની નિમણૂક કરવામાં આવેલ છે આ સમિતિઓ ઉપરાંત ધારાસભામાં રજૂ થતાં કોઈ પણ વિધેયક ઉપર અરજીઓ રજૂ કરી શકાય અને તે બાબતમાં નિર્ણયો લેવાય તેને માટે એક યાચિકા સમિતિની પણ નિમણૂક કરવામાં આવેલી. આ સમિતિ વિધેયકો ઉપર રજૂ થતી અરજીઓ સબંધી માહિતી મેળવી ધારાસભા સમક્ષ તેનો અહેવાલ રજૂ કરે છે. ધારાસભ્યોના અધિકારો એ અત્યંત પવિત્ર અને મહામૂલા અધિકારો છે. આ અધિકારો એ લોકશાહીના સહજ સંચાલન માટે પાયારૂપ અધિકાર ગણાય અધિકારોના સરક્ષણ માટે તથા તે અધિકારો નિકાલ માટે ધારાસભાના સભ્યોની બનેલી એક અધિકાર સમિતિ પણ નીમવામાં આવે છે.

સૌરાષ્ટ્રા [સં.] સ્ત્રી તુવેર.

સૌરાષ્ટ્રિક [સં.] ન. એક જાતનું ઝેર.

સૌરાષ્ટ્રિકા [સં.] સ્ત્રી આખરાનું ઝાડ.

સૌરાષ્ટ્રી ૧. પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમમાત્રામેળ છંદ; સોરઠો તેના વિષમપદમાં ૧૧ અને સમપદમાં ૧૩ માત્રા હોય છે

૨ પું દક્ષિણ ભારતમાં હાલ વસતા અસલ સૌરાષ્ટ્રના વતની. સૌરાષ્ટ્ર ઉપર મુસલમાનોએ આક્રમણ કરેલું ત્યારે નિર્વાસિતો તરીકે નીકળેલા સૌરાષ્ટ્રીઓ હાલ મોટી સંખ્યામાં દક્ષિણ ભારતમાં વસે છે. મદુરા અને તેની આજુબાજુના જિલ્લાઓમાં વસતા આ સૌરાષ્ટ્રીઓની સંખ્યા આજે લગભગ પચ્ચીસ લાખ જેટલી છે. તેઓ પોતાના મૂળ વતનના નામ ઉપરથી સૌરાષ્ટ્રીઓ તરીકે ઓળખાય છે, ઓછું જ નહિ પરંતુ તેમણે પોતાનાં સૌરાષ્ટ્રીઓ તરીકેનાં અસ્તિત્વ અને કેટલીક વિશિષ્ટતાઓ પણ જાળવી રાખ્યાં છે. દક્ષિણ ભારતમાં પ્રથમ તેઓ દેવગિરિમાં આવી વસ્યા હતા. યાદવોની રાજધાની દેવગિરિ એ વખતે વિકસતું એક મહાન શહેર હતું અને આ સૌરાષ્ટ્રીઓનો મુખ્ય કસબ રેશમી કાપડ વણવા અને રંગવાનો હોઈ તેઓ ત્યાં બહુ જ સન્માન અને ગૌરવપૂર્વક રહેતા હતા. દેવગિરિનું પતન થયા પછી તેઓ વિજયનગરમાં આવી વસ્યા ૧૫મા અને ૧૬મા સૈકામાં વિજયનગરનું સામ્રાજ્ય ઘણું જ વિશાળ બન્યું હતું અને દક્ષિણમાં છેક મદુરા સુધી તેની આણ પ્રવર્તતી હતી આ સૌરાષ્ટ્રીઓ રેશમ અને જરીના ઉદ્યોગમાં બહુ જ કુશળ હોઈ મદુરાના નાયકોએ તેમને મદુરા બોલાવ્યા.

આમ લગભગ ૧૬મા સૈકામાં તેઓ મદુરા તરફ આવ્યા. ત્યારપછી ધીમે ધીમે તંજાવર, તિનવલી, રામનાદ અને ઉત્તર આર્કોટ તરફ તેમનો પ્રસાર થતો ગયો. તેમની એક વિશિષ્ટતા એ છે કે, તેઓ દક્ષિણ ભારતમાં એક સાથે સમૂહમાં જ રહે છે અને જે ગામમાં રહે છે. ત્યા ગામના દક્ષિણ ભાગમા જ રહે છે. કદાચ નમ્ર બ્રાહ્મણ આવી વસ્યા છે તે હકીકતના સતત સ્મરણ માટે પણ તમ હોય. તેઓ આજ પણ સૌરાષ્ટ્રને પોતાનુ વતન માને છે અને સૌરાષ્ટ્રીઓ તરીકે પોતાને ઓળખાવવામા ગૌરવ લે છે. તેમની લગ્ન પ્રથામાં આને અગેનો એક રિવાજ રસપ્રદ છે. લગ્ન અંગેની વાતચીત વગેરે પ્રથમ નક્કી થયા પછી વર પક્ષવાળા કન્યાને ઘેર જાય છે, ત્યારે કન્યાપક્ષવાળા તેમને એ પ્રશ્ન પૂછે છે: તમ કોણ છો ? ક્યાંથી આવો છો ? આના જવાબમાં વરનો બાપ કહે છે કે, અમે સોરઠના વતની છીએ. ત્યાંથી નીકળીને રૈવતગિરિમાં આવી વસ્યા. ત્યાંથી વિજયનગરમાં આવ્યા અને ત્યાંથી મદુરા આવ્યા છીએ ! ત્યારપછી વરનો બાપ પણ કન્યાના બાપને એ જ પ્રશ્ન પૂછે છે અને એ જ ઉત્તર મેળવે છે. ત્યાર પછી વિધિસર લગ્નનું નક્કી થાય છે. જ્યાં જ્યાં આ સૌરાષ્ટ્રીઓ રહે છે ત્યા તેમનાં હિતોના રક્ષણ અને આંતરિક વ્યવસ્થા માટે એક સૌરાષ્ટ્ર સભા હોય છે. પહેલાં તેના પદાધિકારીઓના હોદ્દા વારસાગત રહેતા ને તેના મુખ્ય આગેવાનને ગોમઠા કહેતા; પરંતુ હાલમાં તે પદ્ધતિ બંધ કરી છે અને ચૂંટણી કરવામાં આવે છે. તેમની કુલ સંખ્યાનો લગભગ અરધો ભાગ મદુરામાં જ રહે છે અને એક કહેવત મુજબ છે કે, 'મદુરામાં રહતે જતો દરેક ત્રીજો માણસ સૌરાષ્ટ્રી હશે'. અહીં તેમણે ઘણી પ્રગતિ સાધી છે અને સ્થાનિક લોકો સાથે મીઠાશથી ઓતપ્રોત થઈ ગયા છે મદુરામાં વેપાર વાણિજ્ય, સામાજિક તથા રાજકીય ક્ષેત્રમાં સૌરાષ્ટ્રીઓ મોખરે છે આ સૌરાષ્ટ્રીઓ તેમનો પોતાનો સરસર પણ ચલાવે છે અને હાલમા તેમનુ વર્ષ 'સૌરાષ્ટ્ર વિક્રમાબ્દ ૬૩૯' છે. આ સબસર યાદવ વંશના પતન પછી વિજયનગરના સામ્રાજ્યની સ્થાપનાના વર્ષની આસપાસ એટલે ૧૩૧૧-૧૨મી સાલ થાય છે આ સૌરાષ્ટ્રીઓ મોટે ભાગે બધા બ્રાહ્મણો જ છે. સૌરાષ્ટ્ર છોડયું ત્યારે તેમાંના કેટલાક સૈનિકો પણ હતા તેથી તે બધા બ્રાહ્મણો હોવા સબંધમાં મતભેદ હોવા છતા તેઓ બ્રાહ્મણો જ છે એ કથનને પુષ્ટિ મળે છે. ઈ. રીચર્ડ બર્નનો અભિપ્રાય એવો છે કે, બ્રાહ્મણોમાંથી પણ અગાઉ ઘણા સૈનિકો મળી આવતાં અને તેથી સૈનિકો હોવાને કારણે તેઓ બ્રાહ્મણ નહોતા એ માન્યતા બરાબર નથી. લગભગ હજાર વર્ષથી દક્ષિણમાં નિવાસ કરતા હોવા છતાં તેમનો વર્ણ, મુખાકૃતિ વગેરેથી તેઓ સ્થાનિક પ્રજાથી જુદા તરી આવે છે ડૉ. રાનડે તેમનું વર્ણન કરતાં લખે છે કે: સૌરાષ્ટ્રી તેના મોર વર્ણથી, વિદેશી ઉચ્ચારથી અને સરમાળ અને વિચિત્ર પ્રકૃતિથી બીજી જાતિનાં માણસોથી સહેલાઈથી જુદો તરી આવે છે તે પાતળો, ઊંચો અને વિશેષત: રૂપાળો હોય છે. તેમાના મોટા ભાગનો બ્યવસાય કાપડ બનાવવા અને રંગવાનો છે અને તેથી કહેવાય છે કે, સૌરાષ્ટ્રીઓ રહેતા હોય તે ગલ્લામાં દરેક ઘર વણાટ અને રંગાટનાં કારખાનાં જેવુ હોય છે અને દરેક ઘરમાં રંગબેરંગી પાણી વહેતુ હોય છે.

૩. પું સૌરાષ્ટ્રનો વતની

૪ સ્ત્રી ઉત્તર ગુજરાતની જૂની પ્રાકૃત ભાષા.

૫. સં. ગોપીચંદન.

૬ સ્ત્રી કટકડી; સ્ફાટિકો

૭. [સં] સ્ત્રી. સુગધદાર એક જાતની સોરડી માટી

૮. વિ. સૌરાષ્ટ્રનુ

સૌરાજ્ય [સં.] ન. સૂર્યની શક્તિવાળું અસ્ત્ર.

સૌરાંગી પું. (પિંગળ) સંસ્કૃત વર્ણવૃત્તો એ નામનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ, બીજા ચરણમાં સગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર, ત્રીજા ચરણમાં સગણ સગણ, જગણ અને ગુરુ મળી દસ અને ચોથા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દસ અક્ષર હોય છે.

સૌરિ ૧ પું. અસન વૃક્ષ

૨. પું. આદિત્યભક્તા નામની વનસ્પતિ.

૩. પું (પિંગળ) એ નામનો એક અર્ધસમવૃત્તિ માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૪૨ લઘુ મળી ૪૬ વર્ણની ૪૮ માત્રા હોય છે.

૪. પું. કર્ણ.

૫. પું. યમ

૬. પું. વારુણિપ્રયુના કુળમાં ઉત્પન્ન થયેલ એક ઋષિ.

૭. પું શનૈશ્ચર ગ્રહ; સૂર્યપુત્ર હોવાથી શનિનું પડેલું નામ

૮. પું. સુગ્રીવ વાનર.

૯ સ્ત્રી. ગાયત્રી.

૧૦. ન. (પુરાણ) યમપુરીના રસ્તામાં આવતું મનાતું બીજું પુર

સૌરિક ૧. પું. શનિ નામનો ગ્રહ

૨. પું. સ્વર્ગ

સૌરિરત્ન [સ] ન. નીલમ; નીલમણિ.

સૌરીપુર ન. મથુરાનું એક પ્રાચીન નામ

સૌરીય પું સૂર્યના વાતાવરણમાંથી શોષાયેલ વાયુરૂપ તત્ત્વનો પદાર્થ

સારીયક [સં] સ્ત્રી સ્થાવર વિષ તરીકે મનાતી એક વનસ્પતિ

સૌર્યજગત ન. સૂર્યમંડલ; સૂર્યમાળા; સૂર્યની આસપાસ ફરતા ગ્રહો તથા સૂર્ય.

સૌર્યાયણી પુ. અજ ગોત્રના એ નામના એક ઋષિ; અશ્વલ ઋષિનો પુત્ર કૌશલ્ય. પ્રશ્નોપનિષદનો ચોથો પ્રશ્ન એ ઋષિએ ભગવાન પિપ્પલાદને પૂછ્યો હતો.

સૌવર્ચલા [સં.] સ્ત્રી સૂરજમુખી.

સૌવર્ચલ ૧. સ્ત્રી. સંચળ.

૨. ન. (પુરાણ) એ નામનુ ભારતવર્ષનું એક તીર્થ.

૩. વિ. જેની સુવર્ણ જેવા વર્ણ રહેલ તેવુ.

૪. વિ. સોનાનું, સોના સંબંધી; સુવર્ણનું; સોનેરી; સોનાનું બનેલ.

સૌવર્ણપણ પું સોનામહોર.

૧૬ નિષ્કશિકા = ૧ તામ્રપણ

૬૪ તામ્રપણ = ૧ રૌપ્યપણ

૧૬ રૌપ્યપણ = ૧ સૌવર્ણપણ

સૌવર્ણ શિલાજિત ન. એક પ્રકારનું શિલાજિત. તે જાંબુડીના ફૂલ જેવું લાલ હોય છે. તે મધુર, કડવું, શીતળ તથા પાક વખતે તીખું હોય છે

સૌવર્ણી [સં.] સ્ત્રી. પ્રોવેસુ નામની વનસ્પતિ.

સૌવસ્તિક ૧. પું. અઢાસી માણેનો એક ગ્રહ.

૨. [સ.] પું. પુરોહિત; મોર.

સૌવિદ [સં.] પું. અંત:પુરનો ઝીદાર; નાજર.

સૌવિર પું. (પિંગળ) એ નામનો એક વિષમવૃત્તિ માત્રામેળ છંદ. તે કુડલિયા છંદનો એક ભેદ છે. તેમા ૩૮ ગુરુ અને ૭૬ લઘુ મળી ૧૧૪ વર્ણ હોય છે.

સૌવિરી સ્ત્રી. (સંગીત) એકવીસ મૂર્છનાની આઠમી મૂર્છના; મધ્ય સપ્તકની એક મૂર્છના.

સૌવીર ૧. પું. એક જાતનો સુરમો; સુવીર દેશમા બનાવે અંજન

૨. પું. મધ્યમ વર્ણની એક જાતનો ઘોડો.

૩. પું. (પુરાણ) યવનોનો અધિપતિ એ નામનો એક રાજા. એ પોતે યવન ન હતો. તેણે એકદા ત્રણ સંવત્સર ચાલે એવો યજ્ઞ કર્યો હતો અર્જુનની સાથે તેને કંઈ કારણસર યુદ્ધ થતાં એમાં તેનું મૃત્યુ થયું હતું.

૪. પું. સિંધ પ્રદેશનો માણસ.

૫. પું. સિંધુ અને જેહલમ નદી વચ્ચેનો પ્રદેશ; સિંધુ નદીની આસપાસનો એક પ્રાચીન દેશ આંખમાં આંજવાનો સુરમા માટે તે પ્રસિદ્ધ છે

૬. પું. સિંધુની પૂર્વમા અને કચ્છ કાઠિયાવાડની ઉત્તરે કે ઈરાનમા આવેલ એક પ્રાચીન નામ

સુરત નામ સૌવીર ઉપરથી આવ્યું છે એ મત સ્વીકારીએ તો સૌવીર જે કાળના રજપૂતાના મનાયે છે તેનો વિસ્તાર પણ એક વખત દક્ષિણ સુધી થયેલો હોવો જોઈ એ

મુ. સા. પરિષદ

૭. ન. એક જાતનું ઝાડ; ખોરડી.

૮. ન. કનિંગહામના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં આવેલું ઈડરનું એક પ્રાચીન નામ.

૯. ન. દોતરાં વગરના કાચા કે શેકેલા જવ અથવા ઘઉં પાણીમાં ઉકાળી ખટાશ થતાં સુધી રાખી મૂકવાથી તૈયાર થતું દ્રવ; ધાન્યામ્લ; કાંજી

૧૦. ન. બોર; બોરડીનું ફળ.

૧૧. ન. સીસું

સૌવીરક પું. સૌવીર દેશનો રહેવાસી કે વતની.

સૌવીરકા સ્ત્રી. બોરડીનું ઝાડ.

સૌવીરાંજન ૧. [સં.] ન. એક જાતનો કાજળ

૨. ન. સોયકું; સુરમો

સૌવીરી સ્ત્રી. (સંગીત) મધ્યમગ્રામની સાત મહિનાની એક મૂર્છના.

સૌશલ્ય [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

સૌશીલ્ય [સં.] ન. સુશીલતા; સારી વર્તણૂક; સદ્વર્તન.

સૌશ્રુત ન. એ નામનું એક તંત્ર.

પહેલા પાંચ સ્થાનમાં વહેચાયેલું એકસો બીસ અધ્યાયોનું સૌશ્રુત તંત્ર હતું. પુરાતત્ત્વ

સૌશ્રુતિ પું. (પુરાણ) અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

સૌષિર પું. કૃતમૂત્રરોગના પંદર પ્રકારનો એક પ્રકાર. તેમાં પારા સાથે જઈ પીડા સાથે લાળ પડે છે ને ઝાગ આવે છે.

સૌષિર્ય વિ. સછિદ્રતા; સુરંધ્રતા; છિદ્રમયતા.

આયુર્વેદના વૈશેષિક સિદ્ધાંતમાં, તેમ જ જૈન અને બૌદ્ધ મતમાં, તેમ જ ખ્રીલ તત્ત્વચિંતકોના મતમાં પણ દ્રવ્યના સામાન્ય ગુણો વિષે વર્ણન કરવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા, સ્નેહ, સંસર્ગિ–સંઘાત, અલ્પતા, ગુરુતા, સ્નિગ્ધતા, પ્રવાહિતા–દ્રવતા, છિદ્રમયતા–સૌષિર્ય વગેરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. ચોપટલાલ ગોવિંદલાલ શાહ

સૌષુપ્ત [સં.] વિ. સુષુપ્તિનું.

સુષુપ્તિકાળમાં આ શરીરમાં આ સૌષુપ્ત અર્થાત્ સુષુપ્તિના સુખને મનોમય આત્મા પ્રાપ્ત કરે છે. પ્રશ્નોપનિષદ

સૌષ્ઠવ ૧ [સં] ન. ઉત્તમતા; શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટતા.

૨. ન. ચપળતા, લાઘવ

૩. ન. શોભા; સુંદરતા; સૌંદર્ય.

૪. ન. સમપ્રમાણતા; સુઘટિતતા; સુપ્રમાણતા., સમરૂપતા; સમતિ; સુડોળપણું; સુઘટન., સારાપણું

સૌષ્ઠવપ્રિય વિ. સુંદરતા પ્રિય; સૌષ્ઠવ જેને પ્રિય છે તેવું

સૌસુમ્ન ન. સૂર્યનું એક કિરણ

રવસહસ્ર કિરણમાંથી એકજ,
સૌસુમ્નને આજ્ઞા કરી મરી દેવજ.

પ્રેમાનંદ

સૌસુરાદ પું. વિષ્ટામાં થતો એક કૃમિ.

સૌહાર્દ ૧. [સં. સુહૃદ (મિત્ર)] ન. ખેલુભાવ; મિત્રતા; સુહૃદતા; સખ્ય કે મિત્રભાવ.

૨. ન. હૃદયની કોમળતા.

સૌહાર્દ્ય જુઓ સૌહાર્દ

સૌહૃદ ૧. [સં.] સ્ત્રી. પ્રીતિ; સ્નેહ

૨. સ્ત્રી. મિત્રતા; મૈત્રતા.

૩. વિ. સુહૃદને લગતું.

સૌંડી સ્ત્રી. જાર પીપર.

સૌંદર્ય [સં] ન. સુંદરતા; ખૂબસૂરતી; શોભા; અંગસૌષ્ઠવ.

સૌંદર્યદર્શી વિ. સુંદરતા નીરખનાર.

સૌંદર્યદૃષ્ટિ સ્ત્રી સૌંદર્ય જોઈ શકવાની શક્તિ; લલિતભાવ; સૌંદર્યવૃત્તિ

સૌંદર્યલહરી સ્ત્રી. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ

સૌંદર્યવર્ધક વ્યાયામ પુ શક્તિ અને સૌંદર્ય વધે એવી એક જાતનો કસરત; 'કૅલેસ્થનિક્સ'. આ વ્યાયામ લગભગ ૧૭૮૬માં જર્મ થયેલો મનાય છે અને ૧૮૮૬માં તો ફ્રીગ્રાસ નામના એક સ્વીડ વ્યાયામ વિશારદે આવી કસરતો ઉપર એક 'કૅલિસ્થનિક્સ' નામની ચોપડી પણ બહાર પાડી. મૂળ તો આ વ્યાયામનો ઉપયોગ બાળકો માટે થતો પણ ધીરે ધીરે તેના ફાયદાઓ જોતાં પુરુષો તેમ જ બાળકો પણ તે કસરતો કરે છે અત્યારે તો કૅલેસ્થનિક્સનો બહોળો અર્થ સાધન વગરની કસરતો એવો થાય છે. તેનાથી શરીરનો વિકાસ થાય છે અને તેને પોષણ મળે છે. શરીરના જુદા જુદા અવયવો સારી સ્થિતિમા રહે છે તેમ જ શરીરના જુદા જુદા ભાગો ઉપર કાબૂ મેળવી શકાય છે. વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ આપતાં શિક્ષકે અવશ્યમાં રાખવા જેવી બાબતો એ છે કે: (૧) દરેક વિદ્યાર્થીને માટે પૂરતી જગ્યા હોવી જોઈએ, (૨) નાના કદના વિદ્યાર્થીઓ આગળ અને મોટા કદના વિદ્યાર્થીઓ પાછળ રહેવા જોઈએ, (૩) વર્ગનો દરેક વિદ્યાર્થી પોતાને જોઈ શકે તેમ શિક્ષકે ઊભા રહેવું જોઈએ, (૪) યોગ્ય નમૂનો આપી કસરત સમજાવવી, (૫) જો વિદ્યાર્થી ખોટી રીતે કસરત કરે તો તેને તે જ વખતે સમજાવી આપવી, (૬) હંમેશા સાદી કસરતમાંથી મુશ્કેલ કસરત તરફ જવાનું છે, (૭) વિદ્યાર્થીની ઉંમર અને સમર્થ જોઈને કસરત કરવી, (૮) જ્યારે કસરત બેવડામાં આવે ત્યારે તે પૂરેપૂરી કરવી, જેથી શરીરનું કોઈ અંગ કસરત વગરનું ન રહે, (૯) ઊભવાની રીત વગેરે સુંદર હોવી જોઈએ. વર્ગની ગોઠવણ: એક કતારનો હુકમ થતાં જમણા હાથ તરફથી ઊંચા અને ડાબા હાથ તરફ નીચા વિદ્યાર્થીઓએ ઊભા રહેવું. એક કતાર થયા પછી તેને 'એક સે ચાર ગિનતિ'નો હુકમ આપવામાં આવે. જેથી વિદ્યાર્થીઓ એક, બે, ત્રણ, ચાર, એક, બે, ત્રણ, ચાર એમ ગણના કરે છે. પછી વર્ગને સમજાવવામાં આવે કે, એક નંબર વાળાએ બસવાનું નથી, બે નંબરે બે પગલાં આગળ, ત્રણ નંબરે ચાર કદમ અને ચાર નંબરે છ કદમ આગળ જવાનું છે પછી ' ચાર બનો ' એવો હુકમ આપવામાં આવે એટલે એકમાંથી ચાર ઠાર બને. આ સ્વરૂપમાં જ આ સૌંદર્યવર્ધક વ્યાયામ ચાલુ કરવામાં આવે છે. આ કસરતની મુખ્ય સ્થિતિઓ આ પ્રમાણે છે: (૧) હોશિયાર, (૨) આસાન હો, (૩) શિર પાછળ ઝુકાવવું, (૪) ધડ આગળ ઝુકાવવું, (૫) પગ પહોળા કરી અને ધડ આગળ ઝુકાવવું, (૬) પગ પહોળા કરી ધડ નીચે નમાવવું, (૭) નિતંબ સખ્ત કરી હાથ નિતંબ ઉપર રાખવા, (૮) સરદન સખ્ત કરવી અને તેની ઉપર હાથના પંજા રાખવા, હથેળી સરદન ઉપર આવે તેમ રાખવી. (૯) હાથ છાતી આગળ વાળવા, (૧૦) હાથ ઉપર વાળવા, (૧૧) બાંધો સામે સીધો આવે તેમ પગને ઊંચો કરવો, (૧૨) પગ પાછળ ઊંચા કરવા અને બાંધો સીધો રાખવો, (૧૩) પગ

ભાનુ પર ઊંચા કરવા અને અંગૂઠો સીધો કરવો, (૧૪) પગના અંગૂઠાને આગળ, પાછળ અને ભાનુ પર વારાફરતી જમીનને અડાડવો, (૧૫) ડાબો પગ ગોઠણથી ઊંચો કરવો, (૧૬) જમણો પગ ગોઠણથી ઊંચો કરવો, (૧૭) ડાબો પગ આગળ, પાછળ અને ડાબા પગના અંગૂઠાને આગળ, ભાનુ પર લઈ પાછળ અને ભાનુ પર જમીનને અડાડવો, (૧૮) જમણો પગ આગળ, પાછળ અને ભાનુ પર લઈ જમણા પગના અંગૂઠાને આગળ, પાછળ અને ભાનુ પર અડાડવો, (૧૯) જમણો પગ આગળ, પછી ડાબો પગ આગળ એમ ઊભા ઊભા ચાલવું, (૨૦) ડાબો પગ આગળ લઈ પરિક્રમા ઉપર ચેતરો કરવો, (૨૧) જમણો પગ આગળ લાવી ચેતરો કરવો, (૨૨) ડાબી ભાનુ ડાબા પગથી ચેતરો કરવો, (૨૩) જમણી ભાનુ જમણા પગથી ચેતરો કરવો, (૨૪) પાછળ ડાબા પગથી ચેતરો કરવો, (૨૫) પાછળ જમણા પગથી ચેતરો કરવો, (૨૬) હાથ ભાનુઓથી સીધા આડા ઊંચા કરવા, હથેળીઓ જમીન તરફ રાખવી, (૨૭) હાથ સીધા આગળ લાવી સામે ઊંચા કરવા, હથેળીઓ સામસામી રાખવી, (૨૮) હાથ સીધા ભાનુઓથી માથા ઉપર ઊંચા કરવા, હથેળીઓ સામસામી રાખવી. (૨૯) પગ પહોળા કરી ધડને ડાબી ભાનુએ વાળવું, (૩૦) પગ પહોળા કરી ધડને જમણી ભાનુએ વાળવું, (૩૧) હાથ ખભા ઉપર રાખવા, (૩૨) હાથ પાછળ ઊંચા કરવા, (૩૩) ઝૂકેલ કરવી, (૩૪) અરધી બેઠક કરવી, (૩૫) ધડ પાછળ વાળવું, (૩૬) આગળ નમવું, (૩૭) પાછળ નમવું, (૩૮) ભાનુ ટેકો, (૩૯) આગળ ટેકો, (૪૦) પાછળ ટેકો, (૪૧) ઘૂંટણ ઉપર, (૪૨) ઘૂંટણ ઉપર તૈયાર વગેરે સ્થિતિઓ કરાવી શકાય છે. તે સિવાય સૌંદર્યવર્ધક આસનની વિભાગ વાર વહેંચણી કરવામાં આવી છે. દરેક શ્રેણીમાં અમુક કસરતો છે. જેમકે, ડોકની કસરતો: તેમાં મુખ્ય ત્રણ કસરતો છે. તેમા માથાને આગળ, પાછળ, ભાનુથી ભાનુ અડાવવાની કસરતો મુખ્ય છે. હાથની કસરતો: તેમાં કુલ ૭ કસરત છે તેમાં હાથને આગળ, પાછળ, ભાનુ પર, ઉપર લઈ જવા ઉપરાંત હાથને વાળવાની કસરતોનો પણ સમાવેશ થાય છે. ધડની કસરતો: આ કસરતો કુલ ત્રણ છે. તેમાં ધડને આગળ, પાછળ, ભાનુ પર ઝુકાવવાની કસરતોનો સમાવેશ થાય છે. પગની કસરતો: આ કસરતો કુલ બે છે. તેમાં પગને આગળ, પાછળ, ભાનુ પર ઊંચા કરવાની કસરતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હાથ અને ગરદન, હાથ અને ધડ, હાથ ને પગની હળવી કસરતો, હાથ અને પગની સારે કસરતો, હાથ, પગ અને ગરદનની કસરતો, કુદકા મારવાની કસરતો, શ્વાસ લેવાની કસરતો વગેરે એક બીજી મુખ્ય કસરતોને મેળવીને યોગ્ય રીતે કરી શકાય છે.

સૌંદર્યવાદ પું. રસવાદ; રસનો આવિર્ભાવ

સૌંદર્યવિદ્યા સ્ત્રી. કળાવિજ્ઞાન, રસસંવેદન શાસ્ત્ર; કલાશાસ્ત્ર; રસસંવેદવિદ્યા

સૌંદર્યોત્સવ પું. ઓઓનું ભગવદ્ધ્યાન. આ ઉત્સવ અષાઢી અમાવાસ્યાએ ઉજવાય છે

રહ્યી ૧. પું રહ્યાપિત્ત

૨. [અં.] પું. લોહીવિકારથી દાંતમાં થતું એક જાતનું દરદ. તાજી શાકભાજી કે ફળફૂલ નહિ મળવાથી આ રોગ થાય છે. તેમાં બગાળુ ચડે છે, મોઢું બંધાય છે. શરીરના જુદા જુદા ભાગમાં લોહી વિકારનાં ચાંદાં પડે છે બધિયાકે વાતાવરણ અને જીવનતત્ત્વ વિનાનો ખોરાક એ એનાં મુખ્ય કારણ છે

રહ્યું ન. નોળિયાની જાતનું એક પ્રાણી. તે ઉત્તર અમેરિકાના બરફ અને ઝાડીવાળા ભાગમાં રહે છે. તે પૂછડી પાસેની આંસની બે ગ્રંથીઓમાંથી અતિશય ગંધારો પ્રવાહ પોતાના રક્ષણ માટે મરજી પ્રમાણે ઉડાડી શકે છે

રહંદ ૧. [સં.] પું કાર્તિકેય; કાર્તિક સ્વામી; પાર્વતી નંદન; મહાસેન; ષડાનન, સેનાની; દેવ સેનાપતિ.

૨. [સં. રહંદ (કુદવું)] પું કુદકો

૩. પું. પારો

૪. પું. વિષ્ણુ

૫. પું. શિવનાં હજાર માહેનુ એક નામ.

૬. પું. સૂર્યનાં એકસો આઠ માહેનુ એક નામ.

૭. ન. અઢાર માહેનું એ નામનું એક પુરાણ.

૮. ન. એકસો આઠ માંહેનુ યજુર્વેદનું એ નામનું એક ઉપનિષદ્.

રહંદગુપ્ત પું. ગુપ્તવંશનો એ નામનો એક રાજા; વિક્રમાદિત્યનો એક પૌત્ર. સૌરાષ્ટ્રના ઇતિહાસમાંથી મળી આવે છે કે: પર્ણદત્ત સૌરાષ્ટ્રનો સૂબો હતો. તેનો પુત્ર ચક્રપાલિત ગિરિનગરનો હાકેમ હતો. તેના વખતમાં મુશળધાર વરસાદ પડ્યો. પલાશિનીમાં પૂર આવ્યા ને સુદર્શન સરોવરનો બંધ વચ્ચમાંથી તૂટી ગયો. લોકો ખૂબ દુઃખી થયા એ જોઈ રહંદગુપ્ત રાજાની આજ્ઞાથી ચક્રપાલિતે બે માસમાં ૧૦૦ હાથ લાંબો, ૬૮ હાથ પહોળો ને સાત માટીપુર ઊંચો નવો બંધ બંધાવી લોકોની મુસીબત દૂર કરી.

રહંદન ૧. [સં રહંદ (પડવું)] ન. ખરવું તે; પડવું તે; ઝરવું તે

૨. ન ખુલાસ; રેચ

૩. ન. ગોદીનું થીજી જવું તે.

૪. ન શોષણ; સોસાવું તે.

રહંદપુરાણ [સં.] ન. અઢાર માહેનુ એ નામનું એક પુરાણ. આ પુરાણમાં રહંદ શ્રોતા છે અને મહાદેવ વક્તા છે. માહેશ્વર, વૈષ્ણવ, બ્રહ્મ, કાશી, અવન્તિકા, નાગર અને પ્રભાસ એમ સાત ખંડ મળીને એકાશી હજાર એકસો શ્લોક છે

રહંદપૂજન ન. કાર્તિક સ્વામીની પૂજા રહંદ અથવા કાર્તિકેયની પૂજા પણ પ્રાચીન કાળમાં થતી હતી. રહંદ શિવના પુત્ર મનાતા. રામાયણમાં તેમને અગ્નિના પુત્ર તરીકે વર્ણવ્યા છે. તેમના સમયમાં ઘણી દંતકથાઓ પ્રચલિત છે. રહંદ દેવતાઓના સેનાપતિ મનાય છે. પતંજલિએ મહાભાષ્યમાં શિવ અને રહંદની મૂર્તિઓનો ઉલ્લેખ કર્યો છે. કનિષ્કના સિક્કાઓ પર રહંદ મહાસેન આદિ કુમારોનાં નામ મળે છે ઈ સ. ૪૦૪મા કુમારગુપ્તે ભિલસદમાં સ્વામી મહાસેનના મંદિરમાં પ્રતોલી બનાવી હતી. હેમાદ્રિના વ્રતખંડમાં રહંદની પૂજાનું વર્ણન મળે છે. આ પૂજા આજ સુધી પ્રચલિત છે.

રહંદશાલિન પું. (જૈન) મહોરગ નામના વ્યંતરના દસ માહેનો એક પ્રકાર.

રહંદશિલ્પ [સં] ન. હસ્તપ વાસ્તુ શિલ્પશાસ્ત્રના પાડેલા ચૌદ માહેનો એક વિભાગ. તેના રચયિતા વિશ્વ ઋષિ હતા. તે તપોલોકમાં પ્રચલિત થયું.

રહંદષષ્ઠી ૧. [સં] સ્ત્રી. કાર્તિક સુદિ કે વદિ છઠ્ઠ. તે દિને કાર્તિકસ્વામીનું પૂજન થાય છે.

૨. સ્ત્રી. રહંદ એટલે કાર્તિકસ્વામીનો જન્મ દિવસ; અશોકષષ્ઠી; ચૈત્ર સુદિ છઠ્ઠ

રહંદિલ ન. (જૈન) ભૂતદેવતાનો એક નામનો એક પ્રકાર. સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, રહંદિલ, મહારહંદિલ, મહાવેગ, પ્રતિછન્ન અને આકાશગ એમ નવ પ્રકારના ભૂત દેવતા મનાય છે

રહંધ ૧. પું (જૈન) અવયવી; જેના ભાગ પાડી શકાય તે પદાર્થ; કોઈપણ સંપૂર્ણ દ્રવ્યનો આખો વિભાગ

૨. [સં.] સ્ત્રી. નારી; સ્ત્રૈરી; વનિતા; અબળા, વધૂ; સીમંતિની; વામા; મહિલા; માદા. મધ્યકાળમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ ઉચ્ચ હતી. તેમનો પૂર્ણ આદર થતો વેદાભ્યાસ સ્મૃતિમાં તેમની આપેલી દિનચર્યા જાણવા જેવી છે: પત્ની પતિના પહેલાં ઊઠીને ઘર સાફ કરે, સ્નાન કરે અને ભોજન બનાવે, પતિને ભોજન કરાવ્યા પછી વૈશ્વદેવ કરે, સાર પછી બાર્યા ને આવી રહેલા દિવસના આવશ્યકનો વિચાર કરે સાયંકાળમા પણ ફરીથી ભોજન બનાવે. ઘરમાં તેમનું સન્માન હતું. અનુસ્મૃતિ પ્રમાણે જ્યા સ્ત્રીઓને માન છે ત્યાં દેવ રમે છે. તેમાં લખ્યું છે કે: આચાર્ય ઉપાધ્યાયથી અને પિતા આચાર્યથી દસ ગણા સમાન છે. પણ માતા પિતાથી હજાર ગણી માનને લાયક છે. તેમની સ્થિતિ પણ કાયદા પ્રમાણે બીતરતી ન હતી. તેમની પોતાની સંપત્તિ માટે રાજનિયમો બન્યા હતા. તેમને મિલકત મળી શકતી. બિપિનચંદ્ર કાપડિયા લખે છે કે: ઋગ્વેદના સમયમાં સ્ત્રી ઋષિ પણ હતાં. તેઓ ઋચા રચતા, યજ્ઞો કરતાં, દેવોને સૂક્તો વડે પ્રાર્થના કરતાં. જેમકે, ઘોષા, લોપામુદ્રા, મમતા, અપાલા, શચી, સાર્પરાજ્ઞી, વિશ્વવારા વગેરે કવચિત્ સ્ત્રી પોતાના પતિ સાથે યુદ્ધમા જતી. રાજા ખેલની પત્ની વિશ્પલા, જેનો લડાઈમાં પગ કપાઈ ગયો હતો તેને અશ્વિનોની કૃપા વડે લોખંડનો પગ મળ્યો હતો. ઋષિ મુદ્ગલની સ્ત્રી મુદ્ગલાની અથવા ઇન્દ્રસેના.એ પોતાના પતિને લૂટારુની શોધમાં મદદ કરી હતી ઋગ્વેદમાં સ્ત્રી સૈનિકોનો પણ ઉલ્લેખ છે. આ દૃષ્ટાંતો બતાવે છે કે, ઋગ્વેદના આર્યોના કૌટુંબિક તથા સામાજિક જીવનમા સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવતી તે સમયે લગ્ન માટે પતિની પસંદગી પુત્રીની અનુમતિથી થતી, તે પોતાની મેળે પણ પતિ શોધી શકતી; પરંતુ પિતાની સંમતિ મેળવી લગ્ન કરતી. પત્નીને ઘરનો રાજ્યકાર ગણવામાં આવે છે. સ્ત્રી વહેલી સવારે ઊઠતી, બીજાને ઉઠાડતી, નોકરોને યોગ્ય કામની સોંપણી કરતી. તે કાર્યરત રહતી, કચરોપૂજો કરતી, વાસણ માંજતી, વહેલુ સ્નાન કરતી, પવિત્ર અગ્નિમાં પતિ સાથે આહુતિ અર્પતી, બીજી આહુતિ મધ્યાહ્ને અને ત્રીજી સાયંકાળે આપતી. તેનું પ્રથમ કર્તવ્ય પવિત્ર અગ્નિને સળગતો રાખવાનું હતું. જેવુ વાસણમાં દૂધ દોહવાઈને આવતુ તેવું જ તે ગરમ કરતી, માખણ વલોવતી અને રસોઈમાં ભાગ લેતી. પુત્રો માટે ઋગ્વેદમાં દુર્હિત શબ્દ છે. આર્યોની પ્રારંભિક સંસ્કૃતિમાં ગાય દોહવા વગેરેનુ કામ તેઓને સુપરત કરાયું હતું. પત્ની તે કાળમાં સવારના ભોજન પછી સારાં કપડાં પહેરતી, વાળ ઓળતી, સાજ સજતી અને છોકરાને સ્વચ્છ કરતી. પછી તે પતિને મળતી, સાંજનું ખાણું બનાવતી, પધારી કરતી છોકરાને વહેલી સુવાડી દેતી. બધા નોકરો તેના હાથ નીચે હતા. તે ગાયની સારી સભાળ રાખતી અને નોકરોનાં કાર્યો ઉપર નજર રાખતી. કવચિત્ બીજી સ્ત્રી જોડે ભરાર નીકળતી, પુત્ર વીજળી. તે સસરાની આજ્ઞાકિત હતી, દિયેર નણદ જોડે પ્રેમાળ રહેતી. તે પતિને ભક્તિપૂર્વક ચાહતી, જે તેનો સત્કાર કરવામાં જરા પણ ઢીલ ન કરતો. સાચુ સુખ પતિ-પત્નીના જીવનના સવાદમાં તથા પવિત્ર ધાર્મિક કાર્યો કરવામા રહેતુ. ઋગ્વેદમાં કહ્યું છે કે હે દેવ ! પતિ અને પત્ની સમાન મનથી આહુતિ અર્પો ! તેઓને પવિત્ર કરો ! દૂધ મિશ્રિત સોમથી તે તમને સતુષ્ટ કરો ! તેઓને સાચું જ્ઞાન મળો ! તે યજ્ઞ કરી શકે તેવા હો ! તેઓને ખોરાકની તંગી ન હો ! તેઓ દેવોને આપેલા વચનમાથી પાછાં ન ફરો ! તે તમારી સ્તુતિમાથી પાછાં ન ફરે પણ આહુતિ આપે. સુવાન સતતિથી બંને શરીરને સુંદર રીતે શણગારીને જીવન સુખે પસાર કરે ! યજ્ઞો કરી, વાંછિત ધન મેળવી સતોષકારક આહુતિ અર્પી અમરત્વ માટે ભક્તિમત સુખ માટે દેવોની સ્તુતિ કરે ! સ્ત્રીના મુખ્ય આઠ પ્રકાર ગણવામા આવ્યા છે: (૧) નર્મદાની દક્ષિણનાં જગલોમા અનાર્ય જાતિની સ્ત્રીઓ જેને કવિ વનચરવધૂ કહે છે તે, (૨) સરલ અને સંયમી, સ્ત્રીતપ્રિય, ગિરિનિવાસી સિદ્ધાંગનાઓ, (૩) જનપદવધૂ એટલે કે ખેડૂત વર્ગોની ગામડાંવાસી સ્ત્રીઓ, (૪) પ્રાયકર્મનિતા અથવા તો વિરહિણી, (૫) પુષ્પાવલી અર્થાત્ કુલટાઓ, (૬) દિવ્ય મંદાકિનીને તીરે મંદાર તરુની છાયામાં અપ્સરાઓ વડે રમત કરતી અમર પ્રાપ્તિત યક્ષ કન્યાઓ, (૭) નગરોની ભાષામાં પ્રવીણ એવી ઉજ્જયિની અને દશપુરથી પૌરાગનાઓ અને (૮) ચતુ જાતની યુક્તિકાઓ. પણ સ્ત્રી, અભિસારિકા ને વેશ્યા-જે છેલ્લી, કેટલાક આધુનિક મંદિરોમાંની નાચનારી દેવદાસીઓ જેવી હતી. વળી સ્ત્રીઓનાં લક્ષણો ઉપરથી પણ તેના પદ્મિની, ચિત્રિણી, શંખિની અને હરિતની એવા વિભાગ પાડવામાં આવેલ છે. તેમાં પદ્મિની હસતી હસતી વાત નથી કરતી; તેનાં ગાત્રની ગંધ પદ્મ પુષ્પ જેવી હોય છે, ચિત્રિણી હસતી હસતી વાત કરે છે. તેનાં ગાત્રની ગંધ માછલાં જેવા અને કટિ પાતળી હોય છે હસ્તિની મોટી ને તેનાં ગાત્રની ગંધ દારૂ જેવી હોય છે, તેને પ્રશ્ન થતી નથી. શંખિનીને પ્રશ્ન આવ અને ગાત્રની ગંધ ક્ષાર જેવી હોય છે. વળી સ્ત્રીને ઋગ્વેદમાં સોમ્યા, અઘર્યા, આનંદા અને અનુમતા કહે છે. પુરુષો કરતા સ્ત્રીને યૌવન વહેલુ આવે છે, લાંબા પુરુષો એક સ્ત્રી કરીને તેમા માત્ર વૃત્તિ રોટી પરથી તરફ પુત્રીભાવથી જુએ છે. સ્ત્રીઓનાં આભૂષણ: ઝાંઝર, કડબુ, હાર, ચૂડી, બગડી, વીંટી, બાજુબંધ, કંઠી, નથ, ચાંદલો, માથા ઉપર ઢળ રૂના મોળ શણગાર: (૧) તેલનું મર્દન, (૨) સ્નાન, (૩) સુંદર વસ્ત્રો પહેરવાં, (૪) પગે રંગ કરવો, (૫) વાળ સાફ ને ઠીક રાખવા, (૬) સિંદૂર લગાડવું, (૭) મેંદી લગાડવી, (૮) અત્તર લગાડવું, (૯) આભૂષણ પહેરવાં, (૧૦) પુષ્પ ધારણ કરવાં, (૧૧) પાન ખાવુ, (૧૨) કોઈ રંગવા, (૧૩) મેસ ઓજવી, (૧૪) મીસી કરવી, (૧૫) તેલ ચોળવું અને (૧૬) ફૂલ્લા ફૂલાવવાં. સ્ત્રી ઉદાસ બને છે તેનાં કેટલાક કારણો રતિશાસ્ત્ર પ્રમાણે એમ છે કે: પતિ સ્ત્રી સાથે અતિ કેલૂસપણું કરવાથી, અતિ અભિમાન દાખવવાથી, રોગના ઉપદ્રવથી, ભરથારના વિરહથી, અતિ કામ કરવાથી તેમ માર મારવાથી ને ગાળ દેવાથી, અસહનતાપૂર્વક બરાબ વર્તન કરવાથી, અતિ દમબાજીથી અથવા શોકથી ને દરિદ્રી અવસ્થાથી તેમ જ ભરથાર હમેશ બહારગામ હોવાથી, નિર્દયતાથી તેમ જ બરાબ કર્મનું આરોપણ હરહમેશ કરવાથી એવા પહેર કારણોને લીધે સ્ત્રી ઉદાસ બને છે સ્ત્રી વિષે લખતાં ગાંધીજી જણાવે છે કે: હિંદુ મુસલમાન અને પારસી બીજી બધી કોમોનો ધર્મ આપણી સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓને મતાધિકાર જરૂર મળવો જોઈએ પણ જે સ્ત્રીઓ પોતાના સામાન્ય હક્ક સમજતી નથી અથવા સમજતી છતી તે મેળવવા શક્તિ નથી ધરાવતી એ મતાધિકાર લઈને શું કરશે ? સ્ત્રીઓ

મતાધિકાર ભલે મેળવે, ભલે ધારાસભામાં જાય પણ સ્ત્રીઓની પ્રથમ ફરજ પુરુષો તરફથી જાણ્યે કે અજાણ્યે થતા અત્યાચારોમાંથી બચી દેશને શોભાવવાની અને વીર્યવાન બનાવવાની છે. જ્યારે અજ્ઞાની મા પોતાની તેટલી જ અજ્ઞાની છોકરીને તરત વરભંગ થયેલા પુરુષના વિષયાગ્નિમાં હોમી દેવાને તૈયાર છે ત્યારે જ એવા પુરુષો હજી વિમોગદુઃખના આસુ સુકાયાં નથી ત્યાં જ ફરી પરણવાનો વિચાર કરી શકે છે. મારી માન્યતા તો એ છે કે, આવા પ્રકારના સુધારા કરવા એ સ્ત્રીઓનો હક્ક છે, એટલું જ નહિ પણ એ સ્ત્રીઓની ફરજ છે કાયદા પુરુષોએ બક્યા છે. કાયદા બનાવવાનુ કામ જો સ્ત્રીઓએ હાથ લીધુ હોત તો સ્ત્રીઓ કદી પણ પુરુષો કરતાં પોતાનો અધિકાર ઊતરતો ન રાખત. જે દેશમાં સ્ત્રીઓને પોતાને માટે કાયદા ઘડવાની સત્તા છે ત્યાં તેમણે પોતાને સારૂ આવશ્યક અને અનુકૂળ કાયદાઓ ઘડી લીધા છે. અમેરિકન કુટુંબમાં બધાં સભ્યોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવામાં આવે છે. દરેક પછીના સૌના વ્યક્તિત્વનો વિકાસ સ્વતંત્ર રીતે વધુકમો આણુ રહે છે અને તેની પ્રવૃત્તિઓમાં પતિ તરફથી કદી દખલગીરી કરવામાં આવતી નથી. ગૃહજીવનમાં સ્ત્રી પુરુષનો સમાન હિસ્સો રહે છે. ઘરનાં બધા કામકાજમાં પરુષ સ્ત્રીને મદદ કરે છે. અમેરિકામાં પુત્ર પુત્રી વચ્ચે કદી ભેદભાવ રાખવામાં આવતો નથી છોકરા છોકરીઓને સરખા જ લાડકોડથી ઊછેરવામાં આવે છે. બંનેને સરખી કેળવણી અને સંસ્કાર અપાય છે. છોકરા કરતાં છોકરી કોઈ પણ રીતે ઊતરતી છે એવી ભાવનાને અમેરિકી સમાજમાં જરાયે સ્થાન નથી. શિક્ષણની તકો બાબતાં અમેરિકી સ્ત્રીઓ પણ જુદાં જુદાં ક્ષેત્રો અને વ્યવસાયોમાં બહાર કામ કરતી થઈ છે. ઘણી સ્ત્રીઓ પ્રોફેસર, શિક્ષિકાઓ, ડોક્ટરો, નર્સો, વકીલો, મંત્રીઓ, ટાઇપિસ્ટો, સ્ટેનોગ્રાફરો તરીકે પણ કામ કરે છે. દુકાનો અને મોટા સ્ટોરોમાં વેચાણ કરનારાઓમાં મોટો ભાગ સ્ત્રીનો હોય છે. અમેરિકામાં છોકરા છોકરીઓને નાનપણથી જ હળવા–મળવાની પૂરતી છૂટ હોય છે. અને વચ્ચે કોઈપણ જાતનાં સામાજિક બંધનો કે કૃત્રિમ દીવાલો જોવામાં નથી આવતાં. છોકરીઓ શાળા–કોલેજની ઇતર પ્રવૃત્તિઓ, પ્રવાસો, મનોરંજન કાર્યક્રમો, પ્રેમાસો, રમતગમતો, નાટ્ય નૃત્ય ને સંગીતની મહેફિલો અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં મુક્ત મને અને ઉત્સાહભેર ભાગ લે છે. છોકરીઓ ખૂબ જ બુદ્ધિશાળી, ઝનરાક, ચાલાક, ખતરનાક, તંદુરસ્ત અને આકર્ષક હોય છે. તેમનામાં ખોટી શરમ કે સંકોચ હોતો નથી. અજાણ્યા માણસ સાથે પણ તેઓ છૂટથી બોલે ચાલે છે. હકીકતમાં અમેરિકી છોકરાઓ છોકરીઓ કરતાં વધુ શરમાળ હોય છે. કોલેજોમાં અભ્યાસ કરતાં છોકરાછોકરીઓ પોતાના અભ્યાસનો તથા અન્ય ખર્ચ થોડોક સમય અને રજા દરમ્યાન ઓફિસ, દુકાન કે હોટેલ કે કારખાનામાં કામ કરીને છોકરા છોકરીઓને બાપદાદીને કે કપડાં વાસણ ધોઈ ને કાઢી લે છે

> સ્ત્રી નારી વનિતા વધૂ લલના ભુવતી કામ,
> અબલા બાળા ભામના પ્રમદા કાન્તા વામ
> ત્રિભાલમહકોષ

૧. સ્ત્રીની બુદ્ધિ પાનીએ = સ્ત્રીની મતિ તુચ્છ હોવી; સ્ત્રીમાં બહુ અક્કલ ન હોવી.

૨. સ્ત્રીનુ જોર જાંબે = સ્ત્રી બિચારી ફક્ત બોલી જ જાણે.

૩. [સં. સ્ત્રૂ (વિસ્તારવુ)] સ્ત્રી. વહુ; પત્ની; ભાર્યા; ગૃહિણી. ગૃહિણીને રઘુવંશમાં સચિવ, સખી અને લલિતકલામાં પ્રિયશિષ્યા તરીકે વર્ણવેલ છે

૧. સ્ત્રી કરવી = પરણવું; નાતરું કરવુ.

૨. સ્ત્રીમાં આવવું–સ્ત્રી જેવામાં આવવું = ઋતુમાં આવવું; ઉંમર લાયક થવ

સ્ત્રીઅંડ ન. કા.ક્રોષ; સ્ત્રીબીજોત્પાદક અવયવ; જેમાં પ્રજા ઉત્પન્ન કરનારા જંતુઓ બને છે અને વૃદ્ધિ પામે છે એવો સ્ત્રીની જનનેંદ્રિયનો અવયવ. તે ગર્ભાશયની જરા ઉપર ને આજુમાં બને તરફ પંખાની માફક ફેલાઈ રહેલ છે તેમાં સ્ત્રીબીજ ઉત્પન્ન થાય છે. સ્ત્રીઅંડ સ્ત્રીઓને ડાબે તથા જમણે પડખે રહેલાં છે. જેમ પુરુષની અંદર વીર્ય કોષમાં રહે છે તેમ આની અંદર ઈંડુ સોજિત રહે છે. જે સ્ત્રીને બાળાં અંડ હોતાં નથી એ સ્ત્રી વંધ્યા કહેવાય છે. તેને રતિવિલાસ બિલકુલ રુચતો નથી પુરુષને જેમ વૃષણની કોથળીમાં બે અંડ હોય છે તેમ સ્ત્રી જાતિને એવાં જ બે અંડો ગર્ભાશયની બે બાજુ પર હોય છે. તે અંડોનો આકાર બદામના જેવો છે. તેની લંબાઈ ૧॥ ઇંચ, પહોળાઈ ૧॥ ઇંચ અને જાડાઈ ૧॥ ઇંચ છે. દરેક ઈંડુ વજનમાં આશરે ૭॥ તોલો હોય છે. તેની અંદર વીર્યનાં બીજની પેઠે અસંખ્ય સ્ત્રીબીજ હોય છે. તે ફલવાહિની નળી મારફતે ગર્ભાશયમાં જાય છે. સ્ત્રીઅંડમાંનાં ઈંડાંનું ફરવું એ જ આર્તવ અથવા દાતરડું છે. સ્ત્રી પરિપક્વ વયમાં આવ્યા પછી આ સ્ત્રીઅંડનાં ઈંડાં પાકે છે અને કૂટી બહાર આવે છે. દર ત્રણ અઠવાડિયે અથવા કવચિત્ ચોદા દિવસ વહેલુમોડું એમાંનું એક અથવા વધારે ઈંડું સ્ત્રીઅંડમાં પાકી બહાર ફૂટે છે, ફલવાહિની મારફતે ગર્ભસ્થાનમાં જાય છે અને ત્યાંથી યોનિમાર્ગ રસ્તે લોહીને રૂપે બહાર પડે છે, જે દસ્તાન કહેવાય છે બાળક જન્મે છે ત્યારે અંડાશયમાં લગભગ સિત્તેર હજાર ઈંડાં કે બીજ હોય છે. તે રેતીના કણની જેમ અંડાશયમાં વિખરાયેલાં રહે છે. તેર ચૌદ વર્ષની ઉમરે અંડાશયો મોટા થાય છે ત્યારે બહુ.ખરાં ઈંડાં સડોચાઈને અદશ્ય થઈ જાય છે ને ચાલીસ પચાસ ઈંડાં ઓછીવધતી પકવ દશામાં રહે છે પણ દર અઠાવીસ કે ત્રીસ દિવસે તેમાંથી એક બે ઈંડાં પૂરેપૂરાં પાકે છે. અંડાશયમાં જ્યારે ઈંડું પાકવા આવે ત્યારે ગર્ભાશયની બાજુઓ ગૂમડાની જેમ સૂજે છે, ને તેમાં લોહીનો ભરાવ થાય છે. અંડાશયમાં ઈંડું પૂરેપૂરું પાકી જાય ત્યારે જરા થયેલું લોહી ગર્ભાશયની બાજુઓમાં થઈને વહેવા માંડે છે. આ લોહી યોનિમાર્ગમાં જઈ યોનિમુખદ્વારા બહાર નીકળી જાય છે આ પ્રમાણે ત્રણ કે ચાર દિવસ સુધી લોહી વહે છે લોહીના સાથે ગર્ભાશયની અંદરની બધી બાજુઓની ઊની મરી ગયેલ ખાલ પણ નીકળી જાય છે, જેમ ગૂમડું થયું હોય અને તે ફૂટી ગયા પછી તથા રૂઝ આવી ગયા પછી આસપાસની મરી ગયેલ નકામી ચામડી ઊતરી જાય છે અને નીચેની નવી ચામડી આવે છે તેના જેવું આ લગભગ બને છે. આ માસિક ક્રિયા ગર્ભાશયને માટે કરવા માટે જ થાય છે. દર મહિને અંદરથી વહી જતા લોહી વડે ગર્ભાશય સાફ થઈ જાય છે અને તેની અંદરની ચામડી પણ નવી આવે છે.

સ્ત્રીઉન્માદ [સં.] પું. એક જાતનું દરદ. તેને 'હિસ્ટીરિયા' કહે છે. તે બદ્ધા સ્ત્રીઓને જ થાય છે. આ દરદમા સ્ત્રીનું શરીર એકદમ ખેંચાઈ જાય છે, હાથપગનાં આંગળાં કરડાઈ જાય છે. કોઈ વખતે તે રાડો પાડે છે

સ્ત્રીઋષિ [સં] સ્ત્રી. વેદની ઋચા રચનાર સ્ત્રી; ઋષિ સ્ત્રી ઋગ્વેદના સમયમાં સ્ત્રી ઋષિ પણ હતાં. જેઓ ઋચા રચતાં, યજ્ઞો કરતાં, દેવોને સ્તુતો વડે પ્રાર્થના કરતાં, ઉમદા ગાયકોમાં ઉદાત્ત સ્થાન મેળવતાં અને ક્રીર્તિમંદિરમાં ભવ્યસ્થાન પૂજ્યો મેળવતાં ઘોષા એક સુવિખ્યાત ઋષિ હતી (ઋ. ૧૧૭-૧૦; ૪૨; ૪૦). તેજ પ્રમાણે લોપામુદ્રા (૧-૧૭૯); મમતા (૬-૧૦-૨); અપાલા (૮-૯૧); સર્પા (૧૦-૮૫); ઇંદ્રાણી (૧૦-૧૪૫); શચી (૧૦-૧૫૯); સાવંરાણી (૧૦-૬૮૬) અને વિશ્વાવારા (૫-૨૮)

ઋષિકોઓ હતી. વિશ્વાવારાએ અગ્નિની સ્તુતિમાં ઋચાઓ જ નથી રચી પરંતુ યજ્ઞમાં ઋત્વિજ તરીકે પણ કાર્ય કર્યું છે (૫.૨૮.૧). અપાલાએ ઇંદ્રની સ્તુતિ માટે સૂક્ત રચ્યું છે, સોમ અર્પ્યું છે. ઇંદ્રની કૃપાથી તેનો ચામડીનો રોગ, જેને માટે તેના પતિએ તેને ત્યજી હતી, તે મટ્યો હતો (૮.૯૧.૪). તેના પિતાને માથે ટાલ પડી હતી, ખેતરમાં પાક થતો ન હતો. તેની આજ્ઞાંકારી પ્રાર્થનાથી ઇંદ્રે પિતાના માથની ટાલ સુધારી તથા ખેતરમાં ભરપૂર પાક ઉગાડ્યો (૮.૯૧.૫-૬).

સ્ત્રીકરણ ન. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

સ્ત્રીકવિ જી. કવયિત્રી

સ્ત્રીકેસર [સં. સ્ત્રી + કેસર] ન. વનસ્પતિમાં રહેલા ફલોત્પાદક રેસો; ફૂલમાનો ગર્ભોત્પાદક અંકુર; ફૂલનો માદા બીજવાળો રેસો; ફૂલમા રહેલુ નારી તત્ત્વ; ફૂલમા મુખ્ય ચાર ઇંદ્રિયો છે તે માહેની એક ઇંદ્રિય. એ ફૂલનો ચોથો વિભાગ છે. તે ફૂલની મધ્યમા આવેલો હોય છે. ગર્ભાશય, નલિકા અને મુખ એ ત્રણે ઉપાંગો મળીને સ્ત્રીકેસર થયેલ હોય છે. એક જ જાતની વનસ્પતિનાં ભિન્ન પ્રકાર કેરના પુંકેસર અને સ્ત્રીકેસરના સંયોગથી જે બીજ ઉત્પન્ન થાય છે તેમાં નવીન જાતનાં ઝાડ તૈયાર થાય છે. ત્રણ પાંખડી, ત્રણ અથવા ત્રણની ગુણાકારની કોઈ સંખ્યાનાં પુંકેસર તથા સ્ત્રીકેસર ક્રમ પ્રમાણે મોળાકારમાં ગોઠવાય છે. બે બીજપત્ર પુષ્પ પાંચ સંખ્યાવાચક છે અર્થાત્ એની વૃત્તિ પાંચ છે. પાંચ પાંખડી છે, પાંચ પુંકેસર છે, પાંચ સ્ત્રીકેસર છે. એવી વર્ગનાં પુષ્પમાં આ જ સાધારણ નિયમ છે. પ્રત્યેક પંક્તિના આદિ અંતથી માલતાં પુષ્પમા એવુ જોવામાં આવે છે.

સ્ત્રીકેસરનળી સ્ત્રી. પરાગવાહિની.

કોઈ ફૂલમાં સ્ત્રી કેસરાગ્ર અને બીજકોશની વચ્ચે જે નળી હોય છે તેને **સ્ત્રીકેસરનળી** અથવા પરાગવાહિની કહે છે. વનસ્પતિશાસ્ત્ર

સ્ત્રીકેસરાગ્ર પું. સ્ત્રીકેસરનો અગ્રભાગ; સ્ત્રીકેસરનો આગળો ભાગ; સ્ત્રીકેસરની ટોચ.

પરાગ પોતાની મેળે કે પવન, જંતુ વગેરેની મદદથી તેજ ફૂલના અથવા બીજ ફૂલના **સ્ત્રીકેસરાગ્ર** પર પડે છે. વનસ્પતિશાસ્ત્ર

સ્ત્રી કેળવણી સ્ત્રી. સ્ત્રીઓની કેળવણી.

સ્ત્રી કેળવણીકાર સ્ત્રી. સ્ત્રી જાતિમાંથી કેળવણીકાર

યુરોપના અઢાર સુધી પુરુષો જ કેળવણીકાર બનેલા છે. પહેલ વહેલી એક સ્ત્રી કેળવણીકાર શ્રી. મોન્ટેસોરીને ઉત્પન્ન કરવાનુ માન ઈટલીને ઘટે છે મોન્ટેસોરી પદ્ધતિ

સ્ત્રીકોષ પુ. સ્ત્રીબીજ; ફૂલનો એક ભાગ; બીજકોષ; સ્ત્રીકેસરનો સમૂહ

એટલે જેમ સોળા પ્રમાણમા નર – પુષ્પપરાગો **સ્ત્રી કોષની** અંદર દાખલ કરવામાં આવે તેટલા બીજ ફલમાં સોળા થાય.

ગુજરાતનો ફૂલબાગ

સ્ત્રીકોષાધર વિ. સ્ત્રી બીજકોષ નીચેના ભાગ ઉપર આવેલું અથવા તેની નીચેના ભાગમાંથી ઊગતું; અધરસ્થ; ' હિપોજિનસ '.

૨. [સં.] વિ. સ્ત્રીકોષને ધરનાર.

સ્ત્રીગમન [સં.] ન. આસક્તિ

રમેશચંદ્રને પહેલા **સ્ત્રીગમન** કરનાર અધ્યાત્મિને પામે છે. અખિલ કામસાહિત્ય

સ્ત્રીગર્ભ [સં] પું. પુત્રીગર્ભ

સ્ત્રીગર્ભ વખતે ગર્ભની અકૃતિ લંબગોળ હોય છે. અનુભુખરામ

સ્ત્રીગીત [સં] ન. સ્ત્રીઓથી ગવાતું ગીત.

હવે રહ્યા **સ્ત્રીગીતો**, ભજનો આદિ. આ વિભાગમાં સમાજનું સાધુદામિક ચિત્ર રજૂ થયુ છે

મુ. સા. પરિષદ

સ્ત્રીગૃહ [સ.] ન. અંતઃપુર; અન્તઃપુરનું.

સ્ત્રીગ્રહણ ન. લગ્નસંસ્કાર.

સ્ત્રીચપલતા [સ.] સ્ત્રી ચપલપણું; ચેરી પાડ્યા જાણવા જેવુ તે.

તે પોતાના પુત્રની **સ્ત્રીચપલતાને** સારી રીતે જિતાવતી હતી. મુનશી

સ્ત્રીચરિત [સં.] ન. સ્ત્રીની ચતુરાઈ; સ્ત્રીની આંતરિક સ્વાભાવિક ચાલચલગત તેના ડાવાડાવા; સ્ત્રીચરિત્ર

સ્ત્રી ચરિત ને રીતાં જાણ તેનો કોઈ નવ પામે પાર = સ્ત્રી ચરિત્ર પારખી કાઢવુ બહુ મુશ્કેલ છે.

સ્ત્રીચરિત્ર જુઓ સ્ત્રીચરિત

સ્ત્રીચિહ્ન ૧. [સં. સ્ત્રી + ચિહ્ન (નિશાની)] ન. સ્ત્રી તરીકેની નિશાની; જેરી હોવાનુ દર્શાવનાર ચિહ્ન

૨. ન. સ્ત્રીનો ગુહ્ય ભાગ; યોનિ.

સ્ત્રીજન [સ.] ન. સ્ત્રી કે નારી જન; નારી માણસ; બૈરું; સ્ત્રીવર્ગ.

સ્ત્રીજાત જુઓ સ્ત્રીજાતિ.

સ્ત્રીજાતસૂત્રિ સ્ત્રી. સ્ત્રીઓમાં આવેલ રાજકીય જાગૃતિ અહિંસા પાળવામાં સ્ત્રીઓ પુરુષોથી આગળ વધી છે. તેઓની અધિક યોગ્યતા જોઈને જ મહાત્માજીએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં બહેનોનો સાથ પ્રથમ માગ્યો હતો. જાગત સામે ઘરની બહાર પગ નહિ નીકળનારી કમજોર વીરાંગનાઓ અસહકારની ચળવળમાં ભાગ લેવા તત્પર થયેલી. તેઓએ પુરુષોના જેટલુ જ સુંદર કામ બજાવી દેશની અહિંસક લડતનો મોભો સાચવ્યો હતો. દારૂડિયાઓને દારૂથી બચાવવા પીઠાંઓ ઉપર બહેનોએ સખ્ત પિકેટિંગ કરી પોલિસનો લાઠીચાર્જ સહન કર્યો હતો. શરાબીઓને શરમાવી, પોતાની કુખેથી માં સહન થનાર બહેનો એ પખ્તની સરકાર માટે એક મોટી સમસ્યા જેવી થઈ પડી હતી. સરકાર પણ હિંસા કરતા જબરજાર સંની ગઈ હતી એનુ મૂળ કારણ અહિંસક લડાઈ આવી લડાઈનો દોર સ્ત્રીઓના હાથમાં સોંપવાનો ગાંધીજીનો આશય બરાબર હતો તે સકારણ હતો. એ લડત દ્વારા સ્ત્રીજાગૃતિ દેશભરમા વિકસાવી શકાઈ. નારીજાગૃતિનું પ્રગટ દર્શન કરાવી શકાયું દુનિયાને વહેલી બતાવવી હોય તો, અહિંસા જ અવલંબ કરવો પડશે અને તે પણ સ્ત્રીજાગૃતિ ફેલાયેલ હશે તો જ બનશે. અહિંસક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ હમેશા મોખરે જ હોય છે. પુરુષોની બાહ્યક્ષ દોરિયારી જે નથી કરી શકી એ સ્ત્રીશક્તિ આજ અહિંસા દ્વારા હાંસલ કરી શકશે. સ્ત્રીજાગૃતિ ફેલાશે તો તે દ્વારા સમાજ સુધારણા, બીમારોની સેવા, બાળકોની તાલીમ, સ્વચ્છતા, પ્રમાણિક નીતિ, ધર્મમય જીવન, પરોપકારી કાર્યો વગેરે પ્રશ્નોનો સહેલાઈથી ઉકેલ આવી જશે. યુરોપમાં તો સ્ત્રીજાગૃતિ એટલી હદ સુધી ફેલાયેલી છે કે સ્ત્રીઓ સરકારમા પણ ભેળવાયેલ છે, સરકારી તાલીમ પણ એવી રહી છે. વિનોબાજી કહે છે કે, ભારતની પુત્રીઓ પાસેથી સરક્ષણ જેવી કપરી સેવાની અપેક્ષા આપણે નહિ રાખવી જોઈએ, છતાં જ્યા જ્યાં પુરુષોની મતિ બહેર મારી ગઈ હોય, પુરુષોના હાથથી કામ બગડ્યું હોય ત્યાં ત્યા પોતાનાં સિદ્ધ થયેલ સાધનો દ્વારા સ્ત્રીઓએ ક્રાંતિ આણવી જોઇએ. એ રીતે જ ભારતમાતાનો ઉદ્ધાર થશે

સ્ત્રીજાતિ સ્ત્રી. સ્ત્રીઓની આખી જાત, નારી જાતિ; આખો સ્ત્રી વર્ગ.

સ્ત્રીજાતિએ જે હનુમાન આદિ,
વીરો સમાજે કુળ જન્મ દીધા,
તે જાતિને જે અબળા કહીએ,
અજ્ઞાન તેમા નથું આપણું છે.

ગાંધીગીતા

સ્ત્રીજિત [સં.] વિ. સ્ત્રીથી જિતાયેલ; સ્ત્રીવશ; નારજિત; બૈરીના કહ્યામા રહેનાર.

સ્ત્રીજિત નર તો પશુ સમાન.

ઝીન્યોતિષી જી સ્ત્રી ૬ જે જ્યોતિષની જાણકાર હોય તે ભડલી ઝીન્યોતિષમાં નિષ્ણાત હતી તેના વાક્યો લોકોક્તિ જેવાં થઈ પડ્યાં છે તેણે આરે માસના વરસાદની અગાહીના વાક્યો સાખી ને ચોપાઈમાં આપેલ છે. આ ભડલી વાક્યો ખેડૂતોને ઘણી જ વાર ઉપયોગી નીવડતા કહેવાય છે અને તેથી લોકો સારી રીતે પરિચિત છે. એમના પિતા કુદડ જોષી પાસેથી એમણે એ જ્ઞાન સંપાદન કર્યું હતું. તે ભડલી વાક્યો નીચે પ્રમાણે છે

કારતક માસની સાખી ને ચોપાઈ

દીવા દીની પવમી, આવે આદિતવાર,
ધન કણ રાખી સમદો, જગના સૌ નરનાર.
કાર્તિક સુદિ પૂર્ણિમા, હોય જો બુધવાર,
વરસ હોય તે કરવરુ, ન કરીશ કાંઈ વિચાર.
કાર્તિક સુદિ એકાદશી, વાદળ વીજળી હોય,
અષાઢે ભડલી કહે, વરખા સાચે જોય.
કાર્તિક પૂનેમ કૃતિકા, અદકી હોયે જેમ,
બળો વધે જે વરસમા, જારે વરખા તેમ.

કાર્તિક સુદિ બારસે દેખ,
માર્ગશીર્ષ સુદિ દસમે પેખ.
પોષ સુદિ પાંચમ રવિવાર,
માઘ સુદિ સાતમ નિર્ધાર.
તે દિન જો મેઘો ગાજત.
બાર માસ અંબર વરસત,
જુઓ જોષી કાર્તિક અમાસ,
રવિ શનિ જોમે જો વાસ,
સ્વાતિ યોગ આયુષ્ય તે પાસ,
કાળ કરાવે નાસાનાસ;
સુદિ બારસે મેઘો જો હોય,
અષાઢ માસે વરસે તોય,
માસ અવર પણ વરસે ઝાઝુ,
કહે ભડલી સાચું પરમાણુ.

માર્ગશીર્ષ માસની સાખી

અમેષ્ટા માર્ગશીર્ષમાં, વળી તપે જો મૂળ,
બોલે ભડલી એમ જો, નીપજે અન્ન અતુલ.
માર્ગશીર્ષ આઠમ બટા, બીજ સમેતી હોય,
તો આવણ વરસે ઝાઝો, સાખ સવાઈ જોય.

પોષ માસની સાખી

પોષ માસની સાતમે, નભે પાણી નવ હોય,
તો વરસે આડાં સહી, જળ સ્થળ એક જ હોય.
પોષ વદિ જો સાતમે, આજ વીજળી જાય,
શ્રાવણ સુદિ પૂર્ણિમા, નિશ્ચય વર્ષા થાય.
પોષ વદિ દશમી દિને, વાદળ ઝમકે વીજ,
પૂનમ અમાસે આવણે, જળ વરસે ખરી ખીજ.
પોષ અમાસે મૂળથી, સારા ચારે માસ,
નિશ્ચય બાંધો ઝૂંપડાં, વસો સુખેથી વાસ.
શનિ રવિને મંગળે, પોષ અમાસે હોય,
ઝઝવાં ઝમઝાં ચોઝવાં, મોંઘાં ધાન્ય જ હોય.
સોમ શુક્ર ને સરગુરુ, પોષ અમાસે હોય,
ઘર ઘર હોય વધામણાં, ભારા ન માને કોય.
ધનનો સૂરજ હોય નવ, ધુળાદિક નવ રસ,
મેઘ સહિત જો જોઈએ, વર્ષા તો પ્રત્યક્ષ

મહા માસની સાખી તથા ચોપાઈ

મહા જો પડવે ઝેજળી, વાદળ વાયુ જોય,
તલ અને સરસવ ઘરે, અતિશય મોંઘા કહેય
મહા અજવાળી બીજ દિન, વાદળ વીજળી જોય,
તો જાણે ભડલી ઘરે, અનાજ મોંઘાં હોય
અજવાળી બીજને દિને, વાદળ વીજળી પેખ,
પહેં જવનો સમદ કરો, મોંઘું થશે જો દેખ.
મહા ઝેજળી ચોથનો, મેઘ વાદળે હોય,
પાન ન ગિયેર બેઉઝે. મોંઘાં સાચે જોય
અજવાળી છઠ મહા તણી, વાર હોય જો ચંદ,
તેણ વી સોંઘુ નહિ, ભાખું સાચો છંદ.
ગાજે નહિ મહા છઠ દિને, મોંઘા હોય કપાસ,
સાતમ પેખો નિરમળી, તો નવ સારી આશ.
મહા સુદિ જો સાતમી, સોમવારી દિસત,
કાળ પડે રાજા લડે, નર સમળા જ ભમત.
મહા સુદિ જો સપ્તમી, સૂર્ય નિર્મળો હોય,
ભડલી ભાખે એમ જો, જળ વિણ પૃથ્વી જોય.
સપ્તમી મઘાની ઝેજળી, વાદળ મેઘ કરંત,
અષાઢમાં ભડલી કહે, ઘણો મેઘ વરસત.
મહા સુદિ જો સપ્તમી, હોય વીજળી હોય,
વરસે ચારે માસમાં, શોચ કરો નવ કોય.
મહા નવમી જો નિરમળી, તો સારો અષાઢ,
કણ વેચી પોતું ભરી, ભડલી કહે દુઃખ કુબાડ.
અથવા નવમી નિરમળી, વાદળ કરે વિકાળ,
ભાદરવે જળ આવશે, સરોવર ફોરે પાળ.
અથવા નવમી નિરમળી, વાદળ રેખ ન હોય,
તો આવણ સૂકો જશે, મેહ-બુંદ નવ હોય.
મહા નવમીનો ચડમા, મડળ અદિતે વાસ,
અષાઢમાં તો વરસશે, મૂકીશ નહિ વિશ્વાસ.
વાદળ મહા સુદિ પૂનમે, ગાજ્યા પહોર જ હોય,
ચોમાસાના ચારમાં. ક્રમથી મોંઘા જોય.
મહા સુદિ પૂનમ દિને, ચંદ્ર નિરમળો હોય,
પણ વેચો કણ સંઘરો, કળ કળાકળ હોય.
મહા અંધારી સાતમે, મેઘ વીજ ચમકંત,
માસ ચારે વરસશે. ન કરો કો ખપ ચંત.
અંધારી નવમી મહા, મૂળ અર્ક જો વાર,
ભાદરવા નવમી વદિ, વરસે જળ નિર્ધાર.
અમાસ વાદળું હોય તો, કાંઈ ભાવે જેવાય,
ભાદરવાની પૂનમે, ચારે પહોર વરસાય.

મહા માસમાં ન પડે શીત,
મોંઘું અનાજ અન અચિંત,
પાંચ હોય મહામાં રવિવાર,
તો જોષી તું કાળ વિચાર.

ફાલ્ગુન માસની સાખી અને ચોપાઈ

ફાગણ પડવે વળી, સાતલિયા કર્મ હોય,
તો તો કાળ પડે નક્કી, કહે સુકાળ ન હોય.
ફાગણ સુદિની સપ્તમી, આદ્રમ નોમ ગાજંત,
અમાવાસ્યા ભાદવી, વરસા તો વરસંત.
મજાવારી અમામને, ફાગણ ચેતી જોય,
પશુ વેચો કણ સમદો, પોષ દુકાળો હોય.
શુક્ર અસ્ત જો હોય વળી, કદી પખ ફાગણ માસ,
ભડલી હું કહું છું તને, કણખી ન પીસે ઝાઝ.
પાંચ મગળો ફાગણે, પોષ પાંચ શનિવાર,
કાળ પડે ભડલી કહે, વિરલા જીવ બાર.

હોળી વિષે ચોપાઈ

હોળી દિનનો કરો વિચાર,
રાખ ને અરઠ કુળ આર,
પશ્ચિમના વાયુ જો વાય,
સમય જોજ મારો કહેવાય
વાયુ જો પૂર્વનો વાય,
કોનો ને કોઈ બીનો જાય,
દક્ષિણ વાયુ ધનનો નાશ,
એ સમયે નવ ઊપજે ઘાસ.
ઉત્તરનો વાયુ બહુ હોય,
પૃથ્વી પર પાણી બહુ જોય,
જો વટોળ ચારે વાય,
પ્રજા દુઃખમાં ફરે રાય.
જો વાયુ આકાશે જાય,
પૃથ્વી રજસંગ્રામ બતાય,
ફાલ્ગુની પૂનમને દિન,
હોળી સમયે પારખ કીન.

ચૈત્ર માસની સાખી તથા ચોપાઈ

ચૈત્રે દશ નક્ષત્ર જો, વાદળ વીજળી હોય,
ભડલી તો એમ જ ભણે, ગર્ભ ગળ્યા સૌ કોય.
તિથિ વધે તો તૃણ વધે, નક્ષત્રે બહુ ધાન,
યોગ વધે તો રોગ બહુ, પહેલે દિન એ માન.
ચૈત્રી પહેલી પંચમી, વરખા દ્વિતિયા બીજ,
સાતમે આવણ હરે નોમે ભાદર બીજ.
પૂનમ દિન પડવા પડે, કોરા ચારે માસ,
ભડલી હું તુજને કહું, શી ઇશ્વરની આશ ?
ચૈત્રી પૂનમને દિને, સોમ બુધ ગુરુવાર,
ઘર ઘર હોય વધામણાં, ઘર મગળ ઉચ્ચાર.
ચૈત્ર માસ દશ કૃષ્ણકા, જો કણ કોરા જાય,
તો ચોમાસે વાદળાં, ભલી વાત વરતાય.

અજવાળી પખ ચૈત્ર જ આખ,
આઠ દિવસ વરસતા રાખ,
નવમીને દિન વીજળી હોય,
કાળ કળાકળ દેશે જોય
ચૈત્ર સુદિ રેવતડી જોય,
વૈશાખે જરણી જો હોય,
જ્યેષ્ઠ માસ મૃગશીર્ષે દિસત,

પુનર્વસુ આ અષાઢ વસત,
જેટલુ નક્ષત્ર વરત્યું જાય,
તેટલા શેરનું અન્ન વેચાય.

વૈશાખ માસની સાખી અને ચોપાઈ

વૈશાખી પડવા દિને, વાદળ વીજ કરેહ,
દાણા વેચી ધન કરો, પૂરી સાખ ભરેહ.
અખાત્રીજ રોહિણી નવ હોય,
પોષ અમાસે મૂળ ન જોય.
રાખી અવધે હિતવિચાર,
પૂનમ હાર્તિકા કૃતિકા ન ચાર.
મહા મઘિને ઉપાત પ્રકારા,
કહે ભડલી તો થાય વિનાશ.

જ્યેષ્ઠ માસની સાખી અને ચોપાઈ

જ્યેષ્ઠ સુદિ પડવા દિને, બુધવાર જો હોય,
મૂળ અષાઢી જો મળે, પૃથ્વી ફરે જોય,
જ્યેષ્ઠ બીજે મરજિયો, જો અજવાળી પક્ષ,
ગર્જે ગજવા સહુ પાકશે, કહું તુજને પ્રત્યક્ષ.
દશમી જ્યેષ્ઠ માસની, આવે જો રવિવાર,
પાણી ન પડે જન મરે, દુકાળ ભડલી ધાર.
સ્વાતિ વિશાખા ચિત્રિકા, જ્યેષ્ઠ શુ કોરા જાય,
ગર્જે ગજવા પુકના સહુ, વધિક સાખ મિટાય.
જોઇ આગલી પડવા દેખ,
કોણ વાર છે તે તો દેખ,
રવિવારે બહુ વટોળા વાય,
મગળવારે વ્યાધિ બતાય.
બુધ અનાજને ભોંયુ કરે,
પ્રબળ શનિચારે ઘરઘરે,
અદ્ર શુક્ર શનિ ને ગુરુવાર,
ભરો અન્ન તો સહુ સસાર.

અષાઢ માસની સાખી

અષાઢી સુદિ પંચમી, જો વર્ષા કે બીજ,
દાણા વેચી ધન કરો, રાખો બળદ ને બીજ,
સુદિ અષાઢી પચમી, ગાજત ઘન ઘનઘોર,
ભડલી કહે તો જાણજો, મધુરો મેઘાશોર.
સુદિ અષાઢી સપ્તમી, રાશી જો નિર્મળ દેખ,
તો પિયુ તું માળવે, બીજ માગવી પેખ.
નવે અષાઢી વાદળે, જો બરજે ઘનઘોર
ભડલી ભાખે જોરથી, કાળ તણુ પણ જોર.
અષાઢ સુદિ નવમી દિન, નિર્મળ હોયે વાર,
ભરે બહુ આખાં કરે, મેહ હોય ભરપૂર.
જાણુ ખરુ ભડલી કહે, માસ ચાર વરસેમ,
ખોય ન હવ કો કરો, ભરશી શુ જ કરેમ ?
શનિ રવિ ને મગળે, જો પોઢે જદુરાય,
આક ચડાવે મેદની, પૃથ્વી પ્રલય થ.મ.
સુદિ અષાઢે બુધનો, ઉદય થયો જો દેખ,
શુક્ર અસ્ત આવ્યુ અથો, મહાકાળ અવલેખ.
અષાઢી પૂનમ દિને, વાદળ બીનો ચદ,
તો ભડલી બોલી કહે, સઘળા નર આનંદ.

અષાઢી પૂનમ કદી, નિરમળ ચદ્ર ભાસ,
પિયુ તું તો મન માળવે, હું દુઃખમા કરે વાસ.

શ્રાવણ માસની સાખી

શ્રાવણ સુદિ સપ્તમી, સ્વાતિ ત્રિજે સૂર,
કુમર ઉપર ઘર કરો, પાધર કરશે પૂર.
મિત્રા સ્વાતિ વિશાખડી, શ્રાવણ નવ વરસત,
અન્ન તુરત સહુ સંગ્રહો, ભમરુ મૂલ કરેત
કર્કે જ કીજે કાંકરો. સિદ્ધ અબીનો જાય.
ભડલી તો એમ જ ભાખે, કોટી કરી કરી ભાખ.

ભાદરવા માસની સાખી

ભાદરવા સુદિ પચમી, જોગ સ્વાતિનો હોય,
રાજા જોગે એ જે મળે, મગજ વરતે જોય.

આશ્વિન માસની સાખી

સ્વાતિ દીવા જો બળે, વિશાખા ભેલે થાય,
પ્રમુદ ભડલી રચુ ખરે, ત્રિપક્ષ સાખી ન જાય.
આસો વદિ અમાસડી, જો આવ શનિચાર,
સમય આવશે આકરો, ભંતી જોય વિચાર.

વરસાદ વિષે વધુ ઘોડોક્તિઓ

વખ પખ બે આર્દ્રા, વરસ્યા તો વરસ્યા,
ને રાજા તો રાજા.
× × ×
અશ્વિની અન્નનાશમ, રેવતી તોયનાશમ.
ભરણી સર્વનાશમ, કૃતિકા કષ્ટાપ્રકાશિની.
× × ×
વરસે ભરણી તો મૂકે પરણી
× × ×
રોણ દાત્રી, મગસર તપ્યા, આર્દ્રાના વાયા વા,
પિયુ પધારી પોઢિયો, ભાં જીવાય સા જા.
× × ×
વરસે આર્દ્રા તો ચાર કોદરા.
× × ×
વરસે મઘા તો દુસંના ચામ હમા.
× × ×
વરસ્યા પૂરવા ને કણુબી જોડા ઝૂરવા.
× × ×
વરસે ઉત્તરા તો ધાન ન ખાય કુતરા.
× × ×
વરસે સ્વાતિ તો કયાંથી ભજે તાંતી ?
× × ×
વરસે હસ્ત તો પાકે સઘળી વસ્ત.
× × ×

ભડલી વાક્યોના કેટલાક કૂટ શબ્દોના અર્થ:

કરવરુ = ઓછા પાકવાળુ
વરખા = વરસાદ
અંબર = આકાશ
મૂળ = મૂળ નક્ષત્ર
ઘટા = વાદળ
સમેતી = સહિત
પોતુ કરી = ફેરિયુ જીવન ગાળી
કણ = દુકાળ
રાનભિણા = એ નામનુ નક્ષત્ર
વખ = વિશાખા નક્ષત્ર
પખ = પુષ્ય નક્ષત્ર
રાજલા = રહ્યા ગણા
દીવા = દિવાળી

સ્ત્રીત્વ ૧. ન સ્ત્રીઓને યોગ્ય બધી રીતની વે ચતા

૨. [સં] ન. સ્ત્રી હોવુ તે; નારી હોવુ તે; સ્ત્રીપણુ, સ્ત્રીનો ગુણ

સ્ત્રીદાક્ષિણ્ય [સ] ન. સ્ત્રી તરફ માનભરી વર્તણૂક, સ્ત્રીસહમાન; નારીપૂજા; 'શિવશ્રી'.

અજ્ઞાન સ્ત્રીનો ત્યાગ કરનાર વીર અંગજ સેવક જો ફરી પરણે નહિ અને **સ્ત્રીદાક્ષિણ્ય** બતાવી સ્ત્રીઓની સાધના કરીને તો હું માનું છું કે હા, એનો આત્મયાગ સાચો હતો. કાલેલકર

સ્ત્રીદ્રુહ વિ સ્ત્રીઓને દ્રોહ આપનાર.

મહારાજ્યોના ઇતિહાસમા ધર્મ સાચવતાં સ્ત્રી-દ્રુહક વિદ્વાનો કહે છે કે, મોપસંતરામ

સ્ત્રીદ્વાર્ય [સં.] પું. શિવ.

સ્ત્રીદોષ પું. (વૈદ્ય) સ્ત્રીરોગ; સ્ત્રીનો યોનિરોગ.

સ્ત્રીધન [સં] ન. પત્નુ; જેની ઉપર સ્ત્રીનો હક્ક હોય તે ધન, બક્ષિસ, દાન વગેરે રૂપે સ્ત્રીને પ્રાપ્ત થયેલુ ધન; સ્ત્રીની પોતાની જ માલિકીનું ધન. ધર્મશાસ્ત્રોમા છ પ્રકારનું સ્ત્રીધન કહેલુ છે. મનુસ્મૃતિ પ્રમાણે પણ છ જાતના સ્ત્રીધન આ પ્રમાણે છે: (૧) અધ્યગ્નિ, (૨) અધિ વાહ્ય, (૩) પાદ વન્દનિક, (૪) ભાઈ આપે તે, (૫) માતા આપે તે અને (૬) પિતા આપે તે. યાજ્ઞવલ્કય સ્મૃતિ પ્રમાણે સ્ત્રીધનની ત્યાખ્યા આ પ્રમાણે છે: (૧) પિતા, માતા, પતિ તથા ભાઈ પાસેથી મળે તે, (૨) લગ્ન વખતે અગ્નિ સમક્ષ મળે તે, (૩) પતિ બીજી સ્ત્રી પરણી લાવે ત્યારે જૂની સ્ત્રીને આપે તે અને (૪) બીજી મિશ્રકત એ બધુ સ્ત્રીધન કહેવાય છે આ ઉપરાંત સ્ત્રીનાં કપડાલત્તા, દાગીના અને ભરણપોષણ માટે જે મળે તેનો સમાવેશ પણ સ્ત્રીધનમાં થાય છે

સ્ત્રીધર્મ ૧. [સ] પું. અટકાવ; રજોદર્શન

૨. પું સ્ત્રીએ કેવી રીતે આચરણ કરવુ, કેવી રીતે આલવુ ચાલવુ એ તેને લગતા નિયમ, સ્ત્રીની ફરજ; સ્ત્રીના ધર્મ-જીવના ખાસ ગુણ લક્ષણ વગેરે

સ્ત્રીધર્મિણી [સ] સ્ત્રી અટકાવવાળી સ્ત્રી; રજસ્વલા; ઋતુવાળી સ્ત્રી.

સ્ત્રી પરિષહ [સ] પું. (જૈન) સાધુના ૨૨ માંહેનો એક પરિષહ, સાધક પુરુષ કે સ્ત્રીએ પોતાની સાધનામા વિજાતીય આકર્ષણથી ન લલચવું તે

સ્ત્રી પાત્ર ન કથા, નાટક વગેરેનું નારીપાત્ર અનંત.ની માનવસૃષ્ટિમાં સ્ત્રીપાત્રનુ સ્થાન બહુજ ઊંચુ જણાય છે. એ સમયમાં વસ્ત્રો થોડા હોવા છતા સ્ત્રીઓમાં કલા અને વિનય સાનદાશ્ચર્ય ઉપજાવે એવા દેખાય છે, એટલુજ નહિ પણ સારાયે સમસ્ત્રમાં સ્ત્રી તેની અપૂર્વ મધુરતા ફેલાવી રહેલી લાગે છે ચિત્રકાર સ્ત્રીપાત્ર દોરતી વખતે બહુ સયમપૂર્વક તેના શરીરપ્રમાણો અને અંગપ્રત્યંગની છટા સાચવી રાકયો છે. રાણી હોય કે રાજકુમારી હોય, પરિચારિકા હોય કે નર્તકી હોય પણ કોઈ ઠેકાણે તે જરાપણ અશ્લમતા ધારણ કરતી નથી અને સમર્યાદ સુંદરી જ દેખાય છે વળી અં.તરરૂ પારાવરૂનિ થાય એવું એક પણ ચિત્ર અમાં અજંતામા નથી. કરેક સ્નેહયુગલમાં પણ આત્માની મીઠી હૂંફ અને એકતાનતા જ દેખાય. અજંતાના એ કાળમાં સ્ત્રીઓ ખૂબ સ્વાતંત્ર્ય અને સન્માન માણતી હશે તે સ્પષ્ટ દેખાય છે. નગરમાં, વાટિકામાં કે વનમાં તે સ્વેચ્છાએ વિહાર કરી શકતી. સમાજમાં કે રાજદરબારમાં સર્વ સ્થળે સર્વ કાળે તેની હાજરી રહેતી. રાજદરબારનું પ્રતિહારીપણું પણ ચિત્રોમાં સ્ત્રીઓ જ કરતી દેખાય છે

સ્ત્રીપુરુષ [સં.] ન ષ. વ. ઘણીબિબિયાણી; પતિપત્ની; દંપતી; વરવધૂ

સ્ત્રીપુરુષસંબંધ પું. સ્ત્રી અને પુરુષ વચ્ચે સસર્ગ, સંબંધ ઇત્યાદિ વ્યવહાર.

સ્ત્રીપુષ્પ ન. ગર્ભાશયનો અગ્રભાગ; પુષ્પવાળો ભાગ. તે યોનિમાર્ગમાં જ ખુલ્લો થાય છે. આ પુષ્પની અંદર સ્ત્રીનું રજ ઋતુકાળમાં ફેલાઈ રહે છે.

સ્ત્રીપુંસંયોગી ૧. વિ. સ્ત્રીકેસર અને પુકેસરનો જેમાં સયોગ થયો હોય તેવું.

૨. [સં. સ્ત્રી + પું (નર) + સંયોગિન્ (જોડનાર)] વિ. સ્ત્રીત્વનો અને પુરુષત્વનો સયોગ થયો હોય એવું; દ્વિલિંગી

સ્ત્રીપુસાકર્ષણ ન. સ્ત્રી અને પુરુષ વચ્ચેનુ આકર્ષણ; કામવિકાર.

ભૂખ, તરસ, નિદ્રા, સ્વાસુચાચ્છ્વાસ **સ્ત્રીપુસાકર્ષણ** જંતુતા . . એ હાજતો અને વાસનાઓ પ્રાણીમાત્રને સામાન્ય છે ઝ. ક. ઠકોર

સ્ત્રી પ્રસવા વિ. છોકરીઓ જણનારી. જેને બેટ રણસંગ્રામમા ચૂકે એવા પુત્રો ન જન્મે તે **સ્ત્રીપ્રસવા** (છોકરીઓ જણનાર)ના અનાદર નામથી ઓળખાતી. નાનરિક

સ્ત્રીપ્રસંગ પુ. સ્ત્રીસગ; કામભોગ.

પ્રકર્ષિત થયેલ પુરુષે જ **સ્ત્રીપ્રસગ** કરવો જોઇએ. કાનરહસ્ય

સ્ત્રીપ્રિય ૧. પુ. આ બો.

૨. વિ. સ્ત્રીને ગમતું હોય એવું; નારીને વહાલું; નારીને પસંદ પડતુ હોય એવુ

સ્ત્રીબજાર ન. જ્યાં સ્ત્રીઓનુ વેચાણ થતું હોય તે સ્થળ. પ્રાચીન ટાયર, સાઇપ્રસ, ડેલોસ, રોમ, એલેકઝાન્ડ્રિયા, બગદાદ, બસરા જેવાં શહેરોમાં આવાં ખુલ્લાં સ્ત્રીઓનાં બજાર સુપ્રસિદ્ધ હતાં. એટલી સ્ત્રીઓ જ નહિ પરંતુ યુવાન દેખાવડા છોકરા પણ અપકૃત્યો માટે એવા જ બજારોમાં વેચાતા. આ પરિસ્થિતિ ખ્રિસ્તી યુગમાં પણ ચાલી. મુસ્લિમ યુગમાં પણ ચાલી અને છેક ઓગણીસમી સદીના મધ્યભાગ સુધી તેનું અસ્તિત્વ રહ્યું હતું

સ્ત્રી બતક સ્ત્રી માદા બતક. નર બતકો કરતાં સ્ત્રી બતકની મરજી વધારે હોવાનું માર્દિયસે જણાવેલું છે

સ્ત્રી બહુમાન ન સ્ત્રીઓ પ્રત્યેનું આદરમાન; સ્ત્રીદાક્ષિણ્ય; સ્ત્રીમ-માન; સ્ત્રી જાતિ પ્રત્યે માનની દૃષ્ટિ રાખવી તે; નારીપૂજા; સ્ત્રીના સંમાન. જુઓ સ્ત્રીદાક્ષિણ્ય

સ્ત્રીબીજ [સં સ્ત્રી + બીજ (બી)] ન સ્ત્રીનું બીજ, સ્ત્રીનુ વીર્ય; માતૃબીજ; અંડ; ઈંડાં; રજ. જેમ પુરુષોમાં બે વૃષણો વીર્યનાં જંતુઓ પેદા કરે છે, તેમ સ્ત્રીઓમાં બને બીજાશયો સ્ત્રીબીજો પેદા કરે છે બીજાશયમાં તૈયાર થયેલાં સ્ત્રીબીજો બીજવાહિનીઓ દ્વારા ગર્ભાશયમાં આવી પહોંચે છે. વયમાં આવેલી એક સ્ત્રીનુ બીજાશય સર્જનને સૂક્ષ્મદર્શક યંત્ર વડે તેને જોઈએ તો તેમાં આશરે ૭૦,૦૦૦ સ્ત્રીબીજ નજરે પડે છે. જેમ કીપમાં મોની રહેલાં હોય છે અથવા ડુંડામાં બાજરીના દાણા રહેલા હોય છે તેમ બીજાશયની અંદર અપકવ સ્ત્રીબીજો પોચોપોચા ભરેલાં હોય છે. દર માસે અથવા અઠવાડીએ કિસ્સે સ્ત્રીબીજો માંહેનાં આશરે ૨૦ થી ૪૦ પરિપકવ થાય છે અને બીજાશયમાથી છૂટા પડે છે. બીજાશયમાંથી છૂટા પડ્યા બાદ તેઓ બીજવાહિની નામની નળીઓ દ્વારા ગર્ભાશય તરફ આવવા નીકળે છે યૌવનના આરંભમાં આ બીજકોષમાથી પરિપકવ સ્ત્રીબીજ છૂટું પડે છે સ્ત્રીબીજ વીર્યબીજ જેટલાં અસખ્ય ઉત્પન્ન થઈ શકતાં નથી. સાધારણ નિયમ તો એવો છે કે, દર મહિને એક જ વખત ફકત એક જ સ્ત્રીબીજ છૂટું પડે છે સ્ત્રીબીજ જેટલું નાનું હોય છે કે, ૧ ઇંચ જેટલી જગોમાં એક પછી એક એમ સ્ત્રીબીજ ગોઠવવામાં આવે તો ૨૪૦ ગોઠવી શકાય. વીર્યબીજની માફક સ્ત્રીબીજ બીજકોષમાથી છૂટાં પડ્યા પછી વીર્યબીજની શોધમાં દોડાદોડ કરી મૂકતાં નથી, પણ એક ઠેકાણે પડી રહે છે. સ્ત્રીબીજને યોગ્ય સ્થાને પહોંચાડવાનું કામ તો ફલવાહિની નળીઓ જ કરે છે

સ્ત્રીબીજાંકુર [સં] પું સ્ત્રીકેસરનો એક ભાગ.

સ્ત્રીબુદ્ધિ ૧. [સ સ્ત્રી + બુદ્ધિ (અક્ષ)] સ્ત્રી બૈરીની અક્કલ; સ્ત્રીની બુદ્ધિ

સ્ત્રીબુદ્ધિ પાનીએ = બૈરીની બુદ્ધિ ઓછી હોવી

૨ સ્ત્રી સ્ત્રીનો ઉપદેશ; બૈરીની સલાહ.

સ્ત્રીભક્ત વિ. સ્ત્રીપૂજક; સ્ત્રીસ-માની

સ્ત્રીભાવ પું. પત્નીત્વની ભાવના કે લાગણી. માધીજી કહે છે કે: સ્ત્રીજાતિમાં મોટું કાર્ય તો સ્ત્રી જ કરશે પુરુષની શક્તિને હદ છે તેનાથી સ્ત્રીના ઊંડામાં ઊંડા ભાવો ન જ વરતી શકાય.

મોટું કાર્ય સ્ત્રીજાતિમાં સ્ત્રી પોતે જ કરી શકે,
શક્તિ પુરુષની ના ત્યા **સ્ત્રીભાવ** વરતાય ના

માધીગીતા

સ્ત્રીભુવન ન. (જ્યોતિષ) જન્મકુંડળી માહેનાં બારે માહેનુ સાતમુ ભુવન. આ ભુવનમાં વિવાહ, સ્ત્રી, વિષય, જવું આવવું, મુસાફરી, દંત તથા જોવાયેલી વસ્તુ વિષે જોવામાં આવે છે.

સ્ત્રીભૂમિકા સ્ત્રી. સ્ત્રીએ ભજવવાનો પાઠ. નટી-સ્ત્રીઓ જ **સ્ત્રીભૂમિકા** ભજવે છે

પુરાતત્વ

સ્ત્રીભોગ [સં.] પુ. સ્ત્રી સંભોગ; સ્ત્રીની સાથે વિષય ભોગવવો તે

સ્ત્રીમતાધિકાર પું. સ્ત્રીઓને મત આપવાનો અધિકાર

અસહ્યલ, અર્થશ્ત્રોલ. **સ્ત્રીમતાધિકાર** અને અનામાના સજાની ચર્ચા ચાલી હોય ત્યારે સ્ત્રીઓને બક્ષવાની તરફેણે એમ કહેનાર પચાસ વરસની ઉંમર થઈ આવ્યો એમ લાગે. કૌમુદી

સ્ત્રીવારાજ્ય પું જ્યાં સ્ત્રીઓનુ રાજ્ય ચાલતું હોય એવું રાજ્ય તેનો ઉલ્લેખ વાત્સાયને કર્યો છે. એ પ્રદેશ મુકરર કરવો મુશ્કેલ છે તિબેટને લાગીને આવેલો હિમાલયનો પ્રદેશ કદાચ સ્ત્રીવારાજ્ય હોઈ શકે. આસામ અને બ્રહ્મદેશને પણ સ્ત્રીવારાજ્યમા ગણવાની પ્રથા છે ખરી. એ પણ હિમાલયની બીજોમાંથી રચાયેલા પ્રદેશો અંશતઃ કહેવાય

સ્ત્રીરત્ન [સ.] ન સ્ત્રીઓમાં રત્ન જેવી સ્ત્રી, ઉત્તમોત્તમ સ્ત્રી; રત્ન સમાન સ્ત્રી.

સ્ત્રીરાજ્ય [સ.] ન. નારીજાતિની સત્તા જેમાં ચાલતી હોય એવું રાજ્ય; ગિનારાજ.

સ્ત્રીરાજ્યદેશ પું. (પુરા.) એ નામે ભારતવર્ષમાં એક દેશ. પાંડવોના સમયમાં આ દેશમાં પ્રમીલા નામે રાણીનું રાજ્ય હતું. પ્રમીલાએ પાંડવોના અશ્વને બાંધ્યો હતો.

સ્ત્રીરાશિ સ્ત્રી. જ્યોતિષની બાર રાશિઓ માંહેની વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર અને મીન તે પ્રત્યેક રાશિ

સ્ત્રીરેખા સ્ત્રી. (જ્યોતિષ) પગેરીનું સુખ જણાવનારી હસ્તરેખા.

સ્ત્રીરોગ પું મોનિરોગ.

સ્ત્રીરોગ, બાલરોગ બન્નેને વિષયો હમણાં જણાવેલા પ્રયાગરાજ પ્રયો ચુકવાનીમાં અને છે.
શ્રુ. રા. પરિષદ

સ્ત્રીલક્ષણ [સં.] ન સ્ત્રી સમજી સામુદ્રિકશાસ્ત્રોમાં હોરાશાસ્ત્રમાં જુદા જુદા દેશની સ્ત્રીઓના લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

અબીરદેશ :

હાસ્ય કેલિ અમિ ધ્વનતી નખ દંતન ક્રમનીય,
સુખદ સુહાવિની સુખદા દેશ અબીર કી તિય

કમ્બુ દેશ

કર્મ હોમલ દક્ષ દુર આચરણ સો રહે માનિની,
હીન અતિ હી ક્રિયા સોં કરનાટકી યે કામિની

કોસ્રદેશ્કી :

પંચશર કર ભાર રતમતમેં પગી નિસિ દિન રહે
મતિ સુધી કલાપરવીન કોસલ ચામ સો પંડિત કહે.

ગૌડી :

કુલ ગંગ હોમલ જાણુ, ગેણા સોં ગરપૂર,
વિષય ચાવરી નીચ સોં, ગૌડ દેશકી નૂર

ગ્રાવારી :

મનહરની રતમતપગી, તરલ તરંગી નામ,
ચલત ચપન સોંપી ચલી, ગગ.લેકો ચામ.

મધ્યદેશ :

મીઠ બોલી રુચિ કર્મ અતિ, દક્ષ કલા પરબીન,
ભોજન કરત સુમનહિ અતિ, મધ્યદેશ તિય ચીન

મ.લવા .

સ્વરૂપ સુરત અતિ ચતુર ભરી દક્ષકલા સુકમાર,
પીર સુલભ કર ધ.તની, માલવ.કી વહ નાર

ઉત્કલ :

નિર્ભાજન વિપરીત રત, કામ કેલિ પ્રિય ચાર,
મદન અંધ અનુરાગિણી, ઉત્કલ દેશ સુનાર

લાટ :

કોમલ તન રમણી સુલભ, લોલુપ મત ભ્રામાર,
કેલિ નૃત્ય ચિતચાહની લાટ દેશકી નાર

ગ્રામર :

પ્રિય સુખદા સુશ્રિયદા, કામ કલા સુધી ધામ,
હારવ સુખદ દ્રમમુખ ભલી, કામરૂપકી ચામ.

ગુજરાત .

નયનન સુખદા અંગ રુચિ, રૂપ રંગ ક્રમનીય,
દક્ષ કલા રતિ કેલિ કલ, ગર્જનકી ભટ તિય

તૈલગ :

લાજ ભરી અતિ ધી ખરી, કેલિ ભેદમેં ચૂર,
ચિત્ત ચુરાવન હાર વર, તૈલગી ભરપૂર

દ્રાવિડ :

સાહસ હોમલ ચિત દયા, લઘુ ક્રમિન ચિત્તધાર,
પરમ સયાની ચાતુરી, દ્રવિડ દેશકી નાર.

સિંધુદેશ

સહન કષ્ટ કર કાંય અતિ, ધૈર્ય તમ કરધાર,
દુષ્ટ સુભાવન સેનભરી, સિંધુ દેશકી નાર

સ્ત્રીલંપટ વિ વિષયી, કામી, વ્યભિચારી, વિષયમાં લીન થયેલું

સ્ત્રીલિંગ ૧ ન ઓળખ, જો જોવી ઓળખાય છે તે.

૨. [સ.] ન વ્યાકરણ પ્રસિદ્ધ; નારીજાતિ. શબ્દ લિંગ નીચ પ્રમાણે છે. જેમકે, પુલિંગ, સ્ત્રીલિંગ, અને નપુંસકલિંગ. જિનનું બીજું નામ વેદ પણ છે

સ્ત્રીલિની ૧ સિ. નારીજાતિનું.

૨. વિ પુત્રી ઉત્પન્ન કરનાર તો સ્ત્રીલિંગી જેનો ઉપયોગ કર્યું છે

સ્ત્રીલિંગી ઉપનામો કિંવા સ્ત્રીવાચક પ્રત્યય કે જેવાકે પણ આજ વપરાવાનું નથી. પ્રસ્થાન

સ્ત્રીવત્સલ [સં.] વિ સ્ત્રીને ચાહનાર; સ્ત્રૈણી એ જ સ્ત્રીવત્સલા પણ અહપબળ રાજિદીન હૃદયની મહેનત. શ્રુ. રા. પરિષદ

સ્ત્રીવધ પું સ્ત્રીહત્યા

સ્ત્રીવધનો અધિકાર છે રાજાને !
ન.ના.ત.

સ્ત્રીવર્ગ પું. સ્ત્રીસમાજ.

અમને સ્ત્રીવર્ગને ઉપેક્ષણ ન આપવાની સાથે અત્યારે દેશના કુટુંબના સ્ત્રીવર્ગમાં સંસ્કૃત કેળવણીનો પ્રચાર કરવાનું આપણું કર્તવ્ય છે
શ્રુ. રા. પરિષદ

સ્ત્રીવશ વિ. સ્ત્રીને તાબે રહેનાર; નારીને વશવર્તી રહેનાર; જોરીના તાબામાં રહેનાર; બાયલું

અવા પ્રસંગ આવે ત્યારે ધીર એને નિન્દે છે અને સ્ત્રીવશ અથવા બાયલો અને પામી જણે છે.
ગોવર્ધનરામ

સ્ત્રીવંશ ૧ પું સ્ત્રીમાંથી ઉત્પન્ન થયેલો વારસ.

૨. પું. સ્ત્રીમાંથી ચાલતો આવેલો વેલો

સ્ત્રીવાદી વિ સ્ત્રીઓના પક્ષ તાણનાર; નારીવાદી

સ્ત્રીવાદીઓ લગ્ન વિચ્છેદ થકાર કરી રહ્યા છે.
આમરસ્વામી પાકરજી

સ્ત્રીવિક્રય પું સ્ત્રીઓનું વેચાણ કરવું તે, સ્ત્રીઓને ખાનદેર બજારમાં વેચવી તે.

પ્રાચીન કાળમાં તો સ્ત્રીવિક્રયના જુદા જુદા પ્રકારો હતા. એ પ્રકાર, ભરવાના સ્થાન કે તો દેવમંદિરમાં હોમ કે એ કાર્ય માટે જ ઊભા કરાતા મકાનોમાં હોય એ પ્રકારોમાં નામ કે અમુક સ્ત્રીઓને લઈ તેમના માલિકો ઊભા રહેતા.
અપ્રસ્થા

સ્ત્રીવેદ ૧ પું (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ તેના ઉદયથી સ્ત્રીને પુરુષની ઇચ્છા થાય છે

જૈનજ્ઞાનની વિકૃતિ પ્રકટાવનાર સ્ત્રીવેદ.
તત્ત્વ.ર્થસૂત્ર

૨ પું સ્ત્રીજાતિને વીર્ય પ્રકૃતિ અને શરીરનું બંધારણ તે

૩ પું (વ્યાકરણ) સ્ત્રીલિંગ.

સ્ત્રીવ્યાપાર પું ગુલામ સ્ત્રીઓને વેચવાનો એક જાતનો ધંધો; ગારાંગ સ્ત્રીઓનો વેચાણ વ્યાપાર; ' વ્હાઇટ સ્લેવ્ઝ ટ્રાફિક '. આ શબ્દસમૂહની પ્રથમ ઉત્પત્તિ સને ૧૫૬૪માં થઈ હતી એમ મનાય છે. ફ્રાન્સના પોલીસવડાએ પોતાના નિવેદનમાં આ શબ્દ વાપર્યો હતો અને એ શબ્દ ફ્રાંસી હબસણોના વ્યાપારના સાપેક્ષપણામાં વપરાયો હતો. ફ્રાંસ, માનવાઓને તો આફ્રિકા.માંથી કાંઈકી તમને પરપ, અમેરિકા લાર્ક ૧૮૦ વરસ.માં આવતા હતા. જેમ, પુરુષો પણ ખરા અને સ્ત્રીઓ પણ ખરી પરંતુ સાથે સાથે ગોરાંગ સ્ત્રીઓ પણ છાનીમાનીથી વેચાતી હતી એ હકીકતનું તે શબ્દાવલિમાં સ્થાન હતું.

સ્ત્રીશક્તિ સ્ત્રી મુખ્ય સાત મા.જીની એક દેવી. સાત શક્તિ અ. પ્રમાણે છે: અ.ષ્ટાશક્તિ કે મહાકાલી, સિદ્ધકાલી, મહામારી, ભુવનેશ્વરી, ભદ્રકાળી, રમા અને સાવિત્રી

સ્ત્રીશિક્ષક સ્ત્રી. શિક્ષિકા.

સ્ત્રીશિક્ષણ ન. સ્ત્રીકેળવણી.

સ્ત્રીશિક્ષા વિ. [સ્ત્રી સ્ત્રીઓની કેળવણી. પહેલા સમયની આકૃતિ મધ્યકાલમ. પણ સ્ત્રીઓ ભણતી હતી જાણવું જરૂરનું છે કે, રાજપુત્રીને ઔદ્ધ સિદ્ધાંતો ભણાવવા માટે દિવાકરમિત્ર નિયુક્ત કરવામાં આવ્યા હતા પણ સ્ત્રીઓનો ખાસ ભિક્ષુ થતી. રાજરાજાપર્વની સાથે શાસ્ત્રાર્થ કરવાવાળી મંડનમિશ્રની વિદુષી સ્ત્રીનો દાખલો પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ કવિ રાજશેખરની પત્નિ અવંતિસુંદરી વિદુષી હતી સ્ત્રીશિક્ષ.ન. સબંધમાં રાજશેખર લખ્યું છે કે, પુરુષોની માફક સ્ત્રીઓ પણ કવિ હોય સંસ્કાર આત્માના પટે છે વધી ત્યા સ્ત્રી પુરુષોનો ભેદ નથી. રાજાઓ અને મંત્રીઓની પુત્રીઓ, વેશ્યાઓ, શાસ્ત્રોમ. નિષ્ણાત

કર્યાપત્નો હોય છે મધ્યકાલમાં બનતી સ્ત્રીઓ સરકાર કરિતાઓ રચતી, જેમ કે [illegible] માલવ, મોરિક, ચિત્તિકર, કોલ, સબર, પદ્મશ્રી, મદાલસા અને [illegible] વિષે [illegible] ગણિતનું શિક્ષણ આપવાના કિસ્સાઓ પણ છે ભરકરાચાર્ય બારમી સદીમાં પોતાની પુત્રી લીલાવતીને ગણિત સમજાવતા 'લીલાવતી ગ્રંથ' [illegible] ચરિત્રકાર આવી સારી શિક્ષા અપતી હર્ષની રત્ન, રાજા રાણી વગેરે સ્ત્રીઓ ઈજીનિયરિંગ [illegible] ગીત, નૃત્ય અને ચિત્રકામ [illegible]

સ્ત્રીશૂદ્ર ન. કામળજળ, બોનિદ્રિયા નામની મધ્યમાથી ઝરતો આછો પ્રવાહી સ્રાવ

સ્ત્રીસમાગમ પું. સ્ત્રીસંભોગ. તેને માટે જુદા જુદા કાળા પુરુષો જુદા જુદા સમયમાં નક્કી કરી છે ઋષિઓના સમયમાં ઋતુ [illegible] દિવસની છૂટ [illegible] ઋતુ [illegible] માં એક જ રાત્રિની છૂટ આપે છે [illegible] બે વર્ષમાં ફક્ત એક જ રાત્રિની છૂટ આપેલી માર્ટિન લ્યૂથરે આજથી ૪૦૦ વર્ષ પહેલાં ફક્ત એ રાત્રિની જ છૂટ આપેલી આવા રીતે દુનિયાના બધા ડાહ્યા પુરુષે નિયમો બાંધવા પ્રયાસ કર્યો છે મહમદે ૮ દિવસ, ઝરથોસ્તે ૯ દિવસ, સોક્રેતે ૧૦ દિવસ, સોક્રેતિસે ૧૦ દિવસનો આંતરો રાખેલ છે. આ બધા કરતા આપણાં શાસ્ત્રો વધારે ઉદાર હોય એમ જણાય છે. ચરક સંહિતામા હેમંત અને શિશિર ઋતુમાં બધેચ્ય અને ગ્રીષ્મ અને વર્ષાઋતુમાં સમાગમથી તદ્દન અલગ રહેવાનું સૂચન છે સુશ્રુતે દરેક ઋતુમાં ત્રણ ત્રણ દિવસને આંતરે અને ગ્રીષ્મ ઋતુમાં પખવાડિયે પખવાડિયે જણાવેલ છે

સ્ત્રીસમાજ [સં. સ્ત્રી + સમાજ (મંડળી)] પું. મહિલા સમાજ; સ્ત્રીઓનુ મંડળ.

આ હિંદના પુરુષ જ્યા લગી ના,
રક્ષી રાકે ભારત સ્ત્રીસમાજ;
પ્રભુ ! તું ત્યા સુધી ગુલામ રાખ..
ઉ હીન પુરુષ ગુલામીપાત્ર.

ગાંધીગીતા

સ્ત્રીસંગ [સ સ્ત્રી + સમ (સંયોગ)] સ્ત્રી સ્ત્રીનો સયોગ; નારી સાથે સમ રહેનુ તે; બૈરીનો સંગ કરવો તે; સ્ત્રી સાથે સંભોગ કરવો તે.

સ્ત્રીસંગવાદ પું સ્ત્રીસંગને લગતો સિદ્ધાંત. વિર્યાત કરતી સ્ત્રીઓ સાથે સંબંધ કરવામાં કશો દોષ નથી એવી કેટલાક વાત્સ્યાયનની લોકોની માન્યતાને સ્ત્રીસંગવાદ કહે છે

સ્ત્રીસંગ્રહણ [સ ન સ્ત્રીનુ અપહરણ, સ્ત્રીને ભગાડી જવા. પરસ્ત્રીહરણ

સ્ત્રીસંભોગ સ સ્ત્રી + સંભોગ (જુઓ સંભોગ) પુ સ્ત્રીનામ; સ્ત્રી સાથે વિષયભોગ કરવો તે તેને માટે ઋગ્વેદકાલે કહે છે કે: ઉદ્વાહસંસ્કાર જે વખતે સ્ત્રીભોગેચ્છા બહુ પ્રબળ હોય છે સારે સ્વાસ્થ્ય અને અથવા વધુ પ્રમાણ હોય છે સારે [illegible] અને [illegible] વર્ષ [illegible] સમય વધારે [illegible] [illegible] ઋતુસ્નાનના [illegible] પછીના [illegible] દિવસોમા સ્ત્રીસંભોગ કરવા

સ્ત્રીસ્થા ૧ [illegible] સ્ત્રી [illegible], સ્ત્રી [illegible], [illegible]
૨ સ્ત્રી [illegible]

સ્ત્રીસ્થાપિકા સ્ત્રી [illegible] [illegible]

[illegible] ૧૪૦૦ થી ૧૫૦૦ [illegible], [illegible], [illegible] [illegible] સ્ત્રીસ્થાપિકાના [illegible]

પ્રસ્તાવના

સ્ત્રીસ્વભાવ પુ [illegible] [illegible]

સ્ત્રીસ્વાતંત્ર્ય ન. સ્ત્રીઓની સ્વતંત્રતા

આજે તો સ્ત્રીસ્વાતંત્ર્યનો જમાનો છે

દીનબંધુ

સ્ત્રીહઠ ૧. સ્ત્રી બાબે જબરી હઠ

૨. સ્ત્રી સ્ત્રીનો તંત, સ્ત્રીએ કરેલી હઠ.

રાજહઠ, સ્ત્રીહઠ અને બાલહઠ એ ત્રણ મોટી હઠ ગણાય છે. કેળવણીગ્રંથાવલી

સ્ત્રીહત્યા [સં.] સ્ત્રી. સ્ત્રીને મારી નાખવી તે: સ્ત્રીને મારવાનું પાપ; સ્ત્રીની હત્યા

સતિ નિંદા કેમ કરીએ આજ,
મામો સ્ત્રીહત્યાનું પાપ. સામળ

સ્ત્રુવા સ્ત્રી. એ નામની એક વનૌષધિ; મોરવેલ. જટા, દેવી, મધુરસા, મારટા, તેજની, સ્ત્રુવા, મધુપિકા, મોરવેલી, મધુપર્ણી, પીલુપર્ણી એ દશ સ્ત્રીલિંગ નામ મોરવેલનાં છે. અમરકોષ

સ્ત્રૈણ ૧. [સં] પું સ્ત્રીને વશ હોય તેવો પુરુષ

૨. પું સ્ત્રીનો પુત્ર.

૩. ન. બાયલાપણું, કાયરતા; ભીરુતા; નામર્દાઈ

૪. ન. સ્ત્રીઓનો સમૂહ

૫. ન. સ્ત્રીનો સ્વભાવ.

પુરુષોમા લાજ વાળ રાખવા એ સ્ત્રૈણ ગણાય.
દુર્ગાશંકર શાસ્ત્રી

૬. ન. સ્ત્રીપણું; સ્ત્રીત્વ.

૭. વિ. વશ થયેલ.

૮. વિ. સ્ત્રી જેવું નરમ; બાયલું; જનાની; સ્ત્રીકૃત્ય જે વેવલું; નામર્દ.

સ્ત્રૈણ પુરુષોનો સંગ, સ્ત્રીસંગ જેટે વર્જનો સદા.
શિક્ષાપત્રી

૯. વિ. સ્ત્રીનું; સ્ત્રી જાતિને લગતું.

સ્ત્રૈણતા સ્ત્રી બાયલાપણું, નામર્દાઈ, હીજડારાપણું.

સ્ત્રૈણપણું જુઓ સ્ત્રૈણતા.

સ્ત્રૈણભાવ [સ] પું. સ્ત્રીપણું

સ્ત્રૈણભાવની વિકૃતિ પ્રકટાવનાર સ્ત્રીવેદ
તત્ત્વાર્થ

સ્ત્રૈણવૃત્તિ સ્ત્રી. સ્ત્રૈણપણું; સ્ત્રૈણભાવ.

પ્રત્યેમા તમે સ્ત્રીઓની સ્ત્રૈણવૃત્તિ જુઓ છો
અતિસુખસાગર કમળાશંકર

સ્ત્રોઢ (સ્રોઢ) પું નારુ; બાયડ.

પાકા પાકા તો બાઈ ગોળો છે,
કાચાનો બાવો સ્ત્રોઢ થા'ય.
વઢિયાળી રાત

સ્થ ૧. [સં.] પું. સ્થળ; સ્થાન.

૨ પું સ્થાપત્ય જાણનાર વ્યક્તિ; સિલ્પી.

૩. વિ. સોબનાર.

૪. વિ સ્થિતિવાળું

૫. વિ. રહેનાર; રહેલું. આ અર્થમાં શબ્દને અંતે આવી સમાસ બનાવે છે. જેમકે, માર્ગસ્થ.

સ્થગન [સં.] ન. આચ્છાદન કરવું તે; ઢાંકવું તે.

સ્થગિકા સ્ત્રી. બેસ્મા.

સ્થગિત ૧. [સં.] વિ. આચ્છાદિત કરેલ; ઢાંકેલું

૨ વિ. બધી ગયેલું; રોકાયેલું.

૩. વિ. મુલતવી; બાકી; બાકી.

સ્થગિત કરવું = મુલતવી રાખવું

૪. વિ. રોકી દીધેલ; બંધાયેલ કે વપરાય નહિ તેમ કરાયેલું કે કરેલું.

સ્થગિત કરણ [સં.] ન. મુલતવી રાખવું તે; તહકુબી.

સ્થપતિ ૧. [સં.] પું. અધીશ; સ્વામી; શેઠ.

૨. પું. કારીગર; 'એન્જિનિયર'.

જે સૂત્રધારી હોય તે વખત જતાં સ્થપતિ બની શકે. શિલ્પશાસ્ત્ર

૩. પું કારીગર

૪. પું. કુબેર

૫. પું ઋગ્વેદાદિ સ્થિતિના બાલક ઋષિ; વેદમાં વપરાયેલું ઋષિનુ એક નામ.

૬. પું. (પુરાણ) જન્મેજય સૂત સોદિતાશ્વ નામનો સ્થલમાપન વગેરે શાસ્ત્ર જાણનાર માણસ

૭. પું. જનાનખાનાનો નાજર; કંચુકી; અંતઃપુરનો રક્ષક

૮. [સં સ્થા (ઊભું રહેવું)] પું. જે પુરુષની ચિત્તાકર્ષકતાની ક્રિયા બધા સમય સુધી ઊભી રહે છે તે.

૯ પુ. નકશા બનાવનાર શિલ્પી.
મકાન વગેરેના કાગળમાં નકશા બનાવનાર સ્થપતિ કહેવાય છે. ઉમાકાંત છગનભટ્ટ

૧૦. પુ નેતા, મુખી.

૧૧ પુ બૃહસ્પતિસવ નામનો યાગ કરનાર પુરુષ

૧૨. પું. રાજા.

૧૩. પું. સુથાર; મિસ્ત્રી.

૧૪. પું. સાધુ

૧૫. પું. શિલ્પી, સ્થાપત્ય બનાવનાર માણસ.
કરણ સંહિતામાં શિલ્પજ્ઞ, અગ્નિ સંહિતામાં સૂત્રધાર, મયસંહિતામાં સ્થપતિ અને અંગ્રેજીમાં ઇજિનિયર કહે છે. શિલ્પરત્ન

૧૬. વિ અત્યંત ઉત્તમ; બાપુ જ શ્રેષ્ઠ.

સ્થપતિકાર વિ બાંધકામ કરનાર

સ્થપાવું અ ક્રિ. સ્થિર થવું.

સ્થપુટ ૧. [સ] પુ. વિષમ સ્થાનમાં વિચરનાર જીવ
૨. જી વાંકી ઊંચી જગ્યા.

સ્થલ ૧ પુ (પુરાણ) સૂર્યવંશમાં પ્રસેનજિત કુળના, કુશાન્વયના અક્ષ રાજાનો પુત્ર. એનો પુત્ર તે વજ્ર અથવા વજ્રનાભ.
૨. ન. જગા; સ્થાન; ઠેકાણું; સ્થળ.
૩. ન. જમીન; ભૂમિ; ભૂ
૪ ન જળ વિનાનો સ્વાભાવિક પૃથ્વીનો ભાગ; જલશૂન્ય કૃત્રિમ ભૂભાગ.
૫. ન. દેશ; પ્રદેશ.
૬. ન. મુકામ.

સ્થલકમલ [સં.] ન. જમીન ઉપર થનારું કમળ; સ્થલપદ્મ. તેનો છોડ પેશાબની બળતરાને શાંત કરે છે. પ્રમેહ તથા ભીલ રોગમાં વપરાય છે. તે દાહ શાંત કરે છે. તે મૂત્રલ, શીતલ ને કફઘ્ન છે. મૂત્રમાં કલાય અને ગાટણ રૂપે તે વપરાય છે અને મૂત્રાઘાતના દુખાવામાં તેલમાં વાટી ચોપડાય છે. બચ્ચાંનાં આંતરડાંના રોગમાં સતાલ લોકો તે વાપરે છે. ઢાંચીપગા ને ઓણિરાવેદના માટે પણ તે વપરાય છે. આ છોડ શોભા માટે બગીચામાં વવાય છે
અમ્બષ્ઠ, અતિચરા, બલા, વારી, પદ્મવાસિની એ બધાં ઔત્રિક નામ સ્થલકમલના છે. અમરકોષ

સ્થલકમલિની જી જમીન ઉપર થતો કમળના છોડને મળતો એક છોડ. તેના વેલા થાય છે.
આપો પાની અજિર મુઝારિ,
સ્થલકમલિની પત્ર અપાર. તુલસી

સ્થલકુમુદ [સં] પું. કરમીર વૃક્ષ; કરેણનું ઝાડ.

સ્થલચર [સં.] વિ પૃથ્વી ઉપર ફરનાર કે રહેનાર. ભૂચર

સ્થલચરોની ચોરાશી હજાર વર્ષે પ્રમાણુ જણાવ્યું છે. નંદશંકર

સ્થલજ [સં.] વિ. પૃથ્વી ઉપર જન્મનાર
જલજ અને સ્થલજ પશુપક્ષી... ...ખોમા નરજ માનવે પોતાની અનેક કુશળતા... ... કરે છે. અભિનવ કાવ્યવિવેચન

સ્થલદેવતા જી. અમુક સ્થળની પાલક દેવી

સ્થલપદ્મ ૧. ન. મુકામ.
૨. ન. ખિલાડીનો ટોપ.
૩. [સ.] ન. સ્થલ ઉપર થયેલ કમળ
જેમ મોટા રસ્તાને પડેલા ઉકરડા ઉપર જન્મ્યા શુભ્રસૌંદર્યાર્થે. અનોરમ સ્થલપદ્મ ઉત્પન્ન થાય તેમ ઉકરડા જેવા આપણા પૂર્વજોના સંસ્કાર સમૂહ અલક પ્રકાશને સૌંપી ઉપર ઝળહળી ઊઠે છે. પ્રસ્થપદ

સ્થલમંજરી જી. અધાડો નામની વનસ્પતિ

સ્થલમાર્ગ પું જમીન ઉપરનો રસ્તો; ખુશ્કી માર્ગ

સ્થલવાચક વિ. સ્થળનો બોધ કરનાર.

સ્થલવિદ્યા [સં.] જી. વિદ્યાના સ્થળો વિશેની વિગતવાર માહિતીનો અભ્યાસ; 'ટોપોગ્રાફી'.

સ્થલશૃંગાર [સં.] પું. ગોખરુ.

સ્થલસંકોચ પુ જગ્યાની તંગી

સ્થલાભાવ [સં] પું. જગ્યાનો અભાવ કે સંકોચ; સ્થળનો અભાવ
સ્થલાભાવને લીધે અહીં રાખ્યું નથી.
ગોવર્ધનરામ

સ્થલારવિંદ ન જમીન ઉપર ઊગતું કમળ.

સ્થલાંતર ૧. [સં] ન. જગ્યાની અદલાબદલી; રહેઠાણ ફેરવવું કે બદલવું તે; જગ્યાની ફેરવણી; સ્થાનફેર; કામબદલો.
૨ ન. બીજું ઠેકાણું, અન્યસ્થળ
૩. ન. હેતુપુરઃસર એક પ્રદેશથી બીજા પ્રદેશમાં મોસમ પૂરતા આવી પાછા પોતાને સ્થાને જવું તે.

સ્થલાંતરી વિ. એક સ્થળેથી બીજું સ્થળ બદલે તેનું; એક જગ્યાએથી બીજી જગ્યાએ જનાર. કુંજપક્ષીઓ સ્થલાંતરી પક્ષીઓ છે, એટલે એક દેશમાંથી બીજા દેશમાં દર મોસમે મુકામ કરે છે. તેઓની આસપાસ શિકારી પક્ષીઓનો ભય ફરતો જ રહે છે, એટલે પહેલેથી જ આ કુંજમેળો એનો સામનો કરવો પડે એવી તૈયારી રાખી આકાશમાર્ગે કાપતો રહે છે. એમાં અમુક અંતરો પછી નાયકો બદલતા રહે છે અને એ પસંદગીમાં લગભગ એકે એક કુંજનો વારો આવી જાય છે. એમ બહુ જ વ્યવસ્થિત રીતે કુંજડીઓ એમની મઝર ખેડતી હોય છે એક ફોજ જે રીતે શિસ્ત જાળવીને જમીન ઉપર કવાયત કરી, રણભૂમિ ઉપર આગેકદમ કરે એ જ રીતે આ કુંજડીઓ એમનો પ્રવાસ આકાશમાં રચે છે.

સ્થલાંતરી પંખી ન બ વ. જે પક્ષીઓ હેતુપુરઃસર એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં મોસમ પૂરતા જઈ પોતાને સ્થાને આવે તેવાં પક્ષી. ઋતુ ઋતુઓની અસરો, ખોરાકની નવી જોખી જગ્યો અને જરૂરો, અંતરનું માપ, ગમનનું ભાન, આ સર્વે સમજ સ્થલાંતરી પંખીઓમાં સહજ રીતે બીજા પક્ષીઓ કરતાં મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. દેશ, હવા, ખોરાકને અનુકૂલ થઈ જવાની આસિયત પણ આ પક્ષીઓએ વિશેષ પ્રમાણમાં ખીલવી આપેલ છે. વતન પાછા ફર્યા પછી જનન પરિશ્રમ માટે જરૂરી તાકાત આપવા વિવિધ પ્રદેશોમાંથી મળેલ તાજા અને બલદાયી ખોરાક તેઓને બહુ ઉપયોગી નીવડે છે સ્થલાંતરના કાળમાં ઘણી ઘણી તાજુબી બને છે. સામાન્ય રીતે જે પંખીઓ પરસ્પર વિરોધી-જૂની શત્રુઓ હોય છે, તે પરિભ્રમણ સમયે સાથે માત્ર ઊડે છે એટલું જ નહિ, પરંતુ પ્રસંગે પરસ્પર સહાય કરવાનું પણ ચૂકતા નથી. પણ જેવાં એ લાંબી મજલને અંતે નાથ પ્રદેશ પર ઊતરે છે તેવા તરતજ પોતાના અડ્ડાઓ (બેસવાની જગ્યા) સાબૂત કરવા માટે ફરી મળી પ્રકૃતિ પર જાણે વિગ્રહ શરૂ કરે છે અને મજબૂત જનાવરો માટે સર્વે શ્રેષ્ઠ જગ્યો દઈ રહે છે અને એ રીતે જગ્યાઓની સર્વમાં વહેંચણી થઈ જાય છે. પણ્ણભક્ષ પંખીઓ સ્થલાંતર રાત્રિમાં જ કરે અને ચાંદની રાતો તેઓ બાસ પસંદ કરે છે. કારણ આ સમયે જ તેઓ લાંબો માર્ગ કાપી શકે છે. દિવસથી વિશ્રાંતિ બની ચિત્રવિચિત્ર આકૃતિ ધરી જલદો જ્યારે ગંદનાં કપરક્રિમને સતાવે છે, ત્યારે સમુદ્રમાં કોઈ અટૂલા, ખડક પર બેઠી રહેલી દીવાદાંડી પ્રકાશનું સામ્રાજ્ય પોતાને મળ્યું હોય તેમ સમર્થ આસપાસ તેજ ફેંકે છે મોજાંઓ એ કિનારાને ગોદમાં લઈ લઈ નાસી જવા માગે છે પરંતુ એની કૃત્રિમતાનું ભાન થતા નિઃશ્વાસ સાથે પાછા ફરી જે છે પંખીઓના સ્થલાંતરના જીવનમાં આ દીવાદાંડી અગત્યનો ભાગ ભજવે છે. એ દીવાદાંડી પરથી અનેક પક્ષી વિજ્ઞ વ્હોરીએ એ પ્રજાનો ઊંડો અભ્યાસ કર્યો છે અને જોકે દીવાદાંડી જે વૈજ્ઞાનિકરીતો અને મુસાફરોની આફતથી દૂર રાખી માર્ગ નિર્દેશ કરે છે, તે અંધારી રાતોમાં અનેક પક્ષીઓનો ભોગ લઈ રહી છે. પ્રથમ તેના તેજથી

આકર્ષાઈ પક્ષીઓ ધસી આવે છે અને તેના તેજમા અંજાઈ કાં તો ભૂત જેવાં બની ઝાડો પર પછડાય છે અથવા તો મોહનઓની ફૂંકમાં અનંત નિદ્રા સાધે છે નીચનાં પક્ષીઓ સ્થલાંતરી છે અને તેઓ શરદ ઋતુમા વધુ દેખાય છે: વૈયું, દીવાળી ધોડો, દુધરાજ, અબરંજ, સફેદ પેટના કાળા કોશીર, સામા પીંદા, કનરા ભુલભુલ, લાલ ગોંડ., કરંટકુલ, કુદકુદ પારા, ફૈયડ શિકારી પક્ષીઓમાં ભેરી, શાહીન અને ચરગ છે.

સ્થલી ૧. [સં] સ્ત્રી. જગા, પ્રદેશ; જમીન.

૨. સ્ત્રી તાલુકો

૩ સ્ત્રી સૂકી અને નક્કર જમીન; ભીનાશવાળી અને પોચી ન હોય તેવી જમીન; સખત જમીન.

સ્થલેશય ૧ [સં.] પુ. એક પ્રકારનું મત્સ્ય.

૨ પુ સરપ

૩. વિ સ્થલ પર સૂતારે

સ્થવિકા [સ.] સ્ત્રી ઘેલી

સ્થવિર ૧. [સં.] પુ. જ્ઞાનવાન પુરુષ; વડીલ પુરુષ.

કોઈ જ્ઞાની હોય પણ જો તે જ્ઞાનવાન હોય તે, કેવો તેને **સ્થવિર** સમજે છે

ગીતારહસ્ય

૨. પું ડોસો; વૃદ્ધ પુરુષ.

૩. પું બુદ્ધના મહાયાન ગ્રંથની એ નામની એક શાખા.

૪. પુ. બાબા.

૫. પું. લાબો સમય બુદ્ધ ધર્મમાં રહેલો ભિક્ષુ; દશ વર્ષ જૂનો બૌદ્ધ ભિક્ષુ.

અર્વાચીન કાળમાં દશ વર્ષ સુધી ભિક્ષુ રહેનારને સ્થવિર કહે છે અને વીસ વર્ષ રહેનારને મહાસ્થવિર કહે છે. જેનામાં સત્ય, ધર્મ, અહિંસા, સયમ અને દમ હોય તે જ બધા વિનાના વીર **સ્થવિર** કહેવાય છે. ધમ્મપદ

૬. ન વૃક્ષ

૭. ન શિલાજિત; શૈલેય નામે ગધ દ્રવ્ય.

૮. વિ જૂનું

૯. વિ પાકી ઉમરનું; વૃદ્ધ.

૧૦. વિ સ્થિર; નિશ્ચયી; અચળ.

સ્થવિરકલ્પ પું. વૃદ્ધ થયેલ સાધુ માટે શાસ્ત્ર મર્યાદાએ વર્તવાનો, ચાલવાનો જ્ઞાનીઓએ મુકરર કરેલો આચેલો માર્ગ અથવા નિયમ.

સ્થવિરકૃત [સં.] વિ. સાધુએ રચેલું.

જે શ્રુત અંગ પ્રવિષ્ટ છે તે ગણધર કૃત છે અને તે સિવાયનુ છે તે **સ્થવિરકૃત** છે

પુરાતત્ત્વ

સ્થવિર લઘુક ન્યાય (સ્થવિર લઘુક ન્યાય) [સ] પું એ નામનો એક ન્યાય. ઘરડા માણસે ફેંકેલી લાકડી જેમ નિશાન ઉપર પહોંચતી નથી તેમ કોઈ વાત ધારેલ હદ સુધી ના પહોંચે ત્યાં આ ન્યાય અપાય છે

સ્થવિરવાદ ૧. પું. દક્ષિણ બૌદ્ધનો પંથ.

પોતાના પક્ષને તેઓ (દક્ષિણના બૌદ્ધો) થેરવાદ (**સ્થવિરવાદ**) પંથ કહે છે

પુરાતત્ત્વ

૨. પું. બૌદ્ધોનો સર્વાસ્તિવાદ.

આ બધા ગ્રંથનાઓ (સૂત્ર, વિનય અને અભિધર્મ) સાહિત્યને થેરવાદ અથવા **સ્થવિરવાદ** અથવા વૃદ્ધ અથવા બૌદ્ધોના નિકાયો કહેવામાં આવે છે. આણંદાશ્રમ

સ્થવિરવાદી વિ. સ્થવિરના અનુયાયી; સ્થવિરના વાદને માનનાર

તે સમીતિ પછી **સ્થવિરવાદી** અને મહાસધિક એવા બે પક્ષ પડ્યા કનૈયાલાલ મુનશી

સ્થાંવરમુખ પું. વિષ્ણુનાં હથિયાર માંહેનુ એક ન.મ

સ્થવિરા ૧. [સં.] સ્ત્રી. ડોશી; વૃદ્ધ વડીલ સ્ત્રી

૨ સ્ત્રી. મહાત્રાયણિકા વનસ્પતિ

સ્થવિષ્ઠ ૧. [સં] પું. શિવનાં હથિયાર માહેનુ એક નામ.

૨ વિ. અત્યત સ્થૂલ.

સ્થવીર [સં.] પું. શિવનાં હથિયાર માહેનુ એક નામ.

સ્થળ ૧. પું પુરુષપ્રકૃતિને ઉત્પત્તિમાં આપેલી એ નામની સત્તા

૨. ન. કૃત્રિમ ભૂભાગ; રેતીના ઊંચા ઢગલાવાળું સ્થાન

૩. ન. જમીન; ભૂમિ; ભૂ.

૪. ન. ઠેકાણું; સ્થલ; જગ્યા.

૫. ન. (વેદાંત) તે તે વ્યવહારથી ઉત્પન્ન થતો શબ્દના બોધનો જે વિષય હોય તે.

૬. ન. દેશ; પ્રદેશ.

૭. ન. મુકામ.

સ્થળકમલિની સ્ત્રી. એ નામની જમીન ઉપર થતી એક વેલ. તે સ્થળે ગામ છે. તેના પરાગ, બીજ, નાલ, કેસર વગેરે દવામાં વપરાય છે. મૂત્રરોગ, પથરી, શ્વાસમાં તે ઉપયોગી છે અને વાતહર તેમ જ કફઘ્ન મનાય છે. જળમાં રહેતી કમલિની જળના સંબંધથી તાપ સહન કરી શકે છે, પણ સ્થળકમલિની તાપ સહન કરી શકતી નથી

સ્થળકમળ જુઓ સ્થલકમલિની.

સ્થળકોશ પું. શહેર, ગામ, વગેરેનું પત્રક; સ્થાનકોષ, ' ગેઝેટિયર'

સ્થળચર ૧ પુ પ્રાણીઓના ત્રણ માહેનો એક પ્રકાર

સ્થળચર, જળચર અને ખેચર એવા પ્રાણીઓના ત્રણ વિભાગ છે. કીટકશાસ્ત્ર

૨. વિ. જમીન ઉપર રહેનારુ કે ફરનારુ

સ્થળજ વિ સ્થળ ઉપર ઉત્પન્ન થનાર

સ્થળદેવતા ૧. પુ. સ્થાનિક દેવ, ગ્રામ દેવતા

૨ પુ.; સ્ત્રી ર ર અમુક સ્થળની પાલક દેવી કે દેવ

સ્થળનલિકા સ્ત્રી. વનસ્પતિનો એક વર્ગ; ' ફર્ન'

સ્થળનલિકા વનસ્પતિ વાહિનીમય અપુષ્પ વર્ગમા સૌથી વધારે ક્રમાણમાં હોય છે

જ્ઞાનકોષ

સ્થળનિર્દેશક વિ. પ્રદેશ વર્ણન સંબંધી; સ્થળવિદ્યા સબધી.

પ્રાચીન હિંદુસ્તાનની **સ્થળનિર્દેશક**, રાજકીય અને ભૌતિકસ્થિતિ જે લેખકોના ઇતિહાસકારો અને ભાષારાસ્ત્રીઓએ લખેલી અને ખરી માનેલી છે તેનુ બોલ્ડ ભાગમા વર્ણન છે. પારિભાષિક કોષ

સ્થળપદ્મ ન. બિલાડીનો ટોપ

સ્થળફેર પું. જગ્યા બદલો.

સ્થળબસ્તિ સ્ત્રી. (હઠયોગ) બસ્તિનો એક પ્રકાર. જમીન ઉપર પીઠ તરફ ઊંધા વળી સૂઈ રહેવું અને ક્રમશઃ મુદ્રાદ્વારને અશ્વિનીમુદ્રા માફક સકોચવુ અને વિકસાવવુ. તેમ કરવાથી સ્થળબસ્તિ થાય છે.

સ્થળભેદ પું. સ્થળાંતર.

સ્થળમાર્ગ પું જમીનનો રસ્તો; ખુશ્કીમાર્ગ; જમીનમાર્ગ.

સ્થળવાચક વિ સ્થળનો બોધ કરનાર; સ્થળ જણાવનાર

સ્થળવાચક ક્રિયાવિશેષણ અવ્યય ન. અવ્યયનો એક પ્રકાર

સ્થળવાટ સ્ત્રી. જમીન માર્ગ; ખુશ્કી માર્ગ.

સ્થળવિદ્યા ૧. સ્ત્રી. જુદા જુદા દેશ સબધી વિદ્યા; અમુક જગ્યાનુ વિગતવાર વર્ણન આપનારી વિદ્યા; પ્રદેશવર્ણન.

૨. સ્ત્રી ભૂગોળવિદ્યાનો સ્થળો વિષેની વિગતવાર માહિતીનો ભાગ; ' ટોપોગ્રાફી '.

સ્થળસંકલના સ્ત્રી સ્થળની એકત્વતા.

સ્થળસંકોચ પું. જગ્યાની સંકડાશ; જગ્યાની તગી

સ્થળસૈન્ય ન જમીન ઉપર લડવામાં ઉપયોગી થાય એવુ સૈન્ય; ખુશ્કીસૈન્ય.

સ્થળસ્થળે અ ઠેકઠેકાણે, દરેક સ્થળે

સ્થળાંતર જુઓ સ્થલાંતર

સ્થળી જુઓ સ્થલી

સ્થળીદેવ પુ. ઘરનું રક્ષણ કરનાર દેવ.

તુજ ઘરની ચોરી પ્રતિપાળ કર,
સ્થળીદેવ હો હો તે

સરસ્વતીચંદ્ર

સ્થળે સ્થળે અ ખૂણે ખૂણે

સ્થળૈક્ય ન. સ્થળમેકતા.

આ ફેરફારથી નાટકકાર **સ્થળૈક્ય**ના બંધનથી મુક્ત થઈ વસ્તુની સંકલના વખતે મોકળે રસમય કરી શકે છે

કેશવ હર્ષદ

સ્થંડિલ ૧. પુ. એ નામે એક પ્રાચીન ઋષિ.

૨. ન. જમીનની સપાટીથી સહેજ ઊંચી ચોરસ ઓટલી

૩. ન. નીચાણ ઊંચાણ વિનાનો સરખો સપાટ કરેલો પ્રદેશ.

૪. ન યજ્ઞ માટે તૈયાર કરેલી જમીન; યજ્ઞની વેદી

૫. ન સીમા; હદ

સ્થંડિલેશુ પુ (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાને પુનાચી અપ્સરાને પેટે જન્મેલા દસ માંહેનો ત્રીજો પુત્ર.

સ્થંડિલેશય [સં] પું વ્રત કરવામાં માટીનાં ચોક ઉપર સૂવે તે.

સ્થંડ્યુ પું. (પુરાણ) સોમવંશીય પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાને મિશ્રકેશી નામની અપ્સરાની કુખે જન્મેલા દસ માંહેનો એક પુત્ર.

સ્થંદીલ જુઓ સ્થડિલ.

સ્થંભ [સં] પુ થાંભલો.

સ્થંભલેખ પું થાંભલા ઉપર કોતરેલ લેખ.

સ્થંભાકારી પુ શૃંગારકના ઉપલા ખાડા બાજુ ઉપર અંગ્રેજ બે નાનાં કોમલાસ્થિને નામે ઓળખાતું અસ્થિ. ઊર્મિકાકાર કોમલાસ્થિ સાથે એ સ્થંભાકારી હાડકું સંયોજાય છે અને ધ્વનિતંતુ સાથે પણ એ સ્થંભાકારી જોડાયેલું હોય છે

સ્થંભાવલી [સં.] સ્ત્રી થાંભલાની હાર.

ઘરે રચ્યું છે, પ્રભુનું મહામંદિર;
પૂજીતા પુરુષની, એ **સ્થંભાવલી** ઉપર.

નાનાલાલ

સ્થંભાવવું સ ક્રિ. અટકાવવું; વારવું; નિરોધ કરવો. રોકવું.

સ્થંભિકાવલી જુઓ સ્થંભાવલિ

સ્થંભિત વિ સ્થિર

ચદેરો આરસની મૂર્તિ સરખો **સ્થંભિત** છે

પ્રસ્થાન

સ્થા [સં.] અ. ક્રિ. (ધાતુ) રહેવું. તે ઉપરથી અનેક શબ્દ: ગૃહસ્થ, તટસ્થ, મધ્યસ્થ, સ્વસ્થ, સ્થાન, અવસ્થાન, પ્રસ્થાન, અવસ્થા, વ્યવસ્થા, સ્થિત, સ્થિતિ, સ્થાવર, સ્થાપના, સ્થાયી, સ્થાનિક, સ્થાપક, પ્રતિષ્ઠા, નિષ્ઠા, સ્થાપન, અનુષ્ઠેય, સ્થાણ, સ્થિર, અસ્થિર, અસ્વસ્થ, સ્થેયા

સ્થાકું ૧ [સં] પું. અગિયાર માંહેના એક રુદ્ર

૨ પુ એ નામે એક અસુર

૩ પુ [સં] ખીલો, પોલાદ વગેરેનું ઊભું થડ; ખંભ ન., ટેકો; નર; ઝાડનું ઠૂંઠું

૪ પુ ચોકીનો સ્થંભ

૫. પું પથ્થર

૬ પું (પુરાણ) પ્રજાપતિસપુત્ર એક પ્રજાપતિ. એમણે જગતમાંથી રહિત પ્રજા નિર્માણ કરી હતી જેથી સૃષ્ટિ ઉપર વસતી બહુજ વધી. બ્રહ્મદેવને લાગ્યું કે આમણે જતાં પૃથ્વી ઉપર રહેવાની જગા બાકી રહે નહિ એટલે. આ ઉપરથી બ્રહ્મદેવે એમને ઊર્ધ્વ દિશામાં ઉત્પન્ન કરી રહેવા કહ્યું. કહેવાનું તેવું જ બન્યું. એ ઊર્ધ્વ આકાશમાં અદૃશ્ય થઈ ગયા, એટલે એમનું સ્થાણુ એવું નામ પડ્યું છે

૭. પું. શિવનું એક નામ. તેની મૂર્તિ કુરુક્ષેત્ર નામના પીઠ સ્થાનમાં છે

૮. પું. વિષ્ણુનાં હથિયાર માંહેનું એક નામ

૯. પું. શિવ; મહાદેવ; પશુપતિ; ભૂતેશ.

સંસાર તરવાને માટે **સ્થાણુને** ભજ.

પ્રીતમ

૧૦ પું સનાતન બ્રહ્મ

યોનિ પામે શરીરાર્થે અન્યકો દેહધારીઓ,
અને પામે બીજા **સ્થાણુ** યથાકર્મે યથાશ્રુત.

કઠોપનિષદ

૧૧. ન. (પિંગળ) અગિયારની સંજ્ઞા.

૧૨. ન. ધ્રુવ.

૧૩. ત્રિ. પરિણામ રહિત.

૧૪. વિ. જડ; પડ્યું

૧૫. વિ સ્થિર; અચલ.

સ્થાણુખનન [સં] ન થાંભલો પેરવો તે

સ્થાણુખનન ન્યાય [સં.] પું. થાંભલો રોપીને તેને તપાસી જોવા ઘણાની જુએ છે તેમ, વસ્તુ કર્યા પછી તેને તપાસી જોવી તે.

આવી પાકી અદાલતે પણ ઘરેલી રચના **સ્થાણુખનન ન્યાયે** ફરીવાર તપાસી અને અનુકૂળ મળી.

સરસ્વતીચંદ્ર

સ્થાણ્વાશ્રમતીર્થ ન. (પુરાણ) એ નામની ભારતવર્ષમાં એક નદી. તેનું વર્ણન રામાયણમાં આવે છે.

સ્થાણ્વાશ્રમ [સં.] ન. (પુરાણ) એ નામનું મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

સ્થાણ્વીશ્વર ન. થાણેશ્વર. ભારતનું એ નામે એક શહેર. તે બાણ કવિનું નિવાસસ્થાન હોવાનું મનાય છે

કુરુક્ષેત્રની પાસેજ **સ્થાણ્વીશ્વર** છે જે આજે થાનેશ્વર નામથી ઓળખાય છે. સ્થાણ્વીશ્વરમાં શ્રી હર્ષના પિતાની રાજધાની હતી. પુરાતત્ત્વ

સ્થાન ૧ ન અવકાશ

૨. ન. અવસર

૩ ન. અવાજ

૪ ન. અંતર

૫ ન. ક્રમ

૬. ન. (જૈન) અષ્ટવિધકર્મના બાર ભાંહેનું એક અંગ

૭. [સં. સ્થા (સ્થિતિમાં હોવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] ન. ઠેકાણું; જગા; સ્થળ; સ્થાનક

હિંદુ ધર્મે નથી સ્થાન અસમાનતાને કરી,
ઈશની દૃષ્ટિ આંકી તો પ્રાણીમાત્ર સમાન છે.

ગાંધીગીત

૮. ન ગામ; સ્ટેશન.

૯ ન ચાનક; સ્થાનક

૧૦. ન. થાન શહેરનું જૂનું નામ. અમાઉ આ શહેર બાજુ પવિત્ર હતું. પાંચાલ દેવની જાત અહીં રહેતી હતી સતયુગમાં બ્રાહ્મતાએ અહીંઆ સૂર્યનું મંદિર બંધાવ્યું હતું. તેરમી સદી દરમિયાન પરમાર લોકોની રાજધાની હતી. વાસુકી અને સૂર્યનાં દેવળો અહીં બાંધ્યાં છે

૧૧. ન. દેશ; પ્રદેશ

૧૨. ન. પદ; પદવી

૧૩. ન. પાત્ર

૧૪ ન. (વેદાંત) પોતાનો અભિપ્રાય સમજવાને અનુકૂળ સ્થિતિ

૧૫. ન. પ્રતિષ્ઠા; દરજ્જો

૧૬. ન. કુરસદ

૧૭. ન. બારણું

૧૮. ન ભૂમિ

૧૯ ન મહાપુરાણના દસ ભાંહેનું એક લક્ષણ

૨૦. ન. મંદિર.

૨૧. ન. મુદ્દો

૨૨. ન. રહેવું તે.

૨૩. ન. વેદી.

૨૪ ન. શરીરાવયવ; શરીરદેશ.

૨૫. ન. શહેર.

૨૬. ન સદન; વેશ્મ; ઘર; રહેઠાણ; મૂલ મંદિર, મંડપ, આયતન, વસ્તિ, નિકાય, સ્થાન, ભૂવન, ભૂપ, દેખભાળને, ગર્ભ સહચરી સુજ્ઞન
વિશ્વકોશ

૨૭. ન. (સંગીત) સંગીતનું ત્રણ માહેનુ એક અંગ. જેમકે, મંદ્ર, મધ્ય અને તાર.

૨૮. ન. સન્નિવેશ.

૨૯. ન સાદૃશ્ય; સરખાપણું

૩૦ ન. સૂચના

સ્થાનક ૧. [સં. સ્થાન + ક (પ્રત્યય)] પું. ઉપાશ્રય

૨ ન ગાદી; આસન; બેઠક

૩ ન પદવી; હકુમત.

૪ ન. બેઠક

૫. ન. મંદિર.

૬ ન. સ્થળ; જગ્યા.

૭ ન. સ્થાન; વાસ; રહેઠાણ.

સ્થાનકવાસી ૧. પું. (જૈન) એ નામનો જૈનોનો એક સંપ્રદાય. શ્વેતાંબર જૈનોના સ્થાનકવાસી અને દેરાવાસી એવા બે મોટા ભાગ છે. સ્થાનકવાસી મૂર્તિને પૂજતા નથી; દેરાવાસી મૂર્તિને પૂજે છે.

૨. વિ. એ નામના જૈન ધર્મના એક સંપ્રદાયનું કે તેને લગતું.

સ્થાનભ્રષ્ટ [સં.] વિ. સ્ખલિત; પદભ્રષ્ટ

સ્થાનભ્રુનિષ્પલ ન. ગ્રહો એક બીજાને આકર્ષે છે તે બળમાં કોઈ પણ કારણથી વધારો થઈ બીજા ગ્રહને તેની કક્ષામાંથી સહેજે ખસેડે છે તે બળ

સ્થાનદા [સં.] પું. વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ

સ્થાનનિયમન [સં.] પું. કાવ્યમાં આદિથી અંત સુધી કોઈ પણ ઓષ્ઠાક્ષર–સ્વર કે વ્યંજન આવે નહિ, એ પ્રકારની નિપુણતા. કેટલી કવિ એમાં બહુ જ નિપુણ હતા

સ્થાનનિર્ણય પું. વિશેષ સ્થાન
ત્વચાની સાથે જે જિહ્વાથી સ્પર્શ થતાં જે પ્રત્યક્ષ થાય છે તેને અમુક સ્થાનથી તે થયું એમ આપણે તુરત સમજીએ છીએ. એ **સ્થાનનિર્ણય** થયો આ સ્થાન રૂપરૂપ કેવળ ભિન્ન છે
મણિલાલ નભુભાઈ

સ્થાનનિર્દેશ ૧. [સં] પું અમુક જગ્યાએ સ્થાપિત રહેવું તે.
૨ પું પ્રદેશ વર્ણન; ભૂગોળવિદ્યા.

સ્થાનપર્યાવર [સં] ન સ્થાન પલટો, સ્થળ પલટો.
જે પક્ષીઓને વતનમાં પૂરતો ખોરાક મળી રહે છે તેઓ આવી રીતે **સ્થાનપર્યાવર** નથી કરતા. કૌમુદી

સ્થાનપાલક [સં.] વિ. ઘોડાના તબેલાની દેખરેખ રાખનાર.

સ્થાન પુરુષ પું. પરરાજ્યમાં જઈ વસી ત્યાના રાજ્યની નોકરીમાં રહી ત્યાની ખબર અંતર પોતાના રાજાને કરે તે પુરુષ, કરહદને ઓળંગી આવેલ પરદેશોમાં મોકલ જાસૂસ

સ્થાન ફેર પું. સ્થળ બદલો.

સ્થાનભેદ પું સ્થળનો તફાવત
મહીના હદમારવામા **સ્થાનભેદને** લીધે આદલો બધો ફરક પડતો નથી, માત્ર એક દિવસનો જ પડે છે. જ્યોતિર્વિજ્ઞાન

સ્થાનભ્રષ્ટ ૧. [સં.] પું (સંગીત) ગાયકનો એક દોષ; ગાતી વેળા સ્થાન ભ્રષ્ટ થવુ એટલે જે ઠેકાણે તાર સપ્તકના સ્વરો બોલતા હોય ત્યાં મંદ કે મધ્યસપ્તકના સ્વરો બોલી જાવુ તે અથવા સ્વરના કે તાલના સ્થાનથી અલગપ્રાન થઈ જાવુ તે.
૨ વિ. ગાવામાં જરૂરે સપ્તકમાં ન પહોંચી શકનાર
૩. વિ. પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલું; પદભ્રષ્ટ; પદભ્રષ્ટ; હોદ્દા કે પદ ઉપરથી ઊતારી નાખેલ; પદવી ઉપરથી ઊતરેલું; પતિત; સ્થળમાંથી ભ્રષ્ટ થયેલ.

સ્થાનમાળા જી સ્થળની હારમાળા

સ્થાનમૂલ્ય ન. અંકની તેના સ્થાન પ્રમાણે કીમત
મુશ્કેલી એ પડે છે કે આમાં રહેલા **સ્થાનમૂલ્ય** ના સિદ્ધાંતની સમજણ બાળકોનો અધરી પડે છે. હરિહર ભટ્ટ

સ્થાન વર્જિત ૧. પું. (સંગીત) સ્વરના અથવા તાલના સ્થાનને વિસારી જાવું તે, ગાયકના મુખ્ય ચૌદ માહેનો એક દોષ

૨. [સં] વિ. સ્થાન લક્ષ્ય દોષિલ હોય એવુ

સ્થાનવાસ [સં. સ્થાન (જગ્યા) + વાસ (રહેવુ તે)] પું. અમુક જગ્યાએ રહેવુ તે, મુકામ
વિશિષ્ટ જ્ઞાનના લેખક પણ જૈન ભિક્ષુકો પોતાની અનિયત **સ્થાનવાસની** પરંપરાને પરાવર સાચવી રહ્યા હતા. તત્ત્વાર્થસૂત્ર

સ્થાનવિચ્યુતા જી. સ્થાન છોડીને ચાલનારી નાડી; પ્રાણઘાતક નાડી

સ્થાન શક્તિ ન. પુસ્તકને બન્ને બાજુએ પાટીયાની મહેનત બન્ને બાજુના અખાડામા પડી જોઈતા મજબૂતમ પોતાની જગ્યાએ રહેવાનુ ગાત્મબ્ય

સ્થાનાધિકરણિક [સં] પું. બાબુદાર
ધ્રુવ અને **સ્થાનાધિકરણિક** આ બે શબ્દો જુદા કરવાથી બીજા શબ્દનો અર્થ બાબુદાર થઈ શકે છે. પુરાતત્ત્વ

સ્થાનાધિપતિ કે મહાધિપતિ; મોપતિ
આબાની બાજુએ મોરના અલંકાર રૂપ કાર્તિકસ્વામી **સ્થાનાધિપતિ** (મહાપતિ) થયા
ગુજરાતનાં તીર્થસ્થાનો

સ્થાનાંક ૧. પું. અર્કાંક; ચિહ્નાંક.
૨ પુ કળા; રેખા.
૩ પું સદનિર્દેશાબ્જ
૪ પું સૂરજ જયવા ચંદ્રની મધ્યરેખાનો બારમો ભાગ

સ્થાનાંગ [સં.] ન. જૈનોનુ ઠાણાંગ નામનું સૂત્ર
તત્ત્વાર્થમા વર્ણવેલા વિષયોને મૂળ લક્ષવા માટે **સ્થાનાંગ**, ભગવતી, ઉપાસકદશા, પ્રજ્ઞાપનાસૂત્ર, જબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, પ્રજ્ઞાપના ઉત્તરાધ્યયન, નંદીસૂત્ર આદિ આગમો ખાસ જોવા.
પંડિત સુખલાલજી

સ્થાનાંતર ૧. [સં.] ન અન્ય સ્થાન.
૨. ન. દેશાંતર; એક દેશમાંથી બીજા દેશમાં રહેવા જવું તે.
૩. ન. ફેરફાર.
૪. ન સ્થાન બદલવું તે; સ્થાનની ફેરબદલી; ઠામબદલો.

સ્થાનિક ૧. પું. જિલ્લાનો ઉપરી; સમાહર્તાની નીચેનો અમલદાર; ' ડિસ્ટ્રિક્ટ ઓફિસર '
૨. પું. પ્રાચીન કાળનો એક અમલદાર. તે જમીનની મોજણી સંબંધી કામકાજ કરતો. જન્મમરણ તથા વસ્તીગણતરીનું કામ પણ તે કરતો
૩ પું. સ્થાનનો રક્ષક; સ્થાનનો માલિક.
૪ વિ પ્રાદેશિક; સ્થળ સીમા વિષે
૫. [સં. સ્થાન (સ્થળ) + ઇક (ને લગતું)] વિ. સ્થાનનું; જગાને લગતું; ઠેકાણાનું; અમુક મર્યાદિત સ્થાનનું; અમુક સ્થાનને લગતું.

સ્થાનિક અખતિયાર જુઓ સ્થાનિક અધિકાર.

સ્થાનિક અધિકાર [સં] પું. હકૂમતની મર્યાદા

સ્થાનિક અન્વેષણ [સં.] ન. સ્થાનિક તપાસ.

સ્થાનિક આચાર [સ.] પું સ્થાનિક રૂઢિ; સ્થાનિક પ્રથા.

સ્થાનિક કાયદો પું. સ્થાનિક નિયમ; હિંદુસ્તાનના કોઈ વિશેષ ભાગને લાગુ પડે તેવો કાયદો. જેના તે રાજ્યનો ધારો.

સ્થાનિક ચોકસી જી. સ્થાનિક પરીક્ષા

સ્થાનિક તપાસ જી. સ્થળ ઉપરની તપાસણી

સ્થાનિકદેવ પુ. ગ્રામ દેવતા

સ્થાનિક નિયમ સ. પુ. સ્થાનિક ઠરાવો

સ્થાનિક પરીક્ષા [સં.] જી. સ્થાનિક ચોકસી

સ્થાનિક પંચ [સ. ન. સ્થાનિક પંચાયત.

સ્થાનિક ભાવ [સ. પુ. (અર્થશા.) કોઈ પણ સ્થળે જે આકડાની અનવી હોય તે આકડા જે જે સ્થાનમાં આવેલા હોય તે તે સ્થાનને લીધે સરખાવિષમ પદ્ધતિને અનુસરીને તે આકડાની જે કીમત થાય તે

સ્થાનિક સમય [સ.] પુ. નિજકાળ, પ્રત્યેક સ્થળનો પોતાનો કાળ

સ્થાનિક સરકાર ૧ જી. કોઈ પણ શહેર કે દેશ ઉપર હકૂમત ચલાવવાની સત્તા

૨ જી. સ્થાનિક સત્તાધીશ; જેના તે સ્થાનની સત્તાવાળા ઉપરી અમલદાર

સ્થાનિક સ્વરાજ જુઓ સ્થાનિક સ્વરાજ્ય.

સ્થાનિક સ્વરાજ્ય ન. અમુક સ્થાનનાં સુધરાઈ જેવાં જાહેર કામો સ્થાનિક લોકો પોતે તંત્ર રચીને ચલાવે તેવી વ્યવસ્થા; લોકનિયુક્ત પ્રતિનિધિઓ વડે ચાલતું રાજ્યતંત્ર; 'લોકલ-સેલ્ફ-ગવર્નમેન્ટ'. તેના ચાર પ્રકાર છે: (૧) ગ્રામ્ય શહેર સુધરાઈઓ, (૨) શહેર સુધરાઈઓ, (૩) જિલ્લા લોકલ બોર્ડો અને (૪) ગ્રામ પંચાયતો.

સ્થાનીય ૧. [સં.] પુ. આશરો ગામડાંઓનું મધ્ય શહેર

૨ પું. રાજાની હિલચાલ જોવા માટે કોલ્હાના મુખ્ય ભાગથી થોડે છેટે કરેલ મુકામ; થાણું; ત્રિલોચન પાટનગર

૩ વિ. વસવા યોગ્ય; સ્થાનને લાયક; સ્થળને યોગ્ય

૪ વિ. સદશ, સમાન

૫ વિ. સ્થાનિક; તળપદું; સ્થાનનું; સ્થાન સબંધી

સ્થાનીયસ્વશાસન [સં.] ન. સ્થાનીય સ્વરાજ્ય. લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ'. સ્વતંત્ર ભારતવર્ષ માટે જે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે તેમાં રાજ્યરાયેલ ચૂંટણીને લગતા અંગ્રેજી શબ્દો માટે ખાસ સમિતિ નીમેલ તેમણે ખાસ સર્વ સામાન્ય શબ્દો નક્કી કર્યા છે:—

ઍક્ચ્યુલ્ડ એરિયા = અનુસૂચિત ક્ષેત્ર
ઍકનૉલેજમેન્ટ = અભિસ્વીકાર
ઍજેંડા = આદેય
ઍક્સાઇઝ ડ્યૂટિ = ઉત્પાદન શુલ્ક
ઍસિસ્ટ ડાન્સફરેબલ વોટ = એકલ સંક્રમણીય મત
ઍક્ટ = કર્મબારીપુર
ઍસ્ટ બૅલટ = ગૂઢશલાકા
ડિસ્ટ્રિક્ટબોર્ડ = જિલ્લામંડળી
ન્યૂનિસિપલ એરિયા = નગરક્ષેત્ર
ન્યૂનિસિપલ કોર્પોરેશન = નગર નિગમ
ન્યૂનિસિપાલિટી = નગરપાલિકા
કોર્પોરેશન = નિગમ
કોર્પોરેશન ટેકસ = નિગમ કર
ડિસાઈસિવ વોટ = નિર્ણાયક મત
ઍક્સપોર્ટ ડ્યૂટી = નિર્યાત શુલ્ક
ઍક્ઝિક્યુટિવ ઑફિસર = નિર્વાયકાધિકારી
ઍક્ઝિક્યુશન = નિર્વાયન
ઍક્ઝિક્યુટિવ કાઉન્સીલ = નિર્વાયનસભા
ઍક્ટ = પધડું
પ્રિઝર્વ ફૉરેસ્ટ = પાકારણ
પ્રોક્સી = પ્રતિનિધિપત્રી
કસ્ટમ ડ્યૂટિ = બહિઃશુલ્ક
વોટ = મત
વોટર = મતદાતા
વોટિંગ = મતદાન
વોટરેજ = મતાધિકાર
ઍંટરટેઇન્મેન્ટ = મનોરંજન
બૅલોટ = શલાકા
જનરલ ઇલેક્શન = સાધારણ નિર્વાચન
ટર્મિનલ ટેક્સ = સીમાકર
કસ્ટમડ્યૂટિ = સીમાશુલ્ક
ઍન્ટરટેઇનમેન્ટ ટેક્સ = પ્રમોદકર
ઑક્ટ્રોય = ચુંગી

સ્થાને ૧. અ. અસ્થાને નહિ એમ; યોગ્યસ્થળે; ઠેકાણે.

૨ અ. ઉચિત કે યોગ્ય રીતે.

૩ અ. બરોબર; સાચે

૪ અ. ને બદલે, ની જગ્યાએ.

૫ અ. બરાબર

સ્થાનેશ્વર ૧. [સં.] ન. એ નામે એક તીર્થ.

૨. ન કુરુક્ષેત્રની પાસે આવેલ એ નામનું એક શહેર; થાણેશ્વર. તે સૂર્યકુંડથી ઓકાદ માઈલ દૂર આવેલું છે. બારશાદી વખતનાં ખંડેરોમાં સમ્રાટ્ અકબરનો ઊંચો દરવાજો જોવા લાયક છે. અહીંથી થોડે છેટે જતાં શિવાજી મહારાજે સ્થાપેલું સ્થાનેશ્વરનું મંદિર આવે છે.

સ્થાનોપરિ [સં.] જી. જ્યારે એક આકૃતિને ઊંચકીને બીજી ઉપર મૂકવામાં આવે ત્યારે વાપરવામાં આવતી રીત; સમાધાન રિવર્તિત.

સ્થાપક ૧ [સં. સ્થા (ઊભા રહેવું)] પુ. પ્રસિદ્ધ વ્યક્તિને લીધે જગતી સ્વસાધ્યનું સ્થાપન કરે તે હેતુ

૨ પુ. સ્થાપત્ય શાસ્ત્રનો રચનાર ઋષિ

મજકુર ચૌદ શિલ્પ શાસ્ત્રો પૈકી પ્રભુ શાસ્ત્ર કયા ક્રમમાં પ્રચલિત થયું. શાસ્ત્રના કુલ વિસ્તાર છે અને તે લોકમાં કયા ઋષિ **સ્થાપક**) એ બહાર પડયું તે સબંધમા સવિસ્તર ઉહાપોહ જણાવેલી છે.

પુરુષોત્તમ વિશ્રામ માવજી

૩ વિ. ઉદ્ભાવક, રચનાત્મક; સર્જનાત્મક.

એ ઉપરથી એમ નથી સમજવાનું કે વિનાશક શક્તિઓમાં જ ગોમની બુદ્ધિનું પર્યવસાન થયું. તેમની બુદ્ધિ પ્રમાણપત્ર સ્થાપક હતી

પારિ કોષ

૪. વિ. ખાતું કરનાર, ઊભું કરનાર; નિવેદક, સ્થાપક; સ્થાપન કરનાર

૫. વિ. સાબિત કરી આપનાર; મંડાણ કરનાર; રોપનાર, આરંભ કરનાર, સૂત્રધાર

સ્થાપત્ય ૧. પુ. (પુરાણ) અથર્વ વેદનો એક ઉપવેદ. એમાં શિલ્પ શાસ્ત્રનો વિષય છે

૨. પુ. અંત.પુરનો રક્ષક; કંચુકી

૩. ન. ઇમારત; બાંધકામ; સ્થપતિનું કામ કે વિદ્યા; શિલ્પશાસ્ત્ર. સ્થાપત્ય એટલે બાંધકામ. એમાં નાની મોટી ઇમારતોથી માંડી સૂક્ષ્મ કોતરકામવાળી મૂર્તિઓ અને તેને લગતી વિવિધ કળાઓ પણ આવી જાય. આધુનિક ઇજનેરી વિદ્યાએ સિદ્ધ કરેલા મોટા પુલો, રસ્તાઓ, નહેરો વગેરે પ્રકારનાં બાંધકામ પણ એમાં આવે. એની સાથે જ ગામો અને નગરોની રચનાકળા પણ તેમાં આવી જાય. સમાજની સમૃદ્ધિ અને સંસ્કૃતિ તેના સ્થાપત્યમાં મૂર્તિમંત થાય છે. ઘણી વાર પરદેશીઓએ કરેલા વર્ણનો ઉપરથી સ્થાનિક પ્રજાને પોતાના સ્થાપત્ય વિષે જાણવાનું મળે છે, કેમકે પોતે તો તેની સાથેની અગવડથી એટલી ટેવાઈ ગયેલી હોય છે કે એના ગુણ દોષનો તે બાબતે જ તટસ્થ રીતે વિચાર કરે છે. ગુજરાતના સ્થાપત્યનું સિંહાવલોકન કરતાં સામાન્યતઃ જણાય છે કે: (૧) હાલનાં ગામો મોગલાઈ અને મરાઠા યુગના સંજોગોનું પરિણામ છે. ઘણાં ગામોની આજુબાજુ કોટ-કિલ્લા હતા તેના અવશેષો હજી પણ જોવા મળે છે. ગામની બહાર મોટા તળાવો, વાવો અને કૂવા એ આ ગામોનું બીજું લક્ષણ છે. જ્યાં કિલ્લા નથી ત્યાં 'ઝાકર' નામના કાંટાવાળા ઊંચા ઝાડની વાડો ગામની આજુબાજુ વાવવામાં આવતી. એમાં પાણી ભરાતાં એ ઓળંગવાનું મુશ્કેલ બનતું અંગ્રેજીમા આ પ્રકારના ગામો ટાઉન (Town) કહેવાતાં.

ગામની બાજોઠે વડના મોટાં ઝાડ હજુ પણ જોવા મળે છે. ગામમાં પ્રવેશ કરવાનુ કે ગામમાંથી બહાર જવાનુ એ સિમાચિહ્ન હોય છે એ હદની બહાર કૂવા, વાવ વટાવી સ્મશાન ભૂમિ આવેલી હોય છે સ્મશાનભૂમિ દરેક સ્મશાનભૂમિ ઉપર શિવાલય હોય છે સ્મા પીપળા, વડ અને સમડી (શમીવૃક્ષ)નાં ઝાડો ખાસ જોવા મળે છે ગામ અને સ્મશાનભૂમિ વચ્ચે કે તેનાથી થે પાર ખુલ્લી જમીનો ગોચર માટે રાખેલી હોય છે તે 'ચરી' કહેવાય છે. એ ચરા પછી ગામનાં ખેતરો આવે છે. (૨) ઘરોની ચોદવણ મોટે ભાગે બારીઓ કે પોળોના રૂપમાં હોય છે. આ બારીઓમાં પાંચ પંદરથી પચીસ પચાસ સુધી ઘરો એવી રીતે બાંધેલાં હોય છે કે, એ ઘરોમાં પ્રવેશ કરવા માટે બારીના મુખ્ય દ્વારમાંથી પસાર થવું પડે. એ રીતે રાત્રે સમયસર સંકટ હોય તો દિવસે પણ બારી બંધ કરવાથી ઘરોનું રક્ષણ થઈ શકે છે. આખી બારીઓની બહાર પણ ચોરીમાર્ગ ઉપર મકાનોની હારો આવેલી હોય છે. સામાન્ય રીતે બારીઓ અને પોળોમાં એક જ જાતિ, કોમ કે કુટુંબના મનુષ્યો વસે એવી મૂળ રચના હતી. એકૂતવર્ગ હજી પણ એ વ્યવસ્થાને વળગી રહેલા છે. મકાનો સામાન્ય રીતે ઈંટેરી અને બે માળનાં પણ હોય છે. આ મકાનોની વચ્ચે આગેવાન વર્ગની હવેલીઓ, ઊંચાં અગાસીવાળાં મકાનો, કોમી તેમ જ સાર્વજનિક ધર્મશાળાઓ, દેવમંદિરો, શાળાઓ, દવાખાનાં વગેરે પ્રકારની ઇમારતો ગામેગામ લોકોની આબાદી અને પ્રગતિશીલતાની સાબિતીરૂપે જોવા મળે છે. (૩) રહેવાના સામાન્ય મકાનોની રચના મોટે ભાગે 'રાજવલ્લભ' નામના શિલ્પશાસ્ત્રના મતને અનુસરીને થયેલી છે, એમ જાણકારો કહે છે. પહોળાઈ બનતા સુધી ૮–૯ ગજ (૧૬–૧૮ ફૂટ), લંબાઈ જોટલી હોય તેના પ્રમાણમાં આગળ રવેશી એટલે એક કે બહુ બાજુથી ખુલ્લો ઓટલાવાળો ભાગ, તેની પાછળ પરસાળ અને તેની પાછળ ઓરડો એ પ્રમાણે વિભાગ પાડી જૂનાં ઘરો રચેલાં છે. રવેશી અને પરસાળની બાજુમાં રસોડું બાંધિયારું સગવડ પ્રમાણે કરેલું હોય છે. બારી હોય તો રવેશની સામે ખુલ્લો ચોક આવે અને મકાન બહાર રસ્તા ઉપર હોય છે. જો જમીન વધારે લાંબી હોય તો સાથે આગળ બેઠક, પછી ચોક, પછી રવેશી, પછી પરસાળ અને પછી ઓરડો. પણ વધારે જમીન હોય તો પાછળ રવેશી, બીજો ચોક, અલગ રસોડાં અને કોઠાર અથવા વાડો અને ઢોર બાંધવાની જગા એ પ્રમાણે રચના થતી અને એવા મકાનો સારી સંખ્યામાં જોવા મળે છે ઘરની ઊંચાઈ સામાન્ય રીતે ઓઢ માળની રખાતી બારીતર પ્રદેશનાં મકાનો સામાન્ય રીતે ઈંટેરી અને બે માળના હોય છે. હિંદુસ્તાનમા બહુ ઓછાં સ્થળોએ ગામડામા પણ આવાં મકાનો જોવા મળે છે, એવુ વિધાન મહાત્મા ગાંધીજીએ ઈ. સ ૧૯૧૮મા ખેડાના સત્યાગ્રહ નિમિત્તે એ જિલ્લામાં ફરતા ઉચ્ચારેલુ. (૪) ભમના સબંધોની અસર મકાનોમાં વપરાતી ઈંટો અને તેમના ચણતર ઉપર પણ થયેલી છે. બારીતર પ્રદેશમાથી મળી આવેલી જૂનામાં જૂની ઈંટો લગભગ ૨,૩૪૦ વર્ષ પહેલાની એટલે મૌર્યવંશના રાજાઓના સમયની છે. એ ઈંટોનુ માપ ૧૭–૧૮ ઇંચ લાંબાઈ, ૧૧½ થી ૧૨ ઇંચ પહોળાઈ અને ૩ થી ૩½ ઇંચ જાડાઈ એ પ્રમાણે હોય છે. એ બતાવે છે કે એટલા જૂના સમયમાં પણ મકાનો મજબૂત બનાવવાની જરૂર રહેતી એવો ભાવ ન હોત ત્યારે એ બાબતમાં ધોરણ બદલાય. આમ ઉપર જણાવેલી ઈંટોના યુગ પછી ૫૦૦–૭૦૦ વર્ષ, એટલે ગુપ્તકાળમાં, ઈંટોનાં માપ ૧૫–૧૬ ઇંચ લંબાઈ, ૮½ ઇંચ પહોળાઈ અને ૩ ઇંચ જાડાઈ થયાં. તે પછી ૨૦૦–૩૦૦ વર્ષ, એટલે વલ્લભીકાળમા એ માપ ૧૨–૧૩ ઇંચ લંબાઈ, ૬–૭ ઇંચ પહોળાઈ ને ૨½ ઇંચ જાડાઈના થયાં. તે પછીના સોલકી યુગમા એટલે કે ઈ સ.ના દસમાથી તેરમા સૈકામાં ૧૨–૧૩ ઇંચ લંબાઈ, ૬ ઇંચ પહોળાઈ અને ૨ ઇંચ જાડાઈની ઈંટો થઈ અને તે પછીનો યુગ જેમાં હાલના મકાનો બંધાયા તે યુગની ઈંટોનાં માપ ૭–૮ ઇંચ લંબાઈ, ૫ ઇંચ પહોળાઈ. અને ૧½ ઇંચ જાડાઈનાં બનવા લાગ્યાં. બે ઈંટો વચ્ચેની ભીંતની પહોળાઈ જે પહેલાં ૧½ થી ૨ ફૂટ રહેતી તે મેળવી લેવા આ કૂણી ઈંટોની વચ્ચે રોડાં પૂરવાનો રિવાજ આવ્યુ થયો. અત્યારે ઈંટોનાં માપ ૯ ઇંચ × ૪½ × ૨½ ઇંચ થયેલાં છે અને તેમની વચ્ચે રોડાં પૂરાય છે. આ રીતે ઈંટો જેમ નાની થતી ગઈ અને વચ્ચે રોડાં આવતાં ગયાં તેમ તે ભીંતો કોચવાની સગવડ વધતી ગઈ અત્યારે એ બંધારા ઘરોમાં અજવાળાં લાવવા નવી કારીગરી જ્ઞાનનો લાભ લઈ ભારી બારણાં મુકાય છે વિવિધ પ્રકારના ફેરફારો થાય છે, એટલુ જ નહિ પણ આધુનિક ઇજનેરી વિદ્યા પ્રમાણે સિમેન્ટ–લોખંડના નવા ભવ્ય મકાનો બંધાય છે; અને ગામ બહાર નાના પ્લોટો પાડી ઘર બાંધનારી મંડળીઓ કોલ્ડ નવી ગામરચનાઓ થવા લાગી છે. ગૃહવિધાનમાં જણાવ્યું છે કે: સૃષ્ટિના વિકાસક્રમની યોજનામાં મનુષ્ય જાતે પોતાની કારકિર્દી શરૂ કરી ત્યારથી જ કંઈક આસરો કરવાની જરૂરિયાત તેને પડી એ ગૃહનવભાવ હજુ પણ ખીલતા સ્વરૂપમા ચાલ્યો આવેલ છે. મનુષ્યજાતની બાલવયમા શરીરના આકાર અને અંગ ઉપાંગો ઉપરથી સ્થાપત્યના આકારો અને યોજનાઓ સૂજેલી એમ સ્થાપત્યના વિકાસક્રમનો ઇતિહાસ અને તેના અવશેષોનું પૃથક્કરણ સાબિત કરે છે અત્યારે પણ કેટલાક ધાર્મિક બાંધકામોમા માણસના હાથનો, પગલાંનો, વેતનો કે તેવો આકાર રાખી બાંધકામના માપ નક્કી થાય છે. દાખલા તરીકે, લમણી ચોરી, વસ્તની વેદી વગેરે. અર્વાચીન બિનધાર્મિક ક્રમોમાં પણ મનુષ્ય શરીરનો આધાર લેવામા આવે છે દાખલા તરીકે, બારી બારણાની ઊંચાઈ, પહોળાઈ, જમીનથી ઉપરાની પાખની ઊંચાઈ, બહારી, ઊભણી, પગથિયાંની પહોળાઈ વગેરે આખની ભમર અને લલાટનો આખ ઉપરનો નિકાળો હજીની કલ્પનાનો જન્મદાતા છે એમ સ્થાપત્ય શાસ્ત્રો કહે છે માનસારમાં સ્થાપત્યની મુખ્ય ત્રણ જાત બતાવી છે નાગર, વેસર અને દ્રવિડ જ્યારે રથ બાંધવા માટે એક ચોથો પ્રકાર શાસ્ત્રે આપેલ છે, જે આંધ્રનો અપભ્રંશ હોવાનું મનાય છે. ગુજરાતમા સ્થાપત્યની, શિલ્પની તથા ભવ્ય ઘરમંદિરોની ઊભા કરવાની પ્રેરણા મૂળરાજે આપી છે, અત્યંત કુટિલ સ્થિતિમાં પણ મૂળરાજે બંધાવેલ મહાલયના જે અવશેષો હજી છે તે જોતાં મૂળરાજની ઉત્કૃષ્ટ કલ્પના તથા એ કલ્પનાના બળથી ગુજરાતમાં સ્થાપત્યના અપૂર્વ ઉત્કર્ષનો આરંભ કેવા વેગથી થયો હતો તે સમજાય છે. ૪૦ વર્ષ પછી દેલવાડા (આબુ)માં બંધાયેલ ગુજરાતના સ્થાપત્યના કીર્તિસ્તંભરૂપ વિમલશાનાં મંદિરની અતિ રમણીય તથા મહાભવ્ય સ્થાપત્યકલાના વિકાસનો પ્રારંભ મૂળરાજના વખતમાં જ થયો છે સ્થાપત્ય એ એક કળા છે એટલુ જ નહિ પણ તે સર્વોત્તમ છે, કારણ કે તે આખા જનસમૂહ પ્રજાજનોના આનંદની મૂર્તિ છે એટલે તે એક વ્યક્તિની નહિ હોતા દેશની કળા છે, જેમાં પ્રજાતત્વભાવ છે તેમાં બીજી કેટલીક કળાઓ સમાઈ જાય છે. વળી સ્થાપત્ય એટલે સ્થપતિની ભાવના. જે પુરુષની ચિત્તભાવનાના ક્રિયા ઊભી રહે છે, ઘણાં સમય સુધી લોકહૃદયને આકર્ષી રહે છે, તે ક્રિયા તે સ્થાપત્ય અને તે પુરુષ તે સ્થપતિ– વિશ્વકર્મા સ્થાપત્ય તેની ભાવનાનું મૂર્તિ સ્વરૂપ છે. તે ઘણા લાંબા વખત સુધી ટકી રહે તેની, ઘણા ફેરફારોમા પસાર થતી, પોતાનું સ્વરૂપ અખંડ જાળવી રાખનારી અને ગત સમયનુ

ચિત્ર બતાવનારી બલ્કે જીવતી કળા છે સૌથિક સ્થાપત્ય કળાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો તેમ મોર્ગ, પ્રતિમાઓ, અર્ધ પ્રતિમ અને ૫ સ્તવકની કુમ્ફ જીવત તત્ત્વ પ્રેરવ.ના પ્રયાસમા બહુજ ક્રીષ્ણવટ ભર્યા સૂક્ષ્મ કળા તત્ત્વો વિકસનાં ગયાં તત્કાલીન પ્રતિમ.ઓ અને ઝેરી શિલ્પકૃતિઓમાં અંગરચના અને ભાવ છાયાઓથી કળાપૂર્વક વિભૂષિત કરેલ શિલ્પ એ સૌથિક શિલ્પનુ ઉચ્ચતમ વિકાસબિન્દુ છે નોર્મન સત્તા ઉદય સાથે માથિક અને નોર્મન કળાઓનુ સમિશ્રણ થયુ અને મિશ્ર રૂપે ફ્રાંસ અને ઇગ્લડથી પ્રસરિ અને સિસિલિ સુધી પ્રચાર પામેલ એ બધી કૃતિઓમ. અરબ પામની બેનેડિન કળાનાં અવ.ત્તો અને સેરેસેનિક અસરનું સમિશ્રણ જોઈ શકાય છે સૌર.ષ્ટ્રમાં વિદ્યમાન એવા પ્રાચીન સ્થાપત્યના અવશેષો હોય તો તે ઘમલીના છે સોમનાથ ફરનાં તેના શિલ્પઅવશેષ પાંચસો વર્ષ જૂના છે ઘૂમલી જામ-ખંભ.વિયાથી પાંચ માઈલ નૈઋત્ત કોણમાં બરડાની વેણુ અને આજપરાની ગોદમાં વલ્લભસોયા ખાળકની પેઠે ઘુપાયેલુ છે ઘ્રુમ.મણ અને ભાણુ જેવ.ની તે રાજધાની હતું તેનું પ્રાચીન નામ ભૂભૃત્પલ્લી હતું. તેના અસારના ચેરણુકેરણ પડેલા અરિઅશેષો-સોન કિલ્લ.રીના કાપની સ્મૃતિ, એમ બતાવી આપે છે કે તે એક વખત વૈભવના શિખર ઉપર હોવું જોઈ એ. અત્યારે તો અહીં કોળીનાં રબારીઓનાં ઝૂપડાં અને એક ભજુનમ્બર સિવાય બીજી કોઈ વસતી નથી. આજે ય પણ તેના ફરતો વિશાળ કિલ્લો ખડિયેર રૂપે નજર પડે છે તેને ફરતી ખાઈ છે. શહેરની મધ્યમા રાજમહેલ છે. તેને વળી મજબૂત કિલ્લાનું રક્ષણ છે. આમ શહેર અને રાજમહેલ એવડી કિલ્લેબંધીથી રક્ષાયેલાં છે. અહીં ૨૦ જેટલા દેવમદિરો આવા ધ.ય છે અસખ્ય નાનાં મોટાં જળાશયો સાંબાં થઈ ને ભૂરા.યી થયેલાં છે. તેમા કેરાણી વાવ, સોન તળાવ, સાલેસર તળાવ, ઝાયુકુડ એ મુખ્ય છે. રાજમહાલયના સ્નાનાગાર, તેના કુંટિત તોરણ, કમાન, ગોખ અને તેની નકશી ઉપરથી 'એ-ટીકવીટીઝ ઓફ કાઠિયાવાડ'ના લેખક એજેસ આફરીન લખે છે કે: તેનુ એકલું નવલખામદિર ૧૦૦ ફુટ લાંબુ અને ૧૫૦ ફુટ પહોળુ છે. તે બધામાં શિલ્પકળાનો જે વિવિધ કારીગીરીની વિપુલતા જોવામાં આવે છે, તે તત્કાલીન લોકજીવનની સમૃદ્ધિની સાખ દે છે. આ પ્રાચીન કલાકૃતિઓમાથી ઘણા નમના સ્થાનાંતર કરીને વિદેશ પગ કરી ગયા છે વલભીપતિના કાળમાં જે રજવાડી તંત્ર આવ્યું તેણે તો ઘણી તેની ધિક્કિત ગેરવલ્લે કરેલી જમનગરને કોઈ ઓલિયા સાધુએ તે જગ્યાએ ધનના ચરુ હોવાની ભાળ દીધી. તેને તાળવે ચોળ ચોટ્યો એટલે તે સ્થાનને ખૂબ ઊંડે સુધી ખોદી નાખ્યુ. તેમાનુ કશુ મળ્યું નહિ. પણ જે સ્થળની રમણીયતા હતી તે નાશ પામી અને અનેક ઐતિહાસિક શિલ્પના અવશેષો વિલય પામ્યા અથવા ખડિત બની ગયા.

સ્થાપત્યકલા જુઓ સ્થાપત્ય

સ્થાપત્યશાસ્ત્ર [સં.] ન. બાધકામને લગતુ શાસ્ત્ર અમુક વચન ઉપર હિંદુસ્તાનના સ્થાપત્યશાસ્ત્રો જૈનો પાસે હતા અને હજુ પણ પ્રાસાદકલશ અને રાજવલ્લભ જેવા ગ્રંથો સાચવી રાખવાનું માન તેઓને જ ઘટે છે તેમણે ઘર ને લગતાં પુસ્તકાલયો રાખતા, કે જેના આધારે હાલના સલાટોમાં આ વિદ્યાનો કંઈક અંશ ટકી રહ્યો છે. આ પુસ્તકનાં કયાંક કયાંક અરાં ઓટાં બાધાંતરો પણ થયાં છે. આ શાસ્ત્રના બધા નિયમો બતાવનારાં આપણાં શાસ્ત્રો બધાં આજની પાસે હમણાં નથી. જ્યારે તે કાલા તેની પૂર્ણ ટોચે ચડેલી હતી સારે તેના ઉપર લખાયલાં સસ્કૃત પુસ્તકો આપણી પાસે ઘણાં હતાં, તેમાંના થોડાંએક મુસલમાનોનાં હુમલામાં કયાંય તણાઈ ગયાં હશે ને થોડાએક તો પશ્ચિમની પ્રજા લઈ ગઈ છે. તપાસ કરતાં તેની સંખ્યા હજારમાં ૪૩ જેટલી જણાઈ છે. જર્મનીની પ્રસિદ્ધ સંસ્કૃત લાયબ્રેરી અને ઓક્ષફર્ડ કેમ્બ્રિજ લાયબ્રેરીમાં પણ પણાં સારી પ્રજાને મદદરૂપ થઈ પડ્યાં છે.

સ્થાપન ૧. [સં.] ન. આરોપણ.
૨. ન. ખાડુ ખોદેલું તે.
૩. ન. ચિત્તની એકાગ્રતા.
૪. ન. થાપના; માંડણી; મંડાણ.
૫. ન. પુંસવન નામે એક ગર્ભસસ્કાર.
૬. ન. બેસાડવું તે; સ્થાપવું કે સ્થાપિત કરવુ તે.
૭. ન માપસિદ્ધિ; પ્રમાણ નિર્ણય.
૮. ન. મૂડી
૯. ન. રચવુ તે; નિર્માણ કરવુ તે.
૧૦ ન વ્યવસ્થા
૧૧. ન સમાધિ
૧૨. ન. સાબિતી; પુરવારી.

સ્થાપના ૧. [સ.] સ્ત્રી. આરોપ કરવો તે; આરોપણ; સ્થાપન.
૨ સ્ત્રી. ખાડુ ખોદેલુ તે.
૩ સ્ત્રી. (જૈન) ચાર ભાંગાનો એક નિક્ષેપ.
સ્થાપનાના બે પ્રકાર છેઃ (૧) સદ્ભાવરૂપ સ્થ.પના (૨) અસ.ભાવરૂપ સ્થ.પના જિનદેવ પ્રમાણે તેમની મૂર્તિમા જિનદેવપણાનો આરોપ કરવો તે સદ્ભાવરૂપ સ્થાપના છે અને ૫લ વગેરેમા સ્થાપના કરવી તે અસદ્ભાવરૂપ સ્થાપના છે
૪. સ્ત્રી નાટકમાં રાખેલી અવસ્થા.
૫ સ્ત્રી. (ન્યાય) પ્રતિજ્ઞા ઉચ્ચાર્યા પછી તેને સિદ્ધ કરવા માટે હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન એવા ચ.ર અવયવો કહેવા તે
૬ સ્ત્રી પ્રસ્તાવના.
આમુખ અથવા વિષ્કંભકને બદલે મહાકવિ ભાસ દરેક નાટકમા સૂત્રધાર પાસે સ્થાપના કરાવે છે અને તે બહુ યુક્ત છે
મજિલાલ હરિશ્ચ.મ
૭ સ્ત્રી. ધ.મમાર્ગના જ્ઞાન માટે જાણવી જરૂરની ૪૪ મ હેની એક વસ્તુ
૮. સ્ત્રી આબિતી
૯. સ્ત્રી સ્થાપવુ તે; મડાણ; સ્થ.પિત કરવુ તે.
હિદ સ્વાતત્ર્યની આજે સ્થાપના થે રહી આહીં, જ્યાં આત્મપરીક્ષાની અપેક્ષા તે ઘડી રહે
ગાધીગીતા

સ્થાપના નિક્ષેપ પુ (જૈન) સાકાર અથવા નિરાકાર પદાર્થમાં આ તે છે એમ કહેવું તે જે વસ્તુ મૂળ વસ્તુની પ્રતિકૃતિ, મૂર્તિ અથવા ચિત્ર હોય અથવા જેમાં મૂળ વસ્તુનો આરોપ કરાવો હોય તે સ્થાપના નિક્ષેપ કહેવાય છે. જેમકે પાર્શ્વનાથની મૂર્તિને પાર્શ્વનાથ કહેવા, અથવા પુષ્પમાં અર્હંતની સ્થાપના કરવી. સ્થાપનાનિક્ષેપમાં મૂળ પદાર્થનો બાહ્ય સત્કાર પુરસ્કાર પ્રવૃત્તિ થ.ય છે પણ નામનિક્ષેપમાં નથી થતી. જેમકે કોઈએ પોતાના દીકરાનું નામ પાર્શ્વનાથ પાડયું, તો તે છોકરાનો પાર્શ્વનાથની બાહ્ય સત્કાર પુરસ્કાર નથી થતો પણ પ્રતિમામાં થાય છે.

સ્થાપનાર ૧. વિ. નક્કી કરનાર.
૨ વિ. મુહૂર્ત કરનાર
૩. વિ. શરૂઆત કરનાર.
૪ વિ સ્થાપન કરનાર, મૂકનાર

સ્થાપની સ્ત્રી કાળીપાટનો વેલો, પામા; વેણુવેલ; શ્રેયસી.
પાઠા, અજ્યા, સિધ્નુકર્ણી શ્રેયસી, સ્થાપની, રસા, એકષ્ટીલા પાચવલ્લી, પ્રત્યેણા, વનતિક્તકા, એ દસ લોકિત નામ કાળીપાટના છે
અમરકોષ

સ્થાપનીમુદ્રા સ્ત્રી. આવાહની મુદ્રાને ઊંધી કરવાથી થતી એક પ્રકારની મુદ્રા

સ્થાપનીય વિ સાબિત થાય એવુ, પ્રતિપાદનીય, ટકે તેવુ; ચાલી રહે તેવુ

સ્થાપવું ૧ સ. ક્રિ. જગા ઉપર મુકરર કરવું; બેસાડવું; નીમવું; યોજવું
૨. સ ક્રિ નવું માંડવું, ઊભું કરવું; નિર્માણ કરવું, વસાવવું
૩. સ ક્રિ. પ્રમાણપૂર્વક સાબિત કરવું; પુરવાર કરવું.
૪ સ ક્રિ સ્થાપના કરવી, પ્રતિષ્ઠા કરવી

સ્થાપિત ૧ [સં] વિ નિશ્ચિત થયેલ; નિર્ણીત
૨ વિ. પુરવાર કરેલું; સાબિત થઈ ગયેલ
૩. વિ સ્થાપેલું, બેસાડેલું, મુકરર કરેલું

સ્થાપિત દોષ પું. (જૈન) ઉદ્ગમ દોષના સોળ પ્રકારનો એક ભેદ. જે વાસણમાં કોઈ આહાર પકવ્યો હોય તેથી જુદા વાસણમાં તે આહાર રાખીને પોતાના અથવા બીજાના ઘરમાં જઈને તે આહાર રાખી દેવો તે સ્થાપિત દોષ કહેવાય છે.

સ્થાપિત હક પું નિશ્ચિત કે નિર્ણીત અધિકાર, ભોગવટો કે માલિકી

સ્થાય ૧. પું. આધાર; પાત્ર.
૨. પું. (સંગીત) રાગનો એક અવયવ
૩. પું. સામર્થ્ય.
૪. પું. સ્થાન; મુકામ.

સ્થાય ભંજની સ્ત્રી (સંગીત) રાગના સ્થાયનું આલાપથી ભંજન કરવું તે; સ્થાયનું ભંજન કરતો આલાપ. ગાયનમાં અસ્તાઈ, અંતરો, સંચારી, આભોગ એ માટે એ ચારે કે તેથી ઓછા ભાગો હોય છે, અને તે દરેક ભાગમાં સમની અમુક જગ્યાઓ હોય છે તેમાંની કોઈ પણ એક જગા ઉપર અથવા જુદે જુદે વખતે દરેક જગાએ ઉપર તાન પલટા લઈ આવી પડવું તે.

સ્થાયાલંકાર પું. (સંગીત) રાગ સ્વરોના નાના નાના ટુકડા; તાન પલટા.

સ્થાયિત્વ ૧ [સં.] ન. કાયમ રહેવાપણું; સ્થાયી રહેવાપણું.
૨ ન (વેદાંત) ટકાઉપણું; ઘણા કાળ સુધી રહેવાપણું, સ્થિરપણું; સ્થિરતા, નિત્યતા; સ્થાયીપણું, ' સ્ટેબિલિટી ', સ્વતંત્ર ભારતવર્ષ માટે જે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે તેમાં વપરાયેલ અંગ્રેજી શબ્દો માટે ખાસ સમિતિ નીમેલ. તેમણે વકીલને માટે આ પ્રમાણે ખાસ સર્વસામાન્ય શબ્દો નક્કી કર્યા છે:

અનુપાત = પ્રોપોર્શન; રેશિયો
અનુપૂરક = સપ્લિમેન્ટરી, સપ્લિમેન્ટલ
અનુમોદન કરવું = એપ્રુવ
અનુવર્તી = સક્સીડિંગ
અનુશાસન = ડિસિપ્લિન
અનુશાસનીય = ડિસિપ્લિનરી
અનુસૂચિતજાતિ = શેડ્યૂલ્ડ કાસ્ટ
અલાહ = ડિસઍડવાન્ટેજ
અવસર = ઓપોર્ચ્યુનિટિ
અસ્તિત્વ = ઍક્ઝિસ્ટન્સ
અસ્થાયી = ટેમ્પરરી
અસ્થિરવાસી = નોમેડિક
અંકિતકારી = રેટ્રિમેન્ટલ
આકસ્મિક = કેઝ્યુઅલ
આદિમજાતિ = ટ્રાઇબ્સ
આધાર = બેઝીક; ગ્રાઉન્ડ
આપત્તાદિક અનુદાન = ઍક્સેપ્શનલ ગ્રાંટ
આર્થિક = ઇકોનોમિક
આવર્તક = રિકરિંગ
આવશ્યકતા = નેસેસિટી; નીડ
વિશેષ ઇજાજત = સ્પેશ્યલ લીવ.
ઉચિત = (૧) એપ્રોપ્રિયેટ, (૨) ફિટ, (૩) પ્રોપર, (૪) સ્યૂટેબલ
ઉત્પાદન = પ્રોડક્શન
ઉદ્યોગ = ઇન્ડસ્ટ્રી
ઉધાર લેવું = બોરોઇંગ
ઉન્મુક્તિ = ઇમ્યુનિટી
ઉપદાન = ગ્રેચ્યુઇટી
ઋણ = ડેટ
ઋણપત્ર = ડિબેન્ચર
એકરૂપતા = યુનિફોર્મિટી
ઔચિત્ય = પ્રોપ્રાયેટી
કબરસ્તાન = બેરિયલ ગ્રાઉન્ડ
કર્તવ્ય = ડયૂટી
કલાત્મક = આર્ટિસ્ટિક
કારખાનું = ફેક્ટરી
કારણ = કોઝ; ગ્રાઉન્ડ; રિઝન,
કારભાર = બિઝનેસ
કાર્યકારી = ઍક્ટિંગ
કાર્યપટુતા = ઍફિશિયન્સી
કાર્યપાલિકા = એક્ઝીક્યુટિવ
કાર્યપાલિકા શક્તિ = એક્ઝીક્યુટિવ પાવર
કાર્યસંપાદન = ટ્રાન્ઝેક્શન ઓવ બિઝનેસ
કાર્યસંચાલન = કોન્ડક્ટ ઓવ બિઝનેસ
કાર્યસાધક = ઇફેક્ટીવ
કાલાવધિ = પિરિયડ
કિસાન = ટીનન્ટ
કુટિર ઉદ્યોગ = કોટેજ ઇન્ડસ્ટ્રી
કૃત્ય = ફંક્શન
કૃષિ = એગ્રીકલ્ચર
ક્ષમતાશાલી = કોમ્પીટન્ટ
ખર્ચ = કોસ્ટ
ગણરાજ્ય = રિપબ્લિક
ચંદા = સબસ્ક્રિપ્શન
ચલચિત્ર = સિનેમા
ચલાર્થ = કરન્સી
ચારો = ફોડર
ચૅક = ચેક
છુટ્ટી = લીવ
જનગણના = સેન્સસ
જવાલાગ્રાહી = ઇન્ફ્લેમેબલ
તત્ત્વ = પ્રિન્સિપલ; એલિમેન્ટ
તલ = લેવલ
તિથિ = ડેટ
ત્યાગપત્ર = રેઝિગ્નેશન
થાણું = પોલિસ સ્ટેશન
થોક = હોલસેલ
દર = રેટ
દેવાળું = ઇન્સૉલ્વન્સી
દુર્લભતા = સ્કારસિટી
દેનગી = પેમેન્ટ
નીચલું = ઇન્ફીરિયર
નિધિ = ફંડ
નિધિપત્ર = સ્ટોક
નિયુક્તિ = એપોઇન્ટમેંટ
નિરીક્ષણ = ઇન્સ્પેક્શન
નિર્યાત = એક્સપોર્ટ
નિશસ્ત્રીકરણ = સરપેન્ડ; સરપેન્શન
નિવાસ = રેસીડન્સ
નિવૃત્તિ = રિટાયરમેંટ
નિવૃત્તિનિકેતન = પેન્શન
નોકરી = એમ્પ્લોઇમેન્ટ
ન્યૂનતમ = મિનિમમ
પટ્ટો = લીઝ
પદત્યાગ = રેઝિગ્નેશન
પદોન્નતિ = પ્રોમોશન
પદ્ધતિ = સીસ્ટમ
પરિત્રાણ = સેફગાર્ડ
પરિમાપ = સર્વે
પર્યાપ્ત = સફીસ્યન્ટ
પૃચ્છા = રેફરન્સ
પેઢ = ડ્રિંક
પ્રતિકર = કોમ્પેન્સેશન
પ્રતિકરાત્મક = કોમ્પેન્સેટરી
પ્રતિભૂતિ = સિક્યોરિટી
પ્રતિવેદન = રિપોર્ટ
પ્રતિસહન = કેન્સલ
પ્રત્યય = ક્રેડિટ
પ્રસાધૂતિ = ગેરેન્ટી

સ્થાયી પુલાક ન્યાય

પ્રયા = પ્રેકરીસ
બીમારી = સિકનેસ
બેકારી = અનએમ્પ્લોયમેન્ટ
બટમાર - બેગર
ભાતુ - ઍલાવન્સ
ભરતી - રિક્રુટમન્ટ
પ્રાવિડન્ટ ફંડ - ભવિષ્યનિધિ
ભાડૂત - રેન્ટ આંધ લેડ
ભાડું - ફેર
ભારે = ચાર્જ
મહત્ત્વ = ઇમ્પોર્ટન્સ
મહાજની - બર્કિંગ
મજૂરી = સેલરી
માગ = ડિમાન્ડ
માદક = ઇન્ટોક્સીકેટિંગ
માનદેય = ઑનોરેરિયમ
મામૂલી = ઓર્ડિનરી
મૂલ-મૂલ્યન = કેપીટલ
મૂલ્યવૃદ્ધિ - ઇન્ક્રીમેન્ટ
યાત્રાભથ્થા = ટ્રાવેલિંગ
યોગક્ષેમ = ઍસેન્શિયલ ટાર્ગેટ્સ
યોગ્યતા = ઍબિલિટી
યોજના = પ્લેનીંગ; સ્કીમ
રિક્તતા = વેકેન્સી
રિવાયત = કન્સેશન
વર્ગીકરણ = ક્લેસિફિકેશન
વાર્ષિક = ઍન્યુઅલ
વેબા પરીક્ષા = ઓડિટ
સાઇકલસ્ટેન્ડ = પબ્લિક પેટ
સોકલ્પાત્મક = ઍમોકેટીવ
સોકેટન = પબ્લિક મની
સોકસેવા = પબ્લિક સર્વિસ
સોકસેવા આયોગ = પબ્લિક સર્વિસ કમીશન
વસ્તુભાર્ડ = ફ્રેઇટ
વાસ્તવિક = ઍક્ચ્યુઅલ
વિલાસ = લક્ઝરીઝ
વિશેષ રિવાયત = સ્પેશ્યલ કન્સેશન
વેતન = પે, સેલેરી
વ્યાપાર મંચ - ટ્રેડ યુનિયન
વ્યાવહારિક - પ્રેક્ટીકલ
વ્યૌરા - ડિટેઇલ્સ
શીઘ્રતા = ડિસ્પેચ
સમ તુલ્યતા = પેરિટી
સામર્થ્ય = કેપેસીટી
સેવા = સર્વિસ
સ્થાયિત્વ = સ્ટેબિલિટી
હૈસિયત = કેપેસિટી

સ્થાયી ૧. પું. (સંગીત) અવિકૃત સ્વર; ષડ્જ અને પંચમ સ્વર.

૨. [સં] પુ. કાવ્યશાસ્ત્રમાં પ્રસિદ્ધ રસને અનુકૂળ રતિ વગેરે ભાવ.

૩. પું. કિલ્લાનો રાજા; કિલ્લાની અંદર રહી લડનાર લડવૈયો કે કિલ્લાનો માલિક રાજા.

કિલ્લામાં જે કેદખાને દુષ્ટ બહ હોય તે જ કેદખાને સ્થાયીઓએ તોપ મારી. રાજબલ્લભ

૪. પું. (સંગીત) ગાયનના ચાર ભાંહેનો પહેલો વિભાગ.

૫. સ્ત્રી. પદની ચાર ભાંહેની પહેલી ટુક.

૬. [સં. સ્થાયિન્] વિ. ઘણી વાર ટકે એવું; ટકાઉ

૭. વિ. નહિ ડગે એવું; સ્થિર રહે એવું; અચલ; નિશ્ચલ.

૮. વિ. ઢીલું.

૯. વિ. હંમેશનું; કાયમનું.

સ્થાયી ઍક્રમ પું. ૬૪ સંખ્યા

સ્થાયીપૂજી સ્ત્રી. અચલ પૂજી; જેનો સમગ્ર ઉપયોગમાં ન આવતાં પડ્યો રહે તેવી મૂડી.

સ્થાયીભાવ ૧. [સં.] પું. ભક્તિમાં પૂર્ણ સ્થાત.

૨. પુ. મનુષ્ય હૃદયમાં બીજરૂપે કે સંસ્કાર રૂપ રહેલ ભાવ. જે ભાવો ચિત્તમાં સંસ્કાર રૂપે હંમેશાં વર્તમાન હોય છે અને વિભાવ આદિથી અભિવ્યક્ત થઈ રસપણાને પામે છે તે ભાવ. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય (નિંદા) વિસ્મય અને નિર્વેદ એ આઠ સ્થાયીભાવ કહેવાય છે.

૩. પું. રસનો આત્મા. સ્થાયી ભાવ દરેક રસનો આત્મા મનાય છે, કારણકે તે ન હોય તો રસની ચર્વણા જ અને નહિ.

સ્થાયીમૂડી (સ્થાયીમૂડી) સ્ત્રી. જે નાણી સ્થૂલ એવા રૂપમાં હોય છે ને જેનો ઓછ વાપરથી નાશ થઈ જતો નથી તેવી મૂડી.

સ્થાયી સમિતિ [સં.] સ્ત્રી. કાયમી મંડળી; કોઈ મંડળનાં સામાન્ય બધાં કામો કરતી રહેનારી નાની તેવી કાયમી સમિતિ, સ્ટેન્ડિંગ કમિટી'.

સ્થાલ ૧. [સં.] ન. થાળ; થાળી.

૨. ન. રાંધવાનું વાસણ.

સ્થાલી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને ખંડા પણ કહે છે. તેમા એક ગણ અને એક રગણ મળી ૭ વર્ણ હોય છે

સ્થાલી તરી પણ ઇન્ડિયન

૨. સ્ત્રી એક જાતની વનસ્પતિ. એ પિપ્પિકુલા વર્ગની છે તથા આદ્રિકુલેરિયા જાતના વર્ગમાંની છે. એનું વૈજ્ઞાનિક નામ આદ્રિકુલેરિયા અને અંગ્રેજી નામ બ્લેડર વોર્ટ અર્થાત્ સ્થાલી વનસ્પતિ છે. સ્થાલી વનસ્પતિના ઘણી જાતના વિચિત્ર વંશ છે. તે ઘણુ કરીને બધ, ગદાં, બંધાયલાં, છલકાં તળાવમાં તથા ખાબોચિયાથી પૂર્ણ જગાએ ઉત્પન્ન થાય છે. હિંદમા તે ઘણી મળે છે કલકત્તાની પાસેથી માતલી, હુગલી, મસરા, વર્દ્ધમાન, મધુપુર વગેરે જગા ઉપરના ગદા તળાવમાં, ગટરમાં, તથા ખરાબ ખાબોચિયામાં જોવામાં આવે છે. જ્યાં તે થાય છે ત્યાંના તળાવમાં તે બહુ હોય છે. એનાં પાંદડાં પીંજણના જેવાં બારીક અને ક્રમાગત બે ભાગમાં વહેચાઈ જઈને ફેરફાર થઈ જુદું રૂપ જ ધારણ કરે છે સ્થાલી વનસ્પતિ સર્પ શિશિર અથવા માંસ પકડનાર સાપલાની પેઠે જંતુ શરીરને પચાવી શકતી નથી. પણ તે સંસ્થાથી તે પ્રવેશવા કરીને પોતાનો નિર્વાહ કરે છે એ વાસ્તે એ ઘણીક રીતે સડેલું ખાનાર છે. પરંતુ તેમ હોવા છતાં પણ તેમાં તે માંસ ખાનાર વનસ્પતિની બાબ્યામાં કંઈ પણ ભાષ આવતો નથી, કારણ કે તે પચાવ નહિ કરી શકવાથી પણ એ સડેલા જંતુના પદાર્થને જ પોતાની કોષ મારફતે ખાવાનું પોષણ કરે છે

૩. સ્ત્રી. એક ફૂલછોડ; પાડલ

સ્થાલી પાડલ ફલકેતુ:, વામા રેવામા નામ; અમૃતસા અમૃતવિત્રા:.. પાટલ કરત પ્રસૂ.મ. વિશ્વપ્રકાશકોષ

૪. સ્ત્રી. થાળી; જમવાનું ભોજન ને ઢાનાવાળું સપાટ છીછરું પાત્ર; નાની કથરોટ; ખૂમચો

સ્થાલી ન્યાય [સ.] પું. વાસણને તપાસતાં જેમ ચોખા ચડે તે ન્યાય.

સ્થાલી પાક ૧. [સં.] પું. ચોખા દૂધ સાથે તપેલીમાં રંધેલો એક પાક.

૨. પું. ચરુ

૩. પુ તપેલીમા રાંધવું તે.

૪ પું. સ્વાહાને આપેલુ બલિદાન.

સ્થાલી પુલાક [સં.] પું. (ન્યાય) એક પ્રકારનો ન્યાય. જેમ ચોખાને રાંધવા મૂક્યા પછી એક દાણાને ચાખી જોતાં બધા ચોખા ચડ્યા છે કે નહિ તેનો નિર્ણય થાય છે તેવો ન્યાય

સ્થાલી પુલાક ન્યાય [સ.] પુ (ન્યાય) એક તપેલી ચોખા ચોર્યા હોય અને તેમાથી

એક દાણો લક્ષ ને દબાવીને જોવાથી જેમ આખી તપેલીના ચોખા ચડી ગયા છે કે કાચા છે તે જોવાય છે, તેમ જ કોઈ પણ વસ્તુનો એક અંશ જોઈ તે ઉપરથી આખી વસ્તુની સલતા કે અસત્યતા વિષે અનુમાન કરવું તેને સ્થાલી પુલાક ન્યાય કહે છે

સ્થાવર ૧ પું. (જૈન) જીવનો એક પ્રકાર. જૈન મત પ્રમાણે જીવના મુખ્ય બે પ્રકાર છે: સંસારી અને અસંસારી. સંસારીના સમનસ્ક અને અમનસ્ક એવા બે. અમનસ્કના સ્થાવર અને ત્રસ. પૃથ્વી પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવ આ બધામાં માનવ જેવું ચૈતન્ય છે. તે બધા આહાર કરે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, અને તે બધાને મનુષ્યની પેઠે આયુષ્ય મર્યાદા હોય છે. તે બધાં એકેંદ્રિય જીવો છે એટલે કે તેઓ માત્ર એક સ્પર્શેન્દ્રિયથી પોતાનો વ્યવહાર ચલાવે છે તે બધામાં આહાર, નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા અને ક્રોધ, માન, માયા તથા લોભ એ ચારે કષાયો છે. તેઓ સ્પર્શેંદ્રિય દ્વારા ખોરાક મેળવે છે. તે બધાં મરણ પામે ત્યારે પોતાની એ પાંચ યોનિ માફેની કોઈ એક યોનિમાં આવવાની કે બે, ત્રણ, ચાર અને પાંચ ઇંદ્રિયોવાળા જીવોની યોનિમાં આવવાની પણ યોગ્યતા ધરાવે છે. માત્ર અગ્નિ અને વાયુના જીવો મનુષ્યની યોનિમાં આવવાની યોગ્યતા ધરાવતા નથી સ્થાવરના પૃથ્વીકાય, જલકાય અને વનસ્પતિકાય એવા ત્રણ ભેદ છે. ત્રસના તેજઃકાય અને વાયુકાય એવા બે ભેદ તથા દ્વિંદ્રિય, ત્રિંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય એવા પણ ચાર ભેદ છે

૨. પું. ધનુષની દોરી

૩. પું. પર્વત

૪. વિ. અચલ; સ્થિર; સ્થિતિવાળું

૫. [સં] વિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસે કે ખસાડી શકાય નહિ એવું; સંચાર શક્તિ રહિત; અડગ; જંગમથી ઊલટું.

૬. વિ. વનસ્પતિ તથા અનિજ વિષયક.

સ્થાવર જંગમ વિ. ખસેડી શકાય નહિ એવું અને ખસેડી શકાય તેવું; નિર્જીવ અને સજીવ; જડ અને ચેતન

સ્થાવર જેર ન વનસ્પતિ તથા અનિજ વિષયક જેર. તે આ પ્રમાણે છે: સોમલનું વિષ, તાંબાનો ઢાટ, જરગાલનું વિષ, હરતાલ અને મનઃશિલનું વિષ, રસકપૂરનું વિષ, કાચની ભૂકો, વછનાગનું વિષ, મુડદારશિંગનું વિષ, સિંદૂરનું વિષ, મોરથૂથુનું વિષ, હિંગળોકનું વિષ, પારાનું વિષ, ગંધકનું વિષ, અફીણનું વિષ, તેપાણાનું વિષ, ભાંગ અને ગાંજાનું વિષ, કરેણનું વિષ, ઝેરકોચલાનું વિષ, ધતૂરાનું વિષ, મદારનો કેફ, મેણસી કે કોદ્રાનું વિષ, થૂરીઆનું વિષ, કૌંચ (કૂહીલી)નું વિષ, ચણોઠીનું વિષ, આકડાનું વિષ અને ખરસાણીનું વિષ.

સ્થાવરતા [સં] સ્ત્રી. સ્થાવર હોવું તે; સ્થાવર હોવાનો ગુણ; ખસેડી શકાય નહિ એવું હોવું તે.

સ્થાવરત્વ [સં] ન સ્થાવરપણું.

> ઇચ્છાપૂર્વક એક સ્થાનથી બીજા સ્થાન ઉપર જવાની અથવા હલવા ચાલવાની શક્તિ એ ત્રસત્વ અને એવી શક્તિ ન હોવી તે **સ્થાવરત્વ**
>
> તત્ત્વાર્થસૂત્ર

સ્થાવર નામ ન (જૈન) નામકર્મની બેતાલીસ માહેની એક પ્રકૃતિ. તેના ઉદયથી સ્વતંત્રપણે ગમન કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી.

સ્થાવર મિલકત ૧ સ્ત્રી કેરવી ન શકાય તેવી મિલકત; જમીન સાથે ચોંટેલી વસ્તુ અગર ફેરવી ન શકાય તેવી વસ્તુ

૨. સ્ત્રી. સ્થાવર પૂંજી; સ્થાવર માલ.

સ્થાવર વિષ જુઓ સ્થાવર ઝેર.

સ્થાવિર [સં.] ન. વૃદ્ધાવસ્થા; વડપણ; વૃદ્ધપણ

સ્થાણી સ્ત્રી. થાણી

સ્થાણીયંત્ર ન. (વૈદક) એક જાતનું યંત્ર. એક થાણીમાં તાજા વતેરે વસ્તુ મૂકી તેના ઉપર શકોરે હાંડી સંધિ લેપ કરી પકાવવામાં આવે તે સ્થાણીયંત્ર. થાણીને ઠેકાણે માટીનું કૂંડું પણ વપરાય છે

સ્થાંડિલ [સં.] પું. જાત ધારણ કરવાથી જમીન ઉપર સૂઈ રહેનાર ઉપાસક.

સ્થિત ૧. [સં. સ્થા (ઊભા રહેવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. અચલ; દૃઢ; સ્થિર.

૨. વિ. નિર્વિકાર.

૩. વિ. પ્રતિષ્ઠાવાળું; ટેકી

૪. વિ મોજૂદ; હયાત

૫. વિ રહેલું; વસતું; નિવાસી

૬. વિ. શાંત રહે તેવું.

સ્થિતધી [સં. સ્થિત (સ્થિર કરેલ) + ધી (બુદ્ધિ)] વિ. સ્થિતપ્રજ્ઞ; સ્થિર બુદ્ધિવાળું.

> **સ્થિતધી** એ સ્થિતપ્રજ્ઞની બીજી એટલે વ્યુત્થિત ચિત્તની અવસ્થા દર્શાવે છે.
>
> નિહારી

સ્થિતપ્રજ્ઞ ૧. [સ. સ્થિત (સ્થિર કરેલું) + પ્રજ્ઞા (બુદ્ધિ)] પું. આત્મજ્ઞાનમાં જેની મતિ સ્થિત થઈ છે તે; બ્રહ્મનિર્વાણને પાત્ર આધ્યાત્મિક અવસ્થાનું ઉત્કર્ષ સ્વરૂપ; સ્થિર બુદ્ધિવાળો પુરુષ. સ્થિતપ્રજ્ઞની બે અવસ્થા છે: એક સમાધિની અને બીજી વ્યુત્થિત દશાની સમાધિસ્થ એ સ્થિતપ્રજ્ઞની પહેલી અવસ્થા દર્શાવે છે. સ્થિતધી એ સ્થિતપ્રજ્ઞની બીજી એટલે વ્યુત્થિત ચિત્તની અવસ્થા દર્શાવે છે. ગીતામાં કહેલ સમબુદ્ધિના આ યોગનો ઉપયોગ કરી સર્વ સુખદુઃખમાં શાંતપણે આવો આદર્શ પુરુષ સદા સર્વદા સહન કરે છે. આ સબંધે લોકમાન્ય તિલક કહે છે કે: બ્રહ્મ અને આત્મા એક છે એટલે કે બ્રહ્મૈક્યનું પૂર્ણ જ્ઞાન થયા પછી આત્મા બ્રહ્મમાં પીગળી જાય છે અને બ્રહ્મજ્ઞાની પુરુષ તે જ ક્ષણે અને તે જ સ્થળે પોતે જ બ્રહ્મરૂપ થાય છે અને આ આધ્યાત્મિક અવસ્થાનું 'બ્રહ્મનિર્વાણ' મોક્ષ એવું નામ કહેવાય છે. મોક્ષ એ અમુક કોઈ ઠેકાણે રહેલો છે અથવા તો કોઈ બીજાને દેવ અથવા બીજું ગામ છે એમ નથી, આપણા હૃદયમાં રહેલી અજ્ઞાન ગ્રંથિનો નાશ તેનું નામ જ શાસ્ત્રમાં મોક્ષ કહેલ છે. મનુષ્યના આત્માની જ્ઞાનદૃષ્ટિએ જે આ પૂર્ણ અવસ્થા તેને જ બ્રહ્મભૂત અથવા બ્રાહ્મીસ્થિતિ એમ કહે છે અને સ્થિતપ્રજ્ઞ, ભક્તિમાન અથવા ત્રિગુણાતીત પુરુષોનાં ભગવદ્ગીતામાં બીજાં સ્થળોમાં જે વર્ણનો છે તે પણ આ આદર્શ અવસ્થા જ છે. ગીતામાં લખ્યું છે કે:

સ્થિતપ્રજ્ઞઃ

અર્જુન ઉવાચ:

કા શાં લક્ષણ સ્થિતપ્રજ્ઞસ્ય પ્રભુ! એ એવા સમાધિસ્થનાં,
શું બોલે સ્થિતપ્રજ્ઞ કેમ વસતે તે કેમ ચાલે અહા!

શ્રી ભગવાન ઉવાચ

જ્યારે કામ સહુ મનોગત તજે, સંતુષ્ટ આત્મા વડે,
આત્મામાં જ પ્રયાસનું સ્થિરમતિ ત્યારે જ કહેવામ છે.
દુ ખોમાં મન તેનું ખિન્ન નહિ ને સ્પૃહા સુખોમાં નહિ;
જેને રાગ નહિ ન ક્રોધ ભય તે છે સ્થિતબુદ્ધિ મુનિ.
જે આસક્તિ રહિત છે સરવમાં પામી શુભાશુભને,
સ્તુતિ જેહ કરે ન દ્વેષ ન કરે તેની મતિ સ્થિર છે.
સકેલે અમમ કૂર્મ અંગ સ્વમ આ જ્યારે સહુ થી દિશે,
સકેલે સહુ ઇંદ્રિયો વિષયથી તેની મતિ સ્થિર છે.
નિરાહારી શરીરીના વિષય સૌ વિરામતા સ્વાદ રહે,
જેની તો પરમાત્મ જોઈ રામતી એ સ્વાદ પામ્યા થકે તે.
હે કૌંતેય! છતાં ય યત્ન કરતાં સુજ્ઞસ્ય પુરુષની,
ઇંદ્રિયો મથી નાખતી મન હરી લે છે બળાત્કારથી.
રહેવું મુક્ત અની પરવશ અને બાકી સહુ તેહને,
કાં કે ઇંદ્રિય જેહને વશ સહુ તેની મતિ સ્થિર છે
ઇંદ્રિયો સમતી મહીંથી મન તો જે જેની પૂંઠે ચલે,
તે એની હરી બુદ્ધિ જે જલમ જળે વાયુ હરે નાવને.

તેની બુદ્ધિ છે આજ્ઞાકર ! આ રિવાજો અને રીતે, જેની સૌ આસક્તિ છે વિષયો તેની મતિ સ્થિર છે.

પ્રિયભક્તઃ

અર્જુન ઉવાચઃ

હાથી સંકલ્પ મુક્ત એમ કરતા જે તારી ઉપાસના, તે આપ્યાંત જ જેહ અક્ષરાત્મો યોગવેત્તા કહ્યા ?

શ્રી ભગવાન ઉવાચ.

અદ્વેષી જે સકલ ભૂતનો મિત્ર કૃપાળુ જ્ઞાતા, મુખે દુઃખે સદાય સમતા જે તજે જે અહંતા; સંતોષી જે સતત દૃઢ છે નિયમે સંયમી જે, અર્પે મારી મન માવ અને ભક્ત વહાલો મને તે.

કુણે જેથી ન જન્મ, જનથી જે કુણાયે નહિ રે, હોખોટેમે હરખ વ્યથથી મુક્ત વહાલા મને તે. વાંછા ખાલી પુનિત અદ્ભુ-થી દક્ષ દાસીલ છે જે, સૌ આરંભો રાહત મુજ જે ભક્ત વહાલા મને તે.

જા હોષે જે વળી ન હરખે દ્વેષ વાંછા ન રાખે, જે ત્યાગી છે શુભ અશુભનો ભક્ત વહાલો મને તે. શત્રુ મિત્રે સમ સમ વળી જેહ માનાપમાને, શીત ઉષ્ણે સમ સમ દુઃખે ત્યાગી આસક્તિ જેણ; જેને નિંદા સ્તુતિ સમ, મૂન શુભ છે મૈં મળે જે, જેમ સ્થાને વાહ, સ્થિરમતિ ભક્ત વહાલા મને તે.

અદ્ભુ જે ઇચ્છિ રીત આ ધર્મપીયૂષ સેવે, દૃઢે આશામાં રહીપણી અતિ પ્રિય વહાલે મને તે.

ગુણાતીતઃ

અર્જુન ઉવાચઃ

કૃપાળુ આ ત્રણેથી અતીત જન તે શા લક્ષણે ભક્તવો ? કા આચાર જ કેમ કૃષ્ણ ત્રણ જે ત્રિભુ ! તરી તે જતો.

શ્રી ભગવાન ઉવાચઃ

વ્યવાં પ્રાપ્ત પ્રકાશ તેમ પ્રવૃત્તિ ને મોહે વળી, પાંડવ દ્વેષ કરે નહિ સમી જવાં પાછા ન રાખે નહિ; ઉદાસી સમ જે રહે વળી મુખે જે ના ચલાયમાન રે, ગુણો માત્ર કરે જ કર્મો, ચલી જે રહે સ્થિર ને ના હલે;

આવી પ્રજ્ઞા કેમ તુલ્ય સમ છે દુઃખો સુખો જેહને, નિંદા સ્તુતિ અપ્રિય પ્રિય સમ છે જે સ્વસ્થ ને ધીર છે; સમ મિત્રવર્ગો ય પક્ષ કરવો માનાપમાને તથા, ગુણાતીત વ્યવાય તેહ તજવાં આશ્રય સૌ કર્મોના.

અવ્યભિચાર ભજનથી જ વળી જે સેવા કરે આહરી, તે છે યોગ્ય જ બ્રહ્મભૂત બનવા આ ગુણ સર્વે તરી. કાં કે બ્રહ્મ અમૃત અવ્યયતણી ને શાશ્વતે ધર્મની, ને ઐકાંતિક સુખની પણ હાં હું તો પ્રતિષ્ઠા વળી.

આ રીતે ત્રિગુણોરૂપી સૌ કોઈ જિજ્ઞાસુને શ્રીમદ્ ભગવદ્ગીતા ભિન્ન ભિન્ન નામે આદર્શ પુરુષનાં લક્ષણો આપી મનુષ્યમાત્રને સનાતન શિક્ષણ આપે છે કે: લાભઅલાભ, જય પરાજય, સુખદુઃખ, રાગદ્વેષ, સ્તુતિનિંદા વગેરે દ્વંદ્વોને જે પુરુષ તરી જાય છે તેને આ દેહે અહીં જ મોક્ષ છે. આ દ્વંદ્વો તરી જવા એટલે કે તેના પોતાના ઉપર તેની અસર ન થવા દેવી. જે પુરુષ સુખમાં હસી જતો નથી, દુઃખમાં ડરી જતો નથી, તે પુરુષ આદર્શ પુરુષ છે. જે પુરુષ સ્તુતિથી ફુલાઈ જતો નથી અને નિંદાથી કરમાઈ જતો નથી તે જ પુરુષ આદર્શ પુરુષ છે. અર્થાત્ ગીતાજ્ઞાનનું તાત્પર્ય તો એ છે કે: રાગદ્વેષથી પર રહો, સુખદુઃખમાં સમ રહો, માનાપમાને નિર્લેપ રહો, જયપરાજયે સમતોલ બનો. આનું નામ જ મુક્તિ, મોક્ષ કે જે કહો તે-પુરુષની પરમ ગતિ !

રાગદ્વેષથી જે મુક્ત અહિંસક બની રહે,
ગીતાજ્ઞાનો સ્થિતપ્રજ્ઞ તે આદર્શ અહિંસક.

ગાંધીગીતા

૨. કું. દક્ષ અને જાણકાર માણસ.

૩. વિ. તત્ત્વવેત્તા.

૪. વિ. સ્વસ્થ.

અર્જુને જોઈને જે રાગ, તેમાં સમથી (સ્થિતપ્રજ્ઞ) પુરુષ બનતો રહે છે. ગીતારહસ્ય

સ્થિતપ્રજ્ઞતા [સં.] સ્ત્રી. જ્ઞાનથી ઉત્પન્ન થતી બુદ્ધિની નિશ્ચલતા.

સ્થિતાત્મા [સં.] વિ. જેનો આત્મા સ્થિર છે એવો પુરુષ.

સ્થિતાવણી ૧. વિ. સ્ત્રી. એક આરાની.

૨. વિ. સ્ત્રી. એક સ્થિતિવાળી.

તે ઉદેવ દૃઢ ને એક સ્થિતાવણી. કેશવદાસ

સ્થિતિ ૧. સ્ત્રી. અવસ્થા, હાલત; દશા.

૨. સ્ત્રી. અંગવિન્યાસ; અવયવ સંસ્થાન; 'પોઝ'.

ઘંટના નાદ કેરની, પંક્તિની એક સ્થિતિની બની-ના ભરાવની હતી.

રમણલાલ વાળાભાઈ

૩. સ્ત્રી. આસનઃ શાંત સ્થિતિમાં બેસવું તે.

૪. [સં. સ્થા (ઊભા રહેવું)] સ્ત્રી. ઊભા રહેવું તે.

૫. સ્ત્રી એક સ્થાન કે અવસ્થામાં સ્થિર રહેવું તે, કાયમ એક ઠેકાણે અડગ રહેવાપણું, સ્થિરાવસ્થા.

૬. સ્ત્રી. (જૈન) કર્મબંધના ચાર ભાંગાનો એક પ્રકાર.

જીવ દ્વારા ગ્રહણ થઈ તેના પ્રદેશોમાં સંશ્લેષ પામેલા કર્મ પુદ્ગલોમાં પણ ચાર અંશોનું નિર્માણ થાય છે. તે અંશો તે જ પ્રકૃતિ, સ્થિતિ, અનુભવ અને પ્રદેશ. તત્ત્વાર્થસૂત્ર

૭. સ્ત્રી. (ગણિત) કોયડ અંક.

૮. સ્ત્રી. ગોઠવણ; રચના.

૯. સ્ત્રી. ગોસાંઈ માંહેની એ નામની એક માનસતત્ત્વદેવતા.

૧૦. સ્ત્રી (જૈન) જીવિતકાળ; આયુમર્યાદા.

જીવ । આ ભેદથી સ્થિતિ બે પ્રકારની છે: કોઈ ૫ ૨ જન્મ પ્રાપ્ત કરી એમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ જેટલા સમય સુધી જીવી શકાય છે તે ભવસ્થિતિ અને વચમાં કોઈ બીજી જાતિમાં જન્મ ગ્રહણ ન કરતાં કોઈ એક જ જાતિમાં વારંવાર પેદા થયું તે કાયસ્થિતિ મનુષ્ય તથા તિર્યંચની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે. તેમની કાયસ્થિતિ ભવસ્થિતિની માફક જઘન્ય અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટ કાયસ્થિતિ મનુષ્યની સાત અથવા આઠ ભવગ્રહણ પરિમાણ છે. જ્યાં તિર્યંચોની કાયસ્થિતિ અને ભવસ્થિતિ એકસરખી નથી. પૃથ્વીકાયની ભવસ્થિતિ બાવીસ હજાર વર્ષ, જળકાયની સાત હજાર વર્ષ, વાયુકાયની ત્રણ હજાર વર્ષ અને તેજઃકાયની ત્રણ અહોરાત્ર સુધી ભવસ્થિતિ છે. એ ચારેયની કાયસ્થિતિ અસંખ્યાત અવસર્પિણી, ઉત્સર્પિણી પ્રમાણ છે. વનસ્પતિકાયની ભવસ્થિતિ દસ હજાર વર્ષ અને કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ છે. દ્વીંદ્રિયની ભવસ્થિતિ બાર વર્ષ, ત્રીંદ્રિયની ઓગણપચાસ અહોરાત્ર અને ચતુરિંદ્રિયની છ માસ પ્રમાણ ભવસ્થિતિ છે. એ ત્રણેની કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષની છે. પંચેંદ્રિય તિર્યંચોની ગર્ભજ અને સંમૂર્છિમની ભવસ્થિતિ જુદી જુદી છે. ગર્ભજમાં જળચર, ઉરગ અને ભુજગની કરોડ પૂર્વ, પક્ષીઓની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ચારપગા સ્થલચરની ત્રણ પલ્યોપમ ભવસ્થિતિ છે. સંમૂર્છિમમાં જલચરની કરોડ પૂર્વ, ઉરગની ત્રેપન હજાર, ભુજગની બેતાલીસ હજાર વર્ષની ભવસ્થિતિ છે. પક્ષીઓની બોતેર હજાર, સ્થલચરોની ચોરાશી હજાર વર્ષ પ્રમાણ ભવસ્થિતિ છે. ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચોની કાયસ્થિતિ સાત અથવા આઠ જન્મગ્રહણ અને સંમૂર્છિમની સાત જન્મગ્રહણ પરિમાણ છે.

૧૧. સ્ત્રી. ઠેકાણું; જગા.

૧૨. સ્ત્રી. (જૈન) દસ માઠેનો એ નામનો એક ક્લેશ.

૧૩. સ્ત્રી. નિવાસ; મુકામ; રહેઠાણ; વસવાટ.

સ્થિતિ કરવી = રહેવું.

૧૪. સ્ત્રી. નીતિ માર્ગે ચાલવું તે.

૧૫. સ્ત્રી. પદ; પદવી; દરજ્જો; કોટિ.

૧૬. સ્ત્રી. પેઢી

૧૭. સ્ત્રી. પૌર અથવા જનપદ, ગ્રામ કે શહેરી હક્ક સિવાયની બાબતોને લગતો કરેલ ઠરાવ.

આ મંડળીના બીજા પ્રકારના ઠરાવોને સ્થિતિ (નિયમિત અથવા નિત્ય) અથવા રેસ્ટસ્થિતિ (રેસ્ટ અથવા રેસ્ટલાની સ્થિતિ) કહેતા. હિંદુસ્વરાજ્યવ્યવસ્થા

૧૮. સ્ત્રી મરતીની મર્યાદા.

૧૯. સ્ત્રી મગદૂર, ધારણશક્તિ; ક્ષમતા.

૨૦. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ મહેનીમાંની એક કળા.
૨૧ સ્ત્રી. મર્યાદા; કાયમમર્યાદા
૨૨ સ્ત્રી લોકસમૂહ.
૨૩ સ્ત્રી સત્તા
૨૪ સ્ત્રી. સભોગનાં સાત માંહેનું એક આસન.
૨૫ સ્ત્રી સરક્ષણ
૨૬. સ્ત્રી સ્પર્શકાળથી મોક્ષકાળ સુધીનો વખત.
૨૭ સ્ત્રી હકીકત

સ્થિતિકાળ પું અસ્તિત્વકાળ; અવધિ

સ્થિતિચ્યુત ૧ [સં] વિ પોતાની સ્થિતિ પ્રમાણે ખર્ચ રાખનાર

૨ વિ સ્થિતિચ્યુત, પોતાની સ્થિતિને ચુસ્તપણે વળગી રહેનાર, 'કન્ઝર્વેટિવ'

સ્થિતિચ્યુસ્ત તુર્કીમાં પણ ઓઓ ઘૂસ થઈ રહી છે. અભિનવ ગ્રામરાજ

૩. વિ સનાતની; અર્વાચીનમાન; સ્થિતિરક્ષક
શું હિંદુઓમાં કે શું જૈનોમાં અત્યારે એક બળવાન વર્ગ સ્થિતિચુસ્ત છે. ન. ક. ઠાકોર

સ્થિતિચુસ્તતા [સં] સ્ત્રી. મક્કમપણું

સ્થિતિચ્યુત [સં] વિ. જગ્યાએથી પડેલ; ડગી ગયેલ

સ્થિતિજ્ઞ [સં.] વિ સ્થિતિને જાણનાર.

સ્થિતિદર્શક [સં] ન. એ નામે એક યંત્ર; 'સ્ટીરિયોસ્કોપ'.

સ્થિતિપત્રક [સં ન. અનુક્રમપત્રક; 'કેટલોગ'.
લાયબ્રેરીનો વેબ કરી ૧૦૮૦ લાયબ્રેરીનું સ્થિતિપત્રક (કેટલોગ) તેણે તૈયાર કર્યું હતું. જ્યોતિર્વિલાસ

સ્થિતિપાલક [સં] વિ. ચાલતી રીતિને વળગી રહેનાર.

સ્થિતિબંધ પું. (જૈન) કર્મબંધનો એક પ્રકાર; બાંધેલ કર્મ કેટલા વખત સુધી જોગવવું પડે તે સ્વભાવ બંધાવા સમયે જ તે સ્વભાવથી અમુક વખત સુધી ચ્યુત ન થવાની મર્યાદા પુદ્ગલોમાં નિમિત્ત થાય છે તે કાલમર્યાદાનું નિર્માણ તે સ્થિતિબંધ કહેવાય છે.

સ્થિતિભંગ [સં.] પું. અંગવિન્યાસ.
એ કલાકારોએ સૌને અમુક જ કલામય અને કાવ્યમય આકારો સ્થિતિભંગોમાં ચીતર્યા નથી. મેઘાણી

સ્થિતિભ્રષ્ટ ૧ [સં.] વિ જીવંતરતી દશામાંથી આવેલું.

૨. વિ સ્થાનભ્રષ્ટ.

સ્થિતિમતી [સં] વિ. સ્ત્રી. રહેઠાણવાળી.
જ્યાં જે સ્થિતિમતી થઈ ત્યાં એ સમૂહિનાં અંગોનું ગૂથન કે પ્રકાર દાન કરી ગઈ ગોવર્ધનરામ

સ્થિતિરક્ષક ૧. [સં.] વિ જૂની સ્થિતિને સાચવી રાખવાની ચીવટ રાખનારું; જૂના રિવાજને માનનારું; રૂઢિપૂજક; પ્રાચીનપંથી; અર્વાચીનમાન સ્થિતિચુસ્ત

૨ વિ પ્રરક્ષક; સરક્ષક

સ્થિતિવિદ્યા [સં] સ્ત્રી. ગુરુત્વવિદ્યા; સ્થિતિશાસ્ત્ર, પદાર્થસ્થિતિનિષ્ઠા; પરસ્પર કાર્ય કરી વસ્તુને સમતોલ રાખતાં બળોના કાર્યના નિયમોનો પદ્ધતિસર અભ્યાસ; 'સ્ટેટિક્સ'
સ્ત્રીઓનાટ્ટે તથા સ્ટેટિક્સ એ બન્નેએ સ્થિતિવિદ્યાને અજબ પાયા પર મૂકી. વિદ્યાન પ્રવેશિકા

સ્થિતિશાસ્ત્ર [સં] ન પદાર્થસ્થિતિનિષ્ઠા; ગુરુત્વવિદ્યા; બળોનું સમતોલપણું સર્જનાર અથવા વિવિધ બળોની અસરને લીધે સ્થિર રહેલા પદાર્થો વિષે વિચાર કરનાર યંત્રવિજ્ઞાની શાખારૂપ શાસ્ત્ર; 'સ્ટેટિક્સ' જે વસ્તુ અને અવસ્થાનું જ્ઞાન કરાવે છે. ગતિમાન પદાર્થોનું વિજ્ઞાન જેમ ગતિશાસ્ત્ર (ડિનેમિક્સ) કહેવાય છે; તેમ જ સ્થિર પદાર્થોનું વિજ્ઞાન (સ્ટેટિક્સ) કહેવાય છે. શ્રી ઠાકોરલાલ શ્રીધરલાલ ઠાકોર લખે છે કે: " ગુજરાતનો પહેલો વૈજ્ઞાનિક કોષ, અર્થાત્ વૈજ્ઞાનિક શબ્દસમૂહ, ગુ. સા. પરિષદ વિજ્ઞાન સમિતિ કોષ, અને પી સી. રોયની રસાયનિક પરિભાષા અને ભૌતિક વિજ્ઞાન પરિષદ કૃત વૈજ્ઞાનિક પરિભાષાની સહાયથી માધ્યમિક શાળાઓના અભ્યાસ પૂરતો એક કોષ મેં તૈયાર કર્યો છે ". જેમાંથી થોડાએક નમૂના આ પ્રમાણે છે: એક્સેલરેશન–વેગવર્દ્ધિ, એડહીઝન–સંલગ્નતા, એર પોમ્પ–વાયુકોષ્ટ, એર પંપ–વાતકોષકયંત્ર. ઓટ્ટનેટર પરાવર્તક, એક્સ્પિાન્શ્યુડ–કૃપવિસ્તાર, આર્મેચર– અસ્ત્ર રક્ષક, એસ્ટ્રોલેબિક) વિષુવદર્શી, એસ્ટ્રનટ ઘટાકાર પાત્ર, સેન્ટર ઓફ ઇક્વિટી–ચુસ્તચક્રેન્દ્ર, સેન્ટર ઓફ ગ્રેવિટી–ચુસ્તચક્રેન્દ્ર, સેન્ટ્રોપ્રેશ–કેન્દ્રાપસારી, સેન્ટ્રીપીટલ–કેન્દ્રાભિમુખી, કોહીઝન–સંસક્તિ, કોમ્પ્રેસ–વારસંડળ વાને ગૂચળું, કોમ્પ્રેસિબિલિટી–સંકોચ્યમ તા, કો-એફ્ફ્ય-અંતર્ગોળ, કો-એક્સ–બાહ્યગોળ, કોનિયા–અસ્પષ્ટ, સિલિન્ડર–નળાકાર, ડિક્લેકશન–સ્ખલન, ડાયાગ્રામ–કોષ્ઠાકોષ્ઠી રેખા, ડાયાફ્રામ–પટલ, ડિફ્યુઝ્ડ લાઇટ–પ્રસરિતપ્રકાશ, ડિસ્ક–ચક્રતી, ડિસ્ક્વાલિફે–વિરહ્ર્જ, ડિસ્ટીલ્ડ વોટર–નિર્ક્ષાર જલ, ઇલેક્ટ્રિક–વિદ્યુતસ્થિતિસ્થાપક, ઇલેક્ટ્રિસિટી–વિદ્યુતસ્થિતિસ્થાપકતા, ઇલેક્ટ્રિફાયેડ–વિદ્યુતમય, ઇલેક્ટ્રોમેગ્નેટ–વિદ્યુતચુમ્બક, ઇલેક્ટ્રોન–વિદ્યુતઅણુ ઇલેક્ટ્રોસ્કોપ–વિદ્યુતદર્શકયંત્ર, એલીમેન્ટ–મૂળતત્ત્વ, ઇલિપ્સ–લઘ્વર્તુળ, ઇવેપોરેટ–આપ્પીજવન થવું, ફ્લેમ અમિશિખા વાને દીપશિખા, ફોકલલેન્થ–નાભિઅંતર, ફોર્મુલા–સૂત્ર વાને સંકેત, ફિઝિક્સ–ભૌતિકશાસ્ત્ર, ફ્રીક્શન પોઇન્ટ–ઘર્ષણબિંદુ, ફલક્રમ–આધારબિંદુ, ગીઅર–દંતચક્ર, હોરિઝેન્ટલ–સમક્ષિતિજ, હોર્સપાવર–અશ્વશ્રમસામર્થ્ય, હાઇડ્રોજન–આર્દ્રવાયુ, હાઇડ્રોમીટર–જલગુરુત્વમાપક નળી, ઇનર્શિયા–નિષ્ક્રિયત્વ વાને જડતા, આયોડિન–નીલ, લેન્સ–દગડાંચ, લીવર–ઊંચ્ચલન દંડ, લિફ્ટ પંપ–જલોત્કર્ષયંત્ર, મેક્સિમમ–મહત્તમ, મેટિંગ પોઇન્ટ–ગલનાંક, મીરિડિયન પ્રુવમધ્યોગી રેખા, મિનિમમ–અલ્પતમ, મોબિલિટી–ચલાયતા, મોલેક્યુલ–અણુ, મોમેન્ટમ–વેગધાન, મોન્સૂન વિન્ડ વર્ષાવાહી પવનો, નેગેટિવ પોલ ઋણધ્રુવ, પોઇન્ટ ઓફ કોન્ટેક્ટ–સ્પર્શબિંદુ, પોટેન્શિયલ–વિદ્યુત સપાટી, પ્રિઝમ–ત્રિપાર્શ્વકાચ, રેકન મોડ–પટ્ટિમાપક યંત્ર, સેકંડ લેન્જ–નિર્ણય દીવો, સ્પેસિફિક હીટ–વિશિષ્ટ ગરમી, સ્ટેટિક્સ–સ્થિતિ વિજ્ઞાન કે સ્થિતિશાસ્ત્ર, સ્ટોપકોક–ચકલી, સ્ક્રૂ–અડનળી, વેક્યુમ–શૂન્ય

સ્થિતિશીલ ૧ [સં] વિ. સ્થિર

૨. વિ સ્થિરતાના સ્વભાવવાળું
જગતમાં ગતિશીલ અને ગતિપ્રેરક સ્થિતિશીલ પદાર્થ જીવ અને પુદ્ગલ એ છે તત્ત્વાર્થસૂત્ર

સ્થિતિસ્થાપક ૧. (ન્યાય) પું. ન્યાયમાં કહેલ એક પ્રકાર; અન્યથાકૃત વસ્તુને કરી તેની તે જ અવસ્થામાં લાવી મૂકનાર બંધારણ.

૨. વિ. (વેદાંત) પૃથ્વીમાં રહેનારા ગુણમાં રહેનારી તથા મનમાં રહેનારા પદાર્થોમાં નહિ રહેનારી તથા સંસ્કારત્વ જાતિની વ્યાપ્ય જે જાતિ છે, તે જાતિવાળો ગુણ

૩ [સં] વિ અસલ કે સ્થિતિ કે હાલતમાં ફોર્સ કોની કે સ્થિતિએ આવીને પાછું સ્થિત થાય એવું; પર્વસ્થિતિગામી; અસલ સ્થિતિને વળગી રહેનારું; વાળીએ કે મરોડ કરીએ પણ પાછું મૂકી દેતાં જેમનું તેમ થઈ જાય એવું; રબર પેઠે વાળીએ તો વળે પણ છોડી દઈએ કે તરત પોતાની મૂળ સ્થિતિએ આવી જાય તેવું

૪ વિ સ્થિતિરક્ષક, સરક્ષક; પ્રરક્ષક

સ્થિતિસ્થાપકતા [સં] સ્ત્રી પ્રયોગવિકાસશક્તિ; દબાણ કે ખેંચાણ પ્રમાણે વસ્તુનો આકાર કરે પણ તે ફર થતા તેના મૂળ રૂપમાં આવી જવું તે; સ્થિતિસ્થાપક હોવાનો ગુણ. મૂળ સ્થિતિમાં આવી જવાનો ગુણ; દ્રવ્યનો સાધારણ ગુણ.

સ્થિતિસ્થાપકત્વ જુઓ સ્થિતિસ્થાપકતા.

સ્થિતિસ્થાપકસંસ્કાર ૧. પું. (વેદાંત) અન્યથા કરેલી વસ્તુની પૂર્વે હતી તેવી સ્થિતિ કરાવનારો સંસ્કાર. જેમકે, ઝાડની ડાળી, ધનુષ્ય, નેતરની સોટી વગેરે.

૨. પું. (વેદાંત) પૂર્વે જેવો હોય તેવો સંયોગ ઉત્પન્ન કરનારી ક્રિયારૂપ કર્મનો હેતુ.

સ્થિત્વ ૧. જી સ્થિતિ

૨. વિ સ્થિર; ચિરસ્થાયી.

સ્થિત્વ નહિ આશા પરજણી. અખો

સ્થિત્યંતર ૧. [સં.] ન. સ્થિતિનો ફેર; રૂપાંતર; વિકૃતિ, બીજી નવી સ્થિતિ.

૨. ન. હલનચલન.

સ્થિર ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એક યોગ

સ્થિરથી સ્થિર કાર્ય થાય. જ્યોતિષસાર

૨. પું. ઔષધિનો એક ગુણ.

૩ પું. કાર્તિકેય.

૪ પું. ઝાડ; વૃક્ષ

૫. પું દેવ

૬. પું. દ્રવ્યનો એક પ્રકાર; અપાન વાયુ તથા મળનું રૂપાંતર કરે તે દ્રવ્ય.

૭. પું. ખાવડીનું ઝાડ.

૮. પું. પર્વત

૯ પું. બગાદ.

૧૦. પું. મોક્ષ

૧૧. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. આકાશની પેઠે એકની એક જગ્યાએ અચળ રહેનારા, સદા અવિકારી સ્થિતિમાં રહેનારા, પુનઃમાયાપ્રપંચમાં આ લોક અને પરલોક આદિ પ્રતીતિઓ કરાવા છતાં કૂટસ્થપણે રહેનારા હોવાથી તે સ્થિર કહેવાય છે.

૧૨. પું. શનિ.

૧૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૪. પું. શેમળાનું ઝાડ.

૧૫. પું. સામાન્ય બીસ માંહેનો એક ગુણ.

૧૬. પું. સ્થિતિવિદ્યા

૧૭. પું. હાથી

૧૮. જી. (જ્યોતિષ) નક્ષત્રની એક સંજ્ઞા.

રોહિણી અને ત્રણે ય ઉત્તરા એ ચાર નક્ષત્રો સ્થિર અથવા ધ્રુવસંજ્ઞક છે. જ્યોતિષસાર

૧૯. જી. પૃથ્વી.

૨૦. વિ. એક જ હાલત અથવા સ્થાન ઉપર અચલ રહેલું અથવા રહેતું, એક ઠેકાણે રહેનાર.

૨૧. વિ કાયમી; જાયું રહે એવું; સ્થાયી; નિત્ય.

૨૨. વિ. ચોંટેલું.

૨૩. વિ. ઠરેલ; ધ્રુવ; નિશ્ચિત.

૨૪ વિ ધંધાની જરૂરિયાત પ્રમાણે કે મજૂરોની જાત અજાત અનુસાર મજૂરો એક ઠેકાણેથી બીજે ઠેકાણે ન જઈ શકે એવી મજૂરોની સ્થિતિવાળું; ' ઇન્ડોસ્ટાબલ '

૨૫. વિ. નિષ્ક્રિય; અક્રિય; હાલતુચાલતું ન હોય તેવું; અચેષ્ટ

પોષકશક્તિ સ્થિર (Passive) છે ને ઉત્પાદકશક્તિ ચંચલ (Active) છે. પારિભાષિક કોષ

૨૬. વિ. મક્કમ; દૃઢ; અટલ; નિશ્ચલ; અડગ; અચળ

સ્થિર રહેવું = (૧) દૃઢ રીત રહેવું (૨) સ્થળાંતર ન કરવું

૨૭. વિ મજબૂત; કાયમ

૨૮. વિ રાગદ્વેષ રહિત

સ્થિરગંધ ૧. [સં.] પું. ચંપક નામનું ઝાડ.

૨. પું. જેની સુગંધ કાયમ રહે તે પદાર્થ.

૩. વિ. સ્થિર ગંધવાળું.

સ્થિરગંધા [સં.] જી. કેતકી

સ્થિરચિત્ત [સં.] વિ. સ્થિર ચિત્તવાળું.

સ્થિરચેતા [સં.] વિ. દૃઢ મનવાળું.

સ્થિરચ્છદ [સં.] પું. ભોજપત્રનું ઝાડ.

સ્થિરચ્છાય ૧. [સં.] પું. વડ.

૨. પું. ઝાડ.

સ્થિરજલ ગણિત [સં.] ન. સ્થિરપ્રવાહી શાસ્ત્ર; ' હાઇડ્રોસ્ટેટિક્સ '.

સ્થિરતા ૧. [સં.] જી. અડગતા, દૃઢતા; નિશ્ચલતા; નિશ્ચલતા; ઠરેલી હાલત

૨. જી. સમભાવ

૩. જી. સુખપૂર્વક સ્થિતિ; આરામ; ચેન; શાંતિ.

દિનપ્રતિદિન પ્રાણીઓ યમને આલય જાય છે—મૃત્યુ પામ્યા જાય છે, છતાં જાણે રહેવા સ્થિરતાને ચાહે છે કાવ્યસાર

સ્થિરત્વ [સં.] ન. સ્થિરપણું; નિશ્ચળપણું; અડગપણું

એક જ વસ્તુમાં સ્થિરત્વ, અસ્થિરત્વ અને અંશ રૂપે જગતની બાકી પરસ્પર વિરુદ્ધ લાગણી એક જ સમયમાં પડી ન રહે. વસંતોત્સવ

સ્થિરદંષ્ટ્ર ૧. [સં.] પું. અવાજ; ધ્વનિ; શબ્દ

૨. વરાહ અવતાર ધારણ કરનાર વિષ્ણુ.

૩. પું. સર્પ

સ્થિરદંષ્ટ્રા [સં.] જી. સાપણ.

સ્થિરધી [સં] વિ. સ્થિર બુદ્ધિવાળું

આલય સૃષ્ટિ બધે માનવ અતિ સામે થાય તો પણ સ્થિરધી અને સંયમમાં અનુપમ ન બીતા ત્યા નિશ્ચિતપણે ઊભો રહી શકશે. સાંજણી

સ્થિર નક્ષત્ર [સં] ન. (જ્યોતિષ) જે એક બીજા વચ્ચેનું અંતર તેનુ તે રાખે અને ગતની અને ધ્રુવમેતુની માફક જગ્યા ન બદલે તે નક્ષત્ર. રોહિણી, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢ, ઉત્તરા ભાદ્રપદ એ ચાર નક્ષત્ર સ્થિર કહેવાય છે. એ નક્ષત્રમાં ઘર બાંધવું, ગામ વસાવવુ, રાજ્યાભિષેક, આગબગીચા, દેવાલય, લાંબો વખત ટકનારાં કામ કરવામાં આવે છે માટે જ્યારે આવી જાતનાં કાર્યો કરવાં હોય ત્યારે શુભ મુહૂર્તમાં સ્થિર નક્ષત્રો લેવાય છે

સ્થિરપુષ્પ ૧. [સં] પું. ચંપ.નું ઝાડ.

૨. પું. બકુલ; બોરસલી.

સ્થિરપુષ્પી [સં. સ્થિરપુષ્પિન] પું તિલક વૃક્ષ.

સ્થિરપ્રજ્ઞ [સં.] વિ. સ્થિર બુદ્ધિવાળું.

સ્થિરપ્રજ્ઞતા જી (વેદાંત) સ્થિર થયેલી બુદ્ધિ. યોગાભ્યાસથી જેણે ચિત્ત વશ કર્યું છે એવા મનુષ્યની બુદ્ધિ નિરંતર આત્માનુ જ ચિંતન કરે છે, ત્યારે તે બુદ્ધિ સ્થિરપ્રજ્ઞતા કહેવાય છે

સ્થિરબુદ્ધિ ૧. [સં. સ્થિર (નિશ્ચલ) + બુદ્ધિ] જી. સ્થિર સમજ

૨. વિ સ્થિરપ્રજ્ઞ, સ્થિતપ્રજ્ઞ

દુઃખોમા મન જેનુ ખિન્ન નહિ ને, સુખોમા નહિ, જેને રાગ નહિ ન હોય ભય, તે છે સ્થિરબુદ્ધિ મુનિ. ગીતાપ્રસાદ

સ્થિરમતિ ૧. પું. એ નામનો એક આચાર્ય. તેમાં પુત્ર (બોધિસત્વ), ગુણમતિ અને સ્થિરમતિ આચાર્યોએ નિવાસ કર્યો હતા પુરાતત્ત્વ

૨. પું નાલંદા વિદ્યાપીઠનો એક વિદ્વાન પંડિત. જેણે તિબેટમાં બૌદ્ધ ધર્મનો સારો પ્રચાર કર્યો હતો

૩. [સં. સ્થિર (નિશ્ચલ) + મતિ (બુદ્ધિ)] જી સ્થિર બુદ્ધિ

૪. વિ. સ્થિર બુદ્ધિવાળું; જે મનુષ્યની બુદ્ધિ સ્થિર થયેલી છે તે, સ્થિરધી '

જ્યારે જાય સ્થિર મનોગત તજે,
સંતુષ્ટ આત્મા વડે,
આત્મામાં જ પ્રજ્ઞા સ્થિર
સ્થિરમતિ ત્યારે જ કહેવાય છે. ગીતાપ્રસાદ

સ્થિરમદ [સં.] પું. મોરપક્ષી.

સ્થિર મહાસાગર [સં] પું પેસિફિક મહાસાગર

સ્થિરયંત્ર ન ફેરવી ફેરવી ન શકાય તેવું યંત્ર; ' સ્ટેશનરી એન્જિન ' તેની જુદી જુદી જાતો સર્વતોભદ્ર, જ્યમદગ્ન્ય, બહુમુખ, વિશ્વતોવાતી, સંવાતી, ચતુરક, પર્જન્યક, અષ્ટબાહુ, ઇંદ્રધ્વજાદ્ધ, એ પ્રમાણે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વર્ણવેલ છે.

સ્થિરમૂડી (સ્થિરમૂડી) સ્ત્રી. બાંધી મૂડી, સ્થાવર મૂડી; મકાન અને સાધનો જેવી સ્થાવર મિલકતમા રોકવામાં આવી હોય તેવી મૂડી

સ્થિરયોગ પું (જ્યોતિષ) જ્યોતિષ પ્રસિદ્ધ એક યોગ

આદ્રા, તેરણ, અને રિક્તા તિથિઓ (૪-૯-૧૪) રેવતી, અશ્વેષા, આર્દ્રા, અશ્લેષા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢ, હસ્તિકા, શતભિષા અને સ્વાતિ વગેરે નક્ષત્રો તેમજ સુકર અને સનિવારના સંયોગથી સ્થિરયોગ થાય છે.

જ્યોતિષદીપક

સ્થિરયૌવન ૧. [સં] પું જેની જુવાની કાયમ રહે છે તે

૨. પું દેવ.

૩. પું વિદ્યાધર

૪ ન. લાંબો સમય ટકે તેવી જુવાની

૫. વિ. લાંબો વખત ટકે તેવી જુવાનીવાળું; સ્થિર યૌવનવાળું

સ્થિરરંગ ૧ [સં.] સ્ત્રી ગળી

૨. સ્ત્રી સીસું; શિવાળ

સ્થિરરાગ ૧. [સં.] પું દારુ હળદર

૨. વિ. નિશ્ચલ રંગવાળું

૩ વિ. નિશ્ચલ રાગવાળું

સ્થિરરાગા સ્ત્રી. દારુ હળદર.

સ્થિરરાશિ [સં.] ન જ્યોતિષની બાર માંહેની વૃષ, સિંહ, વૃશ્ચિક, કુંભ એ પ્રત્યેક રાશિ

માણસના જન્મ સમયમાં આઠમા સ્થાનમા સ્થિરરાશિ હોય તો પોતાના પ્રદેશમાં મરણ થાય. ગ્રહમાર્ગ પ્રદિપિકા

સ્થિરવિત્ત [સં.] ન. કાયમી આબાદી.

દ્રવ્ય અનાકૃતિ, સ્થિરવિત્ત, મુખ્યું સંકટ વિદ્યા વડે. સુદિ મારક-સ્વકર્મ-પ્રજ્ઞ કૃપા છે, તો જને સાપડે નીતિશતક

સ્થિરવિદ્યુત ૧. [સં. સ્થિરવિદ્યુત્] સ્ત્રી વર્ષણથી ઉત્પન્ન કરવામાં આવતી વીજળી.

૨. વિ. ગતિ રહિત.

સ્થિર વિવાહ પદ્ધતિ સ્ત્રી મહાભારત કાળમાં પ્રચલિત પાંચ માંહેની એક પ્રકારની વિવાહ પદ્ધતિ.

સનાતન વૈદિક ધર્મની વિશેષતા આ સ્થિર વિવાહ પદ્ધતિમા જ છે

અભિનવ કામશાસ્ત્ર

સ્થિરવીર્ય [સં] વિ. જેનુ વીર્ય અચલિત છે એવુ, બ્રહ્મચારી

એના વાતાવરણમાં રહીને જે જે સ્થિરવીર્ય થયો હોય તેને ખરેખરો આત્મશ્રદ્ધાળી સમજવો જોઈએ. કિશોરલાલ મશરૂવાળા

સ્થિરસંજ્ઞ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નક્ષત્રનો એક પ્રકાર.

રોહિણી, ત્રણ ઉત્તરા—ઉત્તરાભાદ્ર, ઉત્તરા ફલ્ગુની, ઉત્તરા આષાઢ એ નક્ષત્રો સ્થિરસંજ્ઞની કોટિમાં મુકાય છે. જ્યોતિષદીપ

સ્થિરસાધનક [સં.] પું નેજોડનું ઝાડ

સ્થિરસાર [સં] પું. સાજનું ઝાડ

સ્થિરસ્થાયી [સં. સ્થિર + સ્થાયિન્(મક્રમ)] વિ. સ્થિર રહે એનું; હાલે ચાલે નહિ એવું; સ્થિર અને ચોટેલું, અચળ

સ્થિરા ૧. [સં] સ્ત્રી (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે નિશાની છંદનો એક ભેદ છે તેમાં ૬ ગુરુ અને ૫ લઘુ મળી ૧૪ વર્ણ હોય છે

૨. પું. સેમળાનું ઝાડ

૩. પું. સમેરવો

૪. સ્ત્રી. એ નામની એક નાડી

૫. સ્ત્રી કાકોલી વનસ્પતિ

૬. સ્ત્રી પૃથ્વી; ભૂમિ

વિન્ધ્યંભરા વસુંધરા. સ્થિરા કાશ્યપી મહી; રત્ના અનંતા ઇ. ધન્યા ગિરા કહત કવિ તાહી પિંગળપ્રકાશ

૭. સ્ત્રી બોગની પાંચમી દૃષ્ટિનું નામ

૮. સ્ત્રી. શાલિપર્ણી; શાલપાન નામની વનસ્પતિ

સ્થિરાકાર [સં.] વિ. સ્તબ્ધ

સ્થિરાનલ [સં સ્થિરા (પૃથ્વી) + તલ (તળિયું)] ન. પૃથ્વીની સપાટી

ગ્રંથકર્તા નાગેન્દ્ર મુનિ કહે છે, " રૈવતાચલ જેવું આ ગિરિ ઉપર નિર્માણ કરેલું ચૈત્ય સ્થિરાતલ ઉપર એટલે પૃથ્વીતલ ઉપર સ્થિર—સ્થાયી થશે " પ્રસ્થાન

સ્થિરાયુ ૧ [સં.] પું ચિરંજીવી; લાંબા આયુષ્યવાળું

૨. પું. શેમળો; શાલ્મલિ વૃક્ષ

સ્થિરાસન [સં.] ન યોગશાસ્ત્રમાં બતાવેલ પ્રાણાયામ માટેનાં ૮૪ માંહેનું એક આસન; સિદ્ધાસન બાકી એવી બંને જાંઘને સામા રાખવા તેનું આસન; સિંહાસન જમણા પગનો ફણો ડાબા પગની બાંજ નીચે રાખવો ને ડાબા પગનો ફણો જમણા પગની બાંજ નીચે રાખી પહોળી વાળા જેવું તેનું નામ સ્થિરાસન.

સ્થિરીકરણ ૧. [સં] ન. દૃઢીકરણ; બહાલી; અનુમોદન; સમર્થન; સ્વીકૃતિ

૨. ન ધર્મમાં શિથિલ થતા હોય તેને સ્થિર કરવાપણું.

સ્થિરીકૃત [સં] વિ. ઠરાવેલું; ઠરેલું; મુકરર કરેલું

સ્થિવર પું વીસ વર્ષથી વધુ વખતની પ્રજાવાળા જૈન સાધુ; થીવર

સ્થિવર સાથે ઠાણે પહોંચ્યા. ઉત્તમચરિત્ર

સ્થૂણ ૧. [સ.] પુ (પુરાણ) એ નામે વિશ્વામિત્ર કુળના એક ઋષિ

૨. પું (પુરાણ) સ્થૂણાકર્ણ. એ યક્ષ કુબેરનો એક અનુચર હતો

સ્થૂણકર્ણ [સં.] પું. (પુરાણ) વનવાસના સમયમાં પાંડવોની સાથે રહેલો કાળ દૈતવનમાં રહેલ એક ઋષિ.

સ્થૂણા ૧. પું. (પુરાણ) કુબેરનો એક અનુચર; શિખડીને જેણે તેનું સ્ત્રીત્વ હરીને પોતાનું પુરુષત્વ આપ્યું હતું તે યક્ષ

૨. [સં.] સ્ત્રી. ખાંભો; ખીંટી.

૩. સ્ત્રી. ઘરનો સ્તંભ

૪ સ્ત્રી લોઢાની પ્રતિમા

સ્થૂણાકર્ણ પું. (પુરાણ) શિખડીને જેણે તેનું સ્ત્રીત્વ હરીને પોતાનું પુરુષત્વ આપ્યું હતું તે યક્ષ; કુબેરનો એક અનુચર.

સ્થૂણાનિખનન [સં.] પું. (ન્યાય) એક પ્રકારનો ન્યાય; જમીન ફરી ફરી ખોદી બધી ખાલી નકામી કરવી તે

સ્થૂલ [સં.] જ. વિ (ધાતુ) જાડું બધું; વધવું; વજનદાર બધું. તે ઉપરથી અનેક શબ્દો: સ્થૂલ, સ્થૂલકંદ, સ્થૂલતા, સ્થૂલપાઠ વગેરે.

સ્થૂલ ૧. [સં.] પું. ઔષધિનો એક ગુણ.

૨. પું. ઢગલો; સમૂહ.

૩. પું. દ્રવ્યનો એક પ્રકાર. તેનાથી શરીર જાડું થાય છે

૪. પું. પતરસનું ઝાડ.

૫. પું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૬ ન પંચભૂતાત્મક શરીર.

૭ ન શેતૂર.

૮ વિ અડસટ્ટે ગણેલું

૯. વિ. આખથી દેખાય તેવું, પ્રત્યક્ષ મૂર્ત; સૂક્ષ્મ નહિ તેવું; સામાન્ય બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવું.

૧૦. વિ ક્રૂર

૧૧ વિ બરબચડું

૧૨ વિ ગાઢ, ગીચ, ઘટ્ટ

૧૩ વિ આળસ; અશિષ્ટ.

૧૪ વિ જડ; અચપળ; અતીવ.

૧૫ વિ જાડું, પુષ્ટ, ભરેલું; ભારે; ઘટ્ટ.

૧૬ વિ દૃઢ

૧૭. વિ ભૌતિક; પ્રાકૃતિક

૧૮. વિ. મૂર્ખ; અગડબંબ.

૧૯. વિ. મોટું; કદાવર.

૨૦ વિ. શ્રાવકને પાળતી છૂટવાળું

સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત ન. (જૈન) દેવામાં નહિ આવેલી ચીજ નહિ લેવાનું શ્રાવકનું ત્રીજું અણુવ્રત. રસ્તામાં કોઈની પડી ગયેલી ચીજ ઉપાડી લેવી, જમીનમાં દાટેલ કાર્યનું ધન કાઢી લેવું, કોઈની થાપણ ઓળવવી, કોઈનું મકાન ફાડી અંદર પ્રવેશ કરવો, કો-નું તાળું તોડવું, કોઈની ગાસડી ખોલી માલ લઈ લેવો, જકાતી માલને છુપાવી સરકારી ગુનેગાર બનવું, ખોટું તોલું અને અધિક લેવું વગેરે. ટૂંકામાં મોરોની બુદ્ધિથી અગર કોઈ પ્રવૃત્તિ કરવી કે જેથી રાજ્યમાં ગુનેગાર ઘટાય અને વ્યવહારમાં લોકો ખરાબ કહે એવી ચોરીઓથી બચવું તેનું નામ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત છે.

સ્થૂલકાંડ [સં] પું. બાજ યોનિનો એક જાત; મોટો અથવા ઊપલો ભાગ.

સ્થૂલકક્ષા [સં.] ન. કચોટ્ટ છરું; મોટું છરું.

સ્થૂલકઠિનમયીવૃત્તિ [સં.] સ્ત્રી. હોજરીની દીવાલના ચાર માંહેનું સ્થૂલ કવાનું પડ. આ પડ દીવાલની સૌથી અંદરનું છે. તે પડ જાડી કવાનું બનેલું હોય છે. જ્યારે હોજરી ખાલી હોય ત્યારે ગરદા માણસની ચામડીની જેમ આ કવાનું પડ કરચલીઓવાળું જણાય છે, તેમ જ ઘણું સ્થિતિસ્થાપક થઈ ગયેલું લાગે છે આ પડમાં આઠો પાચક રસ (જાઠર રસ) તેમ જ કલેદન કર ઉત્પન્ન કરનારી જબ્બરો નાની ગ્રંથિઓ રહેલી છે. આ પડને બારીકાઈથી જોતાં તેના ઉપર અસંખ્ય નાના ખાડાઓમા ઊપર કહેલી ગ્રંથિઓના મુખ ખુલતા જોવો ઊપડે છે. એક આખા જઠરમાં પાચક રસ ઉત્પન્ન કરનારી સોથી પણ વધારે ગ્રંથિઓ હોય છે એમ શારીરવિદો કહે છે. ભોજન બધને તેને પચાવવા માટે તેમાંથી જોઈએ તે પ્રમાણે રસ ઝરે છે

સ્થૂલકંઠક [સં.] પું. એક જાતનો બાજણ.

સ્થૂલકંઠિકા [સં.] સ્ત્રી. રીમળાનું ઝાડ.

સ્થૂલકેદા [સં.] સ્ત્રી. ગોરિંગડી.

સ્થૂલકેદ ૧ [સં.] પું. રાતું લસણ

૨. પું. સરણ; હરિતકંદ

સ્થૂલકાય ૧. [સં.] પું. હાથદેવ.

૨. વિ. જાડું; હૃષ્ટપુષ્ટ

સ્થૂલકુબુદ્ધ ૧. [સં] ન. કબેર; અધમારક દુરંતારિ; હયમાર.

૨. ન. પીલ માંહેનો એક સામાન્ય વૃક્ષ.

સ્થૂલકેશ ૧. પું. નાકના વાળ.

૨. [સં] પું. (પુરાણ) પ્રમદ્વરા નામની કન્યાનું પાલન કરનાર એ નામે એક ઋષિ

૩. પું. મુંજ.

સ્થૂલકોષ્ઠ [સં.] પુ. અધિક કોષ્ઠ; ઝાટ ખૂલ્યાથી વધારે ઊંડવાળો કોષ્ઠ; વિશાલકોષ્ઠ.

સ્થૂલક્ષીરક [સ] ન કબીજ છઠ્ઠ સ્થૂલ એટલે નાનો ને ગોળ એલચીના દાણા જેવો રંગમાં પણ તેના જેવો કાળાં છરાનો દાણો હોય છે માટે તેને સ્થૂલ છરક કહે છે

સ્થૂલતા ૧. [સં.] સ્ત્રી કઠિનતા; દૃઢતા.

૨. સ્ત્રી. જડતાઈ; ભારેપણું; પુષ્ટતા

૩. સ્ત્રી મંદ બુદ્ધિ; સમજણતાની ખામી.

સ્થૂલતાલ [સં.] પું. હિંતાલ વૃક્ષ

સ્થૂલદર્ભ [સ.] પું મુંજ ઘાસ

સ્થૂલદૃષ્ટિ સ્ત્રી. સામાન્ય નજર; બારીકાઈથી ધ્યાન ન આપવું તે; ઉપર ઉપરની તપાસ, નજર કે વિચાર

સ્થૂલદેહ [સં.] પું. પંચભૂતાત્મક શરીર; હાડમાંસથી ભરપૂર દેહ; કલેવર. પુરાણોમા બે દેહ માનેલા છે. એક હાલતો ચાલતો હાડમાંસવાળો દેખાતો દેહ અને બીજો સૂક્ષ્મ એટલે નરી આંખે નહિ દેખાતો એવો જીવને વહેનારો દેહ.

સ્થૂલધ્યાન ૧. [સં.] ન (યોગ) ધ્યાનનો એક પ્રકાર. ધ્યાન ત્રણ પ્રકારના છે. સ્થૂલધ્યાન, જ્યોતિધ્યાન અને સૂક્ષ્મધ્યાન.

૨. ન. પાતાલમાંહેનું એક સપ્તભાતલ કમળ નામનું મહાપદ્મ.

સ્થૂલનાસ ૧. [સં] પું. ભૂંડ; કુકર.

૨. વિ. મોટા નાકવાળું

સ્થૂલપટ [સં] પુ. સણ; ' કેનવાસ '

સ્થૂલપટ્ટ ૧. [સં.] ન. કપાસનો છોડ

૨. ન. જાડું કપડું.

સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત ન. (જૈન) પરિગ્રહની મર્યાદા બાંધવાનું શ્રાવકનું પાંચમું વ્રત. આત્માનું પતન કરનાર બે દોષ હોય તો માત્ર પરિગ્રહ છે. આ પરિગ્રહનું પરિમાણ એટલે મર્યાદા બાંધી નિશ્ચિત બનવું એ ગૃહસ્થો માટે આવશ્યક છે. પૈસો સાધનને બદલે સાધ્ય થઈ જાય છે ત્યારે માણસ અનીતિ, અન્યાય અને લેપમાની કરવા લાગી જાય છે અને એ પૈસા માટે નાના પ્રકારનાં પાપ કરે છે. આ પાપાચાર રોકવા માટે પરિગ્રહ પરિમાણવ્રત છે. પરિગ્રહનું પરિમાણ કરવાથી જે પૈસા બચે તેનો લાભ બીજાને મળે છે. વળી મનોવૃત્તિઓ આસક્તિ તરફ જાય અને આત્માને તો કોઈ સીમા નથી, તે રોકાઈ જાય છે, મર્યાદાથી આગળ વધતી નથી. પૃથ્વીવાદીની તમામ જુરાઈઓ જોઈએ પેદા થાય છે તે બધી જુરાઈઓ હાથમાં રાખવા માટે પરિગ્રહનું પરિમાણ કરવું બહુ જરૂરી છે. દેશને પરાધીનતામાંથી મુક્ત કરાવવા અને સુખ પ્રાપ્ત કરાવવામા આ વ્રત બહુ સહાયક છે. આજનો સામ્યવાદ જૈનોના આ પરિગ્રહ પરિમાણ વ્રતમાં સમાવિષ્ટ થઈ જાય છે. આવશ્યકતાથી વધારે વસ્તુનો સંગ્રહ કરી, વધારે પૈસાનો સંગ્રહ કરી બીજાને તેથી વંચિત રાખવાનો આપણને કોઈ હક્ક નથી. પરિગ્રહ પરિમાણ વ્રતથી મનુષ્યની લાલસાઓ બહુ મર્યાદિત થઈ જાય છે અને મનુષ્ય બહુ પાપોથી બચી જાય છે ઇચ્છા મર્યાદિત થવાથી પાપ પણ મર્યાદિત થઈ જાય છે અને ઇચ્છાઓ ઓછી કરવા માટે પરિગ્રહ પરિમાણ વ્રત સમાન સંસારમાં કોઈ અમોઘ ઉપાય નથી

સ્થૂલપાદ ૧. પું. શ્લીપદનો રોગ.

૨. [સ.] પું હાથી

૩. વિ જાડા પગવાળું.

સ્થૂલપાદી [સં.] સ્ત્રી. હાથણી.

સ્થૂલપુષ્પ [સં] પું. બકુલ વૃક્ષ.

સ્થૂલપુષ્પા [સ.] સ્ત્રી. પહાડી અપરાજિતા વનસ્પતિ

સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વ્રત ન. (જૈન) શ્રાવકના બાર મહેનુ એ નામનુ પહેલું વ્રત; સ્થૂલ રીતે પ્રાણોનો અતિપાત એટલે કે નાશનો ત્યાગ કરવાનું વ્રત. સંસારમાં સ્થાવર અને ત્રસ એમ બે પ્રકારના જીવ છે. બીજી રીતે એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવ છે. આ જીવોની હિંસા નહિ કરવાનું આ વ્રત છે. ગૃહસ્થાશ્રમમાં રહેનાર મનુષ્ય સર્વથા હિંસાથી બચી શકે નહિ તેને નાના પ્રકારના આરંભ સમારંભનાં કામ કરવાં પડે છે સર્વથા જીવની જાતનો ત્યાગ ન કરી શકે માટે તે અંશથી જીવહિંસાનો ત્યાગ કરે છે. નિરપરાધી ત્રસ જીવોની મારવાની બુદ્ધિથી હિંસા ન કરવી એટલામા ગૃહસ્થોને અહિંસાનું પાલન કરવામાં જેટલી છૂટ હોવી જોઈએ તેટલી જળવાય છે

સ્થૂલપ્રાણાતિપાત વ્રત ન. (જૈન) જૈનોનું એ નામે એક વ્રત. સ્થૂલ પ્રાણાતિપાત વ્રતનું પાલન કરનાર ગૃહસ્થ યુદ્ધમાં જઈ શકે છે. જબ્બરો સામો આતતાયીઓને મારી શકે છે, શાસ્ત્રકાર તેનો ધિક્કાર કરતા નથી. પણ આવશ્યકતત્વનો ઉપયોગ રાખવો જોઈએ.

અનિવાર્યતાનું અરાબર ધ્યાન રાખી, અ. કાર્ય કરવું જોઈએ આપત્તી તથા નિરપરાધીનો વિચાર કરવો જોઈએ આ બધી વાતનો વિચાર કરી કોઈ અનિવાર્ય પરિસ્થિતિમા ત હાથિયાર ઉપાડે તો ન તેનો ધર્મ અને છે આથી તેના વ્રતમા કોઈ બાધ આવતી નથી તને ગ્રન્થધર્મથી ચ્યુત થયેલ કદી કહી શકાય નહિ.

સ્થૂલફલ સ] પુ ૧ કેમલીફ્રુક્ષ, કોમળાનુ ઝાડ

સ્થૂલભદ્ર [સં] પું (જૈન) જૈન અને છ માહેની છઠ્ઠી શ્રુત કેવલી

સ્થૂલભૂત પુ અ.ક.રા વગેરે પાંચ માહેનો એક પદાર્થ

અમ્બામા શબ્દાદિક પાચને સૂક્ષ્મભૂત અને અવકાશાદિક પાચને **સ્થૂલભૂત** કહે છે
બનવતી આનવત

સ્થૂલમરીચ ૧ [સ ન કર્ક.મ વનસ્પતિ
૨. ન. બારૂકમાબ. બારૂકમાબનાં ઝાડ નાનાં હોય છે તેનાં ફળ જમીન નજીક થાય છે તે મરીન દાણા જેવા ગોળ કાળા થાય છે માટે તને સ્થૂલમરીચ કહે છે

સ્થૂલમાન સ] ન સૂક્ષ્મ નહિ પણ અડસટ્ટુ માપ, અડમટ.
સ્થૂલમાનથી બારીક તા પરિચ ખ્યાલના વધુ પડયા સહેજ વિચાર હોય છે જ્યોતિ.વિલાસ

સ્થૂલ મૈથુન વિરમણ વ્રત ન. (જૈન) બારવ્રતનુ બારે માહેનુ બે નામનું ચોથુ વ્રત; સ્થૂલ દૃષ્ટિથી મૈથુનનો ત્યાગ કરવાનુ વ્રત ગૃહસ્થાશ્રમમા રહેવા ચાહનારને ક્રમે કરવાની છૂટ છે ક્રમે કરે છે એટલે તે સર્વથા બ્રહ્મચારી ન કહેવાય, આંશિક બ્રહ્મચારી છે

સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત ન (જૈન) મોટા પ્રકારનુ જૂઠુ નહિ બોલવાનુ શ્રાવકનુ બીજુ અણુવ્રત અ.' ગુપ્તિયુક્ત વાણીનુ લક્ષ્ય રાખી પોતાના જીવનમા તે ઉતારી આત્માના હિત સાધનમ. તેના ઉપયોગ કરવાથી આ વ્રતનુ પાલન થઈ શકે છે મોટું જૂઠ્ઠું પાચ પ્રકારનુ છે (૧) કન્યા સબધી જૂઠાણું જેમકે કપ. ગુણ, કર્મોનુસાર કોઈનો સબધ ન જોડતા રૂપ તે પૈસા લઈને જોડાવી દેવો કન્યાની જૂઠી તારીફ કરવી અને તનો કોઈ સારા મુરતિય. સાથ વિવાહ કરાવી દેવો. તેમજ કોઈ હીનગુણી છોકરાની કોઈ સારી કન્યા સાથ શાદી કરાવી દેવી આવી રીતે કોઈની જિંદગી બરબાદ કરાવી દેવી તે કન્યા સબધી જુઠાણું, (૨) ગામ, બળદ, ઢોર સબધી જૂઠાણું જેમકે, કોઈ ગાય દૂધ દેતી ન હોય તને દૂધ દેતી કહી વેચવી, વૃદ્ધ બળદને સારો જવાની વેચવો, (૩) ભૂમિ સંબધી જૂઠાણું જમીન લેવા દેવામા જૂઠી દલાલી કરવી ન ભૂમિ સબધી જૂઠાણું, (૫) થાપણમોસો એટલે અપણ ત્યા વિશ્વાસ ઉપર મૂકેલી હોય તે જૂઠુ બોલીને દબાવી દેવી તે થાપણ સબધી જૂઠાણું અને (૫) ખોટી સાક્ષી. સર્વથા જૂઠ ન બોલવાનો ત્યાગ થઈ ન શકે તો ક્રમમા ક્રમ આ પાચ પ્રકારનુ જૂઠુ નહિ બોલવાનો ત્યાગ કરવો જોઈએ આ સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતનો અંગીકાર કરી ઘણા આત્માઓએ પોતાનુ કલ્યાણ કર્યું છે.

સ્થૂલવલ્કલ ૧ પુ લાલ સોચરનુ ઝાડ
૨ ન જાડી ચામડીવાળુ

સ્થૂલવાદ પુ જડવાદ, અનાત્મવાદ
૫. **સ્થૂલબુદ્ધિવાળા** મનુષ્ય ન બનનાર અને કદી સૂક્ષ્મમા પહોંચ નહિવત્ જીવનુ માનવા બનાવોના સૂક્ષ્મ સબધ્મિક વાસ્તવિક અસ્તિત્વ તરફની નામનુ નથી દક્ષિણાપથ

સ્થૂલવાદી પું સ્થૂલ તત્ત્વોને માનનારા; જડવાદી

સ્થૂલવેંદહી સ્ત્રી ગજપીપર

સ્થૂલશરીર ૧. [સ સ્થૂલ + શરીર (દેહ)] ન કારણ, સ્થૂળ દેહ, સૂક્ષ્મ નહિ એવો દેહ
અકર્તાનુ સ્થૂલશરીર તેના **સ્થૂલશરીર** જેવુ જ અન્ય અને તેના બરાબર શરીર જેવુ જ તેજસથી હતુ. કેશવ હર્ષદ
૨ ન પૂરી વધેલ શરીર

સ્થૂલશાલી ન બાસ્તા ચોખા

સ્થૂલશિરા પુ. (પુરાણ) વિશ્વાવસુ ગંધર્વને જન્મ આપનાર દીર્ઘો હતા તે ઋષિ

સ્થૂલશ્રીપદ પુ હાથીપગાનો રોગ

સ્થૂલષટ્પદ પું મોટી ઐલચી.

સ્થૂલહસ્ત ન. હાથીની સૂંઢ

સ્થૂલા ૧ પું (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમા તગણ, સગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે
સ્થૂલા રથ ત સ ગ.
૨ સ્ત્રી એ નામનુ દેવીનુ સ્થાનક
સ્થૂલકેશ્વરમા **સ્થૂલા** નામની દેવીનુ સ્થાનક છે.
સ્કન્દની કાશીખંડ
૩ સ્ત્રી ઐલચી, મોટી ઐલચી.
૪ સ્ત્રી ગજપીપર.
૫ [હિ.] સ્ત્રી. જેમાં વિદ્રધિ નામનો રોગ થાય છે તે ચામડી.

સ્થૂલાક્ષ ૧ પુ (પુરાણ) એ ન.મે એક ઋષિ
૨. પુ (પુરાણ) દ્રાણ રાક્ષસના ચાર માહેનો એક અમ.ત્ય

સ્થૂલાગ્રલોષ્ટ સ્ત્રી એક જાતની ઈંટ, કમાન, અટકણ વગેરે ઉપયોગમ. આવતી એક પ્રકારની ઈંટ

સ્થૂલાઙ્ગ , સ] પુ. એક જાતનો આળો.

સ્થૂલારુંધતી ન્યાય [સં] પુ. (ન્યાય) સૂક્ષ્મ વાત સમજાવવા સ્થૂલ વાતથી શરૂઆત કરવી તે જાતનો ન્યાય; લગ્નવિધિમાં વરકન્યાને અરુંધતીનો તારો બતાવવામાં આવે છે પણ તે બહુ નાનો હોવાથી એકદમ દેખાતો નથી. તેથી પહેલાં સપ્તર્ષિ બતાવવામાં આવે છે અને પછી આ તેની પાસે છે તે અરુંધતીનો તારો આ પ્રમાણે કોઈ સૂક્ષ્મ તત્ત્વ સમજાવવા માટે સ્થૂલ દૃષ્ટાંત આપી ક્રમે ક્રમે તે તત્ત્વ પર લઈ જવુ તેને સ્થૂલારુંધતી ન્યાય કહેવામા આવે છે

સ્થૂલિભદ્ર પુ જૈનાચાર્ય સંભૂતિવિજયના એ નામના એક શિષ્ય તે ગૃહસ્થપણામા બાર વર્ષ વેશ્યાને ત્યાં રહ્યા હતા અને ભોગવિલાસ ભોગવ્યા હતા. તે પછી બા.ક્ષ નિમિત્ત બનતાં તબજ સાધુપણું અંગીકાર કર્યું હતુ તે મહાન વિદ્વાન અને ઉત્કૃષ્ટ સયમી થયા તે પછી ગુરુ ભદ્રબાહુની આજ્ઞા, લઈ તે વરસ તે ઉપરાંત બાર વર્ષ ગયા. તેટલા વખતમા કર્યું ત્યાં તેમની પ્રત્યે તરફ ગાઢ મોહ અને પ્રલોભનનુ વાતાવરણ હતું તો પણ ત્યાં એક ઓરડામાં રહી બધકર ઉપવાસ સહન કર્યા વેશ્યા પૃથ્વીરસ્થ.ર્ત મ.હક હાવભાવ પગર કર છે ત્યારે સ્થૂલિભદ્ર કહે છે કે, હું હવે તમારી સાથે કામભોગ કરી શકતો નથી હું તે સ્થૂલિભદ્ર હતા નથી રહ્યો હવે તો હું નિર્ગ્રંથ સયમી સ્થૂલિભદ્ર મુ તારી કોઈ ચિંતા, નામ, માન વગેરે કામ નહિ આવે અને મને લોભાવી નહિ શકે વેશ્યા કહે છે કે, મારે અને તમારે બાર વરસની પ્રીતિ છે હું તમારો પ્રેમ ભૂલી શકતી નથી હું નાચગાન બધુ કરીશ અને મારા પ્રિયતમને રીઝવીશ. હું આશાભરી છું, તો બધુ છોડીને કયા જશો? સ્થૂલિભદ્ર કહે છે કે, આ ચેતન આત્માનો દાસ બની અતદ્રિ કાલથી બેભાન અને પ્રમાદી બન્યો છે, આ ભવ અટવીમાં ચક્કર ખાઈ રહ્યો છે. હું ધર્મ, કર્મ, જ્ઞાન, સયમ, જ્ઞાનથી રહિત હતો. એવી દશામા બાર વર્ષ તારી પાસે ખોયાં. યોગ શુ ચીજ છે તે નહોતો જાણતો આથી હું તારી પાસે રહ્યો અને બાર વર્ષ જે કાઈ કર્યું તે કર્યું. હવે હું સાચો યોગી છું અને યોગી થઈને તને આ

આત્મધ્યાની ભોગથી છોડાવવાને ઉપદેશ દેવા આવ્યો હશે. વેસ્યા કહે છે કે, જોગી હો તો જંગલમાં જઈને વસો આ તો વેસ્યાનુ ઘર છે. ત્યા તો ભોગ, વિલાસ, આમોદ પ્રમોદ, ભોજન, જાતજાતના ઉત્કૃષ્ટ વ્યંજન વગેરે છે આવે સ્થળે સયમ સાધતા તો તમને જ જોયા. પરંતુ યોગી કહે છે કે, હવે તો બધા વિષયભોગ મારે માટે વિષતુલ્ય છે, કાલકૂટ ઝેર સમાન છે. માટે હે બહેન ! બધી વાત છોડી દે. હું તો યોગી છુ અને તને ઉપદેશ દેવા આવ્યો છુ. તારા ઘરમા તારી સાથે રહીને તારી ભોગલાલસાથી બચીને હું મારું આત્મ કલ્યાણ કરીશ અને મારો સયમ બરાબર જાળવીશ. વેસ્યાએ અનેક પ્રલોભન આપ્યાં છતા કમળની માફક સ્થૂલિભદ્ર વિરક્ત રહ્યા; સતત પોતાના સયમનો પૂરેપૂરો વિચાર રાખ્યો મોહરાજાની સેનાની વચ્ચે રહીને પણ પોતાના આત્માને પવિત્ર રાખ્યો અને પોતાના દૃઢ મન વડે મોહરાજાની સેનાના ચૂરચૂરા કરી દીધા. આમ કરીને તેમણે વેસ્યાને પ્રતિબોધ આપ્યો, એટલું જ નહિ પણ તેને બાર વ્રતધારિણી શ્રાવિકા બનાવી. ચોમાસું પૂરું થતા સ્થૂલિભદ્ર પોતાના ગુરુ પાસે જ્યારે ગયા, ત્યારે ગુરુએ તેને સફળ પ્રેમથી હાર્દિક આશીર્વાદ આપ્યા

સ્થૂલેલા સ્ત્રી મોટી એલચી. જમીનથી હાર્દિક ઊંચે મોટી એલચી થાય છે માટે તેને સ્થૂલ ઇલા કહે છે

સ્થૂલોદર ૧. [સં.] પું. મધુપર્ક.

અવસર એક સ્થૂલોદર આણી હરખભાવ કરી નાખ્યા. પ્રેમાનંદ

૨ વિ મોટા પેટવાળુ

સ્થૂળ ૧. [સં સ્થૂલ] પું. દ્રવ્યનો એક પ્રકાર.

૨ પું ઘણસણું ઝાડ.

૩ પું શેતૂર

૪. વિ. કઠાવર; મોટું; ભારે

૫ વિ કૃશ

૬. વિ ગીચ, ગાઢું, ખાદું, ઘટ્ટ

૭ વિ ગ્રામ્ય; અશિષ્ટ.

૮. વિ. જાડું; હૃષ્ટપુષ્ટ; ચરબીવાળું; સ્થૂલ.

૯ વિ કૃપ

૧૦ વિ થોડું

૧૧ વિ દૃશ્ય; દૃષ્ટિગોચર; પ્રત્યક્ષ; મૂર્ત.

૧૨. વિ. નખળુપાતળું નહિ એવું.

૧૩. વિ. (જૈન) બાદર; સૂક્ષ્મ નહિ તેવું

૧૪ વિ. મંદ બુદ્ધિનું; જડ; ઠોઠ; મૂર્ખ.

૧૫ વિ. ભોમમ; ખરબચડું; માઠું; બાજરાનું.

૧૬. વિ. મોટા કદનું.

૧૭. વિ. શ્રાવકને ઘટતી છૂટવાળું.

૧૮. વિ. સામાન્ય; સાધારણ

૧૯. વિ સૂક્ષ્મ નહિ તેનું; સામાન્ય ઇંદ્રિયો તેમ જ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવું.

આત્મામાંહિ અને સ્થૂળ શરીરથી બહારનાં
પ્રભુના પ્રેમની સાખી આવે એ સાધવાં વટે
ગાંધીગીતા

૨૦ વિ. સ્પષ્ટ

સ્થૂળકેશ પું એ નામના એક ઋષિ; સ્થૂલકેશ.

સ્થૂળકેશ નામના ઋષિએ ઝષે લોકમાં અત્યંત કૃપાળી એ કન્યાને નદીને કાંઠે પડેલી જોઈ લઈ લીધી અને તેનું પોષણ કર્યું

ભગવતી આગવત

સ્થૂળતા ૧ સ્ત્રી. જાડાઈ; પુષ્ટતા; ભારેપણું; સ્થૂલ હડ

૨ સ્ત્રી. મંદ બુદ્ધિ; અણસમજની ખામી.

૩ સ્ત્રી મોટાઈ

સ્થૂળદૃષ્ટિ સ્ત્રી સાધારણ વિચાર; સામાન્ય દૃષ્ટિ; સ્થૂળ વિચાર; ઉપર ઉપરની તપાસ, નજર કે વિચાર.

સ્થૂળદેહ પું. પંચભૂતાત્મક શરીર; હાડમાંસથી ભરપૂર દેહ; કલેવર. પુરાણોમાં જે દેહ માનેલા છે એવા હાલતો ચાલતો હાડમાંસવાળો દેખીતો દેહ અને બાજ સૂક્ષ્મ એટલે નરી આંખે નહિ દેખાતો એવો જીવને વહેનારો દેહ.

પ્રબોધ તત્ત્વોનો આ **સ્થૂળદેહ** અનેરો છે.
પ્રબોધરણ

સ્થૂળપણું ૧ ન જાડારાનું હોવું તે.

૨. ન ગીચ હોવું તે.

૩. ન જબરું હોવું તે.

૪. ન જડાપણું

૫. ન. નખળુપાતળું ન હોવું તે.

૬. ન મંદ બુદ્ધિ; જડતા.

૭. ન સામાન્યપણું.

૮ ન સ્થૂળતા; કદાવર હોવું તે.

સ્થૂળશરીર ન સ્થૂલદેહ; કલેવર, સૂક્ષ્મ નહિ એવા દેહ

સાખ્યમતમાં ત્રણ પ્રકારનાં શરીરો છેઃ એક સૂક્ષ્મ, બીજું અધિષ્ઠાન અને ત્રીજું સ્થૂળ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોથી બનેલું આ **સ્થૂળશરીર** છે.
સાંખ્યદર્શન

સ્થૈય ૧. પું. પંચ; ' પંચુરિ '.

૨. પું. પુરોહિત; ગોર.

૩. વિ. વિવાદમાં નિર્ણય આપનાર.

૪. [સં.] વિ. સ્થિર; સ્થિર રહેવા લાયક; ઊભા રહેવા લાયક.

સ્થૈર્ય ૧. [સં.] ન. તત્પરાયણતા; ક્રમ કરવાની વૃત્તિ.

૨. ન. દ્રવ્યનો એક સાધારણ ગુણ ન્યાયદર્શનના વૈશેષિક સિદ્ધાંતમાં, જૈન અને બૌદ્ધમતમા તેમ જ બીજા તત્ત્વવેત્તાઓના મતમા પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. તેમા સ્થિતિસ્થાપકતા, સ્થૈર્ય, સશક્તિ, સઘાત, અભેદ્યતા, સાંદ્રતા, ચીકટતા, ભિન્નમયતા, પ્રવાહિત., દ્રવ્યતા, છિદ્રમયતા કે સૌષિર્ય વગેરે દ્રવ્યના ગુણો મનાયા છે

૩. [સં.] ન સ્થિરતા; સ્થિરપણું; અડગપણું; હલતા ફરતાં નક્ષત્રોની સાથે ધ્રુવ ફરતો નથી, પ્રવાહ સાથ રહતો કે વહ્યો જતા આવતાં નથી તે પ્રમાણે પ્રકૃતિજન્ય શરીરની હાલચાલ ઇંદ્રિયોના સબંધથી થાય છે, તોપણ જેનું મન ડોલી પણ વિકારની લહરીથી હલતુ નથી, જે પ્રમાણે વાવાઝોડાના સપાટાથી પૃથ્વી હાલતી નથી, તે પ્રમાણે વિકારના યોગથી જેનું મન ડોલી જતુ નથી, દારિદ્ર, દુઃખ, ભીતિ કે શોકથી જે વ્યાકુળ થતો નથી, મૃત્યુથી જે ડરતો નથી, એકાદ વસ્તુની બળવત્તર આશા, વાસના કે સર્વ સમ્પત્તિની વ્યાપ્તિથી પણ જેનું ચિત્ત ડગતુ નથી, નિંદા, અપમાન, દંભ, ક્રોધ, લોભથી જેના મનનો વાળ પણ વાંકો થતો નથી, આકાશ તૂટી પડે, પૃથ્વી દ્વી જાય પણ જેની ચિત્તવૃત્તિ પાછી ફરતી નથી, શબ્દનો પ્રહાર ઢાલની ઉપરના પુષ્પ પ્રહારની પેઠે જેને ખૂચતો નથી, ઇંદ્રિયો ઉપર વિષમવિકારના ગમે તેટલાં તરંગો આવે તો પણ જેનું મન તૂટી પડતું નથી કિંવા કલ્પાંતે પણ જે ધૈર્ય છોડતો નથી તેનું આવું જે લક્ષણ તે સ્થૈર્ય કે સ્થિરતા.

સ્થૈર્યવૃત્તિ [સં.] સ્ત્રી. એકાગ્રતા; તત્પરાયણતા; ક્રમે પાળી મજા રહેવાની વૃત્તિ.

જેના દ્વારા ગુણ અવલોકનના રાબધો સંકલિત થઈ રહેલા છે તેમા **સ્થૈર્યવૃત્તિ**નો સમાવેશ થાય છે.
માનવતાત્ત્વ

સ્થૈરી પું પાણી વગેરેમાં ભાર ખેંચી લાવું જનાર ઘોડો.

સ્નપન ૧. ન. જળ વગેરેથી અભિષેક કરવો તે

૨. ન. નવરાવવું તે

સ્નપિત વિ. નવરાવેલું.

જાણે સુધા સ્નપિત એમ પ્રભારે મન્દ.
માલતીમાધવ

સ્નેા [સં.] ભ ક્રિ. (ધાતુ) નહાવું; સ્નાન કરવુ. તે ઉપરથી બનેલા શબ્દો : સ્નાન, સ્નાપક, સ્નાત, સ્નાતક.

સ્નાઈપિ [અં.] ન. દરિયા કિનારે રહેતું એક પંખી. તેનું શરીર પાતળું, પગ લાંબા અને પૂછડીમાં ૧૨ થી ૨૪ પીંછાં હોય છે. તે લાંબી ચાંચવાળું હોય છે અને પાણીવાળી જગ્યામાં જોવામાં આવે છે. તે દસ ઇંચ લાંબું હોય છે અને તેને કાળા અને બદામી ટપકાં હોય છે. ઝડપથી ઊડવાની ટેવને લીધે તેનો શિકાર કરવો મુશ્કેલ છે

સ્નાત ૧. [સં. સ્ના (નહાવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. અભ્યાસ પૂરો કરીને આવેલો હોય તેવો આદમી.

૨. વિ અભ્યાસ પૂરો કરીને આવેલું હોઈ સમાવર્તન સંસ્કાર કર્યો હોય તેવું

૩. વિ વિદ્યા પ્રાપ્ત કરનાર.

૪. વિ. સ્નાન કરેલું, પાણીએ ધોવાયેલું; નાહેલ

સ્નાતક ૧. પું. ઉચ્ચ બ્રાહ્મણ

૨. [સં. સ્ના. (સ્નાન કરવું)] પું. ગુરુની પાસે વિદ્યા સમાપ્ત કરી પેર આવવા માટેનું સ્નાન કરનાર વિદ્યાર્થી, ઉપનીત લઈ ગુરુને ત્યાં બાર વર્ષ લગી વેદાભ્યાસ કરી ગૃહસ્થાશ્રમમાં દાખલ થવા પેર પાછા ફરી આવેલો પુખ્તવય બ્રહ્મચારી.

મને પૂજ્ય હું તો કું સ્નાતકો કરતા પણ,
જરૂર બ્રાહ્મસેવાના હિસ્સે દીક્ષિતોની છે
ગાંધી-ગીતા

૩. પું. નિર્ગ્રંથના પાંચ માંહેનો એક પ્રકાર
જેના સર્વજ્ઞપણું પ્રકટ્યું હોય તે સ્નાતક.
તત્ત્વાર્થસૂત્ર

૪ પું. (જૈન) બધાં ઘાતી કર્મોનો નાશ કરનાર કેવલી ભગવાન

૫. પું વિદ્યાપીઠનો પદવીધર; 'ગ્રેજ્યુએટ'. સ્વતંત્ર ભારતની બંધારણ સભાએ જે બંધારણથી નક્કી કર્યું છે તેમાં વપરાયેલ અંગ્રેજી શબ્દો માટે ખાસ સમિતિ નીમેલ તેમણે કેળવણીને માટેના નીચેના ખાસ સર્વમાન્ય શબ્દો નક્કી કરેલ છે. જેમકે:—

ગ્રેજ્યુએટ = સ્નાતક	એપીઅર = ઉપસ્થિત હોવું
કંપલ્સરી = અનિવાર્ય	એટેન્ડન્સ = ઉપસ્થિતિ
ઇન્સ્ટ્રક્શન્સ = અનુદેશ	સ્પોર્ટ્સ = ક્રીડા
એબ્સન્ટ = અનુપસ્થિત	રીસર્ચ = અન્વેષણા
ફાઇનલ = અંતિમ	ટ્રાયલ = પરીક્ષણ
એકરપ્રેશન = અભિવ્યક્તિ	એક્ઝામીનેશન = પરીક્ષા
પ્રૉવિઝિનોકેશન = અસ્થાયિતા	રજિસ્ટર્ડ = પંજીકૃત
ટર્મ = અવધિ	રજિસ્ટ્રેશન = પંજીયન
મોર્ડન = આધુનિક	ટેરસ = પાઠ
પ્રોમોશન = ઉન્નતિ	
સ્કૂલ = પાઠશાલા	એકેડેમિક = વિદ્યાસંબંધી
કોપી = પ્રતિલિપિ	યુનિવર્સિટી = વિશ્વવિદ્યાલય
પરસેન્ટેજ = પ્રતિશત	વેકેશન = વિશ્રામાવકાશ
ફૉર્મ = પ્રપત્ર	સાયન્ટિફિક = વૈજ્ઞાનિક
સર્ટિફિકેટ = પ્રમાણપત્ર	એક્સપ્લેનેશન = વ્યાખ્યા
એડમિશન = પ્રવેશ	વેટરીનરી = ચિકિત્સાત્મક
ટ્રેઇનિંગ = પ્રશિક્ષણ	એજ્યુકેશન, ઇન્સ્ટ્રક્શન = શિક્ષા
પ્રાઇમરી = પ્રાથમિક	ટેકનિકલ ટ્રેઇનીંગ = પ્રશિક્ષિત શિક્ષણ
પ્રાઇમરી સ્કૂલ = પ્રાથમિક શાળા	ટેકનિકલ . ક્લિનિક [illegible]
મધરટંગ = માતૃભાષા	કમ્પલસરી = આવશ્યક
મિડિયમ = માધ્યમ	ટેક્સ્ટબુક = પાઠ્યપુસ્તક
સેકંડરી સ્કૂલ = માધ્યમિક શાળા	પ્રોવિઝનલ = અસ્થાયિક
રેકૉર્ડ = માપ; માન	ડિગ્રી = પદવી
હોમર્સ = વાર્ષિકાંક	ડિપ્લોમા = પ્રમાણપત્ર
એન્યુઅલ = વાર્ષિક	ટેક્સ્ટબુક = પાઠ્યપુસ્તક
સાયન્સ = વિજ્ઞાન	મોન્યુમેન્ટ, મેમોરિયલ = સ્મારક
સ્કૂલ = વિદ્યાલય	

સ્નાતકવ્રત [સં.] ન સ્નાતક કરવા લાયક એક પ્રકારનું વ્રત

સ્નાતકસંઘ [સં] પું. વિદ્યામાં પારંગત થયલાનું મંડળ; વિદ્યા પારંગતની સમિતિ

વિદ્યાપીઠના સ્નાતકોનો **સ્નાતકસંઘ** પણ સાબરમતી આશ્રમને પોતાનું સમર્થન સાંપડ્યાનો હર્ષ
પ્રદર્શિત કર

સ્નાતકોત્તર [સં] વિ. સ્નાતક થયા પછીનું; 'પોસ્ટ ગ્રેજ્યુએટ'.

પરંતુ **સ્નાતકોત્તર** અભ્યાસ વિકાસની બાબતમાં જેના માર્ગદર્શનથી—અને જેની દીર્ઘ દૃષ્ટિથી—સદાને માટે આપણે ઋણમુક્ત થઈ ગયા છીએ
અશોક મહિત

સ્નાતપ [સં] પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંના અત્રીગિ ઋષિના પુત્ર કશ્યપ ઋષિના કુળમાં થયેલો એક ઋષિ

સ્નાતા ૧. [સં.] સ્ત્રી. અથર્વવેદની ઋચાની નવ માંહેની એક શાખા

૨. સ્ત્રી. રજસ્વલા; બહાર બોલી સ્ત્રી

૩. વિ. અભ્યક્તસ્નેહી; બહાર બોલી

૪ વિ સ્નાન કરનાર

સ્નાતિકા [સં.] સ્ત્રી. સ્નાતક; ગ્રેજ્યુએટ.

સ્ત્રી એ અર્થમાં ના છે તો એ કેળવણી આપવી. વિદ્યાપીઠની **સ્નાતિકા** થયે કંઈ બને નહિ.
ગાંધી-ગીતા

સ્નાન ૧. [સં. સ્ના (સ્નાન કરવું)] ન. અંગોળ; નાહવું તે; નાવણ; અંગ ધોવું તે; બધે પાણીએ શરીર ધોવું તે, શુદ્ધ થવું તે; પવિત્ર થવું તે શ્રીભાષ્યજીની રૂપરેખામાં લખ્યું છે કે: સવારમાં વહેલા ઊઠી સ્નાન કરવું એ શરીર સુખાકારી માટે ખાસ જ જરૂરનું છે. શ્રીમહાપ્રભુજી, સમુદ્ર સ્નાનના બહુ જ શોખીન છે પ્રાચીન ગ્રંથકારો ગંગા પ્રમાણમાં, નદી તટે જ જોવા.માં આવે છે જ્યાં દરિયો ન હોય, ત્યાં સરોવર, તળાવ કે કોઈ કૂવાની વ્યવસ્થા કરાઈ છે આ બધી વ્યવસ્થા શ્રીમહાપ્રભુજીના સ્નાન માટે કરાઈ છે. સ્નાન એક એવું પવિત્ર કર્મ છે, જેનાથી શરીર સાફ-સુથરું અને નીરોગી રહે છે સ્નાન શરીરને નીરોગી બનાવી મજબૂત કરે છે. રોજ પહેલા સ્નાન કરી, ગુરુવાણીનો પાઠ કરવો એ પ્રત્યેક શીખની પવિત્ર ફરજ છે. એ પહેલા બીજું કોઈ પણ કામ કરવું નહિ. શરીરને સ્વસ્થ રાખવા નિયમિત, ઠંડા પાણીથી નહાવાનું કહેવાયું છે સમયાનુસાર ગરમ પાણીથી પણ નાહી શકાય છે પરંતુ રહિતનામામાં શીતળ જળના વપરાશ ઉપર ભાર મૂકાયો છે. એવીજ રીતે દાંતની સ્વચ્છતા બનાવવી જરૂરી છે એમ પણ કહેવાયું છે. શીખ સ્નાન કર્યા પછી પહેલાં સ્વચ્છ વસ્ત્રો પહેરવા અને પાઘડીની ગડી સરખી કરી, ઝાટકો મૂકવો માથા ઉપર બાંધી લેવી. કૃતકથામા આવી આવી વાત સમજવાનું કારણ માત્ર, ખોટી સુસ્તી, બેદરકારીપણું દૂર કરવું.નિયમપણે હાથવતનું છે સ્નાનથી, શરીરનો થાક પરસેવો અને ઇંદ્રિય રાહત થાય છે. સ્નાન ૬ ટૂંક અને અમૃત અનુસાર શીખ ઉચ્ચારણનો ઉપયોગ કરવો. સ્નાન કરવાનું ગરમ પાણી કોકરવરાજુ હોવું જોઇએ, આમડી બળે તેવું ન હોવું જોઇએ. જે અતિશય ગરમ પાણીથી નહાય છે તેના શરીરનું જળ ઘટે છે ગળાથી નીચેના શરીર ઉપર ગરમ પાણીથી સ્નાન કરવામાં પાપો નથી માથા ઉપર ગરમ પાણીનો ઉપયોગ કરવાથી દૃષ્ટિક્ષીણતા તથા બાળ સફેદ થવા, વગેરે રોગો જોવા.મા આવે છે. શીતજળના સ્નાનથી મન પ્રસન્ન બને છે જઠરાગ્નિ પ્રદીપ્ત થતા ભૂખ લાગે છે તેમજ ખુજલી, મેલ, થાક, પરસેવો, આળસ, દાહ દૂર થાય છે શ્રી આત્મમિત્ર આજ્ઞાના પાણીથી સ્નાન કરવાની મહત્તા જણાવતાં લખે છે કે, આંબળાના પાણીથી રોજ સ્નાન કરે તો તે માણસ રસાયણના ગુણો મેળવે છે.

૧. ચકલી સ્નાન = થોડે પાણીએ શરીર ભીંજવી લેવું તે

૨. સ્નાન આવવું—લાવવું = સમાના ગરમ નિમિત્તે નાહવાનું થવું.

૩. સ્નાન કરવું = (૧) નહાવું. (૨) સમાર્જ સબંધ તોડી નાખવો

૪. સ્નાન કે સૂતક = લેવાદેવા; લાગતુંવળગતું

૫. સ્નાન માંડવું = કાયમ માંડવી; વાત માંડવી

૬. સ્નાનના સમાચાર = બરાબર વર્તમાન.

૨. ન. કરા; દશની સંજ્ઞા

૩. ન પૂજનના સોળ માર્ગોનો એક પ્રકાર; માન આપવાની અથવા પૂજ્ય કરવાની અઢાર માર્ગોની એક રીત

૪ ન. માતા પિતા તરફ સગાના મરણની અસ્પર્શતા; આશૌચ; સબંધીના મરણથી લાગતી અશુદ્ધિ; મુએલાને નહાવું તે; મૃતકને નહાવું તે; સ્નાનનાં મરણનિમિત્તે નાહવું તે.

૫ ન સ્નાનકુંડ; જલકુંડ.

સ્નાનકુંડ પું. નહાવાનો હોજ

સ્નાનખંડ પું (શિલ્પ) નહાવાનો ઓરડો; 'બાથરૂમ'. સ્નાનખંડ સ્વતંત્ર, અને બંધ કરતા કે.ની નજર અંદર ન પડી શકે, તેવી રચનાનો હોવો જોઈએ ઓછામા ઓછો એક સ્નાનખંડ અને એક બાળ તો દરેક ઘરમાં હોવાં જ જોઈએ. તેથા વધારે રાખવાં ન રાખવાં, એ પૈસાની અનુકૂળતાની વાત છે. વધારે સ્નાનખંડ હોય તો તેમાંનો મુખ્ય રસોડાની પાસે અને બીજો જરૂર વખતે સ્નાનખંડ તરીકે અને બાકીને વખતે બાળ તરીકે વપરાશ માટે, ઉમારતના આગળના ભાગમાં હોવા જોઈએ. સ્નાનખંડમાં હવા આવવા માટે અંદરથી પાચેક ફૂટ ઊંચાઈએ, બારી આડી ભેસાડવી અને અજવાળા માટે આપારદર્શક કાચની તકતીવાળી બીજી બારી રાખવી, અથવા ઉમાડાની ઉપરનો ભાગ આવી રીતનો કરવો. પાણી તપાવવાનો બંબો તથા ઠંડા પાણીની નળી કે ઘડિયાળી અંદર રાખવાની હોય તો સ્નાનખંડ ઓછામાં ઓછો ૧૦' × ૬' માપનો હોવો જોઈએ. ફક્ત સ્નાન જ કરવા માટે ૮' × ૫' માપનો ખંડ બસ છે. બાળ માટે ૬' × ૪' જગ્યા બસ છે. સ્નાનખંડની ઉપર માળિયું કરી, લાકડા ભરવાની ગોઠવણ કરી શકાય આપણા હિંદુ રિવાજ પ્રમાણે સ્નાન કરવા માટે, ઉનર ફરસબંધી કરતા ત્રણેક ઇંચ નીચી, ૩' × ૨' માપની ચોકડી કરી, તેની વચમાં ૧૫' × ૧૫' વિસ્તારનો અને બધેક ઇંચ ઊંચો બેઠકનો પથ્થર બેસાડવો. ધોયેલાં કપડાં, ટુવાલ વગેરે રાખવા માટે, પાસે જ પાંચ છ ફૂટ ઊંચાઈએ, દીવાલમાં ઠઠ્ઠા નાંખી, ચટ્ટી બેસાડવી. બાળના ખૂણામાં જળીના મોઢિયાવાળો નળ બેસાડી બહાર આવ્યો અને બહારના બીજા નળ અથવા નીક માટે પાણી ફર કાઢવું. સાબુ તેમ વગેરે મૂકવા માટે ૧૫' થી ૨' ફૂટ ઊંચાઈએ, દીવાલમા ખૂણિયાં રાખવા અને બીનાં કપડા મૂકવાને, જમીનથી ૬" સુમારે ઊંચાઈએ, છિદ્રવાળુ પાટીયું અથવા ઝાંટ રાખવી, એટલે બધી સામગ્રી આવી જઈ. સ્નાનખંડમાં આવા બધામાં ફરસબંધી કરવી જોઇએ અને દીવાલોને પણ કાંઈ ઘાટી જડવી કે કાંઈ સીમેંટથી છોવી, કે દીવાલમાં જેજ મરે નહિ. ઘાટીનો ઢાળ ફૂટે બે દોરા બાળ તરફનો રાખવો પાણીનો નળ હોય, તો કુદરતથી નહાવાની પણ ગોઠવણ રાખવી. મુખ્ય સ્નાનખંડ રસોડાની પડોશમાં રાખવો, એટલે બંને વર્ગને બીને કપડે રસોડામાં કે જમણખંડમાં અજોના કપડાં લેવા જતાં સગવડ પડે. સ્નાનખંડનો ધુમાડો ઘરમાં ન આવે એવી રીતે તે રાખવો જોઈએ.

સ્નાનગૃહ [સં. સ્નાન (નહાવું તે) + ગૃહ (ઘર)] ન. હમામખાનું; સ્નાનાગાર; નાહવાની ઓરડી.

સ્નાનતૃષ્ણ [સં.] ન. દર્ભ; દાભ.

સ્નાનમંજન [સં.] ન. સ્નાન કરતી વખતે શરીરે કરવામાં આવતો લેપ.

સનત્કુમારનો દેહ તે વેળા એવો લાગી હતો, એક નાનું પંચિયું પહેર્યું હતું અને તે સ્નાનમંજન કરવા માટે બેઠા હતા. ઝવેરચંદ રાજાચંદ

સ્નાનયુક્ત [સં.] વિ. સ્નાન કરીને યુક્ત થયેલ.

પછી સ્નાનયુક્ત થયા કહેવી સોહે રૂ. નરસિંહરાવ

સ્નાન સમાચાર [સં.] પું. માઠા બનાવ; નિરાશાથી ભરેલ સમાચાર.

સ્નાન સંધ્યા [સં.] સ્ત્રી. નહાવું અને સંધ્યા કરવી તે.

સ્નાન સંસ્કાર [સં.] પું ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાનો સંસ્કાર; બપ્તા સંસ્કાર; 'બેપ્ટીઝમ.'

સ્નાન સૂતક ૧. ન. લાગણી; સંબંધ; લેવા દેવા હોવું તે.

મિ. રાજસે મૅકડોનાલ્ડ સત્તા પર આવે કે ન આવે એ બાબતમાં હિંદને કશું સ્નાનસૂતક નથી. નવજીવન

૨. ન. સ્નાન તેમ જ સૂતક જે મરી ગયેલા સંબંધે લાગે છે તે.

સ્નાનાગાર [સં. સ્નાન (નહાવું તે) + આગાર (ઓટડી)] પું. સ્નાન કરવા માટેનો ઓરડો; સ્નાનગૃહ; 'બાથરૂમ'.

સ્નાનાદિક જ. નહાવું; ધોવું વગેરે

જે જનને વિષે ઝીણા છત્ર પણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી.

મુ. સા પરિષદ

સ્નાનાર્થી [સં. સ્નાનાર્થિન્] વિ. સ્નાનની ઇચ્છાવાળુ.

સ્નાનીય ૧. ન સુગંધીદાર ચૂર્ણ

૨. [સં.] ન સ્નાનનું જળ

આ સ્નાનીય કે જે સુગંધી જળવાળું, સ્નેહરૂપ અને સુગંધી દ્રવ્યવાળું છે. ભગવતી આરાધના

૩. વિ સ્નાન અંગેનું

સ્નાનોદક [સં.] ન. અભિષેકનું પાણી.

સ્નાપક ૧. પું. રાજાનું નાહવાનું પાણી તૈયાર કરનાર નોકર.

૨ વિ. નાહવાનું પાણી તૈયાર કરનાર.

સ્નાયવિક દુર્બલતા સ્ત્રી માનસિક અથવા શારીરિક થાક લાગતો હોય એવી શરીરની સ્થિતિ; 'નર્વસ્નેનિયા.' આ રોગવાળાને દરેક કામ બોજારૂપ લાગે છે. આ રોગમાં સવારે તબિયત વધારે બરાબ રહે છે એ તેની વિશિષ્ટતા છે અને રાત પહેલાં સારી રીતે ઊંઘ આવે છે. આ રોગીને કામ કરવાની ઇચ્છા બહુ થાય છે, પણ કામમાં થાક બહુ લાગે છે. થોડા પરિશ્રમથી એના માથામાં બહું દરદ થાય છે. ભૂખથી જરા વધારે ખાવાથી સુસ્તી આવી જાય છે. આ રોગની ચિકિત્સામાં આંતરડાં સાફ રાખવાં એ ઠીક છે. દાંત બગડી ગયા હોય તો કઢાવી નાખવા જોઈએ.

સ્નાયી [સં. સ્નાયિન્] વિ. સ્નાન કરનાર.

સ્નાયુ [સં.] પું. તંતુએ કરીને માંસ અસ્થિને વળગી રહે છે તે; માંસના લોચા; બંધ–પાટા જેવો અંદરનો ચામડીનો રેસો; માંસ અને અંદરના અવયવોના બાંધાના તંતુ; માંસનો તંતુ; પેશીઓનો સમુચ્ચય. સ્નાયુઓ સ્નાયુના તાંતણા જેવા મજબૂત તંતુઓના બનેલા હોઈ, મુખ્યત્વે ત્રણ પ્રકારના છે તેઓનું પ્રધાન કર્તવ્ય હાડકાંઓને છૂટાં પડતા અટકાવવાનું છે. (અ) રજ્જુરૂપ અથવા દોરા જેવા સ્નાયુઓ અથવા સ્નાયુ રજ્જુઓ, જેઓ સંધિની આરે બાજુ આવેલા હોય છે તેઓ સંધિમાં ભાગ લેતા હાડકાંઓના છેડાઓને પરસ્પર છૂટથી ફરવા દે છે, પરંતુ છૂટા પડવા દેતા નથી. (બ) કોયરૂપ સ્નાયુઓ અથવા પાતળા ચીળા સ્નાયુ સૂત્રોની બનેલી કોથળીઓ, જેઓ હાડકાંઓના સંધિય ભાગોની આસપાસ ફરી વળે છે. દરેક સંધિને પોતાનો સ્વતંત્ર સ્નાયુકોષ હોય છે. જેનો ઉદ્દેશ પણ સંધિની મજબૂતાઈ વધારવાનો જ છે. સ્નાયુ

કોષનું બળ રજ્જુરૂપ સ્નાયુઓથી વધે છે, એટલે કે જે જે સંધિને વિશેષ રક્ષણની જરૂર હોય, અથવા જ્યાં જ્યાં વિશેષ શારીરિક ચેષ્ટાઓ ચાલતી હોય, ત્યાં ત્યાં સ્નાયુકોષ વધારે બળવાન અને તેને રૂંધો આપનાર રજ્જુરૂપ સ્નાયુઓ પણ સંખ્યામાં વધારે. આ બંને પ્રકારના સ્નાયુઓ પૂંછડા તેમ જ સાયળના મૂળના સાંધામાં નજરે પડે છે. (૪) પ્રસારરૂપ સ્નાયુઓ—આ અત્યંત પાતળા કોર્ડ મજબૂત પ્રસારરૂપે બંને નજીક રહેલા અસ્થિઓ વચ્ચે પથરાયલા માલૂમ પડે છે. પ્રકોષ્ઠ.સ્થિઓ તથા તેમની વચલી કળા અથવા જબ્મ.સ્થિઓ અને તેમની વચલી કળા. સ્નાયુઓ બેરંગના હોય છે; ધોળા અને પીળા. આમાં પ્રીવાધર સ્નાયુરજ્જુ તથા કરોટિમકાતરાલ સ્નાયુઓ સિવાયના બધા ધોળા છે. ધોળા સ્નાયુઓ ધોળા સ્નાયુ સૂત્રોના, જ્યારે પીળા સ્નાયુઓ પીળા સ્નાયુ સૂત્રોના બનેલા છે. પીળા સ્નાયુઓ સ્થિતિસ્થાપક છે. બીજા મતે તેના બે પ્રકાર છે: (૧) સ્વૈચ્છિક સ્નાયુ, જે મરજી મુજબ હાલે છે. હાથ, પગ, પેટ, પીઠ વગેરે (૨) નિરીચ્છક સ્નાયુ, જે મરજી મુજબ હાલતા નથી. આંતરડાં, મૂત્રાશય, મૂત્રાશય, રક્તનળી, કોજરી વગેરે

સ્નાયુક ૧. પું [સં] રક્તમા થતો એક કૃમિ.

૨. પું. વાળો

સ્નાયુગ્રથન ન. સ્નાયુરચના.

સ્નાયુચિકિત્સાવિજ્ઞાન ન. સ્નાયુમંડળ અને તેની બીમારીઓના કારણ અને ચિકિત્સા સંબંધી વર્ણન કરતુ શાસ્ત્ર.

સ્નાયુપાદુકા સ્ત્રી. સ્નાયુરૂપી પટ્ટી.

સ્નાયુબદ્ધ ૧. વિ. સારા બાંધાનું.

૨. વિ. સ્નાયુ વડે બંધાયેલું; માંસલ; બંધારેલા મજબૂત સ્નાયુઓવાળું.

સ્નાયુબળ ન. સ્નાયુની શક્તિ.

સ્નાયુબંધન [સ સ્નાયુ + બધન (બાંધવું તે)] ન સાંધાઓને જોડનાર સ્નાયુ; સ્નાયુને બે હાડકાને વળગેલા ચીકણા તંતુ; શરીરના અસ્થિઓ જ્યાં એકબીજા સાથે જોડાય છે તે સાંધાઓ તેમ જ માસપેશીઓને એકબીજા સાથે બરાબર મજબૂત રીતે બાંધી રાખનાર તે સાંધાઓ ઉપર લપેટેલા પટ્ટાઓ.

સ્નાયુવર્તુલ ન. સ્નાયુગ્રંથિ; તંતુગ્રંથિ.

સ્નાયુ વા પુ. સ્નાયુઓનું અકડાઈ જવું તે નીરોગ્ય અને દીર્ઘ એવા તેના બે પ્રકાર છે.

સ્નાયુશૂલ જુઓ સ્નાયુશૂળ.

સ્નાયુશૂળ ન. સ્નાયુમાં થતો શૂળ રોગ; સ્નાયુ પીડા; વાતનાડી પીડા.

સ્નાયુસંચાલન ન. સ્નાયુઓને ફેરવવા ફેરવવા તે.

સ્નાયુસંયમન ન સ્નાયુ ખીલવવાની કસરત; 'મસલ બિલ્ડીંગ'.

સ્નાહ [સં] ન. પર્વતની ટૂંકમા આવેલું એ નામનું નગર.

જે નગર પર્વતની ટૂંકમાં આવેલું હોય તેનું નામ સ્નાહ. રાજવલ્લભ

સ્નિગ્ધ ૧. [સં] પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ. આ છંદ સ્કંધક ગીતિનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૪૮ લઘુ મળી ૫૬ વર્ણ હોય છે.

૨. પું. ઔષધિનો એક ગુણ

સ્નિગ્ધ (ચીકણો) પદાર્થ વાયુનાશક, કફ કરનાર, વજ્ર અને બળવર્ધક હોય છે

આયુર્વેદિયમ

૩. પું. દ્રવ્યનો એક પ્રકાર. જે દ્રવ્ય સીદન અને માર્દવ કરનાર, બળ વધારનાર અને વર્ણને સુધારનાર હોય તે સ્નિગ્ધ દ્રવ્ય કહેવાય. ઘી, તાંતો ઓરડો, દૂધની તર, રાઈ વગેરે.

૪. પું મિત્ર

૫. પું રાતો ઓરડો

૬. પુ. સ્પર્શના આઠ ભાદેનો એક પ્રકાર. તત્ત્વ.ચૈત્ર અનુસાર સ્પર્શ આઠ પ્રકારના માનવામાં આવે છે. જેમકે: કઠિન, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ.

૭ ન. ચરબી

૮. ન. તેજ; પ્રકાશ.

૯. ન. રાંધ્યા પહેલાનું ઘી

૧૦. ન. સરસ રસ

૧૧ વિ. મદમસ્ત.

૧૨. વિ. બાકું; પૂર્ણ; મજબૂત

૧૩. વિ. ચળકતું.

૧૪ વિ ચીકણું; ક્લેદમય, ચીકટવાળુ.

૧૫ વિ તેલી, તેલવાળુ.

૧૬. વિ. ભાવભીનું.

૧૭ વિ. ભાવિક.

૧૮. વિ. ભીનુ.

૧૯ વિ લીસું, સુંવાળું; કોમળ.

૨૦. વિ. સુંદર

૨૧ વિ (સંગીત) સૂકો નહિ ને દૂરથી સંભળાય નેવો. તે સ્વર માટે વપરાય છે.

૨૨. વિ સ્નેહાળ; પ્રેમાળ; માયાળુ; પ્રેમથી ભરેલું; મમતાળુ.

૨૩. વિ. હિતકારક.

સ્નિગ્ધચૂર્ણ પું એ નામનો દારૂ કોયલાની બાજુો ખોદવામાં તે ઉપયોગી છે. આ દારૂ ફોડતી વખતે આસપાસની જગામાં પાણી છાંટવુ જરૂરનું છે.

સ્નિગ્ધતા ૧. સ્ત્રી. એક જાતના સજાતીય અણુઓ વચ્ચેનું આકર્ષણ; સ્નિગ્ધ બળ

૨. સ્ત્રી. ઘનતા અને પ્રવાહીપણા વચ્ચેની સ્થિતિ; સાંદ્રતા

૩. સ્ત્રી. ચીકાસ; ચીકટ; ચીકણાપણું, ચીકણુ હોવાનો ગુણ. કણાદના વૈશેષિક સિદ્ધાંતમા તેમ જ જૈન અને બૌદ્ધ મતમાં, તેમ જ બીજા તત્ત્વવેત્તાઓના મતમાં પણ દ્રવ્યના સામાન્ય ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા સ્થૈર્ય, સમક્તિ– સઘાત, અભેદતા, સાદ્રતા, ચીકટતા, સ્નિગ્ધતા, પ્રવાહિતા, દ્રવતા, છિદ્રમયત.–સૌપિર્ય વગેરે દ્રવ્યોના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું

૪. સ્ત્રી. બીનતરા

૫ સ્ત્રી મૃદુતા.

૬ સ્ત્રી સુવાળાશ

૭. સ્ત્રી સ્નેહ; સ્નેહાપણું; મિત્રતા; દોસ્તી

દ્રવ્યની અંદર જ્યારે ચીકાસ આવે છે તેની સાથે સ્નિગ્ધતા સ્થાયી થાય છે. બા. ૬ કાર્તિક

સ્નિગ્ધપટ (સ્નિગ્ધપડ) ન. સાંધાઓની વચ્ચે આવેલું રસ ઉત્પન્ન કરનારુ પડ તે દરેક સાંધાના અંદરના ભાગનું આચ્છાદન કરે છે અને ચોમેરથી બધ હોય છે

સ્નિગ્ધપત્રા ૧. [સં.] સ્ત્રી. કાશ્મરી વનસ્પતિ.

૨. સ્ત્રી. પાલકી વનસ્પતિ

૩. સ્ત્રી ખોરડીનું ઝાડ

સ્નિગ્ધપિંડ [સં. સ્નિગ્ધ + પિંડ (ગોળો)] પુ. ચરબીની ગ્રંથિ ત્વચાના સ્વેદપિંડની નીચેના ભાગમાં આવેલા ચરબી જેવો સ્નિગ્ધ પદાર્થ પેદા કરતાં પિંડ, જ્યાં કેશ વિશેષ હોય ત્યાં વિશેષ જોવામા આવે છે. તે કેશનાં પડમાં હોય છે. ઘણીવાર તેની નળી કેશમાર્ગમાં જ ઊઘડે છે અને કોઈ કોઈવે ત્વચા ઉપર કેશના પડમાં ઊઘડે છે

સ્નિગ્ધરસ પું સાંધાની અંદરના સ્નિગ્ધ આવરણમાંથી નીકળતો તેલ જેવો ચીકણો પીળો રસ; સધિરસ; સાંધાઓમાં આવેલા સધિપટ્ટ દ્વારા ઉત્પન્ન થતો રસ; સ્નિગ્ધ ત્વચામાંથી ઝરતો રસ. તે ચીકટ અને મૃદુ હોય છે. તેમા આલ્બ્યુમીનનો ભાગ વધારે હોય છે. સાંધાઓના સાંધાને બિન હરકતે ચાલવાને જેટલી જરૂર તેલની છે, તેટલી જ શરીરની અંદરના સાંધાઓને આ રસની છે.

સ્નિગ્ધા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને મણિમધ્યા પણ કહે છે. આ છંદ બૃહતી છંદનો એક ભેદ છે તેનાં દરેક ચરણમાં ભગણ, બે મગણ એમ નવ અક્ષર હોય છે. તેમાં પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે જો મ મ આવો સ્નિગ્ધા.
રણછોડ

સ્નિહ્ [સં] સ ક્રિ (ધાતુ) સ્નેહ રાખવો; ચાહવું; સ્નેહ કરવો. તે ઉપરથી અનેક શબ્દ: સ્નેહ, સ્નેહી.

સ્નુ ૧ [સં.] પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે એક અક્ષરનો છંદ છે. તેના દરેક ચરણમાં એક જ લઘુ હોય છે.

૨. પું. પર્વતના એક ભાગ ઉપરની સપાટ જમીન.

૩. સ ક્રિ. ટપકવું; ઝરવું.

૪. સ ક્રિ. વહેવું

સ્નુષા ૧. [સં.] સ્ત્રી. દીકરાની વહુ.

૨. સ્ત્રી. પુત્રની વહુ; છોકરાની વહુ; પુત્રવધૂ. એક બાર સ્નુષા વિષે દીઠું તીખ અતિશે તે જ.
રામાયણસાર

સ્નુહ્ ૧. જ. ક્રિ ઊલટી કરવી.

૨. [સં.] જ ક્રિ. ઓડકાર આવા

સ્નુહી પું. ઠંડા દૂધ; દૂધનો એક પ્રકાર. દૂધને આળી તેની રાબ પાણીમા ઓગાળી, ગાળી અને પાણીને ઊકાળી જે દૂધી સૂકી રહે તે ઔષધિ તરીકે વપરાય છે પેટના ગુલ્મ, જલોદર, ક્રોધ, ધ.ધેસાવ, પથરી, કરસ અને અરોળ તથા જઠરના દરદોમાં આ દવા દેવી

સ્નેહ ૧. [સં. સ્નિહ્] પું. અંતરનું વળગણ; અંતરનો કોમળ ચીવટભાવ.

૨. પું (પિંગળ) એક પ્રચૂર્ણપ્રીતિ માત્રા મેળ છંદ આ સ્નેહધનનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૫૰ લઘુ મળી કુલ ૫૭ અક્ષરો હોય છે.

૩. પું. ખરો પ્રેમ; પ્રીતિ; હેત: રાગ; અનુરાગ; મમતા; મમતા; વાત્સલ્ય; વહાલ; પ્યાર.
દંદર ઢાંકદ **સ્નેહ** હેત પ્રબળ રાગ અનુરાગ, પ્રેમ પ્રીતની રીતને બહુત તે બડભાગ.
પિંગળપ્રકાશ

૪. પું. ઘી, ઘૃત.

૫. પું. ચરબી; હાડકાંની અંદરનું તેલ; મેદ.

૬ પુ. ચીકણો પદાર્થ; તેલ.

૭. પું. ચીકાશ.

૮. પુ. (ન્યાય) ન્યાયમત પ્રમાણે ચોવીસ માહેનો એક ગુણ. તે નીચે પ્રમાણે છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુ:ખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.

૯. પું (વેદાંત) જેનાં દર્શન, સ્પર્શન, શ્રવણ કે આસ્વાદથી અંત:કરણ દ્રવે છે તે.

૧૦. પું પ્રેમનો એક પ્રકાર. કામશાસ્ત્રમા પ્રેમનાં, સ્નેહ, આસક્તિ, વ્યસન અને તન્મય એવા મુખ્ય ચાર પ્રકાર કહ્યા છે

૧૧. પું મૈત્રી; દોસ્તી

૧૨ પું લેપ; મર્દન દ્રવ્ય; ચોપડવા, ઘસવાનો પદાર્થ

૧૩. પું. શરીરમાં સાત માંહેની એક ઉપધાતુ

સ્નેહકાંત પું. પ્રેમ રાખતો પતિ.
નવ માવાના **સ્નેહકાંત** દર્શન થયાં.
નાનાલાલ

સ્નેહકુતુક ન. પ્રેમચેષ્ટા; સ્નેહકૌતુક
નિરખતો **સ્નેહકુતુક** મોદ,
જાણે ચિત્રકાર બે પોતે. નરસિંહરાવ

સ્નેહક્ષય પું. તેલનો ઘટાડો
પ્રદીપ વિના અન્યત્ર ત્યાં, **સ્નેહક્ષય** દેખાતો નથી. મણિલાલ નભુભાઈ

સ્નેહગર્ભ વિ સ્નેહ જેનાં ગર્ભમાં છે તે.

સ્નેહગાંઠ સ્ત્રી સ્નેહગ્રંથિ.
અમારી વચ્ચે **સ્નેહગાંઠે** બંધાઈ
ગોવર્ધનરામ

સ્નેહગીતા સ્ત્રી. એ નામનો સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિષ્કુળાનંદ મુનિનો ગોપીઓ સંબંધી લખેલો પ્રેમનો ગ્રંથ

સ્નેહગ્રંથિ સ્ત્રી સ્નેહની ગાંઠ; પ્રેમની ગાંઠ.

સ્નેહચિત્ર ન. સ્નેહનું શબ્દ દ્વારા કરેલું વર્ણન
શિક્ષિત યુક્તિનો શૃંગાર, અશ્લીલ કુચેષ્ટા, ઉદ્દામ રસવિહીન **સ્નેહચિત્રો** અને ગુજરાતમાં જોઈએ ન જોવતું હોય એ પ્રકારની ભાષા.
ઝીણુદી

સ્નેહન ૧. પું. એક જાતનો ગુણ

૨. પું. (પિંગળ) એક પ્રચૂર્ણન્નતિ માત્રામેળ છંદ. આ છંદ રાષ્ટ્રિય ગીતિનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૫૰ લઘુ મળી ૫૭ અક્ષર હોય છે. તેને સ્નેહ પણ કહે છે.

૩ પુ ક્રિયા

૪ પું. ચટ

૫ પું મિત્ર

૬ પુ. શિવનાં હજાર માંહેનું એક નામ.

૭ ન એક જાતનો રસ; તેલ જેવા ચીકણા પદાર્થ આપી ઇંદ્રિયોને તૃપ્ત કરનાર દ્રવ્ય. તે મસ્તકમાં હોય છે. જ્ઞાનેંદ્રિયોને ભીની રાખી તેમને તાજાને તાજા રાખે છે

૮ ન. કોમળાનો એક પ્રકાર.

૯. ન. ચીકણું કરવું તે.

૧૦ ન તેલ વગેરેનું મર્દન.

૧૧ ન સ્નેહનું સાધન

૧૨ ન સ્નેહસાધન ક્રિયા

૧૩ વિ સ્નિગ્ધ કરનાર; શરીરને કોમળ કરનાર

સ્નેહનમણું વિ. સુંદર દેખાતું
સ્નેહનમણાં ક્રિમત ક્રિરણ ફેલી,
સુભગા તેમ સખીઓમા ગઈ
નાનાલાલ

સ્નેહપંથ પું. સ્નેહનો રસ્તો

સ્નેહપાન ન. તેલ, ઘી કે ચરબી પીવાં તે.
જેણે **સ્નેહપાન** કર્યું હોય તેણે નાક વતી ક્રમપાન કરવું નહિ ક્રિનચર્યા

સ્નેહપાશ પું પ્રેમની જાળ; સ્નેહરૂપી બંધન.

સ્નેહપાસ પું પ્રેમનું બંધન.

સ્નેહપૂર્વક પું. પ્રેમપૂર્વક; વહાલ કરીને.

સ્નેહભર વિ. સ્નેહથી ભરપૂર; સ્નેહાળ; સ્નેહયુક્ત

સ્નેહભાવ પું પ્રીતિભાવ.

સ્નેહભીનું [સં. સ્નેહ+ભીનું (ભીનાશવાળું)] વિ. વહાલભીનું; સ્નેહાર્દ્ર; સ્નેહ ભરેલું.

સ્નેહભૂ ૧. [સં.] પું શ્લેષ્મ નામની દેહમાં રહેલો એક ધાતુ; સ્લેષ્મમ.

૨. સ્ત્રી. પ્રેમપાત્ર; સ્નેહનું સ્થાન.

સ્નેહભુજા પું. એ નામનો એક છંદ.

સ્નેહયુગલ ન. પ્રેમાળ જોડું.
એક બાજુ પર મહાદંપતીનું નિર્દોષ **સ્નેહયુગલ** પોતરેલું છે અજંતાના ચિત્રામંડપો

સ્નેહરશ્મિ પું કવિ ઝીણાભાઈ રતનજી દેસાઈનું તખલ્લુસ નામ. કવિ સ્નેહરશ્મિની પહેલી નોંધપાત્ર વિશિષ્ટતા ગીતકવિ તરીકેની છે. સ્નેહરશ્મિ કબીર, તુલસી, મલુકનાં સાખી-દોહરાની સપાટીએ પહોંચતાં નથી. પણ ઇબપત સાતસઈના દોહરાની બબ્બે વાર બાદ કરાવે છે. તેમને વિચાર માટે સોનેટનું વાહન ઠીક ગમે છે પણ એમને વિચારને તેજરેખાની માફક ઝબકાવવા કરતાં એને દલીલો અને સમર્થન સાથે વિસ્તૃત કરવાનો વધુ શોખ છે. આને માટે એમણે લાંબા કાવ્યો લખ્યાં છે. તેમને ઉત્તરચરિત ગીતરચના જેટલી જ સિદ્ધ છે. ' પૃથ્વિમા ' નો ધીરગંભીર મદાક્રાંતા, ' વરદાન ' ના શિખરિણી અને પૃથ્વી, ' વરદાન ' ' ખાતમુહૂર્ત ' ' જનતા ' અને ' મુક્તિ ' નો પ્રવાહી અનુષ્ટુપ, ' અભિસરતાન ' નો કટાવ, ' ઘડાતા ઇતિહાસનુ એક પાનુ ' ના મુક્ત હરિગીતનાં પંક્તિ ચકલો, ' પ્યાસ ' નો સવૈયો,

ઉપજાતિ, વસંતતિલકા, વૈતાલીય આદિના કેટલાંક કાવ્યોમાં થયેલ ઉપયોગ અને સોનેટોનાં વૃત્તો આની સાક્ષી પૂરશે. છંદોમાં કવાક છૂટછાટ લીધાના દાખલા ત્રીજુનજરા વાચકો ખોળી નહિ કાઢે એમ નહિ, પણ સમગ્ર રીતે જોતાં છંદોરચના સ્નેહરશ્મિને આયાસસિદ્ધ નથી લાગતી. પંક્તિઓની પંક્તિઓ તેમની અવિરણી (ફ્રાઉન્ટન-પેન) માંથી સરતી જતી હશે એમ અનુમાનાય છે. પણ છંદોરચનામાં એમને મહેનત પડતી નથી માટે જ તેઓ લખી નાખે છે કે, વધુ વિશદતા સ્નેહરશ્મિની એક વિશિષ્ટતા છે, એથી જ તો એમને પાછળ ટિપ્પણ આપવાની જરૂર પડી નથી

સ્નેહરાગ પું પ્રેમ; મિત્રતા. માતાનો, ગુરુનો, ભાઈનો, બહેનનો, પરિવારનો જે રાગ તે સ્નેહરાગ અર્થાત્ પ્રેમ કે મિત્રતા કહેવાય છે. તે નિર્દોષ પણ હોય અને સદોષ પણ હોય. પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ તેના બે પ્રકાર છે.

સ્નેહલ વિ. સ્નેહી; સ્નેહાળ

સ્નેહલગ્ન [સં. સ્નેહ + લગ્ન (પરમાણુ તે)] ન. પ્રથમ સ્નેહ બંધાઈ અને પછી થયેલું લગ્ન; પ્રીતિથી થયેલ લગ્ન; પ્રેમલગ્ન; એકબીજાના સ્નેહથી ખેંચાઈને કરેલું લગ્ન.

પશ્ચિમની પરસ્પર પસંદગી, પૂર્વની પરસ્પરની દર્શન પરામર્શતા, કશું નહિ ને વિકલ્પે નહિ, પુણ્ય નવૈલ્લીઓના છત્તનયજ્ઞ: નરનારના રસયોગ તે સ્નેહલગ્ન. નાનાલાલ

સ્નેહસંમેલન [સં] ન. પ્રીતિમેળો, સ્નેહીઓનો મેળાવડો; ' સોશિયલ ગેધરિંગ '.

સ્નેહસિક્ત [સં.] વિ. સ્નેહથી ભીંજાયેલ; હેતથી ભીંજાયેલ

સ્નેહસુધા સ્ત્રી. અમૃતરૂપી પ્રીતિ.

સ્નેહ હત્યા [સં] સ્ત્રી. પ્રેમની હત્યા; પ્રેમનો ભંગ કર્યાનો દોષ.

સ્નેહાકર્ષણ ૧. [સં.] ન. પદાર્થનાં પરમાણુઓનું અરસપરસ આકર્ષણ, એકબીજા પ્રતિ પરમાણુઓનું એકત્ર થવા માટેનું ખેંચાણ; સંબંધાકર્ષણ

૨. ન. સ્નેહનું ખેંચાણ, સ્નેહનુ આકર્ષણ.

સ્નેહાધીન [સં. સ્નેહ + અધીન (તાબે)] વિ. સ્નેહને તાબે હોય એવું; પ્રેમને વશવર્તી રહેનાર; સ્નેહને વશ; સ્નેહાકિત.

સ્નેહારામ પું. સ્નેહ અને આરામનું સ્થાન એવા પરમાત્મા.

તે માટે ચાલ રમાયા, ગુણધામ, બહુનામ, સ્નેહારામ. દયારામ

સ્નેહાર્દ્ર [સં.-સ્નેહ + આર્દ્ર (ભીંજાયેલ)] વિ. સ્નેહળીનું; બહાલસોયું; સ્નેહથી ભીનું

સ્નેહાલિંગન [સં.] ન. સપ્રેમ ભેટવું તે.

અહીં જમવાને પ્રતિનાયિકાને આપેલા સ્નેહાલિંગનને. નિર્દેશ છે. ગીતગોવિંદ

સ્નેહાશ્રુ [સ] ન હર્ષના આસુ; સ્નેહનાં આસુ

સ્નેહાળ વિ સ્નેહ રાખનાર; સ્નેહવાળુ. અંતરના પ્રેમથી ઊભળકાવાળું; હેતાળ; માવાળું. વાત્સલ્યથી ભરપૂર

સ્નેહાંકિત ૧. [સં.] વિ. પ્રિય; સ્નેહી
૨ વિ સ્નેહથી શોભા પામેલું.

સ્નેહાંજિની ૧. વિ સ્ત્રી. પ્રેમથી ભીની થયેલ
૨. વિ સ્ત્રી સ્નેહનાં અંજન આંજેલી

સ્નેહી ૧. [સં. સ્નેહ + ઇન્ (વાળું)] પું. સુહૃદ; મિત્ર; પ્રિયજન; દોસ્ત.

સ્નેહી આવ્યે કુપણ પણ જે પૂર્વ આભાર જોતો,
રહ્યા ના વિમુખ બનતાં તો બને ઉચ્ચ સ્થાને. '
મેઘદૂત

૨. વિ સ્નેહવાળું; પ્રીતિ રાખનાર; પ્રેમવાળું, વહાલું, પ્રેમી

સ્નેહીજન ન. સગાંવહાલાં; પ્રેમીજન.

સ્નેહીસંગતિ સ્ત્રી. મિત્ર સાથે મેળાપ

કહી સ્નેહીઓ સર્વ સરાયે
કહી સૂનું ઘર આપ આવે,
સ્નેહીસંગતિ-સ્નેહીસુખ-
પ્રાપ્તલીલા જો માણી રે,
કહ્યા બ્રહ્મણી રે.
ચદ્રશંકર નર્મદાશંકર પંડ્યા

સ્નેહેશ્વરી સ્ત્રી. સ્નેહની સમ્રાજ્ઞી.

પ્રથમ તો ઓ સ્નેહેશ્વરી '
તારી કંપનામા નિદ્રા જ નાઠી,
રાત્યામાં ઘૂળો લાગી,
ને ચાલ્યો રાત્રિની શોધમાં. નાનાલાલ

સ્પ ન. (અબ્રિત) એક વર્તુળને એક તેની નીચેની જ સીધી લીટી જે બિંદુમાં અડે તે; સ્પર્શરેખ

સ્પ ગ = બમા ૨૮° + કોસ્પ ૨૪°૫૬ અથવા ૨૭°. પુરાતત્ત્વ

સ્પર્ધ [સં.] સ. ક્રિ. (ધાતુ) હરાવવાને ઇચ્છવું; હરીફાઈ કરવી. તે ઉપરથી બનેલ શબ્દો: સ્પર્ધા, સ્પર્ધન, સ્પર્ધી, પ્રતિસ્પર્ધી.

સ્પર્ધક પું. (જૈન) કર્મના પરમાણુનો ઘણો મોટો સમૂહ. કર્મના પરમાણુના સમૂહને વર્ગ, વર્ગના સમૂહને વર્ગણા અને વર્ગણાના સમૂહને સ્પર્ધક કહે છે.

સ્પર્ધવું અ. ક્રિ. સ્પર્ધા કરવી; બરાબરી કરવી.

કામી હોયે અવનનો, સ્પર્ધે યોગી દેહ. રત્નેશ્વર

સ્પર્ધા ૧. [સં.] સ્ત્રી ઈર્ષ્યા; અદેખાઈ, એકડા-બગડો, દ્વેષ

અ.પણે ત્યાં એક માત્રિક વ્યવસાયમાં પડેલા પ્રભાગઓ એકબીજાનાં ગળાં કાપવાની સ્પર્ધામાં જ પાવરધા છે. બ. ક. ઠાકોર

૨. સ્ત્રી ખરસાઈ; બરાબરી; ચડસાચડસી; હરીફાઈ

સ્પર્ધાઈ સ્ત્રી (જૂ પ્ર) હરીફાઈ; ચડસાચડસી
અન્યથી ઇચ્ચા માટે કરી
શુ શિવની સ્પર્ધાઈ ખરી. ઝવેરચંદ

સ્પર્ધાસ્પર્ધી સ્ત્રી. હરીફાઈ; ચડસાચડસી

સ્પર્ધાળુ ૧. વિ અદેખું; દ્વેષીલું
૨. વિ ચડસીલું; વાદીલું
૩ વિ. હરીફાઈ કરવાના સ્વભાવવાળું.

સ્પર્ધી ૧. [સં. સ્પર્ધિન્] પુ સ્પર્ધા કરનાર માણસ; હરીફ

૨ વિ. સ્પર્ધાળુ; હરીફાઈ કરનાર. તે સમાસને અંતે આવે છે જેમકે, પ્રતિસ્પર્ધી.

સ્પર્મેસ્હેર્ડલ સ્ત્રી. એ નામની મગરમચ્છની એક જાત. તેને નીચલા જડબામાં દાંત આવેલા હોય છે અને બધે જાગે તે સામસની ઊંડાઈઓથી પોતાનો ચારો શોધે છે; એટલે જ્યારે તે શિકાર થઈને આવે છે ત્યારે વિજ્ઞાનીઓને તેના પેટમાં પચ્યા વગર રહી ગયેલી ચાંચોનો અભ્યાસ કરવાનુ બહુ સહેલું થાય છે. આ પ્રાણીની લંબાઈ સાઠ ફુટ ઉપર હોય છે.

સ્પર્શ ૧. સ ક્રિ. (ધાતુ) અડકવું. તે ઉપરથી બનેલા શબ્દોઃ સ્પર્શ, સ્પર્શમણિ, સ્પર્શન, સ્પર્શી

૨. સ. ક્રિ. પ્રદક્ષ કરવું

૩ સ ક્રિ ચોરવુ

૪. સ ક્રિ. ભેટવું; આલિંગવું.

૫ સ. ક્રિ. ભેળવવું.

સ્પર્શ ૧. [સં. સ્પૃશ (સ્પર્શ કરવો)] પું. આઠ ભાઇનો એક સ્વાભાવિક ગુણ

કામ, ક્રોધ, લોભ વગેરે ભરા દેહ છે અને સ્પર્શ કરવા યોગ્ય નથી; કોઈ વ્યક્તિવિશેષ કદરૂપ અસ્પૃશ્ય હોઈ શકે જ નહિ.
આનંદશંકર ધ્રુવ

૨. પું. અસર.

૩. પું. આભાસ.

૪. પું. (યોગ) કુંડલિની શક્તિ.

અંદર પ્રાણરૂપે રહેલી કુંડલિની શક્તિ સ્પંદ, સ્પર્શ, સંવિત, કલા એનાં નામ છે અનેક રીતે કહેવામાં આવે છે. વિજ્ઞાનદર્શનકલ્પતરુ

૫. પું. મુખ્તચર.

૬. પું. ચામડી દ્વારા બીજી વસ્તુનું જ્ઞાન થતુ તે; સ્પર્શેન્દ્રિયથી થતું જ્ઞાન.

૭ પું. લેપ.

૮. પું. (ન્યાય) ચોવીશ માહેનો એક ગુણ. તે ગુણો આ પ્રમાણે છે: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્‌ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ, શબ્દ.

૯. પું. છત્રીસ માહેનું એ નામનું અઠારીયમુ તત્ત્વ

૧૦. પું. (વેદાંત) પાંચ માહેનો એક વિષય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષય ગણાય છે.

૧૧. પું. મૈથુનના આઠ માહેનો એક પ્રકાર. એનું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે

૧૨. પું. યુદ્ધ.

૧૩. પું રોગ.

૧૪. પું. લવ; લેશ.

૧૫. પું. લાગણી. સ્પર્શ બહુ પ્રકારનો છે: ઊની, શીતળ, સુખકારક, દુઃખકારક, સ્નેહવિશિષ્ટ, વિષદ, કોમળ, લઘુ, રૂક્ષ, ગુરુ એ બધા સ્પર્શના પ્રકાર છે

૧૬. પું. લાગવું તે; અડકવું તે.

પ્રાયશ્ચિતરૂપે માની સેવા અસ્પૃશ્યની કરો,
દુ ખો દૂર કરો તેના સેવાભાવે જ સ્પર્શથી.

માખીગીતા

૧૭. પું અંજનનો એક પ્રકાર; કંઠ, તાળુ, મૂર્ધા, દંત અને ઓષ્ઠ એ પાંચ સ્થાનનો કોઈ પણ અંજન.

કંઠથી ઓષ્ઠ પર્યન્ત રૂપ અંજન સ્પર્શ કહેવાય છે. કેમકે, એ વર્ણોને ઉચ્ચારવામાં જીભનું ટેરવું તેની પાસેનો ભાગ, મધ્યમ ભાગ કે મૂલ ભાગનો એના ઉચ્ચાર સ્થાન સાથે અરાબર સ્પર્શ થાય છે.

બૃહદ્ ભાષાસ્વરૂપ

૧૮ પું સયોગ; સંસર્ગ; સન્નિકર્ષ

સ્પર્શના ભોગ જે જે જ, તે તે મૂળ જ દુઃખનાં;
આદિને અંતવંતા સૌ: ત્યેમાં જ્ઞાની રમે ન જો

ભગવદ્‌ગીતા

૧૯ પું દયા.

૨૦ પું. હિંદુ વૈષ્ણવોમાં કેવસેવા કરવાને સ્નાન કર્યા પછી કોઈને પણ ન અડકવાની સ્થિતિ.

સ્પર્શક [સં. સ્પૃશ્ (સ્પર્શ કરવો)] પું. (ગણિત) વર્તુલને કાપ્યા વગર એક બિંદુએ અડતી સીટી; વર્તુલને સ્પર્શ કરનારી સીધી સીટી; ' ટેન્જન્ટ '. આવી સીટીનું એક જ બિંદુ વર્તુલના પરિધ ઉપર આવે છે અને વર્તુલના પરિધ ઉપરના કોઈ પણ બિંદુમાંથી માત્ર એક જ આવી સીટી દોરી શકાય.

સ્પર્શકાલ [સં. સ્પર્શ + કાલ (વખત)] પું. ચંદ્રનો પૃથ્વીની છાયામાં વખત તેમ જ સૂર્ય ચંદ્રનાં બિમ્બ મળે તે વખત; ગ્રહણ જાણવા માંડે તેનો સમય; ગ્રહણની શરૂઆત થાય તેનો વખત.

સ્પર્શકાળ જુઓ સ્પર્શકાલ.

સ્પર્શકોચ [સં સ્પૃશ્ (સ્પર્શ કરવો)] પું. (ગણિત) ભૂમિતિમાં બતાવેલ એક ખૂણો; ' ઇન્ટ્રિન્ઝિક એન્ગલ '

સ્પર્શગુણ પું (વેદાંત) એ નામના ગુણના ત્રણ માહેનો એક પ્રકાર. તેના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: (૧) શીત, (૨) ઉષ્ણ અને (૩) અનુષ્ણાશીત. તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર દ્રવ્યોમાં રહે છે. જળમાં શીત સ્પર્શ રહે છે; તેજમાં ઉષ્ણ સ્પર્શ અને પૃથ્વી તથા વાયુમાં અનુષ્ણાશીત સ્પર્શ રહે છે. એ સ્પર્શ પરમાણુ રૂપ નિત્ય જળમાં, પરમાણુ રૂપ નિત્ય તેજમાં તથા પરમાણુ રૂપ નિત્ય વાયુમાં નિત્ય હોય છે. અન્યત્ર અનિત્ય હોય છે.

સ્પર્શજન્ય ૧. [સં.] વિ. દૂષિત; ચેપ લાગેલ; સાસર્ગિક; ચેપી.

૨. વિ. સ્પર્શેન્દ્રિય દ્વારા મેળવી શકાય એવું; સ્પર્શથી જાણી શકાય તેવું; સ્પર્શથી થતું. આપણે જ્યારે આંખે પાટા બાંધીને સ્પર્શ અને કાનને કેળવનારાં સાધનો વાપરવા બેસીએ ત્યારે સ્પર્શજન્ય અને શબ્દજન્ય અનુભવો વધારે તીવ્ર અને વધારે સ્પષ્ટ અને વધારે સહેલાઈથી જાણી શકાય એવા માલૂમ પડે છે.

સ્પર્શજ્ઞતા સ્ત્રી. (ગણિત) વર્તુલની બહારના બિંદુમાંથી દોરેલી બે સ્પર્શ સીટીઓનાં સ્પર્શ બિંદુઓને જોડનારી જ્યા; સંપર્કજ્યા.

સ્પર્શજ્ઞ [સં.] વિ. સ્પર્શને જાણનાર.

સ્પર્શજ્ઞેય [સં.] વિ. સ્પર્શથી માલૂમ પડે એવું; સ્પર્શથી જણાય એવું.

સ્પર્શતા સ્ત્રી સ્પર્શ હોવો તે; અસર; સંસર્ગ.

સ્પર્શન ૧. પું. એ નામનો એક મસ્ત.

૨. ન. મલમ કરવું તે; મલમ.

૩. ન. દાન

૪. ન. (જૈન) નિવાસસ્થાન રૂપ આકાશના ચારે બાજુના પ્રદેશોને અડકવું તે.

૫. ન. (જૈન) વિચારણાદ્વારો માંહેનું એક દ્વાર

૬. [સં. સ્પૃશ્ (અડકવું)] ન. સ્પર્શ કરવો તે; અડકવું તે; સ્પર્શ.

૭. ન. સ્પર્શેન્દ્રિય.

સ્પર્શનક્રિયા સ્ત્રી. (જૈન) પ્રમાદ વશ થઈ સ્પર્શ કરવા લાયક વસ્તુઓના સ્પર્શનો અનુભવ કરવો તે; રાગભાવ વડે એટલે આસક્તિ સહિત પૂર્વસ્પરત ચીજને અડવાની ઇચ્છા કરવી તે

સ્પર્શનજ્ઞાન ન. (જૈન) એ નામનો પ્રમાણ જ્ઞાનના તેર માહેનો એક ભેદ. આ ભેદ આ પ્રમાણે છે: કેવળજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન, સ્પર્શનજ્ઞાન, રસનાજ્ઞાન, ઘ્રાણજ્ઞાન, ચક્ષુજ્ઞાન, શ્રોત્રજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, પ્રત્યભિજ્ઞાન, તર્કજ્ઞાન, અનુમાનજ્ઞાન અને આગમજ્ઞાન.

સ્પર્શન પૂજા સ્ત્રી. ત્રણ માંહેના એ નામના એક પ્રકારની પૂજા. પૂજાના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: સ્મરણ પૂજા, દર્શન પૂજા અને સ્પર્શન પૂજા. ભગવાનની માળા ફેરવવી, તેનું ભજન કરવું, હરકોઈ રીતે તેનું સ્મરણ કરવું તે સ્મરણ પૂજા. જેનું સ્મરણ કરીએ છીએ તેની મૂર્તિનાં દર્શન કરવાં તે દર્શન પૂજા, દર્શન પછી તે વસ્તુ ઉપર વધારે પ્રેમ જાગૃત થઈ જાય તો તેને ભેટવાની ઇચ્છા થાય છે અને તેને ભેટી તલ્લીન થઈ જવું તે સ્પર્શન પૂજા છે.

સ્પર્શ નામ ન. (જૈન) નામકર્મની એક પ્રકૃતિ. તેના ઉદયથી જીવ શીત આદિ સ્પર્શ માંહેનો ગમે તે સ્પર્શ પામે છે. તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે શરીરગત શ્વેત આદિ પાંચ વર્ણો, સુરભિ આદિ બે ગંધો, તિક્ત આદિ પાંચ રસો અને શીત આદિ આઠ સ્પર્શોના નિયામક કર્મો અનુક્રમે વર્ણ નામ, ગંધ નામ, રસ નામ અને સ્પર્શ નામ મનાય છે.

સ્પર્શનીય [સં.] વિ. સ્પર્શ કરવા લાયક.

સ્પર્શપરિજ્ઞાની [સં. સ્પર્શપરિજ્ઞામિન્] વિ. સ્પર્શ કરવાથી પૂરેપૂરુ જ્ઞાન મળી શકે તેવું.

કેટલીક હકીકતો સ્પર્શપરિજ્ઞાની છે.

દક્ષિણામૂર્તિ

સ્પર્શ પરીક્ષા સ્ત્રી. (વૈદક) નાડી તપાસવી તે. ' પેલ્પેશન '. હિંદુ વૈદો પ્રાચીન કાળથી રૂપ પરીક્ષાથી, સ્પર્શ પરીક્ષાથી, શબ્દ પરીક્ષા વગેરેથી જે લક્ષણો જોવામાં આવે તેના ભૌતિક ચિહ્નો ઉપરથી રોગ બાબત પોતાના મત બાંધતા હતા.

સ્પર્શબિંદુ ૧. ન. (ગણિત) જે બિંદુએ બે આકૃતિઓનો સ્પર્શ થાય છે તે; ' પોઇન્ટ ઓફ કોન્ટેક્ટ '.

૨. ન. સ્પર્શ સહેલાથી જાણી શકાય એવું સ્થળ.

આગળનાં સ્પર્શબિંદુઓ કરતાં બહારના ભાગના બિંદુઓને સ્થાને જ હોતાં નથી.

વિજ્ઞાન પ્રવેશિકા

સ્પર્શ જ્ઞાન ન. સ્પર્શની જાણ.

સ્પર્શ મણિ ૧. પું એ નામનો એક તારો.

૨ [સ.] પુ. કાચમણિ; પારસમણિ જેના અડવાથી લોઢ સુવર્ણ થઈ જતું હોવાનું કહેવાય છે તે ચમત્કારી પથ્થર

૩. પું જેના સહવાસ, સંસર્ગ કે સ્પર્શથી ઉત્તમતા આવે તે.

સ્પર્શમૂલક [સં.] વિ સ્પર્શ જેનું મૂળ છે તેવું

પપોળવું, મર્દન કરવું અને **સ્પર્શમૂલક** કામરા આની ક્રિયાઓનો સમાવેશ કરવામાં આવે તો સ્પર્શને પણ કલાના વિષયો ગણવા જોઈએ. પ્રત્યે.ન

સ્પર્શરતિ સ્ત્રી. કામક્રીડાનો એક પ્રકાર. તેના સાત પ્રકાર આ પ્રમાણે છે : (૧) વસન, (૨) માન, (૩) કુચાકર્ષણ, (૪) નખક્ષત, (૫) દંતક્ષત, (૬) આલિંગન અને (૭) ચુંબન.

સ્પર્શરેખા [સં] સ્ત્રી. (ગણિત) સ્પર્શજ્યા, વૃત્તને અડતી સીધી; સંપાતરેખા; પ્રભાત; વર્તુલની કોરને અડકીને જતી સીધી લીટી; 'ટેન્જંટ'

સ્પર્શરેષા જુઓ સ્પર્શરેખા.

સ્પર્શલક્ષણ [સ.] સ્ત્રી. સ્પર્શમણિ; રિસામણીનો વેલો

સ્પર્શલોપ [સં.] પું સંવેદનશક્તિહીનતા; સંજ્ઞાનાશ; નિઃસત્ત્વ સ્થિતિ; સ્પર્શ શૂન્યત્વ.

ક્રમે ક્રમે દેહિ, સ્પર્શલોપ, ચેતનલોપ સંબંધી ક્રિયા વિષે વિવિધ સંભાવના કરતાં તે પણ ભ્રમ ભાવથી ઘેરાઈ જાય છે. અમરકંટક

સ્પર્શવર્તુલ (ગણિત) ન. કોઈ પણ બે વર્તુલોને, પરિધો સ્પર્શ કરતા હોય, પણ એક બીજાને છેદતા ન હોય તેવા બંને વર્તુલો માટેનું દરેક વર્તુલ.

સ્પર્શવહા [સં] સ્ત્રી એ નામની નાડી

બીજું મનઃષટક એમાં જ્ઞાનેંદ્રિયના તદ્ગુઓ જ્ઞાનવહા, શ્રવણવહા, શબ્દવહા, રસાવહા અને **સ્પર્શવહા** નાડીઓ એકઠી થાય છે

વિજ્ઞાનવિચાર

સ્પર્શવું ૧. અ. ક્રિ. અડકવું; હાથ ધરવું; અડવું, સ્પર્શ કરવો

૨. સ ક્રિ. અસર કરવી

સ્પર્શવ્યંજન [સ.] પુ. (વ્યાકરણ) ક થી મ સુધીના પચ્ચીસ માહેનો દરેક વ્યંજન.

સ્પર્શાક્ષર [સ] પું. સ્પર્શવ્યંજન. વેદાંગ, ખીજા શિક્ષાગ્રંથમાં લખ્યું છે કે, શબ્દના પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં ૬૩ થી ૬૪ અક્ષર પ્રસિદ્ધ છે. તેમાં સ્પર્શાક્ષર અર્થાત ક થી મ સુધીના વર્ગના અક્ષર ૨૫ છે આ વર્ણોને ઉચ્ચારવામાં જીભનું ટેરવું, ટેરવા પાસેનો ભાગ, મધ્યભાગ કે મૂલ ભાગનો અને ઓષ્ઠ આદિનો એના ઉચ્ચારસ્થાન સાથે અડાડવાથી સ્પર્શવર્ણનો પ્રયત્ન સ્પષ્ટ કહેવાય છે.

સ્પર્શાવવું સ. ક્રિ. સ્પર્શાવવું; બતાવવું; દાખવવું.

સુપથ **સ્પર્શાવનારી** એક ક્રિદમતા

કાન્તવિજેતા

સ્પર્શાસહાયોનિ સ્ત્રી દુઃસહયોનિ. કેટલીક સ્ત્રીઓની જનનેંદ્રિય એટલી સંકુચિત હોય છે કે, તેનામાં સંભોગ થઈ શકતો જ નથી. બળાત્કારે કરવામાં આવે તો તેને અસહ્ય વેદના થાય છે

સ્પર્શાસ્પર્શ [સં.] પુ. અડાઅડી; આભડછેટ.

અમારે **સ્પર્શાસ્પર્શને** કશું વધારે કામ નથી

મ ણા. ત્રિવેદ

સ્પર્શાસ્પર્શી વિ જે જન અથવા વસ્તુને એકમેક ન અડકવું જોઈએ તેની અડાઅડી; આભડછેટ

સ્પર્શા કુર પુ. કેરાવાલિની તથા તાનતંતુના તાંતણાવાળો લગભગ ફૂટેલ ઉંચ કોટલો ભાગ.

સ્પર્શાંશ [સં સ્પર્શ + અંશ (ભાગ)] પુ. સ્પર્શનો અંશ.

અર્થાત્ એટલા માટે કે **સ્પર્શાંશ**નો ભાગ કરી સંપ્રદાયથી વ્યાપારથી સંસ્કૃત ગુજરાતીમાં ન, ન, તે ઈ, ઇ રૂપે અને સંસ્કૃતમાં ન ભગવાન રૂપે દેખા દે છે. કેશવ હર્ષદ

સ્પર્શેંદ્રિય [સં.] સ્ત્રી. ચામડી, જે ઇંદ્રિયવડે સ્પર્શથી જ્ઞાન થાય છે તે; ત્વચા; ત્વગિંદ્રિય; સ્પર્શની ઇંદ્રિય

સ્પર્શોત્તેજના સ્ત્રી. સ્પર્શ કરવાની તીવ્ર ઇચ્છા.

સ્પર્શ્ય ૧. [સં.] વિ. અડવા યોગ્ય; સ્પર્શ કરવા યોગ્ય; સ્પર્શનીય.

૨ વિ સ્પર્શેંદ્રિયથી જ્ઞાન થાય તેવું; સ્પર્શગ્રાહ્ય.

૩. વિ. સ્પષ્ટ; સ્પષ્ટ

સ્પર્ષ ૧ [સં.] સ. ક્રિ. (ધાતુ) અડકાવવું.

૨ સ. ક્રિ ચૂસવું.

૩. સ ક્રિ. ભાષ કરનો. તે ઉપરથી બનેલા શબ્દો: સ્પર્શ, સ્પષ્ટ, સ્પષ્ટતા, સ્પષ્ટીકરણ વગેરે.

સ્પષ્ટ ૧. [સં.] વું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

૨. વિ. ખરલું, સ્પષ્ટ, સ્પષ્ટ.

૩. વિ અખંડ રહિત; સમજાય તેવું; સુબોધક.

૪. વિ ચોખ્ખું; સાફ; પ્રકટ; પ્રત્યક્ષ; અસંદિગ્ધ.

૫. વિ. ખરાખર; ચોક્કસ.

૬. વિ. સહેલાઈથી દેખી કે સમજી શકાય તેવું.

૭. વિ. સ્પર્શ્ય; સ્પર્શનીય.

સ્પષ્ટકાલ [સં.] પુ. સૂર્ય ઉપરથી જે કાલ સમજાય છે તે; સ્પષ્ટ વખત. મધ્યમ રવિ ઉપરથી જે કાળ સમજાય છે તેને મધ્યમકાળ કહે છે અને પ્રત્યક્ષ સૂર્ય ઉપરથી જે કાળ સમજાય છે તેને સ્પષ્ટકાલ કહે છે

સ્પષ્ટતમ [સં.] વિ બિલકુલ સ્પષ્ટ

પોતાના અનુભવને સ્પષ્ટતમ સ્વરૂપમા આલેખ કરવા માટે તે વિદ્યાર્થીને ફાંફાં મારવાં પડેલાં નહિ. પ્રસ્થાન

સ્પષ્ટતર [સ] વિ વધારે સ્પષ્ટ

સ્પષ્ટતા ૧ સ્ત્રી. ખુલાસો

૨. સ્ત્રી ચોક્કસપણું.

૩. સ્ત્રી. ચોખ્ખાઈ; ચોખવટ

૪ સ્ત્રી પરિચ્છેદ, વ્યાખ્યા

૫. સ્ત્રી સમજૂતી.

મૂલ વસ્તુ સ્વાસ્થ્ય અજવાળા પોત થી અનુભવી તેની સ્થળે ટીકા ટિપ્પણ વગેરેથી **સ્પષ્ટતા** કરીને ભોંસેળના ક્રમમાં યથાસંકલિત પ્રયત્ન કરે છે.

કાવ્યશાસ્ત્ર

સ્પષ્ટભાષી [સં. સ્પષ્ટભાષિન] વિ. સ્પષ્ટ બોલનાર; ખરાબોલું; મને બોલું મોઢા ઉપર જ કહી દેનાર; તડને છડ બોલનાર.

સ્પષ્ટ મધ્યાહ્ન ભોગકર્યત્ર ન. મધ્યાહ્નનો ખરો વખત આપવાનું એક યંત્ર. તે બે બરીસા અને એક સાદા કાચનું બનેલું હોય છે.

સ્પષ્ટ વક્તા ૧. [સં. સ્પષ્ટવક્તૃ] પું. આબા બોલો માણસ.

ચતુર પેઠુ સમ **સ્પષ્ટવક્તા**,
દયાળુ વિનોદી સુલક્ષ્ણ મિત્ર,
સૌ ઓપ્રકળો ગ્રહતાં સ્વતંત્ર,
કર્મો વડે સિદ્ધ કરે સિદ્ધાવ. ગોવિંદગીતા

૨. વિ. ખરાબોલું; જેવું હોય તેવું ચોખ્ખું કહી દેનાર; કર્યા વગર બોલનાર; બરોબર જેવું હોય તેવું બોલી દેનાર.

સ્પષ્ટ સૂર્યોદયકાળ પું. પ્રત્યક્ષ સૂર્ય ક્ષિતિજ ઉપર આવેલો દેખાય તે વખત

આપણી ઘડિયા પણ મધ્યમકાળ બતાવનારી જ છે પરંતુ તે **સ્પષ્ટ સૂર્યોદયકાળે** એટલે પ્રત્યક્ષ સૂર્ય ક્ષિતિજ ઉપર આવ્યો એવું જોઈને તે જ વખતે પાણીમાં નાખે છે જ્યોતિર્વિલાસ

સ્પષ્ટાકાશ ન. આકાશનો એ નામનો પ્રકાર.

સ્પષ્ટાક્ષર ૧ [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૨ પું શિવનાં હજાર માંહેનું એક નામ.

સ્પષ્ટાસ્પર્શી [સં.] વિ. ખુલ્લા કોધવાળું; સ્પષ્ટ કોપી

સ્પષ્ટાર્થ ૧. [સ.] પુ સ્પષ્ટ અર્થ.

૨. વિ. ચોખ્ખા અર્થવાળું

સ્પષ્ટાસ્પષ્ટ [સ] વિ કોઈક અંશે સ્પષ્ટ અને કોઈક અંશે અસ્પષ્ટ; સમજી શકાય કે ન સમજી શકાય તેવું

સ્પષ્ટીકરણ ન. [સં.] ન. ખુલાસો; સ્પષ્ટ કરવું તે; ચોખવટ, ખુલ્લી સમજ પડી જાય એમ કરવું કે કહેવું તે; આવિષ્કાર; પ્રાદુર્ભાવ; સ.વિર્ભાવ. નિરૂપણ, પ્રત્યક્ષતા.

૨ ન ઘટસ્ફોટ

સ્પષ્ટોક્તિ [સં.] સ્ત્રી. ખુલ્લું કહી દેવું તે; શરમ રાખ્યા વગર સાફ કહી દેવું તે; સાફ કે સ્પષ્ટ કહેવું તે.

સ્પંદ ૧. પુ કાશ્મીરમાં અગાઉ થયેલો એ નામનો એક શૈવમત

૨. પું કુંડલિની શક્તિ

૩ [સં.] પું. ખળભળાટ; સ્પંદન, ધડકારો; ધડકો

૪. સ્ત્રી. શ્રાવણ માસની એ નામની એક માનસાનવર્ણના.

૫. વિ. ધડકતું.

સ્પંદક [સં.] વિ કંપક; આંદોલક

સ્પંદ તરંગ પું. નાડીનો ધબકારો; નાડીકંપ.

સ્પંદન ૧. [સં.] ન. ધડકો; ધ્રુજારો; કંપ; ફરકવું તે; પલકારો; ધડકારો; ધબકારો; ધ્રુજારી.

૨. ન. વહન; વહેણ, પ્રવાહ

સ્પંદનશૂન્ય [સં.] પું. વેપારશૂન્ય; નિર્વ્યાપાર; કાર્યવ્યસ્તતા.

સ્પંદમાપક ન. નાડીની ગતિ માપવાનું યંત્ર.

સ્પંદહીન વિ. હલનચલન વિનાનું; નિર્વ્યાપાર.

સ્પાખિ સ્ત્રી એ નામની એક ઔષધિ. તે આસામ, બર્મા, પશ્ચિમ દ્વીપકલ્પ, સિલોન અને મલબારના પર્વતોમાં થાય છે. સર્પદંશમાં મલબારના વૈદ્યો અને વિષ વિજ્ઞાનિકો આ ઔષધિનો ઉપયોગ કરે છે. ઔષધ તરીકે તેની છાલ અને મૂળ વપરાય છે. તેની માત્રા ૨ થી ૪ ગ્રામની હોવાનું મનાય છે

સ્પાય [અં.] પુ ફૂત, જાસૂસ, દુશ્મનના વખતમાં બાતમી મેળવનાર માણસ. તે દુશ્મનના માણસો સાથે ભળી જાય છે. આંતરરાષ્ટ્રીય કાયદાથી એમ નક્કી કરાયું છે કે, જાસૂસ પકડાય તો તુરત જ તેને ગોળીથી ઠાર કરવો. આ નોકરી બહુ જ જોખમી ગણાય છે. યુદ્ધના સમયમાં લશ્કરમાં તેમ જ લાગતાવળગતા દેશોમાં જાસૂસો રાખવામાં આવે છે.

સ્પાર્ક [અં.] પું. તણખો, ચિનગારી, ઝબકો

સ્પાર્કફોડકો [અં.] સ્ત્રી વાજબીપણું દર્શાવવા વધારવા માટે રાખવામાં આવતું તારનું એક ગૂચળું. આ કોઇલમાં એક કાંટલા પર ઊંચા લાભો અને એક ટૂંકો તાર વીંટાળીને તેમાંથી વીજળીનો પ્રવાહ પસાર કરતા તેનું દબાણ વધી જાય છે તથી તેને સ્પાર્ક ફોડવા કહે

સ્પિતમ જરથુસ્ત્ર પુ (જરથોસ્તી) એ નામના જરથુસ્તી પુરુષ સ્પિતમ જરથુસ્તની દસ પેઢીઓના નામો આ પ્રમાણે છે: (૧) જરથુસ્ત્ર, (૨) તેઓના પિતા પૌરુશસ્પ (પોરુશાસ્પ), (૩) પૂર્નિરસ્પ (પ્રતિઅશ્વ), (૪) અઉર્વદસ્પ (ઔરીશ), (૫) હઓચદસ્પ (સેચસ્પ), (૬) ચક્ષનૂસ્ત્ર (ચક્ષુ), (૭) પૂર્નિરસ્પ (પ્રતિ–અશ્વ), (૮) હરદસ્પ (હારિદ્રવેશ), (૯) હરદાર (હારિદ્રવ) અને (૧૦) સ્પિતમ

સ્પિનહ સ્ત્રી એ નામની એક જાતની વનસ્પતિ

સ્પિનિમ [અં.] ન. કાંતણ

સ્પિરિટ ૧. [અં] પુ. એક જાતનો આસ્વ

૨. પું દારૂ; વાર્બત; આસવ; આલ્કોહોલના વત્તા ઓછા અંશવાળી દારૂ; મદ્ય, સુરા; મદિરા; વારુણી; માધવી

૩. પું. બાળવાનો દારૂ

૪. સ્ત્રી. ભાવના, જુસ્સો

૫. ન. જોર; બળ

સ્પિરિટ લૅંપ [અં.] પું. સ્પિરિટથી બળતો દીવો.

સ્પીકર [અં.] પું. અધ્યક્ષ. ભારતની લોકસભામાં તેના સભ્યો સ્પીકર (અધ્યક્ષ) અને ડે. સ્પીકર (ઉપાધ્યક્ષ)ની નિમણૂક કરે છે. સ્પીકરની ગેરહાજરીમાં ડે. સ્પીકર તેના વતી કામ કરે છે. મતગણતરી વખતે મત સરખા થાય તો તે પોતાનો મત આપી શકે છે અને જે બાજુ પોતાનો મત આપે તે બાજુ જીતી જાય છે. સ્વતંત્ર ભારતવર્ષ માટે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે તેમાં વપરાયેલ અંગ્રેજી શબ્દો માટે ખાસ સમિતિ નીમીને બંધારણમાં વપરાયેલ મહત્ત્વના અંગ્રેજી શબ્દો માટે સારા યે ભારતવર્ષમાં કામ આવે એ લક્ષ રાખીને સર્વ સામાન્ય પર્યાયો નક્કી કર્યા છે. અહીં સર્વ સામાન્ય શબ્દોની પ્રસાદી માત્ર આ રહી

અધિકરણ = ટ્રિબ્યૂનલ
અધિવક્તા = એડવોકેટ
અધ્યક્ષ = સ્પીકર
અંતરપરિષદ = ઇન્ટર કૉન્સિલ.
અપર ન્યાયાધીશ = એડિશનલ જજ.
અભિકર્તા = એજન્ટ
અભ્યર્પણ = એક્સ્ટ્રેડિશન
આયુક્ત = કમિશનર
આવેદન = પિટિશન
આવેદક = પિટિશનર
ઉત્તરાધિકાર = સક્સેશન
ઉત્તરાધિકારી = સક્સેસર
ઉપરાજ્ય પ્રમુખ, ઉપરાજ્યપાલ = લેફ્ટનન્ટ ગવર્નર
ઉપરાષ્ટ્રપતિ = વાઇસ પ્રેસિડન્ટ
ઉપસભાપતિ = ડેપ્યુટિ ચેરમેન, ડેપ્યુટિ પ્રેસિડેન્ટ (સંપૂર્ણ લેજીસ્લેટિવ કૌન્સિલ અંદર પ્રથમ ઑક્ટ ઑફ ૧૯૧૯)
ઉપાધ્યક્ષ = ડેપ્યુટિ સ્પીકર
કર્મકાર = વર્કમેન
કચેરી = ઑફિસ
કાર્યાલય, કાર્યાલયીન = ઑફિસ
નિયત્રક મહાલેખા પરીક્ષક = કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ
ન્યાયાધિકરણ = ટ્રિબ્યૂનલ
પદાધિકારી = ઑફિસર
પરિષદ = કૌન્સિલ
પીડાસીન પદાધિકારી = પ્રિજાયડિંગ ઑફિસર
પૂર્વાધિકારી = પ્રિડિસેસર
પ્રતિજ્ઞા = અફર્મ
પ્રસાધોજ્જન = ડ્રેસિંગ
પ્રધાનમંત્રી = પ્રાઇમ મિનિસ્ટર.
પ્રાદેશિક આયુક્ત = રિજીઓનલ કમીશ્નર.
મહાયાયુક્ત = ડે પુટિ કમીસ્નર.
મંત્રી = મિનિસ્ટર
મહાધિવક્તા = ઍડવોકેટ જનરલ.
મહાન્યાયવાદી = ઍટર્ની જનરલ
મુખ્ય ન્યાયાધિપતિ = ચીફ જસ્ટિસ
મુખ્ય ન્યાયાધીશ = ચીફ જજ.
મુખ્યમંત્રી = ચીફ મિનિસ્ટર
રાજ્યપાલ = ગવર્નર
રાષ્ટ્રપતિ = પ્રેસિડેન્ટ
વાણિજ્યદૂત કૃત = કૉન્સલ
વિધિક = ક્લાર્ક
સદસ્ય = મેમ્બર
સદસ્યતા = મેમ્બરશીપ
સભાપતિ = ચેરમેન
સમાહર્તા = કલેક્ટર (ઝીલ મેજીસ્ટ્રેટ).
સહાયક = અસિસ્ટંટ
સંરક્ષક = ગાર્ડિયન

સ્પૂનફુલ [અં] વિ એક ચમચામાં સમાય તેટલું, ચમચો ભર

૨પૂક સ્ત્રી કપૂરમંજરી.

૨પૂકતલ ન કેરવી રકાબ જેવું એક હથિયાર.

૨પૂકતલા ૧. સ્ત્ર. અસલના વખ્તનું લાકડાનું એક હથિયા.૨; સપાટી ઉપર અણીવાળા ખીલા હોય તેવો દાડો

૨. સ્ત્ર. બધે ઠેકાણે અણીવાળા ખીલા હોય તેવો ધોકો

૨પૂક્ષા જુઓ ૨પૂક.

૨પૃશ્ ૧. [સં.] સ. ક્રિ. (ધા.તુ) અસર કરવી.

૨ સ ક્રિ પ્રદક્ષ કરવું, લેવું

૩ સ ક્રિ ધોવુ, છાંટવું

૪ સ ક્રિ પ.મવુ, પહોંચવુ; મેળવવું

૫ સ. ક્રિ. વળગવુ

૬. સ ક્રિ. સ્પર્શ કરવો; અડકવું. તેના ઉપરથી થતા શબ્દો: સ્પર્શ, સ્પર્શાકાશ, સ્પર્શક, સ્પર્શગોચ્યુ, સ્પર્શજન્ય, સ્પર્શાસ્પર્શ, સ્પર્શેંદ્રિય, સ્પૃશ્ય; અસ્પૃશ્ય વગેરે.

૨પૃશ્ની સ્ત્રી. એ નામથી એક વનસ્પતિ; બેડી બોરિંગડી

નિર્દિગ્ધિકા, **૨પૃશ્ની**, ભાર્ગી, ગુહતી, કપ્પારિકા, પ્રચોદની, કૃષ્ણી, શુદ્રા, કુ:સ્પર્શા એ સ્ત્રીલિંગ નામ બેડી બોરિંગડીના છે. અમરકોષ

૨પૃશ્ય [સં.] વિ. સ્પર્શ થાય એવું; અનુભવાય એવું; અડકવા યોગ્ય

૨પૃષ્ટ ૧. [સં.] પું. આભ્યંતર પ્રયત્નના ચાર મ.હેનો એક વિભાગ.

૨. પું. વાગ્નિદ્રિયના પૂર્ણ સંયોગથી ત્રનેત્ર ક થી મ સુધીના વર્ગમાળામાંના પંજનો માહેનો કોઈ પણ વ્યંજન.

૩. વિ અડકાયેલું; અડકેલું; સ્પર્શ થયેલું; સ્પર્શાયેલું

૪ વિ ભળેલું; સ્પર્શથી અસ.જ્ઞ બનેલું

૫. વિ (વ્યાકરણ) સ્પર્શ વ્યંજનને અંગેનું. વ.ણીના પ્રયોગ્ન મા.ટે વપરાય છે

૨પૃષ્ટાસ્પૃષ્ટ [સં.] સ. સ્પર્શાસ્પર્શ; અડવું ને ન અડવું તે.

૨પૃહ્ [સં] સ ક્રિ (ધાતુ) ચાહવું; ઇચ્છા રાખવી; સ્પૃહા કરવી તે ઉપરથી થતા શબ્દો: સ્પૃહા, સ્પૃહણ, સ્પૃહ્ય, સ્પૃહણીય.

૨પૃહણીય [સં. સ્પૃહ્ (સ્પૃહા કરવી)] વિ. ઇચ્છા કરવા યોગ્ય; ઇચ્છારૂપ; ઝંખવા લાયક; જોવા કે જાણવા, મેળવવા જેવું; ઇચ્છવા યોગ્ય; સ્પૃહા કરવા કે ચાહવા લાયક.

૨પૃહા ૧ [સં.] સ્ત્રી. આશા; ચાહના; વાંછા; ઇચ્છા; તૃષ્ણા; એક વખત જેવું સુખ ભોગવીએ તેવી જ જાતનાં સુખ ભોગવવા માટેની અંતરની સતત ઝંખના.

૨. સ્ત્રી. દરકાર; પરવા.

૩. સ્ત્રી નાટ્યના તેત્રીસ માહેનો એ નામે એક અલંકાર

૨પૃહાદ્રૂ વિ. નિસ્પૃહી.

જ્યે અસલ્ક બુદ્ધિનો, જિજ્ઞાસા, જે **૨પૃહાદ્રૂ**ો, પ્રરમ નૈષ્કર્મ્યની સિદ્ધિ પામે સંન્યાસથી જ તે. કવિનીતા

૨પૃહ્ય [સં] વિ. ચાહવા લાયક; ઇચ્છવા યોગ્ય

૨પેઇસ ૧. [અં.] સ્ત્રી જગ્યા

૨ સ્ત્રી. બે શબ્દો વચ્ચે છૂટી જગ્યા પૂરવાનુ છાપખંતનું સાધન.

૨પેક્ટ્રમ [અં.] ન. સર્વરંગપટ; વિરણચિત્ર; વર્ણપટ

૨પેકચુલેટર [અં.] પું. સટ્ટો કરનાર; સટોડિયો

૨પેન ૧. [અં] પું. સ્પેન.

૨. પું. દેશ.

૩. સ. વરપનું એક પ્રબળસત્તાક રાજ્ય. તે વરપના નૈઋત્ય ખૂણામાં છે. તેનુ મુખ્ય શહેર માદ્રીદ છે. તે ઉદ્યોગ કરતાં ખેતીપ્રધાન દેશ છે તેમાં ઘોડું, ત્રાંબું, કોલસો અને સીસાની ખાણો છે. તે ૧૯૨૧થી પ્રબળસત્તાક થયુ છે.

૨પેનર [અં.] ન. પાનું; ગાડીઓ ફેરવવાનું પાનું

૨પેનિશ ૧. [અં.] સ્ત્રી એ નામની એક ભાષા; સ્પેન દેશની ભાષા; સ્પેનના લોકોની ભાષા

૨. સ્ત્રી. મગફળીની એક સારી જાત. આને લોકો ઊભડી કે મોડી પણ કહે છે તેને વરપ ક્વોલિટિ પણ કહે છે. તેના દાણાનો સ્વાદ સારો છે. ઉતાર આશરે ૧ મણે ૨૮ શેરનો છે.

૩. વિ. સ્પેનનું; સ્પેન દેશને લગતું

૨પેન્યલ [અં.] પું. લાંબા અને જાડા વાળ અને કાન હોય તેવો કૂતરો.

૨પેન્સર ૧. પું. એ નામનો એક અંગ્રેજ કવિ. ફેરી ક્વિન નામનું કાવ્ય તેણે લખેલું છે

૨. પું. હર્બર્ટ સ્પેન્સર નામે એક ફિલસૂફ અને ક્રેળવણીકાર.

૨પેલિંગ [અં] સ્ત્રી. જોડણી.

૨પેશ્યલ [અં.] વિ. ખાસ.

૨પેશ્યલ ટ્રેન [અં.] સ્ત્રી. ખાસ આગગાડી

૨પેશ્યાલિસ્ટ [અં.] વિ. નિષ્ણાત; ખાસ કામગીરીમાં પ્રવીણ

૨પેશ્યોલિસ્ટ જુઓ સ્પેશ્યાલિસ્ટ.

૨પેસિમેન [અં] પું. નમૂનો, વાનગી.

૨પોટિંગ [અં] ન. ફોટોગ્રાફ તૈયાર કર્યા પછી આખના ડોળા કાળા કરવા માટે પ્લેન્ડયન ઇકથી ટપકાં કરવામાં આવે છે તે.

૨પોર્ટસ [અં.] સ્ત્રી રમત; રમતગમત; કીડા.

૨પ્રિગ ૧ [અં.] કમાન, સ્થિતિસ્થાપકતાવાળી પોલાદી કમાન કે વાળાનું ગોળ ગૂંચળું.

૨. પું પાણીનો ઝરો

૩ સ્ત્રી કટકા સાળનો એક ભા.ગ તે ઓઢાના પખ.ને ભેગવાનુ કામ કરે છે

૪. સ્ત્રી વસંત

૨પ્રે [અં] પું ફુવારો.

૨પ્લીન [અં] સ્ત્રી બરોળ; તલ્લી

૨ફટિક ૧. પું. એક જાતનો સફેદ કીમતી પથ્થર કે રત્ન; પાષાણ રત્ન; પ.સાદર ચળકતી આબુઓવાળો એક સુંદર પથ્થર; કેલાસ; રવો; કાચ જેવો ચકચકિત નિર્મળ પથ્થર તેનો રંગ ધોળો હોય છે તેના મણકા અને ચોરસા વગેરે બને છે.

સાદા સીધા ને જેમ સુલ્ર મુનિ;
૨ફટિક જેવા બળી સત્યનિષ્ઠ:
નિ સ્વાર્થતા સ્ત્રિમત ઋતુભાવે,
અંધારમાંથી લઈ જાય તેજે. ગાધીગીતા

૨. પું. પંચેસદાર પદાર્થ; પદાર્થનો પંચેસદાર ક્રટકો. પારદાર વસ્તુ જે પદ.ર્થનાં રજકણો અને પરમાણુઓ નિયમિત દિશાઓમાં ગોઠવાયેલાં હોવાથી તેમના રૂપ અને આકાર નિશ્ચિત થાય છે તેને સ્ફટિક પદાર્થ કહેવામાં આવે છે કેટલાક પદાર્થોના અણુઓ ચોક્કસ ક્રમમાં ગોઠવાઈ જઈ ચોક્કસ આકારના સ્ફટિક થાય છે જેમકે, મીઠાના સ્ફટિક ઘન હોય છે. બરફના સ્ફટિક તારા.ના આકારના હોય છે.

૩. પું કટકડી.

૪. [સં] પું. સૂર્યકાંત મણિ; સ્ફટિક મણિ.

૫. પું સૂર્યનું એક નામ.

૬. ન (જૈન) ઉદયક વિમાનનું એક નામ.

૨ફટિકમણિ પું. એક જાતનો મણિ.

૨ફટિકશિલા [સ] સ્ત્રી. મદાકિની નદીના કિનારેથી એક માર્ગ દૂર આવેલ એ નામની એક શિલા. સાંજના સમયે ત્યાંના કિનારાઓનું દૃશ્ય અતિ સુંદર અને રમણીય લાગે છે. ત્યાં યાત્રાળુઓ માટે નાહવા ધોવાની પણ સગવડ છે ત્યાંથી કુંડથી ત્યાં જવા માટે રસ્તો છે અને તે લગભગ દોઢેક માઈલ થાય છે તે રસ્તે ઊંચા ડુંગરો આવે છે મદાકિની નદીમા પણ એક સ્ફટિકશિલા છે. કહેવાય છે કે, જ્યારે

રામચંદ્રજી, લક્ષ્મણજી તેમ જ સીતાજીની સાથે અત્રિ મુનિના આશ્રમમાં જતા હતા ત્યારે તેઓ આ શિલા ઉપર બિરાજતા. અહીં જયંત કાગડાએ માતા સીતાને ચાંચ મારી હતી. જે પહેલી સ્ફટિકશિલા છે તે ઉપર સીતા માતાનાં ચરણ છે અને બીજી શિલા ઉપર બન્ને લક્ષ્મણજી બાજુને મહણ કરી બેઠા હતા એવું માનવામાં આવે છે. અહીં યાત્રાળુઓને માટે રહેવાની સગવડ છે.

સ્ફટિકા [સં] સ્ત્રી. ફટકડી.

સ્ફટિકીકરણ જુઓ સ્ફટિકીભવન.

સ્ફટિકીભવન ન. સ્ફટિકનું રૂપ ધરવું તે; સ્ફટિકપાતન; કેસાસીભવન.

સ્ફટીક [સં.] જુઓ સ્ફટિક.

સ્ફાટિક ૧. પું. સ્ફટિકમણિ.
૨. ન. ફટકડી; એક ક્ષાર. પેદાશદર અને નેત્ર રોગમાં તેનું પાણી ધોવાના કામમાં આવે છે સજાના વા તથા મરડમાં ઈંડાંની સફેદી સાથે વાટીને તેનો લેપ કરવામાં આવે છે.
૩. વિ સ્ફટિકનું; સ્ફટિકમય; સ્ફટિક સંબંધી; સ્ફટિક નામના પત્થરના જેવો ચળકાટ મારતું

સ્ફાટિકગિરિ [સં.] પું કૈલાસ પર્વત; સ્ફટિક મણિમય પર્વત.

સ્ફાટિકરસ ૧ પરસ પું. નેત્રગોલકમાં આવેલો એક રસ; ઝીણીની પછવાડે તથા કાચરૂપ રસની આગળ આવેલ રસ. આ રસ પારદર્શક અને સ્થિતિસ્થાપક પડમાં વીંટાયેલ છે. તેની આગલી બાજુ બને બાજુ બાજુ ગોળ છે અને પછવાડે બાજુ ગોળાકાર આગળના બાજુ ગોળથી વધારે છે. તેના પરિઘની ગોરે બારીક તથા ચપટ હોય છે અને તેની લંબાઈ પહોળાઈ કરતાં ઉંચ તથા જાડાઈ કરતાં ઉંચ છે તેની આરે તરફ એક બંધ આવેલો છે. તેને લીધે તે નેત્ર પડથી જોડાઈ રહે છે. તેનું સ્થલાંતર થતું નથી.

સ્ફાટિકવિદ્યા [સ. સ્ફાટિક + વિદ્યા (જ્ઞાન)] સ્ત્રી. સ્ફાટિક રૂપ બનાવવા સંબંધી વિજ્ઞાન.

સ્ફાટિકા પું. એક જાતનો ક્ષાર. તે કોપરો બાળવા પછી રાખમાં લેવામાં આવે છે.

સ્ફાટિકાક્ષ [સં.] પું. કપૂર.

સ્ફાયિની સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે લીંબુનો શરબતેલનો એક પ્રકાર છે. તેની બાબતમાં ગદ અને પાંડાં એમ બે વિભાગ મોટે ભાગે થયેલા હોય છે. આ જાતની વનસ્પતિમાં બરણીના આકારનું કોષિત્ર હોય છે અને તે રણથી જ ભૂંજવાથી ભરેલી રચનાવાળું હોય છે.

સ્ફાલન ૧. ન. ધસવું તે.
૨. ન. ઘોડાને ખંજેળવું તે.
૩. ન સ્ફુરણ; કંપ.

સ્ફીત ૧. વિ ઉત્તેજિત.
૨ વિ ચેતવેલું
૩. વિ બંધબેસતું
૪. [સં.] વિ. વૃદ્ધિ પામેલું; વધેલું.
૫. વિ. વિશાળ; પહોળું
૬. વિ. સ્પષ્ટ.
૭. વિ. સ્થૂલ.

સ્ફીતિનિવારક જુઓ સોમનિવારક.

સ્ફુટ ૧ [સ.] વિ. ઊપડેલું; ખુલ્લું થઈ ગયેલું; ખીલેલું; વિકસિત.
૨. વિ. ખીલેલાં પુષ્પવાળું.
૩. વિ. છૂટેછવાયું; નહીં કે સમજાય, દેખાય અને સભળાય એવું, છૂટક છૂટક.
૪. વિ. ફાટેલું; તૂટેલું; ભેદાયેલ; ચિરાયેલ; ફૂટેલ.
૫. વિ. સમજાય તેવું
૬. વિ. સ્પષ્ટ; ઉઘાડું; બોલ્યું
સ્ફુટ કરવું = સ્પષ્ટ સમજાવવું.

સ્ફુટકવિતા પું. (પિંગળ) એ નામે એક સમકૃત વર્ણમેળ છંદ. તે પૃથ્વિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, યગણ અને નગણ મળી તેર વર્ણ હોય છે.

સ્ફુટતા ૧. [સં] સ્ત્રી. નિર્મળતા.
૨. સ્ત્રી. સ્પષ્ટતા; બોધગમ્યતા; પ્રકટપણું; ખુલ્લાપણું; સ્પષ્ટપણું.

સ્ફુટત્વ ૧. ન. (વેદાંત) જે વિષયનું જ્ઞાન તે સંબંધી જીજ્ઞાસાને અધીન ન હોય અર્થાત તે સમજવામાં કાંઈ ખુલ્લાપણું ન રહેતું હોય તેવા જ્ઞાનનું વિષયપણું.
૨. ન. પ્રકટપણું; ખુલ્લાપણું; સ્પષ્ટપણું.

સ્ફુટદર્શન ન. બોલ્યું દર્શન.

સ્ફુટન ૧. [સં.] ન. ખીલવું તે; ફૂટવું તે; ફાટી નીકળવું તે; ફાટવું તે.
૨. ન. પ્રતિપાદન.

સ્ફુટબંધની સ્ત્રી. બાલમકણી.

સ્ફુટરક્ષ [સં.] ન. ચીરફાડ. તેનાં પાંદડાં સોના જેવાં અને ચમકતાં હોય છે માટે તેને સ્ફુટરક્ષ કહે છે.

સ્ફુટિત ૧ [સં.] વિ. ખુલ્લું થયેલું.
૨. વિ ચિરાયેલું; ફાટેલું
૩. વિ. (સંગીત) ફાટી ગયેલ. તે સ્વર માટે બોલાય છે
૪. વિ ફૂટેલું; ખીલેલું; ઊપડેલું; પ્રફુલ્લિત; વિકસેલ
૫. વિ. સ્ફુટ; બહાર.

સ્ફુટી ૧. [સં.] સ્ત્રી. ફટકડી.
૨. સ્ત્રી. પગ ફાટવાનો રોગ.

સ્ફુર્ ૧. [સં.] અ. ક્રિ. ધડકવું; ફરકવું.
૨. અ. ક્રિ. (ધાતુ) સ્ફુરવું. તે ઉપરથી થયેલ શબ્દોઃ સ્ફુરણ, સ્ફુરણા, સ્ફુરિત, સ્ફૂર્તિ વગેરે.

સ્ફુર ૧. [સં.] કું. એકાએક સ્ફુરી આવવું તેઃ સૂઝ
૨. કું. ઉશ્કેરણી; ઉશ્કેરાઈ જવું તે
૩. કું. ફલક; ફળ
૪ કું. બુદ્ધિનું તેજ; વેગવાળી બુદ્ધિનો ચળકાટ.
૫. કું સ્ફુરણા; બીજો કંપ; ત્રીણી કૂજ; સહજ કંપારી

સ્ફુરણ ૧. પું. વાયુ રોગના ૮૦ માંહેનો એક પ્રકાર. તે વાયુથી આંચ ફરકવા કરે છે.
૨. [સ. સ્ફુર્ (સ્ફુરણ)] ન એકાએક ચળકાટ દેખાવો તે.
૩. ન. એકાએક સૂઝી આવવું તે; ઓચિંતું જ મનમા યાદ આવી જવું તે; પ્રકટીકરણ; સ્ફુરી આવવું તે; સ્ફુરણ તે.
સ્ફુરણ થવું = યાદ આવવું.
૪ ન. કંપન; આંદોલન; ત્રીણી કે બીરી કૂજ કે કંપ; ચામડી, હોઠ, પાંપણ વગેરેમાં આવતી સહેજ કંપારી.
૫. ન. ધડકવું તે; તરફડવું તે; ફરકવું તે.
૬. ન. પ્રસાર; ફેલાવો
૭. ન. ફેરણા; ઊમળકો.
૮. ન. સનસનાટી; ઝાગણી, સંવેદન
૯. ન. સ્ફૂર્તિ.

સ્ફુરણક જુઓ સ્ફુરણ.

સ્ફુરણા જુઓ સ્ફુરણ.

સ્ફુરવું ૧. અ. ક્રિ. અંકુર ફૂટવો.
૨. અ ક્રિ. એકાએક દેખાવું કે સૂઝવું. તે ચળકાટ, વિચાર વગેરે માટે બોલાય છે.
૩. અ. ક્રિ. કંપવું; ફરકવું.

સ્ફુરારવમાન ૧. પું. (સંગીત) સાત માંહેનો એક ગમક; કુતના ત્રીજા ભાગના વેગથી સ્વરને કંપાવવો તે.
સ્ફુરારવમાન કરવો = નાદને મધ્યમાં જ સ્થૂળ રૂપમા કંપિત કરવો.
૨. [સં.] વિ. સ્ફુરિતવું; સ્ફુરતું; સ્ફુરિત.

સ્ફુરિત ૧. પું. ફુલ્લરો; કંપ. બે સ્વરના સંયોગથી સ્ફુરિત થાય છે. તેમાં પહેલા સ્વરને સ્ફુરારવમાન કરી તુરત બીજા સ્વરને મંદ કરવો એક માત્રાનાં એક તૃતીયાંશ વેગે સ્વરને કંપ આપે તો તે સ્ફુરિત કહેવાય.

૨. પું. સર્પનું એક નામ
૩ [સં. સ્ફુર્ (સ્ફુરવું)] જિ. સ્ફુરેલું.

સ્ફુરિત ચુંબન ન. મુખે મુખ મેળવી ચુંબન કરવાથી હોઠનું ફરકવું થાય તે.

સ્ફુર્જ ૧. પું. (પુરાણ) એ નામે એક રાક્ષસ.
૨ પું. ગડગડાટ

સ્ફુર્જવું ૧. અ. ક્રિ. ગડગડાટ થવો.
૨. અ ક્રિ પ્રકાશવું; ચળકવું
૩. અ ક્રિ. ફટવું, ફાટવું

સ્ફુર્જી ન. સ્ફુરવું તે.

સ્ફુર્ણા સ્ત્રી. સંત્રી આવવું તે; સાંભરી આવવું તે; સ્ફુરણા.

સ્ફુલ ૧ [સં.] અ. ક્રિ. (ધાતુ) એકઠું થવું
૨. અ ક્રિ. ઢગલો થવો
૩. અ. ક્રિ. જથ્થાબંધ હોવું.
૪. અ. ક્રિ. ધ્રૂજવું; ફરકવું
૫ અ.ક્રિ. મારી નાખવું; ઠાર મારવું.
૬. અ. ક્રિ. હાલવું.

સ્ફુલ્લ ૧. [સં.] ન. તંબૂ; રાવટી.
૨ જિ. સ્ફુર્તિવાળું.

સ્ફુલ્લન ૧. [સં.] ન. ફરકવું તે; ધ્રુજવું તે; તરફડવું તે.
૨. ન. સ્ફુરવું તે.
૩. ન. સ્ફુર્તિ.
૪. ન. હૃદયકંપ; સ્ખલન.

સ્ફુલિંગ [સં.] પું. અગ્નિકણ; અગ્નિનો તણખો; ઊડતી ચિનગારી.

સ્ફુલિંગવાન [સં.] જિ. અગ્નિના તણખાવાળું.

સ્ફુલિંગા જુઓ સ્ફુલિંગ.

સ્ફુલિંગાની ૧. [સં.] સ્ત્રી. અગ્નિની સાત જીભોમાંની એ નામની એક જીભ; અગ્નિની જ્વાળા.
૨. જિ. તણખાવાળું.

સ્ફુટ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને પૃથ્વી છંદ કહે છે. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ અને યગણ એમ બાર અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

સ્ફુટકારી ન. કાષ્ઠાટીસ નામની ઝેરી માંખમાંથી બનાવેલું ફરફોલ્લો ઉઠાડનારું પ્રવાહી તેમજ તેનો બનાવેલો પીળા રંગનો કાગળ. જે ભાગ ઉપર બ્લિસ્ટર ઉઠાડવું હોય તે ભાગ ઉપર પ્રથમ પ્રવાહી જરાવાર ઘસ્યા પછી ઘસવું પડી તે કાગળ ઘસવા બ્લિસ્ટર ઉપર લગાડીને તે ભાગ ઉપર લગાડી રેવું અને તે ઉપર થોડું રૂ મૂકી પાટો બાંધી લેવો. આઠ, બાર અગર ચોવીસ કલાક પછી તે પાટો છોડ્યો એટલે ફોલ્લો થઈ રહેશે.

સ્ફુટ્ય જ. તરવારના આકારનું વગાડવું એક કાષ્ઠ

સ્ફુર્તિ ૧. સ્ત્રી. ઉપલબ્ધિ; અંત:પ્રજ્ઞા; અંત:સ્ફુરણા; સ્ફુરણ
૨. સ્ત્રી. [સં. સ્ફુર્ (સ્ફુરવું)] સ્ત્રી જાગૃતિ; તેજી; અનાલસતા, ચંચળતા.
૩. સ્ત્રી. ધીમી ધ્રુજ; કંપ
૪ સ્ત્રી. (વેદાંત) પ્રકટ થવું તે; અનુભવ થવો તે; મનમાં સમજવું તે
૫. સ્ત્રી. પ્રેરણા.
૬. સ્ત્રી. વિકાસ; ખીલવું તે.

સ્ફુર્તિદાયક [સં.] જિ. શરીરમાં સ્ફુર્તિ લાવે તેવું; કામ ચલાવપણું ઉત્પન્ન કરે તેવું; થાક મટાડે તેવું

સ્ફુર્તિદાયી [સં.] જિ. સ્ફુર્તિ આપે તેવું.

સ્ફુર્તિવાદી જિ આધિદૈવતવાદી; અંત:પ્રજ્ઞાવાદી.

સ્ફુર્ત્તિ જુઓ સ્ફુર્તિ.

સ્ફોટ ૧. [સં.] પું. અર્થને પ્રત્યય કરાવનાર અખંડ શબ્દનો ભેદ; વર્ણ સાંભળતાં વેંત મનમાં ઊઠતો વિચાર કે શબ્દાર્થનો બોધ.
૨. પું. ઉપરનું આવરણ તોડીને બહારથી ફૂટવું તે.

> ચિદર, સ્ફુટન, ચિરા આ બધા નામ સ્ફોટ અર્થાત ફૂટવું ના છે. અમરકોશ

૩. પું. ખુલાસો; ચોખ્ખી વિગતવારી; ખુલ્લો અને નિર્ભેળ નિવેદો
૪. પું. પ્રકટપણું, ખુલ્લાપણું; સ્પષ્ટતા.
૫. પું. ફોલ્લો; ગૂમડું; પીટિકા; ગડ; સોજો.
૬. પું. બળબળ; ફોડ; ધડાકો.
૭. પું. રાતો ચાકો.

સ્ફોટક ૧. [સં.] પું. ફોલ્લો; ગૂમડું.
૨. જિ. તોડનાર.
૩. જિ. ધડાકાથી ફૂટે એવું.
૪. જિ. ફોડનાર.

સ્ફોટકાક્ષ્ય [સં.] જ. અવાજ સાથે ફૂટનારો પદાર્થ.

સ્ફોટકીય પું. (પિંગળ) અતિશર્કરી છંદની જાતનો એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, મગણ અને ત્રણ મગણ એમ પંદર અક્ષર હોય છે.

> ઝિલતિ દ્યૌ સ્ફોટકીયે છે, ના ના ના ના ના. રણછિગણ

સ્ફોટન ૧. જ. અવાજ; શબ્દ.
૨. જ. ઉત્ક્ષેપ; બહાર નીકળવું તે
૩. [સં.] જ. ખીલવું તે.
૪ ન. ખુલાસો; નિરાકરણ; સ્પષ્ટીકરણ; પ્રસ્ફુટન; ફોડ; નિવેડો; નિકાલ, ઉત્પાત.
૫ ન ચીરવું તે.
૬. ન. પ્રગટ કરવું તે.
૭. ન. ફોડવું તે;

સ્ફોટન માપક [સ] ન. કવથનમાપક; પ્રવાહી પદાર્થના ઉકાળાતું બિંદુ માપવાનું સાધન

સ્ફોટની [સં.] સ્ત્રી મલિ બાંધવાનું એક પ્રકારનું યંત્ર.

સ્ફોટબીજક [સં] પું. બિલાડાનું ઝાડ.

સ્ફોટસિદ્ધિ [સં.] સ્ત્રી બે બાંહેની એક સિદ્ધિ.

સ્ફોટા [સં] સ્ત્રી. બોળી ઉપસરી.

સ્ફોટાયન ૧ [સં.] પું. એ નામે એક પ્રાચીન વ્યાકરણકાર પંડિત.
૨. ન. વ્યાકરણનું એક નામ

સ્ફોરણ [સં.] ન. સ્ફુરણ.

સ્મ ૧. [સં] અ. અતીતપણું અને પાદપૂરણમાં વપરાતો એક અવ્યય
૨ અ ભૂતકાળ બતાવનાર અવ્યય

સ્મય ૧. [સં.] પું. અહંકાર; ગર્વ; અભિમાન; મદ.

> સ્મય દર્પ અહમ્‌ મદ ગર્વ સ્મય અભિમાન,
> માન સ્મિતા કુંવરીનું કવત સમા કહ્યામાં. પિંગળશબ્દકોષ

૨. પું. આશ્ચર્ય; અજાયબી; અદ્‌ભુત રસનો સ્થાયિભાવ કે રસ
૩. પું. (પુરાણ) વસિષ્ઠના પ્રજાપતિ માંહેનો એક પુત્ર.

સ્મર ૧. [સં.] પું. અનંગ; મદન; કામદેવ.
૨. પું. (પુરાણ) મરીચિ ઋષિને ઊર્ણાને પેટે થયેલ છ બાંહેનો મોટો પુત્ર.
૩. પું. સ્મરણ; યાદદાસ્ત; સ્મૃતિ.

સ્મરગૃહ [સં.] ન. યોનિ.

સ્મરણ ૧. ન. આઠ બાંહેનો એક જાતનો સમાસ
૨ ન. આસક્તિની ત્રણ બાહેરી એક દશા.
૩ ન એ નામે એક અર્થાલંકાર
૪ ન એક પ્રકારની ભક્તિ
૫. ન એક પ્રકારનું જ્ઞાન
૬ ન ધ્યાન; પ્રતિકૃતિ ક્રિ.
૭. ન જાણેલા નામના અનુભવથી પેદા કરેલું જ્ઞાન
૮. ન. યાદ રાખવાની ક્રિયા; યાદ આણવું તે; સ્મરણશક્તિ; યાદ; સ્મૃતિ; સ્મરવું તે; યાદ કરીને જપવું તે; ઈશ્વરનું નામ સમર્યા કરવું તે
૯. ન. વારંવાર યાદ કરવું તે.

સ્મરણચિહ્ન [સં. સ્મરણ + ચિહ્ન (નિશાની)] ન. યાદગીરીની નિશાની, સ્મારક; યાદ આવે તે માટેનું ચિહ્ન; 'મેમોરિયલ'.

સ્મરણતિથિ [સ.] પુ. મહાન પુરુષનું સ્મરણ કરવાની તિથિ; જયંતી

સ્મરણદરારા [સ.] સ્ત્રી. સ્મરણકાળ; સ્મરણ અવસ્થા.

સ્મરણપટ ૧. [સં.] ન. યાદશક્તિ રૂપી કપડું. ૨. ન. સ્મરણ સ્થાન; યાદ રાખવાની જગ્યા. ૩. ન. સ્મૃતિ; યાદગીરી.

સ્મરણપૂજા [સ.] સ્ત્રી. જપ માર્ગના જપ પ્રકારની પૂજા. પૂજાના જપ પ્રકાર આ પ્રમાણે છે: સ્મરણપૂજા, દર્શનપૂજા અને સ્પર્શનપૂજા. એકાંતમાં શાંત સ્થાને બેસી પરમાત્મા,નું સ્મરણ કરવું, તેની માળા ફેરવવી, તેને ઢોર્યા રીતે યાદ કરવો તે સ્મરણ પૂજા છે. પ્રાતઃકાળે ઊઠી જોડો પ્રભુનું સ્મરણ કરે છે, તેનું ભજન કરે છે, તે સ્મરણ પૂજા છે.

સ્મરણપોથી [સ્ત્ર સ્મરણ + પોથી (પુસ્તક)] સ્ત્રી. નોંધપોથી; નોંધવહી; યાદ આપનાર ગ્રંથ

સ્મરણભક્તિ [સં.] સ્ત્રી. નવ માર્ગની એક નામની એક ભક્તિ; ભગવાનનું સ્મરણ કે મનમાં રટણ કરવું તે

સ્મરણમુકુર ૧. પુ સાક્ષરશ્રી સ્વ. નરસિંહરાવકૃત એ નામનું એક પુસ્તક.
૨. પુ. સ્મરણની નોંધ.
૩ [સ.] પુ સ્મરણનો આરસો

સ્મરણમૈથુન [સં.] ન ઢોર્યા પશુ કોને પોતાના મનમાં જોગ તરીકે ચિંતવવી તે.

સ્મરણરેખ પું. ટિપ્પણ; નોંધ; ટાંચણ.

સ્મરણવિદ્યા [સં] સ્ત્રી. યાદ રાખવાની શક્તિ વધારવાની વિદ્યા

સ્મરણશક્તિ [સં સ્મરણ + શક્તિ (બળ)] સ્ત્રી યાદ રાખવાની કે યાદ કરવાની શક્તિ; યાદદાસ્ત; સ્મરણ રહે તેવી શક્તિ; સ્મૃતિ.

સ્મરણ સ્તંભ [સં] પુ. કોરી, મરનારની યાદગીરી માટે તેની કબર પાસે પથ્થર તથા સૃષ્ટિકનો કરેલ સ્તંભ

સ્મરણા [સં.] સ્ત્રી. સ્મરણ; સ્મૃતિ

સ્મરણાર્હ [સં.] વિ. સ્મરણ કરવા યોગ્ય.

સ્મરણાલંકાર [સં.] પું. (કાવ્ય) એ નામે એક અલંકાર. એકને જોઈ ને તેના જેવું બીજું યાદ આવે તેને સ્મરણાલંકાર કહેવાય છે.

સ્મરણાષ્ટક [સં.] ન. સ્મરણાર્થ રૂપે બનાવેલી આઠ કડીની કવિતા.

સ્મરણાવલી [સં.] સ્ત્રી સ્મરણોની હારમાળા. સ્મરણના આવેરાયી સ્મરણાવલી ગુથાય છે.

સ્મરણાંજલિ ૧. [સં.] સ્ત્રી કરુણ પ્રશસ્તિ
૨. સ્ત્રી. યાદ કરવા રૂપી પ્રભુની અંજલિ.

સ્મરણાંકિત [સ , વિ યાદગાર

સ્મરણિકા [સં.] સ્ત્રી. યાદ રાખવાનું ટપકાવી લેવા માટેની નોંધ પોથી; ' નોટબુક. '

સ્મરણી [સં. સ્મૃ (સ્મરણ કરવું)] સ્ત્રી. જપ કરવાની માળા; ફેરવો.

સ્મરણીય [સં.] વિ સ્મરવા કે યાદ કરવા યોગ્ય; યાદ કરવા લાયક.

સ્મરણું ન સભારણું, યાદગીરી

સ્મરણોત્સવ [સં.] પું. મહોત્સવ વડે સભારણું કરવું તે.

સ્મરદશા [સ.] સ્ત્રી. કામીઓની કામદેવ કરેલી દશા.

સ્મરદીપિકા [સ , પુ ભારતનો ૩૦ માર્ગનો કામરાજ ઉપરનો એક પ્રાચીન ગ્રંથ

સ્મરધનુ [સ ન કામદેવનું ધનુષ્ય

સ્મરધ્વજ ૧ સ] પુ વાદિત્ર
૨. સ્ત્રી. યોનિ.

સ્મરપાશ [સં.] પુ. કામદેવે રચેલો ફાંસો; બાગ.

સ્મરપ્રિય [સ] પુ કામદેવનો પુત્ર અનિરુદ્ધ

સ્મરપ્રિયા [સં.] સ્ત્રી કામદેવની પત્ની રતિ.

સ્મરબાધા ૧. [સં.] કામિની.
૨. સ્ત્રી. પીડા

સ્મરમર્દન [સં.] પું. શિવ.

સ્મરમંદિર ન. સ્ત્રીની યોનિ.

> સ્ત્રીઓની ઝર ખતો ઊપરાત તેમના સ્મરમંદિરના મહેરના પોલાણ ઉપરથી બીજા ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે ૧. મૂત્રી, ૨. વડવા અને ૩. હસ્તિની
>
> અભિનવ કામશાસ્ત્ર

સ્મરરિપુ જુઓ સ્મરમર્દન.

સ્મરવલ્લભા [સં.] સ્મરપ્રિય

સ્મરવું [સ સ્મૃ , સ ક્રિ. યાદ કરવું; યાદ રાખવું; સમરવું; સંભારવું.

સ્મરશત્રુ જુઓ સ્મરમર્દન

સ્મરસાર [સં.] ન. કામદેવના બાણરૂપ કુલ; કામબાણ.

સ્મરસખ ૧. [સ] પુ. ચંદ્રમા
૨. પું વસંત ઋતુ

સ્મરસખી [સ.] સ્ત્રી. કામોદ્દીપન કરનારી સ્ત્રી.

સ્મરસ્તંભ [સં] પું. પુરુષનું લિંગ; શિશ્ન

સ્મરહર જુઓ સ્મરમર્દન

સ્મરાતુર [સ , વિ કામાતુર

સ્મરારિ જુઓ સ્મરમર્દન.

સ્મરાવધાન [સં સ્મર (સ્મરણ) + અવધાન (ધ્યાન)] ન. ધ્યાનપૂર્વક સ્મરણ કરવું તે; એકચિત્તે યાદ રાખવું તે.

સ્મરાવવું જ ક્રિ. યાદ દેવરાવવું

સ્મરાંકુરા [સં.] પું. નખ

સ્મરાંધ [સં] વિ કામથી આંધળું

સ્મર્દક્ષીરી [સ.] સ્ત્રી. દવડી

સ્મર્તવ્ય [સ.] વિ. યાદ કરવા યોગ્ય; સ્મરણીય; સ્માર્ય.

સ્મર્તવ્યાત્મા [સ] પુ. કામદેવ તેના શરીરનો નાશ થતા, તે અનંગ કહેવાયો, જેથી માત્ર કેવળ સ્મરણ કરવા યોગ્ય જ રહેતા તે સ્મર્તવ્યાત્મા કહેવાય છે.

સ્મશાન [સ] ન સ્મશાન, સમશાન; મુડદાં બાળવાનું સ્થાન, મુડદા બાળવાની કે દાટવાની જગ્યા; પ્રેતભૂમિ; શતાનક; શવસાન; મશાણ; કબરસ્તાન; ' અર્ચ્યપાઠે '.
સ્મશાન રસ = ઔદાસીન્ય.

સ્મશાનતંત્ર ન ભૂતવિદ્યા જંતરમંતર; ભાદુ; ધતિંગ

સ્મશાન નિલય [સં.] પું. શિવનાં કબર મહેનું એક નામ

સ્મશાનયાત્રી [સં.] પુ. શબની પાછળ સ્મશાને જનાર પુરુષ; ઠાઠુ.

સ્મશાનવસ્ત્ર [સં.] ન. શબને ઓઢાડવાનું કપડું.

સ્મશાનવાસી [સં.] વિ. સ્મશાનમાં વાસ કરનાર

સ્મશાનવૈરાગ્ય [સ] પું ક્ષણિક વૈરાગ્ય; ક્ષણિક લાગણી થઈ આવે તે ભા.વ.

સ્મશાનશાંતિ [સ] સ્ત્રી. ઘોડો વખત નભે એવી શાંતિ

સ્મશાની જુઓ સ્મશાનયાત્રી

સ્મશ્રુ [સં. સ્મશ્રુ] સ્ત્રી દાઢી; દાઢીના વાળ.

સ્મર્તક ૧ સ્ત્રી કામનારની એ નામે એક જાત.
૨, ન એ નામની જાતનું મ.ધુસ
૩. વિ. એ નામની જાતનું.

સ્મારક ૧. [સ. સ્મૃ (સભારવું) + અક (નામ બનાવનાર પ્રત્યય)] ન. યાદગીરીનું ચિહ્ન; સભારણ, સ્મરણ કાયમ રહેવાને માટે બનું કે કરાતું કોઈ પણ કામ, ચિહ્ન કે રચના વગેરે, યાદગીરી કે તે અર્થે કરેલું કાર્ય, ઇમારત વગેરે; 'મેમોરિયલ'.

૨. વિ. યાદ દેનાર; સ્મરણ કરાવે કે આપે એવું; યાદ કરાવનાર

સ્મારકપત્ર [સં] ન. મરનાર માણસની યાદગીરીને માટે તેની કબર ઉપર કોતરેલો લેખ; સ્મરણ લેખ; મૃત્યુલેખ; સ્મૃતિલેખ.

સ્મારકભક્તિ [સં.] સ્ત્રી. ~ભક્તિ અવશેષની ભક્તિ

સ્મારકભંડોળ ન. સ્મારક માટે કરેલું ભંડોળ

સ્મારકલેખ ૧. પું. કબર ઉપર મરનારની કીર્તિનો લખેલો ઇતિહાસ.

૨. [સં.] પું. શાંતિલેખ; મૃત્યુલેખ; 'એપિટાફ'.

સ્મારણી [સં.] સ્ત્રી. વજ

સ્મારમાલાકુલ પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે વર્ણદંડક કહેવાય છે તેના દરેક ચરણમાં સ્રગ્ધરા, આઠ મગણ, બસુ અને ગુરુ એમ ઓગણત્રીસ અક્ષર હોય છે.

સ પછી વસુ યા પછી હા ન તો પાદ પાદે,
રચીને તમે **સ્મારમાલાકુલો** આલ્હો
રૂપજિવન

સ્મારિહારશક્તિ [સં.] સ્ત્રી. (વેદાંત) વેદાંતીઓના મત પ્રમાણે ષટ્ત્વ જાતિ વિશિષ્ટ ષટ્ શક્તિ વિષે જે શક્તિ કલ્પન કરે છે તે

સ્માર્ત ૧. [સં.] પું. કોઈ પણ પંથ કે સંપ્રદાયમાં નહિ ભળેલો પણ સાધારણ સ્મૃતિઓનો ધર્મ પાળનાર; સ્મૃતિનો પંડિત કે તેને અનુસરનાર.

બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને આખરે સંન્યાસી; એ પ્રમાણે આશ્રમની ચાર ઓતી પાયરીની ઉપર જે નીસરણી બતાવી તેને જ 'સ્માર્ત', એટલે સ્મૃતિકારોએ ઉપદેશેલો માર્ગ કહે છે કર્મ કર અને કર્મ છોડ એવી, વેદની બે પ્રકારની પરસ્પર વિરુદ્ધ જેવી દેખાતી આજ્ઞાઓની વ્યવસ્થા સ્મૃતિકારોએ કહેલી છે.

આળસ્રાયર ટિળક

૨. સ્ત્રી. ઋગ્વેદની એ નામની એક ઋચા.

૩. ન. એ નામની ઋચાનું માપસ.

૪. વિ. એ નામની ઋચાનું

૫. વિ. સ્મૃતિ સંબંધી.

૬. વિ સ્મૃતિને મદદ કરે એવું

૭. વિ. સ્મૃતિમાં કહ્યું હોય તેમ ધર્માચરણ કરનાર; સ્મૃતિ પ્રમાણે સર્વ કર્મો કરનારો.

૮ વિ. સ્મૃતિવિહિત ધર્મ, દાન વગેરે માટે કહેવાય છે

૯. વિ. સ્મૃતિશાસ્ત્ર જાણનાર; સ્મૃતિશાસ્ત્રને અનુસરનાર.

સ્માર્તકર્મ ન. વેદાજ્ઞાનુસાર સ્મૃતિમાં બતાવેલા પંચમહાયજ્ઞાદિ કર્મો; સ્મૃતિને અનુસરીને કરવાનાં કર્મ. બાળગંગાધર ટિળક કહે છે કે, યજ્ઞયાગાદિ, વૈદિક એટલે શ્રૌત કર્મ સિવાય બીજાં પણ ધાર્મિક દૃષ્ટિએ આવશ્યક કર્મો માનુવંશના ભેદથી મનુસ્મૃત્યાદિ ગ્રંથોમાં વર્ણવેલ છે. જેમકે, ક્ષત્રિયોને મુંજ, વૈશ્યોને વાર્ષિકન્ત વગેરે; અને તે પહેલવહેલાં સ્મૃતિગ્રંથોમાં અવશ્યાસર પ્રતિપાદન પામેલાં હોવાથી તેમને 'સ્માર્ત કર્મ' અથવા 'સ્માર્તધર્મ' એવું નામ આપવામાં આવે છે. આ શ્રૌતસ્માર્ત કર્મ સિવાય બીજાં ધાર્મિક કર્મો–ઉદાહરણાર્થે વ્રત, ઉપોષણ વગેરે–પહેલવહેલાં પુરાણોમાં વિસ્તારથી પ્રતિપાદન પામેલા હોવાથી, 'પૌરાણિક કર્મો' કહેવાય છે

સ્માર્તન પું. ચોથો માંહેનો એક સંસ્કાર.

સ્માર્તમાર્ગ પું. આત્યન્તિકમોક્ષના માર્ગના ચાર માંહેનો એક પ્રકાર.

સ્માર્તમાર્ગી વિ સ્માર્ત માર્ગને અનુસરનાર

સ્માર્તયજ્ઞ પું. યજ્ઞ સ્માર્ત કર્મ

સ્માર્ય પું. એ નામનો બ્રી શંકરે સ્થાપેલ એક પંથ. આ શબ્દ સ્મૃતિ ઉપરથી બોલાયો છે. તેઓ શંકરના અદ્વૈત મતને માને છે તથા પંચાયતન એટલે સૂર્ય, ગણેશ, શિવ, વિષ્ણુ અને દેવીની પૂજા કરે છે

સ્મિત ૧. [સં. સ્મિ (હસવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] ન. મંદહાસ; સહેજ મોં મલકાવવું તે; ધીમું, મંદ, હળવું હસવું તે

૨. વિ. મલકાતું; ખીલેલું; વીકસેલ; પ્રફુલ્લ; મંદ હાસ્યવાળું.

સ્મિતવિનિમય પું. સામસામું સ્મિત કરવું તે.

સ્મિતાંગી વિ. હસતાં અંગવાળી.

સ્મિતહાસ્ય ન. મંદ હાસ્ય.

સ્મૃ ૧. [સં] ભ્વા ક્રિ. સ્મરણ કરવું; બરાબર કરવો.

૨. અ. ક્રિ. રહેવું.

૩. ન ક્રિ. (ધાતુ) સંભારવું; યાદ કરવું; સ્મરણ કરવું; યાદ રાખવું. તે ઉપરથી બનેલ શબ્દ સ્મરણ, સંસ્મરણ, વિસ્મરણ, સ્મર, સ્મરણીય, સ્મારક, સ્માર્ત, સ્મૃતિ, સ્મૃતિકાર, સ્મૃતિદોષ, વિસ્મૃતિ, વિસ્મૃત વગેરે.

સ્મૃત [સ. સ્મૃ (સભારવું) + ત (ભૂતકૃદંતનો પ્રત્યય)] વિ. સંભારેલું; યાદ કરેલું.

સ્મૃતિ ૧. પું. (કાવ્ય) એ નામે એક અલંકાર; અનુભવ કરેલ પદાર્થના સદૃશ જોવાથી જે સ્મૃતિ થાય તે; અમુક વસ્તુ જોઈને તત્સદૃશને લગતી કોઈ વસ્તુનું સ્મરણ થાય તે.

૨. પું. કામશાસ્ત્ર પ્રમાણે સ્નેહનો એક પ્રકાર.

૩. પું. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાં થયેલ અંગિરા કુલોત્પન્ન એક ઋષિ

૪. પું. (કાવ્ય) સંચારીભાવના તેત્રીશ માંહેનો એક ભેદ

૫. પું. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાં ધર્મઋષિને મેધાની કુખે થયેલ પુત્ર

૬ સ્ત્રી. કાર્યાકાર્યને લગતા જ્ઞાનની યાદી.

૭. સ્ત્રી. ગીતા બ્રહ્મસૂત્રમાં શાંકરભાષ્ય પ્રમાણે સ્મૃતિ શબ્દથી ગીતાનો જ ઉલ્લેખ છે. બી બાળગંગાધર ટિળક કહે છે કે, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો એ બંને ગીતાની પૂર્વનાં હોવાં જોઈએ એ એ સ્પષ્ટ છે. તેમાં મુખ્ય મુખ્ય ઉપનિષદો બાબત તો કાંઈ વાદ જ નથી. કારણ, આ ઉપનિષદો માંહેના શ્લોક જ ગીતામાં શબ્દેશબ્દ આવેલ મળી આવે છે. પરંતુ બ્રહ્મસૂત્રને માટે સંશય લેવાની જગા છે ખરી, બ્રહ્મસૂત્રમાં ભગવદ્ગીતા શબ્દ જો કે સાક્ષાત્ આવતો નથી તો પણ કઈ નહિ તો ઉપર કોઈ સૂત્રમાં 'સ્મૃતિ' એ શબ્દથી ભગવદ્ગીતાનો જ નિર્દેશ કરેલો છે એવું ભાષ્યકાર માને છે.

૮. સ્ત્રી. ચિત્તવૃત્તિનો એક પ્રકાર. પ્રમાણાદિવડે અનુભવેલા વિષયથી અધિકનું અવલંબન તે સ્મૃતિ કહેવાય છે. અથવા સંસ્કાર જાગ્રત થવાથી પૂર્વે અનુભવેલ વિષયને આકારે ચિત્તનું થવું તે સ્મૃતિ કહેવાય છે. સ્મૃતિના બે પ્રકાર છે: (૧) જેના વિષયો કલ્પિત છે એવી. જેમકે, સ્વપ્નમાં કલ્પિત વિષયોની સ્મૃતિ છે. (૨) જેના વિષયો અકલ્પિત છે એવી. જેમકે, જાગ્રતમાં અકલ્પિત વિષયોની સ્મૃતિ છે

૯. સ્ત્રી જ્ઞાન

૧૦. સ્ત્રી. તુલ્યદર્શન, સ્પર્શન, અવયવ, અભ્યાસ, પરિધાન, ઇત્યાદિક વિભાવ થકી સુખદુઃખનાં કારણોનાં સ્મરણ થાય છે તેને સ્મૃતિ કહે છે. તે સ્મૃતિ ભ્રૂક્ષેપ, શિરઃકંપ, મુખોન્નમન, શુન્યાવલોકન, અંગુલીચાલન ઇત્યાદિક અનુભવ વડે વર્ણવી શકાય છે.

૧૧. સ્ત્રી. ન્યાય; નિયમ; કાયદો

૧૨. [સં.] સ્ત્રી. પરંપરાની યાદદાસ્ત ઉપરથી ઋષિઓએ બનાવેલા ધર્મ; ધર્મશાસ્ત્ર; આર્યોના નિયમનાં શાસ્ત્રો; હિંદુઓનાં ધર્મશાસ્ત્ર માંહેનું

દરેક; અત્રિના ઋષિએ ઉપરોક્ત વેદ ઉપર પોતાની યાદદાસ્તથી લખેલો ગ્રંથ, આચાર, નીતિ વગેરેને લગતા ગ્રંથો; પ્રાચીન શાસ્ત્રકારોએ રીત, રિવાજ, ક્રિયા, ધર્મશાસ્ત્ર, રાજનીતિ વગેરેના ચાલતા આવેલા નિયમો યાદદાસ્ત ઉપરથી જેમાં લખ્યા છે તે ગ્રંથો. જુદા જુદા યુગની જુદી જુદી સ્મૃતિ છે. ધર્મ સંહિતા, સ્મરણ પુરાણ, શ્રુતિ કરતાં સ્મૃતિનું અને સ્મૃતિ કરતાં પુરાણનું પ્રમાણ ઊતરતું ગણાય છે. પૃથ્વીચંદ્ર ચરિત્રમાં લખ્યા પ્રમાણે આ પ્રમાણે ૧૮ સ્મૃતિઃ (૧) માનવી સ્મૃતિ, (૨) આત્રેયી સ્મૃતિ, (૩) વૈષ્ણવી સ્મૃતિ, (૪) હારિતકી સ્મૃતિ, (૫) યાજ્ઞવલ્કી સ્મૃતિ, (૬) શનૈશ્વરી સ્મૃતિ, (૭) આંગિરા સ્મૃતિ, (૮) આપસ્તંબી સ્મૃતિ, (૯) સાવર્તકી સ્મૃતિ, (૧૦) કાત્યાયની સ્મૃતિ, (૧૧) બૃહસ્પતિ સ્મૃતિ, (૧૨) પારાશરી સ્મૃતિ, (૧૩) શંખી સ્મૃતિ, (૧૪) લિખિતા સ્મૃતિ, (૧૫) દાક્ષી સ્મૃતિ, (૧૬) ગૌતમી સ્મૃતિ, (૧૭) શાતાતપી સ્મૃતિ અને (૧૮) વાસિષ્ઠી સ્મૃતિ. કોઈ વળી વીસ સ્મૃતિ આ પ્રમાણે ગણાવે છેઃ (૧) મનુ, (૨) બૃહસ્પતિ, (૩) દક્ષ, (૪) ગૌતમ, (૫) યમ, (૬) અંગિરા, (૭) અત્રિ, (૮) વિષ્ણુ, (૯) યાજ્ઞવલ્ક્ય, (૧૦) ઉશનસ, (૧૧) આપસ્તમ્બ, (૧૨) વ્યાસ, (૧૩) શંખ, (૧૪) લિખિત, (૧૫) વાશિષ્ઠ, (૧૬) યોગીશ્વર, (૧૭) પ્રચેતા, (૧૮) શાતાતપ, (૧૯) પારાશર અને (૨૦) હારિત.

સર્વ શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણના નિર્ણયને માટે જ્ઞા મિતક્ષરા ટીકાએ પુક્ત યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ છે તેનું મહત્વ કરવું. શિક્ષાપત્રી

૧૩ સ્ત્રી. પાંચ માંહેનો એક આત્મગુણ.

૧૪. [સં.] સ્ત્રી. પૂર્વમાં અનુભવેલી વસ્તુનું સ્મરણ, સ્મરણશક્તિ; યાદ.

૧૫. સ્ત્રી. પ્રેમની બીજી અવસ્થા તે

૧૬. સ્ત્રી. યાદ; સ્મરણ; યાદદાસ્ત; ધારણા; યાદશક્તિ; યાદદાસ્તિ.

૧૭. સ્ત્રી. યોગશાસ્ત્રમાં વર્ણવેલી ચિત્તની પાંચ માંહેની એક વૃત્તિ. ચિત્તની પાંચ વૃત્તિઓ આ પ્રમાણે છેઃ (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ.

૧૮. સ્ત્રી. વિવેક અને જાગૃતિ. બૌદ્ધ ધર્મ શાસ્ત્રોમાં આનો મહિમા ઘણો મોટો છે. તેનો અર્થ વિવેક અને જાગૃતિ એવો થાય છે. સ્મૃતિથી સપ્રજ્ઞન્યની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

૧૯. સ્ત્રી. (પુરાણ) સપ્તર્ષિ માંહેના અંગિરસ નામના ઋષિની ચાર માંહેની એ નામની એક સ્ત્રી.

સ્મૃતિકાર [સં. સ્મૃતિ + કાર (રચનાર)] પું. સ્મૃતિ લખનાર માણસ; સ્મૃતિ રચનાર માણસ; કાયદો બાંધનાર માણસ; કાયદો ઘડનાર માણસ

સ્મૃતિગ્રંથ પું. કોઈ સેવાભાવી સજ્જનની સ્મૃતિને અર્પાયેલ ગ્રંથ. આવા ગ્રંથો અનેક જોવામાં આવે છે પણ એવા સ્મૃતિગ્રંથોની અંદર આધુનિક ચરોતરના આદ્યદ્રષ્ટા અને ચરોતર સર્વસંગ્રહનો પ્રથમ પ્રયાસ આદરનાર સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ અમીનની પુણ્યસ્મૃતિને અર્પણ થયેલ ચરોતર સર્વસંગ્રહ ઐતિહાસિક ગ્રંથ છે તે ગ્રંથ બે વિભાગમા બહાર પાડવામા આવેલ છેઃ પહેલો વિભાગ-પ્રદેશદર્શન, તેમાં છ ખંડ છે; બીજો વિભાગ-ડિરેક્ટરી, તેમાં વીસ ખંડ છે. આ માહિતી ગ્રંથ જોવાથી ખ્યાલ આવશે કે, તે બેડા જિલ્લાની કુદરતી સંપત્તિથી સમૃદ્ધ કરી આધુનિક પ્રજાજીવનનો સમગ્ર ખ્યાલ આપે એવા તમામ પ્રશ્નો આવરી લે છે. આ પ્રવૃત્તિની પરિચય પત્રિકામાં એના ઉદ્દેશ વિષે લખ્યું છે કેઃ દેશની આબાદી વધારવા માટે યું શું કરવું જોઈએ તે નક્કી કરવા આપણી ભારત સરકારે નિયોજન પંચ નીમેલું છે. એ પંચે આખા દેશને માટે પ્રથમ પંચવર્ષીય યોજના ઘડી કાઢી છે. આ યોજનાનો કાર્યક્રમ પ્રજાએ ઉપાડી લેવાનો છે. તે માટે આપણે સ્થાનિક સાધનોનુ વિસ્તૃતથી જ્ઞાન મેળવવુ પડશે. સરકારે સગવડની રીતે ઘડેલી યોજનાઓ પ્રજાની દૃષ્ટિએ તપાસી પારખી અને સ્વાધીન દેશની સ્વાધીન પ્રજા તરીકે નવજીવન પ્રગટાવવાનો પુરુષાર્થ પ્રજાએ અને જ માંડવો પડશે બેડા જિલ્લાના આવા પ્રજાવ્યાપી પુરુષાર્થને પ્રેરે ને પોષે એવી તમામ પાયાની માહિતી એકઠી કરી તે પુસ્તક રૂપે પ્રકટ કરવા એ 'ચરોત્તર સર્વસંગ્રહ'નો મુખ્ય ઉદ્દેશ છે. આ ગ્રંથમાં ભૌગોલિક નકશા, અન્ય નકશા, આલેખો અને વિવિધ માહિતીપૂર્ણ ચિત્રો પણ ખાસ આપવામાં આવેલ છે. તેના વિવિધ ખંડોમાં સ્થળ વર્ણન, રાજતંત્ર, ખેતી અને ઉદ્યોગ, વિશિષ્ટ પ્રવૃત્તિઓ, સમાજ વ્યવસ્થા અને ઇતિહાસસંગ્રહ આપવામાં આવેલ છે. ઉપર પ્રમાણે જુદા જુદા ખંડોમાં આપેલી માહિતી મેળવવા જે તે વિભાગના જ્ઞાનકારને પ્રશ્નાવલીઓ મોકલવામાં આવી હતી. તે ઉપરથી ટૂંકાણે લેખો તૈયાર કરી આપ્યા હતા. કેટલીક માહિતી સરકારી દફતરોમાંથી, છપાયેલાં નિવેદનોમાંથી અને પુસ્તકોમાંથી એકઠી કરવામાં આવી હતી. એ બધી કાચી સામગ્રી ઉપરથી આ સ્મૃતિગ્રંથનાં પ્રકરણો તૈયાર કરવામાં આવ્યા છે. સ્થળવર્ણનમાં નદીઓ, ભૂપૃષ્ઠ, ઋતુઓ, ઉષ્ણતામાન ને વરસાદ, જાહેરી વાડકો, જૂના કસ, પાણીકૂવા, સિંચાઈ કૂવા, નહેર યોજનાઓ, પીજાકરણ, જંગલો, વનસ્પતિઓ, કૃત્રિમ વીર્યદાન, પશુધન, ખેતરાઉ પ્રાણીઓ, પંખીઓ, કીટકો, સ્થાપત્ય, શિક્ષણ, હસ્તલિખિત ગ્રંથો અને પ્રાચીન જ્ઞાનભંડારો વગેરે ખ્યાલ એવે તેવા છે રાજ્યતંત્રમાં લોકલબોર્ડ, મ્યુનિસિપાલિટીઓ, ગ્રામપંચાયતો આકર્ષક છે એની અને ઉદ્યોગોમાં મુખ્ય પાકો, ખેતીના સાધનો, ખાતર, ખેતીની પદ્ધતિ વગેરે જોવાલાયક છે વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં વલ્લભ વિદ્યાનગર, કૃષિગોવિદ્યાભવન, સહકારી દૂધ ઉત્પાદકસંઘ ચરોતર ઔદ્યોગિક સોસાયટી, વિદ્યુત ઇજનેરી વિદ્યાલય, સ્ત્રી પ્રવૃત્તિઓ, ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ, ગ્રામરક્ષકદળ, હરિજન પ્રવૃત્તિ, મજૂર મહાજનો, શિક્ષકસંઘો, ખેડૂતસંઘ, સર્વોદય મેળા, સર્વોદય યોજના વગેરે આપણે આ કોષ તો કેવું સારુ એમ સૌ કોઈને થાય એવાં આકર્ષક છે। સમાજજીવનમાં રીતરિવાજો, ચરોતરી બોલી, ચરોત્તર શબ્દસંગ્રહ અને મુસલમાનોનાં ધાર્મિક સ્થાનો અવશ્યદર્શનીય છે. પ્રતિહાસદર્શનમાં 'ચરોત્તર' શબ્દ, હિમયુગનાં અવશેષો, એટલે એટલે બેડાના પ્રાચીન અવશેષો, મહેસૂલ પદ્ધતિનું ઐતિહાસિક વિહંગાવલોકન, ન્યાયપદ્ધતિનો વિકાસક્રમ, જોવાલાયક પ્રાચીન કૃતિ, એક ઐતિહાસિક નગર, વસોના વીરનરો, આણંદનો પ્રાચીન ઇતિહાસ, મૃગોપવન, કપડવણજની ઇતિહાસ રેખા, બાલુડાનો ઇતિહાસ અને વાઘાસિનોરની મુક્તિકથા ખાસ જાણવા જેવાં છે. 'ચરોત્તર સર્વસંગ્રહ' ના બીજા વિભાગમાં બેડા જિલ્લાનાં ૬૮૪ ગામોની ટૂંક માહિતી આપેલી છે. તે સિવાય જિલ્લાની મ્યુનિસિપાલિટીઓ અને ગ્રામપંચાયતો, વોટરવર્કસ શિક્ષણસંસ્થાઓ, મંડળો, પુસ્તકાલયો, પ્રસિદ્ધ તીર્થો, વર્તમાનપત્રો, દવાખાના, જીવદયાની સંસ્થાઓ, કારખાનાં, વેપારી પેઢીઓ, બેંકો ને શરાફી પેઢીઓ વગેરેના ટૂંક પરિચય આપ્યા છે અને છેવટે બેડા જિલ્લાની વિશિષ્ટ, વિદેહ અને વિદ્યમાન વ્યક્તિઓ તથા જિલ્લા બહાર દેશ તથા પરદેશમાં વસતા ચરોતરવાસીઓની માહિતી આપેલી છે.

સ્મૃતિજ્ઞ **૧.** વિ. (જૈન) પ્રમાણ જ્ઞાનના તેર માંહેનો એ નામનો એક ભેદ; પૂર્વમા જાણેલી વસ્તુ યાદ આવવી તે

૨. [સં.] વિ કાયદાનું જાણનાર

સ્મૃતિપ્રેરક [સં.] પું. ભજવાને નાટકે અભિનયકારોને તેમનાં પાત્ર મુખવચનો યાદ દેવડાવનાર વ્યક્તિ; ' પ્રોમ્પ્ટર '.

સ્મૃતિભિન્ન [સં.] વિ. સ્મૃતિની આજ્ઞાથી ઊલટું; અધર્મ્ય.

સ્મૃતિભૂ પું કામદેવ.

સ્મૃતિભ્રંશ [સં સ્મૃતિ + ભ્રંશ (ભ્રષ્ટ થવું તે)] પું. સ્મૃતિ ભ્રષ્ટ થવી તે; યાદદાસ્ત ગુમાવવી તે; યાદ ન રહેવું તે; ભૂલી જવાનું તે; સ્મૃતિનો નાશ થવો તે; સ્મૃતિનો ભ્રંશ; યાદદાસ્તનો નાશ; વિસ્મૃતિ

સ્મૃતિમાન ૧. વિ. (બૌદ્ધ) અપ્રમાદી ને વિવેકયુક્ત; જાગૃતિ અને વિવેકવાળું

૨. [સં.] વિ સ્મરણશક્તિવાળું, યાદદાસ્તવાળું

સ્મૃતિ મીમાંસા [સ] સ્ત્રી. શાસન વિજ્ઞાન; વ્યવહાર શાસ્ત્ર, ધારાશાસ્ત્ર

સ્મૃતિલેખ [સં] પું મૃત્યુલેખ.

સ્મૃતિવચન [સં] ન. સ્મૃતિઓમાં કહેલ વચન વચનો બે પ્રકારના મુખ્યત્વે હોય છે: શ્રુતિવચનો ને સ્મૃતિવચનો લોકમાન્ય ટિળક કહે છે કે: ' પૂર્ણ બ્રહ્મજ્ઞાન જેણે પ્રાપ્ત કરેલ છે એવો વિવેકી થયેલો મનુષ્ય સર્વ કર્મ કરતાં છતા અલેપવાદનો આશ્રય કરતાં શ્રીકૃષ્ણ અને જનકની પેઠે અકર્તા, અક્રિય અને સર્વદા મુક્ત જ છે '— એવું સ્મૃતિવચન જ છે. આ વચન સ્મૃતિમાંનું છે એવું આનંદગિરિએ કઠોપનિષદ ઉપરની પોતાની શાંકરભાષ્ય ઉપરની ટીકામાં કહેલું છે. તે જ પ્રમાણે ભગવદ્ગીતામાં પણ મનુ, ઇક્ષ્વાકુ વગેરે કર્મયોગીઓની પરંપરા આપીને, એ જ્ઞાન પ્રાપ્ત કરીને પૂર્વે પણ મુમુક્ષુઓએ કર્મો કરેલાં છે—એમ છે—અને જનક સિવાય આ પ્રકારનાં બીજાં અનેક દૃષ્ટાંતો યોગવાસિષ્ઠ અને ભાગવતમાં આપેલાં છે. જનકાદિને પૂર્ણ બ્રહ્મજ્ઞાન ન હતું એવી કોઈને શંકા આવશે. માટે કહીયું છે, એ સર્વ જીવન્મુક્ત હતા એમ યોગવાસિષ્ઠમાં સ્પષ્ટ કહેલું છે અને યોગવાસિષ્ઠમાં જ નહિ પણ મહાભારતમાં પણ આસે પોતાના પુત્ર શુકને મોક્ષધર્મનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આખરે જનક પાસે જવા મોકલ્યો છે એવી કથા આપેલી છે. તે જ પ્રમાણે ઉપનિષદમાં પણ અશ્વપતિ વૈશ્વ રાજાએ ઉદ્દાલક ઋષિને અને કાશીરાજ અજાતશત્રુએ ગાર્ગ્ય બાલાકીને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરેલો છે એવી કથા છે

સ્મૃતિશાસ્ત્ર ૧. [સં.] ન (વેદાંત) જે ગ્રંથ ઋષિઓએ રચેલો હોય તથા વેદના અનુભવથી ઉત્પન્ન થયો હોય, તેમ જ વેદના અર્થનો અનુવાદ કરતો હોય તે ગ્રંથ. જેમકે, મનુસ્મૃતિ, પરાશર સ્મૃતિ વગેરે. તેને ધર્મશાસ્ત્ર પણ કહે છે

૨. ન. ધારાશાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર.

૩. ન. (વેદાંત) વેદના અર્થનું પ્રથમ સ્મરણ કરીને પછી તે ઉપરથી રચેલું શાસ્ત્ર

૪. ન. શાસનવિજ્ઞાન.

સ્મૃતિહેતુ [સં.] પું. વાસનારૂપ એક સંસ્કાર. તેથી સ્મરણશક્તિ નીપજે છે.

સ્મેર ૧. [સં.] વિ. વિકસેલ; પ્રફુલ્લ.

૨. વિ. હસતું; હાસ્ય તરી રહેવાથી રમણીય લાગતું એવું; મલકાતું; મહાહાસ્યવાળું

સ્મોલ [અં] વિ. નાનું

સ્મોલ કોઝ [અં.] સ્ત્રી. દૂંકા દાવા કરિયાદ સાંભળનારી કોર્ટ; નાની રકમના દાવા કે નાના ગુનાના ફેસલા આપનારી ન્યાયની અદાલત

સ્યમંતક જુઓ સ્યમંતકમણિ

સ્યમંતકમણિ [સં.] પું. (પુરાણ) યદુકુલોત્પન્ન સત્રાજિત રાજાને સૂર્યના પ્રસાદથી મળેલો એ નામનો એક મણિ. એ મણિમાં એવો ગુણ હતો કે જ્યાં એ હોય તે સ્થળમાં કદી દુકાળ પડે નહિ, ચોર, આગ, જંગલી પ્રાણીનો ભય લાગે નહિ અને રોગ થાય નહિ તેમાંથી દરરોજ આઠભાર સોનું નીકળતું. આઠ હજાર તોલાનો એક ભાર એ હિસાબે સત્રાજિત યાદવને રોજ ચોસઠ હજાર તોલા સોનું પ્રાપ્ત થતું હતું. એક વખત આ મણિ ધારણ કરી સત્રાજિત દ્વારકામા આવતો હતો ત્યારે તે મણિના તેજથી બધા યાદવો ભ્રમ થઈ આ કોણ છે એમ શ્રીકૃષ્ણને પૂછવા લાગ્યા શ્રીકૃષ્ણે તે સત્રાજિત રાજા છે એમ જણાવ્યું. પછી સત્રાજિત આવી પહોંચતા કૃષ્ણે તેને મણિ સંબંધી હકીકત પૂછી. સત્રાજિતે સઘળી હકીકત કહી આ મણિ યાદવોના પ્રમુખ ઉગ્રસેન પાસે શોભે એમ કૃષ્ણે કહેવાથી સત્રાજિત ખોટું લગાડી સભામાંથી ઊઠીને ઘેર આવ્યો ગયો. એક વખત સત્રાજિતનો ભાઈ પ્રસેન આ મણિ કંઠમાં ધારણ કરી મૃગયા રમવા ગયો. ત્યાં તેને એક સિંહે મારી નાખ્યો. એ વખતે ઋક્ષરાજ જાંબુવાન ત્યાં આવ્યો. એણે મણિનું તેજ જોઈને સિંહને મારી નાખ્યો અને મણિ લઈ પોતાની ગુફામાં ગયો અહીં પ્રસેન ન આવ્યો તેથી સત્રાજિતને ચિંતા થઈ. તેણે દૂતોને ખબર કાઢવા મોકલ્યા પણ તેનો પત્તો લાગ્યો નહિ. આથી સત્રાજિતને વહેમ આવ્યો કે કૃષ્ણે જ મારા ભાઈને મારી મણિ લઈ લીધો છે. કૃષ્ણને આની જાણ થતાં પોતાના ઉપરનું આળ ભૂંસી નાખવા માટે પ્રસેનની શોધ કરવા નીકળ્યા. ત્યાં પ્રસેનનું શબ મળ્યું પણ મણિ ન હતો. તેની શોધ કરતાં જાંબુવાનની ગુફામાં આવી પહોંચ્યા અને ત્યાં મણિ દીઠો તે લેતાં જાંબુવાન સાથે અઠ્ઠાવીસ દિવસ યુદ્ધ થયું. જેમાં જાંબુવાન હાર્યો અને પોતાની પુત્રી જાંબુવતીને કૃષ્ણ સાથે પરણાવી અને મણિ ભેટમાં આપ્યો કૃષ્ણે દ્વારિકા જઈ સત્રાજિતને બોલાવી બધી વાત કહી અને તેને મણિ આપી દીધો. પાછળથી સત્રાજિતે પોતાની કન્યા સત્યભામાને કૃષ્ણ સાથે પરણાવીને મણિ કૃષ્ણને આપ્યો. શ્રીકૃષ્ણને હસ્તિનાપુર જવાનું થતા તે મણિ તથા સત્યભામાને સત્રાજિતને ત્યાં મૂકી આવ્યા દ્વારકામાં અક્રૂર અને કૃતવર્મા એ શતધન્વાને સત્રાજિત પાસેથી મણિ લઈ લેવા ઉશ્કેર્યો. શતધન્વાએ સત્રાજિતને મારી મણિ લઈ લીધો સત્યભામાએ હસ્તિનાપુર જઈ શ્રીકૃષ્ણને આ વાત કરી. શતધન્વા અક્રૂરને આપવા તરીકે તે સોંપી નાસી ગયો. શ્રીકૃષ્ણ અને બળરામ તેની પાછળ પડ્યા. છેવટે શ્રીકૃષ્ણે આમળ જઈ તેને મારી નાખ્યો; પણ મણિ મળ્યો નહિ. તેણે બળભદ્રને આ વાત કહી, છતાં તેમને લાગ્યું કે આ મને ઠેતરે છે, તેથી તે બહાનું કાઢી મિથિલામાં રોકાઈ ગયા. શ્રીકૃષ્ણે દ્વારકા આવી સત્યભામાને કહ્યું પરંતુ તેને પણ આ વાત માનવામાં આવી નહિ. અક્રૂર કાશી જતા રહ્યા અને ત્યાં સુવર્ણવેદી કરી યજ્ઞ કરવા લાગ્યા. કૃષ્ણે આ જાણતાં અક્રૂરને પાછા તેડાવી તેમની પાસે મણિ હોવાની વાત યુક્તિથી કઢાવી; અક્રૂરે તેમને મણિ આપ્યો પણ કૃષ્ણે તે તેમને પાછો આપ્યો. કહે છે તેમાંથી ઉત્પન્ન થતું સોનું તો શ્રીકૃષ્ણને જ મળવા લાગ્યું. આ મણિ દ્વારિકાથી હસ્તિનાપુર ગયો, ત્યાંથી મુસલમાનોને હાથ આવ્યો, તેઓએ તેનું નામ કોહિનૂર પાડ્યું. ત્યાંથી તે ઈરાન ગયો અને ત્યાંથી રણજીતસિંહ પાસે આવ્યો. આખરે તે અંગ્રેજોના હાથમાં આવ્યો. તેણે રાણી વિક્ટોરિયાને નજર કર્યો. હાલ તે ઇંગ્લંડના રાજ્યવાહિરમાં છે

સ્યમંતપંચક [સં] પું (પુરાણ) પરશુરામે ક્ષત્રિયોને મારીને તેમના લોહીથી પાંચ કુંડ ભર્યા હતા તે. એમના રામહ્રદ નામ પ્રસિદ્ધ છે. ઋચિકાદિ પિતરોના આશીર્વાદને લીધે તે જળરૂપ બની ગયા છે અહીંથી થોડે જ છેટે કૌરવપાંડવોનું યુદ્ધ થયું હતું

સ્યંદ [સં.] પું. પ્રવાહીનું ટપકવું તે

સ્યંદન ૧. પું. એક જાતનું ઝાડ.

૨. પું. ઘોડો; તુરગ

૩. [સં.] પું. ચાર પૈડાની એક આસનવાળી ગાડી; લડાઈમાં કામ આવતો રથ; ગાડું.

સ્યંદન જલને કરત કવિ સ્યંદન ચિત્ર તુરગ,
સ્યંદન રથમાં રૂકમણી લઈ આવ્યા શ્રીરંગ
મામવદ્ગાસ્ત્ર

૪. પું તિનિસવૃક્ષ; તણુક.
૫. પું. મીણા હરમાનું ઝાડ.
૬. પું. શતરંગ.
૭. સ્ત્રી. મોજાં જેવી હિલચાલ; મોજાંની ગતિ; તરંગગતિ.
૮ ન. ઝરતું તે.
૯. ન ચિત્ર; તસવીર.
૧૦. ન. ઝરાનું વહેણ; પ્રવાહ.
૧૧. ન. ટપકવું તે

સ્યંદનદ્રુમ [સં.] પું. તિનિસવૃક્ષ.

સ્યંદનલિકા [સં.] સ્ત્રી. ટીપાં પાડનારી નળી

સ્યંદનારૂઢ [સં.] વિ. રથ ઉપર ચઢેલ; રથ ઉપર બેસેલ

સ્યંદનારોહ [સ.] પું. રથી; રથમાં ચડી લડનારી લડવૈયો.

સ્યંદનારોહણ [સં.] ન રથ ઉપર ચડવું કે બેસવું તે.

સ્યંદનિ [સં] પું. તિનિસવૃક્ષ.

સ્યંદની સ્ત્રી. લાળ.

સ્યંદિકા સ્ત્રી. એ નામની અયોધ્યા પ્રાંતની એક નદી. તે ગોમતી અને ગંગાની વચમાં કોશલ દેશની દક્ષિણ સીમા પર થઈ વહે છે.

સ્યંદિની ૧. સ્ત્રી. (પુરાણ) એ નામે ગોમતીને મળનારી એક નદી
૨. [સં.] સ્ત્રી. લાળ.
૩. વિ સ્ત્રી. ટપકતી; ઝરતી.

સ્યંદી [સં.] વિ. ટપકનાર.

સ્યાત્ અ. (જૈન) કથંચિત; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ; સ્યાદ્વાદ માર્ગથી

સ્યાદ્વાદ [સં.] પું. (જૈન) એ નામનો જૈનોનો ખાસ દાર્શનિક સિદ્ધાંત; દરેક વસ્તુને એકથી વધારે બાજુ હોય અને જથી તે તે દૃષ્ટિએ ખરી હોય તેવો જૈન દર્શનનો વાદ તેને દૃષ્ટિવાદ, સાપેક્ષવાદ કે અનેકાંતવાદ પણ કહે છે. જ્યારે આપણે કોઈ પણ વસ્તુને જોઈએ છીએ ત્યારે આપણી દૃષ્ટિ અપેક્ષાવાળી હોય છે સ્યાદ્વાદને માનનારો કોઈ પણ વસ્તુની એકાંતિક વ્યાખ્યા નહિ કરે તે કહેશે મને આમ લાગે છે, આમ હોઈ શકે છે, આવું હોય. પણ કોઈ દિવસ એકાંતિક નિશ્ચયનું પ્રતિપાદન તે નહિ કરે. દરેક વસ્તુને અનેક દૃષ્ટિ હોય છે અને પ્રત્યેક વસ્તુ અપૂર્ણ હોય છે તેથી આપણે એક દૃષ્ટિ સંપૂર્ણ માનીને ચાલીએ તો તેમાં અભિમાન અને દુરાગ્રહનો સંભવ છે. આ સંબંધમાં મુનિ શ્રી વિદ્યાવિજયજી લખે છે કે, સ્યાદ્વાદ એટલે એક વસ્તુમાં અપેક્ષાપૂર્વક વિરુદ્ધ એવા ભિન્ન ભિન્ન ધર્મોનો સ્વીકાર કરવો તે. જેમકે, એક વ્યક્તિ છે તે જુદી જુદી અપેક્ષાએ પિતા છે, પુત્ર છે, પતિ છે, મામા છે, ભાણેજ છે, મનુષ્ય છે, નિત્ય છે, અનિત્ય છે વગેરે, પુત્રની અપેક્ષાએ પિતા છે, પિતાની અપેક્ષાએ પુત્ર છે, ભાણેજની અપેક્ષાએ મામો છે, મામાની અપેક્ષાએ ભાણેજ છે. પત્નીની અપેક્ષાએ પતિ છે, બહેનની અપેક્ષાએ ભાઈ છે, મનુષ્યનું શરીર ધારણ કરેલ છે એ અપેક્ષાએ મનુષ્ય છે, આત્માની અપેક્ષાએ નિત્ય છે, શરીર નાશવાન છે તેની અપેક્ષાએ અનિત્ય પણ છે અપેક્ષાપૂર્વક જેટલા ધર્મ લેવા માંગીએ તેટલા લઈ શકાય. આનું નામ છે સ્યાદ્વાદ. સ્યાદ્વાદનું જ્ઞાન ન હોય તો સુખ, શાંતિ અને સાંસારિક ઉન્નતિ હજારો કોસ દૂર રહે છે. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ભગવાન મહાવીર આ ભૂમિ ઉપર વિચરણ કરતા હતા. તે વખતે પણ આજની માફક જાતે આજથી અધિક ઊંચ રૂપમાં, ધર્મોમાં, સંપ્રદાયોમાં, સમાજમાં સર્વત્ર અસહનશીલતાને લીધે લડાઈઓ ચાલી રહી હતી. એ સમયે બીજા મહાપુરુષો આ વસુંધરા ઉપર વિચરણ કરી રહ્યા હતા. બુદ્ધ જેવા સંત પણ તે સમયે હતા. બીજા પણ કેટલાક મોટા મોટા મહાપુરુષ તે સમયે હતા. તે લડાઈઓ મટાડવા માટે, વૈમનસ્ય શાંત કરવા માટે, અંદર અંદર પ્રેમની ગંગા વહેવડાવવા માટે ભગવાન મહાવીરે તે સમયે સ્યાદ્વાદનો સિદ્ધાંત ઊભો કર્યો. તેમણે કહ્યું કે, કોઈ ધર્મનું ઊન્મૂલન કરી કદાગ્રહપૂર્વક કોઈના ગળામાં પોતાનો મત નાખવો તે અન્યાય છે, સ્યાદ્વાદના સિદ્ધાંતથી વિપરીત છે. ધર્મ આપણને પ્રેમ કરવાનું શીખવે છે. અમારો મત જ સાચો છે એમ કહી ન કહેવું. બીજાનો મત પણ સત્ય હોઈ શકે છે આમ સમજીને બીજા મતવાળાની સાથે પણ પ્રેમ કરવો. આપણે બધા એક લક્ષ્યના સાધક છીએ, તો પછી આપણામાં ભેદ શા માટે જોઈએ? સ્યાદ્વાદનો સિદ્ધાંત અપનાવવામાં જ કલ્યાણ છે

સ્યાદ્વાદિતા [સં.] સ્ત્રી. સહિષ્ણુતા; મતભેદ સહિષ્ણુતા; મતાંતરક્ષમા.

સ્યાદ્વાદી ૧. [સ] વિ અનેકાંતવાદી; સ્યાદ્વાદમાં માનનાર.
૨. વિ. મધ્યસ્થભાવી.

સ્યાનપ ન. (જૂ. ગુ.) શાણપણું; ડહાપણ.
મનમે બડપન યે ફિરે,
સ્યાનપ કોઈ અપાર. દયારામ

સ્યાનંદૂર [સં.] ન. (પુરા.નુ) કેરલ દેશમાં આવેલું અંતરશયન ક્ષેત્ર; મહાભારતમાં જણાવેલ મળતાળી ક્ષેત્ર. જ્યાં અર્જુન તીર્થયાત્રા કરવા ગયા હતા

સ્યાના ૧. [હિં] પું. જાદુગર.
૨. પું. રોગ મટાડવાનો, સર્પનું ઝેર ઉતારવાનો અને જાદુથી ભૂતપ્રેતની અસર દૂર કરવાનો દાવો કરનાર માણસ.
૩. સ્ત્રી. ચતુરાઈનું

સ્યાપા [હિં.] પું. મરેલ મનુષ્યના શોકમાં અમુક વખત સુધી ઘરની તથા સગાંસબંધીઓની સ્ત્રીઓ દરરોજ એકઠી થઈ રોવે કૂટે છે તે; છાજિયા લેવાં તે

સ્યામંત પું. એક રાગ. આ રાગ ગાવાથી પિત્તના કોપથી ઊકું થયેલું શરીર શીતળ થાય છે.

સ્યાહી [હિં.] સ્ત્રી. સાહી; રોશનાઈ. એ સંબંધે મુની શ્રી વિદ્યાવિજયજી લખે છે કે, સ્યાહીનો રંગ કાળો છે, તો પણ તેનો ઉપયોગ નીતિ, પ્રમાણિકતા, ધર્મ, સદાચાર, સદ્વિચાર અને એવી તમામ ભલી વાતો લખવામાં કરવામાં આવે, મનુષ્ય, જગત અને આત્માના કલ્યાણનાં સાધનરૂપમાં કરવામાં આવે તો તે લિખિત જ્ઞાનના પ્રકાશનું કામ કરે. આ અપેક્ષાએ સ્યાહીને રોશનાઈ કહેવાય.

સ્યુગર [અં.] સ્ત્રી. ખાંડ.

સ્યૂત ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. ગુલ્મપાટ.
૩. પું. સૂર્ય; ફિરણ.
૪. વિ. સીવેલું; જોડી દીધેલું; જોડાયેલું.

સ્યૂતિ [સં.] સ્ત્રી. સીવવું તે; સીવણ

સ્યોન ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું સૂર્યનું ફિરણ.
૩. ન. સુખ.

સ્રઓશ પું (જરથોસ્તી) એ નામનો પારસીઓનો એક ફિરસ્તો; મરી ગયેલાના આત્માનો મરણથી ત્રણ દિવસ અને ત્રણ રાત રક્ષા કરનારો ફિરસ્તો આ શબ્દ સંસ્કૃત શ્રુ (સાભળવુ- સભળાવવુ ને તે ઉપરથી તાબે થવુ) ધાતુ ઉપરથી જન્મ્યો છે આથી સ્રઓશ ફિરસ્તો ઇશ્વરને આધીનતાના ગુણનો અધિષ્ઠાતા છે. તે ઈશ્વર પાસેથી સાભળેલો સંદેશો માણસને પહોંચાડે છે અને માણસને ઈશ્વરના તે સંદેશાને તાબે થવાનું કહે છે તે ઈશ્વરની ઇચ્છા તથા

ફરમાન મનુષ્યને પહોંચાડનાર દૂત છે. પૈગમ્બરો તથા ધર્મિક માણસોને પણ જે ઈશ્વરી પ્રેરણા થાય છે, તે તેની મારફત થાય છે તે માણસોના આત્માનું દિવસે તેમ જ રાત્રે રક્ષણ કરે છે. માણસ ઊંઘતો હોય ત્યારે જ તેના આત્મ.નું રક્ષણ કરે છે એમ નથી, પણ તે મરી ગયા પછી પણ તેના આત્માનું તે રક્ષણ કરે છે બીજી દુનિયામાં જતા આત્માને ખાસ કરીને મરણ પછીના પહેલા ત્રણ દિવસ દરમિયા.ન તેની મદદ અથવા તેના સત્કારની જરૂર પડે છે. આ કારણથી કોઈ જરથોસ્તીના મરણથી ત્રણ દિવસ સુધી આ ફિરસ્તાની પ્રાર્થના કરવા.માં આવે છે. બંદગીનો હેતુ જિંદગી દરમિયાન તેણે કરેલા રક્ષણ માટે તેનો આભાર માનવાનો અને મરણ પછી તે જ રીતે રક્ષણ કરવાનું જારી રા.ખવાની વિનંતિ કરવાનો છે

અઓશ્રોયરેન જી (જરથોસ્તી) પારસીઓના ધર્મગ્રંથમાં જણાવેલી પદર ઉત્તમ માઠેની એ ના.મે એક બંદગી

અઓશ્રોયરેઝ પું. (જરથોસ્તી) મરનની ક્રિયા માટે ધર્મગ્રંથમા જણાવેલ આઠ માઠેનો એક ધર્મગુરુ; ઝરથોસ્તરનો એક મદદનીશ ધર્મગુરુ. તેની ફરજ બીજાના ગુન્હા સાબીદાની હતી. કોઈએ કોઈ અઘટિત કામ કર્યું હોય, અને તેનું તે પ્રાયશ્ચિત કરવા ગ.મતો હોય તો અઓશ્રોયરેઝ તેને અમુક સારા કામ કરવાનું કહેતો જેથી તેના દુષ્કર્મ અમુક અંશે ધોવાતા

અઉ ૧. પુ. (પિંગળ) એ ના.મે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ગ.સા. તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા ચાર નગણ અને સગણ એમ પદર અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અને નવમા અક્ષર ઉપર વિસામો આવે છે

પદ નય પર, મતિ ન ન ન ન સ અઉ
રણછિત્રળ

૨. [સં. સજ્ | જી માથે ઉપર ધારણ કરવાની પુષ્પની ગ.ળા.

માલા અઉ સ્નૂજ ગુણમતી મલ નામની દામ,
જે નર કંઠ કરે સુજે થાયે સુખનું ધામ
પિંગળપ્રકાશ

અઉધરા જુઓ ઓધરા

અઉધર [સ સજ્ (હાર) + ધર (ધરનાર)] વિ. હાર પહેરનાર; માળા ધારણ કરનાર

અઉધરા ૧. પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં ભગણ, રગણ, ભગણ, નગણ અને ત્રણ યગણ એમ એકવીસ અક્ષર હોય છે. તેમા સાતમા અને ચૌદમા અક્ષર ઉપર વિસામો આવે છે

મા રા પૂકે ભ ના છે.
ત્રણ ય હય હયે છેદ છે અઉધરારમદ
રણછિત્રળ

૨. [સ.] વિ જી. માળાવાળી; માળા ધારણ કરનાર

અઉન્વાન વિ માળાવાળુ

અઉલિણી ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને રૂપારિણી, લક્ષ્મીધર, લક્ષ્મીધરા, ચદ્રાયણા, કામિનીમોહન, ચદ્રાણા, ચદ્રાનન, કામમોહિની, ચંદ્રાના, મલયા, હિયુદી અને કંપલતા પણ કહે છે. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર રગણ મળી બાર અક્ષર હોય છે. છઠ્ઠા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે

અઉલિણી તો રચો રા ર રા ત્ત ધરી.
રણછિત્રળ

૨. [સં.] વિ જી. માળાવાળી.

અઉવી ૧. [સ. અશ્વિન્] પુ. વિષ્ણુના હજાર માઠેનુ એક નામ

૨. વિ. માળા પહેરનાર

અઉજ [સં અજ્] જી. માળા; પુષ્પનો હાર.

અઉજા ૧. [સં.] પુ. પ્રજાપતિ.

૨. જી. તંતુઓનો સમૂહ.

૩. જી. દોરડું

અઉરિ [સં.] ન. (વહાણવટું) વહાણ

અઉષ ૧ [સં.] પું. ઘરનુ તે; ટપકવું તે.

૨. પું. હોમમાં વપરાતો ડોયો; હવનનો ચાટવો

૩. વિ. ઝરનાર; ઘરનાર; ટપકનાર; અવનુ; સરવાણી

અઉષણ ૧. પું ઝરો; ઝરણ

૨. પું. પરસેવો; ઘામ.

૩ પુ પેશાબ; મૂત્ર

૪ પુ અવણ

૫ ન. ગળણુ; સ્રાવ.

૬ ન સવનું તે; ઝરવું તે; સ્રવ; સરવાણી; સ્રાવ.

અઉષધમણ્ય [સ.] પું. એક જાતનું રત્ન. તેની મધ્યમાંથી પાણી ઝરતું હોય તેમ દેખાય છે.

અઉષવું અ ક્રિ. ઝરવું; વહેવું; નીતરવુ.

અઉષંતી ૧. પું. લાણાનો છોડ.

૨. જી. એક પ્રકારની વેલ. તેની નીચેની જમીન હમેશા ભીંજાયેલી રહે છે. તેને સ્રવંતી પણ કહે છે. પાટો બાંધવા માટે તે વપરાય છે.

૩. જી. ગુપ્તસ્નાન.

૪. [સં.] જી. નદી.

સરિતા ધુની તરંગિણી નદિની હહિની હોઈ,
સોતા અઉષંતી નિમ્નગા આપના દ્વિરેફા જાઈ.
પિંગળપ્રકાશ

અઉષા [સ] જી. આજ્યસ્થાલી; ઘી રાખવાની થ.ળી

અઉષિણી [સં.] જી અદરથી સાદી ટાંકને મળતા કરે તેવી રચનાવ.ળી એક જાતની લખવાની કલમ; ઇંડિપેન; ' ફાઉન્ટન પેન '.

અઉષ્ટવ્ય [સ] વિ. સરજવા યોગ્ય.

અઉષ્ટા ૧. પુ. પરમેશ્વર, પ્રભુ; ઈશ્વર

૨. પુ વિષ્ણુનાં હજાર માઠેનુ એક નામ.

૩. પું શિવ

૪. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનુ એક નામ.

૫. પુ. સૃષ્ટિ ઉત્પન્ન કરનાર બ્રહ્મા; કલ્પક; સરજનાર પુરુષ. અમરકોષમા લખ્યુ છે કે: બ્રહ્મા, આત્મભૂ, સુરજ્યેષ્ઠ પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, સ્વયભૂ, ચતુરાનન, ધાતા, અબ્જયોનિ, દુહિણ, વિરંચિ, કમલાસન, પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃજ, વિધિ, નાભિજન્મ, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, રજોમૂર્તિ, સત્યક, હસવાહન એટલાં નામ સ્રષ્ટાના છે.

અજ કમલજ વેધા પિતા, ધાતા શતધૃતિ થાય,
સ્રષ્ટા ચતુરાનન વિધ ન વિષ્ણ દુહિન કહેવાય.
પિંગળપ્રકાશ

૬ [સ. સૃજ્ (સરજવું)] વિ. સરજનહાર; ઉત્પન્ન કરનાર; સૃષ્ટિ કરનાર, બનાવનાર કે રચનાર

અઉસેતર [સ.] પું. આસન; શય્યા; સયારી.

અંકણ [સં.] ન ક્રિ. વિશ્વાસ રાખવો

અંકવું ૧. [સ.] અ. ક્રિ. જવું

૨. અ. ક્રિ. નીચે પડવું.

૩. અ. ક્રિ. નીચે લટકવું.

અંકસન ૧. [સં] ન. નીચે પડવું તે; પતન.

૨. ન. રેચક વસ્તુ

૩. વિ. ઝાડો કરનાર.

કોઠામા ચોંટી રહેલ પકવવા લાયક મળાદિકને પકવ્યા વિના જ જે ઔષધિ નીચે ઠેલી લાવે અર્થાત્ ઝાડો કરે તેને અંકસન ઔષધિ કહે છે
આર્યભિષક

અંસી [સં.] પું એ નામે એક વનૌષધિ, પીલુ. પીલુ, ગ્રુક્ષ્ણ. અંસી એ ત્રણ પુલ્લિંગ નામ પીલુવૃક્ષના છે. અમરકોષ

આંખ ૧ પું આંખનો એક રોગ. તેને નેત્ર નાડી, નાસૂર પણ કહે છે શતાદિદોષ અશુના માર્ગે સધિમાં પ્રવેશ કરી તે પોતાના લક્ષણોએ યુક્ત સ્રાવ ઉત્પન્ન કરે છે.

૨ પું. કસુવાવડ.
૩ [સં] પું ધીમે ધીમે ઝળવું કે ઝરવું તે; ઝળતર; ધીરો ને ધીમો પ્રવાહ, ઝરણ; ધીમે ધીમે વહેવું તે; ચૂવું કે ટપકવું તે.
૪. પું પડવું તે
૫ પું પથરાવું તે; ભેગા થવું તે.
૬ પું. બહાર રેડવું તે; અવપાતન ઉત્સર્જની ક્રિયા સ્રાવની ક્રિયાથી ભિન્ન છે. ઉત્સર્ગનો મૂળ અર્થ એ છે કે ઉત્સર્ગ પદાર્થ કોઈ પણ ગાઢ મારફતે શરીરથી જુદો પડે છે પણ તે તેજ ગાંઠમા બનતો નથી જ્યારે સ્રાવનો પદાર્થ તો તેજ ગાંઠમા ઉદ્ભવે છે. જેમકે, પિત્તની કોથળીમાંથી નીકળવાની ક્રિયાને સ્રાવ કહે છે.
૭ પું. માસિક સ્રાવ. મોટી ઉમર થતા બીજકોશની શક્તિ ઓછી થતાં માસિક સ્રાવ બંધ થાય છે. આ સમય વધુમાં વધુ કયથી ૪૦ વર્ષનો ગણાય છે એટલે આખી જિંદગીમરમા આ સ્રાવો બીજકોશમાંથી વધુમા વધુ ૪૦૦–૫૦૦ બીજો પાકે છે અને બાકીના સુકાઈ જાય છે
૮ પું. રસ; ગુંદર
૯. પું. વહી જવું કે ઘસડાઈ જવું તે; વહી જતી વસ્તુ; નકામો બગાડ કે ખર્ચ
૧૦ પું. સ્રાવોની શરીર ઉપર થતી અસર
૧૧. સ્ત્રી. નકામી રીતે ચાલ્યું જવું તે.

સ્રાવક ૧. પું. આંતરડાના મહદ પડમાંથી પ્રાપ્ત થતો અને દ્રોમ રસ બહાર કાઢવાને માટે દ્રોમને ઉત્તેજતો પદાર્થ.
૨. ન. તીખ.; મરી
૩. [સં.] વિ. ઝરનાર; ટપકનાર.

સ્રુ ૧. અ. ક્રિ. ઝરવું.
૨ અ. ક્રિ જવું.
૩. [સં] ભ ક્રિ. વહેવું; ઝરવું વહેવું.

સ્રુચ [સં.] સ્ત્રી. ઘી હોમવાનું લાકડાનું કડછી જેવું સાધન; સ્રુવ; યજ્ઞપાત્ર; લાકડાની કડછી; સરવો.

સ્રુત ૧. [સં.] વિ. ઝરેલું.
૨ વિ વહી ગયેલું પાણી ખેતરે માટે વપરાય છે.
૩ વિ ઝવેલ, ઝરેલ; ખરેલ, ટપકેલ

સ્રુતા [સં] સ્ત્રી ત્રિગડો, ત્રિપુત્રી વનસ્પતિ.

સ્રુત્ય [સ.] વિ સર્વ જગ્યાએ ગતિવાળા; પદમાં વપરાયેલું ક્રદનું એક વિશેષણ

સ્રુવ [સં.] પું. આખરના લાકડાનું બનાવેલું એક હાથ લાંબુ થતનું એક જાતનું પાત્ર, અગ્નિમાં ઘી હોમવાનો ખેરના લાકડાનો કડછી જેવો માટ; સરવો તે રૂપાનો પણ હોય છે

સ્રુવા જુઓ સ્રુવ
સ્રુવાવૃક્ષ [સં.] ન. ત્રિફલો; વિકંકતવૃક્ષ
સ્રોઢ (સ્રોઢ) પું નાશ; વાયુ.
પાકા પાકા તો આઈ ગીઓ રે,
કાચાં નો વાલ્યો સ્રોઢ વાંસો
રઢિયાળી રાત

સ્રોત ૧. [સં] પું. જમીનમાંથી એની મેળે નીકળતો પાણીનો નાનો પ્રવાહ; વહેળો; ઝરો; ઝરણ; નાનુ વહેણ; સ્વાભાવિક જળપ્રવાહ.
૨ પું (સ્રોઢ) યોગદર્શનમાં નિર્વાણ માર્ગની ચર માંહેની એક પાયરી; આપત્તિમાંથી મક્ષ્ય દિષ્ટિ (આત્મા ભિન્ન પદાર્થ છે ને નિત્ય છે એવી દૃષ્ટિ), વિચિકિત્સા (બુદ્ધ ધર્મ અને સંઘના સંબંધમાં શંકા) અને શીલબ્બત પરામાસ (સ્નાનાદિ વ્રતોથી જ મુક્તિ મળશે એવો વિશ્વાસ) આ ત્રણ સંયોજનનો (બંધનનો) જે યોગી નાશ કરી શકે તો તે સ્રોત કે આપત્તિમાર્ગમાં આવે છે
૩. પું. નહેર; 'કેનાલ'.
૪. પું. વાહિની.
૫. ક્રિ. આપત્તિ માર્ગમાં સ્થિર થયેલ

સ્રોતયંત્ર પ્રાચલિત [સં.] પું. યાંત્રિક રીતે ખેતરને પાણી પૂરું પાડવાની રીત. આ રીતે પાણી લેનાર ખેડૂત પાસેથી પાણીના કર તરીકે પેદાશનો ત્રીજો ભાગ લેવામાં આવતો

સ્રોતસી સ્ત્રી. અરબસ્તાના સમુદ્રમાં મળતી નદી. તેમાંથી મોતી નીકળે છે. તે મોતીને સ્રોતસીય કહેવામાં આવે છે.

સ્રોતસ્વતી [સં.] સ્ત્રી. નદી; તરંગિણી.
રોહિણી સ્રોતસ્વતી દ્રૌપદી જલ આલ,
નદી નહિ આવે વાદમાં સોચ ન કર હે બાલ
વિચલસપ્રબોધ

સ્રોતસ્વિની જુઓ સ્રોતસ્વતી.

સ્રોતા [સ્ર સ્રોતસ્] સ્ત્રી. નદી.
સરિતા પુન્ની તરંગિની તટિની હૂહિની હોઈ.
સ્રોતા અવતી નિમ્નગા આપગા ડિરેફા એઈ
વિજયવિલાસ

સ્રોતોગતા સ્ત્રી (સંગીત) પાંચ માંહેની એક ગતિ. આરંભ, મધ્ય અને અંતે જે અનુક્રમે વિલંબ, મધ્ય અને દ્રુત લયવાળા સ્વર હોય તો તે સ્રોતોગતા ગતિ કહેવાય છે

સ્રોતોંજન ૧. [સં.] પું એક જાતનો કાળો મરમો.
૨. પું સૌવીર દેશનુ અંજન

સ્રોશાબ્જ સ્ત્રી (જરથોસ્તી) જરથોસ્તી ધર્મની એ નામની એક જાતની.

સ્રોસ્ય [સં] પું. નીચ, બદમાશ અને વિષયી વસ્તીનો લત્તો

સ્લાઇડ [અં] સ્ત્રી. છબી પાડનારનુ કાચ ભરવાનુ ખોકું
૨ સ્ત્રી. સરકચકરી

સ્લિપ [અં] સ્ત્રી. ક્રિકેટની રમતમાં દાવ લેનાર પાસેથી છટકતો દડો રોકવા ઊભા રહેલની જગ્યા.

સ્લિપર ૧. [અં] પું પગમાંથી ઝટ નીકળે તેવા બૂટ.
૨. પું રેલવેના પાટા નીચે નખાતો લાકડાનો પાટડો. સ્લીપાટ.

સ્લેજ [અં.] સ્ત્રી. બરફ ઉપર ચાલી શકે એવી ઘોડાં વગરની કૂતરા પ્રદેશની ગાડી

સ્લેજર ન એ નામનું એક ઓજાર. કોલસાની શોધ માટે પ્રથમ જે વેધ ધરતીમાં કોચવામાં આવે છે તેમાની માટી કાઢવાનુ એક ઓજાર. આ માત્ર એક વજનદાર નળી હોય છે

સ્લેટ ૧. [અં.] પું. એક કાચ જાતનો પદાર્થ. તેને તોડીને પાતળી પાટી કરે છે તે લખુખડું છાપરામાં વપરાય છે. સ્લેટના એક નાના કટકાની આસપાસ લાકડાની પટી જડવામાં આવે છે અને તે લખવાના કામમાં આવે છે.
૨. સ્ત્રી. પથ્થરપાટી.

સ્લેવ ૧. [અં.] પું. ગુલામ.
૨. પું. પૂર્વ યુરપના લોકો. ભાષા લક્ષણ કરતાં ભાષાને લીધે આ લોકોના ભાગ પાડવામાં આવ્યા છે. તેમાં રશિયન, પોલ, ચેક, સ્લોવાક વગેરે યુગોસ્લાવિયાનો સમાવેશ થાય છે. તે બધા સ્લેવોનિક ભાષા બોલે છે. ખ્રિસ્તિ યુગ પહેલાં આ લોકો એક ઠેકાણે રહેનારા નહોતા. માછલાં મારીને અને શિકાર કરીને તેઓ રહેતા. તેઓ લડાઈમાં ભૂંડાં હથિયાર વાપરતા. પ્રથમ કાર્પેથિયન પર્વતની ઉત્તરના દેશોમાંથી તેઓ આવ્યા હતા

સ્લેવોનિક ભાષા સ્ત્રી. રશિયાની એ નામની એક ભાષા

સ્લો [અં.] વિ ધીમુ.

સ્લોટર [અં] સ્ત્રી કતલ.

સ્લોટર હાઉસ [અં.] ન. કતલખાનુ

સ્લોથ [અં.] ન. રીંછ જેવું દાંત વગરનું પ્રાણી. તે દક્ષિણ અમેરિકમા રહે છે તે આખો જન્મારો ઝાડ ઉપર જ રહે છે પાછલા કરતાં આગલા પગ લાંબા હોવાથી ઝાડ ઉપર લટકી રહે છે. તેની બે જાત છે. એકને ત્રણ અને

બીજાને બે અંગૂઠા હોય છે; બંને જંઘાઓમાં જોવામાં આવે છે. ત્યાં તેઓ પાંદડાં, ફળ અને નાની ડાળીઓ ઉપર જીવે છે. અવયવોને ફૂક જેવા અંગૂઠા હોય છે અને અંગૂઠામાં ઝાંખા વળેલ નખ હોય છે જે તેઓને ડાળીઓમાં ઊંધા લટકવા કામના છે. તેની ઝરબચડા વાળ હોય છે. તે દુખાળુ પ્રાણી છે.

સ્લોપ [અં.] પું. ઢાળ; ઢળતી ભૂમિ.

સ્લો બોલર [અં.] પું. ક્રિકેટમાં ધીમેથી દડો ફેંકનાર

સ્લોલી [અં.] ન. ધીમેથી.

સ્વ ૧. [સં] પું. આત્મા; પોતે

૨. પું. ગાયત્રીના ૨૪ અક્ષરનો એક છંદ

૩. પું. તાડપત્રીય પુસ્તકનાં પાનાંની ઝણતરી માટે કરેલા એકમ માપનો એક અંક

૪. ન. ધન; દોલત; મિલકત; સંપત્તિ

૫. ન. રાશિની પહેલાં વત્તાની નિશાની તરીકે રહેતું ચિહ્ન

૬. ન. સ્વર્ગ.

૭. વિ પોતાનું; પોતીકું.

સ્વરૈરીમાં રહેલી છે સ્વ આર્યિક સ્વતંત્રતા, સ્વતંત્રતા ન આર્યિક તો સ્વરાજ ન સંભવે. ગાંધીગીતા

૮. વિ. સ્વર્ગસ્થનું ટૂંકું રૂપ. આ રૂપ મુજરી જનારને સન્માનીને માનાર્થે વપરાય છે.

સ્વકર્મ [સં.] ન. પોતાનું કર્મ અથવા કામ. સાંખ્યદર્શનમાં લખે છે કે, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમો છે તેમાંથી પોતે જે આશ્રમમાં હોય તેમાં જે જે કર્મો સ્મૃતિ શાસ્ત્રોથી વિહિત હોય તેનું બરોબર પાલન કરવું તે સ્વકર્મ કહેવાય છે

સ્વકલ્પિત [સં] વિ મનના ઊપાવનું; મને વિચારી કાઢેલું; પોતાની કલ્પનાનું; પોતે કલ્પેલું કે માનેલ

સ્વકૃપાળુ [સં] ન. પોતાનું કલ્યાણ; પોતાનું હિત; આત્મહિત

સ્વકોઠ [સં] પું પોતાનું ગજું; પોતાનો અવકાશ

સ્વકાર્ય [સં. સ્વ + કાર્ય (કર્મ)] ન. સ્વકર્મ; પોતાનું કર્તવ્ય; પોતાનું કાર્ય

સ્વકાળ પું. (જૈન) રાગદ્વેષ વગેરે પર ભાવ તજી શુદ્ધાત્માના અનુભવ પ્રતીત પુરુષાર્થ વડે કરી આત્મામાં સ્વભાવમાં જીવ વર્તે તે વખત.

સ્વકીય ૧. [સં.] સ્ત્રી. પોતાના કુટુંબની.

૨. વિ. પોતાનું; બીજાનું કે પારકું નહિ તેવું.

સ્વકીયા ૧. [સં.] સ્ત્રી. (અલં) એક પ્રકારની નાયિકા.

૨. સ્ત્રી. પોતાના પતિ સાથે જ અનુરાગ રાખનાર સ્ત્રી; પરકેતર સ્ત્રી; પોતાની સ્ત્રી

૩. સ્ત્રી. પ્રેમની બે માઠેની એક વૃત્તિ. પ્રેમ હૃદયનો અનુરંજન કરનારી વૃત્તિ છે. તે બે પ્રકારની છે સ્વકીયા ને પરકીયા. સ્વકીયા પ્રેમમાં લજ્જા મર્યાદા, ધાર્મિકતા વગેરેની વચ્ચે આવી જવાને કારણે પ્રેમની ઊંડાઇ ઓછી હોય છે. પરકીયા પ્રેમમાં પ્રેમિકા અને પ્રેમી બંનેમાં જ પ્રેમની ચરમ સીમા હોય છે.

સ્વકૃત [સં.] વિ. પોતે કરેલ

સ્વકૃત્ય [સં. સ્વ (પોતાનું) + કૃત્ય (કામ)] ન. પોતાનું કામ; પોતાની ફરજ.

સ્વકોશ [સં.] પું. પોતાનો અંગત ખજાનો; બાનગી નાણું

ચોર ચોરો જે મિલકત લઈ ગયા હોય તે પાછી મેળવવામાં રાજ્ય નિષ્ફળ જાય તો એવા નિર્બળ રાજ્ય પાસેથી કરનારે પોતાના કોશ (સ્વકોશ) માંથી નુકસાન ભરી આપવું. હર્ષચરિતના ચિંતાલેખમાં સ્વકોશ શબ્દ રાજાનાં બાનગી નાણાં માટે વપરાયો છે. હિંદુરાજ્યવ્યવસ્થા

સ્વક્ષ ૧. [સ.] પું મહાભારતમાં જણાવેલો એ નામે એક પ્રાચીન દેશ

૨. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ. સુંદર આંખોવાળા હોવાથી વિષ્ણુ સ્વક્ષ કહેવાય છે

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

સ્વક્ષ [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

સ્વગત ૧. [સં.] વિ પોતાને ઉદ્દેશીને કહેલું; જાતને જ લાગુ પડતું; મનમાં રહેલ; ' ટુ હિમ સેલ્ફ '

૨. અ. પોતાની સાથે જ; મનમાં બોલાતું હોય તેમ. નાટકમાં રંગભૂમિ ઉપરનાં માણસ ન સાભળે તેમ ફર પડદા પાછળ બોલવામાં આવે તે સ્વગત કહેવાય છે

સ્વગતભેદ [સં. સ્વ (પોતાનું) + ગત (રહેલ) + ભેદ (વિભાગ)] પું (વેદાંત) પોતાના અવયવ સાથેનો ભેદ; અંગીનો અંગ સાથે કે અવયવીનો અવયવ સાથે જે ભેદ તે જેમકે, વૃક્ષનો પોતાનાં પત્ર, પુષ્પ, ડાળાં વગેરે સાથે જે ભેદ છે તે સ્વગત ભેદ કહેવાય છે તેવી જ રીતે જગું જે ક્રમે દેખાય છે તે એક પરમાત્માની સત્તાથી તેનાથી અભિન્ન રહેલ છે એવો અદ્વૈતમાર્ગમાં સ્વગતભેદ કહેવામાં આવે છે.

સ્વગતા પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ જાતનો એક ભેદ છે.

તેને સ્વાગતા, સગતા કે સ્વાગત પણ કહે છે. તેના દરેક ચરણમાં રગણ, નગણ, ભગણ અને ૨ ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે

સ્વાગતા રચ ર ના ભ ન ગે ષી. રઘુવિલાસ

સ્વગુહ્યોચ્ચાટન ૧. ન. (જૈન) ઉચ્ચ ગોત્ર કર્મનો એક આસ્રવ

૨. [સં] ન. પોતાના છતા ગુણોને ઢાંકવા તે.

સ્વગુપ્તા ૧ [સં] સ્ત્રી. ઘોરચ.

૨. સ્ત્રી રિસામણીનો જોડ.

સ્વગૃહ ૧ [સં.] પું. એક જાતનું પક્ષી

૨ ન. પોતાનું ઘર.

સ્વગૃહી ૧. વિ પોતાના ઘરનું

૨. વિ. પોતાના ઘરમાં રહેનાર

૩. વિ (જ્યોતિષ) પોતાની રાશિનું

સ્વગૌરવ [સં] ન. પોતાની મોટાઈ

સ્વગ્રામભિન્નદોષ પું. (જૈન) પૂર્વ દિશાના મહોલ્લામાંથી પશ્ચિમ દિશાના મહોલ્લામાં ભોજન લાવું જવું તે.

સ્વચક્ર [સં.] ન. પોતાનું ચક્ર; પોતાનું રાજ્ય.

સ્વચાલકયંત્ર [સં.] ન. આપોઆપ કામ કરવાવાળું યંત્ર; ' ઓટોમેટિક મશીન '. આવા યંત્રને એક વાર ચાલુ કર્યા પછી ધ્યાન આપવાની જરૂર રહેતી નથી. આ મશીનોના અનેક પ્રકાર છે: (૧) સિક્કા મશીન: જેમાં સિક્કો નાખવાથી સિક્કાની કીમતની ટિકિટ, ચોકલેટ વગેરે કોઈ વસ્તુ આપોઆપ બહાર નીકળે છે. (૨) રેલવે, જહાજ, મોટર ઇત્યાદિ સ્વયંગતિશીલ વાહન. (૩) બચતપેટી કરવાનાં, હિસાબકિતાબ રાખવાનાં વગેરે મશીનો. (૪) પેક કરવાનાં, સેલબ્સ ચોડવાનાં, ખોટબ ભરવાનાં, ઢાંકણા ચોડવાનાં, સામાન તોળવાનાં વગેરે મશીનો. (૫) છાપ વગેરેનાં મશીનો કે જે નિશ્ચિત આકારની વસ્તુઓ તૈયાર કરે છે.

સ્વચ્છ ૧ ,ન્ન એ નામની એક તેજસ્તત્ત્વ દેવતા.

૨. [સ. સુ (સારું) + અચ્છ (મેલ વિનાનું)] વિ ઉજ્જ્વળ; ધોળું

૩. વિ નિર્મળ; શુદ્ધ; ચોખ્ખું; સાફ

૪ વિ પારદર્શક; વિશદ.

સ્વચ્છતા ૧. સ્ત્રી. ઉજળાશ; ધોળાશ; ઉજ્જ્વળતા

૨. [સ] સ્ત્રી ચોખ્ખાઈ; સફાઈ; સ્વચ્છપણું; નિર્મળતા

સ્વચ્છ દૂરદર્શક ન. રંગ વગરના ચોખ્ખા કાચનું દૂરબીન

સ્વચ્છતાપ્રિયવાદ જી. શહેરના જે ભાગમાં ચોખ્ખા મકાનો રહેતા હોય તે લત્તો; ચોરાશી માહેનુ એક ચૌદ

સ્વચ્છપત્ર [સં.] ન. અભરખ

સ્વચ્છમણી [સં.] પું સ્ફાટિક મણી.

સ્વચ્છંદ ૧. [સં.] પું. મનગમતો આચાર; પોતાને ગમે તેમ વર્તવું તે; સ્વેચ્છાચાર; પોતાની જ મરજી પ્રમાણે વર્તવું તે.

૨ વિ સ્વાધીન; સ્વતંત્ર

સ્વચ્છંદતા [સં.] જી. સ્વચ્છંદીપણું; આપખૂદી; મનમાં હાવે તેમ વર્તવુ તે

સ્વચ્છંદપણે અ. છટથી; મરજીમા આવે તેમ; સ્વચ્છંદે

સ્વચ્છંદભૈરવ રસ પું. (વૈદક) એ નામનો એક રસ. આ રસ મુહતસર થતા રોગ ઉપર અપાય છે. સ્વચ્છંદભૈરવ રસની દવા બનાવે રતી આદુનો રસ, સાકર અને સિંધાલૂણ સાથે આપવાથી ઘણો ફાયદો થાય છે. તાજ્જરમ અને વછનાગ સમભાગે લઈ ધતૂરાના પાનના રસમાં ખૂબ ખરલ કરી તેની અરધી અરધી રતીની ગોળી કરવામાં આવે છે.

સ્વચ્છંદમરણશાલી [સં.] વિ. મરણ તેની ઇચ્છાને આધીન છે એવું.

સ્વચ્છંદાચરણ [સં.] ન. મનગમતું આચરણ; સ્વચ્છંદાચાર.

સ્વચ્છંદાચાર [સં.] પું. સ્વેચ્છાચાર; સ્વચ્છંદીપણું; મરજી પ્રમાણે આચરણ કરવુ તે. શ્રી બાળગંગાધર ટિળક કહે છે કે, વિવાહ અવસ્થા પૂર્વે પ્રચારમાં ન હતી તે પ્રથમ શ્વેતકેતુએ અમલમાં આણી અને સુરાપાન શુક્રાચાર્યે નિષિદ્ધ ઠરાવ્યું. આ મર્યાદા દાખલ કરવામાં શ્વેતકેતુ કે શુક્રાચાર્યનો શો હેતુ હતો તે ન જોતાં, આવા પ્રકારની મર્યાદાના કર્તા એ હતા એટલું જોઈને એ ધર્મની આજ્ઞા ઉત્પન્ન થઈ ધર્મ થયો એટલે પ્રથમ એનું મહત્ત્વ ગમે તેના પણ લક્ષમાં આવે અને તે પ્રમાણે વર્તન થાય. આ, પી, ચેન કર એ કોઈને કહેવુ પડતું નથી; કારણ કે એ ઇંદ્રિયોનો સ્વાભાવિક ધર્મ જ છે સમાજને ધારણ કરી રાખવા માટે સર્વલોકના સુખ સારુ આ સ્વભાવથી પ્રાપ્ત થયેલ સ્વચ્છંદાચારમાં મર્યાદા દાખલ કરવી એ ધર્મનુ કામ છે.

સ્વચ્છંદિતા જુઓ સ્વચ્છંદતા.

સ્વચ્છંદી [સ સ્વચ્છંદિન્] વિ. છટ્ટી; સ્વતંત્ર; મોથાફરેલ; સ્વચ્છંદ કરનારું; સ્વેચ્છાચારી; આપમનિયુ; મનમાં આવે તેમ વર્તનાર કે ચાલનાર

સ્વચ્છંદીપણું ન. સ્વેચ્છાચાર

સ્વચ્છંદે અ. સ્વચ્છંદપણે; છટથી; મરજીમાં આવે તેમ

સ્વચ્છા [સં.] જી. ધોળી ફટકડી.

સ્વજ ૧ [સં.] પું. દીકરો; પુત્ર.

૨ પુ. પરસેવો.

૩ ન. લોહી

૪ વિ. પોતાનામા ઉત્પન્ન થયેલ.

૫ વિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલ; સ્વયંભૂ

સ્વજન ૧. [સં. સ્વ (પોતાનું) + જન (માણસ)] પું.,ન. પોતાનો અંગત માણસ, સગો કે કુટુંબી જન; પોતાના કુટુંબનું કે સગપણનુ માણસ; સગુસગપણ.

૨ ન. (શિલ્પ) એક જાતનું ચટ્ટાઈપુક્ત ત્રિકાણી ઘર

જે ત્રિકાણ ઘરના મુખ આગળ ત્રણ અક્ષિદ હોય અને ઢાળી બાજુ એક અક્ષિદ હોય અને તેવા ઘરનું મુખ પૂર્વ સામે હોય તો તે **સ્વજન** નામે ઘર કહેવાય છે. રાજવલ્લભ

સ્વજા [સં.] જી. કન્યા; પુત્રી

સ્વજાતિ [સં.] જી. પોતાની જાતિ અથવા વર્ગ.

સ્વજાતિ આકર્ષણ [સં.] ન. પોતાની જાતિ પ્રત્યેનું આકર્ષણ. અપ્સરામાં શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ લખે છે કે: વડીલો કે અન્યના નજરે પડતા જાતીય સ્પર્શન જર્યા આચરણ. નાટક સિનેમાના દશ્યો, નવલકથાઓનાં કુતૂહલ પ્રેરક વર્ણનો, મિત્રોની વાતચીત, પશુ પક્ષીના સમર્સની નિસર્ગ પ્રેરી કૃતિ અને બાળ જોયાં તત્ત્વો જાતીય આકર્ષણને અકાળે જાગ્રત કરે છે અને એમાંથી આ પવિત્ર શક્તિને દુષિત કરતી અપક્વ જોગેચ્છા અનેક પ્રકારનાં વિચિત્ર અને વિપરીત જાતીય આચરણોને જન્માવે છે ઘણી બાલ્યાવસ્થા તથા કિશોરાવસ્થાને અકાળે જાગ્રત કરી નાખે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના સમૂહજીવનમાં સ્વજાતિ આકર્ષણનાં બાપક અનિષ્ટો પણ એમાંથી જન્મ થાય છે અને સ્વાભાવિકતાનો ભંગ કરી આ મહા આકર્ષણને ઉપરછલી તૃપ્તિનો માર્ગ કરી આપે છે

સ્વજાતિદ્રોહ [સં.] પું પોતાની જાતિનો દ્રોહ કરવો તે. પોતાની જાતના લોકોને નુકસાન થાય એવું વર્તન ચલાવવું તે.

સ્વજાતીય [સ] વિ પોતાની જ જાત કે વર્ગનું

સ્વજાતીયતા [સ] જી. સ્વજાતીયપણું

સ્વજ્ઞાતિ [સં સ્વ + જ્ઞાતિ (જ્ઞાત)] જી. પોતાની જાત; પોતાની જ્ઞાતિ

સ્વજ્ઞાન [સં.] ન. પોતાનું જ્ઞાન.

સ્વતંત્ર ૧. ન. (વેદાંત) કોઈ કામ કરવાને અથવા ન કરવાને અથવા કરેલાને બીજી રીતે કરવાને જે સમર્થ હોય તે.

૨ ન (વેદાંત) જે કર્તાદિ વગેરે છ કારકમાંથી કોઈ બીજા કારકોના વ્યાપારને આધીન ન હોઈને પોતે કારક હોય તે

૩ [સં. સ્વ (પોતાનુ) + તત્ર (કારભાર)] ન. પોતાનું તંત્ર.

૪ વિ. અપૂર્વ; મૌલિક; સ્વકલ્પિત; 'ઓરિજિનલ'.

૫. વિ. આપમુખત્યાર; સ્વાધીન; કોઈના તાબામાં નહિ તેવુ; સ્વવશ; સ્વમતાનુગામી; પોતાના મત પ્રમાણે ચાલનાર; સ્વચ્છંદી; બેફામ; અમર્યાદ; અવશ; મુક્ત; આઝાદ; 'ફ્રી'.

રાષ્ટ્રીય સૈન્યની નીચે જે દળાયેલ દેશ છે, નૈતિક દૃષ્ટિએ તે તો **સ્વતંત્ર** કહેવાય ના. ગાંધીગીતા

૬. વિ નિરવયવ; અમર્યાદિત; અપ્રતિબદ્ધ; નિરંકુશ; નિરપેક્ષ; નિર્વિકલ્પ.

સ્વતંત્રકર્તા [સં.] પું. પાંચ માંહેના એક પ્રકારનો કર્તા.

સ્વતંત્રતા ૧. જી. છૂટ

૨ જી. યદૃચ્છા; સ્વૈરિતા.

૩. જી. સામાન્યા નાયિકાનો એક ભેદ.

તમામ વારવધૂઓમાં માન પામી સ્વતંત્રતાપૂર્વ રમણ કરવાવાળી સામાન્યાને **સ્વતંત્રતા** કહે છે. કાવ્યરાજ

૪. [સં.] જી. સ્વતંત્ર સ્થિતિ; સ્વતંત્ર હોવાપણું; સ્વાતંત્ર્ય; આઝાદી; 'ફ્રીડમ'

૫. જી સ્વેચ્છાચાર; આપ અમલદારપણું; છટાપણ

સ્વતંત્રપણું જુઓ સ્વતંત્રતા.

સ્વતંત્ર પુસ્તક ૧. [સં] ન. એક આમ વિષય ઉપર લખાયેલું અલાયદું પુસ્તક

૨. ન. પોતાની અક્કલથી લખેલું પુસ્તક

સ્વતંત્રપેશી [સં.] જી. બે માંહેની એક જાતની પેશી; ' કન્વોલ્યુટી મસલ્સ '. જે પેશી સ્વતંત્ર રીતે પ્રત્યે કર્યે ભાગ છે તેને સ્વતંત્ર પેશી કહે છે.

સ્વતંત્રપ્રકૃતિ [સ.] સ્ત્રી આત્માની સ્વાતંત્ર્ય પ્રવૃત્તિ, પ્રેરણા. લોકમાન્ય તિલક કહે છે કે : આત્માનો અંશ જે જીવાત્મા છે તે મૂળમાં શુદ્ધ, મુક્ત સ્વભાવ, નિર્ગુણ અને અકર્તા છતાં દેહ ને બુદ્ધિ વગેરે ઇંદ્રિયોની વચમાં આવી જવાથી મનુષ્યના મનમાં જે સ્ફુરણા ઉત્પન્ન કરે છે તેના પ્રત્યક્ષ અનુભવ રૂપી જ્ઞાન આપણને પ્રાપ્ત થઈ રહે છે. છૂટી વરાળમાં જેમ કાર્ય જોર નથી હોતું પણ એકાદ પાત્રમાં તેને પૂરવાથી તે જ વરાળ જેમ તે પાત્ર ઉપર ફાવી શકે છે તે જ ન્યાયથી અનાદિ પૂર્વ કર્માર્જિત જડદેહ અને ઇંદ્રિયો જેમાં પરમાત્માનો અંશરૂપ જીવ એક હેતુમા પુરાઈ રહ્યો હોય તેમ પૂરાઈ રહ્યો છે; તેથી તે દેહ અને ઇંદ્રિયોની આ હેડમાંથી તેનો છૂટકો કરી શકે તેવી મોક્ષને અનુકૂળ કર્મ કરવામાં પ્રવૃત્તિ થાય છે અને તેને જ આધિભૌતિક દૃષ્ટિએ ' આત્માની સ્વાતંત્ર્ય પ્રવૃત્તિ ' કહે છે, દેહમા આત્માની સ્વતંત્ર પ્રકૃતિ અથવા પ્રેરણા એમ કહેવાનો વહીવટ છે આત્મા દેહની ઉપાધિમા સપડાયાથી ને દ્વારા ઇંદ્રિયોને મળનારી સ્વતંત્ર પ્રેરણા અને આધિસૃષ્ટિના પદાર્થોના સંયોગથી ઇંદ્રિયોને થનારી બીજી પ્રેરણા, એ બે એકદમ ભિન્ન પ્રેરણાઓ છે. ' ખા, પી, ચેન કર ' એ આ ઇંદ્રિયોની પ્રેરણા છે અને આત્માની પ્રેરણા મોક્ષાનુકૂલ કર્મ કરવાનું કહે છે પહેલી પ્રેરણા કેવળ આધિ, એટલે કર્મસૃષ્ટિની જ છે, બીજી આત્માની એટલે બ્રહ્મસૃષ્ટિની છે; અને આ બંને પ્રેરણાઓ પ્રાયે આખે પરસ્પર વિરોધી હોવાથી તેના ઝપડામા મનુષ્યનું સર્વ આયુષ્ય અતમ થાય છે. આ બે પ્રેરણાઓ પૈકી સ્વાર્થના પ્રસગમાં કર્મસૃષ્ટિની પ્રેરણા ન સ્વીકારતાં શુદ્ધ આત્માની સ્વતંત્ર પ્રેરણા પ્રમાણે મનુષ્ય ચાલવા માંડે તો, પરિણામે પરમ શાંતિને પામે છે.

સ્વતંત્રભાગ [સં.] પું. કોઈ વસ્તુ ઉપર સ્વતંત્રપણે લખવાનો ભાષા સાહિત્યનો એક પ્રકાર, લેખન કલાનું એક અંગ. આ. લેખન કલાના ત્રણ મુખ્ય અંગ છે. વિસ્તારભાગ, સારભાગ, અને સ્વતંત્રભાગ.

સ્વતંત્ર ભિન્નજી વિ. સ્વતંત્ર પ્રકૃતિનું.

સ્વતંત્રવિદ્યુત [સં] સ્ત્રી. એક પ્રકારની વિદ્યુત. ગ્રાહક પાસે કોઈ વિદ્યુતપ્રેરક લાવીએ અને તેને પછી તે પદાર્થથી દૂર લઈ જઈએ તો તે ગ્રાહકમાં જે વિદ્યુત રહે છે તે સ્વતંત્ર વિદ્યુત કહેવાય છે.

સ્વતંત્રસ્ફુરણ [સં.] ન. આત્માની પ્રેરણા. લોકમાન્ય તિલક કહે છે કે: સર્વભૂતમાં એક જ આત્મા છે. એ તત્ત્વ ઓળખી તે પ્રમાણે મનુષ્ય જે આચરણ કરે છે તેને જ સદાચરણ અથવા મોક્ષાનુકૂલ આચરણ એમ કહે છે; અને તેવા તરેહના આચરણમાં દેહેંદ્રિયની પ્રવૃત્તિ કરાવતી એ જીવાત્માનો સ્વતંત્ર ધર્મ હોઈને દુરાચારી મનુષ્યને તેનુ અંતઃકરણ સદાચરણની તરફેણમાં જ સાક્ષી પૂરે છે, અને તેને લીધે દુરાચારી મનુષ્યને પણ પોતાના કર્મનો પશ્ચાતાપ થાય છે. આધિદૈવત પક્ષના પંડિતો આને સદસદ્વિવેકબુદ્ધિરૂપ દેવતાનું સ્વતંત્રસ્ફુરણ એવું કહે છે; પણ તે પ્રેરણા કે સ્ફુરણા તેને કર્મસૃષ્ટિના બહારના આત્મા પાસેથી મળતી જોઈએ એ ઉઘાડું છે. તે જ પ્રમાણે ' ઇચ્છા સ્વાતંત્ર્ય ' એ પાશ્ચાત્ય પંડિતોનો શબ્દ પણ વેદાંત દૃષ્ટિએ અયોગ્ય નથી; કેમકે સ્વાતંત્ર્ય તે મનનું કે બુદ્ધિનું નથી પણ આત્માનું જ છે એમ વેદાંતશાસ્ત્રે ઠરાવ્યું છે. આત્માને આ સ્વાતંત્ર્ય કોઈ તે આપવું પડતું નથી. કોઈ તે સ્વાતંત્ર્ય ખૂચવી શકતુ પણ નથી. સ્વતંત્ર પરમાત્માનો અંશ ઉપાધિમાં સપડાઈ જવાથી તે પોતાની મેળે જ સ્વતંત્રતાથી મન અને બુદ્ધિને પ્રેરણા કર્યા કરે છે.

સ્વતંત્રહસ્તલેખન [સં] ન. કોઈપણ જાતના માપ કે ઓજારોની સહાયતા વિના માત્ર હાથ અને આંખની મદદથી ચીતરવુ તે

સ્વતંત્રોચ્ચારણ ન. (વેદાંત) બીજાએ પોતાના ઉચ્ચારણમા જે અર્થની કલ્પના કરી હોય તે અર્થના તાત્પર્યવાળા ઉચ્ચારણને આધીન ન રહીને જે ઉચ્ચારણ કરવું તે.

સ્વતઃ [સં.] અ. આપોઆપ; પોતે પોતાની મેળે; બીજાની મદદ વિના; સ્વભાવતઃ; પોતે; જાતે; સ્વયં; આપમેળે; મેળેમેળે.

પ્રાપ્ત આજ્ઞાની રક્ષા **સ્વતઃ** જેમ કર્યા કરે,
આત્મસ્વાતંત્ર્યની રક્ષા તેમ સત્યાગ્રહ કરે
—ગાંધીગીતા

સ્વતઃઆવિર્ભાવ [સં] પું. પોતાની મેળે બહાર આવવું કે દેખાવું તે.

સ્વતઃજનવાદ [સં] પું. જીવ વિના જીવની સ્વતઃ ઉત્પત્તિ થવી તે. આપણા આર્યાવર્તના ચાર્વાકનો તે પ્રાચીન સિદ્ધાંત છે ગ્રીસમાં તે પૂર્વેથી પ્રચલિતછે.

સ્વતઃપ્રમા [સં.] સ્ત્રી. પોતાની મેળે સિદ્ધ થઈ શકે એવો ગુણ; સ્પષ્ટતા; સ્પષ્ટપણું.

સ્વતઃપ્રમાણ ૧. [સં.] ન. (વેદાંત) બીજા પ્રમાણની અપેક્ષા રાખ્યા સિવાય પોતાના અર્થનો બોધ કરવાનું સામર્થ્ય. વેદવાક્ય સ્વતઃપ્રમાણ છે, કેમકે તેમાના અર્થને સાબિત કરવાને બીજાં પ્રમાણની અપેક્ષા નથી. ઈશ્વરપ્રણીત ગ્રંથ સ્વતઃ પ્રમાણ કહેવાય છે

૨. વિ. સ્વતઃસિદ્ધ, સ્વયંસિદ્ધ, જાતે જ પ્રમાણરૂપ; આપોઆપ સિદ્ધ હોય એવું; જેની સત્યતા સાબિત કરવી પડતી નથી તેવું; પોતાની મેળે જ સિદ્ધ થયેલ.

૩. વિ. સ્વયંભૂ; સ્વયં

સ્વતઃ પ્રામાણ્ય [સ.] ન. જે બીજા વસ્તુ ઉપર આધાર રાખતુ નથી તે

સ્વતઃ ભૂ [સં.] વિ. સ્વતઃસિદ્ધ

સ્વતઃ સંભવી [સં.] વિ. પોતાની મેળે જ ઉત્પન્ન હોય તેવું.

જ્યાં જગત પ્રસિદ્ધ અર્થથી કુચિત ઉંચાઈ
પ્રગટ થાય એ **સ્વતઃ સંભવી** કાવ્યશાસ્ત્ર

સ્વતઃ સિદ્ધ [સં] વિ. કુદરતી, નિઃસંશય; સ્વયંપ્રમાણ; જાતે સિદ્ધ કરેલ, જાતે અનુભવેલું; ૨. વિ પ્રત્યક્ષ; દેખીતુ.

સ્વતઃ સિદ્ધતા ૧. [સં. સ્વતઃ + સિદ્ધતા (સિદ્ધ હોવું તે)] સ્ત્રી. સ્વતઃ સિદ્ધ થવું તે; આપો આપ મળી આવવુ તે

૨. સ્ત્રી. સ્વાતંત્ર્ય; સ્વતંત્રતા.

સ્વતઃ સિદ્ધિ [સં.] સ્ત્રી સ્વતઃ સિદ્ધ હોવું તે.

સ્વતા જુઓ સ્વત્વ.

સ્વતિરસ્કાર [સં.] પું. પોતા પ્રત્યેનો તિરસ્કાર.

સ્વતેજ [સં. સ્વ (પોતાનું) + તેજ (ચળકાટ; શોભા; સૌંદર્ય; સૌમ્ય; પ્રતાપ)] ન. પોતાનું તેજ; પોતાનો ચળકાટ; પોતાની શોભા; પોતાનું સૌંદર્ય

સ્વતોમાણ્ય [સં.] ન. વેદાંતીઓએ માનેલ એક જ્ઞાન પ્રામાણ્ય

સ્વત્વ ૧. [સં.] ન. પોતાની વિશિષ્ટતા.

૨. ન. પોતાનો અધિકાર; પોતાનું હોવાનો ભાવ; માલિકી, સ્વામિત્વ; માલિકીનો હક્ક. સ્વત્વ ચાર પ્રકારથી થાય છે: વંશાનુથી, અપહરણથી, યાચનાથી અને વિનિમયથી.

૩. ન. પોતાપણું; સ્વરૂપતા; આત્મતા; આત્મપણું; સ્વાધીનતા; ખુદપણું; વ્યક્તિત્વ.

૪. ન. (વેદાંત) શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પોતાની ઇચ્છા મુજબ પદાર્થની યોજના કરવાને પદાર્થનું યોગ્યપણું.

૫. ન. સ્વમાન

સ્વત્વગ્રહીતા [સં.] પું. જેના નામ ઉપર પોતાનો હક્ક ચઢાવી આપ્યો હોય તે માણસ; પ્રતિનિધિ; મુખત્યાર; ' એસાઈની '.

સ્વત્વત્યાગ ૧ [સં] પુ. ઉત્સર્જન; છોડી દેવું તે; સ્વામિત્વ આપવું તે.
૨ પુ. પોતાના હક્ક જતા કરવાપણું

સ્વત્વદાતા [સં.] પુ સ્વત્વાર્પણ કર્તા; પોતાની મિલકતનો અધિકાર બીજાને આપનાર માણસ.

સ્વત્વસમર્પણ પત્ર ૧ [સં] પુ અધિકાર સમર્પણ પત્ર; એક દસ્તાવેજ કે જેથી કોઈ માણસ પોતાની મિલકતનો અમુક અંશે અથવા પૂરેપૂરો અધિકાર બીજા માણસને કે ટ્રસ્ટને જેથી રાજ્યે આપે કે કરાવેલી રકમ દીધા પછી તે મિલકત ઉપર તે પાછો હકદાર થઈ જાય
૨ પું વિક્રયપત્ર; જેનાથી બીજાને નામે માલ ચઢાવી દીધો હોય તે લેખ

સ્વત્વસ્થાપન ૧ [સં] ન. એકરાર
૨ ન. સ્થાપન.
૩ ન. કરાર
૪. ન. પ્રકાશન.

સ્વત્વાગ્રહી [સં.] વિ. પોતાના હકને ન છોડનાર.

સ્વત્વાધિકાર પત્ર [સં.] પું. માલ માટેનો હુકમ. તે બતાવીને આવા માલના કબજાની અથવા ફેરબદલીની સત્તા આપે છે

સ્વત્વાર્પણ ૧. પુ. એ નામનો એક ગ્રહયજ્ઞ.
૨. [સ. સ્વત્વ + અર્પણ (આપવું તે)] ન. પોતાની માલિકીનો હક્ક છોડી દેવો તે; પોતાનો હક્ક બીજાને સોંપવો કે આપવો તે; બીજાને માટે પોતાનું બધું સ્વાધીન કરવું તે; હસ્તાંતર

સ્વત્વાર્પણલેખ્ય [સં] પુ. નામ ફેર કરી આપવાનો લેખ.

સ્વદયા [સં.] સ્ત્રી (જૈન) આઠ પ્રકારની એ નામની એક પ્રકારની દયા. દયાના આઠ પ્રકાર આ પ્રમાણે છે: (૧) દ્રવ્ય દયા, (૨) ભાવદયા, (૩) સ્વદયા, (૪) પરદયા, (૫) સ્વરૂપદયા, (૬) અનુબંધદયા, (૭) વ્યવહારદયા અને (૮) નિશ્ચયદયા. મુનિ શ્રી વિદ્યાવિજયજી કહે છે કે, શરીરને આવશ્યક જે જે ક્રિયા કરવાની હોય તેમાં પાપ તો થાય છે પણ તે ક્રિયા કરતાં ઉપયોગ સામે વિચાર કરે કે કોઈની નિરર્થક હિંસા તો નથી થઈ ને? આવો ઉપયોગ રાખનાર દ્રવ્યદયા પાળનાર છે. કોઈ પાપી કે ઘોર હિંસક શિકારીને દેખી તેની ઘૃણા ન કરવી. તેને જોઈને વિચારવું કે આ માણસને રત્નચિંતામણિ સમાન મનુષ્ય ભવ મળ્યો છે તે તે ગુમાવી દે છે. કર્મની ગતિ ન્યારી છે. ધર્મ તેને નમાવી રહ્યું છે આવા વિચાર કરવા તેનું નામ ભાવદયા છે. અનાદિ કાળથી આત્મા ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. હે આત્મા, આજ સુધી તારો ઉદ્ધાર થયો નહિ. કર્મના આવરણે અને વિષય કષાયોથી તું છૂટો થયો નહિ. સાધન મળ્યાં, પણ જાતની સુંદર સામગ્રી મળી, મનુષ્ય જન્મ, ઉત્તમ ધર્મ, જાતિ અને કુળ મળ્યાં, પંચેંદ્રિયની પટુતા મળી, લાંબુ આયુષ્ય મળ્યું, સાધુ મહાપુરુષોનો જોગ મળ્યો. પરંતુ હે આત્મન્! તું કોરો રહી ગયો, તારું કલ્યાણ ન થયું, હજુ પાપોમાં અને વિષય કષાયોમા રચ્યો પચ્યો રહે છે સાધન મળવા છતા હજુ સુધી પોતાનો ઉદ્ધાર ન કર્યો, જન્મમરણના દુ ખોમા હજુ પડ્યો છો. હે પ્રભો! મારા ઉપર કૃપા દૃષ્ટિ કરી મને જન્મમરણનાં દુ:ખમાંથી બચાવો આવા પ્રકારની ચિંતવણા કરવી અને એ દયામા ક્રિયાશીલ થવું તેનું નામ સ્વદય છે [નિત્ય દરરોજ કામો કરતાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છકાયની રક્ષા કરે, તેનો પૂરો ઉપયોગ રાખે, અને ઉપયોગ રાખવા છતાં કોઈની વ્યર્થ હિંસા થઈ જાય તો પશ્ચાત્તાપ કરે તેનું નામ પરદયા છે. સ્વર્ગ મળશે, દેવાંગના મળશે, કરોડપતિ થઈશ, મોટો રાજા મહારાજા થઈશ, નાના પ્રકારના ભોગવિલાસનાં સાધન મળશે એવા વિચારથી પાળવામાં આવતી દયા સ્વરૂપદયા કહેવાય છે. ઉપરથી દેખવામાં હિંસા જણાય પણ પરિણામે દયા હોય તે અનુબંધદયા છે. ગુરુ શિષ્યને સુધારવા કપડો આપે, તેનું ભલું કરવા તાડન-તર્જન કરે, માબાપ પોતાનાં બચ્ચાંના હિત માટે તેને ધબ્બે, મારપીટ કરે વૈદ્ય દરદીને કડવી દવા આપે તથા છરી વગેરેથી સડેલ અંગ, પ્રત્યંગ ચીરે, કાપે વગેરે કરે તે અનુબંધદયાના દાખલા છે. વ્યવહારદયા માટે વિધિ અને ઉપયોગ એ બે બાબત યાદ રાખવાની છે એક વ્યક્તિ દુ:ખી છે, બીમાર છે. તેના ઉપર દયા લાવી તેનું દુ:ખ મટાડવા દવા કરવામાં આવે તેમ. પાણી, વનસ્પતિ અને અગ્નિની હિંસા થાય વિધિ અને ઉપયોગનો ખ્યાલ રાખી તેની મદદ કરવામાં જે હિંસા થાય, તેમ જ અનેક ધર્મ અને પરોપકારના કાર્ય કરતાં જે હિંસા થાય તેને માટે શાસ્ત્રકાર કહે છે કે તે વ્યવહારદયા છે. આખરનું સાધ્ય મોક્ષ છે. તે પ્રાપ્ત કરવા સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવામાં આવે, આત્માના શુદ્ધ સચ્ચિદાનંદમય સ્વરૂપ જણામા આવે, કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરવામાં આવે એ માટે જે સાચી એકાંત દયા કરવામાં આવે, તેનું નામ નિશ્ચયદયા છે.

સ્વદસ્તકત સ્ત્રી હાથની સહી

સ્વદારાસંતોષ પુ (જૈન) પોતાની સ્ત્રીથી સંતોષ રાખવાનું શ્રાવકનું ચોથું વ્રત. પરસ્ત્રીને માતા, બહેન કે પુત્રી સમાન સમજવા માટે શ્રાવકનું આ વ્રત છે શાસ્ત્રકારોએ કહ્યું છે કે પુત્રની ઉત્પત્તિ માટે જ સ્ત્રી સંભોગ કરવાનો અધિકાર છે, અન્યથા સંયમથી સ્વદારસંતોષ અને સ્વભર્તારસંતોષની પણ એ જ મતલબ છે કે મનુષ્યોએ સંયમથી રહેવું જોઈએ એ મનુષ્ય થઈને રાતદિન વિષયવાસનામાં રત રહે તો તે કૃતઘ્નથી પણ અધમ છે. પંચમી, અષ્ટમી, ચૌદશ આદિ તિથિઓનો ખ્યાલ કરવો જોઈએ. શ્રાવકે ફરી ફરી સ્વદારસંતોષના નિયમનું પાલન કરવું જોઈએ અને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો અને સ્વદારામાં પણ મર્યાદા બાંધવી

સ્વદેશ [સં] પુ પોતાનો-બાપીકો દેશ; જન્મભૂમિ; વતન.
સત્ય અર્થ સજ્જન થાઓ વિજય પામવા કાજ,
જનને **સ્વદેશ** કાજ કાં ન હોમીએ?
સહિત

સ્વદેશપ્રેમ [સં] પુ પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ

સ્વદેશપ્રેમી [સં] વિ. સ્વદેશ વત્સલ; સ્વદેશ એટલે માતૃભૂમિ પર પ્રેમ રાખનાર.

સ્વદેશબંધુ [સં] પું. દેશબાંધવ; પોતાના દેશનો વતની અને પોતાના ભાઈ જેવો ગણાતો માણસ

સ્વદેશભક્તિ [સં] સ્ત્રી. દેશપ્રીતિ; રાષ્ટ્રભક્તિ; સ્વદેશાભિમાન

સ્વદેશભાવના [સં] સ્ત્રી. પોતાના દેશ પ્રત્યેની લાગણી.
સ્વદેશવાત્સલ્યનું નવયુગનું પ્રથમ કાવ્ય કુલરખાનની ચઢાઈ રચીને કવીશ્વરે સાહિત્યદેવી ને કવિતામાતે **સ્વદેશભાવના**ની પ્રથમ કુક્ષિ અક્ષરાવલિ પાડી હતી. આપણા રસગ્રાહકમા સ્વદેશવાત્સલ્યનો એકાદરામો રસ કવીશ્વરે પ્રસરાવ્યો છે. લક્ષ્મણરામ

સ્વદેશમુક્તિ [સં] સ્ત્રી પોતાના દેશની મુક્તિ.
સ્વદેશમુક્તિ ઇચ્છતા મહાત્મા,
આત્માર્થી દોષે નિજ મુક્તિ માટે,
સ્વતંત્રતા છે નિજ આત્મમુક્તિ,
ન સંસ્કૃતિ વિશ્વકુટુંબભાવ.
નાર્મદ

સ્વદેશવાત્સલ્ય [સં] ન દેશપ્રીતિ; રાષ્ટ્ર ભક્તિ; દેશાભિમાન

સ્વદેશવાદ [સં] પુ. પોતાના દેશના લાભને જ સર્વોપરી સ્થાન આપવાનું વલણ, રાષ્ટ્રવાદ; પ્રાન્તકેન્દ્રિતાવાદ

સ્વદેશહિતેચ્છુ ૧. [સં] વિ. દેશભક્ત; સ્વદેશાભિમાની માણસ; સ્વદેશ પ્રત્યે ભક્તિ ધરાવનાર માણસ.

૨ વિ. પોતાના દેશનું કલ્યાણ ઇચ્છનાર, દેશભક્ત; સ્વદેશાભિમાની

સ્વદેશાગમન [સં] ન પોતાના દેશમાં પાછું ફરવું તે.

હિંદના દાદાના **સ્વદેશાગમન** પ્રસંગે પણ કવિએ સુંદર કાવ્ય સર્જ્યું હતું. પ્રસ્થાન

સ્વદેશાનુરાગ [સં.] પુ. સ્વદેશ પ્રેમ

સ્વદેશાનુરાગી [સં.] વિ સ્વદેશપ્રેમી

સ્વદેશાભિમાન [સં. સ્વ (પોતાનું)+દેશ+ અભિમાન] ન. પોતાની જન્મભૂમિ માટેની મમતા; પોતાના દેશનું અભિમાન કે ગૌરવ માનવું તે; સ્વદેશવાત્સલ્ય; દેશપ્રીતિ; રાષ્ટ્રભક્તિ

સ્વદેશાભિમાની [સં.] વિ સ્વદેશને માટે અભિમાન ધરાવનાર; સ્વદેશાભિમાનવાળું.

સ્વદેશી ૧. ન. દેશભાઈ.

૨. સ્ત્રી. સ્વદેશની ભાવના.

૩. સ્ત્રી. સ્વદેશનો માલ વાપરવાની વૃત્તિ.

૪. વિ. પોતાના મુલકનું; પોતાના દેશનું; સ્વદેશનું.

પવિત્રતા જ ખાદીની **સ્વદેશી** ભાવના મહીં,
આશોપણ ગણો સૌનું ખાદીમાં ઘટતું નથી
ગાંધીગીતા

સ્વદેશીકરણ [સં.] ન. સ્વદેશી બનાવવું તે; પરદેશીઓને સ્વદેશી તરીકે અપનાવવા તે.

સ્વદેશીવ્રત ૧. [સં] ન. પોતાના દેશમાં બનેલી ચીજો વાપરવાનો નિયમ; પોતાના દેશમાં બનેલી વસ્તુઓ વાપરવાનું વ્રત.

૨. ન. સ્વદેશીનું શુદ્ધ પાલન કરવું તે.

સ્વદેશોદય [સં.] પુ. પોતાના દેશનો ઉદય; પોતાના દેશની ચડતી.

સ્વદોષ [સં.] પું. પોતાનો દોષ.

સ્વધન ૧. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર; જે ઘરના મુખ આગળ બે અસિદો હોય તેવું ઘર.

૨. [સં.] ન. પોતાનું ધન; પોતાનું દ્રવ્ય.

સ્વધર્મ ૧. [સં.] પું પોતાની ફરજ; પ્રસંગને લઈ પોતાને પ્રાપ્ત થયેલું કર્તવ્ય અને તેને અનુસરવાપણું.

જોઈએ સ્વતંત્રતાનો આ મહામંત્ર જલી ઊઠે,
તેને **સ્વધર્મ** ગણીને સેવવો અસ્ખલિત તે.
ગાંધીગીતા

૨. પુ. પોતાનો પરંપરાગત આચાર.

૩. પું. શાસ્ત્રે વિહિત આચાર કે કર્તવ્ય. લોકમાન્ય ટિળક લખે છે કે, સ્વધર્મ એટલે સ્મૃતિકારોએ ચાતુર્વર્ણ્ય વ્યવસ્થાથી પ્રત્યેકને માટે શાસ્ત્રથી નિર્ધારી મૂકેલો ધર્મો એવો અર્થ છે, મોક્ષ ધર્મ એવો અર્થ નથી. ગૃહ્યકર્મ ત્રિકાલથી કરેલી ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા સર્વના કલ્યાણ માટે જ શાસ્ત્રકારોએ પ્રવૃત્ત કરેલી છે અને તેથી બ્રાહ્મણ ક્ષત્રિયાદિ જ્ઞાની વર્ગ તોપણ તેમણે પોતાનો ધર્મો કર્યો તેમાંજ તેમનું અને સમાજનું કલ્યાણ સમાયેલું છે અને દરેક વખતે આ વ્યવસ્થામાં ગોલમેલ કરવી યોગ્ય નથી એમ ભગવાનનું કહેવું છે

મારી **સ્વધર્મ** નથુ જુદ્ધ નિહીન તોયે,
મુજે અનુચિત થતા પરધર્મથી છે,
કલ્યાણકારી પણ મૃત્યુ સ્વધર્મમાહે,
બારે ભરેલ ભયથી પરધર્મ તો છે
ગીતામધ્યામૃત

સ્વધર્મચર્યા [સ.] સ્ત્રી. પોતાનું ધર્મપાલન.

સ્વધર્મચારી [સ] વિ. સ્વધર્મ પ્રમાણે અનુસરનાર; સ્વધર્મગામી.

સ્વધર્મધુરંધર [સં.] પું પોતાના ધર્મની ધુરા ધારણ કરનાર; સ્વધર્માચાર્ય

સ્વધર્મનિયંત્રણ [સં] સ્ત્રી. પોતાના ધર્મ કે ફરજમાં ચુસ્ત રહેવાનો અંકુશ.

સ્વધર્મનિષ્ઠ [સં.] વિ. પોતપોતાના ધર્મમાં દૃઢ

સ્વધર્માચરણ જુઓ સ્વધર્મચર્યા.

સ્વધર્માસક્ત [સં.] વિ. સ્વધર્મમાં પ્રીતિવાળુ, પોતાના ધર્મમાં પ્રીતિ રાખનાર.

સ્વધર્મી ૧. [સં] પું. પોતાના ધર્મનું માણસ

૨. વિ. પોતાના ધર્મનું.

સ્વધર્મોલ્લંઘન [સં.] ન. પોતાના ધર્મનું ઉલ્લંઘન કરવું તે.

સ્વધા ૧. [સં.] સ્ત્રી. દેવીનું એક નામ; દુર્ગા.

૨. સ્ત્રી. પિતૃઓનો અન્ન.

૩. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષની કન્યા અને અંગિરા ઋષિની પત્ની. તેણે પિતર અને અથર્વાંગિરસ વેદને પુત્ર માન્યા હતા.

૪. સ્ત્રી. બ્રહ્મની આઠ માંની એક કલા.

૫. સ્ત્રી. મધ્વિદીપની ૬૪ માંની એક કલા.

૬. સ્ત્રી સામર્થ્ય; ઐશ્વર્ય.

સંયોગવિયોગ સત્તાકર્ષ સત્ અને સંસાર બંધનમા નાખનારા કર્મ સંસારથી યુક્ત એવા જીવ પર પરમેશ્વરનું **સ્વધા** અર્થાત્ સામર્થ્ય કે ઐશ્વર્ય છે. ઋગ્વેદાદિભાષ્ય

૭. સ્ત્રી સીતાનાં કુળદેવ માર્કંનું એક નામ.

૮. સ્ત્રી સોળ માંહેની એક માતૃકા

૯ સ્ત્રી (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાંના દક્ષ પ્રજાપતિની સોળ માંહેની એક કન્યા. એ કન્યા દક્ષે પિતરને આપી હતી. પિતરને એની મારફતે અન્ન વગેરે અપાય છે અર્પણ કરેલું અન્ન વગેરે દ્રવ્ય એ પિતરની પાસે લઈ જઈ તે આપે છે સ્વધાને વસુન, અને ધરિણી નામે બે કન્યાઓ હતી.

૧૦. અ. દેવને અર્પિ આપવા માટે વપરાતો એક અવ્યય; પિતૃદેવને ઉદ્દેશીને હવિષનો ત્યાગ કરતી વેળા વપરાતો શબ્દ.

સ્વધાહા, વૌષટ્, વૌષટ્, વષટ્, સ્વધા એ પાંચ અવ્યયો દેવને અર્પિ આપવા માટે વપરાય છે. તે ખાસ કરીને પિતૃદાનમા વપરાય છે
અમરકોષ

સ્વધાકાર [સં] પુ. સ્વધા શબ્દનો ઉચ્ચાર.

સ્વધાપ્રિય ૧. [સં.] પું કાળા તલ.

૨ પુ. 'સ્વધા' શબ્દથી ઓળખાયેલા. શ્રાદ્ધના ધ્યારા 'પિતર' વગેરે દેવતા

સ્વધાભુજ [સં.] પુ. પિતૃગણ; દેવ; દેવતા.

સ્વધામ ૧ [સં. સ્વ (પોતાનું) + ધામ (ઠેકાણું)] ન. પોતાના હમેશના વસવાટનુ સ્થાન; રહેઠાણ, નિજધામ

૨ ન સ્વર્ગ

સ્વધામે ચાલ્યુ છ,
કસૂર મમ શું આપ કરી ના હલાવી
સ્વધામ જવુ-પધારવુ = આ દેહનો ત્યાગ કરી સ્વર્ગે જવુ.

સ્વધામપુરી [સ.] સ્ત્રી. પરલોક.

સ્વધામા [સં] પું. (પુરાણ) રુદ્રસાવર્ણિ મન્વંતરમાં અનારો વિષ્ણુનો અવતાર.

સ્વધામાવાન [સં. સ્વધામવત] વિ. સ્વાશ્રયી.

સ્વધાહારી [સં.] પું સ્વધા શબ્દનો ઉચ્ચાર સાંભળીને અભિદાન લેનાર

સ્વધિતિ [સ.] સ્ત્રી. કુહાડી.

સ્વધૃત ૧ [સં.] પું વિષ્ણુનાં કુળદેવ માર્કંનું એક નામ

૨. પુ. શિવનાં કુળદેવ માર્કંનુ એક નામ.

સ્વન ૧. [સ.] અ કિ. (ધાતુ) અવાજ કર્યો

૨. અ. કિ. ગયુ

૩. અ. કિ. ખૂશિ થવુ.

સ્વન ૧. પું. (પુરાણ) નિર્ઋતિ નામના અગ્નિનો પુત્ર; એ નામનો એક અગ્નિ.

૨. [સં.] પુ સર; અવાજ; ઘોર, નાદ; શબ્દ; ધ્વનિ; રવ; નિર્ઘોષ.

ભદ્ર નિનાદ નિસ્વન સુષિર ૭૦ રવ સ્વપ્ન વિનિરાવ, બસી નાદે કહ્ન હરિ કે પ્રાણેશ્વરી આવ. પિંગળપ્રકાશ

સ્વપ્નકરી કુ. (પિંગ) એ નામે એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તે ઉષ્ણિક્ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

સ્વપ્નકરી ન જ ગ. સ્વપ્નિલ

સ્વપ્નભાવ [સં.] કું. પોતાની હોડી.

સ્વપ્નાશ ૧. કું. મનનો નાશ.
૨. [સં. સ્વ (પોતાનો) + નાશ] કું. પોતાનો નાશ.

સ્વપ્નિ ૧. [સં.] કુ. અવાજ.
૨. કું. શબ્દ.

સ્વપ્નિત ૧. [સં.] કુ. અવાજ.
૨. કું. મેઘ ગર્જના; વાદળાંનો અવાજ.
૩. ન. સોનેરી એટલે કે ચૌદ વીંટીના હાથ ખંડ માટે સૂચવાયેલું એક નામ.
૪. વિ. અવાજ કરેલું

સ્વપ્નિતક જુઓ સ્વપ્નિત ૩.

સ્વપ્નિયંત્રિત [સં.] વિ. પોતાની મેળે જ પોતાની અવસ્થા કરે એવું.

સ્વપ્નિર્માણ ૧. [સં] ન. જાતે જ કરેલી નિર્માણ.
૨. ન. જાતે જ કરેલું નિર્માણ.

સ્વપ્ ૧. [સં.] ન. વિ. (ધાતુ) આરામ લેવો; પડ્યું રહેવું; સૂઈ જવું.
૨. ન. વિ. ગરકાવ થવું; તલ્લીન થવું.
૩. ન. વિ. સૂવું; ઊંઘવું.

સ્વપક્ષ [સં. સ્વ + પક્ષ (બાજુ)] કું. પોતાની બાજુ; પોતાનો પક્ષ.

સ્વપક્ષી ૧. [સં. સ્વપક્ષિન્] કું. પોતાના પક્ષનો માણસ.
૨. વિ. પોતાના પક્ષનું; પોતાની બાજુનું.

સ્વપન ૧. [સં.] ન. નિદ્રા; સૂવું તે; ઊંઘ.
૨. ન. સ્વપ્ન અવસ્થા.

સ્વપર્યાપ્ત ૧. વિ પોતાની મેળે ગોઠવેલું.
૨. [સં.] વિ. પોતામાં જ સમાપ્ત થતું; સંકુચિત; પોતા પૂરતું મર્યાદિત.
૩. વિ. સ્વયંસંપૂર્ણ.
૪. વિ. સ્વાવલંબી

સ્વપીડનક્રિયા (સ્વપીડનક્રિયા) [સં.] સ્ત્રી. સ્વપરિતાપક્રિયતા; એક પ્રકારની જાતીય ફેરબદલ. તેથી સ્ત્રી અથવા પુરુષને અરસપરસ એક બીજાથી પીડવું ગમે છે પરપીડનક્રિયો પોતે ક્રૂર બને છે પણ આ વિકૃતિમાં તો અન્ય વ્યક્તિ પોતાની ઉપર ક્રૂરતા અને જુલમની જડીઓ વર્ષાવે એમ ઇચ્છે છે અને એમાંથી પોતાને આનંદ થાય છે. તેને અંગ્રેજીમાં " મેસોકિઝમ " કહે છે

સ્વપુત્રી [સં.] સ્ત્રી પોતાની પુત્રી.

સ્વપૂજા [સં.] સ્ત્રી. પોતાની જાતની પૂજા.

સ્વપ્ન ૧. [સં.] કું. એક બિમારી ભાવ.
૨. કું. માનસિક એક ભાવ
૩. કું. (કાવ્ય) સંચારી ભાવના તેત્રીસ ભાવોનો એક ભેદ
૪. ન. દર્શનનો એક પ્રકાર
૫. ન નિદ્રામાં જે માનસિક પ્રપંચ વ્યવહાર દેખાય છે તે; સમજ, ઊંઘમાં આવતો દેખાવ; સોણું. સ્વપ્ન એ કુદરતની અનેક અમૂલ્ય બક્ષિસોમાંની એક છે. પુખ્ત ઉંમરની વ્યક્તિ કે બાળક, પુરુષ કે સ્ત્રી, સભ્ય કે અસભ્ય, સરકારી કે જંગલી-સર્વ દરજ્જા અને પ્રકારનાં માણસોને સ્વપ્ન આવે છે. સ્વપ્ન સિવાયનું મનુષ્યજીવન શક્ય નથી. માનસશાસ્ત્રીઓ તો આપણને એમ કહે છે કે, કૂતરા, હાથી અને ઘોડા જેવાં પ્રાણીઓનાં પણ તેમના જીવન સાથે સંકળાયેલા પ્રશ્નોને કે શારીરિક જરૂરિયાતોનાં સ્વપ્ન આવે છે. દરેક સ્વપ્નની પાછળ કંઈક ગૂઢાર્થ રહેલો હોવો જોઈએ એમ તો પ્રાચીન લોકો પણ માનતા હતા. તેઓ એમ માનતા હતા કે, સ્વપ્ન આપણને ભવિષ્યમાં બનનારા બનાવોની ઝાંખી કરાવે છે અથવા તો ભગવાન સ્વપ્ન દ્વારા માણસની માંદગી દૂર કરે છે આ સામાન્ય માન્યતાને અર્વાચીન માનસશાસ્ત્ર ટેકો આપતું નથી પણ હકીકત એ છે કે, સ્વપ્નાં મનના એક અજ્ઞાત પણ મહત્ત્વના ભાગમાંથી ઉદ્ભવે છે. ભવિષ્યની આપણી ઇચ્છાઓ અને વાંછનાઓ સાથે એમને મહત્ત્વનો નિકટનો સંબંધ છે. સ્વપ્નોને માનવજીવનનાં સુખદુઃખ સાથે ગાઢ સંબંધ છે. આપણા મનના ત્રણ કાલ્પનિક વિભાગ પાડી શકાય : સચેત, અર્ધસચેત અને અચેત. આપણને માત્ર સચેત મનનો અનુભવ થાય છે. આ સચેત મનની નીચે એક વિશાળ અચેત મન રહેલું છે. બંનેની વચ્ચે અર્ધસચેત મન છે એમ ઘડીભર માનીએ. વાસ્તવિક રીતે મન પદાર્થ નહિ હોવાથી તેમાં આવા વિભાગો હોઈ શકે જ નહિ. જાગ્રત અવસ્થામાં આપણને સચેત મન દ્વારા અનેક પ્રકારના અનુભવ થાય છે. આપણે ઊંઘતા હોઈએ ત્યારે સચેત મન નિષ્ક્રિય રહે છે. કોઈ વખતે ઊંઘમાં મન જાગ્રત અવસ્થા અનુભવે છે. આ અનુભવને આપણે સ્વપ્ન કહીએ છીએ. સ્વપ્નાવસ્થામાં આપણને જે અનુભવ થાય છે તેના ખરાપણા વિશે આપણને સહેજ પણ શંકા થતી નથી; તે ખરા છે એમ આપણે માની લઈએ છીએ. આવા અનુભવનાં કારણોના ત્રણ પ્રકાર પાડી શકાય: બાહ્ય, શારીરિક અને માનસિક બાહ્ય કારણો સ્વપ્નસ્થ માણસની આસપાસના અવાજો અથવા બીજી ખલેલો છે. બહારના અવાજના મોજાં સચેત મનને જાગૃત કરવાને બદલે અચેત મનના ઊંડાણમાં રહેલી કોઈ ઇચ્છા કે વિચારને તેના તખ્તા ઉપર લાવી જાગ્રત અવસ્થા જેવો અનુભવ કરાવે છે. અપચો થયો હોય, વધારે પડતા ભોજનથી મેચેની લાગતી હોય, તબિયત સારી ન હોય, આવાં શારીરિક કારણો હોય ત્યારે આપણને ગાઢ નિદ્રા આવતી નથી સ્વપ્નાં પણ આવે છે આવા કારણો સચેત મનને જાગ્રત નહિ કરી શકવાથી તેને અચેત મનની કોઈ ઊંડી ઇચ્છા કે વાંછના અથવા ભીતિ સાથે જોડીને આપણને સ્વપ્નાનો અનુભવ કરાવે છે; આવાં સ્વપ્નાં ઘણીવાર ભિન્નભિન્ન હોય છે કારણકે, શારીરિક બેચેની આપણા મનને ચિંતાતુર બનાવે છે અને આપણને સ્વપ્નામાં પડી જવાના, કોઈના મૃત્યુના, કોઈ તે સખ્ત બીમાર થયાના કે અકસ્માતના અનુભવો થાય છે, ત્રીજા પ્રકારનું કારણ મન પોતે જ છે. બહારના આવેગ સિવાય પણ ઘણી વાર સ્વપ્નાંની ઉત્પત્તિ મનમાંથી જ થાય છે. આપણે કોઈ અમરો દાખલો ગણતા હોઈએ, ઘણો વિચાર કરીએ પણ તેની રીત બેસતી ન હોય; આમ મોડી રાત્રે વિચાર કરતાં કરતાં ઊંઘી જઈએ, ઊંઘમાં પણ વિચારની પરંપરા ચાલુ રહે અને આપણને સ્વપ્નમાં તે ગણવાનો અનુભવ થાય છે. આપણાં ઘણાખરાં સ્વપ્નાનું ઉદ્ભવસ્થાન આપણું અચેત મન છે. મહાન માનસશાસ્ત્રી ફ્રોઈડ જણાવે છે કે, આ અચેત મનના ઊંડાણમાં આપણી અસંખ્ય અતૃપ્ત વાંછનાઓ તેમ જ વાસનાઓ, જેમને આપણે બાલ્યાવસ્થામાં અંદર દાબેલી મૂકેલી તે રહેલી હોય છે. આમાંની ઘણી વાસનાઓ આપણા જાતીય જીવન સાથે સંબંધ ધરાવે છે. આવી બધી વાંછનાઓ અને ઇચ્છાઓ અચેત મનના ઊંડાણમા રહે છે. આ અચેત મનમાંથી સચેત મનમાં આવવા તેઓ ભારે ધમાલ મચાવે છે. અચેત મન સમરાંગણ બને છે અને તેમાં આવી અતૃપ્ત વાંછનાઓ અને નૈતિક ભાવનાઓ વચ્ચે ઘમસાણ યુદ્ધ થાય છે. અચેત મનમાંથી સચેત મનમાં જવાના પ્રવેશદ્વાર આગળ રહેલો ચોકીદાર તેમને અંદર પાછી ધકેલી જુએ છે. આપણે

જ્યારે નિદ્રાવસ્થા હોઈએ ત્યારે ચોકીદાર પણ ઝોકાં ખાતો થઈ જાય છે તેની આવી અસાવધ સ્થિતિનો લાભ લઈને કેટલીક વાંછનાઓ તેની નજર ચુકવી સચેત મનના તખ્તા ઉપર આવી જાય છે. તે વખતે આપણે ઊંઘમાં હોવા છતાં આપણું સચેત મન જાગ્રત અવસ્થાનો અનુભવ કરે છે. આ પ્રકારના સ્વપ્નમાં આપણી અતૃપ્ત વાંછનાઓની તૃપ્તિ થાય છે, જેને પરિણામે માનસિક વર્ષણ પણ ઓછું થાય છે અને આપણને શાંતિ મળે છે. ફ્રોઈડ સ્વપ્નને ઊંઘના રખેવાળ તરીકે ઓળખે છે. બાહ્ય, શારીરિક તેમ જ માનસિક કારણો આપણી ઊંઘમાં ખલેલ જ પહોંચાડે એટલા માટે કુદરતે સ્વપ્નરૂપી નિદ્રારક્ષકો સર્જ્યા છે. ફ્રોઈડ એમ માને છે કે, દરેક સ્વપ્ન આપણી અચેત વાંછનાતૃપ્તિનું સાધન છે. તેમ જ અચેત મનના ઊંડાણમાં શું છે તે જોવાની એ એક બારી છે. માણસનાં સ્વપ્નનો શાસ્ત્રીય અભ્યાસ કરવાથી તેના અચેત મનના ઊંડાણમા શી શી ઇચ્છાઓ તેમ જ વાસનાઓ રહેલી છે તે આપણે જાણી શકીએ છીએ. ફ્રોઈડે બતાવ્યું છે કે, આપણાં અનેક દર્દોનું મૂળ અચેત મનમાં છુપાયેલી અતૃપ્ત વાસના છે. દર્દીનાં સ્વપ્નાંનો અભ્યાસ કરીને, માનસચિકિત્સકો દર્દના મૂળમાં કઈ અતૃપ્ત વાંછના રહેલી છે તે શોધી કાઢે છે. દર્દીને તે વાંછનાનું ભાન કરાવવામા આવે કે તરત તે સારો થઈ જાય છે. વાયુ, બકવો, ઊંઘમાં ચાલવું વગેરે અનેક દર્દોનું કારણ અચેત મનના ઊંડાણમાં રહેલી કોઈ અતૃપ્ત વાંછના હોય છે. દર્દીનાં સ્વપ્નમાં તે વાંછના ગુપ્ત વેશે દેખાય છે. માનસચિકિત્સકો સ્વપ્નાનો લાંબા વખત સુધી અભ્યાસ કરી મૂળ વાંછનાને તેના ખરા રૂપમાં પકડી પાડે છે અને દર્દીને તે જણાવે છે. દર્દીને તેનું ભાન કરાવવામાં આવે છે એટલે તેની માઠી અસર નાબૂદ થાય છે અને દર્દ મટી જાય છે. સ્વપ્નાં આપણને આશીર્વાદરૂપ છે. નિદ્રારક્ષકો તરીકે બાહ્ય, શારીરિક કે માનસિક ખલેલોથી તેઓ નિદ્રાનું રક્ષણ કરે છે. સ્વપ્નાં ન હોય તો ઊંઘમાં વારંવાર ખલેલ પહોંચે અથવા માનસિક વર્ષણો આપણને બિલકુલ ઊંઘવા ન દે. ઊંઘ સિવાય જીવન બોજારૂપ અને નિરસ થાય. સ્વપ્નમાં આપણી અતૃપ્ત વાંછનાઓને તૃપ્તિ મળે છે તેથી તેમનું માનસિક વર્ષણ ઓછું થાય છે અને આપણને શાંતિ મળે છે. સ્વપ્નાં દ્વારા માનસચિકિત્સકો અતૃપ્ત વાંછનાઓને શોધી કાઢી શકે છે અને તેના પરિણામે ઉદ્‌ભવ થયેલાં દર્દો નાબૂદ કરી શકે છે. આમ સ્વપ્નાં માનવજીવનના સુખમાં વૃદ્ધિ કરવામાં અને દુઃખોને નાબૂદ કરવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે

૪. ન (જૈન) સાત માંહેની એ નામની એક અજ્ઞાત ભૂમિકા

સ્વપ્નચર ૧. [સં.] વિ. ઊંઘમાં ચાલનાર.

૨. વિ સ્વપ્નાની અંદર ચાલતું

સ્વપ્ન જિજ્ઞિત્સક વિ. સ્વપ્નની ચિકિત્સા કરનાર; સ્વપ્નનો સાચો અર્થ કરનાર.

સ્વપ્નજાગ્રત સ્ત્રી. (વેદાંત) અજ્ઞાનમય સ્થિતિની સાત માંહેની એક ભૂમિકા તે ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી ચાલુ રહેલ સ્વપ્નનો સમાવેશ થાય છે. આ સ્વપ્ન શરીરપાત થયા છતાં પણ ચાલુ રહે છે તેથી તે સ્વપ્નજાગ્રત કહેવાય છે.

સ્વપ્નજ્ઞાન ન સ્વપ્નામાં થતું જ્ઞાન

સ્વપ્નદર્શન ૧. ન સ્વપ્નમાં દેખાયેલું તે; ઊંઘમાં જણાયેલો ઓળો.

૨. ન. સ્વપ્ન આવવું તે; સોણું આવવું તે

સ્વપ્નદર્શી વિ સ્વપ્નાં જોયા કરનારું; કલ્પિત સૃષ્ટિમા વિહરનારુ.

સ્વપ્નદોષ [સં. સ્વપ્ન + દોષ (ખામી)] પું. ઊંઘમાં અજાણતાં વીર્યનો પાત થાય તે; રેતસ્‌ખલન; સ્વપ્નામાં થતો વીર્યપાત. સ્વપ્નમાં સંભોગ કરવાથી વીર્યસ્રાવ થઈ જાય તેને સ્વપ્નદોષ કહેવાય છે. એમ મનાય છે કે, દશ પંદર દિવસે આમ થાય તો કઈ નુકસાન થતું નથી પણ વારંવાર થવાથી નુકસાન થાય છે અને શરીરમાં અશક્તિ આવી જાય છે. ખૂબ કસરત કરવાથી, ઠંડા પાણીથી નાહવાથી અને સાદો પૌષ્ટિક ખોરાક ખાવાથી આ રોગ મટે છે

સ્વપ્નદ્રષ્ટા ૧ ન. શ્રી કનૈયાલાલ મુનશીએ રચેલ એ નામની એક નવલકથા

૨ [સં] વિ સ્વપ્ન જોનાર; હવાઈ કિલ્લા બાંધનાર; ખોટા ખયાલી વિચાર કરનાર, ભવિષ્યની કલ્પના કરનાર; મનના તરંગોમાં મગ્ન રહેનાર; ભવિષ્યની કલ્પના કરનાર

સ્વપ્નવત વિ સ્વપ્ન જેવું; મિથ્યા; ખોટું; સ્વપ્નની પેઠે ક્ષણિક.

સ્વપ્નવશ [સં.] વિ. સ્વપ્નમાં પડેલું; જેને સ્વપ્ન આવ્યું હોય તેવું

સ્વપ્નવાસવદત્તા ન. સંસ્કૃત સાહિત્યના મહત્ત્વમાં અને પ્રતિષ્ઠામાં ભારે વધારો કરનાર તેર માંહેનું એક નાટક. તે થી ગણપતિ શાસ્ત્રીએ રચ્યું છે.

સ્વપ્નવિદ્યા સ્ત્રી સ્વપ્નાં અને તેના મુખ્ય ભેદ દર્શાવતી વિદ્યા; સ્વપ્નનું શુભાશુભ ફળ બતાવનાર વિદ્યા.

સ્વપ્નશીલ ૧. વિ ઊંઘકું; ઊંઘણશી; નિદ્રાળુ; નિદ્રાવશ

૨. [સં. સ્વપ્ન + શીલ (વાળવાળું)] સ્વપ્નાં સેવ્યા કરનારુ.

સ્વપ્નસુષુપ્તિ સ્ત્રી (વેદાંત) જાગ્રા પછી કહેવાને અશક્ય એવું જે કાંઈ સ્વપ્નમાં અનુભવવામાં આવે છે તે; એક જાતની અવસ્થા.

સ્વપ્નસૃષ્ટિ ૧ સ્ત્રી ખયાલી વિચાર.

૨ [સં. સ્વપ્ન + સૃષ્ટિ (દુનિયા)] સ્ત્રી સ્વપ્નની દુનિયા; ઊંઘમાં સ્વપ્નની જે સૃષ્ટિ રચાય છે તે; સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિ; મિથ્યા સૃષ્ટિ; કલ્પિત સૃષ્ટિ; સ્વપ્નમાં કરેલી કલ્પિત રચના.

સ્વપ્નસ્થ [સં] વિ સ્વપ્નાવસ્થા ભોગવતુ.

સ્વપ્નસ્રાવ પું સ્વપ્નમાં વીર્યનો સ્રાવ થયો તે.

સ્વપ્નાવસ્થા ૧ જુઓ સ્વપ્નદોષ

૨. [સં.] સ્ત્રી. સ્વપ્નની અવસ્થા; ચિત્તની ત્રણ માંહેની એક અવસ્થા

સ્વપ્નાંતર ૧. [સં.] ન. સ્વપ્ન દરમિયાન સ્વપ્ન અને જાગ્રતિ વચ્ચેનું અંતર; સ્વપ્નમાં થયેલો ભાસ.

૨. ન સ્વપ્ન દશા

સ્વપ્નું ન. સ્વપ્ન; સપનું; સોણું; સમારૂ.

સ્વપ્નેશ્વરી સ્ત્રી સ્વપ્નની દેવી.

હિંદુ લોકો સ્વપ્નની દેવી **સ્વપ્નેશ્વરીને** માને છે તે પોતાના ભક્તોને કેટલીક બાબતો સ્વપ્નમાં કહે છે એવું મનાવામા આવે છે.

આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

સ્વપ્નોડ્ડયન [સં] ન. સ્વપ્નમાં ઊડવું તે; ખોટા તરંગ કરવા તે.

સ્વપ્રકાશ ૧ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

૨ [સ્વ] પું. પોતાનો પ્રકાશ તે આત્માના બાર માંહેનો એક ગુણ ગણાય છે

૩ વિ. નિજ તેજવાળું; પોતાના જ પ્રકાશથી ઝળકતું; પોતાના તેજ કે જ્ઞાનથી પ્રકાશનાર.

૪ વિ સ્વતઃ જ્ઞાન પામેલુ

સ્વપ્રકાશક [સં.] વિ. પોતાના તેજથી ઝળકતું.

સ્વપ્રકાશિત વિ. પોતાની મેળે પ્રકાશનાર

સ્વફુલન [સં. સ્વ + ફલન (ફળવું તે)] ન. આપોઆપ ફલન થવું તે; પોતાની જાતે ફળવું તે.

સ્વબંધુ ૧ [સ] પું પોતાનો બંધુ; પોતાનો ભાઈ
૨ પું પોતાનો સગો
૩. પું. શિવનાં હજાર માહેનું એક નામ.

સ્વબીજ ૧. પું આત્મા
૨ ન પોતાનું બીજ; પોતાનું વીર્ય.

સ્વભાન ૧. [સં.] ન આત્મજ્ઞાન; અંતર્બોધ; નિજબોધ; પોતાની સ્થિતિની અસર પડવી તે
૨. ન. પોતાનું જ્ઞાન.
૩. ન. સ્વમાન; સ્વત્વનું ભાન; અસ્મિતા.

સ્વભાવ ૧. પુ અવગ્રહ.
૨. પું. આદત, ટેવ
સ્વભાવ પડવો = (૧) ટેવ પડવી. (૨) પ્રકૃતિ બનવી; બાસ ગુણ થઈ જવો
૩. પું. ગુણ; વિશિષ્ટતા
૪. પુ. તાસીર; પ્રકૃતિ; લક્ષણ; મિજાજ.
૫. પુ (જૈન) પર નિમિત્તના આશ્રય વિના એકરૂપ ટકી રહેતું તે.
૬. પું. પરિણામનો હેતુ
૭. પું. (વેદાંત) પૂર્વ જન્મોમાં કરેલ ધર્મ કે અધર્મ આદિના શુભ કે અશુભ સંસ્કાર.
૮. [સં. સ્વ (પોતાનું) + ભાવ (મનનું વલણ)] પુ. મનુષ્ય કે પ્રાણીના અંતરનું જે કુદરતી વલણ તે; કુદરતથી જ મળેલો ગુણ; બાસ ગુણ; સદા જળવાઈ રહેનારો મૂળ અથવા પ્રધાન ગુણ; કર્મપ્રવૃત્તિ; ધર્મ; આસિયત; જાતિ, ટેવ અને ટેવો કાળને લઈ બધાયલ પ્રાણીઓનો જે કુદરતી મનોભાવ. કુદરતથી જ મળેલો ગુણ. સારો માઠો સ્વભાવ, સારા માઠા સંસ્કારો પ્રમાણે ઘડાય છે. સંસ્કારો દૃઢ થાય તેનું નામ સ્વભાવ.

> અનુભવજ્ઞની જોઈ લીધી એ તુચ્છતા બધી,
> સાક્ષાત્કાર કરી જોયો માનવીના **સ્વભાવનો**.
> ઝવેરીગીત.

૯. પું. મનોવૃત્તિ, મનની પ્રવૃત્તિ; સ્વ એટલે પોતાનો અને ભાવ એટલે જન્મ. પોતાના જન્મથી જે બનેલો છે તે સ્વભાવ
૧૦. પું. (વેદાંત) વસ્તુના જે સ્વરૂપમાં બીજાની અપેક્ષા હોય નહિ એવું વસ્તુનું સ્વરૂપ
૧૧ પુ. બાપકાર.
૧૨. પુ. સગ.

સ્વભાવ અર્થપર્યાય ૧. પું. (જૈન) અગુરુલઘુગુણનું પરિણમન
૨. પું અર્થપર્યાયના બે ભેદોનો એક ભેદ. બીજાની મદદ વિના જે અર્થપર્યાય હોય તેને સ્વભાવ અર્થપર્યાય કહે છે

સ્વભાવગત વિ સ્વભાવમાં હોય તેવું
> સ્મૃતિ સંસ્થામાં જે **સ્વભાવગત** જ્યોતીષનું તે ઉદ્‌ગાઈ રહેવાં છે તેની સાથે જ્યોતીષમાં પણ ચારચાર ખંડ થયેલા તેની સાથે અમુક શાસ્ત્રોના અનુલોમ અને પ્રતિલોમ લગ્ન વિષના વિધાનોમાંથી મળે છે. ઠૌમુદી

સ્વભાવજ [સ. સ્વભાવ (મૂળ ગુણ) + જ (ઉત્પન્ન થયેલ)] વિ સ્વભાવસિદ્ધ; સ્વાભાવિક; કુદરતી; નૈસર્ગિક; સ્વભાવમાંથી પેદા થયેલું.

સ્વભાવજન્ય જુઓ સ્વભાવજ

સ્વભાવવાદી વિ. જગતનું કારણ કુદરત છે તેવું માનનાર.

સ્વભાવવ્યંજન પર્યાય પું. પરનિમિત્તના સંયોગ વગર પ્રદેશત્વગુણનો જે પર્યાય થાય છે તે. જીવ તે સિદ્ધ પર્યાય અને એક છૂટો પરમાણુ તે સ્વભાવવ્યંજન પર્યાય છે.

સ્વભાવસિદ્ધ ૧ વિ. કુદરતી, સહજ, સ્વાભાવિક; નૈસર્ગિક; મૂળ પ્રકૃતિનું
૨. [સં. સ્વભાવ + સિદ્ધ (સાધેલું)] વિ જન્મથી સાધેલું; પરંપરાથી પ્રાપ્ત થયેલું; સ્વભાવથી સિદ્ધ થયેલું

સ્વભાવાનંદનાથ વાસર પું. તંત્રરાજના પંચાંગમાં વપરાતા નવ માંહેનો એ નામનો એક દિવસ

સ્વભાવોક્ત પું પ્રાણીઓના સ્વભાવ પ્રમાણે ભીન્નનો ઉપયોગ હોય એથી એ ઢેકાણે પ્રાણીના શબ્દો વાપરવા તે.

સ્વભાવોક્તિ ૧. [સં.] પું. એ નામે એક અર્થાલંકાર; કાવ્યના ૪૫ માહેનો એક અલંકાર, જેમાં કોઈ વસ્તુના સ્વભાવનું યથાવત્ વર્ણન કર્યું હોય તેવો અલંકાર. જ્યાં કોઈ વસ્તુના સ્વભાવની ઉક્તિ હોય એ સ્વભાવોક્તિ અલંકાર કહેવાય છે
> જેમાં યથાવાહ વસ્તુવર્ણન હોય તેને **સ્વભાવોક્તિ** કે જાતિ અલંકાર કહે છે
> કાવ્યરાજ

સ્વભાવોક્તિમય કાવ્ય [સં. સ્વભાવ + ઉક્તિમય + કાવ્ય] ન. વર્ણન કાવ્ય; આખ્યાનાત્મક કાવ્ય; વર્ણાત્મક કવિતા.

સ્વભાષા સ્ત્રી. આપણી પોતાની ભાષા; માતૃભાષા
> એક બીજી જ વિદ્યાના વાહનો પણ વિવિધ,
> **સ્વભાષા** આજનુ તો છે અંગ્રેજી ગર્વ કાજનુ
> ગાંધીગીત.

સ્વભાષાપ્રેમી [સં.] વિ પોતાની ભાષાના પ્રેમવાળું.

સ્વભાષાભિમાન [સં.] ન પોતાની ભાષા પ્રત્યે અભિમાન રાખવું તે; સ્વભાષા માટેનું પ્રેમ કે અભિમાન; પોતાની જ ભાષાને ગર્વ સાથે વળગી રહેવું તે, સ્વભાષા માટેની મમતભરી લાગણી

સ્વભાષાભિમાની ૧ [સ] પુ સ્વભાષાભિમાન ધરાવનાર મનુષ્ય
૨. વિ સ્વભાષાભિમાનવાળું; સ્વભાષા માટે અભિમાન ધરાવનાર; પોતાની જ ભાષા વાપરવા માટે ગર્વ ધરાવનાર

સ્વભૂ ૧. [સ] પુ કામદેવ
૨. પુ. કૃષ્ણ
૩. પુ. બ્રહ્મા
૪. પું. વિષ્ણુ.
૫ પું. શિવ.
૬. વિ. પોતાની મેળે પ્રકટ થનાર

સ્વભૂમિ ૧. [સ. સ્વ (પોતાની) + ભૂમિ (દેશ)] સ્ત્રી. જન્મભૂમિ; માતૃભૂમિ; પોતાની જન્મભૂમિ; સ્વદેશ; વતન
૨. સ્ત્રી. પોતાના બાપદાદાનું જમીન.

સ્વભૂમી જુઓ સ્વભૂમિ.

સ્વમત [સ.] પુ. પોતાનો અભિપ્રાય; પોતાનો મત

સ્વમતવાદી [સ.] વિ કોઈપણ મતને હઠથી વળગી રહેનાર; દુરાગ્રહી; સ્વમતાગ્રહી; સ્વમતાભિમાની

સ્વમતાગ્રહ પું. પોતાનો મત ખરો છે એવો આગ્રહ; પોતાના મતની મમત રાખવી તે; પોતાના મતના સ્વીકારનો દુરાગ્રહ

સ્વમતાગ્રહી વિ. પોતાના મતને હઠથી વળગી રહેનાર; દુરાગ્રહી; પોતાનો મત ખરો કરનાર; પોતાના મત માટે આગ્રહ કરનાર; પોતાનો જ મત ખરો છે એવો આગ્રહ કરનાર

સ્વમતાભિમાન [સ.] ન. પોતાના મતનું અભિમાન

સ્વમતાભિમાની વિ પોતાના મતના અભિમાનવાળું; મતવાદી; હઠવાદી; નિશ્ચયાત્મક.

સ્વમતિભંગદોષ પું બોલતા વિસ્મૃતિ થાય તે.

સ્વમાન ન પોતાની જાત વિષે ઊંચો અભિપ્રાય; પોતાનું માન; પોતાની ઇજ્જત.

સ્વમાનશીલ જુઓ સ્વમાની.

સ્વમાની વિ. પોતાનું માન જાળવનાર.

સ્વમાર્ગ [સ] પું. પોતાનો રસ્તો, માર્ગ કે સંપ્રદાય

સ્વમાર્ગીય વિ પોતાના ધર્મનું, પોતાના પંથનું

સ્વમુખ [સ સ્વ + મુખ] ન પોતાનું મોઢું

સ્વયમગ્નિપુટ પુ સ્વયમગ્નિ લોઢું કે તાંબું તે બનાવવા માટે કજ્જલિની સાથે ધાતુનાં ચૂર્ણને પુવ.ના રસમાં ઘૂંટી તેના ગાંઠા ઉપર એરંડાના પાન વીંટી તડકે મૂકવો અને તેમાંથી પોતાની મેળે ધુમાડા નીકળવા માંડે કે તુરત જ તે ગોળાને ત્રાંબાના ડાબલામાં પેક કરી ડાંગલાને ખાખરા, ઢગલા.મા કે લાકડાના ઢગલામાં દાટી મૂકવાથી લોઢાની કે તાંબાની બહુ સુંદર ભસ્મ થાય છે. અબરખની જેમ અનુ અમૃતીકરણ કરવું જરૂરનું નથી આ રીતે આપેલા પુટને સ્વયમગ્નિપુટ કહેવાય.

સ્વયમગ્નિલોહ ન અગ્નિકર્મ બનાવવા માટે વપરાતી અગ્નિની મદદ વગર બનાવેલો લોઢાનો ને બનાવવા માટે પારદ ૧ ભાગ, ગંધક ૨ ભાગ અને તીક્ષ્ણલોહ ચૂર્ણ (જજ્જરચૂર્ણ) ૩ ભાગ એ ત્રણે વસ્તુને નીમેર્લના કે કુવ.ના રસમાં બે પહોર ઘૂંટી ગોળા કરવા એ ગોળા ઉપર એરંડાના પાન વીંટી ત્રાંબાના ડબ્બામાં સંપુટ કરી ખાખરા ઢગલામાં અડધા દિવસ મૂકી રાખવું.

સ્વયં [સ] અ. આપોઆપ, પોતે જાતે; પોતાની મેળે, જાતે પોતે, પરંતુ, પ્રભુ, સ્વભાવ.

સ્વયઉપગત વું માબાપની જેને ખબર નથી એવો કોઈ બાલક કે કિશોર અનાથનો પુત્ર તરીકે પોતાને સ્વીકારવા કહે અને સ્વીકારાય તે

સ્વયંકૃત [સં.] વિ. પોતે જાતે કરેલું; પોતાની મેળે કરેલ

સ્વયંકૃતિ સ્ત્રી. સ્વયંક્રિયા, પોતાનું કાર્ય.

સ્વયકૃતિકા ૧. [સં] સ્ત્રી. એક પ્રકારની નાયિકા.
૨. વિ પોતાની જાતથી કૃતિકાનું કામ કરનાર.

સ્વયચટશીલરસ [સ] પું આપોઆપ થંભી જતો રસ.

સ્વયંચલનયંત્ર ન પોતાની મેળે ચાલે એવું યંત્ર; ' ઓટોમેટિક મશીન '.
મનુષ્યનું શરીર એક **સ્વયચલનયંત્રની** માફક કામ કરે છે મણુભાઈ

સ્વયચલિત વિ. સ્વયંપ્રેરિત, પોતાની મેળે ચાલતું; ' ઓટોમેટિક '.

સ્વયચાલક જુઓ સ્વયંચલિત.

સ્વયજાતિ [સં.] સ્ત્રી. સ્વયં-જાતે જાણવું હોવું કે બનવું તે

સ્વયંજાત ૧ પું. પતિપત્નીના સંબંધથી ઉત્પન્ન થયેલો પુત્ર, ધર્મપત્નીનો પુત્ર, ઔરસ
૨ પું વિષ્ણુનાં ઢબ્બર માહેનું એક નામ.

૩ [સ સ્વય + જાત (જન્મેલું)] વિ જાતે જન્મેલું, સ્વયં જન્મ થયેલ, આપોઆપ જન્મેલું

સ્વયંજાતપ્રસૂતિ સ્ત્રી કોઈ પણ પ્રકારના બહારના ઉપદ્રવ વગર આવેલી સુવાવડ

સ્વયજ્ઞાસા સ્ત્રી પોતાની મેળે ઉત્પન્ન થતી જાણવાની શક્તિ

સ્વયંજ્યોતિ ૧ પુ એક સ્વ.મીનું ન.મ.
૨. પુ શિવના ઢબ્બર માહેનું એક નામ
૩. પુ. સ્વયંપ્રકાશ

સ્વયંતપાસ સ્ત્રી પોતે પોતે કરવાની તપાસ, જાતે કરેલ તપાસ

સ્વયંદત્ત ૧ [સ સ્વય + દત્ત (દીધેલું)] પુ એક બ્રાહ્મણનો પુત્ર, જેણે મયદાએ વિદ્વાન બાળકો છોકરાના ત્રણ મહિનાનો એક પ્રકાર જે છોકરાએ પોતાને દત્તક લેનાર માબાપને પોતાની જાત અર્પી દીધી હોય તે છોકરો; જેણે દત્તક તરીકે સ્વીકારવા પોતાની જાતને અર્પી દીધી હોય એવું તે. દત્તક લેનાર માબાપને દત્તક લેવાવા માટે પોતાની મેળે જ અર્પિત થયેલો પુત્ર
૨ વિ સ્વેચ્છાથી અર્પાયેલ, પોતાની મેળે અર્પાયેલ; જાતે અર્પેલું, પોતાની મેળે જ અર્પિત થયેલું

સ્વયંદાસ પુ બિનઅનુભવી બાળકોવાળા પરિવારમાં માહેનો એક પ્રકારનો દાસ, જાતે જ દાસપણું સ્વીકારનાર માણસ.

સ્વયંદૂતિકા જુઓ સ્વયંદૂતિકાનાયિકા.

સ્વયંદૂતિકાનાયિકા સ્ત્રી પોતાનો સંદેશો પોતે લઈ જનાર નાયિકા; પોતાના વરનું પોતે દૂતપણું કરનારી સ્ત્રી; પોતાની જાતથી દૂતિકાનું કામ કરનારી નાયિકા.

સ્વયંદૂતી સ્ત્રી પોતે જ દૂતીનું કામ કરનાર સ્ત્રી
મોરવ મુખારી સ્વયંદૂતી કહે વચારો ગીતગોવિંદ

સ્વયંદેહ [સ. સ્વયં + દેહ] પુ પોતે જાતે ધારણ કરેલ શરીર; સદેહ.

સ્વયંદ્રષ્ટા વિ. પોતે જ જોયું જાણનાર.

સ્વયંનિયમન ન. પોતાની જાત ઉપર પોતાનો જ કાબૂ; કોઈના કહેવાથી નહિ પણ પોતાની અંદરની શક્તિને લીધે કાબૂ; પરપ્રેરિત નહિ પણ સ્વયંપ્રેરિત નિયમન

સ્વયંનિર્ણય પુ પોતાની અવધારણા; આત્મનિર્ણય.

સ્વયંનિશ્ચિત [સં] વિ. પોતાથી નક્કી થાય એવું, પોતે નક્કી કરેલું; પોતાની મેળે બનેલું.

સ્વયંનિર્મિત [સ.] વિ. પોતાની મેળે બનેલ

સ્વયંપાક ૧. [સ.] પું જાતે પોતાને માટે બનાવેલો પાક; રસોઈ
૨. પું. જાતે હાથે રસોઈ કરવી તે; પોતાની મેળે રાંધવું તે.

સ્વયંપાકી ૧. [સં] પુ. પોતાની મેળે પોતાનો ખોરાક પકવનાર માણસ; હાથે રસોઈ કરનાર માણસ
૨. વિ. હાથે રાંધનાર; સ્વયંપાક કરી લેનારું.

સ્વયંપૂર્ણ [સં.] વિ પોતાની મેળે પૂર્ણ; બીજાના આધારની અપેક્ષા ન રાખનાર.

સ્વયંપ્રકાશ ૧. [સ.] પું આત્મા. તે અન્યને પ્રકાશનારો અને બીજા કોઈ વડે પ્રકાશમાં નહિ આવનારો હોવાથી શ્રુતિમાં તેને સ્વયંપ્રકાશ કહેલો છે
૨. પું. (જૈન) જ્ઞાનાદિ અવરણોનું જ્ઞાન જેના વડે થાય છે તે
૩. પું સૂર્ય; અગ્નિ.
૪ વિ આપ-જાતે પ્રકાશ તેજવાળું હોય તેવું; પોતાના તેજથી જ પ્રકાશિત.
પરં સત્ય સ્વયસિદ્ધ **સ્વયપ્રકાશ** છે વળી, સત્યાચરણી આનો તો મળનો છે સુદૃઢ સંગ. ગાંધીગીતા

સ્વયંપ્રકાશી વિ. પોતાની મેળે પ્રકાશનારું.

સ્વયંપ્રભ ૧. પું. મેરુનું નામ
૨. પુ સોમની ચોવીસ માહેની એક જાત.

સ્વયંપ્રભા ૧. [સં.] સ્ત્રી. સ્વયંપ્રકાશ.
૨. સ્ત્રી. (પુરાણ) હેમા નામની અપ્સરાની સખી. હેમાને મયાસુરે એક મહેલ બનાવીને ત્યાં રાખી તેની બંડે ચેન કરતો હતો. આગળ જતાં મયાસુરને છેદે ત્યાંથી કાઢી મૂક્યો ને હેમા સ્વર્ગમાં ગઈ. જતી વખતે પોતાને માટે નિર્માણ કરેલું સ્થળ સ્વયંપ્રભાને આપતી ગઈ. અંગદ વગેરે વાનરો સીતાની ખોળ કરવા જતા હતા તે વખતે સ્વયંપ્રભાને મળવાથી એણે તેમની આગતાસ્વાગતા કરી હતી. પછી તેમને આંખ મીંચવાનું કહી એક ક્ષણમાં સમુદ્ર તીરે પહોંચાડી દીધા હતા. તે દિવસ અધર્વની કન્યા હતી. વિષ્ણુ ભગવાનના દર્શન અર્થે ગુફામાં રહીને તપસ્યા કરતી હતી. હનુમાનજીને સીતાની ખોજ કરવા જતા તૃષા લાગી. તે વખતે પાણી પીવા તે તેની ગુફામાં ગયા હતા અને તેની સાથે તેમની મુલાકાત થઈ હતી.

સ્વયંપ્રભુ ૧. પું. અઠ્ઠાવીશી માહેનો એક ગ્રહ.
૨. ન. એ નામનું દેવલોક

સ્વયંપ્રમાણ વ. સ્વત:સિદ્ધ; પોતાની મેળે સાબિત થતું.

સ્વયંપ્રવૃત્ત [સં.] વિ. પોતાની મેળે ઉદ્યોગી બનનારું; બીજાની સહાય વગર કોઈ પણ વિષયમાં પ્રવૃત્ત થતું.

સ્વયંપ્રેરણા સ્ત્રી. પોતાની મનોવૃત્તિ; સ્વેચ્છા; આત્મપ્રકાશ; ફુરતી ભાવના.

સ્વયંપ્રેરિત ૧. [સં.] વિ. નિષ્કારણ; નિ:પ્રયોજન; અહેતુક.

૨. વિ. પોતાની મેળે પ્રેરણા થયેલી હોય તેવું

૩. વિ. પ્રકૃતિસિદ્ધ; સ્વાભાવિક; સ્વભાવ પ્રેરિત

સ્વયંબુદ્ધિ [સં.] પું. (જૈન) જે કોઈના ઉપદેશ વિના પોતાની જ્ઞાન શક્તિથી જ બોધ પામી સિદ્ધ થાય તે. સ્વયંબુદ્ધિ બે પ્રકારના છે. એક અરિહંત અને બીજા અરિહંતથી ભિન્ન જેઓ કોઈ એકાદ બાહ્ય નિમિત્તથી વૈરાગ્ય અને જ્ઞાન પામી સિદ્ધ થાય તે.

સ્વયંભાવ પું. સ્વતંત્ર કૃતિશક્તિ; સ્વતંત્ર ધર્મ્ય.

સ્વયંભુવ [સં. સ્વયં + ભૂ (થવું)] પું. પહેલો મનુ; પોતાની જાતે જ અસ્તિત્વમાં આવનાર પ્રથમ મનુ; સ્વયંભૂ.

સ્વયંભુવા સ્ત્રી. ધૂમપત્રા નામની વનસ્પતિ.

સ્વયંભૂ ૧. [સં.] પું. બ્રહ્મદેવ.

૨. પું. (પુરાણ) ચાક્ષુ મન્વંતરની પહેલી ચોકડીમાં થયેલ વ્યાસ. તેણે પૈલ, વૈશંપાયન જૈમિનિ અને સુમંતુને અનુક્રમે વેદના ઋગાદિક ચાર ભેદ શીખ્યા હતા. માર્કંડેય પાસેથી મનુર્વેદની શાખા પાછી લઈને તિત્તિરી ઋષિને આપી. એ ખટપટ વ્યાસ શિષ્ય વૈશંપાયનના સમયમાં થઈ હતી.

૩. પું. જિનદેવ.

અર્હન, જિન, પારગત, ત્રિકાલવિદ્, ક્ષીણાષ્ટકર્મા, પરમેષ્ઠી, અભીશ્વર, શંભુ, ભગવાન, જગત્પ્રભુ તીર્થંકર, જિનેશ્વર, સ્યાદ્વાદી, અજયદ, સાર્વ, સર્વજ્ઞ, સર્વદર્શી, સાર્વ, સર્વજ્ઞ, કેવલી, દેવાધિદેવ, ભોગ, પુરુષોત્તમ, વીતરાગ, આપ્ત એ સર્વ નામ **સ્વયંભૂ** એટલે જિનદેવના છે.

અમરકોષ

૪. પું. દેડકો

૫. પું. પરમેશ્વર. તે આપોઆપ પોતે જ છે. કોઈથી કદી ઉત્પન્ન નથી થયો તેથી તેનું નામ સ્વયંભૂ છે.

૬. પું. બ્રહ્મા.

બ્રહ્મા, આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, **સ્વયંભૂ**, ચતુરાનન, માત્ર, અબ્જયોનિ, દ્રુહિણ, વિરિંચિ, કમલાસન, ધાતા પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃજ્, વિધિ, નાભિજન્મા, અંડજ, પૂર્વ, નિધન, કમલોદ્ભવ, સદાનંદ, સ્વયંભૂતિ, સ્રષ્ટા, અને હંસવાહન એ બધાં નામ **સ્વયંભૂ** એટલે બ્રહ્માના છે.

અમરકોષ

૭. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર મહેતુ એક નામ.

૮. પું. શિવ.

૯. પું. રત્ન

૧૦. વિ. (કાવ્ય) આપમેળ સ્થિત.

૧૧. વિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલું; પોતાની મેળે ઉત્પન્ન થનાર; પોતે પોતામાંથી ઉત્પન્ન થયું.

૧૨. વિ. સ્વત:સિદ્ધ.

૧૩. વિ. સ્વયંપ્રકટ.

સ્વયંભૂરમણ [સ] વિ (જૈન) પોતાની મેળે પૃથ્વીમાં રમણ કરનાર

સ્વયંભૂવાદ પુ ઈશ્વરનો વિચાર. તે જ તેનું અસ્તિત્વ પ્રમાણ સૂચવે છે અર્થાત્ ઈશ્વર વિષેના વિચારમાં જ તેના અસ્તિત્વનું પ્રમાણ સમાઈ ગયેલું છે અને ઈશ્વર વિષે વિચાર હોવો અને તેનું અસ્તિત્વ ન હોવું તે બની શકે જ નહિ. આ પ્રમાણને સ્વયંભૂવાદ કહેવાય છે.

સ્વયંભોજ પુ (પુરાણ) સોમવંશી વસુકુલોત્પન્ન સાત્વત વંશના ઋક્ષના પૌત્ર ધૃષ્ણુના અન્વયમાં થયેલા શિનિ રાજાનો પુત્ર એને હૃદિક નામનો પુત્ર હતો.

સ્વયંરચિત [સં.] વિ. પોતે રચેલ.

વિચારણા, કલ્પના, અંત:પ્રેરણા આદિ જેમાં પ્રધાન છે તેવા શાસ્ત્રોનાં અતિશય અભ્યાસથી વસ્તુસ્થિતિ પ્રતિ અણગમો કરવાનો તથા **સ્વયંરચિત** મત સૃષ્ટિની પૂજામાં જ વિચારવાનો સ્વભાવ પડી જવા જેવો વિરોધ સંભવે છે.

ગુ. સા. પરિષદ

સ્વયંવર ૧ [સં. સ્વયં (પોતાની મેળે) + વૃ (પસંદ કરવું)] પું. કન્યાએ પોતે પોતાના માટે વરની ચૂંટણી કરવી તે; ઘણા જુવાનોને એકઠા કરી અમુક કાર્ય કરનારને કન્યાએ પોતાના વર તરીકે પસંદ કરવાની રીત, કન્યાએ પોતે વર પસંદ કરવો તે

૨. પુ કન્યાએ પોતે વર પસંદ કરવા માટેનો સમારંભ.

રાણીજી! ક્ષત્રિયોના **સ્વયંવર** સંસારની સમૃદ્ધિના કે સૌંદર્યના ? કુંવરી વરાવશો રાજાને કે રાજવીને ?

નાનાલાલ

સ્વયંવર મંડપ [સં.] પું. સ્વયંવરમાં આમંત્રેલ ભૂપતિઓને બેસવા માટેનો મંડપ.

સ્વયંવરમંડપ અને સરોવર એ બંને સ્થળો એવાં છે કે, કોઈ પણ કવિને તે આવ્યાં વિના રહે નહિ.

મેઘાણી

સ્વયંવરા [સ સ્વયમ (પોતાની મેળે) + વરા (વરનારી)] સ્ત્રી પોતાની મેળે પતિને વરનારી કન્યા.

સ્વયંચલન [સ] ન સ્વપ્રકૃતિ, સ્વપ્રક્રિયા.

સ્વયંચલ [સ.] પું વિ પોતાની મેળે ગતિ કરનારું; પોતાનામાં જ સંચલન શક્તિવાળું; પોતાની મેળે ચાલતું; આત્મચાલક; આત્મવેગી; સ્વયંચાલક; ' ઓટોમેટિક '.

સ્વયંચલયંત્ર [સં.] ન આત્મચાલક યંત્ર; પોતાની મેળે ચાલનારું યંત્ર

સ્વયંવાયુભારસૂચક [સં.] ન. એક જાતનું વાયુભારમાપકયંત્ર. તે પોતાની જાતે ઠાગળ ઉપર વાયુનો ભાર દર્શાવે છે

સ્વયંવિકાસ [સ] પુ પોતાની મેળે એટલે બહારની પ્રેરણા વિના થતો વિકાસ

જ્યારે બાળક પુનરાવર્તન કરવાની સ્થિતિએ પહોંચે ત્યારે સમજવું કે તે **સ્વયંવિકાસને** માર્ગે છે.

મોન્ટેસોરી પદ્ધતિ

સ્વયંવિચાર [સ] પુ. પોતાની મેળે વિચાર કરવો તે.

સ્વયંવેદ્ય [સ] વિ પોતાને પોતાના અનુભવથી જણાય તેવું.

સ્વયંવેદ્ય જ્યાં બધા જ્ઞાન જે ગુરુ ગમ હોય.

અખો

સ્વયંવ્યાખ્યાત્રી [સં.] સ્ત્રી. વ્યાખ્યા આપનારી વિદુષી સ્ત્રી

બૌદ્ધ ધર્મની અંદર તેમ જ બહાર થયેલી વિદુષી સ્ત્રીઓ આર્યાઓ એટલે કે **સ્વયંવ્યાખ્યાત્રી** થઈ.

પ્રસ્થાન

સ્વયંશક્તિ [સં.] સ્ત્રી. અંત:શક્તિ.

જે સાધનોમાં બાળકોની ભૂલ સુધારવાની **સ્વયંશક્તિ** માલૂમ પડી છે તે જ સાધનો ડૉ. મોન્ટેસોરીએ બાલવિકાસના સાધનો તરીકે સ્વીકાર્યાં છે.

મોન્ટેસોરી પદ્ધતિ

સ્વયંશંકા [સ] સ્ત્રી પોતાની મેળે ઉપજાવેલી શંકા.

સ્વયંશાસન ૧ [સ.] ન આત્મશાસન

૨. ન. સ્વરાજ્ય.

સ્વયંશાસિત ૧. વિ પોતાના તાબાનું; પોતાની હકૂમત નીચેનું

૨. વિ. સ્વયંભૂ.

વહીવટદાર અને **સ્વયંશાસિત** નગરરક્ષકથી જીવનું કારણ રહેતું જ નથી.

કાલેલકર

સ્વયંશિક્ષક ૧. [સ] પું પોતાની મેળે પોતાના શિક્ષક થવાય તેવું પુસ્તક.

૨. પું. પોતાની મેળે શીખનાર માણસ.

ઘરમાં મા-બાપ સભાન ન હોય તેટલી અને તેવી કાળજી ઠાકર બાપા અને તેમના **સ્વયંશિક્ષકો** આ બાળકોની લે છે. પ્રસ્થાન

સ્વયંશિક્ષણ [સ] ન. પોતાની મેળે શીખવું તે, પોતે પોતાને શિક્ષણ આપવું તે; 'ઓટો એજ્યુકેશન'.

મંદબુદ્ધિના બાળકોને જે જ્ઞાન શિક્ષણથી આપી શકાય છે તે સમધારણ બુદ્ધિના બાળકો **સ્વયંશિક્ષણ**થી મેળવી લે છે

મ.ન.ટંકારી પદ્ધતિ

સ્વયંશિક્ષણપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણ શાસ્ત્રની એ નામની એક પદ્ધતિ; મૉન્ટેસોરી પદ્ધતિ. આ પદ્ધતિ બાળક પોતાને જરૂરનું શિક્ષણ પોતાની બુદ્ધિ દ્વારા લે એનું વાતાવરણ ઊભું કરે છે સ્વાતંત્ર્ય અને સ્વયસ્ફૂર્તિએ આ પદ્ધતિના શ્વાસોચ્છ્વાસ છે આ પદ્ધતિમાં શિક્ષકનું સ્થાન ફક્ત બાળકને સ્વતંત્રતાને માર્ગે મૂકવાનું, તેની પરાધીન સ્થિતિમાંથી સ્વાવલંબિત સ્થિતિએ જવા તેનું વાતાવરણ રચવાનું છે. તે અલગ તટસ્થ છે છતાં પ્રવાહમાં આવતા કચરાને દૂર કરે છે અને તે દક્ષ હોવા છતાં અનુકૂળ સાધન, સામગ્રી અને વાતાવરણનો સર્જક છે આ પદ્ધતિના સ્થાપક ડૉ. મેરીઆ મૉન્ટેસોરી છે. આ પદ્ધતિ વ્યક્તિગત અને સ્વતંત્ર કોઈ વ્યક્તિવિકાસને જેટલો જાઈએ તેટલો સંપૂર્ણ અવકાશ આપે છે આ પદ્ધતિમાં બાળકની માનસિક શક્તિઓ એટલે કે, બુદ્ધિશક્તિ, ક્રિયાશક્તિ અને કલ્પનાશક્તિ ખીલવવાનો અવકાશ છે તે પ્રશ્ન છે અને ભાષા, ગણિત વગેરે વિષયોનું શિક્ષણ ગૌણ છે. આ પદ્ધતિમાં વખતપત્રક, અભ્યાસક્રમ એવું નિયમન કાંઈ હોતું જ નથી.

સ્વયંશિક્ષિકા [સં.] સ્ત્રી. પોતાની મેળે પોતાના શિક્ષક થવાનું એક પુસ્તક.

સ્વયંશ્રેષ્ઠ [સં] પું. શિવનાં હજાર માંહેનું એક નામ

સ્વયંસત્તાક [સં] વિ. બીજાને આધારે નહિ; પોતે પોતાથકી જ સત્તાવાળ; 'સોવરેન'.

સ્વયંસંચાલિત [સં.] વિ. પોતાની મેળે ગતિમાં આવી શકે તેવું

સ્વયંસંભુદ્ધ [સ.] પું. પોતાના સામર્થ્યથી બીજાનો પણ ઉદ્ધાર કરે તેવો મહાપુરુષ.

આવા **સ્વયંસંબુદ્ધો** ઘણા છે. તેમાં આ કલ્પના ઊભવા **સ્વયંસંબુદ્ધ** ગૌતમ બુદ્ધ છે

પુરાતત્ત્વ

સ્વયંસિદ્ધ [સં.] વિ. જેની સત્યતા સિદ્ધ કરવા માટે બીજા પ્રમાણ ઉપર આધાર રાખવો પડતો ન હોય તેવું; બીજી સિદ્ધિની જરૂર વિનાનું; આપોઆપ સિદ્ધ.

સત્ય **સ્વયંસિદ્ધ** છે. અહિંસા તેનું સંપૂર્ણ ફળ છે. ગાંધીજી

સ્વયંસુધરાઈ સ્ત્રી. પોતાની મેળે સુધારો કે સફાઈ રાખવી તે

આ **સ્વયં સુધરાઈ** આપણા બાળકે હાથ ધરવી તો સુધરાઈ ખાતાની ઘણી મુશ્કેલીઓમાં મદદ મળવા ને એથી રોગો ફેલાતા અટકવા. ચિનુભાઈ

સ્વયંસુધારક [સં] વિ. આપમેળે સુધરી શકે એવું.

સ્વયંસેવક [સ] પું. [સ્ત્રી. સ્વયંસેવિકા] પોતાની મેળે નેવા કરવા તૈયાર થયેલો માણસ, સ્વેચ્છા સૈનિક, સ્વેચ્છાએ બનેલો સેવક; 'વૉલન્ટિયર'. ગાંધીજી લખે છે કે, સ્વયંસેવક એ કે જે પગાર લઈ સેવા કરતો હોય તેના કરતાં વધારે વૈતરું કરે, વધારે પ્રામાણિક હોય, વધારે શક્તિ ધરાવે, વધારે નમ્ર હોય, હુકમને તાબે રહેવાની શક્તિ વધારે ધરાવે. એવા સેવકને માત્ર તેના પેટપૂરતું જ આપેલું હોય. એ બિલ્લા ઉપર નથી નભતો. પણ એ દેશની સાચી સેવા કરે છે. એ વધારે આપે છે અને ઓછું લે છે

સ્વયંસેવકદળ ન. સ્વયંસેવકનો જત્થો કે સમૂહ

સ્વયંસેવા [સં.] સ્ત્રી. પોતાની હોંશથી કરાતી સેવા

સ્વયંસેવિકા [સં.] સ્ત્રી. બી સ્વયંસેવક

સ્વયંસૈનિક જુઓ સ્વયંસેવક

સ્વયંસૈનિક પદ્ધતિ [સ.] સ્ત્રી. સ્વૈરાચાર

સ્વયંસ્ફુરણા સ્ત્રી. સ્વયંચેતના; સ્વયંસ્ફૂર્તિ.

સ્વયંસ્ફુરિત [સં.] વિ. પોતાની મેળે અંતરથી સ્ફુરી આવેલ કે પ્રેરાયેલ

આ નિષ્ઠતા અને સંસ્કારિતા ત્યારે જ આવે કે જ્યારે સંસ્કર્તામાં આવેલ ઘાર્મોના **સ્વયંસ્ફુરિત** ચારિત્રના વપરાશથી આપણામાં અનુભવ જન્મ્યો હોય. મૉન્ટેસોરી પદ્ધતિ

સ્વયંસ્ફૂર્તિ [સં.] સ્ત્રી. સ્વાભાવિક સ્ફુરણા, પોતાની મેળે જ થયેલ સ્ફુરણા.

સ્વયંસ્ફૂર્ત્તિ જુઓ સ્વયંસ્ફૂર્તિ.

સ્વયોનિ [સં.] સ્ત્રી. પોતાનું ઉત્પત્તિ સ્થાન

સકલ સંસારમાં કંઈ નષ્ટ થતું નથી, પણ **સર્વ** વસ્તુઓ **સ્વયોનિ**માં શાંત થાય છે.

સરસ્વતીચંદ્ર

સ્વર ૧. [સ સ્વ (અવાજ કરવો)] પું. અવાજ; ઘાટો; નાદ; ધ્વનિ, સૂર

૨. પું. જેનો પૂર્ણ ઉચ્ચાર કોઈની મદદ વિના થઈ શકે તેવો વર્ણ. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, (પ્લુત), ઓ, (પ્લુત), ઔ, અં, અઃ. આમ પહેલા બાર અક્ષર સ્વર કહેવાય છે કારણ કે, તેનો ઉચ્ચાર પોતાની મેળે કોઈની મદદ વિના થાય છે. તેનો ઉચ્ચાર સ્પષ્ટ છે આમાના અ, ઇ, ઉ, ઋ, ઌ હ્રસ્વ સ્વર છે આ ઈ, ઊ, ૠ દીર્ઘ સ્વર છે અને એ, ઐ, ઓ, ઔ સયુક્ત સ્વરો છે કારણ કે, તેઓ બબ્બે સ્વરોના બનેલા છે. સ્વરની પછી (ં)ને અનુસ્વાર અને (ઃ)ને વિસર્ગ કહે છે જેમકે, અં, અઃ ઈં, ઃિ વગેરે સ્વર શબ્દને સ્વાર્થિક અ પ્રત્યય લાગી, આદિ સ્વરની વૃદ્ધિ થઈ, અંત્ય સ્વર લોપાઈ, સ્વાર શબ્દ થયો છે. 'સ્વર' તે જ 'સ્વારની'—સ્વરની પછી આવે છે માટે અનુસ્વાર. આજ રીતે : નો ઉચ્ચાર કરવામાં વિશેષ શ્વાસ મૂકવો પડે છે માટે વિસર્ગ કહેવાય છે. સ્વરના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ પ્રકાર છે. ટૂંકું બોલાય તે હ્રસ્વ જેમકે, અ, ઇ, ઉ, ઋ, અને ઌ. લાંબુ બોલાય તે દીર્ઘ જેમકે, આ, ઈ, ઊ, અને ૠ કોઈને દૂરથી બોલાવતાં તેના નામનો છેલ્લો સ્વર દીર્ઘથી પણ લાંબો ઉચ્ચારાય તે પ્લુત કહેવાય છે. હ્રસ્વ સ્વરની એક માત્રા, દીર્ઘની બે અને પ્લુતની ત્રણ માત્રા ગણાય છે. માત્રા એટલે આંખના પલકારા જેટલો કે વીજળીના ઝબકારા જેટલો વખત. હ્રસ્વ અને દીર્ઘ સ્વરો ગુણ અને વૃદ્ધિ લે છે. ગુણ: અ નો ગુણ અ, ઇ, ઈનો ગુણ એ, ઉ, ઊ નો ગુણ ઓ; ઋ, ૠ નો ગુણ અર્; અને ઌ નો ગુણ અલ્ થાય છે. વૃદ્ધિ: અની વૃદ્ધિ આ; ઇ, ઈની વૃદ્ધિ ઐ; ઉ, ઊ ની વૃદ્ધિ ઔ; ઋ, ૠ ની વૃદ્ધિ આર્ અને ઌ ની વૃદ્ધિ આલ્ થાય છે ગુજરાત વ.વિદ્યાસભામાં શ્રી કે. મા. તારવી લખે છે કે, સંસ્કૃત વૈયાકરણો પ્રાથમિક સ્વરો પાંચ ગણે છે: અ, ઇ, ઉ, ઋ, ઌ. આમાંના છેલ્લા બેના સ્વરાત્મક ઉચ્ચારણ નષ્ટ થઈ ચૂક્યાં છે. વૈદિક કાળમાં ઋનું ઉચ્ચારણ હોય એમ લાગે છે. પરંતુ ઌનો ઉચ્ચાર તો અતિ પ્રાચીન કાળથી જ લુપ્ત થઈ ચૂકેલો. મહર્ષિ પતંજલિ ઋલઌ એ શિવસૂત્રના ભાષ્યમા કહે છે કે, આ લકારનો પ્રયોગ જ થોડોક છે જે છે તે પણ ક્લૃપ્ ધાતુ અને એ ઉપરથી બનેલા કલ્પક, કલ્પસૂત્રમા જ છે. ઋક્ પ્રાતિશાખ્યમાં તો શૌનક, પદના અંતિમ અને આદિ અંતમા રહેલો ઌ સ્વરોમા નથી એ પ્રમાણે માત્ર વ્યંજનમા મળીને જ

સ્વર મળે છે. અત્યારે આપણે ઋ અને ૠનાં ર્ + ઉ, અને ઌ + ર્ + ઉ એવા જ ઉચ્ચાર ગુજરાતીમા કરીએ છીએ. મૂલ સસ્કૃત તત્સમ શબ્દોની શુદ્ધિ જાળવવા માટે આપણી ભાષાઓમાં ઋ અને ૠ સ્વીકારવામાં આવ્યા છે. એ જ રીતે : વિસર્ગ પણ માત્ર સસ્કૃત તત્સમ શબ્દમા જ પ્રયુક્ત છે પરંતુ એનુ ઉચ્ચારણ સ્વતંત્ર તેમ જ અત્યાર સુધી જળવાઈ રહેલુ છે એટલે કે મૂલભ્રન્થાત્મક વર્ણોમાં એનો સમાવેશ ન કરીએ તો વર્ણમાળા અધૂરી જ લેખાય. વળી ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા સ્વરના ત્રણ વિભાગ વેદમા છે. ઊંચે ઉચ્ચારાય તે ઉદાત્ત, નીચે બોલાય તે અનુદાત્ત અને જેમાં ઉદાત્ત ને અનુદાત્ત બનેનાં લક્ષણ હોય તે સ્વરિત. સ્વરિત સ્વર વર્ણની ઉપર ચિહ્નથી, ઉદાત્ત વર્ણની ઉપર ¯ ચિહ્નથી અને અનુદાત્ત વર્ણની નીચે _ ચિહ્નથી દર્શાવાય છે. સ્વર દર્શાવવાની એ એક જ રીત નથી. સામવેદમા અક્ષરની સાથે આંકડા મૂકવાની રીત છે.

૩. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ પ્રાણ વગેરે વાયુનો વ્યાપાર

૪. પું. (પિંગળ) પ્રબંધનાં ૫ અંગહેતુ એક અંગ.

૫. પું (વેદાંત) પ્રશ્ન પૂછવા વગેરે માટે વર્ણ વગેરેનું ઉચ્ચારણ કરવામાં અમુક પ્રકારનો કરવામાં આવતો ધ્વનિ.

૬. પું. પ્રાણની એક અવસ્થા.

૭. પું. વાસ્તવિક રીતે તો સાત હોવાથી ૭ સૂચક એક સાંકેતિક શબ્દ.

૮. પું. (યોગ) શ્વાસનો પ્રવાહ નાક વાટે ચાલવો તે. શ્વાસ જ્યારે ડાબા નસકોરામા ચાલતો હોય છે ત્યારે તેને ચંદ્ર સ્વર અથવા ઈડાનો પ્રવાહ કહે છે. જ્યારે તે જમણા નસકોરામાં ચાલતો હોય છે ત્યારે તેને સૂર્ય સ્વર અથવા પિંગળાનો પ્રવાહ કહે છે. બંને સ્વર એક સાથે ચાલતા હોતા નથી. જ્યારે સ્વર બદલે છે ત્યારે બને સ્વર એકી સાથે થોડો વખત ચાલે છે ત્યારે તેને સુષુમ્ણાનો પ્રવાહ કહે છે. પ્રત્યેક પખવાડિયામાં શ્વાસની ગતિ બદલાતી હોય છે. દરેક નસકોરામા લગભગ દરેક શ્વાસ એક કલાક ચાલીને બદલી જાય છે. અજવાળિયાની એકમે સૂર્યોદય વખતે ચંદ્ર સ્વર ચાલતો જોઈએ અને અંધારિયાની એકમે સૂર્યોદય વખતે સૂર્ય સ્વર ચાલવો જોઈએ. આ પ્રમાણે નિયમપૂર્વક જ્યારે શ્વાસ ચાલતો હોય ત્યારે મનુષ્યને તે પખવાડિયામાં શુભદાયક પરિણામ મળે છે અને વિપરીત દશામાં અશુભ પરિણામ મળે છે. ચંદ્રની કલાનુ સૂક્ષ્મ પરિવર્તન દરેક પખવાડિયામાં સ્વરમાં પરિવર્તન કરે છે. એકમથી સૂર્યોદય પર દરરોજ સ્વર બદલે છે. અજવાળિયામાં ૧, ૨, ૩, ૭, ૮, ૯, ૧૪ અને પૂર્ણિમા આ તિથિઓમાં સૂર્યોદય પર ચંદ્ર સ્વર ચાલે છે અને બાકીની ૪, ૬, ૬, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ તિથિઓમાં સૂર્યસ્વર. તે પ્રમાણે અંધારિયામાં પણ દરેક ત્રીજા દિવસ પછી સૂર્યોદય પર સ્વર બદલે છે આ કુદરતી નિયમ છે. ચદ્ર અને સૂર્યના અદશ્ય કિરણોનો પ્રભાવ સ્વર પર પડે છે. ચદ્રનો ગુણ શીતળ અને સૂર્યનો ઉષ્ણ છે. શીતળતાથી સ્થિરતા, ગંભીરતા, વિવેક આદિ ગુણ ઉત્પન્ન થાય છે અને ઉષ્ણતાથી તેજ, શૌર્ય, ચંચળતા, ઉત્સાહ ક્રિયાશીલતા, બળ વગેરે ગુણ ઉત્પન્ન થાય છે. સ્વરયોગીઓનુ માનવુ છે કે, વિવેકપૂર્ણ અને રચાત્મક કાર્ય ચદ્રસ્વરમાં કરવુ. આવાં કાર્યોમા દાન, મંદિર, કૂવા કે તળાવ બનાવવાં, નવાં વસ્ત્ર ધારણ કરવાં, ઘર બનાવવું, આભૂષણ બનાવવાં, સોબત બાંધવા, ઔષધિ લેવી, રસાયણ બનાવવુ, મૈત્રી કરવી, દૂરની યાત્રા, વિહારણ, ધર્મ, યજ્ઞ, દીક્ષા વગેરેનો સમાવેશ થાય છે. ઉત્તેજક અને આવેશ કે ક્રોધની સાથે કરવામાં આવતાં કાર્યો માટે સૂર્યસ્વર ઉત્તમ ગણાય છે. આવાં કાર્યોમાં ક્રૂર કર્મ, યુદ્ધ કર્મ, યુદ્ધ, દેશનો નાશ, વિષ બનાવવું, શિકાર, મદ્ય પીવુ, હત્યા કરવી, લાકડું પથ્થર રત્ન વગેરે વસ્તુઓ તોડવી વગેરે કાર્યોનો સમાવેશ થાય છે. અમુક સમયે જ્યારે બને નાડી એટલે કે સુષુમ્ણા સ્વર ચાલતો હોય છે, ત્યારે શરીર સધિ અવસ્થામાં હોય છે. તેને સધ્યાકાળ કહે છે. આ વખતે જન્મ અથવા મરણસમય જેવી પારલૌકિક ભાવના મનુષ્યમાં જાગ્રત થાય છે; સંસાર પ્રત્યે વિરક્તિ, ઉદાસીનતા અને અરુચિ ઉત્પન્ન થાય છે. વળી મનુષ્ય આત્મચિંતન તરફ ઢળે છે. આ સમય બહુ જ થોડા સમય માટે આવે છે તેથી તેનો સારી રીતે ખ્યાલ પણ હોતો નથી. આ સધ્યાસમય ઈશ્વરપરાયણ ચિંતન માટે ઘણો જ ઉપયોગી છે પરંતુ સાંસારિક કાર્યો માટે યોગ્ય નથી. આ વખતે આત્મિક ભાવનો થોડો ઉદય થાય છે તેથી આ સમયે આપેલ શાપ અસર વરદાન મોટે ભાગે ફળીભૂત થાય છે. જેવી રીતે સૂર્યની ઉત્તરાયણ અને દક્ષિણાયન એમ બે ગતિ હોય છે તેવી રીતે શરીરમાં ઈડા, પિંગળાની પણ બે ગતિ હોય છે. દિવસમાં ઉત્તરાયણ છે અને રાત્રિએ દક્ષિણાયન. ઈડા ઉત્તરાયણ છે અને પિંગળા દક્ષિણાયન. જેવી રીતે ઉત્તરાયણના મહિનાઓમા શીતળતા પ્રધાન હોય છે તેવી રીતે ચદ્રનાડી એટલે ઈડા શીતળ હોય છે અને દક્ષિણાયનના મહિનામાં ગરમીની પ્રધાનતા હોય છે તેવી રીતે સૂર્ય એટલે પિંગળા નાડીમાં ઉષ્ણતા એટલે ઉત્તેજના વધારે હોય છે સૂતી વખતે ચત્તા. સૂવું ન જોઈએ. અમ કરવાથી સુષુમ્ણા સ્વર ચાલે છે અને તેથી ભયાનક તથા અશુભ સ્વપ્ન આવે છે સૂર્યસ્વરમાં પાચનશક્તિની વૃદ્ધિ થાય છે માટે સૂર્યસ્વરમા જ ભોજન કરવુ જોઈએ. ભોજન બાદ ડાબે પડખે સૂઈ જવુ જોઈએ ડાબે પડખે સૂવાથી જમણો સ્વર એટલે કે સૂર્યસ્વર ચાલે છે અને પાચનશક્તિ પ્રદીપ્ત થાય છે. જમ્યા પછી તરત જ મૂત્રત્યાગ કરવો જોઈએ. પેશાબ ચદ્રસ્વરમા અને મળત્યાગ સૂર્યસ્વરમાં કરવો જોઈએ પરંતુ મળત્યાગ કરતી વખતે પેશાબ સૂર્યસ્વરમા કરાય તો કઈ દોષ થતો નથી.

૯. પું (સગીત) સગીતના સાત માહનો દરેક સૂર. કોયલ, મોર, બેના, સારસ વગેરે પ્રાણીઓના અવાજો, માણસ જાતનાં ગીતો વગેરે એ બધાં જીવજન્ય નાદો આપણા કાનને મધુર લાગે છે ને તેથી આનંદ થાય છે. ઘટ, વાદ્યોના સ્વરોના ઝણકારા, ઝાંઝર, રીદી, વગેરે જડજન્ય ધ્વનિઓ સાભળવાથી આનંદ થાય છે. એ પ્રમાણે દુનિયામાં સજીવ, પ્રાણીઓના જેટલા મધુર સ્વરો, શબ્દો કે અવાજો અને જડ પદાર્થોથી ઉત્પન્ન થતા જેટલા મધુર ધ્વનિઓ હોય છે તે બધા વધતાઓછા બળથી મન ઉપર અસર કરીને અંતઃકરણમાં આનંદ ને શાંતિની કે ક્રોધજાતની લાગણી ઉત્પન્ન કરે છે. આવી અસર કરનારા જેટલા સુમધુર અવાજો તથા ધ્વનિઓ છે તેનું પૃથક્કરણ કરતાં કરતાં વિદ્વાનોએ એવું શોધી કાઢ્યું છે કે એ બધા અવાજો કે ધ્વનિઓ આસ સાત પ્રકારના નાદમાં આવી જાય છે તે નાદોને સૂર કે સ્વર કહે છે. પોતાની મેળે જે સાંભળનારના ચિત્તને ખુશ કરે છે, તે જ સ્વરની ગણતરીમાં ગણાય છે. મુખ્ય સાત સ્વર આ પ્રમાણે છે: (૧) ષડજ. તે નાભિમાંથી ઉત્પન્ન થાય છે. (૨) ઋષભ. તે હૃદયમાંથી ઉત્પન્ન થાય છે (૩) ગાધાર. તે વક્ષઃસ્થળમાંથી ઉત્પન્ન થાય છે. (૪) મધ્યમ. તે કંઠમાંથી ઉત્પન્ન થાય છે. (૫) પચમ. તે મુખમાંથી ઉત્પન્ન થાય છે. (૬) ધૈવત. તે તાલુમાંથી ઉત્પન્ન થાય છે. (૭) નિષાદ તે અનુનાસિક મિશ્રિત મૂર્ધન્યમાંથી ઉત્પન્ન થાય છે એ ગ્રામના સાતે સ્વરો સક્ષેપમાં બોલવા હોય ત્યારે તે દરેકનો પહેલો અક્ષર સત્તા તરીકે લઈને બોલાય છે. જેમકે સ, રિ, ગ, મ, પ, ધ નિ પશુપક્ષીના અવાજમાં પણ એ સાતે સ્વરો માલૂમ પડે છે. મોર ષડજ બોલે છે, ગાય ઋષભ બોલે

છે, અકરો તથા ઘેટો આંધાર બોલે છે. ક્રૌંચ પક્ષી મધ્યમ બોલે છે, વસંત ઋતુમાં કોયલ પંચમ સ્વર બોલે છે, ઘોડો ધૈવત સ્વર અને હાથી નિષાદ સ્વર બોલે છે. ષડજ સ્વર બેંતી વર્ણની, ઋષભ સીતેર વર્ણની, ગાંધાર સાઠ વર્ણની, મધ્યમ ચાલીસ વર્ણની, પંચમ ત્રીસ વર્ણની, ધૈવત વીસ વર્ણની, અને નિષાદ દસ વર્ણની ઉભરે ધ્વનિ કરીને પૂર્ણ રીતે નીકળી શકે છે. વળી સ્વરના સ્થાયી સ્વરો અને અસ્થાયી સ્વરો એવા પણ બે ભેદ છે જે સ્વર સ્થાયી અથવા કાયમ રહે છે એટલે પોતાની જગ્યા છોડતા નથી તેને સ્થાયી કહે છે. સ્થાયી સ્વર ફક્ત બે જ છે ષડજ અને પંચમ. જે સ્વરોમાં કાર્ય કરવાનું અથવા ચડઉતર થાય છે તેને અસ્થાયી સ્વરો કહે છે. અસ્થાયી સ્વરો પાંચ છે. ઋષભ, ગાંધાર, મધ્યમ, ધૈવત અને નિષાદ તમામ અસ્થાયી સ્વરોના બબ્બે ભેદ છે. એ બબ્બે ભેદ ઋષભ, ગાંધાર, ધૈવત અને નિષાદના એકસરખા છે અને મધ્યમના જુદા છે. પહેલા ચાર અસ્થાયી સ્વરોના ભેદનાં નામ: ૧ તીવ્ર અને ૨. કોમળ. મધ્યમ સ્વરના ભેદનાં નામ: ૧. શુદ્ધ અને ૨. તીવ્ર કુદરતી નિયમ પ્રમાણે જે સ્વર નીકળે છે, તેને શુદ્ધ સ્વર કહે છે. શુદ્ધ સ્વરથી નીચા સ્વરનું નામ કોમળ, અને ઊંચા સ્વરનું નામ તીવ્ર છે. બે સ્થાયી સ્વર, પાંચ અસ્થાયી સ્વર અને પાંચ અસ્થાયીના પેટા સ્વર મળી કુલ બાર સ્વર આ પ્રમાણે થાય છે. સંગીતના સાત સ્વરોની ઉત્પત્તિ આ પ્રમાણે મનાય છે: (૧) ષડજ – સા – તેથી મોરવિદ્યા ચાલે છે, અને કરેલુ કામ નિષ્ફળ જતુ નથી; ગાય, પુત્ર, મિત્ર, પ્રાપ્ત થાય છે. (૨) ઋષભ – રિ – તેથી સેનાપતિપણું, ધન, વસ્ત્રો, સુગંધી, ઘરેણાં, સ્ત્રી, રાજન ઇત્યાદિ મળે છે (૩) ગાંધાર – ગ – તેથી ગીત કરનાર, વેશ વૃત્તિવાળા, કલાપટુ એવા કવિઓ અને બીજા રાસ્તાઓ હોય છે (૪) મધ્યમ – મ – તેથી સુખકર્તા હોય છે, ખાય છે, પીએ છે, દે છે. (૫) પંચમ– પ – તેથી માણસ ભૂમિપતિ બને છે. તેમ જ શૂર, સંગ્રામક અને અનેક મનુના નાયક થાય છે (૬) ધૈવત– ધ – તે સ્વરવાળા દુઃખી થાય છે, ખરાબ વસ્ત્રોવાળા, ખરાબ આજીવિકાવાળા, ચોર ને ચંડાલ થાય છે (૭) નિષાદ– નિ – તે સ્વરવાળા કલહકારી, પગે ટોડનાર, કાસદ, ભટકનાર અને ભારવાહક થાય છે સંગીત રત્નાકરમાં લખ્યા મુજબ જૂની હિંદની ભૂગોળમાં વર્ત્તમાન દુનિયાના સાત દ્વીપમા અનુક્રમે સંગીતનો એક એક સ્વર ઉત્પન્ન થયો સ જબુ દ્વીપમાંથી, રિ શાક દ્વીપમાંથી, ગ કુશ દ્વીપમાંથી, મ ક્રૌંચ દ્વીપમાંથી, પ શાલ્મલી દ્વીપમાંથી, ધ ગોમેદ દ્વીપમાંથી અને નિ પુષ્કર દ્વીપમાંથી ઉત્પન્ન થયા હોવાનુ મનાય છે. સંગીતના સાત સ્વરો માટે 'સ્વર કિન્નરી' નામના પુસ્તકમાં આ પ્રમાણે લખ્યાનુ છે કે, અગ્નિ, બ્રહ્મા, ચન્દ્રમા, વિષ્ણુ, નારદ, તુમ્બરુ અને ધનદ (કુબેર) એ અનુક્રમે સાત સ્વરના ઋષિઓ છે. વહ્નિ, બ્રહ્મા, સરસ્વતી, ઇંદ્ર, વિષ્ણુ, મહેશ અને સૂર્ય અનુક્રમે ષડ્જાદિ સ્વરોના દેવતા છે. અનુષ્ટુપ, ગાયત્રી ત્રિષ્ટુપ, બૃહતિ, પંક્તિ, ઉષ્ણિક, જગતી એ સાત સ્વરોના અનુક્રમે છંદ છે. ષડ્જ અને ઋષભ સ્વરો અદ્‌ભુત, રૌદ્ર અને વીર રસના છે ગાંધાર અને નિષાદ સ્વર કરુણ રસના છે. મધ્યમ અને પંચમ સ્વર હાસ્ય અને શૃંગાર રસના છે.

	સ્થાયી	અસ્થાયી		અસ્થાયી		સ્થાય.	અસ્થાયી		અસ્થાયી		સ્થાયી	
સ્વરૂપ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	શુદ્ધ
સ્વર	સ	રિ	રિ	ગ	ગ	મ	મ	પ	ધ	ધ	નિ	નિ	સ
સંખ્યાંક	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૦
આંદોલન દેશી	૨૪૦	૨૫૬	૨૭૦	૨૮૮	૩૦૦	૩૨૦	૩૩૭½	૩૬૦	૩૮૪	૪૦૫	૪૩૨	૪૫૦	૪૮૦
આંદોલન વિદેશી	૨૬૪	૨૮૦	૨૯૭	૩૧૭	૩૩૦	૩૫૨	૩૭૫	૩૯૬	૪૨૨	૪૪૦	૪૬૫	૪૯૫	૫૨૮
અપૂર્ણાંક	૧	૨૫/૨૪	૯/૮	૬/૫	૫/૪	૪/૩	૪૫/૩૨	૩/૨	૫/૩	૨૭/૧૬	૯/૫	૧૫/૮	૨
અંતર	૧	૨૫/૨૪	૨૭/૨૫	૧૬/૧૫	૨૫/૨૪	૧૬/૧૫	૨૭/૨૫	૧૬/૧૫	૨૫/૨૪	૨૭/૨૫	૧૬/૧૫	૨૫/૨૪	૨૫/૨૪

સ્વરકંપ [સં.] પું (સંગીત) કોઈ સ્વરને કંપાવવો તે; સ્વરકંપન.

સ્વરકાર [સં.] પું. ગાયક; ગવૈયો; શાસ્ત્રીય પદ્ધતિસર ગાનાર

સ્વરકાલલિપિ [સં.] સ્ત્રી. (સંગીત) ગાયન વાદ્યમાં વગાડી શકાય માટે સ્વરો તથા સમય બતાવવા તાલ વગેરે સાથે સાથે લખવું તે; સંગીત લેખન; ગાયન લેખન; 'નોટેશન'.

પોતાના અભ્યાસમાં તેણે પોતે બનાવેલી સ્વર લિપિમાં પચાસ સંગ્રો સ્વરો ભાતખંડેના ઉદાહરણો સાથે આપ્યા છે. સંગીતશાસ્ત્ર

સ્વરકાલાદ્યધિત પું. (સંગીત) સ્વર અને તાલની મર્યાદા નહિ સ્વીકારનાર.

સ્વરક્ષણ [સં.] ન. જાતસલામતી; પોતાનું રક્ષણ; આત્મરક્ષણ

સ્વરક્ષણવૃત્તિ [સં.] સ્ત્રી. પોતાની જાતની સલામતી અથવા રક્ષણ રાખવાની ભાવના.

સ્વરગ્રામ [સં. સ્વર + ગ્રામ (ઘોરણ)] પું. સંગીતના સૂરોનુ સપ્તક; સંગીતનું સ્વરસપ્તક.

સ્વરગ્રાહક ૧. પું (સંગીત) ગાવાના ગાનો એક વર્ણોચ્ચારક.

૨. વિ. સ્વર ગ્રહણ કરનાર.

સ્વરઘાતન ન. નાગકેસર. તે ગળું બેસાડી દે છે તેથી ગાવામાં જેવો સ્વર ગાવાનો હોય તે બેસાડી દે છે માટે તેને સ્વરઘાતન કહે છે

સ્વરઘોષ કું મોટો અવાજ.

સ્વરઘોષ વામનજીનો ચહિયો રે;
બાલ પ્રલયનો ધન ગજવીયો રે. પ્રેમાનંદ

સ્વરભંગ [સ. સ્વર + ભંગ (ભાંગનાર)] ન. સ્વર નબળાઈમાંથી સ્વરને નષ્ટપ્રાય કરનાર એક જાતનો રોગ; ઊંચા સ્વરૂપનો સ્વર નબળાનો રોગ.

સ્વરચક્ર [સ.] ન. સ્વરોદયમાં કહેલ એક ચક્ર.

સ્વરચરિત્ર [સં.] ન સ્વર સાંભળીને આકૃતિ આલેખવાની કળા; ચિત્ર લેખના શાસ્ત્રનો એક ભેદ.

સ્વરચિહ્ન [સં.] ન. બાર મૂકવાની નિશાની. સ્વરસપ્તક. નીચે આપેલ કોષ્ટક જોતાં ખ્યાલ આવશે કે, આ રૂપોમાં પહેલા વ્યંજન અક્ષરનો સ્વર નથી અને બાકીના બાર સ્વરો જ રહે છે ને તે જ બહુ વપરાય છે અને તેના ઉપરથી બારાક્ષરી ઉત્પન્ન થઈ છે તેનો જ માત્ર ઉપયોગ દીર્ઘ ને ચિહ્નોમાંથી ઋ, ૠ, ઌ, ૡ નો લાગ કરેલો માલૂમ પડે છે.

ધ્વનિઓનો બારીક અભ્યાસ કરીને પછી સંક્ષિપ્ત સ્વરચિહ્નોનો અને વ્યંજન ચિહ્નોનો ઉપયોગ કરીને વર્ણલિપિ બનાવવામાં આવી હતી
મુ. સા પરિષદ

નંબર	રૂપ	મોંપાઠ	બદલે સ્વરૂપ	
૧	૫	ભરવે		હ્રસ્વનું (મોં પાઠનું)
	૰	મીંડું	ઓં (ૐ)	હ્રસ્વવાની સુલભતા માટે
	।, =	બલ.દી-ઓગણ ૩૨.વો		એવી નિશાનીઓ બનાવી
૨	ન	નવો વીંટાળો	ૂ	અંકરૂપ ગીખવવામાં હરકત
				મીંડું વાળીને કરવો પડે છે માટે
				નવો વીંટાળો કાઢયો હશે
૩	ઞ	મમ્મા મોળા		
	ઃ	મમ્મામાં, કાયમ લાકવા	ઞઃ	મોળાના જેવો આકાર નથી પડતો
				એ મીંડા તે બે લાકવા
૪	ત્ય	સૈરાણી ચોકડી પાછી વાળી કુંડાળી	િ	"સ" ચોકડા જેવો કરવો અને તેને હ્રસ્વ ઇ કરવી પડે છે માટે.
૫	ઇ	કાળું ટોકળું	ં	પ્રથમ ટોકળીની માફક લખવું
	ઃ	માથે છોકરુ		ને માથે મીંડું મૂકવું તે છોકરુ
૬	।ઞ	એનએના ભાષા	ઞ	અને આ બે બાર જેવાં છે
				મતલબ કે રૂપમાં સરખા છે
૭	।ા	બીજા બારને કાનો કે ા		બીજા અનેકાનો કરવો
૮	(	ઓગણચાલીસમા દેડકો	૬	કારણ સમજાતું નથી પણ હ્રસ્વ પ્રકારનું ચિહ્ન જણાય છે.
૯	૮	કેડમાં પ્રકાસણું	ૈ	દીર્ઘ ઉચ્ચારને માટે કરી
૧૦	ઉ	ઉપરવાળી ઉચ્ચારણી	ુ	હ્રસ્વ ઉને માટેનું ચિહ્ન
૧૧	ૠ	આંકડામાંથી આકેડાં	૯	દીર્ઘ ઉમાં આંકડો વાળવો.
૧૨	ggg	આંકડ બીજાં ફાકેડાં	ુ	આકડાની પેઠે કાઢવાનું માટે.
૧૩	ઋ	બીજી બાર માત્રા	ૈ	બીજી વાર ઇ કરીને માત્રા વધારાની મૂકવી
૧૪	ઔ	ઓગણ ઓળણ બગાડેલાં	ઓ	ઓ બોલવાની સાથે ઓગણ શબ્દ વપરાયો છે.
૧૫	=ા	,,	ઓં	ઓં સ્વરનું કલ્પિત રૂપ
૧૬	।ં	એક રાકાને માથે મીંડું	ઞ	અકારને માથે મીંડું.
૧૭	ઞઃ	બીજાને બે આગળ મીંડાં	ઞઃ	વિસર્ગ દર્શક રૂપ.

સ્વરજ્ઞાન [સ] ન સંગીતના સ્વરોનું જ્ઞાન; સ્વરપરીક્ષા

સ્વરજ્ઞાયા [સ.] સ્ત્રી. સ્વરમાત્રા.

સ્વરતંત્ર [સં] ન. (સંગીત) સંગીતને લગતું તંત્ર; સ્વરોદય.

સ્વરતંત્રી [સ] સ્ત્રી સ્વરયંત્રની અંદરના પોલા ભાગમાં તીરની માફક આગળ પાછળ લગાવેલી ચાર કોમળ અને પાતળી પટ્ટીઓ; 'વોકલ કોર્ડઝ'. આ ચાર સ્વરતંત્રીઓમાંની બે, કે જેઓ ઊંચે તથા સ્વરયંત્રની મધ્યરેખાથી સહેજ વેગળી છે તેઓ ગૌણ સ્વરતંત્રીઓ તરીકે, જ્યારે આ તંત્રીઓથી નીચે અને મધ્યરેખાની તદ્દન નજીક રહેલી બે મુખ્ય સ્વરતંત્રીઓ તરીકે ઓળખાય છે. ચારે સ્વરતંત્રીઓ પ્રલા વડે ઢંકાયલા સ્નાયુસૂત્રોની બનેલી છે. ઉપરાંત મુખ્ય સ્વરતંત્રીઓમાં સ્થિતિસ્થાપક ગુણવાળા પીળા તંતુઓ, હોવાથી તેઓ સહેલાઈથી લાંબી ટૂંકી થઈ શકે છે આ ચારે તંત્રીઓના આગલા છેડા, અવટુક તરુણાસ્થિની પાંખો વચ્ચેના ખૂણામાં તેની ટોચથી સહેજ નીચા લાગેલા છે. જ્યારે તેમના પાછલા છેડાઓ વાટિક તરુણાસ્થિઓની અંકુશ જેવા આકારવાળી ચકીઓની પીઠ ઉપર લાગેલા છે સ્વરતંત્રીની દરેક બાજુએ ચાર ચાર મળી કુલ આઠ પેશીઓ છે. તેઓ સ્વરતંત્રી પેશીઓ તરીકે ઓળખાય છે જેમકે, બેબાજુ વાટિકાઓ, બે અવટુકવાટિકાઓ, બેબાજુ ગોષ્ઠફલિકાઓ તથા બે અનુતંત્રીકાઓ. આ તંત્રીઓની સપાટીથી નીચે શ્વાસમાર્ગની આસપાસ રહેલી તથા ઉપર કહેલી પેશીઓને સહાયભૂત થતી બીજી નવ પેશીઓ છે. તેમાની એક વાટાંતરિયા નામની વચમાં છે જ્યારે દરેક બાજુ પર ચાર ચાર રહેલી છે, કૃકાટવાટિકા (પશ્ચિમા તથા પાર્શ્વિમા), સ્વસ્તિક વાટિકા તથા ગોષ્ઠફલિકા વાટિકા. આ સત્તર પેશીઓના નામો તેમના પ્રસરણ સ્થાન તેમજ નિવેશ સ્થાનો સૂચવે છે તેમનું કાર્ય બે પ્રકારનું છે. તેઓ સ્વરતંત્રીઓને લાંબી ટૂંકી કરે છે અને તંત્રોદ્વાર પહોળું કે સાંકડું કરે છે. તે પેશીઓમાની અવટુકવાટિકા, અવટુવાટિકા તથા અનુતંત્રીકા વગેરે છ પેશીઓ સ્વરતંત્રીઓ લાંબી ટૂંકી કરે છે જ્યારે બાકીની અગિયાર તંત્રોદ્વાર સાંકડું કે પહોળું કરવામાં સહાયભૂત થાય છે

સ્વરત્રયી [સ] સ્ત્રી (સંગીત) વાદી પછી અનુવાદી અને સંવાદી એમ ત્રણ સ્વરોનું એકકમ ગણવું તે. એક વાદી પછી અનુવાદી અને પંચમ બાદ સંવાદી એમ ત્રણ સ્વરો હારમોનિયમ ઉપર એકકમ વગાડવામાં આવશે તો તે સ્વરત્રયી કાનને વિચિત્ર મધુરતા આપશે આ રીતના સ્વરોનું ઐકય થવું તેને 'હ.મની' કહે છે અને તે આ રીતે ઐક્યમ પામતી સ્વરોની ત્રયીને તેમના સંગીતમાં 'હારમોનિક ટ્રાયડ' એવું નામ આપવામાં આવ્યું છે.

સ્વરત્રયૈકય [સ] ન (સંગીત) વાદી, સંવાદી અને અનુવાદી એ ત્રણે સ્વરનું એક થવું તે.

આથી બાદી તેનો પ્રયત્નથી સવાદી અને અનુવાદી એ વર્ણને **સ્વરસ્થૈર્યક** થવાનું ક્ર. સા. પરિષદ

સ્વરદર્શક [સં] વિ. સ્વર જોવાનું યંત્ર કે સાધન.

સ્વરદ્વાર [સં] ન. કંઠનાલી, કંઠસ્થાન; જીભના પાછલા, ઊંડા આગળનું ગળાનું બાકું

સ્વરદ્વિશૂલ [સ] પું. અવાજ માટે બે પાખિયાવાળી ચીપિયો.

સ્વરધામ જુ અક્ષરધામ.

સ્વરધારણયંત્ર [સં.] ન. સ્વરસંગ્રાહક યંત્ર; 'ગ્રામોફોન'.

સ્વરનળ પું. કંઠનળી; કંઠસ્થાન

સ્વરનળી [સ. સ્વર + નલિકા (નળી)] સ્ત્રી નળગોટો; ગરદનથી પાંચ ફર્યાનો અનેલો શ્વાસનળીનો ઉપલો ભાગ; ગળામાંથી સૂર કાઢનારી નળી. તેની ઉપેકર બંને બાજુએ એક ઉપર અને બીજો નીચ એમ કુલ ચાર તાર હોય છે. તે માંહેના નીચલા બે સ્વર ઉત્પન્ન કરવાના કામમાં આવે છે. મોટી ઉમરની સ્ત્રીઓની સ્વરનળી પુરુષોની સ્વરનળી કરતા સહેજ વધારે ઊંચી હોય છે. સ્વરનળી તો પુરુષોમા જ મોટી હોય છે. સ્ત્રીઓનો સ્વર બહુ જ તીણો અને મૃદુ હોય છે વિદ્વાનો માને છે કે, અનેક સૈકાઓ સુધી કામોત્તેજનાના પ્રસંગે કાઢેલા અવાજથી, ક્રોધ અને અસૂયાથી આ બધા કારણથી પુરુષોની સ્વરનળી ઉપર અસર થયેલી છે અને આને મુકાબલે સ્ત્રીનો સ્વર સારો થયેલો છે

સ્વરનામકરણ [સં] ન. (સંગીત) સ્વરપરીક્ષણ; સ્વરપરીક્ષા, સ્વરાભિજ્ઞાન; સ્વરનું નામ પાડવું તે; કોઈ પણ જાતનો અવાજ સાભળીને તે કઈ જાતનો સ્વર છે તે ઓળખી કાઢવું તે

સ્વરનિયમશાસ્ત્ર [સં] ન. મનુષ્યના કંઠમાંથી નીકળતા સ્વરો વિષેના નિયમનુ શાસ્ત્ર

સ્વરનોંધ [સં.] સ્ત્રી. સ્વરલેખન; 'રેકોર્ડ'.

સ્વરપરિવર્તન [સં.] ન. સ્વરસક્રમ; સ્વરાવરોહ; સ્વરવિવર્તન

સ્વરપરીક્ષણ જુઓ સ્વરનામકરણ.

સ્વરપરીક્ષા [સં.] સ્ત્રી. સંગીતના સ્વરોની ઓળખ; સ્વરજ્ઞાન

સ્વરપાત [સં] પું. વાંચતાં કે બોલતાં વાક્યનો છેડો આવતાં માંટો નીચે ઉતારવો તે.

સ્વરપેટી જી ટોટો: ઘરડિયો, ગળાનો બહાર નીકળી આવતો ભાગ; વાયુનળનો જે નામનો સૌથી ઉપરનો એક ભાગ. જીભનું મૂળ અને વાયુનળની વચ્ચે આ ભાગ ગોઠવાયેલો છે અન્નનલિકાની આગલી ભીંતમાં નીચલા ભાગમા આ પેટી આવેલી છે અને તે શ્લેષ્મપડથી ઢંકાયેલી છે. આ પેટીની બંને બાજુએ ગરદનની અંદર રહેનારી નાડીઓ ફિરાઓ, સ્નાયુઓ તથા જ્ઞાનતંતુઓ આવ્યા છે અને આ બધાના ટેકાથી તે મજબૂત રહેલી છે. પુરુષોમાં આ પેટી ફરોડના ગરદનના ગોથા, પાચમા અને છઠ્ઠા કાડકાની સામે આવેલી છે. સ્ત્રીઓમા તેમ જ બાળકોમાં તે બહુ જ ઊંચે આવેલી હોય છે. સાધારણ પ્રગતિ પામેલી સ્વરપેટીનુ સામાન્ય પ્રમાણ નીચે પ્રમાણે છે:-

	પુરુષમાં	સ્ત્રીમાં
બાળાર્ક	૧½ તસુ	૧½ તસુ
આઠાર્ક	૧¾ તસુ	સહજ મોટી
ચારવર્ષમાં	૧¾ તસુ	૪½ તસુ

ઉમ્મરલાયક થતાં સુધી પુરુષની સ્વરપેટી સ્ત્રીની સ્વરપેટી કરતા કેટલેક મોટી હોય છે. પછીથી સ્ત્રીની સ્વરપેટીનુ પ્રમાણ બહુ વધતુ નથી, પણ પુરુષની સ્વરપેટીનું પ્રમાણ બહુ જ વધી જાય છે આખી સ્વરપેટી ઉપરથી પહોળી અને ત્રિકોણાકારની હોય છે પાછલી બાજુએથી અને બાજુ ઉપરથી તે સપાટ હોય છે આગળ ઊપસેલી હોય છે અને ત્યાં એક ઊભી લીટી જેવું હોય છે. નીચેના ભાગમાં તે સાકડી અને શંકુ આકારની હોય છે. આ પેટીની બનાવટમા બાજુ બાજુ કોમલાસ્થિઓનો જ ભાગ છે અને ત્વચાઓ અને શ્લેષ્મપડોથી ઢંકાયેલાં હોય છે. ઉપર અન્નનલાગ્ર અને નીચે વાયુનળના શ્લેષ્મ પડ સાથે તેનો સીધો સંબંધ છે. આખી સ્વરપેટી નવ કોમલાસ્થિઓની બનેલી છે. આ પેટીની હલનચલન કરવાની મુખ્ય બે ક્રિયાઓ છે. તેમાં એક બોળા કરવાની શક્તિ અને બીજી સરકવાની શક્તિ. આ બે જ શક્તિની તેને જરૂર છે. તેથી કુદરતે તેને માટે તેવી સગવડ રાખી છે

સ્વરપ્રસ્તાર [સં.] પું. (સંગીત) આપેલા સ્વરોને જુદા જુદા ક્રમથી ગોઠવી જુદાં જુદાં રૂપો કરવાં તે.

સ્વરભક્તિ ૧. [સં.] સ્ત્રી. અમુક શબ્દોમાં ૨ કે ૩ના ઉચ્ચારણમા કરાતો વધારાનો સ્વરનો ઉચ્ચાર.

૨. સ્ત્રી. ભંજનો છૂટા પાડવાની રીત.

સ્વરભંગ ૧. [સં] પું. અવાજ બેસી જવો તે.

સ્વરભક્ત ઉપર આપ્યાના પાદડાનો કાઢો મધ નાખી અપાય છે પુરાતત્ત્વ

૨ પું (કાવ્ય) અષ્ટ માંહેનો એક ભાવ. સ્વાભાવિક ધ્વનિના વિપર્યયને **સ્વરભગ** કહે છે કાવ્યરાજ

૩. પું ખૂજતો સૂર; કપસ્વર; ગાતાં ગાતા સ્વર તૂટી જાય તે

૪ પું (સંગીત) રાગ બેસી જવો તે

૫. પુ. સ્પષ્ટ ઉચ્ચાર ન થઈ શકે અને સ્વરભાગી જાય એવો ગળાનોરોગ.

સ્વરભાનુ [સં. સ્વર્ (સ્વર્ગ) + ભાનુ (સૂર્ય)] પુ રાહુ.

સ્વરભાર પુ. ઉચ્ચારણમા સ્વર ઉપર દેવાતો ભાર, સ્વરોચ્ચાર; સ્વર આઘાત; બોલતા સ્વર ઉપર ભાર મૂકવો તે. સ્વરિત શ્રુતિ ઉપર પ્રયત્નપૂર્વક પડતો શ્વાસનો પ્રહાર; 'એક્સન્ટ'. જે શ્રુતિ ઉપર શ્વાસનો આવો પ્રહાર પડે છે તે શ્રુતિ અવાજે ઊંચી અને સ્વરૂપે પુષ્ટ બને છે અને જે શ્રુતિ ઉપર આવો પ્રહાર પડતો નથી તે શ્રુતિ અવાજે મંદ તથા સ્વરૂપે ક્ષીણ બને છે. આ રીતે શબ્દોના અને પરિણામે ભાષાના સ્વરૂપ-પરિવર્તનમાં આ સ્વરભાર ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે વૈદની વાણીમાં સ્વરભાર છે. અ. વૈદિક સ્વરભાર એ સંગીતાત્મક સ્વરભાર છે. આર્ય સસ્કૃતમાં આ સંગીતાત્મક સ્વરભારની સાથે સાથે બલાત્મક સ્વરભાર પણ ઉદય પામે છે. નૈયાયિકકાર આ બંને પ્રકારના સ્વરભારને ક્રમશ: **સ્વર** અને **બલ** એ બે નામે જુદાં પાડે છે. પરિવર્તન પામતા આર્ય સસ્કૃતમાથી પ.છળથી સ્વર ઓસરવા માંડે છે અને વિકાસ પામતા લૌકિક સસ્કૃતમાં **બલ** વેગ પ.મે છે ભાષાઓ સ્વરભારની એક કોટિમાથી બીજી કોટિમાં પ્રવેશ કરે છે. એ જાણીતી હકીકત છે હોમરની ગ્રીકમાં સંગીતાત્મક સ્વરભાર છે. અર્વાચીન ગ્રીકમાં તેને સ્થાને બલાત્મક સ્વરભાર આવી ગયો છે. સસ્કૃત-પ્રાકૃત-અપભ્રશમાથી ઊતરી આવેલી આર્ય હિંદી ભાષાઓ પણ બલાત્મક સ્વરભારવાળી ભાષાઓ છે. આ બલાત્મક સ્વરભારને અ.પણે **બલ** અથવા **સ્વરભાર** એવા દુષ્કર નામે ઓળખીએ છીએ. આને જોસેફ વાન સોમરન ટેસ્ટર પ્રયત્ન કહે છે. અગાઉ દર્શાવ્યા પ્રમાણે બધી આર્ય દેશી ભાષાઓમાં સ્વરભારનો એક સામાન્ય નિયમ એવો જણાય છે કે, ભાર ઉપાન્ત્ય સ્વર ઉપર પડે છે પ્રાકૃતમા શબ્દના ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે. તેથી **ઘોડઓ** નો ઓ લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થઈ મરાઠી ને હિંદીમાં ' ઘોડા ' રૂપ થયું છે. ગુજરાતીમાં અપ. **ઘોડઉ** માંના બે

સ્વરો ભેગા થઈ 'ઓડો' થયું છે. આ સ્વરભારનો નિયમ બધી આર્ય દેશી ભાષાઓમા પ્રવર્તે છે. આપણી ભાષામાં તો સ્વરભાર હમેશા શબ્દના આદિસ્વર પર અને શબ્દ મોટો હોય તો આદિસ્વર પર અને બીજા સ્વરપર ક્રમે બે ભારપર ભાર પડે છે. આ સ્વરભારને લીધે અન્ત્ય 'અ' અને મોટા શબ્દોમાં તેની સાથે વચલો 'અ' પણ અનુચ્ચારિત રહે છે. 'મમન', 'મદન' જેવા શબ્દો સબોધન તરીકે ઉચ્ચારાય છે ત્યારે સ્વરભાર ઉપાન્ત્ય સ્વર પર પડે છે, એ ખરી વાત છે. પરંતુ નહીં તો સ્વરભાર બહુધા શબ્દના આદિસ્વર પર જ પડે છે વૈદિક શબ્દો પર જેવો સ્વરભાર ખુલ્લો સમજાય છે અને સ્વરિતત્વ ચિહ્નથી દર્શાવાય છે, તેમ પાછળના સંસ્કૃત સાહિત્યમા કે દેશી ભાષામા સ્વરભાર સ્પષ્ટ નથી. સ્પષ્ટ હોત તો જોડણીના ઘણા નિયમો સ્થપાયા ને ક્રમ આવત

ગુજરાતી ભાષાના ઉચ્ચારમા સ્વરભાર ન હોવાથી અંગ્રેજી ભાષાની Heroic metre (વીરરસોચિત છંદ) અનુકરણમા ગુજરાતી ભાષામા નથી. પાદિ. ટીપ

સ્વરભેદ ૧. પું. એ નામનું એક નક્ષત્ર મઝળ

૨. પું. સાદ બેસી જવો તે; રોજનો ઘાંટો બદલાઈ જઈને જુદો ઘાંટો નીકળે તે; બોખરી ઘાટો. 'રોગ અથવા જ્વર આદિ વ્યાપ્ત શરીરમાં ક્રોધ આદિક ઉપજતા બોલતા જે સ્વર બદલાય છે તેને સ્વર ભેદ કહે છે. ક્રોધ, ભય, હર્ષ, ભય ઇત્યાદિક વિકાર વ્યાપ્ત થતાં બોલતાં સ્વરભેદ થાય છે. રોગમાં ક્રોધ ઉપજે છે ત્યારે સ્વરભેદ થાય છે; ઠામ જ્વરમાં ક્રોધ ઉપજે છે ત્યારે સ્વરભેદ થાય છે.

ક્રોધમા વેણ બોલે જો સ્વરભેદ હતો અને,
રામા એમ વિચારીને મૌન ભલી હરી કને.
રસમાલા

૩. પું [સં. સ્વરભેદ (બદલવું તે)] સ્વરક્ષય; સ્વરનિમત્રણ; સ્વર બદલવો તે; સ્વરભોજન, ધ્વનિસંભક્ષન.

સ્વરમધુરતા [સં.] સ્ત્રી સુસ્વરતા; સ્વરસામ્ય, સુસગતી; સ્વરમેળ; સ્વરમધુર્ય.

સ્વરમંજરી સ્ત્રી અધેડો; ક્રીપદી.

સ્વરમંડલ ૧. [સ.] ન. એક જાતનુ તંતુવા.દ્ય. તેને સાઙ્ગીવીણા, સુરમડળ, શ્રીમડળ અથવા કાનુન પણ કહે છે. આ વાદ્ય આદિ વાદ્યો માહેનુ એક છે. તેની રચના ચોરસ અથવા ત્રિકોણ પાટિયા ઉપર ચાર પાંચ સપ્તકનાં સ્વરોનાં તારને પાટિયાથી અધર રહે એવી રીતે ગોઠવેલ હોય છે. આમ તારો અલગ રાખવાથી સગીતાર્થે અવાજ ઉત્પન્ન થઈ શકે છે. અંગુષ્ટમાં જવો પહેરી તાર સાથે જવાના સ્પર્શથી આ વાદ્ય વગાડી શકાય છે. તેનો સ્વરઝકાર અદ્‌ભુત હોય છે. તેના અગમ્ય ઝકાર—નાદ વડે તપોધન જેવું વાતાવરણ સરજાય છે

૨. ન. (જ્યોતિષ) રાશિચક્ર - અથવા નક્ષત્ર ચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય; અભિજિત નક્ષત્ર. તેને અંગ્રેજીમાં લાયર કહે છે તેનો આકાર સારગી જેવો છે

આકાશગગા પશ્ચિમમાથી શરૂ થઈ છે૮ હીલાન ખૂણામા અસ્ત છે તેની ઉત્તરે સ્વરમડલ (અભિજિત) અને દક્ષિણે અગસ્ત છે
આકાશદર્શન

૩ ન. સ્વરોનો સમૂહ; સ્વરમાળા; શ્રેણી; સ્વરાવલિ

સ્વરમંડળ જુઓ સ્વરમડલ.

સ્વરમાલા [સં.] સ્ત્રી. સ્વરાધિરોહ; સ્વરારોહ.

સ્વરમાધુર્ય [સં] ન સ્વરમધુરતા; સ્વરમેળ; સુસ્વરતા.

સ્વરમાપક [સં.] ન. ચકરચકર ફરતી રહેતી કાણાવાળી રકાબીથી પવન કે વરાળનો એકાએક અટકાવ થવાથી સગીતાત્મક ધ્વનિ પેદા કરનારુ ધ્વનિશાસ્ત્રના પ્રયોગો કરવામાં વપરાતુ એક યંત્ર; 'સાયરન'.

સ્વરમેલ [સં.] પું. (સંગીત) એકતાલ; એકરાગ; એકસૂર; વાદ્યના સ્વરનો મેળ; મૂર્છના; સુસમતિ; સ્વરોનું બંધ બેસતું તે.

સ્વરમેળ જુઓ સ્વરમેલ.

સ્વરયત્ર [સં.] ન. કંઠનાલ; ગળુ; જેનાથી સ્વર અવાજ નીકળતો હોય તે ભાગ; અવાજ ઉત્પન્ન કરનારુ યંત્ર. તે ગળાની આગલી બાજુ પર શ્વાસનલિકાની ઉપર રહેલું છે. તેનો આકાર મુકુટના જેવો હોઈ તે તરુણાસ્થિઓ, સ્નાયુ મારાપેશીઓ તથા સ્નાયુઓ મળીને બનેલું છે. તેને બે છિદ્રો છે. જેમાંનું ઉપલું છિદ્ર, ગ્રસનિકા સાથે અને નીચલુ છિદ્ર શ્વાસનળિકા સાથે સંબંધ રાખે છે સ્વરયંત્રમાં થઈને હવા અંદર જાય છે તેમ જ અવાજ આવે છે ગળાની આગલી બાજુ ઉપર, મધ્યરેખામાં તે ફૂંઠિકાસ્થિના મૂળ ભાગથી અવટુક અથવા કરડિમાની નીચલી સીમા સુધી, ચામડી નીચે પારખી શકાય છે તે પેશીઓવડે ઢંકાયેલું છે. તેનો ઉપલો છેડો ફૂંઠિકાસ્થિ સાથે અને નીચલો છેડો શ્વાસનલિકા સાથે જોડાયેલો છે નવ તરુણાસ્થિઓ સ્વરયંત્ર બનાવવામાં ભાગ લે છે. જેમાના ત્રણ મોટાં અને છ નાનાં છે.

(૧) અવટુક (૨) ક્રોષ્ટિકા,
(૧) કુકાટક (૨) કર્ણિકા,
(૧) અધિષ્ટનિકા (૨) ધાટિકા

તરુણાસ્થિઓ, નાની પેશીઓ તથા પાતળી સ્નાયુમય પેશીઓ મળીને થયેલા આ સ્વરયંત્રનો અંદરનો ભાગ સ્વરયત્રોદર તરીકે ઓળખાય છે એની આખી અંદરની બાજુ, પાતળી શ્લેષ્મધરા કલાવડે છવાયલી છે. તેમાંથી પાતળો પ્રવાહી શ્લેષ્મ ઝરે છે. આ સ્વરયંત્રોદરનુ ઉપલું દ્વાર ગળામાં ઊઘડે છે આ દ્વારનું અધિષ્ઠાયિકા હમેશા રક્ષણ કરે છે. ખોરાક અથવા પાણી ગળે ઊતરતા અધિષ્ઠાયિકા તરુણાસ્થિ આપોઆપ સ્વરયંત્રનુ ઉપલું દ્વાર બંધ કરી દે છે. સ્વરયંત્રનું નીચલું દ્વાર શ્વાસનલિકાની સાથે સબંધ રાખે છે. સ્વરયંત્રની અંદરના પોલા ભાગમાં, નીરની મ.દ્ય આગળ પાછળ બધ.યેલી મોટ ફોળ અને પાતળી પટીઓ છે. આ પટીઓને સ્વરતંત્રીઓ કહેવામાં આવે છે. સ્વરતત્રીઓના બે ભાગ છેઃ (૧) ગૌણ સ્વરતંત્રીઓ અને (૨) મુખ્ય સ્વર તંત્રીઓ. ઉત્તરગ્રીવિકા તથા અધરગ્રીવિકા તથા વહિર્ભાતૃક્ષ ધમનીઓની શાખા પ્રશાખાઓ સ્વરયત્રને ખોહી પૂરુ પાડે છે સ્વરયત્ર પોતાનું અશુદ્ધ લોહી બે અનુમન્યા શિરાઓમાં તથા ગ્રીવાધિષ્ઠા શિરામાં ઠાલવે છે. સ્વરયંત્ર પર સ્વતંત્ર નાડી મડળના તંતુઓનો બનેલ છે. પ્રાયુદા નાડીઓની બે સ્વરયંત્ર રોહિણી તથા બે ઉત્તરસ્વરિણી નામની મળી કુલ ચાર શાખાઓ, તેમ જ ઉપા ધિગલા નાડીઓની સૂક્ષ્મ શાખાઓ, અહીંયાં ફેલાયલી માલૂમ પડે છે.

સ્વરયંત્રચ્છદ ન. શ્વાસનળીનું ઢાંકણું; કંઠદ્વારપાલ; ઉપર્જિહ્વા.

સ્વરયત્રોદર [સ.] પું. તરુણાસ્થિઓ, પેશીઓ તથા પાતળી સ્નાયુમય પટીઓ મળીને થયેલો સ્વરયત્રનો અંદરનો એક ભાગ તેની અંદરની બાજુ શ્લેષ્મ કલાધરવડે છવાયેલી છે. તેમાંથી પાતળો શ્લેષ્મ ઝરે છે. આ સ્વરયત્રોદરનું ઉપલું દ્વાર ગળામા ઊઘડે છે. આ દ્વારનું અધિષ્ઠાયિકા હમેશા રક્ષણ કરે છે. ખોરાક અથવા પાણી ગળે ઊતરતાં, અધિષ્ઠાયિકા તરુણાસ્થિ, આપોઆપ સ્વરયંત્રનું ઉપલું દ્વાર બંધ કરી દે છે. સ્વરયત્રનું નીચલું દ્વાર શ્વાસનલિકાની સાથે સંબંધ રાખે છે.

સ્વરયોગ [સં] પુ એક પ્રકારનું વિશુદ્ધ વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન આ ભારતની અતિ પ્રાચીન અને શિરોમણી વિદ્યા છે તેનું આસપેજન્ડ

ફળ અને સાધનની સરળતા જોતાં કોઈ સમયમાં આ વિદ્યાનું સાત્રાલ્ય હતું એમ સાબિત થાય છે. પરંતુ સમયના પ્રભાવ સાથે તેનો આવશ્યક ભાગ અદશ્ય થઈ ગયો. અ.ળસ અને અજ્ઞાનને લીધે સાધન પડી ગયા અને જે થોડો ખાસ જ્ઞાન હતું તેઓએ છુપાવ્યું. સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલ ભૌતિક શક્તિઓથી મનુષ્ય શરીર કઈ રીતે પ્રભાવિત બને છે તે આપણને સ્વરયોગ દ્વારા જાણવું શક્ય છે. શરીરની જે વખતે જેવી સ્થિતિ હોય તે વખતે તેની માહિતી તે પ્રમાણેનું જ કામ લેવું જોઈએ. આ સ્વરયોગનું ગુપ્ત રહસ્ય છે. સ્વરયોગ મનોવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન અને શરીરશાસ્ત્રનું સુંદર સમન્વય છે.

સ્વરયોજન ન. ધ્વનિસંયમન; સ્વરભેદ; સ્વરલય; સૂર નિયંત્રણ; સૂર બદલવો તે.

સ્વરરંગ પું. ધ્વનિનાસૂર; અનુરણન.

સ્વરરંગ વચ્ચે પણ સ્પષ્ટ ભેદ પાડવામાં આવ્યો હતો. સુવર્ણમાળા

સ્વરલય પું સૂર નિયંત્રણ; સ્વરયોજન; ધ્વનિસંયમન; સૂર બદલવો તે; સ્વરભેદ.

સ્વરલિપિ [સં.] સ્ત્રી સ્વરની બારાખડી, સંગીતલેખન; સંગીતલિપિ; સ્વરાંકન. સ્વરલિપિનાં ચિહ્નો આ પ્રમાણે છે: કોમળ સ્વરની નિશાની (ˎ) છે જેમકે, રે. તીવ્રસ્વરની નિશાની (ˊ) છે જેમકે, મા. શુદ્ધ સ્વરની કોઈ નિશાની નથી. મંદ્રસપ્તકના સ્વર ઉપર ટપકું કરવામાં આવે છે. જેમકે, નિ. તારસપ્તકના સ્વર ઉપર સીધી લીટી કરવામાં આવે છે જેમકે, સાં. મધ્યસપ્તકના સ્વર ઉપર નિશાની કોની નથી. સ્વરની માત્રા અને નિશાનીઓ નીચે પ્રમાણે છે.

નામ	સ્વરની માત્રા	નિશાની	ઉદાહરણ
અતસ્ર	૪	××	સા ×
ગુરુ	૨	ऽ	૨ ऽ
લઘુ	૧	–	ગ્ર
દ્રુત	½	•	મ
અર્ધદ્રુત	¼	‿	સા રે ગ મ
અર્ધાર્ધદ્રુત	⅛	‿‿	પ ધ નિ સાં

ઉચ્ચારણ જેટલે નિયત કરેલ માત્રા સુધી સ્વરને લંબાવવાની ક્રિયા. તેની નિશાની ઽ છે. વિશ્રાંતિ જેટલે નિશ્ચિત સમય સુધી ગાતાં અટકવું. મીંડામા લેવાતા સ્વરો આ રીતે લખાય છે ' ગ્રુ (૫ થી ૭ સુધીની મીંડ). + આ નિશાનીથી તાલમાં આવતી ખાલી બતાવાય છે ૧, ૨, ૩ આ અંકોદ્વારાઓથી તાલમાં આવતી તાલીઓ બતાવાય છે. I આવી ઊભી લીટી તાલની સરૂઆત અને આવર્તનની પૂર્ણતા બતાવે છે. II આવી બે લીટીઓ સ્વરાંતની પૂર્ણતા બતાવે છે. III આવી ત્રણ લીટીઓ અંતરાની પૂર્ણતા બતાવે છે.

સ્વરલેખક વિ. [સં.] ન. ધ્વનિને મીણની ચૂડીમાં ઉતારી લેવાનું તથા ઉતારેલાને પાછો શબ્દાયમાન કરવાનું યંત્ર: ' ફોનોગ્રાફ '.

ઘોડાગાડી, આગગાડી, બીજગાડી, સ્ટેશો, કામળ, ઝાર, ઝભ્ભો, સ્વરલેખક, ઓવિયિચક ઇત્યાદિ યોજનાઓથી ગમે તેટલું અંતર નહિ જેવું લાગે છે. ન. ક. ઝવેર

૨. ન. સ્વર નોંધવાનું યંત્ર

સ્વરલેખન ૧. ન (સંગીત) જે ચિહ્નોથી સ્વરો સંબંધી બધવ્યા સમવાય છે તે

૨ ન. નોંધ; ગ્રાફોન્ધ

૩ ન સ્વરનોંધ; ' રેકર્ડ '.

ફોનોગ્રાફોના ઢાળો માત્ર એમને એમ હજુ સુધી રહ્યા કરે છે. બાકીનું સુધી કોઈએ સારી રીતે તેનું **સ્વરલેખન** કરવાનો પ્રયત્ન કર્યો નથી કૌમુદી

સ્વરલોપ [સં.] પું. સ્વરનાશ.

સ્વરવર્ષણ [સં. સ્વર (અવાજ) + વર્ષણ (વરસવું તે)] ન. સૂરનો ચાલુ અવાજ.

સ્વરવર્ષિણી પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ અને ભગણ મળી બાર અક્ષર હોય છે.

સ્વરવર્ષિણી વત્ત સો જ ભ ભાથી

રણવિજય

સ્વરવાદન [સં.] ન. (સંગીત) કોઈપણ સ્વરોની જે સરગમ બજેલી હોય તે સરગમના દરેક સાદા રૂપ અક્ષરો, તેનાં જે મૂળ નાદ હોય તેમાં બોલવા કે ગાવા તે; સ્વરલિપિ વાંચવી તે.

સ્વરવાદ્ય ૧. [સં.] ન. ગાયનના સ્વરોને ફેલાવનાર યંત્ર; સ્વરાલેખ; ' ફોનોગ્રાફ '.

૨. ન. (સંગીત) સ્વર પ્રકટ કરી શકતું વાદ્ય.

જે વાદ્યમાંથી સ્વરોની પ્રકટતા થઈ શકે છે તેમને **સ્વરવાદ્ય** કે સાધનવાદ્ય કહે છે અને તે તત અને સુષિર જાતિનાં કહેવાય છે.

ગાયનવાદન પાઠમાલા

સ્વરવાહકયંત્ર [સં.] ન. દૂરથી વાત કરવાનું યંત્ર; ' ટેલિફોન'.

સ્વરવિદ્યા સ્ત્રી વિવિધ પક્ષો આદિના સ્વર ઉપરથી સૂચન કરનાર ભાવિની વિદ્યા., ધ્વનિવિદ્યા.

સ્વરવિરોધ [સં.] પુ. (સંગીત) બેસૂરપણું. સ્વરોની પરસ્પર વિરૂદ્ધતા, અસંવાદ

અમેરિકા સંગીતમાં જેને ડિસ્ટર્ડ' (સ્વરૈક્ય) અને ડિસ્કોર્ડ ડિસ્સોનેન્સ કે **સ્વરવિરોધ** કહે છે. તેના સંપૂર્ણ નિયમો આ વ્યવસ્થામા આવી જાય છે. પારિ. કોષ

સ્વરવ્યત્યય [સં.] ન. (વ્યાકરણ) સ્વરનો બદલો

સ્વરશાસ્ત્ર [સં.] ન. ધ્વનિશાસ્ત્ર; માણસના કંઠમાંથી નીકળતા અવાજનું શાસ્ત્ર; સ્વરવિદ્યા; ' ફોનેટિક્સ '.

સ્વરશાસ્ત્રી [સં.] પું. ધ્વનિશાસ્ત્રજ્ઞ; માણસના કંઠમાંથી નીકળતા અવાજનું શાસ્ત્ર જાણનાર

સ્વરશિક્ષણ [સં.] ન. સ્વરોનું શિક્ષણ.

સ્વરશૂન્ય [સં.] વિ. (સંગીત) બેસૂરું; સૂરમાં નહિ તેવું; સ્વર વિનાનું; સ્વરના ઠેકાણા વિનાનું

સ્વરશ્રુતિ સ્ત્રી. (સંગીત) મુખ્ય સ્વર. જે નિયમિત રીતે શ્રુતિના સ્થાનથી સાતે ગીતિઓમાં ગવાય તેને શ્રુતિવેત્તાઓ શુદ્ધ સ્વર રૂપ શ્રુતિ કહે છે

સ્વરશ્રેઢી [સં.] સ્ત્રી. (ગણિત) જે રાશિઓની પંક્તિમાંની ગમે તે ત્રણ ક્રમિક રાશિઓ માંહેની પહેલી અને ત્રીજી રાશિનું ગુણોત્તર પહેલી અને બીજીના તફાવત તથા બીજી અને ત્રીજીના તફાવતના ગુણોત્તરની બરોબર થાય તેવી પંક્તિ; ' હાર્મોનિકલ પ્રોગ્રેશન '. જેમકે, ૧, ૩ અને ૨ એ ત્રણ સંખ્યાઓ સ્વરશ્રેઢીમાં છે; કેમકે $\frac{1}{2} = \frac{1-3}{3-2}$. એ જ પ્રમાણે ૩, ૨૩, ૭, ૧૫, ઇત્યાદિ અભ્યક્ત સંખ્યાઓનો પણ પરસ્પર સંબંધ થાય: ૭ : ૧૫ :: (૩-૨૩): (૨૩-૭), ૨૩ : ૧૫ :: (૨૩-૭) : (૭-૧૫) ઇત્યાદિ પ્રકારનો હોય તો તે ૩, ૨૩, ૭, ૧૫, સંખ્યાઓ સ્વરશ્રેઢીમાં કહેવાય. જ્યારે ત્રણ સંખ્યાઓ સ્વરશ્રેઢીમાં હોય ત્યારે તેમાની વચલી તે બાકીની બે સંખ્યાનું સ્વરશ્રેઢી મધ્યમ કહે છે. જ્યારે ઘણી સંખ્યાઓ સ્વરશ્રેઢીમાં હોય ત્યારે તેમાની પહેલી અને છેલ્લીની વચ્ચે આવેલી સંખ્યાઓને પહેલી અને છેલ્લી વચ્ચેના સ્વરશ્રેઢી મધ્યમ કહે છે.

સ્વરશ્રેણી [સં.] સ્ત્રી. (ગણિત) જે સંખ્યાઓની પંક્તિમાંની ગમે તે ત્રણ ક્રમિક

સંખ્યાઓ માહેની પહેલી અને ત્રીજીનુ ગુણોત્તર પહેલી અને બીજાના તફાવત તથા બીજા અને ત્રીજાના તફાવતના ગુણોત્તરની બરોબર થાય તેવી પંક્તિ; 'હાર્મોનિકલ સીરીઝ'. જેમકે, ૧, ૩, ૨, ૧½ વગેરે તેમાં કુ, $\frac{૧-૩}{૩-૩}$ તેમજ

૩ ૩-૨
૧½ = ૨-૧½

સ્વરસ ૧. પું (વૈદક) અંગરસ.
૨. પું ઉત્તમ સ્વાદ.
૩. પું. એક જાતનો ક્વાથ.
૪ પું તાજી ચોખ્ખી ઔષધિને ક્યારી જરૂર પડે તો થોડું પાણી છાંટી તેમાંથી નીચોવી લીધેલું પાણી.
૫ પું. પોતાનું તાત્પર્ય
૬. પું. પોતાનો અભિપ્રાય
૭. પું. વાક્યમા એક પ્રકારની રચના.
૮. પું. (પુરાણ) શાલ્મલી દ્વીપમાં આવેલો એ નામનો એક પર્વત.

સ્વરસપ્તક ૧. [સં.] ન. સંગીતના સાત સ્વરોનો સમૂહ; ગ્રામ સ્વર સંજ્ઞાના. સામવેદના સાત સ્વરોનાં નામ આ પ્રમાણે છે: ૧. કૃષ્ટ, ૨. પ્રથમ, ૩. દ્વિતીય, ૪. તૃતીય, ૫. ચતુર્થ, ૬. મન્દ્ર અને ૭ અતિસ્વાર્ય. સામવિધાન બ્રાહ્મણમાં નીચે પ્રમાણે સાત સ્વર આપવામા આવ્યા છે: કૃષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ અને અંત્ય.
૨. ન. (સંગીત) સાત મુખ્ય અને પંદર કોમળ તીવ્ર પછી બાર સ્વરોનો સમુદાય.

સ્વરસમૂહ ૧. પું. ગ્રામ.
૨. જુઓ સ્વરસપ્તક.

સ્વરસંકલન ન. ગ્રામ; સ્વરસપ્તક

સ્વરસંકલના જુઓ સ્વરસંકલન.

સ્વરસંક્રમ '[સં.] પું. સ્વરભેદ; સ્વરનો અદલોબદલો; સ્વરોનો સંક્રમ.

સ્વરસંગ [સં.] પું સંવાદિત્વ; સુસ્વર; સ્વરૈક્ય; મેળ; ' સિમ્ફની.'
તેણે પોતાનો પહેલો સ્વરસંગ (સિમ્ફની) રચ્યો અને પિતાની હાજરીમાં અદ્દલનીશ કરીને બતાવ્યો. ગોસ્વામી

સ્વરસંગતિ સ્ત્રી (સંગીત) સ્વરોનો સુમેળ; એક રાગ; એકતાન.

સ્વરસંજ્ઞક વૈદ્ય ન. તાવડી વાજું; ખંજરી વાજું; ' ટામ્બોરીન '.

સ્વરસંજ્ઞા [સં.] સ્ત્રી. સ્વરની નિશાની; સ્વર સમજવાનુ ચિહ્ન; વ્યંજનો સાથે ભળતો માત્ર વગેરે વપરાય છે તે નિશાની. ા, િ, વગેરે.

સ્વરસંધિ [સં.] પું.;સ્ત્રી. (વ્યાકરણ) સ્વર સયોગ, બે સ્વરોની સંધિ.

સ્વરસંપન્ન [સં.] વિ. સ્વરયુક્ત.

સ્વરસંમેલન [સં.] ન. સ્વરની મિલાવટ અને માધુર્ય.
ધરખિયન સંગીતમા માત્ર ગાયન, **સ્વરસંમેલન**, સ્વરરાગ, નોટેશન અને વાદ્યવાદન એ ચારનો જ વિચાર કરવામાં આવે છે
નથુરામ સુદરજી

સ્વરસંયોગ ૧ [સં.] પું. સાદની ઓળખ આપતો અવાજ
મેં તો **સ્વર સંયોગ** કયારથી આર્યપુત્ર બોલે છે એમ કયારનુએ જાણેલુ છે.
ઉત્તરરામચરિત્ર
૨. ન. સ્વરોનું ભેગાવું તે; સ્વરોનો સયોગ; એક સ્વર બીજા સ્વરમાં ભળી જાય તે; સ્વરસંધિ

સ્વરસંવાદ [સં.] પું. (સંગીત) સ્વરોનો પરસ્પર મેળ આવો તે.

સ્વર સંવાહક [સં.] વિ. અવાજને લઈ જનાર.

સ્વર સંવાહક યંત્ર [સં.] ન. અવાજ વહન કરનાર યંત્ર; ' ટેલિફોન '.

સ્વરસામ્ય [સં.] ન. સ્વરૈક્યતા; તાલૈક્ય; સ્વર માધુર્ય; સ્વર મેળ; સુસ્વરતા; સુસગ

સ્વરસ્થાપક [સં.] પું. (સંગીત) સ્વરને મુકરર કરનારો ચાંલ્લો ' ટ્યૂનિંગ હોર્ન '.

સ્વરસ્થાન [સં.] ન. (સંગીત) સ્વરોનું સ્થાન. સગીતમાં સાત સ્વરોના સાત સ્વરસ્થાન આ પ્રમાણે કહ્યાં છે: ષડજ જીહ્વાગ્રમાં, ઋષભ છાતીમાં, ગંધાર કંઠમાં, મધ્યમ જીહ્વાના મધ્યભાગમાં, પંચમ નાસિકામાં, ધૈવત દંતોષ્ઠમાં અને નિષાદ ભ્રકુટીમાં હોય છે.

સ્વરસ્થા [સ.] સ્ત્રી. વર્ષા સમયની રાત્રી.
આનંદ લહરી, ભાદ્રપદ લહરી, **સ્વરસ્થા**, રસ્યમાલિની, અંબા, કલા, નિરલિ, અજમતી, મેઘવિકા, વર્ષવંતી, ચિબુલિકા અને વારિધારા એ બાર વર્ષા સમયની અદોન્મત્ત રાત્રીઓ છે.
ભાગવતી ભાગવત

સ્વરા ૧. [સં.] સ્ત્રી. ઉદ્રાણી.
૨. સ્ત્રી. ભાઠાની પ્રથમ પત્ની.

સ્વરાક્ષરલિપિ [સં.] સ્ત્રી. (સંગીત) એ નામે એક સગીત લેખન પદ્ધતિ; નોટેશન પદ્ધતિ. અંગ્રેજીમાં નોટેશનની બે પદ્ધતિઓ ચાલુ છે. તેમાંની એકને સ્ટાફ પદ્ધતિ કહે છે અને બીજીને ટોનિક સોલ્ફા નોટેશન પદ્ધતિ કહે છે. સ્ટાફ નોટેશનને આપણે સ્વાક્ષરલિપિ કહીશું અને ટોનિક સોલ્ફાને સ્વરાક્ષરલિપિ કહીશું. સ્ટાફ નોટેશનને સ્ટેવ નોટેશન પણ કહે છે. આ પદ્ધતિ ઘણી જૂની છે. એમાં અમુક લીટી કે ખાનામાં ભીંડુ મૂકીએ તો અમુક સ્વર ગણાય છે અને તે ભીંડાને કાળના ચિહ્નથી અંકિત કરી સ્વર અને કાળનું અધારત્વ નક્કી કરી સગીત લેખન કેવી રીતે કરવું તે વિષે સમજાવવામાં આવેલું છે.

સ્વરાગાનુગામી [સં સ્વ + રાગ + અનુગામિન્] વિ. સ્વેચ્છાચારી; સ્વચ્છંદી; સ્વતાર્કાનુવર્તી.

સ્વરાજ ૧. પું. ઈશ્વર
૨. [સં. સ્વરાજ્] પું. વેદનો એ નામે એક છંદ અસલ્યુ તેનો દેવતા ગણાય છે
નિચૃત્, વિરાજ્, ત્રિષ્ટુભ્, ને **સ્વરાજ** અવસ્થા એ બે અક્ષરની વધઘટની છૂટ આપે છે
ગુ. સા. પરિષદ
૩. ન. પોતા ઉપર કાબૂ હોવો તે.
૪. [સં.] ન. સ્વયંશાસન; પ્રજા પોતાનું રાજ્ય પોતે જ ચલાવે તે; પ્રજાએ પોતે પોતાના ધારા ઘડીને તે પ્રમાણે પોતાની વ્યવસ્થા રાખવી તે; પોતાનું સ્વતંત્ર કે પ્રજાસત્તાક રાજ્ય; લોકરાજ્ય; પ્રજા પોતે પોતાનું રાજ્ય કરે તે. ગાંધીજી પોતાની કલ્પનાના પૂર્ણ સ્વરાજનો ઉલ્લેખ કરતાં લખે છે કે, મારી કલ્પનાનું પૂર્ણ સ્વરાજ એટલે રામરાજ્ય—પૃથ્વી પર ઈશ્વરનું રાજ્ય સ્વર્ગમાં એ કેવું હશે તે હું જાણતો નથી, એ દૂરની સ્થિતિ જાણવા ઈચ્છતો પણ નથી. વર્તમાન સ્થિતિ જો કાંઈ એવી હોય તો ભવિષ્યની તેથી જુદી હોય એમ માનવાને કારણ નથી. પૂર્ણ સ્વરાજ એટલે રાજકીય, આર્થિક અને નૈતિક સ્વતંત્રતા. રાજકીય સ્વતંત્રતાનો અરથ બ્રિટિશ સૈન્યના કાબૂમાંથી દેશની બધી રીતે મુક્તિ. આર્થિક સ્વતંત્રતા એટલે બ્રિટિશ અને હિંદી મૂડીદારો અને તેમની મૂડીના વર્ચસ્વમાંથી સંપૂર્ણ મુક્તિ. એનો અર્થ એ થયો કે, ગરીબમાં ગરીબ માણસ પણ તખંગરમાં તવંગર માણસની સાથે સમાનતા ભોગવે. મૂડીદારો પોતાની આવડત અને મૂડીમા ગરીબમાં ગરીબને હિસ્સો આપે ત્યારે જ આ મુક્તિ સિદ્ધ થાય. નૈતિક સ્વતંત્રતાનો અર્થ છે શસ્ત્રાસ્ત્રોથી સજ્જ એવાં બચાવનાં સૈન્યોનાં રક્ષણની જરૂરિયાતમાથી મુક્તિ એવો કરે છું. મારા અભિલાષના રામરાજ્યમાં બ્રિટિશ સૈન્યને તો શું, રાષ્ટ્રીય સૈન્યને પણ સ્થાન નથી. રાષ્ટ્રીય સૈન્યની સત્તા નીચે રહેલો દેશ, નૈતિક દૃષ્ટિએ સ્વતંત્ર છે, એમ ન કહેવાય કેમકે, તેમાં નબળામાં નબળો અજ્ઞાનો માણસ ઊંચામાં ઊંચી નૈતિક

સ્થિતિએ ચઢી ન શકે આપણે તો રામરાજ્યનો અર્થ સ્વરાજ્ય, ધર્મરાજ્ય અને પ્રજારાજ્ય કરીએ છીએ. તેવું રાજ્ય ત્યારે પ્રજા ધર્મિષ્ઠ અને વીર્યવાન બને ત્યારે જ સંભવે. પ્રજાના સત્યમાં, પ્રજાની દૃઢતામાં અને પ્રજાની સહનશીલતામાં સ્વરાજ રહેલું છે. ન્યાય મેળવવાની આપણી સત્તા એ સ્વરાજ્ય ભોગવવાની આપણી શક્તિનું માપ છે સ્વરાજ્ય એટલે પોતાનું-પોતાની ઉપર રાજ્ય. સ્વરાજ્યની ખરી વ્યાખ્યા એ છે કે, પોતાની ઉપર મેળવેલું રાજ્ય તે સ્વરાજ્ય સ્વરાજ્યનો મોટામાં મોટો અર્થ એ છે કે, નબળાનું રક્ષણ કરવું ને બળિયાથી ન ડરવું સ્વરાજ્ય તો એ જ કહેવાય કે, જેમાં એક પણ માણસ વગર વાંકે ને પરાણે ભૂખ્યું કે નાગું ન રહે સ્વરાજ્ય એ મનોદશા છે એ ત્યારે ઘર કરશે ત્યારે તેની પ્રતિમા ખરી થશે. અત્યારે આપણે સ્વતંત્રતાનું બીજ રોપી તેને પાણી પાઈ, તેમાંથી સ્વરાજ્યનું સુંદર વૃક્ષ બનાવવું છે તે આરિત્રથી રૂઢ થઈ દેવી બળે જ ઊગશે. અર્વાચીન જમાનાના સંપર્કથી ઉદ્ભવેલી પાર્લામેન્ટથી હિંદુસ્તાનનું રાજતંત્ર ચાલે એને હું સ્વરાજ કહું છું. આપણું હાથમાં લશ્કરી ખાતું આવે, ઊપજ અર્થનો અધિકારી આવે, મહેસૂલનો વહીવટ આપણા હાથમાં આવે અને અદાલતો આવે એનું નામ સ્વરાજ. શ્રી આનંદશંકર ધ્રુવ માને છે કે, હિંદુસ્તાનને શા માટે સ્વરાજ જોઈએ છે? હિંદુસ્તાને જગતના સુધારામાં શો ફાળો આપ્યો એ જ કસોટી, હિંદુસ્તાનનો ઇતિહાસ નાબાપડાનો ઇતિહાસ નથી. વર્તમાન સ્થિતિમાં સ્વરાજ્ય કેમ મેળવવું એ જ પ્રશ્ન છે. હિંદુસ્તાને કર્યું છે તેવું કોઈએ કર્યું નથી. વરસની પ્રજાઓ અનેક ધર્મ અને પ્રજાનો સમન્વય કરી શકી નથી તે હિંદુસ્તાને કર્યું છે

સૂતરને તાંતણે સ્વરાજની સિદ્ધિ સમાઈ છે,
રૂડા આ રેંટિયાથી તો અમારે આદરાઈ છે
રાજગિક

સ્વરાજ્ય [સં.] ન. નાગરિકનો પોતા ઉપર કાબૂ હોવાને લઈને રાજ્ય સરકારની જરૂર ન રહે એવી સુવ્યવસ્થા; ' ફિલોસોફિકલ એનાર્કિ'.

સ્વરાજ્યવાદ [સં] પું. સ્વશાસન હોવું જોઈએ એમ પ્રતિપાદન કરનાર મત.

સ્વરાજ્યવાદી ૧. પું. સ્વરાજ્યનો હિમાયતી; સ્વરાજ્યની ખેવનાવાળો પુરુષ

આળસ તજવું, કાર્યશક્તિ વધારવી ને વિચારમગ્ન બનવું એ તો આપણી ફરજ છે. એ જો સ્વરાજ્યવાદીમાં હોવું જ જોઈએ. નવજીવન

૨ વિ સ્વરાજ્યમાં માનનાર

૩. વિ. સ્વરાજ્ય મેળવવાનો પ્રયત્ન કરનાર

સ્વરાજ્ય પું. સ્વરાજ્યવાદી.

મારાથી જે બની શકે તે બદલ સ્વરાજ્યવાદીએ આપું છું. ગાંધીજી

સ્વરાજ્ય જુઓ સ્વરાજ.

સ્વરાજ્યનિષ્ઠ [સં.] વિ. સ્વદેશાભિમાની.

શિવાજીએ જ્યાં જ્યાં સ્વરાજ્યનો ઝંડો ફરકાવ્યો ત્યાં ત્યાં એમને જે સ્વરાજ્યનિષ્ઠ સેવકો મળ્યા, તેઓ મોટા રાજ્યધારી પુરુષો ન હોતા, પણ આત્મશક્તિની તાલીમ તેમણે નાનાં મોટાં મંદિરોનું ઝરણાક કરીને જ મેળવી હતી. શિક્ષણ અને સાહિત્ય

સ્વરાજ્યવાદ જુઓ સ્વરાજ્યવાદ.

સ્વરાજ્યવાદી જુઓ સ્વરાજ્યવાદી.

સ્વરાટ ૧. [સં. સ્વરાડ્] પું. ઇંદ્ર.

૨. પું. ખાસ રાજકર્તા.

પશ્ચિમ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે આદમ પહેલા સ્વરાજ્ય બંધારણને બદલે બહારથી કંઈક વિશિષ્ટ પ્રકારનું રાજ્યબંધારણ હોવાનું માને છે. એમાં રાજકર્તા અથવા પ્રમુખને સ્વરાટ એટલે ખાસ રાજકર્તા કહેતા. હિંદુ રાજ્યવ્યવસ્થા

૩. [સ] પું. પરમેશ્વર

૪. પું. (પિંગળ) વૈદિક ઓગણીસ છંદના ચાર માંહેનો એક પ્રકાર.

જે છંદમાં જેટલા અક્ષર હોય તેના કરતા બે અક્ષર વધારે હોય તો તે છંદ સ્વરાટ નામે થાય છે. નામનવાદન

૫. પું. શુક્રનીતિમાં ઊપજ પ્રમાણે બતાવેલી એક જાતની રાજાની પાયરી

૬. પું. સ્વયં રાજા; સ્વયં પ્રકાશ

૭. પું. સૌરાષ્ટ્રનું પ્રાચીન નામ.

સ્વરાતિશર્કરી પું. (પિંગળ) આ નામનો એક વૈદિક છંદ

સ્વરાભિધાન [સં.] ન (સંગીત) સ્વરપરીક્ષણ; સ્વરની પારખ; સ્વરપરીક્ષા; સ્વરનામ કરણ; સ્વરનું નામ પાડવું કે દેવું તે; કોઈ પણ જાતનો અવાજ સાંભળી તે સ ર ગ મ માંનો કયો સ્વર છે તે ઓળખી કાઢવું તે.

સ્વરાલાપ [સં.] પું. (સંગીત) રાગનું સ્વરૂપ બતાવવાને માટે અથવા કોઈ અમુક રાગની ચીજ ગાતાં પહેલાં તે રાગનો પાયો નાખવા માટે જે અર્થહીન શબ્દ આ-આ અથવા તોમ્-તોમ્ વગેરે ઉચ્ચારવામાં આવે છે તે.

સ્વરાષ્ટ્ર ૧. [સં.] પું. પોતાનો દેશ.

૨. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

સ્વરાંક [સં.] પું. સ્વરચિહ્ન.

સ્વરાંત [સં.] વિ. છેડે સ્વરવાળું; અંતે સ્વરવાળું.

સ્વરાંતર ૧. [સં.] ન ચાર સ્વરમાં ગાવું તે

૨. ન. બે સ્વરો વચ્ચે જે અંતર કે છેડું હોય તે

૩. ન. સાથે સાથેના બે શબ્દમાંના દરેક શબ્દમાં બે સ્વર હોય તે

૪ ન (સંગીત) સ્વરભેદ

સ્વરાંતરપદ્ધતિ [સં.] સ્ત્રી. સંગીતની પ્રાચીન ચાર ગાહેની એક પદ્ધતિ તેમાં સંગીતના ચાર સ્વર ગણ્યા છે

સ્વરિત ૧ [સં.] પું. (વ્યાકરણ) અક્ષરનો ઉચ્ચાર કરવાના બાહ્ય પ્રયત્નના અગિયાર ગાહેનો એક વિભાગ

૨. પું. ઉદાત્ત, અનુદાત્ત સ્વરનો ભાગ જેમા એકત્ર થયો હોય તેવો સ્વર, સ્વરના ત્રણ ગાહેનો એક વિભાગ. તેમાં ઉદાત્ત અને અનુદાત્ત બંનેનાં લક્ષણ હોય છે. તે ષડ્જ, મધ્યમ અને પંચમ ત્રણે મળીને થાય છે. મધ્યમ તો બધા સ્વરો સાથે મળે છે તેથી આને ષડ્જ અને પંચમના મેળથી થતો સ્વર કહી શકાય

વેદના વેદાંત સ્વર જેવા, વેદાંત નીચા અને વેદાંત સમસ્તખાણ પદાર્થ છે તે અનુક્રમે, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત કહેવાય છે
બૃહદ્‌વ્યાકરણ

૩. વિ. સમાન ઉચ્ચારવાળું; એક સરખા અવાજનું, સ્વરના ત્રણ ગાહેના છેલ્લા પ્રકારના ઉચ્ચારનું

૪. વિ સ્વરવાળું; અવાજવાળું; સ્વરયુક્ત.

સ્વરિતગણ [સં.] પું. જે પરિમેયોમાંના દરકોઈ ત્રણ ક્રમિક પરિમયો સ્વરિત ગુણોત્તરમાં હોય તેવાં પરિમેયોની પંક્તિ.

સ્વરિત ગુણોત્તર [સં.] ન. (ગણિત) એક પ્રકારનું ગુણોત્તર. કોઈ પણ સીધી લીટીના અંતઃચ્છેદથી થતા વિભાગનું ગુણોત્તર તે જ સીધી લીટીના બહિશ્ચ્છેદથી થતા વિભાગના ગુણોત્તરને સ્વરિત ગુણોત્તર કહે છે. અથવા કોઈ પણ ત્રણ રાશિઓ વચ્ચે એવો સંબંધ હોય કે પહેલા અને છેલ્લાનું ગુણોત્તર પહેલા અને બીજાના તફાવત તથા બીજા અને ત્રીજાના તફાવતના ગુણોત્તરની બરાબર થાય ત્યારે તે રાશિઓ સ્વરિત ગુણોત્તરમાં છે એમ કહેવાય છે. જેમકે, ૬, ૩, ૨, ૧, ½, ¼

સ્વરિતચ્છેદ [સં.] પું કોઈ પણ અંતવાન સીધી લીટીના અંતઃચ્છેદ બહિશ્ચ્છેદ એવી રીતે કરવામાં આવે કે અંતઃચ્છેદથી થતા ખંડોનું ગુણોત્તર બહિશ્ચ્છેદથી થતા ખંડોના ગુણોત્તરની બરાબર થાય તેવા ચ્છેદ જેમકે, સામેની આકૃતિમાં ક ખ લીટીના ચ અને છ બિંદુ અનુક્રમે અંત ને બહિશ્ચ્છેદ એવી રીતે રચેલા છે કે

$\frac{\text{ક ગ}}{\text{ગ ચ}} = \frac{\text{ક ચ}}{\text{ચ ચ}}$ તેથી ગ અને ચ બિંદુઓમાં ક ચ લીટીનો સ્વરિતચ્છેદ થયો કહેવાય.

ક ગ ચ ચ

અને ક, ગ, ચ, ચ, એ ચાર બિંદુઓ 'સ્વરિત બિંદુ શ્રેણી' બનાવે છે, એમ કહેવાય છે. વળી $\frac{\text{ક ચ}}{\text{ચ ચ}} = \frac{\text{ક ગ}}{\text{ગ ચ}}$ એમ ઉપર કહ્યું તે ઉપરથી $\frac{\text{ક ચ}}{\text{ક ગ}} = \frac{\text{ચ ચ}}{\text{ગ ચ}}$ એકાંતર પ્રમાણ એમ સિદ્ધ થાય છે. તેથી મૂળ લીટી ચ ચ ગઈ એ તો તેને પણ ગ અને ક બિંદુઓએ સ્વરિતચ્છેદ થયો કહેવાય. કેમકે તે બેતાં પણ અને પ્રકારના ખંડોના ગુણોત્તર સરખાં થઈ રહે છે, માટે ઉપરના ક, ગ, ચ અને ચ એ ચાર બિંદુઓમાં ક અને ચ પરસ્પરે ગ અને ચ સ્વરિત પ્રતિબદ્ધ કહેવાય છે અને ગ તથા ચ બિંદુઓ પરસ્પરે ક અને ચ બિંદુઓ સ્વરિત પ્રતિબદ્ધ કહેવાય છે.

સ્વરિતત્વ [સં.] ન સ્વરોચ્ચાર: સ્વરભાર; સ્વર ઉપર ભાર દઈ ને બોલવું તે; 'એક્સન્ટ.' વેદિક શબ્દો પર જેનો સ્વરભાર ખૂબ્ભો સમજાય છે અને સ્વરિતત્વ ચિહ્નથી દર્શાવાય છે તેમ પાછળના સંસ્કૃત સાહિત્યમાં કે કેરળી ભાષામાં સ્વરભાર સ્પષ્ટ નથી. આકરગ્રં

સ્વરિતબિંદુ [સં.] ન. કોઈ એક અંતવાન સીધી લીટીના જે બે બિંદુઓ આગળ અંતચ્છેદ અને અછિન્નછેદ એવી રીતે થાય કે અંતચ્છેદથી થતા ખંડોનું ગુણોત્તર અછિન્નછેદથી થતા ખંડોના ગુણોત્તરની બરાબર થાય તેવાં બે બિંદુઓ; 'હાર્મોનિક પોઇન્ટ'.

સ્વરિતબિંદુ શ્રેણી [સં.] સ્ત્રી. કોઈ એક અંતવાન સીધી લીટીના અંતચ્છેદ અને અછિન્નછેદ એવી રીતે કરવામાં આવે કે અંતચ્છેદથી થતા ખંડોનું ગુણોત્તર અછિન્નછેદથી થતા ખંડોના ગુણોત્તરની બરાબર થાય તેવાં બિંદુઓ. જેમકે સામેની આકૃતિમાં ક ચ લીટીના

ક ગ ઙ ચ

ના ગ, ઙ બિંદુ આગળ અંત અને અછિન્નછેદથી થયેલા ખંડોના ગુણોત્તર $\frac{\text{ક ગ}}{\text{ગ ચ}}$ અને $\frac{\text{ક ઙ}}{\text{ઙ ચ}}$ સરખાં છે તેથી ક ચ લીટીનો ગ ને ઙ બિંદુએ સ્વરિતછેદ થયો કહેવાય. વળી $\frac{\text{ક ચ}}{\text{ઙ ચ}} = \frac{\text{ક ગ}}{\text{ગ ચ}}$ માટે એકાંતર પ્રમાણથી $\frac{\text{ક ચ}}{\text{ક ગ}} = \frac{\text{ઙ ચ}}{\text{ઙ ગ}}$ એટલે ચ ક લીટીનો પણ ક ક બિંદુઓએ સ્વરિતછેદ થયો અર્થાત્ અહીં એક જ સીધી લીટી ક ચ ઉપર ચાર બિંદુઓ ક, ગ, ઙ, ચ આવેલાં છે, તેમાંથી ગમે તે એક છેડેથી શરૂ કરીને પહેલું અને ત્રીજું એ બે બિંદુને જોડનારી સીધી લીટી કર્યા તો બાકીના બે બિંદુઓએ તે લીટીનો સ્વરિતછેદ થયો છે. માટે એ ચાર બિંદુઓની હારને સ્વરિતબિંદુ શ્રેણી કહે છે.

સ્વરિતસૂચી [સં.] સ્ત્રી. ચાર બિંદુઓને અનુક્રમે તે શ્રેણીની બહારના ગમે તે એક બિંદુ સાથે જોડવાથી જે ચાર લીટીઓ થાય તે: 'હાર્મોનિક પેનસિલ'. એ બહારના બિંદુને સ્વરિતસૂચીનું શીર્ષક કહે છે અને ચાર સીધી લીટીઓમાંની દરેકને સ્વરિતસૂચીનું કિરણ કહે છે.

સ્વરૂ ૧. પુ. એક જાતનો વીંછી.
૨. પુ. તીર; બાણ
૩. પું. યજ્ઞ
૪. પું. યૂપનો ખંડ; યજ્ઞ સ્તંભનો કકડો.
૫. પુ. વજ્ર
૬. પુ. સૂર્યનું કિરણ.

સ્વરૂપ ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઔષ્ણિક છંદનો એક ભેદ છે. તેને પ્રતર્દિ છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં જગણ, રગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.
૨. પુ. (જૈન) ભૂત નિકાયની એક જાતનો દેવ.
૩. પું. (પુરાણ) વરુણ લોકમાં રહેતો એ નામનો એક અસુર
૪. [સં] પું. વિદ્વાન; પંડિત.
૫. ન. આઠ માંહેનો એક સાત્ત્વિક વિકાર.
૬. ન. (ન્યાય) ગુણ.
૭. ન. ઘાટ; આકાર.
૮. ન. ઝાંખી; કોઈક આભાસ.
૯. ન. પરિણામ.
૧૦ ન. પોતાનું અકે કુદરતી રૂપ.
૧૧. ન. બિના; હકીકત.

નિરાણો કુંવર જોયે ભૂપ,
કહો તુમે આપણું સ્વરૂપ.
આનંદકલ્પમહીદધિ

૧૨. ન. ભાવ; સ્વભાવ; પોતાનું રૂપ; આત્મરૂપ.
૧૩. ન. ભગતાપણું; સામ્ય.
૧૪. ન. રહસ્ય; મર્મ.
૧૫. ન. લક્ષણ; નિશાન.
૧૬. ન. વર્ણ; દેખાવ.
૧૭. ન વિચાર; વલણ; મતલબ.
૧૮ ન. શુદ્ધ રૂપ; તત્ત્વ. લોકમાન્ય તિલક કહે છે કે પ્રકૃતિ, પુરુષ અને પરમેશ્વર આ ત્રણને અધ્યાત્મકક્ષામાં અનુક્રમે જગત, જીવ અને પરબ્રહ્મ કહે છે; આ ત્રણે વસ્તુઓના સ્વરૂપનો અને તેમના પરસ્પર સંબંધનો નિર્ણય કરવો એ જ વેદાંતશાસ્ત્રનું મુખ્ય કામ છે અને ઉપનિષદોમાં સર્વત્ર આ જ ચર્ચા છે. તથાપિ આ બાબતમાં સર્વ વેદાંતીઓ એકમત નથી. એટલે, કેટલાએક આ ત્રણે પદાર્થો મૂળમાં એક જ છે એમ માને છે, ત્યારે કેટલાએક જીવ અને જગત એ પરમેશ્વરથી મૂળમાં જ થોડા ઘણા ભિન્ન છે એવું સમજે છે અને આ મતભેદને લીધે વેદાંતીઓના અદ્વૈતી, વિશિષ્ટાદ્વૈતી અને દ્વૈતી એવા ત્રણ ભેદ થાય છે. જીવ અને જગત એમનો સર્વ વ્યવહાર પરમેશ્વરની ઇચ્છાથી જ ચાલે છે એ સિદ્ધાંત ત્રણેને એક સરખી રીતે માન્ય છે પણ આ ત્રણે વસ્તુઓનું સ્વરૂપ મૂળમાં આકાશ જેવું અખંડ અને એક સરખું છે, એવું કેટલાક લોકો માને છે. જ્યારે કેટલાક બીજા વેદાંતીઓનું કહેવું એમ થાય છે કે, જડ અને ચૈતન્ય એ એક હોવ તે અલગ છે; દાડમના ફળમાં અનેક દાણા હોય તેથી તે ફળની એકતા કંઈ નષ્ટ થતી નથી; તેમ જીવ અને જગત એ પરમેશ્વરમાં રહેલાં છે તો પણ મૂળથી જ પરમેશ્વરથી ભિન્ન છે અને તે ત્રણે એક છે એમ ઉપનિષદમાં જ્યાં કહેલું છે ત્યાં 'દાડમના ફળની પેઠે એક,' એવો તેનો અર્થ સમજવાનો છે.

૧૯. ન. સુંદરતા; કુટડાઈ.
૨૦. ન. સ્વભાવ.

સ્વરૂપકલ્પના [સં.] સ્ત્રી. મનમાં વિચાર કરીને કલ્પી કાઢવો તે.

અમુક પાત્રતાની સ્વરૂપકલ્પના નવની કૃતિથી સ્વતંત્ર રહેલી પૂર્વ સામગ્રીથી નિર્મિત થાય છે અને એ કલ્પનાને અપૂર્વતાનું નામ માત્ર બીજા બધારણની સાથે સરખામણીમાં જ આપી શકાય.
પારિ. કોષ.

સ્વરૂપતઃ અ. વસ્તુતઃ; સ્વરૂપની દૃષ્ટિએ.

સ્વરૂપતા ૧. [સં.] સ્ત્રી. કુટડાઈ; સૌંદર્ય.
૨. સ્ત્રી. સામ્યતા
૩. સ્ત્રી. સ્વત્વ; આત્માપણું; આત્મતા; પોતાપણું.

સ્વરૂપદયા [સ.] સ્ત્રી. (જૈન) દયાના આઠ માંહેનો એક પ્રકાર. વિદ્યાવિજયજી લખે છે કે, સ્વર્ગ મળશે, દેવાગના મળશે, કરોડપતિ બનશે, રાજા મહારાજા થશે, શ્રીમંતાઈ મળશે, સુંદર સ્ત્રીઓ મળશે, અનેક પ્રકારનાં ભોગવિલાસના સાધન મળશે એવા વિચારથી પાળવામાં આવતી દયા સ્વરૂપદયા કહેવાય છે.

સૂક્ષ્મવિવેકથી સ્વરૂપવિચારણા તે સ્વરૂપદયા.
શ્રીમદ્ રાજચંદ્ર

સ્વરૂપપ્રકૃતિ [સ] સ્ત્રી. સ્થિતિસ્થાપકતા; પોતાનું મૂળરૂપ ધારણ કરવું તે; 'ઇલેસ્ટીસિટી'. ક્રિશ્ચોરિઆસ મરાઠવાળા લખે છે કે, સર્વ ચીજોમાં રહેલા અહંકારમાં બે સામાન્ય ધર્મો પરખાઈ આવે છે: (૧) આઘાત સામે પોતાનું સ્વરૂપ જાળવી રાખવાની શક્તિ અને (૨) સામો આઘાત (પ્રત્યાઘાત) કરવાની શક્તિ. મનુષ્ય કે પ્રાણીનો યે અહંકાર આથી કશું વિશેષ કરતો નથી. એ જેમાં પોતાની અસ્મિતા માને છે તેમાં ફરક ન પડવા દેવા અને કોઈ તેમાં ફરક પાડવા આવે તો પ્રત્યાઘાત આપવા જે બળ ખપે છે તે જ તેનો અહંકાર છે. પછી એ અસ્મિતા શરીરને લગતી હોય કે કુટુંબ, સમાજ કે દેશને લગતી હોય. કે વાણી કે વિચારને લગતી હોય. નાના મોટા જડ પદાર્થો પણ આવી સ્વરૂપપ્રકૃતિ અને પ્રત્યાઘાતની શક્તિઓ ધરાવે છે

સ્વરૂપનિષ્ઠા [સં.] સ્ત્રી સ્વરૂપમાં એકાગ્રતા; મોક્ષ. આત્મદર્શનમાં બુદ્ધિસાથી ભૂમિકાના ક્રમે ચડતાં પહેલા તો વાણીને મનમાં લીન કરે એટલે કે, ઓછામાં ઓછું ન છૂટકાનું જ હિત, મિત, પ્રિય, સત્ય, બોલે અને વધારેમાં વધારે મનન કરે. સત્ય ચિંતન મનનથી આત્મસપત્તિ સ્પષ્ટ થાય છે ત્યારે પછી નિઃશંક થઈ તે મનને પણ અહંકારમાં ડુબાડે એટલે કે અહંતત્ત્વને શોધે. જેને માણસ અસ્મિ અર્થાત્ હું છું એમ કહે છે તે શું છે તે ખાનતમાં ડુબકી મારે। તાત્પર્ય કે અસ્મિતાની શુદ્ધિ થતાં તે અસ્મિતાને બુદ્ધિમાં ડુબાડે; એટલે વિવેકી બુદ્ધિનુ શરણું લે. વિવેકમતિ આત્માને તેના સાચા સ્વરૂપમાં બતાવે છે એટલે કે યોગશાસ્ત્ર જેને વિવેકખ્યાતિ, સત્ત્વપુરુષ અન્યતાખ્યાતિ, પુરુષખ્યાતિ વગેરેનાં નામથી ઓળખે છે તે વિવેકખ્યાતિ એટલે કે, પ્રકૃતિ અને પુરુષના ભેદજ્ઞાનને પ્રાપ્ત કરે અને આમ વિવેકી થયેલી મતિ છેવટનો જીવનનો હિસાબ બતાવે છે અને તે આ છે: પ્રકૃતિ હેય છે, પુરુષ ઉપાદેય છે એટલે કે પ્રકૃતિ સહિત વિવેકી બુદ્ધિને નિષ્પ્રપંચ, આત્મતત્ત્વ તુરીય અવસ્થા કે કૈવલ્યનિષ્ઠામાં વિલીન કરે અર્થાત્ પરમપુરુષ પરમાત્મામા બ્રહ્માનંદનો યાવજ્જીવન ઉપભોગ કરે. આજ સ્વરૂપનિષ્ઠા કે મોક્ષ

સ્વરૂપયોગ્યત્વકારણતા [સં.] સ્ત્રી. (વેદાંત) કારણતાનો અવચ્છેદક જે ધર્મ છે, તે ધર્મવાળા હોવાપણું. જેમકે, કુંભારના ચાક ફેરવવાના દંડમાં ઘટની કારણતા છે, તે કારણતાનો અવચ્છેદક ધર્મ દંડત્વ છે, તે દંડત્વ ધર્મ જેમ કુંભારના હાથમાં રહેલા દંડમાં છે, તેમ જંગલમાં રહેલા દંડમાં પણ છે. એવી રીતે જંગલના દંડમાં રહેલો કારણતાવચ્છેદક દંડત્વ ધર્મ, એ દંડત્વ ધર્મવાળા હોવાપણું, એ ઘટની સ્વરૂપયોગ્યત્વરૂપ કારણતા છે.

સ્વરૂપલક્ષણ ૧. [સં] ન. (વેદાંત) જે લક્ષ્યનું સ્વરૂપ ખૂત હોઈને લક્ષ્યને અન્ય પદાર્થોથી ભિન્ન કરી બતાવે છે તે લક્ષણ. જેમકે પૃથ્વીત્વ એ પૃથ્વીનું સ્વરૂપ લક્ષણ છે. હવે જાતિ અને વ્યક્તિનું તાદાત્મ્ય હોય છે, માટે પૃથ્વીત્વ જાતિનું પણ પૃથ્વી સાથે તાદાત્મ્ય છે અને તે માટે જ જલાદિ ઇતર પદાર્થોથી પૃથ્વીને ભિન્ન કરી બતાવે છે માટે પૃથ્વીત્વ એ પૃથ્વીનું સ્વરૂપલક્ષણ છે

૨ ન (વેદાંત) લક્ષ્ય પદાર્થ સિવાય બીજા કશાથી જેનું નિરૂપણ થઈ શકે નહિ તે લક્ષણ

૩. ન (વેદાંત) લક્ષ્યનું સ્વરૂપ એ જ જેનું લક્ષણ હોય તે. જેમકે, સત્ય, જ્ઞાન અને આનંદ એ બ્રહ્મનું લક્ષણ છે અને બ્રહ્મનું સ્વરૂપ પણ તે જ છે

સ્વરૂપવતી [સં.] વિ સ્ત્રી સ્વરૂપ ધરાવનારી, સુંદર દેખાવની; સુંદર

સ્વરૂપવાન વિ. કૃપાળુ; સુંદર; દેખાવડું

સ્વરૂપવિપરીતતા [સં.] સ્ત્રી. (જૈન) જેને જાણે છે તેના મૂળ વસ્તુભૂત સ્વરૂપને તો ન ઓળખે પણ અન્યથા સ્વરૂપ માને તે.

સ્વરૂપવિસ્મૃતિ [સં] સ્ત્રી. અવિદ્યાનાં પાંચ માંહેનું એક પર્વ; આત્મસ્વરૂપને ભૂલી જવું તે.

> અવિદ્યાનાં પાંચ પર્વ છે: દેહાત્માસ, ઇંદ્રિયાત્માસ, અંતઃકરણાત્માસ, પ્રાણાત્માસ અને **સ્વરૂપવિસ્મૃતિ**.
>
> જેઠાલાલ શાહ

સ્વરૂપસંબંધ ૧. [સં] પું પોતાના રૂપનો સબંધ.

૨. પું. (વેદાંત) પ્રતિયોગી કે અનુયોગી જેમાથી ગમે તે એકનો સંબંધ. જેમકે, 'પૃથ્વી ઉપર ઘડો નથી' એ વાક્યમાં ઘટાભાવનો પ્રતિયોગી ઘટ છે અને બીજા અનુયોગી છે ઘટાભાવનો સંબંધ તે જેમાથી એક એટલે અનુયોગી ભૂતલ સાથે છે માટે તે સ્વરૂપસંબંધ છે

૩. પું. (વેદાંત) સયોગ સંબંધ અને સમવાય સંબંધ એ બને સબંધ બંને સબંધીઓથી ભિન્ન હોય છે, પણ જે સબંધ બને સબંધીઓથી ભિન્ન ન હોતાં જેમાંથી એક સ્વરૂપ હોય તે. દૃષ્ટાંતમાં, સંયોગ અને સમવાય સિવાયના બાકીના તમામ સબંધને સ્વરૂપસબંધ કહેવાય છે જેવા કે, કાલિક સબંધ, દૈશિક સંબંધ, વિશેષ્યતા સંબંધ, વિશેષ્યતા સંબંધ, પ્રતિયોગિતા - સબંધ, અનુયોગિતા સબંધ, આધારતા સબંધ, આધેયતા સંબંધ, વિષયતા સબંધ વગેરે

૪. પું (વેદાંત) સયોગ સબંધ અને સમવાય સંબંધવડે વિશિષ્ટ પ્રતીતિ ઉત્પન્ન કરવાનું અયોગ્યત્વ. જેમકે, 'પૃથ્વી ઉપર ઘડો નથી' એ વાક્યમા 'ઘટાભાવ'નો પૃથ્વી સાથે સમવાય સંબંધ નથી કે સયોગ સંબંધ પણ નથી. એમ છતાં સંબંધની પ્રતીતિ તો થાય છે માટે એ સ્વરૂપસબંધ છે

સ્વરૂપસિદ્ધિ [સં] સ્ત્રી આત્મસાક્ષાત્કાર; આત્મસિદ્ધિ.

> મનુષ્યની આ **સ્વરૂપસિદ્ધિ** (The realization of man's highest nature or self-realization) માટે ભગવદ્ગીતાએ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એમ ત્રણ માર્ગો પ્રતિપાદન કર્યા છે.
>
> આનંદશંકર બ.ધ્રુવાદિ હુપ

સ્વરૂપસુખ [સ] ન આત્મસુખ; શુદ્ધ આત્મિક સુખ; આત્માના અનુભવથી સમજાતું સુખ.

સ્વરૂપસેવા [સ] સ્ત્રી મૂર્તિપૂજા.

સ્વરૂપાધ્યાસ [સં] પું. (વેદાંત) અધિષ્ઠાનનો અભ્યસ્તના સ્વરૂપે ભાસ થવો તે. સ્વરૂપાધ્યાસમાં આમા પદાર્થનું અભ્યસ્ત પદાર્થ સાથે સ્વરૂપથી જ તાદાત્મ્ય જણાય છે જેમકે, દોરડીમાં સાપનો અધ્યાસ અથવા આત્મા અનાત્મા.નો અધ્યાસ. આત્મા પારમાર્થિક વસ્તુ છે માટે તેનો સ્વરૂપાધ્યાસ હોતો નથી.

સ્વરૂપાનંદ ૧. [સં.] પું આત્મજ્ઞાનથી મળતો અદ્‌ભુત આનંદ.

૨ પું નિજાનંદ; આત્મ.નંદ.

૩ પું. પરમાત્માના સમાગમનો આનંદ.

૪ પું સ્વામિનારાયણ સંપ્રદાયના એ નામના એક મહાન પુરુષ.

સ્વરૂપાનુસંધાન [સં.] ન. આત્મસિદ્ધિ; સ્વરૂપસિદ્ધિ; આત્માનુભવ

સ્વરૂપાસક્તિ [સં] સ્ત્રી. ભગવાનના સ્વરૂપમાં જ આસક્તિ એટલે ભગવાનનાં જ રૂપમાં પ્રેમ.

સ્વરૂપાસિદ્ધ [સં] પું. (ન્યાય) અસિદ્ધ હેત્વાભાસની પણ જાત માંહેનો એક પ્રકાર.

> અસિદ્ધિ ભેદને લઈ અસિદ્ધહેતુ અનુક્રમે **આશ્રયાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ** અને **વ્યાપ્યત્વાસિદ્ધ** કહેવાય છે.
>
> પદાર્થપ્રકાશિકા

સ્વરૂપાસિદ્ધહેત્વાભાસ [સ] પું. (ન્યાય) હેત્વાભા.નો એક પ્રકાર; જ્યા.રે હેતુનુ સ્વરૂપ જ ખોટુ દોષ ત્યારે ત્યાં હેત્વાભાસ, પોતાના પક્ષમાં રહેતો નથી તે હેતુ જેમકે, શબ્દગુણ હોવાને યોગ્ય છે. ચાક્ષુષ હોવાથી–અર્થાત્ ચક્ષુ ઇંદ્રિયજન્ય ચાક્ષુષ પ્રત્યક્ષનો વિષય હોવાથી, રૂપ ગુણની પેઠે આ અનુમાનમાં ચ.ક્ષુષત્વરૂપ હેતુ શબ્દ રૂપ પક્ષમાં વર્તતો જ નથી. કેમકે, શબ્દ ચક્ષુ ઇંદ્રિયજન્ય ચાક્ષુસ પ્રત્યક્ષનો વિષય હોતો નથી, પણ શબ્દનો શ્રોત્ર ઇંદ્રિયજન્ય શ્રવણપ્રત્યક્ષનો જ વિષય હોય છે. માટે ચાક્ષુષત્વ રૂપ હેતુ શબ્દરૂપ પક્ષમાં અવૃત્તિ હોવાથી સ્વરૂપ.સિદ્ધ કહેવાય છે આ સ્વરૂપ.સિદ્ધ હેતુનુ જ્ઞાન પરામર્શનું પ્રતિબંધક થાય છે. એ સ્વરૂપ.સિદ્ધ હેતુ (૧) શુદ્ધાસિદ્ધ, (૨) ભાગાસિદ્ધ, (૩) વિશેષણાસિદ્ધ અને (૪) વિશેષ્યાસિદ્ધ એમ ચાર પ્રકારનો છે. તેમાં (૧) શુદ્ધાસિદ્ધ:- જે હેતુ પોતાના પક્ષ માત્રમાં સ્વરૂપથી રહેતો નથી તે હેતુ શુદ્ધાસિદ્ધ કહેવાય છે. જેમ ઉપર કહેલો ચાક્ષુષત્વ હેતુ શબ્દ માત્રમાં સ્વરૂપથી જ રહેતો નથી, માટે એ ચાક્ષુષત્વ હેતુ શુદ્ધાસિદ્ધ કહેવાય છે. (૨) ભાગાસિદ્ધ:–જે હેતુ પોતાના પક્ષના એક ભાગમાં તો રહે છે અને એક ભાગમાં નથી રહેતો તે હેતુ ભાગાસિદ્ધ કહેવાય છે. જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુ એ ચાર ભૂતોના પરમાણુઓ નિત્ય છે, ગંધ ગુણવાળા હોવાથી, આ અનુમાનમાં પૃથ્વી આદિક ચારે ભૂતોના પરમાણુ પક્ષ છે, તે સર્વપક્ષમાં તે ગંધવત્ત્વરૂપ હેતુ રહેતો નથી, પણ કેવળ પાર્થિવ પરમાણુઓ વિષે જ એ ગંધવત્ત્વ રહે છે. માટે તે સર્વ પરમાણુરૂપ પક્ષના જલ.દિ પરમાણુરૂપ એક ભાગમાં અવૃત્તિ હોવાથી એ ગંધવત્ત્વહેતુ ભાગાસિદ્ધ કહેવાય છે. (૩) વિશેષણાસિદ્ધ:- જે હેતુનું વિશેષણ પક્ષમાં અવૃત્તિ હોય તે હેતુ વિશેષણાસિદ્ધ કહેવાય છે જેમ વાયુ પ્રત્યક્ષ હોવાને યોગ્ય છે, રૂપવાળો હોઈને સ્પર્શ ગુણવાળો હોવાથી ઘડાની પેઠે આ અનુમાનમાં રૂપવત્ત્વવિશિષ્ટ સ્પર્શવત્ત્વ હેતુ છે. તેમાં વાયુરૂપ પક્ષ વિષે જો કે સ્પર્શવત્ત્વ વિશેષ્યનો રહે છે. પણ રૂપવત્ત્વ વિશેષણ રહેતુ નથી અને જ્યાં વિશેષણનો અભાવ હોય છે, ત્યા વિશેષણ વિશિષ્ટનો પણ અભાવ હોય છે. માટે એ રૂપવત્ત્વ વિશિષ્ટ સ્પર્શવત્ત્વરૂપ હેતુ વિશેષણા સિદ્ધ કહેવાય છે. (૪) વિશેષ્યાસિદ્ધ:–જે હેતુનો વિશેષ્યભાગ પક્ષમાં રહેતો નથી તે હેતુ વિશેષ્ય.સિદ્ધ કહેવાય છે જેમ ઉપર કહેલા અનુમાનમા જ સ્પર્શવાળો હોઈને રૂપવાળો છે તથા એવી રીતે સ્પર્શત્વ વિશિષ્ટ રૂપવત્ત્વ હેતુ રાખવાથી વાયુ રૂપ પક્ષમાં રૂપવત્ત્વ વિશેષ્યનો અભાવ હોવાથી આપ્યા વિશિષ્ટ હેતુનો પણ અભાવ જ થશે માટે સ્પર્શવત્ત્વ વિશિષ્ટ રૂપવત્ત્વ હેતુ વિશેષ્યાસિદ્ધ કહેવાય છે.

સ્વરૂપાસિદ્ધિ [સં] સ્ત્રી. (વેદાંત) પક્ષમા હેતુનુ ન હોવુ તે.

સ્વરૂપાંતર [સ.] ન. દેખાવમા ફેર થવો તે રૂપવર્જું વિકાર; વર્જું વિકૃતિ; સ્થિતિમાં ફેર પડવો તે

સ્વરૂપાંતર્ગત [સ.] વિ. સ્વરૂપનો અંદર રહેલુ

સ્વરૂપિણી સ્ત્રી. સ્વરૂપવાન સ્ત્રી.

ઉમા સ્વરૂપિણી તે જોને જોયે પ્રભુ.

પ્રસ્થાન

સ્વરૂપી [સં] વિ. સ્વરૂપવાળુ; આકારધારી.

સ્વરૂપેંદ્ર પું (જૈન) ભૂતનિકાયની દક્ષિણ દિશાના ઇંદ્ર

સ્વરૂપોત્પ્રેક્ષા [સ.] સ્ત્રી. (કાવ્ય) ઉત્પ્રેક્ષા અલંકારના પાંચ ભેદોનો એક પ્રકાર; વસ્તુત્પ્રેક્ષા. તેમાં એક ચીજ બીજી ચીજની જેવી જોવામા આવે છે

સ્વરૂપોપકારકાંગ ન (વેદાંત) પ્રધાન કર્મના સાધનરૂપ દ્રવ્યાદિને સંસ્કારાદિ જે અંગભૂતકર્મ તે દ્વારા પ્રધાન કર્મને ઉપકારક થાય છે તે. એનેજ સન્નિપત્યોપકારક અંગ કહે છે. જેમ, જ્ઞાન સાધન અંતઃકરણ સંસ્કાર દ્વારા નિષ્કામ કર્મનું અનુષ્ઠાન તે પણ સન્નિપત્યોપકારી કહેવાય છે

સ્વરેણુ [સં.] સ્ત્રી. સૂર્યની એક પત્ની.

સ્વરૈક્ય [સં.] ન. સ્વરોની પરસ્પર એકતા; સ્વરમેવાડ; સ્વરમેળ; સ્વવાદિત્વ; એકતાન; એકરાગ

સ્વરોચ્ચાર ૧. [સં.] પું. સ્વરનો ઉચ્ચાર. સ્વરોચ્ચાર ચાર છે, પરંતુ ગુજરાતી લિપિમાં નોખા વર્જું તો ત્રણ જ સ્વરના મળી આવે છે. એ ત્રણ સ્વર હ્રસ્વ ત્રિપુટી અ, ઇ, ઉ છે. આ સ્વર હ્રસ્વ અ ના પડખે કાનો ઉમેરવાથી, ર્ઘ, ઈ, દીર્ઘ ઇ, ઊ, સંભાવવાથી એ, ઐ અક્ષરને માથે માત્રા ચડાવવાથી અને ઓ, ઔ વર્જું કાનો તથા માત્રા જેના ઉમેરવાથી આકારાય છે

૨. પુ સ્વરભાર, સ્વરઆઘાત; સ્વરભેદ ઉચ્ચારણ; સ્વરભારચિહ્ન; શબ્દાગ ઉપર પડતો ભાર કે આઘાત; ' એકસન્ટ '.

ગુજરાતી ભાષામા અંગ્રેજી જેવા સ્વરોચ્ચાર (Accent) નથી. ધારિ મોર

સ્વરોત્પાદક ૧ ન. સ્વર ઉત્પન્ન કરનાર વાદ્ય તે વગાડવાથી જુદા જુદા સ્વરો નીકળે છે. જેમકે, સારણાઈ, સતાર, હારમોનિયમ વગરે

૨ [સ.] વિ સ્વર ઉત્પન્ન કરનાર

જે વાદ્યમાથી સ્વરો ઉત્પન્ન કરવામા આવે છે તેને આપણે **સ્વરોત્પાદક** વાદ્ય કહીશું

સંગીતશા.ક

સ્વરોદય ૧ [સં] પું નાસિકામાંથી વહેતો વાયુ, તે ત્રણ પ્રકારનો હોય છે. જમણી નાસિકામાથી વાયુ વહેતો હોય તેને સૂર્યનાડી કહેવામાં આવે છે. ડાબી નાસિકામાંથી વાયુ વહેતો હોય તેને ચંદ્રનાડી કહેવામાં આવે છે અને બને નાસિકામાંથી સરખી રીતે વહેતો હોય તો તે સુષુમ્ણા કહેવાય છે

૨. પું. (જ્યોતિષ) શુભ અશુભપણાના જ્ઞાનનું સાધન એકત્ર શાસ્ત્ર. સ્વર દ્વારા શુભાશુભનું જ્ઞાન જે વડે થાય છે તવું શાસ્ત્ર; ડાબા કે જમણા નાકમાથી નીકળતા શ્વાસ ઉપરથી શુભ કે અશુભ ફળ કહેવાની વિદ્યા.

સ્વરોદય જાણનારની જે તરફની નાડી ચાલતી હોય તે તરફ બેસી કોઈ પ્રશ્ન કરે તો જે કાર્યનો પ્રશ્ન કરેલું હોય તે કાર્યની સિદ્ધિ થશે એમ સ્વરોદય જાણનારે કહેવું

રાજવલ્લભ

૩. પું સ્વરનો ઉદય; ધા.ડો ઊપડવો તે.

૪. પુ. સ્વરયત્ન

સ્વરોદયશાસ્ત્ર (સં.] ન. નાસિકામા ચાલતા ત્રણ સ્વર અથવા ઠંડા, પિંગળા અને સુષુમ્ણા ઉપરથી અમુક કામનુ શુ પરિણામ આવશે તે ભવિષ્ય જોવાનુ શા.ત્ર.

સ્વરોદયશાસ્ત્રમાં એટલે ઠંડા, પિંગલા, ચંદ્ર સૂર્ય નાડીની ગતિ ઉપરથી ભવિષ્યની વાત જાણવાનાં શુભ અશુભ ફળ જાણવા શીખવુ.

ત્રિકાળદર્શકદર્પણ

સ્વર્ગ ૧. પું (પુરાણ) ચાલુ મન્વંતરમાં ધર્મ નામના ઋષિને ધારી નામની ભાર્યાની કૂખે થયેલો પુત્ર. તેનો પુત્ર તે નંદી

૨. પું. પરમેશ્વર કેમકે, તે આખા વિશ્વનુ જીવન અને તેજ છે

૩. [સ.] ન. દેવોને રહેવાનો દેશ; સુરભૂમિ; દેવોનો લોક અમરકોષમાં સ્વર્ગ, નાક, ત્રિદિવ, ત્રિદશાલય, સુરલોક દ્યુ, દિવ્ અને ત્રિવિષ્ટપ એ નવ નામ સ્વર્ગના છે. દ્યુ ને દિવ્ એ બહુવચન છે. ત્રિવિષ્ટપ નપુંસકલિંગ છે અને બાકીનાં પુલ્લિંગ છે.

કેવું તે સ્વર્ગમાં હોય તે તો હું નથી જાણતો, જાણવા દૂરની સ્થિતિ ધરાવતો પણ હું નથી.

ગાંધી ટિા

૧. સ્વર્ગે પામવું = મરી જવું; મરણ પામવું.
૨ સ્વર્ગ બે આંગળ બાકી હોવું = ખૂબ મગરૂરીમાં હોવું.
૩. સ્વર્ગની સીડી = (૧) સિદ્ધિ મેળવી આપનાર કર્મ. (૨) સ્વર્ગમાં લઈ જનાર રસ્તો.
૪. સ્વર્ગનો રસ્તો લેવો = સારી કીર્તિ મૂકી મરી જવું.
૫. સ્વર્ગમાં જવું-સ્વર્ગે-જવું-સિધાવવું = મરી જવું
૬. સ્વર્ગમાં મૂળ રોપવી = મોટું પરાક્રમ કરી યશ મેળવવો.
૭. સ્વર્ગે સાથ પુરાવવો = પોતાના ધણીની પાછળ પ્રેમથી મરી જવું.

૪ ન. (પુરાણ) પૃથ્વીની ઉપર ઊંચે સાત લોક આવેલા છે તેમાંનો ત્રીજો લોક.

૫. ન. મરણ; મૃત્યુ.

૬. ન. મુક્તિ; મોક્ષ.

સ્વર્ગકેડો પું. આકાશગંગા; દૂધગંગા; આકાશમાં જે ચળકતો લીસોટો દેખાય છે તે.

સ્વર્ગખંડ [સં.] પું. સ્વર્ગનો એક ભાગ.
આકબરરા.હનો દરબારગઢ
પૃથ્વી જીતયી સ્વર્ગખંડ જ છે. નાનાલાલ

સ્વર્ગગતિ ૧. [સં.] સ્ત્રી. સ્વર્ગપ્રાપ્તિ; સ્વર્ગલોકને પામવું તે.
૨. સ્ત્રી. સ્વર્ગમાં અવતાર; દેવ તરીકે ઉપજવું તે; દેવતાનો ભવ.
નિત્યમાંથી નિત્ય જાણીને અને અનિત્યમાંથી અનિત્ય જાણીને સમ્યક્ દૃષ્ટિવાળા જીવો સ્વર્ગમતિ પામે છે. મગ્નમહ

સ્વર્ગગમન [સં] ન સ્વર્ગમાં જવું તે.

સ્વર્ગગંગા [સં.] સ્ત્રી. સ્વર્ગની ગંગા; સુર નદી; આકાશગંગા; દૂધગંગા
સ્વર્ગગંગાના નીતર્યા નીરમાં કરીએ સ્નેહે સ્નાન. ચંદ્રશંકર ન. પંડ્યા

સ્વર્ગત ૧. [સં.] પું શિવનાં હજાર માંહેનું એક નામ
૨. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

સ્વર્ગદ્વાર ૧. ન. કોઈ કોઈને સ્વર્ગદ્વાર કહે છે. તેની શુદ્ધતા માટે પૂરતો પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.
૨. [સં.] ન. સ્વર્ગનું બારણું.

સ્વર્ગદ્વારી [સં.] સ્ત્રી. હિમાલયમાં આવેલી એ નામની એક નદી.

સ્વર્ગદ્વારીઘાટ પું. સરયૂ નદીને કાંઠે અયોધ્યામાં આવેલો ઘાટ. ત્યાં રામચંદ્રજીએ અયોધ્યાપુરીના સર્વ લોકોને સ્નાન કરાવીને સ્વર્ગ અપાવ્યું હતું. તેથી તે સ્વર્ગદ્વારી ઘાટને નામે ઓળખાય છે
સુચિ સ્વર્ગદ્વારીઘાટ જેવું નીરખ્યા જી રઘુવીર. દયારામ

સ્વર્ગધામ [સં.] ન. સ્વર્ગલોક

સ્વર્ગનાથ [સં.] પું. ઇંદ્ર.

સ્વર્ગનિવાસી [સં.] પું. સ્વર્ગમાં વાસ.

સ્વર્ગનિસરણી ૧. પું. એક જાતના દાગીનાનું નામ.
૨. સ્ત્રી. બાનાં બાનાંવાળા અને સર્પો તથા નિસરણીઓ દોરેલ પાટિયા ઉપર રમાતી એક રમત. કોડી કે પાસાવડે દાણા નાખી જેટલા દાણા પડે તેટલા ઘર સોંસરી ચાલે છે. કાકરી સર્પની કેણ પર આવે તો તેની પૂંછડીએ પાછી મૂકવી પડે અને નિસરણીને પગથિયે આવે તો કાંકરી નિસરણી આખી ચડી જાય. એમ બધુ વટાવી તે કાંકરી છેલ્લે ઘેર આવે ત્યારે તે મોક્ષ પહોંચી કહેવાય છે. આ રમત બે અથવા વધારે જણ જુદા જુદા રંગની કાંકરી લઈ રમી શકે છે.

સ્વર્ગનું પક્ષી ન પારધિ અથવા ન્યુઝીની અને તેની પાઠોશના મુલકમાં જોવામાં આવતું પક્ષી; તે પતંગિયાં આમ છે. તેનો સ્વર બહુ મીઠો અને મોટો હોય છે. વળી તે સ્વર ચડતો ઊતરતો કોઈ સાંભળનારને આનંદ ઉપજાવે છે.

સ્વર્ગનો અછૂત [સં.] પું. કૂતરો. કૂતરાને સ્વર્ગમાં દાખલ થવાનો અધિકાર નથી માટે એને સ્વર્ગનો અછૂત કહે છે.

સ્વર્ગપતિ [સં.] પું. ઇંદ્ર

સ્વર્ગપથ [સં.] પું. સ્વર્ગનો રસ્તો.

સ્વર્ગપૃષ્ઠ [સં.] ન. ધ્રુવપદ.
હે ભગવન્ ! હું આપનો ત્યાગ કરીને સ્વર્ગપૃષ્ઠ ધ્રુવપદની ઇચ્છા કરતો નથી. ભાગવત

સ્વર્ગપ્રાસિની [સં.] સ્ત્રી. સ્વર્ગમાં આનંદ મહાલતી દેવી; સરસ્વતી દેવી.
અમરવલ્લિની પ્રણતપાલિની,
સુરતરંગિણી, સ્વર્ગપ્રાસિની,
ભવભયાપહા ભગવતી,
તે સરસ્વતી માતા જ્ય. ગુ. સા. પરિષદ

સ્વર્ગમીમાંસા [સં.] સ્ત્રી. જગતની ઉત્પત્તિની મીમાંસા.

સ્વર્ગરાજ [સં] પું. ઇંદ્ર.

સ્વર્ગલોક [સં] પું. દેવતાઓને રહેવાનું સ્થાન; સ્વર્ગલોક; સ્વર્ગ.
મેરુ પર્વતના શિખર ઉપર સ્વર્ગલોક રચાયો અને ઉદ્યનું અનેક રત્નોથી શોભાયમાન સ્થાન થયું. ભાગવતી ભાગવત

સ્વર્ગલોકેશ ૧. [સં] પું. ઇંદ્ર
૨. પું. કાયા; શરીર.

સ્વર્ગવધૂ [સં.] સ્ત્રી. અપ્સરા; દેવાંગના.

સ્વર્ગવાટ પું. સ્વર્ગનો રસ્તો.

સ્વર્ગવાસ ૧. [સં.] પું. મોત; મરણ; મૃત્યુ.
૨. પું. સ્વર્ગમાં વાસ
મહાયજ્ઞાદિ કર્મ અથવા નાના પ્રકારનું દેવતાઓનું આરાધન કરનારાને કેટલોક કાળ સ્વર્ગવાસ પ્રાપ્ત થાય પણ પુણ્યનો અંશ પૂરો થતાં પુનઃ જન્મ લઈ મૃલોકમાં આવવું પડે છે ગીતારહસ્ય

સ્વર્ગવાસિની [સં] વિ. સ્ત્રી. સ્વર્ગમાં વાસ કરનારી
અમરી અમરી રસભેર, સ્વર્ગવાસિની રે લોલ. નરસિંહરાવ

સ્વર્ગવાસી [સં. સ્વર્ગવાસિન્] ૧. પું. દેવ.
૨. વિ મરહૂમ; મા૭; જેણે સ્વર્ગવાસ કર્યો હોય તેવું; સદ્ગત; સ્વર્ગસ્થ; મરણ પામેલું; મૃત નરસિંહલાલ હરિલાલ ધ્રુવ લખે છે કે, આપણામાં કોઈ સ્વર્ગવાસી જણનો ઉલ્લેખ કરવાનો હોય છે ત્યારે તે નામની પૂર્વે સ્વર્ગવાસી, વૈકુંઠવાસી, કૈલાસવાસી, વિદેહી, મરહૂમ વગેરે શબ્દો આપણે વાપરીએ છીએ. ૦ (અર્ધચંદ્ર ને ઉપર અનુસ્વાર જેવી જાતનું ચિહ્ન) મનસુખરામભાઈ ત્રિપાઠી તે માટે શ્રીયુત શબ્દનો ઉપયોગ પ્રચારમાં મૂકયો અને આપણા પારસી તથા ઇસ્લામી ભાઈઓ મરહૂમ, બહેસ્તશીન વગેરે શબ્દો બોલે છે. હિંદી, મરાઠી આદિ બીજી પ્રાંતીય ભાષાઓમાં પણ તે જ અર્થના પર્યાય શબ્દો પ્રચલિત છે. એક બંગાળી જ જુદુ પડે છે. બંગાળી ભાષામાં મરહૂમ, સ્વર્ગસ્થ જેવા શબ્દો પહેલાં લખવાને બદલે ૦ અર્ધચંદ્ર અને ઉપર અનુસ્વાર જેવી જાતનું ચિહ્ન લખે છે આપણે પણ તે ચિહ્ન સ્વીકારી ઉદયમાન બંગાળની દૃષ્ટિમાં ચડીએ તો કેવું !
૩. વિ સ્વર્ગમાં રહેનાર; સ્વર્ગમાં વસનારું.

સ્વર્ગવાંછા [સં. સ્વર્ગ + વાંછા (વાંછના)] સ્ત્રી. સ્વર્ગની આકાંક્ષા.
સ્વર્ગવાંછા એ માટે કે સ્વર્ગ સ્નેહભૂમિ છે. નાનાલાલ

સ્વર્ગવેશ્યા [સં.] સ્ત્રી. અપ્સરા

સ્વર્ગસદન [સં.] ન ઊર્ધ્વભુવન
સ્વર્ગસદન મૂકીને કાં, ઇચ્છે નમ્રમર ભોમ. પ્રેમાનંદ

સ્વર્ગસત્ત્વ [સં] ન. સ્વર્ગનું સત્ત્વ; સ્વર્ગનો સાર.

સ્વર્ગસરિત [સં.] સ્ત્રી. આકાશગંગા.

સ્વર્ગસીડી સ્ત્રી. સ્વર્ગે જવાનો રસ્તો; ગંગા નદી.

તે રસ્તે કૈલાસરૂપી સ્વર્ગે જવાય છે.

ત્યાંથી ભલે ઇન્દ્રપક્ષ કને, ઊતરી બદ્રીનથી ભણી
હિમાદ્રિથી સમરસ્રુતની **સ્વર્ગનીસીડી** ગંગા.
મેઘદૂત

સ્વર્ગસુખ [સં.] ન. દૈવીસુખ; સ્વર્ગનું સુખ, સ્વર્ગ સમાન સુખ; પરમસુખ

સ્વર્ગસ્થ જુઓ સ્વર્ગવાસી

સ્વર્ગસ્થિત [સં.] વિ. સ્વર્ગમાં રહેલ

સતાધિપ થાય રાવણથી **સ્વર્ગસ્થિતે** ભૂપતિ
કેશવ હર્ષદ ધ્રુવ

સ્વર્ગહેતુ [સં] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ

સ્વર્ગંગા [સં] સ્ત્રી. આકાશગંગા.

સ્વર્ગા [સં.] સ્ત્રી. છપ્પન માંહેની એ નામની એક પાર્થિવતત્ત્વ દેવતા.

સ્વર્ગાચલ [સં.] પું. સુમેરુ પર્વત.

સ્વર્ગાધિકસુખપ્રદ [સં.] પું. પુરુષોત્તમના હજાર માંહેનું એક નામ.

સ્વર્ગાન [સં.] ન. સ્વર્ગનું ગીત; દિવ્ય જ્ઞાન.

સ્વર્ગાપગા જુઓ સ્વર્ગસરિત.

સ્વર્ગાપર ન સ્વર્ગાપુરીનું અપભ્રંશ નામ; સ્મશાન.

બ્રહ્મને પણ **સ્વર્ગાપરનું** તેડું આવ્યું.
મેઘાણી

સ્વર્ગારોહણ ૧. [સં.] ન. ઉત્તરક્રિયા; હિંદુઓના સોળ માંહેનો સોળમો સંસ્કાર; દાહો.

૨. ન. એ નામનું એક ગાણું.

૩. ન. ખ્રિસ્તીઓનો એક તહેવાર; ઈસુખ્રિસ્તનું મરણમાંથી સજીવન થઈ ૪૦ દિવસ પછી સ્વર્ગમાં જવું તે.

૪. ન. મહાભારતનાં અઢાર માંહેનું એક પર્વ.

સ્વર્ગારોહણ પર્વમાં મહાભારતના સમગ્ર તોફાની અને હૃદયને કરેરાયા પ્રસંગો વિરમી જતા હોય એમ લાગે છે. પ્રસ્થાન

૫. ન. સ્વર્ગમાં જવું તે.

ઋષિપત્ની સુખમાં પાછી આવી લો તેણે ઋષિની
આવી દશા થયેલી જોઈને એની સાથે
સ્વર્ગારોહણ કર્યું
કમાકુસુમાંજલિ

સ્વર્ગારોહિણી ૧. [સં.] સ્ત્રી. ભાગીરથી. ગંગા નદી. પિતરોના ઉદ્ધારને માટે જ ભગીરથ રાજાની સાથે આવેલાં હોવાથી ગંગાને સ્વર્ગારોહિણી અથવા ભાગીરથી ઇત્યાદિ નામો આપેલા છે

૨. ન. હિમાલયનું એક શિખર.

સ્વર્ગાશ્રમ [સં] પું ઋષિકેશમાં આવેલ એ નામે એક આશ્રમ. ઋષિકેશથી લક્ષ્મણઝૂલા જતા રસ્તામાં એક સ્થાન મુનિની રેતી આવે છે. ત્યાં ચોમી મહાત્માઓ નિવાસ કરે છે. તેની બરાબર સામે ગંગાની બીજી બાજુએ સ્વર્ગાશ્રમ નામનું એક સ્થાન છે. આ મુનિની રેતીથી હોડી દ્વારા જઈ શકાય છે. તે સ્થાન ઋષિ મુનિઓથી ભરપૂર છે. સંસારના સુખોથી અલગ થયેલા ઘણા મોટા મોટા મહાત્માઓનાં આ દર્શનનો લાભ મળી શકે છે. તેમાના ઘણાખરા બંગાલી અને મદ્રાસી છે. કેટલાક પરદેશના મહાત્માઓ પણ છે. તેઓ વસતીમાં ભિક્ષા માગવા જતા નથી, તેમજ તેઓ સંસારી લોકોની સાથે ઝાઝુ મળવાનું પણ પસંદ કરતા નથી. કારણ કે, તેથી તેમના ભજન પાઠપૂજા આદિમાં વિઘ્ન પડે છે. વાદવિવાદથી તેઓ દૂર રહે છે. આ સ્થાનમાં દેવાલયો પણ ઘણા છે. સ્વર્ગાશ્રમનાં એક મોટા અડમાં બાબા કાલી કમલીવાલાની જગ્યા છળી છે. ત્યાં ભાવિક યાત્રાળુ પગે લાગે છે અને પોતાની શક્તિ મુજબ બે ત્રાટી ઉપર ભેટ ધરે છે. તે સંબંધે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે ગંગાજી ઉપર લક્ષ્મણ ઝૂલા નામનો પ્રખ્યાત ઝૂલતો પુલ છે આ પુલ ઊપર જતાં રસ્તામાં ગામને પાદર નાનાં મંદિરો છે. રામાનુજ સંપ્રદાયનું એક પુરાતન વિષ્ણુ મંદિર પણ છે. લક્ષ્મણજીના મંદિર પાસે ભરતજીનું મંદિર પણ છે. આ બધા મંદિરો પછી પુલ આવે છે, તેની ઊપર જઈ ગંગાજીને સામે કાંઠે જવાય છે. આ કાંઠે મેકડો સાધુ સંન્યાસીઓની કુટિરો રસ્તાની બંને બાજુએ આવે છે. તેમાં સાધુ સંન્યાસીઓ નિરંતર રહે છે. આ કાંઠાના આ ભાગને સ્વર્ગાશ્રમ કહે છે અને તે ખરેખર સ્વર્ગાશ્રમ જ છે. અહીં ચાલતા રસ્તા ઊપર કૈલાસ સ્થળ આવે છે. શંકરાચાર્યની મૂર્તિનું મંદિર છે અને બીજા મંદિરો છે. વચ્ચે ચંદ્રશેખર જવાય છે ગંગાજીના રેતીવાળા પટમા વચ્ચેથી ચંદ્રશેખર સ્વયંભૂ મહાદેવની મૂર્તિ છે. ગંગાજીના પૂર વખતે બેશક્ષ મોજાંઓથી પણ આ મંદિરને કંઈ હરકત થતી નથી.

સ્વર્ગી ૧. [સં. સ્વર્ગિન્] પુ. દેવતા

૨. વિ. સ્વર્ગનું; મોક્ષધામનું

૩ વિ. સ્વર્ગવાસી; સ્વર્ગસ્થ.

પ્રભાને પુણ્યના દેહ, પુણ્ય પાપે ઘડતા આ
પેખો, પુણ્યાળુ પુણ્યીના, પુણ્યભાજના સ્વર્ગીઓ.
સપ્તમિત્રા

૪. વિ. સ્વર્ગીય; દિવ્ય; અલૌકિક

સ્વર્ગીય ૧. [સ.] વિ અલૌકિક; દિવ્ય, દૈવી.

એકાંતવાસી તે વેળા હિમાલય નહીં મને,
સ્વર્ગીય નિલય લાગે ઘણાને હિંદ આરિયે
ગાંધીગીતા

૨ વિ ઉત્તમ; શ્રેષ્ઠ

૩. વિ. સ્વર્ગસંબંધી, સ્વર્ગનું

૪. વિ સ્વર્ગસ્થ, મરહૂમ.

સ્વર્ગીય લાલા લજપતરાયની સર્વન્ટસ ઓફ ધી પીપલ્સ સોસાયટીના પ્રતિનિધિ તરીકે આવેલા એક બાઈ જગાડ્યા પણ છે નવજીવન

સ્વર્ગીયતા [સ] સ્ત્રી. દૈવી આનંદ

સ્વર્ગેશ [સ] પુ ઇંદ્ર

બીજી **સ્વર્ગેશ**ને જાગી. બત્રીસ આસન ઢાલિયા.
જગદ્ગુરાય

સ્વર્ગ્ય જુઓ સ્વર્ગીય

સ્વર્જિકાક્ષાર જુઓ સ્વર્જક

સ્વર્જિકાર જુઓ સ્વર્જક

સ્વર્જીક [સ. પુ સ્વર્જક્ષાર

સ્વર્જીકા જુઓ સ્વર્જક

સ્વર્જીન જુઓ સ્વર્જક

સ્વર્ણ ૧. [સ.] ન. એક જાતનું ધોળા રંગનું ધાતુ

૨. ન. ધતૂરો

૩. ન. નાગકેસર

૪. ન. સોના જેવો રંગ; સોનેરી રંગ

૫. ન. સોનું; હેમ, સુવર્ણ

૬. વિ. પીળું

સ્વર્ણક [સં.] પું. ગરમાળો.

સ્વર્ણકદલી ૧. [સં.] પું. એક જાતનો ચૂરણ.

૨ પું સોનાનો કદલ.

સ્વર્ણકદલી [સં.] સ્ત્રી એક જાતની કેળ..

સ્વર્ણકાય ૧. [સં] પુ. ગરુડ.

૨. વિ. સોના જેવા શરીરવાળું.

સ્વર્ણકાર [સ.] પું. સોની; સોનાર.

સ્વર્ણકેતકી સ્ત્રી. પીળી કેતકી

સ્વર્ણક્ષારી ૧. [સ] સ્ત્રી એ નામની એક વનસ્પતિ

૨. સ્ત્રી દાઢી

૩. સ્ત્રી. સોનામુખી

સ્વર્ણગિરિ [સં] પુ. મેરુ પર્વત

સ્વર્ણગૈરિક [સં] પુ સોનાગેરુ.

સ્વર્ણગૌરીવ્રત [સં.] ન. એક જાતનું વ્રત. આ વ્રત શ્રાવણ માસની અજવાળી ત્રીજને દિવસે

આ.રબ કરી રાકાશ છે. ક્ર્યુટિકરી લોકો ભારતવા સુદ્ર કને રોજ કરે છે તે દિવસે દેવીપૂજા થાય છે

સ્વર્ણમીષા [સ.] સ્ત્રી એ નામની એક નદી.

સ્વર્ણચૂડ (સ્વર્ણચૂડ) [સં.] પું. ચાસ પક્ષી

સ્વર્ણચૂડી (સ્વર્ણચૂડી) [સં] સ્ત્રી ચાસપક્ષિણી.

સ્વર્ણજ ૧. [સં] સ્ત્રી. કલઈ
૨. વિ સોનાથી ઉત્પન્ન થનાર

સ્વર્ણજાતિકા [સં] સ્ત્રી પીળું ફૂલની ચમેલી

સ્વર્ણજીવન્તી [સં.] સ્ત્રી. મોટી અરખોડી

સ્વર્ણદી ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.
૨ સ્ત્રી ગ્રન્થિકાલી વનસ્પતિ

સ્વર્ણદીધિતી ૧ [સં.] પુ. અગ્નિ
૨ પુ ચિત્રાનું ઝાડ

સ્વર્ણદીપતીર્થ [સ] ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ. અહીં શ્રીસિદ્ધાનેશ્વરનું નવું મંદિર અને ધર્મશાળા છે અહીંથી થોડે અંતરે સિદ્ધપ્રભાસંગમ અને યજ્ઞગર્ભેશ્વર શિવજી આવેલ છે

સ્વર્ણદ્રુ પું ગરમાળો. ગરમાળાનાં ઝાડનાં ફળ પીળાં હોય છે માટે તે સ્વર્ણદ્રુ કહેવાય છે

સ્વર્ણદ્રવ્ય [સં.] ન. સોનાનું નાણું

સ્વર્ણદ્રુ [સં] ન. ગરમાળાનું ઝાડ

સ્વર્ણનાભ [સં.] પું ક્રમશાસ્ત્ર વિષે લખનાર એક ગ્રંથકાર

સ્વર્ણપત્રી [સં.] સ્ત્રી. સોનામુખી; ભીંડીઆકળા.

સ્વર્ણપર્પટી સ્ત્રી. ક્ષય, સન્નિપાત, પાંડુ, જાતીનો દાહ, નબળાઈ, ખાંસી વગેરેમાં ફાયદાકારક મનાતું એક ઔષધ. તેની માત્રા બે રતી છે અને તે પીપર તથા મધ સાથે લેવાય છે

સ્વર્ણપાઠક [સં] પું. ટંકણખાર.

સ્વર્ણપુષ્પ ૧. [સં.] ન. ગરમાળાનું ઝાડ
૨. ન. ચંપો.

સ્વર્ણપુષ્પા ૧ [સં.] સ્ત્રી. ક્ષીરકારી વનસ્પતિ.
૨. સ્ત્રી ગરમાળાનું ઝાડ
૩. સ્ત્રી. પીળા કેવડાનું ઝાડ.
૪. સ્ત્રી. સાતલા.

સ્વર્ણપુષ્પી ૧. [સં.] સ્ત્રી. ગરમાળાનું ઝાડ.
૨. સ્ત્રી પીળી કેતકી
૩ સ્ત્રી. રસ્તામાં ઊગતી એ નામની એક વનસ્પતિ; અમ્બલા.

સ્વર્ણપ્રભા [સ.] સ્ત્રી. નેપાળમાં જુદાજુદા વ્યાકરણને નામે ઓળખાતા નવ ગ્રંથ.

સ્વર્ણપ્રસ્થ [સ.] પું. એ નામનો એક ઉપદ્વીપ. તે જબુદ્વીપની આસપાસ આવેલો છે.

સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આનર્તન, રમણક, મંદિર, હરિણ, પાંચ જન્ય, સિંહલ અથવા હંસ એ આઠ ઉપદ્વીપોનાં નામ છે

ભાગવતી ભાગવત

સ્વર્ણફલા [સં] સ્ત્રી. સોનેરી ફળ.

સ્વર્ણભૂમિ [સં.] સ્ત્રી. સુવર્ણદેશ.

સ્વર્ણભૂમિકા [સં] સ્ત્રી. તજ; દાલચીની

સ્વર્ણભૂષણ [સ.] પુ. ગરમાળો. ગરમાળાના ઝાડનાં ફૂલ કાનમાં પહેરવાનાં સોનાના આભૂષણ મરકી જેવાં હોય છે અને તેના શરીરને કંચન જેવું બનાવવા રૂપી ઘરેણું છે. માટે તેને સ્વર્ણભૂષણ કહે છે

સ્વર્ણમય [સ] વિ. સોનાથી પરિપૂર્ણ; સુવર્ણરૂપ

સ્વર્ણમાક્ષિક ૧. [સ] સ્ત્રી. સોનામુખી
૨. ન. સુવર્ણ માક્ષિક નામે એક ઉપધાતુ

સ્વર્ણમાક્ષિકા જુઓ સ્વર્ણમાક્ષિક

સ્વર્ણયજ્ઞ [સં] પુ. એ નામનો એક યજ્ઞ.

સ્વર્ણયૂથિકા [સં.] સ્ત્રી. પીળી જૂઈ

સ્વર્ણયૂથી જુઓ સ્વર્ણયૂથિકા

સ્વર્ણરેખા સ્ત્રી. એ નામની એક નદી

સ્વર્ણરેત પું. (પુરાણ) કશ્યપનો અદિતિથી થયેલા બાર આદિત્યો પૈકી એક પુત્ર.

સ્વર્ણરોમા પુ. (પુરાણ) વિદેહ વશીય મહારોમા નામના જનકનો પુત્ર. તેના પુત્રનું નામ હ્રસ્વરોમા જનક હતું

સ્વર્ણલતા [સં] સ્ત્રી. માલકાંકણી. તે સોનાના જેવી પીળી અને તેનાં પાંદડાં સોનાનાં જેવાં રંગના હોય છે

સ્વર્ણલતિકા જુઓ સ્વર્ણલતા.

સ્વર્ણવર્ણા [સં] સ્ત્રી સ્પોનક વૃક્ષ.

સ્વર્ણવલ્લી [સં.] સ્ત્રી. સોનવેલ; આકાશવેલ; એક જાતનો વેલો; કાકવલ્લી; કાકફણ

સ્વર્ણવિભૂષણકર ન. કલ્પતરુ. આ વનસ્પતિને ક્ર્યુટિકમાં ધોગારી કહે છે. ઉત્તરાપથમાં સિંહસ્વર્ણ કહે છે. પૂર્વ તરફના લોકો તાલફા, તાલિકા કે તાલફેશ્વર કહે છે. પશ્ચિમના લોકો ધાતુવેધી કહે છે અને સ્વર્ગમાં કલ્પતરુ કે સ્વર્ગવિભૂતરુ કહે છે

સ્વર્ણવૃક્ષ [સં] પું ગરમાળો. ગરમાળાના ઝાડનો ગુચ્છ સોનામુખી કે ભીંડીઆકળાના ઝાડ જેવો છે. અને તે સોના જેવું પીળુ હોય છે તેનાં પાન પાકે ત્યારે પીળાં થાય છે માટે તેને સ્વર્ણવૃક્ષ કહે છે

સ્વર્ણવેલી જુઓ સ્વર્ણવલ્લી.

સ્વર્ણવૈજયંતી પુ (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર સગણ, નગણ, યગણ, ભગણ અને ગુરુ એમ બાવીસ અક્ષરો હોય છે.

સ્વર્ણશાખા [સં.] સ્ત્રી. પીળી જૂઈ.

સ્વર્ણશૃંગિ [સં.] પું મેઘ.

સ્વર્ણસંકાર [સ. સુવર્ણ + અલંકાર (ઘરેણું)] ન. સોનાનું ઘરેણું

સ્વર્ણાંગ ૧. [સં] પું ગરમાળાનું ઝાડ.
૨. વિ. પીળા શરીરવાળું
૩ વિ સોનાના અંગવાળું

સ્વર્ધની સ્ત્રી (પુરાણ) આકાશમાંથી મેરુ પર્વત ઉપર પડેલી નદી અલકનંદા, સીતા, ભદ્રા અને ચક્ષુ એ ચાર પ્રવાહરૂપે ચારે દિશામાં વહી છે. અલકનંદા નામનો પ્રવાહ આપણી દિશામાં વહે છે. સપ્તર્ષિઓના સંતોષાર્થે તે સપ્તપ્રવાહરૂપ થઈ છે. એ સાત પ્રવાહોના વસુકૌકસારા, નલિની, પરસ્વની, સીતા, પાવની, સુચક્ષુ અથવા જંબુનદી ગંગા અને સિંધુ એવાં નામ છે અગાઉ જતાં ગંગાના જ ભાગીરથી, ભાગીરથી વગેરે નામો પડ્યાં છે.

સ્વર્ન [સં. સ્વર્ણ] ન સોનું
કંચન અર્જુન કાર્તસ્વર હેમહિરન્ય સુવર્ન, અમરકોષ ૬.૮૬પુરી શાંત કુંભ હરિ **સ્વર્ન**
પિંગળ સમુદ્રોષ

સ્વર્ભાનવી સ્ત્રી (પુરાણ) સોમવંશી પુરૂરવાના પુત્ર આયુષ્યની ભાર્યા તેનો પુત્ર તે નહુષ

સ્વર્ભાનુ ૧ પું. (પુરાણ) કૃષ્ણથી કાલિંદીને થયેલો એક પુત્ર

૨. પું. (પુરાણ) કનુપુત્ર કાનનો બારેનો એક. એને કોઈ ગ્રંથમાં રાહુ પણ કહ્યો છે સમુદ્રમંથન કાળે જ્યારે વિષ્ણુ મોહિની રૂપ ધારણ કરીને અમૃત વહેંચતા હતા તે વખતે તે દેવનું રૂપ ધારણ કરીને સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેસી ગયો હતો. વિષ્ણુએ તેનું કપટ જાણ્યું અને ચક્ર વડે તેનું માથું ઉડાડી દીધું પરંતુ એના પેટમાં અમૃત ગયું હતું તેથી એ મરણ ન પામતાં શિર અને કબંધ બે રૂપે રહ્યો. શિરનું નામ રાહુ અને કબંધ કે ધડનું નામ કેતુ પડ્યું અને એમની ગણના ગ્રહોમાં થઈ આ ભનાવ ચાક્ષુષ મન્વંતરમા બન્યો હતો પ્રલયમંડળમા. રાહુ અને કેતુ અનાદિ સિદ્ધ છે તેથી અનાદિથી ગ્રહણ ગણનાર્થે થાય છે. એમ માનવામા બાધ નથી

૩. પુ. સૂર્યનું એક નામ.

સ્વસત્તાક

સ્વર્ગદાહિની [સં.] સ્ત્રી. આકાશગંગા.

સ્વર્ગ ૧. પું. (નાટક) અંક માહેનો એક જાતનો અનુભાવ.

૨ પું. સ્વર્ગ.

૩. વિ. અવાજ સુધારનાર

૪. વિ જર્જરિત કરાયું તેવું

૫. વિ. સ્તુત્ય.

સ્વર્લોક [સં.] પું. સાત માંહેનો એક લોક. બ્રહ્માએ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક વગેરે ઊર્ધ્વ લોકોને ઉત્પન્ન કર્યા છે

સ્વર્વધૂ [સં.] સ્ત્રી અપ્સરા; દેવાંગના.

સ્વર્વાપી [સં.] સ્ત્રી. ગંગા.

સ્વર્વી સ્ત્રી. (પુરાણ) ઉત્તાનપાદવસના ધ્રુવપુત્ર વત્સરની એ નામની એક સ્ત્રી. તેને ૭ દીકરા થયા હતા. તેમાંથી ત્રીજાનું નામ ઋષિ હતુ

સ્વલક્ષણ [સં] ન. સ્વભાવ; પ્રકૃતિ; પોતાનું લક્ષણ.

સ્વલક્ષણદોષ [સં.] પું. સાખ્યવિકલત્વ આદિ દસ મર્મોનો એક દોષ.

સ્વલાભ [સં. સ્વ (પોતાનું) + લાભ] પું. પોતાને મળેલું ધન વગેરે.

સ્વલાભની અવગણના ન કરવી, બીજાના લાભની સ્પૃહા ન કરવી.

ધમ્મપદ

સ્વલિખિત [સં.] વિ. પોતે જ લખેલું.

સ્વલિંગ ન. (જૈન) વીતરાગપણું.

ભૂતદૃષ્ટિએ જો દ્રવ્યલિંગ કાંઈ વિચારીએ તો સ્વલિંગ જ સિદ્ધ થાય છે

તત્ત્વાર્થસૂત્ર

સ્વલ્પ [સં. સુ + અલ્પ] વિ. થોડું; અલ્પ; કિંચિત્; નજીવું; ક્ષુલ્લક; ઘણું થોડું; જરાક; બહુ

વિશ્વંભર અહળક હળીયો, સ્વલ્પ સુખડી માટે. પ્રેમાનંદ

સ્વલ્પકેશી ૧. પું. એક જાતનો પિશાચ.

૨. પું. કોવિદાર વૃક્ષ.

૩. [સ.] વિ. ઘણા જ ઓછા વાળવાળું.

સ્વલ્પજ્વરાંકુશ પું (વૈદક) એક જાતનું ઔષધ. તે તાવની સાધારણ દવા છે. શુદ્ધ પારદ, શુદ્ધ વત્સનાભ, શુદ્ધ ગંધક, સૂંઠ, મરી અને પીપર એ બધાં એક એક તોલો અને ધતૂરાનાં બીજ બે ભાગ એ બધાને ભેગાં કરી ભાંજીના રસમાં ખલ કરી તેની બબ્બે રતીની ગોળી કરવી. એકથી બે રતીભારની માત્રામાં તાવ ઉપર તે અપાય છે.

સ્વલ્પપર્ણી [સ.] ન મેદાકંદ. મેદાકંદના ઝાડને ઝીણા ઝીણા નાના નાના અલ્પ પાંદડા થાય છે માટે તને સ્વલ્પપર્ણી કહે છે.

સ્વલ્પભાષી [સ સ્વલ્પભાષિન્] વિ. થોડું બોલનાર

સ્વલ્પમતિ [સં.] વિ. ઓછી બુદ્ધિવાળું

સીતાપતિની મહત્તતી શું જાણે નર સ્વલ્પમતિ. પ્રેમાનંદ

સ્વલ્પરસોનપીંડ ન (વૈદક) અર્ધા ગ, રાંજણ, પક્ષપાત વગેરે ઉપર ઉપયોગી એક ઔષધ. લસણ ૧૨ તોલા સરખું કૂટી લોંગ, ટાંકે, સીંધાલૂણ, સંચળ, સૂંઠ, હીંડીપીપર અને મરી એમાની દરેક ચીજ ૩ તોલા લઈ તે બધાંને બરાબર ભેળવવી. તે એથી ચાર વાલની માત્રામાં અપાય છે

સ્વલ્પચિરત્ન સભા [સ , સ્ત્રી. ઘણાવેલી સભા., ચોળાવેલી સભા.

સ્વલ્પવિરામ ૧. ન. નિવૃત્તિ; શાંતિ; છુટકારો. ૨ ન સહેજ અટકવું તે; થોડા વખત માટે થોભવું તે.

સ્વલ્પશૂરણગોળક પું. (વૈદક) સરણમાંથી બનતી એ નામની એક દવા. મરી ૧ તોલો, સૂંઠ ૨ તોલા, ચિત્રક ૪ તોલા, સરણ ૮ તોલા, ગોળ ૧૬ તોલા, એ સર્વેને ભેળવવું ૧ તોલાની માત્રામાં અપાય છે.

સ્વલ્પાયુ [સં] વિ. ટૂંકું આયુષ્ય

સ્વલ્પાહાર [સં. સ્વલ્પ (થોડું) + આહાર (ખાવું તે)] પું. અપૂરું ખાવું તે; થોડું ખાવું તે; ઠાંસી ઠાંસીને ન ખાવું તે.

સ્વલ્પાહારી ૧. [સં. સ્વલ્પાહારિન્] પું. થોડો ખોરાક લેનાર માણસ.

૨ વિ ઓછું ખાનાર; જેનો ખોરાક થોડો હોય એવું

સ્વવર્ણ [સ.] પું. પોતાનો રંગ

સ્વવશ ૧. [સં.] પું. (જૈન) આત્માનંદ; પોતાના આત્માને જ વશ થવું તે આ શબ્દ સ્વ અને વશનો બનેલો છે. સ્વનો અર્થ પોતે છે અને પોતે તો આત્મા છે માટે આત્માને પ્રથમ ઓળખે તે જ પોતાને વશ વર્તી શકે

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પોતે પોતાને વશ રહેનારા, દરેક જાતને પોતાને આધીન રાખનારા હોવાથી વિષ્ણુ સ્વવશ કહેવાય છે.

૩ વિ. જિતેંદ્રિય.

૪. વિ. સ્વાધીન; પોતાના તાબાનું

પુરુષ પુણ્યના વશીકરણે એને સ્વવશ કરવી પડે છે. જ્ઞાનબંધણ

સ્વવશતા [સ.] સ્ત્રી સ્વાધીનતા.

સ્વવાચક [સ] વિ (વ્યાકરણ) પોતાનો બોધ કરવું, પોતાની જાતને માટે વપરાતું. તે સર્વનામ માટે વપરાય છે આ સર્વનામનાં રૂપ બને વચનમાં ને ત્રણે જાતિમાં સરખાં થાય છે.

સ્વવાસ [સ સ્વ (પોતાનું) + વાસ (રહેઠાણ)] પું. પોતાનું ઘર, મકાન, સ્થળ કે જગ્યા

સ્વવાસિની ૧. [સ] સ્ત્રી. જીવતા વખત સુધી પિતાને ઘેર પડી રહેનારી સ્ત્રી.

૨ સ્ત્રી. સુવાસિની; સુવાસણ સ્ત્રી.

સ્વવિષયક [સ] વિ. અંતર્ભૂત; આત્મલક્ષી; સ્વાનુભવી; ' સબ્જેક્ટિવ'.

સ્વવૃત્તાંત [સં] ન. આત્મવૃત્તાંત

કવિ ઋષભદાસ જણાવે છે કે, કોઈ આત્મકાર્ય સાધ્યું હો અને પુણ્ય વધ્યું અને તે પરોપકારાર્થે આ **સ્વવૃત્તાંત** જણાવે છે. શ્રી. સા. પરિષદ

સ્વવૃત્તિ [સં સ્વ + વૃત્તિ (વર્તન)] સ્ત્રી જાતે કમાઈ ને ગુજરાન ચલાવવું તે; આપકમી હોવું તે

સ્વવૃત્તિજન્ય [સ] વિ સ્વવિષયક; આત્મવિષયક, આત્મલક્ષી, સ્વાનુભવી, સ્વવિષયક; વ્યક્તિગત, ' સબ્જેક્ટિવ'

સ્વશક્તિ ૧ [સં.] સ્ત્રી. આત્મસ્વરૂપ શક્તિ, આત્મશક્તિ

ઋદ્ધિ કોની કરવી ? જે વડે આત્મા સ્વશક્તિનો પ્રકાશ કરે. શ્રીમદ્ રાજચંદ્ર

૨ વિ કાર્યાધ્યા દેવી

સ્વશાસન [સં.] ન. પોતાનું પોતાની ઉપર મેળવેલું શાસન કે રાજ્ય.

સ્વશાસિત [સ] વિ સ્વરાજ્યસત્તાક; પોતાની રાજ્યસત્તાવાળું.

સ્વશિક્ષણ [સ] ન પોતાની મેળે શિક્ષણ લેવું તે

સ્વશ્લાઘા [સ] સ્ત્રી પોતાને મોટે પોતાનાં વખાણ કરવાં તે

રાજા મુખ દેખ પાસે કાંઈ કાંઈ જવું નહિ. સ્વશ્લાઘા સ્વમુખે ના, કે કરવો વિશ્વાસઘાત ના. શિક્ષાપત્રી

સ્વસત્તા ૧. [સ] સ્ત્રી પોતપોતાનું કુદરતી અસ્તિત્વ

૨. સ્ત્રી. પોતાની સત્તા.

સ્વસત્તાક [સં.] વિ પોતાના કબજાનું; સ્વાધીન; પોતાની જ સત્તાને આધીન; પોતાની સત્તાવાળું.

દિવસે દિવસે આની પૂરણીની **સ્વસત્તાક** પ્રજાઓ અને રાજ્યો ભિન્ન ભિન્ન નિમિત્ત મનુષ્ય વર્ગ અડ્ડા અમી અગ્ર થાય છે સરસ્વતીચંદ્ર

સ્વસમય પુ (જૈન) શુદ્ધ સ્વરૂપમાં સ્થિત થનારે જીવ

જે જીવ દર્શન-જ્ઞાન ચારિત્રમાં સ્થિત પર્યાયો છે તેને નિશ્ચયથી **સ્વસમય** જાણ અને જે જીવ પુદ્ગલ કર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પર સમય જાણ સમયસાર

સ્વસમર્પણ [સં] ન પોતાની જાતને હોમવી તે; અત્યંત આત્મભાવ

સ્વસર ૧ [સં] પુ આદિત્ય; સૂર્ય.

૨. પુ ગ્રહ

૩ પુ દિવસ

સ્વસંપદા [સં] જી પોતાની વિભૂતિ

સ્વસંયમ [સં] પુ. આત્મનિગ્રહ; આત્મસંયમ

સ્વસંરક્ષણ ૧. ન. બાનગી પહેરો; બાનગી ભાળતો

૨. [સં.] ન. પોતાનું રક્ષણ કે બચાવ.

સ્વસંવિત [સં] ન અસ્મિતા; આત્મચૈતન્ય; આત્મભાન

સ્વસંવેદીચેતના [સં.] જી. આત્મચૈતન્ય; આત્મભાવ; અસ્મિતા

જીવનવ્યાપારોનું પ્રેરકબળ ચેતનામાંથી મળે છે કે ક્રમ એ પ્રશ્ન પણ ત્યા બાબ્યે જ ચર્ચવામાં આવે છે અને જો સામાન્ય ચેતનાને સ્થાન ન હોય તો **સ્વસંવેદીચેતના**, આત્મરિક કે અર્ધ ચેતના, નોચેતના વગેરેને તો એમાં સ્થાન હોઈજ ન શકે એ સ્વાભાવિક છે. ધીરુ કોષ

સ્વસંવેદ્ય [સં.] વિ. ઇંદ્રિયોદ્વારા પોતાની મેળે અનુભવી શકાય એવું.

સ્વસા [સં સ્વસૃ] જી. બહેન; ભગિની

સ્વસાધ્ય [સં.] વિ પોતાથી સાધી શકાય એવું

માટે આપણે આ ધર્મોને સ્વભાવસાધ્ય અથવા કુદરતી જાતિ **સ્વસાધ્ય** કહીશું.

પ્રમાણમીમાંસા પ્રવેશિકા

સ્વસાસૂનુ [સં. સ્વસૃ (બહેન) + સૂનુ (દીકરો)] પુ. ભાણેજ; બહેનનો દીકરો.

સ્વસિદ્ધ [સ] વિ. સ્વતઃસિદ્ધ, આપોઆપ સધાયેલું; પોતાની મેળે સિદ્ધ થયેલ

આત્મતત્ત્વ **સ્વસિદ્ધ** છે. કૌમુદી

સ્વસિદ્ધાંત [સં] પું. પોતાનો સિદ્ધાંત.

એ સમયમાં મહત્ત્વીસના જીવન આચાર અને વિચારને પોતપોતાના જીવનમાં ઉતારી **સ્વસિદ્ધાંત** સ્થાપવાની ભાવના રિષ્યોમા મુખ્ય હતી પુરાતત્ત્વ

સ્વસિદ્ધિ [સં સ્વ + સિદ્ધિ (સફળતા)] જી સ્વત:સિદ્ધિ; સ્વત:સિદ્ધતા; આપોઆપ બની આવવું તે

સ્વસુખ ૧. [સં] ન આત્મિક સુખ.

૨ ન પોતાનું સુખ

સ્વસૂચન [સં] ન પોતાના વિચારો તથા આદતો પોતાના ઉપર અસર કરે તે

સ્વસૃપ પું (પુરાણ) ક્રોધિક ઋષિના સાત માહેનો એ નામનો એક પુત્ર

સ્વસ્તિ ૧. પું (પુરાણ) એ નામના એક ઋષિ

૨. પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ. તે કલ્યાણની મૂર્તિ છે. વળી તેનું મંગળમય નિજસ્વરૂપ પરમાનંદ છે તેથી તે **સ્વસ્તિ** કહેવાય છે

૩. ન. કલ્યાણ; સુખ; ક્ષેમ; પરમ કલ્યાણ

સ્વસ્તિ ન ઇંદ્ર શ્રદ્ધસવા,
સ્વસ્તિ દે પૂષન્ વિશ્વવેદ.
સ્વસ્તિ દા તાર્ક્ષ્ય અરિષ્ટ નેમિ.
સ્વસ્તિ નો બૃહસ્પતિ દધાતુ ।

ઋગ્વેદ ભાષ્ય

૧ **સ્વસ્તિ** વચન = આશીર્વાદનાં વચન

૨. **સ્વસ્તિ**શ્રી = કલ્યાણકારી અને સૌભાગ્યવતી

૪. [સં. સુ (સારું) + અસ્ (હોવું)] ન. કલ્યાણ થાઓ એવો આશીર્વાદાત્મક ઉદ્ગાર કે ઉચ્ચાર

૫. ન સ્વીકાર કે પુણ્ય કરવે અનુજ્ઞાન અભ્યય.

સ્વસ્તિક ૧. પું. અકારી માહેનો એ નામનો એક ગ્રહ.

૨. પું. (શિલ્પ) આઠ પાંખાવાળો સ્તંભ.

૩. પું. એક પ્રકારનો વેધો. તેમાં ચચ્ચાર પાન ચોરસ કે ચોકડીની પેઠે આવે છે. કૂલ ફૂલ્યાં આસમાની પોળાં કે ગુલાબી રંગનાં હોય છે.

૪ પું. જોડણ. હાથથી બનતા ચોવીસ માંહેનો એક પ્રકારનો અલંકાર.

૫. પું. (શિલ્પ) નંદાવર્તક; એક જાતના મોબનું નામ; પદ્મ માહેનો એક જાતનો ગવાક્ષ; મારફુજી વાળો ગવાક્ષ.

૬. પું (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની દક્ષિણે આવેલ એક તારા સમુદાય. તેનું ભારતીય નામ ' ત્રિશંકુ ' છે. તેનો આકાર ત્રિભુજ જેવો છે. તેમાં માત્ર ચાર જ તારાઓ હોય છે. ચારે તારાઓને સામસામી લીટીએ સાકળી દઈએ તો જિજ્ઞાસુ ક્રાઇસ્ટના ક્રોસ જેવો એ બની જાય. પાશ્ચાત્યો એને દક્ષિણ્સ ક્રોસ-સધર્નક્રોસ કહે છે. ચારે ય તારાઓનાં વરપિયન નામ આ પ્રમાણે છે: ૧. ડેલ્ટાક્રુક્સ, ૨ આ ક્રુક્રુક્સ, ૩ ગામાક્રુક્સ અને ૪ બીટાક્રુક્સ. બાર રાશિઓ સિવાય છ સાત રાશિઓ સરકૃત ગ્રંથોમાં છે તે મહેની સ્વસ્તિક નામની રાશિમાના ચાર સુંદર તેજસ્વી તારા તે પૈકી જૂન માસમા સધ્યાકાળે પછી અને ડિસેમ્બરમાં પરોઢિયામાં મધ્યાકાશ વૃત્તમાં તદ્દન દક્ષિણ તરફ ક્ષિતિજથી સુમારે ૨૫ અંશ ઉપર દેખાય છે. તેમાં તદ્દન નીચનો તારો પહેલા વર્ગનો છે. સ્વસ્તિકની એક બીજી બાજુ ઉપયોગિતા છે એના ઉપરનીચેના બને તારા મધ્યાહ્ન રેખા ઉપર આવે છે એ વખતે તેના બાકીના બે તારા પૂર્વ-પશ્ચિમ દિશામાં આવી જાય છે આ કારણે સ્વસ્તિકને નિરખીને જુદી જુદી ઋતુમાં સમય અને દિશા આળખવાનું અભ્યાસીઓને સુગમ પડે આ માટેજ તેને અંગ્રેજી કલોક એટલે ઘડિયાળ પણ કહે છે

૭ પુ ગિરિ

૮ [સં] પું સાથિયો; મંગળસૂચક એક ચિહ્ન; ચોકડી; ચતુષ્પથ તે ઉપરનું અપભ્રંશ રૂપ છે ત ધર્મિક નિશાની ગ્રીકના ક્રોસને તે મળતી છે તેના છેડાઓ કાટખૂણે વળેલા છે. કોઈવાર તેની અંદર પણ રાખવામાં આવે છે. આ ચિહ્ન હિંદ અને ચીનમાં શકે થયેલ છે. બૌદ્ધ ધર્મનું તે ખાસ નિશાની છે મધ્યયુગમાં તે [illegible] જર્મનિમાં એકે હિટલરના પક્ષકારોએ પોતાના ચિહ્ન તરીકે તેને વાપર્યું છે અને આર્યત્વસૂચક ચિહ્ન તરીકે ઓળખાવ્યું છે

સ્વસ્તિક રચવો = અદશ્ય થાળવી.

૯. જી. (શિલ્પ) એક જાતની વેદિકા; ચાર ખૂણાવાળી વેદી. તે યજ્ઞમાં બનાવવામાં આવે છે

યજ્ઞના કામમાં સવે ઠેકાણે ચાર ખૂણાની વેદી કરવી કહી છે તે ચાર ખૂણાવાળી વેદીનુ **સ્વસ્તિક** નામ છે. રાજવલ્લભ

૧૦. ન. (જૈન) ઇંદ્રક વિમાન

૧૧. ન એક જાતનું પત્ર શાક

૧૨ ન એક પ્રકારનું દ્રવ્ય.

૧૩ ન. (શિલ્પ) એક પ્રકારનુ દ્વિશાળ ઘર. તેના ઓઢા આગળ અલિંદ અને તેમા ષટદ્વારવાળી હસ્તિનીશાળા હોય છે

સંતત નામના દ્વિશાળ ઘર આગળ એક અલિંદ આવે અને શાળામા ષટદ્વારે આવે તો તે **સ્વસ્તિક** ઘર કહેવાય. રાજવલ્લભ

૧૪. ન. એ નામનું એક પકવાન.

સાકરવાળું, ઘીમાં પકવેલું, સ્વાદિષ્ટ અને મનોહર આ **સ્વસ્તિક** નામનું પકવાન હું ભક્તિથી અર્પું છું. ભગવતી જામવટ

૧૫ ન. એ નામનું મ.થાનું એક ઘરેણું

૧૬. ન. છ માહેના એ નામના એક વિભાગનું યંત્ર; સાબુસ્રી; પકડ વગેરે ૧૦૫ છે. તેના છ વિભાગ કરવામાં આવ્યા છે સ્વસ્તિક, સુદર્શન, તાલ નાડી, શલાકા, ઉપચક્ર

૧૭. ન. (સિક્કા) વીસ માહેનું એ નામનું એક નગર.

જે નગરને આઠ દ્વાર હોય તેનું નામ **સ્વસ્તિક**
રાજવલ્લભ

૧૮. ન. સાથિયા સરખું શ્રી હરિના જમણા ચરણારવિંદનું એક ચિહ્ન

૧૯. વિ. કલ્યાણ કરનાર.

સ્વસ્તિકરજ્જુક પું. એ નામનો એક સ્નાયુ. તે મુખાવયવો તથા દંતચૂડાના સંધિમાં જ્યો અગલનો ભાગ ભજવે છે. તે ચૂડાવલયના વચલા ભાગમાં આડો રહેલો હોઈ, તે ભાગની બંને બાજુ પરનાં કલા-પડોને લાગેલો છે. આ સ્નાયુની એક ઉપલી શાખા ઉપર જઈને પશ્ચિમ કપાલના મૂળ ભાગને લાગેલી છે. જ્યારે તેની એક નીચલી શાખા દંતચૂડા કોશકના પિંડ ભાગને લાગેલી છે. આ પ્રમાણે આ સ્નાયુની ચાર શાખાઓ હોવાથી તે સ્વસ્તિકરજ્જુક તરીકે ઓળખાય છે. તેની અને ચૂડાવલયના પિંડ વચ્ચે દંતપ્રવર્હન કરે છે. દંત પ્રવર્હનની આગળ તથા પાછળ એક એક કલાપુટક રહેલું છે.

સ્વસ્તિકવ્રત [સં.] ન. અષાઢ સુદિ પૂનમથી આરંભ કરી કાર્તિક સુદિ પૂનમ સુધી કરવામાં આવતું વ્રત. તેમાં રંગોળી, સાથિયા વગેરે પૂરી લક્ષ્મીનારાયણનું પૂજન કરવામાં આવે છે.

સ્વસ્તિકશાકટ પું. બેતાલીસ હાથના ૨૪ માહેનો એ નામનો અગિયારમો અભિનય. ચોવીસ પ્રકારના અભિનય માહેના મુખ્ય મુખ્ય આ પ્રમાણે છે: કોલક, સંપુટ, ગરુડ, બાહ્ય, સ્વસ્તિકશાકટ વગેરે.

સ્વસ્તિકસ્નાયુ પું. ખૂટણના સાંધાની અંદર રહેલા એ નામના બે સ્નાયુ. તે બંનેથી એક બીજાને ઓળંગતા, સાથીઆ જેવો આકાર થતો હોવાથી તેઓને આ સંજ્ઞા મળી છે

સ્વસ્તિકાકૃતિબંધ [સં.] પું. એક જાતની એક ચિત્રકાવ્યરચના, સાથિયાનો આકાર બને તેવા સંખ્યાસૂચાણી કવિતા આમા સ્વસ્તિક અથવા સાથિયા જેવી આકૃતિ હોય છે સાથિયાના ચારેકના પાંખડાના ત્રણ ત્રણ ભાગ પાડેલ હોય છે દરેક ત્રીજો અક્ષર એક શબ્દને છેડે અને બીજાના શબ્દની શરૂઆતમા એમ બે વખત વપરાય છે ત્રણસો અક્ષરથી સારે કરી ઉપર કહ્યું તે પ્રમાણે એક પાખડાના છેડા સુધી વાચવું. વચલો અક્ષર ચારે પાંખડાની શરૂઆતમાં વપરાય છે

સ્વસ્તિકાયંત્ર [સં.] ન. સંડાસીયત્ર; ગોમશકુ; ગર્ભમાંથી બાળકને ખેંચી કાઢવાનું સાધનો જેવું એક સાધન

સ્વસ્તિકાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. જમણા ઢીંચણના ટેકરાની નીચ બખોલમાં ડાબા પગના તળિયાની આગળીઓ બરાબર આવી રહે તે પ્રમાણે ચાપીને મોઢવી પગનાં તળિયાંનો નીચેનો ભાગ જંઘ સાથે અડકાડીને ઉપરનો ભાગ માંસલ પીંડી સાથે અડકાડી રહે તે પ્રમાણે રાખવો. જમણા પગનો ઢીંચણની નીચનો ભાગ ઉપર પ્રમાણે ગોઠવાયેલા ડાબા પગની નીચ લઈ જઈને ડાબા પગની જંઘ અને માંસલ પીંડી વચ્ચેની બખોલમાં હાથ નાખીને તેમાંથી જમણા પગને બંધુઠા વડે પકડીને ઊંચ ખેંચવો અને જે પ્રમાણે જમણા ઢીંચણથી બખોલમાં ડાબો પગ ઝાલ્યો હતો તે પ્રમાણે ડાબા ઢીંચણની બખોલમાં જમણા પગનું તળિયું ઝાલવી દેવું. આ પ્રકારે પલાંઠી વાળવા પછી સીધા હાથ વડે જોરી રહેતુ આ આસનમાં બંને પગના ઢીંચણની નીચેના બધાં પગ એક બીજા ઉપર સ્વસ્તિક એટલે સાથિયો કરતા હોવ એ પ્રમાણે ગોઠવાયેલા હોય છે. તે ઉપરથી એ આસનનું આવું નામ પડ્યું છે. આ સ્વસ્તિકાસનમાં જમણા પગની બખોલમાં ડાબા પગનું તળિયું નાખીને તે પછી જમણા પગનું તળિયું ડાબા ઢીંચણની બખોલમાં નખાય છે. તે જ પ્રમાણે જમણા પગનું પ્રથમ ડાબા ઢીંચણની બખોલમાં નાખવું અને પછી ડાબા પગનું તળિયું જમણા ઢીંચણની બખોલમાં હાથ ઘાલીને ઊંચ ખેંચી લઈને તે બખોલમાં ગોઠવવાથી સ્વસ્તિકાસનનો બીજો પ્રકાર થાય છે. આ પ્રમાણે પગની ગોઠવણી કરીને ગરદન તથા માથાને ટટ્ટાર રાખવાં શારીરિક અસ્વસ્થતામાં બીજું આસનો અનુપયોગી જણાયાં છે ત્યારે તે સ્થિતિમાં પણ આ આસન લાભકારી મનાય છે. નિર્બલ માણસ આ આસન વાપીને ઘણીવાર સુધી બેસી શકે છે આસન વાપ્યા હોય તે વખતે આંખો બંધ કરવી અથવા નાસાગ્ર ભાગપર દૃષ્ટિ રાખવી અથવા ભ્રૂમધ્યમા દૃષ્ટિ રાખવી.

સ્વસ્તિકૃત ૧ [સં.] પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ

૨. પું. શિવના હજાર માહેનું એક નામ.

સ્વસ્તિક્ષેમ ન. 'સારું થાઓ અને ૫ણ થાઓ રહો' એમ આશિષ કે સંતોષનો ઉદ્ગાર

સ્વસ્તિદ ૧. [સં.] પું. વિષ્ણુના હજાર માહેનું એક નામ. સ્વસ્તિ એટલે કલ્યાણ અને દ એટલે આપનાર તથા ભક્તોનું ભલું કરનાર પણ વિષ્ણુ છે તેથી તે સ્વસ્તિદ કહેવાય છે.

૨. પું. શિવનાં હજાર માહેનુ એક નામ

સ્વસ્તિદક્ષિણ [સં.] પું વિષ્ણુનાં હજાર માહેનુ એક નામ. વિજય કર્યા વગર તત્કાળ કલ્યાણ કરનારા, કલ્યાણ કરવાને સમર્થ અને કલ્યાણ કરવાની યોગ્યતા-અયોગ્યતા જોનાર, કલ્યાણ જેની દક્ષિણા છે તેવા વિષ્ણુનુ નામ સ્વસ્તિદક્ષિણ આપવામા આવ્યુ છે

સ્વસ્તિભુજ પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ કલ્યાણ ભોગવનારો તેમજ સર્વ ભોક્તાના અંતરાત્મા વિષ્ણુ છે તે સ્વસ્તિભુજ કહેવાય છે.

સ્વસ્તિમતી ન એ નામનું એક સૂક્ત

એ પાપોને નાશ કરનારા સૂક્તનો, પુનરુક્તીનો, **સ્વસ્તિમતી**નો અને પાવમાની સૂક્તનો જપ કરવો.
ભગવતી ભાગવત

સ્વસ્તિવાચન ૧. [સં] ન. એ નામનું એક પુસ્તક

૨. ન કોઈપણ કર્મની શરૂઆતમા મંગળાર્થે આશીર્વાદ આપતી વખતે બોલાતા વેદના અમુક મંત્રો. મંત્રાશીર્વાદ; મંગલકાર્યોના આરંભમાં કરાતો એક ધાર્મિક વિધિ; પુણ્યાહવાચન

૩ ન. લગ્ન પ્રસંગે કરવામા આવતો એ નામનો એક વિધિ. કન્યાના વડદાદા, દાદા, પિતા, ભાઈઓ અને કુટુંબના દૈયાત પુરુષ વર્ગનાં નામો બોલી તે સર્વ વરનુ રક્ષણ કરો એવી તેમા પ્રાર્થના હોય છે

૪ ન ગુજરાતમા કે આશીર્વાદ સહિત આપેલી દ્રવ્ય વગેરેની ભેટ.

સ્વસ્તિવાચનિક [સં] વિ મંગળપાઠ કરવાથી મળેલા પદાર્થનું; સ્વસ્તિવાચન સંબંધી

સ્વસ્તિશ્રી ૧ [સં] વિ. કલ્યાણકારી અને શોભાયુક્ત

૨. ન. કાગળ લખતા આરંભમાં લખાતુ મંગળસૂચક પદ

સ્વ સ્તુતિ [સં.] સ્ત્રી. પોતાનાં વખાણ.

સ્વસ્त्ययन [સં.] ન. શાંતિ માટેનુ એક અનુષ્ઠાન. તે લગ્ન, જનોઈ વગરે પ્રસંગે કરવામા આવે છે.

સ્વસ્त्यात्रेय ૧. પું. (પુરાણ) એ નામે અત્રિ વંશનો એક ઋષિ

૨. પું ઋગ્વેદના પાંચમા મંડલના ૫૦થી ૫૧મા સૂક્તનો કર્તા એક ઋષિ

સ્વસ્થ ૧ [સ] વિ. એકાગ્ર
૨ [સં. સ્વ (પોતાનું) + સ્થા (રહેવું)] વિ પોતાના સ્વરૂપમા રહેલ
૩. વિ નીરોગ; કામથી પરવારેલું
૪. વિ. વ્યાધિ રહિત; નીરોગી; તદુરસ્ત
૫. વિ. સાવધાન; ગભરાટ કે ઉદ્વેગ વિનાનું; શાંત

સ્વસ્થઅવસ્થા સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની નવ મહેની એ નામની એક અવસ્થા

સ્વગૃહીની **સ્વસ્થઅવસ્થા** મધ્યમ
જ્યોતિષ હીર

સ્વસ્થચિત્ત [સં] વિ. શાંત મનવાળું

સ્વસ્થતા ૧. [સં] સ્ત્રી. આરોગ્ય; સ્વાસ્થ્ય. કેનોપનિષદમા લખ્યુ છે કે, સ્વસ્થ શરીરમાં આત્મા સ્વસ્થતાથી રહી શકે છે આત્મભાવ મેળવવા માટે શરીરની સ્વસ્થતા ખૂબ ઉપયોગી છે. રોગિષ્ટ શરીર પુરુષાર્થ માટે નાલાયક છે. આથી કેનોપનિષદની સરઆતમાં ઋષિ શરીર આદિની સ્વસ્થતા માટે પ્રાર્થના કરે છે કે:– હે પરમાત્મન ! મારાં અંગે અંગ હૃષ્ટપુષ્ટ અને સ્વસ્થ હો !
૨ સ્ત્રી. શાંતિ; સુખેચ્છ
૩. સ્ત્રી. સુખરૂપતા; નિરાંત.

સ્વસ્થશૈલી [સં.] સ્ત્રી. ઉત્તમ પ્રકારની પદ્ધતિ.

સ્વસ્થાન ૧. [સં] ન. ઠાકોરનું ગામ.
૨. ન. નાનું દેશી રાજ્ય; કઠરાત.
૩. ન. પોતાનું રહેઠાણ; મુકામ.
૪. ન. સસ્થાન. આ અપભ્રષ્ટ શબ્દનો આસ અર્થ મંડલ. મંડલિક રાજાનો પ્રદેશ અથવા તો મૂળ વિશાળ રાષ્ટ્ર હોય તેમાંના એક નાના પ્રદેશમા એક નાનું રાજ્ય અથવા રાષ્ટ્ર એવો અર્થ થાય છે

સ્વસ્થાનક [સં.] ન. પોતાનો મુકામ; પોતાનું સ્થાન.

સ્વસ્થાનાવસ્થાનરૂપા [સ.] સ્ત્રી. સ્તોત્ર સહિતા પ્રમાણે કુડલિનીની ચાર માંહેની એક ભૂમિકા. કુડલિનીની ચાર ભૂમિકા આ પ્રમાણે છે: (૧) ષટ્ચક્રભેદનરૂપા (૨) પરશિવસયોગરૂપા, (૩) પુનરાવૃત્તિરૂપા ને (૪) સ્વસ્થાનાવસ્થાનરૂપા.

સ્વસ્નેહ [સ.] પુ પોતાનો પ્રેમ.

સ્વસ્રીય [સં.] પુ. બહેનનો પુત્ર; ભાણેજ.

સ્વસ્રીયા [સ.] સ્ત્રી. બહેનની પુત્રી.

સ્વસ્વરૂપ ૧. [સં] ન આત્મભાન હોવાપણું.
૨. ન. બ્રહ્મસ્વરૂપ; પરમાત્મા.

ઇંદ્રિયદ્વિનો વિજય કરનાર આત્મા દુઃખથી દુઃખ ન પામતા કેવળ **સ્વસ્વરૂપમા** રહે છે
ભગવદ્ગીતા

સ્વસ્વરૂપાનદ [સં] પુ. પોતાના આત્માના સ્વરૂપના જ્ઞાનથી ઉપજતો આનદ

બરબાર લાગ્યા જેવાથી જેમ શૌર્ય અને આગ્રથી નિશો ઉત્પન્ન થાય છે તેમ એ જુદુ ચિંતવનથી આત્મા **સ્વસ્વરૂપાનદની** બેહદ્ય ચઢતો ભાવ છે
શ્રીમદ્ રાજચંદ્ર

સ્વસ્વામિભાવ [સં.] પું માલિકીનો સંબંધ અનાદિ **સ્વસ્વામિભાવનુ** મૂળ તે કારણ માનો પણ જ્યાં સુધી તેનો નાશ ન થાય ત્યા સુધી મુક્તિ મળી શકે નહિ; માટે તેનો ઉચ્છેદ કરવો એ જ પરમ પુરુષાર્થ છે. જ્ઞાનદર્પણ

સ્વસ્વામિસંબંધ [સં.] પું માલિકીનો દરજ્જો

સ્વસ્વાર્થવાદ પું. એકપેટાપણું; આપસ્વાર્થીપણું; પોતાની જાતનો ફાયદો પ્રથમ જોવો તેવો મત

સ્વહન પુ. (પુરાણ) દક્ષિણાને પતિ ભગવાનથી થયેલા બાર મહેનો એક દીકરો.

સ્વહસ્ત [સં.] પું પોતાનો હાથ.

આ પરમ અભ્યુદયના પ્રસગે રાજાએ સોને તેમની ગેરહાજરી પ્રસગે મોટા દબદબા ભરેલા દરબારમા **સ્વહસ્તે** સરપાવ આપ્યો
કેશવ હર્ષદ

સ્વહસ્તક [સં] વિ. સરકારે પોતે નીમેલા અધિકારીઓના હાથમાં રહેલુ

પ્રતિક રાજ્ય બહીરવટ પણ સબળી સ્વરાજ્યતા ખોરણ ઉપર સ્થપાવા તેના બે વિભાગ પાડવા. એક ભાગ '**સ્વહસ્તક**' એટલે કે સરકારના પોતાના નીમેલા અધિકારીઓના હાથમાં રાખવાના જેવા વિષયનો અને બીજો વિભાગ 'સોંપેલા (Transferred) અર્થાત્ પ્રજાની સત્તામાં સોંપવાના વિષયનો.
પારિ કોષ

સ્વહસ્તક્રિયા [સં] સ્ત્રી. જે ક્રિયા બીજાને કરવાની હોય તે પોતે કરી લેવી તે.

સ્વહસ્તલિખિત [સં] વિ. પોતાના હાથે લખેલું

સ્વહસ્તાક્ષર [સં. સ્વ + હસ્ત (હાથ) + અક્ષર] પુ. પોતાની જાતના અક્ષર; પોતે પોતાના હાથે લખી આપ્યુ હોય તે; બુદના હાથના અક્ષર.

સ્વહસ્તિકા [સં.] સ્ત્રી. કુહાડો.

સ્વહસ્તે ૧. અ. પોતાને હાથે.
૨. અ. હાથોહાથ; રૂબરૂ.

સ્વહિત [સં. સ્વ (પોતાનું) + હિત (કલ્યાણ)] ન. પોતાનો લાભ; સ્વાર્થ; પોતાનું હિત.

સ્વહિતવાદ [સં.] પું અહમ્ ૧, પોતાનું જ હિત વિચારી કામ કરવુ તે; 'ઇગોઈઝમ' શ્રી નરસિંહરાવ ભોળાનાથ લખે છે કે, આચરણની ચાલકશક્તિ (મનુષ્યને કૃતિ તરફ ચલાવનારી શક્તિ) એમાં નથી મળતી તેમ જ સ્વહિતવાદથી પણ આ ચાલકશક્તિનો ખુલાસો નથી મળતો હું આ કામ કરીશ તો મને સુખ થશે, એમ વિચાર કરીને મનુષ્ય હમેશા પ્રવૃત્ત નથી થતો, અનેક વેળા માત્ર કર્તવ્ય બુદ્ધિથી સદાચાર કરનારા વિરલ જન પણ હોય છે તેમની કૃતિ માટે ચાલકશક્તિ સ્વહિતવાદમાં નહિ જડે કર્તવ્ય બુદ્ધિથી જ કૃતિ થાય છે, એ અશક્ય છે તેમાં સુખ છે જ એમ ન ધારવું, કેમકે કર્તવ્ય કર્યાથી થતા પરિણામ રૂપે થતો આનંદ તે કાંઈ ઉદેરા ના ગણામ.

સ્વહિતાવલોકન [સં. સ્વ (પોતાનું) + હિત (ફાયદો) + અવલોકન (તપાસ)] ન. સ્વાર્થદૃષ્ટિ

સ્વહિંસા [સં.] સ્ત્રી. આત્મવધ; આપઘાત.
આત્મવધ એ **સ્વહિંસા** જ છે.
તત્ત્વાર્થસૂત્ર

સ્વંગ [સં] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

સ્વંજ [સં.] સ ક્રિ. ભેટવું, આલિંગન આપવું.

સ્વંજન ન. રટણ
અહો અમ્ર તુજ અંજન હરે હરે તુજ **સ્વંજન.**
દાન્તિચેષ્ટી

સ્વ:સુધા [સં.] ન. સ્વર્ગનું અમૃત.

સ્વા ૧. [સં.] સ્ત્રી. નાવિકાનો એક ભેદ.
૨. સ્ત્રી. પોતાની સ્ત્રી

સ્વાક્ષર [સં.] પું. સહી; હસ્તાક્ષર

સ્વાક્ષરાંકિત [સ.] વિ. પોતાના જ હાથે લખાયેલું; પોતાના જ હાથ અક્ષરનુ

સ્વાગત ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સ્વાગતા. તેના દરેક ચરણમાં રગણ, નગણ, ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષરે હોય છે.
૨. [સ.] ન. આવકાર; અભિનંદન, આંગણે આવનારને પ્રિય વચન વગેરેથી દેવામાં આવતુ માન સત્કાર; આદરમાન; આવનારને અપાતું માન; સત્કાર; સન્માન, આગતાસ્વાગતા; મેમાની; આદરાતિથ્ય.
૩. ન માન આપવાની અથવા પૂજા કરવાની અઢારમાહેની એક રીત.
૪ ન. શુભ આગમન.

સ્વાગતકમિટી સ્ત્રી. માન આપનારી સભા; આવકાર સભા.

સ્વાગતકારિણી [સં] વિ.સ્ત્રી. સ્વાગત કરનારી; માન આપનારી; આગતાસ્વાગતા કરનારી, મેમાનગત કે પરોણાગત કરનારી

સ્વાગતકારી [સં] વિ. સ્વાગત કરનાર

સ્વાગતગીત [સ] ન. આવકાર આપનારું ગીત.

સ્વાગતપત્ર [સ] ન. સ્વાગત કે આવકાર આપવા સબંધી પત્ર

સ્વાગતપ્રમુખ [સં] પું. સ્વાગત સમિતિના પ્રમુખ

સ્વાગતમંડળ [સ.] ન. સ્વાગતકારી મંડળ; સ્વાગત કરનાર કે આવકાર આપનાર મંડળ. સ્વાગત કરનાર સભ્ય.; આવકાર આપનાર લોકોનું મંડળ.

સ્વાગતમંત્રી [સં.] પું. સ્વાગત સમિતિના મંત્રી

સ્વાગતમાળા સ્ત્રી. સ્વાગત કરતી વખત પહેરાવવાની માળા.

સ્વાગતસમિતિ [સં સ્વાગત + સમિતિ (સમાજ)] સ્ત્રી. આવકાર દેનારું મંડળ; સ્વાગત કરનાર સભા; જાહેર આવકાર આપનાર મંડળ; સ્વાગતનું કામ કરનારી સમિતિ; આગતાસ્વાગતા કરનારી મંડળી

સ્વાગતા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સ્વગતા; સગતા; સ્વાગત. તેના દરેક ચરણમાં રગણ, નગણ, ભગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે

૨. જુઓ સ્વાગત ૨.

સ્વાગતાધ્યક્ષ જુઓ સ્વાગત પ્રમુખ

સ્વાગતી વિ. સ્વાગતને યોગ્ય.

એ પ્રમાણે થવાથી પ્રકાશના પ્રસ્તરણ તથા ભાષાના આભરણ એવાં સરસ આવે કે મકાનના દર્શનને આકર્ષક અને **સ્વાગતી** બનાવે.

મૃદ્વિલાસ

સ્વાચરણ ૧. [સ] ન. પોતાનું આચરણ.

૨. ન. સારું આચરણ.

સ્વાત ૧ સ્ત્રી. હિંદની વાયવ્ય સરહદ ઉપર આવેલી એક નદી. તે યુસફઝાઈ પ્રદેશની પશ્ચિમે આવેલી છે

૨ ન. એ નામે સત્તાવીશ માહેનું પંદરમું નક્ષત્ર. સ્વાતિ કૃત્તિકા જ્યોતિષ પ્રમાણે તે શુક્ર મનાય છે આ નક્ષત્રમાં જન્મનાર કામદેવના જેવો રૂપાળો, સ્ત્રીઓને પ્રિય અને સુખી હોય છે.

સ્વાતંત્ર્ય ૧. [સં] ન. સ્વતંત્રતા; આપ-અખત્યારપણું; સ્વાધીનપણું; આઝાદી. ગાંધીજી લખે છે કે, સ્વાતંત્ર્ય દેવનું મંદિર છે. તે લોહી વગર ચણાતું નથી એ મંદિર રૂ. સ્વાતંત્ર્ય રૂપાને બલિદાનો માગે છે એથી ઊંચી કિંમત બીજી ક્યાં અને એથી ઊંચી ભેટ છે.

સ્વાતંત્ર્યની પ્રજાનો પ્રબુદ્ધ સૂત્રધાર હું હિંદુસ્તાની વસ્તાઉં સ્વાતંત્ર્ય સ્થાપના ન એ

માખીગીતા

૨. ન. સ્વતંત્ર સ્ફુરણા; પ્રેરણા લોકમાન્ય તિલક કહે છે કે: દેહેન્દ્રિયને મોક્ષનું કૃત્ય કર્મ કરવા તરફ દોરીને આત્મૈકયજ્ઞાનથી મોક્ષ મેળવવાની, હૈડામાં પડેલા સાત્ત્વિક આત્માની જે આ સ્વતંત્ર શક્તિ તે મનમાં લાવીને જ ભગવાને કહ્યું કે, મનુષ્યે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ; પોતાના આત્માને પોતે જ નાઉમેદ થવા દેવો નહિ આ પ્રમાણે આત્મસ્વાતંત્ર્યના બેઠકે સ્વાવલંબનના મર્મનો જ અર્જુનને ઉપદેશ કર્યો છે અને તે જ હેતુથી યોગ્ય વિષ્ટમા દૈવનું નિરાકરણ કરી પૌરુષની મહત્તા વિસ્તારવા વર્ણવેલી છે. આધિદૈવત પક્ષના પંડિતો આને સદસદ્વિવેકબુદ્ધિરૂપ દૈવતાનું સ્વતંત્રસ્ફુરણ એવું કહે છે. પણ નાસ્તિક દૃષ્ટિથી વિચાર કરતાં જણાશે કે, બુદ્ધિ અને બુદ્ધિ સાથે મન પણ એ ઇન્દ્રિયજડ પ્રકૃતિનો જ વિકાર હોવાથી તે પોતે પોતાની મેળે પ્રકૃતિના ગુણધર્મોથી છૂટી શકે તેવો સંભવ નથી; તે પ્રેરણા એટલે કે સ્ફુરણા કે સ્વાતંત્ર્ય કર્મસૃષ્ટિના બહારના આત્મા પાસેથી મળતી જોઈએ, એ ઉપાધિ છે તે જ પ્રમાણે 'પ્રજ્ઞા સ્વાતંત્ર્ય' એ પાશ્ચિમાત્ય પંડિતોનો શબ્દ પણ વેદાંતદૃષ્ટિએ અરાબર નથી કારણ કે, પ્રજ્ઞા એ મનનો ધર્મ છે અને બુદ્ધિ અને બુદ્ધિની સાથે મન પણ કર્માત્મકજડ પ્રકૃતિનો અત્યંતભેદ્ય વિકાર હોઈને તે પોતે પોતાની મેળે કર્મની પકડમાંથી છૂટી શકે તેમ નથી. એટલે ખરું સ્વાતંત્ર્ય તે મનનું કે બુદ્ધિનું નથી પણ આત્માનું જ છે એમ વેદાંતશાસ્ત્રે ઠરાવ્યું છે. પ્રવૃત્તિ સ્વાતંત્ર્યની યા ઇચ્છાસ્વાતંત્ર્યની આ ઉપપત્તિ જીવાત્મા અને પરમાત્મા મૂળમાં એકરૂપ છે એ અદ્વૈત વેદાંતના સિદ્ધાંતને અનુસરીને લોકમાન્ય તિલકે આપી છે; પણ તેઓ વિશેષમાં કહે છે કે: આ અદ્વૈત મત જેને માન્ય નથી અથવા ભક્તિ માટે જ્યારે દ્વૈતનો સ્વીકાર કરવાનો પ્રાપ્ત થાય છે ત્યારે જીવાત્માનું આ સ્વાતંત્ર્ય તેનું પોતાનું ન હોવાથી તેને પરમેશ્વર પાસેથી પ્રાપ્ત થાય છે એ રીતે કહેવાય છે. તોપણ થાકતાં સુધી પ્રયત્ન કરનાર મનુષ્ય સિવાય બીજાની મદદમાં દેવ કદી આવતા નથી; આ ઋગ્વેદોક્ત તત્ત્વોને અનુસરીને જીવાત્માને આ સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે પ્રથમ પોતાની મેળે પ્રયત્ન કરવો જોઈએ એમ કહી આત્મપ્રયત્નનું અથવા બીજા શબ્દોમાં આત્મરક્ષણ તત્ત્વનું તેનું તે તત્ત્વ પુનઃ કાયમ જ રાખવામાં આવે છે બૌદ્ધધર્મી લોક આત્મા અથવા પરબ્રહ્મનું અસ્તિત્વ માનતા નથી, પણ બ્રહ્મજ્ઞાન કે આત્મજ્ઞાન તેમને માન્ય નથી તો તેમના ધર્મગ્રંથોમાંથી 'અત્તના (આત્માના) ચોદયત્તાન' અર્થાત્ પોતે પોતાની મેળે જ માર્ગ કરવો જોઈએ, એમ ઉપદેશ કરવામાં આવ્યો છે

સ્વાતંત્ર્યકચ્છ જી સ્વતંત્રતા મેળવવા માટેની કચ્છ

મરાઠા અને બીજા ૭૮ સત્યાગ્રહીઓએ સાબરમતી આશ્રમથી દાંડી તરફ **સ્વાતંત્ર્ય કચ્છ** આદરી. ઝવેરી

સ્વાતંત્ર્યટાપુ પું એ નામનો ટાપુ બ્રિઝની વિચિત્રતાઓમાં લખ્યું છે કે, પનામાના કિનારાથી દૂર આવેલો ચિટોટાપુ નજાનપ્યના હિમાયતીઓએ ખરીદી લીધેલો છે અને તેને 'સ્વાતંત્ર્ય ટાપુ'નું નવું નામ આપ્યું છે. તેઓએ ત્યાં વાસુ જમાવ્યું છે, પણ તેઓ નવા કેન્દ્રની શોધમાં છે. આ ટાપુમા એટલી બધી કીડીઓ છે કે, કાંતો ત્યાંના રહેવાસીઓને શરીર ઉપર ઝાડતેલનો લેપ કરવો પડે છે અગર તો કપડાં પહેરવાં પડે છે.

સ્વાતંત્ર્યદિન [સં.] પું. સ્વતંત્રતા મળવાનો દિવસ. જુદા જુદા રાષ્ટ્રના સ્વાતંત્ર્યદિન આ પ્રમાણે છે:—

દેશ	સ્વાતંત્ર્યદિન
આર્જેન્ટિના	૯મી જુલાઈ.
ઇંગ્લંડ	૨૬મી માર્ચ.
ઓસ્ટ્રિયા	૧૨મી નવેમ્બર.
ગ્રીસ	૨૫મી માર્ચ
ચીન	૧૦મી ઓક્ટોબર.
ચેકોસ્લોવિકિયા.	૨૬મી ઓક્ટોબર.
તુર્કી	૧લી નવેમ્બર
નૉર્વે	૧૭મી મે
પેરુ	૨૮–૩૦ જુલાઈ.
પોર્ટુગલ	૫મી ઓક્ટોબર
પોલેન્ડ	૩જી મે
ફિનલૅન્ડ	૬ઠ્ઠી ડિસેમ્બર
ફ્રાન્સ	૧૪મી જુલાઈ
બેલ્જિયમ	૨૧મી જુલાઈ
બોલિવિયા	૬ઠ્ઠી ઑગસ્ટ.
બ્રાઝિલ	૧૭મી સપ્ટેમ્બર.
મેક્સિકો	૧૬મી સપ્ટેમ્બર.
યુનાઇટેડ સ્ટેટ્સ	૪થી જુલાઈ.
રશિયા	૭–૮ નવેમ્બર.

રૂમાનિયા	૧૦મી મે.
લિયુઆનિયા	૧૬મી ફેબ્રુઆરિ.
રપેઇન	૧૪મી એપ્રિલ.
હંગરી	૧૬મી નવેમ્બર.
ભારત	૨૬મી જાન્યુઆરિ.

સ્વાતંત્ર્યનિષ્ઠ [સં.] વિ. સ્વતંત્રતામાં નિષ્ઠાવાળું

સ્વાતંત્ર્યનીતિ [સં.] સ્ત્રી સ્વરાજ્ય; આત્મશાસન; ધર્મબાબતમાં સ્વાતંત્ર્ય

સ્વાતંત્ર્યપક્ષ [સં.] પુ. ઉદારવાદ; દરેક પ્રશ્નમાં સ્વતંત્ર રહેવું એવો મત ધરાવનાર.

સ્વાતંત્ર્યપ્રિય ૧. [સં] વિ. સ્વતંત્રતા ચાહનાર; સ્વાતંત્ર્ય જેને પ્રિય છે તેવું

૨. વિ. સ્વાતંત્ર્ય મેળવવા માગનાર; સ્વતંત્ર થવા માગનાર

સ્વાતંત્ર્ય યુદ્ધ [સં] ન. સ્વાતંત્ર્ય માટેની લડાઈ; સ્વતંત્રતા મેળવવા માટેનું કે તેની રક્ષા માટેનું યુદ્ધ

સ્વાતંત્ર્યવાદ ૧. [સં] પું અનિયતિવાદ

૨. પું. સ્વતંત્રતા સૌથી શ્રેષ્ઠ એમ માનવું અને વર્તવું એવો મત

સ્વાતંત્ર્યવિમર્દ જુઓ સ્વાતંત્ર્યમુદ્દ.

સ્વાતંત્ર્યસંગ્રામ પું. સ્વતંત્રતાનો લડા. ભારતના સંવિધાનમાં દરેક નાગરિકને નીચેના સ્વાતંત્ર્ય હકો રહે છે વિચાર અને વાણી સ્વાતંત્ર્ય, શસ્ત્રો વિના શાંતિપૂર્વક ભેગા મળવું, સંસ્થા કે સંઘોની રચના, ભારતના કોઈપણ વિસ્તારમાં સ્વતંત્ર ફરવું ફરવું, ભારતના કોઈપણ વિસ્તારમાં રહેવું અને વસવાટ કરવો, મિલકતો મેળવવી ધરાવવી અને તેનો નિકાલ કરવો અમે તે મુજબ કરવો કે કોઈપણ જાતનો વેપાર રોજગાર કરવો વ્યક્તિ સ્વાતંત્ર્ય અંગે નીચની જોગવાઈ કરવામાં આવી છે. (૧) જે કાર્ય ગુનાહિત હોય અને તેમ કરવામાં અમલી કાયદાનો ભંગ થતો હોય તો તેની સજા કરવામાં આવશે (૨) એકના એક ગુન્હા માટે કોઈપણ વ્યક્તિને પકડી શકાશે નહિ તેમજ તે જ ગુન્હા માટે સજા પણ થઈ શકશે નહિ. ગુન્હાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેને ફરજિયાત સાક્ષી આપવાની ફરજ પાડી શકાશે નહિ

સ્વાતિ ૧. [સં.] પું એ નામનો એક તારો. સપ્તર્ષિના પૂછડાનો વળાંક જો આગળ જવા દઈ એ તો ખૂબ ચળકતો તારો સ્વાતિ આપણને જણાશે. સ્વાતિનો તારો મોટો હોવાથી સહેજમાં લક્ષમાં આવી જાય છે. તે પહેલા વર્ગનો તારો છે. તે ચિત્રાની પુર્વમાં ઉત્તરે છે ચિત્રાથી સ્વાતિ વધારે તેજસ્વી છે. ચિત્રા અને સ્વાતિ પણ કરીને સાથે સાથે જ ઊગે છે. સ્વાતિ તારો ચિત્રા પછી પચીસ મિનિટે મધ્યાહ્નરેખા ઉપર આવે છે અને ચિત્રા પછી સુમારે દોઢેક કલાકે અસ્ત થાય છે જુલાઈના આરંભમા સ્વાતિ સમી સાંજે મધ્યાહ્નરેખા ઉપર આવે છે.

દિવાળી સ્વાતિ વિના, બ્યેષ અષાઢ વિષ્ણુ હોય,
હોળી જો પૂર્વા વિના, અશુભ તિથિ છે સોય
રસરાજા પચાસ

૨. પું એક પક્ષી.

૩. સ્ત્રી. અઠ્ઠાવીસ માંહેનુ એ નામનુ પંદરમુ નક્ષત્ર. આ નક્ષત્રમાં તારાની સંખ્યા એક છે. આકાર પરવાળા જેવો કુકુમવર્ણો છે સ્વામીનુ નામ વાયુ. નક્ષત્રનો એક એવડો તારો નારંગી રંગનો છે તે બધો જ તેજસ્વી છે બધી વખતે તેને મંગળના ક્રમ તરીકે ધારવાની જરૂર થાય છે સ્વાતિ ઉત્તર ગોળાર્ધમાં છે. તે રામર્ષિ તારાના ઐવટના તારાની સામે જ આંખરો છે તેથી તેને તુરત ઓળખી શકાય છે ચિત્રા, સ્વાતિ તથા ઉત્તરા ફાલ્ગુનીના તારા ત્રિકોણ કરે છે. સ્વાતિ ભૂપત મંડળમાં છે પાયાના અક્ષર ૮, ૨, રો અને તા છે. પૃથ્વીથી તેનું અંતર ૧૩૬ પ્રકાશવર્ષ છે. એનો અર્થ એ થયો કે મારે ગ્રહતારા સ્વાતિનો જે તાજેતરી અર્થો પ્રકાશ આપણને મળે છે તેને સ્વાતિથી નીકળ્યે ૧૩૬ વર્ષ થયાં છે તે હકીકત નામે એક એકતારા મંડળનો સભ્ય છે. એ આસો સુદમાં આવે છે. સ્વાતિના જળબિંદુનાં મોતી થાય છે એવી ખોટી લોક માન્યતા હતી આ નક્ષત્રમા પડતું વરસાદનું ટીપું માઝલીના પેટમાં જતાં મોતી થાય છે એમ કહેવાય છે, પણ ખરુ જોતાં કાલુ માઝલી ઘણી ઓછી કોઈ એક કમ્બુ ઉપર પેટમાં ને પેટમાં રસ ઝરે છે અને તેમાંથી મોતી થાય છે. સ્વાતિના જળથી સર્પમાં વિષ, વાંસમાં કપૂર અને છીપમાં મોતી બને છે એમ લોકોક્તિ છે. આ નક્ષત્રથી વરસાદનાં નક્ષત્ર બંધ પડે છે. આ નક્ષત્રમાં જો કે પુરુષનો જન્મ થયો હોય તો તે દમગુણવાળો, વેપારી, દયાળુ, પ્રિય બોલનારો અને ધર્મી થાય છે. આ જાણી વાક્ય છે કે, વરસે સ્વાત તો ન વાગે તાંત એટલે કે સ્વાતિ નક્ષત્રમાં જ્યારે સૂર્ય હોય છે ત્યારે એટલે આસો માસમાં કપાસ ઉપર ફૂલ લાગેલાં હોય છે એ સમયે જો વરસાદ પડે તો કપાસનાં ફૂલ ખરી જાય. એ પછી કપાસ લાવો આવે ? પીંજારી તાંત કયાંથી બનવે ?

૪. સ્ત્રી. સૂર્યની એક સ્ત્રી.

૫. સ્ત્રી (પુરાણ) સોમની સત્તાવીસ માંહેની એક સ્ત્રી.

સ્વાતિજળ ૧. ન. અતિશય કીમતી અને મહા મહેનતે મળે એવી વસ્તુ

૨ ન. સ્વાતિ નક્ષત્રમાં પડેલુ વરસાદનુ પાણી.

સ્વાતિબિંદુ ૧. ન. અતિશય કીમતી અને મહા મહેનતે મળે એવી વસ્તુ.

૨. [સં.] ન. સ્વાતિ નક્ષત્રમાં પડતુ વરસાદનું ટીપું. મોતીની માઝલીના પેટમાં જઈ તે મોતી બને છે એમ કહેવાય છે.

સ્વાતિબુંદ [સં. સ્વાતિ + બુંદ (ટીપું)] ન. સ્વાતિ નક્ષત્રના વરસાદનુ ટીપુ એવુ કહેવાય છે કે આવા દરેક ટીપામાથી દરિયામાં મોતી બને છે

સ્વાતિયોગ [સં.] પુ. સ્વાતિ નક્ષત્ર અને અમુક તિથિયો યતો એક યોગ.

સ્વાતી જુઓ સ્વાતિ.

સ્વાતીબિંદુ જુઓ સ્વાતિબિંદુ.

સ્વાતીબુંદ જુઓ સ્વાતિબુંદુ

સ્વાત્મનિરૂપણ [સં.] ન. શ્રી આદ્ય શંકરાચાર્યે રચેલા એ નામનો એક ગ્રંથ. તેમાં ' હું કોણ છું ' તેનુ નિરૂપણ કરેલ છે.

સ્વાત્મા ૧. પું. જે પદાર્થમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપ મોજૂદ હોય તે.

૨. પુ પુરુષોત્તમનાં હજાર માંહેનુ એક નામ.

૩. [સં.] પું. પોતાનો આત્મા

સ્વાત્માનંદ [સં.] પું. પોતાના આત્માનો આનંદ

સ્વાત્માનંદી [સં.] વિ. આત્મા એ જ જેને આનંદનુ સાધન છે એવુ; આત્મારામ.

સ્વાત્માનુભવ ૧. [સં.] પુ. પોતાના આત્માને ઓળખ્યો તે. પોતાના આત્માનો અનુભવ.

૨. પું. સ્વાનુભવ, પોતાની જાતનો અનુભવ; પોતાને થયેલો અનુભવ.

સ્વાત્માભિમાન [સં] ન. પોતાની જાતનું કે આત્માનું અભિમાન.

સ્વાત્માર્પણ ૧. [સં.] ન. આત્મભોગ

૨. ન. સર્વસ્વ આપી દેવુ તે; તમામ અર્પણ કરવું તે; પોતાનો આત્મા અર્પણ કરવો તે.

સ્વાત્મોન્નતિ [સં.] સ્ત્રી. પોતાના આત્માની ઉન્નતિ.

સ્વાદ ૧. [સં] સ. ક્રિ. (ધાતુ) ખુશ કરવું.

૨. સ ક્રિ. ચાખવુ.

૩. સ. ક્રિ. ચાટવું.

સ્વાદ ૧ [સં સ્વાદ (આસ્વદ્)] પુ આસ્વાદ તે
૨ પું જીભથી સમજાતો મારો નગ્સો સ્વાદિક પરિપાક; રસનો અનુભવ; રસનેંદ્રિયથી થતો અનુભવ ગાંધીજી લખે છે કે, જેણે સ્વાદને જીત્યો નથી તે વિષયને જીતી શકતો નથી. સ્વાદને જીતવો કઠિન છે. પણ એ વિજયની સાથે જ બીજો વિજય સધાય છે
૩. પું. મજા; આનંદ
૪. પું. મોજ
૫. પું રસ; લહેજત, મીઠાશ.
૧ સ્વાદ કરવો = (૧) ચાખવું. (૨) સ્વાદવું; ચાખવું
૨ સ્વાદ ચખાડવો = (૧) અનુભવ કરાવવો (૨) મારવું. (૩) સ્વાદ કરાવવો
૩. સ્વાદ આવ્યો-જાયો લેવો = (૧) અનુભવ લેવો. (૨) ચાખવું
૪. સ્વાદ પડવો = (૧) રસ પડવો. (૨) રુચિકર થવું; ગમવું.
૫. સ્વાદે લાગવું = રસાળ કે રસ ઉપજવે એવું જીભથી જણાવું; લહેજત આવવી; મીઠાશ પડવી
૬ પું. શોખ.
૭. ન. એક જાતનું અત્તરનું લાકડું.

સ્વાદજય [સં.] પું. સ્વાદ ઉપર મેળવેલી જીત.
આપણાં શાસ્ત્રોએ **સ્વાદજય** ઉપર બહુ ભાર મૂકેલો છે અને જેણે રસ જીત્યો તેણે જગત જીત્યું એવો સ્વાદ જયનો મહિમા ગાયો છે
જીવનસોપાન

સ્વાદજ્ઞ વિ. બધી જાતના સ્વાદને બરાબર ન ઓળખી શકનાર; સ્વાદની પરીક્ષા જેની પૂરવાર્ષ નથી એવું.

સ્વાદરહિત [સં.] વિ. સ્વાદ વગરનું.

સ્વાદશક્તિ [સં.] સ્ત્રી. સ્વાદની શક્તિ; સ્વાદ લેવાની શક્તિ
જરિયાતો **સ્વાદશક્તિ** વગેરેના પ્રમાણમાં પણ ભોળી વ્યક્તિ હોય છે. મં. જ દલાલ

સ્વાદાંકુર [સં] પુ. જીભ ઉપર રહેલ ઝીણી ફોડકી જેવા અંકુર. જીભ શ્લેષ્મસાથી કલા વડે ઢકાયેલી છે. તેના ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદાંકુરો રહેલાં છે. સ્વાદાંકુરોમાં ચેતાની નાડીઓની શાખાઓ હોય છે, જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

સ્વાદિક વિ. સ્વાદિષ્ટ
સાક પાક **સ્વાદિક** અન્ન ઉત્તમ નૈવેદ્ય જિરિને લાવે
પ્રેમાનંદ

સ્વાદિયલ વિ સ્ત્રી. રોચક સ્વાદવાળી

સ્વાદિયા ૧ સ્ત્રી ન.ગરની એ [illegible] અટક.
૨. ન. એ નામની અટકનું મનુષ્ય
૩. વિ. એ નામની અટકનું

સ્વાદિલું ૧. વિ. જીભના વાદિયાવાળું. ટેસ્ટફુલ; ચટકાવાળું; સ્વાદ કરી જાણું જમે એવું, શોખીન
૨. વિ રોચક સ્વાદવાળું; સ્વાદિષ્ટ

સ્વાદિષ્ટ વિ સ્વાદવાળું; લહેજતદાર; સુસ્વાદુ; રોચક સ્વાદવાળું; જીભને પસંદ પડે એવું.

સ્વાદિષ્ટતા સ્ત્રી. સ્વાદિષ્ટ હોવાનો ગુણ. લહેજતદાર હોવું તે

સ્વાદિષ્ઠ જુઓ સ્વાદિષ્ટ.

સ્વાદિષ્ઠતા જુઓ સ્વાદિષ્ટતા

સ્વાદી વિ. સ્વાદવાળું

સ્વાદીલું વિ. સ્વાદવાળું; ખાવાની ચાહનાવાળું; સ્વાદપરાયણ; રસિક; સ્વાદુ વસ્તુઓ ખાવાનો ટેવવાળું

સ્વાદુ ૧. [સં.] પું અત્તરનો સાર.
૨. પું. ગોળ.
૩. પું. જીવક ઔષધિ.
૪ પું ધરાખ
૫ પુ મીઠો રસ.
૬. વિ. મનોહર; સુંદર; મધુર.
૭ વિ. મીઠું.
૮. [સં. સ્વાદ + (આસ્વદું)] વિ. સ્વાદિષ્ટ; સ્વાદવાળું; રસાળ; ખાવે એવું; સ્વાદ આવે તેવું.

સ્વાદુકંટક [સં.] પું. એ નામની એક વનસ્પતિ; ગોખરુ.
પદ્મકા, ક્ષુદ્રસખા, ત્રિકંટા, **સ્વાદુકંટક**, ગોક્ષુર, ગોક્ષુરક, વનશૃંગાટ એ સાત નામ ગોખરુના છે.
અમરકોષ

સ્વાદુકંદા [સં.] સ્ત્રી. વિદારી વનસ્પતિ.

સ્વાદુફલા [સં.] સ્ત્રી. નાગલતી વનસ્પતિ.

સ્વાદુગંધા ૧. [સં.] સ્ત્રી. ભૂમિકુષ્માંડ; ભોંયકોળું.
૨. સ્ત્રી. રાતો સરગવો.

સ્વાદુપર્ણિકા [સં.] સ્ત્રી. દૂધી.

સ્વાદુપર્ણી જુઓ સ્વાદુપર્ણિકા

સ્વાદુપિંડ [સં.] પું. આંબેલું પચાવી નાખે એવો રસ ઉત્પન્ન કરનાર ગાંઠ, લગભગ પાંચ ઇંચ લાંબો અને બે ઇંચ પહોળો પેટની અંદર રહેલો એક ગ્રંથિઓના સમૂહવાળો આશય; અગ્નાશય; 'પેન્ક્રિયાસ'. તે આશય આમાશયની પાછળ, પહેલી તથા બીજી કટિકશેરુકાઓની આગળ, આડો રહેલો છે. તેનું વજન આશરે બેથી ત્રણ અઢીસો ગ્રૅમ જેટલું છે તેની જમણી બાજુનો જાડો ત્રિકોણાકાર ભાગ મહાણી વડે વીંટળાયેલો હોઈ તેની આંખે ચોંટેલો છે જ્યારે ડાબી બાજુનો છૂટો અને પાતળો પુચ્છ ભાગ પ્લીહા તરફ જતો માલૂમ પડે છે. અગ્નિ પ્લાવિકા નામની ધમની તેની ઉપલી ધારાને અનુસરતી અગોળ તરફ જાય છે અગ્ન્યાશયની પાછળ નીચેનાં અવયવો નજરે પડે છે સાધારણી પિત્તનલિકા, અધરા મહાશિરા, વામાન્ત્રપ્રક્ષાશિરા, મહાધમની, ઉનરાંત્રિકો નામની શિરા તથા ધમની, પૃષ્ઠવક્ષ, મહાપ્રાચીરા પેશીનાં બંને મૂલ ડાબો વૃક્ક તથા અધિવૃક્ક ગ્રંથિ તથા ડાબી કટિયતુરજ્જા પેશી તેની નીચલી ધારાનો જમણો ભાગ મહાણી વડે ઘેરાય છે, જ્યારે ડાબો ભાગ મોટા આંતરડાના આડા ભાગની પ્રસંધનીઓ વડે ઢકાયેલો છે અગ્ન્યાશયને ત્રણ ચારનાં તેમાં બે જાણ્યા સ્રોતો માલૂમ પડે છે અગ્ન્યાશયના સૂક્ષ્મ કોષોએ તૈયાર કરેલો આગ્નેયરસ આ સ્રોતો દ્વારા એકઠો થાય છે. બંને સ્રોતો ડાબી બાજુ પરથી જમણી બાજુ તરફ આવતાં એકેક થઈને એક સ્રોત બનાવે છે જે આગ્નેય સ્રોત તરીકે ઓળખાય છે. મહાણીની અંદર આ સ્રોત સાધારણી પિત્તનલિકાની સાથે ભેગો છે અસંખ્ય કટિકાઓ સંયોજન સૂત્રોવડે એકઠી થઈને નાના પિંડો રચે છે. પિંડો એકઠા થઈને અગ્ન્યાશય રચે છે સૂક્ષ્મદર્શક યંત્રની સહાય વડે જોતાં દરેક કટિકા દ્રાક્ષના ગુચ્છમાં જોવી નાની નાની થેલીઓ મળીને બનેલી છે. દરેક કટિકામા આગ્નેય સ્રોતની એક ઝીણી શાખા હોય છે. તે તૈયાર થયેલ, આગ્નેય રસને લાવે છે આ ઉપરાંત અગ્ન્યાશયની અંદર, કટિકાઓની વચ્ચે છૂટા છવાયા કેટલાંક કોષપિંડો માલૂમ પડે છે. તેઓ લૅન્ગરહૅન્સ નામે ઓળખાતો અગ્ન્યાશયનો અંતઃસ્રાવ બનાવે છે. આ સ્રાવ લોહીમાં ભળી જાય છે અને સ્ટાર્ચ તથા સાકરની પાચનક્રિયામાં અગત્યનો ભાગ ભજવે છે. આમાશયમાં અર્ધ પચેલા ખોરાકને પૂરેપૂરો પચાવી નાખે એવો આગ્નેય રસ આ આશય ઉત્પન્ન કરે છે સાધારણ ખોરાક લેતા મનુષ્યના શરીરમાં, ચોવીસ કલાકમા લગભગ એક શેર કરતાં કંઈક અધિક રસ ઉત્પન્ન થાય છે એમ પરીક્ષકો કહે છે. વારંવાર થતાં વાદને લીધે, અથવા આમાશય કે અગ્ન્યાશયમા કૅન્સર થવાને લીધે, પિત્ત કોષનલિકા અથવા સાધારણી પિત્તકોષ નલિકાનો સંકોચ થતાં, અગર પિત્તકોષની અંદર પિત્તની પથરી થતાં તે ફૂલીને મોટી વૃક્કી જેવી થઈ જાય છે. પેટના ઉપલા તથા જમણા

ભાગમાં ઝેર શ્વાસોચ્છ્વાસની સાથે ઊંચી નીચી થતી માલૂમ પડે છે. આ સ્થિતિમાં તેમ જ પથરી કાઢી નાખવા પેટની આગલી દીવાલમા જમણી ઉદરકડિકા પેશીની આજુ ઉપર છેદ મૂકીને ઉદર ગુહા ખોલવામાં આવે છે તથા પિત્તકોષ સાફ કરીને પથરી કાઢી લેવામાં આવે છે કોઈવાર કેન્સરને લીધે આ થેલી કાઢી લેવામાં આવે છે અગ્નાશયને કોઈ વાર એક સ્રોત પણ હોય છે અને સ્રોતો એકી સાથે ન ઊઘડતાં જુદા જુદા ઊઘડે છે. એક પિત્તનલિકા જોડે, જ્યારે બીજો સ્વતંત્ર રીતે ઊઘડે છે મધુમેહના દરદીઓમાં આ અવયવ બગડે છે. તેનો અંતઃસ્રાવ પિચકારી આપતાં દરદીઓ ખોરાક પચાવી શકે છે તથા આ રોગની બીજી આફતોમાંથી ઊગરે છે ઉપરાંત અગ્નાશયમા અર્બુદ થતું પણ માલૂમ પડે છે. પરંતુ આના દરદો પારખવાં સહેલા નથી.

સ્વાદુપુષ્પ [સં.] ન વાપુભા

સ્વાદુફલ ૧. [સં.] ન બોર; બોરડીનું ફળ.
૨ ન સ્વાદિષ્ટ ફળ; મીઠું ફળ

સ્વાદુફલા ૧. [સં] સ્ત્રી. દ્રાક્ષ
૨ સ્ત્રી બોરડી.

સ્વાદુભઞ્જના [સં.] સ્ત્રી. પીલુ વૃક્ષ.

સ્વાદુમસ્તકા [સં] સ્ત્રી. ખજૂરી.

સ્વાદુમાંસી [સં.] સ્ત્રી. કાકોલી વનસ્પતિ.

સ્વાદુમૂલ [સં] ન. ગાજર.

સ્વાદુરસ [સં.] પું મોઢામાંથી નીકળતો એક જાતનો રસ; સ્વાદુપિંડ નામના અવયવમાંથી ઝરતો રસ તે ખોરાકનો સ્વાદ પચાવે છે.

સ્વાદુરસોત્પાદક [સં.] વિ સ્વાદુ રસ ઉત્પન્ન કરનાર

સ્વાદુલતા [સં.] સ્ત્રી વિદારી વનસ્પતિ.

સ્વાદુદક પું. (પુરાણ) સપ્ત માંડેનો સાતમો મહાસાગર

સ્વાદેંદ્રિય [સં.] સ્ત્રી. જીભ; રસની ઇંદ્રિય; સ્વાદ પારખનાર ઇંદ્રિય. આ ઇંદ્રિયનું સ્થાન જીભ અને તાળવાનો પોચો ભાગ છે. પદાર્થ ઓગળી સ્વાદેંદ્રિયના સ્થાનને અડે છે તેથી સ્વાદ આવે છે. ઘણીવાર આપણે સ્વાદમાં ગંધને ભેળવી દઈએ છીએ. કેસરનો સ્વાદ સારો કહીએ છીએ તે મુખ્યત્વે ગંધ ઉપરથી કહીએ છીએ. એમ મનાય છે કે, જો ગંધની ઇંદ્રિય નાશ પામી હોય તો ડુંગળી અને સફરજન જીભ ઓળખી શકતી નથી. બાઈબલ લખે છે કે, બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો સ્વાદેંદ્રિયની ઉપર કાબૂ મેળવવો જ જોઈએ જો સ્વાદને જિતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે, એ મેં જાતે અનુભવ્યું છે તેથી હવે પછીના મારા ખોરાકના પ્રયોગો કેવળ આહારની દૃષ્ટિએ નહિ, પણ બ્રહ્મચર્યની દૃષ્ટિએ થવા લાગ્યા. ખોરાક ઓછો, સાદો, મસાલા વિનાનો, ને કુદરતી સ્થિતિમાં આવો જોઈએ એ મેં પ્રયોગો કરી અનુભવ્યું.

સ્વાદ્વી ૧. [સં.] સ્ત્રી. ખજૂરી.
૨ સ્ત્રી. દ્રાક્ષ.
સ્વાદ્વી મૃદ્વિકા મધુરસા કાશ્મેર્યક્ષા નેઽ
મૃદ્વ પ્રપાકા મોરટની ચારુ ફલા પણ સોઈ
પિચ્છલપુરુષ

સ્વાધિકાર ૧ પું. પોતાનું કર્તવ્ય; સ્વધર્મ; પોતાની ફરજ.
૨. [સં. સ્વ + અધિકાર (સત્તા)] પુ પોતાનો અધિકાર; પોતાની સત્તા

સ્વાધિષ્ઠાન [સં] ન. મનુષ્ય શરીરમાં રહેલ છ ચક્રોનું બીજું ચક્ર. તે લિંગસ્થાનમાં પશ્ચિમ ભાગમાં આવેલું છે. તે ઊર્ધ્વ મુખવાળું અને બ, ભ, મ, ય, ર લ, એ વર્ણોથી સુશોભિત કમળ છે તેમાં ચતુષ્કોણ આસન ઉપર લાલ રંગના જેવી મૂર્તિ છે. તેનું ધ્યાન કરવાથી સાધક સુંદર થાય છે તથા આયુષ્ય વધે છે આ ચક્રના દેવ બ્રહ્મા છે, શક્તિ સાવિત્રી છે, તત્ત્વ પાણી છે, ઇંદ્રિય જીભ છે, સમય ૧ ઘડી ને ૪૦ પળનો છે. આ ચક્રના જપની સંખ્યા ૬૦૦૦ છે
અહંકારાદિ છ વિકારનો નાશ કરે છે
કુંડલિની બ્રહ્મ દ્વાર પાસે વર્તુળ ૧ થી ૩ સુધીના ત્રણ અક્ષરો રૂપી ત્રણ ખૂણાવાળું પીનબેલા સોના સરખુ કમળ છે. તેની ઉપર હીરાની પેઠે ચળકતુ મહાલિંગમ સ્વાધિષ્ઠાન ચક્ર છે.
ભગવદ્દી ભાગવત

સ્વાધીન ૧. વ. સુપ્રત; સોંપણી
આસાના આનંદાર્ણવે એ શ્લોકનો અર્થ (આવર્યે) કરતી વેળા બાળ ગંગાધર ટિળક મહોદધિમાં ડુબાડી મારીને ગોરાઓ રૂપી મોટી જનતાને **સ્વાધીન** કર્યું છે અને વેદાધ્યિનું પર્યટન કરતે કરતે આર્યોના મૂળ નિવાસસ્થાનનો પત્તો મેળવ્યો છે. ગોરાઓ અને આર્યોનું મૂળ વસતિસ્થાન એ બંને પ્રશ્નો બચાવકારો પ્રસિદ્ધ થયા અને જગતભરમા વિખ્યાત પણ થઈ ચૂકયા.
રામચંદ્ર બાળવંત ટિળક
૨. વિ. નહિ સોંપેલું; અદત્ત; સ્વહસ્તક
૩. [સં.] વિ. પોતાના કાબૂ કે વશનું
સ્વાધીન કરવું ન હવાલે કરવું; સોંપવુ
૪. વિ. પોતે પોતાને નિયમમાં રાખનાર.
૫. વિ. સ્વતંત્ર.

સ્વાધીનગતિક [સં.] વિ સ્વયંચલી, પોતાની મેળે ચલી શકે તેવુ. સ્વશક્તિ પ્રેરિત 'ઓટોમેટિક'.

સ્વાધીનતા ૧ સ્ત્રી સ્વચ્છંદતા, આપખુશપણું
૨ [સં.] સ્ત્રી સ્વતન્ત્ર્ય, સ્વવશતા; સ્વતંત્રતા.

સ્વાધીનપતિકા ૧. સ્ત્રી. નોકર માફક આજ્ઞા પાલક નાયિકા.
૨ [સં] સ્ત્રી પતિને વશ બનાવી કાવ્યશાસ્ત્ર પ્રમાણેની એક નાયિકા; પતિને સ્વાધીન રાખનારી સ્ત્રી. પ્રિયને વશીભૂત કરવાવાળી સ્ત્રીને સ્વાધીનપતિકા કહે છે વનવિહાર, ઉત્સવ, મદ, અલંકાર અને સર્વમનોરથ સિદ્ધ કરવાની પ્રચ્છાઓ એ એની ચેષ્ટાઓ છે

સ્વાધીનભર્તૃકા જુઓ સ્વાધીનપતિકા.

સ્વાધુતા [સં.] સ્ત્રી લાબી ફાળ ભરતી ઘોડાની ચાલ; ઘોડાની એક જાતની ગતિ તેમા ઘોડો પોતાના કાન અને મસ્તુ ઠટ્ટાર રાખે છે ને મોટા પગલા ભરે છે

સ્વાધ્યાય ૧. [સં.] પું અભ્યંતર તપના છ ભેદોમાંનો એક પ્રકાર; જ્ઞાન મેળવવા માટે વિવિધ પ્રકારનો અભ્યાસ કરવો તે તેના વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એવા પાંચ ભેદ છે
૨. પું આત્મજ્ઞાન સ્વ એટલે આત્મા અને અધ્યાય એટલે જ્ઞાન આત્મા શબ્દ ત્રણ અર્થોનો વાચક છે: દેહ, મન અને ચેતન આત્મા. અર્થાત્ શરીર, મન અને ચેતન આત્માનું જે પુસ્તક દ્વારા શુદ્ધ જ્ઞાન થાય તેવાં પુસ્તકોનો નિયમિત અર્થજ્ઞાનપૂર્વકનો મૂળ ભેયને અનુસરીને થતો અભ્યાસ સ્વાધ્યાયનો ઊંચામાં ઊંચો અર્થ આત્મા ચેતન પુરુષનું જ્ઞાન આપનારો, આધ્યાત્મિક વેદ, ઉપનિષદ, ગીતા વગેરે શાસ્ત્રોનો દીર્ઘકાળ, નિરંતર, શ્રદ્ધા સહિતપૂર્વક અભ્યાસ એવો થાય છે. સ્વાધ્યાયનું પરિણામ ઈશ્વરના જ્ઞાનમાં આવવું જોઈએ ઈશ્વરાભિમુખ બનાવીને શાસ્ત્રો પણ માણસની વિદાય લઈ લે છે, કેમકે ઈશ્વરના પ્રદેશમા શાસ્ત્રો પણ લઈ જઈ શકાતાં નથી શાસ્ત્રો તો પથપ્રદર્શક બોમિયાઓ છે. જવાનું તો માણસે જાતે છે. એ થી રસ્તો બતાવીને શાસ્ત્રો અસી જાય છે. આમ છેવટે અસી જતાં શાસ્ત્રો સત્યશોધકને ઈશ્વરનું નામ બતાવી નિવૃત્ત થાય છે. એ નામ છે ૐ
૩. પું. ગુરુમંત્રનો જપ કરી ઈશ્વરાપૈણ્ય કરવું તે.
૪. પું. પોતાનો અભ્યાસ; અધ્યયન; પોતાની મેળે અભ્યાસ કરવો તે; પાઠ તૈયાર કરવો તે.
૫. પું. (યોગ) પ્રણવ, ગાયત્રીમંત્ર ઇત્યાદિનો યથાર્થ રીતે જપ.

મંત્રનો જપ અર્થ વિચારપૂર્વક કરવો તેને સ્વાધ્યાય કહે છે. ગાયત્રીમંત્ર

૬ પુ વિશિષ્ટ દૈનિક મંત્ર પ્રમાણે ઉપાસનાના પાંચ પ્રકારો એક પ્રકાર; મંત્ર, જપ, સૂક્તાદિ પઠ

સ્વાધ્યાયનું પઠન કરવાથી સ્વાભાવિક તેજસ્વીબુદ્ધિ ઉત્પન્ન થાય છે. શિક્ષાત્ર દર્શન

૭ પુ વેદ વેદવેદાંગમય

૮. પું. વેદનો અભ્યાસ; વેદનો નિયમિત પાઠ. જેમાં ભગવાનના ગુણ, પ્રભાવ, તત્ત્વ, સ્વરૂપ તેમજ તેની દિવ્ય લીલાઓનું વર્ણન હોય તથા શાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ વગરેનું પઠન પાઠન કરવું અને ભગવાનના નામો તથા ગુણોનું કીર્તન કરવું આ બધું સ્વાધ્યાય કહેવાય છે પદ.નો અભ્યાસ એટલે સંહિતા અને વેદોના ઉપર ૧ વેદાંગ એટલે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષનું અધ્યયન કરવું. આનું નામ વેદાધ્યયન કહેવાય છે

૯ પું સન્મુખ જવું તે, સ્વજ્ઞ વગેરેના અભ્યાસે જ પરિણમવું તે.

સ્વરૂપમાં જ જોવાવું તે સ્વાધ્યાય છે. સમયસાર

૧૦ પુ માત્ર માહેશ્વરી એ નામની એક પ્રકારની ક્રિયાશક્તિ તે આ પ્રમાણે છે ૧) કૃષ્ટિ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ (૫) પુજા, (૬) તપ અને (૭) દાન

સ્વાધ્યાયતપ [સં.] ન. (જૈન) એક પ્રકારનું આભ્યંતર તપ.

વાચના એટલે. પ્રશ્ન પૂછવા, વારંવાર વાંચ્યા કરવું. સૂત્રાદિનો અર્થ તથા રહસ્ય ચિંતવવું અને ધર્મકથા કરવી એ પાંચ પ્રકારનું સ્વાધ્યાયતપ કહેવાય છે. ઉત્તરાધ્યયનસૂત્ર

સ્વાધ્યાયયજ્ઞ [સં.] પુ. નિત્ય વેદાધ્યયનમાં પ્રેમ, મોક્ષ પ્રતિપાદક વેદાંતશાસ્ત્રનું અધ્યયન અધ્યયન, પ્રણવ મંત્રનો જપ, વેદપાઠ રૂપી યજ્ઞ.

સ્વાધ્યાયિની જી. સ્વાધ્યાય કરવાનું સાધન

સ્વામિનારાયણી શિક્ષાપત્રી નો છે સંસાર કર્દમની શુદ્ધિની **સ્વાધ્યાયિની** ન.ત.સ.

સ્વાધ્યાયી [સં. સ્વાધ્યાયિન્] પુ વેદનો અભ્યાસ કરનાર, વેદ જાણનારો

ઉપદેશક **સ્વાધ્યાયી** તત્ત્વજ્ઞાની અને ભક્તી બ્રાહ્મણ સમાજમાં કેટલો અને કેવો ઉપયોગી હતો તે જાણ્યા વિના હિંદુ ઇતિહાસ સમજી શકાય તેમ નથી. હિંદુરાજ્યવ્યવસ્થા

સ્વાનંદ [સં] પુ પોતાનો આનંદ; નિજાનંદ રહે ઉન્મત્ત **સ્વાનંદે** જડ એ સુખ માની લે ભાલણકવિ

સ્વાનંદભુવન [સં.] ન મજૂપતિનો દિવ્ય લોક નિજલોક

સ્વાનુકૂલ [સં.] વિ પોતાને અનુકૂળ

સ્વાનુભવ સં ; પુ જાતનો અનુભવ; પોતાનો અનુભવ; અંગત અનુભવ; પોતાની જાતનો અનુભવ સ્વ-સંવેદનાનુભવ.

આત્માના ઉપદેશક માટે **સ્વાનુભવ** જરૂરી છે અર્થાત આત્મા એ જાત અનુભવનો વિષય બની એના પરાનુભવનું પાત્ર નથી કઠોપનિષદ ભાષ્ય

સ્વાનુભવરસિક [સં.] વિ આત્મલક્ષી, સ્વાનુભવી; સ્વાર્થપરાયણ; [સંક્ષેપિત]

સ્વાનુભવી ૧ સં [વિ પોતાના અનુભવનું

૨ જુનો સ્વાનુભવગમ્ય

સ્વાનુભાવ્ય સં] વિ આત્માનુભવી, સ્વાનુભવી. સ્વાનુભવક અંતર્ગત; [સંક્ષેપિત]

સ્વાનુભૂતિ [સં] જી. પોતાનો અનુભવ; સ્વાનુભવ, સ્વાત્માનુભવ.

સ્વાનુમાન [સં] ન પોતે કરેલું અનુમાન

સ્વાનુરૂપ [સં] વિ. સ્વાભાવિક.

સ્વાપ ૧. [સં] પુ. અજ્ઞાન

પ્રજ્ઞાપ્રધાનના વાચકમાં પુરુષ તથા સ્વાપથી પ્રબુદ્ધ બુદ્ધત્વ તથા તેના પ્રબોધથી પ્રબુદ્ધ બુદ્ધાત્મનિ કહેવામાં આવી છે

જેન્દ્રલાલ શાહ

૨. પુ. નિદ્રા; સુષુપ્તિ.

૩ પુ પક્ષઘાત; પક્ષઘાત; એકે અંગનું બહેર મારી જવું તે, લકવો; ગાત્રસ્તબ્ધ

સ્વાપક [સં.] વિ નિદ્રાવહ; નિદ્રાજનક; ઘેન લાવનાર

સ્વાપકાળ પુ નિદ્રાકાળ; નિદ્રાનો સમય

સ્વાપતેય [સં] ન. ઓથી મેળવેલી આવક

સ્વાપન [સં.] પુ વિષ્ણુના હજાર માહેનું એક નામ

સ્વાપ્નિક [સં] વિ સ્વપ્નમાં અનુભવેલ; સ્વપ્નનું

સ્વાપ્નિક જ્ઞાન અને કર્મ મોટાં હોવાથી તેમના સમુચ્ચય કે વિકલ્પ બ્રહ્મદાક્ષ્યમાં જ્ઞાન કે કર્મ સાધે સમની રાકે નહિ સાખ્યદર્શન

સ્વાભાવિક ૧ [સં] વિ. મુખ્ય; મૂળભૂત; સ્વ ધર્મભૂત

૨ વિ મૌલિક

૩ વિ વિશિષ્ટ; સાહજિક

૪ વિ સ્વભાવસિદ્ધ; કુદરતી; કૃત્રિમ, નૈસર્ગિક; વસ્તુગત

સ્વાભાવિકતા ૧ [સં.] જી. પ્રકૃતિ

૨ જી સ્વાભાવિક હોવું તે; કુદરતી હોવું તે, નૈસર્ગિક હોવું તે, સહજતા

સ્વાભાવિકત્વ જુઓ સ્વાભાવિકતા

સ્વાભાવિક ભેદાભેદવાદ [સં] પુ નિમ્બાર્કાચાર્યે ચલાવેલો દ્વૈતાદ્વૈતનો એક પેટા મત

સ્વાભાવિક લક્ષણ [સં] ન પાંચ માહેનું ત્રીજું લક્ષણ. નિર્ધારિત, સાધારણ મીઠું અને વાસ્તવિક મીઠું સ.ધ.ગ્રં લક્ષણ કહેવાય છે

સ્વાભાવિક વેગ [સં.] પુ કુદરતી ક્રિયા કે ગતિ તે આ પ્રમાણે છે મળ, મૂત્ર, વીર્ય, અપોવાયુ, ઉલ્ટી, છીંક, ઓડકાર, બગાસું, ભૂખ, તરસ, આંસુ, શ્વાસ, નિંદ વગરે

સ્વાભાવિકસીમા [સં] જી અકૃત્રિમસીમા, નદી, પર્વત અથવા પાણીયો ગતી કુદરતી હદ

સ્વાભાવિકી [સં વિ સ્વભાવજન્ય; સ્વભાવ પ્રમાણે ઉત્પન્ન થયેલ.

સ્વાભાવ્ય [સં.] પુ વિષ્ણુના હજાર માહેનું એક નામ વિષ્ણુ પોતાની મેળે ઉત્પન્ન થનારા, સ્વત સ્વભાવથી પ્રગટ થનારા, અવતરણ કે અવિર્ભાવ કરીને સ્વયંભૂતિ પ્રકાશ કરનારા આત્મસ્વરૂપ છે તથા તે સ્વાભાવ્ય કહેવાય છે

સ્વાભિમાન ૧. [સં] ન. પોતાને માટેનું અભિમાન; ટેક; દુરાગ્રહ; સ્વમાન, આત્મપ્રતિષ્ઠા, ખુમારી.

૨ ન. અમત્સર

સ્વાભિમાની ૧. [સં] વિ ટેકી. સ્વાભિમાનવાળું; દુરાગ્રહવાળું; પોતાને માટે અભિમાન રાખનારું

૨ વિ મગરૂ

સ્વામ ૧. પુ (જૂ ગુ.) ઉપરી

તમે અમારા ઇલ્મ છો **સ્વામ** પ્રાચીન કાવ્ય

૨ પું. ધણી; પતિ; સ્વામી

સ્વામણી [સં. સ્વામિનિ જી ગુ.] સ્વામિની; ધણિયાણી, ૨૬૯.

સ્વામિકૃતાન ન [અપભ્રંશ] જુદા જુદા ગ્રંથ, સ્વરનું નામ જેમકે, સારંગ, રામ, ગમપ, મપધ, વગેરે

સ્વામિતા જી ધણીપણું; માલિકી

સ્વામિતાવાચક જુઓ સ્વામિત્વવાચક

સ્વામિત્વ ૧ [સં] ન અધિકારિત્વ, સત્તા; હક્ક, અધિકાર

૨ ન ધણીપણું; માલિકી

૩ ન નકલહક; અર્થસ્વામિત્વ; 'કોપી રાઇટ'.

૪ ન રાજ્યત્વ; 'રોયલ્ટિ'

સ્વામિત્વ અધિકાર પુ. માલિકીના હક્ક.

સ્વામિત્વભાવ [સં] પું. માલિકીપણાનો વિચાર

સ્વામિત્વવાચક [સ] વિ. (વ્યાકરણ) સ્વામિત્વનો બોધ કરતું. તે પ્રત્યય માટે કહેવાય છે

સ્વામિદ્રોહ [સં.] પું. પોતાના માલિક કે રાજા પ્રત્યે બેવફાઈ

સ્વામિદ્રોહી ૧ પુ સ્વામી દ્રોહ કરનાર પુરુષ. ૨. [સં.] વિ. સ્વામીનો દ્રોહ કરનાર.

સ્વામિધામ ન. ધણીનું ઘર.
સુતા શબ્દો સ્વામિધામે ગ્રહાયે.
શાકુંતલ નાટક

સ્વામિનારાયણ ૧ [સં] પું. સહજાનંદ સ્વ.મીએ સ્થાપેલ એ નામનો એક ધાર્મિક સમ્પ્રદાય: સ્વામિનારાયણ પંથ.
૨. પું. સહજાનંદ સ્વામી સ્વામિનારાયણ સમ્પ્રદાયના પ્રવર્તક સહજાનંદ સ્વામી ઈ. સ ૧૭૮૧મા ઉત્તર હિંદમા અયોધ્યા પાસેના છપૈયા ગામમાં રામનવમીને દિવસે જન્મ્યા હતા. તેમનું મૂળ નામ ઘનશ્યામ હતું. તેમના પિતાનું નામ હરિપ્રસાદ અને માતાનુ નામ પ્રેમવતી હતું. એમ કહેવાય છે કે અગિયાર વરસની ઉમરે તેઓ સંસ્કૃતમાં પ્રવીણ થઈ ગયા હતા. તે વરસે તેમનાં માતા અને પિતા છ છ મહિનાને આંતરે ગુજરી ગયાં. આ પછી ઘનશ્યામે ઘર છોડી અઢાવેલા નીલકંઠને નામે આખા હિંદુસ્તાનની યાત્રાઓ કરી. ઈ સ. ૧૭૯૯માં તે કાઠિયાવાડમા માંગરોળ પાસેના લોજ ગામમા આ.વ્યા. ત્યાં સ્વ.મી રામાનંદ પોતાના અનુયાયી સાધુઓ સ.થે રહેતા હતા. એ વખતે રામાનંદ સ્વામી હય્તમાં હતા, પરંતુ તેમના બે શિષ્ય મુક્તાનંદ સ્વામી ત્યા હતા તેમણે નીલકંઠનુ સન્માન કર્યું અને પોત.ની જગ્યામા તેડી ગયા. થોડ. માસ પછી તે પ.સેના પીપલાણા ગામમાં નીલકંઠનો રામાનંદ સ્વામી સ.થે મેળાપ થયો અને સ્વામી રામાનંદે પોતાની 'સત્સમ'ની માદી તેમને ઈ સ. ૧૮૦૦માં જેતપુર મુકામે અર્પણ કરી. ત્યારથી તે સહજાનંદ સ્વામી કે સ્વામિનારાયણ તરીકે ઓળખાયા. ને જમાનો મારફાડ અને લૂટનો હતો. લોકોમા સંસ્કાર ઘણા ઓછા હતા. તેમને સુધારવાને માટે સ્વામિનારાયણે સાધુઓને દીક્ષા આપી ઉપદેશ કરવા જુદા જુદા પ્રદેશમાં મોકલ્યા સ્વામિનારાયણ ધર્મમાં દાખલ થનાર માણસને ચોરી નહિ કરવ.ની, માંસ મદિરા નહિ લેવાની અને વ્યભિચાર નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લેવી પડતી. તેઓએ લગભગ ૩૦ વરસ ફરીને બધાને ધર્મનો ઉપદેશ આપ્યો. તેઓ વરસના આઠ મહિના ફરતા અને ચોમાસામાં ભાવનગર સંસ્થાનમાં આવેલા ગઢડા મુકામે રહેતા. ત્યાં રહીને લોકોમાં સારા સંસ્કાર રેડતા. તેઓએ તેમને છૂટફાટ કરતા અટકાવી, ધર્મને રસ્તે ચડાવ્યા કાળીઓમાં ઊભડ આચાર જે દાદાખાચરના નામથી પ્રસિદ્ધ છે. તેણે પોતાની બધી મિલકત સ્વામિનારાયણને અર્પણ કરી અને તેમના શિષ્ય થઈને રહ્યા સ્વામિનારાયણ પોતાના સાધુઓની પ્રસંગોપાત પરીક્ષા કરતા અને તેઓ વિલાસી જીવન ગાળતા નથી તેની ખબરઅ સાવચની રાખતા. સાધુઓને માટે તેણે ઘણા આકરા નિયમો ઘડ્યા હતા. જેમકે, (૧) તેઓએ ખુલ્લી જમીન ઉપર સૂવું. (૨) બધી જાતનું અન્ન ભેગું કરીને તેમાં થોડું પાણી નાખીને ખાતું સ્વાદ લેવા માટે નહિ પણ દેહ ધારણ કરવા માટે જ ખાવું. (૩) સાધ્વીઓએ આજ્ઞાનિ સામે જોવાનો, તેની સાથે બોલવાનો, સદેશા મોકલવાનો કે બીજા કોઈ પણ જાતનો વ્યવહાર રાખવો નહિ, તેમ જ તેમનું ચિત્ર પણ જોવું નહિ સ્વામિનારાયણ ધર્મ દિવસે દિવસે વધારે લોકપ્રિય થવા માંડ્યો અને ૩૦ વર્ષ દરમિયાન સ્વામિનારાયણ સમ્પ્રદાયના બે લાખ અનુયાયીઓ થયા અને ઘણે સ્થળે મંદિરો બંધાયાં. અત્યારે સ્વામિનારાયણ ધર્મ ગુજરાતમાં વીસ લાખ કરતાં વધારે માણસો પાળે છે. સને ૧૮૩૦મા સ્વામિનારાયણ સ્વધામ ગયા.

સ્વામિનારાયણ પંથ જુઓ સ્વામિનારાયણ સમ્પ્રદાય.

સ્વામિનારાયણ સંપ્રદાય પું. સહજાનંદ સ્વામીએ સ્થાપેલ એ નામનો એક ધાર્મિક સમ્પ્રદાય. આ સમ્પ્રદાય તરફથી સાહિત્યની સેવા સારી રીતે થયેલી છે. આ સંપ્રદાયના પુરુષોએ ગુજરાતી સાહિત્યના વિકાસમાં પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ સહાય આપી છે. પ્રત્યક્ષ સહાયમાં (૧) મુક્તાનંદ સ્વામી, (૨) બ્રહ્માનંદ સ્વામી, (૩) પ્રેમાનંદ સ્વામી, (૪) નિષ્કુળાનંદ સ્વામી, (૫) દેવાનંદ સ્વામી, (૬) ભૂમાનંદ સ્વામી, (૭) મંજુકેશાનંદ સ્વામી, (૮) કૃષ્ણાનંદ સ્વામી, (૯) ગોવિંદરામ, (૧૦) મંછારામ, (૧૧) આનાનંદ સ્વામી, (૧૨) શુકાનંદ સ્વામી, (૧૩) ચૈતન્યાનંદ સ્વ.મી, (૧૪–૧૭) આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી, શ્રી ભગવતપ્રસાદજી, શ્રી કેશવપ્રસાદજી અને શ્રી રઘુવીરજી મહારાજ, (૧૮) આધારાનંદ સ્વામી અને (૧૯) અમરચંદજી વગેરે તરફથી પ્રાકૃત સાહિત્ય પોષાયેલું છે અને (૧) ગોપાલાનંદ સ્વામી, (૨) નિત્યાનંદ સ્વામી, (૩) વાસુદેવાનંદ બ્રહ્મચારી, (૪) અચિંત્યાનંદ બ્રહ્મચારી, (૫) શતાનંદ મુનિ, (૬) યોગાનંદ સ્વામી, (૭) ઉત્તમાનંદ સ્વામી, (૮) અખંડાનંદ સ્વામી, (૯) દિનાનાથ ભટ્ટ વ.દિ અનેક તરફથી સંસ્કૃત સાહિત્ય સારી રીતે પોષાયેલું છે માળીગર, મ્હોડવી, મરમાળો, પાર્ષદ, સ્નેહલગ્ન, રઢીઆળો, કેફરાગીના, સ્વાનંદકંદ, સ્વતંત્રણ અઢળક નાણું, ઢાકણ, લોકડિયા, રાસીઅર, સભરરસાળો, દિલના દરિયાવ, આદિ અનેક શબ્દો કલાપી તથા નાનાલાલ વગેરે કવિઓએ પોતાનાં કાવ્યોમાં છૂટથી વ.પરી કાવ્યની મીઠાસમાં ઉમેરો કર્યો છે તે શબ્દો ગુજરાતી ભાષામા પ્રથમ તો સ્વામિનારાયણ સમ્પ્રદાયના કવિઓ તરફથી જ પ્રયોજાયેલા છે આ નૂતન યુગમાં જરૂરી ગણાતાં ઐતિહાસિક અને સંસ્કૃતિનાં મૂળભૂત આધારરૂપ પૂર્વકાળમા હતાં તેવાં આશ્રમો સ્થપાયાં આ.ર.ઓને ઢાલણી ઢળવણીની ગાયોમા.ય ધર્મનું પણ શિક્ષણ ઉદારભાવથી રાજકીય રીતે આપવાની શરૂઆત થઈ રહી છે; એમાં અડાલપાળા રાજ્યો શ્રી ધર્મજીવનદાસજી પહેલ છે. રાજકોટનું એમનું આદર્શ "શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ" તેની સાક્ષી પૂરે છે. તેઓ શિક્ષણપદ્ધતીનુ પારાયણ વેદ, વેદાંગ, ગીતા, ઉપનિષદ, રામાયણ, મહાભારત આદિના અ.ધારે આપીને કરે છે ત્યારે એમ જણાય છે કે સર્વ ધર્મો મૂળે અંતે તો એક ધર્મરૂપે જ છે

સ્વામિનારાયણિયું વિ. સ્વામિનારાયણ સમ્પ્રદાયનુ

સ્વામિનારાયણિયો પુ સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુ.યી
વાણિયો, કાણિયો ને સ્વામિનારાયણિયો = ચતુર; હોશિયાર; હિસાબી

સ્વામિનારાયણી વિ સ્વામિનારાયણને લગતું; સ્વામિનારાયણનુ
સ્વામિનારાયણી શિક્ષાપત્રી તો છે સંસારકર્દમની વૃદ્ધિની સ્વાધ્યાયિની. નાનાલાલ

સ્વામિનારાયણીય વિ સ્વામિનારાયણનુ, સ્વામિનારાયણને લગતુ.
અમને જોયું કરી અંદર પાછી નાખીને બ.પુ એ સ્વામિનારાયણીય સાધુઓની પ્રથા હતી જીવનશોધન

સ્વામિનિષ્ઠ [સં] ૧ વિ નિમકહલાલ
૨. વિ. સ્વામીની સેવા કરનાર.

સ્વામિનિષ્ઠા [સં.] સ્ત્રી. પોતાના સ્વામી પ્રત્યે વફાદારી.

સ્વામિની ૧. સ્ત્રી ર.ધ.; કૃષ્ણની મુખ્ય પટરાણી પુષ્ટિ માર્ગમાં રાધા "સ્વામિની" નામથી ઓળખાય છે.

વિરાધ વદી સ્વામિની સંગ. દયારામ

૨ [સં] સ્ત્રી. રોઢવણી

૩ સ્ત્રી. સ્ત્રી; પત્ની; ધણિયાણી; ગૃહિણી

સ્વામિનીજી સ્ત્રી ઠાકોરજીની સ્ત્રી; ૨ માજી

સ્વામિપંથી વિ. સ્વામિનારાયણના ધર્મને માનનાર

પુત્રપરંપરાથી દ્રાક્ષ અને ત્રિપુટ ધરનાર સ્વામિપંથી આજાએ તુલસીકઠી કે કમંડપુટ ન ધારવાની હરાર આજ્ઞા શિક્ષાપત્રીના શ્લોક પ્રમાણમાં શીખએ કહી છે. નાનાલાલ

સ્વામી ૧. [સ. સ્વામિન્] પું અધિષ્ઠાતા, અધિપતિ. એ અધિકારવાચક શબ્દ છે નાટકમા નાયક વિષે ધણીપણાનો-સેવ્યપણાનો ભાવ સૂચવે છે.

૨. [પ્રા.] પું. ઉપરી

૩. પું કાર્તિકેય.

૪ પું. ગરુડ

૫ પું. ગુરુ.

૬ પું. (જ્યોતિષ) દરેક રાશિનો માનેલો અધિષ્ઠાતા. જેમકે સૂર્ય એ સિંહ રાશિનો, ચંદ્ર એ કર્ક રાશિનો, મંગળ એ મેષ તથા વૃશ્ચિક રાશિનો, બુધ એ મિથુન તથા કન્યારાશિનો, ગુરુ એ ધન તથા મીન રાશિનો, શુક્ર એ વૃષભ તથા તુલા રાશિનો, શનિ એ મકર તથા કુંભ રાશિનો સ્વામી છે રાહુ પણ કન્યા રાશિનો સ્વામી ગણાય છે

ઈદ્ર, વહ્નિ, પિતૃપતિ, નૈર્ઋત, વરુણ, મરુત, કુબેર અને ઈશ એ આઠ દિશાનાં પુલ્લિંગ નામ ક્રમથી પૂર્વ આદિ દિશાઓના **સ્વામી**ના છે અમર૨.૫

૭ પું નિયામક.

૮. પું. પતિ; વર; ભરથેતર; ધણી

સ્વામી, ઈશ્વર, પતિ, ઈસિતા, અધિભૂ, નાયક, નેતા, પ્રભુ, પરિવૃઢ, અધિપ આ દશ પુલ્લિંગ નામ **સ્વામી**ના છે. અમરકોષ

૯ પુ પરમહંસ, મહાત્મા; શમ, દમ વગેરે નિયમમાં વર્તનાર સાધુ.

૧૦ પુ પરમાત્માનું એક નામ. પૃથ્વી ઉપરનું જે સર્વ ધન છે તે એમનું હોવાથી તે સ્વામી કહેવાય છે

૧૧ પુ પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

૧૨. પુ (જૈન) પૂજ્ય વ્યક્તિ.

૧૩ પું (જૂ ગુ.) માલિક.

નવિ ઘરનું ધણી બોલિઉ,
સ્વામી એ બાલક છબાડુ તુ કહ્યુ.
ઈ. સ. ની ૧૩મી સદિ

૧૪ પુ રાજનીતિમાં જણાવેલા રાજ્યના સાત માહેનુ પહેલું અંગ.

૧૫ પુ. રાજા.

૧૬. પું. વાત્સ્યાયન મુનિ

૧૭. પું રોડ

૧૮. પુ સાધુસંતને બોલાવતા વપરાતું એક સંબોધન.

૧૯ પું સામંત

તે જ્યારે પરમાર્થિએ તેને કોઈ દેશનો **સ્વામી** (સામંત) બનાવી દીધો. પ્રસ્થાન

સ્વામી કાર્તિક પું કાર્તિક સ્વામી

કાર્તિકેય, મહાસેન, શરજન્મા, ષડાનન, પાર્વતીનંદન, રુદ્ર, સેનાની, અગ્નિભૂ, ગુહ, ષાડુર, તારકજિત, વિશાખ, ગિરિજાસુત, ષણ્માતુર, શક્તિધર, કુમાર અને ક્રૌંચારિ એ સઘળાં પુલ્લિંગ નામ **સ્વામી કાર્તિકેય**ના છે

અમર૧.૫

સ્વામીનારાયણ [સં. સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) + નારાયણ (સહજાનંદ સ્વામી)] પું બ ક. ગુણાતીતાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી એ બેઉની જોડલી; ગુરુશિષ્યની જોડી સ્વામિનારાયણ એટલે સર્વથી શ્રેષ્ઠ નારાયણ એવો મૂળ અર્થ છે અને સ્વામીનારાયણ એટલે સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની જોડી એવો બીજો નવો અર્થ પણ કરવામાં આવે છે. સ્વામીનારાયણ શબ્દમાં સ્વામી શબ્દ મૂકવાના સમર્થનમાં તેઓ એમ કહે છે કે સીતારામ, રાધાકૃષ્ણ, પાર્વતીશંકર આદિ શબ્દોમાં જેમ મુખ્ય શબ્દ પછી અને ગૌણ શબ્દ પહેલાં આવે છે એમ સ્વામીનારાયણ શબ્દમાં પણ છે આવી રીતે માનનાર કેટલાક અનુયાયીઓ પોતાનાં નવાં મંદિરોમાં સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામીની જગ્યાએ બદલે એમની મૂર્તિ પણ સહજાનંદ સ્વામીની સાથોસાથ મંદિરમાં પધરાવે છે. આ બંને મૂર્તિમાં એકબીજાની ઓળખ માટે એટલો ભેદ રાખવામાં આવે છે કે સહજાનંદ સ્વામીની મૂર્તિ આશીર્વાદાત્મક મુદ્રાવાળી છે અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ વ્યાખ્યાનાત્મક મુદ્રાવાળી છે આ બંને મૂર્તિઓનાં પૂજન, અર્ચન કરીને નૈવેદ્ય આદિ ધરાવે છે. આવી રીતે જેઓ માને છે તેમાં શાસ્ત્રી મહારાજ એટલે વડતાલ્પરાદાસજી મુખ્ય છે અને તે ધામમાં જતાં અત્યારે જોગી મહારાજ તેને સ્થાને ગણાય છે. આ અનુયાયીઓએ આવું તેમનું એક મુખ્ય મંદિર પ્રથમ જોગાધરામાં બંધાવ્યું એ જ પછી એવું બીજું મંદિર અડલાદરામાં કર્યું છે. ત્યાર પછી ત્રીજું મંદિર ગોંડલમાં કે જ્યાં ગુણાતીતાનંદ સ્વામીની સમાધિ છે ત્યાં કર્યું ત્યાર પછી તો સારંગપુર, ગઢડા જેવાં બીજાં બે મંદિરો થતાં હાલ એવા પાંચ શિખરબધ્ધ મંદિરો થયાં છે ગોંડલના નવા મંદિરમા ગુણાતીતાનંદ સ્વામીની સમાધિના દર્શને ગુજરાતભરથી ઘણા ભક્તો આવે છે અને જુદા જુદા રાજમા વખતે પણ સેકડો અનુયાયીઓ નિયમિત આવે છે. ગોંડલના આ મંદિરને નવ મંદિર કે અક્ષરપુરુષોત્તમનુ મંદિર પણ કહે છે વે અક્ષરમંદિર તરીકે પણ ઓળખાય છે તટસ્થદર્શિઓ કહે છે કે આ સ્વરાજ્યયજ્ઞમાં ઝળઝળા વિદ્વાનો, પ્રોફેસરો, દેશભક્તો વગેરે સનાતન દર્શિઓ અનુયાયીઓને અને તેમા યે ઘણી મોટી સ્વ.મિનારાયણ પથમાં ન હોય એવા વિચક્ષણ ગણાતાં અંતરંગીઓને પણ આકર્ષીને તેઓને ગુણાતીતાનંદ કરવામાં શાસ્ત્રી મહારાજનો પ્રભાવ અને જોગી મહારાજનો સ્નેહ ગુજરાતમાં સફળ થયેલ છે. કવિવર નાનાલાલે અનુવાદ કરેલ શિક્ષાપત્રીની પ્રસ્તાવનામા જણાવ્યા પ્રમાણે આ ધર્મનું રહસ્ય અભ્યાસનીય છે

સ્વામી પ્રકાશાનંદજી પુ એ નામના એક આદર્શ સન્યાસી એમની જુદી જુદી ભૂમિકામાં એમને લોકો પાગલ, દોલિયા કે ગોદડિયા સ્વામી તરીકે ઓળખતા. હતા અત્યારે તેઓ પ્રકાશાનંદજી મહારાજ તરીકે જાણીતા છે. સ્વામી પ્રકાશાનંદજી બાપુ સૌરાષ્ટ્ર ગુજરાતમાં વિચરીને જનતાને પરે ક્ષ પ્રત્યક્ષ જ્ઞાનદાન આપનાર ઉચ્ચ કોટિના એક જ્ઞાનનિષ્ઠ સંતશિરોમણી છે પૂર્વાવસ્થામા તેઓએ ગુરુવર્યની છાયામાં રહી યમ નિયમ આદિની સાધના કરતાં કરતાં ગીતા ઉપનિષદ આદિનો અભ્યાસ કરી અવાપ્ત મનનથી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી મધ્યાવસ્થામાં તેઓએ નિર્જન સ્મશાનોમાં વાસો કરી પૂર્વાવસ્થામાં કરેલ અવાપ્ત મનનની પરાકાષ્ટા કર નિર્વિધ્ન,સન કરીને સવિકલ્પ સમાધિદ્વારા બ્રહ્મપ્રાપ્તિનું નિત્ય સુખ પ્રાપ્ત કર્યું હતું હવે અત્યારે ઉત્તરાવસ્થામા તેઓ ' વાર્તાલાપ ' આદિ દ્વારા જનતા અને શ્રદ્ધાળુ જનોનાં હૃદયે હૃદયે જ્ઞાનાનની અખંડ જ્યોત પ્રજ્વાવી રહેલ છે તેઓનો જન્મ દક્ષિણમાં આવેલ વિજયનગર પાસેના એક ગામડામાં અજ્ઞાત વર્ષમાં થયો છે તેઓ ૪ વર્ષના હતા ત્યાં સુધીની વાતો એમને યાદ છે તેઓને ૫ પાંચ વર્ષ પૂરા થયાં ત્યારે દાદાજીએ તેઓને માટે ઘર આંગણા ભણવાની સગવડ કરી હતી. સામાન્યરીતે દક્ષિણમાં બાળકનું અક્ષર જ્ઞાનનો ભેદ તે વખતે અજ્ઞ હતો દાદાજી માનતા કે, એમને સામાન્ય શાળામા મૂકો સારુ અભ્યાસ ન બેસાડવા આથી તેઓએ ઘર આંગણા

એક આસ પંડાજી રાખી ચાર છ છોકરા સાથે પૂરા પાંચ કલાક ભણી શકે એવી સગવડ કરી હતી. દાદાજી બ્યાજવટાનો ધંધો કરતા હતા. પિતાશ્રી એમની મદદમાં રહેતા હતા. ત્યાં આગળ સામાન્ય શાળામાં પહેલી, બીજી, ત્રીજી એમ ચોપડીઓ ભણાવાતી હતી; સારે ઘેર આગળ પંડાઓ (૧) એક અક્ષર, બે અક્ષર, ત્રણ અક્ષરના શબ્દો લખતાં વાંચતાં શીખવતા અને છેવટે ચાર ચાર અક્ષરના શબ્દો લખાવતા વંચાવતા હતા. (૨) બાલશિક્ષામાં વાર, તિથિ, નક્ષત્ર, પંચાંગ વગેરે જ્યોતિષની વાતો શીખવવામાં આવતી હતી. (૩) નીતિના વાક્યો અને એવી બોધદાયક વાર્તાઓ પણ શીખવાતી હતી. (૪) બાલ રામાયણના ૧૦૦ શ્લોક શીખવવામાં આવતા. (૫) ભાગવત સરસ કાવ્યોમાં એટલે કે, શિખરિણી, વસંતતિલકા, શાર્દૂલ વગેરે વૃત્તોમાં શીખવાતું. (૬) અમરકોષ પણ થોડો ઘણો શીખવવામાં આવતો. આ બધું શિક્ષણ તેલુગુ એટલે કે, માતૃભાષામાં જ લખાણ અને મોઢેથી અપાતું હતું એ વખતે પરીક્ષાનું ઘોરણ ત્યાં નહોતું. અંગ્રેજી પણ બાપુજીએ એ જ પંડા પાસે એક બે ચોપડી સુધીનું શીખેલ પંડાઓ સીવેલ કપડાં નહોતા પહેરતા. તેઓ ઓઢીને ભણાવવા આવતા. આદિ સ્વામીજી તે વખતે પહેરણ પહેરતા હતા અને આથી બીજાઓ ટીકા કરતા હતા. આવી રીતે આજથી ૭૫ વર્ષ પહેલાં દક્ષિણમાં શિક્ષણ ઘેર બેઠાં આપવામાં આવતું હતું. આવી રીતે તેઓ ૧૪ વર્ષના થયા ત્યાં સુધી ભણ્યા હતા. તેઓ ૮ વર્ષના હતા ત્યારે પિતાશ્રી સ્વર્ગવાસ થયા ને ૧૮ વર્ષના હતા ત્યારે માતાજી સ્વર્ગવાસ થયાં હતાં. પોતા સિવાય બીજા કોઈ ભાંડરું નહોતાં. પોતે એકના એક પુત્ર હતા. દાદાજી પાસે તેઓ સરકાર, શિક્ષણ અને રક્ષણ પામેલ હતા. ૨૬ છવ્વીસ વર્ષના થયા ત્યારે તેઓએ સન્યાસ માટે ગૃહત્યાગ કર્યો હતો. પોતાના મિત્રની બહેને બાળતા હતા ત્યારે સ્મશાનમાં તેઓ પોતે નજીક જઈ ને જોતા હતાં. તે રૂપવાન બહેનના કોહેકોહા ઊડતા, પેટ વગેરે બળતા, ચામડી ફાટતાં, બળતા વગેરે બધાં નજરે જોયેલ અને તેથી એમને શરીર માટે ગ્લાનિ થયેલ તેઓ પોતે કહે છે કે, હું બાલ નજીક જઈ ને એ દૃશ્ય બાળતા નિહાળતો હતો અને પેટ, બોડું વગેરે ફૂટતાં, ચડચડ થતાં નજરે જોયેલા. પછી ત્યાંથી નિશ્ચય કરીને આવી નીઠણી એલગામ પહોંચ્યો. એલગામ અમે ધર્મામે રહેલ. ત્યાં શ્રી લક્ષ્મણજી સાથે સંબંધ હતો એલગામમાં દક્ષિણમૂર્તિ નામક કોઈ મહાત્માની સમાધિ છે, ત્યાં હું જતો અને તે સમાધિ પાસે બેસી રહેતો અને તેની પાસેની મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ મડદાં ચીરતાં હોય તે તેઓની સાથે નીરખીને જોતો હૃદય, યકૃત વગેરે બધું હું ત્યાં જોતો વિદ્યાર્થીઓ મડદાં ચીરતાં ચીરતાં ચા, કોફી પીતા. આમી એવું ઉપાડતાં ઉપાડતાં રોટી વગેરે ખાતા. તે બધું જોઈને મને ગ્લાનિ થતી. હું ભણી જોઈને આ બધું વૈરાગ્ય થાય માટે જોતો, વિચારતો ને તેને અનિત્ય માનતો દક્ષિણામૂર્તિ નામના મહાત્માની સમાધિ તેઓશ્રી કહે છે તે પ્રમાણે ૧૫૦ વર્ષ પરની છે. તે મહાત્મા બહુ જાણીતા હતા અને એ સમાધિ આગળ ઘણા માણસો શ્રીફળ વધેરવા આવતા. ત્યાં રહ્યારે તો બહુજ મેળો ભરાતો. સમાધિ સેવાનું રહસ્ય સમજવતાં તેઓ કહે છે કે, મૂળે તે મત, સંન્યાસીઓ અને બાવાઓને ઢાકોરીઓ માટે છે. તેઓનો મરતી વખતે જીવ જતો રહેતો નથી એ માન્યતાથી સમાધિની પ્રથા પડી હશે છે સંન્યાસ લીધા પહેલા સત્સંગ અને મહાપુરુષોના સમાગમથી તેઓએ થોડી ઘણી ક્ષમા, વૈરાગ્ય ને જ્ઞાનની પૂર્વભૂમિકા સ્વાભાવિક રીતે જ તૈયાર કરી લીધી હતી. ઘરમાં હતા ત્યારે તેઓએ આતુર સંન્યાસ સમયે વાચક, એટલે તે મુજબ તેણે પોતે જ પોતાને હાથે કરે ને દુઃખ્યા વિના સંન્યાસ લીધો. શ્રી લક્ષ્મણાર્યની સાથે સમય હતો તેથી એમને મનથી ગુરુ માનેલ; પણ તેઓએ કોઈ પાસે દીક્ષા લીધી નથી એમના જન્મ ઘર દાદાજીએ જોશી પાસે કહાવેલ. તેમાં એમના ભવિષ્યનું સંબંધે લખ્યું છે કે: તેની વિદ્યા અધૂરી રહેશે તે પૂરી કરશે નહિ. થયું પણ તેમ જ. કેમકે, તેઓએ બાલશિક્ષા અને અમરકોષ આદિ ભણીને ચૌદ વર્ષે પોતાનું ભવિષ્ય છોડી દીધું તેમાં સ્પષ્ટ લખ્યું છે કે: તેને બાંધીને રાખો પણ તે ઘરમાં રહેશે નહિ. ખરે તેમ જ થયું: કેમકે, તેઓએ ૨૬ વર્ષે પોતાની મેળે સંન્યાસ લીધો જન્માક્ષરમાં બે ઓળનો યોગ હતો, પણ એક સાથે સમપણ થવા પછી તે મરી ગયેલ અને બીજા સાથે સંબંધ થતાં પહેલાં તેઓ ભાગી છૂટ્યા. સંન્યાસ લીધા પછી તેઓ મદ્રાસ ગયા. ત્યાં બ્રહ્મસમાજથી પરિચિત થયા મંદિર, મૂર્તિ વગેરેને બ્રહ્મસમાજ ન માનતા, તેઓ પણ ત્યાંથી એ શીખ્યા. તેઓ ઉપનિષદનું ભાષાંતર કરતા. તે પણ પ્રેમ ત્યાંથી થયો. ગીતા ઉપર કોઈ ટીકા કરતા કે, એ તો ક્ષેપક ભાગવાળી છે પછી તેમાંથી તેઓ એમ શીખ્યા કે, દૈવી સંપત્તિવાળો જે ભાગ ગીતામાં છે તે સુંદર છે: તેમજ ઉપનિષદ કરતાં તેમાં ખુલાસો વધુ છે. વળી રાક્ષસી આસુરીનો માત્ર ઉલ્લેખ જ ઉપનિષદમાં છે, જ્યારે ગીતામાં તો તેની વિગત છે ત્યારપછી તેઓએ તત્ત્વાનુસંધાનનો અર્ધો ભાગ ભુજમાં રહેલ જ્ઞાનાનંદજી સ્વામી પાસેથી ભણી લીધો અને બાકીનો અર્ધો ભાગ મનથી માનેલ ગુરુવર્ય શ્રી લક્ષ્મણજી પાસેથી ભણ્યો આ રીતે તત્ત્વાનુસંધાન સન્ય સાહિત્યમાં આવ્યા પછી શરૂઆતમાં જ તેઓએ ભાષાંતર. નારાયણ સ્વામી પાસેથી ચમત્કાર આદિ નિમિત્ત કોઈ બોલું પણ ભણી નમ, નિયમ આદિની મૂળભૂત હકીકતો સમજી યોગના પ્રયોગો તેઓએ શરૂ કરેલ, પણ પાછળથી તેના ગુણદોષ કે સફળનિષ્ફળતા.નો વિચાર કરીને તે અભ્યાસ પ્રયોગ આદિ છોડી દીધા હતા. ઉપનિષદ આદિનો અભ્યાસ તેઓએ અનંતાચંપ પતુલુ એટલે કે અનંતાચંપ નામના એક જૂના પ્રોફેસર પાસે કર્યો હતો ન્યાયતર્કનો પણ જરૂરનો છે, તે વૃત્તિપ્રભાકરમાં છે અને તેની વૃત્તિપ્રભાકર કે જેમાં ખંડનમંડનની ક્રિયાપ્રક્રિયાઓ હોય છે તેનો અભ્યાસ તેઓએ અર્ધો જનકીદાસ મહારાજ પાસે અને બાકીનો અર્ધો રામાનુજ સ્વામી પાસે કર્યો હતો આ ઉપરાંત કેટલાંક રહેનાર ગુરુના પરિચયવાળા નારાયણ સ્વામી પાસેથી પણ થોડું ઘણું તેઓએ ભણ્યું હતું નારાયણ સ્વામી પોતે છપનિયા કાળ વખતે ૭૨ વર્ષની ઉમરના વયોવૃદ્ધ હતા ને તેઓ પાસે દીકરીઓ ગીતા વગેરે શીખવા બહુ આવતી હતી. સ્વામીજી એમ માનતા કે, આ બહેનો જો ધર્મ શીખશે તો તેઓ પોતાના પતિમાં અને પુત્રપરિવારમાં તેનો ફેલાવો કરી શકશે તેઓએ પાણિનીસૂત્ર કે જો સૂત્રો ઉપરથી હેમચંદ્રાચાર્યે લખેલું સૂત્રાત્મક વ્યાકરણ આદિ પણ ભાષ્યોના અર્થ સમજવા માટે શીખવા જરૂરનાં છે એમ માનીને વ્યાકરણસિદ્ધાન્તકૌમુદિ આદિનો પ્રાથમિક અભ્યાસ તેમ જ લઘુસિદ્ધાંતકૌમુદી કે જેમાં એ બધું સમાય જાય છે તેનો સઘોટ અભ્યાસ તેઓએ સ્વામી અમરેશ્વર પાસે કર્યો છે તેઓ ઋષિકેશમાં સ્વામી મુક્તાનંદજી પાસેથી ધોતી, બસ્તી વગેરે ક્રિયાઓ શીખેલ; પણ તે વખતે એમને બીજાઓએ કહેલ કે, એ બધી ક્રિયાઓ કરવા જેવી નથી; એ કરતાં ગીતાઉપનિષદોનો અભ્યાસ કરવો સારો છે એમ ખાતરી થતા તેઓ ધોતી, બસ્તી આદિની ક્રિયાઓને અમલમાં નહિ મૂકતા ઉપનિષદ આદિ ગ્રન્થોના માર્ગે જ્ઞાનયજ્ઞ કરવા તરફ આકર્ષાયા. તેઓએ પ્રાણાયામ આદિનો અભ્યાસ ગુરુ પાસે કરેલ; પણ એમને લાગ્યું કે, દેહયોગી બનવું તો કોઈ નથી; કેમકે એ યોગ કોઈ તો જરા, મરણ ન હોય. દક્ષિણમાં નારાયણ સ્વામી હતા એમની

પાસેથી તેઓ પ્રથમ ગુપ્ત વિદ્યા શીખવા ગયા; પણ તે એક પ્રકારનો જાદુ હોઈને તેમ જ તેનાથી કોઈ કલ્યાણ નથી એમ માની તે શીખવું પણ બંધ કર્યું. પ્રથમ તેઓને એમ થયેલ કે એ ગુપ્તવિદ્યા શીખીને બીજાનું કલ્યાણ થઈ શકશે; પણ પછી એનો હેતુ ફારો ન લાગવાથી તે ગુપ્તવિદ્યા શીખવી બંધ કરી દીધી. ઉપર જણાવેલ એ બધા ભિન્ન ભિન્ન અનુભવથી છેવટે એમને ચોક્કસ લાગ્યું કે, ગીતા, ઉપનિષદ જ્ઞાનમાર્ગ જ એ બીજા માર્ગો કરતાં શ્રેષ્ઠ છે; એટલે તેમાં તેઓનું મન ચોંટયું અને તેનો અભ્યાસ કરવામાં તત્પર થયા. તેઓ કહે છે કે: કચ્છ, ગુજરાત અને કાઠિયાવાડમાં થયા મહાત્માઓના પરિચયમાં પોતે આવ્યા; પણ ગીતાના બીજા અધ્યાયમાં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞ લક્ષણવાળા મહાત્માઓમાં પ્રથમ કચ્છમાં પૂજ્ય સ્વામી નારાયણહરિદાસજી, બીજા અમદાવાદવાળા પૂજ્ય સ્વામી સરયૂદાસજી, ત્રીજા ચરોતરમાં પૂજ્ય સ્વામી જ્ઞાનકીદાસજી અને ચોથા કાઠિયાવાડમાં પૂજ્ય સ્વામી નિત્યાનંદજી છે ઉપરોક્ત આદર્શ સંન્યાસીઓ સાથે તેઓને ઘણાં વર્ષો સુધી કોઈ કોઈ વાર સમાગમ થતો. તે ઉપરથી તેઓ લખે છે કે: મહારાજ સરયૂદાસજી અને જ્ઞાનકીદાસજી સ્વામી પોતે પૂર્ણ અદ્વૈત નિષ્ઠાવાળા હોવા છતાં પણ લોકોને તો માત્ર સામાન્ય નીતિનો બોધ આપતા જેમકે, સત્ય બોલવું, સત્ય આચરવું વગેરે. આ બે મહાપુરુષોનો પ્રભાવ પણ એવો હતો કે, સાંનુ વાતાવરણ પણ સાત્ત્વિક, સૌમ્ય અને શાંત રહેતું અને માયાની ગંધ પણ પ્રવેશ કરી શકતી નહિ. ભેટ પૂજા તો શું પણ પુષ્પાદિ પણ અર્પવાનો ત્યાં પ્રતિબંધ હતો. આવા મહાપુરુષોને પછી ગુરુ અને શિષ્યો તો ક્યાંથી હોય? સ્વામી શ્રી પ્રકાશાનંદજી મહારાજે સ્વામી શ્રી નિત્યાનંદજીના સહવાસમાં આવ્યા પછી એમની સાથેનો 'વર્તાલાપ' એ નામનું પુસ્તક છપાવ્યું છે. તેની અત્યાર સુધીમાં સાત આવૃત્તિઓ થઈ ગઈ છે. આ પુસ્તક તેઓ પોતે ગોંડલના સ્મશાનમાં 'વિહારી' આદિ એમના ભક્તોને સંભળાવતા હતા અને તેમાં એક પણ દાનામાત્રનો ફેર હોય તો તે કદી પણ ચલાવી લેતા નહિ. પોતાના મોતી જેવા ત્રીજા અક્ષરની તેલુગુ ભાષામાં અનેક નાની મોટી નોંધો તેઓ પોતાની ડોણીમાં ચીપરે પીંડીને રાખતા અને તેમાં જરૂર પડે તો જોતા જતા. વચ્ચે વચ્ચે નાની મોટી અનેક ચર્ચા વિચારણા અને વિનોદ થતો જતો હોય તો પણ પોતે તો સ્થિતપ્રજ્ઞની જેમ કૂટસ્થ રહીને એ બધું સંભાળી લેતા. રાત જેમ જેમ ગળતી જાય તેમ તેમ તે વધુ ને વધુ ખીલતા જતા હોય! એમને એમ કરતાં જોયા હોય તેને જ અનુભવ થાય કે, આ તે એ બધું એમને હોય પેરે છે, સુકાડે છે એમનું એ બધું સંભાળ્યું સમાધિ ભાષામાં સ્વતઃ તેઓ હિંદીમાં બોલતા હતા અને તે જ વખતે તેનું ગુજરાતી સંભાળ જતું હતું. શ્રોતાજનોને એમ જ લાગે કે જાણે ફેમ એમના હૈયામાંથી વાણીનો ફુવારો છૂટ્યો. એવી રીતે સંભાળેલું પોતાનું સંભાળ્યું તેઓ પોતાની સાથેના પરિચયવાળા નાના મોટા અનેક સાધકો, પંડિતો અને વિદ્વાનો પાસે તપાસાવે, સુધરાવે, સરકારાવે અને પછી છાપખાનામાં છપાવા દે છાપખાનામાંથી આવેલ તમામ પ્રૂફો બરોબર તપાસાવે છે કે નહિ તેની ચીવટ પોતે રાખે અને જરૂર પડે ત્યાં ભાષાની સુધારા પણ કરાવે. એમાંથી થોડી એક પ્રમાદી આ રહી: એ છે એમનો જીવતો જાગતો સદાને માટેનો આચરી બતાવેલો જીવંત બોધ. xxx આ જગતમાં પ્રાણીમાત્ર સુખની ઇચ્છા કરે છે, દુઃખની કોઈ ઇચ્છા કરતું નથી; પરંતુ વાસ્તવિક સુખ કયા છે એ બહુ થોડા જાણે છે. ધ્યાનયોગ કરતાં કરતાં જીવ બ્રહ્મ વચ્ચે આવરણ ભંગ થયા પછી જે શુદ્ધ, સત્ત્વપ્રધાન બ્રહ્મનું પ્રતિબિંબ પડે છે ને ત્યારે જે સુખનો અનુભવ થાય છે તે જ સાત્ત્વિકસુખ કહેવાય છે. xxx શાસ્ત્રમાં કહ્યું છે કે, આકાશમંડળમાં મોક્ષ નથી, પાતાળમાં કે જળમાં મોક્ષ નથી; પરંતુ હૃદયમાં અજ્ઞાનરૂપ જે ગ્રંથિ છે, તેનો નાશ કરવો એ જ મોક્ષ કહેવાય છે; એટલે કે, દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે; અને જીવતાં જ જીવન્મુક્ત થવાય છે. શ્રુતિમાં પણ આ સંબંધે કહે છે કે જુદ્ધિમાં રહેલી સર્વ કામનાઓ જ્યારે નાશ પામે છે ત્યારે મનુષ્ય અમરત્વ રહિત થાય છે એટલે કે તે બ્રહ્મને અહીં જ પામે છે. xxx મુમુક્ષુતા એટલે મોક્ષની ઇચ્છા, દુઃખમાંથી મુક્ત થવાની ઇચ્છા જેમ કોઈ પણ કારણથી જળની બહાર પડેલું માછલું પાછું જળમાં જવા માટે અત્યંત તરફડે છે અને જળમાં જવાને માટે પ્રયત્ન કરી ગમે તે પ્રકારે જ્યારે તે જળમાં જાય છે ત્યારે જ તેને શાંતિ થાય છે. બળતા જંગલમાં સપડાયેલું પક્ષી જેમ અત્યંત પ્રયત્ન કરીને ગમે તે પ્રકારે તેમાંથી બહાર નીકળી જાય છે, તે પ્રમાણે માયામાં સપડાયેલાઓ તેમાંથી મુક્ત થવા માટે અત્યંત પ્રયત્ન આદરે છે, તે તીવ્ર મુમુક્ષુતા કહેવાય છે. xxx દરેક અંતઃકરણમાં મળ, વિક્ષેપ અને આવરણ આ ત્રણ પ્રકારના દોષ છે. મળ એટલે પાપ. પાપ બે પ્રકારનાં છે: મહાપાપ અને અપપાપ. મહાપાપ એટલે બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુપત્ની સાથે ગમન અને ઉપર કહેલા મહાપાપ કરનારાઓની સાથે સપર્ક એ પાંચ મહાપાપ છે આમનો વધ કરવો, કન્યાવિક્રય કરવો, પરસ્ત્રીગમન કરવું, ગુરુ માતાપિતાનો ત્યાગ કરવો, શાસ્ત્રે બાંધેલા નિયમ કરતાં વધારે ખાવાજ લેવું વગેરે અપપાપ કહેવાય છે આ મહાપાપ અને અપપાપ તે રાક્ષસી પ્રકૃતિ કહેવાય છે તેને લીધે મળ દોષ ઉત્પન્ન થાય છે. તેના નિવારણ માટે વેદમાં યજ્ઞ, દાન અને તપ આ ત્રણ પ્રકારના કર્મ કહેલા છે વિક્ષેપ એટલે અંતઃકરણમાં પંચ વિષયોના ભોગની ઇચ્છારૂપ મલિન સંસ્કાર, આને જ આસુરી પ્રકૃતિ કહેવાય છે વિક્ષેપ દોષનું નિવારણ કરવા માટે વેદમાં ઈશ્વરની ઉપાસનાનું પ્રતિપાદન કરેલું છે. આવરણ એટલે પોતાના સ્વરૂપનું એટલે જીવ આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું અજ્ઞાન. એ આવરણના નિવારણ માટે વેદમાં જ્ઞાન કહ્યું છે. જ્ઞાનકાંડ એટલે ઉપનિષદ ભાગ. તેના શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી સમાધિ દ્વારા બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન થાય છે. અપરોક્ષ જ્ઞાન થયા પછી એ શુદ્ધ સત્ત્વ અંતઃકરણના પ્રારબ્ધને લીધે મળવિક્ષેપ એટલે રાક્ષસી અને આસુરી પ્રકૃતિ કદીયે ઉદ્ભવી શકતી નથી; કેમકે મળવિક્ષેપ આવરણ જે અંતઃકરણથી દૂર થયાં છે તે મહત્પુરુષ સત્સંગવાળા પ્રારબ્ધમાંથી જ જ્ઞાન થાય છે શ્રુતિ વાક્ય છે કે જ્ઞાનથી જ મોક્ષ છે; એટલે કે મોક્ષનું સાક્ષાત્ કારણ તો જ્ઞાન છે; પરંતુ પ્રાણીમાત્રના અંતઃકરણમાં રહેલ. ત્રણ દોષો પ્રાણીઓનાં જન્મમરણાદિ સર્વ દુઃખોનો હેતુ છે. આ ત્રણ દોષો દૂર થયે મુમુક્ષુઓ મોક્ષ સુખને અનુભવી શકે છે. પ્રાણીમાત્ર ઉપર અનુગ્રહ કરી સર્વત્ર સર્વશક્તિમાન પરમેશ્વરે કર્મ, ઉપાસના અને જ્ઞાનથી પૂર્ણ ત્રણ કાંડરૂપ વેદની રચના કરી. એટલે કે, જન્મમરણાદિ દુઃખોને આપનારાં મળ, વિક્ષેપ અને આવરણના નાશના ઉપાયરૂપ કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ક્રમથી ત્રણ ઉપાયો વેદમાં કહ્યા છે. xxx તેઓ કહે છે કે: હું ઉત્તરદિશામાં કાશી, પ્રયાગરાજ, હરિદ્વાર, ઋષીકેશ વગેરે અનેક નાના મોટા તીર્થસ્થાનો, દેવાલયો, મઠો અને આશ્રમોમાં ફર્યો છું. ત્યાં પણ શાસ્ત્રચર્ચા, કથાશ્રવણ, સિદ્ધાંતવિવેચન વગેરે સૂક્ષ્મ બુદ્ધિને સંતોષે એવાં જ્ઞાનપ્રાપ્તિના સાધન માટેના ઉપદેશો દેવાતા જોયા છે. વળી ત્યાં અનેક પુસ્તકો અને પુસ્તકાલયોમાંથી જ્ઞાન મેળવવાની લોકોની

પ્રવૃત્તિ જોઈ છે. અલબત્ત આ બધી પ્રવૃત્તિઓ માત્ર દેવદર્શનોના કરતાં વધારે સૂક્ષ્મ અને ઉચ્ચ ભૂમિકાની દેખાય છે ખરી, પરંતુ આ બધે ઠેકાણે વિવેક વૈરાગ્યાદિ સાધન સહિત એ શ્રવણ કરેલ જ્ઞાનને આચરણમાં ઉતારવાનો પ્રયત્ન બહુ જ વિરલ દેખાય છે. લોકો માત્ર શ્રવણ કરે છે, પણ ત્યાર બાદ તે શ્રવણનું મનન અને એકાંતમ. નિદિધ્યાસન કોઈક જ કરતુ જોવામાં આવે છે વાણીનો વ્યાપાર વધુ થાય છે, પરંતુ ક્રિયામા તત્પરતા બહુ જ ઓછી દેખાય છે આ બધો કળિયુગનો પ્રતાપ છે. ××× પહેલાં અનાજ પુષ્કળ થતુ અને તેનો ઉપભોગ કરનાર યોગ્ય હતા, તેથી નિર્વાહ માટે કોઈ ને વાંધો આવતો નહિ; પણ હવામાં તો નિર્વાહની મુશ્કેલી વધારે છે એટલે પોતાના નિર્વાહ પૂરતી કમાણી કરવામાં વાંધો નથી, પણ હું લાખોપતિ થઈ જાઉં એ હેતુથી ગરીબોને નીચોવીને પૈસાનો સંગ્રહ કરવો એ ઘોર છે; કેમકે વધારે પૈસો ગરીબોને નિચોવ્યા સિવાય કે અનીતિ કર્યા સિવાય એકઠો થતો નથી; માટે ઈશ્વરજ્ઞાએ દ્રવ્ય લઈને જેવું કરવાનો કોઈ ને અધિકાર નથી. મનુષ્યમાત્રને પ્રભુએ હક્ક તો સરખા જ આપ્યા છે; કેમકે રાજાને કે શ્રીમંતોને કંઈ બહુ આંખો કે ચાર હાથ આપ્યા નથી, તેમ ગરીબોને બે હાથ કે બે આંખથી ઓછુ આપ્યું નથી. તે પ્રમાણે આવાપીવા માટે પણ એકસરખું જ છે. માટે પોતાનો કેટલો હક્ક છે તે સમજીને જગતમાં સૌએ વર્તવું જોઈએ. પોતાના હક્ક કરતાં વિશેષ સંઘરી રાખવુ એ પ્રભુના દંડને પાત્ર છે નીતિથી કમાઈને ગરીબોને મદદ કરવી એ દૈવી છે. માત્ર પોતાનાં જ સુખસાધન માટે કમાવું એ આસુરી છે અને બીજાને નિચોવીને સંગ્રહ કરવો એ તો રાક્ષસી જ છે. શ્રીમદ્ ભાગવતમા લખેલ છે કે :

યાવત્ ભ્રિયેત જઠરં તાવત્ સત્ત્વ હિ દેહિનામ્।
અધિક યોઽભિમન્યેત સ્તેનોદંડમર્હતિ ॥

અર્થાત્ પ્રાણીમાત્રને માટે પેટપૂરતો એટલે કે માત્ર નિર્વાહ પૂરતો જ હક્ક છે તેથી અધિક જે સમજે છે તે ચોર છે અને તેથી દંડને પાત્ર છે સાત્ર વૈરાગ્યમાં અજોડ એવા ગોદડિયા સ્વામી સામાન્યત. શાંત, સૌમ્ય અને મૌનમૂર્તિ છે; છતાં યે ક્યારેક ક્યારેક મર્મભર્યો વિનોદ પણ કરી લે છે. જેમકે, એક વખત પીડવિયામાં ડોક્ટર વીરજીભાઈએ વિદાય લેતાં એમની ઝૂંપ ગોદડીના લટકતાં ચીંથરાંમાંથી એક ચીંથરું ખેંચી લીધુ. આ જોઈ કોઈએ પૂછ્યુ કે એ ચીંથરાને તમે શુ કરશો ? તેણે જવાબ દીધો કે, એને હું સ્વામીબાપાની પ્રસાદી માની એમના સ્મરણ તરીકે પૂજામા રાખીશ. સ્વામીશ્રીએ એમને વિનોદ કરતાં કહ્યું કે એ પ્રમાણે મારી ફાટેલી ગોદડીના ચીંથરાનો બધા તમારી માફક એક એક લીરો લઈ જાય તો હું તો ગોદડી વિનાનો થઈ જાઉં ! એક વખત ગોંડલમાં અનેકો અનાવ વર્ણવતાં તેઓ કહેતા હતા કે: અને ૧૯૪૩ના અરસામા યુવરાજ જોગરાજજી બાપુ હું ના પાડતો હતો તો યે મને ખંજરે તેડી ગયા. ત્યાં મોટા બાપુ ભગવતસિદ્ધજી અને જોઈને જીભા થઈ ગયા ને પછે લાંબી વાતો કરવા માંડ્યા પ્રથમ મારી તબિયતના ખબર પૂછ્યા ને મારી તબિયત સારી જોઈને રાજી થયા. વાતવાતમા તેઓએ મને કહ્યું કે તમે ૫૦ વર્ષ થયાં ગુજરાતમાં છો ને ગુજરાતી હજુ કેમ નથી શીખી લીધુ ? એટલે મેં કહ્યું કે તમે જે ડિક્શનરી કરો છો તે પૂરી થશે એટલે તેમાથી હું ગુજરાતી શીખી લઈશ. ત્યારે મોટા બાપુએ કહ્યું કે એ તો મારી હયાતીમાં પૂરી થાય એમ લાગતુ નથી સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુબઈમા એમના અસંખ્ય ભક્તો છે ગોંડલ, મોરબી, વાંસદા વગેરે નાનાં મોટાં અનેક ભૂતપૂર્વ રાજ્યોના રાજકુટુંબોને એમનામાં અચળ શ્રદ્ધા છે, એટલું જ નહિ પણ તેઓ એમના સદુપદેશને અનુસારે આચરવાના પ્રયાસ કરી રહ્યાં છે વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રીઓ તેમ જ મોટા મોટા પ્રોફેસરો ને પ્રિન્સિપાલો પણ એમનો સંપર્ક સાધી કંઈક પણ અપ્રાપ્ય વસ્તુ પ્રાપ્ત કરવાને તલસી રહ્યા હોય છે. ભલભલા સાધુઓ અને સન્યાસીઓ પણ એમનાં દર્શન માટે આતુર હોય છે. એમને જ્યારે કોઈ દર્શન કરી કૃતાર્થ થવા અરજ્ઞરપર્શ કરે છે ત્યારે એમને તેમ નહિ કરવા છતાં પોતે ગળગળા થઈ અતિ નમ્રતા ને વિવેકથી સામાં વંદન કરી મૌન ધારણ કરી શાંત બેસી રહે છે પછી જ્યારે એમના મનમાં આવે છે ત્યારે પોતાને દર્શને આવનારને સચ્ચોટ સદુપદેશરૂપી અણમૂલી પ્રસાદી આપતાં કહે છે કે: જગતમાં સૂક્ષ્મ બુદ્ધિવાળા બોધ્ધા જ હોય છે, બાકીના પ્રાકૃત હોય છે; તેથી ખરા ખોટાની પરીક્ષા સામાન્ય રીતે થતી નથી. આમાં લોકોનો દોષ નથી, કારણ કે, સામાન્ય રીતે જનસમૂહની બુદ્ધિ રાજસતામસ થઈ ગઈ છે; માટે સત્યનું નિરીક્ષણ કરી શકતા નથી. આ કલિયુગનો પ્રતાપ છે. કલિયુગ વર્ણનમાં પણ કહ્યું છે કે: ગીતા નાશ પામી છે, પુરાણ પણ ઘોડું ઘણું ગત થયુ છે, સ્મૃતિના સિદ્ધાંતો લય પામ્યા છે ચારે વેદ દૂર ગયા છે એટલે કે જર્મનીમાં ચાલ્યા ગયા છે. હાલમાં ધનના દાસ થયેલા પુરુષોનાં વચનોથી મોક્ષપત્રો બનાવ છે; માટે અમે જાણીએ છીએ કે કલિયુગ આ તારો જ મહિમા છે. ભૂલ્યા નારાયણ પુરાણમા કહ્યું છે કે: પ્રત્યક્ષ કરવાની શક્તિના અભાવથી દરીયો અધર્મ પ્રવર્તે છે અનુ પ્રત્યક્ષ વેદશાસ્ત્રના અધ્યયનના અભાવે આ યુગ છે કે અધર્મ છે તેનું નિરીક્ષણ કરવાની શક્તિના અભાવે આપણા લોકો અધર્મમા પ્રવર્તે છે ××× સ્વાધ્યાય એટલે વેદોનો અભ્યાસ, જેમા ભગવાનના ગુણ પ્રભાવ, તત્ત્વ, સ્વરૂપ તેમ જ તેની દિવ્ય લીલાઓનું વર્ણન હોય એવાં શાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ વગેરેનુ પઠનપાઠન કરવુ અને ભગવાનનાં નામો તથા ગુણનુ કીર્તન કરવુ આ બધુ સ્વાધ્યાય કહેવાય છે વેદનો અભ્યાસ એટલે ઋગ્વેદાદિ ચાર વેદો ઉપરાંત વેદાંગ એટલે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષનું અધ્યયન કરવુ, આનુ નામ વેદાધ્યયન કહેવાય આ તો બાલાવસ્થાથી કારી વગેરેમાં જઈ ને અભ્યાસ કરે તેનાથી બને, પરંતુ વર્તમાનકાળમાં કોઈ કોઈ કરે છે; પણ આપણા લોકો ગીતા ઉપનિષદ ને બ્રહ્મસૂત્ર આદિનું પણ અધ્યયન કરે તો પણ સારુ છે તે પણ જો ન થાય તો પ્રથમ ગીતા ગુરુદ્વારા અર્થ સહિત શીખીને નિત્ય મનન કરવું; આટલું જ નહિ પણ તે મહા આચરણમાં મૂકવું. પોતાના સ.રરૂપી દૈવી ગુણો—જેવા કે, અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન તથા યોગને વિષે સ્થિતિ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન, સર્વભૂત વિષે દયા, અલોલુપતા, માર્દવ, હ્રી તથા અચાપલ—એ ભગવદ્ભક્તિ સહિત આચરવા. આ દૈવી ગુણોમાં એવી ચમત્કૃતિ છે કે, તે પૈકીના કોઈ પણ એકાદ ગુણનું યથાર્થ પાલન થાય તો બીજા ગુણો એની મેળે આવી જાય છે ××× જેવી રીતે મેલા કાચમાં મુખનુ પ્રતિબિંબ પડતું નથી, તેમ જ મલિન અંતઃકરણમાં ઉપદેશની લેશ માત્ર અસર થતી નથી; માટે મુમુક્ષુએ અંતઃકરણની અનાદિ કાળની મલિનતા દૂર કરવા માટે નિષ્કામ કર્મ કરવા જ જોઈએ નિષ્કામ કર્મથી અંતઃકરણની શુદ્ધિ થયા પછી ચિત્તની ચંચળતા નિવૃત્ત કરવા માટે ઉપાસનાની જરૂર છે, એમ શાસ્ત્રનો સિદ્ધાંત છે. ઉપાસના વગર મનુષ્ય બધાં શાસ્ત્ર ભણેલો વિદ્વાન હોવા છતાં અનેક કલ્પોમાં તેને ચિત્તવિક્ષેપની નિવૃત્તિ થતી નથી. ભગવદ્ ઉપાસનાથી ચિત્તનો વિક્ષેપદોષ દૂર થયે જ મનોવિક્ષેપ રહિત અને શાંતિવાળી જે બુદ્ધિ, તેનાથી જ બ્રહ્માનુભવ થાય છે બ્રહ્માનુભવ એ જ બ્રહ્માનંદ છે. જ્ઞાનેશ્વરી મહારાજ કહે છે કે: બ્રહ્મસુખનો અનુભવ કર્યાથી વૈકુંઠનુ રાજ્ય વગેરે વૈભવ તો નીરસ બની જાય છે બુઝો વાર્તાલાપ.

સ્વાયત્ત

સ્વામીભૃત્ય જ. પોષણ કરનાર ધણી અને પોષણ લેનાર ચાકરના સત્રખની પેઠે

સ્વામીભૃત્યન્યાય [સં.] પું. (ન્યાય) એ નામે ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક ન્યાય. જેમ શેઠનું કામ કરીને નોકર પણ શેઠની પ્રસન્નતાને લીધે પોતાને કૃતકૃત્ય માને છે તેમ બીજાનું કામ થતાં પોતાનું પણ કામ અને આનંદ થાય ત્યારે આ ન્યાય વપરાય છે

સ્વામીરક્ષા સ્ત્રી સ્વામીની રક્ષા; માલિકનું રક્ષણ; ધણીનો બચાવ.

સ્વામી રામતીર્થ પું. એ નામના એક પરમહંસ. લાહોરના અક્ક ગામડામાં ઈ. સ. ૧૮૭૩માં એમનો જન્મ થયો હતો. સંત તુલસીદાસજીના એ વંશજ હતા. એમ. એ માં પહેલે નંબરે પાસ થઈને તેઓ કૉલેજમાં ગણિત વગેરે શીખવવા લાગ્યા અને વિદ્યાર્થીઓના માનીતા અધ્યાપક થયા. પણ થોડા વખતમાં બધું છોડી દઈ ને તેમણે સંન્યાસ લીધો. પચ્ચીસ વર્ષની ઉંમરે ભગવાનના શોખ પાછળ લાગી ગયા. એ વિદ્યાર્થી હતા ત્યારે એમનું શરીર બહુ નબળું હતું. કસરત કરીને તે એવું મજબૂત બનાવ્યું કે અમેરિકામાં એ કૉડકાની અને તરવાની હરીફાઈમાં પહેલા આવ્યા. એ સગાંય વિના એકલા અમેરિકા ગયા હતા. એમની પાસે તે વખતે ફક્ત પૈસો ન હતો છતાં ત્યાં એમના અનેક મિત્રો થયા અને હજારો રિળ્યો થયા. અમેરિકાના પ્રમુખ એમને મળવા આવ્યા. અનેક પદવીઓ એમને આપી ત્યારે તેઓ હિંદુ ધર્મના પ્રચાર માટે ગયા હતા. હિંદનું ભાવિ એમને બહુ ઊજળું લાગતું હતું પણ દેશમાં આવીને તેત્રીસ વર્ષની ઉંમરે ઈ. સ. ૧૯૦૬માં એમણે દેહ છોડી દીધો.

સ્વામીવાક્ય ન. કોર્ટમાં હાજર થવાનો આજ્ઞાપત્ર.

સ્વામીવાત્સલ્ય ન. (જૈન) જમણવાર.

સ્વામી વિવેકાનંદ પું. એ નામના એક યોગી. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૩માં કલકત્તામાં થયો હતો એમના પિતા મોટા વકીલ હતા. એમના દાદા ફારસી અને સંસ્કૃતના પંડિત હતા. ' પુત્રના લક્ષણ પારણે ' એ કહેવત પ્રમાણે તે નાના હતા ત્યારે રામ અને શંકરની બહુ પૂજા કરતા હતા. એ બી એ. થયા ને વકીલ થવાની તૈયારી કરવા લાગ્યા. એવામાં એક સાધુને મળ્યા. એમણે પૂછ્યું, " મને ભગવાનનાં દર્શન કરાવશો ? " તે સાધુએ ખાતરી આપીને ભગવાનના દર્શન કરાવ્યા તેમના એ પરમ શિષ્ય થયા. એણે ધર્મ માટે બધું ત્યજી દીધું અને મોટા સંન્યાસી થયા. એ વખતે અમેરિકામાં એક મોટી સભા ભરવાની હતી. દેશ દેશના વિદ્વાનો અને જુદા જુદા ધર્મોના આચાર્યો ત્યાં ગયા હતા. એમણે ત્યાં જઈ એ સભામાં ભાષણ આપ્યું. પાંચ મિનિટમાં સભા જાણે ચિત્રમાં ચીતરી હોય એવી દેખાવા લાગી એમનો જયજયકાર થયો. એમનું ભાષણ સૌથી સરસ ગણાયું અમેરિકા અને ઇંગ્લંડમાં હિંદુ ધર્મનો પ્રચાર એમણે કર્યો. ભારતની કીર્તિ દેશવિદેશમાં ફેલાવી. એમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ જગતભરમાં જાણીતું કર્યું. તેમણે રામકૃષ્ણ મઠની શાખાઓ સ્થાપી કેટલાય મોટા માણસો એમને પગે પડતા હતા

સ્વામીસમાગમ પું. પતિમીલન

સ્વામીસેવા ૧. [સં. સ્વામિન્ + સેવા (સેવન)] સ્ત્રી ધણીની ચાકરી; માલિકની સેવા.

૨. સ્ત્રી. પતિની સેવા; વરની ચાકરી.

સ્વામીહીન વિ. અધણિયાતું; અનાથ; નધણિયાતું; રખડતું; રેઢિયાળ

સ્વામ્ય જ. સ્વામીપણું; ધણી હોવાપણું

> ઘરત્વ મંત્રીપદ લહી.
> અહીં તો સ્વામ્ય સાધુ બિરાજે.
>
> મુદ્રારાક્ષસ

સ્વામ્ય દિપ્પણી સ્ત્રી હકની નોંધ; અધિકાર સૂચ.

સ્વામ્યધિકાર [સં. સ્વામિન્ + અધિકાર] પું. શેઠ વાણોતરનો સંબંધ.

સ્વામ્ય પ્રકાર [સં.] પું સત્તા પ્રકાર; સ્વત્વ પ્રકાર

સ્વામ્યંશ [સં.] જ. સ્વામિત્વ.

સ્વામ્યાહિત ૧. [સં.] સ્ત્રી. મિતાક્ષરામાં જણાવેલ પતિ માંહેની એક દાસવૃત્તિ

૨. વિ. માલિકને માટે ગીરો મુકાયેલ.

સ્વાયત્ત ૧. [સં. સ્વ (પોતાને) + આયત્ત (તાબે)] સ્ત્રી. પોતાના પ્રયાસથી સ્નાયુઓનું કલનચલન થાય તેવી કસરત.

૨. વિ. કોઈનો આસરો ન લેનાર; સ્વવશ; પોતાના પગ ઉપર ઊભું રહેનાર; સ્વતંત્ર, સ્વાધીન; પોતાની જાત ઉપર આધાર રાખનાર; ' ઓટોનોમસ '. સ્વતંત્ર ભારતવર્ષ માટે જે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે, તેમાં વપરાયેલ અંગ્રેજી શબ્દો માટે આપેલ સમિતિ નીમેલ. તેમણે નીચેના ન્યાયવિષયક શબ્દો માટેના સર્વમાન્ય શબ્દો નક્કી કર્યા છે. જેમકે:–

ટ્રેસપાસ = અતિચાર
રાઇટ = અધિકાર
જ્યુરિસ્ડીક્શન = અધિક્ષેત્રત્વ
એક્ટ = અધિનિયમ
વૉરંટ = અધિપત્ર
ડોમિસાઇલ = અધિવાસ
નોટિફિકેશન = અધિસૂચના
અન્ડર = અધીન
ઑર્ડિનન્સ = અધ્યાદેશ
પ્રન્ડેમ્નિટિ = અનભિજ્ઞ
આર્ટિકલ = અનુચ્છેદ
ઍપ્રોપ્રિયેશન = અનુપ્તિ
પરમિટ, પરમિશન = અનુજ્ઞા.
ઍસેન્ટ = અનુમતિ
સેંક્શન = અનુમોદન
ઇન્સ્ટ્રક્શન = અનુપદેશ
રેટિફિકેશન = અનુસમર્થન
રેટિફાય = અનુસમર્થન કરવું
શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ = અનુસૂચિત જાતિ
શેડ્યુલ = અનુસૂચી
ઍબોલિશ; ટર્મિનેટ = અંત કરવું
ઇન્ટર–સ્ટેટ = અન્તર્રાજ્યિક
ઇન્ટર નેશનલ = અન્તર્રાષ્ટ્રીય
ઇન્ટેસ્ટેડ = અંતર્વિષ્ટ
લાયબલ = અપમાનલેખ
ઍડલ્ટરેશન = અપમિશ્રણ
ક્રાઇમ; ઑફેન્સ = અપરાધ
ગિલ્ટી = અપરાધી
અપીલ = અપીલ
પ્લનઍલિજ્યન્સ = અપાત્ર
કોર્ટ ઑફ અપીલ = અપીલી–ન્યાયાલય
વોન્ટ = અભાવ
ઇન ડિફૉલ્ટ ઑફ = ને અભાવે; ના અભાવમાં
ઇન્ટન્શન = અભિપ્રાય
ઍકપુઇડ = અભિયુક્ત
પ્રોસીક્યુશન = અભિયોજન
કસ્ટડી = અભિરક્ષા.
રેકૉર્ડ = અભિલેખ
કોર્ટ ઑફ રેકૉર્ડ્સ = અભિલેખન્યાયાલય
રેકગ્નિશન = અભિવંદન
ફ્રીડમ ઑફ ઍકસપ્રેશન = અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય
કન્વેન્શન = અભિસમય
ઍકનૉલેજમેન્ટ = અભિસ્વીકાર
પ્લન્ડર્ડ = અમાન્ય
અનફિટ = અયોગ્ય
ઍક્વિઝીશન = અર્જન
પેનલ્ટી = અર્થદંડ

માઇનોરિટી = અલ્પ સંખ્યાક વર્ગ
મિસ કોન્ડક્ટ = અવ્યવહાર
કન્ટેમ્પ્ટ = અવમાન
માઇનોર = અવયસ્ક
જોઇન્ટ ફેમિલી = અવિભક્ત કુટુંબ
પ્રોહીબિશન = અવરોધ
પ્રોહીબિશન પ્રેક્ટીસ = અવરોધાચાર
ડિસ્ટરબન્સ = અશાંતિ
ઇનકેપેસિટી = અસમર્થતા
ઇનકન્સિસ્ટન્ટ = અસંગત
સિવિલ = અસૈનિક
સિવિલ પાવર = અસૈનિક શક્તિ
સિવિલ સર્વિસ = અસૈનિક સેવા
અનટચેબિલિટી = અસ્પૃશ્યતા
રિફ્યુઝ; રિજેક્ટ = અસ્વીકાર કરવો
નોનઍક્સેપ્ટન્સ = અસ્વીકૃતિ
એન્ડોર્સ્ડ = અંકિત
ડિફેક્ટેડ = અંગહીન
એગ્રીમેન્ટ = અંગીકાર
એગ્રેશન = આક્રમણ
કોડક્ટ; પ્રેક્ટીસ = આચરણ
ટ્રાન્સપોર્ટેશન ઓર લાઇફ = આજીવન કાળાં પાણી
ડિક્રી = આજ્ઞપ્તિ
ઓર્ડર = આદેશ
પ્રોસેસ = આદેશિકા
ઇમરજન્સી = આપાત
ઇન્ટર્નલ = આભ્યંતરી
ઍન્ટરટેઇનમેન્ટ = આમોદ
ઇનકમ ટેક્સ = આ.વાત કર
લેવી; ઇમ્પોઝિશ = આરોપણ
ઍપ્લીકેશન = આવેદન પત્ર
ઍસ્યોરન્સ = આશ્વાસન
સમન્સ = આહ્વાન
બીલ = ઇચ્છાપત્ર
ડ્યૂ = ઉચિત
સુપ્રીમકોર્ટ = ઉચ્ચતમ-ન્યાયાલય
હાઇકોર્ટ = ઉચ્ચ ન્યાયાલય
રિસ્પોન્સિબલ = ઉત્તરદાયી
રિસ્પોન્સિબિલિટી = ઉત્તરદાયિત્વ
ઍમિગ્રેશન = ઉત્પ્રવાસ
ઍબ્ઝોલ્યુશન = ઉત્સાદન
લેવી = ઉદ્ગ્રહણ
પ્રોમ્યુલગેશન = ઉદ્ઘોષણા
ઓબ્જેક્ટ = ઉદ્દેશ્ય
સબ પેરેગ્રાફ = ઉપકંડિકા
સબ કલોઝ = ઉપખંડ
ઓક્યુપેશન = ઉપભોગિતા
સબ સેક્શન = ઉપધારા
કોલોનિગ્રેશન = ઉપનિવેશન
પ્રોવિઝન = ઉપબંધ
ઇમોલ્યુમેન્ટ = ઉપલબ્ધિ
મારા-સો = ઉપવિધિ
સબ ડિવિઝન = ઉપવિભાગ
સ્પેસીફાઇડ = ઉલ્લિખિત
કોઓર્ડિનેશન = એકસૂત્રતા
પેટન્ટ = એકસ્વ
હિસ્ટોરિકલ મોન્યુમેન્ટ = સ્મારક
પ્રોટેક્શન = કબ્જા
ઍગ્રીમેન્ટ = કરાર
પારેમાઉ = કડિકા
ક્રિમિનલ = કારગાર
ઇન્ટિમેશનમેન્ટ = કારાવાસ
પ્રોસીડિન્સ = કાર્યવાહી
રેન્ટ = કિરાયા, ભાડુ
પાર્ડન = ક્ષમા
ઍરિયા = ક્ષેત્ર
સેફ્ટી = ક્ષેમ
ફ્રાઉડ = ખડ
કોન્સ્ટીટ્યુશન = બંધારણ
કોરમ = ગણપૂર્તિ
કોરપીયર = ગપ્તી
મુવેબલ = ગંગમ
ગ્રેજ્યુઅીટ = ગુમાર
ફ્રાઇન = ગુર્માના
ગ્રેમોરેન્ડમ = ગ્રાપન
ઍડલોક = તદર્થ
ડોક્યુમેન્ટ = દસ્તાવેજ
પેનલ્ટી = દંડ
ક્રિમિનલ લો = દંડવિધિ
કલેઇમ = દાવો
ચાર્જ = દોષારોપ
નોમિનેશન = નામનિર્દેશન
રોલ = નામાવલિ
પ્રાઇવી પર્સ = નિગત થેલી
કલોઝ = નિયત્ત
જજમેન્ટ = નિર્ણય
રેફરન્સ = નિર્દેશ
ઍસેસમેન્ટ = નિર્ધારિત
ઇન્ટરપ્રિટેશન = નિર્વચન
પ્રાયમરી નિષ્ક્રામ્ય
પ્રાયવેટ પ્રોપર્ટી = નિષ્ક્રામ્ય સંપત્તિ
જ્યુડિશરી = ન્યાયપાલિકા
કોર્ટ = ન્યાયાલય
કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ = ન્યાયાલય અપમાન
ટ્રસ્ટ = ન્યાસ
ફેવર પાર્ટી = પક્ષ
પાર્ટી = પક્ષકાર
લિમિટેડ = પરિસીમિત
ઍસિજીબલ = પાત્ર
રિહેબીલિટેશન-રિ સેટલમેન્ટ = પુનર્વાસ
લાયબ્રરી = પુસ્તકાલય
ચેરિટી = પૂર્ત
પ્રાયોરિટી = પૂર્વવર્તિતા
પબ્લિકેશન = પ્રકાશન
કોપીરાઇટ = પ્રતિલિપ્યધિકાર
પ્રોહિબિટેડ = પ્રતિષિદ્ધ
પ્રોહિબિશન = પ્રતિષેધ
ઍકનૉલેડિશન = પ્રત્યર્પણ
માઇગ્રેશન = પ્રવ્રજન
ઍડમિનિસ્ટ્રેશન = પ્રશાસન
કોન્વેન્શન = પ્રસવિદા
મોશન = પ્રસ્તાવ
ઓથોરિટિક = પ્રાધિકાર; પ્રાધિકારી
પ્રસીડેન્સી મેજીસ્ટ્રેટ = પ્રેસીડન્સી દંડાધિકારી
કમ્પ્લેઇન્ટ = ફરિયાદ
ફેડરલકોર્ટ = ફેડરલ ન્યાયાલય
ઍરેસ્ટ = બન્દીવાન કરવુ
હેબિયસ કોર્પસ = બન્દી પ્રત્યક્ષીકરણ
મેજોરિટી = બહુમત; બહુ સંખ્યાક
સીટીંગ = બેઠક
પાર્ટનરશિપ = ભાગિતા
મેજેસ્ટ ઓફ ઇંડિયા = ભારતનું સમનાપત્ર
ઇન્ડિયન પિનલકોડ = ભારતદંડસંહિતા; ભારતીય દંડસંહિતા
ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા ઍક્ટ ૧૯૩૫ = ભારતશાસન અધિનિયમ ૧૯૩૫
ગવર્નમેન્ટ ઓફ ઇંડિયા = ભારત સરકાર
ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ ઍક્ટ = ભારત-સ્વાધીનતા અધિનિયમ
કરપ્ટ = ભ્રષ્ટ
આર્બિટ્રેટર = મધ્યસ્થ
આર્બિટ્રેશન = મધ્યસ્થ નિર્ણય
કેઇસ = મામલા
સીલ = મુદ્રા
સ્ટેમ્પ ડ્યૂટી = મુદ્રાંક શુલ્ક
પ્રાઇમમિનિસ્ટર = મુખ્યમંત્રી
પિટિશન = યાચિકા.
વિધિક્લ્પ્ત કેપિટલ = યાવદ્ધન
રિજોલ્યુશન = યુક્તિસંગત
રિજર્વેશન = રક્ષણ
ડિપ્લોમસી = રાજનય
પોલિટિક્સ = રાજનૈતિક
રેવન્યૂ = રાજસ્વ

ઓપીનિયન = રાય; મત
મોડિફિકેશન = રૂપભેદ
રમોલ્લોઝ = લઘુવાદ
સેક્યુલર = લૌકિક
પ્લીડર = વકીલ
રિકવરી = વસૂલી
ફ્રીડમ ઓફ સ્પીચ = વાકસ્વાતંત્ર્ય
ઇન્ટેલીજન્સ = વિચાર
એડવર્ટાઇઝમેંટ = વિજ્ઞાપન
ફોરેન = વિદેશી
ફોરેન એફેર્સ = વિદેશીય કાર્ય
લો = વિધિ
લીગલાઇઝેશન = વિધિમાન્ય
લીગલ = વિધિસબંધ
લીફુલ = વિધિસમત
બિલ = વિધેયક
ડિસ્ટ્રક્શન = વિનાશ
પ્રેજ્યુડિસ = વિપરીત પ્રભાવ
સેક્શન = વિભાગ
પાર્ટિશન = વિભાજન
એક્વીટલ = વિમુક્તિ
ડીડ = વિલેખ
સ્ટેટમેન્ટ = વિવરણ
કાર્ય વોર્સ = વિવાહવિચ્છેદ
સ્પેશ્યલ = વિશેષ
એક્સ્ટેન્શન = વિસ્તાર
એક્સપ્લોઝીવ = વિસ્ફોટક
પ્રિસ્ક્રાઇબ = વિહિત કરવું
પર્સનલ = વૈયક્તિક
પર્સન = વ્યક્તિ
એક્સપેન્સ; એક્સપેન્ડિચર = વ્યય
સિવિલકોર્ટ = વ્યવહાર ન્યાયાલય
સિવિલ પ્રોસિજર = વ્યવહાર પ્રક્રિયા
સિવિલ પ્રોસિજર કોડ = વ્યવહાર પ્રક્રિયા સંહિતા
ટ્રેડમાર્ક = વ્યાપાર ચિહ્ન
ઓથ = શપથ
વોકેબ્યુલરી = શબ્દભંડાર
ડાઉટ = શંકા
એસેમ્બ્લી = સભા
ઇક્વોલિટી = સમતા
કોઓર્ડિનેશન = સમન્વય
કંપનિ = સમવાય
એસ્ટેટ = સંપત્તિ; સંપદા
એસ્ટેટ ડ્યુટી = સંપત્તિશુલ્ક
રિપબ્લિક = સ્વરાજ્ય
કોન્ફરન્સ = સમેલન
રેઝોલ્યુશન = સંકલ્પ
લાયકલી = સંભાવનીય; સભાવ્ય
કન્સેન્ટ = સમતિ
કોન્સ્ટીટ્યુશન = સંવિધાન
એમેન્ડમેન્ટ = સંશોધન
પાર્લામેન્ટ = સંસદ
કલ્ચર = સંસ્કૃતિ
ઇન્સ્ટીટ્યુશન = સંસ્થા
કોડ = સહિતા
વિટનેસ = સાક્ષી
એવીડન્સ = સાક્ષ્ય
સેક્રેટરિયલ = સચિવિક
સોશ્યલ = સામાજિક
સોશ્યલ વેલ્ફેર = સામાજિક કલ્યાણ
કોમન ગૂડ = સામુહિક હિત
પબ્લિક ઓક્ટ = સાર્વજનિક કાર્ય
લિટરેચર = સાહિત્ય
બાઉન્ડરી; લિમિટ = સીમા
રેફરમેટરી = સુધારાલય
હીઅરીંગ = સુનવણી
સિક્યોરિટી = સુરક્ષા
સેફ્ટી = સુરક્ષિતતા
ફેસિલિટી = સુવિધા
નોટિસ = સૂચના
ગેઝેટ = સૂચનાપત્ર
લિસ્ટ = સૂચી
કોર્ટ-માર્શલ = સેના-ન્યાયાલય
માર્શલ-લો = સેનાવિધિ
ટ્રાન્ઝેક્શન = સોદો
પર્મેનન્ટ = સ્થાયી
સ્ટેન્ડીંગ ઓર્ડર = સ્થાયી આદેશ
સીચ્યુએશન = સ્થિતિ
રોયલ્ટીઝ = સ્વામિત્વ
ઓટોનોમસ = સ્વાયત્ત
એલીગેશન્સ = આરોપ; અભિકથન
ક્લેરિફિકેશન = સ્પષ્ટીકરણ
ક્રિમિનલ = અપરાધી
ડિબેટ = વાદવિવાદ
હોર્મ્યૂલા = સૂત્ર
ગાઇડન્સ = માર્ગપ્રદર્શન
મેજર = વયસ્ક
મેમો = જ્ઞાપ
રજિસ્ટર = પંજી
રિમાઇન્ડર = અનુસ્મારક
રિવીઝન = પુનરીક્ષણ
સિલેક્ટ કમિટી = પ્રવર સમિતિ

૩. વિ. પોતાના તાબાનું.

૪. વિ. સ્વપ્રેરિત.

સ્વાયત્તતા [સં.] સ્ત્રી. પોતાની હકૂમત; સ્વાધીનતા; કોઇની પણ સહાય વિના પ્રવૃત્તિ યોજવાનું બળ.

સ્વાયત્તીકરણ [સં.] ન ખાનગી; એકાધિકાર; ' મોનોપોલી '.

સ્વાયષ્ટ પું. (પુરાણ) શ્વેતપરાશરના કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ.

સ્વાયંભુવ ૧. [સં] પુ. ચૌદ માંહેનો વીતી ગયેલો પ્રથમ મન્વંતર. તે ૩૦,૮૪,૪૮,૦૦૦ વર્ષનો મનાય છે.

૨. પું. તકાદો કરવો તે; ઉતાવળે અને હુકમ સહિત કામ કરાવવા તૈયાર થવું તે; ઘોડે ચડીને આવવું તે.

૩ પું. વહાણ ઉપર સવારી કરવી તે.

૪. પું. સવાર થવું તે; ઘોડા ઉપર સવારી કરવી તે.

૫ પું. સામે ધૂરકવું તે; ગુસ્સે થવું તે.

૬. પું. સ્વયંભૂ બ્રહ્માના એક પુત્ર; એ નામનો પ્રથમ મનુ; બ્રહ્માના શરીરના અર્ધ ભાગમાંથી થયેલા પ્રથમ પુરુષ. તેની સ્ત્રી શતરૂપા.

૭. વિ. પોતાની મેળે થયેલ.

૮. વિ. બ્રહ્મનું; બ્રહ્મ સબંધી

૯. વિ. વાહન ઉપર બેઠેલું.

૧૦. વિ સ્વયંભૂ સબંધી.

સ્વાયંભુવમનુ [સં.] પું. બ્રહ્માના એક પુત્ર.

બ્રહ્માના દેહના અર્ધભાગમાંથી **સ્વાયંભુવમનુ** થયા. ભાગવતી ભાગવત

સ્વાયંભુવી [સં.] સ્ત્રી. કેળનું એ નામનું એક સ્થાનક.

નાશ્રણમાં **સ્વાયંભુવી** એ નામનું મારું સ્થાનક છે. ભાગવતી ભાગવત

સ્વાયંભૂ ૧. [સં.] પું. એ નામનો એક વંશ.

૨. પું. બ્રહ્માનો પહેલો પુત્ર; પહેલો મનુ; સ્વયંભૂ

સ્વાયંભૂમનુ [સં.] પું. (પુરાણ) સ્વયંભૂ એટલે બ્રહ્મદેવના જમણા અંગમાંથી નિર્માણ થયેલો પુરુષ. ચૌદ મનુઓમાં આ પહેલો મનુ હોઈ બ્રહ્મદેવના ડાબા અંગમાંથી ઉત્પન્ન થયેલી શતરૂપા નામની કન્યાનો પતિ હતો. આ શતરૂપાને કોઈ ઠેકાણે બ્રહ્મા સરસ્વતી અગર અનંતી એવે નામે પણ વર્ણવી છે. આ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ બે પુત્ર અને આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એ ત્રણ કન્યાઓ હતી. તેણે આકૂતિ રુચિ ઋષિને, દેવહૂતિ કર્દમ પ્રજાપતિને અને પ્રસૂતિ દક્ષ પ્રજાપતિને આપી હતી; તેમાં આકૂતિ રુચિ ઋષિને પુત્રિકા ધર્મથી

આપી હતી. માટે એનાં સંતાન યજ્ઞ અને દક્ષિણા ઋષિ પાસેથી લઈ, યજ્ઞને પોતાનો પુત્ર કર્યો હતો અને દક્ષિણાને કન્યાદાન વિધિથી લઈ યજ્ઞની સ્ત્રી કરી હતી. આ મનુના સત્તાકાળને સ્વાયંભુ મન્વંતર કહે છે. એના મન્વંતરમાં બ્રહ્માનસપુત્ર મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને ભૃગુ એ ધર્મોપદેષ્ટા સપ્તર્ષિ હતા. પુત્રિકા ધર્મ પ્રમાણે રુચિ ઋષિ પાસેથી લીધેલો યજ્ઞ સ્વર્ગમાં ઇંદ્રસ્થાને હતો. એની સ્ત્રી દક્ષિણા તે ઇંદ્રાણી હતી. યજ્ઞને તોષ, પ્રતોષ વગેરે બાર તુષ્ટિત સંજ્ઞાવાળા પુત્ર થયા હતા; તે સ્વર્ગમાં દેવરૂપે હતા. આ મન્વંતરમાં ઇંદ્રને સહાય કરનારો કોઈ ખાસ વિષ્ણુનો અવતાર થયો ન હતો.

સ્વાયુષ ૧. [સં સ્વ (પોતે)+આયુષ (હથિયાર)] પું. વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ કેમકે તે ત્રિશૂળરૂપ અમોઘ આયુધવાળા ગણાય છે.
૨. ન. પોતાનું હથિયાર.

સ્વાર ૧. [ફા.] પું. સવારી કરનાર.
૨. ન. (વહાણવટું) સુકેમાની.
૩. જુઓ સવાર.

સ્વારત [સં.] પું. ઇંદ્ર.
મૈત્રેય બ્રાહ્મણમાં બીજા તથા સ્વારત્ત રાજસંસ્થાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
પ્રસ્થાન

સ્વારદોઢ (સ્વારદોઢ) સ્ત્રી. એ નામની એક રમત. બંને હાથની મૂઠીઓ વાળી સામે ઘોડાની લગામ પકડી હોય તેમ રાખવી. પ્રથમ પગ આગળ ચોડવામાંથી મહેજ વાળીને રાખવો અને જમણો પગ પાછળ જ રાખી અદ્ધાંગ અદ્ધાંગ કરતા ઘોડાની માફક દોડવું.

સ્વારસિક વિ. (વેદાંત) સઘળા લોકોને સાધારણ; સઘળા લોકોને ગમે તેવું. જેમકે, કોઈ સારા શબ્દનો પ્રયોગ કર્યો હોય તે બધાંને ગમે તેવો હોય ત્યારે તે સ્વારસિક કહેવાય

સ્વારસિક લક્ષણા સ્ત્રી. (વેદાંત) વાક્યોના વપ્તતા તાત્પર્યનો વિષયભૂત જે અર્થ છે, તે અર્થમાં રહેલી લક્ષણા. જેમકે કોઈ માણસે ગંગામાં મોટો મત્સ્ય જોઈને બીજા પુરુષ પ્રતિ કહ્યું કે, 'ગંગાયા ઘોષ' (ગંગામાં ઘોષ) એ વચન સાંભળીને શ્રોતા પુરુષ ઘોષ પદની મત્સ્યમાં લક્ષણા કરે છે.

સ્વારસ્ય ૧. (સં.) ન. રહસ્ય; ખૂબી; મર્મ
તત્ત્વમસિ મહા વાક્યનું સ્વારસ્ય એ છે કે, જીવ પોતે જ તથા જગરૂપે પ્રકટ થાય છે.
ઝવેરચંદ મેઘાણી
૨. ન. સ્વ.ભા.વિ.ક રસ કે ઉત્તમતા.

સ્વારાજ [સં. સ્વરાજ્] પું. ઇંદ્ર; શુક્ર; મરુત્વાન; સુરપતિ.

સ્વારાજ્ય ૧. [સં.] ન. ઇંદ્રત્વ; સ્વર્ગનું રાજ્ય.
૨. ન. પ્રાચીન હિંદુ એ નામનું એક રાજ્યબંધારણ. એમાં રાજકર્તા અથવા પ્રમુખને સ્વરાટ એટલે જ્ઞાત રાજકર્તા કહેતા.
૩. ન. ઇંદ્રપણું.
૪ ન. બ્રહ્મ સાથે અભેદ.
૫. ન. બ્રાહ્મણ સમયનું એક જાતનું રાજ્યબંધારણ.
૬. ન. સમાન પદના લોકોનો રાજ્ય.
૭. પું. સ્વરાજ્ય; પોતાના લોકો જ પોતાના ઉપર રાજ્ય કરે તે.
સામાનોમાંથી એટલે કે ક્રમમાંથી જે વડા તરીકે ચૂંટાય છે તે સ્વરાટ્; તેનાથી ચાલતી સંસ્થા તે સ્વરાજ્ય.
પ્રો. જયસ્વાલ
૮. ન. સ્વર્ગનું રાજ્ય; સ્વર્ગલોકનું રાજ્ય.

સ્વારાટ [સં. સ્વરાટ્] પું. ઇંદ્ર.

સ્વારી ૧. પું. (સંગીત) એ નામનો એક તાલ.
૨. જુઓ સવારી.

સ્વારોચિષ [સં. સ્વારોચિષ્] પું. ચોદ માંહેનો એ નામનો બીજો થયેલો ૩૦,૮૪,૪૮,૦૦૦ વર્ષનો બીજો મન્વંતર.
સ્વારોચિષ નામના મન્વંતરમાં ચંદ્રવંશી ચૈત્રના વંશમાં ઉત્પન્ન થયેલો સુરથ નામનો પ્રખ્યાત રાજા હતો.
ભાગવતી ભાગવત

સ્વારોચિષમનુ [સં. સ્વારોચિષ્ મનુ] પું. (પુરાણ) ઉત્તાનપાદના પુત્ર ધ્રુવના શિષ્ટ નામના પુત્રનો પુત્ર. સ્વાયંભૂમનુનો સત્તાકાળ એટલે સ્વાયંભૂ મન્વંતર પૂરો થયા પછી બીજો મનુ તે આ ચાક્ષુષ. અગ્નિને સ્વાહાની કૂખે થયેલા ત્રણ પુત્રોમાં આ નામનો હતો. તેને નભ, નભસ્ય, પ્રસૂતિ અને ભાનુ એમ ચાર પુત્ર થયા હતા. દ્યુતિમાન, સુષેણ, રોચિષ્માન વગેરે એ પુત્રોનાં બીજાં નામ હતાં. એના એટલે ચાક્ષુષ મન્વંતરમાં દત્ત, નિશ્ચ્યવન, સ્તંભક, પ્રાણ, કશ્યપ, ઔર્વ અને બૃહસ્પતિ એ ધર્મોપદેષ્ટા સપ્તર્ષિ હોઈને હવીર્ધ, સુકૃત મૂર્તિ, આપ, જ્યોતિ, અમ અને રમણ એ જ્ઞાત વસિષ્ઠપુત્રો પ્રજાપતિ હતા. પહેલાંના મન્વંતરમાંના તુષિત નામના દેવ હતા અને રોચન નામનો ઇંદ્ર માત્ર તેમનો સ્વામી હતો. વેદશિરા ઋષિથી તુષિતા સ્ત્રીને અયેલો વિભુ નામનો વિષ્ણુનો અવતાર ઇંદ્રને સહાય કરનાર થયો હતો.
પ્રિયવ્રતનો પુત્ર સ્વારોચિષમનુ નામનો બીજો મનુ થયો.
ભાગવતી ભાગવત

સ્વાર્જિત [સં સ્વ (પોતે) + અર્જિત (મેળવેલું)] વિ પોતે મેળવેલું; સ્વોપાર્જિત; સ્વસંપાદિત; સ્વકષ્ટાર્જિત; જાતે પેદા કરેલું.

સ્વાર્થ ૧. [સં. સ્વ (પોતાનું) + અર્થ (મતલબ)] પું. આપમતલબ; સ્વહેતુ; પોતાની મતલબ; ગરજ; પોતાનો અર્થ; પોતાનું હિત.
સ્વાર્થ આગળ સૌ આંધળું = પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કંઈ દેખતો નથી.
૨. પું. એકલપેટાપણું.
૩. પું. (વ્યાકરણ) ક્રિયાપદના રૂપમાં નીકળતો એક જાતનો અર્થ; ક્રિયાપદના રૂપ માંહેનો એક વિભાગ; વર્તમાનકાળમાં આજ્ઞાનો તેમ જ સંકેતનો અર્થ રહેલો છે. એ બેમાંથી એક અર્થ ન હોય ત્યારે તે સ્વાર્થમાં છે એમ કહેવાય છે. ખાસ અર્થ નથી. પોતાના જ અર્થમાં છે માટે સ્વાર્થ કહેવાય છે. જેમકે, તે કરે
૪ પું. જેમાં ચોખ્ખો અક્ષરનો અર્થ જ હોય તે.
૫. પું. પોતાનો પૈસો; ધન; દ્રવ્ય.
૬. પું ભાવાર્થ; અંદર રહેલો અર્થ.
૭. પું. લોભ.
૮. ન (જ્યોતિષ) એ નામનું પહેલું વાડળમંડળ.
૯. ન. (બારમું) સર્વનામના સાત માંહેનો એક પ્રકાર.

સ્વાર્થ અનુમાન [સં.] ન. (ન્યાય) પોતાને માટે જ કરેલું અનુમાન. અનુમાન બે પ્રકારનું છે: સ્વાર્થ અને પરાર્થ.

સ્વાર્થઅનુમિતિપ્રભા [સં.] સ્ત્રી. અનુમિતિપ્રમાનો એક પ્રકાર. કોઈપણ વાક્ય પ્રયોગ વિના સ્વસમજણ માટે અન્તિજ્ઞાનદ્વારા જે અનુમિતિ થાય તે સ્વાર્થઅનુમિતિપ્રભા અથવા સ્વસમજણ માટે અનુમાન પ્રમાણથી થતું જ્ઞાન તે સ્વાર્થઅનુમિતિપ્રભા જેમકે, પર્વતમાં ધુમાડો જોઈને ત્યાં અગ્નિ હોવાનું જ્ઞાન થવું

સ્વાર્થક [સં.] વિ (વ્યાકરણ) શબ્દનો પોતાનો જ અર્થ બતાવનાર; પ્રકૃતિને લાગુ પડ્યા છતાં અર્થમાં ફેરફાર ન કરનાર. જે પ્રત્યય માટે વપરાય છે.
સંસ્કૃત સ્વાર્થક ક પ્રત્યયનો પ્રયોગ ઘણો છે.
કનૈયાલાલ

સ્વાર્થકીટ [સં.] પું. સ્વાર્થ સાધનાર વ્યક્તિ; પોતાનું જ પેટ ભરનાર માણસ.

સ્વાર્થગ્રસ્ત વિ. સ્વાર્થાંધ.

સ્વાર્થત્યાગ [સં] પું સ્વાર્થનો ત્યાગ; પોતાનો લાભ જતો કરવો તે; પોતે નુકસાન વેઠવું તે; સ્વાર્થનો હોમ કરવો તે; આત્મભોગ; આપભોગ; બલિદાન; આત્મઅર્પણ.

સ્વાર્થત્યાગ બુદ્ધિ [સં.] સ્ત્રી. સ્વાર્થનો ત્યાગ કરવાની બુદ્ધિ; નિઃસ્વાર્થવૃત્તિ; પરોપકારવૃત્તિ.

સ્વાર્થત્યાગી વિ. સ્વાર્થને છોડી દેનાર; બીજા સ્વાર્થે કામ કરનાર; પરમાર્થી, નિઃસ્વાર્થી; સ્વાર્થ રહિત

સ્વાર્થદેડ પુ. (જૈન) પેટને ખાતર એટલે કે સ્વાર્થને માટે કરવામાં આવતું પાપ; સ્વાર્થને લીધે કરાતું પાપાચરણ

સ્વાર્થદંભ પુ. સ્વાર્થને ખાતર કરાતો ખોટો દેખાવ; સ્વાર્થી આડંબર

સ્વાર્થદૃષ્ટાંત ન. એકલપેટાપણાનો દાખલો: પોતાના હિતનો દાખલો. ગાંધીજી એમ કહે છે કે: સ્વાર્થ તો સહુમાં ઓછોવત્તો હોય પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. કૌટુમ્બિક કામોમાં સ્વાર્થત્યાગ થોડો ઘણો રહેલો છે, પણ રાષ્ટ્રીય કામોમાં થોડામાં થોડા જ પ્રમાણમાં જોવામાં આવે છે જુઓ આપણી શેરીઓ, આપણાં રાહેરો, આપણી આગગાડીઓ! આ બધામાં દેશની દયાનું દર્શન થઈ રહે છે. શેરીમાં, રાહેરમાં કે ટ્રેનમા બીજાની સમવડનો કેટલો ઓછો ખ્યાલ રહે છે! મારા ઘરના આજીવ્યાથી હું શેરીમાં કચરો નાખતાં અચકાતો નથી, મારા કોરાયાથી રસ્તામા જતાં આવતાંને અગવડ થાય કે નહિ તેનો વિચાર કર્યા વિના હું કચરો દેઉં છું અને થૂક છું. મારે ઘર બાબતમા મારા પાડોશીની અગવડનો વિચાર ઓછો કરું છું. રાહેરનો નળ છોડી તેમાંથી પાણી વહ્યું જાય તે મારું નથી એમ માની બેદરકાર રહું છું રેલગાડીમાં એ જ દેખાવ નજરે પડે છે. મારી જગ્યા મમેતેમ કરી મેળવી બીજાને બને તો અટકાવું. બીજાને અગવડ પડો કે નહિ પણ મારી બીડી હું શરૂ કરું છું. કેળાંની અને શેલડીની છાલ મારા પાડોશીની સામે જ નાખતાં અચકાતો નથી. નળ ઉપર પાણી ભરવા જાઉં છું તો બીજાની દરકાર નથી રાખતો. આમ સ્વાર્થનાં દૃષ્ટાંત પગલે પગલે ટાંકી શકાય એમ છે

સ્વાર્થદૃષ્ટિ સ્ત્રી. સ્વાર્થની નજર.

સ્વાર્થદૃષ્ટિની ત્રિજ્યા આ દીસતી પરમાણુ જે, હિંસા ને પ્રતિહિંસાની અહિંસાથી વિદારજે. ગાંધીગીતા

સ્વાર્થનિષેધ પુ. મનને વશ રાખવું તે.

સ્વાર્થનિષ્ઠા સ્ત્રી. એકલપેટાપણું; સ્વાર્થદૃષ્ટિ; સ્વાહતદૃષ્ટિ

સ્વાર્થપટુ વિ. સ્વાર્થ સાધવામાં હોશિયાર; સ્વાર્થસાધુ; સ્વાર્થની બાબતમા ચાલાક

સ્વાર્થપર [સં. સ્વાર્થ + પર (મત)] વિ સ્વાર્થી; ગરજુ; આપમતલબી; સ્વાર્થમાં જ રમ્યુપમ્યુ રહેનાર.

સ્વાર્થપરાયણ [સ. સ્વાર્થ + પરાયણ (મત)] વિ. સ્વાર્થનો જ વિચાર કરનાર, સ્વાર્થી; એકલપેટુ; સાંકડા મનનુ; આપમતલબી, ગરજુ; સ્વાર્થમાં જ રમ્યુપમ્યુ રહેનાર

સ્વાર્થપરાયણતા [સં.] સ્ત્રી. સ્વાર્થીપણું; ગરજુ હોવું તે; આપમતલબી હોવાનો ગુણ; સ્વાર્થવૃત્તિ.

સ્વાર્થપરાયણ સુખવાદ [સં.] પું. પોતાનું કામ પાર પડે એવો વાદ. પોતાને મળ કયાં કર્યથી સૌથી વધારે મળશે એવા હેતુ રાખી કર્તવ્ય કરનારાઓનો વાદ તે સ્વાર્થપરાયણ સુખવાદ (ઇગોઇસ્ટિક હિડોનિઝમ) કહેવાય છે.

સ્વાર્થપરાર્થવાદ પું. પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું કામ હાથ ધરવાનો મત: ઉભયવાદ.

સ્વાર્થપ્રવર્તક [સં.] વિ સાર્વજનિક કામકાજને પોતાના ખ્યાલની લાઇન મૂકે ફેરવી નાખનાર.

સ્વાર્થપ્રિય [સ.] વિ. સ્વાર્થ જેને પ્રિય છે એવું.

સ્વાર્થબલિ પું. આત્મભોગ; આત્મબલિદાન.

સ્વાર્થબાજી સ્ત્રી. સ્વાર્થની જ રમત; સ્વાર્થપરાયણતા

સ્વાર્થબાજીમા આપણે કેમાલ થયા છીએ ઝેવેરીલાલ વિદ્વાન

સ્વાર્થબુદ્ધિ સ્ત્રી. પોતાની જ મતલબ; સ્વાર્થની નજર

સ્વાર્થરત [સં.] વિ. સ્વાર્થમા જ મડી પડેલું.

સ્વાર્થવાચક [સં.] વિ (વ્યાકરણ) ફક્ત પોતાપણાનો અર્થ દર્શાવનાર.

એ પ્રત્યયો બહુધા વાદસ્વભાવવાચક, ક્રમભવાવાચક કે તિરસ્કારવાચક હોય છે; તે કેટલેક સ્થળે નિરર્થક—માત્ર સ્વાર્થવાચક હોય છે

કમળાશંકર

સ્વાર્થવૃત્તિ [સં. સ્વાર્થ + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. પોતાનું જ ભલું કરવાની ઇચ્છા; પોતાનાજ સ્વાર્થની ઇચ્છા; સ્વાર્થબુદ્ધિ; સ્વાર્થની વૃત્તિ; સ્વાર્થપરાયણતા; સ્વાર્થીપણું.

સ્વાર્થસંન્યાસ [સં.] પું સ્વાર્થત્યાગ; આપભોગ; આત્મભોગ.

સ્વાર્થસંવમી પું. સ્વાર્થરહિત પુરુષ; સ્થિતપ્રજ્ઞ.

સ્વાર્થસાધક [સં.] વિ. સ્વાર્થ સાધનાર; સ્વાર્થી; આપમતલબી; સ્વાર્થસાધુ; પોતાનો સ્વાર્થ સાધનાર.

સ્વાર્થસાધુ વિ. સ્વાર્થી; સ્વાર્થસાધક.

સ્વાર્થાનુમાન ન (ન્યા.) પોતાને માટે, પંચાવયવ વાક્યના પ્રયોગ વિના કરેલું અનુમાન; એક પ્રકારનું અનુમાન: ન્યાય વડે અજાણ્યા જે અનુમાન તે. પુરુષની અનુમિતિ હેતુજ્ઞાત સ્વાર્થાનુમાન પ્રતિજ્ઞા વગેરે પાંચ વાક્યોના સમુદાયરૂપ ન્યાય વડે જન્ય હોતુ નથી, પણ એ પુરુષ પોતે જ પાકશાળા વગેરેમા, ધૂમરૂપ હેતુમાં વહ્નિરૂપ સાધ્યની વ્યાપ્તિનો નિશ્ચય કરીને, તે પછી કોઈક વખતે પર્વતાદિક પક્ષમાં ધૂમરૂપ હેતુને જોઈ ને એ વ્યાપ્તિનું સ્મરણ કરે છે, તથા પરામર્શ જ્ઞાનવાળો થઈ ને પર્વત.દિક પક્ષમાં વહ્નિ વિષયક અનુમિતિવા.ળો થાય છે. આ સ્વાર્થાનુમાનની રીતિ છે

સ્વાર્થાનુમાન એટલે એક મનુષ્ય પદાર્થોમા સામ્યતા જોઈ તે સબંધી અમુક પ્રકારનું જ્ઞાન પોતાની મેળે મેળવી લેવાનો જે વ્યાપાર કરે છે તે વ્યાપાર. મુ. સા પરિષદ.

સ્વાર્થાનુમિતિ ૧ સ્ત્રી (ન્યાય) અનુભવથી વ્યાપ્તિ પકડતા ચાલનું જે

૨. સ્ત્રી. (ન્યાય) બીજાના ઉપદેશ વિના પ્રથમ પોતાને વ્યાપ્ય (હેતુ)ની પ્રતીતિ થયા પછી વ્યાપ્તિ જ્ઞાનાદિકથી જે વ્યાપકનું (સાધ્ય) જ્ઞાન થાય છે તે જેમકે, ધૂમ અને અગ્નિના સહચારરૂપ વ્યાપ્તિજ્ઞાનવાળો માણસ પર્વતમાં (વ્યાપ્ય) ધુમાડાને જોઈ ને અનુમાન કરે છે કે, પર્વતમાં અગ્નિ જ.પ્યા છે, ધૂમ દેખાય છે માટે, રસોડાની પેઠે. આ સ્વાર્થાનુમિતિ છે

સ્વાર્થા વિદ્યા સ્ત્રી. એક પ્રકારની વિદ્યા

વિદ્યા પણ સ્વાર્થી અને પરાર્થા થઈ શકે છે. દયાનંદ

સ્વાર્થાસક્ત [સ.] વિ. પોતાના જ હિતમા પ્રીતિવાળું

સ્વાર્થાંધ [સ. સ્વાર્થ (પોતાનું હિત) + અંધ (આંધળું)] વિ સ્વાર્થને લીધે આંધળું બનેલું; પોતાના સ્વાર્થ આગળ બીજાનું નુકસાન ન જોનાર, સ્વાર્થમા અંધ; સ્વાર્થમા આંધળું બનેલું.

સ્વાર્થાંધતા [સં.] સ્ત્રી. સ્વાર્થમા આંધળા બનવું તે; પોતાના હિતમા મમ રહેવું તે

સ્વાર્થિક ૧. [સં.] વિ. એકલપેટુ

૨. વિ (વ્યાકરણ) સ્વાર્થવાચક

સ્વાર્થી [સં. સ્વાર્થ (આપમતલબ) + ઇન્ (વાળું)] વિ. આપમતલબી; સ્વાર્થપરાયણ; એકલપેટું; જેને પોતાનો સ્વાર્થ વહાલો હોય તેવું; સ્વાર્થીલું; સ્વાર્થપરાયણ; આત્મતત્પરી, આત્મસતોષી, મતલબી

સ્વાર્થીલું જુઓ સ્વાર્થી

સ્વાર્થે ન. આપમેળે.

સ્વાર્પણ [સ. સ્વ (પોતાનું) + અર્પણ (આપવું તે)] ન. સ્વાર્થસંન્યાસ; આત્મબોગ; બલિદાન; પોતાનું અર્પણ; પોતે નુકસાન વેઠવું તે, બધું આપી દેવું તે.

સ્વરાજ વૃક્ષને સિંચો અહમાદિ મૂળો બળે;
અહમ સ્વાર્પણે મુખ્ય આધ્યાત્મિક જ ઇલને. ગાંધીગીતા

સ્વાર્પણશીલ [સં] વિ. ત્યાગમય.

કોઈપણ પ્રજાનું જીવન વિદ્વાન, તેજસ્વી અને **સ્વાર્પણશીલ** કાર્યમાં ધર્મનું પુનરુત્થાન જેટલું ફલેદમંદ નીવડે છે, તેટલી બીજી કોઈપણ વસ્તુ ફલેદમંદ નહિ જ નીવડે. મુ. સા. પરિષદ

સ્વાવગ્રહ જુ. ઓકમેક સંબંધ.

સ્વાવલંબ જુઓ સ્વાવલંબન.

સ્વાવલંબન [સં સ્વ (પોતાનું) + અવલંબન (આધાર)] ન પોતાના જ ઉપર આધાર રાખવો તે; પોતાના ઉપર અવલંબીને રહેવું તે; સ્વાશ્રય; જાતમહેનત

મોન્ટેસોરી પદ્ધતિનું પ્રેમ ખરી સ્વતંત્રતા છે મનુષ્યની ખરી સ્વતંત્રતા **સ્વાવલંબન** ઉપર છે. નિત્યુભાઈ

સ્વાવલંબનનો સિદ્ધાંત જુ. પોતાના ઉપર આધાર રાખવાનો સિદ્ધાંત આ માટે ગાંધીજીએ કહ્યું છે કે, અહીં (મુલકાર બાગ) પાસે જ આવેલી ઝાંપી નીકળેલા નિરાશ્રિતોની ઝાવણીમાં હું જઈ આવ્યો મારે એ ઝાવણીનું અને તેમાં થતા કામકાજનું બારીકીથી નિરીક્ષણ કરવાનું મન હતું પણ તે ન બન્યું હતાં જે કાંઈ મારા જોવામાં આવ્યું અને ઝાવણીના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી મેં જે કાંઈ સાંભળ્યું તેથી હું સાચે જ રાજી થયો; એ ઝાવણી સ્વાવલંબન સિદ્ધાંતને પોરણે ચલાવવામાં આવે છે. માણસો કામ કરે છે અને તેમને તેમના કામ મુજબની મજૂરી ચૂકવવામાં આવે છે. ઝાવણીમાં રહેતાં બાળકો પણ કામ કરે છે. પણ તેમને તેમના કામના પ્રમાણમાં મજૂરી જરા વધારે આપવામાં આવે છે. આ પ્રકારે પોતાની મજૂરી પર જીવનારા સ્વાશ્રય વડે માણસનું સ્વમાન ફેળવાય છે.

સ્વાવલંબી [સં. સ્વ. (પોતાનું) + અવલંબન (આધાર) + ઇન્ (વાળું)] વિ. પોતાના ઉપર આધાર રાખનાર, સ્વાશ્રયી; પોતાની જાત ઉપર આધાર રાખનાર; પોતાની ઉપર અવલંબીને રહેનાર; બીજાની મદદની આશા ન રાખનાર; સ્વવિષયક; અંતર્મુખ; આત્મલક્ષી. આ માટે ગાંધીજી કહે છે કે, મેં મારી રચનાત્મક કાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિજ્ઞા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે, કોળવણી સ્વાવલંબી હોવી જોઈએ. એ સ્વાવલંબી બાય એને એની સમગ્રતાની કસોટી ગણે

સ્વતંત્ર હિંદના વિદ્યા આત્મલક્ષી અનોખી છે.
દેહરખી ન વિદ્યા તે **સ્વાવલંબી** જ તે નરી. ગાંધીગીતા

સ્વાવલંબીનિશાળો સ્ત્રી. પોતાની મેળે અર્થ કમીને ચાલતી શાળા. ગાંધીજી કહે છે કે, મારી સમજના સારરૂપ વાત એ છે કે, બાળકોને હાથ ઉદ્યોગ શીખવવાના છે તે કેવળ એમની પાસે કોઈ ઉત્પાદક કામ કરાવવાને સારુ નહિ, પણ એમની બુદ્ધિનો વિકાસ સાધવા માટે જોકે, જો રાજ્ય સાત અને ચૌદ વરસની વચ્ચેનાં બાળકોને પોતાના હાથમાં લે અને ઉત્પાદક શ્રમદ્વારા એમનાં શરીર અને મન કેળવે તો નિશાળો સ્વાવલંબી થવી જ જોઈએ એ ન થઈ શકે તો એ નિશાળો ખનિજ હોવી જોઈએ ને શિક્ષકો બેવકૂફ હોવા જોઈએ.

સ્વાશ્રય [સં. સ્વ (પોતાનું) + આશ્રય (આધાર)] પુ પોતાની ઉપર આધાર રાખવો તે; પોતાનો આધાર; સ્વાવલંબન.

સ્વાશ્રયા વિ. સ્ત્રી. પતિને આશ્રિત હોનારી.

સ્વાશ્રયી [સં સ્વાશ્રય (પોતાનો જ આધાર) + ઇન્ (વાળું)] વિ. સ્વાવલંબી; પોતાના આશ્રયવાળું; પોતાના જ આયુષ્ય ઉપર ભરોસો રાખનાર; જાતમહેનતુ.

સ્વાશ્રયીરાજ્ય ન. પોતાની સત્તાથી ચાલે તેવું સ્વરાજ્ય

સ્વને બીજા ભારત તનુને **સ્વાશ્રયીરાજ્ય** કીજે ચંદ્રિકાકાવ્ય

સ્વાસક્ત [સં.] ન જાતુ પાસે, પાસુ નજીક

સ્વાસ્થ્ય ૧. [સં. સ્વસ્થ (તંદુરસ્ત) + ય] ન. આરોગ્ય; સુખાકારી; તંદુરસ્તી; સ્વસ્થતા, નીરોગીપણું.

૨ ન. પ્રસન્નતા.

૩. ન. શાંતિ; નશ્ચિંતતા; નીરાંત; આરામ

૪. ન. સંતોષ; સુખ.

૫. ન. સ્વસ્થતા; સહાઈ.

પોતપોતાનું **સ્વાસ્થ્ય** સંભાળી કામ અને વાણી વડે લોકકલ્યાણની પરાકાષ્ઠાએ પહોંચવું એ પ્રત્યેકનું કર્તવ્ય છે. પુરાતત્વ

સ્વાસ્થ્યકર [સં.] વિ. તંદુરસ્તી કરેલું.

સ્વાસ્થ્યકારક [સં.] વિ. શાંતિકારક; સુખકર.

સ્વાસ્થ્યતીર્થ [સં.] ન. આરોગ્ય તીર્થ; આરોગ્ય વિકાસ; આરોગ્ય રક્ષણધામું.

સ્વાસ્થ્યપત્રક ન. જોગ્ય અધિકારીઓએ આપેલો તંદુરસ્તી માટેનો એક કાગળ. તેમાં એવું લખ્યું હોય છે કે જે જગ્યાએથી વહાણ ઊપડ્યું હોય ત્યાં કોઈ જાતની બીમારી નથી

સ્વાસ્થ્યપરીક્ષા [સં.] સ્ત્રી વૈદકીય તપાસણી; શારીરિક પરીક્ષા; શારીરિક તપાસ

સ્વાસ્થ્યપરીક્ષાપત્ર [સં.] પુ વૈદકીય પ્રમાણપત્ર; ' મેડિકલ સર્ટિફિકેટ '

સ્વાસ્થ્યપ્રદસ્થળ ન વિશ્રાંતિસ્થાન; સારા હવાપાણીનું સ્થળ; ' સેનેટોરિયમ '.

સ્વાસ્થ્યવિરોધી વિ. રોગકારી; અસુખાકારી.

સ્વાસ્થ્યસ્થાન ન. હવાખાવાનું સ્થળ; સારાં હવાપાણીનું સ્થળ; ' સેનેટોરિયમ '.

સ્વાસ્થ્યાધ્યક્ષ [સં.] પું. આરોગ્યાધ્યક્ષ; આરોગ્ય રક્ષણ અધિકારી.

સ્વાસ્થ્યાલય ન. હવાખાવાનું સ્થળ; ' સેનેટોરિયમ '.

સ્વાસ્ય [સં. સ્વ (પોતે) + આસ્ય (મુખ)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જેમકે તે પોતે જ પોતાનું મુખ ગણાય છે. વળી ઉત્તમ સ્વરવાળા, સુંદર મુખવાળા તેજ છે અને વિશ્વમુખ પણ તે જ કહેવાય છે.

સ્વાહા ૧ [સં.] પું. અગ્નિનો એક મંત્ર

૨. પું. મંત્રની સમાપ્તિરૂપ અર્થવાળો શબ્દ.

૩ સ્ત્રી. (પુરાણ) અગ્નિની સ્ત્રી; દક્ષ અને પ્રસૂતિની દીકરી; સ્વાયંભૂ મન્વંતરમાંના દક્ષ પ્રજાપતિની સોળ માંહેની ચૌદમી કન્યા. તેણે એ કન્યા પ્રધાન નામના અગ્નિને આપી હતી. દેવતાઓને હવિર્ભાગ પહોંચાડનાર હોત્રને એને પાવ, પવમાન, શુચિ અને સ્વારોચિષ્ એમ ત્રણ પુત્ર હતા. એમાં પહેલા ત્રણની અગ્નિના અગ્નિ વંશમાં છે અને ચોથો પુત્ર બીજો મનુ થયો હતો. પોતાના પતિને સપ્તર્ષિઓની સ્ત્રીઓની મોહિની અને રંભના થઈ હોવાથી આ સ્વાહાએ અરુંધતી સિવાય બીજી ઋષિપત્નીઓનાં રૂપ ધારણ કરીને એને સંતોષ્યો હતો.

૪. સ્ત્રી એ નામની એક દેવી

માહેશ્વરીપુરમાં સ્વાહા નામની દેવીની પીઠ છે ભગવતી ભાગવત

૫. સ્ત્રી. (પુરાણ) ચાક્ષુ મન્વંતરમાંના પૃથુરૂપતિથી તારાની કૂખે થયેલી એ નામની કન્યા. એ વૈશ્વદેવ સંબંધી વૈશ્વાનર નામના અગ્નિની સ્ત્રી હોય એમ જણાય છે એને કામ, અભોધ અને ઊધ્ય એમ ત્રણ અગ્નિ નામના પુત્રો થયા હતા. એનો પુત્ર તે સ્કંદ. એને સ્કંદે વરદાન આપ્યું હતું.

૬ સ્ત્રી અગ્નિદીપની ચોસઠ માર્ગની એ નામની એક કલા

૭ સ્ત્રી વિભાવસુની સ્ત્રી

૮ સ્ત્રી સોળ માતૃકા પૈકી એ નામની એક માતૃકા.

૯ અ દેવોને હવિ આપતા કરાતો એક ઉચ્ચાર; હોમાત્મક ક્રિયાઓમાં છેલ્લે હોમવાના અર્થમાં બોલાતો એક શબ્દ, અગ્નિમાં આહુતિ આપતાં બોલાતો શબ્દ; વૈદિક યજ્ઞના પાંચ પવિત્રાદિક અવયવો માહેનું એક

સ્વાહાના ઉચ્ચારણ વિના દેવતાઓ હવિના ભાગ લેવાને સમર્થ થતા નથી.
અજ્ઞાની ભાગવત

૧. સ્વાહા ઉચ્ચારવું = (૧) ઉત્તમ સંસ્કાર કરીને તૈયાર કરેલા હવિ દ્રવ્યનો જ હોમ કરવો (૨) સ્વાહા, અત્યંત હોમલ, અનુરૂપ, પ્રિય અને કલ્યાણકારક આપ્યું કરવું (૩) સ્વાહા, પોતાના અંતઃકરણમાં જેવું જ્ઞાન થાય તેવું જ નિષ્કપટપણે સ્પષ્ટ આપ્યું કરવું (૪) સ્વાહા, પોતાના પદાર્થને જ પોતાનો કહેવો અને બીજાના પદાર્થને પોતાનો ન બનાવતાં બીજાનો જ કહેવો.

૨. સ્વાહા કરવું = (૧) ઉચાપત કરી જવું (૨) ગણી જવું; ખાઈ જવું

૩. સ્વાહા થઈ જવું = ખવાઈ જવું; બળી. જવું; પાયમાલ થવું.

સ્વાહાકૃત્ય [સં.] પું. સ્વાહાપતિ.
રેવાનદિ જિહા પુહ કારિકું, રામાનું સ્વાહાકૃત્ય.
જનાર્દન

સ્વાહાકાર ૧. [સં. સ્વાહા + કૃ (કરવું)] પું સ્વાહા શબ્દનો ઉચ્ચાર.
પ્રજાપતિના મંદિરે ઋષિ દેવો અને પિતૃઓ ઉત્સાહપૂર્વક ટોળે થાય ત્યારે જ એ યજ્ઞનો પ્રથમ સ્વાહાકાર યોગ્ય મનાય છે.
રત્નમંજૂષા

૨. ન. (સંગીત) ષાડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં ગાંધાર છોડવાથી ઉત્પન્ન થતું એક તાન.

સ્વાહાગી પું. પટિયો ટંકણખાર.

સ્વાહાપતિ [સં] પું. અગ્નિ.

સ્વાહાપ્રિય ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિત્રાનું ઝાડ.

સ્વાહીલી સ્ત્રી. આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર બોલાતી એ નામની એક ભાષા.

સ્વાહેય [સં.] પું. (પુરાણ) રુદ્ર, કાર્તિક સ્વામી.

સ્વાંગ ૧. [સં.] પું હોંશ, દંભ.

૨ [હિં.] પું. નકલ.

૩. મુનશી તો ફક્ત દરબારી ખેટલા બધા મુખ્ય થઈ ગયા છે કે આપણે એ બધાને મુંબઈની ભાષાના રંગમાં રંગ કરવા માટે જ એમને પાર્લામેન્ટમાં આવવું હોય એમ લાગે છે.
મુનશી

૩ પું. નાટક

૪ પું. પોશાક; પહેરવેશ; ત્રિભંગ

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ

કેમકે, કાર્ય સિદ્ધ કરવા માટે નાટકની પેઠે જુદા જુદા વેશ લેનાર તે છે. દશાજગત તેમનું અંગ છે અંગજણ વાપરનારા પણ તે છે. જીવરૂપ સ્વાંગ લેનારા તે જ છે. જગત રચના કરનારા અને પ્રેરણા કરનારા પણ તે જ છે. માટે તે સ્વાંગ કહેવાય છે કાર્યના કરવામાં પોતેજ અંગ એટલે સહકારી છે તેથી તે સ્વાંગ કહેવાય છે

૬. પું. વેશ; સોંગ; બીજાના જેવો વેશ લેવો તે, વેશ ધારણ કરવો તે; બનાવટી વેશ

પણ અર્જુનને! તહને નીરખી ક્ષણેક તો થયું કે રાહબાનું બાળકોને સ્વાંગે ધર્યાં.
જહાંગીર નૂરજહાં

૭. ન. પોતાનું અંગ; પોતાની પદ્ધતિ.

દરેક પ્રબન્ધનું કહો કે દરેક સાહિત્યનું-પત્રલેખનનું સ્વાંગ જિદા હોય છે.
ગુજરાતી શૈલીનકળા

૮. વિ. પૂર્ણ; બધુ

૯ વિ. સુવાંગ; પોતાનું.

બધું નભોમંડળ પોતાની સ્વાંગ સ્થિરતા હોય તેમ તેમાં દેખાયું.
બળવંતરાય

સ્વાંગકરીત [સં.] વિ. પોતાની મેળે કરેલું પડી જવું

અહીંયાં મારે સંપૂર્ણ કે કૃત્રિમ રસાયણ માટેની રીતો કહી પોતાની મેળે કંઈ પણ કરીને રીતળ થઈ જાય તેને સ્વાંગકરીત કહે છે. કહો કર્યું પહેલા જ અહાર કાઢીને મૂળી કેમાંથી કરીને રીતળ થાય તેને બહિ રીત કહે છે
રસતરંગિણી

સ્વાંગી ૧. [હિં.] પું નકલ કરનાર માણસ.

૨ પું. વેશ બજવનાર આદમી.

૩. વિ. નકલ કરનાર.

૪ વિ વેશ બજવનાર.

સ્વાંત ૧ [સં.] પું. પોતાનો અંત.

૨. ન. ગુદા.

૩. સ્ત્રી. સૂર્યની એક પત્નીનું નામ.

૪ [સં] ન. અંતઃકરણ; મન; પોતાનું અંતર.
સ્વાંત હૃદય મજ્જસપિતા આત્મા આનન્દ ઘર્ઘ, મનથી વિચારે સહચરી, અંદર કર્ઈ વેર બહ
વિશ્વનાથપ્રસાદ

૫ ન. સહાય; મદદ

૬ ન. સ્વાતિ નક્ષત્ર

૭. વિ શબ્દ કરેલ; અવાજ કરેલ

સ્વાંતર્ભુદ [સં] ન સ્વાતિબિંદુ, સ્વાતના વરસાદનું ટીપું

સ્વાંતી [સં સ્વાતિ] ન. સ્વાતિ નક્ષત્ર; પરમ્પુ નક્ષત્ર આ નક્ષત્રના વરસાદથી દરિયામાં સાચાં મોતી થવાનું કહેવાય છે. આ નક્ષત્રનો આકાર ખીલીન. જેવો છે તેમા એક તારો છે

સ્વાંતીબુંદ ન સ્વાતિ નક્ષત્રમાં પડતા વરસાદનું ટીપું

સ્વાંત્યું ન. સ્વાતિ નક્ષત્રના વરસાદનું બિંદુ
એકમના ઘઈને તમે, બલખ આરાધો,
સાકુને ઘરને વરસેલ સ્વાંત્યું
ભોજો

સ્વાંભસેતુ પું (પુરાણ) એ નામનો એક અગ્નિ તે ઉદક ઉત્પન્ન કરનાર ગણાય છે યજ્ઞમાં જે સોમ હોમાય છે તે આ અગ્નિજ ભક્ષણ કરે છે

સ્વિચ [અં] સ્ત્રી વીજળીનો પ્રવાહ બીજે સ્થળે લઈ જવાની યાંત્રિક યુક્તિ; વીજળીનો પ્રવાહ ચલાવવા અથવા બંધ કરવા વપરાતી અને ઊઘાડબીડ થઈ શકે એવી કળ; વીજળી જોડવાનું સાધન; વિદ્યુત્કુંજિકા; વીજળીની ચાંપ. તોતી ઉઘાડતાં જેમ પાણીનો પ્રવાહ નળમાંથી ચાલુ થાય છે તે જ પ્રમાણે સ્વિચ ખેંચીએ કે વીજળીનો પ્રવાહ ચાલુ થાય છે સ્વિચનું મુખ્ય કામ આ જ છે, પણ ઘણી વખત એક દિશામાંથી પ્રવાહ બીજી દિશામાં વાળવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. કંપની પાસેથી આવતા તારનો ઘરમાં જ્યાં પ્રવેશ થાય છે ત્યાં જે ચાવી બેસાડે છે, તેને મુખ્ય ચાંપ કહે છે. મુખ્ય ચાંપ અને બત્તીની ચાંપમાં બહુ ફરક હોતો નથી. આખું ચક્ર અથવા પ્રવાહમાર્ગ ખુલ્લો થયા સિવાય પ્રવાહ ચાલુ થતો નથી, એ બાબત જાણીતી છે. ચાવીનું બોચિયું નીચે ખેંચીએ એટલે તારના બે ઉઘાડનું વિદ્યુત્વાહક રીતે જોડાણ થાય છે અને ઊંચે કરીએ એટલે ફરી બંધ પડે છે. સ્વિચના બે પ્રકાર છે: (૧) ડબલ પોલ સ્વિચ (૨) સિંગલ પોલ સ્વિચ. ડબલપોલ સ્વિચમા ધન અને ઋણ બંને પ્રકારના તારના ઉઘાડા જોડાય છે કે છૂટે છે. બહુ જોતાં બને તે એક પ્રકારનો તાર છૂટે કે પ્રવાહમાર્ગ તૂટી જાય છે, પણ બંને તારના ઉઘાડા અલગ કરવાથી આ બાબતમાં મુદ્દલ સંશય રહેતો નથી, માટે બને તો મુખ્ય સ્વિચ ડબલ પોલ પ્રકારની રાખવી. સિંગલ પોલ સ્વિચ એક જ ઉઘાડને અડકે છે તેથી પણ કાર્ય સધાય છે, પણ એકાદ વખત તે પૂર્ણપણે ખેંચાઈને ન હોય તો વીજળીથી અગ્નિ ઉત્પન્ન થઈ નુકસાન થવાનો સંભવ છે.

સ્વિચ સ.રી એટલે: (૧) તેની નીચે ચીની માટીનું તળિયું હોવું જોઈએ. બીજા ગમે તે સળગી ઊઠે તેવા પદાર્થનું દાખલા તરીકે, લાકડાનું તળિયું હોય તો કદાચ આગ લાગવાનો ભય રહે છે. (૨) તેના બોરીઆને આંખ હોવી જોઈએ, એટલે બોરીઆ ઉપર નીચે ગમે તે દિશામાં જોરથી ખેંચતાં સ્વિચ સળંગ કે અલગ થઈ જાય, અધવચ્ચ સ્થિતિમાં કદી ન રહે. દરેક વખત સ્વિચ ખેંચતાં, તેની એક સ્થિતિમાં તણખા ઉત્પન્ન થાય છે. તે સ્થિતિમાં રહે તો તારના છેડા બોડા પાસે આવે છે અને તેઓ વચ્ચે તણખો ઊડે છે તેનાથી આગ લાગવાનો ડર રહે છે. (૩) સ્વિચ વારંવાર વપરાતી હોવાથી તેની કે બગડે તેવી ન હોવી જોઈએ મુખ્ય સ્વિચ છોકરાનો હાથ ન પહોંચે તેટલી ઊંચી રાખવી. બત્તીની સ્વિચ બંધારામાં સહેલાઈથી હાથ લાગે તેવા સ્થળે રાખવી. કેટલેક ઠેકાણે એક જ બત્તી, બે કિંવા વધુ સ્વિચમાંથી ગમે તે એક સ્વિચથી સળગાવવા કે બુઝાવવા તેમ હોય, તો ઠીક પડે છે. દાખલા તરીકે છતના ઉપર પ્રકાશ પાડવા માટે છતાના મધ્યભાગે બત્તી રાખી હોય, તો નીચેથી ઉપર જવા માટે છતાનાને તળીએ સ્વિચની જરૂર પડે છે અને ઉપરથી નીચે આવતાં છતાને મથાળે જરૂર પડે છે. જો એક જ સ્વિચ હોય તો એક તો સ્વિચને પહોંચતા સુધી અંધારામાં જવું પડે છે અને બીજું બત્તી બુઝાવવા માટે પણ ફેરો આવો પડે છે. આ માટે દુ બે સ્વિચની યોજના કરી, ઉપર નીચે એમ બે સ્વિચ રાખી, બધુ કાર્ય સધાય છે. આમ ન કરવું હોય તો ઉપર નીચે એમ બે બત્તી રાખવી પડે છે.

સ્વિત અ. નિશ્ચય.

સ્વિદ ૧. અ. ક્રિ. જોડવું.
૨. અ ક્રિ. તેજ વગેરેથી ઝીઝ થવું
૩. અ ક્રિ. (ધાતુ) પસીનો થવો; પરસેવાવાળા થવું. જેમકે, 'સ્વેદ'
૪. અ. ક્રિ. બોજ પામવો.
૫. [સં.] અ. પ્રશ્ન, વિતર્ક અને પાદપૂરણમાં વપરાતો એક અવ્યય.

સ્વિદા પું. (પિંગળ) ઊષ્ણિકની જાતનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે

સ્વિન્ન ૧. [સં] વિ. જેને ઘામ થયો હોય એવું.
૨. વિ પરસેવો વળ્યો હોય એવું.
૩. વિ. પાકેલ.
૪. વિ. રંધાઈ ગયેલું.

સ્વિન્નશરીર પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, નગણ તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે

સ્વિષ્ટકૃદ [સં.] અ. યજ્ઞમાં રહેતું સ્પોલ્લોની જાતનું વેગવાળું એક પક્ષી. તે ચીસો પાડનાર ગણાય છે. આજ તે પક્ષી જેવું ઝડપી છે. તે ૩ ઉંચ લાંબું, લાંબી સાંકડી પાંખવાળું હોય છે દિવસે ફરે છે અને રાત્રે માળામાં બેસે છે તેનાં પીળાં કાળાં હોય છે. તેના ગળા ઉપર સફેદ ભૂરો ડાઘ હોય છે. ઉત્તરાયન દક્ષિણાયન થતાં આ પક્ષી ખિટન મુલકમાં સૌથી પહેલું આવે છે ને પહેલું જાય છે. આ પક્ષી યુરપ, અમેરિકા અને આફ્રિકામાં પણ થાય છે

સ્વિફ્ટમ [અં.] અ. પારાને બદલે ધાતુઓ વડે બનાવેલું એક જાતનું ઉષ્ણતામાપક યંત્ર; અમેરિકન લશ્કરે હાલમાં નવું ઉષ્ણતામાપક યંત્ર તૈયાર કર્યું છે. હાલ વપરાતા પારાવાળા ઉષ્ણતામાપક યંત્ર કરતાં આ નવું યંત્ર ચોકસાઈ ભર્યું અને ઝડપી જણાયું છે આ યંત્રમાં પારાને સ્થાને બેવી ધાતુઓ વાપરવામાં આવે છે જે ધાતુઓ ઉષ્ણતાના પ્રમાણમાં વીજળીના પ્રવાહનું વહન કરી શકે છે. ઉષ્ણતામાનનું પ્રમાણ વધારે હોય તેમ આ ધાતુઓ ઓછા પ્રમાણમાં વીજળીક સામનો દાખવી શકે છે. પારાવાળું ઉષ્ણતામાપક યંત્ર ૧૮૬૭માં તૈયાર કરાયેલું સાર પછી તેમાં આ પહેલવહેલો જ ફેરફાર થયો છે.

સ્વિષ્ટકૃત ૧. [સં.] પું. (પુરાણ) બૃહસ્પતિને તારાની કૂખે થયેલ છ માહેનો એક દીકરો, પ્રાયશ્ચિતાગ્નિ.
૨. પું. હોમ કરતાં વધેલ દ્રવ્યો ભેળવી છેવટ અપાતી એક જ આહુતિ.
૩. અ. (સંગીત) ઓડવનું એક તાન. મધ્યમ ગ્રામમાં નિષાદ અને ગાંધાર લગાવવાથી થતું એક જાતનું તાન.
૪. અ. (સંગીત) ષાડવનું એક તાન. ષડ્જ ગ્રામમાં રિષભ જોડવાથી ઉત્પન્ન થતું એક તાન.

સ્વીકરણ ૧. [સં.] ન. પમાડીને પોતાનું કરવું તે; ' ઓસિમિલેશન '.
૨. ન. સ્વીકારવું તે; સ્વીકૃતિ

સ્વીકાર ૧. [સં.] પું. અંગીકાર કરવું તે; કબૂલાત; સ્વીકારવું તે; માન્યતા; અંગીકાર; એકરાર; માન્ય રાખવું તે.
૨. પું. ભાગેદારી.
૩. પું. (વેદાંત) જે પોતાનું નથી તેને પોતાનું છે એમ કરવાનો વ્યાપાર.
૪. પું. પાવતી.
૫. પું. માથે વહોરી લેવું તે
૬ પું. મુદતની હુંડી ઉપર સ્વીકારનારે મિતિ નાખી પોતાની કરેલી સહી
૭ પું. અહા.

સ્વીકારક [સં] વિ. સ્વીકાર કરનાર

સ્વીકારણીય [સં.] વિ માન્ય કરવા લાયક; સ્વીકારવા જેવું

સ્વીકારપત્ર [સં.] પું. પાવતી; પહોંચ; રસીદ.

સ્વીકારયુગ [સં] પું. પ્રજાકીય દૃષ્ટિએ હિંદુસ્તાનના વર્તમાન યુગનો સ્વીકારયુગ, સરકારયુગ અને ગાંધીયુગ એમ ત્રણ માહેનો એક વિભાગ સ્વીકારયુગમાં બેટલું અંગ્રેજ સત્તાધીશ કરે એટલું બધુ જ સારું એવો અભિપ્રાય

સ્વીકારવું ૧. અ. ક્રિ. કબૂલ કરવું; માન્ય રાખવું; અંગીકાર કરવું.
૨. અ. ક્રિ. માથે લેવું; અહણ કરવું

સ્વીકારાવવું ૧. અ. ક્રિ. અહણ કરાવવું; માથે લેવડાવવું.
૨. અ. ક્રિ. સ્વીકાર કરાવવો; માન્ય રખાવવું; કબૂલ રખાવ તેમ કરવું.

સ્વીકારાવું ૧. અ. ક્રિ. અહણ કરી શકાવું; માથે લઈ શકાવું
૨. અ. ક્રિ. અહણ થવું; માથે લેવાવું.
૩. અ ક્રિ. સ્વીકાર કરી શકાવો; સ્વીકારી શકાવું; માન્ય રાખી શકાવું.
૪. અ. ક્રિ. સ્વીકાર થવો; માન્ય રખાવું; કબૂલ થવું

સ્વીકારોક્તિ [સં.] સ્ત્રી. એકરાર; અંગીકાર; કબૂલત.

સ્વીકાર્ય ૧. [સં.] વિ. કબૂલ કરવા યોગ્ય; માન્ય; સ્વીકારવા જેવું.
વિદ્યાનાનું મોહને હું તો વખોડતો કદી નથી,
ધર્મ જ્ઞાનાને તે છે જો સ્વીકાર્ય સદા મને.
આધીગીતા
૨. વિ. માન્ય; અહણ કરવા યોગ્ય

સ્વીકૃ [સં.] અ. ક્રિ. (ધાતુ) લેવું. તે ઉપરથી થયેલ શબ્દ: સ્વીકાર

સ્વીકૃત ૧. [સં] વિ. પોતાનું બનાવેલું.
૨. વિ. માથે લીધેલું; ગૃહીત
૩. વિ સ્વીકારેલું; માન્ય કરેલું; માન્ય રાખેલું, કબૂલેલું; કબૂલી શકાય એવું.

સ્વીકૃત કૃત્ય ન. (સ્થિત) ભૂમિતિમાં કોઈ પણ રચના કરવાની જે છૂટ પ્રથમથી જ લેવામાં આવી છે તે.

સ્વીકૃત પક્ષ ૧ પું. (ન્યાયિત) અનુમાનાશ્રય; સિદ્ધાંતાશ્રય

૨. ન. દાન; બક્ષિસ.

સ્વીકૃત સિદ્ધાંત પું (ન્યાયિત) અંગીકૃત સત્ય; પ્રમાણ પ્રમાણ.

સ્વીકૃતિ ૧. [સં.] સ્ત્રી. અંગીકાર; કબૂલાત; એકરાર; સ્વીકાર; માન્ય રાખવું તે.

૨. સ્ત્રી. દઢીકરણ; સ્થિરીકરણ; અનુમોદન; સમર્થન; બદાલી; મંજૂરી; સમતિ

૩. સ્ત્રી માથે લેવું તે; ગ્રહણ.

સ્વીટમી સ્ત્રી. એક જાતનો છોડ. તેની ડાળ વેલા પેઠે ચાલે છે. એક દીટમાં પાંચ સાત ફૂલ થાય છે. ફૂલ જાતજાતનાં આવે છે. છોડમાં આવતી સિંગ ઉપર કાંટા હોય છે. આ વટાણાની જાત ગણાય છે

સ્વીડન [અં.] પું. યુરપનો એક દેશ. અદીનો પ્રાંત ઊંચો છે અને લોકો કદમાં વધારે ઊંચા ઘાટા જાય છે. તાજેતરમાં પ્રગટ થયેલ આંકડાઓ ઉપરથી જણાય છે કે, ૪૦ વર્ષ પહેલાં લશ્કરમા જોડાતા માણસોની સરેરાશ ઊંચાઈ ૧૭૧·૬ સે-ટીમીટર (લગભગ ૫ફ્રૂટ ૬ ઇંચ) હતી અત્યારે તે ૧૭૪·૯ સે-ટીમીટર (લગભગ ૫ફ્રૂટ ૮ ઇંચ) છે. ૧૯૪૭ના વર્ષની ગરતીમાં ૫૩ જણ ૧૬૦ સે મી. (૬ ફૂટથી વધારે) ઊંચાઈના હતા. ૧૯૪૬માં ઊંચાઈ ૧૮૮ સે. મી તથા માણસ સદીની શરૂઆતમા ઊંચાઈ લગભગ ૧૬૦ સે. મી. ની હતી. સ્વીડનના તંત્ર સંબંધી શ્રી. માવળંકર કહે છે કે, ત્યાં સમાજવાદનું રાજ્ય છે. પણ તે બોલશો સમાજવાદ નથી, પણ તે કાર્યમા વરતાય છે. અદીના વડા પ્રધાન પાસે મોટર નથી. સવારે સ.ડાસાત વાગ્યે ઘેરથી નીકળી બસમાં તે ઑફિસે જાય છે. સાજે સાતને ટુમારે ઘેર આવે છે. પત્ની પણ એ જ પ્રમાણે પોતાને કામે જાય છે. ઘરનું સર્વ કામ, રસોઈ સાફસૂફી, વાસણ, કપડાં ધોવાં વગેરે કામ જાતે જ કરે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત મળે છે. કમનાં વિધવિદ્યાલયનું શિક્ષણ પણ મફત કરવુ એવો વિચાર ચાલે છે. બાળકોની સંભાળ પુષ્કળ રાખવામાં આવે છે. બાળમંદિરો તો છે જ, પણ માતા કામે જાય ત્યારે બાળકોને સંભાળવા માટેના બાળગૃહો રસ્તે રસ્તે છે. એવાં માબાપોએ મોટા પૈસા આપવા પડે છે. બાળગૃહમાં દસ-બાર વર્ષ સુધીનાં બાળકો હોય છે. ત્યાં તેમનું શિક્ષણ, ખાવાપીવાનું, રમતગમત વગેરે બાબતની ઉત્તમ સોઈ હોય છે

સ્વીડીશ ૧ [અં.] સ્ત્રી. ઘડો બરફીવ મોજની એ નામની એક શાખા; એ નામની એક પ્રજા.

૨. સ્ત્રી. સ્વીડનના લોકોની ભાષા; ટ્યુટોનિક વર્ગની એક ભાષા

૩. વિ. સ્વીડનનું.

સ્વીપર [અં.] પું. વાળવાવાળો માણસ; સાફસૂફ કરનાર આદમી.

સ્વીપ સ્ટેઇક [અં] પું. બધાના દાવ ભુગારમાં જતી લેવા તે; જે ભુગારમા એક જ માણસ પોતાની ચતુરાઈથી બધા સાથીદારોએ મૂકેલી કોડ જીતી જાય છે તે. કોડ દોડમાં બધા ઘોડા મૂકનારાઓમાથી એક જ માણસ જીતે છે, તે જીત લોટરીની માફક ચક્રેચાર છે તે સામાન્ય રૂપની રાજ્ય છે. ઇંગ્લંડમાં લોટરી ગેરકાયદેસર ઠરાવી છે. પરંતુ લડનની કૌરજનર જે કાળ,થી ઊભી કરવામાં આવી છે તે આનથી મડળે ઊભી કરી છે તેમાં બુદ્ધિથી સોદા જીતવા તે પણ આનુ એક રૂપાતર જ છે કલકત્તાની ડર્બિ કલબ વગેરે પણ આનુ રૂપાંતર છે. આફ્રિકા કી સ્ટેટમાં સ્વીપ સ્ટેઇક જુગારી ખેલાય છે. તેના પૈસાનો ઉપયોગ આફ્રિકા દવાખાનાઓમાં કરવામાં આવે છે. પરંતુ આફ્રિકા સ્વીપ સ્ટેઇકની ટિકિટો ઇંગ્લંડમાં વેચાય તો તે ગેરકાયદેસર ગણાય છે અને બ્રિટિશ ન્યુસપેપરમા જાહેર કરાતું નથી.

સ્વીય ૧. [સં.] વિ. ગુપ્ત; બાનગી.

૨. વિ. પોતાનું; પોતાને લગતું; પોતાના સબંધનું; સ્વસત્તાનુ.

સ્વીય સંપત્તિ [સં.] સ્ત્રી. બાનગી મિલકત; આત્મીય સંપત્તિ.

સ્વીયા સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારની નાયિકા; સ્વકીયા; પોતાની ઓ, પરણેલી ઓ; પોતાના જ પતિ ઉપર પ્રેમ રાખનારી સ્ત્રી; નાયિકાનો એક ભેદ.

સ્વૃ ૧. [સં. સ્વર્] ન. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તે ઉપરથી બનેલ શબ્દ: સ્વર; સ્વરિત.

૨. ન. ક્રિ રોગવાળા થવું.

૩. ન. ક્રિ. વખાણ કરવાં.

સ્વૃ [સં.] ન. ક્રિ. (ધાતુ) મારી નાખવું; હિંસા કરવી.

સ્વેચ્છ ૧. [સં. સ્વેચ્છ] વિ. સ્વેચ્છાચારી; મરજીમાં આવે તેમ વર્તનાર.

૨. ન. સ્વેચ્છ પ્રમાણે; મરજીમાં આવે તેમ; યથેચ્છ.

સ્વેચ્છા [સં. સ્વ (પોતાની) + ઇચ્છા (મરજી)] સ્ત્રી પોતાની મરજી; પોતાની ઇચ્છા; આપખુદી.

પરાયે પુરુષ કરતા સ્વપ્ન આવે તેના પહેલાં તે સ્વેચ્છાએ કરકમાં સોપ્યા છે. નવલરામ

સ્વેચ્છા કર્તૃત્વ [સં] ન. કર્તા સ્વાતંત્ર્ય; સ્વતંત્ર કૃતિશક્તિ; ' ફ્રીવીલ '.

સ્વેચ્છાગામી [સં] વિ. મરજી પડે ત્યાં જનાર.

અરી સ્વેચ્છાગામી હુઓ ભારત પેઠે ન વિચરે. બિહારી

સ્વેચ્છાચરણ [સં.] ન. પોતાની મરજી મુજબ વર્તવું તે

સ્વેચ્છાચાર ૧. [સં. સ્વ (પોતાનું) + ઇચ્છા (મરજી) + આચાર (વર્તન)] પું ઉચ્છૃંખલતા

અત્યાચાર કહો તેને સ્વેચ્છાચાર ગણ્યા તે, જે સ્વેચ્છાચારીનો નાશ સમાજ ઇતરે નીચ. નાથીબીબા

૨. પું. પોતાની મરજી પ્રમાણેનું વર્તન; મરજીમાં આવે તેમ આચરવું તે; પોતાની નજરમાં વાજબી લાગે તેમ કરવું તે; સ્વચ્છંદ.

૩. પું. સ્વતંત્રતા.

સ્વેચ્છાચારિણી ૧. [સં. સ્વેચ્છાચાર (મરજી મુજબનું વર્તન) + ઇન્ (વાળું) + ઙી (નારી જાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. નિરંકુશ; બારોબાર વર્તનારી.

અહેમદ ઇમરાવતી વખતે જોવામાં સ્વેચ્છાચારિણી રાજનીતિની તપાસનો આગ્રહ કરવાનો અધિકાર હતો તે જતો રહ્યો. નર્મદાશંકર

સ્વેચ્છાચારી ૧. [સં. સ્વેચ્છાચાર (મરજી મુજબનું વર્તન) + ઇન્ (વાળું)] વિ. ઉચ્છૃંખલ; નિરંકુશ.

૨. વિ. જુલમી; અત્યાચારી.

૩. વિ. પોતાની મરજી મુજબ વર્તનાર; સ્વચ્છંદી; સ્વેચ્છાચાર કરનાર.

૪. વિ. શાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરી લોકવિરુદ્ધ આચરણ કરનાર.

સ્વેચ્છાપૂર્વક [સં.] ન. પોતાની ઇચ્છા મુજબ.

જે માણસ સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારે છે તે ચીર ગની બને છે. કાકેલકર

સ્વેચ્છાપ્રારબ્ધ [સં.] ન. પ્રારબ્ધના બે ભાગેનો એક પ્રકાર; ઇચ્છા પ્રમાણે બનવુ તે; સ્વેચ્છા પ્રમાણે બની આવવું તે; પોતાની મરજી પ્રમાણે પ્રારબ્ધ વર્તે તે; ધાર્યું પાર પડવુ તે.

સ્વેચ્છાપ્રેરિત [સં.] વિ. પોતાની ઇચ્છાથી પ્રેરાયેલું; કોઈ તરફના દબાણ વિના પોતાની રાજીખુશીથી ઉત્પન્ન થયેલ.

સ્વેચ્છાબળ ન. સંકલ્પબળ; ઇચ્છાશક્તિ.

સ્વેચ્છાભિસરણ [સં સ્વેચ્છા (પોતાની ઇચ્છા) + અભિ + સૃ (સરવું) + અન (નામ બનાવનાર પ્રત્યય)] ન. પોતાની મરજી મુજબ ફરવું ફરવું તે.

સ્વેચ્છા મરણ ૧ [સં.] પુ. ભીષ્મ પિતામહ. ૨. ન. પોતાની ઇચ્છા હોય ત્યારે મરવું તે. ૩. ન. યોગની અષ્ટાંગ માર્ગની ચૌદમી સિદ્ધિ; ઇચ્છામાં આવે ત્યારે મૃત્યુ થાય તેવી સિદ્ધિ.

સ્વેચ્છામૃત્યુ ૧. [સં.] પું ભીષ્મ પિતામહ. ૨. વિ. પોતાની ઇચ્છાથી મરનાર. ૩. વિ પોતાની મરજીમાં આવે ત્યારે જ મરે એવું

સ્વેચ્છાચર [સં.] પુ. પોતાની ઇચ્છા મુજબનો પતિ

સ્વેચ્છારાજ્ય [સં] ન. સ્વૈરરાજ્ય; વ્યક્તિરાજ્ય; અંકુશ રહિત રાજ્ય.

એકરાજ્ય અથવા એક રાજાનું **સ્વેચ્છારાજ્ય**, જેવું નવાબી વખતમાં નવાબનું હતું તે.
કનૈયાલાલ મુનશી

સ્વેચ્છાસેવક [સં.] પું સ્વયંસેવક; 'વૉલંટીઅર'

સ્વેચ્છાસૈનિક પું. સ્વેચ્છાસેવક. આફ્રિકાને વખતે આ સૈનિક પોતાના દેશને મદદ કરે છે ઇંગ્લંડમાં પહેલવહેલો સને ૧૭૭૮માં આ શબ્દનો ઉપયોગ અમેરિકા સાથેની લડાઈ વખતે કરવામાં આવ્યો હતો. અને પછી વરસ પછી ફ્રેન્ચ સાથેની લડાઈ વખતે આ શબ્દ ઘણોરે પ્રચલિત થયો. ૧૮૫૯માં સ્વેચ્છાસૈનિક એવું રીતસરનું નામ આપવામાં આવ્યું અને ૧૯૦૮ સુધી આનો પ્રચાર બહુ જ રહ્યો અને અત્યારે તો આ શબ્દ પ્રચલિત છે.

સ્વેચ્છાસ્વીકાર [સં.] પું સ્વેચ્છાથી સ્વીકારવું તે.

સ્વેચ્છિત [સં.] વિ. પોતાની ઇચ્છા મુજબનું; પોતે ઇચ્છેલું; પોતાનું ધારેલું; મનપસંદ

સ્વેજ કૂલ [અં.] ન. તપાવેલ લોઢામાંથી બહાર પોતાનો ઘાટ કરવાનું એક ઓજાર.

સ્વેજ બ્લોક [અં.] પું. જુદી જુદી જાતનાં ઝિંકવાળો ઢાળાનો ચોરસ બ્લોક તેના ઉપર ઘાટ કરી શકાય છે.

સ્વેટર [અં.] ન. છાતીના રક્ષણ માટે પહેરાતું ઊની ભાતનું ગરમ કે સુતરાઉ ગંજીફરાક.

સ્વેદ ૧. [સં.] પું પ્રાણ; ભાફ.

૨. પુ. ઘામ
રવિકિરણ ખમો જો સ્વેદ જેરો ન ગળે.
સાકુતલ

૩. પું પરસેવો; પસીનો; રોમકૂપથી નીકળતું જળ. શરીરે પરસેવો છૂટે છે તેને સ્વેદ કહે છે. મનસ્તાપ, હર્ષ, શ્રમ, ક્રોધ, ભય, શ્રમ, પીડા, આયાસજન્ય મૂર્ચ્છા ઇત્યાદિ વિકારથી શરીરે સ્વેદ આવે છે

આસે સ્વેદ તણા ઝીણા જળકણો
સૂક્ષ્મ જે પામવે. અખરાતક

૪. પું. વરાળરૂપે લેવાતી દવા; 'વેપર'

૫. [સં. સ્વિદ] પું. (વૈદક) શરીરમાંથી પરસેવો કાઢવા માટે શરીરને ગરમી આપવા કરવામાં આવતો બીનો કે સૂકો શેક. પસીનો લાવવાની દરેક ક્રિયાને સ્વેદ કહી શકાય જેમકે, ગરમી, શેક, તડકે બેસવું, કસરત વગેરે સ્વેદનો કૃત્રિમ રીતે શેક કરવો એમ થાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર ગણાય છે: ૧ તાપ સ્વેદ, ૨. ઉપનાહ સ્વેદ, ૩. દ્રવ સ્વેદ અને ૪. ઊષ્મ સ્વેદ. ગરમ રેતીથી, મીઠું વગેરેની પોટલીથી, હાથથી, વાસણથી, કપડાંના ગોટાથી અપાય તે તાપસ્વેદ; અમ્લ, લવણ અને સ્નેહયુક્ત ગરમ અને વાતહર દ્રવ્યોની પોટીસથી અપાય તે ઉપનાહ સ્વેદ: ગરમ દૂધ, પાણી કે વાતહર દ્રવ્યોના ક્વાથ વડે કારવું કે તેમાં બેસવું તે દ્રવ સ્વેદ; પથ્થર કે લોખંડ વગેરે તપાવી તેના ઉપર વાતહર દ્રવ્યોના ક્વાથ કે સ્નેહ છાંટીને કે બીજી રીતે આવાં દ્રવ્યોની વરાળ લેવી તેને ઊષ્મ સ્વેદ કહે છે. આયુર્વેદમાં ચિકિત્સાનાં પંચકર્મોમાં સ્વેદવિધિને અગત્યનું સ્થાન અપાયેલ છે ચરકમાં સ્વસ્થાનનો ચૌદમો અધ્યાય સ્વેદાધ્યાય છે. તેમાં વાતકફાત્મક સ્વેદસાધ્ય રોગો યથાવત્ પ્રયોજેલા સ્વેદથી મટે છે એમ આરંભમાં કહી સ્વેદના પ્રકાર વર્ણવ્યા છે. કયારે, રોગની કઈ સ્થિતિમાં તેમ જ કઈ ઋતુમાં અને કેવી પ્રકૃતિને કયો સ્વેદ કેટલો આપવો વગેરે સવિસ્તર સૂચનાઓ એમાં છે ચરકે સકર, પ્રસ્તર, નાડી, પરિષેક, અવગાહન, જેન્તાક, અશ્મઘન, કર્ષુ, કુટી, ભૂમિ, કુલિકા, કુપ અને હોલાક એ રીતે તેર પ્રકારના સ્વેદ ગણાવ્યા છે અને દરેકનું જુદું જુદું વર્ણન કર્યું છે. સુશ્રુતે સ્વેદનું વર્ગીકરણ જરા જુદી રીતે કર્યું છે. તે કહે છે કે, સ્વેદ ચાર પ્રકારનો છે: તાપસ્વેદ, ઊષ્મસ્વેદ, ઉપનાહસ્વેદ અને દ્રવસ્વેદ. આમાંથી દરેકના પાછા પેટાભેદ પણ ગણાવાયા છે

૬. પું. સાત્ત્વિક ભાવના આઠ ભાંહેનો એક ભેદ; એક જાતનો સાત્ત્વિક ભાવ

૭. પું. (અલ્પ) હલવની સ્થિતિ બતાવનાર આઠ ભાંહેનો એક માનસિક વિકાર; આઠ ભાંહેનો એક ભાવ.

સ્વેદક [સં] વિ. પરસેવો લાવનાર.

સ્વેદકણ પું. પરસેવાનું ટીપું.

સ્વેદગ્રંથી સ્ત્રી. પરસેવો ઝરાવનાર ગ્રંથી.

સ્વેદગાંઠ સ્ત્રી. જેના વડે લોહીમાંથી પરસેવો ગાળી લેવામાં આવે છે તેવી ગાંઠ; સ્વેદોત્પાદક ગાંઠ; સ્વેદગ્રંથી.

સ્વેદગૃહ ન નાસ કે બાફ લેવા માટે કરેલ એક જાતનું ઘર; જેતાક

સ્વેદઘ્ન ૧. [સં.] પુ. રાળ નામની ઔષધિ.
૨. વિ. પસીનાનો નાશ કરનાર.

સ્વેદજ ૧. ન. પરસેવામાંથી ઉત્પન્ન થયેલ જીવ કે જંતુ; ભૂતગ્રામના ચાર ભાંહેનો એક પ્રકાર. જેમકે, જૂ, માકડ વગેરે. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એમ ચાર પ્રકારના જીવ ગણાય છે
૨. વિ ચરબીમાંથી જન્મેલ
૩. વિ. તાપ અને ભેજમાંથી ઉત્પન્ન બનાર; પરસેવામાંથી ઉત્પન્ન થયેલું

સ્વેદજલ ન. પરસેવો

સ્વેદજ શરીર ન. (વેદાંત) પાણી જેવા પરસેવાથી ઉત્પન્ન થતું શરીર. કૃમિ, મચ્છર, જૂઓ, જૂ, જંગોડિયો વગેરેનાં શરીર સ્વેદજ કહેવાય છે

સ્વેદન ૧.[સં.] ન. પરસેવો લાવવાની વિધિ; પરસેવો લાવવો તે.
૨. ન. પરસેવો લાવે એવું ઔષધ.

સ્વેદનયંત્ર ન. દોલાયંત્ર; કુડયંત્ર; ડામમાં મળી નાખી પદાર્થને બાફ આપી પકાવનાર યંત્ર.

સ્વેદનારા પું. ઓરસી ભાંહેનો એક પ્રકારનો વાયુરોગ; જેથી શરીરને પરસેવો આવતો નથી એવો વાયુરોગ.

સ્વેદનિકર [સં.] સ્ત્રી લોઢાની કડાઈ

સ્વેદની [સં.] સ્ત્રી. તાવડી

સ્વેદનીય વિ. પરસેવો લાવે તેવું

સ્વેદપિઠ પુ. પરસેવો પસાર કરનાર પિંડ. તે ચામડીની તુરતના નીચેના ભાગમાં હોય છે.

સ્વેદબિંદુ ન. પરસેવાનું ટીપું.
દેખ્યો જે નયન ચરણ કાંઈ એ પોપચામાં, ભાગ્યજ આવે ગલિત દિસતાં સાત્ત્વિકો **સ્વેદબિંદુ**.
ઠોમ્રુતી

સ્વેદલ ૧ ન પરસેવો લાવવાની દવા
૨. વિ. પરસેવો લાવનાર; સ્વેદોત્પાદક

સ્વેદવાહિની સ્ત્રી. શરીરમાંથી પરસેવો જે વાટે બહાર નીકળે તે નળી.

સ્વેદસ્રાવ પુ. બહુ પરસેવો આવવો તે.

સ્વેદસ્રાવક વિ. પરસેવો છૂટે એવું.

સ્વેદાંબુ [સં. સ્વેદ (પરસેવો) + અંબુ (પાણી)] ન. પરસેવાનું ટીપું; સ્વેદબિંદુ.

ભાળી છે મુખડા વિષે શ્રમ વળી,
શી ભાત સ્વેદાંબુની. શાકુન્તલ

સ્વૈરે અ. મેળે

સ્વૈરોક્ત સાધન પર્યાયોક્તિ [સં.] પું (કાવ્ય) એક પ્રકારનો પર્યાયોક્તિ અર્થાલંકાર; જ્યાં કોઈ બહાને પોતાનું ઇષ્ટ સાધ્યું હોય તે. જેમકે, હે રાધે, મારા બે કડા આપ એમ કહીને અચ્યુતે તેનાં સ્તનનું મર્દન કર્યું.

સ્વૈં અ આપોઆપ; પોતાની મેળે

સ્વૈચ્છિક [સં.] વિ. સ્વેચ્છા પ્રમાણેનું; મરજિયાત; મરજી અથવા ઇચ્છા પ્રમાણેનું.

સ્વૈર ૧ [સં.] ન. પોતાની ઇચ્છા.

૨. વિ નિરંકુશ; બેલગામ

૩. વિ. મનમાં આવે તેમ કરનાર કે કરનાર; સ્વચ્છંદી; સ્વતંત્ર; મનમોજી

૪. વિ. મદ.

સ્વૈરગતિ ૧. સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારનો સાત્ત્વિક ભાવ.

૨. વિ. સ્વચ્છંદપણે ફરનાર.

સ્વૈરતંત્ર ન. અધિરાજ્ય; સ્વેચ્છાચારી રાજ્યતંત્ર, એવું રાજ્યતંત્ર જ્યાં રાજા અને અધિકારીને મનમાનતું કરવાનો અધિકાર હોય તે.

સ્વૈરતા ૧. સ્ત્રી. મરજિયાત હોવું તે.

૨. [સં. સ્વૈર (મનમોજી) + તા (પ્રત્ય)] સ્ત્રી. મરજી મુજબ વિહરવું તે; સ્વચ્છંદ

એક પતિને મૂકી બીજાને વરવા સુધીની **સ્વૈરતા** લાવનારી સ્વાધીનતા જરૂરે પડે છે,
ન્હા. ઈ. સંજના

૩. સ્ત્રી સ્વાતંત્ર્ય.

સ્વૈરન સ્ત્રી વ્યભિચારિણી.

સ્વૈરપદ્ધતિ સ્ત્રી વેપાર ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે રાજ્યે કોઈ પણ પ્રકારે ઉદ્યોગમા દખલગીરી કરવી નહિ એવો અર્વાચીનોનો એક મત; આર્થિક વ્યવસ્થામાં અંગત હિતનો ખ્યાલ રાખીને વર્તવાની વ્યક્તિને છૂટ આપવાની પદ્ધતિ. ' લેસેઝ ફેર'.

સ્વૈરપ્રવૃત્તિ સ્ત્રી. સ્વચ્છંદી પ્રવૃત્તિ; નિરંકુશ વ્યવસાય.

ચોરી, પરઘરનાં એકાદ વાસણો ખાનગી ખટપટી કેવળ સ્વૈરપ્રવૃત્તિ કરવાની જગા.
ગિજુભાઈ

સ્વૈરભોજન ન મરજી પડે ત્યાં, બીજી જ્ઞાતિનાં માણસોને ત્યાં પણ જમવું તે.

સ્વૈરભોજન પરનો અંકુશ સ્વચ્છતાના અભાવમાંથી અથવા રહેણીના ભેદમાંથી ઉપજે છે.
ગાંધીજી

સ્વૈરરાજ્ય ન. અધિરાજ્ય; નિરંકુશશાસન, સ્વેચ્છાશાસન

સ્વૈરવાદ પું સ્વૈરપદ્ધતિ અનુસાર સમાજ રચના જોઈએ એવી માન્યતા.

સ્વૈરવિવાહ પું. ગમે તે જ્ઞાતજ્ઞાતનાં વરકન્યાએ પોતાની ઇચ્છા મેળે કરેલો વિવાહ

સમજના પાયા પર રચાયેલી કોઈ પણ છટન વ્યવસ્થામા **સ્વૈરવિવાહ** પર અંકુશ જરૂરનો છે
ગાંધીજી

સ્વૈરવિહાર ૧. પું. પોતાની મેળે ફરવું તે.

૨. પું. મરજિયાત હોવું તે.

૩. પું. મરજી મુજબ વિહરવું તે; સ્વચ્છંદ; સ્વૈરતા; સ્વતંત્ર વિહાર.

૪. પું સ્વાતંત્ર્ય

સ્વૈરવિહારી ૧. પું. મનમોજી મુસાફર.

૨. વિ. પોતાથી ઇચ્છા પ્રમાણે વિચરતું; સ્વચ્છંદી; સ્વૈરવિહાર કરનાર.

સ્વૈરવૃત્ત [સં.] વિ. પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનાર.

સ્વૈરવૃત્તિ સ્ત્રી પોતાની ઇચ્છા પ્રમાણે વિચરવાની વૃત્તિ.

સ્વૈરસંચાર પું. મરજી માફક પત્રવ્યવહાર.

સ્વૈરાચાર ૧ પું. મરજી મુજબનું આચરણ; સ્વચ્છંદી વર્તન.

૨. પુ. સ્વયંપ્રેરિત પદ્ધતિ; કોઈપણ ધાર્મિક સંસ્થા રાજ્યના ટેકા વગર પ્રજાના ઐચ્છિક સહકારથી ચાલે તેવી માન્યતા.

સ્વૈરાચારી વિ. સ્વૈરાચારમાં માનનાર; સ્વયંસેવક; સ્વેચ્છાપૂર્વક સ્વયંસેવક.

સ્વૈરાભાદી ન. એક જાતનું કાપડ. આ કાપડ અકબરે ચાલુ કર્યું હતું એમ મનાય છે.

સ્વૈરાલાપ ૧ [સં. સ્વૈર (પોતાની ઇચ્છા) + આલાપ (વાત)] પું બાનગી વાતચીત; ગુફ્તેગો.

૨. પું છૂટથી વાતચીત કરવી તે.

સ્વૈરિણી ૧. સ્ત્રી. પરજાતના પુરુષ સાથે સંગ કરનાર સ્ત્રી

૨ [સં. સ્વૈર (પોતાની ઇચ્છા) + ઇન્ (વાળુ) + ઈ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતી સ્ત્રી; સ્વચ્છંદી વ્યભિચારિણી સ્ત્રી; છિનાળ સ્ત્રી; ઉચ્છૃંખલ સ્ત્રી; સાત માંહેના એક પ્રકારની વેશ્યા; કુલટા કરતાં એક કડવું આગળ વધેલી કામધેલી સ્ત્રી તે પરગૃહે પણ સ્વસંતોષ ઉપરાંત ધન હરે છે.

સ્વૈરિણી કામિની ને પુંશ્ચલી નામ છે,
ચાર સહિત મહા પાપનું ધામ છે
મુક્તા.નંદ

૩. સ્ત્રી. પોતાની જાતના પુરુષોમાં જ પ્રીતિ રાખનારી સ્ત્રી; વાત્સ્યાયનના મત મુજબ ત્રણ બાંહેના એક પ્રકારની વેશ્યા.

એ બારે બળવાળો બળદાનવ બગાડ્યું ખાતાં તેના મુખમાંથી લોકોને મોહ કરનારી **સ્વૈરિણી**, કામિની, પુંશ્ચલી સ્ત્રીઓના ત્રણ ત્રણ ભેદ થયા છે.
ભરતની બાળવત

૪ વિ.સ્ત્રી કુલટા; વ્યભિચારિણી; સ્વેચ્છાચારિણી.

સ્વૈરિણી કીર્તન પું. (પિંગળ) એ નામનો એક સમદત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેને ગંગોદક, ભાનકી, ખંજના, મગાધર, લક્ષ્મી, લક્ષ્મી, સવૈયા પણ કહે છે. તેના દરેક ચરણમાં આઠ રગણ મળી ચોવીસ અક્ષર હોય છે.

સ્વૈરિણીજ પું. વ્યભિચારિણી પત્નીથી થયેલ પુત્ર

સ્વૈરિતા સ્ત્રી. વ્યક્તિતા.

સ્વૈરી [સં. સ્વૈરિન્] વિ. સ્વેચ્છાચારી; સ્વતંત્ર

સ્વોચિત વિ. પોતાની ઇચ્છામાં આવે તેવું.

સ્વોચિતકાર્ય ન. પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરવું તે.

સ્વોત્પન્ન [સં.] વિ. પોતાની મેળે ઉત્પન્ન થયેલ; સ્વયંભૂ.

સ્વોત્પ્રેક્ષિત [સં. સ્વ (પોતે) + ઉત્પ્રેક્ષિત] વિ પોતાથી ઉત્પ્રેક્ષા થયેલું.

કાર્ય અને અકાર્યની વ્યવસ્થા કપોલકલ્પિત સ્વોત્પ્રેક્ષિત તર્કથી કરી લેવાની પૃષ્ટતા ન કરવી.
મટુલાલજી

સ્વોન્નતિ [સં. સ્વ (પોતાનું) + ઉન્નતિ] સ્ત્રી. પોતાનો ઉદય; પોતાની ચડતી; આત્મોદય; આત્મોન્નતિ; સ્વમહત્ત્વવર્ધન.

સ્વોપકારી [સં. સ્વ (પોતાનું) + ઉપકાર + ઇન્ (વાળુ)] વિ પોતાને જ લાભકારક.

આ બંને ધર્મોની અંદર ચારિત્રધર્મ ખરેખર સ્વોપકારી જ છે.
વિજયધર્મસૂરી

સ્વોપજ્ઞ [સં. સ્વ (પોતે) + ઉપજ્ઞ (સોધેલું)] વિ. પોતે સોધેલું; પોતે નક્કી કરેલું; પોતે મેળવેલું; પરંપરાગત નહિ એવું

આઠમા ક્ષેત્રમાં સ્વેતાંબર આચાર્યો આપણે નિર્વિવાદપણે **સ્વોપજ્ઞ** માનતા એ નક્કી છે.

તત્ત્વાર્થસૂત્ર

સ્વોપાર્જિત [સં સ્વ (પોતે) + ઉપાર્જિત (મેળવેલું)] વિ. પોતે મેળવેલું; સ્વોર્જિત; આનગી, પોતે જાતે પેદા કરેલું; પોતે વસાવેલું; જાતે રળેલું કે મેળવેલું; આપકમાઈનું

સ્વોહલો સ. એક જાતનું પક્ષી. પાનખરઋતુમાં ઉત્તરથી દક્ષિણે અને વસંતમાં દક્ષિણથી ઉત્તરે આ પક્ષી જાય છે. આ પક્ષી ઑક્ટોબર માસમાં ઇંગ્લાંડમાં જઈ શરદઋતુમાં આફ્રિકામાં પાછું ફરે છે. તે કાદવમાં માળો બાંધે છે.

સ્હજ જી. ઓઠવણ; તજવીજ.

સ્હડબસ્હડ (સ્હડબસ્હડ) વિ. ધણા સદવાળું

સ્હડબસ્હડ ઝાઝે મટી સિદ્ધ વરસો

બળવંતરાય

સ્હવાડો (સ્હવાડો) પું. સાબમી; બીબિયો; બીમટો; રામેણી.

સ્હાય જી. સહાય; મદદ.

સ્હાયબો પું પતિ.

સ્હાવું ૧ અ ક્રિ. શોભવું.

મા ! સ્હામી આરસી **સ્હાય**,
ઝાંઝર વાજે મા. મોનમનરામ

૨. સ ક્રિ. પકડવું

રાવણ મહો તો અલેખવતું,
રાવણ બીનું નવ **સ્હાવું**.

ચદરશંકર નર્મદાશંકર પંડ્યા

૩. સ ક્રિ સહાયતા આપવી; મદદગાર થવું.

સ્હી [સ. સિંહ–સીહો–સ્હી] પું. સિંહ

સ્હેજસાજ જિ જોડ

સ્હેજે અ. અનાયાસે; એની મેળે.

સ્હેલો પું. એક જાતનું ચોપગું જંગલી નાનું પ્રાણી; શીંગો; શેળો.

સ્હેલો સર્પ હસ્તિ સિંહ કર્યું અખો

સ્હેવું અ ક્રિ. ખમવું; સહન કરવું

જિંદગી છે ત્યાં સુધી, **સ્હેવું** બહુ રે ત્યાં સુધી,
આ જિંદગી પૂરી થયે તો આવશે જંપો મળ્યા
લલિત

સ્હૈએહ જી. સિદ્ધાર્થ.

સ્હોજ ૧. પું. દરદની લાગણી; સાહસપણું, સ્હોજાપણું.

આ વેર ઓગ્યો એમ કહેતી કે. એમાં **સ્હોજ** બહુ છે. ઝવેરચંદ

૨. પું. સ્નેહ; માયા; મમતા.

સ્હોજીલાપણું ન. સ્હોજીલા હોવાનો ગુણ; મળતિયાણ સ્વભાવ; ગમભાવ; મળી જવાનો સ્વભાવ

એનું એક કારણ મુખ્યત્વે **સ્હોજીલાપણું** હતું. ઝવેરચંદ

સ્હોજીલું વિ મળી જવાના સ્વભાવવાળું.

એ પરમમિત્ર, ગુજરાતનો એક **સ્હોજીલો**, સાત, નમ્ર કર્તવ્યનિષ્ઠ સેવક હતો તે સેવાની સામગ્રી અપાર ધૈર્ય અને દક્ષતાથી તૈયાર કરતો હતો. તેમાંથી ચરોતર ને ગુજરાતને બીજાં મૂળીને પરમાત્મ સ્વરૂપમાં ભળી ગયો.

ધુમકેતુ

સ્હોડ (સ્હોડ) જી. પડખું; બાજુ

યશોદાને તિખવે મે ડાબી
રખે **સ્હોડ**માંથી કાઢી પ્રેમાનંદ

સ્હોતું અ. સહિત; સાથે.

સ્હોય અ. જરૂર; અચિત; નક્કી

મોક્ષની ઇચ્છા કરનારે બહિત કરવી **સ્હોય**
વલ્લભ

સ્હોયલું વિ સહેલું; સુગમ.

દુનિયામાં કેવ છે દહોયલા ને સયતાન છે **સ્હોયલા**. ઉદ્ગાર

સ્હોર ૧. પું. ભરાજ.

૨. પુ. તાજ

સ્હોરણ જી. તાળવું

સ્હોરવું ૧. અ. ક્રિ. પીડવું.

આ ! આ ! એ મન અણમણીતું **સ્હ** સ્હોરે છે. અને વળે તે એવાની વસ્તી પણ લેતા નથી.

કનૈયાલાલ મુનશી

૨. સ. ક્રિ. ઓલવું; તરાસવું.

સ્હોરાવું અ ક્રિ. ઓલાવ તેમ થવું; ઓલાવું

ફ્રાન્સ પહોંચી ત્યારે આખા શરીરે **સ્હોરાઈ** ગયો હતો. છગનલાલ સૂર્યરામ દેસાઈ

સ્હોરાસ્હોર પું. અવાજ

તેણે જન્મ સભરી ચારોલી,
વીરતણો થયો **સ્હોરાસ્હોર**

દ્રૌપદી સ્વયંવર

સ્હોરાવવું સ ક્રિ શોભાવવું.

ભૂપાલ ભૌલિકિરણો ચરણે રેખુરાની ને ઉત્ત જનપતિનુ શિર **સ્હોરાવવા**

પરાક્રમની પ્રેસ કી

સ્હોવાવું સ ક્રિ. ખમવું; ખોડી જવું

સ્હોવું ૧. અ ક્રિ. ખમવું; ઠીક પડવું

૨ સ. ક્રિ. શોભાવવું.

સ્હોં ૧. જી. મદવાડ ગયા પછી આવતી ભૂખ તે શક્તિ

૨. જી. વાગ્યા પછી દુખતું મટી જવું તે.

સ્હોંજ પું કાર્યની અગાઉથી તૈયારી થવામાં થતી જોઈતી ઓઠવણ; સગવડ. જેમકે ઘરમાં બધો **સ્હોંજ** થઈ ગયો છે

હ

■

હ ૧. પું. આકાશ; ભગવાન.

૨. પું. એ નામનો એક અશુભ મનાતો વર્ષ. લહીઆઓ પુસ્તક લખતા લખતા સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી કારણ કે તેઓ માને છે કે હ હીણો છે.

૩. પું. કપૂર.

૪. પું. ગુજરાતી મૂળાક્ષરો માંહેનો છેલ્લો એટલે ઓગણચાલીસમો અક્ષર અને વ્યંજનો માંહેનો તેત્રીસમો કંઠ્યઘોષી વર્ણ; ચોથો ઊષ્માક્ષર; એ નામનો એક ઘોષ વ્યંજન; એક મહાપ્રાણ વ્યંજન; એક સિદ્ધ વ્યંજન. હ ને કોઈ વ્યંજન સાથે જોડવો હોય તો તે ઓડો લખાય છે. જેમકે, આહ્લાદ અથવા તે વ્યંજન હ ના નીચેના ભાગમાં અડાડીને લખાય છે. જેમકે, આહ્લાદ. હ ને ણ જોડવો હોય તો હ ઉપર અને ણ નીચે લખાય છે. જેમકે, અપરાહ્ણ અને હ ને ન સાથે જોડવો હોય ત્યારે ન હ ની અંદર લખાય છે. જેમકે અપહ્નુતિ. હ એ છેલ્લો ઉષ્મસ્પૃષ્ટ વ્યંજન છે. ઉષ્માના ઉપક્રમથી ઊષ્મવ્યંજન થાય છે, તેમ કેવળ પ્રાણના ઉપચયથી મહાપ્રાણ હ થાય છે માટે જગામાંથી પસાર થતાં જિહ્વામૂળ આગળ મુંઝાઈ પ્રાણ વિધાનથી હકાર બોલાય છે. વૈયાકરણ એને અર્ધસ્વર કહે છે. જો ન્યૂનસ્પર્શ વિધાનને લીધે તેઓ એને આ સંજ્ઞા આપતા હોય તો ઉષ્મ વ્યંજનને સણ સજ્ઞા આપવી પડશે. વળી અર્ધ સ્વરનું સપ્રસારણ થઈ મળતો મૂળ સ્વર થાય છે હકારનુ તેવુ સપ્રસારણ છે નહિ, અર્થાત્ હકારના અર્ધસ્વર કહેલા તે અસાત્ત્વિક છે. હ ઠંઠરવાની હોવાથી તેની પૂર્વે આવેલ અનુનાસિક ડૂ ઠંઠરો બોલાય છે. જેમકે સંહાર (સન્હાર) આપણો હ કાયથી લિપિના હ ઉપરથી આવ્યો કહો, કમકે પ્રાયથી લિપિનો આવ્યો હ, ગુજરાતી હ જેવો છે. ગુજરાતીમાં અ ને હ ના ઉચ્ચારનો મોટાભાગે થાય છે. જેમકે, અવવું નું હવવુ, અર્થનું હર્ષ વગેરે.

૫. પું. ચદ્ર

૬ પુ જલ; પાણી

૭ પુ મરુત

૮ પુ ખીલો; શૂન્ય

૯ ■ મોક્ષસ્થાન

૧૦. પુ. પુલ.

૧૧ પુ વરાહ

૧૨ પુ. સ્વર્ગ.

૧૩. પુ. વિષ્ણુ.

૧૪ પુ સ્વર્ગ.

૧૫. ■ રક્ત; લાલ.

૧૬. વિ સુકાયેલુ

૧૭. વિ. હત; હણેલું; મારેલું.

૧૮. [સં. સ્મ; પ્રા. સ્સ] અ. (જૂ. ગુ.) જૂની વિભક્તિનો એ નામનો એક પ્રત્યય; જૂની ગુજરાતીમાં સંબંધાર્થે એક પ્રત્યય

કાન્હડદેપ્રબંધ

> કાન્હ તણઈ સંપત્તિ ઈસી,
> જિસિ ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ.

૧૯. અ. નથી

> ચોરનું ચોર, મનનું મન જે વાચાની વાચા હ.

કેનોપનિષદ

૨૦. અ. નિશ્ચય; નક્કી; નિઃસંદેહ.

> ચિરત્તણી તુંહ પુરવી, તું હ ચતુર સુજાણ

ભાલણ

૨૧. અ. પાદપૂરણ, પ્રેરણા, નિંદા, તિરસ્કાર, નિશ્ચય, શિક્ષા, પ્રસિદ્ધિ અને ક્રોધ સાથે વારંવાર વપરાતો એક અવ્યય.

> કારિનામપર્યંત તેલંગ કહે છે તે પ્રમાણે ગીતાની ભાષા અને છંદની રચના આર્ષ કે પ્રાચીન છે એમ કહેવું પડે છે. દાખલા તરીકે અંત, નામા, અહા, યોગ, પાદપૂરક અવ્યય હ વગેરે શબ્દ ગીતામાં જે અર્થમાં વપરાયેલ છે તે જ અર્થમાં તે પ્રસિદ્ધસાહિત્યના ગ્રન્થમાં જોવામાં આવતા નથી. ભાનુશંકર વ્યાસ

૨૨. અ. પ્રસિદ્ધ; મશહૂર વગેરે અર્થ બતાવનાર એક અવ્યય

૨૩. અ. સ નો અજાણ લોકોથી કરાતો એવો ઉચ્ચાર

૨૪. અ. સબોધન માટે વપરાતો એક ઉદ્ગાર.

૨૫. અ. હસ્તે શબ્દનુ ટૂંકુ રૂપ.

૨૬ અ ક્રિ. હોવુ

૨૭. અ. ક્રિ. ધારણ કરવુ.

હઈડ (હઈડ) ૧ સ્ત્રી. ભેટી; ભેટ

> જે બરડા ભોલા કહેવાય,
> મન નહિ હઈડમા રે. નાકર

૨. અ. કૂતરાને હડકારવા માટે કરવામાં આવતો એક અવાજ.

હઈડો (હઈડો) જુ. સ્વાદ.

હઈડાવવું (હઈડાવવું) સ. ક્રિ. બખરાની વળીઓ ઉપર વાસની ચીપો બાંધવી; સરડાવવું.

હઈડિયાં (હઈડિયાં) ન. બ. વ. ઢોકળાનો એ નામનો એક દાગીનો

હઈડિયો (હઈડિયો) પું. પુરુષના ગળાના ભાગ ઉપરનો હાડકાનો બહાર નીકળતો ભાગ.

હઈડું (હઈડું) જુઓ હૈયું.

હઈડૂં (હઈડૂં) ન. હૈયુ.

> દીસ કરી જરા ન ન કહેતાં કમએ કપટે પળે,
> કરણ પિયુડો મેલી જાંડી અમો જ અલી ! અબે.
> કંઈ દિવસની પ્રીતિ તે એ ન લેખવી નિર્દયે !
> નકટ હઈડૂ અબે તેને જ તોય ? કાં શું કહે ?

અમરુશતક

હઈણ ન (વહાણવટું) મૃગ, એકદિશા.

હઈણો જી. ત્રણ તારાનું એ નામનું એક ઝૂમખું; મૃગશીર્ષ.

હઈણો પું. જુઓ હરણ

હઈદોષ પું ઉતાવળ; ધમાલ.

હઈયડલું (હઈયડલું) ન. (જૂ. ગુ.) હૈયું

> અઈ સહીય વયામાડી, હઈયડલઈ હર્ષ ન માય હિ

બુદ્ધિપ્રકાશ

હઈયલડું (હઈયલડ) ન. (જૂ. ગુ.) હૈયું.

હઈયલડું બહું ” મદવડયું.

> તુ સુણિ ન અમારા નાથ જ

કાન્હડદેપ્રબંધ

હઈયાહક જુઓ હઈયાહટ.

હઈયાફાટ અ એસુમાર. હૈયું ફાટી જાય એમ. રોવા સબંધે બોલા.ય છે.

હઈયાફૂટું જુઓ હઈયાફાટયુ.

હઈયાફૂટયું વિ. કાળજી વગરનુ, ભાન વગરનું; બેવકૂફ; મૂર્ખ; બેઅક્કલ.

હઈયાબાર અ. છાતી સાથે.
ભરત પ્રૂઢે શત્રુઘનને ચાંપ્યો હઈયાબાર.
રામાયણ

હઈયામેલું વિ. કોઇને મન આપે નહિ એવુ, પ્રપચી; ખરી વાત કહી દે નહિ એવું; ગૂઢ હૃદયનુ

હઈયાસગડી (હઈયાસગડો) સ્ત્રી. રાતદહાડો નજર સામે રહે અને ચિત્ત બાળે એવી અકિત કે ચીજ.

હઈયાસૂનું વિ. ભાન વગરનું.

હઈયાહુડી (હઈયાહુડો) સ્ત્રી. છાતીમાં થતું ભરનીંજળા ગૂમડું.

હઈયાહોળી સ્ત્રી. જેને જોઈ ને હમેશ મન બળ્યા કરે એવું મ.ણસ, વસ્તુ અથવા બનાવ વગેરે તે; જેનાથી નિરંતર કલેશ રહ્યા કરે એવું જે કંઈ તે.

હઈયું ૧. [સં. હૃદય; પ્રા. હિઅઅઉં–હિઅઉં–હઅઉં. અપ. હિઅડા] ન. અંતઃકરણ; દિલ; મન; અંતર; હૃદય; હૈયુ.
૨. ન. છાતી.
૩. ન. રમરજ્યાદિત; યાદદાસ્ત
હઈયું કૂટી જવું = યાદ ન રહેવું.
૪. ન. હિંમત; ધીરજ.
હઈયે હાથ મૂકવો = ધીરજ આપવી કે ધરવી; આશ્વાસન આપવું કે એવુ.

હઈયો પું. કાગડા કરતાં નાની જાતનું એક પક્ષી. તે ઊનાળામાં માલમ પડતો નથી.

હઉ [સં. અહિ] ન. એરૂ; કરડે એવો એક જતુ; હ.ઉ; આઉ; આઊ; મોબર. બાળકને બીવરાવવા માટે બોલાય છે

હઉર્વતાત પું. (જરથોસ્તી) છઠ્ઠા મુખ્ય ફિરસ્તા ખોરદાદનું અવસ્તાનું નામ.

હઉંસ સ્ત્રી. (જૂ. ગુ.) હોંસ; ઉત્સાહ.
જીવર જલઈ મન હઉંસ પૂરઇ, હસની કવિ કાઇ
જૈન ગૈ. ગુ. કાવ્યસંચય

હઉમેક પું ગજબ.

હઉમ ૧. પું. (જરથોસ્તી) ઈરાન અને અફઘાનિસ્તાનમાં થતો એ નામનો એક છોડ. પર્વત ઉપર અને પાણીમાં તે પુષ્કળ ઊગે છે. એલ્બુર્ઝ પર્વત તેનુ ખા.સ સ્થાન કહેવા.ય છે. આ છોડને પાંદડાં હોતાં નથી. તે સોનેરી રંગનો હોય છે અને ઔષધોપયોગી જણાય છે. જરથોસ્તી ધર્મની ક્રિયામાં તે ખાસ વપરાય છે, અને ધાર્મિક ક્રિયા વડે તેનો રસ કાઢીને પીવામાં પણ ફાયદા માનવામાં આવ્યા છે. તેના જુદા જુદા ગુણ ઉપરથી તેનાં નામ પૈતી, વિસપૈતી, ઝંતુપૈતી તથા દ્રુપૈતી એવાં નામ પડ્યાં છે.
૨. પું. (જરથોસ્તી) ઈરાનમાં થઈ ગયેલ એ નામના એક પેગંમ્બર. અવસ્તા ઉપરથી એવું જણાય છે કે, ઈરાનમાં પેશદાદીઅન વશના વખતમાં હઓમ નામના એક ધાર્મિક પુરુષ રહેતા હતા. અલ્બુર્ઝ પર્વતના હુકૈર્ય શિખર ઉપર કેટલોક વખત તેણે સમાધિમાં ગાળ્યો હતો. જરથોસ્તની પહેલાં મઝદયસ્નીયન ધર્મ દુનિયામાં ફેલાવે કરનાર તે પહેલા પેગંમ્બર હતા. હઓમ છોડ તેણે શોધ્યો અને હઓમ ક્રિયા તેણે દાખલ કર્યાનું જણાય છે તે છોડ અને ક્રિયાનાં નામ તેના નામ ઉપરથી પડેલાં છે
૩. પું. (જરથોસ્તી) એ નામના છોડની દાણી.
૪. પું (જરથોસ્તી) એ નામે એક વીર પુરુષ.
૫. સ્ત્રી એ નામની એક ધાર્મિક ક્રિયા

હઓમયશ્ટી પું. સોમયષ્ટ
હઓમયસ્તી ' સોમયષ્ટ = સોમવલ્લ) નામથી પ્રાચીનમાં તે સપના સ્તોષ્યન્તોને સોમવાજ્રો કહ્યા છે. પ્રસ્થાન

હઓમ્બ્ય [અવસ્તા] પું. હઓમનો રસ રાખવાનો પ્યાલો

હક ૧. સ્ત્રી. હાક; ગુજારીરતાનો ઝપાટો.
રે હક વાગે પણ નવ હરીએ,
અક્ષરાનંદ કે' ત્યાં મરી મરીએ. અક્ષરાનંદ
૨. જુઓ હક્ક ૧

હકડવું (હકવું) અ ક્રિ. હોકારો કરવો.
પડશે ઉજાગરા, કરીને આલસ,
કરીને કાલતા હકડી હાકે નરસિંહ

હકડાહકડ (હકડાહક) જુઓ હકડેઠઠ.

હકડેઠઠ (હકડેઠ) ૧. વિ. ખીચોખીચ; ભરપૂર; ચિકાર; પરિપૂર્ણ; ઠાંસોઠાંસ; ગીચોગીચ
૨. અ. પૂરા સંખ્યામાં

હકડો (હકડો) સ્ત્રી (કચ્છી) એક

હકતઆલા જુઓ હક્કતઆલા

હકતલફી જુઓ હક્કતલફી

હકતાલા જુઓ હક્કતાલા

હકદખલી પું. જ્યારે કોઈ મિલકત કોઈના કબજામાં બાર વર્ષ સુધી રહી હોય અને એ અરસામાં તેને કોઈ ભાડું ન આપ્યું હોય તો એ મિલકત ઉપર તેને મળતો મા.લિકી હક

હકદાલ જુઓ હક્કદાન

હકદાર જુઓ હકદાર.

હકદારણ જુઓ હક્કદારણ.

હકદારપણું જુઓ હકદારપણું.

હકદારી જુઓ હકદારી.

હકનાક જુઓ હકનાક.

હકનામા જુઓ હક્કનામા.

હકનામું જુઓ હક્કનામુ.

હકનાહક જુઓ હક્કનાહક.

હકનાહક જુઓ હક્કનાહક.

હકની ૧. સ્ત્રી ઘાટુ, રસાણ, મીઠું વગેરે નાખી પકાવેલું ગોસ.
૨. સ્ત્રી. ઓઝરી અને સુરતાનું બનાવેલું મેરવાદાર શાક
૩. સ્ત્રી. એક જાતની રબ્બ.

હકનોધણી જુઓ હક્કનોંધણી

હકપટો જુઓ હક્કપટો.

હકપત્ર જુઓ હક્કપત્ર.

હકપત્રક જુઓ હક્કપત્રક

હકપરસ્ત જુઓ હક્કપરસ્ત.

હકપરસ્તી જુઓ હક્કપરસ્તી.

હકબકે ૧. અ. અર્થ સમજ્યા વગર બકવું હોય તેમ; જેમતેમ; બકવાટ કરીને; ગમે તેમ બકીને; મનમાં આવે તેમ બોલાને; સ્વચ્છંદપણે.
તારે મન દાસ કેવી દિલ ઠોકે રે,
ઈ આવશે તે હકબકે બોલે રે
નિષ્કુળાનંદ
૨. અ છોલીબા

હકમ ૧. [અ.] સ્ત્રી. ક્રિ. (ધાતુ) તે કાજો હતો આ ધાતુ ઉપરથી બનેલ શબ્દ: હકીમ, હિકમત, હુકમા વગેરે
૫. જી. બાના તરીકે કોઈ વસ્તુ મૂકવી તે

૬ જી. ભરોસો; પ્રતીતિ; ખાતરી; ખાતરી.

૭. જી. સાનમાં મૂકેલી બીજ; નિક્ષેપ.

૮. અ તરત, એકદમ, જલદીથી; ઝપાટાબંધ, ચડપ

ઉડપ લઈને = એકદમ ને ત્વરાથી

ઉડપચી જી જ્યાં દાઢી ઊગે છે તે નીચલા જડબાનો ભાગ; હોઠની નીચેનો ભાગ, દાઢી આગળનો ભા.ગ

ઉડપવું સ ક્રિ. ઝડપી લેવુ; પડાવી લેવુ, ગળી જવુ. ઉડપ કરવુ

ઉડફ ઉડફ) ૧. જા બનાવટ, સાપબ્ધ, બનાવીન; બીજો

જી બનાવીનબીજીમા અમર ન નમાં નરેલ ના.ર

૩ જા ઝડપ; સપાટો

૪ જી કુદરત કે કરે વનરે બદલ કે અનાવટ કે બનાવીન લવાય તે

૫. અ એકદમ; ઝટ; સપાટાબંધ; ઝડપથી, તરત

ઉડફ દઈ લઈ ને તરત

૬. અ ખાસ્સા, જબરા, ન ઉપર વધીને, પાણીમાંથી નીકળ્યો

ઉડફેટ ૧ જી અડફેટ, ઊતાવળ ગરબડ ની બાબતો અ.ઘાત; ઠોકાવાનો ધક્કા, અણધાર્યા બનાવો આંબલી બીજ કાકીરના કોઈ ભાગને અથડાવી તે; અડે આવવુ તે; ઠેસ, અચાનક અથડાવુ તે; અટપાવુ તે.

૨ જી અપમાન

૩. જી દાવ; પેચ; કારસો; લાગ

ઉડફેદ જુઓ ઉડફેટ

ઉડફેલી ૧ જી કાચો ઓરલે કરવુ ર.ખપની પેઠી

૨ જી પેટીઓ ભરવાની પેટી

ઉડફેવું સ ક્રિ ફેંકવુ; ફગાવવુ, છૂટુ કરી નાખવુ

ઉડફી દેવુ = ફેંકી દેવુ

ઉડફોડ ૧ વિ અડફોડ; અણવર્યું; જેવું તેવુ. ૨ વિ પગચૂસણ; ઓછી જોખમદારીનુ

ઉડફારેવડી જી ઓક જાતનું ઝાડ; ખાટી આંબલી તેમા સુંદર અને પીળાં ખાટાં ફળ થાય છે તે આમળાને બદલે પણ વપરાય છે.

ઉડફાવવું સ ક્રિ મોઢામાં ઓરવુ; પટકાવવુ; મોઢા કોળિયા ભરવા

ઉડફેટ જુઓ ઉડફેટ

ઉડફો ૧. પું. ઉસ્કોતરો; પૈસા રાખવાની નાની પેટી.

૨. પું. ખાઉધર; જમતો જમનાર માણસ

૩. પું જડબો; મૂર્ખ માણસ; બેવકૂફ આદમી; અડબમ.

૪. પું. ધબ્બો, ઉડમલો

૫. પું ઉડફ લઈને પૈસા નાખી શકાય અથવા કાઢી શકાય તેવા સગવડવાળી પેટી અથવા પેટીનું બાનું

ફરી ફરીને ઉડફે લ.ય = અવારનવાર ચેલીમા હાથ નાખવો તે

૬. પુ દરિયાર કે કાટલા રાખવાનુ લાકડાનુ ન.નુ બોખુ

૭. વિ અગ્રપરિચિતપણે બધામાં ભળવુ મારનાર.

ઉડફોડ જી. વેગભેર જનારની ઝપટ; ધક્કો; ઉડમેલો; આંચકો

ઉડબ અચ્ચડ અ. પ્રવર્તી પદાર્થ આમ તેમ ઢળે તેમ.

ઉડબડ (ઉડબડ) [સં જી (બીજુ) નો દ્વિર્ભાવ] જી. ગભરાટ; ગભરામણ

ઉડબડવું (ઉડબડવું) ૧ અ ક્રિ. અથડાવુ.

યાદવ યોધની જઈ ઉડબ.,

ઉડબડ્યા નહિ કિ સાધ્ય જગદંબા

૨. અ ક્રિ. ઊતાવળ થવુ

૩. અ ક્રિ ગભરાવુ, ઘડકી જવુ

૪ અ ક્રિ. ટાઢથી ધ્રૂજવું; કંપ થવો; કંપવુ.

૫. અ. ક્રિ. નાહિંમત થઈ જવુ; નરમ પડી જવુ

ઉડબડાટ (ઉડબડાટ) ૧ પું. અથડામણ

૨ પું ધોંધાટ

૩ પુ ધક્કા

૪ પુ પેટમાં થતો ગુડગુડ જેવો અવાજ.

૫. પુ ગભરાટ; ગભરાટ

ઉડબડાવવું (ઉડબડાવવુ) ૧. સ. ક્રિ ગભરાવવું; ચૂરવનમા નાખવુ

૨ સ ક્રિ. ધબ્બવુ; ધ.કધમકીથી ખખડાવવુ, પડાવવુ ગોઠ મારીને ચઢવુ; ધમકાવવુ

૩. સ ક્રિ ધ્રૂજાવવું; થથરાવવું; ધ્રુજાવવુ

૪. સ ક્રિ. નિરુત્સાહ કરવુ

૫. સ ક્રિ. ઉલાવવુ

મંત્રીને ખબ **ઉડબડાવી** ત્યારે ભાગી.

ત્રિભુવનદાસ

ઉડબડાહત (ઉડબડાહત) જી. ગભરાટ.

ઉડબડિયું (ઉડબડિયુ) ૧ વિ. અશાંત; ધામધૂમિયુ

૨. વિ ઊતાવળિયુ.

ઉડબડી (ઉડબડી) ૧. [હિ.] જી. ઊતાવળ.

૨. જી. ગભરાટ

૩. જી. ધોંધાટ; અવાજ; ધડબડાટ; બાગડિયો.

૪. જી. તોફાન.

ઉડબડી મચાવવી = તોફાન મચાવવુ

૫. જી. (જૂ. ગુ.) પ્રાચીન સમયનું લડાઈનુ ઓક જાતનું હથિયાર.

સારસી ફારસી નિ ઉડબડી.
અણીયાળી વાણી બાકડી
લાવણ્યસમય

૬ સ્ત્રી. લગ્ન વખતે માયરામાં વરપક્ષના બૈરાં તરફથી ગવાતુ એક ગીત

ઉડબું (ઉડબું) વિ. પાટપુટ વિનાનું
બચ્ચા ઉડબડ હોઇ, જે નાડિયેરી
સજ્જનીત

ઉડબા (ઉડબા) પુ ન ન રોડા

ઉડબું (ઉડબુ) વિ. સમજ વગરનુ

ઉડ બેડી સ્ત્રી. ઉડ; ઉડકપી અથવાની બેડી

ઉડબાન પું ઉદ્‌માન
૧ બાગ્રિયાનો ઉડમાન = મોટા શરીરવાળો અને બહુ ખોરાક ખાનાર માણસ
૨ ઉડમાન જેવો = રોબો; રોબાં જેવો
૩. ઉડમાન ઘડી કાઢે છે = ખરમા કામ નથિ.

ઉડસંકરી જુઓ ઉડસાંકળ

ઉડસંહારી જુઓ ઉડસાંકળી

ઉડસાંકળ ૧. સ્ત્રી એક જાતનો વેલો; વાડમા થતો સાંકળ જેવો એક જાતનો વેલો; અસ્થિસંહાર. પ્રમેહ ઉપર તેનો રસ ઉપયોગી ગણાય છે. તેનાં પાન અને દૂધ દવાના કામમા વપરાય છે
૨ સ્ત્રી. ઉડસાંકળી; બીજોના પગનું એક ઘરેણું, સાંકળા
૩. સ્ત્રી. હોડ વચ્ચે નાખવાની ખીલી ઉપરની સાંકળ જ્યાં તાળું દેવાય છે

ઉડસાંકળી જુઓ ઉડસાંકળ ૨, ૩.

ઉડસેલવું સ. ક્રિ. ઉડસેલો મારવો; જોરથી આગળ પાછળ ઠેલવુ; આંચકા મારવા; ધક્કા દેવા; ધકેલવુ.

ઉડસેલાવવું (ઉડસેલાવવું) સ. ક્રિ. જોરથી દૂર કરવાનુ કહેવુ; ઉડસેલાય તેમ કરવુ; ધકેલાવવુ, ઉડસેલવાની ફરજ પાડવી, ઉડસેલવાનુ કહેવુ

ઉડસેલાવું (ઉડસેલાવુ) ૧. અ ક્રિ. અમુક પ્રસંગમા દાખલ થવાની સ્થિતિમાં આવી પડવું
૨ અ ક્રિ. જોરથી દૂર કરાવુ; જોરથી દૂર કરી શકાવુ; ધકેલાવુ; ધક્કો મરાવો; ઉડસેલાય તેમ થવુ, ધકેલી શકાવું; ઉડસેલી શકાવુ

ઉડસેલો (ઉડસેલો) પું. ધક્કો; આચકો; જોર લગી એકદમ અસે એવી ક્રિયા; આંચકા સાથે ખેંચાવાની ક્રિયા.
ઉડસેલો દેવો = ધક્કો મારવો.

ઉડહડ (ઉડહડ) ૧. પું. ધ્રુતકાર.
૨ પું. (બા. ગુ.) ખડખડાટ.
ઉડહડ હસવું ભૂડ પરિ બસઈ,
ડાર ડારઈ ધૂંબડિ મારઈ લાવણ્યસમય

3. અ. કુતરાને ધુતકારી કાઢવાનો એક ઉદ્‌ગાર

૪ અ. ખડખડ; ખડખડાટ થતો હોય તેમ
પાણીના જોરથી બંધ તૂટી ગયો ને ઉડહડ કરતું પાણી ગામ. ખેતરમા ફરી વળ્યું કરસનિયા

૫ અ અપાટાબંધ
બધ ઉડહડ બળતુ હતુ ને ટોળામાંથી તેની ઉપર પોગરાની ચૂંથી ધરી રાખી હતી ત્રિભુવનદાસ

૬ અ ભડકાટ, ઊકળાવાનો એક અવાજ

૭. અ ઉડધૂત થવું હોય તેમ; કોડીની કીમત ન હોવી તેમ; ઘડે ઘટે
૧ ઉડહડ કરવું = તિરસ્કાર કરી કાઢી મૂકવા ધિક્કારી પુનઃ ન સ્વીકારવુ
૨ ઉડહડ થવું = (૧) ખુવાર થવુ (૨) દેવાળિયું થવું; ઉડધૂત થવું જેમકે, મારફોટમા રોકાતા ઘનનું ઉડહડ થાય છે

ઉડહડતું (ઉડહડતુ) ૧ વિ. ઉતાવળ સ્વભાવવાળું, ચુસ્ત; ખરેખરું; પૂરેપૂરું; આસક્ત; દૃઢ ભક્તિવાળું; અત્યંત દુરાગ્રહી
આખ્યાનમાં કેટલાક એવા ઉડહડતા રૌદ્રરસ હોય છે કે જે સીનનું શાન્ત પણ ન થાપરે, મરણ કે એમાં સિવનું નામ દેવાઈ જાય.
આનંદશંકર ધ્રુવ
૨. વિ. ઊકળતું
૩. વિ. બાકુ જ આકરું; ભારે; ન ખમાય એવુ
ઉડહડતો કળિયુગ = અસલ યુગ.
૪. વિ. સાચુ; તદ્દન; નરકમ
ઉડહડતુ જુઠાણું = તદ્દન જૂઠું.

ઉડહડતો (ઉડહડતો) પું એ નામનો એક જનવર્ગ
ઉડહડતો ને કડકડતો. નિષ્કુળાનંદ

ઉડહડવું (ઉડહડવું) ૧. અ. ક્રિ: અવાજ કરવો; કોલાહલ કરવો
૨ અ. ક્રિ. ઊંઘમાંને દોડતાં બોલવુ.
ઉડહડ્યો દશાનન દશ વદન વગી.
તાહરા તનનું તોલ તોડવું
સામળ
૩. અ. ક્રિ. પાણી સાથે બળવુ.
૪. અ ક્રિ. સડસડ થવુ; ઉડહડ અવાજ સાથે ઊકળવુ

ઉડહડાટ (ઉડહડાટ) પું. ઉડહડ એમ થતો અવાજ.
ખળભાટ કરતો રાજમહેલ પક્ષો ને જનજનરત
ઉડહડાટ સાથે ઉમરતના પવનાઓ આકાશમાં ઊછળ્યા. લાલુભા

ઉડા (ઉડા) ૧ પુ ન ન કૂવાના મડાણ ઉપરના પાયા; ચાળાની આગળના મોટા પાયા.
૨ પું ન ન (કચ્છી) જૂનાં ખંડિયાં; લીખ.
૩. પું ન. ન (કચ્છી) ઘાડકા

ઉડાકા (ઉડાકા) ૧. પું ન ન ગુસ્સાકાર.
૨. પુ ન ન ઝાડી; દુખાવો; સટાકા

ઉડાકાર પું બીજાક્ષરાંતનો એક શબ્દ
ઉડાકાર આ શબ્દ હાલની પ્રજાને નવાઈ જેવો માલમ પડશે, પણ તેના ચર્ચનૂળ, ઘનમૂળ અને ચર્ચસમીકરણના (કયૉડ્રેટિક ઈક્વેશન)ના દાખલા આવી જતા હતા
અર્વાચીન ગુજરાતનુ રેખાદર્શન

ઉડાકો (ઉડાકો) ૧ પું અવાજનો પ્રતિધોષ થયો તે, પડઘો
૨. પું કવાનુ બંદરથી જતુ તે
બહો પૂરો તાપ તહો ઉડાકો,
ઉડા વિષે હોય જતો ઉડાકો લલ્લુતરામ
૩. પુ. બહાર જવું આવવુ તે.
૧. ઉડાકા લેવા = રખડવું; બીજાને ઘેર નકામુ જવુ; આટા મારવા.
૨. ઉડાકો મારવો = બહાર પગલા કરવા.
૪ પુ. વાસ; ગંધ
હિંગનો ઉડાકો = (૧) સહેજ પણ માલ. (૨) હિંગની ગંધ
૫. પું. હિસાબનો મેળ.
૬. સ્ત્રી. જોસબોર; સપાટાબંધ.

ઉડાકવું (ઉડાકવુ) વિ. ઉતાવળુ
ત્યાં પોંચ્યાના સમાચાર કાવને,
સાજે ઉડાકવા અહીં આવને.
ભાસ પલ્લવ

ઉડાગળી સ્ત્રી એક જાતની વનસ્પતિ. તેની બે જાત થાય છે. એક સોનપત્રી વરખી અને બીજી દમડી. સોનપત્રી ઉડાગળી સોનાના જેવા રંગની, વજનદાર, સુવાળી, ચમકતી, સત્ત્વવાળી અને રસાયન સરખી હોય છે દગડી ઉડાગળી પણ જેવી ઓડા સત્ત્વાળી, ઓછા વજનની, બીજોની ઋતુને હરનારી તથા નહિ સેવવા લાયક ગણાય છે

ઉડાત અ ઊંડાણ મૂકવામાં વપરાતો બોલ; ભગાડી મૂકવા માટે વપરાતો એક ઉચ્ચાર

ઉડાઈ (ઉડાઇ) ૧. પુ. (જૂ. ગુ.) ઘેરી, ઉડો.
૨. અ. તુરત; જલદી; એકદમ

ઉડાબીડ (ઉડાબીડ) ૧. સ્ત્રી. બીડ; ઝીરદી.
૨. વિ. અડાબીડ; શક્તિવાળું; સમૃદ્ધ; આબરૂવાળું

ઘડાબોળ (ઘડાબોળ) જિ ઘડઘડતું; નરદમ.

ઘડાયકું (ઘડાયકું) વિ ઘડઘડતું; તદન.

ઘડાયુદ્ધ (ઘડાયુદ્ધ) ન. ઘાડયુદ્ધ; તીવયુદ્ધ.
આવા ઘડાયુદ્ધની સ્થિતિમા આ સંગ્રામકાળનો બીને ભાગ જતા હતો અવારદાર

ઘડાયું (ઘડાયુ) વિ. સમજુ; પુખ્ત જોગ; સાકે.

ઘડાઘડ (ઘડાઘડ) સ્ત્રી. ભીડ; ઝીરદી; ઠઠ.

ઘડાઘા (ઘડાઘા) પું ક વ. ઘાટા; ધક્કા

ઘડાઘૂડ (ઘડાઘૂડ) અ. વેરઝુંડેરણ; અસ્તવ્યસ્ત.
અમ ઘડાઘૂડ નાખીને હું તો આવી છું રાણી સુભદ્રા

ઘડાળ અ. એક દોરડે બેને બાંધ્યા હોય તેવા બળદને માટે બોલાતો ઉદ્ગાર.

ઘડિ (ઘડિ) ૧. સ્ત્રી. (જૂ. ગુ.) કેદીને બ.ધવાનુ એક સાધન; કેદ; ગુનેગારના પગમા નાખવાની બેડી.
ચોર કાજ ઘડિ પહિલી પડી.
તે પ્રધાન પગ સા.વ જડી
નરસુદરજી

૨. સ્ત્રી પશુને મારવાનુ સાધન; લા.કાનુ એક પગ

ઘડિયા (ઘડિયા) [હિં.] સ્ત્રી. ઘડિયા

ઘડિયાણા ન સૌરાષ્ટ્રમાં આવેલ એ નામનુ એક ગામ. સૌરાષ્ટ્રમાં આવેલ ઘડિયાણામા ઘરબા.ઈ ઠોરી રહેત. હતાં ગામ લોકો એને સોપી ઢાઢાં માનીને કોઈ પણ ચીજ ખરીદવી હોય તો સા.થે લઈ જતાં. વેપારીઓ પણ તેમ માની જ્યારે ઘરબા.ઈ કોની સા.થે હોય ત્યારે ઘરાકને છેતરી શકતા નહિ તેથી બે ચાર સોની લોકોએ વિચાર કર્યો કે અહીં આપણે ઠગો કરવામાં ફાયદો નથી માટે ગામ છોડીને બીજે ગામ જવા.નો વિચાર કર્યો. તેઓ તૈયારી કરી રહ્યા હતા તે જ વખતે ઘરબાઈ ઠોરીએ એક સોનીને પૂછયુ કે ગામ મોટો કે ઘડિયાણો ? સોની તો આભો જ બની ગયો ' ઘડિયાણો ' મોટો ' કહીને બહારગામ જવાનુ માંડી વાળ્યું.
૧. ઘડિયાણા તડ = ઔદિચ્ય બ્રાહ્મણનુ એક પેટા તડ
૨. ઘડિયાણામાં ઘરબાઈ ઢાઢી, ગામ મોટો કે ઘડિયાણો = ઢાંકણમાં કોણ મોટું તે માટેની પ્રચલિત કહેવત

ઘડિયાઘડી (ઘડિયાઘડી) જુઓ ઘડિયાઘોટ.

ઘડિયાઘોટ (ઘડિયાઘોટ) સ્ત્રી. આમતેમ દોડાદોડ; આમનેમની રખડપટ્ટી; આમ તેમ દોડવુ તે; દોડધામ, દોડાદોડી; ગબરામણમાં દોડાદોડી કરી મૂકવી તે

ઘડિયાદોડી (ઘડિયાદોડી) જુઓ ઘડિયાઘોટ

ઘડિયાપટી (ઘડિયાપટી) જુઓ ઘડિયાપાટી

ઘડિયાપાટી (ઘડિયાપાટી) સ્ત્રી દોડાદોડ; વારંવાર ફેરા આવા તે; આમતેમ દોડવુ તે, દોડધામ, દોડાદોડી; ગબરામણમા દોડાદોડી કરી મૂકવી તે
ઘડિયાપાટી કરવી–કાઢવી = દોડાદોડી કરવી; ધીંગામસ્તી કરવી

ઘડિયાવેરો (ઘડિયાવેરો) પું મુડકાવેરો

ઘડિયાહડી (ઘડિયાહડી) જુઓ ઘડિયાપાટી

ઘડિયાળ (ઘડિયાળ) ૧. સ્ત્રી રજપૂતની એક પેટા જાતિ
૨. ન. એ નામની પેટા જાતિનું માણસ
૩. વિ રજપૂતની એ નામની પેટા જાતિનુ

ઘડિયો (ઘડિયો) ૧. પું. એક જાતનો જંતુ.
માનજાણ્યા એના નાકમાં પેસશે.
ઘડિયા આખો ગ્રેતાશે ૨. પ્રેમાનંદ
૨. પું એક પ્રકારનો તાબો. તે તાબો જમીનમાં ખોદેલી લાકડીઓ ઉપર વખરૂ ઘડી કાઢીને એક છેડેથી બીજે છેડે દોડીને તૈયાર કરે છે.
૩. પુ. ગળામાં પોમનળી તથા અન્નનળીના મેળાપનુ સ્થાન; ઘરડિયો; કુકરો; ગળાની પાટી; સ્વરનળી ઉપરનો ભાગ; નરઘાટો
૧ ઘડિયે નખ દેવો = નખે કરીને ઘડિયો દાબી દેવો
૨. ઘડિયો ભાંગ્યો-ભાગ્યો = કોસો મારીને ઘડિયો છૂટો નાખવો
૩. ઘડિયો ચૂસવો = કોઈને મારી નાખવુ
૪. ઘડિયો દાબવો = ઘડિયો દાબીને મારી નાખવુ
૪ પું વાહનનો એક ભાગ.

ઘડિલો પું. ભરવાડ લોકો સાંજમાં ઢોર ચારતાં ચારતાં જ્યે ત્યાં રાત્રે દુહા જેવુ ગામ છે તે

ઘડિંબા (ઘડિંબા) સ્ત્રી. હાડીબ રાક્ષસની બેન. તે ભીમને પરણી તેથી તેણીને ઘટોત્કચ નામે દીકરો થયો

ઘડી (ઘડી) ૧. સ્ત્રી. દોટ; દોડ; ઘડિયાપાટી; ભળતી; ધક્કો દોડવુ તે.
૧. ઘડિયુ કાઢવી = દોડાદોડ કરવી; આમ તેમ દોડવુ
૨. ઘડી કાઢવી-મૂકવી = (૧) કામમાં આળસ જવું; કોઈ કામ કરવા ઉતાવળા થવું. (૨) ઝપાટાબંધ દોડવું; બેસબેર ચાલવું. (૩) વધુ પડતુ ખરચ કરવુ.
૨. ન. ઘાડવુ.
૩. વિ. બે ને બરાબર; બદી

ઘડીઆટવું ન ક્રિ. ઘડકાવવુ; દોકારવુ

ઘડીતોડ વિ ઘાડવાં તોડનાર.

ઘડીબલો (ઘડીબલો) પુ જરથ્થો, ઢબલો.

ઘડીંબો ૧ પુ મોટુ મડદુ
૨ પુ હેડંબ રાક્ષસ જેવો પ્રચડ માણસ, રાક્ષસ જેવો વિરૂપ અને લાંબોચોડો ઘાટપૂટ વગરનો માણસ
૩. વિ પુ રાક્ષસ જેવો પ્રચડ

ઘડુ ન. ઘાડકુ

ઘડુક (ઘડુક) ન. અસ્થિયક; નાનુ ઘાડકુ.

ઘડુજ ન. ઘાડકામા બનાવી મજબુત; ચરબી.

ઘડુડ (ઘડુડ) ૧ વિ. બરાબર; અક્ષરશ:
૨ વિ મોટુ

ઘડુઘાટ (ઘડુઘાટ) ૧. અ જોરથી ઘડી કઢવાનો કે બસવાનો અવાજ; એકદમ તથા બસ.રા કે પ્રપાતનો ધોંધાટ
૨. અ બસારાબંધ પડતું હોય તેમ

ઘડુડ (ઘડુડ) ૧. અ. ઓચિંતા બસારાનો અવાજ; જોરથી ઘડી કઢવાનો કે બસવાનો અવાજ
૨ અ. બસારાબંધ પડતું હોય તેમ
૩. અ. વરસાદની ગર્જનાનો અવાજ

ઘડુલો (ઘડુલો) ૧. પું. ગપ; ડાંઈ ધતિંગ હાકવુ તે; ગપ્પુ; અફવા; ગપગોળો; ગપ.ટો.
૨ પુ ચક્રવાત.
૩. પું. જોશ; ધરતારો
૪. પુ વહેવારી જ્ઞાનનાં પણ વાઘો

ઘડુઘડુ (ઘડુઘડુ) અ. તિરસ્કારાયેલું; ધુતકારને પાત્ર બનેલું; સર્વે કોઈ અવગણના કરે એવુ; ઘાઢાઢ.

ઘડુઘડું (ઘડુઘડુ) ૧. અ ક્રિ. વરસાદનું ગાજવું.
૨. અ ક્રિ ઘડુડુ કરવુ

ઘડે (ઘડે) ૧. અ કૂતરાને ઘાડી મૂકવા કરાતો એવો અવાજ
૨. અ. ધુતકાર, તિરસ્કારનો ઉદ્ગાર.

ઘડેટહોમ (ઘડેટહોમ) પું. રાતને વખતે આવતા જતા માણસને પૂજવા માટે પોલીસ ધૂમ મારે છે તે શબ્દ. હોલ્ટ હુ કમસ ધેર ?નું અપભ્રંશ છે.

ઘડેડા (ઘડેડા) વિ. ઢીલું; ઢહવાળું.

ઘડેવું (ઘડેવુ) અ. ક્રિ. આગ લાગવી; જોરથી સળગી ઊઠવુ.
મોટી આગ લાગી હોય તો આડા ફરીને ઓલવાય, પણ આતો હૈયાની ફુમર ઘડેવ્યો.
સોઢી ચીત કથાનો
ઘડેડીને = જોસબંધ; વેગપૂર્વક; સપૂર્ણ સ્વરૂપમાં. જેમકે, ઘડેડીને તાવ આવ્યો છે.

હડેડાટ (હડેડાટ) ૧ પુ પ્રતિધોષ
૨. અ. કોઈ પણ પ્રવાહનો અવ્યવસ્થિત સ્થિતિમાં વેગ દર્શાવનાર શબ્દ.
૩ અ અંદરથી હડી કાઢવાનો કે ધસવાનો અવાજ
૪ અ. દબાણપૂર્વક; મોટેથી અવાજ
૫ અ તોપ ફૂટ્યા પછી તેનો અવાજ ઘોર કરે તે
૬ અ. સડસડાટ; એકદમ; ધસારાપૂર્વક

હડેડાટી (હડડાટી) સ્ત્રી. તોપો ફૂટ્યા પછી થતી ઘોષણા

હડેલડે (હડેલડે) ૧ સ્ત્રી. અત્યાદરનો અભાવ; અવમાનના
૨ સ્ત્રી હડે હડે કરવું તે
૩ અ કૂતરાને હાકી કાઢવાનો એક શબ્દ.
૪ અ હડધૂત થાય તેમ.
૧ હડે હડે કરવું = ધુત્કારવું.
૨ હડે હડે થવું = તિરસ્કાર પામવું

હડો (હડો) ૧ પું ગાડાનું આગલું ટેકણ, આગળ જેની ઉપર ગાડું ટેકવાય છે તે પાયો, ધૂસરી પાસેનો ગાડાનો આગલો ભાગ; ગાડાની ઊખલ, આગલા ભાગમાં ટેકા જેવું જડવામાં આવતી લાકડાનો ઊભો કટકો; ઊંટડો; અડો.
૨ પુ ઘોડીની જાતીનો ઊપસેલો ભાગ
૩. પુ છાતીનો આગલો ભાગ.
૪ પુ બંદી ચામડીવાળો ભાગ
૫ પુ. ઝીણી ઝીણી ખીમારી વધતી જવી તે; સડો
૬. પુ. ટોચ; શિખર.
૭ પું ઢોરો; ટેકરો; ઊંચાણવાળી જગ્યા
૮ પુ ધામો; પડાવ; બેસવાની જગ્યા; અડ્ડો.
૯ પુ નળગોટો; ગળાનો કાકડો; ગળાના ઉપલ ભાગમાં બહારથી માલૂમ પડતો ઢોરો.
૧૦ પું પાયડો.
૧૧ પુ બેસવા આગલા પગ વચ્ચેનો હાડકાનો બહાર પડતો ભાગ
૧૨ પુ. હાડકું
૧૩ પુ હાથે ખેંચવાની કમ્બતીને ઊંડે જડ્યામાં આવતું આડું લાકડું

હડોહડો (હડોહડો) અ. તિરસ્કાર કરવામાં આવે એવી રીતે, ધિક્કાર આપવામાં આવે એવી રીતે, જેમ કાર્ડ મજૂતરી ન હોય તેમ; હડધૂત

હડ્ડ [સ] ન. હાડકું

હડ્ડક ન. (જૂ. ગુ.) હાડકું
કવિ કરઈ કડક્કિમ, વજ્જઈ હડ્ડકિ.
ભાવપ્રકાશ

હડ્ડા ૧ પુ ન ન અડ્ડા; મથુરાના ચોબાઓના ઘર
૨ ન. એક જાતનું ફળ, બરડ.

હડ્ડી ૧ [હિ] સ્ત્રી. અસ્થિ; હાડ;
એમના હાથ-દાદીઆ કાપીને તો મેં મહારો હડ્ડી હાર બનાવ્યો છે. મુકુંદમતિ
૨ સ્ત્રી. ગાજર અથવા એવા બીજા કંદનો વચ્ચેનો કઠણ ભાગ

હડ્ડીતોડ વિ તનતોડ; હાડકાં તોડી નાખે તેવું

હડ્ડીલું વિ. હાડકાવાળું

હડ્ડો ૧. પુ કોઈ પણ હાડકું વધે એવો ઘોડાને થતો એક રોગ
૨. પું ધામો, પડાવ; અડ્ડો, બેસવાની જગ્યા.
હડ્ડો જમાવવો = મુકામ નાખવો

હડ્ડ્ય ૧. સ્ત્રી કેદ; જેલ
૨. સ્ત્રી. હડ.
૩ અ કૂતરાને કાઢી મૂકવા માટે બોલાતો એક શબ્દ

હડ્ડાણ ન ભેંસને રાખવાનું સ્થળ

હડ્ડુકું ન હરણ.

હડ્ડુમો પુ કઠોળ પલાળવાથી થતી નીકળેલો દાણો

હડ્ડુલલ વિ હણનાર, ઘાત કરનાર, મારી નાખનાર.
ધુતારી બળી ગઈ હડ્ડુલલ, અરી વનિતા હાય
મુક્તાનંદ

હડ્ડુવું સ ક્રિ. એકદમ ફેંકી દેવું; એકદમ નાખી દેવું.

હડ્ડુમાર ન. પાણીનું આગળ વધવું તે; વહેવું તે.
આવો માલીને ચલતી જતાં પાણીને કોઈ પણ વિરોધ રોકવા કે નાંડા ભીતરના સમય મળતો નથી, તેથી પાણી એકદમ હડ્ડુમાર કરતું નવા વહેણ, નવા રસ્તા પાડતું આવા પ્રદેશને ધૂળધાણી કરી એક બે દિવસમાં ધોધબંધ વહી દરિયાને જેમ બને તેમ તુરત મળે છે. વનસ્પતિશાસ્ત્ર

હડ્ડુવું ૧. સ. ક્રિ. કનડવું, દુઃખ દેવું
હડ્ડુતાને હડ્ડીએ નેમા પાપ ન અડ્ડીએ = આતતાયીને હણવામાં પાપ લાગતું નથી.
૨ [સં. હન્] સ. ક્રિ. જીવ લેવો; મારી નાખવું; નાશ કરવો.
૩. સ ક્રિ. દૂર કરવું. જેમકે, અંધકારને હડ્ડુવું
૪ સ ક્રિ. હથિયારથી કાપી નાખવું; મારવું

હડ્ડુહ અડ્ડુહ સ્ત્રી. હા કે ના; હાકોટો ઝાકોટો જેમકે, એને ઘરમાં કોઈ હડ્ડુહ અડ્ડુહ કહેનાર નથી.

હડ્ડુહડ્ડ ૧ સ્ત્રી ખોટો ગર્વ; ખાલી તોર; તનમનાટ.
૨ સ્ત્રી ઘોડાના ખોલવાનો અવાજ; હડ્ડુહડ્ડાટી હડ્ડુહડ્ડાટ
હડ્ડુહડ્ડુવું ૧. અ ક્રિ ઘોડાએ નાકમાંથી અવાજ કરવો; ઘોડાનું ખોલવું
હડ્ડુહડ્ડાઈ ફૂંફાડ હરખિ.
હયવર પૂર જિમહ્ન પહર્ષ જય
હડ્ડુહડ્ડી રહેવું = તૈયાર થઈ રહેવું, ઉતાવળ કરવા
૨ અ ક્રિ ઘોડો નાકમાંથી અવાજ કરે છે તેવો અવાજ કરવો
૩. અ ક્રિ તનમનાટ કરી મૂકવો, ઉત્સાહથી ધમપછાડવું, મગજમાં
હડ્ડુહડ્ડાટ ૧. પુ. અભિમાન; ગર્વ
૨. પુ તોરનો ખુમારો, તનમનાટ
જમાઈને ઘેર ઘોડા ને સાસુને હડ્ડુહડ્ડાટ = ખોટો દિમાક કરવો તે સસરાને ઘેર ઘોડા ને જમાઈને ઘેર હડ્ડુહડ્ડાટ એમ પણ બોલાય છે
૩ પુ ત્વરા; ઉતાવળ, એક કામમાં મશગૂલપણું; અત્યંત કામ હોવાનું દર્શાવવું તે
૪. પુ. મરજી; મનેચ્છા.
૫ પું હડ્ડુહડ્ડુવું તે; ઘોડાનો અવાજ
હડ્ડુહડ્ડાટી સ્ત્રી. હડ્ડુહડ્ડાટ; ઘોડાની ખુમારનો પ્રતિધ્વનિ
હડ્ડુહડ્ડાવવું સ ક્રિ. હડ્ડુહડ્ડે તેમ કરવું; હડ્ડુહડ્ડાટી કરાવવી; નાકમાંથી અવાજ કાઢવાની ફરજ પાડવી
હડ્ડુહડ્ડું ન. ફરેરું; ઘોડાનું ધીમેથી બોલવું તે.
હડ્ડુહોલું ન. બળદને ખાંધ પાડવા સારુ કાંઠો ભરાવવામાં આવતું ત્રિકોણાકાર લાકડું; ખમોલું
હડ્ડાર વિ થયાનું, બનવાનું, ભવિષ્યમાં નિર્માણ થવાનું.
હડ્ડાવવું ૧ સ ક્રિ. હણવાનું કહેવું, મારે પડે તેમ કરવું; મરાવવું
૨. સ ક્રિ. હણાય તેમ કરવું, મારી નખાવવું
હડ્ડાવું ૧. અ ક્રિ માર પડવો મરાવું
૨. અ ક્રિ મરી નષ્ટ થવું, ખતમ થવા
૩. અ ક્રિ મારી નાખી વટાવું, હણી લેવાવું
૪. અ ક્રિ મારી લેવાવું
હડ્ડિયાર ન. ભેંસના જેવું એક જનાવર. તે દૂધાર, વાડી વગેરે સ્થળે ઊભા કે
હડ્ડિયું ૨ ન. માટી હણનારને બેસવાની પાટલી, માંડાની સૂપડી. નડાની આગળની બાજુએ હાંકનારને બેસવા માટે કરેલી જગ્યા.

૨. ન નેપાળ, સિલોન, આસામ વગેરે સ્થાનમાં રહેતું એક જાતનું પ્રાણી. તે આખે ઠીલે કાળું હોય છે. તેનો મુખ્ય ખોરાક પક્ષીનાં ઈંડાં મનાય છે. કેટલાક તેને હિંદુસ્તાનનું માર્ટન કહે છે

૩ ન. ઘરેણું.

હડ્ડિયું રૂપાનું વેઢલીને તી રાજની મૂંપડા મેરે થાઈ નીકળ્યું રે. ઝીલોઈ રાખાયણ

હણૂયા [પ્રા. હણુઅ] પું (જૂ. ગુ.) હનુમાન; અંજનીનો પુત્ર.

નિસિ પ્રીતિ હણૂયા સુગ્રીવ. પદ્મનાભ

હણે અ. (હન્છી) હને.

હણેણવું અ. ક્રિ. હણહણાટ કરવો.

હણેણી સ્ત્રિ. હણહણવું

હણોહણ સ્ત્રી. (હન્છી) ઉતાવળ; તાકીદ.

હત ૧. પું. ગુણાકાર.

૨. પું. મારવું તે.

૩. [સં.] વિ. ગુણેલું.

૪. વિ. નિરાશ.

૫. [સં. હન્ (હણવું)] વિ. માર્યું ગયેલું; ન.થ પામેલું

૬. વિ. વાગેલું; હણાયેલું; ઘવાયેલું; મારેલું.

૭ વિ. હરાયેલું; લઈ લીધેલું.

૮. વિ. હલકું; નિકૃષ્ટ.

૯. અ. પશુ વગેરેને હાંકી કાઢતાં બોલાતો ઉદ્ગાર.

હતઆશ [સં.] વિ. હતાશ; આશા હણાયેલું; નિરાશ

નાપાસને નિરાશ ને હતાશ કર્યું હૃદય હણી, ને પાસને પણ ક્ષત.સથી **હતઆશ** કર્યું હલકા ગણી વિહારી

હતક ૧. [સં.] વિ અભાગિયું.

૨. વિ. નષ્ટપ્રય.

૩. વિ. મૂઆ જેવું.

હતગર્ભા [સં.] વિ. સ્ત્રી. હણાયેલ ગર્ભવાળી. શંખાવર્ત યોનિ **હતગર્ભા** છે.

બૃહદ્ સમ્રાણી

હતદૈવ [સં. હત (હણાયેલું) + દૈવ (ભાગ્ય)] વિ. અભાગિયું; કમનસીબ; હતભાગી.

હતપ (હતપ) વિ. સહેજ ગરમ.

હતપ્રાણ [સં.] વિ. પ્રાણ વિનાનું.

હતપ્રાય ૧. [સં. હત (હણાયેલું) + પ્રાય (લગભગ)] વિ. મૂઆ જેવું; અધમૂવું; હણાયલ જેવું

૨. વિ. ફાયદો ન કરે તેવું.

હતબુદ્ધ જુઓ હતબુદ્ધિ

હતબુદ્ધિ ૧. વિ. અવાચક.

૨. [સં.] વિ. જેની અક્કલ ચાલતી ન હોય એવું; હણાયેલી બુદ્ધિવાળું; બુદ્ધિ વગરનું; મૂર્ખ.

હતભાગ્ય જુઓ હતભાગી

હતભાગિની ૧. [સં.] સ્ત્રી. કમનસીબ સ્ત્રી; અભાગી સ્ત્રી

હતભાગિની માટે દયા-બિંદુ મુખેથી આ ઝર્યું

વિશ્વ-જ્યોતિ

૨. વિ.સ્ત્રી. અભાગિયણ; નસીબની ફૂટેલી; કમનસીબ

હતભાગી [સં હત (હણાયેલું) + ભાગ્ય + ધન્ (વાળું)] વિ. અકરમી; કમનસીબ; નિર્ભાગી; નસીબ ફૂટેલું; કર્મનું ફૂટેલું.

હિંદમા નબાવવામાં આવતા હરકતો તો આ **હતભાગી** દેશને ચૂસી ખાનારા ચેપરી અમેલ્દોનો પારા હિંદને ગળે બળજબરીએ પાડવાને થાય છે. નવજીવન

હતભાગ્ય ૧. [સં.] વ. કમનસીબી; દુર્દૈવ; દુર્ભાગ્ય

૨. વિ કમનસીબ; હણાયેલા નસીબનું; ફૂટેલા નસીબવાળું.

હતમતિ [સં.] વિ. હતબુદ્ધિ; મૂઢમતિ; હણાયેલી બુદ્ધિવાળું.

જે પોતાની પાસે દ્રવ્ય હોવાને લીધે અભિમાન કરે છે, ફાંકડો થઈને ફરે છે, આંખો કપાળે ચઢાવે છે, તેને શું **હતમતિ**-મૂઢમતિ ન કહી શકાય ! ભાવનાશતક

હતવીર્ય [સં હત (નાશ પામેલું) + વીર્ય (શક્તિ)] વિ. જેની વીર્યશક્તિ હણાઈ ગઈ હોય એવું; ભાયલું; નિર્બળ; નમાલું; બળરહિત; શક્તિહીન; બીરુ; પોચકણ. બીકણ; કરપોક; નામર્દ; કીચકાઈ.

ચાલુ જમાનામાં પ્રબ્ધ શીખ્યા અને **હતવીર્ય** હોવાનું કારણ એટલું જ કે, લોકોએ આહારવિહારનું નિયમિતપણું ખોઈ દીધું છે

તહેવારનો બોમિયો

હતવું ૧. સ ક્રિ. મારવું; માર મારવો.

૨. સ. ક્રિ હણવું; મારી નાખવું

તારથે સાધન સકલ, શ્રી રઘુ કરે, હતી રાવ દંડ

દયારામ

હતવૃત્તત્વ પું. એક પ્રકારનો દોષ. છંદોભંગ કે યતિભંગથી હતવૃત્તત્વ દોષ થાય છે

હતશ્રી [સં.] વિ. પ્રતાપ વગરનું; અતેજ.

હતળક (હતળક) જુઓ હતળંગ.

હતળંગ (હતળંગ) અ. એકદમ.

હતાભાર [સં.] વિ. ભાર ઓછો કરનાર; ભાર ઉતારનાર

નમો ધર્મગોપ્તા **હતાભાર** જતિ

દયારામ

હતાર્થ [સં. હત + અર્થ] વિ. નિષ્ફળ; કૃતાર્થથી ઊલટું.

હતાવકાશ [સં.] વિ. દેવલોક વગેરે અવકાશો જેને માટે નથી એવું.

અશ્રદ્ધ, અકૃતજ્ઞ, સંધિ ઉદનારો, **હતાવકાશ** અને આરા જેણે વમન કરી છે એવો નર ઉત્તમ પુરુષ છે. ધર્મપદ

હતાશ ૧. [સં હત (નાશ પામેલું) + આશા] વિ. આશાભંગ થયેલું; નાસીપાસ થયેલું; નિરાશ; નાઉમેદ; નાસીપાસ; હણાયેલી આશાવાળું.

૨. વિ. કમનસીબ; નિર્ભાગી.

૩. વિ. ચડિયું.

૪. વિ નિર્દય.

૫. વિ. વાંકિયું.

હતાશતા ૧. સ્ત્રી. નિર્બળતા; સત્ત્વહીનતા.

અતિરાગ સંભોગને પરિણામે પુરુષ અને સ્ત્રી બનેમા એક પ્રકારની **હતાશતા** આવી જાય છે. નવજીવન

૨. સ્ત્રી. હતાશ હોવાપણું.

આ ઉત્સાહના બિંદુથી બીજા ઉત્સાહના બિંદુ તરફ જતું આંદોલન **હતાશતા**, દૈન્ય શરણ આદિ નીચેની સ્થિતિઓમાંથી પસાર થતું દેખાય છે.

હતાશપૂર્ણ વિ. નિરાશાભર્યું. પુરાતત્ત્વ

મેં દૂરથી તે માન સાંભળ્યું છે. તે એક **હતાશપૂર્ણ** ગંભીર દુઃખનું માન છે. મેઘાણી-પતન

હતિ ૧. [સં.] સ્ત્રી. ગુણાકાર.

૨. સ્ત્રી. ઘાત; મારી નાખવું તે.

૩. સ્ત્રી. તુચ્છતા; મેરુફાયદો.

૪. સ્ત્રી મારવું તે; માર.

૫. સ્ત્રી. વિઘ્ન; અપકર્ષ; વ્યાઘાત.

હતિયા [હિં.] પું. અગસ્તય; અગથિયો; એક ઝાડ

હતિયાધાટ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ. નર્મદા પંચાંગમા લખ્યું છે કે: અહીં નર્મદાજીએ પર્વતનો મર્મ કરવું કરી સુંદર દરપ નિર્માણ કરેલ છે તેને હતિયા કહે છે. અહીંથી ચાર માઈલ જંગલના સાધારણ માર્ગે ચાલતાં ધૂંમાધાર ઘાટ આવે છે.

હતુડી (હતુડી) સ્ત્રી. હથોડી

હતુત સ્ત્રી. એ નામની એક દેશી રમત

હતું જ ક્રિ. હો ધાતુનું ભૂતકાળનું એક રૂપ
હતું ન હતું થતું = નાશ થતો; મરી જવું.

હતુંનતું ન ઘડીકમાં હા અને ઘડીકમાં ના કહેવી તે. સ્પષ્ટ વિચાર ન જણાવવો તે

હતેસીટેક પું સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર

હતોત્સાહ ૧ [સ] પું ઉત્સાહ ભંગ પડવો તે. ૨. વિ જેનો ઉત્સાહ કે ઉમંગ નાશ પામ્યો હોય એવું, નિરાશ, ઉત્સાહભંગ; મંદ

હતોહા (હતોડા) [હિ] પું. હથોડો; ઘણ

હતોડી (હતોડી) [હિ] સ્ત્રી હથોડી.

હત્ ૧. અ. અરે; ઓ; અરેરે, કપટી દેવાનો એક ઉદ્ગાર
૨. અ દોર હાંકવાનો એવો ઉદ્ગાર.
૩. અ. તિરસ્કારવાચક એક ઉદ્ગાર
હત્ કરવું = બાળકોને સમજાવવું
૪. અ. દિલગીરી કે પશ્ચાત્તાપનો એક ઉદ્ગાર

હત્તારી અ. સ્ત્રીના મનુષ્ય માટે વાતચીતમાં આશ્ચર્ય બતાવવાનો એક શબ્દ.

હત્તારીની જુઓ હત્તારી

હત્તી [સં. હસ્તી] પું. (પ્રાકૃત) હાથી.

હત્તીમહલ [મ] પું. હાથીખાનું

હત્તીમાસ પું. ચાલીસ અહોરાત્ર જેટલો વખત.

હત્તેરી જુઓ હત્તારી.

હત્થ [સં હસ્ત] પું (પ્રાકૃત) હાથ.

હત્થકમ્મ [સં. હસ્તકર્મન્] ન (પ્રાકૃત) સૃષ્ટિવિરુદ્ધ કર્મ; હાથથી વીર્ય સ્ખલન કરવું તે.

હત્થગ ૧ [સ. હસ્તક] પું. (પ્રાકૃત) સાવરણી; પૂજણી
૨. પુ. હાથ.
૩. સ્ત્રી મુઠ્ઠપત્તિ.

હત્થરૂહ [સં. હસ્તારૂહ] પું (પ્રાકૃત) નખ.

હત્થંદુ [સં. હસ્તાંદુ] પું. (પ્રાકૃત) હાથકડી; હસ્તકલ.

હત્થા ૧ [હિ] પું પાવડો
૨ પુ બામ.
૩. પુ. હાથો.

હત્થિ [સં. હસ્તિન્] પું. (પ્રાકૃત) હાથી.

હત્થિણી [સ હસ્તિની] સ્ત્રી (પ્રાકૃત) હાથણી.

હત્થિપ [સં હસ્તિપ] પુ. (પ્રાકૃત) અંકુશ

હત્થિપિપ્પલી [સં. હસ્તિપિપ્પલી] સ્ત્રી (પ્રાકૃત) ગજપીપર

હત્થિવાહ [સં. હસ્તિપાલ] પું. (પ્રાકૃત) હાથીની વ્યવસ્થા કરનાર માણસ; માવત

હત્થિસુત્ત ન હસ્તિવિજ્ઞાન; એક શાસ્ત્ર
તક્ષશિલાની પાઠશાળામાં હત્થિસુત્ત એટલે હસ્તિવિજ્ઞાન શીખાતું હતું. પુરાતત્ત્વ

હત્થુ [સં. હસ્ત, પ્રા. હત્થ] વિ. હાથનું, મારફતનું. તે સમાસને અંતે વપરાય છે. જેમકે, એકહત્થુ

હત્યા ૧. [સં. હન્ (હણવું)] સ્ત્રી પ્રાણીનો જીવ લેવો તે; જાનથી મારી નાખવું તે; વધ; હિંસા; ઘાત; ખૂન.
૨. જો મારી નાખવાથી લાગતું પાપ; પ્રાણીને ઠાર કરવાથી લાગતો દોષ. મોટી હત્યાઓ પાપ ગણાય છે. આત્મહત્યા, ગોહત્યા, બાળહત્યા, ભ્રૂણહત્યા અને બ્રહ્મહત્યા
૧. હત્યા કરની લાગતી-લેવી-વહોરવી = (૧) ઠાર કરવું, ઘાત કરવો (૨) પ્રાણીનો જીવ લેવા રૂપી પાપ કરવું; વધ કરવો તથા તે કારણે ચોટલા દોષના ભાગી થવું
૨. હત્યા ચોટવી = હિસાબી ઘતો દોષ લાગવો

હત્યાહારી વિ હત્યા કરનાર
જે હત્યાકારી અંધેર મર્તબાથી (એનકૉરેજ્ડથી) રહિત હોઈ તેની અંદર તેના નાશ કરવાની હમજાવાળા ઠેરાઠોઠીઓ પણ નથી હોતા
ઉપદેશ સારસમુચ્ચય

હત્યાકાંડ ૧. [સં. હત્યા (હિંસા) + કાંડ (પ્રકરણ)] પું. ભારે હત્યા કે સંહારનો બનાવ; ખૂનામરકી; ખૂનરેજી; હત્યાઓ ઉપર હત્યાઓ થવી તે; હત્યાની પુનઃ આવૃત્તિ થવી તે.
૨. પું હત્યાની શરૂઆત કરવાનું પ્રકરણ; ખૂનોનું પ્રકરણ.

હત્યાર ૧. ન. એક જાતનું આયુધ
હત્યારનો ઘાનો = એક જાતનું હથિયાર.
૨ [મ.] ન. એક જાતનું કરણ. હિંદી શિલ્પશાસ્ત્રમાં જણાવે છે કે, તુલા, માન, ભાર, રોચની, દ્રાવ, મુશલ, ઉદૂખલ, કુદ્દાલ, રોચક, પેષણી, પત્રક, શૂર્પ, તિતઉ, કાકડોલી, પીઠક, સમાર્જની, ધમની અને ચલ્લી એ અઢાર મુખ્ય કરણ છે

હત્યારું ૧. વિ જીવ હિંસા કરનાર, હત્યા કરનાર; ખૂની; ઘાતક; ગોઝારું; પાપી
૨. વિ. માઠું, ખરાબ; શાપ સમાન

હત્યાહરણ ન. રામાયણમાં વર્ણવેલ એ નામનું એક સ્થળ. તે હરદોઈથી ૨૮ માઈલ દૂર અમિયણમાં કહ્યાનું મોટી પાસે આવેલું છે

હત્યાહરણસંગમ પું. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ નર્મદા પંચાયતમાં લખ્યું છે કે, મહાભારતના યુદ્ધ પછી પાંડવોના દેવી અનેક ગોત્રવધના કારણે સત્ત્વહીન થઈ ગયાં હતાં. તેની હત્યા આ સ્થાનમાં નિવૃત્ત થઈ, તેથી તેનું નામ હત્યાહરણ થયું. અહીં દ્રૌપદીને મળવા રુક્મિણીજી આવેલ, તેથી કુંડનું નામ લક્ષ્મીકુંડ પડ્યું. કુંતી રહેલ તે ગામનું નામ કુંતલપુર પડ્યું. અહીં સ્નાન, તપ, યજ્ઞ વગેરે કર્મો કરવાનું બહુ ફળ છે અને બધા દિગ્દોષ મટી જવાનું મનાય છે. અહીંયા એક માઈલ સુંદર વનરોજા જેના જતા જતાં આવરીઘાટ આવે છે

હથ પુ. (કચ્છી) હાથ

હથકડી (હથકડી) [હિ] સ્ત્રી હાથકડી

હથકંડા [હિ] પું હસ્તકાંડ

હથંદા (હથડો) પું. આનંદ

હથનાલ [હિ] સ્ત્રી. નાની તોપ. તે ઊંટ અથવા હાથી ઉપર લાદવામાં આવે છે. અગાઉ આ તોપ માણસો હાથ ઉપર ઉપાડી લેતા

હથનાળી વિ સ્ત્રી હાથે ભેહલી જેમકે, બંદૂક હથનાળી છે

હથની [હિ] સ્ત્રી હાથણી

હથફેર ૧. [હિ] પું. હરજ કરવું તે
૨. પું હાથચાલાકીના ખેલ

હથરોઢ પુ હાથે પહેરવાનું એક ઘરેણું; બાજુબંધ; બેરખા
હાથે હથરોઢ અતિ ભલા પ્રેમાનંદ

હથરોટા પું બ વ હાથનાં ઘરેણાં; બાજુબંધ; બેરખા

હથરોટી ૧. સ્ત્રી કામ કરવાની મહારત; ચતુરાઈ; ચાલાકી; કુશળતા; આવડત; હાથની ઝડપ.
૨. સ્ત્રી હસ્તઉદ્યોગ, હાથથી કરેલ કારીગરી
૩ સ્ત્રી. હાથની કળા.

હથરોટો પુ. હાથે પહેરવાનું એક ઘરેણું; બાજુબંધ; બેરખા.; હથરોટ

હથલસ પું હસ્તમૈથુન

હથવાર વિ. એક જ હાથને હળેલું, અમુક એક જ માણસના હાથે ટેવાયેલું; અમુક એક માણસને જ દોહવા દે એવું. ગાય કે બેસને માટે બોલાય છે. જેમકે, હથવારબેસ બીજાને દોહવા દે નહિ

હથવારો (હથવારો) પું સથવારો; સાથ; મુસાફરીમા સાથે જવું તે

હથવાસો પુ પીંજણને ગાળવા માટે સૂતરના ફાળકાને હાથડેથી મઠી ઠાડી સાથે બાંધવામાં આવતું એક સાધન; સૂતરના ફાળકાને હાથડેથી મઠીને બનાવેલ ગોળ ગોલીકુ તે બંને છેડેથી

પીંજણ સુધી અધ્યાય છે. તેની નીચે હાથ રાખીને પીંજણને ઝલાય છે

હથસાર [હિ] સ્ત્રી. ગજરાજ.

હથિયાર ૧ [સ હસ્ત+કાર, દે હત્થિયર] ન ઓજાર; સાહિત્ય હાથથી વપરાતું હોઈને તેને હથિયાર કહેવામાં આવે છે

સત્યાગ્રહ શસ્ત્રનું છે દિવ્ય રાજ પુરાતન.
નબળાનું **હથિયાર** છે શારિરિકબલ પૈશિક.
નાનાલાલ.

૨ ન રક્ષણ; મારવા માટેનું સાધન; આયુધ. શસ્ત્રાસ્ત્ર; બંદૂક; કરેલ્વ શસ્ત્રોમાંના અનુભવ પોતાના રક્ષણને માટે હાથથી સહેલાઈથી ઉપાડી વાપરી શકાય તેવી વસ્તુઓ જેવી કે પથ્થર તથા ઝાડની ડાળ વગેરેને માટે હથિયાર શબ્દ વપરાતો આવી વસ્તુઓ વાદળાં પણ પોતાના રક્ષણને માટે વાપરે છે ત્યારે પછીના રક્ષણના જે જે સાધનો થયા તે પ્રાકૃતિક અગર ભૌગોલિક સ્થિતિને અનુસરીને થયાં. પાષાણયુગ પહેલાં પથ્થર તેમજ લાકડાં હથિયાર બનાવવાના કામમાં વપરાતાં. હાથમાં ઝાલવાની લાકડી, ખોંચવાના, મારવાના તથા ફેંકવાના ઉપયોગમાં આવતી એટલે ભાલા તથા ગદા તરીકે વપરાશમાં આવતી. ભાલો ફેંકવામાં હાથની પ્રવીણતા મળે માટે ઓસ્ટ્રેલિયાના લોકો, એસ્કિમો અને આફ્રિકાના લોકો ફેંકી શકાય તેવી લાકડીઓ વાપરતા ન્યુ કેલેડોનિયામાં તથા ન્યુ હેબ્રાઈડીઝમાં વપરાતાં અમુક પ્રકારના ગાંડોવાળાં દોરડાં પણ તેવા જ ઉપયોગમાં આવતાં દક્ષિણ અને પૂર્વ આફ્રિકાના મેલેનેશિયા તથા પોલિનેશિયાના લોકો, ઉત્તર તથા દક્ષિણ અમેરિકાના લોકો પથ્થરની ગોળીઓ તથા રબ્બરના તારના આંકડાના હથિયાર વાપરીને પ્રદાની ઉપયોગિતામાં વધારો કરતા. સન ૧૮૭૯ના ઝિંદ્તાનના હથિયાર બાબતના એક્ટની રૂએ હથિયારો શબ્દમાં અગ્નિ, શસ્ત્રો, સંગીન, તલવાર, ખંજર એટલે કટારી, ભાલાં, કામઠાં તથા તીર, તોપ તથા હથિયારના ભાગનો અને હથિયારોને તૈયાર કરવાના બંધનો સમાવેશ થાય છે

ત્રિભિ ગ્રેહૂ નર્ઈ બ્રાહ્મણ બાગઈ.
બ્રહ્મબલિ બલતારિ
નારી પિઆરી આવી '
દ્વા સિર ભેગિ કરિ **હથિયાર.**
તીતાહરણ (પદરમી સદી)

૧ હથિયાર ઊંચકવા = મારવાની તૈયારી કરવી

૨ હથિયાર કરતા હિંમત વધે = હાજર સો હથિયાર હથિયારનો જેટલો ઉપયોગ થાય છે તેના કરતાં હિંમતનો વધારે ઉપયોગ થાય છે હિંમતવાન માણસ કદી હથિયારને ખસેડતો નથી

૩ હથિયાર થોડલે રહી જવા = હથિયાર નકામાં જવા

૪ હથિયાર જબરું–મોટું હોવું = પણ મોટો હોવો; આધાર સબળ હોવો; હાથો જબર હોવો જ્યા ત્યાંથી પાછો ન પડે એવા મબળ આધારવાળા માણસને વિષે બોલતાં વપરાય છે જેમકે, ભાઈ, એનું હથિયાર જબરું છે, એને શી ફીકર છે ?

૫ હથિયાર પકડવાં–લેવાં = ચઢાઈ કરવી; સામે ચઢી જવું; યુદ્ધ માટે તૈયાર થવું

૬ હથિયાર બંધવા = લડવાને તૈયાર થવું.

૭ હથિયાર મજવા – સજ્જ થવું; તૈયાર થવું

૮ હથિયાર હેઠાં મૂકવાં = (૧) પ્રવૃત્તિ તજી દેવી (૨) હાર કબૂલ કરવી

૯ હાજર તે હથિયાર = હિંમતવાળા માણસને હથિયારની ઓટ કદી પણ જણાતી નથી

હથિયારઘર ન. શસ્ત્રાગાર; શસ્ત્રભંડાર.

હથિયારધારી વિ હથિયાર ધારણ કર્યાં હોય એવ

આગરે બે હજાર ને ત્રણસો પૂરેપૂરા **હથિયારધારીઓએ** ચાંપરોને ચીંથી લીધા.
મોરડી બહારવટિયા

હથિયારબંદી સ્ત્રી લશ્કરી રાજ

હથિયારબંધ વિ. હથિયાર બાંધીને તૈયાર થયેલું; હથિયારથી સજ્જ થયેલું; શસ્ત્ર સજીને તૈયાર થયેલું; સશસ્ત્ર; હથિયારવાળું; શસ્ત્ર ધારણ કરેલ

હથિયારબંધી સ્ત્રી હથિયાર રાખવાની બંધી કે મના

હમણા **હથિયારબંધીનો** કાયદો થઈ ગયો છે ઇમરે

હથિયારવિદ્યા સ્ત્રી. લશ્કરી તાલીમ.

શુક્રાચાર્ય પાસે વિદ્યા અભ્યાસની આપણે વાત કરી નથી એ વિદ્યા તે **હથિયારવિદ્યા.**
પ્રસ્થાન

હથિયારાં ન બ વ હથિયાર

હથિયારો [સ હસ્ત + કાર] ન. (બહુ. વ્ર.) હથિયાર

હથી અ હાથથી

પાર કાબેલ છે રહેનો નથી. તાળી કેમ પડે એક **હથી** અમો

હથીઆબહાર પુ હસ્તનક્ષત્ર અથવા ઓક્ટોબર માસમાં આવેલાં ફૂલ રાખી તે ઉપર લીધેલો પાક આ પાક મીઠો હોય છે નારંગી, સંતરાં, મુસબી વગેરે ઉપરથી આવા ઝાડમાંથી એક વખતનો લાભ લેવાય છે

હથીસૂંઢો પુ. (કચ્છી) એક જાતનો છોડવો. તે દોઢેક હાથ સુધી વધે છે. તેનાં ફૂલ દીવા બળવા કેરના, લાંબી કાંટાની સૂંઢ જેવી મંજરી ઉપર એક જ બાજુ હોય છે

હથુ અ હસ્તક, મારફત. જેમકે, તમે કોના હથુ માલ લીધો છે ?

હથુકું અ. હાથથી; હસ્તક

હથુવા સ્ત્રી એક હલકા પ્રકારની ખાંડ.

હથેલી ૧. સ્ત્રી આંગળાં અને અંગૂઠા વચ્ચેનો હાથના પંજાનો સપાટ ભાગ; કરતલ; ચપ્પટ

૧. હથેલીનો ગોળ મકીને કોણીનો ગોળ ચાટવા જવું = સહેલાઈથી મળતું મૂકી મુકેલી વહોરવી

૨. હથેલીનો ચાંદ = અપ્રાપ્ય વસ્તુને સહેલાઈથી મેળવવાનું સાધન બનાવવું તે.

૩. હથેલીમાં ખુજલી આવવી = પૈસા મળવાનાં ચિહ્ન અનુભવવાં

૪. હથેલીમાં ચાંદ બતાવવો = છેતરપિંડી કરવી; ધૂતવું

૫ હથેલીમાં ચૂંકાવવું = બહુ સારી રીતે રાખવું

૬. હથેલીમાં નચાવવું–રમાડવું = (૧) રમકડા કે પૈસા બનાવી લેવું, મજા માણવા ખેલાવવું (૨) લાડ કરી ખુશ કરવું.

૭. હથેલીમાં પૃથ્વી આવી જવી = (૧) કટોકટીનો વખત આવી જવો; મહામુશ્કેલીનો વખત આવી જવો (૨) જગ જિતાઈ જવું (૩) નસીબ ખીલવા (૪) પાર્થિવ ઋદ્ધિ આવી જવી

૮ હથેલીમાં પૃથ્વી જોવી = પૂર્ણ ખાતરીમાં હોવું

૯ હથેલીમાં રાખવું = અતિશય મમતા મમતા બતાવવી, લાડ કરી ખુશ કરવું; પંપાળી રાખી હલાવવું ફુલાવવું

૧૦. હથેલીમાં રામ દેખાડવા = હાજરાહજૂર દેખાડવું

૧૧. હથેલીમાં સ્વર્ગ બતાવવું = (૧) કપટ, ઇંદ્રજાલ (૨) લાલચ બતાવવી

૧૨ હથેલીમાં ઠીંકરા બતાવવા–સ્વર્ગ બતાવવું = કંઈથી લાભ મળવાની આશા

આપવી; મોટી મોટી આશાઓ આપી રખાડવુ કે ઠગવુ.

૨. સ્ત્રી. છતા પંજાનો સપાટ ભાગ.

૩. સ્ત્રી હાથમાં પહેરીને ઘોડાને સાફ કરવાનું સૌંદરીનું બનાવેલુ એક સાધન; હાથલો.

હથેલો પું. પીંજણમાં વપરાતું એક ઓજાર.

ઘણી વેળા લો કેળના રેસાની દોરીની તાંત બનાવે છે. હથેલો તો વાપરે જ સાના !

ગાંધીજી

હથેવારવું સ. ક્રિ. છાનું સર્ક લેવું.

હથેવાળો પું. હસ્તમેળાપ; પરણતી વખતે પરણનાના હાથ મેળવવા તે.

૧. હથેવાળે પરણવું = આંકું મોઢલીને નહિ પણ જાતે પરણવા જવું.

૨. હથેવાળો મેળવવો = પાણિગ્રહણ કરાવવું; પરણાવવું.

હથેળવું સ. ક્રિ. ઠોકંનું ઠોક સર્ક લેવું; છપું સર્ક જવું; ઉચાપત કરવું; હાથ મારવો.

હથેળી જુઓ હથેલી.

હથેળો પું. પીંજણમાં વપરાતું એક ઓજાર; હથેલો.

હથોટી ૧. સ્ત્રી. કામ કરવાની સફાઈ; હળ; ચપળતા; હોશિયારી.

૨. સ્ત્રી. ઢબ અને સહેલાઈથી કામ કરવાની રીત; પદ્ધતિ.

નિશાનબાજોએ અનુભવને આધારે મુકવાની હથોટી મેળવવી જોઈએ. પ્રસ્થાન

૧. હથોટી પડવી = કામની આવડત આવી જવી.

૨. હથોટી બેસવી = કામ કરવાની ઢબ ને પદ્ધતિનો મહાવરો હોવો. જેમકે, રસોઈમાં હથોટી, બેસવી એ પણ એક ઢળા છે.

૩. સ્ત્રી. મહાવરો; ટેવ; આદત.

૪. સ્ત્રી. હાથનો કસબ; આવડત.

હથોડાધારી (હથોડાધારી) વિ. હથોડો ધારણ કરનાર.

સોબતી રાક્ષસી કારખાનાને ઠેકાણે ઝેરણ અને હથોડાધારી લુહારોની ફોજ બેસાડવી અસહ્ય છે. કૌમુદી

હથોડામથ્થી (હથોડમથ્થી) સ્ત્રી. હથોડા જેવા આકારના માથાવાળી એક જાતની માછલી, હથોડાના જેવા માથાવાળું જંતુ. આ જંતુ બીજા જંતુથી ઓછું ભોરસવર પણ વિકરાળ હોય છે. અંગ્રેજીમાં તેને શાર્ક કહે છે.

હથોડી (હથોડી) ૧. સ્ત્રી. કાનમાં આવેલાં ત્રણ આંકડાં પહેલું હાડકું. તેનો આકાર હથોડીને મળતો હોવાથી આ હાડકાને એવું નામ આપેલું જણાય છે.

૨ [સં. હસ્તાવરણ; પ્રા. હત્થુલિઆ; દે હત્થોડી] સ્ત્રી. હાથ વડે ઘા મારવાનું નક્કર સોઢાનું સુતાર કે લુહારનું એક ઓજાર; ઘણ; મુદ્ગર; લોખંડની મોગરી; ટીપવાનું કે ભાંગવાનું એક ઓજાર. નાની હથોડો.

વાસલામાં મુશ્કેલી એ છે કે, દર વખતે આખો વાંસલો ઊંચકીને એ ને એ જ ઠેકાણે ફરી ફરી મારવાનો હોય છે. આમ દર વખતે વાસલો ઊંચકવો ન પડે અને એટલા ખાતર માણસે વાસલાના બે ભાગ કર્યા: મારવાનું ધાતુ અને એના ઉપર મારવાનું હાથવાળું વજન. પાનાએ ફરીનું રૂપ પકડયું અને વજન તે હથોડી થઈ. મહેતર

હથોડી ને ઝાપિયા સર્ક ને મડવું = અંત રાખી કોઈ કામ પાછળ મંડવુ.

હથોડો (હથોડો) પું. મોટો, જબરો ઘા મારવાનું લોખંડનું એક ભારે નક્કર ઓજાર; ધાતુ ઘડવાનું અથવા ખીલા ઠોકવાનું એક ઓજાર; મોટી હથોડી: ઘણ

હથોલણું ન. હથેવાળો; લગ્ન વખતે વરકન્યાના હાથ મેળવવા તે.

હથોહથ ક્રિ. બીજાના હાથની મદદથી

હસ્ત [સં હસ્ત] પું. હાથ.

ખોબે ભરી છે સુખડી, બનનાં બીડાં હસ્ત. જગદીશ જ્યોતિ ઝગમગે, કેમ અલક્ષ્ય રહે ?

ભાવનારાતક

હસ્તક ૧. [સં. હસ્તક] વિ. એક હાથનું. એક જ જણને હાથે હોય એવું; એક હાથે હોય એવું.

૨. અ. હસ્તક; મારફત.

હસ્તખાતું ન. (ગણિત) પાકું નામુ ન મંડાય ત્યાસુધી જેના હસ્તે લેવડદેવડ થઈ હોય તેના નામનું ખાતું.

હસ્તું ૧. વિ. હસ્તક: હાથનુ. જેમકે, એકહસ્તું.

૨. વિ. હાથના માપનું. જેમકે, અઢીહસ્તુ.

હસ્થો પું. હાથ માલ વેચનાર અને લેનાર ઘણી; બીજાઓની હાજરી હોય ત્યારે પોતાના હાથ મેળવી ઉપર કપડું ઢાંકી આંગળીઓની ઠપારતથી ભાવ સમજી લે છે તે; સોદાને લગતો ગુપ્ત સંકેત.

હસ્થો દેવો-મારવો = સોદાની કબૂલાત લેવી કે દેવી.

હસ્યાઈ [ક્રિ.] સ્ત્રી. હત્યા; કતલ

હદ [સં.] સ. ક્રિ. (ધાતુ) હગવું; મળત્યાગ કરવો. ને ઉપરથી બનેલ શબ્દ: હદન.

હદ ૧. સ્ત્રી. અડચણ; અટકાયત.

૨. સ્ત્રી. અંત; છેડો; આખર.

૩. [અ. હદ] સ્ત્રી કાલમર્યાદા; મુદત; અવધ.

૪. સ્ત્રી. રસ્તા ઉપર લેવાતો કર

૫. સ્ત્રી. સીમા; મર્યાદા.

૧. હદ આવવી-થવી = બહુ થવું; ન સહેવાય એટલે લગી જવું; આખર આવવુ; પરાકાષ્ઠાએ પહોંચવું.

૨. હદ ઉપરાંત = બહુ ઉપરાંત; બહુ જ વધારે.

૩. હદ ઓળંગવી-વટાવવી = મર્યાદાનુ ઉલ્લંઘન કરવું; સત્તા ઉપરાંત વર્તવું.

૪. હદ કરવી = ભારે કરવી; આડો આંક વાળી દેવો.

૫. હદ વાળવી = બહુ કરવુ; પુષ્કળ મદ્ય જવું; ધાણ વાળી નાખવો.

૬. હદથી જ્યાદા = અતિશય; અમર્યાદ

૬. વિ. અપાર.

હદ નાસું આંઠે હોય તો આવે વસ્તુ અનેક। અક્કલ ન આવે એક, કોડ કરે કિસનીયા

નગજ્ઞ સોરઠ

હદગા [હિં.] પું. એક જાતનું ઝાડ; અગથિયો.

હદન [સં. હદ (હગવું)] ન. મળત્યાગ; હગવું તે

હદનિશાન [અ હદ (સીમા) + નિશાન] ન. હદની નિશાની; હદ બતાવનારું નિશાન; સીમા જણાવવા માટે ઓળખમાં આવતું નિશાન; આંબો; બે હદ ભેગી થતી હોય તે ઠેકાણે રખાતું ખાણ; સીમાનું જોડાણ દર્શાવનારું ખાણ; સરવે નંબર કે પેટા નંબરની સીમા જણાવા માટે પથ્થર, માટી કે બીજા પદાર્થનું કરવામાં આવતું નિશાન; સીમાચિહ્ન; ખાણ; બાંધ.

હદપાર ૧. [અ. હદ (સીમા) + પાર (પેલી મેર)] વિ. અતિશય; ઘણુ જ; મર્યાદા વિનાનું; હદ ઉપરાંત; બેહદ; બેશુમાર.

૨. વિ. દેશનિકાલ.

જન્મટીપ હદપાર = જીવતા સુધી દેશનિકાલ.

૩. વિ. હદની બહાર.

હદપારી ૧. સ્ત્રી. દેશનિકાલની શિક્ષા; હદપાર કરવુ તે.

૨. સ્ત્રી. હદ બહાર થવું તે.

હદબસ્ત જુઓ હદબંદી.

હદબહાર વિ. દેશનિકાલ; કાળે પાણીએ ગયેલ.

હદબંદી સ્ત્રી. સરહદ અથવા સીમાઓ નક્કી કરવો ને ખૂંટ નાખવા તે.

હદબેહદ વિ. મર્યાદા બાંધી શકાય નહિ એવું; અપાર; ખૂબ.

હદમદ જી. સીમાડો; હદહદ.

હદરેખા જી. સીમારેખા; સરહદ.

હદરેષા જુઓ હદરેખા.

હદલ ન. એક જાતનું ઝેર.

હદલો પું. બકરાના આગલા પગમાંના ઘૂંટણ ઉપરના સ્નાયુ. તે એક માંસપેશી છે.

હદવર્ણ ન. એક જાતનું સુંદર ઝાડ; વરણો.

હદવાઢો પું. મુસલમાનો, કબ્રસ્તાનમાં પોતાનાં કુટુંબીઓની કબર માટે રાખી મૂકે છે તે જમીન.

હદવાણી ૧. જી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

હદામ ૧. પું. ન. ક. હાથ.

૨. પું. ન. ક. હિંમત.

હદામ ખાટા કરવા = ત્રાસ દેવો.

હદાર પું. જમૈયાના હાથાની મૂઠ.

હદિયા ૧. [અ.] પું. ગુરુદક્ષિણા.

૨. પું. ભેટ; નાના તરફથી મોટાને જે ભેટ અપાય તે.

હદિયાહદ [અ.] જી. ગભરાટ.

હદિયો ૧. પું. નજરાણું; ભેટ; ઇનામ; બક્ષિસ.

૨. પું. ભઠ્ઠારગામથી ઘેર આવતી વખતે બાળકો કે બીજા માટે પ્રેમપૂર્વક આણેલી કંઈ પણ ચીજ.

૩. વિ. જેવું; સામટું; એકત્ર.

બંને જાતો જુદા જુદા પાઉ ભેળવેલ છતા હદિયો કીમત રૂ. ૧૦) હિંદમાં પોસ્ટેજ રૂા. ૧ જાદું. આદિ

હદિયો કીમત = સામટી કીમત; એકત્ર કીમત.

હદી પું. ઉપદેશક.

આપણા હદી (ઉપદેશક) અને મૌલા (ગુરુ) કે જેમણે પોતાના અનુયાયીને માટે સ્મૃતિ લખી તેમણે શું આ બાબતમા કાંઈ કહ્યું નથી?

નવલગ્રન્થ

હદીસ ૧. [અ.] જી. કુરાન.

૨. જી. તવારીખ.

૩. જી. કંતકથા.

હદીસ કરવું = મૂકી દેવું; રદ કરવું.

૪. જી. પુરાણ.

૫. જી. પેગંબર સાહેબના કુકમોનો સંગ્રહ; કુરાનરત; મહમદ પેગંબરનાં બોધવચન અને ફરમાનનો સમૂહ.

હદીસેશરીફ [અ. હદીસ (કુરાન) + શરીફ (ઉમદા)] જી. કુરાનના ઉમદા બોલ.

હદ્દ [અ.] જી. ચતુઃસીમા. ખતપત્રમાં એ શબ્દ વપરાય છે.

હદ્દેર પું. બંને બાજુથી ચણતર જતાં વચમાં મુકાતો પાણો.

હદ્દ જુઓ હદ.

હદ્દમહદ્દ ૧. [અ.] જી. નક્કી કરેલ હદમાં જમીન અને પાક ઉપર બેકુતની સત્તા બોળાવવા માટે વપરાતો શબ્દ.

૨. વિ. મર્યાદિત.

હદ્દશિકની જી. કોપેલા હક્ક ઉપર તરાપ મારવી તે.

હદ્દહદ્દ [અ.] જી. ચતુઃસીમા; હદની ચારે બાજુ; સરહદ; મર્યાદા.

હદ્દા [સ.] જી. (જ્યોતિષ) અમુક રાશિનો અમુક અંશ.

હદ્દાદ [અ.] પું. લુહાર.

હધ જુઓ હદ.

હધમ્મોખ્ત જી. જરથોસ્તી ધર્મની એ નામની એક બંદગી; વીસપરદામાં જણાવેલી પંદર માંહેની એક ઉત્તમ બંદગી.

હધર્મદ્રિક પું. અવસ્તા સાહિત્યનાં પુસ્તકના ગ્રંથ માંહેનો એ નામે એક સમૂહ.

હધર પું. (ચારણી) સિદ્ધરાજ.

નવ કરહું જઈ હધરે લોપાવું,
ઠોર ઠોર ઠંમે થવો.

વીસની વાતો

હધાનઈપિત [અવ.] પું. (જરથોસ્તી) દાઢમના ઝાડનું લાકડું.

હધાનઝેપ્યા પું. એ નામનો એક ઈરાની છોડ. તેનું લાકડું જંતુ નાશ કરવા માટે બાળવામાં વપરાય છે.

હન્ [સં.] સ ક્રિ. (ધાતુ) મારવું; મારી નાખવું; હણવું. તે ઉપરથી થયેલ શબ્દ: હત, હતભાગી, હત્યા, હનન, ઘાત, ઘાતક, આઘાત, આપઘાત, કૃતઘ્ન, ઉદ્ધત, પ્રહતિ વગેરે.

હન ૧. [સં. હનુ] જી. હડપચી.

હનુ ટેકી રહ્યા, નયન અંગુલી ધરે જ હનમાં જે.

પ્રેમાનંદ

૨. વિ. હણનાર.

હનકન જી. આનાકાની; ના ના.

હનન ૧. જી. શક્તિસંપન્ન દેવી. તેણે અસુરોનું હરણ કરી દેવોનું અને મનુષ્યોનું કલ્યાણ કર્યું મનાય છે.

૨. ન. હણવું તે; ઠાર કરવું તે; હત્યા; હિંસા કરવી તે; ખૂન.

હનન થયું શું નારીનું, ક્યાંથી અણહકમાં.

દલપતરામ

હનનીય [સં. હન્ (હણવું) + અનીય] વિ. હણવા યોગ્ય; મારી નાખવા લાયક.

હનફી પું. એક મુસલમાની પંથ.

હનબર જી. ખેતી અને મજૂરીનો ધધો કરનાર એક જાત. તે બેલગામ તરફ રહે છે.

હનમંત જુઓ હનુમાન.

હનમાન જુઓ હનુમાન.

હનમાન દડીઓ ઠાઠે અને ભૂત ભૂસકા મારે = અબ અને દાંતને વેર હોવું; ઘરમાં આવાનું ન હોવું; દહાડે ધણી ના દેખે તો રાત્રે ચોર શું દેખે?

હનમાનકૂદકો પું. મોટો કૂદકો.

હનમાનજીનું પૂછડું (હનુમાનજીનું પૂછડું) જ. એ નામની રમત. એક છોકરો દોરી પકડી વચ્ચે બેસે, દાવ દેનાર દોરીનો બીજો છેડો પકડી હાથમાં દોરડો લઈ ગોળ ફરે, તેને પકડા મારવા જે જે છોકરા આવે અને જેને દોરડો અડે તેને માથે દાવ આવે

હનમાન વેલ જી. એક જાતની વેલ; રાતી ગુલઝવેલ. આ વેલ બારે માસ જોવામાં આવે છે. તેનાં પાન ગળોનાં પાન જેવાં હોય છે. ફૂલ ધારણ કરનારી સળી ગદાના આકારની હોય છે. તેમાં જુલાબી ફૂલ થાય છે અને ફળ નાનાં ગોળાઈ લેતાં તપખીરિયા રંગનાં થાય છે. ફૂલ સવારે ઊઘડી સાંજે કરમાઈ જાય છે.

હનમાન વેલો [સં.] પું. એક જાતનો વેલો; ભોરિંગડી; લક્ષ્મણા; પુત્રજીવની; ભરતગંધાકૃતિ. બોળાં ફૂલની ભોરિંગડી કે હનુમાનવેલાનાં મૂળ લાવી તેનું ચૂર્ણ એક રૂંગની ગાયના દૂધમાં વાટી પીવાથી દીર્ઘજીવી પુત્ર થાય એમ મનાય છે.

હનમેન પું. બાહલ્હની એક જાતિ. તેનો ચોરાશી બાહલ્હમાં સમાવેશ નથી થતો.

હનમો પું. હનુમાન.

બાલિસુને લંકા દીયે, દીધ હનમેકું તેલ,
કહ્યા કરે રઘુનાયકા, આ નસીબના ખેલ.

નવલખ ચોરસ

હનર પું. ચાળો.

હનરવું (હનરડવું) ૧. સ. ક્રિ. હણવું.

૨. સ. ક્રિ હેરાન કરવું; દુઃખ દેવું; પજવવું; પીડવું.

હનરડો (હનરડો) ૧. પું. અનાજ પેટમાં બાળે નહિ પડતાં ઉપર ઊછળે છે તે; અનાજનો પેટમાંથી ઊછાળો
૨. પું કોઈને તેના કામમા હરકત કરી તે, મૂઝવવું તે
૩. પુ દુ:ખ; કષ્ટ; સતામણી
૪. પુ હઠ; અ.મહ· મમત

હનરોજ પું. હરરોજ; હમેશા.

હનવટ [સ. હનૂ] સ્ત્રી હડપચી. એમાં વહાર પેડો છે તે માત્રા મર્યાદાના નિયમને અનુસરી માપ બાંધવા માટે છે. ઉપરાંત સ્વ.ર્થે પ્રત્યય ટ ઓ પ્રત્યય સાથે ઉમેર.વો છે.
જીહ્વાપ્રદેશે આઘાત:; ઊ ચી હનવટી; મોટી દાઢિ. ભાલણ

હનવટી સ્ત્રી. હડપચી, નીચલા જડબાની તળે આવેલો ભાગ

હનવો પું હનુમાન.
માર બાવી મોંહ પર, દીધ જગાડ્યે,
ભલે હનવો હાલિયો, હંકા લગાડ્યે.
દહો

હનહા (હનહા) સ્ત્રી. ખબરે; બાતમી; સનસા.

હનહાઢ ૧. પું. અભિમાન.
૨. પું. બાંધારો
૧ હેલા હીંચોળે હુંપદે રે, હરે હરામનો હનહાઢ. દેવિ

હનાન (હનાન) ૧. ન. નાહવું તે.
૨. ન. વજૂ

હનાઈ વિ. સુગંધી મેંદીના રંગ જેવુ.

હનીગાર્ડ [અં.] ન. હક્કપ્રોક વર્ગનું એક પક્ષી એનું શાસ્ત્રીય નામ દર્શક છે. એનાં કુલ નવ જાતવંશો છે. એમાંનો મોટો ભાગ આફ્રિકામાં વસે છે. એક વંશ હિમાલયમાં છે. કેટલાક જોનીઓ તે મલાયામાં વસે છે. નરમાદા ઊભય દેખાવમા એક જ જાતનાં હોય છે. લગભગ અ.પણી ચકલા જેવડો આકાર, રંગ ઝાંખો બદામી, અંદર પીળા રંગની છાંટ, પાંખો અને પૂછડીમા સફેદી હોય છે. હિમાલયમાં રહેતા હનીગાર્ડનુ શરીર પીઠ ઉપર કાળાશ પડતું, નીચનો ભાગ ભૂખરો, મણ કાળું, પેટ ઉપર પીળી છાંટ, પૂછડી નીચે નારંગી છાયા અને કપાળ સોનેરી હોય છે કોયલની પેઠે આ પક્ષી પણ બીજાના માળામાં ઈંડાં મૂકી તેની પાસે સેવાવે છે. કહેવાય છે કે, હનીગાર્ડ, એનુ નામ સૂચવે છે તે પ્રમાણે, મધમાખીને જ્યાં મધપૂડો હોય છે ત્યાં દોરી જાય છે એના આ કહેવાતા સ્વભાવ વિષે મોટો મતભેદ છે કેટલાક આ વાત પોતાની જાતે અનુભવ્યાનું કહે છે; બીજા એમાં કલ્પનાનુ તત્ત્વ માને છે. એક પક્ષ કહે છે કે, આ પક્ષીનો મુખ્ય આહાર મધમાખના ઈંડાં ને કીડાનો છે, એટલે કોઈ માણસને જુએ કે તેને મધપૂડો હોય ત્યાં લઈ જાય, જેથી મધ લઈ લીધા પછી ફેંકી દીધેલા ખાલી મધપૂડામાંથી એ આહાર મેળવી શકે. કદાચ કોઈ લોભથી આખો મધપૂડો લઈ જાય તો નિરાશ થયેલુ આ પખી એનુ વેર વાળવા ફરીથી મધપૂડાને બહાને બ્યાં દીપડા, સાપ વગેરે હોય છે ત્યાં લઈ જાય છે એવી માન્યતા છે. એ માત્ર માણસને જ લઈ જાય છે એવુ નથી; ક્વચિત્ વેંકુને પણ એ એવી જાય છે

હનીફ પું. ઇસ્લામ પહેલાં આવતા ધર્મનું નામ.
જ્યારે ઇસ્લામ નામ હજરત રસુલે ખુદના તરફ જમાનામા પ્રચલિત નહોતુ ત્યારે તેનું નામ હનીફ ધર્મ કહેવાતું હતું. વેદિક ઇસ્લામ

હનીફાપંથ પું. એક જાતનો મુસ્લિમાની પથ

હનીબર્ડ જુઓ હનીગાર્ડ

હનીયસ વિ. અતિશયપણા વડે સવાર કાળમાં કરનાર; વેદમાં વપરાયેલું હનુ એક વિશેષણ

હનીલ ' સં] ન. કેવડાનુ ઝાડ

હનીસકલ સ્ત્રી. એ નામે એક જાતની વેલ આ વેલને સુગંધી ફૂલ આવે છે

હનીસોપ પું એક જાતનો સાબુ સાત શેર પીળા સાબુમાં બ શેર નાળનું તેલ ભેળવી, સાકર ને બીજુનું તેલ ૧૫૫ તોલા, કપાસિયાનુ તેલ ૪ માસા ને રોહીસ્સનુ તેલ આઠ માસા ભેળવી સંચામાં ઠારી આ સાબુ તૈયાર થાય છે

હનુ ૧ પું. હનુમાન; મારુતિ; રામના એક પ્રખ્યાત વાનર ભક્ત. હનુમાન ઉપર પર્વત પડવાથી તેમની જમણી બાજુની હનુ અથવા દાઢી ભાગી ગઈ તે ઉપરથી ને હનુમાન કહેવાયા.
૨. સ્ત્રી એ નામની એક વનૌષધિ; નખલી
હનુ, હરિદ્રા સિતાસિની, શુક્લિ, સંજ્ઞ, ક્ષુર, કોલદલ, નખ એ સાત નામ નખલીના છે
અમરકોષ
૩. [સં.] સ્ત્રી. એક જાતનું અત્તર
૪. સ્ત્રી એક જાતનુ સુગંધી દ્રવ્ય
૫. સ્ત્રી દાઢીનો નીચલો ભાગ; ચિબુક; હડપચી; થુથરી; જડબુ
૬ સ્ત્રી મત્યુ; મરણ
૭ સ્ત્રી ગોત્ર
૮ સ્ત્રી હાથીની દાઢી.

હનુકઠિકાપેશી [સં.] સ્ત્રી. મુખનલપેશી

હનુકુંત ન. મહાન્તરપ્રાનમાં રહેલુ એક પ્રવર્હનક; હનુકૂટ અસ્થિનુ આગલું શિખર.

હનુકૂટ પુ. અધોહન્વસ્થિના અને ઉપલા પર આવેલા, બે, ઊભા તથા ઊંચા મોટા ભાગ હનુમડળના બંને ઉપલાઓ પરથી નીકળતા ચોખડા પ્રવર્હનકો હનુકૂટ તરીકે ઓળખાય છે તેઓ હનુસધિમાં ભાગ લે છે પ્રાચીન શારીરવિદોએ તેમને હનુમૂલબધન નામે ઓળખાવ્યા છે દરેક હનુકૂટને બહારની તથા અંદરની એમ બે બાજુઓ, હનુકૂટ તથા હનુમુડ નામનાં બે શિખરો તથા આગલી, પાછલી, ઉપલી અને નીચલી એમ ચાર ધારાઓ હોય છે હનુકૂટની ચાર ધારાઓ આ પ્રમાણે છે: ઉપલી ધાર અર્ધચદ્રાકાર છે. તેમા થઈને દ.ખલ થતી રુધિરવ.ત્રિનીઓ તથા નાડી, નજીકમા આ.વલી હનુમૂલકર્ણણી અધરા નામના પેશીમાં ફેલાઈ જાય છે. તેના પાછલા ભાગ પરનો ખૂણો હનુકોષ્ઠ તરીકે ઓળખાય છે. તેનો હનુકોષ્ઠિક નામનો રનાયુ સાથેલો છે . આગલી ધાર પાતળી તથા પેશીઓ વડે ઢકાયેલી છે, પાછલી ધારા ગોળ જાડી અને સુવાળી કોઈ કર્ણમૂલિકા નામની ગ્રંથિ વડે ઢકાયેલી છે

હનુકૂટકર્ણણી સ્ત્રી એ નામની જડબાંની બાજુ પરની એક પેશી તે પેશી ગંડચકની નીચલી ધારા તથા તેની અંદરની બાજુ ઉપરથી ઉત્પન્ન થઈને અધોહનુકૂટની બહારની બાજુ ઉપર લાગેલી છે. તે કર્ણમૂલચ્છદા નામની પ્રાવરણી વડે ઢકાયેલી છે. આ મોટી અને બળવાન પેશી ચાવવામા વિશેષ મદદ કરે છે

હનુકોષ્ઠ પું. નીચલા જડબાનો કોષ્ઠ; હનુકૂટના પાછલા ભાગ ઉપરનો ખૂણો

હનુગનુ જ. હા ના

હનુમદ્ધ [સં હનુ + મદ્ધ (મર્દેણ તે)] પુ એક પ્રકારનો વાયુરોગ તેમાં ચાવવાનુ કામ કરતા સ્નાયુઓ પદોગા થવાથી જડબાં જકડાઈ જાય છે

હનુજ પું. (સ.ણી) હનુમાન

હનુમત [સં. હનુમત્] પુ હનુમાન; મારુતિ, અજનાપુત્ર એક વાનર

હનુમતવલ્લભ પુ. તુલસીદાસજીએ રચેલ એ નામનો એક ગ્રંથ

હનુમજ્જયંતી [સ. હનુમત્ + જયતી (જન્મ દિવસ)] સ્ત્રી હનુમાનનો જન્મદિવસ. ચૈત્ર સુદિ ૧૫

હનુમન્મત પુ રાગોની ઉત્પત્તિની ચાર જાતમાનો એ નામનો એક મત આપણા રાગોની ઉત્પત્તિ વિષે જગભરા ચારેક મતો છે. મહાદેવમત, વિષ્ણુમત, ભરતમત અને

હનુમન્મત. ચારેય મતાનુસાર મુખ્ય રાગ ૭ મનાય છે

હનુમંડળી ન. અધોહનુવર્તિયનો આડો તથા ઘોડાની ખરી જેવો ગોળ ભાગ

હનુમંત ૧ [સં] પું એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે તેને અમરેંદ્ર છંદ કહે છે તેના દરેક ચરણમાં તગણ, ભગણ, ગુરુ અને લઘુ એમ આઠ અક્ષર હોય છે

૨ પું (સંગીત) રાગના પાંચ માંહેનો એક મત તે મત મુજબ ૭ રાગની પુત્રીઓનાં નામ આ પ્રમાણે છે ભૈરવ-(૧) લલિત, (૨) બિલાસ, (૩) રામકલી, (૪) ગુનકલી અને (૫) પટમંજરી માલકોશ-(૧) રાહુ, (૨) બાગેશ્વરી, (૩) માલીગોરા, (૪) જૈનીગૌરી અને (૫) શ્યામગુજરી. હિંડોલ-(૧) વસંત, (૨) પંચમ, (૩) પૂર્વી, (૪) ટોડી અને (૫) પરજ. દીપક-(૧) રાહુનાદુ, (૨) કલ્યાણ, (૩) કિદારા, (૪) પૂરિયા અને (૫) ખિરવા. શ્રી-(૧) ગૌરી, (૨) કુકુભ, (૩) ધન્યાશ્રી, (૪) મંગલશ્રી અને (૫) અહીરી. મેઘ-(૧) મલ્હાર, (૨) સામોદ, (૩) ગૌડ, (૪) મધુનેદ અને (૫) માદનેદ. આ પુત્રીઓનાં નામ બધાં ઠેકાણે એક આવે છે

૩. પું. હનુમાન; રામના વાનર ભક્તોમાનો એક મોટો બલવાન વાનર

હનુમંતપ્રાન સ્ત્રી. એ નામની પુરાતની તોપ. આ તોપમાં આ પ્રમાણે કોતરવામાં આવ્યું છે: અકબરની કૃપા, બાદશાહ રણજિતસિંહ બહાદુર શુભદ કલ્યાણના હુકમથી તોપ હનુમંતપ્રાન પાયતખ્ત લાહોરના ઝુમાસિંગના કારખાનામાં વિક્રમી સન ૧૮૮૬માં તેજસિંગની દેખરેખ હેઠળ તૈયાર થઈ

હનુમંતમત પું (સંગીત) સંગીતના ચાર મતોનો એક મત. વર્તમાન સમયમાં આ મત પ્રમાણે સંગીતશાસ્ત્રીઓનો નિયમ ચાલે છે.

હનુમંતરુદ્ર પું અગિયાર પ્રસિદ્ધ રુદ્ર માંહેનો એક રુદ્ર. તે વામન ખૂણામાં છે

હનુમંતી પું. એક પ્રકારનો પવિત્રો; પ્રાચીન હિંદી કુસ્તીનો એક પ્રકાર. લાકડી પટ્ટામાં કે તલવારની રમતમા સામસામા રમતાં કે લડતા આ પવિત્રાથી એક બીજા સામું પસાય કે પાછુ હઠાય છે હનુમાનની લડવાની પદ્ધતિ ઉપરથી આ પરંપરા ચાલેલી મનાય છે મહારાષ્ટ્રમાં છેલ્લા બાજીરાવ પેશ્વાના ઉસ્તાદ ગુરુમાલંજટ દાદા દેવધરે આ પરંપરા શીખારુનિને પ્રસન્ન કરી ફરી શક્તી કરી છે એમ એની શિષ્યમંડળી માને છે. આ સંપ્રદાયના અખાડા કાશીજી રામેશ્વર સુધીમા અનેક જગ્યાએ છે અને હિંદુસ્તાનના હિંદુ મુસલમાન લડત પહેલવાનો એમના શિષ્યમંડળીમાથી થયા છે. વર્તમાન દુનિયાના સર્વોપરી લડત પહેલવાનો એક પછી એક હિંદુસ્તાનમાં પાક્યા છે એ તેનો અચૂક પુરાવો છે. કાલમાં એમ કહી શકાય છે કે, એકલા આપણા દેશમાથી આ કલા ઓસરતી જાય છે. છતાં એક શુભ ચિહ્ન છે કે, એ કળા જલ્દી દેવા જેવી નથી. એનુ ભાન આપણા લોકોમાં ફરી જાગવા માંડયું છે રામાયણ અને મહાભારતના સમયમાં એ કળા ખાસ્સી વિકાસ પામેલી હતી. એ બંને ઇતિહાસ કાવ્યોમાથી અનેક લડત મલ્લોનાં નામ મળી આવે છે તેમાથી ખાસ કરીને ચાર મલ્લોના નામના સંપ્રદાય પ્રચલિત થયેલા હતા રામાયણના વીરોમાથી હનુમાન અને જાંબુવાન એ બંનેના નામ ઉપરથી હનુમતી અને જાંબુવતી એમ બે સંપ્રદાય ચાલેલા તથા મહાભારતના વીરોમાથી ભીમસેની અને જરાસંધી એ બે સંપ્રદાય ચાલેલા. એ ચારે સંપ્રદાયો અત્યારે ભેગાભેગા થયેલા નજરે પડે છે.

હનુમંતેશ્વરતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું તીર્થ. નર્મદા પુરાણમાં કહ્યા છે કે: રાવણનો વધ કર્યા પછી બ્રહ્મહત્યાની નિવૃત્તિને માટે સર્વેએ તપ કર્યું, ત્યારે રામચંદ્રજીએ હનુમાનજીને કહ્યું કે, તમે પણ શિવજીનું તપ કરીને બ્રહ્મહત્યાથી નિવૃત્ત થઈ જાઓ. ત્યારે હનુમાનજી બોલ્યા કે, હું તો તેવી જ રીતે ઊડીને શિવજી પાસેથી અપરાધ ક્ષમા કરાવી લઉ છું. તેમ કહીને હનુમાનજી ઊડ્યા અને કૈલાસ પહોંચ્યા. ત્યાં શિવજીનાં દર્શન કરવા જવા લાગ્યા, તો દ્વારમાં ઊભેલ નંદીશ્વરે તેને રોકવા અને જવા દીધા નહિ હનુમાનજીએ રોકવાનું કારણ પૂછ્યું. નંદીએ કહ્યું કે, તારા હાથથી બ્રહ્મહત્યા થઈ છે. તે રાવણના પુત્રને મારીને લંકા સળગાવી છે. તેનો દોષ મટાડ્યા પછી દર્શન કરો. હવે તમે તેવાનીરે જઈને તપ કરો પછી હનુમાનજી રામચંદ્રજીના પાસે આવ્યા. તેમની આજ્ઞાથી અહીં તપ કરીને સિદ્ધિ મેળવી. ત્યારથી ગામનું નામ કપિસ્થિતાપુર અને તીર્થનુ નામ હનુમંતેશ્વર પડ્યું. અહીં હનુમાનકવચ વગેરેનો પાઠ કરવાનું મોટું મહાત્મ્ય છે. આસો વદિ આઠમ અને ચૌદશનું મોટું માહાત્મ્ય છે. અહીંથી આગળ જતાં પૂતિકેશ્વરતીર્થ આવે છે.

હનુમાન ૧. [સં હનુ (જડબું) + મત્ (વાળો)] પું. કપિ; વાંદરો

૨. પું. પવનને અંજનીનો પુત્ર મારુતિ; રામનો એક બળવાન વાનર ભક્ત; બ્રહ્મચારીઓના આદર્શ, પનોતીને ઠેકાવી રાખનાર દેવ. હનુમતનો મોટિફ અર્થ હનુ એટલે હડપચીવાળુ એવો થાય છે રૂઢિથી એ અર્થ સકડાઈ તે હનુમાન નામના વાનરદેવ, જેની હડપચી બહાર પડતી છે તે એવો થાય છે. સૂર્યના વરદાનથી સોનાના બનેલા મેરુ પર્વત ઉપર કેસરી નામે એક વાનર અને તેની સુંદર સ્ત્રી અંજની રહેતાં હતાં. અંજની એક વખત પર્વત ઉપર ફરતી હતી, તેવામાં તેને જોઈ વાયુને કામ આવ્યો અને તેણે પોતાનું વીર્ય અંજનીના કર્ણ દ્વારા મૂકયુ. તેથી અંજનીને ગર્ભ રહી હનુમાનનો જન્મ થયો. પુત્રજન્મ થયા પછી તરત જ અંજની ફળ લેવા જંગલમા ચાલી ગઈ હતી. હનુમાનને ભૂખ લાગવાથી રડવા માંડયુ તેવામા ઊદય પામતા સૂર્યને જોઈ હનુમાને તેને ફળ ધાર્યું અને તે લેવાને કૂદ્યો તે પ્રમાણે તે સૂર્ય તરફ કૂદતો હતો ત્યારે વાયુ ક્રમ જોતો થઈ સૂર્યના તાપથી તેનું રક્ષણ કરતો હતો. તે એક સૂર્ય પાસે પહોંચ્યો એ વખતે સૂર્યગ્રહણ હતું એટલે રાહુ સૂર્યને ગ્રહણ કરવા જતો હતો, પણ હનુમાનની હડફટમાં આવવાથી ત્રાસ પામીને દૂર નાસી ગયો. પછી ક્રોધ પામી ઇંદ્ર પાસે ગયો. ત્યાં જઈ ' મને અપેક્ષ ભક્ષ ખાવા કેમ કાંઈ જાય છે ? ' એમ કહ્યું આથી ઇંદ્ર ઐરાવત ઉપર આરૂઢ થઈ તેની સામે ગયો તેઓ સૂર્ય અને હનુમાન હતા ત્યાં આવી પહોંચ્યા. રાહુ પ્રથમ સૂર્ય પાસે આવ્યો અને તેને પણ ફળ ધારી હનુમાન તેને પકડવા દોડ્યો. આ જોઈ રાહુ નાસવા માંડ્યો અને ઇંદ્રને પોતાનું રક્ષણ કરવાનું કહ્યું એટલામાં તો હનુમાન ઐરાવતને પણ ફળ ધારી તેને લેવા દોડ્યો ઇંદ્ર આથી ગુસ્સે થઈ વજ્રનો પ્રહાર તેને મારવો જોયો તે પર્વત ઉપર પડ્યો અને એની હડપચી એટલે હનુ ભાંગી ગઈ. આ જોઈ વાયુ ગુસ્સે થઈ પોતાના પુત્રને લઈ ને એક ગુફામાં ભરાઈ ગયો અને પોતાનો પ્રચાર બધેથી બંધ કર્યો. આથી ત્રણે લોકમા દેવ, અસુર અને મનુષ્ય સર્વે ખૂબ દુઃખી થઈ. દેવો પ્રજાપતિ પાસે ગયા અને તેને પ્રાર્થના કરી. પ્રજાપતિ બધા દેવો સાથે વાયુ હતો ત્યાં ગયા. હનુમાનને તેમણે પંપાળ્યો તેથી તે ફરીથી જીવિત થયો આથી પ્રસન્ન થઈને વાયુ પૂર્વવત વહન કરવા લાગ્યો સર્વે દેવોએ તેને વરદાન આપ્યાં. પછી બ્રહ્માએ કહ્યું કે હે વાયુ ! તારો વીરપુત્ર મારુતિ શત્રુને ત્રાસ ઉપજાવનાર અને

ધણો બળવાન થશે; તેની ગતિ કોઈ અટકાવી શકશે નહિ. એમ કહી સ્વસ્થાન પ્રતિ ગયા. પછી વાયુ પોતાના પુત્રને અંજની પાસે મૂકી આવ્યો. મોટો થતાં હનુમાન ઋષિઓને બહુ સંતાપતો તેથી તેમણે 'તું તારું બળ મોહવશ થઈ ભૂલી જઈશ. અને જ્યારે કોઈ તારી કીર્તિ તારી પાસે કહેશે એટલે જ ફરીથી બળવાળો થઈશ' એમ શાપ આપ્યો. તેને ઋક્ષરજસ વાનરના પુત્ર સુગ્રીવની સાથે ઘણી મૈત્રી હતી. તેણે સૂર્ય પાસેથી ઘણું ભણ્યો અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તે ઘણો વિદ્વાન અને મહાન તપસ્વી હતો. સીતાની શોધ માટે નીકળેલા રામ અને લક્ષ્મણને પણ તે સુગ્રીવના કહેવાથી ઋષ્યમૂક પર્વત પરથી લઈ આવ્યો. રામે સુગ્રીવને રાજ્ય મેળવી આપ્યા પછી ઠેકઠેકાણે વાનરોને સીતાની ભાળ કાઢવા મોકલ્યા હતા. તેમાં હનુમાનને, અંગદ ને બીજા વાનરો સાથે દક્ષિણ દિશા તરફ મોકલ્યા. ત્યાં મયદાનવે પોતાના ઉપભોગ સારુ બનાવેલી માયાથી ગુફામાં રહેતી મેરુસાવર્ણિની પુત્રી સ્વયંપ્રભાને મળ્યા. ત્યા વાનરો ફળ ખાઈ અને જળ પીને તૃપ્ત થયા પછી તેણીને તેમને ગુફાની બહાર કાઢવા વિનંતિ કરી. સ્વયંપ્રભાએ તેમને નેત્ર બંધ કરવાનું કહી એક ક્ષણમા ગુફાની બહાર સમુદ્ર પાસે લાવી મૂકયા. પાછા ફરવાની મુદત થઈ ગઈ છતાં સીતાની ભાળ લાગે તેમ હતુ નહિ. તેથી સર્વેએ ત્યા મરી જવાનો વિચાર કર્યો એવામાં સંપાતિ તેમને મળ્યો, તેણે સીતાની ભાળ આપી તેમને લંકા જવા કહ્યું, પણ સમુદ્ર કેમ ઓળંગવો એ વિચારમાં તેઓ પડયા. એ વખતે હનુમાનને સમુદ્ર ઓળંગવાનું કહી જાંબુવાને તેનાં બાળપણનાં પરાક્રમ યાદ કરાવ્યાં. આથી ઋષિના શાપ પ્રમાણે હનુમાનમાં વીરત્વ આવી ગયુ અને પોતાનું સ્વરૂપ ધારણ જ વધારીને કૂદ્યો. તેને મદદ કરવા સમુદ્રે મૈનાક પર્વતને ખુલ્લો કર્યો, પણ તેમને વિશ્રામ કરી થાક ખાવા ન બોલતાં તે આજ્ઞા કરી. રસ્તામાં અદ્રકદેવના કહેવાથી તેના બળની પરીક્ષા કરવા આવેલી રાક્ષસોને મહાત કરી અને લંકા પહોંચતાં પહેલા સિંહિકાને મારી નાખી; સંધ્યાકાળે લંકા પહોંચી, લંકાના રક્ષણ કરનારના પરાજય કરી તેણે અંદર પ્રવેશ કર્યો અશોકવનમાં જાણતાં તેણે ઉપવાસને લીધે કૃશ થઈ ગયેલી દુ:ખિત સીતાને જોઈ. પ્રભાત થતા ત્યાં રાવણ પોતાની સ્ત્રીઓ તથા દાસીઓ સાથે આવ્યો અને સીતાને પોતાની પત્ની થવા સમજાવવા લાગ્યો પણ તેણીએ તેનો તિરસ્કાર કર્યો. આથી રાવણ ગુસ્સે થઈ સીતાને કોઈ પણ રીતે વશ કરવાનું રાક્ષસીઓને કહી જતો રહ્યો. પછી રાક્ષસીના ત્રાસથી ત્રિજટા નામની વૃદ્ધ રાક્ષસીએ સીતાને બચાવી. તે વખતે હનુમાને સૂક્ષ્મ રૂપ ધારણ કરી રામના ગુણાનુવાદ ગાવા માંડયા અને પોતાને શા માટે મોકલ્યો છે તે પણ કહ્યું. સીતાના કહેવાથી તે તેમની સમક્ષ પ્રગટ થયો. પણ આ રાવણ હશે તેવો વહેમ સીતાને આવવાથી તેણે રામની વીંટી સીતાને આપી. પછી સીતા પાસેથી સમાચાર લઈ અને નિશાની તરીકે તેનો ચૂડામણિ લઈ તે વિદાય થયો. પણ જતાં પહેલા અશોકવાટિકામાં ઘણું નુકસાન કર્યું. તેને પકડવા આવેલા રાક્ષસોને પણ હરાવ્યા. આથી રાવણે પોતાના એક પુત્રને મોકલ્યો, તેને પણ માર્યા આથી ગુસ્સે થઈ ઇંદ્રજિતને મોકલ્યો; તે હનુમાનને બ્રહ્માસ્ત્રથી બાંધી રાવણના દરબારમા લાવ્યો, ત્યાં હનુમાને બહુ ઠપકો રાવણને બોધ કર્યો. તેને મારવાના હેતુથી તેનું પૂછડું સળગાવ્યુ. હનુમાને લંકામાં ઘણે સ્થળે આગ લગાડી. પછી અરિષ્ટ પર્વત ઉપરથી કૂદી પાછો મહેંદ્ર પર્વત ઉપર આવ્યો. ત્યાં જાંબુવાનને તેણે સર્વ હકીકત કહી સભળાવી. પછી બધા રામ પાસે આવ્યા, ત્યારે જાંબુવાને રામને સઘળી હકીકત જણાવી હનુમાને સીતાએ આપેલ ચૂડામણિ રામના ચરણમાં મૂક્યો ઘવાયા પણ વખતોવખત હનુમાને બચાવેલા વાનરોને ઉપચારાર્થે ઋષભ પર્વત ઉપરથી ઔષધિ લાવીને, લક્ષ્મણને શક્તિ વાગી તે વખતે પ્રાણનેમીનો વધ કરીને અને દિવ્ય ઔષધિ લાવીને ઘણી ઘણી સેવા ઉઠાવી. રામનો રાજ્યાભિષેક થયા પછી પણ હનુમાન તેમની સાથે જ રહ્યા. તેણે રામને પોતાની સેવાથી પ્રસન્ન કર્યા, રામે તેને બ્રહ્મવિદ્યા શીખવી રામચંદ્ર નિજધામ જતા હતા તે વખતે હનુમાન સાથે જવા લાગ્યા. તેને એમણે 'આ કલ્પના અંત સુધી તારે આ ભૂમિ ઉપર રહેવું' એવી આજ્ઞા કરી. હનુમાન બહુધા હિમાલયના ગંધમાદન શિખર ઉપર રહે છે કોઈ કોઈ વખત કિંપુરુષ વનમાં રહે છે, એણે એક રામાયણ લખ્યું છે જે હનુમાન નાટક નામે પ્રસિદ્ધ છે. જાગ્રતમાં કહ્યું છે કે, એ સતત ભક્તને રામકથા કહેવાથી છે તેણે લંકા બાળી હોવાથી તેને લંકાદાહી તેવુ નામ આપવામા આવ્યું છે. આ ઉપરાંત તેને મરુત્પુત્ર, મારુતિ, આંજનેય, વીરવર, રુદ્રવપુનિ વગેરે બધાં નામોથી ઓળખવામા આવે છે. તે ભીમનો ભાઈ કહેવાય છે. કેમકે, તે બંને વાયુપુત્ર હતા તેના પુત્રનું નામ મકરધ્વજ હતું. તે રાક્ષસનો અવતાર મનાય છે. તે એક વિદ્વાન વ્યાકરણકર્તા મનાય છે તેને કાળું મોઢું, ભમર ઉપર જટા અને બરછટ વાળ, નાનુક બદન અને લાંબી પૂછડી હોય છે. તે વજ્ર બાંધતા હતા ને ગરુડની માફક કૂદી શકતા હતા. આ દેવની અસ્પષ્ટ મૂર્તિને સિંદૂર, તેલ, અડદ ને આકડાના ફૂલની માળાથી પૂજન કરાય છે. આ રક્ષક અને આયુષ્ય વધારનાર દેવ ગણાય છે. તેને યુવાન ને ચિરંજીવ જણાવ્યા છે તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે

> હનુમાન હડીઓ કાઢે તેનુ ઘર ખાલી અમ, પાયમાલ; કરી મહા મિલકત ન હોય તેનુ, ઘરમાં જ્યારે ખાવાપીવાનુ કે મહામિલકત કે કાંઈ જ ન હોય ત્યારે કહેવું કે એના ઘરમા હનુમાન હડીઓ કાઢે છે

હનુમાનકવચ ન. હનુમાનની પૂજનનો મંત્ર.

હનુમાનકૂદકો પું. લાંબુ કૂદવું તે; હનુમાનના જેવો લાંબો કૂદકો; 'લોંગ જંપ'

હનુમાનજયંતી સ્ત્રી. એ નામનો એક ઉત્સવ. તે ચૈત્ર સુદિ ૧૫ ને દિવસે ઉજવાય છે

હનુમાનજીનું પૂછડું (હનુમાનજીનુ પૂછ્ડું) સ્ત્રી. એ નામની એક રમત; ઘંટી ખીલડો.

હનુમાન તોડી (હનુમાન તોડી) પું (સંગીત) ભત્રીશ રાગોનો સોળમો રા.ટ; જેમા તેમાં રિષભ-રે, ગાંધાર-ગ, ધૈવત-ધ અને નિષાદ-નિ એ સ્વરો કોમળ અને બાકી બે શુદ્ધ સ્વરો શુદ્ધ આવે છે

હનુમાનધારા ૧. [સં] પું. મંદાકિની નદીને સામે કિનારે આવેલ એ નામનો એક મોટો કુંડ. તે કુદરતી પ્રદેશ છે. ત્યાં ભયંકર ગીચ વન આવેલું છે તેમા ભયંકર પ્રાણીઓ જેવાં કે વાઘ, ચિત્તા, ભૂતાદિનો સમાવેશ થાય છે તે ટેકરીના પાછળના ભાગમાં સાધુ સંતોની ગુફાઓ આવેલી છે. ત્યા રસ્તાઓ એટલા તો ભૂલભૂલામણીવાળા અને અટપટા છે કે અજાણ્યા માણસો જાય તો તેઓ ચોક્કસ ભૂલા પડી જાય તેવો સંભવ રહે છે હનુમાનધારાનો કુંડ ચડતાં તેના બંસોથી પગથિયાં આવે છે. તેના ઉપર હનુમાનજીનું મંદિર છે. કહેવાય છે કે, જ્યારે સીતાજી ચિત્રકૂટ તરફ પ્રયાણ કરતાં હતાં ત્યારે તેઓએ ત્યાં ભોજન બનાવીને વિશ્રામ કરેલ અને આ વાતના સ્મરણના અનુસધાનમા ત્યા નાની અને સુંદર પર્ણકુટી બધાવેલ છે

૨. સ્ત્રી. હનુમાનજીના મોંમાથી નીકળતી પાણીની ધારા. ગિરનાર ઉપર શેષાવનમાં હનુમાનજીની મૂર્તિ છે તેના મોંમાથી અખંડ

પાણીની ધાર ચાલે છે તેથી તે તીર્થને હનુમાનધારા કહેવામાં આવે છે

હનુમાનસ્તોત્ર ન હનુમાનની સ્તુતિરૂપ કવનો એ નામનો એક પાઠ, હનુમાનનું એ નામનુ એક રતવન. શિવમહિમ્ન જેમ શિવનો મહિમા ગાય છે, ચંડી જેમ માતાનુ સ્તવન ગણાય છે તેવી જ રીતે હનુમાનસ્તોત્ર હનુમાનનો સ્તુતિપાઠ મનાય છે

ભૂતાદિકનો વહેમ લાગે તો નારાયણ કવચ અથવા હનુમાનસ્તોત્રનો જપ કરવો
મુ. સા પરિષદ

હનુમાનિયું વિ. ખૂબ તેલ ચોળનાર

હનુમુંઢ ન. લગભગ ગોળ માથાવાળુ હનુમૂટનુ પાછલું શિખર. તે કપાલશિખ ઉપરના હનુસંધિપ્રદેશમા રહે છે. ત માથાની નીચે આવેલા, સાંકડા ભાગની આસપાસ હનુસંધિના સ્નાયુકોષ વીંટળાયેલો છે. તેની અંદરની બાજુ પર હનુમૂલકર્ણ ની ઉત્પન્ન નામની પેશી લાગેલ. છે

હનુવટી સ્ત્રી. દાઢીની કિનારનો ભાગ; હડપચી, જ્યાં દાઢી ઊગે છે તે નીચલા જડબાનો ભાગ.

હનુવો પુ હનુમાન

હનુસંધિ પુ હનુમડાના બને છેડાઓ ઉપરથી નીકળતું ચોખંડા પ્રવર્દનક; હનુકૂટ. દરેક હનુસંધિમાં નીચે મુજબ ભાગ છે: (૧) હનુમુક્તવેષ્ટન સ્નાયુકોષ, (૨) હનુમુડબાહ્ય સ્ન.પુ, (૩) હન્વત પાર્શ્વસ્થ સ્નાયુ અને (૪) શિરા હનુ કોષિકૂટ. દરેક બાજુએ રહેલા આ સ્નાયુઓ બા.જી મ રાષેશીઓ સ.થે મળીને આ સંધિની વિવિધ ગતિઓ ઉપજાવે છે નીચલું જડબું, એક બાજુ ઉપર અથવા કોઈ વાર બને બાજુઓ ઉપર ઊતરી જાય છે મોં ખુલ્લું કોય, ત્યારે હડપચી ઉપર આઘાત થતાં અંદર જોસથી અથડાતું બાતાં નીચલા જડબાનું માથુ-હનુમુડ-તેને રહેવાના, શખાસ્થિ ઉપરના આડામાંથી-રચાલકમાંથી બહાર નીકળી જાય છે આ સ્થિતિમાં હનુકોષોને બને હાથના અંગૂઠા વડે જોસથી દબાવવા અને આંગળીઓ વડે હડપચીને ઊંચે લાવવી, એટલે હાડકું પાછું બેસી જશે. આ સંધિ, કાનની અત્યંત નજીકમા હોવાથી તેના રોગોની કાનની ઉપર અને કાનના રોગોની તેના ઉપર અસર થાય છે.

હનુસ્તંભ પું. વાયુ કોપ કરી હનુવટી કે દાઢીનો સ્તંભ કરે છે અને મોઢુ ફેરવી પકડી રાખે છે અથવા મોઢુ વાંકા જેવુ કરે છે તે વાયુરોગના ૮૦ માંહેનો એક પ્રકાર; નીચલા જડબાનુ સજ્જડ બંધ જવું તે.

હનો ૧ પુ ઘોડેસવારની ચીજ રાખવા માટેનુ ઘોડાના પલાણમાંનું બાનું; ઘોડાના પલાણ ઉપર નાખવાનો બડિયો; પોટલિયો

૨ પુ સનો, જેન; ક્રમ.

૩. પુ સ્મૃતિ કે સભારણ આપનુ તે
હનો આપવો-લગાડવો-લાગવો = સ્મૃતિ કે સભારણ આપવુ.

હનુ ૧. પુ. ઢોર જેવુ મનુષ્ય; હેવાન માણસ
૨. ન. એક જાતનું જનાવર.
૩. વિ હલકા કસનાર, નાલી નાખનાર, ઘાતક તે સમાસને અંતે પ્રયોજાય છે. જેમકે, વૃક્ષહનુ
૪. સ ક્રિ મારવુ તે.

હનુ સ્ત્રી. ઘોડાના સામાનના ચામડાના કાકાના બાજુના તાજ જેવી નોખ

હપ ૧ [હિ] પુ. એવા અવાજ સાથ અકદમ ગળ ઉતારી જવુ કે બાવુ તે; હપ
હપ કરવુ-કરી જવુ = બાકી જવુ; હપ કરી જવુ, ગળે ઉતારી જવુ
૨ બ ક્રિ. એ અવાજ સાથ

હપતાવાર અ. હપતા પ્રમાણે

હપતે હપતે ૧. અ. ધીમે ધીમે, કકડે કકડે
૨. અ હપતાથી, કાપ.થી

હપતો ૧. [સં. હપ્તા (આઠવાડિયું)] પુ આઠવાડિયું. સપ્તાહ.
૨. પું સરકારી મહેસૂલ કે કર
૩. પું. હપતો; કાપુ; કકડે કકડે રકમ ભરવી તે, થોડે થોડે પૈસા ભરવા ઠરેલી મુદત કે તે તે મુદતે ભરવાની રકમ
૧. હપતો કરવો-બાંધવો = ભરણુ ભરપાઈ કરવા માટે હપતા નક્કી કરવા
૨ હપતો પડવો = ઠરાવેલી મુદતે નક્કી કરેલી રકમ કે ભાગ ન ભરવો
૩. હપતો ભરવો = ઠરાવેલી મુદતે નક્કી કરેલ પૈસા ભરવા; ઠરાવેલ હપતા પ્રમાણે નાણાં કે ભાગ ભરપાઈ કરવો

હપાણી ૧ સ્ત્રી. સેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનુ

હપુષા [સં.] ન. શેરણીનું ઝાડ; એક જાતની વનસ્પતિ. કાટાળાં પાંદડાવાળો અને કાળાં બોર જેવાં ફળ ધરાવતો બારમાસી જેવો છોડ; પણોસવી. જિન નામનો દારૂ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

હપેંચ વિ મજબૂત; ભેગું; સપેચ.

હપ્તાજેબ સ્ત્રી એક મિશ્ર ધાતુ, તાલીકૂન રહસ્યોતિયાને બદલે આ ધાતુ બાકીની છ ધાતુમાંથી બનાવે છે. કોઈ તેને 'તાલીકૂન' કહે છે અને કોઈ તેને બનાવટી તાલુ કહે છે

હપ્તહજારી [ફા] સ્ત્રી. સાત હજાર સૈનિકોનુ આધિપત્ય

હપ્તાપદ્ધતિ સ્ત્રી હપ્તાથી ચીજ વસ્તુ ખરીદ કરવાની લગભગ બસો સાંઠા વખતથી ચાલી આવતી પદ્ધતિ. આ પદ્ધતિ મેળ રળનાર લોકોએ પ્રથમ આ ચરણમાં મૂકી છે અહુ ભાગે પોશાક અને ઘરનિગરની વસ્તુઓ આ પદ્ધતિથી પૂરી પડાય છે અને કરજ પૂરું થઈ જાય ત્યા. સુધી હપ્તે હપ્તે રકમ ભરવાની હોય છે એજન્ટો અને પ્રચારકોએ પણ આ પદ્ધતિ અપનાવી છે.

હપ્તી ૧. સ્ત્રી પત્રખાની એક જાત; એક જાતના વાસણીવાળા બૂટ.
૨. સ્ત્રી. પ્રકરણ

હપ્પા ૧. [હિ] પું. નરમ ખોરાક; બાળકનો ખોરાક
૨. પુ. બાળકને બોલાવવું બોલાવતાં હોસલાવવાનો શબ્દ
હપ્પા કરવુ = બોલવુ

હફ અ હપ્તાવેથી, ધીમેથી.

હફતો ૧. [ફા. હફ્તહ] પું કકડે કકડે રકમ આપવી તે.
૨. પું સપ્તાહ; અઠવાડિયુ
૩. પું સરકારી મહેસૂલ
૪. પુ હપતો, કાપુ; થોડે થોડે પૈસા ભરવા ઠરેલી મુદત કે તે તે મુદતે ભરવાની રકમ.

હફરું વિ. સારુ.

હફસી પું સીદી, હબસી; આબિસિનિયા દેશનો વતની

હફસેજ સ્ત્રી. સીદ્દપ.

હફારઝાટ ૧. પું. આગળ પહતો મોટો ભાગ; દેખાઈ આવતો ઘાટ; નજરે આવે તેવો ઘાટ
૨ વિ. સહેજ મોટું.

હફાવવું સ ક્રિ. થકાવવું

હફાળ વિ.,ફળવુ

હફુકપોળી ૧. સ્ત્રી. એ નામની એક દેશી રમત
૨. સ્ત્રી. એકદમ ગળે ઊતરી જાય એવી પૂરી

હફૂસ [પો. હાફૂસ; આફૂસ] સ્ત્રી. રેસા રહિત મરની કેરી. આલ્ફોન્સો નામનો પોર્ટુગીઝ

અમેરિકથી રેસા રહિત ગરની કેરીનુ બીજ-ગોટલો લાવ્યો અને તે મુખાઈ, માલિકની આસપાસ વાવીને આબા ઉછેર્યા. એ આંબાનુ ફળ તેના નામ ઉપરથી આફુસ કે હાફુસ કહેવામુ.-અલ્ફાંસો મુખ્યત્વે, પરામાં અને આસપાસ 'આફુસ'નો પાક સૌથી સારો થાય છે વલસાડ, દમણ ને સુરત તરફ પણ આફુસ મીઠાશમાં, સુવાસમાં ને શરીરમાં જેમ ઉત્તમ છે તેમ તેનું ફળ ચીમળાયા છતાં પણ ઝટ બગડી કે બેસ્વાદ થઈ જતુ નથી

હુદ્રત [ફા.] સ્ત્રી. સાત, સપ્ત

હુદ્રતગાઝી સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ આ તોપનું નામ હદ્રતગાઝી છે. એદરના કિલ્લાના એક બુરજ પર તે મૂકેલી છે. તે અલી બરીદશાહના મમય વિ. સ હુબ્બામાં તૈયાર થઈ એક તેન ફુટ લાંબી અને ચૌદસ ફુટના ઘેરાવા ગ છે એક પંચરંગ લીસા રંગની છે અને ઝીણી ગ્રહકિત બની છે કે તેમ, કલસાન પોતાનો ચહેરો જોઈ શકે છે આ તોપ ગોલકુાબાદ અને બીજાપુરની તોપોની સ્પર્ધાની છે. એના પર ફારસીમા નીચેની ઇબારત કોતરેલી છે: "બુદાર્ઈ કારખાનાની વિચિત્ર નિશાનીઓ પૈકીની એક આ શાહી તોપ છે, જે ખાસ હજરત નવ્વ હમામુ અકરમઅલી બાદશાહની સોબેસી છે વિ. સ. હુબ્બ (ઈ. સ. ૧૫૬૯)માં તૈયાર થઈ." "ગોળો ૧૦ રૂ મણ, બારૂદ ૨ રૂ મણ એનાથી વધારે કરવા ધારો તો જાજ વડે ફાસીને દશ શેર વધારે કરી શો."

હુદ્રતે હુદ્રતે [ફા] અ. ક્રિ. ક્રિ. ધીમે ધીમે.

હુદ્રતો જુઓ હુબતો

હુબ્બ ૧. પુ. રાજાઓ.

૨. ન તરબૂચ

૩. [અં] ન. સાકરકંદનો એક ભાગ.

સાકરકંદના પાકેલા ચકરના હુબ્બા કાઢવા કામ લોકકામ કરી, સફાઈદાર કામ કરવાનુ છે

ગૃહવિજ્ઞાન

૪. બ ક્રિ. બરોબર.

હુબ્બક ૧. પું ઢાળવામાં જર્મનીનો ધોળો રંગ આવે છે તે.

૨. [અ. હુબ્બત (બીક)] સ્ત્રી. બીકથી મનને લાગતો ઓચિંતો આઘાત; મોટી ધાસ્તી પડી જવી તે; ધ્રાસકો; ફાળ, દહેશત; ગભરાટ; સખ્ત બીક

હુબ્બક બાવી–લાગવી = ત્રાસી જવુ; ચોંક કે ધ્રાસકાની નઠારી અસર થવી; ગભરાઈ જવાવુ.

૩. સ્ત્રી. સુસ્ત; બહુ દિવસ બાધા પછી વસ્તુનો બગાડ થવો તે.

હુબ્બકવું ૧ અ. ક્રિ આશ્ચર્ય પામવુ; નવાઈ લાગવી

૨ અ. ક્રિ છોછોછ ભરાઈ રહેવુ; હીબકવુ

૩. [અ. હુબ્બત (બીક)] અ ક્રિ. બીક અથવા ગભરાટથી ચોંકવું; ધ્રાસકો પડવો કે બાવો; હિમત તૂટવી; ગાત્ર શિથિલ થવાં; બીવું; ઝબકી જવુ, હબકી જવું; ફાળ પડવી; ઓચિંતા અકસ્માન થવો

૪ અ ક્રિ. ભડકવુ.

૫. અ ક્રિ. ગભરાઈ જવુ.

હુબ્બકાવવુ ૧ [અ હુબ્બત (બીક)] સ. ક્રિ. અકસ્માત પમાડવુ.

૨ સ. ક્રિ ગભરાવવુ; બિવડાવવુ; હબકાવવું; ધ્રાસકા બાવ પેદા.

૩ સ ક્રિ. ભડકવુ

હુબ્બકાવું અ ક્રિ. હબકવુ, ચોંકવુ; હબકો લાગવો; ગભરાટ પડવો

હુબ્બવું અ ક્રિ (જુ પ્રા.) બલકાવું.

બીજે દિવસે પ્રભાતે હબ્બ્યો.
નિસુણી ચોર હિમાસ્યું હુબ્બ્યો

આનંદકાવ્યમહોદધિ

હુબ્બશાહ [અ. હુબ્બશી (આબિસિનિયાનો રહેનાર)] સ્ત્રી હબ્બસીની સ્ત્રી; આબિસિનિયાની કાળી સ્ત્રી; સીદ્દણ

હુબ્બશી ૧. [અ.] પું. આબિસિનિયાનો કાળો માણસ; સીદી; આફ્રિકનો વતની.

હુબ્બશી મૂઠ = (૧) છોડાવી છૂટે નહિ તેવી મજબૂત મૂઠ. તે ઉપરથી ભમતી અને હીલા માણસને વિષે બોલતાં વપરાય છે. (૨) જરા યે ખર્ચ ન કરનાર.

૨ પું. ગુલામ.

૩ સ્ત્રી. મહારાષ્ટ્રમાં થતી એક જાતની અંજીર.

હુબ્બશીણ સ્ત્રી. સીદ્દણ

હુબ્બસ ૧ [અ.] સ્ત્રી કેદ

૨. સ ક્રિ. તોફે અટકાવ્યો

હુબ્બસણ ૧ સ્ત્રી. સીદ્દણ; હબ્બસીની સ્ત્રી

૨ સ્ત્રી. હબ્બસા જાતિની સ્ત્રી

હુબ્બસી ૧ [અ. હબ્બશી] પું. સીદી; આફ્રિકનો વતની. દક્ષિણનાં સંસ્થાનોના વિકાસની પાછળ એક કલંક કથા પણ પડેલી છે. આ સંસ્થાનોના જંગીનદારો જહાજોમાં બેસી દૂર દૂર આફ્રિકના અંધાર ખડમાં જતા અને બહુની અણીએ સેંકડો અને હજારો હબ્બસી ગુલામોને પકડી આણીને પોતાનાં ખેતરો પર દિનરાત કામે મજૂરી કરાવતા. ખેતીઓમાં જકડીને આ ગુલામોને બર બજારે કોર્ટ ઢોરઢાંખર કે અન્ય બીજાની પેઠે વેચવામા આવતા તેમને ખરીદનાર માલિકને ગુલામ પર સર્વ સત્તા મળતી. તેનુ જીવન મરણ માલિકની મરજીના રહેતુ ગુલામની પીઠ પર ચાબુક સુસવાટો લોહીની ધાર રેલાતી. એક કાળો ચિત્કાર ઊઠતો અને ગુલામ નીચી મૂંડીએ કામ કરતો. કેટલો ગુલામો તો જહાજ પર રસ્તામા જ મૃત્યુ પામતા. દક્ષિણનાં સસ્થાનોની સમૃદ્ધિનો ઇતિહાસ આવો લોહીભીનો છે

અને હબ્બસી ને સુરખા કાળા,
શત બજારી ને કોડિયા કાલા

લોકોક્તિ

૨. સિ. આબિસિનિયા દેશનુ

હુબ્બસી અંગૂર સ્ત્રી. એ નામની અંજૂરની એક જાત. તે રંગે તદ્દન કાળી ને બહુ જ સ્વાદિષ્ટ હોય છે

હુબ્બસી મૂઠ ૧ સ્ત્રી. ખોટો મતાગ્રહ કે હઠ.

૨. સ્ત્રી. છોડી છૂટે નહિ એવી મૂઠ.

હુબીબ ૧. [અ.] પું. પ્રિયજન.

૨. પું. મિત્ર.

હુબુટી સ્ત્રી. (બીજી) ગરોળી.

હુબૂક અ. ઝટ મોંમા મૂકી ગળે ઉતારી જવુ.

હુબૂકપોળી સ્ત્રી માતા બાળકને રમાડતાં ચાટો ભરતાથી નીચે મુજબ બોલતી એક બાળરમત. ચાટાપોળી, બીગોળપોળી, બાર્ઘના મોઢામાં હબૂકપોળી. ચાંદા ચાંદા, બી ગોળ માંદા, દહીં કે દૂધડી, માખણ કૂદડી, બાર્ઘના મોંમાં હબૂકપોળી

હુબૂબ સ્ત્રી. બાબ; બાબત; બેતરી.

હુબૂબનીલ સ. કાળા દાણા; એક જાતની ઘાના કાળા દાણાને હબૂબનીલ પણ કહે છે. તે બીજને સારી પેઠે ખૂદી તેની ભૂકી મોન ૩૦ થી ૪૦ ગ્રામ ને પાણી સાથે ઉકાવવામાં આવે છે

હુબેહું ન. બાડાની પોંસરીનો ભાગ.

હુબેશ વિ. ધબ્બુ, પુષ્કળ.

હુબેસવું અ ક્રિ બારવાહા યંત્રથી બારે દાણીનો ઉપાડવો

હુબોલો શબોલો પું. બારબોનો ખુશાલીનો એક ઉદ્ગાર

બાપણા બામમા બોલ્યા હુબોલો શબોલો બોલતા નીકળે છે ઈ બારબો. ત્રિભુવન

હુબ્બ [અ.] સ. ક્રિ. તે ચાહતો હતો. ઉપરથી બનેલા શબ્દો: હબીબ = મિત્ર, મહબૂબ = (૧) પ્રેમપાત્ર, (૨) પ્રિયા. એહબાબ = મિત્રો, મુહબ્બ = પ્રેમી, બાશક. મોહબ્બત = પ્રેમ.

ઉભ્યુ ૧ જી કેનેરા તરફ રહેતી એક જાત તે ખેતીનો ધંધો કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું

ઉમ્બલ [ફા] ન. (વનસ્પતિ) નર

ઉમ્બા [અ.] પુ. આબિસિનિયાનો મુલક.

ઉમ્બશી [અ.] પુ. આફ્રિકા અથવા આબિસિનિયાનો વતની.

ઉમ્બરો પું. ઉમ્બર

ઉમ્બરાદુ વિ સબ્જ; હાલો

ઉમ્બાબુ ન. એક પ્રકારનું ઝાડ. મોરખ ઝાંખલીને આરબ લોકો ઉમ્બાબુ કહે છે

ઉમ્બીરાઈ જી. સબીરાઈ, ગરીબાઈ; આજીજી

ઉમ ૧ [હિં.] પું. ગુસ્સો બતાવનાર શબ્દ.
૨ પું ઠાઉ; નાનાં બાળકોને ડરાવવાનું એક કલ્પિત સાધન
૩. સ અમે; ઉમે
૪ વિ એકસરખું.
૫. વિ. પરસ્પર
૬ અ. વળી.
૭ (ફા.) અ. સમાન કે સાથે એવો અર્થ બતાવનો એક પૂર્વપદ જેમકે, ઉમદર્દ, ઉમદિલ

ઉમઉમ્ર [ફા.] વિ. સરખી ઉમરનું; સમાન વયનું

ઉમક જી. ઊલટ; મનની મુરાદ; આશા, હામ

ઉમકલામ [ઉમ (એકત્ર) + કલામ (શબ્દો)] વિ પ્રભુ ભોજનમાથી અરસપરસ પ્રસાદ લેનાર તથા દેનાર

ઉમકાર ૧. [અ.] પું. (જરથોસ્તી) અમેશાસ્પદને મદદ કરનાર ફિરસ્તો
૨. પું. ધર્મદારી ભાઈ
૩. પુ. હાથકાત ધરાવતો ધર્મગુરુ; જરથોસ્તી ધર્મગુરુ.
૪ પું હાથકાત ધરાવનાર ધર્મગુરુઓ માટેનું જનોઇ, ઉમકારસાય
૫. [ફા.] વિ. એક જ જાતનો ધંધો કરનાર.

ઉમકારસાય પું (જરથોસ્તી) હાથકાત ધરાવનાર ધર્મગુરુઓ માટેનું જનોઇ તેને ઉમકાર પણ કહે છે. આ શબ્દ નવસારીમા વપરાય છે

ઉમકારો ૧ પું (પારસી) દિવસ.
૨. પું પારસી લોકોની જાતનું નામ

ઉમકિસ્મ [ફા.] વિ એક જ જાતનું

ઉમઠી પું. ભઠ્ઠો.

ઉમકોમ [ફા.] વિ એક જ જાતિનું

ઉમચી ૧. પું. કૂદડીએ ફરતાં નાચ કરે એમ મનાય તેવો એક રાસ; ઉમચડી પ્રાચીન કાવ્યોમા આવો રાસ હોય છે.
૨. પું રાસનો એક પ્રકાર
૩. જી કૂદડીએ ફરવું તે; ગાતા ગાતાં માથાને ઊંચુંનીચું કૂદડી લેવી તે; તાનમેર આમતેમ ફરવું તે; મહાલવું તે.
ઉમચી ખૂંદવી = (૧) કૂદવું કે કૂદડીએ ફરવું. (૨) ઠપકા પ્રપંચ; થોડો ખૂંદવો (૩) ધોંગાણ કરવું. (૪) રાસડા લેવા
૪ જી ઓજારનું ટોચકું નવરા બેસી કાષ્ઠ મરકરીના દાંત કાઢે તે

ઉમચ્યો પું. ઘણા બેસા મળી કુલાકૂદ કરે તે તાળામાં ઉમચ્યો ઉમચ્યો એમ બોલે છે

ઉમજાત ૧ જી સ્વજાત
૨ [ફા ઉમ (એક જ) + જાત (કોમ)] વિ. એક જ જાતિનું; પોતાની જાતિ કે વર્ગનું
૩ વિ સમધર્માચારનું
૪ વિ સમવયસ્ક

ઉમજાતિ ૧ [ફા ઉમ (એક જ) + જાતિ (જાતિ)] પુ જાતિબંધુ.
૨. જી. સ્વજાતિ

ઉમજાનાં [ફા.] વિ એક જ પંચનું

ઉમજાદ [ફા.] વિ સાથે જ જન્મેલાં; જોડિયા

ઉમજાં મ અંકુ., પ્ર અકૂપા જ ઉપજ., અત્યારે; અહિનું; વખતે; હાલ; આ સમે; થોડા જ વખત પર; હાલમાં; વિદ્યમાન કાળે; સાંપ્રત
૧ ઉમજાં ક્યાં પડ્યા છો = (૧) કોને ત્યાં મુકામ રાખ્યો છે (૨) હાલ ક્યા નોકરી છે
૨. ઉમજાં જ = એકદમ; તુર્ત, જલ્દી, તત્કાલ

ઉમજે અ. ઉમજાં; થોડી વાર ન; હાલ; હાલમા

ઉમત [સ સુ + મતિ] જી સમત; સુમતિ: સુ-મતિ; સારી બુદ્ધિ; સારો વિચાર

ઉમદ ૧ જી ઈશ્વરની સ્તુતિ; ખુદાની બંદગી, પ્રાર્થના
૨. સ.ક્રિ. (ધાતુ) તેણે સ્તુતિ કરી આ ધાતુ ઉપરથી બનેલા શબ્દો. ઉમીદ = સ્તુતિપાત્ર, હામિદ = સ્તુતિપાત્ર, ઉમીદા = ઉમીદની નારી જાતિ, એહમદ = ઉમીદનુ શ્રેષ્ઠતાદર્શક રૂપ, મુહમ્મદ = સ્તુતિને યોગ્ય, મહમૂદ = સ્તુતિ કરાયેલો.

ઉમદન ૧ જી આરબોની એ નામની એક કોમ
૨. ન એ કોમનું માણસ
૩. વિ. એ કોમનુ.

ઉમદમ ૧. [ફા.] પું દિલોજાન દોસ્ત
૨. વિ ખાનગી
૩. વિ. સાથે શ્વાસ ભરનાર.

ઉમદર્દ ૧ [ફા. ઉમ (સરખું) + દર્દ (દુઃખ)] ન. પોતાનું દુઃખ; જાતનું દુઃખ.
૨. વિ એકરૂપ.
૩. વિ. દુઃખીના જેટલું દુઃખ અનુભવનાર; લાગણીવાળું. સહૃદયી; સમજાવી, બીજાના દુઃખે દુ ખી; સમાન દર્દવાળુ.

ઉમદર્દી ૧. [ફા] જી. દિલસોજી; સમભાવના; અનુકંપા; બીજાના દુઃખની દાઝ; સહાનુભૂતિ; લાગણી.
૨. વિ અનુકંપાવાળું; લાગણીવાળું

ઉમદામ [ફા.] વિ એક જ કીમતનું; સરખા મૂલ્યનુ.

ઉમદિલ ૧ ન. મિત્ર
૨. [ફા. ઉમ (સમાન) + દિલ] વિ એક જ વિચારનુ; સમાન વિચારનુ.

ઉમદિલી ૧ [ફા.] જી દિલસોજી; સહાનુભૂતિ
૨. વિ. એક દિલનુ

ઉમદીન ૧. [ફા. ઉમ (એક જ) + દીન (ધર્મ)] પુ. ધર્મબંધુ.
૨. વિ એક જ ધર્મનુ, સ્વધર્મી; સમાન ધર્મ પાળનાર

ઉમદીનબંધુ પું ગરીબ તરફ દિલસોજી બતાવનાર માણસ

ઉમનબ્બરદ [ફા] પુ પ્રતિસ્પર્ધી; દુશ્મન

ઉમપિયાલા ૧. [ફા] પુ. દિલજાન દોસ્ત.
૨. વિ એક જ પ્યાલામાથી પીનાર
ઉમપિયાલા ને ઉમનિવાલા = એક જ પ્યાલામાથી પીનાર તથા એક જ થાળીમાથી ખાનાર; સાથે ખાનાર પીનાર ગાઢ મિત્ર

ઉમપ્યાલા [હિં] પું સાથે પ્યાનાર પીનાર; મિત્ર

ઉમપ્યાલો પુ. જોખે ઉપાડવો હોય તેનો બન્ને તેને ઉત્સાહિત કરવા વપરાતો શબ્દ

ઉમમઝહબ ૧. [ફા] પું ધર્મબંધુ
૨ વિ. એક જ ધર્મનુ.
૩. ન. એકરૂપ.

હમરાઈ ૧. સ્ત્રી. અભિમાન; હુંપદપણું; શેખાઈ.
૨. સ્ત્રી. સમતા; બરોબરી; સોબત.

હમરાહ ૧. [ફા.] પુ. સાથે મુસાફરી કરનાર; સંગતી.
૨. વિ. મદદગાર.
૩. અ. સાથે; સામેલ.

હમરીત પું. (પારસી) મૂડદાના સંબંધમાં આવેલો માણસ.

હમરૂહ ન. કપડાની એક જાત.

હમલ ૧. [અ] પું. ગર્ભ; ઓષધન; ગર્ભાવસ્થા; હમેલ; મહિના.
હમલ ગિરિફ્ત કરવું = (૧) કબજો કરવો. (૨) ગર્ભ રહેવો. (૩) પકડવું.
૨ પું. ભાર, બોજો.
૩ સ્ત્રિ. (પ.તુ) તેણે ઉંચકયું. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: હમલ = (૧) ગર્ભ. (૨) ભાર; બોજો હમ્માલ = ભાર ઉંચકનાર; મજૂર. હામિલા = ગર્ભવતી સ્ત્રી. એહતિમાલ = સહનશીલતા. તહમ્મુલ = સહનશક્તિ.

હમલદાર વિ. ગર્ભવાન.
હમલદાર થવું = ગર્ભ ધારણ કરવો.

હમહલ સ. ફોજ; લશ્કર.
હમાચિમ કે લિખાટ હમહલ. હરિરસ

હમવતન [ફા.] પું. એક જ દેશનો વતની; દેશબંધુ

હમવતની ૧. પુ. એક જ દેશનું રહીશ.
૨ વિ. એક જ મૂલ્કવતનવાળું.

હમવાર ૧. [ફા.] સ. સપાટ; 'લેવલ'.
૨. વિ પ્રસન્ન.
૩. વિ. સરસ

હમશરીક ૧. [ફા. હમ (સહ) + શરીક (ભાગીદાર)] પું. ભાગીદાર; સહાધ્યાયી.
૨. વિ. સાથેનુ.
૩. અ હાજર

હમશહરી ૧. [ફા.] વિ. એક શહેરનુ વતની; શહેરીબંધુ.
૨ વિ. સ્વદેશી.

હમસાઈ [ફા. હમસાયા (પડોશી)] વિ પડોસનુ

હમશીર [ફા.] વિ એક જ ધાવણનું.

હમસ્તગેહાં ન. (જરથોસ્તી) તપોભુવને; પુણ્ય અને પાપ સરખાં હોય એવા મરી ગયેલ માણસના આત્માને પાપના પસ્તાવા તથા પ્રાયશ્ચિત્તરૂપ દુઃખ વડે સ્વર્ગને લાયક બનાવવાનું સ્થળ.

હમસફર [ફા.] વિ. સાથે મુસાફરી કરનાર.

હમસાયા ૧. [ફા.] પું. એક છાયામાં રહેનાર આદમી; પડોસી.
૨. વિ. આશ્રિત.

હમસિન [ફા.] વિ. સરખી ઉમરનું સમાન વયનું.

હમસી સ્ત્રી. તાનમાં ઊભાંને લીધેલી કુદી

હમાચો ૧. પું. ચામડાની કોથલ. રબારી લોકો પાણી પીવા વાપરે છે.
૨. પુ. બીડી, ચકમક, નાણું વગેરે સાચવવાનુ ચામડાની કોથળી જેવુ બનાવેલ હોય છે તે આશરે, મકરાણી લોકો વધું કરીને પાસાના ભાગમા બાંધે છે
૩. પુ. મુસાફરીની બચકી.
૪ પુ કિનારી લોકો અથવા ચામડાના ચામડી મિશ્રકમેા બનેલ પોતાના કેપ, હારતુમ ગોળા, છરા, કટારી વગેરે રાખે તે. તે ચામડાની બનાવટ હોય છે. તે ઓશિયા આકારનો અને બાંધો હોય છે

હમાઝોર ૧. [અ. હમ + સમ (એજ) + ઝુ (ક્રિયા કરવી)] સ. એક જ થવું તે; ક્રિયામાં એક થવું તે. મુખ્ય ક્રિયા કરનાર બીજાઓ સાથે હમાઝોરની ક્રિયા કરીને પોતે કરેલી ક્રિયામાં તેમ્ણોને ભાગીદાર બનાવે છે.
૨. સ. જરથોસ્તી ધર્મની અમુક ક્રિયાને અને તે ક્રિયામાં રોકાયેલા ધર્મગુરુ એકબીજા સાથે અથવા તો સંસારીઓ સાથે અમુક રીતે હાથ મિલાવી એક બીજાને સલામ કરે છે તે રીત. પ્રથમ તેઓ અંગૂઠો ઉપર રહે એવી રીતે પોતાના હાથ લાંબા કરી એકબીજાનો જમણો હાથ પોતાના બે હાથમાં રાખી હાથ મિલાવે છે. પછી એકબીજાના ડાબા હાથ એકબીજાના બે હાથ વચ્ચે આવે એવી રીતે મેળવે છે. છેવટે હાથ ઊંચકીને આંગળાંનાં ટેરવાં કપાળને અડાડે છે
૩. સ. જરથોસ્તી ધર્મની એક ક્રિયા. તે ધર્મની અમુક ક્રિયાને અંતે તેમાં ભાગીદારી તથા એકતા બતાવવા માટે કરવામાં આવતી હતી પણ હવે તે બેસના વર્ષને દિવસે એકબીજા પ્રત્યે મુબારબ્બા દર્શાવવાની રીત થઈ પડી છે.
૪. સ. (જરથોસ્તી) મુલેહ શાંતિનું એક જાતનું ચુંબન.

હમામ [અ. હમામ (ગરમ પાણીથી નાહવાની જગ્યા)] સ. નાહવાની જગ્યા; ગોજ; નવાણ.

હમામખાનું [અ. હમામ + ખાના] સ નહવા માટે બાંધેલું મકાન; સ્નાનગૃહ; નાહવાની બધ ઓરડી; ગુજરખાનું ઈરાનના શહેરોમાં સાર્વજનિક સ્નાનગૃહ છે. તેમને હમામખાના કહે છે. આ હમામખાનાનાં બધ ઓરડામાં પ્રવેશ કરતાં જ આપણાં શરીર ઉપર વરાળ છોડવામાં આવે છે. પછી ત્યાંનો નોકર આપણું બધુ શરીર ઘસી, મસળી, રગડી હલકુ કરે છે. પછી ગરમ પાણીથી નાહવાનું હોય છે. આ હમામખાનાં સંપાંસરપા હાડવાના અડ્ડા જ હોય છે.

હમામદસ્તો ૧. પું. પરાર્ધ; મુસાલી; દસ્તો; ઉપરવટણો; ખરલ દસ્તો.
૨. [ફા. હાવન (ખાડણી) + દસ્તા (પરાર્ધ)] પુ. લાકડાની ખાડણી અને લોઢાનો દસ્તો, ખાડણીપર ધ્રુ

હમાયચો પુ. ભાડી, ચકમક, નાણું વગેરે સાચવવાનું ચામડાનુ કોથળી જેવુ સાધન. તે બલુ કરીને પાંસાના ભાગમાં બાંધવામ આવે છે.

હમાલ ૧. [અ. હમલ (તે લાદ્યો) | પું. ઘરાસદ કબેરીનું હલકુ કામ કરનાર નોકર કે પટાવાળો; ઝાડી કૂટીને સાફસૂફ રાખનાર પટાવાળો.
૨. પું. બોર્ડ; પાલખી ઊંચકનાર આદમી
૩. પું. મજૂર; બોજો ઉપાડનારો મજૂર.
૪. પું. હમાલ તરીકેનુ મહેનતાણું; મજૂરી.
૫. પું. હમાલપણું; હમાલનુ કામ
* કહેવત ચીજ ગઈ જાણી અથવા ઉપાડી ચાલવું તેનું નામ હમાલ; હમાલ બોજો ઉપાડે છે ને સમજે કે બોજો ઉપાડી ચાલે છે.
દલપતરામ કબેરી

હમાલી ૧. પું. ભાર ઉપાડવાનુ કામ કરનારો; હેલકરી; મજૂર
૨. પું વાળઝૂડનુ પરચૂરણ કામકાજ કરનારો ચાકર; કબેરીનુ હલકુ કામ કરનારો
૩. સ્ત્રી મજૂરી, ગુલામી; નોકરી.
૪. સ્ત્રી હમાલનુ કામ, હમાલપણું

હમાલો પુ. (વહાણવટુ) સઢમાં કરવુ સીવી લીધેલુ દોરડું

હમિયાણી ૧. [ફા હમ્યાની (કૂપિયા રાખવાની થેલી)] સ્ત્રી. થેલી; કોથળી; પૈસા ભરવાના લાંબી અને સાકડી કોથળી, વાસળી
૨ સ્ત્રી. ધન; દોલત; પુણ્ય; સંપત્તિ; દ્રવ્ય.

હમિયાની ૧. [હિં.] સ્ત્રી. કોથળી; થેલી.
૨. સ્ત્રી. મિલકત; નાણું.

હમી [અ. હામી (હિમાયત કરનાર)] સ્ત્રી. હમીની; બાંહેધરી; જમીનગીરી; અવેજ; માન; ખાતર; હામી.

હમીખત ન. ટ્રસ્ટ

તોડેલેઃ કરેલા આગ્રહના સંબંધમાં હોય ત્યાં હમીખત કરવી અથવા ટ્રસ્ટ કરવી નહીં કરવું. દીવાની કાયદ

હમીદ [અ. હમ્દ (તેણે સ્તુતિ કરી)] વિ. પ્રશંસાપાત્ર; સ્તુતિપાત્ર.

હમીદાર પું. બાંહેધર; જમીન; હામીદાર.

હમીદારી સ્ત્રી. જમીનગીરી; બાંહેધરી; હામીદારી.

હમીર ૧. પું (સંગીત) એક ષાડવ વક્રજાતિ રાગ. તેમાં આરોહમાં સા–રિ–ગ–મ –ધ–નિ એમ છ સ્વર અને અવરોહમાં સાતે સ્વર આવે છે. આરોહમાં મ તીવ્ર અને અવરોહમાં મ શુદ્ધ લાગે છે. કલ્યાણ તથા કેદારની છાયા ઘણી આવે છે. તેનો ગ્રહસ્વર ગ, વાદીસ્વર ધ, સંવાદીસ્વર રિ અને ન્યાસસ્વર ધ છે. ગાવાનો સમય રાત્રે પહેલા પહોર પછીનો છે વીર અને અદ્‌ભુત રસ ઉત્પન્ન કરે છે. તે ગંભીર પ્રકૃતિવાળો છે.

૨. સ્ત્રી. (સંગીત) હનુમત પ્રમાણે દીપક રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી. ગાવાનો સમય રાત્રિનો પહેલો પહોર છે. જાતિ સંપૂર્ણ ઔડવ ખરજ, રિષભ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, કોઈ કોમળ પણ લે છે, પંચમ વૈવત તીવ્ર અને નિષાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. ગ્રહસ્વર ગાંધાર છે. વૈવત ન્યાસસ્વર છે. રિષભ, પંચમ અનુવાદી સ્વર છે. આ રાગિણી કિદારા, કમન અને શુદ્ધ કલ્યાણથી મિશ્ર છે. આ રાગિણી ગોરખનાથે કરી છે એમ મનાય છે

હમીરકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ રાગની બાર માંહેની એક જાતિનો રાગ. આ રાગનો કલ્યાણ થાટમાં સમાવેશ થાય છે. તેમાં શુદ્ધ અને તીવ્ર મધ્યમ આવે છે, તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદીસ્વર વૈવત અને સંવાદીસ્વર ગાંધાર છે. આ રાગમાં કલ્યાણ, નિલાવલ અને છાયાના એ ત્રણ રાગનો ભાગ થાય છે. આ રાગ રાત્રે ગાવાનો પ્રચાર છે.

હમીરનાદ સ્ત્રી. (સંગીત) હમીરકલ્યાણ અને નાટનું મિશ્ર સ્વરૂપવાળી રાગણી. શુદ્ધ અને તીવ્ર બંને મધ્યમ લાગે છે. બાકી બીજા બધા સૂર શુદ્ધ છે. જાતિ સંપૂર્ણ છે.

હમીરપુરાણ ન. અઢાર માંહેનું એક પુરાણ.

હમીરસાર ન. (ગ્રામ્ય) સમાચાર; અંદરઅંદર. આવી જગ્યાએ અમને ભારે હમીરસાર કીધુ. ભોળાદી રામાયણ

હમે ૧. પું. મમતા; મમત્વ તે

૨. [હિં. હમેં] સ. અમને.

હમેલ ૧. [અ. હમલ (બોજો ઊંચકવો)] પું. ગર્ભ; દહાડા; ઓધાન; આશા

૨. પું તલવાર ટાંગવા માટેનો ભેટાની કે બાજુની ટાકોન બનાવેલો પટો; અમે રાખવાનો તલવારનો સોનેરી પટો.

૩ પું. પુરુષને પહેરવાનું એક સોનાનું ઘરેણું. તેમા તલવાર રાખી શકાય છે

૪. સ્ત્રી. ચપરાસ; પટા પરની તબ્બી; પટો

૫ સ્ત્રી. કૂલના મોસરો. તે આડા પહેરાય છે

હમેલદાર [અ.] વિ. સગર્ભ; બેઠવાણી; બેઠણી હમેલદાર ઔરત અને હમાલ એ બંને એક જ શબ્દનાં જુદાં જુદાં રૂપ છે. કોઈક બીજા કોઈ બળ અથવા ઉપાધી લાવવું તેનું નામ હમલ; હમાલ બોજો ઉપાડે છે ને સગર્ભા બી બાળક ઉપાડી આવે છે.

હમેલીઓ પું. ચપરાસી; પટાવાળો; સિપાઈ; કાસદ; સંદેશો લઈ જનાર.

હમેલ્ય સ્ત્રી. ઘોડે રાખવાનો સોનેરી પટો.

હમેશ [ફા.] અ. સદા; રોજ; નિત્ય; નિરંતર; સદૈવ

હમેશાગી [ફા.] સ્ત્રી. અનંતપણું; શાશ્વતી; નિત્યતા.

૨. સ્ત્રી. હમેશ હોય તેવું; અવિચ્છિન્નતા; નિરંતરતા; સાતત્ય; અમરત્વ.

હમેશા [ફા.] અ. નિત્ય; સદા; રોજ; નિરંતર; સદૈવ; કાયમ

હમોવજુ ન ગરમ પાણીને માફકસર ઠંડું કરવા ઉમેરવા જોઈતું પાણી.

હમ્બગ ૧. [અં.] ન. ખોટું; ધતિંગ; પોલંપોલ

૨. ન. જીકપટ; ઠગબાજી

૩. ન. ધૂતબાજ ઝપટંપટું.

હમ્બગ ન. ઠાઠડી હમ્બગ એમ તોપનો ધડાકો થતાં થતો અવાજ.

હમ્બા સ્ત્રી. ગાયના બાંભરતાં થતો અવાજ.

હમ્મામ ૧ [અ.] પું. ગરમ પાણીનું નાવણ.

૨. [હિં.] પું. સ્નાનાગાર.

હમ્માલમહાલ્લા [અ.] પું. નાહવાનો ઓરડો.

હમ્મારવ ૧. ન. ગાયના બાંભરડાંનો અવાજ.

૨. ન. ગાય બાંભરતાં થતો અવાજ.

હમ્માલ જુઓ હમાલ

હમ્ય ૧. વિ. ગમતું.

૨. વિ ધ્યાન કરવા યોગ્ય

હય ૧. [સં. હ્ય (વેગથી ચાલવું)] પું. અશ્વ; ઘોડો; વાજી; તુરગ; સિંધવ.

વાજી વાહ તુરંગ હય સિંધવ અર્વ કેકાણ,
તરલ તુરંગમ ઘોડથી મનમાં કરી અજાણ.
પિંગલપ્રકાશ

૨. પું. ઇન્દ્ર

૩. પું. સાતની સંજ્ઞા માટે વપરાતો એક શબ્દ.

૪. ન. (સિદ્ધ) એક જાતનું ઘર; ખોટા આગળ બે અને જમણી તરફ પણ બે ઓસરી અને અંદર બે પાટડાવાળું ઘર.

નંદ ઘરના મુખ આગળ અને જમણી તરફ બે બને કેકાણે એક એક અલિંદ છે બે કોર અલિંદ આગળ બિજ એક અલિંદ વધારી નંદમાં પાટડો નાખવામા આવે તો હય ઘર થાય.
રાજવલ્લભ

હયકક્ષ ૧. પું. મંદરનો સારથિ; માતલિ.

૨. પું. ઘોડો હાંકનાર

હયકંઠી ૧. પું. ગળે જમરો હોય તેવો ઘોડો.

૨. સ્ત્રી. ઘોડાને ગળે બાંધવાનો હાર.

હયખરી સ્ત્રી. ઘોડાની ખરી.

હયગણ ૧. [સ] સ્ત્રી. ગણત.

૨. સ્ત્રી. ઢાળાઢાળી: પરિહાર; પરહેજ

હયગંધ ન. એક જાતનું મીઠું.

હયગંધા ૧. [સં.] સ્ત્રી. અજમોદ; આહન; જોડી અજમોદ. જોડી અજમોદની ગંધ ઘોડાના મૂત્ર જેવી હોય છે, માટે તેને હયગંધા કહે છે.

૨. સ્ત્રી. અશ્વગંધા; આસંધ

હયગ્રીવ ૧. [સં.] પું. અગસ્ત્ય ઋષિના ગુરુનું નામ.

૨. પું. (પિંગળ) એક છંદ આ છંદ રસહિલ્લાહ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૨૪ લઘુ મળી ૪૦ વર્ણની ૫૬ માત્રા હોય છે.

૩. પું. (પુરાણ) એક દૈત્ય. તેણે ઊગ્ર તપ કરીને દેવીને પ્રસન્ન કર્યાં કે, મારા જ નામનો માણસ હોય તેને જ હાથે મારું મૃત્યુ થાય. પછી એણે પ્રાણીમાત્રને પીડા કરવાનો આરંભ કર્યો. એને મારવા સારુ વિષ્ણુએ એ જ નામે અવતાર ધારણ કર્યો અને એને માર્યો હતો.

૪ પું (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રોલાવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૬ ગુરુ અને ૮૪ લઘુ મળી ૯૦ વર્ણની ૯૬ માત્રા હોય છે

૫. પું. (પુરા.) ક્ષાત્રધર્મ પ્રમાણે યુદ્ધ કરીને સ્વર્ગે ગયેલ એક રાજર્ષિ.

૬ પું ઘોડા જેવી ડોકવાળા વિષ્ણુ. નર એટલે માણસના જેવી આકૃતિનુ ધડ અને અશ્વ એટલે ઘોડાના જેવી આકૃતિનુ મોઢું એવા મોઢાવાળા ભગવાનનો ચોથો અવતાર. એમણે મધુકૈટભ દૈત્ય જે વેદને પાતાળમાં ચોરી ગયો હતો તેને મારી નાખી બ્રહ્માને વેદ પાછા આપ્યા હતા.

૭. પું ઘોડાના માથાવાળો એક દૈત્ય

૮. પું (પુરાણ) પૂર્વકલ્પની રાત્રિમાં થયેલો અસુરનો એક અવતાર.

૯. પું. (પુરાણ) વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

૧૦. પું (પુરાણ) હયગ્રીવ નામના દૈત્યને હણવા માટે વિષ્ણુએ લીધેલો એ નામનો એક અવતાર

૧૧ ન. અડધો નર અને અડધો ઘોડો એવુ કલ્પિત પ્રાણી.

૧૨. ન. એ નામનું ગંડકીમાં થતું એક ચક્ર. તે બે ચક્રવાળું અને ઘોડાના મોઢા સરખા આકારવાળું હોય તો તે હયગ્રીવનું રૂપ કહ્યાય.

૧૩. ન. (પુરાણ) એક સો આઠ ઉપનિષદોનું એક ઉપનિષદ; અથર્વવેદનું એક ઉપનિષદ.

હયગ્રીવજયંતી સ્ત્રી. શ્રાવણ સુદિ ૧૫. આ દિવસે વિષ્ણુ ભગવાને હયગ્રીવનો અવતાર લઈ મધુકૈટભ નામના દૈત્યને માર્યો હતો.

હયગ્રીવા [સં. હય (ઘોડો) + ગ્રીવા (ડોક)] સ્ત્રી. દુર્ગા.

હયજ ૧. [સં.] ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.

> હરિતમલ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે ઘરનું નામ હયજ કહેવાય.
>
> રાજવલ્લભ

૨. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર

> જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય અને તે અલિંદો આગળ એક મંડપ હોય. તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, તે એક અલિંદ આગળ પણ એક મંડપ હોય તો તે હયજ ઘર કહેવાય. રાજવલ્લભ

હયજ્ઞ [સં. હય (ઘોડો) + જ્ઞ (જાણનાર)] પું. ઘોડાના ગુણદોષ જાણનાર માણસ

હયડો (હયડે) પું. તબ્બાની રમતમાં ત્રણ કોડી ખડી પડે તેનો દાવ.

હયદલ [સં. હય (ઘોડો) + દલ (લશ્કર)] ન ઘોડેસવાર લશ્કર; આશ્વિક; અશ્વારૂઢ સૈન્ય.

હયદળ જુઓ હયદલ

હયદાસપતિ પું. ઘોડાના નોકરોનો ઉપરી.

હયનાદ [સં.] ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.

> નરદ ઘરના મુખ આગળ એક મંડપ વધારીએ અને તે ઘરનું મુખ ઉત્તર ભાગે હોય તો તે હયનાદ ઘર કહેવાય. રાજવલ્લભ

હયપતિ ૧ પું. ઘોડાનો ઉપરી.

૨ પું. ઘોડાવાળો; ઘોડો હાંકનાર.

હયપુચ્છિકા સ્ત્રી. જંગલી અડદ

હયપુચ્છી સ્ત્રી. રાની અડદ; માષપર્ણી વનસ્પતિ.

હયપ્રતિગ્રહ ન. (સંગીત) ઓડવનું એક તાન. પડજ ગ્રામમાં નિષાદ અને ગાંધાર છોડવાથી ઉત્પન્ન થતુ એક તાન

હયપ્રિય ૧. [સં. હય (ઘોડો) + પ્રિય (વહાલું)] પું. ઘોડો જેને પ્રિય હોય તે.

૨. પું ચણા.

હયપ્રિયા ૧. [સં. હય (ઘોડો) + પ્રિયા (વહાલી)] સ્ત્રી. ખારેક.

૨ સ્ત્રી. ખજૂરી.

હયપ્લુતી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે ઉક્તિ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, નગણ, ભગણ, જગણ, સગણ, નગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી ૨૬ વર્ણ હોય છે.

હયબત જુઓ હેબત

હયમાર ૧. [સં. હય (ઘોડો)+માર (મારનાર)] પું. ખજૂરનું ઝાડ; કરેણ; તુરંગારિ; અશ્વઘ્ન; અશ્વમારક; કરવીર.

૨. પું. ઘોડાને મારનાર માણસ.

હયમારક [સં.] સ્ત્રી. કરેણ.

હયમારણ [સં. હય (ઘોડો) + મારણ (મારનાર)] પું. પીપળાનું ઝાડ.

હયમૂત્રાગ્લ પું. શાકાહારી પ્રાણીઓના તેમ જ અઢપાંશે મનુષ્યના મૂત્રમાં રહેલો નત્રવાયુવાળો ધોળો ક્ષારસી પદાર્થ; પેશાબ માંહેનો એ નામનો દસ માંહેનો એક પદાર્થ. તે દસ પદાર્થ નીચે પ્રમાણે છે: (૧) પાણી, (૨) મૂત્રોષ, (૩) અપાનવાય, (૪) મૂત્રીયક્ષ, (૫) મૂત્રીપિક, (૬) મૂત્રાગ્લ, (૭) હયમૂત્રાગ્લ, (૮) હરિતિલ, (૯) ગવક્ષિ અને (૧૦) અંગારિત. તે ઘોડાના મૂત્રમાથી મેળવી શકાય છે

હયમેધ [સં. હય (ઘોડો) + મેધ (યજ્ઞ)] પું. અશ્વમેધ; ઘોડાનો યજ્ઞ; અશ્વયજ્ઞ.

હયયોધિ [સં.] સ્ત્રી. ઘોડે બેસીને લડનાર.

હયરત [અ.] ન. નવાઈ; આશ્ચર્ય.

હયરથ પું. ઘોડાગાડી; અશ્વરથ; ઘોડા વડે ચાલતું વાહન.

હયરાન જિ. હેરાન.

હયલ જિ. ઝાન વગરનું; ભાંડા જેવુ

હયવર [સં. હય (ઘોડો) + વર (શ્રેષ્ઠ)] પું. ઉત્તમોત્તમ ઘોડો; સારામાં સારી જાતનો ઘોડો; શ્રેષ્ઠ પ્રકારનો ઘોડો

> હયવર ગજની શાલા કરઈ,
> નેતાં નરનારી ચિત્ત હરઈ.
>
> મુ. શા પરિપદ

હયવંશ પું. રેવત; સૂર્ય અને સંજ્ઞાનો પુત્ર.

હયવાન [અ.] જિ. હેવાન; નીચ

હયવાનિયત [અ.] સ્ત્રી. હેવાનિયત; નીચતા.

હયવાની [ફા.] સ્ત્રી. પશુતા; નીચતા; જંગલીપણું

હયવાહન ૧. [સં.] પું. સૂર્યપુત્ર રેવત.

૨. જિ. ઘોડાના વાહનવાળું.

હયવિદ્યા [સં.] સ્ત્રી. અશ્વવિદ્યા.

હયવ્રત ન. ચૈત્ર માસમાં કરવામાં આવતું એ નામનું એક વ્રત.

હયશાળા [સં. હય (ઘોડો) + શાલા (સ્થાન)] સ્ત્રી. ઘોડાર; અશ્વશાળા.

હયશિક્ષક પું. ચાબુક સવાર.

હયશિર ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.

હયશિરા ૧. પું. (પુરાણ) એ નામનો એક અસુર. એણે ઉગ્ર તપ કરીને દેવોને પ્રસન્ન કર્યા કે, મારા જ નામનો માણસ હોય તેને જ હાથે મારું મૃત્યુ થાય. પછી એણે પ્રાણીમાત્રને પીડા કરવાનો આરંભ કર્યો. એને મારવા સારુ વિષ્ણુએ એ જ નામે અવતાર ધારણ કરીને એને માર્યો હતો.

૨ પું. નારાયણ; વિષ્ણુનો એક અવતાર. મહાભારત પ્રમાણે ઔર્વઋષિએ પોતાનો ક્રોધાગ્નિ દરિયામાં ફેંકયો તેનાથી હયશીર્ષ ઉત્પન્ન થયો આ હયશીર્ષ અથવા હયશિરા પોતાના મુખમાથી અગ્નિ કાઢવા કરે છે અને પાણી પીધા કરે છે તેને વિષ્ણુનું એક સ્વરૂપ માનવામાં આવે છે ભાગવત પુરાણ પ્રમાણે ભગવાન પોતે હયશીર્ષ છે એમ જણાવેલ છે. તે યજ્ઞના મુખ્ય પુરુષ છે. રંગે સોનેરી છે. વેદ અને યજ્ઞ તેના પદાર્થ છે. દેવો તેનો આત્મા છે જ્યારે તે શ્વાસ બહાર કાઢે છે ત્યારે તેનાં નસકોરાંમાથી સુંદર શબ્દો બહાર આવે છે. આ અવતારમાં તેમનું ઘોડા જેવું માથું હતું.

૩. પું વડવાનલ.

૪. પું. સૂર્યનું એક રૂપ.

૫. સ્ત્રી. (પુરાણ) કુશ નામના દાનવની સ્ત્રી.

હયશીર્ષ ૧ પુ (પુરાણ) બ્રહ્માજીના માંહેનો એક ઉપાસ્ય દેવતા
૨ જુઓ હયશિરા ૪

હયસાદી પુ ઘોડા સવાર

હયા ૧ [પુ] પુ સાપ.
૨ પુ ઢેપા પછી
૩ સ્ત્રી આસપ
૪. [પ્રા] સ્ત્રી. શરમ

હયાઢાઢ જ અટકળે, અઠેઅઠે

હયાઠયા સ્ત્રી. ઢ. ના; આનાકાની

હયાત ૧ સ્ત્રી. અસ્તિત્વ, હયાતી
૨. વિ આબાદ
૩. વિ જીવત; જીવતું, વિદ્યમાન; હાજર, માજૂદ

હયાતબક્ષ પુ દિલ્હીના કિલ્લાની અંદર આવેલો એ નામે એક બાગ

હયાતબક્ષ ઉદ્યાન જુઓ હયાતબક્ષ

હયાતી ૧. સ્ત્રી અસ્તિત્વ, હોવાપણું; હાજરી; હસ્તી, હયાતપણું
૨. સ્ત્રી જિંદગી, જીવતર
૩ સ્ત્રી. જીવિત સ્થિતિ; જીવિતાવસ્થા; જીવત સ્થિતિ

હયાતી સુધી = જિંદગી પર્યંત.

હયાતીપટ્ટા પુ. જિંદગી પર્યંત ભોગવટો કરવાનો અધિકાર આપતો તે.

હયાધારણ સ્ત્રી આશ્વાસન.

હયાધ્યક્ષ [સં. હય (ઘોડો) + અધ્યક્ષ (ઉપરી)] પું. ઘોડાની દેખરેખ રાખનાર ઉપરી

હયાનનાદ્રા ન. હયાનનમા.

હયાનંદ [સં. હય (ઘોડો) + આનંદ] પું. અશ્વ.

હયાનીક પુ. અશ્વસેના.

હયાફોટ જ હાનીકટ

હયારણી સ્ત્રી. કિલ્લા ઉપર ભચાવ માટે કિનારે ચણેલી ભીંત

હયારી ૧ પું. ક્યેરનું ઝાડ.
૨. [સ હય (ઘોડો) + અરિ (શત્રુ)] પું. ઘોડાનો શત્રુ
૩. સ્ત્રી. હિંમત; આશ્વાસન; દિલાસો.

હયારૂઢ [સ હય (ઘોડો) + આરૂઢ (ચડેલું)] વિ. ઘોડા પર ચડેલું, ઘોડેસવાર.

હયાવણી સ્ત્રી હૈયું આપવું તે; હિંમત આપવી તે; આધાર, ટેકો; આશ્વાસન.

હયાવી દેવી = હિંમત આપવી; ભરોસો દેવું

હયાં ૧ સ્ત્રી. ગુહ્ય.
અહો બંધ શોભ જગતિ પર છત્ર હર હયાં
પ્રા ક. વલ્લભ
૨. જ ગોવાળોનો વાછરડાઓને બોલાવવાનો અવાજ

હયી [સં. હય (ઘોડો) + ઈ (સ્ત્રીલિંગ પ્રત્યય)] સ્ત્રી ઘોડી

હયું ૧ ન. ઢોરનું રક્તાતિસાર
૨ ન. દૈવ

હયેરાન [અ] વિ. હેરાન; મજૂર,બેહાલ, દુઃખી
હયેરાન કરવું = કોઈને મૂઝવવું કે દુઃખી કરવું

હયવાન ૧. [અ.] પું પશુ
૨. વિ મૂર્ખ.

હયેવાનિયત [અ.] સ્ત્રી. જંગલીપણું; પાશવવૃત્તિ

હયેવાની ૧ [અ.] સ્ત્રી. પાશવતા; જંગલીપણું
૨. વિ. પાશવ; જંગલી.

હયોત્તમ [સં હય (ઘોડો) + ઉત્તમ (શ્રેષ્ઠ)] પુ. ઉત્તમ ઘોડો; શ્રેષ્ઠ ઘોડો

હર ૧. પું. (પિંગળ) અગિયાર; અગિયારની સંજ્ઞા વાસ્તવિક રીતે તે અગિયાર હોવાથી અગિયાર સૂચક સાંકેતિક શબ્દ.
૨ સ , પુ ઓમ્
૩ પુ અહત, તિર્થે કર. અર્હન્ શબ્દની આદિમાં જે અક્ષર છે તે વિષ્ણુને કહેવારાળો છે, રેફમાં બ્રાહ્મ વિવક્ષિત છે, હકાર વડે કરીને હર-મહાદેવ કહેવાય છે અને અંતનો નકાર પરમ પદનો વાચક છે
૪ પુ. (પુરાણ) એ નામે એક રુદ્ર; ભારતમાં કહેલા અગિયાર માહેના એક રુદ્રનું નામ
૫. પું (પુરાણ) એ નામે રામની સેનામાંનો એક વાનર
૬. પું (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ રાવવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૪૪ લઘુ મળી ૬૪ વર્ણની ૮૪ માત્રા હોય છે.
૭. પું. (પિંગળ) એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ ચટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૬ પદની ૩૦ લઘુ અને ૬૧ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.
૮. પું. (પુરાણ) કશ્યપને દનુને પેટે થયેલા દાનવોમાનો એક.
૧૦. પું. ગણેડો
૧૧. પું દેડકો.
૧૨ પુ પાણી
હરની પાસે હર ગયો, હર દેખી હરખાય,
દેખી હર હરમા ગયો, હર ગયો હરદાસ.
ત્રૈમાસિક
૧૩. પુ. (પિંગળ) પાંચ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મુખ. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને બે લઘુ એમ પાંચ અક્ષરો હોય છે
૧૪ પું આમળું તે; વિભાજ્યન
૧૫. પુ (ગણિત) ભાજક: એક મોટી સંખ્યાને બીજી નાની સંખ્યાએ ભાગીએ તો તે નાની સંખ્યાને ભાજક અથવા હર કહે છે
૧૬ પુ. (પુરાણ) માલિ રાક્ષસના પુત્રોમાંનો એક એ વિભીષણનો અમાત્ય હતો.
૧૭ પું. શિવ; મહાદેવ; શંકર.
નગધર હર શૂલધર શશિધર શંકર નામ,
સર્વ શંભુ શિવ ભીમ ભવ અર્ધ કામરિપુ નામ.
પિંગળપ્રકાશ
હર હર મહાદેવ = બિદુ ઓઠોથી બોલબોર તૂટી પડતી વખતે બોલતા શબ્દો
૧૮ પુ સાપ
૧૯ પું. સ્વામી
૨૦. પુ હરણ
૨૧ પું. હરતુ તે
૨૨. પું. હરિ
૨૩. સ્ત્રી સેર; વાવ, કે કૂવામાં પાણીનું ઝીલું વહેલું આવે તે.
૨૪ [પ્રા] ન. ઘર.
૨૫ ન. રાતદિવસ.
૨૬. વિ એકેક; પ્રત્યેક; દરેક.
૨૭. વિ. લાંબુ
૨૮. વિ. વિભાજક
૨૯. વિ. હરનાર; લેનાર.

હરએક ૧. વિ. દરેક; હરેક; પ્રત્યેક.
૨. વિ. સર્વે; સૌ જણ.

હરક ૧ પું ઠગ.
૨. પું. ભાગકાર કરનાર; વિભાજક.
૩. પું હરનાર માણસ; હરી જનાર; લઈ જનાર માણસ.

હરકો (હરકો) ૧. પું. તોફાન; ચાળા.
૨. પું હરી; દોટ.

હરકત ૧. [અ. હરક (તે હલવું)] સ્ત્રી. અચરજ; અટકાવ; નઠારપ.
૧. હરકત આવવી–નડવી–પડવી = (૧) અડચણ પડવી; સુગમતા નહિ હોવી; કબજ થવી; હરકત થવી. (૨) મુશ્કેલી પડવી.
૨. હરકતમાં આવવું કે હલેસે હાથવા = બગાસાં ડોબે બાજ; દુઃખ વગર કોઈ કોઈનું

સામું જુએ નહિ; સારા માણસના જેવું વગોણું ને જગતને જોવું.

૨ સ્ત્રી કાર્ય.

૩ સ્ત્રી ગતિ, પ્રગતિ, હીલચાલ કરવી તે

૪ સ્ત્રી ક્રિયા

૫ સ્ત્રી મુસીબત

૬ સ્ત્રી વર્તણૂક.

૭ સ્ત્રી વાંધો, આક્ષેપ; પ્રતિબંધ; બાધા; મના.

હરકતકર્તા વિ. અડચણકર્તા

હરકતખોર વિ હરકત કરનાર.

હરકતદાર પું હરકત કરનાર વ્યક્તિ; પ્રતિવાદી

હરકતી [અ. હરક (તે હાલવું)] વિ. અડચણ કરનાર; નડનાર; હરકત કરનારું

હરકામી વિ પ્રત્યેક કામમાં ઉપયોગી બનનાર

હરકારા [સ્ત. હર (પ્રત્યેક) + કાર (કામ)] પું. હરેક કામ કરનાર માણસ; કાસદ; ખેપિયો

હરકાંઈ વિ. જે કાંઈ

હરકાંત [સ. હર (શિવ) + કાંત (પ્રેમી)] પું. શિવનો ચહાતો માણસ; જેના ઉપર શંકરની કૃપા હોય એવો માણસ.

હરકીપેઢી સ્ત્રી. ગંગાનો મુખ્ય ઘાટ. હરકી પેઢીને હરદ્વારનાં પગથિયાં કહે છે. આ જગ્યાએ નદીના વહેતા પાણીને એક તરફ વાળી ઘાટ બાંધ્યો છે. તેને બ્રહ્મકુંડ પણ કહે છે. આ કુંડમાં યાત્રીઓ મૃત દેહનાં અસ્થિ નાખે છે. તે અસ્થિ તાત્કાલિક ગળી જાય છે. આ બ્રહ્મકુંડનું પાણી કદી પણ ભગાતું નથી એ વિશિષ્ટતા છે. આ સ્થાન હરદ્વારમાં ગંગા નદીનું એક પ્રસિદ્ધ અને મનોહર સ્થાન છે. હિંદુ લોકો આ સ્થાનને પવિત્ર માને છે. અહીં સ્નાન કરવાનું આવશ્યક મનાય છે. આ સ્થાનના પાણીમાં માછલી તો ઘણી છે. લોકો લોટની બનાવટી ગોળીઓ માછલીઓને માટે પાણીમાં નાખે છે તે ગોળીઓ લઇ કાંઠે બેઠેલા તેવી ગોળીઓ વેચવાવાળાઓ પાસેથી મળી શકે છે ત્યાં માછલીઓ પકડવાની સરકાર તરફથી મના છે ત્યા જોડા પહેરીને જવાતું નથી થોડાક વર્ષો પહેલાં હરકીપેઢી એક નાનો સાધારણ ઘાટ હતો. ત્યાં કુંભ અને વૈશાખી જેવા મોટા મેળાઓ વખતે લાખો માણસોની ભીડ સમાઈ શકતી ન હતી અને કેટલાંયે યાત્રાળુઓ ભીડમાં દબાઈ ને મરી જતા હતાં. આ મુશ્કેલી દૂર કરવા માટે સને ૧૯૬૮ માં પ્રાંતીય સરકાર અને બીજા કેટલાક એક વેપારીઓએ મળીને સાત આઠ લાખ રૂપિયા આપીને તે નાનાં વહે ગંગા કિનારે આવેલ. મોટાં મોટા મકાનોના માલિકોને યોગ્ય રકમો આપી તે મકાનો પડાવી નખાવ્યા અને તે સ્થાને સુંદર ઘાટ બનાવી દીધા છે તેની આજુબાજુ નાના ઘાટ પણ છે. હરકીપેઢીની વચ્ચેના પાણીના સ્થાનને બ્રહ્મકુંડ કહે છે તેમાં ગંગાજીની મોટી ધારા એક તરફથી નિર્મળ જળ ભરે છે અને બીજી તરફથી બહાર કાઢે છે ત્યાં યાત્રાળુઓ સ્નાનપુજા કરે છે ઘાટની પાસે જ શ્રી ગંગાજી, ગાયત્રી, શ્રી રામચંદ્રજી, શ્રી હનુમાન મંદિર અને લક્ષ્મીનારાયણના મંદિરો પ્રાચીન મળી આવે છે. સાયંકાળની આરતીને સમયે ઘણા મનુષ્યો એકઠાં થાય છે તથા અમાવાસ્યા અને પૂનમના દિવસે ઘાટ ઉપર ફૂલ અને દીપકો બહુસંખ્યાના બનાવેલા દડિયામાં રાખીને દાન કરે છે. તે સમયે શ્રી ગંગાજીનું દૃશ્ય સુંદર પ્રતીત થાય છે. દરેક હિંદુનું એ કર્તવ્ય છે કે, હરદ્વારમા હોય ત્યારે બ્રહ્મકુંડમાં દરરોજ ડુબકી લગાવવી અને પ્રત્યેક યાત્રાળુ જે હરદ્વારમાં આવે છે તેમણે પણ અહીં સ્નાન કરવું જોઇએ આ ઘાટ ઉપર મુસલમાનોને જવાની મના છે

હરકોરી સ્ત્રી. વધ કરવાની એક પદ્ધતિ. જાપાનમા મેમુરાઈ વર્ગના લોકોમાં આ કરજિયાત અથવા મરજિયાત રિવાજ હતો. તેમાં આંતરડાઓ કાઢી નાખવામાં આવતાં. છરીથી કમર ઉપર ઘા કરવામાં આવતો પાછળથી આ રિવાજ દરેક વર્ગમાં દાખલ થયેલો હતો. પહેલાં છરીથી કમરમા ઘા કર્યા બાદ તલવારથી ધડથી માથું જુદું કરવામાં આવતું. ઈ સ. ૧૮૬૮ માં કરજિયાત વધનો કાયદો રદ કરવામાં આવ્યો ઈ. સ. ૧૯૧૮ માં જ્યારે જાપાનનો શહેનશાહ ગુજરી ગયો ત્યારે જનરલ નોગી અને તેની સ્ત્રીએ આ પ્રમાણે આત્મઘાત કર્યો હતો. તે રિવાજ હિંદુઓની કમળ પૂજાના રિવાજને મળતો આવે છે

હરકોઈ ૧ સ જે કોઈ; ગમે તે કોઈ એક; કોઈ પણ એક.

૨ ન કોઈપણ; ગમે તે કોઈ એમ

૩ જ કોઈને બદલે ગમે તે.

હરકચુલિસ પું. નક્ષત્ર ચક્રથી ઉત્તર ગોળાર્ધમા આવેલ એક તારા સમુદાય. તેનુ ભારતીય નામ રાંકી છે. તેનો આકાર મોટા બળવાન માણસ કે કુસ્તી જેવો છે

હરકયુલિસ સ્તંભ પું. જિબ્રાલ્ટરને સામે કિનારે સાત કોશને અંતરે આવેલો એક ઊંચો ખડક કહેવાય છે કે, આગળ જિબ્રાલ્ટરનો ખડક અને આ બે મળીને સળગ એક ખડક હતો પણ હરકયુલિસ નામના એક પુરાણા બળવાન વીરે એને તોડી જુદો પાડ્યો એ ઉપરથી એ બે ખડકો આજ પણ હરકયુલિસ સ્તંભના નામથી ઓળખાય છે

હરકયુલીઅન [અં.] ન નાળિયેરની એક જાત

હરખ ૧. [સ. હર્ષ પુ આનંદ, ખુશી, ખુશાલી; હર્ષ.

૨ પું. (સંગીત) એક રાગ ભૈરવ રાગના આઠ માહેનો એક પુત્ર. આ રાગ પ્રસિદ્ધ નથી.

૩. પું. સંતોષ.

હલધરની ધિરિ હરખ શુ રા કરિ ફિહરે ધાન. ભાલણ

હરખઘેલછા સ્ત્રી હરખને લીધે આવતું ગાંડપણ

હરખઘેલું વિ હર્ષથી ગાંડું બની ગયેલું; આનંદને પરિણામે ઘેલછા કાઢતું હોય એવું; જેને હરખ સન્નિપાત કે હરખનો થયો હોય એવું, હર્ષની લાગણીમાં બહુ તણાઈ જાય તેવું.

હરખચમક ૧. સ્ત્રી. અતિ સમતોલપણું જતું રહેવું તે; હરખઘેલું હોવાપણું.

૨. સ્ત્રી. અતિ હરખના વેગથી થતો એક વાયુવિકાર; તાણ; ખેંચ.

હરખજામણ ન. શુભ પ્રસંગનું જમણ

હરખદોરી ન. આનંદરૂપી દોર કે રસ્તો.

હરખનેન ન. એક જાતનું ઘરેણું; નેન કલાક.

હરખપદુડું (હરખપદુડું) જુઓ હરખપદોડું.

હરખપદોડું (હરખપદોડું) ૧. વિ. મહીવારમાં હરખાઈ જાય એવું; કૃતજ્ઞજ્ઞ; અતિ ઉત્સાહી.

૨. વિ. જેના પેટમા વાત ન રહે તેવું

હરખભર્યું વિ. આનંદ સહિત; હર્ષાન્વિત.

હરખભેર ક્રિ. વિ. હરખ સાથે.

હરખલો પું. એક જાતનો બારમાસી છોડ. તેને પીળાં ફૂલ થાય છે. તે ઔષધમાં તથા ચમત્કાર માટે વપરાય છે.

હરખવા ૧. પુ હરખને લીધે આવતું ગાંડપણ; હરખઘેલછા, અત્યંત આનંદથી ઘેલી કે ચકચૂર થયેલ.

૨ સ્ત્રી એક પ્રકારની ખાંડની એક જાત

હરખવું અ ક્રિ રાજી થવું; ખુશી થવું, હરખાવું

ઠામિ ઠામિ ઝાડા કર્યા, કિહિ ન લાગી વાર,
મૂકી ઘેઈ આનિયા. હરખ્યા રામ અપાર.
સીતાહરણ

હરખ સન્નિપાત જુઓ હરખ સન્નેપાત.

હરખ સનેપાત [સ હર્ષ (હરખ) + સન્નિપાત (સાંડપણ)] પું હર્ષોન્માદ; હર્ષનો અકથ્ય; હરખવ. કે હરખની ઘેલછા; હર્ષના કારણથી લાગુ પડતો સન્નિપાત, હરખનો સનેપાત કે સાંડપણ

હરખાણી ૧ સ્ત્રી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨ ન એ નામની અટકનું માણસ

૩ વિ એ નામની અટકનું

હરખામણું વિ આનંદપ્રેર

હરખાવવું સ ક્રિ. હરખે તેમ કરવું; હર્ષ પમાડે તેમ કરવું; આનંદ કરાવવો; હરખ કરાવવો

હરખાવું અ. ક્રિ હરખવું; ખુશ થવું; રાજી થવું, આનંદમાં આવવું.

હરખાળુ વિ ખુશીયાળું

હરખિત [સ] વિ. હરખાયલું; ખુશી થયેલ

હરખી હરતાલ ૧. સ્ત્રી. સોનેરી રંગની એક ખનીજ.

૨. સ્ત્રી હરતાલની એક જાત.

હરખુ વિ. હરખવાળું

હરખુડું (હરખુડું) વિ. હરખ કરનારું; બહુ જ હોંશીલું

હરખેહરખે અ. આનંદમાં ને આનંદમાં.

હરગ ન. (પ્રાકૃ) સ્વર્ગ.

ભગતિ કરતા મારે હરગ જવું સે.
બીલાડી રામાયણ

હરગજ અ. કદી પણ

હરગણે ૧. સ. હોર્ષપણું.

૨. અ મન માને તેમ.

હરગિજ ૧. [ફા.] અ. હોર્ષપણ રીતે; કદી પણ પ્રકારે; કદી પણ

૨ અ બિલકુલ; જરૂર

હરગિસ જુઓ હરગિજ

હરગીત પું. એક માત્રામેળ છંદ. તેમાં ૨૮ માત્રા અને અંતમા બે ગુરુ હોય છે. ૧, ૫, ૮, ૧૩, ૧૬, ૨૧, ૨૫ માત્રાએ તાલ આવે છે

હરગીતિ પુ. એક અર્ધમમલ્લતિ માત્રામેળ છંદ. ૯, ૧૬, ૧૨ યતિ આવે છે. ૨૮ માત્રાનું પ્રત્યેક દલ અંતે ગુરુ હોય છે. ૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪, ૨૭ માત્રાએ તાલ આવે છે.

હરગેજ જુઓ હરગિજ

હરજેરાજ ન. એ નામનું એક ઝાડ.

હરજોવનદાસ પું. એ નામના એક કવિ. તે જ્ઞાતે ખતરી હતા. તેઓ જેસમપુરની ચોપાટા શેરીમા રહેતા. તેમણે પોતાના જીવનના દરેક પ્રસંગને કાવ્યમાં ગૂંથ્યા છે. પ્રભુભક્તિનાં અનેક પદો રચ્યાં છે સુલતનપુરામાં ભક્તરાજ ભગવાનદાસ ખુમાલદાસ પાસે આ કવિનું હસ્તલિખિત પુસ્તક છે

હરગોવિંદ પું. શીખ ધર્મના નવ ગુરુઓનો એ નામનો એક ગુરુ. તે અર્જુન પછી ગાદીએ આવ્યો શીખ લોકોનો લડાયક જુસ્સો એમણે પ્રગટાવ્યો ગણ કર્યો

હરગૌરા પું. એ નામના એક શંકર. તેનું મંદિર નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ ભેડાઘાટની પાસે પર્વત ઉપર ભેડામાં છે. તેને ગૌરીશંકર પણ કહે છે. સુંદર વાસ્તુરાજીમાં મંદિરની શોભા અદ્વિતીય જણાય છે.

હરગૌરી [સં] સ્ત્રી શિવપાર્વતી; અર્ધ નારીને સ્વરૂપે શિવની મૂર્તિ. તે ઘણી જગાએ આવેલ છે. તેનાં દર્શનથી મનુષ્ય કૃતકૃત્ય થઈ રહે છે

હરઘડી અ. વારંવાર; આખો દહાડો; ઘડીએ પલકે; દરેક પળે; દરેક ઘડીએ

હરેક ઘડીએ અ વારંવાર; વખતોવખત.

હરઘુડામણિ ૧. પું. કપૂર.

૨. [સં. હર (શંકર) + ઘુડામણિ (મસ્તકનું ઘરેણું)] પું. ચંદ્ર

હરજ સ્ત્રી. હરકત; નુકસાન; ખલલ

હરજી ૧. [હર (શંકર) + જી (ગુજરાતી માનવાચક પ્રત્યય)] પું. પરમાત્મા; પરમેશ્વર; હરિ

૨. પુ. શંકર.

૩. પું શ્રી કૃષ્ણ.

હરજીવો (હરજીવો) પું. પરમાત્મા; પરમેશ્વર

હર જોખમે અ. કોઈપણ જોખમે

હર જોગ પુ મોલિયામાં અમર થઈ ગયેલ નાગબાઈ માતાનો બાપ

હું નાગબાઈ હરજોગની બાલ જોગેશ્વર ધરે.
પણ માંડલિયેથી આને નહિ દેવી ગામી હરબાપ કરે
કુંડો

હરઠું ન. (ગામડી) ઝોરડ

હવે કલ્પી કાપડની ઝોર નવપલ્લ વસ્ત્ર હરઠુના પહેલી
વીરની વાતેર

હરડ [સં હરીતકી; મ. હિરડા; હિં હરડ, હર્ડ; ફા. હલિલે; અ. એહલીલજ; અં માયરોબેલન્સ] સ્ત્રી. એક જાતનું ઝાડ અને તેના ફળ હરડે.

હરડકણું (હરડકણું) વિ. નીરણી વગર તેવું, સરડકણું.

હરડકો (હરડકો) ૧ પું કોઈ બાબતનો લાગતો ચસકો કે લગની.

૨ પું ચસકો; સારું સારું ખાવાની ઇચ્છા. સ્વાદનો ચસકો

૩. પું. હેતનો વેગ

હરડતું ૧ વિ. બલિષ્ઠ

૨ વિ. નજીકનું; પાસેનું; બાદીને હોય એવું.

૩. વિ પૂર્ણ આસ્તિક; ચુસ્ત

હરડકરડ (હરડકરડ) અ આમથી તેમ ધોડાધોડ; પ્રસંગ કે ઉત્સવના અવસરમાં, ઉમળકામાં આમતેમ ઝપાટ બંધ

હરડાઈ સ્ત્રી એક જાતની વનસ્પતિ.

હરડામડ અ કરતાં કારવતા.

હરડાં (હરડાં) ન બ. વ હરડેનાં ફીમજ્યથી મોટાં ને મોટી હરડેથી નાનાં અડધરા ટાપા કુળ; હરડેનાં કોચાં; હરીતકી.

હરડિયો (હરડિયો) ૧. પું. એક જાતનો પીળો રંગ.

૨ પું કાઠિયાવાડી ઘોડાની એક જાત.

૩. પું હરડિયો; ટોટો; નળગોટો; સ્વરપેટી; ગળાની અવાજનું હાડકું; ગળાનો આગળ પડતો ઊપસેલો ભાગ.

હરડી (હરડી) ૧ સ્ત્રી. નળગોટો

૨. સ્ત્રી. હરડાંનું ઝાડ

હરડીઓ (હરડીઓ) ૧ પું. અવટંક તરબારિયની બે પાંખોના જોડાણને બાંધે થયેલો ટેકરો.

૨. જાઓ હરડિયો

હરડું (હરડું) ૧ સ્ત્રી કુંવારી જમીનમાં થતું એક વૃક્ષ તેનાં પાન સંયુક્ત સામસામાં મોટાં અને જમરખનાં પાન જેવાં થાય છે કુમળાં પાનનો રંગ રાતો હોય છે તેમાં એક ઇંચ લાંબું ફળ થાય છે તે સુકાયા પછી તેની છાલને કરચલી પડી પાંચ ઊભી રેખા પડે છે અને તે અઠળયું લાગે છે. ઝાડ ઉપર જ્યારે તે કાચું હોય ત્યારે અણીદાર કુંટા અને ધારવાળું હોય છે અને તેમાં એક લાંબુ બી હોય છે તેની છાલ રેચક શીતળ અને ગોચક તરીકે દવામાં વપરાય છે અને ફળ જેમ નાનું તેમ વધારે ગુણકારક મનાય છે

જો હરડી નામના ઝાડનું ફળ હરીતકી હરડે ત્રણ પ્રકારની થાય છે. પહેલા પ્રકારની હરડે કદમાં મોટી હોય છે તે બહુ ગુણકારી અને લોહી સુધારવામાં ચારી છે. ને ૫ થી ૨૦ ગ્રેનની માત્રામાં અપાય છે બીજા પ્રકારની હરડેનું કદ મધ્યમ હોય છે તેને હરડા કહે છે. મોટી હરડેનું વજન ૨ થી ૫ તોલા હોય છે

હરણ

સારી હરડાંનું ½ થી ૧ તોલો હોય છે અને ગુજરાતમાં મોટી હરડેથી તે ઊતરતાં હોય છે. તે ત્રિફળામાં નખાય છે. તે ૨૦ થી ૬૦ ગ્રેનની માત્રામાં અપાય છે. ત્રીજા પ્રકારની હરડે કદ સાવ નાની હોય છે તેને હીમજ અથવા ખાળહરડે કહે છે. તે ½ થી ૨ ડ્રામની માત્રામાં જુલાબ તથા કવાથમાં પડે છે. આ ઝાડ મોટાં થાય છે. તેનાં પાંદડાં પીપળીના પાંદડા જેવાં હોય છે. લાકડું ઇમારતના કામમાં ઉપયોગી છે. તેના ઝાડ સોનગઢ તાલુકાના ડાંગના ડુંગરો પર તથા નાસિક તાલુકાના જંગલો પાસે થાય છે. વરસાદમાં બી વાવી રોપ કરાય છે. ઑગસ્ટ મહિનામાં ફૂલ થાય છે. જાન્યુઆરી ફેબ્રુઆરિમાં ફળ પાકે છે. ૪૦ ફૂટ ઊંચું ઝાડ થાય છે. જે હરડે કુમળી અને સુકવેલી હોય તેને ખાળહરડે કહે છે. જે હરડે કઠિન કુહાડીવડે પણ ન ભાગે, પાણીમાં બૂડનાર અને બે અથવા બે કરતાં વધારે તાજા વજનની હોય તેને સુરવારી કહે છે. હરડેની સાત જાત આ પ્રમાણે છે : વિજયા, રોહિણી, પૂતના, અમૃતા, અભયા, જીવંતી અને ચેતકી. જે ગુણકારી જોવી માણ હોય તે વિજયા; સાધારણ ગોળ હોય તે રોહિણી; જેમાં માટી મોટલી હોય, જે પાતળી હોય તે પૂતના; જેની મોટલી ભારીક હોય, માંસલ હોય તે અમૃતા, જેના અંગ ઉપર જેની પાંચ રેખા હોય તે અભયા, જેનો રંગ સુવર્ણ જેવા પીળો હોય તે જીવંતી; જેના અંગ ઉપર ત્રણ રેખાઓ હોય તેને ચેતકી કહે છે. હિંદમાં જૂના વખતથી ચામડાં કેળવવા અને રંગવા તથા કપડાંના રંગોમાં પોસ્તાકા તરીકે વપરાય છે. ફળો બહેડાના ઊકાળાથી પણ ઘેરો પીળો રંગ કપડા ઉપર ચડે છે. કટકડી અને બીજા રંગો સાથે દાબની, પીળા, લાલ વગેરે સુંદર રંગો ચડે છે. ગળી, હારમકી, હીરાકસી સાથે પાકો કાળો રંગ બને છે. લાકડાના કોલસા કે હીરાકસી સાથે પાકો કાળો રંગ બને છે. તેની અંદરથી પુષ્કળ ટેનિન મળે છે. હિંદમાં તેના જેટલું ટેનિન બીજી કોઈ પણ વનસ્પતિમાંથી મળતું નથી. ટેનિન અને રંગો કાઢવા માટે હિંદથી મોટા પ્રમાણમાં વરપ, ઍમેરિક બાતે નિકાસ દર વર્ષે થાય છે. ટેનિન અને રંગો માટે અર્ધપક્વ ફળો મુખ્યત્વે વપરાય છે. પક્વતામાંથી પ્રમાણ ઘટી જાય છે. એક સારું ઝાડ પોતાની હયાતીમાં ૨,૦૦૦ જેટલી પેદાશ ફળોમાંથી આપે છે. હરડે હિંદના આયુર્વેદની અગ્રગણ્ય ઔષધિ છે, એ માટે તેનું પ્રશંસાકારક સંસ્કૃત વચન આ પ્રમાણે છે: નાસ્તિ વરમ ગૃહે માતા, વરમ માતા હરીતકી. વિજયા સર્વોત્તમ ગણાય છે ઔષધિમાં પરિપક્વ અને મોટા કદની વખણાય છે હાલમાં મોટા કદની હરડેના લોકો અતિશયોક્તિ ભરેલા વખાણ કરે છે કે, એ હરડે મુઠ્ઠીમાં રાખ્યાથી થોડે વખતે ઝાડો લાગી મળ નીકળી પડે છે. તેમાં ખારા સિવાય કડવો, તૂરો, મીઠો, ખાટો અને તીખો એ પાંચ રસ છે. તેમાં તૂરો વધારે પ્રમાણમાં છે. તે ગ્રાહી, ઉષ્ણ, દીપન, પાચન, બુદ્ધિ, સ્મૃતિ, પટુ, રસાયન, વાત, પિત્ત અને કફ ત્રણેનું સમન કરનાર, મારક, રેચક, મૃદુરેચક, હૃદયોજ્જક, કૃમિઘ્ન અને પૌષ્ટિક છે તેની અસર હૃદય, જઠર, આંતરાશય, મૂત્રાશય, ઉપર વધારે થાય છે. તેના સેવનથી શરૂઆતમાં મોડો રેચ લાગે છે, પરંતુ ધીમે ધીમે શરીરના અંદરના અગ્નિને પ્રદીપ્ત કરી આંતરમાં અને સમગ્રની જેવા રોગોને સુધારી ઝાડાને બાંધે છે દમ, ખાંસી, શ્વાસ, સ્વરભંગ, કાકડાનો સોજો, સ્તોત્રમ અને કફનાશમાં સારું કામ કરે છે જૂની કબજિયાત, ગુલ્મ, અજીર્ણ, આફરો, શૂળ, યકૃતરોગ, પ્લીહવૃદ્ધિ, જળોદર વગેરે ઉદર વ્યાધિઓને દૂર કરી અનાજનું પાચન કરે છે. બંધ થયેલી ભૂખ પ્રાદીપ્ત કરે છે. ઊલટી, ઓકારી, અતિતૃષા, હેડકો મટાડે છે. અર્શ, સોજા, હાથીપગ રોગ, જીર્ણ ત્વચારોગ, કમળો, પાંડુરોગ માટે તેનું સેવન થોડા દિવસ કરાયો અજબ ફાયદો થાય છે. મૂત્રાશયના રોગ, પ્રદર, આતવદોષને સુધારે છે જીર્ણ સવિષ, હાથપગની કે કમરની કળતર દૂર કરે છે આયુર્વેદમાં તેના જુદાજુદા અનુપાન બતાવેલા છે. તેના યોગે તે વધુ કામ કરે છે એમ કહ્યું છે. એરંડા તેલમાં ભેળવી ગોમૂત્ર સાથે ૪૦ દિવસ સેવન કરવાથી બાળકની એક બાજુની અંડવૃદ્ધિ મટે છે અનુપાનોમાં દૂધ, એરંડતેલ, ગોળ મુખ્ય ભાગે વપરાય છે પરંતુ તેથી પણ વધારે ગુણ તેની સાથે ભહેડાં અને આમળાંનાં ફળ સમાનભાગે ભેળવેલું ચૂર્ણ જેને ત્રિફળા કહે છે તે આયુર્વેદમાં અતિ પ્રશંસાપાત્ર ગણેલું છે. તેનું માહોપણું માયાફળ જેવું છે. તે ટૉનિક ઍસિડને બદલે વાપરી શકાય. હાલમાં તેની મોટા કદની અતિ પ્રશંસા થવાને કારણે બજારોમાં બજારમાં વેચાય છે તેમાં તો ખાલી ઠગાઈ છે તેના ચૂર્ણનું પુત્રપ્રદાન દમમાં ફાયદો કરે છે. કુમળાં ફળોને બાળહરડે કે હીમજ કહે છે. તે પણ દવામાં એ જ મુખ્યે માટે વપરાય છે હરડે ક્ષારોમાંને માટે આયુર્વેદમાં વર્ણવે ગણાવેલી છે. ઉપરાંત બહુ દુખણા, ચાકેલા, ગર્ભવતી, પિત્તપ્રકોપ અને લાવણ્ય ચામાં માટે પણ લાભ ગણાય છે હરડે ચૂર્ણ એકલું કે ત્રિફળા ચૂર્ણ રાત્રે પાણીમાં ભીંજવી સવારે એ પાણીથી આંખો ધોવાથી કે આંખ ઉપર એ પાણીની ઠંડક મારવથી આંખના ઘણા રોગ મટે છે. એ પાણીને પોતા આંખે રાખવાથી દુખતી આંખની રતાશ, ઝાંખી, ઝાંખાશ મટી દૃષ્ટિ મજબૂત થાય છે દાતમંજનમાં હરડેનું ચૂર્ણ પડે છે તેથી દાંતમાંથી લોહી પડવું, પરુ બંધ થાય છે. અડધો ચમચો હરડે ચૂર્ણ ગરમ પાણી સાથે ફાકી જવાથી ઊલટી થઈને પેટમાંથી પિત્ત નીકળી જાય છે. હરડેના ઉકાળાથી વહેલા ધોવાથી તુરત ઠંડક આવે છે ફળ ઉપરની છાલ ટેનિન અને રંગ માટે કાઢી લીધેલ પેટી જે કાષ્ઠમય કઠણ રહે છે તેમાંથી પીળાશ લેતા રંગનું, સહેજ તતડાર ખાસ તેલ ૪૬ થી ૮૬ ટકા સુધી મળે છે આ ઝાડો ઉપર જતુની ગ્રંથિઓ આવે છે તે બહુ ગરમી ગુણની હોય છે. રંગ અને શાહી બનાવવા કટકી સાથે પીળો, લાકડાના કોલસા સાથે સરસ પાકો, કાળો અને સલ્ફેટ ઑફ આયર્ન અને ખાખરા કે ખેરના વલ્કલ, ગુંદ સાથે સરસ ખાખી રંગ કપડા ઉપર ચડે છે બીજી કેટલીક વસ્તુઓના રંગો સાથે તરેહવાર રંગ બને છે. તેમાં ટેનિન પુષ્કળ હોવાથી ચામડા રંગવા પણ વપરાય છે લાકડું રાખોડી રંગનું, અગડગઢ, બારીક કઠણ, લીસાશ કે પોલાશ વેતી રેખાવાળું, અંદરનું કાળાશ ઝાંયવું જાંબલી રંગનું અને બહુ ટકાઉ છે પોલીશ કર્યે બહુ સુંદર બને છે. છાલ ટેનિન અને રંગ માટે વપરાય છે

ઓષધી હાતથ જે કરે, નરાંગ હરડે ખાય.
હાતે હલ્યા જ જે દિયે, તે ઘર વૈદ્ય ન જાય

લોકોક્તિ

૩ જી મહિરમાં સિખરના ઈંડા નીચેનો ચપટો, ગોળાકાર અને ભંગર.વાળો પથ્થર.

હરડેકવાથ (હરડેકવાથ) પું (વૈદક) હરડે, મરમાળો અને આમળાં અરધો અરધો તોલો લઈ સાથે ખાંડીને બનાવેલો કવાથ. તે તાવ, અજીર્ણ તથા ત્વચારોગ ઉપર અપાય છે

હરડેદળ (હરડેદળ) ન હરડાની એક જાત.

હરદો ૧. પું. એ નામના એક હલકી જાતના ઘોડ

૨. પું એક જાતનો પીળો રંગ.

હરણ ૧. જી. કાઠિયાવાડી ઘોડીની એક પ્રખ્યાત જાત. એ ઘોડીની ગતિ હરણ જેવી ઝડપી હોવાથી તે હરણ કહેવાય છે

૨. [સં.] ન. ઊપાડી જવું તે; ઝૂંટવી લેવું તે; જોરજુલમથી લૂંટવી લાવવું તે. હરણ કરીને પણ પત્ની મેળવવાની પ્રથા હતી. રુક્મિણી હરણ, ઉષાહરણ અને સુભદ્રાહરણના પ્રસંગો જાણીતા છે કેટલીક પ્રાચીન સ્થિતિ જોગવતી જાતો ઓહરણના વિધિની જાતમાં જરૂર ન હોય તોપણ ચાલુ રાખે છે. પ્રાચીન

રોમન ઇતિહાસમાં, નેગ્રોઝના બીજાઓના દરજ્જાનો મહત્ત્વપ્રસંગ, બનાવો વ.

૩ ન એ નામની એક રમત તે મહુવા તરફ રમાય છે

૪ [સં. દરિદ્ર] ન દુઃખ ગરીબી, દરિદ્રિયું, ઉજ્જડપણું, મરેલા જેવાપણું, અવસ્થા જાવું રહેવું વ. એક જનાવર, તેના દરજ્જાનું નરને લાગી તાજેતર ઉપર એક ટાપુવાળું, શિંગડા અને લાંબા દાંતવાળું જેવી ઉપલી રૂક્ષમીઓ હોય છે દરજ્જાનું એક જાત પશ્ચિમ આફ્રિકા ના ઉત્તર આફ્રિકામાં, ઘણું: અદ્યોગ, જાડપણ, જાતમાં આવે છે ૪ ફૂટ ઊંચો નર માદા કરતાં મોટો હોય છે અને છ વર્ષની ઉમરે તે મોટા દરજ્જા ગણે છે તેની માદાને કહેવાય છે અને તેના દરજ્જાનું બચ્ચું કહેવાય છે તે ટોળાંમાં જીવે હોય છે ઉનાળામાં લાલ ભૂરું હોય છે બગીચાઓમાં પાળેલા હરણોના ટોળાંના ટોળાં રાખવામાં આવે છે

૫ ન દામકામ અપાતું ધન, કન્યાદાનમાં તથા વરવધૂને જે કાર્ડ આપવામાં આવે છે તે

૬ ન દૂર કરવું તે, છૂટું કરવું તે

૭ ન. ભાગવું તે; વિભાજન

૮ ન ભુક્કા; ક્ષય, ખાડો

૯ વિ દૂર કરનાર, અલગ કરે તેવું, છોડાવે તેવું

હરણકપાણી ૧ સ્ત્રી એક જાતની જમીન આ જમીન દળદાર, ફાટા, રેંગણી, ચીકણી અને ચીરા પડે તેવી હોય છે આ જમીનમાં બાજરી ઘણી જ સારી થાય છે મગફળીનો પાક આ જમીનમાં ઓછો ઉતરે છે

૨ વિ સ્ત્રી. હરણના માથા જેવી કઠણ.

હરણકું ન હરણિયું

હરણચરો ૧ પું એક જાતનું ઘાસ તેના પાન ઝીણા હોય છે ફૂલ ધોળા, વસાળી કે જાંબલી રંગનાં થાય છે

૨ પું એક ઝાડનો છોડવો ચડ ઉપર ગઠ્ઠ થાય છે હાથ લગાડવાથી તેમાં કાટ હોય તે લાગે છે તેમાંથી ખારે માસ લીલા છોગા નીકળે છે ત હરણ ખાય છે તેનાં પાન અને ડાળી ઝીણા હોય છે.

૩ પું પાનફૂલ

હરણદોડી (હરણદોડી) સ્ત્રી એક જાતની ઔષધિ, મોટી ખરખોડી.

હરણપગ ન. એક જાતની વનસ્પતિ; ટર્નર નામનો વેલો. તેના પાનનો આહાર હરણના પગની ખરી જેવો હોય છે માટે આ નામ છે. તેના પાન ચૂમડા પર ખવાય છે

હરણપગી સ્ત્રી એક જાતની વેલ તે એકથી પાંચ ફૂટ લાંબી થાય છે તેના પાન હરણના પગના આકારના હોય છે ફૂલ ધોળાં કે ગુલાબી રંગના અને ફળ સૂક્ષ્મ ગોળાકાર લેતા અમીદાર હોય છે તે દવામાં વપરાય છે.

હરણફેઠકો (હરણફડકો) ૧ પું ધાક; ફાળ, ચિંતા; ફિકર

૨ પું વાનસ્પતિમાં બીજ જવ તે. કોઈ શિકારી કે હિંસક પ્રાણી આવીને ફાડી ખાશે એવી હરણને. જેવી બીક

૩. પું ગભરામણ, ફફડેંગીપાનું

હરણફેરકો (હરણફરકો) પું ચાંદીદિવસની ચિંતા, ફાળ

હરણકાલ સ્ત્રી નર્મદા ના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક સ્થળ અહીં દિગ્વિજયાર્થે તપ કરીને સિદ્ધિ મેળવી હતી

હરણકાલઘાટ પું નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનો એક ઘાટ અહીંનું દૃશ્ય ઘણું જ અભ્યાસ છે અહીં દિગ્વિજયાર્થે તપ કરીને સિદ્ધિ મેળવી હતી

હરણકાળી ૧ સ્ત્રી મોટો ફટકો બાંધેલા હરણ પેઠે દોડવું તે

૨ વિ અત્યન્ત

હરણ કાળે ન પૂરે ગડપણી; હરણના બંને

હરણકાંગ પું ગાદરાની પ્રજાતિમાં ગણાય જિલ્લામાં શિકારે ખેલવાનો એક મોટો આમ

હરણકોચના ૧ સ્ત્રી હરણના જેવી આંખોવાળી સ્ત્રી.

૨ વિ હરણના જેવી આંખોવાળી

હરણકેલ સ્ત્રી ખરખોડીનો એક જાતનો વેલો

હરણકશીળ ૧ વિ અતિ લોભી.

૨. સ્ત્રી. સર્વે હરણ કરવાની કુટેવવાળું.

હરણકશીંગ ન. હરણનું શીંગ હરણકશીંગ ઔષધમાં વપરાય છે તેનું ચૂર્ણ અને તેની રાખ પાર્શ્વશૂળ, ગઠીયાવા, રાંજણ અને બીજા બાધાની પીડાઓમાં કષ્ટ અસર માખણમાં અપાય છે. તેની માત્રા ૨ વાલ છે.

હરણકસુરી પું જમીન ઉપર પથરાતા એક જાતના છોડ તેના પાન કાનરાદાર બારીક હોય છે આ છોડ હરણને બહુ સારા લાગે છે માટે આ નામ આપેલું છે ઔષધિ તરીકે તે વપરાય છે તે પૌષ્ટિક છે.

હરણકાંપેયાં સ્ત્રી છીકારવું નામની એક દેશી રમત. એ સોગઠ તરફ રમાય છે

હરણકણી ૧ ન જાકડાનો આગલો બાજુનો ત્રિકોણાકાર ભાગ

૨ ન મૃગશીર્ષ, રાત્રિના અનસૂચક નક્ષત્ર

૩. ન હરણનું બચ્ચું

હરણિયો ૧ પું ઘાડુ, ગબેડું એકાએક જકડાઈ જાય ને કાન સીધા દ્વાર જેવા થઈ જાય તેવો એક જાતનો વાનો રોગ

૨ પું મૃગશીર્ષ ત્રણ તારાનું ઝુમખ

હરણિયોપારો પું એક જાતનો પારો

હરણી ૧ [સં.] સ્ત્રી. અશ્વારામા ઊગતું નક્ષત્ર, મૃગશીર્ષ

૨ સ્ત્રી કાઠિયાવાડી ઘોડીની એક જાત

૩ સ્ત્રી હરણની માદા, મૃગલી, કુરંગી.

૪ વિ સ્ત્રી હરણ જેવા રંગની

હરણીઆ ૧ સ્ત્રી કડવા કળાઈની એ નામની એક અદક

૨ ન એ નામની અદકનું માણસ

૩ વિ એ નામની અદકનું.

હરણીજું ન ગાડીની સપડી તે કડી પ્રાંતમાં વપરાય છે

હરણીવાલોળ સ્ત્રી એક જાતની સાંકડી તે લાંબી વાલોળ

હરણીય ૧ વિ ભાગવા યોગ્ય, ભાજ્ય.

૨ વિ ભાગ્ય જેવા, યોગ્ય

૩ [સં. હૃ (હરણ) + અનીય (યોગ્ય)] વિ હરણ, લઈ જવું, હરણ કરવું, યોગ્ય, ઉપાડી લેવા જેવા

હરણું ૧ ન હરણ; કુરંગ; મૃગ

૨ ન હરણના આકારનો ગણ આકાશમાં દેખાતો એક તારો

હરણો ૧ પું એક જાતનો ઘા આ ગધેડાંને થાય છે જેથી તેના પ્રાન ફીંગડા મટકા ભાંગ્યા જ રહે છે પગ ગડ થાય ત્યારથી તે પ્રથમ પગમાં ઉભા રહે છે ને મટતો નથી આખરે જીવ લે છે

૪ પું નરહરણનું, કસ્તિયારું મૃગ

હરણ્યુ ૧. ન મૃગચર્મ

૨ ન મૃગશીર્ષ

હરણ્યે સ્ત્રી હરણની માદા

હરત સ્ત્રી રસ્તા, પહાડમાંથી નળ કે રસ્તો

હરત વહેવા – કાનમાંથી પરુ કે પાસ નીકળવું

હરતરેહ [ફા હર (દરેક) + તરહ (રીત)] અ કોઈ પણ રીતે

હરતલ અ. દરક રીતે, વિવિધ કામે

હરતલફેરતલ વિ હરી ફરી શકે તેવું

હરતાલ [સ. હરીતાલ] સ્ત્રી. પીળા રંગનો સોમલખાર; પીળા રંગનો બનાવેલો રસ; તાલ, આલ; તાલક. હરતાલ સોમલ અને ગંધકનો બનેલો પદાર્થ છે અને તેથી તેમાં સોમલને મળતા ગુણ રહ્યા છે. તેની બે જાત છે પત્રાભ્ર અને પિંડાભ્ર; પતરા અને બીજી પીંડ હરતાલ; વરખી અને પીંડ વરખી આંખમાં અને પીંડ રંગકામમાં વપરાય છે. શોધન તથા મારણ.—હરતાલના બારીક કકડા કરી એક પ્રહર પર્યંત દોલાયંત્રથી કાજીમા, કોહાળાના રસમા, તજના તેજમાં અને ત્રિફળાના ક્વાથમાં ઉકાળવાં. આવી રીતે ઉકાળવાથી હરતાલ શુદ્ધ થાય છે. શુદ્ધ કરેલ પત્ર હરતાલને પુનર્નવા રસની અંદર એક દિવસ ખલ કરી તેનો ગોળો કરવો પછી ગાયરની અંદર અરધો અરધ પુનર્નવાની રાખથી ભરી દેવી. તેને ચોવીસ કલાક અગ્નિ આપવાથી શુદ્ધ હરતાલભસ્મ થાય છે. જ્યારે પોતાની મેળે ઠરે ત્યારે તે ગોળો લઈ વાટવો. હરતાલમાંથી હરતાલભસ્મ, ભૂતભૈરવરસ, તાલકેસરીરસ, હરીતભરસ અને હરીતાલ લેપ નામના બીજા બને છે. ગુણ:—તે શોષક, કૃમિક તથા જ્વરઘ્ન છે. ઉપયોગ:—દરેક પ્રકારના તાવ ઉપર તે અપાય છે. પક્ષઘાત, અર્દિત, ગૃધ્રસી, અર્શ, ત્વકદોષ વગેરે ઉપર હરતાલ અપાય છે. તેની એક રતિની માત્રા આપી શકાય છે. હરતાલ ઉપર કોઈ પણ ગરમ ચીજ ખાવી નહિ અને ખાસ કરીને તેના ઉપર ગળ્યાનો ખોરાક આવો. હરતાલની ગણના ઉપરસમા છે. કટકડી અને અભ્રકમાંથી હરતાલ થાય છે. તે આઠ પ્રકારની છે. સર્વેમાં ગોદની હરતાલ ઉત્તમ છે.

હરતાલતેલ ન. (વૈદક) હરતાલમાંથી બનતું દવા તરીકે વપરાતું તેલ

હરતાલભસ્મ સ્ત્રી. હરતાલમાંથી બનાવવામા આવતી ભસ્મ; હરતાલને સાટોડીના રસમાં વાટી પુટ દઈને બનાવેલી ભસ્મ.

હરતાલલેપ પું. (વૈદક) હરતાલમાંથી બનતા એ નામનો લેપ. હરતાલ બે ભાગ, મનઃશીલ એક ભાગ, ભાખ્યો એક ભાગ, કુવરિયાનાં બીજ બે ભાગ, મોરથૂથુ એક ભાગ, ટંકણ એક ભાગ, મધ બે ભાગ અને કપૂર એક ભાગ એ પ્રમાણે ચીજો મેળવી તેનું ચૂર્ણ બનાવાય છે. કેટલાક ત્વકદોષ જેવા કે ઉંદરી, ઇચર્ચિકા, કરોળિયા તથા ખિત્રી વગેરેમા કોઈ પણ જાતના કીડાની ઉત્પત્તિ થઈ હોય ત્યારે આ લેપ લગાડવામા આવે છે. માથામાં ખોડો પડ્યો હોય ત્યારે પણ આ લેપ લગાડવામાં આવે છે

હરતાલિકા તીજ સં. હરિતાલિકા તૃતીયા] સ્ત્રી ભાદરવા શુદ ૩; વરાહજયંતી

હરતાળ જુઓ હરતાલ.

હરતું ફરતું ૧. વિ. આમ તેમ જતું આવતું; હાલતુંચાલતું; ચાલીચાલી શકે તેવું કે તેટલું.

૨. વિ તંદુરસ્તીમાં આવતું; સાજું થતું; સુધરતું.

હરતેજ ૧ સ હરતેજસ્] ન પારો

૨ ન. શિવનું વીર્ય

હરદ ૧. [હિ.] સ્ત્રી. હળદર

૨. ન. ટેવું

હરદત્ત પું. મધ્યકાલીન ભારતમા થઈ ગયેલ એ નામનો એક કવિ તેણે રાઘવ નૈષધીય નામનું કાવ્ય રચ્યું છે

હરદમ ૧. [સા હર (દરેક) + દમ (શ્વાસ)] પું. પ્રાણ, પ્રાણપખ.

૨. અ. વારંવાર; ક્ષણેક્ષણ; પળેપળ

૩ અ. હમેશ, હમેશા; રોજ; નિત્ય

હરદળવાં પું. એક જાતનું ઝાડ. આ ઝાડનું થડ સીધું હોય છે. પાન પાંચથી પદર ઈંચ લાંબાં અને તેટલા જ પહોળા હોય છે સુવાસિત પીળા રંગનાં ફૂલોની દડી આવે છે. ફળ સફેદ બે પોલવાળું થાય છે. દરેક પોલમાં ઘણાં બારીક બીજ હોય છે.

હરદાસ [સ.] પું હરિકથા કરનારો માણસ, હરિભક્તની આખ્યાયિકાઓ કહેનાર. ઊભા રહી ગાયનની સાથે કથા કહેનાર.

હરદાસ બાવો પું. મહારાષ્ટ્રમાં હરિકીર્તન કરનાર વ્યક્તિ.

હરદાસી પું. હરદાસ; હરિકથા કહેનારો ભટ્ટ.

હરદી [સં] સ્ત્રી હળદર

પીતા ગારી પ્રભની રજની ચિત્ત નામ,
હરદી ચૂના લાલ રંગ થયા નેવ તુજ ધામ.
પિંગળાપ્રકાશ

હરદોર પું ક્ષત્રિયોમાના નાના દેવ; જુદેલખંડમાં ઓરછાના રાજા બીરસિંહનો બીજો પુત્ર. તેણે અબુલફઝલનું ખૂન કર્યું હતું. તેના બાપે કબરે પોતાની બી સાથેના સબંધના વહેમથી તેને મરાવી નાખ્યો હતો તેથી તે ભૂત થયો ઉત્તર હિંદમા હરદોરના ભૂતની પૂજા થાય છે બુંદેલખંડમાં લગ્નના નાના દેવ તરીકે છે. તે દુલ્હાદેવની પદવીનો જ છે

હરદ્વાર ૧ [સ હર (મહાદેવ) + દ્વાર (બારણું)] ન. ગંગાદ્વાર, હિંદુઓનું એક તીર્થસ્થાન આ બાજુએથી નીલ અને બિલ્વનામક બે પર્વતોની વચ્ચે એક મોકળી ખીણમાં વસેલું છે. તેને કેદારખંડમાં હિમાલયના બદરિકાશ્રમમાં જવાનો દરવાજો હોવાનું બતાવેલું છે તેની અ.ભુ.જુ.જુ દીવાલ જવા ગંગા ગિર. નીલ તથા બિલ્વ પર્વતનાં શિખર ઉપર ક્રમશ. શ્રી ચંડિકાદેવી તથા મનસાદેવીન. ધવળ ધામ નહોમહોગામા પૂર્ણચંદ્રના જેવા દૂરથી પણ બધાં જ મનોરમ પ્રતીત થાય છે. અહીં ગંગાનાં સર્વપ્રથમ દર્શન થયેલાં છે અહીંથી હિમાલય પ્રદેશનો પ્રારંભ થાય છે. આ તીર્થ બહુ જ રમણીય છે અહીં પિતા દક્ષ પ્રજાપતિ દ્વારા અનુચિત વર્તાવથી દુ:ખી પડીને પુત્રી પાર્વતીએ પોતાના જીવનની આહુતિ આપેલી હતને પહોંચવાનું સ્થળ હોવાથી હરદ્વાર અને હરિને પહોંચવાનું સ્થળ હોવાથી હરિદ્વાર કહેવાય છે ભાગીરથી—ગંગા ગોમુખીમાંથી નીકળી મહા દેવની જટામા એટલે કે હિમાલયનાં જંગલોમા સપડાઈ ગઈ કોઈ જારે સરસ્વતી સાંકડી ગિરીમાર્ગો જારે મેદાનમા પ્રવેશ કરે અને પછી જેમ ઘોડો છૂટ્યો અનેક દિશા મા દોડા કરીને વિખરાઈ જાય તે જ દશા હરદ્વાર પાસે ગંગાજીની થઈ છે. ગૌરા ગામાથી છૂટેલા વાછરડાં સ્વતંત્રતાનો અનુભવ કરવા ખાતર જેમ આમતેમ દોડે છે તેમ હરદ્વારથી ગંગા નદી અનેક પ્રવાહે દોડે છે અને દરેક પ્રવાહનો ઉલ્લાસ પણ બાલસહજ જ દાખવે છે. હરદ્વાર એ ગંગાને માટે પહાડ છોડી મેદાનોમા જવાનું જેમ પ્રથમ દ્વાર છે તેમ મુસાફરીને માટે હિમાલયની યાત્રા શરૂ કરી તળેટી છોડી, પહાડોમાં પ્રવેશ કરવાનું પણ દ્વાર છે ઉત્તરખંડની યાત્રા અહીંથી શરૂ થાય ગણાય છે હરદ્વારનાં બીજા નામો છે હરદ્વાર કે હરિદ્વાર, માયાપુરી કે મોક્ષપુરી, ગંગાદ્વાર કે હિમાલયની યાત્રાનું મુખદ્વાર એમ હરદ્વારના જુદા જુદા નામો છે અને હિંદુસ્તાનમાં મનાતી સાત મોક્ષપુરી માંહેની એ એક મોક્ષપુરી છે. હરદ્વારમાં આજે લગભગ ૧૫૦થી ૨૦૦ ધર્મશાળાઓ છે. એમાં કોઈ કોઈ ધર્મશાળા તો રાજાઓના રાજમહેલ જેવી આલીશાન પણ છે અને કોઈ કોઈ સાદી ઝાંપણીની પણ છે. કોઈ કોઈ ધર્મશાળા સદાવ્રત ખુલ્લી રહે છે. હરદ્વાર, કનખલ અને જ્વાલાપુર એ ત્રણે પાસપાસે છે. હરદ્વાર એ યાત્રાળુઓનું અને ભિખારીઓનું નગર જ્વાલાપુર એ પંડાઓનું ધામ. ત્યાં પંડાઓ વસે છે એ પંડાઓ મારફે યાત્રાળુઓની સોબતમા હરદ્વાર આવે અને સાજના પાછા જ્વાલાપુર જતા રહે છે. કહેવામ છે કે,

જો તેઓ હરદ્વારમાં સ્થાયી રહે ન [illegible] વરાહદ્વિ થતી નથી અને કનખલ એ તો સન્યાસીઓનું ધામ હરદ્વારમાં મોટામાં મોટું અખાડા હોય તો તે પણ ઘાટ છે તેને હરકી પેઢી પણ કહેવામા આવે છે. [illegible] સાજ હજારો યાત્રાળુઓ [illegible] પવિત્ર થાય છે હરકી પેઢી ઉપર [illegible] ઓ પગથિયાં ઉપર કુદરતે [illegible] મુનિઓએ મંગારેલા [illegible] હરદ્વારે પૂજા મેળા, વખતે જોગા થતા સાધો સાધુ મહાત્માઓ આ જ ઘાટમાં સ્નાન કરે છે એવ. આ બધા પવિત્ર ઘાટ છે આ જનઘાટમાં સ્નાન કરેલ એ મહત્વ [illegible] ધાર્મની મદદ [illegible] હરકી પેઢી ઉપર [illegible] અને પુલ છે પણ ઘાટમા એક બાજુએ મળ ધોવા નીરને વાળ્યાં છે અને છાતી બાજી પ [illegible] યાત્રાળુઓ આનંદ અને ભાવપૂર્વક સ્નાનાદિ કરે છે ઘાટની [illegible] અને બીજી તરફ [illegible] ઘાટ ઉપર શ્રી બદરીનાથ, શ્રી રામપ્રભુ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી હનુમાન વગે અને માયાદેવી, ગણપતિ વગેરે બધાં દેવ દેવીઓના મંદિરો છે અને ગંગેશ્વર, સંગેશ્વરનાં શિવલિંગો છે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે: હરદ્વાર એટલે પ્રભુનો પગ્સે જ્યાન દ્વાર, આ ભવ સંસારનો વા અહીંથી બધ પડતો ભાગે છે. સ્વર્ગીય કે દિવ્ય વાતાવરણ અહીંથી શરૂ થાય છે હરદ્વાર એટલે સંન્યાસી તીનુ ધામ. બધે ભાગે મનુષ્યના મસ્તકરહિત, શીશકરે બાંધેલી પોતાની જટા એટલે શિખરો અને બીજોમાંનાં વૃક્ષોની ગીચ ઝાડીમાંથી વહેવું આવતુ, વિશદ્ધ શીતલ જલ અહીંથી છૂટું પડી અનેક પ્રવાહે વહે છે. અહીં ગગા કિનારે બધા ઘાટ છે. મુખ્ય ઘાટને હરકી પેઢી-હરઘાટના પર્યાયવા કહે છે પગ્સે જ નદીના પાણીને એક તરફ વાળી એક કુડ બાંધો છે, તેને બ્રહ્મકુંડ કહે છે આ ઘાટ ઉપર અને બીજા ઘાટો ઉપર કુ [illegible] નીલપર્વત અને બિલ્વકેશ્વર, ચડી દેવી આદિના મંદિરો છે શહેરથી બોરે દૂર ભીમગોડા, સપ્તસ્રોત આદિ પવિત્ર સ્થળો છે હરદ્વારથી ચાર પાચ માઈલ દૂર કાંગરી ગુરુકુળ આવેલું છે તેના મુખ્ય મંદિરોમાં ચંદી પહાડ, માયાદેવી અને ગંગાદ્વાર છે. ચંદી પહાડ એ ટેકરી ઉપર આવેલ છે મારવાડી રાજાએ સદીમાં બધાવેલ છે અને ત્યાં આધુનિક સ્વયંભૂ મંદિર પણ આવેલ છે તે મંદિરની અંદર મહાદેવની મૂર્તિ છે ગંગાદ્વાર મંદિર હરિકો પગીપાટ પર આવેલ છે

અ. ઘાટ ઉપર વિષ્ણુના ચરણ છે એટલા માટે તે પવિત્ર મનાય છે અહીં યાત્રાળુઓ વૈશાખ મહિનામાં એકઠા થાય છે આ તીર્થો પર દર્શન, સ્પર્શ, મજ્જન, પાન વગેરે કર્મ કરવા ઉપરાંત કોને શ્રાદ્ધાદિ કર્મ કરવું હોય તેને પોતાના પિતૃઓને પિંડ આપ્યું કરવાનું પૂજન વગેરે બાબત નિર્વિઘ્ને સમાપ્ત કરવાનું, પ્રાર્થના કરવાનુ આ સ્થાન છે દીવ્યશક્તિક શક્તિનુ કેંદ્ર, લોખંડ, તાંબુ આદિ ધાતુઓથી ભરપૂર. ઝીંક અને મેવાનું સવથી વધુ ઉત્પાદનની ક્ષમતા ધરાવનો આ જ પ્રદેશ ભારતનો અત્યંત દરિદ્ર અને અભડ છે

૨. જ. ગગા નદી પર આવેલું એક પ્રસિદ્ધ શહેર હરદ્વાર એ સન્યાસીઓની તપોભૂમિ છે. તે સસ્કૃત વિદ્યાનું મોટું ધામ છે.

૩ જ શકરનુ બારણું

હરદ્વારી ૧ વિ હરદ્વારનું

૨. બ્રાહ્મણ હરદ્વાર

હરનિશ [સ અહર્નિશ અ દિવસ-રાત, હરરોજ , [illegible] અહોરાત્ર અહર્નિશ.

હરની ૧ સ્ત્રી પીળા રંગની સ્ત્રી.

૨ [સ્ત્રી. હરિણી] સ્ત્રી (હિંદી) મૃગલી, હરણી

> હરની પ્રતિમા હેમની, હાની સુખની સીમ.
> હરની જ્યાં લાયની કુલમાલ હરિજીવ
> [illegible]

૩. સ્ત્રી મોનેરી જાત

હરપટ અ. એકદમ

હરપરેવડી (હરપરેવડી) સ્ત્રી એક જાતનુ ફળઝાડ; રાય આંબળાનુ ઝાડ; રાય આમલીનુ ઝાડ તેના પાન ઝીણાં અને બારીક હોય છે તેને પીળાં ઘાટાં ફૂલ થાય છે અને નાનાં ગોળ ફળ આવે છે તેને આંબળાં કહે છે. તે ઘાટાં દોય છે. તેને ખાટી આમલી પણ કહે છે

હરપર્વત [સ] પુ. કૈલાસ પર્વત

હરપળે અ. દરેક ક્ષણે, કાયમ; નિત્ય; હમેશ.

હરપાળ ૧. સ્ત્રી લેઉઆ કણબીની એકનામ ' એક અટક

૨ જ એ નામની અટકનું માણસ

૩. સ્ત્રી વિ એ નામની અટકનુ

હરપુજી સ્ત્રી રોટલી વાળ્યા પછી ઘી પૂજવાની રીત; ઉખ

હરપુરી સ્ત્રી. કૈલાસ; શિવનુ ધામ

હરપ્પા પુ. પંજાબમાં રાવી નદીને કિનારે આવેલુ એ નામનું એક શહેર સપ્તસિંધુનો પ્રદેશ રાવીને પણ આવરી લે છે. ઋગ્વેદનો એક મંત્ર રાવી તટે આવેલા હરીયૂપ વાસેના યુદ્ધનુ વર્ણન આપે છે તે હરીયુપ આજના હરપ્પા શબ્દને બહુ મળતો આવે છે મધુથી પ્રથમ સસ્કૃતિ અવશેષો ઈ સ ૧૮૭૫મા અહીં મળી આવ્યા તેમાં નદીની છાપ તથા ન સમજાય એવી લિપિ કોતરેલી મુદ્રાઓ મળી આવી છે અને ૧૯૨૧ સુધી ઓછું વધતું ખોદકામ એ સ્થળે કરવામાં આવ્યું તેમાંથી વધારે અવશેષો મળ્યે ગયા

હરપ્રકાર અ. દરેક પ્રકારે; ગમે તે પ્રકારે

હરપ્રિય પું (સંગીત) સંગીતના રાગમાંના થાટનો એક પ્રકાર તે પ્રાચીન નામ હાલ કાફી થાટથી ઓળખાય છે

હરપ્રીતિ પું (પુરાણ) આઠ વૈવસ્વત મન્વન્તર [illegible] ઉત્પન્ન કરેલ મન્વન્તર મનુના આઠ ઋષિ. [illegible] ઉત્પન્ન થયેલ એક ઋષિ.

હરફ ૧ [અ હરફ (બોલે ઉચ્ચાર કર્યો)] પું અક્ષર, વર્ણ, મૂળાક્ષરોનો શબ્દ.

૨ પુ ઘોષ, શબ્દ; ઉચ્ચાર.

હરફર સ્ત્રી જ [illegible] હરવું ફરવું તે હલચલ; વારંવાર આવવું જવું તે આંટો અવળુ ચાલવું કે ફરવું તે

હરફરાઉપણી [illegible]) [હિં] સ્ત્રી સુસ્તપણું; સ્વસ્થ પણું; ફોમલવૃક્ષલતા; એ નામની આયુર્વેદિક વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેને ફેલસાડ આદી આમલી પણ કહે છે તેની ભાજી બનાય છે. તેમા ફાકળાં જેવાં પીળા રંગનાં ફૂલ થાય છે. તે ઘાટાં દોય છે. કફવા અને પિત્તહર છે અર્શ અને પથરી મટાડે છે.

હરફેહરફે અ શબ્દેશબ્દ; શબ્દશ.

હરફોદાતરફોડા (હરફોડાતરફોડા) પુ ભાંગફોડ; ધમપછાડ.

હરબડવું (હરબડવુ) ૧. અ ક્રિ. ગભરાવું; મુંઝાવુ.

૨ અ. ક્રિ ડરી જવું; હિમત જતી રહેવી; નાહિમત થવુ

૩ સ ક્રિ પ્રજ્વલ્લ હરબડાવવ

૪ સ ક્રિ. નાસીપાસ થવ

હરબટાટ (હરબટાટ પુ હડબડાટ, ગભરાટ

હરબડાવવું (હરબડાવવુ) સ ક્રિ ગભરાવવુ; હિમત છોડાવવી; મુંઝાવવુ

૨ સ ક્રિ ડરાવવુ હરબડાવવ

૩ સ ક્રિ નાસીપાસ કરવુ

હરબના ૧. સ્ત્રી બાજરીની ખોરાકી માફેની એક પેટા જાતિ

૨. અ. એ નામની એક જાતિનુ માણસ

૩. વિ એ નામની જાતિનુ

હરખાને ન. કોઈ પણ રીતે.

હરખેરેઝેતી પું. (અવસ્તા) પૂર્વમાં હિંદુકુશથી પશ્ચિમમાં કોકેસસ સુધીની પર્વતની હાર; એલ્બુર્ઝ પર્વત.

હરખલા [સ.] પું. હરકર અને પાલા.
મણીનો માર્યો મનમુખો હરખલાથી નવ ફરે
દયારામ

હરખવું (હરખડવું) ૧. અ. ક્રિ. ઝમરોવું.
૨. અ. ક્રિ. ડરવું; હરખડવું.
૩. અ ક્રિ. નાસીપાસ થવું; નાહિંમત થવું; ગાત્ર ઢીલા થઈ જવા
૪ અ ક્રિ. પાટકવું; ઘટકવું.

હરખહાટ (હરખડાટ) પું. હડબડાટ; ગભરાટ.

હરખાવવું (હરખડાવવું) ૧. સ. ક્રિ. ગભરાવવું
૨. સ ક્રિ. ડરાવવું; હડબડાવવું
૩. સ ક્રિ. નાસીપાસ કરવું

હરખ ૧. [સ] પું. મક્કા શરીફની મસ્જિદનો પવિત્ર ચોક
૨. પું. હવેલી; મોટું મકાન
૩. સ્ત્રી મસ્જિદ; મંદિર.
૪. સ્ત્રી લોંડી, ગુલામડી
૫. સ્ત્રી. વેશ્યા.
૬ સ્ત્રી. હૂરી; પરી
૭. ન જનાનખાનું; ઘરમાં સ્ત્રીઓને રહેવાનો ભાગ.
૮. વિ પાક; પવિત્ર
૯. વિ. મના કરેલું

હરમખાનું [અ. હરમ + ખાનહ] ન. સ્ત્રીઓને રહેવાનું ઠેકાણું, મહેલ; અંતઃપુર

હરમડવું (હરમવું) ૧. સ ક્રિ. ઝમખાવું, મરડવું
૨. સ ક્રિ. ગભરાવું, રમવાયા થવું; મૂંઝવવું, મુઝાવું; હરખડવું
૩. સ ક્રિ ગાંઠે ચડી જવું; ભૂલા પડી જવું.

હરમહાટ (હરમડાટ) ૧. પું. ઝમખાવું તે; મરડાટ
૨. પું ગભરાટ; મૂંઝવણ; રમવાટ

હરમડાવવું (હરમડાવવું) ૧. સ. ક્રિ. ઝમખાવ તેમ કરવું, મરડાય તેમ કરવું
૨ સ ક્રિ. ગભરાવવું; મૂંઝાય તેમ કરવું

હરમું (હરમડ) વિ. ગભરાયલું, વિકળ; ડરી ગયેલું, બેબાકળું
પલ, સલણા બણા વેગવાળો, તોયે પણ હરમહો રે, સતાવા સાકે ખાડા માંહે પડ્યો
દયારામ

હરમત ૧ સ્ત્રી હિમ્મત; ઇરાદો; કામ, ધારણા; મત; અભિપ્રાય
૨ [સ. હિમત] સ્ત્રી. હિમત; ધીરજ.

હરમતિ [પ્રા.] સ્ત્રી. બુદ્ધિ; અક્કલ; ઝાબરૂ.
જિહા આવ્યા એ કને રામ,
મ્હેં હરમતિ ન થયુ મમ.
આનંદકલ્પમહોદધિ

હરમર ૧. સ્ત્રી અણીવાળાં સાકડાં પાન અને ધોળાં ફૂલવાળો એક જાતનો ઝેરી છોડ. હરમાળ; હરમરો; ધરપદ; એ નામની દવામા વપરાતી એક વનસ્પતિ. આ વનસ્પતિના છોડ ત્રણ ફૂટ ઊંચા વધે છે. તેની ઘણી શાખાઓ હોય છે પાન ત્રણ ઇંચ લાંબાં અને ત્રીજા ભાગના પહોળાં, ફૂલ પત્રકોણમાંથી એકેક નીકળે છે તે ધોળા રંગનું હોય છે. ફળ ગોળાકાર હોય છે. સર્વાંગ ઔષધોપયોગી છે. હરમર કૃમિ વધારનાર મારક અને પોષ્ટિક છે. તેના બીજા ભાગ જેવો નશો રહેલો છે
૨. વિ. લાખો ફૂલનાં બી

હરમાની સ્ત્રી ઝાલઝાટની એક પેટા જાતિ.

હરમાળ પું. એક જાતનો છોડ, ધરપદ; હરમર.

હરમાંકડા સ્ત્રી. ઘૂમટ ઉપરનો એક ભાગ.

હરમુક પું. કાશ્મીરમાં આવેલ એ નામનો પર્વત.

હરમુખ ૧. પું (પિંગળ) એક ચતસ્ર જાતિ ત્રણ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન અનુક્રમે ૧-૫-૭-૯ અને ૧૧ માત્રા ઉપર છે
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ આ છંદ જગતિ છંદનો એક ભેદ છે. તેને કલમુખી છંદ કહે છે. તેના દરેક ચરણમા રગણ, નગણ અને સગણ એમ નવ અક્ષરો હોય છે.

હરમુળ ન કાશ્મીરમાં આવેલ હિમાલયનું એ નામનું એક શિખર. તે ૧૬,૯૦૦ ફૂટ ઊંચું છે

હરમુ વિ. ગળદરના સ્વાદનું; ક્ષાર; બંધાઈ તે કરતા વધારે ગળદરવાળું

હરમેલિન પું. હરમર નામના ઝેરી છોડની ભલમાંથી બનતો ક્ષાર જેવો નશો ચઢાવે એવો એક પદાર્થ

હરમો ૧. [સ તિનિસ] પું. એ નામનું એક જાતનું ઝાડ
૨ પું. એક જાતનું ઝાડ અણીદાર ખેર તે ખાવણના ઝાડ જેટલું ઊંચું થાય છે. પાન પણ ઝીણાં અને બાવળની પતીથી થોડા મોટા હોય છે આ વૃક્ષનું લાકડું ઇમારતના કામમા વપરાય છે હરમો તૂરો છે. તે દવામા વપરાય છે ફૂલ સફેદ થાય છે. તેને વાંકા પરડીમા થાય છે. તે પાકે તથા જતુનાશક છે તે કબજીયાત થાય છે
૩. પું એક પ્રકારનું ઝેરી પક્ષ તેનાથી આસપાસનાને મીઠો ચડે છે
૪ પું ગળદરનો સ્વાદ

હરમો બાવળ પું. એક પ્રકારનું ઝાડ. તે ગિરિરાજ પર્વત ઉપર થાય છે

હરમું વિ ગળદરના વધારે સ્વાદવાળું

હરયાના પું. ગોમોળની એક જાત; બાજબહુની ચોરાશી માહેની એક પેટા જાતિ

હરર ન. એક જાતનો વનસ્પતિ; કાંજલ; હરીતકી. તે ઉત્તર હિંદુસ્તાન, મધ્યપ્રાંત અને જંગલોમાં તથા ગામ બીજામાં કોઈ કોઈ જગ્યાએ ઊગે છે

હરરાજ ૧. વિ સોંઘુ; સસ્તુ
૨. વિ. હરાજ; જાહેર મ.મણીથી વેચવાનું કે વેચાયેલું

હરરાજી સ્ત્રી. જાહેર લીલામથી વેચવું તે; હરરાજ; લિલા.ઉ, લિલામ

હરરોજ ૧. [ફા. હર + રોજ] પું પ્રત્યેક દિવસ
૨ અ. હમેશ, નિત્ય; સદૈવ, હરનિત્ય, નિરંતર; હરરોજ

હરલ ૧. ન એક જનાવર
૨ ન રંગ બનાવના કામની પ્રસિદ્ધ પદાર્થ

હરલિંગ ન શિવલિંગ
તેહ ઉપરિ સોહ્ય, શ્રીરામ, ૫. ૧ ગિરિ અસ્તુતિ હરલિંગમ.
ભીમ

હરલીલા પું. એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે તેને હરિલીલા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમા ત્રણ તગણ, જગણ, ગુરુ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે

હરવખત [ફા હર + વક્ત (વખત)] અ. દરેક વખતે; વારે ઘડીએ; વારંવાર, હમેશ.

હરવખત જુઓ હરવક્ત

હરવજ્ર ન. શાલગ્રામહર જેવું ઓઢવાનું

હરવર ૧ સ્ત્રી ખાન; લક્ષ
૨ સ્ત્રી. ન.દ; સરત; રમરણ

હરવરસ અ વર્ષોવર્ષ; દર વરસ.

હરવર્ષ અ હરવરસ

હરવલ્લભ [સ.] પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક તાલ

હરવવું સ. ક્રિ. હરાવવું

હરવા જી. હાર.

હરવાત [ફા. હર (દરેક) + વાત] સ્ત્રી દરેક વાત; દરેક બાબત.

હરવાયું ૧ વિ. કાયર.
૨ વિ. અલગારી; રખડેલ
૩ વિ. રખડાઉ; રખડેલ; ગમે ત્યાં ફરતું, ફરાયું, રઝળતું
૪ વિ. હારી ગયેલું

હરવાળવું ૧ સ.ક્રિ. બેભાન થવું; ઝાંખા પડવું; ચિત્ત ઠેકાણે ન રહેવું
૨ સ.ક્રિ. ઘેરી લેવું, કબરાવી દેવું; તોળાવું પોકરાવવું.

હરવિમહા [સં.] સ્ત્રી. ખમાસો.

હરવિલાસ ૧. [સં. હર + વિલાસ (રમત)]
પુ. શિવની પૂજામાં આનંદ માનનાર માણસ, શંકરની ભક્તિમાં વિલાસ અનુભવનાર પુરુષ
૨ વિ. હરનો વિલાસ.

હરવું ૧ [સં. હરિત] વિ. લાલ
૨ વિ. પાકું; પીળું
૩ વિ. લીલું; વનસ્પતિના રંગનું
૪ [સં. હૃ, હરતું] સ.ક્રિ. અદ્રોતથી હરવું.
૫ સ.ક્રિ. અપહરવું
૬ સ.ક્રિ. ભેગું કે ઝપાટે લેવું, લઈ લેવું, પડાવી લેવું, છીનવી લેવું
૭. સ.ક્રિ. દૂર કરવું; છોડાવવું, મુક્ત કરવું
૮ સ.ક્રિ. મારી જવું
૯ સ.ક્રિ. હણવું; નાશ કરવું.
૧૦ સ.ક્રિ. હરણ કરવું; બળાત્કારથી ઉપાડી જવું

હરવુંફરવું ૧. અ.ક્રિ. આમ તેમ ને આવ કરવી; આંટા મારવા; આકુપાકુ થવું
૨ અ.ક્રિ. મહાલવું; માણવું; આનંદ અનુભવવો.

હરવેળા અ. દરેક વખતે

હરશી રજપૂત ૧ સ્ત્રી રજપૂતની એ નામની એક પેટા જ્ઞાતિ
૨ ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું

હરશૃંગાર ૧. [સં.] પું. શંકરનો શૃંગાર.
૨. સ્ત્રી (સંગીત) મેઘરાગની છ ભાર્યામાંની એક ભાર્યા રાગિણી.

હરશૃંગારી ૧ [સં. હરશૃંગારિન્] વિ. શંકરના શૃંગારમાં આનંદ અનુભવનાર
૨. જુઓ હરશૃંગાર.

હરશેખરા [સં. હર (શંકર) + શેખરા (મસ્તકનું ઘરેણું)] સ્ત્રી ગંગા; જાહ્નવી

હરશોળ ૧. સ્ત્રી. જૈન વૈષ્ણવોની ૮૪ માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ
૩. વિ. એ નામની જ્ઞાતિનું

હરષ પુ. હર્ષ; હરખ

હરસ [સં. અર્શ, પ્રા. અરસ] ન. ગુદામાં થતો એક રોગ; મસા; ગુદાંકુર; પુંદનો એક રોગ.
હરસ ફાટ્યા = હરસથી લોહી પડવું.

હરસઉરા વિ. (જૈન) ૮૪ માંહેની એક જ્ઞાતિ.

હરસક્રિયા પુ. આયુર્વેદની ચારસો માંહેની એક પેટા જ્ઞાતિ.

હરસમસા પુ. બ. વ. હરસ અને મસા

હરસંહાર ન. [સં.] શંકર રાક્ષસનો હોય ત્યારે તે કથામાં વપરાય છે

હરસાલ ૧ [ફા. હરસાલ (દરેક વર્ષ)]
ન. પ્રતિવર્ષ
૨. અ. વર્ષોવર્ષ, દરેક વર્ષે; હર વરસ.

હરસિદ્ધ સ્ત્રી એક દેવી. વિક્રમ રાજા પર એ પ્રસન્ન થઈ હતી

હરસિદ્ધમાતા સ્ત્રી. એ નામની એક દેવી. તેનું મંદિર ઉજ્જયનમાં આવેલ મહાકાળેશ્વરના મંદિરથી થોડે દૂર આવેલું છે. તે વિક્રમ રાજાને સહાય હતાં અને તેના ઉપર પ્રસન્ન રહેતા એમ મનાય છે

હરસિદ્ધિ સ્ત્રી. એ નામની એક દેવી. સૌરાષ્ટ્રમા સાગર તીરે તે હરસિદ્ધિ માતાજીનું મંદિર ખનિજસ પ્રસિદ્ધ છે. આ મંદિરની કારીગરી કંઈ વિલક્ષણ જ છે અથવા તો અહીંના મંદિરમાં કેટલાક મૂર્તિપ્રતિકો, કલ્પના અને ચિત્રકૃમાં અનુપમ છે. તેમા એક મોહિની માયા શક્તિની મૂર્તિ અને મદન કામદેવની મૂર્તિ તો અપૂર્વ જ છે. મોહિની મૂર્તિ હાથમાં ભાલું ધારણ કરીને ઊભી છે અને તે ભાલું પોતાના વક્ષઃસ્થળને વીંધી, બહાર નીકળીને, સામે ઊભેલા વિજયનોને વીંધવાને તૈયારી કરી રહ્યું હોય તેમ ભાસ થાય છે. ખરેખર મોહિનીની કામણશક્તિ જગતમા બાહર પ્રાણીઓને કેવી રીતે વશ કરે તેનું આબેહૂબ ચિત્ર આ મૂર્તિમાંથી મળી આવે છે. તેવી જ રીતે ધનુષ ધરતા કામદેવની મૂર્તિ છે તેમાં કામદેવને નાનામાં નાનો અને મોટામાં મોટો બતાવ્યો છે. મચ્છીને ક્રમ નાનકડો દેખાય છે અને વિદ્યાર્થીને ક્રમ મોટો મોટો દેખાય છે આ મંદિરની કારીગરી કાર્ય માળવાની કલાને વધારે મળતી દેખાય છે. આ ઉપરથી અનુમાન થાય છે કે, સૌરાષ્ટ્રનુ રવાપત્ય ગુજરાત ઓળંગીને માળવા સુધી ફેલાયેલું હતું

હરસિંગાર ૧. ન. એ નામનું એક અત્તર.
૨. ન. એ નામનુ એક ઝાડ; પરજાતક.

હરસી ૧. સ્ત્રી. પ્રેમાળ સ્ત્રી; સ્નેહાળ સ્ત્રી
૨ [સં. હર્ષ; પ્રા. હરિસ] સ્ત્રી હર્ષ; આનંદ

હરસુત ૧. [સ. હર + સુત] પું અર્જુન.
૨ પું દીકરો
૩. પું. હરિસુત.

હરસુતા સ્ત્રી. દીકરી

હરસુરા પું વાણિયાની ચોરસી માંહેની એક જ્ઞાત

હરસોઠ ન. ચિરોડી. તે પાણીવાળો સોપેથનો પર્યાયિત છે. તે શુદ્ધ હોય છે ત્યારે ફેંગ્રીન હોય છે ધરીઓના એક જાંબા છેદનબિંદવાળા ક્રિસ્ટાલના રૂપમાં તે મળી આવે છે. તેનું વિશિષ્ટ ગુરુત્વ ૨.૬૧ થી ૨.૬૨ હોય છે જમીનમાં બાતર તરીકે, ગ્રહ (પ્લાસ્ટર ઓફ પેરિસ) બનાવવા વગેરે કામમાં તે વપરાય છે. તેમાં સોપેથનો એક ભાગ, ખેપકનો એક ભાગ, પ્રાણવાયુના છ ભાગ અને આર્દ્રજનકના ચાર ભાગ હોય છે

હરસોઢા ૧ સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક
૨ ન. એ નામની અટકનુ માણસ
૩. વિ એ નામની અટકનું

હરસોળા ૧. પું. બ્રાહ્મણની ચોખ્ખી સાડત્રીસ માંહેની એક જ્ઞાતિ. અમદાવાદ જિલ્લામાં હરસોળા છે તે ત્યાંના તે નામના વાણિયાના ગોર છે.
૨. સ્ત્રી. વણિક જ્ઞાતિની એ નામની એક જ્ઞાત.
૩. ન એ નામની જ્ઞાતનુ માણસ.
૪ વિ એ નામની જ્ઞાતનું

હરસોંઠ પુ. એક જ્ઞાતનો ક્ષાર; એક જ્ઞાતનું લવણ.

હરહંમેશ અ દરરોજ; દરેક વખતે; સદા; દૈનિક; નિત્ય; વારંવાર.

હરહર ૧. પુ. મહાદેવનો પોકાર.
૨ પું. શંકરને નવરાવવાનો શબ્દ
૩. પું. હરિ ને હર.
૪ [હિ.] સ્ત્રી એક જ્ઞાતનુ કઠોળ
૫. અ શુભ કાર્યનો ઉદ્‌ગાર; જમતી વખતે તેમ જ લડાઈ વખતે ઈશ્વરવાચક ઉદ્‌ગાર

હરહર મહાદેવ ૧ અ આનંદની લાગણી સહિત અરેબ કરવાનો ઉદ્‌ગાર, બ્રાહ્મણ મરે જમતા અને ભેંસડાક તૂટી પડવાનો શૌર્યોત્તેજક ઉદ્‌ગાર
૨. અ ક્ષત્રિયોની રણહાક.

હરહરવેલ સ્ત્રી. એ નામે રમત; ધુપરીછ નામે એક દેશી રમત. તે ગોહિલવાડ તરફ રમાય છે

હરહવતી સ્ત્રી. ઈરાનમાં આવેલી એ નામે એક નદી.

હરહવૈતિ [સં.] સ્ત્રી. સરસ્વતી નદીનું અરસ્તામાં અપાયેલ નામ. અહીં પણ સ નો હ થયો છે સરસ્વતીને હરહવૈતિ અને સુફ્રસુ તે ફુફેરેતુ કહીએ છીએ

હરહાલ [ફા] અ. બધે તે સંજોગમાં.

હરહિસાબ [ફા.] પું. લેણાદેણાનો હિસાબ; નામુકામુ

હરા ૧ પું (બીજ) હરે

૨. પું દીકરાનો દીકરો; પૌત્ર.

૩. પું. સીસોતરી; શાકભાજી.

૪ [હિ.] પું. લીલો રંગ; ઘાસ તથા પાંદડાં જેવો રંગ

૫. પુ. શહેર

૬. સ્ત્રી. પાર્વતી

શિવ પૂજતાં શ્યામા,
જવ કરથી પુષ્પનો રૂપસો કરતી,
અરસ્પ બનાં જાળીને,
હરા બહલ હરના શિર પર ધરતી.

કાન્હરાજ

૭. સ્ત્રી. મોસમ; લગાતરો.

૮ સ્ત્રી વરસ, સાલ.

૯ વિ કાચું

૧૦. વિ તાજું

૧૧. વિ. પાકો થયેલું.

૧૨. [હિં] વિ. હરિત; પલાશ; લીલું.

હરાઈ ૧. [હિ.] પું. લીસોતરી; તાજપ.

૨. પું. લીલોરંગ; લીલોતરીનો રંગ.

હરાખડો હરાખડો) પું. માથે ઘાલવાની માટી તે કચ્છી પ્રાંતમાં વપરાય છે.

હરખાદ્ય ન. લીલું ખાતર.

હરરાજી જુઓ હરાજી

હરાજ ૧ [અ. હર્જ (નડતર; ગુમરાહ)] ન. ટંટો

૨ ક્ર. હરરાજી; લિલામ.

૧. હરાજ કરવું = લેનારા ભેગા કરીને જાહેરમાં કીમત બોલાવરાવી વેચવું.

હરાજ બોલાવવું = હરાજી કરવી; હરાજ કરવું

૩. વિ. જાહેર બાગણીએ વેચવાનું કે વેચાય એવું, ઉઠમણીએ વેચેલું કે વેચવા કાઢેલું; લિલામથી વેચેલું.

૪. વિ. સાધુ; બજાર કીમતનું; જાહેરમાં જે કીમત આવે તે બરી એવું.

હરાજી [અ. હર્જ] સ્ત્રી જાહેરમાં કીમત બોલાવરાવી વેચવું તે; લિલામ, જાહેરમાં કોમત બોલાવરાવી વધારેમાં વધારે કીમત આપનારને વેચવું તે

હરાજી બોલાવવી = હરાજી કરવી; હરાજ કરવું

હરાડું (હરાડું) ૧. વિ. નિરંકુશ; આડમલ.

૨. રેઢિયાર; લોફર; હરામું; રખડેલ, જે ઢોરને પારકાના ખેતરમાં પેસી જઈ ને મોજ આવ જવાની ટેવ પડી હોય તે.

જેનું આવેડુ હાય, તાસે જઈને ચાળીએ.
હાથી હરાડો હોય, નર રહે આડે હાથી.

દુહો

હરાણ વિ. (જૂ. ગુ.) આશ્ચર્યચકિત

સાહ ધણે જીવ મેલવાણ.
મજ દેખી સા થયુ હરાણ. વિમલપ્રબંધ

હરાણિયો પું. એક જાતકૂતનું નામ

કાણિયાનેહ વણી હરાણિયો

નિષ્કુળાનંદ

હરાણું ન. પચરાઉ વસ્તુ. તે કચ્છી પ્રાંતમાં વપરાય છે

હરાતક ૧. વિ. સમસ્વર; સમતરંગી; એકતાલ; સમાન સૂરનું

૨. વિ. મનહરણ કરે તેવું; મધુર; મીઠું; ખુશકારક.

હરાદ્રિ [સં. હર (શંકર) + અદ્રિ (પર્વત)] પું કૈલાસ.

હરાભરા ૧. [હિ.] વિ. તાજું

૨. વિ ફળદ્રુપ; આબાદ.

૩. વિ. સુખી.

હરામ ૧. [અ. હરમ (તેણે મના કરી)] વિ. કુરાનમાં મના કરેલું હોય તેવું

૨. વિ વગર હકનું; અઘટિત; અયોગ્ય; નહિ વાજિબ; નામુનાસિબ; ગેરવાજબી; ધર્મ, નીતિ અને અવદ્યારની વિરુદ્ધ હોય એવું; અપવિત્ર; નિંદિત; અધર્મી

૧. હરામના પૈસા-નો માલ – પારકાના અન્યાયથી મેળવેલો માલ કે પૈસા.

૨. હરામની ઓલાદ – નું ખોળિયું = હરામખોર; શઠ માણસ. તે ગાળ દેતાં બોલાય છે

૩. હરામનું આવું = પારકી મહેનત ઉપર જીવવું; વગર હકનું આવું; આળસુ પડી રહેવું.

૪. હરામનો માલ પચે નહિ = કપટ તેનું સ્પષ્ટ; ચોરીનો માલ પચે નહિ, જેવી કાનત તેવી બરકત; પાપનો પાપે કૂટયા વગર રહે નહિ.; કમાણીએ ઘર ન ભરાય.

૩. વિ નહિ ખપતું, અખાદ્ય

૪ વિ સુસ્ત, આળસુ.

૧. હરામ જિંદગી કરવી = બીજાને કહેવું.

૨. હરામખાણીનું = બુદ્ધેર, જારપુત્ર, વ્યભિચારથી ઉત્પન્ન થયેલ

૩. હરામ હાડકાં = આળસુ

૪. હરામ હાડકાંનું – આળસુ

૫ હરામના દમેત = પારકા ખર્ચનું ખોકરું પેટમાં. રહેલું

હરામખોર ૧ [અ હરામ + ખુર્દન = (ખાવું)] પું. દુષ્ટ માણસ; બદમાશ

૨. વિ. આળસુ; પડી રહી બીજાનું ખાનાર; વગર હકનું ખાનાર; હરામનું તફાવનાર; પારકું ખાવા ઇચ્છનાર

૩. વિ. કૃતઘ્ની

૪ વિ નિંદ્ય, તુચ્છ, દુષ્ટ

૫ વિ હરામજાદો, વર્ણસંકર, પરપુત્રનું

હરામખોરી ૧ સ્ત્રી લુચ્ચાઈ, દુષ્ટતા

૨ [અ] સ્ત્રી. હરામખોરપણું, કૃતઘ્નતા

હરામચસકો [અ. હરામ + ચસકો] પું. વગર હકનું લેવા, આવા કે ભોગવવાનો ભાવ; હરામીપણું, ખોટી રીતે મેળવવાની ટેવ; હરામનું લેવા આવાનો ચસકો.

હરામજાદ વિ હરામખોર; વર્ણસંકર, પરપુત્રનું.

હરામજાદી સ્ત્રી. હરામજાદાની; લબાડી

હરામજાદું ૧ [અ. હરામ + ઝાદન = (જન્મ આપવો)] વિ. બદજાત; બે બાપનું; સકરું; હલકું

૨. વિ નીચ બાપથી જન્મેલું

૩. વિ પરજ્ઞાતિ કોઈ પુરુષ તેવું, વ્યભિચારથી ઉત્પન્ન થયેલું; અનૌરસ

૪. વિ લુચ્ચું; તોફાની; હરામખોર.

૫ વિ. વગર હકનું ખાનાર

હરામી ૧. [અ હરામ] સ્ત્રી. લુચ્ચાઈ; પક્ષપાતું, હરામખોરી

૨. વિ. અમૂલકનું

૩. વિ. તોફાની

૪. વિ હરામખોર; બદમાશ, બદ્ધાત દાનતવાળું; કૃતઘ્ન; બેવફા

હરામીના બે ભાગ = બળિયાના બે ભાગ; જબરો છતે; જબરો નબળાને ખાય; મારે તેની તલવાર

હરાવું ૧. વિ. અડિયલ; બેલગામ; નિરંકુશ; અનિર્બંધ

૨ વિ. પાકું; મકતનું

૩. વિ. માતેલું

૪. વિ. રખડેલ; જ્યાં ત્યાં ઘૂસનારું; છૂટું; રઝળિયાળ થઈને બીજાનું ખાવા મચ્યું રહેતું; હરેકું.

૧. હરાવા ઢોર જેવું = તોફાન મસ્તીમાં આવીને ગાંડું થઈ ગયું હોય તેવું.

૨. હરાયું ઢોર = જ્યાં ત્યાં રખડ્યા કરતું.

હરાયો ૧ પું નિયમ વિના ગમે તે બોલી હસાવનાર ભવાયો; ડાગલા.નો કે મસ્કરાનો વેશ ધારણ કરનાર ભવૈયો; મસ્કરો; વિદૂષક; રંગલો

૨. જ. કુલાઈને.

હરાવવું ૧. [સ. હારિત; પ્રા હર.વિઅ] સ. ક્રિ. થકાવવું

૨. સ ક્રિ હરાય તેમ કરવું; હરી જાય તેમ કરવું.

૩. સ ક્રિ. હાર અપરાવવી

હરાવાવું જ. ક્રિ હરાવી શકાવું; હાર અપાડવી.

હરાવું ૧ જ ક્રિ. હરાવવું

૨. સ ક્રિ. કરી શકાવું

૩. સ ક્રિ. મુક્ત કરી શકાવું; છોડાવી શકાવું.

૪. સ ક્રિ. મુક્ત થવું; છોડવાવું

૫. સ ક્રિ. લૂંટાવું; હરણ થવું; પડાવી લેવાવું; હરી શકાવું; પડાવી જઈ શકવું

હરાવો ૧. પું. નુકસાન; ગેરફાયદો, ખોટ

૨. પું. હરી જવાપણું

હરાશ્રમ ૧. [સં.] પું. મહાદેવનો આશ્રમ; કૈલાસ

૨. પું. હિમાલય

હરાસ ૧ [જ્ઞા. હિરાસ] પું. (હિંદી) નાઉમેદી. નિરાશ થવાપણું.

૨. પુ ભય ડર

૩. પું શંકા, વહેમ

૪ પુ શોક, વિષાદ, દુ ખ

હરિ ૧. [સં. હૃ (હરણ કરવું)] પુ. અગ્નિ.

૨. પું અઢારસી માત્રાનો એક માત્રામેળ છંદ

૩. પું આઠડાનો છોડ

૪. પું ઇંદ્રનું એક નામ. સુયજ્ઞ નામે પ્રભુના પશ્ચાવતારે પોતે જન્મ.રે ઇંદ્ર થઈને ત્રણે લોકની પીડા દૂર કરી હતી સાર તેમના દાદા સ્વાયંભુવ મનુએ તેમને હરિ એવા નામથી કહ્યા હતા.

૫. પું ઇંદ્રનો ઘોડો

૬. પું (પુરાણ) ઋષભદેવને જયંતીની કુખે થયેલા નવ પુત્રોનો એક પુત્ર.

૭. પું (પુરાણ) એ નામનો અકબન રાજાનો એક પુત્ર.

૮. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તે ૬૪પદી છંદનો એક ભેદ છે. તેમાં ૭ પદ છે. તેમાં ૨૮ લઘુ અને ૧૨ ગુરુ મળી સર્વસંની ૧૫૨ માત્રા હોય છે

૯ પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રિ માત્રામેળ છંદ. તે રોલાવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૩ ગુરુ અને ૩૦ લઘુ મળી ૬૩ વર્ણની ૯૬ માત્રા છે.

૧૦. પું. (પિંગળ) એ નામનો એક સમમાત્રિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો એક ભેદ છે તેમાં ૩૫ ગુરુ અને ૧૮ લઘુ મળી ૪૩ વર્ણની ૯૮ માત્રા હોય છે.

૧૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ, ભગણ, સગણ, તગણ, જગણ અને લઘુ મળી ૨૫ અક્ષર હોય છે.

૧૨ પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત દણ્ડિમણ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ન-ણ, ભગણ રગણ, સગણ, લઘુ અને ગુરુ એમ સત્તર અક્ષરો હોય છે. તેમા છઠ્ઠા અને દશમા અક્ષરો ઉપર વિરામો આવે છે. આ છંદ અત્યષ્ટિ છંદનો એક ભેદ છે.

૧૩. પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ: પદ્ધ. તેના દરેક ચરણમાં નગણ અને લઘુ એમ ચાર અક્ષર હોય છે તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે

૧૪. પું. એક આર્ય જાતિ; ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર વગેરે વંશોમાં પેટા થયેલ જાતિ

૧૫ પુ. કપૂર

૧૬. પું. કિરણ

૧૭. પુ. કુસ્તુંતાનની ઉત્તરે ચોડા માઈલ દૂર અગાઉ અજાઝ નામે આવેલું શહેર. અહીંથી ૧૯૦૮માં કેટલાક શિલાલેખ મળી આવેલ છે તેમાંના ઘણા ઈ. સ. પૂર્વે ૧૩૮૦ના છે. લોકો વતનીઓને હરિ તરીકે ઓળખાવેલ છે

૧૮. પુ કોયલ પક્ષી

૧૯ પું. ઓસ પર્વત; પ્રભાકરમાં સીઝેરાલીઓનના પર્વતો.

૨૦ પુ (પુરાણ) મરુતનો એક પુત્ર

૨૧. પું. ઘોડો

૨૨ પુ ચંદ્ર.

૨૩. પું. (પુરાણ) ચાલુ મન્વંતરના પ્રારંભમા પ્રજાપતિએ કરી ઉત્પન્ન કરેલ માનસપુત્રોમાંના અંગિરા ઋષિના કુળનો એક ઋષિ

૨૪ પુ. ચિત્રાનું ઝાડ

૨૫. પુ જબુદ્વીપમાં આવેલો એ નામે એક ખંડ.

૨૬ પુ (પુરાણ) તામસ મન્વતરમા થયેલો વિષ્ણુનો એક અવતાર. તેણે ગજેન્દ્ર અને મગરનો ઉદ્ધાર કર્યો હતો. પ્રાણ થકી ગજની રક્ષા કરવા માટે ભગવાને આ અવતાર લીધો હતો.

૨૭ પું. દેડકો.

૨૮. પું. ધણી, પતિ.

૨૯ પું. પંડિત.

૩૦ પું. (પુરાણ) પાંડવપક્ષનો ચેદી દેશનો એક રાજા. તેને યુદ્ધમાં કર્ણે મારી હતો

૩૧. પું. પીંગળો રંગ.

૩૨ પું પોપટ પક્ષી.

૩૩. પું. બપૈયો તે પાંખો ભેગી કરતો અને ઘણી પાછો પાંખો ફેલાવતો ઊડે છે

કલિતડક દાડિમ હરિ ચાતક સારંગ નામ,
ઘનથી કહે પપીહરા ઘને નહિ કોઈ કામ.
પિંગળપ્રકાશ

૩૪ પું. જાંબુ

૩૫. પુ ભમરો.

મધુકર મધુલિહ મધુપ અલિ અલિનિ શિલીમુખ ભૃંગ;
ચચરીક ષોડશ હરિ ષીલાપ સારંગ.
પિંગળપ્રકાશ

૩૬. પુ. ભર્તૃહરિ નામે વાક્યપ્રદીપ ગ્રંથનો કર્તા એક મુનિ.

૩૭. પુ. મહાદેવ.

૩૮. ॥ માજરી વર્ણ.

૩૯ પુ મૃગ.

૪૦. પુ મોર પક્ષી.

૪૧ પુ. યમ

૪૨. પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ

૪૩. પું લીલો રંગ.

૪૪ પુ વરુણ

૪૫. પું વાદળ.

મારામર જલધર જલદ જગજીવન જીમૂત,
અબ્દ અબાહક મુદિર હરિ મેઘકિ પૂગલપુત.
પિંગળપ્રકાશ

૪૬ પું વાયુ.

પ્રસન સદાગતિ અકત હરિ આશુગ જગતપરાન,
અનિલ પ્રભંજન ગંધવહ નભસ્વ પવન પવમાન.
પિંગળપ્રકાશ

૪૭ પું વાદરો

૪૮. પું (જૈન) વિષ્ણુકુમાર દેવોના બે ભવ તેનો એક ઇંદ્ર

૪૯ પું વિષ્ણુ. સંસારમાંતના પાપને હરનાર તે છે. પાપનું મૂળ વાસનાઓ હરનારા પણ તે છે. ભક્તજનોનાં દુઃખો, ક્લેશો, સંતાપો અને અનર્થો સર્વના હરનારા પણ તે છે, પછી જ્ઞાત કે અજ્ઞાત, ભાવ કે કુભાવમાં, રુચિપણામાં કે અરુચિપણામાં,

સર્વ કાળમાં, લીધેલું પ્રભુનું નામ કદી વ્યર્થ જતું નથી, પણ સર્વ દોષોને હરે છે અને ઉત્તરોત્તર ઉત્તમ ગતિ આપનારું થાય છે. તેથી ભવસંસારરૂપ પુનરાવૃત્તિને હરનારા હોવાથી તે વિષ્ણુ હરિ કહેવાય છે. હરિનો અર્થ એવો થાય છે કે, પુણ્ય, પાપ, રાગ દ્વેષ, શુભ, અશુભ વૃત્તિની મલીનતા રૂપ ઉપાધિના ઓઘને હરી લે, નાશ કરે તે ચૈતન્ય આત્મા હરિ જણાય છે. અવિદ્યારૂપ કારણ્ય સહિત સંસારને હરિ લે છે તેથી તે હરિ કહેવાય છે

સુંદર મિત્ર વલ્લભ સખા દયિત કહ પ્રિય પ્રાણ,
હરિ પ્રીતમણી કે કુવરી ન કર અકારણ માન.
પિંગળપ્રકાશ

હરિનો લાલ = (૧) પરમેશ્વરનો ભક્ત. ઈશ્વર પ્રેરણાથી ચાલતો પુરુષ. (૨) સખી કે દાતા ગૃહસ્થ.

૫૦. પું શિવ.

૫૧. પું. શ્રીકૃષ્ણનું એક નામ.

૫૨. પું. સર્પ.

પલક નાગ ફણબંધ ને જિલ્લમ ઝોળી સર્પ.
અમ્રમણા સરી સુપ હરિ ગાયોદર ગર દર્પ.
પિંગળપ્રકાશ

૫૩. પું. સિંહ; પંચાનન; પશ્વાસ્ય.

કીરત હરિ કેસરી પુંડરીક હર્યેશ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પશ્વાસ્ય.
પિંગળપ્રકાશ

૫૪. પું. સૂર્ય.

૫૫. પું. હંસ

૫૬. ન. સોનું

કંચન અર્જુન કાર્તસ્વર હેમ હિરણ્ય સુવર્ણ,
અમાપક હાટક પુરટ શાતકુંભ હરિ સ્વર્ણ.
પિંગળપ્રકાશ

૫૭ ન. હરિ ચંદન; ગોરોચન; પીળું ચંદન.
અમલાર શ્રીખંડ હરિ મલયજ ભદ્ર પટીર,
ચંદન ઇખત ગણે અમમાયણના ખીર
પિંગળપ્રકાશ

૫૮. વિ. ગુસ્સે થયેલું

૫૯. વિ. તેજસ્વી.

૬૦. વિ દશ.

૬૧. વિ પીળું

૬૨. વિ. માંજરું.

૬૩. વિ લીલું

૬૪ વિ. સુવર્ણરંગી

હરિઆલ [સં. હરિતાલ] પું. (પ્રાકૃત) હડતાળ.

હરિઔષ પુ એ નામના એક હિંદી કવિ. તેમ એક સાંસારિક પ્રાણી સમાન કૃષ્ણના ચરિત્રનો ઉપયોગિતાવાદનો સ્વીકાર કર્યો હતો. આજનો યુગ ઉપયોગિતાવાદનો છે માટે આજે દરેક વસ્તુ, પાત્ર, સ્થાન વગેરેને ઉપયોગિતાના દૃષ્ટિકોણથી જ જોવાનો પ્રયત્ન થાય છે.

હરિઃૐ અ. પ્રભુના નામનો એક ઉચ્ચાર.

હરિક [સં. હરિ (ઘોડો) + ક] પું. કાંબો પીળા અને લીલાવર્ણનો ઘોડો.

હરિકથા સ્ત્રી હરિકીર્તન; પ્રભુના ભક્તોએ ભક્તિ કરી પ્રભુને કેમ પ્રસન્ન કર્યા એનું સદ્યપદ્યાત્મક વ્યાખ્યાન. તેમાં કવિતા ગાઈને એનો ગદ્યમાં સમજણવરમાં પણ આવે છે

હરિકન ૧. [અં.] ન. દરિયામાં થતું પવન સાથે તોફાન; જોસબેર સસવાટા કરતો પવન. વાવાઝોડું; પવનના એકાએક હેરફારની સાથે ગરમ દેશમા થતું પવનનું સખત તોફાન વેસ્ટ ઇન્ડીઝમાં તે મુખ્યત્વે કરીને ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમા બહુ થાય છે. દક્ષિણ પાસિફિક મહાસાગરમાં તે કોઈ કોઈ વખત થાય છે અને દક્ષિણ આટલાંટિકમાં તે થતું નથી ૨. ન. હરિકેન; ફ્રાન્સ તે વાવાઝોડામાં ટકકર ઝીલી લે તેવું કોઈને તેને હરિકિન એટલે વટોળિયો એવું નામ આપ્યું હશે.

હરિકર્ણ ૧. ન. એ નામના ગોત્રનું એક પ્રવર. ૨. ન. એ નામનું એક ગોત્ર

હરિકળા સ્ત્રી. ચંદ્રની કળા

હરિકાઓધી પુ. (સંગીત) સંગીતના અઠ્ઠાવીસ ઘાટમાનો પાયામેં ઘાટ; ત્રીજોરી ઘાટ. તેમાં નિષાદ–નિખાદ નિ કોમળ આવે છે બાકીના બીજા શુદ્ધ સ્વરો આવે છે.

હરિકામ સ્ત્રી લીંબોળી.

હરિકાંતા ૧ પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણવૃત્ત છંદ. આ છંદ ત્રિષ્ટુપ કુળનો એક બંદ છે તેના દરેક ચરણમાં સગણ, જગણ, તગણ, સગણ અને ગુરુ એમ અનુક્રમે અક્ષરો હોય છે ૨ સ્ત્રી ચોદ માત્રાની એ નામની એક માત્રામેળ.

હરિકાંતેંદ્ર પું (જૈન) વિષ્ણુકુમાર નિકાયની દક્ષિણ દિશાનો ઇંદ્ર

હરિકીર્તન [સં. હરિ (વિષ્ણુ) + કીર્તન (વખાણ)] ન સંગીત સાથે પરમેશ્વરના ગુણ ગાવા તે; ઈશ્વરપ્રાર્થના; હરિજાગરણ.

હરિકીર્ત્તન ન જુઓ હરિકીર્તન

હરિકુલ જુઓ હરિકુળ

હરિકુલેશ ૧ પુ હરિકુલમાં જન્મેલા શ્રીકૃષ્ણ ૨. પું ઓગણીસનું મૂળ ૩૫.

હરિકુળ [સં.] ન હરિવંશ; યદુવંશ

હરિકૃષ્ણ પું. સ્વામિનારાયણની મૂર્તિનું નામ

હરિકૃષ્ણમત પુ. એ નામનો એક સંપ્રદાય

હરિકૃષ્ણમહારાજ પું. ગોંડલ સ્વામિનારાયણ મંદિરમા બીરાજમાન મુખ્ય દેવનું નામ. સ્વામિનારાયણ મંદિરમાં આચાર્ય શ્રી ભગવત પ્રસાદજીએ તેની સ્થાપના કરી છે

હરિકેતન ૧ [સં] પુ અર્જુન. કેમકે, તેનો વાનરની નિશાનીવાળો ધ્વજ છે

૨. પુ સિંહની નિશાનીવાળો ધ્વજ

હરિકેન ૧ [અં] ન. એક જાતનું લડાયક વિમાન

૨ જુઓ હરિકન

હરિકેલીય પુ બંગાળ; બંગાલ

હરિકેશ ૧ પુ. એ નામનો એક યક્ષ

૨. પુ (પુરા) પૂર્ણભદ્ર નામના યક્ષનો પુત્ર. એણે શિવનું આરાધન કરીને, કામક્ષેત્રનું ક્ષેત્રપાલપદ પામ્યું. ઉદ્યમ અને સંયમ એ બંને રુદ્રગણનું આધિપત્ય અને અલૌકિકત્વસામર્થ્ય એમ બધું વરદાન પ્રાપ્ત કર્યા હતા

૩ પુ (પુરાણ) વસુદેવના બાપ સ્યામકના બે માહેનો નાનો પુત્ર.

૪ પુ વિષ્ણુ.

૫. [સં. હરિ (પીળાશ પડતું) + કેશ (માથાના વાળ)] પું. શકરો, કેમકે, તેના માથાના વાળ પીળાશ પડ

૬ વિ વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ. રુદ્રના પ્રકૃતિનો જેની ગણના છે તે ત્રિપદાકૃપ, કપિલ એટલે ભૂરા, લીલા પાદડારૂપ વર્ણવાળા, કલ્પાંતકે આદિ પ્રલયરૂપ રુદ્ર છે

હરિકેશરી ૧ પું એ નામના એક ઋષિ ૨ મ હરિકેશ મુનિનું.

હરિકાંતા સ્ત્રી વિષ્ણુક્રાંતા નામની વનસ્પતિ; અપરાજિતા વનસ્પતિ

હરિખ પુ (ચારણી) નામ પિંગળ માહેનો વર્ણવૃત્ત [illegible] એક પ્રકાર

હરિખંડ પુ જંબુદ્વીપનો ભાગ, પૃથ્વી ઉપરના નવ ખંડોના એક ખંડ તે ઇલાવૃતની દક્ષિણે છે

હરિગામ્ [illegible] પુ. હરિના બળદ, દેવદત્ત

હરિગંગા સ્ત્રી એ નામની નદી

હરિગંધા [સં] સ્ત્રી અશ્વગંધા

હરિગાન [સં. હરિ + ગાન (ગાવું)] ન. પ્રભુના ગુણ ગાવા તે; પ્રભુપ્રાર્થના, ઈશ્વરસ્તુતિ

હરિગીત ૧ પુ (પિંગળ) એ નામનો એક છંદ તેના દરેક પાદમા સાત અને બાર મળી અઠ્ઠાવીસ માત્રા હોય છે અને પાદમા છેલ્લે ગણ આવે છે આના નવ ને સાત તથા

સાત ને પાંચ માત્રાએ વિરામ આવે છે. એટલે નવમી ને દશમી માત્રા એકઠી આવે તેમ ન કરવું.

૨. [સં] પુ (પિંગળ) એક માત્રામેળ છંદ જે છંદમા પહેલે અને ત્રીજે પદે બૌદ બૌદ માત્રા હોય અને બીજે અને ચોથે પદે બાર બાર માત્રા હોય તેને હરિગીત કહે છે. તેમાં બીજા અને ચોથા પદમાં રગણ હોય છે. વળી સાત સાત ને પાછે વિરામ લેવાનુ છે ઉપરાત સાતમી ને આઠમી માત્રા એકઠી આવે છે આ છંદને હરિગીતિકા પણ કહે છે.

૩. ન. પ્રભુનુ કીર્તન

હરિગીતા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૨૮ માત્રા હોય છે. તેમાં ૬, ૭, ૧૨મે અક્ષરે યતિ અને અંતે ગુરુ આવે છે. તેને ગિયા છંદ કહે છે.

૨. સ્ત્રી. ભગવદ્ગીતા.

હરિગીતિ પું (પિંગળ) એક સમમાત્રિ માત્રામેળ છંદ. તેને ગીતક છંદ પણ કહે છે. તેમા ૨૮ માત્રા આવે છે.

હરિગીતિયું વિ. હરિગીત જેવા સહેલા છંદ બનાવી શકનાર; બેજળ કુ.

હરિગુણ [સં] પું. પ્રભુના ગુણ; ઈશ્વરના ગુણગાનવાદ; હરિના સદ્‌ગુણની સ્તુતિ; હરિકીર્તન

હરિગુણ ગાતી અને દૈયામાં કાતી = મુખમેં રામ ઔર બગલમેં છૂરી; મુખ મીઠા ને મનમાં કપટ; નામ ખુદાનુ લે અને કામ સેતાનનાં કરે; બગભગત

હરિગૃહ ૧ [સં.] ન. એકબકી નગરી

૨. ન. વિષ્ણુનું મંદિર

હરિઘાટ પું ઉજ્જૈનમાં મહાકાલના મંદિર પાસે આવેલ પવિત્ર ઘાટ

હરિઘેલું વિ. પ્રભુ માટે ગાંડું.

હરિચરણામૃત [સં] ન. હરિના ચરણકમળરૂપ અમૃત

હરિચરણાર્પિત [સ] વિ. પ્રભુના ચરણમા અર્પિત

હરિચરણાર્પિતા [સ] સ્ત્રી. ભગવાનના ચરણારવિંદમા નિવેદન કરેલી

હરિચરિત્ર [સ] પું. અખંડાનંદ સ્વામીએ બનાવેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો એક ગ્રંથ.

હરિચરિત્રામૃતસિંધુ [સં] પું સ્વામિનારાયણ સંપ્રદાયનો હિંદી પદ્યાત્મક ગ્રંથ. તેના રચનાર સિદ્ધાનંદ મુનિ છે

હરિચંત વિ પ્રભુમાં જેનુ ચિત્ત છે તેવુ

હરિચંદન ૧. ન. એક જાતનું સ્વર્ગવૃક્ષ; સ્વર્ગના પાંચ મારેનું એક દેવવૃક્ષ.

૨. ન. એક સુગંધી પદાર્થ તે પોપટના પીંછાના જેવા રંગવાળો દોષ છે. આમલીના જેવી તેની વાસ આવે છે

૩. ન. કેસર.

૪. ન. ચંદનનું ઝાડ; ચાંદની; જ્યોત્સ્ના.

૫. ન. પદ્મનું કેસર.

૬. ન. પીળા રંગની સુખડનું ઝાડ; પીળુ ચંદન

૭. ન. સુવર્ણ

૮. વિ. સુંદર અંગવાળું.

હરિજટા સ્ત્રી. (પુરાણ) સીતાના સરક્ષણને અર્થે બોલેલી એક રાક્ષસી.

હરિજન ૧. પું. અંત્યજ

૨. [સં.] પું. પરમેશ્વરનો માણસ; ભક્તજન; હરિ કે વિષ્ણુનો માણસ; દેવદૂત; હરિનો ભક્ત સંસારી હરિજન હોય જોઈ, જેને નિર્ગુણ સાથે સ્નેહ. એવા ભક્ત હરિના પ્રેમમાં,તેને સમજાવવાને એક ઉપાય શ્રીમદ્ ભાગવત

૩. પું. જોગી માણસ; ભલો ને સાક્ષર માણસ

૪ પું સંસ્કૃતી. સ્વામિનારાયણના આશ્રિત પૈકો જે ગૃહસ્થાશ્રમ આશ્રિત હો તેને કઠિયી હરિજન કહેવામાં આવે છે.

હરિજન આશ્રમ [સં.] પું ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલ એ નામનો એક આશ્રમ; સત્યાગ્રહાશ્રમ. તે સમયે ગાંધીજી લખે છે કે: "ઈ. સ. ૧૯૧૪મા લડાઈ પૂરી થઈ અને મેં જુલાઈ માસમા દક્ષિણ આફ્રિકા છોડ્યું જેને જેને હિંદુસ્તાન જવાની ઇચ્છા થઈ તેવા લગભગ બધાનુ પણ હિંદુસ્તાન જવાનુ કર્યું. મારે વિલાયત જઈ ગોખલેને મળવાનું હતુ. હિંદુસ્તાનમાં તોખી સરખા સ્થાપીને બધાને સાથે રાખવાના હતા અને દક્ષિણ આફ્રિકામા જે સામાજીક જીવનનો આરંભ કર્યો હતો તે ચલાવવાનો હતો એટલે આશ્રમના નામ વિના આશ્રમ સ્થાપવાનો નિશ્ચય સાથે લઈ ને હું ૧૯૧૪ના અંતમાં હિંદુસ્તાન પહોંચ્યો. હિંદુસ્તાનમા એક વર્ષ રહ્યો તો ખૂબ ભમ્યો. કેટલીક સસ્થાઓ જોઈ. તેમાથી ઘણુ શીખવાનું મળ્યું કેટલીક જગ્યાએથી ત્યાં ત્યા આશ્રમ સ્થાપવાનાં નિમત્રણ મળ્યાં અને અનેક પ્રકારની સહાય કરવાની પ્રતિજ્ઞાઓ મળી છેવટે અમદાવાદમાં આશ્રમ ખોલવાનો નિશ્ચય કર્યો આ સસ્થાને કયુ નામ આપવુ, તેના નિયમો કયા રાખવા, એ વિશે મેં મિત્રોની સાથે સારી પેરે ચર્ચા કરી પત્રવ્યવહાર ચલાવ્યો નિયમોનો અરડો મિત્રોને મોકલ્યો અને છેવટે સસ્થાનુ નામ ' સત્યાગ્રહાશ્રમ ' રાખવામા આવ્યુ. હેતુ તપાસતાં એ નામ બોધ્ય જ હતુ ક્રમ સાધે છે. ૧૯૧૫ના મેની રરમી તારીખે કોચરબમાં ભાડાના મકાનમાં આશ્રમ ખૂલ્યુ. તેના ખર્ચની વ્યવસ્થા અમદાવાદના કેટલાક શ્રદ્ધેરીઓએ કરવાનું મ.એ લીધુ હતું. આશ્રમ ખૂલ્યું ત્યારે લગભગ વીસેક જણ હતા અને તેમાના ઘણુ.ખરા તો દક્ષિણ આફ્રિકાથી આવેલા જ હતા આશ્રમમાં આ વખતે મુખ્ય પ્રવૃત્તિ નાના મોટા બધાને મારુ ભાષાઓનુ જ્ઞાન એટલે કે સસ્કૃત, હિંદી, તામિલનો અભ્યાસ બાળકોને સારુ બીજો સામાન્ય અભ્યાસ. હાથવણાટ એ પ્રધાન ઉદ્યોગ હતો અને એને અંગે સુધારકામ પણ ચાલતું હતું. નોકરો નહિ રાખવાનો આગ્રહ હતો એટલે રાંધવાનુ, સફાઈનુ પાણી ભરવાનુ બધું કામ આશ્રમવાસીઓ જ કરતા નાતજાતનો ભેદ બિલકુલ નહોતો રાખવામાં આવ્યો અસ્પૃશ્યતાને આશ્રમમાં જરા પણ સ્થાન ન હતું. થોડા જ મામમાં આશ્રમની વસ્તી ખેલડી થઈ ગઈ વળી કોચરબના બગલા.ની બાબાડી આશ્રમને અનુકૂળ હોઈ જ ન શકે. અ.વા જગ્યામાં સ્ત્રો, પુરુષ અને બાળકો મળીને સાઠ જણ–અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવનાર–મુશ્કેલીથી જ રહી શકે. થોડા જ સમયમાં અનેક કારણોને લીધે ત્યાં રહેવુ બગભગ અશક્ય થઈ પડ્યુ. એકાએક નવી જમીનની શોધ કરવી પડી અને બંગલો ખાલી કરવો પડ્યો શોધ કરતાં કરતા સાબરમતી જેલની પાસે કપ એકર જમીન મળી ગઈ તેની એક બાજુ સાબરમતી જેલ અને સામે જ ઈશ્વરની સ્મશાનભૂમિ હતી જમીન ૧૯૧૭ના ગોમાસાની શરૂઆતમાં મળી હતી. ગોમાસું પૂરુ થયા પછી ત્યાં જવાનો વિચાર હતો. પણ દરમિયાન અમદાવાદમાં પ્લેગ શરૂ થયો જેથી ભર ગોમાસામાં ત્યાં જવું પડ્યુ. ત્યાં એક પણ છાપરુ ન હતુ. બધી જગ્યાએ ઘાસ, કાંટા અને ઝાંખરાં હતા.. છતાં પણ જમીન સાફ કરીને તણ નાખીને રહેવાની શરૂઆત કરી. ગોમ.સું પૂરું થયા પછી મકાન બનાવવાની અને કૂવા ખોદવાની શરૂઆત કરી સા.ર આઠ બાંધે ધીમે મકાન બનતાં ગયાં અને રાંધણા, ચોકાળા, ચર્માલય અને સુથ.રીકામની શરૂઆત કરી". ત્યાર પછી સને ૧૯૩૩ની સાલને અંત બેકારોને હેરાન કરનારી સરકારી નીતિન નિષેધના રૂપમા બાપુજીએ આશ્રમનુ વિસર્જન કર્યું અને એ ઉજ્જડ આશ્રમનો કબજો સરકાર લેતી નથી એમ જોઈ અઢાર વરસ સુધી ચાલેલા આશ્રમની તમામ સ્થાવર મિલકત હરિજન સેવાને કાજે અર્પણ કરી આજે એ આશ્રમભૂમિ ઉપર હરિજન બાળકોનુ એક છાત્રાલય ચાલે છે અને હરિજન બાળકોને ઉત્તમમા ઉત્તમ કેળવણી, લગ અપાય છે

હરિજનેતર ૧. કું. સવર્ણ.
૨. વિ. અંત્યજ સિવાયનું બીજું.

હરિજપ [સં.] પું. પ્રભુને યાદ કરવા તે.

હરિજયંતી ૧. [સં] સ્ત્રી રામનવમી
૨ સ્ત્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ દિવસ.

હરિઝંપ પુ. (ગારુડી) ડિંગળ માહેનો એક રાગ.

હરિણપ્લવા પું (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ.

હરિત [સં હરીતક] પું. હરડાનું ઝાડ કે ફળ.

હરિત ૧. [સં.] પુ. એક માત્રામેળ છંદ. તે ક્રાન્ત છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ લઘુ અને ૪૨ ગુરુ મળી ૫૪ વર્ણની ૯૬ માત્રા હોય છે.
૨. પુ. (પુરાણ) એ નામનો એક સર્પ.
૩. પું એ નામનો જબુદ્વીપનો એક ઉપદ્વીપ.
સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, રમણક, મંદિર, હરિભદ્ર પાંચજન્ય અને સિંહલ અથવા સંજ્ઞ એ આઠ જંબુદ્વીપની અંદર ઉપદ્વીપો આવેલા છે
ભાગવતી ભાગવત
૪. કું. ધોળો રંગ.
૫. પુ. પારો.
૬. પું. વિષ્ણુ.
૭. પું. શિવ.
૮. પુ હરણ; મૃગ: કુરંગ.
જિમ હરિત વાત મૃગ પ્રખત હરિ કુરંગ ને આહિ, મૃગ સિંહ જેવા દંત કરી શા માટે અણ ખાહી.
વિમલપ્રબંધ
૯. પું ઘોડો
૧૦. વિ. ધોળું
૧૧. વિ. પીળું; પાંડુરવર્ણ
૧૨. વિ. રોમહર્ષ.
સૂર્ય હરિત એટલે સર્વ યજ્ઞ હરનાર છે
પ્રશ્નોપનિષદ્

હરિતગમેષી પું. એક જાતનો દેવતા. તેનો ધર્મ ગર્ભનું હરણ કરવાનો છે

હરિતપર્ણી સ્ત્રી. એક જાતનું ઝાડ. નેપાળ અને સિક્કીમ, તેરાઈ તથા પેગુ અને નિકોબરમાં આગળ તે ઊગે છે. તેના ફૂલમંજરીનો રંગ પીળો જાંબુડો અથવા કોર્ક કોર્ક વખતે સફેદ હોય છે તેને ગોળાકાર અને અણીવાળાં ચારથી ૭ પાંદડાં આવે છે.

હરિતપ્લુત જુઓ હરિણપ્લુતા ૨.

હરિતપ્લુતા ૧ પુ (પિંગળ) એ નામે એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ તે સંકીર્ણ વર્ગનો છે તેના પહેલા અને ત્રીજા ચરણમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે તથા બીજા અને ચોથા ચરણમાં નગણ, બે ભગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.
૨ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને હરિણપ્લુત છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં મગણ, સગણ, બે જગણ, ભગણ અને રગણ એમ અઢાર અક્ષરો હોય છે. તેમાં આઠમા અને તેરમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે

હરિણપ્લુત [સં.] ન. હરણનું ભેરું

હરિણમૃગાંક [સં] પુ ચંદ્ર. ચંદ્રની અંદરનો ડાઘ હરણના જેવો જણાય છે એથી તેને મૃગાંક, હરિણલાંછન નામ આપવામાં આવે છે
હરિણલાંછનિ સ્ત્રિ જુઓ હરિણનુ આકાર અલાદ્

હરિણશૃંગ ન. પ્રાણિજ ઔષધિ. તે સાંધણા અને હૃદયરોગ ઉપર વપરાય છે

હરિણેષા પુ. (પુરાણ) એ નામે સૂર્યવંશનો એક ક્ષત્રિય

હરિણેક્ષણ [સં.] પું સ્ત્રીજન પુરુષ.

હરિણ્યા સ્ત્રી. (પુરાણ) તામસ મન્વંતરમાં થયેલ વિષ્ણુના અવતારની માતા.

હરિણ્યાક્ષી ૧ સ્ત્રી એક જાતનું સુગંધી દ્રવ્ય
૨. [સં. હરિણ (મૃગ) + અક્ષી (આંખવાળી)] સ્ત્રી. મૃગાક્ષી; હરિણના જેવી જેની આંખ છે એવી સ્ત્રી; મૃગનયના; મૃગલોચના.

હરિણ્યાચાર [સં.] વિ. હરિણ જેવા આચરણવાળું
અકવાડી મૂકે નિહી ભત,
હરિણ્યાચાર સ્વભ એ તો. પ્રેમાનંદ

હરિણ્યાજિન [સં.] ન. હરણનું ચામડું.

હરિણ્યાજિનંદન પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિ છંદનો એક ભેદ છે. તેને વસુપદમંજરી છંદ કહે છે તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, બે જગણ અને રગણ એમ અઢાર અક્ષરો હોય છે.

હરિણ્યાદ્યા સ્ત્રી. (સંગીત) સંગીતની નવ મૂર્છના એ નામની એક મૂર્છના. આઠે સ્વરોના ક્રમસર આરોહ, અવરોહને મૂર્છના કહે છે અ. ૬૦૧ મધ્યસ્થાની ક્રોમળ ગાંધારથી આરોહ કરી તારસ્થાનીય ગાંધાર સુધી જવું છે અને ત્યાંથી અવરોહ કરી પાછી મૂળ સ્વર ઉપર આવવું છે

હરિણાંક ૧ પુ. કપૂર.
૨ [સં હરિણ (હરણ) + અંક (ચિહ્ન)] પુ. જેને હરણનું ચિહ્ન છે તે; ચંદ્ર

હરિણી ૧. પું. (પિંગળ) એ નામે એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ તેના ૧, ૩ પદમાં ૧૫ માત્રા અને ૨, ૪ પદમાં ૧૬ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ વિષમ પદમાં તાલ અને ૩, ૭, ૧૧ અને ૧૫ માત્રાએ સમપદમાં તાલ આવે છે.
૨. પુ (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તે અર્ધા છંદનો એક ભેદ છે તેમાં ૪૫ લઘુ અને ૬ ગુરુ મળી ૫૧ વર્ણની પણ માત્રા હોય છે
૩ પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત અક્ષરમેળ છંદ, કમતિ, કમલ તે મધ્યમા છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં એક નગણ હોય છે
નગણી હરિણી. રત્નપિંગળ
૪. પુ (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે તેમા નગણ, સગણ, મગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે. તેમાં છઠ્ઠા અને દશમા અક્ષર ઉપર વિશ્રામો આવે છે
૪ પુત્ર મૃગનયે, ૬ રમા રા સા, ૧૦ ના હરિણી કરો.
રત્નપિંગળ
૫ પુ (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને અટકા છંદ પણ કહે છે તેના દરેક ચરણમા ત્રણ જગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષરો હોય છે.
૬. સ્ત્રી. એ નામની એક અપ્સરા
૭ સ્ત્રી જેની વાણિ છ આંગળ ઊંડી હોય તેવા સ્ત્રી
૮ સ્ત્રી (પુરાણ) તામસ મન્વંતરમા થયેલા વિષ્ણુના અવતારની માતા.
૯ સ્ત્રી નાની ઉંમરની પુત્રી.
૧૦ સ્ત્રી મૃગલી; હરણી, કુરંગી; હરિણની માદા
૧૧ સ્ત્રી સુંદર સ્ત્રી
૧૨ સ્ત્રી. સોનાની મૂર્તિ
૧૩ સ્ત્રી. સોનેરી જૂઈ; મજીઠ
૧૪ સ્ત્રી હરિયાળી વનસ્પતિ
૧૫ સ્ત્રી દૂર્વા
૧૬ સ્ત્રી (પુરાણ) હિરણ્યકશિપુની પુત્રી અને અગ્નિની ભાર્યા.

હરિણીપર્યન્ત ન. નીચાણમાં આવેલ બેજવાળી જમીન

હરિણીપ્લુતા પુ (પિંગળ) એ નામે એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ, હરિણપ્લુતા. તે સંકીર્ણ વર્ગનો છે તેના પહેલા અને ત્રીજા પદમા ત્રણ સગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ વર્ણ હોય છે અને બીજા તથા ચોથા પદમા નગણ, બે જગણ અને રગણ મળી ૧૨ વર્ણ હોય છે

સ સ સા ન ન છે વિષમે પદે:
ન જ ન ર સમમા હરિણીપ્લુતા.
રત્નપિંગળ

હરિણ્ય વિ શુદ્ધ સ્વરૂપ; વેદમાં વપરાયેલું સ્તુ એક વિશેષણ.

હરિણ્યખંડ પું જંબુદ્વીપનો એક ભાગ. તે પ્રહ્લાદનને ઉતરે છે.

હરિત ૧. [સં] પું અગ્નિ
૨ પું. એ નામનો એક વૈદ.
૩. પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, સગણ, ગુરુ અને લઘુ મળી ૮ વર્ણ હોય છે.
હરિત ન સ સા ગ થી. અજિતસેન
૪ પું એક પ્રકારનો વર્ણ.
૫. પું. લોહિત. આ પદાર્થ હવાના કરતા ભારી માનો આવે છે અને તેની ગંધ અતિશય અપ્રિય, ગૂંગળાવનારી અને તેરી છે આવાના મીઠાનો તે એક ઘટક છે. તે પ્રજળ રેચનકારક અને શોષક છે. તેનું પરમાણુક વજન ૬૫.૪ છે.
૬. પું. (પુરાણ) અમ્બરીષનો પુત્ર
૭. પું. કુળી ગયેલ ગોષ્ઠવાના અથવા સેમૂરિયા.નો એક દેશ
૮. પું ધર્મશાસ્ત્રનો એ નામે એક ગ્રંથકર્તા.
૯. પું. મગ.
૧૦ પું. (પુરાણ) ૨૪ સાવર્ણિ મન્વંતરમાં થનારા દેવ
૧૧. પું વિષ્ણુ.
૧૨. પું. સિંહ.
૧૩. પું સૂર્ય.
૧૪ પું. (પુરાણ) સૂર્યવંશી યુવનાશ્વકુલોત્પન્ન હરિશ્ચન્દ્ર ૨ જાનો પૌત્ર અને રોહિતનો પુત્ર એનું બીજું નામ વૃક અને એના પુત્રનું નામ અપ રાજન હતું
૧૫. પું (પુરાણ) સૂર્યવંશી યુવનાશ્વનો પુત્ર. તેના વંશજો હરિત.ગિરસ થયા.
૧૬ પું. સ્મૃતિનો એક ભાગ.
૧૭. સ્ત્રી. દિશા.
દિશા, કકુભ, કાષ્ઠા, આશા, હરિત એ પાંચ નામ દિશાના છે અમરકોશ
૧૮. સ્ત્રી. સૂર્યની માત અથવા દક્ષ પ્રજાપતિની દીકરી.
૧૯ સ્ત્રી હળદર
૨૦ ન એક પક્ષી
૨૧ ન ધાન
૨૨. વિ નવા લીલા તાજા પાન કે પલ્લવવાળું
૨૩. વિ પીળા રંગનું, મોરના રંગનું.
પાંચ વર્ણવાળી-શુક્લ, નીલ, હરિત, પિંગલ અને લોહિત વાદળોથી છવને કલેશ થાય છે. અષ્ટાંગહૃદય
૨૪ વિ વનસ્પતિ જેવા રંગનું, લીલા રંગનું, લીલું.
ભગવત ગાંડલ સૂર્યાત,
ઋતુરાજ કે રાજ;
સજ્જન વન સુખી હરિત કુસ,
બિન્નુ કવિ કરિર સમાજ
સમરદાન એકાક્ષરી
૨૫. વિ. શ્યામળું; કાળું; સહેજ પીળાશ પડતું.
૨૬. વિ શોભા યુક્ત

હરિતક ૧. પું. ઝાડનાં પાંદડાને લીલો રંગ આપનાર પદાર્થ. પાંદડાના ખોરાકનું પાચન પણ તેનાથી થાય છે નીચી કોટિનાં પ્રાણીઓની પેશીઓમાં પણ તેના કણ જોવામાં આવે છે ઝાડના પાંદડાના કોષોમ તે પદાર્થ લીલ કણદાર દ્રવ્યરૂપે ઉત્પન્ન થાય છે
૨. [સં.] ન. હરડેની લીલોતરી શાક

હરિતકાય [સં] પું. (જૈન) વનસ્પતિ જીવ.

હરિતકી ૧. સ્ત્રી (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં સાત સગણ અને ગુરુ એમ આપીસ અક્ષરો હોય તેમાં ચૌદમા અક્ષર ઉપર વિસામો હોય છે.

હરિતજળ ન હરિતવાયુવાળું પાણી

હરિતપણ્ય [સં.] ન. શાકભાજીનો વેપાર.

હરિત પાણ્ડુકેશા સ્ત્રી. વનસ્પતિની એક જાત. આ જાતની વનસ્પતિનો રસ શુદ્ધ લીલો હોય છે. તે મીઠા પાણીમાં અને ભીની જગ્યામા મળી આવે છે.

હરિતપાંડુ [સં.] પું. એક જાતનો રોગ; 'ક્લોરોસિસ'

હરિતમણિ પું એક જાતનો લીલો કીમતી મણિ

હરિતમુસ્ત પું. મોથનો છોડવો.

હરિતરંજક ૧. ન. પાંદડાંમાં માલૂમ પડતો લીલો પદાર્થ
૨. વિ. લીલા રંગનુ

હરિતવાયુ પું એક પ્રકારનો વાયુ એ અતિ જ તીવ્ર છે. તે બધા પદાર્થોની સાથે રાસાયણિક સયુક્ત થાય છે

હરિતશાક [સં.] પું સરગવાનું ઝાડ

હરિતશ્યામ [સં.] પું. એક જાતનું ગૌણ રત્ન.

હરિતસંહિતા [સં] સ્ત્રી હરિતકૃત એક પ્રાચીન ગ્રંથ તેની અંદર રોગનુ સ્વરૂપ, તેની ચિકિત્સા, ઔષધિકિયા, જાતજાતના ખોરાક પાણી હવાના ગુણ અને દોષ તથા ભાગકના રોગ વિષે વિવેચન છે. આ ગ્રંથ અતિ ઉપયોગી અમૂલ્ય છે

હરિતાલ ૧ [સં] પું એક જાતનું પક્ષી
૨ ન. પીળો સોમલ, હરતાલ
૩. ન. રેસમી કાપડ ઉપર કોતરણી ચિત્ર ચીતરવામાં આવે છે તે પીળી ધાતુ; જે નામે એક ઉપધાતુ દગડી અને વરગી એ બે પ્રકારની હરિતાલ મારેની વરગી હરિતાલ ઉપયોગી અમૂલ્ય છે. તેને જાતાં વચમા સોનેરી વરખના જેવી પતરીઓ દેખાય છે માટે તેને વરખી હરિતાલ એ નામથી ઓળખવામાં આવે છે
પિંજર પીતન, તાલ, આલ, હરિતાલ એ પાંચ નપુંસકલિંગ નામ હરિતાલના છે અમરકોષ
હરિતાલ લગાડવી = બબાણ કરી નાખવુ

હરિતાલક [સં.] ન. હરતાલ નામની એક ઉપધાતુ.

હરિતાલરસ પુ (વૈદક) હરતાલમાંથી બનતો એક જાતનો રસ શુદ્ધ હરતાલ ૨ ભાગ, શુદ્ધ પારો ૧ ભાગ ને ગંધક ૫ ભાગ એ સાધનોને એકઠા કરી પોણી સાટોડીના રસમાં બરાબર કરી તેને શરાવ સપુટમાં નાખી કપડમાટી કરી ગજપુટ દેવો સ્વાંગશીતલ થાય ત્યારે કાઢી લેવુ જેથી હરિતાલરસ તૈયાર થાય છે

હરિતાલિકા ૧. [સં.] સ્ત્રી. ગમડ. ગોબ; ભાદરવા સુદિ ૪
૨. ન. ઘરો નામનુ ઘાસ.

હરિતાલિકાદ્વીજ સ્ત્રી. ભાદરવા સુદિ બીજ.

હરિતાલિકાવ્રત સ્ત્રી ભાદરવા સુદિ બીજને દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓએ કરવાનું એક વ્રત. પાર્વતીજીએ મહાદેવજીને પ્રાપ્ત કરવા માટે આ વ્રત આચર્યું હતુ. તેણે મણીઓ સહિત અરણ્યમાં નદી કિનારે જઈ વાલુકાનુ શિવલિંગ બનાવી અનશનનો ત્યાગ કરી હસ્ત નક્ષત્રમાં તેનુ પૂજન કર્યું હતુ તે રાત્રે જાગરણ કર્યું હતું. જેથી મહાદેવ પ્રસન્ન થઈ વરદાન માગવાનું કહેતા પતિ તરીકેનુ વરદાન પામ્યાં હતાં. જે ઉપરથી જાતનુ નામ હરિત.લિકા પડ્યુ છે. વર્ષા ઋતુમા થતા બધી જાતનાં જગલી પુષ્પ, પત્ર અને મુખ્યત્વે કરીને કેળનો ગિરને અર્પણ કરવાનું માહાત્મ્ય છે તે દિવસે તલ અને આમળાના ચૂર્ણથી સ્નાન કરી રેશમી વસ્ત્ર પહેરી શકર પાર્વતીનુ પૂજન કરાય છે સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરે છે

હરિતાલિદોલોત્સવ પુ ગૌરી બીજ ભાદરવા સુદિ બીજ

હરિતાલી ૧ પું. એક જાતનો ક્ષાર; અમુક પદાર્થનો મીઠા તેલાબની ગ.યે મળવાથી થતો ક્ષાર

૨. [સં.] સ્ત્રી. પ્રો; દુર્વા; ધરો.
૩. સ્ત્રી મેઘ વગેરેની અ.ક્ષરારેખા

હરિતારશ્મ ૧. [સં. હરિત (લીલા રંગનું) + અશ્મ (પથ્થર)] ન. એક જાતનો મણિ.
૨. ન. મોરથૂથુ

હરિતાંબર [સં.] ન લીલું વસ્ત્ર.

હરિતિકાઅસ્લ ન એક જાતનું ઔષધ; 'હલોરિડ 'ઍસિડ'

હરિત્થ વિ. લીલાં લાકડાંમાં રહેનાર; વેદમા વપરાયેલું સ્વનું એક વિશેષણ.

હરિદર્ભ [સં.] પુ લીલો દર્ભ.

હરિદશ્વ ૧. પુ. આકડાનો છોડ.
૨. [સં. હરિત (લીલા રંગનું) + અશ્વ (ઘોડો)] પુ. લીલા રંગના ઘોડાવાળો સૂર્ય.

હરિદ્ધ પુ. મૂળો.

હરિદાસ ૧. પુ. એ નામના હરિદાસી પંથના એક પ્રવર્તક. તે હરિજન વર્ગના હતા.
૨. પું પ્રેમાનંદનો એ નામનો એક શિષ્ય. તેણે શામળાશાહનો વિવાહ નામનો ગ્રંથ સંવત ૧૭૨૬માં રચ્યો હતો.
૩. પું. સોળમા સૈકાનો ગુજરાતનો એક કવિ.
૪. પું. હરિકથા કે હરિકીર્તન કરનાર પુરુષ.
૫. સ્ત્રી. એ નામની એક જાતિ. તે પૂર્વ બાતલેત્ર તરફ રહે છે અને ઢોર ઉછેરવાનો ધંધો કરે છે.
૬. ન. એ નામની જાતિનું માણસ.
૭. વિ. એ નામની જાતિનું.

હરિદાસજી પું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આઠ માંહેના એક સખા

હરિદાસસ્વામી પું. એ નામના એક મવૈયા. તે તાનસેનના ગુરુ હતા.

હરિદાસીપંથ પુ હરિદાસે સ્થાપેલો એ નામનો એક પંથ. આ પંથ સોળમી સદીમાં બંગાળામાં પ્રસાર્યો હતો. આ પંથમાં ગૌડીય ભાષાનું પ્રાધાન્ય જણાય છે

હરિદિગ્વિજય પું. ગોપાળાનંદ સ્વામી રચિત સ્વામિનારાયણ સંપ્રદાયનો એક સંસ્કૃત ગ્રંથ.

હરિદિન પું. દ્વાદશી; બારસ.

હરિદેવ [સં.] પું શ્રવણ નક્ષત્ર

હરિદ્ર [સં.] વિ. પીળા રંગનું. હળદર જેવું

હરિદ્રક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

હરિદ્રથ [સં.] પું. નાગકેસરની રજ.

હરિદ્રુમ ન. વનસ્પતિનો ઝૂંડો.

હરિદ્રા ૧. સ્ત્રી (જૈન) એ નામની એક જાતિ. સફેદ વસ્ત્ર પહેરનારા અચલક એટલે આછવસ્ત્ર ધારકોનો હરિદ્ર જાતિમા સમાવેશ થાય છે
૨. [સં.] સ્ત્રી એક જાતનો પીળા રંગનો કંદ, હળદર, કચની; વરવાસિની. તે રસોઈમાં રંગ આણવાને વપરાય છે ને દવા તરીકે પણ વપરાય છે લોહીના બગાડને અંગે થતા ચામડીના રોગમાં હરિદ્રા ખાવાના અને બહારથી લગાડવાના કામમા વપરાય છે જખમ, વાતોન્માદ અને ચામડીમાં બળતી હરિદ્રાનો ધુમાડો સૂંઘવાથી નાકમાંથી પાણી છૂટે છે અને તરત જ આરામ થાય છે. ચોંડીના કંદ ઉપર થોડીક મિનિટ સુધી ધુમાડો આપવાથી આરામ થાય છે પ્રમેહના રોગમાં કાચી હરિદ્રાનો રસ આપવાથી ચોક્કસ બળતરમાં આવ ગંધ કરી દે છે.
૩. સ્ત્રી. નિશા; રાત્રિ; રજની.

હરિદ્રાકુંકુમ ન હળદર અને કંકુ, સ્ત્રીઓનું એક સૌભાગ્ય દ્રવ્ય. કોક કવિએ કહ્યું છે કે, અ.વસ્થ મહિલામા બગીચીની ગરજો વિસાય છે, ઘરની નાની નાની છોકરીઓ જે કૂદતાથી ગાય અને આમતેમ કૂદતાં નમણાં નાનકડાં પાછરડાની હરિદ્રાકુંકુમથી પૂજા કરે તો કેટલી પ્રેમવૃત્તિ જાગ્રત થાય ?

હરિદ્રાખંડ [સં.] પુ એક પ્રકારનો પાક. તેમા હળદળ તથા બીજી ઔષધિઓ નખાય છે. તેથી ખસ, બિસ્ફોટ અને દાદરનો નાશ થાય છે

હરિદ્રાગણપતિ પંથ પું એ નામનો ગણપતિનો પંથ. તે પંથના લોકો ઢુંઢિગણપતિ એ જ ગણપતિ છે અને તે સર્વમાં શ્રેષ્ઠ છે એમ માને છે.

હરિદ્રાચ્છદન ન. પદ્મચારો નામની વનસ્પતિ.

હરિદ્રાદિગુટિકાંજન [સં] ન. (વૈદક) હળદર વગેરે ભેળવીને બનાવેલી આંખમાં આંજવાની એક દવા

હરિદ્રાપૂજન [સં. હરિદ્રા (હળદર) + પૂજન (પૂજા)] ન. એક જાતનું ઓળોનું વ્રત; હળદરનો ઉપયોગ જેમાં આવશ્યકતા હોય એવી જાતનું એક વ્રત.

હરિદ્રાભ ૧. પું કાબરચીતરો રંગ.
૨. [સં] પુ. બારોલીનું ઝાડ.
૩ પુ પીળો રંગ.
૪ વિ. કાબરચીતરા રંગનું.
૫ વિ. રંગબેરંગી
૬. વિ. હળદર જેવા પીળા રંગનું.

હરિદ્રામેહ પું (વૈદક) હળદરના રંગ જેવો પેશાબ આવે તેવો એક રોગ

હરિદ્રુ ૧. પું કશ્યપી નામના ઋષિનો એ નામનો એક શિષ્ય
૨. [સં] ન હરિદ્રુમ; હળદરનું ઝાડ
૩ ન. હરકોઈ લીલું ઝાડ.
૪. ન હળદળ્યો, દ.રુ હળદર

હરિદ્રુમ ન હળદળ્યો નામનું ઝાડ

હરિનયણી ૧. [સં હરિણ (હરણ) + નયન (આંખ) + ઇન્ (વાળું) ઈ] સ્ત્રી હરણી
૨ વિ સ્ત્રી મૃગનયની, હરણના જેવી આંખો ધરાવનારી; હરિણાક્ષી, મૃગલોચના

હરિનામ ૧. ન ઈશ્વરનું નામ
૨ ન મંત્ર

હરિનેણી ૧. [સં હરિ (ચંદ્ર) + નયના (આંખવાળી)] વિ સ્ત્રી ચંદ્રના જેવા તેજસ્વી નેત્રવાળી
૨. વિ સ્ત્રી. મૃગલોચના; મૃગનયની; હરણની આંખો જેવી આંખો ધરાવનારી

હરિનેત્ર ૧. [સં] ન. ઘૂવડ
૨ ન ખોળુ કમળ; પુંડરિક
૩ [સ હરિ (વિષ્ણુ) + નેત્ર (આંખ)] ન વિષ્ણુનું નેત્ર; હરિની આંખ.

હરિનેત્રી સ્ત્રી ઘૂવડની માદા.

હરિન્મણિ પું. મરકતમણિ; લીલો મણિ; પન્નો

હરિપદ ૧ પું (પિંગળ) અનુષ્ટુપની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ; હંસપદ. તેના દરેક ચરણમા બે નગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે
૨ પું (પિંગળ) એ નામનો એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ તેના પહેલા અને ત્રીજા વિષમપદમાં ૧૬ માત્રા હોય છે અને બીજા તથા ચોથા સમપદમા ૧૧ માત્રા હોય છે. પ્રત્યેક દલને અંતે ગુરુ અને લઘુ આવે છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

હરિપરાયક વિ. પ્રભુમાં આસક્ત હોય તેવું

હરિપર્ણ [સં] ન મૂળો

હરિપર્ણી [સં] સ્ત્રી દ્વાદશી; બારસ
વૈશાખ સુદ હરિપર્ણી ગુરુવાર કૃપા અંબ તણી. પ્રેમાનંદ

હરિપાદોદક [સં] ન ચરણ્યુ મૂત, પરમાત્માનાં ચરણસ્પર્શથી પવિત્ર થયેલું પાણી
કરતાં સિદ્ધ હરાય, હારપાદોદક સ્ત્રી પામે. દયારામ

હરિપ્રતિષેધક પુ. કાગળ બનાવવામાં હરિતનો વધારનો ભાગ કાઢી નાખવાની ક્રિયા

હરિપ્રયાગ ન. એ નામનું હિમાલયનું એક તીર્થ. શ્યામપ્રયાગથી ૧૧ માઈલ ઉપર રુદ્રપ્રયાગ છે અને રુદ્રપ્રયાગથી અર્ધા માઈલ ઉપર હરિપ્રયાગ છે. અહીં લક્ષ્મીનારાયણનું જૂનું મંદિર છે અને લંગમાટ ઉપરથી નિષેધીઓ અહીં આવી વસે છે. અહીંથી ભાગીરથી પર એક અભિયા પુલ છે. અહીં એક ધર્મશાળા પણ છે

હરિપ્રસ્થ પુ. દિલ્હીનું એક પ્રાચીન નામ.

હરિપ્રિય ૧. પુ. એક જાતનું પીળું ચંદન

૨ [સં] પુ. કદંબનું ઝાડ

૩ પુ. કરેણનું ઝાડ

૪ પુ. પીળો અગરો

૫. પુ. [illegible] ઝેર

૬. પુ. મર્યો. દેવ-અસુર મનુષ્ય

૭. પુ. [illegible] મનુષ્ય, બારસ

૮ પુ. [illegible] એક કલ્પ

૯ પુ. રાજા

૧૦ વિ. પ્રિય, સુંદર

૧૧. વિ. વાયડું

૧૨. વિ. હરિને પ્રિય

હરિપ્રિયા ૧. [સં. હરિ (વિષ્ણુ) + પ્રિયા (વલ્લભી)] સ્ત્રી. તુલસી.

૨. સ્ત્રી. પૂજારી

૩ સ્ત્રી. બારણા

૪. સ્ત્રી. લક્ષ્મી, કમલા; પદ્મા; મા' શ્રી.

૫ વિ.સ્ત્રી. હરિને વલ્લભી

હરિબભ્રુ પું (પુરાણ) એ નામે એક ઋષિ.

હરિબાળગીતા સ્ત્રી. સ્વામિનારાયણ સંપ્રદાયનો નિષ્કુળાનંદ મુનિકૃત પદ્યાત્મક એક ગ્રંથ.

હરિમાળા [સ] ન. સિંદનું બખ્તર

હરમાળા જાજ નાખે મારી,
બાણથી બહી પડ્યો પુકારી.
અખ્તરકોખ્યાન

હરિમીજ [સં.] ન. હરતાલ.

હરિમાસિની સ્ત્રી કારતકી એકાદશી.

હરિભ ન. શ્રવણ નક્ષત્ર

હરિભક્ત ૧ પુ. વિષ્ણુનો ભક્ત; વૈષ્ણવ.

૨ પુ. સત્સંગી

૩ પુ. સ્વામિનારાયણ ધર્મી, સ્વામિનારાયણ સંપ્રદાયનો દરેક માણસ.

૪. [સ હરિ + ભક્ત (ભક્તિ કરનાર)] પું હરિની ભક્તિમાં પરાયણ માણસ; પરમેશ્વરનો પૂજારી

હરિભજન [સ ન પ્રભુનું ભજન

હરિભજન કરી મોક્ષ પામવા
સરસ્વતીચંદ્ર

હરિભદ્ર પું ઈ સ ૧૭૫૦થી ૧૮૫૦ સુધીમાં થયેલ એ નામના એક કવિ.

હરિભદ્ર વઢોદરુ = નકામો ધક્કો ખાઈ પાછું આવવું

હરિભદ્ર પું તત્ત્વાર્થ ભાષ્યની નાની વૃત્તિના લખનાર એ નામના એક જૈનાચાર્ય

ઉપર જણાવેલી તત્ત્વાર્થ ભાષ્યની નાની વૃત્તિ જે હજી મુદ્રિત થઈ નથી તે હરિભદ્રે પ્રારંભેલી પણ તેમનાથી કોઈ પણ કારણને લીધે અપૂરી જ રહી ગયેલી. પંડિત સુખલાલજી

૨ પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એક કવિ જેણે અપભ્રંશ ભાષામાં 'નેમિનાથ ચરિઉ' નામે કાવ્ય રચ્યું છે.

૩ પું (જૈન) યક્ષોના તેર માંહેનો એક પ્રકાર પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ એમ યક્ષોના તેર પ્રકાર છે.

હરિભદ્રસૂરિ પું (જૈન) સંસ્કૃત પુસ્તકમાં થઈ ગયેલ એ નામના એક જૈન આચાર્ય. તેમણે છ દર્શનોનો અભ્યાસ કરી સમન્વયવાદ સુંદર રીતે રજૂ કર્યું છે.

હરિભુજ [સં.] પું. સર્પ.

હરિમલ પું વાપુભા.

હરિમંડપ પું સ્વામિનારાયણ પ્રભુ પોતાના ગઢીયાન વડતાલમાં જે મકાનની અંદર પોતે જ બિરાજતા તે સ્થાન.

હરિમંત પું એક ઋગ્વેદિક ઋષિ. તેણે નવમાં મંડલનું ૧૭૨મું સૂક્ત રચ્યું છે

હરિમંથ ૧ પું એ નામે એક દેવ

૨ પું ભમરિયારીનું ઝાડ

૩. પું ચમ્પા

હરિમંથજ પું. કળા મગ.

હરિમંદિર ૧ ન. પૂજાપાઠ માટેનો ઓરડો.

૨. ન મૂર્તિને બદલે ચિત્ર પ્રતિમાઓ મૂકેલ હોય એવું સ્વામિનારાયણ સંપ્રદાયનું નાનું મંદિર ગામડા ગામમાં જે સ્વામિનારાયણનું મંદિર હોય તે હરિમંદિર કહેવાય છે. તેમાં સ્વામિનારાયણ પ્રભુની ચિત્ર પ્રતિમા હોય તેની સેવા પૂજા થાય છે. કાયમને માટે ત્યાં સાધુ રહેતા નથી પરંતુ વરસમાં અમુક વખત જ આવીને રહે છે

૫. સ્ત્રી તાણ; તંગી; દુર્મિક્ષતાની આપદા; હલામણ
૬ સ્ત્રી. ત્રાસ
૭. સ્ત્રી. નાશ કરવો તે.
હલાકી એટલે નાશ કરવો તે મનને હલાકી, શરીરને હલાકી એટલે ખલ્લો શ્રમ પડવો તે
દ. મો ઝવેરી
૮. સ્ત્રી પાયમાલી.
૯. સ્ત્રી મોત
૧૦. સ્ત્રી શ્રમ
૧૧. સ્ત્રી હેરાનગતિ; આપદા; વિટંબના.

હલાખી ૧ સ્ત્રી ગરીબ.
૨. સ્ત્રી દારિદ્રય.
૩. સ્ત્રી દુર્દશા; પડતી
૪. સ્ત્રી. હલાકી.

હલાણ ૧ ન. આવવા જવાનો માર્ગ
૨ વિ નવી યુક્તિ કરનાર; નવાં કામ કાઢનાર; નવા ખુટ્ટા ઊભા કરનાર.
હલાણ કરવું = (૧) પધો કરવો. (૨) ભેગુ કરવું. (૩) હલ્લો કરવો

હલાણી ૧. સ્ત્રી. કોસ ખેંચનાર બળદને ચાલવાની જગા.
૨. વિ. ઊથલપાથલ કરી કામ કાઢી લેનાર

હલાણીકું ૧. વિ. કંઈ નવું કરનાર.
૨. વિ નવાં કામ કરનાર.

હલાણું ૧. ન. અકેલું; નહિ ભેલું તે
૨. ન. આખુ ખેતર એકદમ સળગ એકવું ન હોય માટે તેના અગ્યાર, પાચ પાચ હાથન, વિભાગ કરી તે દરેક કકડાને એકવો તે; કળથી એકવાનો ખેતરનો દસમાર ચાસ જેટલો ભાગ.

હલાપતિ પું સર્પ

હલાફલ ૧. સ્ત્રી દોડાદોડી; આમથી તેમ અને તેમથી આમ ઘૂમવું તે; વમર ભમે થતી કપાકર
૨ સ્ત્રી. પોતાની મોટાઈ બતાવવા આમતેમ ફર્યાકર કરવુ તે

હલામણ ૧. પું. જોવા પુરતો એક શોખીન રમકડું; ' હલામણ જોવો અને સોન કેસરી ' એ નામની સૌરાષ્ટ્રની લોકકથાનુ એક મુખ્ય પાત્ર
નાટકની તાળીએ. હલામણથી હસિયાં નહિ, અવલ્ય દે ગઈ બે, ભમોભમી જોકરા.
સોન-હલામણનો દુહો
૨ સ્ત્રી અથડામણ; હાલાકી; માયાકોડ; આપદા, હેરાનગતિ
૩. સ્ત્રી. આમતેમ હાલવું, ચિબવું કે ઢળોળાવું તે; એવી પીડા કે જેને માટે આમતેમ ફરવુ અને વિલચાલ કરવી પડે તે; ઢળોળાઢળોળ; પચ્ચની
વર્ષોવર્ષ હલામણ હોજની નિષ્કુળાનંદ
૪. સ્ત્રી. ઢળોળવા કે હલાવવાની મજૂરી
૫. સ્ત્રી ખમાર. ખૂબ; નકરું કે ઠમઠોકલ માટે મશ્કરા કે તિરસ્કારમા વપરાતુ સંબોધન.

હલામણું જુઓ હલામણ ૨

હલામણો પું ચાટવો, લાકડાની કડછી

હલાયુધ ૧ પું એ નામે મધ્યકાલીન ભારતમા થઈ ગયેલ એક વિદ્વાન કોષકાર
હલાયુધે ઈ સ ૯૫૦ની આસપાસમા 'અભિધાન રત્નમાલા' રચી
મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ
૨ પું જેની પાસે આયુધમા હળ છે તે બળરામ, શ્રી કૃષ્ણના મોટાભાઈ. શ્રી કૃષ્ણ જે

મોવાળિયા હતા અને તેમણે ગોપાલન વિદ્યા લોકોને આપી, બલરામ તો ખેડૂત હતા અને તેમણે લોકોને કૃષિ વિદ્યા શીખવી, એથી જ એમનું બીજું નામ 'હલધર' પડી ગયું છે. આ હળને તેમણે ખેતર અને કુરુક્ષેત્ર બંને સ્થળે એકસરખું વાપરી બતાવ્યું હતું. જ્યારે કૃષ્ણપુત્ર સાંબ દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું સ્વયંવરમાંથી હરણ કરીને આવી જતો હતો ત્યારે કૌરવોએ પકડીને તેને હસ્તિનાપુરમાં કેદ રાખેલો. બલરામે કૌરવોને સમજાવ્યા, કે એકલવાયા છોકરાને આટલા બધા મળી પકડી રાખો તે શોભે નહિ; માટે છોડી મૂકો. કૌરવો ન માન્યા એટલે બલરામે યમુના કિનારે જઈને હસ્તિનાપુરના ગઢમાં હળ ભરાવીને જરાક ખેંચતાં કાંગરો પર પડી ગયાં અને હસ્તિનાપુર નગર વાંકું થઈ ગયું. કૌરવો બલરામને શરણે આવ્યા, એટલે બલરામે હળ પાછું ખેંચી લીધું; પણ ત્યારથી હસ્તિનાપુર વાંકું ને વાંકું જ રહ્યું.

૩. પું વિષ્ણુના કાંગર માહેનું એક નામ હલ જેનું આયુધ છે તે બલભદ્ર સ્વરૂપ ભગવાન હલાયુધ કહેવાય છે. હલને આયુધ કરનારા એવા શ્રી બળરામ અવતાર તે છે.' હળ જેમ પૃથ્વીમાં ઊંડું ઊતરનારું છે, તેમ સ્થૂળ શરીર અને જગતમાં ઊંડા ઊતરનારું પણ તેજ છે.

હલાર પું. સૌરાષ્ટ્રનો એક વિભાગ; હાલાર.

હલારી ૧. સ્ત્રી. એ નામની છાપવા માટેની એક જાતની ભાષા.

૨. સ્ત્રી. એ નામની કેદની પેટા જ્ઞાતિ.

૩. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૪. વિ. એ નામની જ્ઞાતિનું

૫. વિ. હાલાર દેશનું

હલાલ ૧. [અ. હલ (કાયદા પ્રમાણે છોવું)] વિ. માન્ય; લઈ શકાય તેવું

૩. વિ. ફરજ બજાવીને પ્રાપ્ત કરેલું; ધર્મની મર્યાદામાં રહી પાલન કરેલું

૪. વિ. યોગ્ય; કાયદેસર; વાજબી.

૫ વિ. વિધિથી મારેલું

૬ વિ. હાનું; ઇસ્લામી ધર્મનાં જેની રજા છે એવું.

૧. હલાલ કરવું = (૧) કાપવું, કતલ કરવી; વાજબી રીતે મારવું. (૨) જીવતું જનવર મારવું (૩) ધર્મમાં ફરમાવ્યા પ્રમાણે કાર્ય બજાવવું

૨. હલાલ મેં હરકત, હરામમેં બરકત = ધર્મો વા કૂકે ને અધર્મો મજા કરે

હલાલખોર ૧. [અ. હલાલ (વાજબી) + ખોર (ખુદેન = ખાવું ઉપરથી) ખાનાર] પું. આઢકી; કસાઈ

૨. પું. બકરી.

૩. વિ. બીજા હક કરનાર; નીમહલાલ; બરોબર કાર્ય કરીને બદલો મેળવનાર; કૂલા

૪ વિ. મટર, રસ્તા વગેરે સાફ કરનાર

૫. વિ. દીવાબત્તી વગેરે કામ કરનાર.

૬ વિ. ધર્મની રીતે પશુવધ કરનાર

હલાલખોર ટેક્સ ૧. પું કતલ કરવા માટેનો કર

૨. પું સાકરઝરીનો કર

હલાલખોરી ૧. [જ્ઞા હલાલખોરી] સ્ત્રી. દુનિયામીપણું, પ્રપંચિકપણું.

૨ સ્ત્રી. હલકો ધંધો.

હલાલી ૧ [અ. હલાલી (હલાલ કરવું)] સ્ત્રી આસક્તિ; અનુરાગ.

૨. સ્ત્રી કાયદેસર રીતે વર્તવાપણું; સોંપેલું કાર્ય નિષ્ઠાપૂર્વક કરવું તે; હલાલ કરવું તે.

તમારી ચેનચાળા, હરામી ને હલાલીના, બીજા પડદા હમે ન્યારા, હમારા રાહ ન્યારા છે.
ન્હાનાલાલ

૩. સ્ત્રી વફાદારી; એકનિષ્ઠા

૪. વિ. હલાલ કરેલા ઢોરનું. જેમકે, આ ઢોરનું માંસ હલાલી છે

હલાવવું ૧. [સં. હલ્ (ખસવું)] સ. ક્રિ. આયુધપાણ કરવું; ખસેડવું.

રાજે હલાવી હોના તે હલાવે જે બધુ જગ. અન્યાદિ તે અનલે છે સ્વરૂપ આ પ્રભુતણ.
નરસૈંયો

૨. સ. ક્રિ ઊભેળવું

૩. સ. ક્રિ. ઉશ્કેરવું; ઉત્તેજિત કરવું

૪ સ. ક્રિ. કંપાવવું; ધ્રુણાવવું; કમકમાવવું; આમ તેમ એકાદ બાજુ નમે તેમ કરવું

૧. જીભ હલાવવી = (૧) ઉત્તર આપવો. (૨) બોલવું. (૩) ખલાસણ કરવી

૨. માથું હલાવવું = (૧) સંમતિ આપવી (૨) હા કે ના કહેવી

૩. હાથ હલાવવા = ઉદ્યમ લાગવું, મહેનત કરવા, કામ કરવું

૫. સ. ક્રિ. ઝુલાવવું, હિંડોળવું

૬ સ. ક્રિ તળે ઉપર ફેરવવું; તળે ઉપર કરવું

હલાવી ખીચડી ને લડાવી દીકરી = ખીચડી હલાવ્યાથી અને દીકરી લાડ લડાવ્યાથી બગડે છે

૭. સ. ક્રિ. ફરીને ઊભું કરવું; ઊંચું કરવું; ફરીને ઊભું થાય એમ કરવું; બજાવત કરવું

હલાવાવવું ૧ સ. ક્રિ આયુધપાણ કરાવવું

૨. સ. ક્રિ. ઉભેળાય તેમ કરવું

૩. સ. ક્રિ. ઉશ્કેરાવવું

૪. સ ક્રિ. બજાવત કરાવવું

૫. સ. ક્રિ હલાવાય તેમ કરવું; હલાવવાનું કહેવું

૬. સ. ક્રિ હિંડોળાવવું.

હલાવાવું ૧. અ ક્રિ. આયુધપાણ કરી શકાવું

૨. અ. ક્રિ. આયુંપાણ થવું

૩. અ. ક્રિ ઊભેળાવું

૪ અ. ક્રિ. ઉભેળી શકાવું.

૫. અ ક્રિ. ઉશ્કેરાવું.

૬. અ ક્રિ. ઉશ્કેરી શકાવું.

૭. અ. ક્રિ. કંપાયમાન થવું.

૮. અ. ક્રિ બજાવત કરાવું

૯. અ. ક્રિ. બજાવત કરી શકાવું

૧૦ અ ક્રિ. તળે અને ઉપર થવું

૧૧ અ. ક્રિ. હલાવી શકાવું

૧૨. અ. ક્રિ. હિંડોળાવું

૧૩. અ. ક્રિ હિંડોળી શકાવું

હલાવી [જ્ઞા. હલાવિય (હલાવેલું)] સ્ત્રી એક જાતની ખારેક

હલાવું અ. ક્રિ. ચલાવું; ચાલી શકાવું.

હલાસન ન. (યોગ) એ નામનું એક આસન સર્વાંગાસન. પ્રથમ હલાસનની પેઠે શયન કરી પછી બંને હોથીઓ ભૂમિ ઉપર ટેકવી તે હાથના આધારથી પીઠને ઊંચી કરી પગને ઊંચે રાખી સ્કંધ તથા હોઠ પર ભાર આવે એમ સ્થિત થવું તે. શરીર સાધે હાથ ખાલા કરી ખસતા ખસી જવું પછી પગને ધીમે ધીમે ઊંચે કરતા કરતા નેવું અંશનો ખૂણો થાય ત્યાં સુધી લાવી જવા. આ અર્ધહલાસન થયું હવે પછી પગને મસ્તક તરફ નમાવતાં નમાવતા પગની આંગળીઓ માથાથી પાછવાડે જમીન ઉપર ટેકવવી તે. આ હલાસનની પ્રથમાવસ્થા છે. પછી પગની આંગળીઓ માથાથી વધુ આઘે લેવી. આ હલાસનની દ્વિતીયાવસ્થા છે. હજી પણ મસ્તકથી જેટલે છેટે લાવી શકાય તેટલે છેટે પગની આંગળીઓ લાવી જવી આ હલાસનની તૃતીયાવસ્થા છે. આ ત્રણે અવસ્થામાં હાથ પ્રથમ હતા તેમ જ જમીન ઉપર લાવ્યા જ રાખવાના છે હવે પછી હાથની આંગળીઓના અ કડા ભીડી અન્યોન્યાંય કરી માથાને પાછલે ભાગે રાખી અને પછી પગની આંગળીઓ જેટલી સરકાવાય તેટલી સરકાવવી. એ હલાસનની ચતુર્થાવસ્થા છે. હલાસનની દરેક સ્થિતિએ લગભગ બે થી ત્રણ મેકડ રોકાવું અને છેલ્લી સ્થિતિમાં વચ્ચારમાં વચ્ચારે અર્ધી મિનિટ સુધી પહોંચવું. બહુ જ ધીમે ધીમે આ આસનની સંખ્યા વધારતા જઈ વધારેમાં વધારે આર

મિનિટ સુધી પહોંચવું. જેમની ફરોડ બહુ અક્કડ હોય તેમણે બહુ જ ધીમેથી શરૂઆત કરવી. જરાપણ ઉતાવળ કે આચકાને સ્થાન ન આપવું. કરોડને તથા સાંના જ્ઞાનતંતુઓને તંદુરસ્ત અને યોગ્ય રાખવા માટે આ આસન ઉત્તમ છે અને ગળાની ગ્રંથીઓને પણ લાભદાયક છે પેટના સ્નાયુઓને મજબૂત કરે છે અને તેથી તે સ્નાયુઓની નબળાઈ ને લઈને થતી કબજિયાત કે અપચાને દૂર કરે છે. આનો બીજો પ્રકાર અર્ધહલાસન છે. બન્ને આ આસન શરીરસૌષ્ઠવને માટે કરવામાં આવતું હોવ ત્યારે તે વારંવાર કરવાનું જરૂરી રાખવું જોઈએ. દરેક ભાગને માટે બે મિનિટ પ્રમાણ ગણાય છે તે વધારીને છ મિનિટ સુધી લઈ જવી શકાય છે આની અવળી ક્રિયા તરીકે બીજા ક્રમનો બહુ ઓછી છે તે કરોડરજ્જુને મજબૂત બનાવવા માટે તેમ જ પેટના સ્નાયુઓને દૃઢ બનાવવામાં ઉત્તમ છે. વળી તે અપચામાં પણ અકસીર છે.

હલાહ વ કાબરચીતરો ઘોડો, રંગબેરંગી ઘોડો

હલાહલ ૧. [સં. હાલાહલ] પું. એક જાતનો સર્પ.

૨. સ્ત્રી. એ નામના એક ઝેર.

૩. ન ભયંકર ઝેર, મહા કારી ઝેર, વિષ, પ્રાણઘાત.

૪ ન સમુદ્રમંથન વખતે નીકળેલ ચૌદ માંહેનું એક રત્ન.

૫. વિ. અતિ તીવ્ર.

૬. જ. તાન; નરદમ; સાવ; સદંતર.

હલાહલી સ્ત્રી. રંગબેરંગી ઘોડી.

હલાં ૧. સ્ત્રી. આક્રમણ; ચડાઈ, હુમલો, હલ્લો

૨. સ્ત્રી. જુલમ; ત્રાસ.

હલાંડિયો પું ખોડા ખરાબ કામ કરનાર માણસ. ગાળાપરજમાં વપરાય છે.

હલિ ૧ પું. (પિંગ.) એ નામના એક અક્ષરમેળ છંદ તેના દરેક ચરણમાં નગણ, બાદ બે લઘુ ત્રિમ પછી ક્રમે ક્ષર હોય છે તે બાદ ક્રમક જમક ૨, જમક, ઘમક, આદક વગેરે પણ ઓળખાય છે. આ છંદ સુનંદિત છે. (બાદ બેદ જે

ન ન લ લ હલિ. ન્હાનાલાલ

૨ પું મોટું ઢોર.

૩. [સં. હલિકા] સ્ત્રી. ખેતિયરાણી.

હલિની ૧ સ્ત્રી. કલમારી.

૨ [સ] સ્ત્રી. લાલલો વૃક્ષ

૩ સ્ત્રી. રાત્રિનો બીજો પ્રહર.

હલિપ્રિય સ , પું. કદમનું ઝાડ.

હાલપ્રિયા ૧ [સ] સ્ત્રી. બલદેવની પત્ની, રેવતી.

૨. સ્ત્રી. મદિરા; દારૂ.

હલિમ ૧ સ્ત્રી. પંજાબ પ્રાંતમાં ગેમતી એક જાતની લીલોતરી. આ વનસ્પતિને સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં વાવવામાં આવે છે.

૨. વિ. મિલનસાર.

હલિયુ ન નાનું વળ; હતાશાવાળીના દિવસોમાં બે પહોર સામ સામા લડે છે અને તેમા હારજીત થાય ૭ કટલક ગામમાં હલિયુ જીતનારને નાનું ઢોર આપવામાં આવે છે.

હલિલ સ્ત્રી હલિલો એ નામની વનસ્પતિ ન ઉત્તર હિંદ મધ્યપ્રાંત અને બંગાળના જંગલોમ, તથા ઠાંમ બીજામાં ઠોઈ ઠોઈ જગ્યાએ થાય છે.

હલી ૧ [સં હલિન્] પું. બળરામ.

૨. વિ. ફૂવીકાર; ખેડૂત

હલીફો પું. (વહાણવટું) નાર

હલીમ ૧ વિ, નરમ સ્વભાવનું.

૨ વિ સુશીલ

૩. વિ. સુંવાળું; નરમ; મુલાયમ.

હલીમક પું. કમળાના જેવો એક જાતનો રોગ.

જ્યારે પાંડુ રોગીના શરીરના રંગ ફીકો, આસમાની કે પીળો થઈ જાય, ઉત્સાહનો નાશ થાય, પગના ચિહ્નો રહે, જઠરાગ્નિ મંદ પડી શરીરમાં હાડકાંઓ સાવ નિસ્તેજ થઈ રહે, ઊંઘમાંથી જાગ્રત ન રહે, હાડ આમે અને દાહ તથા તૃષા રહે, આમ ઉપર ટ્રેષ તથા ફેર વગેરે ઉપદ્રવો થાય ત્યારે તે વાયુપિત્તજાણી બનારો હલીમક રોગ કહેવાય છે. માધવનિદાન

હલીમતો પું ઘઉંની બનાવેલી એક વાનગી

હલીલાખ વિ. બહુ; પુષ્કળ.

હલીલેખ જુઓ હલીલાખ

હલીશા સ્ત્રી હળનો દાંડો

હલીસાબ વિ બળવટ્ટ, મોટું

હલુ વિ નીચી કોટિનું; અધમ, હલકું

બચવું અતિ હલુ આપણું. બાલાશં

હલુઈ હલુઈ અ. (જૂ ગુ.) હળવે હળવે; ધીમે ધીમે

કેરાય હલુઈ હલુઈ રડવું,
ચૌદ લાક જે બાજઈ મડઈ. ભીમ

હલુકું વિ (જૂ ગુ.) હલકું. નીચ.

માગો હલુઉં અને વળી હાણી. મંગલવિજય

હલુકર્મી ૧. વિ કર્મથી જે હળવું થયેલ હોય તેવું, થોડા કર્મવાળું.

૨. ન સરલ સ્વભાવી

હલુકાબ્રુ સ્ત્રી શેરડીની એક જાત. તે બહુ પાતળી, કાબ્રુ ને લાબી હોય છે તેનો રંગ પીળો અને લીલો હોય છે. તે દક્ષિણ મહારાષ્ટ્રમા થાય છે.

હલુબી ન. એક પ્રકારનું ધાન્ય

હલુરવું અ. ક્રિ. દૂર જવું

હલરનું જવું = ધોળ્યું જવું, દુઃખણું જવું, અવગણના પૂર્વક ભલે જાવું એવા ભાવનું કહેતુ

હલુરી વલુરી ૧ સ્ત્રી. ઉપાતી જીવવાળી બાઈ; અણી છતા દેખાવ અસરકારી દોઈ તેવી બાઈ.

૨. વિ. ઝાઝાં છોકરાવાળી, મોટા ખાળા બચ્ચામા ઘેરાઈલી

હલુકે વલુકે વિ. ઉતાવળું; અરિયર; ખાવકે.

હલુસે અ. ધીમેથી.

હલુઆ પું. ગીરદી; દડબો

હલુઓ પું હુમલો.

હલુડું વિ. (જૂ ગુ.) ધીમું; હળવું

બબૂઈ દોહી હલુઆ દ.યો,
બબૂઈ ગોરસ ગોડી મથી. ગારવમસમય

હલે ૧. અ ક્રિ. પ્રીતિ કરે.

લોભે લાખો બબ્બ હલે અખો

૨. ન. સખીને માટેનો ઉદ્ગાર; સખીનું સબોધન.

હલેડી (હલેડો) ૧. સ્ત્રી. પૈડાંની કુંડલી.

૨ અ. સખીને માટેનો ઉદ્ગાર; સખીનું સબોધન.

હલેડું (હલેડં) ૧. ન. મપ; માપો.

૨. ન. મોટો પાણો

હલેલું ૧. ન. અલેણું; નહિ લેણું તે.

૨. ન નહિ લાભનું એવું તે

૩. વિ. નહિ બેસતું

હલેણાનો અને પાડો જણ્યો = વિશ્વાસનું વહાલ્યું દુખી ગયું.

હલેતા વિ. છોકરાવાળી; ભોળું; થોડા વિચારવાળું, નાદાન

સખીમા સર્વમા મહબર હલેતાં બધુકની ન્હાનાલાલ

હલેતાપણું ન નાદાની; છોકરવાદાપણું.

બાપને જે પરવુ થાય લાગ્યુ, પિતાને તે ભૂલ આવી, માનાને એ હલેતાપણું જણાયુ ન્હાનાલાલ

હલેતી ૧. સ્ત્રી દુનિયાદારીની રીતભાતથી અજાણી છોકરી; તરતની જુવાની ફૂટી હોય એવી સ્ત્રી; પોતાની જુવાન અવસ્થાનું જ્ઞાન ન થયું હોય એવી સ્ત્રી

૨ વિ નિર્દોષ
૩. વિ. લાડલી.

હલેતું ૧. વિ. અલેતુ; દુનિયાદારીથી અણવાકેફગાર; કાચી સમજવાળું; નાદાન, બાળકના જેવા સ્વભાવવાળું; ભોકરવાદી.
૨. વિ. અનેક; ગજરાટિયું; બાવકે; બેબાકળું.
૩. વિ. મોટું અનુભવી.
૪ વિ ધીમું; હળવું; ધીરું.
૫ વિ. બીજાનું કહેવું માનકારે નહિ એવું
૬ વિ ગેલ. જેવું; સમજ વિનાનું
૭. વિ. સચકતું.
૮. વિ ઘડેલ.
૯. વિ. ગરમાળ

હલેફો વિ સમજ વિનાનું, રોલા જેવું હલેફો શબ્દ વિશેષણ છે. તેનું ભાંડ જાતિમાં હલેફો એવું અધિકારી રૂપ થાય છે

હલેસવું ૧. અ ક્રિ. હલેસાં મારવા.
૨. સ. ક્રિ. હલેસાં મારી હોડી વગેરે ચલાવવું

હલેસાંદાર વિ. હલેસાવાળો.

હડી સાથે પોતાની હોડી અથડાય નહિ તેની મરજાદમ. હલેસાંદારો અને સુકાનદારો પગ્યા હત. રણછોડભાઈ

હલેસું [સ હલ (એંચવું)] ન. (બહાળવડું)
નાના મજબૂતને ચલાવવાના ને છેડેથી પહોળા હોય તેવા લાકડાના તરેયા; હોડીને ગતિ મળે એમ પાણી હલાવવાનો ચાટવો; હોડી ચલાવતાં પાણી કાપવાનું લાકડાનું એક જાતનું મજબૂત મોળ ઘાલવાળું સાધન. બારગી હોડીઓના હલેસાં કડછી જેવાં મોળ હોય છે જ્યારે કટકમવાળાઓનાં હલેસા ક્રિકેટ બેટ જેવાં લાંબાં લાબાં ને ચપટાં હોય છે. તે પાણીને કાપી વહાણને ગતિ આપે છે.
૧ પોતપોતાના હલેસાએ તરવું = પોતાની આગળ સાધન અને આત્મબળ હોય તો તે વડે કામ કરીને કનેક મેળવવી.
૨. હલેસાં મારવાં = હોડી ચલાવવા હલેસાંથી મથવું

હલો ૧. પુ. આપદા; ફિકર
૨ પું કજિયા માટે જમ્યામમ માણસોનો પમારો, જૂથ; જમ્યો
હલો ધીમાએ હોય તે. હલો ચડી આવે તેહ, હલો બબેકાને કહો. હલો કહ બબે તેહ.
નાદવજીભાઈ
૩ પુ. ખેતરમાં પડી રહેલા કુલ એકઠાં કરવા તે; સલો
૪ પું. ધખો; દિવસ ગુજારવાનું સાધન.
૫. પુ. મદારીને હાથી ઉપર ચડવા આગલો એક પગ વાંકો વાળવા આપવામાં આવતો હુકમ
૬. પુ. વૈજોગ; રોનક; ઠાઠમાઠ.
૭ [સં. અલાવ] જ. એલાવ, અલો એવા અર્થનું ટેલિફોનમાં વપરાતું એક સંબોધન.
૮. જ. હાથીનો આગલો પગ ઊંચો કરાવવા વપરાતો શબ્દ.

હલોદ્ગતા પું. (પિંગળ) પૂર્વાતની જાતનો એ નામનો એક સમવૃત્ત અર્ધમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ અને રગણ એમ ૯ વર્ણ હોય છે.

હલોફલો ૧. પુ. આમથી તેમ આટા મારવા તે
૨. પું. ઊંચકાનું આડુંઅવળું ચાલવું તે.

હલોંડા સ્ત્રી. એક જાતનો છોડ. તે ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ થાય છે. તેનો સુવાસિત ફૂલ આવે છે. તેના મૂળ ઔષધમાં વપરાય છે.

હલ્ક ૧. [અ.] પું. કંઠ.
૨ પું. ગળું

હલ્દી [સં. હરિદ્રા] સ્ત્રી. હળદર.

હલ્દીમય કામજ પું. ક્ષારીય પદાર્થમા મૂકવાથી તેનો રંગ પીળો બદલાઈ જઈ બદામી થઈ જાય એવો એક પ્રકારનો કાગળ

હલ્દુ ૧. જ. એક જાતનું લાકડું.
૨. જ. લીમડાની જાતનું એક ઝાડ

હલ્ય ૧. [સં] વિ. હળથી ખેડવા લાયક.
૨ વિ. હળનું; હળ સબંધી.

હલ્યા ૧. [સં.] સ્ત્રી. હળનો સમૂહ.
૨ જ. અલ્યા, અરે એમ સામક એક સબોધક ઉદ્ગાર

હલ્યો સ્ત્રી. ચાલ; હાલ.

હલ્લ સ્ત્રી. ઉમેદ; આશા; હોંશ.
હલ્લ રહી રેમિયા પીતાજર પેર્યા તણી.
સાહિત્યસમહ

હલ્લા ચક્કર ન એક જાતની બાળ રમત. તેમાં એક મોટુ વર્તુલ કાઢી તેના પરિધ ઉપર બધા છોકરાઓને ત્રાંસા ઊભા રાખવા. દરેક છોકરાના મોઢા આગળ આગલા છોકરાની પીઠ આવે. દરેક છોકરા વચ્ચેનું છ ફૂટનું અંતર રહે તેમ કરવું. સિસોટી થતાં જ દરેક છોકરાએ પરિધ ઉપર એક જ દિશામાં દોડીને પોતાની આગળના છોકરાને પકડવા પ્રયત્ન કરવો જે છોકરાઓ પકડાય તે બાદ થઈ જાય; ફરી સિસોટી થતાં બધા તે જ જગ્યાએ અટકીને મોટું ફેરવી ઊલટી દિશામાં દોડી આગલા છોકરાને પકડવા પ્રયત્ન કરે જે પકડાય તે બાદ થાય, છેવટે એક છોકરો જે બાકી રહે તે જીત્યો કહેવાય

હલ્લાજ ૧ [અ હલ્લાજ (રૂમાંથી કપાસિયા છૂટા પાડનાર)] પુ રૂનું કામ કરનાર માણસ
૨ પું હુસેનબ્બિન મન્સૂરનું ઉપનામ. ઇસ્લામ ધર્મના પ્રખ્યાત સૂફી મન્સૂર હલ્લાજે જ્યારે અનલહક એટલે હું ખુદા છું એવું છોગ્યો ત્યારદાના બલીફાને કહ્યું તેથી વિદ્વાનોના કતવા ઉપરથી બગદાદમા તેને શૂળી ઉપર ચડાવ્યા

હલ્લિકર પું આખલાની એક જાત

હલ્લીશક ૧. સ્ત્રી એક જાતની મધમાખી. તેને અંગ્રેજીમાં હેલિકૃટમ કહે છે
હલ્લીશક નામની એકાતપાસી મધમાખમા કૌટુબિક સંઘ જોવામા આવે છે. પ્રાણીસૃષ્ટિ
૨. જ એક પ્રકારનું નૃત્ય; ઘણી સ્ત્રીઓ સાથે એક પુરુષનું નૃત્ય.

હલ્લીસ ૧. જ. ઉપરૂપકના અઢાર ભાંડેનો એક ભેદ.
૨ જ. એક પ્રકારનું નાટક
૩. [સં] જ સ્ત્રીઓનું મેળાકારે નૃત્ય; સ્ત્રીઓનો ગરબો; રાસક્રીડા.

હલ્લીસક જ. ઘણી સ્ત્રીઓમાં એક જ નેતા હોય તેવું નૃત્ય એક પ્રકારનું નૃત્ય

હલ્લુક પું વાંસના વર્ગની એક જાતની વનસ્પતિ તે ઊંચો અને કાંટા વિનાનો હોય છે

હલ્લું જુઓ હલ્લો.

હલ્લેખા જ એ નામનું ભગવતીનું એક સ્થાન.
ભગવતી આગમના સપ્તમ સ્કંધમાં શક્તિપીઠનાં સ્થાનોનો નિર્દેશ છે અને તેમાંના ૧૦૮ નામ આપ્યાં છે. તેમા કેટલાક ભૂમીકના પ્રસિદ્ધ સ્થાનો છે. કેટલાક પિંડમા અધ્યાત્મસ્થાનો છે, જેમકે, ચિત્તમા જલધરા, સર્વ પ્રાણીવર્ગમાં શક્તિ. જ્ઞાનીના હૃદયમાં હલ્લેખાનુ ચિંતન કરવાનુ વિધાન છે શાક્ત સંપ્રદાય

હલ્લેસું જુઓ હલેસું.

હલ્લો ૧. પુ આઘાત, ધક્કો
૨. પું. ઓવો તે કચ્છી પ્રાંતમાં બોલાય છે
૩ [અ હમ્લહ (ચડાઈ)] પું ચડાઈ. સવારી; ધસારો, હુમલો
૪. પું. ધખો; ઉદ્યમ.
૫. પુ. નુકસાન
૬ જ એલાવ એમ સામક સબોધનનો ઉદ્ગાર.

હલ્સંધિ સ્ત્રી (વ્યાકરણ) વ્યંજનોની સંધિ.

હવ ૧ પું. આજ્ઞા; હુકમ.
૨ પું આરાધન; આરાધના
૩ પું. ખોજા મજહબ પ્રમાણે વિષ્ણુના ચાર માહેનો એક અવતાર
૪. [સં. હુ (હોમ કરવો)] પું. યજ્ઞ; હવન, હોમ
૫ અ. હવે; અત્યારે.
મરવાં સહુને વાલ હવ મારી, આવી પછી ન કે હજાર.
સોરઠી બહા.રવટિયા

હવઈ ૧. [અ. હવા] સ્ત્રી. આકાશમાં ઊડે અને ઉપર જમીન ફાટે એવી એક આતશબાજી; હવાઈ
૨. સ્ત્રી ચંદ્રજ્યોત; છાયા.
૩. વિ અજડ.
૪. વિ ઊડતું

હવકવ ૧. ન. કળાકાવ, યુક્તિપ્રયુક્તિ; ઊતરપિંડી; જાળપ્રપંચ; દાવપેચ.
હવકવ કાંઈ ચલ્યું નહિ. આખી આલમ મારી બુદ્ધ વસ્તો
૨. [સં. હવ્યકવ્ય] ન. દેવો અને પૂર્વજોને અર્પવાનો હવિ; પિતૃ અને દેવોને આપવાનો બલિ

હવહ (હવડ) ૧. વિ. ઊભજડ; વસતી વિનાનું
૨. વિ. વપરાશમાં ન હોય એવું; અવાવરું.
આ કૂવો વપરો છે તો અને **હવહ** હોવાથી કોઈ તેની પાસે આવતું નહિ કનૈયાલાલ મુનશી

હવહા (હવડા) સ્ત્રી. (વહાણવટું) ખરી

હવહાં (હવમાં) [સં. અધુના] અ. હમણાં; અત્યારે.
હવહાં તો ચોટું છે દિન. આતશ

હવહે (હવડે) અ. હમણાં; હવે.

હવજ્ઞ ૧. સ્ત્રી આનંદ માટેનું પર્યટન; મોજમજા ઊડાવવા માટે કરેલી મુસાફરી; સહેલ; મોજ.
૨. સ્ત્રી. તન અને મનની સ્વસ્થતા; સુખ; ચેન; સુવાણ
અહો વત્સ · હવે તને **હવજ્ઞ** લો છે ને!
પ્રેમાનંદ
૩. સ્ત્રી. સત્ય; સોબતની ફરજ

હવજ્ઞાં [સં. અધુના] અ. હમણાં; હાલમાં; અત્યારે; સત્વર; આ ઘડીએ; આ ક્ષણે

હવન ૧. પું. અગ્નિ
૨. પું. ચિત્રાનું ઝાડ.
૩. પું. ધર્મપુરુષાર્થમાં કરેલી બત્રીસ માંહેની એક ક્રિયા.
૧. હવનમાં પડવું = (૧) ખોટી મહેનત કે પંચાતમાં પડવું. (૨) બધું લોગ આપવો.
૨. હવનમાં હાડકું નાખવું = (૧) પહેલે ફોજિયે વિક્ષેપ થવો; શુભમાં અશુભ કરવું; સારા કામમાં દખલ કરવી. (૨) યજ્ઞ કાર્યમાં વિઘ્ન કરવું. (૩) રંગમાં ભંગ પાડવો.
૪. પું હોમ; યાગ; યજ્ઞ. દેવીને ઉદ્દેશીને હવન આસો સુદિ આઠમના રોજ કરાય છે. મુખ્ય દેવીઓ ત્રણ છે: મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી. મહાકાળીના સ્થાનકે આઠમને દિવસે, મહાલક્ષ્મીના સ્થાનકે નોમને દિવસે અને મહાસરસ્વતીને સ્થાનકે દશમને દિવસે હવન કરવાનો વિધિ છે. દેવીમાહાત્મ્યમાં આઠમ, નોમ, દશમ અને ચૌદશ એ ચાર તિથિ મુખ્ય ગણાય છે. વળી મહાકાળીએ મહિષાસુરને આઠમને દિવસે માર્યો હતો અને મહાલક્ષ્મીએ રક્તબીજને નોમને દિવસે માર્યો હતો. તેથી તે દિવસોએ હવન થતો હોવાની પણ માન્યતા છે.
બાકી સર્વસ્વ જે કાંઈ હોય તેના **હવ**નથી પણ તમને સુખ મળે તો એ જ આકે સુખ છે.
સરસ્વતીચંદ્ર
૫. [સં. હુ (હોમ કરવો)] ન. દેવતાઓને ઉદ્દેશીને અગ્નિમાં હોમવાની ક્રિયા; દેવાદિકને ઉદ્દેશીને મંત્રપૂર્વક અગ્નિમાં હુતદ્રવ્ય નાખવું તે; યજ્ઞમાં આહુતિ હોમવી તે.

હવનઆઠમી સ્ત્રી. આસો સુદિ આઠમ. તે દિવસે હવન થાય છે.

હવનકૃત [સં.] ન. હોમ માટેનું યજ્ઞનું ઘી.

હવનપડી (હવનપડો) સ્ત્રી. હવનમાં વપરાતી કેટલીક સામાન્ય ચીજોનું પડીકું; હવન માટે યોગ્ય હોમવાના પદાર્થોનો પડો.

હવનશાળા સ્ત્રી. હોમ કરવાની જગ્યા; યજ્ઞશાળા.

હવનાષ્ટમી સ્ત્રી. આસો સુદિ આઠમ. તે દિવસે હવન થાય છે.

હવની [સં.] સ્ત્રી. યજ્ઞનો કુંડ.

હવનીય [સં.] વિ. હોમવા લાયક; હવન કરવા લાયક

હવય વિ સમજ્યા વિચારે કરીને પોડી કે ઝપેડી માટે જ આ શબ્દ વપરાય છે.

હવલદાર પું. હવાલદાર; દેશી લશ્કરમાં હલકી પંક્તિનો એક અમલદાર.

હવલી ૧. સ્ત્રી. નાની છોકરી; છોડી. તે કહી પ્રીતમાં બોલાય છે.
૨. સ્ત્રી. નાગ પાજ્ઞ વિનાની છોડી.

હવલો ૧. પું. કીકો; નાનો છોકરો. તે કહી પ્રીતમાં વપરાય છે.
૨. પું. નાગ પાજ્ઞ વગરનો છોકરો.

હવશ જી ૭૮, લત; વ્યસન; તલબ.

હવસ ૧. [અ. હવસ (આગ્રહ)] પું ઇચ્છા, વાસના
૨. પું. કામવાસના, કામવિકાર
આ પ્રમાણે બેહદ **હવસ**ના પ્રતાપ બીજા દાખલામાં જ જોવામાં આવવાના છે એ ખરું છે
મ. ફ. મશેર
૩. પું. કોઈ કામ માટેની આતુરતા; તલપ; ચટકો
૪. પું. ભોગ; ધૂન; ગિલટ; ઊમંગ.
૫. પું. ટેવ; હેવા; આસિયત
૬. પું. પ્રેમ; પ્યાર.
૭ પું. લોભ; લોલુપતા.
૮. પું લૌકિક ભાવ

હવસખોર વિ. અભિચારી
સ્વભાવથી જ **હવસખોર**ના કિસ્સા અજબના Abnormal બનતા જોઈએ,
અભિનવ કામશાસ્ત્ર

હવસખોરી સ્ત્રી. અભિચાર.

હવસી ૧. [સં.] વિ. ઘાણવું ટેવવાળો.
૨. વિ. વિષયી.
૩. વિ. વ્યભિચારી.
ખૂની, લુચ્ચો, **હવસી**, તમામ દરજ્જાના ગુનેગારો ભલાને પોતે સહેજ આરામ આપે છે
મરજીવા

હવા ૧. સ્ત્રી. અફવા; અમર.
૧. હવા ઊડવી = વાત ચગવી.
૨. હવા સાથે લડવું = (૧) નકામું લડી મરવું. (૨) વા સાથે વાતો કરવી
૨. સ્ત્રી. આકાશ.
૩ સ્ત્રી આદમની સ્ત્રી; ઈસાઈ અને ઇસ્લામી મત પ્રમાણે સૃજન વખતે સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલી સ્ત્રી; પત્ની; માનવવંશ વિસ્તારનારી સ્ત્રી; પહેલી સ્ત્રી.
૪ સ્ત્રી. આરોગ્યને અનુકૂળ સ્થિતિ.
૧. હવા બગડવી = રોગનો ઉપદ્રવ થવો
૨. હવા સુધરવી = રોગચાળો નાબૂદ થવો
૫. સ્ત્રી. ઉષ્ણ પ્રમાણ.
૬. સ્ત્રી પવન; વાયુ; અનિલ, સમીર; મરુત તેમાં ૭૮ ટકા નાઇટ્રોજન અને ૨૧ ટકા ઑક્સિજનનો સમાવેશ થાય છે બાકીના એક ટકામાં આરગૉન, કારબૉન ડાયૉક્સાઇડ, હેલીઅમ અને બીજા વેસનો સમાવેશ થાય છે. ૨૦૦ માઇલને છેટે પૃથ્વીની આસપાસ હવા ફેલાયેલી છે. જેમ જેમ હવા ઊંચે ચડેલી હોય છે તેમ તેમ હવા પાતળી અને ઓછા ઑક્સિજનવાળી હોય છે પરિણામે શ્વાસોચ્છ્વાસ લેવો મુશ્કેલ થઈ પડે છે માઉન્ટ એવરેસ્ટ ઉપર

ચડનારાઓએ જાણ્યું છે કે ત્યાંથી વધારે દૂર ચડવું અને જીવવું મુશ્કેલ છે. હવામાં કાર્બન ડાયોકસાઇડ નામનો એક વાયુ છે. વારંવાર માણસો આ હવા બહાર કાઢે છે આ વાયુ ઝાડપાનને બહુ ઉપયોગી છે. મકાન બાંધનારાઓ, ડૉકટરો, અને બીજાઓ ઘર અને મકાનમાં હવાના આવજા માટે બારીબારણાં માટે પૂરતું ધ્યાન આપે છે. અર્વાચીન કારખાનાંઓમાં અને ફેકટરીઓમાં કયુબિક ફૂટથી માપેલી અમુક હવા દરેક મજૂરને મળે એવી ગોઠવણ કરવામાં આવી છે. હવાને ગરમ કરવાથી અથવા ઠંડી કરવાથી તેમાં પવન ઉત્પન્ન કરીને હવાઈ એંજિન ચાલે છે. એંજિનિયરિંગ અને કારખાનાના કામ માટે હવાનું દબાણ કરવામાં આવે છે આમ કરવાથી હવામાં ઘણું બળ ઉત્પન્ન કરી શકાય છે. હવાઈ વિમાનની શોધથી હવા માટે નવું કામ ઉત્પન્ન થયું છે. સમુદ્રના કાયદાની માફક હવાનો પણ કાયદો છે. દરેક દેશ પોતાના ઉપરની હવા માટે જવાબદાર છે. હવાની શક્તિ બ્યુફોર્ટના સ્કેલ પ્રમાણે નીચે મુજબ છે:—

નં.	પવન	દર કલાકે માઈલમાં ગતિ
૦.	શાંત (Calm)	૦
૧.	પાતળી હવા (Light air)	૨
૨.	પાતળો મોજું (Light breeze)	૫
૩.	સાધારણ મોજું (Gentle breeze)	૧૦
૪.	મોઝરેટ મોજું (Moderate breeze)	૧૫
૫.	તાજું મોજું (Fresh breeze)	૨૧
૬.	વધારે મોજું (Strong breeze)	૨૭
૭.	મોડરેટ ગેલ (Moderate gale)	૩૫
૮.	ફ્રેસ ગેલ (Fresh gale)	૪૨
૯.	સ્ટ્રોંગ ગેલ (Strong gale)	૫૦
૧૦.	હોલ ગેલ (Whole gale)	૫૮
૧૧.	વટોળિયો (Storm)	૬૮
૧૨.	વાવાઝોડું (Hurricane)	૭૫ થી વધારે

હવા આપણે જોઈ શકતા નથી પણ આપણને હવાની હાજરી માલમ પડે છે આપણી ચોતરફ હવા છે. જ્યારે હવા હાલે છે ત્યારે તે પવન કહેવાય છે. બીજી વસ્તુઓની માફક હવા પણ જગ્યા રોકે છે. આપણને હવાનું દબાણ લાગતું નથી કારણ કે, તે ચારે બાજુએ હોય છે. હવા વિના પ્રાણી માત્ર જીવી ન શકે આપણને જો બરાબર હવા ન મળે તો આપણે ગૂંગળાઇ અનુભવીએ છીએ. આપણને સ્વચ્છ હવા જ જોઈએ. ખરાબ હવાથી આપણા શરીરમાં રોગ પ્રવેશે. ખોરાક વિના આપણે ઘણો વખત ચલાવી શકીએ. પાણી વિના થોડો વખત ચાલી શકે પણ હવા વિના તો આપણાથી થોડી વાર પણ જીવી ન શકાય. ઓક્સિજનથી શરીરમાં ગરમી ઉત્પન્ન થાય છે અને તે ગરમીથી કામ કરવાની શક્તિ મળે છે. ઓક્સિજનમાં રંગ, સ્વાદ કે ગંધ હોતાં નથી. નાઇટ્રોજનથી ઓક્સિજનની તીવ્રતા ઘટે છે. એકલા ઓક્સિજનથી દહનક્રિયા વધુ જલદ અને ઝડપી થાય છે. આ વાયુમા રંગ, સ્વાદ કે ગંધ હોતાં નથી. કાર્બોનિક એસિડ વાયુનું પ્રમાણ હવાના ૨૫૦૦ ભાગમાં ૧ ભાગ જેટલું છે. આ વાયુમાં રંગ નથી પણ એમાં એક જાતની નરમ ગંધ હોય છે એમાં સહેજ ખાટો સ્વાદ પણ હોય છે આ વાયુ વજનમાં પ્રાણવાયુ તેમજ નાઇટ્રોજન કરતા ભારે હોય છે હવામાં પાણીની વરાળ હોય છે. દરિયાકિનારા ઉપર હવા ભેજવાળી હોય છે જ્યારે હવામાં વરાળનું પ્રમાણ ઓછું હોય છે ત્યારે હવા સૂકી હોય છે. હવાને વજન હોય છે, અને તેને લીધે તેનું દબાણ પણ જણાય છે. એક ચોરસ ફૂટ જેટલી હવાનું વજન એક અધોળ થાય; તેટલા જ માપની વરાળનું વજન ફક્ત બસ્સો તોલા થાય અને તેટલા જ માપના પાણીનું વજન ૬૨ રતલ થાય. હવાનું આવરણ પૃથ્વીની સપાટી બાજુએ હોય છે અને તે આશરે ૧૦૦ માઈલ ઊંચે સુધી પહોંચે છે. આ ઊંચાઈ ને લીધે હવાનું દબાણ ઘણું પડે છે. દરેક ચોરસ ઇંચ ઉપર ૧૫ રતલ જેટલું વજન પડે છે. આ વજન બધી દિશામાં સરખું પડતું હોવાને લીધે તેની આપણને ખબર પડતી નથી. હવા કોઈએ નજરે જોઈ નથી તેમ છતાં હવા છે એ આપણે જાણીએ છીએ. અમુક હકીકત સાચી છે કે જૂઠી, તે પ્રયોગો કરીને નક્કી કરવામાં આવે છે. વિજ્ઞાન શીખવા માટે પ્રયોગો બહુ જરૂરના છે. હવા આપણી જોઈ શકાતી નથી, તો તે છે કે નહિ તેના પ્રયોગો કરી આપણે નક્કી કરીએ. (હવાના અસ્તિત્વના પાંચ પ્રયોગો): પ્રયોગ ૧—તમારા હાથની હથેળી ખુલ્લી રાખી ઊનાવળથી હાથ બહારથી હલાવો. હાથને હવા અડે છે તેની ખબર પડે છે; વળી પવન ફુકાતો હોય છે તે આપણા શરીરને અડે છે તેથી પણ જાણીએ છીએ કે હવા છે પ્રયોગ ૨—ઊંડો શ્વાસ લઈને હથેળીમાં કાગળના ટુકડા રાખી, તેના પર ફૂક મારો કાગળના ટુકડા ઊડી જશે. શાથી ઊડી જશે? મોઢામાંથી નીકળતી હવાથી. પ્રયોગ ૩—રંગબેરંગી ચૂનાં સૂકવતાં તમે જોયો છે? રંગીન કપડાને બે જણ છેડેથી ઝાલી આમ તેમ હલાવે છે. કપડું શરીરમાંનું ભીનું હોય છે, તે હલાવ્યાથી સુકાઈ જાય છે. શેનાથી સુકાઈ જાય છે? હવાથી એ કપડું ભીનું કરી બે છોકરાઓ એકબીજાથી છેટા ઊભા રહી છેડા પકડી હલાવશે તો કપડામાં હવા ભરાશે અને ખબર પડશે કે ચારે તરફ હવા ભરેલી છે. પ્રયોગ ૪—કાગળના ટુકડા કરી ફેંકો. જુઓ, તે ધીમે ધીમે આમ તેમ ઊડતા જમીન પર આવે છે. કોઈ ટુકડો એક તરફ જાય છે, તો કોઈ બીજી તરફ જાય છે. વળી કોઈ તો છેટે જતો રહે છે. એનું શું કારણ? ચારે તરફ હવા છે, તેમાં ફરતાં ફરતાં તે ટુકડાઓ છેવટે જમીન પર પડે છે પ્રયોગ ૫—પાણીથી ભરેલી તપેલીમાં એક ખાલી શીશી ઊંધી કરીને પાણીમાં ડુબાડો. ધ્યાન રાખો કે શીશી બરાબર સીધી રહે, શીશી ખાલી જણાય છે છતાં પાણી તેની અંદર ભરાશે નહિ. તેનું શું કારણ? શીશી ખાલી નથી પણ તેની અંદર હવા છે. જ્યાં સુધી હવા તેની અંદર છે ત્યાં સુધી પાણી અંદર જઈ શકે નહિ. પછી ધીમે ધીમે શીશી વાંકી કરવા માંડો. શું થાય છે? પાણીમાંથી પરપોટા નીકળે છે અને પાણી શીશીમાં પેસતું જાય છે. તે પરપોટા શું છે? શીશીની હવા બહાર નીકળે છે, તે હવાને લીધે પરપોટા થાય છે. હવા બહાર નીકળી જશે એટલે પાણી શીશીમાં ભરાઈ રહેશે પણ આપણે જોને ખાલી જગ્યા ઢાંકીએ છીએ તે બરોબર ખાલી નથી હોતી. આથી તમે સમજ્યા હશો, કે હવા તો તેમાં હોય છે જ. હવા સર્વવ્યાપક છે. તેને માટે આપણે નીચેના પ્રયોગો કરી શકીશું. પ્રયોગ. ૬—હવા સર્વવ્યાપક છે. એક પાતળી કાચની ભૂંગળીના એક છેડા પર આંગળી બરાબર દબાવી, ભૂંગળીનો બીજો છેડો પાણીમાં બોળો. ભૂંગળી પાણીમા ડુબ્યા છતાં ભૂંગળીમાં પાણી ભરાઈ શકશે નહિ. ભૂંગળીમાં હવા છે એટલે પાણી જઈ શકતું નથી. એક સાથે બે વસ્તુઓ એક જ જગ્યાએ રહી શકતી નથી. જે જગ્યા હવાએ રોકી છે, તે જ જગ્યા હવા છે ત્યાં સુધી પાણી રોકી શકે નહિ. ભૂંગળી ઉપરથી આંગળી લઈ લેતાં એટલે તે છેડેથી હવા બહાર નીકળતી જણાશે અને ભૂંગળીમાં પાણી ભરાશે. પ્રયોગ ૭—હવા ચોતરફ ફેલાઈ રહેલી છે આપણને પરસેવો થાય છે ત્યારે પંખો નાખીએ છીએ. તે વખતે સ્થિર રહેલી હવા પંખાથી હાલે છે ને પવન થાય છે. દેવતા નથી મળગતો ત્યારે ફૂંકથી અગર પંખાથી તેને ચેતનવીએ છીએ. એ બતાવે છે કે, હવા ચારે તરફ છે જ. પ્રયોગ ૮—પાણીથી ભરેલ એક કાચનો પ્યાલો પાણીથી ભરેલી કથરોટમા ઊંધો રાખો, પછી એને પાણીમાં જરા ઊંચો બે ચો. પાણીની બહાર ચોકું નીકળ્યા

ન જાય તેમ રાખી તેની સા.થે એક બીજો ખાલી પ્યાલો ઊંધો કરી પહેલી રાખો. હવે ખાલી પ્યાલાને સહેજ વાંકો કરો. પાણીના પરપોટા પાણીવાળા પ્યાલામા ઊંચા આવતા દેખાશે. કાળજીપૂર્વક ખાલી પ્યાલો વાંકો વાળતા જશો તો આખરે બધી હવા પાણીથી ભરેલા પ્યાલામા દાખલ થતાં તેમાંથી નીકળી જશે અને બધી પ્યાલો હતો તેમાં પાણી ભરાઈ જશે. આમ આ રીતે એક પ્યાલામાંથી હવા આપણે બીજા પ્યાલામાં ભરી. પ્રયોગ ૬—લગભગ કાગળનું એક પૂમડું હાથમાં લાંબી તેની દોર વતી હવા કાપે તેમ તેને હલાવો. પછી તેનાં પડખાં હવાને અટકાવ એમ લાગી હલાવો. શું ફેર જણાય છે ? દોર કરતાં પડખાંજોર હલાવતાં હાથને બહુ મહેનત પડે છે કારણ કે દોર કરતા પડખાંની સપાટી મોટી છે એટલે હવાને અમેડી મારવા કરતાં હાથને વધુ જોર પડે છે. વળી પ્રયોગ કરી જુઓ કે, પૂમડું જેમ મોટું તેમ વધારે જોર પડે છે. પ્રયોગ ૧૦—એક કામળાનો તા કથેળા પર મૂકો. પછી કથેળા આડી કરી હાથ ઝડપથી હલાવો અગર દોડો અને ધીમે ધીમે કથેળા આડી કરતા જાઓ: કામળા કથેળાને વળગી રહેશે. તેનું શું કારણ ? હવાનું કામળ પર દબાણ થાય છે તેથી કામળ હાથ પર ચોટી રહે છે. દોડવાનું બંધ કરશો એટલે કામળા ભોંય પર પડી જશે. પ્રયોગ ૧૧—પતંગ તો તમોએ ઉડાડ્યો છે. દોરથી ખેંચો છો એટલે સીધો થઈ ઊંચો ઊડે છે. દોર ખેંચવાથી હવા તેના પર દબાણ કરે છે. તેથી તે ઊંચો ચઢવાય છે. પવન ફેંકાતો હોય છે ત્યારે દોર ખેંચ્યા વગર પતંગ ઊંચો રહે છે. પણ જો પવન નથી હોતો તો દોર ખેંચવો પડે છે ને દોર ખેંચવો બંધ કરો છો તો પતંગ ઢોકો પડે છે. જો પતંગની સામેની દિશામાંથી હવા આવતી હોય તો જ પતંગ ઊડે છે. આટલા પ્રયોગો ઉપરથી આપણે હવે કહી શકીએ કે, હવા કોઈ આપણે આખથી જોઈ શકતા નથી તો પણ તે છે અને આપે તરફ ભરેલી છે. હવા જ્યારે સ્થિર હોય છે ત્યારે ખબર પડતી નથી, પણ હાલે ત્યારે આપણા શરીરને અડવાથી અને ઝાડ પાનના હાલવાથી ખબર પડે છે કે હવા છે. પ્રયોગ ૧૨—હવા એક પદાર્થ છે. હવા એવો પદાર્થ છે કે, આંખે દેખી શકાતો નથી, પણ આપણા શરીરને અડે છે ત્યારે જાણીએ છીએ કે, તે પદાર્થ છે. દરેક પદાર્થને કંઈ વજન હોય છે એટલે હવાને પણ વજન છે. હવા બહુ જ પાતળો પદાર્થ હોવાથી તેનું વજન બહુ જ ઓછું છે. ચોખું અને રૂપિયો એને પદાર્થો છે. પણ રૂપિયા કરતાં પીપ કેટલું બધું વજનમાં હલકું છે ? હવા તો તે કરતા પણ બહુ હલકી છે. સવાળથી પ્રયોગ કરીએ તો હવા જોખી શકાય છે. હવાને વજન હોય છે. હવા એ બધો હલકો પદાર્થ હોવાથી તેનું વજન કરવુ હોય, તો ઝાંટો બહુ નાજુક હોવો જોઈએ અને પ્રયોગ બહુ જ સવાળથી કરવો જોઈએ. જેમાં વીજળીનો દીવો થાય છે એવો એક કાચનો ગોળો લો એ ગોળામાંથી યંત્ર વડે બધી હવા કાઢી લીધી હોય છે. તેવા ગોળાનું એક નાજુક ઝાંટા પર વજન કરો. પછી તે ગોળામાં ચારડી વતી કાણું પાડો ચારતાં કાચનો ભૂકો પડે તે સંભાળથી પડીકામાં લઈ લો ગોળામાં કાણું પડશે એટલે તરત હવા તેમાં દાખલ થશે. પછી તે ગોળો અને કાણું પાડતા જે કાચનો ભૂકો પડ્યો હતો તે ભૂકો સાથે રાખી વજન કરો. પહેલાં વજન કર્યું હતું તેના કરતાં હવેનું વજન કંઈક વધારે થશે. તે વધારાનું વજન ગોળામાંની હવાનું વજન છે. કાટો બહુ સારો હશે અને બહુ કાળજીથી પ્રયોગ થશે તો જ વજનનો ફેર નીકળશે. હવા આપણી પૃથ્વીની આસપાસ ચારે તરફ ૨૫-૩૦ માઈલ સુધી ભરેલી છે પૃથ્વીની આસપાસ આ પ્રમાણે વીંટાઈ રહેલી હવાને વાતાવરણ કહેવામા આવે છે. હવા બહુ હલકી છે. છતાં પૃથ્વીની આસપાસ ઊંચે માઈલો સુધી રહેલી હોવાથી તેનો ભાર પૃથ્વી પર જણાય છે એટલે પૃથ્વી પરના દરેક પદાર્થ પર તે હવાના ભારનું દબાણ થાય છે હવા આ પ્રમાણે દબાણ કરે છે કે નહિ તેના પ્રયોગો કરી જોઈએ એટલે આપણને ખબર પડશે પ્રયોગ ૧૩—કાચના એક પ્યાલાને પાણીથી ભરી પાણીની કથરોટમાં ઊંધો મૂકો. પછી પ્યાલાના મોઢા કરતાં સહેજ મોટો પૂંઠાનો ટુકડો તેના મોઢા પર ઢાકો ને કથેળી વતી તેમ જ પકડી રાખો. પછી પ્યાલાને પાણીની બહાર કાઢો. પૂંઠાનો ટુકડો બરાબર સપાટ રહે તેની કાળજી રાખો પછી ધીમેથી હાથ ખસેડી લો. પ્યાલાનું પાણી પડ્યા વગર રહેશે. પ્યાલો ઊંધો છે એટલે પ્યાલાનું પાણી દબાણ કરી બહાર ઢોળાઈ જવુ જોઈએ: પણ તેમ કેમ ન થયું ? પૂંઠાની એક બાજુ પ્યાલાના પાણીનું દબાણ છે, તેના કરતાં પૂંઠાની બીજી બાજુએ વધારે દબાણ હોવું જોઈએ; તો જ એ પ્રમાણે પ્યાલામાં પાણી રહી શકે. એ દબાણ કોનુ ? હવાનું. પ્રયોગ ૧૪—કાચનુ બરાબર બંધ બેસે એવો એક નાનો ડબ્બો લો. તેને તળિયે એક કાણું પાડો અને એક કાચ તેની બાજુમાં ઊંચે પાડો. બંને કાણાં આંગળીથી બંધ કરી તે ડબ્બામાં પાણી ભરી ઢાંકણ બરાબર બંધબેસતું કરો. પછી તળિયાના કાણા પરથી આંગળી ખસેડી લો. પાણી તેમાંથી નીકળતું નથી. બાજુ પરના કાણા પર આંગળી રાખશો સાંસુધી નીચેના કાણામાંથી પાણી નીકળશે નહિ. બાજુના કાણા પરથી આંગળી ખસેડશો એટલે તરત નીચેના કાણામાંથી પાણી પડવા માડશે. વળી બાજુનું કાણું બંધ કરશો એટલે પાણી પડતું બંધ થશે. આનું શું કારણ ? નીચેનું કાણું ઉઘાડું છતાં જ્યાં સુધી બાજુ પરનું કાણું બંધ રહે છે ત્યાં સુધી પાણી કેમ ઢોળાતુ નથી ? તેનું કારણ હવાનું દબાણ છે. ડબ્બામાં ઉપર ટોચ સુધી પાણી ભરેલુ છે. બાજુ પરનુ કાણું પણ બંધ છે એટલે તેમાં હવા જઈ શકતી નથી એટલે બહારની હવા નીચેના કાણા પર દબાણ કરે છે. જેનું દબાણ પાણીના વજનના દબાણ કરતાં વધારે છે; તેથી પાણી બહાર નીકળી શકતું નથી. બાજુ પરનું કાણું ખુલ્લુ કરવામાં આવે એટલે તે વાટે હવા ડબ્બામાં પેસે છે; એટલે ડબ્બાની અંદર પાણી ઉપર હવાનું દબાણ બે તરફથી સરખું થાય છે. નીચેના કાણામાંથી પાણી ઉપર ટેટલા બળથી હવા ઊંચે દબાણ કરે છે, તેટલા જ બળથી બાજુનું કાણું ઊઘડતાં તેમાં હવા દાખલ થઈ પાણી પર નીચે દબાણ કરે છે. આ દબાણ સરખાં હોવાથી હવાના દબાણની અસર પાણી પર થતી નથી એટલે પાણીનુ દબાણ કામ કરે છે ને પાણી બહાર આવે છે. હવા સ્થિતિસ્થાપક છે તે નીચેના પ્રયોગોથી જાણી શકાય છે. સાંકડા મોઢાની એક શીશીમાં મોઢું પાણી ભરો. પછી તે શીશીમાં જોરથી ફૂંક મારો અને તરત જ શીશીના મોઢા પર અંગૂઠો મૂકી મોઢું બરાબર બંધ કરો. પછી પાણી શીશીના મોઢા પર આવે તેમ શીશી વાકી કરો અને અંગૂઠો જરાક ખસેડો. તરત પિચકારી મારફત જોરથી પાણીની રોડ નીકળશે. જ્યારે શીશીમાં ફૂંક મારી ત્યારે શીશીમા જે હવા હતી તે દબાણ પામી. મોઢા પરથી અંગૂઠો ખસેડ્યો એટલે હવા બહાર થઈ હતી તે વિસ્તાર પામી અને પહેલા જે સ્થિતિમાં હતી તે સ્થિતિમાં આવી ગઈ વિસ્તાર પામતાં તેણે પાણીને બળથી ધકેલ્યુ જેથી પાણીની રોડ છૂટી. હવાના આ સ્થિતિસ્થાપક ગુણનો ઉપયોગ કુદરતીઉદ્યોગમાં ઘણી વાર કરવામા આવે છે અને દબાયેલી હવા વિસ્તાર પામતાં જે બળ મળે છે તેના વડે સંચાઓ ચલાવવામાં આવે છે. હવા વગર કોઈ પદાર્થ ટકી શકતો નથી. પ્રયોગ ૧૫—એક મીણબત્તી સળગાવો અને મેજ ઉપર મૂકો. તેના ઉપર એક વાસણ ઊંધુ વાળી સળગતી મીણબત્તીને

ઢાંકી દો કાચનુ વાસણ હશે તો મીણબત્તી થોડી વારમાં ઝાંખી પડી હોલવ ઈ જતી તમે જોઈ શકશો. માટીનુ કે ધાતુનું વાસણ હશે તો થોડી વાર પછી તેને ઉઘાડશો તો મીણબત્તી હોલવાઈ ગયેલી માલૂમ પડશે. બળતા કોયલા, લાકડા અગર ગમે તે બળતી ચીજને ઢાંકી દઈ તેને હવા મળી શકે નહિ એવુ કરવાથી તે હોલવાઈ જશે સળગતા પદાર્થો ઉપર રેતી પાથરીને હવા બંધ કરી શકાય. પ્રયોગ ૧૬–કાગળના કટકાની ઢગલી જમીન ઉપર કરી તેને સળગાવો તે સળગે એટલે તેના પર એક કોથળો ઢાકી દઈ તેને બહારની હવા બંધ કરો બુઝો સળગતી કાગળની કટકીઓ બુઝાઈ જશે. અકસ્માતથી તમારાં લુગડા સળગી ઊઠે ત્યારે ગભરાઈ ને દોડાદોડ કરવાથી લગડાને વધારે હવા મળવાથી તે વધારે સળગે છે તે જ વખતે ન ગભરાતાં કોઈ ગૌનરજી કે કોથળો કે ઓવું કઈ જાડું કપડું શરીર પર વીંટાળી લેવુ જેથી હવા બહારની બંધ થવાથી સળગતા લુગડાં બુઝાઈ જશે પ્રયોગ ૧૭–સળગતી મીણબત્તીની જ્યોત ઉપર કાચનો પ્યાલો ઊંધો ધરો તેને બહારની હવા બંધ થવા લાગશે તેથી જ્યોત ઝાંખી થવા માંડશે. તેમ થવા માટે એટલે પ્યાલો ઊંચો લઈ લો; તરત હવા પાછી મળવાથી જ્યોત બરાબર પ્રકાશવાળી થશે. બળવાથી હવાનું શું થાય છે? હવા વપરાઈ જાય છે કે બદલાઈ જાય છે? પ્રયોગ ૧૮–એક કથરોટમાં પાણી ભરી તેની અંદર બળતી મીણબત્તી મૂકી તેના પર કાચની બરણી ઊંધી પાડો. બળતી મીણબત્તીને લીધે બરણીની હવા ગરમ થવાથી તે વિસ્તાર પામીને થોડી બહાર નીકળી જશે. તેથી પાણીમાં એક બે પરપોટા થશે અને મીણબત્તી તરત બુઝાઈ જશે તમા પાણી બરણીમાં થોડું દાખલ થયેલુ જોવામાં આવશે. આ પાણી બરણીમાં કેમ અને કેટલું આવ્યું તે વિચાર કરો. બરણીમાં હવા હતી તે બળતી મીણબત્તીએ કેટલી વાપરી નાખી તેના બાકીનું પાણી બરણીમાં દાખલ થયું છે. બરણી જરા ગરમ થયેલી માલૂમ પડશે. તે ઠંડી થાય એટલે બરણીની અંદર પાણી ચડેલ હોય તેટલે સુધી બહાર કથરોટનુ પાણી આવે તેટલું વધારે પાણી કથરોટમાં રેડો પાણી બહાર કાગળનો ટુકડો અગર કાચનો ટુકડો બરણીના મોઢા પર ઢાંકી, બરણી ઝડપથી ઊંધી લાઈ સળગી કરો. તે એવા રીતે કે તેમાં જે પાણી ભરાય હતું તે બહાર ઢોળાઈ ન જાય. તે પાણી એક માપક પ્યાલામાં ભરીને માપી જુઓ. પછી આખી બરણી પાણીથી ભરી માપક પ્યાલા થતી તે પાણી કેટલું છે તે માપ કાઢો અને તેમ કરી મીણબત્તીએ બરણીની હવાનો કેટલો ભાગ બાળ્યો તે નક્કી કરી શકશો. પ્રયોગ ૧૯–એક નાની અને એક મોટી એમ બે મીણબત્તીઓનો ઉપયોગ કરી પ્રયોગ કરી જુઓ તો જણાશે કે બે મીણબત્તી વાપરવાથી બરણીની વધારે હવા વપરાય છે અને તેથી તેમાં વધારે પાણી ચેડે છે. હવા એ પ્રાણવાયુ અને નત્રવાયનું મિશ્રણ છે. પ્રયોગ ૨૦–બળવાની ક્રિયા થયા પછી હવામાં કેમ કેટલાર થાય છે કે તેથી ને તેથી જ રહે છે તે બોઈએ બરણીમાં પાણી ભરાય અંદ ૨ કી પડે પછી પાણીથી કથરોટના પાણી બહાર બરણીનું મોઢ ન નીકળી જાય તેમ ઊંચકી અંદરની મીણબત્તીઓ કાઢી લો. પછી બરણીનું મોઢ ઢાંકી દઈ બરણી કથરોટમાંથી કાઢી લઈ બરણી કરો તે તેનું મોઢ ઢાંકેલ જ રહેવા દો હવે ખેવડી જ બીજી બરણીને મેજ પર મૂકી એક મીણબત્તી સોદાના વાળાને ઊભે બરાબી તેને સળગાવી વાળાથી પકડી બરણીમાં ઉતારો. શુ માલ છે તે જુઓ મીણબત્તી થોડી વાર સુધી બરણીમાં બળે છે ને પછી હવા ખૂટી જવાથી તે બુઝાઈ જશે તેમ થાય એટલે મીણબત્તી બહાર કાઢી લઈ બરણીનુ મોઢ ઢાંકી દો. પ્રયોગની પહેલી બરણીમાં વાળે તે ઊભે બરાબેલી સળગતી મીણબત્તી દાખલ કરો શુ થાય છે? મીણબત્તી એકદમ બુઝાઈ જશે. પ્રયોગની બીજી બરણીમાં હવા હતી તેમાં મીણબત્તી દાખલ કરતાં તે એકદમ બુઝાઈ નહોતી. પહેલી બરણીમાં જે હવા હતી તે તેની અંદર મીણબત્તી બળવા પછીની હવા હતી તેથી તે હવામાં મીણબત્તી બિલકુલ બળી નહિ. આથી તે બતાવે છે કે મીણબત્તીના બળવા પછી હવામાં ફેરફાર થયો છે. આ પ્રયોગો ઉપરથી આપણે એમ અનુમાન કરી શકીએ કે, પ્રથમ તો એ કે જે કોઈ પદાર્થ બળે છે ત્યારે હવાનો અમુક ભાગ વપરાઈ જતો જણાય છે. બીજું એ કે તેમાં હવા વપરાઈ ગયા પછીની જે હવા રહે છે તે સાધારણ હવા કરતાં કંઈક જુદી જ છે. કારણ કે તે હવામાં મીણબત્તી બિલકુલ બળી શકતી નથી. હવા મુખ્ય બે વાયુઓની બનેલી છે. જે વાયુ બળવામાં આપી જાય છે તે પ્રાણવાયુ કહેવાય છે. બળવાની ક્રિયા થઈ રહ્યા પછી જે વાયુ રહે છે અને જેની અંદર મીણબત્તી બુઝાઈ જાય છે તે નત્રવાયુ કહેવાય છે રસાયન વિદ્યાના પ્રયોગોથી આપણે શીખ્યા કે જે હવાને આપણે સાધારણ રીતે એક જ પ્રકારનો વાયુ ધારતા હતા તે બે જુદા જુદા વાયુઓનું મિશ્રણ છે. એકનું નામ પ્રાણવાયુ, તે પદાર્થોના દહનમાં વપરાય છે અને બીજાનું નામ નત્રવાયુ, જે દહનમાં ઉપયોગી થતો નથી, તેમ બુઝી પણ જતો નથી. હવા એ પ્રાણવાયુ અને નત્રવાયનું મિશ્રણ છે તે બતાવ્યું. પણ તે બંને વાયુઓ સરખે ભાગે મળેલા છે કે વત્તા ઓછા? આપણે પ્રયોગો કર્યા તેનાથી જ હવામાં પ્રાણવાયુ અને નત્રવાય કેટલેલા ભાગે છે તે જાણી શકાય છે મીણબત્તીના બળવાથી પ્રાણવાયુ બુઝી ગયો અને પાણી થોડેક ઊંચે બરણીમાં ઊંચે ચડયું તે આપણે જોયું. બરણીની જેટલી હવા પ્રાણવાયુએ રોકી હતી તેટલી જ જગ્યા પ્રાણવાય બુઝી જતાં પાણીએ લીધી હતી; બાકીનો જે હવાનો ભાગ રહ્યો હતો તે નત્રવાયનો હતો હવે બરણીની જોતાં જણાશે કે બરણીનો થોડો જ ભાગ પાણીએ રોકયો છે ને વધારે ભાગ નત્રવાયએ રોકયો છે. એ ઉપરથી આપણે જાણી શકીએ કે હવામાં પ્રાણવાયુ ઓછો છે અને નત્રવાય તેના કરતાં વધારે છે. માપી જોતાં જણાશે કે બરણીનો લગભગ પાંચમો ભાગ પાણીએ રોકયો છે તે બતાવે છે કે, હવામાં ૧ ભાગ પ્રાણવાયુ અને ૪ ભાગ નત્રવાય છે આથી ખાતરી થાય છે કે હવામાં પ્રાણવાયુ કરતાં નત્રવાયુ વધારે પ્રમાણમાં છે સાહેરમાંના મકાનોમાં દરેક રહેનાર માણસને પૂરતા પ્રમાણમાં હવા મળવી જોઈતી હોય તો મકાનમાંની જગ્યાનું માપ લીધું પ્રમાણ ૧૦૦ ઘનફૂટ જેટલુ હોવું જોઈએ. હવામાં જેમ વધારે ઝડપથી ગતિ હોય તેમ વાતાવરણ વધારે ઠાર ઊંચકી શકે છે એટલે ઝડપથી ગતિવાળામાં વધારે સલામતી છે અને ધીમેથી ગતિવાળામાં ભય રહેલો છે

૧. એક હવા સો હવા = તંદુરસ્તી ઉપર હવાની સૌથી સારી અસર થાય છે

૨. હવા ફેરવવુ = બુઝવું કરવું; બહાર કરવુ.

૩. હવા બાંધી = (૧) કાર્ય ન બજાવું; અંતરિયાળ વચ્ચે રહી જવુ. (૨) સારી સ્વચ્છ હવામાં રહેવુ ફરવુ

૪. હવા ગમ કરવી = ઊઘાડી મૂકવું.

૫. હવા ખાઈ જવું = ઉપાડી જવું; હવામાં ઊડી જવુ.

૬. હવા પાણી = આરોગ્યને અનુકૂળ જમીન, પાણી અને પવનવાળી સારી સ્વચ્છતાવાળી પરિસ્થિતિ

૭. હવા પૂરવી-ભરવી = પંપ વગેરે સાધનથી ટ્યૂબ વગેરેમાં હવા ઠાસવી.

૮. હવા ફોડવી = બહાર પાડી દેવુ; જાહેર કરવું.

૯ હવા બદલવી = સમય પ્રમાણે રીતભાત

બદલવી. આખા તાલુકાને બદલત કરવો પડશે, બધે હવા બદલવી પડશે.—નર્મદાશંકર પ્રેસ

૧૦. હવા લાગવી = હવા કે બેજની અસર થવી.

૧૧. હવાની ઢોડી = ડૂબતાં માણસોને કાઢવાની કે બચાવવાની હોડી.

૧૨. હવામાં અદ્ધર લટકવું–ઊંચકા આવા = (૧) ક્રમ બંધા વિના રહેવું. (૨) ઝોલાં ખાવા. (૩) ટિંગાયા કરવું.

૧૩. હવામાં ઊડી જવું = (૧) ખાલી કે નકામું જવું; અસર ઉપજાવ્યા વગર કોઈ વાતનું બનવું જવું. (૨) ચૂમ થવું

૧૪. હવામાં કિલ્લા બાંધવા = શેખચલ્લીના તરંગ ઊઠાવવા; અસંભવિત મનોરથ કરવા; મિથ્યાવાદી થવું.

૧૫. હવામાં બાચકા ભરવાં = વલખાં મારવાં; મિથ્યા પ્રયાસ કરવો.

૧૬. હવામાં બાર કરવા = ચિંતવણી આપવા કે બિવડાવવા ઊંચે ગોળીબાર કરવો.

૧૭. હવામાં મારવું = મારવાનો અમથો દેખાવ કરવો.

૭. સ્ત્રી. પવનની લહેર; વાયરો.

૮. સ્ત્રી. પૃથ્વીની આસપાસ વિંટળાએલો વાયુ; વાતાવરણ.

૯. સ્ત્રી. બેજ; બીનાસ.

૧૦. [સં. ભૂતા–અપ–હ્વઅઈ ભવ્ય. ગુ. હુઈ–હુઉ–હોઉ–હઉ–હવું. બહુવચન હવા]
ક્રિ. ભવ્યા; થયા; હોવુંનું ભૂતકાળનું રૂપ હતા. સામાન્યરીતે લાંબા પુરાણો બાંધનાર આ શબ્દોનો ઉપયોગ વિશેષ કરે છે.

અંતરમાન હવા હરણ. પ્રેમાનંદ

હવાઅજવાળિયું જ. હવા તમા પ્રકાશને આવવા માટેનો માર્ગ.

હવાઅજવાળું [જ. હવા] જ. વાયુ અને પ્રકાશ.

હવાઈ ૧. સ્ત્રી. અગ્નિબાણ.

૨. [હિં] સ્ત્રી. અદ્ધર; ઊડતી અવર.
હવાઈ છૂટવી = અમુક ગપ બેસવાથી ફૂંટી નીકળવી.

૩. સ્ત્રી. એક જાતની આતશબાજી, સળગાવતાં જ જેમાંથી આકાશમાં ચડી જતું આતશબાજીનું એક રમકડું; એક જાતનું દારૂખાનું
ઈંગ્લાંડ ફ્રાન્સે રૂજવાતના સહેસોમા હવાઈઓની મદદ વિરોધનના આકાશમા સામસામી દિશામા અભિયોજિઓ વદ્યરવા જ કરે છે.
ભ. ક. ઠાકોર

૪. સ્ત્રી. કોર્ડના આવવાના અવર.

૫. સ્ત્રી. ચક્રમોત.

૬. સ્ત્રી. ઝાપો

૭. સ્ત્રી. વરાળ.
પાણી જેવા પ્રવાહી પદાર્થને તે હવાઈ રૂપમાં લાવે છે. પટેલ એન્જનિયર્સ

હવાઈ જવું = બીનાકામનું થઈ જવું.

૮. સ્ત્રી. શેખચલ્લીના વિચાર

૯. વિ. અજડ.

૧૦. વિ. આકાશ કે વાતાવરણમાં ચાલે કે ઊડે એવું; ઊંચે ચડનાર

૧૧. વિ. ખાલી; મિથ્યા; કલ્પનામય; પવનની લહેરો જેવું.

૧૨. વિ. તરંગી

૧૩. વિ. મનસ્વી

૧૪. વિ. હવા સંબંધી

હવાઈ ક્રિલ્લા ૧. પું. ચાર્વાક મત સમા ખોટા તરંગો; મિથ્યાવાદ; સંકુચિત સ્વાર્થદૃષ્ટિ.
અજ્ઞાનિ મુનિ રામને વચન આ કે'તા અનુરાઈથી પ્રીતિ સ્નેહ સગાઈ આ જગમા કે રામ ! સાચી નથી. આવીને અહીં એકલા અવનિમાં સોને જવું એકલા, પિતામાતની પ્રીત બહુ સર્વે પોતેજ, પોતેજ પોતા વિના માત્રામાં સહુ સ્નેહી દેશ ઘર ને સિદ્ધિ સમૃદ્ધિ મહાં બધું બોલી અવરય આ વચન રા મુખેથ એ વાતના ? રોયું, જિહની મુખી દુ:ખ સહીને, કે ઓમ આનંદને બાનું ધર્મનું કાજીરે જગતમા બહુમ લાંબી જનો. કાઈ એ નથી આ પછી સહુ કૃષા કે રામ ! આસરા નહીં, બોડો બુદ્ધિ તરમ શાન્ત થઈ જો પાછો અયોધ્યાપુરી ! રામે ઉત્તરમાં કહ્યું. સરવમાં જેનું મણી સત્યને, જે એ લક્ષણ આર્યનું કદિ નહિ સોપી દવું સત્યને; અહીં આ નહિ આપના સત્યથી ક્રિલ્લા હવાઈ ઋષિ, રાજા તેથી પ્રજા થઈ અનુસરે પાપે અસત્યે ભરી
રામાયણસાર

હવાઈ ક્રિલ્લા બાંધવા = પાયા વગરની અને ભવિષ્યની મોટાઈનાં સ્વપ્નામાં રહેવું.

૨. પું. વ. ક. ખોટા ખ્યાલ; મનસ્વી તરંગ.

હવાઈ મજરા ૧. પું. વ ક. એક જાતનું ધરેણું.

૨. પું વ. ક. મજરાની એક જાત

હવાઈ મજરાનાં કડાં ન. વ. ક. હાથના દાગીનાનું એક નામ.

હવાઈગર પું. આતશબાજી બનાવનાર માણસ; આતશબાજ

હવાઈગાડી સ્ત્રી વિમાનમાંથી છત્રીદ્વારા ઊતરવાનું એક આધુનિક સાધન; 'પેરેશૂટ'. જેમણે હજુ જીવનની ચોવીસી યે વટાવી નથી એવા દુર્ધમલ યુવાન વિમાનીઓ તારાસોવ અને યેરમીનના વિમાનો સળગ્યાં છે. તેમનું બાકી હોત તો હવાઈછત્રી દ્વારા કૂદીને પોતાનો જાન બચાવી શકવા હોત, પણ નહિ. જાન કરતાં પિતૃભોમ વધારે પ્યારી હતી. તેમણે નીચે બચાવ દરોળ ભારી પૂરપાટ ધસી રહેલા જર્મન ટેંકોન. દળ પર વિમાનો ઝીંકયાં, તેમનાં શરીરોની કરચો ઊડી ગઈ, માથે ટેકો પણ ખતમ થઈ પોલાદી, તેજસ્વી બખીરમાથી રશિયાની લાલ સેનાનું બહાદર થયુ છે એનુ વિમાની દળ જ નહિ પરંતુ લાલ પાયદળ અને નૌકાદળના સૈનિકોની કય ઓ આવા જ શૌર્ય, બલિદાન અને સ્વદેશ પ્રેમના ઘેરા રગોથી રગાયેલી છે. દેશ પ્રત્યેનો ઊંડો પ્રેમ, ફરજનું જ્ઞાન અને ધ્યેય નિષ્ઠા જ વતન માટે મરી ફીટવાની આવી તમન્ના પ્રગટાવી શકે. લાલ સેનાનો જન્મ પણ ક્રાન્તિના કાળમાં અને કપરા સજોગો વચ્ચ થયો છે ૧૯૧૭ની નવેમ્બરે ક્રાંતિ સફળ થઈ અને સોવિયેટ સત્તાની સ્થાપના થઈ. વિશ્વયુદ્ધ હજુ ચાલ હતુ સોવિયેટના ભાગ્ય રાજ્યને જન્મતાં વૈન જ ઓના પારણામાં ગૂગળાવી ને ખતમ કરવાની તેમની જર્મન હોસ્લેનો પજો રશિયા પર પડ્યો હતા. ઝારના કાળનુ જૂનુ પુરાણુ લશ્કર પ્રતિકાર કરવાને અશક્ત હતુ અપૂર્ણ કટોકટીમાં પણ સોવિયેટ સરકાર અડગ રહી લાખો કામદાર કિસાનો મુક્ત જન લડવા લાલ સેનામા જોડાય. પેત્રોગ્રેડના ધાતુ કામદારો, મોસ્કોના કાપડ કામદારો, તુલાના લુહારો અને ય.ઝોરસ્લાવના વસ્ત્રકારોએ દાખિયાર ઉદ્દ્યાં. ખૂબખૂબીથી યુવાનોનો પ્રચડ પ્રવાહ રણમેદાન ભણી વહેવા લાગ્યો. આ પ્રથમ મુક્તિજંગમાં જ લાલસેનાના પરાયા નાખવામાં આવ્યા. યુદ્ધમાં લડતાં લડતા જ એ સેનાએ યુદ્ધની કળાનુ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને સ્વદેશભક્તિ, ફરજપાલન, ધૈર્ય અને આત્મબલિદાનની સુંદર પ્રણાલિકાઓ વિકસાવી. આખરે લાલસેના વિજયી બની. આ વિજય પાછળ પ્રજા પ્રત્યેની સેનાની વફાદારી અને કસી જનતાનો પ્રેમ રહ્યાં છે. માદરેવતનની મુક્તિ માટેના જગમાં રેડાયેલા સદિયાગ લોહીએ સોવિયેટ કુટુમા વફની બાંધી કાતિઓની એકતાને વજ જેવી બનાવી દીધી

હવાઈજહાજ પુ. વિમાન; હવાઈ વહાણ, 'એરોપ્લેન'

હવાઈડાક સ્ત્રી. વિમાન મારફત જતી ટપાલ; 'એરમેઈલ'

હવાઈતોપ સ્ત્રી એ નામની પુરાતની તોપ.
એ જમાનામા બીજી કસપદ તોપ સોપરામા આવી હતી, તેનુ નામ હવાઈ તોપ હતુ. એને દક્ષના કિલ્લાની ફિલેડના પ્રસંગે યાકુમ શમદીએ શિવાજી એકેના યુદ્ધમા વાપરી હતી. એ તોપને ઝાડ ઉપર પણ લઈ જવામા આવતી હતી અને ઝાડ ઉપરથી કર કરતા હતા.
ચૈમાસિક

હવાઈ દળ ન. હવાઈ જહાજ વગેરેનુ લશ્કર
ભા.રતના હવાઈ દળોની સ્થાપના ઈ.સ. ૧૯૩૩ના એપ્રિલ મહિનામાં કરવા.માં આવી છે ભા.રત ઉપર હવાઈ આક્રમણ થાય તો આ હવા.ઈ દળો શત્રુના વિમાનોને તોડી પાડે અને દેશનુ રક્ષણ કરે. આ હવાઈ દળો સરક્ષણ પ્રધા.નના હાથ નીચે મૂકવામાં આવ્યાં છે તેનો સર્વોચ્ચ અધિકા.રી ચીફ ઓફ ધી એર સ્ટાફ અને કમા.ન્ડર-ઈન-ચીફ કહેવાય છે. હવાઈ દળનું મુખ્ય મથક દિલ્હી છે. તેના રિસાલ્ટ માટે ઘણા શાળાઓ છે. કોઈમ્બટૂરમા શરૂઆ.તની કે.વળી આ.પનારી શાળા છે જોધપૂરમા ઓર્ગે.મેન્ટરી ફલાઈંગ સ્કૂલ છે અને અંબાલામાં ઉચ્ચ વિમાની કેળવણી આપનારી સરથા છે આગામા પેરેટ્રપ શા.ળા ઉઘાડવામા આવી છે. આ ઉપરાંત હવા.ઈ દળના અધિકા.રીઓને તાલીમ આપવા માટે નીલગિરિમાં આવેલા વેલિંગ્ટનમા એક શાળા ચલાવવામાં આ.વે છે

હવાઈપદાર્થ પું. હવા.
ગ્રાહક જે ખોરાક લે છે તે થોડો હવાઈ અને થોડો પ્રવાહી હોય છે, સજીવ ખોરાક તેઓ ખાઈ શકતાં નથી, તે પ્રવાહી ખોરાક પહેલાં કરીને મૂળિયામાથી લે છે. હવાઈ ખોરાક પાદડાંની મા.ફત લે છે; હવાઈ પદાર્થ એઓનો કાર્બોનિક એસીડ આસ છે, એમા એ હવા.થી મેળવે છે. પ્રવાહી પદાર્થ પાણી કે જેની અંદર નાઈટ્રોજન, ફોસ્ફરસ, સલ્ફર, પોટાશ અને આયર્ન મુખ્ય કરીને હોય છે. વનસ્પતી તત્ત્વજ્ઞાન

હવાઈમળ ન વિમાની બળ; આકા.શી બળ.

હવાઈરથ [શુ. હવ.ર્ઈ + રથ] પું. વાયુયાન; વ્યોમય.ન; આકાશમાં ઊડે એવું વાહન; વાતમય યાન; ' એરોપ્લેન '

હવાઈ વિમાન ન. વ્યોમયાન; આકાશમાં ઊડે એવું વાહન

હવાઉંહલુ વિ. બેજવાળું; બીનુ

હવાગાડી સ્ત્રી મોટરકાર. હરિજન બંધુમા આ શબ્દની સાર્થકતા માટે લખે છે કે: આપણાં ગા.મડાઓમાં વસતા લોકોની બોલીઓમાં જુદા જુદા ચિત્રો દર્શાવવા માટેના શબ્દો અને શબ્દપ્રયોગની કેવી વિપુલ સમૃદ્ધિ દટાએલી પડી છે. ઘણુંખરા શબ્દો બનાવવાને ખાતર આ.પણે સસ્કૃત અથવા ફા.રસી પાસે દોડી જવાની જરૂર નથી. ગ્રામજીવનનાં ગામડાનાં લોકો બહુ જ સરળતાથી પોતાની બધી વાતોને માટે શબ્દો શોધી કાઢે છે અને તેમાં કોઈ ખારકો બોલીના પ્રયોગોની કે શબ્દોની સહાય લેતા નથી. તેમની નવા શબ્દોની શોધ કરવાની શક્તિનો એક દાખલો આપું: મોટરકારને માટે તેમણે ' હવાગાડી ' શબ્દ બનાવી દીધો હતો. મોટરકારને માટે આનાથી વધારે કાબ્યમય શબ્દ શોધી કાઢવાનું યુનિવર્સિટીના પંડિતોથી પણ નહિ બને.

હવાચુસ્ત વિ. હવા પણ ન પેસે એવું; હવાને પકડી રાખનાર; બહારની હવા અંદર અને અંદરની હવા બહાર ન જવા કે આવવા દે તેવું. વાયુ અભેદ્ય; ' એર ટાઈટ '

હવાજહાજ ન. હવાઈ જહાજ

હવાટ પું. ભેજ; બીનાશ; હવાઈ ઝવાની અસર.

હવાડી (હવાડો) ૧. સ્ત્રી નાનો હવાડો
૨ સ્ત્રી. સ્તનનો મધ્યભાગ
આપી કસી નૌતમ અંગ સાકી,
મુખવચા અમૃતની હવાડી. ઉદ્ધવ વધ
૩. સ્ત્રી સ્ત્રીની યોનિ.

હવાડું (હવાડ) ન જેમા રખ રહે છે તે માથ કે જમનો અવયવ, માથલુ, પાખર, દુઃખપિડ

હવાડો (હવાડો) ૧. પું આઉ; દુઃખપિંડ, ઢોરનું આઉ
૨ પુ ઢોરને પાણી પીવા માટે બનાવેલો કુવા ઉપરનો કુડ; અવેડો
૧. કૂવો હવાડો કરવો = આપઘાત કરવો; જીવ પર જોખમદારી કરવી.
૨. કૂવામાં હશે તો હવાડામાં આવશે = આશ્રયદાતા પા.સે હશે તો આશ્રિતને મળશે

હવાતિયાં ૧. ન. બ. વ. ફાંફાં, વ્યર્થ પ્રયત્ન; મિથ્યા યત્ન; ફોગટ મહેનત.
૨ ન આયોડિયાં, વલખાં; તરફડિયા.
૧. બહું હવાતિયાં મારે તે અજોતિયો = અજોતિયાને નસીબે તો ભૂખની ભૂખ જ રહે છે, પોતાની જમીન ન હોય તેને તો માત્ર વૈતરું કરીને માંડ પૂરું કરવું પડે છે.
૨. હવાતિયાં મારવાં = (૧) ફાંફાં મારવાં. (૨) બનતી મહેનત લેવી; સાચાં ખોટાં પગલાં લેવાં.

હવાદળ પું હવાના ગર; હવાના પડ; હવાના દળ

હવાદાર [ફા] વિ હવા આવજા કરે એવી મોકળાશવાળું. હવાવાળું

હવાનગાહ પું (જ્યોતી) સવારના પહોરમા તા.રા દેખાતા બધ પડે ત્યાથી તે બપોરના બાર કે જ્યારે સૂર્ય માથા ઉપર આવે છે ત્યાં સુધીનો વખત

હવાપલટ પુ. હવાફેર; મરવાડ પછી હવાફેર કરવો તે.

હવાપલટો વખત હવાપલટ કરવો
જે વિ જો રાહ

હવાપાણી ન ન. બ. આબોહવા, કોઈ પણ સ્થળનાં હવા અને પાણી

હવાપાન ન. હવાપાણી; આબોહવા.
આખરે સમસ્થિતિનાં હવાપાન અને ઋતુઓમાં પણ પલ્લો ફેરફાર થયો છે. સુવર્ણમાલા

હવાપેટી સ્ત્રી સ્વરપેટી; ' એર બોક્સ ',

હવાફેર [અ. હવા + ફેર (બદલી)] પું. વાતાવરણની ફેરફારી; કાયમના રહેઠાણની હવા બદલીને બીજી હવામાં જવું તે, પાણી અને પવન બદલાવવા બીજે સ્થાને જઈ વસવું તે; તબિયતને માટે હવા કે સ્થળ બદલવું તે; તંદુરસ્તીને અનુકૂળ પરિસ્થિતિમાં જવું તે; સારી હવા હોય ત્યાં રહેવા જવું તે; પાણીફેર; સ્થા.નફેર, જે જગ્યાએ અમુક રોગ થયો હોય તે જગ્યાએથી જુદી આબોહવાવાળા દેશમાં રહેવા જવું તે અર્થે વૈવો અનુપ, જગલ અને મિશ્ર જમ જાતના દેશ આબોહવા મુજબ નામ પા.ડ્યા અને તેને અનુસરીને દરદીને હવાફેર કરવાની સલાહ આપતા

હવાબારિયુ ન હવા માટે મોકલ બારી; ' વેન્ટિલેટર '.

હવાબારી જુઓ હવાબારિયુ

હવાભારમાપકયંત્ર ન પારદયંત્ર; વાતસ્થિતિ માપક યત્ર; વાયુભારમાપક યત્ર; 'બેરોમીટર'.

હવામાન ૧. ન. ગરમીનું પ્રમાણ વગેરે
૨. ન. જુદી જુદી ઋતુઓ
૩ ન વ.યુમા.પક યંત્ર, હવાનું વજન કરવાનું યંત્ર
૪. ન. હવાપાણી
૫. ન હવા સબધી વિવિધ રીતનું મા.પ જેવું તે; વાતાવરણ સંબધી વિવિધ જાતની માપણી
૬ ન હવાનુ માપ. હવા ગરમ છે કે ઠડી, બેજવાળી છે કે મૂકો તે કહેવુ તે કોઈ પણ દેશની આબોહવા. તેના ભાગની આખા વર્ષમાં અથવા જુદી જુદી ઋતુના સાધારણ રીતે હવા કેવી હોય છે તે જાણવુ બહુ જ જરૂરનુ છે. તેને જ હવામાન કહે છે હવા બે રીતે તપે છે (૧) હવામાં સૂર્ય કિરણ આવતાં તેને ગરમી મળે છે. (૨) સૂર્ય કિરણથી ગરમ થયેલી જમીન પરની ગરમી તેને મળે છે આ બાથી બીજી જાતની ગરમીથી હવા વધારે તપે છે. જમીનની સપ.ટી પરની હવા વધારે તપે છે અને તના પ્રમાણમા જેમ ઊચે જતા જઈએ તેમ હવા ઓછી ઓછી ગરમ છે વળી તે વધારે વધારે પાતળી બનતી જાય છે. સૂર્યની ગરમીથી કુંવર અથવા પર્વતની

ટોચ તપે છે. તેને લીધે હાની હવા ગરમ અને હલકી થઈ ઊંચે ચડે છે અને તેની જગ્યાએ તેટલી જ ઊંચાઈએ આવેલા તેની આસપાસના ભાગની એટલે કે, સપાટ જમીનથી ઊંચે આવેલા હવાના થરમાંથી ઠંડી હવા આવવા માંડે છે. જે રીતે પાણી હમેશ સપાટ જમીન ભણી જ વહે છે તે રીતે ઠંડી હવા પણ ગરમ હવાની જગ્યા પૂરવા માટે વહેતી હોય છે. તે કારણે જ ઊંચાઈએ આવેલા સ્થળની હવા હમેશા ઠંડી હોય છે. એટલે કે, નીચેથી જેમ જેમ ઊંચે જઈએ, તેમ તેમ ...ની હવા વધારે ને વધારે ઠંડી થતી જતી હોય છે. આ રીતે જમીનની ઊંચાઈ ને કારણે હવામાનમા ફેરફાર થાય છે. સૂર્યની ગરમીથી દિવસે પાણી કરતાં જમીન જલદી તપે છે અને રાત્રે પાણી કરતાં જમીન જલદી ઠંડી પડે છે અને તે કારણે દરિયાકાંઠે દિવસે, દરિયા પરથી જમીન તરફ અને રાત્રે જમીન પરથી દરિયા તરફ પવન વાવા માંડે છે. બીજી વાત એ છે કે, સૂર્યની ગરમીથી દરિયાનું પાણી તપતાં તેની વરાળ થાય છે અને તે હવામાં ભળી જાય છે. હવામાં જેમ જેમ વરાળ સમાવા માંડે તેમ તેમ તે હવા ભેજવાળી થવા લાગે છે. આવી હવાઓ પરસેવો વધારે વહે છે. હવા ભેજવાળી થાય તો ગરમી વધારે અકળ કરી મૂકે છે. તે કારણે રાત પડે તો પણ તે હવા વધારે ઠંડી ન બનતાં તેવી જ ગરમ રહે છે. દરિયા નજીકની હવા ભેજવાળી હોય છે અને તેને લીધે તેમા વધારે ફેર પડતો નથી. જ્યારે સમુદ્રથી દૂર આવેલાં સ્થળોની હવા સૂકી હોય છે અને તેથી દિવસ રાતની ગરમીમાં ઘણો તફાવત પડે છે. આ રીતે દરિયાને લીધે પણ હવામાન બદલાય છે. વિષુવવૃત્ત ઉપરથી જેમ જેમ ઉત્તરે અથવા દક્ષિણે દૂર દૂર જઈએ તેમ તેમ હવા વધારે ઠંડી થતી જાય છે એટલે વિષુવવૃત્તથી કોઈ પણ સ્થળના અંતર પર પણ હવામાન આધાર રાખે છે

હવામાનયંત્ર ન. વિમાનનું ભૌગોલિક સ્થાન બતાવનારું યંત્ર. અ.કે.સમા વિમાન હાંકનાર વિમાની, નીચેની જમીન ન જોઈ શકે તો પણ ભૌગોલિક દૃષ્ટિએ પોતે કયા ચોક્કસ સ્થળે ઊડી રહ્યો છે એ જાણવામાં મદદ કરે એવું એક હવામાનયંત્ર એક અમેરિકન પેઢીએ તૈયાર કર્યું છે. ન્યૂયૉર્કની કોરપોરેશને 'વિક્ટોરિયલ કોમ્પ્યૂટર'ની કરામત ઉપરથી આ યંત્ર તૈયાર કર્યું છે એમાં ટેલિવિઝનના જેવો જ પડદો હોય છે એનો આમ ૧૦ ફૂંચ છે વિમાનના યાંત્રિક ઓજારોના પાટિયા પર આ પડદો રાખવામાં આવે છે. જે પ્રદેશ ઉપર વિમાન ઊડવું હોય એ પ્રદેશનો નકશો આ પડદામાં દેખાય છે અને જે ચોક્કસ સ્થળ ઉપર વિમાન ઊડી રહ્યું હોય એ સ્થળનો નિર્દેશ પણ આ નકશામા આપોઆપ થઈ જાય છે. વિમાનના આકારનો એક નાનકડો પડછાયો આ નકશા ઉપર દેખાયા કરે છે વિમાન કઈ દિશામાં જઈ રહ્યું છે એનો નિર્દેશ પણ આ નાનકડા પડછાયાના હલનચલન ઉપરથી મળતો રહે છે

હવામાપકયંત્ર જુઓ હવાભારમાપકયંત્ર

હવામાર્ગ ૧. પું. આકાશ
૨. પું. યંત્રથી હવામા જવાનો માર્ગ

હવાયાન ન. વિમાન; હવાઈ જહાજ; હવામા ગતિ કરવા માટેનું યાંત્રિક સાધન; 'એરોપ્લેન'.

હવાયેલું વિ. બીનું; ભેજવાળું

હવાલ ૧ [અ. અહવાલ (હાલનું બહુવચન)]
પું. અવસ્થા; હાલત; દશા; ગતિ
૨. પું. બયાન; હકીકત; અહેવાલ.
હવાલ કરવું = મંજૂર રાખવું.

હવાલત ૧. [અ.] સ્ત્રી. અટક કોટડી, નિરોધ સ્થાન; બંદીખાનું
હવાલત કરવી = બંદીખાને નાખવું
૨. સ્ત્રી. જવાબદારી
૩. સ્ત્રી. બાંહેધરી, સોંપણી.

હવાલદાર ૧. [અ. હવાલા (સોંપણી) + દાર] પું. બગાવાડની નજર રાખનાર કે રક્ષણ કરનાર નોકર.
૨ પું. ગામ ઉપરાંત બાતાનો પટેલ કે તલાટીનો સિપાઈ; પટાવાળો.
૩. પું. ચોકાક કોટવાળી સિપાઈઓનો ઉપરી.
૪. પું. નાની સૈનિક ટુકડીનો વડો નાયક; એક ઊંચા દરજ્જાનો સિપાઈ

હવાલદારી ૧. સ્ત્રી. જગા ઉપર લેવાતો હવાલદારનો હાસો
૨. સ્ત્રી. હવાલદારનું કામ; સિપાહીગીરી.

હવાલાત ૧. સ્ત્રી. અટકમાં રાખવાનું સ્થળ.
૨. સ્ત્રી કેદ
૩. સ્ત્રી. જેલના મકાનનો એક ભાગ.

હવાલાદાર પું. દેશી સરકારમાં હવાલો પકિતનો એક અમલદાર

હવાલાનામું ન. સતમી; નાવલેખ

હવાલાબૅંક સ્ત્રી. હવાલા દસ્તર; બીજા બકાના નામે થયેલ બબદારનો જમા ઉધારના હિસાબ ચોખ્ખો કરવા જુદી જુદી બેંકોએ બેંકો મળીને ઊભુ કરેલ ખાતુ.

હવાલે અ. સુપ્રત; ને કબજે.

હવાલો ૧ [અ. હવાલા (સોંપણી)]
પું બબતમાં; સબબ
૨ પું. બયાનાઉ બની ગયલ કિસ્સો
૩. પું. આક્ષેપ; આધાર
૪ પું. એકબીજાના બાતાનુ લેણું ત્રીજાને સોંપવુ બથવા લેવુ તે. સ.મ સ.મે બાતે જમા ઉધાર કરવુ તે. કોઈ બાતાદાર પોતાના બાતાનુ દેવુ બીજાને કબુલાવે ત્યારે તેણે હવાલો આપ્યો અને લેણદારે હવાલો લીધો એમ કહેવાય છે
૧. હવાલો આપવો = (૧) આધાર આપવો; દાખલો ટાંકવો (૨) એકબીજાના બાતાનુ લેણું ત્રીજાને સોંપવુ બથવા લેવુ; કોઈ બાતાદારે પોતાના બાતાનુ દેવુ બીજાને કબુલાવવુ; જામીન થવુ
૨. હવાલો દેવો = (૧) આધાર દર્શાવવો. (૨) પતાવણી કરવવા
૩ હવાલો નાખવો = સામસામે રકમ બાતામા જમા ઉધાર કરવી.
૪. હવાલો લેવો = એક બાતાદારે પોતાના બાતાનુ દેવુ બીજાને કબુલાવવુ
૫ પું. કબજો; માલકી
૬ પું કબુલત, બુલાસા
૭. પું. કાર્યભાર, જુમ્મેદારી.
૮. પું. ઓકીરો, દોકારો
૯. પું. ચિતરામણ
૧૦ પું બાપણ; બનામત
૧૧. પું. (વહાણવટું) પોતાને બાતે માંડી પૈસા આપવાની ચિઠ્ઠી.
૧૨. પું મેંદો ચાળવાની ઝીણી ચાળણી, આક; તારની ચાળણી.
હવાલો ચોપડે નાખવા, હવાલો ચાળવાનો તેલ, હવાલો કબજે હોય તે, હવાલો દેવો જેવું.
બહારવટાની
૧૩. પું. સુપરત; જાળવણ
હવાલે કરવુ = સોંપવુ.

હવાવું અ. ક્રિ હવા લાગવી; હવાવાળુ થવુ, બીનાશ આવવી, ભેજવાળુ થવુ; બીનાશ લાગવી; હવાની અસર થવી, ભેજ લાગવો.

હવારાત્રે અ હવામાનને લગતું રાત્રે
હવામાનના બમુક નિયમોને આધારે આગલા દિવસની સ્થિતિ જોઈ બવિષ્યના ૨૪ કે ૪૮ કલાક માટે વર્તારા બહાર પાડે છે
કૌમુદી

હવાશીલ વિ. હવાવાળુ, પવનવાળુ, પવનશીલ

હવાં અ હમણાં; હમ.
૨ ચાલ ચરમ ઉતાવળા, કમમ અટકીને ઊભો હવાં.
નવલમય.વશિ

હવિ ૧ [સં હવિસ્] પું અર્પણ કરવાના દ્રવ્ય રૂપી પદાર્થ
૨ પું. વિષ્ણુનાં હજાર નામોનું એક નામ
કમકે જેને અર્પણ કરાય છે તે પદાર્થ છે. હવિ પણ પદાર્થ છે. એ ભગવત વચનાનુસાર ભગવાન હવિ કહેવાય છે વળી હવિ એટલે ઘૃતદ્રવ્ય. વતના ઘૃત પણ વિષ્ણુજ છે
૩ ન અગ્નિ, અગ્નિ, અગ્નિ
૪ ન યજ્ઞમાં હવન કરવા યોગ્ય ઘૃત,દધિ પદાર્થ
૫ ન શ્રાદ્ધમાં જમાડવામાં આવે છે કે, જે પિતૃઓ મનુષ્યોમાં ઉત્પન્ન, અને નામમાત્ર શરીર ધરે છે અને જે તૃપ્તિ એટલે શ્રાદ્ધભોજન આપે છે, તેનું તે શ્રાદ્ધ કરનાર તેમને પરલોકમાં ફલપ્રદ થતું નથી
૬ ન હોમવાનું તે; [ ] ઘૃત,દધિ; અન્ન, સોમ, [illegible] પદાર્થમાં અપાતો ઉપહાર.
૭ વિ. હોમવા, યોગ્ય
૮. [પ્રા દ્રવ્ય] ન દ્રવ્ય, ધન.
તહીં કશું હવિ છોડવા રહ્યા છ
૨૦ મેઘાણી

હવિર્ગંધ ન. સુગંધીદાર ઘૃતદ્રવ્ય.
નિજે વેદી કરતા સ્થાન શોધ્યા,
ઘનઘન પૂર્યા, દર્ભ ચોમેર વેર્યા,
હવિર્ગંધોથી પાપનો નાશ કરતા,
પાવન કરતે સૌ ત્હને હોમઅગ્નિ
ન્હાનાલાલ

હવિત્રી [સં.] સ્ત્રી. હોમકુંડ

હવિરન્ન ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ત્રિપ્રાનું ઝાડ.
૩. ન. ઘી ખાવું તે

હવિર્ભુગ ૧. [સં.] પું. અગ્નિ
૨. પું. ત્રિપ્રાનું ઝાડ.
૩. ન. ઘી ખાવું તે

હવિર્ભોજ ૧. [સં.] પું. અગ્નિ
૨. પું. ત્રિપ્રાનું ઝાડ.
૩. ન. ઘી ખાવું તે

હવિર્યજ્ઞ ૧. પું. એ નામનો એક યજ્ઞ દર્વિયજ્ઞ સાત પ્રકારે [illegible] તેનાએ પ્રસિદ્ધ છે ૧ અગ્ન્યાધેય, ૨ અગ્નિહોત્ર, ૩ દર્શપૂર્ણમાસ, ૪. આગ્રયણ, ૫. ચાતુર્માસ્ય, ૬ નિરૂઢ પશુબંધ, ૭. સૌત્રમણિ
૨. પું. સાદા અને ઘરમાં થઈ શકે તેવા યજ્ઞ જેમકે, ઋષ્યેષ્ટિ, ઊર્ધ્વસંજ્ઞ, ઉપાકર્મ વગેરે તેમાં ઘી, દૂધ, ધાન્ય ઇત્યાદિ દર્વિદ્રવ્યોની જરૂર હોય છે
પશુપક્ષ કરતા હવિર્યજ્ઞ ચઢીઆતો છે અને હવિર્યજ્ઞ કરતા જ્ઞાનયજ્ઞ ચઢીઆતો છે, એનું ન્યાયપુર સર પ્રતિપાદન કર્યું છે.
ગાંધી સંપ્રદાય

હવિરશ્ય ૧. ન ઉપવાસના અમુક દિવસોમાં ખાવા લાયક પદાર્થો
૨. ન. હોમવાનું દ્રવ્ય તે; ઘૃતમિશ્રિત ચરુ વગેરે ત

હવિષ ૧. [સં. હવિષ્] ન. દુર્ગંધરહિત માંસ.
૨. ન. દૂધ
૩. ન. રાજગરો
૪. ન. સામો
૫. ન. સિંધાલૂણ
૬. ન. સોમવલ્લીનો રસ
૭. ન. ઘૃતદ્રવ્ય
અર્જુ અર્થાત્ જેના અપાય તે, જે અપાય તે, જેથી અપાય તે; અગ્નિ, કુંડ, હવિષ, હુત્ય, ઇત્યાદિ એ સર્વે ઋક્ષ છે. ગીતાપયામૃત

હવિષાન્ન ૧ ન. ઉપવાસ કે વતના દિવસોમાં ખાઈ શકાય એવું અન્ન
૨. ન વધેલું એઠું અનાજ

હવિષ્ક પુ. જૈનોક્ત પ્રાગમાં થઈ ગયેલ એ નામનો એક રાજા. તેના નામના સિક્કાઓ પણ મળી આવે છે

હવિષ્કૃત પું. એક પ્રકારનો અગ્નિ
દર્શપૂર્ણમાસ પ્રકરણમાં આપસ્તમ્બ સૂત્રમા હવિષ્યાન્નના ચોખા માટે 'હવિષ્કૃદ્ધિ' એ પ્રકારે ચરુ બનાવવા હવિષ્કૃત્ આહ્વાન કર્યું છે.
આપ્તવાક્ય

હવિષ્પંક્ત પુ. (પુરાણ) અરીચિવર્ણા લોકમા રહેનાર એ નામે એક પિતર એ અગિરા ઋષિનો પુત્ર હોઈ ક્ષત્રિયોને પૂજ્ય ગણાય છે.

હવિષ્માન ૧ પુ. (પુરાણ) એ નામે અંગિરસ દેવોમાંનો એક
૨ પુ (પુરાણ) એ નામે એક ઋષિ
૩. પું ક્ષત્રિયના પિતૃ તેઓ સૂર્યલોકમા રહે છે
૪. પુ. પિતૃઓના સાત પ્રકારના ગણ માંહેનો એક ગણ
૫ પું (પુરાણ) ચાક્ષુષાર્યાણ મન્વંતરમાના સપ્તર્ષિઓ માંહેનો એક

હવિષ્ય ૧. [સં] ન. ઘી
૨ ન હોમદ્રવ્ય

હવિષ્યભુજ ૧. [સં. હવિષ્ય + ભુજ (ખાનાર)]. પું અગ્નિ; દેવતા; ઘૃતભુજ.
૨. પુ ત્રિપ્રાનું ઝાડ

હવિષ્યભોજન ૧. ન ઘીનું ભોજન.
૨. ભૂખ્યો દર્ભિભુજ

હવિષ્યંત પુ. (પુરાણ) એ નામે વિશ્વામિત્ર ઋષિના પુત્રો માંહેનો એક

હવિષ્યાન્ન [સં. હવિષ્ય + અન્ન (ખોરાક)]
ન. અન્ન અને ઘૃત મિશ્રિત ચરુ.
૨. ન. ઉપવાસના અમુક દિવસોમાં ખાવા લાયક અન્ન; અમુક તહેવારોમાં ખાવા લાયક ગણાતો ખોરાક.
૩. ન. મીઠા વગરનું ભોજન
૪. ન. શ્રાદ્ધાદિ ક્રિયા માટે થતુ ભોજન. અન્ન ઊનું હોય અને શ્રાદ્ધમાં જમનારા જમાં સુધી મૌન રાખી જમે છે તથા હવિષ્યાન્નના સારા નરસા સ્વાદની વાત કરતા નથી ત્યાં સુધી જ પિતૃઓ જમે છે
૫. ન. હોમવાનું અન્ન; હોમમાં આપવા યોગ્ય અન્ન

હવિસ ૧ [સં. હવિસ્] સ્ત્રી; ઘૃત, આજ્ય.
૨. ઐ. પાણીનો પ્રવાહ.
૩. પુ હવિ, અગ્નિ
૪ પું હોમદ્રવ્ય

હવીર્ધ પુ (પુરાણ) વસિષ્ઠ પુત્રો માંહેનો એક. એ સ્વારોચિષ મન્વંતર માંહેનો પ્રજાપતિ હતો.

હવુડાં (હવુડા) અ. હમણાં
હવુડાં એ બહિષવિ કેરી, કથા કહું વિસ્તાર એ
ન્હા. ધરિષ્ઠ

હવુષા ૧ સ્ત્રી પત્નીની
૨ સ્ત્રી દોસ્ત; દોસ્ત

હવુસા સ્ત્રી. કફનો નાશ કરનાર એક વનસ્પતિ; અરડૂસી વનસ્પતિ

હવું અ. ક્રિ. 'હોવું'નું અનિયમિત ભૂતકાળનું રૂપ

હવે ૧. [સં અર્વાચ્; અપ. ; અ. અધુના. આગલી વાતનો સમય લઈ આગળ વધવાની વાત બતાવે છે

૧ ... ... થઈ છે = આ તો આડો આક વળ્યો છે

૨ હવે કદાચ વાત ગઈ છે = કોઈ વાત વધી જતાં એમ બોલાય છે. કોઈનો દોષ વર્ણન કરવામાં પણ બોલાય છે. તે સારા તમ જ ખરાબ અંતમાં વપરાય છે.

૨. અ. અત્યાર; હમણાં.

૩ અ. અમુક પછી

અંત્ય ભૂતા જેની નહિ આય,
પણ કોય કાળે પડે નહિ આય,
નિત નિત થાતુ જાયે નવુ,
પણ કોન કહે મુજ આનણ હવું
અખા વિચારી એ એહને,
પણ વળગીય નહીં કુ દેહને.

અખાની વાણી

૪. અ હવેથી; અત્યારપર; આજ પછી; અત્યારે પછી

હવેજ ૧. [સં. હરિદ્રા] પું. પાણા, છરી, મરચાં, હળદર વગેરે મસાલો.

૨. પું. હળદરનો ભૂકો; હળદરનું ચૂર્ણ. મેં દાળમા હવેજ નાખી દીધો છે.

પ્રસ્થાન

હવેજવું સ. ક્રિ. હવેજ નાખવો; દાળશાકમા મસાલો નાખવો

હવેજિયું વિ. સંભાર કરી વધારેલું; હવેજ મેળવેલ; સંભારિયુ

હવેડો (હવેડો) પું. હવાડો.

હવેથી અ. આજ પછી; અત્યાર પછીથી, આજથી

હવેરી ૧. સ્ત્રી હલકટ સ્ત્રી.

ગજબખાર ચોર હવેરીના યાર. ઋષિરાજ

૨. વિ સ્ત્રી ખાવરી, પ્રેમઘેલી, ઉદાસ; ચિંતાતુર, ગભરાયેલો

ચુમાન, અદેખી, અપરમાતા મરી, . વધુઘેલી સ : માતાની પેઠે હવેરી હવેરી કરતી.

સરસ્વતીચંદ્ર

હવેરું વિ ખાવરું, ગભરાયેલું

હવેલી ૧. [અ. હવાલી તે ઉપરથી ફારસીમા હવેલી (જેની ચારે તરફ ભીંતો હોય તેવું મકાન)] સ્ત્રી મહેલ.

૨ સ્ત્રી. મોટું ને સુંદર આબરૂદાર મકાન હવેલી જેવું ઝૂંપડું પાડવું નહિ = ફોગટનો વાદ થાય નહિ. આમ ધર્મકર્મમા વાદ નહિ કરવા વિશે બોલાય છે

૩. સ્ત્રી વૈષ્ણવ ધર્મનું પુષ્ટીમાર્ગીય મંદિર

૧. હવેલી દાખલ = ગૃહપ્રવેશ

૨ હવેલી ધર્મ = વૈષ્ણવ ધર્મ

હવેડું (હવેડ) ન એક જાતની રાંધણી. જુઓ ભર્તાડિયુ

હવ્ય ૧. [સં.] ન હોમ; હવન.

૨. ન. હોમવાની સામગ્રી; હોમવા યોગ્ય અન્નાદિક ત

૩ વિ હોમવા લાયક.

હરતા જે હરિતા હવ્ય જંયે

ન. કા. હરોર

હવ્યકવ્ય [સં.] ન. દેવોને અને પૂર્વજોના આત્માને આપવાનો દ્રવ્ય; હવ્યકવ્ય

હવ્યકવ્યવહા ૧ સ્ત્રી. અગ્નિની દશ માહેની એક કલા.

૨. સ્ત્રી. જે નામની ચંદ્રની કળા. ચંદ્રની મુખ્ય મુખ્ય કળા આ પ્રમાણે છે: પૂજા, અગ્નિ, ઉષ્મા, જ્વલિની, જ્વલિની, વિસ્ફુલિંગિની, સુસ્રી, સુરૂપા, કપિલા અને [illegible]

હવ્યગંધ ન હોમની સામગ્રી

પાપ દૂર કરતા હવ્યગંધો કરો તને રક્ષા.

ન. કા. ૧૪

હવ્યપદાર્થ પુ હોમદ્રવ્ય. તે નીચે પ્રમાણે છે: પુષ્ટિકારક-ઘી, દૂધ, બદામ આદિ મેવા મધુર:-માકર, ખીર વગેરે મીઠા પદાર્થો. સુગંધ વસ્તુ -ચંદન, અગર, તગર, કેસર, કસ્તૂરી, બાલછડ વગર રોગનાશક:-ગળો, ગાંધી, ગૂગળ, જાયફળ, જાવત્રી વગર

હવ્યવાન પું (પુરાણ) રૈવત મનુના પુત્રો માહેનો એક

હવ્યવાહ ૧. [સં.] પું. અગ્નિ; તેમને અર્પેલ દ્રવ્યો દેવતાઓ પાસે લઈ જનારે અથવા પહોંચાડનાર અગ્નિ.

હવ્યવાહ ધૃતપ્રિય અગ્નિને પ્રગટાવે છે

અથર્વવેદ

૨. પું મિત્રાનું ઝાડ

૩. પુ. (પુરાણ) ધર નામના વસુના પુત્રો માહેનો એક.

૪ પુ (પુરાણ) પવમાન અગ્નિનો પુત્ર

૫. પું. શિવના દશનાં માહેનુ એક નામ

હવ્યવાહન ૧. [સં હવ્ય (હોમ કરવા યોગ્ય) + વાહન (લઈ જનાર)] પુ અગ્નિ. દરકમે માટે રચાયેલો અગ્નિ

હવ્યવાહન હું કર તુજને, પ્રેમ કરી પ્રણામ.

પ્રેમાનંદ

૨. પુ. મિત્રાનું ઝાડ.

૩. પુ. શિવના દશનાં માહેનુ એક નામ

૪ વિ દેવોને પહોંચાડવાને લઈ જનાર

હવ્યસંપત્તિ ૧ [સ] સ્ત્રી. દર્ભ

૨ સ્ત્રી [illegible]

૩. સ્ત્રી ઘાસ. મર્ય.

૪. સ્ત્રી શુદ્ધ ભૂમિ

૫. સ્ત્રી. હવિષ્યાન્ન; સામો અને ઋષિધાન્ય દર્ભ, વેદના મંત્રો, પુણ્યકાળ તથા હવિષ્યાન્ન , સામો અને ઋષિધાન્ય) તથા શુદ્ધ ભૂમિ-આ સર્વ વસ્તુઓ હવ્યસંપત્તિ ગણાય છે

મનુસ્મૃતિ

હવ્યસૂદ પુ (પુરાણ) યજ્ઞમા પરોક્ષ રીતે કર્મમાં જે અગ્નિ પ્રધાન છે તે

હવ્યાન્ન ન. યજ્ઞમા હોમવાનું દ્રવ્ય જેમકે, ચોખા, ઘઉં, ઘી આદિ

નિમંત્રણાયાં શાક આદિન જોઈને બાકી બીજા હવ્યાન્ન , ચોખા, ઘઉં, ઘી આદિ ના અગ્નિમા હોમ કરવા. પરાશર સ્મૃતિ

હવ્યાશન ૧. [સં.] પું અગ્નિ

૨. પુ. મિત્રાનું ઝાડ.

૩. વિ. ઘી ખાનાર

૪ વિ. હોમદ્રવ્ય ખાનાર

હવ્યાસ [અ હવસ] પુ તીવ્ર ઇચ્છા; ઇચ્છ, નાદ

હવ્યાક્ષ [અ] પું. અણજાદ પદ્ધતિના આઠ શબ્દસમૂહનો બીજો શબ્દ તેના દરેક અક્ષરની કીમત નીચે પ્રમાણે છે:-હે ૫, વાત ૬, ગે ૧૧ જુઓ અબજદ પદ્ધતિ

હશમ ૧ [અ. હશમ] પું નોકરચાકર

૨. પું. પરિવાર

૩. પું સિપાઈ

રવાજીમેં પણ મહકિલ્લા મા અને હશમ લોકાને ઠામણો મોકલ્યા છે. મરહી રિસાલત

હશમત [અ હિશ્તન , સ્ત્રી હશમ

હશમનવીસ પુ હશમ તરફનો કારકુન

હશમફરનવીસ (હશમફરનવીસ) પુ નોકરીને અંગે પહેરવાના કપડાં નહિ પહેરનાર સિપાઈના પગારનો હિસાબ રાખનાર ગુમાસ્તા, અફસર

હશર [અ હશ્ર] પુ કયામતનો છેલ્લો દિવસ; કયામત

જેણે જીવ કોમની મોરાગેહત કીધી તેની હશર તેમની સાથે થશે અહિ

હસીલ ૧. [અ. હાસિલ] પું. તાત્પર્ય
૨. પું. નફો
૩. પું. પ્રાપ્તિ.
૪. પું. ફી.
૫. વિ. પ્રાપ્ત
૬ વિ. લભ્ય

હસીશ [અ.] સ્ત્રી. ગાંજો; ભાંગ.

હસીસી પું ખૂની. આ શબ્દ ઉપરથી અંગ્રેજી શબ્દ assassain નીકળ્યો છે.
જે ખુનક હસીશ યાને ખૂન કરતો તે **હસીસી** કહેવાતો. ઇટલીનો મુક્તિયજ્ઞ

હસીસીન [અ.] વિ ગાંજો કે ભાંગ પીને ખૂન કરનાર
એ ખૂનોનો ત્રાસ યુરોપ સુધી એવો પ્રસરેલો કે જે યુવક હસીસ પીને ખૂન કરતો તે **હસીસીન** કહેવાતો. ઇટલીનો મુક્તિયજ્ઞ

હસો ૧. અ ક્રિ. ' હોવું 'નું ભવિષ્ય પુરુષ બોધ્યવચનનું તથા બીજા પુરુષનું ભવિષ્યકાળનું રૂપ
હસો તેનું જશો = બોબીને ખાતર પડ્યા પરનું બન્યું
૨. અ. બેર; કોઈ ચિંતા નહિ.
૩. અ. મઝા માટે વપરાતો શબ્દ.

હસોહું વિ. બળબળતું નહિ એવું; સહેજસાજ ગરમ; થોડો પણ ઓછો ગરમ; નવશેકું.

હસ્તદૃષ્ટિ સ્ત્રી. મતાંતર ક્ષમા-સહન; મતભેદ સહિષ્ણુતા; ' હસો 'ના ભાવની દૃષ્ટિ
મેમમાં હસ્તદૃષ્ટિ કેળવો. સામી કોમના તમને અપ્રિય મતો અને આચરણો માટે હસ્તદૃષ્ટિ મીલવો. બળવંતરાય ઠ. ઠાકોર

હસ્યાટીબળ ન. મજાક.
બે ચાર માણસોનાં **હસ્યાટીબળ** કે ગપ્પાં મારતી હોય તો ત્યા જનાર માણસ પણ તેમા ભળી જાય છે. જયેન્દ્રરાય દવરાળ

હસ ૧. [સં.] અ. ક્રિ. દીપવું; પ્રકાશવું.
૨. અ ક્રિ મશ્કરી કરવી
૩. અ ક્રિ વિકસિત થવું; ઊઘડવું
૪. અ. ક્રિ. સ્વયમ્ હોવું; મજાક આવવું
૫. અ ક્રિ. હસવું.
૬. અ ક્રિ. (ધાતુ) હસી કાઢવું. તે ઉપરથી બનેલા શબ્દોઃ– પરિહાસ, પ્રહસન, વિહસન, હાસ્ય.

હસ ૧. પું. મશ્કરી; હાસી
૨ પું હાસ્ય; હસવું તે.

હસક ન. સોનાના મોટા, પોલા, હસોવાળા પાર નું બીજાનું હાથમાં પહેરવાનું ઘરેણું.

હસકેઠસકે ૧ અ. જરા જરામાં; સહજસાજમાં.
૨. અ. થોડી થોડીવારે.
૩. અ. વારે ઘડીએ; હસકે તસકે; વખતોવખત.

હસકે તસકે જુઓ હસોહસકે.

હસણ ૧. [સ. હસન] ન. (પ્રાકૃત) હસવું તે.
૨. ન. હાંસી કરવી તે.

હસણી ૧. સ્ત્રી હસવાની રીત.
૨. સ્ત્રી. હસવું તે; હાંસી
૩ વિ સ્ત્રી. કટા મશ્કરી કરનારી; મશ્કરીખોર.
૪ વિ. સ્ત્રી હસમુખી
બદ મીઠી હસણી. તે તો મોહનીનો કુંવ છે. દયારામ

હસણું ૧. ન. હાસી
૨. વિ. મશ્કરીખોર.
૩. વિ હસવું

હસતમુખું ૧ વિ. આનંદી.
૨. વિ હસતા ચહેરાવાળું.

હસતે અ. અંદર, ઉલ્લાસ.

હસતોડો સ્ત્રી એ નામે ઓળખાતી રમત. આ રમતમાં કટારી વગેરે ખાળકો રમી શકે સાધનમાં રબ્બરનો દડો અથવા બિસ્કીટ રૂમાલનો બનાવેલ મોટો બૅલઝો. રમનારને વર્તુળમા અથવા તો એક તરફ બેસાડેલા અથવા ઊભા રાખવા. રમાડનારે હાથમાં દડો લઈને બેસવા રહેવું. રમાડનારે દડાને અદ્ધર ઉછાળવો જેવો દડો અદ્ધર ગિલ્લે એટલે રમનાર સૌએ જોરથી હસવા માંડવું. જેવો દડો નીચે આવતો બંધ તેમ હસવાનું બીજું કરતા બધુ ને જેવો દડો નીચે જમીન પર પડી બંધ એટલે હસવાનું સાવ બંધ કરી દેવું તાબડતોડ ક્રમમાં આ રમત રમાડી શકાય. રમાડનારના હાથમાં દડો ઊછળ્યા પહેલાં અને અદ્ધરથી દડો નીચે જમીન પર પડ્યા પછી હસનારને રમતમાંથી બાદ કરવા હસવાને બદલે દો, ઓ, રટવાનુ વગેરે બોલાવે રાખી શકાય. આ રમતથી બાળકોને સમૂહમા ભેગા પાડવાની મજા પડે છે

હસતોવાયુ પું. નેત્રપ્રાવિણ્ય નામનો એક વાયુ, ' નાર્વસ બ્રેકડાઉન ' દાતન. વૈદો દરદીના પ્રાણ ગયા પહેલા આ વાયુ સુધી જે છે

હસદ [અ] સ્ત્રી અદેખાઈ, ઈર્ષ્યા; વેર

હસદખોર પું. ઈર્ષ્યાખોર; અદેખો; વેરનુ ભરેલું.

હસન ૧. પું. હસરત અલીના બીજી ફાતમાના પેટે જન્મેલ વડા પુત્ર
૨. [સં.] ન. હસવું તે; હસાડવું તે. હસવાની ક્રિયા.
૩. [અ.] અ ક્રિ (ધાતુ) તે સુંદર હતો આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દોઃ–હુસ્ન = સૌંદર્ય, હસીન = સુંદર.

હસનઅલી પુ. ઇમામી ધર્મના બેતાલીસમા ઇમામ. તેમની ઇમામત ઈ સ. ૧૬૧૧થી૧૬૬૫ સુધી ૩૫ વરસ ચાલી

હસનખેલ સ્ત્રી હિંદની વાયવ્ય સરહદ ઉપર રહેતી એક પઠાણ કોમ.

હસનનિજામી પું એ નામે એક મુસલમાની સંત. તેણે ' હિંદુસ્થાન કે દો પયગમ્બર રામ ઔર કૃષ્ણ '. ' સલામ અલ્લા કી અલ હદિમા ' નામના પુસ્તકમાં લખ્યું છે કે: કુરાનમાં કથન છે કે, બધા દેશોમાં ભગવાને પોતાના પયગમ્બરો ખાસ કરીને હિંદમાં મોકલ્યા છે

હસનપીર પું બોલિયા પુરુષ કાઠિયાવાડમાં આવેલ મણોદમાં તેનો મેળો ભરાય છે.

હસન સામર્થ્ય [સં.] ન. હસવાની રેવ

હસનાપુર ન. (પ્રાકૃત) હસ્તિનાપુર; હાલનુ દિલ્હી

હસની ૧. સ્ત્રી. મશ્કરી
૨ સ્ત્રી મશ્કરી

હસનીય [સ.] વિ હસવાપાત્ર; હાંસીપાત્ર
પરમ્પરાએ છોકરા છોકરીઓને **હસનીય** રેખાઓ કરવા પડે છે. તે ખરે તેમને માટે દયા ઉપજાવે તેવું છે. નવલરામ

હસનીયતા સ્ત્રી. હસવા યોગ્ય હોવાપણું.

હસનો પુ. એ નામે અઢારમાના વખતમાં થઈ ગયેલો કસાઈ તે ભગવાનનો ભક્ત બની ગયો હતો
આજના **હસના** હતા કસાઈ રે,
તેને સંત મળ્યા સુખ દાઈ રે.
નિષ્કુળાનંદ

હસપસિયું વિ સ્વયંપચુ; સ્વયંકર્મણ.
સાલ ભાંગ્યું ગામ. ઢેમાના **હસપસિયું**.
ચાલવું ચળે નહિ, મતભ દુરસનિયું
કલાપ્રાપ્ત ધર્મસિંહ

હસય [અ] સ ક્રિ. (ધાતુ) તેમે રહ્યુ.

હસયસવું અ ક્રિ દીપવું

હસમ ન કોર્ટ, મૈન્ય

હસમુખ જુઓ હસમુખું

હસમુખું ૧ વિ આ દી હસતા મોંનું; પ્રફુલ્લિતવદન, હસતા ચહેરાવાળું
૨ વિ નકલી
૩. વિ. મશ્કરખોર
૪ વિ હસનારું; રમૂજી

હસરૂ ૧. પુ. એ નામે એક માછલી. તે મધ્ય અમેરિકામાં થાય છે.
૨. પું. એક પ્રકારનો દાગીનો; હાથમાં પહેરવાનો બંગડી જેવો દાગીનો. તેમાં એક પડ્યો રંગીન કાચનો અને એક સોનાનો હોય છે.
૩. પુ. પ્રલય.

હસરકો ૧. પું. બળ.
૨. પું લીટો.
॥ હળને હસરકે લોકોક્તિ

હસરત [અ.] સ્ત્રી. દિલગીરી, શોક

હસલ [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે મેળવ્યુ.

હસવું ૧. ન. મશ્કરી; મજાક.
૨. ન. હાસ્ય.
૩. [સં હસ્] અ. ક્રિ. આંતરની ખુશાલી મોં ઉપર જણાય એમ કરવું; મોં મલકાવવું; દાંત કાઢવા.
હસવામાં આપણા માત્ર ૧૩ સ્નાયુઓને શ્રમ પડે છે જ્યારે કપ ઉપરાંત છે ત્યારે ૫૦ સ્નાયુઓને શ્રમ પડે છે. નિષ્ણની વિચિત્રતાઓ
૧. ખડખડ હસવું-દાંત કાઢીને-પેટ પકડીને હસવું = ખૂબ મોટેથી હસવું.
૨. હસતા ઝાડ = થોડા વી વાળા અને અડતા ભરભર ખરી જાય તેવા ઝાડ. તે અર્થમાં બોલાય છે
૩. હસતાં એ પરોણો ને રોતાં એ પરોણો = આવી પડ્યું તો હસતે મોઢે સ્વીકાર કરી લેવો.
૪. હસતાં હાડ ભાંગવાં = મીઠી બોલીમાં કપટો આપવો.
૫. હસતું પંખી = આનંદી; રમૂજી; હસમુખુ.
૬. હસતો બીસ = મીઠું મીઠું બોલે ને મનમાં દ્વેષ રાખે તેવુ
૭. હસતો માર = હસતાં હસતાં મારવુ કે નુકસાન કરવું તે.
૮. હસવામાંથી અવું-હસવું થવુ = (૧) બહુ હસે તે રડવાનું. (૨) રજામાંથી સજા થવું (૩) વાત વાતમાંથી વાત આવવુ; સહેજ મજાક કરતાં લડાઈ થવી; મશ્કરીમાંથી ગંભીર પરિણામ આવવું; મજાક કરવા જતાં માઠું પરિણામ આવવુ
૯. હસવુ ને લોટ ફાકવો = હસતાં હસતાં લોટ ફાકી શકાય નહિ; સાચે રહેવુ અને અડવું નહિ એ બની શકે નહિ
૧૦. હસી કાઢવુ = મશ્કરીમાં ગણી કાઢવુ; લેખામા ન લેવુ
૧૧. હસી નાખવુ = (૧) નમાલુ ગણવુ (૨) મજાકમાં ગણવું; હસી કાઢવું. (૩) લક્ષમાં ન લેવું. (૪) હસી પડવુ
૧૨. હસી પડવુ = એકદમ હસી પડવુ; એકદમ હસવું.
૧૩. હસી હસીને ઊંધા (ઊંધા) થઈ જવું = મજાકી પડ્યા તેવુ ખૂબ હસવુ.
૧૪. હસ્યાં તેનાં વસ્યાં, રોયાં તેનાં ખોયા = જીવવું તો હસતાં હસતા રડવાથી મુશ્કેલી ઓછી થતી નથી.
૪. અ. ક્રિ. ખુશી થવુ; હર્ષિત થવુ.
૫. અ. ક્રિ. ગમત ખાતર બોલવુ.
૬. અ. ક્રિ. ચાળા પાડવા.
૭. અ. ક્રિ. હાસી કરવી; મશ્કરી કરવી

હસરી સ્ત્રી. એક પ્રકારની બેઠાની રમત.

હસહસાટ પુ હસહસ થયા કરવુ તે
એનો કૂટ્યો હસહસાટ સ્નેહનો રે લ.ક
મીત

હસળિયો પું. એક જાતનો ઝાંઝવાવાડી ઘોડો

હસંત વિ. હસતું
મેળી હસંત સખી. શોભન નેત્ર ભરે.
નાનાલાલ

હસંતા પું. (પિંગળ) એ નામે એક માત્રાદડક માત્રામેળ છંદ. તે માર્તંડ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૮૮ લઘુ મળી ૯૨ વર્ણની ૯૬ માત્રા આવે છે

હસંતી ૧. [સં.] સ્ત્રી. અંધારું; અંધેરી. સગડી પણ તે એક હસંતી જેવું છે. તે બોલ્ય ઇમનથી જ પ્રચલિત થયુ છે. મ ૨ ૧૬૬
૨. વિ. હસતુ

હસા ન. (જ્યોતિષ) અશ્વિનીથી તેરમુ નક્ષત્ર.

હસાગવ ૧. પું. આનંદ; મોજમજા.
૨. પું. કટા મશ્કરી; હાસ્યવિનોદ

હસાબ [અ. હિસાબ] પું. હિસાબ; ગણતરી.

હસામણું વિ. હસાવે એવું; હાસ્ય ઉત્પન કરે એવું; હાસ્ય ઉત્પન કરનાર.

હસારત ૧. [સં. હાસ્ય] સ્ત્રી મશ્કરી; હાસી, કજેતી.
અતનુએ આરબ્યું ચિત્ત, હસારત જાદીઆ મરો
પ્રેમાનંદ
હસારત થવી = મશ્કરી કે કજેતી થવી.
૨. સ્ત્રી. મશ્કરીનું કારણ
૩. સ્ત્રી. હાસ્ય.

હસારથ જુઓ હસારત.

હસાવવું ૧. સ. ક્રિ. ખુશ કરવુ.
૨. સ ક્રિ. કજેતી થાય એમ કરવુ
લોક હસાવવા = લોકોમાં કજેતી કરવી કે મશ્કરી કરવી એવી.
૩. સ. ક્રિ. હસે એમ કરવું

હસાવું અ ક્રિ. હસી રહેવાનું, હાસ્ય કરી રહેવાનું.

હસાહસ સ્ત્રી બહુ જ હસવુ તે

હસાહસી સ્ત્રી. ઠઠ્ઠામશ્કરી
અને ચાલો તમા હસાહસી કરતા તેવા આવનારાને બહાર કાઢતા હતા અદ્વૈતદ

હસિત ૧ [સ] પું (સંગીત) અઠ્ઠાવન માત્રાનો પ્રસાવનમો વર્ણાલંકાર; જેમા અનુક્રમે પહેલા એક સ્વર, પછી બે સ્વર, પછી ત્રણ, ચાર એમ ચડતા ક્રમમા સ્વરો એક સાથે લેવાય તે સંગીતાલંકાર; સિતાર બજાવવામાં ઉપયોગી એક આરોહી અલંકાર. જેમકે:—
સ | સરિ | સરિગ | સરિગમ | સરિગમપ | સરિગમપધ | સરિગમપધનિ | સરિગમપધનિસ અથવા સ | રિગ | ગમપ | મમમમ | પપપપપ | ધધધધધધ | નિનિનિનિનિનિનિ | સ,સ,સ સ,સ,સ,સ,સ | સ | સનિ | સનિધ | સનિધપ | વગેરે અથવા સ | નિ નિ | ધધધ | પપપપ વગેરે
૨ પુ (કાવ્ય) દસ આદેના એક પ્રકારનો હાવ. પ્રિયતમની પાસે રસવક્ત બની હાસ્ય કરવામાં આવે તેને હસિત હાવ કહે છે
૩ પું. હસતો અવાજ
૪. ન. બીજવુ તે; વિકસવું તે
૫. ન મશ્કરી
૬. ન. હસવુ તે; હાસ્ય.
૭. ન. હાસી કરવી તે
૮ વિ ઉલ્લાસિત; મુદિત.
૯. વિ પ્રફુલ્લ; વિકસિત; બોલેલ
૧૦. વિ. હસવું.
૧૧. વિ. હાસી પાત્રેલું; હાંસી કરેલ

હસિતકલા સ્ત્રી. ભોંતેર આહેની એક કલા

હસિતવદની [સં.] વિ. હાસ્યયુક્ત મુખવાળી; હસમુખી
હસવાહની હસિતવદની આય તાક રમ્યાં.
પ્રેમાનંદ

હસી ૧ સ્ત્રી. મજાક; હાસી; મશ્કરી; કજેતી; ચેષ્ટા
હસી થવી = મશ્કરી થવી, હાસી થવી
૨. સ્ત્રી. હાસ્ય; હસવુ તે
૩ વિ. ખૂબસૂરત; રૂપાળુ

હસીકું (હસીહ) ૧. ન. મશ્કરી; મજાક.
૨ ન. હાસ્ય, હસવુ તે

હસીન ૧ [હિ] વિ. સોહામણ; મનોહર.
૨ [અ. હસન (તે સુંદર હતો)] વિ. સુંદર; ખૂબસૂરત

હસીના જો ખૂબસૂરત સ્ત્રી

હસીની પુ (સંગીત) સંગીતનો એક રાગ તે કાફી ઘાટમાંથી ઉત્પન્ન થાય છે. મધ્યરાત્રિ ગવાય છે તે કાનરા રાગની એક જાત છે

હસી ય મૃગચૂર્ણ

કરે અત્તરમા રોશન વિચારોનો હસીં થૈત્ર
ગુજરાતી ગઝલીસ્તાન

હસુ ૧. (સ. હાસ્ય] ન. હસવું તે; હાસ્ય.

૨. ન હાસી; મશ્કરી; ઉપહાસ, હસ્યરસ

તમારૂ હસુ અમારે મૃત્યુ પ્રેમાનંદ

હસેકું વિ સહેજસાજ ગરમ, ઘણું ગરમ નહિ એવું

હસેલસકે અ. વારેઘડીએ; વખતોવખત.

હસ્ત ૧ પું એકહાથનું માપ. આર્ય ગણનાનો એક પ્રકારઃ ચોવીશ અંગુલનું એક માપ. ચોવીસ અંગુલ લાંબી ધાતુ અગર લાકડાની પટ્ટીમાં હાથ બનાવવામાં આવે છે. તે પટ્ટી ઉપર દર આઠ આંકોનું અંતર કુલ જેવો આકાર કરવામાં આવે છે. શિલ્પશાસ્ત્રે પ્રમાણે તમા પહેલા કુલ સુધી બ્રહ્મા, બીજા કુલ સુધી વિષ્ણુ અને ત્રીજા કુલ સુધી રુદ્રની હદ મનાય છે. દરેક આંગળે આ પ્રમાણે દેવ અધિષ્ઠાયેલા કહેવાય છે (૧) અગ્નિ, (૨) મરુત, (૩) વિશ્વદેવ, (૪) બ્રહ્મા, (૫) વિષ્ણુ, (૬) સૂર્ય, (૭) રુદ્ર, (૮) યમ, (૯) વૈશ્રવ, (૧૦) વસુ (૧૧) અષ્ટવસુ, (૧૨) વરુણ, (૧૩) પ્રજાપતિ (૧૪) ઇન્દ્ર, (૧૫) ત્રિયા, (૧૬) નાગ, (૧૭) કુબેર, (૧૮) ચંદ્ર, (૧૯) જય, (૨૦) વાસુદેવ, (૨૧) અશ્વિનીકુમાર, (૨૨) મદન અને (૨૩) વિષ્ણુ. તેનું કોષ્ટક આ પ્રમાણે છે

૧૨ અંગુલ = ૧ વિતસ્ત
૨ વિતસ્ત = ૧ હસ્ત
૫ હસ્ત = ૧ દંડ

૨. પું. (પુરાણ) રોચનાની કુખે વાસુદેવને થયેલ એક નામનો મોટો પુત્ર.

૩. પુ. સમૂહ

૪. પુ. હથેળી

૫. પું. હસ્તિનાપુરનો એક રાજા.

૬ [સં.] પું. હાથ; કર, બાહુ, ભુજ; પાણિ

હસ્ત બાહુ ભુજ પાનિ કર ધરે ગાલ પર નામ,
કમળ તાળ પર મુખરાગથી બનાવું કરે અરામ
પિંગળપ્રકાશ

૭. પું હાથીની સૂંઢ

હસ્ત કહ્યત ગજ સૂંઢને, હસ્ત નક્ષત્ર કહેવાય,
હસ્ત હાથ માણા નહીં, નિત બાળકો હરિ નામ
પિંગળપ્રકાશ

૮ સ્ત્રી. (પરિભાષા) સોમની મત્યાંશીશ મહેની એક સ્ત્રી, એ નામની દક્ષકન્યા.

૯ ન (જ્યોતિષ) અઠ્ઠાવીશ માંહેનું તેરમું નક્ષત્ર તે નક્ષત્રના રથામીનું નામ સૂર્ય છે તેના પગના અક્ષર પુ, ષ, ણ, ઠ છે. તેને ખેડૂત લોકો હાથિયો કહે છે. તેમાં પાંચ તારા છે. તેનાં આરતીય તથા દરપિયન નામ આ પ્રમાણે છે (૧) કર્નિક્રિયા : આલ્ફા કાલ્ડર્સ, (૨ અનામિકા : એપરિલ્લાન કાલ્ડર્સ, (૩) મધ્યમા પામા કાલ્ડર્સ, (૪) તર્જની : ડેલ્ટા કાલ્ડર્સ, (૫) અંગુષ્ઠ : બીટા કાલ્ડર્સ. હાથની પાંચે ય અંગળીઓના ટૂંકો વચ્ચેરે સમારી ભીંત ઉપર છાપો માર્યો હોય ને તે જેવો દેખાય તેવીજ આકૃતિ આ હસ્ત નક્ષત્રની છે. તે જૂન માસમાં મધ્યાકાશે મધ્યાહ્નવૃત્ત ઉપર આવે છે. આ નક્ષત્રતારીખ ૨૬ સપ્ટેમ્બર લગભગથી તે ૧૦ ઓક્ટોબર સુધીનું હોય છે તે નક્ષત્રને માટે ભારવ. ' એક વચનો આ પ્રમાણે છે:

ઉત્તર હસ્ત દક્ષિણ ચિત્ર,
પૂર્વ રોહણી મૃગ હો મિત્ર;
પશ્ચિમ શ્રવણ, ગમન નવ ચર્યું,
હરિહર જાય પુરંદર મર્યું.
પાંડવ ઉત્તરે ગયા વનવાળ,
પૂર્વે અગ્નિ ઝાંખ્યો પાતાળ.
દક્ષિણ હરી રાવણ સીતા જ,
પશ્ચિમથી અગસ્ત ન આવ્યા જ

વળી એમ પણ કહેવાય છે કે, જો હસ્ત નક્ષત્ર બેઠલે કે હાસિયો સહ ફેરવે છે તો 'કંત વર્ષે હસ્ત તો પડે નવ (નબી) વસ્ત' એ ઉક્તિ પ્રમાણે બધી વસ્તુઓ પાકે છે.

૧૦. ન. પ્રમાણ

હસ્તઉદ્યોગ [સં] પું હાથકળા

હસ્તક ૧. [સ. હસ્તગત] વિ તાબાનું

૨. અ. હવાલે; તાબે

૩. અ. હાથે; મારફતે; દ્વારા.

હસ્તકભેદ તાંડવ પું. હાથના ભિન્ન ભિન્ન અભિનયવાળો નાચ.

હસ્તકમંડલ [સં] ન. કમંડલ જેવો હાથ

હસ્તકમળી જુઓ હસ્તકમલ

હસ્તકલા ૧. [સ. હસ્ત (હાથ) + કલા (કારીગરી)], સ્ત્રી. હાથકારીગરી, હસ્તલાઘવ

૨. સ્ત્રી. ચોતેર માંહેની એક કલા.

હસ્તકવિ ન. ભાવનગર સંસ્થાનમાં આવેલ (હાલણ) કમાળ નામનું જૂનું ગામ. પેરિપ્લસના ઉલ્લેખ પ્રમાણે એ શહેર ઘણું મોટું હતું ઇસ્વીસનના સમયમાં એ ગિરજાનું મુખ્ય શહેર હતું.

હસ્તકળા જુઓ હસ્તકલા.

હસ્તકળાશિક્ષણ ન હસ્તક્રિયા શિક્ષણ, હાથકામ શિક્ષણ, હાથકારીગરીનું શિક્ષણ

હસ્તકળા શિક્ષણ (મેન્યુઅલ ટ્રેઇનિંગ) અને ચિત્રકામ (ડ્રોઈંગ) નપાસવા માટે પણ સબ ઈન્સ્પેક્ટરો જુદા હોય છે

કમળ શંકર ત્રિવેદી

હસ્તકાર્ય ૧. [સં] ન. હસ્તશ્રમ, શારીરિકશ્રમ.

૨ ન. હાથનું કરેલું કામ

અમે હસ્તકાર્ય (મેન્યુઅલ લેબર) નો વિષય પણ દાખલ કર્યો છે પારિ. કોષ

૩. વિ. નકલી, બાનાવી, દેખી અને ઉપિર કૃત નહિ એવું; બનાવટી

હસ્તકૃત ૧. [સ] સ્ત્રી. હાથકળા

૨. વિ હાથ વડે કરેલું, હાથે કરેલું; યત્નકૃત નહિ એવું

હસ્તકેળવણી સ્ત્રી હાથનું કામ; હાથકારીગરી.

હસ્તકૌશલ [સ] ન. હાથચાલાકી; બીજાને ખબર પડે નહિ એમ કાર્ય કરવાની છાપ; હાથની આવડત; હાથે કામ કરવાની ચાલાકી હાથચાલાકી કર્યું કરવામાં હાથની કુશળતા; હસ્તલાઘવ

હસ્તકૌશલ્ય [સં.] ન. હાથકસબ; હાથચાલાકી; હાથની કુશળતા

અર્ધમાગધીમાંના જૈનગ્રંથોના પેઠમા ખોદાયેલી અજંટાની ગુફાઓ પ્રેમવિહ્વળથી માંડીને તે કેટલ્લી પછીત સુધી મનુષ્યની ઉપાસના, ધર્મ, પ્રેમભક્તિ અને હસ્તકૌશલ્યમાં જગતભરના આદર્શરૂપ નમૂના છે. અજંતાના ભાગ્યકર્તા

હસ્તક્રિયા ૧. [સં] સ્ત્રી. હસ્તકારી

૨. સ્ત્રી. હસ્ત કારીગરી; હસ્તકળાશિક્ષણ; હાથકામ

રેખાકલા. હસ્તક્રિયા (મેન્યુઅલ ટ્રેઇનિંગ) અને ખેતી એમાંથી એક પાસ વિષય પારિ. કોષ

૩. સ્ત્રી. હસ્તદોષ; કામી પુરુષો પોતાના કામ-વિષયને કૃત્રિમ રીતે સંતોષવા માટે પોતાના હાથની મુઠ્ઠીમાં જનનેંદ્રિયને લઈ લાંબો વખત ધમારો કરી વીર્ય બહાર કાઢવાની જે ક્રિયા કરે છે તે; હાથે કરેલો વીર્યપાત.

૪. સ્ત્રી હાથનું કામ; હાથની કારીગરી.

હસ્તક્ષેપ [સં.] પું. હાથ ઘાલવો તે; વચ્ચે પડવું તે; દખલગીરી; આડું આવવું તે; કખલ.

હસ્તગત [સ. હસ્ત (હાથ) + ગત (ગયેલું)] વિ હાથ આવેલું; હાથમાં આવેલું; તાબે, હવાલે કે કબજે થયેલું એવું તે; પ્રાપ્ત; પ્રસ્તુત; સ્વાધીન

૧. હસ્તગત કરવું = હાથ કરી લેવું; હાથ આવેલું તાબે કરવું, હાથમા લઈ લેવું; મેળવવું.

૨. હસ્તગત થવું = હાથ આવવું; મળી ચૂકવું; તાબે થયેલું.

હસ્તગ્રાહ્ય

હસ્તગ્રાહ્ય સ. વિ. હાથેથી પકડવું કે પકડી શકાય તેવું

હસ્તચાપદય ન. હાથચાલાકી

હસ્તચાલાકી જુઓ હાથની ચાલાકી

હસ્તચેષ્ટા સ્ત્રી. હાથનું હલનચલન

નર્તકીઓ નૃત્ય કરી ગાયાની સાથે જે ભાવ બતાવવાનો ચાળો કરે છે તેવા ચાળા આ નટ વર્ગ કરે છે. પ્રત્યેક શબ્દનો અર્થ હસ્તચેષ્ટાથી બતાવવા જાય છે. મુ. ઝા પરિષદ

હસ્તછટા સ્ત્રી. હાથની ચાલાકી, હસ્તચાપદય

બેસનગરની મુખમુદ્રા અમર હસ્તછટા માત્રથી તમે કહી શકતા કે આ સહી મોટરનો માલિક કૌમુદી

હસ્તછેદન [સં] ન. કાંડા કાપી નાખવાની સજા

હસ્તજિહ્વ સ્ત્રી. શરીરની અંદર રહેલી એક નાડી તેનું સ્થાન જમણી આંખમાં છે

હસ્તજ્ઞાન ૧ ન હસ્તનું જ્ઞાન

૨ ન. હાથનો પ્રભાવ

હસ્ત ઠપ્પુ પુ હાથમાં ઠાપ્પા થઈ ગયા હોય તે; હાથમાં ઠપ્પુ પડી ગયા હોય તે; હાથમાં ચકામાં પડવા તે

હસ્તતલ [સં હસ્ત + તલ (તળિયું)] ન હથેળી; કરતલ; કરતળિયું.

હસ્તદંત પું. દંતૂશળ; હાથીનો દાંત.

હસ્તદોષ ૧. પું હસ્ત વડે વીર્ય સ્ખલિત કરવું તે, સ્વ.થી કરેલો વીર્યપાત; હસ્તમૈથુન; ઔદ્રિય કુટેવ. હસ્તદોષમાં હસ્તની સહાય આવશ્યક હોવી જ જોઈએ એમ પણ નથી. હસ્તદોષના એવા પણ પ્રકારો છે કે, જેમાં હાથનો ઉપયોગ થતો નથી. પણ કલ્પનાના ઘોડે ચઢીને ચિત્તને હસ્તદોષની સૃષ્ટિમાં રાચતું કરનાર એક પ્રકારનો હસ્તદોષી જ છે

૨ પું હાથનો કે લખાણનો દોષ; હાથે લખતાં થઈ ગયેલી ભૂલ; ભુલિની કે વગર ધ્યાને લીધે થયેલ નહિ પણ સ્વાભાવિક રીતે જ હાથથી થઈ ગયેલો એવો દોષ. લખતાં જે હસ્તચૂક થઈ હોય તે; લિપિપ્રમાદ.

હસ્તદ્વય પરીક્ષા સ્ત્રી રોગમાં બંને હાથથી રોગનો નિર્ણય કરવો તે

હસ્તધમનિ સ્ત્રી કાંડા આગળની નાડી; 'રેડિયલ આર્ટરી'

નાડીનું યથાર્થ લક્ષણ જાણવા માટે કાંડા આગળ હસ્તધમનિ યંત્રનો પ્રયોગ કરવામાં આવે છે. આયુર્વેદના સક્ષિપ્ત ઇતિહાસ

હસ્તધારણ ન. હાથથી રોકવું તે, હાથથી રક્ષણ કરવું તે

હસ્તધૂનન ન. મજાની જેમ હાથમિલાવે ઉત્સાહ કરવાનો આધુનિક વિધિ; બોલ્યા વગર પરસ્પર મળતાં હાથોહાથ મેળવવા તે, 'શેઇક હેન્ડ'

હસ્તનિક્ષેપ પુ. દસ્તક્ષેપ.

હસ્તનિદર્શન ૧. પુ. હાથ બતાવવો તે

૨ પુ. હાથથી અભિનય કરવો તે.

હસ્તનોંધ સ્ત્રી હાથની લખેલ યાદી

હસ્તપ પું હાથીનો માવત.

ગાહનકુશ હસ્તપ ન હોત જો

મુખ.નલિહ્યુ

હસ્તપગદસ્ત ન. રોતરંજની રમતમાં જે મહોરાને અડાયું હોય તેને ચાલવું તથા જે ઘરમાં મુકાયું હોય તેમાં જ ચાલવું એવો જે ધારો તે

હસ્તપગદસ્તી જુઓ હસ્તપગદસ્ત.

હસ્તપત્ર ન. હાથે લખેલો કાગળ

હસ્તપત્રક ૧ ન નાની નાની પત્રિકા; જાહેરખબરનું પાનું, હાથે લખેલ જાપુ, 'હેન્ડબીલ'.

૨. ન. હાથથી લખેલ પત્રક

હસ્તપત્રિકા ૧. સ્ત્રી. જાહેરખબર; વિજ્ઞપ્તિ.

૨. ન. વહવાગોળનો વર્ગ.

૩ ન. હાથે લખેલ ચોપાનિયું.

હસ્તપદી ૧. ન. એક જાતનું જળચર પ્રાણી; હાથ જેવા પગવાળું પ્રાણી; મૃદુ કાયાદિ ગણની એક કૈસ્ટી. સીપ બે પડની હોય છે ને તે પ્રાણીસૃષ્ટિ દ્વિપાર્શ્વ સમિતિવાળી હોય છે, પણ તે મૃદુકાયમાં જે પ્રમાણે હોય છે તે પ્રમાણે નહિ હોતાં પીઠપૃષ્ઠી અને ઉદરપૃષ્ઠી હોય છે એવાં જીવત પ્રાણીઓ ચોડાં છે. પરંતુ એના જીવકોષ પણ હોય છે

૨ વિ દરિયાને તળિયે રહેનારાં પ્રાણીઓનો સમૂહ; 'બેન્થોપોડા'.

હસ્તપલ્લવી સ્ત્રી આંગળીઓના સંકેતથી સમજાવવાની કળા; હાથના ઇશારાથી સમજાવવાની વિદ્યા.

હસ્તપાત્ર ન હાથરૂપી વાસણ

એકવાર ભોજન હસ્તપાત્રમાં કરવું.

પ્રણવત્ત

હસ્તપાઠ ૧ [સં. હસ્ત (હાથ) + પાઠ (પત્ર)] પુ ન ન. હાથપત્ર.

૨. વિ હાથપત્ર સંબંધી

હસ્તપાદાસન [સ] ન. યોગ સૂર્યભેદન પ્રાણાયામનું એક આસન. તે આ પ્રમાણે કરાય છે. પગને ઢીંચણમાંથી વાળ્યા વિના સિદ્ધાસન સીધા રાખીને ભૂમિ પર અને હાથ રાખ્યા રાખવા માથું અથવા નાક ઢીંચણની વચ્ચે રાખવું

હસ્તપાદાંગુષ્ઠાસન ન (યોગ) યોગના ચોરાશી આસનોમાંનું એક આસન. તેની વિધિ નીચે પ્રમાણે છે: ઊભા રહીને બારાક્ષરની એક એક પગ આગળ લાંબો કરી તેનો અંગૂઠો તે હાથથી કે બીજા હાથથી પકડીને સ્થિતિ કરવી તેને હસ્તપાદાંગુષ્ઠાસન કહે છે આ આસનથી પગ હાથપગના સ્નાયુ દૃઢ થાય છે વળી તેથી ગરદન, કમર, નાસિકા અને ઉદરના ભાગ પણ છે. તેની બીજી રીત આ પ્રમાણે છે. જમણી આગળ કાઢીને માથું, ગળું, પીઠ આદિ સમસૂત્રમાં રાખી સમરેખામાં રહેવા ઊભા રાખી અને પગ પાસે જ રાખવા. એમાંથી એક પગ જમીન ઉપરથી ઉપાડીને જરા પણ વળાવ્યા કીધા વિના ધીમે ધીમે ઊંચો કરવો જ્યારે બીજા પગ સાથે જમણા કાટખૂણામાં આવે ત્યારે તે ઊંચા કરેલા પગનો અંગૂઠો પકડી લેવો. બીજો હાથ કેડ પર રાખવો. આ આસનમાં ઓછામાં ઓછું અડધી મિનિટ સુધી રોકવું. પછી ઊંચા કરેલા પગના ઢીંચણ સાથે નાકની અણી અડાડવાનો પ્રયત્ન કરવો. આ આસનથી જઘા, કેડ, ઓરીળ, પેટ, ગળું આદિ અંગોના દોષો દૂર થાય છે. જમીન ઉપર ચત્તા સૂઈને, ખુરશી ઉપર બેસીને અથવા જમીન ઉપર બેસીને પણ આ આસન કરી શકાશે. પરંતુ અને ત્યાં સુધી ઊભા રહીને આ આસન કરવું.

હસ્તપાશ [સં.] સ્ત્રી. હાથપકડી.

હસ્તપુસ્તક ન. પુસ્તિકા.

હસ્તપૃષ્ઠ [સં. હસ્ત + પૃષ્ઠ (પીઠ)] ન હાથનો પાછલો ભાગ; હથેલીની સામી બાજુનો ભાગ.

હસ્તપ્રક્ષાલન [સ. હસ્ત + પ્રક્ષાલન] ન હાથ ધોવા તે.

હસ્તપ્રક્ષેપ [સં] પું. હાથ નાખવો તે, હસ્તનિક્ષેપ.

હસ્તપ્રત સ્ત્રી હાથના લખાણની નકલ; હાથે લખેલી પ્રત

હસ્તપ્રતોમાંની એક તો વિ સં. ૧૪૯૬માં એટલે હમણાં પાંચસો વર્ષ ઉપર લખાયેલ

કૌમુદી

હસ્તપ્રાપ્ય [સં. હસ્ત + પ્રાપ્ય (મળે એવું)] વિ. જેને હાથ પહોંચી શકે એવું; સહેલાઈથી મળી શકાય તેવું

હસ્તપાર્ષ્ણિજ [સં.] પુ. ખેતરને હાથ વડે પાણી પૂરું પાડવાની રીત. આ રીતે આખી લેનાર ખેડૂત પ.સેથી પાણીના કર તરીકે પેદાશનો પાચમો ભાગ લેવાતો.

હસ્તભાવ પુ. હાથનો ભાવ

હસ્તભુજાસન ન. (યોગ) યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણાયામ માટેના યોગ.ની માંહેનું એક આસન. તેના બે પ્રકાર છે: વામહસ્તભુજાસન અને દક્ષિણ હસ્તભુજાસન

હસ્તમિલન ન. હાથ મિલા.પ; હસ્તમેળાપ; હાથનું મળવું તે.

હસ્તમુદ્રણ ન. હાથપ ગ્રાફર

મુદ્રણાલયો અને **હસ્તમુદ્રણ** (હાથપ ગ્રાફર)નો પ્રચાર ગમે તેટલો વધે તો યે ઓછો હાથે તો લખવાના છે જ. શિક્ષણ અને સાહિત્ય

હસ્તમુષ્ટિ સ્ત્રી. હાથની મૂઠી

પ્રહાર મસ્તક મહિમ પેરે, પેલા પુટ શીશ,
ચરણ, પાદુ, **હસ્તમુષ્ટિ** ઝાડે ખૂબ સિરીશ

લક્ષ્મણ આખ્યાન

હસ્તમેલન ન. કરસવાદન; કરતાલિકા; હસ્તાંદોલન.

હસ્તમેલાપ પું. હાથેવાળો; હાથમાં હાથ મેળવવો તે.

તેના જેવી પતિવ્રતાના **હસ્તમેલાપથી** તે પોતાને કૃતાર્થ સમજતો. કનૈયાલાલ મુનશી

હસ્તમેલાપક ૧. [સં] પું હસ્તધૂનન; મેળાપને વખતે હાથ પરસ્પર હલાવવા તે.
૨. પું. હસ્તમેલાપ; ગોરીમાં વરકન્યાના હાથ મેળવવા તે; હસ્તમેળો.

હસ્તમેલાપન ન. હસ્તમેળાપ; હથેવાળો, હાથ મેળવવાની ક્રિયા; વરવધૂના હાથ એકા મેળવવાની ક્રિયા.

હસ્તમેળાપ પું. હાથેવાળો; વરકન્યાના હાથ મેળવવાની એક વૈવાહિક ક્રિયા; પાણિગ્રહણ.
૨. પું હાથે હાથ મેળવવા તે; દોસ્તી બાંધવી તે, સલાહ કરવી તે

હસ્તમેળો પું. હસ્તમેલાપ; ગોરીમાં વરકન્યાના હાથ મેળવવા તે.

અહીં તો કદિ હાથ ચાલ, ગિરજી ના **હસ્તમેળા** બને. ભાષી

હસ્તમૈથુન ન. સૃષ્ટિવિરુદ્ધ વીર્યપાત કરવો તે; હસ્તદોષ; હાથના દુરુપયોગ વડે મૈથુનનો આનંદ લેવો તે; મૂઠિયા મારવાં તે, હાથરસની ક્રિયા; ' માસ્ટર બેશન '. પણ પક્ષીઓમાં પણ આ હસ્તમૈથુનની ટેવ હોય છે ઘોડા, બકરા, કૂતરા જ્યારે ઉત્તેજનામાં આવે છે ત્યારે તેઓ લિંગને પેટ સાથે કે પગની સાથળો સાથે અડકાડીને કર્યા સુધી આવ જાય ત્યા સુધી હસ્તમૈથુન કર્યા જ કરે છે. ઘોડીઓ કામ ક્રિડા થાય છે ત્યારે ઝાડ કે ભીંત સાથે યોનિનું ઘર્ષણ કરીને સુખાનુભવ કરે છે. એ પણ હસ્તમૈથુન જ છે. ઘેટા અને ઊંટ પણ સગવડ કરેલા પદાર્થ સાથે પોતપોતાનાં લિંગો ઘસાવીને સુખાનુભવ કરે છે હાથી પાછલા બે પગો વચ્ચે લિંગને ઘસારીને આવ જતા સુધી ક્રિયા ચાલુ રાખે છે નર વાંદરાઓ હાથ વડે જનનેંદ્રિય પકડીને હસ્તમૈથુન કરે છે

હસ્તમૈથુનની કુટેવથી અને અત્યંત સ્ત્રી સેવનથી પણ વીર્યક્ષય થઈ જાય છે

અખિલેશ કામશાસ્ત્ર

હસ્તરક્ષક [સં.] સ્ત્રી હાથનું રક્ષણ કરનાર મોજું

હસ્તરેખા સ્ત્રી. હાથમાની રેખાઓ

એની **હસ્તરેખામાં** સ્વામિત્વ છે ?

રાજેન્દ્ર અરવા

હસ્તરેખા નિરીક્ષણ ન હાથમાની રેખાઓ વાંચવી કે ઉકેલવી તે આ રેખાનિરીક્ષણ કુદરતની હસ્ત ઉપર જ સારું થઈ શકે છે. હસ્ત ઉપરથી પ્રતિકૃતિ પણ લેવાય છે. ઝીણો લીંબો હોય તો તેમાથી બધી રેખાઓ સ્પષ્ટ જણાય છે તેમ જ મહોનાં સ્થાનના ઉઠાવનો પણ બરાબર સારો આવી શકાય છે. ઝીણો ભોંયો પડે તે માટે અભ્યાસકના અજવાસ માટે હસ્તની પ્રતિકૃતિ લેવાની પદ્ધતિ અપનાવાય છે. તેમાથી અમુક આ પ્રમાણે છે : (૧) એક ધોળો કાગળ લઈ તેને દીવાની જ્યોત ઉપર ધરી મેશથી કાળો કરવો. પછી તેના ઉપર જમણો હાથ ઊંધો મૂકી પેન્સિલથી બહારની રૂપરેખા દોરવી અને હાથનો આકો પૂરવા કાગળ નીચે થોડું રૂ મૂકવું હથેળી ફરી ન જાય તેવી રીતે ધીમેથી દબાવી હાથ ઊઠાવી લેવા. આમ કરવાથી મેશવાળા કાગળ ઉપર બધી રેખાઓ પડશે. કાગળને પાછળી બાજુએ તેલ ચોપડી સૂકવી દેવો (૨) અંગૂઠા છાપવાની શાહીની ડબ્બીઓ આવે છે તે હથેળીના દરેક ભાગ ઉપર ઘસી ઉપર જણ્યા પ્રમાણે કાગળ ઉપર પ્રતિકૃતિ પાડવી. આ કાગળ પાછળ તેલ ચોપડવાની જરૂર નથી. હાથની રૂપરેખા દોરવાનું ભૂલવું નહિ. (૩) પદ્ધતિ એકમાં બતાવ્યા પ્રમાણે કપૂરની મેશથી કાગળ કાળો કરી હથેળીની પ્રતિકૃતિ લેવી. આવા કાગળની પાછળ તેલ ચોપડવાની જરૂર નથી, કારણ કે કપૂરની મેશવાળી પ્રતિકૃતિ ભૂંસાઈ જતી નથી.

હસ્તરેખા વિજ્ઞાન ન. હાથમાની રેખા સમજવાનું શાસ્ત્ર.

હસ્તરેખાશાસ્ત્ર ન. હાથની હથેળીની રેખા તપાસી ભવિષ્ય કહેવાનું શાસ્ત્ર; હાથની રેખાઓ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા, ' પામિસ્ટ્રી '. પાશ્ચાત્ય હસ્તરેખા-વિજ્ઞાન અનુસાર, હથેળીની બે પ્રકારની સ્થિતિ લક્ષમાં લેવામા આવે છે. તે બે સ્થિતિમાં કોમળતા અને કઠિનતા કહેવાય છે અનેના મુખ્યત્વે ભિન્નભિન્ન છે અતિ કઠિનતા અને અતિ મૃદુતા નિકૃષ્ટ જ મનાય છે. અંગુષ્ઠ અને તર્જનીની વચ્ચેની હથેળીનો ભાગ કઠિન હોય તે મનુષ્યની ક્રિયાશીલતાનો નિર્દેશ કરે છે. અર્થા મનુષ્યના હૃદયમાં પ્રવૃત્તિનો ધમધમાટ હોય છે. પરિણામે તે સમાજને વ્યવહારુ અને ઉપયોગી હોય છે. અતી પ્રવૃત્તિપ્રિયતા તેનો રચનાત્મક કાર્યો કરવા પ્રેરે છે અતિ કઠિનતા તે ઉપર કહ્યું તેમ હોય છે અનો તેવો મનુષ્ય તરંગી, ચંચળ, અવ્યવહારુ અને આત્મવિશ્વાસહીન પ્રકૃતિ કરનારો હોય છે હથેળીના આ વિભાગની મૃદુતા ઓછાઆરામનો નિર્દેશ કરે છે. કલા તરફની અભિરુચિ એ આવા મનુષ્યનું વિશિષ્ટ લક્ષણ ગણાય છે. પરંતુ અતિ મૃદુતા, પ્રમાદ અને નિષ્ક્રિયતા તેમ જ સ્થાયી, દુર્બળ અને અધઃપાત સૂચવે છે જે લોકોના હાથ સખત મજૂરી કરવાની હોય છે તેવા માણસના હાથમા રેખાઓ સ્પષ્ટ ભાગ્યે જ હશે નથી. એ કે તેમના હાથમાં રેખાઓ તો હોય જ છે. કપાળ ઉપરથી અને શરીરનાં બીજાં સાનુદ્રિક લક્ષણો ઉપરથી એમનો વિચાર કરી શકાય. ભાગ્યરેખા ચાર પ્રકારની છે. તે જુદે જુદે ઠેકાણે નીકળી શનિના પર્વત ઉપર એટલે મધ્યમા આંગળીની નીચે જાય છે. (૧) મણિબંધના મધ્યભાગમાથી ભાગ્યરેખા નીકળી હથેળી વચ્ચે થઈ સંગમ મધ્યમા આંગળીના મૂળ સુધી એટલે શનિના પર્વત સુધી જાય છે. (૨) બીજી જાતની ભાગ્યરેખા આયુષ્યરેખામાંથી નીકળે છે એટલે મણિબંધથી આયુષ્યરેખા સાથે ભળેલી જ હોય છે અને આગળ જતાં આયુષ્યરેખામાંથી આ રેખા જુદી પડે છે અને શનિના પર્વત તરફ જાય છે. (૩) ત્રીજી જાતની ભાગ્યરેખા ચંદ્રના પર્વત ઉપરથી નીકળી હથેળી વચ્ચે થઈ મધ્યમા આંગળીની નીચે જાય છે (૪) ચોથા પ્રકારની ભાગ્યરેખા મંગળના મેદાનમાથી નીકળી શનિના પર્વત ઉપર જાય છે. જે માણસના બંને હાથ ઉપર ભાગ્યરેખા બિલકુલ હોતી જ નથી તે માણસ કોઈ ખાસ મહત્ત્વનું કામ કરી શકતો નથી મસ્તકરેખામાંથી એક રેખા નીકળી જે સૂર્યના પર્વત ઉપર જતી હોય તો પણ તે શુભ છે અને આ રેખા જો ઝાંખી હોય તો પાત્રીસ વર્ષની ઉમર પછી તેનો સારામાં સારો ભાગ્યોદય થાય છે, પણ સૂર્યનો પર્વત

સંપૂર્ણ વિકસેલો હોય તો સંપૂર્ણ સુખ મળે નહિતર જેવો પર્વત હોય તેવું સુખ સમજવું. મસ્તકરેખા ડગ્રસ હોય અને સૂર્યના પર્વત ઉપર પણ સૂર્યરેખા ડગ્રસ હોય તો પણ માણસ એકદર સુખી હોય છે આયુષ્યરેખા અને મસ્તકરેખામાંથી ડગ્રસ રેખાઓ નીકળી હોય અને શનિના પર્વત ઉપર જતી હોય તેમ જ શનિનો પર્વત વિકસેલો હોય તો તેવો માણસ સટોડિયો-જુગારી હોય છે, અને તે ધંધા એટલે સટ્ટામાંથી પૈસા મેળવે છે. લોટરીમાં પણ તેને અકસ્માત પૈસા મળે છે. શનિનો પર્વત ઉન્નત ન હોય તો આવો માણસ આ જ ધંધામાં પૈસા ગુમાવે છે. ગુરુનો પર્વત વિકસેલો હોય અને તેના ઉપર ચોકડી કે તારાનું ચિહ્ન હોય તો તેવા માણસનો વિવાહ શ્રીમંત કુટુંબમાં થાય છે અને શ્વશુરપક્ષ તરફથી તેને દ્રવ્યનો લાભ મળે છે. મસ્તકરેખા ઉપર સફેદ બિંદુ હોય અગર જવનું ચિહ્ન હોય, ભાગ્યરેખા ઉત્તમ જાતની હોય તો અકસ્માત દ્રવ્ય મળે છે. કોઈ વાર ગુપ્ત ધન પણ મળે છે. મણિબંધ ઉપર બે સાઠગ જેવી ચાર સંપૂર્ણ રેખાઓ હોય તો કાં તો તે ખૂબ જ વૈભવ ભોગવવાવાળો હોય છે, કાં તેનામાં સ્વામીના લક્ષણો હોય છે એટલે સન્યાસી, સાધુ અગર મહાન યોગી બને છે. દસેય આંગળીઓનાં ટેરવાં ઉપર જો શંખ હોય તો મહાન યોગી બને છે. દસે આંગળીઓનાં ટેરવાં ઉપર જો શંખ હોય, શનિના પર્વત ઉપર ત્રિશૂળ હોય અને બુધના પર્વતથી મંગળના પર્વત સુધી ચંદ્રાકાર અર્ધયોગ રેખા હોય તો જરૂર તે મહાન સિદ્ધપુરુષ હોય, તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. તેણે આત્માને ઓળખ્યો હોય છે. તે ત્રિકાળજ્ઞ અને જ્ઞાનચક્ષુવાળો હોય છે. ઉપર પ્રમાણેનાં ચિહ્નો હોય, ગુરુનો પર્વત સંપૂર્ણ વિકસેલો અને મજબૂત હોય અને પર્વત ઉપર મુરકંડણ એટલે અર્ધચંદ્રાકાર વર્તુળ હોય તો તે ભલે સંસારી હોય તો પણ વિદેહી સ્થિતિ ભોગવે છે; એટલે સંસારનાં દરેક પ્રકારનાં સુખ ભોગવે છે છતાં તેને સંસાર ઉપર મોહ હોતો નથી. આવા મહાપુરુષો પૂજ્ય મોક્ષ હોય છે અને તેમના દર્શન દુર્લભ હોય છે તેમના દર્શન કરવાથી પાપ ધોવાય છે. તેમનામાં વચનસિદ્ધિ પણ હોય છે મસ્તકરેખા ઉપરથી ડગ્રસ રેખા જો બુધના પર્વત ઉપર જઈ હોય અને બંને હાથના બુધના પર્વતો ઊંચા અને ઊઠાવદાર હોય તો વેપારમાં ખૂબ જ દ્રવ્ય મળે છે વચલી આંગળીના ત્રીજા ટેરવા ઉપર ત્રણ અગર ચાર ઊભી સરળ રેખાઓ હોય, મણિબંધ ઉપર ચોકડીનું ચિહ્ન સ્પષ્ટ દેખાતું હોય તો તને મૃત્યુપત્ર દ્વારા દ્રવ્ય મળે છે.

હસ્તલાઘવ ૧. ન. ચોસઠ માંહેની એક કલા; વિજ્ઞાનના ચોસઠ માંહેનો એક પ્રકાર.
૨. ન. હસ્તકળા; હાથની કારીગરી
૩. ન. હાથચાલાકી; હાથબુરાઈ; હસ્તકૌશલ્ય, નજરબંધી.

હસ્તલાઘવકલા ૧. સ્ત્રી. ચોસઠ માંહેની એક કળા. હાથને જુદી જુદી રીતે વાળો, તલવાર, ભાલાં વગેરેમાં હેરવવાની કળા. આ કળા યુદ્ધ પ્રસંગે બહુ ઉપયોગી છે
૨. સ્ત્રી. હાથચાલાકીની વિદ્યા.

હસ્તલાઘવકળા જુઓ હસ્તલાઘવકલા

હસ્તલિખિત ૧. [સં.] ન. હાથપ્રત.
૨. ન. હાથે લખીને છાપું માસિક
૩. વિ. હાથે લખેલું; સ્વહસ્તાક્ષરનું; હાથ દરકતનું

હસ્તલિપિ સ્ત્રી. હસ્તલેખન કરવા માટેની અંક માટેની લિપિ.

હસ્તલેખ ૧. પું. લેખન; લેખ; 'ઓન્ડ.'
૨. [સં.] પું. હાથથી લખાયેલું લખાણ, હાથે લખેલો લેખ.
૩. પુ. હાથનું લખેલું મૂળ લખાણ, હસ્તપ્રત.
પુજ્યશ્રીના ખૂબ સાહિત્યમાંથી હજુ ચોકું જ પ્રકાશમાં આવ્યું છે ને બહુ તો પડ્યું પડ્યું ઊધઈ ખાઈ જશે, ને કેટકેટલો તો આપી ચોરાને આ પડીકાં બાંધવામાં જવા માટેનું છે આ બધુ સાહિત્ય હસ્તપ્રત કરવાના ઉપાય જેવામાં ઠીક થાય તો આપણા દેશને ખૂબ વિનાની હાનિ થાય. દર વર્ષે બીજો અનેક ખૂણો ફાડી આ હસ્તલેખનો સોસાયટીએ પોતાના કબજામાં લેવાની દેશની એક મોટી સેવા તુચ્છ કાળ કરે.
ઝવેરી. મેઘ
૪. પુ. હાથે લખેલ પુસ્તકની પ્રત.

હસ્તવળોટ પુ. હાથનો વળાંક
હસ્તમુદ્રાથી બતાવેલી નૃત્યકારની સિદ્ધપ્રપૂર્ત જમણા પગે ઢાલી રહી હાથે પણ નૃત્ય કરતો ઉડાન દર્શાવે છે તેમાં હસ્તવળોટ પણ નૃત્ય સૂચક છે.
રમણલાલ વ. દેસાઈ

હસ્તવાદ્ય ન. હાથે વગાડવાનું વાદ્ય. હસ્તવાદ્યોનાં નામ આ પ્રમાણે છે.-ઝાંઝ, જલતરંગ, પખિજો કરતાલ, મંજીરા, માંદરી, ચટ, તાસો ડાંખલા, ડમરીયા, ખંજરી, ઘાટિય.

હસ્તવાન [સં] વિ હાથવાળો
હસ્તવાન મનુષ્ય કરતા અહસ્ત આત્માએ ઘણુ આદ નબળ ન ... ...
જ્ઞાનસુધા

હસ્તવાહિ વિ. ગુજ.ત્ન, સંપુજાર; સહેલાઈથી સર્વ જણાય એવું

હસ્તવૃક્ષાસન ન. (યોગ) બંને હાથ ઉપર બીજા પગને પદ્મ આસનની તરહ રાખે અને હાથોની કોણી આમતમ નીકળે તે પ્રમાણનું આસન.

હસ્તવિન્યાસ [સં] ન હાથકસબ

હસ્તશ્રમ [સં.] પુ હસ્તકાર્ય

હસ્તસંકલી સ્ત્રી એક જાતનું ઘરેણું

હસ્તસંગ [સં] પુ પરસ્પર હાથ મળવવો તે.

હસ્તસામુદ્રિક ન. રેખાશાસ્ત્ર

હસ્તસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કીમત
૨ સ્ત્રી પગાર
૩ સ્ત્રી મજૂરી.

હસ્તસૂત્ર ૧. ન પોંચો
૨ ન. હાથનું કાંડું

હસ્તસ્પર્શિ સ્ત્રી હથેલી; હાથની હથેળી.
નિજ હસ્તસ્પર્શિ ઉપર ગુલનાવલિ વારંવારનો રાજહંસો સલીમ મહેલમાં ભમ છે. નાનાલાલ

હસ્તસ્પર્શિળિ જુઓ હસ્તસ્પર્શિ.

હસ્તસ્પર્શાન ૧. ન મલ્લવિદ્યામાં જણાવેલ મલ્લનાં પાત્ર માંહેનુ એક રમણ.
૨ ન. હાથનું ઠેકાણું

હસ્તસ્નાયુ પું. હાથનો સ્નાયુ

હસ્તસ્પર્શ પું હાથને અડકવું તે; હસ્તપ્રેષન
હસ્તસ્પર્શ કરવો = હસ્તપ્રેષન કરવું; હાથ મિલાવવો

હસ્તા [સં.] સ્ત્રી હસ્ત નક્ષત્ર.

હસ્તાક્ષર ૧ [સં. હસ્ત + અક્ષર] પું. ખુદની સહી; પોતે જાતે કરેલી સહી.
૨. પું. ખુદનું લખાણ; પોતે જાતે પાડેલા અક્ષર, હાથઅક્ષર
૩. પું સહી; મનું; દરકત
૪ પુ. હાથથી લખવા અક્ષર

હસ્તાક્ષરવિદ્યા [સં. હસ્ત (હાથ) + અક્ષર (દ્રવ્યત) + વિદ્યા (શાસ્ત્ર)] સ્ત્રી. હસ્તાક્ષર ઉપરથી તે લખનારના ગુણદોષ જાણવાની કળા. અક્ષર ઉપરથી માણસનાં લક્ષણ પારખવાનું શાસ્ત્ર. હસ્તાક્ષર ઉપરથી તે લખનારના ગુણદોષ પારખવાની આ કળાને જેમ ગુજરાતીમા હસ્તાક્ષરવિદ્યા કહે છે તેમ અંગ્રેજીમા તેને ' ગ્રાફોલોજિ ' કહે છે. ' ગ્રાફોલોજિ ' એ ગ્રીક ભાષાના બે મૂળ શબ્દોનો બનેલ શબ્દ છે. ' ગ્રાફો ' એટલે લખવુ અને ' લોગોસ ' એટલે સિદ્ધાંત કે શાસ્ત્ર. આ સબંધે એમ મનાય છે કે: આધુનિક હસ્તાક્ષરવિદ્યાનુ ઉદ્ભવસ્થાન ફ્રાન્સ છે ઉગ્ર કોટિના ફ્રેન્ચ ધર્મગુરુઓના એક અભ્યાસીમંડળે માનવ સ્વભાવ હસ્તાક્ષરમાં કઈ રીતે પ્રગટ થાય છે તે વિષય ઉપર વ્યવસ્થિત રીતે સંશોધન કર્યું. આબ્બિત રેડિનિયર, કેમ્પોજના આર્કેલિનરાય, એમેલી-સના બિશપ બોડીનેટ અને એબ્બી કુલે-ડ્રીન આ અભ્યાસીમંડળના સભ્ય હતા. કુલે-ડ્રીન આગળ જતાં હિમોલાપ્રિટ માર્કાન, જે આધુનિક હસ્તાક્ષર વિદ્યાનો પ્રથમ વિદ્વાન ગણાય છે તેનો ગુરુ બન્યો. હસ્તાક્ષર વિદ્યાનું અંગ્રેજી નામ ' ગ્રાફોલોજિ 'એ પણ માર્કાનને જ પ્રચલિત બનાવ્યું. તેણે હસ્તાક્ષરવિદ્યાના ક્ષેત્રમાં ચિરસ્મરણીય ફાળો આપ્યો. તેણે જે બધી નિશાનીઓ અને જેના ઉપરથી માનવ સ્વભાવને પારખવાના નિયમો ઘડ્યા તે આજે પણ સર્વમાન્ય છે અને અત્યંત આધારભૂત ગણાય છે. આ સંબંધે બીજું એક વિધાન એવુ પણ છે કે: આ વિદ્યાની ઉત્પત્તિ લખતાં પશ્ચિમવાસીઓ કહે છે કે, તે કળાનું મૂળ રોમમાં છે. સોટોનિયસ નામના એક રોમન ઇતિહાસકારે રોમના એક પાદશાહનું જીવનચરિત્ર લખ્યુ હતુ અને તેમાં તેણે પાદશાહના હસ્તાક્ષર ઉપરથી તેના કેટલાક ગુણદોષ એટલે કે લક્ષણનું વર્ણન કર્યું હતું વળી શેકસપીઅર, બાયરન, વોલ્ટર સ્કોટ, ધ્રાઉનિંગ અને અમેરિકન એડગર એલન પો વગેરે સુપ્રસિદ્ધ લેખકોએ પણ હસ્તાક્ષર ઉપરથી માણસની પ્રકૃતિ જાણવાના વિવિધ પ્રયાસો પ્રસંગોપાત કરેલ છે. આમ હોવા છતાં પણ આ વિદ્યા વિષે એમ કહેવાય છે કે: (૧) તે એવી કોઈ પુરાણી વિદ્યા નથી એટલે કે અગાઉના વખતમાં તે જાણવામાં આવી નહોતી, (૨) એ તો માત્ર કલ્પનામય જાણી એટલે કે તેની ઉપર કોઈ કસો યે આધાર રાખવું નહિ અને (૩) કોઈ કોઈ તો તેને માત્ર વહેમ જેવી વાત જ માનતું. આ ત્રણે માન્યતાઓ માટે જુદા જુદા કારણો પણ રજૂ કરતા હતા હસ્તાક્ષરવિદ્યાના સમર્થનમાં તેના નિષ્ણાતો લખે છે કે: હસ્તાક્ષરવિદ્યા એ કંઈ બિલકુલ નવી વિદ્યા છે. તે ઉપરનો પહેલો ગ્રંથ ઇ. સ ૧૮૭૫માં હિપ્પોક્રાર્ટિ માર્કાન નામના ફ્રેંચ લેખકે બહાર પાડેલો હતો. અર્વાચીન હસ્તાક્ષર વિજ્ઞાનનો તેને પિતા કહેવામાં આવે છે તે પછી તો આ વિદ્યા ઉપર ઘણા ગ્રંથો લખાયા છે; છતાં યે માનસશાસ્ત્રની અન્ય શાખાઓની જેમ આ વિદ્યાને હજી શાળાઓ, વિદ્યાપીઠો, સભાગૃહો અને વર્તમાનપત્રોમાં સ્થાન પ્રાપ્ત થયેલ નથી. પરિણામે આ વિષયના નિષ્ણાતો, સંશોધકો અને શિક્ષકોની સંખ્યા બહુ નાની છે હોલેન્ડ અને ઇંગ્લંડ કરતાં ફ્રાન્સ, જર્મની અને ઓસ્ટ્રિઆમાં આ વિદ્યામા રસ લેનારાઓ વિશેષ મળી આવે છે અલબત્ત સ્વીટઝર્લેંડમાં તે વિદ્યાના સંશોધકો સૌથી વધુ છે એટલુ જ નહિ, પણ ત્યાં તો સામાન્ય માણસો પણ હસ્તાક્ષરવિદ્યામાં સારો એવો રસ લે છે. આ વિદ્યાના થતા ગેરઉપયોગના સબંધમાં નિષ્ણાતો એમ કહે છે કે: હસ્તવિદ્યાનો ભવિષ્ય ભાખવાની વિદ્યા તરીકે જે ગેરઉપયોગ થઈ રહ્યો છે તે ધ્યાનમા યોગ્ય નથી; કેમકે હસ્તાક્ષર ઉપરથી ભવિષ્ય ભાખવું એ તો નર્યો વહેમ અને ભૂલાભર્યું છે. હસ્તાક્ષર ઉપરથી હસ્તરેખાની માફક ભૂત, વર્તમાન કે ભવિષ્ય ભાખી શકાય નહિ; પણ તેના ઉપરથી તો તે લખનારનાં વિવિધ લક્ષણો કે એ લેખકના ગુણદોષ જાણી શકાય છે. હસ્તાક્ષર ઉપરથી ચારિત્ર્ય જાણી શકાય કે નહિ એ બહુ જ વિવાદગ્રસ્ત પ્રશ્ન છે, અને તેની દલીલોના સમર્થનમાં કેટલાયે શાસ્ત્રોક્ત પુસ્તકો પણ લખાયેલાં છે. આર. સાદેકનુ ' હેન્ડ રાઇટિંગ અને કેરેક્ટર ' અર્થાત્ ' હસ્તાક્ષર અને ચારિત્ર્ય ' તેમ જ એચ. જે. જેન્સિનું ' એનેલિસિસ ઓફ હેન્ડરાઇટિંગ ' અર્થાત્ ' હસ્તાક્ષરનું પૃથક્કરણ ' એ આ દલીલોની વિરુદ્ધમાં અને તરફેણમા લખાયેલા અંગ્રેજી ભાષાના બે સુંદર ગ્રંથો છે. આ અંગેની ત્રણ દલીલો કે શંકાઓ અને તેના સમાધાનો કે નિરાકરણ નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. **પહેલી શંકા :** નિશાળમા અક્ષર લખવાની કોપીપુસ્તકો ઉપરથી સૌ શીખનાર માણસના હસ્તાક્ષર એક જ પદ્ધતિથી પાડવામા હોય છે એટલે વસ્તુતઃ જુદા જુદા હસ્તાક્ષરોમાં ખાસ લાક્ષણિકતા હોતી નથી. **સમાધાન :** આ દલીલ કેટલી વજૂદવાળી છે તે એક સાદા દાખલા ઉપરથી જ સ્પષ્ટ સમજાય તેમ છે. ' દ ' ' દી ' જેવો એક નાનો અક્ષર જુદા જુદા માણસો જુદી જુદી રીતે લખે છે. બીજા અક્ષરો સાથે તેને જોડે છે, તેમા કાપલીટી પણ અનોખી રીતે કરે છે ' દ ' ' દી 'ના વિવિધ કાપના ૧ થી ૨૬ નમૂના જોતા હસ્તાક્ષર પણ 'ભિન્નરુચિર્હિ લોકઃ' અર્થાત્ લોકોની ભિન્ન ભિન્ન પ્રકૃતિ પ્રમાણે તેના અક્ષરના વળાંક પણ ભિન્ન ભિન્ન હોય છે જેમકે, ' દી 'ના કાપ: નમૂના ૧મા માથાથી ઊંચે, નમૂના ૨માં માથા ઉપર, નમૂના ૩માં યોગ્ય ઊંચાઈએ, નમૂના ૪માં જરા નીચે નમૂના ૫માં કાપ જ નહિ, નમૂના ૬મા ઊંચે જતો કાપ, નમૂના ૭મા નીચેથી પડતો, નમૂના ૮માં છેડે પાતળો, નમૂના ૯માં છેડે જાડો, નમૂના ૧૦માં આકડિયા સાથે, નમૂના ૧૧મા વચ્ચે ગાંઠ સાથે, નમૂના ૧૨માં વચ્ચે ખાલી જગ્યા રાખી નીચાણ તરફ, નમૂના ૧૩મા ઉપર ખાલી જગ્યા, નમૂના ૧૪માં ડાબી બાજુ કાપ, નમૂના ૧૫ માં જમણી બાજુ કાપ, નમૂના ૧૫માં ત્રિકોણ સાથે ક્ષિતિજ સમાતર કાપ, નમૂના ૧૬મા ડાબી બાજુ ઉપર નીચે બ.ણી જગ્યા સાથે, નમૂના ૧૭માં બાણી જગ્યા નીચાણ તરફ ઢળતી અને કાપ જમણી તરફ ઢળતો, નમૂના ૧૮માં એકધારી નદિ એવી લીટીવાળો, નમૂના ૧૯માં જાણેલ ટાઇપ જેવો, નમૂના ૨૦માં ગાંઠ અને કાપ બંને સાથે, નમૂના ૨૧માં કાપ પછીના અક્ષર સ.થે અથવા પછીના ' આર્ક 'ના ભીંડા સ.થે જોડાયેલ, નમૂના ૨૨માં દી ઊંચો, નમૂના ૨૩માં કાપ પ છળ નમતો ઉપર કે ઊંચે, નમૂના ૨૪ માં દી નો કાપ બધા અક્ષર ઢાંકી દે છે, નમૂના ૨૪ બ માં કેટલાક શબ્દોને જોડે છે, નમૂના ૨૫ માં સળીતા અક્ષર જેવો અને નમૂના ૨૬ માં આખા અક્ષરને બદલે ખોડો જ કાપ. એક જ અક્ષર વચ્ચે આવો તફાવત માત્ર ' દ ' ' દી ' પૂરતો જ નહિ પરંતુ મૂળાક્ષરના બધા અક્ષરો વચ્ચે નજરે તફાવત પડે છે જેમકે, ' આર્ક ' ઉપર ભીંડુ મૂકવાની લખનાર તો શાળામા એક જ રીત શીખ્યો હોય છે, છતાંયે વ્યવહારમાં જુદા જુદા લખનાર ' આર્ક ' ઉપર વિવિધ રીતે ભીંડુ પોતપોતાની જુદી જુદી પ્રકૃતિ પ્રમાણે મૂકો રહ્યા છે. કોઈ ' આર્ક ' ઉપર અક્ષરની ભીંડુ મૂકે છે, તો કોઈ આગળ કે પાછળ મૂકે છે; તો વળી કોઈ કયાંયનું કયાંય ' આર્ક 'થી દૂર પણ મૂકીને પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે. ગુજરાતી અક્ષરોમાં પણ ઉપર જણાવ્યું તેમ હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર વગેરે એક સરખા રીતે કરવાનું શાળામાં શીખેલ માણસ વ્યવહારમાં પોતપોતાના સ્વભાવ-પ્રમાણે અનેક જુદી જુદી રીતે કલ્પનામાં

ન આવે એવી ભિન્ન ભિન્ન રીતે લખે છે એ હકીકત છે. હસ્તાક્ષર પારખુ એમ પણ કહે છે કે: જુદા જુદા હસ્તાક્ષરો વચ્ચેનો આવો તફાવત મૂળ અક્ષરો પૂરતો જ નથી; પણ તેના વળાંક, દિશા, એક અક્ષરની બીજા સાથે જોડવાની રીત, અક્ષરોનાં કદ, બે અક્ષરો વચ્ચેની જગ્યા વગેરેમાં પણ સ્પષ્ટ રીતે લખવાની ભિન્ન ભિન્ન પ્રકૃતિ પ્રમાણે જુદી જુદી રીતે વ્યક્ત થાય છે. સ્પષ્ટીકરણ કરતાં તેઓ લખે છે કે: (૧) એકસીજ અક્ષરો અને શબ્દોને જોડવાની એક સ્પષ્ટ પદ્ધતિ શાળામાં શીખનાર મનુષ્ય વ્યવહારમા એ અક્ષરો અને શબ્દો કોઈ ખાસ અંદરી પોતપોતાની રીતે લેડી રહેલ આપણે જંદાએ કીએ. (૨) અક્ષરોનાં કદ પણ સૌ કોઈ શાળામા શીખ્યા પ્રમાણે તે એકસરખાં કરતાં નથી; કોઈ નાના કદના, તો કોઈ મોટા કદના તો વળી કોઇ સમપ્રમાણ કદના અક્ષરો લખે છે અને તે જુદી જુદી ટેવ ઉપરથી પણ લખનારનો સ્વભાવ જુદો જુદો પારખી શકાય છે. (૩) શાળામાં શબ્દો અને લીટીઓ વચ્ચે અમુક અંતર રાખવાનું શીખેલ માણસ પોતપોતાના સ્વભાવ પ્રમાણે શબ્દો અને લીટીઓ વચ્ચે મનમાન્યું અંતર રાખીને પણ પોતાનો સ્વભાવ કે મનોવૃત્તિ અજ્ઞાતપણે જણાવી દે છે. (૪) શાળામાં એકધારી સમપ્રમાણ ઝડપે લખવાનું શીખેલ ઓછીવધતી ઝડપથી પ્રોતાનાં લખાણો કરીને પણ પોતાનો સ્વભાવ હસ્તાક્ષરપારખુને સ્પષ્ટ રીતે બતાવી દે છે. (૫) અક્ષરોના વળાંક અમુક એક જ રીતે રાખવાનું શીખ્યા છતાં માણસ વ્યવહારમાં સાવ સીધા, જમણા ત્રાંસા, ડાબા ત્રાંસા, ઓછા વધતા ત્રાંસા, સાવ વળેલા કે કૃત્રિમ દેખાય એવા વિચિત્રવિચિત્ર અક્ષરોના વળાંક કરીને પણ લખનાર પોતાનો સ્વભાવ કેવો છે તે પોતાના અક્ષરોના જુદા જુદા પ્રકારના વળાંક ઉપરથી ને સાફ જણાવી દે છે. (૬) એકધારા શબ્દો, વચ્ચે એકધારું અંતર, સીધી લીટી વગેરેથી ગાઠીને આખે વગરે એવું લખાણ લખવા શાળામાં ટેવાયેલ માણસ વ્યવહારમાં પોતાનું લખાણનું પાનું પોતપોતાના સ્વભાવ પ્રમાણે જુદી રીતે ચીતરી મૂકીને પણ પોતાનો સ્વભાવ હસ્તાક્ષરપારખુને ખુલ્લો પાડી દે છે **બીજી રીતઃ** એકના એક જ દિવસમાં જેમ જેમ માણસનાં સ્વભાવ અને મનોવૃત્તિઓ બદલાતા જાય છે તેમ તેના હસ્તાક્ષર પણ ફરતા જાય છે. આવી જાતના ઘડીએ ઘડીએ બદલાતા આપકંતથી માણસનુ મૂળ ચારિત્ર કેવી રીતે જાણી શકાય ? **સમાધાનઃ** જુદા જુદા લખાણમાં જે કાંઈ તફાવત માલૂમ પડે છે તે વસ્તુતઃ નામનો જ હોય છે લેખનના મૂળભૂત લક્ષણો તો હમેશ એકસરખાં જ રહે છે; પરંતુ જ્યારે માણસના ચારિત્ર્યમાં કોઈ મોટો ફેરફાર થાય છે ત્યારે તેના હસ્તાક્ષરમા પણ સ્પષ્ટ તફાવત પડી જાય છે એ વાત તો સત્ય છે. હિપ્નોટિઝમ યાને વશીકરણની અસર નીચેના માણસનો દાખલો આ વાત સાબિત કરે છે. પોતાને સમ્રાટ માની કઈ લખવાનું તેને ફરમાવવામાં આવશે તો સમ્રાટના જેવા લખકાયી અને છટાથી જ તે લખશે; અને બાળકની જેમ લખવાનું તેને કહેવામાં આવશે તો એક અણઘડ બાળકની જેમ જાણે કે તે માંડ માંડ લખતો હોય તેમ તે લખશે. m, n નાના, l, k, h મધ્યમ અને f મોટા અક્ષરોની લંબાઈમાં તફાવત. એ વચ્ચેની જગ્યાના ત્રણ વિભાગ કલ્પેલા છે. m, n જેવા નાના અક્ષરો મધ્યમ વિભાગને આવરે છે; l, g, h જેવા મધ્યમ કદના અક્ષરો એ વિભાગમાં સમાય છે અને f જેવા ઊંચા અક્ષરો ત્રણે વિભાગને આવરે છે. આ ત્રણે વિભાગોમાં પણ અક્ષરોની સપ્રમાણતા જુદી જુદી હોય છે. નમૂના ૩–૧૧, ૩૪, ૫૦, ૬૯, ૧૨૧. **૨. સામાન્ય સોપવણ:** પાના ઉપર લખાણની રચના, હાંસિયાનો પ્રકાર–પહોળો, દૂરો, સિધ્ધ અથવા અદલાતો વગેરેનો આમાં સમાવેશ થાય છે. **૩. લીટીઓની દિશા:** ઊંચે જતી નમૂના ૩૦,૬૪ નીચે જતી નમૂનો ૩૩, કમાનની જેમ ફાગવાળી નમૂનો ૩૨, ઊંધી કમાનની જેવા વળાંકની નમૂનો ૩૫. **૪. જોડાણનું પ્રમાણ:** એકી સાથે સંકલિત લખાણ નમૂના ૮ ૧૨,૧૬ અસકલિત લખાણ નમૂનો ૩૪. એક જ શબ્દમાં ચાર આઠના ગાળ અક્ષરો ઓછામાં ઓછા જ્યારે જોડેલા હોય ત્યારે તેવા લખાણને સંકલિત લખાણ કહેવાય છે, 'ટી'ને કાપવાને અથવા 'આઈ' ઉપર ટપકુ કરવા જો લેખક લેખનભંગ કરે છે તો તે બહુ ધ્યાનમાં લેવા જેવુ નથી નમૂના ૪૩થી૬૦ **૫. ઊર્ધ્વગામી અને અધોગામી અર્થાત્ ઉપરની** બાજુએ અને નીચેની બાજુએ દોરતા કાપના જોડાણના પ્રકારઃ કોપીબુકના અનુસારે લખાણ નમૂના ૬,૧૦૯ ખૂણાના આકાર પ્રમાણે નમૂના ૩૮, ૧૨૧ મથાળા ઉપર વેલની જેમ વળેલ નમૂના ૧૬, ૬૬ તળીએ માળાની જેમ વળેલ નમૂના ૮, ૪૦ મથાળા ઉપર તેમ જ નીચેની બાજુએ બંને તરફ સમુદ્રનાં મોજાંની માફક વળાંક લેતા નમૂના ૨૫, ૩૪ દોરાની માફક ધીમે ધીમે પાતળા પડતા નમૂના ૪૪,૪૫ ઉપર વર્ણવેલા દરેક જોડાણના પ્રકાર એક ભિન્ન પ્રકારમાં સમાયી શકાય તેમાં બીજો અક્ષર શરૂ કરતાં પહેલાં લેખક આગળના અક્ષરને નીચેથી તેના મધ્યભાગ સુધી ચડતી લીટી દ્વારા બીજા અક્ષર સાથે જોડે છે. **૬ નિયમિત લખાણની અવ્યવસ્થા** નાના અક્ષરો કદ, લખાણનો વળાંક અને અક્ષરોની નીચેની બાજુ તરફનું પરસ્પર અંતર એકધારું હોય ત્યારે તે લખાણને નિયમિત લખાણ કહી શકાય આ પ્રમાણે ન હોય તે અનિયમિત લખાણ નમૂનો ૪૬ **૭. એકધારું લખાણ:** નિયમિત કે અનિયમિત કોઈ પણ પ્રકારના લખાણમા આદિથી અંત સુધી લખાણની ઢબમા ફેરફાર થતો ન હોય તેવા પ્રકારને એકધારુ લખાણ કહેવાય છે, નમૂના ૪૬,૭. જો લખાણની ઢબમા ફેરફાર થાય તો તે લખાણ એકધારું ન કહેવાય. **૮ અરોકી વધતી પહોળાઈનું લખાણ:** પહોળુ લખાણ નમૂનો ૫, સાકડુ લખાણ નમૂનો ૩૧. લેખકના l, m, n વગેરે નાના અક્ષરોની ઊંચાઈ અનુસાર જો બે નીચે દળતા શબ્દોનું અંતર હોય તો તેને સમપ્રમાણ પહોળાઈનુ લખાણ કહી શકાય. **૯. લખાણની ગતિ:** ઝડપી લખાણ નમૂનો ૧, ધીમુ લખાણ નમૂનો ૫૨. લખાણની ગતિ અને વિશિષ્ટતાઓ ઉપરથી માપી શકાય છે અને આ બાબતનુ શ્રી સાદેકે વિસ્તૃત અભ્યાસપૂર્ણ સશોધન કરેલ છે. ઝડપી લખાણની વિશિષ્ટતાઓ એ છે કે, તેમાં અક્ષર ઉપરનાં ચિહ્ન, જેવાં કે i ઉપરનુ બિંદુ કે t ની કાપરેખા–અક્ષરની ઉપર કે અંદરથી શરૂ થવાને બદલે જમણી બાજુએ જ આવી જાય છે. તેમાં લખાણનો ઢાળ જમણી બાજુએ વધેલ હોય છે અને શબ્દના અંત કાપ કે ચિહ્નો પણ જમણી બાજુ તરફ ખેચાયેલ હોય છે. **૧૦. અક્ષરોનું કદ:** ઉપર પ્રમાણે જ જ્યારે અક્ષરોનું કદ હોય ત્યારે તેને સામાન્ય રૂપ અક્ષરો કહી શકાય. સુસગતતા અને પ્રતિકૃતિના વિના તેના કદમાં ફેરફાર હોય ત્યારે તેને મોટા કે મિશ્રરૂપ અક્ષર કહ્યા શકાય. નમૂનો ૪૧. જ્યારે તેમાથી અગત્યનાં ચિહ્નો ઉડાડી દેવામાં આવ્યાં હોય ત્યારે તે લખાણના વાચનમા પણ દુર્બોધતા આવે છે પણ પડતા વળાંકથી મૂળ અક્ષર કઢાર્ત જાય એ પણ લેખનશૈલીનો એક પ્રકાર છે. નમૂનો. ૩૭. **૧૧ લખાણમાં રોકાતી જગ્યા:** જ્યારે લખાણમાં રોકાતી જગ્યા પ્રમાણમાં વધુ પડતી હોય ત્યારે તેને ભર્યું અથવા અક્ષર લખાણ કહેવાય છે. આવુ લખાણ વધુ પડતા વળાંકને લીધે પ્રમાણમા વધુ જગ્યા રોકે છે નમૂનો ૪૧. આમ લખાણમા રોકાયેલી જગ્યા લખાણના પ્રમાણમાં ઓછી હોય છે **૧૨ અક્ષરોના અરોકઃ** અક્ષરોમાં ઉપરના ચિહ્ન પાનજાં અને

નીચેનાં ચિહ્ન જાડાં હોય તેનો મરોડ સ્પષ્ટ કહેવાય. કોઈક વાર અક્ષરના વળાંક કે ચિહ્નો સ્પષ્ટ અને પાતળા હોવાને બદલે લખનાર જલ્દી કે પીંછીથી લખતો હોય તેવાં ધાટા હોય છે. અક્ષરો લખતી વખતે દબાણ કે જોર પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. કયા રેક અક્ષરો તેની નીચેના ભાગ ઉપર વધારે દબાણ આપી લખવામાં આવે છે અને કયારેક કોપીબુકના લખાણની જેમ અક્ષરોના ઉપરના ભાગ લખતી વખતે જરાપણ દબાણ રાખવામાં આવતું નથી. અક્ષરોના મરોડ તપાસતી વખતે કઈ જાતની કલમ વાપરવામાં આવી છે તે પણ લક્ષમાં રાખવું જોઈએ. અત્યારની ફાઉન્ટન પેનથી લખવાની પદ્ધતિ અનુસાર અક્ષરો જાડા બનતા જાય છે. ઝીણા પાતળા અક્ષરો તે વતી લખવાનું મુશ્કેલ છે.

૧૩. લખાણની લીટીનો વળાંક: તે ત્રણ પ્રકારનો હોય છે: ઉપરની બાજુ તરફ ઢળતો નમૂના ૧૨, ૨૩, ૪૧, ૪૩ જમણી બાજુ તરફ ઢળતો, નમૂના ૧૪, ૨૦, ૩૩, ૩૭, તેમજ ડાબી બાજુ તરફ ઢળતા નમૂના ૮, ૩૨. લખાણની લીટીનો વળાંક અક્ષરો નીચેના ભાગનો બનેલો હોય છે. દરેક અક્ષરની નીચ કાલ્પનિક આડી રેખાને પરિણામે પણ લખાણની લીટીમા વળાંક આવી જાય છે. **૧૪. જમણી કે ડાબી બાજુએ લખવાનું વલણ:** આ પ્રમાણેની વૃત્તિ ડાબી બાજુ તરફ ઢળતાં લખાણને લીધે જ થાય છે તેવું કઈ નથી. અક્ષરના અંતના વળાંક કે ઉપરના વળાંક ડાબી બાજુ તરફ પાછા જતા હોય ત્યારે પણ તેના કારણરૂપ આવી વૃત્તિ જ રહેલી હોય છે, નમૂના ૧૬, ૧૭

૧૫. લીટીઓ કે અક્ષરો વચ્ચેની જગ્યા: આ જગ્યા કયારેક પ્રમાણસર અને સ્પષ્ટ હોય છે, તો કયારેક વધારે પડતી હોય છે; અને કોઈવાર નથી પણ હોતી. જ્યારે જરાપણ જગ્યા નથી હોતી ત્યારે એક જ લીટીમાં શબ્દો જોડી દેવામાં આવે છે, અથવા તો લખાણની બે લીટીઓ એકબીજાને પરસ્પર અડી જાય છે કે એકબીજામાં મળી જાય છે. **૧૬. લખતી વખતે તેની પાછળ ધ્યાન અને કાળજીનું પ્રમાણ:** આ બાબતમાં નિર્ણય કરવા માટે આપણે શબ્દો કે લીટીઓના આદિ કે અંતનું અવલોકન કરવું જોઈએ. આ બાબતમાં સરનામાનું લખાણ, સહીનો નમૂનો અને સામાન્ય લખાણના તફાવતને લક્ષમાં લેવાની જરૂર છે. **ત્રીજી રીત:** હસ્તાક્ષરનાં લખાણ ડાબેથી જમણી જ જાય છે. એટલે હસ્તાક્ષરમાં જે વિવિધતા દેખાય છે તે ઉપરથી જુદા જુદા લખનારની ઢબ ચતુરાઈ, તેની લખવાની ટેવ કે તેની અણઆવડત જાણી શકાય; પરંતુ તે ઉપરથી લખનારના ચારિત્ર્ય અંગે કોઈ ખ્યાલ બાંધી ન શકાય. **સમાધાન:** હિપ્નોટિઝમ અને વશીકરણના અંગોમાં જણાવેલ પ્રયોગ ઉપરથી આનો રહિયો આપો મળી રહે છે. હિપ્નોટિઝમ અસર નીચે આવેલ મનુષ્યના હસ્તાક્ષરના ફેરફારનું મૂળભૂત કારણ લખનારની માનસિક સ્થિતિમાં આ ફેર છે તે જ હોય અને આ ફેરફારનું ઉદ્ભવસ્થાન તેનું મન અને લાગણી હોય છે. તેની અસર હસ્તાક્ષર ઉપર સીધી પડે છે હાથના હલનચલનને આ સાથે જરાયે સંબંધ નથી. ખીજા એવા પ્રયોગોએ એમ પણ પુરવાર કરેલ છે કે, લખાણની સામાન્ય વિશિષ્ટતાઓ માણસ ગમે તે સાધનથી લખે તો પણ એક જ જાતની રહે છે. માણસ પોતાના હાથથી લખે કે પગથી લખે, મોઢાથી લખે કે છરીના છેડાથી લખે અથવા આકાશમા ધુમાડાથી લખે તો પણ લખાણ એક જ પ્રકારનું રહે છે. લખવાની આ રીતના જુદા જુદા પ્રકાર અનુસાર લખાતા શબ્દોમાં લખવાનાં સાધન અનુસાર અમુક અંશે ફેરફાર તો હોય છે જ; છતા પણ કેળવાયેલી દૃષ્ટિએ આવો ફેરફાર હોવા છતાં લેખકની લાક્ષણિક વિશિષ્ટતાઓ સ્પષ્ટ રૂપે જણાઈ આવે છે અને તેની નજરે તેમાં કોઈ ખાસ તફાવત જણાતો નથી. જર્મનીમાં એક રસદાયક કિસ્સો લાંબી કોર્ટમાં લગભગ વીસેક વર્ષ પહેલા બની ગયેલો. એક ખેડૂતને તેના પાડોશી સાથે અણબનાવ થયો. એટલે તેને ચીડવવા ખાતર અપરાધીના આદારે તેના પાડોશીની જમીન ઉપર તેણે બી વાવ્યાં. તે બી મોડા વખત પછી ઊગ્યાં અને તેના છોડવા અક્ષરોમાંથી બનેલો આકાર બી વાવનાર ખેડૂતના હસ્તાક્ષરને તદ્દન મળતો હતો. કોર્ટમાં અક્ષરોના આકારનો આ પુરાવો રજૂ કરવામાં આવ્યો અને બી વાવનાર ખેડૂતને કરેલ ગુનાની સાબિતીના પુરાવા તરીકે કોર્ટે તે પુરાવો મજુર રાખી તેને સજા કરી હસ્તાક્ષર એ મગજની કાબી બાજુએ રહેલ યાંત્રિક કરામતને આંગે હાથની હિલચાલનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. આને લીધે હસ્તાક્ષરવિદ્યા વિશારદનું પહેલું કામ એ લખાણ માટેની સવોત્તિક અને વૈધાનિક પૂર્વ અનુકૂળતાઓ તપાસવાનું છે ત્યારપછીનું તેનું બીજું કામ એ લખાણ લખાતી વખતે થતી હિલચાલનું સ્મરણ કરવાનું હોય છે. તેનું છેલ્લું કામ એ લખાણ ઉપરથી અંકિત થતા લેખકના વ્યક્તિત્વ ઉપર વિચારણા કરવાનું હોય છે. લખાણ એ તેના લેખકની બુદ્ધિ, સ્મરણશક્તિ, સંસ્કાર, ચતુર્ય, બળ, ઓજસ, પ્રતિભા અને વિવેકશક્તિના પરિપાકનું ફળ છે એક એવુ વિધાન પણ છે કે: કયારેક લેખક લખતી વખતે પોતાને અણગમતા લખવામાં મુશ્કેલ લાગતા કે બિનજરૂરી લાગતા અક્ષરના ભાગોને કાપી નાખે છે અને એ જ રીતે પોતાને ગમતા, સહેલાઈથી લખી શકાતા કે અસલના અક્ષરના ભાગોને ઉમેરી પણ દે છે આ રીતે જોતાં હસ્તાક્ષર એ લખનારના ભાવ, અભાવ, રુચિ કે અરુચિ અને તેની લાક્ષણિકતાનુ પ્રતિબિંબ બની રહે છે સરકૃત અને ગુજરાતી સાહિત્યમા જો કે આ વિષય હસ્તાક્ષર લખવાનુ કોઈ પ્રમાણભૂત સાહિત્ય પ્રાપ્ત થયું નથી; પણ ચિંતારીકૃત 'આર્યાવર્ત ચમત્કાર'માં પ્રારંભ વિષે લખવામા આવ્યું છે કે: " ચિંતારી હસ્તાક્ષર પારખવામા નિષ્ણાત હતા. ન્યાયની અદાલતોમાં એમને હસ્તાક્ષરના નિષ્ણાત તરીકે અવારનવાર જુબાની આપવા જવાનું થતું જુબાની પછી ન્યાયાધીશો અને વકીલો અક્ષર પારખવાના અને તે ઉપરથી તે લખનારનાં લક્ષણો જાણવાના એમની પાસે પ્રયોગો કરાવતા. બનાવટી અક્ષરો લખીને છેતરપિંડી કરનાર તરત જ પકડાઈ જતા હતા. અક્ષર ઉપરથી તે લખનારને જોયા જાણ્યા કે ઓળખ્યા પારખ્યા વિના તે માણસ કેવો છે, તેનામાં શું ગુણદોષ છે, તેનું ચારિત્ર્ય કેવા પ્રકારનું છે, તે સર્વ તે પારખી કાઢતા. માણસનો સ્વભાવ પારખવાનું તેના અક્ષર પણ એક અસલનું સાધન છે એમ તેઓ કારણો આપીને સૌને સમજાવતા. પોતાના પરિચયમાં આવેલ સેંકડો સ્નેહીઓ, સંબંધીઓ અને શિષ્યો તેમજ શિક્ષકોના અક્ષરનો એમણે એક મોટો સમૂહ કર્યો છે. સમય જાહેરના વિવિધ પ્રકારની વ્યક્તિઓના અક્ષરોના ભિન્ન ભિન્ન વળાંક ઉપરથી તે તે લખનાર વ્યક્તિનાં લક્ષણ કેવા હોવા જોઈએ તે કારણો આપીને 'અક્ષર પારખ' નામનું એક પુસ્તક તૈયાર કરવાની એમની ઘણાં વર્ષની તૈયારી હતી. એ ગ્રંથ પ્રસિદ્ધ થયો હોત તો ગુજરાતી સાહિત્યમાં એક મૌલિક વધારો થાત. તેઓ કહેતા કે: 'અક્ષર સ્વભાવસિદ્ધ છે- સ્વભાવ છે- વર્તન છે- ચારિત્ર્ય છે. અવલોકન કરો, નિરીક્ષણ કરો, અક્ષર તે જ મનુષ્ય છે- જેવા અક્ષર તેવા જ મનુષ્ય'. આ બધી હકીકત જેના આધારે આપેલ છે તે પુસ્તકના મૂળ લેખક શ્રી જોસેફ સિંગર 'ગ્રાફોલોજિ ફોર એવરી મેન'ના પ્રારંભમાં જ સ્પષ્ટ રીતે લખે છે કે:— કોઈપણ મનુષ્યના હસ્તાક્ષરની સહી એ તેના જીવનની અંગત વ્યક્તિગત વિશિષ્ટતા છે. નાણાની પહોંચ આપવી, દસ્તાવેજ કરવો

કે કોર્ટમાં સોગનનામું કરવાનું હોય એવાં જીવનના વિવિધ કાર્યોમાં સહી બહુ જ અગત્યની છે. સામાજિક જીવનમાં પણ સહીની ઉપયોગિતા સ્વીકારાયેલી છે; કારણ કે અન્ય કોઈ માણસના નામની ખોટી સહી કરવી એ દરેક દેશના કાયદા અનુસાર સખત શિક્ષાને પાત્ર છે. આપણા મિત્રોના અને સગાવહાલાના હસ્તાક્ષર તથા સહી પહેલી નજરે જ આપણે ઓળખી જઈએ છીએ. તેમની વચ્ચેનો તફાવત પણ આપણે સહેજે પારખી શકીએ છીએ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, હસ્તાક્ષરનો મનુષ્યના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ સાથે નિકટ સંબંધ છે. સહીના અક્ષરો ઓળખીને જ લાખો રૂપિયાના ચેકો અને અતિ શાકીય જેવી વીસમી સદીમાં પણ ચૂકવવામાં આવે છે. તાત્પર્ય કે હસ્તાક્ષરો કરેલી સહી ઉપરથી જેમ તે લખનાર માણસને હાજરાહજૂર ઓળખી માની લાખો રૂપિયાની હુંડી સ્વીકારવામાં આવે છે, તેમ તેના હસ્તાક્ષર ઉપરથી તે માણસના ગુણદોષ પારખવાની કળા પણ માનસશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર બાદ તેનો ઉપયોગ કર્યાથી જ ક્રમશઃ હસ્તગત થઈ શકે છે. સ્પર્શન, પ્રત્યક્ષ દર્શન અને અનુભવ એ ત્રણેયની આ શાસ્ત્રના અભ્યાસમાં સરખી રીતે જરૂર છે. એ ઉપરાંત જોયેલા હસ્તાક્ષરને યાદ રાખવાની કે તેમાં ત્રીજીવાર કરેલી રીતે જોવાની શક્તિ પણ હોવી જોઈએ. હસ્તાક્ષર તપાસવામાં રસ, આંતરદૃષ્ટિ, માનસસ્વભાવનું જ્ઞાન અને પ્રયત્નસ્મરણ તેમજ સમીક્ષણ કરી શકવાની માનસિક શક્તિ એ ત્રણ આ શાસ્ત્રના અભ્યાસનું આવશ્યક અંગ છે. જો ફક્ત પુસ્તકો વાંચીને જ આ વિષયનો અભ્યાસ થાય તો તે પુસ્તકમાં દર્શાવેલ અમુક ચિહ્નો પૂરતો જ તે અભ્યાસ મર્યાદિત રહે છે અને તે ઘણુ ગરબડને કારણ બને છે; કારણ કે દરેક લેખનપ્રકારને તેના અનેક અપવાદો હોય છે અને આ બધું સમગ્ર રીતે લક્ષ તટસ્થતાથી જોઈ શકાય તો જ લખનારના ચારિત્ર્યનું અરે સ્વરૂપ સમગ્રતઃ આ વિષયના ખાસ નિષ્ણાત હસ્તાક્ષરપારખુને એક ખાસ ચેતવણી ફરીફરીને આપે છે કે: 'હસ્તાક્ષરની કોઈ પણ એક સામાન્ય પદ્ધતિ અથવા તો કોઈ એક સત્તા ઉપરથી મનુષ્યના ચારિત્ર્યના ગુણ કે અવગુણનું માપ ન નીકળી શકે. દરેક લખાણ પદ્ધતિના અનેક અર્થો હોય છે. એટલે કોઈ પણ નિશ્ચિત અભિપ્રાય બાંધતા પહેલા એક લખાણની લખાણપદ્ધતિને તેના જેવી બીજી પદ્ધતિઓ સાથે સરખાવવી જોઈએ. માનવચારિત્ર્ય અને તેના પ્રતિબિંબરૂપ હસ્તાક્ષર એ બંને ગૂંચવાડાની રમતનાં બાળકો છે. બાળક એકસો એક જ હોય છે; પરંતુ દરેક વખતે રમતની અંદર તે વહેંચાયા પછી રમનારના હાથમાંની બાજી જુદી જુદી હોય છે એટલે દરેક રમત તે દરમિયાનનાં પાનાં ઉપર અવલંબે છે. હસ્તાક્ષરની વિવિધ સત્તાઓનું આલોચન કરતાં જુદા જુદા અંગ્રેજી, ગુજરાતી હસ્તાક્ષરપારખુ જે કંઈ સામાન્ય તારવણી કરી ગયા છે તેના સાર રૂપે કહીએ તોઃ નમૂના ૭૧ મુજબ મોટા માપના લખાણ લેખકને પોતાને માટે જગા જોઈતી હોવાની વૃત્તિમાંથી જન્મે છે અને નાનાં લખાણ લેખકોને પોતાને જોઈતી જગ્યા મળી હોય તેનાથી સંતોષ માનવાની વૃત્તિના સૂચકરૂપે હોય છે. અર્થાત્ મોટા કદનું લખાણ આત્મલક્ષીપણું, મહત્ત્વાકાંક્ષા, આત્મવિશ્વાસ, નેતા થવાની અને પ્રખ્યાત થવાની વૃત્તિ, ઉત્સાહ તે ઉદારતા તેમજ પરલક્ષીપણાનો અભાવ, વિવેકજ્ઞતા, નમ્રતા અને કૌશલ્યનો અભાવ, વાસ્તવિકતા પ્રત્યેની ઉદાસીનતા, ચોકસાઈનો અભાવ અને ઢીલાપણું પણ વ્યક્ત કરે છે. નાના કદના અક્ષરો આત્મવિશ્વાસનો અભાવ, લઘુતાગ્રંથી, લઘુ ઉદાસીનવૃત્તિ અને આજ્ઞાંકિતપણું દર્શાવે છે. તેની સાથોસાથ તે વાસ્તવિકતાનું ભાન, અવલોકનશક્તિ, ચોકસાઈ, વિષયસતીવતા તેમજ શારીરિક અથવા માનસિક ટૂંકી દૃષ્ટિ, અસહિષ્ણુતા અને ગમગીનપણું પણ સૂચવે છે. લખાણના કદને તેના લેખકની ઊંચાઈ સાથે જરા પણ સંબંધ નથી. કદાવર અને પડછંદ દેખાતા મનુષ્યો પણ કમારેક બહુ જ ટૂંકા કદમાં લખે છે; જ્યારે ઠીંગણા મનુષ્યો મોટા કદમાં લખે છે. નમૂનો ૮ પડછંદ મનુષ્યના અક્ષરનો છે, જ્યારે નમૂનો ૧૪ જ એક ઠીંગણા મનુષ્યના અક્ષરનો છે. હસ્તાક્ષરવિદ્યામાં લખાણના માપ ઉપરાંત અક્ષરોનું માપ પણ જાણવું જરૂરનું છે. જો અક્ષરની મધ્યસ્થ લંબાઈ સામાન્ય કરતાં વિશેષ હોય તો પ્રમાણમાં અક્ષરનું માપ મોટું ગણાય, નમૂનો ૩૧, અને જો મધ્યસ્થ લંબાઈ સામાન્ય કરતાં ઓછી હોય તો અક્ષરનું માપ નાનું ગણાય નમૂના ૪૧, ૩૬, ૧૧૮ મુજબ મોટા માપના લખાણ આત્મવિશ્વાસ, પોતાની જાત માટેનો બહુ ઊંચો અભિપ્રાય અને કમારેક અક્કડપણું તથા ઉદ્ધતાઈ દર્શાવે છે. નમૂના ૭૩ મુજબ સામાન્યતઃ મોટા પરંતુ પ્રમાણમાં નાના હસ્તાક્ષર ઘણુ ખરી મહત્ત્વાકાંક્ષાઓનું સૂચન કરે છે અને પ્રસિદ્ધિ માટેની લાલસા દર્શાવે છે. અક્ષરોના ઉપરના અને નીચેના ભાગને જોતે મધ્યભાગ વિશેષ વિસ્તાર દર્શાવે છે કે, જીવન વિચારશીલ, ભાવોદ્ગારિક, ભક્ત અને તરંગી છે અને મહત્તા પ્રાપ્ત કરવી એ લખનારના જીવનનું પરમ ધ્યેય છે આવી આવી અનેક બાબતો હસ્તાક્ષર ઉપરથી પારખી શકાય છે; પણ તેમ કરતાં પહેલાં તે વિદ્યામાં સંપૂર્ણ પારંગત તો થવું જ જોઈએ. હસ્તાક્ષર ઉપરથી લખનારના ગુણદોષ પારખવા કે લક્ષણો જોવાના ચોકકસ કોઈ નિયમો નથી. કેમકે નિષ્ણાતો કહે છે તેમ કોઈ એક ચોક્કસ વળાંકના અક્ષરો ઉપરથી કોઈ ચોક્કસ જાતના નિર્ણયો કાઢી શકાતા નથી કોઈ કોઈ કિસ્સામાં તો તેનું પરિણામ ગાંડ ઊલટું પણ આવે છે. છતાં જે નિષ્ણાતોની તારવણી ઉપરથી કેટલાક નિર્ણયો જાણવા જેવા છે: (૧) જે કોઈને ઊંચા જતા સાવ સીધા અક્ષર લખવાની ટેવ હોય તે સામાન્ય રીતે આજ્ઞાંકી હોવો જોઈએ, તેની તુલનાત્મક શક્તિ પણ બહુ સારી હોવી જોઈએ. (૨) મોટા અક્ષર લખવાની ટેવવાળો માણસ મહાન હોય; પણ આ તારવણીની સાથોસાથ નિષ્ણાત એમ પણ લખે છે કે: મોટો પણ હોય, હલકી હોય અને તે કંઈ પણ વિચારણા કરી શકે એવો ન હોય. (૩) ઝડપથી લખવાની ટેવવાળો શક્તિસંપન્ન અને સ્વાભાવિક પણ હોય. (૪) શબ્દો અને લીટીઓ વચ્ચે એકધારી સારી જગ્યા રાખનાર માણસ બુદ્ધિશાળી હોય. (૫) અક્ષરોના વળાંક કોઈ નવી રીતે કરનાર મૌલિકતાવાળો હોય એટલે કે એ કોઈ અવનવી સર્જકશક્તિ ધરાવતો હોય (૬) બહારે પડતા નાના અક્ષર લખવાની ટેવવાળો અથવા બહુ ઝડપથી કે ઢગલાબંધ ઢગલી રીતે લખવાની ટેવવાળો કે વચ્ચે વચ્ચે તૂટતા જતા અક્ષરવાળો માણસ નબાબો હોય (૭) ગુજરાતી નમૂના મુજબ એકધારા ઊકેલીને આપે વળાંકે એવા સ્પષ્ટ અક્ષર લખનાર આત્મબળવાળો હોય એટલે કે તેની ઇચ્છાશક્તિ બહુ જ પ્રબળ હોય. (૮) ગુજરાતી નમૂના મુજબ ' ઝડપથી લખવા છતાં શબ્દો અને અક્ષર જેના અખંડિત અને એકધારા હોય, વચ્ચે વચ્ચે એકધારી જગ્યા રહેતી હોય, હાંસિયા વગેરેમાં પણ હદબહાર જેનાથી કદી પણ ન લખાઈ જતું હોય, કમારેક કમારેક અક્ષરોના વળાંક પણ માલિક થઈ જતા હોય, શબ્દોને, ઢેડા દૂર હોય, અક્ષરો મોતીના દાણા જેવા હોય તે ઊંચી કેળવણી અને સારા સંસ્કારનાં લક્ષણો સૂચવે છે (૯) ગુજરાતી નમૂના મુજબ જેના અક્ષરોના વળાંક જમણી બાજુ નમેલા હોય તે સહકારી હોય અને કમારેક કમારેક તે ઉદાસ પણ જણાય પડે (૧૦) ગુજરાતીના નમૂના મુજબ ડાબી બાજુ ઢળતા અક્ષરો લખનારો માણસ પ્રામાણિક હોવા સાથે કમારેક મનનો કેળો પણ હોય. (૧૧) અંગ્રેજીમાં કેપિટલ એટલે કે વાકય માટેનો પહેલો અક્ષર

કે જે લખવામાં મોટો કરવાનો હોય છે તે જેનો નાનો નાનો થતો જતો હોય તે મગરૂર હોય છે. (૧૨) ગુજરાતીના નમૂના મુજબ શબ્દોનો છેલ્લો અક્ષર પાસેના શબ્દના અક્ષર સાથે જોડીને લખવાની જેને ટેવ હોય અને અક્ષર ઉપરના માત્રા કે અનુસ્વાર લખીને પછી તેને પાછીના અક્ષર સાથે જોડી દેવાની જેને ટેવ હોય છે એટલે કે જે લખવામાં સળંગસૂત્રી હોય છે તે મુત્સદ્દી હોય છે અને તે જ ટેવવાળો કયારેક કયારેક દગો અને ઠોંગી પણ નીવડે છે (૧૩) ગુજરાતીના નમૂના મુજબ " ક...ક...ક...ક ..." જેવા અક્ષરો લખતી વખતે અક્ષરોના ઉપલા અને નીચલા વળાક એક સરખા કરે છે તે પોતાનું કામ પ્રારંભમાં અને અંતમાં એક સરખી રીતે કરનાર સમધારણ શક્તિવાળો હોય છે. જે કોઈ ઉપલા વળાક મોટા કરે છે અને નીચલા વળાક નાના કરે છે તે આરંભશૂરો હોય છે જે કોઈ ઉપલા વળાક નાના અને નીચલા વળાક મોટા કરે છે તે શરૂઆતમાં થોડું કામ કરીને પછી બહુ કામ કરવાની ટેવવાળો હોય છે. (૧૪) અંગ્રેજીમાં b, d, h, c, t કે જે અક્ષરો ઉપર જતા હોય છે તે વધારે પડતા ઉપર લખવાની ટેવવાળો માણસ બુદ્ધિશાળી, ધાર્મિકવૃત્તિવાળો, સત્કારી, બહુલક્ષી અને આદર્શવાદી હોય છે; તેમ જ તે ઠોંગાર્ધ ગણેલ જેવા હોય છે અને મક્કમ, નિરંકુશવૃત્તિવાળો એટલે કે સ્વચ્છંદી અને કલ્પનાના થોડા દોડાવનાર એટલે તરંગી પણ હોઈ શકે. (૧૫) અંગ્રેજીમાં f, g, j, p, q, y, z કે જે અક્ષર નીચે જતા હોય છે તે વધારે પડતા નીચે લખવાની ટેવવાળો માણસ દૃઢનિશ્ચયી, આદર્શ વ્યવસ્થાપક અને પોતાના કામનો પાયો દૃઢતાથી નાખે એવો મક્કમ હોય છે; પણ તે ઝઘડાળો, ઉચ્છૃંખલ અને વિષયી કે લંપટ પણ હોઈ શકે. (૧૬) જે માણસના લખાણમાં એક પછી બીજી લીટીઓ એક સીધી લીટીમાં નહિ લખાતા ગુજરાતી નમૂના મુજબ નીચે તરફ ઊતરતી જતી લીટી લખનારો હોય, અક્ષરો પણ ઘૂંજતા ઘૂંજતા કેમ જાણે લખ્યા હોય તેવા ભાસતા હોય અને વચ્ચે વચ્ચે શબ્દો પણ ઊડી જતા હોય તે માણસ કેમ જાણે કંટાસ થઈ ને મરવાની અણીએ જીવતો હોય તેમ લાગે છે. (૧૭) અક્ષરોના મધ્યભાગના કદ અંતના ચડતી ક્રમે મનુષ્યના વિચારશીલ, વ્યાવહારિક અથવા તરંગી માનસને વ્યક્ત કરે છે (૧૮) અક્ષરોના નીચેના ભાગનાં કદ ઝાડનાં મૂળની માફક અજ્ઞાત ભૌતિક, જાતીય અને માતૃભૂમિક ભાગોને વ્યક્ત કરે છે. (૧૯) શબ્દોની ઉપરના ભાગનાં કદ અદૃષ્ટ મુકુટની માફક આધ્યાત્મિક અને બૌદ્ધિક વિકાસનું ક્ષેત્ર દર્શાવે છે. (૨૦) જે લખાણમાં ઉપરનાં ત્રણે કદ વચ્ચેનો સુમેળ જળવાઈ રહે છે તે મનુષ્ય સ્વભાવનાં ઉપર વર્ણવેલાં ત્રણેય ક્ષેત્રોનો સુમેળ સાધી શકે છે. (૨૧) નમૂના ૪૭,૧૨૧ મુજબ જો ઉપરના અને નીચેના ભાગ વચ્ચેનું અંતર પ્રમાણમાં ઘણું ઓછું હોય તો તે લેખકની કોઈ પણ વસ્તુ પ્રત્યે ધ્યાન ન આપવાની વૃત્તિનું સૂચન કરે છે. પોતાના સાંસારિક અને વિચારશીલ જગતની બહાર આવા માણસોને બહુ ઓછો રસ હોય છે. (૨૨) નમૂના ૪૮ મુજબ અક્ષરોના ઉપરના ભાગના વધુ પડતા વળાક બૌદ્ધિક, આધ્યાત્મિક તેમ જ સાંસ્કૃતિક પ્રગતિ સૂચવે છે આવા લેખકોને જીવનમાં અનેક ક્ષેત્રોમાં રસ હોય છે. તેમને અનેક આદર્શો અને રંગીન કલ્પનાઓ પણ હોય છે. તેની સાથે સાથે તે ગૂંચવાડા ભરેલું માનસ, તરંગીપણું, આત્મસંયમનો અભાવ, નિશ્ચયાત્મકવૃત્તિ અને વાસ્તવિકતાનો અભાવ પણ દર્શાવે છે (૨૩) નમૂના ૪૯ મુજબ અક્ષરોના નીચેના ભાગમાં વધુ પડતો વળાક વાસ્તવિકપણાનું સૂચન છે. આવા અક્ષરો લખનારની વૃત્તિ દરેક વસ્તુને નેતા દૃઢ પાયા ઉપર રાખવાની હોય છે. તેઓમાં જીવનશક્તિ સારી હોય છે; પરંતુ કલ્પનાયુક્ત વિચારશક્તિ, ઉદ્યોગ કે વ્યાવહારિક દક્ષતા ઓછાં હોય છે. (૨૪) નમૂના ૬૩, ૬૪ મુજબ અક્ષરોના નીચેના ભાગ તેના લખનારની મનોભૂમિના અવ્યક્ત પ્રદેશો તેમ જ તેના જાતીય આવેગોને પણ દર્શાવે છે. હસ્તાક્ષરમાં જાતીય લાક્ષણીનો આવિષ્કાર એ એક વિશિષ્ટ પ્રકારનો અભ્યાસ જ છે. (૨૫) સામાન્ય રીતે અંગ્રેજી ભાષામાં દરેક અક્ષરના ત્રણે ય ભાગની લંબાઈ સરખી જ હોવી જોઈએ. નમૂના ૨૮, ૧૦૬ મુજબ અક્ષરની ત્રણ સંજ્ઞાઓમાંથી ગમે તે એકનું ઓછાવત્તાપણું લેખકના માનસપ્રદેશના રસ કે સ્વસ્થતાની સ્થિતિનું સૂચન કરે છે. જ્યારે કોઈ પણ લેખ અક્ષરના એક જ ભાગની સંજ્ઞામાં તરી આવે એવી અપ્રમાણતા દર્શાવે ત્યારે તે વસ્તુ ભાગ લક્ષમાં રાખવા જેવું છે. આ તેની ક્ષિતિજાલમાં પણ કોઈ ક્ષતિ હોવાનું સૂચન કરે છે તેના પરિણામે વિશેષ કાળજી કે વૈદ્યકીય સારવાર પણ કયારેક મળી લે છે (૨૬) નમૂના ૪૬, ૬૪ મુજબ જ્યારે કેપિટલ અક્ષરો સામાન્ય કરતાં લંબાઈમાં વધારે હોય ત્યારે તેને શરૂઆતમાં વિશેષ ભારવાળા અક્ષરો તરીકે આપણે ઓળખીએ છીએ. તેનું સૂચન એવું છે કે તેનો લખનાર પોતાની જાતની પ્રસિદ્ધિમાં માને છે અને તે તરફ બીજાનું ધ્યાન ખેંચે છે. (૨૭) નમૂના ૩૧ મુજબ સામાન્ય અક્ષરોના માપના જ્યારે કેપિટલ અક્ષરો કરવામાં આવે ત્યારે જ્ઞાનના પરિણામે આવતી ઓછું કહેવાની સંયમવૃત્તિનું તે સૂચક છે (૨૮) નમૂના ૨૯ મુજબ જો અક્ષરોની લંબાઈ ધીમે ધીમે વધતી જાય તો તે અભિમાન દર્શાવે છે (૨૯) નમૂના ૭૮ મુજબ જો કેપિટલ અક્ષરો અને અ.સ કરીને M જેવા ત્રણ ભાગવાળા અક્ષરો તેના કદ કરતાં મોટા દેખાય તો તે બહારનો દેખાવ અને અંતરથી બીજાઓને વશ થઈ રહેવાની વૃત્તિનું સૂચન કરે છે. આવા અક્ષરના લેખકો જનતાના અભિપ્રાયને માન આપીને રહે છે. (૩૦) અક્ષરોને છેડે મોટું કદ સામાન્ય રીતે બાળકોના હસ્તાક્ષરમાં જોવામાં આવે છે જીવનમાં વધારે ને વધારે સ્પષ્ટ બનતા જવાની વૃત્તિનું પણ તે સૂચન કરે છે. જો મોટા મ.ણસોના અક્ષર આ જાતના દેખાય તો તે તેમની અ.લિપ્ત વૃત્તિઓનું સૂચન કરે છે અને દર્શાવે છે કે આવા મનુષ્યોના મગજમાં કોઈ પણ જાતના ગૂંચવાડા હોતા નથી જે સમયે જે વસ્તુ તેમના મગજમાં આવે છે તે તેઓ બોલી નાખે છે. બુદ્ધિશાળી અને સુસંસ્કૃત માણસોના હસ્ત લેખમાં જો આ પ્રકાર જોવ.માં આવે તો તે તેમનું રજોગુણપ્રધાનપણું, મુત્સદ્દીગીરીનો અભાવ અને મનમાં આવે તે કરી નાખવાની વૃત્તિનું સૂચન કરે છે. (૩૧) નમૂના ૫ મુજબ અક્ષરોને છેડે ધરવું કદ પરિપક્વતા દર્શાવે છે. (૩૨) નમૂના ૪૩ મુજબ પહોળા.ર્ધવાળા હસ્ત.ક્ષરનો લેખક પોતાની જાત માટે વિશેષ જગ્ય.ની આશા રાખે છે તેને વિશા.ળ જગ્યાનો શોખ હોય છે પછી ભાગે વિષયભોગમાં જ માને છે (૩૩) નમૂના ૩૧ મુજબ ટૂંકી કે સાંકડી જગ્યાનું લખાણ સંકુચિત અને સંયમિત વૃત્તિઓનું સૂચન કરે છે. તેવા માણસો હિસ્તલક્ષ હોય છે અને એકાંતપ્રવૃત્તિ ધરાવે છે. આવા લોકો કરકસરિયા, કયારેક લુચ્ચા અને વિશ્વાસ ન રાખી શકાય એવા હોય છે (૩૪) નમૂના ૩૮ મુજબ શબ્દોની શરૂઆતમાં કેપિટલ અક્ષરોમાં નાના અને સાંકડા અક્ષરો લખવાની વૃત્તિ હોય તો તે કરપોકપણું બતાવે છે. (૩૫) નમૂના ૧૨૨ મુજબ પહોળા અને મોટા કેપિટલ અક્ષરોમા ભાગ કરીને તેના બે ભાગ વચ્ચે જોડતી લીટી કે તેવું હોય તો અભિમાની વૃત્તિના દ્વેષના પ્રકારના સૂચક હોય છે. તે ઉદ્ધતપણું તેમ જ બેદરકારીપણાનું પણ સૂચન કરે છે. (૩૬) નમૂના ૬૫ મુજબ કોપીબુકમાં લખાતા અક્ષરોના જેવું ગોલાકાર ઝડપી ને ગૂંચ

માહિતીયુક્ત લખાણ હોય તો તે તેના લેખકની ચાલુ ચિંતાઓને વળગી રહેવાની વૃત્તિનું સૂચન કરે છે. (૩૭) નમૂના ૪૨ મુજબ ધીમા અને આત્મલક્ષી ન હોય તેવા લખાણમાં તે મૌલિક વૃત્તિઓનો અભાવ દર્શાવે છે. કયારેક દાખલા તરીકે ગુનેગારોના હસ્તાક્ષરોમાં, તે વ્યવહારિક પડદા પાછળ છુપાયેલ ગુનાખોરી મનોવૃત્તિનું સૂચન કરે છે. (૩૮) નમૂના ૩૧ મુજબ ખૂણાઓથી થયેલ જોડાણ એમ બતાવે છે કે આ બાબતનું લખાણ કરવામાં જરૂરી એવા પ્રયત્નની મહેનતને લેખક બચાવતો નથી એટલે લેખક સમાધાનવૃત્તિ કરતાં અડગતાને વધારે પસંદ કરે છે. ખૂણાવાળા અક્ષરો લખનારને ખંતની શક્તિ મોટે ભાગે હોય છે અથવા તો પ્રચ્છન્ન રીતે વિરોધ કરવાની પણ શક્તિ હોય છે તેઓ ઘણી વખત ચીઢિયા, વેર લેવાની વૃત્તિવાળા અને કયારેક નિષ્ઠુર અને ઘાતકી બની જાય છે. (૩૯) નમૂના ૩૫ મુજબ જોડાણની ગોળાકૃતિમા માણસના આહારની લેખનશૈલી મિશ્રસારપણું, સ્પષ્ટ મિત્રતાયુક્ત વર્તન, માયાળુતા, સ્વભાવની નમ્રતા અને કયારેક મતાનુગતિક વિચારમગ્નતા કે નબળાઈ વ્યકત કરે છે. (૪૦) નમૂના ૬૬ મુજબ બેજના આહારની લેખનશૈલીનો ઉદ્ભવ કોઈ વસ્તુનું રક્ષણ કરવાની કે કોઈ બનું રાખવાની મનોવૃત્તિમાંથી ઉદ્ભવે છે અને તે મુત્સદ્દીપણામાં જરૂરી એવી વિવેકશક્તિનું સૂચન કરે છે. જૂનું ખોળવાની તેમ જ કેળી મનોવૃત્તિઓનું પણ તે સૂચન કરે છે. (૪૧) નમૂના ૫૬ મુજબ ઊંચે જતી લીટીઓવાળી દરિયાનાં મોજાંની સપાટી કે સર્પની હિલચાલ જેવો જેનો દેખાવ હોય છે તેની લખાણ શૈલી જો મુદ્દિશાળી મનુષ્યના હસ્તાક્ષરમાં હોય તો ઉચ્ચ કોટિનું મુત્સદ્દીપણું અને નમૂનો ૭૯ મોરચા સમયને અનુસરી બદલવાની વૃત્તિનું સૂચન કરે છે. કોઈક અરો ઓછા વ્યકિતત્વવાળા માનવીઓના આવા હસ્તાક્ષર હોય તો તે ચારિત્ર્યની દૃઢતાના અભાવનું સૂચન કરે છે. (૪૨) નમૂના ૫૫ મુજબ જો કોઈ શબ્દના અક્ષરો અને તેની વચ્ચેનું જોડાણ દોરી જેવું બની જતું હોય અને ખાસ કરીને શબ્દોની અંદર આવું બનતા જો શબ્દ વાંચી ન શકાય તેવો બનતો હોય તો તે તરંગીપણું, નિશ્ચયાત્મકવૃત્તિનો અભાવ અને દૃઢકાર્યશક્તિનો અભાવ સૂચવે છે. હિસ્ટીરીઆનું પણ આ એક અગત્યનું લક્ષણ છે. (૪૩) નમૂના ૩૮,૬૫ મુજબ જેમા, માળા કે ખૂણાવાળા જોડાણના હસ્તાક્ષરોમા ઉપરનો વળાંક એ અત્યંત સંયમિતભાવનું સૂચન છે. આવો લેખક બીજું પગલું ભરતાં પહેલાં જૂની વસ્તુને અને લાંબુંથી છોડતો નથી. તે બહુ અવિશ્વાસુ હોય છે. ટીપમાંથી નીકળતા જંતુઓની માફક તે દરેક શબ્દે નવાનવા તરંગોથી વ્યાપ્ત હોય છે. (૪૪) નમૂના ૩૮ મુજબ જોડાક્ષનો અંત એક અગત્યનું અંગ છે અને તે બદલવાનું બહુ મુશ્કેલ છે. એક બીજા સાથે જોડાયેલ હસ્તાક્ષર એ વ્યકત કરે છે કે શબ્દોના સ્વરૂપને કાગળ ઉપર મૂકતાં લેખક બીજા કોઈ વિચારોથી દોરાવાનો નથી અને તેના વિચારો તર્કયુક્ત અને શિસ્તબદ્ધ રીતે આગળ વધે છે. તે પોતાની જાતને બીજાને અનુકૂળ બનાવી શકે છે (૪૫) નમૂના ૫૭ મુજબ જો જોડાક્ષનો વળાંક વધુ પડતો કરવામાં આવે તો અને ખાસ કરીને આખુ વાકય જોડી દેવામા આવે તો તે હર રહેલ સમય માટે પણ તીવ્ર ઇચ્છા વ્યકત કરે છે ચેસ અને બિલ્યર્ડની રમતમાં જુદા જુદા કોયડાઓનો ઉકેલ લાવનારાઓના હસ્તાક્ષર આવા હોય છે એમ મનાય છે. માનસ વિજ્ઞાનીઓના હસ્તાક્ષર પણ આવા હોય છે શબ્દમૂહ કરીદાર્થીઓ, આડાઉંડા કરીદાર્થીઓ, પ્રશ્નાવલિઓ અને મજબૂત કોયડાઓ ઉકેલનારાઓના પણ આવા અક્ષર હોય છે. (૪૬) જોડાણ વધુ પડતું હોય તો કયારેક જુદા પાડવાની શક્તિના અભાવનું તે સૂચન કરે છે. કયારેક આંડપણ કે ઉત્સાહ આગે તેટલી હદ સુધી બાજબજારી કે તર્કયુક્તતાથી તે આ પ્રમાણે કરવાની વૃત્તિ રાખે છે (૪૭) નમૂના ૩૪ મુજબ ચૂટક લખાણ એમ બતાવે છે કે લેખકને પણ ભિન્ન ભિન્ન પ્રકારના વિચારો હોય છે અને તે તેના ઉપર એટલી બધી અસર કરે છે કે તેના લખાણને ચૂટક અને કકડાવાળું બનાવે છે. અસાધારણ કલ્પનાશક્તિ અને અંતર્દૃષ્ટિવાળા ઘણા લેખકોના હસ્તાક્ષરમાં આ પ્રકાર જોવા આવે છે; તેમ જ તર્કયુક્તતાવિહીન, ઊતાવળિયા મનના તેમ જ એકધ્યાનપણાના અભાવવાળા અને ચિત્તનો ઉપર વધારે પડતું ધ્યાન આપતાં મૂળ મુદ્દાને ભૂલી જનાર વૃત્તિવાળા મનુષ્યોના હસ્તાક્ષરમા પણ આ લેખનપ્રકાર જોવામાં આવે છે. (૪૮) નમૂના ૭૪-૭૬ મુજબ શબ્દોની વચ્ચે અવાર નવાર કે લાંબાગાળાવાળી જગ્યા જોવામાં આવે તો તે મનના ઉપર વધારે પડતા અને તેજ જોખનું સૂચક છે અને તેનું પરિણામ સ્મૃતિનો નાશ કે એવું આવવાનો સંભવ છે. (૪૯) નમૂના ૮૧ મુજબ શબ્દોના વિવિધ ભાગોમાં તેનું કપાઈ જવું એ અસ્થિરતાની નિશાની છે. (૫૦) ઊભી લીટીમા આવતા ઉપર કે નીચેના ભાગમા અમુક કકડાઓનું મૂળભૂત કારણ વિશિષ્ટ હોય છે હૃદયરોગથી પીડાતા લોકોમાં કયારેક અસ્ત વ્યસ્તાક્ષર લખવાથી વૃત્તિ હોય છે (૫૧) નમૂના ૬૭, ૭૦ મુજબ 'd' અને 'l' ઉપર રહેલ અનુસ્વાર મીડાને 't' ટીમા રહેલ કાપલી લીટીને આગળ કે પાછળના અક્ષર સાથ જોડી દેવાની વૃત્તિ તર્કયુક્ત સમીકરણની વૃત્તિ કે વૈજ્ઞાનિક સશોધનની શક્તિ વ્યકત કરે છે. (૫૨) નમૂના ૪૫ મુજબ નિયમિત લખાણ એ નિયમિત મગજનું સૂચક છે. આ નિયમિતતા કોષ્ટકબદ્ધ જેવી શૈલીની જ હોય તો તે ગતિ, વ્યકિતત્વ અને કલ્પનાનો અભાવ બતાવે છે અને નહિ તો સકલ્પશક્તિ, મગજની સમતુલા અને સવાદિતાના લક્ષણો બતાવે છે (૫૩) નમૂના ૮૦ મુજબ અનિયમિત લખાણ એ રમનું બહુવિધપણું, વિવિધ અને બદલાતી કાર્યપ્રવૃત્તિઓ, ઉત્તેજિત થઈ જવાની વૃત્તિ અને સયોગો અનુસારે બદલાઈ જવાની આવડત બતાવે છે. (૫૪) નમૂના ૭૯ મુજબ જો અનિયમિત લખાણમાં ત્રિસવાદિતા હોય તો તે શાંતિ અને સમતોલ પ્રકૃતિનું સૂચન કરે છે; પણ કયારેક તે ઉદાસીનપણું પણ સૂચવે છે. અનિયમિત લખાણમા ત્રિસવાદિતા હોય તો લાગણીવશતા, વિકારીમાનસ કે ચિત્તની અસ્થિરતા બતાવે છે. (૫૫) હસ્તાક્ષરની ગતિ અથવા ઝડપ બાબી દૃષ્ટિએ રસપ્રદ વસ્તુ છે. નમૂના ૫૪ મુજબ ઉતાવળું લખાણ એ તેના લેખકના લખાણમાં સરળતા, પરસ્પરીપણું તેમ જ ચોકસાઈ વ્યકત કરે છે લખવાની ક્રિયા એ શબ્દો કે અક્ષરોનાં સ્વરૂપને સ્મૃતિમાથી યાદ કરી કાગળ ઉપર ઉતારવાની એક ક્રિયા છે. જો ઝડપથી આ કામ થઈ શકે તે આ ક્રિયા ઉપરના પ્રભુત્વનું સૂચન કરે છે ઉતાવળું લખાણ વસ્તુનો સાર જલદી પકડી લેવાની વૃત્તિ બતાવે છે. તે સાથે જુસ્સો, મનનું તેજ જ ભાવ અને પ્રાસંગિક ઉત્સાહનું ત્વરિતપણું વ્યકત કરે છે. (૫૬) નમૂના ૪૬ મુજબ ધીમું લખાણ એ યોજનાબદ્ધ ક્રમ બતાવે છે જો તે ધીમા હાથવાળાનું કે માનસિક શક્તિની મદતવાળી વ્યક્તિનું ન હોય તો નિયમબદ્ધતા તેમ જ લખવાની પ્રવાહિતતાના અભાવનું સૂચન કરે છે. વળી કળાકારો કે કળાની દૃષ્ટિએ જોનારા અને સૌંદર્ય દૃષ્ટિથી વસ્તુઓનું મૂલ્યાંકન કાઢનારાઓ ધીમે લખશે એ જ રીતે જે માણસ પોતાના લખાણથી અમુક જાતની છાપ પાડવા ઇચ્છતો હશે તે પણ આ રીતે ધીમે લખશે જે લોકોને પોતાના હસ્તાક્ષર સ્વેચ્છાથી

બદલવા હોય તેઓ પણ ધીમે લખે છે. આવા લખનારા,ઓમા ખોટા નામથી પત્ર લખનારા કે ગુનેગાર લોકો જે પોતાના હસ્તાક્ષરથી ઓળખાઈ જવા ન ઇચ્છતા હોય તે પણ નમૂના ૬૧ મુજબ ધીમે લખે છે. જે માણસ બીજાની ખોટી સહી કરે છે તેણે તો ધીમેથી જ લખવું જોઇએ. ઘણી વખત ખોટી સહી પકડવાનું એક માત્ર સાધન તે જ લેખકનું ધીમુ અને ઝડપી લખાણ સરખાવવાનું જ હોય છે; એટલે હસ્તાક્ષરમાં બીજા બધા દોષો કરતાં લખાણની ગતિ એ જ તેની સચ્ચાઈ કે સ્વ.ભાવિકતા પકડવાનું એક માત્ર સાધન છે. (૫૭) નમૂના ૪૧ મુજબ લખાણનું અર્થાપેક્ષ એ કાંઈ શબ્દોની લખાઈ કે પદોળાઈ ઉપર આધાર નથી રાખતું; પરંતુ તેનો આધાર મુખ્યત્વે કરીને અક્ષરોની ઉપરના વળાંક, તેના ઢાળ અને તેનાં વર્તુળો ઉપર રહે છે. જ્યાં અક્ષર પાતળા અક્ષર કરતાં વધારે જગ્યા રોકે છે. બધું લખાણ એ તરંગ કે કલ્પનાશક્તિનું સૂચક છે. સર્જનાત્મક માનસ કે ધ્યેયલક્ષી દૃષ્ટિ તે બતાવે છે. (૫૮) નમૂના ૨૮ મુજબ આખું પાતળું લખાણ અમૂર્ત સ્વરૂપનાં ચિંતન, નિશ્ચિત વસ્તુને વળગી રહેવાની વૃત્તિ, કલ્પનાશક્તિ તથા ફરેલપણાના અભ્યાસનું સૂચન કરે છે. (૫૯) લખાણમાં દબાણના પ્રમાણનું અગાઉની હસ્તાક્ષરવિજ્ઞાનના સંશોધનમાં અગત્યનું સ્થાન હતું; પરંતુ સમયના પ્રવાહની સાથે બરની કલમને બદલે ફાઉન્ટનપેન આવતાં તેની અગત્ય અસારે કંઈક અંશે ઘટી છે. નમૂના ૯ મુજબ લખાણનું વિશેષ પ્રમાણ શક્તિ અને ચેતનાનું પ્રતીક છે. બીજી રીતે તેનો અર્થ એવો પણ થાય કે લેખક લખવાથી ટેવાયેલ નથી અને તેમ કરવા માટે તેને બળ વાપરવાની જરૂર પડે છે (૬૦) નમૂના ૩૫ મુજબ લખવામાં ઓછુ દબાણ લેખક ઓછામા ઓછી શક્તિથી લખવામા પ્રયત્નશીલ છે એવું બતાવે છે; અથવા તેને બિનજરૂરી શક્તિનો વ્યય કરવાનુ પસંદ નથી; અથવા તે માટે તે નિર્બળ હોવાથી અશક્તિમાન છે એમ બતાવે છે. (૬૧) નમૂના ૩૧, ૩૮, ૪૦ મુજબ પ્રસરી ગયેલ લખાણ ખૂબ જ રસ અને આશય તેના જોનારને દર્શાવે છે. તેની અસર પણ ઇંદ્રિયોના સુખ માટે લાલસાનુ માનસ વ્યક્ત કરે છે. એવા મનુષ્યને આધ્યાત્મિક દૃષ્ટિ ઓછી હોય છે. (૬૨) આવાં પ્રસરી ગયેલ લખાણની વિરુદ્ધ બાજુમાં પાતળા દેખાતા હસ્તાક્ષરો છે આવા લોકો જીવનના સંઘર્ષરજન્ય ભોગવિલાસો પ્રત્યે બહુ આકર્ષક નથી. (૬૩) નમૂના ૨૬ મુજબ ટટ્ટાર લખાણ સ્વતંત્રતા દર્શાવે છે. (૬૪) જમણી તેમજ ડાબી બાજુએ ઢળતા રહેલ નમૂના ૬૨, ૬૫, ૬૯ મુજબનું લખાણ હૃદય અને મનના આંતરિક સંઘર્ષનું તેમ જ લાગણીવશ અને અવહારદક્ષ વૃત્તિનું તથા સ્વાભાવિક અને અભિમાની માનસનું સૂચન કરે છે. (૬૫) અક્ષરો વચ્ચેની લીટીઓ અથવા ઉપરના અક્ષરોના વળાંક અથવા જમણી કે ડાબી બાજુએ અક્ષરોના નમૂના ૬૨ મુજબના વધુ પડતા વળાંક ખૂબ સામાન્ય છે. જમણી બાજુનો વધુ પડતો વળાંક એ હમેશ આપવાની વૃત્તિ તથા બીજાઓ પાસે દોડી જવાની વૃત્તિ સૂચવે છે પ્રવૃત્તિમય જીવન જીવનાર, ઉદારચરિત અને અર્ધાંતરવૃત્તિવાળા માણસો જમણી બાજુ લખતા જોવામાં આવે છે. (૬૬) નમૂના ૪૮, ૬૧, ૭૧, મુજબ ડાબી બાજુએ ઢળતું લખાણ નિરક્ષ માનસ બતાવે છે. સામાન્ય બુદ્ધિવાળો મનુષ્ય, પૃથક્કરણ કરનાર તેમ જ સોબી મનુષ્ય ઇર્ષાળુ અને અભિમાની મનુષ્ય ડાબી બાજુએ લખવાની વૃત્તિવાળા હોય છે. ડાબી બાજુએ લખવાની વૃત્તિવાળાઓમાં નકારાત્મકતાનું દૃષ્ટિબિંદુ પણ હોય છે. (૬૭) નમૂના ૬૦ મુજબ ઊંડીને આંખે વળગે એવી સપ્રમાણ ગોઠવણીવાળું લખાણ તેના લેખકનું ચાતુર્ય વ્યક્ત કરે છે. (૬૮) નમૂના ૮૫,૧૦૫ મુજબ કંઈકડા વજરનું આખું જોતુ ચે ન ગમે એવું લખાણ તેના લેખકનું અપરાધણ દર્શાવે છે. (૬૯) નમૂના ૮૨નું યોગ્ય ઓકધારા ઢાંસિયાવાળું લખાણ લેખકની સારી રીતભાત સૂચવે છે. (૭૦) નમૂના ૧૧૭નું વધારે જગ્યાવાળું લખાણ લેખક ઝડી ગયો છે એમ બતાવે છે. (૭૧) નમૂના ૧૧૦નું ઓછી જગ્યાવાળું લખાણ લેખકની કમઅણજી દેખાડે છે. (૭૨) નમૂના ૮૩નુ ઢાંસિયાને અડોઅડ કરેલ લખાણ તેના લેખકની કરકસરવૃત્તિ સૂચવે છે. (૭૩) નમૂના ૬૩નું છેડેના સંયુક્ત ચિહ્ન વિનાના શબ્દવાળું લખાણ તેમ જ નમૂના ૮૭નું છેડે વધારે પડતી જગ્યા પડતર રાખતુ લખાણ તેના લેખકની બેદરકારી બતાવે છે. (૭૪) નમૂના ૮૫નું શબ્દો વચ્ચેની ઓછી જગ્યાવાળું લખાણ તેના લેખકની સમજશક્તિનો અભાવ સૂચવે છે. (૭૫) નમૂના ૧૦૨નું શબ્દો વચ્ચેની ઓછી વધતી જગ્યાવાળું લખાણ લેખકની અનિયમિતાનુ સૂચક છે. (૭૬) નમૂના ૪૮,૬૧,૭૩નું વિષવિધ વળાંકના અક્ષરનું લખાણ લેખકની સતોષવૃત્તિ વ્યક્ત કરે છે (૭૭) નમૂના ૮૯,૧૦૩નું વધારે પડતા કાપવાળુ લખાણ લેખકનો બહુ કામઢો સ્વભાવ સૂચવે છે. (૭૮) નમૂના ૧૧૨, ૧૧૨, ૧૧૫નું વિવિધ વળાંકવાળા અક્ષરનું લખાણ લેખકની નાટકીવૃત્તિ પ્રકટ કરે છે. (૭૯) નમૂના ૬૧, ૧૦૪, ૧૧૬નું બિંદુથી શરૂ થતું લખાણ લેખકની સતોષવૃત્તિ બતાવે છે. (૮૦) નમૂના ૧૦૫નું કાપ વગેરેથી માળા સમું બની જતું લખાણ લેખકની ધાર્મિકવૃત્તિ બતાવે છે (૮૧) નમૂના ૬૧, ૧૧૧નું અક્ષરના ઉપલા વિચિત્ર વળાંકવાળુ લખાણ લેખકની વધારે પડતી લાગણીવશતા બતાવે છે. (૮૨) નમૂના ૬૧, ૬૫નું ઊંડાના વળાંકવાળુ કાપવાળું લખાણ લેખકના ક્રૂર સ્વભાવનું સૂચક છે. (૮૩) નમૂના ૧૦૪, ૧૦૯નું અક્ષર ઉપર નજીકમાં મીંડાવાળું લખાણ લેખકની અધીનતા સૂચક છે (૮૪) નમૂના ૧૦૬નું વળાંક વળી જતા કમાન જેવા મીંડાવાળું લખાણ લેખકની મૂરાહીમીરી કે તેની પક્ષકર્મ દેખાડે છે (૮૫) નમૂના ૬૩નું નીચલા ભાગમાં બનું થતું વિરામચિહ્નવાળું લખાણ લેખકની ટીકાખોર વૃત્તિ વ્યક્ત કરે છે અને નમૂના ૮૫નું વધારે પડતા લાંબા વિરામ ચિહ્નવાળું લખાણ લેખકની વધારે પડતા દેખાવ કરવાની ટેવ દર્શાવે છે (૮૬) નમૂના ૬૭નું ચાલની વખતે સાથે રાખવાની આડકટી જેવા S એસ જેવા અક્ષરવાળી સર્વનું લખાણ લેખકની ડોળ કરવાની વૃત્તિ પ્રકટ કરે છે. હસ્તાક્ષરના જુદા જુદા પ્રકાર અનુસાર સૂચિત થતી જુદી જુદી મનોવૃત્તિનું ઉપરનું લખાણ 'પ્રેક્ટીકલ હોર ઓવરી મેન'માંથી લીધું છે. તેના લેખકવર્ય શ્રી ઓરિક સિંગર લખે છે કે: 'તેના નિરૂપણમાં મધ્ય યુરપના પ્રજાવિકાસને હું અનુસરેલ છું જેઓએ અને સારેક જેને અનુસરેલ તે પણ્યુર અને ક્લેગ્રની આ પ્રજ્ઞાલિપિ હતી. તે દેશો બાકીનની ટ્રેસ પદ્ધતિ વિરુદ્ધ અમુક વિશિષ્ટ સંસ્થાઓથી સ્વભાવની બાહ્યાભિવ્યક્તાઓ પ્રગટ કરે છે. દેશો બાકીને ૧૬૫ જેટલી જુદી જુદી હસ્તાક્ષરની પદ્ધતિઓ બતાવી અને સમૃદ્ધ નામાવલિ મૂકી, ઉપર બતાવેલ અમુક વિશિષ્ટ સંસ્થાઓની પદ્ધતિથી વિરુદ્ધ રીતે વિવેચન કરેલ છે. સમૃદ્ધ નામાવલિવાળી આ પ્રજ્ઞાલિપિની મહત્તા સ્વીકાર્યા છતાં મ આ વિષયમાં પ્રારંભ કરનારે માટે સાદી અને સરળ યોજના મૂકવા માટે જ વિશિષ્ટ સંસ્થાવાળી પદ્ધતિનો આ પુસ્તક પૂરતો સ્વીકાર કરેલ છે'. ધન્ય છે આ બધા સંશોધકોને ને શ્રી ઓરિક સિંગરને

હસ્તાક્ષરી વિ ૬.યના અક્ષરવાળુ

રા.ચરદિવિજયનો **હસ્તાક્ષરી** મહાગ્રન્થ સાધન્ત જોવાલાયકાઈ થયા હતો.

હસ્તાક્ષેપ [સ.] પુ અંદર દામ પુસાડવો તે.

હસ્તાખરચ્છ દતવા [સં. હસ્તાક્ષરેષુ દત્તમ્]
વ. દસ્તાવેજ વગેરેમાં લખાતું એક પદ. તેનો 'હસ્તાક્ષરેષુ દાતવ્ય' એટલે કે સ્વહસ્તાક્ષરે લખીને આપવું એવો અર્થ થાય છે લેખિતદાનને માટે દસ્તાવેજોમાં આ પ્રમાણે પણ રૂપ વપરાતું: 'હસ્તાન ખરાન દતાન'.

હસ્તાગૌરીવ્રત [સં.] વ. એ નામનું એક વ્રત. સ્ત્રીઓ તે વ્રત અષાઢ માસમાં કરે છે.

હસ્તાત્મક ૧. વ. ક્ષેત્રફળનો એક પ્રકાર; ભૂમિના વ્યાસ અને લમ્બાઈનો ગુણાકાર.
ભૂમિના વ્યાસ સાથે લંબાઈના હાથનો ગુણાકાર કરી ક્ષેત્રફળ લાવીને તે **હસ્તાત્મક** ક્ષેત્રફળ કહેવાય. રાજવલ્લભ
૨. વિ. હાથથી માપેલું.

હસ્તાધાર શીર્ષાસન [સં.] ન યોગનું એ નામનું એક આસન. તેથી મસ્તક મજબૂત બને છે

હસ્તાન્જ ૧ [સં હસ્ત + અમ્બુજ / કમળ)]
ન કમળના જેવો હાથ.
૨ ન હાથ રૂપી કમળ
આવી આવી શ્રીકૃષ્ણ, જે બળવીરે માતા કને તે કહું. સોડી લઈ કર પોડી, બાલ સુતનુ **હસ્તાબ્જ** હાથે મધુ રાસમોપાળ

હસ્તામલ ૧. વ. કરકંકણ
૨. [સં. હસ્ત (હાથ) + આમલક (આમળું)] વ. હાથમાનું આમળું.
૩. વિ. હાથમાં આમળું હોય તે જેવું સહેલું પડે તેમ સ્પષ્ટ ખુલ્લું સમજાય એવું.
મોહ લોહ સબ ગયો ખાલી રહા, તે અબ્બે **હસ્તામલ** વસ્તુ. અખો

હસ્તામલક ૧. [સં. હસ્ત (હાથ) + આમલક (આમળું)] પું. એ નામના એક આચાર્ય.
૨. પું. પ્રભાકર નામના બ્રાહ્મણનો એક પુત્ર. તે શંકરાચાર્યની કૃપાથી પરમાત્માના તત્ત્વની ઠીકઠીક ઓળખ લાગ્યો અને બાર વર્ષોમાં આત્મતત્ત્વ હાથ - માંહેના આમળા પ્રમાણે પ્રકાશિત કર્યું. તેથી શંકરાચાર્યે તેનું નામ હસ્તામલક પાડ્યું ને શિષ્ય બનાવ્યો. એ વાયુનો અવતાર મનાતો હતો
૩. વ. હાથમાનું આમળું
જે મનુષ્ય જ્યાનમાં અનપૂર્વક મંડ્યો રહે છે । ઉપનિષદ્‌નું ફળ **હસ્તામલક**ની પેઠે મેળવી શકે છે વિકાળદર્શકપંચ
૪. વિ જોખમું; સુલભ; હાથમાંના આમળાની પેઠે સુસ્પષ્ટ

હસ્તામલકવત્ ૧. [સં. હસ્ત + આમલક (આમળું) + વત્ (જેમ)] વિ. પાકું નજરોનજર
૨. વિ. સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું.
૩. જે સુસ્પષ્ટ, પ્રત્યક્ષ, હાયમાં રહેલ આમળાના ફળની જેમ.
આખો કાર્યક્રમ પાર પાડે તો સ્વરાજ તો **હસ્તામલકવત્** છે. આપીજી

હસ્તામળ જુઓ હસ્તામલ

હસ્તાલેખ [સં.] પું. હાથે કરેલો આલેખ.

હસ્તાલેખન ૧. વ. અંધ કે અધિરનો હાથ પર સલાયી કહેતુ તે
૨. વ. કોઈ પણ ઓજારની મદદ વગર પોતાને હાથે જ કાઢેલું ચિત્ર.

હસ્તાંગુલાત્મક ૧. વ. (ગણિત) એક પ્રકારનું ક્ષેત્રફળ તે ભૂમિના વ્યાસના હાથો અને આમળો સાથે ભૂમિની લમ્બાઈના હાથો અને આમળાનો ગુણાકાર કરવાથી આવે છે
ભૂમિના વ્યાસના હાથે અને તે હાથો ઉપર આમળો સાથે ભૂમિની લમ્બાઈના હાથો અને તે હાથો ઉપરના આમળાનો પરસ્પર ગુણાકાર કરતા જે ક્ષેત્રફળ આવે તેનું નામ **હસ્તાંગુલાત્મક** ક્ષેત્રફળ કહેવાય છે. રાજવલ્લભ
૨. વિ. હાથથી અને આંગળાંથી મેળવેલું.

હસ્તાંગુલિ સ્ત્રી. હાથની આંગળી.

હસ્તાંજલિ [સં] સ્ત્રી. હાથનો સંપુટ; હાથલડ.

હસ્તાંતર ૧ [સં.] પું. વર્ષ કેર
૨. વ. સ્વતંત્રપણું; ઇન્ડિપેન્ડન્સ; બીજાના નામ ઉપર કરી આપવું તે

હસ્તાંતર કરવું વ. અદલબદલ; બદલો કરવો તે.

હસ્તાંતર લોખ્ય [સં.] વિ. વિનિમય બોમ્બ; અદલ બદલ કરવા જેવું.

હસ્તાંદોલન [સં.] ન. હસ્તધૂનન; હસ્તમેલન, કર સંચાલન.

હસ્તિ ૧. પું. (કાવ્ય) એ નામનો એક વિભાગ.
૨. પું. (પુરાણ) સોમવંશીય પુરુવંશોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋચેયુના વંશના જહ્નુક્ષત્ર રાજાનો પુત્ર. આને અજમીઢ, દ્વિમીઢ અથવા દેવમીઢ અને પુરુમીઢ એવા નામના ત્રણ પુત્રો હતા પાછું કરીને હસ્તિનાપુર આણે જ સ્થાપ્યું છે.
૩. સ્ત્રી. એક જાતની આપાધિ.

હસ્તિઆચાર્ય પું. હાથીતાળાનો ઉપરી
દીર્ઘાયુકુમારે **હસ્તિઆચાર્ય**ને કહ્યું કે તું કલા શીખવા લાયક છું. બાલજ્ઞ ઇસાઈ

હસ્તિક ૧. વ. મજ.
૨. [સં] વ. હાથીનું ટોળું

હસ્તિકર્ણ [સં] પું. મહાકંજર વૃક્ષ

હસ્તિકર્ણ ૧. પું. એ નામે એક ગણદેવ.
૨. પું એક જાતનો ખાખરો, જોય પર પથરાતો ખાખરો
૩ પું એક પ્રકારનો છોડ જેમાં હાથીના કાન જેવ, પાન આવે છે ફૂલ મોટા થાય છે.
૪ પું એરંડનો ઝાડ, લાલ એરંડો.
૫ પું હાથીનો કાન.
૬. વ. હાથ જેવું લાકડાનું એક સાધન, શરીરનું રક્ષણ કરવાનું પાટિયું

હસ્તિકર્ણક જુઓ હસ્તિકર્ણ

હસ્તિકર્ણા ૧ સ્ત્રી અળવી.
૨. સ્ત્રી એક જાતનું કંદ

હસ્તિકક્ષ્ય ૧. [સં] પું ઘાસ
૨. પું સિદ્ધ

હસ્તિકંદ પું એક જાતનું કંદમૂળ

હસ્તિકાચરી [સં.] સ્ત્રી. જોડી અજમોદ. તેનાં ફૂલ જોરના આકારના, નાનાં ને ઝીણાં થાય છે, માટે તેને હસ્તિકાચરી કહે છે.

હસ્તિક્રિયા ૧. સ્ત્રી ચતુરાઈ; કોર્ટ જાણે નહિ એમ કામ કરવાની ખાનગી આવડત.
૨. સ્ત્રી હસ્તક્રિયા
૩ સ્ત્રી. હાથકામ, હાથે કરવા કામગીરી

હસ્તિક્ષેત્રપથ [સં] પું. જંગલી હાથીઓ જ્યાં વનોમાં જવાનો રૂઢ પ્રયોગો રસ્તો.

હસ્તિગિરિ [સં.] પું. હાથી નગરી.

હસ્તિગૌરીવ્રત [સં.] ન. હસ્ત નક્ષત્રમાં સૂર્યોદય થાય તે દિવસે શુચિર્ભૂતો થઈ કે શંકરપાર્વતી ને ગણેશની મૂર્તિ કરી હાથી ઉપર બેસાડી તેનું પૂજન કરી બ્રાહ્મણને દાનમાં આપવામાં આવે તેવું વ્રત

હસ્તિઘોષ પું. એક જાતનો બેસો.

હસ્તિઘોષા સ્ત્રી એક વનસ્પતિ

હસ્તિચર્મ ન હાથીનું ચામડું
જ્યાં બોહ્યા ત્યાંથર પ્રગ.
વ સિદ્ધ સબદ, આવે કેસ ન
મુદ્દ કરવા આવું છું હું ય,
સોમ થઈ નૃપ રહેજે તું ય,
પછે પ્રભુ થયા સાવધાન.
હસ્તિચર્મ કર્યું પરિધાન બાલમર આખ્યાન

હસ્તિચારિણી સ્ત્રી. મહાકંજર વૃક્ષ

હસ્તિજિહ્વ ૧. સ્ત્રી. યોગશાસ્ત્ર પ્રમાણે દરા માંહેની એક નાડી. એનું સ્થાન જમણા નેત્રમાં છે.
ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, **હસ્તિજિહ્વા**, પૂષા, યશસ્વિની, અલંબુષા, કુહૂ, શંખિની એ મુખ્ય દશ નાડીઓના નામ છે
વિકાળદર્શકપંચ

૨ સ્ત્રી. શરીરને જીવન આપનારી ચૌદ માહેની સાતમી નાડી.

હસ્તિ તાપસ ૧ પું એક જાતનો તાપસ. તે એક વર્ષમાં એકજ મહા જીવને મારી એક વર્ષ ગુજરાન ચલાવે છે

૨. પું દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ કે મત

હસ્તિ તાપસચાર ૧. પું ત્રેવીશ માહેનો એક વ.ર

૨. પું બધા જીવોની દયા પળાય એ માટે વરસે વરસે એક એક મોટા હાથીને આખુ વરસ મારીને નિર્વાહ કરવાની ક્રિયા

હસ્તિદંત ૧ [સ] પું. હાથીદાંત; હાથીનાં હાડ વગેરે. તેના રમકડાં વગેરે બ.ર અને ચૂડા, વલય, બ.થા વગેરે થાય છે

૨. પું. એક પ્રાણીજ ઔષધિ

૩. પું. ભીંતમાં નાખેલી ખૂટી.

૪ ન. મૂળો

હસ્તિદંતક [સં.] ન મૂળો

હસ્તિદંતી [સં.] સ્ત્રી તેપાળો.

હસ્તિદાન પું (પુરાણ) એ નામે એક બ્રહ્મર્ષિ.

હસ્તિનખ ૧. [સં.] પું. હિલ્લાની ઈમારત સાથે કરેલો રેતી કે માટીનો બંધ

૨. પું શહેરના દરવાજાની બહાર દરવાજામાં ચડવા ઊતરવા કરેલો ઢાળ.

હસ્તિનાપુર ૧. [સં] ન. એ નામનુ નર્મદાના દક્ષિણ તટ પર આવેલ એક ગામ. નર્મદા પંચાગમાં લખ્યું છે કે: વનવાસના સમયમા પાડવોએ અહીં થોડો સમય રહીને યજ્ઞ, દાન અને તપ કર્યાં હતાં. તે જ્યાં રહેલા ત્યાં હસ્તિનાપુર વસાવ્યું છે. તે નર્મદાથી એક માઈલ ઉપર આવેલ છે.

૨. ન. કૌરવોની રાજધાની; પુરાણ દિલ્હી; હાલના દિલ્હીને ઈશાન ખૂણે ૫૦ માઈલ દૂર આવેલું એક પ્રાચીન શહેર; દિલ્હીનું જૂનું નામ. સોમવંશીય પુરુકુળોત્પન્ન હસ્તિ રાજાએ તે વસાવેલું હતું. અત્રિપુત્ર સોમ એક સમય અરણ્યમાં વિહાર કરતો હતો. તેવામાં તેણે એક પક્ષીને એક હાથીને એકાએક ઉપાડી જતાં જોયું. આ ઉપરથી આશ્ચર્ય પામી એણે આ સ્થળે એક શહેર વસાવ્યું આ શહેરમાં પૂર્વે હસ્તિ રાજાની પહેલાના સોમવંશી રાજાઓ રાજ્ય કરતા હતા. આ ઉપરથી એમ સમજાય છે કે, હસ્તિ રાજાએ આ શહેરનો વિસ્તાર કર્યો હશે. દુર્યોધનના સમયમાં આ શહેરને જળરાશે ઊભેડી નાખ્યું હતું. નિમિચક્ર રાજાના સમયમા ભાગીરથીના પ્રલયવાન ઓઘમાં આ શહેર એક વાર તણાઈ ગયુ હતુ એનાં નાગપુર, ગજપુર ઇત્યાદિ અર્થના ઘણા નામો છે આ શહેર કૌરવોની રાજધાની હતુ અને મહાભારતનુ યુદ્ધ આ શહેરના રાજ્યાસન સારુ થયુ હતુ કેટલાક કહે છે કે, ભરતપુત્ર હસ્તીએ એ શહેર વસાવ્યુ હતુ મહાભારત અને વિષ્ણુપુરાણમા એ શહેરનું નામ હસ્તી એટલે હાથી ઉપરથી પડયુ છે એમ કહ્યું છે હાલના દિલ્હીની પ્રતિનમા મત્તાવન મ.ર્સ દૂર ગગાના જૂના પાત્રમાં દટાયેલા શહેરના અવશેષો હજુ પણ નીકળે છે ઇંદ્રપ્રસ્થ દિલ્હીની આગ્નેય દિશામા યમુનાને કાંઠે હતુ કુરુક્ષેત્ર દિલ્હીની વાયવ્ય દિશામાં હતુ

૩ ન. ગગા નદીને જમણે કિનારે આવેલુ એક ગામ તે દિલ્હી તથા મેરઠથી ઈશાન તરફ અને બિજનોરથી નૈઋત્યમાં છે

હસ્તિનાસા [સ] સ્ત્રી હાથીની સૂઢ

હસ્તિનિકા સ્ત્રી. દાયણ.

હસ્તિની ૧ સ્ત્રી. ચાર માહેની એક રાગા

૨ સ્ત્રી રસિકોએ રસતાત્રમા ગણાવેલી સ્ત્રીઓની ચાર માહેની એક જાત તેનુ વર્ણન આ પ્રમાણે છે: તે કદરૂપી ચાલ ચાલનારી, જાડી ચાંકી આંગળીઓવાળી, ઊંચા પગવાળી, દૂબી અને જાડી ગરદનવાળી, કપિલ કેશવાળી, ક્રૂર ચેષ્ટા કરનારી, શરીરે બહુ જાડી, યોનિમાથી તેમ જ આખા દેહમાથી હાથીન. મદ જેવી ગધવાળી, કટુ, કષાય એવો ખોરાક ખમણો આનારી, લજ્જા વગરની, મોટા જાડા અધર વાળી, મૈથુન વખતે દુ ખસ ધ્યા, યોનિ ઉપર તેમ જ આખા શરીર ઉપર અતિશય વાળવાળી, વિશાળ યોનિવાળી અને ગદ્‌ગદ બોલનારી હોય છે તેનુ સ્મરમદિર ૧૨ ઇચ ઊંડુ હોય છે. વળી કેટલેક ઠેકાણે તેનુ વર્ણન આ પ્રમાણે પણ છે. જાડા હોઠવાળી, સ્થૂલ નિતબવાળી, સ્થૂલ આગળીઓવાળી, મોટાં સ્તનવાળી, રતિ વિષે ઉત્સાહવાળી, સહેજ ભીનેવાન, પ્રબળ ભૂખવાળી, કદાવર, વાળ પીળા વર્ણના, આવામાં ઉત્સાહ સહ. ક્રોધવાળી, ગોરી છતાં ફિક્કી, લજ્જા વિનાની, પગની આગળી વાકી, ઠીંગણી, કમરમા વાકી વળીને ચાલતી, કામસક્રિયા હમેશ ચહેતું, હાથીના મદ જેવુ વાસવાળુ, ચલ મદ, મૈથુન મા.ટે અધીરી ને જલદી સતોષ ન થાય તેવી, ગદ્‌ગદ સ્વરમા બોલતી, હોઠ ન ટા એવા લક્ષણોવાળી સ્ત્રી હસ્તિની કહેવાય છે.

સ્થાન	નવમી	ચૌદશ	પૂનમ	અમાસ
ચદ્રકોર-યોનિ	ઇંદ્રિયથી ન બને તો હાથથી મસીટવી	નખ મગાડી ઇંદ્રિય પ્રવેશ કરવો; કમર દબાવવી	—	હાથથી ચાળા કરવા
ઢાંઢી	હાથ ફેરવવો, ચોળવી	—	—	—
હોઠ	ચુંબન	—	જાતજાતનાં ચુંબન	ચુંબન
બગલ	બજવાળવી, હળવી રીતે નખનો આઘાત	—	—	—
સ્તન	દબાવવાં, ચાગળવાં	—	ખેંચવાં	નખથી આઘાત કરવો
જાતી	—	—	નખથી આઘાત કરવો	—
સ્તનની ડીંટડી	—	—	ચુબન કરીને આગળીથી ચાગળવી	હાથ ફેરવી ચાગળવી
શરીર	—	—	આલિંગન	દબાવવુ
ઓઠ	—	ચુંબન	ચુંબન	ચુબન
કેડ	ગલીપચી કરવી	નખનો આઘાત	નખનો આઘાત	ગલીપચી કરવી

૩. સ્ત્રી. હદુવિલ્લસિની વનસ્પતિ.
૪. સ્ત્રી. હાથીની માદા; હાથણી

હસ્તિનૌબ્રત સ્ત્રી હાથી ઉપર બેસી વગાડવામાં આવતા હસ્તેદના નગારાં; ડંકા; જય ઘોષણા
રાહેનસહી ચોઘામા **હસ્તિનનૌબ્રત** વાગી રહી છે. નાનાલાલ

હસ્તિપ ૧. [સ] પુ. હાથીનો મહાવત.
૨ પુ. હાથી સવા૨.

હસ્તિપક ૧. [સં] પું. જંગલી હાથીને પકડવામાં હાથીને હાંકવાનું કામ કરનાર મદ.વત
૨. પુ હાથીનો રખેવાળ

હસ્તિપત્ર [સ.] પુ. હસ્તિકદ વૃક્ષ.

હસ્તિપદ પું (પુરાણ) એ નામનો એક સર્પ.

હસ્તિપર્ણ ન. તૂરિયાં.

હસ્તિપર્ણી ૧ સ્ત્રી. કાકડી.
૨ [સં] સ્ત્રી કાકડીનો વેલો.
૩ સ્ત્રી. લતા કરંજ

હસ્તિ પિપ્પલી [સં] સ્ત્રી. ગજપીપર.

હસ્તિપિંડ પું (પુરાણ) એ નામે એક સર્પ.

હસ્તિપૃષ્ઠક ન. રામાયણમાં વર્ણવેલુ એક ગામ

હસ્તિ ભુસા સ્ત્રી. કેળ.

હસ્તિભદ્ર પુ (પુરાણ) એ નામનો એક સર્પ.

હસ્તિમદ ૧. પુ એક પ્રકારનું ગંધદ્રવ્ય
૨ પુ હાથીના ગંડસ્થળમાંથી નીકળતો પરસેવો, પુખ્તી કેળાડનારો હાથીના ગંડમાંથી ઝરતો રસ.

હસ્તિમલ્લ ૧. પું. ઐરાવત હાથી.
૨. પું. ગણેશ.
૩. પું. નાગ.
૪. પું મલ્લના ચાર ભાદેનો એક પ્રકાર. હાથીની પેઠે તેના શરીરનો બાંધો હોય, તેના હાથ પગ વગેરે શરીરનાં અવયવો હૃષ્ટપુષ્ટ હોય અથવા થાકયા વગર જે બગીચાર સુધી લડી શકે તે હસ્તિમલ્લ કહેવાય છે. તે સાઠ વર્ષ સુધી મજબૂત રહી શકે છે. શરીરથી ધાતુ જરા ન દેવી, પ્રમાણશક્તિ વધારવી, નિયમ પ્રમાણે ખોરાક ખાવો, શૌર્ય રાખવુ, એ હસ્તિમલ્લના ગુણો છે
૫. પું શબ

હસ્તિમંડલ ન. હાથીનું ટોળું
તમારા હાથી આ મોટાના **હસ્તિમંડલ**
નાનાલાલ

હસ્તિમુખ પું. (પુરાણ) રાવણના પક્ષનો લડનો એક રાક્ષસ.

હસ્તિયાન ૧. [સં.] ન. એ નામનુ એક જાતનુ દ્વિશાળ ઘર.
ઘરના મુખ આગળ ચાર અલિંદો કરી તે ચાર આગળ એક મંડપ હોય અને તેવા ઘરમા બે ચદરાઓ આવે તે ઘરનુ મુખ દક્ષિણે હોય તો તે ઘર **હસ્તિયાન** ઘર કહેવાય
રાજવલ્લભ

૨. ન. એક જાતનું ચદરાસયુક્ત ત્રિશાલ ઘર: ભૈરવ
ત્રિશાલ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય. પછીને એક અલિંદ હોય. પણ તે ઘરની જમણી તરફ અલિંદ ન હોય અને ડાબી તરફ એક અલિંદ હોય, તેવા ઘરનુ મુખ હનર આગે હોય તો તે ' **હસ્તિયાન** ' ઘર કહેવાય.
રાજવલ્લભ

૩. ન. (શિલ્પ) એક પ્રકારનું ત્રિશાળ ઘર. હસ્તિયાન અને ભૈરવ ઘર વિષે માત્ર ફેર એટલો જ રહે કે હસ્તિયાન ઘરની ડાબી તરફ અલિંદ આવ્યો એટલે ભૈરવ નામ બદલાઈને તેનું નામ હસ્તિયાન થાય છે

હસ્તિયુદ્ધ [સં.] ન હાથીનું હાથી સાથે યુદ્ધ; સામસામા લડવાની હાથીને અપાતી કવાયત.

હસ્તિયૂથ ન. હાથીઓનુ ટોળુ

હસ્તિરત્ન ન. (જૈન) ચક્રવર્તી રાજાનાં સાત માહેનુ એક રત્ન

હસ્તિવંધકી [સં.] સ્ત્રી. જંગલી હાથીને પકડવાની યુક્તિ શીખવેલી હાથણી

હસ્તિવારક ન. કેરથી શકાય તેવું એક અસલી ઘડિયાર. તે એક મોટો વડો અથવા દડો હોય અને તેને છેડે બે કે વધુ અણીઓ હોય કે જેનાથી હાથીઓને પાછા પોલવામાં આવે છે.

હસ્તિવાહ પું. હાથીને વશ રાખવાનું અંકુશ.

હસ્તિ વિજ્ઞાન [સં. હસ્તિન્+વિજ્ઞાન (જ્ઞાન)] ન હસ્તિવેદ; હાથી સબંધી જ્ઞાન

હસ્તિ વિષાણી સ્ત્રી. કેળ.

હસ્તિવેદ [સં. હસ્તિન્ + વેદ (જ્ઞાન)] પુ. હસ્તિ વિજ્ઞાન; હાથી સંબંધી વિદ્યા.

હસ્તિશાલ (જૂ ગુ.) સ્ત્રી હાથીખાનું
હસ્તિશાલ એ આમલિપડિ.
વિમલ મૂર્તિ તે ઘોડેઈ ચઢ્યા. વિમલપ્રબંધ

હસ્તિશાલા [સ.] સ્ત્રી. હાથીખાનું; ગજશાળા
સિદ્ધરાજે હાથી અશ્વના જમણી તરફ મજબૂત અને ઊંચી એવી હસ્તિશાળા કરવી બતાઈએ અને તે શાળા ઉપર ધ્વજા અને મટાઓની શોભા કરવી જોઈએ.
હસ્તિશાલા હોય તો તેની શોભા અને આબાદી સરખી રાખી અલંકાર મૂકવુ. રાજવલ્લભ

હસ્તિશાળા જુઓ હસ્તિશાલા

હસ્તિશિક્ષા સ્ત્રી હાથીવિદ્યા
હસ્તિશિક્ષામાં નીલ કુવલયનુ નામનો હાથી કહ્યા છે. પુરાતત્વ

હસ્તિશૂંઢા સ્ત્રી એક જાતનુ ઝાડ; અન્નિયુજ. તે ભાગેલા હાડકા ઉપર ઉપયોગી છે

હસ્તિશ્રમ ન ભૂરા રંગનુ એક જાતનુ મધેરાત; વૃક્ષ, પિરોજ

હસ્તિસોમા [સ] સ્ત્રી. મદ.ભારતમા જણાવેલી એક પ્રાચીન નદી

હસ્તિસ્નાન ૧ ન. ભાતરવખાય, કેમકે, હાથી નાહ્યા પછી જેવો હતો તેવો જ મેલો થઈ ને ઉપરથી
૨. ન. રમશાન વૈરાગ્ય.
૩. ન. હાથીનુ સ્નાન.

હસ્તી ૧. પુ આઠ વસુઓ સાવૈતિક સત્તા.
૨ પુ ઉદ્ગાથ
૩ પુ (પુરાણ) ચદ્રવંશી એક રાજા; પાંડવ કૌરવોના એક પૂર્વજ. તેણે હસ્તિનાપુર શહેર વસાવ્યુ હતુ
૪. પુ ચાબુક
૫ પું. (પુરાણ) સોમવશીય અવિક્ષિત વશમાં ઉત્પન્ન થયેલા જનમેજયના પુત્ર શ્રુતસેનનો પુત્ર.
૬. પું. (પુરાણ) સોમવશીય સુહોત્રનો પુત્ર. એનુ નામ જયંતી અને પુત્રનું નામ વિકુજન હતુ. એની બીજુ નામ યશોધરા હતું જયતનું સુવર્ણા, વિકુજનનું વિકુઠન અને યશોધરાનુ યશોદા એવાં એ બધાંનાં નામો હતાં. તે હસ્તિનાપુરનો નિર્માણ કરનાર હતો.
૭ પું. હાથીની એક જાત; હ.થી; ગજ; માતંગ; સંખાઈ, જાડાઈ, ઊંચાઈ, બલ, પરાક્રમ હાતિ, વીર્ય એ સાત લક્ષણયુક્ત હાથી.
નૃત્ય રંગે પશુપતિનું થા **હસ્તિ**નું ચર્મે આળુ
રાતિ ધાતા સ્થિર નયનથી ભક્તિ જોતો હશા શું ?
મેઘદૂત

૮. પું. હિરણ્યગર્ભ
૯. [સં. અસ્તિત્વ (હયાતી)] સ્ત્રી. હોવું તે; હયાતી; અસ્તિત્વ.
૧. વધ્યાપુત્રની હસ્તી = અસંભવિત વસ્તુ.
૨. હસ્તીમાં આવવું = (૧) ચેતના પ્રાપ્ત કરવી, સજીવન થવુ (૨) જાગૃત થવુ
૧૦ ન. એ નામનું એક નક્ષત્ર.
૧૧. [સ. હસ્તિન્] વિ. હાથવાળ
હસ્તી દતી દ્વિરદ દ્વીપ, પદ્મી ચતુષ્ણ બાળ, કુજર ઈભ પૃથ્વી કરિ, સ્તબેરમ મુંડાળ, સિધુર વણી પનગ હરી, ગજ સામજ માતંગ, ઇતમયદ ત્યા પૂમજ, રદિવ નાના ૨ ગ
પિંગળપ્રકાશ

હસ્તીકર્ણ ૧ પુ એક જાતનો છોડ. તેનાં પાન હાથીન. કાનના આકારનાં હોય છે તેમા મકેદ ફૂલ થાય ...

૨ પુ ફજરો દતી.

૩ પુ હાથીનો કાન

હસ્તીકંદ [સં હસ્તિકન્દક] ન. એક જાતનુ કદ. તેનુ શાક થાય છે. તે શીતલ, બંધક, મૂત્રલ, છે તે રક્તપિત્ત ઉપર અપાય છે

હસ્તીકદળ પુ હથદળ; ગજદળ

હસ્તીદંત પુ હાથીદાંત

હસ્તીદંતી સ્ત્રી. તલવારની મૂઠનો એક પ્રકાર પેચ કમજ તલવારની મૂઠ હસ્તીદંતી છે
પ્રાચીન હથિયાર

૨. સ્ત્રી ગોપાલની છરી

હસ્તીનખ પુ હાથીનો નખ

હસ્તીની નાયકા સ્ત્રી. મદથી છોડેલી બુદ્ધિ વગ-ની સ્ત્રી

હસ્તીનીસ્તી સ્ત્રી હથાની ભિન હથાની તેની જાત પણ ભિન્નરે પસદગી ન આવી તેથી તેની હસ્તીનારની અંધારામા જ રહી ગઈ
ન ખે. અજંપાન

હસ્તીપરીક્ષા સ્ત્રી હાથીની પરીક્ષા તે સમયે આપુ હસ્તીપરીક્ષાની વિદ્યામા પ્રાણ હાવાનુ જણાવેલુ છે
મુ. સા. પરિષદ

હસ્તીપ્રમેહ પું. વાયુથી થતો એક પ્રમેહ. તે અસાધ્ય છે

હસ્તીમદ પુ હાથીના ગડસ્થલમાંથી ઝરતો એક પદાર્થ.

હસ્તીમેહ પું. એક પ્રકારનો પ્રમેહ. તેમાં ક્ષારના જેવો પેશાબ આવે છે

હસ્તીવલ્લિ સ્ત્રી. સમદરશોષ

હસ્તીવિજ્ઞાન પું. હાથી વિષેનું શાસ્ત્ર

હસ્તીવેદ પું. હાથી વિષેનું શાસ્ત્ર.

હસ્તીશાળા સ્ત્રી. હાથીખાનું

હસ્તીશુંડિ સ્ત્રી. એ નામે એક નાનો સુગધીદાર છોડ; હાથીસૂઢા. તે હિંદુસ્તાનનાં બધા જંગલોમાં ઊગે છે.

હસ્તીશ્વર પું. ગજશ્રેષ્ઠ; શ્રેષ્ઠ હાથી.

હસ્તીસુડી જુઓ હસ્તીશુંડિ.

હસ્તે ૧. અ અમુકને હાથે-જાતે-પોતે-એમ. જેમકે, હસ્તે ગિરધરદાસ.
ચિઠ્ઠીમા જાત શ્રી સરકાર વચનાત્ નામમા હસ્તે (હાથમા) ધોબા આવનજવરમા મહેના રેમણ (હસ્તે) એમ પાકળથી લખાવ એવુ છે

જે શુદ્ધ સસ્કૃત રૂપ અમુકના (હ થયા) છે તે (હસ્તે અમુકના) કરતા સાધુ છે.
મુ. સા. પરિષદ

૨. [સ. હસ્ત (હાથ)] જ દ્વારા; મારફત

૩. અ. હાથથી, અમુકથી પોતાની જાતે થયેલુ કામ

લોક સત્યાગ્રહની ચળવળને હસ્તે પર હસ્તે મદદ કરવા લાગ્યા.
ચિત્રમયજગત

હસ્તે પર હસ્તે = પોતે જાતે અગર બીજા મારફત.

હસ્તોદક [સ] ન. ચરણામૃત.
મદિરની પૂજા થયા પછી ચાદીરાજ સ્વામી વિગેરે પ્રમાણે હસ્તોદક આપે અને પછી જ બધા બ્રાહ્મણો જમવા બેસે.
કવેલકર

હસ્ત્ય ૧. વિ હાથનુ, હાથને લગતુ, હાથ સબંધી

૨. વિ. હાથે આપેલુ.

૩. વિ હાથે કરેલું.

હસ્ત્યધ્યક્ષ ૧. પુ. લડાઈ બાતાંનો એક પ્રાચીન અમલદાર

૨. [સં.] પુ. હાથીઓની દેખરેખ રાખનાર ઉપરી અમલદાર.

૩. પું. હાથીના લશ્કરનો ઉપરી અમલદાર.

હસ્ત્યાયુર્વેદ [સ.] પું. પાલકાપ્ય મુનિએ હાથીના વૈદાં સબધી રચેલો ગ્રથ.

હસ્ત્યારોહ ૧. પું. હાથીનો માવત.

૨. [સં.] પું. હાથીસવાર.
હસ્ત્યારોહ આ તો જોય, પન અટકાવનાર.
મુ. સા. પરિષદ

હસ્ત્યાલુક ૧. ન. એક જાતનો કદ.

૨. ન. બટેટાંની એક જાત.

હ-હ-હ અ. હાસ્યની રીત.
રાવણ હ-હ-હ કરી હસે છે.
સમાચારસુધાર

હહા ૧. પું. (પુરાણ) એ નામે અરિષ્ટાનો પુત્ર.

૨. પું. તે નામે એક ગધર્વ; ચાલુ મન્વંતરની પૂર્વેનો એક દેવગંધર્વ.

૩. અ. અરે ! અહા !
રસાણે આ સાસે હરિ વિણ કુરિ અંક મુકલે,
હહા ! રસ્તા સોકે ટીલા સિખરિણીએ હલ વને.
ગીતગોવિદ

હહો ૧. પું બેસવાની જગ્યા.
તરત જ પોતાના હહાઓ (બેસવાની જગ્યાઓ) સાબૂત કરવા માટે ફરી મૂળ પ્રકૃતિ પર જઈ વિગ્રહ શરૂ કરે છે.
કૌમુદી

૨. પું. સસલો.

હહ્લો પુ. હ નામનો મૂળાક્ષર.
હહ્લો હરિ જાણો ભરપૂર.
પ્રીતમદાસ

હળ ૧. [સ હલ] પુ ચહેમ, રાકા

૨. પું. સાગ

હળ કમખાના અને હળ હળો કરે ગાય
હળ કહે છે સાનીને, હળ પડયુ કહેવાય
ભાકોક્તિ

૩ ન. એ નામે એક અસુર.

૪ ન. કામધનો

૫. ન. જમીનમાં ઊંડા ચાસ પાડવાનુ એક ઓજાર; સાતડુ; ખેડવાનુ લાકડાનુ એક ઓજાર તેને સસ્કૃતમાં લાગલ, હળ, સીદારમ્, સીર નામ આપ્યાં છે. તેને બળદ જોડવામાં આવે છે તેનુ લાકડાનુ એક ફાચર ઠોકવા સાથે જ જમીનમાં જઈ રહેવા ઊભેરો છે તેને ચવરુ કહે છે. હળની ધૂસરી સાગની હોય છે ચોમડાની ચાપરી વડે તેને સીમમનાં ચાકડા સાથે બાધે છે, જેની ઉપર ડોક રહે છે. સમજવા રૂપે બાળકો તેનુ નીચે પ્રમાણે જોડકણું બનાવે છે

લાબુ લાબુ લસપસ,
ત્રણ માથાં દશ પગ,
હળનો માર્યો હલેશ્વરી,
ને ચવરુ મારે પરમેશ્વરી,
રાસ પરોવ્યો અને નાડી
નિવેદ ન આવ જોકરાની માડી

વળી હળ એ ખેડૂને માટે કેટલુ ઉપયોગી ખેતીનું અંગ છે તે નીચેની ઉક્તિથી સાબિત થાય છે

હળથી આવે ઘોડ પેઢ અને પાદશાહ તણા
ભાકોક્તિ

૧. હળ ખેડવું = (૧) ખેતી કરવી. (૨) હળ વતી જમીન ખેડવી, માંતી ચલાવવું.

૨. હળનો ચાસ = પોચિયો.

૩. હળે જોતરવુ = કામે લગાવવુ

૪. હળે જોડવુ = (૧) કામ પર પાછા વળગાડવુ, કામે જોડવું. (૨) પલોટવુ

૫. હળેથી છૂટવું = સખત કામ કરીને વિશ્રામ મળ્યે, મોકળા કે હારસ થવુ.

હળકુંડ સ્ત્રી. ઢેવાતણુ અખંડ રહે માટે નવી વહુને આપવાની આઠ માંહેની એક વસ્તુ.

હળખેડ (હળખેડ) સ્ત્રી હળ વડે ખેડેલી જમીન.
હળખેડ સૌને આવી આવે = કરેલા કર્મનો બદલો તો પોતે જીવતે જ છૂટકો

હળખેડુ (હળખેડ) ૧ પું. ખેતીનો ધધો કરનાર ખેડુ, કણબી.

૨. વિ. અભણ; થોડી બુદ્ધિનુ; ઓછી સમજનુ.

૩ વિ અસસ્કારી.

૪. વિ. શરીરે કદાવર અને જોરાવર

૫ વિ હળ ખેડનાર.

હળગ ૧. વિ. અસલી; જૂના વખતનું, મૂળ જેમકે, હળગથી એ અમારે સા દિવસમા એક વાર આવે છે

૨. સ્ત્રી. ચાલુ; રોજ. જેમકે, તેને હળગ તાવ આવે છે

હળજુ ૧ પુ હળ જોડનારો; ખેડૂત.

૨. વિ મંત્ર હળ હાકવા જેવા કામમા જ સમજનાર, અજડ.

૩. વિ. રૌંચો, અસસ્કારી; ગામડિયો; ખેડૂત જેવો

હળઝલી સ્ત્રી. હળ સીધુ ઝાલી રાખવા તુમાના બેસાડેલો લાકડાનો ટુકડો.

હળહું હું ન. એક પ્રકારની બાળ રમત; એક દેશી રમત. તેમા જોડ ઉપર કેટલાક છોકરા પગ ઊંચા રાખીને ચાલે છે ને દા દેનાર એક છોકરાને બે છોકરા હળ કરી ઘુંસા ઉપર એટલે ઊંચા રાખેલ પગ ઉપર ચલાવે છે.

હળદ ૧. [સં. હરિદ્રા] સ્ત્રી. એક જાતનુ મૂળિયુ; હળદર. તે રસોઈમા તથા પીળો રંગ કરવાના કામમાં આવે છે

૨. સ્ત્રી. એક જાતના ગાઢાગાઢાવાળા કંદનુ ચૂર્ણ.

૩. વિ હળદરના જેવુ; પીળુ.

આખની સફેતીના રંગ પીળા. **હળદ** જેવો અને છે. ગે. પારસનેરજી

હળદકુંકુ ન. દક્ષિણમાં થતો એક જાતનો આનંદનો પ્રસગ.

ચૈત્ર મહિનો હતો. ૫ વા. માધવરાવ ગાલેને ઘેર **હળદકુંકુ**નો સમારંભ હતો

ગોપાલકૃષ્ણ ગોખલે

હળદર [સ. હરિદ્રા; મ. હળદ; હિ. હરદી] સ્ત્રી. એક જાતના છોડના કંદ; સોની સુથારનારી એક પીળા રંગની ચીજ; હળદ; સર્વેરી; ભોજન તથા રંગમાં અને દવા તરીકે વપરાતી ઉપયોગી અને જાણીતી ચીજ; એક ગંડારૂપ મૂળ. તેને સસ્કૃતમાં નીચે પ્રમાણે જુદાં જુદાં નામો આપેલ છે: કાચની, પીતા, નિશા, વરવર્ણિની, કૃમિઘ્ના, હલદી, યોષિત્પ્રિયા, હરવિલાસિની વગેરે. હળદર એક જાતના છોડનુ મૂળ છે. તેનો રંગ પીળો અને ગમે તેવો છે એની સુવાસ મધ્યમ હોય છે એનો ઉપયોગ રંગ કરવા માટે થાય છે. તે વાયુનાશક અને મગજશક્તિ વધારનાર છે. એ મળાશયના વાયુવિકાર અને મંદાગ્નિમાં સેવવા યોગ્ય છે એ ભૂખ લગાડે છે. તેનો ઉપયોગ અથી જાતનાં શાકભાજી, દાળ અને ખીચડીમા થાય છે. હળદર નાખવાથી એમાં સુગધ અને સ્વાદ આવે છે. હળદર વગરનો ખોરાક મનમોહક અને સુધાવર્ધક નથી લાગતો. દક્ષિણ ભારતની સ્ત્રીઓ લીલી કે સૂકી હળદરનું ચૂર્ણ શરીર ઉપર લગાડીને પછી સ્નાન કરે છે તે શરીરની દુર્ગંધ, ખુજલી, દરાજ અને બીજા ચામડીના રોગો દૂર કરે છે. તેના ઉપયોગથી શરીર ઉપર વાળ ઊગતા નથી અને શરીરની કાંતિ વધે છે, ગૂમડા ઉપર હળદર, મીઠું, તેલ અને ચોટ મેળવીને બનાવેલી પોટિશ લગાડવાથી એ પાકી જઈને રસી બહાર નીકળી જાય છે. શરૂની થર્ડ ડોમ ત્યારે હળદરનો ધુમાડો શ્વાસ સાથે અંદર લેવાથી આ ઉપદ્રવ ઓછો થાય છે અને હૌટ પાતળી થઈને નાકેથી બહાર નીકળી જાય છે. હળદર ઉલટીને રોકે છે અને વાત, પિત્ત તથા કફના દોષો, માથાનો દુખાવો, ચકકરમિ અને દુર્ગંધવાળો પરસેવો દૂર કરે છે. મૂઢમાર, તાજા ઘા અને દાંતની પીડામાં લીલી હળદરનો રસ વપરાય છે રસને પીડાવાળા ભાગ ઉપર લગાડાય છે. ચકા અને ઘા ઉપર હળદરનું ઝીણું ચૂર્ણ છંટાવ છ લીમડાના પાન અને હળદરનો બનાવેલો લેપ શીતળાના ફોલ્લા ઉપર લગાવવાથી એ જલદી સારા થઈ જાય છે. હળદર સતારા જિલ્લાનો બજારનો પાક છે. તથા બેલગામ, શોલાપુર અને સુરત જિલ્લામાં મોટે ભાગે થાય છે હળદર લગાડ જમીન માફક આવે છે. ગુજરાતમાં આદુ અને હળદર સાથે રોપવામાં આવે છે હળદર સાથે રતા , પણ સુરત જિલ્લાનો સામાન્ય મિશ્ર પાક છે એની સાથે પણ કેરબદલીમાં રીંગડી, કુંવળી, મરચા વગેરે બાગાયત તૂર કરવામા આવે છે હળદર અને રતાળુ જેમા કર્યા હોય તો ૨૦૦ રતલ હળદર અને ૬૦૦ રતલ રતાળુ એકે એકરે બી તરીકે જોઈએ છે. એક રતાળુની ગાઠમાથી રોપવા લાયક આઠ કટકા મળે છે કયારામા હળદરના કટકા ૧૨ ઇચથી ૧૫ ઇચને અંતરે રોપવામાં આવે છે અને આદુના કટકા તો કયારાને કિનારે ૨ફૂટ ૩ ફૂટને આંતરે રોપાય છે એક એકરે હળદરનુ ઉત્પન્ન ૧૨,૦૦૦થી ૧૬,૦૦૦ રતલ અને આદુનુ ઉત્પન્ન ૬૦૦૦થી ૯૦૦૦ રતલ જેટલુ આવે છે. એકલી હળદર કરી હોય તો કયારા પહતિથી એકરે આશરે ૧૬ ૦૦૦ રતલ આવે, ચાસ અને પાળિયાથી ૨૪,૦૦૦ રતલ આવે અને પહોળા પાળિયાથી ૨૬,૦૦૦ રતલ આવે એટલે ઉત્તમ છે લીલી હળદરની માગણી ઓછી હોવાથી બજારમાં મોટા પ્રમાણમાં વેચી શકાતી નથી તેથી તેના સૂકા ગાંઠા કરવામા આવે છે. તેને ગોળ બનાવવાની કઢાઈમાં સારું આકારનો હળલો કરી તેમા પાણી છાટવામાં આવે છે પછી તે હળલાને લીલી હળદરનાં પાનથી હાકી કર્મ તેમાથી વરાળ બહાર ન ઊડી જાય તેમ ઢાલુ માટીથી લીંપી લેવામાં આવે છે. ચૂલા પર ચડાવી નીચેથી ગરમી આપવામાં આવે છે અને તે તૈયાર થાય છે ત્યારે તદન પોચી પડી જાય છે પછી તેને સૂકવીને ઉપરની છાલ કાઢી નાખવામા આવે છે ત્યારપછી તે બજારમા સૂકી હળદરના ગાંઠિયા તરીકે વેચાય છે કેટલાક એને ચૂલામાં પલાળી રાખી કચુના ગાંઠિયા પણ બનાવે છે. તેની ત્રણ જાત થાય છે: ૧. સાદી હળદર, ૨ આબા હળદર અને ૩. દારુ હળદર પહેલા બનત મસાલા તરીકે વપરાય છે; તેમ જ સલેખમ ઉપર ધુમાડી દેવામા તેનો ઉપયોગ થાય છે આબા હળદર મારે ઉપર લગાડાય છે દારુ હળદર શીતલ, રક્તદોષ, જવરદાહ અને બધી તરીકે પ્રમેહ, ત્વચારોગ, ખરજવા, પડ, કમળો તથા રક્તપિત્ત ઉપર કવાથ રૂપે અપાય છે તેનો કવાથ મધની સાથે કમળા ને તષ્ણાછિયા ઉપર અપાય છે. રસૌર અથવા રસવતી નામની ઔષધિ દારુ હળદરમાથી નીકળે છે હળદર ચામડીના રોગને મટાડે છ હળદરનાં ઝાડ કેડ સુધી વધે છે એ કરણીનાં ઝાડ જેવા હોય છે. પાદડા પણ તેટલા જ પહોળા હોય છે હળદર સામાન્ય રીતે બજારમાં રાજાપુરી, કરપાંચમ, જસ્પુર જાતોને નામે વેચાય છે હળદરમા ભોકી શુદ્ધ કરવાનો ગુણ છે તેમાંથી કંકુ પણ થાય છે કપૂરી હળદર અથી પ્રકારની ખરજવાનો નાશ કરે છે. રાન હળદર ઊધરી, શ્વાસ તથા કાસનો નાશ કરે છે

૧ હળદર કટકડી = લવા દવા, લાગતુ વળગતુ, વિગ કટકડી.

૨. હળદર કટકડી કરવી = (૧) આબરૂ ખોટે તેમ કરવુ; કજિયો કરવો (૨) નકામાંમાં ઉતારવુ

હળદરને ગાઠિયે ગાંધી ન થવાય = (૧) ઊંટવૈદુ કરવુ. (૨) ખોટો વેપાર કરવો.

૪. હળદરનો ગાઠિયો મળ્યો તેથી શુ ગાંધી થયા ? = સામાન્ય જ્ઞાન મળ્યુ તેથી શુ તે વસ્તુના જાણકાર બની જવાય ? જુલાબનુ ઓસડ આવડ્યું એટલે શુ વૈદ્ય થઈ જવાય ?

હળદરડી (હળદરડો) [સ હરિદ્રા] સ્ત્રી હળદર

પાણા પાણી **હળદરડી**. ને બીજા પીળા પાન. તેથી પીળો કેસરી ને ચોખું ચોખુ બનાવ

ભીખુભાઈ અને ત્રિભોવન

ગળદરવૃક્ષ ન. એક પ્રકારનું વૃક્ષ. તે રૂમીઝમેસી વર્ગનું ઝાડ છે બી વરસાદમાં વાવી રોપ કરાય છે. જૂનથી ઑગસ્ટ સુધી ફૂલ પીળાં આવે છે. ૫૦ ફૂટ ઊંચું ઝાડ થયે છે. રસ્તાની બાજુએ પણ વવાય છે. તેનાં પાતરાં મોટાં અને સીમાં તેમજ સુંદર દેખાય છે. લાકડાનો રંગ પીળો હોય છે. તે મકાનમાં વપરાય છે તેનાં બેતીનાં ઓજારો પણ બને છે. તે જંગલોમાં થાય છે, કારણ તે બેજ વધારે ચડે છે.

ગળદરથી ૧. સ્ત્રી. એક જાતનું વૃક્ષ. તેને રાઈ જેવડા સફેદ ફૂલના ગુચ્છા થાય છે

૨. સ્ત્રી બેટાં બકરાંને થતો રોગ. તેમાં મૂત્ર પીળું થઈ મરી જાય છે.

ગળદરવો ૧. પું. એક જાતનું ઝાડ; હરિદ્રુ.

૨. પું. કાંગર અને બાવટાનો રોગ; એક જાતનો મોઢાતને લાગુ પડતો રોગ. આ રોગથી આખો ઠોડ પીળો થઈ જાય છે અને પાક થતો નથી. વિશેષ પાણી પાયુ હોય તો વાદળાંવાળી ઋતુમાં પાકમાં જીવાં જંતુ પેદા થઈ પાક બગાડે છે.

૩. પુ નાની ગોરખમુંડી.

૪. [સં. અતિતપસ્વિનિ] પું. મોટી ગોરખમુંડી. તેનો રસ દામમાં આવે છે. નવકિમક ગ્રેસિડ તેમાંથી બને છે. તે ઉબ્બુ અને ગાંઠ, ગજ, વાયુ, બરજ, ગુદરોગ ઉપર ઉપયોગી છે

૫. પું. મોટો પાણો.

૬. પું. સાગનું પીળાશ પડતા રંગનું એક જાતનું લાકડું; એક પ્રકારનું વૃક્ષ. એનું એકલુ લાકડું ઘરમાં વપરાય તો સારું ગણાય છે.

૭. પું ગળદર જેવો પીળાશવાળો મોટા કદનો ગાંઠિયો.

ગળદવૃક્ષ જુઓ ગળદરવૃક્ષ.

ગળદવાજ ન. જંગલનું એક ઇમારતી લાકડું

ગળદિયો ક્ષારજ પું. ગળદરના બર્ક અથવા ગળદરના પાણીમાં સફેદ ચૂસણિયો કાગળ બોળીને અને પછી તેને સૂકવીને તૈયાર કરેલો કાગળ. તે પ્રવાહી અંદરનું ક્ષારનું પ્રમાણ પારખવા માટે ઉપયોગી થાય છે. જો તેમાં ક્ષારનો ભાગ વધારે હોય તો તેનો પીળો રંગ બદલાઈને નારંગી અથવા બદામી રંગ થાય છે. આ કાગળનો બદલાયેલો રંગ તેને કાંઈ ખટાશવાળા પ્રવાહીમાં બોળવામાં આવે તો તે પાછો મૂળ રંગનો થઈ જાય છે.

ગળદી ૧. સ્ત્રી. પીઠી; પરણતી વખતે સુગંધી મિશ્રિત ગળદર પલાળીને શરીરે લગાડે છે તે.

૨. સ્ત્રી. સૌભાગ્ય

૩. [સં. હરિદ્રા] સ્ત્રી. ગળદર.

ગળધર ૧. પું. બેડૂત.

૨. [સં. હલ + ધર (ધારણ કરનાર)] પુ. શ્રીકૃષ્ણના મોટાભાઈ; બળરામ; હળને આયુધ તરીકે ધારણ કરનાર; શેષના અવતાર; ભીમ અને દુર્યોધનને ગદાયુદ્ધ શીખવનાર; બળદેવજી.

લાગી ક્રિયા નગન વળગી ઇન્દ્ર સ્વાદિક સુરા,
બધુસનેહે તજી **હળધરે** યુદ્ધ. જે ચારિ સેન્યાં
તે ચારિ ત્યાં સરસ્વતી ત્યાં રેવતા બાગરાણી !
ત્યાં થે ચોખ્ખો ચરિત્ર હરખે, દેહ કાંતિ જ કાળી.
મેઘદૂત

૩. સ્ત્રી. એ નામે રાજપૂતોની એક શાખા

ગળધરવો ૧. [સં. હરિદ્રા] પુ. એક ઇમારતી લાકડું.

૨. પું. પીળા રંગના લાકડાવાળું ઝાડ.

ગળધરીલું વિ ગળદરના રંગનું; પીળું

હસ્યા પીળું **ગળધરીજું** ચોવ ચહેરો જોઈ છે.
પુનરુદ્ધાર

ગળધોર સ્ત્રી. એ નામની રાજપૂતોની એક અટક

ગળધોળ જુઓ ગળધોર.

ગળપતિ ૧. પું. બેડૂત; કણબી.

૨. પુ. બળરામ.

જગપતિ પણ **ગળપતિને**,
ભૂમિનો ધર ભોજું આર્યો અજાર્ય સમરહ

ગળપૂણી સ્ત્રી. ગળના ચવડામાં બાલવાની કોચ, ગળની અંદરનો જમીન ચીરનારો અણીદાર લોખંડનો સળિયો.

ગળફલવું અ ક્રિ. ઢાકણું ફાંફળું થવું; હલફલવું.

સુર અસુર દળ જેનુ મળ્યા, મહા સુભટ રાનોરાન રે;
ગળફળે, હુંકાર કરે ને ધસમસે પીર સુભાણ રે.
અલબર આખ્યાન

ગળબંધી સ્ત્રી. રાની બાગમાં બળદની જોડ કે ગળની ગણતરી ઉપર લેવાની રકમ કે રીત.

ગળભાળું ૧. વિ. ભોળું, નિષ્કપટ.

૨. વિ. સાદું

૩. વિ. હળેલ્લે એનું; મળતાવડું.

વિદ્યાસંપત્તિ અસાધારણ છતા નિરભિમાનીપણું,
ધનની સંપત્તિ અલબિચલ થઈ છતા શાંતિની
ઓરડપતા, છતનુ, વચ્ચાદિકનુ, સદાનું સાદાપણું,
ગળભળિયો સ્વભાવ, દ ગહીન વાર્તા, નાના મોટા
સર્વેની સાથે, આ ગુણોથી ઝવેરીલાલે મારા મન
ઉપર પ્રેમયુક્ત માનની છાપ પાડી હતી
રમણભુકાર

ગળભોકું ન. એક બાળ ખેલ.

ગળમળ ૧. સ્ત્રી. બળબળ; બાંધલ.

૨. સ્ત્રી. હળવું મળવું તે; બેસણું; પરિચય; મળવા ભેળાવાનો સારો સબંધ; સપ; મેળ.

૩. વિ. બળબળી ઊઠયુ હોય તેમ; ઉશ્કેરાઈ ગયું હોય તેમ.

ગળમેખળ ૧. સ્ત્રી ધ.ધમેલ; દોડાદોડ.

૨. વિ. હળ ફેરવવ.થી ને મેખ મારવાથી જેવી સ્થિતિ થાય તેવુ; બળબૂજળ; ઊંચે નીચે.

ગળવટ [સં હલવૃત્તિ] સ્ત્રી. બેતી; બેડૂત તરીકે આજીવિકા કરવી તે

કારભારીઓ સાથે બાથતાં બુદ્ધિધન **હળવટ** કે
જળવટ કરવા તત્પર થયા. સરસ્વતીચંદ્ર

ગળવાકર્મી વિ. જેનાં કર્મ ઓછાં છે તેવુ

ગળવારા સ્ત્રી હળવાપણું.

ગળવાહેલું વિ. સાલુપોલુ, હળવુ

ગળવી સ્ત્રી. નાગલીની એક જાત

ગળવું ૧. [સં લઘુક; પ્રા. હલ્લઓ; હળવું] વિ. ઓછી કીમતનું

૨ વિ. જે ચલાવતાં થોડી મહેનત પડે તેવુ.

૧. ખટી હળવી કરવી = નીચલી પાટલી અંદર હડસેલી સહેલાઈથી ખટી ફરે તેમ કરવું.

૨. હળવુ કરવું = (૧) આબરૂને બટ્ટો લગાડવો. (૨) ઓછો આંક કે તકલીફ આવે તેમ કરવું.

૩. વિ. ધીમુ; પોચું; નરમ; ધીઠું

કંથડા હળવું બોલ, રખે બીજે સ.ભળે
રઢિયાળી રાત

૪. વિ નિર્બળ; નિખાલસ.

જેમ્યુ જનને વિષયથી હળવું
હળવું આહીથી મન રે
નરસિંહ મહેતો

૫. વિ. સહેલાઈથી પચી જાય તેવુ

૬. વિ. સહેલુ.

૭ વિ. હલકી પેઢીનું; હલકા કુળનું; બરાબ સ્વભાવનુ

૮. વિ. હલકું; હલકા વજનનું; ભા.૨ વિનાનું; ફોક.

કેવીકોનાથી રે ખાડી બધુ લાગતી સુંદર,
ઝલઝલથી રે લાગે **હળથી** કૂલ જેવી તે.
મારીગીતા

હળવુ સોહ્યા હવાલદારનુ = નીચા કે ઊતરતા દરજ્જા ઉપર સૌ કોઈ પડે; નાના કનિષ્ઠને માથે દોષ આવે

૯. અ ક્રિ. મળતુ આવવુ.

૧૦. અ ક્રિ હળવા પડવુ; માનમાંથી ઊતરવું; અપમાનિત થવું.

તારા મનમાં જો'તું મેહ નાનકો કા ન મોક્લ્યો;
ઊતરી ડીયો **હળ**, હાલીને **હળવાં** થિયાં.
કા. આહિત્ય

૧. હળવા પડવુ = (૧) અહંકાર ઓછો થવો (૨) માનભંગ થવુ
૨. હળવુ થવુ = ભારરહિત થવું.

૧૧. અ ક્રિ. હળી જવુ.
૧૨. સ ક્રિ. જીવ ગોઠવો; જીવ મળવો; ગમી જવુ; ભાવવુ, મળી જવુ, સધી રહેવું
૧૩ સ ક્રિ. ફાવવુ.
૧૪ સ ક્રિ હળ ખેડ કરવી, સાતી ખેડવુ, બબ્બે ચાસની વચ્ચે હળ ફેરવવુ.

વરસાદ કાંઈક વધુ પડતો હોય તો પણ બી કે ખોડ ધોવાઈ જતા નથી. વચમા **હળવાનું** સારી રીતે ફારે છે. નરહરિ પરીખ

હળવું ફૂલ વિ. એકદમ હળવું; પુષ્પ જેવ હળવુ

હળવુંમળવું સ ક્રિ નાતો જાળવવો.

હળવે ૧. અ આસ્તે; ધીમે
૨ અ. નરમાશથી; મધુરીથી

અંધાને અંધો કહે, કડવું લાગે તેમ.
હળવે રહીને પૂછીએ, શાણી બોબાં જેમ
સોકેજિ

હળવે રહીને = (૧) વિવેકથી; મર્યાદામાં રહીને. (૨) શાનમાં; ધીરે સાદે

હળવેક અ. ધીમેથી; હળવે

હળવેકું અ. ઉતાવળ વિના; ધીમેથી; ધીરેથી.

ધીરા **હળવેકરો**, હળવેસું ચેહ, ભીંજ્યો ચૂંદડી.
ભાસ્કીવ

હળવે હળવે અ. ધીમે ધીમે.

હળસાંણી સ્ત્રી. એક જાતનુ ખેતીનું ઓજાર.

ત્યારે તેને **હળસાંણી** રૂપ આપવા ઈતાળથી હળવામા આવે છે. ઈ. સૃ. દેસાઈ

હળસુંડી સ્ત્રી. હળનો ભાગ.

હળહળ ૧ વિ હળાહળ; બહુ જ કડવુ

બ્રાહ્મણનો અંશ **હળહળ** વિષ. પ્રેમાનંદ

૨. અ હલાવી હલાવીને

હળળાળ અ. સરર એવી રીતે

બળળળ **હળળાળ** પાણી વહ્યાં બબ ને બબ્બ કુદરતના ગીત ગાતાં બધ. ત્રિભુવનદાસ

હળાણી સ્ત્રી. એ નામનું જાડેજા રાજપૂતોનુ એક કુળ.

હળાયુધ [સ. હલાયુધ] પુ. હળ જેનુ હથિયાર છે તે; બળરામ, બલભદ્ર.

હળાયો પુ. થોડા ભારમાં ગોળાકાર હળ હાંકવુ તે

હળાયા જેવુ = ચીકટ.

હળાવવું ૧ સ ક્રિ પરિશ્રમિત કરવું.

૨ સ ક્રિ. હળી બંધ તેમ કરવુ; હોળવવું.

હળાવું ૧. ન. ખડની ઝીણી ઉપરની સળી.

૨. અ ક્રિ. અસર તળે હોવું
૩. અ. ક્રિ પરિશ્રિત હોવું.
૪. અ. ક્રિ પ્રેમમાં પડવુ.
૫. અ. ક્રિ હળમા જોતરાવુ.
૬. અ ક્રિ. હેળવાવુ.

હળાહળ ૧. [હિ.] ન. ક્ષતીસ ઝેર; વિષ.

મસ્ત **હળાહળ** ઝેર મૃત્યુ કાળકૂટ રસભાર,
રસમાં વિષ નવ બોળાએ ચાલ તું કર નહિ વાર.
પિત્રજલકુબોધ

૨. ન બહુ જ કડવું દિલ; એક જાતનું સ્થાવર વિષ

૩ ન. સમુદ્ર મંથનમાથી મળેલ ચૌદ માહેનુ એક રત્ન

૪ વિ. અતિશય; બધુ; તમામ, બિલકુલ

૫ [હિ.] અ. રગેરગે; નસેનસમાં.

કાબેરના સરખું ઝેર **હળાહળ** ચઢી ગયું
દ. બ. મા

હળિયું ૧. ન. નાનું હળ; હળના આકારનું નાનુ હળ

૨. ન. શ્રાવણ સુદ પૂનમને દિવસે રમાતી એક જાતની રમત

બહુ હર્ષ બબ્બે ટાવું **હળિયું**.
વલ્લભદાસ પોપટ

હળિયેલ ન કબૂતરના વર્ગનું એક જાતનું પંખી. તે ટેકરી ઉપર કે પર્વતની અંદર રહે છે

હળિયોહિસાબ પું. માપ્ય, અલાણ ઓકોમાં ભીંતિ લીટા કે ચાલ્યા કરીને રખાતો મેળ; અમોક્સ હિસાબ.

હળી ૧. પું. ખેતરમાં મજૂરી કરનાર માણસ.
૨. વિ. ઝેરી.

ખરી ખામ્યો એ તો ખેદના,
હળી દીધી વસ્ત્ર વણી વેદના. સામળ

હળીઓ પુ. હળ હાકનારો માણસ.

ખેતરમાણે **હળીઓ** આવ્યો, વહુને રહતાં દીધાં.
લોકગીત

હળીમળીને અ. સંપી સંપીને; એક વિચારે; મમત

હળુ અ. હળવે; ધીમે.

હળુઓ ૧. વિ. હલકો
૨. વિ. હળવો.

હળુકર્મી ૧ વિ. જેનાં પાપ કર્મ ઓછાં થઈ ગયાં હોય એવું.

જોગના વખતમાં ચોગ સાંભરે એ **હળુકર્મિનું** લક્ષણ છે. રાજચંદ્ર

૨. વિ પાતળાં કર્મવાળુ; અલ્પકર્મી.

૩. વિ સુભાગી; સુખસંપન્ન; પ્રતાપી; શ્રીમાન.

હળુકર્મી જુઓ **હળુકર્મિ**.

હળુહળુ ૧. અ ધીમે
૨. અ. હળવે હળવે; આસ્તેથી

હળોટું (હલોટ) ન. એ નામનો સર્પ જેનો એક દરિયાઈ જીવ

હળોતરાં ન. બ વ. વરસાદ થયા પછી પહેલવહેલાં હળ જોતરવાં તે; પહેલ વહેલા હળ જોતરવા કે જોડવાનુ મૂહૂર્ત કરવુ તે. છોકરા જન્મ પહેલવહેલા હિવસે બેટતો આ ક્રિયા કરે છે

હળોતરું ન જમીનને પ્રથમ વરસાદે ખેડવી તે.

હં ૧. [પ્રા.] અ અનુમતિ અને ઉત્સાહ આપવાનો ઉદ્ગાર.
૨. અ. આશ્ચર્ય, તુચ્છકાર, ધમકી દર્શક ઉદ્ગાર.

હં ! રહસ્ય બહાર પડી ગયું. પુરાતત્વ

૩. અ. હા; સ્વીકારના અર્થમા વપરાતો ઉદ્ગાર; હું સાભળુ છુ કે માર્ક ધ્યાન છે એવા અર્થમાં વપરાતો શબ્દ.

હં. આજ કરજે હો વસુધા

હંકારવું સ. ક્રિ. હકારવ તેમ કરવું

હંકાઈ સ્ત્રી. હાંકવાની મજૂરી; હંકામણ.

હંકામણ ન. હંકાઈ; હાંકવાની મજૂરી.

હંકામણી સ્ત્રી હાંકવાની મજૂરી; હંકાઈ.

હંકાર ૧. [સં. અહંકાર] પું. ગર્વ, અભિમાન; હુંપદ
૨. પું. કાચાવાળા દાંતાળાં પૈડાંથી કે બીજણીના બળથી ચાલતુ, વહાણના અડારમાંથી કે બાજુમાંથી વજન ઊંચકવાનું એક સાધન; પટ્ટર તથા માલ ઊંચે ચઢાવવા માટેનું સઢ, કપિ તથા ફોરડાવાળું સાધન.

હંકારચિઠ્ઠી સ્ત્રી. (વહાણવટું) હંકારવા માટેની રજચિઠ્ઠી.

હંકારવું ૧. [સ. હ + કૃ] સ. ક્રિ. ગાડી વગેરને ચાલતી કરવી
૨. સ. ક્રિ. ચલાવવુ; હાકવું; ચાલતું કરવુ.

બધા કાગળ ઉપર કલમ **હંકારે** છે
ગુ. સા પરિષદ

૧. હંકારી મૂકવુ = હાંકી મેલવુ; ચાલતું કરવુ.
૨. હંકારી રાખવું = હાંકે રાખવુ; ચલાએ રાખવુ.

૩ સ. ક્રિ. અર્ધે પડવુ
૪. સ ક્રિ. મોકલવુ.
૫. સ. ક્રિ. (વહાણવટું) સઢ ચઢાવવો; વહાણનું પરમાણ ઊંચે ચડાવવુ; સઢ છૂટો કરવો; વહાણને ચલાવવુ.

હંકારી વિ. અહંકારી.

જનમાને **હંકારી** વાત સૌ જિભમાં રાખું.
મુક્તા

હુંકાવવું સ ક્રિ. હાકે તેમ કરવું; હાકવાનું કહેવું.

હુંકાવું અ ક્રિ. ચાલવું કરાવું; હાકી રાકાવું.
ચાલ ચહિયા ભગવાનને ભૂલ્યે, હંકાઈશ ચેર ચેર.
દયારામ

હુંકે અ. હો કે ! હો ને એવા અર્થમાં ભારદર્શક અવ્યય.
અભ્યાસ પડતો ન મૂકવાનો હુંકે ! સારદા

હુંગણ ૧. ન. ઝાડો; મનુષ્યનો મળ; ગૂ; ઠી. ૨ ન. વારે ઘડિયે દિશાએ જવું તે; ઝાડે જવું તે; ઝાડો થવો તે; અતિસાર; ઝાડા

હુંગણી સ્ત્રી. ગાંડ; મળદ્વાર; શરીરનો બાજરૂ માર્ગ.
હુગણી વગર રેચ લેવો = (૧) ગજા ઉપરનની જવાબદારી સ્વીકારવી (૨) સામર્થ્ય વગર સામનો કરવો

હુંગણું ૧. ન. અતિસાર; ઝાડા; વારે ઘડિયે કળશો થવો તે.
૨. વિ. વખતો વખત હુંગવાની આદતવાળું.

હુંગપાદ સ્ત્રી. અધીરાઈ; ઉતાવળ.
હુગપાદ ઝાલવી = તળે ઉપર થવું, અતિ ઉત્સુક થવું.

હુંગવું સ ક્રિ. ઝાડે જવું કે કરવું; મળોત્સર્ગ કરવો, મળ ત્યાગ કરવો, મળ વિસર્જન કરવું; જગાએ જવા દિશાએ જવું, ઠળિયે જવું

હુંગાણી સ્ત્રી. ઝાડે જવાની હાજત.

હુંગાણું વિ. હુંગવા જવાની હાજતવાળું.

હુંગામ ૧. [ફા. હંગામ (સમય)]
પું અવસર; વેળા; વખત; સમય.
૨. પું. ઋતુ, મોસમ
૩ પું વોકાનને લઈને થતી ગેરવ્યવસ્થા.
૪. પું. ધમાલ, ધમાચકડી.
૫. પું ધીંગાણું; તોફાન; હુલ્લડ
૬. પું. લડાઈ
૭ પું શોરબકોર

હુંગામજુ ન ઝાડે જવાની ઇચ્છા.
હાથ દીધે હુંગામજુ ભળે નહિ = જે વસ્તુ નિવારી શકાય તેમ નથી તેમાંથી છટકવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો

હુંગામી ૧ વિ. અશાશ્વત; અનિત્ય; અસ્થાયી.
૨. વિ કામ હોય તેટલા દહાડા રાખેલ નોકર; 'પ્રોબેશનર'.
૩. વિ કામચલાઉ.
૪ વિ મોસમનું; મોસમ કે અવસર પૂરતા કામનું

હુંગામીવાડ (હંગામીવાડ) સ્ત્રી. કામચલાઉ પાડ; થોડી મુદત રાખવાની વાડ.

હુંગામી હવાલો [ફા.] પું તાત્કાલિક બંધન.

હુંગામો ૧. [ફા.] પું. અગાઉથી નક્કી કર્યા મુજબ એક કરતાં વધુ માણસો એકઠા થઈ કંઈક કરવાના ઇરાદાથી હુમલો કરવો તે
કોઈ કાયદા વિરુદ્ધ મંડળીનો સામનો કરે પાર પાડવામાં તે કાયદા વિરુદ્ધ મંડળી અથવા તેનો કોઈ અંગભૂત, બળ અથવા હુલ્લડ વાપરે તો તે મંડળીના દરેક અંગભૂત હુંગામાનો ગુનો કર્યો છે એમ સમજવું.
મુબઈ ધારાની પોલીસસત્તાઓ
૨. પું. અવસરની ધમાલ; ધામધૂમ.
૩. પું. ઝઘડો.
૪ પું. તોફાન; હુલ્લડ, દંગો; વિપ્લવ; બંડ; બળવો
૫. પું. ધમાચકડી; ગરબડ.
૬. પું. લોકોની સમાધિની વિરુદ્ધનો ગુનો
૭. પું. હુમલો; હલ્લો

હુંગેઠો (હુગેઠો) પું એક દેશી ઔષધ.

હુંગેરિયન ૧ સ્ત્રી ઓગ્ન ગોત્રની ભાષાની એક શાખા, હંગેરિના પ્રદેશમાં બોલાની ભાષા.
૨ વિ. હુંગેરિના પ્રદેશમાં બોલાની ભાષાને વાપરનાર

હુંચાર સ્ત્રી. વિષ્ટા; ગરક; મળ.
એક બાજુની આછાદીની સુકાઈ ગયેલી હુંચાર છે.
ગો. વિ. મો. શાહ

હુંચ ૧. પું. કારીગરનાં ઓજાર.
૨. પું. ઘોડાનો સામાન.

હુંજ ૧. પું એક પ્રકારનો છોડ. તે બળદાણા જેવો થાય છે. તે બેથી ત્રણ હાથ ઊંચો વધે છે. તેનાં પાન બલાનાં પાન જેવા થાય છે પણ જેમની ઓર ન પડતી હોય તો તેના પાનનો ઉકાળો પાવાથી ઓર જલદી પડે છે
૨. પું. ગિરદી; ભીડ.
૩. પું. નકતરું; ઝાડો.
૪ પું. રસ્તા ઉપર વાહન વગેરેનો રહેતો મારે.
૫. પું. રંજાડ; ભગાડ; નુકસાન
૬. સ્ત્રી. આગમચ; ચૂલાની આગળ કરતી પાળ કરીને રાખ કાઢવાની જગા કરી રાખી હોય તે

હુંજિકા સ્ત્રી. એ નામની એક વનૌષધિ; ભાંરંગી

હુંજીકા સ્ત્રી. રાખ.

હુંજીબંજી પું. બલાસી.

હુંજો [સં. સધિ (સાથો)] પું. (વહાણવટું) લાતુ સાથે મરડીથી બાંધેલાં દોરડાંવાળો ખૂબતો. પરમાણને ઊંચુનીચું કરવા માટે તે વપરાય છે.

હુંટર ૧. પું. ચાબૂક; ચામડાનો ચાબખો.
૨. [અં.] પું. શિકારી.

હુંડરવેટ [અં.] પું ટનનો બીજામો ભાગ; એક અંગ્રેજી તોલ; 'હન્ડ્રેડવેઇટ'

હુંઠા [હિ.] પું ઢાલવું, ગોળો
હડો ઠોડવો = છૂપી વાતનો ભેદ ખૂલ્લો કરવો.

હુંડિયા [સ. હુડિકા] સ્ત્રી. માટલી; ઢાકલી

હુંડી ૧. સ્ત્રી. માટલી, ઢાકલું
૨. સ્ત્રી હુંડી.

હુંડીબંદર પું તાડની જાતનું એક ઝાડ દરિયા કિનારા તે ઊગે છે

હુંડેહવેબંદર જુઓ હંડરવેટ

હુંત ૧. [સ.] અ. અનુકંપા, દયા, કંટાળો અને ચીડનો એક ઉદ્ગાર. તે બબડવામાં, ખિજવામાં કે દુઃખમાં વાક્યના આરંભમાં વપરાય છે.
૨. અ ઠીક, ઠીક.

હુંતકાર ૧. [સ.] પું અતિથિને આપવા લાયક અન્ન
૨. પું. ખુશીનું કારણ.
૩. પું હત શબ્દનો ઉચ્ચાર કરવો તે

હુંતવ્ય [સ.] વિ. હણવા યોગ્ય; મારવા યોગ્ય; હનનીય

હુંતા ૧. [સં. હન્તૃ] પું. ઘાતક; ખૂન કરનાર; હણનાર; વિનાશક; સતત હણનાર
જે આપે એહને હંતા, ૫ ૮૮ માને બ્રહ્મવત્સ.
અને જે એહ અજ્ઞાની, ના હ ન્યૂ, ના દ્રષ્ટ્ય ન તે.
કવિ ગીતા
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ
૩. વિ નાશ કરનાર; મારી નાખનાર; ખૂની

હુંતિયો પું એ નામે એક બબડાટ.
હુંતિયો દુર્મતિયો ખરા નિષ્કુળાનંદ

હુંદા અ. છઠ્ઠી વિભક્તિનો એક પ્રત્યય. નો, ની, નું ના અર્થમાં વપરાય છે.
ઘર હુંદા ઉપકાર મ.વલ્લભજી

હુંદોડંદો (હંદોડંદો) વિ ઉતાવળી
હાથ કરે હુંદાડંદો એનો બાપ કરે ન.
લોકોક્તિ

હુંફામણ સ્ત્રી. મોટી મૂશ્કેલી; બહુ મુંઝારો તે

હુંફાવવું ૧ સ ક્રિ અકળાવવું
૨. સ ક્રિ મુંઝાવવું ઉડાડે એમ કરવું

હુંફાવું અ ક્રિ અકળાવું, હાર નેમ કરવું

હુંભમ ૧ ન. ઊંટવૈદ્ય
પહેલા વિદ્વાનો આ વિદ્યાની પુષ્કળ નિન્દા કરતા તથા તે વિદ્યાને સરિયામ ઊંટવૈદ્યી અને ઊંટવૈદ્ય (humbug) જેવા કહેતા
પ્રેરિતમ સાધનોલ્લેખ

હંસ

૨. ન. એ નામનું એક ફૂલ. તેની સુગંધમાં ભ્રમર તારલ્ય થઈ જાય છે.

૩ ન. ઢોંગ; ખોટો દેખાવ.

૪ [અં.] ન. ધ્વનિગ.

૫. ન. બનાવટ કરીને બોલવું તે.

૬ વિ. અસત્ય; મિથ્યા; ખોટું; પોલું.

હુંબલી ૧ સ્ત્રી. એ નામે સુન્ની મુસલમાનોના ચાર મહેલોનો એક ફાંટો તે ચાર ફાંટા આ પ્રમાણે છે. કન્ની, મલકી, શાફી ને હુબલી.

૨. ન. એ નામે સુન્ની મુસલમાનોના ચાર મહેલના એક ફાંટાનુ માણસ.

૩. વિ એ નામે એક ફાંટાનુ

હુંબેલ સ્ત્રી. જનોઈની માફક અજ્ઞામાં પહેરવાનો પટો. તે પટ્ટામાં કારતૂસો ખોસેલા હોય છે તેમાં તમંચાર પણ ખોસાય છે.

હુંબોડા (હુંબોડા) પું. કાજળીઓની રમતમાં કૂદતિયાં ગાતી વખતે ઉલ્લા તાલ વખતે કરવામા આવતો ઉચ્ચાર.

સહીઅર અતયું ખુદયુ રે કાઈ **હુંબોડા** હાર સાથ
રામકૃષ્ણ

હુંબોહુંબો અ. ભલે ભલે એવા અર્થમાં વપરાતો એક કેવળપ્રયોગી અવ્યય.

હારે મને વીંઝાડે ઠમઠાણી રે મા,
હુંબોહુંબો વીંઝાડો. ઝોંતીત

હુંભા સ્ત્રી. ગાયના ભાભરવાનો ઉદ્ગાર; ગાયનો અસ્પષ્ટ ઉચ્ચાર; ' હુંભા ' એવો અવાજ.

ગાયે હોંભ કરીને દુશ્મત દૂર અને મહાદાક્ષ્ય
હુંભા શબ્દ કર્યો. જગદ્ગુરુ ભાગવત

હુંભારવ પુ હુંભા એવો અવાજ; ગાયનો અવાજ.

હુંમ ૧. સ્ત્રી. ઉશ્કેરવાનો એક ઉદ્ગાર.

૨ સ્ત્રી. કોઈ પણ કામ કરવાના પ્રોત્સાહનનો એક ઉદ્ગાર.

૩ સ્ત્રી. બીજાની ભાગણી સતેજ કરનારો ઉદ્ગાર.

હુંમર ન ખોદવાનું કરી ખાણ વપરાય છે.

હુંમશ અ હમેશ; સદા

હુંમશાં જુઓ હમેશા.

હંસ ૧ [સં] પું. અજપામત્રનો અક્ષર.

૨ પું. અફઘાનિસ્તાનનો એક દેશ; હિમાલયનો એક ભાગ.

૩. પુ પરમાત્મા આત્મા ગમન કરે છે માટે તે હંસ કહેવાય છે

હંસ હિતાય્ય = આત્મહિતાર્થે

૪. પુ એ નામનુ એક જાતક
એ ભાતુબન કર્યા **હંસ**,
અક્ષ સમકાલિક પ્રીછ્યા. બુદ્ધિપ્રકાશ

૫. પું. એ નામનો એક વર્ષ
પ્લક્ષ દ્વીપમાં **હંસ**, પતંગ, ઉર્ધ્યાયન અને સત્યાંગ નામના ચાર વર્ષો છે. એનુ આયુષ્ય ૧૦૦૦ વર્ષનુ છે અને ૩૫ દેવતાઓ જોવું છે
ભાગવતી ભાગવત

૬. પું એ નામનો છંદ માત્ર.
સજ્ય ઇન્દ્ર રે પ્રભુની કીર્તિની રટના સદા.
સ્મર **હંસ**થી પણ શુદ્ધ તો કહીશુ સદા.
ચિંતાસદુપાધ્યાય

૭. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરાનો એક ભેદ છે. તેને મરાલ છંદ પણ કહે છે. તેમાં ૧૪ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૪ વર્ણની ૪૮ માત્રા હોય છે

૮. પું. એક જાતનો ઘોડો.
હંસ તુરગમ હસ રવિ હસ મરાલ સુબદ,
હંસ છત્ર જનના ગણો પરમહંસ મોવિદ
ચિંતાસદુપાધ્યાય

૯. પુ એક જાતનો દેહનો વાયુ.

૧૦. પું. એક તારાનું નામ; ચિત્રસૂત્ર પ્રમાણેનો એક તારક પુંજ. અભિજિતની પાસે ઈશાનમાં અને ધનિષ્ઠાની ઉત્તરે હંસ નામે એક તારકપુંજ છે. તેમાં એક પ્રથમ પ્રતિનો તારો છે. તે મે માસમાં પરોઢિયે તથા ઓક્ટોબરમાં રાત્રિના પૂર્વભાગમાં મધ્યાહ્નવૃત્ત ઉપર આવે છે આ તારકપુંજ આકાશગંગામાં છે. હંસ એ નામ આપણા જ્યોતિષ ગ્રંથોમાં નથી; પાશ્ચાત્યોએ આપેલા નામનું ભાષાંતર છે; તથાપિ આપણા બીજા ગ્રંથોમા તે નામ છે તે હંસ આકાશગંગામાં સ્નાન કરે છે. હંસને શરદૃતુ બહુ જ પ્રિય છે. આકાશમાના હંસપુંજમાંના તારા આકાશગંગામાં છે શરદૃતુમાં સ્વચ્છ આકાશમાં તે ચકોરો રાત્રે સુંદર દેખાય છે

૧૧. પું. એકદંડી સન્યાસી; જ્ઞાનાભ્યાસમાં રત સંન્યાસી; એક જાતનો યતિ. હંસ સંન્યાસિની અવસ્થા આ પ્રમાણે છે. એણે શીખું, ભિક્ષા લાવવાનું પાત્ર, કંથા, કૌપીન, પાથરવાનું વસ્ત્ર, અંગવસ્ત્ર, અદ્રિદંડ, વાંસનો એક દંડ, એટલા સાધનો રાખવાં. ભસ્મલેપન સર્વાંગે કરવું, ત્રિપુંડ્રો કરવાં અને નિત્ય શિવલિંગની પૂજા કરવી રોજ આઠ ગ્રાસ એકવાર જમવા, શિખા રાખવી, સંધ્યાને સમયે સાવિત્રી જપ કરવો અને આત્મ ચિંતન કરવું, તીર્થાટન કરતાં કરતાં તીર્થે સેવા કરવી, કૃચ્છ્રચાંદ્રાયણ આદિ વ્રતોને આચરવા, એક ગામે એક જ રાત્રિ રહેવુ અને ત્યાં ન્યાયપૂર્વક આચરણ કરવું. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે: કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ

૧૨. પુ એક પ્રકારનો મત્ર.

૧૩. પુ. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૮ લઘુની ૧૨૮ માત્રા હોય છે

૧૪. પુ. એક રાગ. તે ગમે તે વખતે ગવાય છે.

૧૫. પુ. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે તેમાં ૧૮ ગુરુ અને ૨૦ લઘુ મળી ૩૮ વર્ણની ૫૬ માત્રા હોય છે

૧૬. પુ. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રત્નવસ્તુ છંદનો એક ભેદ છે. તેમા ૧૧ ગુરુ અને ૬૨ લઘુ મળી ૭૩ વર્ણની ૮૪ માત્રા હોય છે

૧૭ પું. (પિંગળ) એક વિષમમાત્રા માત્રામેળ છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે તેમાં ૬ ગુરુ અને ૭૮ લઘુ મળી ૮૭ વર્ણની ૯૧ માત્રા હોય છે

૧૮. પું. (પિંગળ) એક સમમાત્રા માત્રામેળ છંદ. તે સર્વવા છંદનો એક ભેદ છે. તેમા ૨૮ ગુરુ, ૬૮ લઘુ મળી ૯૬ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૧૯ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ તે અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, જગણ અને રગણ એમ પંદર અક્ષરો હોય છે. તેને મણિહસ છંદ પણ કહે છે.

૨૦. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે મગણ, નગણ, જ્ઞા નગણ, સગણ અને ગુરુ એમ બાવીસ અક્ષરો હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો હોય છે. આ છંદ આકૃતિ છંદનો એક ભેદ છે. તેને હંસી છંદ કહે છે

૨૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમા જગણ અને બે ગુરુ મળી પાંચ વર્ણ હોય છે. તેને પંક્તિ, અક્ષરપંક્તિ, કારી કે ભૂતલમાન્યા છંદ પણ કહે છે. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે

હંસ જ ગ ગે રત્નપિંગળ

૨૨. પુ કર.

૨૩. પું (પુરાણ) કશ્યપને અરિષ્ટાની કુખે થયેલા પુત્રોમાંનો એક ગંધર્વ. સોમવતી કૃષ્ણપક્ષ તે આ ગંધર્વનો અંશાવતાર હતો

૨૪ પુ કૃષ્ણ

૨૫. પુ ગુરુ

૨૬. પુ. ચિત્રસૂત્ર પ્રમાણે પુરુષનો એક વર્ગ તેનાં લક્ષણો આ પ્રમાણે છે: મધુર, જાડી આંખોવાળા, ગજ જેવા ગોરા, નાગરજ જેવા ઢાલવાળા, બલવાન, હસ પ્રમાણે ચાલનાર., સુદર મધ્યભાગવાળા અને સુમુખવાળા પુરુષને હસ કહ્યો છે. પાંચ પ્રકારના પુરુષો આ પ્રમાણે છે: હસ, ભદ્ર, માલવ્ય, રુચક અને શશ.

૨૭. પું જરાસંધનો મિત્ર
૨૮. પું જીવ
હજાર તથા હંસ જ ઉતરીઆ. સામળ
૨૯. [પ્રા] પું પોબી.
૩૦. પું પતંજિલ
૩૧. પું પર્વત
૩૨. પું પદર માત્રાનો એક પ્રકારનો ગવાય. તે પદ્મોત્તરમાં વપરાયે હોય છે.
૩૩ પું (પિંગળ) પિંગળ શાસ્ત્રપ્રસિદ્ધ એક જાતનો દોહરો જેમાં ૮ ગુરુ અને ૧૫ લઘુ મળી ૩૩ વર્ણની ૫૧ માત્રા હોય છે.
૩૪. પું પુરુષોત્તમના હજાર માહેનું એક નામ
૩૫ પું પ્રાણ
અંતરનો પવન નાક તથા મુખવાટે બહાર નીકળતાં 'હં'નો ને બહારના વાયુનું અંદર જાતાં થતા 'સ'નો સ્વાભાવિક રીતે ધ્વનિ થયા કરે છે તેથી જ પ્રાણને 'હંસ' નામ આપવામાં આવ્યું છે.
યોગશિખોપનિષદ
૩૬. પું. (પુરા) અસુરોમાં મારી નાખેલ એક રાજા; ડિમ્ભરાજાનો મોટો ભાઈ.
૩૭ પું. (પુરાણ) બાર મહિનો નવમો સાધ્ય દેવ
૩૮. પું (પુરાણ) બ્રહ્મદેવ
૩૯. પું. (પુરાણ) બ્રહ્મદેવના માનસ પુત્રો મહિનો એક વિરક્ત પુત્ર.
૪૦. પું મત્સર
૪૧. પું મેરુની ઉત્તરે આવેલ એક પર્વત; સુમેરુ પર્વત; મેરુના કર્ણિકા પર્વતો માહેનો એક પર્વત.
૪૨. પું રાજાનો એક પ્રકાર; નિર્લોભી રાજા
૪૩. પું. લાલ પગ અને લાલ ચાંચવાળું; ધોળી ગરદનવાળું જાતકની જાતનું એક સફેદ જળચર પક્ષી; હંસપક્ષી; મરાલ. તે સાચા મોતીનો ચારો ચરે છે અને દૂધ પાણી જોખી કરે છે તેની આયુષ્ય મર્યાદા ૧૦૦ વર્ષની મનાય છે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અને અશોકની આજ્ઞાઓમાં આ પક્ષીના શિકારના મનાઈ હતી
૧. હંસ ગયા ને બગલા રહ્યા = અસલ વસ્તુ જતી રહ્યા પછી, જે બાકી નકામી વસ્તુ રહે છે તેને માટે વપરાય છે.
૨ હંસની ચાલવા જતાં કાગડાની ચાલી જવી = નકલ ન કરવી
૪૪. પું. (પુરાણ) વસુદેવને શ્રીદેવીની કુખે થયેલ એક પુત્ર
૪૫ પું વિષ્ણુ તે સઘળા શરીરોમાં વ્યાપ્ત છે માટે જ તેને હંસ કહેવામાં આવ્યા છે.
સંકોચ અને વિકાસ જેની શક્તિ છે એવા હંસ પક્ષી રૂપ પણ તે જ છે. અથવા પરમહંસ પણ તે જ છે. બ્રહ્મજ્ઞાનીઓને દ્વૈતપક્ષના બાધથી મુક્ત કરનારા પણ વિષ્ણુ જ છે પુનઃ આત્મ અને અનાત્મ વસ્તુપક્ષનો વિવેક કરનારા પણ તે જ છે, પુનઃ સંન્યાસી પણ તે જ છે,
વિ. સ. નામાવલિ
૪૬. પું. શિવ.
૪૭. પું. સત્યલોકમાં રહેનાર પુરુષ. સત્યલોકમાં રહેનાર માણસ અમર છે અને તેમનું સુખ અવિનાશી છે.
૪૮ પું સનકાદિકને જ્ઞાન આપવા માટે ભગવાને લીધેલો એક અવતાર; ભગવાનના ચોવીસ માહેનો ત્રીજો અવતાર. તેના સંબંધી કથા એમ છે કે: એક સમય સત્યલોકમાં બ્રહ્મદેવને સનકાદિકોએ અધ્યાત્મ વિષય સંબંધી કાંઈ પ્રશ્ન કર્યો તે વખત બ્રહ્મદેવની ધ્યાનિ બીજા કાર્યમાં ગુથાએલી હોવાથી સનકાદિકોને એમનાથી યથાસ્થિત ઉત્તર અપાયો નહિ એવું જોઈને વિષ્ણુ અને શિવરૂપી ઈશ્વર, હંસના રૂપ ધારણ કરીને ત્યાં પ્રાપ્ત થયા અને તેમણે સનકાદિકોના સંશયનો નાશ કર્યો
૪૯. પું. સર્પ.
જોયાં વસે છે ઈશ હંસ રૂપે
કૈવલ્યોપનિષદ
૫૦. સ્ત્રી., ન. એકસો આઠ માહેની એક ઉપનિષદ; શુક્લ યજુર્વેદની એક ઉપનિષદ.
૫૧ ન. (જ્યોતિષ) એ નામનું એક નક્ષત્ર મંડળ, રાશિચક્ર અથવા નક્ષત્ર ચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારા સમુદાય. તેને અંગ્રેજીમાં 'સિગ્નસ' કહે છે. તેનો આકાર હંસ જેવો છે
૫૨ ન. એક જાતના દ્વિશાળ ઘરનું નામ શાસ્ત્રિક નામના બે શાળાના ઘર આમને એક અક્ષિક આવે અને શાળા વચ્ચે ઘટકારે આવે તો તે હંસ નામનું ઘર થાય.
મુખ જાતના ઘરને અક્ષિક નથી જ્યાં તેના મુખ આમને (દ્વાર આમને) એક અક્ષિક કરી મુખ પાછળ નાખવામાં આવે તો તે હંસ નામનું ઘર થાય.
રાજવલ્લભ
૫૩. વિ. અપ્રસ્થિત.
૫૪. વિ. જડચૈતન્યનો ભેદ જાણનાર.
૫૫. વિ. વિવેકી. હંસ જેમ દૂધ ને પાણી જુદું કરે છે તેમ સાચું અને ખોટું પૃથક્ કરે તેવા વિવેકીને હંસ કહે છે.
૫૬. વિ. વિશુદ્ધ; શ્રેષ્ઠ

હંસક ૧. [સં.] પું. રાજહંસ પક્ષી
૨ પું. સંગીત શાસ્ત્રમાં કહેલ એક તાલ.
૩. ન. નૂપુર; ઝાંઝર; તોડા

હંસકડણી ૧. પું (સંગીત) કાહલ ઘાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ નિ સ ગ મ ,ધ નિ સં / સં નિ ,/ધ ૫, મગ ૪ સ્રિ સ ॥ વાદી સંવાદી સ્વર ૫-સં. તેનો ગાવાનો સમય ત્રીજા પ્રહર છે.
૨. પું. (સંગીત) પલાસી ઘાટના સંકીર્ણ પ્રકારના રાગોમાં ગણાતો એક રાગ તેમાં શુદ્ધ તેમ જ કોમળ ગાંધાર અને નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી સ્વર ષડજ છે આ રાગ રાત્રે પ્રથમ પ્રહરે ગાવાનો પ્રચાર છે આ રાગમા કેટલેક સ્થળે દુર્ગા, રાગશ્રી, ઠોરિ, વાગેશ્વરી અને માલગુજર રાગોનો ભાસ થાય છે.

હંસકીલક પું મૈથુનનો એક પ્રકાર

હંસકૂટ ૧. ન. (પુરાણ) એ નામનું એક ક્ષેત્ર; પાંડુએ વૈરાગ્ય અવસ્થામા પસાર કરેલ પ્રદેશ.
૨. ન. મહાભારતમાં જણાવેલુ એક પ્રાચીન ક્ષેત્ર.

હંસકૃત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને શિખિસિખિતા છંદ કહે છે. તેના દરેક ચરણમાં મગણ, નગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે

હંસકેતુ પું. (પુરાણ) હંસધ્વજ રાજાનું નામ.

હંસક્રિયા ૧. સ્ત્રી. અન્નનળીમાંથી આંતરડામાં જતા ખોરાકના રોગબળના કાર્યને અનુસરતી ઔદિક ક્રિયા. જ્યારે જ્યારે અમુક પદાર્થોનાં બે ભિન્ન દ્રાવણ પટલને લીધે એકબીજાથી છૂટા પડેલાં હોય ત્યારે પ્રયોદન અથવા હંસક્રિયા (ડાયેલીસીસ) કાર્ય કરે છે
૨. સ્ત્રી એક જાતની ક્રિયા. તે વડે કપડાની એક કોથળી બનીને છેડે બાંધી કોથળીની અંદર બાકાનું દ્રાવણ અને બહારના ભાગમાં પાણી રાખી જોગવતાં દ્રાવણ પાણીમાં જશે અને પાણી વધારે ભાગે કોથળીમાં આવી તેને ફુલાવશે અને પાણી બનીમાં ઊંચે ચઢતું દેખાશે
૩. [સં. હંસ + ક્રિયા (કામ)] સ્ત્રી. એકમેક થયેલા બે તત્ત્વોને જુદાં પાડવા તે; પૃથક્કરણ; હંસ જેવું કામ કરવું તે

હંસક્ષીર ન. હંસ અને દૂધ; હંસની પેઠે પાણી અને દૂધ જુદું કરવું તે.

હંસક્ષીરન્યાય પું (ન્યાય) ન્યાયનો એક પ્રકાર; હંસ દૂધ અને પાણી ભળેલાં હોય તો તેમાંથી દૂધ પી જઈ પાણી બાકી રહેવા દે છે તેવી રીતે સારું ગ્રહણ કરવું અને નઠારું વર્જવું એ જાતનો ન્યાય

સજ્જન લોકો હંસક્ષીરન્યાયે સારા નરસાનો વિવેક કરે છે. ગામીજી

હંસક્ષીરવત્ [સં] અ હંસ અને ક્ષીરની પેઠે દૂધથી મળેલા પાણીમાંથી હંસ જેમ દૂધનું જ ગ્રહણ કરે છે અને પાણીને છોડી દે છે તેમ, વૈરાગ્યવાન પુરુષ પ્રકૃત્યાદિ જડ પદાર્થોને આત્માથી તદ્દન અલગ ગણી છોડી દે છે, પણ જે પુરુષો વૈરાગ્યવાન નથી હોતા તેઓ જેમ કાગડાઓ દૂધ અને પાણીનો વિભાગ કરી શકતા નથી તેમ જડ અને ચેતનનો વિવેક કરી શકતા નથી.

હંસગ [સં.] પુ ચકવા.

હંસગતિ ૧ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રાએ તાલ આવે છે અને અગિયાર ને નવ વિરતિ આવે છે. એ રીતે કવિ ચોરા કહ્યા આણે છે

૨ [સં] પું. શિવનાં બળદ માહેનું એક નામ.

૩. સ્ત્રી. હંસના જેવી ધીમી મોહક ચાલ; મરોડદાર ચાલ.

૪. વિ. હંસની ચાલે ચાલનારી

હંસગમણી વિ. હંસના જેવી ચાલવાળી

હંસગર્ભ ૧. પું. એ નામનો ભૂમિ ભાગ. તેની અંદર એ નામનાં રત્નો હોય છે.

૨. ન. એક જાતનું રત્ન.

હંસગામિની ૧. [સં] સ્ત્રી. ચકવાણી; એક શક્તિ.

હંસગામિની સારદા, દુજના પદ્મો વિવેક; બ્રહ્માણી બ્રહ્મચારિણી, દેવકુમારી નામ.
ગુ. સા. પરિષદ

૨. સ્ત્રી. હંસના જેવી ચાલનારી સ્ત્રી

૩. વિ હંસની ચાલે ચાલનારી,

હંસગીતા ૧. સ્ત્રી. ચૌદ માંહેની એક જાણીતી ગીત.

૨. સ્ત્રી પૌરુષેય ઉપનિષદ માહેની એક ગીતા

૩. સ્ત્રી મહાભારતનાં શાંતિ પર્વમાં આવેલ એક પ્રકરણનું નામ.

૪ સ્ત્રી. શ્રીમદ્ ભાગવત્ પુરાણના સ્કંધ ૧૧, અધ્યાય ૧૩માંના વર્ણવેલી ગીતા

હંસગુહ્ય ન (પુરાણ) એ નામનું એક સ્તોત્ર. જે વડે પ્રજાવૃદ્ધિ માટે દક્ષે પ્રસૂતિની આરાધના કરી હતી

હંસચૂહ પું. (પુરાણ) એ નામે એક ઋષિ.

હંસજિહ્વ પુ (પુરાણ) એ નામે એક ઋષિ.

હંસડિમ્ભક પું. બ વ (પુરાણ) હંસ અને ડિમ્ભક એ બંને ભાઈઓ તેઓ કરુષક દેશના રાજા હતા. તેઓ વરદાનને લીધે શત્રુથી અવધ્ય હોઈ પરાક્રમી હતા. જરાસંધ રાજાના પ્રધાન હોવાથી તેને તેમના બળની મોટી ઓથ હતી એક વખત કૃષ્ણને જરાસંધ સાથે યુદ્ધ થતું હતું તે વેળા હંસને બલરામના શસ્ત્રઘાતથી મૂર્છા થઈ અને તે ભૂમિ પર પડ્યો. તેની મૂર્છા બહુ વખત સુધી વળી નહિ તેથી તે મરી ગયો છે એમ માની તેનો ભાઈ ડિમ્ભક યમુનામાં પડી બૂડી મુઓ. હંસની મૂર્છા વળતા પોતાના ભાઈનિ મરણની વાત સાંભળી તે પણ યમુનામાં પડીને મરણ પામ્યો

હંસણી સ્ત્રી. હંસની માદા; હંસી.

હંસતાલ પુ. (સંગીત) એક દિવ્ય સંકીર્ણ જાતિ, ૧૨ માત્રાનો તાલ તેના તાલસ્થાનો અનુક્રમે ૧ અને ૭ માત્રા ઉપર છે

હંસતિલક ન. માથામાં પહેરવાનું એક ઘરેણું

હંસતીર્થ ૧. ન. (પુરાણ) નર્મદા ઉપરનું એ નામનું તીર્થ.

૨. ન (પુરાણ) પ્રયાગમાં ભાગીરથીના પૂર્વ ભાગમાં આવેલું એ નામનું એક તીર્થ

હંસદાહન ન. ગજરુચંદન.

હંસદોહરો પું. (પિંગળ) એક ત્રિમાત્રાજાતિ માત્રામેળ છંદ. તેમાં ૨૨ ગુરુ અને ૪ લઘુ મળી ૨૬ વર્ણની ૪૮ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ માત્રાએ તાલ આવે છે. એ પણ એક ઉલ્લાલ જાતિનો પંચમો પ્રકાર છે

હંસદ્વાર ન. એ નામનું હિમાલયમાં આવેલ એક દ્વાર. પક્ષીઓ પણ ઓળંગી શકે તેવા હિમાલયના દુર્ગમ આકાશગામી પર્વતોને બાણથી ભેદી પરશુરામે છિદ્ર પાડી માર્ગ કર્યો છે. આ દ્વારને મેરુ ઉત્તર દિશાએ માન સરોવર અને કૈલાસ પર્વત તરફ જવાય છે. હંસો પણ આ માર્ગે જ જાય છે, માટે તે હંસદ્વાર કે ક્રૌંચરંધ્ર કહેવાય છે.

હંસધ્વજ પું. (પુરાણ) ચંપકા નગરીનો રાજા. એણે પાડોશના અશ્વમેધનો ઘોડો બાંધ્યો હતો એને વિદુરથ, ચંદ્રસેન અને ચંદ્રકેતુ વગેરે ભાઈઓ હતા સુરથ, સુધન્વા, સુદર્શન, સુબલ અને સોમ એમ પાંચ પુત્રો હતા. સુમતિ, સુગતિ, તુષ્ટ અને મહાલુ એ આના મંત્રી હતા. શંખ અને લિખિત એ ઉપાધ્યાય હતા. એ પોતે બહુ પરાક્રમી હતો અને એની પાસે પુષ્કળ સેના હતી. એણે ઘોડો પકડી મુકરર વખતે રણભૂમિ ઉપર હાજર નહિ થાય એને જીતતા તેલની કઢામાં નાખવામાં આવશે એવી આજ્ઞા કરી હતી આ ઉપરથી બધા ઠેરવેલે વખતે સમરાંગણ ઉપર આવી હાજર થયા. પણ તેનો પુત્ર સુધન્વા પોતાની માતાની આજ્ઞા લઈ અને ઓને મળીને આવ્યો તથી ઘોડો બચ્યો. આથી હંસધ્વજ ગુસ્સે થયો અને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેને તેલની કઢામા નાખવાનો હુકમ કર્યો પણ ઊકળતા તેલમાં પડ્યો છતાં, ઈશ્વરકૃપાથી એને કોઈ આંચ આવી નહિ. હંસધ્વજે તેને બહાર કઢાવ્યો તેલ ઊનું નહિ થયું હોય કહેતાં એ મંત્રીએ કઢામાં નાખિયેર નખાવ્યું, જે ફાટતાં તેની કાચલી મંત્રીના કપાળમાં વાગી આથી એ તરમર ખાઈ કઢામા પડ્યો અને બળી મુઓ હંસધ્વજને પછી કૃષ્ણ અને અર્જુન સાથે જબરું યુદ્ધ થયું. તેમાં અર્જુન હારશે એમ લાગવાથી કૃષ્ણે આની સ.ચે અર્જુનની મૈત્રી કરાવી

હંસધ્વની પું (સંગીત) એ નામનો એક રાગ. તે સિતા.વલ થાટમાંથી ઉત્પન્ન થાય છે તે રાતના પહેલા પ્રહરે ગવાય છે

હંસનાદ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેને મધુમાધવિની છંદ કહે છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે તેમાં પાંચમા અક્ષર ઉપર વિસ.મો આવે છે

૨. પું એક સંકીર્ણ જાતિ ૩૫ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૧૦, ૧૬, ૨૧, ૨૨, ૨૫, ૨૭ માત્રા ઉપર છે

હંસનાદિની ૧. [સં] સ્ત્રી પાતળા શરીરવાળી, કોયલના જેવા સ્વરવાળી, ભારે નિતંબવાળી એ જાતના લક્ષણવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. કાયીની ચાલ.

હંસનારાયણી પું. (સંગીત) સંગીતનો એક રાગ. તે પૂર્વી થાટમાંથી ઉત્પન્ન થાય છે. સપ્તસ્વરોવાળા તે ગવાય છે.

હંસન્યાયયુક્તિ સ્ત્રી. હંસના જેવી શુદ્ધ નીરક્ષીર પારખવાની ન્યાયયુક્તિ.

હંસપક્ષ પું. એક કાયથી થતા અઠ્ઠાવીસ માંહેનો એક જાતનો અભિનય.

હંસપથ પું (પુરાણ) એ નામે ભારતવર્ષીય એક દેશ.

હંસપદ ૧. પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને હંસરુત છંદ પણ કહે છે

૨. પું. કંપનીસાહી એક રૂપિયા ભારનું વજન; મદ્રાસ દેશનો એક કર્ષનો તોલ.

૨. કોલ = ૧ કર્ષ (કંપનીસાહી ૧ રૂપિયાભા.૨) તેના ૫ ગુંજામાનિકા, અક્ષ, પિચુ, પાણિતલ, કિંચિત્પાણિ, તિંદુક, બિડાલપદક, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવલગ્રહ, અને ઉદુમ્બર વગેરે નામો છે

૩. પું (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; હંસી. તે પંક્તિ છંદનો એક ભેદ છે તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ અને ગુરુ એમ દશ અક્ષર ક્રમે છે તેમાં ચોથે અક્ષરે વિસામો આવે છે.

૪ ન અભ્યાસ.૨ બતાવનાર ચિહ્ન; કાકપદ, કાકપગલું; ગણિતમાં ઉમેરો દર્શાવવાને માટે વપરાતું એક ચિહ્ન

૫. ન. આઠમાત્રા. તેને માટે સ્વર નીચે 'ૃ' આવી નિશાની કરવામાં આવે છે જેમકે: મૃ

૬ ન. કાળ કે વખતનું એક માપ.

૭ ન. (સંગીત) ગાયનમાં બોલાતા સ્વરનો પ્રકાર. જે સ્વર અડધ માત્રાના કાળ સુધી સંભળાય તો તેને હંસપદ સ્વર કહે છે

૮ ન (સંગીત) તાલનું એક માપ; આઠ માત્રાનો કાળ, હંસપક્ષીને એક કોરાથી પણ ઊપડી બીજે કોરાથી મૂકવા સુધી સાધારણ રીતે જેટલો વખત લાગે છે તે વખત; બે કાકપદ જેટલો સમય

૯ ન. હંસના પગમાં જેવી આકૃતિ

૧૦ ન હંસનું પગલું

હંસપદા પું (પિંગળ એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ચાર નગણ, સગણ, ત્રણ ભગણ અને ગુરુ મળી ૨૫ વર્ણ આવે છે

હંસપદી ૧. [સં] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; હંસરત. તેના દરેક ચરણમાં મગણ, નગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. પું એક પ્રકારનો છોડવો. તેનાં પાન એક ભમે હોય છે. તેના છેડા પક્ષીઓના પંજાની પેઠે કપાયલા હોય છે. ઉપયોગ દાદર માટે થાય છે.

૩ [વિ] પું હંસરાજ; કાળો હંસરાજ.

૪ સ્ત્રી. લાલ ફૂલવાળી એક વેલ; લાજાળુ; અલસા.

હંસપાદ પું ત્રિભંગીક; ત્રિભંગી

હંસપાદિકા સ્ત્રી. હંસપદીનો વેલો

હંસપાદી ૧ પું કાળો હંસરાજ

૨. પું. મુખારબીનો પાલો

૩. સ્ત્રી એક જાતનો છોડ; હંસપદીનો વેલો આ છોડ એક ફૂટ ઊંચા વધે છે એનાં પાન કાસાના પાન જેવાં ત્રાંકોળ ઉપરથી નીકળેલ હોય છે. પાન એકબાજુ હોય છે. ડોંટડી વખત જતાં કાળા રંગની થઈ જાય છે. પાનના છેડાની ઉપલી કોર આચાવાળી હંસના પગ જેવી દેખાય છે તે દવામા વપરાય છે.

હંસપાલિકા સ્ત્રી. હંસને પાળનારી સ્ત્રી

હંસપાંડુર ન. (પુરાણ) પ્રયાગ પાસેનુ એક તીર્થ

હંસપુરાણ [સં.] ન. અઢાર પ્રાણેનુ એક ઉપપુરાણ.

હંસપુરુષ પું. (જ્યોતિષ) પુરુષની એક જાત.

જેના જૂકરપ્રાંત બલવાન હોઈ ઊંચા સ્થાનમાં પડે તો તે **હંસપુરુષ** અને જ્યોતિષ

હંસભક્ષી [હંસ (જીવ) + ભક્ષી (ભક્ષણ કરનાર)] વિ પ્રાણઘાતક

પ્રિય સ્નેહે નાદ બજે પાછો પ્રેમ જેમનો જે, **હંસભક્ષી** ફળ આપે તોયે પાછો ના ફરે

છોટાલાલ નરભેરામ

હંસમંડળ ૧. ન. એ નામનું તારાનું એક ઝૂમખું તેનો આકાર મનુષ્યમાં બાણ ખેંચેલુ હોય તેવો લાગે છે. મનુષ્યના બાજુ તારામાંનો વચલા તારો બહુપુચ્છ (ડેનબ) બહુ તેજસ્વી છે. ઉત્તર ગોળાર્ધમાં આપણી નજદીકમાં નજદીક આ તારો છે. પરંતુ દક્ષિણ ગોળાર્ધમા આવેલ તરતુરંજનો તારો તો આપણાથી બહુપુચ્છ કરતા પણ વધારે નજદીક છે

અહીં **હંસમંડળ** ના આકાશગંગામાં ઝોલાં આવે છે. પૌરાણિક કથામાં અકાશગંગામા હંસ સ્નાન કરે છે તેની સાથે આ કથા બળતી આવે છે.

મનુષ્ય અને નભમંડળ

૨. ન. તારામંડળ

હંસમંત્ર પું. (જોગ) અજપા ગાયત્રી મંત્ર

એ પ્રકારે **હંસમંત્ર** (અજપા ગાયત્રી)નો જપ જીવ નિત્ય કરતો રહે છે ત્રિકાળદર્શક દર્પણ

હંસમાલ પું. (પિંગળ) દરેક ચરણમાં સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

હંસમાલા ૧ પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

૨. [સં] સ્ત્રી. હંસની પંક્તિ; હંસનો સમૂહ

હંસમાષા પું રાની અડદ.

હંસમાળ સ્ત્રી. હંસોની હાર; હંસપંક્તિ. હંસોનુ ટોળુ

અમીએ મોપણ વાત રે, પ્રભુ પ્રગટ **હંસમાળ**

દયારામ

હંસમિથુન ન. એક પ્રકારનું જાજમાનનુ ચિત્ર

આપણા જાજમનો અને બિસાતોમા મૂકેલા રાચરચીલાનો ઉપર મનોરંજક, પૂર્ણઘટ, સ્વસ્તિક, કલ્પવૃક્ષ, વજ્રલતા, પદ્મવન, **હંસમિથુન**, નંદીપદ, અષ્ટમંગલિક ચિહ્ન આદિ ભારતીય રૂપોની ભરત ભરી ને અત્યારે વિદેશમા પહોંચ્યો ત્યારે એ ભારતીય રૂપોને પ્રત્યક્ષ કરીને કેવળ આપણે નહિ પણ આપણા દૂરવાસી મિત્રો પણ પ્રસન્ન થશે.

અખંડઆનંદ

હંસમુખ ૧. પું. સ્વભાવે આનંદી માણસ; હમેશ આનંદમાં રહેતો માણસ.

૨. [વિ.] વિ હસમુખો, આનંદી

હંસયુગલ [સં.] ન. હંસના જેવા સ્વભાવનુ યુગલ. મનુષ્યવર્ગમાં પણ દિવ્યભાવવાળા અથવા સિદ્ધભાવવાળાં જોડ રહે છે અને તેવા ભાવની સિદ્ધિ કરનારાં સ્ત્રીપુરુષો શરીરના યોગની અપેક્ષા રાખતાં નથી. પરંતુ અધ્યાત્મયોગવાળા હોય છે અને તેમના પિંડો જુદા છતાં તેમના સૂક્ષ્મ શરીરો અધ્યાત્મસંયોગમાં આવે છે. પરસ્પર સહાયક બનારાં આ યુગલોને તંત્રશાસ્ત્રમાં હંસયુગલ કહે છે જેઓ આ ભૂમિકામા આવી શકતાં નથી તેવા જોડાને બકયુગલ, કાકયુગલ, કુક્કુટયુગલ, મયૂરયુગલ વગેરે સંજ્ઞાઓ આપવામાં આવે છે

હંસર ન. એક જાતનું મેમળ સોકોમાં પહેરવાનું સોના ને કાચના પારાવાળું હાથનું ઘરેણું

હંસરથ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું રાની અડદ

હંસરથા સ્ત્રી બ્રહ્માણી; સરસ્વતી દેવી.

હંસરાજ ૧. પું. અપુષ્પ વનસ્પતિની એક જાત.

૨. [વિ. બોલાર્ધા] પું. ભીની જગામાં થતી એ નામે એક વનસ્પતિ. તે વનસ્પતિ એક બે ફૂટ લાંબી થાય છે તેનાં પાંદડાં જડોળ (રીઝોમ)માંથી નીકળેલ હોય છે. તે પ્રથમ પીળાશ પડતા લીલા રંગનાં હોય છે ને પછી ઘેરાં લીલાં થાય છે. એની ઉપલી કોરનાં ટેરવાં ઉપર પાછળથી વળી ગારીક કવચ આવેલાં હોય છે અને તેમાં રજ ઠંકાયેલી હોય છે. ઔષધિ તરીકે તેનો અનેક રીતે ઉપયોગ કરવામાં આવે છે તે રતવા ઉપર ઉપયોગી છે. તેની પણ બનતો થાય છે: હંસપદી; હંસપાદી; કોટમાતા; ત્રિપાદિકા; કાળો હંસરાજ.

૩. પું રાની ત્રિસામળીનો છોડ તે અપસ્મારનો નાશ કરે છે

૪. પું. હંસોનો રાજા

૫. વિ. અમલી.

૬. સ્ત્રી. ઘણા વખત ઉપર; ઘણો કાળ થયા પહેલા

હંસરાજ કાળો પું. એક પ્રકારનો નાનો છોડ. તેનાં પાંદડાં હંસના પગના આકારનાં હોય છે. અને તેથી તે હંસપદી કહેવાય છે. તેની પણ બનતો થાય છે. તેનો ઉપયોગ રતવા અથવા ગડગૂમડ ઉપર ચોપડવામા થાય છે.

હંસરાજ વેલો પું. એક જાતનો ઔષધોપયોગી વેલો. તે થા થયો હોય તો ચોપડાય છે.

હંસરાજ પુ કાળો હંસરાજ તેનાં મૂળ રવિવારે લાવી જોળામાં રાખી કાનમાં કૂક મારવાથી વીંછી ગેરી જતો હોવાનુ મનાય છે.

હંસરુત પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; હંસપદી. તેના દરેક ચરણમાં મગણ, નગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

આ એ હંસરુત ઘરાં. રણપિંગળ

હંસલ પુ હંસ.

હંસલગના સ્ત્રીના રેવરાજ્ય હંસલ સુમન ગુર્જરી મજરીએ વસંતના ટોલર કુલદાસમ. સુનય ચૂત્ય મેળવીએ. લલિતછ

હંસલતા સ્ત્રી એ નામની એક જાતની ફૂલવેલ. તેના ફૂલ હંસના આકારનાં હોય છે

હંસલી ૧. [હિ.] સ્ત્રી ગળાની હાંસડી.

૨. સ્ત્રી સોના કપાની ગળામાં પહેરવાની હાંસડી

૩ સ્ત્રી હંસની માદા.

હંસલો ૧. પું. આત્મા; જીવ

મારો હંસલો નાનો ને દેખણ બહુ રે થયુ
મીરાબાઈ

૨. પું ઘોડો.

તારવરિયા તોખાર ? દેવું ન કાઠું હંસલા.
મરતાં શ'ખનાર, ગામતણાં ગુજરાતનાં.
દુહો

હંસલામરા સ્ત્રી. હીરાકસી.

હંસલોહક ન. પિત્તળ.

હંસવની સ્ત્રી. હંસપદીનો વેશો.

હંસવર્ણી પું એક જાતનો ઘોડો.

હંસવાહન પું. હંસ છે વાહન જેનું એવા બ્રહ્મા. તેનાં બ્રહ્મા, આત્મભૂ, સુરજ્યેષ્ઠ, પરમેષ્ઠી, પિતામહ, હિરણ્યગર્ભ, લોકેશ, સ્વયંભૂ, ચતુરાનન, ધાતા, વિરિંચિ, અબ્જયોનિ, કુલિશ, કમલાસન, સ્રષ્ટા, પ્રજાપતિ, વેધા, વિધાતા, વિશ્વસૃષ્ટ, વિધિ, નાભિજન્મ, આંજ, પૂર્વ, નિયન, કમલોદ્ભવ, ચદાનદ, રજોમતિ, સત્યક વગેરે નામો છે.

હંસવાહના સ્ત્રી બ્રહ્માણી, સરસ્વતી દેવી.

હંસવાહની સ્ત્રી. સારદા

હંસવાહની મટી માત. જેહની વાણી વેદ વિખ્યાત; સ્ત્રી મહાપદ્મ કુદલાં. દેવ, સિદ્ધ સનકાદિ કરે જે સેવ
કૌમુદી

હંસવાહિની સ્ત્રી (પુરાણ) હંસ જેનુ વાહન છે તે, સરસ્વતી, વિદ્યાદેવી, બ્રહ્મતનયા.

હંસવાહિની બ્રહ્મતનયા.
હંસવાહિની વીણાપુસ્તક ધારિણી.
મસ્તો

હંસવું [હિ.] અ. ક્રિ હસવું.

હંસવૃત્તિ ૧. સ્ત્રી. સારાસાર ગ્રહણ કરવાની વૃત્તિ; દૂધ પી જવું અને પાણી મૂકી દેવુ એ હંસનો ગુણ છે. તે ઉપરથી ગુણ ગ્રહણ કરવા અને અવગુણ ત્યજ દેવા એવી વૃત્તિ.

૨. સ્ત્રી. હંસના જેવી વૃત્તિ

હંસશાવક [સં.] ન. હંસનું બચ્ચું.

હંસશ્રેની પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ, મગણ અને બે ગુરુ એમ કુલ સોળ અક્ષર હોય છે. આમાં સોળા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. તેને મધ્યસ્થામા, કુટિલ વગેરે કહે છે

હંસ સંન્યાસી પુ. શિખારહિત, યજ્ઞોપવીત, નિત્ય, એક દંડ, કમડલ ધારણ કરનાર, ગામમા એક રાત્રિ જ રહેનાર અને કૃચ્છ્રાંદ્રાપણ જ્ઞાત કરનાર તેવો સંન્યાસી

હંસસેની પુ. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શાકરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ, તગણ અને બે ગુરુ એમ કુલ સોળ વર્ણો હોય છે. તેમાં સોળે અને દરામે વર્ણે યતિ આવે છે.

આર સોળો મ ભ ન ત ગ ગ રે હંસસેની
રણપિંગળ

હંસસ્તૂપ પું. રાજગિરિથી આશરે ૭ માઈલ દૂર આવેલ ગિરિયક નામની ટેકરી છે. તેના શિખર ઉપર પથ્થરોનો બનેલો એક ઘુમ્મટ છે. બૌદ્ધો આને હંસસ્તૂપ કહેતા.

હંસા ૧. [સં.] પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર આવે છે.

૨ સ્ત્રી. હંસની માદા; હંસણી; હંસી.

સે પદ્મ અંશા. હોય શુ હંસા
કલપતરામ

હંસાગવની વિ.સ્ત્રી. હંસના જેવી મતિવાળી

ગોવિદ નીટમો ગોવાલણિયે હંસાગવની હેલી રે,
પ્રાચીનસંગ્રહ

હંસારકાટીઆ પું. શેવડાના ચોરાશી જન્મનો એક પેટા જન્મ.

હંસાલ પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૨૦ અને ૧૭ માત્રાએ યતિ આવે છે. કુલ ૩૭ માત્રા અને અંતે બે ગુરુ હોય છે. તાલ ' કકખા ' પ્રમાણે હોય છે.

હંસાવલી [સં.] સ્ત્રી. હંસિણી; હંસપક્ષીની માદા

હંસાસન ૧. [સં.] ન (યોગ) યોગનુ એક આસન; યોગનાં ચોરાશી મહેનુ એક આસન આમાં બને હાથના પગ જમીન ઉપર રાખવા અને નાભિની બે બાજુએ બંને ઢોણીઓ ભરાવીને બકાસનની પેઠે પગ સ્થિત શરીરને અદ્ધર ઊંચકી રાખવું આવી સ્થિતિમાં થોડો વખત બોબી બજાવીને પછી છાતી તથા મુખને જરા જરા આગળ નમાવવુ પછી પગ જમીન ઉપર રહેવા દેવા. એમ કે ઉદરના રોગો આ આસનથી દૂર થાય છે, પરંતુ ભોજન વિષે અપથ્ય કદી ન જ કરવુ તેની બીજી રીત આ પ્રમાણે છે: પ્રથમ મયૂરાસન પ્રમાણે સ્થિર થઈ પછી બે પગના પંજા જમીન ઉપર ટેકવી સ્થિર થવું. આ આસનથી મયૂરાસન જેવા લાભ મળે છે

૨. ન. હંસના ચિહ્નવાળુ આસન.

હંસાસ્ય પું એક હાથથી થતા અઠ્ઠાવીશ માર્ગનો એક જાતનો અભિનય.

હંસાંમિ પું. દ્વિગળોક

હંસિકા ૧ સ્ત્રી એ નામે કામધેનુની પુત્રી

૨. સ્ત્રી. હંસણી

હંસિણી સ્ત્રી. હંસની માદા; માદા હંસ.

હંસી ૧. પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે મગણ તગણ, જગણ નગણ, સગણ અને ગુરુ એમ કુલ બાવીસ વર્ણો આવે છે. તેમાં આઠે અને સોળે યતિ આવે છે. તે આકૃતિ છંદનો એક ભેદ છે. તેને રજતહસી, હસ, સાહસી છંદ પણ કહે છે.

૨. પું. (પિંગળ) એક આર્યા માત્રામેળ છંદ. આ છંદ આર્યા છંદનો એક ભેદ છે તેમાં ૫૫ લઘુ અને એક ગુરુ મળી ૫૬ વર્ણની ૫૭ માત્રા આવે છે

૩. પુ (પિંગળ) એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભગી છંદનો એક ભેદ છે તેમાં ૧૧૦ લઘુ અને ૯ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એક સમપ્રતિ માત્રામેળ છંદ આ દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમાં ૪૪ ગુરુ અને ૨૪ લઘુ મળી ૬૮ વર્ણની ૧૧૨ માત્રા આવે છે.

૫. પું. (પિંગળ) એક સમપ્રતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ માત્રા અને એક લઘુ અને એક ગુરુ આવે છે. એક ઉપર ચમચારે તાલ આવે છે.

૬. પું. (પિંગળ) ચિત્ર રચનાવાળો એક છંદ.

૭ પુ. દરેક ચરણમાં અગિયાર અગિયાર અક્ષર હોય તેવો એક અક્ષરમેળ છંદ. તેનું પહેલું અને ત્રીજા ચરણ ઉપેન્દ્રવજ્રા અને ઇન્દ્રવજ્રાના મિશ્રણ રૂપ, બીજા અને ચોથા ચરણ ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના મિશ્રણથી બને છે.

૮. પુ. (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ, હમ્મદ. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે. તેમાં ચોથે અક્ષરે વિરામ આવે છે.

૯ સ્ત્રી. (પુરાણ) ભાગીરથ રાજાની પુત્રી અને કલ્પ ઋષિની સ્ત્રી.

૧૦. સ્ત્રી. માટલાની અંદર બાંધેલી ચોરસ મા[illegible] ઉપર રહે.

૧૧ સ્ત્રી. હસવું તે; હસવાની ક્રિયા; હસવાની રીત.

૧૨. [ફિ.] સ્ત્રી. હાસ્ય; પરિહાસ; હાંસી; મશ્કરી; મજાક.

હંસીગતિ પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ચૌદ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ મા[illegible] એ તાલ આવે છે.

ઘડી પર વસુ કલકે પુરી, **હંસીગતિની** એ રૂડિ, ચૌદ કલા પુરા તાં ભાળો, પ્રથમ ચમ્યારે છે તાલો. રણ્યપિંગળ

હંસીની પું. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે રસિકા છંદનો એક ભેદ છે તેમ [illegible] લઘુ અને એક ગુરુ મળી કુલ [illegible] માત્રા હોય છે. તેને હંસી પણ કહે છે.

હંસીનીરાય ન. [illegible] બનાવનું પ્રેમી 'મૂડ બ્યાનંદસ'

હંસીનીરાય પોતાની ઝાંખી દાઢી વડે વદનમંડલને તળિયે ચાટેલા રહે છે. મ.ન્દીસંધિ

હંસીમુદ્રા સ્ત્રી. (ત.ત્રિક) એક અંતની મુદ્રા; બારે આંગળીઓ જેમાં સંકુચિત હોય તેવી મુદ્રા. તે પૌષ્ટિક કર્મોમાં ઉપયોગી છે.

હંસેશ્વરતીર્થ ન. નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ એ નામનું એક તીર્થ.

હંસોદક ૧. ન. તળાવનું પાણી, સંગ્રહેલ જળ.

૨. ન. નવા મકાનના ઓરડામાં રંગ પૂર્યો, સૂર્યના કિરણોના કર્કશ તપેલું, રાત્રે ચંદ્રનાં કિરણોથી મિશ્ર થયેલું, મંદ વાયુથી તરંગિત અને ઔષધી વગેરેથી સુવાસિત કરેલું, નદીનું શમનાલક અને પિત્તોપશમનાદક જળ.

૩ ન. (વૈદક) શરદ ઋતુમાં આકાશના તારાના ઉદય પછીનું નદીનું પાણી. શરદ ઋતુનું જળ હંસોદક કહેવાય છે કારણ કે, દિવસે સૂર્યનાં કિરણોથી જળ ગરમ થઈ રાત્રે ચંદ્રમાનાં કિરણોથી શીતલ થઈ નિર્વિષ અને નિર્મળ થાય છે. ગુણમાં તે દિવસે સૂર્યના અને રાત્રિએ ચંદ્રનાં કિરણોથી શુદ્ધ થયેલું અને અગસ્ત્યથી નિર્વિષ થયેલું દોષ અતિશયજ્વર જેવા ગુણવાળું છે એમ સુશ્રુત કહે છે. વળી મદનપાલ નિઘંટુમાં તેને બળ આપનાર, રસાયન ગુણવાળું શીતલ અને લઘુ કહ્યું છે તેવી જ રીતે રાજ નિઘંટુમાં તેને ત્રણેય, પિત્ત-રક્તના દોષો તથા, વિષ, રક્તદોષ અને દાહ પીડાથી બનતા દરદોમાં પથ્ય ગણ્યું છે.

હંહુ ૧ અ. [illegible] સૂચક એક ઉદ્ગાર.

૨ અ. [illegible] નદિ એમ અર્થ બતાવતો એક ઉદ્ગાર.

૩ અ. આખરનો અવાજ.

હંહું હંહું બાપુએ ખોંખારો ખાધો ને આબ્યું ઉપર રાંગ વાળી. શ્રી દક્ષિણામૂર્તિ

હંહાં અ. આશ્ચર્ય સૂચક ઉદ્ગાર.

હા ૧. સ્ત્રી. અમલદારી

૨. સ્ત્રી. આજ્ઞા

૩. સ્ત્રી. મંજૂર; ઓ.

૪. સ્ત્રી. મતમાં ઉમેરાતો ઉચ્ચાર.

મતમા આવેલ પદ કે બીજા અક્ષરના હોય તો તે અક્ષરો ઈ, ઇ, ઉ, ઊ, વા વગેરે ઇકારી કમેરીને અથવા તો ઐદાસ કેપ કમેરીને પૂરા કરી લેવાનો નિયમ હતો.

ઠોમુદી

૫. સ્ત્રી. સંમતિ; કબૂલાત

૧. હા જી હા ભણવી = કોઈપણ બાબતમાં કબૂલ કરાવવું; કબૂલાત આપવી તે

૨. હા કહેવી = કબૂલ કરવું.

૩. હાને અને નાને વેર = કહેવાથી ઊલટું કરવું.

૪. હા લેવી = સમતિ લેવી; મંજૂરી મેળવવી, કબૂલ કરાવવું

૬ ન. પ્રકરણ

૭ ન. (જ્યોતિષ) વસ્તુનું પ્રકરણ

૮ સ. ક્રિ. ઉંચું કરવું, ઊગામવું

૯. સ. ક્રિ. આપ્યું જવું; જુદું પડવું.

૧૦. [સં.] સ. ક્રિ. (ધાતુ) છોડી દેવું; ત્યજવું; ત્યાગ કરવો

૧૧. સ. ક્રિ. જવું; ચાલવું

૧૨ સ. ક્રિ. પડવું. ખરવું. તે ઉપરથી બનેલા શબ્દો. હાન, હાનિ, ક્ષય વગેરે.

૧૩. અ. અનુમતિદર્શક એક ઉદ્ગાર; અનુમતિ; કોઈ વાત કબૂલ કરવામાં વારુ, ઠીક એવ. અર્થમાં, હકારમા જવાબ આપવો તેવા અર્થમાં વપરાતો ઉદ્ગાર.

૧૪. અ. અફસોસ, શોક, પીડા કે ક્રોધ અને નિંદામાં વપરાતો શબ્દ.

દેહ દહે હરિ હા હિમકર પણ એવું રહી ઉચ્ચારી
કે. હ. મુનિ.

હાઇ ૧. સ્ત્રી. પૈસા અને બળદને પગે ન વાગે માટે ગાડા નીચે આડું બાંધવાનું પાતળું લાકડું.

૨. સ્ત્રી. ફરિયાદ.

૩. સ્ત્રી. સઢાને બાંધવા માટે ખોરિયા નીચેનો વાસનો ટુકડો.

૪. [સં અસ્થિ; પ્રા અટ્ઠિ, દાડ] ન. હાડ.

હાઇકોર્ટ [અં.] સ્ત્રી. ખિલાફતની સૌથી મોટી અદાલત.

હાઇજંપ [અં.] પું. ઊંચે કૂદવું તે; ઊંચો કૂદકો; હનુમાન કૂદકો આ કૂદકાની અંદર બને પેટન ઊંચે કૂદવાનું હોય છે. લાકડાના બે આંકા કરેલા થાંભલા સામસામા ગોઠવવામાં આવે છે. પછી તેના ઉપર એક પટ્ટી અમુક કૂટ ઊંચે મૂકવામાં આવે છે. સાધારણ રીતે પોતાના બાપા સમી જે ઊંચાઈ ટપી શકે તેનો કૂદકો સારો કહી શકાય. માણસે આસ કરીને દપતી વખતે તેમજ બીજા બાબુ પડતી વખતે પોતાના શરીરને સમતોલ રાખવું બાબ જરૂરનું છે. કૂદવા માટે આસ કરીને ત્રણ પ્રકારો પ્રચલિત છે. (૧) ચેપ્ટર્ન રોલ, (૨) ડાયટર્ન રોલ, (૩) બેલીરોલ. કોઈપણ રીતથી જે વધારે ઊંચો ટપે છે તે વિજેતા ગણાય છે.

હાઇજિન [અં.] પું. આરોગ્યશાસ્ત્ર; સ્વાસ્થ્યશાસ્ત્ર; આરોગ્ય વિજ્ઞાન.

હાઇડ્રા પું. વાસુકિ નાગ. તેને વિષે ગ્રીકમાં દતકથા છે કે: આપણો આ વાસુકિ નાગ તો પાતાલોનો હાઇડ્રા આ નવફેણી નાગ, ગ્રીસના એક જળરા જળાશયમાં રહેતો હતો. એની ફેણના એક ફુકાડે આસપાસના માર્ગોના વિસ્તારમાં ઝેર પ્રસરી જતું. આથી એ પ્રદેશમાં કોઈ પગલું માંડી ન શકતું. જેમ કાલિંદીના ધરામાં પોરેલા કાલીય નાગને લીધે આસપાસનો પ્રદેશ ઉજ્જડ બની ગયો હતો તેમ, વસતીને પીડક આવા નાગને કોણ માપ્યા જાય? પોતાના પરાક્રમોથી મશહૂર બનેલા ગ્રીક વૃત્તાન્ત વીર હર્કયુલીસે એ કામ માથે લીધું. પોતાના મિત્ર સાથે એ ધરા પાસે પહોંચ્યો ત્યાર નવ ફેણ ફુલાવીને જગને કાંઠે બેઠો હતો હર્કયુલીસને જોતાં ફેણ ફુલાળતો એ ઊભો થઈ ગયો હર્કયુલીસ દોડતો જઈને તરવાર વડે એની ફેણો કાપવા લાગ્યો પણ એક ફેણ કાપે ત્યાં બે બીજી ઊગે અને બે કાપે ત્યાં ચાર નવી ઊગે એક વખતનો નાગ એને કંઈ દર્દ દેતા, પણ ધરામાં બેસીને આ લડાઈ નીરખી રહેલ પરોપકારી કરચલાએ હર્કયુલીસનો પગ પકડીને

પાછો ખેંચી લીધો એટલે હર્કયુલીસ નવી ગયો આ કરચલો તે આપણું પુષ્પ નક્ષત્ર અને પાશ્ચાત્યોનો કૅન્સર નામને મારવા હર્કયુલીસે નવી તરકીબ અજમાવી પેલા દોસ્તને લાકડાનો એક જબરો ભારો કરવાનું તેણે કહ્યું તે નાગની ફેણ કાપતો ગયો અને ભારામાં નાખતો ગયો. છેવટ નાગની એક ફેણ બાકી રહી પણ એ ફેણને અમરતાનું વરદાન હતું. એને હર્કયુલીસે એક પહાડ નીચે દબાવી અને વસતીના પીડક એ નાગનો અંત આણ્યો. હર્કયુલીસનુ એ પરાક્રમ અમર કરવા માટે પાશ્ચાત્યોએ નાગને આકાશમાં બેસાડી દીધો.

હાઇડ્રો ક્લોરિક ઍસિડ [અં.] પું મીઠાનો તેજાબ; લવણામ્લ. તે દાહક છે. તેનામાં લગભગ સવા બે ગણું પાણી ઉમેરી પૌષ્ટિક અને જોડી સુધારનાર ઔષધ તરીકે ૧૦થી૩૦ મિનિમની માત્રામાં અપાય છે.

હાઇડ્રોજન [અં.] પુ ઉદકજનકવાયુ; અંબુતત્ત્વ; પ્રાણ્ય પુ નામક મૂળતત્ત્વ સાથે તેનો સંયોગ થવાથી પાણી બને છે. તે ચાર મહેનો એક વાયુ છે. તે આર્દ્ર ઉત્પન્ન કરે છે. સૂર્યની આસપાસ ઉષ્માથી પ્રકાશિત થયેલુ હાઇડ્રોજન હોય છે. હોર્સ હોર્સ વાર તેની જ્વાલા ૪,૦૦,૦૦૦ માઈલ સુધી લંબાય છે

હાઇડ્રોપથી [અં] સ્ત્રી. દવા તરીકે પાણી આપીને રોગ મટાડવાનું શાસ્ત્ર. આ પાણીનો બહાર તેમજ અંદર ઉપયોગ કરવામાં આવે છે. ગ્રીક અને રોમન લોકો કેટલાંક દર્દો પાણીથી સાજા કરતા હતા. પણ પંદરમા સૈકા સુધી ઇટાલીમાં અને સત્તરમા સૈકા સુધી ઇંગ્લંડમાં આ પદ્ધતિનો પ્રચાર થયો ન હોતો મધ્ય તાપ ઓછો કરવામા આ પદ્ધતિ સારું કામ બજાવે છે સોજા ઉતારવામા પણ તે કામ આવે છે.

હાઇડ્રોપ્લેન [અં] ન પાણી તેમજ હવામાં ચાલતું વિમાન.

હાઇડ્રોમીટર [અં] ન જલગુરુત્વભાપક નળી, પ્રવાહોની ઘનતા માપવામા વપરાતું યંત્ર. તેને કાચ કે પાતળી ધાતુનો બલ્બ હોય છે. તે ભારે આકારવાળા ભાગ સાથે જોડાયેલ હોય છે અને નીચે એક નાના વજનદાર બલ્બ સાથે જોડલો હોય છે તેથી તે પ્રવાહોમા ઊભા સ્થિતિમાં રહી શકે છે આ યંત્રને દૂધ પાણી વગર પ્રવાહીના નમૂના લેવામા આવ્યા છે અને બલ્બ ઊંચુ તા ઉતરે તેટલા તે પ્રવાહોની ઘનતા ઓછી હોવાનુ મનાય છે

હાઇડ્રોલિક [અં.] વિ. રહેતા પાણી અથવા બીજા પ્રવાહી પદાર્થ સબંધી. ઉદકશાસ્ત્ર સબંધી

હાઇડ્રોલિક પ્રેસ [અં] પું જળદાબયંત્ર

હાઇડ્રોસીલ [અં.] સ્ત્રી. વધરાવળ; વૃષણની જળગ્રંથિ.

હાઇથીન પું. એ નામનો ચિનાઈ કોરા.

હાઇથીન નામના ચિનાઇ કોરામાં જણાવેલુ છે કે એ રમત 'પોલો'ના વળતામાં એકવે સુમારે ઇ. સ પહેલાના વરસમા તેમને હિંદુઓ તરફથી મળેલી છે. સુ સા પરિષદ

હાઇનેસ ૧. [અં.] પું નેક નામદાર.

૨ પુ રાજકુમાર કે એવા દરજ્જાના માણસોને અપાતો એક ઇલકાબ

હાઇપો [અં.] પુ. ફોટોગ્રાફીમાં વપરાતી એ નામની વિલાયતી દવા. છબી પાડનાર આ દવા કાચ તથા કાગળ એ બંને ધોવામાં વાપરે છે

હાઇફન [અ] પુ (આકરમ્) સંયુક્ત શબ્દ અથવા શબ્દના વિભાગ વચ્ચે મૂકાતી લઘુરેખા.

હાઇબ્રીડ [અં.] વિ. વર્ણસંકર; મિશ્રણ કે બેગણાળું અમેરિકમાં ૯૦ ટકા જેટલુ વાવેતર જુદી જુદી જાતના દાણામાંથી તૈયાર કરાયેલ હાઇબ્રીડ નામના બિયારણ વડે કરવામાં આવે છે. હાઇબ્રીડ બિયારણના ઉપયોગથી પાકમા બીજાથી પચ્ચીસ ટકા જેટલો વધારો થાય છે. મકઈ અને કપાસના એકર દીઠ પાકમાં સરેરાશ દોઢ પણ આવે છે

હાઇસ્કૂલ [અં.] સ્ત્રી મેટ્રિક સુધીની અંગ્રેજી ભણવાની નિશાળ; વિનયમંદિર. વિદ્યાલય, માધ્યમિક શાળા. સાત વર્ષના દિક્ષણ બાદ માધ્યમિક શિક્ષણનો અભ્યાસક્રમ ચાર વર્ષનો હોય છે અમેરિકામા પણ ૨ વર્ષનો જુનિયર શાળા દાખલ કરી છે. તેને પરિણામ છ વર્ષનુ પ્રાથમિક શિક્ષણ લીધા બાદ બારમું વર્ષ જુનિયર શાળામા અને તેર પંદરમું વર્ષ સિનિયર શાળામાં અભ્યાસ કર છ આ જાતની મફત અને ફરજીયાત હાઇસ્કૂલો બેવડો હેતુ સારે છે. વિદ્યાર્થીઓને તે યુનિવર્સિટી માટે તૈયાર કરે છે અને બીજુ પણ વિદ્યાર્થીઓને વ્યાપાર, ઉદ્યોગ કે ખેતી માટે જરૂરનુ પાયાની તાલીમ આપે છે હાઇસ્કૂલનાં પહેલા બે વર્ષો દરમિયાન વિદ્યાર્થીને વિષયોની વિશાળ પસંદગી રહેવા ઉપરાંત અમેરિકન વિદ્યાર્થીઓ વિજ્ઞાન કે ગણિતના વર્ગોમાં વિષયો પસંદ કરે તો કેટલાક પ્રયોગશાળા, યાંત્રિકકામ, વિદ્યુત, જમીન-જાણવણી કે ટેલિવિઝનમાં નિષ્ણાત થવાનું પસંદ કરે છે અનિવાર્ય કલા સંગીત સંગીત, નર્સિંગ, ચિત્રકળા, કેરાન વાજિંત્રવાદન, ટાઇપ અથવા ગૃહવિજ્ઞાન જેવા વિષયોની પસંદગી કરે છે વર્ગક્રમ ઉપરાંત રમત વિદ્યા ય ઉપર યા વધુ પ્રતિભા પ્રવૃત્તિઓમા ભાગ લઇ ઉમદા શોખીનો કુટબોલ, બાસ્કેટબોલ, તરવું, દોડ અને ઊંચી બાર રમતો રમે છે અહીં ભારતના પણ કિલોમીટર તેવા યુવકો કરીને ત્યાંની વસવાટની જોગવાઇ થઈ રહી છે સામાન્યની હાઇસ્કૂલોમા (૧) ગૃહવિદ્યોગ, (૨) વ્યાપારવિદ્યા, (૩) વિજ્ઞાન, (૪ લલિતકળા, (૫) ગૃહવિજ્ઞાન અને (૬) ખેતીવાડી વિષયોની શાખાઓ તાલીમ અપાતા પ્રમુખ થઈ

હાઉ ૧ પુ [illegible] નામથી બાળકોને ભય ઉપજે એવો એક કાલ્પનિક જીવ

૨. વિ ત્રિરામાણ.

૩. સ. અચાનક બીવું દેખાડી પાછુ બીવું સતાડી દેવું તે

હાઉઝકીપર સ્ત્રી એક જાતની શોભા, અથવા વજનદાર વસ્તુ ઢંકાયા માટે વપરાતી તોપ. તેની નળી ટૂંકી હોય છે. તેનો અંદરનો વ્યાસ મોટો હોય છે અને તે માર્ટારકમ અથવા બીજા બિલો ઉપર ફોડવામા આવે છે. મકાન તોડી પાડવા માટે પણ તે વપરાય છે.

હાઉક ૧. સ. બીવું દેખાડી પાછુ બીવું સતાડી દેવું તે; પૂરેપૂરું બીવું દેખાડ્યા સિવાય ચાલ્યુ જવું તે.

૨. સ. બીકેથી કરાતો અવાજ.

હાઉતો વિ. બીકુ; બીકણો; અજંપરો; શોખ. માટે મારા કમેન અમુક ફલ મને મળ્યા એવો **હાઉતો** વર્ગ હોય એવો હેતુ રાખી કર્મ કરનાર યા મા. ગીતારહસ્ય

હાઉદાસ વિ હાઉ કહીને છોકરાંને બીવડાવવામાં આવે તેવું, બીવડાવનારું, ડરાવનારું.

હાઉદીની પુ એ નામનો અર્વાચીન કાલ્પનિક જમાનાનો થઈ ગયેલ સૌથી નામચીન અદ્‌ભુત અમેરિકન જાદુગર. હાથચાલાકી, અંગચાપલ્ય, બુદ્ધિમત્તા અને અવનવા બિલાડી એની પ્રતિભા જગતભરમા અદ્‌ભુત અને અજોડ મનાતી.

હાઉરૂ સ. ક્રિ. ઍકાક્ષેક

કેમાંથી પ્રકારા જરાક સરખો **હાઉરૂ** કરીને અલોપ થાય છે કા.લેલકર

હાઉલ્લ સ્ત્રી. હાઉ; બાઉ

૬ ઊભાં બોલવા = રચળ ઉજાગર થવુ

હાઉસ [અં.] ૧. ગૃહ; ધામ; ઘર; મકાન; ભવન; આલય.
૨ ન સભા.ગૃહ
૧ હાઉસ ઓફ કોમન્સ = દીવાને આમ; લોકસભા; વિલાયતમાં રાજ્યવહિવટ માટેની લોકોની આમની સભા
૨. હાઉસ ઓફ લોર્ડ્સ = વિલાયતમાં રાજ્ય વહીવટ માટેની ઉમરાવોની સભા; દીવાને ખાસ

હાઉસ બ્રેકર [અં] પુ. ઘર વેચાણ અથવા ભાડે આપવાનાર દલાલ

હાઉસ ટેકસ [અં] પું. ઘરવેરો

હાઉસિંગ [અં.] વિ ઘર પૂરા પાડનારું.

હાઉસિંગ સોસાયટી [અં.] સ્ત્રી રહેઠાણ કે ઘર પૂરાં પાડનારું મંડળ

હાઉહાઉ ન. કૂતરાંનો અસલ.નો અવાજ; ભસવું તે.

હાક ૧. સ્ત્રી. ગર્જના; હાકોટો; હાકલ; મોટો સાદ; ધૂમ; રાડ.
હાક મારવી = બોલાવવું, ધાંટો પાડવો; મોટેથી સાદ કરવો.
૨. સ્ત્રી. ડર; ભય.
૩. સ્ત્રી. ધુસકું અવા.જ.
૪. સ્ત્રી. મહાપુરુષના નામનો ધ્વનિ.
૫. સ્ત્રી. હોકારાની ભયજનક છાપ; પ્રતાપ કે શૂરત્વની સામા માણસને પડતી ડર કે દાબની રીતનાં પ્રતાપ; છાપ; દોર
૧. હાક દેખા.ડવી = ભય કે ડર દેખાડવો, બીજાને એવી છાપ પાડવી, ધાક બતાવવી.
૨. હાક દેવી = (૧) ધાક દેખાડવી; ડરાવવું. (૨) પડકારો કરવો
૩. હાક પડવી–વાગવી = (૧) અવાજથી ગરબરવું. (૨) બીક લાગવી, ડર લાગવો

હાકદેવું ૧. અ.ક્રિ. મોટેથી બોલવું, ધૂમ મારી બોલાવવું
૨. સ ક્રિ. ધમકાવવું; હાકોટવું

હાકમ ૧. [અ હકમ (તેણે ફેસલો કર્યો)]
પુ અમલદાર, અમલ કરનાર
૨ પુ હ.કેમ; સરદાર, સુબો; રાજા.
અખા અમલ વિષ્ણુ હાકમ જશે,
રમ્યુ જ્ઞાન પણ હરિ નવ વસે.
અખો

હાકમી ૧ સ્ત્રી. હકૂમત; રાજ્યવ્યવસ્થા.
૨. સ્ત્રી. હાકમના કર્મચારી તરીકેનો પ્રદેશ.
તે દરેક જાત અકેક હાકેમને સ્વાધીન હતો. તે દરેક જાતની જુદી જુદી હાકમી જમેલી હતી.
મુ. સા. પરિષદ

૩. [અ. હાકિમિ (હુકમની સત્તા)] સ્ત્રી હાકમની સત્તા; અમલ બજવણી; અમલ કારકિર્દી; કારભાર; સત્તા.

હાકરવું સ. ક્રિ. બોલાવવું.
દરબાર કાયરામાં બેઠા છે રે તમને હાકરે છે.
નિરાનંદવિલાસ

હાકલ ૧. પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ; હાકલી. તેમાં ચૌદ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે
૨ સ્ત્રી પડકારો
૩ સ્ત્રી ખીજવામણી, ત્રાડ; રોફ, જોર
૪. સ્ત્રી. સાદ; ધૂમ; ધાંટો.
હાકલ કરવી = ધૂમ પાડીને બોલાવવું
હાકલ દેરાની સૂણી સ્વરાજ સાધવાની એ.
બધીસા જો ચડયા લાખો અમર નરવીર એ.
ગાંધીગીતા
૫. સ્ત્રી. સામો માણસ તેજમાં આવી જાય તેવી ધૂમ પાડવી તે.
૬. સ્ત્રી. હાંકવાની ક્રિયા; હોકારો; આગળ ધકેલવું તે.

હાકલવું ૧. સ ક્રિ. ધમકાવવું; વઢવું; દબડાવવું.
આખ ચડાવી હાકલશોમા કેમો મારો છબરો
પ્રેમાનંદ
૨. સ ક્રિ. હાક મારીને બોલાવવું; સાદ દેવો, ધૂમ પાડવી; હાકલ કરવી

હાકલા પડકારા પું. બ. વ. રીડિયારમણ; ચીસાચીસ; ધુમરાણ; દેકારા; જોરથી શોર કરવો તે.

હાકલિકા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; હાકલી. તેમાં ચૌદ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.
૨. પું. (પિંગળ) જગતીની જાતનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

હાકલી પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમા ચૌદ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે. તે હાકલ, કાલિકા ને હાકલિકા પણ કહેવાય છે.
દ્વિજ સગણમાં ઠીક અડ આખો,
ત્રણ તે ધરી રવિ કલ ભાખો,
અંત ગુરુ ધરી ચૌદ કરો.
હાકલી જતિ સુ નામ ધરો.
તાલ પ્રથમ પર એક ધરી શ્રુતિ,
શ્રુતિ ચડતી છેલ્લ ધરી,
રઘુપિંગળ

હાકલો પુ. હાકલ

હાકવું ૧. અ. ક્રિ. સભાળ કે ખબરદારીથી કામ કરવું
૨. સ. ક્રિ. જોરથી કે મોટે ધાંટે બોલાવવું.
હવે થતી હાકઈ સુરવાણ.
ક.બ.હરિપ્રબંધ
૩. સ ક્રિ. દાબ દેવો; ધમકાવવું
૪. સ ક્રિ. પ્રેરવું; પ્રવર્તાવવું; આગળ ગતિ કરાવવી; બળદ. વહાણ કે કામકાજના ઉપરી નાયક થઈ તેને દાબ અને સંભાળથી યોગ્ય માર્ગે ચલાવવું.
૫. સ ક્રિ. હાક મારીને દાઢી મૂકવું.
૬ સ. ક્રિ. હ.કથી ચલાવવું, હાકવું

હાકાબાકા ૧. પું બ વ. ધુમરાણ; રાડ; મોટો અવાજ.
૨. પું. બેબાકળુ થઈ જવું તે; અવળી સ્થિતિ
૩. પું. હેબતાઈ જવા.ની સ્થિતિ; ગભરામણની સ્થિતિ.
હ.કાબાકા ઊડી જવા = ગભરાઈ જવું
ધમે ચાવે વાનર ઘેર્યા,
કરે એમ ધિક્કાર છ:
હાકાબાકા ગઢો હિલોળે,
કરે બહુ પોકાર છ. નિષ્કુળાનંદ

હાકાર ૧. પું. સગપણ; સગાઈ; મેમણ હોમમાં સગપણ કરવાની ક્રિયાને હાકાર કહે છે.
૨. પું. હકાર; હા કહેવી તે; સ્વીકાર; સંમતિ.
૩ સ્ત્રી. (જૈન) એક જાતની શિક્ષા.

હાકારવું સ ક્રિ હાકલવું; ધૂમ પાડીને બોલાવવું; બરકવું

હાકારો પું. અનુમતિ; હા પાડવી તે; સંમતિ.

હાકિની ૧ સ્ત્રી એ નામની એક દેવી
અઢ મસ્તકની દેવી અંતરમાં,
હાકિની તેનું નામ. પ્રાણાયામ
૨. સ્ત્રી. ચોપન માંહેની એક વાયુતત્ત્વદેવ્યા.

હાકિમ [અ. હકમ (તેણે આજ્ઞા કરી)] પું. અધિકારી; હાકમ; સૂબો; અમલદાર, હાકેમ.
હાકિમ બાદશિએ ઉજ્જાનની ગાદીના હકદાર બારસ બાદશાને વજિનિયા પાસન કરીને બાકી સ્થાપના પણી પછી આજ્ઞા કરેલી
બ. ક. ઠાકોર
૧. હાકિમે દીવાની = સિવિલ અદાલતનો જજ
૨. હાકિમે ફોજદારી = ક્રિમીનલ અદાલતનો જજ

હાકિમી [અ.] સ્ત્રી. સત્તા

હાકુડી (હાકુડી) સ્ત્રી (બોલી) મ.સુ.

હાકેરવું ૧ સ ક્રિ ઉંચેથી બોલાવવું; મોટેથી સાદ કરવો
૨ સ ક્રિ ધમકાવવું.
૩ સ ક્રિ હાકવું

હાકેહાકે જ જબરામણ બની સ્થિતિ થઈ ગઈ હોય તેમ.

હાકેમ ૧. પુ સરદાર; સૂબો; હાકમ; અમલદાર
મોટા હાકેમ વાલજી મુળજેઠ પુરબ જ્યાં,
પડકારે સરાહિની વીરવીરાવના રૂપે
ગાંધીગીતા
૨ પુ મા.લિક, ધણી
૩ પુ મોટો હોદ્દાદાર

હાકેમી ૧. સ્ત્રી. અમલદારી, ઉપરીપણું.
૨ સ્ત્રી સત્તા; કબજો; ધણીપણું.
૩. સ્ત્રી હકૂમત, કારકીર્દિ; અમલ
૪ વિ. હાકેમ સબંધી, હાકેમનું; સત્તાનું.

હાકોટવું ૧ સ ક્રિ. મોટેથી બોલવું
૨ સ.ક્રિ. ધૂમ પાડી બોલાવવું
૩. સ ક્રિ. મોટે ધાટે ઠર બતાવવો; ધમકાવવું, ધાક પડે એમ કરવું

હાકો ૧. પુ. ધાક; બીક.
૨ પું શિકાર કરવા માટે જનાવરને તેના રહેઠાણમાંથી બહાર મેદાનમાં લાવવા ભૂંગો પાડવી, વાજાં વગાડવા વગેરે.

હાકોઠો ૧. પું. ધાક પડે ને ભય ઊપજે એવો ઘાંટો; ઉશ્કેરાટ ને પડેલી ધૂમ; જબરો પોકાર; ત્રાડ.
૨ પું પડકારો; બધાએ મેળા મળી ધુમાટો કરવો તે.
૩ પુ. મોટો ધાટો; ધૂમબકારો

હાગર સ્ત્રી એમદમની એ નામે સ્ત્રી. એમદમને હાગરથી થયેલા દીકરા ઇસ્માઈલે પછીપિતાને છોકરી સાથે સાદી કરીને વશવિસ્તાર કર્યો તે આરબકુળ કહેવાયું

હાજત ૧. સ્ત્રી. અટકાયત; કેદ; તહોમતદારને અટકાયત કે પહેરામાં રાખવો તે
તમસે આફી મારવાની ના પાડી તેથી બીજા પ્રબોધન સારૂ હાજતમાં પણ રહેલા.
આપીગ્ર
હાજતમાં રાખવું = અટકાયતમાં રાખવું
૨. સ્ત્રી અડચણ
૩ સ્ત્રી આવશ્યકતા, ટેવ
૪. સ્ત્રી બબુસ, ઝાડે પેશાબ જવાની ઇચ્છા
૧. હાજતકું ખુબજત નહિ = કુદરતી હાજતમ. દુમ તુર્યા ન કરવી
૨ હાજત મળી = (૧) ઝાડો થયો; ઉતરત થયો કે ઉતરયો (૨) પેશાબ કે ખરચુની બબુસ બોબજવ.

૫. [અ. હાજ (તેને જરૂર હતી)] સ્ત્રી. જરૂરિયાત; અગત્ય; આવશ્યકતા. ગાંધીજી જણાવે છે કે, આપણી મોટામાં મોટી બે હાજતો છે: અનાજ અને વસ્ત્ર. અનાજ તો આપણે સદ્ભાગ્યે હજુ દેશમાં જ પેદા થયેલું આપણે ઇચ્છીએ, પણ વસ્ત્ર ઘણું બહારથી મંગાવીએ છીએ. તેથી ગયે જ વર્ષે એટલે સને ૧૯૧૮માં આપણે ૬૦ કરોડ રૂપિયા પરદેશ મોકલી દીધા એ આપણે સારૂ ઘણી નામોશીની વાત ગણાય
સ્વદેશી ધર્મ આવો એ સ્વાવલંબી બનો સહુ.
અંતર હાજતો પૂરી પાડો અંતમહેનતે.
ગાંધીગીતા

હાજતખાનું ન. પાયખાનું, સંડાસ.
દરેક દાક્તરની પાળ્ય એકેક હાજતખાનું હોય છે. આપણે અકબરી

હાજતજોગું વિ જરૂર જેટલું; જોઈએ તેટલું.

હાજતમંદ ૧ [અ.] પું. ભિખારી.
૨. વિ જરૂરિયાત, જરૂરિયાત હોય તેવું.
૩. વિ. તંગ હાલતનું, કમાલ, ગરીબ

હાજતમંદી [અ.] સ્ત્રી ગરીબાવિયત; તંગ હાલત.

હાજતો અ. હારતો; હા, હા; 'હા' એ પ્રમાણે.
હાજતો એ વાક્યના ઝડપથી બોલવાને પરિણામે 'હારતો' એમ વાતચીતની ભાષામાં રૂઢ રૂપ થઈ ગયેલું છે. તેમાં જ નો શ બધાનુ પ્રારંભ જ ના પ્રાકૃત ઉચ્ચારમાં છે સંસ્કૃત ઉચ્ચાર હાત જો કોઇક 'હાય તો' જેવું કહે છે તે રૂપજ રહેત. 'હારતો' એ બહુ પ્રચલિત છે. કુસુમમાળા

હાજમો પું. મોઢાનો એક રોગ

હાજર [અ હાઝિર (સમક્ષ)] વિ. પ્રત્યક્ષ; રૂબરૂ; મોજૂદ હોય તેવું.
૧. હાજર કરવું = રજૂ કરવું; મોજૂદ કરવું.
૨. હાજર તે દહિયાર-હાજર સો દહિયાર = અમુક વખતે જે ઉપાય સૂઝે તે સાચું દહિયાર
૩ હાજર થવું = કામે થવું.

હાજર ઇમામ ૧. પુ ઇમામે જમાન, હજરત અલીની પરંપરામાં ચાલુ સમયમાં ઇમામતના તખ્ત ઉપર બિરાજતો હોય તે પુરુષ
૨ પું પીર સાહેબ.

હાજરજવાબ ૧ [અ. (હાઝિર જવાબ)] પું. સમયાનુસાર ઉત્તર કઈ શકે તેમ હોવું તે; સમયસૂચકતા; હાજરજવાબી
૨ વિ. હાજરજવાબી, સમયાનુસાર સવાલનો જવાબ તરત આપનારે

હાજરજવાબી ૧. સ્ત્રી. સમયસૂચકતા.
૨. સ્ત્રી. સવાલ થતાંની સાથેજ જવાબ આપવાની સ્વાભાવિક આવડત; સમયાનુસાર ઉત્તર દેવાપણું.
૩. વિ. સમયસૂચક
૪. વિ સમયાનુસાર યોગ્ય જવાબ તરત આપી શકે તેવું

હાજરજમીન ૧. [અ.] પું. બોલાવતાં વા.૨ જ ખુનેમરને હાજર કરે તેવા બાવજ
૨ પુ બયર તહકિક થયાતમર જે હાજર કરે તેને જમીન તરીકે રજૂ કરેલો ત, ન.ચ કોર્ટ તેનો જ જમીન તરીકે સ્વીકાર કરવો તે; પ્રતિભૂ.

હાજરનાહાજર વિ સર્વત્ર અને સર્વદા
ખુદાને હાજરનાહાજર જાણીને હું મારે સારુ મત ચોરસ છું. પ્રીતમ

હાજરબારી ૧. સ્ત્રી. વારતવ.
૨ [અ. હાઝિર (હાજર) + બારી (દોવાપણું)] સ્ત્રી. હાજર હોવું તે.

હાજર માલ પું સટ્ટેબાજીથી બચવા થતા સોદા પુ૭

હાજરાત [અ હાઝિરાત] સ્ત્રી ખાદ્યમતરની એક ક્રિયા; પ્રાણવિનિમય જેવી એક યોગિક ક્રિયા. તેમાં સામા માણસની સત્તા લઈ લઈ તેને પોતાની ઇચ્છાશક્તિમાં લઈ પોતાની ઇચ્છા મુજબ વર્તાવી શકાય છે તેમ જ જવાબ પણ મેળવી શકાય છે

હાજરાહજૂર ૧. [અ. હાઝિરહુઝૂર] વિ. પ્રત્યક્ષ; સાક્ષાત; હાજરૂર; મોજૂદ; રૂબરૂ
૨. વિ. પ્રત્યક્ષ ફળ આપે એવું; પ્રત્યક્ષ પરચો આપે તેવું
૩. વિ હજૂરમાં તૈયાર હોય એવું, મોઢા આગળ તૈયાર હોય એવું.

હાજરી ૧. સ્ત્રી તપાસવું તે
૨. સ્ત્રી. નાસ્તો; ઉપહાર; શિરામણ.
૩ [અ. હાઝિર (હાજર)] સ્ત્રી હાજર હોવું તે; પ્રત્યક્ષ હોવુ તે; સમુપસ્થિતિ
હાજરી લેવી = (૧) ખુશામતો માગવો. (૨) ઝાટકણી કાઢવી (૩) પ્રત્યક્ષતા તપાસવી (૪ શિક્ષા કરવા (૫) નવાજવા ખાતર લેવી.
૪ સ્ત્રી હાજરી પત્રક, ઉપસ્થિતિ પત્રક; હાજર ગેરહાજરની નોંધ

હાજરી પત્રક ન. હાજર ગેરહાજરનું પત્રક; ઉપસ્થિતિ પત્રક, હાજરી પૂરવા માટેની નામોની યાદી

હાજવું ૧ અ. ક્રિ. અડી રહેવું; મજા રહેવું.
૨ સ ક્રિ. ખટકવું
૩. સ ક્રિ. લાગવું.
૪ સ. ક્રિ. લાગુ રહેવું
હાજવા દેવું = કામ કરવા દેવું.

હાજહુંકાર પુ. સદ્ધ ચડાવવો તે

હાર્ષ ન ક વ ગાત્ર.
હાર્ષ ગગડવા-ગગડી જવા. ૨ બીકથી નબળો પડવું.

હાર્જિય ૧. અ. , પુ ચોપદાર; દ્વારપાળ; દરવાન.
૨. પુ. પડદો.
૩ પુ. મંત્રી, સચિવ.
૪ પુ રક્ષક

હાર્જિયાણી સ્ત્રી. હજ પડી આવેલ મુસલમાન સ્ત્રી

હાર્જિયો ૧. પુ. ખુશામતિયો કે હા જી હા કરનાર માણસ; સઘળી વાતની હા કહેનારો માણસ.
૨. પું હકાર; હા કહેવી તે; સમતિ આપવી તે
૧ હાર્જિયો પૂરવો = હા કહેવી.
૨. હાર્જિયો ભણવો = હા એ હા કરવી; ટાપશી પૂરવી.

હાજી ૧. પું. હજ પડી આવેલ મુસલમાન.
૨. વિ. મક્કે હજ કરી આવેલું; હજ-યાત્રા કરવા નીકળેલું.
૩. અ. વિનેથી હુકારો; હા કહેનો ઉદ્ગાર.
હા જી હા = જેમ કહે તેમ કર્યા કરવું.

હાજીખાની સ્ત્રી. હડકાયે પસાળી, રોઢો, કૂદીને બચકાં ભરવામાં આવતી પીજાને મળતી એક બીજી જીવ.

હાજી મહમદ પું. ગુજરાતનો એક પ્રખ્યાત સાહિત્યકાર; ગુજરાતની સાહિત્ય રચિના વ્યાપારમાંના પોતાના ચણતર એક ઉદાત્ત આત્મા ઉપર બંધાયા છે. હાજી મહમદ એ 'બીસમી સદી' નામના માસિકમાં અઠારનવાર પોતાના લેખ આપતા. એમનો જન્મ સમૃદ્ધિશાળી કુટુંબમાં થયો હતો. એમના બાપદાદા મોટા શ્રીમંત વેપારી હતા. હાજી મહમદ પણ વેપારમાં પડ્યા હતા, કમાતા હતા, પણ એ ભાવનારીલ કવિ રસિક આત્માને વ્યાવહારિક જગત જરા અકળાવું લાગ્યું. વેપાર છોડ્યો ને એમણે એક માસિક કાઢ્યું. એ સાહિત્યકૃતિ માટે તો એમણે એમનું સર્વસ્વ હોમી દીધું. એનો પોતાનો બંગલો, ઘરબાર, મોટી જમીનદારી બધી મિલકત કેટલા કરી ગરીબોને, દુઃખિયાને, મિત્રોને, સ્નેહી ગને મદદ કરવા પોતે કંગાલ થયા. ફકીર થયા છતાં એમનો અમીરી સ્વભાવ એવો ને એવો રહ્યો. કળાકારને મદદ આપવા અર્થે પોતાનાં સાધન સામગ્રીને પણ ખરીદવાં માંડી બાણી, કાલ્પા તૂટ્યા કપડાંલત્તા અને જૂટની બોડ બજર પણ ચલાવી લેતા કોઈને પણ જાણ કર્યા વગર અનેક લેખક, ચિત્રકાર કળાકારને એમણે મદદ કરેલા. એમની 'બીસમી સદી' નામના માસિકોની ફાઈલો આજે એમની સાહિત્યસેવાના કીર્તિસ્તંભરૂપે અમર છે અને જે કોઈ તે આજે વાંચે છે તેને તેમાંથી ઘણું ઘણું નવું જોવા જાણવાનું મળે છે. એ અમર કૃતિની પ્રસાદી આ કોષમાં પ્રસંગોપાત સંભવી લેવાનો પ્રયાસ કર્યો છે.

હાજીરહજૂર જુઓ હાજરાહજૂર.

હાજીહા ૧. સ્ત્રી. ખુશામત.
૨. સ્ત્રી. સ્વાર્થી કે ખુશામતખોરી સંમતિ.
૩. જ બારપૂર્વક હકાર દર્શાવનો એક ખુશામતિયો ઉદ્ગાર.
હાજીહા કરવું = હા એ હા કરવું.

હાજીહાજી સ્ત્રી ખુશામત.

હાજીરહમામ પું. ખોજાઓના ધર્મગુરુ.

હાજરી [અ. , સ્ત્રી. અદાલતમાં હાજર થવું તે.
હાજરીમાં ખડા રહેવું = સેવામાં તત્પર રહેવું

હાજિર ૧. વિ તૈયાર.
૨. [અ. હઝર (તે હાજર હતો)] વિ. વિદ્યમાન; હાજર.

હાટ ૧. ન. મુખ્ય બજાર
૨. ન. દુકાન
૧. હાટ માંડવું = દુકાન ખોલવી
૨. હાટે બેસવું = દુકાને બેસવું; ઉમેદવારી કરવી.
૩. ન. મેળો.
દ્વારાં દોસીનાં હાટ
ચેચાઈ ચાર પટોળા પાટ. શ્રા. સા. પરિષદ

હાટક ૧. [સં] પુ. એ નામનું એક હથિયાર; ત્રણ ધારવાળો દંડ. તે લડાઈમાં હથિયાર તરીકે વપરાય છે.
આ અસલી હથિયાર હાટક ત્રણથી ચાર અણીવાળી દંડ હતો. કૌટિલ્ય
૨. પુ. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ આ છંદ આકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ સગણ અને ૧ લઘુ મળી ૨૨ વર્ણ છે
૩. ન. એ નામનું શસ્ત્ર કે અર્જુને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતી લીધું હતું.
૪. ન. તે નામે એક દેશ.
૫. ન. ખજૂરો.
૬. ન. રામાયણમાં વર્ણવેલ એક સ્થાન; લાવક.
૭. ન. સોનું; સુવર્ણ; હાટક નામની ખાણમાંથી નીકળતા સોનાની જાત. પુરાણમાં તેને વિષે એવી કથા છે કે વિતલમાં ભગવાન હાટકેશ્વર મહાદેવ પ્રજાપતિની સૃષ્ટિમાં વૃદ્ધિ કરવા માટે પાર્વતી સાથે રહે છે એ મહાદેવ તથા પાર્વતીના વીર્યમાંથી ત્યાં હાટકી નામની એક નદી વહી રહી છે તેના જળને વાયુથી વૃદ્ધિ પામેલો અગ્નિ બળથી પી જાય છે અને પછી તે પીધેલા પાણીને ચૂંકી નાખે છે તેમાંથી હાટક નામનું સોનું ઉત્પન્ન થાય છે
કંચન અનુન જાતરૂપ હેમ હિરણ્ય સુવર્ણ
અષ્ટાપદ હાટક પુરટ શાતકુંભ હરિ વર્ણ
અમરકોષ
૮. સ્ત્રિ. સોનાનું; સોનેરી

હાટકપીઠ ન સોનાનું સિંહાસન
હાટકપીઠ રૂપાળા છે તેમ જ મનને હરણ કરે એવી મહિમા ભોગમ નત્યા જેવા છું
પાર્શ્વરાજ

હાટકવું ૧. અ. ક્રિ. પડવાને કરવો; પ્રજાને કરવી; દોડ.ગે કરવો
કન્યાએ ક્રોધ જગાવ્યો હાટકથો પરમ.ન.
હંપદ બોલતા ભાને નહીં ઘડપણે ગઈ સાન.
પ્રેમાનંદ
૨ સ ક્રિ. ખખેરવું; પછાડવું
૩ સ ક્રિ. દોડવું
૪ સ ક્રિ. ધમકાવવું
૫. સ. ક્રિ. ઓસારવું.
૬. સ. ક્રિ. સંપડાવવું

હાટકશાલિ પું (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને ચંદ્રાન કે શાલિર ૮ છંદ પણ કહે છે. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે તેમા ત્રણ અને જગણ મળી ૬ વર્ણ હોય છે.

હાટકી સ્ત્રી. (પુરાણ) વિતલ પાતાળની એ નામની એક નદી. તેને વિષે પૌરાણિક કથા એવી છે કે, તે નદી હાટકેશ્વર મહાદેવના વીર્યમાંથી ઉત્પન્ન થાય છે. પવને ઉત્તેજન આપેલો અગ્નિ એ વીર્યને પી જાય છે અને પીને પાછું કાઢી નાખે છે. તેમાંથી દૈત્યોને ખપે હાટક નામનું સોનું બને છે

હાટકેશ્વર ૧. પુ. (પુરાણ) વિતલ નામના પાતાળમાં ભોગાવતી નદીના તીર ઉપર આવેલી શિવની વિમૂર્તિ અતલ પાતાળ નીચે આવેલા વિતલ પાતાલમાં પોતાના પાર્ષદરૂપ ભૂતના ટોળાથી વિંટાયેલા સાક્ષાત્ હાટકેશ્વર મહાદેવ બ્રહ્માની સૃષ્ટિ વધારવાને સારુ પાર્વતીની સાથે જોડું બાંધીને રહ્યા છે એ મહાદેવ અને પાર્વતીના વીર્યમાંથી થયેલી હાટકી નામની મોટી નદી ત્યાં આવેલી છે.
૨. પું (પુરાણ) સુવર્ણના લિંગ રૂપે પૂજાતા નાગરોના ઇષ્ટદેવ; મહાદેવ; હાટકનાથ દર વર્ષે ચૈત્ર સુદિ ચૌદશને દિવસે એમની વડનગરમાં

રથ.પનાનો વાર્ષિક ઉત્સવ કરે.ક જાતના નાગરો પાળે છે. એમ થાને છે કે હાટકેશ્વરનું મંદિર કદાચ મૂર્તિભંજકે ખંખાવેલું હોય અને પછીથી વિશલદેવે (ઈ સ. ૮૩૦ થી ૮૬૫) તેનો જીર્ણોદ્ધાર કર્યો હોય

હાટચટી ન. એ નામનું એક પવિત્ર સ્થળ. ચમોલી (હાલ સાગર) થી આગળ ૬ માઈલ ઉપર હાટચટી સુધી સીધો માર્ગ ચાલ્યો જાય છે. દિવસે તડકો તપે છે. માથા ઝાપાને લીધે ઠંડી સારી રહે છે. તેથી દિવસનો આરામ લેવા માટે આ સ્થાન ઘણું જ સરસ છે; હરિદ્વારથી અહીં સુધીના માર્ગ ઉપર એટલી ગરમી પડે છે કે જેટલી તળપદ હરિદ્વારમા પડે છે કારણ કે આ સ્થળની ચારે બાજુ પર્વતો આવેલા છે એટલે હવાનો અભાવ રહે છે

હાટડી (હાટડો) સ્ત્રી. નાની દુકાન.

લેને લક્ષ્મણ લાડ, આજ હેડે માડી હાટડી;
કોણે નથી જ ફોડ, વકરા વહાલાને મળ્યે.
મુ. ઝા. પરિમલ

૧. હાટડી નાની ને કરકસર ઘણી = ઘર નાનું પણ મરણ મોટી, પથો ચોડો ને ખંખણ ઘણી; પાઘની કમાણી નહિ ને આવળ વધારે; કામ કાર્ય નહિ ને કુરસદ ઘડીની નહિ.

૨. હાટડી વધાવવી = દુકાન બંધ કરવી.

હાટડું (હાટડું) ૧. [સં. હટ્ટ] ન. નાનું હાટ, નાની દુકાન.

૨. ન. ભઠારિયું; તાડુ.

હાટપાટા (હાટપાટો) પું ગેળાની બજાર.

હાટાબોરી સ્ત્રી. માણસો તથા વાહનોની અવરજવર થયા કરે તેવો રસ્તો; આવજાવનો જાહેર રસ્તો.

હાટિયું ન. ભીંતમાં ચણેલું નાનું કબાટ; ભીંતમાનું બારણાવાળું મોટું તાકુ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓનાં આસન એટલે કે રહેવાના સ્થાન હોય છે. તેની ઉપર બે ત્રણ પાટિયાનો એક ત્રાપો નાખેલ હોય છે ને તેની ઉપર કબાટ રહે છે. તે ત્રાપાની નીચે લટકતું એક નાનું કબાટ ચોડે છે. તે રહિયો હાટિયું કહેવાય છે.

હાટી ૧. સ્ત્રી એ નામની કાઠીની એક જાતિ. તેઓ મૂળથી સોરાષ્ટ્રમા માળિયામાં રહે છે. તેના તેનુ નામ કચ્છ ના મારવિ. પડલ છે આ કોમ બહુ ઉદ્યમી છે. તેના એક વડવા જગતમાને રા'માંડલિક પાસેથી બંધણી છતી લીધુ હતુ હાટીઓમા જોબને હાટી અને પિડારત હાટી તેમના પરાક્રમ માટે મશહૂર છે. જોબને માળિયામાં રાજ કરતો. બાટ ચોકો હાટીને મેવાડા તરીકે ઓળખે છે

૨. ન. એ નામની જાતિનું માણસ

૩. વિ. એ નામની જાતિનું.

હાટુકાપાણી સ્ત્રી એ નામની એક દેશી રમત. રમનાર છોકરીઓએ કમર ઉપર અવળા હાથ રાખીને ગોળ ઊભા રહેવું અને પોતાની આસપાસ કૂદાકૂદ કરીને ગોળ ફરવું.

હાટોડી (હાટોડો) ૧. સ્ત્રી. દુકાન ઉપર લેવામાં આવતો પ્રાચીન કર. હાટ નિમિત્ત ભરાડ વેપારી દુકાનદાર પાસેથી લેવાતી લેતરી.

૨. સ્ત્રી દુકાને દુકાને બાવા ફકીર માગે છે તે ભીખ.

હાઠ ૧. પું. ટેક

હરિ ભજે નહિ હાઠ મારો
હરિ ભજે નહિ હાઠ.
નરસિંહ મહેતો

૨. સ્ત્રી ટાઢ
ઉનાળે તાવડ, ચોમાસે મહ,
શિયાળે હાઠ સહે કેમ રેવ પ્રેમાનંદ

૩. સ્ત્રી તિરસ્કાર, ધુત્કાર.

જૂઠું હાઠ = તિરસ્કારને પાત્ર.

૪. ન. અસ્થિ; હાડકું.

૫. ન. કપાસ પીંજવાનુ રથળ

૬. ન. કપાસનાં ડોડવાં ભરી રાખવાનો વાડો.

૭. ન. શરીર.

૧. હાઠ ભાંગવું = શરીર ઢીલું પડવું.

૨. હાઠ જવું = ખરું રૂપ પ્રકારવું; વંઠી જવું; ઊલટે પાટલે બેસવું; પૈસે ટકે છેક દુર્બળ થવું.

૩. હાઠ ઠરવું = હાડકામાં સળો થવો.

૪. હાઠ નરમ હોવું = નરમ શરીરનું હોવું.

૫. હાઠ ભાગવા = સખત માર મારવો. ખૂબ મહેનત કરવી; તન દઈને મહેનત કરવી.

૬. હાઠ ઘણવું = શરીર સુધરવું.

૭. હાઠવેર = કટ્ટી દુશ્મનાવટ

૮. હાઠ હસે ને લોહી તપે = સગુ હોય તેને લાગણી થાય.

૯. હાઠની પ્રંચણી થવી = શરીરનું ભાગવું.

૧૦. હાડે હાડ લાગવું = ટિલમા લાગવું

૮. ન. શરીરનો બાંધો; હાડકાનુ માળખું.

૯. ન. હદ

૧૦. ન દેવું, ઘરેણું, અંતર

૧૧. વિ. તિરસ્કારને પાત્ર, ધુત્કારવા યોગ્ય.

૧૨. અ. ધણુ જ

૧૩ અ ઠલ્લી હદ

હાડ જવું = ઠેલ્લી હદ જવું.

હાઠક જુઓ હાડકું.

હાઠકચર સ્ત્રી. ઝાડો તાવ; શરીરમા રહેતો ઝીણો તાવ.

હાઠકચરિયું વિ. ઝીણું; નરમ. તાવના પ્રબંધમાં વપરાય છે

હાઠકી સ્ત્રી નાનું ને પોચું હાડકું

હાઠકુટિયું વિ. મંજરાવ કનાવનાર

હાઠકું ન. અસ્થિ, શરીરને ટેકો આપનાર કઠણ ધાતુ. તે કઠણ હોવાથી ચામડી તથા માંસપેશી નાશ પામ્યા પછી પણ તે લાંબા વખત સુધી ટકી રહે છે. તેના બંધારણમા મુખ્ય બે વસ્તુ છે: એક પોચા અને બીજી કઠણ. પોચા વસ્તુ તે કોમળ ચામડા જેવા કનાવુ અને કઠણ તે ચૂનાના ક્ષાર. કોમળ કનાવુઓ પરસ્પર મળી જવાથી રચાયેલી જાળીઓમા કઠણ ક્ષારો મળી જવાથી હાડકાં બને છે. ગર્ભના તાજુવાયા વડે પડેલી કનાવીઓમાં કાંઈ જ ભરાઈ ને જેમ કાપડ બને છે તેમ કનાવુઓ અને ક્ષારો મળીને અસ્થિઓ બને છે. નરતના જન્મેલા બાળકના શરીરનાં હાડકાં કોમળ, નરમ અને સખ્યામા વધારે હોય છે મનુષ્ય ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી હાડકા વધારે કાઠુ થતાં જાય છે અને નાનાં હાડકાં પરસ્પર જોડાઈ જઈ એક મોટું હાડકુ બનતું હોવાથી તેમની કુલ સખ્યા ઓછી થાય છે. ખોપરીના પાસળીઓની સાથે જાગલા તથા બીજા કેટલાક તરુણાસ્થિઓ કમેસા કોમળ રહે છે. કુદરત જ્યારે તેમાના કેટલાકોને ચૂનાના ક્ષારોનુ પ્રમાણ વધવાથી કાઠુ બની જાય છે. કેટલાક કાઠુ હાડકા બાળપણમાં એજ કારણને લીધે ખરેખ થઈ જાય છે અને તેથી બાળકો હોય તો સખાવા મુશ્કેલ થઈ જાય છે, જેમકે સાથળનુ હાડકું. બધા હાડકાં ઉપર અસખ્ય નાના છિદ્રો નજરે પડે છે. તે મારફત ચામડીઓ અંદર જઈ અનેક સૂક્ષ્મ શાખામાં વહેચાઈ જઈ આખા હાડકાને શુદ્ધ લોહી પૂરુ પાડે છે. નળાકારસ્થિઓમા તો એક કે બે મોટા છિદ્ર હોય છે. તે મારફત એક મોટી ધમની અંદર જઈ તે અસ્થિના અંદરના ભાગમા રહેલી મજ્જાનો તાજુ લોહી પૂરુ પાડે છે. ઉપર વર્ણવેલા છિદ્રો મારફત જ અશુદ્ધ રક્ત વહી જનારી શિરાઓ બહાર આવે છે. આ ઉપરાંત નાની રસવાહીઓ તથા સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પણ અસ્થિઓમા ફેલાયેલા હોય છે. હાડકાંઓના સધિય ભાગોનુ ઉપલુ પડ ચીકણુ અને કઠિન હોય છે. તેના ઉપર પાતળા

તરુણાસ્થિઓ લાગેલાં હોય છે. તેઓ સ્થિતિસ્થાપક હોવાથી હાડકાંઓ પરસ્પર ઘસેથી પણ ઘસાઈ શકતાં નથી, કારણ કે તેમના વચ્ચે રહેલા તરુણાસ્થિઓ પણ હાડનું ઘસણ નરમ કરી નાખે છે. વળી તેઓ અત્યંત સુંવાળાં હોવાથી હાડકાંઓ વિવિધ ચેષ્ટાઓમાં ભાગ લઈ શકે છે. હાડકાં નરી આંખે જોઈ શકાતાં નથી, કારણ કે તેના ઉપર માંસનું અને ચામડીનું અસ્તર હોય છે. હાડકાં કઠણ અને મજબૂત હોય છે. હાડકાંથી શરીરના સંચને ટેકો મળે છે અને શરીર ટટ્ટાર રહે છે. પગની પાટલીનાં, નળાનાં, સાથાનાં અને બાવનાં હાડકાં તથા કરોડની હાડકાંની માળા આપણું શરીરને ટેકો આપે છે. કરોડનું હાડકું ન હોય તો માણસ અને પેટ જેને ઊંધાં થઈ જાય. પગનાં હાડકાં ન હોય તો માથું પગ મુખી આવે અને શરીર સોટા જેવું બની જાય એટલે કે હાડકાંથી આપણા શરીરમાં મક્કમપણું આવે છે. હાડકાં, મગજ, હૃદય, ફેફસાં વગેરેનું રક્ષણ કરે છે. મગજ એ શરીરનું ઊપયોગી અંગ છે. તેનું રક્ષણ કરવા સારુ તેની ફરતી હાડકાંની ભીંતવાળી એક ઓરડી રાખવામાં આવી છે. આ ઓરડીને ખોપરી કહેવાય છે તે એટલી મજબૂત હોય છે કે કરવતથી કાપતા પણ તેના માંડમાંડ કટકા થાય છે. મગજમાંથી મોટી જ્ઞાનતંતુઓ નીકળીને કરોડમાં જાય છે. આ જ્ઞાનતંતુઓ કરોડની અસ્થિમણકાના મણકાને લીધે સારી રીતે બચાવાઈ રહે છે. આ રીતે હાડકાંનાં જુદા જુદા કટકા શરીરના સચાની ગતિમાં મદદગાર થાય છે. હાથનાં આંગળાંના જુદા જુદા કટકા દોરડાથી આંગળાં મતિ કરી શકે છે. મૂત્રાશય આગળ અને હાથની કોણી પાસે હાડકાનાં સાંધા ન હોય અને તેને બદલે હાથપગનાં હાડકાં સીધા સળંગ જ હોય તો આપણને હાલવા ચાલવામાં ખૂબ જ અડચણ પડે. હાડકાં પોલાં હોય છે અને તે પોલાણમાં આવા જેવો પદાર્થ હોય છે. વળી હાડકાંમાં ચૂનો તથા બીજા જેવો ચીકણો પદાર્થ હોય છે બન્ને જાતના હાડકાં કે જનાવરની ચરબીને પાણીમાં ઉકાળે છે. જેથી તેમા રહેલો ચીકણો પદાર્થ પાણીને. ઉપરતી આવે છે અને આ પાણીને ગુંદર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ચુનાથી પ્રયાણી ગુંદરની જે શીશીઓ બજારમાં આવે છે તેમાં આવા પ્રકારનો ગુંદર હોય છે હાડકામાં પ્રટ્રકુન્ક (ફોસ્ફરસ) નામનો પદાર્થ હોય છે. આ પદાર્થ બે દવામાં ખપતો રહે તો દવાનાના પ્રાણવાયુ જોડે તેનો સંયોગ થાય છે અને તે બળતી ઊઠે છે. સ્મશાનમાં કોઈ કોઈ વખત પ્રસ્ફુરની કણી કે તેનો ધુમાડો ઉત્પન્ન થાય છે અને કદાચ બળતી પણ ઊઠે છે એટલે વહેમી લોકો એમ માને છે કે સ્મશાનમા ભૂતના હાડકા થાય છે. હાડકાં કુમળાં પણ હોય છે બાળના રહેલા નાનકડા હાડકા, બાકીની ટાંકીનું હાડકું વગેરે હાડકા પૂર્ણ રીતે વિકસેલા હોતા નથી. તેથી તેને કોમલાસ્થિ કહેવાય છે ઘડિયાળમાં કમાન બહુ કીમતી ભાગ ગણાય છે જો કમાન તૂટી જાય તો ઘડિયાળ ચાલે નહિ આ કમાન રાખવા માટે ઘડિયાળ માં એક મજબૂત ડાબલી હોય છે. તેથી તેનું રક્ષણ થાય આપણા શરીરમાં પણ મગજ, હૃદય, ફેફસા વગેરે અગત્યના અંગો હોઈ ને તેને જો કર્મ કરજત પહોંચે તો શરીરનો આખો સરો અટકી બેસે હૃદય બંધ પડવાથી માણસ મરી જાય છે, મગજને ધક્કો લાગવાથી પણ માણસો મરી જાય છે. ફેફસાં બગડવાથી કફનું દર્દ થાય છે અને માણસ ધમાર્ ધમાર્ ને મરી જાય છે. આવા ઉપયોગી અંગનું રક્ષણ કરવા માટે આપણા શરીરમાં હાડકાંની પેટીઓ અને પાંજરાં આવેલાં હોય છે. આ પાંજરામા હૃદય અને ફેફસાં રાખવામાં આવેલાં હોય છે. મગજનું રક્ષણ કરવા માટે તેને ફરતી હાડકાની ભીંતવાળી એક ઓરડી રાખવામાં આવેલી છે, જેને ખોપરી કહેવાય છે. આ ખોપરીનું હાડકું ખૂબ જ મજબૂત હોય છે. હાડકાંનો સોજો તથા સળી હોવાનું મુખ્ય કારણ ઉપદંશ હોય છે. બજારૂ દરદોનો આગળ વર્ણવ્યો હોય હાડકાંમાં દાખલ થઈ તેમા સોજો અને સળી ઉત્પન્ન કરે છે. ઉપાયઃ ચોગરાજ ગૂગળ, રસકપૂર, ટ્રિંગળો વગેરે દવાઓ લેવી અને શસ્ત્રક્રિયાથી સડેલો ભાગ કાઢી નખાવવો હાડકામાંથી ભોરિયાં વગેરે તો થાય છે જ. હાડકામાંથી ઝામર, વાનિશ બનાવવામાં પણ આવે છે. હાડકાંનો વાયુ ૨૦ ટકા નીકળે છે જે યંત્ર ચલાવવામાં આવે છે અને ૧૩ ટકા એમોનિઅેકલ લિકર કાઢે છે, જેમાંથી એમોનિયમ સલ્ફેટ નામનું ખાતર મેળવે છે. ૧૯૨૧માં બ્રિટિશ હિંદુસ્તાનમાં હાડકાં દળવાની ૧૯ મિલ હતી: ૪ મુબઈ પ્રાંતમાં, ૮ બંગાળામાં, ૩ મદ્રાસમાં, ૨ મધ્ય પ્રાંતમાં અને એક એક અહમદનગર તથા સંયુક્ત પ્રાંતમાં. પશુઓનાં પગનાં નળાનાં હાડકા છરીચાકુના હાથા બનાવવા માટે ઉંચકાઇ જાય છે એ હાડકામાંથી ભોરિયાં, છરીના હાથા તથા ઘરેણાં બનાવે છે. છરીના હાથા મોટે ભાગે ઘેટાના પગમાંથી થાય છે

૧. હાડકાં ઓવાં = મહેનત મજૂરી કરવી

૨. હાડકાં અમારાં ને ચામડી તમારી – ચામડી તૂટી જાય ને શરીરનાં હાડકાં આખા રહે ત્યાં સુધી માર મારવો

૩. હાડકાં ખોખરાં કરવા–નરમ કરવાં = માર મારવો

૪. હાડકાં ખાલવાં = કામ કરવાની શક્તિ હોવી.

૫ હાડકાં ઓરવાં = આળસ કરવી

૬. હાડકાં પધરાવવાં – મરી ગયેલા માણસના હાડકાનાં અવશેષ કુલ કોઈ તીર્થમાં નાખવાની વિધિ કરવી

૭ હાડકાં પાંસળાં ગણવાં. = શરીર દુર્બળ હોવું

૮ હાડકાં ચાવવાં = કસરતથી બાંધો ઘાટમા આવવો

૯ હાડકાં રગદોળવાં = ગફલત કરવી

૧૦ હાડકાં રગળવાં = કલેશ કરવો; દુઃખી કરી મારવો

૧૧ હાડકાં રેંગવાં = મારવું.

૧૨ હાડકાં રોકવાં = (૧) દુઃખ દેવું (૨) માર મારવો.

૧૩. હાડકાં દલાવવાં = તન દઈને મહેનત કરવી.

૧૪. હાડકાંની દૂડી કરવી = સખત મહેનત મજૂરી કરવી

૧૫ હાડકાનુ હરામ = કામ કરવે ચોર; આળસુ

૧૬. હાડકાનો આખો–આખ્યો–હરામ = આળસુ; કામ કરવે કાયર; બબો; બખીલ.

૧૭. હાડકાનો ખરો = કામ કરે કંટાળે નહિ એવો

૧૮. હાડકાનો માળો = છેક સાંકળાડી; હાડપિંજર.

૧૯. હાડકું ઊતરી જવું = હાડકાનુ સાંધામાંથી બહાર જવું. ઊતરી ગયેલ. હાડકાને હાડવૈદ્ય ચડાવી આપે છે હાડકાનાં ભાંગ્યા પછી તેને સાંધવા માટે જે કામ કુદરત કરે છે તેવું માણસ કરી શકતું નથી. હાડવૈદ્યો મલમ પટ્ટા કે લેપ આપે છે પણ કામ તો કુદરતનું જ છે. હાડકાને બરાબર બેસાડી દેવામાં આકાકીની જરૂર છે. બેસાડ્યા પછી તે હલે ચલે નહિ માટે પ્લાસ્ટર ઓફ પેરિસના બનાવેલા મિશ્રણમાં રૂ. ભર્યા માં આવે છે તેના દેશી ઉપાય તરીકે સો વાર ધોયેલા ઘીમા ચોખાનો આટો મેળવી લેપ કરવો અને સાદડ કે આસોદરનું ચૂર્ણ દૂધમા પીવું.

૨૦ હાડકું દૂબવું = હાડકામાનુ સત્ત્વ ઓછું થવું

૨૧. હાડકું નમાવવું = નીચા નમી મહેનત કરવી.

હાડચામ ન. ર. ન. હાડકાં અને ચામડી.

હાડજેડ (હાડજેડ) સ્ત્રી. તિરસ્કાર; ધુત્કાર; તરછોડવું તે.

હાડજોડ (હાયજોડ) [હિં.] પું એ નામે એક વનસ્પતિ; હાડસાંકળીનો વેલો.

હાડજ્વર પું હાડમા રહેતો ત્રીજો તાવ; જીર્ણ જ્વર; હાડી તાવ તેવો તાવ કલેજાના, પેશાબનાં તેમ જ ક્ષયરોગ જેવાં જીર્ણ દરદોમાં લાગુ પડે છે તેમાં શરીરમાં ત્રીજો ત્રીજો તાવ રહે છે, પરસેવો વળે છે અને દરદી ધીમે ધીમે જેવાતો જાય છે

હાડઝૂડ વિ. ખૂબ સખત.

હાડપહો પું. હાડકાંને જોડવાનો પટ્ટો.
ખડ જોડે અમુક હાડપહ્વ પડે હાજરમ જોડેલા છે
વિજ્ઞાન

હાડપલ વિ. હાડકાં પલળે એટલું.
હોમ જો હારમ મન રાજ કરવા તણો.
હાડપલ્લ રૂધિરમા રોજ નાવો
ભાડિમાવાડ કેસરી

હાડપાંજરું ન. હાડપિંજર.

હાડપાંસળાં ન. ર. ન. દરેક કરેક ભાગ

હાડપિંજર ન. હાડકાનું પાંજરું; હાડકાનો માળો; શરીરનું હાડકાંનું ખોખું; છોડ અને પ્રાણીના નરમ પદાર્થને ટકાવવા શરીરમાનો કાયમ ભાગ. કલકા પ્રાણીઓમાં જીવડાની જેમ તે બહારનું પડ છે. વધારે ઊંચા પ્રાણીઓમા હાડકા નરમ પદાર્થથી ઢકાયેલા હોય છે અને કેલ્સિયમ ફોસ્ફેટનાં બનેલાં હોય છે. દક્ષિણના વિશ્વવિદ્યાલયના પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપક ડો. એડવર્ડ મેકફેરાનને અમેરિકામાં સેવાની ખાતે ત્રીસ હજાર વર્ષો પૂર્વેનુ વાનરનું પૂરેપૂરુ સચવાઈ રહેલું હાડપિંજર ગુફામાંથી મળી આવ્યુ છે. આ હાડપિંજર વધારે અભ્યાસ માટે વૉશિંગ્ટનના સ્મિથસોનિયમ ઈન્સ્ટીટ્યૂટમા મોકલી આપવામા આવ્યુ છે. ડો. મેકફેરાનન.. જાવવા મુજબ આ પ્રાણી લગભગ ૪૬ ઇંચ ઊંચું હતુ અને છેલ્લા વરસ પુરતની લગભગ તે નાશ પામેલુ હોવુ જોઈએ. ભૂગર્ભ ઓરડીની સિલિંગમાંથી કાર્બોન ડાયોક્સાઈડવાળા પાણીના ટપકવાથી બનેલા ચૂનાના પથ્થરના પડમા તે ચોંટાયેલ હતુ
કાડો ઢાઢમા તો છે દ્રાવ્ય હાડપિંજરો,
મૂર્તિઓ કલ્પ્યાની તે નાટકે નજરી નથી
ગાંધીગીતા

હાડબંધ પું. શરીરનો બાંધો

હાડબંધન ન. સાંધા આગળથી હાડકાં ખસી ન જાય તે માટે તેને ફરતો આવેલ સાજાતંતુ રેસાનો પટ્ટો; અસ્થિબંધ.

હાડબાંડો પું. પેટની બે બાજુનું અકેક હાડકું ટેકો હોય એવો બોડબાળો બળદ.

હાડભાંગુ વિ. હાડકાં ભાગી નાખે એવું. આ શબ્દ તાવ માટે વપરાય છે

હાડમહેનત સ્ત્રી. તનતોડ મહેનત; સખત શ્રમ.

હાડમાર ૧. પું. કલેશ.
પણ જ્યારે તે કોઈ તરફથી હાડમાર થાય છે, ત્યારે પાછો સોચના કરે છે. ઈ. સુ. દેસાઈ
૨. સ્ત્રી. મુશ્કેલી, હાડમારી; હેરાનગતિ.
૩. સ્ત્રી. વિપત્તિ; દુઃખ; વિડંબના.
૪. વિ. તુચ્છ; અણગમતું; ધિક્કારયુક્ત.
૫. વિ. દુઃખી; હેરાન; હડહડ થયેલુ; તુચ્છકારાયેલું
હાડમાર થવું = હેરાન થવું; દુઃખી થવુ

હાડમારી ૧. સ્ત્રી વિડંબના; આપદા; દુઃખ; મુશ્કેલી
૨. સ્ત્રી. હડધૂત થઈ જવું તે; તિરસ્કાર; ધુત્કાર.
૧. હાડમારી કરવી = મહેનત કરવી.
૨. હાડમારી વેઠવી = દુઃખ ભોગવવું.

હાડમાળખું ન. હાડપિંજર; હાડકાંજ રહ્યા હોય એવું શરીર

હાડમાળા સ્ત્રી. હાડકાની માળા.

હાડમાળા પું. હાડપિંજર

હાડમાંસ ૧. [સં] ન. હાડકાં અને માંસ.
૨. ન. હાડકાં અને માંસનું બનેલું શરીર.

હાડલી સ્ત્રી. ઓઓનુ એક જાતનું પરોણ

હાડવકરો પું. જનાવરોના સાટાકોટા; જનાવરની અદલાબદલી

હાડવખૂ ન. એ નામની એક વનસ્પતિ. એનાં હાડપાન ત્રણ પાનનાં ત્રેખડાં આવે છે. ફૂલ પ્રથમ છોળાં અને પછી પીળાં ઝૂરા થઈ જાય છે

હાડવું ૧. ન. ક્રિ. ચાલવું; જવુ.
૨ ન. ક્રિ. ઢોર ચરાવવા જવુ.

હાડવેર ન. કટ્ટો દુશ્મનાવટ; તીવ્ર વેર

હાડવેરી પું. કટ્ટો વેરી; હડધૂતો દુશ્મન.

હાડવૈદ પું. ઊતરી ગયેલાં અને ભાંગેલાં હાડકાની દવા કરનારો વૈદ્ય, હાડકાં બેસાડવા તથા સાંધવાનુ કામ જાણનાર વૈદ્ય.

હાડસધી ૧. સ્ત્રી. એક જાતની વેલ. તે વગા ઉપર અને ભાંગેલાં હાડકાં ઉપર ફાયદો કરે છે. તેને મરીના જેવાં રાતા રંગનાં ફળ આવે છે. તેનાં ફળ આળકો પ્રેમથી ખાય છે.
૨. ન. વાદા જેવું ઝાડ તે હાડકચરને માટે ઉપયોગી છે

હાડસાંકળ [સ. અસ્થિશૃખલા] સ્ત્રી. એક જાતનો વેલો. તેનો રંગ પોપટિયો લીલો હોય છે. ફૂલ પ્યાલાના આકારના થાય છે અને ફળ, ગોળ, રસભર્યાં, રંગે રાતાં અને કદમાં વટાણાં જેવડાં થાય છે તેની વાસ અણગમતી હોય છે અને સ્વાદ ખાટો હોય છે. કુંડામાં વાવી ઝાડ ઉપર ચડાવવાથી તે બહુ વધે છે. આ વેલા ઘણાં લાંબા થાય છે. તે અંગૂઠા જેવા જાડા, લીસા અને સાંધાવાળા હોય છે

હાડસાંકળી ૧. સ્ત્રી. સ્ત્રીની લુણીની ભાજી.
૨. સ્ત્રી. ઋષુ ધારી ટૂકી કાતળીનો એક વેલો. તેનાં પાન ચોર જેવા થાય છે.

હાડહડ (હાડહાડ) ૧. અ. તિરસ્કારને પાત્ર; ધુત્કારને પાત્ર.
૨. અ. હડધૂત; કલેશ
હાડહડ થવુ = (૧) કલેશ થવુ. (૨) કરેક ઠેકાણેથી અપમાનિત થવુ
૩. અ. હેરાન.

હાડા ૧. પું ઘોડાને તાલીમ આપનાર અમલદાર. તેનું કામ ઘોડાને જુદી જુદી ચાલ શીખવવાનું હોય છે
૨. સ્ત્રી એ નામની ક્ષત્રિયની એક જાત.
૩. ન. એ નામની જાતનુ માલપુસ.
૪ વિ. એ નામની જાતનુ

હાડાળોળ વિ. પ્રસિદ્ધ; જગજાહેર.

હાડિયા ૧. પું. જ ર કાગડા.
૨ પું ન. ર. ન. હાડકાનો ધંધો કરનાર હેઠ.
૩. સ્ત્રી એક જાતની દવામા વપરાતી વનસ્પતિ.
૪. સ્ત્રી. ખાડ પડે ત્યારે રબ્બીસીઝનમાં જે મરાયો હોય તેને અથવા તેના સબંધીને આપવામા આવતી જમીન
૫. વિ. ઊંડા મૂળ ધાલી બેઠલ
૬. વિ સર્વે કોઈ અવગણના કરે એવુ.
૭. વિ. હાડકા સબંધી; અસ્થિને લગતુ.

હાડિયા કરસણ ૧ પું. ગોમ.સામાં થતો એ નામનો એક છોડ
૨. સ્ત્રી એ નામની એક રમત તે પેટલાદ તરફ રમાય છે
૩. ન. એ નામની એક જાતની વનસ્પતિ, તે દવામાં વપરાય છે. એને પાચ પાનનું ઝૂમખું થાય છે. તેના ફૂલ પીળા થાય છે. તેને તનમની, કુકરજાંગરો અને ટીલવણ પણ કહે છે. એનાં

બીનો કદોમાં વધાર પણ થાય છે. તેનું મૂળિયું પાણી સાથે ઘસી વીંછીના ડંખ ઉપર ચોપડવાથી ઘણો ફાયદો થાય છે

હાડિયા ટોઠ જી. એ નામની એક દેશી રમત તેને હાકણી સેરવણી પણ કરે છે દાવવાળો છોકરો પોતાનો દડો ઊંચે આકાશ તરફ ઉછાળે છે, એટલે દાવ લેનાર એક જણ ઊંચે નજર રાખી ઉછળેલો દડો જમીન પર પડવા ન દેતા અદ્ધર ને અદ્ધર પોતાના દંડાથી સામો ટોચો મારી ફરી ઊંચે ઉડાવે છે. જો ટોચો વાગે તો દાવવાળા છોકરાએ ફરી પોતાનો દડો ઉછાળવો પડે છે એટલે બીજો છોકરો ટોચો મારે છે, અને ટોચો ન વાગે તો દાવવાળા ઉપરથી દાવ ઊતરે છે ને દાવ લેનારનો જેના દડાનો ટોચો ન વાગ્યો હોય તેને માથે દાવ આવે છે. આ રમત ગુજરાતમાં ઓછાસમા. બાજુ રમાય છે

હાડિયા દાવ જી. એ નામની એક દેશી રમત, જમાનીઓ દાવ. તેમાં જે છોકરાને માથે દાવ આવે તે બીજા છોકરામાંથી કોઈને પકડવા દોડે જે પકડાય તેને તે પૂછે કે તારો જમાન કોણ ? જારે પકડાયેલો છોકરો ગમે તે એક છોકરાનું નામ આપે એટલે દાવવાળો તે જમાનને અડકવા જાય અને જારે અડકે ત્યારે પોતાની માથેથી દાવ ઊતરી જમાનને માથે દાવ આવે અ. રમત ખાસ કરીને પેટલાદ બાજુ રમાય છે.

હાડિયા હૂંફ (હાડિયા હૂંફ) જી. એ નામની એક દેશી રમત.

હાડિલું ૧. વિ. ઊંડાં મૂળ ઘાલી બેઠેલું.
૨. વિ. જાડું
૩. વિ હાડકા સબંધી; અસ્થિને લગતું.
૪. વિ. હાડમાં પલોંચેલું.
૫. વિ. હાડ સંબંધી.

હાડિયો ૧ પું કાગડો; વાયસ. પંખીમાં તે ચતુર્થ ગણાય છે
હાડિયા જેવી ઠોક = અડવી ઠોક
૨ પું ચતુર માણસ.
૩. પું. જમદગ્નનું એક નામ.
૪. પું નીચ જાતિનો માણસ.
૫. વિ. પું. ઝીણો; અંદરથી હાડ કાપે એવો તાપ માટે બોલાય છે. જેમકે, હાડિયો તાપ

હાડી ૧. પું. મરી ગયેલ માણસોનાં હાડકાની મદદથી પોતાના ખેલ કરનાર જાદુગર.
૨ જી. એ નામની એક અસ્પૃશ્ય જાતની કોમ. તે મેઘવાળથી ઊતરતી કોમ છે. તેઓ મુખ્યત્વે મજૂરી કરે છે તેમની વસતી જૂજ છે. તેઓ મોરબી, વેરાવળ અને જાવનગર વિસ્તારમાં ખાસ કરીને વસે છે.
૩ જી. સચિત કુળમાં અપેક્ષ પીરાંગના
૪. જી. ઢોરના હાડ ઉપર ચડતો ઓપતો જેવો સોજો
૫. જી. હિંદની એક લિપિ તે બુદ્ધિસ્ટોની આસપાસના પ્રદેશની લિપિ છે
૬. ન. એ નામની કોમનું માણસ
૭. વિ. ઊંડું.
૮. વિ એ નામની કોમનું.
૯ વિ. ચતુર.
૧૦. વિ મજબૂત હાડનું; બકતલ
૧૧. વિ મહેનતુ, શ્રમ લઈ શકે તેવું
૧૨. વિ. દરીલું; મમની
૧૩ વિ. હાડમાં પેસી ગયેલું; ઊંડું ઊતરેલું

હાડીકરાળ જી કરાળ જાતની જમીનનો એક બંદ
હાડીકસળ બંનેને આજબાજામાં આવે છે
ખેતીવાડી પાઠયપુસ્તક

હાડીમેલ ૧ પું. ચૂનાનો આકરો જ નીકળે એવો મેલ
૨ પું. દાયપત્રનો ઊખરો એવો મેલ

હાડુક ન. એક જાતનું ઉત્તમ માછલું. એ કાંઠાની જાતનું હોય છે અને સ્વાદમાં ઉત્તમ હોય છે. તે ઉષ્ણ દેશના સમુદ્રોમાં થાય છે. ત્યાંના લોકો એને તાજું કે મીઠામાં આથીને ખાય છે

હાડું ન ન ન હાડ; શરીર.
દલડા દિન રાંભાર, રહી રહી ધીનું ચખાડીયુ,
લાન્યો નહિ લબાર, હાડું અન ન હડ્યમે.
ભતો કવિ

હાડે ૧. અ અંતરે; અંતરમા ઊંડે; મનમાં
૨ અ અંદરખાને.
૩. અ. ચિંતકારમાં.
૪ અ શરીરે.
૫. અ સ્વભાવે.

હાડેતું ૧. વિ. બળવાન શરીરવાળું; ભાડું; મોટા હાડવાળું
૨. વિ. મજબૂત સ્નાયુવાળું; કદાવર

હાડેહાડ ૧ અ. અંતઃકરણપૂર્વક; અરેખર.
૨. અ. અંતરના ઊંડાણમા.
૩. અ એકદમ; તદ્દન; છેક જ; છેક હાડકાસુધી.
૧. હાડેહાડ જૂઠું = છેક જૂઠું; તદ્દન અસત્ય
૨. હાડેહાડ લાગવું = બહુ ઊંડી અસર થવી
૩. હાડેહાડ વ્યાપવું = (૧) આખા શરીરમાં પ્રસરી જવું. (૨) ખૂબ ચિડાવું; એકદમ ગુસ્સે થવું
૪ અ ખૂબ હાડકામા

હાડેહાડે ૧. અ. રોમેરોમે; રંવાડે રંવાડે.
૨. અ હડફેટે.

હાઠો ૧. પું કાનડો, વાયસ
૨. વિ પુ ચતુર, જબ્બર
૩ વિ હાડનું લગતું

હાડોહાડ જુઓ હાડેહાડ ૩

હાણ ૧ [સ હાનિ] જી નાશ
૨. જી હાનિ; નુકસાન; ખોટ, તોટો, ગેરલાભ.
મરો આમ કહિ ભક્તે મરવું નકી જાણ
પાપ લજિ કરે પુણ્ય હું નહિ તો મોડી. **હાણ**
નર્મદાશંકર
૩ જી. હિંસા; ઘાત

હાણ્ય જી. નાશ
કામ ક્રોધ જે જગત આચરે
તે દેખી જીવ નિજ, કરે
એ તા, પાપે કરે માયા રમ
કળ અરાધિને અવગા અમે
વિચાર વિચારી હૃદિને જાણ
નિદા કરે અધમા છે **હાણ્ય**
અખાની વાણી

હાતમ ૧ [અ.] પું દાનવીર; મોટા ઉદાર દિલનો માણસ
૨. વિ સખાદિલ; ઉદાર દિલનું

હાતમદિલ ૧. ન ઉદાર વૃત્તિ
૨ ન ઉદાર દિલનું; વિશાળ હૃદયવાળું; દાનેશ્વરી, સખીદિલ
હાતમદિલ સરદાર આજથી આપ પણ એમ જ માનજો કે અમો આપનાં કર્માબદાર ગુલામ છીએ. નારાયણ વિરાનજી

હાતા ૧ [અ એહાતા] પું ઘેરો
હાતા કરવો ઘેરવો = (૧) અંદર પૂરવું. (૨) ઘેરવું (૩) બાંધવું (૪) હદ નકી કરવી
૨ પું ચોક.
૩. પું પ્રદેશ.
૪ પુ વાડ
૫ પું. વાડો

હાનિમ પું અફઘાનિસ્તાનમાં થઈ ગયેલ એ નામે એક પરોપકારી પુરુષ તે બહુ ઉદાર, પરોપકારી અને સખીદિલ હતો તેના પિતાનું નામ અબ્દુલ્લાહ અને પ્રપિતાનું નામ મહંદ હતું. તેના કુટુંબનું નામ તાર્ધ હતું. તે ઉપરથી તે હાનિમ તાર્મના નામથી ઓળખાય છે. તે મુસલમાની ધર્મની સ્થાપના પહેલાં થયો હતો

હાથ ૧. પું અખત્યાર; અધિકાર
૨. પું કૃપા; મહેમ; દયા; મહેર
ઉપર ચારે હાથ હોવા = પૂરેપૂરી મહેરબાનીની હોવી
૩. પું કોણીથી વચલી આંગળીના છેડા સુધીનું એક માપ; અરધો ગજ; બાર આંગળની લંબાઈનું એક માપ.

૧ હાય જીભ કઢાવવી = તોબા પોકરાવવા; કાયર કરી મૂકવું; હેરાન હેરાન કરી મૂકવું
૨ હાય જીભ કાઢવી = તોબા પોકારવી; કાયર થઈ જવું, હેરાન હેરાન થઈ જવું

૪. પુ. ગંજીફાની રમતનો એક દાવ; પત્તાની એક વૃત્તિ. આ રમતમાં રમનારમાંથી જીતર થઈ હોય તે રંગનું ઊંચું પાનું જે ઉતારે અથવા તે રંગ ન હોય તો હુકમનું પાનું જે ઉતારે તે તે પાના લઈ લે. આવાં પાનાંના સમૂહને હાય કહે છે

૧. હાય આપ્યો = (૧) ગંજીફાની રમતમાં દાવ જવા દેવો. (૨) પરણવું (૩) મદદ કરવી; સાથમાં જોડાવું.
૨. હાય કરવો = (૧) માનારીને હાયોહાય પૈસા આપવા. (૨) ધા કરવો. (૩) પત્તાની રમતમાં દાવ કૂતવો

૫. હું ચોવીસ આંગળનું એક માપ; મજા. રાજવલ્લભ મુજબ તેનું કોષ્ટક નીચે મુજબ છે:

૨૪ આંગળ = હાથ
૪ હાથ = ૬૪
અથવા
૮ જાયા = અણુ
૮ અણુ = રેણુ
૮ રેણુ = કેશાગ્ર
૮ કેશાગ્ર = લિક્ષા (લીખ)
૮ લિક્ષા = યુકા અથવા જૂ
૮ યુકા = યવ અથવા જવ
૮ યવ = આંગળ
૨૪ આંગુળ = હાથ

૬. પું જીવ

૭. પું જેથી માણસો લખવા વગેરેની ક્રિયા કરે છે તે પંજાવાળો અવયવ; હસ્ત; કર; બાહુ; પાણિ.

૧. એક હાથે તાલી ન પડે = બીજાની મદદની જરૂર હોવી.
૨. હાથ અડકાવવો અડાડવો = (૧) કામ કરવા લલચાવું; મદદ કરવી. (૨) હાથથી સ્પર્શ કરવો
૩ હાથ આવવું = (૧) કબજામાં આવવું, (૨) જડવું, પ્રાપ્ત થવું (૩) પકડવું (૪) માલૂમ પડવું.
૪ હાથ આવેલી તક ખોવી = યોગ્ય સમય ગુમાવવો
૫ હાથ આવ્યું તે જ ખરું = કબજાનું બળવાન હોવું
૬. હાથ ઉગામવો-ઊંચકવો = હાથ વડે મારવાને તૈયાર થવું.
૭. હાથ ઉદારવો = સલામ કરવી.
૮. હાથ ઉઠાવી લેવો = (૧) કબજો કે અધિકાર છોડી દેવો. (૨) મારવા ઊઠવું; હાથ ઉગામવો.
૯. હાથ ઉપાડવો = (૧) માર મારવાનું ફરમાન કરવું. (૨) મારવાને પ્રવૃત્ત થવું. (૩) મારવું
૧૦. હાથ ઊંચા કરવા = પ્રતિજ્ઞા ઉપર બોલવું.
૧૧. હાથ એકા કરવા = કોઈને ત્યાં જમવું.
૧૨. હાથ ઓડવો = માગવાને માટે હાથ લાંબો કરવો; યાચના કરવી; માગવું; કોઈની પાસે કંઈ લેવા માટે અરજ બતાવવી.
૧૩ હાથ ઓળવો = (૧) લોહ કરવો. (૨) શરમાવું. (૩) હાથ પાછો ખેંચવો.
૧૪. હાથ ફરડવા = કોઈ પણ સ્વાદિષ્ટ વસ્તુનો સ્વાદ મોઢામાં રહી જવો.
૧૫. હાથ કરી લેવો = હાથથી માર મારી લેવો.
૧૬. હાથ કસમ કરવા = (૧) કાંડાં કાપી આપવાં. (૨) હાથમાં બેડો ઘાલવી.
૧૭. હાથ કાઢવો = ઉદારતા બતાવવી.
૧૮. હાથ કાપી આપવો = (૧) લિખિત કબૂલાત આપવી. (૨) સહી કરી આપવી (૩) હાથના કટકા કરવા.
૧૯. હાથ કાળા કરવા = (૧) ડાઘ લાગવો. (૨) કલંકિત કામમાં જાવું. (૩) ખરાબ કામ કરવું. (૪) લાંચ લેવી.
૨૦. હાથ કંકણ ને આરસી ખોળવો = પ્રત્યક્ષ કે વિખ્યાત વસ્તુને ખોળવા નીકળવું.
૨૧. હાથ ખંખેરવા = (૧) આશા છોડી દારેગ થવું. (૨) ઉપાયો અજમાવી ચૂકવા
૨૨. હાથ ખાજવવો = કોઈને મારવા માટે હાથમાં સળવળાટ થવો.
૨૩. હાથ ખેંચવો-પાછો ખેંચવો = લોહ કરવો
૨૪ હાથ ખેંચી પકડવો = કરકસર કરવો; સંસારી વિચારીને ખર્ચવું.
૨૫. હાથ ઘસવા = (૧) પસ્તાવો કરવો; બળાપો કરવો; પશ્ચાત્તાપ કરવો. (૨) હારી જવું; થાકી જવું
૨૬ હાથ ઘાલવો = વચ્ચે પડવું; માથું મારવું, દરમિયાનગીરી કરવી, સંબંધ થવું
૨૭ હાથ ચડવું = (૧) કામ આવડવું (૨) ભેટો થવો; સામનો થવો
૨૮. હાથ ચલાવવો = (૧) કરપથી કામ કરવું (૨) ઝપાટાબંધ આવા મંડવું (૩) માર મારવાની તજવીજ કરવી. (૪) લખાણમાં સુધારોવધારો કરવો.
૨૯. હાથ ચલાવ્યા વગર કોળિયો મોંમાં ન પેસે = પુરુષાર્થ વગર પ્રારબ્ધ ફૂલું છે
૩૦. હાથ ચળવળવા = હાથ વડે મારવાની ચળ થવી
૩૧. હાથ ચાટવો = (૧) પશ્ચાત્તાપ કરવો. (૨) ભુખાળવા થવું. (૩) લાલચુ થવું. (૪) લાલસા થવી. (૫) વલખાં મારવાં; ફાંફાં મારવાં
૩૨. હાથ ચાટ્યે કંઈ પેટ ભરાય ? = કોઈ વસ્તુ માટે વલખાં મારવાથી કાંઈ તે વસ્તુ પ્રાપ્ત થતી નથી.
૩૩. હાથ ચાલવો = (૧) કામમાં ઝપાટો થવો. (૨) હાથ વડે કામ થવું (૩) હાથ વડે મારવું
૩૪. હાથ ચોખ્ખો ન હોવો = (૧) અટકાવવાળું હોવું; સ્ત્રીનું રજસ્વલા હોવું. (૨) ચોરી કરવાની ટેવ હોવી.
૩૫ હાથ ચોખ્ખો હોવો = પ્રામાણિક કે નિષ્કલંકિત હોવું; વિશ્વાસુ હોવું.
૩૬. હાથ ચોરવો = હાથ પાછો લઈ લેવો.
૩૭. હાથ ચોળવો = ગુમાવ્યા પછી બળાપો કરવો.
૩૮. હાથ છૂટી બલા થઈ જવી = વગર વિચાર્યે કે ક્રોધમાં ઘા કરવો કે મારવું.
૩૯. હાથ છૂટો હોવો = (૧) ઉદાર હોવું. (૨) ખરચાળ હોવું. (૩) મારવાની ટેવ હોવી.
૪૦. હાથ જવા = ટેકો જવો; હિંમત હારી જવી.
૪૧. હાથ જાડો થઈ જવો = હાથ નકામો થઈ પડવો.
૪૨. હાથ જોડવા = (૧) થાકી જવું; કંટાળી જવું; હારી જવું. (૨) નમવું; પગે લાગવું. (૩) માફી માગવી. (૪) વિનતિ કરવી; આજીજી કરવી.
૪૩. હાથ જોવો = સામર્થ્યનો પરચો જોવો. (૨) હસ્તરેખા જોઈ ભવિષ્ય ભાખવું.
૪૪. હાથ ઝાલવો = (૧) પત્ની તરીકે સ્વીકારવું; પરણવું. (૨) મદદ કરવી; આશ્રય આપવો. (૩) રોકવું; અટકાવવું. (૪) હાથ પકડવો
૪૫ હાથ ટાઢા કરવા = (૧) દાન આપી સંતોષ પમાડવો (૨) મુખનો સ્વાદ લેવો
૪૬. હાથ ઠરવો = ટેવાવું; સારો અનુભવ થવો.
૪૭. હાથ ઠારવા = (૧) તૃપ્તિ અનુભવવી. (૨) ધાર્યા પ્રમાણે માર મારવો. (૩) મરજી મુજબ કોઈને આપી દેવું.
૪૮. હાથ ઠોકવો = હાથ ઠોકીને સાટું નક્કી કરવું.

૪૯. હ.ય તરછોડવો = ના પાડવી.
૫૦. હાથ તાળી આપવી–દઈ જવુ = સામા પક્ષને કહીને, ચેતવીને કે જાહેર કરીને નાસી જવું; છેતરવુ
૫૧ હ.ય થવો = ઊઠાવીને મારવાની તજવીજ થવી
૫૨ હાથ દાઝવા = કડવો અનુભવ થવો
૫૩. હાથ દામમાં આવવો = (૧) ઉપકાર તળે આવવુ (૨) સપડાવુ, સકંજામાંથી આવવુ.
૫૪ હાથ દાબવો–ચાંપવો = (૧) ચૂપ રાખવુ; વારવું. (૨) લાચ આપવી (૩) સંકેત કરવો. છૂપો ઇશારો કરવો
૫૫ હ.ય દીધે દંડાય નહિ = (૧) કુદરતી હાજત રોકી શકાતી નથી. (૨) થવાનુ હોય તે થય. જ કરે છે.
૫૬. હાથ દેખાડવો–બતાવવો = (૧) આવડત બતાવવી. (૨) ખો ભુલાવે તેવી શિક્ષા કરવી. (૩) તાકાતનો પરચો આપવો. (૪) ભવિષ્ય જોવડાવવા હાથ ધરવો. (૫) સત્તા કરવી
૫૭ હાથ દેવો = (૧) ચોપડવું, હ.ય મારવો. (૨) ટેકો આપવો (૩) રોકવુ; અટકાવવુ
૫૮. હ.ય ધરવો = માગવુ
૫૯ હાથ ધોઈ નાખવા = (૧) આડો આંક વાળવો. (૨) આશા મૂકવી (૩) કામ હાથમાથી છોડી દેવુ. (૪) ખતમ કરવુ (૫) જવાબદારી છોડી દેવી. (૬) દેવાળું કાઢવુ. (૭) ફારગ થઈ જવુ (૮) હિમત હારી જવી.
૬૦. હ.ય ધોવરાવી નાખવા = આશા છોડાવ. દેવી
૬૧. હ.ય ધોવો = સબધ છોડવો.
૬૨. હાથ નાખવો = (૧) કોઈ બાબતમા વચ્ચે પડવુ (૨) ઝાલી કૂટવી. (૩) લૂંટવુ, ઝડપ મારવી જેમકે, આખરે ઉપર હ.ય નાખવો
૬૩. હ.ય નાપાક હોવા = જેનું રજસ્વલા હોવુ, અટકાવવાળુ હોવુ.
૬૪. હાથ નીચા પડવા = (૧) નિરાશ થવું, નાસીપાસ થવુ (૨) નિષ્ફળ જવુ.
૬૫. હાથ પછાડવા = ગુસ્સા કે કંટાળાથી પ્રમાણ.પ કે સોક કરવો; નિરાશાનો કકળાટ કરવો.
૬૬ હાથ પડવુ = (૧) અચાનક મળી જવુ (૨) પકડાઈ જવુ. (૩) હાથમાં આવે તો ખૂબ માર મારવો.
૬૭. હાથ પર લેવુ = (૧) બાતે કરવા માંડવુ. (૨) ધ્યાન આપવા માંડવુ. (૩) પોતાની તરફનુ કરવુ. (૪) પોતાની દેખરેખમાં કે સભાળમા લેવું. (૫) શરૂ કરવુ.
૬૮. હાથ પસારવો = ભીખ માગવી
૬૯. હાથ પહોંચતો હોવો = પૈસાની છૂટ હોવી.
૭૦. હાથ પાણી લેવુ = પખાલ લેવી; મુદા પ્રક્ષાલન કરવુ.
૭૧. હાથ પીળા કરવા–પીળવા = લગ્ન લાઈ પીઠી ચોળવાનો લહાવો લેવો.
૭૨. હ.ય પોલો તો જગ ઓલો = હાથે નાણા છૂટથી વાપરે તો જગત તાબેદાર થઈ ને રહે; દામ કરાવે કામ; પૈસો પરમ દૈવત
૭૩. હાથ પોલો રાખવો = હાથ ઉદાર હોવો
૭૪. હાથ ફરવો = (૧) ચોરી થવી. (૨) લખાણ વગેરેમા સુધારોવધારો થવો
૭૫. હાથ ફફોળવા = અંધારામા ફાફા મારવા
૭૬. હાથ ફેરવવો = (૧) ઉચાપત કરવુ (૨) ઉપરથી સહેજ સમારવુ. (૩) પંપાળવુ. (૪) વહારવું. (૫) સુધારો વધારો કરવો. (૬) હાથ વડે ચોપડવુ; રૈગવુ.
૭૭. હાથ ફેરવી જવું = ચોરી જવુ કે કરવી
૭૮. હાથ ફેરો કરવો = (૧) ઉઠાવી જવુ (૨) ચોરી કરવી. (૩) પધારવુ.
૭૯. હાથ ફોરો હોવો = સપાટાબધ કામ કરે એવું હોવુ
૮૦. હાથ બાળવા = (૧) આગોતરી કબૂલાત આપવી; આગળથી સહી કરી બધાઈ જવુ. (૨) બાતે કે પડે કામ કરવું. (૩) હાથ રસોઈ કરવી; બાતે રાખવુ.
૮૧. હાથ બાધવા = અટકાવ કરવો; કામ કરતાં અટકાવી રાખવું; રોકવુ
૮૨. હાથ બેસવું = કુદરતપણે આવડવો.
૮૩. હાથ ભરવા = લાચ આપવા.
૮૪. હ.ય ભરાવા = પૈસા મળવા; લાંચ મળવી.
૮૫. હાથ ભારે હોવો = (૧) કબ્જો પહોંચે કે બહું કામ થાય તેવી ઋિદ્ધિ હોવી. (૨) સગવડ પ્રમાણે કામ કરવુ
૮૬. હાથ ભાજવો = ઉપયોગી ચીજ બગડી કે ખોવાઈ જવી.
૮૭. હાથ ભીડમાં હોવા = પૈસાની તગી હોવી
૮૮. હાથ મરડી નીચે પાડવો = મલ્લવિદ્યામાં એક પ્રકારનો દાવ કરવો સામસામા પહેલવાન લડતા લડતા એક બીજાને દાવ કરે ત્યારે એકે સામા પહેલવાનની કમર ઉપર જઈ પોતાના એક હાથથી તેનો હાથ પકડી, બીજો હાથ તેના કમ્બમા ઘાલી, પોતાનો પગ તેના હાથ ઉપર બહા આજગ ફસાવી, તેને ઉંધો પાડ તેમ કરવાથી ચીત થાય છે. પણ આ દાવ નુકસાનકારક છે. માટે તે કરવો નહિ
૮૯. હ.ય મિલાવવો = (૧) ભેટવુ (૨) સલ.મ કરવી
૯૦. હાથ મુચરકો = બ્રાહ્મિનગીરીનું લબાણ
૯૧. હાથ મૂકે દેવો = મગરૂર થવુ
૯૨. હાથ મેળવવો = (૧) છૂટલી દોસ્તી પાકી સાબ્બી (૨) વિવાદમા કબાનો હાથ સોંપવો. (૩) સામસામા હાથોહાથની લડાઈ કરવી
૯૩. હાથ મોં ભણી વળવો = પોતાનો સ્વાર્થ પહેલાં સાધવો
૯૪ હાથ રસ્સ ઉતારવો- લેવો = સતોષ થ.ય ત્યાં સુધી માર મારવો
૯૫. હાથ રાખવો = (૧) ઉપકાર કરવો (૨) સાબેલ રહેવુ
૯૬. હાથ રેગા કરવા = ખૂન કરવુ
૯૭. હાથ રોકવો = કોઈ કાર્યમાં પ્રવૃત્ત રહેવુ
૯૮. હાથ લગાડવો = (૧) મદદ કરવી. (૨) હાથ અડકાવવો.
૯૯. હ.ય લબ.યવો = (૧) ભીખ માગવા. (૨) મદદ માગવી
૧૦૦. હાથ લાગવુ = મળી આવવુ; જડવુ.
૧૦૧. હાથ લાંબો કરવો = (૧) ઉદારતા બતાવવી. (૨) સહાય કરવી; મદદ કરવી.
૧૦૨. હાથ વળવો = કોઈ પણ કામમાં હ.ય ટેવ વો
૧૦૩. હાથ વાટકો = ઉપયોગી છોકરુ અથવા નોકર
૧૦૪. હાથ વાવડી = ચોરી જાય તેવુ.
૧૦૫ હાથ વાળવા = કૂટવુ; પીટણી પાડવી.
૧૦૬. હાથ વેતનો ભરેલ = પૂરેપૂરુ તનખ્વાહ; ઓળખેલ; ઊઠેરેલ.
૧૦૭ હ.ય વેતમાં = (૧) થોડા વખતમા.. (૨) નજદીક; પાસે
૧૦૮. હાથ સમેટવો = (૧) આપતાં અટકવુ. (૨) લોભ કરવો.
૧૦૯. હાથ સારો ન હોવા = અટકાવવાળુ કે રજસ્વલા હોવુ
૧૧૦. હાથ સારા હોવા = (૧) અક્ષર સારા હોવા. (૨) પ્રવીણ હોવુ. (૩) પ્રામાણિક અને ચોખ્ખુ હોવુ.
૧૧૧ હ.ય સાકડમાં હોવો = હ.યભીડમા હોવો; નાણાની તંગીમાં હોવુ.
૧૧૨ હાથ સૂકો ને કપાળે ચૂખ્યો = મહેનતને લઈ જરૂર.ગ્રિ તેજ થવી
૧૧૩. હાથ સોંપવો = (૧) દેખરેખ નીચે સોંપવુ; સભાળ નીચે મૂકવુ. (૨) વિવાદમા કન્યાને સોંપવી

૧૧૪. હાથ હલકો હોવો = (૧) પૂરું ન થાય તેવો હાથ હોવો. (૨) કોઈ કામમાં લાઘવ હોવું

૧૧૫. હાથ હલાવવો = (૧) આઘી પાછી કરવી (૨) મહેનત કરવી. (૩) હસ્તધૂનન કરવું. (૪) હાથ ચાલાકી કરવી

૧૧૬ હાથ હળવો કરવો = પૈસા ખર્ચવા.

૧૧૭. હાથ હાડલાં લેવરાવવા = ખૂબ હેરાનગતિ કરવી; તોબા પોકારાવવી

૧૧૮. હાથ હલકાં હોવા = (૧) નાશી જવા જેવી વિષમ વેળા આવવી. (૨) મોટી મુશ્કેલીમાં આવવું.

૧૧૯ હાથ હેઠા પડવા = (૧) નિરાશ થવું. (૨) નિષ્ફળ જવું. (૩) લાચાર થવું.

૧૨૦. હાથથી જવું = બેલગામ થઈ જવું; કામ વગરનું થવું.

૧૨૧. હાથનાં કર્યા હૈયે વાગે = દરેક માણસને પોતાના કર્મનો બદલો ભોગવવો જ પડે છે, બાંધો બોદે તે પડે, વાવે તેવું લણે.

૧૨૨. હાથનાં કોઈ બે ભોર પણ ન લે = (૧) ભયંકર આકૃતિ, અશિતતા, દુષ્ટતાવાળું હોવું. (૨) રૂપ, રંગ, ગુણ વિનાનું હોવું.

૧૨૩. હાથની આગળ મૂછ મોંમાં આવે = પ્રમાદનું ફળ ભોગવવું.

૧૨૪ હાથની ચળ ઉતારવી = (૧) નિરર્થક કામ કરવું (૨) વગર કારણે માર મારવો.

૧૨૫. હાથની માગણી કરવી = સમની માગણી કરવી.

૧૨૬. હાથનું કંકણ હાથે શોભે = વસ્તુ પોતાને સ્થાને જ શોભે

૧૨૭. હાથનું ઓખ્યું-સાચું = પ્રામાણિક.

૧૨૮. હાથનું છૂટું = (૧) ઉડાઉ; અર્થાળુ; હાથમાં આવે અર્થ નાખનારું. (૨) ઉદાર. (૩) માર મારવાની ટેવવાળું, મારકણું.

૧૨૯. હાથનું જૂડું = ચોર; અપ્રામાણિક

૧૩૦ હાથનું-દાદ-કંડૂ-ધીમું = કામ કરવામાં અપ્રમત્ત કે ધીમું

૧૩૧ હાથનું પોલું = (૧) ઉડાઉ (૨) હાથમાં આવેલું રહે નહિ તેવું

૧૩૨. હાથનું મેલું = અપ્રામાણિકપણું, અપ્રામાણિક કૃત્ય

૧૩૩ હાથનું મોકળું = ઉદાર

૧૩૪ હાથનો જશ હોવો = (૧) સફળતા મેળવવી (૨) સારું કામ થવું.

૧૩૫ હાથનો મેલ = તુચ્છ વસ્તુ

૧૩૬ હાથનો મેલ = પોતાની સ્ત્રીનો પ્રેમ, વહાલ

૧૩૭ હાથનો ખભિતક રચવો = અટકળપચી ઊભી કરવી.

૧૩૮. હાથમાં અદ્ધર રાખવું = બહુ લાડ લડાવવાં.

૧૩૯. હાથમાં આવ્યું તેજ ખરું = હાથમાં તેના મોંમાં; અડધું મૂકીને આખાને ન ધાવું

૧૪૦. હાથમાં કાછડી ઝાલવી-પોતાનું રહેવું = (૧) મજબૂતાઈ જવું. (૨) બહુ બીક લાગવી.

૧૪૧. હાથમાં ચાંદ બતાવવો = ભોળવવું

૧૪૨. હાથમાં આપવું હાલ્યું = લાંચ આપવી.

૧૪૩. હાથમાં પડવું – વશમાં જવું; કાબૂમાં આવવું

૧૪૪ હાથમ લેવું = (૧) કોઈ કામ કરવાનું માથે લેવું. (૨) વશ કરવું.

૧૪૫. હાથમાં સમાઈ જવું = (૧) કોઈ માણસની હયાતીમાં નાના માણસનું આયુષ્ય પૂરું થવું. (૨) પતિની હયાતીમાં કોનું મરણ થવું.

૧૪૬. હાથમાં હાથ આપવો = (૧) પરણવું. (૨) વચન આપવું.

૧૪૭. હાથમાં હોવું = કબજામાં હોવું; પોતાને આધીન હોવું

૧૪૮. હાથે ઉપાડી લેવું = પહેલથી કામ શરૂ કરવું

૧૪૯. હાથે કરીને પેટમાં પાણી મારવી = પેટ ખોળીને છળ ઊભું કરવું; બીજી કોઈને પોતાનું અહિત કરવું

૧૫૦. હાથે કરીને પોતાના પગ ઉપર કુહાડો મારવો = બીજી કોઈને પોતાની આવકનું સાધન નષ્ટ કરવું.

૧૫૧. હાથે કરીને પોતાની બોબ ઉઘાડવી નહિ = પોતાની ખોબ ઉઘાડીએ તો નાગા દેખાઈએ.

૧૫૨. હાથે ચૂડી પહેરવી = બાયલા હોવું.

૧૫૩. હાથે તે સાથે = દાન પુણ્ય કર્યું કામ આવે છે; હાથનું કરેલું, તે જ બીજી દુનિયામાં કામ આવે છે

૧૫૪. હાથે પગે નીકળવું = ઘરની બધી સમૃદ્ધિ તજીને માત્ર પોતે જ નીકળવું.

૧૫૫ હાથે પગે લાગવું = આજીજી કરવી.

૧૫૬. હાથે પગે હળવા થવું = ગજબનાર ઉતારવો

૧૫૭. હાથોહાથ કરવું = સત્કારથી કરવું

૮. પું. તાબો; કબજો.

૧. હાથ કરવું = કબજામાં લાવવું.

૨. હાથ નીચેનું = પોતાના તાબાનું

૩ હાથમાં તેના મોંમાં = જેના કબજામાં તેના ઉપભોગમાં.

૪. હાથમાં રહેવું = કબજામાં રહેવું.

૯ પું. ખાતું, પેટ નું; પાત્ર.

૧૦. પું. બે ચદ્રબિંદીથી રોકાતી જગ્યા, આશરે એક અંશ જેટલી જગ્યા

બે ચદ્રબિંદીથી આશરે એક અંશ ભરી શકાય છે. આકારમાની આટલી જગાને હાથ એમ પણ કહે છે અર્થાત્ અદ્ર સૂર્યબિંબ જેવડા ૧૨ આત્મા હોય છે. જ્યોતિર્વિલાસ

૧૧. પું. બગડ્યા ફેરવવાં તે.

૧૨. પું મદદ; સહાય; ટેકો; આધાર.

૧. હાથ આપવો = (૧) પરણવું. (૨) મદદ કરવી (૩) સાથે જોડાવું

૨. હાથ ખેંચી લેવો = (૧) પ્રવૃત્તિમાંથી મુકત થઈ જવું (૨) મદદ કરતાં બંધ થવું.

૩. હાથ પકડવો = મદદ કરવી

૪. હાથ લંબાવવો = (૧) દાન કરવું (૨) માગવું; યાચના કરવી

૫ હાથ લાકડી = સહાયક; ટેકો.

૧૩. પું. માણસ; વ્યકિત.

બળ્યા હાથ રળિયામણા = વધારે માણસો તેમ સારા

૧૪. પું. ધબેડો; લગાડ.

૧. હાથ મારવો = (૧) ઉપાપાત કરવું. ઉઠાવવું. (૨) ચોરવું. (૩) તરવામાં હાથથી પાણી કાપવું. (૪) પતંગ ચડાવવામાં હાથની ક્રિયા કરવી. (૫) કરીને ધબેડો મારવો. (૬) રંગરાગાન ધસ્યાદિ પ્રવાહી ચોપડવું. (૭) સારી પેઠે ખાવું. (૮) સારી પેઠે પડાવવું. (૯) સપડા વડે ઝાટકવામાં હાથની ક્રિયા કરવી. (૧૦) ઓઓના કૂટવા વખતે હાથની ક્રિયા કરવી

૨. હાથ લગાવવો = (૧) અડકવું. અડકાડવું. (૨) દોરો દેવો; થોડુક નાખવું. જેમકે, જરા ઘીનો હાથ લગાડવો પડશે.

૧૫. પું. વરદાન.

હાથ મૂકવો = (૧) આશીર્વાદ આપવા. (૨) ઉપકાર કરવો. (૩) પોતાનો ગુણ બીજાને આપવો. (૪) વરદાન આપવું.

૧૬ પું શક્તિ; બળ, દૈવત;

હાથ બતાવવો બાવરવો = બળ દેખાડવું, સામર્થ્ય બતાવવું

૧૭. પું સામેલગીરી

હાથ દોવો = સામેલ હોવું.

૧૮ પું. હથોડી

૧૯ પું હાથો

૨૦. ન એ નામનું ૨૪ માંહેનું એક તત્ત્વ.

૨૧. ન વેલ્વેનું સિમલ.

હાથઅક્ષર પું. સ્વહસ્તે કરેલી સહી, હસ્તાક્ષર

હાથઉછીનું વિ ગોપવ્યા વિના થોડી વાર પછી પાછું આપી દેવાની શરતે લીધેલું

કે અ.પેલું, ચોપડે મ.આ વગરનું ઉધાર; ચોપડે લખાયા વિના કરજે ધીરેલ કે લીધેલ.

હાથકડી (હાથકડી) સ. હસ્ત (હાથ) + કટક (ચૂડી)] સ્ત્રી. ઢ.પ્ર એક બીજા સાથે બાંધેલી રહે એવી કડી, હાથની બેડી; હસ્તપાશ; ઢ.પ્ર હાથવાની લોઢાની કડી.

મોહમદ બિન કાસમને આકાશની **હાથકડીઓ** પહેરાવી કિલ્લેદાર લાવવામાં આવ્યો. પુરસ્કાર

હાથકરવત જુઓ હાથકરવતી

હાથકરવતી સ્ત્રી એક તરફ હાથાવાળી નાની લોઢાની કરવતી તે માણસ એક હાથે વાપરી શકે છે. તે ખૂરીની કલમ કે સાંજડ ઘડ, કાણી વગેરે કાપવાના કામમાં વપરાય છે

હાથકસબ પું. હાથની કારીગરી; હસ્ત કૌશલ્ય

હાથકસરત સ્ત્રી હાથને બીલવવા માટે કરવામા આવતી કસરત

હાથકાંતાઈ સ્ત્રી ઢ.પ્ર કાંતવાની ક્રિયા

હાથકાંતામણ ૧. ન. હાથે કતાવવું તે

૨. ન ઢ.પ્ર કાંતવું તે. તે એક વાર હિંદુસ્તાનનો એક જ વખારાનો ઉદ્યોગ હતો. કરોડો મણ એ હજુ બનશે છે. અને હાજો લાકોને ઘેર હજુ રેંટિયા પડ્યા છે, એટલે હાથકાંતણ તુરત ગમે તેટલું વધારી શકાય એમ છે. ૧૦ કાંતનારને એક વણકર પહોંચી વળે એમ છે એવો વિશ્વાસ નીકળે છે. એટલે ૬૦ લાખ વણકરોને બદલે આપણે ૬ કરોડ કાંતનારાઓને વખારાનો ધંધો આપી શકીશું અને તેઓ તેમની વાર્ષિક કમાણીના ૨૫ ટકા જેટલી કમાણી વધારી શકશે વણવાનું કરતાં કરનાં ન કરી શકાય બારે કાંતવાનું તો કરના કરતાં બની શકે એવું છે. વળી કાંતવાનું શીખવું એ રમત વાત છે. અને પહેલે જ દિવસથી કાંતનાર સૂતરના તાર કાઢવા મંડે છે.

હાથકાગળ પું યંત્રથી નહિ પણ હાથે બનેલો કાગળ

હાથકામ ન. હસ્તક્રિયા, હાથનું કામ

હાથકામઠું ન. લોઢાનો વીશ તસુનો સળિયો; માપ કરવાને માટે વપરાતું સુથારી કામનું એક ઓજાર તે ખાસ કરીને ગાડાના માપ કરવા માટે વપરાય છે

હાથકારીગરી સ્ત્રી. હાથની બનાવટ; હાથની કારીગરી

પ્રેમ કે ભક્તિના આકારો કરી તેના ભાવાચિત્રો પાટામાં બાળકોને **હાથકારીગરીનો** પરિચય થાય છે નિબંધમાળા

હાથકાંતણ ન. હાથે કાંતવાની ક્રિયા.

હાથકોલુ ન. કોરડીનો રસ કાઢવાનું હાથે ચલાવવાનું યંત્ર.

હાથખરચ ન પરચૂરણ ખર્ચ

હાથખરચી સ્ત્રી. પરચૂરણ ખર્ચ કરવા માટેની રકમ

હાથગરેત સ્ત્રી તોળવાની તેમજ માપવાની ફી

હાથગાડી સ્ત્રી. ચાલણગાડી; હાથે ઢસેવાની ગાડી; હાથે ખેંચવાની કે ધકેલવાની ગાડી; રકડી, હાથલારી.

હાથઘટામણ (હાથઘડામણ) ન. હાથથી વસ્તુ મહાવવાની ફી

હાથખરચું [સં. હસ્ત (હાથ) + મલ્ય (લેતુ તે)] ન. પાણિગ્રહણ વખતે વર કે કન્યાને ભેટ અપાતી રોકડ રકમ કે ચીજ; વધ.વો; ચાકરાની રકમ, આંસ્લો.

હાથઘસ ૧. સ્ત્રી. અત્યંત શ્રોક અથવા પસ્તાવો કરવો તે.

૨. સ્ત્રી. નકામી મહેનત

૩. સ્ત્રી. હાથ ઘસવા તે.

હાથઘસામણ ન. હાથદા વિનાની મહેનત.

મરીજ પ્રજાને વિશેષ **હાથઘસામણનો** બદલો વધતી જતી મરીબાઈ રૂપે જ હાલમાં થાય છે. પ્રસ્થાન

હાથઘસાઈ સ્ત્રી. ઉપજ ભરવા બદલ તે ભરનાર વ્યક્તિનો જે બદલો લે છે તે.

હાથઘાણી સ્ત્રી. હાથે ચલાવાય એવી નાની તેલ કાઢવાની ચક્કી

હાથચાલાક ૧ વિ. કામનું હોશિયાર.

૨. વિ. ચોર.

૩. વિ. ઠગારું, કપટી

હાથચાલાકી ૧. સ્ત્રી. કામ કરવાની હોશિયારી; ઢ.પ્ર ચોરી.

૨. સ્ત્રી. ચોરી.

૩. સ્ત્રી. ઠગ; લુચ્ચાઈ; ઠેતરપિંડી

હાથચાળો પુ. હાથથી ઠેક કરવી તે; હાથનો ચાળો.

વાણીમાં ભાવ આવ્યો અને **હાથચાળાને** તેને અનુરૂપ બનાવ્યા. સ્વ. સા. પરિષદ

હાથચિઠ્ઠી ૧ સ્ત્રી. કરજદારના હાથની ચિઠ્ઠી.

૨. સ્ત્રી. ચબરો; દસ્તાવેજ.

હાથછડ (હાથછડ) વિ. હાથ વડે ફોતરાં કાઢેલ; હાથે કરીને સાબેલાથી ખાંડેલ કે છડેલ.

હાથછપાઈ સ્ત્રી. હાથેથી કરેલ છાપણી

હાથજૂદું ૧. વિ ઉડાવ, બહુજ ખર્ચ કરનાર.

૨. વિ. મારવામાં જેનો હાથ ઊપડતો હોય તેવું.

હાથજાળી ૧. સ્ત્રી એક જાતની ગરિયાની રમત આ રમતમાં ગરિયો જમીન ઉપર ફેરવ્યા બરાર પરબારો જાળી વડે હાથમા ફરતો લેવામા આવે છે

૨ સ્ત્રી. મચ્છર કે પતંગિયાને પકડવા માટે બનાવેલી જાળી

હાથજોડ ૧ (હાથજોડ) કોઈપણ શુભ પ્રસંગે શરૂઆતના કામમાં જે વિધિ કરવામાં આવે છે તે

૨ સ્ત્રી વિનતિ; પ્રાર્થના

૩. સ્ત્રી. સંકલ્પ કે પૂજા કરતી વખતે હાથ જોડવા તે.

હાથજોડી (હાથજોડી) સ્ત્રી એક જાતની જંગલની જડીબુટ્ટી. એમ મનાય છે કે જેની પાસે આ જડીબુટ્ટી હોય છે તેનો યુદ્ધમાં વિજય થાય છે.

હાથઝલામણી જમીન પું બાહેધર જમીન; કરારનો ભંગ કરે તો કસૂરદારનો હાથ ઝાલીને રજૂ કરવા મતલબનો જમીન.

હાથઠો (હાથડો) પું. હાથ; કર.

હાથડિયો (હાથાડિયો) પું હાથ

ગોરી ગોરી હથે તાળી પાડો જો.
હાથાહથ્થા સમસમરો ખબ. દુખશે રે લોલ
રઢિયાળી રાત

હાથણ સ્ત્રી. હાથણી; હાથીના માદા.

હાથણી ૧. સ્ત્રી. (શિલ્પ) મંદિરનાં પગથિયાંની બંને બાજુની ચડતી ઊતરની બેઠક. જ્યાં માણસો જરા વાર બેસે છે

૨. સ્ત્રી. હાથીની માદા

હાથણી પગથિયું ન. સ્થાપત્યનું એ નામનું એક ઉપ ન

હાથતાળી સ્ત્રી. હાથ વડે અપાતી તાળી; હથેળીઓ વડે પડાતી તાળો.

ઢ.પ્ર તાળો આપવી-દેવી = (૧) ચાલાકી વાપરી છેતરવું. (૨) નિષ્ફળ કરવું. નીવડવું.

હાથતોડ (હાથતોડ) સ્ત્રી. હાથની મહેનત; હાથની મદદથી શ્રમ કરવું તે.

કૈલાતોડ કરતા હાથતોડ સારી = જીવ બાળવા કરતાં હાથથી મહેનત કરવી સારી.

હાથદરકત પું. પોતાના હાથથી લખેલા અક્ષર; હસ્તાક્ષર.

હાથધમણ સ્ત્રી. હાથ વડે ચલાવાતી ધમણ. બેડૂતો ખાસ કરીને આ યંત્રનો ઉપયોગ કરે

છે. તેની અંદર ગંધક વગેરે દવા નાખી કીટકો ઉપર છાંટી શકાય છે. તેનો ઉપયોગ આસ કરીને ખેતીવિકાસ માટે થાય છે.

હાથપરેલનું પાનું ન સુથારી કામમાં વપરાતું ઓજારનું પાનું. આ પાનું પોલાદનું બનેલું હોય છે અને બ.સ કરીને તે લાકડામાં વીંધ પાડવામાં વપરાય છે

હાથપંખો પુ હાથકારીગરી

શારીરિક કેળવણીના તાલીમખાનાં તથા હાથપંખાની નિસાળો શરૂ કરવામાં આવી. રસિકભૂષ

હાથપોચું ન અતિસારનો રોગ; ઝાડા; પાતળા ઝાડાનો રોગ

હાથપગ ૧ ન. આધાર

૨. ન. મુખ્ય સાધન.

૩ ન હાથ અને પગ

૧ હાથપગ જોડીને બેસી રહેવું = કામધંધા વગરનું બેસી રહેવું

૨ હાથપગ દોરડી ને પેટ ગાગરડી = શરીરના પ્રમાણમાં પેટ મોટું હોવું.

૩. હાથપગ ધોઈ ને = ખરી ખંતથી, આદરપૂર્વક

૪. હાથપગ ધોઈને પાછળ પડવું = મચ્યા રહેવું.

૫. હાથપગ ફેલાવવા = વેપારધંધો વધારવો

૬. હાથપગ ભાંગી-ત્રણી જવા = (૧) કામ કરવાની હાલત ન હોવી. (૨) સ્વભાવ વિદ્રોહીનું થવું. (૩) હિંમત હારી જવી. (૪) હોસ ભૂલતા રહેવા.

૭. હાથપગ વાળવા = મહેનત કરવી.

૮. હાથપગ હલાવવા = ઉદ્યોગ કરવો

હાથપથારી સ્ત્રી. હાથમાં ઊપાડી શકાય તેવી પથારી; બિસ્તર.

હાથપવાયત ૧. સ્ત્રી. હાથથી ખેતર વગેરેમાં પાણી પાવું તે

૨. સ્ત્રી હાથથી સૂતર અને કાપડને પાંજવાની ક્રિયા

રાનીપરજ બાળકોને હાથપવાયતની રીતે પવાયત કરતા શીખવવા આ આવે છે

ભૂપતરામ દવે

હાથપહોંચિયું ન. હાથના પહોંચાનું એક જાતનું ઘરેણું.

હાથપંચ ન. મોચીનું એક જાતનું હથિયાર

હાથપાકીટ ન હાથમાં રાખવાનું પાકીટ.

હાથપાન ન. હાથનાં પાંચે આંગળાં અને પંજાને ઢાકવું આંદીનું એક જાતનું ઘરેણું.

હાથપીંજણ સ્ત્રી. હાથથી વપરાતી પીંજણ

જેઓ નાની કલમનાં કામમાં વાપરે છે તેઓનાં સૂતરમાં અને નવી કલની **હાથપીંજણો** વાપરે તેના સૂતરમાં બહુ ફેર પડી જાય છે.

મગનલાલ ગાંધી

હાથપીંજાઈ સ્ત્રી. હાથથી પીંજવું તે.

હાથપોથી સ્ત્રી નાનકડું પુસ્તક

હાથપ્રત સ્ત્રી હાથે લખેલી પોથી; હસ્તલિખિત ગ્રંથ; મૂળ પ્રત; હાથેથી લખાયેલ પુસ્તકનું લખાણ; 'મેન્યુસ્ક્રિપ્ટ.'

હાથપ્રેસ ન. હાથથી ચાલી શકે એવું દબાવવાનું પત્ર

સૂતરને સક્ક **હાથપ્રેસ** બનાવ્યું અને તેની મ.સ.ગીઓ કરી તેને સાચવી. ગાંધીજી

હાથફાનસ ન. હાથમાં પકડી શકાય તેવું નાનું ફાનસ

બન્યા બેઠ **હાથફાનસ** વચ્ચે ત્યાં મોટી ફિટ્સન લાઈટ ઊભી કરવામાં આવે છે. ગાંધીજી

હાથકુડ ન આંગળી ઉપર પહેરવાનું એક જાતનું ઘરેણું.

હાથફેરો પું. ચોરી

હાથબદલો પું. એક હાથમાંથી બીજા હાથમાં કોઈ વસ્તુનું જવું તે.

નોકર બધા કેવો હોત તો! બજારના બધાનો આવ **હાથબદલો** જ થાત અને કેવા સમસ્તને અવકાશ ન થાત. રાજાનો આવકારો

હાથબેડી (હાથબેડો) સ્ત્રી. હાથકડી.

હાથમતી સ્ત્રી. મહીકાંઠા વિભાગમાં આવેલી એ નામની એક નદી

હાથમરોડ (હાથમરોડ) ૧. પું. હાથનું મરડવું તે.

કાંઈ નહિ તો **હાથમરોડ** જેટલું શારીરિક શ્રમણ અને કોક મરોડ જેટલી કસરત વરો કમરો થાય તે ખરી. ઝીણુભાઈ

૨. પું. હાથનો મરોડ કે અભિનય.

હાથમહેનત સ્ત્રી. હાથથી કરાતી મહેનત.

હાથમીનું વિ. હાથથી જડ્યા લે એવું.

હાથમુખરકો ૧. પું. જાતનો જનીન.

૨ પુ. હાથે લખી આપેલો દસ્તાવેજ.

હાથમેળાવો પુ. હસ્તમેલાપ.

હાથમોજું ન. હાથે પહેરવાનું મોજું.

હાથયંત્ર ન. હાથથી ચલાવવાનું યંત્ર.

ખેતી ઉપયોગી કુવાઓમાં પાણીનો પુરવઠો કરવા સારુ **હાથયંત્રો** વડે કુવાઓમાં કાયમ પાઈ ગ.ખડી નળ બેસાડવામાં આવે છે.

ગામડાવન

હાથરખી સ્ત્રી. ધનુષબાણ વાપરવામાં કામ આવતાં, હાથના રક્ષણ સારુ વપરાતાં, ચોળાં ચામડાના મોજાં

બતાં આ શરાનન રે આ **હાથરખી**.

રાવતસા

હાથરખું વિ ઉપકાર કરવાના સ્વભાવવાળું.

હાથરણી સ્ત્રી હાથણી.

હાલો હાલો **હાથરણી** સાહ્યમારો રે.

બુદ્ધિપ્રકાશ

હાથરસ ૧. પુ. દુશ્મનને મારી સંતોષ પામવો તે.

૨. પું. માર; શિક્ષા

૩. પું. હાથથી વીર્યસ્ખલન કરવું તે; મૂઠિયા મારી વીર્યપાત કરવાની કુટેવ.

૪. સ્ત્રી હાથની રમત.

હાથરી સ્ત્રી. હસ્ત મેળાપથી પરણેલી સ્ત્રી.

સંપ ન આવે સાથ, નાવે પરણી **હાથરી**

આનંદશંકરમહેદવિ

હાથરૂમાલ પું. મોં લૂછવા માટેનો નાનો રૂમાલ; મજબૂતમાં રહેવા શકે એવો રૂમ.લ.

હાથરોટી સ્ત્રી. હસ્તલાઘવ; હથોટી; ચાલાકી; કુશળતા; કૌશલ્ય

હાથલ સ્ત્રી. હાથનું બળ; બાહુબળ.

હાથલા પું બ વ. જેમાં ખાડાની ધરી બેસાડવામાં આવે છે તે બે લાકડાં. તે ઢાંકણના આંસડાની સાથે તથા ગુડિયા સાથે જોડેલાં હોય છે.

હાથલાકડી (હાથલાઠડી) ૧. સ્ત્રી. મદદ; ટેકો.

૨. સ્ત્રી. હાથે ઢાસવાની લાકડી

હાથલી ૧. સ્ત્રી. ગોળ સાર પાડવાનું હાથલા જેવું લાકડાનું સાધન.

૨. સ્ત્રી. પત્રમાં જોડા નાખવાનું જળી જેવું સાધન.

હાથલો ૧. પું. એક જાતનો ચોર. તેનાં પાંદડા હાથના પંજા જેવાં હોય છે. ઉજ્જડ વેરાન જંગલમાં તથા ખેતર વગેરે જગ્યાએ ઊગે છે. આનો આજુબાજુ વિસ્તાર ઘણો વધે છે. કોઈ જગ્યાએ નાનો કટકો પડ્યો હોય તો તેમાંથી વધીને આજુબાજુની જગ્યા તે ઘેરી લે છે તેને કાપી, સોરીને કામમાં ન લેવામાં આવે તો તેનો વિસ્તાર ઘણો વધે છે. તેની શાખાઓ સાંધાવાળી અને સીધી વધનારી હોય છે. તેના સાંધા ઉપર બીજી સાંધા ફૂટે છે. સાંધાઓ પહોળા, લાંબોળ ને ચપટા હોય છે તેમાં સીધા તીક્ષ્ણ કાંટા હોય છે ફૂલ રતાશ લેતાં પીળાં રંગનાં હોય છે. ફળ પાકે છે ત્યારે રસભર્યું

મુલાયમ રેસનું હોય છે. તેના ઉપર કાંટા હોય છે. મનુષ્યો તે ફળને ખાય છે અને તેનો ઉપયોગ ખાસ કરીને ઝાડી ઉપર વધારે થાય છે તેનો રાતો રંગ પણ બનાવવામાં આવે છે. તેનો મરઘ દવામાં વપરાય છે. તેના પાન ઉપરથી કાંટા કાઢીને તે પેટ ઉપર બાંધવાના કામમાં તેમજ દુકાળમાં ઢોરોને ખવડાવવાના ઉપયોગમાં પણ લેવામાં આવે છે. તેનાં મૂળ પાનળાં ને રસાવાળાં હોય છે. આ થોર મૂળ દક્ષિણ અમેરિકનો છે. હાલ ભારતમાં તેમજ દુનિયાના બધાખરા દેશોમાં વાડ બનાવવા વાવવામાં આવે છે તેની રસ્મ હરસરોગમાં ફીમની છે તેના દૂધ જેવો રસ દરેક ટીપ સાકર સાથે લેવાથી સારા રેચ લાગે છે. બધુ પ્રમાણમાં તે રેચક છે. દાદર ઉપર ચોપડવાથી તેની અંદરના રેચક જંતુનો નાશ કરી તેને નાબૂદ કરે છે. તેનાં મૂળ બધુ આવાથી કે તિલ બનાવ્યાથી ગડો તથા મરડો થવા છે. તેને તે આવી, શ્વાસરોગ અને કફરોગમાં વપરાય છે. આ માટે તેનું શરબત બનાવીને પણ વપરાય છે આ શરબત પ્રમેહ બસ્તિની અતકિત, મકૃતના રોગો અને હરસની નબળાઈ માટે બહુ ઉપયોગી છે. તેના ઘડમાંથી બરબચડા રેસા મળે છે. તે કાગળ બનાવવામાં વપરાય છે ઘડનું લાકડું પીળા અને મકૃતના બ્યાધિ તથા અતિસારમાં વપરાય છે. સુકાઈ ગયેલ ઘડ તથા ડાળીઓની ખૂબી મસા ઉપર લેવાથી તે સુકાઈ અને સડોચાઈને ખરી પડે છે. મૂળ ચોખા પ્રમાણમાં ગોળ સાથે લેવાથી સારી નિદ્રા આવે છે. ગોમૂત્ર સાથે ચામડી વાળા ઉપર બાંધવાથી વાળો બહાર નીકળી આવે છે.

૨. પું. ધોડ, કે બળદ વગેરેને શરીરે ઘસવાની લોઢાની કોથળી.

૩. પું. ટ્રેનને સ્ટેશનમાં લાવતા પહેલાં અપાતુ સૂચન; 'સિગ્નલ'.

૪. પું. પકડ; ઢાંચો.

૫. પું. રસોઈના ઉપયોગમાં આવતુ એક સાધન; લાકડાનો તાંબિયો.

૬. પું. વહાણનું હલેસું.

૭ પું. સુથારનું એક જાતનું ઓજાર.

હાથલો થોર જુઓ હાથલો ૧.

હાથવગું જ હાથ લાગે તેમ; જ્યારે જોઇએ ત્યારે મળી શકે તેમ.

હાથવણાટ ૧ સ્ત્રી હાથની સાલે વણવું તે.

૨. વિ હાથની સાલે વણેલું

હાથવલાણી સ્ત્રી ઝેરણી; હાથથી દર્દી ભાંગવાની રવાઈ.

હાથવાટકો ૧. પું. ઉપલોથી ચોકરો કે નોકર.

૨ પું સાધન.

૩. પું. હથિયાર; ઓજાર.

હાથવાયકું (હાથવાકું) વિ. ચોરી કરવાની ટેવવાળું

હાથવીણી સ્ત્રી. હાથ વડે વીણવું કે એકઠું કરવું તે.

હાથવેંત ૧ સ્ત્રી કજીયો.

૨ સ્ત્રી. છેડો; અંત

૩. જ તદ્દન નજીક; સાવ પાસે; બહુ નજીક

હાથવેંતમાં જ સહેલાઈથી મળી શકે તેમ.

હાથશીબી જુઓ હાથસીબરી.

હાથસર વિ. આક્રાંત

હાથસાળ સ્ત્રી. યંત્રની મદદ વિના હાથથી ચલાવાતી સાળ. ભારતની છ૧ ટકા બેકારી દૂર કરવા તે સત્તાએ છ મહિના કામ નથી આપ્યું. તેમના એક બીજો ઉદ્યોગ જોઇએ છે. આ ઉદ્યોગ કાંતવા સિવાય બીજો ન હોઈ શકે એ વાત હવે સ્વીકારાયેલી લાગે છે; પણ કેટલાક કહે છે કે કાંતવા કરતા વણવાનો ધંધો વધારે સારો, કારણ તેમાંથી વધારે કમાણી થાય છે. વણાટમાંથી રોજના આઠ આના મળે છે અને કાંતવામાંથી રોજનો એક આનો મળે છે એમ કહેવાય છે. એટલે જો જ હલાક વણીને મનુષ્ય રોજના બે આના મેળવી શકે; જ્યારે કાંતીને તેટલા જ સમયમાં તેને બે પૈસા મળે છે. કહેવાય છે કે, એક પૈસાથી તે કોણ સહાય ? જો વણવાનો ધંધો બતાવી શકાય એમ છે ત્યારે તેને બદલે કાંતવાનું કહેવું એ બરોબર છે ? વળી તેમનું એમ પણ કહેવું છે કે ભારતની જરૂરિયાત જેટલું મિલના સુતર મળી રહેવામાં કશી જ મુશ્કેલી નથી અને અત્યાર સુધી મિલોની સામે બરોબર ટક્કર ઝીલી રહેલા હાથસાળના ધંધાને ટકાવી રાખવા ખાતર પણ હાથસાળની જ જોરથી અને આગ્રહપૂર્વક પ્રગતિ કરવી જોઇએ. એક વખત સમગ્ર ભારતવર્ષમાં હાથસાળનો ઉદ્યોગ બહુ અને કલાની પરમ સીમા પર્યંત પહોંચ્યો હતો. બીજા વારનો એક આખો તાકો કેવળ વાંસની ભૂંગળીમાં સમાઈ શકે એવી વસ્ત્રનિર્માણ કળા આ દેશે હસ્તગત કરી હતી, તેને આજના કોઈ પણ યંત્રો આંબી શકયાં નથી. નેપાળ તરફ બનતા રેશમકલ્લ ઝગમગ પાંચ વારનાં હતાં અને તેમાં સુવર્ણના સૂક્ષ્મ તારો ગૂંથવામાં આવતા, કોરેણની કારીગરી કરવામાં આવતી અને સાથોસાથ વિવિધ રત્નો વડે કિનારોને પાલવ પર મઢવામાં આવતા. એ કારીગરો આ રત્નકંબલ ચમત્કાર એક વર્ષે તૈયાર કરતા હતા અને આવું બહુ રત્નકંબલ છ તસુની પેટિકામા ગોઠવાઈ શકતુ હતું ઢાકાની મલમલ, કશ્મીરની પશ્મી શાલ, બાગલપુરની સાડીઓ, ભાગલપુરના કોશેય વસ્ત્રો, મદુરાની ધોતી, સૌરાષ્ટ્રના કામળા, સિંધુ પ્રદેશના પટકા વગેરે અનેક વસ્તુઓ હાથસાળમાં બનતી હતી અને ભારતની તમામ જરૂરિયાત હાથસાળ વડે પૂરી થતી હતી; એટલું જ નહિ પણ ભારતના વસ્ત્રઉદ્યોગે પરદેશોમાં અવસ્થાન પ્રાપ્ત કર્યું હતુ.

હાથસિદ્ધાસન [સં.] ન. (યોગ) એ નામનું એક યોગાસન.

હાથસીબરી સ્ત્રી સોની કે સુથારનું એક ઓજાર.

હાથસીબરો પું. સોની કે સુથાર લોકોનું એક જાતનું ઓજાર

હાથહવાલો પું. રંગમચ ઉપર પ્રવેશ કરતા પહેલા પડદે પોતાની પાસે હાથમાં અથવા જેમાં રાખવાની હોય તે વસ્તુઓ.

પ્રવેશમાં કાયમ થવા પહેલાં તમારી પાસે જે વસ્તુઓ આગમચથી જ રાખી મેલવી; તમારા મનમાં પાત્રસૃષ્ટિવિચાર અને તમારી **હાથહવાલો** જેવી કે વાર, કાગળ, વર્તમાનપત્ર, કેરા, પિસ્તોલ, લાકડી વગેરે.

ફિરોઝશાહ ૬ મહેતા

હાથહળવું વિ. ચોરી કરનાર

હાથળ પું હાથી

૨ અમ્બો વનરાજ, અસબત પાસ ન આવે,
પાયે **હાથળ** પાય મેમળ ઉપર મોતિયા.

ભોજાભક્ત

હાથળદળ ન. હાથીઓનું ટોળું.

હાથા પું બ વ. (વહાણવટું) બે ઉપરનાં ઢેબાં.

હાથાચૂટી (હાથ.ચૂટી) સ્ત્રી. હંસરાજની જાતની એક વનસ્પતિ. તેનાં પાંદડા ભીંગડાં જેવાં હોય છે. આ જાતની વનસ્પતિ ઘણુંકરે ગાદલાંના કામમાં ઉધાઈથી બચાવવામાં આવે છે

હાથાજોડી (હાથ.જોડી) સ્ત્રી. એકમેકના હાથ જોડી ચાલવું તે; હાથાજોલી

હાથાજોડી કરે આવાસ વધારા રૂપ કર્યું પ્રકાશ.

આલણ

હાથાતુર ન વણાટકામનું એક જાતનું ઓજાર. વાક, વણનાના હાથાતુર, કાંસી, કાલ્લા વગેરે સ્થાનિક બનાવટ રાખીએ છીએ. નવજીવન

હાથાતોરણ ન. એક જાતનું તોરણ.

હાથિણી ૧. સ્ત્રી. માદીનાં પૈડાં ઘસાવાથી કોર્યના ઘરના ખૂણાને નુકસાન થતું અટકાવવાને માટે મૂકેલો પત્થર

૨. સ્ત્રી. હાથણી

હાથિયો ૧ પું. ઘોડા વગેરેના વાળ સાફ કરવાનો હાથીનો ખરેરો.

૨. પું. (જ્યોતિષ) તેરમું નક્ષત્ર; હસ્તનક્ષત્ર.
સકલ કૃષ્ણા કૃષ્ણે, જેમ ગગન ગાજે હાથિયો.
નરસિંહ મહેતો

૩. પું. માનીતો મલપતો મોટો હાથી
જલમા હું મારે મહેલ આવ હો રામજી.
તને દેખ્યું મારો હાથિયો ૨
મુ. સા. પરિશિષ્ટ

૪ જિ. પુ બહાદુર; બહાદુર.

હાથી ૧. [સં. હસ્તિન્] પું ગજ; એક મોટું સ્થૂળ શરીરનું સુકરાનું પ્રાણી; માતંગ; સારંગ; વારણ; કરતી; કરી; કની; શુંડાલ; ગયંદ; કુંજર; ઇભ; સિંધુર; દ્વિરદ; બારણ; કુભી; દ્વિપ સંસ્કૃત હસ્તિનના રતનો પ્રાકૃતમાં થ થઈને ભેવડાયો તથ બની હત્થી શબ્દ ઉત્પન્ન થયો અને પછી તેમાંથી હાલનો હાથી શબ્દ થયો છે. હાથી શબ્દની ઉત્પત્તિ વિષે એમ લાગે છે કે મૃગહસ્તિન્ ઉપરથી હ.થી થયો હશે. અસલી આર્યો હાથને માટે હસ્ત શબ્દ વારતા. આ વાત તો સમજાય એવી છે. વળી એમણે પહેલું પશુ જોએલું તે હરણિયું હશે. આ ઉપરથી ઓપત્યાં એટલાં બધાંની સાથે મૃગ શબ્દ લગાડાતો થયો હોય તેવો સભવ છે. પછી એક દહાડો એક બાર્યે હાથવાળો (સૂઢવાળો) મૃગ જોયો અને એ જ આપણો આજનો હાથી અને એ જોડોનો મૃગહસ્તિન્. હાથીનું મૂળ સ્થાન ઓશિઆ અને આફ્રિકા અડ છે. બધાં જાનવરોમાં હાથી આકારમાં મોટું છે. તેનું શરીર ભોળાકાર અને ભારે છે; છતાં તે બહુ ચપળ હોય છે. હ.થી સ્વભાવે શાંત છે. તેની ઊંચાઈ ૧૦ થી ૧૨ ફૂટની હોય છે. તેનું મુખ્ય લક્ષણ તેની સૂઢ છે. તે સ્નાયુમય માંસની લાબી નળી હોય છે અને તે મોઢા ઉપર લાબી લટકતી હોય છે. સૂઢને તે જાર્ઇએ તેવી રીતે વાળી કે લબાવી શકે છે તેની ભોચી ટૂકી, કાન સૂપડા સરખા, ડોળા બહુ જ નાના, દંતશૂળ મોટા, પગ મોટા થાંભલા જેવા, ચામડી લાબી જાડી, પૂછડી ટૂંકી અને બારીક તથા છેડે વાળના જથ્થા વાળી હોય છે તેની ખોપરી બીજા પ્રાણીઓના પ્રમાણમાં ભારે હોત તો તે ઉપાડવી હાથાને પણ ભારે પડત; પરંતુ હાથીની ખોપરીનું હાડકું અદ્‌ભુત રીતે હલકું છે, કેમકે તે હાડકું હવાના કોષોથી ભરપૂર છે. આ કારણને લઈને ખોપરી હલકી રહે છે અને તેથી સૂઢના સ્નાયુઓ વગેરે ભારે અવયવો તેને ઉપાડવા સરળ થઈ પડે છે. કલેશ રહિત અને અર્ચિષ્ક હાથણીમાં જુવાન હાથીથી, ગર્ભમાં કોઈ કલેશ ન થયો હોય તો બળવાન હાથી ઉત્પન્ન થાય છે. આવો હાથી જિંદગી પર્યંત મદોત્કટ રહે છે અને તેમાં ઓછે દોષ ઉત્પન્ન થતા નથી માતા ક્ષીણ હોય અને હાથી પણ મદરહિત હોય તો તેનાથી ઉત્પન્ન થયેલો હાથી જિંદગીમા મદી મદને પ્રાપ્ત કરતો નથી. અને તે પ્રવૃત્તિમા દુર્બળ રહે છે. હાથીની ગર્ભાવસ્થાની મુદત ૬૧૫ દિવસની ગણાય છે. હાથીનું આયુષ્ય સામાન્ય રીતે ૧૦૧ વર્ષ ગણાય છે. હાથીના શરીરમાં (૧) મુદમાં, (૨) વદનમાં, (૩) વિષાણમાં, (૪) મસ્તકમાં, (૫) નેત્રમાં, (૬) કાનમા, (૭) કંઠમાં, (૮) ગાત્રમાં, (૯) ઉરસ્થળમાં (૧૦) રોપાસમાં, (૧૧) કૃતિમાં અને (૧૨) સત્ત્વમાં, ક્ષેત્ર હોય છે. જદ હાથીનું આયુષ્ય ૧૨૦ વર્ષનું ગણાય છે ઉપર કહેલાં બારે ક્ષેત્રો હોય તો તે હાથી પૂર્ણ આયુષ્ય ભોગવે છે પણ એમાંથી એકેય ક્ષેત્ર ઓછું હોય તો દશ વર્ષનું આયુષ્ય ઓછું થાય છે. બે ક્ષેત્ર ઓછા હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય ઓછું થાય છે. આ ઉપરથી હાથીના આયુષ્યનો આધાર તેમાં રહેલાં ક્ષેત્ર ઉપર છે. હાથીમાં ૧૧ મુખ્ય હોય છે. (૧) મધ જેવા દાંત, (૨) શ્યામ, (૩) મધના જેવી આંખો, (૪) ચેટ પાંડુવર્ણ, (૫) મુખ કમળના જેવી કાંતિવાળુ, (૬) વાળ ભમરા જેવા, (૭) ડોલર અને ચટકા જેવા નખ, (૮) સ્નિગ્ધ આંસાના પલ્લવ જેવું, (૯) શોષ અંગમાં જરા પીળો, (૧૦) સફેદ અને લાલ બિંદુથી વિચિત્રિત મુખ અને (૧૧) લાલાશ પડતા સમજવા. આવાં લક્ષણવાળો હાથી હાથીઓનો રાજા બને છે. એવા હાથીને મેળવીને રાજા સમુદ્રપર્યંત ભૂમિનો ભોગ કરે છે હોઠ, સમજવા, વિષાણ, કર્ણ, નેત્ર સ્નિગ્ધ હોય એવો પાંચ લક્ષણવાળો હાથી ભદ્ર કહેવાય છે. તે સુખને આપનારો છે. લબાઈ, જાડાઈ, ઊંચાઈ, બલ, પરાક્રમ, કાંતિ, ધીર્ય એ સાત લક્ષણયુક્ત હાથી ' હસ્તી ' કહેવાય છે. તે તેના માલિકના પ્રતાપને વધારનારો છે ઉત્સાહ, ધૈર્ય, સાહસ, મદ, સત્ત્વ, ગુરુત્વ, દક્ષતા, સૂઢ અને દાંતના ક્રમમાં કુશળતા એટલાં લક્ષણવાળો હાથી કુંજર કહેવાય છે બુદ્ધિ, મેધા, કુભસ્થળ, દાંત, આખ, હૃદય, કપાડા, કાંતિ, પગ, આસન (મુદ્રા), પીઠ અને મદ એ બાર અવયવોયુક્ત હાથી નાગ જાતિના કહેવાય છે. અર્થાત્ એ બાર લક્ષણવાળો હાથી નાગહસ્તી કહેવાય છે. સ્વૈર્ય, ધૈર્ય, પટુત્વ, વિનીતતા, સુકર્મત્વ, પ્રયોજનાનુકૂળ જ્ઞાન, સુભગતા, અમૂઢતા, અભયત્વ અને ધીરતા આ બદ્ર હાથીના ગુણ છે. હાથી આઠ જાતના હોય છે: ૧. ઐરાવત, ૨. પુડરીક, ૩. વામન, ૪. કુમુદ, ૫. અંજન, ૬. પુષ્પદત, ૭. સાર્વભૌમ અને ૮. સુપ્રતીક. આ આઠ જાત દિગ્‌ગજની છે. તેના વશમા ઉત્પન્ન થયેલા તે તે જાતિના કહેવાય છે. (૧) જે હાથીનું શરીર પાતુર હોય, દાંત લાબા અને ધોળા પુષ્પ જેવા હોય, કેવાડાં ન હોય, ધોડા ખાનારા, બળયુક્ત, મોટા કદના, નાના પણ પૃષ્ઠસિગવાળા, લડાઈમાં ક્રોધયુક્ત, અન્ય સાથે શાંત, ધોડું પાણી પીનારા, પુષ્કળ મદને ઝરનારા, પૂછડે નાના વાળવાળા હોય તેવા હાથી ઐરાવત કુળના કહેવાય છે (૨) જેનાં શરીર કોમળ હોય, સમજણ ખરસટ હોય, મદઝરતા હોય, નિરંતર ક્રોધમાં જ રહેતા, સર્વભક્ષી, બલયુક્ત, તીક્ષ્ણદાંતવાળા હ.થી પુંડરિક કુળના કહેવાય છે. (૩) જેના શરીર ઠીંગણા અને ખરસટ હોય, કોઈ વખતે જ મદ ઝરે, ખોરાકને લઈને જ બળયુક્ત રહે, બહુ જળ નહિ પીનારા, સમજણમાં બહુ કેવાડાંવાળા, દાંત કદરૂપા, કદરૂપડા હોય તથા કાન અને પૂછડું ટૂંકાં હોય તે વામન વશના સમજવા. (૪) જેનાં શરીર લાબાં, મદ લાંબો અને પાતળી, દાંત ખરાબ, શરીરે મળથી ભરેલા, બહુ વિકાળ સમજણવાળા તથા કલહપ્રિય હોય તે હાથી કુમુદ વશના કહેવાય છે. (૫) જેનાં શરીર સ્નિગ્ધ હોય, જલની અભિલાષાવાળા, મોટા કદના દાંત તથા સદ પાતળી તથા નાની, શ્રમ પામી ન શકે તેવા હાથી અંજન વશના કહેવાય છે (૬) જે હાથી નિરંતર ચીર્ય અને મદઝરતા હોય, અનુપદેશમા જેનુ જોર કાયે, જે મોટા વેગવાળા તથા ટૂંકા પૂછડાવાળા હોય તને પુષ્પદત કુળના સમજવા. (૭) લાંબા દાંતવાળા, ઘણાં કેવાડાંવાળા લડાઈમાં થાકે નહિ, આનપાન વગેરેમા અત્યત આસક્ત નહિ એવા, મરુપ્રદેશમાં ફરનારા, મોટા શરીરવાળા, કર્કશ અંગવાળા, દાંત મૃદુ અને ધોળા, વિષ્ટામૂત્ર ઓછા કરતા હોય તેવા હાથી સાર્વભૌમ કુળના કહેવાય છે. (૮) જેની સૂઢ લાબી, અત્યધો પ્રમાણયુક્ત મદ, મોટા વેગવાળા, ક્રોધથી ભરેલા, સારું ખાનારા, હાથણીઓના પ્રેમવાળા, પ્રગટ મસ્તકવાળા હોય તને સુપ્રતીક કહે છે આ આઠમા સાર્વભૌમ અને સુપ્રતીક હાથીમાથી મોની ઉત્પન્ન થાય છે. આલ્બસ વગેરે ચાર વર્ણની પેઠે હાથીમાં પણ ચાર જાત છે: (૧) વિકાળ અંગવાળા, પવિત્ર અને ધોડું ખાનારા બ્રાહ્મણ જાતિના છે (૨) શૂરવીર, વિકાળ, બહુ ખાનારા અને ક્રોધયુક્ત તે ક્ષત્રિય જાતિના કહેવાય છે. બાકીના અનુક્રમે વૈશ્ય અને શૂદ્ર જાતિના કહેવાય છે. બીજા વિભાગો હાથીના ગુણ

પ્રમાણે પડે છે ગુણ ઉપરથી હાથી બાર જાતના છે: ૧ રમ્ય, ૨. ભીમ, ૩. ધ્વજ, ૪. અધીર, ૫. વીર, ૬. શૂર, ૭. અષ્ટમમલ્લ, ૮. સુનંદ, ૯. સર્વતોભદ્ર, ૧૦. સ્થિર, ૧૧. ગંભીરવેદી અને ૧૨. વરારોહ. તેમાથી ઘોડાઓના લક્ષણ આ પ્રમાણે છે: પ્રમાણસર વિભાગયુક્ત અવયવવાળો પુષ્ટ સુનંદ કહેવાય છે આ હાથી સંપત્તિ વધારનારો છે. અંકુશના પ્રકારથી જે ડરતો નથી એ ભીમ કહેવાય છે. તે રાજાના સર્વ કાર્યનો સાધક છે. મસ્તકના અગ્રભાગથી પૂંછડા પર્યંત જેને રેખા હોય તેને ધ્વજ કહે છે તે સામ્રાજ્ય અને પ્રભુને આપનારો છે. જેનાં લમણાં સરખા પણ કઠોર હોય તથા તેના ઉપર [illegible] હોય તે અધીર કહેવાય છે. તે રાજાઓનો નાશ કરનાર છે. જેના પૃષ્ઠથી નાભિ સુધી કેવાડાનું ચિહ્ન હોય, પુષ્ટ શરીરવાળો તથા બળવાન હોય તેને વીર કહે છે તે રાજાઓને હર્ષપ્રદ છે. મોટા કદનો, પુષ્ટ અંગવાળો, સુંદર દાંત તથા લમણાંવાળો, ખાતાં ખાતાં ચાલે નહીં એવો હાથી શૂર કહેવાય છે. તે લક્ષ્મીનો વર્ધક છે. દાંત, પુચ્છ, રેખા અને નખ સ્વચ્છ શ્વેત હોય તથા લમણાં, આંખ, દાંત, અંગ લાલ હોય તે અષ્ટમમલ્લ કહેવાય છે આ હાથી જેને હોય તે સર્વ પૃથ્વીનો માલિક થાય છે આ સિવાય હાથીના બીજા ચાર પ્રકાર તેની ઊંચાઈ ઉપરથી પણ પડે છે: ૧ સંકીર્ણ, ૨. ભદ્ર, ૩ મૃગ અને ૪ ભદ્રમંદ્ર. જે હાથી ૭ હાથ ઊંચો હોય તે સંકીર્ણ જાતિનો કહેવાય છે. જે હાથી સાત હાથ ઊંચો હોય તે ભદ્ર જાતિનો સમજવો. જે હાથી આઠ હાથ ઊંચો હોય તે મૃગ જાતિનો કહેવાય છે નવ હાથ ઊંચો હાથી ભદ્રમંદ્રનો હાથી કહેવાય છે એ ભદ્રમંદ્રનો હાથી સર્વ જાતિઓના હાથીમાં ઉત્તમ જાતિનો હાથી કહેવાય છે. કવિ નરહરિ અમરે હાથીના સાત વર્ષ પાછા વટાવ્યા બાદ જુવાનીમાં આવેલ પ્રથમ દરજ્જાના હાથીને મત્ત કહે છે. સિંદૂર, ચામર વગેરેની સાથે લડાઈમા જીતનારા હાથીને શૌરગીર કહે છે જવાનીમાં આવેલો પણ સવારી વગેરેના ઉપયોગમાં લઈ શકાય એવો અરસ્ય સ્વભાવનો હાથી મારો હાથી કહેવાય છે. મધ્યમ કદના હાથીને મઝોલા નામ આપેલ છે. મઝોલાથી નાની ઉંમરના અને ઓછા કદના હાથીને ખડા કહે છે ખડાથી પણ નાની ઉંમર અને કદના હાથીને બંદરકિયા કહે છે હાથીનાં નાનાં બચ્ચાને મોખ્ખ કહે છે. તેના ઉપર સવારી કરવામા આવતી નથી. હાથીના સાજ: (૧) ધરણા -રહઠ લાકડાનો કડીવાળો સાંકળા દરેક કડીનું વજન ત્રણ શેર હોય છે. સાંકળાનો એક છેડો જમીનમાં ચાબખો નાખી તે સાથે બાંધવામાં આવે છે અને બીજો છેડો હાથીના પાછલા ડાબા પગે બંધાય છે. આ સાંકળ લોઢાની તેમ જ સોનાની બને છે. (૨) અંદુ-હાથીના આગલા બે પગે બાંધવાની સાંકળ. (૩) બેડી-હાથીના પાછલા બે પગે બાંધવાની સાંકળ. (૪) બલદ-હાથીના પાછલા બે પગે બાંધવાની બેડી. એ બાંધવાથી હાથી ઝડપી ચાલે પણ દોડી શકે નહિ. (૫) ગદબેડી-આ બેડી અંદુના જેવી, પણ તેથી વધારે મજબૂત હોય છે. તે મસ્ત અને તોફાની હાથીને નાખવામાં આવે છે. (૬) લોહ સાંકર-લાબી સાંકળ. તેનો એક છેડો હાથીના જમણા આગલા પગે બાંધવામા આવે છે અને બીજો છેડો ખૂટા સાથે બાંધવામાં આવે છે હાથી મસ્તીમાં આવે ત્યારે આ સાંકર તેને સપાડવામાં આવે છે. (૭) ચરખી-તે પોલા વાસની બનાવવામાં આવે છે. તેમા દારૂ ભરાય છે. વચ્ચે એક કાણું રાખવામાં આવે છે તે સળગાવવાથી ચક્કર ચક્કર ફરે છે. હાથી તોફાને ચઢ્યો હોય ત્યારે ચરખી સળગાવીને તેની આજુબા ધરવાથી તે શાંત પડી જાય છે. (૮) અધિયારી-તે દોઢ વાર ઓરસ ચોરસ કાનાનો કટકો હોય છે. હાથી મસ્તી કરે ત્યારે તેના મોઢા આગળ ઢાંકવામાં આવે છે. તેને ત્રણ ટોકરી બાંધવામાં આવે છે (૯) કલાવા-એ ઘણાં દોરડાંને એકત્ર ગૂંથીને બનાવાય છે. તે દોઢ વાર લાંબો હોય છે. હાથીની મરદન આસપાસ બાંધવામાં તે આવે છે તેમાં મહાવત પગ રાખીને બેસે છે. (૧૦) કનાર-અંકુશ: લોઢાની આ આકરી કલાવામાં લટકાવવામાં આવે છે. હાથીને બેસાડવામાં અથવા મસ્તી કરે ત્યારે તેના કાન પાછળ ભોંકવામાં આવે છે. (૧૧) દોર-આ બધું દોરડું હાથીની પૂંછડીથી જગા સુધી બાંધવામાં આવે છે (૧૨) ઝરેલા-ઝાડી. એ હાથીની પીઠ ઉપર નાખવામાં આવે છે. જેથી તેની પીઠ છોલાય નહિ. (૧૩) પીછવા-દોરડાનો પટ્ટો હાથીની બંધ ઉપર બાંધવામાં આવે છે. લોકો તે ઉપર બેઠા રહી મોજી કરે છે (૧૪) ચોરાસી-બનાતના આ પટ્ટા ઉપર ટોકરીઓ સીવેલી હોય છે તે હાથીના જગામા અને પીઠ પાછળ શોભાને માટે બાંધવામાં આવે છે. (૧૫) પીઠ કચ્છ-હાથીની બંને બાજુએ બાંધવામાં આવતી બે ગાદલા. તેને છેડે એક ઘંટ બાંધેલો હોય છે. (૧૬) પાખર-પોલાદનું બખ્તર. તે હાથીના આખા શરીરને ઢાંકે છે. માથા અને સૂંઢને માટે જુદા કટકા હોય છે. (૧૭) ગજઝંપ- ત્રણ પરદાવાળી ઝૂલ. તે પાખર ઉપર ઢાંકવામાં આવે છે તેને છેડે શોભાને માટે કિનારી સીવેલી હોય છે (૧૮) મેવાડમ્બર-મહાવતનું ટાઢ તડકાથી રક્ષણ કરવા માટે છત્રના જેવું આ સાધન હાથી ઉપર નાખવામાં આવે છે (૧૯) રામપિયાલા-કિનખાબ અથવા મખમલનો સુશોભિત કટકો. તે હાથીના કપાળ ઉપર બાંધવામાં આવે છે. (૨૦) પાયરેજન-હાથીને પગે બાંધવામાં આવતા ઘૂઘરા (૨૧) અંકુશ-લોઢાની અણીવાળી આંકડી. હાથી અંકુશમાં તે તેના કાન નીચે ભોંકવામાં આવે છે. અકબરે તેનું નામ જગન્નાથ એટલે હાથીની લગામ પાડેલું છે. (૨૨) મકુ-બે અણીદાર કાંટાવાળી આંકડી. હાથી મસ્તીમાં આવે ત્યારે તેનો ઉપયોગ કરવામાં આવે છે. (૨૩) બંગડી- લોઢા અથવા પિત્તળની ચપટી કડી. તે હાથીના દંતૂશળ ઉપર શોભા અને મજબૂતીને માટે પહેરાવવામાં આવે છે (૨૪) ઝંડા-વાઘટો તેને ફરતી ઘૂઘરીઓ બાંધેલી હોય છે હાથીને બેસારવા, ઊઠાડવા વગેરે બાબતમાં અમુક સાંકેતિક શબ્દો વાપરવામાં આવે છે. હાથીને માટે કાંઈ બહુ ખાસ બોલ્લ શબ્દો અગર વપરાતી ભાષાનો કાંઈ નિર્ણય નથી. તેમ જ હાથીના મહાવતો પણ ભાગે સાધારણ સ્થિતિના તથા અજ્ઞાન હોય છે. તેથી કરી તેઓ જે દેશમાથી હાથી ખરીદી લાવ્યા હોય તે દેશના શબ્દોનો અપભ્રંશ કરીને કામ ચલાવે છે. તેમ જ વળી જ્યારે તે હાથી પોતાના સંપૂર્ણ અંકુશમાં આવે ત્યારે તે પોતાને જ કામ આવે તેવા પોતાના અનુભવી બનાવેલા શબ્દો વાપરે છે. તેથી વડોદરા, જૂનાગઢ, મલબાર જિલ્લો, કાવળકોર, ભટ્ટેસુર વગેરે તમામ દેશાવરોમાં અલગ અલગ વપરાતા શબ્દો જ્યારે હાથી વેચાય છે ત્યારે જેણે જે ભાષામા કેળવણી આપી હોય તે 'સાંકેતિક શબ્દ' તે મહાવતને જણાવે છે મહાવત પણ આ શબ્દની મહામણી કરી લે છે અને બરાબર શબ્દ અનુભવી ખરીદે છે; પરંતુ પાછળથી કેટલાક શબ્દ અપભ્રંશ બોલે છે અને કેટલાક શબ્દો પોતાની અક્કલથી જોડીને કામ લે છે હાથીને માટે બાકુ કરીને આ શબ્દો બધુ વપરાય છે: બૈઠ-બાર્ઝટ: બેસારવા માટેનો શબ્દ. ભલ-ઊઠાડતી વખતનો શબ્દ. સૂતેલ અથવા બેઠેલ હાથીને ઊઠાડવા વપરાય છે. તોલ-પાછળનો પગ ઊંચો કરાવવા વપરાતો શબ્દ. હલો-આગલો પગ ઊંચો કરાવવા માટે વપરાતો શબ્દ. તીરે-હાથીને સુવડાવવા માટે વપરાતો શબ્દ હલે-હાથીને પાણી પાવા વપરાતો

શબ્દ ઝુક–આગલા બે પગથી ઝુકાવવાનો શબ્દ. અમત–હાથીને આગળ ચલાવવા માટે વપરાતો શબ્દ. તે સાથે પગનો ઇશારો પણ વપરાય છે. ચૈર્ઇ–ડાબી કે જમણી બાજુ વાળતી વખતે વપરાતો શબ્દ. ચૈ–પડખે ચાલ, બાજુમાં લેવા માટે વપરાતો શબ્દ. પીઠે મત–પગળા હટાડવા માટે વપરાતો શબ્દ. ધર–હાથીને ખવરાવવા માટે વપરાતો શબ્દ. સમ–હાથીને સીધો ઊભો રાખવા માટે વપરાતો શબ્દ. લગૂત–હાથીને કોઈને મારવાનું કહેતાં વપરાતો શબ્દ ઓરે–મારતો અટક, મારવા બાબતો અટકાવવા વપરાતો શબ્દ. તાર–સલામ કર: હાથીને સલામ કરાવવા માટે વપરાતો શબ્દ. હાથીના શણગારનાં તેમ જ તેને અંકુશમા રાખવા માટે જુદા જુદાં સાધન વપરાય છે અને તેમનાં ખાસ નામ હોય છે: કિસાબો–સૂતરના દોરડાનું બનેલું દોરડું. તે હાથીના ગળામાં નાખીને, તેની અંદર મહાવત બંને પગ રાખી, હાથીને અંકુશમા રાખી પગથી ચલાવે છે. ઝૂલ–હાથીના ઉપર નાખવાનું ગાદલું અથવા ઓઢિયાનું કપડું. નમદો–ઝૂલ નીચે નાખવામા આવતું બનાતનું ગાદલું. અંબાડી–મહાવતને હાથી ઉપર બેસવાની કલાપટી કરી ગાદલી. જોડો–હાથીને બંને પડખે ગામડામાં બાંધીને લટકાવવામાં આવતા ટોકરા. પેટકરીનું નાકું–હાથીના પેટ ઉપર, ગળામાં અને પૂંછડામાં ગૂંથીને બાંધવા માં આવતું નાકું. ઝેલો–ઘૂઘરમાળ: ગળામાં પહેરવાની ઘોકરીઓ તથા ઘૂઘરીઓ. ચૂક–હાથીના દંતશૂળમાં પહેરાવાતા. પિત્તળનાં બલોયાં. હાથીની સવારી વખતે સાજ સજવવા માટે વપરાતા સાધન: ગાદી–ઢોલ નીચે નખાતી પરાળ ભરેલી ગાદલી. ઝૂલ–હાથી ઉપર નાખવાનું કસબી ભરેલ મખમલનું કપડું ઢોલો–હાથી ઉપર રાજાઓ વગેરેને બેસવા માટે બનાવેલી સોના કે રૂપાની બેઠક આ બેઠકમા માથે છત્રી હોતી નથી. અંબાડી–માથે છત્રોવાળી માત્ર સોનાની બનાવટની બેઠક. લવનું નાકું–ઢોલને કસીને બાંધવાનું દોરડું સારબખ–ચાલુ સવારીમા ઢોલો કે અંબાડી કોઈ તરફ નમી હોય ત્યારે તે સરખું કરવા માટે ઢોલો કે અંબાડીની સાથે બાંધવામાં આવતું દોરડું. સ્તરી–શોભા માટે કપાળ ઉપર રાખવામાં આવતું ઝીક ભરેલ મખમલ. તેને મયરાવળી પણ કહે છે. કલગી–હાથીના માથા ઉપર શોભા માટે રખાતો રૂપાનો કે સોનાનો સાજ કે મોર. ઘુઘર–ચાંદીના પાસા, ઘુઘરા વગેરેનો બનાવેલો ગળામા પહેરવાનો એક શણગાર. ઝુમખી–પૂછડામા પરોવીને ઢોલા સાથે બાંધવામા આવતુ દોરડું. તેને ચાંદીની ખોળ ચડાવેલી હોય છે. તોડો–હાથીને પગે પહેરાવવાનું સોના કે ચાંદીનું સાકળું. મચાલો–શોભા માટે દાંતમાં પહેરાવવાનો સોના કે ચાંદીનો ખોભળો; ચૂડી. સળો–ચાંદીની મોતી જેવી ગોળાઓ બનાવીને લાંબી દોરમાં પરોવીને હાથીના કાન ઉપર લટકતો રાખવાનો એક શણગાર. હાથીને અંકુશમાં રાખવાનાં સાધન: આડસ–લોખંડનું બનાવેલું ભાલા જેવું એક હથિયાર; અંકુશ. મજબામ–એક જાતનું મોટું અંકુશ. તે કડીવાળું હોય છે. પોંચી–હાથી તોફાન કરે ત્યારે જ પાછળ પગ ઉપર બાંધવામાં આવતુ એક જાતનું લોખંડનું કાંટાવાળુ હથિયાર. ભાલું–વાસમા લોખંડનું અણીવાળું ભાલું નાખીને બનાવેલું એક જાતનું અંકુશ. ચીમટો–હાથીના તોફાન વખતે હાથોના પગમાં ચલાવવામાં આવતું, લોખંડનું બનાવેલું એક હથિયાર; કાંટાવાળો ચીપીઓ. કોંડી–હાથી જ્યારે બહુ તોફાન કરતો હોય, ત્યારે લોખંડનું બનાવેલું આ હથિયાર ગળામા પહેરાવાય છે. તેને લોખંડ જેવા મોટા લોખંડના અણીદાર કાંટા બનાવેલા હોય છે. તે ગળામાં આવવાથી હાથી જમણી કે ડાબી બાજુ ગરદન ફેરવી શકતો નથી કારણ કે તેને કાંટા વાગે છે અને તે સીધી નજર જ રાખી શકે છે. હાથીસાંકળ–હાથીને પાછલે પગે તથા આગલે પગે બાંધવામાં આવતી લોઢાની જાડી સાકળ બેડી–હાથીના આગલા બંને પગોમાં પહેરાવાતી લોઢાની સાકળ. હાથીને ત્રણ ચાર કલાક કે વધુ વખત કોઈ વાર બહાર જિનો રાખવો હોય, તો તેનો ઉપયોગ થાય છે. આ સાકળ એટલે કે બેડી બાંધવાથી ઘોડાની ગમબ્ય જેવું થઈ જાય છે. કંદાબેડી–લોઢાની બનાવેલી એક જાતની જાડી અને મજબૂત સાકળ. તેનો ઉપયોગ હાથીને બહારગામ લઈ જતા કે લાવતાં હાથી ભાગી જઈ શકે નહિ એટલા માટે આગલા બંને પગોમા બાંધી નાખીને બાંધવામાં આવે છે. આ કંદાબેડી હાથીને પગમાં બાંધવાથી હાથી એક પણ કદમ ચાલી શકતો નથી. કમબેડી–સાકળ: હાથીને પગે બાંધવામાં આવતી સાકળ. લગર–સાકળ: કમબેડી જોખડે–પોંચી હાથી તોફાન કરે ત્યારે વપરાતું હથિયાર. ઝુડો–ટોકરો: હાથીને ગળે બાંધવાનો ટોકરો.

૧. હાથો આગળ પૂળો, હાથે દગલે નીકળે હાથી આગળથી પૂળો લેવો ⊏ મોટા માણસ પાસેથી યુક્તિથી કામ કઢાવવુ.

૨. હાથી ઉપર બેઠો બેઠો પણ ઘાસચારો હાથ લાગ્યો કરે = જાતિ સ્વભાવ કોઈ દિવસ બદલાતો નથી; જેમ્સો ધર્મોપદેશક પાદરી, અને મરઘાને ગમે તેટલું આપો છતાં સંતોષ થતો નથી

૩. હાથી કાને ઝાલ્યા ન રહે = ખરી વસ્તુ હમેશ ઓળખાયા વગર રહેતી નથી.

૪ હાથી ઘોડાનો તફાવત = આસમાન પાતાળનો ફરક; મબો તફાવત.

૫ હાથી ઝૂલવા = અઢળક સંપત્તિનો માલિક હોવુ; બહુ પૈસાદાર હોવુ.

૬. હાથી પર અંબાડી = બહાર ઉપર દીવો.

૭. હાથી પગળા કૂતરા બધાં ભસે છે = ધૂંધે તો પાદશાહની પણ વાત થાય; સૂરજ સામી ધૂળ નાખ્યે કાંઇ પ્રકાશ ઢંકાય ?

૮. હાથી સોયના નાકામાંથી નીકળી ગયો પણ પૂછડે આવતા અટક્યો–હાથી પૂછડે હોવાનું = કાર્યનું છેડે આવીને અટકવુ; કોઈ પણ મુશ્કેલ કામમાં છેવટમાં વિઘ્ન આવવુ.

૯. હાથીએ હાથી લડે તેમા ઝાડનો ખો = બે વ્યક્તિની તકરારમા ત્રીજી નિર્દોષ વ્યક્તિને સહન કરવુ પડે; પાડે પાડા લડે ને ઝાડનો ખો; મોટા મોટા લડે વચ્ચે રાજાની ખરાબી; રાજાએ રાજા લડે ને વચ્ચે રૈયતનો મરો.

૧૦. હાથીના દાંત = અંદર જુદુ અને ઉપરથી દેખાવનું જુદુ

૧૧. હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાડવાના જુદા = વાણી ને વર્તનમા મેળ ન હોવો; કહેવુ કંઈ ને કરવુ કંઈ.

૧૨. હાથીની ગાડમાં કરડે = નિરર્થક પ્રયાસ; સમુદ્ર આગળ ખાબોચિયુ.

૧૩. હાથીની મરકત બેસવુ = નિશ્ચિત બનીને બેસવુ

૧૪. હાથીનુ બચ્ચુ = મોટેલુ માણસ

૧૫. હાથીનુ સ્નાન = રમજાન પૈગંબર હજી નજીક પહોંચે હતો તેવો જ એકદો થઇ ગયો છે તે ઉપરથી આ રૂઢિપ્રયોગ થયો છે.

૧૬ હાથીને હાંગે = જેને જોઇએ તેટલુ પ્રભુ આપી રહે છે.

૧૭. હાથીનો અંકુશ = બુલબી રોઢ અથવા તકાદગર કામ લેનાર વકીલ

૧૮ હાથીનો દલ્લો = સમર્થ માણસની મદેજ બાબત પણ ઘણી થઇ પડે છે

૧૯ હાથીનો પગ = જેની વિભૂતિના આધારે બધું માણસ દિવસ કાઢે છે અથવા નિર્વાહ ચલાવે છે તેવો માણસ.

૨૦. હા.થીનો ભાર હાથી ઉપાડે = જેમનાં શીંગડાં ભેંસને ભારે ન પડે; જેનાં કામ જે કરે

૨. પુ. ચોપાટમાં વપરાતુ પીળુ સોગઠું

૩. પું. શેતરંજની રમતનું એક પ્યાદું; હાથીનું મોરું.

૪. સ્ત્રી. એ નામની એક બાળ રમત. આ રમતમા ૧૫ થી ૨૦ બાળકો રમી સકે છે. તેમાં કોઈ સાધનની જરૂર પડતી નથી એક મોટુ ગોળ વર્તુળ અથવા મોટુ ચોરસ દોરાય. એક જણ સિવાય દરેક મેદાનમા ઊભા રહેવુ. બહાર રહેલ એક છોકરો દાવી બને. તેણે દાવીની સહની મારફત એક દાવથી હાથ પકડી વિરુદ્ધ દાવને તેના સાંસરનો કાઢી હાથીની સૂંઢ બનાવવી આ પ્રમાણે રહી સીટી વાગે એટલે તેણે હદમાં ઊભેલા કોઈ પણ બાળકને અડવા જવું. રમનારે દોડતા આવવાનુ છે હદની બહાર નીકળી જનાર અથવા દાવી સૂંઢ થતી જોને અડકી જવાય તેને માથે દાવ આવે. આ રીતે બાળકો થાકે નહિ ત્યાં સુધી રમત ચાલુ રહે છે.

૫. સ્ત્રી નાગર તેમજ શ્રીમાળી વાણિયાની એ નામની એક અટક.

૬. ન. એ નામની અટકનુ માણસ

૭. વિ એ નામની અટકનું.

૮. વિ. હા.થી જેવુ બળવાન.

હાથીઓ છછૂંદર કુ. એ નામનું એક નાનું જનાવર આ સુંદર નાના જનાવરને હાથીની સૂંઢ જેવુ લાબુ નાક હોય છે. તેનો વાસ ફક્ત આફ્રિકામાં જ છે. છછૂંદરથી એની આખ મોટી હોય છે. આ પ્રાણી ઉંદરની પેઠે ઠેકડા મારીને ચા.લે છે.

હાથીકાન પું. એ નામની પાપડીની એક જાત; હસ્તીકર્ણી તેનાં ફૂલ સફેદ થાય છે અને પાન હા.થીના કાન જેવાં પહોળાં હોય છે. તેમાં મીઠી અને પહોળી પાપડી થાય છે.

હાથીખાનું ન. હસ્તિશાળાઃ ગજશાળા; હાથીને બાધવાનુ કે રાખવાનુ સ્થળ.

હાથીખોલ ૧. સ્ત્રી વજીર, નાની પહાળુ કોમની એક પેટા જાતિ તે હિંદની વાયવ્ય સરહદ ઉપર વસે છે

૨ ન એ નામની જાતિનુ માણસ

૩ વિ એ નામની જાતિનુ

હાથીગઢ સ્ત્રી મુબઈની નજદીક આવેલી એ નામની એક ટેક..

હાથીચક જુઓ હાથીચોક

હાથીચુક જુઓ હાથીચોક

હાથીચોક સ્ત્રી એક જાતની લીલોતરી, હાથીચુક. તે દિલ્હી પ્રાંતમાં ખૂબ થાય છે તેને મેદાનમા એક એક ફૂટને છેટે કરેલા ક્યારામાં સારી રીતે ઊંચ. ઘરમાં ઓગસ્ટથી ઓક્ટોબર સુધી વાવવામાં આવે છે. પમ જો વહેલાં વાવવામાં આવે તો વરસાદથી તેને જતા વર્ષે, જ્યારે ગરી, રેતીવાળી અને ભેજવાણી જમીન તેને માટે બહુ સારી છે જો કે બીજ જમીનમા તે સારી થાય છે છતાં પણ સારી રીતે તેને પાણી પાવુ જરૂરનુ છે બીજરાઓને પાંચ કે છ પાન આવે ત્યારે તેમને ચા.ર ફૂટ છેટેની હારમાં ફરી વાર વાવવા. આ બીજરાઓને ઊંડી, સારી રીતે ખાતર નાખેલી અને ક્યારા પાણી પૂરતું મળે તેવી જમીન જોઈએ. વખતે વખતે પ્રવાહી ખાતર પણ નાખવું જોઈએ. આ બહુ સુંદર અને સ્વાદિષ્ટ શાક ઉપર હાલમાં બહુનું ધ્યાન ગયુ છે અને પરિણામે તેની જુદી જુદી જાતો બની છે આમાં સૌથી સારી જાત હાથીચોક છે. તે અમલ જાતની છે. તેમા મોટા મોટા ગોટા થાય છે બીજી જાત હાથીચોક ટેગનવાની છે. તે સૌથી જૂનામાં જૂની જાત છે તેમાં બહુ મોટા, ભારે ઘેરા લીલા રંગના ગોટા થાય છે તેમાં નસ હોતી નથી આ જાતમાં વરસમાં બે વખત ફૂલ આવે છે. ત્રીજી જાતોની જાત જેરુસલેમ હાથીચોક છે. આ જાત બારતના બહુ ભાગમાં વાવવામાં આવે છે. જ્યારે બટેટાની જાત હોય ત્યારે તેને ભાજ ઉપયોગમાં લેવામાં આવે છે. માર્ચની શરૂઆતથી મેની આખર સુધીમાં ગમે ત્યારે તેને વાવવામાં આવે છે તેને ટેકરીઓ ઉપર માર્ચ મહિનામા વાવવામાં આવે છે. આ જાતને ગમે તેવી જમીનમાં વાવી શકાય છે. તેને ત્રિસકુલ નહિ અથવા સાધારણ ખાતર નાખવું પડે છે વધારે ખાતર નાખવાથી પડિયાનો ભાગ મોટો થાય છે અને ગાંઠો નાની થાય છે. મેદાનમાં નવેમ્બર સુધીમાં આવા લાયક પાક તૈયાર થઈ જાય છે જ્યારે ટેકરીઓ ઉપર તે ઓગસ્ટમાં થાય છે, ત્યારે જમીનમાં તેની આડુ જેવી ગાંઠો થાય છે અને ઉપર ત્રણ ચાર ફૂટના છોડ થાય છે તેમાં સોળ પાંખડીવાળાં ફૂલ થાય છે.

હાથીજૂલ પુ એક જાતનો બિહારી કડમી આબો.

હાથીડું (હાથીડું) વિ. હાથી જેવુ મોટું.

હાથીથાન જુઓ હાથીખાનું.

હાથીદાંત [સં. હસ્તિદંત] પું. દંતૂશળ; હાથીનો બહારનો દાંત. હાથીદાંતનો ચૂરો એ સૌભાગ્યવતી સ્ત્રીનું શુભ ચિહ્ન ગણાય છે. તેના ઉપર કારીગરી કરી ઘરપરવાની ઉપયોગી વસ્તુ બનાવાય છે તેનો બૂરો સફેદ પ્રદરના રોગ ઉપર અકસીર મનાય છે તેનો ઉપયોગ કામણ ઉપર થાય છે તેમ જ સ્ત્રીઓમાં રહેલી અજ્ઞાનતાને દૂર કરવા માટે પણ વપરાય છે.

હાથીદાંતનો વેપાર = જુગાર.

હાથીપગ પું. (વૈદક) ફીલપદ નામનો રોગ. તેમાં પગ સૂજીને થાભલા જેવા થાય છે. એક જાતના મચ્છરથી આ રોગ ઉત્પન્ન થતો મનાય છે હમેશા વરસાદવાળી ઋતુ કે બીજી ઋતુ રહેતી હોય તેવા દેશમાં આ દરદ બહુ જાણે થાય છે. શરૂઆતમાં તાવ આવી પેડૂમાં સોજો થઈ તે સોજો પગમા ઊતરે છે. જે હા.થીપગ રાફડાના ટેકરાટેકરી જેવો હોય, કાટાકાટાવાળો હોય, એક વર્ષનો જૂનો હોય, ઝાવ નીકળતો હોય, બહુ જાડો ઊંચો હોય અને બજવાણ આવતી હોય તે અસાધ્ય કે કષ્ટસાધ્ય ગણાય છે

હાથીપગી જ. ઝભેરદાર પોસાદના ત્રણ માંહેનો એક પ્રકાર; મધ્યમ પ્રકારના પોસાદની એ નામની એક જાત. તે ચકદાર નામના ઉત્તમ પોસાદ કરતાં જરા કઠણ છે. તેનું ઝભેર કાકડીના જેવું લાબુ અને કાળા રંગનું હોય છે તે ઈરાન દેશમાં બને છે

હાથીપગું વિ. ન. (વૈદક) એક જાતનો રોગ. જુઓ હાથીપગ.

૨ વિ. જેના પગમાં ગાઢા ગાંઠા પડી જઈ પગ હાથીના જેવા જરાવદાર થઈ ગયા હોય તેનું; રોગથી કૂલેલા પગવાળું.

હાથીપીચ સ્ત્રી એક જાતની સ્વાદિષ્ટ લીલોતરી. તે બારતના બહુ ભાગમાં થાય છે. તેના છોડ જમીનથી ચાર ફૂટ ઊંચા હોય છે.

હાથીમાઢલી સ્ત્રી. એક જાતની માછલી; જળહાથી. એમ મનાતું હતું કે, સને ૧૯૦૦ માં આ હાથી માછલીઓનો સપૂર્ણ નાશ જાહેર કરવો હતો. જૂના જમાનામાં આ હાથીમાછલીનો શિકાર કરવામાં આવતો, કારણ કે એના તેલમાંથી દીવાઓ બળતા. બનાવકારો કહે છે કે, આ તેલમાંથી જે દીવાઓ ઝગતા તેનો પ્રકાશ નજરને ગમે તેવો હતો. આ હાથીમાછલીની જાળવસ્તિ નાબૂદ થઈ છે એ ઢંઢેરો ખોટો પડ્યો છે અને તાજેતરમાં જ આ ફોર્ટીંગ જળજીવ હાથ લાગ્યો છે. આ હાથીમાછલીનુ નાક અને મોઢુ માણસના જેવું લાગે છે. પ્રશાંત મહાસાગરના ૬૦૦૦ ફૂટ ઊંડાણમાંથી તાજેતરમાં જ આ હાથીમાછલી જડી છે. ૧૫૦ માઈલ જેટલી સાગરશોરીમા ઘૂમ્યા પછી આ જળજનાવ્ર હાથ

જગતને સાંપડ્યો છે. જળજીવના ઉસ્તાદો આ ઠનીકતથી ચોંકી ઊઠ્યા છે અને સાગર ઢેઢળની દુનિયા હજુ ય અજાણ પડી છે એવો એકરાર કરવાની તેમને ફરજ પડી છે

હાથીરો ૧. પું. ઓટિયા વહોરાનું એક ખીજવણું.
૨ વિ હાથીના જેવા સાદ માથાવાળો.

હાથીવાન [હિં] પું. મહાવત; હાથીનો રક્ષક

હાથીવેરો પું. દરબારમાં હાથીનું ખરચ પૂરું પાડવાને માટે નાખવામાં આવતો એક જાતનો કર

હાથીશાળા સ્ત્રી ગજશાળા, હાથીખાનું; હાથીને બાંધવાનું કે રાખવાનું સ્થળ.

હાથીસાંકળ સ્ત્રી. હાથીને અંકુશમાં રાખવા માટે આગલે તથા પાછલે પગે બાંધવામાં આવતી લોઢાની સાકળ

હાથીસૂંડા સ્ત્રી એક જાતનો છોડ. તે એકથી બે ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન ચારેક ઇંચ લાંબાં અને બહુથી ચાર ઇંચ પહોળાં થાય છે ને ડીંટડી તરફ આંચાવાળાં હોય છે. તેમા એકથી આઠ ઇંચ લાંબી ફૂલની મંજરી થાય છે. તે ઉપર જંબલી રંગનાં ફૂલ આવે છે તેમાં છ ઇંચ આસના લાંસોવાળા બે બીજવાળાં ફળ થાય છે. વીંછી તથા સર્પના દશ ઉપર તેનું મૂળ ચોપડાય છે.

હાથીસૂંઢ જુઓ હાથીસૂંડા.

હાથીહાથી સ્ત્રી એ નામની એક દેશી રમત. તે શાળાના ઓરડામાં અગર મેદાનમાં રમાય છે. રમનારની સંખ્યા ૧૦થી ૨૦ અથવા વધારે હોય તો પણ ચાલે. પીસ્ત ફૂટ વ્યાસનું એક કૂંડાળું જમીન ઉપર કાઢવું. રમનારની સંખ્યા ૨૦ થી વધારે હોય તો વચ્ચે મોટું કૂંડાળું કાઢવું એક છોકરા ઉપર દાવ કરાવવો અને બીજા બધા છોકરાઓએ તે કૂંડાળાની અંદર ઊભા રહે જેના ઉપર દાવ હોય તેણે કૂંડાળાના મધ્ય ભાગમાં એક પગ ઊંચો રાખીને બે હાથ તથા એક પગને આધારે ઊભા રહેવું પછી બધા શરૂ કરવાની સિસોટી થતા જ દાવવાળા છોકરાએ તે જ સ્થિતિમા રહીને દોડતાં દોડતાં બીજા છોકરાઓને પગ વડે મારવા પ્રયત્ન કરવો બીજા છોકરાઓએ કૂંડાળાની હદમા જ રહીને દોડી દોડીને હાથીના મારથી બચવા પ્રયત્ન કરવો જે છોકરાને હાથી પગ મારે તે બાદ થાય એ રીતે બધા છોકરાઓ મરામ એટલે બેસ પૂરો થાય દાવ આપનાર છોકરો થાકી જાય તો જે પ્રથમ બાદ થયો હોય તેના ઉપર દાવ કરાવાય. કૂંડાળાથી બહાર જો કોઈ પણ રમનારના પગ પર બાય તો તે પણ બાદ થાય આ રમતમાં મહેનત બહુ પડે છે, માટે દસ મિનિટ કરતા વધારે વખત દાવ ચલાવવો નહિ. દાવ દેનારે પગ મારવામાં પગ વધારે ઊંચો ન લેતાં સામાના પગના આગલા ભાગને માત્ર સ્પર્શ થાય તેમ થવું જોઈએ.

હાથીહોદ્દો પું હાથી ઉપર રાજાઓ વગેરેને બેસવા માટે બનાવેલી સોના કે રૂપાની બેઠક. આ બેઠક માટે જગરી હોતી નથી.

હાથુકિયાં ન. બ. વ. પોતાને હાથે જ કામ કરવું તે

હાથે ૧. અ. ખરાદાપૂર્વક; જાણી જોઈને.
પણ આવાગમ ઓથી હોળા પડે નરકમાં હાથે વલ્લભ

૨. અ. ગમે તે; કરકોઈ.

૩. અ. સત્તામાં; કબજામાં; મુખત્યારીમાં.
અન્ન, ઉદક, સંબંધ, જન્મ, મૃત્યુ એ ઇશ્વરને હાથે નથી. પ્રેમાનંદ

હાથેકરીને અ. પોતાની મેળે; ખરાદાપૂર્વક.

હાથેળી [સં. હસ્તતલ] સ્ત્રી. હથેળી; હાથનું તળિયું; કરતલ
એમવાઈ જગદીસે મેલી, મારી કમળ જેવી હાથેળી. પ્રેમાનંદ

હાથેવાળો પું. પાણિગ્રહણ; હસ્તમેળાપ; વરકન્યાના હાથ મેળવવા તે

હાથેળી સ્ત્રી. ચતા હાથના અંગૂઠા અને આંગળી વચ્ચેનો ચોખ્ખો અવયવ; કરતલ; હથેળી; ચર્પટ
૧. હાથેળી દેખાડવી = કંઈ મળે એમ નથી એવું સૂચન કરવું
૨. હાથેળીમા નચાવવું = જેમ કહીએ તેમ કરે એવું બનાવી દેવું; વશ કરી લેવું
૩. હાથેળીમા ખૂજવી આવી જવી = (૧) તેના પાણીગ્રહે દીવો જાગવો (૨) મોટી મુરકેલીમા આવવું

હાથો ૧. પું. કેડવાળા હાથની છાપ
૨. પું. ઘડી વગેરે ગોળ પદાર્થ ફેરવવા માટે તેના ઉપલા પડમાં ભરાવેલો લાકડાનો ટુકડો
૩ પું દસ્તો
૪ પુ પક્ષ
૫. પુ મદ
૬ પુ વણકરોનું દોરાને ટીપવાનું એક ઓજાર લાંબું બાજુ વણાતુ હોય ત્યારે હાથો તારને દબાવે છે. તે લાકડાનો હોય છે તેનો ઉપરનો ભાગ આંપ અને નીચલો ભાગ બાઈ કહેવાય છે. કૂંડીને પકડવાના સાધન તરીકે તે વપરાય છે અને તેમા રાચ જોડવાય છે
૭ પું બેપારીઓ આંગળીઓની નિશાનીથી ભાવ કરાવવા પોતાનો હાથ કપડા નીચે ઢાંકીને આપે છે તે
૧. હાથો આપવો = હાથની ઢાંકી સંજ્ઞા કરી કીમત જણાવવી.
૨. હાથો ઠોકવો = (૧) કડવાળા હાથનો જાપો મારવો. (૨) સાટું નક્કી કરવું; સાટું કરાવવું
૮ પું શિરોબિંદુ; 'વર્ટેક્સ'
૯. પું. સહાય; મદદ; પીઠબળ
કુહાડાનો હાથો બનવું = ખોટા કામમા બીજાના હથિયાર રૂપ બનવું
૧૦. પું. સહાયક આલિપ; મદદનો ઠોલ
૧૧. પું હથિયાર ઝાલવાનો લાકડા વગેરેનો દાંડો; મૂઠ; પકડ

હાથોટી ૧. સ્ત્રી. કળા; યુક્તિ; ખૂબી
૨. સ્ત્રી. હાથમાં પકડી રાખવાની શક્તિ
બાલાજીની હાથોટી જ એવી હતી કે, એકવાર હાથમા આવેલી તક ગુમાવવાનો વારો તેણે આવવા દીધા નહિ. મગજી રિપ.સત

હાથોહાથ ૧. અ જાતોજાત
૨. અ. તાત્કાલિક
૩ અ મહેનતથી; કળાબળીને; સપસપાટીથી.
૪ અ હાથને હાથ અડાડીને; એકના હાથમાંથી બીજાના હાથમાં એમ; બીજાની મદદથી.

હાદિની સ્ત્રી. રામાયણમાં વર્ણવેલી એક નદી. તે હાલની રાવી નદી હતી એવું અનુમાન કરવામા આવે છે.

હાદિમંત્ર પું. શક્તિના મૂળ પંચદશાક્ષરી મંત્રમાં ૬ વર્ણનું આદિમાં આવવું તે.
શક્તિની મૂલ પચદશાક્ષરી મંત્રમા જે મંત્રમા ક વર્ણ આરંભમા આવે છે તેને કાદિમત કહે છે અને જેમા ૬ વર્ણ આદિમાં આવે છે તેને હાદિમત કહે છે. શાક્ત સંપ્રદાય

હાદી ૧ પુ. બોલ્ય ધર્મના બીજામા ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૧૦૯૭થી ૧૧૪૧ સુધી ૪૦ વરસ ચાલી
૨. પુ. દાક્તર.
૩ પુ. ધર્મગુરુ; ધર્મ.મ.
૪ પુ. બોધ
૫ વિ રસ્તો બતાવનાર.
૬. વિ. હિદાયત કરનાર; જ્ઞાન આપનાર.

હાન ૧ સ્ત્રી. આખડી; બાધા; માનતા
૨. સ્ત્રી. આશા; આસુ
સુભદ્રાને રુકિમણી માને જગદબાને હાન જી. બ.ક્ષ

૩. સ્ત્રી. ઈર્ષા.
૪. સ્ત્રી. કતલ

૫ સ્ત્રી. ...પ્રભુ ત, પરિત્ય..., ના.ગ

૬ સ્ત્રી. ... ભક્ત, નિવૃત્તિ

૭ સ્ત્રી. માયા

જીવનનું, ગ્રંથિ અ ... ને કેમ સાધવી તેમા શુ શુ બાધક ... જીવનના સમગ્ર પ્રશ્નોના નિકાલ થતા દમન દ્વારા દુ:ખ હેતુ-દુ:ખ ક્ષય કારણ, હાન-મોક્ષ અને હાનોપાય-મોક્ષનુ સ્મરણ એ ચતુર્ગૂઢ હેતુ નિરૂપણ કરીને અને બૌદ્ધ દર્શન ચાર આર્ય સત્યોનુ નિરૂપણ કરીને કર્યો છે

પંડિત સુખલાલજી

હા ના ૧ સ્ત્રી. અનાકાની

૨. સ્ત્રી હા ને ના; હાકાર અને નાકાર; હા કહેવી અને ના કહેવી તે

૧. હા ના કરતાં = આખરે; છેવટે; અંતે

૨. હા ના કરવી = ખમચવુ; મન ડામાડોળ થવુ

૩. હા ના ને બેર = આનાકાની કરવામા ઘણે પ્રસંગે વેર બંધાય છે

હાનાકાની સ્ત્રી. આનાકાની

હાનિ ૧. સ્ત્રી. ક્ષતિ.

જેમ જામરો કુલના વર્ણ અને ગંધને હાનિ કર્યા વિના તેમાથી રસ લઈ જાયો જાય છે, એવી રીતે મુનિએ ગ્રામમાં ફરવું. ભગવદ્

૨. સ્ત્રી. ઓછપ; ઊણપ.

૩. સ્ત્રી. લાગ.

૪ [સં. હા (તજવુ)] સ્ત્રી. નુકસાન; નાશ; ખરાબી; ગેરલાભ; ક્ષોભ્યતા.

૫. સ્ત્રી. (જૈન) મનુષ્યની દશ અવસ્થા પૈકીની પચાસથી સાઠ વર્ષની છઠ્ઠી દશા.

હાનિકર જુઓ હાનિકારક.

હાનિકારક ૧. વિ. ક્ષતિ કરે એવું.

૨. વિ. નુકસાન કરે એવું; ગેરલાભનુ.

હાનિપૂરકપત્ર [સ.] ન. ક્ષતિપૂરણપત્ર; નુકસાની બદલનું જામીન પત્ર.

હાનિપૂર્તિ [સં.] સ્ત્રી ભરપાઈ; નુકસાનીની ભરપાઈ, નુકસાનીની ભરપાઈ કરવાની ક્રિયા.

હાનિહીણું વિ. નુકસાન વિનાનું.

હાફ [અં.] વિ. અરધુ

હાફકાસ્ટ [અં.] વિ. જેના મા અને બાપ નોખા નોખા રાષ્ટ્રના કે જાતિના હોય તેવું; વર્ણસંકર. આપણે ત્યાં આસકરીને મા કે બાપમાથી એક યુરોપિયન હોય અને બીજુ દેશી હોય તેની પ્રજા માટે આ શબ્દ વપરાય છે

હાફકોટ [અં.] પું. કેડ સુધી પહોંચતો અડધો કોટ; અધો કોટ.

હાફટોન [અં.] પું. હાફટોન બ્લાકની છપાયેલી છબી આ છબીમા અસલ ચિત્રની બધી ઝીણવટો આવી જાય છે.

હાફિઝ ૧ પુ. અરબી કુરાન જેને મોઢે હોય એવો મુસ્લિમ, વિદ્વાન

૨ પું ચૌદમા સૈકામાં થઈ ગયેલ પર્શિયનનો એક પ્રખ્યાત કવિસરી કવિ તેનુ ખરુ નામ મહમ્મદ શમસુદ્દિન હતુ. તે શિરાઝમાં જન્મ્યો હતો અને ત્યાં જ મરણ પામ્યો. તેની કબર અત્યારે પણ શિરાઝ નજીક જોવામા આવે છે તેનાં ગઝલો નામે ઓળખાતાં કવિતાઓ ભાવનાઓથી ભરપૂર છે. તેમા સૂફી તત્ત્વજ્ઞાન રહેલુ છે. ઈરાનમાં દરેક લોકોના મુખમાં તેની પંક્તિઓ રહેલી છે. તેનુ અંગ્રેજીમાં ભાષાંતર થયેલ છે

૩. [અ. હિફ્ઝ (રક્ષણ)] પું. ધ્યાન રાખનાર માણસ; રક્ષક; બચાવનાર.

હાફિસ [અં.] ન. યુરોપ ખંડનું એક પક્ષી તેનાં ઈંડાં રંગબેરંગી હોય છે. તે અનાજને નુકસાન કરનાર જીવડાં ખાઈને પાકને ફાયદો કરે છે

હાફુસ [પોર્ટુ. આલ્ફોન્સો] સ્ત્રી. કાપીને ખાઈ શકાય એવી એક ઉત્તમ જાતની કેરી તે ગુણે શીતળ ને મીઠી છે. હાફુસની આસ કરીને નીચ મુજબની જાતો મળે છે: રત્નાગરી પ્રદેશ હાફુસ-આનું ફળ લગભગ વજનમાં અશેર સુધીનું હોય છે તે આવામાં બહુ સ્વાદિષ્ટ હોય છે અને તેનો મરસ મુરબ્બો બને છે. કાળો હાફુસ-આ ફળ રંગદાર, રેસા વગરનું અશેર સુધીનુ થાય છે ખરો કાળો હાફુસ-આ ફળ આવામાં ઉત્તમ અરધો શેર સુધીનુ અને કાળા રંગનુ થાય છે. દિલખુશ હાફુસ-આ ફળ કેસરી રંગનું, નામ પ્રમાણે દિલને ખુશ કરનારું, કાચું પણ મીઠુ લાગે છે. તે દોઢ શેર સુધીનું થઈ પાછલી સીઝનમાં પાકે છે. બનારસી હાફુસ-આ ફળ સ્વાદિષ્ટ, મધુર અને દોઢ શેર સુધીનું થાય છે. બાટલી હાફુસ-આ ફળ રંગદાર, સ્વાદિષ્ટ, બાટલીના આકાર જેવુ અને રેસા વગરનુ થાય છે. મઝાસી હાફુસ-આ ફળ રંગદાર, લાંબો વખત રહે તેવું અને અરધા શેર સુધીનુ થાય છે. રંગદાર કાગદી હાફુસ-આ ફળ રંગદાર, વજનમાં દોઢ શેર સુધીનુ, રેસા વગરનું ને ટકાઉ હોવાથી વિલાયત સુધી જાય છે. રાજાપુરી હાફુસ-આ ફળ રાજા રજવાડામા ભેટ કરવા લાયક, રંગદાર અને આવામાં સૌથી શ્રેષ્ઠ અને ત્રણ શેર સુધીનુ થાય છે. તે પાછલી સીઝનમાં પાકે છે. તેના એક ઝાડને લાડ ને તેનુ નામ કેરીઓનો રાજા (કિંગ ઓવ મેન્ગો) પાડવામાં આવ્યું છે

હાબ્બ [સં સર્વ] વિ. સર્વ, બધુ; તદ્દન

હાબ્બ સોનાનો બાજઠિયો

લોકગીત

હાબ્બિસ [અ. હબ્સ (તેણે અટકાવ્યો)] પું કેદમાં રાખનાર; જેલર

હાબ્બિકા સ્ત્રી એ નામની કાઠીની એક જાતિ.

હાબ્બેસ વિ જન્મ્યાઆંધ; પુષ્પળ

હાબ્બહુંકાર પું. દાઢ ચડાવવો તે.

હામ ૧ [અ. હ.મી] સ્ત્રી કાર્ય કરવાનું મનોબળ; હિમત.

હામ ભીડવી = હિમત કરવી

હામ ખ.ટવી = હામ ખરવી; હિમત કરવી.

૨ સ્ત્રી. પેટા બકરાના જડબા.માં જેટલા ભાગમાં દાઢો આવેલી હોય છે તેટલો ભાગ.

૩. સ્ત્રી. તપાસ; સંભાળ.

પરમ જનમનું સાફલ્ય શુ એહનુ,
તે તાય મુખની હામ લીધી

નરસિંહ મહેતો

૪. સ્ત્રી હિંમત ભરેલું કામ

તે જેરીને પાળી જાવવનું હામ માર્યે જીપ્યુ

નિજાનંદ વિલાસ

હામલવું અ ક્રિ નાહિંમત થઈ જવું; હિંમત હારી જવું; નિરાશ થવું

હામા ન. એ નામનું એક પક્ષી. તે નારંગી રંગની કલગીવાળુ, જમીન ઉપર રહેનારું અને ઉંદર જાતિનુ છે.

હામિલ પું ગર્ભ.

હામિલ હોવું = ગર્ભ ધારણ કરવો.

હામિલા ૧. વિ. ગર્ભવતી; સગર્ભા; ગ્રહિણી.

૨. વિ. ફળથી નમેલુ

હામી ૧. [અ.] પું. જામીન; હામીદાર; બાંયધરી આપનાર માણસ

૨ પું. પક્ષ લેનાર વકીલ

૩ પું વાલી; રક્ષક

૪ સ્ત્રી. જામીનગીરી; બાંયધરી.

હામી ભરવી = જામીન થવુ; બાંયધરી આપવી

૫. સ્ત્રી. પુરાવો; ખાત્રી.

૬. વિ. જવાબદાર

હામીપત્ર ન. આફ્રીકે કે જમીનદારે લખી આપેલ લેખ

હામીદાર પુ. જામીન; જમાન.

હામીદારી સ્ત્રી. બાંહેધરી; જામીનગીરી; કબુલાત.

હામેલા વિ સ્ત્રી. ગેલ્છવવાળી; ગર્ભવતી; સગર્ભા.

હામો ૧. પું. ઘસારો, ઘાસોટી, ઘોષ્યતા.
હામો વળવો = મહવાડ પછી શરીર સારું થતું, તાકાત આવવી.
૨. પુ. ખોજ.

હાય ૧. સ્ત્રી. અંતરના ઊંડા દુઃખની બદદુવા; શાપ; નિસાસો.
તુલસી હાય ગરીબની
કબૂ ન ખાલી જાય,
મૂએ ઢોરકે ચામસે
લોહા ભસ્મ હો જાય. તુલસીદાસ
૧. હાય પોકારવી = અંતરના ત્રાસ કે વેદનાએ અરેરાટી કરવી.
૨ હાય પોકર.વવી = આતરડી કકળાવવી, નિસાસો લેવો
૩. હાય લેવી = મન સતાપવું; ખૂબ ત્રાસ આપવો.
૨ સ્ત્રી. મજબ
૩ સ્ત્રી કૃપા
૪. સ્ત્રી. નિરાત.
૫ એવા માઠા વિચારોને આશ્વાસન આપતું, કે ફિકર નહિ, વને નાપાસ નહિ કરે, સિક પ્રમોશન અપાવીશ ત્યારે વિદ્યાર્થીને હાય વજતી. ચિનુભાઈ
૫. સ્ત્રી. ફિકર; ચિંતા; ઉચાટ; બ્યાધિ; અફસોસ
૬. સ્ત્રી. ભય, બીક.
૭. સ્ત્રી. શક્તિ; બળ; જોર; હામ.
૮. સ્ત્રી. હા કહેવી તે
સર્વે લોક કરી હાય રે,
જગદોષ અતિ ત્યા થાય રે. પ્રેમાનંદ
૯. અ. દુઃખ, ત્રાસ અને અફસોસનો ઉદ્ગાર.

હાયકોસ ૧. પું. બદદુવા
૨. [ફા. યા દોસ્ત ! (કે મિત્ર)] પું. મોહરમ માહેની દસલ; ચોકારો, છાતિયાં.

હાયન ૧ ન. કિરણ
૨. ન. શાલો ચોખાની એક જાત.
૩. [સં.] ન. સવત્સર; વર્ષ; સાલ

હાયપિટારો પું. હાયપીટ કરવી તે; રોકૂટ.
નાગર વ.ણિયાઓ કરસનદાસના નામ ઉપર હાયપિટારો કરવા લાગ્યા નવલરામપાવલિ

હાયપીટ સ્ત્રી. કૂટવું ને રડવું તે; રાકકળ કરવી તે; શોક કરવો તે.

હાયવરાળ ૧ સ્ત્રી. અફસોસ, શોક
૨. સ્ત્રી અર્થપ્રાપ્તિની તીવ્ર આતુરતા
૩. સ્ત્રી. અતરનો વલોપાત, કકળાટ, દુઃખનો બળાપો
૪ સ્ત્રી. ચિંતા; બ્યાધિ.

હાયવેલો પું. દુઃખી સ્થિતિ; દુઃખ.
તેઓ ઉપર જે હન્નો હાયવેલા અને સંકટો ગુજર્યા હતા તેનું મૂળ કારણ તે જ હતો.
બ. ક. કાબરાજી

હાયવોય ૧. [જુ. હાયનો દ્વિર્ભાવ] સ્ત્રી અતિશય દિલગીરી, અફસોસ
૨. સ્ત્રી. ચિંતા.
૩. સ્ત્રી. શોક થતી વખતે નીકળતા દુઃખના ઉદ્ગાર. જેમકે, અરેરે ! અહાહા ! હાયરે

હાયરોર પું. શોકનો અવાજ; કલ્પાત.
આખી કાલે ભલા ખુલ્લુલા પણ સો સો હાયરોરથી ભરેલો કે મધુર જણાનવાળો વાયુ કહ્યા છે ? પુરાતત્વ

હાયસોસારો પું મનની અ.તરા, કલ્પાત, વલોપાત.
આ રકોમ જો અમલમા આવે તો જિંદગીના હાયસોસારામા કેટલો મોટો ફરક પડી જાય ? બં. બો. મરજબાન

હાર ૧. પું. આહાર; ખૂબ રાત કરવા માટે લેવામા આવતો ખોરાક.
૨. પું. એક અર્ધ સમમાત્રિક માત્રામેળ છંદ આ છંદ બરવૈ છંદનો એક ભેદ છે તેમા ૬ ગુરુ, ૨૬ લઘુ એમ ૩૨ વર્ણ છે
૩. પું. (શિલ્પ) એક જાતનુ કોતરકામ
૪. પુ. એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ પમા છંદનો એક ભેદ છે તેમાં ૨ ગુરુ અને ૪૨ લઘુ મળી ૪૪ વર્ણની ૪૬ માત્રા હોય છે
૫. પું. એક વિષમમાત્રિક માત્રામેળ છંદ. આ છંદ રામવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૪૬ લઘુ મળી ૬૫ વર્ણની ૮૪ માત્રા હોય છે
૬. પું એ નામનો ' કર્તા.ર ' અર્થમાં વપરાતો એક કૃદ.ત પ્રત્યય જેમકે, આપણહાર = આપનાર; તારણહાર = તારનાર
૭. પુ ટેક, ગર્વ
પાતાના કુળનો નવ મરનાર પ્રતાપનો હાર આજે આપણે કા ન હ.ર.વ. પ્રેમાનંદ
૮. પુ. દેવોને મળામાં પહેરાવવામાં આવતો એક અલકાર. તે ઉપગોવાથી નીચ બીજુ ધરેણુ છે. તે છાતીની વચ્ચોવચ્ચ લટકતો રહે છે તે ચાર આગળ પહોળો અને ત્રણ વેત જાડો હોવો જોઈએ, જેથી તેમા રત્નો જડી શકાય હિંદુસ્તાનના સર્વ અલકારોમાં હાર કેશ હોવાથી તેનાં ઘડતર, બનાવટ અને જડતર બહુ જ સુદર અને આકર્ષક હોય છે.
૯. પું. ભાંગ.
૧૦. પું. પાપ કર્મોને હણનાર; વેદમાં વર્ણવાયેલ રુદ્રનુ એક નામ.
૧૧. પુ ફૂલની, મોતીની કે સોનાની માળા; ઝોકમાં પહેરવાનો એક જાતનો દાગીનો. હાર ઘણી જાતના છે જેમકે:-હાર, અર્ધહાર, માલા (બંને અર્ધ લટકતી), વનમાળા, નક્ષત્રમ.ળા (૨૭ મોતીનો હાર), દામન (ખભાની આસપાસ પહેર.તો હાર), સ્તનસૂત્ર સુવર્ણ સૂત્ર = સ્તનની આસપાસ પહેરાતી સાંકળી કે દોરો. પુગસૂત્ર (કેડની આસપાસ પહેર.તો દોરો કે સાંકળી) ઇત્યાદિ
વેરાયેલા મતિથી હતાં મોતી મંદારપુષ્પો,
ત્યાં કહ્યોથી કનકકમળે રે પડ્યા પત્રખેડ:
મોતીસેરે સ્તન ઉપરથી સૂત્ર તૂટિત હાર,
નિશામાર્ગો સૂરજ ઊગતા ઝાકિનીના ઠળ.યે
મેઘદૂત
૧૨ પુ (ગણિત) ભાજક; ભાગનારો આંક.
૧૩ પુ વન, જગલ
૧૪. સ્ત્રી. કેટાળો; નિરાશા
૧૫. સ્ત્રી કાણ; આર; કપડા વગેરેને અક્કડ રાખવા માટે પાવામાં આવતુ અનાજ વગેરેનું ચીકણું પાણી.
૧૬. સ્ત્રી. ગીધ. રમતમા બોલાય છે.
૧૭ સ્ત્રી બોરી.
પચ્ચ ન દેના પર હવે, હાર, નાર, તરવાર.
કવિ નાગર
૧૮. સ્ત્રી. પરાજય, પરાભવ
જે તો હવે મુજ પતિ થકી હાર પામી
દલપતરામ
૧૯. સ્ત્રી. પંક્તિ; ઓળ; એક પછી એકની આવૃત્તિ
૧૨૬ બચ્ચા મૂગળ કરડીઆ નેહે બાદી હાર
કા.હદેપ્રબંધ
૧. હાર બાડવી = હારબધ ગોઠવાઈ જવુ.
૨. હારમાં મૂકવુ = લાઈનમા મૂકવુ
૨૦ સ્ત્રી. શરીરે સુવ.ણ, અનુકૂળ તબિયત.
૨૧. સ્ત્રી. સમાનતા, બરાબરી; સરખાપણુ
આપણા હિંદ માટે રાજ્યતાની હારનુ શાસન મળવવા અક નવી ય.જના મળી કે ઠી
ગોવરધન મેવાણી
૨૨. સ્ત્રી સભાળ, દેખરેખ; ધ્યાન
૨૩. વિ લઈ જનાર

હારક ૧. [હિ.] પું (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ હીરક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમા ભગણ, સગણ, નગણ, જગણ, નગણ અને રગણ એમ અઢાર અક્ષરો હોય છે તેમા બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.
૨. પુ. એક પ્રકારનુ વિદ્યાન.
૩. પું. ચોર; ઠગ, ધુતારો.

૪. કું. ભાગ્યક; ભાગનાર અંક
૫. પું (જ્યોતિષ) શનિનો યુગ્મ.
૬. પુ. શા.ખોટક નામનું ઝાડ.
૭. પુ. હરણ કરનાર કે હરનાર પુરુષ.
૮. વિ. હરણ કરનાર; લઈ જનાર; હરનાર.

હારકતાર [સં. હાર + કતાર] જ. હારમાં ગોઠવાઈ ગયેલ હોય તેમ; હારબંધ; ઓળબંધ; હારદોર.

હારકર [હિ.] વિ. લાચાર; નિરાધાર; અશક્ત

હારજીત ૧. [હિ.] સ્ત્રી. જુગાર; સટ્ટો
૨. સ્ત્રી. હારજીતની બાજી; હાર અને જીત, જય પરાજય

> જે માણસ બહુ રમ્યો છે, તે દુનિયાની હારજીતનો વધારે સ્વસ્થતાપૂર્વ નિર્ણય કરી શકે છે — મરમાળ

હારડા (હારડા) સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

હારડી (હારડી) ૧. [સં. હાર + ડી (લઘુતાવાચક પ્રત્યય)] સ્ત્રી. નાના મણકાની પરોવેલી સેર.
૨. સ્ત્રી. મોતીની નાની માળા; મોતીની સેર.
૩. સ્ત્રી. સોનીનું ઓપ ચડાવવાનું ઓજાર. તેમાં પથ્થરનાં મોતી હોય છે.

હારડો (હારડો) ૧ [સં હાર + ડો (પ્રત્યય)] પું. ખાડતા ચણતરનો હાર, તે ઇનામદારીના તહેવાર પ્રસંગે મીઠાઈ તરીકે ભેટ આપવા માટે બનાવવામાં આવે છે
૨. પું. ફૂલની માળા.
૩. પું. મોટા મણકા કે દાણાની લાંબી માળા; મોટો હાર

હારણ ૧ સ્ત્રી. અપીરાઈ.
૨ સ્ત્રી. કાયરતા; નાસીપાસ કે હિંમત હારી ગયેલ સ્થિતિ
૩ સ્ત્રી. ખા.પક્ષાપક્ષ
૪ વિ આતુર; અધીરું; ઉતાવળું
૫ વિ કાયર, કરકણ; બીકણ.
૬. વિ મનોહર, સુંદર.
૭. વિ હારેલા મન કે સ્વભાવનું; નાસીપાસ; લાચાર

> માળક અમુક મર્યાદ સુધી પોતાના બાપમાણ ઉપર કરે છે પણ આખરે શરીરની માગણી આગળ હારણ થાય છે. — ચિનુભાઈ

હારણું ૧ [સ હ (હરવું)] વિ. હરનાર.
૨. વિ હારી જવું, નાસીપાસ થયેલું, હારણ.

હારત જ. દુઃખ

હારનોરા ૧ પું બ વ. હાર અને તોરા.
૨. પું. વ. ક. હાર પહેરાવી તોરો આપવાની ક્રિયા; માન; આદર.
હારતોરા કરવા = હારતોરા પહેરાવી આદર કરવો; સન્માન કરવું.

હારદ ૧ [સં હાર્દ] ન. ઇચ્છા; મનોભાવ; મક્સદ.
૨. ન ગુપ્તવાત; રહસ્ય; મર્મ.
૩. ન. તત્ત્વ; સારાંશ; મતલબ.

> જનક રૂપ મુનિ બસિષ્ઠ આને,
> જ્ઞાની શિરોમણિ કહાવે;
> સહજ વાતમાં આપ પરસ્પર.
> હારદ હટે ન આવે.
> — દયારામ

૪. ન હૃદય; અંતર.
૫. ન હૃદયનો ભાવ; સ્નેહ,

> હોહદ હારદ સ્નેહ હિત,
> પ્રણય રાગ અનુરાગ;
> પ્રેમ પ્રીતની રીતને,
> અણુત તે અડબાગ
> — પિંગળલઘુકોષ

હારદોર [સં હાર + દોર] જ. હારના મણકાની માફક એક એકની પાછળ; એક હારમાં; હારબંધ.

હારપ [અં હાર્પ] જ. એક જાતનું તંતુવાદ્ય. તે પાશ્ચાત્ય વાદ્યો માહેનું એક છે. આ વાદ્ય સ્વરમંડળનું અનુકરણ છે. તેની રચના તથા વાદન તે પ્રમાણેનું છે.

હારફેર જુ. ફેરફાર; અદલબદલ; અદલાબદલી.

હારફેરી જુઓ હારફેર.

હારબંધ ૧ પું ચિત્રાલંકારનો એક ભેદ.
૨. [સં. હાર + બંધ] વિ. એક હારમા આવેલું; પંક્તિબંધ; હારબંધ; હારદોર; ઓળબંધ.

હારમાળા ૧. સ્ત્રી. એકજ જાતની કોઈ વસ્તુનુ વારંવાર આવવું કે થવું તે; પરંપરા; આવૃત્તિ.
૨. સ્ત્રી ઓળ; શ્રેણિ; હાર; શ્રેણી
૩. સ્ત્રી. લખાણો કે ભાષણોનું ઉપરાઉપરી આવ્યા કરવું તે
૪ સ્ત્રી. શ્રી કૃષ્ણ ભગવાન પોતે ભક્તરાજ નરસિંહ મહેતાને રા'માંડલિકના દેદમાનામાં હાર પહેરાવી બાય છે તે પ્રસંગનું મહેતાજીનુ રચેલું આખ્યાન. સંવત ૧૫૧૨ ચૈત્રી સાતમને સોમવારને દિવસે, રા'માંડલિકના વખતમાં આ ગ્રંથ લખવામાં આવ્યો હોય એમ મનાય છે

હારમોનિયમ [અં.] જ. એ નામનુ પિયાનોને મળતું એક પાશ્ચાત્ય વાદ્ય. તેનો મૂળ શોધક ગ્રેની નામનો એક ફ્રેંચનો વતની હતો તે પછી જુદા જુદા દેશોમા તેમાં જુદા જુદા સુધારાઓ કરવામાં આવ્યા છે ખાસ કરીને ઉમેન એલેક્ઝાંડરે અને મસ્ટલે તેમાં સુધારાઓ કર્યા. તેની રચના આ પ્રમાણે છે: આ વાદ્યમાં કાષ્ટની પેટીમાં ધમણ, નાની ધમણ, વાયુવાહક નળીઓ, વાયુ પ્રમાણસર આવવાનું પાટિયું, સ્વરની પતરી જેને રિબ કહે છે તે, સ્વર ઓછાવત્તા કરવાની ચાવીઓ અને શુદ્ધ તથા કોમળ સ્વરની સફેદ તેમજ કાળી ચાવીઓ વગેરે સમાયેલું હોય છે ધમણ ફુલાવતાં તેમાંની ઉત્પન્ન થયેલો પવન, બંને બાજુએ રાખેલી નળીઓમાં જઈને નાની ધમણમાં આવી, તે પિત્તળની સ્વરની પતરીઓ, જે ત્રણ અથવા સાડાત્રણ સપ્તકના સ્વરોમાં અગણ્ય ઘાટમાં એક લાકડાના ચોકઠા પર જડેલી હોય છે, તેને અથડાય છે. આ સર્વે પતરીઓ ઉપર વાયુ અથડાય છે, કિંતુ શુદ્ધ સ્વરો માટે બહાર સફેદ ચાવીઓ રાખેલી હોય છે, અને કોમળ સ્વરો માટે કાળી ચાવીઓ હોય છે, તે મારફેની જે ચાવી દબાવવામાં આવે છે, તે ચાવીમાંથી જ માત્ર અવાજ નીકળે છે. આ ચાવીઓમાંથી વધારે વા ઓછા પ્રમાણમાં વાયુ દ્વારા નાદ ઉત્પન્ન કરવા માટે બહાર બીજી ચાવીઓ હોય છે અને તેનો સંબંધ અંદરનાં પાટિયાં સાથે હોય છે. આ ચાવીઓને બહાર ખેંચવાથી સ્વરમાં વધારે ઓજપણું આવે છે આની વાદન ક્રિયા ઘણી સરળ છે. કોઈ પણ સાધારણ સ્વરજ્ઞાનવાળો માણસ તે વગાડી શકે છે. આ વાદ્યમાં એક સ્વર વગાડ્યા પછી બીજો સ્વર વગાડતાં પહેલાં સ્વરનો ધ્વનિ બંધ થાય છે એટલે દરેક સ્વર ચૂટક લાગે છે, તેથી કેટલેક અંશે આ વાદ્ય અપૂર્ણ છે અને માધુર્ય આપતું નથી. આ વાદ્ય હિંદી સંગીતને જરા પણ અનુકૂળ નથી એમ ઘણા વિદ્વાન માણસોનું માનવું છે. તેઓનું એમ માનવું છે કે, ગળામાંથી નીકળતા સ્વર અને સૂર સાથે હારમોનિયમના સૂર અને સ્વરનો મેળ જરા પણ મળતો નથી. આવી માન્યતા ધરાવનાર ઓમાં ડૉ રવિંદ્રનાથ ટાગોર, સર રજાઅલી, ઠાકુર જયદેવસિંહ, ડો ઝકીર હુસેન, રાવ બહાદુર કૃષ્ણસ્વામી આયર, રાવબહાદુર કે રંગી. બેનરજી અને પ્રો. ગુલામહમદખાન છે. તેઓના મત પ્રમાણે હિંદી સંગીતને અનુકૂળ વાદ્ય ફક્ત સારંગી, દિલરુબા કે દોતારો જ છે કુદરતી અક્ષિસ ધરાવનાર વિદ્યાર્થીએ સંગીતમાંના તજજ્ઞ ઉપર કરવી જોઈએ મધ્યમકક્ષાના વિદ્યાર્થીઓ હારમોનિયમ દ્વારા સ્વરજ્ઞાનપ્રાપ્તિ કરી શકે. બીજાં બધાં વાદ્યો કરતાં આ વાદ્ય વધારે સહેલું છે રાગો વગાડતાં પહેલાં સ્વર અલંકાર સાધવા જોઈએ

હિંદી વાદ્યોમાં હારમોનિયમનો બહુ પેસારો થવા યોગ્ય નથી. કેમકે, તેથી હિંદી તંતુવાદ્યોને ધક્કો લાગેલો છે. હિંદુસ્તાનના દરેક ભાગમાં હારમોનિયમની વર્તાય નહિ એવી રીતે હાનિકારક અસર ફેલાઈ ગઈ છે. રંગભૂમિમાં તે અગ્ર સ્થાન લે છે, સ્થળે સ્થળે તે ઘર કરી ગયું છે, મંદિરોને ભ્રષ્ટ કરે છે અને રેડિયોમાં પણ સામાન્ય રીતે તેનું જ સંગીત સંભળાય છે. સંગીતની જીવંત કલાને તે મહાન ધક્કો પહોંચાડે છે. પોતે જ બેસૂરા અવાજ કાઢીને સંગીતજ્ઞાને હલકો પાડે છે. સૌથી આગ મધુર સ્વરને પણ સામાન્ય બનાવી દેવાની તેનામાં શક્તિ છે. તેની ચાવીઓની રચના મધુર સ્વર ઉત્પન્ન કરી શકતી નથી, જ્યારે તેના સૂરમાં ગાનાર પોતે પોતાનું સંગીત બીજાને સંભળાવવા માગતો હોય તો તેને મોંદેથી ગાવું પડે છે. તેના તીવ્ર સ્વરથી તે કંઠ બગાડે છે અને ભક્તિ સંગીત સાંભળવાને માણસના મનમાં રુચિ ઉત્પન્ન થવા દેતું નથી. થોડો વખત તે વગાડ્યા પછી બધાયની આંગળીઓ તે વગર ચલાવી શકતો નથી. એથી કરીને આપણું સંગીતની મધુરતાને તે આડખીલી રૂપ થઈ પડે છે. દુઃખની આપણા સંગીતના ઉચ્ચ આદર્શો અને ભાવનાઓને તે પોષી શકતું નથી. થોડા વખત પહેલાં પૂનાના પ્રો. અચરેકર અને ધરમપુરના મહારાજા સાહેબે ૨૨ શ્રુતિઓનું હારમોનિયમની આવતું ખોખું બનાવી હારમોનિયમની ખામી દૂર કરવા યત્ન કર્યો હતો. પરંતુ તેવા સાદુ અને સરળ સંગીત બધાને બદલે વિદેશ ચૂંથવણ ઊભી થઈ છે અને તે સહેલાઈથી વગાડી શકાતું નથી હિંદુસ્તાનમાં તંબૂરો, દિલરુબા અને સારંગી જેવાં સુંદર અને મધુર તંતુવાદ્ય છે તો પછી વિદેશી હારમોનિયમની શી જરૂર છે? બીજા દેશોમાં પણ તેનું સંગીત બહુ સારું ગણાતું નથી. રબડુ રબડુ લોકો તે બજાવે છે. કમભાગ્ય હિંદુસ્તાનમાં અત્યારે ઉસ્તાદોને પણ ત્યાંના હારમોનિયમ વગર ચાલતું નથી હારમોનિયમની આ હાનિકારક અસર સમજવાની અત્યંત ખાસ જરૂર છે.

હારલ ૧ પું (પિંગળ) એ નામે એક સમવૃત્તિ માત્રામેળ છંદ તે અવૈતા છંદનો એક ભેદ છે તેમાં ૨૬ ગુરુ, ૬૬ લઘુ મળી ૯૮ વર્ણો અને ૧૦૪ માત્રા હોય છે

૨ જી એક જાતનું પ્રા.ની

હારેલની લાંબી ... ... રીત વળગી રહેવાના ... ... પ્રાણી પોતાના પંજામાં પકડેલું લાકડીનું બટકું મરણ પર્યંત છોડતું નથી તે ઉપરથી ઉપરનો પ્રયોગ થયો છે.

૩. જી (જૈન) જૈનોની ચોરાસી માંહેની એક જ્ઞાતિ

હારવતી પુ. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેને સારસિકા છંદ પણ કહે છે તેના દરેક ચરણમાં રગણ, નગણ, બે ભગણ અને રગણ એમ પંદર અક્ષરો હોય છે

હારવું ૧. અ. ક્રિ. કંટાળવું.

૨. અ ક્રિ. કાયર થવું; થાકવું; પાછા પડવું

હારી જાવું = મમત મૂકી દેવી; વાત છોડી દેવા

૩. અ. ક્રિ. પરાજિત થવું; પરાભવ પામવું

૪ સ. ક્રિ. રમતમાં શરત તરીકે મૂકેલી વસ્તુ ગુમાવવી.

૧. હારી બેસવું = બધું હારી જવાથી નિરાશાવાળી બેસવું.

૨. હાર્યા જુગારી ભમણ રમે = જે જુગારી પોતાનું ધન ગુમાવે તે જુસ્સામાં ને જુસ્સામાં વધારે ને વધારે રમે.

હારશણગાર જુઓ હારશિંગાર

હારશિંગાર ન. એક જાતનું ફૂલઝાડ; પારિજાતક. તેના ફૂલ સફેદ ને ડાંડલી કેસરી હોય છે.

હારસિંગાર ૧. પું. હારશણગાર.

૨. ન. પારિજાતક.

હારસિંઘાર જુઓ હારસિંગાર.

હારા ૧. પું (પિંગળ) એક અક્ષરમેળ છંદ તેને હારીત પણ કહે છે. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, ગુરુ અને નુરુ એમ પાંચ અક્ષર હોય છે

૨ પુ (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૬૬ લઘુ, ૩૧ ગુરુ મળી ૧૨૮ માત્રા છે.

હારાકીરી જી જાપાનમાં આપઘાત કરવાની એક જાતની વિધિ. જાપાની માણસનું વધારે અપમાન થાય, તેને સોંપેલું કામ તેના હાથે બજાવી ન શકાય અથવા એવી જ કોઈ ભૂલચૂક તેના હાથે થઈ જાય તો તે પોતાની કટારથી શાંતિપૂર્વક આત્મહત્યા કરી લે છે. તેમાં જે માણસ પોતાના શરીરનો ભોગ આપવા માગતો હોય તે પ્રથમ પૂજન કરતો હોય તેટલીજ ... ...

હારિદ્રક સન્નિપાત પુ. એક જાતનો સન્નિપાતનો રોગ. આ સન્નિપાત તેર જાતના સન્નિપાતોમા સૌથી ભયંકર અને અસાધ્ય છે. તેને ત્રિદોષ જ્વર પણ કહે છે તેના લક્ષણો આ પ્રમાણે છે: તેમાં શરીરની ચામડી, નખ, આંખ, હાથ પગ વગેરે એકદમ કાળાં જેવાં પીળાં પડી જાય છે અને તાવ પણ સખ્ત આવે છે. મોંમાં વારંવાર ચૂક આવે છે અને ખાંસી, શ્વાસ વગેરે સાથે હેડકી પણ આવે છે

હારિદ્ર વછનાગ જી. એ નામની એક વનસ્પતિ

હારિયમંધ પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક છંદ તેના, દરેક ચરણમાં પાંચ અક્ષરનો એક અતસંમતી છંદ હોય છે

હારિયલ ન. એક લીલું પંખી; હારીત

હારિયુ ૧ ન ગરબામાં ગાવાનું પદ
૨ ન. મઢેલો ટોપલો
૩. વિ એક જ કાળમાં થઈ ગયેલ; સમકાલીન
૪. વિ એક જ હારનું, એક જ પંક્તિનુ
૫ વિ સમોવડિયુ; બરોબરિયુ; સરખુ, સમાન
૬ વિ મઢેલુ, સજ્યુ

હારી ૧ પું (પિંગળ) એક અક્ષરમેળ છંદ તે પાંચ અક્ષરનો બનેલો છે અને સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેને હારીત પણ કહે છે તેના દરેક ચરણમાં તગણ, ગુરુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે
૨. પુ ખેતી માટે રાખેલો મદદનીશ માણસ; ખેડૂત પાસેથી લીંબડા નાખ્યાં માટે તેને ત્યાં મજૂરીએ જનારા મનુષ્ય; સાથી
૩. જી એ નામની રજપૂતની એક જાત
૪. ન. મોતી.
૫. વિ. સુંદર; મનોહર
૬. [સં હારિન્] વિ. હરનાર; દૂર કરનારા. તે સમાસને છેડે આવે છે. જેમકે, દુઃખહારી.
૭. વિ. હારવાળુ

હારીઆવારીઆ ન બ વ ભાજિયાં; રોપકૂટવું તે.

હારીત ૧. પું એ નામનો એક વૈદક ગ્રથકાર
૨. પુ. (પિંગળ) એ નામનો પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને લોલ, હારી, અહારી, ગહારા, હારીતબધા અને હારીઆ પણ કહે છે તેના દરેક ચરણમાં તગણ, ગુરુ અને ગુરુ એમ પાંચ અક્ષરો હોય છે આ છંદ 'સુપ્રતિષ્ઠા છંદ' નો એક ભેદ છે
૩. પું (પુરાણ) એ નામે આંગિરસ કુળમાં ઉત્પન્ન એક સ્મૃતિકાર ઋષિ. તેણે ધર્મશાસ્ત્ર રચ્યુ છે
૪ પુ. કપટી માણસ; ઠગ.
૫. પુ (પુરાણ) સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુલોત્પન્ન માંધાતા રાજાનો પ્રપૌત્ર, અંબરીષ રાજાનો પૌત્ર અને યૌવનાશ્વ રાજાનો પુત્ર
૬. જી. એ નામના ઋષિએ બનાવેલ સ્મૃતિ, હારીતકી સ્મૃતિ.
૭ જી એના
૮. જી. હારિવલ્લ નામનું પક્ષી

હારીતકીસ્મૃતિ જી અઢાર સ્મૃતિમાંની એક સ્મૃતિ.

હારીનગીતા જી. મહાભારતના શાંતિપર્વમાં આવતા એક પ્રકરણનું નામ.

હારીલ [સ હરિત્ર] ન. હારિયલ; એક હરીલુ પંખી એ પંખી વિષે એમ કહેવાય છે કે, જ્યારે આ પંખીનુ બચ્ચું જન્મે ત્યારે તેની આંખ નીકળે છે ત્યારે તે મા બાપ પાસે જઈને કહે છે કે તમારી આંખ લઈને મારા બચ્ચાને આંખો પાછી આપો. પણ તેઓ તેમ કરવાની ના પાડે છે અને બચ્ચુ આંધળું જ રહે છે

હારુ વિ કરનાર એ અર્થનો કર્તૃવાચક પ્રત્યય. જેમકે રાખણહારુ

હારૂડા (હારડા) પુ. ખોડાની એક જાતનું નામ. હોલા, હારેડા, હારૂડા, રબડા, સારવા, રોટલાયા, સૂતરા

હારૂન ૧. પુ ખોડાનો એક રોગ
૨ વિ મેલુ ન ખપે

હારૂન અલ રશીદ પુ [સં] બગદાદનો પાંચમો ખલીફ કે જે પોતાના અજાયબ કર્યો માટે પેગમ્બરથી બાપીરામો પુરુષ હતો તે મુખ્યત્વેકરી બગદાદમાં નગરચર્યા જોવા નીકળતો હતો. તે ઘણો ઉદાર અને દાનશૂરપક્ષ હતો.

હારે ૧. અ બંડે, સાથે
૨. અ. તુલનામા, સરખામણીમાં.
૩ અ હારબંધ.

હારેલું (હારેડું) ૧. વિ અડદ; હરીલું; જાડી.
૨. વિ તાકેલી; મરતીયો
૩. વિ. રોરો કરનારુ; રોતાં આવે નહિ એવુ; રોતલ

હારો ૧. પુ એક જાતનું દાણાનું માપ; છ મણનુ વજન.
ડોકને કપ અને હાથીને હારો હાકોક્તિ
૨ પું. ઝાપાનું મોટલુ કે ઓડકુ

હારોડી (હારોડો) જી. હાર; ઓળ.

હારોહાર જુઓ હારોદોર.

હાર્ટ ૧. પું સમલો
૨. [અં.] ન. હૃદય; રહસ્યસ્થ.
૩. ન. ભાવાર્થ; મર્મ

હાર્ડવેર [અં] પું લોઢા વગેરે ધાતુનો સામાન કે ઓજાર

હાર્દ ૧ ન અંતર, હૃદય
સૌજન્યનું જ એ હાર્દ, આર્યાવર્તની સસ્કૃતિ. ન.મીગીતા
૨. [સ] ન મતલબ; તાત્પર્ય, સરવાળે; ભાવાર્થ
૩. ન મનોભાવ
૪ ન મુદ્દો, આશય; હેતુ
૫ ન. સ્નેહ; પ્રેમ
૬ વિ હૃદયનુ; હૃદયમાં જળાયેલ

હાર્દજ્ઞ [સં હાર્દ (રહસ્ય)+જ્ઞ (જાણનાર)] વિ રહસ્ય જાણનાર
નિત્યાનંદ સ્વામી હૃદય સંપ્રદાયના સારા હાર્દજ્ઞ તરીકે પ્રસિદ્ધ છે. ગુ. સા. પરિષદ

હાર્દાકારા [સ.] ન. અંતરે રૂપી આકાર; હૃદયના આકાર
એ આજના પ્રકાશવાળા હૃદય કમલમા હાર્દાકારા છે, તેમા આજે રહેલા હંસ જેમ જણાય છે આનંદી ન.મહત

હાર્દિક [સં] વિ. અંતઃકરણપૂર્વકનુ; હૃદયનુ, ખરા અંતરનુ
અમેરિકા જાતનાત પ્રત્યેની મારી વફાદારી હાર્દિક હતી. ન.મીજ

હાર્ફ પુ ઓબ્સિસીનીઆનો એક ચલણી સિક્કો
૨૩ હાર્ફ = ૧ ડોલર
૧ હાર્ફ = ૨ ½ પેન્સ

હાર્બર [અં.] ન. બંદર; બારુ

હાર્મોનિયમ [અં.] ન. એક વિદેશી વાદ્ય. જુઓ હારમોનિયમ

હાર્ય ૧. જી. ઉમગ; ખુશાલી
૨. જી. સારો ભાવ; ભલમનસાઈ; સારપ
૩. [સં.] વિ. હરણ કરવા લાયક; લઈ જવા યોગ્ય

હાર્વિ પુ. શરીરમાં લોહી ફરે છે એ હકીકતની શોધ કરનાર એક પ્રસિદ્ધ ડોક્ટર

હાર્વેસ્ટ [અં.] જી. અનાજને લગતું કરવાની ઋતુ, ખરું તે ઋતુના માનમાં ઉત્સવો પણ કરવામાં આવે છે જેના પ્રાચીન કાળથી આવ્યા આવતા રિવાજ પ્રમાણે ગ્રીક લોકોની દેવી 'ડિમિટર' અને તેની પુત્રી પર્સફિનનુ પૂજન કરવામાં આવે છે તેને વૃદ્ધ માતા અને કુવરકા તરીકે હજુ પણ માન અપાય છે. કેટલાક ખેડુ લોકોના રસોડામાં પણ પાકની એક મોસમથી બીજી મોસમ સુધી તેના માનમાં ઓડની ડાળીઓ લટકાવવામાં આવે છે

હાર્વેસ્ટ મૂન [અં] પું. શરદ સંપાત વખતની પૂર્ણિમાનો ચંદ્ર. તે સમયે ચંદ્ર ક્ષિતિજ ઉપર ઓછો હોય છે. અને રાત્રિએ ચંદ્રનું તેજ વધારે

જાય છે, તેમજ રાત્રિને ભાગે વખત સુધી ચંદ્રનાં તેજ પથરાય છે. પાકની ઋતુ માટે આ ચંદ્ર ખૂબ અનુકૂળ છે ઓકટોબરમાં ચંદ્ર બરાબર પ્રકાશે છે તેને 'શિકારીનો ચંદ્ર' કહે છે હિંદુસ્તાનમાં શરદપૂર્ણિમાના ચંદ્રને આ ચંદ્ર મળતો આવે છે અને તેનો ઉત્સવ પણ શરદપૂર્ણિમાના ઉત્સવને મળતો આવે છે.

હાલ ૧ પું અવસ્થા; દશા; સ્થિતિ; હાલત.
હાલ જાય હવાલ જાય, બદેકા ખયાલ ન જાય = વાંદરો સો વરસનો થાય પણ ઠેક ન ચૂકે; ઘરડો થાય પણ ચસકો જાય નહિ
૨. પું આપદા; મુસ્કેલી
૩ પું ક્રાંતનો એક ભાગ
૪ પુ. ગાડપણ
૫. પુ. ચાલુ વખત.
૬. પું. દુર્દશા; ખરાબ હાલત; અવદશા.
૭. પુ. બળારામ
૮. પુ ઘર્ષણ.
૯. પુ. શ્રીકૃષ્ણવાહનનું એક નામ
૧૦. પુ. રાગ
૧૧ સ્ત્રી. એક જાતનું પાન; કપોદ.
૧૨. સ્ત્રી ચાલવાની ઢબ; ચાલ
૧૩. સ્ત્રી. ધિક્કાર.
૧૪ સ્ત્રી નદી કાંઠા ઉપર નીચી જમીન.
૧૫ સ્ત્રી. જોર; બીનઆ.
૧૬ સ્ત્રી. વણકરનું એક ઓજાર.
૧૭ ન ખટલાની ઊંચ કે ઉંચળ.નો ઊભડાનો ભાગ
૧૮ ન. ઘાસનો એક ભારો; હાલું; ભેલું; કરબનો એક ભાગ
૧૯ અ. હમણાં; અત્યારે; તત્કાળ

હાલઅમલેવાલ પું. સમાચાર; વર્તમાન; હકીકત.

હાલક ૧ પું (પિંગળ) એક જાતનો છંદ. તેમાં ચૌદ માત્રા અને ચાર તાલ હોય છે
ભમ ભમ કાળ ગુરુ અંતે,
હાલક છંદ કહો સંતે પિંગળ
૨ [સં] પું. પીંજારા પકડતા રૂનો પોડો

હાલકડોલક ૧. વિ. અસ્થિર; અસ્તવ્યસ્ત, ઠેકાણે ન હોય તેવું
૨ વિ ઊંચું નીચું, આમતેમ, આડું અવળું
૩ અ. હાલવા અને ડોલવાની સ્થિતિમા.

હાલકઠોળ વિ અસ્થિર

હાલકલોલ ૧. વિ અસ્થિર; ડામાડોળ.
૨ વિ અણઢળી ઊંઘ
૩. અ ઊથલપાથલ સ્થિતિમાં

હાલકકુલક ૧. ન. અવ્યવસ્થા; ગોટાળો; ગરબડ.
૨ ન. ઝબરાટ; ખળભળાટ.
હાલકકુલક બહુ થયુ હિવ જણ હાહાકાર.
સ.મણ
૩ ન. લડાઈ; તોફાન
૪ વિ. અસ્થિર; અશાંત.
૫ વિ. તોફાની
૬ વિ હાલતું ચાલતું; ઝબરાટ, ઊછળતુ

હાલકલોલ ન ઝબરામબૂ, મુઝાવુ તે

હાલકલોલક ન. ઝબરાટ; ખળભળાટ; અશાંતિ
સાગર સુખ ન હોય, રાત દિવસ હિલોરતો,
હાલકલોલક હોય, હેરે અમારા કે સખે.
અંજદવિહિ

હાલકી સ્ત્રી. પીળા, લીલા કે માજરા રંગની ખોડી

હાલઘડી (હાલઘડી) અ. હમણાં જ; અત્યારે જ.

હાલચાલ ૧. સ્ત્રી. કામકાજ; પ્રવૃત્તિ; કાર્યશીલતા.
૨. સ્ત્રી. ગતિ; હલનચલન; ફરફર.
૩. સ્ત્રી. રીતભાત; આચરણભાત.

હાલડી (હાલડી) ૧. સ્ત્રી. અત્યાચારની ઘડી
૨. સ્ત્રી. રાતડી
ઊગ્યો સોય કાનો ચંદ ।
હાલડી રજિયામણી રે હોય.
નરસિંહ

હાલઠોલ વિ. હાલકડોલક

હાલત ૧ [અ.] સ્ત્રી. અવસ્થા, સ્થિતિ; હાલ; દશા
૨. સ્ત્રી. રેવ.
૩ સ્ત્રી પ્રસંગ
૪ સ્ત્રી. મોભો; દરજ્જો; પદવી
૫ ન. હાલવું તે; ચાલવું તે.

હાલબગાડી સ્ત્રી. ચાલબગાડી; હાયબગાડી.

હાલબચાલબ ૧ ન. આંટોફેરો.
૨ વિ સ્ત્રી આંટોફેરો કરવાવાળા

હાલબ્ઠોલબ ૧. વિ. અસ્થિર; ચલાયમાન.
૨. વિ શકવાળુ; શંકાશીલ.

હાલબુમાસ પુ. ખાન જાતરે જવાની ઉનાળાની ઋતુ

હાલબ્યા પું. પગ; ગુડા.

હાલતલ વિ. હાલનાર; ચાલનાર. છો તલ પ્રત્યયવાળા શબ્દો ખાસ કરી ચારણી ભાષાના છે જેમકે, મારતલ, જાણતલ.

હાલતાં ચાલતાં અ. હરવખત; બારેઘડીએ.

હાલદરાજ પું એક જાતની માછલી, આ.બાજીઓ; ' હાલડાઇ '.

હાલનચાલન ન. હાલવું ચાલવું તે

હાલનહોલન [વિ.] પું ધરતીકંપ

હાલબેહાલ વિ દુર્દશાને પામેલું; હેરાન થઈ ગયેલુ.

હાલબ્ઠોલ વિ ડોલતું, અસ્થિર, ચલાયમાન

હાલબ્ઠોલબ ન. ડગમગવું તે; હાલવુ અને ડોલવુ તે.

હાલબ્ઠોલા વિ. બધુ આમતેમ ચારે બાજુએ હાલે તેવુ

હાલરડું (હાલરડુ) ૧. ન. ટોળુ; સમુદાય; હાલક.
૨. ન. બાળકને ઝુલાવતાં ગવાતું હાલકુ ગીત.
બારસર તેડાવું બાપ દોબવા રે હોય,
કોકિલ હાલરડાં બોલાવને. ચંદ્રભાવ

હાલરહુલર ૧ ન ન ન. બાળકને રમાડવા માટે ઘોડિયામાં લાંબેય કોડીનાં ઝૂમખાં ઇત્યાદિ.
૨. વિ. ઝૂલતુ

હાલરું ૧. ન. કપડાંમાંથી કપડું છૂટા પાડવાને તે ઉપર બળાયાં બળદો ફેરવવા તે; ખરર.
૨. ન. ટોળુ; સમુદાય; જૂથ
૩ ન. બાળકને નજર ન લાગે તે માટે પીડા ન થાય એવી ચીબેની બનાવેલ તાંત્રિક માળા; બાળરક્ષાસૂત્ર.
૪ ન. વધારો.
૫. ન. હાલરડું.

હાલવખત પું. હાલનો વખત.
તારે વારા અર્થનું હાલવખત જે હોય.
સાપતસમ

હાલવું ૧. અ ક્રિ. ખસવું.
૨. અ ક્રિ. ગતિમાન થવુ; ખૂજવું; ઝગવું.
૩. અ ક્રિ. ચાલવુ; પ્રયાણ કરવુ.
૧. હાલ ઘોડી હામા પર = ઘોડતાં ચાલતાં એક જ બાબત ઉપર આવવુ તે; હાલી ચાલીને એક જ વસ્તુએ વળગવું તે.
૨. હાલી મળવું = (૧) ખૂબ પ્રમાણમાં થવુ કે નીકળવું. (૨) નકામા કે નહિ જેવા કામ માટે બેમર્યાદ રીતે વર્તવુ

હાલવુંચાલવું અ ક્રિ. ફેરફેર કરવી; હલનચલન કરવુ.

હાલહકીકત સ્ત્રી. દુર્દશા; બરાબી; પાયમાલી.

હાલહવાલ ૧ પું. અધિકારી આજ્ઞા રજૂ કરેલું વિગતવાર વર્ણન; કેફિયત
૨ પું. દુર્દશા, બરાબી; પાયમાલી

૩. પું. દેખાવ; ડોળ; ઢંગ
૪ વિ. બેદાનબેદાન; પામમાલ
૫. વિ. દુખી; હેરાન; બેહાલ.
૬ વિ ખટા વગરનું; ઢમ વગરનું.

હાલા ૧ સ્ત્રી. મદ્ય; દારૂ; તાડીનો રસ
સીધુ રસના બુદ્ધિહા હાલા સિધુ પ્રસૂતિ.
મદ પીધા સમ મદભરી બહુ બકત ઘ હતી.
પિંગલબધુકોષ
૨. [અ.] ન ચંદ્ર કે સૂર્યનું બિંબ.
૩ ન. બાળકને હીંચોળતી વખતે ગવાતું ગીત; હાલરડું.

હાલાઈ ૧ સ્ત્રી લોહાણા, ભાટિયા કે મુસલમાનની એ નામની એક જાત
૨. ન. એ નામની જાતનું માણસ
૩. વિ. એ નામની જાતનું.
૪ વિ હાલારનું

હાલાકી સ્ત્રી. હાડમારી; મુશ્કેલી; હેરાનગતિ.

હાલાઝોલા ૧. પું. ધરતીકંપ.
૨. [હિ.] પું ધ્રુજારી; ધડકો.
૩. પું. હાલડોલકપણું.

હાલાણી ૧ સ્ત્રી. એ નામની એક અટક.
૨ ન. એ નામની અટકનું માણસ
૩. વિ. એ નામની અટકનું

હાલાર પું. સૌરાષ્ટ્રનો એ નામનો એક વિભાગ. કચ્છના જામ હાલા (ઈ. સ. ૧૫૪૫) નામના સર્વથી પહેલા જાડેજા રજપૂત સરદારના નામ ઉપરથી હાલાર શબ્દનું અવતરણ થયું છે. જામ હાલાએ જે પ્રદેશ ઉપર અમલ સ્થાપ્યો તે પ્રદેશનું નામ મૂળે હાલાર છે.

હાલારી ૧. સ્ત્રી કચ્છમાંની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ એ નામની અટકનું.
૪ વિ. હાલારમાં રહેવું.વાળું
૫. વિ હાલાર સમયનું; હાલારનું કે હાલારને લગતું.

હાલારીસંવત પું. હાલાર પ્રાંતમાં ચાલતો સંવત.

હાલાલીલું વિ. લીલુંછમ કે; અર્ધ સૂકું; આલાલીલું

હાલાહલ ૧ પું (પુરાણ) શિવ અને વિષ્ણુ બનેએ મળીને માંડ્યો એ નામનો એક દૈત્ય.
૨. ન. એક જાતનો જબરો
૩. ન. સમુદ્રમંથન કરતા નીકળેલ એ નામનું ઘણું કાતિલ ઝેર, હળાહળ. પુરાણમાં એને વિષે જુદા જુદા છે કે એ નીકળ્યું ને વખતે દેવો અને અસુરોને ભય અને મહા ફિકર થઈ કે એને કોણ પીશે પછી બ્રહ્મા અને વિષ્ણુને આજ્ઞા કરી બધા શિવની પાસે ગયા અને તેમની સ્તુતિ કરી. ઊભા વેગવાળા અને અસહ્ય ઝેરવાળા એ ઝેરને સઘળા દિશામાં ઉપર નીચે ફેલાતું જોઈ ને જગ પામેલી પૃથ્વીની સઘળી પ્રજા લોકપાળ સહિત શિવને શરણે ગઈ. તેમની સ્તુતિથી પ્રસન્ન થઈ ને, સદાશિવ પાર્વતીની રજા લઈ આરે તરફ ફેલાયેલા ઝેરને પોતાની હથેળીમાં લઈ ને પીઈ ગયા. ઝેરની અસરથી મહાદેવના કંઠમા શ્યામતા વ્યાપી રહી અને પોતે નીલકંઠ થઈ ગયા. બધી પ્રજાઓ, દેવો, બ્રહ્મા, વિષ્ણુ અને સતી પાર્વતીજીએ તેના વખાણ કર્યા સદાશિવે ઝેરનું પાન કરતાં ઝેરના જે છાંટા પડી ગયેલા તેને વીંછી, સર્પ, ઝેરી ઔષધિ અને ભીનાં ઝેરી પ્રાણીઓએ લઈ લીધું.
૪ ન. તાન; સાવ; નરદમ.

હાલા ૧. ન. જ વ. હાલરડા.
૨. ન. હમણાં.

હાલાં કિ [પ્રા.] ન. જોકે પણ.પિ.

હાલિક ૧. પું. ખેડૂત.
૨. પું બળદેવ. તેનું આયુધ હળ છે.
૩. પું. હળ વડે ખેડનાર બળદ.
૪. વિ. હળથી યુદ્ધ કરનાર.

હાલી ૧. પુ એ નામનો હિંદી ભાષાનો એક કવિ.
૨ પું ખેડૂતને ત્યા ગુલામ જેવી દશામા રહી કામ કરતો મજૂર; હાળી
૩. સ્ત્રી. નિકામ રાત્રનું એક જાતનું નાનું. તાં હલકાર અને હાલી એમ બે પ્રકારનાં નાનુ ચાલતાં.
૪ સ્ત્રી બાળકને સુવડાવવાની નાની ઝોળી; ખોયુ
૫. વિ. લહેરી; શોખીન.
૬ વિ સ પ્રત, હાલનુ

હાલીમોરી સ્ત્રી. બાળકને ઝોળીમાં નાખી ઉંઘાડતાં ગવાતું ગીત; હાલરડું

હાલીહળા વિ. મોટું; જબરું; ભારે.
હાલીહળા હેરના, વાચક આખાં વાચના
ત્રિકમજી

હાલીમ ૧. સ્ત્રી એક જાતની વનસ્પતિ એનું શાક ખાવું સુંદર થાય છે. તે ક્ષારવાળી જમીનમાં સારી રીતે ઊગે છે. એક વાર આવ્યા પછી ને કાપ્યા વખત આવે છે એટલે વારંવાર વાવવાની જરૂર પડતી નથી. સાધારણ રીતે તે કાપ્યા કે ખોખામાં વવાય છે નેને વાવવાની ઋતુ ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર સુધી છે. તેને જમીન ખૂબ જ ફળદ્રુપ જોઈએ છીએ. બિયાં ઉપર પાતળી વખતે જેમ અને તેમ ઓછી મોટી નાખવામાં આવે છે
૨. વિ. નીરસ
૩. વિ પ્રેમ વગરનુ

હાલીમચાલી ૧ પુ નોકરચાકર, અનુચર વગ.
૨ પુ હલકા દરજ્જાનો માણસ. બદમાશ, હરામખોર.
૩ વિ ઊંચનીચ, ધનાઢ્ય કંગાળ.
૪. વિ નાનાં મોટાં તમામ
૫. વિ સબંધ નહિ ઘર વનુ, જેને લાગતું વળગતું ન હોય તેવુ

હાલો ૧. પું. ખોયું; પારણું.
૨. પું બાળકને ઝુલાવતાં ગવાતુ ગીત; હાલરડું.
૩. સ્ત્રી. બાળકને હીંચોવતી વખતે બોલાતો ઉદ્ગાર.

હાલોચવાલોચ સ્ત્રી પેટમા ચૂંક વ ને, આકોળી; લોચના; અકળામણ.

હાલોડોલો ૧ પુ થોડું ઘણું કામકાજ કરવુ તે; ટેકટપોરો.
૨. પું કરવુ કરવું તે

હાલોહાલ અ તત્કાળ; તાબડતોબ

હાલ્લાદ પુ (જૂ ગુ) ઉલ્લાસ, આનંદ; આહ્લાદ.
બાલ કરવા બેસે ક્યોં, બાલું. મન હાલ્લાદ.
સામળ

હાલ્લું ન. હાલકું, માટીનું એક વાસણ.

હાવ ૧. પુ. આહ્વાન, આમંત્રણ; બોલાવવુ તે.
૨. પુ. ઇચ્છા, આશા.
૩ [સ] પુ પ્રસંગનો કામઉદ્દીપન કરે તેવી એની શૃંગારયુક્ત ચેષ્ટા ત્રિકલ, કિંચિત વિભ્રમ, લલિત, હેલા, લીલા, વિકૃતિ, કુતુમિતિ, મદ, તપન, બોધક, હાવ, મોટ્ટાયિત, વિબ્બોક, વિલાસ અને વિચ્છેપક એમ કોની સોળ શૃંગારયુક્ત ચેષ્ટા ગણવામા આવી છે અમુક કાવ્ય મત પ્રમાણે તેના અગિયાર ભેદ છે: (૧) લીલા, (૨) વિલાસ, (૩) વિચ્છિત, (૪) વિભ્રમ, (૫) કિલકિંચિત, (૬) મોટ્ટાયિત (૭) વિબ્બોક, (૮) વિકૃત, (૯) કુટુમિત, (૧૦) લલિત અને (૧૧) હેલા. અન્ય મત અનુસાર ફક્ત દસ જ હાવ ગણવામાં આવ્યા છે: (૧) બોધક, (૨) મોટ્ટાયિત, (૩) કલિત (૪) મદ, (૫) તપન, (૬) વિક્ષેપ (૭) ચકિત, (૮) હેલા (૯) કુતૂહલ અને (૧૦) ઉદ્દીપન
૪ પુ અવપૂર્વકની આકર્ષક ચેષ્ટા, મુખ, ભ્રૂ, નેત્ર આદિના વિકાર.
૫. પું. હવસ; લોભ

હાવન ૧ પુ. (જ્યોતી) મસાલાથી ભપોર મૂર્તિનો વખત, દિવસના પાંચ ગાઢ માંહેનો એક ભાગ તે ભાગમાં હવોમ છોડની ડાળીઓ બાળવામાં આવે છે.

૨ પું (જ્યોતી) હવોમ છોડની ડાળીઓ બાંધવાનું વાસણ.

૩ પુ ૯.૫

હાવનનાહ પુ સપા.૨

હાવનાન પું. (જ્યોતી) હવોમ ક્રિયા કરનાર ધર્મગુરુ; પ્રઓતરનો મદદનીશ ધર્મગુરુ. તેનું મુખ્ય કામ હાવનગાહ એટલે સવારના ભાગના હવોમની ડાળીને બાકડીમાં બાંધવાનું અને હવોમ ક્રિયાને લગતું બધું જરૂરી કામકાજ કરવાનું હોય છે.

હાવભાય ૧ પુ અનેક પ્રકારના ભાવ.

૨ પુ આદરમાન; સન્માન.

૩ પુ કામને ઉત્પન્ન કરે તેવી શૃંગારયુક્ત ચેષ્ટા; નખરા.

હાવભાવ અતિ કટાક્ષ કરે પણ મુખ આગળ ન કરી
વલ્લભ

૪ પું મુ, નેત્ર, મુખ આદિનો અભિનય.

૫. પુ. મનની ઇચ્છા.

૬. પું. સમજ્યા વગરની પુરુષની ચેષ્ટા.

હાવર ૧. સ્ત્રી ઘોડાની હણહણાટી

૨. સ્ત્રી. ભરતનો એક રાગ.

૩ સ્ત્રી. સિંહનો અવાજ.

હાવરી સ્ત્રી કૂવાનું પાણી ખેતરમાં લઈ જનારી નીકો સારી વહેતી સ્થિતિમાં રાખવા સારુ, મોટા પત્થરનું જેવું ભાર લઈ ફેરવવાનું સાધન.

હાવરું ૧. વિ. અસતોષી; અતિ લોભી.

૨. વિ. બે ઉપરું.

૩ વિ ગભરાયેલું, ભયભરું

હાવરુંબાવરું વિ ગભરાયેલ; મુંઝાયેલ.

હવરબવર થવું જવું = (૧) ગભરાવું; મુંઝાવું (૨) ભાન ભૂલી જવું.

હાવરો ૧ પુ આવરો; આવકનો ચોપડો.

૨ પુ. આવાની હલતા; તાવ ગયા પછી ઊભરતી ભૂખ

૩ પુ રોજમેળ ઉપરથી કાઢેલી બતાવાર આવકજાવકની નોંધ કે તેને લગતો ચોપડો

હાવલાં ન. બ. વ. નિષ્ફળ પ્રયત્ન; ફાંફા

હાવળ ૧. સ્ત્રી ઘોડાનો હણહણાટ.

૨. સ્ત્રી. બાયકો ભરવા તે

૩ બા. ભૂખ, ૨.૬, ગંસ

હાવળિયો પું. ઘોડા.

એને આવ્યો ઊભો આવળીઓ.
અને દીકરી જન્મતાં હાવળિયો
લોકગીત

હાવાં અ. હવે; હમણાં

હાવા તો હરિને ભજે રે મન. દયારામ

હાવુ [સ.] પું સામવેદના અમુક મંત્રો. તે ધીમા સ્વરથી બોલાય છે

હાવું ૧. સ અ ક્રિ. ઝાલવું.

૨. સ અ હવે.

શાહેય કહે પરીક્ષિત સાણો હાવું રે
પ્રાકૃતકાવ્ય

હાવે અ હવે.

હાવે આજ કેમ થયું વિપરીતને,
મુખે લાગે કાળો રંગ રે
પ્રેમાનંદ

હાવોઠ (હાવોડ) સ. ગળાની અંદરનું એ નામનું હ.૬૬

એનું મૂળ ગળાની અંદરના હાવોઠ નામના અવયવ સાથે સંબંધ ધરાવે છે. વિજ્ઞાન વિલાસ

હાશ ૧ સ્ત્રી. નિરાંત.

પળ બાર છે કરવો સમાસ,
તોયે મન ન કરે કરી હાશ.
સરસ્વતીચંદ્ર

૨. અ. કાર્યની પરિપૂર્ણતાથી થતી નિરાંતનો ઉદ્‌ગાર; સંતોષનો ઉદ્‌ગાર.

મોટે ના ના ને પેટમાં હાશ = બહારથી અને અંતરથી ભિન્ન ભિન્ન ભાવ બતાવવો તે.

હાશકુશ અ. જરા પણ નિરાંત વિનાનું; ઉતાવળે

હાશા પું. હોંશુમાં થતો એક જાતનો છોડ. તેનાં ફળ બોર જેવડાં હોય છે. એનાં પાન મોર આગળ પહોળાં અને લાંબાં હોય છે. તેના મૂળમાં પીળો રંગ હોય છે તેનાથી ચકો રંગાય છે. તેને હરીપાદડી પણ કહે છે

હાશીઆ પું. (વહાણવટું) ભાડે.

હાસ ૧ પુ. નાશ; હ્રાસ.

થાય પુરુષ કેરો હાસ. પ્રેમાનંદ

૨ પુ. (કાવ્ય) સ્થાયીભાવના આઠ માંહેનો એક પ્રકાર. જોનારને કૌતુક ઊપજે એ પ્રકારે વચન અને વેષમાં કોઈ વિચિત્રતા કે અણધું કરતા મન પ્રફુલ્લ થઈ ને જે હસવું ઊપજે છે તને હાસ કહે છે. એ હાસના આઠ ભેદ છે: સ્મિત, હસિત, વિહસિત, અપહાસ, અતિહાસ, આક્ષુબ્ધિત, હસન

રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય આ આઠ સ્થાયીભાવો છે.
કૌમુદી

૩. સ્ત્રી. નિસાસો.

૪. સ્ત્રી મશ્કરી; ઠઠ્ઠો

હાસ્ય થકી બહુ હાનુ. સામળ

૫. ન પ્રફુલ્લતા; વિકાસ; ખીલવું તે.

૬. ન વિનોદ વચન.

૭. ન. હસવું તે; હાસ્ય

હાસરણું ન. ત.ળુ

હાસરોટ પુ જોં બધાઈ રહ્યા પછી મજવાનો ઘાટ કાઢેલો પાણો.

હાસવું ૧ અ ક્રિ. આનંદિત થવું

૨ અ ક્રિ. શોભવું; દીપવું.

૩. અ. ક્રિ. હસવું

કું હાસલે ગુજ અહોર્નિશ હારય.
નાનાલાલ

હાસવૃત્તિ સ્ત્રી હાસ્યવૃત્તિ.

હાસકુસ ૧ સ્ત્રી હાયવોય; કકળાટ

૨. અ. બિલાડી વગેરેને દૂર કરવા માટે કરવામાં આવતો અવાજ.

પ્રથમ તો બધાએ કોઈ બિલાડી હશે એમ ધીમે ઉદ્દેથી હાસકુસ કર્યા કીધું.
દીવાનજી

હાસા ૧. સ્ત્રી. હપ્પન મ.હેની એ નામની એક દિક્કુમારિકા.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) હાસી; મશ્કરી

હાસિકા ૧. પું. (પિંગળ) એ નામે એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પાંચ અક્ષરનો હોય છે. તેના દરેક ચરણમાં ભગણ, ભગુ અને ગુરુ એમ પાંચ વર્ણ હોય છે.

૨ સ્ત્રી. હસવું તે; હાસ્ય

હાસિલ ૧. [અ. હસલ (તેણે મેળવ્યું)]

પુ. ઉદય; આશય; હેતુ

૨. પું. ઊપજ; જમીનની નીપજ કે પેદાશ.

૩. પુ. દાણ; કરવેરો

૪. પુ. ફાયદો; લાભ; નફો

૫. વિ. મેળવેલું; પ્રાપ્ત કરેલું

તેમણે સુયોગ્ય કરાવવા પણ ઘણી કોશિશ કરી પણ તેમાં કામયાબી હાસિલ ન થઈ
નવલરામ

હાસિલ કરવું = (૧) કમાવું. (૨) પ્રાપ્ત કરવું; મેળવવું (૩) શીખવું

હાસ્તો અ. જરૂર; લાજતો 'હાજતો' એ વાક્યમાં ઝડપથી બોલવાને કારણે 'હાસ્તો' રૂપ રૂઢ થઈ ગયું છે. તેમાં 'જ' નો 'સ' થવાનું કારણ 'જ' નો પ્રાકૃત ઉચ્ચાર છે. સંસ્કૃત ઉચ્ચાર હોય તો કેટલાક 'હાય તો' જેવું કહે છે તે રૂપ જ રહેત.

હાસ્ય ૧. [સં] પું. નવ માહેનો એક રસ. હાસ્યની પરિપુષ્ટતાને હાસ્ય રસ કહે છે. એનો વર્ણ શ્વેત, દેવતા પ્રમથ, અનુપયુક્ત વચન તથા રૂપ,ક્રિયા આલંબન અને ઉદ્દીપન તથા મુખ વિકાસાદિ અનુભાવ છે. તેના મદ, મધ્યમ અને અતિ એમ ત્રણ ભેદ છે.

સામાન્ય રીતે કટાક્ષ (Satire) મર્મહાસ્ય (Wit) અને હાસ્ય (Humour) એ હાસ્યરસના સાધનો છે એમ આપણે માનીએ છીએ. કિશોરલાલ મશરુવાળા

૨ ન (જૈન) અઢાર માહેનુ એક કુપ્ય

૩ ન વિકૃત વેષ, વિકૃત વાણી, વિકૃત ચેષ્ટા, વગેરે જાવાથી દાંત દેખાય તેવા રીતે હસવું ત. ઠઠ્ઠા મશ્કરી

૪. ન હાસ; હસવું તે; સ્મિત.

હાસ્ય માત્ર વિકાસ, રોવું તે બધાઈ છે. ચિત્તની ખિલતા કિંતુ રે રે લા જ સમાઈ છે
કાપી

હાસ્યકારક [સં હાસ્ય (હસવું) + કારક (કરનાર)] વિ. હાસ્ય ઉત્પન્ન કરે તેવું, હસાવે એવું.

હાસ્યચિત્ર [સં. હાસ્ય (હસવું) + ચિત્ર] ન. ટોળ કરવા દોરેલું હાસ્યજનક ચિત્ર.; 'કેરિકેચર'.

હાસ્યજનક [સં. હાસ્ય (હસવું) + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. હાસ્ય ઉપજાવે એવું, હાસ્યકારક

હાસ્યદોષ [સં. હાસ્ય (હસવું) + દોષ, પું (જૈન) વચનના દશમાંનો એક દોષ

સામાયિકમાં કોઈની હાસી મશ્કરી કરવાથી લાગતો **હાસ્યદોષ** શ્રીમદ્ રાજચંદ્ર

હાસ્યનાટક [સં. હાસ્ય (હસવું) + નાટક] ન. હાસ્યરસ પ્રધાન નાટક; પ્રહસન; 'કોમેડિ'.

હાસ્યપ્રત્યાખ્યાન ન. (જૈન) હાસ્યનો ત્યાગ.

સત્યવ્રતની અનુપેક્ષિતા,ક્ષણ, ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન નિર્ભયતા ને **હાસ્યપ્રત્યાખ્યાન** એની પાંચ ભાવનાઓ છે. તત્ત્વાર્થસૂત્ર

હાસ્યપ્રદ [સં. હાસ્ય (હસવું) + પ્રદ (આપનાર)] વિ. હાસ્ય ઉપજાવનાર; હાસ્યકારક.

હાસ્યપ્રધાન [સં. હાસ્ય (હસવું) + પ્રધાન (મુખ્ય)] વિ. જેમાં હાસ્ય વધારે હોય તેવું, હાસ્યપ્રચુર

હાસ્યમંદિર ન શ્રી રમણભાઈ નીલકંઠકૃત હાસ્યરસ લેખોનો એક સંગ્રહ.

હાસ્યમોહનીય ન. (જૈન) મોહનીય કર્મની એક પ્રકૃતિ.

સત્ય ધર્મને હાસ્યાસ્પદ કરવો, ગરીબ કે દીન માણસની મશ્કરી કરવી, કંદર્પાદિની દેવ રાત્રિની વગેરે વૃત્તિઓ **હાસ્યમોહનીય** કર્મના બંધનું કારણ છે. તત્ત્વાર્થસૂત્ર

હાસ્યરસ ૧ [સં] પું. કરુણ, રૌદ્ર, શાંત, ભયાનક, વીર, શૃંગાર, અદ્‌ભુત, હાસ્ય, બીભત્સ વગેરે નવ માહેનો એક રસ

હાસ્યરસમાં વિકૃત વેષ આદિ વિભાવ છે, નયન વિકાસ, અશ્રુપાત આદિ અનુભાવ છે. હર્ષાદિ આદિ વ્યભિચારી ભાવ છે અને હાસ એ સ્થાયી ભાવ છે. ગુજરાતી સાહિત્યસંગ્રહ-૩

૨ પું. હાસ્ય ઉપજાવે એવી લાક્ષણી કરુણ વાત, વસ્તુ કે વર્ણન; મર્મવાક્ય; વિનોદ

હાસ્યરસાળ વિ હાસ્ય રસવાળું; હાસ્યરસથી ભરપૂર

વિજય વિપેન તેનું **હાસ્યરસાળ** વ્યક્તિત્વ અહીં બરાબર ઉપસી આવે છે. ચંદ્રકાંત દેસાઈ

હાસ્યવિનોદ [સં] પું હસવું તથા આનંદ કરવો તે; હાસ્ય અને વિનોદ; ઠઠ્ઠા મશ્કરી

હાસ્યવૃત્તિ [સં] સ્ત્રી. હસવાની અને આનંદ વિનોદ કરવાની ઇચ્છા

હાસ્યાવહ [સં] હાસ્ય (હસવું તે) + આવહ (ઉત્પન્ન કરનાર)] વિ. હાસ્ય ઉપજાવનારું; વિનોદી; આનંદી.

હાસ્યાસ્પદ ૧ [સં. હાસ્ય (હસવું) + આસ્પદ (પાત્ર)] વિ. મશ્કરીને પાત્ર; હાસી થાય એવું

૨ વિ. હસવા યોગ્ય; હસવું આવે એવું

હાસ્યોક્તિ [સં] સ્ત્રી. હસવામાં બોલવું તે; મશ્કરીના બોલ, હાસ્ય વચન

હાહા ૧. પું. (પુરાણ) અગ્નિનો પુત્ર. આલુ મન્વન્તરની પૂર્વનો એક દેવ ગાંધર્વ. તે દર જેઠ માસના સૂર્યના સમાગમમા સંચાર કરે છે

૨. પું (પુરાણ) કશ્યપને પ્રાધાની કુખે થયેલા ગાંધર્વ પુત્રોમાનો એક પુત્ર. આવા બાર ગાંધર્વ છે. હાહા, હૂહૂ, તંબુરવ, નારદ, ઋષિવાહિક, ભૂતવાહિક, બ્રહ્મા, મહાહાસ્ય, રૈવત, વિશ્વાવસુ ગીતરતી અને ગીતયશસ.

૩. અ. ખેદજનક શબ્દ

૪. અ. જલ્દી; ઝટપટ; હાજી હા. આ શબ્દ હકાર ઉપર ભાર મૂકવા બેવડાવ્યો છે.

હાહાકાર ૧. પું. અતિશય ભુલમ, ત્રાસ કે ભય સૂચવનાર દુઃખનો ઉદ્‌ગાર.

કુલચંદે અબૂઝિલખાનની ધરપકડ કરી એટલે મુખી હાહાકાર કરાવ્યો કે 'કુલચંદ ખી ગૂંદ એ ગુજરાતમાં એક ધર્મવત થઈ ગઈ
પુરાતત્ત્વ

૨ પું આહા ! આ.હા ! એવો આશ્ચર્યનો ઉદ્‌ગાર.

૩. પું યુદ્ધનો અવાજ, રણગર્જના.

હાહાઠીઠી સ્ત્રી ઠઠ્ઠા મશ્કરી

મહોલ્લામાની એક લલિતા નામની છોકરી સાથે બળદેવને હાહાઠીઠી કરતા જોઈ તે બળીને રાખ થઈ જતી હતી. અહિલ્યાબાઈ

હાહારવ [સં] પું. રડારોળ, હાહાકાર, અરેરાટ

કપટે **હાહારવ** કરે, કરતો આવ્યો કરુણ
નવ વિજય

હાહાદીદી ૧ સ્ત્રી ટોળટીખળ; ઠઠ્ઠા મશ્કરી; હાસ્ય વિનોદ

૨. બ. હાસ્ય વિનોદનો જોરશોર ઉદ્‌ગાર

હાહાકૃત અ. 'હા હા' કરવું અને નિઃશ્વાસ નાખવું હોય એમ; અસ્વસ્થચિત્ત રીતે.

કોટિધ્વજ સંતોષનિધિ દોડ્યા હાહાકૃત
ભીમ

હાહો ૧ સ્ત્રી તોફાન; ધમાલ; તહરાર.

૨. સ્ત્રી. ધમાલ, ધામધૂમ

૩ સ્ત્રી ખુશરાજ; રોરબ્બોર; ધોંધાટ.

હાળિયો હિસાબ પું. ગ્રામ્ય લોકોમાં ભીને સીંદરા કરીને કે આંકડા કહીને રખાતો હિસાબ; નિશાનીથી રખાતો અચોક્કસ જેવો હિસાબ; અડસટ્ટો

હાળી ૧ પું. ગુલામ; ચાકર, ખેડૂતને ત્યાં પોતાની જાતમહેનત ગીરો મૂકી કોમ કરનાર સ.થી; કળપતિ નવસારી પ્રાંતના સર્વસંગ્રહમાં લખ્યું છે કે: ભીલ, કોળી, કુણબી વગેરે ખેડૂતોને ત્યાં હાળી રહે છે. શ્રી ખુશરામ કર્વે લખે છે કે: સુરત જિલ્લાના બધા ભાગોમાં આ ગુલામી પ્રથા ચાલે છે પણ તેના પાશમાંથી કળપતિઓને મુક્ત કરવાની હિલચાલ બારડોલીમા વધારે ચાલી છે અને ૧૯૩૯માં સરદાર વલ્લભભાઈની પ્રેરણાથી આ પ્રથા બંધ કરવાનો ઠરાવ થયો હતો અને હાળીઓ કુણબી મટી કળપતિ થયા હતા ત્યાર પછી મહ.યુદ્ધ અને સ્વરાજની લડત દરમિયાન બદલાયેલી પરિસ્થિતિને લીધે કળપતિઓ ફરી પાછા જૂની ખેડમા ધસડાયા. સ્વરાજનો યુગ શરૂ થતાં કળપતિઓમાં પાછી જાગૃતિ આવી અને તેઓએ પોતાનુ મહાજન સ્થાપી ગુલામીમાંથી મુક્ત થવા ફરી પ્રયત્ન આદર્યો. પરિણામે મુંબઈ સરકારે તેમના પ્રશ્ન ગંભીરપણે હાથમા લીધા છે કળપતિઓની માગણીમાં મુખ્ય માગણી એ હતી કે, સરકારે આ ગુલામી પ્રથા નેસ્તનાબૂદ કરાવતો કાયદો ઘડવો. ખેડૂત લોકો કળપતિને

આસ કરીને પરણવા માટે થોડું ઘણું ઊછીનું આપીને કઈ નાનું સરખું કરજ તેઓની પાસે કરાવે છે અને તે કરજ વળે નહિ ત્યાં સુધી તેને મફત મજૂરી આપવા બાંધી લેવામાં આવે છે મજૂરીના બદલામા માત્ર એક ટંક ખાવાનુ અને એક ટંકનુ કોરુ અનાજ એટલું જ સામાન્ય રીતે આપવામા આવતું હોવાથી કરજમાંથી જિંદગીના અંત સુધી છૂટવા માટે બારી રહેતી નથી. ગીરદુ સાહેબાદ ઉધાર ઊછીનુ કરવુ પડતું હોવાથી કરજનો આકડો દર વર્ષે વધતો જાય છે. ઢાળી ઉપર બંધનની બીક વર્ષો વહે છે તેમ તેમ આકરી થતી જાય છે. જો ઢાળી વધારે કમાણીનુ કોઈ કામ શોધવા નાસી છૂટે છે તો તેને શોધી કાઢી માર મારીને કબજે કરે છે, જોકે દિવસે દિવસે આવું કાયદા વિરુદ્ધનુ દબાણ ઓછુ થતુ જાય છે. દમણા મજૂરને બપોરિયુ મજરાવવા ઉપરાત કર્જના ૩ થી ૬ આના જેટલું રોકડુ આપવામાં આવે છે; જેમાથી તેઓને અઠવારની મોચવારીમાં ૧ થી ૧॥ રતલ જેટલો દાણો બાડ મળે છે. હાલાકીમાં ખેડૂતો અને હળપતિ બંનેએ ગુલામીના મૂળ સમી આ જૂની પ્રથાનો ત્યાગ કરવાનો સકલ્પ કર્યો છે તે ખુબ ચિત્ત છે. સુરત, નવસારી પ્રદેશ માંહેના આ ઢાળી કુળના વગેરે લોકોની બોલી પણ કઈક વિશિષ્ટ પ્રકારની લાગે છે અને તે બોલીમાંથી કેટલાક વિશિષ્ટ શબ્દો વીણી વીણીને એકઠા કરવામાં આવે છે, જેમકે તે શબ્દોની રચનામાં ભાષાના વિકાસવિકારનો ક્રમિતિહાસ જોવા ઉપરાંત જે તે સબંધ ધરાવતા લોકોનો ક્રમિતિહાસ પણ જાણવા મળે છે નવસારીવાળા શ્રી મણિલાલભાઈ દ્વિવેદીએ ઢાળી, ભીલ, કુણબી વગેરે અમજબી લોકોના હમેશના વ્યવહાર ઉપયોગમા આવતા ઘરગથ્થુ શબ્દો તેના અર્થ અને અવતરણ સાથે મોકલી આપેલ છે અને તે ઉપરાત તેમોના ગીતો અને વાતચીતોમાંથી પણ જેવી રીતે અનેક શબ્દો મેળવીને જાણવા લા આપવામાં આવે છે. સુરતવાળા કાર્યકર શ્રી કલ્યાણજી વિઠ્ઠલજી મહેતા લખે છે કે: તમારી જાણમાંથી ઢાળાં માણસો છટકી જવા પામ્યાં નથી. દમણા તો મારા બાગકમા જેવા છટકી ગયેલા જે માણસો આવ્યા છે તેની વાદી નીચે પ્રમાણે છે :— અભિનુ–ગાડાના ધોરિયા ઉપરની પાટલીના બે કાણામા ભરાવવામાં આવતા લાકડાના બે મજબૂત ટુકડા પૈકીનુ એક એનો એક છેડો જરા અણીવાળો હોય છે. ચાડુ. છેલિયા–ઉજેલ બટાવના ગીતો છેલિયાં ગાવા– રાજપીપળાના ભીલો મેળા, ઉત્સવ વગેરે પ્રસગે બબ્બે ત્રણ ત્રણની ટોળીમા એક બીજાને સામે હાથ નાખી શૃંગાર ગીતો ગાતાં ફરે છે તે. જગધિયા તેરસ–ભાદરવા વદ ૧૩ નાના બાળકોની શ્રાદ્ધતિથિ પોહા–ન બી અને છોકરાં. પોખ્યા–પોષેલાં ઉપરથી (સુરત જિલ્લામાં વપરાતો શબ્દ) મેટી–જી. રતાળુના વેલા ચઢાવવા ક્યારાની પાળ ઉપર રોપવામાં આવતો વાંસનો ટુકડો. (સુરત જિલ્લામાં વપરાતો શબ્દ) વીટલિયા–વંદોલિયા.. ૨ પુ રાનપરજની એક અસ્પૃશ્ય જાત, જે વાંસના સૂપડા, ટોપલા વગરે ગૂથે છે આ કોમ ખૂબ જ ગરીબ છે ૯ અડધા (સાડાચાર રૂપિયા)ના દહેજથી એ કોમનાં લગ્ન થાય છે. રાજપીપળા અને સુરત તરફનાં જગલોમાં એ કોમ વસે છે.

ઢાળો ૧. પું. પતિ; સ્વામી.
દસવો ઢાળોને રોતી રાંડ લોકોક્તિ
૨. પુ. પુરુષ; મરદ
૩. પું. હળ ખેડનાર ખેડૂત.

ઢાં ૧. પું. ઢાટીના ઝાડનો જથ્થો.
૨. અ. આશ્ચર્યવાચક ઉદ્‌ગાર.
૩. અ. આબુ વાતમાં વચ્ચે વચ્ચે સામો હોકારો દેવાનો ઉદ્‌ગાર.
૪. અ. પાછી.
૫. અ. બેશક; બરોબર.
૬. અ. બાર, અનુરોધ કે વિનવણીનો ઉદ્‌ગાર.
૭. અ. હાલરડાં ગાતી વખતે બોલાતો ધ્વનિ વાચક શબ્દ.

ઢાંઉ ૧. અ. એટલું; જસ; સપૂર્ણ
ઢાઉને = જસને; પૂર્ણ છે ને?
૨. અ. હા; બરોબર, ઠીક
ઢાઉ એમ જ = બરોબર; હા એમ જ

ઢાંક ૧ સ્ત્રી. સાદ; ભૂમ; હાક્ક.
ઢાંક મારવી = ભૂમ મારીને બોલાવવુ.
૨ ન. ઢાંકવું તે.

ઢાંકણી ૧ સ્ત્રી વાસણ બનાવવુ તે; ટોકણી.
૨. સ્ત્રી ઢાંકવાની રીત.

ઢાંકનાર વિ. પશુને મારવા ઉપર ચલાવનાર.

ઢાંકવું ૧. સ. ક્રિ. મધ મારવી; મધ ચલાવવાં.
૨ સ. ક્રિ. બેરથી ચલાવવુ; ચાલુ ગતિમાં રાખવું.
૧. ઢાંક સુલેમાન ગાલ્વી = જેવું આવડે તેવુ બોલ્યા કરવુ; બોલ્યે જ; ચલાવે રાખ.
૨ ઢાકયે રાખવુ = ચાલુ રાખવુ. ઢિંચે રાખવુ.
૩. સ. ક્રિ. નસાડવુ; દૂર કરવુ; કાઢી મૂકવું.
૪ સ. ક્રિ. પશુ વગેરેને હાકોટીને ઇચ્છિત માર્ગે ચલાવી લઈ જવુ.

ઢાંકારો ૧. પુ. હોંકારો
૨. અ. 'હાં' જેવો અવાજ

ઢાંકાઢાંક અ ચાલુ અબાધ ગતિમાં વગર અટકયે

ઢાંકાઢાંકી અ બેશક; અલબત; બરોબર

ઢાંકેડુ (ઢાંકેડુ) ૧. પું. સરદાર; મુખી.
૨ વિ પું. ઢાંકનાર.

ઢાંકો પુ ઢાકવુ તે, ઢાકવાની ક્રિયા.
ઢાકો કરવો – ઢોલ ઢબા વગરે વગાડી સાવજને અમુક દિશામા તગડવો

ઢાંગુલ ન. એ નામનુ કરમીરમા થતુ એક પક્ષી

ઢાંજા ૧. પું. બ ઘ. અવયવો; શરીરનાં અગ
૨. પું. બ ઘ. માનસિક શક્તિ; મનોબળ; મનની દૃઢતા
૩. પું બ. વ. શરીરના સાધા.
૪. પું બ વ. હિમત; ધૈર્ય; હામ
૧. ઢાંજા ગગડી જવા,–ઝાલવા = નાહિમત થઈ જવુ; દીલા થઈ જવુ
૨. ઢાંજા મેલવા = હિમત મૂકવી; નિરાશ થઈ જવુ.

ઢાંજાહકાર પું. (બહાદુરીનું) સહ બડાશનો તે.

ઢાંઝી ૧ પું. બહાદુર.
૨. સ્ત્રી. કશ્મીરમાં વસતા એ નામના લોકોની એક જાત.
૩ વ. એ નામની જાતનું માણસ.
૪ વિ. એ નામની જાતનું.
૫. અ. માન સાથે હુકારો દેવો તે; જવાબનો માનવાચક ઉદ્‌ગાર

ઢાંડલી સ્ત્રી. નાનું માટીનું વાસણ; નાનું ઢાંડલું; ઢાલ્લી

ઢાંડલું ન. પહોળા મોંનું માટીનું વાસણ; ઢાંલ્લું
૧. ઢાડલાં બબડાવવાં = કોઈનું ગુજરાનનું સાધન તોડવુ.
૨ ઢાડલા કુસ્તી કરવ. ખરી દુર્બળ સ્થિતિ હોવી
૩. ઢાંડલા ખખડાવાં = ઘરમાં ફેકાસ થવો.
૪. ઢાંડલાં ખમેરી કઢાવવાં = આડૂતી ઘર બાલી કરાવવું.
૫. ઢાંડલાં ઢીલાં થવાં = બાયલા બનવું; કાયર થવુ.
૬. ઢાંડલાં તડકે મૂકવાં = કંઈ રાંધવુ નહિ.
૭. ઢાડલા ફોડવાં = (૧) અંદરોઅંદર વારંવાર કજિયાનાં મૂળ શોધ્યા કરવાં; છિદ્ર જોઈ તકરાર કર્યા કરવી. (૨) આમતેમ વારંવાર ઘરવખરી ફેરવી ભટકયા કરવુ.

૮. હાંડલાં હડી કાઢવાં = ભિખારી જેવી હાલત થઈ જવી
૯ હાડલાં હાથ લેવરાવવાં = કામેર કામેર કરી મૂકવું; ત્રાસ પોકરાવવો.
૧૦ હાંડલું ફોડવું = (૧) પેટ ફોડવું; નિર્વાહનું સાધન તોડવું. (૨) મર્મભેદ અહાર પાડવો

હાંડવો પું આવાનો પ્રકાર; એક વાની.

હાંડી ૧ સ્ત્રી. એક જાતનું ધાતુનું પાત્ર.
૨ સ્ત્રી પાણી ભરવાનું કે રાખવાનું માટીનું વાસણ; હાલ્લી
૩. સ્ત્રી લટકતો દીવો મૂકવાનું હાલાના ઘાટનું પારદર્શક કાચનું વાસણ.

હાંડીઓ પું હાંડલામાં જમનાર.

હાંડીકુંડી [સં] સ્ત્રી રસોઈનાં વાસણ; વાસણ-કૂસણ

હાંડીખોયો પું. અણ્ઘડ રાખવાનાં વાસણ મજબૂત રો ગાડર

હાંડીફોડ (હાંડીફોડ) ૧. પું. નૈઋત્ય દિશા તરફથી ફુકાતો પવન. હાંડીફોડ ફુંકે છે ત્યારે વરસાદની આશા જતી રહે છે
૨. વિ બીજાના હિતમાં વિઘ્ન નાખનાર; કોઈનું ખરાબ કરનાર; ઈર્ષ્યાખોર
૩. વિ ત્રિસાળ; ક્રોધી

હાંડું ન. પેટ. ઉદર

હાંડો ૧. પું. એક જાતની વાની
૨. પું. કોઈને અમુક માણસ તરફથી પૈસા આપી ધરાવવામાં આવતો ભોગ
૩. [સં ભાંડ] પું. પાણી ભરવાનું મોટું ધાતુ પાત્ર; દેગડો.
હાંડા જેવું = (૧) મોટું; ત્રિસાળ (૨) વસ્તીથી ભરપૂર, આબાદ.
૪. પું. બેવકૂફ, મૂર્ખ

હાંદલો પું કાંટા ઝાખરાં વગેરે ઉપાડવામાં વપરાતો અંગ્રેજી Y આકારનો ઝાકડાનો વળો.

હાંફ ૧ સ્ત્રી ઉતાવળે શ્વાસ લેવો તે; જોરથી શ્વાસોચ્છ્વાસ ચાલવો તે.
૧. હાફ ઊતરવી = શ્વાસ નીચે બેસવો.
૨. હાફ ચઢવો = ખૂબ જોરથી શ્વાસ ચાલવો; દમનો હુમલો થવો.
૨. સ્ત્રી. જોરથી શ્વાસ ચાલવાને લીધે કે દમને લીધે છાતીમા થતી મુંઝવણ
૩. સ્ત્રી. હૃદયનું કંપન; હૃદયનો ધડકો

હાંફણ જુઓ હાફ

હાંફરો પું. ઉત્કંઠા; ઉદ્વેગ.

હાંફલી સ્ત્રી. હાંફ; શ્વાસ.

હાંફલો પું. દમ, શ્વાસ; હાંફ.

હાંફવું અ ક્રિ. જોરથી શ્વાસ લેવો મુકરો; હોડ, શ્રમ, દમ વગેરે કારણથી ખૂબ શ્વાસ ચાલવો

હાંફળું ૧. વિ. ગભરાયેલું; ભાવરું; આકુળવ્યાકુળ.
૨. વિ. હાંફ ચડી હોય એવું.

હાંફળુંફાંફળું વિ. આકુળવ્યાકુળ; મુંઝાઈ ગયેલું, બેબાકળું

હાંરે અ. ગીતમાં વપરાતો હુલાવનાગે પ્રારંભિક ઉદ્ગાર

હાંલ્લી જુઓ હાંડલી.

હાંલ્લું જુઓ હાંડલું

હાંચ અ બસ, સંપૂર્ણ

હાંસ ૧ સ્ત્રી. ઉત્સાહ; ઉમંગ; કોડ; હોંસ
૨. સ્ત્રી. કડિયાને વાપરવાનું એક પહોળું ટાકણું
૩. સ્ત્રી આંચ; આંકો
૪. [સં અક્ષ] સ્ત્રી ખાનું; પાસા
૫. સ્ત્રી મશ્કરી
૬ સ્ત્રી. શ્વાસ; દમ

હાંસડી (હાંસડો) ૧. સ્ત્રી કન્યાવિક્રય કરનાર માબાપ વડે કન્યાના લેવામા આવતા પૈસા.
૨ સ્ત્રી. કૂવામાંથી પાણી સીંચવાનું કોસનું લોઢાનું ચકરડું.
૩. સ્ત્રી ખરદન; કોક
૪ સ્ત્રી ગળે પહેરવાનું એક ઘરેણું. હાંસડી વચ્ચે જાડી અને છેડે પાતળી હોય છે અને સોળ નકર રૂપાના વાળાથી વીંટાયેલ હોય છે.
૫. સ્ત્રી. ઘોડાને ગળે પહેરાવાતું અંડાકૃતિ ચામડાનું ચકરડું; ઘોડાનો તોડ.
૬. સ્ત્રી. છાતીની એક ઉપર ને કોઠની નીચે આવેલું હાડકું, ' કોલરબોન'.
૭. સ્ત્રી. પૈડાના બીબા પરનો લોઢાનો ગાળો
૮. સ્ત્રી. લોટાને કે તેવા કોઈ વાસણને ઊંચકવા માટે કરવામાં આવેલો ગાળો.
૯. સ્ત્રી. (વહાણવટું) વહાણના દોરડાનું એક નામ

હાંસરી સ્ત્રી. (વહાણવટું) વહાણના દોરડાનું એક નામ.

હાંસલ ૧. ન. ઉત્પન્ન; પેદાશ
૨. ન. હાસ્ય; મજાક; કટાક્ષ.
૩. ન. પરિશ્રમ.
૪. ન. ફાયદો; લાભ
૫. વિ મળેલું; પ્રાપ્ત.

હાંસલડી (હાંસલડી) સ્ત્રી. મશ્કરી; હાસી

હાંસવો ૧. પું ત્રાંસવો, ત્રિકમ
૨ પું મોટા કણાની કોદાળી; ખોદવાનું એક ઓજાર

હાંસિ પું એક વિષમમાત્રિક મા.ત્રામેળ છંદ આ છંદ રાવણવધુ છંદનો એક ભેદ છે તેમાં ૧૦ ગુરુ, ૬૪ લઘુ મળી ૭૪ વર્ણની ૮૪ માત્ર હોય છે.

હાંસિયા વિ ઊંચી જાતના સફેદ ઘઉં માટે આ શબ્દ વપરાય છે

હાંસિયો ૧. પું આંકડાથી જુદો પાડેલો ભાગ; હાંસ; કોર
૨. [અ. હાશિયા] પું. કાગળ પર એક બાજુએ જુદો પાડેલો લખ્યા વગરનો ભાગ

હાંસિલ જુઓ હાસલ.

હાંસી ૧. સ્ત્રી ઝાડની ડાળી કાપવાનું એક ઓજાર
૨ સ્ત્રી કનેરી; ભવાડો
૩ સ્ત્રી મશ્કરી; મજાક, ઠેકડી.
૪ [સં. હાસ્ય] સ્ત્રી હાસ્ય; રિમત.
૫ વિ ઉમંગી; ઉત્સાહી; હોંસીલું.

હાંસીખોર પું મશ્કરી કરનાર માણસ.

હાંસીલું ૧. વિ. ઉમંગી; ઉત્સાહી; હોંસીલું.
૨. વિ હસવું; આનંદ પમાડવું.

હાંસુ સ્ત્રી. હાંસી
કરી કહેતાં હસે બાપ હાંસુ. નરસિંહ મહેતો

હાંસોટી સ્ત્રી એ નામની ઘઉંની એક જાત. આ ઘઉં નર્મદાના પ્રદેશમાં થાય છે

હાંહાં ૧ પું. હાજમા તાજા મેળવવા વપરાતો શબ્દ
૨. [હિં.] પું. વાત ઉડાડી નાખવી તે.
૩. ન. બ. વ. તસ્દી, મુશ્કેલી; મુસીબત; ત્રાસાં.
૪. અ. બસ ! બસ ! એમ અરેરાટી સૂચવતો ઉદ્ગાર

હાંહાં હમલી સ્ત્રી. ઓન્ગોની એક જાતની રમત; હાથે તાળી દઈ કૂદવું તે.

હિ ૧. [સં.] અ ક્રિ. (ધાતુ) જવું; અગ્રગમન કરવું તે. ઉપરથી હય શબ્દ બન્યો છે
૨ સ. ક્રિ. ખુશ કરવું
૩ સ ક્રિ. ગોળીબાર કરવો; બંદૂક ફોડવી
૪. સ ક્રિ છૂટું કરવું.
૫. સ. ક્રિ. ફેંકવું
૬. અ. અચિંત; નિઃસંદેહ; નક્કી; નિશ્ચે; જરૂર.
૭. અ. તુચ્છકાર કે તિરસ્કાર બતાવનાર શબ્દ; છી, છટ
૮. અ પાદપૂરક અવ્યય. તુ, હિ, ચ, રમ, ન અને વૈ એ ૭ પાદપૂરક અવ્યય છે
૯. અ. હેતુ કે અવધારણ બતાવનાર અવ્યય.

હિમ્મઠ [સ હૃદય] ન (જૂ ચુ) હૈડું, હૈયું
સ્વજન હિમ્મઠે હરખિઈ ઉંચુ.
વિમલપ્રબંધ

હિયું ૧ [સ. હૃદય] ન (જૂ ચુ) અંતઃકરણ, હૃદય, હૈયું.
૨ ન હિંમત; છાતી

હિક સ્ત્રી ૧ ઘમણ; શ્વાસ; શ્વાસનો છાતીમાં લાગતો અમુકો રેચકો

હિકડો (હિગડો) વિ પું. (કચ્છી) એક.

હિકમત ૧ [અ હિકમ (તે ડાબી બાજુ)] સ્ત્રી અમલમતા
૨. સ્ત્રી. ઇલાજ, ઉપાય
૩. સ્ત્રી ચતુરાઈ, ડહાપણ; અક્કલ હોશિયારી.
૪ સ્ત્રી. દગો; દાવપેચ; છળ; કાવતરું
૫ સ્ત્રી મારફતની સરકાર.
૬ સ્ત્રી યુક્તિ, કરામત, કળ
૭. સ્ત્રી વિદ્યા; હિલસૂફી
હિકમતની નિસરણી = જ્ઞાની માણસનું કપાળ

હિકમતી ૧. વિ. કળા વાપરી નવી વસ્તુ બનાવનાર; નવી યોજના ઘડનાર; યોજક
૨. વિ ચતુરાઈવાળું; ડાહ્યું.
૩. વિ બીજાને ફરેબ આપનાર; ઠેતરપિંડી કરનાર
૪ વિ યુક્તિબાજ; યુક્તિવાળું; કરામતી

હિકરાક ૧. ન. ધોંધાટ; ગમ્મ્મ્મ
૨. ન. ભય, શોક વગેરેનો કકળાટ; રોકકળ.

હિકરિ ન. એક જાતના ઝાડનું બારકું.

હિકા પું ઘોડાને થતો એક રોગ.

હિકાયત [અ. હિકાયત (વાત)] સ્ત્રી. કથા; કહાણી; કિસ્સો; વાતો.

હિક્ક (હિક્કડ) ૧ વિ. કઠોર, લાગણી વગરનું; નિર્દય.
૨. વિ કોઈની ભેડે ન ભળે એવું

હિક્કણ ન. અતિશય વરસાદથી થતી કડી, ભેજવાળી ફરફરી; ક્યાર

હિક્કા ૧. [સ] પું અનિયમિત શ્વાસથી છાતીમા થક્કો લાગવાથી નીકળતો અવાજ; ડચકું.
૨ પું શ્વાસ
૩. પું હેડકો, વાયણી.

હિક્કાનાદ ૧. [સ] પું. અવ્યક્ત ધ્વનિ.
૨ પું પડઘો.
૩ પું હેડકો

હિક્કાનિગ્રહ [સ] વિ હેડકી મટાડનાર

હિક્કો ૧. પું. ખાડો.
૨ પું ખૂણો

હિચકારું ૧ વિ. અધમ; હીન
૨ વિ. ડરપોક; નમાલું
૩. વિ બાયલું; નામર્દ

હિચકાવવું સ ક્રિ. ઝુલાવવું.

હિચકો પું. ભીડ; ભીડનો ધક્કો.

હિચાવવું જુઓ હિચકાવવું.

હિજર [ફા] સ્ત્રી. અ. ક્રિ. છોડી દેવું; ત્યાગ કર્યો

હિજરત ૧. [ફા.] સ્ત્રી. જુદાઈ; વિયોગ
૨. સ્ત્રી. દેશ તજીને ચાલ્યા જવું તે; વતનથી છૂટા પડવું તે; દેશત્યાગ. તા. ૧૬ જુલાઈ સને ૬૨૨થી હઝરત મહમદ પેગંબર મક્કાથી મદીના ચાલી નીકળ્યા તેથી તે જ સાલથી મુસલમાની વર્ષની ગણતરી થાય છે
હિજરત કરવી = છોડી ચાલ્યા જવું; નાસી જવું; પલાયન થઈ જવું.

હિજરતી વિ. હિજરત કરનાર; ત્યાગ કરનાર.

હિજરા જુઓ હિજરત.

હિજરાવવું સ. ક્રિ. જુદાઈ કરાવવી.

હિજરાવું અ. ક્રિ. વિયોગને કારણે મનમાં બળવા કરવું; ઝૂર્યા કરવું; અત્યંત સંતાપ પામવું.
આરાઢ આ પખો મેદોરા,
મરી જરી હિજરાઈ એ. કાગી

હિજરી [અ.] સ્ત્રી. મહમદ પેગંબર મક્કા છોડી મદીના ગયા ત્યારથી ગણાતો મુસલમાની સંવત. પેગંબર સાહેબ મક્કાથી મદીના ગયા ત્યારે ઈ. સ. ની જુલાઈ ૧૬મી તારીખ ૬૨૨નું વર્ષ હતું. એ રીતે હિજરીને ઈ સ. વચ્ચે ૬૨૨નો ફેર રહેવો જોઈએ પણ મુસલમાની વર્ષ ચાંદ્રમાસના હિસાબથી ગણાય છે તેથી તેના દિવસ ૩૫૪ હોય છે. અંગ્રેજી વર્ષ સૂર્ય વર્ષ હોવાથી ૩૬૫ ¼ દિવસનું હોય છે એ રીત અને વર્ષમા વર્ષે ૧૧¼ દિવસનો ફેર પડે છે. ૩૬૫ ÷ ૧૧ = ૩૨¾ એટલે લગભગ ૩૨¾ વર્ષનાં મુસલમાની ૩૩ વર્ષ થાય છે તે ઉપરથી હિજરી પરથી ઈ. સ.ને ઈ સ. પરથી હિજરી નીકળી શકે છે. હાલ ૧૩૪૩ હિજરી છે તો ૧૩૪૩ ÷ ૩૨॥ = ૪૧¾ એ છે અર્થાત્ હાલ હિજરીને ઈ સ વચ્ચે સ્થૂળ રીતે ગણતાં ૪૧ વર્ષનો ફેર છે, એ ઉપરથી જણાય છે કે ૧૯૦૦ વર્ષ પછી હિજરી સન પ્રસિદ્ધી આવી આગળ નીકળી જશે હિજરી સનનું વર્ષ શુદ્ધ ચાંદ્રવર્ષ છે એના પ્રત્યેક માસનો પ્રારંભ ચંદ્રદર્શનથી એટલે સુદિ બીજથી શરૂ થાય છે. પ્રત્યેક તારીખ સાંજથી શરૂ થાય છે એના બાર માસના નામો (૧) મુહર્રમ, (૨) સફર, (૩) રબીઉલ અવ્વલ, (૪) રબીઉલ આખર યા રબી ઉસ્સાની, (૫) જમાદિ ઉલ અવ્વલ, (૬) જમાદિ ઉલ આખિર યા જમાદિ ઉસ્સાની, (૭) રજબ, (૮) શાબાન, (૯) રમજાન, (૧૦) શવ્વાલ, (૧૧) જિલકાદ, (૧૨) જિલહિજ્જ હિંદુસ્તાનમાં મુસલમાનનો અમલ શરૂ થયા પછી આ સનનો પ્રચાર આ દેશમાં થયો હતો

હિજરીસન જુઓ હિજરી

હિજ્જજ પું. (સંગીત) સંગીતના એક રાગનું નામ તે ભૈરવ અને ભૈરવ થાટના મિશ્રણથી બને છે. તે પ્રાત કાળે ગવાય છે.

હિજ્જિયા પું. (જ્યોતિષ) મંગળ અને ગુરુ વચ્ચે આવેલ એક લઘુ ગ્રહ.
આમાંના ફ્લોરા અને હિજિયા આ બે ગ્રહોના સૂર્યથી અંતર આગળના ચિત્રમાં બતાવેલ છે.
જ્યોતિર્વિલાસ

હિજ્જેજ [ફા.] પું (સંગીત) આલાપરીને મળતો એક રાગ

હિજ્જોજ ૧. ન. જળજળભવાતું ઝાડ.
૨. [સં.] ન. સમુદ્રફીણ.

હિજ્જ પું. વિરહ; વિયોગ.

હિજ્ઝળ [ફા.] પું. (બહાદુરપું) બહાસી.

હિજ્ઝરાવું જુઓ હિજરાવું

હિટ [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતમાં દડાને બેટ વતી મારવું તે; દડાને ભગાવાતો ફટકો.

હિટરોપથી [અં.] સ્ત્રી બ્યાધિની સામે બીજો બ્યાધિ ઉત્પન્ન કરી બ્યાધિ મટાડવાની રીત. જેમકે, શરીરની અંદરનો વરમ મટાડવા બહાર બ્લિસ્ટર મારવા એ હિટરોપથી કહેવાય.

હિટલર પું. એ નામનો જર્મનિનો એક સરમુખત્યાર.

હિટલરશાહી સ્ત્રી. હિટલરની માફક બીજા કોઈની વસ્તુ પરાણે પડાવી લેવી તે.

હિઠા [પ્રા.] અ. નીચે; હેઠે

હિઠ્ઠા (હિઠ્ઠા) સ્ત્રી. ચાલવાની રીત કે ઢબ; ચાલ.

હિડિંબ પું (પુરાણ) એક અને કિર્મિર રાક્ષસનો ભાઈ. લાક્ષાગૃહમાંથી સુરંગને રસ્તે નીકળીને બચી ગયા પછી પાંડવો ફરતા ફરતા આ રાક્ષસના અરણ્યમાં આવ્યા. રસ્તે ચાલવાના થાકને લીધે ભીમસેન સિવાય બધા ઊંઘી ગયા. ભીમસેન જાગતો હતો. તેને દૂરથી જોઈ ને રાક્ષસે પોતાની બેનને કહ્યું કે પેલા માણસને મારે ખાવા માટે પકડી લાવ આથી હિડિમ્બા ત્યાં ગઈ પણ

ભીમસેનના રૂપથી મોહ પામી સુંદર સ્ત્રીનું રૂપ લઈ તેની પાસે ગઈ પોતે કોણ હતી તે કહ્યું અને પોતાને સ્ત્રી તરીકે ભીમ સ્વીકારે તો તેણી બધા પાંડવ ભાઈઓને કોઈક બીજે સ્થળે દૂર લઈ જાય. ભીમસેને તેનો અસ્વીકાર કરી કહ્યું કે, અમે અમારું પોતાનું રક્ષણ કરવા સમર્થ છીએ. અ. પ્રમાણે બહેનની રક્ષકમાં હિડિંબ આવ્યો. પોતાના બેનનો વિચાર જાણી તુરત જ તે ભીમસેનને મારવા દોડ્યો તેમની વચ્ચે મલ્લયુદ્ધ થયું તેથી યુધિષ્ઠિર વગેરે જાગી ગયા. અટહાસ્ય તો ભીમસેને હિડિંબને મારી નાખ્યો. પછી હિડિંબને મારવા જતો હતો પણ તે કુંતીને શરણે ગઈ અને પોતાની ભીમસેનની સાથે પરણવાની ઇચ્છા દર્શાવી. કુંતી અને યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેને તેનો અંગીકાર કર્યો

હિડિંબા [સં] સ્ત્રી. (પુરાણ) ભીમસેનની પત્ની; હિડિંબાસુર રાક્ષસની બેન. તેનો ભીમસેનથી ઘટોત્કચ નામે પુત્ર થયો હતો, જે ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષે લડીને મરાયો હતો. હિડિંબાનું બીજું નામ કમળાપતિકા હતું.

હિડિંબારિ [સ] પું હિડિંબ રાક્ષસને મારનાર પાંડવ ભીમસેન.

હિત ૧. [સં. ધા (ધારણ કરવું) ક. ભૂ. કૃ.] ન. આસક્તિ, લગાડ; સ્નેહ; અનુરાગ.

૨. ન કલ્યાણ; ક્ષેમ

તમારા સૌ વિષે હું તો રાખું આશા બહુ અહીં, મારાં વિના મરો સૌ કો દેશનું **હિત** સાધવા
આપી ગીતા

૩ ન લાભ; ફાયદો

૪. ન હાર્દ; મતલબ.

તેહના. મનનું **હિત** તિ લહુ. જ્ઞાનબુ

૫. વિ ઉપકાર કરનાર; સાચા હિતકારક; મદદ આપનાર

૬ વિ. પથ્ય, હિતકારક

૭ વિ. મજાનું; માફકસિર.

૮. વિ પ્રીતિ રાખેલું

હિતકર [સ.] વિ. હિત કરે એવું; હિતકારક; હિત કરનાર

હિતકરણ [સ] ન હિત કરવું તે; હિત કરવાની ક્રિયા.

હિતકરતા [સ.] સ્ત્રી ઉપયુક્તતા ; ઉપયોગીપણું. કિંમત કાઢવા અને કિંમત નક્કી કરવા એ પરીક્ષા કરવા માટે જુદા જુદા માપદંડ આપ્યા છે પરંતુ તે સર્વે પૈકીનામાં એ મુખ્ય છે Utility (હિતકરતા) અને Intention (સહજ ઉપલબ્ધિ). નરસિંહરાવ દિવેટિયા

હિતકર્તા ૧ [સં.] પું. શુક્રનું એક નામ

૨. વિ હિત કરનાર; હિતકારક.

હિતકારક વિ. લાભ કરે તેવું; હિતકર.

હિતકારિણી સ સ્ત્રી નાયિકાના ચાર મહિનો એક ભેદ

તન, મન, ધનથી નાયકનું હિત ચાહનારી સખીને **હિતકારિણી** કહે છે. કાવ્યાલોક

હિતકારી [સં] વિ હિત કરે એવું; ગુણકારી.

હિતકાર્ય [સં.] ન. મનુષ્ય કે હરકોઈને લાભદાયક થાય તેવું કામ.

હિતચિંતક [સં] વિ ભલું ઇચ્છનાર; શુભેચ્છક; હિતેચ્છુ; હિતૈષી

હિતચિંતકતા [સં.] સ્ત્રી. હિત ઇચ્છવાપણું

હિતદર્શી [સ.] વિ. હિત બતાવનાર; કલ્યાણનો માર્ગ સૂચવનાર.

હિતપરિણામી [સં] વિ. પરિણામે હિતકારક.

હિતપોષક [સં.] વિ. હિતને પોષણ આપનાર

હિતપ્રદ [સં.] વિ. હિતકર્તા; હિતકારક

હિતબાહુલ્યવાદ [સં.] પું ઉપયોગિતાવાદ; હિતવાદ; ઉપયુક્તતામત, જેથી બધાનું વધારેમાં વધારે ભલું થાય તો દુનિયા સુખી રહે એવો મત.

હિતબોધ [સં.] પું. કલ્યાણકારી ઉપદેશ.

હિતવાદ [સં.] પુ. ઉપયોગિતાવાદ; હિતકરતા

હિતવિરોધ [સં] પુ. હિતમાં આડ; હિતમા વિઘ્ન.

હિતશત્રુ ૧. [સં.] પું મૂર્ખતાથી હિત કરવા જતાં પરિણામે હાનિ કરનાર મિત્ર

૨. પું. હિતમાં આડે આવનાર કે મિત્રાચારીનો ઢોંગ બતાવી શત્રુનું કામ કરનાર માણસ

હિતસંબંધ ૧. [સં.] પું સર્વે સાધારણહિત; ભલું; કલ્યાણ

૨ પું સ્વાર્થનો સંબંધ; સ્વાર્થે ભરેલી સગાઈ

હિતસંબંધી [સં] વિ પક્ષ લેનાર; પક્ષપાતી; પક્ષકાર.

હિતસ્વી [સં હિતસ્વિન] વિ ભલું ઇચ્છનાર

હિતહરિવંશ પું રાધાવલ્લભ સંપ્રદાયના પ્રવર્તક એ નામના ભક્ત. તેમણે વૃંદાવનમાં ઈ સ. ૧૫૮૫માં આ પંથ ફેલાવ્યો સનકાદિ પંથમાંથી રાધાવલ્લભ પંથ પેદા થયો છે. તાંત્રિકોની માફક આમાં શક્તિનો પૂજા કરતાં મહાન માનવામા આવે છે. તેમાં રાધાનું પદ પ્રથમ છે અને પછી શ્રીકૃષ્ણનો ક્રમ આવે છે.

હિતા [સં.] સ્ત્રી. એ નામની શ્વાસ મધ્યમાં રહેલ શરીરની નાડી. સ્વભાવસ્થાનો અભિમાની ' ગંધર્વ ' નામનો દેવ આ નાડીમાં રહી સ્વામિત્વ ભોગવે છે.

હિતાધિકારી [સ] પુ પરાયું અપાયેલી રકમ સાચવનાર તથા તેનો વહિવટ કરનાર અધિકારી.

હિતાર્થ [સં] અ હિત માટે, ભલા. માટે.

હિતાર્થી [સ.] વિ. પરકલ્યાણ કરવાની નેમ રાખનાર; ભલું ઇચ્છનાર

હિતાર્થે જુઓ હિત થી

હિતાવડી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આંગારવેલ.

હિતાવહ ૧ વિ. આશાજનક; પ્રોત્સાહક

૨ [સ] પું લાભકારક; ફાયદાકારક; ક્ષેમકર.

હિતાવહતા સ્ત્રી યોગ્યતા; ઉચિતપણું

હિતાવહી [સ] વિ ભલું કરનાર; હિતકારક

હિતાહિત ન. લાભ કે ગેરલાભ; હિત અને અહિત

હિતાહિતતા સ્ત્રી ઉપયુક્તતા.

હિતુ વિ. હિતેચ્છુ; ભલું ઇચ્છનાર.

હિતુપ્રીતુ પું. હિતચિંતક ને પ્રીતિપાત્ર.

આમાંય રાક્ષસ અમારા મોટામા મોટા હિતુપ્રીતુ છે. કેશવ કવિ

હિતેચ્છા [સં] સ્ત્રી ભલું કરવાની શક્તિ; હિત કરવાની ઇચ્છા.

હિતેચ્છુ વિ. હિત ઇચ્છનાર; ભલું ઇચ્છનાર; ♦ ગૅરિ.

હિતેચ્છુતા જુઓ હિતેચ્છુ.

હિતેચ્છુપણું જુઓ હિતેચ્છુ

હિતેચ્છુતા જુઓ હિતેચ્છુ.

હિતૈકલક્ષી વિ. કેવળ હિત એ જ જેનું લક્ષ્ય છે એવા આચાર વિચારવાળું.

હિતૈષી [સ. હિત (ક્ષેમ) + ઇષ (ઇચ્છવું) + ઇન (વાળું)] વિ શુભેચ્છક; હિત ઇચ્છનાર.

હિતોપદેશ ૧. [સં] પું ભલું થાય કે ભલું કરે એવો બોધ; હિત કે કલ્યાણની સારી શિખામણ.

૨ પ્ર. એ નામનું વિષ્ણુશર્માએ રચેલું નીતિવિષયક પુસ્તક

હિતોપદેશી [સ] વિ હિતનો ઉપદેશ કરનાર

હિદાદ સ્ત્રી. ભરતી.

હિદાયત ૧ [અ.] ઉપદેશ; શિખામણ.

૨ સ્ત્રી સદ્ગતિ.

૩ સ્ત્રી સારો માર્ગ સૂચવવો તે; માર્ગ બતાવો તે

હિદાયતનામા [અ] પુ શિખામણનું પુસ્તક; શિક્ષાપત્રી.

હિંદેલા ન. એક જાતનું ચોમાસામા ફરતું પક્ષી.

હિદાત જી. તીખાશ

હિનપસ્તી જી. ગેરઅમલ; હલકાપણું.

હિના જી. મેંદી.

હિનાબંદી જી. મુસલમાનોમાં કન્યાને સજન વખતે મેંદી મોકલવાની ક્રિયા.

હિનો ૧. વ્રુ મેંદી

૨. પું. હિમ

હિપાર્કસ વ્રુ ઈ. સ ૧૫૦ ના રુમારે થઈ ગયેલો પ્રસિદ્ધ ગ્રીકજ્યોતિષી. ગ્રીક જ્યોતિષ પદ્ધતિને ઉત્પન્ન કરવાનું માન સર્વે ઠોર્ડ જ્યોતિષી હિપાર્કસને આપે છે

હિપેરિયન વ્રુ શનિના ઉપગ્રહો માંહેનો આઠમો ઉપગ્રહ. તેની શોધ સને ૧૮૪૮માં થઈ હતી શનિથી તેનું અંતર ૪૨૫ હજાર માઈલ છે

હિપ્પોપોટેમસ [અ.] પું. દરિયાઈ ઘોડો; જળ ઘોડો; દ્વાસના સમયમાં માત્ર આફ્રિકામાં જોવામા આવતું મોટું પયડાનારું પ્રાણી. સામાન્ય રીતે તેની લંબાઈ આસરે ૧૪ ફુટ અને વજન ૪ ટન હોય છે તે નદીની નજદીકમાં રહે છે પણ તે તરી શકે છે અને આશરે દસ મિનીટ સુધી પાણી નીચે રહી શકે છે. તેની ચામડી જૂરી અથવા રસેદિયા રંગની હોય છે તેનાં આંગળા દૂંકા અને દાતણા મોટાં હોય છે. ચામડી અને દાતણા કીમતી હોય છે.

હિપ્નોટિઝમ [અં.] ન. જેના વડે કૃત્રિમ નિદ્રા આણી શકાય અથવા માણસને મૂર્છાવશ બનાવી વશ કરી શકાય એવી એક પ્રકારની વિદ્યા; પ્રાણવિનિમય; સમ્મોહિનીવિદ્યા.

હિફાજત [અ. હિફાઝત (સંભાળ)] જી. જાળવણી, રક્ષણ; સંભાળ.

> જૂના વારસાની હિફાજત કરનાર વર્ગ ન હોય તો પ્રમાદી સમાજને બધુ જોઈ બેસતાં વાર ન લાગે. કાકાસાહેબ

હિમકારવું સ ક્રિ. ઠીબકાં લે એમ કરવું

હિમ્મતનામા [અ.] ન. દાનપત્ર; બક્ષીસ પત્ર.

હિમ જી એક જાતની સાદી. આ સાદી ઈલાયચી જાવામાંથી બનાવવામા આવે છે. બહુ જ ઝણકાટ મારે છે તથા એકદમ ખૂશબો જતી નથી અને પાણીની અસર તેના ઉપર થતી નથી.

હિમ્બ્રૂ [અં.] જી. યહૂદીઓની મૂળ ભાષા.

હિમ ૧ [સ.] પું. આઠ માહેનો એક ઋતુ; હિમઋતુ

૨. ઠું. ચંદ્ર

૩. ઠું. વ.ળો

૪. ન અતિશય ઠંડી.

૧. ટાઢું હિમ જેવું = બહું જ ઠંડું.

૨. રીંગણી માથે હિમ = રાંક માથે માર.

૩. હિમ પડવું = અતિશય ઠંડીથી બરફમાન બનરપતિ બળી જવાં.

૫. ન. ઔષધિના ચૂર્ણને તેથી છગણા પાણીમાં કોરા માટીના વાસણમા પલાળી રાત્રિ ખુલ્લી હવામાં રાખી સવારે ગાળી લેવાયેલું પાણી.

૬ ન. કપૂર.

૭ ન ચંદન; સુખડ.

૮ ન બાકળ

૯ ન તાજુ માખણ

૧૦ ન બરફ.

૧૧ ન મોતી.

૧૨ ન સોનુ

૧૩ ન સ્તોત્ર

૧૪ ન. હેમંત ઋતુ.

૧૫ વિ ઠંડું; શીતળ

હિમ ઉજાણું સ્ત્રી. બરફ જેવું સફેદ; શ્વેત વર્ણ

હિમકણ ૧. પું. બરફઝડી અને સોંદ પડતી છાસવારો ધારમાં થતો એક વેલો; હિમકંદ. તેનાં પાન સાંકડા ને ૨ા થી ૩ ઇંચ લાંબાં હોય છે

હિમકર ૧. [સં. હિમ (ઠંડુ) + કર (કિરણ)] પું ઠંડા કિરણવાળો ચંદ્ર; હિમાંશુ; ચંદ્રમા.

૨. ન. કપૂર

હિમકરજ ૧. [સં] પું. ચંદ્ર.

૨ ન. કપૂર.

૩. ન. ઠંડું કિરણ

હિમકંદ સ] વ્રુ એક પ્રકારનો વેલો તેને દૂધિયો હિમકંદ પણ કહે છે

હિમકૂટ ૧. [સં.] પું. (જૈન) મહિરના ૨૫ માહેનો એક પ્રકાર

૨ વ્રુ હિમાલય; હિમગિરિ.

૩. ન. શિશિર ઋતુ.

હિમકેસર [સં] ન. નાગકેસર.

હિમકોહ પું. હિમાલય; હિમગિરિ.

હિમક્ષેત્ર [સ.] ન. બરફનું મેદાને.

હિમગોળા જી બરફમાંથી બનાવેલી ઠંડી મીઠાઈ

> કેદાર જટિ સ્વર્ગાશ્રમ ઋષીકેશ,
> સોપાન સ્વર્ગીય પ્રભુ દ્વારકે પ્રવેશ;
> વિશ્રામ સ્થાન સહુ સંત મહંતના ત્યાં,
> ગામોરથી ગમતી નથી હિમગંગા.
> આર્યાવર્ત યાત્રા

હિમગિરિ ૧. [સં] પું. મૈનાક પર્વત.

૨. પું. હિમાલય પર્વત; હિમાચળ; જગતમાં ઊંચામાં ઊંચો પર્વત. હિમાલય એટલે એક પર્વતની હાર એવું થોડું જ છે ? સેંકડો અ.ડી અવળી ડુંગરાવલિઓ અને એવી સેંકડો ઉપર વળી નવી ડુંગરાવલિ અને એમ હારની હારો ખડકેલી હોય. પર્વતમાળામા જેટલા શિખર તેને 'કે વન', 'કે ટુ', 'કે થ્રી' વગેરે નામો અપાયેલાં છે. કમીરથી નીચે જમણી તરફ આંખ ફેરવીએ તો ગંગોત્રી, કામટ, નંદાદેવી, ત્રિશૂળી, પંચચૂળી, પોંડારી એ શિખરપરંપરા ચાલી આવે છે. નંદાદેવી તો બદરીકેદારથી જોઈ શકાય છે. એ ૨૫,૬૪૫ ફુટ ઊંચુ છે અને એટલામા તો એટલા બધાં શિખરો છે કે, ગણ્યા ૦૬ જામી હોય. હરદ્વારથી હિમાલયની મધ્યમાં બંધ ને ઊંચે ચાલ્યા જઈએ તો હિમ.લયના હૃદયકમળ સરખા માનસ સરોવરના દર્શન થઈ જરા નિખેટમાં આ.ગળ વધીએ એટલે કૈલાસ શિખરના દર્શન થાય ત્રિયુસિંગ જેવા આકારના કૈલાસ શિખરની ઊંચા.ઈ ૨૨,૬૨૮ ફુટ છે કૈલાસનું તપોધન વિશેષ છે. સેંકડોથી અનેક મનુષ્યે એની પરકમાઓ કરી છે. નેપાળની બરાબર મધ્યમાં રાજ્યદ્વારસમુ ધવલગિરિ ૨૬,૭૯૫ ફુટ ઊંચુ છે અને પછી એની પૂર્વમાં ૨૬,૨૫૦ ફુટ ઊંચુ –હિમાલયનુ મુકુટમણિ જગતભરનાં શિખરોનો રાજવી માઉન્ટ એવરેસ્ટ છે. ઈ સ. ૧૮૪૬માં જ્યારે હિમાલયની આંકણી થવા માંડી ત્યારે આ શિખરને એ ગિરિમાળાનું ૧૫મું શિખર એટલે 'કે ૧૫' એમ નોંધેલ. તેની ઊંચા.ઈ ૨૯,૧૪૫ ફુટની છે. આંકણી બાતના એ વખતના વડા જનોએ એવરેસ્ટના નામ ઉપરથી એનુ નામ માઉન્ટ એવરેસ્ટ પડયુ છે; પણ તેનુ મૂળ નામ ગોમા લુન્મા છે નેપાળી ભાષામાં તેનો અર્થ પૃથ્વી માતાદેવી અને પછી તો તે ઉપરથી દેવીમાતા, મહામાયા, નંદાદેવી, ગૌરીદેવી, મગનનોરી અને છેવટે તો તે ઉમા શિખર તરીકે ઓળખાય છે. એ પછી નેપાલ અને તિબેટની સરહદ ઉપર રખવ.ળસમુ ૨૮,૧૪૮ ફુટ ઊંચુ કાંચનજંઘા છે. સૃષ્ટિના હિમગિરિઓમાં સૌથી ઐદ્ય, સુંદર, ગહન અને ભવ્ય ! આ. ગિરિશિખરો ઉપર ઓક્ટોબરની કોરે દોરડું બાંધી ઊંચા ઓકે ચાલવુ જોઈએ. સૂરજ તપે ત્યારે હીલાજૂરાં ચરમાં ન પહેર્યાં હોય તો આખ આંધળી થઈ જાય; કેમકે, સફેદ બરફથી સૂર્યના કિરણો વધારે તેજદાર બનતા આખ ઝખવાઈ જાય છે. હવામાં ઓક્સિજનનુ પ્રમાણ ઉપર બધું ઓછુ થવાથી ઓક્ટ એક પગલે દસદસ

શ્વાસ ખેંચવા પડે છે અને સહેરાશ દસ પગલે તો ફરજિયાત આરામ લેવો પડે છે ભૂખ તો ગરી જ જાય છે; પણ સાથે ઠંડીની પરખ પણ નજરમાંથી ઓસરો જાય છે. એટલી ઊંચાઈએ માણસ ભૂરા, લીલા કે લાલ રંગ વચ્ચેનો ભેદ પણ નથી પારખી શકતો ! વળી ત્યાં આંખને છેતરે એવાં દૃશ્યો આકાશમા તરતાં દેખાય છે, પોતાની પાછળ કોઈ પડતું હોવાનો પણ ભાસ થાય છે ચિત્તની એકાગ્રતા પણ રહેતી નથી અને સ્વભાવ ચીડિયો થઈ જાય છે. ઇચ્છાઓનો ગરમ પવન વાતો હોય ત્યારે તો આ શિખરો ઉપર ચડાય જ નહિ. ચોમાસું બેસતા પહેલાંનાં માત્ર આઠ અઠવાડિયાં જ આરોહણ માટે સર્વોત્તમ મનાય છે

હિમગોળ પું. બરફનો ગોળો.

હિમચંદ્રશેખર રસ પું. (વૈદ્યક) પ્રમેહ, ઉપદંશ, ગરમી તથા વિસ્ફોટક મટાડનાર એક ઔષધ તેની માત્રા ૨થી ૪ તોલા છે. દૂધ અથવા પાણી સાથે તે સવારસાંજ લેવાય છે

હિમચંપો પું. એ નામનું એક ફૂલ. તે ચોળા કમળ જેવું દેખાય છે અને તેની ગંધ મંદ હોય છે

હિમજ ૧. સ્ત્રી. એક રેચક વનસ્પતિ; હિમજા કરડો
૨. વિ. હિમાલયમાં નીપજનાર.

હિમજળ ન. બરફનું પાણી

હિમજા ૧. [સં] સ્ત્રી. એ નામની એક દેવી
૨. સ્ત્રી કપૂરકાચલી. તેનો ગુણ ઠંડો છે. તે ઠંડા દેશમાં ઊગે છે
૩. સ્ત્રી ગંગા
૪. સ્ત્રી કરડો
૫. સ્ત્રી. હિમાલયની પુત્રી; પાર્વતી.
૬. વિ. હિમાલયમાં નીપજેલ.

હિમજ્વર [સં.] પું ટાઢિયો તાવ; શીતજ્વર

હિમતૈલ [સં. હિમ (કપૂર) + તૈલ (તેલ)] ન. કપૂરનું તેલ.

હિમદુગ્ધા ૧ [સ.] સ્ત્રી. રેવતીનું ઝાડ.
૨. સ્ત્રી સારિણીનો વેલો. ૦

હિમદ્યુતિ ૧. [સં.] પું કપૂર
૨. પું. ચંદ્ર.

હિમદ્રુમ [સં] પું. લીમડાનું ઝાડ; લીમડો

હિમનદ સ્ત્રી. પર્વત ઉપરથી બરફ ઓગળી તેમાંથી ધીમે ધીમે નીચે વહેતા બરફના મોટા ટુકડાઓની નદી; હિમપ્રવાહ; હિમનદી.

હિમનદી જુઓ હિમનદ.

હિમપતિ [સં] પું. ચંદ્ર.

હિમપત્થર પું. એક જાતની પોચી ધાતુ; કોબોલાર્ટ. ઈ. સ. ૧૭૩૪માં ડેન લોકોને ગ્રીનલેંડમાંથી એક ઝેરી પોચી ધાતુ મળી આવી કે જે બીજીપત્તીના પ્રહારમાં પણ પીગળી જાય. એના શુદ્ધ સ્વરૂપે તો એ બરફની જેમ બિલકુલ રંગહીન હોય છે; પરંતુ સાથે બીજી ધાતુઓનો ભેળ હોય તો તેમાં લાલ, ભૂખરી કે શ્યામ છાયા પડે છે એ અર્ધપારદર્શક તો હોય છે, પણ પાણીમાં મૂકવામાં આવતાં બિલકુલ પારદર્શક થઈ જાય છે. આને લઈને એસ્કિમો લોકો એને બરફનો જ કોઈ વિશિષ્ટ પ્રકાર માનતા અને એ ઉપરની જ ગ્રીકોએ એને ગ્રીક નામ કોબોલાર્ટ આપ્યું, તેનો અર્થ થાય છે હિમપત્થર. ગ્રીનલેંડમાં માત્ર એક જ સ્થળે તે મળી આવે છે. એલ્યુમિનિયમની બનાવટમા એનામેલ કામમાં, પાર્સેલિનને સખત બનાવવાના વગેરે કામમા તે વપરાય છે.

હિમપર્વત ૧. પું. પર્વત ઉપરથી બરફ ઓગળી વખતે રહી પડતા બરફના મોટા ડુંગર જેવા ઢગલા; 'આઇસબર્ગ'. ગ્રીનલેંડના હિમપર્વત કેટલીકવાર લગભગ ૨૦૦૦ માઈલ સુધી સમુદ્ર ઉપર તરતા તરતા ચાલ્યા જાય છે. ઘણીવાર મોટા હિમપર્વતના બે ટુકડા થઈ જાય છે. તે વખતે ભયંકર ધડાકો થાય છે. આ હિમપર્વતનો ઘણોખરો ભાગ પાણીમાં ડૂબેલો હોય છે અને થોડા ટૂકટો જ ભાગ પાણીની સપાટી ઉપર રહે છે, જેથી આગબોટ તેની સાથે અથડાઈ પડે ત્યાંસુધી તે નજરમાં આવતા નથી માટે તે વહાણવટાને મહાન આફતરૂપ છે.
૨. પું. હિમાલય પર્વત.

હિમપુષ્પ [સં.] પું ગરમાળો. ગરમાળાનાં વૃક્ષને હિમ (ફ્રેમ–સોના)નાં જેવાં પીળાં ફૂલ હોય છે, માટે તેને હિમપુષ્પ કહે છે

હિમપ્રદેશ પું. શીત કટિબંધમાં આવેલો કે એના જેવી આબોહવાવાળો પ્રદેશ. આ ઉત્તર ધ્રુવમાંના પ્રદેશમાં ભયંકર ઠંડી પડે છે; તડકો કદી પડતો નથી. સૂર્ય કદાપિ માથા ઉપર આવતો નથી. અહીં રહેનારા લોકોને પૂરતો પ્રકાશ કદી મળતો નથી. શિયાળામાં પાણી ઠરી તેનો પત્થર જેવો સખત બરફ બને છે. અતિશય ઠંડીને કારણે અહીં ઝાડ ઊગતાં નથી, ઘાસ વગેરું નથી. આવા પ્રદેશમાં પણ માણસ રહે છે, અને તેઓ એસ્કિમો કહેવાય છે. આ લોકો પીળાશ પડતા રંગનાં, ઠીંગણાં અને ચપટા નાકવાળાં હોય છે. આ પ્રદેશમાં ઝાડપાન, ઢોરઢાંખર વગેરે કશું જ હોતું નથી. એસ્કિમો દરિયામાં સીલ તથા વોલરસ પ્રાણીનો શિકાર કરી કાચું માંસ ખાય છે. એસ્કિમો શબ્દનો અર્થ 'કાચું માંસ ખાનારા' એવો થાય છે શરીરમાં ગરમી લાવવા માટે તેઓ પ્રાણીઓની ચરબી ખાય છે. એસ્કિમો માછલીના હાડકાની હોડી બનાવે છે. જેને કયાક કહેવાય છે. અને તેને ચામડાવતી ચારે તરફ મઢે છે. ફક્ત એક માણસ દાખલ થઈ શકે તેટલી જગ્યા રાખે છે, આ હોડી વજનમાં ખૂબ જ હલકી હોવાથી એક ખાલુ સ્હેજ નમે તો ઊંધી વળી જાય છે. તેઓ તીરકામઠાં વતી સફેદ રીંછ અને રેન્ડિયરનો શિકાર કરે છે અને ગરમ ગરમ લોહી ગટગટાવે છે. બરફ ઉપર પ્રવાસ કરવા માટે હાડકાં તથા લાકડાની પૈડાં વગરની ટેબલાકારી બનાવે છે અને તેમાં ચામડાની લગામ સાથે કૂતરા જોડે છે. કૂતરા દેખાવમાં મોટા વિકરાળ વરુ જેવા હોય છે અને પોતાના માલિકની જેમ માંસ ખાઈ જીવે છે. એસ્કિમો સીલ માછલીના ચામડાનાં કપડાં પહેરે છે. શિયાળામાં તે બેવડાં કપડાં પહેરે છે. સ્ત્રી પુરુષનાં કપડાં સરખાં જ હોય છે. બંનેના ડગલાને ફૂલ હોય છે. સ્ત્રીઓના ડગલાની ફાંદ વધારે હોય છે અને તેનો તે ઝોળી જેવો ઉપયોગ કરે છે. ડગલાની જેમ પગમાં બોડા પહેરે છે અને હાથમાં હવાટાંવાળાં ચામડાંનાં હાથમોજાં પહેરે છે. માથે ફરવાંવાળા ચામડાની કાનટોપી હોય છે. કપડાં સીવવાનું કામ સ્ત્રીઓનું. તે દાંતથી ચાવી ચાવી ચામડું નરમ બનાવે છે અને પછી તેનું કપડું બનાવે છે. તેની સોય એટલે માછલાનું અણીદાર હાડકું અને દોરો એટલે જનાવરના પેટનું આંતરડું.

હિમપ્રવાહ જુઓ હિમનદ

હિમપ્રસ્થ ન. (પુરાણ) કૌરવ પાંડવોની યુદ્ધ ભૂમિ; કુરક્ષેત્રની પાસેનું એ નામનું એક સ્થળ. અરુણા અને સરસ્વતીનો ઓઘવતી નામનો પ્રવાહ ત્યાં આગળ વહે છે

હિમપ્રેક્ષ્યા [સં.] સ્ત્રી. ખાવાની વસ્તુઓ ન બગડે તેટલા માટે બનાવવામાં આવેલ ખાસ પ્રકારનો કબાટ 'રેફ્રિજરેટર'.

હિમમાનવ પું હિમાલયનું એ નામનું એક એક અજબ પ્રાણી હિમાલયની અગોચર દુનિયામાં તે યુગોથી વસી રહેલ છે. તેનો આકાર અર્ધ માનવી છે અને અર્ધ વાનર જેવો છે. ૧૯૫૧માં એક બ્રિટીશ સાહસિકે તેના ફોટા લીધા હતા. એક શેરપાએ પણ બરફમાં દોઢ ફૂટ વિસ્તારના તેના પગલાં જોયા હતાં. નેપાળીઓ અને તિબેટીઅનો આ હિમમાનવને

પેટી કહે છે. તે ટટ્ટાર હોવાનું મનાય છે. હજુ સુધી આવા કોઈ હિમમાનવને પકડી શકાયા નથી. તેનું એક કારણ એ છે કે, હિમમાનવ માણસથી ચમકતો લાગે છે અને બીજું કારણ એ છે કે, તળેટી વાસીઓ તેનું દર્શન અપશુકનિયાળ ગણે છે. એક થિયરી એવી પ્રવર્તે છે કે, વાનર અને માનવ વચ્ચેની આ પ્રાણી ખૂટતી કડી છે.

હિમમિનાર પું. બરફથી છવાયેલું મિનારા જેવું લાગતું શિખર.

હિમમૂર્તિ [સં.] સ્ત્રી. બરફની બનાવેલી મૂર્તિ.

હિમયુગ [સં] પું. વર્તમાન યુગ પહેલાંનો પ્રાચીન સમય; ' આઇસ એઇજ '. પૃથ્વી ઉપર એક સમય એવો હતો જ્યારે અર્ધ જેટલો ભાગ ૫૦° થી અક્ષાંશથી ધ્રુવ પ્રદેશ સુધીનો પ્રદેશ હિમાચ્છાદિત હતો. આ બરફની જાડાઈ લગભગ ૫૦૦૦ ફૂટ હતી એવું અનુમાન કરવામાં આવે છે પ્રો. જેમ્સ ગાર્ડક કહે છે કે, યુરપમાં આવા ચાર હિમયુગ જુદે જુદે સમયે આવી ગયા છે. આ હિમયુગનાં નિશાનો સ્કેટલેન્ડના ઉચ્ચ પ્રદેશમાં પૂરા પર્વતમાં, બ્લેક ફોરેસ્ટના પ્રદેશમાં હિમાલય અને ઉત્તર અમેરિકામાં જોવા મળ્યાં છે. ભૌગોલિક રીતે એ હિમયુગનું પ્રમાણભૂત નિશાન છે; કેમકે તેના ઉપર બરફના પસારાની નિશાનીઓ જોવા મળ્યાં છે

હિમરશ્મિ ૧. [સં. હિમ (ઠંડું) + રશ્મિ (કિરણ)] પું. ચંદ્ર.

૨. ન. ઠંડું કિરણ

હિમરાશિ [સં. હિમ (બરફ) + રાશિ (સમૂહ)] પું. બરફનો પર્વત. હિમગિરિ

હિમરૂ ન. એક જાતનું રેશમી જામવાળું કપડું; હીર.ગણ.

હિમરૂપ વિ. બરફવાળું; હિમમય

હિમરેખા સ્ત્રી. પર્વત ઉપર નિરંતર રહેતા બરફની મર્યાદા, પૃથ્વીની સપાટીની અમુક ઊંચાઈએ હમેશા બરફ રહ્યા કરે તે લીટી, ' સ્નો લાઇન '. તે કોઈ પણ સ્થળના અક્ષાંશ ઉપર આધાર રાખે છે

હિમરોચિ [સં. હિમ (ઠંડું) + રોચિસ (કિરણવાળો)] પું ચંદ્ર; ચદ્રમા

હિમરોમ [સં. હિમ (ઠંડું) + રોમ (રૂંવાડું)] પું. ચદ્રમા; હિમારુ

હિમવત ૧. [સં. હિમ (બરફ) + વત્ (વાળું)] પું હિમાલય; હિમગિરિ

૨ વિ હિમવાળું; બરફવાળું

હિમવર્ષા [સં.] સ્ત્રી. હિમનો કે બરફનો વરસાદ.

હિમવંત પું. ૭ માહેનો એક વર્ષધર.

હિમવાન પું. હિમાલય. તે જબુદ્વીપના નવ ખડની આડ બાંધનાર હિમવાન, હેમકૂટ, નિષધ, મેરુ, નીલ, શ્વેત, શૃંગવાન અને ગંધ માદન, એ આઠ પર્વત માહેનો એક ગણાય છે. જૈન મત પ્રમાણે તે જંબુદ્વીપના સાત ક્ષેત્રોને એકબીજાથી જુદા કરતા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુકમી અને શિખરી છ વર્ષધર કે વર્ષધર પર્વતો માહેનો એક મનાય છે તેમાં ભરત અને હૈમવત ક્ષેત્રની વચ્ચે હિમવાન છે પુરાણ પ્રમાણે મેના, એની પત્ની અને મૈનાક પર્વત એનો પુત્ર થાય. અપર્ણા, એકપર્ણા અને એકપાટલા એ ત્રણ એની પુત્રીઓ થાય. અપર્ણા મહાદેવની, એકપર્ણા અસિતઋષિની અને એકપાટલા જૈગીષવ્યઋષિની પત્ની થાય

હિમશિલા [સં.] સ્ત્રી બરફનો કુંવર; ' આઇસ બર્ગ '.

હિમશૃંગ [સં. હિમ (બરફ) + શૃંગ (શિખર)] ન. બરફથી ઢંકાયેલું શિખર.

હિમશૈલ [સં.] પું હિમાલય પર્વત.

હિમશૈલજા ૧. [સં હિમશૈલ (હિમાલય) + જન્ (ઉત્પન્ન થવું)] સ્ત્રી. ગંગા.

૨. સ્ત્રી. પાર્વતી.

હિમસરિતા [સં.] સ્ત્રી હિમપ્રવાહ; હિમનદી.

હિમસાગર સ્ત્રી. એ નામની કેરીની જાત. તે મોટી અને સ્વાદે મીઠી અને રેસા વગરની હોય છે

હિમસાર [સં.] ન. કપૂર.

હિમસુતા ૧. [સં.] સ્ત્રી. ગંગા.

૨ સ્ત્રી. હિમાલયની પુત્રો; પાર્વતી.

હિમસુતાને હર લઈ ગયા, ગયા મુકામાંય. પ્રેમાનંદ

હિમસ્ત્રી સ્ત્રી. હિમાલયનું એ નામનું એક અગમ્ય પ્રદેશ. એવરેસ્ટ ટેકરી વિસ્તારમાં બાર વર્ષ પહેલાં એક હિમસ્ત્રી દેખાઈ હતી તેની ઊંચાઈ લગભગ બાર ફૂટ હતી. તેનો અવાજ જોરદાર સીટી જેવો હતો અને તેના પગલાની છાપ ૧૮ ઇંચ લાંબી હતી.

હિમા ૧. સ્ત્રી. ચિત્રક નામની વનસ્પતિ

૨. સ્ત્રી નાગરમોથ; ભદ્રમોથ

૩. સ્ત્રી. નાની એલાયચી

૪. સ્ત્રી. હિમનદી; હિમસરિતા.

હિમાઈ સ્ત્રી. મૂર્ખાઈ; જેવકૂફી

મીની કલ્પના માત્રને પણ મસ્તકમાં ઉત્પન્ન થતા જેવી એ સરાસર નાદાની છે, હિમાકત છે, મૂર્ખાઈ છે. નારાયણ વિસનજી

હિમાગમ [સં.] પું. વસંત ઋતુ

હિમાચલ ૧ ન હિમાલયનું એક શિખર

૨. [સં. હિમ (બરફ) + અચલ (પર્વત)] પું. હિમાલય પર્વત; હિમગિરિ

હિમાચલ પ્રદેશ પું. હિમાલયની તળેટીમા આવેલાં રાજ્યોનો સમૂહ

હિમાચળ જુઓ હિમાચલ.

હિમાચ્છા [અ.] પું. માથા ઉપર પાઘડીની જેમ વીંટાળાતો આદરનો ટુકડો

હિમાત સ્ત્રી પક્ષ જેવો તે; ઉપરાણું, હિમાયત

હિમાત કરે તેને હલે, જેમા નહિ મીન મેખ. સ.મણ

હિમાની ૧ પું. સખીદિલ ધનવાન માણસ.

૨ પું હાતિમતાઈ

હિમાદ્રિ [સં] પું હિમાલય પર્વત; હિમગિરિ.

સમસ્ત જગતને નીરખતો અહોરાત્રના ઓળ.ઓ મારે બીજનો કાળને સાક્ષાત્કાર, વાતાવરણમાંથી મેઘને વીજળીને આકર્ષતો હિમાદ્રિ નિજ અંત સત્વની પૂરણીમાં ચોમેર સરિતાઓ વહાની ધરતીને ફૂલવતી કરી રહ્યો છે. સુમિત્રા

હિમાદ્રિજ ૧. [સં.] સ્ત્રી. શ્વેત્રિણી લતા.

૨. સ્ત્રી. ગંગા.

૩. સ્ત્રી. પાર્વતી

હિમાનિલ [સં.] પું. હિમાલય તરફથી આવતો ઠંડો પવન.

હિમાની ૧. [સ.] સ્ત્રી. બરફની નદી; હિમનદી

૨ સ્ત્રી. બરફનો તરતો પહાડ.

૩. સ્ત્રી હિમનો સમૂહ; બરફનો હગલો.

હિમાયત ૧ [અ] સ્ત્રી. ઉપરાણું; તરફદારી પક્ષ લેવો તે.

૨ સ્ત્રી જમીનના પાકો ઉપર લેવાતો કર.

૩. સ્ત્રી ભલામણ, સિફારસ.

૪ સ્ત્રી મેળ; સપ

૫. સ્ત્રી રક્ષણ, બચાવ; આશ્રય

હિમાયત કરવી = (૧) ટેકો આપવો; ઉત્તેજન આપવું (૨) બચાવ કરવો; રક્ષણ કરવું; આશ્રય આપવો

૬. સ્ત્રી ચિઠ્ઠોટીના દરમા કરેલ વધારો.

૭ સ્ત્રી સમર્થન; ટેકો; આધાર.

હિમાયતદાર વિ આશ્રિત

હિમાયતી ૧ પુ. પક્ષ લેનાર માણસ.
૨ પુ. બચાવ કરનાર વાદી.
૩ વિ ઊંચી પાયરીએ ચડેલ.
૪. વિ. જાનીતું; માનિતગાર
૫ વિ. પક્ષ ખેંચનાર; હિમાયત કરનાર.

હિમારાતિ ૧ [સ હિમ (ઠંડું) + અરાતિ (દુશ્મન)] પું અગ્નિ
૨. પું સૂર્ય
૩ ન આકડાનો છોડ
૪. ન ચિત્રાનું ઝાડ

હિમાલ પું. (સંગીત) દીપક રાગના આઠ મહેનો એક પુત્ર રાગ. આ રાગ હનુમંત મત પ્રમાણે અજસિંહ છે.

હિમાલય ૧. [સં હિમ + આલય] પું. ભારતની ઉત્તર દિશાએ આવેલો દુનિયાનો મોટામા મોટો પર્વત. આ પર્વત અફઘાનિસ્તાનથી આસામ સુધી લગભગ ૧૬૦૦ માઈલ લાંબો અને ૨૦૦ માઈલ પહોળો છે. તેની સરાસરી ઊંચાઈ ૧૮૦૦૦ થી ૨૦૦૦૦ ફુટ છે તેમાના ૩૦ શિખરો તો ૨૪ હજાર ફુટ કરતાં પણ વધારે ઊંચાં છે. તેનું સૌથી ઊંચામાં ઊંચું શિખર ગૌરીશંકર ૨૯,૦૦૦ ફુટ એટલે લગભગ નવ માઈલ જેટલું ઊંચું છે તેના ઉપર ચડવાને તેનસિંગ શેરપાએ યત્ન કર્યો લાંબુથી તે અજેય હતું. આખી દુનિયામા આટલું ઊંચુ બીજું કોઈ સ્થળ નથી; અને તેથી જ હિમાલયને ગિરિરાજ એટલે પર્વતોનો રાજા કહ્યો છે. પર્વતનાં બધાં ઊંચાં શિખરો નિરંતર બરફથી ઢંકાયેલાં રહે છે, કેમકે તે બધાં હિમરેખાથી ઊંચાં છે. હિમરેખા ૧૫૦૦૦ ફુટની ઊંચાઈએ આવે છે. ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા જેવી વિશાળ નદીઓ હિમાલયમાંથી નીકળે છે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે હિમાલય જુગ જુગ જૂનો જોગી છે, મુનિ જૂનો સિદ્ધ છે, પુરાણ પ્રસિદ્ધ પ્રભુ છે, વિશ્વના વિભુની વિરાજની વિશ્વરૂપ વિભૂતિ છે. હિમાલય આયુર્વેદની અનંત ઔષધિઓનો અખૂટ ભંડાર છે, વિવિધ વનરાજના આકારનો વિસ્તૃત વિસ્તાર છે. અવનિમા ઉચ્ચતમ પદ ધારણ કરી વ્યોમમાં વાતો કરતો આર્યભૂમિનો આ એકલ કોટ અનુલ્લંઘનીય છે, અદ્વિતીય છે, અજોડ છે. હિમાલય એ શંકર પાર્વતીનું નિવાસસ્થાન છે હિમાલયની વાયવ્ય મર્યાદા સિંધુ નદી સુધી છે. મહાકવિ કાલિદાસ કહે છે તેમ તે પૃથ્વીનો માનદંડ છે કશ્મીર, નેપાળ, સિક્કિમ, દાર્જિલિંગ, ભુતાન અને બીજાં ઘણાં રાજ્યો હિમાલયની તળેટીમાં રહેલાં છે વિવિધ ભાષા અને આકૃતિનાં માણસો ત્યાં રહે તિબેટ પણ હિમાલયની તળેટીમાં છે. ઉત્તર દિશા તરફ જનારી પર્વત શ્રેણી મનુષ્યોથી અગમ્ય છે. ત્યાં વિશાખરો અપ્સરો, કિન્નરો વગેરે વસે છે ત્યા મનુષ્યો જઈ શકતા નથી. આજે પણ તેઓ દસ દસ હજાર વર્ષ જીવે છે કાલેલકર લખે છે કે, હિમાલય આર્યોનું આદિસ્થાન, તપસ્વીઓની તપોભૂમિ, પુરુષાર્થી લોકોને માટે ચિંતન કરવાનું એકાંત સ્થાન, થાકયાં પાકયાંનો વિસામો, નિરાશી જનોનું સાંત્વન, ધર્મનું પિયેર, મુમુક્ષુઓની અંતિમ દિશા, સાધકોનો આધાર, મહાદેવનું ધામ અને અવધૂતની પથારી છે પુરાણ પ્રમાણે તે અજનાભ અથવા આગ્નધ્રની ઉત્તરે અને હેમવત અથવા કિંપુરુષની દક્ષિણે એમ બે દેશની વચ્ચે મીમાંસક આવેલો પર્વત છે. ભૌગોલિક દૃષ્ટિમાં લગ્યા મુજબ એની પૂર્વ પશ્ચિમ લંબાઈ એકસો અડસઠ યોજન છે પૂર્વ પશ્ચિમ બંને છેડે સમદ્રને અડકેલો છે. અલકનંદાના ઉદ્ગમ પ્રદેશ માંહેના ગંગા નામના પ્રદેશનું મૂળ આ પર્વતમાં હોઈને તે ઉદ્ગમ સ્થાનમાંથી તે ક્રમાકમે ઊંચે ચડતો ચડતો ત્રેવીસ હજાર યોજન લંબાઈ છે હિમાલયના મૂર્તિમાન દેવ હિમાલયને મેના સ્ત્રી હતી. તેને પેટે મેનાએ ત્રણ પુત્રો અને અપર્ણા પર્ણા અને એકપર્ણા એમ ત્રણ પુત્રીઓ હતી

અધિરાજાની હિરે કે ઔરન દિલીન લગ.
હિમાવતી યતાં હિંદ હિમાલયે જઈ કર
મ મીમીતા.

૨. પું. (પુરાણ) યધિષ્ઠિરના રાજસૂય યજ્ઞામાંથી ભીમસેન પર્વ દિશા જીતવા ગયો હતો ત્યારે તે ઉત્તર દિશા તરફ જતો હતો ને વખતે રસ્તામાં આવેલ પર્વત. કાલ જોગે હિમાલય કહીએ કીજે તેજ આ પર્વત કહો એમ જણાય છે ત્યાંથી પછી દક્ષિણ દિશા તરફ વળીને ભીમસેન પૂર્વથી પુષ્કળ દૂર ગયો હતો. તે કારણે અંગાણનો ઉપમાકર મળે જ નહિ હોય આ પર્વતમાંથી નીકળેલી નદીઓ આ પ્રમાણે છે—ભાગીરથી: ઉપર કહેલ પ્રથમ હિમાલય ઉપરથી ભાગીરથી ગંગાને લાવતાં ને માર્ગમાં ભાગીરથી પિતરોનો ઉદ્ધાર કરીને ગુપ્ત થઈ હતી અને આ હિમાલય ઉપર પ્રગટ થઈને પુનઃ વહેવા માંડી હતી સિંધુ, સરસ્વતી (ભોગવતી), ગંગદ્રુ, ચંદ્રભાગા, યમુના, સરયૂ પુરાવતી (ઐરાવતી), વિતસ્તા, વિશાળા, દેવિકા, કુહૂ, સોમની, ધૃતપાપા, આકૃતા, દૃશદ્વતી, તૃતીયા, કૌશિકી, નિચયા, ગંડકી, લક્ષ્મુ (ક્ષિપ્રા), લોહીતા, (લોહીતારણ્યી), કૃતમાળા વગેરે

હિમાલયી સ્ત્રી એ નામની સંસ્કૃતમાંથી નીકળેલી એક ભાષા

હિમાવતી ૧ સ્ત્રી દારૂડી
૨. સ્ત્રી. સોનામુખી; મીંદીઆવળ

હિમાવું ૧. અ ક્રિ. ઠીમરાવું; હિમથી બળી જવું.
૨. અ ક્રિ. મનમાં બળ્યા કરવું; ઝિંજરાઈ જવું
૩. અ. ક્રિ. શરીરે ફેફસ થવું; સુકાવું

હિમાહ્વય પું કપૂર

હિમાળ જુઓ હિમાલય.

હિમાળુ વિ હિમ જેવું ઠંડું; અતિશય ઠંડુ. હિમાળ વા પ્ર ઠંડો પવન.

હિમાળો ૧. પું. ઠંડી
૨. પુ. શિયાળો
૩. પું હિમાલય પર્વત

જેરી જબરી કંપળપટને દેવદારુનણા જે,
સેવી ત્યાં રસ નીકળતા, આવતા દક્ષિણે તે,
હિમાળાના પવન તજને અંગ કપોલ ઠારો,
પ્રેમ એવું ત્રુલિયસ ' ત્રણી ખૂબ આલિંગુ એને.
એષ્ટક

હિમાળો ગાળવો = હિમાલયમાં જઈ પુણ્ય કરવું

હિમાંક [સં હિમ (ઠંડું) + અંક (આંક)] ન. હિમબિંદુ; ફ્રીઝિંગ પોઇન્ટ '

હિમાંબુ ૧. [સં. હિમ (ઠંડું) + અંબુ (પાણી)] ન. ઝાકળ; તુષાર; ઓસ.
૨. ન. ઠાર પાણી; ઠંડું જળ.

હિમાંશુ ૧. [સં. હિમ (ઠંડું) + અંશુ (કિરણ)] પુ. કપૂર
૨. પું શશી: ચંદ્રમા. અમરકોષ પ્રમાણે હિમાંશુ, ચંદ્રમા ચંદ, ઈંદુ, કુમુદબાંધવ, વિધુ, શુભાંશુ, સુધાંશુ ઓષધીશ, નિશાપતિ, અબ્જ, જૈવાતૃક, સોમ, ઋતુ, મૃગાંક, કલાનિધિ, દ્વિજરાજ, શશધર, નક્ષત્રેશ, સુધાકર એ બીજા પુષ્કિમ નામ ચંદ્રમાનાં છે
૩. સ્ત્રી ઠાઢક; ઠંડી

હિમાંશુક [સં.] પું ચંદ

હિમીભવન [સં.] ન. ઠરી જવું તે

હિમોદક ૧ પુ. (પુરાણ) અગસ્ત્યના વંસમા કુળ વહિ કરનાર એક ઋષિ
૨ [સં] ન હિમ જેવું ઠંડું પાણી.

હિમોરું વિ. બરફ વિનાનું ચોખ્ખુ બી માટે વપરાય છે

હિય [સ હૃદય] ન હૈયું.

હિયરા [હિં] ન. હૈયું

હિયા ૧. ન. એક જાતનું ઝવેરાત.
૨. [હિં] ન હૈયું.

હિયાફૂટ વિ. (ચારણી) હૈયાફૂટું.

હિયાવલી સ્ત્રી એક જાતની વનસ્પતિ; હાડમારી

હિયાં અ અહીં.

હિરજ ૧ ન ચાંદી; રૂપું.
૨ ન પારો
૩ ન વીર્ય
૪ [સ. હિરણ્ય] ન સોનું
૫ ન શખલું; કોડી.
૬ [હિં] ન. કરજ

હિરણ્ટુના પું (પિંગળ) એ નામનો એક જાતનો અર્ધસમવૃત્ત છંદ; વેગવતી

હિંદસંઘ પુ હિંદનું સાર્વભૌમ અને સ્વતત્ર રાજ્ય. આ સંબધે પ્રજાનિર્ણય એવો છે કે, હિંદસંઘ સાર્વભૌમ સ્વતત્ર રાજ્ય છે. સંઘની ધારાસભા પાર્લામેન્ટને નામે ઓળખાશે અને તે પ્રમુખ અને રાષ્ટ્રસભા વાને નેશનલ ઍસેમ્બ્લીની બનેલી હશે. રાષ્ટ્રસભા એ ગૃહની બનેલી છે. એક રાજ્યસભા અથવા કાઉન્સિલ ઑફ સ્ટેટ અને બીજી લોકસભા વાને હાઉસ ઑફ પીપલ. સંઘના વડા રાષ્ટ્રપતિ તરીકે ઓળખાશે. તેની ચૂટણીનું મતદાર મડળ સમવાયતંત્રની પાર્લામેન્ટના અને ગૃહોના સભ્યોનુ તેમ જ બધા ઍકમોની ધારાસભાઓના ચૂટાયેલા સભ્યોનું બનેલું હશે. જ્યાં ધારાસભાનાં બે ગૃહ હશે ત્યાં નીચલા ગૃહના સભ્યોનો મતદાર મડળમાં સમાવેશ થશે. સઘના પ્રમુખના હોદ્દાની મુદત પાંચ વર્ષની રહેશે. હોદ્દેપિણ વ્યક્તિ પોતાની જીદગીમાં બેથી વધારે વખત માટે પ્રમુખની ચૂટણીમાં ઉમેદવારી નોધારી શકશે નહિ, કારણ કે હોદ્દેપિણ વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન દશ વર્ષથી વધારે સમય સુધી પ્રમુખ જેવો ઉચ્ચ હોદ્દો સભાળી શકે નહિ. પ્રમુખપદ માટે ઉમેદવારી કરનાર ઉમદવાર ઓછામા ઓછી પાંત્રીસ વર્ષની વયે પહોંચેલો હોવો જોઇએ

હિંદ સ્વરાજ ન મહાત્મા ગાંધીજીનુ લખેલુ એ નામનુ એક પુસ્તક. આ પુસ્તક મૂળ ગુજરાતીમાં લખાયેલું છે. ૧૯૦૯માં લંડનથી દક્ષિણ આફ્રિકા પાછા આવતાં આગબોટ ઉપર હિંદીઓના હિંસાવાદી સંપ્રદાયને અને દક્ષિણ આફ્રિકામાં તેને મળતા વિચારો ધરાવનાર વર્ગને જવાબ રૂપે આ પુસ્તક લખાયું હતુ પુસ્તક એવુ છે કે, જે જાણકોના હાથમાં પણ મૂકી શકાય. તે દુષ્ટ ધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે. હિંસાને સ્થાને આપબોગને મૂકે છે પશુબળની સામે દુકર ગીલવા આત્મબળને ખડું કરે છે. આ પુસ્તકમાં આધુનિક સુધારાની ખૂબ ઝડપથી કાઢી છે આખેખર જ શબ્દોમા એ પુસ્તકનો પરિચય આપીએ તો: આ વિષય ઉપર મે વીસ પ્રકરણ લખ્યાં છે તે વાંચનાર આગળ મૂકવાની હિમ્મત કરે પણ જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મે લખ્યું છે. બહુ વાંચ્યુ, બહુ વિચાર્યું. વળી વિલાયતમાં ટ્રાન્સવાલ ડેપ્યુટેશન સાથે ચાર માસ રહ્યો તે મહતમાં મારાથી જન્મ્યા તેટલા હિંદીની સાથે વિચાર કર્યો, જન્મ્યા તેટલા અંગ્રેજોને પણ મળ્યો જે મારા વિચાર ઊંડાણના લાગ્યા તે વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો લાગ્યા ભાઈઓએ મારી પાસે હિંદની દશા વિષે બહુ સવાલ કર્યા છે એવા જ સવાલ મારી પાસે વિલાયતમાં થયા તેથી મને લાગ્યું કે જે વિચાર મે જાનમી બતાવ્યા તે મારે અહીંયા મૂકવા એ હોજિત નહિ ગણાય જે વિચારો બતાવ્યા તે મારા છે તે મારા નથી તે મારા છે, કેમકે તે પ્રમાણે વર્તન કરવા મારી ઊમેદ છે. તે મારા આત્મામાં પડાઈ ગયા જેવા છે. મારા નથી, કેમકે તે મે જ વિચાર્યા છે એમ નથી તે કેટલાંક પુસ્તકો વાંચ્યાં પછી બંધાયેલા છે. મનમાં જે ઊંડું ઊંડું જોતો હતો તેને પુસ્તકોએ ટેકો આપ્યો છે. જે વિચારો વાંચનાર પાસે રજૂ કરું છું તે હિંદસ્તાનમાં સુધારાની ધૂનમાં નવિ આવેલા એવા બધા હિંદી ધરાવે છે એ તો કેમ સાબિત કરવા જેવું રહેતું નથી. પણ તે જ વિચારો જરપના હજારો માણસો ધરાવે છે એ હું વાંચનારના મનમાં ઠસાવવા માગુ છું. જેને તે શોધ કરવી હોય, જેને તેવો અવકાશ હોય, તે માણસ તે પુસ્તક જોઈ શકશે. સરળતાની ખાતર લખાણને વાચક અને અધિપતિ વચ્ચે સવાદ હોય એમ રૂપમ આપ્યું છે. આ આવૃત્તિ પુસ્તક ગાંધીજીના હસ્તાક્ષરમા પણ છપાયુ છે.

હિંદળોહિંદળા સ્ત્ર બુબા; પુષ્કળ; ઢગે ઢગા ભરાય એટલુ, ઢગોઢગ.

ગામમાં તો **હિંદળોહિંદળા** માણસ ભરાયુ છે. લોકસાહિત્ય

હિંદી ૧. પું. હિંદનો વતની.

૨. પું ઉત્તર હિંદમા બોલાતી એ નામની ભાષા; હિંદુસ્તાની ભાષા; હિંદની રાષ્ટ્રભાષા તેના પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગ છે: પૂર્વ હિંદી અને પશ્ચિમ હિંદી. આ ભાષામાં ફારસી શબ્દો ઓછા અને સસ્કૃત શબ્દો વધારે હોય છે દેવનાગરી કે ઉર્દૂ લિપિમાં લખાય છે. આ ભાષાની ઉત્પત્તિ પ્રાકૃતમાંથી થઈ છે. જે કાળમાં અંગ્રેજી સાહિત્યના વિકાસનો પ્રારંભ થયો એજ વખતે હિંદી સાહિત્યનો પ્રારંભ થયો હિંદીનો સૌથી પ્રથમ કવિ પુષ્પ સંવત ૭૭૦માં થયો. પુષ્પની કવિતાઓ આજ નથી મળતી, પણ તેનાં વર્ણન મળે છે. તેણે સંસ્કૃત અલકારોને હિંદી દોહરાઓમાં મૂકયા મિશ્ર બંધુઓએ હિંદી સાહિત્ય કાળને આઠ ભાગમાં વહેચી નાખ્યો છે: (૧) પૂર્વ પ્રારંભિક કાળ, (૨) ઉત્તર પ્રારંભિક કાળ, (૩) પૂર્વ માધ્યમિક કાળ, (૪) પ્રૌઢ માધ્યમિક કાળ, (૫) પૂર્વાલંકૃત કાળ, (૬) ઉત્તરાલંકૃત કાળ, (૭) પરિવર્તન કાળ અને (૮) વર્તમાન કાળ. હરિજન બંધુમાં શ્રી કિશોરલાલ મશરુવાળા લખે છે કે, જેને હિંદી નામથી ઓળખવામાં આવે છે અને જે ઉત્તર હિંદના કેટલાક પ્રાંતમાં બોલાય છે તે ભાષા એના આજના સાહિત્યક સ્વરૂપમાં રાષ્ટ્રભાષાનુ કામ આપી શકે એમ નથી તેના આજના વિકાસનો અર્થ એટલો જ છે કે, તેણે બંગાળી, ગુજરાતી, મરાઠી અને બીજી પ્રાંતિક ભાષાઓની માફક પોતાના નવીન સાહિત્યમાં ઘણી ઉન્નતિ અથવા પ્રગતિ કરી છે. પરંતુ આપણી કોઈ પણ પ્રાંતિક ભાષાના સીમિત સાહિત્યથી આપણું કામ ચાલે એવું નથી. આપણને રાષ્ટ્રની સર્વભાષા તરીકે કામ આપે એવી રાજકાજની વ્યવહારની ભાષાની જરૂર છે અને આજની હિંદીને જેવી છે તેવી રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી લેવાની હોય નહિ

૩. જિ. હિંદનું; હિંદુસ્તાન દેશને લગતું

હિંદીત્વ ન. હિંદવાસીપણું, હિંદીપણું

હિંદીપ્રધાન પું. હિંદ સરકાર સબંધનું ખાતું સંભાળનાર ઇંગ્લંડની સરકારનો કોઈ એક પ્રધાન. તેને નૅશનલ ઑનરેબલ સ્ટેટ સેક્રેટરી ફૉર ઇન્ડીઆ કહેવાતો હતો. તે હિંદના વહીવટમાં મુખ્ય સત્તાધીશ અને જવાબદાર વ્યક્તિ ગણાતો હતો એમ કે, તે બ્રિટિશ પાર્લમેન્ટને જવાબદાર તો ખરો જ આ પ્રધાનને કેટલીકવાર હિંદી વજીર તરીકે પણ ઓળખવામાં આવતો હતો. ગવર્નર જનરલ ઉપરના તમામ હુકમો અને લખાણો એમની સલાહ લીધા પછી એની મારફત હિંદી સરકારના તાબાના પ્રતિનિધિને મોકલાતા હતા. આંતરિક વહીવટમાં વજીરની બહુ રોકટોક રાખવામાં આવી ન હતી. તેનો પગાર હિંદની તિજોરી ખાતે આકારાતો હતો

હિંદી રાષ્ટ્રીય મહાસભા સ્ત્રી. ભારતવર્ષની મહાસભા; કૉંગ્રેસ. ગાંધીજી કહે છે કે: હિંદી રાષ્ટ્રીય મહાસભા દેશની જૂનામાં જૂની રાજદ્વારી કાર્ય કરનારી રાષ્ટ્રીય સંસ્થા છે. અનેક લડતો કરી તેણે અહિંસાને રસ્તે આઝાદી મેળવી. એવા સંસ્થાને આપણાથી મરવા ન દેવાય. જીવંત સંસ્થા ચેતનવાળા પ્રાણીની જેમ વધતી ને વિકાસ પામતી રહે. તેમ ન થાય તો મરી જાય. કૉંગ્રેસે રાજકીય સ્વતંત્રતા સિદ્ધ કરી પણ દેશની આમ જનતાને માટે આર્થિક સ્વતંત્રતા, સામાજિક સ્વતંત્રતા તેમ જ નૈતિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું કામ હજી તેણે કરવું બાકી છે એ ત્રણ પ્રકારની સ્વતંત્રતા મેળવવાનું કામ કરવામાં રાજકીય લડતના કામ જેવી ધમાલનો નથી, ઉત્તેજના નથી. તે કામ એવું ભભકભરેલું નથી અને રચવાનું છે તેટલા જ કારણસર વધારે કપરું છે પરંતુ સર્વને સમાવી લેનારું રચનાકાર્ય આપણી કરોડોની વસતીના બધાં એ અંગોની શક્તિને જગાડનારું નીવડશે

હિંદીયાન ન. હિંદુસ્તાનનો વતની; હિંદમાં રહેનાર માણસ.

ધાર્મિક સંકટને દૂર કરવામાં દરેક બ્યાજબી રસ્તે યોગ્ય મદદ આપવાની દરેક બિનમુસલમાન હિંદીયાનની ફરજ છે. નવજીવન

હિંદીસંગીત ન. ઉત્તર હિંદુસ્તાન તરફ ગવાતું સંગીત. સંગીત બે પ્રકારે વહેંચાઈ ગયું છે: ઉત્તર હિંદુસ્તાન તરફ ગવાતું અને દક્ષિણ તરફ ગવાતું.

બધા ઉત્તર હિંદના દેશોમાં જે સંગીત ચાલે છે, તે જ બધે હિંદીસંગીત છે. સંગીતરાજ

હિંદીસંસ્કૃતિ સ્ત્રી. હિંદુસ્તાનની સંસ્કૃતિ. યુનાઇટેડ સ્ટેટ્સના ઓહિયો પ્રદેશમાં, મેકિસકોની પૂર્વે યુકાટનમાં અને દક્ષિણ અમેરિકાના પેરુમાં હિંદીસંસ્કૃતિના લક્ષણરૂપ નિર્ણયાત્મક અવશેષો મળી આવ્યા છે. આ બતાવે છે કે, આપણે પૌરાણિક રસ્તે પેરુમાં અને આટલે દૂર રસ્તે યુકાટનમાં ગયા હોવા જોઈએ. એટલું જ નહિ પણ ઓસ્ટ્રેલિઆના વતનીઓની ભાષા આપણી ભાષાઓને મળતી પુરવાર થઈ છે અને ન્યુઝીલેન્ડના વતની અસલ પૂર્વજોમાંથી, ત્યાં ગયા હતા, એવી હકીકત જાહેર થઈ છે. આથી એમ સમજવું છે કે, દુનિયાભરમાં આપણો પત્રવ્યવહાર હોવો જોઈએ. આ બિલકુલ કુદરતી છે; કારણ કે ભારતની ભૌગોલિક કુદરતી એવી કેંદ્રીય છે કે દુનિયાનું ધ્યેય આપણે હોવા જોઈએ એ યોગ્ય જ છે.

હિંદીસેવી પું. હિંદની સેવા કરનાર માણસ.

આ પ્રમાણે સંમેલનનું કાર્ય સમાપ્ત થયું અને આવતે વર્ષે સંમેલન કલકત્તામાં ભરાવાનું નક્કી થયા પછી બધા **હિંદીસેવકો** વિદાય થયા. [ગાંધીજી]

હિંદુ ૧ પું. જે આખાને પોતાની પવિત્ર ભૂમિ
... તે લોકો હિંદુ છે
૨. સ્વા જે વિશ્વાસ દૃઢ કરતા પ્રશ્ન હિંદુ છે
... ... અનુભવ
૪ પું. દુષ્કાળ હાડ તે લાકડા હિંદુ છે

૫. વિ. હિંદુ ધર્મ એટલે વેદ, સ્મૃતિ, પુરાણ અને બીજાં શાસ્ત્રો ઉપર રચાયેલા ધર્મમાં માનનારું; હિંદના આદર્શત્વની ભાવનાવાળું સામાન્ય માન્યતા એવી છે કે હિંદુ મૂળ ફારસી શબ્દ છે અને તેનો અર્થ કાળું થાય છે; પરંતુ વિખ્યાત મુસાફર યુએનત્સાંગે પોતાના હિંદના પ્રવાસની નોંધમાં હિંદુ શબ્દની ઉત્પત્તિ આપેલી છે તે જુદી જ છે. માનવોનું જીવન કાળી ઘોર રાત્રિ સમાન છે. જે પ્રભાતનો રખેવાળ સૂર્ય ન હોત તો માનવજીવન સૂર્ય આથમ્યા પછીની તારાભરી રાત્રિ જેવું બની જાત. રાત્રિને તારાનો પ્રકાશ મળે છે ખરો, પણ તે કોઈ નિર્બળ ચાદરની તોલે ન આવે. બુદ્ધ રૂપી દિવાકર આથમી ગયા પછી ચંદની પેઠે પ્રકાશ રેલાવવા, હિંદમાં લોકોને બોધ દેવા, નિયમ વર્તાવવા માટે સંતોની હારમાળા ચાલુ રહ્યા કરે છે. આ જ કારણે એ દેશને ચીન-તુ (ઇન્દુ) કહેવામાં આવે છે. યુએનત્સાંગ પછીનો એક ચીનો લેખક આ નામની સમજૂતી આપતાં લખે છે કે, રાત્રિના સમયે પ્રકાશના બીજા તારાઓમાં ચંદ્ર જેવો શ્રેષ્ઠ અને મહાન છે તેવો જ આ દેશ દુનિયાના બીજા દેશોમાં શ્રેષ્ઠ અને મહાન છે. એટલે જ તેને હિંદુ (ઇન્દુ) કહેવામાં આવે છે હિંદુ શબ્દ સિંધુ શબ્દથી ઉત્પન્ન થયો છે. પારસી લોકોએ સ નો હ ઉચ્ચાર કરી હિંદુ એવું નામ આપ્યું હોય એ વાત પણ સંભવિત છે. આ શબ્દની વ્યાખ્યા આપતાં હિંદુ સંગઠનમાં લખ્યું છે કે, જે મનુષ્ય સિંધુ નદીથી માંડીને સમુદ્ર પર્યંતની આ ભરતભૂમિને પોતાની પિતૃભૂમિ તેમ જ પુણ્યભૂમિ માને છે તે હિંદુ ઉપર બતાવેલી ભૌગોલિક મર્યાદાથી આવા શબ્દની સાથે જે મતલબ સંકળાયેલું છે તે કેટલુંક ઓછું થઈ જાય છે આ હિંદુઓ મહાન અધ્યાત્મ... તત્ત્વ વિદ્યા ગયા, પૃથ્વીના વિવિધ પ્રદેશોમાં, જઈ તેઓએ સંસ્કૃતિનો સંસ્કાર અને પોતાની સંસ્કૃતિનો પાયો નાખ્યો છે જાવા, બાલદ્વીપ અને ઑસ્ટ્રોદીપની, પડોશના દ્વીપોમાં જ ફક્ત નહિ પરંતુ ચીન અને ઉત્તર તેમ જ દક્ષિણ અમેરિકાના ઠેઠ દેશના ભાગોમાં પણ તેઓની સંસ્કૃતિનાં ચિહ્નો માલૂમ પડે છે. ગાંધીજી હિંદુ શબ્દનું લક્ષણ આપતાં સ્પષ્ટ કહે છે કે મારી માન્યતા છે કે જે માણસ હિંદુત્વ નામે હિંદુકુળમાં જન્મીને, વેદ, ઉપનિષદ, પુરાણ વિ. ગ્રંથોને ધર્મગ્રંથરૂપે માને; જે માણસ સત્ય, અહિંસા વિ. પાંચ યમોને વિષે શ્રદ્ધા રાખે અને તે યથાશક્તિ પાળે; જે માણસ આત્મા છે, પરમાત્મા છે, આત્મા અજર અને અમર છે તેમ જાણી દેહાધ્યાસથી સંસારમાં અને યોનિમાં આવજા કર્યા કરે છે, તેને મોક્ષ છે અને મોક્ષ એ પરમ પુરુષાર્થ છે એમ માને; જે વર્ણાશ્રમ ને ગોરક્ષાધર્મને માને તે હિંદુ છે

૬. વિ. હિંદુસ્તાનનું; ભરતખંડનું

હિંદુકુશ પું. હિંદનો એ નામનો એક પર્વત. તે કશ્મીર અને અફઘાનિસ્તાન અને રશિઆની સરહદ વચ્ચે આવેલો છે. એમ કે હિંદુકુશનો મોટો ભાગ કશ્મીરની બહાર આ પર્વતમાં ઊંચામાં ઊંચું શિખર તીરસમીર છે; જેની ઊંચાઈ ૨૫,૪૨૬ ફુટ છે. તેનું બીજું શિખર સાક્ષ પ્રમિતરાજ છે, જેની ઊંચાઈ ૨૪,૨૭૧ ફુટ છે. હિંદુકુશ શબ્દનો અર્થ હિંદુની કતલ-ખંધ એવો થાય છે. આ નામ પાછળ એવો ઇતિહાસ છે કે, પ્રાચીનકાળમાં હિંદુ રાજાઓની ગુલામોની સંખ્યા સમયમાં હિંદુ સત્તા ઠેઠ પાટલિપુત્રથી વારકેદ અને કાશ્મીર સુધી પ્રવર્તેલી હતી. તે સમયમાં હિંદુ લશ્કર આ પર્વત ઓળંગી જતું હતું પણ માર્ગમાં સખત ઠંડી અને અકસ્માતે લીધે આખું લશ્કર નાશ પામ્યું હતું તેથી જ આ પર્વતનું નામ હિંદુકુશ પડ્યું.

હિંદુઓ (હિંદુઓ) પું. હિંદુધર્મનો અનુયાયી

હિંદુત્વ ન. હિંદુપણું

હિંદુધર્મ પું. હિંદુ લોકોનો ધર્મ આ સંબંધે મહાત્મા ગાંધીજી કહે છે કે, બધા ધર્મોમાં હિંદુધર્મ સૌથી વધુ સહિષ્ણુ છે. હિંદુધર્મ એના

અનુયાયીઓએ માનવા જ જોઈએ એવા સિદ્ધાંતોની જંજાળથી મુક્ત છે. આ મને બહુ જ ગમે છે, કારણ તેથી હિંદુધર્મોને આત્મોન્નતિનો વિશાળમાં વિશાળ અવકાશ રહે છે. હિંદુ ધર્મ સાંકડો નથી તેને લીધે હિંદુઓ બીજા ધર્મોને માન આપી શકે છે, એટલું જ નહિ પણ બીજા ધર્મોમાં સાર હોય તે ગ્રહણ પણ કરી શકે છે. મહિમા ધર્મ માત્રને સામાન્ય છે પણ હિંદુધર્મમાં એ સિદ્ધાંતની ખિલવણી તથા પ્રયોગ બધાથી વિશેષ છે. જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મને હું હિંદુધર્મથી જોખા નથી ગણતો કેવળ મનુષ્ય માત્ર જ નહિ પણ જીવમાત્ર એક છે એમ હિંદુધર્મ માને છે. મારા મત પ્રમાણે હિંદુધર્મમાં ગોરક્ષાના સિદ્ધાંતે હિંદુધર્મના વિકાસમાં અપૂર્વ ફાળો આપ્યો છે. ગોરક્ષા એટલે જીવમાત્રની એકતા અને પવિત્રતાના સિદ્ધાંતનો વ્યાવહારિક પ્રયોગ. એકવાર એક મોટા વકીલ સજ્જને મને પૂછયું હતું કે, હિંદુધર્મની વ્યાખ્યા શી ? મેં તેમને જવાબમાં કહેલું કે, હિંદુધર્મની વ્યાખ્યા હું નથી જાણતો હું કયાં તમારા જેવો વકીલ છું ? મારા પોતાના હિંદુધર્મની વ્યાખ્યા હું કરી શકું. એ વ્યાખ્યા એવી છે કે, સર્વ ધર્મોને સરખા ગણો તે ધર્મ હિંદુ મારા અનુભવથી હું હિંદુધર્મ વિષે વાંચતો અટ્યારે છું ને શીખતો આવ્યો છું. હું બહુ નાનો હતો ને એક રાતમાં જતાં બીતો સારે મારી ધાર્મ મને કહેતી કે ડરે છે શા સારુ ? રામનું નામ લે. ત્યારબાદ ખ્રિસ્તી, મુસલમાન, પારસી વગેરે બધા ધર્મના લોકોના સંસર્ગમાં હું આવ્યો. પરંતુ અનુભવમાં જેવો હતો તેવો જ આજે પણ હું રહ્યો છું. મારે હાથે હિંદુધર્મનું રક્ષણ થવાનું હશે તો ઈશ્વર તેનું નિમિત્ત મને બનાવશે. હિંદુધર્મ વિષેના એકાદ પ્રમાણભૂત ગ્રંથમાં મેં વાંચ્યું છે કે, હિંદુ શબ્દ વેદમાં મળતો નથી. પણ મહાન સિકંદરે સિંધ પર ચઢાઈ કરી ત્યારે સિંધુ નદીની પૂર્વમાં આવેલા દેશમાં વસતા લોકોને હિંદુ કહીને ઓળખાવવામાં આવ્યા હતા. અંગ્રેજી બોલનારા હિંદીઓ આજે પણ સિંધુને ઈન્ડસ નામથી ઓળખે છે. ગ્રીક બોલીમાં સિંધુના સનો એચ, એટલે હ થઈ ગયો તેથી એ મુલકના વતનીઓનો ધર્મ હિંદુ નામથી ઓળખાયો જુલમથી ત્રાસીને ભાગી છૂટેલા પ્રાચીન ખ્રિસ્તીઓને તેણે આશ્રય આપ્યો હતો. ઈસ્લામધર્મના અનુયાયી બહારવટિયાઓને પણ તેણે આશરો દીધો હતો અને ધર્મ ગણથી એવા જ જુલમથી ત્રાસીને ભાગી નીકળેલા પારસીઓને પણ તેણે જ સંઘર્યા હતા. આવો જે ધર્મ સહિષ્ણુતાની બાબતમાં હિમાયત કરતો આવ્યો છે તે હિંદુધર્મનો અનુયાયી હોવામાં મને ગૌરવનો અનુભવ થાય છે. આર્ય વિદ્વાનો પોતે જેને વૈદિક ધર્મ કહીને ઓળખે છે, તેને વરેલા છે અને હિંદુસ્તાનનું નામ આર્યાવર્ત છે એમ આગ્રહપૂર્વક જણાવે છે એવી વિદ્વત્તાની અપેક્ષા એવો આગ્રહ રાખવાની મને જરા યે આકાંક્ષા નથી. મારી કલ્પનાનું હિંદુસ્તાન મારે માટે પૂરતું છે અને તે નામથી મને પૂરતું સમાધાન છે એ હિંદુસ્તાનમાં અને એ હિંદુધર્મોમાં વેદોનો બેશક સમાવેશ થઈ જાય છે: પરંતુ મારી મતિ પ્રમાણે તેમાં એથી એ બધું વધારે સમાયેલ છે. હિંદુધર્મના મોભા અથવા દરજ્જાને જરા પણ ઓછો ઊતારી પાડ્યા વિના હું ઇસ્લામના મજહબમાં, પારસી ધર્મનાં, ખ્રિસ્તી સંપ્રદાયમાં, જૈન ધર્મમાં અને બૌદ્ધ પંથમાં જે કંઈ ઉત્તમ છે તેનો સમભાવે આદર રાખું છું એમ જાહેર કરું છું ત્યારે કશી વિસંગત વાતો કરતો નથી. સર્વ તપ છે. બધા સાચો હિંદુધર્મ જાણે છે. એક જ દૃષ્ટાંત. તુલસીદાસે એ ધર્મનો નિચોડ આપી દીધો છે: "दया धर्मका मूल है, पाप मूल अभिमान; तुलसी दया न छोडीए जबलग घटमें प्राण". મારા હિંદુધર્મમાં સર્વધર્મી સમાઈ જાય છે સર્વ ધર્મનો નિચોડ અથવા સાર હિંદુધર્મમાં મળે છે અને હિંદુધર્મમાં બીજા સર્વ ધર્મ તત્ત્વો પચાવી લેવાની શક્તિ ન હોય અને તે કામ તેણે ન કર્યું હોય તો તે આટલો ઊંચો યે ન ગણાત. ધર્મ માત્રને ચઢતી પડતીના વાવાઝોડા જોવા પડે છે હિંદુધર્મના ઘેરના ઘેરમાં સર્વ ધર્મોનો સાર જોવો છે. છતાં એટલું કબૂલ કરવું જોઈએ કે, હિંદુ, શીખ, જૈન અને બૌદ્ધ એ માટે ધર્મો અસલમાં જુદા છે નામથી બધા ધર્મો એકબીજાથી જુદા છે. પણ બીજી રીતે જુઓ તો બધાનું બીજ એક જ છે. હિંદુધર્મ તો એક મહાસાગર છે. જેમ સાગરમાં બધી નદીઓ ભળી જાય છે તેવી જ રીતે સર્વ ધર્મોનો હિંદુધર્મમાં સમાવેશ થઈ જાય છે. દેવદાસીઓ અને મુરલીઓની પ્રથા હિંદુધર્મનું એક અંગ છે એ વિચારે હું તો શરમથી મરી જ રહું અને છતાં દેવધર્મને નામે આ ઉઘાડો અભિચાર હિંદુસ્તાનનાં બધા ભાગોમાં હિંદુઓમાં પ્રવર્તે છે. વળી કાળીને બકરાંનો ભોગ આપવો એ વસ્તુને પણ હું નર્યો અધર્મ માનું છું અને એ હિંદુધર્મનું અંગ છે એવું માનતો નથી. હિંદુધર્મ એ તો અનેક યુગનો વિકાસ છે. હિંદુધર્મ એ નામ પણ હિંદુસ્તાનના લોકોમા ધર્મને સારુ પરદેશીઓએ શોધી કાઢેલો શબ્દ છે એક કાર્ય અર્થી ધર્મને નામે પશુઓનું બલિદાન અપાતું પણ એ વસ્તુ ધર્મ ન હોય ત્યાં હિંદુધર્મ તો કયાંથી હોય જ ?

હિંદુધર્મગ્રંથો पुं. હિંદુધર્મના પ્રમાણભૂત ગ્રંથો. લોકમાન્ય તિલક લખે છે કે: હિંદુધર્મના મૂળભૂત ગ્રંથોમાં કાળાનુક્રમ તથા મહત્ત્વની દૃષ્ટિએ વેદો આદ્ય અને શ્રેષ્ઠ ગ્રંથો છે. તેમાં સંહિતા, બ્રાહ્મણો તથા ઉપનિષદોનો પણ સમાવેશ થાય છે. યજ્ઞયાગાદિનાં કર્મકાંડ તથા પરમાર્થ વિચારોના જ્ઞાનકાંડનું મૂળ પણ એ ગ્રન્થમાં જ છે. જો કે જ્ઞાનકાંડમાં મૂળભૂત આધાર ગ્રંથો ઉપનિષદો છે. હિંદુધર્મના સામાજિક આચારનું નિયમન સ્મૃતિ ગ્રંથો દ્વારા થાય છે, પણ તેનો મૂળ આધાર શ્રૌતસૂત્રો છે શ્રૌતસૂત્રો સિવાય બીજા અનેક સૂત્રગ્રંથો છે; પરંતુ આ ગ્રંથોમાં સામાજિક આચારવિચાર કરતાં વિષયો 'કોયડો' બોલવાની વગેરે વિવિધ વિચાર પરંપરા જોવામાં આવે છે આ વિવિધ વિચાર પરંપરાને ષડ્દર્શન પણ કહેવામાં આવે છે ષડ્દર્શનમાં ગૌતમનાં ન્યાયસૂત્રો, વૈશેષિકસૂત્રો, જૈમિનીના પૂર્વમીમાંસાસૂત્રો, બાદરાયણનું વેદાંત અથવા બ્રહ્મસૂત્રો તથા કપિલસૂત્રો વગેરેનો સમાસ થાય છે. શ્રુત, નિર્ગુણ તથા નિર્ભેળ પારમાર્થિક સ્વરૂપવાળા વૈદિક ધર્મના પ્રાચીન મૂર્તિપૂજનું પરિવર્તન થયું, તથા દેવતાઓને માનવાની પ્રવૃત્તિ શરૂ થઈ ત્યારથી પુરાણોની શરૂઆત થઈ. મહાભારત તથા રામાયણ પુરાણો નથી પણ ઇતિહાસ છે. પુરાણોમાં ગીતાનો સમાવેશ થાય છે. ઉપરોક્ત ગ્રંથોની યાદી નીચે પ્રમાણે છે:–વેદ: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. **સંહિતા:** તૈત્તિરીય, મનુ, વાજસનેયી, સપ્ત. **બ્રાહ્મણો:** આર્ષેય, ઐતરેય, કૌષિક, તૈત્તિરીય, કૌપીતકી, શતપથ. **ઉપનિષદો:** અક્ષબુદ્ધિ, ઈશ, ઐતરિ, ઐતરેય, કઠ, કેન, કૈવલ્ય, કૌપીતકી, ગર્ભ, ચોપાલતાપિની, છાંદોગ્ય, જાબાલ, જાબાલસંન્યાસ તૈત્તિરીય, ત્રિશિખિબ્રાહ્મણ, નારાયણીય, નૃસિંહોત્તરતાપનીય, પ્રશ્ન, બૃહદારણ્યક, મહાનારાયણ, માંડૂક્ય, મૈત્રી, યોગતત્ત્વ, રામપૂર્વ, વજ્રસૂચી, શ્વેતાશ્વતર, સર્વ. **સ્મૃતિ.** મનુ, યાજ્ઞવલ્ક્ય, હારીત. **સૂત્રો:** આપસ્તંબ, આશ્વલાયન, કાત્યાયન, ગૌતમન્યાય, તૈત્તિરીય, નારદ, નારદપંચરાત્ર, પાણિનિ, પાતંજલયોગ, બૌધાયન ધર્મ, બૌધાયન શ્રૌત, ભાષ્ય (વેદાંત, શારીરિક), મીમાંસા, વેદાંત (બ્રહ્મ શારીરિક),

સાંખ્ય. કાત્રિકા. સાંખ્યકારિકા, વ્યાકરણ: પાણિની. ઇતિહાસ: રામાયણ, મહાભારત (હરિવંશ). પુરાણો: અગ્નિ, કર્મ, ગરુડ, ગૌડીય, પદ્મોત્તર, દેવી ભાગવત, નારદ, નૃસિંહ, પદ્મ, બ્રહ્માંડ, ભાગવત, ભવિષ્ય, માર્કંડેય, લિંગ, વરાહ, વિષ્ણુ, સ્કંદ, હરિવંશ. ગીતાઓ. અવધૂત, અષ્ટાવક્ર, ઈશ્વર, ઉત્તર, કપિલ, ગણેશ, દેવી, પારાશર, પાંડવ, પિંગળ, બ્રહ્મ, ભીષ્મ, ભિક્ષુ, યતિ, યમ, રામ, વિચિત્રવીર્ય, વ્યાસ, વૃત્ર, શિવ, સનાતન, સૂત, સૂર્ય, હરિ, હંસ, હારીત. પાલીગ્રંથો: અગ્ગિવચ્ચસુત્તસુત્ત, ઉદાન, ચુલ્લવગ્ગ, તારાનાથ, તૈત્તિરીયસુત્ત, થેરગાથા, દસરથજાતક, દીપવંસ, ધમ્મપદ, બ્રહ્મજાલસુત્ત, બ્રાહ્મણધમ્મિકા, મહાપરિનિબ્બાણસુત્ત, મહાવગ્ગ, મહાવંસ, મિલિંદપ્રશ્ન, વજ્જિયમાહિતા, સદ્ધર્મ પુંડરીક, સુત્તનિપાત, સેલસુત્ત, સોણસુત્તવણ્ણના, સોદરનંદ

હિંદુપત જ હિંદુપણું, હિંદુતા; હિંદુત્વ

હિંદુમિશન ન. કુટુંબોમાં તોડવા અને હિંદુઓમાં સમાન ઊભવ કરી આપસસ્કૃતિની રક્ષા કરવા વગેરે ઉદ્દેશથી સ્થપાયેલું મંડળ.

હિંદુલો પું હિંદુ કાયદો; હિંદુ ધર્મશાસ્ત્રો; હિંદુઓની રીત રૂઢિઓને કાયદાનું સ્વરૂપ આપતું પુસ્તક.

હિંદુવટ સ્ત્રી. હિંદુપણું; હિંદુતા.

હિંદુવિશ્વવિદ્યાલય ન. એ નામની કાશીમાં માલવિયાજીએ સ્થાપેલી વિદ્યાપીઠ. એ સબંધે ગાંધીજી લખે છે કે: માલવિયાજીએ હિંદુસ્તાનને માટે જન્મ ધારણ કર્યો અને હિંદુસ્તાનની સેવાને કાજે કરેલાં પોતાના કાર્યોમાં તેઓ જીવે છે. તેમનાં કાર્યો પણ કેટલાં ? અને કેવા મોટાં ? પણ તેમનાં બધાં કાર્યોમાં સૌથી મોટું કામ હિંદુ વિશ્વવિદ્યાલય છે જૂલમાં રહીને આપણે તેને બનારસ હિંદુ યુનિવર્સિટીને નામે ઓળખીએ છીએ; પણ આ નામ રાખવાનો દોષ માલવિયાજી મહારાજના નથી, તેમના અનુયાયીઓનો છે માલવિયાજી મહારાજ દાસાનુદાસ હતા, પોતાના ભક્તો ને અનુયાયીઓ જેમ કરતા, તેમ કરવા દેતા મારો તો અખાલ છે કે, પોતાના માણસોને અનુકૂળ થવાનો તેમનો સ્વભાવ હતો. તેમને તો હિંદુવિશ્વવિદ્યાલય નામ જ પ્રિય હતું. મને લાગે છે કે, સંસ્થાના નામમાં આ સુધારો હજીએ કરવો ને કરી શકે તેવો છે એ વિશ્વવિદ્યાલયની એક એક ઈંટ અને પથ્થરે પથ્થરમાં શુદ્ધ હિંદુધર્મનું પ્રતિબિંબ પડે. તેનું એક પણ મકાન પશ્ચિમના જડવાદની નિશાની જેવું ન હોય, બલકે આત્માના ભવ્ય પ્રભાવનું પ્રતીક હોય અને જેવાં તેનાં મકાન તેવા જ તેના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકો હોય. આજે એવું છે ? દરેક વિદ્યાર્થી શુદ્ધ ધર્મની જીવંત મૂર્તિ છે ? નથી, તો કેમ નથી ? આ વિશ્વવિદ્યાલયની કસોટી તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યાથી નહિ, તેમાંથી હિંદુધર્મ કેટલો મૂર્તિમંત થયો છે તે હકીકત ઉપરથી જ થઈ શકે; પછી ભલે એવા વિદ્યાર્થીઓની સંખ્યા અલ્પ હો

હિંદુસ્તાન પું. હિંદ; ભારતખંડ, ભારતવર્ષ.

હિંદુસ્તાની ૧. વિ. અરબી ફારસીની વિશેષ જમાવટવાળી એ નામની એક ભાષા. ગાંધીજી કહે છે કે: આજની હિંદુસ્તાનીનાં બે સ્વરૂપો છે: હિંદી અને ઉર્દૂ. હિંદી નાગરી લિપિમાં લખાય છે અને ઉર્દૂ ઉર્દૂ લિપિમાં. એકનું સિંચન સંસ્કૃતથી થાય છે અને બીજાનું અરબી ફારસીથી; એટલે આજે તો બંને રહેવાની. બંને ભણીને જ હિંદુસ્તાની બનશે. પછી તેનું સ્વરૂપ કેવું થશે તે આપણે જાણતા નથી અને હોઈ પણ ન શકે. એ જાણવાની જરૂર પણ નથી. હિંદુસ્તાનીના વિકાસથી પ્રાંતીય ભાષાઓ આઘાત વધશે જ, કારણ કે હિંદુસ્તાની મુકીજાર રાજકર્તાઓની નહિ, પણ લોકોની ભાષા છે. આ રાષ્ટ્રભાષાના પ્રચાર માટે હું દક્ષિણમાં ગયો હતો. ત્યાં રાષ્ટ્રભાષાનું નામ આજ સુધી હિંદી જ હતું. હવે હિંદુસ્તાની નામ થયું છે. યોગ્ય મહિનામાં બધાં છોકરાછોકરીઓ બંને લિપિ શીખી ગયા છે. તેમને મેં પ્રમાણપત્રો પણ આપ્યાં. ત્યાં પણ મુશ્કેલી બે લિપિની નહિ, અંગ્રેજીની છે. એમાં સરકારીઓનો દોષ પણ નથી. આપણે જ અંગ્રેજીનો મોહ છોડતા નથી.

૨. જ. ઉત્તરહિંદનું રહેવાસી માણસ

૩. વિ. હિંદુસ્તાન સંબંધી.

૪. વિ. હિંદુસ્તાનનું; ભારતખંડનું.

હિંદુસ્તાની તાલીમી સંઘ પું. કેળવણી વિષયક એક મંડળ; 'ઇન્ડિયન એજ્યુકેશનલ સોસાયટી.' મહાત્માજીથી સંચાલિત 'હરિજન' પત્ર દ્વારા જુલાઈ ૧૯૩૭માં એક લેખદ્વારા રાષ્ટ્રીય શિક્ષણની એક નવી યોજના પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવી. કૉંગ્રેસની ૧૯૩૮ની હરિપુરાની બેઠકમાં 'આયોજક નિર્લેપ મુજબ હિંદુસ્તાની તાલીમ' ની સ્થાપના કરવામાં આવી. હિંદો ૬૬ ' બનનું શિક્ષણ આપવાનો આ સંસ્થાનો હેતુ છે. રાષ્ટ્રભાષા શિક્ષણ પદ્ધતિ કરવાનું ધ્યેય આ સંસ્થાનું છે આ પદ્ધતિથી શિક્ષણ આપવા છેલ્લાં ૧૨ વર્ષથી સેવાગ્રામમાં બુનિયાદી શાળા ચલાવી રહ્યા છે. આ ઉપરાંત ઉત્તર બુનિયાદી શાળા પણ ચાલે છે. એક પૂર્વ-બુનિયાદી વિભાગ પણ ચાલુ છે. ઉપરાંત પ્રૌઢ શિક્ષણ અથવા સમાજ શિક્ષણનું કામ સાથોસાથ ચાલતા છે ઉત્તર બુનિયાદી વિભાગના વિદ્યાર્થીઓ દરરોજના ચાર કલાક ઉત્પાદક કામ કરી સ્વાવલંબી બને છે. એક નવી તાલીમ વિભાગ બુનિયાદી શાળાના શિક્ષકો તૈયાર કરવા માટે કામ કરી રહેલ છે. બારતના તમામ પ્રાંતોમાંથી વિદ્યાર્થીઓ આવી અભ્યાસ કરવા આવે છે

હિંદુસ્તાની પ્રચાર સભા સ્ત્રી હિંદુસ્તાની ભાષાના પ્રચાર માટેનું મંડળ આ સભાની સ્થાપના ૧૯૪૨ના મે માસમા કરવામાં આવી હતી. વર્ધામાં કાકાવાડી તેની મુખ્ય કચેરી છે. નાગરી અને ઉર્દૂ લિપિમા હિંદુસ્તાની ભાષાનો પ્રચાર એ આ સંસ્થાનુ ધ્યેય છે તેના મુખ્યકામ:- (૧) ભારતનાં કેંદ્રોમાં પરીક્ષાની વ્યવસ્થા., (૨) હિંદુસ્તાનીના અભ્યાસ માટે વિદ્યાલય ચલાવવુ આ સસ્થામાં શિક્ષણની ફી નથી. (૩) પાઠ્યપુસ્તકો અને હિંદુસ્તાની સાહિત્યનાં પુસ્તકો માટે પુસ્તકાલય ચલાવવુ

હિંદેશિયા પું. એ નામનો અગ્નિ એશિયામાં આવેલો એક મહત્ત્વનો દેશ; 'ઇન્ડોનેશિયા'. હિંદની પૂર્વે બ્રહ્મદેશ છે અને દક્ષિણે મલય દ્વીપકલ્પ આવેલા છે. તેની પાર બ્રહ્મ.સાગરમાં એક મોટો દ્વીપસમૂહ આવેલો છે, જેને મલય દ્વીપસમૂહ કહે છે. તે દ્વીપસમૂહ એ એશિયા ખંડના અગ્નિ ખૂણાનો અંતિમ મુલક છે. પશ્ચિમની દૃષ્ટિએ એની બરાબર દૂર પૂર્વમાં થાય છે. હિંદની નજીકમાં આવેલા આ ટાપુઓને પશ્ચિમના લોકોએ 'ઇન્ડીઝ' નામ આપ્યું હતું. મધ્ય અમેરિકાની આજુબાજુ આવેલા 'વેસ્ટ ઇન્ડીઝ' સાથે ગોટાળો ન થાય માટે પૂર્વમાં આવેલા આ ટાપુઓને ઈસ્ટ ઇન્ડીઝ કહે છે. હિંદ એટલે ઇન્ડિયા અને એશિયાની દક્ષિણપૂર્વે આવેલા આ દ્વીપસમૂહને વળી હિંદેશિયા કે ઇન્ડોનેશિયા પણ કહે છે ભાગોલિક દૃષ્ટિએ જોઈએ તો હિંદેશિયા એ હિંદની દક્ષિણપૂર્વે આવેલો આપણો એક પાડોશી દેશ છે. કલકત્તાથી એનું અંતર લગભગ સવા હજાર માઈલ જેટલું છે. બગાળાના ઉપસાગરમા આવેલા આંદામાન અને નિકોબાર ટાપુઓથી તો એ છેક નજીક છે. વિષુવવૃત્તની રેખા તેમ જ ૧૦૦° પૂર્વ રેખાંશની રેખા લગભગ સુમાત્રાના મધ્યભાગમાંથી પસાર થાય છે. આકારમા આ ટાપુ દ્વીપો અને સાકડો છે. મુખ્ય ટાપુની આસપાસ નાના નાના સંખ્યાબંધ ટાપુઓ આવેલા છે. તેમા

સૌથી મોટો ટાપુ બંકા છે. બંકાની પૂર્વે બિલ્લિતનનો ટાપુ ને ઉત્તરે ત્રિયો દ્વીપસમૂહ પણ નોંધપાત્ર છે સુમાત્રાના દક્ષિણપૂર્વ છેડાની પૂર્વે જવા આવે છે. પશ્ચિમ જવાના પ્રદેશને સુંદ કહે છે જવાનો આકાર પણ લાંબો અને સાંકડો છે કદમાં એ સુમાત્રા કરતા ઘણો નાનો છે. જવાની પૂર્વે સીધી હરોળમાં અનુક્રમે બલી, લૉંબોક અને સુંબવા નામે નાના ટાપુઓ આવેલા છે. ત્યારબાદ ફ્લોરેસ નામે જરા મોટો ટાપુ આવેલો છે. આકારમાં એ જવાની જેમ લાંબો અને સાંકડો છે. ફ્લોરેસની દક્ષિણપશ્ચિમે સુંબ એટલે ચંદન નામનો નાનો ટાપુ છે અને દક્ષિણપૂર્વે તિમોર નામે મોટો ટાપુ છે, જવાતિમોરની આ હરોળની ઉત્તરે ટાપુઓની એક બીજી પશ્ચિમપૂર્વ હરોળ આવેલી છે; એની શરૂઆત બોર્નિયો ટાપુથી થાય છે. હવે એને કાલિમંતાન કહે છે. બોર્નિયોની પૂર્વે સેલેબસ નામે ટાપુ છે. સેલેબસની પૂર્વે નાના ટાપુઓનો એક સમૂહ આવેલો છે આ ટાપુઓને મોલક્કા ટાપુઓ કહે છે. એની પૂર્વે ન્યૂ ગીની નામે મોટો ટાપુ આવેલો છે. બોર્નિયોથી શરૂ થતી દ્વીપમાળાની ઉત્તરે એક મોટો દ્વીપસમૂહ આવેલો છે, જેને ફિલિપ્પાઇન ટાપુઓ કહે છે આ પ્રમાણે સુંદ ટાપુઓ, મોલુક્કા ટાપુઓ, ન્યૂ ગીની અને ફિલિપ્પાઇન ટાપુઓના આ સમસ્ત મુલકને મલય દ્વીપસમૂહ અથવા ઈસ્ટ ઇન્ડીઝ અથવા ઇંદોનેશિયા (ઇન્ડોનેશિઆ) કહે છે હિંદની જેમ ઇંદોનેશિયા પણ ઘણા વખતથી પરદેશી સત્તાને આધીન હતું. હવે એને પણ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે, લગભગ સાડાત્રણસો વર્ષથી ઇંદોનેશિયા ઉપર ડચ સરકારની હકૂમત ચાલતી હતી. ૧૯૦૮ થી લોકો પ્રજાએ સ્વતંત્રતાની લડત ઉપાડી. પરંતુ ઇંદોનેશિયાની પ્રજાની સ્વાતંત્ર્યની બહેરાતને ડચ સરકારે છેક ૧૯૪૯માં માન્ય રાખીને સત્તાની સોંપણી ૧૯૪૯ની ૨૬ ડીસેંબરે કરી, વળી આ દરમિયાન ડચ સરકારે ભાગલા પાડવાની નીતિથી 'ઇંદોનેશિયાની પ્રજાતંત્ર' તરીકે એના અમુક જ મુલકને માન્ય રાખી એનાથી અલગ જણાય એવાં બીજાં પણ રાજ્ય જુદાં પાડ્યાં હતાં, ને એમની હકૂમત નીચેના એક મુલકનું ભાવિ અનિશ્ચિત રાખ્યું હતું આ અનુસાર આજાદ ઇંદોનેશિયાનું ૨,૬૮ સોળ અલગ અલગ રાજ્યોના સમુદાયનું બનેલું હતું ને તેને 'રિપબ્લિક ઓફ ધ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ ઇન્ડોનેશિઆ, (R. U S I)' કહેતા પરંતુ આજાદ થયા પછી આ દેશની પ્રજાએ એ કૃત્રિમ એકમોનું વિલીનીકરણ કરીને એની જગ્યાએ એક અખંડ પ્રજાતંત્રનું સર્જન કર્યું છે આથી આ રાષ્ટ્રને હવે માત્ર 'ઇંદોનેશિયાનું પ્રજાતંત્ર' Republic of Indonesia કહે છે. આજાદ ઇંદોનેશિયાનું પાટનગર જકાર્તા પશ્ચિમ જવાને ઉત્તર કિનારે આવેલું છે. ઇંદોનેશિયાનો રાષ્ટ્રધ્વજ દ્વિરંગી છે ને તેમાં ઉપરનો પટો લાલ રંગનો અને નીચેનો પટો સફેદ રંગનો હોય છે. 'ઇન્ડોનેશિયા રાયા' એ ઇંદોનેશિયાનું રાષ્ટ્રગીત સંસ્કૃત છે ઇંદોનેશિયાના રાષ્ટ્રપ્રતીકમાં મુખ્ય આકૃતિ વિહંગરાજ ગરુડની પસંદ કરવામાં આવી છે.

હિંદોલ ૧ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ગાવાનો સમય વસંતઋતુ અને પ્રાતઃકાળ અથવા રાત્રે બેથી ત્રીજે પ્રહર છે. તે શૃંગાર અને વીર રસ ઉત્પન્ન કરે છે. તેની ગંભીર પ્રકૃતિ છે.

૨. પુ. શ્રાવણ સુદમાં ઉજવાતો હિંડોળાનો ઉત્સવ.

૩. પું. હીંચકો; હિંડોળો

હિંદોલી ૧. પુ. (સિંજણ) એ નામનો એક માત્રામેળ છંદ

૨. સ્ત્રી. (સંગીત) વસંત રાગની છ ભાંજેની રાગિણી એક

હિંદોલીચૈત્ર પું. ચૈત્ર માસનું બીજું નામ. આ માસમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાતો હતો. શુમારે બારસો વર્ષ પહેલાં ઉત્તર હિંદુસ્તાનમાં આ ઓચ્છવ ઉજવાતો હતો, એવું અલબેરૂનીના લેખ ઉપરથી જણાય છે. તે વખતે ઘેર ઘેર દોલોત્સવ થતો હતો. સ્ત્રીઓ અને પુરુષો બારે આનંદથી ચૈત્રના દિવસ ગુજારતા હતા. આ માસનું હિંદોલી ચૈત્ર એવું નામ હતું

હિંદોસ્તાન પુ સમસ્ત આરતવર્ષ; અખિલ ભારત ગાંધીજી કહે છે કે, હિંદુસ્તાન શબ્દનો કેવળ શાબ્દિક અર્થ કરવાથી તે એકલા હિંદુ નામે ઓળખાતા લોકોનો મુલક એવો થાય. પાકિસ્તાનનો અર્થ માત્ર મુસ્લિમોનો દેશ એવો થાય. મારી સમજ મુજબ આ શબ્દનો આવા અર્થમાં ઉપયોગ કરવો એ ખોટું છે તેથી મેં મુદ્દામ હિંદોસ્તાન શબ્દ વાપર્યો છે. ઇન્ડિયા શબ્દનો અર્થ કરતી વખતે તેમાં હિંદુસ્તાન અને પાકિસ્તાન બંને રાજ્યોનો સમાવેશ કરી લેવો.

હિંદોસ્તાં જુઓ હિંદોસ્તાન.

હિંદોળો પું. હીંચકો; હિંડોળાખાટ.

૧ હિંદોળા ખાવા = (૧) અંતરિયાળ સ્થિતિમાં રહેવું; અનિશ્ચિત હાલત હોવી. (૨) ઝૂલવું; ડોલવું; લટકતું રહેવું. (૩) સિદ્ધિ ન થવી

૨. હિંદોળે ચઢાવવું = (૧) આશા આપી ધક્કા ખવરાવવા. (૨) ઉશ્કેરવું; ભડકાવવું. (૩) તુરત નિકાલ ન થાય એવી રીતે રખડાવ્યા કરવું (૪) હચમચાવવું

હિંમત ૧. સ્ત્રી ઉદારતા

૨. સ્ત્રી. ખુશ્કો

૩ સ્ત્રી. નિશ્ચય

૪. [અ. હિમત (મરદાનો; વિચાર)] સ્ત્રી. શક્તિ; બહાદુરી; પાણી

૧. હિંમત આવવી = પોતાની શક્તિ વિષે ભરોસો બેસવો

૨. હિંમત કરવી–ચલાવવી–ધરવી–પકડવી–ભીડવી–રાખવી = કોઈ પણ કરવાને અથવા ખમવાને હિંમતથી તૈયાર થવું

૩ હિંમત છોડવી–હારવી = હતાશ થવું; નિરાશ થવું

૪. હિંમતે મર્દા તો મદદે ખુદા = હિંમતવાનને પરમેશ્વર મદદ કરે છે.

૫. સ્ત્રી. સત્ત્વ

૬. સ્ત્રી. સાહસ

હિંમતબાજ વિ. હિંમતવાળું.

હિંમતવાન જુઓ હિંમતબાજ.

હિંયા અ અત્ર; અહીં; આ સ્થળે.

હિંસ [સં] સ ક્રિ. (ધાતુ) હિંસા કરવી; મારી નાખવું; હતલ કરવી. તે ઉપરથી હિંસા, સિદ્ધ, પ્રતિહિંસા, હિંસક, હિંસાત્મક, અહિંસા વગેરે શબ્દ બનેલ છે

હિંસક ૧. [સં] પું. અથર્વવેદી બ્રાહ્મણ.

૨. પું. ખાટકી; કસાઈ.

૩. પું. ફાડી ખાનાર પ્રાણી

૪. પુ. શત્રુ

૫. વિ. હિંસા કરનાર; ફાડી ખાનાર.

હિંસકવૃત્તિ [સં.] સ્ત્રી. નુકસાન, હાનિ કે ગેરલાભ કરવાની ઇચ્છા; મારવાની કે નાશ કરવાની કાયિક, વાચિક, કે માનસિક મનોવૃત્તિ.

હિંસન [સં] ન. કારમારવું તે; વધ કરવો તે; હિંસા કરવી તે.

હિંસવલ્લી સ્ત્રી એક જાતની વેલ

હિંસવું [સં. હિંસ] સ ક્રિ. ઈજા કરવી; હનિ કરવી; હિંસારવું; મારી નાખવું; હિંસા કરવી

હિંસા [સં.] સ્ત્રી વધ; ખૂન; ઘાત; પ્રાણનો વિયોગ કરવો તે; જીવ લેવો તે. પાંચ ઇન્દ્રિયો, મનોબળ, વચન બળ અને કાય બળ એ ત્રણ તથા શ્વાસોચ્છ્વાસ અને વાયુ મળીને દશ પ્રાણ ભગવાને કહેલા છે. તેનો વિયોગ કરવો તેનું નામ જ હિંસા છે. હિંસાના પ્રકાર હોય છે: કૃતા (પોતે કરેલી), કારિતા (કરો એમ

બીજી બીજા પાસે કરાવેલી) અને અનુમોદિતા (સારું કર્યું એમ કહી અનુમોદન આપેલી). એમ ત્રણ પ્રકારની હિંસા છે હિંસા માત્ર વધ એટલા અર્થને જ સૂચવતી નથી. અન્ય પ્રાણીને કોઈ પણ પ્રકારે કોઈ પણ જાતની હાનિ કરવી તેનો હિંસાના અર્થમાં સમાવેશ થાય છે હિંસા શરીર વડે, મનવડે કે વાણી વડ એમ ત્રણમાંથી ગમે તે પ્રકારે કોઈને થઈ શકે. તેથી હિંસા ત્રણ પ્રકારની કહી છે શરીર વડે કોઈને લપડાક મારીએ તે શારીરિક હિંસા થઈ કોઈનું મ.ટ તેનું અશુભ થાય તેવા વિચાર કરીએ તે માનસિક હિંસા કહેવાય. કોઈનો વાણી વડે તિરસ્કાર કરીએ, ગાળ દઈએ, મર્મિક વચનોથી મરકરી આદિથી સામા માણસના મનનું દુભાવું કે અંતઃકરણ ખિન્ન થવું એવા વચનો ઉચ્ચારવા તેને વાચિકને હિંસા કહેવાય. આ દરેક પ્રકારની હિંસામાંથી પણ વળી ત્રણ ત્રણ ભેદ છે. ૧ પોતે જાતે હિંસા કરવી, ૨. બીજા પ્રકારનું વર્તન કરવું કે જેના પરિણામે કોઈ અન્ય મનુષ્ય હિંસા કરે ૩. કોઈ અન્ય મનુષ્ય હિંસા કરતો હોય તે આપણાથી અટકાવી શકાય એમ હોય છતાં અપેક્ષા કરીને અથવા બીજી રીતે તે હિંસાને થવા દેવા રૂપ સમતિ માત્ર આપવી. આ પ્રમાણે દરેકના ત્રણ ત્રણ ભાગ થવાથી હિંસાના નવ પ્રકાર થયા. આ દરેક પ્રકારની હિંસાના હેતુને લઈને પુનઃ ત્રણ ત્રણ વિભાગ પડે છે ૧. લોભથી પ્રેરાઈને થયેલી હિંસા ૨. ક્રોધના આવેશથી થતી હિંસા ૩. અજ્ઞાન રૂપ અંધકારથી થતી હિંસા. એટલે હિંસાના કુલ ૨૭ પ્રકાર થયા. વળી તે હિંસાના પ્રમાણની અપેક્ષાથી કરીથી તે દરેકના ત્રણ ત્રણ વિભાગ પડ્યા છે ૧. મૃદુ માત્રા; ૨. મધ્યમ માત્રા, ૩. અધિક માત્રા. જેમા હિંસા નજીવી સહેજ થાય છે તે મૃદુમાત્રા અને જેમાં હાનિ ખૂબ થતી નથી તેમ વળી નજીવી પણ નથી હોતી, પરંતુ સામાન્ય હાનિ થાય છે તેને મધ્યમ માત્રા હિંસા કહેવાય છે. જેમા ઘણી જ હાનિ થાય છે તે અધિક માત્રા અથવા અતિમાત્રા હિંસા કહેવાય છે. આ રીતે હિંસાઓ ૨૭ પ્રકારની કહી છે જગતમા આજે હિંસાધર્મનો ઉત્સવ ચાલે છે લોહી મસ્તુ થયુ છે અને ધનની પ્રતિષ્ઠા વધી છે સામાન્ય દિવસોમા હિંસાધર્મ સતલો હોય છે અથવા મૂકમ રીતે વહે છે. પણ ચોમાસામા નદીની જેમ આવે છે અથવા ગ્રીષ્મ ઋતુમા સૂર્ય પોતાની પૂર્ણ પ્રખરતા પ્રગટ કરે છે તેમ ૧૯૧૪ના ઓગષ્ટ મહિનાથી જગતમા હિંસાધર્મનો મહોત્સવ શરૂ થયો છે લોહીની નદીઓ, હાડકાના પહાડો અને દેષના ધુમાડાથી જગતનુ ચિત્ર ચિતરાયુ છે હિંસાનો મહોત્સવ, છેલ્લા ૧૯૪૯ના યુદ્ધ પછી પોતાની પૂર્ણ કળાએ દીપી રહ્યો છે અને જગતના શાંતિ ચાહકો અને સંતોની તપશ્ચર્યા ઉપર ખુલ્લખુલ્લા પડકાર દઈ અટ્ટહાસ્ય કરી રહ્યો છે. જગત, ઓશિયા, અમેરિકા કે કોઈ પણ દેશની પ્રજા વદતોવ્યાઘાત જેવી શાંતિની વાતો કરી, હથ્થારી સાજ સજ્જ, લડાઈનો રાગ અને દાણમાં શાંતિનાં ગીતો ગાઈ રહી છે. જાપાનની જેવી શ્રદ્ધા તેવુ રૂપ તેને ઈશ્વર બતાવે છે. દુનિયાની વિશેષ ભીડને પ્રસંગે પરમેશ્વર વિશેષ અવતાર ધારણ કરે છે મહાભારતના ભીષણ પ્રસંગે પરમાત્માએ પોતાનુ વિશ્વરૂપ પ્રગટ કર્યું હતુ. જગતમાં આજે કલ્યાદેવીએ પોતાના હિંસા ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું છે. એણે કશુ ગુપ્ત રાખી નથી. સારી દુનિયામાં દરેક પ્રકારની હિંસા મળી રહે છે. બધા જ કંઈ હિંસા ધર્મના પૂરા ઉપાસક નથી હોતા, કેટલાક ગુપ્ત હિંસાનો નિષેધ કરે છે તો કેટલાક સ્વબચાવ હિંસાને નિર્દોષ માને છે. કેટલાક ખાનગી હિંસા નિર્દોષ માને છે. તો કેટલાક ધર્મ-સંઘ વગરની હિંસાનો નિષેધ કરે છે દરેક વ્યક્તિ કહે છે, અમુક રીતે થાય તે જ હિંસા અન્યાય. જગતમાં તો પ્રાણીસત્ર મંડાયો છે. આ પ્રાણીસત્રમાં કોઈ અસંતુષ્ટ કે અતૃપ્ત નહિ રહેવા પામે. પશ્ચિમની ઝેરીલી હિંસાનો ચોમેર દાવાનળ ફેલાયો છે. દુનિયાના બીજા દેશો પણ આ જ્વરથી પીડાયા કરે છે. દુષ્ટ અને જૂનમગરો, દુકાળ અને મોંઘવારી એની સુધરેલી હિંસા જોવી હોય તો જગતના મહોલ્લામાં સવારસાજ, મધ્યાહ્ને કે મધરાતે મળી શકે છે આ વસ્તુ તો હિંસાનું આ યુગનું રૂપ છે. દરેક જમાનામા હિંસા જુદ જુદ રૂપ ધારણ કરે છે. સ્વાર્થથી આંધળા ને નિર્દય બનીને ધનલોભે નિર્બળોની હિંસા કરી છે, એ પણ આ યુગનુ ભાલ સ્વરૂપ છે. દુકામા, આસુરી વિદ્યા અનેક રૂપો ધારણ કરી હિંસાને જ પોષે છે. સર્પનિરાજે વધ્યું કે નિર્બળોની તેમ જ બનવાનોની હિંસા થવા લાગી. સમાજશાસ્ત્રે વધ્યુ કે લોકસંખ્યા ઉપરે રહ્યુ અને સૂક્ષ્મ પ્રકાર થવા લાગ્યા, વેપારશાસ્ત્રે વધ્યુ કે લોહીનો પરસેવો કરી માણસને નિચોવી કાઢવાની પદ્ધતિ શરૂ થઈ. રાજ્યશાસન વિદ્યા વધી કે રાજા તેમ જ પ્રજા, અમીર તેમ જ ગરીબ, સેનાપતિઓ તેમ જ મંત્રીઓ એક કે બીજા પ્રકારસર મરવા લાગ્યા આકાશમાંથી પડતુ પાણી ગમે ત્યા પડે અને ગમે ત્યા વહે તો પણ આખરે જેમ સમુદ્રને મળે છે તેમ હિંસા ગમે તે પ્રકારસર કે ગમે તે બહાને, ગમે તે પદ્ધતિથી કે સાધનથી થઈ હોય તોપણ આખરે તો તે દુઃખમાં જ પોષે છે અને સમાજ નાશના જ પ્રકારરૂપ થાય છે એ વરપનો ઈતિહાસ વર્તમાન ઈતિહાસ આપણી દૃષ્ટિ આગળ ભજવાતો ઈતિહાસ બતાવી રહ્યો છે. છતાં આ સદીમા હિંસા એ કોઈ પ્રાંત દેશ, કે ખંડ-વ્યક્તિ જ રહી નથી. સર્વ જગત વરપીય હિંસાનો ખેલ ખેલી રહ્યો છે. આપણે જોવામાં, સાભળવામા એટલિય, આફ્રિકા ખંડની હિંસા પણ હાલમા તો અરેરાટી ઉપજાવે તેવી થઈ પડી છે. રાજ્ય પ્રકરણી વિગ્રહ, ધર્માંધતા, પક્ષાંધતા, વાદાવાદોના ઝગડા અને છેવટે વ્યાપારી અને વસવાટ હરીફાઈઓએ દુનિયામાં હિંસાનુ ક્રૂરમાં ક્રૂરપ તાંડવ આદર્યું છે. હિંસા દ્વારા જગતનો માનવી-પશુ બનવા છતાં કલ્યાણની ઇચ્છા રાખે છે એથી મોટુ આશ્ચર્ય કયું ? ગાંધીગીતામાં લખ્યુ છે કે:

દયારૂપ અહિંસા છે આશીર્વાદક ઉભયે,
કલ્યાણકારી તો તે છે હિંસક ને અહિંસકે.
અહિંસા સર્વે પાળે તો મેરુવેર હળે સકૃ,
વ્યક્તિ સમષ્ટિ સર્વેનાં આત્મ રાષ્ટ્ર સમાજમાં.
પ્રતિષ્ઠા યુદ્ધ કે દ્વેષો મમત્વો ચ વિષનાં,
પતન માનવીનું ચે હિંસાથી ઉદ્ભવે સદા.
હિંસા અને અહિંસાનો જાણવો ભેદ તો ઘટે,
બીજાને દુઃખ દે હિંસા અહિંસા દુઃખ ઝોરી લે.
મિથ્યા વાણી કુવિચારો ઈતાપળ પરિગ્રહ,
હિંસાનું વહન રૂપ દુષ્પ્રવૃત્તિ ને અસભ્યતા,
સ્વજ્ઞથી પણ હાતિલ જીભના કારી ઘાવ છે,
જેથી અહિંસકે જીભ કાબૂમાં રાખવી ઘટે.
રાગદ્વેષથી જે મુક્ત અહિંસક બની શકે,
ગીતાજ્ઞનો સ્થિતપ્રજ્ઞ તે આદર્શ અહિંસક.

હિંસાકર્મ [સ હિંસ.કર્મન્] ન. નુકસાન કે હાનિ થાય તેવુ કર્મ.

હિંસાજનક [સં.] વિ. હિંસાવાળું, જેમાં હિંસા થતી હોય એવુ.

> હિંસાજનક સમાજનો અશોક મહારાજ પ્રતિબંધ કરે છે પુરાતત્વ

હિંસાડી (હિંસાડી) વિ હિંસા કરનાર; ક્રૂર.

હિંસાત્મક [સં] વિ. હાનિકારક, નુકસાન કરનારું, હિંસાળુ; હિંસાયુક્ત

> સત્તરીસો પ્રત્યે દ્વેષભાવ રાખનો તેના કરતાં હિંસાત્મક વૃત્તિને પૂરી મુડથી એ વખારે સારુ છે. જગજીવન

હિંસાદંડ [સ.] પું (જૈન) હિંસાથી થતું દંડ.

હિંસાદોષ [સં.] પું હિંસા કરવાથી લાગતુ પાપ.

પ્રાણીઓની હિંસા કર્યા સિવાય ઉપભોગ થઈ શકતો નથી એમ સમજવું તે **હિંસાદોષ**.
સા.દર્શન

હિંસાધર્મ [સ] પુ હિંસામય ધર્મ; જીવની હિંસા; બલિદાન કે ભોગનું સ્વજન કરતો હોય તેવો ધર્મ

હિંસાધર્મી વિ. હિંસામાં માનનાર

હિંસાનંદ [સ.] પું. (જૈન) હિંસામાં ખુશી થવું તે. તે રૌદ્ર ધ્યાનનો એક પ્રકાર છે.

હિંસાનિષેધ [સ] પું. હિંસાનો પ્રતિબંધ; હિંસાની અટકાયત; હિંસાની મના કરવા તે.

હિંસાનુબંધી વિ. (જૈન) જેમાં હિંસા થતી હોય એવું
હિંસા કરવાની વૃત્તિમાં કૂરતા કે કઠોરતા આવે છે. તેને લીધે જે જે સતત ચિંતા થયા કરે છે તે **હિંસાનુબંધી** રૌદ્ર ધ્યાન કહેવાય છે
તત્ત્વ સૂત્ર

હિંસાપરાયણ [સ.] વિ. હિંસાને વરેલું; હિંસા કરવામાં રોકાયેલું

હિંસાપૂર્ણ [સં.] વિ. હિંસાથી ભરપૂર

હિંસાપ્રેરિત [સં.] વિ. હિંસાથી પ્રેરાયેલું.

હિંસામય [સં.] વિ. હિંસાવાળું
પછી ઋષિ મુનિ પર્વે આ **હિંસામય** વિધિમાં જોઈ શકવા અહિંસાનો નિયમ છે સનાતન.
ગાંધીગીતા

હિંસામુક્ત જુઓ હિંસામય.

હિંસારત [સં.] વિ. હિંસા કરવામાં રોકાયેલું.
તેઓ **હિંસારત** થઈ ભવિષ્યમાં આ ક્ષેત્ર ભાગમાં વિરોધી થશે. પુરાતત્ત્વ

હિંસારવું સ ક્રિ. મારવું, જીવ લેવો; વધ કરવો

હિંસારી વિ. ઘાતક; ક્રૂર; શિકારી વૃત્તિવાળું; હિંસ્ર; હિંસક.

હિંસારુ વિ. હિંસાળુ.

હિંસાલુ ૧. પું. કૂતરો.
૨. વિ હિંસાના સ્વભાવવાળું; હિંસાત્મક; હિંસારુ.
૩. વિ. નુકસાનકારક; હાનિકારક.

હિંસાવાઘ પું. ત્રેવીસ ભાલેનો એક વાદ. તે હિંસામાં માને છે.
દરેક પ્રાણીને અર્થાત્ દરેક જન્તુને હણવા જોઈ એ, દુઃખ દેવું જોઈએ, ઉપદ્રવ કરવો જોઈએ એવા કેટલાક અભણ કે આકરણોની પ્રરૂપણાને **હિંસાવાદ** કહે છે. પુરાતત્ત્વ

હિંસાવિધિ [સં.] સ્ત્રી. હિંસાવાળું વૈદિક યજ્ઞકર્મ

હિંસા વિરમણ અણુવ્રત [સ] ન. (જૈન) હિંસામાંથી અમુક અંશે નિવર્તવાનું વ્રત.

હિંસા વિરમણ મહાવ્રત [સં.] ન (જૈન) હિંસામાંથી દરેક પ્રકારે છૂટવાનું જૈન સાધુનું પાંચ મહાવ્રત માંહેનું પહેલ વ્રત.

હિંસાવૃત્તિ [સં] સ્ત્રી. ઘાતકીપણું

હિંસાળુ જુઓ હિંસાલુ

હિંસિત ૧ [સં] વિ જેની હિંસા થઈ હોય એવું; મારી નંખાયેલું; હિંસા પામેલું
૨ [સં.] ન. હણેલું; જેને હાનિ થઈ હોય એવું; ઈજા પહોંચેલું.

હિંસીર સ્ત્રી. એક જાતની મોટી માછલી; સીલ જાતની માછલી
ઝિંઝિસ્તાનું મૂળ શોધી કાઢવાને માટે **હિંસીર** નામના પ્રાણીઓનું કટુબ સૌથી સારું સાધન છે.
પ્રાણીસૃષ્ટિ

હિંસ્ય [સં.] વિ. જેની હિંસા થઈ શકે એવું, મારી નખાય એવું.

હિંસ્ર ૧. [સં.] વિ. જીવ; કરાવવું તે.
૨. પું. ભીમસેન.
૩. પું. મહાદેવ; શંકર
૪. ન. શિકારી પશુ
૫. વિ. ભયંકર; ખામીવાળું. આ વિશેષણ હીરાને માટે વપરાય છે.
૬. વિ. હિંસક, હિંસા કરવાવાળું; ઘાતક; જીવથી મારી નાખે એવું; શિકારી:. હિંસાકારી.

હિંસ્રા [સં.] સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ

હિંસ્રિકા [સં.] ન. આમિષા લોકોનું વહાણ.

હી [સં.] અ વિસ્મય, દુઃખ, શોક અને વિષાદ વગેરે બતાવનારો અવાજ.

હીક ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક પિશાચિણી
૨. સ્ત્રી ટાઢની કંપારીથી શ્વાસોચ્છ્વાસમાં લાગતો આંચકો; વાધણી; હીંક; હેડકી.
૩. સ્ત્રી. તાકીદ; ઉતાવળ
૪. સ્ત્રી ભીડ; ગિરદી
૫ સ્ત્રી મુશ્કેલી; મજબૂરીમાં
૬. સ્ત્રી. શ્વાસ; દમ
૭. સ્ત્રી. સસ્તુકો; ક્ષય; વાયુથી પાંસળામાં થતો એક જાતનો રોગ

હીકડ (હીક્ડ) પું. ખેતરમાં થતો એક જાતનો અડબાવિ છોડ; તેનાં બીજનો વા ઉપર ઉપયોગ થાય છે.

હીકરાણ ન ગરમાડ સાથે ભુમરાણ, ગભરામણ સાથે ખૂબ અવાજ થાય તે; રોકકળ; કકળાણ

હીકળ સ્ત્રી. ઠંડી, શરદી; ટાઢ, ઠાર

હીકા પુ. ન વ. ઉપરાઉપરી હીક આવવી તે. તાણ; મરતી વેળાના આંચકા

હીકોરી સ્ત્રી એક જાતનું કપાસ ઝાડ

હીગર ચિહ્ન ન ગર્ભવતી સ્ત્રીને જણાતું એક ચિહ્ન ગર્ભવતી સ્ત્રીને પાંચમા અઠવાડિયામાં ગર્ભાશયનો અગ્ર ભાગ એટલે કે જરાયુમુખ નરમ થવા લાગે છે. ડો હીગરનું એમ કહેવું છે કે આ અવસ્થામાં બંને હાથથી જો ગર્ભાશયની પરીક્ષા કરવામાં આવે તો ગર્ભાશય આકારમાં થોડું મોટું અને નરમ માલૂમ પડે છે તેની અગ્રવક્રતા વધારે માલૂમ પડે છે આ બાબતની બારીક માહિતી આપતાં ડૉક્ટર કહે છે કે, એક હાથની આગળીઓનાં ટેરવાં ઉદર ઉપર અને બીજા હાથની તર્જની આગળી યોનિની અંદર ખૂબ ઘુસાડી બંને હાથની આગળીઓ એક બીજાઓને અટકાવતી જણાવી જોઈએ એમ કહે. બંને હાથની આગળીઓને નરમ જણાવાની પ્રતીતિ થતી જણાય છે. આ જાતના ચિહ્નની પરીક્ષા છઠ્ઠા સપ્તાહથી બારમા સપ્તાહ સુધી જ કરી શકાય છે, કારણકે ત્યાં સુધી ગર્ભ ગર્ભાશયને પૂરી રીતે ભરી લેતો નથી.
આ રીતે બંને હાથની આગળીઓથી ગર્ભાશય તપાસવાની રીતને **હીગર ચિહ્ન** કહેવાય છે
પ્રસવવિદ્યા

હીચ સ્ત્રી. હીંચકવાની ક્રિયા; હીંચકો

હીચકવું અ ક્રિ. હીંચકો ખાવો; ઝૂલવું.

હીચકારાપણું ન. નામર્દાઈ; બાયલાપણું; કાયરતા.

હીચકારું વિ. બીકણ; કાયર; નામર્દ; કરપોક; બાયલું

હીચકી સ્ત્રી હેડકી
પાણી જેવા **હીચકી** અને અડબરી આવે.
કે. અરજોજ

હીચકો પુ હીંચકો; હીંડોળો.

હીચવું ૧ અ ક્રિ ગિલ્લીદંડામાં મોર્ટી ગયા ઉપર ગોઠવી દંડાને છેડેથી ઉડાડવી; હીલવું
૨. અ ક્રિ. હીંચવું; હીંચકવું; ઝૂલવું

હીચોડી (હીચોડો) સ્ત્રી. જેમાં થઈને નાચવું કૂદવું તે.
હીચોડી લેવી = હીંચની જેમ કૂદવું નાચવું.

હીજ [ફા.] પુ. હીજડો; ખોડો, નપુંસક; પંઢ; નામર્દ.
હોય **હીજ** ત્યાં નારીને વેસ રે,
તહાં સંગ ન કરે પ્રવેસ રે.
નિષ્કુળાનંદ

હીજડો (હીજરો) ૧. [ફા. હીજ] પુ. નપુંસક; રાંડવો; છંદ; અડબળ.

૨ જૂની એ નામની એક જાત

કેટલીક એવી જાત છે કે જે હિંદુ તથા મુસલમાન બંનેમાં ગણવામાં આવે છે જેમકે, નાઈ, રંગારા, દુબળા, પખાલી, હલમ. **હીજડા**. ખાટકી, નાગર્ચા, સલાટ, સોની, મણીઆર, સુથાર, સુતાર વગેરે. જ્ઞા. કા. પરિષદ

૩. ન. એ નામની જાતનું માણસ.

૪ વિ. એ નામની જાતનું

હીટ [અં.] સ્ત્રી. ગરમી

હીટોડી (હીટોડો) વિ. ક્રિકેટની રમતમાં ફટકા મારનાર

હીડાઈટ પું. સીરિયાથી દેશપાર થયેલી એ નામની એક કોમ. હાર્ડિયાવાડના ઝાડીની મૂળ વા.ખા. આ જાતિ મૂળ ઐતિહ્યમ માર્ગનોરમા કુર્દિસ્તાનમા હતી. ત્યા અસિરિયન સિલાલેખમાં ઝાડી અને બાઈબલમા હીડાઈટ નામથી વર્ણવ્યા છે. ઈ. સ. પૂર્વે ૧૧૩૦માં અસુર દેશના રાજા તીગલથ પીલેસરે તેમને હદપાર ઝાડી મૂક્યા હતા. અ.થી સીરિયા અને પશિયા.માં થઈ તેઓ પલ્લવમા વસ્યા. ત્યા હાઈકૂટોસ નદીથી ત્રણ દિવસની મજલ ઉપર આવેલ સમાલા પાસે તેઓ મહાન સીકંદરની સામે લડ્યા હતા. તેઓ વિનાશને ઢારે પહોંચ્યા છતાં તેઓએ સીકંદરનું આધિપત્ય સ્વીકાર્યું નહોતું. તેઓ ઝાંઝી, ખોટી અથવા ઝાડી કહેવાતા. ચીનાબ નદીના કાંઠા ઉપર એક કિલ્લા ઉપર પસારો લઈ જતા સીકંદરને આ લોકોએ ઘાયલ કર્યો હતો અને તે જખમના પરિણામે તેનું મરણ થયું હતું.

હીણ ૧. [સ હીન] વિ. ગિતરનું; હલકું; ખરાબ; નીચ; અધમ

૨. વિ. ઓછું, ન્યૂનતા

૩. વિ બેનસીબ, અશુદ્ધ, મકર

૪ વિ ખંડિત, વગરનું, ઊણું, હીન

હીણકચ્યું વિ અપકૃત્ય, કાનુપ.કુ.

હીણકમાઉ વિ આળસુ, અનુદ્યોગી; નિરુદ્યમી, ઓછું અથવા બિલકુલ નહિ કમાનાર, કમાણી વિનાનું, કમાવાની શક્તિ વિનાનું.

હીણકર્મ ન. હલકું કામ; અધમ કાર્ય

હીણકર્મી ૧ વિ. અકર્મી; ઓછા નસીબનું.

૨ વિ. નીચ કાર્ય કરનારું

હીણકસ વિ હીણા દરજ્જાનું; બેનસીબવાળું

તેલમાં **હીણકસ** ચોનુ નાખીએ એટલે હીનતા મટવાના નારા થાય છે. પુષ્પાંજલિ

હીણગજું વિ ગજા વગરનું, ઉમરના પ્રમાણમાં શરીરનું કદ વધ્યું ન હોય એવું; પૂરું બાઝ્યું કર્યું ન હોય એવું

હીણચલું વિ. ઠિંગણું; ખરાબ ચાલચલગતવાળું; બ્યભિચારી.

હીણપ સ્ત્રી. કલંક; નામોશી; લાંછન; બદો; માનહાનિ; હીનપ્રતા; નાનપ.

હીણપક્ષ જુઓ હીણપ

હીણપણું ૧. ન. હલકાઈ; અધમપણું; નીચતા.

૨. જુઓ હીણપ.

હીણપતા જુઓ હીણપ.

હીણપદ જુઓ હીણપ

હીણભાગી ૧. વિ. અકર્મી; કમનસીબ; ભાગ્ય વગરનું.

૨. વિ. દુઃખી.

હીણભાગ્ય ૧. ન કમભાગ્ય; દુર્ભાગ્ય; કમનસીબી.

૨. વિ ભાગ્યહીન; અકર્મી; કમનસીબ

હીણમૂલ્ય વિ. ઊતરતી કોટિનું; ઓછી કીમતનું

હીણવર પું. કન્યાની સરખામણીમાં ઉમરમાં કે કદમાં ઊતરતો વર.

હીણવરું ન. કલેડું. જેમા વરકન્યા ચડતા નાનના દરેકજનનાં કે નાની મોટી વયનાં કપડાં ત.

હીણવચ જુ. ક્રિ. ખીજનું હીણું બોલવું

હીણવું ૧. જા. ક્રિ ઉતારી પાડવું, ઉ. પુ, ખૂબ બોલવું

૨ અ ક્રિ તુચ્છકાર પામવું; દીન ગણાવું; ધિક્કારવું

૩ અ ક્રિ દુઃખ દેવું; મન દુભાવવું

હીણહંયંગવીત પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃત છંદનો એક ભેદ છે. તેમા આઠ રગણ અને ગુરુ મળી ૨૫ વર્ણ હોય છે

હીણાઝેલું વિ. દુઃખ પામેલું; હેરાન થયેલું.

હીણાદકું વિ. ઊતરતું; ઓછું કીમતી; હલકું.

હીણાવું અ ક્રિ. ભાગ્યમાનમા થવું; બેનસીબ બનવું

હીણું ૧ [સ હીન] વિ ઊતરતું, હલકું, નીચું, અધમ.

૨ વિ અપૂર્ણ, કમ, રહિત, વિનાનું

૩ ન નઠારું, બૂરું, ખરાબ

૪. વિ બેનસીબ, સકરેતાવાળું; અશુદ્ધ

હીધન [અં.] વિ. જંગલી; અસંસ્કારી

ખ્રેજ્ઞ ઝાફર **હીધન** જેવો શબ્દો જેની જ નાસ્તિકની કીમત નથી. ઝવેરચંદ

હીધાલી સ્ત્રી. નિશાની, બેધાવું

હીધોરો પુ. હીંડોળો; હીંચકો.

હીન ૧. [સ] વિ. ઓછું, ઊતરતું; કમ; હલકું

૨. વિ ખરાબ; હલકું, અધમ, નિંદ્ય.

૩. વિ ત્યક્ત દર્શિલું

૪ વિ. રહિત, વિનાનું

હીનકર્મ ૧. [સ] ન. હાથી પાસેથી લેવાતુ વેતરાનું કામ.

૨. ન. હલકું કાર્ય.

હીનક્રિય [સં.] વિ. નીચ કામ કરનારાવાળું.

હીનતા જુઓ હીનપ.

હીનતાણી પુ. (પિંગળ) એ નામનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સકીર્ણ વર્ગનો છે તેના બદલા અને ત્રીજા ચરણમા સગણ, જગણ, સગણ, જગણ, રગણ અને ગુરુ એમ સોળ અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં મગણ, નગણ, જગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે

હીનત્વ જુઓ હીણપ

હીનદીન વિ. ઠંગાળ; નિર્ધન.

ગામડા અને ગામ્યજનોની ઠંગાઈમય **હીનદીન** દશા ત્વરિત સહેજે જાગી આવે. ધનવંતરાય

હીનદાપ [સ.] પું શિયળ; શરમ. તે કોમ વિનાના મનાય છે

હીનદાપા જુઓ હીનદીપ

હીનધર્મ પુ નીચ ધર્મ; અધમ ધર્મ.

તેનો **હીનધર્મ** ઉપર શ્રદ્ધા રાખનારા છે તેથી તેના મત્ય નથી પુરાતત્ત્વ

હીનધર્મી વિ. ધર્મ વિનાનું.

હીનફળ [સં. હીનફલ] વિ. વાંઝિયું; ફળરહિત; નકામું; વ્યર્થ

હીનબળ વિ. બળ વગરનું, નિર્બળ; નિર્બળ.

હીનમાર્ગ સ પુ (રિવાજ) દક્ષિણાભિમુખ ઘરમા, કે બીજા થર્ડ ઝાળી બાજુએ નમી વાસ્તુ ઘરમાં થતો પ્રવેશ.

જે ઘરનુ મુખ દક્ષિણ સામે હોય તેમાં પ્રવેશ કરી ઝાળી તરફ નમી વસ્તુ ઘરમા પ્રવેશ કરવામાં આવે છે તે પ્રવેશનું નામ **હીનમાર્ગ**

રાજવલ્લભ

હીનભાગી વિ કુટેવ નસીબવાળું; દુઃખી, કમભાગી

હીનમાત્રા [સં] સ્ત્રી. ઓછું પ્રમાણ.

હીનયાન પુ બૌદ્ધધર્મના બે મોટામાંનો એક ફાટો, બૌદ્ધધર્મના મહાયાન અને હીનયાન નામના બે મોટામાંનો એક પથ તેમાંનો મહાયાન પથ નેપાળ, તિબેટ, ભૂતાન, ચીન અને જપાનમા પ્રવર્તે છે, ત્યારે બ્રહ્મદેશ, સિંહલદ્વીપ

અને સીમામમા હીનયાનપથ ચાલ છે અન્યદેશમા તો અને પંથ ચાલે છે હીન એટલે નાનો અને યાન એટલે માર્ગ. નાનો માર્ગ એવો તેનો અર્થ થાય છે. હીનયાનમા ઘણુખરું તત્ત્વજ્ઞાન છે તે પ્રાપ્ત કરવા માટે પચશીલ, અષ્ટશીલ, દશશીલ અને આર્યાષ્ટાગ માર્ગ ગ્રહણ કરવામાં આવે છે આ માર્ગમાં મનુષ્યે પોતે જ મુક્ત થવુ એ શ્રેષ્ઠ મનાય છે. જ્યારે મહાયાનમા તો બુદ્ધદેવને મૂર્તિરૂપે માની એમના દિવ્ય સ્વરૂપની ભક્તિ કરવાનો માર્ગ ગ્રહણ કરી પોતે મોક્ષ પામવો તેની સાથે અન્યને મોક્ષ પમાડવો એ શ્રેષ્ઠ ગણાય છે. આ સમ્પ્રદાયના ગ્રથો પાલીમાં છે મહાયાનના સસ્કૃતમાં છે લોકમાન્ય તિલક કહે છે કે.-મનુષ્યનુ સર્વ અત્યુચ્ચ દુરાચરણમા ગણ હોય તોપણ મૃત્યુ સમયે જો તે બુદ્ધનુ શરણે જાય તો તેને સ્વર્ગ પ્રાપ્ત થયા વિના રહે નહિ એમ પણ મિલિંદ પ્રશ્નમાં કહેલું છે સર્વ લોકોનો અધિકાર, સ્વભાવ અને જ્ઞાન એકજ પ્રકારના ન હોવાથી અત્યન્તપર નિઃશ્રેયોધક માર્ગ સિવાય અન્યનો આ માર્ગ એટલે કે યાન બુદ્ધે જ કૃપાળુ થઈ પોતાના ઉપાય કૌશલ્યથી નિર્માણ કર્યો છે એમ સદ્ધર્મ પુડરીકમાં વિસ્તારપૂર્વક વર્ણવેલુ છે પણ ભિક્ષુ થઈને પણ અરણ્યમાં ગેંડાની પેઠે એકલા, ઉદાસીનપણામાં ન રહેતાં ધર્મ પ્રસાર વગેરે લોકહિતનાં અને પરોપકારનાં કામો નિરંતર શુદ્ધિથી કરવાં, એ બૌદ્ધ ભિક્ષુનું કર્તવ્ય છે અને એજ મત મહાયાન પંથના સદ્ધર્મપુંડરીક વગેરે ગ્રથોમાં પ્રતિપાદન કરેલો છે મહના મૂળ ઉપદેશ પ્રમાણે ચાલનારા માર્ગને 'હીનયાન' અને અ. નવા પથને 'મહાયાન' એ નામો પ્રાપ્ત થયાં.

હીનયાની વિ. બૌદ્ધ ધર્મના હીનયાન પથમા માનનારુ.

હીનયોગ [સં.] પું ઓછો ઉપયોગ.

પ્રોસ્ટ્રેટના વધારાની જે ફરિયાદો સાભળવામાં આવે છે તેનુ ખરુ કારણ જનનેન્દ્રયનો અતિયોગ કે હીનયોગ છે અભિનવકામશાસ્ત્ર

હીનવદન [સં. હીન (હલકુ) + વદન (મુખ)] ન. શરમ, દુઃખ કે શોકાગ્નિથી પડી ગયેલું મોઢું; ઊતરેલુ મોં

હીનવદના [સં.] સ્ત્રી હીણા મોઢાવાળી સ્ત્રી.

હીનવર્ણ ૧. [સં. હીન (હલકુ) + વર્ણ (જાત)] ન. અધમ વર્ણ; નીચ જાતિ.

તીર્થમાં જઈને **હીનવર્ણનો** સંગ કદી કરવો નહિ. જગતની જગત

૨. ન હલકા કુળનું માણસ.

હીનવાદી ૧ વિ મૂળ વિષયને છોડી દઈ બીજા વિષયો ઉપર વાદ કરનાર.

૨. વિ. મૂર્ખ; વાણી વગરનુ

હીનવીર્ય [સં.] વિ. કમજોર; નિર્માલ્ય; વીર્યહીન; શક્તિહીનું; નિર્બળ

હીનવૃત્તિ [સં.] સ્ત્રી નીચ વૃત્તિ; હલકી વાસના.

હીનસત્ત્વ જુઓ હીનવીર્ય

હીનાર્તવ [સં] પું બીજાને ઋતુ કે દસ્તાન ઓછું આવવુ તે રોગ.

હીનાંગ ૧. [સં.] વિ. ખોડવાળું; ઓછા અંગવાળું.

૨. વિ ન્યૂન, તૂટક

હીનાંગી [સં.] સ્ત્રી. હીન અંગવાળી સ્ત્રી, ખોડવાળી સ્ત્રી.

હીનાંક્ત [સં.] સ્ત્રી. ઓછુ બોલવું તે

પુનરુક્તિ, અપોક્તિ, વક્રોક્તિ, હીનોક્તિ, આદિથી પોતાની વાણી અલંકૃત કરી પોતાના પ્રસાદ સમયી પતિને આલ્હાદ આપી. રણજિત

હીનોત્સાહ ૧. [સં] પું. ઉત્સાહ ઓછો હોવો તે.

૨. વિ ઉત્સાહ વગરનું; બેદિલુ.

હીનોપમા [સ.] સ્ત્રી. એ નામનો કાવ્યનો એક દોષ, જેમાં હલકાની સાથે સરખામણી કરવામા આવી હોય તેથી, ઊતરતી કોટિની ઉપમા.

હીન્યોલા સ્ત્રી (જગ્યોન્સી) ધાતિક ક્રિયામા વાપરવાની જુદી જાણી તથા સામગ્રી રાખવાનો પથ્થરનો ખોટો.

હીપળીપીપળી સ્ત્રી. એ નામનો એક ખાણખેસ; એ નામની એક રમત.

તે દિવસે અમારે **હીપળાપીપળી**નો ખેલ હતો. વસંતના વનનુ ભોજન જેમ ઉજરાય છે તેવુ નગરનુ ભોજન પચવરીમાં ઉજરાતુ.

નાનાલાલ

હીપાકું અ ક્રિ. ભમ્યા કરવું; ભટકવું; આથડવું.

હીપો વિ પું. ઊંડી બુદ્ધિ વગરનો; કેવળ મૂર્ખ; કચારેક ડાહ્યો જણાય કચારેક મૂર્ખ જણાય એવો

હીબું ન. ઉપરનો કચરો; કૂચો.

હીબા કાઢી નાખવાં = કૂચો કાઢી નાખવો.

હીબકવું ૧. અ ક્રિ. ડાચાથી ખાસાં ડચોડચ ભરાઈ જવાં

૨. અ. ક્રિ. પાણીથી તળાવનુ ભરપૂર ભરાઈ જવુ.

૩. અ. ક્રિ. બીકનો માર્યો પડવો; થડકી જવું.

૪ અ ક્રિ. ભયકર સમાચાર સાભળીને ભય કે શોકની ભારે અસર થઈ જવી; હેબતાઈ જવુ; હબકો જવુ.

૫ અ ક્રિ રડવાના ડુસકાં આવાં

હીબકી ૧ સ્ત્રી અટકી કે અટકજમીથી થતો ઘોડાનો એક રોગ

૨ જા હેડકી, વાધણી

હીબકું ન ડચકુ; ડૂસકુ; રોતાં રોતાં છાતી ભરાઈ જવાથી ડૂસકુ ભરવું તે; હાસિયુ

હીબકા ભરવાં = ડૂસકા ભરીને છાનું રુદન કરવુ

હીમજ ચૂર્ણ ન. (વૈદક) હીમજને બી અથવા એરંડિયામાં તળીને સાકર, ધોળી સુઠ અને મિશ્રીકુસ સાથે ખાડી બનાવેલું ચૂર્ણ. તે સૂક્ષ્મ રેચક તરીકે ઓળખાય છે

હીમજી હરડે (હીમજી હરડે) સ્ત્રી. નાની કચ્ચા સૂકી હરડે; એક જાતનુ હરિયાણું

હીમીઆણી સ્ત્રી. દોલત; પૈસો, મિલકત.

એમા તારી શી **હીમીઆણા** જવાની છે પ્રેમાનદ

હીમેજ સ્ત્રી. કચ્ચી હરડે, એક જાતનાં ઝાડના ફળ; હરડેના નાના દાણા

હીમોગ્લોબ્લિન ન. લોહીની રક્ત.માં રહેલું લોહનું પ્રધાન તત્ત્વ. લોહી પરાળના રંગનું પાતળું પ્રવાહી છે એના દેખીતા લાલ રંગનું કારણ એમાં લાલ રંગના લાખો લેખે રહેલા ગોળીક કોષોને આભારી છે. આ કોષોની રચનામાં રહેલું પ્રધાન તત્ત્વ લોહનું છે, જે હીમોગ્લોબ્લિન કહેવાય છે.

હીય ન. દેવુ; હદય

હીયમાન [સં.] વિ. ઓછુ થતું; ઘટતું. જે અવધિ જ્ઞાન ઉત્પત્તિના સમયમાં અધિક વિષયવાળુ હોવા છતાં પણ પરિણામ શુદ્ધિ કમી થતાં ક્રમશ અલ્પ વિષયવાળુ થઈ જાય છે તે હીયમાન કહેવાય છે

હીયરા ન હદય; અંત કરણ

ચૂકે હર્ષ હિલોલે **હીયરા**,
આનદઘન નભ છાય ગયો.

વીર અભિમન્યુ

હીયાલી સ્ત્રી (જૂ. ગુ.) નિશાની, સંજ્ઞા

નહિ **હીયાલી** અંક અનેક;
નામજ વીણ્યાનાદ વિવેક.

કાવ્યસમય

હીરું ૧. ન. એક જાતનું પખી. ખેતરમાં ટોળાબંધ જઈને તે પાક ખાઈ જાય છે

૨. ન. દેવુ; હદય.

હીર ૧. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એ નામનો એક અક્ષરમેળ છંદ, હીરક. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, નગણ, જગણ, નગણ અને રગણ એમ અઢાર અક્ષર હોય છે.

૨. પુ. (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ. તે ૬૮ માત્રાનો છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૩૮ લઘુ, ૭ ગુરુ અને ૧૫૨ માત્રા હોય છે.

૩. પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત માત્રામેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમા તગણ, નગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે.

૪. પુ. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે કૃતિ છંદનો એક ભેદ છે.

૫. [સં.] પુ. મહાદેવ; શંકર.

૬. પું. રેશમ બનાવનારો કીડો.

૭. પુ. સિંદ.

૮. ન. કૌવત, દમ; બળ, જોર; શક્તિ.

૯. ન. તેજ; સત્ત્વ; વૈવત; પાણી; વૂર.

હીર તપાસવું = કસોટી કરવી; પારખુ કરી લેવુ

૧૦. ન. રહમ, દયા

૧૧. ન. રેશમ.

૧. હીરની ગાઠ, તેલનું દીપુ = ન છૂટે તેવી રીતે બાંધી લીધેલું; મક્કમ; મજબૂત પકડવાળુ

૨. હીરની કેલ જેવુ = બહુ જ સીધુ; જેની સાથે વર્તવ.માં મુશ્કેલી ન આવે તેવું.

૧૨ ન. વજ્ર.

૧૩. ન. શોભા; ઝળહાટ; કાંતિ.

૧૪. ન. સ્નેહ; પ્યાર; પ્રેમ.

૧૫. ન. કિંમત.

હીરક ૧. પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; હીર. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, નગણ, જગણ, નગણ અને નગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમા બારમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૨. પુ. હીરો; અઢાર માંહેની એક મુખ્ય ધાતુ; એક જાતનો કીમતી પથ્થર.

જેમ હીરક તથા પાષાણ પથ્થર તરીકે એક છતા પણ જુદા છે તેમ જીવોમાં સ્વભાવના ભેદ છે. કેશવલાલ શાહ

૩. વિ. હીરાનું; હીરા સંબંધી.

હીરકચું વિ. કાચું પણ પાકવા ઉપર આવેલું, અધકચરું.

હીરકહાર પું (પિંગળ) અઢાર અક્ષરનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ૭ ભગણ મળી અઢાર અક્ષર હોય છે.

હીરકોત્સવ પું. ૬૦ વર્ષ પૂરાં થતાં ઉજવાતો મોટો ઉત્સવ; ' ડાયમંડ જ્યુબિલિ '

હીરકોર જી. રેશમી કિનાર

હીરકોરી વિ. રેશમી કોરનું; રેશમી કિનારવાળું

હીરગણી ન. અમદાવાદી હીરાગણ કપડું

હીરચીર ન. ઊંચી જાતનું કીમતી વસ્ત્ર

હીરનીર ૧. ન. પાણી; નૂર; તેજ; ઓજસ.

૨. ન. કિંમત; બહાદુરી.

હીરપરા ૧. જી. લેઉઆ કણબીની એ નામની એક અટક

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું

હીરલંબી પું. (પિંગળ) એ નામનો દસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ, રગણ અને લઘુ મળી દસ વર્ણ આવે છે.

આ બરસે કા હીરલંબી. રઘુપિંગળ

હીરલું ૧. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૨ વિ. હીરનું બનેલું; હીરનું.

હીરવટલું ન. જુદા જુદા રંગના રેશમના તાંતણા વીંટવાનું ચાર પાંચ આંકડાવાળુ સહેજ વાંકુ લાકડું.

હીરવણ પું. કપાસ; રૂ.

હીરવણી ૧. પું. પીળાં ફળવાળો, વેલજોળ ઝાડવાંવાળો, દિવાળીએ પાક આવે એવો કપાસનો છોડ

૨. જી. એક જાતનું ઝાડ. તેનાં પાન તથા ફૂલ જાંબુડા રંગનાં હોય છે.

૩. વિ. સુતરાઉ

હીરવું ન. ઝુલઝુલની જાતનું એક પક્ષી.

હીરવા જ. ક્રિ. ઉખેડવું.

હીરવાળિયો પું રેશમનો મોટો વેપારી.

હીરવીટલું જુઓ હીરવટલું.

હીરહારી ૧. વિ. જેણે કીર્તિ ગુમાવી હોય એવું; હલકું પડેલું.

૨. વિ. નાસીપાસ થયેલું, જેનું હીર જતું રહ્યું હોય એવું; નિરાશ; હીર ગુમાવી બેઠેલું.

ખિન્ન અને હીરહારી કેશવ હર્ષદ

હીરાકટ વિ પાસા પાડેલું

હીરાકણી ૧. જી. એક જાતનું કાપડ.

૨. જી કાચ કાપવાનું ઓજાર.

૩. જી. હીરાની કણી કે કરચ; ગંધક અને લોહના મિશ્રણથી બનેલો પત્થર. તેની કણી કાચ કાપવા માટેના ઓજારોમાં લાકુ પાડવામાં આવે છે. તે કણા કે આસમાની રંગની હોય છે અને કીમતમાં સસ્તી હોવાથી તે ઓજારોમાં વપરાય છે

હીરાકસી જુઓ હીરાકસી.

હીરાકસી ૧. જી. એક જાતનો લોખંડ અને ક્ષારનો ક્ષાર; ' આયર્ન સલ્ફાટ ' . તેના લીલા કે આસમાની રંગના ગાંગડા મળી આવે છે. તેમાંથી કાસીસાદિ તૈલ બને છે. ગુણમાં તે પૌષ્ટિક અને સ્તંભક છે. લોખંડની બીજી બનાવટની પેઠે હીરાકસી પણ લોહી સુધારવાને માટે વપરાય છે. પ્લીહોદર, યકૃતોદર, વિષમ જ્વર, પ્રદર, અતિસાર, આધાશીશી, સંગ્રહણી તથા રક્તપિત્ત ઉપર હીરાકસી અપાય છે. અતિસાર કે સંગ્રહણીની અંદર, જ્વરની રહી ગયેલી વિકૃતિની અંદર હીરાકસી અત્યંત યોગ્ય છે. હીરાકસીની સ્તંભક અસરથી ઝાડો કાબુ થાય છે અને આંતરડાંનું ક્ષત રુઝાય છે સામાન્ય નબળાઈ તથા કમજોરી માટે હીરાકસી અપાય છે. હીરાકસીનું પાણી છાટવ.થી આમળા જેવી બને છે. જખમ તથા વધુ જાહી ૬૫ ઉપર આવે છે. તેની માત્રા ૧ રતીથી ૧ વાલની છે. ૬૨૬ાં બેડ.ના પાણીમાં હીરાકસી નાખવાથી કાળી શાહી બને છે

૨. જી. શાહી તથા રંગમાં વપરાતો એક પદાર્થ.

હીરાકંઠી જી. પાસાદાર સોનાના કાણા કે મણકાની કંઠી; એક જાતનું ઘરેણું.

હીરાગળ ૧. ન. એક જાતનું રેશમી કપડું.

૨. વિ. રેશમી.

હીરાચણી ૧. જી. લેઉઆ કણબી અને વાળંદની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

હીરાદખ્ખણ ન. મદ્રાસ અને સિલોન તરફ થતા એક જાતના ઝાડનો રસ; એક વનસ્પતિ. તેના ઝાડના કળામાં ઠેકા દેવાથી જે રસ ઝમે છે તેને હીરાદખ્ખણ કહે છે. ગુણમાં તે સ્તંભક અને શીતળ છે. અતિસાર, સંગ્રહણી તથા ઝાડામાં તે ઉપયોગી મનાય છે. તેની માત્રા ૧ થી ૨ વાલની છે. તેનો મલમ ચૂમડામાં પણ વપરાય છે.

હીરાપટો પું. કેડ ઉપર પહેરાતો હીરાજડિત સોનાનો પટો; ઘરેણાંનો એક જાતનુ ઘરેણું.

કેડનો હીરાપટો તો ઝળકયા જ કરે છે.

કૌમુદી

હીરાબોળ ૧. પું. બોગ; રસબોળ; ગંધરસ; ગોપરસ; એક જાતની ઔષધિ; એક જાતનો ગુંદર. ગૂગળની પેઠે તે એક જાતનો ઝાડનો ગુંદ છે. ઉંબરા અને હીરાબોળ બંને એકસરખાં

છે. આંધી લોઢો ઉસિસને બદલે હીરાબોળના ચોખ્ખા કટકા આપે છે. બીજા હરમાને બદલે પણ હીરાબોળના કટકા અપાય છે. ગુણમાં તે કફઘ્ન, ઉષ્ણ, અને ઋતુ લાવનાર છે હીરાબોળ છર્યું ઉધરસ તથા ક્ષયની ઉધરસમા અપાય છે. ઋતુ લાવનાર તરીકે તે બહુ વખણાય છે જુદી જુદી જાતનાં દતમંજનમાં તેને મેળવવામા આવે છે તે રોપણ દોઈને જમંદર, નાસૂર વગેરે વ્રણમાં તેનો મલમ અ.પવો મોમ્ય છે. તેની માત્રા ૧ થી ૪ વાલની છે.

૨. ન. એક જાતનું વૃક્ષ; બોળનું ઝાડ. ગૂગળની જાતનું આ ઝાડ અરબસ્તાન તરફ થાય છે. તે ઝાડના રસને હીરાબોળ કહે છે. ઝાડને બોળ કે હીરાબોળ પણ કહે છે બોળમાં ધોળો, કાળો અને રાતો એમ ત્રણ જાત છે. રાતાને હીરા-બોળ અને કાળાને ઐળિયો કહે છે. બોળ વૃક્ષનો ગુંદર કડવો હોય છે અને ઔષધ તરીકે વપરાય છે

હીરામણ પું શુક; પોપટ. તેમાં નરની પાંખ લાલ હોય છે.

હીરામણિ પું (પિંગળ) એ નામનો એક વિષમમાત્રામેળ છંદ

હીરામણ જુઓ હીરામણ

હીરામહાલ ન. હિંદીના કિલ્લામા આવેલું, બહાદુરશાહે બંધાવેલું એ નામે એક મકાન.

હીરાયેષ ૧ વિ. ઉત્તમ; શ્રેષ્ઠ

૨. વિ. ચાલાક; હોશિયાર; ચતુર.

૩. વિ હીરો વીંધે એવું.

હીરાસાંકળી સ્ત્રી. ડોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું

હીરાળું વિ. હીરાનું

હીરાંગી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ તેને પ્રભુત્વ છંદ પણ કહે છે. તે પંક્તિ છંદનો એક ભેદ છે તેમાં મગણ, યગણ, નગણ અને ગુરુ મળી દસ વર્ણ આવે છે

હીરાગી રચ મ ન ય ગાયી. ઋષિપિંગળ

હીરીઆ ન. (વહાણવટું) પરમણને ખૂણાની એક બાજુથી બીજી બાજુ ફેરવવું તે. તેથી સઢના વધુ પવન ભરાય છે

હીરો ૧. [સં. હીરક] પું. એક જાતનો તેજદાર કીમતી ખનિજ પદાર્થ; મણિ; રત્ન. તેના સ્વયંપ્રકાશથી ચમકચમક થતો અને તણખા મારતો હીરો જંતુનાને મનમુગ્ધ બનાવી દે છે. આ અણમોલ રત્નની વિશિષ્ટતા જ તેનો અખંડ સ્વયંસ્ફુરતો પ્રકાશ છે. હીરો સખતાઈમા ઉચ્ચતમ મનાય છે. હીરાની કીમત તેના કદ, રંગ, પાસાકામ, પ્રકાશ તેમ જ તેના પેટાળની શુદ્ધિ ઉપરથી અંકાય છે. હીરાના પેટાળમાં દમકાચ વડે કાળી, લાલ ઝેબો જોવામાં આવે છે, જે હીરાની કીમત આંકતી વખતે બીજી ઘણી બાબતોની જેમ ધ્યાનમાં લેવી પડે છે. હીરાના પાસા પાડવાનો ખાસ મોટો ઉદ્યોગ હોય છે; જેનાં કારખાનાં હોલેન્ડ, બેલ્જિયમ અને પેલેસ્ટાઈનમાં મુખ્યત્વે આવેલા છે. હિંદમાં પણ સુરત અને મુંબઈમાં જૂજ નાનાં કારખાનાં છે. હીરાની ખાણો ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં છે. જગતના મોટા ભાગના હીરાઓ ત્યાંથી નીકળે છે બીજી જગાઓમાં પણ છૂટીછવાઈ ખાણો છે. હિંદમાં પન્ના સ્ટેટમાંથી હીરા નીકળે છે. હીરા પણ ઘણા રંગના હોય છે, જેવા કે, ગુલાબી, વાદળી, પ્રવાલીદા (વનસ્પતિ જેવા), પીળા, તપખીરિયા, કાળા વગેરે. ઉપરના ક્રમના રંગ પ્રમાણે જ તેની કીમત પણ હોય છે. એટલે કે, ગુલાબી રંગનો હીરો એકદમ કીમતી મનાય છે જ્યારે કાળા રંગનો એકદમ હલકો મનાય છે જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે શુક્રનો અશુભ પડેલો ગ્રહ જેમ દુષ્પ્રાપ્યતા અને અૈશ્વર્ય અપાવે છે. તેમ હીરો પણ વૈભવની નિશાની અને એક રત્ન લેખાય છે. હીરો એ પૃથ્વી ઉપરની ઘણી જ કીમતી વસ્તુમાની એક છે. તેની કીમત આટલી બધી અંકાવાનું કારણ તેનાં રૂપ અને તેજ ઉપરાંત તેની અછત છે. હીરા મોટી સંખ્યામાં અને વધારે જગ્યાએથી મળી આવતા હોય અથવા બની શકતા હોય તો તેની કીમત ઘણા વખત રહે નહિ. તેની કીમતમાં બેહદ ઘટાડો ન થાય તેટલા માટે દુનિયાની હીરાની ખાણોના માલિકો દર વર્ષે અમુક સંખ્યા અને વજન કરતાં વધારે કીમતના હીરા બજારમાં મૂકવા નહિ એવો સંપ કરે છે. ઘણા જ પ્રાચીન સમયથી હિંદના હીરાઓ ઊંચું સ્થાન ભોગવે છે. 'કોહિનૂર', 'ઓર્લોફ', 'પિટ' વગેરે હીરાઓ હિંદની ભૂમિમાંથી નીકળેલા છે. તેમાંથી કોહિનૂર માટે એમ કહેવામાં આવે છે, કે તે હીરો મહાભારતના સમયમાં દાનવીર કર્ણની પાસે હતો હીરાની કીર્તિ અને લોભને લીધે, યવનના ઘણા વેપારીઓ હિંદુસ્તાન સુધી લાંબી મજલો વેઠીને આવતા પ્રખ્યાત મુસાફર ટેવર્નિઅર એક જગ્યાએ હતો તેણે ગોલકોંડાની પાસેની હીરાની ખાણો ઉપર ૬૦,૦૦૦ માણસોને કામ કરતાં જોયાં હતાં. સર્વથી વધારે હીરાની ત્રિપજ કરવાનું માન અત્યારે દક્ષિણ આફ્રિકા (ટ્રાન્સવાલ) અને દક્ષિણ અમેરિકા (બ્રાઝિલ) ભોગવે છે. હીરો એ ખનિજ પદાર્થ છે. ખાણોમાંથી નીકળતા તે બેડોળ કાચના કટકા જેવો લાગે છે; પરંતુ સાફ કરી પહેલ પાડ્યા પછી તેનું તેજ ઘણું વધે છે. હીરાની ઉત્પત્તિ સાથે ખનિજ કોલસાનો ગાઢો સબંધ છે પૃથ્વીની સપાટી ઉપર નવા થર બનતી વખતે ઝાડોના જંગલો અને જંગલો દબાઈ જવાથી અને તે દબાયેલી સ્થિતિમાં કરોડો વર્ષો સુધી રહેવાથી ઝાડમાંથી ખનિજ કોલસાનો થાટો બને છે. આને બનવાને દબાણ અને વધારે સમય મળવાથી અંદરના વાયુમય દ્રવ્યો ઊડી જવાથી તેમાંથી કાર્બનનું ગ્રેફાઈટ નામનું સ્ફાટિક રૂપ પ્રાપ્ત થાય છે. આ ગ્રેફાઈટનું પણ બેહદ તાપ અને દબાણની અસરથી રૂપાંતર થવાથી શુદ્ધ પારદર્શક સ્ફાટિક રૂપમાં હીરો બને છે. આ હીરો તે કાર્બનનું રૂપ છે એમ ચોક્કસ સાબિત કરવાનું માન સર હમ્ફ્રે ડેવિને ઘટે છે. ઈ. સ. ૧૮૧૪માં તેણે આ સબંધી પોતાના અને બીજાઓના પ્રયોગો વિષે રોયલ સોસાયટિમા એક નિબંધ વાંચ્યો હતો ડેવિના પહેલાં લવાઝીએર નામના એક ફ્રેન્ચ રસાયનશાસ્ત્રીઓએ હીરાને કોયલાની માફક બાળી શકાય છે તે પ્રયોગ ચેમ્બિસના કંપેરીઓની મદદથી કર્યો હતો, પરંતુ તે વખતે શુદ્ધ રહેતો હતો કે, હીરામાં હાઈડ્રોજનનો ભાગ હોય છે અને આ હાઈડ્રોજનને લીધે હીરાના રંગ અને તેજમાં ફેર હોય છે. આ ભ્રાંતિ દૂર કરવાને અને ખરું સત્ય શોધી કાઢવાને ડેવિને ઘણા પ્રયોગો કરવા પડ્યા હતા. હીરામાં જો હાઈડ્રોજન હોય તો શુદ્ધ ઓક્સિજનમાં બાળતી વખતે પાણી ઉત્પન્ન થવું જોઈએ. આ પાણી ઉત્પન્ન થાય છે કે નહિ તે જોવાને માટે જે વાસણમાં પ્રયોગ કરવામાં આવે તેમાંથી પહેલાં તો બધું પાણી કાઢી નાખવું જોઈએ ડેવિએ હીરાને બાળીને તેમાંથી બનતા પદાર્થોમાંથી પાળો કાર્બનના રૂપમાં આપ્યો. આ બનેનું વજન સરખું હોવાથી હીરા એ કાર્બનનું રૂપ છે એમ સબૂત રીતે સિદ્ધ કર્યું છે. વળી હીરાને દબાણ વગરના વાસણમાં ઓછા દબાણમાં ગરમ કરવામાં આવે તો તેમાંથી કાળો પેન્સિલ બનાવવામાં વપરાતો એક ભૂકો બને છે. હીરો ગ્રેફાઈટ, મેના અને કોયલા રાસાયણિક દૃષ્ટિએ એક જ તત્વના જુદાં જુદા રૂપ છે; અને એ મહાબળને બાળવાથી કાર્બોનિક વાયુ નામનો એક બનતો પદાર્થ બને છે દુનિયાના જુદા જુદા ભાગમા મળી આવતી હીરાની ખાણોની તિલસ્મો અને ખરોની તપાસ કરતાં એમ જણાયું છે કે બધે ખરે ઠેકાણે આ હીરાઓ સ્ફાટિક શિલાઓમાંથી

પોવર્ટી ને બનેલી માટીવાળી જમીનમાંથી મળી આવે છે. આ સિવાય દક્ષિણ આફ્રિકામાં જ્વાળામુખી પર્વતોમાંથી બનેલા પથ્થરોની સોબતમાં મળી આવે છે. આ બનવાનું કારણ એમ દર્શાવી શકે કે જ્વાળામુખી પર્વતોના મુખમાંથી નીકળતા પથ્થરો ઠંડા પડતાં તેમાં રહેલ 'કાર્બન' હીરાના રૂપમાં છૂટું પડતું હોય છે. પ્રો. મોઆસાં નામના ફ્રેન્ચ વિજ્ઞાન શાસ્ત્રીએ ઘણી જાતના પ્રયોગો ઈ. સ ૧૮૯૩માં કર્યા હતા. આ પ્રયોગોને લીધે એટલું પણ સિદ્ધ થયું છે કે નાના નાના હીરાઓ પ્રયોગશાળામાં બનાવી શકાય છે, પરંતુ તે હીરાઓ રત્નરૂપે જડવા લાયક નાના. કે પોતાની કીમત ગણાતી નથી. તે છતાં વિજ્ઞાનના વિકાસની સાથે આ હીરાઓ બનાવટી માણેક અને નીલમની માફક મોટા જથ્થામાં અને મોટા કદના બનાવવામાં આવે તો અસંભવિત નથી. હીરા બનાવવાને માટે મૈસૂરના લેબ.માં અખતરા કરતા તેને ઓગાળનાર દ્રવ્ય તરીકે લોખંડ લઈને તે અને પદાર્થોને પ્રો. મોઆસાંની પોતાની શોધની પ્રચંડ ભઠ્ઠીઓમાં ગરમ કરવામાં આવ્યા હતા. લોખંડ અને કાર્બનનું એક રસ થઈને દ્રાવણ થયા પછી તેને એકદમ ઠંડું પાડવામાં આવતાં તેમાંથી કાર્બન સ્ફટિકના રજકણોના રૂપમાં છૂટું પડયું હતું. આ રજકણોની બનતા અને કઠિનતા સ્ફટિકના રૂપ અને સૂક્ષ્મદર્શક યંત્ર નીચેના દેખાવ પરથી ભૌતિક ગુણો અને તેના રાસાયણિક ગુણો હીરાના જેવા હોવાથી અને તેને બાળવાથી કાર્બોનિક વાયુ બનતો હોવાથી આ હીરાનાં જ રજકણો છે એમ સિદ્ધ કરવામાં આવ્યું હતું. હીરાના ગુણ અને કામના ગુણમાં ઘણો તફાવત હોય છે હીરાને બહુ જ ગરમ કરવામાં આવે તો તે બળીને આખ નહિ પણ વાયુરૂપ થઈ જાય છે કાચને ખૂબ તપાવવામાં આવે તો તે ઓગળીને પ્રવાહી રૂપ બની જશે. તેથી આગમાં હીરાના બરેબર નો સંપૂર્ણ નાશ થઈ જાય છે; પરંતુ સોનાના અથવા કાચના પદાર્થ [illegible] ઘોરોળ ભાટમાં પણ હાથમા આવે છે [illegible] એ અતીવ. સખતમા સખત વસ્તુ [illegible] પોલાદને પણ કાપી શકે છે. હીરાથી કાચ કપાય છે અને તેવી હીરાકણી કાચ પર ઘસવામાં વપરાય છે લોખંડથી અથવા કાનસથી હીરા ઉપર કાપો પાડી શકાતો નથી, પરંતુ હીરા ઉપર જલતીથી સિમોટા થાય છે હીરા કરી નથી હોતા. હીરા ચમકાવી માણસ મરી જાય છે એ જાતિ છે હીરો એટલી સખત વસ્તુ છે કે શરીરમા જતાં અંદરની ચામડી કપાઈ જાય છે અને તેથી મૃત્યુ થાય છે. કાચનો ભૂકો પણ આ રીતે કાતિલ ઝેરનું કામ કરે છે તેથી હીરો પણ ઝેરી ગણાય છે. કાચ કરતાં વધારે સખત અને હીરા કરતાં ઓછી સખત વસ્તુમાં બિલોર છે, તેના સ્ફાટિક મોટાં થાય છે તેમાંથી 'પેન્ના ના ચરમાં બને છે અને બદામ તરફ વપરાતા પોખરાજ (પુષ્પરાગ)નાં પરેખાં પણ તેમાંથી બને છે. હીરાનું તેજ તેની અંદરના અંધારપણને લીધે છે. તે છતાં પણ તેને પહેલ પાડવાની સફાઈ અને ઝરીઝરીથી તેનું તેજ વધે છે. હીરાનું પ્રકાશનું પ્રત્યાવર્તન કરવાની અદ્‌ભુત શક્તિને લીધે જ તેનું તેજ અટકયું બધુ છે

૧. હીરાની કીમત ઝવેરી આગળ = વસ્તુની યોગ્યતા તેનો પારખનાર જ નક્કી કરી શકે

૨. હીરો વટાવવો = પૈસા લાવે કન્યાવિક્રય કરવો

૩. હીરો હીરાને ઘસે = જેવાની સાથે તેવા થવું.

૨. પું. મૂર્ખ માણસ; રૂપે રંગે રૂડો પણ સમજ શક્તિ વગરનો સ્વયં પ્રજ્ઞા રહિત માણસ

હીરો ધોબે જઈ આવ્યો = અર્થ વગરનું કાર્ય કરવું; વ્યર્થ મહેનત કરવી. હીરો ધોબે જઈ આવ્યો એ કહેવતના સંબંધમાં એવી હકીકત રજૂ કરાય છે કે, ભાવનગર શહેરમાં કમળશી નામે એક મોટો વેપારી હતો તેને ત્યા હીરો કરીને એક વાણોતર હતો હીરાને અને અક્કલને હજારો ગાઉનું છેટું હતું; પણ દયાળુ શેઠે તેનો નિભાવ કરવા સારુ રાખ્યો હતો તેથી શેઠજી તેને કદી પરગામ કાગળપત્ર લઈ જવાનું કામ સોંપતા, તેમ જ ઉઘરાણીએ જનારની સાથે તેને મોકલતા. આમ છતાં પણ હીરો કદેક વખતે પોતાની ચાલાકી બતાવવી ચૂકતો નહિ. એક રાત્રે કમળશી શેઠ ગુમાસ્તા સાથે વાત કરતા હતા કે હીરાને કાલે ધોબે મોકલવો છે. તે વાત હીરાના કાને સાંભળાઈ ગઈ. હીરાને રાત્રે ઘેર સૂતાં સૂતાં વિચાર આવ્યો કે શેઠનો ધરાદો મને ધોબા મોકલવાનો છે તો શેઠજી કહે અને કામ કરવું તે કરતા વગર કહ્યે જ કરું ત્યારે જ મારી હોંશિયારી. મારા બાપ મને રોજ કહેતા હતા કે, કહ્યું કામ તો ઢોર પણ કરે પણ વગર કહ્યે પોતાની સમજણથી કરીએ ત્યારે જ માણસાઈ. આવો વિચાર કરી હીરો પાછલી રાત્રે ત્રણ ચાર ગાંઠી ધોબે જઈ સવારમાં આઠ વાગે પાછો આવ્યો તુરત દરબારનો દરબારનો શેઠ પાસે ગયો અને જરા લેવાની આશાએ ઉતાવળથી બોલી ઊઠયો કે, "શેઠજી, હું હીરો ધોબે જઈ આવ્યો". શેઠે કહ્યું "તું કયારે, શું કામ, કોના કહેવાથી ધોબે ગયો હતો?" હીરાએ કહ્યું, "શેઠજી, તમો રાત્રે મને ધોબે મોકલવાની વાત કરતા હતા તો આપ કહો અને હું જાઉં તે કરતાં વગર કહ્યે જ જાઉં તો જરા મળે એ સારુ ગયો હતો". આથી શેઠે તેની મૂર્ખાઈ ઉપર ખૂબ હસી, ફોકટ ફેરો ખાધો તે માટે જરાને બદલે બૂતિયાં (ઠપકો) આપ્યાં. આ વાત ફોકટના ફેરા ખાનાર મૂર્ખાઓની અક્કલનો નમૂનો બતાવે છે અને એવા પ્રસંગમાં આ દૃષ્ટાંત વપરાય છે

૩. [અં.] પું. વીર પુરુષ

૪. પું. સોનાનો સિક્કો; નિષ્ક

નિષ્ક પદિક અને બજૂ બધા, હીરા દીપડુ શેત્ર;
સફચાઈ ચાલી સખી ભૂપ ભવનનાં નેત્ર.
પિંગળશાસ્ત્રકોષ

હીરો કોહિનૂર પું. એ નામની જગપ્રસિદ્ધ કોહિનૂર હીરો કોહિનૂર સૌથી પ્રથમ કોલ્લર નામની કૃષ્ણા નદીના વિસ્તારમાં આવેલ જગ્યાએથી ઈ સ. ૧૬૫૬માં મળી આવ્યો હતો. તે વખતે ગોવલકોંડાના કુતુબશાહી રાજાઓ રાજ્ય કરતા હતા. ગોવલકોંડાના દરબારમાં રહેતા મીર જુમલા નામના એક ઉમરાવે તે મેળવ્યો હોવાથી, તેને કીમતી પથ્થરોનો ઘણો જ શોખ હતો. તેણે તે હીરો જરા પણ કાપકૂપ કર્યા વગર શહેનશાહ શાહજહાંને ભેટ આપ્યો. તે વખતે તે પથ્થરનું વજન ૭૯૦ રતી અથવા ૭૮૭½ કેરટ હતું. ઈ. સ. ૧૬૧૫માં તાવર્નિઅર નામનો એક ફ્રેંચ મુસાફરે તે હીરો ઔરંગઝેબના બાજનામાં જોયો અને તે વખતે તેનું વજન ૩૧૯ રતી અથવા ૨૭૬½ કેરટ હતું. હોરટેનસીઓ બોર્જિઓ નામના એક વેનિસના વતનીએ તેનો નકામો ભાગ ઘસી નાખીને તેનું કદ ઘટાડી નાખ્યું હતું. ઈ સ. ૧૭૩૯માં જ્યારે નાદિરશાહે દિલ્હી લૂટયું ત્યારે તે મહમદશાહ પાસેથી લૂટના માલ તરીકે આ હીરો લઈ ગયો હતો નાદિરશાહે જ આ હીરાને કોહિનૂર એટલે કે 'તેજનો પર્વત' એવું નામ આપ્યું. જ્યારે ઈ. સ. ૧૭૪૭મા નાદિરશાહનું ખૂન થયું ત્યારે તે હીરો શાહરુખ પાસે આવ્યો. તેણે આ હીરો દુરાની વંશના સ્થાપક અહમદશાહને બક્ષીસમાં આપ્યો હતો. અહમદશાહે તે હીરો તૈમુરને આપ્યો. તેની પાસેથી શાહજમા પાસે આવ્યો. તેને તેના ભાઈએ પદભ્રષ્ટ કર્યો અને આંખો ફોડી નાખી; તેમ છતા પણ શાહજમાને કેદખાનામાં હીરાને છુપાવવાનો પ્રયત્ન કર્યો પાછળથી તે હીરો કેદખાનાના ઑફિસરની

દીવાલમાં સતાડેલ મળી આવ્યો હતો. સાર પછી તે તેના ત્રીજા ભાઈ સુલતાન શુજાના હાથમા આવ્યો. જ્યારે ઈ સ. ૧૮૯૮માં શુજા કાબૂલનો રાજા થયો ત્યારે સૉર્ડ એલ્ફિન્સ્ટને તે હીરાને પોચી તરીકે પહેરાતો જોયો હતો. શાહ શુજાને મહમદે પદભ્રષ્ટ કર્યો અને નાસી જઈને લાહોર ગયો અને રણજિતસિંહના આશ્રય તળે રહ્યો રણજિતસિંહે કોહિનૂરના બદલામાં કશ્મીર પ્રાંત આપવાનું શાહ સુજાની પત્નીને વચન આપ્યું, પરંતુ પાછળથી રણજિતસિંહે શાહ સુજા સાથે પાઘડીની અદલાબદલી કરી અને કોહિનૂર શાહ સુજાની પાઘડીમા હોવાથી રણજિતસિંહને આ હીરો મફત મળ્યો. ઈ સ ૧૮૪૯માં પજાબ ખાલસા કરવામાં આવ્યુ ત્યારે સલામતી માટે તે કોહિનૂર સૉર્ડ હોરેન્સને આપવામાં આવ્યો, ત્યાર પછી સગવડતાએ રાણી વિક્ટોરીઆને મોકલી આપવામાં આવ્યો અને બ્રિટિશ તાજમા તને જડી લેવામાં આવ્યો. છેલ્લે આગરદરબારમાં તેને ફરીથી કાપવામાં આવ્યો હતો અને તે વજન ઘટાડીને ૧૦૬ કેરેટનું કરવામાં આવ્યુ હતું.

હીલ ૧. સ્ત્રી. નિંદા

૨. [અં.] સ્ત્રી. પગની એડી.

૩. ન. પારો.

૪ ન. વીર્ય

હીલક સ્ત્રી. હલક; હિલ્લારો; આનંદની લહેર.

હીલકવું અ. ક્રિ. છોળ ઉછાળવી.

રામજી ભર્યા સરોવર હીલકે રે,
રામજી નામ તરસડી જમ. લોકગીત

હીલગ સ્ત્રી. સગની; રૂઢ

ઉદાર પરંગી ગ્રમ ખાત હીલગથી. દયારામ

હીલવવું સ ક્રિ. હિલ્લારવુ; હાલે એમ કરવુ

હીલવું ૧ અ ક્રિ કપવા, ધ્રુજવુ, ટાલવુ

૨ અ ક્રિ [ઉદાહરણ. મોર્ડ ગરમી ઉપર ગોડની દા.ત. ઠેરેથી તને ઉડાડતો

૩ અ ક્રિ ઝોલા ખાવા, દોલિકો ખાવો

હીલસા સ્ત્રી. એક જાતની માછલી. જેજુ ગોમાસુ કહે છે કે તરત જ અસખ્ય હીલસા હિંદના નદીઓમા તણાતી આવે છે. સામના અદરના ભાગ નજીક આવા જોનિયણ પાણીમા પડે કે નદી કાઠેવા તમને પકડી પાડવામા અને ઠે. ત નદી તટે ગ્રહેતાની પ્રજાને ગ્રાસ અને સુંદર ખોરાક તરીકે ઉપયોગી થાય છે હીલસા મુખ્યત્વે ખલ્ળકમાં પાલ તરીકે ગણાય છે નર્મદા અને તાપી નદીમાથી પણ તે તણાઈ આવે છે.

હીલા ૧. [સં. હેલના] સ્ત્રી. તિરસ્કાર; નિંદા.

૨ સ્ત્રી. પોપટના વર્ગનું એક જાતનું પક્ષી. તે ઝાડની બખોલમાં કે ઝાડનું થડ કોરી કાઢી તેમાં માળો બાધી રહે છે

૩. સ્ત્રી. યુક્તિ; ફરેબ.

ગ્લોસ્ટરે ધાર્યું કે એ કઈ **હીલા** કાઢીને આ ખૂનનો ખુલાસો આપવામાં નહિ આવે તો તેવામુ પોતાનુ પદ સલામત રહેશ પામશે નહિ.
ભં. બે. મજુમદાર

હીલાબાજ વિ. છેતરનારું; ફસનારુ.

હીલારો ૧. પું. પાણીનું મોજુ; સમુદ્રની લહેર.

૨. પું. હેલારો; ધક્કો; આંચકો.

હીલિયમ [અં.] પું. એ નામનો એક વાયુ આ વાયુ નવ કરોડ માઈલ દૂર સૂર્યના કિનારાની ઉપર પહેલો દેખાયો. ૧૮૬૮ના સૂર્ય ગ્રહણ વખતે હિંદમાથી પહેલી જ વાર સૂર્યની ઉપર સ્પેક્ટ્રોસ્કોપ માડ્યુ અને આ વાયુની નવી પીળી લીટી દેખાઈ. સોડિયમ ધાતુ પણ આવી જ પીળાઓ આપે છે એટલે થોડો વખત તો એ સોડિયમ તરીકે ગણ્યો. પણ ફ્રાઇ લેઇ અને લોકયરે તેને નવી ધાતુ તરીકે સાબિત કરી, હીલિયમ નામ આપ્યુ. હેલિયોસ એટલે સૂર્ય આવું મૂળ તત્ત્વોમાં આ હીલિયમ, આર્ગોન અને એવા બીજા ગ્રણ વાયુઓના ગુણદોષ સૌથી વધારે વિચિત્ર છે. આ પાંચ વાયુઓ અત્યાર સુધી આપણા કોઈ ઉપયોગમાં નહિ આવેલા. હીલિયમનો એક ઉપયોગ ગાર્ડ લડાઈમાં શરૂ થયો. હવાઈ યાનોમાં હાઈડ્રોજનને બદલે હીલિયમ ભરવાનું શરૂ થયુ. આ વાયુ સળગી શકતો ન હોવાથી આ ઉપયોગે હવાર્યાનાના ક્ષેત્રમાં થતા અકસ્માતો ઘણા ઓછા કરી નાખ્યા છે. વાયુ ભરેલી કોથળીમાનાં સૂક્ષ્મ કાણાઓમાથી હાઇડ્રોજન જે ઝડપથી નીકળી જાય છે, તે કરતા હીલિયમ અર્ધી જ ઝડપે નીકળી શકે છે. દરેક વાયુને ઠંડો કરી દબાણ આપવાથી તે પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. હીલિયમ શોધાયા પછી વર્ષો સુધી તે પ્રવાહી થઈ શકયો નહિ. ૧૯૦૮માં કેમરલિંગ ઓન્સે તેને પ્રવાહી બનાવ્યો. આમ જ દાયકામાં તે બધા પદાર્થો બની શક્યો શીતોષ્ણતાના વિજ્ઞાનમાં તો હીલિયમે બાજી ફેરવી છે બરફની ઉત્પત્તા કરતા પણ ૨૭૩° નીચા ગ્રણ્ય બિંદુવાળાં અંકે છે આ શૂન્ય ઉષ્ણતામાને દરેક પદાર્થના વિશિષ્ટ ગુણદોષો નાશ પામે છે. આ શૂન્ય ઉપર જઈ શકવાના પ્રયત્નોમા હીલિયમની બનમાંથી પ્રવાહી બની જવાની ઉષ્ણતા સૌથી ઓછી છે.

હીલિત વિ. નિંદિત; તિરસ્કાર પામેલુ

હીલીઓટ્રોપ ન. એક જાતનુ ફૂલઝાડ. તેનાં પાન લંબગોળ અને અણીવાળાં થાય છે; તેને ઉપર આસમાની ફૂલનો જથ્થો જામે છે.

હીલીમળવું અ ક્રિ. તરબોળ હોવું, રેલમછેલમ બનવુ; રેબઝેબ થઈ જવુ.

હીલો ૧. પું. આંચકો, ધક્કો; હેલો

૨. પું. મરેડ; ચીલો, પ્રથા; રૂઢિ

૩. પું હરકત; નુકસાન.

હીલોળ પું છોળ; લહેર

હીલોળ આ કરમના ન થયા ન થતા.
દિલગીર

હીલોળો ૧ પુ આનદ, મજા, ચન, ગમ્મત.

૨ પુ ઝૂલવુ ન, ઝોક, હીંડોળા

૩ પુ પાણીનુ મોજુ, ઝાળ; પાણીનો હેલો

હીલ્ય સ્ત્રી. તાર વગાડતાં તેમને ઊંચા નીચા કરવા માટે જેમાં તાર ભરવામા આવ છે તેવુ વગાડવાનું એક સાધન.

હીશ ન. અભિમાન; અહંકાર, તોર.

ભૂલીને ય એમ ન ગણીશ, ભૂખાળવી પદેરો હીશ.
અખો

હીસ ૧. સ્ત્રી. દાણા કે બકાલા ઉપર લેવાતી બાબત; એક જાતનો કર; માડવી.

૨. સ્ત્રી. ફજેતી; શરમ.

હીસવું ૧. અ ક્રિ. આતુર હોવું

૨. [સં. હૃ (હરખવું)] અ. ક્રિ. પ્રફુલ્લિત થવું; હર્ષ પામવુ

દિવસ દોહલા નવ હીસે, **હીસો** હવડવું જેવ.
પ્રેમાનદ

૩. અ. ક્રિ. હસવુ, મલકાવું.

૪. અ ક્રિ. હીંસારવુ; હવાહવાટ કરવો.

હીસાવવું અ.ક્રિ ગુસ્સે કરવુ.

હીસાવિકે રાવણ અતીજણ વહિ ભમિ થઈ પાણિ.
કાન્હડદેપ્રબંધ

હી હી ૨. અ. ટોર હાંકવાને વપરાતો ગોવાળનો એક અવાજ.

હી હી ગાવાળિયાનું રાજ્ય થયુ.
પુરાતત્ત્વ

૨. અ. મજાક, તુચ્છકાર કે બડબડ હસવાનો અવાજ.

હીંક સ્ત્રી. જબ: ગ્રાસ; કોર.

હીંચ ૧. પું ૭ માત્રાનો એક તાલ કે ઠેકો. તે સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ છે.

૨ પું. શરીરના અભિનય સાથે ગાતાં લેવાતો રાસ. હીંચમાં ગાનારોનો અભિનય હોય છે. તેમાં શરીરનો પૂર્વાર્ધ, આખો હાથ વગેરે વારાફરતી જમણી અને ડાબી બાજુ નમે છે કે હીંચે છે તેથી તેને હીંચ કહેવામાં આવે છે.

હુકમનામું

હીંચકડો પુ. (હીંચકડો) હીંચકો.
રસિયા, હીંચકડો તૂટ્યોને
આપણ બેઉ પડ્યા રે લોલ. રઢિયાળીરાત

હીંચકવું અ ક્રિ. ઝૂલવું; ડોલવું, હીંચકો ખાવો, ઝોક ખાવો

હીંચકો ૧ પું ઝૂલો, હીંચકા ખાવા માટે બે દોરડાંથી અને છેડે બાંધેલું પાટિયું કે તેના જેવું ઝૂલવાનું સાધન; હીંચવા માટે ટંગાવેલું સાધન. ૨. પું હીંચકાનું કે હીંચકા જેવું આંદોલન; ઝોકો.

હીંચવવું સ ક્રિ. હીંચોળવું.

હીંચવું ૧. અ. ક્રિ. આઠવું; ઠાકવું.
૨. અ ક્રિ હીંચકો ખાવો; ઝૂલવું; ઝોલો ખાવો.

હીંચાણ ન. આંટવું તે; કોઈ વસ્તુને કોઈ વસ્તુ વડે ટાકી મારવું તે
હીંચાણ કરવું = નિશાન તાકી આંટવું

હીંચાવવું સ. ક્રિ. હીંચે એમ કરવું; હીંચોળવું.

હીંચોળવું સ ક્રિ. હીંચકાવવું; ઝુલાવવું; હીંચકા નાખવા

હીંચોળા ખાટ સ્ત્રી. હિંડોળાખાટ.

હીંચોળો પુ. હીંચકો, હિંડોળો; ઝૂલો.
વર્ષા અને વસંત ઋતુમાં બાળા, અબળા અને પ્રૌઢા એ ત્રણે જાતિની સ્ત્રીઓને મનોહર ગાયન કરવા માટે, તેમને હીંચવા માટે તે આસપાસ **હીંચોળા** બંધાવવા રાજવલ્લભ

હીંડછા સ્ત્રી. ચાલવાની રીત કે ઢબ; ચાલ.

હીંડણગાડી સ્ત્રી. નાનાં બાળકોને હીંડતાં શીખવવા માટે બનાવવામાં આવેલ ગાડી.
જે કર્મ નાના બાળકની **હીંડણગાડી**ની પેઠે મન સ્થિર કરવાનું સાધન છે. ગીતારહસ્ય

હીંડવું અ ક્રિ. ચાલવું; ફરવું.

હીંડાવવું (હીંડાડવું) સ. ક્રિ હીંડે એમ કરવું, ચલાવવું

હીંડાવવું જુઓ હીંડાડવું

હીંડાવું અ ક્રિ હીંડે એમ થવું

હીંડોર જુઓ હિંડોળો

હીંડોળ જુઓ હિંડોળો.

હીંડોળાખાટ સ્ત્રી હિંડોળાખાટ.

હીંડોળો પુ હિંડોળ.

હીંડોળી સ્ત્રી બેઠું આપે ટેકવવાનું સાધન

હીંદડું (હીંદડું) ન. ઇંદડું; ઢોકળું.

હીંદણી સ્ત્રી (ખીલી) ખજૂરીનું ઝાડ.

હીંદળો પું. હીંચકો.

હીંદો પુ ખજૂર.

હીંદોલાટ સ્ત્રી. (જૂ. ગુ.) હીંડોળા ખાટ; પાટ; હીંચકો
દાડી ખાટ કે **હીંદોલાટ**.
રાજ છત્રીસે પૂયા ખાટ. લાવણ્યસમય

હીંદોળવું સ. ક્રિ. હીંચોળવું; ઝુલાવવું.

હીંયાં અ. અહીંયાં; ક્યાં; આ સ્થળે.

હીંસ સ્ત્રી. અગ્નિની દૂરથી લાગતી આંચ; દેવતાનો તપારો

હીંસવું અ ક્રિ. બરાડવું; દુઃખ થવાથી ખૂબ પાડવી

હીંસારવ પું હિંસારવ; હલ્લકલ્લાટ.

હીંસારવું અ. ક્રિ. હિંસારવ કરવો; પશુનો અવાજ કરવો

હીંસોટો પુ. હાક; હાકલ; હાકોટો.
સિંહનો હીંસોટો = સિંહનો ઘેરો અવ ઉત્પન્ન કરે એવો નાદ.

હીંસારો પું. પ્રિય પાત્ર તરફથી અમુક પ્રસંગે અંતરની ઉભરાઈ આવતી આતુરતા.
ગામ વાળુ સારુ હીંસોરો કરે છે = ગામને પ્રેમનો ઊભરો આવે છે.

હીંહ ૧. સ્ત્રી. અગ્નિની જ્વાળ.
૨. ન. આયુ.

હીંહવો સ્ત્રી. પ્રોખડ ખોદવા માટે વપરાતી એક જાતની કોદાળી; હાંસવો

હીંહા સ્ત્રી. ચોટલી; શિખા.

હીંહોટો પુ. એક ઝપાટે લેવાતો શ્વાસ.

હીંહોરવું અ. ક્રિ. ગામનું પ્રેમથી આજરવું.

હું ૧. પું. મંત્રમાં ઉમેરાતો ઉચ્ચાર. મંત્રમા આવેલા પાદ જો ઓછા અક્ષરના હોય તો તે અક્ષરો ર્ઇ, હા, હૂ, હી, વા વગેરે ઉચ્ચારો ઉમેરીને અથવા તો કેટલાક ક્ષેપક ઉમેરીને પૂરી કરી લેવાનો અગાઉ નિયમ હતો.
૨. [સ] અ. ક્રિ. (ધાતુ) હોમ કરવો, યજ્ઞમાં આહુતિ આપવી. હુત, હુતદગ્ધ, હુત, ભુજ્, હુતાશ, હુતાશન, હુતાશની, હોતા, હોત્ર, હોમકુંડ, હોમશાલા વગેરે શબ્દ તેના ઉપરથી બનેલા છે

હુઆર [અવસ્તા] પું. સૂર્ય.

હુઆર પું હજામ; વાળંદ. પાલણપુર તરફ આ શબ્દનો પ્રયોગ થાય છે

હુઈ સ્ત્રી. એ નામની ચેટલાદ બાજુ રમાતી રમતમાં ભમરીકુંડુ નામની દેશી રમત.

હુક અ. એક જાતનો છોડ. એપ્રિલ માસમાં કે જૂન માસ સુધીમાં તેનાં બી વવાય છે. તેનાં પાતરા સુંદર હોઈ તેને શાકમાં કે બંગલાને શણગારવા કુંડામા વવાય છે તેની ઘણી જાત છે બધાનાં પાંદડા સુંદર અને હમેશ લીલાં રહે છે. આ છોડ દૃઢ તડકો ખમી શકતો નથી. છાયો રહે ત્યાં તે થાય છે. કુંડામાં પણ તે બારીમાં રાખવામાં આવે છે

હુકહતાતી (હુકડતીતી) સ્ત્રી. બાળકોની એક જાતની રમત; મીંચુબાય

હુકમ ૧. [સં. હુકમ] પું. આજ્ઞા; આદેશ; ફરમાન; ફરજ પાડે એવું કહેણ
૧. જે હુકમ = જેવી આજ્ઞા આપ. પ્રમાણે વર્તવાની તૈયારી બતાવતાં બોલાય છે.
૨ હુકમ આપવો = ફરમાન આપવું; આજ્ઞા કરવી
૩. હુકમ ઉઠાવવો = આજ્ઞા પાળવી.
૪. હુકમ કરવો = આજ્ઞા આપવી; ફરમાન કરવું.
૫. હુકમ કાઢવો = હુકમ જાહેર કરવો
૬. હુકમ છૂટવો–નીકળવો = હુકમ જાહેર થવો.
૭ હુકમ છોડવો = ફરમાન કાઢવું.
૮ હુકમ બહાર પડવો = હુકમ નીકળવો.
૨. પું. ગંજીફાની રમતમાં અમુક જાતનાં પાન એ પાં ગણવા કે તે પાનું; સરનું પાનું.
૧. હુકમ પડવો = ગંજીફાની રમતમાં સર નક્કી થવો.
૨. હુકમનો એક્કો = સર્વોત્તમ માણસ; એક માણસ.
૩. પું. ઠરાવ; કાનૂની દૃષ્ટિએ; દીવા.ની કોર્ટનો કોઈ પણ પદ્ધતિ પ્રમાણેનો નિર્ણય.
૪. પું. શાસન; સત્તા; અધિકાર.

હુકમ અગિયારસ સ્ત્રી જાગરણ સુદિ અગિયારસ

હુકમ અગિયારસ જુઓ હુકમ અગિયારસ

હુકમકોટ પુ. હુકમ પાડનારને પીસણી આવે તેવી સ્થિતિ.

હુકમત સ્ત્રી અધિકાર; સત્તા

હુકમતી ૧ પું અધિકારી; સત્તાધારી માણસ
૨ વિ મોટી સત્તા ની આજ્ઞા થઈ હોય એવું

હુકમદાર પું. સત્તાવાળો માણસ.

હુકમનામા જુઓ હુકમનામું

હુકમનામું ૧ [સ હુકમ + નામહ] ન. આજ્ઞાપત્ર; તાકીદપત્ર, શાસનપત્ર
૨ ન કોર્ટે પસાર કરેલ હુકમ સંબંધી કાગળ
૩. ન. દફ્તર; ચોપડા કે સરકારી કામકાજના કાગળો; ' રેકર્ડ.'

૪. ન. પક્ષકારોની દલીલો સાંભળી કાઈ જાહેર કરેલો નિર્ણય; કાયદેસર કરેલું ફરમાન; મુકાદો; ફેસલો; ફરિયાદ અથવા બીજા ન્યાયના કામના નિવેડાનું પરિણામ દાખલ કર્યું હોય તેવો હુકમ

હુકમનામું ધારણ કરનાર = કોર્ટના હુકમનો કાગળ કે સત્તા ધારણ કરનાર; વાદી.

હુકમનામું દેણદાર પુ. જેના વિરુદ્ધ હુકમનામું થયું હોય તેવો શખ્સ

હુકમબરદાર ૧. વિ. તાબેદાર; આજ્ઞાધીન.

૨. વિ. હુકમ ઉઠાવનાર.

હુકમબરદારી સ્ત્રી. હુકમ ઉઠાવવો તે.

હુકમબાજી સ્ત્રી ગંજીફાની એક રમત; સતિયો. તેમાં કાળી, ચોકડી, કુલેવર અને લાલ એમ ચાર જાતનાં પાનામાંથી અમુક એક જાતને હુકમ ઠરાવીને રમત રમાય છે

હુકમશાહી વિ. ઓહદ્દેદાર

હુકમસર પુ. ગંજીફાની રમતમાં હુકમનું પાન.

હુકમરવા ૧. પું. કામદાબાજ; કામદો સારી રીતે જાણનાર માણસ

૨ પુ હુકમનું પાલન કરાવનાર માણસ.

હુકમાઈ સ્ત્રી. અમલ; હકુમત; સત્તા.

હુકમાસર સ્ત્રી ગંજીફાની એક રમત; સતિયો; હુકમબાજી.

હુકમી ૧. વિ. આજ્ઞાધારક; હુકમ માથે ચડાવે તેવું

૨. વિ. તાબાનું; અધિકારે નીચેનું.

હુકમીબંદો પુ મા.લિક તરફથી મળેલી જમીનના બદલામાં તેની અમુક રીતની નોકરી બજાવવાને બંધાયેલો માણસ; તાબેદાર શખ્સ.

હુકમેકલાહી સ્ત્રી. ઈશ્વરી આજ્ઞા.

હુકળી ૧. સ્ત્રી. આબાદી; સમૃદ્ધિ.

૨. ન. યુદ્ધ, લડાઈ

જેનાં જોદ્ધ કમાડ માથે ચીતળના ખપ્પી,
ન ઘડકમો યોબાગળ હુકળી મચેઓ હાદાકત
સોરઠી બહારવટિયા

હુકૂમત જુઓ હકૂમત.

હુકૂમતી જુઓ હકૂમતી

હુકૂમનામા જુઓ હુકમનામું.

હુકો [અ હુક્ક (દાબડો)] પુ. હુક્કો; તંબાકુ પીવાનું નળ ચલમવાળું યંત્ર; હુક્કો.

નાવિક કલ્પતરુના નરિયાવર્યા
કલિન્દુમા હુક્ક વાલિયે ધર્યા.
ગોવિંદરામ

હુકાપાણી ૧. સ. ન બ. બેઠકોડકનો કે સામાજિક સબંધ

૧. હુકાપાણી કરવાં = સામાજિક સબંધ રાખવો.

૨. હુકાપાણી બંધ કરવાં = સાથે બેસી હુકાપાણી કરવાનો કે સામાજિક સબંધ તોડવો

૨ ન. બ બ. હુક્કો પાણી વગેરે પીવાં તે.

હુક્કો [અ. હુક્ક] પું. તમાકુની ધૂણી ગળાઈ તયા ઠરી ચાને મોંમાં આવે તેવું યંત્ર; તમાકુ પીવાનું એક સાધન.

૧. હુક્કો ગગડાવવો–તાણવો–પીવો = હુક્કાથી તમાકુ પીવી.

૨. હુક્કો બંધ કરવો = સંબધ કે વહેવાર બંધ કરવો; નાત બહાર મૂકવું

૩. હુક્કો ભરેલો = ગડાકુ દેવતા વગેરે મૂકીને હુક્કો પીવા માટે તૈયાર કરેલો

હુકમ જુઓ હુકમ.

હુજ્જત જ (જરૂરોસ્તી) સદ્ગવાણી; સારું વચન; સત્યવચન

હુગઢતતી (હુગડતતી) સ્ત્રી એ નામની સોનગઢ તરફ રમાતી એક રમત

હુગલી સ્ત્રી. ગંગા નદીની એક શાખા. બંગાળાના દક્ષિણ ભાગમાં ગંગા નદીને હુગલી કહે છે તેના ઉપર કલકત્તા શહેર આવેલું છે. આ નદીના મુખ આગળથી સને ૧૯૩૦ના ડિસેમ્બરમાં ફોર્ટ જોલ જાતની એક રાક્ષસી માછલી હાથ આવી હતી. તેની લંબાઈ પોણા સાત ફૂટ હતી અને વજન ૪૧૧ રતલ એટલે લગભગ પંચ મણ હતુ.

હુજત ૧. સ્ત્રી. આવેશમય દુરાગ્રહ; હોંશાતોંશી.

૨ સ્ત્રી. તકરાર.

૩. [અ. હુજ્જત] સ્ત્રી. દલીલ; તર્ક.

૪. સ્ત્રી. હઠ; મમત; આગ્રહ; જીદ

હુજતખોર ૧. [અ. હુજ્જતખોર] વિ તકરારી સ્વભાવનું; ઉદ્ધત.

૨ વિ. દલીલ કરનારું.

૩. વિ. હુજતી; મમતી; હઠીલું; આગ્રહી

હુજતી જુઓ હુજતખોર

હુજરો ૧. [અ. હુજ્રહ] પું. કબર ઉપરનું મકાન

૨. પું. કોટડી.

૩. પું. મસીદોમાં મુલ્લાંને રહેવા માટે બાંધેલી કોટડી

હુજુમ ૧. ન. ટોળું; સમૂહ.

૨. પું. હુમલો.

હુજૂર ૧. [અ હુઝૂર] પુ હજૂર, મહેરબાન સાહેબ

૨ સ્ત્રી હાજરી, તહેનાત.

૩. સ. બુદ્ધ; પોતે; આપોઆપ.

હુજૂરઅજાર સ્ત્રી. મુખ્ય પીઠ; મુખ્ય બજાર

હુજૂરજત જુઓ હુજત.

હુજૂરજતખોર જુઓ હુજતખોર

હુજૂરજતબાજ જુઓ હુજતી.

હુજૂરજતી જુઓ હુજતી.

હુજૂરનવીસ [અ] પું રાજ્યમંત્રી

હુજૂરશ્રી પું. નામદાર; માનવતા પુરુષ

હુજૂરી [અ] પું. રાજાનો અંગત નોકર; ખવ્વ

હુડકારવું (હુડકારવું) ૧ સ. ક્રિ. ધ્રુજવું તોછડાઈ કરવી, તુચ્છકારવું; તિરસ્કારવું

૨. સ. ક્રિ. દુઃખ દુઃખ કરવું; નસ.ડવું; દુઃ ખ કરવું.

ધરમવીઓ પણ અદ્ધાને હૂતકાની માફક હુડકારે છે. રઘુપ૨

હુડડ (હુડ્ડ) જ પખ્યો ઉડાડવા બેડુત બોલે તે શબ્દ.

હુડતતી (હુડતતી) સ્ત્રી. એ નામની એક રમત. તે હારાર તરફ રમાય છે.

હુડતાવવું (હુડતાવવુ) ૧. સ. ક્રિ. તુચ્છકારવું; તરછોડવું.

૨ સ. ક્રિ. ધમકાવવું, દબડાવવું.

હુડતીતી (હુડતીતી) સ્ત્રી એક જાતની એક જ પાસે દોડવાની રમત; હુડતતી

હુડતુતુતુ જુઓ હુતુતુતુ.

હુડદંગો (હુડદમો) ૧. પુ નાગા બાવાના અખાડામાં લાકડી વગેરેથી બેસનાર તથા કસરતથી શરીર મજબૂત કરનાર નાગો બાવો.

૨ વિ પું. સમજવવા છતા સમજે નહિ એવો; અવળચંડો; અજમાઈ કરનારે.

કેક બાબી કેક હુડદમા એમ અમ્યા બહુ અકળમા.
નિરંજન ભટ્ટ

હુડદાવવું (હુડદાવવુ) સ. ક્રિ. કૂતરાને હુડદ.વવુ.

હુડહુડ (હુડ્હુડ) ન. એક જાતનું પક્ષી. તેના વિષે એમ મનાય છે કે, જન્મની વખતે તે જે લાકડું પકડી લે છે તે મરતાં સુધી છોડતું નથી તે ભારદ્વાજ વર્ગનું પક્ષી છે

હુડરાલન (હુડ્રાલન) ન હાર્મોનિયમ

હુડા પું. બ. બ. ટોળાબધ જઈ ને ખેતરનો પાક ખાઈ જનાર એક જાતનાં પક્ષીઓ

ઊભો ઊભો ચોકસ કરવે, હાકે હુડા હો હો કરે.
સામળ

હુડુક્ક (હુડુક) ન. (સંગીત) એક પ્રકારનું વાદ્ય.

હુડુક્કો (હુડ્ડુ) ૧. પ્ર. ધસારો કે પડાપડી સૂચવતો એક જાતનો અવાજ.

૨. પ્ર. બળદની માફક અવાજ કરવો તે.

હુડુપુડુ (હુડુપુડુ) ન. ઘેટાંનું દડદ્ રોગ.

સર્વના મનમાં એમજ રહે છે કે, મહારાજ મહિરાજને કાને આપણે હુડુપુડુ કર્યાની વાત જશે તો એમની પાસે આપણા ધર્મની પ્રતિષ્ઠા જશે. ગોવર્ધનરામ

હુણહાણ કરવું પ્ર. ક્રિ. ખુશ થવું.

હુણાવવું પ્ર. ક્રિ. છાતી કૂટાવવી.

હુણાવું પ્ર. ક્રિ. છાતી કૂટાવી.

હુત ૧. કુ. (પુરાણ) ચાલુ મન્વંતરના પ્રારંભમાં બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલ માનસપુત્રોમાંના અંગિરા ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલ ઋષિ

૨. [સં હુ (હોમ કરવો)] વું. હોમ; હવન.

૩. ન. અગ્નિ

૪. [સં.] વિ. હોમેલું; અગ્નિ આપેલું; અગ્નિદાનમાં બળેલું.

હુતકર્મ [સં. હુતકર્મન્] ન. હોમવાનું કામ.

હુતકર્મ સુજ્ઞ કું પુષ્પ તે નહિ. નાકર

હુતદ્રવ્ય [સં.] ન. હોમવાની સામગ્રી; હોમવાની વસ્તુ; અગ્નિ.

વસુસામ્રા પૂજના ઉપહાર,
હુતદ્રવ્યનો ઘીમો આહાર. પ્રેમાનંદ

હુતધન જુઓ હુતદ્રવ્ય.

હુતભુજ ૧. [સં. હુતભુજ્] વું. અગ્નિ; દેવતા.

૨. વું. ચિત્રક; ચિત્રાનું ઝાડ.

૩. વું વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

હવન કરેલાના ભોક્તા હોવાથી વિષ્ણુ હુતભુજ કહેવાય છે. વિષ્ણુ સહસ્રનામ

હુતવહ જુઓ હુતભુજ.

હુતવહમાત સ્ત્રી. અગ્નિની માતા.

આવો બ્રહ્મન્ તમ સુતા હુતવહમાત સમી
ન. ક. ઠાકોર

હુતશેષ [સં.] વું. યજ્ઞમાં હોમતાં બાકી વધેલ અગ્નિ

હુતહોમ [સં] વું. હવન કરનાર બ્રાહ્મણ, જે બ્રાહ્મણે હોમ કર્યો હોય તે.

હુતાગ્નિ [સં.] વું. જેમાં આહુતિ આપેલી હોય તે અગ્નિ

હુતાત્મા [સં] વું. સારા કાર્યને માટે આત્મ સમર્પણ કરે તેવો માણસ; શહીદ; હુન થયેલો માણસ.

હુતારા ૧. [સં.] વું. અગ્નિદેવતા, અનલ; વહ્નિ.

પ્રકટ કરી રોવે હુતાશ. પ્રેમાનંદ

૨. વું. ચિત્રાનું ઝાડ.

હુતાશન ૧. વું. અગ્નિ અન્ન હોવાથી અન્નની સંખ્યાસૂચક એક શબ્દ.

૨. જુઓ હુતભુજ.

હુતાશનરસ [સં.] વું. (વૈદક) એક પ્રકારનું ઔષધ. તે બનાવવા સંચળ, પારો, ટંકણખાર, એ એકેક ભાગ, વછનાગ ૩ ભાગ અને મરી આઠ ભાગ લઈ તેના ચૂર્ણને જંબારી લીંબુના રસમાં ખરલ કરી ગોળી કરવી આ ગોળી આદુના રસમાં ઘસી, અરુચિ, ગોળો, કોલેરા ને મરતકણી ઉપર અપાય છે.

હુતાશની ૧ સ્ત્રી. ફાગણ સુદિ પૂનમ અવિખ્યોત્તર પુરાણમાં આ પર્વની ઉત્પત્તિની કથા છે

૨. સ્ત્રી હોલિકા; હોળી

હેયે હુતાશની સદેવ મ્હારે સ્હામે
રસકુજ

હુતાશવિપૂજક વિ. અગ્નિ અને સૂર્યના ઉપાસક; ભાતશબ્દોરામને પૂજનાર.

હિન્દ સતાયાં હુતાશવિપૂજક જરથોસ્તીઓએ.
નાનાલાલ

હુતિ [સં.] સ્ત્રી. હોમ; યજ્ઞ

હુતી ૧. [અ.] વું. અરબજ પદ્ધતિના આઠ શબ્દસમૂહનો ત્રીજો શબ્દ. તેના દરેક અક્ષરની કીમત આ પ્રમાણે છે: હે ૮, તોય ૯, યે ૧૦.

૨. સ્ત્રી. પક્ષિઘાણી; બાયડી.

હુતીર્ઉ વિ. હોવાનું; ભાવિતભાર; બનવાનું; અનુભવી.

હુતુતુતુ સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેમાં ૩૦×૫૦ ફૂટનો ચોક રાખવો ચોકના બરાબર મધ્યભાગમાં એક આડી રેખા દોરવી. આ મધ્યરેખાની બંને બાજુએ પાંચ પાંચ ફૂટને અંતરે મધ્યરેખાને સમાંતર બે નિદાનરેખા દોરવી. મધ્યરેખાની સામસામેની બાજુએ વિરુદ્ધ પક્ષ રહે છે. દાવ શરૂ કરવાની સૂચના થતાં જ દરેક પક્ષના એકેક ખેલાડીએ વારાફરતી પાણી પાવા જવું. ખેલવું મધ્યરેખા ઓળંગી વિરુદ્ધ પક્ષની હદમાં જઈ વિરુદ્ધ પક્ષના ખેલાડીને મારવા માટે હુ···તુ···તુ···તુ શબ્દ બોલતો જાય છે. પાણી પાનાર ખેલાડીનો દમ મધ્યરેખાની પેલી તરફ બીજાની હદમાં ખૂટે અથવા તો વિરુદ્ધ પક્ષના ખેલાડીઓ તેને રોકી રાખી તેનો દમ ખૂટાડે તો તે પાણી પાનાર માર ખાય છે. પાણી પાનાર સામા પક્ષના જેટલાને દમ સહિત અડ્યો હોય તેટલા બાદ છે; પણ તે પાણી નાખતો હોય તેટલામાં દમ ખૂટી જતાં પહેલાં સામો પક્ષ જો તેને પકડી રાખે તો પોતે મરે છે અને પકડનાર બાદ થતા નથી; પણ જો શ્વાસ ન ખૂટે તો પોતે ન મરે અને તેને પકડનારા બધા બાદ થાય. કેટલીક જગ્યાએ નિદાનરેખા નથી હોતી, તે પણ એક બાબત ગણાય. આ રીતે ખેલ ચાલતાં જો પક્ષના બધા મરી જાય તેના ઉપર દાવ આવે. જો ઠરાવેલા વખતમાં બધા મર્યા ન હોય તો, જે પક્ષના ગુણ વધારે થાય તે પક્ષ જીત્યો ગણાય છે. સામાન્ય નિયમોઃ (૧) હુતુતુતુના ખેલ માટે જગા ૩૦'×૫૦' ની ચોખ્ખી જગા જોઈએ (૨) તે ચોખ્ખીની વચ્ચમાં એક આડી રેખા દોરવી. તેને પાણરેખા કહેવી. (૩) પાણરેખાની બંને બાજુએ દશ ફૂટને અંતરે બે રેખાઓ દોરવી. તેને નિદાનરેખા કહેવી. (૪) પાણરેખાની બંને બાજુએ બંને પક્ષ રહે. બંને પક્ષના એક એક રમનારે પાણી નાખવા આવવું. (૫) રમનાર પાણરેખા ઓળંગી હુતુતુ બોલતો સામા પક્ષને પકડવા જાય. તેનું નામ પાણી નાખવું. (૬) જો કોઈ ઠરાવેલી હદની બહાર જાય તો તે મર્યો ગણાય. (૭) પાણી નાખનારે નિદાનરેખાને ઓળંગીને આવવું જોઈએ. (૮) પાણી નાખનારનો દમ પરહદમાં અટકી પડે અગર સામા પક્ષનો કોઈ લાં સુધી તેને પકડી રાખે તો તે મર્યો ગણાય. (૯) પાણી નાખનાર હુતુતુતુ શબ્દ ન બોલે તો તે બાદ થયો ગણાય. (૧૦) પાણી નાખનાર હુતુતુતુ બોલતો હોય અને પ્રતિપક્ષીએ તેને પકડ્યો હોય, તેના શરીરનો કોઈ ભાગ પાણરેખા ઉપર આવી જાય તો તે મરે નહિ. (૧૧) જો ન મરે તો દાવ અટકાવવો, તેને તેની હદમાં જવા દેવો તથા તેણે મારેલા બધા છોકરા અને તેને અડકેલ બધા બાદ ગણાય. (૧૨) પાણી નાખનાર સામા પક્ષના જેટલાને અડ્યો હોય તેટલા બધા, તે તેની હદમાં આવે કે તરત જ બાદ થાય (૧૩) પાણી નાખનારને પકડી રાખેલ હોય તો તેને અડકેલા બધા બાદ થાય. (૧૪) બંને પાણીવાળા જો એકી વખતે અંદર ગયા હોય તો બીનું સૂક્ષ્મ ઠરાવી, ઠીકરી ઉછાળી કયો મરેલો ગણવો તે તેના આધારે ઠરાવવું (૧૫) પ્રત્યેક પક્ષમાં ૯ રમનાર જોઈએ. (૧૬) એક પક્ષના બધા મરી જાય અને બીજા પક્ષના કેટલાક બચેલા હોય તો બચેલા દીઠ બે બે ગુણ મળે. (૧૭) દરેક દાવ માટે ૧૫

મિનિટ આપવી. દાવ પછી ૫ મિનિટ વિશ્રાંતિ આપવી. દાવ પૂરો થતાં જેટલા બચેલા હરી તેટલા ઢીંગ જે તે પક્ષને બે ગુણ મળશે. (૧૮) પાણરેખા ઉપર એક અને નિદાનરેખા ઉપર બે મળી ત્રણ પંચ રાખવા. (૧૯) એકંદરે ત્રણ દાવ રાખવા. સ્ત્રીઓ રમતી હોય તો બાળ પકડવા નહિ, નહિ તો પકડનારી બાદ ગણાય. આ ખેલ શક્તિનો અને ઝપાઝપીનો છે, તેથી રમનાર સશક્ત અને મજબૂત હોવા જોઈએ. વળી ચપળ અને કુશળ હોવા જોઈએ. સારા સશક્ત, ખૂબ શ્વાસ ખેંચી શકે તેવા, ચપળ અને નિયમોની માહિતીવાળા રમનારાઓ પસંદ કરવા. આ રમતથી નિર્ણયના નવા લડાયકકાનૂન ફેલાયા છે. પાણી નાખનારને સૂચનાઃ– (૧) જરા વાળીને પોતાના હાથ પોતાના પગ સામે રાખી પાણી નાખવું. (૨) પાણી નાખનારે નિદાનરેખાને ઓળંગીને આવવું જોઈએ. (૩) તેમણે સાહસ કરીને વધારે અંદરના ભાગમાં પાણી નાખ્યા ન જવું એકદમ મારવા જતાં પોતે જ સપડાઈ જવાય. (૪) પાણી નાખતાં બધી બાજુએ નજર રાખવી અને ફરતા રહેવું. (૫) કાચા છોકરાઓએ એકજ તરફ પાણી નાખવું કે જેથી બધા રમનાર નજર સમક્ષ રહે. (૬) કોઈને અડકવાનો પ્રયત્ન સાવધતાપૂર્વક કરવો, કે જેથી પકડાઈએ નહિ. (૭) પાણી નાખનાર ઊંચો હોવાથી અને પાણરેખા પાસે હોવાથી તે પકડાવાનો સંભવ ઓછો છે. (૮) આપણે છતના કોઈને તે વખતે આપણે ન પકડાઈએ તેમ સામા પક્ષનાને મારવા પ્રયત્ન કરવો. (૯) પાણી નાખનારે પ્રથમ નિયમ પ્રમાણે પાણરેખાને અડકવું. તેની પાસે ઊભા રહીને ત્રાંસકરા પાણી નાખવું. (૧૦) દાવ પૂરો થવાને થોડો વખત હોય અને આપણે હારવાના એમ લાગતું હોય તો સાહસ કરીને સામા પક્ષના છોકરાઓને મારવાનો પ્રયત્ન કરવો. (૧૧) સામા પક્ષનો પાણી નાખનાર ઢીલો ઢીલો જતો હોય તે વખતે આપણા પાણી નાખનારે હલ્લો કરવો અને સ્પર્શ કરી આવતા રહેવું, તેથી એ બાદ થશે. પાણી નાખીને આવતાં પાણરેખા તરફ મોઢું રાખીને અવળા ચાલીને આવવું. પકડનાર છોકરાઓને સૂચનાઃ–(૧) પકડનારાઓએ નિદાનરેખાની નજીક ઊભા રહેવું અને પાણી નાખનારને તેનો સ્પર્શ કરવા ન દેવો. (૨) પાણી નાખનારને અંદર આવવા દેવો અને પછી એકદમ હલ્લો કરી તેને પકડી લેવો. (૩) કેટલાક છોકરાને રેખાને સ્પર્શ કરવા ઝડપ નાખે તેજ વખતે પકડવા એ સહેલું પડે છે. (૪) પકડનારે પાણી નાખનારની આસપાસ અર્ધ વર્તુલાકારમાં રહેવાનો પ્રયત્ન કરવો. (૫) પાણી નાખનાર પાણરેખાથી પાંચ છ ફૂટ દૂર હોય તો તેને પકડવાનું સાહસ કરવું નહિ. (૬) ઊંચા છોકરાને પાણરેખાથી છ સાત ફૂટ છેટે પકડવાનો હોય તો તેને પાછળથી પકડવો. (૭) કોઈ એ પાણી નાખનારને પકડ્યો હોય અને તે અને વચ્ચે ઝપાઝપી ચાલતી હોય તો પહેલાની મદદે જવું, કે પાણી નાખનાર છટકી શકે નહિ. (૮) પાણી નાખનાર પાણરેખાની નજીક હોય તો તેનો હાથ આ હદમાં ખેંચી લાવી તેને પકડી રાખવો. (૯) પાણી નાખનારને જમીન ઉપરથી અદ્ધર ઊંચકી લેવો કે તેનાથી જોર કરી શકાય નહિ. (૧૦) પાણી નાખનારના એકદમ પગ પકડવા અથવા કમરે આવ ભરી લેવી. (૧૧) આપણો પક્ષ છતતો હોય તે વખતે માત્ર આપણે બચાવ કરવો. (૧૨) આપણે ઘેરીએ તો પાણી નાખનારને પકડવાનો પ્રયત્ન કરવો. (૧૩) પાણી નાખનારના પગ પકડી રાખવામાં આવે તો તે પકડાઈ જશે અને બાદ થશે (૧૪) પાણી નાખનારના પગ વચ્ચે પેસીને તેને ઊંચકી લેવો. વધારાના નિયમઃ (૧) દરેક પક્ષમાં એક નાયક અને એક ઉપનાયક હશે. (૨) દરેક પક્ષને બે દાવ આપશે. દરેક દાવ માટે ૭ મિનિટ આપશે (૩) બંને પક્ષમાં ગુણ સરખા હોય તો ૫ મિનિટનો એક દાવ આપવામાં આવશે છતાં સરખા થશે તો રમત ફરી શરૂ કરાવવામાં આવશે. (૪) સિક્રમ ઉભાગનાં છતતા પક્ષને મેદાનનો ભાગ પસંદ કરવાનું રહેશે. (૫) દરેક જણે વારા ફરતી સામા પક્ષમાં ચઢાઈ કરવા જવું પડશે. (૬) પાણી પાવા જનાર આખુ શરીર પોતાની હદમાં લાવી દે તો તેને અડકનારા બધા બાદ ગણાશે. (૭) એવી વખતે બે પાણી પાવા જાય તો બેમાંથી જે પાછળ ગયો હશે તે બાદ ગણાશે ને પાણી પાવા જનારને પાછો બોલાવી દાવ ફરી શરૂ કરવામાં આવશે (૮) બચાવ કરનાર ભિલ્લુઓ પાણી પાનારનું મોઢું બંધ કરશે તો તે બાદ ગણાશે. (૯) પાણી પાવા આવેલો ભિલ્લુ બચાવ કરનારના પક્ષની હદમાં પૂરેપૂરો હોય ત્યાં સુધી તેનો કોઈ બાજ અખેરખાને અડકવો જોઈશે નહિ, નહિ તો બાદ ગણાશે. (૧૦) કોઈ ભિલ્લુના શરીરનો બાજ પાણી પાવા આવેલા ભિલ્લુને અડે તો તે ભિલ્લુ બાદ ગણાશે. (૧૧) કોઈ પણ હદ રેખાની બહાર જશે તો તે બાદ ગણાશે. (૧૨) કોઈ પક્ષના ભિલ્લુઓ ઝનૂનપૂર્વક સામા પક્ષના ભિલ્લુઓને હદની બહાર ખેંચી જાય તો ઝનૂનપૂર્વક તેમ કરનાર બાદ ગણાશે. (૧૩) મેદાનની બંને બાજુએ એક પંચ રાખવામાં આવશે. એક સમય જોનાર અને એક ગુણ નોંધનાર રાખવામાં આવશે (૧૪) એક પક્ષના બધા ભિલ્લુઓ મારાં જશે ત્યારે સામા પક્ષના ભિલ્લુઓ બાકી હશે, તેથી એવડા ગુણ તેમ જ બાકી રહેલી મિનિટ દીઠ બે ગુણ તે પક્ષને મળશે (૧૫) સાત મિનિટ પૂરી થયા બાદ દરેક પક્ષના જેટલા ભિલ્લુઓ બાકી રહ્યા હશે, તેનાથી બેવડા ગુણ તે પક્ષને મળશે. (૧૬) બંને દાવ અંતે વધુ ગુણ મેળવનાર પક્ષ જીતનાર ગણાશે

હુતો પું. પતિ; પતિ.

હુતોચ્ચાન પું. (જરથોસ્તી) કારીગર અને વેપારી વર્ગ.

હુતો હુતી સ. વ ક. પતિ પત્નિપ્રાણી.

> ત્યારે સાહિત્યમાં હુતો હુતીના પ્રેમગુજરાતોમા જ આપણે મસ્ત નહિ બનીએ, પણ સમાજના આધુનિક પ્રશ્નો ઉકેલવાના અમોને સાહિત્યનાં મીઠાં ઝાપટાથી હરી લઈશું. આચાર્યશ્રી અહ

હુદ્દડ (હુદ્દડ) પું એ નામના સુપ્રસિદ્ધ ભવિષ્યવક્તા; હુદ્દડ જોષી. આ સંબંધે જીવન પ્રકાશમાં ઉલ્લેખ છે કે, હુદ્દડ જોષી સિદ્ધરાજ જયસિંહના સમયમાં એટલે સંવત ૧૨૦૦માં હતા. તેઓ મારવાડ દેશમાં રહેતા હતા. ચાલુક્ય જ્ઞાતિમાં જન્મ્યા હતા; તે છતાં ઠેકાણ દશાને અંગે જંગલમાં પર્ણકુટિ બાંધીને રહેતા અને ત્યાં બકરાં ચરાવવાનો ધંધો કરતા. ભણ્યા થોડું ભણેલા હતા; પરંતુ બુદ્ધિશાળી પુરુષ હતા. અરણ્ય જેવા નિર્જન સ્થાનના વસવાટથી તેમને કુદરતનું અવલોકન કરવાના પ્રસંગો ઘણા મળતા હતા. એમ ઘણા અભ્યાસને લીધે વાદળાં અને હવામાનના ફેરફાર, ગ્રહોની ગતિ, ઋતુઓનું બદલાવું, વનસ્પતિ ઇત્યાદિ ઉપરથી વર્ષ કેવું નીવડશે તે સોધી કાઢતા અને સર્વને અગાઉથી જાહેર કરતા; અને તે પ્રમાણે બરાબર થતું. જોષી ગરીબ હતા. તેની સાથે શરીરે કદરૂપા અને બેડોળ પણ હતા અને જંગલમાં રહેવાથી તેઓ ખરેખર ગામડિયા બોથડ જેવા લાગતા. તેથી જ લોકો તેને 'હુદ્દડ જોષી' કહીને બોલાવતા. તેમનો ધંધો બરવાડના જેવો હતો અને બાલ્ય અવસ્થે ગાંડાઘેલા જેવા દેખાતા હતા; પરંતુ કર્મભ્રષ્ટ નહોતા. સંધ્યા-નો સમય જ્યાં થતો, ત્યાં જ તેઓ માનસિક અર્ઘ્ય આપતા તથા માનસિક ગાયત્રી કરતા. હુદ્દડ જોષીને પુત્ર નહોતો. સંતાનમા એક પુત્રી હતી. તેનું નામ ભડલી હતું. તેના ઉપર તેમને ઘણી પ્રીતિ હતી. તેથી જોષીએ પોતાની વિદ્યા

તેને જાણવાની હતી આ જાડલીએ જ્યોતિષ સંબંધી વર્ણના વર્તારની સાખીઓ દેશી ભાષામાં રચેલી છે તે 'જાડલી વાકય' ને નામે પ્રસિદ્ધ છે.

હુનર ૧. [ફા] પુ. કળા; કારીગીરી; કસબ. ૨. પું. ચતુરાઈ; ચાલાકી.

હુનરઉદ્યોગ પું હુનર અને ઉદ્યોગ. હરિજન બંધુમાં નીચેના હુનર ઉદ્યોગો વિષે સંબંધ છે: (૧) ખાદી કામ, (૨) યંત્ર કામ, (૩) સુથારી, (૪) ચામડી, (૫) સિમેન્ટ કોંક્રેટનું કામ, (૬) માપણી, (૭) ચિત્રકામ અને શણગારકામ, (૮) ઘંટી પાડવાનું કામ, (૯) વીજળીનું કામ, (૧૦) મોટરની યંત્રવિદ્યા, (૧૧) કમાટો બનાવવાનું કામ, (૧૨) સાબુની બનાવટ, (૧૩) મોચીકામ, (૧૪) દોરીના ઢબ્બા ભરવા.નું અને તેમાંથી મુરબ્બા વગેરે બનાવવાનું કામ, (૧૫) શાહી બનાવવાનું કામ, (૧૬) ફરજી કામ, (૧૭) સૈતરંજી વણવાનું કામ, (૧૮) ગોટા અથવા દોર વણવાનું કામ, (૧૯) રેશમ વણાટ.નું કામ, (૨૦) સુતરાઉ કાપડ વણાટ.નું કામ, (૨૧) ટોપલા ટોપલી અને નેતરકામ, (૨૨) મોચીકામ, (૨૩) પોકાનાં જીન વગેરે બનાવવાનું કામ, કાપડ ઉપર છાપવાનું કામ, (૨૪) રંગકામ અને (૨૫) ધ.તુકામ વગેરે.

આપણા હુનરઉદ્યોગ ફરીથી સજીવન થઈ શકે અને તેમને ઉત્તેજન મળી શકે. પ્રસ્થાન

હુનરકળા સ્ત્રી. ઉદ્યોગ; કારીગીરી.

હુનરખાન પુ. યંત્રવાદ

હુનરખાજ વિ. કારીગરી કે કળામાં પ્રવીણ

હુનરમંદ [ફા.] વિ. હુનરવાળું; હુનરી; કલાવંત; કસબી.

હુનરમંદી [ફા.] સ્ત્રી. કુશળતા; દક્ષતા; નિપુણતા, કારીગરી; હોંશિયારી.

હુનરવર વિ. હુનરી; કારીગરી જાણનાર; હુનરમંદ

હુનર વિજ્ઞાન ૧. ન. કલાકારીગરી ૨ ન હુનર સંબંધી મનુષ્યની અંતરની શક્તિઓ

હુનરશાનાશ્રી વિ. હુનર સંબંધી. જ્યારે કેળવણીના ધોરણમાં વિશેષ વિવિધતા આવશે, એટલે કે કામદા, વૈદક અને ઇજનેરી વિષયો સિવાય બીજા વિષયો, ધંધાદારી વિષયો, હુનરો વગેરે વિશેષ પ્રમાણમાં શીખવાના જ્યારે સારે માત્ર સાહિત્ય તરફ લક્ષ દોડાવનારાઓની સંખ્યા ઓછી થતી જશે કારણ, તેમનું ધ્યેય માત્ર કલમકસી નહિ પણ હુનરશનાશ્રી થશે

હુનરશાળા સ્ત્રી. હુનર શીખવવાની શાળા; કળાભવન.

હુનરી ૧ પુ કારીગર, કસબ જાણનાર માણસ ૨. વિ. કસબી; કરામતી; નિપુણ.

હુનરી કેળવણી સ્ત્રી હુનર શીખવવાની કેળવણી.

નવસૂત્રમાં કહ્યું છે કે, બિલ્લ તે બાળકનો પ્રથમ ગુરુ. વસ્તુસાર **હુનરીકેળવણી** વંશપરંપરા શીખવાતી. કવીશ્વર દલપતરામ

હુપળી સ્ત્રી. (ભીલી) સોપારી.

એક હુપળી આકારમાન હો ગુજરી ચોકરની ભાલીવીત

હુબકો ૧ પું. કઠિણ કામ કરવા મેડો ભાંગે છે તેમાં જમીન ઉપર મેડાનો ઊભો કરેલ થાભલો.

૨. પું. ચામડાના કોથળા આસના વચલા ભાગમાં રહેતું આડું લાકડું

૩. સ્ત્રી. ઊલટ, ઉમળકો; ઢોંગ.

હુબડકી (હુબડકી) જા પખડી; બીક બતાવનારાં વચનો, ડારો

હુબડિયો (હુબડિયો) પું. ઊભડો; અકારી; ઊભાળો, બાલી ઊભડા આવે પણ ઝીલટી ન થાય તે; વમન થવા જેવી સ્થિતિ

હુબરડો (હુબરડો) જુઓ હુબડિયો

હુબેરા સ્ત્રી. હોંસ; ઊલટ.

હુબ્બેવતન ન. વતન પ્રત્યેનો પ્રેમ; દેશપ્રેમ; દેશાભિમાન

ખેતીપરજનો મુખ્ય ગુણ દેશપ્રીતિ અથવા **હુબ્બેવતન** છે. ગાંધીકર

હુમત [સં સુમતિ] પું. (જરથોસ્તી) સારા વિચાર; સુમતિ.

પયગમ્બર જરથુસ્ત બાકીએ પોતાના ધર્મનો પાયો **હુમત** ઉપર રચ્યો છે

અજ્ઞાતમાન

હુમલાખોર [અ.] વિ હુમલો કરનાર; હુમલો કરવાની આદતવાળું; ચઢાઈ કરનાર.

હુમલો ૧. પુ. આક્રોશ; ધાણ; ઢંગાઓ ૨ પુ ધમકી; મકાનનો કાટમાળ ૩. પું ઢોરને થતો એક જાતનો રોગ

પણ હુમલો અગર ચડેચોથી પણ ઢોર પીડાય છે. નવજીવન

હુમા [અ. હુમ્મહ] પુ. હલ્લો; ધાપો; ધસારો; ચઢાઈ, આક્રમણ સન ૧૮૬૯ના હિંદુસ્તાનના ફોજદારી કાયદાની રૂએ જે માણસ કોઈપણ ધાણ અથવા કોઈપણ તૈયારી કરે અથવા તે એવા ઇરાદાથી કે તે ધાણ અથવા તૈયારીથી કોઈ રાજ્ય હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થાય કે આ ધાણ અથવા તૈયારી કરનારો માણસ મારી ઉપર હમણાં સાપરાધ બળ વાપરવાનો છે તો તે માણસે હુમલો કર્યો એમ સમજવું.

હુમા ૧. [ફા.] ન એક જાતનું પક્ષી તેની છાયા જેટલે પડછાયો જેના ઉપર પડે તે રાજા થાય એમ કહેવાય છે તેના એક શરીરમાં જ નરમાદાની જોડ હોય છે. એક પગ અને એક પાંખ પાસેથી જોડાયેલા તેમના શરીર હોય છે. આ પંખી મરતી વખતે રડતા મ.રે છે, અને તે જ્યારે ચાલ. પ્રગટે છે તેમ, પંખે સળી જાય ; તેની ઝરમમાંથી. સ્વાતિ નક્ષત્રમાં નવું બચ્ચું નીપજે છે આ પક્ષી દીર્ઘાયુ આપ છે અને કોઈને સતાવતું નથી.

પ્રાચીના પુરુષ પાપમાંથી અંતે તો ઝરમ ખંખેરી જોડે છે, સુન્દર કેવ હુમાનું જ બાળ પંખા. ન નાકાલા

૨. ન. ઘોડાનું એક જાતનું ચગેડું.

હુમાયૂ ૧. પું. અકબરનો પિતા, બીજા મોગલ બા.દશા.હ

૨. પું. આખું શરીર મોટું, કા.ળું, લા.લ કે પીળું હોય અને તેની પૂંછ કાળી હોય તેવો ઘોડો.

૩. [ફા. હુમા] ન. એક જાતનું પક્ષી. જુઓ હુમા ૧.

૪. વિ. ભાગ્યશાળી; મુબારક; નસીબદાર.

હુમાયૂન [ફા. હુમાયૂની] વિ. બાદશાહી; બાદશાહને લગતું

હુર સ્ત્રી. સિંધમાં વસતી તોફાની લોકોની એક જાત. એમ કહેવાય છે કે, પીર પગારોના વતન કેટલાક સૈયદ અગ.ઉ અરબસ્તાનમાંથી સિંધમાં આવ્યા. આ પીર કાદિરિયા.વાદમાં પ.ધરીઓ પીર તરીકે ઓળખાય છે કારણ કે, જે મ.ણસના માથા ઉપર તેના બા.પદાદાની પાઘડી મુકામ છે તેને જ તેના અનુયાયીઓ મુખ્ય પુરુષ તરીકે માને છે પ.ધરી પીરવાળા પીર સિવાય બીજા કોઈને ગુરુ તરીકે માનતા નથી. હુર બે વર્ગમાં વહેંચાયેલા છે ૧ કર્રી હુર અને ૨ અરિકમતબંધ હુર કરી હુર તે બાગાયત વગેરે કરનારા પીરને વધારે વફાદાર અને ઝનૂની છે. બીજો વર્ગ કાયદાને અનુસરનાર હોય છે. હુરની વિશિષ્ટતા એ છે કે, તેઓ ઇશ્વર કે પેગંબર કરતાં વધારે પોતાના પીરમાં માને છે અને તેમની ખાતર કોઈ પણ ભોગ આપવા તૈયાર છે. અરબી ભાષામાં 'હુર' શબ્દનો અર્થ ગુલામીમાંથી મુક્ત એમ થાય છે. સિંધમાં

ફુર સોકો પીર પગ.રોન' અનુયાયી છે જે કે, પીરના બધા ભાવ પંથો ફુર નથી. અસલ ફુર શબ્દનો અર્થ માનવતો થતો હતો. અરબ લોકોથી તે શબ્દ પોતાના સ્વતંત્ર ભાષણો માટે વપરાતો હતો અને ગુલામથી ઊલટો શબ્દ ફુર હતો પછી તેનો અર્થ 'આધ્યાત્મિક મુક્તિપ્રાપ્તો' થયેલ પ્રમાણે ફુરોને પોતાના બહાદુર શિષ્ય જેણે પોતાને માટે ભોગ આપ્યો તેના માટે આ શબ્દ વાપરેલ છે. સિંધના કેટલાક પીરોએ પોતાના વંશપરંપરાગત અનુયાયીઓ માટે જે શબ્દ વાપરેલ છે. પણ આ લોકોની ભાષાને લઈને આ શબ્દનો અર્થ 'અર્ધમાસ' એવો થયો

ફુરકત જ. (જરથોસ્તી) મકનાદની ક્રિયામાં પાણીનાં વાસણ તથા ફુલદાની માટે ગોઠવવામાં આવતા આળેઠ કે ઓરી.

ફુરબલાર્યું જી. અજંપાપણું; અજંપાભરેલા; દરામણ; ખોટી જક; ફુરબડાર્યું

ફુરમ ૧. [અ હરમ] સ્ત્રી. અપ્સરા, દેવાંગના; પરી

૨. સ્ત્રી હામી; સોટી; ગુલામડી.

૩. સ્ત્રી બાદશાહની બેગમ

મોમાણી સલેમણિ હતુ.

ફુરમ અદિત સાહિક જાવતું

કન્હડદેપ્રબંધ

ફુરમત ૧. [અ હુર્મત] સ્ત્રી આબરૂ; ટેક; માન; પ્રતિષ્ઠા; સંભ્રમ

માણેકની પાસ ફુરમતની પાસળની કરવા સિવાય બીજો બધાલ તેના મનમાં ન હતો.

બ. ન કાળરાજ

૧. ફુરમત ખોવી = શાખ ખોવી

૨. ફુરમત રાખવી = (૧) માન સાચવવું. (૨) શરમ રાખવી.

૨. સ્ત્રી પવિત્રતા.

૩ સ્ત્રી. મોભો, મર્તબો; દરજ્જો.

૪. સ્ત્રી. શરમ; લાજ; મયદા

ફુરમતદાર ૧. વિ આબરૂદાર; પ્રતિષ્ઠિત.

૨. વિ. પવિત્ર.

૩. વિ માનમર્તબાવાળું.

૪ વિ શરમવાળું.

ફુરા પુ. કોંકણ તરફનું એક જાતનું ફુંફાળું ઝાડ. સર્પના ઝેર ઉપર તે ફાયદો કરનાર મનાય છે ફુરાના ફુલથી આંખને ઈજા થાય છે. આ ઝાડનાં પાનનાં દડીયાં લાલાં અને રાતા રંગનાં હોય છે. તેનું લાકડું ધોળા રંગનું હોય છે.

ફુરિયો ૧. પુ. હજામો; બારાડો.

ફુરિયો કરવો–બોલાવવો = હજામો કરવો.

૨. પુ. મજાક ઉડાવવી તે; દીકી કરી કાઢવું તે

૩. જ ઉપેક્ષારથી કે તુચ્છકારનો એવો ઉદ્ગાર

ફુરૂરે ૧. પું બારાડો; હજામો

૨ જ. હજામની અથવા માન બતાવનાર શબ્દ ખુશાલી કે વિજય બતાવવા આંગ્રેજી ચિયર્સ પ્રમાણે આ શબ્દનો ઉચ્ચાર સૌ સાથે મળીને મધુ વખત કરે છે

ફુલ ૧. જા એ નામની એક ગમત ને મેવાડ તરફ રમાય છે લુઓ ખોલિલ્લુ

૨ સ્ત્રી મરજ

૩. સ્ત્રી તલવારની આણી

૪. સ્ત્રી લોઢાનો આડિયાર ખીલો તેને મથાળે લાકડાનો ઘોર હોય છે અને તેમાં લોઢાની કડીઓ ખોસેલી હોય છે મુસલમાનો તાજિયામાં આ ફુલ છાતીમાં કે બીજે અવયવોમાં મારે છે.

ફુલ ખાવી = ફુલ શરીરમાં ખોંચવી.

૫. વિ. બીક લાગે તેવું.

ફુલકાવવું સ્ત્રી ખરડવું, બગડવું, છેડવવું

ફુલકાપી મારવું = ઉશ્કેરવું; ચઢાવી મારવું.

ફુલડું (ફુલડું) ન. નાનું ફુલદડા; તોફાન; કોલાહલ.

ફુલમાવવું સ. ક્રિ. ખુશી કરવા.

ફુલમાવું જ. ક્રિ. અતિ આનંદમાં આવવું; ફુલાઈ જવું.

મહારાજ આવા ઉત્સવોથી ફુલમાઈ જાય એવા નરેશ નથી. દેશી રાજ્ય

ફુલર ૧ જ. ઝુલર; કાનની બુટોએ પહેરવાની સોનાની કાખી

પહેર્યું ફુલર જેમનું સોબત રે સોલ

ભોજે

૨. જ. ચાંદીનાં પતરાં, ઘૂઘરા વગેરેનો બનાવેલો ઢાંગીની ડોકમાં પહેરાવવાનો એક શણગાર

૩. જ. ડોકમાં પહેરવાનું એક જાતનું કપાનું બરેલું આંટ, બબૂની વગેરેની બાળાઓ તે પહેરે છે

ફુલરવું જ. ક્રિ. લટકીને હીંચોળો ખાવો.

હીંચે ફુલરતી હીંચે કોયલડી આંબાની ડૂંજમાં.

ત્રિભુવન બારસ

ફુલરાવવું ૧. સ ક્રિ. ઉશ્કેરવું

૨. જ. ક્રિ ખિજવવું.

મલી-એક બીજા વચ્ચે બાપ જેને ફુલરાવે રે

ઓટાદકર

૩. સ. ક્રિ. ખોંચવું; મારવું

૪. સ. ક્રિ. બાળકને ઉછાળીને રમાડવું; લડાવવું; લાડ લડાવવું; પ્રેમથી ફુલાવવું.

ફુલરી સ્ત્રી. હોળી, હોલિકા; ફાગણ શુદ પૂનમનો ઉત્સવ.

ફુલસ પું (પિંગળ) એ નામનો એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૫૨ લઘુ મળી ૬૮ વર્ણની ૮૪ માત્રા હોય છે.

ફુલસવું ૧. અ ક્રિ. રાજી થવું; ખુશી થવું; આનંદ પામવો

૨. અ ક્રિ. શોભવું

ફુલસાવવું સ ક્રિ આનંદ પમાડવો રાજી કરવું.

ફુલંબો ૧. પું તાકીદ; કોઈ પણ કામ માટે તાકીદ કરાવવી તે.

૨ પુ. પ્રયત્ન; પ્રયાસ.

૩. પું વખતો વખત ઉપડવાની તૈયારી કરવાનો પ્રયત્ન કરવો તે; વારેવારે જવાનો વિચાર કરતો તે.

૪. પુ. ધુમલો; ચડાઈ.

ફુલંબો જુઓ ફુલબો

ફુલામણ જ ફુલરાવવું તે; લાડ લડાવવાં તે; સ્નેહ અને ઉમળકાનું લડામણ

જશોદાજી ફુલામણે, તેનું નામ કહે છે કહાનજી.

આતમ

ફુલામણું ૧. જ. સ્નેહ ને ઉમળકાનું લડામણ; ફુલામણ

૨ જ. હાલરડું

૩. વિ રમત રમતમાં બોલવાનું.

૪. વિ. લાડમાં પાડેલું; લાડકું. તે નામ માટે વપરાય છે. જૂનોળસાહમાં કેટલાંયે શહેરો, પર્વતો, નદીઓ, દેશો વગેરેને વિવિધ પ્રકારનાં ફુલામણાં નામે ઓળખાવવામાં આવે છે એ તો સુવિદિત છે. સમયે સમયે આ નામોમાં અલ્પનો ફેરફાર પણ થતો રહે છે, એ અભ્યાસીઓ જાણે છે. એવાં કેટલાંક નામો અહીં રજૂ કર્યાં છે

અટકમાનુ રમ્ય ચીલીની ટંકશાળ.

અમદાવાદ-દિલ્હું માંચેસ્ટર; મિલોની રાણી

અમેરિકા–નવી દુનિયા.

આફ્રિકા–'ખંડ.રિયો ખંડ; પ્રાણીઓનું સમવસ્થાન.

આમાઝોન–જલરાશિની રાણી

ઇસ્ટર-ડ નીલમનો ટાપુ; લીલો ટાપુ; 'આમરિલ્ડ ધી સ્ટેટ'.

ઇસ્લી–યુરોપનો બગીચો

ઉત્તરનો અખાત–લીલો સમુદ્ર.

ઉર્ટુકક–સાઇબિરિયાનું પારિસ

ઇસ્ટ ઇન્ડિઝ ટાપુઓ–મસાલાના ટાપુઓ; મલયદ્વીપો

ઇંગ્લાંડ–દુકાનદારોની જન્મનો દેશ.

ઇન્ડિઝ–દક્ષિણ અમેરિકાની કરોડ.

ઍબિસિનિયા–હબ્શિઓનિયા.
ઍલાસ્કાપેન્સ–અ.કૅન
ઑસ્ટ્રેલિયા–સોનેરી ઊનની ભૂમિ; 'લૅન્ડ ઑવ્ ગોલ્ડન ફ્લીસ'
કોબે–જાપાનનું માન્ચેસ્ટર
કુરુશિવો ગરમ પ્રવાહ.
ગિયના–પાણીનો પ્રદેશ.
ગ્રેન ચેકો (આર્જેન્ટિના)–શિકારનો પ્રદેશ
જયપુર–હિંદુસ્તાનનું પેરિસ.
જાપાન–ઊગતા સૂર્યની ભૂમિ
જિબ્રાલ્ટર–ભૂમધ્ય સમુદ્રનું નાકું
જેહાનિસબર્ગ–સોનાનું શહેર
ટેરાડેલ ફુએગો–અગ્નિભૂમિ; સળગતી ભૂમિ
ટ્રિનિદાદ–ગરમ શહેર
ટ્યુનિસ–બર્બરોનો પ્રદેશ
ડચ ઇસ્ટ ઇન્ડિઝ ટાપુઓ–નેધર લૅન્ડ ઇન્ડિઝ.
ડચ ગિયાના–સુરિનામ.
ડાન્ઝીગ–'આપર્ન ગેટ'; ઓખડી દરવાજો.
ડેન્માર્ક–સહકારી મંડળીઓનો દેશ.
દક્ષિણ અમેરિકા–'લેટિન અમેરિકા';'કોર ઑફ ઍમેરિકા'.
નોર્વે–મધ્યરાત્રિના સૂર્યનો દેશ.
પંજાબ–નહેરોનો પ્રદેશ.
પામીર–દુનિયાનું ઝાપટું; 'રૂફ ઑવ્ ધ વર્લ્ડ'; જગતની છાવણી.
પૅન્ટેગોનિયા–પેટાનો દેશ.
પૅરિસ–'પૅરિસાળા ઑવ્ ધ વર્લ્ડ પંજાબ સ્ટેટ્સ યુનિયન'.
પોલૅન્ડ–રણપાટ મેદાનની ભૂમિ.
પ્રિટોરિયા–હીરાઓનું શહેર.
ફિનલૅન્ડ–સરોવરનો દેશ.
ફોર્મોસા–તાઇપેહ.
ફ્રાંસ–ગૉલ, લાપેલ્લા.
ફ્લોરિડા–ફૂલોનું શહેર
બાકુ–કાળું નગર.
બાબબ માઉથ–બાબ સમુદ્રનું નાકું; આંસુ સરોવતી સમુદ્રધુની.
બૅલ્જિયમ યુરોપનું સમરાંગણ
બૅસ્ટોક–જળનગર; તારનું શહેર.
બાસેલ્સ–નાનું પારિસ.
બાહામા–ત્રિવાદેશ.
બાર્બિક્સ–ઊંઘતો રાક્ષસ.
મુખાઈ–'ગેટ વે ઑવ્ ઇન્ડિયા'; હિંદનું પ્રવેશદ્વાર.
મોસ્કો–પાંચ સમુદ્રોનું શહેર
યાંગ સિકયાંગ–ચીનની ગંગા.
યુનાઇટેડ સ્ટેટ્સ–લૅન્ડ ઑવ્ સ્ટાર્સ ઍન્ડ સ્ટ્રાઇપ્સ'; તારા અને પટ્ટાની ભૂમિ.
રુવેન્ઝોરી પર્વત–ચંદ્રગિરિ; 'માઉન્ટ ઑવ્ ધ મૂન'.
લેનિનગ્રેડ–પેટ્રોગ્રેડ, સેંટ પિટર્સબર્ગ.
વેનેઝુએલા–નાનું વેનિસ.
વિક્ટોરિયા–ધોરાસાની આગોળ
શ્રીનગર હિંદુસ્તાનનું વેનિસ.
સાન્ફ્રાન્સિસ્કો સુવર્ણદ્વાર; 'ગોલ્ડન ગેટ'.
સિયામ–મુક્તાંગ ચાર્ટ; સ્વાધીન દેશ; ચાર્ટલૅન્ડ.
સિલોન–પારસ્ય સાગરનું મોતી, લંકા; સિંહલદ્વીપ
સેન્ટ જોન્સ–માછલીઓનું શહેર.
સોમાલિલૅન્ડ–સુરક્ષિત પ્રદેશ, 'ઍશ્યોર્ડ ટેરિટરી'.
સ્કૉટલૅન્ડ 'લૅન્ડ ઑવ્ ફ્રેમ'.
સ્વિટ્ઝર્લૅન્ડ–યુરોપની વિહારભૂમિ, હોટેલની રાણી.
સ્લોડન–દીવાસળીનો દેશ.
હોઆંગહો પીળી નદી; ચીનનાં આંસુ; ચીનની દિલગીરી
હૉંગકૉંગ–ચીનનું પ્રવેશદ્વાર; ચીનનું મુખાર્ઇ.
૫ વિ સંદર્ભ ભરવું

ફુલાઓ ૧. પું. ઉછાળો.
૨. પુ ખમાસ.

ફુલાવ પુ લાડ, પ્રેમ કે સ્નેહનો ઉભરાટો
તેને હું આજ દેખાના ફુલાવ આપી, લાડ લડાવી, મારા નિરીક્ષણોની રંજ પૂરવી પડી, કંઈક જીવન આલેખન કરવા પ્રયત્નો હતો.
સારડી ગીતકથા

ફુલાવણ જુઓ ફુલામણ

ફુલાવવું ૧. સ.ક્રિ. અધૂરિયો મારવું; ધોંચવું; પેસારી દેવું; ખોસવું.
સુમેસરે પેટમા કટાર ફુલાવવા ઉપાડી.
રસધાર
૨. સ. ક્રિ. ખીલવવું; વિકસાવવું.
૩. સ. ક્રિ. તીક્ષ્ણ હથિયાર ખોસી મારી નાખવું
૪. સ. ક્રિ. પ્રેમથી રમાડવું
૫. સ ક્રિ લાડ લડાવવા
૬. સ. ક્રિ. સ્નેહથી ઉછરાવું.
મહારા મંદિરના દેવ સ્થાપી પાલ્યું-પલવ્યું, પીર! કૂલડે ચમાવ્યું. મહારે હઈડે ફુલાવ્યું.
ઉન્દુમાર
૭ સ ક્રિ ઉલાવવું, ચડકોર ફેરવવું
૮. સ ક્રિ. ઉલાવવું.

ફુલાવવું ફુલાવવું સ ક્રિ મોટા બ. થવું, મોટાઈ આપવી.

ફુલાવું ૧. અ ક્રિ. ફૂલ થઈ જવું; બંધ થવું; પની રહેવું.
૨ અ ક્રિ ફુલાવું, ઉલ્લાસ પામવા; ખુશી થવું; મલકાવું.
દિયા પ્રકાર તખી સખીમય કહેરો મન ફુલાય.
ઇન્દ્રાસન
૩. સ ક્રિ ફુલાવવું; લાડ લડાવવાં જેમકે, હું તો ફુલાવું મારા ભાઈને.

ફુલાસ ૧. પુ ઉલ્લાસ; ઉમંગ, ઉત્સાહ; આનંદ; રાજીપો.
હાથ પકડી તેડિયા ઘામા થયા ફુલાસ
રણછોડ
૨ ક્રિ જી ખજવર, ખંજવાળ, સુવવાની તમા કુ.

ફુલાસદ.નો ક્રિ જી ખંજવાળની ડાબલી.

ફુલાસવું અ. ક્રિ. આનંદ પામવો, રાજી થવું.

ફુલ્લક ન આસામ તથા બર્મામા ડુંગર ઉપર રહેતુ કાળા રંગનુ એક જનાવર પ કરુ.

ફુલ્લડ (ફુલ્લડ) ૧ ન તોફાન , દંગલ, બડ; બખેડો, ઝઘડો; હુલ્લડો, સુલેહનો ભંગ
૨. વિ. અવિચારી; સારી સમજ વિનનુ
આ ફુલ્લડ ગાંસરીના કહેવાથી એક નવું કામ કરવાને તૈયાર થયા અમે તે બિચારા નહિ હતો.
પીતામ
૩. વિ સંધુ, કાબર, ચીતરુ.

ફુલ્લડખોર ફુલ્લડખોર વિ ફુલ્લડિયુ; બડખોર, તોફાની, ફુલ્લડ કરનાર

ફુલ્લડખોરી (ફુલ્લડખોરી) ૧. સ્ત્રી. અવિચારીપણું.
૨ સ્ત્રી ફુલ્લડખોર વર્તન; બડખોરપણું; ટંટાખોરી

ફુલ્લડિયું જુઓ ફુલ્લડખોર

ફુલ્લડી જુઓ ફુલ્લડખોર

ફુલ્લસવું જુઓ ફુલસવુ.

ફુલ્લસિત વિ. આનંદ પામેલુ; રાજી થયેલુ.
ફુલ્લસિત હૈયે પાછા, તાતા જીવના સેના ચડી.
હિંમુતો

ફુલ્લાસ પું આનંદ, ખુશી, ઉલ્લાસ
દેખાવારે હોરાયી જે જીવરે
ફુલ્લાસે જે લડારે લડાવ
સપમિત્રા

ફુલ્લાસવું ૧. અ. ક્રિ. આનંદ પામવો
૨. સ. ક્રિ. આનંદ પમાડવો; રાજી કરવું.
જોગણને પ્રીતમને જોગણનો વીર એહ;
ફુલ્લાસું આવો ઘર ઘર ગલીડો આવે છે વેર.
સંપમિત્રા

ફુરા ૧ સ્ત્રી આનંદ, ઉલ્લાસ
૨ સ્ત્રી તેજસ્વિતા; સત્ત્વ; નૂર; ઓજસ
૩. સ્ત્રી બળ; શક્તિ.
ફુરા કાઢી નાખવી = થકવી દેવુ.
૪ સ્ત્રી ઉમંગ, ઉત્સાહ

ફુરેન જુઓ ફુસન.

ફુસકારવું ૧ સ ક્રિ ધમકાવવુ.
૨. સ. ક્રિ. ભસે એમ કરવુ.

હુસકારવું જ. ક્રિ. હુસ હુસ કરી તગડી મૂકવું.

હુસન ૧. [અ. હુસ્ન] ન. કાંતિ; રૂપ; તેજ; સૌંદર્ય.

૨. ન. ચહેરો, સૂરત.

હુસહુસ ૧. જ પૂતરાને કરડવા ઉશ્કેરવાનો ઉદ્ગાર.

૨. જ જ્યાં ત્યાં ઉતાવળમાં; જેમ તેમ, ઝટપટ.

હુસૂલ [અ.] પું પ્રાપ્તિ; નીપજ; નફો.

હુસેન ૧. પું. જેમના સન્માનાર્થમાં તાજિયા નીકળે છે તે બાર્દશોમાંના એક; હજરત અલીના બીબી ફાતમાને પેટે જન્મેલા નાના પુત્ર. તેને અજ્ઞાન મુસલમાનોએ કરબલાના મેદાનમાં શહીદ કર્યા હતા

૨. સ્ત્રી. સિંધમાં થતી એક જાતની અંજીર.

૩. [અ. હસન (તે સુંદર હતો)] વિ. સુંદર.

હુસેની ૧. પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એક જાતનો રાગ. તેનો ગાવાનો સમય મધ્યરાત્રિનો છે

૨. વિ. સુંદરતાથી ભરપૂર.

હુસેનીકતી સ્ત્રી. એક જાતની તલવાર. તેનું પાનું રામપુરી પોલાદનું બનેલું હોઈ તે બે ફૂટ લાંબું અને દોઢ ઈંચ પહોળું હોય છે. તેને એક જ તરફ ધાર કાઢેલી હોય છે. તે દિલ્હીશાહી મૂઠમાં બેસાડેલી હોય છે. આ તલવાર સૈયદ વજીની હોઈ ખુદ રામપુરમાં જ તૈયાર થયેલી છે.

હુસેનીનકરો પું. (સંગીત) એ નામની એક રાગિણી

હુસેનીટોડી સ્ત્રી. ટોડી રાગનો એક પ્રકાર.

હુસેનીતલવાર સ્ત્રી એક પ્રકારની તલવાર. મહમદ ગઝની પ્રથમ હિંદુસ્તાનમાં જે જાતની તલવાર લાવ્યો તેમાં આ તલવાર મુખ્ય છે તેના ઉપર એક મંત્ર લખેલો છે. જ્યારે મહમદ ગઝનીએ દિલ્હી શહેર લીધું ત્યારે આ હુસેની તલવાર એક પર્શિઅન સરદારના તાબામાં હતી અને તે સરદારે તેની વતી ચારસો સ્ત્રી પુરુષો અને બચ્ચાંઓની કતલ કરેલ. તેના ઉપર જે પાછી ચઢાવેલું છે તેને મહમદ નિસરણી એ નામથી ઓળખવામાં આવે છે. તેની મૂઠ સોનાની હોઈ તેમાં હીરા, માણેક અને પન્ના બેસાડેલા છે.

હુસેનીબ્રાહ્મણ પું. એક જાતના બ્રાહ્મણો. આ બ્રાહ્મણો નથી હિંદુ કે નથી મુસલમાન હિંદુઓની મહા, આચાર, ક્રિયાકર્મ, પદ્ધતિ વગેરે સાથે મુસલમાની વિચાર અને ક્રિયાકર્મ ભેળવી તેઓ પોતાનાં આચરણ આચરે છે. પુરુષો ભિક્ષા વખતે હુસેનનું નામ બોલે છે.

હુસ્ન [અ.] ન. સૌંદર્ય; કાંતિ; ખૂબસૂરતી; હુસન.

હુહુકાર પું. કોમલનો ટહુકો.

હુહુકાર વડે આ પક્ષીઓએ જ આ પ્રત્યુત્તર દીધો છે.
રાકુન્તલ

હુળિયું ન. વાછરડાં કે પાડાને મોઢે તેઓ ચરતાં દૂધ ન પીતી જાય તે માટે બાંધવામાં આવતું સાધન

હું ૧. પું વિષ્ણુ ભગવાન.

હેત્વાભાસ ૧. [સ.] પુ. (ન્યાય) ન્યાયના સોળ માહેનો એક પદાર્થ. જે આગો હેતુ ન હોવા છતાં હેતુ જેવો જણાય તે; હેતુનો આભાસ; દુષ્ટ, ખોટો કે આભાસી હેતુ. હેતુ શુદ્ધ હોય તો અનુમિતિ યથાર્થ થાય, અશુદ્ધ હોય તો અયથાર્થ થાય, જે અશુદ્ધ હેતુ હોય છતાં શુદ્ધ તરીકે વપરાઈ ગયો હોય તે હેત્વાભાસ એટલે હેતુ જેવો પ્રતીત થતો હોય છતાં ખરો હેતુ હોનો નથી આવા હેત્વાભાસથી કોઈ પણ પ્રકારની સિદ્ધિ થતી નથી, કેમકે તે વ્યભિ, પક્ષધર્મતા વગેરે શુદ્ધ હેતુના લક્ષણથી રહિત હોય છે તેથી આવા હેતુથી અ.સિ પરામર્શ કે અનુમિતિ જ્ઞાયમાન એક અંગને બાધ આવે છે. હેત્વાભાસ પાંચ પ્રકારના છે. સવ્યભિચાર કે અનૈકાંતિક, વિરુદ્ધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધ, બાધિત. એમાંનો સવ્યભિચાર કે અનૈકાંતિક વળી ત્રણ પ્રકારનો છે: સાધારણ, અસાધારણ અને અનુપસંહારી અસિદ્ધ પણ ત્રણ પ્રકારનો છે: આશ્રયાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ અને વ્યાપ્યત્વાસિદ્ધ.

૨. પું. સામી બાજુનો દોષ કાઢવો તે; પરપક્ષનું દૂષણ

હેત્વાભાસવાદી [સં.] પું. મિથ્યા સિદ્ધાંત કે તર્ક કરનાર આભાસવાદી; ચાર્વાક

> સોક્રેટીસના વખતથી તે આજ સુધી 'સોફિસ્ટ' શબ્દ હેત્વાભાસવાદીના અર્થમાં વપરાતો આવ્યો છે અને બે અલગના છેક અયોગ્ય નથી. મણિલાલ૨ રાવજી ૧૯૪૯

હેદ [સં] પુ. કોંકણમાં થતું સાગની જાતનું ઇમારતી લાકડાનું ઝાડ એનાં પાન મોળ અને અણીદાર હોય છે ને તે ખુલાળ કરે છે

હેદળ [સં. હય (ઘોડો) + દલ (લશ્કર)] ન. ઘોડેસવાર લશ્કર; ઘોડેસવારની ફોજ; હયદળ.

હેન્ડ ૧. પું. (હજી) ઓરડો; ઓરડો.

૨. [અં.] પું. હાથ બતાવનાર કે કામ કરનાર માણસ.

૩. પુ.બ.વ. હાથ એ મનુષ્ય જાત અને બધાં પ્રાણીઓ વચ્ચેનો ખાસ ભેદ બતાવનાર અવયવ છે.

હેન્ડકેમેરા [અં. હેન્ડ (હાથ) + કેમેરા (જગ્યા પાડવાનું યંત્ર)] પું હાથમાં રાખી ફોટો પાડી શકાય તેવો નાનો કેમેરો

હેન્ડબિલ [અં.] ન. જાહેરખબર; વિજ્ઞપ્તિ.

હેન્ડબેગ [અં. હેન્ડ (હાથ) + બેગ (પેટી)] સ્ત્રી હાથમાં રાખી શકાય તેવી નાની પેટી.

હેન્ડરાઇટિંગ [અં. હેન્ડ (હાથ) + રાઇટિંગ (લખાણ)] ન. હસ્તાક્ષર; હસ્તાક્ષર.

હેન્ડલ [અં] ન. હાથો; દાંડો

હેન્ડલૂમ [અં. હેન્ડ (હાથ) + લૂમ (સાળ)] સ્ત્રી. હાથવતી કપડું વણવાની સાળ

હેન્ડસિગ્નલ [અં. હેન્ડ (હાથ) + સિગ્નલ (નિશાની)] પું. હાથ વડે કરેલ નિશાની.

હેન્ડીમેકારેલ પું. ૬ કિલ્લોની રોટેજને કરેલી શોધ પછી ૬ કિલ્લો જેવાં કિરણો, પ્રકાશની અસર નીચે આવતાં છતાં કયા પદાર્થમાંથી ઉદ્ભવે છે તે તપાસવાનો નિર્ણય કરનાર એ નામનો એક વૈજ્ઞાનિક. યુરેનિયમ ક્ષારમાંથી ઉદ્ભવતાં જે કિરણો પ્રકાશને આધારે ઉત્પન્ન થતાં મનાતા હતાં તે સ્વયંપ્રકાશિત છે એમ તેણે શોધી કાઢ્યું

હેન્રીએલ પું. વરાળથી ચાલતાં વહાણનો પહેલો શોધક. તેનું વહાણ "હોમેટ" (ધૂમકેતુ) ગ્લાસગોથી મીનોક સુધી વરાળથી પહેલું ચ.૬૫ ૧૪ નવેમ્બર ૧૮૩૦માં તે ગુજરી ગયો.

હેબક ૧. [અ. હબત (ભીક)] સ્ત્રી. ઓચિંતો ભયથી થતો ત્રાસકો; ફાળ; ધ્રાસ્કો; હબક.

૨. સ્ત્રી. વિસ્મય; આશ્ચર્ય.

હેબક ખાવી–પામવી = સ્તબ્ધ બની જવું; દિગ્મૂઢ થવું

હેબકવું ૧ અ ક્રિ ઓચિંતા ભય પામી ફરી જવું, ફાળ પડવી; ત્રાસકો પડવો.

૨. અ ક્રિ તેજમાં અંજાઈ જવું.

૩. અ ક્રિ. સ્તબ્ધ કે દિગ્મૂઢ બનવું; ચકિત થવું; અચંબો પામવો.

હેબકાવવું ૧. સ. ક્રિ. તેજમાં આંજી નાખવું.

૨. સ. ક્રિ. ત્રાસકો પાડવો; ભય પમાડવું.

હેબકાવી મારવું ⇒ ખૂબ જ કરાવવું.

હેબકાવું જુઓ હેબકવું.

હેબત જા. હેબક.

> રજપતાણી હેબત ખાઈને જોઈ રહી છે. રસધાર

હેબતવું જુઓ હેબકવું.

હેબતાવવું જુઓ હેબકાવવું

હેબતાવું જુઓ હેબકવું.

હેબિયસ કોર્પસ [અં.] ન. કેદીને બરોબર કામદેસર પકડ્યો છે કે કેમ, તેની તપાસ કરવાને માટે, અદાલત કેદીને પોતાની સમક્ષ હાજર કરવા હુકમ કરે છે તે.

હેબિયસ કોર્પસ ઍક્ટ [લે હેબીઅસ કોર્પસ (શરીરને હાજર કરો) + અ ઍક્ટ (કાયદો)] પુ ઇંગ્લંડના રાજા જોન પ.સે.ની પ્રજાએ પમ.૨ કરાવેલો વ્યક્તિ સ્વાતંત્ર્યનો કાયદો નાગરિકના વ્યક્તિગત સ્વાતંત્ર્ય જાળવવા, મ.ટે અ. કાયદો પસાર કરવામાં આવ્યો હતો જ્યારે કોઈ પણ શખ્સને કોર્ટ પણ ગુનાહિત કાર્ય અંગે પકડવામાં આવ છે અથવા કોર્ટ પણ શખ્સને આવા કાર્યસર કોર્ટ પણ જગ્યાએ અટકાયતમ. રાખવામા આ.વે છે તો તે ગુનેગારને ન્યાયની કચેરીમા ગુનો નક્કી કરવા માટે રજૂ કરાવવો પડે છે તે ગુનેગાર છે કે નહિ તે નક્કી કરાવવા માટે ગુનેગારની વતી કોર્ટ પણ ન્યાય કચેરીમાં અરજી કરી શકે છે, પણ તે ગુ..ારને અયોગ્ય મુદત સુધી ગુનો સાબિત થયા વિના કેદખાનામાં રાખી શકાતો નથી. જો ગુનાની પૂરતી સાબિતી ન મળે તો ન્યાય કચેરી તેને છૂટો મૂકી શકે છે જો ગુનેગાર જાહે.૨ હોય તો તે તેના વાલીને સોંપી દેવામાં આ.વે છે. રાષ્ટ્ર ભયમાં હોય ત્યારે આ કાયદાનો અમલ મોકૂફ રાખવામાં આવે છે અને તે પણ પાર્લામેન્ટની સમતિથી જ.

હેમ ૧. પું. (પિંગળ) એક વિષમમાત્રામેળ છંદ. આ છંદ રાવવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૫૬ લઘુ મળી ૭૦ વર્ણની ૮૪ માત્રા હોય છે

૨. પુ. ઔષધ જોખવામાં વપરાતું એક વજન; ૭ રતિ કે એક માસાનો તોલ.

> ૧ ગુંજનો એક માસક–માસો હેમ અને માન્યક એ માસાના જ નામ છે
> ધ.ત્રચિંતામણિ

૩. પું. ઝાળા રંગનો ઘોડો.

૪. પું બુધ

૫. પું. (પુરાણ) સોમવંશીય અનુપુત્રોત્પન્ન રુષદ્રથ રાજાનો પુત્ર અને સુતપા રાજાનો પિતા સેનજિત.

૬. ન. ધતૂરો.

૭. ન. નાગકેસર

૮. [સં. હેમન્] ન. સુવર્ણ; સોનું હિરણ્ય, જાતરૂપ, તપનીય, શ્રાતકુંભ, ગાંગેય, ભર્મ, કર્બુર, ચામીકર, જાતરૂપ, મહારજત, કાંચન, સક્રમ, કાર્તસ્વર, જામ્બુનદ, અષ્ટાપદ વગેરે અમરકોશમા તેનાં બીજાં નામ છે.

હેમક ૧. [અ. હમક (મૂર્ખ)] પું. મૂર્ખ કે અનાડી માણસ

૨. ન. પારણું.

૩. વિ અણસમજુ; બેવકૂફ

૪. વિ. કરપોક, બીકણ.

હેમકપર્દિની સ્ત્રી. (સંગીત) નારદમત પ્રમાણે શારીરવીણાના ગ્રામની એક મૂર્છના. સાતે સ્વરોના ક્રમસર આરોહ અવરોહને મૂર્છના કહે છે

હેમકલ્યાણ પુ. (સંગીત) રુદ્ર,ભરત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થતો રૂડા સ્વરોનો એક રાગ. એને કે તે કલ્યાણ રાગનો એક પ્રકાર છે છતા તેમા માત્ર શુદ્ધ મધ્યમ આવતો હોવાથી જ તેનો આ થાટમાં સમાવેશ થાય છે. આ રાગનો વાદીસ્વર ષડ્જ છે ને સવાદી સ્વર પંચમ છે. આ રાગને સાવત્રી, કલ્યાણ અને મધુકા રાગોથી મેળાપ છે. રાતે પ્રથમ પ્રહરે ગાવાનો પ્રચાર છે

હેમકંદ [સ. હિમ (ઠંડું) + કંદ (મૂળ)] પુ એક વેલો. તેનાં મૂળ, બળતરા, ગરમી વગેરે ઉપર ઘસીને પીવાય છે તેમ જ ચોપડાય છે. તેનું બીજું નામ ધોળી કાકિયો છે.

હેમકંદલ [સં.] પુ પ્રવાલ; પરવાળુ.

હેમકાઈ [જ. હેમક (મૂર્ખ)] સ્ત્રી. મૂર્ખાઈ; અણસમજ.

હેમકાર [સં.] પુ. સોનુ

હેમકાંતા [સં. હેમન્ (સોનું) + કાંતા (સ્ત્રી)] સ્ત્રી. સોના જેવા વર્ણવાળી સ્ત્રી

હેમકૂટ પું. (પુરાણ) જંબુદ્વીપના નવખંડની આડ બાંધનાર હિમવાન, હેમકૂટ, નિષધ, મેરુ, નીલ, શ્વેત, શૃંગવાન અને ગંધમાદન એ આઠ માંહેનો એક પર્વત. તે કિંપુરુષ દેશની ઉત્તરે અને હરિવર્ષની દક્ષિણે, પૂર્વ પશ્ચિમ ક્ષાર સમુદ્રને રપર્શેલો છે એના એક કૈલાસ નામના શિખર ઉપર કહી કહી વૈશ્રવણ આવીને રહે છે એની પાછળના ભાગ ઉપરના સરોવરમાંથી સરસ્વતી નદી નીકળે છે

પ્રસ્તાવનાથી દક્ષિણ બાજુના હેમકૂટ નામનો પર્વત કિંપુરુષ ખંડના સીમાડારૂપ છે

ભગવતી ભાગવત

હેમકેલી ૧ [સં] પુ. અગ્નિ.

૨. પુ ચિત્રનુ ઝાડ

હેમકેશ [સં.] પું. શિવ

હેમક્રિયા સ્ત્રી. ભગવી નામની ક્રિયા મોટી થતાં કરવામાં આવતી એ નામની એક ક્રિયા. સારો દિવસ નક્કી કરી વધારેમાં વધારે કીમત આપનાર પુરુષ પાસેથી ક્રિયાની રકમ લેવામાં આવે છે. એનો બારે વિધિ હોય છે. તેમાં બંગ ને સ્નાન કન્યાને કરાવામ છે. હાથમાં લીંબુ ખોસેલી તલવાર આપવામાં આવે છે. ભગવીને નર્તકી બનવું હોય તો તેની પાસે મદન મૂકવામાં આવે છે. કળશ અને આરતીથી કન્યાને વધાવવામાં આવે છે અને તે મૂર્તિ પાસે જઈ પેલી તલવાર મૂકી દે છે. રાત્રે દશ વાગે હેમક્રિયા પૂરી થાય છે અને ભગવી તે રાત્રિથી પેલા ધન આપનારને પછી હાથે તેવા પુરુષને પોતાનો દેહ અર્પણ કરવા મુખત્યાર બને છે.

હેમક્ષીરી [સં. હેમન્ (સોનું) + ક્ષીર (રસ) + ધન્ (વાળુ)] સ્ત્રી. દારુડી; સ્વર્ણક્ષીરી નામની વનસ્પતિ. તેનો રસ પીળો સોના જેવો હોય છે

હેમક્ષેત્ર [સં હેમન્ (સોનું) + ક્ષેત્ર (સ્થળ)] જ્યાં ધૂળ ધોવાથી જ્યાં સોનું નીકળે છે તે જગ્યા

હેમક્ષેમ વિ. સહીસલામત; કુશળ; હેમખેમ; સાબુતરવુ.

થિર પ્રવાસમાંથી કુશળ હેમક્ષેમ આવેલા પુરુષને, પરલોકમાં ગયેલા પુણ્ય કરેલા પુરુષને પોતાનાં પુણ્યો સ્વાગત કરે છે. ધર્મામૃત

હેમખ્યાહ સ્ત્રી. હેમાચાર્યને જે કેહાણે અગ્નિ સરકાર કર્યો તે સ્થળ.

તે લોકો પણ ત્યારબ આપે અડાલજ ગામ્યા અને વસ્તી થઈ રહી ત્યારે તે સ્થાન ઉપરની માટી લઈ જવા માંડી અને તેથી ત્યાં એક મોટો ખાડો પડ્યો પાટણમાં હેમખ્યાહના નામથી આજે પણ તે જગ્યા પ્રસિદ્ધ છે.

નરહરિ પરીખ

હેમખેમ ૧. ન. કુશળ સમાચાર.

ચિત્રકૂટમા ભરત મળવા આવતાં રામે તેને નીચે પ્રમાણે હેમખેમ પૂછ્યા હતા:

પિતૃતર્પણ, દેવતર્પણ કરી, રહે વીરો રાજીને ? વસ્ત્રો, ખેતર, ઢોરઢાંકર બધાં ખેતીથી આબાદ છે ? પાળો છે સુખમાં પ્રજા કરજથી રીતિ ભરી નૃપને ?

રામાયણસાર

૨. વિ. સહીસલામત; સાબુતરવું; હેમક્ષેમ.

હેમગર્ભ ૧. [સં. હેમન્ (સોનું) + ગર્ભ (અંદરનો ભાગ)] સ્ત્રી. એક જાતની સોનાની જેવા રંગવાળી ઔષધિ.

હેમગંધિની [સં. હેમન્ (સોનું) + ગંધિની (ગંધવાળી)] સ્ત્રી. સોળ્યા સોનાના રંગ જેવી પીળી અને સુગંધવાળી રેણુકા.

૨. ન. સોળ માંહેનું એક દાન.

હેમગિરિ [સ. હેમન્ (સોનું) + ગિરિ (પર્વત)] પુ. મેરુ પર્વત. ને સોનાનો બનેલો મનાય છે

હેમગૌર ૧ પું. આસોપાલવ.

૨. પુ. રાજમાષ.

૩. [સં. હેમન (સોનુ) + ગૌર (ઊજળુ)] સોના જેવું તેજસ્વી.

હેમચક્ર પું. એક જાતનો બાજ. તેમાં સોના ચાંદીની બાજુ હોય છે.

હેમચંદ્ર ૧. પુ. એક પ્રસિદ્ધ જૈન આચાર્ય; હેમચન્દ્રાચાર્ય.

૨. પુ. (પુરાણ) સૂર્યવંશીય દિષ્ટપ્રભૃતોત્પન્ન તૃણબિંદુ રાજાના પુત્ર વિશાળનો પુત્ર. એને સુચંદ્ર નામે પુત્ર હતો

હેમચંદ્રખેમરજી પુ બંગાળનો પ્રખ્યાત બંદીકવિ. તેણે ચિત્ર સુહાર નામનું ઉત્તમ કાવ્ય લખ્યું છે.

હેમચંદ્રાચાર્ય પુ. (જૈન) એ નામના એક પ્રસિદ્ધ જ્યોતિર્ધર જૈન આચાર્ય તેમનો જન્મ ધંધુકામાં મોઢ વાણિયા જ્ઞાતિમાં થયો હતો. એમની અસર આખા ગુજરાત ઉપર છે અને ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતામાં એમનો મોટો ફાળો છે. આ સમર્થ ગુર્જર પ્રકાશનો જીવન સમય ઈ સ. ૧૦૮૮થી ૧૧૭૨નો છે. એમણે જૈન સાધુ હોવા છતાં રાજદરબારમાં ખાસ જોયો હતો અને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સિદ્ધરાજને કુમારપાળના ઇરાદાની એમની ખરે અસર હતી. પાછળથી તો જૈન સર્વે એમને કળિકાળસર્વજ્ઞ, તરીકે પણ સ્વીકારી ચૂક્યા છે. ગુજરાતી ભાષા અને ગુજરાતના આચારવિચાર પર તેમની ઊંડી છાપ છે. તેમણે સંસ્કૃત સાહિત્યનાં બધાં ક્ષેત્રો ઉપર કલમ ચલાવી છે. તેમનું સિદ્ધહૈમ નામનું વ્યાકરણ અને કુમારપાળપ્રબંધ ખૂબ પ્રસિદ્ધ છે. તે ઉપરાંત યોગ ઉપર પણ તેમણે લખ્યું છે અને નિઘંટુકોષ નામનો વૈદકનો કોષ લખ્યો છે.

હેમજા સ્ત્રી. એક દેવીનું નામ

ગીરોડાની કુળદેવી હેમજા છે.

મુ. ઉર્વસમહ

હેમજાલ ન. એક જાતનું ઘરેણું.

હેમજ્યોત ૧. [સં. હેમન્ (સોનું) + જ્યોતિ (પ્રકાશ)] સ્ત્રી. ઉલ્લાસ; આનંદ.

૨. સ્ત્રી સોનેરી પ્રકાશ.

ઘરને છે હેમજ્યોત,
નયને છે પ્રેમજ્યોત;
આત્મામાં અમૃતની હેલી,
હો સોપિકાની ચોરસી ભરેલી નાનાલાલ

હેમજ્વાલ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પુ. ચિત્રાનુ ઝાડ

હેમતરુ પું. ધતૂરો.

હેમતાર ન. ચોરથુથુ.

હેમદંડ [સં. હેમન્ (સોનુ) + દંડ (દાંડી)] વિ. સોનાની દાંડીવાળુ.

ભાગવત પૂજે કરભરી હેમદંડ છત્રી જ્ય ધરી. અખુભાલન આખ્યાન

હેમદંડી સ્ત્રી. એક પ્રકારની રસવાળી વેલ. તેનું લાકડું પીળું તથા ફૂલ પણ પીળાં હોય છે. પારદ બંધન માટે તે ઉપયોગી છે.

હેમદુગ્ધ પુ. ઉંબરાનું ઝાડ; ઉમરડો

હેમદુગ્ધા ૧. [સં. હેમન્ (સોનું) + દુગ્ધ (દૂધ)] સ્ત્રી. ડાકડીનો છોડવો. તેનો રસ પીળો સોના જેવો હોય છે
૨ સ્ત્રી સોનામુખી

હેમદુગ્ધી જુઓ હેમદુગ્ધા

હેમધર્મ પુ. ત્યાગ કરવા લાયક વસ્તુનો ત્યાગ કરવો તે

હેમનેત્ર ૧. પુ એ નામે એક ગંધર્વ
૨. પું. એ નામે એક યક્ષ

હેમપત્ર ન. પદ્મકાષ્ટ

હેમપદ્મ [સં હેમન્ (સોનું) + પદ્મ (કમળ)] ન સોનેરી રંગનું કમળ.

એમાં નાનું સર પદ્મપીની લીલમે પાળુ બાંધ્યુ, વરી ત્યાં વિદ્વાની ખીલવા હેમપદ્મ ખવાયું, ત્યને નીરે વસતિ કરતા હોય હંસો ઘણી ત્યાં, તને લેતા પણ નજીકનું માન સંભારથી ના.
મેઘદૂત

હેમપુરી [સં. હેમન્ (સોનું) + પુરી (નગરી)] સ્ત્રી. લંકા.

હેમપુષ્પ ૧. [સ.] પું. આસોપાલવ.
૨. પું. ચંપો.

આવેય ચંપક સુરભિલ હેમપુષ્પ સુકુમાર; આ ચંપો તુજ પગ પડે હિમો પુષ્પ ઉપહાર.
પિંગળગ્રંથોપ

૩. પું. નીલેરું.
૪. ન. કાટાસરિયાનું ફૂલ; જપાપુષ્પ.

હેમપુષ્પક ૧. [સં.] પું. ચંપો.
૨. પું. સોપરનું ઝાડ.

હેમપુષ્પા [સં. હેમન્ (સોનું) + પુષ્પ (ફૂલ)] પું. ડાકડીના છોડવો. તેને પીળા ફૂલ થાય છે

હેમપુષ્પિકા [સ.] સ્ત્રી. પીળા ફૂલવાળી સોનેરી જૂઈ.

હરવ્યો નવિકા જૂથિકા હેમપુષ્પિકા જોઈ, પૂછી પૂછી તવ ભળી પછી ચીને મન મોઈ.
પિંગળગ્રંથોપ

હેમપુષ્પી ૧. સ્ત્રી ઇંદ્રામણી; ઇંદ્રવારુણીનો છોડ.
૨. [સ.] સ્ત્રી. કાળી મુસળીનો છોડવો. એનું મૂળ કાળું, અંદરથી પોલું, ચીકણું અને રસભર્યું હોય છે.
૩ સ્ત્રી. પીળી જૂઈ
૪ સ્ત્રી. ભોરિંગણી
૫. સ્ત્રી મજીઠ

હેમપ્રરોહ [સ હેમન્ (સોનું) + પ્રરોહ (કણસો)] પું. સોનાનો કણસો કે શાખા.

હેમપ્રરોહ ગલિમળ સરકલ્પ વૃક્ષ સા.
વિક્રમાર્કચરિત્ર

હેમફલા [સં. હેમન્ (સોનું) + ફલ (ફળ)] સ્ત્રી. સોનેરી ફળ; પીળા રંગનાં ફૂલાંની વેલ.

હેમભૂતિ વિ. સોનાનું.

એવું હેમભૂતિ મૂર્યે ક્રિયકલ્પ આ હિદના બાહુડા કાન્યત્રિવણી

હેમમાર ન. એક જાતનું ઝાડ, પેરમારમ.

હેમમાલા સ્ત્રી. યમની બહેન.

હેમમાલી ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.
૩. વિ હેમ કે આકડાનાં ફૂલની માળાવાળુ

હેમમિહિકા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શકરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, બે જગણ, ભગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ અક્ષર હોય છે.

હેમમિહિકા કરના ભ જ જ ભ ગા ગ.
રત્નપિંગળ

હેમમૂષિકા [સં. હેમન્ (સોનું) + મૂષિકા (ઊંદર)] સ્ત્રી. પીળાં ફૂલવાળી સોનેરી જૂઈ.

હેમર ૧. પું. એક જાતનો હાથી.

પરતી આવે હેમર હાલરો, સુણ નગર મોઝાર.
દેવાયત

૨. પું. ઘોડો; અશ્વ.
૩. [અ.] પું. હથોડો.
૪. વિ. મોટું; કદાવર.
૫. વિ. સોનાનું.
૬. [હિ.] અ. અહીં; આ તરફ.

હેમરાગવલ્લી સ્ત્રી. હળદર.

હેમરૂપ પું.(પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે રગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

હેમરૂપે રરા લગા.
રત્નપિંગળ

હેમલ ૧. પું. રસોઈનો વઘાર.
૨. પું. કાચંડો; કાકીડો.
૩. પુ. સોની.

હેમલતા [સ. હેમન્ (સોનું) + લતા (વેલ)] સ્ત્રી. પીળા ફૂલવાળી સ્વર્ણપુષ્પવતી નામની વેલ. એનાં પાદડાં મૂળા જેવા હોય છે. તે રંગે પીળી હોય છે. તેના રસ લાલ ને ફૂલ પીળા છે. પારદ બંધન માટે તે ઉપયોગી હોય છે.

હેમલંબ [સ , પુ. બાર્હસ્પત્ય સંવત્સરના ૬ માર્કેનું ૩૧મું વર્ષ. વિષ્ણુની વીશીમા તે ૧૧મું આવે છે

હેમવતી ૧. સ્ત્રી પ્રાચીન કાળમા, અરણ્યાશ્રમમાં આવેલ એ નામની નદી
૨. સ્ત્રી. (સંગીત) બત્રીસ શ્રુતિનો ૨૬ મો થાટ. તેમાં ગાંધાર-ગ, નિષાદ-નિ કોમળ, મધ્યમ-મ તીવ્ર અને બાકીના ચાર સ્વરો શુદ્ધ આવે છે.

હેમવરણી [સં. હેમન્ (સોનું) + વર્ણ (રંગ)] વિ. સ્ત્રી સોના જેવા રંગની

એની હેમવરણી કાયા અહીં ચળાણી, રંગળાણી અને રત્નકણાણી.
કુમાર

હેમવર્ચ ૧. પુ. (પુરાણ) એ નામે મરુદ્ગુત્ર.
૨. પું. (પુરાણ) રોચમાનનો પુત્ર.

હેમવર્ણ [સં. હેમન્ (સોનું) + વર્ણ (રંગ)] વિ. સોના જેવા વાનવાળું; સોનાના રંગવાળું.

હેમવટકી ૧. સ્ત્રી. (પુરાણ) બદરિકાશ્રમમાં આવેલી એક જ માર્ગપાળી, બાર યોજન લાંબી એ નામની ગુફા. ક્રૂર રાક્ષસ સાથે લડતા થાકી વિષ્ણુ આ ગુફામાં છુપાઈ રહ્યા ગયા હતા
૨. [સં. હેમન્ (સોનું) + વલ્લી (વેલ)] સ્ત્રી. સોનાના રંગ જેવી વેલ.

હેમવંત પું. (જૈન) પ્રાસાદના ૨૫ ભાગેનો એક પ્રકાર.

હેમવિદ્યા [સં. હેમન્ (સોનું) + વિદ્યા] સ્ત્રી. એ નામની એક વિદ્યા. તેથી ગમે તે ધાતુમાંથી વગર મહેનતે શુદ્ધ સુવર્ણ ઉત્પન્ન થઈ શકે છે.

હેમવેદાંત [સં. હેમન્ (સોનું) + વેદાંત] ન. વેદાંત રૂપી સોનું.

સંસારાનુભવે શોધ્યા સીધા શબ્દ અર્થો વડે, ચઢેલુ હેમવેદાંત કસંટી માહ્ય સો કર્યે.
રેવ.ભટ્ટ પરમાર

હેમશંખ [સં.] પું. વિષ્ણુ.

હેમશાલી [સં.] પુ. બાર માહેનો એક મેષ.

હેમશિખા [સ] સ્ત્રી સોનામુખી

હેમશ્રી સ્ત્રી. એ નામની એક જૈન સાધ્વી લેખિકા. તે ઈ.સ. ૧૬૦૪મા થયેલ છે. તેમણે ગુજરાતી ભાષામાં કનકાવતી આખ્યાન રચેલ છે.

હેમસાર [સં.] ન. મોરથૂથુ

હેમસૂત્રક [સં. હેમન્ (સોનું) + સૂત્ર (દોરો)] ન. સોનાનો દોરો.

હેમહાસ પું. (પિંગળ) એ નામે એક અક્ષરમેળ છંદ, વાલા; બાલા. તેના દરેક ચરણમાં ત્રણ રગણ અને ગુરુ એમ દસ અક્ષરો હોય છે

હેમહાસે દશો રા ૨ રા ગો.
રત્નપિંગળ

હેમંત ૧. પુ (પુરાણ) અલિદ્વીપ માહેની પારિજાત નામના પુષ્પની વાડીનો અધિપતિ.
૨ જી શરદ પછીની અને શિશિર પહેલાની ઋતુ; માગશર અને પોષ મહિનાની ઋતુ. આ ઋતુ ત્રણિક ૨ રાશિનો સૂર્ય થાય ત્યારે બેસે છે અને મકર રાશિનો સૂર્ય થાય ત્યારે ઉતરે છે ત્રિયાળાના માગશર ને પોષ માસ એટલે આશરે તા ૧૬ નવેમ્બરથી તા. ૧૬ જાન્યુઆરિ સુધી આ ઋતુ હોય છે

હાથ ગૂંથેલ એના હીરના રે હોલ.
હેમુ **હેમંત** કેરી હેલ રે. ભોરાદકર

હેમંતી [સ હેમંત (એ નામની ઋતુ) + ઇન્ (વાળું)] વિ હેમંત ઋતુ સંબંધી, શિયાળાનું

હેમંતોત્સવ [સં. હેમંત (એ નામની ઋતુ) + ઉત્સવ] પું હેમંતઋતુમાં ઊજવાતો ઉત્સવ. સર મનુજાદિએ છે કે, લક્ષ્મીપતિની પૂજા માટે જુદાજુદા દેશ પ્રમાણે જાહેર તહેવારો પસંદ કરવા જોઇએ, વસંત ઋતુમાં વસંતપંચમી, શરદ ઋતુમાં શરદપૂર્ણિમા, હેમંતોત્સવ છે જે દિવસે કમળ ભમર કુમુદિનીનાં ફૂલોથી સર્વ ઉત્સવવિહારીઓ સજ્જ થાય છે અશોકના પહેલા અંકુર ફૂટવા પ્રસંગે લલનાઓ અલક્તક લગાડેલ. પગે તેને લાત મારી સૌંદર્ય પૂજા રચાયે.

હેમા ૧. પું. (પુરાણ) વસુદેવને રોચનાને પેટે થયેલા પુત્રોમાંનો એક
૨. જી (પુરાણ) એ નામે એક અપ્સરા; સ્વયંપ્રભાની સખી.
૩. જી (પુરાણ) મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

હેમાકત જી. મૂર્ખતા; મૂર્ખાઈ

હું મારી **હેમાકત** હતે સાફ જોઉ હું અને તું ના માણસ નહિ પણ એક બનીશ છે જ એમ હને સમજાતો થયો હું.

ન. શે. મરજીવાન

હેમાચલ [સ હિમાચલ] પુ. મેરુ પર્વત.

હેમાચાર્ય જુઓ હેમચંદ્રાચાર્ય.

હેમાડપંતી જી. એ નામની એક લિપિ.

મરાઠાઓએ રેવનાગરી લિપિમાંથી **હેમાડપંતી** બોડલિપિ બહુ પાછળથી વિકસાવી છે.

ગુ. સા. પરિષદ

હેમાદ્રિ ૧. પુ ઈ.સ.ની ૧૩ મી સદીમાં થઈ ગયેલા એ નામના પંડિત

સમાજવ્યવસ્થા જ્યારે તદ્દી પડી હતી ત્યારે મનુના ટીકાકાર મેધાતિથિ, કુલ્લુક ભટ્ટ, મિતાક્ષરાના ટીકાકાર વિજ્ઞાનેશ્વર (ઈ સ.ની ૧૨મી સદી), ચતુર્વર્ગ ચિંતામણિકાર **હેમાદ્રિ** (ઈ.સ. ૧૨૬૦–૧૩૦૦), મંત્રાણાનો રઘુનંદન વગેરેએ જેવા પ્રયત્નો કર્યા

જ્ઞાનપ્રકાશ

૨. [સં. હેમન્ (સોનું) + અદ્રિ (પર્વત)] મેરુ પર્વત. તે જૈનોનો મનાય છે.

હેમાર પું. ગધેડો

હેમારેલ જ. (વહાણવટું) પું કાંટાનો એક ભાગ.

હેમાવતી ૧. જી દારુડી.
૨ જી. ઍસૂર રાજ્યમાં આવેલ એ નામની એક નદી

હેમાર્યંત પું. હિમાલય.

સહધર્મનો **હેમાર્યંત** ભડો કરવો. સંધમિત્રા

હેમાળો [સં. હિમાલય] પુ હિમાલય.

કં તો માણસ **હેમાળો** ગળે કં કરીએ જઈ કરવત મેલાવે તો આવને કાંઈ અમરાપુરી મળે

દયારામ

હેમાળો ગળવો = હિમાલયમાં જઈ દેહ પાડવો

હેમાંગ ૧. પું. મરુડ.
૨. પું અંબાનું ઝાડ; આંબો
૩. [સં. હેમન્ (સોનું) + અંગ (શરીર)] વિષ્ણુ. એમનું શરીર હેમ જેવું હોવાથી તે હેમ.ગ કહેવાય છે.
૪. પું. સિંહ.
૫. પું. સુમેરુ પર્વત.
૬. ન. ચામડ.
૭. ન. સોના સમાન અંગ.
૮. વિ સોના જેવા રંગવાળું, શરીરવાળું

હેમાંગત્વક્ [સ હેમાંગ (સોના જેવા અંગવાળું) + ત્વચ્ (ત્વચા)] જી. સ્વર્ણક્ષીરી; દારુડી નામે એક વનસ્પતિ.

હેમાંગદ પું. (પુરાણ) વસુદેવને રોચનાને પેટે થયેલ એ નામનો એક દીકરો.

હેમિદિક વિ. મનુષ્યની ચાર જાતોની એક જાતનું. તે ચાર જાત નીચે પ્રમાણે છે: (૧) આર્ય, (૨) સેમિટિક, (૩) હેમિદિક અને (૪) કોકેશિયન.

હેમિયાણી જી. પુંજી; ધન

હેમિયું [સં. હેમન્ (સોનું)] વિ. સોનેરી; સોનાનું.

હલ રહી હેમિયા. બાનોઠ ભેટ. તણી.

ભોરોદિત

હેમી વિ. સોનેરી; સોનાનું.

બધા કહે કપણ આજ **હેમી**. ભીમરાજ

હેમ્લેટ ન. એ નામનું અંગ્રેજ કવિ શેકસપીઅરે લખેલું પ્રસિદ્ધ નાટક. તેમાં જ્ઞાન એ કર્મથી જુદું પડતાં મનુષ્ય જીવનની બનતી મહાન કરુણતા વર્ણવી છે. જ્ઞાનકર્મ સમુચ્ચય ઉપર પ્રકાશ નાખવા માટે શેકસપીઅર જોઈએ. તે હેમ્લેટમાં કર્મને જ્ઞાનથી જુદું પાડવાથી મનુષ્યની કેવી ભયંકર કરુણતા થાય છે એ અસરકારક રીતે બતાવે છે આપણા ઉપનિષદોમાં પ્રથમને પૂર્ણપણે દર્શાવવામાં આવ્યું છે કપિલ, પ્રહ્લાદ, બુદ્ધ, અર્હંત આદિ દૈતીઓએ બંનેનું લીધું છે. જ્યારે અદ્વૈતવાદ એ પરમ સત્ય છે

હેય ૧. ન નિંદ્ય દુઃખ. તે સંસારમાં તજવા યોગ્ય છે
૨. [સં. હા (તજવું)] વિ ત્યાગ કરવા લાયક; તજવા લાયક; ત્યાજ્ય

જે મુખ્ય એટલે કે શક્તિના વિકાસથી તત્ત્વની અર્થાત સત્યની પ્રતીતિ થાય, જેનાથી હેય છે તે હેવા યોગ્ય અને ઉપાદેય સ્વીકારવા યોગ્ય તત્ત્વના યથાર્થ વિશેની અભિરુચિ થાય તે સમ્યગ્દર્શન

તત્ત્વાર્થસૂત્ર

હેયતા [સ.] જી. ત્યાગ કરવાની ક્રિયા; તજવાપણું

હેયત્વ જાઓ હેયતા

હેયહેતુ [સં. હેય (ત્યાજ્ય) + હેતુ (કારણ)]
પુ દુઃખનું કારણ.

બૌદ્ધદર્શનમાં દુઃખ, સમુદાય, નિરોધ અને માર્ગ એ ચાર આર્ય સત્યો છે. સાંખ્ય અને યોગદર્શનમાં હેય (દુઃખ). હેયહેતુ (દુઃખનું કારણ), હાન (મોક્ષ) અને હાનોપાય (મોક્ષનો ઉપાય) એ ચતુર્વ્યૂહ છે તેના સ્થાનમાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પાંચ તત્ત્વો જૈનદર્શનમાં પ્રસિદ્ધ છે.

પંડિત સુખલાલજી

હેર ૧. [અ.] પું. ભાગીદાર; જાસૂસ; હેરદાર.
૨. [અં.] પું. વાળ.
૩. જી. મદદ

આઈરે-કાનુડા તારે આવડી શે હેર,
નવના કળ્યા લાવે મારે વેર

દયારામ

૧. **હેર** આવવી = મદદ કરવી.
૨. **હેર** સાંધવી = સાથ દેવો; મદદ કરવી.
૪ જી હરીફાઈ
૫ ન. ઘર
૬ ન ઘડિયાર
૭ વિ છાનુંમાનું
૮ [સં હૃ (હરી લેવું)] વિ હરી લેનાર; બીજા પાસેથી ઝૂંટવી લઈ જનાર.

હેરઓઇલ [અં. હેર (વાળ) + ઓઇલ (તેલ)] ન. માથામાં નાખવાનું સુગંધી તેલ.

હેરદ ૧. પું. ગુપ્તચર, જાસૂસ; ભાગીદાર.

પાટણના **હેરદો** જ્યાં ત્યાં કર્યા કરે છે અને રજોરજ હિલચાલની જાતમી મેળવે છે.

નીલકંઠ વાતો

૨. વિ. નિહાળી ધારી ધારીને જોનાર.
૩. વિ. હરનાર; મટાડનાર.

હેરકટિંગ સલૂન [અં. . હેર (વાળ) + કટિંગ (કાપવું તે) + સલૂન (ઢબિન)] ન. વાળંદની વાળ કાપવાની દુકાન; હેરકટિંગ કાર્યાલય; હેરાવપન કાર્યાલય.

હેરડો (હેરડો) પુ. છુપાઈને જોવું તે; હેરિયાં કરવા તે
ગાન્ધએ અંધાર પડેઽ, ઓઽ્યો કે મા તારે હેરડે રે લા.ક.
ગરબાવલી

હેરણ ૧. સ્ત્રી. એ નામની એક નદી. હિરણ્યાક્ષ દૈત્યે વસાવેલા દીંબાનાં અવશેષો અદ્યાપિ મોજૂદ છે. હેરણ નામની નદી તેની માલુમા વહે છે. તે નામ હિરણ્યાક્ષના નામ ઉપરથી અપાયલાની દતકથા છે
૨. સ્ત્રી. કાઠિયાવાડી મોડીની એક ઓલાદનુ નામ.
૩. ન. ડોકિયા કાઢી જવુ તે; હેરવું તે.

હેરણું ન. ધારી ધારીને છુપી નજરો કયાં કરવી તે; હેરવુ.
ગોકુળ આઠે હેરણાં હેર તો,
એવું અજાયા ચાખ્યા ઓર રે. નરસિંહ મહેતા
હેરણાં હેરવા = બીજાની બાનમી હકીકત જાણવાને પ્રયત્ન કરવો; બીજાના છિદ્ર જોવાં.

હેરત ૧. [અ. હયરત] સ્ત્રી. આશ્ચર્ય; નવાઈ; અચંબો.
હેરત પમાડવું-પામવુ = આશ્ચર્ય થવુ; નવાઈ પામવી
૨. સ્ત્રી. હાલે ચાલે નહિ તેવી સ્થિતિ; સ્તબ્ધતા, દિઙ્મૂઢપણું.

હેરતભંડ [અ. હયરત (નવાઈ) + ભંડ (વાળુ)] વિ. આશ્ચર્યચકિત; અત્યધમ પામેલું.
પાદશાહ મહમુદ ફિરાસીની આ કળાથી ઘણો હેરતભંડ થયા. નૂરે આલમ

હેરતભંદી [અ. હયરત (નવાઈ) + ફા. ભંદ (વાળુ) + ઈ (ભાવાર્થક પ્રત્યય)] સ્ત્રી. આશ્ચર્ય; નવાઈ.

હેરફેર ૧. પુ. ફરક; ભિન્નતા; તફાવત; ફેર.
૨. પુ. ફેરફાર; હેરફેર થવી તે; અદલાબદલી, પરિવર્તન.
૩. વિ. અદલાબદલી થયેલું.
૪. વિ. બદલેલું; ફેરફારવાળું.

હેરફેરી સ્ત્રી. હેરફેર કરવુ તે; અદલાબદલી.

હેરવવું ૧. સ કિ. આજકાલ એમ મુલતવી રાખવુ.
નિમિને નિરખી, પુર તસ્કર જે,
અતિ ખાલી લાગે, તિમ હેરવતાં. વલ્લભ
૨. સ. કિ. છુપી નજર રાખવી; ચોકી કરવી.
૩. સ. કિ. હેતરવુ.
૪. સ. કિ. પ્યારથી જોવુ; સ્નેહપૂર્વક નજર કરવી

હેરવું ૧. અ. કિ. હળવુ; હલ્યાર થવુ
૨. સ કિ. ઉશ્કેરવુ; લલચાવવુ
૩. સ. કિ. ઓકાવુ કરવુ
કસ્સ મિસ કન્હઈ ઊલ્ગઈ કટ્ઠ મોકલ્યા હેરી કાન્હડદેપ્રબંધ
૪. સ કિ. ખેંચવું; આકર્ષવુ
૫. સ. કિ. ઘેરવુ; કબજામાં લેવું; પકડવું.
૬. સ. કિ. પ્યારીને કે છુપી રીતે જોવુ; નિહાળવુ; બનતામાના નિહાળીને જોવુ.
નેત્ર ઉપર આરે દીધા હાથ,
લાગે હેરી શું કરે છે નાથ. પ્રેમાનંદ
૭. સ કિ. બાતમી મેળવવી
રાખાએ પોપટ મોકલ્યો આખો, હાર જ હેરવા. લોકગીત
૮. સ. કિ. બીજાનાં છુપણ કે છિદ્ર જોવાં
૯. સ. કિ. માયું મારવું; હસ્તક્ષેપગીરી કરવી.
૧૦. સ. કિ. સાચવવુ.

હેરંબ ૧. પુ. (પુરાણ) એ નામે એક દેવ.
૨. [સં.] પુ. ગણેશ; ગણપતિ; ગજાનન.
હેમાદ્રિ હેરંબ અને ગજાદર ભેરવ,
મૂષક વાહન ગજવદન ગણપતિ ગિરિનંદન
વિઘ્નગણપતિસ્તોત્ર
૩. પુ. પાડો.
૪. પુ. બુદ્ધ.
૫. વિ. સૌર્યથી ગર્વવાળું.

હેરંબા પુ. (પિંગળ) એ નામનો એક છંદ. તે ત્રિકાળી છંદનો એક ભેદ છે. તેમા ૨૪ લઘુ અને ૫૨ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

હેરંબો પુ. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. માત્રામો પિંગળ પ્રમાણે તે સાટક છંદનો એક ભેદ છે તેમાં ૧૨ ગુરુ અને ૯૬ લઘુ મળી ૧૦૮ વર્ણની ૧૨૦ માત્રા હોય છે.

હેરા ૧. પું ભાસૂસ; બાતમીદાર
૨. પું. ફેરો; આંટો.
કનુ ચેત હજી મત ભાઈ,
માંથે મરણના હેરા રે. નીરાત
૩. ન. (વહાણવટું) પ્રવાસ.

હેરાન ૧. [ગ્રે. હયરાન (મૂંઝવાયેલું)] વિ. મૂંઝવાઈ ગયેલ.
૨. વિ. મુશ્કેલીઓ વગેરેથી હેરાન થઈ ગયેલું; હેરાનગતિ પામેલું; કંટાળેલું; નાસીપાસ થયેલ.
૩. વિ. બાકુળ; બબ્રુ; અસ્વસ્થ.

હેરાનગત ૧. [અ. હયરાન] સ્ત્રી. દુઃખી હાલત; વિપત્તિ; કષ્ટ; તકલીફ, ત્રાસ; મુશ્કેલી; પીડા
૨. સ્ત્રી નુકસાન
૩ સ્ત્રી. લાચારી
૪. સ્ત્રી. સતાવણી; પજવણી.

હેરાનગતિ જુઓ હેરાનગત.

હેરાનપરેશાન [અ.] વિ. બહુ દુઃખી હાલતમા આવી પડેલું; લાચાર
હેરાનપરેશાન કરવુ = ગભરાવી નાખવું; આકુળવ્યાકુળ કરવુ.

હેરાફેરી ૧ [હિં] સ્ત્રી. અદલાબદલી
૨. સ્ત્રી. વારંવાર આવવુ જવું તે.

હેરાવવું ૧. સ. કિ. ઓકાવુ કરવુ
પરબાતે જઈને મોંપો મોરે હેરાવે,
ઓ કનુડા કહીને બોલાવે
નરસિંહ મહેતો
૨. સ. કિ. ઓળખાવવું.
૩. સ. કિ. ચોરાવવુ
૪. સ. ક્રિ. છુપી નજર કે બાતમી રખાવવી.
૫. સ કિ. પ્યારથી જોવરાવવુ.

હેરાં ન. જ બ. (બા. રૂ) સતાવીને જોયા કરવુ તે
વાત આલ્યા હેરાં કરઈ,
હોલિઈ અમમ હેડિ કર ધરઈ. વિઘ્નપ્રબંધ

હેરિક [સં.] પું. ભાસૂસ; બાતમીદાર; દૂત.

હેરિયું ૧. ન. બાનુંબાનું ગુપ્ત રીતે જોવું તે; ડોકિયું.
હેરિયાં હેરવાં = (૧) બાનુંબાનું જોવુ. (૨) બીજાના છિદ્ર જોવાં.
૨. ન. ત્રીજો કાનુ.
૩. ન. ઓકું; ઓછું.
૪. ન. કુદરીએ કરવુ તે.
૫. ન. બારામાંથી પડતું સૂર્યનું કિરણ; બાંદરણ.
૬. ન. બટાર; કરવુ તે
હેરિયુ લેવું = બટાર મારવી.
૭. ન. ઓડીને પવનની દિશામાં ફેરવવી તે.
હેરિયા મારવાં = ઓડીમાં બેસી પવનની લહેર માણવી.

હેરિયો પુ (વહાણવટું) પવનની દિશા પ્રમાણે સઢને ઠાણી કે જમણી બાજુ ફેરવી વહાણને હંકારવું તે.

હેરિંગ [અં] સ્ત્રી યુરપના ઉત્તર સમુદ્રમાં થતી એક જાતની માછલી. આને વૈજ્ઞાનિકો અસ્થિના આધારે ક્લુપિ ધરાવતી જાતિની માને છે. સાંના ટોળો મીઠામાં આથીને તાજા કે સૂકવીને તેને ખાય છે.

હેરી ૧. [સ. હેરિક] પું. ગુપ્તચર; જાસૂસ; બાતમીદાર

૨. જી. મોટેથી રાડ પાડી બોલાવવું તે; પોકાર

૩. વિ. લંપટ; આસક્ત

હેરીશેરી જી. એ નામની એક રમત; તલક છાંયડો

હેરીહેલી જી. એ નામની એક રમત; વેલ અગર તીતીઓ

હેરુ ૧. [સ. હેરિક; પ્રા. હેરિઅ] પું. જાસૂસ, બાતમીદાર, ગુપ્તચર

૨. પું. માલ વેચવાનું આઠ મણનું એક માપ. આમાં એક મણ ૨૮ શેરનો લેખવામાં આવે છે. તેથી એક હેરુ બરાબર ૨૨૪ શેર થાય

૩. ન. બાંધામાંથી પડતું સૂર્યનું કિરણ.

૪. વિ. મદદ કરનાર, મદદગાર.

૫. વિ. મહાવરાવાળું; ટેવવાળું.
હું ને ઉમારો તમે બઈ ને હેરુ.
નરસિંહ મહેતો

૬. વિ. હમેશા બીજાની વાતમાં માથું ઘાલનાર; બીજાના દોષ જોનાર.
સરાજ સુણવા વ્યસન દુર્જન ઘારવાં મન,
ઘારી ચોરી કે દીયે ન કરે હેરૂપણું પર નર હરે.
નિષ્કુળાનંદ

હેરું જુઓ હેરિયું ૧–૫.

હેરૂત જી. હેરત; નવાઈ.
થાય અચાર ન હેરૂત થયો.

હેરો ૧. પું. આફત; ટેવ.

૨. પું. કૂવા આગળ ઢોરને પાણી પીવા માટે બાંધેલો હોજ; હવાડો.

૩. જાસૂસ; ભેદુ; બાતમીદાર.

હેરોફેરો ૧. પું. જવું આવવું તે; આંટોફેરો; ચક્કો.
તે વખત અમારીમાં હેરોફેરો કરતો બુદ્ધિધન બુદ્ધિ ચલાવી બોલી ઊઠ્યો હતો.
સરસ્વતીચંદ્ર

૨. પું ફેરો ફાંટો આવા જેવું મોટું કામકાજ.

હેલ ૧. જી. અખંડ વરસાદનું પડવું તે; હેલી.
બાદર ઝર ગેબળ ઝરી,
એવી મુજ હેમાની હેલ.
નાનાલાલ

૨. જી એક માપ્લી બરાબ તેટલો બોજો; વેચવા સારુ માલમાં ભરેલાં બાકડાં છાણાં વગેરે.

૩. જી. છલંગ.

૪. જી. પાણીથી ભરેલ ઢાંકો ને ગાગર; હેલ્ય.
હેલ ઉતારવી = પુનર્જન્મ કરવા; ધરમવું.

૪. જી. ફેરવ્યા.
આજે રે વહાલો રમતો રમ ગયો રે,
હીંડોળે હીંચતા દે ગયો હેલ રે. નરસિંહ મહેતો

૫. જી. ભાર; બોજો

૬. જી. ભાર ઊપાડવાની ભેંસવાની મજૂરી; ભારું

૭. જી. વાછરડાનું ટોળું

૮. જી. વાઝણી બકરી

૯. જી. હેલકરીનું કામ; વૈતરું.

હેલક જી. અંત.

હેલકરણ જી. હેલકરી તરીકે કામ કરનારી સ્ત્રી, મજૂરણ; વૈતરી.

હેલકરી ૧. પુ. વૈતરો; બોજો ઊઠાવનાર; મજૂર

૨. વિ. બોજો કે ભાર ઊંચકનાર.

હેલકારો પું. હેલારો; હેલો.
હેલકારો મારવો = હેલારો મારવો.

હેલડ ૧. વિ. અનુભવ વગરનું; થોડી આવડતનું.

૨. વિ બાળક બુદ્ધિનું; અપક્વ બુદ્ધિવાળું; અલેતું.
ત્યારે એક કહે હેલડ હરો, એનાં લક્ષ્મો સાધુમાર.
પ્રેમાનંદ

હેલણ જ. માનતા કરી પોતાના નાતીલાને જમાડવા તે. રબારી લોકોમાં બોલાય છે.

હેલણા ૧. જી. તિરસ્કાર; અવગણના; તરછોડવું તે.

૨. જી. (જૂ. ગુ.) મશ્કરી; હાંસી.
જિન ગુરુ પ્રવચન હેલણા,
જિન મત ઉપર આર.
પ્રેમરાજ્જા

હેલન ૧. [સં.] ન. અપમાન; અનાદર; તિરસ્કાર; અવગણના.

૨. ન. અપરાધ; પાપ.

૩. ન. ગેરસમજ; ભેખ; હેલા.

૪. ન. કટા મશ્કરી; હાંસી.

હેલના જુઓ હેલણા.

હેલપટો ૧. પું નકામો ફેરો; આંટો.

૨. પું. મજૂરી; વેઠ; મહેનત.

હેલપાટી પુ. હેલકરી; ભાર ઊંચકનાર મજૂર.

હેલમેલ પું. ભળતું મળતું તે; મેળ.

હેલવવું જુઓ હેળવવું.

હેલવું ૧. સ. ક્રિ. અવગણવું; તરછોડી નાખવું; હેલના કરવી.

૨. અ. ક્રિ. ઝોલો આવો; હેલે ચડવું.

૩. સ. ક્રિ. ઢળી જવું; ઢળવું; હેરવું.

હેલા ૧ જી. અનાદર, અપમાન

૨ [સ જી ચટ; વિલ સ, ક્રીડા

૩. જી. જ્યોત્સ્ના; ચાંદની.

૪. જી તીવ્ર સંભોગેચ્છા વ્યક્ત કરતી ચેષ્ટા.

૫. જી. પુખ્ત ઉંમરની સ્ત્રીઓની મૈથુન માટે ઇચ્છા; તીવ્ર સંભોગેચ્છા

૬. જી. બોંતેર માહેની એક આકાશતત્ત્વ દેવતા.

૭. જી. વખત; સમય.

૮. જી (કાવ્ય) શ્રાવણના અગિયાર માહેનો એક ભેદ; સંયોગ સમયમા સ્ત્રીઓની શૃંગારભાવથી થયેલ ચેષ્ટા; રતિક્રીડા.

૯ અ. ત્વરાથી, ઉતાવળે.

૧૦. અ. સહેજવારમાં; ક્ષણ.

હેલાઅણિયું ન. પાણી પીલતાં હેલા પડતા અટકાવવા સારુ બધાતું લાકડું

હેલાર ન. બળી કે વાસને છેડે પહોળા મોંનું વાસણ રાખી તેમાં છાણાં કે કપાસિયા મૂકી ભડકો કરવાની દીવી.

હેલારો ૧. પું. પછો; હેલો; હડસેલો.
પાકાં વળતાં પાણીના હેલારાથી મકોડાઈ પણ નહિ. સરસ્વતીચંદ્ર

૨. પું. મોજું; લહેર.
ભીડ હૈયાનાં હાલને હેલારે.
અમીઝર ભીડ ભારી. પ્રેમાનંદ

હેલાલી [અ.] જ. મુસલમાની ૩૫૪ દિવસનું એક વર્ષ.

હેલાવર [સં. હેલા (શૃંગારચેષ્ટા) + અવર (અન્ય)] જ. વિષયભોગ સિવાયની વાત.
પરનારી પરહર શિવળ અનવર,
મુક્તિ નથી હેલાવરે.
પ્રેમાનંદ

હેલાવલી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ વર્ણદંડક છંદ. તેના દરેક ચરણમાં નગણ, ગુરુ અને દસ રગણ એમ ચોવીસ અક્ષર હોય છે.
નગણ આણો પછી એક ગા જોડથી તે પછી દસ,
પ્રભો આપ આસા કરો પાદ હેલાવલીમા તો
રણજિતરામ

હેલાહેલ જી. હાલમડોળ; ડોળમડોળ
માસે માસે મહીતણે ગોરસની હેલાહેલ.
નરસિંહ મહેતો

હેલ્લાં ૧. ન. પાણી, દૂધ વગેરે ભરેલાં બે પાત્ર એક ઉપર એક મોઢવેલા હોય છે તે; બેદું, હેલ.
આવે આવે પમરે હું આપીશ,
પાણીડાં બીજ હેલ્લાં રે. નરસિંહ મહેતો

૨. ન ભાર; બોજો.

૩. ન. મજૂરી; વૈતરું.

૪. ન. મહેનતાણું.

૫. અ. જોતજોતામાં; ઘડીવારમાં; સહેજમાં.
જે તથ પદપલ્લવ અનુસાર તે જગસાગર હેલાં તરઈ.
વીમ

૬. અ. જોરમાં.
હેલાં રણ હંકારીએ તેણે ગગન ભઈ ખેહ.
દ્રૌપદી સ્વયંવર

હેલિયું ન. પાણીના મોજામાં આમ તેમ ઝૂલવું તે; હેલારો.
રસ સાગરનાં અવિરામ હેલિયાં
ઉછળતાં રસ જળ વર્ષા સાહિલ અર્જોના
નડિયાદમા એ નવ નવ સરોવર છે.
નાનાલાલ

હેલી ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વર્ણદંડક કહેવાય છે. તેના દરેક ચરણમાં એક નગણ, લઘુ અને ૧૦ રગણ મળી ૩૪ વર્ણ હોય છે.
ન લ ઘર થાય છે સં દશે સામ્યા તે વદ્યા,
અક્ષરો સર્વ ચોત્રીસ છે પાદ હેલી તણે દંડકે.
સ્વરૂપિત્રણ

૨. પું. ધૂમકેતુનું નામ. હેલી નામે જ્યોતિષીએ આ કેતુની ગતિનો વેધ લઈ તે ઉપરથી ગણિત વડે તેની કક્ષા ઠરાવી તેનો પ્રદક્ષિણા કાળ ૭૬ વર્ષનો કાઢ્યો. આ ગણિત હેલીએ કર્યું તે ઉપરથી તેનું નામ તે કેતુને આપ્યું.

૩. સ્ત્રી. એક જાતની દેશી રાગિણી.

૪. સ્ત્રી. ઢંકો વખત; લહ્યુ
લહ્યુ હરામ કર્યું, હેલીમાં હર.
રામ લક્ષ્મણ તણુ જોર ભણું.
સામળ

૫. સ્ત્રી. મુડદાની રાખ.

૬. સ્ત્રી. લહર.
આનંદની હેલી રે આજ, મારે આનંદની હેલી રે.
નરસિંહ મહેતો

૭. [સં હેલ્‌ અગ્નિ; અપ. હેલ્લિ] સ્ત્રી. સાહેલી; સખી; બલી.
હેલી હરિને વખાણે નિરેક મું,
ચરન અક્ષત રે મુક્તા પુષ્પ અપાર. ત્રિરમર

૮. [રે. અવાલી–અવલી–હેલી] સ્ત્રી. વરસ અટક્યે પડતો વરસાદ; સતત વરસાદ; ઝેલી.

હેલીકૉપ્ટર [અં.] ન. એક જાતનું વિમાન.

હેલેનિક સ્ત્રી. પ્રાચીન સમયમાં ગ્રીસ ને તેની આજુબાજુ બોલાતી ભાષા. તેના નીચે પ્રમાણે ભાગ છે: (૧) પ્રાચીન ગ્રીક–જેમાં ઍટિક, આયોનિક, ડોરિક અને ઍઓલિક બોલીઓનો સમાવેશ છે. (૨) અર્વાચીન ગ્રીક–તેમાં ઘણી પ્રાચીન બોલીઓ હોય છે.

હેલો ૧. પું. ખાડા ટેકરાવાળી જમીન ઉપર વાહનનું ઊછળવું તે, તેથી બેસનારને આવતો ધક્કો.

૨. પું. ઝપાટો; સપાટો.

૩. પું. મોટો સમય; લાંબવાર.
હેલામાં હરિ પાસે વેદ, ને ઉપરે આવો નિરવેદ.
ભીખો

૪. પું. ધક્કો; અથડો; હડદોલો.

૫. પું. પોકાર; વિનતિ; બા.
મારો હેલો સાભળો રાજ, મારો હેલો,
અજામલના મેટા પીરમરે હેલો સાભળો આજ.
અજ્ઞાત

૬. પું. વેપારી મંડળો તથા સંસ્થાઓના નિયમ પ્રમાણે નાણાંની ચોખવટ માટે જાહેરાત.

૭. પું. સાદ; બોલાવા માટેનો અવાજ.
હેલો પડવો–મારવો = સાદ દઈને બોલાવવું.

૮. [અં.] પું. સૂર્ય, ચંદ્ર કે મહાત્મા પુરુષોના મસ્તકની આસપાસ દેખાતું તેજોમય કુંડાળું.

૯. પું. હરકત; નુકસાન; ખોટ.

૧૦. પું. હિંચોળો; ઝોલો; તરંગ; ઝોળ.
ગગનાં ઝરણનીર હેલે ચઢ્યા. રાસમાળા

૧૧. [અં.] અ. ઓહો; કોઈને બોલાવતી વખતે કરવામાં આવતો ઉદ્‌ગાર
હેલો બંદુલાલ! ચકુલાલે નજર તે તરફ ફેરવી
પ્રસ્થાન

હેલોરા પું. આદોલન; હિલોળો; તરંગ.
સાહસના, પ્રોત્સાહનના નવા હેલોસ અનુભવો.
ન. ઠ. ઠાકોર

હેલ્લક જુઓ હેલડ.

હેલ્લો જુઓ હેલો.

હેવ (ભૂ. ગુ.) અ. હમણાં; હાલ જ.
સિધુ નદી પેલે તટે તમે ભૂલ્યે ભા હેવ.
આનદકાવ્યમહોદધિ

હેવા ૧. પું. બ. વ. અમુક જાતની ખરડ પડી જવી તે; અભ્યાસ; મહાવરો

૨. પું. બ. વ. ટેવ; આદત.

૩. પું. બ. વ. પરિચય; સહવાસ.
પરપીડા પેખી પોતાની–પૂર્વે જન્મના હેવા
બલવતરાય

૪. પું બ. વ. સ્વભાવ; પ્રકૃતિ.
હરિને હેતે કરીને હાલ ભલાના હેવા રે.
બ્રહ્માનંદ

હેવાતણ ૧. ન. માન.

૨. [સં. અવિધવા; પ્રા. અવિહવા] ન. સૌભાગ્યાવસ્થા; સધવાપણું; સૌભાગ્ય
જેહને પરણે દુઃખ ભય, અખંડ હેવાતણ વય.
દયારામ

હેવાતન જુઓ હેવાતણ

હેવાન ૧ [સં. હય (જીવ) + વ.ન (વાળું)] ન. જનાવર; ઢોર; પશુ.

૨. વિ. ઢોર જેવું; ભાન વગરનું; અણસમજુ, મૂર્ખ.

હેવાનિયત ૧. [અ. હય્‌વાનિયત] સ્ત્રી. અણ સમજુપણું; નાદાનિયત; કમઅક્કલ

૨. સ્ત્રી. પશુપણું; પાશવવૃત્તિ; પાશવતા; જંગલીપણું.
સ્વચ્છંદી પાપી કે નીચ લોકોની કુસંગતમાં પડતો ત્યારે તેમની હેવાનિયતનો ડાઘ એના જેવો જ લાગતો. ન. ઠ. ઠાકોર

હેવાયું ૧. વિ. અમુક બાબત કે કામની ટેવવાળું.
ડોસાએ હરજીની કાળે ફાળ ભરવાનો હેવાયો ઘોડો ઠેકાવ્યો. સોરઠી બહારવટિયા

૨ વિ. જાણ્યા પરિચયવાળું; હળી ગયેલું. હેવાયેલું; હળેલું.

હેવાલ [સં. અવવાદ (નિર્યાત)] પું. હકીકત; વૃત્તાંત; વર્ણન; બયાન.

હેવાવું અ ક્રિ. હેવા થવા; ટેવ પડવી; હળવું.

હેષવું અ. ક્રિ. હેષા કરવી; હણહણવું

હેષા [સં] સ્ત્રી. ઘોડાનો હણહણાટ

હેષારવ [સ.] પું. ઘોડાનો અવાજ; હણહણાટ.

હેસિયત ૧. સ્ત્રી. પ્રતિષ્ઠા; વજૂદ.

૨. સ્ત્રી. હાયકાત; પદવી.

૩. [અ. હય્‌સિયત] સ્ત્રી. શક્તિ; સામર્થ્ય; તાકાત.

હેસિયતદાર [અ. હય્‌સિયત (શક્તિ) + ફા. દાર (વાળું)] વિ. તાકાતવાળું; શક્તિશાળી; હેસિયતવાળું.

હેસો પું. વાંસળો

હે હે અ. ઢોરને હાંકવા કે અટકાવવા માટે વપરાતું સંબોધન.
હે હે કરવું = વગોવવું; ટીકા કરવી; ફજેતી કરવી.

હેળ ૧. સ્ત્રી. આદર; ટેવ; મહાવરો

૨. સ્ત્રી. ગર્ભિણી સ્ત્રીને થતી મોળ, ઊલટી આદિ શારીરિક અસર કે કંઈ વસ્તુ ખાવાની ઇચ્છા
હેળ બદલવી = આગલી સગર્ભાવસ્થા વખતે ગર્ભિણીને જે ચિહ્ન કે ઇચ્છા જણાયાં હોય તેથી જુદી જાતનાં ચિહ્ન કે ઇચ્છા જણાવાં.

૩. સ્ત્રી ઢોરને ધણમાં હેળવવા માટે અપાતું આવતું મહેનતાણું

હેળવણી ૧. સ્ત્રી જુઓ હેળવણી

૨. સ્ત્રી. હેળવણી માટેનું મહેનતાણું.

૩ જી ઢોરને પણ માથે હેળવવા બદલ આપવાનું મહેનતાણું, હેળવવા માટેના પૈસા.
૪ જી ફોસલાવીને સાથે મેળવવું તે, હેળવવું તે

હેળવવું ૧ સ ક્રિ. કેળવવું; પાળવું. પશુને માટે વપરાય છે

૨ સ ક્રિ ટેવ પાડવી, મહાવરો પાડવો
નથી હેળવ્યાં, નથી કેળવ્યાં,
નથી ભેળવ્યા, ભવભાવગા.,
ઈ ઘોળ ઋષુ યાજ ધોકું,
હાલ ન્હુંથી મરમ ના વિહારી

૩. સ ક્રિ પ્રેમભાવ કે સ્નેહ ઉત્પન્ન કરી સહવાસ કેળવવો
જાુઓ કૃતહુબાએ અ. સં સત્યમદી ગાયીના,
હેતથી હેળવ્યાં ગાય જે માય રાષ્ટ્રમમા.
ગાયી ગીતા

૪ સ ક્રિ. હળે પ્રેમ કરવું; મન મળી જાય પ્રેમ કરવું; મન મેળવવું.

હેળવાવું ૧. અ ક્રિ કેળાવવું; પળાવું
૨. અ. ક્રિ. સાથે મન મળી જવું, હળી જવું

હૈં ૧. અ કરીથી કે રહી ને પ્રશ્ન કરતી વેળાનો ઉદ્ગાર. જેમકે, હૈં રાત્રેની વાત આવી ? હૈં યુ કહ્યું ?
૨ અ. વિસ્મય વગેરે બતાવનારો ઉદ્ગાર.

હૈંકડાઈ (હૈંકડાર્ઈ) જી. અક્કડપણું, ઉદ્ધતાઈ.

હૈંકવું ૧. અ. ક્રિ. ફસવું; ઊંચકા આવા.
૨ અ.ક્રિ તગીમા કોવું
૩ સ ક્રિ પલખાં મારવાં, તૃષ્ણા રાખવી

હૈંકાર પુ હુંપદ; અહંભાવ; અભિમાન.

હૈંકારી વિ અભિમાની, અહંકારી.

હૈંચાતાણું વિ વાંકી આંખે જોનારું
સો અંધેમેં એક કાનુ,
તસસે ખરાબ હૈંચાતાણુ,
હૈંચાતાણા કરે વિચાર,
મારુરા સે બુદ્ધા ભેંવર લોકોક્તિ

હૈંચવું અ ક્રિ ચાલવું; જવું; ગતિ કરવી; હીંડવું

હૈંડો પુ ધણી, પતિ જૂનાગઢની નાગરી નાતમા અઢારગીમા ગવાતા ગીતોમા આ શબ્દ વપરાય છે.
આજ મ ગુમા હૈંડો આવ્યો. લોકગીત

હૈંકેહૈંકે અ બેમગજી, મનોમન, ગજગજાટપૂર્વક.
ન નાએ નથી માની કટક આખ નીએ હૈંકેહૈંકે
ઉનર આપ્યે. પ્રેમકેતુ

હૈંમ જી લગ્નાગ્નિ, અગ્નિ સ્ત્રી.

હૈંત વિ , જી કોચવાયેલ; વિમૂઢિકા, કોમળિયું.

હૈંકાવવું (હૈંકાવવું) અ. ક્રિ. ખાલી દમ ભરાવવો, ધાક બેસાડવી; ધમકી સાથે મનાવવું.

હૈંડૈંહ (હૈંડૈંડ) ૧ જી. આમતેમ જોરથી ધમાધમ કરવી તે.
૨. અ અવ્યવસ્થિત, જેમતેમ.

હૈંડું (હૈંડું) ન હૈંડુ; અંતર; હૃદય.
વસુદૈવ કૈવલ્ય માયજ,
તહેંને હૈંડલે હરખ ન માયજ. માધવદાસજી

હૈંડાચીળું (હૈંડાચીળું) વિ. સાદું દિલનું; ચોખ્ખા મનનું, નિખાલસ

હૈંડિયાવેરો (હૈંડિયાવેરો) પુ સોળ વર્ષથી વધારે ઉમરના માણસ ઉપર નખાયેલો એ નામનો મુસલમાની રાજનો એક જાતનો કર.

હૈંડિયો (હૈંડિયો) ૧ પુ એક જાતનું ગળાનું ઘરેણું; હાર
૨. પુ ગળાની ઘાટી; ગળાનો બહાર તરતો દેખાતો ભાગ, જે બોલતી વખતે ઉ નો ઉચ્ચાર થાય છે તે સ્થાન.
૩ પુ ઘોડિયાની દાટીમા જે બંને તરફ પાટિયાનું રાખવામા આવે છે તે ભાગ.

હૈંડિમ પુ (પુરાણ) હિડિમાનો પુત્ર; ઘટોત્કચ

હૈંડિમ્બેય જાુઓ હૈંડિમ.

હૈંડી (હૈંડી) જી ઘોડી; ઘોડાની માદા.

હૈંડું ૧. (હૈંડું) ન અંતઃકરણ; મન.
૨ ન જાતી
૩ ન ટેવ
હૈંડું પાડવું = ટેવાવું; ફાવતું થવું.
૪ ન વાદકારેત
૫ ન હૃદય; હૈંયું
અંત સત્ચે ધન ન સકરો વાપુ ઉપાણી તુને,
ખાલી હૈંડે સરવ હલક સૌ બધું હોમ બારે
પ્રેમાનંદ

હૈંણિયો જી મૃગશીર્ષ નક્ષત્ર; આકાશમાં રહેલું હરણના આકારનું તારાનું ઝુમખું.

હૈંણો જાુઓ હૈંણિયો.

હૈંતા જી. એક જાતની મોટી લશ્કરી છાવણી

હૈંતુક ૧ [સં] વિ. કોઈ હેતુ કે ઉદ્દેશથી કરેલું; હેતુવાળું.
૨ વિ દર્શન સાથે વચન જોડનાર, હેતુવાદમાં માનનાર મીમાંસક

હૈંદરાબાદ ન હૈંદર નામના રાજાએ વસાવેલું એ નામનું ભારતનું એક નગર.

હૈંદરી જી. એક પ્રકારની તલવાર.

હૈંદોસ જી દુઃખની અરેરાટી
હૈંદોસ કરવી – અરેરાટી કરવી.

હૈંમત [અ] જી. બીક; ડર; ભય

હૈંમતી વિ બીકણું; ડરપોક

હૈંમ ૧. પુ શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. ન સવારમાં પડતું ઝાકળનું પાણી
પડી નાખે તનુ પર પડયું બિંદુ જે હૈંમ આવી,
ગાડીમાંથી મુગપતિ જતા માણ જોવા હલાવી.
મણિલાલ

૩ વિ બરફ જેવું ઠંડું; બહુ ટાઢું.
૪. વિ. સોના જેવા રંગનું; સોનેરી.
૫ વિ. હિમનું, હિમસબંધી; બરફનું.
૬ વિ હેમનું, સોનાનું બનાવેલું.

હૈંમકાલ [સ] પુ હિમાળાની ઋતુ

હૈંમન ૧ પુ શિયાળુ પાક
૨. [સં] પુ હેમંત ઋતુ, શિયાળો.
૩. વિ સોનાનું, સોના સબંધી.
૪ વિ હિમકાળ સબંધી, શિયાળાનું.

હૈંમયુગ પુ હેમચંદ્રાચાર્યે જે વખતમા થઈ ગયા તે યુગ

હૈંમલ જાુઓ હૈંમન.

હૈંમવત ૧ [સ હૈમવત] પુ ઇંદ્ર.
૨ પુ હિમાલય પર્વત.
૩ ન. એક પ્રકારનું ઝેર.
૪ ન (જૈન) જબૂદ્વીપનાં સાત મહેતું બીજું ક્ષેત્ર. તે ભરતક્ષેત્રની ઉત્તરે છે. તેની ઉત્તર તરફ હરિક્ષેત્ર છે. ભરતવર્ષ, હૈમવતવર્ષ, હરિવર્ષ, વિદેહવર્ષ, રમ્યકવર્ષ, હૈરણ્યવતવર્ષ અને ઐરવતવર્ષ એવા આ સાત ક્ષેત્ર છે
૫ ન હિમાલયમાંથી મળી આવતું એક પ્રકારનું મોતી
૬ વિ હિમાલયનું, હિમાલય સબંધી
૭ વિ હિમાલયમા રહેનારું; હિમાલયમાં ઉત્પન્ન થયેલું.

હૈંમવતી ૧ [સ] જી. (પુરાણ) કૌશિક ઋષિની એ નામની સ્ત્રી
૨ જી ખરબચડી વજ્ર, ધોળો વજ્ર; ખાળ.વજ્ર.
૩. જી ગંગા નદી.
૪. જી દારુડી
૫. જી. પાર્વતી, હિમાલયની પુત્રી, ઉમા.
૬ જી જૈનોની એક મંત્રદેવી
૭ જી વિદ્યાદેવી
૮. જી વિવેકબુદ્ધિ
૯. જી [પુરાણો] શતદ્રુ, એ નામની નદી વસિષ્ઠ પોતાના સો પુત્રોના નાશથી શોક પામી આ નદીમા ખૂડી મરવા પડ્યા; પણ નદીએ સો પ્રવાહ રૂપે થઈ તેને ખુડાડ્યા નહિ. એ પરથી તે નદી શતદ્રુ નામથી પ્રસિદ્ધ થઈ છે

૧૦. જી. હરડે. તે ગુણમાં સોનું આવાના ગુણ ખરા,ખર છે. હિમાલયમાં ઉત્પન્ન થતી હોવાથી તેને હૈમવતી કહે છે.

હૈમવર્ચિ પુ. એ નામના શુક્લ યજુર્વેદના એક ઋષિ

હૈમવ્યાકરણ ન. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું બનાવેલું એ નામનું એક વ્યાકરણ.

હૈમસસ્ય [સં.] ન. શિયાળુ પાક.

હૈમંતિક વિ. શિયાળા સંબંધી.

હૈમા ૧. પું એક જાતનો કરોળિયો.
૨. જી. પીળા જૂઠ.
૩. જી. વિશ્વકર્માની પુત્રી; મહોદરીની માતા. દક્ષિણમાં દિવ્યનગરમાં તે રહેતી હતી.
૪. [સં.] જી હિમનદી; હિમસરિતા.

હૈયત [અ.] જી. ભગોળવિદ્યા.
તે વખતમાં હૈયતના વિષયના બધા જ ગારીક અભ્યાસી એક અલિલ સમરકન્દમાં રહેતા હતા.
પુરાતત્ત્વ

હૈયા ૧. જી. ચાલી જેવું નાનું, ખેતરમાં દાણા ચરતુ, એક પક્ષી; ગુલબ્બી મેના; વેરું.
૨. જી. શરમ; લાજ.
૩. અ. (કચ્છી) જબરી; એકદમ.

હૈયાઉકલત જી. બુદ્ધિબળ; બુદ્ધિ; પોતાની મેળે પડતી સૂઝ; સ્વયંસ્ફૂર્તિ; સ્વયંપ્રજ્ઞા.

હૈયાકૂટ ૧. જી. અતિ શોકને લીધે છાતી કૂટવી તે
૨. જી. ભારે ચિંતા; હૈયાઠોળી.

હૈયાગરું વિ. છાતીવાળું, હિંમતવાન; પુષ્ટ.

હૈયાગુંચ જી હૃદયમાં પડેલી ગૂંચ; મૂંઝવણ.

હૈયાજાય પું. હૃદયનો ધા; કારી જખમ

હૈયાચંપી જી છાતી સાથે દબાવીને વહાલ કરવું તે.

હૈયાચોળો પું. હૈયાકૂટ; ભારે ચિંતા; ચિંતાનો હૈયામા થતો ચૂંથારો

હૈયાજીક જી માથાકૂટ; નકામી મહેનત અને ચિંતા.
મારે તે શોષ આયું કૂટે ? આ રોજની હૈયાજીક.
ત્રિભુવનદાસ

હૈયાટવું અ. ક્રિ. નાસીપાસ થવું; હિંમત હારી જવી; મક્કમતા જતુ, નાહિંમત થવુ
કનમ ન કરવો નર્બે કો હૈયાટવું ન ઘટિત
દયારામ

હૈયાદળ વિ. મૂર્ખ; હૈયાનુ કૂટેલુ.
જેમ હવાનુ મુખો હૈયાદળ, ચાલે કોઈ વલણ લઈ
નિષ્કુળાનંદ

હૈયાઠારણ વિ વહાલુ; પ્રિય; હૈયાને ઠારવાવાળુ.

હૈયાઠ્ઠો પું. મનની મૂંઝવણ; ચિંતા.

હૈયાતોડ (હૈયાતોડ) ૧. જી હૈયાકૂટ; માથાકૂટ
હૈયાતોડ કરતાં હાથતોડ ભલી = શારીરિક પરિશ્રમ કરતાં માનસિક પરિશ્રમ વધારે કષ્ટદાયી છે
૨. વિ. છાતી તોડી નાખ જેવી મહેનતવાળુ; હૈયું તોડી નાખ જેવુ.

હૈયાદુબળું ૧. વિ. કૃપણ વૃત્તિનુ; કન્જૂસ; કોળી.
૨. વિ મનનુ દુબળુ; પૂરતો વિશ્વાસ ન રાખી શકાય તેવું; નાહિંમતી; પોચા મનનુ; પાણી વગરનું.

હૈયાધાર જુઓ હૈયાધારણ

હૈયાધારણ ૧. જી. અંતરથી સંતોષ થવો તે.
૨. જી. બાતરી.
૩. જી. બામોશ; સબૂરી.
૪. જી. નિરાંત; મનનું સમાધાન
૫ જી સમાધાન
૬ જી. સ્થિર મન; નિશ્ચિતપણું
૭. જી હિંમત.
૮. વિ. હૈયું જ્યાં વિશ્રાંતિ લઈ શકે તેવું; અત્યંત વહાલું.

હૈયાપલટો પુ. હૃદયનુ બદલાઈ જવું તે; મનનો વિચાર બદલાઈ જવો તે.

હૈયાપીઠ ૧. જી. પેટ બળતરા; ચિંતા.
૨. જી. હૈયાકૂટ; કૂટવું તે; પીઠાપીટ; છાજિયાં લેવાં તે

હૈયાફાટ ૧. વિ. છાની ફાટી જાય એવું; હૃદય ફાટી નાખે એવુ.
જુઓ મેની ચાટ. રૂપો હૈયાફાટ.
મેઘાણી
૨. અ. છાતી ફાટી જાય એમ. તે શબ્દ રડવા માટે વપરાય છે.

હૈયાકૂટ વિ. વીસરી જાય એવુ; ઘડીકમાં ભૂલી જાય એવુ, કૂટેલા હૈયાનું; મૂર્ખ; કમઅક્કલ.
સંત અસંતને જે ન ઓળખે તે નર હૈયાકૂટ.
મીરાંબાઈ

હૈયાકૂટું ૧. વિ. કાચા મનનું; હૃદયની સ્થિરતા વિનાનું; હૈયું હાથમાં નથી એવુ
૨. વિ. ભૂલકણું; વીસરી જાય એવુ; ઘડીકમાં ભૂલી જાય એવુ
૩. વિ. મૂર્ખ; બેવકૂફ; મઢ; ગમ વિનાનુ; અક્કલ વગરનુ.
૪. વિ સ્વાર્થે જતો કરે એવું; કૂટેલા હૈયાનુ.

હૈયાબળાપો પું. હૈયું બળવું તે. હૈયાનો ઉકળાટ; માઠ ચિંતા.

હૈયાબાળ જુઓ હૈયાબળાપો

હૈયાબોલ પુ. હૈયામાંથી નીકળતો શબ્દ.

હૈયાભાવ પું. હૃદયની લાગણી
એ સૌથી નિરાળા આઈબનના હૈયાભાવને સાસર શું કહીને સબાધે છે ?
સારમિત્ર

હૈયામેલ ૧. પું. કપટ; લુચ્ચાઈ
૨. પુ. ધર્યા, અદેખાઈ, દ્વેષ

હૈયામેલું ૧. વિ અદેખુ; દ્વેષી; ધર્યાળુ.
૨. વિ. કપટી; મેલા હૈયાનુ; હૈયામાં મેલ રાખતું, હૈયારખું; લુચ્ચુ

હૈયારખી ૧. જી. છાતી જેટલો ઊંચો ઢોઢો કે ભીંત; પાલખ
૨. જી. મારગીરી
૩. જી ઓનો સ્તનવાળો શરીરનો ભાગ; છાતી.

હૈયારખું ૧. વિ. પોતાની જાતને જોખમમાં નહિ નાખનાર
૨. વિ. હૈયાની સમાન સાચવનાર; બહુ જતન કરવાવાળુ
૩ વિ. હૈયાનો પાર ન આવે એવું; મનનો મેલ કે ભેદ ન જણાવા દે એવુ; ખુલ્લા દિલનું નહિ એવું; હૈયાની વાત હૈયામાં રહી રાખનાર; હૈયામેલુ

હૈયારણ જુઓ હૈયાધારણ

હૈયારી જી હિંમત; ધીરજ; આશ્વાસન; દિલાસો.

હૈયાવરાળ જી હૃદયની દાઝ; અંતરની બળતરા

હૈયાવર્ણ વિ. અંતઃકરણના જેવું સ્વચ્છ કે નિર્મળ.

હૈયાવીંધણું વિ. હૃદય વીંધી નાખે એવું

હૈયાવોણું વિ. લાગણી ચિંતાનુ
આ બધી બાતથી હૈયાવોણી વાત કરી રહ્યો હું એમ લાગે એવું છે.
ઝવેરચંદ

હૈયાશગડી (હૈયાસગડી) ૧. જી છાતી ઉપરની તાપણી.
૨ જી હૈયું બાળનાર માણસ; હૈયા ઉપર મૂકેલી સગડીની જેમ દુઃખ દેનાર માણસ.

હૈયાશલ્ય ન. હૃદયમા ભરી રહેલુ નાર; અંતરનું દુઃખ
હવે હાલે હૈયાશલ્ય કહાડીયુ
સપ્તમિત્રા

હૈયાશોક ૧ પું. અતિશય ઊંડો શોક; પસ્તાવો.
૨. પું. મનનો બળાપો

હૈયાસગડી જુઓ હૈયાશગડી

હૈયાસાચું વિ. ખરા હૃદયનુ; સાચ દિલનુ

હૈયાસૂનું ૧. વિ. નિષ્ઠુર; નિર્દય, ક્રૂર
૨. વિ. મન કેકાવે ન હોય એવુ, મૂઢ; ભૂલકણું; અસ્થિર ચિત્તનુ; હૈયાકૂટું.

હૈયાહાર વિ. અત્યંત વહાલું.

પણ આ મ્હારી **હૈયાહાર**,
જમમાની એકાકી જીવનદોરી.

જયાજયંત

હૈયાહૂડી સ્ત્રી છાતી ઉપર થતું એક જાતનું ગૂમડું. બદગાડ કે બીજાં કારણથી છાતીની બાજુમા પિત્તવાતપ્રધાન ગાંઠ થાય છે. તેને લોકભાષામાં હૈયું-હોડી પણ કહે છે.

હૈયાહેડો (હૈયાહેડો) પું. અંતરનો અનુરાગ; આંતરિક પ્રેમની લાગણી; ખૂબ હેડો.

હૈયાહોડી જુઓ હૈયાહૂડી.

હૈયાહોડી સ્ત્રી કૂવાના ગાળા ઉપરની છાતીપૂર ઊંચી પાળ

હૈયાહોળી ૧. સ્ત્રી અંતરની પીડા, ભારે દુઃખ; વિરહવ્યથા

૨. સ્ત્રી. દિલમાં ભારે અસંતોષ કરનારું જે તે.

૩. જુઓ હૈયાહૂડી.

હૈયાળું વિ પ્રેમાળ સ્નેહભરેલું.

હૈયાંગેજ સ્ત્રી. વિનોદ; વિલાસ; વિહાર; આનંદની મસ્તી

હૈયાંગેજ સહણ દેતી, રીખવી કમત માન
વસંતાબેનોદ

હૈયું ૧. [સં. હૃદય] ન. કાળજું

૨. ન પડીના બીજકડાની અણીને કરતો નીચેના પડનો ઉપસતો ભા.

૩. ન મન; અંતઃકરણ.

૧. આટલું તે હૈયે ધારતો કે કોરે? = (૧) આટલા થોડાને શું કરશો? કયી રીતે પૂરતું થશે? (૨) આટલું શું ઓછું છે?

૨. હૈયા ઉપર રાખવું = ખૂબ સંભાળ રાખવી, વહાલથી પાળવું.

૩. હૈયાના કાળા = અંતરની બળતરા.

૪. હૈયાની હોળી = અંતરનું દુઃખ.

૫. હૈયાનું કાચું = (૧) કૃપણ; કંજૂસ. (૨) દયાહીન, ક્રૂર.

૬. હૈયાનું કૂટચ-કઠણ = બુદ્ધિચાતુર્ય; હૈયાકૂટ

૭. હૈયાનું મેલું-ખોર = મનનો મર્મ કે ભેદ ન જાણવા દે તેવું; ભીંતું.

૮. હૈયાનું સાજું = કોઈની બળબળમાં બાજી ન આવે એવું, પાકું

૯. હૈયાનું સૂનું = મૂઢ; હૈયાકૂડું.

૧૦. હૈયાનો હાર = અતિ પ્રિય; બહું વહાલું.

૧૧. હૈયામાં અંગારા ઊઠવા = કાળજું બળવું; અંતરમાં તીવ્ર વેદના થવી.

૧૨. હૈયામાં કોતરી રાખવું – લખી રાખવું = બરાબર યાદ રાખવું.

૧૩. હૈયામાં ગજની કાતી હોવી = અત્યંત વેર રાખવું

૧૪. હૈયામાં ગોખલો હોવો = પેટમાં વાત ટકી ન શકવી.

૧૫. હૈયામાં ઘાલવું = પડખામાં લાત દિલાસો દેવો

૧૬. હૈયામાં હાથ મૂકે તો કોરો કટ નીકળે = જાણે પેટમાં કશું જ કપટ નથી; કોઈ નિર્દોષ કે ભળવું હોવું કટાક્ષમાં વપરાય છે.

૧૭. હૈયામાં હારા હાલ અને મોઢામાં ના ના = અંદરથી રાજી થવું અને બહારથી નાખુશીનો દેખાવ કરવો; મોરે મોરે ના કહેવી. પક્ષ લીધા ઉપર ભાવ રાખવો; મનમા ભાવે ને મૂઠી હલાવવી

૧૮. હૈયામાં હોળી = અંતરમાં બળાપો

૧૯. હૈયું કબૂલ ન કરવું = (૧) વિશ્વાસ ન બેસવો. (૨) હિંમત ન ચાલવી.

૨૦. હૈયું કહ્યું ના કરે એવું = ન મનાય એવું; ખૂબ આકર્ષણવાળું.

૨૧. હૈયું ખાલી કરવું-ઠાલવવું = મનનો ઊભરો બહાર કાઢવો; મનની બળતરા કોઈને કહી સંભળાવીને કે રડીને શાંત કરવી; બળતરા બહાર કાઢવી.

૨૨. હૈયું છોડી મૂકવું = હૈયું હાથમાં ન રહે તેવી રીતે ખુલ્લા દિલથી પોકપોક મૂકવી; અતિશય રડવું.

૨૩. હૈયું ઠારું હિમ હોવું = નિરાંત હોવી.

૨૪ હૈયું પડવું = નાસીપાસ થવું; નાહિંમત બનવું.

૨૫. હૈયું ફાટવું = દિલને સખત આઘાત લાગવો.

૨૬. હૈયું ફૂટી જવું = અક્કલ બહેર મારી જવી; ગમ ન પડવી.

૨૭. હૈયું બાળ્યા કરતાં હાથ બાળવા સારા = પોતાને હાથેથી જે નુકસાન થાય તે આપણાથી સહન કરી લેવાય પણ બીજો નુકસાન કરે અને આપણું હૃદય બળે તે ઠીક નહિ; બીજાઓને કામ સોંપતા નુકસાન થાય તેના કરતાં પોતાને હાથે ગમે તેવું સારું નરસું કામ કરવું તે વધારે સારું.

૨૮. હૈયું ભરાઈ આવવું-ભરાવું = (૧) કોઈ પણ વિચાર ન સૂઝવો. (૨) રડવું આવવું; આંસુ આવવાં; દુઃખ કે લાગણીથી રડું રડું થઈ જવાવું

૨૯. હૈયું રીઢું થવું = સુખદુઃખથી ઘડાઈ જવું.

૩૦. હૈયું હાથ રાખવું = દિલની સ્વસ્થતા જાળવવી; ઉકળાટ ન કરવો.

૩૧. હૈયું હાથમાં ન રહેવું = બહુ પ્રેમ ઉત્પન્ન થવો

૩૨. હૈયું ઠેકે બેસવું = શાંતિ થવી

૩૩. હૈયે ચડી આવવું = યાદ આવવું.

૩૪. હૈયે તેવું હોઠે = હૃદયમાં હોય તેવું વાણી દ્વારા વ્યક્ત થાય; જેવું મનમાં તેવું વાણીમા.

૩૫. હૈયે ડાબવું = છાતીએ ચાંપવું.

૩૬. હૈયે ધરવું = મનમા ઉતારવું; બરાબર લક્ષમાં લેવું.

૩૭. હૈયે બેસવું = મગજે ઊતરવું; સમજી જવું; મનમાં ગમવું.

૩૮. હૈયે હાથ મુકાવવો–રખાવવો = હિંમત રાખવાનું કહેવું

૩૯. હૈયે હામ રહેવો = ધીરજ હોવી; હિંમત રહેવી

૪૦. હૈયે હાથ રાખવો = ધીરજ રાખવી.

૪૧. હૈયે હામ ન હોય તો પગે જોર રાખવું = મારીને નાસી જવું; પહોંચી વળવાની તાકાત ન હોય તો પણ હિંમત ન હારવી.

૪૨. હૈયે હૈયું દબાવું-દળવું = ખૂબ ભીડ થવી; માણસની ઠઠ જામવી

૪ ન સ્મરણશક્તિ; યાદદાસ્ત

૫. ન. હૃદય.

૬. ન. હિંમત; ધીરજ

હૈરણ્યગર્ભ પું હિરણ્યગર્ભ નામે વિશ્વના સૂક્ષ્મ શરીરના અભિમાની દેવની ઉપાસના કરનાર માણસ.

હૈરણ્યવતવર્ષ ન. (જૈન) જંબુદ્વીપના સાત માંહેનું એક ક્ષેત્ર, હૈમવતવર્ષ.

હૈરણ્યવતી સ્ત્રી. (પુરાણ) એ નામની હિરણ્મય દેશમાંની એક નદી.

હૈરત [અ.] સ્ત્રી. ખાસ્ત; ભીતિ; દહેશત; બીક.

હૈશો પું. એક જાતનો અવાજ. પુત્રોટીને દિવસે બીજાસ આણાં ગાતા છોકરાઓ અથવા લગ્ન પ્રસંગે કટાણાં ગાતી છોકરીઓનો સમૂહ કડી પૂરી કરે ત્યારે બાકીના બધા આ જાતનો ઉચ્ચાર કરે છે

હૈશો કૂટવો = નકામી જાગતમાં વખત ગાળવો.

હૈસિયત ૧. [અ] સ્ત્રી. દરજ્જો; પદ; પાયરી

૨. સ્ત્રી ધન; દોલત; સંપત્તિ

૩. સ્ત્રી. યોગ્યતા; લાયકાત.

૪. સ્ત્રી. સામર્થ્ય; શક્તિ; તાકાત.

હૈહય ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. એ નામનો ઘોડાનું રૂપ ધરનારો વિષ્ણુનો લક્ષ્મીના ઉદરથી ઉત્પન્ન થયેલો પુત્ર.

૩ પું (પુરાણ) એ નામનો સર્વંચશીય શર્યાતિકુલોત્પન્ન એક રાજા. તેને દસ સ્ત્રી અને સો પુત્ર હતા. તેમાં વિતહવ્ય મોટો હતો.
૪. પુ. (પુરાણ) એ નામનો સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાનો પૌત્ર.
૫ સ્ત્રી. એ નામના લોકોની એક જાત. તે સીથીઅન લોકમાંથી ઉત્પન્ન થઈ હોય તેમ મનાય છે વા.પુરાણમાં આ જાતના પાંચ મોટા વિભાગ જણાવેલા છે: તાલજંઘા, પીતિહોત્ર, અવંતિ, તુંડિકેર અને જાત અથવા સુજાત. મહાભારત પ્રમાણે તેઓ મનુના પુત્ર શર્યાતિના વંશજો છે. આ જાત વિંધ્ય પર્વતમાં રહેતી હોય એમ મનાય છે. ટોડના મત પ્રમાણે તેઓ જાજુ સોહાગપુર પાસે મળ્યા પડે છે
૬. ન. એ નામની જાતિનું કે દેશનું માણસ.
૭. વિ. એ નામની જાતિનું

હૈહયવંશ પું એક પ્રાચીનવંશ. યદુ પોતાના ભાઇઓમાં સૌથી વધુ પ્રતાપી હતો. એના નામ પરથી તેના વંશજો યાદવ કહેવાયા. એની અનેક શાખાઓ થઈ ગઈ. એનો ફેલાવો માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર તરફ થયો. એક શાખા ત્રિપુરી હાલના જબલપુર સમીપમાં જામી ગઈ. આ પ્રસિદ્ધ શાખા હૈહયવંશ કહેવાઈ

હૈહયાધીશ [સં.] પું. હૈહય દેશનો રાજા.

હો ૧. સ્ત્રી. એ નામની એક રાનીપરજ કોમ. તે બિહાર અને ઓરિસ્સામાં વસે છે
૨. અ. અરે; ઓ; હે; સંબોધનનો એક ઉદ્ગાર.
૩. અ. કાવ્યના કેટલાક ઠાળમાં લલકાર માટે વપરાતો એક ઉદ્‌ગાર
૪ અ. ખાતરીનો અર્થ બતાવવાનો એક ઉદ્‌ગારવાચક શબ્દ.
૫ અ. ઠીક; સારું, બસ; પર્યાપ્ત
૬ અ. હા અથવા સંમતિ બતાવતો એક ઉદ્‌ગારવાચક

હોઆમ પું (જરથોસ્તી) સોમ. અવસ્તા ગ્રંથમાં સોમરસને બદલે હોઆમ શબ્દ વાપરેલો છે.

હો આંગ હો સ્ત્રી. ચીનની એ નામની નદી. તેને કોઈ હિલગીરીની નદી કહે છે. તે તિબેટમાંથી નીકળી ચીનમાં થઈને પાસિફિક મહાસાગરમાં પડે છે. તેને મળનારી મુખ્ય નદી વેઈ હો છે વહન જળ્યાંએ આ નદી આસપાસના પ્રદેશના સપાટીથી ઊંચે હોય છે તેથી તેનાં પાણી પાળ બાંધીને રોકવામાં આવે છે. ઘણી વખત આ નદીએ પોતાનું વહેન બદલ્યું છે જ્યારે વહેન બદલે છે ત્યારે હજારો માણસોને તાણી જઈ લાખોનું નુકસાન કરે છે તેથી જ તેને ચીન દેશનું દુઃખ એ નામથી ઓળખાય છે.

હોંકવાં અ. ઓડકાર કે તૃપ્તિનો ઉદ્‌ગાર; ઓડિયાં; ઝાંગે ઊતરી ગયાનો ઉદ્‌ગાર; ધરાઈ રહ્યાની નિશાની
હોંકમાં કરવું–કરી જવું = (૧) ઉત્પાત કરવું; પચાવી પાડવું. (૨) હજમ કરી જવું; પચાવી નાખવું; ગળી જવું; ખાઈ જવું.

હોક [અં.] પું. ઝાંખા પીળા રંગનો એક જાતનો ઢોર

હોકલી ૧. સ્ત્રી. ચૂંમી; તમાકુ પીવાનો માટીનો નાનો હોકો; ફૂકલી.
૨. સ્ત્રી. હોકા ઉપર દેવતા ભરવા રાખવામાં આવતી માટીને પકવીને બનાવેલી ચલમ.

હોકલીઓ પું. પીવાનો હોકો.
પેગ્રા જુહાર આવ દાદાજીને દેજો,
હોકલીઓનો બરનાર દીકરો તારો ક્યાં ગ્યો.
રસધાર

હોકા ન. હોકાવંત્ર; દરિયામાં દિશા જાણવાનું એક સાધન; વહાણને દિશા બતાવનારું યંત્ર; મચ્છયંત્ર; દિગ્દર્શક યંત્ર. તે ઉત્તર દિશા તરફ રહે છે. વહાણવટીઓને ઘણું ઉપયોગી છે.

હોકારવું ૧. અ. ક્રિ. કપડાં દેવો.
૨. સ. ક્રિ. બીક બતાવવી; દમ દેવો
૩. સ. ક્રિ. હોકારો કરીને બોલાવવું.

હોકારો પું. પડકાર; ભૂમ; રાડ.

હોકાતાડ (હોકાતાડ) પું. એક જાતનું ઝાડ; દીવતાડ. તે ૨૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે. આ ઝાડને બબ્બે ફૂંટાઓવાળી શાખાઓ નીકળેલી હોય છે. તેનાં પાન તાડનાં પાન જેવાં પણ નાનાં, પહોળાં અને પંખા ઘાટનાં હોય છે. તેની ડીટડીની કોર ઉપર વાધનખ જેવા મજબૂત કાંટા હોય છે. તેમાં નર અને માદા ફૂલ જુદા જુદાં આવે છે. તેમાં રાતાં રંગનાં ફળ થાય છે. તેની છાલ પોચી અને બટકણી હોય છે. તેમાં ખજૂર જેવો માદક રસ હોય છે. તેનાં ફળ તાડિયાં કહેવાય છે.

હોકાપાણી ૧. ન. બ.વ. સંબંધ; ઊઠબેસનો વહેવાર
હોકાપાણી બંધ કરવાં = બહિષ્કાર કરવો; આવા પીવાનો વહેવાર બંધ કરવો.
૨. ન. સરભરા; પરોક્ષાગત.

હોકાયંત્ર ૧. [સં. હોકા (હોકયુંબકવાળું) + યંત્ર] ન. દરિયામાં દિશા જાણવાનું સાધન; દિશા બતાવનારું યંત્ર; મચ્છ યંત્ર; દિગ્દર્શક યંત્ર; ધ્રુકાટો; માલમી હોકો. આ યંત્ર વહાણવટીઓને ઘણું ઉપયોગી છે. ગુજરાતમાં પણ પ્રાચીન સમયમાં પાણીની કૂંડીમાં તેલ ભરી ધાતુની સોઈ નાખી વહાણમાં દિશા જોતા ઈ સ.ની શરૂઆતમાં હિંદુઓએ જાવા ઉપર ચઢાઈ કરેલી તે સમયે તેમણે હોકાયંત્ર વાપરેલું અને તે હજુ સુધી હયાત છે આવું હોકાયંત્ર ચીનમાં પહેલાં વપરાયું હતું. ઈ સ ના ચૌદમા સૈકામાં વરપમાં તેની જાણ થઈ; પરંતુ હિંદી વહાણવટીઓ તેનો ઉપયોગ ઘણા પ્રાચીન કાળથી જાણતા હતા. તેઓ તેને મત્સ્ય યંત્ર કહેતા હતા. હાલના હોકાયંત્રમાં પણ સોયના આકારવાળું મત્સ્ય કે માછલી હોય છે. હોકાયંત્ર શબ્દમાં હોકાની વ્યુત્પત્તિ હોહકા–હોહોકા–હ્લોકા–હોકા એમ છે. હોહકા શબ્દ યંત્ર પહેલાં મૂકવો છે. હોહકાનું અપભ્રંશ હોહોકા થયું છે; તેમાંથી હ્લોકા અને આખરે હોકા થયું. હ્લોક શબ્દનો અર્થ હોકાવાળું અથવા જેમાં હોહ્યુળકનો ગુણ છે તે વાળુ થાય છે.
૨. ન. વહાણ હાંકવાનું ઓજાર.

હોકાર ૧. પું. બોબાટ; ગરબડ; હોકારાનો અવાજ.
૨. પું. ત્રાસ; તોફાનો પોકાર; ભયનો ઘુમાટો; બરાડો.
૩. પું. વાર્તા સાંભળનારે 'હું સમજું છું અથવા સાંભળું છું' એવી સંજ્ઞા તરીકે હું હું કરી જવાબ આપવો તે.
૪. પું. સંમતિ; કબૂલાત.

હોકારવું ૧. અ. ક્રિ. બોલાવવું
૨. અ ક્રિ. હાંકવું; ચલાવવું.
૩. અ ક્રિ. હોકારો કરવો.

હોકારો ૧. પું. ભૂમ; બરાડો; ધમકામણી ભરી ભૂમ.
૧. હોકારો કરવો = બરાડો પાડવો.
૨. હોકારો દેવો = (૧) સામો હોકારો કરવો. (૨) હોકારો કરવો. (૩) હોકારો પૂરવો.
૨. પું. હં, હા એમ કહેવું તે; સંમતિસૂચક અવ્યય.
હોકારો પૂરવો = હો, આગળ ચાલો, એવું સૂચવવું.

હોકારોબકારો પું. ઘુમાટો; બરાડો.

હોકી ૧. સ્ત્રી. નાનો હોકો.
૨. [અં.] સ્ત્રી. વાંકી લાકડીઓ લઈને લાકડાનો દડો સામસામી તરફ મારવાની બે પક્ષ વચ્ચે રમાતી ગેડીદડાને મળતી એક વિદેશી રમત. આ રમતમાં ૧૧ ખેલાડીઓના બે પક્ષ પાડવામાં આવે છે. દરેક ખેલાડી એક છેડે વળેલો લાકડાનો દંડો રાખે છે અને તેનાથી સામેના લક્ષ્ય તરફ દડો હાંકવાને પ્રયાસ કરે

છે. જે પક્ષ વધારે વાર સામા લક્ષ્યને વટાવે તે જીતો કહેવાય છે તે રમવાનું મેદાન ૧૦૦ વાર લાંબુ અને ૫૫થી ૬૦ વાર પહોળું હોય છે. શરીરના કોઈ પણ ભાગ વડે આ રમતમાંના દડાને રમવાનો નથી. તેમ જ છેડે વાડો વાળેલ લાકડીને બબ્બાથી ઊંચી કરવાની નથી. આ રમત બરફ ઉપર પણ રમાય છે. એ વખતે રમનારા પક્ષમાં સાત અથવા આઠ રમનાર હોય છે

હોકીરો જુઓ હોકારો>હકારો.

હોકો ૧ [અ. હુક્ક (દાબડો)] પું. (વહાણવટું) ઉત્તરદિશા બતાવે તેવું લોહચુંબક ગોઠવેલું યંત્ર; હોકાયંત્ર.

૨. પું. તમાકુ પીવાનો હુક્કો; હુકો; હુબો

હોકો ભરીને હાલવું = ઉંમરની અણી પર હોવું; આખર સ્થિતિ પર આવી પડવું

૩ પું. તાડનું ફળ

૪. પું. ભૂરા રંગનું, રાતી પાંખોવાળું અને કાળા પૂછડાવાળું એક જાતનું પક્ષી

૫. વિ પું પ્રસંગ વગર કોઈનું શીખવેલું બોલી જનાર

૬. વિ પું. મૂર્ખ; અક્કલ વિનાનું.

હોગોકોરો પું. શોરબકોર; મોટો અવાજ.

હોજ [અ. હવઝ (જ્યાં હંમેશા પાણી ભરાઈ રહેતું હોય તે જગ્યા)] પું. પાણીનો કુંડ; સ્નાનાગાર; પાણી ભરી રાખવાને બાંધેલી તગારાવડી જેવી નાની ટાંકી; ટાંકલી

તારે હૈયે ભર્યા હરો **હોજ** રે મીઠી માત રે,
રહી સિંચી સદનમાં રોજ રે હેમને હાથ રે
રાસતરંગિણી

હોજટ ૧. સ્ત્રી. બડાઈ; ઓજટ.

૧. હોજટ મારવી–હાંકવી = તમાચો લગાવવો; ઝપટમાં લેવું

૨ હોજટમાં આવવું–આવું = ભૂતની ઝપટમાં સપડાવું.

૨. સ્ત્રી જમીનદાર અને ખેડૂત વચ્ચેનો વાર્ષિક હિસાબ.

હોજબંધ પું. એક પ્રકારની ચિત્રકાવ્યની રચના

હોજરંગું ન. એક જાતનું પરદેશી કાપડ.

હું તો જાયે રમું ને દેશી સામરે રે
મારાં **હોજરિયાં** સારી ભરી જાય રે
ગણપતિદરીનો રાસ

હોજરી સ્ત્રી ઓજરી, ઉદર; પેટ; જઠર; અન્નાશય. તેનો એક છેડો અન્નનળી સાથે અને બીજો આંતરણી સાથે સાંકળેલો છે. તેમાં ચુમારે ત્રણ રતલ ખોરાક રહી શકે છે. તે ખોરાકથી પૂરી ભરાઈ રહે ત્યારે તેની સંભાર્યા બાર ઇંચ થાય છે તે ખાલી થાય છે ત્યારે તે ઘણી જ સંકુચિત થઈને ઘણી ઓછી જગ્યા રોકે છે. હોજરીનો અંદરનો દેખાવ એક મખમૂલ જેવો છે. તેની દીવાલોમાં ઘણા જ સૂક્ષ્મ જઠરરસગ્રંથિઓ આવેલા છે. તેનો આકાર તૂંબડી જેવો હોય છે. મોંમાં જે ખોરાક મૂકીએ તે દાંતની ચક્કીમાં દળાવા માંડે છે. તેમાં મોંનું થૂક ભળે છે. બનાવેલો પદાર્થ પ્રવાહી કે અર્ધપ્રવાહી જેવો થાય એટલે તે ગળામાં આવેલી અન્નનળી વાટે હોજરીમાં ઊતરી જાય છે. અન્નનળી જુદી જુદી કડીઓની બનેલી હોય છે એટલે એક કડીમાંથી બીજી કડીમાં ખોરાકને જવા માટે ઉપલી કડી સંકોચાય છે અને સંકોચનો ધક્કો લાગવાથી તે નીચલી કડીમાં જાય છે. એમ પ્રત્યેક સંકોચવિકાસ પછી ખોરાક એકેક કડી નીચે ઊતરતો જાય છે. ગળામાંથી ખોરાક સીધો હોજરીમાં ઊતરી જતો નથી. સૂતાં સૂતાં કે ઊંચે માથે પણ ખોરાક ખાઈ શકાય છે. અન્નનળીની કડીઓવાળી રચનાને લીધે આમ બને છે મોંમા ખોરાક જો બરાબર ચવાય તો થૂકની મદદથી જ કોળિયો ખોરાક-પાસ કરીને પેલવાળો ખોરાક ત્યાં જ પચી જાય છે. જો ચાવવામા ઢીલાશ રાખવામાં ન આવે તો હોજરીના કામનો બોજો વધી જાય છે અને કેટલીક વાર તેમા ભંગાડો થવા પામે છે. ખોરાક હોજરીમાં જાય કે તરત જ લાલ એક મોટા વમળમાં પડે છે. અહીં તે ખૂબ વલોવાય છે હોજરીની ભીંતમાંથી એક જાતનો રસ આ વલોણામાં સિંચાયા કરે છે આ રસના પ્રતાપથી વલોખરો ખોરાક લાલ જ પચી જાય છે, એટલે કે લોહીમાં ભળી જવાને પાત્ર બને છે. પચેલો ખોરાક ત્યાંથી ઊપડી જઈ જ્યાં જરૂર હોય ત્યાં પહોંચી જાય છે; પણ જે ખોરાક જઠરરસથી પચ્યા વિનાનો રહ્યો હોય છે તે હોજરીના બીજા દ્વાર વાટે આંતરડામા દાખલ થાય છે.

હોજરું ન. પેટ; ઓજરું; ઉદર. તે તિરસ્કારમાં વપરાય છે.

હોજરું ભરવું = ખાવું; જમવું.

હોઝ [અ.] ન. ગરમ કે સુતરાઉ ઓઢવા સુંવાળું ઓઢણું.

હોઝિયરિ [અં.] સ્ત્રી. ગંજીફરાક, કાનટોપી, મોજાં વગેરે જેવો ગૂંથેલો માલ.

હોટલ જુઓ હોટેલ.

હોડિકા સ્ત્રી. મોટી હોડી.

રે અબ્ધિ લોટી નિધિ **હોડિકા** પું. પ્રેમાનંદ

હોટેન્ટોટ [અં.] પું. દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીની જાતનો આદમી.

હોટેલ ૧. [અં.] સ્ત્રી પૈસા આપી ચા, પાણી, નાસ્તો તથા જમવા વગેરે મળે એવું જાહેર સ્થળ; ચાખાનું, ચા પાણી વગેરે નાસ્તાની દુકાન.

૨. સ્ત્રી. વરપી હજામની પીંજી ને ઊતારો.

હોઠ [સં. ओष्ठ] પું. મોંની ફાડની ઉપર નીચેની જાડી ચામડી, ઓષ્ઠ.

૧. હોઠ કરડવા = મોઢામાં કોઈ પણ સ્વાદિષ્ટ વસ્તુનો સ્વાદ રહી જવો.

૨. હોઠ ખાટા કરી નાખવા = બહુ માર મારવો.

૩. હોઠ પપડવા = ધીરે બોલાવું.

૪. હોઠ ફફડાવવો = બબડવું.

૫. હોઠ બહાર તે કોટ બહાર = મોઢેથી જે વાત નીકળી ગઈ તે જાહેરમાં થવાની જ; વા વાત થઈ ગયા.

૬. હોઠ મેસા થવા = બડબડ હસવું.

૭. હોઠ રંગાવા = માર ખાવો

૮. હોઠ સાજા તો ઉત્તર હાજા = કરવી લડાઈ તો બોલવું આકું

૯. હોઠ હલાવવા = બોલવું.

૧૦. હોઠમાં ને હોઠમાં = કોઈ સાંભળે નહિ એમ; ધીમેથી.

૧૧. હોઠે આવી રહેવું = બોલવાની તૈયારીમાં હોવું

૧૨. હોઠે જોગણી પડવી = મૌન સેવવું.

હોઠવાચન ન. હોઠના હલનચલનને જોઈ કે સ્પર્શીને અંધ કે બહેરાનું બોલવું જાણવું તે.

હોઠસીસોટી સ્ત્રી. હોઠથી વગાડાતી સીસોટી.

નારંગી હાથે કઈ ગોકુલા કપૂતને રાહબરો નિહાળે છે: **હોઠસીસોટી** વગાડી બોલાવે છે. નાનાલાલ

હોડો પું. ચણતર કામમાં કે કાળીને બનાવેલ વસ્તુમાં રહેલ ગાંઠગૂંઠ; ચણતર કે કાળાના કામમાં જરાતરા બહાર પડતો નીકળેલો ભાગ.

હોડો લેવો = પથ્થરની ગાંઠગૂંઠ સફાઈ કરવી, હોરા સમારવા

હોઠ (હોઠ) ૧. સ્ત્રી. ધજારો; ઠેકો; કબાલો, કરારદાદ

૨. સ્ત્રી. કજિયો; વાદ.

૩. સ્ત્રી નાવ; હોડી; નૌકા.

૪. સ્ત્રી. શરત; આમ થાય તો આમ કરવું કે કરીશ એવી પ્રતિજ્ઞા; પણ; વચન; કરાર; કોલકરાર

ઉપાય કીધો મેં તો કરોઠ,
પાડ્યા કરવા સાથે **હોઠ**. પ્રેમાનંદ

૧. હોઠ અકબી મારવી = શરત કરવી

૨ હોડમાં ભરવું = શરતમાં હારવું

૫ જી મરસાઈ; બરોબરી; તુલ્યતા, હરીફાઈ

હોડકી (હોડકી) ૧ સ્ત્રી એક જાતની કૂદી જેમાં દડવું, ભીંજવું, હોડકું, દડકું, ઠેકવું, મૂલવું, રૂપ બનાવે નાહવું, ખાપવું, પ્રાણને સાકરૂ, પાડ ગ્રાહક તણા કેમ ગણીએ. ઘ.કસાહિત્ય

૨ સ્ત્રી. પણ જેમાં અંદરની વાળરૂપી

૩ સ્ત્રી. નાની હોડી

હોડકું (હોડકું) ૧. ન. નાની હોડી; પનાઈ, ના.૮.

૨ ન. ખોદવા બકડિયું

૩. ન. હોડકાનું. ખ.દનું પ્રાણગોળ કાચનું.

હોડજોડ (હોડ્જોડ) સ્ત્રી રપર્ધા; હરીફાઈ તમારી હોડજોડ કોઈથી થઈ છે મુનશી

હોડણું જુઓ હોડ્યું

હોડપદા (હોડપદા) કું (પિંગળ) એ નામનો એક અમહત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિહ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, રગણ અને ગુરુ મળી સાત અક્ષરો હોય છે

હોડપદા ભાગે. રઘુપિંગળ

હોડલી (હોડલી) ૧. સ્ત્રી. નાની હોડી.

૨. સ્ત્રી. હોડ; શરત.

પ્રેમ ધરીને સહેજે આવી કરતી **હોડલી** ચાળી રે. નરસિંહ મહેતો

હોડલું (હોડલું) ન. હોડી; નાવ.

હોડા (હોડા) સ્ત્રી એ નામની એક રાક્ષસી. ભવિષ્યોત્તર પુરાણમાં કુતાશની પર્વની ઉત્પત્તિ એવી વર્ણવી છે કે, હોડા નામની એક રાક્ષસીએ શિવનું તપ કરી એવું વરદાન મેળવ્યું કે, દેવોના દમિયા થી, દિવસે, રાત્રે, ઉનાળા, ચોમાસા કે શિયાળામાં મારું મરણ થાય નહિ. તેમ છતાં વરદાન આપતા શિવે કહ્યું કે, 'નથી ઋતુ બેસતા તોયાની છોકરાઓથી તને ભય છે'. પછી તે રાક્ષસીએ રઘુરાજાના રાજ્યમા પ્રજાના છોકરાને મારી નાખવા માંડ્યા લોકોનો કકળાટ થતા વશિષ્ઠ ઋષિએ તેમને કહ્યું કે, 'છોકરા પાસે લીંકડાં ઓગાવીને તેનો ઢગલો કરાવો ને તેમા મંત્ર ભણી અગ્નિ મૂકો, કે જેથી રાક્ષસી બળી મરે'. તે મુજબ સાધ્યા કાજે તે હોડા રાક્ષસી જેનું બીજું નામ હોલિકા હતું તે બળી મરી

હોડાહોડ (હોડાહોડ) સ્ત્રી ચડસાચડસી; રપર્ધા.

હોડિયું (હોડિયું) ન મોટું બકડિયું.

હોડી (હોડી) સ્ત્રી. મછવો; પનાઈ; નાવ; નૌકા, તરી; પાણીમાં મુસાફરી કરવાનું માછલાના આકારનું સાકડાનું સાધન. હિંદુશાસ્ત્ર પણ પ્રથમ મનુના વખતમાં હોડી હતી એમ બતાવે છે. ઋગ્વેદમાં પણ હોડી સત્તર પ્રકારની મળે છે ગંગા નદીમા જૂના જમાનાથી હોડીઓ ફરે છે.

હોડીખાનું (હોડીખાનું) ન. હોડી રાખવાનું મકાન

હોઠો ૧. કું ઓઠો; હોંઠ્ય.

૨ કું. મોજું; તરંગ; હોડ.

એ સાગરના હોઠાઓમાં નબી શકે ન. ક. કાગોર

૩ કું મોટી હોડી

હોણ કું. સારો ઉનાળો; તેજ; ગરમી.

આજ સાલ વરસમાં હોણ નથી ૯૬૫૨

હોણી સ્ત્રી. જે થવાનું હોય તે; હોવાપણું.

હોણું વિ થવાનું; બનવાનું.

હોતા ૧. [સં. હોતૃ] કું. અગ્નિ.

૨ કું. આત્મા. તે અગ્નિરૂપે છે માટે હોતા કહેવાય છે

૩. કું. ચાર માણેનો એક વર્ગનો ઋત્વિજ; યજ્ઞમાં મંત્ર ભણી આહુતિ હોમનાર બ્રાહ્મણ; ઋગ્વેદ અનુસાર કર્મ કરાવનાર ઋત્વિજ. તે યજ્ઞ વખતે ઋગ્વેદની ઋચાઓ બોલે છે. યજ્ઞમા તે મંત્ર ભણી અગ્નિદાન હોમાવે છે. ઋત્વિજના ચાર વર્ગ છે: હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા.

૪. કું. પરમેશ્વર, જેમણે તે જીવોને દેવા ભોગ્ય પદાર્થોના દાતા અને ગ્રહણ કરવા ભોગના માલિક છે

૫. કું. વાસ્તવિક રીતે તે ઋક્ વેદોથી ઋક્ સૂચક સાંકેતિક શબ્દ.

હોત્ર ૧. [સં. હુ (હોમ કરવો)] કું. અગ્નિ રાખવાનું ઠેકાણું; હવનનો કુંડ; વેદી.

૨. કું. (પુરાણ) એ નામનો પ્રિયવ્રતના દત્ત માણેનો એક પુત્ર અને સ્વયંભુવ મનુનો પૌત્ર. પ્રિયવ્રત વિશ્વકર્મા નામના પ્રજાપતિની બર્હિષ્મતી નામની કન્યાને પરણ્યો અને તેનાથી તેને અગ્નીધ્ર, યજ્ઞબાહુ, મહાવીર, સવિતરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, હોત્ર અને કવિ નામના દસ પુત્ર અને ઉર્જસ્વતી નામની કન્યા થઈ

૩. કું. ઘી વગેરે દ્રવ્ય હોમવાનું સાધન.

૪. કું. યજ્ઞાનુ; પ્રશસા.

હોત્રક કું. (પુરાણ) એ નામનો સોમવંશીય વિજયકુલોત્પન્ન કાંચન રાજાનો પુત્ર. તેનો પુત્ર જહ્નુ રાજા હતો.

હોત્રવાહન ૧ કું. (પુરાણ) એ નામનો કાશીનો એક રાજા; ઈલ્વલ્વનનો અસરો તેનું બીજું નામ સુજય પણ હતું. અંબા, અંબિકા વગેરે ત્રણ બહેનોનો એ આબે થાય

૨. કું. (પુરાણ) પાંડવોની સાથે દ્વૈતવનમા રહેતો એ નામનો એક ઋષિ

હોત્રિક [સં.] વિ અગ્નિહોત્ર કરનાર.

હોત્રી [સં હોત્રિન] વિ હોમ હવન કરી બલિ આપનાર

હોત્રીય ૧. [સં.] ન. હોમવાનાં દ્રવ્યો રાખવાનું સ્થળ.

૨ વિ હોમ કરનાર સબંધી

૩. વિ હોમના હિતનું

હોથલ સ્ત્રી. એક પ્રકારની જંસ તે પગાળની પધ્ધતી કહેવાય છે

હોદ્દેદાર ૧. [અ. ઉહદહ્ (જવાબદારી) + દાર (વાળુ)] કું અધિકારી; અમલદાર.

૨. વિ. હોદ્દો ધરાવનાર.

હોદ્દેદારી સ્ત્રી. હોદ્દાવાળા હોવું તે; અમલદારી.

હોદ્દો ૧. [અ. ઉહદહ્ (પદવી)] કું અધિકાર; સત્તા

હોદ્દો આંબવો = અધિકાર હોય તે જણાવવો.

૨. કું. અંબાડી; હાથી કે ઘોડા ઉપર રાજાઓ વગેરેને બેસવા માટે બનાવેલી સોના કે રૂપાની બેઠક. આ બેઠકમાં માથે છત્રી નથી હોતી અને અંબાડીમાં છત્રી હોય છે.

૩. કું. પદવી; ઓદ્દો; દરજ્જો; પાયરી.

૪. કું. માનભરતળો; મોભો.

૫. કું. મોટાઈની જગા; પદ.

૬. કું. સાજ; સામાન

હોન ૧. [હિં. હુન] કું એક જાતનો સોનાનો અસલી સિક્કો; નિષ્કનો મોટો ભાગ. તે શિવાજીના વખતમાં ચાલતો હતો. તેનું વજન ૬૬ તોલા બરાબર ગણાય છે

૨. [અં.] કું. ચપ્પુ વગેરે ઘસવાનો પત્થર.

હોનહાર ૧. સ્ત્રી. ભવિષ્ય; ભવિતવ્યતા; આગમ.

૨ વિ. નમ્ર, સાલસ

૩. વિ. બનનારું; બનવાનું હોય તેવું.

હોનાર ૧. કું. શાપ

જયવિજયને **હોનાર** છે કોળે ભરાયા છે આજ, હાણ હવે કહો શું થવાની **હોનારી** ગ્રો હોય. બલ્લભદાસ

૨. વિ. થનાર; બનનાર; ભાવિ.

ભોજ ભોજ્યા જે રાજણે ઝાઝા જતે બલરાય ઘરો, નિજે નાર નભડું નથી, **હોનાર** હતો તેવું થરો.

હોનાર પદારથ આગળ કોઈ ઢાલું નથી = દૈવ આગળ કોઈનું ચાલતું નથી.

હોનારત ૧. સ્ત્રી અકરમાત; બનનાર કે બનેલો અણચિંતવ્યો બનાવ; દૈવયોગ ઘટિત; વિપદ; વિપત્તિ.

૨. [ઇ] સ્ત્રી. નુકસાની; પાયમાલી.

૩. સ્ત્રી ભવિષ્ય, અવિતવ્યતા; બનનાર બનાવ

હોપવાચનમાળા સ્ત્રી હોપે બનાવેલ ગુજરાતી વાચનમાળા. ઓગણીસમી સદી માહેની ભારતવર્ષની વાચનમાળાઓમાં તે સર્વોત્તમ હતી. હોપવાચનમાળાની પરમ લક્ષ્મી હતી દલપત કવિના સમસ્ત ભારતવર્ષીય ભાષાઓમાંની વાચનમાળાઓની ગુણપરીક્ષક કમિટી વડી સરકારે ૧૮૮૪માં નીમી હતી અને એ પરીક્ષક કમિટીએ હોપવાચનમાળાને વાચનમાળાઓનો મેર ઉચ્ચારી હતી. હોપવાચનમાળા કમિટીની ગુજરાતબાણીની રમ.૨૬ છબી છે. એ ઐતિહાસિક રમારક છબીમા હોપનો જમણે અંગે દલપતરામ છે તે ડાબે અંગે છે રા સા. મોહનલાલ જવરી. ઉપર રા. સા. ભોગીલાલ પ્રાણજીવનદાસ, દુર્ગારામ મહેતાજી ને રા સા. મહીપતરામ છે ને નીચે રા સા. પ્રાણલાલ મથુરાદાસ અને રા સા. મયારામ શંભુનાથ છે. સપ્તર્ષિમંડળની વચ્ચે ધ્રુવની પેઠમ વચ્ચોવચ્ચ વાચનમાળા કમિટીના પ્રમુખ સર બિમ્સોરે હોપ બેઠેલા છે નવયુગનો જ્ઞાનોદય ગુજરાતે ત્યારે થયો હતો કમિટીના સભ્યોને નિરનિરાળા પાઠો લખવાના હતા. રાવસાહેબ મોહનલાલે સામાન્ય જ્ઞાનના અને અર્થશાસ્ત્ર સંબંધી પાઠો તૈયાર કરવા; રાવસાહેબ મહીપતરામે નીતિ સંબંધી પાઠો લખવા; રાવસાહેબ પ્રાણલાલભાઇએ ઇતિહાસના પાઠો લખવા અને રાવસાહેબ મયારામે પ્રાણીવનસ્પતિના પાઠ રચવા અને દલપતરામભાઈએ દાખલા કરવા જોગ કવિતા બનાવી આપવાનું હતુ. પાઠોનો અનુક્રમ ગોઠવવાનુ કામ રાવ સાહેબો મોહનલાલ અને મહીપતરામને માથે હતું બુક કમિટીની ઓફિસ ટ્રેનિંગ કોલેજના એક ખંડમા બેસાતી. સવારના દસથી સાજના પાંચ સુધી દરરોજ કામ ચાલતુ પ્રત્યેક પાઠ ચાર ચાર વાર વંચાતો ને સોનાની પેરે શોધાતો પ્રથમ કમિટીમા વંચાય; પછી મિ. હોપ વાંચે ને સુધારે એ સુધારેલા પાઠ ફરીથી કમિટીમા વંચાય અને મિ. હોપ ફરી વાંચીને મંજૂર કરે જૂનથી ઓક્ટોબર સુધીમાં વાચનમાળાનો પોણોક ભાગ એમ લખાયો. પહેલી ચોપડી તૈયાર કરતાં જ રા. સા. મહીપતરામને ત્રણ મહીના લાગ્યા હતા., મિ હોપે ઉચ્ચારની અને આ દેશની સ્કૂલોમા ચાલતી જુદી જુદી આઠ વાચનમાળાઓ એકઠી કરી હતી. તેમાં સીરૂવલ્લ નામે ચાલતી અંગ્રેજી વાચનમાળા વધારે ઉપયોગી થઈ પડી હતી, છપાતાં પૂર્વે ફેળવણી ખાતાના ગુજરાતી ટ્રાન્સલેટર સુરતવાસી રેવરન્ડ જ્હાસમોની મજૂરી મિ. હોપ સુરત જઈને લઈ આવ્યા હતા વાચનમાળા તૈયાર થયે છપાવવાનું કામ રા.સા. મોહનલાલને સોંપાયુ હતુ.

હોક [અ. ખોક] સ્ત્રી ખીક; ધારતી; ભય
આ પ્રસંગે નાવિકના ફેસ એમ સખી તહેની હોક ભાગે છે. —સમરકારક

હોબાળો ૧ પું. ઊંધિયા ઉપર મૂકેલું તાપન ભડકુ; ઓબાળો

૨. પું. મોટો ધોંધાટિયો બનાવ; મોટી ધુમરાવ; ધુમાટો.

૩. પું. લોકોમાં બાહેરાત, ચર્ચા કે ફજેતી.

હોબ્બી [અં.] સ્ત્રી. સારી ટેવ; આદત.

હોમ ૧. પું. ઉપસી આવેલો ભાગ.

૨. પુ. (પિંગળ) એ નામનો એક વિમાત્રાલિ માત્રામેળ છંદ તે રાવજરુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ, ૫૮ લઘુ મળી ૭૨ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

૩. [સં. પુ (હોમ કરવો)] પું. દેવતાને ઉદ્દેશીને મંત્ર બોલીને અગ્નિમાં ઘી વગેરે હુત દ્રવ્યને નાખવું તે; હુત દ્રવ્યનું અગ્નિમાં પ્રક્ષેપણ; હોમવાનું કર્મ અને તેનો લગતો વિધિ, હવન; યજ્ઞ

૪. પુ. (જરથોસ્તી) પારસીઓનો એ નામનો એક દેવ.
પ્રાચીન પારસીઓના ઋગ્વેદમાં પણ મૂત્ર અને તેના પેટમાંના રસ વારા તેને હોમ (સોમ) નામે દેવ અને તેની કરતી એવું રૂપ આપેલ છે. —જ્યોતિર્વિલાસ

૫ પું. શક્તિની ઉપાસનાનાં પાંચ મકારનું એક ઉપાંગ. આ ઉપાંગો જપ, હોમ, તર્પણ, માર્જન અને ગણભોજન ગણાય છે.

૬. પું. ગ્રાહકને લાગેલ ગાળણનો દાગ

૭. પું. સોમ નામના રસનું બીજું નામ. પારસીઓના ધર્મગ્રંથ અવસ્તામાં સ ને બદલે હ વાપરવાનો રિવાજ છે સોમને બદલે હોમ કહેવાય છે.

૮. [અં.] ન. ઘર.

હોમકુંડ [સં.] પુ હોમનો કુંડ; જે ચોરસ નાના ખાડામાં હોમ માટે અગ્નિ પ્રકટાવવામાં આવે છે તે; યજ્ઞકુંડ.

હોમ મિનિસ્ટર [અ પુ ગૃહપ્રધાન

હોમર ૧ પુ એ નામનો એક જાતનો મોતિના રંગનો ચુલાળનો બાઉ તને બારે મ.મ કુલ થાય છે

૨. [અં] પું. એ નામનો ગ્રીસ દેશનો એક મહાન કવિ. તે અંધળો હતો તેણે ઇલિઅડ અને ઓડેસી નામના વીરરસનાં કાવ્યો લખ્યાં હતાં. હોમર કવિના જીવન વિષે આજે જે કંઈ જાણવામા આવ્યુ છે કેટલાક તો એ ન થયો હોય એમ માને છે અને એને એક પૌરાણિક વ્યક્તિ માને છે પણ કાવ્યો રચવાનું તેને માન આપવામાં આવે છે. પણ સામાન્ય મત એ છે કે તે ક્રિસ્તીસન પૂર્વે ૧૨૬૦ થી ૮૫૦ વચ્ચે થઈ ગયો. તેની જન્મભૂમિ તરીકે સાત શહેરનાં નામ આપવામાં આવે છે, સ્મર્ના, રહોડ્સ, આર્ગોસ, સ્પાર્ટા, આથેન્સ, પ્રેસ્ટોહોન અને સાઇપ્રસમાં આવેલું સેંલમીસ. તેણે પોતાનાં કાવ્યો ગાતાં ગાતાં ભમણ કર્યાનું પણ મનાય છે. દુનિયાનાં મોટામાં મોટાં વીરરસ કાવ્યોમાંના બે હોમરે લખ્યાં છે આ બંનેનાં અંગ્રેજીમાં ઘણાં ભાષાંતર થયાં છે.

૩ ન. એક જાતનું ગુલાબનું ફૂલ. તે ચળકતા ગુલાબી રંગનું અને વચમાં સફેદ હોય છે

હોમરૂલ [અં] ન. પ્રજાસત્તાક રાજ્ય; સ્વરાજ; દેશમાંથી નિમાયેલ માણસોને સોંપવામાં આવેલી રાજ્યસત્તા. ઈ. સ. ૧૮૭૩મા આયર્લેંડ જાહ નામના માણસે આ શબ્દ શોધી કાઢ્યો છે તેનો અર્થ સ્વરાજ થાય છે.

હોમવું ૧ સ ક્રિ. ઉછાળીને અગ્નિકુંડમાં નાખવું; અગ્નિમાં આહુતિ આપવી; પ્રજ્વલિત અગ્નિને અર્પણ કરવુ.
જીતામાં થી હોમવુ = ઉશ્કેરવું; ઉત્તેજન આપવુ

૨ સ.ક્રિ. ચડાવવું; વધેરવું; દેવાદિને બલિ તરીકે આપવુ

૩. સ ક્રિ જોખમમા નાખવુ; પચાતમાં પડે કે જોખમમાં મૂંઝવાય એમ બનવા વિચારે કોઈને કોઈ બાબતમાં ઉતારવુ.

૪ સ ક્રિ. ખપાવવુ.

હોમશાલા ૧. સ્ત્રી અગ્નિકુંડ રાખવાની જગ્યા.
૨. [સં.] સ્ત્રી. હોમ માટેનો ઓરડો; જે સ્થળે હોમ કરવામાં આવતો હોય તે સ્થળ

હોમશાળા જુઓ હોમશાલા

હોમહવન ૧ [સ] ન. યજ્ઞ
૨. પું. હોમમાં બોલાતો ઓમ્ હવન માટેનું હવિષ્ય.

હોમાગ્નિ [સ] પું હોમ કે હવનનો અગ્નિ

હોમાત્મક [સ] વિ. જેમાં હોમ કરવાનો હોય એવું

હોમાવવું ૧. સ ક્રિ આકૃતિ અપાવવી.
૨. સ ક્રિ. ખપડામા નખાવવું; હોમાય તેમ કરવું
૩. સ ક્રિ. વધેરવવું

હોમાવું ૧ સ ક્રિ અગ્નિમાં આકૃતિ અપાવી
૨ સ ક્રિ ખંપલાવું, ખપડામાં પડવું

હોમાશ્ત જ્ઞા (જ્યોરતી) મરનુ પેનલ, અથવા છતની સ્ત્રીઓની બાદમાં કે માનમાં કરવામાં આવતી એ નામની એક ક્રિયા. તેમાં વમળવાળ પણ કરે છે

હોમિયોપથી [અં] સ્ત્રી જે પ્રકારનો રોગ હોય તેને તે જ પ્રકારનું ઓસડ આપવાની વૈદ્યક વિદ્યાની સુધારવાળી નવી રીત; રોગોપચારની એક પદ્ધતિ ઈ.સ. ૧૭૯૬માં જર્મન વૈદ્ય હાનેમેને તેની શોધ કરી મનાય છે.

હોમ્ય [સં] વિ. હોમમાં આકૃતિ આપવા જેવું.

હોય જ હશે; ખેર

હોર સ્ત્રી. ઢોરના ટોળાને ચરવા લઈ જવું તે.

હોરમત [પ્રા હુરમત] સ્ત્રી માન; ઇજ્જત, આબરૂ
તે જ ખરે તે પોતાની આખી દોલત, દુનિયા અને હોરમત તેણીના પગ આગળ રેલી દેખાને તૈયાર જ બનતે મુંબઈ સમાચાર

હોરવું સ ક્રિ ચહોરવું

હોરંભા ન (સંગીત) એક પ્રકારનું વાદ્ય

હોરા ૧. [સં.] સ્ત્રી અડી દહાડાનો ગાળો કે સમય.
૨. સ્ત્રી એક રાશિ કે ગ્રહનો અર્ધો ભાગ; ગ્રહાદિ રાશિનો અર્ધકાળ; કુંડલી માંહેના લગ્ન અથવા ગ્રહનો અર્ધો ભા.ગ. આ શબ્દ અહોરાત્ર શબ્દમાંથી પહેલો અ અને છેલ્લો અક્ષર ત્ર ગેરી જવાથી બન્યો હોય એમ લાગે છે.
૩ સ્ત્રી. (જ્યોતિષ) કલાક; અડી ઘડી જેટલો વખત; દિવસનો ચોવીસમો ભાગ. આખા દિવસમાં બાર હોરા ભોગવે છે તેમ જ રાત્રિની પણ બાર હોરા જાણવી. એ રીતે રાત દિવસની મળીને ૨૪ હોરા થાય.
દિવસના ચોવીસ ભાગ કરીને તે પ્રત્યેક ભાગને હોરા એ સંજ્ઞા અપાય છે. જ્યોતિર્વિલાસ
૪ સ્ત્રી જન્મકુંડળી કે તે ઉપરથી ભવિષ્ય ભાખવાની વિદ્યા
૫. સ્ત્રી. ભવિષ્ય.
૬. જ્ઞા રેખા, ચિહ્ન.
૭ જ્ઞા. લગ્ન; સચિરાળ.

હોરાકુંડલી સ્ત્રી. (જ્યોતિષ) જેના મુખ્યત્વે કરીને ધનની બાબત જણાય છે તે કુંડળી. તેમાં પહેલા અને બીજા ભાવમાં ગ્રહો આવ્યા હોય તો ધારું સુખ મળે. પહેલા અને બારમા ભાવમાં ગ્રહો હોય તો ધનસુખ અલ્પમ મળે તેમાં બારમા સ્થાનમાં વધુ ગ્રહો હોય તો નિર્ધન અને દરિદ્રી થાય અને બીજા ભાવમાં વધુ ગ્રહો હોય તો ધનવાન થાય

હોરાચક્ર [સં] ન. જ્યોતિષ કુંડલી ઉપરથી સંપત્તિ જાણવા કરેલું ગણન

હોરાત્મક [સ હોરા (કલાક) + આત્મક (વાળું)] વિ. કલાકના રૂપમાં હોય એવું.
તારાઓનો વિભાગ હોરાત્મક અર્થાત કલાકના રૂપમા આપવામાં આવેલ છે જ્યોતિર્વિલાસ

હોરાનાડીમંડલ (હોરાનાડીમડલ) જુઓ હોરાચક્ર

હોરાવું ન. હોળીમાં બાળવા માટે કરાતું નાના વીંધવાળું ગોરસ અથવા મોળ છાણું.

હોરારેખા [સં.] સ્ત્રી. કલાક કે હોરા બતાવતી લીટી

હોરાવૃત્ત જુઓ હોરાચક્ર.

હોરાશાસ્ત્ર ન. જન્મકાળ ઉપરથી ફળ જાણવાની પદ્ધતિ.

હોરાસાંકળી સ્ત્રી. એ નામનું ઘરેણું એક ઘરેણું.

હોરી ૧. જ્ઞા. (સંગીત) એ નામનો ચૌદ માત્રાનો એક તાલ. તેમાં પહેલી, ચોથી અને અગિયારમી માત્રા ઉપર તાલ આવે છે. તેને પ્રકાર પણ કહે છે.
૨. જ્ઞા બાજરીના પૂળાની મોકલેલી ગંજી.
૩. સ્ત્રી. ભાવણી હજે બતાવી એક રાગિણી. તે હોળીના દહાડામાં ગાવામાં આવે છે.
૪. જ્ઞા. વહોરાની સ્ત્રી; વહોરી

હોરો ૧. પું ઉમગ; ઉત્સાહ.
૨. પું. દેખાદેખી; રખપ; ચાદ
૩. પું. બાળકનો કોઈ ચીજ માટે કે કયાંય જવા માટેનો કજિયો.
૪. પું. મન; ઇચ્છા; મરજી.
૫. પુ. વહોરો; વહોરા કોમનો આદમી.
૬. પું. હક; હત; હકીકાર્ય; જક; દુરાગ્રહ.
હોરો કરવો = હઠ લેવી; હઠ કરવી.

હોર્ન [અં] ન. મોટરમાં અવાજ કરવાનું એક જાતનું ભૂંગળું; મોટરનું ભૂંગળું. આ ભૂંગળું એક રબ્બરનો પરપોટો દબાવવાથી વાગે છે. તેથી લોકો મોટરનો માર્ગ ચોકખો કરી આપે છે.
હોર્ન મારવું = હોર્ન વગાડવું

હોર્સપાવર ૧. [અં] સ્ત્રી એક એંજિન બીજા એંજિનથી કેટલું વધારે કામ કરે છે તે બતાવવાનું એક જાતનું માપ. આ માપ દાખલ કરનાર જેમ્સ વૉટ હતો. એક ઘોડો કાયમ કેટલું કામ કરી શકે છે એ અનુમાન કરી વૉટે તે કામને ધોરું કર્યું કે જેથી તેનું માપ વધારે સાચું આવે. એક હોર્સપાવર એટલે ૩૩,૦૦૦ ફુટ પૌંડ કામ એક મિનિટમાં કરવાની શક્તિ કામના ૧ ફુટ પૌંડના સરવાળાને ૩૩૦૦૦ થી ભાગવાથી હોર્સપાવર નીકળે છે
૨. સ્ત્રી ઘોડાનું બળ
૩. સ્ત્રી. ૫૫૦ રતલ વજન એક ફુટ ઊંચી ઉઠાવવાની શક્તિ

હોલ [અં] પું. મોટો ઓરડો; ખંડ

હોલડી (હોલ્ડી) સ્ત્રી. હોલાની માદા

હોલદોલ ૧ [પ્રા.] વિ ડામાડોળ; તરંગી; અસ્થિર; ઘડીઘડીમાં વલણ બદલનાર; મગજ ખસી ગયા જેવું
૨. વિ. ઓળું.

હોલમાર્ક્સ [અં.] સ્ત્રી. બ. વ. સોના અને રૂપાની જાત બતાવવા માટેની અમુક જાતની નિશાનીઓ. કાઉંટના સિક્કા ઉપર ૨૨ એમ લખવામાં આવે છે તે બતાવે છે કે સોનું ૨૨ કેરેટનું છે. એટલે કે ૨૨ ભાગ સોનું અને બે ભાગ મિશ્રણ છે ઇગ્લંડમાં તેરમા સૈકામાં આવાં ચિહ્નો દાખલ કરવામાં આવ્યાં હતાં. સોની અને ઝવેરાત ઓકોએ પહેલી આ પ્રથા દાખલ કરી હતી. આ ચિહ્નો કેટલીકવાર ધાતુની પાટ બનાવનારનાં ચિહ્નો હતાં. કેટલાક પ્રાંતનાં મુખ્ય શહેરોને આવાં ચિહ્નના ખાસ અધિકાર હોય છે સિંહ છાપ ઈ. સ. ૧૫૫૪માં દાખલ કરવામાં આવી હતી ઈ સ. ૧૭૮૪ થી ૧૮૬૦ સુધી રાજાની આકૃતિની છાપ લગાવવામાં આવતી.

હોલમિયમ [અં.] સ્ત્રી. એ નામની એક ધાતુ. આ ધાતુ જ્વલ્લે જ મળે છે. તેનો અણુભાર ૧૬૩૦૫ છે. આ ધાતુની શોધ ૧૮૭૯માં થઈ હતી.

હોલવણ ન. હોલાવું, હોલાઈ જવું તે.

હોલવવું ૧. સ. ક્રિ. ઓલવવું, બૂઝવવું; શાંત પાડવું; ટાઢું કરવું.
૨. સ ક્રિ. પતાવવું; રામાવવું.
જગતના ઓ જગતા જોગીરાજ !
બન્દ-યે ખુદા ! આવ ને બેટ,
અને હોલવ ખુદાઈ જલ્દી,
જહાંગીરના હૈયામાની હોળી.

હોલવાનું ૧ અ. ક્રિ. ઠરી જવું; બુઝાવું, શાંત પડવું

૨ અ. ક્રિ. પતવું; સમવું

હોલા ૧. પુ (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં નગણ, મગણ અને ગુરુ મળી સાત વર્ણ હોય છે

ન મ ગ થી હોલા છે

રણપિંગળ

૨ પુ એક જાતનો ઘોડો

હોલા હારડા રંપડા સરસ.

રાસલતા ચુંનડ. વિમલપ્રબંધ

હોલાણ ૧. ન. કૂવાનું પોલાણ, ઓલાણ

૨ ન. દોલવણ; ઓલવાઈ જવું તે; હોલાઈ જવું તે

હોલાવવું ૧ સ. ક્રિ. ઠારવું પાડવું; બુઝવવું; શાંત પાડવું

૨. સ. ક્રિ પતાવવું; સમાવવું

હોલાવું ૧. અ. ક્રિ. પતાવું; સમાવું

આખોનાં તેજ બે હોલાવ્યાં. નાનાલાલ

૨. અ. ક્રિ. બુઝાવું; શાંત પાડવું; ઓછું થવું; ઓલવું

હોલારા પું. ઉલ્લાસ; ઊમળકો; આનંદનો ઊભરો.

અદેતાઓએ હોલારો કરી કીધા નમસ્કાર.

પ્રેમ.નંદ

હોલાષ્ટક [સં.] ન. હોળીનું અઠવાડિયું.

હોલાષ્ટક ફાગણ શુદ આઠમથી શરૂ થાય છે

હોલિકા ૧. સ્ત્રી એ નામની એક રાક્ષસી; હિરણ્યકશ્યપની બેન.

૨. [સં.] સ્ત્રી. ફાગણ સુદિ પૂનમને દિવસે આવતો એ નામનો એક તહેવાર; હોળી; હુતાશણી.

હોલિકોત્સવ [સં. હોલિકા (હોળી) + ઉત્સવ (ઓચ્છવ)] પું. હોળીનો તહેવાર; વસંતોત્સવ; હોળીનો ઉત્સવ; હોળીના દિવસોમાં ઊજવાતો ઓચ્છવ.

હોલી ૧. સ્ત્રી. હોલાની માદા; કપોતની માદા.

૨ [સ હોલિકા] સ્ત્રી હોળી; ફાગણ સુદિ પૂનમનો ઉત્સવ.

હોલીઉં ન એક જાતનું હથિયાર. દરજ્જો કોટ ખમીસ વગેરેમાં કડીવાળાં બટનો માટે અને નાનો ગોળ ગાજ પાડવા માટે આ હથિયાર વપરે છે. આ શબ્દ અંગ્રેજી શબ્દ હોલ ઓટલે દ.વું ઉપરથી ગુજરાતીમાં ઊતરી આવ્યો છે.

હોલીઆં (હોલીડાં) ન. બ. વ. છોકરીઓ હોળીમાં નાખવાનાં કાણાંવાળાં છાણાં થાપે છે તે.

હોલીરે ૧. [અં] પું. તહેવાર.

૨. પું. ફુરસદનો વખત.

હોલીવૂડ [અં.] ન. અમેરિકનો એ નામનો એક ગ્રામવિસ્તાર. હોલીવૂડ નામે બરોબર કોર્પ નામ નથી કે સરકારી 'યુનીટ' પણ નથી. "હોમ ઑન્જેલીસ" નામના એક ડીકડીક મોટા શહેરનો એ ગ્રામવિસ્તાર છે. આ વિભાગનું પોસ્ટલ ઍડ્રેસ તેમ જ ટેલિફોન ઍક્સચેઇન્જ એ બેઉ હોલીવૂડ નામ ધરાવે છે. સાંતી હવા સાધારણ સારી છે વર્ષના મોટા ભાગ દરમિયાન ત્યાં વરસાદ પડે છે. સાંજના ભાગમાં રોજ ઠંડકનું વાતાવરણ પ્રસરી જાય છે. ઉષ્ણતામાન વર્ષમાં કોઈ પણ વખત પચાસ અંશથી નીચે જતું નથી. હોલીવૂડ બરોબર એક સુંદર બેટ સરખું છે. તે પર્વતો, ટેકરીઓ, નદીઓ તેમ જ ઝુંપા ઝાડોથી ઘેરાયેલું છે. સાંનું પ્રકૃતિસૌંદર્ય નયનરંજક છે ત્યાં છએક માઈલના વર્તુળમાં એક નાનો અને સાત મોટા એમ આઠ સ્ટુડિયો આવેલા છે ઉપરાંત સ્વતંત્ર નિર્માતાઓ પણ આ સ્ટુડિયોની સગવડનો લાભ લે છે. મોટા સ્ટુડિયોમાં ચિત્રાંકન માટેની બધી જ સગવડો હોય છે. મોટા ભાગની ઓફિસો પણ સ્ટુડિયોની અંદર જ આવેલી છે. કોઇક સ્ટુડિયોનો વિસ્તાર સાતસો ત્રણસો પચાસ એકરનો છે સ્ટુડિયોમાં અનેક 'સાઉન્ડ સ્ટેજો' તેમ જ 'આઉટ ડોર' દૃશ્યો ઝડપવા માટે નાના મકાનો, ગલીઓ અને રસ્તાઓ પણ હોય છે. પટલીનું નાનું ગામડું કે હજારો વર્ષની જૂની પ્રમાણનો પણ સ્ટુડિયોમાં જ ખડી કરવામાં આવે છે. આવા સ્ટુડિયોના જગીચામાં માળીઓ અનેક પ્રકારનાં ફૂલો ઊગાડે છે. સ્ટુડિયોમાં વિશાળ ફિલ્મ લાયબ્રેરીઓ પણ હોય છે. દરેક સ્ટુડિયો પોતાનું આગવું બંબાખાનું તેમ જ પોલીસ સ્ટેશન ધરાવે છે. હોલીવૂડનો મોથી મોટો સ્ટુડિયો મેટ્રો ગોલ્ડવીન મેયરનો છે. તેમાં પણ હજાર માણસો કામ કરે છે.

હોલું ૧. ન ઘૂ ઘૂ ઘૂ એવા અવાજથી બોલતું કાબર જેવડું ભૂખરા રંગનું એક પક્ષી; કપોત; હોલો

કામડા બજતાં હોલાં કાંઠે,
હરિનો તો જડે નહિ આરે. ધોરે.

૨. ન. રાંપડી હાથમાં ઝાલવાનું લાકડું.

૩. વિ. ગરીબ; સ્વભાવનું રાંક; પામર; કોઈ પક્ષના પ્રભાવમાં દબાઈ જતા તેવું; મજરું.

હોલેદિલ ૧ [સા હોલ (ભય) + દિલ (મન)] વિ. અસ્થિર કે ચંચલ ચિત્તવાળું; મજબૂત વસેલું.

૨. વિ. બોળું; સાહસ હરદમનું.

હોલેદિલી [સા.] સ્ત્રી. હોલેદિલપણું, મજબૂત વસેલ હોવાપણું

હોલો ૧. પુ ઓલો; ચૂલાની ઝાળ અને તાપ જાય એવો તેની જોટેની બખોલ

આગલાના બળબળતા ચૂલામાંથી સસાર મોહ તમના ભડભડતા હોલામાં પડે છે

નાનાલાલ

૨ પું કબૂતરથી સહેજ નાનું રાખોડિયા રંગનું એક પંખી; કપોત; જંગલી કબૂતર; ચિત્રપક્ષ; કલધ્વનિ; રફૂટ સ્વન. તે ઓરડા ઉપર બોલે તો અપશુકન ગણાય છે. તેની માદાને હોલી કહેવામાં આવે છે

હોલાનો તરપખડો = પોતાનું નિવાસસ્થાન.

૩. ન. કડિયાનું એક ઓજાર; પટલી; હાથાવાળી ત્રિકોણાકારની ટીપણી.

હોલોરાણો પું. એ નામની એક દેશી રમત. તેને ચોર કાંબડી, હોલેહોલે, મારે ઓરડે કોણ ચડ્યુ એમ પણ કહે છે. રમનાર બે છોકરા એક બીજાની વિરુદ્ધ દિશામા મોં કરીને એક બીજાના વાંસા અડકાડી ઊભા રહે છે. પછી એક જણ બાજા ઉપરથી બીજાના હાથ પકડીને તેને પોતાના વાંસા ઉપર સુવાડે છે અને તે બે જણા સવાલ જવાબ કરે છે. ભા.૨ ઉપાડનાર છોકરો કહે, મારા ઘર ઉપર કોણ ચડ્યુ એ? સુતાર છોકરો કહે, હોલોરાણો. ઉપાડનાર કહે ક્યાં સૂએ? સુતાર કહે, તારા ઉપર. ઉપાડનાર કહે, ઊતર હોલા મારો વારો એટલે સુતાર છોકરાને ઉતારે છે. પછી સુતાર છોકરો ઉપાડનારને પોતાના વાંસા ઉપર લે છે અને તે પણ ઉપર પ્રમાણે બોલે છે. આ રમત ગુજરાતમાં રમાય છે.

હોલ્કર ૧. પું. ઇંદોરમાં રાજ્ય કરતા મરાઠાની એક જાત

૨. ન. ઇંદોરમાં રાજ્ય કરતા મરાઠાની એક જાતનું માણસ

૩. વિ. ઇંદોરમાં રાજ્ય કરતા મરાઠાની એક જાતનું.

હોલ્ડર ૧. [અં.] ન. લખવા માટેની ટાંક રાખવાનું લાકડા વગેરેનું બોખુ કે સાધન.

૨. ન. વિલાયતી દવની ટાંકવાળી કલમ.

૩. ન. બીજાનો કાચનો પોટો રાખવાનું સાધન

૪. વિ ધારણ કરનાર.

હોલ્ડોલ [અં] ન. મુસાફરીમાં બિસ્તરો પલાદિ લપેટી લાંબુ જવાની એક બોળ જેવી બનાવટ.

હોવાટ પું. મજરાટની દોડાદોડ.

હોળી

હોવાપણું ન હોવું તે; અસ્તિત્વ; ઉપસ્થિતિ.
અસત્‌નું હોવાપણું જ નથી. કલાપી

હોવાવું ૧ અ ક્રિ ગભરાટમાં આમતેમ દોડવું, સંતાવું.
૨ અ ક્રિ. મૂંઝાવું; ગૂંચવાવું; અકળાવું, ગભરાવું.

હોવું ૧. અ ક્રિ થવું, બનવું.
૨. અ ક્રિ ઉપસ્થિતિમાં આવવું.

હોવે અ ક્રિ.

હોશ ૧ [સં.] સ્ત્રી ઇન્દ્રિયોનું ઉત્તમ ભાન
૨ સ્ત્રી ભાન, ચેતના, સ્મૃતિ
હોશ ખાટા થઈ જવા = મન ઊતરી જવું.
૩. સ્ત્રી શક્તિ, બળ, સત્ત્વ, તેજસ્વિતા, સ્ફૂર્તિ
૧ હોશ ઊડી જવા = નાઉમેદ થઈ જવું; નિસ્તેજ થઈ જવું, નિરાશ બની જવું, બીક કે આઘાતથી સ્તબ્ધ જેવી રહેવું
૨ હોશમાં આવવું = સ્વસ્થતા પામવી, ભાન આવવું
૪ સ્ત્રી હોશિયારી

હોશકોશ પુ બ વ ભાન, હિમ્મત, ચેતના

હોશઆમ સ્ત્રી જરૂરીયાત, મજબૂરી કરવાની એ નામની એક જાતની ઓક્ટ

હોશિયાર ૧ વિ આવડતવાળું, કારીગર
૨ [સ્ત્રી] વિ કુશળ, નિપુણ, કુનેહબાજ; ચતુર; પ્રવીણ, ચાલાક.
૩. વિ. સમજુ; બુદ્ધિશાળી.
૪ વિ સાવધ, ઉપલપક્ષવાળું, સાવચેત, ખબરદાર. હોશિયાર રહેવું = સાવધ રહેવું.
૫. સ્ત્રી. કવાયતમાં તૈયાર રહેવાનો હુકમ.

હોશિયારી ૧ સ્ત્રી ચાલાકી, કારીગીરી.
૨. [સ્ત્રી] સ્ત્રી. ખબરદારી; સાવધપણું
૩. સ્ત્રી નિપુણતા, કાબેલિયત, હોશિયારપણું; ચતુરાઈ
૧. હોશિયારી કરવી-દાખવવી-બતાવવી-મારવી = ડહાપણ મારવું.
૨ હોશિયારી રાખવી = સાવધ કે ખબરદાર રહેવું.

હોસ્પિટલ [અં] સ્ત્રી. દવાખાનું, ચિકિત્સાલય; ઔષધશાળા; રોગનિવારણશાળા.
એમ ન સમજવું કે હિંદુસ્તાન હોસ્પિટલોથી ભરેલું છે મહાદેવ દેસાઈ

હોહા ૧. સ્ત્રી કોઈ વાતને જાહેર કરી દેવી તે; જાહેરાત; કોઈ વાતની ઠેઠ-છેક ઠેઠ-છેક ચર્ચા કરવી તે.
૨. સ્ત્રી. ખળભળાટ; ગભરાટ
૩ સ્ત્રી ધાંધાટ, ગડબડ, ધાંધલ, ધમાલ, શોરગોર; ધૂનાધૂમ
૪ અ હોહા એવો અવાજ

હોહાકાર વિ ગભરાટ, ત્રાસ, હોહા.

હોહાટ પુ. ગડબડ; શોરબકોર; હોહો કરી મૂકવું તે, માણસોનું ધ્યાન ખેંચે એવો અવાજ કરવો તે

હોળબંધી સ્ત્રી. ઢોરની સંખ્યા પર લેવાતા મહેસૂલની પદ્ધતિ આ વર્ષવટ દક્ષિણ પ્રકારની જમીન હોય તેવા પ્રદેશમાં ઘાસ કરીને જંગલી પ્રદેશમાં હોય છે તેમાં સરકારના અમલદારો અને ગામના પટેલ અગર પંચ મળીને ખાનગી કંપની કે ગામની ઊપજ નક્કી કરે છે

હોળવું ૧ અ ક્રિ કમકીથી વાળવાની ક્રિયાઓ કાદી સાફ કરવું; વાળ ઠીક કરવા; સમારવું; વાળ સરખા કરવા
हवि होळतो मुज वाळ तेने तो કર્યો ન જાત કે કલાપી
૨ સ કે સીધું કરવું, આકારમાં કરવું

હોળાકઓ ૧ પુ ઉંમરના પ્રમાણમાં જેનું શરીર વધવું પડતું દેખાતું હોય તેવો માણસ.
૨ પુ ઓછાયું, પૂર્ણતા દેખાડનારો અર્ધ ચંદ્રાકાર
૩. પુ મોટી ઉંમરની છોકરીને કપાળના વચમાં કરવામાં આવતું પ્રસાધન
૪ પુ હળની ચાસ
૫ પું હળોનો ચેરિયો, હોળિયો

હોળાયું ૧ ન. તોરણ; માળા, હાર
૨. ન. મીંઢું
૩. ન. હોળીમાં નાખવાનું નાનું ઝાંખું; નાનું ચાનક જેવું છાણું

હોળાયો જુઓ હોળ.૮ઓ.

હોળાવવું સ. ક્રિ ઝાપટાંથી વાળ સમરાવવા કે ઠીક કરાવવા; હોળાય તેમ કરવું.
સદ્‌ગતના મસ્તકમાંથી જ ચાટલો હોળાવવા લીધો. ઝવેરીલાલ

હોળી ૧. સ્ત્રી. કોઈ વસ્તુનો ઢગલો કરી સળગાવવું તે, જેમકે, વિદેશી કપડાની હોળી.
૨. [ઓ હોલિકા] સ્ત્રી. ફાગણ શુદ પૂનમને દિવસે આવતો એ નામનો તહેવાર તે દિવસે લાકડાં વગેરેનો ઢગલો સળગાવવામાં આવે છે. હોળી એ આપણો અતિ પ્રાચીન ઉત્સવ છે. ભવિષ્યોત્તર પુરાણમાં જણાવ્યા પ્રમાણે હોળીને હોમ અને હોકા સાથે સંબંધ છે હોમ એટલે યજ્ઞ અને હોકા એટલે માનવ એટલે કે માનવ જાતિના કલ્યાણ અર્થે કરવામાં આવેલો હોમ-યજ્ઞ તે હોળી. વિષ્ણુ પુરાણમાં અને ભાગવતમાં હોળી વિશેની કથા એવી છે કે – બાલકૃષ્ણને મારી નાખવા માટે તેના મામા કંસે પૂતના નામની રાક્ષસીને મોકલી હતી. વિષથી ભરેલા એ પૂતનાના સ્તનોને ચાવતા બાળકૃષ્ણનું કપાળ અપોઆપ નીચું જશે એવી કંસની કલ્પના હતી, પરંતુ ભગવાન કૃષ્ણે તો પૂતનાના સ્તનનું પાન એવા રીતે કર્યું કે તેનું જીવન મંત્ર બોલાઈ ગયું અને પૂતના મરણ પામી આ રીતે મરણ પામેલી પૂતનાનો ભાઈ રાક્ષસી મયાસુર અદૃશ્ય થઈ ગયો. એટલે બદલાના બીજોમાં પૂતના રાક્ષસીનું પૂતળું બનાવ્યું અને તેને ભસ્મીભૂત કર્યું. પૂતનાના પૂતળાની આ રીતે કરવામાં આવી અને તે સમયથી હોળી અથવા હોલિકા તરીકે આ ઉત્સવ પ્રચલિત થયો પરંતુ કેટલાંક. ઉત્સવ આજે જે રીતે ઉજવાઈ રહ્યો છે તેની. કરતાં ઘણાં વિભિન્નપ્રકાર પુરાણમાં વધારે સારી રીત થઈ છે. ઉપરાંત ભવિષ્યોત્તર પુરાણની કથા એવી છે કે યુધિષ્ઠિર ભગવાન કૃષ્ણને પૂછ્યું કે જનતાને ફાલ્ગુનની પૂર્ણિમાએ દુનિયાના દરેક ગામ, દરેક રહેઠાણમાં મોટા ઉત્સવ કેમ ઉજવાય છે તે કહો. યુધિષ્ઠિરના આ પ્રશ્નના જવાબમાં ભગવાન કૃષ્ણે કહ્યું કે હે યુધિષ્ઠિર, સતયુગમાં રઘુ નામના એક સમ્રાટ થઈ ગયા એ સર્વે ગુણ સંપન્ન લોક પોરાણિક હતા. તેઓ ઘણું જ મધુર બોલતા અને વર્તનમાં સદ્‌ગુણ પોષક હતા. આખા વિશ્વ ઉપર વિજય મેળવીને તેમણે બધા રાજાઓને આધીન બનાવ્યા હતા પોતાની પ્રજાનું પોતાના સંતાનોની માફક જ તેઓ સંવર્ધન કરતા હતા. એમનો રાજકાળ દરમિયાન કદી દુકાળ પડ્યો ન હતો. કોઈ રોગચાળો ફેલાયો ન હતો કોઇના અકાળે મૃત્યુ પણ થયાં ન હતાં. કોઈને અન્યાય પણ થતો ન હતો. તેમ કોઈ કર્મનો માર્યો ઠગાતું પણ ન હતું આમ રઘુરાજા રાજધર્મના સિદ્ધાંતો અનુસાર રાજ્ય કરી રહ્યા હતા એટલામાં એક દિવસ ગોમની પ્રજા પોકાર કરતા રઘુ રાજા પાસે આવી પહોંચી અને કહેવા લાગી કે અમારા ઘરોમાં દિવસ અને રાત બંને વખત દુઃખ, ત્રાસની રાક્ષસી આવે છે અને અમારા બાળકોને ભય ભીત કરે છે. આ રાક્ષસીને ભગાડવા માટે મંત્ર તંત્ર વગેરેના અનેક પ્રયોગો પંડિતો દ્વારા કરવામાં આવ્યા છે. પરંતુ એ પ્રયોગોની કશી જ અસર થઈ નથી મહારાજ, આપી આ દુઃખી રાક્ષસીથી અમારા બાળકોને બચાવો. આ પ્રાર્થના સાંભળીને રઘુરાજા પણ વિચારમાં

પડી ગયા. તેમણે નારદમુનિની સલાહ લીધી એટલે નારદમુનિએ કહ્યું કે: આ રાક્ષસીનો નાશ કઈ રીતે કરી શકાય તે હું તમને જણાવું છું આજે ફાલ્ગુનની શુક્લ પૂર્ણિમા છે. શિયાળાની ઋતુ વિદાય થઈ ચૂકી છે. હવે ગ્રીષ્મનો આરંભ થશે એટલે હે રાજવી, આજે આપના તરફથી આપની પ્રજાના રક્ષણનું અભયવચન મળી જ જવું જોઈએ. એથી ભયમુક્ત થયેલી પ્રજાને હસવાખેલવાનો ને આનંદ માણવાનો અવસર મળશે અને યુદ્ધમાં જનારા વીરોની માફક બાળકો આનંદ કિલ્લોલ કરતાં લાકડાની તલવાર બાંધીને બહાર નીકળી શકશે. નારદજીએ વધુમાં કહ્યું: એની સાથે સૂકાં લાકડાં અને પથ્થરોની એક ચિતા પણ તૈયાર કરવી જોઈએ અને નિયમ અનુસાર એ ચિતા સળગાવવી જોઈએ. એની સાથોસાથ દુષ્ટ રાક્ષસીનો નાશ કરનારા મંત્રોનો જપ કરવો જોઈએ. એ જપ થઈ રહ્યા પછી જનતાએ સળગાવેલી ચિતાની ત્રણવાર ફૂદતાં પરિક્રમા કરવી જોઈએ. સૌએ ભયરહિત થઈને હાવેતેમ બકવાદ કરવો જોઈએ. હાવે તેમ છૂટથી સૌએ વર્તવું જોઈએ. આવી રીતે અગ્નિનો હોમ કરવાથી તેમ જ બાળકોના અટ્ટહાસ્યથી રાક્ષસીનો નાશ થશે અને પછી હોલિકાનો ઉત્સવ માનવજાતિમાં પ્રચલિત થશે. એ દિવસે ચારેય તરફથી અગ્નિમાં જે હોમ કરવામાં આવશે તેથી પાપોનો નાશ થશે અને વિશ્વભરના લોકોને શાંતિ મળશે અને એ દિવસ હોલિકા તરીકે ઓળખાશે. વળી પૂર્ણિમાનો દિવસ હોઈ તે દિવસે પૂર્ણ ચંદ્ર પ્રકાશિત રહેશે એટલે સ્વાભાવિક રીતે જ એ દિવસ ઉત્તમ છે. ફાલ્ગુન માસ જ વિશ્વનું કલ્યાણ કરનારો મહિમા ધરાવે છે. એ દિવસે સાંજે બાળકોને ઘરે જ રાખવા જોઈએ. છાણથી ઘરનાં આંગણાંને લીંપીગૂંપીને ઘરના માલિક બાળકો, યુવકો વગેરેને પોતાને ત્યાં આમંત્રવા જોઈએ. લાકડાની તલવાર ધારણ કરેલા યુવકો હસતાં કૂદતાં બાળકોની ફરતે ફરતા રહે અને એ રીતે બાળકોનું રક્ષણ કરે. આમ રાત્રિના આગમન સુધી દુષ્ટા રાક્ષસીથી બાળકોનું રક્ષણ કરવું. એ પછી ચિતા પ્રકટાવતાં રાક્ષસીનો નાશ થશે. બીજે દિવસે સવારે જલકલશ જોને વિષ્ણુનું જ એક રૂપ માનવામાં આવે છે, તેની પૂજા કરવાનો વિધિ ભવિષ્યોત્તર પુરાણમાં આપ્યો છે. તે દિવસે ગાયકો, યાચકો બ્રાહ્મણો વગેરેને દાન આપવાનું કહ્યું છે. આવી રીતે પૂજા કરવાથી માનવીની સારીય કામનાઓ પૂર્ણ અને જીવન, ધન, માન્ય, ઐશ્વર્ય અને સંતતિની વૃદ્ધિ પામે છે. હોલિકાનો ઉત્સવ આજે અશિષ્ટ આચરણોથી ભરપૂર બન્યો છે, પરંતુ મૂળ એની શરૂઆત કોઈ શિષ્ટ પુરુષ દ્વારા જ થયેલી મનાય છે. શબ્દ કલ્પદ્રુમમાં હોલિકાનો અર્થ શિષ્ટ આચરણ સાથે જ બતાવવામાં આવ્યો છે. શબ્દકલ્પદ્રુમમાં જણાવવામાં આવ્યું છે કે હોલિકા ઉત્સવનું મૂળ વૈદિક હોવાની કલ્પના કરવામાં આવી છે. પ્રાચીન ધર્મશાસ્ત્રના જાણકારો તથા મીમાંસકો પ્રત્યેક ધાર્મિક કૃત્ય અને ઉત્સવનું મૂળ વેદમાં હોવાનું સમર્થન કર્યા કરે છે. એવી જ રીતે હોલિકા ઉત્સવનું મૂળ પણ વેદમાં હોવાની કલ્પના થઈ છે, પરંતુ હોલિકા ઉત્સવનો જન્મ વૈદિક યુગમાં થયેલો લાગતો નથી. ભવિષ્યોત્તર પુરાણમાં સતયુગમાં મહારાજા રઘુના સમયથી એ ઉત્સવ પ્રચલિત થવાનું જણાવવામાં આવ્યું છે. છતાં એથી અરેખર હોલિકા ઉત્સવના જન્મની ચોક્કસ તિથિ નક્કી કરી શકાતી નથી. વિષ્ણુપુરાણ અને ભાગવત પુરાણ હોળી ઉપર જરૂર પ્રકાશ પાડે છે. એ બંને પુરાણોમાં હોળી ઉત્સવનો સંબંધ ભગવાન કૃષ્ણ સાથે હોવાનું જણાવવામાં આવ્યું છે. ભવિષ્યોત્તર પુરાણમાં રઘુ રાજાના નામ સાથે આ ઉત્સવનો સંબંધ બતાવવામાં આવ્યો છે, એથી પણ એટલું તો સ્પષ્ટ થાય જ છે કે, મહાકાવ્ય મહાભારતના યુગમાં 'હોળી આજના રૂપમાં પ્રચલિત હતી. એટલા પરથી એમ ચોક્કસ કહી શકાય કે હોળીનો પ્રારંભ મહાભારતના સમયમાં થઈ ચૂક્યો હતો. પરંતુ દેશ અને કાળ અનુસાર હોળીના ઉત્સવના રૂપમાં ફેરફાર થતો આવ્યો છે. ભવિષ્યોત્તર પુરાણની કથા અનુસાર હોળીનો ઉત્સવ એ શિયાળાના અવસાન અને વસંતના આગમનની ખુશાલીનો ઉત્સવ છે. શિયાળો પૂરો થતાં ફાલ્ગુનમાં વસંતનું આગમન થાય એ આર્યો માટે દરેક રીતે આનંદનો અવસર હતો. કૃષિપ્રધાન આર્ય પ્રજાને માટે આનંદ, સમૃદ્ધિ, ધનધાન્ય અને દરેક જીવ જંતુમાં નવા પ્રાણ, નવું લોહી અને ચેતન લાવનારો એ સમય હતો એટલે એ પ્રસંગે આનંદ ઉત્સવ ઊજવવાની પ્રેરણા થાય એ સ્વાભાવિક હતું. એ કારણે જ ભવિષ્યોત્તર પુરાણમાં ફાલ્ગુની પૂર્ણિમાને વિશ્વનું કલ્યાણ કરનારી તરીકે લેખવામાં આવી છે એ છતાં કેટલાક મીમાંસાકારો જણાવે છે કે, હોલિકાનો સંબંધ વૈદિક શ્રુતિ અને સ્મૃતિ સાથે માનવો જોઈએ. વૈદિક યુગમાં આ આનંદ માટે મહાક્રતની યોજના કરવામાં આવેલી હતી. એ સમયે એક શૂદ્ર અને એક આર્ય વચ્ચે યુદ્ધનો ખેલ કરવામાં આવતો. આર્યોએ દસ્યુઓ અથવા રાક્ષસો પર વિજય મેળવ્યો એનું આ પ્રદર્શન હતું. પરંતુ એની એક કલ્પના એવી હતી કે શૂદ્ર અને આર્યનું આ યુદ્ધ શિયાળા અને વસંત અથવા ગ્રીષ્મના સંઘર્ષનું દ્યોતક હતું. હોળીનો જન્મ વસંતના જન્મની સાથે થયો હતો. શબ્દ કલ્પદ્રુમમાં હોલાનો અર્થ વસંતોત્સવ તરીકે આપવામાં આવ્યો છે. આ હોલા શબ્દ જ ભાષામાં હોળી તરીકે પ્રચલિત બન્યો છે એટલે પ્રાચીન કાળથી વસંતોત્સવ અથવા હોળીનો ઉત્સવ ઊજવાતો આવ્યો છે.

૧. હોળા કરવી = (૧) બાળી નાખવું; હોળી પેઠે સળગાવવું. (૨) હોળી નિમિત્તે ઉપવાસ કરવો. (૩) હોળીનું પર્વ મનાવવું.

૨. હોળી દીવાળી = કદી નહિ; જ્યારે બનો ત્યારે.

૩. હોળી ભૂખ્યા રહેવું = હોળી પ્રગટે ત્યાં સુધી ઉપવાસ કરવો.

૪. હોળી રમવી = હોળીના તહેવારની ખુશાલીમાં પરસ્પર રંગ કે ગુલાલ છાંટવાં.

૫. હોળી વાળવી = નુકસાન કરવું; ખરાબી કરવી.

૬. હોળી સળગવી = ક્લેશ, કંકાસ વગેરે દુઃખ ઉત્પન્ન થવું.

૭. હોળી સામે કાકણ = જોવાની સામે તેવા.

૮. હોળીનું નાળિયેર = (૧) ઊંમતામાં ઝંપલાઈ પડે તેવું; આફત કે જોખમના કામમાં ધસી જનાર. (૨) જેને માથે બીજાની કમરૂ પડે તેવું. (૩) મુખી; આગેવાન.

૯. હોળીનું નાળિયેર બનાવવું = આફત કે જોખમમાં ત્રાહિતને સંડાવવો કે સપડાવવો.

૧૦. હોળીનો વાયદો = (૧) ફાગણ શુદિ પૂનમનો વાયદો. (૨) મશ્કરીમાં ન દેવાનો પ્રસંગ. તેને હોળીનો વાયદો કહે છે.

૩. સ્ત્રી. મોટી ઉદ્વેગકારક ચિંતા; મોટો ઉતાપો.

૪. સ્ત્રી. હોલિકા નામે એક રાક્ષસી.

૫. સ્ત્રી. હોળીના તહેવારોની મોજમજા.

હોળીઘ્રો (હોળીયડો) પું. બરડા માંહેનો એ નામનો એક ડુંગર.

હોળૈયું ૧. ન. હોળી બેસનાર; ચેરૈયો; કામ માનારો છોકરો.

૨ ન. હોળીમાં નાખવાનું નાનું છાણું.

હોળૈયો ૧. પું. પૂર્ણતાસૂચક અર્ધચંદ્રાકાર ચિહ્ન. જેમકે, ૨૧).

૨. પું. હોળી બેસનાર; ચેરૈયો; કામ બોલનાર છોકરો.

હોળો ૧. પું. મમત; આગ્રહ; હઠ; વેન.
હોળો કરવો = (૧) કજિયો કરવો. (૨) વેન કરવું; હઠ પકડવી.
૨. પું. મનો; તીવ્ર મરજી.

હોંકાર પું. હોકાર; ઘુમાટો; બરાડો.

હોંકારો ૧. પું. કોઈ બોલાવે ત્યારે હં કહીને જવાબ દેવો તે.
હોંકારો કરવો = સાદ કરવો; બોલાવવું.
૨. પું. જવાબ; પડકારો.
હોંકારો દેવો = જવાબ આપવો.
૩. પુ. વાતો કહેનારની સામે વખતોવખત હંકાર પૂરવો તે.

હોંચી અ. ગધેડાના બરાડવાનો અવાજ.

હોંચીહોંચી જુઓ હોંચી.

હોંશ ૧. સ્ત્રી. ઊલટ; ઉમંગ.
૧. હોંશ પૂરી થવી = ઊલટ પૂરી થવી.
૨. હોંશ ભાગી જવી = ઉમંગ જતો રહેવો.
૩. હોંશમાં આવવું = ઉમંગમાં આવવું.
૨. [સં.] સ્ત્રી. પુષ્પવરતા નામની ઔષધિ. તેને પલાશી પણ કહેવામાં આવે છે.

હોંશભેર અ. ઉત્સાહથી.

હોંશાતોંશી ૧. સ્ત્રી. ખેંચતાણ; ખડગીતર.
૨. સ્ત્રી. તકરાર; ઝઘડો; વિવાદ.
૩. સ્ત્રી. ધમાલ; ધાંધલ; ભાંજગડ.
૪. સ્ત્રી. રકઝક; આનાકાની.
૫. સ્ત્રી. રપધ્ધી; હરીફાઈ; સરસાઈ; ચડસાચડસી; હુંસાતુંસી.

હોંશી વિ. ઉમેદ પૂરી કરવામાં હોંશ રાખનાર; હોંશવાળું.
ઝાઝા ઝાઝી કોશ કરંત,
હોંશી જનનાં મન હરંત. સામળ

હોંશીલું જુઓ હોંશી.

હોંસનંદી સ્ત્રી. ચિંતની સાવધાનતા; ભાન.

હોંસાતુંસી જુઓ હોંશાતોંશી.

હોંસાતોંસી જુઓ હોંશાતોંશી.

હોંસી વિ. ઉમંગી; ઉત્સાહી; હોંશવાળું.

હોંસીલું જુઓ હોંસી.

હીજ પુ. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાવવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ, ૬૦ લઘુ મળી ૭૨ વર્ણની ૮૪ માત્રા હોય છે.

હૌમ્ય [સં.] વિ. હોમવા યોગ્ય; હોમ કરવા જેવું.

હ્યસ્તન [સં.] વિ. ગઈ કાલે થયેલું; ગઈ કાલનું.

હ્યસ્તન ભૂતકાળ [સં. હ્યસ્ (ગઈ કાલ) + તન (સંબંધી) + ભૂતકાલ] પું. (વ્યાકરણ) ગઈ કાલે થઈ ગયેલી ક્રિયાનો ભૂતકાળ.

હ્યાં અ. અહીં; અત્રા; આ સ્થળે.
પીઓ પાણી તેહ હ્યાંનું કહુ કરે જગાહરે. વલ્લભ

હ્યાંથા અ. (જૂ. ગુ.) અહીંથી.
મનમાં એમ વિચારે રાય,
રખે શ્રી હરિ હ્યાંથા જાય. ત્રિવિધર

હ્યુએનત્સંગ જુઓ યુએનત્સંગ.

હ્યુએનસાંગ પું. એ નામનો એક ચીની બૌદ્ધ મુસાફર. તે ચીનનો પ્રવાસી સાધુ હતો અને ફાહિયાન પછી બસો વર્ષે એ હિંદુસ્તાનની યાત્રાએ આવ્યો હતો. તે આપણા દેશના પ્રાચીનકાલ ઉપર અજવાળું પાડી ગયો છે. ચીન દેશમાં જેટલા ધર્મગ્રંથો મળી શકે તેટલાનો તેણે અભ્યાસ કર્યો હતો. અનેક લેખમો ભેટીને છેવટે ચીનનાં બધાં બાદશાહી માણસો બટાવી ચીનની સરહદ તેણે પસાર કરી. પોતાને ગામથી તે અહીં સુધી બધુ હજાર માઈલની મુસાફરી તેણે લગભગ એક વર્ષમાં કરી. તે કશ્મીર ગયો. ત્યાં કનિષ્કના સમયના બાંધેલા સંઘ્યારામ મઠોમાં તે રહ્યો; ત્યાં ધર્મગ્રંથો તથા તે ઉપરનાં ભાષ્યોની ઘણી નકલો તેને મળી. તે ઉતારી લેવામા તેણે બે વર્ષ ગાળ્યાં. તેણે સાતમા સૈકાની સ્થિતિનું બહુ ચિત્તાકર્ષક ચિત્ર આપ્યું છે. તેણે તામ્રલિપ્ત વિદ્યાપીઠમાં એક વર્ષ સુધી શબ્દશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. તે તામ્રલિપ્તથી ઘણાં પવિત્ર પુસ્તકો લઈ ચીન પાછો ફર્યો હતો.

હ્યુજિન્સ પું. એ નામનો એક વૈજ્ઞાનિક. તેણે મહીના અને તારાના વર્ણલેખ લેવાના ક્રમમાં ઘણો પ્રયત્ન કર્યો છે. તેણે ઈ. સ. ૧૮૬૬ના તારાના વર્ણલેખ લીધા. તે ઉપરથી દેખાઈ આવ્યું કે, તારાના પૈટા ભાગમાંથી અતિશય તપેલો હાઇડ્રોજન વાયુ બહાર પડે છે. તે વાયુનો તાપ અને તે તાપને લીધે તારાના પૃષ્ઠ ભાગ ઉપર આવેલો તાપ એ બે તાપના જોરથી તે તારા જાતના દેખાય છે.

હ્યુમસ પું. વનસ્પતિ અને ઘાસનાં પાંદડાં વગેરે સડી જમીનમાં બનતો પદાર્થ.

હ્રૂ પું. તાડપત્રીય [illegible] પાનાંની બનાવટની માટે કરેલા એકમ [illegible] પૈકેનો આકડો.

હ્રદ ૧. [સં.] ન. કિલ્લુ.
૨. ન. ખરો; પાણીનો ઊંડો ખાડો; સરોવર.
હ્રદ પુષ્કર કાસાર સર સરસી જાલ તટાગ;
સખી એને આ માનસર કૂવડુ વાવ અનુરાગ.
પિંગળલઘુકોષ

હ્રદિકા સ્ત્રી. (પુરાણ) ઋષ્યવાન પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

હ્રદિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કાવ્યકવનની ઉત્તરે આવેલી એ નામની એક નદી.
૨. સ્ત્રી. નદી.
સરિતા ધુનિ તરંગિણી, તટિની હ્રદિની હોય,
ઓતા અવંતિ નિમ્નગા આપગા દ્વિરેફા જોઈ.
પિંગળલઘુકોષ

હ્રસ ૧. અ. ક્રિ. અવાજ કરવો; ઉચ્ચાર કરવો.
૨. અ. ક્રિ. ક્ષીણ થવું; ઓછા થવું; થોડા થવું.

હ્રસ્વ ૧. પુ. એ નામનો એક ટૂંકો બોલાતો સ્વર; લઘુવર્ણ; જે બોલાતાં એક માત્રા જેટલો સમય થાય તેવો વર્ણ; હ્રસ્વ વર્ણ કે અક્ષર. તેની એક માત્રા ગણાય છે. હ્રસ્વ અ, ઇ, ઉ સ્વર લંબાવવાથી આ, ઈ, ઊ દીર્ઘ સ્વર થાય છે. હ્રસ્વ સ્વરની પેઠે દીર્ઘ સ્વરના માંદોમાંહે ફેરફાર થાય છે.
૨ [સં.] પું. વેદમાં વપરાયેલું રહનું એક નામ.
૩. ન. (સંગીત) તાલનાં મુખ્ય ૭ માંહેનું ત્રીજું અંગ; લઘુઅંગ.
૪. વિ. બહું નાનું; અલ્પ.
૫. વિ. ટૂંકા અવાજનું; લઘુ.
૬. વિ. વામન; ઠીંગણું.

હ્રસ્વકર્ણ [સં.] પું. (પુરાણ) એ નામે રાવણપક્ષીય એક રાક્ષસ.

હ્રસ્વકુશ [સં.] પું. બોળો દર્ભ; બોળો ડાભ.

હ્રસ્વચિત્રાંકન [સં.] ન. જોયેલી મૂળ વસ્તુ ઉપરથી તેના જ જેવું ટોરલું નાનું ચિત્ર.

હ્રસ્વતા [સં.] સ્ત્રી. ટૂંકાપણું.

હ્રસ્વત્રિપુટી સ્ત્રી. અ, ઇ, ઉ આ ત્રણ હ્રસ્વ સ્વરનો સમૂહ.

હ્રસ્વદંતી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાનીદંતી; ઉપચિત્રકા.

હ્રસ્વદા [સં.] સ્ત્રી. કાલકી વૃક્ષ.

હ્રસ્વપત્રક પું. પહાડી મહુડો.

હ્રસ્વપત્રિકા [સ.] સ્ત્રી. પીપરનું ઝાડ.

હ્રસ્વફલા [સં.] સ્ત્રી. એક જાતનું જંગલી ઝાડ.

હ્રસ્વભદ્ર [સં.] ન. (શિલ્પ) એક પ્રકારનું ત્રિશાળ ગૃહ.
જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય એવું ઘર પશ્ચિમ મુખવાળું હોય તો તે હ્રસ્વભદ્ર ઘર કહેવાય. રાજવલ્લભ

હ્રસ્વમૂર્તિ [સં.] સ્ત્રી. વામન; ઠીંગણો માણસ.

હ્રસ્વમૂલા પુ. લાલ ગોરડી.

ધ્રુસ્વરોમા પું. (પુરાણ) વિદેહવંશના મહારોમા રાજાનો પૌત્ર અને સ્વર્ધ્વરોમા જનકનો પુત્ર. તેને શિરધ્વજ અને કુશધ્વજ એમ બે પુત્રો હતા.

ધ્રુસ્વા ૧. સ્ત્રી. એક જાતની જંગલી વેલ.
૨. સ્ત્રી. જંગલી મગ.
૩. સ્ત્રી. નાગબલા વનસ્પતિ.

ધ્રુસ્વાક્ષ પું. (ગણિત) જેને લીધે મોટી ધરી ફરે એવી પેટા ધરી; ઉપાક્ષ; 'માઇનર એક્સિસ'.

ધ્રુસ્વાક્ષર [સં.] પું. વ્યંજનમાં હ્રસ્વ સ્વર ભળવાથી થતો અક્ષર.

ધ્રુસ્વાક્ષરી સ્ત્રી. ટૂંકાક્ષરી; લઘુલિપિ; શીઘ્રલિપિ.

ધ્રુસ્વાગ્નિ [સં.] પું. આકડાનો છોડ.

ધ્રુસ્વાંગ ૧. [સં.] ન. છત્રક ઔષધ. છત્રકના દાંડલા ટૂંકાં હોય છે. માટે તેને હ્રસ્વાંગ કહે છે.
૨. ન. ટૂંકું અંગ.
૩. વિ. ઠીંગણું; ટૂંકા શરીરવાળું; વામન જેવું.

ધ્રુાદ ૧. [સં.] પું. અવાજ; શબ્દ.
૨. પું. આનંદ; હર્ષ.
૩. પું. (પુરાણ) હિરણ્યકશિપુને કયાધુ નામની સ્ત્રીથી થયેલ ચાર માંહેનો એક દીકરો.

ધ્રાદની સ્ત્રી. એ નામની એક શક્તિ.

ધ્રાદિની ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરની સ્તુતિ.
૨. સ્ત્રી. ઇંદ્રનું વજ્ર.
૩. સ્ત્રી. વીજળી.
૪. સ્ત્રી. શલ્લકી વૃક્ષ.
૫. સ્ત્રી. સુદામા પર્વત પાસેની નદી. તે બહુ કરીને એ પર્વતમાંથી જ નીકળે છે.
૬. વિ. સ્ત્રી. શબ્દ કે અવાજ કરનારી.

ધ્રાદીય ન. હ્રદ નામના અતિ ઊંડા સરોવરમાંથી નીકળતા મોતીની એક જાત.

ધ્રાસ ૧. [સં.] પું. અવાજ.
૨. પું. ઊબકો; આમી.
૩. પું. ધસારો; ધીરે ધીરે ઓછું થવું તે.
૪. પું. લય; ઘટાડો; નાશ; ક્ષય.

ધ્રી ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, ગુરુ અને લઘુ મળી પાંચ અક્ષર હોય છે.
ધ્રી ૨ ગા ૨ ધી. રણધિંગણ
૨. સ્ત્રી. (વેદાંત) અશુભ કર્મોમાં લગ્ન રાખવી અને નિંદ્ય કર્મો નહિ કરવાં તે.
૩. સ્ત્રી. (જૈન) છપ્પન માંહેની એ નામની એક દિક્કુમારિકા.
૪. સ્ત્રી. મર્યાદા; લાજ; શરમ.
૫. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુ મન્વંતરમાંના દક્ષ પ્રજાપતિએ ધર્મઋષિને આપેલી તેર માંહેની એક કન્યા. તેના પુત્રનું નામ પ્રશ્રય હતું.
૬. અ. ક્રિ. લાજ પામવું; શરમાવું.

ધ્રીક [સં. ધ્રી (શરમાવું)] વિ. લજ્જિત; શરમાણ; શરમ પામેલું; શરમાયેલ; લાજેલ.

ધ્રીકમાળા સ્ત્રી. મૂર્તિઓને પહેરાવવામાં આવતી એક જાતની માળા; રાણમાળા. તે ઉદરબંધ સુધી પહોંચે એટલી લટકતી રહેવી જોઈએ. તેની ચારો પ્રમાણે તેને એકાવલિ, ત્રિસરી, પંચસરી, સપ્તસરી વગેરે કહે છે. તે મણી મોતીસેરોની બનતી અને એ બધી સેરો થોડે થોડે અંતરે ગોળ કે ચોરસ રત્નજડિત પટીઓમાં બાંધી લેવામાં આવતી. આવા બંધને પટક કહે છે.

ધ્રીયમાણ [સં.] વિ. હરાતું; લાર્ઇ જવાતું.

ધ્રીયા પું. શનિના દસ માંહેનો પાંચમો ઉપગ્રહ. તે ૧૯૭૨માં શોધી કાઢવામાં આવ્યો હતો. શનિથી તેનું અંતર ૩૩૦ હજાર માઈલ છે. તેનો વિક્ષેપ ૨૮ અંશ અને ૧૧ કળા છે. તેનો વ્યાસ ૧,૨૦૦ માઈલ છે અને પ્રદક્ષિણા કાળ ૪ દિવસ ૧૨ કલાક ૨૫ મિનિટ છે.

ધ્રીં [સં.] પું. એક મંત્રનું નામ; લક્ષ્મીનો બીજ મંત્ર; શક્તિપદ.

ધ્રીં ધ્રીં ધ્રીં ઇત્યાદિ મંત્રો છે. આ મંત્રની અધિષ્ઠાત્રી દેવી અનુક્રમે સહમી, માયા અને મહાશક્તિ છે. પ્રાણતોષિણ

ધ્રુંધ્ [સં.] સ. ક્રિ. ઘોડાનું હણહણવું.

ધ્રેષા [સં.] ઘોડાનો હણહણાટ.

ધ્રેષાવ ૧. અ.ક્રિ. અસ્પષ્ટ શબ્દ કરવો; અવાજ કરવો.
૨. અ.ક્રિ. ખુશી થવું; આનંદ પામવો.
૩. [સં.] સ.ક્રિ. આનંદ પમાડવો; ખુશ કરવું.

ધ્લાદ ૧. [સં.] પું. આનંદ; હર્ષ; ઉમંગ.
૨. પું. શબ્દ; અવાજ.
૩. પું. સંતોષ.
૪. પું. સુખચેન.

ધ્લાદન [સં.] ન. આનંદ; ખુશી; ઉમંગ.

ધ્લાદિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઈશ્વરી શક્તિ.
૨. સ્ત્રી. ઇંદ્રનું વજ્ર.
૩. સ્ત્રી. વીજળી.

ધ્લાદી ૧. [સં.] વિ. હર્ષ પામનાર; ખુશ થનાર; આનંદી; હર્ષવાળું.
૨. વિ. શબ્દવાળું; શબ્દ કરનાર.

ધ્લાપાન પું. (સંગીત) એ નામનો એક અલંકાર.

ધ્વે ૧. [સં.] સ. ક્રિ. આમંત્રણ આપવું.
૨. સ. ક્રિ. નામ દેવું.
૩. સ. ક્રિ. પૂજવું.
૪. સ. ક્રિ. બોલાવવું.
૫. સ. ક્રિ. માગવું.
૬. સ. ક્રિ. શબ્દ કરવો; અવાજ કરવો.
૭. સ. ક્રિ. સામું લડવાને બોલાવવું; પડકાર કરવો.
૮. સ. ક્રિ. સ્પર્ધા કરવી; હરીફાઈ કરવી; સરસાઈ કરવી.
૯. સ. ક્રિ. હોડ બકવી.

ળ

ળ

ળ પું. ચોત્રીસમો છેલ્લો ગુજરાતી વ્યંજન; ૪૫મો મૂળાક્ષર. તેનાથી શરૂ થતો એક શબ્દ નથી. પણ શબ્દોમાં લના વિકલ્પ તરીકે ળ વપરાય છે. જેમકે, કમલ = કમળ. તે એક અલ્પપ્રાણ મૂર્ધન્ય ઘોષ વ્યંજન છે. ળ ને ઠોર્યું વ્યંજન જોડવો હોય તો ળ નો ઠાનો અલોપ થઈ જ લખાય છે. ગુજરાતીમાં વપરાતો વર્ણ ળ સંસ્કૃતમાં નથી. વૈદિક સંસ્કૃતમાં તેનો એકાદ દાખલો છે. ગુજરાતી ળ કઈ લિપિમાંથી દાખલ થયો હશે તે વિષે ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી. દેવનાગરી ॾ જોડે આ બિલકુલ મળતો આવતો નથી. તે વિના પંજાબી તથા ઓરિસા લિપિમાં આ અક્ષર છે અશે; પણ તે બંને ળ ગુજરાતી ળ કરતાં તદ્દન જુદા જણાય છે. તે વિના બીજી નવ લિપિઓમાં આવો ળ જોડે નથી. પંજાબીને ઓરિસા લિપિના ળ અનુક્રમે આવા રૂપ ક્ષ છે. લ નો ળ બોલાતા છતાં લખાતો હતો ળ. એ સ્થિતિ છેક પાછલાં પચાસ વર્ષ સુધી હતી. તેથી ળકાર ઉચ્ચારનો આરંભ ગુજરાતી ભાષામાં કયારે થયો તે કહેવું કઠણ છે. હેમચંદ્રે લોળ: એમ સૂત્ર પૈશાચી ભાષા માટે આપ્યું છે. તે અહીં કામ નહિ આવે. એમ તો વૈદિક સંસ્કૃતમાં પણ ળ હતો. ડો. ટેસિટોરી તર્ક કરે છે કે, ળકારનો પ્રચાર પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના જૂના આરંભકાળમાંથી શરૂ થયો હશે. તો પછી આ સ્વરૂપ ગુજરાતીને જૂની પ્રાચીન રાજસ્થાનીમાંથી પૃથક્ પાડવાનું લક્ષણ કહેવાશે નહિ. હાલની મારવાડીમાં ળકાર નથી; પણ લકાર ઉચ્ચાર છે અને હાલની ગુજરાતીમાં ળકાર છે તે જોતાં ળકારનો આરંભ મોડો જ મૂકવો યોગ્ય લાગે છે. મૂર્ધન્ય ડકાર, ઢકાર અને દંત્ય નકાર બોલવામાં જેમ જીભ સ્પર્શની જરૂર છે તેમ મૂર્ધન્ય ળકાર અને દંત્ય લકાર બોલવામાં જરૂર છે. સબળ ડકાર–ઢકાર અને દકાર–નકારને જેટલે દરજ્જે સ્પર્શ વ્યંજન સંજ્ઞા ઘટે છે તેટલે દરજ્જે ળકાર, લકારને પણ ઘટે છે. બોલવામાં સ્વરને મંદ બનાવવા માટે અને શબ્દમાં પ્રાસ મેળવવા ળ ને બદલે ૨ વપરાય છે. જેમકે, પીળાનું પીરી.

ળકાર પું. ળ અક્ષર અને ઉચ્ચાર.